ॐ

श्रीमद् वेदव्यास प्रणीत महाभारतनुं

उद्योगपर्व.

રા. રા. ભાઈશંકર નાનાભાઈ સોલીસીટરની આ

સ્વ૦ રા. રા. મણિશંકર મહાનંદ ભટ્ટે

પ્રસિદ્ધ કરેલું ભાષાંતર.

છપાવી પ્રસિદ્ધ કર્તા

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની તરફે

નરહરિરામ માધવરામ ત્રિપાઠી

[illegible]

અનુક્રમણિકા.

श्रीमन्महाभारत

उद्योग पर्व.

અધ્યાય ૧ લો. શ્રીકૃષ્ણની સલાહ.

वैशंपायन उवाच—कृत्वा विवाहं तु कुरुप्रवीरास्तदाऽभिमन्योर्मुदिताः स्वपक्षाः ।
विश्रम्य रात्रावुषसि प्रतीताः सभां विराटस्य ततोऽभिजग्मुः ॥१॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! યાદવ તથા કૌરવોમાં મુખ્ય પાંડવો, અભિમન્યુનો વિવાહ કરી પ્રસન્ન થયા, અને એક રાત્રિ વિસામો ખાઇ સવારમાં ત્યાંથી વિરાટરાજાની સભામાં ગયા. મોટી સમૃદ્ધિવાળી, મણિના સમુદાય તથા ઉત્તમ રત્ન જડિત વિચિત્ર પ્રકારનાં આસનોવાળી, પુષ્પના હારથી શોભાયમાન તથા સુગંધયુક્ત તે રમ્ય સભા હતી અને તેમાં આસન ઉપર વિરાટ તથા દ્રુપદ રાજા બેઠા. રાજાઓમાં વિવેકી તથા માન્ય બળરામ અને શ્રીકૃષ્ણ પણ વસુદેવ સહિત આસનો ઉપર બેઠા. તેમાં દ્રુપદરાજાની પાસે બળરામ સહિત સાત્યકિ બેઠા, ને મત્સ્યરાજાની અત્યંત નજીક શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિર બેઠા. દ્રુપદરાજાના સર્વ પુત્રો, ભીમ, અર્જુન, નકુળ, સહદેવ, યુદ્ધમાં અત્યંત શૂરવીર પ્રદ્યુમ્ન તથા સાંબ વગેરે પણ ત્યાં નજીક આસનો ઉપર બેઠા. વિરાટના પુત્ર સાથે અભિમન્યુ બેઠા, ને સુવર્ણથી વિચિત્ર પ્રકારનાં સુંદર આસનો ઉપર, પરાક્રમ, રૂપ તથા બળથી પાંડવો સરખા શૂરવીર દ્રૌપદીના પાંચ પુત્રો બેઠા. એ રીતે શોભાયમાન આભરણ તથા વસ્ત્રવાળા મહારથિયો બેસી રહ્યા ત્યારે તે સમૃદ્ધિવાળી સભા નિર્મળ ગ્રહોથી આકાશ શોભે તેમ શોભવા લાગી. પુરુષોમાં અત્યંત શૂરવીર સર્વ રાજાઓએ, બે ઘડી પર્યંત વિચિત્ર પ્રકારના સંબંધની વાતો કરી. પછી વિચાર કરતાં તેઓ શ્રીકૃષ્ણની સામું જોઇ બેસી રહ્યા. શ્રીકૃષ્ણે, પાંડવોના કાર્ય વાસ્તે ભેગા થયેલા રાજાઓમાં સિંહરૂપ સર્વને અર્થવાળાં આ પ્રમાણે વચનો કહ્યાં.

હે રાજાઓ ! પાસાની રમતમાં શકુનિએ છળથી યુધિષ્ઠિરને પરાજય પમાડી રાજ્ય હરી લીધું અને બાર વર્ષનો વનવાસ આપ્યો તે તમે જાણો છો. તે વખતે પૃથ્વી સ્વાધીન કરતાં પણ, સત્યમાં જેની સ્થિતિ છે એવા ધર્મનિષ્ઠ પાંડવોએ, તેર વર્ષ વ્રત ધારણ કર્યું. તેમાં વળી દુસ્તર અજ્ઞાતવાસનું વર્ષ, કોઇએ ન જાણે તે પ્રમાણે કાઢયું. મહાત્મા પાંડવોએ વિવિધ પ્રકારના અસહ્ય ક્લેશ સહન કર્યા વનમાં રહ્યા. એ પ્રમાણે શકુનિ આદિની નિષ્ઠુરતાથી સંતાપેલા પાંડવો હવે પ્રથમ જીતેલા રાજ્યની ઇચ્છા રાખે છે. ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાનું ને દુર્યોધનનું જે રીતે હિત તથા ધર્મયુક્ત વિચાર કરો; કારણ, ધર્મરાજ યુધિ

નાનું રાજ્ય મળે તોપણ તેની ઇચ્છા કરે નહીં, પણ ધર્મથી એકાદ ગામ મળે તો તેના [illegible]ને ઇચ્છે. તમે બધા રાજા જાણો છો તે રીતે એમના પિતા પાંડુરાજાનું રાજ્ય, ધૃતરાષ્ટ્રના પુત્રોએ કપટથી લઇ લીધું છે તેથી ઉપાય રહિત યુધિષ્ઠિર મોટા [illegible] પામ્યા છે. ધૃતરાષ્ટ્રના પુત્રોએ કંઇ પોતાના તેજથી એમનો પરાજય કર્યો નથી, તોપણ ભાઇઓ સહિત યુધિષ્ઠિર તેઓનું [illegible] ઇચ્છે છે. એમણે જે રાજાઓને પીડી તેમને જીતીને રાજ્ય સંપાદન કરેલું છે, તેનીજ એઓ પ્રાર્થના કરે છે. બાળક પાંડવોનું રાજ્ય હરણ કરી લેવાને, દુષ્ટ બુદ્ધિવાળા ઉગ્ર શત્રુરૂપ કૌરવોએ વિવિધ પ્રકારના ઉપાયો કરેલા, તે તમે યથાર્થ જાણો છો. કૌરવોનો વૃદ્ધિ પામેલો લોભ તથા યુધિષ્ઠિરની ધર્મજ્ઞતા અને સંબંધિપણું જોઇને, તમે એકઠા થઇ જુદા જુદા વિચાર કરો. પાંડવો તો ઠરાવેલા વખતને યથાર્થ પાળીને હજી સત્યને વળગી રહ્યા છે. જો રાજ્યાર્ધ નહીં મળે તો બીજા ઉપાય કરવા માંડશે; ને તેથી યુદ્ધ ધૃતરાષ્ટ્રના પુત્રોનો નાશ થશે. વળી રાજ્ય લોભ વાસ્તે કૌરવોએ પાંડવોને કરેલા અપકારો જોઇને, સંબંધિઓ પણ પાંડવોને મદદ કરશે. જો કૌરવો યુદ્ધમાં પાંડવોને બાધ કરશે, તો પાંડવો પણ તેમને મારશે. કદી તમે એમ જાણતા હો, કે એ થોડા છે તેથી તેઓને કેમ જીતી શકશે, તો સગાઓ સહિત બધા કૌરવોના નાશ વાસ્તે યત્ન કરશે. પણ હજી દુર્યોધનનો મત જાણતો નથી, જે એ શું કરશે, માટે પારકો મત જાણ્યા વગર શું કરવું જોઇએ? એ જો તમે જાણતા હો, તો એક ધર્મશીલ પવિત્ર, કુલીન, સાવધાન તથા [illegible] દૂત કૌરવોને શાંત કરવા તથા યુધિષ્ઠિરને રાજ્યાર્ધ અપાવવા સારૂ મોકલો. હે રાજન્! એવું શ્રીકૃષ્ણનું ધર્માર્થ યુક્ત, મધુર તથા સમવાક્ય સાંભળી બળદેવજીએ અત્યંત વખાણ કરી તે માન્ય રાખ્યું.

निशम्य वाक्यं तु जनार्दनस्य धर्मार्थयुक्तं मधुरं समं च ।
समाददे वाक्यमथाग्रजोऽस्य संपूज्य वाक्यं तदतीव राजन् ॥२६॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि पुरोहितयाने कृष्णवाक्ये प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો. બળદેવજીનો મત.

बलदेव उवाच—श्रुतं भवद्भिर्गदपूर्वजस्य वाक्यं यथा धर्मवदर्थवच्च ।
अजातशत्रोश्च हितं हितं च दुर्योधनस्यापि तथैव राज्ञः ॥१॥

બળદેવજી કહે છે—ધર્મ તથા અર્થ જેમાં રહ્યાં છે એવું શ્રીકૃષ્ણનું યથાર્થ વાક્ય તમોએ [illegible] યુધિષ્ઠિરને તો હિતરૂપ તેમજ દુર્યોધન રાજાને પણ હિતરૂપ છે. કુંતિના પુત્રો વો રાજ્યનું અર્ધ છોડી દઇ અર્ધ રાજ્ય વાસ્તે યત્ન કરે છે, માટે ધૃતરાષ્ટ્રના [illegible] અર્ધ રાજ્ય આપી સુખી થઇ જાશે આપણી સાથે સંપથી રહે. એમ [illegible] પાંડવો અર્ધ રાજ્ય પામી, સારી રીતે ચાલનાર બંધુઓ [illegible] થશે, ને કૌરવોને પણ સારી રીતે શાંતિ રહેશે. [illegible] અને તેને યુધિષ્ઠિરનાં વાક્ય કહેવા સારૂ જો કોઇ દૂત જાય, [illegible] તો હું રાજી થાઉં. પણ તે દૂત એવી રીતે કરે કે, [illegible]

મહાવીર ભીષ્મ, મોટા પ્રભાવવાળા ધૃતરાષ્ટ્ર, પુત્ર સહિત દ્રોણાચાર્ય, વિદુર, કૃપાચાર્ય, સૌબલ શકુનિ એટલાઓની વિનયથી આજ્ઞા લઈ, બીજા પણ જે રાજા તથા નીતિ જાણનારા ધૃતરાષ્ટ્રના પુત્રો તથા લોકમાં અત્યંત શૂરવીર, ધર્મ ઉપર પ્રીતિવાળા રાજા તથા શાસ્ત્રજ્ઞ હોય, તેમને બેઠા કરી કુંતિના પુત્ર યુધિષ્ઠિરનું જે રીતે કાર્ય થાય તે રીતે કરી લેવું. સર્વ અવસ્થાઓમાં બળવાન પાંડવોને કોપાવવા નહીં, કારણ તેઓ હવે પ્રતિજ્ઞા કરી રહ્યા છે, અને કૌરવોએ દ્યૂતમાં આસક્ત યુધિષ્ઠિરનું રાજ્ય હરણ કર્યું હતું. કૌરવોમાં શૂરવીર પાસાને નહીં જાણનાર યુધિષ્ઠિર રાજાને સર્વ સંબંધિઓએ વાર્યા તોપણ પાસાની વિદ્યામાં ચતુર શકુનિને રમાડીને પોતે રમવા લાગ્યા. યુધિષ્ઠિર જીતે એવા રમનાર ઘણા જણ હતા તોપણ તેઓ સર્વને બધાને મૂકી શકુનિનેજ બોલાવ્યો; ત્યારે શકુનિએ તેમને પાસાની રમતમાં જીતી લીધા; કારણ તે હંમેશ પાસા ન જાણનાર સાથે રમતા હતા. તેમ છતાં હઠથી તેમણે દ્યૂત કરવા માંડી માટે શકુનિનો કંઇ દોષ નથી. ધૃતરાષ્ટ્ર પ્રત્યે પ્રણામ કરી દૂતે સામપૂર્વક કહેવું કે તેથી તેમનો પુત્ર દુર્યોધન, માની જઇ સ્વાર્થ સમજે; માટે કૌરવો પ્રત્યે યુદ્ધની આકાંક્ષા ના કરો, સામથી દુર્યોધનને બોલાવો, કારણ સામથી જીતેલો અર્થ અર્થને દેનાર થાય છે, પણ તેજ અર્થ જો યુદ્ધથી અન્યાયરૂપે મેળવાય તો અનર્થ કરે છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! બળરામે આમ કહ્યું ત્યારે સાત્યકિ યાદવ ઉઠ્યો, ને તેના વાક્યને, નિંદીને ક્રોધથી આમ વાક્ય બોલવા લાગ્યો.

> એવં બ્રુવત્યેવ મધુપ્રવીરે શિનિપ્રવીરઃ સહસોત્પપાત ।
> તચ્ચાપિ વાક્યં પરિનિંદ્ય તસ્ય સમાદદે વાક્યમિદં સમન્યુઃ ॥૨૫॥

ઇતિશ્રી મહાભારતે ઉદ્યોગપર્વણિ સેનોદ્યોગપર્વણિ બલદેવવાક્યે દ્વિતીયોઽધ્યાયઃ ॥ ૨ ॥

અધ્યાય ૩ જો. સાત્યકિનો આક્ષેપ.

> સાત્યકિરુવાચ—યાદૃશઃ પુરુષસ્યાત્મા તાદૃશં સંપ્રભાષતે ।
> યથારૂપોઽતરાત્માતે તથા રૂપં પ્રભાષસે ॥ ૧ ॥

સાત્યકિ કહે છે—પુરુષનો જેવો આત્મા હોય તેવું તે બોલે છે, માટે જેવો તમારો અંતરાત્મા છે, તેવું તમે બોલો છો. શૂરવીર પુરુષો તથા કુત્સિત પુરુષો હોય ને તે બંને પુરુષો દૃઢ પક્ષવાળા દેખાય એ સત્ય છે. એકજ કુળમાં નપુંસક અને મહા બળવાન થાય છે, જેમ એકજ વનસ્પતિમાં એક શાખા ફળવાળી ને એક ફળ વગરની હોય છે. હે લાંગલધ્વજ! હે માધવ! તમારાં વાક્યને હું નિંદતો નથી, પણ તમારાં વચન જે સાંભળે છે, તેઓને નિંદું છું, કારણ ધર્મરાજના કંઇ પણ દોષ સભાની વચમાં નિર્ભય થઇ બોલે! પાસા રમવામાં નિપુણ કૌરવો, પાસા રમી ન જાણનાર આસક્તિ વિનાના મહાત્મા યુધિષ્ઠિરને બોલાવીને જીત્યા, એ ધર્મથી જય કેમ કહેવાય નહિ તે તો આપણો ... યુધિષ્ઠિર પોતે ઘેર જીતેલા હોય તો કહેવાય, પણ તેમણે તો ... યુધિષ્ઠિર રાજાને કપટથી જીતી લીધા છે. હવે કહેલી પ્રતિજ્ઞા ...

કેમ શરણાગત થાય અને વનવાસથી મુક્ત થયા માટે હવે પોતાના પિતામહના રાજ્યને કેમ ન મેળવે ? જો અધર્મથી રાજ્યની કામના કરતા હોય, તો દુર્યોધનની યાચના કરે, પણ તેમ નથી, માટે તેઓ યાચના કરવા લાયક નથી. કૌરવો તો, " વનવાસથી નિવૃત થયેલા કુંતિના પુત્ર પાંડવોને વખત પુરો થયા વગર અમે ઓળખી લીધા છે, " એમ કહી ફરીથી રાજ્ય હરણ કરી લેવા ઇચ્છે છે. ધર્મયુક્ત ભીષ્મ, દ્રોણ તથા વિદુરાદિએ સમજાવ્યા તોપણ પાંડવોને એમના પિતાનું રાજ્ય આપવાનો તેઓનિશ્ચય કરતા નથી; માટે હું તો તેઓને સંગ્રામમાં તીક્ષ્ણ બાણોથી સમજાવી મહાત્મા બુદ્ધિમાન યુધિષ્ઠિરના પગમાં પાડીશ, અને તેઓ એમના પગમાં નહીં પડે, તો તે કારભારિયો સહિત યમપુરી પ્રત્યે જશે; કારણ કોપાવિષ્ટ થયેલા તથા યુદ્ધ કરવાને ઇચ્છતા મારા વેગને, જેમ વજ્રના વેગને પર્વતો સહન ન કરી શકે, તેમ તેઓ સહન કરવા સમર્થ નથી. વળી ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનને, ચક્રરૂપી આયુધ ધારણ કરનાર શ્રીકૃષ્ણને, તેમ ક્રોધે ભરાયેલા મને પણ યુદ્ધમાં કોણ સહન કરી શકે એમ છે ? કોઇથી સહન ન થાય એવા ભીમસેનને, યમ તથા કાળની જેને ઉપમા અપાય એવી કાંતિવાળા તથા દૃઢ ધનુષધારી નકુળ અને સહદેવને, તથા શૂરવીર વિરાટ અને દ્રુપદને સહન કરવા કોણ સમર્થ છે ? તેમજ જીવવા ઇચ્છનારો કયો પુરૂષ, પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન સામે થશે ? દ્રૌપદીની કીર્તિ વધારનાર, પાંડવો સરખા પરાક્રમવાળા તથા મહોન્મત્ત પાંચ પુત્રોને કોણ સહન કરી શકશે ? દેવતાઓથી પણ સહન થાય નહીં એવા મોટા ધનુષવાળા અભિમન્યુને કોણ સહન કરશે ? વળી કાળ, સૂર્ય તથા અનળની ઉપમા દેવા લાયક ગદ, પ્રદ્યુમ્ન તથા સાંબને કોણ સહન કરી શકે એમ છે ? માટે અમે બધા સંગ્રામમાં શકુનિ સહિત ધૃતરાષ્ટ્રના પુત્ર તથા કર્ણને મારી, યુધિષ્ઠિરને રાજ્ય અભિષેક કરીશું. શસ્ત્ર લઇ સામા આવેલા શત્રુને મારવામાં અધર્મ નથી, પણ શત્રુ પાસે યાચના કરવી એ તો અધર્મરૂપ તથા અપકીર્તિ કરનારૂં છે. યુધિષ્ઠિરના મનમાં ઇચ્છા હોય, તે પ્રમાણે તમે સાવધાન થઇ કરો, ને ધૃતરાષ્ટ્રે મૂકેલું રાજ્ય પાંડવોને પ્રાપ્ત થાઓ; કારણ હવે પાંડુના પુત્ર યુધિષ્ઠિર કાં તો રાજ્ય પામે કે સંગ્રામમાં કૌરવો મરણ પામી પૃથ્વી ઉપર સુએ એજ થવાનું છે.

अद्यपांडुसुतो राज्यं लभतां वा युधिष्ठिरः ।
निहताधारणे सर्वे स्वप्स्यंति वसुधातले ॥ २१ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि सात्यकिक्रोधवाक्ये गुर्जरभाषायां तृतियोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો. દ્રુપદનો અભિપ્રાય.

द्रुपद उवाच—एवमेतन्महाबाहो भविष्यति न संशयः ।
न हि दुर्योधनो राज्यं मधुरेण प्रदास्यति ॥ १ ॥

દ્રુપદ કહે છે—હે મોટા હાથવાળા ! એ એમજ થશે એમાં સંશય નહીં, કારણ દુર્યોધન સામથી રાજ્ય નહીં આપે; અને પુત્ર જેને પ્રિય છે એવા ધૃતરાષ્ટ્ર પણ તેને અનુસરશે. કૃપણતાથી ભીષ્મ તથા દ્રોણ અને મૂર્ખતાથી કર્ણ તથા શકુનિ પણ તેમજ અનુસરશે.

બળદેવજીનું વાક્ય પણ મારી સમજણમાં ઠીક લાગે છે; કારણ ન્યાયને ઇચ્છતા પુરૂષે પ્રથમ એમજ કરવું જોઇએ. ધૃતરાષ્ટ્રનો પુત્ર કોમળ વચનથી વ્યવહરવા લાયક નથી, કારણ તે પાપબુદ્ધિવાળો હોવાથી કોમળ વચને સમજશે નહીં એમ હું માનું છું. પાપ બુદ્ધિવાળા દુર્યોધન આગળ કોમળ વચન બોલવું તે ગધેડા પ્રતિ કોમળ રહી ગાયો પ્રતિ તીક્ષ્ણ થવા બરાબર છે. વળી પાપી માણસ પાસે મૃદુ વચન બોલીએ છીએ ત્યારે તે એમ જાણે છે કે આપણે કોમળ ને મૂર્ખ છીએ. ને એમ પણ માને કે 'હું જીતી ચૂક્યો" માટે હે મમર્ષ ! તમે કહ્યું એજ રીતે કરીશું, યત્ન કરો ને આપણાં સૈન્યો તૈયાર કરાવો. શલ્ય, ધૃષ્ટકેતુ, જયત્સેન તથા સર્વ કેકય દેશના રાજાઓ પ્રત્યે ઝડપે ચાલનારા દૂતો મોકલો, કારણ દુર્યોધન ચોતરફ દૂતોને મોકલશે, તો તે સર્વ રાજાઓ અગાઉથી જેની માગણી હશે, તેની તરફ જશે. માટે તેની પૂર્વેજ આપણે રાજાઓને બોલાવવા યત્ન કરો, કારણ આપણે મોટું કાર્ય કરવાનું છે. જલદી શલ્ય તથા તેને અનુસરના સામન્ત રાજાઓ તરફ દૂતો મોકલો અને પૂર્વ સાગરવાસી ભગદત્ત રાજા તથા ઘણાક પરાક્રમવાળા ઉગ્ર, હાર્દિક્ય, અંધક શૂરવીર દીર્ઘપ્રજ્ઞ તથા રોચમાન ઇત્યાદિ રાજાઓને આપણી પક્ષે બોલાવો. વળી બૃહન્તો, સેનાજિત, પ્રતિવિંધ્ય, ચિત્રવર્મા, સુવાસ્તુક, બાહ્લિક, મુંજકેશ, ચૈદ્યાધિપતિ, સુપાર્શ્વ સુબાહુ, મહારથિ પૌરવ, શક, પલ્હવ, દરદદેશના રાજાઓ, સુરારિ, નદીજ તથા કર્ણવેષ્ટ વગેરે રાજાઓ તરફ દૂતો મોકલો. નીલ, વીરધર્મા, પરાક્રમી ભૂમિપાલ, દુર્જય, દંતવક્ત્ર, રૂક્મી, જનમેજય, આષાઢ, વાયુવેગ, પૂર્વશાલી, ભૂરિતેજા, દેવક, પુત્રો સહિત એકલવ્ય, કારૂષો, પરાક્રમી ક્ષેમમૂર્તિ, કાંબોજ, ઋષિક તથા પશ્ચિમ અનૂપ દેશના રાજાઓ, જયત્સેન, કાશીરાજા, પંચનદો, દુર્દર્ષ, ક્રાથપુત્ર, પર્વતવાળી જમીનના રાજાઓ, જાનકિ, સુશર્મા, મણિમાન્ય, અતિમત્સક, પાંશુરાષ્ટ્રાધિપ, પરાક્રમી ધૃષ્ટકેતુ, તુંડ, દંડધાર, પરાક્રમી બૃહત્સેન, કદાપિ પરાજય પામેલા નહીં એવા અભિમાન, વસુમાન, મોટા પરાક્રમી બૃહદ્બલ, પારકા શહેરને જીતનાર બાહુ, પુત્ર સહિત પરાક્રમી સમુદ્રસેન, ઉદ્ભવ, ક્ષેમક, વાટધાન, શ્રુતાયુ, દઢાયુ, પરાક્રમી શાલ્વનો પુત્ર તથા યુદ્ધમાં દુર્મદ કલિંગોનો રાજા કુમાર, એટલા રાજાઓને હાલને હાલ દૂતો મોકલો, એમ મને રૂચે છે. હે રાજન્! આ મારો પુરોહિત વિદ્વાન બ્રાહ્મણ છે, તેને ધૃતરાષ્ટ્ર પાસે મોકલો ને એને જે રીતે દુર્યોધન, શંતનુના પુત્ર ભીષ્મ, ધૃતરાષ્ટ્ર તથા રથિઓમાં શ્રેષ્ઠ દ્રોણને જે કહેવું હોય તે કહો.

यथा दुर्योधनो वाच्यो यथा शांतनवो नृप ।
धृतराष्ट्रं यथा वाच्यो द्रोणश्च रथिनांवरः ॥ २६ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि द्रुपदवाक्ये गुर्जरभाषायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો. પુરોહિત પ્રેષણ.

वासुदेव उवाच—उपपन्नमिदं वाक्यं सोमकानां धुरंधुरे ।
अर्थसिद्धिकरं राज्ञः पांडवस्यामितौजसः ॥ १ ॥

વાસુદેવ કહે છે—સોમક વંશમાં ધુરંધર દ્રુપદ રાજાએ આવુંજ બોલવું યુક્ત છે. આ

આ મહા પરાક્રમી પાંડુના પુત્ર યુધિષ્ઠિર રાજાને અર્થની સિદ્ધિ કરનારૂં છે. સારી રીતિએ ભલાભલી ઇચ્છા રાખનાર આપણે એ કામ પૂર્વેજ કરવું જોઇએ, કારણ જે પુરૂષ એથી ઉલટા કામ કરે તે બાળક બુદ્ધિવાળો કહેવાય. અમારે તો પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનાર કૌરવ તથા પાંડવો વિષે સરખો સંબંધ છે. પાંડવ વિષે કુંતિદ્વારા અને કૌરવો વિષે દુર્યોધનની કન્યા સાંબે હરણ કરી તેથી સંબંધ થયેલ છે. તોપણ વિવાહ ઉપર બોલાવ્યા ત્યારે જેમ તમે બધા આવ્યા હતા, તેમ અમે પણ બધા આજ અહિં આવ્યા છીએ. હવે વિવાહ થયા એટલે પ્રસન્ન થઇ ઘર તરફ જઇશું. આપણે બધા છીએ તેટલામાં તે બેઉનું જે રીતે સમાધાન થાય તેમ કરવું જોઇએ. તમે રાજાઓમાં મોટા છો, તેમ અવસ્થા તથા શાસ્ત્ર જાણવાથી પણ મોટા છો, ને અમે બધા તો તમારા શિષ્ય સરખા છીએ, એમાં સંશય નહીં. વળી હંમેશ ધૃતરાષ્ટ્ર તમોને અધિક માને છે. તેમ કૃપ તથા દ્રોણાચાર્યના પણ તમે મિત્ર છો, માટે હાલજ પાંડવોનું જેથી હિત થાય એવું કહેણ મોકલો. જે રીતે તમે મોકલશો તે જ રીતે અમારો સર્વનો નિશ્ચય છે. જો દુર્યોધન ન્યાય પ્રમાણે શાંત થઇ માને તો, કૌરવ પાંડવોમાં ભાઇપણું કાયમ રહેવાથી પરસ્પર મોટો ક્ષય ન થાય. પણ જો ગર્વિષ્ઠ દુર્યોધન મોહથી ન માને તો પ્રથમ બીજા રાજાઓ પ્રત્યે દૂતો મોકલી પછી અમને બોલાવજો. ગાંડીવ ધનુષવાળો અર્જુન ક્રોધાવિષ્ટ થશે, એટલે મૂઢ તથા મંદ બુદ્ધિવાળો દુર્યોધન નાશ પામશે.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી પૃથ્વીપતિ વિરાટે જેનો સત્કાર કર્યો છે એવા શ્રીકૃષ્ણ, બંધુ તથા પોતાના ગણો સહિત દ્વારકાં તરફ પધાર્યા. તે પછી યુધિષ્ઠિરાદિ સર્વ ભાઇઓ તથા પૃથ્વીપતિ વિરાટરાજા સંગ્રામની સર્વ સામગ્રી તૈયાર કરાવવા લાગ્યા. બાંધવો સહિત વિરાટ તથા દ્રુપદે સર્વ રાજાઓ પ્રતિ દૂતો મોકલ્યા, ત્યારે કુરૂકુળમાં સિંહરૂપ પાંડવ, મત્સ્ય તથા દ્રુપદ રાજાનાં વચનથી મહા બળવાન રાજાઓ પ્રસન્નતાથી મોટાં સૈન્યો સહિત આવવા લાગ્યા. તે સાંભળી ધૃતરાષ્ટ્રના પુત્રો પણ રાજાઓને ભેગા કરવા લાગ્યા. હે રાજન્! એ રીતે કૌરવ તથા પાંડવો વાસ્તે પ્રયાણ કરનાર રાજાઓની ચતુરંગિણી સેનાઓથી સમગ્ર પૃથ્વી વ્યાપ્ત થઇ ગઇ. પછી ચોતરફથી શૂરવીર રાજાઓનાં સૈન્યો, પર્વત તથા વન સહિત જાણે પૃથ્વીને ચલાયમાન કરતાં હોય નહીં તેની પેઠે આવવા લાગ્યાં. યુધિષ્ઠિરના મતને અનુસરતા દ્રુપદ રાજા, પોતાની બુદ્ધિ તથા અવસ્થાએ કરી વૃદ્ધ પોતાના એકપુરોહિતને કૌરવો પ્રતિ મોકલવા લાગ્યા.

ततः प्रज्ञावयोवृद्धं पांचाल्यः स्वपुरोहितं ।
कुरुभ्यः प्रेषयामास युधिष्ठिरमते स्थितः ॥ १८ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि पुरोहितयाने गुर्जरभाषायां पंचमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો. બુદ્ધિમાન કુળ.

द्रुपद उवाच—भूतानां प्राणिनः श्रेष्ठाः प्राणिनां बुद्धिजीविनः ।
बुद्धिमत्सु नराः श्रेष्ठा नरेष्वपि द्विजातयः ॥ १ ॥

દ્રુપદ કહે છે—હે પુરોહિત ! જેમ ભૂતોમાં પ્રાણીઓ શ્રેષ્ઠ છે; પ્રાણીઓમાં બુદ્ધિથી જીવનારા અને બુદ્ધિથી જીવનારાઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે અને મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે તથા બ્રાહ્મણોમાં પણ વિદ્વાન શ્રેષ્ઠ છે; વિદ્વાનોમાં પણ સિદ્ધાંત જાણનારાઓ શ્રેષ્ઠ છે; સિદ્ધાંત જાણનારાઓમાં પણ આચરણ કરનારા શ્રેષ્ઠ છે; તથા તેઓમાં વળી બ્રહ્મવેત્તાઓ શ્રેષ્ઠ છે. તેમ તમે સિદ્ધાંત જાણનારાઓમાં મુખ્ય છો એવી મારી મતિ છે. વળી કુળ, અવસ્થા તથા શાસ્ત્રથી પણ તમે અત્યંત શ્રેષ્ઠ છો, અને બુદ્ધિથી તો બૃહસ્પતિ તથા શુક્રાચાર્ય જેવા છો. જેવા આચરણવાળો કૌરવ દુર્યોધન છે, તથા જેવી રીતે કુંતિનો પુત્ર યુધિષ્ઠિર વર્તે છે, તે પણ તમે જાણો છો. ધૃતરાષ્ટ્ર જાણતા છતાં પણ તેના પુત્રોએ પાંડવોને છેતર્યા; ત્યારે વિદુરજીએ તેને સમજાવ્યો, તોપણ તે પોતાના પુત્રોને અનુસર્યો. પાસા નાખવામાં કુશળ શકુનિએ, ક્ષત્રિયનું વ્રત પાળનાર, પવિત્ર તથા પાસાની વિદ્યાને અજાણ્યા ધર્મરાજ યુધિષ્ઠિરને બુદ્ધિપૂર્વક બોલાવ્યા પછી પાસે રમાડી છેતરીને રાજ્ય લઇ લીધું. હવે પોતાની મેળે કોઇ અવસ્થાને વિષે નહીં આપે માટે તમે ધૃતરાષ્ટ્રના પ્રત્યે ધર્મયુક્ત વચન કહેશો તો, જરૂર તેમના યોદ્ધાઓનાં મન ફેરવી નાખશો; વિદુરજી પણ તમારા વાક્યને ટેકો આપશે, ને તે વાક્ય ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્યાદિને પણ ભેદ પમાડશે. વળી પ્રધાનાદિ ભેદ પામશે, યોદ્ધાઓ વિમુખ થશે, એટલે તેઓને ફરીથી એક મત કરવાના કામમાં કૌરવો પડશે, એટલામાં એકાગ્ર બુદ્ધિવાળા પાંડવો સુખેથી સેનાનું કામ તથા સેનોપયોગી પદાર્થોનો સંચય કરી લેશે. એ રીતે કૌરવો પોતામાં ભેદ પામશે, ને તમે પણ ત્યાં વિલંબ કરશો, એટલે તેઓ સેના સંબંધી કામ કરી શકશે નહિ. મુખ્ય તો આપણે એજ પ્રયોજન છે, અને તમારા સંગથી ધૃતરાષ્ટ્ર પણ તમારૂં વચન માનશે. ધર્મયુક્ત તમે, ધર્મયુક્ત કામ કરતાં કૃપાળુ જનો પાસે પાંડવોના ક્લેશો કહી એમના પ્રાચીનોએ આચરણ કરેલો કુળધર્મ વૃદ્ધ જનો પાસે કહેતાં, કૌરવોના મનને ભેદશો એમાં સંશય નહિ, તેમાં તમને કંઇ ભય નથી, કારણ તમે વેદ જાણનારા બ્રાહ્મણ છો, અને દૂત કર્મમાં યોજના કરાયેલા છો. વિશેષે કરી તમે પુષ્યયુક્ત જયને મુહૂર્તે, યુધિષ્ઠિરને અર્થની સિદ્ધિ થવા વાસ્તે સત્વર કૌરવો પ્રતિ જાઓ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે મહાત્મા દ્રુપદ રાજાએ કહ્યું, ત્યારે વૃત્તસંપન્ન પુરોહિતે હસ્તિનાપુર શહેર પ્રત્યે જવાની તૈયારી કરી. પછી નીતિ તથા શાસ્ત્રાર્થમાં નિપુણ વિદ્વાન પુરોહિત શિષ્યોને લઇને પાંડવોના હિત વાસ્તે કૌરવો પાસે ગયા.

शिष्यैः परिवृतो विद्वान् नीतिशास्त्रार्थकोविदः ।
पांडवानां हितार्थाय कौरवान् प्रतिजग्मिवान् ॥ १९ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि पुरोहितयाने गुर्जरभाषायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો. દુર્યોધન ને પાર્થનું દ્વારકાગમન.

वैशंपायन उवाच—पुरोहितं ते प्रस्थाप्य नगरं नागसाह्वयं ।
दूतान्प्रस्थापयामासुः पार्थिवेभ्यस्ततस्ततः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે દ્રુપદ રાજાએ હસ્તિનાપુર તરફ પુરોહિતને મોકલી, ચોતરફ રાજાઓ ઉપર દૂતોને મોકલ્યા. પછી કુરૂ કુળમાં ઉત્પન્ન થયેલા તથા પુરૂષમાં શ્રેષ્ઠ કુંતિના પુત્ર અર્જુન દ્વારકા તરફ ગયા. હવે વૃષ્ણિ, અંધક તથા ભોજ કુળના હજારો યાદવ સહિત બળદેવજી તથા લક્ષ્મિનાપતિ શ્રીકૃષ્ણ દ્વારકા રહેલા હતા. પછી મોકલેલા છુપા દૂતોથી ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને, સર્વ પાંડવોનું ચેષ્ટિત જાણવામાં આવ્યું. અને વાયુ સરખા વેગવાળા ઘોડાઓ જોડી શ્રીકૃષ્ણ દ્વારકાં ગયા એમ પણ સાંભળવામાં આવ્યું. થોડુંક સૈન્ય લઇ દુર્યોધન દ્વારકાં ગયો. તે જ દિવસે કુંતિના પુત્ર અર્જુન પણ મનોહર દ્વારકાંપુરી પોહોંચ્યા. હવે પુરૂષમાં સિંહરૂપ અને કુરૂ કુળમાં ઉત્પન્ન થયેલા તે બેઉજણા, દ્વારકાંમાં શ્રીકૃષ્ણના ઘર પ્રત્યે જઇ તેમને સુતેલા જોઇ તેમની પાસે ગયા. તેમાં જ્યાં શ્રીકૃષ્ણ સુતા હતા ત્યાં પ્રથમ દુર્યોધન જઇ તેમના ઓશિકાની તરફ શ્રેષ્ઠ આસન ઉપર બેઠો. તે પછી ઉદાર ચિત્તવાળા અર્જુન ગયા, તે પણ તેમને સુતેલા જોઇ નમ્ર થઇને, તેમના ચરણાર-વિંદની બાજુ પર બેઠા. એટલામાં જાગ્રત થયેલા મધુસૂદન શ્રીકૃષ્ણે પ્રથમ અર્જુનને જોયો, પછી દુર્યોધનને જોઇ "તમે ભલે આવ્યા" એમ કહી તેઓનો ઘટતો સત્કાર કરી, તેમને આવવાનું કારણ પૂછ્યું. ત્યારે જાણે હસતો હોય નહીં તે રીતે દુર્યોધને શ્રીકૃષ્ણને કહ્યું કે, હે માધવ ! આ કજીઆમાં તમો મને સહાયતા આપવા યોગ્ય છો. કારણ કે તમોને અર્જુન તથા મારે વિષે સરખી મિત્રતા છે, ને અમારો સંબંધ પણ તમારે વિષે સરખો છે. હું તમારી પાસે અગાઉથી આવ્યો છું, સત્પુરૂષો અગાઉથી આવનારનેજ ભજે છે. હે જના-ર્દન ! તમે લોક વિષે સત્પુરૂષોમાં અત્યંત શ્રેષ્ઠ છો, ને હંમેશ તેવા મનાયલા પણ છો, વાસ્તે સત્પુરૂષના વ્રતને પાળો.

શ્રીકૃષ્ણે કહ્યું કે, અહિં મારી પાસે પહેલાંથી તું આવ્યો એમાં સંશય નહીં, પણ હે રાજન્ ! મેં તો પ્રથમ અર્જુનને દીઠો માટે તું જેમ પ્રથમ આવ્યો, તેમ મેં એને પ્રથમ જોયો છે તેથી સહાયતા તો બેઉને કરીશ, પણ પ્રથમ બાળકોને ગમતું કરવું એમ શ્રુતિ કહે છે માટે અર્જુન તારાથી નાનો છે વાસ્તે પ્રથમ એને ગમતું કરવું યોગ્ય છે. મારા સરખા પરાક્રમી મોટા સંગ્રામમાં યુદ્ધ કરનારા અને કોપથી સહન થાય નહીં એવા નારાયણ નામથી વિખ્યાત દશ લાખ ગોપ એકના સૈનિક થાય, અને શસ્ત્ર જેણે મૂકી દીધું છે તથા સંગ્રા-મમાં યુદ્ધ ન કરનારો હું બીજી બાજુ રહું. હે પાર્થ ! એ બેમાંથી જે એક તારા મનને ગમે તે તું આગળથી માગ, કારણ ધર્મથી તને ઇચ્છિત વસ્તુ પ્રથમ આપવી લાયક છે.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે શ્રીકૃષ્ણે કહ્યું ત્યારે કુંતિના પુત્ર અર્જુને, સંગ્રામમાં શસ્ત્ર નહીં ધરનાર, શત્રુને મારનાર, પોતાની ઇચ્છાથી મનુષ્યો વિષે પ્રગટ થયેલા અને સર્વ ક્ષત્રિય તથા દેવ દાનવમાં અગ્રેસર નારાયણ રૂપ શ્રીકૃષ્ણને માગી લીધા. દુર્યોધને પછી સર્વ સૈન્ય માગી લીધું. દુર્યોધન રાજા, દશ લાખ યોદ્ધાઓને પામી શ્રીકૃષ્ણને શસ્ત્ર વગર સહાય કરનાર જાણીને, પરમ હર્ષ પામ્યો, ને ત્યાંથી સૈન્ય સાથે લઇ મહા બળ-વાન બળદેવજી પાસે ગયો, અને તેમને પોતાને આવવાનું કારણ નિવેદન કરી દેખાડ્યું. બળદેવજીએ તેને આવી રીતે કહ્યું કે, હે મનુષ્યમાં વ્યાઘ્રરૂપ ! જે રીતે તું જાણે છે તે રીતે બધું થવા યોગ્ય છે. મેં પૂર્વે તારે વાસ્તે વિરાટ રાજાને ત્યાં વિવાહ સમયે નિશ્ચય શ્રી કૃષ્ણને વારંવાર કહ્યું હતું જે, "આપણે બેઉ સાથે સંબંધ એક સરખોજ છે, પણ તે વાક્ય

કૃષ્ણના પ્રાગ્ભાગમાં બરોબર આવ્યું નહીં, ને તેના વિના ક્ષણ માત્ર પણ હું રહી શકું નહીં. માટે હું અર્જુનની વા તારી કોઇની સહાયતા નહીં કરૂં, એમ મેં નિશ્ચય કર્યો છે, માટે હે પુરૂષમાં શ્રેષ્ઠ ! તું સર્વ રાજાઓથી પૂજાયલો ભરત વંશમાં ઉત્પન્ન થયો છે, માટે જા, ક્ષત્રિય ધર્મથી યુદ્ધ કર.

વૈશંપાયન કહે છે—હે જનમેજયરાય ! એ રીતે બળદેવજીએ કહ્યું ત્યારે દુર્યોધન, તેમને અને શસ્ત્ર વગરના કૃષ્ણને જાણી, સંગ્રામમાં અર્જુનને હું જીતેલોજ છું એવું માનવા લાગ્યો. પછી ત્યાંથી ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન રાજા કૃતવર્મા પાસે ગયો. ત્યારે તેણે એક અક્ષૌહિણી સેના આપી જે લઇને ભયંકર સૈન્યથી વિંટાયલો દુર્યોધન, પ્રસન્ન થઇ સંબંધીઓને અત્યંત હર્ષ આપતો પોતાને ઘેર ગયો. પછી પિતાંબર ધારણ કરનાર જગત કર્તા જનાર્દન ભગવાને અર્જુનને પૂછ્યું કે, યુદ્ધ નહીં કરનાર મને તું કયી બુદ્ધિનો આશ્રય કરીને વર્યો ! તે સાંભળી અર્જુને કહ્યું કે, તમો તે બધાઓને મારવા સમર્થ છો, એમાં સંશય નહીં. હે પુરૂષમાં શ્રેષ્ઠ ! હું પણ એકલો તે બધાઓને મારવા સમર્થ છું, પણ તમે જો શસ્ત્ર ધારણ કરેલ હો, તો લોકમાં તમે કીર્ત્તિમાન હોવાથી તે બધો યશ તમને પ્રાપ્ત થશે, માટે યશની ઇચ્છાવાળો હું શસ્ત્ર વગરના તમોને વર્યો છું; જેથી મને યશ પ્રાપ્ત થાય. તમારે મારૂં સારથિપણું કરવું, એવી હંમેશ મારા મનમાં આશા છે; માટે ઘણા કાળથી ઇચ્છા કરેલું મારૂં કામ તમો કરવા લાયક છો. તે સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે, હે પાર્થ ! મારી સાથે તું જે યશ વાસ્તે સ્પર્દ્ધા કરે છે તે યુક્ત છે, હું તારૂં સારથિપણું કરીશ, આ તારૂં કામ પૂર્ણ થાઓ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે પ્રસન્ન થઇ શ્રેષ્ઠ યાદવોથી વિંટાયલા અર્જુન ત્યાંથી શ્રીકૃષ્ણ સહિત પાછા યુધિષ્ઠિર પાસે ગયા.

एवं प्रमुदितः पार्थः कृष्णेन सहितस्तदा ।
वृतो दाशार्हप्रवरैः पुनरायाद्युधिष्ठिरं ॥ ३९ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि कृष्णसारथ्यस्वीकारे गुर्जरभाषायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

અધ્યાય ૮ મો. શલ્યે યુધિષ્ઠિરને આપેલું વચન.

वैशंपायन उवाच—शल्यः श्रुत्वा तु दूतानां सैन्येन महतावृतः ।
अभ्ययात्पांडवान् राजन् सहपुत्रैर्महारथैः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે શલ્યરાજા, દૂતોનાં વચન સાંભળી મોટા સૈન્યથી વિંટાઇને મહારથિ પુત્ર સહિત પાંડવો તરફ આવવા લાગ્યો, તેવી સેનાનો ફેલાવો આશરે ૭ ગાઉમાં હતો. હે રાજન્ ! તે એવી મોટી સેનાને, મહા પરાક્રમી શલ્યરાજા પોષણ કરતો હતો. હવે વિચિત્ર પ્રકારનાં કવચ, ધ્વજ, ધનુષ, રથ, વાહન તથા આભરણવાળા, નાના પ્રકારની માળા તથા શસ્ત્ર ધારણ કરનારા અને પોતાના દેશ સરખા વેષ તથા ઘરેણાંવાળા હજારો શરીર ક્ષત્રિયો જેની સેનાના નાયક છે એવો તે મહાત્મા શલ્યરાજા, પ્રાણીઓને ત્રાસ પમાડતો અને પૃથ્વીને કંપાવતો હોય નહીં તેમ મોટી સેનાને વિસામો આપતાં ધીરે ધીરે જે દેશમાં પાંડવો હતા ત્યાં જતો હતો. હે રાજન્ ! મહારથિને જતો સાંભળી દૂરી

આગે જઇ દુર્યોધને તેનો સત્કાર કરવા માંડ્યો. તે એવી રીતે કે, તેના સત્કાર વાસ્તે રમણીય સ્થાનોમાં રત્નજડિત શોભાયમાન સભાઓ કરાવી, તેમાં વિવિધ પ્રકારના શીલ્પિઓ પાસે ક્રીડાનાં સ્થાનકો કરાવ્યાં, તથા સુગંધી માળાઓ, નાના પ્રકારનાં માંસો, અને ખાવા પીવાના ઉત્તમ પદાર્થો રખાવ્યા. વળી તેમાં મનને હર્ષ વધારનાર વિવિધ પ્રકારના કુવા, નાના પ્રકારની વાવો તથા પાણીનાં ટાંકાં પણ કરાવ્યાં. હવે તે મહેલાં મુકામ પ્રત્યે આવેલા શલ્ય રાજાનો, દુર્યોધનના કારભારીઓએ ચોતરફથી દેવતાઓની પેઠે સત્કાર કર્યો. પછી ત્યાંથી ક્ષત્રિયમાં શ્રેષ્ઠ શલ્યરાજા, દેવતાના ઘર સરખી શોભાયમાન બીજી ખેપ પર આવ્યો, તો ત્યાં પણ અમાનુષ નાના પ્રકારના કલ્યાણરૂપ વિષયોથી પોતાના આત્માને ઇંદ્રથી પણ અધિક માની, પ્રસન્ન થઇ તેણે પૂછ્યું કે, યુધિષ્ઠિરના જે નોકરોએ આ સભાઓ બનાવી હોય તેમને અહિં બોલાવો, મારે કંઇ આપવાનું છે. જે કંઈ હું પ્રસન્નતાથી તેમને આપું તે યુધિષ્ઠિર પણ સ્વીકાર કરે. તે સાંભળી વિસ્મય પામેલા દુર્યોધને કહ્યું કે, અત્યંત પ્રસન્ન થએલો શલ્ય આ વખતે પોતાનું જીવિત પણ આપી દે, વાસ્તે તેની પાસે જાઓ. તે સાંભળી છુપો રહેલો દુર્યોધન મામા પાસે આવી ઉભો રહ્યો. તેને જોઇ " આ એનો યત્ન છે" એમ જાણી મદ્રદેશનો રાજા શલ્ય તેને મળી પ્રસન્નતાથી કહેવા લાગ્યો કે, જે તારી ઇચ્છા હોય તે માગ. તે સાંભળી દુર્યોધને કહ્યું કે, હે કલ્યાણરૂપ! તમે સત્યવાણીવાળા થાઓ, ને હું એ વર માગુ છું કે, તમે મારી સેનાના નાયક થાઓ.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! તે સાંભળી શલ્ય બોલ્યો કે, ઠીક તેમ કરીશ, વળી બીજું શું કરૂં? ત્યારે ગાંધારીના પુત્ર દુર્યોધને વારંવાર નમી કહ્યું કે, એજ ઘણું કર્યું? પછી શલ્યે કહ્યું કે હે મનુષ્યમાં શ્રેષ્ઠ દુર્યોધન! તું તારા શહેર પ્રત્યે જા. હું શત્રુને દમન કરનાર યુધિષ્ઠિર રાજાને જોવા સારૂ જઇશ. તેને જોઇ પાછો તારી પાસે આવીશ; કારણ પુરૂષમાં શ્રેષ્ઠ પાંડુના પુત્ર યુધિષ્ઠિરને જરૂર મળવું જોઇએ. દુર્યોધન બોલ્યો કે, હે રાજન્! પાંડવોને જોઇ વહેલા પાછા આવજો, કારણ હે રાજેંદ્ર! મને આપેલા વચને સંભારો અમે તમારે આધીન છીયે. શલ્યે કહ્યું કે હે રાજન્! તારૂં કલ્યાણ થાઓ, હું જલદી પાછો આવીશ, તું તારા શહેર પ્રત્યે જા. એમ કહી દુર્યોધન તથા શલ્ય રાજા પરસ્પર મળ્યા. પછી દુર્યોધન શલ્યની આજ્ઞા માગી પોતાના શહેર પ્રત્યે ગયો. શલ્ય પણ પાંડવોને દુર્યોધનનું કર્મ કહેવા સારૂ, જ્યાં તેઓ રહેતા હતા તે ઉપપ્લવ્ય શહેરમાં ગયો. ત્યાં સેનાના પડાવ પાસે જઇ ત મોટા હાથવાળા શલ્યે સર્વે પાંડવોને જોયા. પાંડવોએ વિધિથી તેને પાદ્ય અર્ઘ્ય આપી એક ગાય નિવેદન કરી, તે ગ્રહણ કરી પરમ હર્ષયુક્ત શલ્ય રાજા, યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન તથા પોતાની બહેનના પુત્ર નકુળ અને સહદેવ, એ સર્વને મળી આપેલા આસન ઉપર બેઠા, પછી યુધિષ્ઠિર પ્રત્યે તે કહેવા લાગ્યા કે, હે કુરૂનંદન! હે રાજાઓમાં સિંહરૂપ! તમે કુશળ છો? હે જય કરનારાઓમાં શ્રેષ્ઠ! અરણ્યવાસથી તમે મુક્ત થયા તે બહુ સારૂં થયું. હે રાજેંદ્ર! તમે ભાઇઓ તથા દ્રૌપદી સહિત, મનુષ્ય વિનાના વનમાં નિવાસ કર્યો, તે કોઇથી ન બને એવું કર્મ કર્યું? વળી હે ભારત! તમે જે ભયંકર અજ્ઞાતવાસ કર્યો, તે પણ કોઇથી ન બને એવું કર્મ કર્યું અને ત્યાં રાજ્યથી ભ્રષ્ટ થયેલા તમોને દુઃખજ હોય, સુખ ક્યાંથી હોય? હે શત્રુને સંતાપનાર! હવે ધૃતરાષ્ટ્રના પુત્રોએ આપેલા મોટા દુઃખનો અંત આવ્યો, માટે શત્રુને મારી સુખ પામશો. હે તાત! હે મહારાજ! તમે લોકના સિદ્ધાંત જાણો છો તેથી કાંઈપણ લોભ:

વાસ્તે કરતા નથી. હે ભારત ! હે યુધિષ્ઠિર ! પ્રાચીન રાજાઓના માર્ગોને ઇચ્છો, અને દાન, તપ તથા સત્ય વિષે તત્પર રહો. હે યુધિષ્ઠિર ! ક્ષમા, દમ, સત્ય અહિંસા તથા આશ્ચર્યરૂપ રૂડો પરલોક, એ તો તમારે વિષેજ રહ્યાં છે. હે રાજન્ ! તમે કોમળ, દાન દેનાર, બ્રાહ્મણ જેને વ્હાલા છે એવા દયાળુ તથા ધર્મમાં તત્પર છો. ધર્મ તમારે વિષે રહેલો છે, એમ ઘણાં લોક જાણે છે. હે શત્રુને તપાવનારા ! હે તાત ! સર્વ જગત તમારૂં જાણેલું છે. હે રાજન્ ! તમે આ કષ્ટનો પાર પામ્યા, એ બહુ સારૂં થયું. હે સમર્થ ! દુષ્કર કર્મ કરનાર, ધર્મના આશ્રયભૂત તથા ધર્માત્મા તમોને નાના ભાઇયો સહિત હું જોઉં છું, એ ઘણું સારૂં થયું.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે કહી શલ્ય રાજાએ, યુધિષ્ઠિરને પોતાનો દુર્યોધન સાથે થયેલો સમાગમ, તેણે કરેલી સેવા તથા તેને પોતે આપેલું વરદાન, ઇત્યાદિ બનેલી સર્વ હકીકત કહી દેખાડી. તે સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે રાજન્ ! પ્રસન્ન થયેલા તમોએ વાણીથી દુર્યોધન સાથે પ્રતિજ્ઞા કરી, તે ઠીક કર્યું, તમારૂં કલ્યાણ થાઓ. હે પૃથ્વીના પતિ ! એક કામ તમારે મારૂં કરવું, એવી હું ઇચ્છા રાખું છું. તે કામ કરવા યોગ્ય નથી તોપણ તમે તે કરવા લાયક છો. હે વીર ! મારી ઉપર નજર રાખી હું વિનંતિ કરૂં; તે સાંભળો. હે મહારાજ ! યુદ્ધમાં તમે વાસુદેવ સરખા છો, માટે કર્ણ તથા અર્જુનનું રથમાં બેસી યુદ્ધ થાય, તે વખતે કર્ણનું સારથિપણું તમારે કરવું. જો મારૂં પ્રિય ઇચ્છતા હો તો અર્જુનની રક્ષા કરવી. અમારો જય થાય માટે કર્ણના તેજનો વધ કરવો. હે માતુલ ! એ કામ કરવા યોગ્ય નથી તોપણ તમે કરવા લાયક છો. શલ્યે કહ્યું કે હે પાંડવ ! તમારૂં કલ્યાણ થાઓ. મહાત્મા સૂતના પુત્ર કર્ણના સંગ્રામમાં તેનો તેજવધ કરવા સારૂ તમે મને કહો છો, તે પ્રમાણે કરવા હું સંગ્રામમાં તેનો સારથિ થઇશ. મને વાસુદેવ ભગવાન સરખો માનો છો. હે કુરૂકુળમાં સિંહરૂપ ! સંગ્રામમાં જે સમયે કર્ણ યુદ્ધ કરશે, તે સમયે હું તેને પ્રતિકૂળ તથા અહિતનાં વચન કહીશ. હે પાંડવ ! તે ગર્વ તથા તેજ રહિત થશે ને તમે તેને મારી શકશો, એ હું સત્ય કહું છું. હે તાત ! તમે મને કહો છો તે જ રીતે હું કરીશ, અને બીજું પણ જે મારાથી બનશે તે તમારૂં પ્રિય કરીશ. અહા ! દ્યૂતવિષે દ્રૌપદી સહિત તમે દુઃખને પ્રાપ્ત થયા તથા સૂતપુત્ર કર્ણે કઠોર વચન કહ્યાં. જટાસુર તથા કીચકથકી દ્રૌપદીને ક્લેશ થયો એ રીતે દમયંતીની પેઠે તેને પણ ઘણું દુઃખ પડ્યું ! હે વીર ! એ સર્વ દુઃખ પાછળથી સુખરૂપ થશે, એ વિષે તમારે શોચ કરવો નહીં, કારણ વિધાતા અતિશય બળવાન છે. હે યુધિષ્ઠિર ! મહાત્મા પુરૂષો દુઃખ પામે છે, દેવતાઓ પણ દુઃખને પ્રાપ્ત થાય છે. હે ભારત ! હે રાજન્ ! સ્ત્રી સહિત મહાત્મા દેવતાઓના રાજા ઇંદ્રે પણ દુઃખ અનુભવ્યું હતું.

> इंद्रेण श्रूयते राजन् सभार्येण महात्मना ।
> अनुभूतं महद्दुःखं देवराजेन भारत ॥ ५४ ॥

इतिश्री महाभरते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि शल्यवाक्ये [illegible] शल्यवाक्यनामाष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો. ઇન્દ્રને પહેલું દુઃખ.

युधिष्ठिर उवाच ॥ कथमिन्द्रेण राजेन्द्र सभार्येण महात्मना ।
दुःखं प्राप्तं परं घोरमेतदिच्छामि वेदितुं ॥ १ ॥

યુધિષ્ઠિર કહે છે—હે રાજેંદ્ર! મહાત્મા ઈંદ્ર સ્ત્રીસહિત કેવી રીતે ભયંકર દુઃખને પ્રાપ્ત થયો તે હું જાણવા ઇચ્છું છું. તે સાંભળી શલ્યે કહ્યું કે–હે રાજન્! સ્ત્રીસહિત ઇંદ્ર કેવી રીતે દુઃખ પામ્યો, તે ઉપર એક પ્રાચીન ઇતિહાસ કહું તે સાંભળો. દેવતાઓમાં શ્રેષ્ઠ મોટા તપવાળા ત્વષ્ટા નામે પ્રજાપતિ હતા. તેમણે ઇંદ્રના દ્રોહથી ત્રણ મસ્તકવાળો એક પુત્ર ઉત્પન્ન કર્યો. તે મહા કાંતિમાન વિશ્વરૂપ નામના પુત્ર, સૂર્ય ચંદ્ર તથા અગ્નિની જેને ઉપમા અપાય એવા ભયંકર ત્રણ મુખથી ઈંદ્રના સ્થાનકની પ્રાર્થના કરવા માંડી. વિશ્વરૂપ એક મુખથી વેદ ભણતો, બીજા મુખથી મદિરા પીતો અને ત્રીજા મુખથી સર્વ દિશાઓને જાણે પીતો હોય નહીં તેમ જોતો હતો. તે કોમળ હૃદયવાળો, ઇંદ્રિયોને નિયમમાં રાખનાર અને ધર્મ તથા તપવિષે તત્પર રહેતો. હે શત્રુને દમન કરનાર! એ રીતે બીજાથી દુઃખે કરી ન બને એવા દુષ્કર તપને કરનાર તથા તેજવાળા વિશ્વરૂપનું તપોબળ તથા સત્ય જોઈ, "આ ઇંદ્ર થશે!" એવી શંકાથી ઈંદ્રને ખેદ થયો. તે વિચારવા લાગ્યો કે, કેવી રીતે ભોગ ભોગવવામાં તે જોડાય, ને તપ કરવું છોડી દે; કારણ તે વધશે તો બધા ત્રિલોકને ગળી જશે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! એ રીતે બુદ્ધિમાન્ ઇંદ્રે ઘણીક તરેહથી વિચાર કરી, ત્વષ્ટાના પુત્રને લોભાવવા વાસ્તે અપ્સરાઓને આજ્ઞા કરી. હે અપ્સરાઓ! જે રીતે તે ત્રણ મસ્તકવાળો વિશ્વરૂપ કામભોગને વિષે જોડાય, તે રીતે તેને લોભાવો. જાઓ રૂડા શૃંગાર સજો અને સુંદર વેષ ધરી મનોહર હાર પહેરી રૂડા કટિપશ્ચાદ્ ભાગવાળી તમે સર્વ, હાવભાવ યુક્ત સૌંદર્યથી તેને લોભાવી મારો ભય શમાવો, તમારૂં કલ્યાણ થાઓ. હે શ્રેષ્ઠ સ્ત્રિયો! હે અબળાઓ! હું મારા આત્માને સ્વસ્થ જાણતો નથી, માટે મારા મહા ઘોર ભયનો તમે જલદી નાશ કરો. તે સાંભળી અપ્સરાઓએ કહ્યું કે, હે બળને મારનાર! હે ઈંદ્ર! જે રીતે તમે ભયને નહીં પ્રાપ્ત થાઓ, તે રીતે તેને લોભાવવા અમે યત્ન કરશું. હે દેવ! આ તપનો ભંડાર અને નેત્રે કરી જાણે બાળી નાખતો હોય નહી, એ રીતે બેઠેલા તેને લોભાવવા સારૂ અમે સર્વ એકઠી થઇ જઇયે છીયે. તેને વશ કરવા તથા તમારો ભય ટાળવા અમે યત્ન કરશું.

શલ્યે કહ્યું–હે યુધિષ્ઠિર! પછી ઇંદ્રે જેને આજ્ઞા આપી છે એવી અપ્સરાઓ, વિશ્વરૂપની આગળ જઇ વિવિધ પ્રકારના હાવભાવથી તેને લોભાવવા લાગી, નિરંતર પોતાના અંગનું સૌંદર્ય તેને દેખાડવા લાગી તોપણ તે મહાત્મા વિશ્વરૂપ જરાએ મોહ પામ્યો નહિ. તે ઇંદ્રિયો વશ કરી પૂર્ણ સમુદ્ર જેવો શાંત થઇ બેસી રહ્યો. અપ્સરાઓએ ઘણોક યત્ન કર્યો, પણ અંતે હારીને તેઓ સર્વ ઇંદ્ર પાસે પાછી ગઈ, અને હાથ જોડી ઈંદ્રને કહેવા લાગી કે, હે સમર્થ! દુઃખથી સહન ન થાય એવા એ તપસ્વી બ્રાહ્મણને, અમે ધૈર્યથી ચલાયમાન કરવા સમર્થ નથી. હે ભગવાન! હવે તમારે જે કંઇ કરવું હોય તે કરો. અપ્સરાઓનાં વચન સાંભળી 'બહુ સારૂં,' એમ કહી ઇંદ્રે તેઓને રજા આપી. હે યુધિષ્ઠિર! એ રીતે મહા બુદ્ધિમાન્, પ્રતાપવાન તથા દેવતાઓના રાજા શૂરવીર ઇંદ્રે, બોલતા રહી જઇ મનમાં વિચાર કર્યો કે, ત્રણ મસ્તકવાળા બ્રાહ્મણને મારવાનો વજ્ર વિના બીજો ઉપાય નથી; એથી.

તે જલદી નાશ પામશે. આગળ વધેલો શત્રુ દુર્બળ હોય તોપણ બળવાને તેની ઉપેક્ષા કરવી નહીં, એમ શાસ્ત્રબુદ્ધિથી તેને મારવાનો મનમાં દૃઢ નિશ્ચય કરીને, ઇંદ્રે અગ્નિ જેવું ભયંકર જેનું રૂપ છે એવું વજ્ર ક્રોધથી ત્રણ મસ્તકવાળા વિશ્વરૂપ પર મૂક્યું. વજ્રથી હણાયલો તે વજ્રથી કપાયલું પર્વતનું શિખર પડે તેમ પૃથ્વી ઉપર પડ્યો, પણ તપેલો ઇંદ્ર, વજ્રથી નાશ પામી સૂતેલા પર્વત સરખા વિશ્વરૂપને જોઈને સુખ પામ્યો નહીં; કારણ, હે યુધિષ્ઠિર! તેના મનને એમ થયું કે, 'આ મારેલો છે તોપણ જીવતા જેવો કાંતિમાન દેખાય છે ને એનાં મસ્તક પણ જીવતાં હોય તેવાં તાજાં લાગે છે' એમ ઇંદ્ર તે વિચાર કર્યા કરતો હતો એટલામાં હે મહારાજ! જે અગ્રસ્થમ વિશ્વરૂપ પડ્યો હતો ત્યાં એક સુતાર ખભે ફરશી લઈને આવ્યો. તેને ઇંદ્રે કહ્યું કે, મારા વચનથી તું આ સૂતેલાનું મસ્તક કાપી નાંખ. તે સાંભળી સુતારે કહ્યું કે, આ અત્યંત મોટા ફળવાળી ફરશી ભાગી પડે અને હું સત્પુરુષોએ નિંદા કરેલું કર્મ કરવા સમર્થ નથી. ત્યારે ઇન્દ્રે કહ્યું કે, તું ભય માં રાખ. મારા કહ્યા પ્રમાણે કર, ને મારા પ્રસાદથી તારું શસ્ત્ર વજ્ર સરખું થશે. તે સાંભળી સુતાર બોલ્યો કે, આ ઘોર કર્મ કરનાર તું કોણ છે? તે હું જાણવા ઇચ્છું છું, માટે મને યથાર્થ કહે? ઇન્દ્રે કહ્યું કે હે સુતાર! હું દેવતાઓનો રાજા ઇન્દ્ર છું ને મારું કહ્યું કર, કંઇપણ વિચાર કર નહીં. સુતારે કહ્યું કે, હે ઇન્દ્ર! આવાં ક્રૂર કર્મથી તું લજ્જા નથી પામતો ને આ ઋષિના પુત્રને મારી બ્રહ્મહત્યાનો ભય રાખતો નથી? તે સાંભળી ઇન્દ્રે કહ્યું કે, પવિત્ર થવા વાસ્તે હું દુષ્કર ધર્મ પાળીશ. આ મોટો પરાક્રમી મારો શત્રુ હતો, તેથી વજ્રે કરી મેં એને માર્યો, તોપણ હે સુતાર! હજી હું ભય પામું છું, માટે તું એનાં માથાં કાપી નાંખ, હું તારી ઉપર અનુગ્રહ કરીશ. મનુષ્યો યજ્ઞમાં તને પશુનાં મસ્તકરૂપી ભાગ આપશે, માટે મારું પ્રિય કર.

શલ્યે કહ્યું—હે યુધિષ્ઠિર! આ વચન સાંભળી સુતારે કુહાડાથી તેનાં ત્રણે માથાં કાપી નાખ્યાં. ઇંડાંથી જેની ઉત્પત્તિ છે એવાં પક્ષિયો તેમાંથી નિકળ્યાં. જે મુખથી તે વેદ ભણતો તથા સોમ પાન કરતો તે મુખમાંથી કપિંજલ નામનાં પક્ષિયો; ને જાણે કરી તે સર્વ દિશાઓને પીતો હોય નહીં એમ જોતો હતો, તે મુખમાંથી તેતર નામનાં પક્ષિયો અને મદિરા પીવાનું જે તેનું ત્રીજું મુખ હતું તેમાંથી કલવિંક તથા શ્યેન નામનાં પક્ષિયો નિકળ્યાં. એ રીતે તેનાં માથાં કપાયાં ત્યારે તાપ જેનો ટળી ગયો છે એવો ઇંદ્ર, પ્રસન્ન થઇ સ્વર્ગે ગયો. સુતાર પણ પોતાના ઘર પ્રત્યે ગયો. પછી દૈત્યનો શત્રુ ઇન્દ્ર, શત્રુને મારી પોતાના આત્માને કૃતાર્થ માનતો હતો, તેટલામાં "ઇન્દ્રે પોતાના પુત્રને માર્યો" તેની ત્વષ્ટા—પ્રજાપતિને ખબર પડી. ક્રોધથી રાતાં થયાં છે નેત્ર જેનાં એવા તે પ્રજાપતિ આવી રીતે વચન બોલ્યા કે, નિરંતર તપશ્ચર્યા કરનાર, ક્ષમાવાન તથા જીતેંદ્રિય એવા મારા પુત્રને અપરાધ વગર ઇન્દ્રે મારી નાખ્યો વાસ્તે તેના નાશ માટે હું વૃત્રને ઉત્પન્ન કરું છું. લોકો મારા તપોબળ તથા પરાક્રમને જુઓ. પાપ બુદ્ધિવાળો દુરાત્મા ઇન્દ્ર શિક્ષા પામે એમ કહી અત્યંત મોટા યશવાળા તથા ક્રોધથી તપેલા ત્વષ્ટા—પ્રજાપતિ, આચમન લઇ અગ્નિમાં હોમ કરીને, ભયંકર વૃત્રાસુરને ઉત્પન્ન કરી તેને કહેવા લાગ્યા કે, હે ઇન્દ્રના શત્રુ! મારા તપનાં પ્રભાવથી તું અત્યંત વૃદ્ધિ પામ. સૂર્ય તથા અગ્નિની જેને ઉપમા અપાય એવો વૃત્રાસુર સ્વર્ગને સ્તંભન કરી વૃદ્ધિ પામ્યો. ઉદય પામેલા કાળસૂર્ય સરખો તે, "હું શું કરું" એમ

ત્વષ્ટાને પૂછવા લાગ્યો. ત્વષ્ટાએ કહ્યું કે, ઇન્દ્રને મારી નાખ. ઋષિનાં વચન સાંભળી તે સ્વર્ગે ભણી ગયો. હે કુરુસત્તમ ! ત્યાં ક્રોધ પામેલા વૃત્ર તથા ઇન્દ્રનું મોટું ભયંકર યુદ્ધ થવા લાગ્યું. કોપેલો શૂરવીર વૃત્રાસુર, દેવતાના રાજા ઇન્દ્રને ઝાલી, પોતાનું મોઢું ફાડી તેને ગળી ગયો. સંભ્રાંત થઈ મહા બળવાન દેવતાઓએ વૃત્રાસુરને નાશ કરનારી જૃંભિકા ઉત્પન્ન કરી જેથી તે બગાસાં ખાવા લાગ્યો. આવરણ રહિત થયેલા તેના મુખમાંથી, બળનો શત્રુ ઇન્દ્ર પોતાનાં અંગ સંકોચી બહાર નિકળ્યો, ત્યારથી જૃંભિકા લોકના પ્રાણનો આશ્રય કરી રહી, ને બહાર નિકળેલા ઇન્દ્રને જોઈ સર્વ દેવતાઓ પ્રસન્ન થયા. હે ભરતર્ષભ ! ક્રોધથી અત્યંત તપેલા વૃત્ર તથા ઇન્દ્રનું ફરીથી ભયંકર યુદ્ધ પ્રવર્તમાન થયું. પછી જ્યારે ત્વષ્ટાના તેજથી બળવાન વૃત્ર વૃદ્ધિ પામ્યો, ત્યારે ઇન્દ્ર યુદ્ધથી નિવૃત્ત થયો. તેને જોઈ દેવતાઓ અત્યંત ખેદ પામ્યા. હે ભારત ! ત્વષ્ટાના તેજથી મોહ પામેલા સર્વે દેવતાઓ ઇન્દ્ર સહિત મુનિઓ સાથે વિચાર કરવા લાગ્યા. હે રાજન્ ! પછી મંદરાચળના શિખર ઉપર બેઠેલા, વૃત્રના વધને ઇચ્છતા તથા મોહથી ભય પામેલા સર્વ દેવતાઓએ, "હવે શું કરવું" એવું વિચારી, અવિનાશી મહાત્મા વિષ્ણુને સંભાર્યા.

जग्मुः सर्वे महात्मानं मनोभिर्विष्णुमव्ययं ।
उपविष्टा मंदराग्रे सर्वे वृत्रवधेप्सवः ५९ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि इंद्रविजये गुर्जरभाषायां नवमोऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦ મો. વૃત્રનો ઇન્દ્રથી વધ.

इंद्र उवाच—सर्वव्याप्तमिदं देवा वृत्रेण जगदव्ययं ।
न ह्यस्य सदृशं किंचित्प्रतिघाताय यद्भवेत् ॥ १ ॥

ઇન્દ્ર કહે છે—હે દેવતાઓ ! આ જગત બધું વૃત્રે કરી વ્યાપ્ત થઇ ગયું, એને મારવા યોગ્ય કોઇ શસ્ત્ર પણ છે નહીં કે જેથી એ નાશ પામે. હું પૂર્વે સમર્થ હતો, પણ હાલ અસમર્થ થઇ ગયો છું; કારણ મારાથી આ પીડા સહન થાય એમ નથી, માટે હવે કેમ કરવું તે કહો, તમારૂં કલ્યાણ થાઓ. હે દેવતાઓ ! હાલ મારો નિશ્ચય કહું તે સાંભળો. મહાત્મા, ઘણાંક પરાક્રમવાળો, તેજસ્વી વૃત્ર હાલ દેવ, અસુર તથા મનુષ્ય સહિત ત્રિલોકને ગળી જાય એમ છે; વાસ્તે આપણે વિષ્ણુના સ્થાનકે જઇ, મહાત્મા સાથે વિચાર કરીને, દુરાત્મા વૃત્રને મારવાનો ઉપાય પૂછીએ. શલ્યે કહ્યું કે હે યુધિષ્ઠિર ! ઇન્દ્રનાં વચન સાંભળી ઋષિગણો સહિત, વૃત્રના ભયથી પીડાયલા દેવતાઓ, શરણ થવા લાયક મહા બળવાન વિષ્ણુની પાસે ગયા. દેવોના નિયંતા વિષ્ણુની તેઓ સ્તુતિ કરવા લાગ્યા કે, હે વિષ્ણુ ! પૂર્વે ત્રણ પગલે કરી ત્રણ લોકને અતિક્રમણ કરીને તમે મોટા દૈત્ય બળિરાજાને બાંધી ઇન્દ્રને દેવતાઓનો અધિપતિ કર્યો હતો. દૈત્યો પાસેથી અમૃત લઇ તેમને માર્યા હતા. હે વિષ્ણુ ! તમે સર્વ દેવતાઓના પ્રભુ છો, આ સર્વ જગત તમારાથી વ્યાપ્ત છે, સર્વ લોક જેને નમસ્કાર કરે છે, એવા દેવના પણ દેવ તમે છો માટે હે દેવતાઓમાં ઉત્તમ ! તમે ઇન્દ્ર સહિત દેવતાઓના રક્ષક થાઓ: હે અસુરનો નાશ કરનાર ! હમણાં આ સર્વ જગત વૃત્રથી

વ્યાપ્ત થઇ ગયું છે. આવી દેવતાઓની સ્તુતિ સાંભળી વિષ્ણુએ કહ્યું કે, તમારું દેવતાઓનું ઉત્તમ હિત મારે જરૂર કરવું જોઇએ, માટે એવો ઉપાય બતાવીશ કે જેથી વૃત્ર નાશ પામે. ઋષિ તથા ગંધર્વો સહિત તમે સર્વ દેવતાઓ, જ્યાં વિશ્વરૂપ ધારણ કરનાર વૃત્ર છે ત્યાં જાઓ, ને તેની સાંત્વના કરી તેની સાથે સ્નેહ કરો. જરૂર તમે જીતશો. હે દેવતાઓ! મારા તેજથી ઇંદ્રનો જય થશે, કારણ એના વજ્ર નામના ઉત્તમ આયુધમાં હું પેસીશ તે રીતે હું અદૃશ્ય રહીશ. હે ઉત્તમ દેવતાઓ! ઋષિ તથા ગંધર્વો સહિત તમે જઇને, વૃત્ર સાથે સંધિ કરો, વખત નહીં લગાડો.

શલ્યે કહ્યું કે—હે યુધિષ્ઠિર! વિષ્ણુએ આમ કહ્યું ત્યારે ઋષિઓ તથા મહા પરાક્રમી દેવતાઓ, એકઠા થઇ ઇંદ્રને આગળ કરી તેજે કરી પ્રજ્વલિત દશે દિશાઓને તપાવતો અને સૂર્ય તથા ચંદ્રની પેઠે ત્રિલોકીને ગળતો હોય નહીં એવા વૃત્રને જોઇ તેની પાસે ગયા. પછી ઋષિયો તેને આવું પ્રિય વચન કહેવા લાગ્યા કે, હે દુર્જય! તારા તેજથી સર્વ જગત વ્યાપ્ત થઇ ગયું છે તોપણ હે બળવાનમાં શ્રેષ્ઠ! હજી તું ઇંદ્રને જીતવા સમર્થ થયો નથી અને તમને બેઉને યુદ્ધ કરતાં ઘણો કાળ વીતી ગયો છે. દેવ, અસુર તથા મનુષ્ય ઇત્યાદિ બધી પ્રજા પીડા પામે છે માટે હે વૃત્ર! તારું ઇંદ્ર સાથે હંમેશ સખાપણું થાઓ જેથી તને સુખ થશે, ને તું શાશ્વત ઇંદ્રલોકને પામીશ. ઋષિનાં વચન સાંભળી મહા બળવાન વૃત્રાસુર, સર્વ ઋષિયોને મસ્તકથી પ્રણામ કરી આવી રીતે કહેવા લાગ્યો કે, હે ઋષિયો! હે નિષ્પાપ! તમે તથા ગંધર્વો સર્વે મોટાં ભાગ્યવાળા છો, ને તમે જે કહ્યું તે સર્વ મેં સાંભળ્યું. હવે હું કહું તે તમે સાંભળો. મારે તથા ઇન્દ્રને કેમ સંધિ થાય? કારણ કે હે દેવતાઓ! બે તેજસ્વીને કેવી રીતે સખાપણું થાય? તે સાંભળી ઋષિયોએ કહ્યું કે, એકવાર સત્પુરૂષની સંગતની ઇચ્છા રાખવી, પછી જે થવાનું હોય તે થાય. સત્પુરૂષની સંગત મૂકવી નહીં, વાસ્તે તેની ઇચ્છા રાખવી. સત્પુરૂષની સંગતિ દૃઢ તથા નિત્ય છે, ધીર પુરૂષો અર્થ સંબંધી કષ્ટને વિષે તેને અર્થરૂપ કહે છે, માટે સત્પુરૂષની સંગતિ મોટા અર્થવાળી છે. ધીર પુરૂષો સત્પુરૂષને નથી મારતા, તેમ આ ઇન્દ્ર સત્પુરૂષને સંમત છે, ને મહાત્મા પુરૂષોના નિવાસરૂપ છે, એ સત્યવાદી નિંદવા લાયક નથી. ધર્મને જાણનાર તથા સૂક્ષ્મ નિશ્ચયવાળો છે. હે વૃત્ર! એની સાથે તારે સંધિ થાઓ, તું વિશ્વાસ રાખ, અન્યથા બુદ્ધિ માં કર.

શલ્યે કહ્યું કે, ઋષિયોનાં વચન સાંભળી મહા કાંતિમાન વૃત્રે કહ્યું કે, તમે તપસ્વિયો અવશ્ય કરી મારે માનવા લાયક છો. પણ હું કહું તે બધું દેવતાઓ કરે તો, હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ! તમે કહો છો તે બધું હું કરૂં. સુકાથી, લીલાથી, પાષાણથી, કાષ્ટથી અને શસ્ત્ર તથા અસ્ત્રથી દિવસે વા રાત્રિએ, દેવતાઓ સહિત ઇન્દ્ર મને મારે નહીં, એ વાત જો તે સ્વીકારે તો તેની સાથે મને સંધિ કરવી રૂચે છે. હે ભરતર્ષભ! તે સાંભળી ઋષિયોએ કહ્યું કે, ઠીક, ઇન્દ્ર તેમ કરશે, એ રીતે સંધાન થયું ત્યારે વૃત્ર અત્યંત હર્ષિત થયો, ને હંમેશ ઇન્દ્રની સાથે રહેવા લાગ્યો. ઇન્દ્ર પ્રસન્ન થયો, પણ તેને મારવાના ઉપાય મનમાં ચિંતન કર્યા કરતો હતો. ઉદ્વિગ્ન ચિત્તથી છિદ્ર ખોળતા ઇન્દ્રે, તે મોટા અસુરને સમુદ્રને કાંઠે જોયો. તે વખતે સંધ્યાકાળ હતો, તેથી તે દારૂણ મુહૂર્તમાં મહાત્મા ઋષિયોનું વરદાન યાદ કરીને, ઇન્દ્રે વિચાર કર્યો જે, હાલ ભયંકર સંધ્યાકાળ છે એટલે એ દિવસ પણ નથી ને રાત્રિ પણ નથી, માટે આ વખત મારું સર્વસ્વ હરણ કરનાર આ શત્રુ મારવા લાયક છે. મોટી આપ-

મહાત્મા તથા બળવાન અસુરને જો છેતરીને ન મારૂં તો મારૂં શ્રેય થાય નહીં એમ વિચારી ઇન્દ્રે વિષ્ણુનું સ્મરણ કર્યું. તેણે સમુદ્ર વિષે પર્વતની જેને ઉપમા અપાય એવું ફીણ જોયું, એટલે વિચાર્યું કે, આ ફીણ સુકું પણ નથી ને લીલું પણ નથી માટે એ લઇ વૃત્ર ઉપર જોરથી મારૂં એટલે ક્ષણ માત્રમાં નાશ પામશે, એમ વિચારી વજ્ર વડે તે ફીણ વૃત્રાસુર ઉપર નાંખ્યું, તરત ફીણમાં વિષ્ણુએ પ્રવેશ કરી તેનો નાશ કર્યો. એ રીતે વૃત્રાસુરને માર્યો, એટલે દિશાઓ પ્રકાશમાન થઈ, કલ્યાણકારક વાયુ વાવા લાગ્યો અને પ્રજા પણ આનંદ પામી. દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, મોટા સર્પો તથા ઋષિયો વિવિધ પ્રકારનાં સ્તોત્રથી ઇન્દ્રની સ્તુતિ કરવા લાગ્યા. પછી સર્વ ભૂતોએ જેને નમસ્કાર કર્યો છે, એવા દેવતાઓ સહિત ધર્મજ્ઞ ઇન્દ્રે, શત્રુને મારી પ્રસન્ન થઇ સર્વ ભૂતોનું સાંત્વન કર્યું અને સર્વ ભુવનમાં શ્રેષ્ઠ વિષ્ણુની પૂજા કરી.

એ પ્રમાણે મહા પરાક્રમી દેવતાઓને ભય પમાડનાર વૃત્રાસુરને માર્યો, પણ અસત્યે જેને પરાભવ પમાડયો છે એવો ઇન્દ્ર અત્યંત દુઃખિત મનવાળો થયો. ત્રણ મસ્તકવાળા વિશ્વરૂપની બ્રહ્મહત્યાએ તો પૂર્વેજ પરાભવ પમાડયો હતો, તેથી તે ઇન્દ્ર લોકો પાસે જઇ બેભાન થઇ ગયો; પોતે ઇન્દ્ર છે, પણ પાપથી પરાભવ પામ્યો, તેથી એને "આ ઇન્દ્ર છે" એમ કોઇ જાણી શકતુ ન હતું. બ્રહ્મહત્યાના ભયથી પીડાયલો દેવતાઓનો રાજા ઇન્દ્ર, નાસી જઇ ચેષ્ટા કરતા સર્પની પેઠે પાણીમાં છુપાઇ રહ્યો. પૃથ્વી, સુકાઇ ગયાં છે વૃક્ષ તથા વન જેમાં એવી નાશ પામ્યા સરખી થઇ ગઇ, નદીના પ્રવાહ બંધ થઈ ગયા તથા તળાવો પાણી વગરનાં થઇ ગયાં. સર્વ પ્રાણિઓ અનાવૃષ્ટિના ભયથી અત્યંત ક્ષોભ પામવા લાગ્યા, દેવતાઓ તથા મહર્ષિયો અત્યંત ત્રાસ પામવા લાગ્યા. રાજા વિના સર્વ જગત ઉપદ્રવથી પરાભવ પામવા લાગ્યું. બીનેલા દેવતાઓ "હવે અમારો રાજા કોણ થશે ?" એમ કહેતા લાગ્યા અને સ્વર્ગના દેવર્ષિયો પણ ઇન્દ્ર વગરના થયા, તોપણ કોઇ દેવતાઓનું રાજ્ય કરવાની મતિ કરતો ન હતો.

दिविदेवर्षयश्चापि देवराजविना कृताः ।
नस्म कश्चद्देवानां राज्ये वै कुरुते मतिं ॥ ५० ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि वृत्रवधेइंद्रविजयोनाम गुर्जरभाषायां दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧ મો. નહુષ-ઇન્દ્રને ઇન્દ્રાણીને ભય.

शल्य उवाच ॥ ऋषयोथाब्रुवन्सर्वे देवाश्च त्रिदिवेश्वराः ।
अयं वै नहुषः श्रीमान् देवराज्येऽभिषिच्यतां ॥ १ ॥

શલ્ય કહે છે—પછી સ્વર્ગના ઇશ્વર સર્વ દેવતા તથા ઋષિયો, "આ શોભાયમાન નહુષ રાજાને દેવતાઓના રાજ્ય ઉપર અભિષેક કરો" એમ કહેવા લાગ્યા. તેજસ્વી યશસ્વી તથા નિરંતર ધર્મિષ્ઠ છે, એમ કહી તેની પાસે જઈ કહેવા લાગ્યા કે, હે પૃથ્વીપતિ ! અમારો તું રાજા થા. તે સાંભળી હે રાજન્! પિતૃ સહિત દેવ તથા ઋષિયો પ્રત્યે,

પોતાના હિતને ઇચ્છનાર નહુષરાજા કહેવા લાગ્યો કે, હું દુર્બળ છું, તેથી તમારું રક્ષણ કરવા જેટલી મારી શક્તિ નથી. જે બળવાન હોય તે તમારો રાજા થાય, કારણ ઇન્દ્ર નિરંતર બળવાન રહે છે. એવાં તેનાં વચન સાંભળી ફરીથી ઋષિયો છે મુખ્ય જેમાં એવા સર્વ દેવતાઓ તેને કહેવા લાગ્યા કે, હે નહુષ ! અમારા તપોબળે કરી તું સ્વર્ગના રાજ્યની રક્ષા કર. હે રાજેંદ્ર ! અમોને પરસ્પર દારૂણ ભય થાય છે, માટે તું સ્વર્ગનો રાજા થા. તારા આત્માને રાજ્યનો અભિષેક કર. દેવ, દાનવ, યક્ષ, ઋષિ, રાક્ષસ, પિતૃ, ગંધર્વ તથા ભૂત, એ સર્વને જો તું જોઇશ, તો એઓનું તેજ ગ્રહણ કરીને બળવાન થઇશ. સર્વદા ધર્મથી ચાલતો સર્વ લોકનો અધિપતિ તું થા. સ્વર્ગમાં બ્રહ્મર્ષિ તથા દેવતાઓની રક્ષા કર. એમ કહી તેને સ્વર્ગના રાજ્યનો અભિષેક કર્યો. નહુષ રાજા ધર્મ પ્રમાણે ચાલી સર્વ લોકનો અધિપતિ થયો. એ રીતે અત્યંત દુર્લભ વર પામી સ્વર્ગમાં રાજ્ય પામીને, નહુષ રાજા હંમેશ ધર્માત્મા થઇ પછી કામાસક્ત મનવાળો થયો. ઇન્દ્રના બગિચા સરખા સર્વ દેવતાઓના બગીચાઓમાં, કૈલાસ, હિમાલય, મંદરાચળ, શ્વેત પર્વત, સહ્યાદ્રિ, મહેંદ્ર તથા મલયાચળ પર્વતો ઉપર અને સમુદ્રો તથા નદિયો વિષે અપ્સરાઓ તથા દેવકન્યાઓથી વિંટાયલો દેવતાઓનો રાજા નહુષ, વિવિધ પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યો અને કાન તથા મનને પ્રિય લાગે એવી વિવિધ પ્રકારની કથાઓ, સર્વ વાદિત્રો તથા મધુર શબ્દવાળું ગાયન સાંભળવા લાગ્યો. ઇન્દ્ર થયેલા નહુષને વિશ્વાવસુ, નારદ, ગંધર્વ તથા અપ્સરાઓના ગણ અને મૂર્તિમાન છ ઋતુઓ સેવતાં હતાં. તેની પાસે મનને આનંદ પમાડનાર સુખરૂપ શીતળ વાયુ વાતો હતો. ક્રીડા કરતો દુરાત્મા નહુષ રાજા કોઇ સમય ઇન્દ્રની પ્રિય સ્ત્રીને જોઇ સર્વ સભાસદો પ્રત્યે કહેવા લાગ્યો કે, ઇન્દ્રની સ્ત્રી શું કરવા મારી પાસે નથી આવતી. દેવતાઓનો ઇન્દ્ર તથા સર્વ લોકનો રાજા હવે હું બનેલો છું માટે શચી નામની ઇન્દ્રની સ્ત્રી મારા ઘર પ્રત્યે આવો !

આ વાત સાંભળી ખેદ યુક્ત જેનું મન છે એવી ઇન્દ્રની સ્ત્રી શચી બૃહસ્પતિ પાસે જઇ કહેવા લાગી કે, હે બ્રાહ્મણ ! નહુષ થકી મારી રક્ષા કરો ! હું તમારે શરણે આવી છું ! હે બ્રહ્મન્ ! તમે મને સર્વ લક્ષણસંપન્ન કહો છો, તેમ પૂર્વે દેવરાજની સ્ત્રી અત્યંત સુખ ભોગવનારી, હંમેશ સૌભાગ્યશાળી, એકની એક સ્ત્રી અને પતિવ્રતા કહી છે, તે તમારી વાણી સત્ય કરો ! હે ઇશ્વર ! હે ભગવન્ ! કંઇ પણ તમારૂં કહેલું પૂર્વે મૃષા થયું નથી માટે હે બ્રાહ્મણમાં અત્યંત શ્રેષ્ઠ ! તમારૂં કહેલું વચન સત્ય થાઓ ! ઇન્દ્રાણીનાં વચન સાંભળી ભયથી મોહ પામેલી તેને બૃહસ્પતિએ કહ્યું કે હે દેવરાણી ! તને કહ્યું છે તે સત્ય થશે. થોડા વખતમાં તું અહિં આવેલા દેવતાના રાજા ઇન્દ્રને જોઇશ માટે તારે નહુષથી બીવું નહીં, એ હું તને સત્ય કહું છું. થોડા વખતમાં ઇન્દ્રથી તને મેળાપ કરાવીશ. એ રીતે બૃહસ્પતિએ કહ્યું. પછી ઇન્દ્રાણી અંગિરાના પુત્ર બૃહસ્પતિને શરણે ગયેલી છે એવું સાંભળી, નહુષ રાજા કોપાયમાન થયો.

अथ शुश्राव नहुषः शक्राणीं शरणं गतां ।
बृहस्पतेरांगिरसस्य चुक्रोधासनुषस्तदा ॥ २६ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि शक्राणीभये-
बृहस्पतिसमाश्वासनायामेकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો. ઈન્દ્રાણી પર આપત્તિ.

शल्य उवाच ॥ क्रुद्धं तु नहुषं दृष्ट्वा देवा ऋषिपुरोगमाः ।
अब्रुवन्देवराजानं नहुषं घोरदर्शनं ॥ १ ॥

શલ્ય કહે છે—ઋષિયો જેમાં મુખ્ય છે એવા દેવતાઓ, ભયંકર દર્શનવાળા દેવના રાજા નહુષને કોપ પામેલો જોઇ તેને કહેવા લાગ્યા કે, હે દેવરાજ ! હે સમર્થ ! ક્રોધને તજી દો; કારણ તમે ક્રોધ પામો છો, તેથી અસુર, ગંધર્વ, કિન્નર તથા સર્પો સહિત જગત ત્રાસ પામે છે, માટે હે સાધો ! આ ક્રોધ માં કરો, કારણ તમારા સરખા પુરૂષો ક્રોધ કરતા નથી. શચી તમને પરસ્ત્રી છે, માટે હે દેવતાઓના ઇશ્વર ! પ્રસન્ન થાઓ, ને પરસ્ત્રીના સંગરૂપ પાપથી મનને નિવૃત્તિ પમાડો. તમે દેવતાઓના રાજા છો, માટે ધર્મથી પ્રજાને પાળો, ને તમારૂં કલ્યાણ થાઓ. એવી રીતે દેવ તથા ઋષિયોએ કહ્યું તોપણ કામથી મોહિત થયેલા નહુષે તેમનાં વચન ગ્રહણ ન કર્યાં ને ઇન્દ્રનો ઉદ્દેશ કરી દેવતાઓ પ્રત્યે આવાં વચન કહેવા લાગ્યો કે, અહલ્યા નામની મોટા યશવાળી ઋષિની સ્ત્રીને, તેનો ભર્તા જીવતો છતાં ઇન્દ્રે ધર્ષણ કરી, તેને તમે કેમ વાર્યો નહીં ? વળી પૂર્વે બીજાંપણ ઘણાંક ક્રૂર કર્મ તેણે કર્યાં છે. વિશ્વરૂપને માર્યો, વૃત્રાસુરની મિત્રાઇ કરી છળ કર્યો તે વખતે તમે તેને ન વાર્યો માટે શચી મારી પાસે આવે એમાં એનું પરમ હિત છે ને હે દેવતાઓ ! એમ કરેથી અમારૂં હંમેશ કલ્યાણ થશે. તે સાંભળી દેવતાઓ બોલ્યા કે હે સ્વર્ગના પતિ ! તમારી ઇચ્છા પ્રમાણે ઇન્દ્રાણીને અહિં આણી આપશું માટે હે શૂરવીર ! હે દેવતાઓના રાજા ! તમે ક્રોધ મૂકી પ્રસન્ન થાઓ.

શલ્યે કહ્યું કે, હે યુધિષ્ઠિર ! એટલાં વચન તેને કહી ઋષિયો સહિત દેવતાઓ, ઇન્દ્રાણીને ઉદ્દેશી બૃહસ્પતિ પાસે અશુભ વચન કહેવા લાગ્યા કે,હે વિપ્રેંદ્ર ! તમારા ઘર પ્રત્યે ઇન્દ્રાણી શરણે આવી છે, તે અમે જાણીએ છીએ. હે દેવર્ષિમાં ઉત્તમ ! તમે તેને અભય દીધું છે, તોપણ ઋષિ તથા ગંધર્વો સહિત દેવતાઓ તમને પ્રસન્ન કરી કહે છે કે, ઇન્દ્રાણી નહુષને આપો. ઇન્દ્રથી પણ મહા કાંતિમાન દેવતાઓનો રાજા નહુષ આજ સર્વથી અધિક છે. એને સુંદર કટિપશ્ચાદ્ભાગવાળી તથા શ્રેષ્ઠને વરનારી શચી ભલે પતિ કરો, એમ દેવતાઓએ કહ્યું ત્યારે દુઃખી થયેલી શચી આંખમાં અશ્રુ લાવી સૌથી સંભળાય તે રીતે રૂદન કરતી બૃહસ્પતિને વિનવવા લાગી કે, હે દેવર્ષિમાં ઉત્તમ ! હું નહુષને પતિ કરવા ઇચ્છતી નથી. હે બ્રહ્મન્ ! હું તમારે શરણે આવી છું, માટે આ મોટા ભયથી મારી રક્ષા કરો. તે સાંભળી બૃહસ્પતિએ કહ્યું કે, હે ઇન્દ્રાણી ! શરણાગતનો ત્યાગ ન કરવો, એવો મારો નિશ્ચય છે, માટે ધર્મજ્ઞ, સત્યશીલ તથા આનંદિત જે તું, તેનો ત્યાગ હું નહીં કરૂં, એમ કહી દેવોને કહ્યું કે સાંભળ્યા છે ધર્મ જેણે એવો સત્યશીલ તથા ધર્મ સંબંધી શિક્ષાને જાણનાર હું, બ્રાહ્મણ થઇ અકાર્ય કરવાને ઇચ્છતો નથી, માટે હે ઉત્તમ દેવો ! એ કામ કરવા હું નથી ઇચ્છતો, વાસ્તે તમે પાછા જાઓ. શરણાગત માટે પૂર્વે બ્રહ્માએ આમ કહેલું છે, તે સાંભળો “ જે પુરૂષ, ભય પામી શરણે આવેલાને શત્રુને સોંપે, તેનું વાવેલું બીજ ઉગવા વખતે ઉગે નહીં, તેનાં ક્ષેત્રોમાં વખતસર વર્ષાદ વર્ષે નહીં, તેમ તેને પોતાના રક્ષણ વાસ્તે કોઇ રક્ષક મળે નહીં; ખાધેલું અન્ન પણ તેને ફાયદો ન કરે, તે અચેતન થઇ જાય, સ્વર્ગ

લોકથી ચેષ્ટા રહિત થઇ ભ્રષ્ટ થાય, તેનું આપેલું હવ્ય દેવતાઓ ગ્રહણ કરે નહીં, અકાળે તેની પ્રજા મરણ પામે, પિતૃલોકમાં તે રહી શકે નહીં અને ઇન્દ્રાદિક દેવતાઓ તેને વજ્રથી મારે." એ રીતે બ્રહ્માએ કહેલા ધર્મ જાણનાર હું લોકમાં વિખ્યાત ઇન્દ્રની પ્રિય સ્ત્રી શચીને નહીં આપું માટે હે દેવતાઓ! જે રીતે શચીનું હિત થાય તે રીતે કરો.

શલ્યે કહ્યું–હે યુધિષ્ઠિર! તે સાંભળી ગંધર્વ સહિત દેવતાઓએ બૃહસ્પતિને કહ્યું કે, હે બૃહસ્પતિ! તમારૂં બેઉનું હિત કેમ થાય, તે વિચારો. બૃહસ્પતિએ કહ્યું કે, પવિત્ર દેવી ઇન્દ્રાણી નહુષ પાસેથી વખત માગી લે. તેમ કરવાથી આપણું હિત થશે. હે દેવતાઓ! કાળ ઘણો વિઘ્નરૂપ છે, તેથી તે તેને મરણ પમાડશે. નહુષ વરદાનથી બળવાન તથા ગર્વિષ્ઠ થયો છે. શલ્યે કહ્યું કે–હે યુધિષ્ઠિર! એ રીતે બૃહસ્પતિએ કહ્યું ત્યારે દેવતાઓ પ્રસન્ન થઇ આ પ્રમાણે કહેવા લાગ્યા. હે બ્રહ્મન્! તમે આ ઘણું સારૂં કહ્યું. દેવતાઓને બધું હિતરૂપજ છે: હે દ્વિજમાં શ્રેષ્ઠ! આપના કહેવા પ્રમાણે દેવી ઇન્દ્રાણી નહુષને પ્રસન્ન કરો. એમ કહી અગ્નિ છે મુખ્ય જેમાં એવા અવ્યગ્ર થયેલા સમસ્ત દેવતાઓ, લોકના કલ્યાણની કામના વાસ્તે ઇન્દ્રાણી આગળ આવી તેને કહેવા લાગ્યા કે, એક પત્ની તથા સતી એવી તેં આ સ્થાવર જંગમાત્મક સર્વ જગત ધારણ કર્યું છે, વાસ્તે તું નહુષ પાસે જા, એટલે તને ઇચ્છતો તે, પાપ કર્મ કરનાર નહુષ નાશ પામશે. હે દેવિ! ઇન્દ્ર ફરી દેવતાઓના ઐશ્વર્યને પામશે. તેમનો નિશ્ચય સાંભળી લજ્જાવતી ઇન્દ્રાણી, કાર્યસિદ્ધિ વાસ્તે, ભયંકર છે દર્શન જેનું એવા નહુષ પાસે ગઇ. ત્યારે તેને અવસ્થા તથા રૂપથી સંપન્ન જોઇને કામથી હણાયું છે ચિત્ત જેનું એવો દુષ્ટ બુદ્ધિવાળો નહુષરાજા અત્યંત પ્રસન્ન થયો.

दृष्ट्वा तां नहुषश्चापि वयो रूपसमन्वितां।
समहृष्यत दुष्टात्मा कामोपहतचेतनः ॥ ३२ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि शक्राणीकालावधियाचने गुर्जरभाषायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો. બ્રહ્મહત્યા નિવારણ.

शल्य उवाच ॥ अथ तामब्रवीद्दृष्ट्वा नहुषो देवराट् तदा।
त्रयाणामपि लोकानामहमिंद्रः शुचिस्मिते ॥ १ ॥

શલ્ય કહે છે—હે યુધિષ્ઠિર! પછી દેવતાઓનો રાજા નહુષ ઇન્દ્રાણીને કહેવા લાગ્યો કે, હે પવિત્ર હાસ્યવાળી! હું ત્રણે લોકનો ઇન્દ્ર છું. હે સુંદર કટિપશ્ચાદ્ભાગવાળી! હે નરને વરનારી! મને તું પતિ તરીકે ભજ. એ રીતે નહુષે કહ્યું ત્યારે પતિવ્રતા ઇન્દ્રાણી ભયથી ઉદ્વિગ્ન થઇ ને મહા વાયુથી જેમ કદલીનાં વૃક્ષ કંપે, તેમ કંપવા લાગી. પછી મસ્તકથી બ્રહ્માને પ્રણામ કરી, હાથ જોડીને, ભયંકર દર્શનવાળા દેવતાના રાજા નહુષ પ્રત્યે તે આમ કહેવા લાગી કે, હે દેવતાઓના રાજા! હું તમારી પાસેથી થોડો વખત માગી લેવા ઇચ્છું છું, કારણ ઇન્દ્ર જણાતો નથી, તે આવે છે વા ક્યાં ગયો છે, તે યથાર્થ તપાસી જો. તે નહીં જણાય તો પછી હું તમારી પાસે રહીશ એ હું તને સત્ય કહું છું. ઇન્દ્રાણીએ આમ કહ્યું ત્યારે નહુષ રાજા પ્રસન્ન થયો તે કહેવા લાગ્યો કે, હે રૂડા કટિપશ્ચાદ્ભાગવાળી! જે રીતે તું મને કહે છે, તેમ,આવો.

જીવતું આજ્ઞારૂપ કાર્ય જાણવું જોઇયે એ તેં સાચું કર્યું. એમ કહી નહુષે તેને રજા આપી. પતિવ્રતિની પવિત્ર ઇન્દ્રાણી ત્યાંથી, બૃહસ્પતિને ઘેર ગઇ અને ત્યાં તેણે દેવતાઓ સહિત બૃહસ્પતિને નહુષ સાથે થયેલી તમામ વાત કહી સંભળાવી. તેનાં વચન સાંભળી અગ્નિ છે મુખ્ય જેમાં એવા દેવતાઓ, એકાગ્ર મનથી વિચાર કરવા લાગ્યા. પછી દેવના દેવ વિષ્ણુને મળીને, બોલવામાં ચતુર અત્યંત ઉદ્વિગ્ન દેવતાઓ તેમને આવી રીતે કહેવા લાગ્યા કે, હે દેવતાઓના ઇશ્વર! તમો જગતના પ્રાણ છો, અમારા દેવતાઓની ગતિરૂપ છો, તેમ સર્વ પ્રાણીની રક્ષા વાસ્તે સર્વ વ્યાપકપણાને પ્રાપ્ત થયા છો. હે દેવોમાં શ્રેષ્ઠ વિષ્ણુ! દેવતાઓનો રાજા ઇન્દ્ર, તમારા પરાક્રમથી વૃત્રને મારીને બ્રહ્મહત્યાથી દૂષિત થયો છે વાસ્તે તેના મોક્ષનો ઉપાય કહો. દેવતાઓનાં વચન સાંભળી વિષ્ણુએ કહ્યું કે, ઇન્દ્ર જો મારું યજન કરે તો હું તેને પવિત્ર કરું. જો તે પવિત્ર અશ્વમેધ યજ્ઞથી મારું યજન કરશે તો ફરીથી ભય વગરનું દેવતાઓનું રાજ્ય પામશે. દુષ્ટ બુદ્ધિવાળો નહુષ પોતાના કર્મથી નાશ પામશે. હે દેવતાઓ! થોડો વખત સાવધાન થઇ તેની જાલમ પીડા સહન કરો. વિષ્ણુની સત્ય તથા અમૃત સરખી વાણી સાંભળી મહર્ષિ તથા ઉપાધ્યાય સહિત સર્વ દેવગણો પછી જે સ્થાનકે ભયથી ઇન્દ્ર ભરાયો હતો ત્યાં ગયા. પછી મહાત્મા ઇન્દ્રને પવિત્ર થવા સારૂ બ્રહ્મહત્યાને ટાળનાર યજ્ઞ કરવા લાગ્યો. બ્રહ્મહત્યાના વિભાગ કરી તે, વૃક્ષ, નદી પર્વત, પૃથ્વી તથા સ્ત્રિયોને આપી બળનો શત્રુ ઇન્દ્ર સંતાપ રહિત તથા ધોવાઇ ગયા છે પાપ જેનાં એવા સ્વસ્થ ચિત્તવાળો થયો પણ વરદાનથી, દુઃસહ તથા સર્વ પ્રાણિયોના તેજને હરનાર નહુષને જોઇ, ભયથી કંપવા લાગ્યો, એટલે ફરીથી ભાગી ગયો કોઇ ન દેખે તે રીતે પોતાના વખતની પ્રતિક્ષા કરવા લાગ્યો. એ રીતે ફરીથી ઇન્દ્ર ભાગી ગયો, ત્યારે શોક યુક્ત તથા અત્યંત દુઃખિત શચી. “હા શક્ર! હા શક્ર!” એ રીતે વિલાપ કરવા લાગી, તે કહેવા લાગી કે, જો મેં દાન કર્યું હોય, હોમ કર્યા હોય, ગુરૂને પ્રસન્ન કર્યા હોય તથા મારે વિષે સત્યના હોય તો મને એક ભર્તાપણું રહો. ઉત્તરાયણ વિષે જેની પ્રવૃત્તિ છે એવી આ પવિત્ર, દિવ્ય તથા ઉપશ્રુતિ દેવીરૂપ રાત્રિને હું નમસ્કાર કરું છું, જેથી મારો મનોરથ સિદ્ધ થાઓ. એમ કહી સાવધાન થઇ ઇન્દ્રાણી ઉપશ્રુતિ રાત્રિ દેવીનું ઉપસ્થાન કરવા લાગી અને પતિવ્રતપણાથી સદેહ ટાળનાર ઉપશ્રુતિ દેવીને સાદ કરી કહ્યું કે, જે સ્થાનકે દેવતાઓનો રાજા ઇન્દ્ર હોય, તે સ્થાનક મને દેખાડો, વળી કહ્યું કે સત્યથી સત્ય દેખાવ.

यत्रास्ते देवराजोसौ तं देशं दर्शयस्व मे ।
इत्याहोपश्रुतिं देवीं सत्यं सत्येन दृश्यतां ॥ २७ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि उपश्रुतिप्रयाने गुर्जरभाषायां त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો. ઇન્દ્રાણીએ ચલાવેલી ઇન્દ્રશોધ.

शल्य उवाच ॥ अथैनां रूपिणीं साध्वीमुपातिष्ठदुपश्रुति
तां वयोरूपसंपन्नां दृष्ट्वा देवीमुपस्थितां ॥ १ ॥

શલ્ય કહે છે કે યુધિષ્ઠિર! પછી ઇન્દ્રાણીની પાસે મૂર્તિમતી ઉપશ્રુતિ દેવી આવી

જેણે વય તથા રૂપથી સંપન્ન તેને પાસે આવેલી જોઇ, પ્રસન્ન થઇ તથા પૂજા કરીને, ઇન્દ્રાણી પૂછવા લાગી કે, હે શ્રેષ્ઠ મુખવાળી! તું કોણ છે તે કહે! દેવીએ કહ્યું કે, હે દેવિ! હું ઉપશ્રુતિ તારી પાસે આવી છું. હે ભાગ્યવાળી! તારા સત્યથી હું તને દેખાઇ છું. તું પતિવ્રતા છે તથા યમનિયમથી યુક્ત છે, માટે વૃત્રને મારનાર ઇન્દ્રદેવ, હું તને મેળવી આપીશ. તારૂં કલ્યાણ થાઓ. તું મારી પાછળ આવ જેથી દેવતાઓમાં શ્રેષ્ઠ ઇન્દ્રને તું જોઇશ. એમ કહી ઉપશ્રુતિ ચાલતી થઇ, તેની પાછળ ઇન્દ્રાણી જવા લાગી. દેવતાઓનાં વનો તથા ઘણા પર્વતોને અતિક્રમણ કરી, હિમાલયને પણ અતિક્રમણ કરી તેની ઉત્તર બાજુ જઇને, ઘણા યોજનમાં જેનો વિસ્તાર છે એવા સમુદ્રને પામી, ત્યાંથી નાના પ્રકારનાં વૃક્ષ તથા લતાઓથી વિંટાયલા મોટા દ્વિપ પ્રત્યે ગઇ. ત્યાં નાના પ્રકારનાં પક્ષિયોથી વિંટાયલું તથા ચોતરફથી સો યોજનમાં વિસ્તારવાળું દિવ્ય સરોવર જોયું. જેને વિષે ભમરા ગુંજારવ કરી રહ્યા હતા તે પ્રફુલ્લિત થયેલાં પાંચ રંગનાં દિવ્ય કમળ હતાં. તે સરોવરના મધ્ય ભાગમાં એક મોટી સુંદર કમલિની હતી, શ્વેત તથા ઉન્નત નાળવાળાં મોટાં કમળથી પ્રફુલ્લિત હતી. કમળનું નાળવું ભેદી ઇન્દ્રાણી સહિત ઉપશ્રુતિ તેમાં પેઠી, તો તે કમળના બિસતંતુમાં અત્યંત સૂક્ષ્મરૂપે ઇન્દ્રને જોયો. ત્યારે ઉપશ્રુતિ સહિત ઇન્દ્રાણીએ પણ સૂક્ષ્મરૂપ ધારણ કર્યું. પછી ઇન્દ્રના પૂર્વના વિખ્યાત કર્મે કરી ઇન્દ્રાણીએ તેની સ્તુતિ કરી તે સાંભળી ઇન્દ્ર શચી પ્રત્યે બોલ્યો કે, શું કરવા તું અહિં આવી છે? તેં મને "હું અહિં છું" એ કેમ જાણ્યું? તે સાંભળી ઇન્દ્રાણી નહુષવાળું વૃત્તાંત કહેવા લાગી કે, હે શતક્રતુ! ત્રણ લોકને વિષે ઇન્દ્રપણું પામી ગર્વિષ્ઠ થઇ દુષ્ટબુદ્ધિવાળા નહુષે મને કહ્યું કે, "તું મારી પાસે રહે." એમ તેણે કહ્યું ત્યારે મેં તેની પાસેથી વખત માગી લીધો છે, માટે હે સમર્થ! હવે જો તમે મારી રક્ષા નહીં કરો, તો તે મને વશ કરશે. એ કારણથી હું તમારી પાસે આવી છું, માટે હે મહાબાહો! પાપનો છે નિશ્ચય જેને એવા ભયંકર નહુષને મારો. હે દૈત્ય દાનવને મારનાર! તમે તમારા આત્માને પ્રકાશ કરો. હે સમર્થ! તેજને પ્રાપ્ત થાઓ અને દેવતાઓના રાજ્યને સાચવો.

प्रकाशयात्मनात्मानं दैत्यदानवसूदन ।
तेजः समाप्नुहि विभो देवराज्यं प्रशाधि च ॥ १८ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि इंद्राणींद्रस्तवे गर्जरभाषायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો. બૃહસ્પતિ ને અગ્નિનો સંવાદ.

शल्य उवाच ॥ एवमुक्तः स भगवान् शच्या तां पुनरब्रवीत् ।
विक्रमस्य न कालोऽयं नहुषो बलवत्तरः ॥ १ ॥

શલ્ય કહે છે—એ રીતે શચીએ કહ્યું ત્યારે, ભગવાન ઇંદ્ર ફરીથી તેને કહેવા લાગ્યો કે, મારે પરાક્રમ કરવાનો આ વખત નથી, કારણ નહુષ અત્યંત બળવાન છે. હે ભામિનિ! ઋષિઓએ હવ્ય તથા કવ્યથી તેને અત્યંત વધારેલો છે, માટે હે સુંદર દેવિ! હું જે યુક્તિ બતાવું તે તું કર, પણ તે તારે કોઇને કહેવી નહીં. હે કૃશ મધ્ય ભાગવાળી! એકાંતમાં જઇ તું નહુષને કહેજે કે, "હે જગત્પતે! તમે દિવ્ય ઋષિઓનાં વાહનથી મારી પાસે

આવો, એટલે પ્રસન્ન થઇ હું તમારે વશ થઇશ;" આ રીતે ઇન્દ્રે કહ્યું ત્યારે કમળ સરખાં નેત્રવાળી ઇન્દ્રાણી, ઠીક એમ કહી, નહુષ પાસે ગઇ અને નહુષ તેને જોઇ વિસ્મય પામી કહેવા લાગ્યો કે, હે સુંદર કટિપશ્ચાદ્‌ભાગવાળી ! હે પવિત્ર હાસ્યવાળી ! તું ભલે આવી, હું શું કરું તે કહે ? હે યશસ્વિનિ ! હે કલ્યાણી ! તારો ભક્ત જે હું તેને ભજ. તું શું ઇચ્છે છે ? હે રૂડા મધ્ય ભાગવાળી, જે તારું કાર્ય હશે તે હું કરીશ, તારે શરમાવું નહીં; મારે વિષે ભરોંસો રાખ. હે દેવિ ! હું ખરેખર શપથ ખાઇને કહું છું કે, હું તારું વચન પાળીશ. તે સાંભળી ઇન્દ્રાણીએ કહ્યું કે, હે જગત્પતિ ! તારી સાથે મેં જે કાળનો અવધિ કર્યો છે તેની હું વાટ જોઉં છું. હે સુરાધિપ ! પછી તુંજ મારો ભર્તા થઇશ. પણ હે દેવરાજ ! એક મારા હૃદયમાં કાર્ય છે જે કહું તે સાંભળ. જો તે પ્રમાણે તું મારું પ્રિય કરે, તો હું તને વશ થાઉં. તે કાર્ય એ કે, ઇંદ્રને, ઘોડા, હસ્તિ તથા રથ ઇત્યાદિ વાહનો છે, પણ હે સુરાધિપ ! હું તારાથી અપૂર્વ વાહનને ઇચ્છું છું. તે વિષ્ણુ, રૂદ્ર, અસુર તથા રાક્ષસાદિ, કોઇનું નથી. હે સમર્થ ! મોટા ભાગ્યવાળા, સર્વ ઋષિયો એકઠા થઇ પાલખીમાં જોડાઇ તને ઉપાડે, એ મને રૂચે છે. તું કંઇ દેવ તથા અસુર સરખો નથી, કારણ દર્શન માત્રમાંજ પોતાના પરાક્રમથી સર્વના તેજને ગ્રહણ કરે છે. કોઇ પરાક્રમી પણ તારી સામે ઉભો રહેવાને સમર્થ નથી. શલ્યે કહ્યું કે, હે યુધિષ્ઠિર ! એ રીતે ઇંદ્રાણીએ કહ્યું, ત્યારે નહુષરાજા અત્યંત પ્રસન્ન થયો, અને ઇંદ્રાણી પ્રત્યે બોલ્યો કે, હે દેવિ ! હે વરને વરનારી ! હે શ્રેષ્ઠ મુખવાળી ! આ તેં અપૂર્વ એવું દઢ વાહન કહ્યું, તે મને પણ રૂચે છે, કારણ હું તારે વશ છું. જે મુનિયોને વાહન કરે તે થોડા પરાક્રમવાળો ન હોય. હું તપસ્વી બળવાન તથા ભૂત ભવિષ્ય અને વર્તમાનનો પ્રભુ છું. હું જો કોપ કરું તો સર્વ જગત નાશ પામે. મારે વિષે સર્વ રહ્યું છે. હે પવિત્ર હાસ્યવાળી ! હું જો ક્રોધ કરું તો દેવ, દાનવ, ગંધર્વ કિન્નર, ઉરગ, રાક્ષસ તથા સર્વ લોકો મને પૂરા પડે નહીં, કારણ જેને ચક્ષુએ કરી જોઉં તેનું તેજ હરણ કરી લઉં. માટે હે દેવિ ! તારા કહ્યા પ્રમાણે હું કરીશ, એમાં સંશય નહીં. હે વરને વરનારી ! સપ્તર્ષિયો તથા બ્રહ્મર્ષિયો મને વહેશે. મારું માહાત્મ્ય તથા મારી સમૃદ્ધિ જો. શલ્યે કહ્યું—હે યુધિષ્ઠિર ! આમ કહી શ્રેષ્ઠ મુખવાળી ઇંદ્રાણીને તેણે પાછી મોકલી. પછી નિયમમાં રહેલા ઋષિયોને પાલખીમાં જોડી તેમના પાસે પાલખી ઉપડાવી, અબ્રહ્મણ્ય, બળવાન, મદ તથા બળથી મદોન્મત્ત અને કામદેવથી મુંઝાયલો દુષ્ટ બુદ્ધિવાળો નહુષ તેમને વાહન કરવા લાગ્યો. હવે નહુષે પાછી મોકલેલી ઇંદ્રાણી તો બૃહસ્પતિ પાસે જઇ કહેવા લાગી કે નહુષ સાથે મેં જે કાળનો અવધિ કર્યો છે, તે હવે બાકી થોડો રહ્યો છે, માટે ઇંદ્રને ખોળો. તમારી ભક્ત જે હું, તેની ઉપર દયા કરો. એવાં તેનાં વચન સાંભળી, ઠીક બહુ સારું, એમ કહી ભગવાન બૃહસ્પતિ કહેવા લાગ્યા કે, હે દેવિ ! મનુષ્યમાં અધમ, દુષ્ટ ચિત્તવાળા નહુષથી તારે બ્હીવું નહીં. કારણ એ ઋષિયોને વાહન કરવાથી નાશ પામશે, એમજ તારે જાણવું. હવે ઘણો કાળ નહિ રહે. અને હું પણ એ દુર્બુદ્ધિવાળાના નાશ વાસ્તે ઇષ્ટિ કરીશ, ઇંદ્ર તને આણી આપીશ. તું બ્હી માં, તારું કલ્યાણ થાઓ. એમ કહી મોટા તેજવાળા બૃહસ્પતિ, અગ્નિ પ્રજ્વલિત કરી ઇંદ્રની પ્રાપ્તિ વાસ્તે તેમાં પરમ હવિષ હોમી તેને કહેવા લાગ્યા કે, હે અગ્નિ ! તું ઇંદ્રને ખોળ. તે સાંભળી બળવાન હુતાશન; અદ્ભુત સ્ત્રીનો વેષ લઇ ત્યાંજ અંતર્ધ્યાન થઇ ગયા. મનના સરખી ગતિથી નિમેષ માત્રમાં દિશા, વિદિશા, પર્વત, વન,, પૃથ્વી તથા અંતરિક્ષ પ્રત્યે ગોતરી તેને ખોળી,. પાછા બૃહસ્પતિ

પાસે આવ્યા, અને કહેવા લાગ્યા કે હે બૃહસ્પતિ ! મેં દેવરાજને ક્યહિં જોયા નહીં, પણ જોવાના સ્થાનમાં એક પાણી બાકી રહ્યું છે; જેમાં પેસવાને હું શક્તિમાન નથી, કારણ કે હે બ્રાહ્મન ! ત્યાં મારી ગતિ નથી. બીજું શું તમારૂં પ્રિય કરૂં તે કહો? તે સાંભળી બૃહસ્પતિએ કહ્યું કે, તું જળમાં પ્રવેશ કરી શકતો નથી, કારણ તેમ કરવાથી તારો ક્ષય થાય છે માટે હે મોટા તેજવાળા ! તું મારે શરણે આવ્યો છું. તારૂં કલ્યાણ થાઓ. પાણીથી અગ્નિ, બ્રાહ્મણથી ક્ષત્રિય તથા પાષાણથી લોહ થાય છે, તેઓનું તેજ સર્વ ઠેકાણે જાય, પણ પોતાના કારણને વિષે શાંતિ પામે છે.

अद्भ्योऽग्निर्ब्रह्मतः क्षत्रमश्मनो लोहमुत्थितं ।
तेषां सर्वत्रगं तेजः स्वासुयोनिषु शाम्यति ॥ ३४ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि बृहस्पत्याग्निसंवादे गुर्जरभाषायां पंचदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો. ઈન્દ્રની અગ્નિએ કરેલી શોધ.

बृहस्पति उवाच—त्वमग्ने सर्वदेवानां मुखं त्वमसि हव्यवाट् ।
त्वं मंतःसर्वभूतानां गूढश्चरासि साक्षिवत् ॥ १ ॥

બૃહસ્પતિ કહે છે—હે અગ્નિ ! તું સર્વ દેવતાઓનું મુખ છે, હવ્યને વહેનાર પણ તું છે. સર્વ ભૂતોમાં તું મનાયલો છે તથા સાક્ષિની પેઠે છુપો વિચરે છે. હે હુતાશન ! કવિયો તને જઠર રૂપે એક કહે છે, અને તનેજ ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ તથા આહ્વનીય રૂપે કરી ત્રણ પ્રકારનો કહે છે. તેં ત્યાગ કર્યું હોય તો આ જગત તત્કાળ નાશ પામે બ્રાહ્મણો પણ ત્રણ પ્રકારનો જે તું તેને નમસ્કાર કરીને, પોતાના કર્મથી સંપાદન કરેલી શાશ્વત ગતિને, પુત્ર તથા સ્ત્રિયો સહિત પામે છે. હે અગ્નિ ! હવ્યને વહેનાર તથા પરમ હવિષ પણ તું છે. પરમ યજ્ઞ તથા મંત્રથી મનુષ્યો તારૂંજ યજન કરે છે. હે હવ્યને વહેનાર ! આ ત્રણ લોકને સુજી પાછો પ્રલય વખતે વૃદ્ધિ પામીને, તુંજ તેને નાશ પમાડે છે, માટે સર્વ ભુવનની ઉત્પત્તિસ્થાન તથા પ્રલયસ્થાન પણ તુંજ છે. હે અગ્નિ ! બુદ્ધિમાન પુરૂષો મેઘ તથા વિદ્યુત પણ તનેજ કહે છે. તારાથી જ્વાળાઓ નિકળી સર્વ પ્રાણિઓને વહે છે, સર્વ જળ તારે વિષે રહ્યાં છે; તેમ સર્વ જગત પણ રહ્યું છે. હે પાવક ! ત્રણ લોક વિષે તારાથી અજાણ્યું કોઇ નથી, પોતાની યોનિને સર્વ ભજે છે, માટે તું પણ શંકા રહિત થઇ જળ પ્રત્યે પ્રવેશ કર. હું તને સનાતન બ્રાહ્મ મંત્રે કરી પાછો વૃદ્ધિ પમાડીશ. એ રીતે બૃહસ્પતિએ સ્તુતિ કરી, ત્યારે ભગવાન, કવિ તથા ઉત્તમ એવા અગ્નિએ પ્રસન્ન થઇ બૃહસ્પતિ પ્રત્યે આવી રીતે ઉત્તમ વાક્ય કહ્યું કે, હું તમોને ઇંદ્ર દેખાડીશ, એ હું સત્ય કહું છું. શલ્યે કહ્યું કે–હે યુધિષ્ઠિર ! અગ્નિ, ખાબોચીયાં તથા સમુદ્ર સહિત સર્વ જળોમાં પ્રવેશ કરી છુપો રહ્યો હતો ત્યાં ગયો. હે ભરતર્ષભ ! ત્યાં કમળોને ખોળતા અગ્નિએ કમળના મૂળની વચમાં બેઠેલા ઇંદ્રને જોઇ, જલદીથી પાછા આવી બૃહસ્પતિને કહ્યું કે, અણુ માત્ર શરીરથી ઇંદ્ર કમળના તંતુનો આશ્રય કરી બેઠેલ છે. તે સાંભળી બૃહસ્પતિ, દેવર્ષિ તથા ગંધર્વો સહિત ત્યાં જઇ, બળને મારનાર ઇંદ્રની તેના પૂર્વના કરેલા કર્મથી સ્તુતિ કરવા લાગ્યા. હે શક્ર ! મહાદારૂણ નમુચિ નામનો અસુર તેં નાશ પમાડ્યો, જે શંબર

ઘોર પરાક્રમવાળા શંબળ તથા બળ નામના અસુરો પણ તેં જ માર્યા. તેમજ હે ભગવન્! તું વૃદ્ધિને પામ અને સર્વ શત્રુને માર. હે શક્ર! ઉભો થા ને આવેલા દેવર્ષિયોને જો. હે સમ્રાટ! હે દેવરાજ! હે જગત્પતે! હે મહેંદ્ર! દાનવોને મારી ત્રણ લોકની તેં રક્ષા કરી છે, અને વિષ્ણુના તેજયુક્ત પાણીનું ફીણ લઈ પૂર્વે વૃત્રાસુરને પણ માર્યો છે. સર્વ પ્રાણીઓમાં શરણ થવા લાયક તથા સ્તુતિ કરવા લાયક પણ તું છે. આ જગતમાં તારા સરખું કોઈ પણ પ્રાણી નથી. હે શક્ર! સર્વ પ્રાણિયોને ધારણ પણ તું કરે છે, ને દેવતાઓનો મહિમા પણ તેં વધાર્યો છે, માટે હે મહેંદ્ર! સર્વ લોકની રક્ષા કર ને બળને પામ. એ રીતે બૃહસ્પતિએ સ્તુતિ કરી, ત્યારે ધીરે ધીરે ઈંદ્ર વૃદ્ધિ પામ્યો, ને પોતાનું શરીર પામી બળ સંયુક્ત થયો; અને ઉભેલા ગુરૂ બૃહસ્પતિને પૂછવા લાગ્યો કે, તમારૂં શું કાર્ય અવશેષ રહ્યું છે? ત્વષ્ટાનો પુત્ર મોટી કાયાવાળો વૃત્ર નામનો મોટો અસુર જે ત્રણ લોકને નાશ પમાડતો હતો, તેને તો મેં માર્યો. તે સાંભળી બૃહસ્પતિએ કહ્યું કે મનુષ્ય જાતિનો નહુષ નામનો રાજા હાલ દેવર્ષિ ગણના તેજથી દેવરાજ્યને પ્રાપ્ત થયો છે. તે અમને બધાને અત્યંત બાધ કરે છે. આ સાંભળી ઇંદ્રે પૂછ્યું કે, હે બૃહસ્પતે! નહુષ રાજા દુર્લભ એવું દેવતાઓનું રાજ્ય કેમ પામ્યો? તે કયા તપેયુક્ત હતો વા શું પરાક્રમવાળો હતો તે કહો?

બૃહસ્પતિએ કહ્યું કે, તેં ત્યાગ કરેલા ઈંદ્રપદ પ્રત્યે ભય પામેલા દેવતાઓ ઈંદ્રની કામના કરવા લાગ્યા. દેવતા, પિતૃ, ઋષિયો તથા મુખ્ય ગંધર્વો, સર્વે એકઠા થઇ નહુષ પાસે જઇ તેને કહેવા લાગ્યા કે, હે નહુષ! જગતનું રક્ષણ કરનાર તું અમારો રાજા થા. નહુષે કહ્યું કે, તમારૂં રાજ્ય કરવાને મારામાં શક્તિ નથી, માટે તપ તથા તેજથી મને વૃદ્ધિ પમાડો, તો હું તમારૂં રાજ્ય કરૂં. તેનાં વચન સાંભળી દેવતાઓએ તેને વૃદ્ધિ પમાડયો, એટલે ભયંકર છે પરાક્રમ જેનું એવો નહુષ સ્વર્ગનો રાજા થયો. હાલ તે દુરાત્મા ત્રૈલોક્યનું રાજ્ય પામી મહર્ષિયોને વાહન બનાવી લોકમાં ફરે છે. તેની દૃષ્ટિમાં તેજને હરનારૂં વિષ છે, માટે તે અત્યંત ઘોર નહુષને તું જોઇશ માં, અત્યંત પીડાએલા સર્વ દેવતાઓ છાના રૂપથી ફરતાં તેને જોતા નથી. શલ્યે કહ્યું કે--હે યુધિષ્ઠિર! એ રીતે બૃહસ્પતિએ કહ્યું તેટલામાં લોકપાલ કુબેર, સૂર્યના પુત્ર યમ, પ્રાચીન દેવ સોમ તથા વરૂણ ત્યાં આવ્યા અને મહેંદ્રને કહેવા લાગ્યા કે ત્વષ્ટાના પુત્ર વૃત્રને તમે માર્યો, તે ઘણું સારૂં થયું. હે ઇંદ્ર! માર્યો છે શત્રુ જેણે એવા તમને અમે ક્ષત રહિત તથા કુશળ જોઇએ છીએ, તે પણ ઘણું સારૂં થયું. તેમનાં વચન સાંભળી પ્રસન્ન થએલો ઇંદ્ર પણ, તે લોકપાલ દેવોને ઘટતી રીતે સત્કાર કરી નહુષની બુદ્ધિનો ભેદ કરવા તેઓને પ્રેરણા કરતાં કહેવા લાગ્યો કે, દેવતાઓનો રાજા નહુષ ભયંકર રૂપવાળો છે, માટે તેને પરાજય કરવામાં તમે મને સહાયતા આપો. લોકપાલ દેવતાઓ બોલ્યા કે હે ઇંદ્ર! નહુષ ભયંકર રૂપવાળો તથા દૃષ્ટિમાં છે વિષ જેને એવો છે માટે અમે ડરીએ છીએ. હે ઇંદ્ર! તમે જો નહુષ રાજાને પરાજય પમાડો તો અમે યજ્ઞ ભાગને યોગ્ય થઇએ. તે સાંભળી ઇંદ્રે કહ્યું કે, તેમ થાઓ, અને તમે, વરૂણ, યમ તથા કુબેર, દેવતાઓ સહિત મારાથી અભિષેકને પામો, એટલે ઘોર દૃષ્ટિવાળા નહુષને આપણે જીતીએ. અગ્નિએ કહ્યું કે, મને પણ યજ્ઞમાં ભાગ આપો; હું પણ તમને સહાય કરીશ. ત્યારે ઇંદ્રે કહ્યું કે, હે અગ્નિ! તારો પણ મોટા યજ્ઞમાં ભાગ થશે. શલ્યે કહ્યું કે--હે યુધિષ્ઠિર! વર દેનાર ભગવાન પાકશાસન મહેંદ્રે એ રીતે વિચાર કરી સર્વ યક્ષ તથા ધનનું અધિપતિપણું કરનાર કુબેરને, પિતૃનું યમને, તથા પાણીનું વરૂણને પદ આપ્યું. *

वैवस्वतं पितृणां च वरुणं चाप्पयां तथा ।
आधिपत्यं ददौ शक्रः संविभज्य वरदस्तथा ॥ २४ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि इंद्रवरुणादि संवादे गुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો. ઇન્દ્ર અગસ્ત્ય સંવાદ.

शल्य उवाच—अथ संचिंतयानस्य देवराजस्य धीमतः ।
नहुषस्य वधोपायं लोकपालैः सदैवतैः ॥ १ ॥

શલ્ય કહે છે—પછી દેવતાઓ સહિત લોકપાલો સાથે બુદ્ધિમાન ઇંદ્ર, નહુષને મારવાનો ઉપાય ચિંતન કરવા લાગ્યો, તેટલામાં તપસ્વી એવા ભગવાન અગસ્ત્ય મુનિ ત્યાં આવી પહોંચ્યા. ઇંદ્રને તે કહેવા લાગ્યા કે, વિશ્વરૂપ તથા વૃત્રાસુરનો વધ કરી તું વૃદ્ધિ પામ્યો છે, તે ઘણું સારું થયું. હે પુરંદર! આજ દેવતાઓના રાજ્યથી નહુષ ભ્રષ્ટ થયો તે પણ બહુ સારું થયું. હે બલને મારનાર! હણાયા છે શત્રુ જેના એવા તને હું વિજયી જોઉં છું, તે સાંભળી ઇંદ્રે કહ્યું કે, હે મહર્ષે! તમે ભલે પધાર્યા. તમારા દર્શનથી હું ઘણો પ્રસન્ન થયો છું. હવે મારાથી પાદ્ય, આચમનીય, અર્ઘ્ય તથા ગાયને ગ્રહણ કરો. શલ્યે કહ્યું કે—હે યુધિષ્ઠિર! એ રીતે જેની પૂજા કરી છે એવા, આસન ઉપર બેઠેલા, બ્રાહ્મણમાં શ્રેષ્ઠ અગસ્ત્યને પ્રસન્ન થયેલા જોઇ ઇંદ્ર પુછવા લાગ્યો કે, હે દ્વિજોત્તમ! હે ભગવાન! નહુષ સ્વર્ગથી કેવી રીતે ભ્રષ્ટ થયો? તે મને સાંભળવાની ઇચ્છા છે માટે કહો. અગસ્ત્યે કહ્યું કે, હે શક્ર! બળથી ગર્વિષ્ઠ, દુરાચરણવાન તથા દુષ્ટબુદ્ધિવાળો નહુષ જે રીતે સ્વર્ગથી ભ્રષ્ટ થયો તે સંબંધી પ્રિય વાક્ય હું તને કહું તે સાંભળ. નહુષને વહેનારા શ્રમથી પીડાયલા અને મોટા ભાગ્યવાળા દેવર્ષિયોએ તથા નિર્મળ અંતઃકરણવાળા મહર્ષિઓએ તેને સંશય વિષયક આવી રીતે પ્રશ્ન પૂછ્યો કે, હે નહુષ! ગવાલંભ યજ્ઞમાં ગાયોના પ્રોક્ષણ વિષે જે મંત્રો બ્રહ્માએ કહ્યા છે, એ તને પ્રમાણ છે કે નહીં? તે સાંભળી તમોગુણથી મૂઢ ચિત્તવાળા નહુષે તેઓને કહ્યું કે, હું એ પ્રમાણ નથી માનતો. તેનાં વચન સાંભળી ઋષિયો બોલ્યા કે, તું અધર્મને વિષે પ્રવર્તમાન છે, તેથી ધર્મને નથી જાણતો. પણ અમારે તો પૂર્વે મહર્ષિઓએ કહ્યું છે તેથી એ પ્રમાણ છે. અગસ્ત્યે કહ્યું કે, હે ઇંદ્ર! એ રીતે મુનિયો સાથે વાદ કરતાં અધર્મી નહુષે મારા મસ્તક વિષે પોતાનો પગ અડાડ્યો, તેથી તે તેજોહીન તથા શોભા વગરનો થઇ ગયો. અત્યંત પીડાયલા અને અજ્ઞાનથી ઉદ્વિગ્ન થયેલા નહુષને મેં કહ્યું કે, હે મૂઢ નહુષ! પ્રાચીનોએ જે કહ્યું છે, તથા બ્રહ્મર્ષિયોએ જે આચરણ કરેલું છે, તે વિષે દીઠા વગર તું દોષ કરે છે, ને મારા મસ્તક વિષે પગ લંબાવી સ્પર્શ કરે છે, અને બ્રહ્મા સરખા કોઇથી સહન ન થાય એવા ઋષિયોને વાહન કરે છે, તેથી હણાઇ છે કાંતિ જેની એવો ક્ષીણ પુણ્યવાન તું, સ્વર્ગથી ભ્રષ્ટ થઇ મોટા સર્પનું રૂપ ધારણ કરી, દશ હજાર વર્ષ સુધી, પૃથ્વી પર પડીને ફર્યાં કરીશ. તે વર્ષો પૂરાં થયે પાછો સ્વર્ગને પામીશ. હે શત્રુને દમન કરનાર ઇંદ્ર! એ રીતે દુષ્ટ બુદ્ધિવાળો નહુષ દેવતાઓના રાજ્યથી ભ્રષ્ટ થયો છે. હે શક્ર! બ્રાહ્મણોને કાંટારૂપ તે હણાયો, હવે સારી રીતે આપણે વરિષ્ઠ થઇ,

હે શચીપતે ! હવે જીતી છે ઈંદ્રિયો તથા શત્રુ જેણે અને મહાપવો જેની સ્તુતિ કરે છે એવો તું સ્વર્ગ પ્રત્યે જઇ લોકોની રક્ષા કર. શલ્યે કહ્યું કે—હે યુધિષ્ઠિર ! પછી મહર્ષિ ગણો સહિત પ્રસન્ન થયેલા સર્વ દેવતાઓ, પિતૃ, યક્ષ, ભુજંગ, રાક્ષસ, ગંધર્વ, દેવકન્યાઓ અપ્સરાઓના ગણ અને તળાવો, નદિઓ, પર્વત તથા સમુદ્રો, બધાં મૂર્તિમાન થઇ ઇંદ્ર પાસે આવી કહેવા લાગ્યાં કે, હે શત્રુને હણનાર ! તું સ્વર્ગનું રાજ્ય પામ્યો એ બહુ સારૂં થયું. બુદ્ધિમાન અગસ્ત્યે પાપરૂપ નહુષને નાશ પમાડ્યો એ બહુ સારૂં થયું, અને તેને પૃથ્વીતલ ઉપર પાપરૂપ છે આચરણ જેનું એવો સર્પ કર્યો, એ પણ ઘણું સારૂં થયું.

हतश्च नहुषः पापो दिष्ट्यागस्त्येन धीमता ।
दिष्ट्या पापसमाचारः कृतः सर्पो महीतले ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि इंद्रागस्त्यसंवादे नहुषभ्रंशे गुर्जरभाषायां सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮ મો. શલ્યનું દુર્યોધન તરફ જવું.

शल्य उवाच—ततः शक्रः स्तूयमानो गंधर्वाप्सरसांगणैः ।
ऐरावतं समारुह्य द्विपेंद्रं लक्षणैर्युतं ॥ १ ॥

શલ્ય કહે છે—ગંધર્વ તથા અપ્સરાના ગણોએ જેની સ્તુતિ કરી છે એવો ઇંદ્ર, સર્વ લક્ષણ યુક્ત હસ્તિયોમાં શ્રેષ્ઠ ઐરાવત ઉપર બેસી અત્યંત મોટા તેજવાળા અગ્નિ, મહર્ષિ, બૃહસ્પતિ, યમ, વરૂણ તથા ધનના ઇશ્વર કુબેર, એ સર્વ દેવતાઓ, ગંધર્વ તથા અપ્સરાઓથી પરિવૃત્ત થઇ સ્વર્ગે ગયો અને ત્યાં ઇંદ્રાણી સાથે મળી પરમ હર્ષથી સ્વર્ગની રક્ષા કરવા લાગ્યો. ભગવાન અંગિરા ત્યાં આવ્યા, અને અથર્વ વેદના મંત્રથી ઇંદ્રને આશીર્વાદ દીધો. પ્રસન્ન થયેલા ભગવાન ઇંદ્રે, અથર્વ વેદ જાણનારા અંગિરાને વરદાન આપ્યું કે અથર્વ વેદ વિષે અથર્વાંગિરસ નામે ભાગ તમારો થશે; એટલે કે એ વેદને કહેવાથી એના ઋષિ તમે થશો અને યજ્ઞમાં ભાગ પામશો. એ રીતે ભગવાન ઇંદ્ર, અથર્વ વેદ જાણનાર અંગિરાનો સત્કાર કરી તેમને વિસર્જન કરી અત્યંત પ્રસન્ન થઇ દેવતા તથા તપરૂપી છે ધન જેમનું એવા ઋષિયોનો સત્કાર કરીને ધર્મથી પ્રજાને પાળવા લાગ્યો. શલ્યે કહ્યું કે હે યુધિષ્ઠિર ! એ રીતે સ્ત્રી સહિત ઇંદ્ર દુઃખને પ્રાપ્ત થયો હતો, અને શત્રુના નાશની ઇચ્છાથી તેણે અજ્ઞાતવાસ પણ કર્યો હતો, માટે હે રાજેંદ્ર ! મહાત્મા ભાઇયો તથા દ્રૌપદી સહિત તમે મહાવનમાં ક્લેશ પામ્યા છો, તે નિમિત્ત તમારે કાંઇપણ શોક કરવો નહીં; કારણ હે રાજેંદ્ર ! હે ભારત ! હે કુરૂનંદન ! જે રીતે વૃત્રને મારી ઇંદ્ર રાજ્યને પ્રાપ્ત થયો હતો એજ રીતે તમે પણ રાજ્યને પ્રાપ્ત થશો. હે શત્રુને મારનાર ! દુરાચરણ કરનાર, પાપાત્મા તથા બ્રાહ્મણોનો દ્વેષી નહુષ, જેમ અગસ્ત્યના શાપથી હણાઇને પૃથ્વી પર પડ્યો હતો તેમજ દુષ્ટ બુદ્ધિવાળા તમારા શત્રુ કર્ણ તથા દુર્યોધનાદિક પણ જલદી નાશ પામશે. હે વીર ! ભાઇઓ તથા દ્રૌપદી સહિત તમે સમુદ્ર પર્યંત પૃથ્વીને ભોગવશો. ઇંદ્રનો જે વિજય જેમાં એવું વેદ સરખું આ ઉપાખ્યાન, વ્યૂહ રચવાથી સૈન્ય ઉભેલાં હોય, તે વખતે જયને ઇચ્છનાર રાજાએ સાંભળવા લાયક છે; માટે હે જય કરનારાઓમાં શ્રેષ્ઠ ! આ વિજયરૂપ આખ્યાન મેં તમોને સંભળાવ્યું છે. હે યુધિષ્ઠિર ! સ્તુતિ કરેલા મહાત્માઓ વૃદ્ધિ પામે છે.

દુર્યોધનના અપરાધથી ને ભીમ તથા અર્જુનના બળથી મહાત્મા ક્ષત્રિયોનો નાશ થશે. ઇંદ્રનો જે વિજય જેમાં એવા આ આખ્યાનનો નિયમથી પાઠ કરનાર પાપ રહિત થઇ અંતે સ્વર્ગ પામે; અને આ લોકમાં હર્ષ પામે. વળી તેને શત્રુનો ભય થાય નહીં, તે પુત્ર વગર રહે ન થાય, ને કોઇ પણ આપદને ન પામે, પણ મોટા આયુષને પામીને સર્વ ઠેકાણે જય પામે; તેનો પરાજય થાય નહીં. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે શલ્યે જેની આશ્વાસન કરી છે એવા ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજા, તેનાં વચન સાંભળી વિધિપૂર્વક વિવેકથી સત્કાર કરી મદ્ર દેશના રાજા શલ્ય પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા. તમે કર્ણનું સારથિપણું કરશો એમાં સંશય નથી. તમારે અર્જુનની સ્તુતિ તથા કર્ણના તેજનો વધ કરવો. શલ્યે કહ્યું—જે રીતે તમે કહો છો તે જ રીતે હું કરીશ, અને બાકી પણ જે મારાથી બની શકશે તે તમારૂં હંમેશ હિત કરીશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી મદ્ર દેશનો અધિપતિ શ્રીમાન્ શલ્ય, પાંડવોની આજ્ઞા લઇ સૈન્ય સહિત દુર્યોધન પાસે ગયો.

ततस्त्वामंत्र्य कौंतेयाञ्छल्यो मद्राधिपस्तदा ।
जगाम सबलः श्रीमान् दुर्योधनमरिंदम ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि शल्यगमने गुर्जर-भाषायामष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો. બેઉ પક્ષે આવેલા રાજાઓ.

वैशंपायन उवाच—युयुधानस्ततो वीरः सात्वतानां महारथः ।
महता च तुरंगेण बलेनागाद्युधिष्ठिरं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! યાદવોમાં મહારથિ શૂરવીર સાત્યકી મોટા ચતુરંગ સૈન્ય સહિત યુધિષ્ઠિર પાસે આવ્યો. તેના સૈન્યને નાના પ્રકારના દેશમાંથી આવેલા, મહા પરાક્રમી તથા નાના પ્રકારનાં શસ્ત્રોવાળા યોદ્ધાઓ શોભાવતા હતા. ફરશી, ગોફણ, ત્રિશૂળ, મુગરંજ, ગદા, ભાલા, લોઢાથી મઢેલા સોટા તથા બ્રહ્મપાશ તથા નાગપાશ ઇત્યાદિ અસ્ત્ર, નિર્મળ તલવાર, ખડ્ગ, ધનુષના સમુદાય તથા તેલ લગાડેલાં વિવિધ પ્રકારનાં બાણો ઇત્યાદિ શસ્ત્રોથી તેનું સૈન્ય શોભતું હતું. સુવર્ણના સરંજામથી શોભતા સૈન્યનું રૂપ વિજળી સહિત મેઘના જેવું લાગતું હતું. હે રાજન્! અક્ષૌહિણી સેના યુધિષ્ઠિરના સૈન્ય પ્રત્યે પ્રવેશ કરી, જેમ નાની નદી સમુદ્ર પ્રત્યે પ્રવેશ કરી તેથી જુદી ન જણાય, તેમ જુદી જણાતી ન હતી. ચેદિયોમાં શ્રેષ્ઠ બળવાન ધૃષ્ટકેતુ, અક્ષૌહિણી સેનાને લઇ ઘણુંક પરાક્રમવાળા પાંડવોના પક્ષમાં આવ્યો. મગધ દેશનો રાજા બળવાન જરાસંધનો પુત્ર જયત્સેન પણ એક અક્ષૌહિણી સૈન્ય લઇ ધર્મરાજ પાસે આવ્યો. તેમજ પાંડ્ય રાજા સાગર તથા અનુપ દેશમાં રહેનાર નાના પ્રકારના યોદ્ધાઓ સહિત યુધિષ્ઠિરને પક્ષે આવ્યો. હે રાજન્! એ રીતે સૈન્યોના સમાગમ થયે, ત્યારે રૂડા વેષવાળું યુધિષ્ઠિરનું સૈન્ય અત્યંત જોવા લાયક બની ગયું. નાના દેશોમાંથી આવેલા શૂરવીર પુરૂષો તથા મહારથિ પુત્રોથી શોભતી દ્રુપદની સેના આવી. તે જ પ્રમાણે પર્વતમાં રહેનાર રાજાઓ સહિત સેનાનો પતિ મત્સ્ય દેશનો રાજા વિરાટ પણ

પાંડવો તરફ આવ્યો. એ રીતે સર્વ મળી ચોતરફથી વિવિધ પ્રકારના ધ્વજથી સંકુલ, કૌરવો સાથે યુદ્ધ કરવાને ઇચ્છતી તથા મહાત્મા પાંડવોને હર્ષ પમાડતી સાત અક્ષૌહિણી સેના આવીને એકઠી થઇ.

ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને હર્ષ વધારતાં ભગદત્ત રાજાએ તેની તરફ એક અક્ષૌહિણી સેના આપી. કોઇથી સહન ન થાય એવું સુવર્ણના પોશાકવાળા પુરૂષોથી યુક્ત ચીના તથા કિરાત લોકથી વિંટાયલું દુર્યોધનનું સૈન્ય, કર્ણેરનું વન શોભે તેમ શોભતું હતું. હે કુરૂનંદન ! શૂરવીર ભૂરિશ્રવા તથા શલ્ય પણ એક એક અક્ષૌહિણી સૈન્ય લઇ દુર્યોધન પાસે આવ્યા. ભોજ, અંધક તથા કુકુર સહિત હાર્દિક્ય અને કૃતવર્મા, અક્ષૌહિણી સેના સહિત દુર્યોધન તરફ આવ્યા. વનમાળા ધારણ કરનાર સિંહરૂપ પુરૂષોએ કરી દુર્યોધનનું સૈન્ય, રમાડેલા મદોન્મત્ત. હસ્તિયોથી જેમ વન શોભે તેમ શોભતું હતું. વળી જયદ્રથ છે મુખ્ય જેમાં એવા સિંધુ તથા સૌવીર દેશમાં રહેનારા બીજા કેટલાક રાજાઓ પર્વતોને કંપાવતા હોય નહિ તેની પેઠે કૌરવ પક્ષમાં આવ્યા. તેઓની ઘણીક અક્ષૌહિણી સેના, વાયુએ ચલાયમાન કરેલા ઘણાક રૂપવાળા મેઘ સમાન શોભતી હતી. યવન તથા શક સહિત કાંબોજનો સુદક્ષિણ રાજા અક્ષૌહિણી સેના સહિત કૌરવ તરફ આવ્યો. તેની સેનાનો સમુદાય તીડ નામના જંતુના સમુદાય જેવો હતો. કૌરવોના સૈન્યને પામી તે જુદો દેખાતો ન હતો. માહિષ્મતી પૂરીનો નિવાસી નીલરાજા, લીલાં આયુધ ધારણ કરનાર તથા દક્ષિણા પથમાં રહેનાર મહા પરાક્રમી યોદ્ધાઓ સહિત દુર્યોધન તરફ આવ્યો. અવંતીના વિંદાનુવિંદ નામના મહા બળવાન બે રાજાઓ પણ એક એક અક્ષૌહિણી સેના સહિત આવ્યા. પુરૂષમાં સિંહરૂપ કેકય દેશના રાજા પાંચે ભાઇઓ એક અક્ષૌહિણી સેના સહિત કૌરવના સૈન્યને હર્ષ પમાડતા આવ્યા. વળી બીજા દેશોથી આવેલા મહાત્મા રાજાઓની બીજી ત્રણ અક્ષૌહિણી સેના પણ આવી. એ સર્વ મળી નાના પ્રકારની ધ્વજાઓથી સંકુલ, પાંડવો સામે યુદ્ધ કરવાને ઇચ્છનારી દુર્યોધનની અગિઆર અક્ષૌહિણી સેના એકઠી થઇ. હે ભારત ! હસ્તિનાપુરમાં રાજાઓ તથા પ્રધાનાદિ સૈન્યમાંના મુખ્યોને પણ રહેવાનો અવકાશ ન હતો. પંચનદ, સમગ્ર કુરૂજાંગલ, રોહિતકારણ્ય, કેવલમરૂભૂમિ, અહિચ્છત્ર, કાલકૂટ, ગંગાકુલ, વારણ, વાટધાન તથા યામુન પર્વત, એટલા પ્રદેશો ઘણા ધન ધાન્યવાળા તથા વિસ્તારવાળા હોવાથી ત્યાં કૌરવોના પક્ષે આવેલી સેનાઓનો પડાવ થયો. કૌરવો પ્રત્યે દ્રુપદે મોકલેલા પુરોહિતે એ રીતે એકઠું થએલું સૈન્ય જોયું.

तत्र सैन्यं तथा युक्तं ददर्श सपुरोहितः ।
यः सपांचालराजेन प्रेषितः कौरवान् प्रति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सेनोद्योगपर्वणि पुरोहितसैन्यदर्शने गुर्जरभाषायामेकोनविंशोऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો. સંજયયાન પર્વ–દ્રુપદના પુરોહિતની શિખામણ.

वैशंपायन उवाच—स च कौरव्यमासाद्य द्रुपदस्य पुरोहितः ।
सत्कृतो धृतराष्ट्रेण भीष्मेण विदुरेण च ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! દ્રુપદનો પુરોહિત, હસ્તિનાપુર પ્રત્યે જઇ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા વિદુરથી સત્કાર પામી પ્રથમ સર્વની કુશળતા કહી તેઓનું કુશળ પુછી, સર્વ સેનાના નાયકોની વચમાં, આવી રીતે કહેવા લાગ્યો કે, તમે સર્વ સનાતન રાજધર્મ જાણો છો, માટે તમારાં વાક્ય સાંભળવા સારૂ હું કહું છું કે, ધૃતરાષ્ટ્ર તથા પાંડુરાજા બેઉ એકજ પિતાના પુત્ર છે. પિતાનું ધન બેઉને સરખું જોઇએ, એમાં સંશય નહીં તોપણ પૂર્વે ધૃતરાષ્ટ્રના પુત્રોને પિતાનું ધન પ્રાપ્ત થયું, ને પાંડુના પુત્રોને પ્રાપ્ત ન થયું, માટે ધૃતરાષ્ટ્રથી રક્ષાએલું પિતાનું દ્રવ્ય પૂર્વે પાંડવોને નથી મળ્યું તે તમે સારી રીતે જાણો છો. વળી દુર્યોધનાદિકોએ અનેક પ્રાણાંતિક ઉપાયોથી પાંડવોને યમપુરી પ્રત્યે મોકલવાના યત્ન કર્યા, પણ તેઓનું આયુષ બળવાન હોવાથી તેમાં સફળ થઇ શકાયું નહીં. પછી ફરીથી મહાત્મા પાંડવોએ પોતાના બળથી રાજ્ય વધાર્યું, તે પણ શકુનિ સહિત ધૃતરાષ્ટ્રના ક્ષુદ્ર પુત્રોએ છળથી હરણ કરી લીધું, તેમને તેર વર્ષ મહા અરણ્યમાં મોકલ્યા, એ પણ તેમનું કર્મ પાંડવોએ અનુમત કર્યું ! એ રીતે સભામાં ક્લેશ પમાડેલા શૂરવીર પાંડવો, સ્ત્રી સાહિત અરણ્યમાં વિવિધ પ્રકારના દારૂણ ક્લેશને પ્રાપ્ત થયા. વિરાટના નગરમાં પણ જાણે બીજા જન્મને પ્રાપ્ત થયા હોય નહીં, તેમ મહાત્મા પાંડવોએ પાપિયોની પેઠે અત્યંત ક્લેશ સહન કર્યો. તે બધો કૌરવોનો પૂર્વનો દોષ ભુલી જઇ હવે કુરૂકુળમાં શ્રેષ્ઠ પાંડવો ભાઇઓ—કૌરવો સાથે સમજુતી કરવાને ઇચ્છે છે માટે તેઓની તથા દુર્યોધનની વર્તણુક જાણી સંબધિજનોએ દુર્યોધનને સમજાવવો જોઇએ. શૂરવીર પાંડવો કૌરવો સાથે વિગ્રહ નથી કરતા, ને જે રીતે લોકનો ક્ષય ન થાય, તેમ પોતાના ધનને ઇચ્છે છે અને સંપત્તિ માટે કજીઓ કરવો, એમ દુર્યોધનના મનમાં હોય તો તે માનવું નહીં, કારણ પાંડવો ઘણા બળવાન છે. ધર્મના પુત્ર પાસે કૌરવો સાથે યુદ્ધ કરવાને ઇચ્છતી સાત અક્ષૌહિણી સેના એકઠી થઇ છે, ને એમના હુકમની વાટ જોઈ રહી છે. પુરૂષમાં સિંહરૂપ, હજાર અક્ષૌહિણી સરખા બીજા સાત્યકિ, ભીમસેન તથા મહા બળવાન નકુલ સહદેવ પણ એમના હુકમની વાટ જોઇ રહ્યા છે. એક બાજુ આવેલી આ અગિયાર અક્ષૌહિણી સેના અને એક બાજુ એ સર્વ સેનાથી અધિક, અનેક તરેહથી યુદ્ધ વ્યવહાર કરનાર મહાબાહુ અર્જુન છે. એજ પ્રમાણે મોટી કાંતિવાળા મહાબાહુ વાસુદેવ ભગવાન પણ છે, માટે સેનાનું ઘણાપણું, અર્જુનનું પરાક્રમ તથા શ્રી કૃષ્ણના બુદ્ધિમાનપણાનો વિચાર કરી કયો મનુષ્ય યુદ્ધ કરે ? વાસ્તે તમે ધર્મ પ્રમાણે સમયે જે આપવા લાયક હોય તે આપો, ફોકટ વિલંબ ન કરો.

ते भवंतो यथाधर्मं यथा समयमेव च ।

प्रयच्छंतु प्रदातव्यं मा वः कालोऽत्यगादयं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि पुरोहितयाने गुर्जरभाषायां विंशोऽध्यायः ॥ २० ॥

અધ્યાય ૨૧ મો. ભીષ્મે પુરોહિતને આપેલો ઉત્તર.

वैशंपायन उवाच—तस्य तद्वचनं श्रुत्वा प्रज्ञावृद्धो महाद्युतिः ।
संपूज्यैनं यथाकालं भीष्मो वचनमब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! તેનાં વચન સાંભળી બુદ્ધિથી વૃદ્ધ મોટા તેજવાળા ભીષ્મપિતા ઘટિત રીતે તેને વખાણી આવી રીતે કહેવા લાગ્યા. દામોદર સહિત તે સર્વે કુશળ છે, સહાયવાન છે, અને ધર્મને વિષે આસક્ત છે, એ ઘણું સારૂં. કુરુકુળમાં ઉત્પન્ન થયેલા ભાઇઓ સંધિની ઇચ્છા કરે છે, તથા બાંધવો સહિત તેમનું યુદ્ધ કરવાનું મન નથી, એ પણ ઘણું સારૂં. એ બધું તમે સત્ય કહ્યું એમાં સંશય નહીં, પણ અતિ તીક્ષ્ણ વાક્ય જે તમે કહો છો, તે બ્રાહ્મણ હોવાથી કહેતા હશો, એમ મારી મતિમાં આવે છે. પાંડવોને વનમાં તથા અહિં ક્લેશ પમાડયા એમાં સંશય નહિ, તેમ પિતાનું સર્વ ધન તેમને ધર્મથી પ્રાપ્ત પણ થવું જોઇએ, એમાં પણ સંશય નહીં. તે બળવાન, અસ્ત્ર શીખેલા મહારથિ પાંડુના પુત્ર અર્જુનને કોઇપણ સહન કરી શકે નહીં, કારણ તેને સાક્ષાત્ ઇંદ્ર પણ સહન ન કરી શકે, ત્યારે બીજાં પ્રાણિયો તો ક્યાંથીજ સહન કરે? માટે ત્રિલોકમાં અર્જુન સમર્થ છે એવી મારી દૃઢ મતિ છે. એ રીતે ભીષ્મે વાક્ય કહ્યાં ત્યારે ક્રોધથી જેમ સહન ન થાય તેમ તિરસ્કાર કરી દુર્યોધન સામે જોઇ કર્ણ આવી રીતે કહેવા લાગ્યો કે, હે બ્રહ્મન! પાંડવો વિષે બનેલા વૃત્તાંતને લોકમાં કોણ નથી જાણતું? માટે તે ફરીથી વારંવાર કહ્યા વડે શું? દુર્યોધન વાસ્તે પૂર્વે શકુનિ તેમને દ્યૂત વિષે જીત્યો, એટલે કરેલા ઠરાવથી પાંડુપુત્ર યુધિષ્ઠિર વનમાં ગયા. તે હાલ વાયદા પ્રમાણે ચાલી પિતાના રાજ્યને નથી ઇચ્છતા, પણ તે વાયદાને અતિક્રમણ કરી મત્સ્ય તથા પાંચાલના બળનો આશ્રય કરી રાજ્ય ઇચ્છે છે. હે વિદ્વન્! એ રીતે ભયથી દુર્યોધન ચતુર્થાંશ પણ ન આપે પણ ધર્મથી તો સમગ્ર પૃથ્વી શત્રુને પણ આપે; માટે જો ફરીથી બાપદાદાના રાજ્યને તેઓ ઇચ્છતા હોય તો, પ્રતિજ્ઞા કરેલા વખત સુધી ફરીથી વનમાં રહી, પછી નિર્ભય થઇ દુર્યોધનના ખોળામાં આવી મસ્તક મૂકે, માટે કેવળ મૂર્ખતાથી તેઓ અધર્મ બુદ્ધિ કરે નહિ. કદી ધર્મને મૂકી પાંડવો યુદ્ધને ઇચ્છતા હશે, પણ કૌરવોમાં શ્રેષ્ઠ યોદ્ધાઓને ભેટ્યા પછી મારાં વચનને યાદ કરશે. તે સાંભળી ભીષ્મે કહ્યું કે, હે રાધેય! તારી વાણીથી શું થવાનું છે? તું તે કર્મ સંભારવા લાયક છે, જે આપણે છ રથિને યુદ્ધમાં એકલો અર્જુન જીત્યો હતો. વારંવાર જીતાએલા તેં તેનું કર્મ તો ત્યાંજ જોયું છે, માટે જે રીતે આ બ્રાહ્મણ કહે છે, તે રીતે જો નહીં કરીએ તો નિશ્ચય યુદ્ધમાં હણાયલા આપણે ધૂળ ભેગા થઇ જઇશું.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ત્યારે ધૃતરાષ્ટ્ર રાજા, ભીષ્મને માન આપી પ્રસન્ન કરી, રાધાના પુત્ર કર્ણનો તિરસ્કાર કરી આવી રીતે કહેવા લાગ્યા. શંતનુના પુત્ર ભીષ્મે જે વાક્ય કહ્યાં તે અમારા તથા પાંડવોના અને સર્વ જગતના હિતરૂપ છે, માટે હું વિચાર કરી પાંડવો પ્રત્યે સંજયને મોકલીશ અને તું પાછો પાંડવો પાસે જા. એમ કહી તેનો સત્કાર કરી, ધૃતરાષ્ટ્રે તે બ્રાહ્મણને પાછો પાંડવો પાસે મોકલ્યો. પછી સભાની વચમાં સંજયને બોલાવી ધૃતરાષ્ટ્ર રાજા આવી રીતે કહેવા લાગ્યા.

स तं सत्कृत्य कौरव्यः प्रेषयामास पांडवान् ।
सभामध्ये समाहूय संजयं वाक्यमब्रवीत् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि पुरोहितयाने कुर्णरमापायामेकविंशोऽध्यायः ॥ २१ ॥

અધ્યાય ૨૨ મો. ધૃતરાષ્ટ્રે પાંડવોને મોકલેલો સંદેશ.

धृतराष्ट्र उवाच—प्राप्तानाहु संजयपांडुपुत्रानुपप्लव्ये तान् विजानीहि गत्वा।
अजातशत्रुं च सभाजयेथा दिष्ट्या महास्थानमुपस्थितास्तं ॥१॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય! ઉપપ્લવ્ય વિષે પાંડવો આવ્યા એમ કહે છે, માટે તું જઇ તેમને મળ. યુધિષ્ઠિરને કહે કે, "ભાગ્યવાન તમે સ્થિતિને પ્રાપ્ત થયા તે ઘણું સારૂં થયું. અમે કુશળ છીએ." એમ ક્લેશ પમાડવા લાયક નહીં એવાં વચન સર્વ પાંડવોને કહે, પ્રારણુ કષ્ટરૂપ વનવાસ સેવીને નિષ્કપટ તથા ઉપકાર કરનાર સત્પુરૂષ પાંડવોને, આપણી ઉપર ક્રોધ નથી. હે સંજય! પાંડવોની ક્યારે પણ કંઇ મિથ્યા વૃત્તિ મેં જોઇ નથી, તેઓ પોતાના પરાક્રમથી સર્વ લક્ષ્મી મારે વાસ્તે આણુતા હતા. હું નિરંતર તેમનો દોષ જોવા ઇચ્છતો, પણ તે કંઇ જોવામાં આવતો નહીં. હું તેમની નિંદા કરૂં, વળી જે નિરંતર ધર્મ તથા અર્થ વાસ્તે કર્મ કરે, પણ કામ વાસ્તે કદાપિ ધર્મનો ત્યાગ ન કરે તે પાંડવો તડકો, ટાઢ, ક્ષુધા, તૃષા, નિદ્રા, તંદ્રા, ક્રોધ, હર્ષ તથા પ્રમાદ, એ સર્વને ધૈર્ય તથા બુદ્ધિથી અનુસરતા નથી, ધર્મ તથા અર્થ પ્રત્યેજ પ્રયત્ન કરે છે. તેઓ વખતે મિત્રોને ધન આપે છે, અને સહવાસથી પણ તેમને વિષે મિત્રતા તોડતા નથી. તેઓ યથાયોગ્ય માન તથા અર્થને દેનારા છે. અજમીઢના વંશમાં તેઓનો, પાપરૂપ વિષમ બુદ્ધિવાળા દુર્યોધન વિના તથા અત્યંત ક્ષુદ્ર કર્ણ વિના કોઇ પણ દ્વેષી નથી. તેમ હીન થયું છે સુખ તથા પ્રિય જેનું એવા મહાત્મા પાંડવોને ક્રોધ પણ તે બેઉ જણાજ ઉત્પન્ન કરે છે. આરંભ વખતે જેનું પરાક્રમ છે એટલે કે અગાડીથી બોલે, પણ પ્રસંગ આવ્યે કંઇ પણ કરે નહીં, એવો સુખથી વધેલો દુર્યોધન, "હું જીવતાં પાંડવોનો ભાગ લેવા સમર્થ છું તથા એ હું ઠીક કરૂં છું," એમ માને છે, તે કેવળ મૂઢતાથી માને છે; કારણ યુધિષ્ઠિરને અનુસરનારા અર્જુન, કેશવ ભગવાન, ભીમસેન, સાત્યકિ, માદ્રિના પુત્ર નકુળ, સહદેવ તથા સૃંજયો છે માટે તેમની સાથે યુદ્ધ કરવા કરતાં ભાગ આપવો તે સારૂં છે. ગાંડીવ ધનુષ ધારણ કરનાર રથમાં બેઠેલો એકલો અર્જુન પૃથ્વીને કંપાવે તેમજ ત્રણ લોકના અધિપતિપર જય કરનાર મહાત્મા કેશવ ભગવાન પણ કોઇથી સહન થાય નહીં એવા છે. જે સર્વ લોકમાં વરવા લાયક એકજ છે, ને મેઘના સરખો શબ્દ કરનાર વેગવાળા બાણના સમુદાયોને તીડ નામના જંતુઓના સમુદાયની પેઠે નાખે છે તેની આગળ કયો મનુષ્ય ઉભો રહી શકે? ગાંડીવ ધનુષ ધારણ કરનાર અર્જુને, એક રથે કરી ઉત્તર દિશાને તથા હિમાલય થકી પણ ઉત્તરમાં રહેલા ઉત્તર કુરૂઓને જીતી, તેમનું ધન હરણ કર્યું અને દ્રવિડોને સેનાની પછવાડે ચાલનારા કર્યા. વળી ખાંડવ વનમાં ઇંદ્ર સહિત દેવોને જીતી, ખાંડવ વન અગ્નિને આપ્યું, ને તેથી પાંડવોનું યશ તથા માન વધાર્યું. ગદા ધારણ કરનારાઓમાં ભીમ સરખો કોઇ નથી, તેમ હસ્તિ ઉપર બેસનાર પણ બીજો કોઇ નથી. તેને રથમાં પણ અર્જુન સરખોજ કહે છે, વળી તે સારી રીતે શીખેલો, કર્યું છે વૈર જેણે, વેગવાન તથા હંમેશ અત્યંત ક્રોધી ભીમસેન ક્ષુદ્ર દુર્યોધનાદિકને તો વેગથીજ બાળી નાંખે. તેને બળથી તો યુદ્ધમાં સાક્ષાત્ ઇંદ્ર પણ જીતવાને સમર્થ થાય નહીં. બુદ્ધિમાન, બળવાન તથા શીઘ્ર હસ્તવાળા અર્જુન પાસે શીખેલા માદ્રીના પુત્ર નકુળ તથા સહદેવ, બે શ્યેન પક્ષિયો જેમ પક્ષિયોના સમૂહને નાશ પમાડે, તેમ શત્રુને અવશેષ નહીં રહેવા દે. ભીષ્માદિકનું સામર્થ્ય છે તે પણ સાચું, પણ પાંડવો

ધાર્મે ગયેલી તે તુચ્છ છે, એમ હું માનું છું. કારણ જે પાંડવોની વચમાં એકજ યોદ્ધો યોદ્ધાઓમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્ન અમાત્ય સહિત, પાંડવો વાસ્તે શરીર ત્યાગ કરી ઉભેલો છે, એમ મેં સાંભળ્યું છે, અને જે પાંડવોના અગ્રણી યાદવોમાં સિંહરૂપ શ્રીકૃષ્ણ છે, તે યુધિષ્ઠિરને બીજો કોણ સહન કરી શકે? મત્સ્યોનો અધિપતિ વિરાટ રાજા વર્ષ દિવસ તેમની ભેગો રહ્યો, તથા તેમણે ગોગ્રહ વિષે તેની રક્ષા કરી, તેથી તે પણ પુત્ર સહિત પાંડવો-યુધિષ્ઠિર ઉપર હંમેશ ભક્તિમાન થઇ રહ્યો છે, એમ મેં સાંભળ્યું છે. વળી કેકય દેશથી કાઢી મૂકેલા મોટા ધનુષવાળા પાંચ કેકય ભાઇઓ, કેકયો થકી રાજ્યની ઇચ્છા કરતાં હાલ યુદ્ધને અર્થે પાંડવોને અનુસરે છે. શૂરવીર પાંડવો વાસ્તે આવેલા રાજાઓ ધર્મરાજા ઉપર ભક્તિમાન છે, એમ હું સાંભળું છું. વળી પર્વત તથા વિકટ જમીનમાં વસનાર કુળજાતિથી શુદ્ધ યોદ્ધાઓ અને નાના પ્રકારના આયુધ તથા પરાક્રમવાળા મ્લેચ્છો પણ પાંડવો વાસ્તે આવેલા છે, એમ મેં સાંભળ્યું છે. સંગ્રામમાં ઇંદ્ર સરખો, ઘણાક શૂરવીર યોદ્ધાઓથી વિંટાયલો, લોકમાં અત્યંત શૂરવીર અને ઘણા પરાક્રમ તથા તેજવાળો મહાત્મા પાંડ્ય રાજા પાંડવો વાસ્તે આવેલો છે; જે દ્રોણ, અર્જુન, વાસુદેવ, કૃપાચાર્ય તથા ભીષ્મ પાસેથી અસ્ત્રવિદ્યા શીખેલો છે. બાહુબળે કરીને તો તેને લોકો દશ હજાર હાથીના સરખો પરાક્રમી કહે છે. વળી જેને "એ પ્રદ્યુમ્ન સરખો એકજ છે" એમ કહે છે, તે સાત્યકિ પણ પાંડવો વાસ્તે આવેલો છે. ચેદિ તથા કરૂષક રાજાઓ પણ આવેલા છે, સર્વ તરેહના ઉદ્યોગમાં તૈયાર થયેલા છે. જેઓની વચમાં પૂર્વે સૂર્યની પેઠે તપતા, લક્ષ્મીથી વિંટાયલા, પૃથ્વીમાં ધનુષ્યો ખેંચનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ અને જેનું માન મિથ્યા વાસુદેવ છે મુખ્ય જેમાં એવા રાજાઓ વધારતા હતા તથા યુદ્ધમાં સ્તંભન ન થાય એવા શિશુપાલને, સર્વ ક્ષત્રિયોના ઉત્સાહને હણી હઠાત્કારથી વેગવાન શ્રીકૃષ્ણે મર્દન કરી, પાંડવોનાં યશ તથા માન વધાર્યાં હતાં. સુગ્રીવાદિ ઘોડા જોડેલા રથમાં બેઠેલા તે અસહ્ય શ્રીકૃષ્ણ પ્રત્યે, સિંહ પ્રત્યે ક્ષુદ્ર મૃગોની પેઠે શિશુપાલ વિના બીજો કોણ દોડે? જે શ્રીકૃષ્ણ સાથે રથમાં બેસી સામે યુદ્ધ કરવા ઇચ્છતો તેમની સામે દોડ્યો, ત્યારે તેમણે માર્યો. પ્રાણ રહિત થઈ, વાયુએ ભંજન કરેલું કણેરનું વૃક્ષ જેમ પડે તેમ સુઇ ગયો. હે સંજય! કેશવ ભગવાનનું પરાક્રમ પાંડવો વાસ્તે છે, એમ મને ચારોએ કહ્યું છે. હે ગાવલ્ગણ! ભગવાનનાં કર્મ સંભારૂં છું, તેથી હું શાંતિ પામતો નથી. પાંડવોને શત્રુ સહન કરી શકે નહીં, કારણ તેઓના અગ્રણી યાદવ કુળમાં સિંહરૂપ શ્રીકૃષ્ણ છે. એક રથમાં ભેગા બેઠેલા બેઉ કૃષ્ણને એટલે શ્રીકૃષ્ણ અને અર્જુનને જોઇ ભયથી મારૂં હૃદય કંપે છે, માટે મંદ બુદ્ધિવાળો મારો પુત્ર દુર્યોધન જો એ બેઉ સામે સંગ્રામ કરવા ન જાય તો સુખ પામે. નહીં તો હે સંજય! જેમ ઇન્દ્ર તથા વિષ્ણુ બેઉ મળી દૈત્ય સેનાને નાશ પમાડે, તેમ અર્જુન તથા વાસુદેવ ભેગા થઇ કૌરવોને બાળી નાખશે. અર્જુનને હું ઇંદ્ર સરખો માનું છું. વૃષ્ણિકુળમાં શૂરવીર શ્રીકૃષ્ણ તો સનાતન વિષ્ણુ છે, તેમ કુંતિનો પુત્ર યુધિષ્ઠિર પાંડવ લજ્જાવાન, વેગવાન તથા ધર્મને વિષે સ્થિતિવાળો છે. દુર્યોધને છેતરેલો હોવાથી ક્રોધ ન કરે તો સારૂં, નહીં તો કૌરવોને બાળી નાખશે. હે સંજય! ક્રોધાવિષ્ટ યુધિષ્ઠિરના ક્રોધથી જેવો હું અત્યંત બીહું છું તેવો અર્જુન, વાસુદેવ, ભીમ તથા નકુળ સહદેવથી પણ બીહીતો નથી. કારણ યુધિષ્ઠિર મહા તપસ્વી તથા બ્રહ્મચર્યવાન છે, તેથી તેનો તે માનસ સંકલ્પ પણ સિદ્ધ થાય, વાસ્તે હે સંજય! તેને ક્રોધયુક્ત જોઇ હાલ હું અત્યંત બીહું છું. મારી આજ્ઞાથી જલદી રથમાં

બેઠા, વિરાટની સેનાના પડાવ પ્રત્યે જ્યાં પાંડવો છે ત્યાં જા અને યુધિષ્ઠિરને પુષ્કળ પ્રીતિ વારંવાર પ્રીતિયુક્ત વચન બોલજે. હે સંજય ! પરાક્રમીઓમાં ઉદાર મોટા ભાગ્યવાળા અર્જુન પાસે જઇ, તેમને પણ મારા વચનથી કુશળ પૂછજે તે કહેજે કે, પાંડવો સાથે ધૃતરાષ્ટ્ર શાંતિની ઇચ્છા રાખે છે. વાસુદેવનું કંઇપણ વચન યુધિષ્ઠિર નહીં માને તેમ નથી. વાસુદેવ તે પાંડવોને પોતા સરખાજ પ્રિય ગણે છે. વિદ્વાન શ્રીકૃષ્ણ પણ નિરંતર તેઓના અર્થ સાધક યુક્ત છે. હે સૂત ! ત્યાં આવેલા સૃજંય, સાત્યકિ તથા વિરાટ, ઇત્યાદિ સર્વને તથા દ્રૌપદીના પાંચ પુત્રોને પણ મારાં વચનથી કુશળ પૂછજે. હે સંજય ! શત્રુઓ સાથે વખતને યોગ્ય બોલવાનું જે તારા મનમાં આવે, તે તારે રાજાઓના મધ્યમાં બોલવું, જે સર્વ ભારત વંશીઓના હિતરૂપ થાય, ક્રોધને ન વધારે, અને યુદ્ધનો હેતુ ન બને.

यद्यत्तत्र प्राप्तकालं परेभ्यस्त्वं मन्येथा भारतानां हितं च ।
तद्भाषेथाः संजयराजमध्ये न मूर्च्छयेद्यन्न च युद्धहेतुः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि धृतराष्ट्रसंदेशे गुर्जरभाषायां द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

અધ્યાય ૨૩ મો. સંજયનું ઉપપ્લવ્ય જવું.

वैशंपायन उवाच—राज्ञस्तु वचनं श्रुत्वा धृतराष्ट्रस्य संजयः ।
उपप्लव्यं ययौ द्रष्टुं पांडवानमितौजसः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ધૃતરાષ્ટ્ર રાજાનાં વચન સાંભળી, સંજય ઘણા પરાક્રમવાળા પાંડવોને મળવા ઉપપ્લવ્ય નામે ગામમાં ગયો. કુંતિપુત્ર યુધિષ્ઠિર પાસે જઇ તેમને પ્રણામ કરી પ્રસન્ન થઇ તે કહેવા લાગ્યો કે, હે રાજન્ ! સહાયવાન તથા ઇન્દ્ર સરખા તમને કુશળ જોઇ હું ખુશી છું. અંબિકાપુત્ર બુદ્ધિવાન વૃદ્ધ ધૃતરાષ્ટ્ર રાજાએ તમને કુશળ પૂછ્યું છે. પાંડવોમાં મુખ્ય તમે, ભીમ, અર્જુન તથા માદ્રિના પુત્ર નકુળ, સહદેવ સર્વ કુશળ છો ? હે ભારત ! સત્ય વ્રતવાળી, વીરપત્ની તથા બુદ્ધિમાન રાજકન્યા દ્રૌપદી પુત્ર સહિત કુશળ છે ? આપણાથી તમે જેઓને વિષે ઇષ્ટ કામનાની ઇચ્છા રાખો છો તે પણ કુશળ છે ? તેનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે ગાવલ્ગણ ! હે સંજય ! તું ભલે આવ્યો, તને જોઇ અમે પ્રસન્ન થઇએ છીએ. તને હું કુશળ પૂછું છું. હે વિદ્વન્ ! હું ભાઇઓ સહિત કુશળ છું. હે સંજય ! હે સૂત ! ઘણે દિવસે કુરુકુળમાં વૃદ્ધ ધૃતરાષ્ટ્રનું કુશળ સાંભળી તથા તને જોઇને, મેં પ્રીતિથી તેમને જોયા, એમ હું માનું છું. હે તાત ! વૃદ્ધ, મનસ્વી, મહા બુદ્ધિમાન, સર્વ ધર્મ રૂપ પ્રસન્ન તથા કુરુકુળમાં ઉત્પન્ન થયેલા અમારા પિતામહ ભીષ્મ કુશળ છે ? એમને પૂર્વના સરખો અમારે વિષે સ્નેહ છે ? હે સૂતપુત્ર ! વિચિત્રવીર્યના પુત્ર મહાત્મા ધૃતરાષ્ટ્ર રાજા પુત્રો સહિત કુશળ છે ? વિદ્વાન બાહ્લિકરાજા કુશળ છે ? હે તાત ! સોમદત્ત સહિત બુદ્ધિમાન અને સાચી પતિજ્ઞાવાળો શલ, પુત્ર સહિત દ્રોણ તથા કૃપાચાર્ય, એ મોટા મોટા ધનુષવાળા વીર કુશળ છે ? હે સંજય ! ત્યાં આવેલા પૃથ્વીમાં મુખ્ય, સર્વ ધનુષ ધારણ કરનારા, મહા બુદ્ધિમાન તથા સર્વ શાસ્ત્રને જાણનારા રાજાઓ, 'યુદ્ધ ન કરવું' એમ કહી મૈત્રીનું ભાષણ કરે છે ? જેઓના દેશમાં જોવા લાયક તથા મોટા ધનુષવાળો શીલવાન દ્રોણનો

સુખ વસે છે, તે કૌરવોના મધ્યમાં ધનુષ ધારણ કરનારા પુરૂષો માન પામે છે? વૈશ્યા પુત્ર તથા મહા બુદ્ધિમાન રાજપુત્ર યુયુત્સુ કુશળ છે? દુર્યોધન જેના કહ્યા પ્રમાણે ચાલે છે, તે અમાત્ય કર્ણ કુશળ છે? કૌરવી વૃદ્ધસ્ત્રિયો, માતાઓ, રસોઇ કરનારીયો, દાસની સ્ત્રિયો, વહુઓ, પુત્રો, ભાણેજો, બ્હેનો તથા દૌહિત્રો, એ બધાં કુશળ છે? હે તાત! રાજા પૂર્વની પેઠે બ્રાહ્મણોની વૃત્તિ આપે છે? બ્રાહ્મણોને મેં આપેલાં ગ્રામાદિક પાછાં લીધાં નથી ને. તેમ પુત્રો સહિત બ્રાહ્મણોને અતિક્રમણ નથી કરતાને; અને સ્વર્ગને દેનારી નિરંતર તેઓને આપેલી વૃત્તિ તો ચાલે છે? બ્રાહ્મણોની વૃત્તિનું પાલન કરવું, એજ ઉત્તમ પરલોકને દેનાર તથા આલોકમાં મોટો યશ દેનાર છે, એમ વિધાતાએ કહેલું છે. મંદ બુદ્ધિવાળા કૌરવો લોભથી જો બ્રાહ્મણોની વૃત્તિનો નાશ કરશે તો તેમનો સમગ્ર નાશ થશે. વળી પુત્રો સહિત ધૃતરાષ્ટ્ર રાજા પ્રધાનાદિને તેઓની વૃત્તિ આપે છે? તેમની પાસે કારભારિયો એકમત થઇ હૃદયમાં કપટ રાખી ભેદ બુદ્ધિથી તો જીવવાને નથી ઇચ્છતા? હે સંજય! સર્વ કૌરવો પાંડવોનો અપરાધ તો નથી કાઢતા? તેમજ પુત્ર સહિત દ્રોણ તથા શૂરવીર કૃપાચાર્ય પણ અમારો કંઇ વાંક તો નથી કાઢતા; શું કોઇ વખતે પુત્ર સહિત ધૃતરાષ્ટ્ર પ્રત્યે આવીને, સર્વ કૌરવો રાજ્ય આપવા માટે યુદ્ધ ન કરો એમ કહે છે? તેમ કોઇ વખતે શું મળેલા ચોરના સમુદાયને જોઇ, યોદ્ધાઓના નાયક અર્જુનના પરાક્રમને સંભારે છે? હે સૂત! પ્રત્યંચાને ખેંચી અર્જુને નાંખેલાં ગાંડીવમાંથી નીકળેલાં, મેઘ સરખા શબ્દવાળાં તથા સરખાં ચાલનારાં બાણોને કૌરવો સંભારે છે? હે સંજય! પૃથ્વીમાં અર્જુનથી અધિક વા સરખો પણ કોઇ યોદ્ધો હું જોતો નથી. જેના હાથના હલાવવામાંજ તીક્ષ્ણ ધાર તથા સુંદર પુંખવાળાં, એકસઠ બાણ નીકળે છે. વળી હાથમાં જેને ગદા છે એવો વેગવાન ભીમસેન, શત્રુના સંઘને કંપાવતો ભૂમિ વિષે મદ ઝરતા હસ્તિની પેઠે સૈન્યમાં ફરે છે, તેને કૌરવો સંભારે છે? માદ્રિનો પુત્ર સહદેવ, ડાબા તથા જમણા હાથથી બાણોને ફેંકતો સંગ્રામ વિષે આવેલા કલિંગોને જીત્યો હતો, તેને સંભારે છે? હે સંજય! પૂર્વે તું જોતાનો તે રીતે, મેં શિબિ તથા ત્રિગર્તોનો જય કરવા મોકલેલા માદ્રીના પુત્ર નકુળે, પશ્ચિમ દિશાને વશ કરી હતી, તેને તેઓ સંભારે છે? ખરાબ વિચાર કરી કૌરવો દ્વૈતવન વિષે ઘોષયાત્રા ગયા હતા, ત્યાં જે પરાભવ થયો હતો, તેમાં શત્રુને વશ થયેલા મંદબુદ્ધિ કૌરવોને ભીમસેન તથા અર્જુને મૂકાવ્યા હતા, તે વખતે અર્જુનનો પૃષ્ટરક્ષક હું થયો હતો, અને માદ્રીના પુત્રનો પૃષ્ટરક્ષક ભીમસેન થયો હતો, ત્યારે ગાંડીવ ધનુષવાળો અર્જુન શત્રુના સઘને નાશ પમાડી પાછો કુશળ આવ્યો તે તેઓ સંભારે છે? હે સંજય! એમ અમે સર્વ ઉપાયે કરીને જ્યારે ધૃતરાષ્ટ્રના પુત્રોને જીતવા સમર્થ ન થઇએ, ત્યારે એકલા શામ ઉપાયે કરી જીતવા કેમ સમર્થ થવાય?

न कर्मणा साधुनैकेन नूनं सुखं शक्यं वैभवतीह संजय।
सर्वात्मनापरिजेतु वयं चेन्नशक्नुमो धृतराष्ट्रस्य पुत्रं॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि युधिष्ठिरप्रश्ने गुर्जरभाषायां त्रयोविंशोऽध्यायः॥ २३॥

અધ્યાય ૨૪ મો. સંજયે કહેલી કુશળતા.

संजय उवाच—यथार्थमे पांडवतत्तथैव कुरून् कुरुश्रेष्ठाजनं च पृच्छसि ।
अनामयास्तातमनस्विनस्ते कुरुश्रेष्ठान् पृच्छसि पार्थयास्त्वं ॥ १ ॥

સંજય કહે છે—હે પાંડવ! હે કુરુશ્રેષ્ઠ! કૌરવો માટે તમે કહો છો, તેમજ છે. કુરુકુળમાં શ્રેષ્ઠ જન જે તમે પુછ્યા તે શૂરા સર્વે કુશળ છે. હે પાંડવ! વૃદ્ધ સત્પુરુષો પણ દુર્યોધન પાસે છે, તેમ પાપ બુદ્ધિવાળા પણ છે એમ તમે જાણો. દુર્યોધન શત્રુઓને પણ આપે છે તો બ્રાહ્મણોને આપેલા ગ્રામ દિકનો કેમ લોપ કરે? તમે દ્રોહ નહીં કરેલા કૌરવો વિષે દ્રોહ કરનારની પેઠે હાલ તમોને ક્રૂરપણું વર્તે છે તે સારૂં નહીં. કારણ પૂર્વે તેઓએ તમારો દ્રોહ કર્યો હતો, તેવ વનમાં જતી વખતે તમે પ્રતિદ્રોહ ન કર્યો માટે હાલ તો તમારે કંઇજ કરવું નહીં. એમ છતાં પણ સાધુ વર્તવાળા તમારો, તે પુત્ર સહિત અસાધુ ધૃતરાષ્ટ્ર દ્વેષ કરશે તો મિત્રદ્રોહી થશે. હે અજાતશત્રો! વૃદ્ધ ધૃતરાષ્ટ્ર સંધિ નથી કરી શકતો, અને અંતરમાં સંતપ્ત થઇ શોચ કરે છે. બ્રાહ્મણોને મળે છે, તો તેઓ પાસેથી "મિત્રદ્રોહ કરવો" એ સર્વ પાતકથી અધિક છે, એમ સાંભળે છે. હે નરદેવ! સંગ્રામ વિષે તમોને તથા યુદ્ધના પતિ અર્જુનને સંભારે છે. ઉત્કૃષ્ટ દુંદુભિ તથા શંખનો શબ્દ થાય છે તે વખતે ગદાધારી ભીમસેનને સંભારે છે. શબ્દવાળા સંગ્રામના મધ્યમાં સર્વ દિશાઓ પ્રત્યે ફરનાર, સેના પ્રત્યે બાણુન વર્ષાદને વરસાવતા તથા કોપથી કંપે નહીં એવા મહારથિ માદ્રિના પુત્રોને પણ સંભારે છે. હે રાજન્! પુરુષનું ભવિષ્ય અદૃષ્ટ છે. તે આગળથી જણાતું નથી એમ હું માનું છું. કારણ એમ ન હોય તો સર્વ ધર્મ સંપન્ન તમો મહા કષ્ટરૂપ કલેશને પ્રાપ્ત થયા તે સંભવે નહીં. આ કામ પણ હે અજાતશત્રો! હે પાંડવ! કષ્ટને પ્રાપ્ત થયેલા તમેજ બુદ્ધિવડે ફરીથી સમું કરો. ઇંદ્ર સરખા સર્વ પાંડવો પોતાના કાર્ય વાસ્તે ધર્મનો ત્યાગ ન કરે, એવું સર્વ જાણે છે, માટે હે યુધિષ્ઠિર! તમેજ બુદ્ધિથી આ કાર્ય સમાધાનીથી કરો, જેથી ધૃતરાષ્ટ્રના પુત્રો, પાંડવો, સૃંજયો, ને બીજા પણ ભારતીય રાજાઓ કલ્યાણને પામે. હે અજાતશત્રો! અમાત્ય તથા પુત્રો સહિત તમારા પિતા ધૃતરાષ્ટ્રે ગઇ રાત્રિએ જે વચન મને કહ્યાં છે, તે તમે બધા સાથે મળી સાંભળો.

यन्मां ब्रवीत् धृतराष्ट्रो निशायामजातशत्रो वचनं पिता ते ।
सहामात्यः सहपुत्रश्च राजन् समेत्यतां वाचमिमां निबोध ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि संजयवाक्ये गुर्जरभाषायां चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥

અધ્યાય ૨૫ મો. સંજયે સંપને માટે કહેલાં વચન

युधिष्ठिर उवाच—समागताः पांडवाः सृंजयाश्च जनार्दनो युयुधानो विराट् ।
यत्ते वाक्यं धृतराष्ट्रानुशिष्टगावल्गणे ब्रूहि तत्सूतपुत्र ॥ १ ॥

યુધિષ્ઠિર કહે છે—હે ગાવલ્ગણ! હે સૂતપુત્ર! પાંડવો, સૃંજયો, જનાર્દન ભગવાન, સાત્યકિ ને વિરાટ, એ બધા વચ્ચે રાજા ધૃતરાષ્ટ્રે તને જે કહ્યું હોય તે કહે. સંજય બોલ્યો

છે, યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, માદ્રીના પુત્રો, ને શૌરિ એવા વાસુદેવ, સાત્યકિ, ચેકિતાન, વિરાટ, પંચાલ દેશનો અધિપતિ વૃદ્ધ દ્રુપદ તથા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલો તેનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, એ સર્વને હું આમંત્રણ કરૂં છું. કૌરવોની સમૃદ્ધિને ઇચ્છતો હું જે કહું તે સાંભળો. શાંતિને વખાણતા ધૃતરાષ્ટ્ર રાજાએ મને અહિં મોકલ્યો છે માટે ભાઇ, પુત્ર તથા સ્વજન સહિત ધૃતરાષ્ટ્ર રાજાનું વચન પાંડવોને રૂચો, ને તેથી શાંતિ થાઓ. હે પાંડવો! તમે સર્વ ધર્મસંપન્ન, આકૃતિ, દયા તથા સરલતાથી શાંત, કુલીન, ઉદાર, લજ્જાવાન તથા કર્મના નિશ્ચયને જાણનાર છો, માટે હિંસારૂપ કર્મ તમારે માટે યોગ્ય નથી. હે ભયંકર સૈન્યવાળા! તમારૂં સાધુપણું એવું છે, અને તમથી કંઇપણ પાપ થશે, તે શ્વેત વસ્ત્ર વિષે જેમ અંજનના ડાઘ જણાય તેમ જણાઇ આવશે. યુદ્ધ કરેથી પાપનો છે ઉદય જેમાં એવો નરકરૂપ સર્વનો ક્ષય થશે માટે નાશ જાણનારો કયો પુરૂષ આવું કામ કરે કે જે કામ વિષે જય પરાજય સરખોજ છે અને જ્ઞાતિનું કાર્ય જેણે કર્યું, તે તો ધન્ય જાણવા, પુત્ર ને સગાપણ તે જ જાણવા, તેમ જે નિંદિત જીવિતનો ત્યાગ કરે, તે પણ ધન્ય જાણવા. જે રીતે કૌરવોનો વૈભવ નિયમથી રહે તેમ કરવું, કારણ કદી તમે કૌરવોને શિક્ષા કરી નિશ્ચય કરી સર્વ દ્વેષિયોને મારી જ્ઞાતિનો વધ કરી જીવશો તો તે જીવિત મૃત્યુ સરખું થશે. ધૃષ્ટદ્યુમ્નના બાહુએ રક્ષા કરેલા અને કેશવ, ચેકિતાન તથા સાત્યકિ સહિત તમોને જીતવાને, ઇંદ્ર સહિત દેવતાઓ આવે તોપણ સમર્થ થાય નહિ; તેમ દ્રોણ, ભીષ્મ અશ્વત્થામા, શલ્ય, કૃપ તથા કર્ણ, એઓએ રક્ષા કરેલા કૌરવોને પણ યુદ્ધમાં જીતવા કોણ સમર્થ થાય એમ છે? દુર્યોધનના મોટા સૈન્યનો નાશ કરવા જતાં પોતાનો ક્ષય કેમ નહિ થાય? માટે હું તો, જય વા પરાજય થાઓ, પણ યુદ્ધમાં બેઉમાંથી એકેનું કલ્યાણ જોતો નથી. દુષ્કુલમાં ઉત્પન્ન થયેલા નીચ પુરૂષોની પેઠે, ધર્મ તથા અર્થ વિનાનાં કર્મ તમોથી ન થવાં જોઇએ, વાસ્તે હું તો વાસુદેવ ભગવાનને તથા પંચાલદેશના અધિપતિ વૃદ્ધ દ્રુપદને પ્રણામ કરૂં છું. કૌરવ તથા સૃંજયનું કેમ કલ્યાણ થાય, તે જાણવા માટે હાલ તમારે શરણે આવ્યો છું. વાસુદેવ કૃષ્ણ તથા અર્જુન, "રાજ્ય માટે હવે કંઇ કરીશું કે નહીં," એવો સંકલ્પ ન કરે. હે વિદ્વન્! યાચના કરતાં પ્રાણ પણ આપી દે, ને બીજું શું કરે? સંપ રહે એમ હું કહું છું, અને ભીષ્મ છે મુખ્ય જેમાં એવા ધૃતરાષ્ટ્ર રાજાનો મત પણ એજ છે, તમોને શાંતિ થાય તો સારૂં.

प्राणान् दद्याद्याचमानः कुतोऽन्यदेतद्विद्वन् साधनार्थं ब्रवीमि ।
एवंराज्ञो भीष्मपुरोगमस्य मतं यद्वः शांतिरिहोत्तमास्यात् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि संजयवाक्ये गुर्जरभाषायां पंचविंशोऽध्यायः ॥ २५ ॥

અધ્યાય ૨૬ મો. યુધિષ્ઠિરે આપેલો ઉત્તર.

युधिष्ठिर उवाच—कांनुवाचं संजय मे शृणोषि युद्धैषिणीं येन युद्धाद्बिभेषि ।
अयुद्धं वैतात युद्धाद्गरीयः कस्तल्लब्ध्वा जातु युध्येत सूत ॥ १ ॥

યુધિષ્ઠિર કહે છે—હે સંજય! તું કંઇ યુદ્ધની ઇચ્છા જણાવનારી મારી વાણી સાંભળે છે કે જે યુદ્ધથી બીહે છે પણ હે તાત! યુદ્ધ ન કરવું, એ યુદ્ધથી સારૂં છે, માટે કોણ

તેઓ યુદ્ધ કોણ કરે ? હે સંજય ! યુદ્ધ ન કરનાર પુરૂષને મનથી ઇચ્છેલો સંકલ્પ સિદ્ધ થતો હોય, તો તે યુદ્ધ ન કરે. કદી સંકલ્પ સિદ્ધ ન થતો હોય, ને બીજાં ઘણાંક કઠણ કામ કરવાં પડતાં હોય તો તે કરવાં, પણ યુદ્ધ ન કરવું, એ હું જાણું છું. મનુષ્ય શું કરવા યુદ્ધ કરે ? દેવે શાપ આપેલો કયો પુરૂષ યુદ્ધને વરે અને સુખથી પાંડવો તો લોકને હિતરૂપ ધર્મયુક્ત કર્મ કરે છે, ને જેથી ધર્મનો ઉદય થાય એવાં સુખરૂપ કર્મનીજ ઇચ્છા કરે છે: પણ જેથી અધર્મનો ઉદય થાય એવાં સુખરૂપ કર્મને નથી ઇચ્છતા; વસ્તુતાથી તો સર્વ કર્મ દુઃખરૂપજ છે, કારણ કલેશ સાધ્ય છે તોપણ જે ઇંદ્રયોની પ્રીતિને ઇચ્છનાર છે, તે સુખની પ્રાપ્તિ અને દુઃખની નિર્વૃત્તિ વાસ્તે કર્મ કરે છે. વિષયનું ધ્યાન શરીરને દુઃખ આપે છે, તેના ધ્યાનથી રહિત પુરૂષ દુઃખ પામતો નથી, ધમેલો અગ્નિ જેમ વૃદ્ધિ પામે, તેમ ધ્યાન કર્યાથી વિષય વૃદ્ધિ પામે છે. વધેલો અગ્નિ જેમ ઘીથી તૃપ્ત થતો નથી તેમ કામ તથા અર્થના લાભથી માણસને તૃપ્તિ થતી નથી. અમસહિત એકસો પાંચ પુત્રવાળા ધૃતરાષ્ટ્ર રાજા, મોટા વૈભવને પામી 'બધું અમારૂં થાઓ" એ બુદ્ધિએ કરી અમને દૂર કરીને પણ, હજી તૃપ્તિ પામતા નથી અને સર્વ રાજ્ય પર પોતાનું મમત્વ માની, " આમાંથી પાંડવને આપીશ તો મારૂં ઓછું થઇ જશે " એમ માને છે. કાકાની નિંદારૂપ દોષથી ભય પામી ફરીથી યુધિષ્ઠિર બોલ્યા કે, જે અત્યંત પુણ્યવાન હોય તે શત્રુઓ સાથે કલહ કરી પોતાનો ઉત્કર્ષ કરે, ને અપુણ્યવાન હોય તે નાશ પામે. સુંદર ગાયનના શબ્દ, ઉત્તમ ફુલની માળાઓ તથા સુગંધિ ચંદનાદિકના લેપ, ઇત્યાદિનો ભોગ પણ પુણ્યવાન સેવે, અને સુંદર વસ્ત્રો પણ તેજ પહેરે. ધૃતરાષ્ટ્ર તો અત્યંત પુણ્યવાનજ છે, એમ જો ન હોય તો અમને શા માટે કૌરવોથી દૂર કરે, શત્રુઓને રાજ્યથી ભ્રષ્ટ કરવા, એ પુણ્યવાનોનું કર્મ છે. એમ છતાં પણ અંતરમાં દાહક કર્મ અબુધ દુર્યોધનાદિકને ઉચિત છે, અમારા જેવા બુદ્ધિમાનોને ઉચિત નથી. તે પોતે રાજા થઈ સંકટમાં કર્ણાદિ વિષે રહેલા સામર્થ્યની આશા રાખે છે, તે સારૂં નહિં. કારણ જેવું પોતાનું અજ્ઞાનપણું જૂવે છે તેવુજ તેનું જોશે. વસંતઋતુમાં ઝાઝા તૃણવાળા વનને વિષે, ગ્રીષ્માન્ત વખતે પોતાની પાસે અગ્નિ મૂકી, પછી " વધેલા અગ્નિથી મને સુખ નથી, " એમ શોક કરતા પુરૂષની પેઠે પોતાના આત્માને મૂકાવવાને તે ઇચ્છે છે અને હે સંજય ! કુટિલપણામાં તત્પર, વિચાર રહિત, મૂઢ, દુર્બુદ્ધિવાળા તથા ભાગ્યરહિત પુત્રના કહ્યા પ્રમાણે કરવાથી પ્રાપ્ત થયું છે ઐશ્વર્ય જેમને, એવા ધૃતરાષ્ટ્ર રાજા શું કરવા દીનની પેઠે વર્તે છે. યથાર્થ બોલનાર વિદુરનાં વચનનો દુર્યોધને, કોઇ ખરાબ બોલનારના વચનનો તિરસ્કાર કરે, તેમ તિરસ્કાર કર્યો ત્યારે ધૃતરાષ્ટ્ર રાજા " આ વિદુર યથાર્થ કહે છે " એમ જાણતા હતા તોપણ અધર્મનોજ આશ્રય કર્યો. ધારણાવાળી બુદ્ધિવાળા, કૌરવોના અર્થને ઇચ્છનાર બહુશ્રુત અને બોલવામાં અત્યંત ચતુર, શીલવાન વિદુરનો, પુત્રના લોભથી કૌરવોના પ્રિય વાસ્તે આદર કર્યો નહિં. હે સંજય ! તે માનને હણનાર, માનની ઇચ્છા રાખનાર, પારકો ઉત્કર્ષ સહન ન કરી શકનાર, ક્રોધી, અર્થ તથા ધર્મને અતિક્રમણ કરનાર, ખરાબ ભાષણ કરનાર, ક્રોધ વશ થયેલા કર્ણાદિકને અનુસરનાર, કામાત્મા, પાપિષ્ઠોએ વખાણેલા, સમજાવવા લાયક નહિ, ભાગ્યરહિત, ઘણા ક્રોધવાળા, મિત્રનો દ્રોહ કરનાર તથા પાપ બુદ્ધિવાળા પુત્રનું પ્રિય ઇચ્છનાર ધૃતરાષ્ટ્રે, ધર્મ તથા કામ એ બેઉ ત્યાગ કર્યા છે. હે સંજય ! હું દ્યૂત રમતો હતો તે વખતેજ વિદુરજીએ હિતનાં વાક્ય કહ્યાં, પણ ધૃતરાષ્ટ્રે " આ વિદુર સારૂં કહે છે, " એમ તેની સ્તુતિ ન કરી ત્યારેજ મારી મતિને ખાતરી થઇ કે, કૌરવોનો નાશ આવ્યો છે.

હે સંજય! જ્યારે કૌરવો વિદુરની બુદ્ધિને નહિં અનુસર્યા, ત્યારે તેઓને આ કષ્ટ આવ્યું. જ્યાં સુધી તેની બુદ્ધિને અનુસરતા હતા, ત્યાં સુધિ તેઓના દેશની વૃદ્ધિ હતી. હે ગવલ્ગણના પુત્ર સંજય! અર્થ વિષે લુબ્ધ દુર્યોધનના જે મન્ત્રિયો છે, તે દુઃશાસન, શકુનિ અને સૂતપુત્ર કર્ણ દુષ્ટ છે. દીર્ઘદૃષ્ટિવાળા વિદુર તો ત્યાંથી ચાલી નીસર્યા માટે એનું અજ્ઞાન તો જો. ધૃતરાષ્ટ્ર પારકાઓનું ઐશ્વર્ય ગ્રહણ કરી બેઠેલા છે, માટે હું તો વિચારૂં છું, ત્યાં કૌરવ તથા સંજયોનું કોઇ રીત કલ્યાણ જોતો નથી. કારણ ધૃતરાષ્ટ્ર રાજા પુત્રો સહિત પૃથ્વી પર શત્રુ વિનાના મોટા રાજ્યને ઇચ્છે છે તે એ રીત લુબ્ધ છતા શાંત કેમ થાય? મારૂં વનમાં જવું થયું એટલે સર્વ ધન તે પોતાનુંજ માને છે વળી ગ્રહણ કર્યું છે આયુધ જેણે એવા અર્જુનને "યુદ્ધમાં જીતવા હું સમર્થ છું," એમ કર્ણ માને છે, તે પૂર્વે ગોગ્રહાદિ વિષે મોટાં યુદ્ધ થયાં, ત્યારે કૌરવોના આશ્રય રૂપ કેમ ન થયો? અર્જુનથી બીજો કોઈ ધનુષ ધારણ કરનારાઓમાં અધિક નથી એમ કર્ણ દુર્યોધન, દ્રોણ, ભીષ્મ તથા બીજાપણ કૌરવો જે ત્યાં છે તે બધા જાણે છે. શત્રુને દમન કરનાર અર્જુન વિદ્યમાન છતા દુર્યોધનને રાજ્ય કેવી રીતે મળ્યું, તે પણ સર્વ કૌરવો તથા એકઠા થયેલા રાજાઓ જાણે છે. વળી ચાર હસ્તનું જેનું આયુધ છે એવા ધનુર્વિદ્યા જાણનાર અર્જુન સાથે રાજ્ય નિમિત્ત સંગ્રામ કરીને, રાજ્ય વિષે રહેલા પાંડવોના મમત્વને હરણ કરી લેવા દુર્યોધન પોતાને સમર્થ માને છે, તે સંગ્રામ વિષે જ્યાં સુધી ગાંડીવ ખેંચવાથી થયેલા શબ્દને સાંભળ્યા નથી, ત્યાં સુધી છે ને જ્યાં સુધી ક્રોધે ભરાયેલા ભીમસેનને જોયો નથી, ત્યાં સુધી "અર્થ સિદ્ધજ છે," એમ દુર્યોધન માને છે. હે સંજય! હે તાત! ભીમસેન, અર્જુન, નકુળ તથા સહિષ્ણુ શૂરવીર સહદેવ, જીવતે છતે અમારૂં ઐશ્વર્ય ઇંદ્ર પણ હરણ કરવાનો ઉત્સાહ ન કરે. હે સૂત! એ પ્રમાણે જો વૃદ્ધ ધૃતરાષ્ટ્ર રાજા પુત્ર સહિત જાણે, તો રણસંગ્રામમાં પાંડવના કોપથી દગ્ધ થઇ તેમના પુત્રો નાશ ન પામે. હે સંજય! પૂર્વે કૌરવો અમારી પ્રતિ જેમ વર્તેલા છે, તેઓને વિષે અમારી જેવી વૃત્તિ હતી તે, તથા અમારી તરફ બતાવેલો ક્લેશ પણ તું જાણે છે, પણ તારે મોઢે નથી કહી શકતો, તેથી ક્ષમા કરૂં છું. હજીપણ હસ્તિનાપુરમાં તેમજ રહો, ને જે રીતે તું કહે છે, તે રીતે હું શાંતિને પામું. પણ મારૂં રાજ્ય ઇંદ્રપ્રસ્થમાં આવો, ને ભરતવંશમાં મુખ્ય દુર્યોધનને હસ્તિનાપુરનું રાજ્ય મળો.

> अद्यापि तत्तत्र तथैव वर्ततां शांतिं गमिष्यामि यथात्थमात्थ ।
> इंद्रप्रस्थे भवतु ममैव राज्यं सुयोधनो यच्छतु भारताग्र्यः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि युधिष्ठिरवाक्ये गुर्जरभाषायां षड्विंशोऽध्यायः ॥ २६ ॥

અધ્યાય ૨૭ મો. સંજયે ધર્મ ને શાંતિ માટે કહેલાં વચન.

संजय उवाच—धर्मनित्यापांडव ते विचेष्टा लोके श्रुता दृश्यते चापि पार्थ ।
महास्रावं जीवितं चाप्यनित्यं संपश्य त्वं पांडव माव्यनीनशः ॥ १ ॥

સંજય કહે છે—હે પાંડવ! હે પાર્થ! લોકમાં તમારી વર્તણુક ધર્મ જેમાં નિરંતર રહ્યો છે એવી સંભળાય છે, તે પ્રમાણે દેખાય પણ છે. જીવિત અનિત્ય તથા ચંચળ છે,

વાસ્તે ક્રોધથી ધૃતરાષ્ટ્રના પુત્રોને નાશ પમાડો નહિ. હે અજાતશત્રો! યુદ્ધ વગર બીજે પ્રકારે કૌરવો ભાગ ન આપે, તો તમારે અંધક તથા વૃષ્ણિ ઇત્યાદિ યાદવોના રાજ્યમાં ભિક્ષા માગી જીવવું, તે હું સારૂં માનું છું, પણ યુદ્ધ કરી રાજ્ય લેવું, એ હું સારૂં માનતો નથી. મનુષ્યોનું જીવિત થોડું, દુઃખરૂપ તથા અત્યંત ચલાયમાન છે તે, ને વળી તે રીતે યુદ્ધ કરીને જીવવું તે યશને લાયક નથી, માટે હે પાંડવ! પાપ માં કરો. હે નરેંદ્ર! મનુષ્યોને જે ઇચ્છાઓ થાય છે, તે ધર્મને વિષે વિઘ્ન થવાના મૂળરૂપ છે. બુદ્ધિમાન મનુષ્ય ઇચ્છાઓનો પ્રથમથીજ નાશ કરે છે. લોકમાં તે અતિ ઉત્તમ પ્રશંસાને પામે છે. હે પાર્થ! ધનની તૃષ્ણા મનુષ્યોને બંધન કરનારી છે, માટે તેને ઇચ્છતા મનુષ્યોનો ધર્મ બાધ પામે છે. ધર્મને વરે તે જ બુદ્ધિમાન જાણવો, કારણ કામને વિષે જે સ્પૃહાવાન થાય, તે અર્થ વિષે અનુકૂળ રહેવાથી હીન થાય છે. હે તાત! કર્મોમાં મુખ્ય ધર્મનું આચરણ કરી, મનુષ્ય મહા પ્રતાપવાન થઇ સૂર્યની પેઠે શોભે છે. ધર્મથી હીન છે, તે પાપબુદ્ધિવાળા આ માણસો પૃથ્વીને મેળવી ખેદ પામે છે. તમે વેદનું અધ્યયન કર્યું છે, બ્રહ્મચર્ય પાળ્યું છે, યજ્ઞે કરી યજન કર્યું છે તથા બ્રાહ્મણોને દાન આપ્યાં છે. એ રીતે પરલોકને માનનારા તમે ઘણાંક વર્ષ પર્યંત, પરલોકના સુખ વાસ્તે કર્મ કરવામાં તમારા આત્માને જોડેલો છે. અત્યંત ભોગ તથા પુત્રાદિકને સેવતો પુરૂષ યોગાભ્યાસ વિષે ઉપયોગી પ્રાણાયામાદિ કર્મ નથી કરતો; પણ પછી ધનનો ક્ષય થાય, ત્યારે હીન થયું છે સુખ જેનું તથા કામના વેગથી પરાભવ પામેલો તે અત્યંત દુઃખી થાય છે. વળી બ્રહ્મ વિષે આત્મના અનુસંધાનથી રહિત પુરૂષ ધર્મને મૂકી અધર્મ કરે છે, તે અશુદ્ધ બુદ્ધિવાળો મૂઢ, દેહ ત્યાગ કરી પરલોકમાં અત્યંત દુઃખ પામે છે, કરેલાં પુણ્ય વા પાપ કર્મ પરલોકમાં ફળ દીધા વગર ટળતાં નથી, માટે કર્તાની પૂર્વેજ તે પુણ્ય વા પાપ પરલોકમાં જાય છે, ને તેની પાછળ કર્તા જાય છે. ઉત્તમ જેમાં દક્ષિણા છે તથા અન્વાહાર્ય નામે સિદ્ધ અન્ન જેમા અપાય છે એવા યજ્ઞો વિષે બ્રાહ્મણો પ્રત્યે તમે શ્રદ્ધાથી ઘટની રીતે ઉત્તમ ગંધ તથા રસયુક્ત અન્નાદિક દીધાં છે; તમારાં કર્મ વિખ્યાત છે. હે પાર્થ! ધર્માચરણ મનુષ્ય શરીરથી કરાય છે, મરણ પામ્યા પછી કંઇપણ કરાતું નથી. તમે તો સત્પુરૂષો જેનાં વખાણ કરે એવું પવિત્ર મોટું પરલોક સંબંધી કર્મ કરેલું છે. પરલોક વિષે મૃત્યુ, જરા, ભય, ક્ષુધા તૃષા તથા મનને અપ્રિય લાગે એવું કંઇપણ નથી, કેવળ ઇંદ્રિય સુખ છે; ત્યાં કાંઇ કર્મ નથી કરી શકાતું. હે નરેંદ્ર! અહીં સકામ કર્મ કરી એવા ફળની પ્રાર્થના માં કરો. આલોક પરલોક બેઉની ઇચ્છા મૂકી વૈરાગ્ય સંપન્ન થઇ મોક્ષ વાસ્તે યોગાભ્યાસ કરો. એ રીતે જ્ઞાને કરી કર્મને નાશ પમાડી સત્ય, દમ, સરલતા તથા અક્રૂરપણાનો ત્યાગ માં કરો. અશ્વમેધ તથા રાજસૂયાદિક કર્મ પણ લોક સંગ્રહાર્થ કરો, પણ ફરીથી પાપ કર્મની પાસે માં જાઓ. હે પાંડવો! દ્વેષથી બંધુવધરૂપ પાપ કરશો, તે કરતાં તો તમે જે ઘણાંક વર્ષ વનમાં નિવાસ કર્યો એ ધર્મરૂપ છે: જ્યારે હાલ તમે પાપ કરવા તૈયાર થાઓ છો, ત્યારે તો વનમાં જતી વખતેજ તમારે રાજ્યાદિ બળથી ધારણ કરી રાખવાં હતાં. વનમાં જવું ન હતું, કારણ તે વખતે તો સૈન્ય તૈયાર હતું, ને બધા મંત્રિયો પણ તમારે આધીન હતા. જનાર્દન ભગવાન તથા શૂરવીર સાત્યકિ યાદવ, મત્સ્ય દેશનો રાજા પ્રહાર કરનાર પુત્રો સહિત, સુવર્ણના રથવાળો વિરાટ અને પૂર્વે જીતેલા બીજા સમસ્ત રાજાઓ પણ તમારી સહાયતા કરત. સહાયતાવાળા, અત્યંત તપતા, સૈન્યના અગ્રમાં શત્રુઓને મારતા તમે દુર્યોધનના ગર્વને ત્યારેજ હરણ કરત. હે પાંડવ!

જો શત્રુના સૈન્યનો વધારો થતા હોય, પોતાના સહાયોને દુર્બળ કરી યજ્ઞાદિક કર્મ ,તપસ્યા નિવારણ કરી ઈશ્વર કાળે શું કરવા યુદ્ધ કરવાને ઇચ્છો છો ? યુદ્ધમાં તમારોજ જય થશે એવો કંઇ નિશ્ચય થતો નથી. કારણ યુદ્ધ કરનાર બુદ્ધિ વગરનો તથા અધર્મજ્ઞ હોય તે પણ ઐશ્વર્યને પામે છે, અને બુદ્ધિમાન તથા ધર્મને સારી રીતે જાણનાર હોય તે પણ કોઈ વખતે ઐશ્વર્યવાળી ભ્રષ્ટ થાય છે. હે પાર્થ ! તમારી બુદ્ધિ અધર્મને વિષે રહેતી નથી તેમ ક્રોધથી પાપ કર્મ પણ તમે નથી કરતા; ત્યારે હાલ તે બુદ્ધિ વિરૂદ્ધ કરવાને કેમ ઇચ્છો છો ? હે મહારાજ ! પિત્તાદિક વિકાર વિના અરૂચિ કરાવનાર, મસ્તક રોગ કરનાર, યશને હણનાર, પાપરૂપી ફળનો ઉદય કરનાર, સત્પુરૂષોને પી જવા લાયક અને અસત્પુરૂષો જેને પી શકતા નથી, એવા ક્રોધને પી જાઓ અને શાંત થાઓ. પાપના મૂળરૂપ ક્રોધની કોણ કામના કરે ? તમારે તો ક્ષમા રાખવી એજ ઉત્તમ છે, રાજ્યાદિ ભોગની ઇચ્છા રાખવી એ ઉત્તમ નથી. કારણ જો ભોગની ઇચ્છાથી યુદ્ધ કરશો, તો તેમાં શંતનુના પુત્ર ભીષ્મ તથા પુત્ર સહિત દ્રોણ પણ તમારાથી નાશ પામશે. તેમજ કૃપ, શલ્ય, સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા, વિકર્ણ, વિવિંશતિ, કર્ણ તથા દુર્યોધન, એ બધાને મારી હે પાર્થ ! તમે કેવા સુખને પામશો તે કહો ? હે રાજન્ ! સમુદ્ર પર્યંત પૃથ્વીને પામશો, તોપણ જરા, મૃત્યુ, સુખ, દુઃખ તથા પ્રિય, અપ્રિય ઇત્યાદિ દ્વંદ્વ નહીં ટળે. વિદ્વાન થઇ તમે એ રીતે યુદ્ધ ન કરો. અમાત્ય તથા ભાઇયો વાસ્તે તમે ગોત્રવધરૂપ કર્મ કરવા ઇચ્છતા હો, તો તમારી પાસે જે ધન હોય, તે તેમને આપીને નાસી જાઓ, પણ હલ અર્ચિરાદિ મોક્ષમાર્ગથી બીજે માર્ગે જાઓ નહિ,

अमात्यानां यदि कामस्य हेतोरेवं युक्तं कर्मचिकीर्षसि त्वं ।
अपक्रामेः स्वंप्रदायैवतेषां मार्गात्त्वं वैदेवयानात्पथोद्य ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि संजयवाक्ये गूर्जरभाषायां सप्तविंशोऽध्यायः ॥ २७ ॥

અધ્યાય ૨૮ મો. ધર્માધર્મ વિવેચન.

युधिष्ठिर उवाच—असंशये संजय सत्यमेतद्धर्मो वरः कर्मणां यत्त्वमात्थ ।
ज्ञात्वा तुमां संजय गर्हयेस्त्वं यदि धर्मं यद्यधर्मंचरेयं ॥१॥

યુધિષ્ઠિર કહે છે—હે સંજય ! કર્મોમાં ધર્મ શ્રેષ્ઠ છે, એમ જે તેં કહ્યું તે સત્ય છે, એમાં સંશય નહીં. પણ જ્યારે હું ધર્મ વા અધર્મ કરૂં, ત્યારે પરીક્ષા કરી મારૂં અધર્માચરણ જાણે, તો પછી મને નિંદજે. એકને વિષે અધર્મ ધર્મરૂપ લાગે છે, ને એકને વિષે સમગ્ર ધર્મ અધર્મરૂપ દેખાય છે; તથા એકને વિષે ધર્મ ધર્મરૂપજ જણાય છે. વિદ્વાનો બુદ્ધિથી સારી રીતે વિચાર કરી તેને ત્રણ પ્રકારથી જુવે છે. તું પણ વિદ્વાન છે, વાસ્તે મારે વિષે તારે એમજ વિચારવું. એ ત્રણ પ્રકારમાં છેલો પ્રકાર જે કહ્યો કે "એકને વિષે ધર્મ ધર્મરૂપજ જણાય છે," તે એ કે બ્રાહ્મણોમા વેદ ભણવો તથા બીજાઓને ભણાવવો ઇત્યાદિ લક્ષણરૂપ ધર્મ સમજવો. તથાપિ આપત્કાળમાં નિરંતર વર્તનારાં કર્મ સર્વે અધર્મ પૂર્વે કહેલા લક્ષણવાળા છે એટલે કે ક્ષત્રિયનો શૌર્યાદિ લક્ષણરૂપ ધર્મ આપત્કાળમાં

વિષે બ્રાહ્મણ તથા વૈશ્ય પાળે, તો તેમને ધર્મરૂપ છે. પણ અનાપદ્ વખતે પાળે તો અધર્મરૂપ છે. એથી એમ સિદ્ધ થયું કે, એકના લક્ષણરૂપ ધર્મને બીજા વર્ણો વિષે સમય જોઈ કરી ધર્મપણું ને અધર્મપણું આવે છે. વળી તેમાં પણ પ્રથમ બ્રાહ્મણના ધર્મ જે યજન કરાવવું વા ભણાવવું ઇત્યાદિ લક્ષણરૂપ છે, તે તો બ્રાહ્મણનેજ પ્રમાણ છે. એટલે કે આપદ્કાળ વિષે પણ ક્ષત્રિયે યાજનાધ્યાપનાદિ બ્રાહ્મણનું કર્મ ન કરવું. હે સંજય ! એવા આપદ્ધર્મને તું શાસ્ત્રથી જાણ. તું કહીશ કે ભિક્ષાટન પણ બ્રાહ્મણનેજ અસાધારણાએ કરીને પ્રાપ્ત છે, તે એકચક્રા વિષે તમે કેમ કર્યું તો તેનો પ્રત્યુત્તર કહું તે સાંભળ. ક્ષત્રિયોને પોતાની જીવિકાના હેતુ ધન, પૃથ્વી તથા શસ્ત્રાદિ અને વૈશ્યને ધન તથા પશ્વાદિક છે. તે સર્વ જતાં રહે ત્યારે, જેથી સંધ્યોપાસનાદિ કર્મ થાય એવું ભિક્ષાટનાદિ કરવાને ઇચ્છવું કારણ એમ ન કરે તો જીવિકાના અભાવથી કર્મ લોપ તથા પ્રાણનો નાશ થાય. અત્યંત આપદ્ વિષે ભિક્ષાટનાદિ જો કે બ્રાહ્મણનો અસાધારણ ધર્મ છે, તોપણ ઉપર કહ્યા પ્રમાણે હીન પુરૂષોએ જરૂર ગ્રહણ કરવો. હે સંજય ! પોતાની જીવિકા છતાં આપદ્ધર્મને અનુસરે, તથા આપદ્ વિષે રહેલો હોય ને જીવિકાવાળાના ધર્મને અનુસરે, તે બેઉ નિંદવા લાયક છે. આપદ્ વિષે બ્રાહ્મણોને બીજાઓની વૃત્તિથી જીવવું એ અત્યંત વિનાશરૂપ છે, માટે આપદ્ ઉતર્યા પછી અવિનાશને ઇચ્છતા બ્રાહ્મણોને વિધાતાએ પ્રાયશ્ચિત્ત કહ્યું છે. આપદ્કાળ વિષે એકને બીજાના ધર્મનો આશ્રય ઘટે છે, એમ જણાય છે. એકચક્રા વિષે અમે ભિક્ષાટન કર્યું તે અનુચિત નથી. વાસ્તે અનાપદ્ વિષે પોતાના ધર્મમાં તથા આપદ્ વિષે અન્ય ધર્મમાં રહેલાને, "ઠીક કરે છે" એમ કહેવાય. આપદ્ વિષે પોતાના ધર્મને અનુસરે તથા અનાપદ્ વિષે પારકા ધર્મને અનુસરે તેઓની તું નિંદા કરતો નહિ. મનને વશ કરવાને તથા બ્રહ્મની એકતાને ઇચ્છતા મુમુક્ષુ સંન્યાસિયોને શાસ્ત્રમાં સત્પુરૂષોના ઘર વિષે જીવિકા કહી છે. પણ જે બ્રાહ્મણ ન હોય તથા બ્રહ્મવિદ્યા સંપન્ન પણ ન હોય, તેણે તો આપદ્ અનાપદ્ વિષે જે યોગ્ય ધર્મ હોય તે માનવો. અમારા પૂર્વ પિત્રાદિક, પિતામહાદિક, યજ્ઞને ઇચ્છનારા બીજાઓ તથા સંન્યાસિયો થઇ ગયા, તે બધા પણ મેં કહેલા માર્ગ પ્રમાણે વર્તનારા હતા, હું પણ આસ્તિક છું, માટે તેથી બીજા માર્ગને નથી માનતો. હે સંજય ! પૃથ્વી વિષે જે કંઇ ધન છે તેને, વા દેવતા, કુબેર, પ્રજાપતિ તથા બ્રહ્મલોક સંબંધી ધનને પણ હું અધર્મથી ઇચ્છતો નથી, તેમ હું જો શાંતિ ને રાજ્ય છોડું તો નિંદ્ય થાઉં. ધર્મના ફળ દેનાર, કુશળ, નીતિમાન, બ્રાહ્મણોની ઉપાસના કરનાર, બુદ્ધિમાન, મોટા બળવાન રાજાઓના ભોગ ભોગવનાર મોટા યશવાળા તથા કૌરવ પાંડવ બેઉના અર્થને ઇચ્છનાર વાસુદેવ શ્રીકૃષ્ણ ભગવાન જેમ કહે છે તેમ કરૂંશું. કારણ જેની બુદ્ધિ પ્રમાણે ચાલનારા સાત્યકિ, ચેદિઓ, અંધક, વૃષ્ણિ, ભોજ, કુકુરો તથા સૃંજયો, શત્રુઓનો નિગ્રહ કરી સંબંધિયોને આનંદ પમાડે છે. જેણે નીતિમાર્ગ પ્રત્યે પમાડેલા વૃષ્ણિ, અંધક તથા ઉગ્રસેનાદિક સર્વ યાદવો, ઇંદ્ર સરખા મનસ્વી, સત્ય વિષે તત્પર, મહા બળવાન તથા ભોગવાન થયા. વળી કાશીના બભ્રુરાજા પણ સર્વને નિયમમાં રાખનાર ભાઇ સરખા શ્રીકૃષ્ણને મળી, ઉત્તમ લક્ષ્મીને પામ્યા, ને વર્ષાઋતુમાં જેમ પ્રજાને અર્થે મેઘ વર્ષે, તેમ તેની સર્વ કામના વાસુદેવ ભગવાને પુરી છે. હે તાત ! કેશવ ભગવાન મહા વિદ્વાન છે, માટે એમને તું કર્મના નિશ્ચયને જાણનારા સમજ. તેઓ અત્યંત સત્પુરૂષ તથા અમોને પ્રિય છે, માટે એમના વચનને હું ઓળંગણ નહીં કરું.

ईहशोयं केशवस्तात विद्वान् विद्धि ह्येनं कर्मणां निश्चयज्ञं ।
प्रियश्च नः साधुतमश्च कृष्णो नातिक्रमे वचनं केशवस्य ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि युधिष्ठिरवाक्ये गुर्जरभाषायामष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯ મો. શ્રીકૃષ્ણની નૈતિક સલાહ.

वासुदेव उवाच—अविनाशं संजय पांडवानामिच्छाम्यहं भूतिमेषां प्रियं च ।
तथा राज्ञो धृतराष्ट्रस्य सूत समाशंसे बहुपुत्रस्य वृद्धिं ॥१॥

વાસુદેવ કહે છે—હે સંજય ! હું પાંડવોના અવિનાશ, પ્રિય તથા સમૃદ્ધિને ઇચ્છું છું, તેમ હે સૂત ! ઘણા પુત્રવાળા ધૃતરાષ્ટ્રની પણ વૃદ્ધિ ઇચ્છું છું. હે સંજય ! મારી તો નિરંતર એજ ઇચ્છા છે, ને પાંડવોને પણ "શાંતિ મળો" એજ નિરંતર કહું છું બીજું કંઇ નથી. કહેતો. યુધિષ્ઠિરથી પણ પ્રિયજ સાંભળું છુ. હું પણ તેમજ ઇચ્છું છું. હે સંજય ! તે રાજ્ય વિષે શમ થવો પાડવો દુષ્કર ધારે છે, કારણ પુત્ર સહિત ધૃતરાષ્ટ્ર રાજા સમગ્ર રાજ્યની ઇચ્છા રાખે છે. કૌરવોનો કલહ શા માટે વૃદ્ધિ ન પામે. હે સંજય ! મારાથી તથા યુધિષ્ઠિરથી ધર્મ ચલાયમાન થતો નથી એમ તું જાણે છે. ઉત્સાહવાન અને પોતાના કર્મને પાળનાર તથા શાસ્ત્ર પ્રમાણે કુટુંબ વિષે રહેનાર યુધિષ્ઠિરના ધર્મનો લોપ શા માટે કહે છે ? યુધિષ્ઠિર જે રીતે ગૃહસ્થાશ્રમ પાળે છે તે રીતે વેદમાં વિધાન છે; જો કે બ્રાહ્મણોની ગૃહસ્થાશ્રમ વિષે અનેક પ્રકારની રીતિયો છે, તથાપિ વેદમાં કહ્યા પ્રમાણે ગૃહસ્થાશ્રમ સર્વથી શ્રેષ્ઠ છે. કેટલાક પુરૂષો કર્મથી પરલોક વિષે સિદ્ધિ કહે છે, તેમ કેટલાક પુરૂષો કર્મનો ત્યાગ કરી બ્રહ્મવિદ્યાથી સિદ્ધિ છે, એમ કહે છે, પણ વિદ્વાન હોય તોપણ ભક્ષ્ય ભોજન પદાર્થોને ખાતો ન હોય, તો તૃપ્ત થાય નહીં, માટે સંન્યાસીયોને પણ ભોજન ગૃહસ્થનું લેવા કહેલું છે. બીજા આશ્રમથી મળતું જ્ઞાન ગૃહસ્થે મેળવવું, પણ ગૃહસ્થથી થતા યજ્ઞાદિ બીજા આશ્રમમાં થઇ શકતા નથી, માટે ગૃહસ્થપણા વિષે સમગ્ર ધર્મ રહેલા છે. બ્રહ્મવિદ્યા પણ કર્મસાધક છે, તે જ સફળ છે, બીજી નથી. અને જેમ તૃષાથી પીડાયલો પુરૂષ જળપાન કરી શાંતિ પામે છે, તેમ કર્મ તથા તેના અભાવનો વિચાર કર્યેથી કર્મ અહિંજ ફળ દેનારૂં થાય છે. હે સંજય ! જ્ઞાનનો વિધિ કર્મ સહિતજ કહેલો છે, અનુષ્ઠાન કર્યેથી કર્મ નાશ પામે છે એટલે કે કર્મ સહિત જ્ઞાન સકળ કર્મના નાશનો હેતુ છે. જે પુરૂષ કર્મથી રહિત જ્ઞાનને શ્રેષ્ઠ માને છે, તે દુર્બળનું બોલવું ફોકટ છે. કર્મથી પરલોક વિષે દેવતાઓ શોભે છે અને વાયુ પણ ગતિ કરે છે. દિવસ રાત્રિને કરનાર સૂર્ય કર્મથીજ નિત્ય સાવધાન થઇ ઉદય પામે છે, અને ચંદ્ર પણ માસ, અર્ધ માસ તથા નક્ષત્રયોગને સાવધાન થઇ કર્મે કરીને પામે છે. પ્રજ્વલિત થઇ પ્રજા વારતે કર્મ કરતો અગ્નિ પણ કર્મે કરીનેજ સાવધાન થઇ દાહ કરે છે. દેવી પૃથ્વી પણ બળથી સાવધાન થઇ આ મોટા ભારને ધારણ કરે છે, નદીયો પ્રાણિયોને તૃપ્ત કરતી સાવધાન થઇ પાણીને વહે છે. ઘણાક તેજવાળો મેઘ પણ અંતરિક્ષ તથા દિશાઓમાં ગર્જના કરતો સાવધાન થઇ વર્ષે છે. દેવતાઓમાં શ્રેષ્ઠપણાને ઇચ્છતો ઇંદ્ર પણ પૂર્વે સાવધાન થઇ, [illegible]

કરી બ્રહ્મચર્ય પાળીને કર્મથી શ્રેષ્ઠપણાને પામ્યો હતો. સત્ય, ધર્મ, દમ, તિતિક્ષા, સમતા તથા પ્રિયતાને સેવીને દેવતાઓના રાજ્યને પામ્યો. તીક્ષ્ણ બુદ્ધિવાળા બૃહસ્પતિ પણ ઇંદ્રિયોને નિયમમાં રાખી તુચ્છ સુખનો ત્યાગ કરી, સાવધાન થઇ યથાર્થ બ્રહ્મચર્ય પાળી, દેવતાઓના ગુરૂપણાને પામ્યા. હે સૂત ! નક્ષત્રો પણ કર્મ કરીનેજ પરલોક વિષે શોભે છે. રૂદ્ર, આદિત્ય, વસુ, વિશ્વદેવ, યમરાજા, કુબેર, ગંધર્વ, યક્ષ તથા અપ્સરાઓ, પણ કર્મથીજ દેવલોકમાં શોભે છે. ઋષિયો પણ બ્રહ્મવિદ્યા, બ્રહ્મચર્ય તથા ક્રિયાને સેવીનેજ પરલોક વિષે શોભે છે. હે સંજય ! એ રીતે સર્વ લોકના ધર્મને અને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યના ધર્મને તું પણ જાણે છે. જાણનારાઓમાં જ્ઞાનવાન થઇ કૌરવ વાસ્તે પાંડવોનો કેમ નિગ્રહ કરે છે ? કારણ કે, આ યુધિષ્ઠિર તો હંમેશ વેદ ભણનાર અશ્વમેધ તથા રાજસૂય યજ્ઞ કરનાર, હંમેશ ધનુષ કવચ તથા શસ્ત્ર ધારણ કરનાર અને હાથી, ઘોડા ઇત્યાદિ વાહન ઉપર બેસનાર છે, એટલે કે એને શિક્ષા કરવાને યોગ્ય અથવા જીતવા લાયક બીજો કોઇ નથી. આ પાંડવોને જો રાજ્ય પ્રાપ્તિ માટે કૌરવોને મારવા વગર બીજો ઉપાય જાણવામાં આવ્યો હોત, તો ભીમસેનને અહિંસામાં યોજી એઓ પુણ્યરૂપ કર્મનું રક્ષણ કરત; પણ હવે બીજો ઉપાય રાજ્યપ્રાપ્તિ વાસ્તે રહ્યોજ નથી, માટે ક્ષાત્રધર્મ યુદ્ધવિષે સ્વશક્તિ પ્રમાણે પોતાના ધર્મને પાળતા પાંડવો કદી દૈવ વશથી મૃત્યુ પામે તો એ મૃત્યુ પણ તેઓને કલ્યાણરૂપ છે. શાંતિજ કરવી, એમ કદી તું માનતો હોય તો રાજાઓને યુદ્ધ કરવું એ ધર્મ છે, કે યુદ્ધ ન કરવું એ ધર્મ છે ? એ બેઉ પક્ષ વિષે જે તુ કહે તે હું સાંભળું. હે સંજય ! ચાર વર્ણના વિભાગને જોઇ, તારૂં પોતાનું શું કર્મ છે તે જોઇ, અને પાંડવોનો શું ધર્મ છે તે વિચારી પછી તારી બુદ્ધિ પ્રમાણે પ્રશંસા વા નિંદા કર.

બ્રાહ્મણોએ વેદ ભણવો, યજન કરવું, દાન કરવું, ઉત્તમ તીર્થો પ્રત્યે જવું, વેદ ભણાવવો, યજન કરાવવા યોગ્યને યજન કરાવવું તથા યોગ્ય પ્રતિગ્રહ કરવો રાજાઓએ સાવધાન થઇ ધર્મથી પ્રજાનું રક્ષણ કરવું, દાન આપવું અને સર્વ વેદ ભણી અનેક યજ્ઞ કરી ઇશ્વરનું યજન કરવું. એ પ્રમાણે પવિત્ર કર્મ કરતાં સ્ત્રિયો સહિત ઘરમાં રહી રાજાઓએ ગૃહસ્થાશ્રમ ધર્મ પાળવો. એ રીતે ગૃહસ્થાશ્રમ ધર્મ પાળનાર ક્ષત્રિય, ધર્મના પ્રભાવથી બ્રહ્મલોક પ્રત્યે જાય, ને આલોકમાંજ કૃતાર્થ થાય. વૈશ્યોએ પણ વેદ ભણી, ખેતી, ગાયોની રક્ષા અથવા વ્યાપારથી ધન સંપાદન કરી, સાવધાન થઇ તે સાચવવું, બ્રાહ્મણ તથા ક્ષત્રિયનું પ્રિય કરવું અને ધર્મશીલ થઇ પવિત્ર કર્મ કરતાં ગૃહસ્થાશ્રમી થઇ રહેવું. શૂદ્રોએ ત્રણ વર્ણની સેવા કરવી, બ્રાહ્મણોને વંદન કરવું, વેદ ભણવો નહીં તેમ યજ્ઞ પણ કરવો નહીં; તથા સમૃદ્ધિ વાસ્તે સાવધાન થઇ નિરંતર ઉદ્યમ કર્યા જવો. એ રીતે પ્રાચીન ધર્મ કહેલો છે. એ સર્વ વર્ણોને પાળનાર અને પોત પોતાના ધર્મ વિષે યોજના કરનાર તથા ઇંદ્રિયોને નિયમમાં રાખી પ્રજાવિષે સમાનપણાથી વર્તનાર રાજાએ, કામનાથી અધર્મિયોને નહિં અનુસરીને રાજ્ય કરવું. જ્ઞાનથી વા ધર્મથી જે અત્યંત શ્રેષ્ઠ તથા સર્વ ધર્મ સંપન્ન હોય તે યુધિષ્ઠિરને યોગ્ય કહેવાય. મેં કહેલો સર્વ ધર્મ યુધિષ્ઠિર વિષે છે, અધર્મ નથી. જ્યારે ચોર સરખો ક્રૂર રાજા પ્રજાને ગ્રહણ કરી પારકા ઐશ્વર્યની ઇચ્છા કરે, ત્યારેજ રાજાઓનું યુદ્ધ થાય છે; જે વાસ્તે ઇંદ્રે કવચ, શસ્ત્ર તથા ધનુષ ઉત્પન્ન કર્યાં છે, માટે ચોરને મારવાથી પુણ્ય થાય છે. હે સંજય ! જેમ પરદ્રવ્ય દોષ, ઇંદ્રથી થયો; તેમ આ તીવ્ર ઉપદ્રવ છે,

[illegible] ન જાણનાર તથા [illegible]ને જાણનાર કૌરવોના નિશ્ચિતથી [illegible] થયો, જો [illegible] નહિં ધર્મથી પ્રાપ્ત થયેલું પોતાના પિતા પાંડુનું રાજ્ય, પાંડવો પાસેથી પુત્ર સહિત [illegible] અકસ્માત્ હરણ કરી લીધું, ને તેને અનુસરતા કૌરવોએ પ્રાચીન [illegible] [illegible] નહિં. હે સંજય ! ઢીઠા વગર ધન હરણ કરનાર ચોર વા નજરે જોતાં [illegible] ધન [illegible] જનાર પુરુષ જેમ નિંદવા લાયક છે, તેમ ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન પણ દુષ્ટ છે, [illegible] તે પણ તેવો છે. દુર્યોધનની ઇચ્છાને અનુસરવાથી ધૃતરાષ્ટ્ર લોભાવિષ્ટ થઇ, છળથી [illegible] હરણને ધર્મ માને છે. વનવાસ પછી આપવા ઠરાવેલો પાંડવોનો રાજ્ય ભાગ તેઓ શું કરવા નથી આપતા ? અવશ્ય ગ્રહણ કરવા લાયક ભાગ નિશ્ચિત યુદ્ધ કરતાં અમારો વધ પણ પ્રશંસા કરવા લાયક છે. પરરાજ્યથી પિતાનું રાજ્ય શ્રેષ્ઠ છે. હે સંજય ! આ પ્રાચીન રાજધર્મો રાજાઓના મધ્યમાં કૌરવોને કહે, ને ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને મદથી યુદ્ધ વાસ્તે બોલાવેલા મૂઢ રાજાઓ પણ મૃત્યુ વશ થશે એમ જાણ; કારણ દુર્યોધનનું કર્મ પાપરૂપજ છે. પૂર્વે સભાના મધ્યમાં બનેલું કૌરવોનું વૃત્તાંત કહું તે સાંભળ. શીલ તથા રૂપસંપન્ન, [illegible], રજસ્વળાપણાથી ઘર સંબંધી કામથી રૂંધાએલી તથા સભાના મધ્યમાં [illegible] પાંડવોની પ્રિય સ્ત્રી દ્રૌપદીની ભીષ્માદિ કૌરવોએ ઉપેક્ષા કરી; પણ જો તે વખતે કુમાર સહિત વૃદ્ધ કૌરવો એકઠા થઇ દુઃશાસનને વારત, ને ધૃતરાષ્ટ્ર પણ મારૂં પ્રિય કરત, તો તેના પુત્ર દુર્યોધનાદિકનું પણ પ્રિય થાત. તેમ તેઓએ ન કર્યું, માટે હવે તો તેના પુત્રોનો નાશજ થશે. દુઃશાસન અન્યાયથી શ્વશુરોના મધ્યમાં દ્રૌપદીને સભામાં લઇ આવ્યો, ત્યારે દીનની પેઠે રોતરડ જોતી દ્રૌપદીની વિદુર વગર બીજા કોઇએ રક્ષા ન કરી. સભામાં દીનપણાથી [illegible] રાજાઓ ધૃતરાષ્ટ્રને કહેવા સમર્થ થયા નહીં, એક વિદુરેજ માત્ર ધર્મબુદ્ધિથી ધર્મરૂપ અર્થ અલ્પબુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રને કહ્યો. હે સંજય ! તું તે સભાને વિષે બનેલું વૃત્તાંત [illegible] વગર પાંડવોને ધર્મ ઉપદેશ કરવાને ઇચ્છે છે, પણ તે સભામાં દ્રૌપદીએ તો અત્યંત દુષ્કર એવું શુદ્ધ કર્મ કર્યું હતું. પાંડવોનો કષ્ટથી ઉદ્ધાર કર્યો, તેટલુંજ નહીં પણ મોટા સમુદ્રથી નાવની પેઠે પોતાના આત્માનો પણ ઉદ્ધાર કર્યો અને સભામાં ઉભેલી દ્રૌપદી પ્રત્યે [illegible] શ્વશુરોની સમીપ કર્ણે કહ્યું હતું કે " હે દ્રૌપદી ! હાલ બીજે ક્યાંય તારી ગતિ નથી, વાસ્તે દાસી થઇ દુર્યોધનના ઘરમાં જા, કારણ તારા પતિ પરાજય પામ્યા છે. તારા પતિ [illegible] નથી, માટે ઇચ્છાથી બીજા પતિને વર. " એ રીતે કર્ણનાં વચનરૂપી, તીક્ષ્ણ તેજવાળું, મર્મસ્થાન ભેદનાર તથા અસ્થિ કાપનાર બાણ જે અર્જુનના હૃદયમાં વાગેલું છે, તે [illegible] [illegible] સાલ્યાં કરે છે. વન જવા વખતે કાળિયાર મૃગનાં ચર્મ પહેરતા પાંડવો પ્રત્યે, દુઃશાસને આવી રીતે કટુ વચન કહ્યાં હતાં કે, " આ ષંઢતિલ સમ નકામા સર્વ પાંડવો નાશ પામી ઘણા કાળ પર્યંત નરકમાં રહેશે. " તેમજ દ્યૂતકાળે ગંધાર દેશના રાજા શકુનિએ પણ છળથી યુધિષ્ઠિરને કહ્યું તું કે, નાના ભાઇઓને તું હારી ગયો, હવે તારે શું છે ? દ્રૌપદીનું પણ કરી રમ. હે સંજય ! એ રીતે દ્યૂત વિષે જે નિંદ્ય વાક્ય કહ્યાં છે, તે બધાં તું જાણે છે. તોપણ તે નાશ પામેલા કાર્યને સમું કરવા હું પોતે ત્યાં જવાને ઇચ્છું છું. પાંડવો વાસ્તે કૌરવોને સતાવ્યા વગર જો શાંતિ પમાડવાને સમર્થ થાઉં, તો મારૂં પણ [illegible] પવિત્ર ચરિત્ર વિખ્યાત થાય, ને કૌરવો પણ મૃત્યુ પાશથી છૂટી જાય. જો [illegible] [illegible] મારી નીતિયુક્ત ધર્મવતી તથા શાંતિરૂપ વાણીને સાંભળે અને પાળે [illegible] [illegible] તેઓ જો સત્કાર કરું તો [illegible] [illegible]. [illegible] જો ન થયું, તો [illegible] [illegible]

[illegible] ભીમસેનથી તેઓ જરૂર નાશ પામશે. ધૃતરાષ્ટ્રના પુત્રો પોતાના [illegible] પામવાના છે એમ જાણજો. દ્યૂત થઇ રહ્યું તે વખતે પરાજય પામેલા પાંડવો [illegible], ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને મર્મસ્થાનને ભેદનાર જે કડવાં વચન કહ્યાં હતાં તે [illegible] ભીમસેન ગદા હાથમાં લઇ યુદ્ધ આવ્યે દુર્યોધનને સ્મરણ કરાવશે. ક્રોધમય દુર્યોધનરૂપી મોટું વૃક્ષ છે, કર્ણ તેની સ્કંધ છે, શકુનિ તેની શાખા છે, દુઃશાસન તેનાં પુષ્પ તથા ફળ છે, અને બુદ્ધિ રહિત ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે.

ધર્મમય યુધિષ્ઠિરરૂપી મોટું વૃક્ષ છે, અર્જુન એની સ્કંધ છે, ભીમસેન એની શાખા છે, નકુળ તથા સહદેવ એનાં પુષ્પ અને ફળ છે, અને વેદ, બ્રાહ્મણ તથા હું એનાં મૂળ [illegible]. હે સંજય! પુત્ર સહિત ધૃતરાષ્ટ્ર રાજા વન છે અને પાંડુના પુત્રો વ્યાઘ્ર છે માટે વ્યાઘ્ર સહિત વનનો નાશ ન થાઓ. વન વગરનો વ્યાઘ્ર નાશ પામે, તેમ વ્યાઘ્ર વગરનું વન પણ નાશ પામે, માટે વન તથા વ્યાઘ્રે પરસ્પર એક બીજાનું પાલન કરવું. હે સંજય! ધૃતરાષ્ટ્રના પુત્રો વેલરૂપ છે તથા પાંડવો સાગના વૃક્ષરૂપ છે, મોટા વૃક્ષના આશ્રય વગર વેલ વૃદ્ધિ પામતી નથી. શત્રુને દમન કરનાર પાંડવો સેવા કરવા તથા યુદ્ધ કરવા પણ તૈયાર છે, માટે ધૃતરાષ્ટ્રનું કૃત્ય હોય તે કરો. હે વિદ્વાન સંજય! ધર્માચરણ કરનાર મહાત્મા પાંડવો યુદ્ધ કરવામાં કુશળ તથા સમર્થ છતાં શાંત થઇ બેઠા છે, એમ તું ધૃતરાષ્ટ્રને કહેજે.

स्थिताः शमे महात्मानः पांडवा धर्मचारिणः ।
योधाः समर्थास्तद्विद्वन्नाचक्षीथा यथातथं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि कृष्णवाक्ये कुर्वरमाणायामेकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥

અધ્યાય ૩૦ મો. પુરોહિત દ્વારા સર્વેને કહાવેલું કુશળ.

संजय उवाच–आमंत्रये त्वां नरदेवदेव गच्छाम्यहं पांडवस्वस्ति तेऽस्तु ।
कच्चिन्नवाचा वृजिनं हि किंचिदुच्चारितं मे मनसोभिषंगात् ॥१॥

સંજય કહે છે—હે રાજાઓના રાજા યુધિષ્ઠિર! તમારી આજ્ઞા માગી હું જાઉં છું, તમારૂં કલ્યાણ થાઓ. મનના આવેશથી વાણીએ કરી મારાથી કંઇ ખરાબ તો નથી કહેવાયું? હવે જનાર્દન ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ, સાત્યકિ, ચેકિતાન [illegible] હું જાઉં છું, તમારૂં સુખરૂપ કલ્યાણ થાઓ, મારી ઉપર કૃપા રાખજો. તે [illegible] યુધિષ્ઠિરે કહ્યું કે હે સંજય! હે વિદ્વાન્! અમારી આજ્ઞાથી તું જા, તારૂં કલ્યાણ [illegible]. [illegible] અપ્રિય લાગ્યું હશે, એમ ધારતો ના. તને તો સર્વ કૌરવો તથા અમે, તું શુદ્ધ બુદ્ધિવાળો અને સભાનો મધ્યસ્થ છે, એવું જાણીએ છીએ. હે સંજય! તું તો [illegible] આવેલો છે, તોપણ કલ્યાણરૂપ વાણી બોલનારો, શીલવાન તથા તૃપ્તિમાન હોવાથી [illegible] પ્રિય છે. હે સંજય! તું મતિ વિષે કદી મોહ પામતો નથી, અને કદી દુર્વચન [illegible] ક્રોધ પામતો નથી. મર્મસ્થાનને ખુંચે એવી રૂક્ષ તથા કડવાણી અને [illegible] તું બોલતો નથી. હે સૂત! અમે તારી વાણીને ધર્મ જેવી [illegible] છે, [illegible] [illegible] જાણીએ છીએ. [illegible] આવતે અત્યંત પ્રિય [illegible] છે, [illegible] વિદુર [illegible],

કે જ્યાંહીં આવે. મૂર્ખે પણ તને નિરંતર જોયો છે, ને અર્જુનને તો તું પોતા શરીરથી ભિન્ન જેમ છે.' હે સંજય! અહિંથી જઇને જલદી અત્યંત શુદ્ધ છે પરાક્રમ જેમનું, બ્રહ્મચર્ય પાળી વેદાધ્યયન જેમણે કરેલું છે, સત્કુલમાં ઉત્પન્ન થએલા તથા સર્વ ધર્મયુક્ત જે બ્રાહ્મણો છે, તેમને મારા વચનથી પ્રણામ કરજે. તેમજ જે અંગો સહિત વેદ ભણનાર બ્રાહ્મણો, સંન્યાસિયો નિરંતર વનમાં રહેનાર તપસ્વિયો તથા વૃદ્ધ પુરૂષો હોય, તેમને પણ મારા વચનથી પ્રણામ કરજે; બીજાઓને કુશળ પૂછજે. હે સંજય! ધૃતરાષ્ટ્ર રાજાના પુરોહિત, આચાર્યો તથા જે તેમના ઋત્વિજો હોય, તેઓની સાથે મળી તેઓને મારા યથાયોગ્ય કહી કુશળ પૂછજે. શીલ, બળે યુક્ત, શૂરવીર તથા વૃદ્ધ શુદ્રાદિક જે અમારી ખબર પૂછતા તથા સંભારતા હોય, ને કંઇ પણ ધર્માચરણ કરતા હોય, તેઓને પણ મારા વચનથી યથાયોગ્ય કહી કુશળ પૂછજે. વાણિજ્યાદિકે કરી જીવનાર તથા જે સ્થાનક ઉપર બેઠેલા છે, તેઓ પ્રત્યે પણ પ્રથમ મારૂં કુશળ કહી તેમનું કુશળ પૂછજે. જેમણે બ્રહ્મચર્ય પાળી સંપૂર્ણ વેદાધ્યયન કર્યું છે, તથા સંપૂર્ણ અસ્ત્રવિદ્યા જેમણે સંપાદન કરી છે, તે અમારા આચાર્ય દ્રોણને મારાં વચનથી પ્રણામ કરજે. તેમજ જેણે વેદવિદ્યા તથા અસ્ત્રવિદ્યા સંપાદન કરી છે, ગંધર્વના પુત્રની જેને ઉપમા અપાય એવા વેગવાન ગુરુપુત્ર અશ્વત્થામાને કુશળ પૂછજે. હે સંજય! આત્મવેત્તાઓમાં શ્રેષ્ઠ, મહારથિ શરદ્વાનના પુત્ર કૃપાચાર્યને ઘેર જઇ, મારી વારંવાર કુશળતાનાં કીર્ત્તન કરી મારા વચનથી તેમના ચરણનો સ્પર્શ કરજે. વળી જેને વિષે શૌર્ય, અક્રૂરપણું, તપશ્ચર્યા, પ્રજ્ઞા, શીલ, અસ્ત્ર, બળ તથા ધૈર્ય ઇત્યાદિ સદ્ગુણો હમેશ રહ્યા છે, તે કુરૂકુળમાં શ્રેષ્ઠ ભીષ્મના ચરણો પ્રત્યે મારા પ્રણામ કરી મારૂં કુશળ કહેજે.' તેમ હે સંજય! પ્રજ્ઞારૂપી જેને નેત્ર છે, કૌરવોને નિયમમાં રાખનાર, બહુશ્રુત, વૃદ્ધની સેવા કરનાર તથા બુદ્ધિમાન છે તે વૃદ્ધ ધૃતરાષ્ટ્રને મારા પ્રણામ કરી કુશળતા કહેજે; તેમનો મોટો પુત્ર જે મંદ મૂર્ખ, શઠ તથા પાપશીલ છે, અને સમસ્ત પૃથ્વીને જેણે શિક્ષા કરી છે, તે દુર્યોધનને કુશળ પૂછજે. હે સંજય! સરખા સ્વભાવવાળો તેનો નાનો ભાઇ જે મંદ, કૌરવોમાં અત્યંત શૂરવીર તથા મોટા ધનુષ્યવાળો છે, તે દુઃશાસનને પણ કુશળ પૂછજે. હે સંજય! જેના મનમાં હંમેશ એવોજ અભિલાષ છે કે ભારતોમાં શાંતિ થાય તો સારૂં, તે બાહ્લિકોમાં શ્રેષ્ઠ, બુદ્ધિમાન, રૂડા સ્વરૂપવાળા, અનેક ઉત્તમ ગુણે કરી યુક્ત, વિજ્ઞાનવાન, કોમળ વચનવાળા, અને સ્નેહથી હંમેશ ક્રોધ સહન કરનારા સોમદત્ત મારે પૂજનીય છે, માટે તેમને મારા પ્રણામ કહેજે. કૌરવોમાં અત્યંત યોગ્ય, અમારો ભાઇ, મારો મિત્ર; મોટા ધનુષ્યવાળો તથા રથિમાં ઉત્તમ અમાત્ય સહિત સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા છે, તેને કુશળ પૂછજે. બીજા પણ જે કૌરવોમાં મુખ્ય, યુવાવસ્થાવાળા, અમારા પુત્ર પૌત્રો તથા ભાઇઓ છે, તેમને પણ યથાયોગ્ય કહી કુશળ પૂછજે. પાંડવો સાથે યુદ્ધ કરવા માટે દુર્યોધને બોલાવેલા, પૂર્વ, ઉત્તર તથા દક્ષિણ દિશાથી આવેલા વસાતિયો, શાલ્વક, કેકય, અંબષ્ઠ તથા મુખ્ય ત્રિગર્તો, અને પશ્ચિમ દિશાના શૂરવીર પર્વતોના સર્વ રાજાઓ છે, તે શીલ તથા વૃત્ત સંપન્ન, ક્રોધ રહિત છે તે સર્વને કુશળ પૂછજે. હસ્તિના માવત, રથમાં બેસનારા, ઘોડેસ્વાર, પાયદળ, તથા મોટા શ્રેષ્ઠ પુરૂષના સમુદાયો હોય, તેઓ સર્વને મારૂં કુશળ કહી તેમનું કુશળ પૂછજે. રાજાના અર્થયુક્ત અમાત્યો, દ્વારપાળો, તથા સેનાના અધિપતિયોને અને આમખર્ચ તથા ખર્ચના હિસાબ રાખનાર તથા મોટા અર્થનું નિરંતર ચિંતન કરનાર હોય, તેઓને પણ કુશળ પૂછજે. હે સંજય! કૌરવોમાં શ્રેષ્ઠ; મહા બુદ્ધિમાન, સર્વ ધર્મ-

જાણનાર ને યુદ્ધ જેને રૂચતું નથી એવા વૈશ્યાપુત્ર યુયુત્સુને મારાં વચનથી કુશળ પૂછજે. વળી ધનના અપહાર વિષે તથા પાસા રમવામાં જેના સરખો બીજો કોઇ નથી એવો પ્રસન્ન રીતે છળ કરનાર, અક્ષવિદ્યામાં કુશળ, સારી રીતે રમનાર અને સંગ્રામવિષે દેવરથે કરીને પણ દુર્જય ચિત્રસેનને કુશળ પૂછજે. હે સંજય ! કંધારના રાજા, ધન અપહાર વિષે અદ્વિતીય, પાસે રમનાર, પર્વતવાળી જમીનના અધિપતિ તથા મિથ્યા બુદ્ધિવાળા દુર્યોધનને માન આપનાર શકુનિને કુશળ પૂછજે. જે શૂરવીર, એક રથે કરી કોઇથી ધર્ષણ થાય નહીં એવા પાંડવો જીતવાને ઉત્સાહ કરે છે, ને મોહ પામનાર કૌરવોને વિશેષ મોહ ઉપજાવે છે, તે કર્ણને પણ કુશળ પૂછજે. વળી જે અમારો ભક્ત, માતા, પિતા, ગુરૂ, સ્વામી, સંબંધી તથા મંત્રી છે, તે અગાધ બુદ્ધિવાળા દીર્ઘદર્શી વિદુરને મારા વચનથી કુશળ પૂછજે. હે સંજય ! ગુણવાન વૃદ્ધ સ્ત્રિઓ જેઓને અમારી માતાઓ જાણે છે, તે સર્વ સ્ત્રિયો પાસે જઇ મારા વચનથી પ્રણામ કરજે, અને પૂછજે કે કુશળ છે પુત્ર જેના એવા તમારા પુત્રો, તમારી રીતિ પ્રમાણે શાંતપણાથી સારી રીતે વર્તે છે. વળી એમ કહ્યા પછી કહેજે કે, પુત્ર સહિત યુધિષ્ઠિર કુશળ છે. હે સંજય ! ત્યાં જે અમારા ભાઇયોની સ્ત્રિયો છે, તેમને તું જાણે છે, વાસ્તે તેઓ સર્વને કુશળ પૂછજે અને કહેજે કે, સારી રીતે છે રક્ષણ જેનું, સુગંધ યુક્ત તથા વખાણવા લાયક તમે સાવધાન થઇ ઘરો પ્રત્યે વસો છો ને શ્વશુરો ઉપર શાંતરૂપ કલ્યાણકારક વર્તણુંકથી વર્તો છો તેમજ જે રીને તમારા પતિ અનુકૂળ થાય તે રીતે વર્તજો. વળી હે સંજય ! જે અમારી પુત્રવધૂ સુકુળમાંથી પ્રાપ્ત થયેલી તથા ગુણસંપન્ન તું જાણે છે, તેઓ પ્રત્યે કહેજે કે, પ્રસન્ન થઇ યુધિષ્ઠિરે તમોને કહ્યું છે કે તમે પ્રજાવાન થાઓ, અને ઘરમાં કન્યાઓ હોય, તેઓને મારા વચનથી કુશળ પૂછીને મળજે, ને કહેજે કે, તમોને કલ્યાણરૂપ અનુકૂળ પતિ પ્રાપ્ત થાઓ. તમે પણ પતિયોને અનુકૂળ થજો. વળી હે તાત ! શણગારેલી, ઉત્તમ વસ્ત્રયુક્ત, રૂડા ગંધવાળી નથી બિભત્સ ચરિત્ર જેમનું, સુખ તથા ભોગ સંપન્ન અને જેમનું દર્શન તથા વાણી ચિત્તને હરણ કરે તેવાં છે, તે વેશ્યાઓને પણ કુશળ પૂછજે. તેમજ કૌરવોની જે દાસીયો તથા દાસો અને તેમનો આશ્રય કરનાર જે ખુંધા તથા લંગડા હોય, તેઓ પ્રત્યે પણ મારૂં કુશળ કહી તેમને કુશળ પૂછજે. અંગહીન, કૃપણ તથા વામન ઇત્યાદિને પૂછજે કે, તમારી જે પ્રાચીન વૃત્તિ છે, જેને ધૃતરાષ્ટ્ર ચલાવતા હતા, તે દુર્યોધન ચલાવે છે કે નહિ ? વળી સર્વ અંધ, વૃદ્ધ તથા હાથીથી જીવનારાઓ પ્રત્યે પણ મારૂં કુશળ કહી તેમને કુશળ પૂછજે. કહેજે કે દુ:ખથી તથા કુજીવિતથી તમો ભય ધરશો નહીં. નિશ્ચય પૂર્વે તમોએ પાપ કરેલું હશે તોપણ હું શત્રુઓનો નિગ્રહ અને સંબંધીનો અનુગ્રહ કરી, અન્ન તથા વસ્ત્રોથી તમારૂં પોષણ કરીશ. વળી દુર્યોધનને કહેજે કે બ્રાહ્મણોને અર્થે જે જે પ્રતિવર્ષ દેવાતી જીવિકા મેં નિમેલી છે, તે તારા અધિકારી ચલાયમાન તો નથી કરતા ? "તમારૂં નિમેલું હું પાળું છું," એ રીતે દૂત દ્વારા દુર્યોધન મને સમાચાર મોકલે તેમ કરજે. અનાથ, સર્વકાળ દુર્બળ તથા પોતે કંઈ કરી શકે નહીં એવા મૂઢ કૃપણોને પણ મારા વચનથી કુશળ પૂછજે. હે સતપુત્ર ! બીજાપણ જે નાના પ્રકારની દિશાઓમાંથી આવેલા દૂતો દુર્યોધનાદિકનો આશ્રય કરી રહેલા હોય, તેઓને તથા બાકી જે યોગ્ય લોક, તે સર્વેને કુશળ પૂછજે. એજ રીતે સર્વ અભ્યાગતોને અને સર્વ દિશાઓમાંથી પ્રાપ્ત થયેલા રાજાઓના દૂતોને કુશળ પૂછી તેઓને મારૂં કુશળ કહેજે. જે યુદ્ધ કરનારાઓ દુર્યોધનને પ્રાપ્ત થયેલા છે, તેવા પૃથ્વીમાં બીજા કોઇ નથી પણ મારે તો અવિનાશી [illegible] [illegible]

[illegible] મારે કરવા સમર્થ છે. હે સંજય ! વળી આ વચન ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને [illegible] કહેજે કે, જે તારા શરીરને ખેદ પમાડતો હૃદયમાં અભિલાષ છે કે, " હું શત્રુ રહિત થઈ સર્વતને વશ રાખું, " એમ બનવાનો કંઇ સંભવ નથી; ને અમે એવા નહિ [illegible] તારું પ્રિય થાય માટે હે વીર ! કાં તો મને ઇંદ્રપ્રસ્થ આપ, ને કાં તો યુદ્ધ કર.

न विद्यते युक्तिरेतस्य काचिन्नैवं विधाः स्यामयथाप्रियं ते ।
ददस्व वा शक्रपुरीं ममैव युध्यस्व वा भारतमुख्यवीर ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि युधिष्ठिरसंदेशे त्रिंशोऽध्यायः ॥ ३० ॥

અધ્યાય ૩૧ મો. યુધિષ્ઠિરે કહાવેલો સંદેશ.

युधिष्ठिर उवाच—उतसंतमसंतं वा बालं वृद्धं च संजय ।
उताबलं बलीयांसं धाता प्रकुरुतेवशे ॥ १ ॥

યુધિષ્ઠિર કહે છે–હે સંજય ! સત્પુરુષ, દુષ્ટ, બાળક, વૃદ્ધ, નિર્બળ તથા બળવાન એ સર્વને ઇશ્વર વશ કરે છે, પૂર્વ કર્મને અનુસારે ઇશ્વર મૂઢને પંડિતપણું અને પંડિતને મૂઢપણું આપે છે. હે ગવલ્ગણના પુત્ર ! બળ જાણવાને ઇચ્છતા ધૃતરાષ્ટ્રને, પ્રસન્નતાથી યથાર્થ અનુમોદન કરીને જેમ છે તેમ કહેજે. તે આવી રીતે કે, કૌરવો પ્રત્યે જઇ પ્રથમ મહા-બળવાન ધૃતરાષ્ટ્રને પ્રણામ કરી પગમાં પડીને કુશળ પૂછજે. કૌરવોથી વિંટાઇને બેઠેલા રાજાને કહેજે કે, હે રાજન્ ! તારા પ્રસાદથીજ પાંડવો સુખે કરી જીવે છે; તેમજ હે શત્રુને દમન કરનાર ! તમારા પ્રસાદથી બાળક પાંડવો પૂર્વે રાજ્યને પ્રાપ્ત થયા હતા, તેઓને રાજ્ય ઉપર સ્થાપન કરી હાલ નાશ પામતા તેઓની કેમ ઉપેક્ષા કરો છો ? હે સંજય ! વળી કહેજે કે, આ સર્વ બ્રહ્માંડ પણ કોઇ અસંતોષી એકને પૂરું થાય તેમ નથી ત્યારે રાજ્યની પ્રાપ્તિજ થાય ! વાસ્તે હે તાત ! આપણે સર્વ એકઠા મળી જીવિયે. વૃથા શત્રુને વશ માં થાઓ. વળી હે સંજય ! ભારતોના પિતામહ શંતનુના પુત્ર ભીષ્મને પણ મારું નામ લઇ મસ્તકથી પ્રણામ કરજે; અને અમારા તે પિતામહને કહેજે કે તમે બૂડેલો શંતનુનો વંશ ફરીથી ઉદ્ધાર કરેલો છે, માટે હે પિતામહ ! તમે તમારા મતથી એવી રીતે કરો કે જેથી તમારા પૌત્રો પરસ્પર પ્રીતિમાન થઇ સંપસંપીને રહે. હે સંજય ! તેમજ મારા વચનથી કૌરવો સંબંધી સદ્વિચાર ધારણ કરનાર વિદુરને પણ કહેજે કે, હે સૌમ્ય ! યુધિષ્ઠિરનું હિત ઇચ્છનાર તમે યુદ્ધ ન થાય તે રીતે બતાવો [illegible]. કૌરવોના મધ્યમાં બેઠેલા, [illegible] રાજ-પુત્ર દુર્યોધનને પણ વારંવાર સમજાવીને કહેજે કે, સભામાં આવેલી નિરપરાધી દ્રૌપદીને તેં [illegible], તે દુઃખ પણ, " કૌરવોને ન મારીએ તો ઠીક, " એમ જાણી અમે સહન કરી ગયા. એ રીતે પૂર્વાપર [illegible] બળવાન છતાં પણ અમે ક્ષમા કરી ગયા, તે સર્વ [illegible] [illegible] જાણે છે. તેમજ મૃગચર્મ પહેરાવી અમને વનવાસ મોકલ્યા, તે દુઃખ પણ " કૌર-વોને ન મારીએ તો ઠીક " એમ જાણી અમે સહન કરી ગયા અને કુંતિને [illegible] કરી, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible]. હે શત્રુને તપાવનાર ! હે [illegible] ! [illegible] તારી [illegible] [illegible] [illegible]

[illegible] જેથી અમે આચાર ઉચિત ભાગને પામીએ. હે રાજન્ ! એ રીતે કરવાથી શાંતિ [illegible] ને પરસ્પર પ્રીતિ રહેશે; વાસ્તે શાંતિને ઇચ્છતા અમોને રાજ્યનો એક ભાગ આપો. તેમાં અવિસ્થળ, વૃકસ્થળ, માકંદિ તથા વારણાવત, એ ચાર ગ્રામ અને એક પાંચમું ગામ [illegible] નિવાસ વાસ્તે આપો. હે દુર્યોધન ! હે મહાપ્રાજ્ઞ ! પાંચ ભાઇઓને એ રીતે પાંચ ગામ આપો એટલે શાંતિ સહિત અમને શાંતિ થશે. ભાઇ ભાઇને અનુસરે, પિતા પુત્ર સાથે જોડાય, અને પાંચાલ રાજાઓ પ્રસન્ન થઇ કૌરવો સાથે મળે એ સારૂં છે. હું કૌરવો તથા પાંચાલોને ક્ષત રહિત જોઉં એવી મને ઇચ્છા છે. હે તાત ! હે ભરતર્ષભ ! અમે પણ સર્વ પ્રસન્ન મનથી શાંતિ પામીએ. હે સંજય ! એ રીતે દુર્યોધનને કહેજે, અને હું શમ તથા યુદ્ધ બેઉ કામ વાસ્તે તેમ ધર્મ તથા અર્થ નિમિત્ત મૃદુ અને દારૂણ કામ કરવા વાસ્તે પણ તૈયાર છું.

अलमेव शमायास्मि तथा युद्धाय संजय ।
धर्मार्थयोरलं चाहं मृदवे दारुणाय च ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि युधिष्ठिरसंदेशे गुर्जरभाषायामेकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥

અધ્યાય ૩૨ મો. ધૃતરાષ્ટ્ર અને સંજય મેળાપ.

वैशंपायन उवाच—अनुज्ञातः पांडवेन प्रययौ संजयस्तदा ।
शासनं धृतराष्ट्रस्य सर्वंकृत्वा महात्मनः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—પછી યુધિષ્ઠિરે જવાની આજ્ઞા આપી ત્યારે સંજય, મહાત્મા ધૃતરાષ્ટ્રની આજ્ઞા પ્રમાણે સર્વ કામ કરી ત્યાંથી ચાલતો થયો; તે હસ્તિનાપુર આવી અંતઃપુરના દ્વાર પાસે ઉભો રહી દ્વારપાળ મારફત આવી રીતે કહેવરાવવા લાગ્યો કે, હે દ્વારપાળ ! હું સંજય પાંડવો પાસેથી આવેલો છું, એ સમાચાર તું ધૃતરાષ્ટ્રને આપ. તે જાગતા હોય તો જરૂર જલદીથી કહે એટલે હું અંતઃપુરમાં જાઉં, કારણ, મારે તેમની સાથે વાત કરવાની છે. તે સાંભળી દ્વારપાળ ધૃતરાષ્ટ્ર પાસે જઇ કહેવા લાગ્યો કે, હે ભૂમિપતિ ! તમોને નમસ્કાર કરૂં છું, ને હે રાજન્ ! સંજય તમારાં દર્શન વાસ્તે દ્વાર પર આવેલો છે, જેને પાંડવો તરફ આપણે દૂત રૂપે મોકલેલો હતો, તે આવે કે કેમ, તે આપ આજ્ઞા કરો. તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે દ્વારપાળ ! સંજયને "હું કુશળ તથા દઢ છું" એ રીતે કહી "ભલે તું આવ્યો" એમ કહી અંતઃપુરમાં આવવા દે, કારણ એને મળવા વાસ્તે હું તૈયાર છું. તું આ કારણ માટે દ્વાર વિષે ઉભો રહ્યો છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી ધૃતરાષ્ટ્ર રાજાના અનુમત પ્રમાણે દ્વારપાળનાં વચન સાંભળી સૂત પુત્ર સંજય, પ્રાજ્ઞ, શૂરવીર તથા આર્યપુરૂષોએ રક્ષણ કરેલા રાજાના મોટા ઘર પ્રત્યે પ્રવેશ કરી, સિંહાસન ઉપર બેઠેલા વિચિત્રવીર્યના પુત્ર ધૃતરાષ્ટ્ર રાજા પાસે જઇ હાથ જોડી આવી રીતે કહેવા લાગ્યો કે, હે ભૂમિપતિ ! હે નરદેવ ! હું સંજય, તમોને નમસ્કાર કરૂં છું, પાંડવો પાસે જઇ આવ્યો છું. હે રાજન્ ! શૂરવીર, પાંડુપુત્ર યુધિષ્ઠિરે પ્રણામ કરી તમોને કુશળ પૂછ્યું છે. વળી પ્રસન્ન [illegible] પુછાવ્યું છે કે, તમારા પુત્ર, પૌત્ર, સંબંધિયો, સચિવો, અને બીજા પણ જે તમારી [illegible] છે, તેઓ સહિત તમે પ્રસન્ન છો ? તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે, હે તાત !

હે સંજય ! સુખે કરી યુધિષ્ઠિરને વખાણીને હું તને પૂછું છું કે કૌરવોનો સખા યુધિષ્ઠિર તેના નાના ભાઇઓ, અમાત્યો, તથા પુત્રો સહિત કુશળ છે ? તે સાંભળી સંજય કહેવા લાગ્યો કે–હે ભારત ! દ્વેષ તથા મળ રહિત, ધર્માર્થ કરનાર, મનસ્વી, બહુશ્રુત, હષ્ટિમાન તથા ઉત્તમ શીલવાન પાંડુનો પુત્ર યુધિષ્ઠિર કુશળ છે, ને તમારી પાસે રહેલું પોતાનું રાજ્ય ધર્માદિક રીતિથી પ્રાપ્ત કરવા ઇચ્છે છે. પાંડવ યુધિષ્ઠિર ધર્મથી દયાને અધિક ને ધનના સંગ્રહથી ધર્મને અધિક માને છે, તેની બુદ્ધિ અધર્મ તથા પોતાને પ્રયોજન પણ જેમાં નથી એવા સુખ અને પ્રિય પ્રત્યે જોડાય છે, એટલે કે એ સુખ તથા પ્રિય પણ પરોપકારાર્થે સંપાદન કરે છે. જેમ સૂત્રમાં પરોવેલી કાષ્ઠની સ્ત્રી પોતાને રમાડનારની પ્રેરણાથી ચેષ્ટા કરે તેમજ પુરુષ પણ ઇશ્વરની પ્રેરણાથી ચેષ્ટા કરે છે. આ પાંડવના નિયમને જોઇ હું મનુષ્ય કૃતિથી દૈવ ઇચ્છાને બળિષ્ઠ માનું છું. કારણ તમારા પાપરૂપ અને વર્ણન કરી શકાય નહિ એવા ભયંકર કર્મના દોષ પ્રમાણે તમારો તરત નાશ થવો જોઇએ, પણ જ્યાં સુધી તમારા શત્રુ, "તમે થોડો વખત ભલે જીવો" એમ ઇચ્છા કરે છે, ત્યાં સુધી તમે પ્રશંસાને પામો છો. જેમ અંગમાં રહેવાને અસમર્થ જીર્ણ ત્વચાને સર્પ ત્યાગ કરે તેમ શૂરવીર યુધિષ્ઠિર પાપને મૂકીને શોભે છે. તેનું પાપ તેના સ્વભાવિક વર્તને કરી તમે ગ્રહણ કર્યું. કારણ શ્રુતિમાં કહેલું છે કે, બ્રહ્મનિષ્ઠ પુરૂષનું પાપ તેનો દ્વેષ કરનારાઓ ગ્રહણ કરે છે. હે રાજન્ ! ધર્માર્થ યુક્ત સત્પુરૂષના વૃત્તથી ઉલટું તમારૂં કર્મ સ્વાર્થી છે અને આ લોકમાં તમે નિંદાને પ્રાપ્ત થયા છો, ને પરલોકમાં પણ નરક વિષે જશો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! તમે પાંડવોને ભાગ આપ્યા વગર એકલા દુર્લભ અર્થને પ્રાપ્ત કરવાની આશા રાખો છો તેથી પૃથ્વીમાં તમારી મોટી અપકીર્તિ પ્રસરે છે; માટે એવું કર્મ કરવું તમને યોગ્ય નથી. હે રાજન્ ! બુદ્ધિ રહિત, દુષ્કુળમાં ઉત્પન્ન થયેલા, ક્રૂર, ઘણા કાળ વૈર કરનાર, પરાક્રમ રહિત તથા શાસ્ત્રવિદ્યામાં નથી નિપુણ મતિ જેમની, એવા અસત્પુરૂષોને આપત્તિઓ પ્રાપ્ત થાય છે. તેમ કોઇ પુરૂષ સત્કુળમાં ઉત્પન્ન થયેલો, બળવાન, યશસ્વી, બહુશ્રુત, સુખે કરી જીવનાર તથા ઇંદ્રિયો નિયમમાં રાખનાર હોય, પણ જો ધર્માધર્મ બેઉને એકઠા ધારણ કરે, એટલે કે કેવળ અધર્મથી વર્તે નહીં, તો તે ભાગ્ય વશથી કુળવાનપણું, બળિષ્ઠતા, યશસ્વીપણું ઇત્યાદિ શાસ્ત્રમાં કહેલા ષડ્ગુણ સંપન્ન કહેવાય, પણ તમે તો કેવળ અધર્મથી જીવો છો, વાસ્તે કુલીન છો તોપણ બળિષ્ઠતા યશસ્વીપણું ઇત્યાદિ ગુણે કરી હીન છો. વિચાર કરવામાં શ્રેષ્ઠ ભીષ્માદિકને પાસે રાખનાર, આપદ્ વિષે પણ ધર્માર્થને સાધનાર અને બુદ્ધિમાન, તમે, સર્વ જનોએ "દ્યૂત માં કરો" એ રીતે વાર્યા તોપણ મૂઢતાથી ક્રૂરકર્મ કર્યું. તમારા મંત્રી આ કર્ણાદિક જે નિરંતર તમારાં કામ કરે છે. તેઓનો "પાંડવોને રાજ્ય ન દેવું," એવો જે નિશ્ચય સિદ્ધ થયો છે, તે કૌરવના ક્ષય રૂપ છે, એમ જાણજો. તમારા પાપે પ્રેરાયલો યુધિષ્ઠિર જો તમારૂં બુરૂં કરવાને ઇચ્છે તો અકસ્માત કૌરવોનો નાશ થાય. કદાચ તમે કહેશો કે એમ કરવાથી યુધિષ્ઠિરને ગોત્રવધનું પાપ લાગશે, તો તેમ નથી, કારણ ચોરની પેઠે અધર્મ કરનાર તમોને મારવાથી તેને પાપ નહીં લાગે, તથા તેની નિંદા પણ નહીં થાય, પણ ઉલટું એ પાપ પણ તમને લાગશે, અને નિંદા પણ તમારી થશે સર્વ કામ દૈવાધીન છે, એમ ન હોય તો જે શરીર સહિત દેવલોક પ્રત્યે ગયો, એવો [illegible] [illegible] અર્જુન વનવાસના ક્લેશને સહન કરનાર કેમ થયો ? [illegible] [illegible], [illegible] [illegible] નહીં, એમ જાણજો છે. [illegible] [illegible] કર્માનુસાર [illegible] [illegible] [illegible] છે, અને

ઐશ્વર્ય તથા અનૈશ્વર્ય પણ નાશવંત છે એમ જાણી પૂર્ણકર્મના અંતને ન જાણતા પંડિત લોકો પણ, અભ્યુદય તથા હાનિનું કારણ પ્રારબ્ધનેજ માન્યા છે. ચક્ષુ, શ્રોત્ર, નાસિકા તથા ત્વચા અને જીહ્વા, એ ઇંદ્રિયો જીવને જ્ઞાનનાં સ્થાન છે. તૃષ્ણાને રોકીને ઇંદ્રિયોને વશ કરવી; તેમ જ આમ તો વિષય પ્રત્યે પ્રવૃત્ત થતી ઇંદ્રિયોને નિવૃત્ત કરવી અને દુઃખ રહિત થઈ લાભ અલાભ, પ્રિય તથા અપ્રિય સમાન ગણવાં. વળી કેટલાક એમ પણ કહે છે કે, પુરૂષનું સારી રીતે કરેલું કર્મજ ફળ દેનારૂં થાય છે. માતા પિતાના કર્મથીજ પુત્ર ઉત્પન્ન થાય છે, અને આહાર વિધિવત્ વિષયભોગ કરવાથી નાશ પામે છે. હે રાજન્! પ્રિય અને અપ્રિય, સુખ અને દુઃખ તથા નિંદા અને પ્રશંસા સર્વ મનુષ્યને પ્રાપ્ત થાય છે. કારણ પારકા અપરાધનો પ્રબંધ કરવા જતાં જે અપરાધી પુરૂષને નિંદે છે, તે જ પુરૂષનું પાછું સાધુ કૃત જોઈ તેની પ્રશંસા કરે છે. હે રાજન્! હું તો તમોને નિંદું છું. કારણ તમારા નિમિત્તથી કૌરવોના વિરોધે કરી નિશ્ચય પ્રજાનો ક્ષય થશે. પાંડવોને રાજ્યાંશ આપવારૂપ મારૂં કહેલું કર્મ જો નહીં કરો તો, સુકા તૃણના સમુદાયને જેમ અગ્નિ બાળે છે, તેમ અર્જુન કૌરવોને બાળી નાખશે. હે નરેંદ્ર! હે રાજન્! સર્વ લોકમાં તમે એકજ પુત્રને વશ થઈ કામાત્મા પુત્રને કુળમાંહે પણ વખાણતા હતા, પણ શાંતિને પ્રાપ્ત થયા નહિ. હવે તેના ફળને જુઓ! હે નરેંદ્ર! ઉલટી બુદ્ધિવાળા કર્ણાદિકના સંગ્રહથી અને યથાર્થ બોલનાર વિદુરાદિકને દૂર કરવાથી અંત જેનો નથી એવી સમૃદ્ધિવાળી પૃથ્વીને રક્ષણ કરવાને તમે શક્તિમાન નથી. હે મનુષ્યમાં સિંહરૂપ! હવે મને આજ્ઞા આપો, એટલે રથના વેગથી થાકી ગયેલો હું શયન કરૂં; અને યુધિષ્ઠિરનાં વચન સભામાં પ્રાતઃકાળે એકઠા થયેલા કૌરવોને શ્રવણ કરાવું. તેનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્ર રાજાએ કહ્યું કે, હે સૂતપુત્ર! જા હું આજ્ઞા આપું છું, ઘર પ્રત્યે જઈ શયન કર ને યુધિષ્ઠિરનાં વચન પ્રાતઃકાળે સભામાં કૌરવો તારાથી શ્રવણ કરશે.

अनुज्ञातोऽस्यावसथं परेहि प्रपद्यस्व शयनं सूतपुत्र ।
प्रातः श्रोतारः कुरवः सभायामजातशत्रोर्वचनं त्वयोक्तं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि संजययानपर्वणि धृतराष्ट्रसंजयसंवादे गुर्जरभाषायां द्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥

અધ્યાય ૩૩ મો. વિદુરનીતિ-આરંભ.

वैशंपायन उवाच—द्वाःस्थं प्राह महाप्राज्ञो धृतराष्ट्रो महीपतिः ।
विदुरं द्रष्टुमिच्छामि तमिहानय माचिरं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી મહાપ્રાજ્ઞ ધૃતરાષ્ટ્ર રાજાએ દ્વારપાળને કહ્યું કે, હું વિદુરને મળવા ઇચ્છું છું માટે તેને જલદી અહીં તેડી લાવ. દૂતે વિદુર પાસે જઈ કહ્યું કે, હે મહાપ્રાજ્ઞ! સમર્થ એવા મહારાજ ધૃતરાષ્ટ્ર તમને મળવા ઇચ્છે છે. તે સાંભળી વિદુરજીએ રાજાના ઘર પ્રત્યે જઈ દ્વારપાળને કહ્યું કે, હું આવેલો છું તે ધૃતરાષ્ટ્રને કહે. તેનાં વચન સાંભળી દ્વારપાળે ધૃતરાષ્ટ્રને કહ્યું કે, હે રાજેંદ્ર! તમારી આજ્ઞાથી વિદુર આવ્યા છે, તે આપના ચરણને વંદવા ઇચ્છે છે, માટે તે શું કરે તે આજ્ઞા આપો. તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે, "બુદ્ધિમાન તથા દીર્ઘ દૃષ્ટિવાળા વિદુરને અંદર લઈ આવ, પ્રથમ એને

મળવાને હું આતુર છું. દારપાળે વિદુરને કહ્યું કે—હે વિદુર ! બુદ્ધિમાન મહારાજ ધૃતરાષ્ટ્રનાં અંતઃપુરમાં તમે પધારો, કારણ તમને મળવાથી તે અસમર્થ નથી. વૈશંપાયન કહે છે— હે જનમેજય ! એ રીતે દારપાળે કહ્યું ત્યારે વિદુરે ધૃતરાષ્ટ્રના ઘર પ્રત્યે જઇ, વિચારવાં છે ચિત્ત જેનું એવા ધૃતરાષ્ટ્ર રાજાને હાથ જોડીને કહ્યું કે, હે મહાપ્રાજ્ઞ ! તમારી આજ્ઞાથી આ હું વિદુર આવ્યો છું. કંઇ કર્તવ્ય હોય તો મને આપ આજ્ઞા કરો.

ધૃતરાષ્ટ્રે કહ્યું કે—હે વિદુર ! સંજય આવ્યો તે મને નિંદીને ગયો, ને યુધિષ્ઠિરનું વાક્ય તે કાલે સવારના સભામાં કહેશે. મને તો કુરૂકુળમાં શૂરવીર યુધિષ્ઠિરનાં વચન જાણવામાં નથી આવ્યાં, તેથી મારૂં શરીર બળે છે, ને મને ઉજાગરો થાય છે. હે તાત ! તું ધર્મ તથા અર્થમાં કુશળ છે, તેથી અમારૂં શ્રેય જેમાં જોતો હોય તે કહે. જ્યારથી પાંડવો પાસેથી સંજય આવેલો છે, ત્યારથી મારા મનને શાંતિ નથી, મારી સર્વ ઇંદ્રિયો વ્યગ્ર થઇ ગઇ છે, ને સંજય શું કહેશે એવી મને ચિંતા રહે છે. તે સાંભળી વિદુરે કહ્યું કે, બળવાન શત્રુથી ઘેરાએલા અને બળ તથા સાધન હીન પુરૂષને, જેનું દ્રવ્ય કોઇ હરણ કરી ગયું હોય તેને, કામી પુરૂષને તથા ચોરને ઉજાગરો થાય છે. હે નરાધિપ ! એ ચાર મોટા દોષોએ તો તમને સ્પર્શ નથી કર્યો ? અથવા પરદ્રવ્ય વિષે સ્પૃહાવાન થઇને તો તમે તપાયમાન નથી થતા ? તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે વિદુર ! પરમ કલ્યાણરૂપ તથા ધર્મરૂપ તારા વચનને હું શ્રવણ કરવાને ઇચ્છું છું, કારણ આપણા રાજર્ષિના વંશમાં પ્રાજ્ઞ પુરૂષોએ સંમત એક તુંજ છે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી વિદુરે કહ્યું કે હે ધૃતરાષ્ટ્ર ! લક્ષણ સંપન્ન રાજા ત્રૈલોક્યનો અધિપતિ થાય છે, માટે તમે વનમાં મોકલેલો યુધિષ્ઠિર તમારે પ્રાર્થના કરવા લાયક છે. કારણ તમે રાજલક્ષણે કરી હીન છો, તેમ નેત્રે કરીને પણ હીન છો, તેથી ધર્માત્મા તથા ધર્મમાં કુશળ છતાં પણ રાજ્ય ભોગ માટે યોગ્ય નથી. અક્રૂરપણાથી તથા દયા, ધર્મ, સત્ય અને પરાક્રમથી તેમ તમારે વિષે રહેલું વડીલપણું જાણીને યુધિષ્ઠિર, ઘણા ક્લેશને સહન કરે છે. હે રાજન્ ! દુર્યોધન, શકુનિ, કર્ણ તથા દુઃશાસન, એ ચારને આધિન થઇ તમે સમૃદ્ધિને કેમ ઇચ્છો છો ? આત્મજ્ઞાન, શક્તિ પ્રમાણે સમારંભ, વૈરાગ્યની ઇચ્છા તથા નિરંતર ધર્માચરણ કરવું, એ ચાર છતાં પણ જે પુરૂષાર્થથી ભ્રષ્ટ નથી થતા, તે પંડિત કહેવાય છે. વળી જે ઉત્તમ કર્મનું સેવન કરે, નિંદિતનો ત્યાગ કરે, પરલોક વિષે આસ્થા રાખે, તથા ગુરૂ અને વેદના વાક્ય ઉપર વિશ્વાસ રાખે, તે પંડિત જાણવો. તેમ ક્રોધ, હર્ષ, ગર્વ, લજ્જા, અકડાઇ તથા અહંકારે કરી જે પુરૂષ પુરૂષાર્થથી ભ્રષ્ટ નથી થતા, તે પંડિત કહેવાય છે. વળી જેના મનમાં ધારેલા કામ તથા કરેલા વિચારને બીજાઓ ન જાણી શકે, પણ કાર્ય સિદ્ધ થયા પછીજ જાણે, તે પણ પંડિત કહેવાય. જેના કૃત્યને શીત, ઉષ્ણ, ભય, રતિ, સમૃદ્ધિ અને અસમૃદ્ધિ, એઓમાંથી કોઇપણ વિઘ્ન નથી કરતાં, તે પણ પંડિત કહેવાય છે. જેની વ્યવહારિક બુદ્ધિ ધર્મ તથા અર્થને અનુસરે છે, ને કામને નિકૃષ્ટ ગણી મૂકી દે છે, તે પંડિત કહેવાય. જે પોતાની શક્તિને અનુસારે કર્મ કરવાને ઇચ્છે, ને તે પ્રમાણેજ કરે અને કોઇનો પણ તિરસ્કાર કરે નહિં, તે પુરૂષ પંડિત બુદ્ધિવાળો જાણવો. જલદી સમજી જવું, અને જ્ઞાન વાસ્તે સારી રીતે સાંભળવું, અર્થને જાણીને સેવવો, કામનાથી ન સેવવો તથા પારકી પંચાતમાં પૂછ્યા વગર વાણી ન વાપરવી, એ પંડિતનું પ્રથમ લક્ષણ જાણવું. પ્રાપ્ત કરવા લાયક નહીં એવી ચીજની જે ઇચ્છા ન કરે, નાશ થએલી વસ્તુનો જે

સેવા કરવાને ન ઇચ્છે, તથા આપત્તિ પ્રાપ્ત થયે પણ જે મોહ ન પામે, તે પુરૂષો પંડિત બુદ્ધિવાળા જાણવા. આ કામ સારા યત્ને કરી સાધ્ય છે, એવો નિશ્ચય કર્યા પછી જે કર્મનો આરંભ કરે, ને તે આરંભેલા કાર્યના મધ્યમાં ન રહે એટલે આરંભેલું કામ વચમાંથી મૂકી ન દે, તેમ કોઇ વખત પણ નિષ્ફળ જવા દે નહીં, તથા મન પણ પોતાને વશ રાખે તે પુરૂષ પંડિત કહેવાય છે. હે ભરતર્ષભ ! ઉત્તમ કામ કરવાથી પ્રસન્ન થાય, સમૃદ્ધિ વાસ્તે કર્મ કરે, તથા પોતાના હિતરૂપ કામને નિંદે નહીં, તે પુરૂષને પણ પંડિત જાણવો. પોતાનું સન્માન થયેથી અતિ હર્ષ ન પામે, ને અપમાન થયેથી સંતાપ પણ ન કરે, તે ગંગાના પ્રવાહની પેઠે ક્ષોભ ન પામતો પુરૂષ પંડિત જાણવો. ઉત્પન્ન થયેલી સમૃદ્ધયાદિક ચીજોને જે નાશવંત જાણે, ને સર્વ કામ કરવાના ઉપાય તથા તે કામ કરવા વિષે ઘટતી સામગ્રીને જાણે, તે મનુષ્યોમાં પંડિત કહેવાય છે. સમાજમાં વાત કરવા વખતે જેની વાણી ખંડિત થાય નહીં, નાના પ્રકારના લોકનાં વૃત્તાંત જાણનાર, તર્ક કરવામાં કુશળ, તથા સ્મરણમાત્રમાં સંભારેલો પદાર્થ જેને સ્ફુરે, તેમજ ગ્રંથનુ વ્યાખ્યાન પણ જે જલદીથી કરે, તે પંડિત કહેવાય છે. શાસ્ત્ર જેની બુદ્ધિને વશ છે, ને બુદ્ધિ પણ જેની શાસ્ત્રને અનુસરતી છે, તથા શ્રેષ્ઠ પુરૂષોની બાંધેલી મર્યાદાને જે ભેદતો નથી તે પંડિત નામને ધારણ કરે છે.

શાસ્ત્ર જ્ઞાન રહિત છતાં જે મગરૂર છે, દરિદ્ર થઇ મોટા મનવાળો થાય છે તથા હીન કર્મથી જે ધનને ઇચ્છે છે, તેને પંડિતો મૂઢ કહે છે; એટલે કે એવો તમારો પુત્ર દુર્યોધન છે. વળી જે પોતાના અર્થનો ત્યાગ કરી પારકા વાસ્તે મહેનત કરે છે, અને મિત્ર વાસ્તે ખોટું આચરણ કરે તે પુરૂષને પણ મૂઢ જાણવો; એટલે કે એવો શકુનિ છે. પોતાને વિષે ભક્તિ રહિત મનુષ્યોની જે કામના કરે, ને પોતા વિષે ભક્તિમાનનો ત્યાગ કરે, તથા બળવાન સાથે દ્વેષ કરે, તેને પણ મૂઢ બુદ્ધિવાળો જાણવો; એટલે કે તમારે વિષે ભક્તિ રહિત કર્ણાદિકને તમે ઇચ્છો છો, ને ભક્તિમાન પાંડવોનો ત્યાગ કરો છો, તથા બળવાન યુધિષ્ઠિર સાથે દ્વેષ કરો છો, તેથી તમે પણ મૂઢ છો. શત્રુને મિત્ર કરે, મિત્રનો દ્વેષ કરી તેને મારી નાખે અને દુષ્ટ કર્મને આરંભે, તેને પણ પંડિતો મૂઢ બુદ્ધિવાળો કહે છે, એટલે કે તમોએ લાક્ષાગૃહમાં દાહાદિરૂપ દુષ્ટ કર્મનો આરંભ કર્યો, તેથી પણ તમે મૂઢ બુદ્ધિવાળા છો. વળી જે પોતાને કરવાનાં કામ ચાકરાદિક પાસે કરાવે, સર્વ કામ વિષે સંશય રાખે અને જલદી કરવાના કામમાં વાર લગાડે, તે પુરૂષને પણ મૂઢ જાણવો. તેમ જે પિતૃનું શ્રાદ્ધ ન કરે અને દેવતાઓની પૂજા ન કરે, તથા હિતને ઇચ્છનાર કોઇ પણ જેનો મિત્ર નથી તેને પણ મૂઢ બુદ્ધિવાળો જાણવો. સાદ કર્યા વગર જે પ્રવેશ કરે, પૂછ્યા વગર જે ઘણું ભાષણ કરે, તથા જેનો વિશ્વાસ નહીં તેનો વિશ્વાસ કરે, તે પણ મનુષ્યમાં મૂઢ બુદ્ધિવાળો તથા અધમ જાણવો. પારકાનો દોષ જોઇ તેનો તિરસ્કાર કરે, ને પોતે તે રીતે વર્તે, તથા અસમર્થ છતાં જે ક્રોધ કરે, તે પણ અત્યંત મૂઢ નર જાણવો. વળી જે પોતાનું બળ જાણ્યા વગર ધર્મ તથા અર્થ જેમાં નથી એવી અલભ્ય વસ્તુને યત્ન વગર ઇચ્છે, તે પણ મૂઢ બુદ્ધિવાળો જાણવો. હે રાજન્! શિક્ષા કરવા અયોગ્યને જે શિક્ષા કરે, રાજસ્ત્રિયોને કોઈ ન જાણે તે રીતે સેવે તથા અદાતાને ભજે, તેને પંડિતો મૂઢ બુદ્ધિવાળો કહે છે. જે પુરૂષ બહુ ધન, વિદ્યા તથા ઐશ્વર્યને પામીને પણ ઉદ્ધત થઇ નથી ફરતો, તે પંડિત કહેવાય છે. જે પોતાને પોષણ કરવા યોગ્ય કુટુંબને વિભાગ કરી આપ્યા વગર, પોતે એકલો સારૂં સારૂં

જ્ઞાની તથા એકલોજ ઉત્તમ વસ્ત્ર ધારણ કરે તેથી બીજાને અત્યંત દુર શાને લાગે? એકલો પાપ કરે ને બીજા તેના ફળને ભોગવે પણ તે ભોગવનારા મુક્ત થાય ને કર્તા પુરુષ લેપાયમાન થાય છે. ધનુષ ધારણ કરનારે મૂકેલું બાણ એકને મારે, વા ચૂકે તો એકને પણ ન મારે, પણ બુદ્ધિમાન પુરૂષે મોકલેલી બુદ્ધિ તો રાજા સહિત દેશનો નાશ કરે, માટે તમે એક બુદ્ધિથી, શું કરવા યોગ્ય છે ને શું કરવા યોગ્ય નથી, એ બેનો નિશ્ચય કરી મિત્ર, ઉદાસીન તથા શત્રુ એ ત્રણને, સામ, દામ, ભેદ તથા દંડ એ ચાર ઉપાયથી વશ કરો; એટલે કે મિત્રને સામથી, ઉદાસીનને દામ તથા ભેદથી તથા શત્રુને સર્વ ઉપાયથી વશ કરો. પછી પાંચ ઇંદ્રિયોને જીતી સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધ તથા આશ્રય, એ છને જાણીને સ્ત્રિયો, દ્યૂત, મૃગયા, મદિરાપાન, વાણીની કઠોરતા, ઉગ્રદંડપણું તથા અર્થદૂષણ, એ સાતને ત્યાગી સુખી થાઓ, અથવા એક બુદ્ધિથી, નિત્ય તથા અનિત્ય, એ બેનો નિશ્ચય કરી, કામ, ક્રોધ તથા લોભ એ ત્રણને, શમ, દમ, ઉપરમ અને શ્રદ્ધા, એ ચારે કરી વશ કરો. પછી પાંચ ઇંદ્રિયોને જીતી ક્ષુધા, તૃષા, શોક, મોહ, જરા તથા મૃત્યુ એ છને જાણી, પાંચ ઇંદ્રિયો તથા મન, ને બુદ્ધિ, એ સાતનો ત્યાગ કરી સુખી થાઓ. પીધેલું વિષ એક પીનારનેજ નાશ કરે, તેમ નાંખેલું શસ્ત્ર પણ એકનેજ મારે, જ્યારે રાજાના મને કરેલો વિચાર જો બહાર પડે, તો દેશ તથા પ્રજા સહિત સર્વને હણે. એકલાએ સ્વાદિષ્ટ ખાવું નહીં, એકલાએ મનસુબો કરવો નહીં, અને એકલાએ રસ્તે ચાલવું નહીં. તેમ સુતેલાઓમાં પણ એકલાએ જાગવું નહીં. હે રાજન્! સમુદ્રને પાર જવામા નાવ જેમ સાધન છે, તેમ અદ્વિતીય સત્ય ભાષણ સ્વર્ગમાં જવાનું સાધન છે. એક અદ્વિતીય બ્રહ્મમોક્ષનું સાધન છે, તેને તમે જાણતા નથી. ક્ષમાવાન પુરૂષોને લોક અશક્ત માને છે, એજ એક દોષ ક્ષમા કરનાર વિષે રહ્યો છે, બીજો નથી. ક્ષમાવાનનો દોષ માનવો નહી, કારણ ક્ષમા પરમ બળરૂપ છે, ક્ષમા અશક્તને ગુણરૂપ છે અને શક્તિમાનને ભૂષણરૂપ છે. ક્ષમા લોકમાં વશ કરનારી છે, અને ક્ષમાથી શું સાધ્ય નથી થતું!

શાંતિરૂપી ખડ્ગ જેના હાથમાં છે, તેને દુર્જન શું કરશે? કારણ જેમ તૃણ વગરના દેશમાં પડેલો અગ્નિ પોતાની મેળેજ શાંત થાય છે, તેમ દુર્જન શાંત થાય છે, અને અક્ષમાવાન પુરૂષ પારકાને તથા પોતાને દોષ સાથે જોડે છે એટલે કે બેઉ વધી મરે છે. એક ધર્મજ પરમ શ્રેયરૂપ છે અને એક ક્ષમાજ ઉત્તમ શાંતિરૂપ છે. એક વિદ્યાજ પરમ તૃપ્તિરૂપ છે અને એક અહિંસા પરમ સુખને આપનાર છે. સર્પ જેમ ઉંદરોને ગળે તેમ પૃથ્વી, કોઇ સાથે વિરોધ ન કરનાર રાજા તથા અપ્રવાસ કરનાર બ્રાહ્મણ, એ બેઉને ગળી જાય છે; એટલે કે રાજાનું રાજ્ય જતું રહે છે ને બ્રાહ્મણ ભૂખે મરે છે. કઠોર વચન ન બોલવું તથા અસત્‌મનુષ્યની સોબત ન કરવી, એ બેથી આ લોકમાં મનુષ્ય શોભા પામે છે. હે પુરૂષમાં સિંહરૂપ! સ્ત્રિયો તથા લોક એ બે પારકાનો વિશ્વાસ કરનાર છે, એટલે કે લોક સ્ત્રિએ જેની કામના કરી, તેનીજ તે સ્ત્રીના વિશ્વાસથી સર્વ સ્ત્રીયો કામના કરે છે; તેમજ એકે જેની પૂજા કરી તેનીજ તે પૂજા કરનારના વિશ્વાસથી સર્વ લોક પૂજા કરે છે. જે નિર્ધન છતાં નાના પ્રકારની કામના કરે, તથા જે અસમર્થ છતાં ક્રોધ કરે, તે બેઉ જણ પોતાના શરીરને શોષણ કરનાર તીક્ષ્ણ કંટકરૂપ જાણવા. જે પોતે ગૃહસ્થ છતાં કોઇ કાર્યનો આરંભ નથી કરતો, તથા જે ભિક્ષુક થઇ કાર્યોનો આરંભ કરે છે, તે બેઉ કાંટા જેવાં

વિપરીત કર્મથી શોભતા નથી. હે રાજન્! પોતે સમર્થ છતાં ક્ષમાવાન છે, અને જે દરિદ્ર છતાં પધારી રીતે દાન આપનાર છે, તે બેઉ પુરૂષો સ્વર્ગની ઉપર રહે છે. ન્યાયથી સંપાદન કરેલું ધન અપાત્રને દેવું ને પાત્રને ન દેવું, એ બે ઉલટી અવસ્થા જાણવી. જે ધનવાન છતાં અદાતા હોય તથા જે પોતે દરિદ્ર છતાં તપશ્ચર્યા ન કરે, તે બેઉને ગળામાં દઢ શિલા બાંધી ઊંડા પાણીમાં નાખી દેવા જોઇએ. હે પુરૂષમાં સિંહરૂપ! જે સંન્યાસી થઇ યોગ સાધે તથા જે રણસંગ્રામમાં સન્મુખ જઇ હણાય, તે બેઉ જણા સૂર્યમંડળ ભેદી ઉપર જનાર જાણવા. હે ભરતર્ષભ! શત્રુઓને વશ કરવા વાસ્તે વેદ જાણનાર બ્રાહ્મણોએ અધમ, મધ્યમ ને શ્રેષ્ઠ એવા ત્રણ ઉપાય કહ્યા છે. તેમાં યુદ્ધ અધમ, ભેદ તથા દાન મધ્યમ, અને સામ ઉત્તમ જાણવો. હે રાજન્! પુરૂષો પણ ઉત્તમ, મધ્યમ, તથા અધમ, એ ભેદથી ત્રણ પ્રકારના છે, તેઓને ત્રણ પ્રકારના કર્મ વિષે ઘટતી રીતે જોડવા; એટલે કે ઉત્તમને ઉત્તમ કામ વિષે, મધ્યમ ને મધ્યમ કામમાં તથા અધમને અધમ કામ વિષે યોજવા. હે રાજન્! તમે તેમ નથી કર્યું! તમે તો અધમ કર્ણાદિકની ઉત્તમ મંત્રરૂપ કાર્ય વિષે યોજના કરી છે. હે રાજન્! સ્ત્રી, ચાકર તથા પુત્ર, એ ત્રણને ધન વિનાનાજ જાણવા, કારણ તેઓને જે ધન મળે તે ધન જેનાં તે કહેવાય તેનું જાણવું. તમે વિદ્યમાન છતાં તમારો પુત્ર દુર્યોધન ધન વગરનોજ કહેવાય, માટે પાંડવોને રાજ્યનો ભાગ દેવાને તમેજ સમર્થ છો. પરધનનું હરણ કરવું, પરસ્ત્રીનું સેવન કરવું તથા સંબંધીયોનો ત્યાગ કરવો, એ ત્રણ દોષ ક્ષય કરનારા છે. કામ, ક્રોધ તથા લોભ, એ ત્રણ પણ નરકનાં દ્વાર તથા આત્માનો નાશ કરનાર છે, માટે એ ત્રણનો ત્યાગ કરવો. તેમ હે રાજન્! પરધન હરણ કરવું એ આદિ લઇને કહેલા જે દોષ તમારે વિષે છે, માટે એ ત્યાગ નહિ કરો તો તમારો ક્ષય થશે, તથા તમે નરકમાં પડશો. હે ભારત! વરદાન, રાજ્ય તથા પુત્ર જન્મ, એ ત્રણથી જે સુખ થાય, તેની બરાબર શત્રુના સંકટથી મુક્ત થવાનું સુખ છે. પોતા વિષે ભક્તિમાન, પોતાને ભજનાર તથા "હું તમારો છું" એમ બોલનાર, એ ત્રણ શરણે આવે તો, સંકટ વખતે પણ તેમનો ત્યાગ ન કરવો. એમાંથી કાંઇ પણ તમારે વિષે નથી. મહા બળવાન રાજાએ ચાર વસ્તુ ત્યાગ કરવી, તે ત્યાગ કરવા લાયક વસ્તુ પંડિતો જાણે છે. તે એ છે કે, થોડી બુદ્ધિવાળા, થોડા વખતથી થઇ શકતા કામમાં બહુ વખત રોકનાર, આળસુ તથા વખાણ કરનાર, એ ચાર પુરૂષો સાથે મનસુબો કરવો નહીં. હે તાત! લક્ષ્મીવાનના ઘરમાં ધર્મ સાચવવા સારૂ ચાર જણ જોઇએ, તેમાં એક વૃદ્ધ સગો, બીજો પહોંચેલો કુળવાન, ત્રીજો દરિદ્ર મિત્ર અને ચોથી પ્રજા વગરની બહેન. એટલે હે વૃદ્ધ! સગો કુળના ધર્મ બતાવે, પહોંચેલો કુળવાન છોકરાઓને આચાર ગ્રહણ કરાવે, દરિદ્ર મિત્ર હિતનાં વચન કહે, તથા બહેન ધનની રક્ષા કરે. તમારા ઘરમાં ભીષ્મ, દ્રોણ તથા વિદુરાદિ સર્વ તમારા ઘરના ધર્મ સાચવનાર છે, એટલે કે ભીષ્મ કુળ ધર્મ બતાવનાર છે, દ્રોણ છોકરાઓને આચાર ગ્રહણ કરાવે છે, તથા વિદુર હિતરૂપ વચન બોલનાર છે, પણ તમે તેમના ઉપદેશને ગ્રહણ નથી કરતા. હે મહારાજ! દેવતા પૂજવાથી તત્કાળ ફળ દેનાર ચાર સાધનો બૃહસ્પતિએ કહ્યાં છે, તે એ કે, દેવતાઓની પ્રસન્નતા, બુદ્ધિમાનનો પ્રભાવ, વિદ્યા શીખેલાઓનો વિનય, તથા પાપ કર્મનો ત્યાગ, અગ્નિહોત્ર, મૌન, અધ્યયન તથા યજ્ઞ, એ ચાર કર્મ અભયને દેનારાં છે, પણ તેજ કર્મ વિપરીત રીતિએ કરે તો ભયને આપે છે. હે ભરતર્ષભ! અગ્નિની પેઠે ઉપાસના કરવા યોગ્ય પિતા, માતા, અગ્નિ, આત્મા તથા ગુરૂ, એ પાંચ; મનુષ્યોએ પ્રયત્નથી સેવવાં. દેવતા, પિતૃ,

બ્રાહ્મણ, ભિક્ષુ તથા અતિથિ, એ પાંચની જે પૂજા કરે તે આ લોકમાં યશ પામે છે. હે રાજન્ ! મિત્ર, શત્રુ, મધ્યસ્થ, પાલન કરવા લાયક ગુર્વાદિક તથા ચાકરો, એ પાંચ જે જે સ્થાનકે તમે જશો, તે તે સ્થાનકે તમારી પાછળ આવશે. પાંચ જ્ઞાનેંદ્રિયો જેમાં છે એવા મનુષ્યની એક પણ ઇંદ્રિય વિષય લંપટ થાય, તો તે ઇંદ્રિયદ્વારા તે મનુષ્યની બુદ્ધિ, જેમ છિદ્રવાળા ચર્મના જળપાત્રમાંથી જળ સ્રવે, તેમ શીઘ્ર સ્રવી જાય છે. સમૃદ્ધિને ઇચ્છતા પુરૂષે નિદ્રા, તંદ્રા, ભય, દ્વેષ, આલસ્ય તથા વિલંબ, એ છ દોષ ત્યાગ કરવા. વળી પુરૂષે સમુદ્ર વિષે ભાંગેલા નાવને જેમ ત્યાગ કરવું, તેમ યથાર્થ ઉપદેશ નહીં કરનાર આચાર્ય, વગર ભણેલા ઋત્વિજ, રક્ષણ કરવામાં મૂઢ રાજા, અપ્રિય વચન બોલનાર સ્ત્રી, ગામમાં રહેવાને ઇચ્છનાર ગોવાળ તથા વનની કામના રાખનાર નાપિત, એ છને ત્યાગ કરવા. સત્ય, દાન, અનાલસ્ય, અનસૂયા, ક્ષમા તથા ધૈર્ય, એ છ ગુણ પુરૂષે ત્યાગ કરવા નહીં. હે રાજન્ ! નિરંતર ધનનું આગમન શરીરમાં આરોગ્ય, પ્રિય સ્ત્રી, વળી પ્રિય વચન બોલનારી, પોતાને વશ રહેનાર પુત્ર તથા પુરૂષાર્થને દેનારી વિદ્યા, એ છ સુખ આ જીવ લોકમાં મુખ્ય છે. પોતાને વિષે નિરંતર રહેનાર કામ, ક્રોધ, શોક, મોહ, મદ અને માન, એટલા, જેને વશ છે, તે જીતેંદ્રિય પુરૂષ પાપે કરીને લેપાતો નથી. ત્યારે અર્થોએ કરીને તો કેમજ પીડાય. ચોર લોકો ગાફલ મનુષ્યો ઉપર, વૈદ્ય લોકો રોગિયો ઉપર, સ્ત્રિયો કામી પુરૂષો ઉપર, યજન કરાવનાર યજમાન પર, રાજા કજીયા કરનાર ઉપર તથા પંડિતો મૂર્ખો ઉપર જીવે છે. એ રીતે ચૌરાદિક છ જણા, ગાફલ મનુષ્ય આદિ લઇ છથી જીવે છે, સાતમું તેઓને જીવવાનું સાધન નથી. ગાયો, ચાકરી, કૃષિ, ભાર્યા, વિદ્યા તથા શૂદ્રની સોબત, એ છ ચીજ ગફલતે બે ઘડી પણ રાખીએ તો વિનાશ થાય. શીખેલા શિષ્યો ગુરૂને, પરણેલા પુરૂષો માતાને, કામ રહિત થયેલા નારીને, કાર્ય સિદ્ધ થયેલા પુરૂષો કાર્ય થવા વિષે યુક્તિ બતાવનારને, સમુદ્રનો પાર પામેલા નાવને તથા રોગ મટી ગયાથી રોગિયો વૈદ્યને મૂકી દે છે. એ રીતે શીખેલ શિષ્ય આદિ લઇને છ જણ, પૂર્વે ઉપકાર કરનાર ગુરૂઆદિ લઇ છનો તિરસ્કાર કરે છે. હે રાજન્ ! આરોગ્ય, અનૃણીપણું, પ્રવાસ ન કરવો પડે, રૂડાં મનુષ્યોની સોબત, પોતાને અનુકૂળ જીવિકા તથા નિર્ભયપણાથી નિવાસ, એ છ સુખ આ જીવ લોકમાં મુખ્ય છે. પારકી ઇર્ષા કરનાર, દયાવાન, અસંતોષી, ક્રોધી, નિરંતર શંકાયુક્ત મનવાળો તથા પારકા ભાગ્યની પાછળ જીવનાર, એ છ નિરંતર દુઃખી જાણવા. સ્ત્રી, દ્યૂત, મૃગયા, મદિરાપાન, વાણીની કઠોરતા એકદમ ઉગ્રદંડ આપવો તથા અર્થમાં દૂષણ દેવું, એ દુઃખદાયક સાત દોષ હંમેશ રાજાઓએ ત્યાગ કરવા. કારણ તેથી દૃઢ જેનાં મૂળ છે એવા સમર્થ રાજાઓ પણ ઘણું કરી નાશ પામે છે. એ સાત દોષમાંથી વાણીનું કઠોરપણું તથા ઉગ્રદંડપણું તમારા પુત્રોએ પાંડવો પર આચર્યું, તેથી તમારો નાશ થશે. બ્રાહ્મણોનો દ્વેષ કરવો, તેઓ સાથે વિરૂદ્ધ ચાલવું, તેમનું ધન હરણ કરી લેવું, તેમને મારવાની ઇચ્છા કરવી, તેઓને નિંદવા, તેમની પ્રશંસા સાંભળી પ્રસન્ન ન થવું, તેમને કોઈ કામમાં સંભારવા નહિં તથા તેઓ પ્રાર્થના કરે તો તેમાં દોષ જોવો, એ આઠ દોષ નાશના હેતુ છે, એમ જાણી પંડિત માણસોએ તેનો ત્યાગ કરવો. હે ભારત ! મિત્રોની સાથે સમાગમ, મોટા ધનનો આગમ, પુત્ર સાથે મળવું, સ્ત્રિયનો સંયોગ, વખતસર પ્રિય બોલવું, બરોબરીયામાં પોતાની ચઢતી, મનમાં ધારેલી વસ્તુનો લાભ તથા મનુષ્યના સમાજમાં સત્કાર, એ આઠ સુખરૂપ હર્ષનાં સ્થાન [illegible] વાળી બુદ્ધિ, કુલીનપણું, ઇંદ્રિયોનો નિગ્રહ, શાસ્ત્ર, પરાક્રમ, થોડું બોલવાપણું, [illegible]

ધન તથા કૃતજ્ઞપણું, એ આઠ ગુણો પુરૂષને શોભા આપે છે. નવ દ્વારવાળું, સત્વાદિ ત્રણ ગુણ છે થાંભલાની પેઠે ધારણ કરનાર જેને તથા પંચ પ્રાણ છે સાક્ષી જેના તથા [illegible] અધિષ્ઠિત આ સ્થૂળ શરીરરૂપી ઘરને જે વિદ્વાન તત્વથી જાણે, તે સર્વોત્કૃષ્ટ [illegible] જાણવો. હે ધૃતરાષ્ટ્ર! મદિરા પાન કરી મત્ત થયેલો, વિષયમાં આસક્તિ રાખવાથી [illegible] [illegible], ઘણું શ્રમથી વિકળ થયેલો, ક્રોધી, ક્રોધાવિષ્ટ, ક્ષુધાતુર, ઉતાવળો, લોભી, [illegible] [illegible] [illegible] કરી, એ દશ જણા ધર્મને જાણતા નથી, માટે નિપુણ મનુષ્યે એમની સોબત કરવી નહીં. આ ઠેકાણે અસુરપતિ શ્રેષ્ઠ સુધન્વાએ પુત્રને જે કહેલું છે, તે હું તમને કહું તે સાંભળો.

રાજા કામ તથા ક્રોધનો ત્યાગ કરે, પાત્રને ધન આપે, [illegible] નિપુણ હોય, [illegible] આચરવું જાણે તથા સત્વર કામ કરે, તેને સર્વ લોક પ્રમાણ કરે છે. જે રાજા મનુષ્યોને વિશ્વાસ કરાવી જાણે, યથાર્થ દોષ જાણ્યા પછી દંડ દે, તથા ક્ષમા અને પરાક્રમ [illegible] લાયક વખતને જાણે, તેને સમગ્ર લક્ષ્મી સેવે છે. કોઇ અત્યંત દુર્બળનો પણ જે તિરસ્કાર કરે નહીં, શત્રુનાં છિદ્ર જોવા માટે તેને સાવધાન થઇ બુદ્ધિપૂર્વક સેવે, બળવાન સાથે વેર ન કરે તથા વખત આવ્યે પરાક્રમ કરે, તે પંડિત જાણવો. જે મહાત્મા રાજા આપત્તિને પામીને વ્યથા ન પામે, સાવધાન થઇ ઉદ્યોગ ઉપર હંમેશ ઇચ્છા રાખે, વખતે દુઃખને પણ સહન કરે તથા મોટા કામના ભારને વહે, તેના શત્રુઓ જીતાયલાજ છે. અનર્થરૂપ પ્રવાસ, પાપી સાથે [illegible], પરસ્ત્રીનું સેવન, દંભ, ચોરી, ચાડી તથા મદિરાપાન, એટલાનું જે સેવન ન કરે, તે હંમેશ સુખી જાણવો. જે ધર્મ કામ તથા અર્થને ક્રોધથી ન આરંભે, [illegible] [illegible] બોલાવીને પૂછે તો યથાર્થ કહે, મિત્ર વાસ્તે પણ વિવાદ ન કરે, તેમ કોઇએ પોતાનો સત્કાર ન કર્યો હોય તોપણ ક્રોધ ન કરે, તેને પંડિત જાણવો. વળી જે ઇર્ષ્યા ન કરે, દયા રાખે, પોતે બળવાન છતાં કોઇ સાથે વિરોધ ન કરે તથા કોઇને અતિક્રમણ કરી બોલે નહીં, તે પુરૂષ સર્વત્ર પ્રશંસાને પામે છે. જે પોતાનો વેષ ઉદ્ધત જોઇએ ન કરે, પોતે [illegible] કમી છતાં પોતાનાં વખાણ ન કરે, તેમ પોતે અત્યંત દુઃખ સહન કરે પણ કટુ વચન ન બોલે, તે માણસ સર્વ મનુષ્યને પ્રિય થાય. અત્યંત શાંત થયેલા વૈરને જે ફરી પ્રકાશ ન કરે, ગર્વ કરે નહીં, સાવ પૌરૂષ વગરનો પણ ન થાય, અને પોતે દુર્બળ છતાં પણ [illegible] [illegible] ન કરે, તેને શિષ્ટ પુરૂષો પણ માન આપે છે. જે પોતાને સુખ મળ્યાથી અત્યંત હર્ષ નથી પામતો, પારકાનું દુઃખ જોઇ ખુશી નથી થતો, ને કોઇને કાંઇ આપીને પશ્ચાત્તાપ નથી કરતો, તે પુરૂષ સત્પુરૂષ સરખા રૂડા સ્વભાવવાળો જાણવો. જે અનેક દેશની રીત-ભાત જાણે, તે તે દેશની ભાષાઓ પણ જાણે, તેમ બ્રાહ્મણાદિના ધર્મોને પણ જાણે અને ઉત્તમ તથા અધમને ઓળખવાનો વિવેક પણ જેને છે, તે પુરૂષ જ્યાં જાય ત્યાં [illegible] અધિપતિ થાય. દંભ, મોહ, મત્સર, પાપકર્મ, રાજાએ દ્વેષ કરેલો પુરૂષ, ચાડી કરનાર, [illegible] સાથે વેર કરનાર, મત્ત, ઉન્મત્ત તથા દુર્જન સાથે વિવાદ કરનાર એટલાનો જે બુદ્ધિમાન પુરૂષ ત્યાગ કરે, તે શ્રેષ્ઠ જાણવો. દાન, હોમ, દેવતાઓનું પૂજન, શુભ કર્મ, પ્રાયશ્ચિત તથા [illegible] પ્રકારના લૌકિક આચરણ, એટલાં વાનાં જે નિત્ય આચરે છે તેનો દેવતાઓ પણ [illegible] કરે છે. જે પોતાના સમોવડિયા સાથે વિવાહ, મિત્રતા, વ્યવહાર તથા વાર્તા કરે છે, [illegible] [illegible] સાથે નથી કરતો, તે ગુણે કરી જે પોતાથી શ્રેષ્ઠ હોય તેને પુરોહિત કરે છે, તે [illegible] [illegible] નીતિ યથાર્થ જાણવી. જે પોતાના કુટુંબ વર્ગને સારી રીતે [illegible] [illegible],

જાણી પોતે થોડું જમે છે, ઘણું કામ કરી શયન થોડી વખત કરે છે તથા યાચના કરનાર શત્રુને પણ આપે છે, તે જ્ઞાની પુરૂષને અનર્થો નડતા નથી. જેના મનનું ધારેલું કામ, તથા જેણે કરેલો તિરસ્કાર બીજા માણસો જાણે નહીં, એવા છુપો મનસુબો કરનાર માણસનું થોડું પણ કામ બગડતું નથી. સર્વ પ્રાણી માત્રના કલ્યાણમાંજ તત્પર, સત્ય તથા કોમળ ભાષણ કરનાર અને સર્વને માન આપનાર શુદ્ધ મનવાળો પુરૂષ, જેમ ઉત્તમ ખાણમાં ઉત્પન્ન થયેલો મણિ બીજા મણિયોની વચમાં શોભે તેમ પોતાની જ્ઞાતિમાં શોભે છે. જે માણસ પોતાથી કાંઇ નરતું કામ થયું ને તે બીજાઓએ ન જાણ્યું હોય, તોપણ પોતે અત્યંત લજ્જા પામે, તે સર્વ લોકનો ગુરૂ થાય; તેમજ અનંત તેજ તથા રૂડા મનવાળો સાવધાન પુરૂષ તેજે કરી સૂર્યની પેઠે શોભે. હે અંબિકાના પુત્ર! શાપથી દગ્ધ થયેલા પાંડુ રાજાના પાંચ પુત્રો વનમાં ઉત્પન્ન થયા, તેઓને તમેજ મોટા કીધા તથા વિદ્યા ભણાવી તેથી હજી તેઓ તમારી આજ્ઞા પાળે છે, માટે હે તાત! હે નરેંદ્ર! તેઓને ઘટતો રાજ્ય-ભાગ આપી પુત્રો સહિત પ્રસન્ન થઇ સુખી થાઓ. એમ કરવાથી દેવ તથા મનુષ્ય કોઇ પણ તમારી પર કોઇ જાતની શંકા નહી લાવે.

प्रदायैषामुचितं तात राज्यं सुखीपुत्रैः सहितो मोदमानः ।
नदेवानां नापि च मानुषाणां भविष्यसि त्वं तर्कणीयो नरेंद्र ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरनीतिवाक्ये गुर्जरभाषायां त्रयार्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥

અધ્યાય ૩૪ મો. વિદુરનીતિ–ચાલુ.

धृतराष्ट्र उवाच—जाग्रतो दह्यमानस्य यत्कार्यमनुपश्यसि ।
तद्ब्रूहि त्वं हि नस्तात धर्मार्थकुशलो ह्यसि ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે–હે તાત! ઉજાગરો કરતા તથા ચિંતાગ્નિએ કરી બળતા મને, જે કરવા યોગ્ય જોતો હોય તે કહે, કારણ તું ધર્મ તથા અર્થમાં કુશળ છે. હે વિદુર! જે કરવાથી યુધિષ્ઠિરનું હિત થાય તથા કૌરવોને માટે પણ જે કલ્યાણકારક તું માનતો હોય તે મને બુદ્ધિપૂર્વક યથાર્થ કહે. હે વિદ્વાન્! ભાવિદુઃખથી ઉદ્વિગ્નતાને પામતો, તથા પૂર્વે કરેલા અપરાધને યાદ કરતો હું વ્યાકુળ મનથી તને પૂછું છું, માટે યુધિષ્ઠિરે જે ધારેલું હોય તે સર્વ યથાર્થ કહે. વિદુરે કહ્યું કે–હે રાજન્! સારૂં વા નરતું પ્રિય વા અપ્રિય પણ "આનો પરાભવ ન થાય તો ઠીક" એમ ઇચ્છનાર પુરૂષ પૂછ્યા વગર પણ કહે છે માટે તમારૂં હિત ઇચ્છનાર હું કૌરવોના હિતરૂપ, ધર્મયુક્ત તથા કલ્યાણકારક વાત કહું તે સાંભળો. હે ભારત! ખોટા ઉપાયથી કરેલાં કપટ દ્યૂતાદિરૂપ કર્મ હવે મનમાંથી કાઢી નાંખો. ઉપાય જેના કહેલા છે એવું કામ ઉપાય કરવાથી જ્યારે સિદ્ધ થાય નહિ ત્યારે બુદ્ધિમાન પુરૂષ મનમાં કંઇપણ ગ્લાનિ લાવતા નથી. અર્થના કામમાં મતલબ જોવી, એટલે કે "આ કામમાં આપણી શું મતલબ સિદ્ધ થાય છે," તે નિશ્ચય કર્યા પછી કામ કરવું; પણ વગર વિચારે વેગથી કામનો સમારંભ કરવો નહીં. ધારેલા કામ વિષે વિચાર કરવો કે" આ કરવાથી અર્થ સિદ્ધ થશે કે નહીં ને સિદ્ધ થયા પછી પણ આપણાથી સચવાશે કે

અધ્યાય ૧૬ મો. કર્ણની બડાશ.

वैशंपायन उवाच—तथा पृच्छन्तमतीवपार्थं वैचित्रवीर्यं तमचिन्तयित्वा ।
उवाच कर्णो धृतराष्ट्रपुत्रं प्रहर्षयन् संसदि कौरवाणाम् १

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી અર્જુન સંબંધી વાત પૂછતા વિચિત્રવીર્યનાં પુત્ર ધૃતરાષ્ટ્રને ગણકાર્યા વગર, કર્ણ કૌરવોને અત્યંત હર્ષ કરાવતાં સભામાં દુર્યોધન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો કે; "હું બ્રાહ્મણ છું" એ રીતે પૂર્વે મેં અસત્ય પ્રતિજ્ઞા કરીને પરશુરામ પાસેથી બ્રહ્માસ્ત્ર સંપાદન કર્યું. તે વાત તેમના જાણવામાં આવ્યાથી તેમણે મને એટલુંજ કહ્યું કે, "અંત વખતે તને અસ્ત્રવિદ્યાની સ્મૃતિ થશે નહીં." મારો અપરાધ તો મોટો હતો, તોપણ સમુદ્ર પર્યંત પૃથ્વીને બાળવાને સમર્થ તીક્ષ્ણ તેજવાળા મહર્ષિયે "તું મરી જા" એવો શાપ આપ્યો નહી; કારણ મેં સેવા તથા પરાક્રમથી એમનું મન પ્રસન્ન કરેલું હતું. તે અસ્ત્ર હજી મારૂં આયુષ્ય છે તેથી મારી પાસે છે, માટે હું અર્જુનને જીતવા સમર્થ છું, ને એ ભાર મારી ઉપર છે. તે મહાત્મા ઋષિના પ્રસાદને પામેલો હું નિમેષ માત્રમાં પાંચાળ, કારૂષ, મત્સ્ય તથા પુત્ર પૌત્ર સહિત પાંડવોને નાશ પમાડી પરલોક પ્રત્યે મોકલીશ. પિતામહ ભીષ્મ, દ્રોણ તથા સર્વ મુખ્ય રાજાઓ અહિંજ રહો, ને હું એકલો મારા બાહુબળે કરી પાંડવોને તેમની પાસે જઇ મારીશ, એ ભાર મારી ઉપર છે. એ રીતે બોલતા કર્ણ પ્રત્યે ભીષ્મ બોલ્યા કે, હે કાળથી ઘેરાયલી બુદ્ધિવાળા કર્ણ ! તું પણ હણાઇશ, ને ધૃતરાષ્ટ્રના પુત્રો પણ નાશ પામશે, તે તું જાણતો નથી, ને ફોકટ શું કામ બકે છે ? ખાંડવ વનનો દાહ કરતી વખતે શ્રીકૃષ્ણ સહિત અર્જુને જે કર્મ કર્યું, તે સાંભળ્યું ત્યારથીજ તું બાંધવો સહિત મનને નિયમમાં રાખવા યોગ્ય છે. મહાત્મા ઇંદ્રે જે તને શક્તિ નામનું આયુધ આપ્યું છે, તેને પણ તું સંગ્રામ વિષે કેશવ ભગવાનના ચક્રથી બળેલું જોઇશ. જે સદૈવ યત્નથી પુષ્પાદિકે કરી પૂજા કરેલું તથા સર્પ સરખા મુખવાળું તારૂં બાણ શોભે છે, તે પણ પાંડવોના બાણ સમૂહથી તું સહિત નાશ પામેલું જોઇશ. વળી જે અત્યંત ભયંકર યુદ્ધમાં તારા જેવા તથા તારાથી બળવાનોને પણ હણે છે, તે બાણાસુર તથા ભૌમાસુરને હણનાર વાસુદેવ ભગવાન અર્જુનની રક્ષા કરે છે. એવાં ભીષ્મનાં વચન સાંભળી કર્ણે કહ્યું કે, યાદવ કુળનો પતિ વાસુદેવ જેવો તમે કહ્યો તેવો હો વા તેથી પણ અધિક હો તે વિષે હું કંઇ કહેતો નથી, પણ તમે મને જે કઠોર વચન કહ્યું તેનું ફળ સાંભળો. તમે વિદ્યમાન હશો ત્યાંસુધી હું યુદ્ધ કરીશ નહીં ને સંગ્રામમાં શસ્ત્ર પણ મૂકીશ નહીં. જ્યારે તમે શાંત થશો ત્યાર પછીજ સર્વ રાજાઓ પૃથ્વી વિષે મારા પ્રભાવને જોશે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! મોટા ધનુષવાળો કર્ણ એમ કહી હથિયાર ફેંકી દઈ સભામાંથી પોતાને ઘેર ગયો; તે વખતે અત્યંત હાસ્ય કરી ભીષ્મે કૌરવોના મધ્યમાં દુર્યોધનને કહ્યું કે, સૂતપુત્ર કર્ણ સાચી પ્રતિજ્ઞાવાળો દેખાય છે, કેમકે પ્રથમ હું યુદ્ધ કરીશ એમ કહી હવે મને એમ કહે છે કે, તમે વિદ્યમાન હશો ત્યાંસુધી હું યુદ્ધ કરીશ નહીં, માટે તે, યુદ્ધ બાર સહન કર્તા ને મિત્ર પણ કેમ કહેવાય. હે કૌરવ ! ભીમસેન આપણી વ્યૂહરચના સામે ઉભો રહીને આપણા યોદ્ધાઓનાં મસ્તકોને કાપી લોકનો ક્ષય કરશે તે તું જોઇશ. કર્ણે કહ્યું હતું કે, આવંત્ય, કલિંગ, જયદ્રથ, ચેદિધ્વજ તથા બાહ્લિક ઇત્યાદિ રાજાઓ [illegible] ને હું એકલો શત્રુની સેનાના સેંકડો તથા હજારો યોદ્ધાઓને મારીશ પણ એ તો જાણ

માત્ર જાણવું; કારણ જ્યારથી સૂર્યપુત્ર કર્ણે પ્રશંસા કરવા લાયક ભગવાન પરશુરામ પાસેથી "હું બ્રાહ્મણ છું" એમ કહી બ્રહ્માસ્ત્ર શીખ્યો, ત્યારથીજ તે અધમ પુરૂષના તપ તથા ધર્માદિ સદ્ગુણ નાશ થઇ ગયા છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે કર્ણ સભામાંથી ગયા પછી ભીષ્મે ઉપર પ્રમાણે વાક્ય કહ્યાં, ત્યારે અલ્પ બુદ્ધિવાળો દુર્યોધન ભીષ્મને આ પ્રમાણે કહેવા લાગ્યો.

तथोक्तवाक्ये नृपतौ भीष्मे निक्षिप्य शस्त्राणि गते च कर्णे ।
वैचित्रवीर्यस्य सुतोल्पबुद्धि दुर्योधनः शांतनवं बभाषे ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि कर्णभीष्मवाक्ये गुर्जरभाषायां द्विषष्ठितमोऽध्यायः ॥ ६२ ॥

અધ્યાય ૬૩ મો. દુર્યોધન અને ભીષ્મ સંવાદ.

दुर्योधन उवाच—सदृशानां मनुष्येषु सर्वेषां तुल्यजन्मनां ।
कथमेकांततस्तेषां पार्थानां मन्यसे जयं ॥ १ ॥

દુર્યોધન કહે છે—હે ભીષ્મ! મનુષ્યમાં અમે તથા પાંડવો સરખા જન્મવાળા છીયે તેથી સૌએ સરખાજ છીયે, ને તમે પાંડવોનો જય થશે એમ કેમ કહો છો? હે પિતામહ! અમે તથા તેઓ એક કુળમાં મનુષ્ય યોનિથી ઉત્પન્ન થયા છીએ, માટે વીર્ય, પરાક્રમ, અવસ્થા, સ્મરણ શક્તિ, શાસ્ત્રાધ્યયન, અસ્ત્રજ્ઞાન તથા શૂરવીરતાની સમૃદ્ધિએ કરી સરખાજ છીયે તોપણ પાંડવોનોજ જય થશે, એમ તમે કેમ કહો છો? હું કંઇ તમારા તથા દ્રોણ, કૃપ, બાહ્લિક અને બીજા રાજાઓ ઉપર ભરોંસો રાખી યુદ્ધનો આરંભ કરતો નથી. હું, સૂર્યપુત્ર કર્ણ તથા મારો ભાઈ દુઃશાસન એ અમે ત્રણ મળી તીક્ષ્ણ બાણોથી પાંચે પાંડવોને હણીશું ત્યાર પછી હું ઘણી દક્ષિણાવાળા વિવિધ પ્રકારના યજ્ઞ કરી, બ્રાહ્મણોને ગામ, ઘોડા તથા ધનનાં દાન આપી તૃપ્ત કરીશ. જેમ હરિણના બચ્ચાંને પારધિયો પાશથી બાંધે તથા સુકાની વગરના નાવમાં બેઠેલાં જનોને જળ ભમાવે, તેમ મારા સૈનિકો પોતાના બાહુબળે કરી પાંડવોને રૂંધશે, ત્યારેજ રથ તથા હસ્તિ આદિ મોટા સૈન્યવાળા પોતાના શત્રુ એવા અમોને જોઇ તેઓ તથા કેશવ ભગવાન ગર્વ મૂકી દેશે. દુર્યોધનનાં વચન સાંભળી વિદુર બોલ્યા કે, નિશ્ચય બુદ્ધિવાળા બ્રાહ્મણ દમનેજ કલ્યાણકારક કહે છે, જે બ્રહ્મનિષ્ઠનો એ અનાદિ મુખ્ય ધર્મ છે. જે પુરૂષ દાંત થઇ એટલે ઇંદ્રિયોને નિયમમાં રાખી દાન, તપ, જ્ઞાન તથા અધ્યયન સંપાદન કરે તેને તે દાનાદિ યથાર્થ ફળ આપે છે; ને દમ, ઉત્તમતા, પવિત્રતા તથા તેજની વૃદ્ધિ કરે છે; માટે દમને સ્વીકારવાથી વૃદ્ધિ પામેલા તેજવાળો પુરૂષ પાપ રહિત થઇ પરબ્રહ્મને પામે છે. જેમ ધનાદિની ચોરી કરનાર પુરૂષથી પ્રાણીયોને ભય થાય છે તેમજ અજિતેંદ્રિય, અદાંત પુરૂષથી ભય થાય છે; માટે તેમને ખરાબ કામથી રોકવા સારૂ બ્રહ્માએ ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે. બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસ એ ચારે આશ્રમ વિષે દમજ ઉત્તમ વ્રત છે; કારણ તેથી ક્ષમાદિ સદ્ગુણનો ઉદય થાય છે. ક્ષમા, ધૈર્ય, અહિંસા, સમતા, સત્યપણું, સરલતા, જિતેંદ્રિયપણું, ધૃતિ, કોમળતા, લજ્જા, ચંચળપણાનો ત્યાગ, કૃપણતા રહિતપણું, અક્રોધ, સંતોષ તથા શ્રદ્ધા એ ગુણનો ઉદય થાય છે. આ

શીલે સંપન્ન જે પુરૂષ હોય, તેનેજ દાંત જાણવો; ને તે પુરૂષ કામ લોભ, દર્પ, ક્રોધ, નિદ્રા, પોતાનાં વખાણ કરવાં, માન, ઇર્ષ્યા તથા શોક એ દુર્ગણનું સેવન કરતો નથી. ક્રૂરતા રહિતપણું, અશઠતા તથા શુદ્ધતા એ દાંત પુરૂષનાં મુખ્ય લક્ષણ જાણવાં. વળી જે પુરૂષ આશા રહિત, થોડું ઇચ્છનાર, સ્ત્રીઆદિનું ધ્યાન ન કરનાર તથા સમુદ્ર સરખો ગંભીર હોય તેને પણ દાંત જાણવો. શુભ આચરણવાળો, શીલ સંપન્ન, શુદ્ધ ચિત્તવાન, આત્મવેત્તા તથા પંડિત પુરૂષ આ લોકમાં જીવતાં લગી સન્માન પામી મૃત્યુ પામ્યા પછી પરમગતિને પામે છે. જે પુરૂષને કોઇપણ પ્રાણીથી ભય નથી, તેમ જેનો સર્વ પ્રાણીયોને ભય નથી, તેને મનુષ્યમાં ઉત્તમ જ્ઞાની જાણવો. જે સર્વ પ્રાણીનું હિત ચાહનાર તથા તેમની સાથે મિત્રાઇ રાખનાર હોય, તેનાથી કોઇ પણ મનુષ્ય ઉદ્વેગ પામતો નથી, ને તે પોતે સમુદ્ર સરખો ગંભીર તથા જ્ઞાને કરી સંતુષ્ટ શાંતિ પામે છે. વળી દૈવથી પ્રાપ્ત થયેલા ભોગે કરી સંતુષ્ટ તથા સદાચરણે કરી યુક્ત હોય તેને દાંત અને સુખી જાણવો. જે પુરૂષ સર્વ ઇંદ્રિયના વ્યાપારનો ત્યાગ કરી સંતુષ્ટ થઇ તથા જીતેંદ્રિય રહી કાળની ઇચ્છા રાખી લોકમાં ફરે, તે બ્રહ્મભાવને પામે. જેમ આકાશમાં વિચારનારા પક્ષિયોને સ્થાન ક્યાં છે તે જણાતું નથી, તેમ જ્ઞાને કરી તૃપ્ત મુનિયોનો માર્ગ પણ જણાતો નથી જે પુરૂષ ઘરનો ત્યાગ કરી મોક્ષાશ્રમરૂપ સંન્યાસને શ્રેષ્ઠ માને છે, તેને પરલોકમાં તેજોમય શાશ્વત લોકની પ્રાપ્તિ થાય છે.

उत्सृज्यैव गृहान्यस्तु मोक्षमेवाभिमन्यते ।
लोकास्तेजोमयास्तस्य कल्पंते शाश्वतादिवि ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायां त्रिषष्टितमोऽध्यायः ॥ ६३ ॥

અધ્યાય ૬૪ મો. સંપમાંજ જય છે.

विदुर उवाच—शकुनीनामिहार्थाय पाशं भूमावयोजयत् ।
कश्चिच्छाकुनिकस्तात पूर्वेषामिति शुश्रुम ॥ १ ॥

વિદુર કહે છે—હે પિતારૂપ જ્યેષ્ઠ બંધુ ! પ્રાચીન પુરૂષોના મુખથી અમે જે આખ્યાયિકા સાંભળી છે, તે કહું તે સાંભળો. કોઈ એક પારધિ પક્ષિયોને પકડવા સારૂ પૃથ્વી ઉપર જાળ પાથરી પોતે દૂર ખસી ગયો, તેવામાં સાથે ફરનાર બે પક્ષી એકજ વખતે તેમાં બંધાઇ ગયાં, પણ બંધનરૂપ જાળને લઇ પછી આકાશમાં ઉડયાં; તે જોઇને પારધિ, જે જે માર્ગે આકાશમાં તે પક્ષિયો જતાં હતાં, તે તે માર્ગે તેઓને પકડવાના હર્ષથી પૃથ્વી ઉપર દોડવા લાગ્યો. તે જોઇ પોતાના નિત્ય કર્મથી પરવારેલા કોઈ મુનિ પારધિને પૂછવા લાગ્યા કે, હે મૃગને મારનાર પારધિ ! આકાશમાં ગયેલાં પક્ષિયોની પાછળ તું પૃથ્વી ઉપર દોડયો જાય છે, તે જોઈ મને મોટું આશ્ચર્ય થાય છે. મુનિનાં વચન સાંભળી પારધિ બોલ્યો કે, હે મુનિ ! એ બેઉ એકઠાં મળી ઉડયાં, તેથી મારો પાશ લઇ જાય છે, પણ જતાં જતાં જ્યારે તે બેઉ પરસ્પર લડશે, ત્યારે મારે વશ થશે. પારધિ મુનિને આમ કહેતો હતો તેટલામાં મૃત્યુ જેને નજીક આવ્યું હતું એવાં, તે પક્ષિ માંહોમાંહી પરસ્પર એક બીજાની પછી લડવા લાગ્યાં; તેથી કાળને વશ હોવાને લીધે દુર્બુદ્ધિવાળાં તે બેઉ પાશ સુદ્ધાં નીચે પૃથ્વી

ઉપર આવી પડયાં. તે જોઇને પારધિયે તેઓને ખબર ન પડે એ રીતે પાસે આવી પકડી લીધાં. હે ભરતર્ષભ ! એ રીતે પરસ્પર કજીઆથી જેમ પક્ષિયો શત્રુને વશ થયાં તેમજ જે જ્ઞાતિવાળાઓ ધન વાસ્તે પરસ્પર કલહ કરે છે, તે શત્રુને વશ થાય છે. સંબંધિયોએ તો એક બીજાને સારૂં ભોજન ક[illegible] સારી વાતો કરવી, ખાસ પ્રશ્નો પૂછવા તથા અન્યોન્ય મેળાપ રાખવો, એ કર્તવ્ય છે, પણ કદી વિરોધ કરવો ઉચિત નથી. જે પુરૂષ પોતાનો વખત આવ્યે પરસ્પર વિરોધ ન કરતાં વૃદ્ધોને સેવે છે, તેને જેમ સિંહે રક્ષણ કરેલા જંગલને કોઇ પરાભવ પમાડી શકતું નથી, તેમ કોઇ પરાભવ પમાડી શકતું નથી. હે ભરતર્ષભ ! જે પુરૂષ ઘણું ધન સંપાદન કરી સદૈવ દીનની પેઠે વર્તે છે, તેની લક્ષ્મી શત્રુઓને હાથ જાય છે. હે ધૃતરાષ્ટ્ર ! જેમ ઇંધણાં જુદાં જુદાં હોય તો ધુંધવ્યા કરે, અને એકઠાં મળેલાં હોય તો પ્રજ્વલિત થઇ પાકાદિ કાર્ય સિદ્ધ કરે તેમ સંબંધિયો પણ એકઠા મળેલા હોય તો, ધારેલુ કાર્ય સિદ્ધ કરે. હે કૌરવો !પૂર્વે મેં બીજું પણ ગંધમાદન પર્વતને વિષે જોએલું વૃત્તાંત હું કહું, તે સાંભળી તમને જે સારૂં લાગે તે કરો.

પૂર્વે અમે મંત્ર યંત્રાદિ વિદ્યા તથા ઔષધિના ગુણ દોષ જાણવામાં કુશળ, દેવ સરખા બ્રાહ્મણો સહિત ભીલ લોકોને લઇને, ચોતરફથી લતાઓએ વિંટાયલા, પ્રકાશમાન ઔષધિવાળા અને સિદ્ધ તથા ગંધર્વ જેમાં વિહાર કરતા એવા ગંદમાદન નામના ઉત્તર ગિરિ ઉપર ગયા, ત્યાં જોયું તો પાણી વગરની તથા પડી જવાય એવી તેની વિષમ ટોચ ઉપર સર્પોએ રક્ષણ કરેલું કુબેરને અત્યંત પ્રિય તથા મધુર એવું સુવર્ણમાક્ષિક ઘડા જેટલું હતું. જેને સેવવાથી મનુષ્ય અમર થાય છે. ચક્ષુ રહિત ચક્ષુવાળો થાય તથા જે વૃદ્ધ હોય તે તરૂણ થાય છે. એ તેના ગુણ અમારી સાથે ઔષધિના ગુણદોષને જાણનાર બ્રાહ્મણો હતા તેમણે કહ્યા. હે મહિપતિ ! તે સાંભળી અમારી ભેગા આવેલા ભીલ લોકો, સર્પ સહિત ત્યાં તે પર્વતની ટોચ ઉપર સર્પોએ રક્ષા કરેલી સુવર્ણમાક્ષિકની આશાથી ગયા ને નાશ પામ્યા. તેમજ હે રાજન્ ! આ તમારો પુત્ર પણ એકલો પૃથ્વીના રાજ્યને ઇચ્છે છે, તે અત્યંત મોહથી સુખરૂપ મધુરતાને દેખે છે, પણ પોતાના નાશને દેખતો નથી. વળી આ તમારો પુત્ર દુર્યોધન સંગ્રામમાં અર્જુન સાથે યુદ્ધ કરવાનું મન કરે છે, પણ હું તો તેના સરખું પરાક્રમ કે તેજ આનું દેખતો નથી જે એકલા અર્જુને રથમાં બેસી સમગ્ર પૃથ્વી જીતી, વિરાટના ગોગ્રહ યુદ્ધ વિષે ભીષ્મ તથા દ્રોણ વિગેરે સારી રીતે યુદ્ધ કરનારાઓ પણ જેથી ત્રાસ પામી ગયા હતા, તેનું બળ તમારે હવે જોતું છે. કર્ણાદિ તમારા હુકમની વાટ જોઇ બેઠા છે. દ્રુપદ, મત્સ્ય રાજા તથા અત્યંત ક્રોધ પામેલો અર્જુન સંગ્રામમાં, વાયુયુક્ત અગ્નિની પેઠે તમારી સેનામાંના કોઇને પણ અવશેષ રહેવા દેશે નહી, માટે હે ધૃતરાષ્ટ્ર ! યુધિષ્ઠિર રાજાને ખોળામાં લ્યો, કારણ યુદ્ધ કરનાર બેઉનો યુદ્ધ વિષે કંઇ જય થતો નથી. માટે વિચારો તો બેમાંથી એકનો નાશ થશે અને એ રીતે તમારોજ નાશ થશે.

अंके कुरुष्व राजानं धृतराष्ट्र युधिष्ठिरं ।
युध्यतो हि द्वयोर्युद्धे नैकांतेन भवेज्जयः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायां चतुःषष्ठितमोऽध्यायः ॥ ६४ ॥

અધ્યાય ૬૫ મો. ધૃતરા૦ ની શિખામણ.

धृतराष्ट्र उवाच—दुर्योधनविजानीहि यत्त्वां वक्ष्यामि पुत्रक ।
उत्पथं मन्यसे मार्गमनभिज्ञ इ[illegible]ः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે દુર્યોધન ! હે પુત્ર ! જેમ રસ્તો ન જાણનાર વટેમાર્ગુ આડા માર્ગને ' આ માર્ગ છે ' એમ માને, તેમ તું આડા માર્ગને ' માર્ગ છે ' એમ માને છે, તે એ કે, લોકને ધારણ કરનાર પંચ મહાભૂત સરખા પાંચ પાંડવોના તેજને હરણ કરવા ઇચ્છે છે; પણ હું તો એમ માનું છું કે, તું મુવા વગર પરમ ધર્મ વિષે રહેલા કુંતીના પુત્ર યુધિષ્ઠિરને જીતવા સમર્થ નથી. જેમ વૃક્ષ મહા વાયુનો તિરસ્કાર કરે, તેમ તું જેના સરખો બળ વિષે બીજો કોઇ પણ નથી તથા રણસંગ્રામમાં કાળરૂપ કુંતીના પુત્ર ભીમનો તિરસ્કાર કરે છે. જેમ પર્વત માત્રમાં મેરૂ શ્રેષ્ઠ છે તેમ શસ્ત્ર ધારણ કરનારાઓમાં ગાંડીવ ધનુષ ધારણ કરનાર અર્જુન શ્રેષ્ઠ છે, માટે તેની સામે સંગ્રામમાં કયો બુદ્ધિમાન પુરૂષ યુદ્ધ કરશે ? ઇંદ્રની પેઠે શત્રુના મધ્યમાં બાણ મૂકનાર પાંચાળ દેશનો રાજા ધૃષ્ટદ્યુમ્ન, કોને માર્યાં વગર મૂકશે ? વળી અંધક તથા વૃષ્ણિ કુળમાં માનવા લાયક, કોઇથી પણ જેનું બળ સહન થઇ શકે નહી એવા અને પાંડવોના હિતમાં તત્પર સાત્યકિ તમારી સેનાનો નાશ કરશે. રે અધમ પુત્ર ! જેના સરખો ત્રણ લોકમાં બીજો કોઇ પણ પુરૂષ નથી એવા તથા કમળ સરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણ સામે બુદ્ધિમાન તો કોઇ યુદ્ધ કરશે નહિ. જે પોતાની સ્ત્રિયો, પોતાના જાતિભા, બાંધવ, આત્મા તથા પૃથ્વી કરતાં પણ અર્જુનને અધિક જાણે છે, કોઇથી સહન થાય નહી એવા, વાસુદેવ ભગવાન પાંડવની તરફ છે, માટે તેના સૈન્યને પૃથ્વી પણ સહન નહી કરી શકે, માટે હે તાત ! આપણા અર્થની વાત કરનાર તથા હિત ઇચ્છનાર સત્પુરૂષોનાં વાક્યને અનુસર; અને શંતનુના પુત્ર વૃદ્ધ પિતામહ ભીષ્મનાં વાક્યને ગ્રહણ કર. વારંવાર બોલતો એવો હું તેનાં વચન પણ માન્ય કર; ને કૌરવનું રૂડું ઇચ્છનાર દ્રોણ, કૃપ, વિકર્ણ તથા મહારાજ બાહ્લિકના કહ્યા પ્રમાણે ચાલ, કારણ તે બધા ધર્મ જાણ-નાર તથા મારા સરખોજ તારે વિષે જેમને સ્નેહ છે એવા છે; માટે જે રીતે મને માને છે તે જ રીતે તેમને પણ તું માન. વળી વિરાટ નગરમાં ભાઇયો સહિત ગાયોને આગળ દોડતી મૂકીને ત્રાસ પામેલું તારૂં સૈન્ય વિખરાઈ ગયું હતું, અને બીજું પણ તે જ શહેરમાં અત્યંત આશ્ચર્યરૂપ અર્જુનનું કર્મ સંભળાય છે, જે ઘણા સાથે એકે યુદ્ધ કર્યું. આપણે જીતીશું નહી તે વિષે એ પણ નિશાની ખરેખરી છે. એ રીતે એકલા અર્જુને જ્યારે કર્યું હતું ત્યારે તે સર્વ મળીને મોટું પરાક્રમ કરે તેમાં શું કહેવું માટે સગા ભાઇયો સરખા તેમને જો, અને અર્ધું રાજ્ય આપી તેમની સંભાવના કર.

अर्जुनस्तत्तथा कार्षीत् किं पुनः सर्व एव ते ।
सभ्रातृनभिजानीहि वृत्यर्थं प्रतिपादय ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि धृतराष्ट्रवाक्ये
पञ्चाशदधिकशततमेऽध्यायः ॥ ६५ ॥

અધ્યાય ૬૬ મો. અર્જુને કહાવેલું કહેણ.

वैशंपायन उवाच—एवमुक्त्वा महाप्राज्ञो धृतराष्ट्रः सुयोधनं
पुनरे[illegible]भागः संजयं पर्यपृच्छत ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે [illegible]જય! એ રીતે મોટા ભાગ્યવાળા મહાપ્રાજ્ઞ ધૃતરાષ્ટ્ર, દુર્યોધનને કહી ફરીથી સંજયને પૂછવા લાગ્યા કે, હે સંજય! વાસુદેવ ભગવાન કહી રહ્યા પછી, અર્જુને જે કહ્યું હોય તે પણ મને કહે. કારણ તેનાં વચન સાંભળવાનો મને ઘણો ઉત્સાહ છે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજય બોલ્યો કે હે ધૃતરાષ્ટ્ર! વાસુદેવનાં વચન સાંભળી તેમની સમક્ષ કોઇથી સહન થાય નહી એવા કુંતિના પુત્ર અર્જુને કહ્યું કે, હે સંજય! શંતનુના પુત્ર પિતામહ ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણ, કૃપ, કર્ણ, ચિત્રસેન, અવંતિપુરીના રાજા વિંદ ને અનુવિંદ, દુર્મુખ, કોઇથી સહન થાય નહી એવો સિંધુ દેશનો જયદ્રથ રાજા ભૂરિશ્રવા, ભગદત્ત રાજા, જરાસંધ રાજા તથા બીજાઓને પણ યુદ્ધમાં કૌરવોનું પ્રિય કરવા સારૂ તથા પાંડવરૂપી અગ્નિમાં હોમવાને દુર્યોધને બોલાવેલા છે તે બધાને ઘટતી રીતે મારાં વચનથી વંદન તથા કુશળ પૂછી, રાજાઓના મધ્યમાં, પાપ કરનારાઓમાં મુખ્ય, ક્રોધી દુર્બુધ, પાપરૂપ તથા અત્યંત લોભી અમાત્ય સહિત બેઠેલા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને આ મારૂં વચન સંભળાવજે, એમ મને કહી ભગવાન સામું જોઇ, અંતભાગમાં લાલ તેમજ વિસ્તીર્ણ નેત્રવાળા બુદ્ધિમાન અર્જુને કહ્યું કે, હે સંજય! મધુકુળમાં શ્રેષ્ઠ તથા મહાત્મા વાસુદેવનું વચન જે રીતે તેં સાંભળ્યું હોય તે જ રીતે મારૂં વચન સર્વ રાજાઓની વચમાં કહેજે, અને વળી કહેજે કે, બાણોના પરસ્પર અફળાવાથી થયેલા અગ્નિના ધુમાડાવાળા, અને રથની નેમિના શબ્દરૂપી મંત્રવાળા, સંગ્રામરૂપી યજ્ઞમાં અગ્નિબળથી ચાલતા ધનુષરૂપી સરવાએ કરી કૌરવરૂપી પશુનો હોમ ન થાય, તે રીતે આદરથી બધા યત્ન કરજો. શત્રુને મારનાર યુધિષ્ઠિર રાજાનો ઇચ્છિત ભાગ જલદી આપો નહી તો, ઘોડા, હાથી તથા પાયદળ સહિત, તમોને તીક્ષ્ણ બાણોથી અમંગળરૂપ દક્ષિણદિશા પ્રત્યે મોકલી દઇશ. તે સાંભળી હે દેવ સરખી કાંતિવાળા! અર્જુનની આજ્ઞા માગી તથા ચાર ભુજાવાળા શ્રીકૃષ્ણને નમસ્કાર કરી, ઉતાવળો હું તમારી પાસે આવ્યો છું.

ततोहमामंत्र्य तदा धनंजयं चतुर्भुजं चैव नमस्य सत्वरः ।
जवेन संप्राप्त इहामरद्युते तवांतिकं प्रापयितुं वचो महत् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजययानपर्वणि गुर्जरभाषायां षट्षष्टितमोऽध्यायः ॥ ६६ ॥

અધ્યાય ૬૭ મો. સંજયની એકાંત શીખ.

वैशंपायन उवाच—दुर्योधने धार्तराष्ट्रे तद्वचो नाभिनंदति ।
तूष्णीं भूतेषु सर्वेषु समुत्तस्थुर्नरर्षभाः ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! સંજયનાં વચન સાંભળી દુર્યોધને તો કંઇ જવાબ[illegible] નહીં, અને બીજા પણ કોઇ કંઇ બોલ્યા નહીં, એટલે બધા ઉઠી ચાલ્યા અને [illegible] ભારત થઇ, તે વખતે મનુષ્ય વગરની સભામાં પુત્રને વશ થયેલો તેથી તેના જયની [illegible]

જાણતો ધૃતરાષ્ટ્ર, પોતાનાઓનો, મધ્યસ્થોનો તથા પાંડવોનો શો નિશ્ચય છે, તે જાણવાની ઇચ્છાથી સંજયને પૂછવા લાગ્યો કે, હે ગવલ્ગના પુત્ર! અહિં અમારી તથા પાંડવોની સેનામાં શું સારૂં છે અને શું ખરાબ છે? આ સંગ્રામમાં યુદ્ધ કરવા કેટલા ઇચ્છતા નથી તે બધું તું સારી રીતે જાણે છે, વાસ્તે અમને અથ ઇતિ કહે. [illegible] ધર્મ અને અર્થમાં નિપુણ છે, તેમ સઉના નિશ્ચયને જાણે છે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, હે રાજન્! અહીં હું તમારી પાસે બીજા મનુષ્ય વગર કદી કંઇ પણ નહીં કહું, કારણ તેમ કહેવાથી તમોને મારી ઉપર દોષબુદ્ધિ થાય અને કોઇ વિવેકી મધ્યસ્થ હોય તો તેમ ન થાય. વ્રતવાળા પિતા વ્યાસજીને તથા તમારી સ્ત્રી ગાંધારીને અહિં બોલાવો એમ સંજયે કહ્યું, ત્યારે ધૃતરાષ્ટ્રે વિદુરને કહ્યું કે, બેઉને અહિં બોલાવી લાવ. તે સાંભળી વિદુરજી તેમને લઇ આવ્યા, એટલે વ્યાસ તથા ગાંધારી બેઉ ત્યાં સભામાં આવ્યાં. તે વખતે મહાપ્રાજ્ઞ વ્યાસજી સંજયનું તથા ધૃતરાષ્ટ્રનું મત જાણી પાસે આવી કહેવા લાગ્યા કે, હે સંજય! તું ધૃતરાષ્ટ્ર જેટલું પૂછે તે બધું કહે. વળી વાસુદેવ તથા અર્જુન વિષે રહેલું જે કંઇ સામર્થ્યાદિક જાણતો હોય તે પણ યથાર્થ કહે.

संपृच्छते धृतराष्ट्राय संजय आचक्ष्व सर्वं यावदेषोनुयुंक्ते ।
सर्वं यावद्वेत्थ तस्मिन्यथावद्या यातथ्यं वासुदेवेर्जुने च ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि व्यासगांधार्यागमनं गुर्जरभाषायां सप्तषष्टितमोऽध्यायः ॥ ६७ ॥

અધ્યાય ૬૮ મો. કૃષ્ણાર્જુનનાં વખાણ.

संजय उवाच—अर्जुनो वासुदेवश्च धन्विनौ परमार्चितौ ।
कामादन्यत्र संभूतौ सर्वभावाय संमतौ ॥ १ ॥

સંજય કહે છે—ધનુષ ધારણ કરનાર, શ્રેષ્ઠ પુરૂષોએ પૂજા કરેલા, લોકના અનુગ્રહ વાસ્તે ઇચ્છાથી આવિર્ભાવ છે જેનો એવો અર્જુન તથા વાસુદેવ બેઉ સાક્ષાત્પરબ્રહ્મરૂપ છે; પાંચ હાથનો તો જેનો મધ્ય ભાગ છે, ઇચ્છિતરૂપ ધારણ કરનારૂં, કૌરવોના સંહારમાં ચતુર, તેજના પુંજથી શોભિતું તથા પાંડવોનું અત્યંત સંમત એવું જે શૂરવીર વાસુદેવનું ચક્ર નામનું આયુધ અસ્ખલિતરૂપે કરી વર્તે છે, તે ઉપરથી તેમનું સારાસાર બળ તમો જાણો. વળી જે મહા બળવાન માધવે ભયંકર રૂપવાળા નરકાસુર, શંબરાસુર, કંસ તથા શિશુપાળને, જાણે ક્રીડા કરતા હોય નહીં તેમ જીત્યા, માટે હું તો એમ જાણું છું કે, શ્રેષ્ઠરૂપ અને ઐશ્વર્યવાન પુરૂષોત્તમ સંકલ્પ માત્રે કરીનેજ પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગને વશ કરે. હે રાજન્! પાંડવો સંબંધી સારાસાર બળ જાણવા વાસ્તે વારંવાર જે તું પૂછે છે, તે હું સંક્ષેપથી કહું છું સાંભળ. એક બાજુ સમગ્ર જગત, અને એક બાજુ જનાર્દન ભગવાન, તેમાં જો જોતાં બળમાં સમગ્ર જગતથી વાસુદેવ અધિક છે કારણ જનાર્દન ભગવાન સંકલ્પ માત્રે કરી સમગ્ર જગતને બાળી ભસ્મ કરી નાંખે પણ સમગ્ર જગત કંઇ જનાર્દન ભગવાનને બાળી શકે નહીં. જે ઠેકાણે સત્ય, ધર્મ લજ્જા તથા સરલતા છે, તે ઠેકાણે ગોવિંદ ભગવાન રહે છે, ને જ્યાં તે રહે ત્યાં જય છે. જે સર્વના અંતરાત્મા જનાર્દન પુરૂષોત્તમ, પૃથ્વી, અંતરિક્ષ તથા

સ્વાર્થને અધાવધાન કરે છે, તે ભગવાન પાંડવોને વિષે કરી લોકને મોહ પમાડતા હોય નહીં તેમ, અધર્મમાં તત્પર તથા મૂઢ એવા તમારા પુત્રોને બાળવાને ઇચ્છે. કેશવ ભગવાન્ કાળચક્ર, જગતચક્ર તથા યુગચક્રને પણ પોતાના આત્મયોગે કરી નિરંતર પ્રવર્તાવે છે. કાળ મૃત્યુ તથા સ્થાવર જંગમાત્મક જગતના પણ તે એક ભગવાનજ ઇશ છે, એ હું તમોને સત્ય કહું છું. એ મહાયોગી હરિ ભગવાન સર્વ જગતના ઇશ્વર છે, તોપણ ધાન્યાદિકની વૃદ્ધિને ઇચ્છનાર ખેડૂત જેમ કર્મમાં પ્રવર્તે, તેમ પોતે કર્મ કરવા પ્રવર્તે છે. આ રીતે કેશવ ભગવાન માયા વડે લોકોને છેતરે છે માટે જે મનુષ્યો તેને શરણે જાય તે મોહ પામતા નથી.

तेन वंचयते लोकान् मायायोगेन केशवः ।
येतमेव प्रपद्यंते न ते मुह्यंति मानवाः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजयवाक्ये गुर्जरभाषायामष्टषष्टितमोऽध्यायः ॥ ६८ ॥

અધ્યાય ૬૯ મો. શ્રીકૃષ્ણની મહત્તા.

धृतराष्ट्र उवाच—कथं त्वं माधवं वेत्थ सर्वलोकमहेश्वरं ।
कथमेनं न वेदाहं तन्ममाचक्ष्व संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે–હે સંજય! તું કયા સાધનથી માધવ ભગવાનને આ સર્વ લોકના મહેશ્વર છે એમ કહે છે, ને હું શાથી તેમને નથી જાણતો તે તું મને કહે? ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજય કહેવા લાગ્યો કે, હે રાજન્! તમારા પ્રશ્નનો ઉત્તર કહું તે સાંભળો. મારે વિષે જ્ઞાન છે, તેથી હું ભગવાનને જાણું છું. તમારે વિષે તે નથી તેથી તમે નથી જાણતા, કારણ જ્ઞાનહીન પુરૂષ પોતા વિષે રહેલા અજ્ઞાનથી કેશવ ભગવાનને નથી જાણતો. હે તાત! એ રીતે અજ્ઞાનને ટાળનારી વિદ્યાએ કરી, આકાશાદિક ભૂતોની ઉત્પત્તિ તથા લય કરનાર વિશ્વના કર્તા, નિત્ય સિદ્ધ તથા ત્રણે યુગમાં વર્તનાર, મધુસૂદન ભગવાનને હું જાણું છું. સંજયનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, હે ગવલ્ગનના પુત્ર! જે ભક્તિથી ત્રણે યુગમાં વર્તમાન મધુસૂદન ભગવાનને તું જાણે છે, તે ભક્તિ કેવી રીતની છે તે કહે? ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, હે ધૃતરાષ્ટ્ર! તારૂં કલ્યાણ થાઓ, હું માયાને સેવતો નથી, ને ભગવાનને અર્પણ કર્યા વગર કોઇપણ ધર્મને આચરતો નથી; અને કામ ક્રોધનો ત્યાગ કરી શુદ્ધ ભાવને પ્રાપ્ત થાઉં છું, એવી ભક્તિથી શાસ્ત્રદ્વારા ભગવાનને જાણું છું. સંજયનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે દુર્યોધનને કહ્યું કે, હે તાત! હે દુર્યોધન! સંજય આપણો હિતેચ્છુ છે તેથી તે સત્ય કહે છે, માટે હૃષીકેશ તથા જનાર્દન એવા કેશવ ભગવાનની પાસે જઇ શરણે થા. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી દુર્યોધને કહ્યું કે દેવકીના પુત્ર કેશવ ભગવાન અર્જુન વિષે સખાપણું રાખે છે, વાસ્તે લોકને મારી નાખશે તોપણ, હવે હું એમની પાસે નહીં જાઉં. દુર્યોધનનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પોતાની સ્ત્રી ગાંધારીને કહ્યું કે, હે ગાંધારી! દુર્બુદ્ધિવાળો, ઇર્ષ્યાળુ, કપટી તથા સત્પુરૂષોનાં વચનને અતિક્રમણ કરનાર આ તારો પુત્ર નરકમાં જાય છે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી ગાંધારીએ દુર્યોધનને કહ્યું કે, હે ઐશ્વર્યની કામના કરનાર! હે દુષ્ટબુદ્ધિ! હે વડીલની આજ્ઞા ભંગ કરનાર! હે પાપી

બુદ્ધિ! એશ્વર્યને, જીવિતને, મને તથા પિતાને પણ મૂકી, દુષ્ટ બુદ્ધિવાળાને અર્થ । આ પાપીએ, આજે મને શોક પમાડ્યો, ભીમસેનથી જ્યારે તું મરણ પામીશ ત્યારે પિતાનાં વચન યાદ કરીશ. એ રીતે ગાંધારીએ દુર્યોધનને કહ્યા પછી વ્યાસજી ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યા કે, હે રાજન્! હે ધૃતરાષ્ટ્ર! હું કહું તે સાંભળ. કલ્યાણમાં તારી યોજના કરે એવો તારો સંજય સારથિ દૂત છે, તેથી તું શ્રીકૃષ્ણને પ્રિય છે. આ સંજય તે પુરાણપુરૂષ ઋષિકેશને જાણે છે, માટે તમોને એકાગ્ર ભાવથી સમજાવશે. હે વિચિત્રવીર્યના પુત્ર! જે કેવળ પોતાના ધને કરી સંતુષ્ટ નથી થતા અને પારકા ધનને ઇચ્છે છે, ક્રમાદિક પાશથી બંધાયલા છે તે મૂઢ પુરૂષો, આંધળાએ દોરેલા આંધળા જેમ પોતાના કર્મે કરી ખાડામાં પડે, તેમ યમરાજાને વશ થઇ વારંવાર નરકમાં પડે છે. જે માર્ગે વિદ્વાન પુરૂષો જાય છે, તે આ જ્ઞાન માર્ગજ એક ઘાલને પ્રાપ્ત કરનાર છે. એને જાણી પુરૂષ મૃત્યુને અતિક્રમણ કરે છે; માટે મોટા પુરૂષ આસક્ત થઇ જતા નથી. વ્યાસજીનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું કે, હે સંજય! જેણે કરી ભગવાન પાસે જઇ ઉત્તમ સિદ્ધિ પમાય એવો નિર્ભય માર્ગ મને બતાવ. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, જેણે મન નથી જીત્યું એવા પુરૂષ ઇંદ્રિયોને નિયમમાં રાખનાર જનાર્દન ભગવાનને જાણતો નથી. કારણ ઇંદ્રિયોનો નિગ્રહ કર્યા વિના પરમાત્માને જાણવાનો બીજો એકે ઉપાય નથી. જહેંકી ગયેલી ઇંદ્રિયોની કામનાનો સાવધાનપણાથી ત્યાગ, અપ્રમાદ તથા અહિંસા, એ જ્ઞાન થવાનાં કારણ છે, એમાં સંશય નહીં. હે રાજન્! સાવધાન થઇ ઇંદ્રિયોને નિયમમાં રાખવા તત્પર થા, અને તારી બુદ્ધિ તત્વથી ભ્રષ્ટ ન થવા ચેતવણીથી તેને નિયમમાં રાખ, વળી બ્રહ્મનિષ્ઠ પુરૂષો મન સહિત ઇંદ્રિયોના નિગ્રહને જ્ઞાન અને બુદ્ધિમાન પુરૂષો જે રસ્તે જાય તે જ માર્ગ રહે એમ કહે છે. હે રાજન્! અજીતેંદ્રિય મનુષ્યોને કેશવ ભગવાન પ્રાપ્ત થતા નથી, પણ શાસ્ત્ર જાણવાથી તથા ચિત્તવૃત્તિ રૂંધવાથી ઇશ્વર પોતાનું યથાર્થ સ્વરૂપ જણાવે છે.

> अप्राप्यः केशवो राजन्निंद्रियैरजितैर्नृभिः ।
> आगमधिगमाद्योगाद्वशीतत्वे प्रसीदति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजयवाक्ये दुर्योधनापायाम्नूनसप्ततितमोऽध्यायः ॥ ६९ ॥

અધ્યાય ૭૦ મો શ્રીકૃષ્ણ નામાર્થ.

> धृतराष्ट्र उवाच—भूयो मे पुंडरीकाक्षं संजयाचक्ष्व पृच्छतः ।
> नामकर्मार्थवित्तात प्राप्नुयां पुरुषोत्तमं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે–હે સંજય, હે તાત! હું પૂછું છું કે, ભગવાનનાં વાસુદેવાદિક નામ કેમ પડ્યાં તે કહે! કારણ એનાં નામ કર્મના પ્રયોજનને જાણી, હું તે પુરૂષોત્તમને પામું. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, હે ધૃતરાષ્ટ્ર! વાસ્તવ તો કેશવ ભગવાન વાણીથી અગોચર છે, તથાપિ મેં જેટલું એમના નામનું શુભ વ્યાખ્યાન સાંભળ્યું છે તેટલું કહું છું. [illegible] કે [illegible] કરે છે, એટલે માયાએ કરી ઢાંકી દે છે, તથા [illegible] છે, તેથી [illegible] ને [illegible] કરનાર છે, તથા [illegible] છે માટે, વા [illegible]

એને વિષે વસે છે, અને દિવ્ય છે વાસ્તે, અથવા સર્વ ઇંદ્રિયોરૂપી દેવતાઓ એને વિષે વસે છે, એ કારણથી કેશવ ભગવાન "વાસુદેવ" કહેવાય છે. સર્વ જગતમાં વ્યાપ્ત છે માટે "વિષ્ણુ" કહેવાય છે. હે ભારત! શાસ્ત્ર અને યુક્તિથી તત્વને જાણવારૂપ મૌન, કર્મ, ધ્યાન તથા ચિત્ત વૃત્તિનો રોધ, એટલાં સાધનવડે, પોતાની ઉપાધિરૂપ બુદ્ધિવૃત્તિને દૂર કરવાથી "માધવ" કહેવાય છે. મધુ દૈત્યને મારવાથી અથવા પૃથ્વીઆદિ ચોવીસ તત્વનું નામ મધુ છે, તેનો સંહાર કરવાથી, ભગવાનનું નામ "મધુહા" કહેવાય છે. કૃષ ધાતુનો સત્તારૂપ અર્થ થાય છે, અને ણુકાર સુખનો વાચક છે, એમ ધાત્વર્થના યોગથી સદાનંદરૂપ વિષ્ણુનું નામ "કૃષ્ણ" પડયું છે. હૃદયરૂપી પુંડરીક એટલે કમળ તેને વિષે પોતે રહે છે, લોપણ તેના જરાનાશાદિક ધર્મનો સ્પર્શ નથી થતો, તેથી "પુંડરીકાક્ષ" કહેવાય છે. ચોરી કરનાર મનુષ્યોને પીડે છે, તેથી ભગવાન જનાર્દન કહેવાય છે. ત્રણે કાળમાં વિદ્યમાન હોવાથી સત્વર તથા સાત્વત કહેવાય છે. અને વેદથી જાણવામાં આવે છે, તેથી "વૃષભેક્ષણ" કહેવાય છે. સેનાને જીતનાર શ્રીકૃષ્ણ ઉત્પન્ન નથી થતા, તેથી "અજ" એવે નામે વિખ્યાત થયા છે. પોતે સ્વપ્રકાશ હોવાથી ઇંદ્રિયોના મધ્યમાં ઉત્કર્ષતાથી પ્રકાશે છે, તથા દમવાન છે તેથી "દામોદર" નામ પડેલું છે. સુખરૂપ તથા ઐશ્વર્યવાન હોવાથી "હૃષિકેશ" કહેવાય છે, બે હાથે કરી દ્યાવા પૃથ્વીને ધારણ કરે છે તેથી મહાબાહુ કહેવાય છે. ક્ષય ન થાય એટલે હંમેશ ઉર્ધ્વરૂપ રહે, અર્થાત્ સંસાર ધર્મ જેને સ્પર્શ નથી કરતા તેથી "અધોક્ષજ" નામે ઓળખાય છે. નર એટલે મનુષ્યોમાં રહ્યા છે, માટે નારાયણ છે. પોતે બધે ભરપુર છે ને સર્વ પોતા વિષે રહ્યું છે તથા ઉત્તમ છે વાસ્તે "પુરૂષોત્તમ" એ નામથી વિખ્યાત છે. કાર્ય તથા કારણનું ઉત્પત્તિ અને પ્રલય સ્થાન હોવાથી તથા હંમેશ સર્વ ચીજનું જ્ઞાન કાયમ રહેવાથી "સર્વ" એવું એનું નામ છે. શ્રીકૃષ્ણ સત્ય વિષે રહ્યા છે તથા સત્ય એને વિષે રહ્યું છે તથા સત્યથી પણ પોતે સત્ય છે તેથી "સત્ય" એ પણ ગોવિંદ ભગવાનનું નામ છે. તે જ દેવ ગતિ કરવાથી "વિષ્ણુ" કહેવાય છે, અને જય કરવાથી જિષ્ણુ નામ પડયું છે; હંમેશ પોતે વિદ્યમાન છે તેથી "અનંત" કહેવાય છે. ઇંદ્રિયોને જાણવાથી, "ગોવિંદ" એવું નામ પડયું છે, મિથ્યાભૂત જગતને પોતાની સત્તાથી સાચ સરખું કરીને મોહ કરે છે, એવા નિરંતર ધર્માચરણ કરનાર મધુસૂદન તથા મહાબાહુ અચ્યુત ભગવાન "કૌરવોનો ક્ષય માં થાઓ" એમ જાણી કૃપા કરવા સારૂ જરૂર અહિં આવશે.

एवं विप्रोधर्मनित्यो भगवान् मधुसूदनः ।
आगन्ताहि महाबाहुरानृशंस्यार्थमच्युतः ।

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजयवाक्ये गुर्जरभाषायां सप्ततितमोऽध्यायः ॥ ७० ॥

અધ્યાય ૭૧ મો. દોત્ય માટે કૃષ્ણાગમ સૂચન.

धृतराष्ट्र उवाच—चक्षुष्मतां वै स्पृहयामि संजय द्रक्ष्यंति ये वासुदेवं समीपे ।
विभ्राजमानं वपुषापरेण प्रकाशयंतं प्रदिशोदिशश्च ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! જેઓ ચેતનરૂપે શોભાયમાન અને દશે દિશાઓને પ્રકાશ કરતા વાસુદેવને સમીપમાં દેખશે, તે નેત્રવાળાઓના ભાગ્ય વાસ્તે હું તેને ઇચ્છું છું. વાસુદેવ ભગવાન અમારી સભામાં આવી, સૃંજયોનાં કલ્યાણ કરનારી, પૂજવા લાયક, ઐશ્વર્યને ઇચ્છનારા પુરૂષોએ ગ્રહણ કરવા લાયક અને પ્રશંસા કરવા યોગ્ય પાંડવોની વાણી જ્યારે કહી દેખાડશે ત્યારે યાદવોમાં શ્રેષ્ઠ શૂરવીર, દૂષિઓના યશને ટાળતા, શત્રુઓને ક્ષોભ પમાડનાર તથા હણનાર, શત્રુઓના યશને નાશ કરનાર, એવા મહાત્મા વાસુદેવને કૌરવો દેખશે. શત્રુને હણનાર, સુંદર વાણીનો ઉચ્ચાર કરનાર, યાદવમાં શ્રેષ્ઠ તથા સર્વ કૌરવોને મોહ પમાડતા, આત્માને જાણનાર મુખ્ય નારાયણ, અત્યંત, સનાતન, યોગમુદ્રા સહિત, યતિયોને કળશની પેઠે કરયાણ, મર્યાદા પાળનાર, ગરૂડરૂપ રૂડાપક્ષવાળા, પ્રજાનો સંહાર કરનાર, જેને વિષે જગત રહ્યું છે, જેને હજારો મસ્તક છે, પુરાણ પુરૂષ, જેનો આદિ, મધ્ય તથા અંત નથી, અનંત કીર્તિવાળા, કર્મજન્ય પુણ્યાદિકના ફળદાતા, જેનો જન્મ નથી, નિત્ય તથા પરના પણ પર એવા વાસુદેવને હું શરણે જાઉં છું. વળી ત્રિલોકોનું નિર્માણ કરનાર, દેવતા, અસુર, નાગ તથા રાક્ષસોના ઉત્પન્ન કરનાર, વિદ્વાન રાજાઓમાં મુખ્ય એવા શ્રીકૃષ્ણને હું શરણે જાઉં છું.

त्रैलोक्यनिर्माणकरं जनित्रं देवासुराणामथ नागरक्षसां ।
नराधिपानां विदुषां प्रधानमिन्द्रानुजं तं शरणं प्रपद्ये ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायामेकसप्ततितमोऽध्यायः ॥ ७१ ॥

અધ્યાય ૭૨ મો. યુધિષ્ઠિરની કૃષ્ણને વિનંતિ.

वैशंपायन उवाच—संजये प्रतियाते तु धर्मराजो युधिष्ठिर. ।
अभ्यभाषत दाशार्हमृषभं सर्वसात्वतां ॥ १ ॥

વૈશંપાયન કહે છે—સંજયના ગયા પછી ધર્મરાજ યુધિષ્ઠિર, સર્વ યાદવમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા કે, હે મિત્રવત્સલ ! મિત્રોને સહાયતા કરવાનો જે વખત તે આ આવ્યો. અમને આપદથી ઉદ્ધાર કરે એવો, તમારા વગર બીજો કોઈ હું જોતો નથી. તેથી હે માધવ ! અમો પોતે નિર્ભય થઇ દેખાતા ગર્વવાળા અમાત્ય સહિત ધૃતરાષ્ટ્રના પુત્રની સામે ચઢાઇ કરીયે છીયે, તે પણ તમારા આશ્રયથી, હે શત્રુને દમન કરનાર ! જેમ સર્વ આપદ્ વિષે યાદવોની રક્ષા કરો છો, તેમ પાંડવોની પણ તમારે રક્ષા કરવી જોઇયે; માટે આ મોટા ભયથી અમારી રક્ષા કરો. યુધિષ્ઠિરનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે, હે મહાબાહો ! હે ભારત ! આ રહ્યો, હું સાંભળવા તૈયાર છું, જે ઇચ્છા હોય તે કહો; જેમ કહેશો તેમ હું બધું કરીશ. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે કૃષ્ણ ! પુત્ર સહિત ધૃતરાષ્ટ્રનું ધારેલું સંજયે જે અમને કહ્યું તે બધું તમોએ સાંભળ્યું. તેણે જે કહ્યું તે જ ધૃતરાષ્ટ્રનો મત છે એમાં સંશય નહીં, કારણ ઉત્તમ દૂત સ્વામિનું કહેલુંજ યથાર્થ કહે, અન્યથા કહેતો નથી. હે કૃષ્ણ ! જેની આજ્ઞાથી અમે બાર વર્ષ પર્યંત વનમાં રહ્યા, અને એક વર્ષ છુપો વાસ કર્યો, પણ વિષમ બુદ્ધિથી ચાલનાર લોભી ધૃતરાષ્ટ્ર તો પાછું આપતો

[illegible] રાજ્ય આપ્યા વગર અમારી સાથે શાંતિ કરવાને ઇચ્છે છે. હે કૃષ્ણ ! હે પ્રભો ! પૌતે વર્ષ કરેલા ઠરાવ પ્રમાણે અમારું રાજ્ય પાછું ગ્રહણ કરવા અમને ધૃતરાષ્ટ્ર કહેતો, [illegible] [illegible] અમે કહેલો વહાડ બરાબર પાળ્યો એ વાત બ્રાહ્મણો જાણે છે. પછી ઇચ્છાનુસાર ધૃતરાષ્ટ્ર રાજા પુત્રની ઇચ્છા પ્રમાણે ચાલી તથા તેને વશ થઇ એની આજ્ઞાને અનુસરે છે, પણ સ્વધર્મ જોતા નથી. હે જનાર્દન ! એ રીતે દુર્યોધનના મત પ્રમાણે ચાલનાર, પોતાનું [illegible] આચરનાર ધૃતરાષ્ટ્ર લોભી થઇ અમારે વિષે ખરાબ રીતે વર્તે છે. હે માધવ ! એથી અધિક બીજું દુઃખ શું ? જે હું ત્યાં રહેલી માને તથા વિદુરાદિક મિત્રોને પણ પોષણ કરવા સમર્થ નથી થતો. હે મધુસૂદન ! કાશીરાજા, ચેદિરાજ, પાંચાળ તથા મત્સ્ય સહિત તમે જેના નાથ છો એવો હું તેણે, અવિસ્થળ, વૃકસ્થલ, માકંદી વારણાવત તથા પાંચમું બીજું કોઇ ગામ, એ રીતે જેમાં ભેગા નિવાસ કરી રહેવાય એવાં પાંચ ગ્રામ માગ્યાં. વળી ભરત કુળમાં ઉત્પન્ન થયેલા ભીષ્માદિકનો નાશ માં થાઓ, કેમકે તેઓએ પણ અમારે વાસ્તે કહ્યું, તથાપિ દુષ્ટ બુદ્ધિવાળો ધૃતરાષ્ટ્રનો પુત્ર પોતા વિષે સ્વામિપણું માની તેમને પણ નથી માંડતો, તેથી અધિક બીજું દુઃખ શું ? સત્કુળમાં ઉત્પન્ન થઇ પારકા ધનને ઇચ્છનાર પુરુષનો લોભ પ્રજ્ઞાને હણે અને હણાયેલી પ્રજ્ઞાથી લજ્જા નાશ પામે, ને નાશ પામેલી લજ્જા ધર્મનો બાધ કરે, અને બાધ થયેલો ધર્મ લક્ષ્મીને ટાળે, ને ટળેલી લક્ષ્મી પુરૂષને હણે, એટલે નિર્ધનપણું એ પુરૂષનો વધ જાણવો. હે કૃષ્ણ ! ફળ ફુલ રહિત વૃક્ષથી જેમ પક્ષિયો પાછાં વળે, તેમ નિર્ધન માણસ પાસેથી જ્ઞાતિલાઓ, સગા તથા યાચકો પાછા વળે છે, માટે હે તાત ! મરેલા માણસ પાસેથી પ્રાણ જેમ પાછા વળે, તેમ પતીતની પેઠે મારી પાસેથી સંબંધી આદિ લઇ જે પાછા વળે છે એજ મરણ છે ! જે ઠેકાણે દરરોજ જમવાના ભોજનની સામગ્રી માત્ર આજ હોય તો પ્રાતઃકાલે ન હોય, એથી બીજી પાપિષ્ટ અવસ્થા કયી ? એમ શંબરે કહ્યું છે. " પરમ ધર્મનું કારણ પણ ધનજ છે, " એમ વિદ્વાન પુરૂષો કહે છે. યજ્ઞદાનાદિક બધું ધન વિષે રહ્યું છે, માટે લોકમાં જે ધનવાન છે તે જ જીવે છે ! અને નિર્ધન પુરૂષોને તો મરેલા સરખાજ જાણવા. જે પુરૂષો પોતાના બળનો આશ્રય કરી પારકાનું ધન હરે છે, તે પોતાના ધર્મ, અર્થ, કામને તથા પોતાને પણ હણે છે. એ નિર્ધનતારૂપ અવસ્થાને પામી કેટલાક પુરૂષો મરણને વરે છે, કેટલાક શહેરમાં રહેનારા ગ્રામ વસવા સારૂ જતા રહે છે, કેટલાક વનમાં ભાગી જાય છે, કેટલાક સંન્યાસી થઇને ચાલી નિકળે છે. કેટલાક વિકળ બની જાય છે, કેટલાક શત્રુને વશ થાય છે તથા કેટલાક પારકાઓની ચાકરી કરે છે. એ રીતે ધનહીન થયેલા એ પુરૂષને મરણથી પણ આપદ અધિક લાગે છે, કારણ જે આપદ વિષે ધર્મ તથા કામનું નિમિત્ત એવી લક્ષ્મીનો નાશ છે, અને દેહના સ્વભાવથી પ્રાપ્ત થયેલા નિમિત્ત વગરનાં ધર્મકામ સેવ્યા પછી સર્વ કોઇને અનિવાર્ય એવા, ધર્મરૂપ મરણને સર્વ લોકોમાં કોઇ પણ અતિક્રમણ કરી શકતું નથી; એટલે તેમ થયેથી કોઇ રીતે દુઃખ થતું નથી, અને જીવિત પર્યંત ધર્મ કામ સેવાય છે. હે શ્રીકૃષ્ણ ! કલ્યાણરૂપ લક્ષ્મીને પામી, સુખથી વૃદ્ધિ પામેલા પુરુષ, લક્ષ્મીહીન થયેથી જેવું દુઃખ પામે તેવા દુઃખને, જન્મથી નિર્ધન હોય તે નથી પામતો, અને તે પુરુષ સંકટ કાળમાં પોતાની ખરાબ ચાલથી મોટા દુઃખને પ્રાપ્ત થાય છે, તોપણ ઇંદ્ર સહિત દેવતાઓને નિંદે, પણ પોતાના આત્માને નિંદે નહીં, ને એ પુરૂષની ખરાબ ચાલને ટાળવામાં [illegible] [illegible] થાય નહીં અને નોકરો ઉપર ગુસ્સાઇ સગાઓને નિંદે, [illegible]

"આ કરવા લાયક છે ને આ કરવા લાયક નથી" એમ પણ જાણે નહીં, પછી તે વિવેક રહિત થઈ ક્રૂર કર્મનું સેવન કરવા માંડે. તેથી પાપ કર્મે કરી વર્ણસંકર થાય, અને તે સંકર-પણાથી નર્કે જાય, પાપ કર્મોની તે પરમ અવધિ છે. હે કૃષ્ણ! લક્ષ્મીવાન પુરુષ જો જાગૃત ન થાય તો તે નરકમાં જાય, માટે તેને વિવેક છે તે જ જાગૃત છે, તેથી પ્રજ્ઞાપણું વધી જાય છે. પ્રજ્ઞાનો લાભ થયેથી પુરુષ શાસ્ત્રોનેજ જુવે ત્યારે શાસ્ત્રનિષ્ઠ પાછો ધર્મનો વિચાર કરે. જે ધર્મનું અંગ લજ્જા છે, લજ્જાવાન પાપનો દ્વેષ કરે, અને તેને લક્ષ્મીપણ વધે, પછી જ્યાં સુધી તે શ્રીમાન્ રહે ત્યાંસુધી પુરુષ જાણવો. નિરંતર ધર્મ પાળનાર, શાંત બુદ્ધિવાળા, નાના પ્રકારના કાર્યમાં તત્પર પુરુષ અધર્મમાં બુદ્ધિ ન કરે, અને પાપમાં પ્રવર્તે પણ નહીં. નિર્લજ્જ વા અત્યંત મૂઢને સ્ત્રી પણ ન જાણવો, તેમ પુરુષ પણ ન જાણવો, અને એને ધર્મ વિષે પણ અધિકાર નથી, અને તેને જેવો શૂદ્ર હોય તેવો જાણવો. લજ્જાવાન પુરુષ દેવતાઓની રક્ષા કરે, પિતૃ તથા પોતાના આત્માની પણ રક્ષા કરે, તેણે કરી મોક્ષ પામે છે, પુણ્ય કર્મોની તે પરમ અવધિ છે. હે મધુસૂદન! આ બધું મારે વિષે પ્રત્યક્ષ તમે જોયું! જે રીતે હું રાજ્યથી ભ્રષ્ટ થયો, અને આવી રીતનો નિવાસ કરું છું, માટે હવે કોઈ ન્યાયે કરીને અમે લક્ષ્મીને મૂકીશું નહીં. લક્ષ્મી નિમિત્ત યત્ન કરતાં અમારો નાશ થશે તોપણ તે સારું. હે માધવ! અમારો પ્રથમ પક્ષ તો એ કે, અમે તથા તે પરસ્પર શાંત થઈ સરખી રીતે ભાગ વેંહેચી લક્ષ્મીને સમાન થઈ ભોગવિયે અને જે કૌરવોને મારી દૈશોને અમે પામિયે, તેમાં ક્ષયનો જેમાં ઉદય છે એવા રૌદ્રકર્મોની પરમ અવધિ આવે. હે કૃષ્ણ! જે સંબંધી હોય, ન હોય, આર્ય ને શત્રુ હોય તેનો પણ ચાલતાં સુધી વધ ન કરવો, ત્યારે સંબંધિ, આર્ય તથા બાંધવોનો તો વધ કેમજ કરવો ઘટે? તેમાં પણ અહિં તો અતિ મોટા, જાતિલા, સહાયભૂત તથા અમારા ગુરૂઓ છે તેથી તેમનો વધ તો અતિ પાપરૂપ છે, માટે યુદ્ધમાં શું સારું છે. આ ક્ષત્રિયોનો ધર્મ પાપરૂપ છે તથાપિ અમે ક્ષત્રબંધુ છીયે, માટે તે અધર્મરૂપ હો તથાપિ અમારો સ્વધર્મ તે જ છે, કારણ બીજી વૃત્તિ અમને નિંદિત છે. શૂદ્રો પારકી સેવા કરી જીવે, વૈશ્યો વ્યાપારથી જીવે, અમો પારકા વધ કરી જીવિયે તથા બ્રાહ્મણો ભિક્ષા માગી પોતાનો નિર્વાહ કરે. હે દાશાર્હ! ક્ષત્રિય ક્ષત્રિયને હણે, મત્સ્યથી મત્સ્ય જીવે, કુતરો કુતરાને ખાઝે, એ રીતે કુળ પરંપરાએ કરી પ્રાપ્ત થયેલા ધર્મને તમે જુવો. હે કૃષ્ણ! યુદ્ધમાં નિરંતર કલહ રહેલો છે, યુદ્ધમાં વખતે પ્રાણ પણ જતા રહે છે તથાપિ નીતિરૂપ બળનો આશ્રય કરી હું યુદ્ધ કરીશ. હે યદૂત્તમ! તેમ કરવાથી જય પરાજય, જીવિત, મરણ તથા સુખ દુઃખ, એ વખત વગર કોઈપણ પ્રાણીને પોતાની ઇચ્છાથી મળતાં નથી. વળી કોઈ વખતે એકલો ઘણાને મારે એમ પણ થઈ જાય છે. ઘણા એકને પણ મારે. શૂરવીરને કુત્સિત પુરુષ મારે, યશ વગરના યશસ્વીને મારે, તેમ બેઉનો જય પણ થાય નહીં, ને બેઉનો પરાજય પણ થાય નહીં, પરાજયના ભયથી પલાયન કરે તેને તો ક્ષય, દ્રવ્યાદિકનો નાશ તથા દિનતા એ ત્રણેય પ્રાપ્ત થાય માટે સર્વથી યુદ્ધ તો દુઃખરૂપ છે એમાં સંશય નહીં: કારણ પારકાને મારનાર પોતે કેમ ન હણાય? હે હૃષિકેશ! હણાયલાને તો જય તથા પરાજય બેઉ સમાન છે. હે કૃષ્ણ! યુદ્ધ કરતાં પરાજય થાય તો તે મરણજ થયું એમ જાણવું. [illegible] [illegible] [illegible] ઇષ્ટ જનનો નાશ થવાથી તે પરાજય સરખોજ છે. હે કૃષ્ણ! [illegible] પારકા [illegible] પુરુષો પોતાના પુત્રાદિને હણે, ત્યારે યુદ્ધ સમાપ્ત થયા પછી, પોતાના બાંધવો તથા [illegible] ન જોતાં તે અતિ બળહીન જય કરનારને પોતાના જીવિત વિષે તથા બીજા [illegible] વિષે [illegible]

રહેતી નથી. યુદ્ધમાં પણ જે લજ્જાવાન, ધીર, પારકા ઉપર દયાવાળા આર્ય પુરૂષો હોય તે જ મરણ પામે છે ને જે હલકા હોય તે તો બચી જાય છે. હે જનાર્દન ! આપણા બચી જાય ને શત્રુ માર્યા જાય તોપણ તે નિમિત્ત નિરંતર પશ્ચાત્તાપ તો થયાજ કરે. શત્રુનું રહેલું પુત્રાદિકરૂપ શેષ પણ કાળે કરી બળવાન થાય, એટલે પૂર્વનું વેર યાદ કરી આપણું પણ કાંઇ શેષ પાછળ રહેવા દે નહીં. જેનો જય થાય તે પોતાની બડાઇને લીધે વેર મૂકી બેસે પણ પરાજય પામેલો નિરંતર દુઃખ પામતો હોય તેથી કોઇ વખતે ઓચિંતો એવો યત્ન કરે કે, સર્વ શત્રુનો ઉચ્છેદ કરી નાખે કે જેથી પાછું ફરીથી તેની સાથે વૈર થાયજ નહીં. હે કૃષ્ણ ! હું તો એમ જાણું છું કે, જય તથા પરાજય બેઉને મૂકી જે અત્યંત શાંત થઇ રહે છે, તે જ સુખે કરી નિદ્રા કરે છે. બાકી બીજા સાથે વેર બાંધનાર પુરૂષ સર્પવાળા ઘરમાં રહેનારની પેઠે અજંપાથી કદીપણ સુખે નિદ્રા કરતો નથી. શત્રુના બધા કુળને સંહારી નાખે તો જગતમાં તેની અપકીર્ત્તિ થાય, અને ઘણો કાળ વીતી જાય તો વૈર પાછું શાંત થાય નહીં; કેમકે થયેલા વૈરની વાત કરનાર પુરૂષો વિદ્યમાન હોય તથા વૈર બાંધનારના કુળમાં પણ કોઇ પુરૂષ વિદ્યમાન હોય, માટે હે કેશવ ! વૈર કરવાથી કંઇ વૈર શાંત થઇ જતું નથી, પણ ઉલટું ઘી હોમે અગ્નિ વધે તેમ વેર વધતું જાય છે. એક બીજાનું છિદ્ર હંમેશાં ખોળ્યા કરે, તેથી પોતાના વા શત્રુના નાશ વગર શાંતિ થતી નથી. પરસ્પર છિદ્ર ઇચ્છનારાઓને નાશરૂપ દોષ તો નિરંતર રહ્યોજ છે. હૃદયને બાધ કરનાર, બળવાન આધિ પણ નિરંતર રહ્યા કરે છે. પરસ્પર છિદ્ર જોવું છોડી દેવાથી વા મરણથીજ શાંતિ થાય તે વિના શાંતિ થતી નથી. હે મધુસૂદન ! શત્રુઓનાં મૂળ ઉખેડી નાખવાથી, નિષ્કંટક રાજ્યની પ્રાપ્તિ થાય તથાપિ તેમ કરવાથી અત્યંત ક્રૂર કહેવાય અને રાજ્યના ત્યાગથી શાંતિ થાય પણ તેતો રાજ્ય ન મળે તેથી વધ જાણવો, તેમ કરવાથી પણ શત્રુઓ આપણું છિદ્ર હાથ આવ્યે આપણને મારશે કે, જતા કરશે, એવો સંશય રહેવાથી તેમજ પોતાના નાશનો સંભવ છે તેથી રાજ્યનો ત્યાગ કરવો એ પણ યોગ્ય નથી. રાજ્યને તજવા પણ અમે નથી ઇચ્છતા, તેમ કુળક્ષયને પણ નથી ઇચ્છતા, માટે પ્રણિપતથી શાંતિ થાય તે જ સારૂં. સામ, દામ તથા ભેદે કરી રાજ્ય વાસ્તે યત્ન કરનાર પુરૂષોને તે ઉપાય ન ચાલતે યુદ્ધ કરવું પડે છે, પછી તે વખતે નપુંસકપણે બેસી રહેવું એ યોગ્ય નથી. વળી પરસ્પર સંતાપથી થતા દારૂણ યુદ્ધને શ્વાનોની લડાઇ સરખું પંડિતો લખે છે. હે કૃષ્ણ ! શ્વાન જેમ પરસ્પર પુંછડાં હલાવે તેમ સંગ્રામમાં એક બીજાઓની ધ્વજાઓ ચલાયમાન થાય છે, પરસ્પર છિદ્ર જોવાય છે, શ્વાન જેમ પરસ્પર ઘુરકે તેમ પરસ્પર નિંદા પ્રશંસારૂપ વાણી વપરાય છે, પૃથ્વીમાં આલોટી જવાય છે, દાંત દેખાડી શ્વાન જેમ ભસે છે, તેમ યુદ્ધમાં સિંહનાદ થાય છે. લડાઇ થતાં જે બળવાન શ્વાન હોય તે નિર્બળને જીતી તેનું માંસ ખાય છે. હે કૃષ્ણ ! મનુષ્યોમાં પણ એમજ છે એમાં કાંઇ પણ ફરક નથી. એ રીતે દુર્બળ વિષે બળવાન કરે એ ઉચિતજ છે, માટે યત્ન ન કરીએ તો રાજ્ય ન મળે, યુદ્ધ કરીએ તો કુળ ક્ષય થાય, નમીએ તો દુર્બળ કહેવાઇએ, માટે અમારે શું કરવું ? વળી હે જનાર્દન ! ધૃતરાષ્ટ્ર રાજા પિતાને ઠેકાણે છે, તેથી માન્ય તથા પૂજ્ય છે, માટે હંમેશ માનને લાયક છે, પણ હે માધવ ! પુત્ર વિષે ધૃતરાષ્ટ્રનો સ્નેહ બળવાન છે તેથી પુત્ર વશ થયેલા તે નમતા નથી કરે. હે માધવ ! હે કૃષ્ણ ! આ વખતે ધર્મ તથા અર્થથી અમે હીન ન થઇએ એવી રીત તમે અમને કેવી બતાવો છો ? હે પુરૂષોત્તમ ! હે મધુસૂદન ! આવા અર્થ

સંકટ વિષે તમારા વિના હું બીજા કોને પૂછું. હે કૃષ્ણ! અમારા પ્રિય, સર્વ કર્મની ગતિને તથા સર્વ નિશ્ચયને જાણનાર, તથા અમારા પ્રિયની કામનાવાળા, અમારે તમારા સરખા બીજા કોણ સગા છે?

વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ રીતે યુધિષ્ઠિરે કહ્યું, તે સાંભળી જનાર્દન ભગવાન, ધર્મરાજાને કહેવા લાગ્યા કે, તમારે વાસ્તે હું જરૂર કૌરવોની સભામાં જઇશ, અને ત્યાં જઇ તમારો અર્થ સિદ્ધ થાય એમ જો શાંતિ કરી શકાશે તો મારો ફેરો સફળ થશે. તેમ થવાથી તૈયાર થયેલા કૌરવ, સૃંજય, પાંડવ, ધૃતરાષ્ટ્રના પુત્ર તથા બધી પૃથ્વી પણ મૃત્યુ પાશથી મુકાશે. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે કૃષ્ણ! તમે કૌરવો પ્રત્યે જે સલાહ કરવા જાઓ છો, એ મારો મત નથી, કારણ તમો સારી રીતે કહેશો તોપણ દુર્યોધન તમારા વચન પ્રમાણે કરશે નહી. હે કૃષ્ણ! મળેલા સર્વ ક્ષત્રિય રાજાઓ દુર્યોધનને વશ છે, તેમની વચમાં તમારૂં જવું મને રૂચતું નથી. હે માધવ! તમારો દ્રોહ થતો હોય તો, દ્રવ્ય, દેવપણું, સર્વ દેવતાનું ઇશ્વરપણું તથા સુખ પણ અમને આનંદ આપે નહી. યુધિષ્ઠિરનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે, હે મહારાજ! ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનના પાપિષ્ટપણાને હું જાણું છું; તથાપિ તેમ કરવાથી સર્વ લોકમાં રાજાઓ તરફથી આપણા ઉપર કહેવત નહી આવે. વળી જેમ કોપેલા સિંહને બીજા મૃગો પૂરા પડી શકે નહી તેમ સંગ્રામ માટે ભેગા થયેલા સર્વ રાજાઓ મને કોપેલાને પૂરા પડી શકશે નહી, અને કદી તમારો સંબંધિ જાણી અયોગ્ય બંધનાદિ કર્મ કરવા પ્રવર્તે તો તે જ વખતે સર્વ કૌરવોને બાળી નાખું એવી મારી શક્તિ છે; માટે હે પાર્થ! મારૂં ત્યાં જવું કદી નિષ્ફળ થાય નહી, એમ તારે જાણવું, કદાચિત અર્થ પ્રાપ્તિ ન થાય પણ છેવટ આપણે માથે કોઇનું કહેણ તો નહી રહે; શ્રીકૃષ્ણનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે કૃષ્ણ! જો તમને તેમ રૂચતું હોય તો કૌરવો પાસે જાઓ, અને ધારેલું કામ કરી કુશળતાથી પાછા આવો. તમોને જોઇ હું સંતુષ્ટ થઇશ. હે પ્રભો! હે વિશ્વક્સેન! ભરતકુળમાં ઉત્પન્ન થયેલા કૌરવો પાસે જઇ તેમને શાંત થવા એવી રીતે વચનો કહેજો કે, જે રીતે અમે બધા ચિત્તમાંથી પરસ્પર દ્વેષ મૂકી આનંદથી એકઠા મળી રહીએ. અર્જુનના તમે મિત્ર છો, મારા ભાઇ તથા પ્રિય છો, ને તમારા સુહૃદપણા ઉપર કશું શંકા કરવા જેવું નથી; માટે ઐશ્વર્ય વાસ્તે કૌરવો પાસે પધારો. અમને, તેમને, તથા તેમના પુરૂષાર્થને આપ જાણો છો, તેમ યથાર્થ ભાષણ પણ કરી જાણો છો, માટે હે કૃષ્ણ! જે રીતે અમારૂં હિત થાય તે રીતે દુર્યોધનને કહેજો. હે કેશવ! અધર્મે કરી અર્ધ રાજ્ય લાયક અમોને ન ગણતાં પાંચ ગામ આપે, વા ફરીથી દ્યૂત રમી હારે તો પાછું બધું રાજ્ય આપે, એમાંથી જે હિતરૂપ વચન હોય તે તમે તેમને કહેજો.'

યદ્યધર્મેણ સંયુક્તમુપપદ્યેદ્ધિતં વચઃ ।
તત્તત્કેશવ ભાષેથા સાંત્વં વા યદિ વેતરત્ ॥

ઇતિશ્રી મહાભારતે ઉદ્યોગપર્વણિ ભગવદ્યાનપર્વણિ યુધિષ્ઠિરકૃષ્ણસંવાદે ગુર્જરભાષાયાં દ્વિસપ્તતિતમોઽધ્યાયઃ ॥ ૭૨ ॥

અધ્યાય ૭૩ મો. [illegible] કૃષ્ણનો [illegible].

श्रीभगवानुवाच—संजयस्य श्रुतं वाक्यं भवतश्च श्रुतं मया ।
सर्वं जानाम्यभिप्रायं तेषां च भवतश्च यः ॥ १ ॥

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે–સંજયનું તથા તમારૂં વાક્ય સાંભળી તેમનો તથા તમારો સર્વ અભિપ્રાય જાણ્યો. તમારી બુદ્ધિમાં ધર્મ રહ્યો છે, અને તેમની બુદ્ધિમાં વૈર રહ્યું છે; તમે એમ પણ માનો છો કે, યુદ્ધ કર્યા વગર જે મળે, તે થોડું હોય તોયે ઘણું સારૂં. પણ હે વિશાંપતે! જ્યાં સુધી જીવવું ત્યાં સુધી બ્રહ્મચર્ય કે સંન્યાસસીપણું પાળવાનું ક્ષત્રિયોને કહ્યું નથી, અને સર્વ આશ્રમવાળા પણ એમ કહે છે કે, ક્ષત્રિયોએ ભિક્ષાચરણ કરવું નહિં. ક્ષત્રિયોનો સનાતન સ્વધર્મ તો સંગ્રામમાં જય મેળવવો, વા સામે થઇ મરણ પામવું એજ છે. અમને પાંચ ગામ આપો એમ દીન વચન કહેવાં, એ સારૂં નથી. હે શત્રુને તપાવનાર! હે મહાબાહો! હે યુધિષ્ઠિર! એ રીતે દીનતાનો આશ્રય કરી જીવિકા સાધવા સમર્થ થવાય નહીં; વાસ્તે પરાક્રમ કરી શત્રુને મારો. જેણે અતિ ગાઢો સ્નેહ કરેલો, ઘણો વખત એકઠા રહેલા, જેણે મિત્ર કરેલા, તથા જેણે સૈન્ય એકઠું કરેલું એવા ધૃતરાષ્ટ્રના પુત્રો, ભીષ્મ, દ્રોણ તથા કૃપાદિકવડે કરી પોતાને જબરા માને છે, તેથી તે તમારી સાથે સમતાથી વર્તે એવો કોઇ પણ ઉપાય છે નહિં. હે શત્રુને દમન કરનાર! જ્યાં સુધી મૃદુપણાથી તમો એમને સેવશો. ત્યાં સુધી એ તમોને રાજ્ય આપનાર નથી. હે શત્રુને દમન કરનાર! તમારે માટે કૃપાથી, દીનતાથી તથા ધર્માર્થ વાસ્તે પણ, ધૃતરાષ્ટ્રના પુત્રો તમારી કામના પૂરી કરવા સમર્થ નથો. હે પાંડવ! તમે કોપીન ધારણ કરી વનવાસાદિ દુષ્કર કર્મ કર્યાં, તોપણ તેમને પશ્ચાતાપ થયો નહી, એ પણ અશાંતિનો હેતુ જાણવો. પિતામહ ભીષ્મ, દ્રોણ, બુદ્ધિમાન વિદુર, બ્રાહ્મણો, સત્પુરૂષો, રાજાઓ, શહેરનાં મનુષ્ય તથા સર્વ મુખ્ય કૌરવોના સમક્ષ તેમનો અનાદર કરી, દાન શીલ, સરલ, ઇંદ્રિયોને નિયમમાં રાખનાર, ધર્મશીલ તથા પોતાને અનુસરનાર એવા તમોને દ્યૂત વિષે છળ કરી જેણે છેતર્યા, પણ તે ક્રૂર બુદ્ધિવાળો પોતાના એવા ખરાબ કામથી જરાએ લજ્જા પામતો નથી. હે રાજન્! હે ભારત! તેવા ખરાબ શીલ તથા ખરાબ આચારવાળા આગળ વિનય માં કરો, કારણ તે સર્વ લોકને હાથે મરવા લાયક છે, તો પછી તમારાથી મરવા લાયક હોય તેમાં શું? દ્યૂતમાં તમો હાર્યા તે વખતે જેણે કઠોર વાણીથી તમોને પીડા આપી, ને વળી ભાઇઓ સહિત પ્રસન્ન થઇ આવી રીતે ભાષણ કર્યું કે હવે અહિં કાંઇ પણ પાંડવોનું છે નહિં, અને એમનું નામ કે ગોત્ર પણ કંઇ અવશેષ રહ્યું નથી, વળી શૌર્યાદિ સ્વભાવથી નષ્ટ થઇને મારા જોતાં આ રખડતા પાંડવો બાર વર્ષમાં તો નાશ પામી જશે. દ્યૂત રમવાના પ્રસંગે અસંત દુષ્ટબુદ્ધિવાળા પાપી દુઃશાસને, અનાથની પેઠે રૂદન કરતી દ્રૌપદીના કેશ ઝાલી રાજ સભામાં તેને લઇ આવી, ભીષ્મ તથા દ્રોણની સમક્ષ વારંવાર હાસ્ય કરી એમ કહ્યું છે કે, 'આ ગાય છે' એટલે સર્વને ભોગવવા લાયક છે. તે વખતે ભયંકર પરાક્રમવાળા સર્વ ભાઇઓને તમોએ વાર્યા, તેથી ધર્મપાશથી બંધાએલા તે કંઇ પણ પ્રતિકાર કરી શક્યા નહીં. વળી દુઃશાસન બીજી પણ કેટલીક કઠોર વાણી બોલ્યો હતો. તમે વનમાં ગયા પછી પણ જ્ઞાતિના મધ્યમાં તે પોતાનાં વખાણ કરતો હતોઃ ત્યારે સભામાં બીજા બેઠેલા હતા તે તમને નિરપરાધી જાણી કંઠમાં ખાઇ ખાઇ રોતા હતા. બ્રાહ્મણો સહિત સર્વ

રાજાઓ તથા બીજા સભાસદો પણ, દુર્યોધનને નિંદતા હતા પણ "આ સારૂં કરે છે" એમ કોઇ કહેતા નહોતા. હે શત્રુનો નાશ કરનાર ! હે રાજન્ ! કુલિન માણસ નિંદા કરતાં મરણ વધારે પસંદ કરે છે, કેમકે નિંદા વ્યક્તિને વગોવનારી છે. હે મહારાજ ! જ્યારથી સર્વ રાજાઓએ એની નિંદા કરી ત્યારથીજ તે નિર્લજ્જ મુવા જેવો છે. ચોતરફથી ખળ કરી ઉભાં રાખેલાં નિર્મૂળ વૃક્ષની પેઠે એવા ખરાબ ચરિત્રવાળો મહેનત વગર મરાય છે. દુર્બુદ્ધિવાળો ખરાબ માણસ સર્પની પેઠે સર્વ લોકને વધ કરવા યોગ્ય છે; માટે હે રાજન્ ! હે શત્રુને હણનાર ! તમે પણ એને મારી નાખવાને વિચાર ન કરો. હે અનઘ ! પિતાસ્થાનાપન્ન ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મ વિષે તમે જે પ્રણીપાત કરો છો, એ તમોને જરૂર યોગ્ય છે; અને મને પણ રૂચે છે. હે રાજન્ ! હું ત્યાં જઇને જે લોકોને દુર્યોધનના ખરાબ ગુણ વિષે સંશય હશે તે ટાળી નાખીશ. ત્યાં રાજાઓના મધ્યમાં સર્વ પુરૂષમાં રહેલા, સાધારણ તમારા ગુણ વર્ણન કરી દેખાડીશ અને એની જે ઉલટી ચાલ છે તે પણ કહી દેખાડીશ. એ રીતે ધર્માર્થયુક્ત હિતરૂપ મારાં વચનને દેશ દેશના સર્વ રાજાઓ સાંભળી તમારે વિષે એવો નિશ્ચય કરશે કે, આ "સત્યશીલ તથા ધર્માત્મા છે," અને તેને નિંદશે. વળી એણે લોભથી જે આચરણ કર્યું છે, તે હું શહેર તથા દેશનાં મનુષ્યોની સમક્ષ તથા વૃદ્ધને બાળક સહિત ચારે વર્ણની વચમાં કહી દેખાડીશ અને તમારા તરફથી સભામાં શાંતિની યાચના કરીશ, એટલે તમને અધર્મ સ્પર્શ નહિ કરે: અને એકઠા મળેલા સર્વ રાજાઓ કૌરવોને તથા ધૃતરાષ્ટ્રને નિંદશે. બધા લોક તેનો ત્યાગ કરશે, એટલે બાકી શું રહેશે ? એ રીતે નિંદિત કર્મથી દુર્યોધન મૂવા જેવો થશે, પછી જે બીજું કરવું હોય તે કરજો. તમારો અર્થ નહી બગડે તે રીતે સર્વ કૌરવો પ્રત્યે જઇ શાંતિ સાધવાનો યત્ન કરીશ, તેના મનનો બધો અભિપ્રાય લેઇશ. હે ભારત ! ત્યાં જઈ કૌરવોની યુદ્ધ વિષે પ્રવૃત્તિ જોઇ તમારા જય વાસ્તે પાછો વળી આવીશ. શત્રુઓ સાથે તો હું સર્વથા યુદ્ધનેજ ઇચ્છું છું અને મને તો ચિહ્ન પણ બધાં તેવાં લાગે છે. સાયંકાળ થતાં મૃગ તથા પક્ષિયો મોટા હાથી ઘોડાને જે રીતે ભય થાય તેવા ઘોર શબ્દ કરે છે. તેમજ અગ્નિનાં પણ ભયંકરરૂપ તથા વર્ણો જોવામાં આવે છે, તેથી મનુષ્ય લોકનો ક્ષય કરનાર ભયંકર કાળ પાસે આવ્યો છે, તે વગર આમ ભાસે નહી. હે નરેંદ્ર ! શસ્ત્રો, તોપો, કવચો, રથો, હસ્તિયો તથા ઘોડાઓને સજ્જ કરી, નિશ્ચય કરેલા તમારા સર્વ યોદ્ધાઓ, હસ્તિ, ઘોડા તથા રથ ઉપર સાવધાની માટે જે કંઇ સામગ્રી તમારે સંપાદન કરવી હોય તે બધી કરો. કારણ તમારૂં સમૃદ્ધ રાજ્ય પૂર્વે દ્યૂત વિષે દુર્યોધને હરણ કરી લીધું છે, તે કોઇ રીતે પણ જીવતો હોતાં તમને પાછું આપનાર નથી.

दुर्योधनो राज्यमपदातुं जीवंस्तवैतन्नृपते कथंचित् ।
यत्ते पुरस्तादभवत्समृद्धं द्यूते हृतं पांडवमुख्यराज्यं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कृष्णवाक्ये
मूर्धरभाषायां त्रिसप्ततितमोऽध्यायः ॥ ७३ ॥

અધ્યાય ૭૪ મો. ભીમસેનનો મત.

भीम उवाच—यथा यथैव शांतिः स्यात् कुरूणां मधुसूदन ।
तथा तथैव भाषेथा मास्म युद्धेन भीषयेः ॥ १ ॥

ભીમસેન કહે છે-હે મધુસૂદન ! જે જે રીતે કૌરવોને શાંતિ થાય તે તે રીતે ત્યાં ભાષણ કરજો, પણ યુદ્ધ કરીશું એમ કહી તેમને ભય દેખાડશો નહિ. કારણ ક્રોધી, કલ્યાણનો દ્વેષી તથા અત્યંત સ્તબ્ધ મતિવાળો દુર્યોધન છે. સામ ઉપાયથીજ તેને સમજાવજો; પણ ઉગ્રતાથી ના કહેશો. હે કૃષ્ણ ! સ્વભાવથી પાપબુદ્ધિવાળો, ચોર સરખું છે ચિત્ત જેનું, ઐશ્વર્યના મદે કરી મસ્ત થયેલો, પાંડવ સાથે વૈર કરનાર, તુચ્છ દૃષ્ટિવાળો, કઠોર વાણીયુક્ત, નિંદા કરનાર, ક્રૂર પરાક્રમવાળો, મહાક્રોધી પાપરૂપ છળભેદ કરનાર, ને મરે તોપણ નમે નહી, તેમજ પોતાનો મત મૂકે નહી એવા સાથે શાંતિ થવી પરમ દુષ્કર છે એમ હું માનું છું. સગાઓથી પણ વિપરીત ચાલનાર અધર્મી, અસત્યવાદી, અને પોતાના શુભેચ્છકનું કહ્યું નહી કરનાર, ક્રોધને વશ થવાથી દુષ્ટ સ્વભાવનો, તૃણથી ઢંકાઇ ગયેલા કૂપની પેઠે અનતિક્રમ્ય તેમ જેનું બળ, શીલ, સેના, સ્વભાવ તથા પરાક્રમ, કેવી રીતનાં છે તે બધું તમે યથાર્થ જાણો છો. હે મધુસૂદન ! પૂર્વે પુત્ર સહિત કૌરવો તથા અમે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા બધા પ્રસન્નતાથી બાંધવો સહિત ઇંદ્રાદિ દેવતાઓની પેઠે ખુશીથી રહેતા હતા, તે બધા હવે શિશિર ઋતુના અંતે અગ્નિથી જેમ વન બળે તેમ દુર્યોધનના ક્રોધથી નાશ પામીશું. હે મધુસૂદન ! જેમણે પોતાના સગોત્રી, મિત્ર તથા સાળા શ્વસુરાદિકનો નાશ કર્યો એવા આ અઢાર રાજાઓ વિખ્યાત છે તે સાંભળો. તેજે કરી પ્રકાશમાન સમૃદ્ધ અસુરોમાં ધર્મનો વિપરીત કાળ આવ્યો, ત્યારે કલિ નામનો રાજા ઉત્પન્ન થયો. હૈહયોમાં "મુદાવર્ત" નામે, નીપોમાં "જનમેજય" નામે, તાલજંઘોમાં "બહુલ" નામનો રાજા, કૃમિયોમાં "ઉદ્ધતવસુ," સુવીરો વિષે "અજબિંદુ," સુરાષ્ટ્રોમાં "રૂષર્દ્ધિક," બલીહોમાં "અર્કજ" ચીના ધૌતોમાં "ધાનમૂલક," વિદેહોમા "હયગ્રીવ," મહૌજસોમાં "વસુ," સુંદર વંશો વિષે "બાહુ," દીપ્તાક્ષોમાં પુરૂરવા, ચદિમત્સ્યોમાં "સહજ," પ્રવીરોમાં "વૃષધ્વજ," ચંદ્રવત્સોમાં "ધારણ," મુકુટોમાં "વિગાહન," નંદિવેગના મધ્યમાં "શમ," એ રીતે કુત્સિત પુરૂષોમાં અધમ એવા એ અઢાર રાજાઓ જગતના અંત વખતે પોતપોતાના કુળમાં ઉત્પન્ન થયા હતા. છેલ્લો કુળમાં અંગારારૂપ કાળે પ્રેરેલો આ પાપી દુર્યોધન પણ આપણો કૌરવોનો ક્ષય કરવા ઉત્પન્ન થયો લાગે છે; માટે હે ઉગ્ર પરાક્રમવાળા ! તેના ચિત્તને ગમે એવું ધર્માર્થ સહિત હિતરૂપ કોમળ વચન ધીરેથી કહેજો. ઉગ્ર વચન કહેશો માં. હે કૃષ્ણ ! અમે બધા દુર્યોધનની નીચે રહીશું, અને હલકા થઇ એને અનુસરીશું; પણ ભરતકુળનો નાશ કરીશું નહિ. હે વાસુદેવ ! કૌરવો સાથે અમારી જે રીતે શાંતવૃત્તિ થાય તે રીતે કરજો, પણ કૌરવોને કુળક્ષય કૃત દોષ સ્પર્શ થવા દેશો નહિ. હે કૃષ્ણ ! વૃદ્ધ પિતામહ ભીષ્મને તથા બીજા સભાસદોને પણ તમારે કહેવું કે, ભાઇયોને પરસ્પર સ્નેહ કાયમ રહો, અને દુર્યોધન શાંતિને પામો, એમ હું કહું છું. તેમજ યુધિષ્ઠિર રાજાને શાંતિ રૂચે છે; અને અર્જુનને પણ યુદ્ધ કરવું ગમતું નથી, કારણ તેનામાં દયા ઘણી છે.

अहमेतद्ब्रवीम्येवं राजा चैव प्रशंसति ।
अर्जुनो नैव युद्धार्थी भूयसी हि दयार्जुने ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीमवाक्ये गुर्जरभाषायां चतुःसप्ततितमोऽध्यायः ॥ ७४ ॥

અધ્યાય ૭૫ મો. ભીમના સામભેદ વિરૂદ્ધ કૃષ્ણ.

वैशंपायन उवाच—एतच्छ्रुत्वा महाबाहुः केशवः प्रहसन्निव ।
अभूतपूर्वं भीमस्य मार्दवोपहितवचः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે પૂર્વે કોઇ દિવસે સાંભળેલાં નહીં એવાં કોમળતા યુક્ત ભીમનાં વચન સાંભળી મહાબાહુ કેશવ, બળરામના નાના ભાઇ તથા શૌરિ ભગવાન જાણે હસતા હોય નહી તેની પેઠે મુખ મલકાવી અગ્નિને વિષે શીતતાની પેઠે તથા પર્વત વિષે લઘુતાની પેઠે આશ્ચર્ય પામી દયામણા ભીમસેનને, વાયુ જેમ અગ્નિને પ્રદીપ્ત કરે, તેમ ક્રોધથી પ્રદીપ્ત કરતાં કહેવા લાગ્યા કે હે ભીમસેન! હે શત્રુને તપાવનાર! અન્યથા હંમેશ ક્રૂર બુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રના પુત્રોને મર્દન કરવા ઇચ્છતો તું જે યુદ્ધને ચાહે છે, તે માટે નિદ્રા પણ નથી કરતો ને જાગ્યા કરે છે, કદી સૂવે છે તો સમો સૂતો નથી, વાંકો સૂવે છે. તેમજ ક્રોધયુક્ત અશાંત વાણી હંમેશ બોલે છે. હે ભીમ! ક્રોધથી અગ્નિની પેઠે સંતાપ થઇ શ્વાસોચ્છ્વાસ કરે છે, અને ધુમાડા સહિત અગ્નિની પેઠે નથી શાંત મન જેનું એવો તું હંમેશ રહે છે. ભારથી પીડાયેલા દુર્બળની પેઠે એકાંતમાં શ્વાસોચ્છ્વાસ લેતાં શયન કરે છે, કેટલાક અજાણ્યા માણસો તો તને ઉન્મત્ત માને છે. હે ભીમ! વળી તું હસ્તિની પેઠે મૂળ સહિત વૃક્ષોને પગથી ભાગી કચરી પૃથ્વીને પીડતો મોટો અવાજ કરતો દોડે છે. હે પાંડવ! આ વનમાં બ્રાહ્મણ સમુદાય સાથે રમતો પણ નથી, ને કેવળ એકાંતમાં કાળક્ષેપ કરે છે. દિવસ રાત્રિ કદી ખુશી પણ થતો નથી, તેમ અકસ્માત કોઇ વખત હસે છે, અને કોઇ વખત વળી એકાંતમાં જાણે રોતો હોય નહી તેની પેઠે બે ઘુંટણની વચમાં મસ્તક રાખી ઘણી વખત નેત્ર મીંચી બેસી રહે છે. હે ભીમ! તેમ વારંવાર ભ્રકુટી ચઢાવી બે હોઠને ડસતો હોય નહી તેની પેઠે હંમેશ બધું ક્રોધથી જુવે છે. જેમ તેજનો ફેલાવો કરતો સૂર્ય પૂર્વમાં દેખાય છે ને અસ્ત થતો પશ્ચિમમાં જાય છે, અને વળી પાછો સવારમાં તેવો ને તેવો જણાય છે એ જેમ સત્ય છે, તેમજ હું કહું છું તે પણ બધું સત્ય છે, જુઠું નથી. ક્રોધી દુર્યોધનને ગદાથી હું મારી નાખીશ એ રીતે કહી ભાઇયોના મધ્યમાં આવીને તું સાચે સાચો ગદાનો સ્પર્શ કરે છે. તે તારી બુદ્ધિ હાલ શાંતિને ધારણ કરે છે માટે મને આશ્ચર્ય થાય છે, કે યુદ્ધની ઇચ્છા રાખનારાઓને તે વખત નજીક આવ્યે ચિત્ત ઉલટાં થઇ જતાં હશે, માટે જ તને આવે વખતે ભય પ્રાપ્ત થાય છે. તું સ્વપ્નમાં અને જાગૃતમાં વિપરીત ચિન્હો જોયાં કે, પાડા ઉપર સ્વારી કરવી, ડાબી આંખનું ફરકવું વિગેરે જોવાથી લડાઇને બદલે શાંતિ ઇચ્છે છે? વળી નામરદ પોતા વિષે પુરૂષાતનને ન ઇચ્છે તેમ તને કાંઇ ઇચ્છા નથી, [illegible] ને લીધે તારૂં મન બાવરૂં બની ગયું છે? તારૂં હૃદય કંપે છે, અને [illegible] છે, [illegible] ના ડરથી તું ત્રસ્ત છે તેથી શાંતિ ઇચ્છે છે? વાયુના વેગથી

આત્મથી વૃક્ષના ફળની પેઠે મનુષ્યનું ચિત્ત ચળાચળ તથા અનિત્ય છે. ગાયોની મનુષ્યનાં સરખી વાણીની પેઠે આ તારી વિકૃત થયેલી બુદ્ધિથી પાંડુપુત્રોનાં મન, નૌકા વગરના માણસ જેમ સમુદ્રમાં ડુબે, તેમ દુઃખ સમુદ્રમાં ડુબે છે. હે ભીમસેન! પર્વતના ડગવાની પેઠે આ રીતનું તારૂં અઘટિત વચન મને આશ્ચર્ય ઉપજાવે છે. હે ભારત! તારાં પોતાનાં કુળ, કર્મ તથા જન્મનો વિચાર કરી ઉભો થા ને ખેદ ન કરતાં સ્થિરતા રાખ. હે શત્રુને દમનાર! તારે ગ્લાનિ રાખવી નહિ કેમકે ક્ષત્રિયો પોતાના પરાક્રમ વગર મળેલી વસ્તુનો ઉપભોગ કરતા નથી.

न चैतदनुरूपंते यत्तेग्लानिररिंदम ।
यदोजसा न लभते क्षत्रियो न तदश्नुते ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीमोत्तेजककृष्ण-
वाक्ये गुर्जरभाषायां पंचसप्ततितमोऽध्यायः ॥ ७५ ॥

અધ્યાય ૭૬ મો. ભીમે કરેલું સ્વબલ વર્ણન.

वैशंपायन उवाच—तथोक्तो वासुदेवेन नित्यमन्युरमर्षणः ।
सदश्ववत्समाधावद्बभाषे तदनंतरं ॥ १ ॥

વૈશંપાયન કહે છે-હે જનમેજય! એ રીતે વાસુદેવ ભગવાને જેને કહ્યું હતું એવો નિરંતર ક્રોધાક્રાંત ભીમસેન પાની વાગવાથી ચાલાક ઘોડો જેમ ચમકે તેમ ચમકી પછી આવી રીતે કહેવા લાગ્યો કે—હે અચ્યુત! જુદી તરેહથી કરવાને ઇચ્છતા મને તમો બીજી તરેહથી માનો છો, પણ યુદ્ધ વિષે તો કર્યો છે અત્યંત ભાવ જેણે એવો સત્ય પરાક્રમ-વાળો હું છું. હે દાશાર્હ! ઘણો વખત ભેગા રહ્યા છો, તેથી મારી સત્યતાને તમે જાણો છો, અથવા નૌકા વગરના હ્રદમાં તરનો પુરૂષ જેમ આ કેટલું ઉંડું પાણી છે તે જાણે નહી તેમ તમે પણ મને નથી જાણતા. અયોગ્ય વાણીએ કરી મારો તિરસ્કાર કરો છો. હે માધવ! "ભીમસેન છે" એમ જાણનાર કોઇપણ પુરૂષ જે રીતે તમે મને કહો છો, તે રીતે અયોગ્ય વાણી કહે નહિ, એ સત્ય છે. હે વૃષ્ણિનંદન! આ વચન હું ખરૂંજ કહું છું. યદ્યપિ પોતાનાં પરાક્રમની વા બીજાને ઉપમા અપાય નહી એવા પોતાના બળની પ્રશંસા કરવી એ સર્વથા આર્ય પુરૂષોનું કર્મ નથી, તથાપિ તમારા અતિ બોલવાથી પીડાયલો હું પોતાનું બળ જણાવું છું. હે કૃષ્ણ! જે વિષે આ પ્રજા રહી છે, એવી આ ધાવાભૂમિને જુવો, જે અનંત, નિરાધાર, અચળ તથા સર્વની માતારૂપ છે, તે ધાવાભૂમિ પણ ક્રોધ કરી એકદમ બે શિલાની પેઠે ઉપર હેઠળ બેઉ બાજુથી મને દબાવા આવે તો ચરાચર પ્રાણી સહિત એ ધાવાપૃથ્વીને પણ બે હાથે કરી હું થોભાવી રાખું. ભાલા શર જેવા મારા બાહુનો આ મધ્ય ભાગ જુવો. આના વચમાં આવીને જીવતો રહે એવો કોઇ પણ પુરૂષ હું દેખતો નથી. હિમવાન પર્વત, સમુદ્ર તથા વજ્ર ધારણ કરનાર ઇંદ્ર પોતે એ ત્રણેય ભાગથી મેં પરાભવ પમાડેલા પુરૂષનું રક્ષણ કરવા કોઇ સમર્થ નથી. યુદ્ધ કરવા યોગ્ય જુને પાંડવો ઉપર આતતાયિત્વ રાખનાર એટલે ઝેર દેનાર, આગ લગાડનાર, પારકી સ્ત્રી તથા જમીન હરનાર, મારી તથા ઘાત વગેરે કરનાર મારા [illegible]

જોને હું પગનાં તળાંથી ભૂતળ ઉપર કચરી નાખીશ. હે અચ્યુત ! જે રીતે જીતીને મેં રાજાઓને વશ કર્યા છે, તે મારા પરાક્રમને તમે નથી જાણતા એમ નથી. હે જનાર્દન ! ઉગતા સૂર્યની કાંતિની પેઠે મને નહી જાણતા હો તો જેમાં હિંસા છે એવા મહા ભયંકર યુદ્ધને વિષે જાણશો. તમે તથા સર્વ લોક પણ ગાઢ સંગ્રામ વિષે હસ્તિ, રથિયો, ઘોડેસ્વારો, તથા મનુષ્યોને ક્રોધથી હણતો અને ઉત્તમ ઉત્તમ યોદ્ધાઓને ખેંચતો મને જોશો. મારૂં મગજ ભમતું નથી, તેમ મારૂં મન કંપતું પણ નથી. હે મધુસૂદન ! ક્રોધે ભરાયેલા સર્વ લોકથી મને ભય નથી, અને યુદ્ધ ન કરવાનાં મેં જે વચન કહ્યાં તે તો કેવળ દયાથી, અને સૌહાર્દપણાથી, તેમજ સર્વ ક્લેશ સહન કરવાના વિચારથી કહ્યાં છે કાંઇ અમારા ભરતકુળમાં ઉત્પન્ન થયેલા કૌરવોનો નાશ કરવા માટે નહી.

सर्वलोकादभिक्रुद्धाद्भयं विद्यते मम ।
किंतु सौहृदमेवैतत् कृपया मधुसूदन ॥
सर्वांस्तितिक्षे संक्लेशान् मास्मनो भरतानशन् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीमसेनवाक्ये गुर्जरभाषायां षट्सप्ततितमोऽध्यायः ॥ ७६ ॥

અધ્યાય ૭૭ મો. કૃષ્ણ અને ભીમ સંવાદ.

श्रीभगवानुवाच—भावंजिज्ञासमानोहं प्रणयादिदमब्रुवं ।
न चाक्षेपान्नपांडित्यान्नक्रोधान्नविवक्षया: ॥ १ ॥

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે—હે ભીમસેન ! તારા મનનો ભાવ જાણવાની ઇચ્છા સરૂ સ્નેહથી મેં આ રીતે કહ્યું કંઇ તિરસ્કારથી, પાંડિત્યથી, ક્રોધથી વા તું તારૂં સ્વરૂપ કહી દેખાડે તે સારૂ મેં તને એમ નથી કહ્યું. તારા માહાત્મ્ય, બળ તથા કર્મોને હું જાણું છું, તેથી હું કાંઇ તને તિરસ્કાર નથી કરતો. હે પાંડવ ! પોતા વિષે જેવી કુશળતા તું માને છે તેથી તારે વિષે હજાર ગણી હું માનું છું. હે ભીમ ! સર્વ રાજા, બંધુ તથા સંબંધિયોએ પૂજા કરેલા જેવા કુળમાં તારો જન્મ છે, તેવોજ તું છે; તથાપિ હે વૃકોદર ! મનુષ્યો જેમ પૂર્વે કરેલાં પુણ્ય પાપના ફળને પ્રાપ્ત થયા વગર અગાઉથી તે વિષે નિશ્ચય નથી કરી શકતા, તેમજ અગાઉથી જાણવાને ઇચ્છે તોપણ મનુષ્યોના બળાબળનો નિર્ણય નથી કરી શકતા; કારણ કોઇ વખતે શરીરમાં પણ નપુંસકપણું દેખાઈ આવે છે. પુરૂષને અર્થ સિદ્ધિ વિષે કર્મજ હેતુ છે, અને વિનાશ થવામાં પણ તે જ હેતુ છે, અને પુરૂષાર્થ તો કદાચિત્ ફળ દેનાર છે, એવો દોષદર્શિ પંડિતોએ જુદી રીતે કાર્ય કરવા નિશ્ચય કરેલો હોય છે; અને તેથી ઉલટા વાયુના વેગની પેઠે જુદી તરેહનાં કાર્યો થાય છે. સારી રીતે વિચાર કરેલું, રૂડી નીતિવાળું, ન્યાયથી સંપાદન કરેલું, મનુષ્યકર્મ દૈવની સાથે ટક્કર લે, તેમ ભોગ કરવા નહિ આવેલાં દુઃખાદિ દૈવકર્મ પણ પુરૂષાર્થવડે હણાય છે. જેમ શીત, ઉષ્ણ, વર્ષા, ક્ષુધા, તથા તૃષા ઇત્યાદિ પુરૂષાર્થ ટળે છે, તેમ પ્રારબ્ધ કર્મથી બીજું જે પોતે પુરૂષે કર્યું હોય તે પણ [illegible] થાય છે, એજ પૌરૂષ ફળ દેનાર છે, તેનું લક્ષણ, હે પાંડવ ! પૌરૂષ વિના [illegible]

દૈવથી ઉલ્લિકા થાય નહી, એમ જાણી પ્રયત્ન કરવો એટલે દૈવ તે પૌરૂષ અને એ બેઉના સંબંધથી ફળ થાય છે એકથી નહી. નિશ્ચય કરનાર પુરૂષ કર્મને વિષે પ્રવર્તે, તેમાં કોઇ વખતે કર્મ સિદ્ધિ થાય અથવા દૈવની પ્રતિકૂલતાથી ન થાય તો, તેથી હર્ષ શોક પામે નહી. હે ભીમસેન ! તે વિષે મારે તો એટલુંજ કહેવાની ઇચ્છા છે કે, શત્રુ સાથે સંગ્રામમાં આપણીજ સિદ્ધિ થશે એમ જાણવું નહી, કદાચ એમ મનનો ભાવ ઉલટો થાય કે આપણે જીતીશું નહી તો પણ તેજરહિત થવું નહી. ખેદ, મૂર્છા તથા ગ્લાનિ પામવી નહી, એ વાત હું તને કહું છું. હે પાંડવ ! આવતી કાલે ધૃતરાષ્ટ્રની પાસે જઇ જે રીતે તમારો અર્થ બગડે નહી તે રીતે શાંતિ સાધવાનો હું યત્ન કરીશ. કદી તે શાંતિ કરશે તો જગતમાં મને ઘણોજ યશ મળશે, અને તમારૂં કામ થશે, તેમજ તેઓનું પણ ઉત્તમ શ્રેય થશે. કૌરવો કદી યુદ્ધ વિષે અભિનિવેશ કરશે ને મારાં વચનને નહી માને તો યુદ્ધ રૂપી મહા ભયંકર કર્મ થશે. હે ભીમસેન ! આ યુદ્ધમાં બધો ભાર તારે માથે રહ્યો છે, અને ધુંસરી અર્જુન ધારણ કરશે, અને ઇતર મનુષ્ય બધા વહેવા લાયક છે, અર્થાત્ આ સંગ્રામમાં રથસ્થાનાપન્ન અર્જુન છે, બાકી બીજા બધા રથમાં બેસનારા છે. સંગ્રામને પ્રસંગે મને યુદ્ધની આકાંક્ષા છે તોપણ અર્જુનની ઇચ્છાને લીધે હું તેના રથનો સારથિ થઇશ. હે વૃકોદર ! પ્રથમ નપુંસક સરખી તારી વાણી સાંભળતાં તારી બુદ્ધિ વિષે શંકિત થઇને હું જે બોલ્યો તેથી તારૂં તેજ પ્રદીપ્ત થયું.

તસ્માદાશંકમાનોહં વૃકોદર મતિં તવ ।
ગદતઃ ક્લીબયા વાચા તેજસ્તે સમદીદિપં ॥

ઇતિશ્રી મહાભારતે ઉદ્યોગપર્વણિ ભગવદ્યાનપર્વણિ કૃષ્ણવાક્યે ગુર્જરભાષાયાં સપ્તસપ્તતિતમોઽધ્યાયઃ ॥ ૭૭ ॥

અધ્યાય ૭૮ મો. અર્જુનનો અભિપ્રાય.

અર્જુન ઉવાચ—ઉક્તં યુધિષ્ઠિરેણૈવ યાવદ્વાચ્યં જનાર્દન ।
તવ વાક્યં તુ મે શ્રુત્વા પ્રતિભાતિ પરંતપ ॥ ૧ ॥

અર્જુન કહે છે—હે જનાર્દન ! હે શત્રુને તપાવનાર ! જેટલું કહેવું હતું તે બધું યુધિષ્ઠિરે કહ્યું, અને હે પ્રભો ! તમારાં વચન સાંભળીને તો મને એમ લાગે છે કે ધૃતરાષ્ટ્રના લોભથી, વા અમારા દીનપણાથી અથવા કર્મ વિના કેવળ પુરૂષાર્થથી ફળનો ઉદય થતો નથી, તેથી પુરૂષના પરાક્રમને નિષ્ફળ જાણી તમો આ કામમાં શાંતિ થવી કઠિન માનો છો, તેથી તમે એવાં વચન કહ્યાં તથાપિ તે તેમજ થશે એમ ન કહેવાય; કારણ કોઇ કર્મ અસાધ્ય છે એમ બુદ્ધિમાન પુરૂષોએ જાણવું નહી. જે મનુષ્યોને ફળનો ઉદય થતો ન હોય, તેને વાસ્તે પણ યત્ન કર્યો હોય તો ફળે છે, વાસ્તે અમારો તથા કૌરવોનો નાશ કરનાર યુદ્ધને શું કરવા ઇચ્છો છો ! હે પ્રભો ! સારી રીતે સંપાદન કરેલું કર્મ સફળ થાય છે, વાસ્તે હે કૃષ્ણ ! શત્રુઓ સાથે જે રીતે સંપ થાય તે રીતે કરો. હે વીર ! જેમ દેવતા તથા અસુરોના મુખ્ય સંબંધી બ્રહ્મા છે તેમ પાંડવો તથા કૌરવોના મુખ્ય સંબંધી તમો છો માટે પાંડવો તથા કૌરવોનું કલ્યાણ થાય તે રીતે કરો. અમારૂં હિત કરવું તમોને મુશ્કેલ છે એમ હું નથી માનતો. હે જનાર્દન ! હે ભગવાન ! એ રીતે તમારે કરવું યોગ્ય છે;

માટે આશા છે કે, ત્યાં જતાંવાંતજ તમો તેમ કરશો. હે શૂરવીર ! દુરાત્મા દુર્યોધન રાજા વિષે તમારે બીજું જે રીતે કરવાની ઇચ્છા હોય તો તે રીતે બધું કરજો. હે કૃષ્ણ ! તેમની સાથે અમારી સલાહ થાઓ, વા તમારી ઇચ્છા હોય તે પ્રમાણે યુદ્ધ થાઓ, તમે વિચાર કર્યો હોય તે જ પ્રમાણે કર્તવ્ય છે. હે મધુસૂદન ! ધર્મરાજ યુધિષ્ઠિરની લક્ષ્મી જોઇ જેનાથી સહન કરી શકાયું નહી તેમ તે લક્ષ્મી લઇ લેવાનો ધર્મયુક્ત ઉપાય પણ તેણે જોયો નહિ એટલે જુગારરૂપી અસત ઉપાયે કરી તેમની લક્ષ્મી હરણ કરી લીધી. દુષ્ટ બુદ્ધિવાળો દુર્યોધન બંધુ તથા પુત્ર સહિત વધ કરવા લાયક નથી એમ નહી એટલે વધ કરવાલાયકજ છે. દ્યૂત વાસ્તે બોલાવેલા યુધિષ્ઠિર પોતાનો પ્રાણ ત્યાગ નજીક આવ્યો તો પણ પાછા ન હઠયા, ત્યારે ક્ષત્રિય વિષે ઉત્પન્ન થયેલા ધનુષ ધારણ કરનાર દુર્યોધને અધર્મે કરી જીતેલા અમો વનમાં ચાલી નિકળ્યા, ત્યારથી મારે પણ દુર્યોધન મારવા લાયક થયો છે. હે કૃષ્ણ ! મિત્ર વાસ્તે તમે જે કરવા ઇચ્છો છો તેમાં પણ કંઇ આશ્ચર્ય નથી, માટે જો આપણો ઉત્તમ સામ ઉપાયથી સફળ થાય તો તે, નહી તો પછી યુદ્ધથી તેમને મારવા તે જ તમો સારૂં માનતા હો તો જલદી તેમ કરો, એમાં કાંઇ તમારે વિચારવું નહી અને પાપબુદ્ધિવાળા દુર્યોધને સભાના મધ્યમાં દ્રોપદીને ક્લેશ પમાડી હતી તે તમે જાણો છો, તે પણ અમે સહન કર્યું. હે માધવ ! જેમ ખારી જમીનમાં વાવેલું બીજ સારી રીતે ઉગે નહી, તેમ દુર્યોધન પાંડવો તરફ સારી રીતે વર્તે એમ મને લાગતું નથી. હે વાર્ષ્ણેય ! પાંડવોનું જેમ હિત થાય ને જે કરવા યોગ્ય જણાય તે જલદી કરો, આપને યોગ્ય લાગે તે કરવામાં વિચાર શો ?

तस्माद्यन्मन्यसे युक्तं पांडवानां हितं च यत् ।
तथाशु कुरु वार्ष्णेय यन्नः कार्यमनंतरं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वण्यअर्जुनवाक्ये गुर्जरभाषायामष्टसप्ततितमोऽध्यायः ॥ ७८ ॥

અધ્યાય ૭૯ મો. અર્જુન અને કૃષ્ણ વિચારણા.

श्रीभगवानुवाच—एवमेतन्महाबाहो यथा वदसि पांडव ।
पांडवानां कुरूणां च प्रतिपत्स्ये निरामयं ॥ १ ॥

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે—હે મહાબાહો ! હે પાંડવ ! જે રીતે તમો કહો છો એજ રીતે તમારૂં તથા કૌરવોનું કુશળ થાય એમ હું કરીશ શમ તથા યુદ્ધ એ બેઉ કામમાંથી બધાનું કુશળ થાય તેવી શાંતિ કરવી એ મારા હાથમાં છે, કેમકે હું દૂત છું તોપણ દૈવની અનુકૂળતા જોઇએ. જેમ સારી રસાળ જમીનવાળું મહેનતથી શુદ્ધ કરેલું ક્ષેત્ર હોય પણ કાળ-ના વર્ષાદજ ન થાય તો તે ફળ ન આપે, જ્યાં વાવ્ય અથવા નદીના પાણીથી સિંચન થતું હોય ત્યાં તો પૌરૂષ ફળે છે, એમ કોઇ કહેતું હોય તો તેમ પણ નથી, કારણ ત્યાં પણ દૈવની ઇચ્છાથી પાણી સુકાઇ જાય, તો તેમ મહેનત કરવાથી પણ ફળ થતું નથી. દૈવ અનુકૂળ ન હોય તો કેવળ પૌરૂષ ફળ આપે નહીં, એમ પ્રાચીન મહાત્મા પુરૂષોએ બુદ્ધિથી નિશ્ચય કર્યો છે. એ રીતે લોકના હિતનું સાધન દૈવ તથા મનુષ્ય એ બેઉને હાથ છે, એકલા મનુષ્યથી બની શકતું નથી; માટે જેટલો પુરૂષાર્થ બનશે તેટલો હું કરીશ પણ દૈવનું

મારાથી અન્યથા કરવા સમર્થ નહીં થવાય. તે દુર્બુદ્ધિવાળો દુર્યોધન પણ ધર્મ તથા લોક-રીતિને પણ મૂકીને વિચારે છે, અને તેવું અનર્થરૂપ કર્મ કરવા છતાં પાછો તપાસવાળા પણ નથી થતો. તેમ વળી એના મંત્રી શકુનિ, કર્ણ તથા તેના ભાઈ દુઃશાસન વગેરે એની અવિવેક-બુદ્ધિને વધારે છે. પરિવાર સહિત પોતાનો વધ થયા વગર દુર્યોધન રાજ્ય આપી શાંતિને પામવાનો નથી. ધર્મરાજા યુધિષ્ઠિર પ્રણિપાત કરે છે, પણ રાજ્ય મૂકી દેવા નથી ઇચ્છતા; દુર્બુદ્ધિવાળો તે યાચના કર્યાથી રાજ્ય આપનાર નથી. હે ભારત! કૃપણતા દેખાડી પડે એવું યુધિષ્ઠિરે જે કહ્યું છે તે તેને કહેવું હું નથી ધારતો, અને પરસ્પર શાંતિ થવા રૂપ પ્રયોજન જે ધર્મરાજે કહ્યું છે તે પણ બધું પાપરૂપ કૌરવ દુર્યોધન કરશે નહીં. તેમ કરવા-થી સર્વ લોક વિષે એ વધ કરવા જોગ ઠરશે. મારે તથા બધા જગતને પણ એ હણવા લાયક થશે. કુમારપણામાં તમને સર્વને હંમેશ તે તિરસ્કાર કરતો હતો, અને વળી જે દુરાત્મા ક્રૂર બુદ્ધિવાળાએ તમારું રાજ્ય લઈ લીધું એવો તે પાપરૂપ છે. યુધિષ્ઠિરની લક્ષ્મી જોઈ તે બળી ગયો છે. હે પાર્થ! તમારી સાથે મારો સ્નેહ છે તે તોડવા વારંવાર મને પણ કપાળ જન્ન કર્યો પણ તેનો પાપરૂપ અભિપ્રાય મેં ગ્રહણ કર્યો નહીં. હે મહાબાહો! હે અર્જુન! એ-ના ખરાબ મતને તથા એના અંતઃકરણને અને ધર્મરાજનું પ્રિય ઇચ્છતા મને તથા મારા પરમ મતને તું સારી રીતે જાણે છે, તેમ છતાં પણ અજાણની પેઠે આજ કેમ શંકા કરે છે? હે પાર્થ! પૃથ્વીનો ભાર ઉતારવા દેવતાઓના અવતારરૂપ દિવ્યવિધાન પણ તું બધું જાણે છે, માટે દિવ્યવિધાન થઈ ગયું, હવે શત્રુઓ સાથે કેમ શાંતિ થાય. હે પાર્થ! વાણી તથા કર્મવડે મારાથી કરી શકાશે તે હું કરીશ, પણ શત્રુઓ સાથે શમ થવાની ઇ-ચ્છા હવે હું નથી રાખતો. વિરાટના ગોહરણ વિષે ગયા વર્ષમાં રસ્તામાં ભીષ્મે યાચના કરી પાંડવોને ભાગ આપ અને એમની સાથે સંધિ કર, એમ કહ્યું તોપણ દુર્યોધને માન્યું નહીં. થોડું રાજ્ય પાછું આપવામાં પણ તે સંતુષ્ટ થયો નહીં. તથાપિ સર્વથા ધર્મરાજની આજ્ઞા પ્રમાણે મારે કરવું યોગ્ય છે, એમ તે દુરાત્માનું પાપરૂપ કર્મ પણ વિચારવું જોઈએ.

सर्वथा तु मया कार्यं धर्मराजस्य शासनं ।
विभाव्यं तस्य भूयश्च कर्मपापं दुरात्मनः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णवाक्ये गुर्जरभाषायामूनाशीतितमोऽध्यायः ॥ ७९. ॥

અધ્યાય ૮૦ મો. દૌત્ય સંબંધી નકુલનો અભિપ્રાય.

नकुल उवाच—उक्तं बहुविधं वाक्यं धर्मराजेन माधव ।
धर्मज्ञेन वदान्येन श्रुतं चैव हितरत्वया ॥ १ ॥

નકુળ કહે છે—હે માધવ! મધુર બોલનાર તથા ધર્મજ્ઞ એવા ધર્મરાજાએ ઘણી જાતનાં વાક્ય કહ્યાં તે તમે સાંભળ્યાં. હે માધવ! રાજાનો મત જાણી ભીમસેને પણ સારી રીતે શમ થાય તેમ કહીને પછી પોતાનું બાહુબળ કહી દેખાડ્યું. હે વીર! અર્જુને જે કહ્યું તે પણ તમે સાંભળ્યું, અને તમારો પોતાનો મત પણ તમે વારંવાર કહી દેખાડ્યો. હે પુરુષોત્તમ! એ રીતે બધા મત સાંભળીને એ બધાને અતિક્રમણ કરી તમને જે યુક્ત લાગે તે

આ બાબત તે કરજો. હે કેશવ! હે શત્રુને દમન કરનાર! જેવાં જેવાં નિમિત્ત તેવા તેવા કાલયોગ થાય છે, તથાપિ મનુષ્યોએ જે વખતે જે યોગ્ય હોય તે જ સદા કરવું જોઇએ; માટે તમે ત્યાં પ્રસંગે જે યોગ્ય લાગે તે કરજો. હે પુરુષસત્તમ! જગતમાં મનુષ્યોની બુદ્ધિ સદાકાળ એક સરખી રહેતી નથી, તે કારણથી પહેલી વખત કરેલા વિચાર બીજી વખત બદલાઇ જતાં વાર લાગતી નથી. હે કૃષ્ણ! અમે જ્યારે વનવાસમાં હતા ત્યારે અમારી પોતાની બુદ્ધિ જુદી તરેહની હતી. છુપા રહ્યા હતા ત્યારે તેથી જુદી હતી અને આ વખતે પ્રસિદ્ધ થયા એટલે વળી એક બીજી રીતની મતિ થઇ. હે વાર્ષ્ણેય! હાલ અમને રાજ્ય માટે જેવો આદર છે તેવો વનવાસ કરતા હતા તે વખતે નહોતો. હે જનાર્દન! વનવાસથી નિવૃત્ત થયા, તે સાંભળી આ સાત અક્ષૌહિણી સેના તમારા પ્રસાદથી એકઠી થઇ આવી છે. અચિંત્ય બળ પરાક્રમવાળા, પુરુષમાં સિંહરૂપ તથા શસ્ત્રધારી એવા આ યોદ્ધાઓને જોઇ, એવો કયો પુરુષ હોય કે જે વ્યથા ન પામે? વળી તમે કૌરવોના મધ્યમાં આરંભે શાંતિવાળાં ને છેવટમાં ભય હોય એવાં વચન બોલજો, કે જેથી મંદબુદ્ધિવાળો દુર્યોધન ક્રોધ ન કરે. હે કેશવ! હે માધવ! યુધિષ્ઠિર, ભીમસેન, કોઇથી પરાજય પામે નહી એવો અર્જુન, સહદેવ, હું, તમે, બળરામ, મહા પરાક્રમી સાત્યકિ, પુત્ર સહિત વિરાટ, અમાત્ય સહિત દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, પરાક્રમી કાશિરાજ તથા ચેદિદેશનો પતિ ધૃષ્ટકેતુ, એટલા સાથે યુદ્ધમાં માંસ તથા રૂધિરનો ભરેલો કયો મનુષ્ય યુદ્ધ કરી શકનાર છે. હે મહાબાહો! તમો ગમન માત્રમાંજ કેવળ ધર્મરાજનો ઇષ્ટ અર્થ સાધશો એમાં સંશય નથી. હે નિષ્પાપ! વિદુર, ભીષ્મ, દ્રોણ તથા બાહ્લિક એટલા શ્રેય જાણવામાં સમર્થ છે માટે તેમને કહેશો એટલે તે ધૃતરાષ્ટ્ર રાજાને તથા પાપરૂપ આચરણવાળા અમાત્ય સહિત દુર્યોધનને પણ સમજાવશે. હે જનાર્દન! જ્યાં સાંભળનાર વિદુર અને કહેનાર તમો છો ત્યાં હાથમાંથી ગયેલી વાત પણ પાછી કેમ ઠેકાણે નહી આવે?

श्रोता वार्थस्य विदुरस्त्वं च वक्ता जनार्दन ।
किमिवार्थनिवर्तितं स्थापयतां न वर्त्मनि ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि नकुलवाक्ये गुर्जरभाषायामशीतितमोऽध्यायः ॥ ८० ॥

અધ્યાય ૮૧ મો. સહદેવનો યુદ્ધ માટે મત.

सहदेव उवाच—यदेतत्कथितं राजा धर्म एष सनातनः ।
यथा च युद्धमेवस्यात्तथा कार्यमरिंदम ॥ १ ॥

સહદેવ કહે છે—હે શત્રુને દમન કરનાર! આ ધર્મરાજાએ કહ્યું એ સનાતન ધર્મ છે, તથાપિ જે રીતે યુદ્ધ થાય તેમ કરજો. હે દાશાર્હ! કૌરવો પાંડવો સાથે શાંતિ કરવાને ઇચ્છે તોપણ તમો તેમની સાથે યુદ્ધ થાય તેવી યોજના કરજો. હે કૃષ્ણ! સભામાં પાંચાલી દ્રૌપદીને જોઇ દુર્યોધન ઉપર થયેલો ક્રોધ તેને માર્યા વગર શાંત થનાર નથી. હે કૃષ્ણ! જો ભીમ, અર્જુન તથા ધર્મરાજ યુધિષ્ઠિર ધર્મિષ્ઠ થતા હોય તો થાઓ પણ હું તો ધર્મનો ત્યાગ કરી સંગ્રામમાં તેની સાથે યુદ્ધ કરવાને ઇચ્છું છું. એ રીતે સહદેવ બોલી રહ્યા પછી, સાત્ય-

ખિલા પણું કહ્યું કે, હે મહાબાહો ! હે કૃષ્ણ ! મહા બુદ્ધિમાન સહદેવે "દુર્યોધનને મારશે તે પછી મારો ક્રોધ શાંત થશે" એમ કહ્યું એ સત્ય છે. ચીર તથા મૃગચર્મમાં વસ્ત્ર ધારણ કરનાર દુઃખી પાંડવોને વનમાં જોઇ તમને પણ ક્રોધ ઉત્પન્ન થયો હતો, એ શું ભૂલી ગયા? હે પુરુષોત્તમ ! સંગ્રામમાં કઠિન, શૂરવીર માદ્રી પુત્ર સહદેવે જે વચન કહ્યાં તે સર્વ યોદ્ધાઓને માન્ય છે. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ રીતે મહા બુદ્ધિમાન સાત્યકિએ વાક્ય કહ્યાં, તેટલામાં ત્યાં ચોતરફ બેઠેલા યોદ્ધાઓનો અત્યંત ભયંકર સિંહના સરખો શબ્દ "યુદ્ધજ કરવું, યુદ્ધજ કરવું" એવો થઇ રહ્યો. ચોતરફથી યુદ્ધ કરવાની ઇચ્છા છે જેમને એવા બધા શૂરવીરો સાત્યકિને હર્ષ પમાડતા તેનાં વચનને વખાણવા લાગ્યા.

सर्वे हि सर्वशो वीरास्तद्वचः प्रत्यपूजयन् ।
साधु साध्विति शैनेयं हर्षयंतो युयुत्सवः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि सहदेवसात्यकिवाक्ये गुर्जरभाषायामेकाशीतितमोऽध्यायः ॥ ८१ ॥

અધ્યાય ૮૨ મો. દ્રૌપદી કથન.

वैशंपायन उवाच—राज्ञस्तु वचनं श्रुत्वा धर्मार्थसहितं हितं ।
कृष्णादाशार्हमासीनमब्रवीच्छोककर्शिता ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ધર્માર્થ સહિત હિતરૂપ રાજાનાં વચન સાંભળી શોકથી દુર્બળ થઇ ગયેલાં દ્રૌપદી બેઠેલા શ્રીકૃષ્ણ પ્રત્યે કહેવા લાગ્યાં કે અતિ કાળા અને લાંબા છે કેશ જેના એવાં દ્રુપદની કન્યા સહદેવને તથા મહારથિ સાત્યકિને વખાણી, ભીમસેને અત્યંત શાંત થયેલા જોઇ આંખમાં આંસુ આણી મનમાં ઘણો ખેદ પામી કહેવા લાગ્યાં કે, હે મહાબાહો ! હે ધર્મજ્ઞ ! હે મધુસૂદન ! જે રીતે છળ કરી અમાત્ય સહિત ધૃતરાષ્ટ્રના પુત્રે પાંડવોને રાજ્યભ્રષ્ટ કર્યા તે બધું તમે જાણો છો. હે જનાર્દન ! હે દાશાર્હ ! અને જે રીતે સંજયને યુધિષ્ઠિર રાજાએ એકાંતમાં પોતાનો વિચાર સંભળાવ્યો તે યુધિષ્ઠિરનો મત પણ તમે જાણ્યો. હે તાત ! હે મહાદ્યુતે ! તેમણે સંજયને જે કહ્યું તે બધું પણ તમે સાંભળ્યું. તેમનું કહેવું એવું હતું કે અવિસ્થળ, વૃકસ્થળ, માકંદી, વારણાવત તથા બીજું એક પાંચમું, એ રીતે પાંચ ગામ અમને આપે, એમ દુર્યોધનને તથા એના સંબંધિઓને કહેજો; પણ, હે દાશાર્હ ! હે કૃષ્ણ ! સંધિને ઇચ્છનાર યુધિષ્ઠિરનું વાક્ય સાંભળી દુર્યોધને તેમ કર્યું નહી માટે હે કૃષ્ણ ! રાજ્ય આપ્યા વગર કદી દુર્યોધન સંધિ કરવાને ઇચ્છે તો તેમ તમારે ત્યાં જઇને કરવું નહી. હે મહાબાહો ! સૃંજય સહિત પાંડવો, ક્રોધેલા ભયંકર દુર્યોધનના સૈન્ય સામા ઉભા રહેવા સમર્થ થશે. હે મધુસૂદન ! તેમને વિષે સામ તથા દામે કરી કોઇ પણ અર્થ સિદ્ધ કરી શકાય એમ નથી; માટે તેમને વિષે તમારે દયા કરવી નહી. હે કૃષ્ણ ! સામ તથા દામે કરી જે શત્રુઓ શાંતિ પામે નહી તેમના વિષે, પોતાના જીવિતનું રક્ષણ કરનાર પુરૂષે દંડની યોજના કરવી. હે મહાબાહો ! સૃંજય તથા પાંડવો સહિત તમારે તેમને વિષે દંડ ઉપાય કરવો જોઇએ. હે કૃષ્ણ ! એમ કરવું પાંડવોને યોગ્ય છે, અને તેથી યશ છે, ' તથા ક્ષત્રિયોને તેથી સુખ થશે. હે દાશાર્હ ! "સ્વધર્મનિષ્ઠ" ક્ષત્રિ

ક્ષત્રિયે. વેળી. ક્ષત્રિય કે અક્ષત્રિય જે હોય તેને મારવો, પણ સર્વ પાપ વિષે રહેલો હોય તોપણ બ્રાહ્મણને ન મારવો; કારણ બ્રાહ્મણ સર્વ વર્ણના ગુરૂ ને પૂજ્ય છે. હે જનાર્દન! ના મારવા લાયકને મારવાથી દોષ લાગે છે; તેમજ મારવા લાયકને ન મારવાથી પણ દોષ લાગે છે, એમ ધર્મજ્ઞ પુરૂષો કહે છે. હે કૃષ્ણ! પાંડવ, દાશાર્હ, સંજય તથા સૈનિકો, સહિત તમને એ દોષ જે રીતે સ્પર્શ ન કરે તે રીતે કરો. હે જનાર્દન! હે કેશવ! હે કૃષ્ણ! ફરીને વળી હું તમોને વિશ્વાસથી કહું છું કે, મારા સરખી સ્ત્રી પૃથ્વીમાં કોણ છે? દ્રુપદની કન્યા, વેદીના મધ્યમાંથી ઉત્પન્ન થયેલી, ધૃષ્ટદ્યુમ્નની બહેન, તમારી સખી, અજમીઢના કુળમાં પ્રાપ્ત થયેલી, મહાત્મા પાંડુ રાજાની પુત્રવધુ અને તેજે કરી પાંચ ઈંદ્ર સરખા પાંચ પાંડવોની સ્ત્રી, ને શૂરવીર પાંચ પાંડવોવડે કરી મહારથિ પાંચ પુત્રો મારા વિષે ઉત્પન્ન થયેલા એવી હું છું. હે કૃષ્ણ! અભિમન્યુ જેમ તમારો ભાણેજ છે તેમ ધર્મથી તે પણ તમારા ભાણેજ છે. હે કેશવ! તે હું પાંડવ દેખે તે રીતે અને તમે વિદ્યમાન છતે કેશગ્રહને પ્રાપ્ત થઇ એટલે મારો ચોટલો તણાયો અને સભાની વચ્ચે કલેશ પામી. પાંચાળ રાજાઓ વૃષ્ણિયો તથા પાંડવો જીવતાં પાપિષ્ટોની દાસી થઇ હું સભામાં ઉભી, તે વખતે પાંડવો જોતા હતા તોપણ તેમણે ક્રોધ ન કર્યો તેમ કંઇ ચેષ્ટા પણ ન કરી ત્યારે "હે ગોવિંદ! મારી રક્ષા કરો કરો" એમ મનમાં તમારૂં મેં ચિંતન કર્યું, ત્યાં સમર્થ શ્વસુર ધૃતરાષ્ટ્રે મને એમ કહ્યું કે, હે પાંચાળિ! મારાથી તમે વર માગવા લાયક છો માટે વર માગો. ત્યારે હે કેશવ! મેં માગ્યું કે રથ તથા આયુધ સહિત પાંડવો દુર્યોધનના દાસ માં થાઓ. પાંડવો તેના તાબામાંથી વનવાસ કરવા નિકળ્યા. હે પુંડરીકાક્ષ! હે જનાર્દન! એવી તરેહનાં તેઓએ અમોને દુઃખ દીધાં છે તે તમો જાણો છો, માટે સ્વામી, જ્ઞાતિ તથા સંબંધી સહિત અમારો પક્ષ કરો. હે કૃષ્ણ! ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રની હું ધર્મથી પુત્રવધુ થાઉં તે મને બળાત્કારથી દુષ્ટોએ દાસી કરી. હે કૃષ્ણ! અર્જુનના ધનુષ ધરવાને તથા ભીમના બળને ધિક્કાર છે. નહિ તો એવું કામ કરી, દુર્યોધન એ ઘડી પણ કેમ જીવે? હે કૃષ્ણ! જો હું તમારે અનુગ્રહ કરવા લાયક હોઉં, અને મારા પર તમને દયા હોય તો ધૃતરાષ્ટ્રના પુત્રો ઉપર તમારે પૂર્ણ ક્રોધ કરવો.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! સુંદર કટિપશ્ચાદ્ ભાગવાળી, હસ્તિ સરખી છે ગતિ જેની એવી વેણીરૂપે દુઃશાસને ખેંચેલા કોમળ, કુટિલ અગ્રભાગવાળા કેશથી સારા દેખાવ-વાળી અત્યંત નીલા, સર્વ સુગંધિ દ્રવ્યે સુવાસિત, સર્વ લક્ષણ સંપન્ન મોટા સર્પ સરખી કાંતિવાળા પોતાના કેશપાશને ડાબા હાથે પકડી કમળ સરખાં નેત્રવાળી દ્રૌપદી શ્રીકૃષ્ણની પાસે જઇ આંખમાં આંસુ આણી આવાં વચન કહેવા લાગ્યાં કે, હે પુંડરીકાક્ષ! દુઃશાસનના હાથે ખેંચાયલો આ કેશપાશ જુવો, તેણે કેવો ખેંચ્યો છે માટે સામાની સાથે સંધિને ઇચ્છતા તમોએ સર્વ કાર્ય વિષે આ પણ યાદ રાખ્યા કરવું. હે કૃષ્ણ! કદી ભીમ તથા અર્જુન કૃપણતાને લીધે સંધિની ઇચ્છા રાખતા હોય તો, મહારથિ યોદ્ધાઓ સહિત વૃદ્ધ એવો મારો પિતા યુદ્ધ કરશે. વળી હે મધુસૂદન! અભિમન્યુને આગળ કરી મહા પરાક્રમી મારા પાંચ પુત્રો કૌરવો સાથે યુદ્ધ કરશે. હે કૃષ્ણ! જ્યાં સુધી પાપરૂપ દુઃશાસનનો હાથ સારી રીતે કપાઇ ગયેલો તથા રજથી ભરેલો હું ન જોઉં, ત્યાં સુધી મારા હૃદયને કેમ શાંતિ વળે! પ્રદીપ્ત અગ્નિની પેઠે હૃદયમાં ક્રોધ રાખી વાટ જોતાં મને તેર વર્ષ વીતી ગયાં. હે શત્રુને ભય કરનાર! હે કૃષ્ણ! તમે આ વખતે ધર્મ વિચારવા લાગ્યા છો, પરંતુ પણ તેમની વાણીરૂપી શલ્યથી પીડા પામતું મારૂં હૃદય ચિરાઇ જાય છે.

વિશાળ નેત્રવાળી દ્રૌપદી એટલાં વચન કહી આંસુથી રૂંધાયલા કંઠે ગદ્ગદ સ્વરે કંપાયમાન થઈ નેત્રમાંથી પડતાં ઉષ્ણ જળે કરી સ્તનને સિંચાવતી અત્યંત રોવા લાગી. તે વખતે મહાબાહુ કેશવ ભગવાન તેને સાંત્વના કરી કહેવા લાગ્યા કે, હે દ્રૌપદિ! થોડા વખતમાં તું કૌરવોની સ્ત્રિયોને રોતી દેખીશ! હે ભીરૂ! જેમની ઉપર તું ગુસ્સે છે, તેમની સ્ત્રિયો પોતાના બંધુઓ મરવાથી, જે રીતે તું રૂવે છે તે જ રીતે થોડા વખતમાં રોશે. હું પોતે યુધિષ્ઠિરની આજ્ઞાથી દૈવ ઇચ્છાવડે ભીમ, અર્જુન, નકુળ તથા સહદેવ સહિત તે કામ કરીશ. કાળે કરી પાકી રહેલા ધૃતરાષ્ટ્રના પુત્રો જો મારાં વચન નહીં સાંભળે તો નાશ પામી પૃથ્વીપર શયન કરશે અને કુતરાં તથા શિયાળિયાં તેમને ખાશે. હે દ્રૌપદિ! હિમવાન પર્વત ચલાયમાન થાય, પૃથ્વી સો બાજુથી ફાટી જાય, કદી નક્ષત્ર સહિત સ્વર્ગ પડે, પણ મારું વચન ફોકટ જાય નહીં. હે દ્રૌપદિ! આ હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું, માટે હવે રડશો માં, અને શત્રુ રહિત થયેલા એવા લક્ષ્મીયુક્ત પતિને થોડા વખતમાં જોશો.

सत्यं ते प्रतिजानामि कृष्णे बाष्पो निगृह्यताम् ।
हतामित्रान् श्रियायुक्तानचिराद्द्रक्ष्यसे पतीन् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि द्रौपदीकृष्णसंवादे गुर्जरभाषायां द्व्यशीतितमोऽध्यायः ॥ ८२ ॥

અધ્યાય ૮૩ મો. શ્રીકૃષ્ણ સંધિ વિગ્રહક.

अर्जुन उवाच—कुरूणामद्य सर्वेषां भवान्सुहृदनुत्तमः ।
संबंधीदयितो नित्यमुभयोः पक्षयोरपि ॥ १ ॥

અર્જુન કહે છે—હાલ સર્વ કૌરવોના તમે ઉત્તમ સખા છો, તેમ નિરંતર બેઉ પક્ષના સંબંધી તથા પ્રિય પણ છો. હે કેશવ! પાંડવોએ ધૃતરાષ્ટ્રના પુત્રોનું કુશળ કરવું જોઇએ વાસ્તે તમે સામર્થ્ય શાંતિ કરવા લાયક છો. હે શત્રુને હણનાર! હે પુંડરીકાક્ષ! અહિંથી જઇ તમે દુર્યોધન સાથે સંપ થાય એવું સંભવિત બોલજો. કદી ધર્માર્થયુક્ત હિતકારક કલ્યાણરૂપ વચન તમો કહેશો તોપણ બાળબુદ્ધિવાળો તે ગ્રહણ નહીં કરે અને મૃત્યુને વશ થશે. અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે, ધર્મયુક્ત તથા આપણું જેમાં હિત છે, અને કૌરવોનું પણ જેથી કલ્યાણ થાય તે જ કરવા સારૂ હું ધૃતરાષ્ટ્ર પાસે જાઉં છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય! વળતી રાત્રિ વીત્યા પછી નિર્મળ આકાશમાં સૂર્યોદય થયો ત્યારે જન્મ નક્ષત્રથી આઠમા મુહૂર્તમાં, કાર્તિક માસ વિષે રેવતી નક્ષત્રમાં, તથા શરદ્ઋતુનો અંત અને હેમંતનો છે આરંભ જેમાં એવો સમૃદ્ધ ધાન્યથી સુખરૂપ કાળ આવ્યો ત્યારે બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ ભગવાન ઋષિયોની વાણી જેમ ઇંદ્ર સાંભળે, તેમ વિખ્યાત બ્રાહ્મણોની મંગળરૂપ પવિત્ર શબ્દવાળી સત્યવાણી સાંભળતાં પોતે મંગળ સ્નાન કરી પવિત્ર થઇ, અલંકાર ધારણ કરી, પોતાનું પૂર્વ દિવસનું આહ્નિક કર્મ કરી, સૂર્ય તથા અગ્નિની ઉપાસના કરી, બળદના વાંસાનો સ્પર્શ કરી, બ્રાહ્મણોને પ્રણામ કરી, અગ્નિની પ્રદક્ષિણા કરી, શકુન માટે મંગળરૂપ વસ્તુ જોઇ, [illegible] કરી, શિનિના પૌત્ર સાત્યકિને આમ કહેવા લાગ્યા કે, શકુનિ સહિત દુર્યોધન [illegible]
[illegible]

ચાલુષિ ભોજ! કેમકે હવે શત્રુઓ દુર્બળ હોય તોપણ બળવાને. તેનાથી સાવધ રહેવું. પછી શ્રીકૃષ્ણનું વચન સાંભળી, તેમનો મત જાણી આગળ ચાલનારા નોકરો રથ જોડવા વાસ્તે ચાલ્યા, ગદા ઇત્યાદિ શસ્ત્રો સઘ રથમાં ગોઠવવા લાગ્યા. પછી પ્રલયાગ્નિ સરખો તથા આકાશમાં રહેલા સૂર્ય સરખો પ્રદીપ્ત, સૂર્ય તથા ચંદ્ર સરખા પ્રકાશમાન બે ચક્રથી શોભિત, અર્ધચંદ્ર, મત્સ્યાકૃતિ મૃગ પક્ષિ ઇત્યાદિ ચિત્રથી ચિત્રેલો નાના પ્રકારના પુષ્પથી વિચિત્ર પ્રકારનો, ચોતરફ મણિ તથા રત્નથી જડિત, તરુણ સૂર્ય સરખી કાંતિવાળો, અતિ સુંદર છે દેખાવ જેનો, મણિ તથા હેમથી વિચિત્ર પ્રકારનાં છે અંગ જેનાં, રૂડી ધજાવાળો, સારા છે ઉપસ્કર જેમાં, વિટેલું છે વ્યાઘ્રચર્મ જેમાં, કોઇથી ધર્ષણ થાય નહિ એવો, શત્રુના યશને હણનાર યાદવોને આનંદ કરનાર મોટો રથ, તેમણે સર્વ સંપત્તિથી શોભિત, નવરાવેલા, શૈબ્ય, સુગ્રીવ, મેઘ, પુષ્પ તથા બલાહક નામના અશ્વ સાથે જોડી તૈયાર કર્યો. શ્રીકૃષ્ણના મહિમાને વધારનાર મોટા શબ્દવાળા, તે રથ ઉપર ગરુડનું છે ચિન્હ જેમાં એવી ધ્વજા ચઢાવી મેઘ તથા નગારાં સરખો જેનો શબ્દ છે એવા મેરૂ પર્વતના શિખર સરખા શોભાયમાન રથ પ્રત્યે ઇચ્છા પ્રમાણે ચાલનાર વિમાનમાં જેમ બેસે, તેમ શ્રીકૃષ્ણ, વિરાજમાન થયા. પછી પુરૂષોત્તમ ભગવાન, સાત્યકિને પોતાની પાસે રથમાં બેસાડી, રથના શબ્દે કરી પૃથ્વી તથા આકાશને શબ્દાયમાન કરતા પ્રયાણ કરવા લાગ્યા. તે વખતે વાદળાં વગરનો નિર્મળ સમય થયો, ને પવિત્ર વાયુ વાવા લાગ્યો, તેમ રજ પણ ક્યાંય ઉડતી ન હતી, અને મંગળરૂપ મૃગ તથા પક્ષિયો જમણી બાજુ સામાં આવવા લાગ્યાં. બીજાં સારસ, હંસ તથા ઘણી પાંખોવાળાં પક્ષિયો પણ મંગળરૂપ અર્થ દેનાર, પોતાના શબ્દે કરી વાસુદેવના પ્રયાણ વિષે તેમને અનુસરવા લાગ્યાં. મંત્રાહુતિ તથા મોટા કુંડ વિષે હોમ કરેલો અગ્નિ પણ ધૂમાડા વગરનો થઇ જમણી બાજુ છે શિખા જેની એવો મંગળરૂપ થયો. વસિષ્ઠ, વામદેવ, ભૂરિદ્યુમ્ન, ગય, ક્રથ, શુક્ર, નારદ, વાલ્મિક, મરૂત, કુશિક, ભૃગુ તથા બીજા કેટલાક દેવર્ષિ બ્રહ્મર્ષિ એકઠા મળી, યદુકુળને સુખ દેનાર શ્રીકૃષ્ણની પ્રદક્ષિણા કરવા લાગ્યા. એ રીતે મોટા ભાગ્યવાળા, મહર્ષિ ગણ તથા સત્પુરૂષોએ જેની પૂજા કરી છે એવા શ્રીકૃષ્ણ, કૌરવો તરફ જવા લાગ્યા. તે વખતે કુંતિપુત્ર યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, માદ્રીપુત્ર નકુળ, તથા સહદેવ, પરાક્રમી ચેકિતાન, ચેદિ દેશનો અધિપતિ ધૃષ્ટકેતુ, દ્રુપદ, કાશિરાજ, મહારથિ શીખંડિ, પુત્ર સહિત ધૃષ્ટદ્યુમ્ન, કેકયો સહિત વિરાટ, એટલા ક્ષત્રિયો કાર્ય સિદ્ધ થવા વાસ્તે ક્ષત્રિયમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણને વળાવવા ચાલ્યા. તેજસ્વી કુંતિના પુત્ર ધર્મરાજ યુધિષ્ઠિર પણ ગોવિંદ ભગવાનની પાછળ ગયા. રાજાઓની આગળ તે આ રીતે વચન કહેવા લાગ્યા કે, આ કામ, ભય, લોભ, તથા અર્થ વાસ્તે અન્યાયને અનુસારે કરવાનું નથી. સ્થિર બુદ્ધિવાળા, લોભ રહિત, ધર્મજ્ઞ, ધૈર્યવાન, સર્વ ભૂતોમાં ચતુર, સર્વ પ્રાણિયોના નિયંતા, દેવના દેવ સનાતન છે એવા શ્રીકૃષ્ણ, સર્વ ગુણ સંપન્ન શ્રીવત્સ નામના ચિન્હને ધારણ કરનાર શ્રીકૃષ્ણને સારી રીતે મળી એવો સંદેશો કહેવા લાગ્યા કે, હે જનાર્દન! જે અબળાએ બાળપણમાં અમારી વૃદ્ધિ પમાડ્યા, ઉપવાસ તથા તપ ઉપર છે શીલ જેનું, હંમેશ જે અમારા કલ્યાણમાં, દેવતા અતિથિની પૂજામાં તથા વડિલોની સેવામાં તત્પર, વાત્સલ્યયુક્ત, પ્રિય છે પુત્ર જેને, અમોએ જે પ્રિય, હે શત્રુને નાશ કરનાર! વળી દુર્યોધનના ભયથી જે અમારૂં રક્ષણ કરતી હતી, અને જેમ સમુદ્રમાંથી નાવ ઉતાર પામે તેમ મોટા મૃત્યુરૂપી ભયથી જે અમારો ઉદ્ધાર કરતી હતી; હે માધવ! અમારે વાસ્તે જેણે નિરંતર દુઃખ ભોગવ્યાં તે દુઃખ પામવા લાયક નહિ એવી

ગાંધારી માતાને કુશળ પૂછજો. પુત્ર શોકે કરી વ્યાપ્ત થયેલી તેની અત્યંત આશ્વાસના કરજો. અમારું નામ લઇ પ્રણામ કરી તમે તેને મળજો. હે શત્રુને દમન કરનાર! વિવાહ થયા પછી સાસરા સંબંધિ દુઃખ અને તિરસ્કારને જોઈ, દુઃખને લાયક નહિ એવી તે દુઃખજ ભોગવે છે. હે કૃષ્ણ! હે શત્રુને દમન કરનાર! જ્યારે કહી દુઃખ ટળવાનો વખત આવશે ત્યારે ક્લેશ પામેલી માને હું સુખ આપીશ. જે વખતે અમે ચાલ્યા તે વખતે તે પાછળ દોડતી હતી, કૃપણ પુત્રની ઇચ્છા રાખનારી, રૂદન કરતી એવી એને મૂકી અમે વનમાં ગયા. હે કેશવ! હે આનર્તસત્કૃત! પુત્રની આધિથી અત્યંત પીડાયલી, તે દુઃખથી મરણ ન પામી હોય, ને જો જીવતી હોય તો મારાં વચનથી તેને પ્રણામ કરજો. કુરુ કુળમાં મુખ્ય ધૃતરાષ્ટ્ર, અવસ્થાએ વૃદ્ધ બીજા રાજાઓ, ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્ય ઇત્યાદિને પણ મારાં વચનથી અભિવંદન કરજો. મહારાજ બાહ્લિક, અશ્વત્થામા, સોમદત્ત તથા સર્વ ભરત પ્રત્યે વચનથી મારા યથાયોગ્ય કહેજો. હે મધુસૂદન! કૌરવોના વિચાર ધારણ કરનારા, મહાપ્રાજ્ઞ, અગાધ બુદ્ધિવાળા ધર્મજ્ઞ વિદુરને મળજો. એ રીતે ત્યાં રાજાઓના મધ્યમાં, યુધિષ્ઠિર રાજા કેશવ ભગવાનને કહી, પ્રદક્ષિણા કરી તેમની આજ્ઞાથી પાછા પોતાના ઘર તરફ આવવા લાગ્યા. પાછા વળતી વખતે અર્જુન પુરૂષમાં શ્રેષ્ઠ, સામા શૂરવીરને હણનાર, કોઇથી પરાજય પામેલા નહીં એવા પોતાના મિત્ર દાશાર્હ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા કે—હે સમર્થ! હે ગોવિંદ! પૂર્વે આપણે વિચાર કરવા બેઠા હતા તે વખતે બધા રાજા જાણે તેમ અર્ધ રાજ્ય તે આપે એવો નિશ્ચય કરેલો છે, તે રીતે તિરસ્કાર કર્યા વગર જો તે કબૂલ કરે તો મારું પણ પ્રિય થાય અને તે પણ મોટા ભયથી મૂકાય, અને હે જનાર્દન! ઉપાયને ન જાણનાર ધૃતરાષ્ટ્રનો પુત્ર એથી જો ઉલટું કરશે તો નિશ્ચય ક્ષત્રિયોનો હું નાશ કરીશ.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! અર્જુને કહ્યું તે સાંભળી ભીમસેન અત્યંત પ્રસન્ન થયા, ક્રોધવશ થઇ વારંવાર કંપવા લાગ્યા, અને હર્ષથી પ્રફુલ્લિત થયું છે મન જેનું એવા ભીમસેન મોટા શબ્દ કરવા લાગ્યા. જે શબ્દ સાંભળી બીજા ધનુષ ધારણ કરનાર કંપવા લાગ્યા. ત્યાં ઉભેલા હાથી, ઘોડા ઇત્યાદિ સર્વ વાહનોનાં મળ મૂત્ર છૂટી ગયાં. એ રીતે કેશવ ભગવાનને પોતાનો નિશ્ચય કહી, તેમને મળીને તેમની આજ્ઞાથી અર્જુન પાછા ઘર તરફ વળ્યા, તેમજ બીજા સર્વ રાજાઓ પણ પાછા વળ્યા. પછી સૈન્ય સુગ્રીવાદિક અશ્વ જોડ્યા છે જેના રથ વિષે એવા જનાર્દન ભગવાન પ્રસન્ન થઇ જલદીથી કૌરવના શહેર તરફ ગયા. વાસુદેવ ભગવાનના તે ઘોડા દારૂક સારથિની હાંકવાની યુક્તિથી માર્ગને જાણે આચમન કરી જતા હોય નહીં, અને આકાશને ગળી જતા હોય નહીં તેની પેઠે અતિ વેગથી ચાલવા લાગ્યા; એટલામાં મહાબાહુ કેશવ ભગવાન રસ્તામાં બેઉ બાજુ ઉભેલા બ્રહ્મતેજ સંપન્ન ઘણાક ઋષિઓને જોઇ જલદી રથ ઉપરથી નીચે ઉતરી પ્રણામ સહિત તેમની પૂજા કરી પૂછવા લાગ્યા કે, લોકમાં કુશળ છે? સારી રીતે ધર્મ આચરણ કરો છો? ત્રણે વર્ણો બ્રાહ્મણોની આજ્ઞા પ્રમાણે વર્તે છે? વળી મધુસૂદન ભગવાન તેમનો સત્કાર કરી પૂછવા લાગ્યા કે, હે ભગવત્રૂપ! હે સિદ્ધ પુરૂષો! તમે ક્યાં હતા, અને ક્યાં જાઓ છો? અને તમારે શું કામ છે? મને શી આજ્ઞા છે અને તમો શા કામે ભૂતળ ઉપર પધાર્યા છો? ભગવાનનાં વચન સાંભળી ઋષિઓમાં મુખ્ય ઇંદ્ર તથા બલિરાજાના સખા જમદગ્નિના પુત્ર ગોવિંદ ભગવાનની પાસે આવી તેમને મળી કહેવા લાગ્યા કે, હે મહાત્મને! હે દાશાર્હ! પવિત્ર કર્મ કરનાર, દેવર્ષિઓ, બહુશ્રુત બ્રાહ્મણો, તપસ્વી રાજર્ષિઓ પૂર્વે થઇ ગયેલા-સુર-

અર્જુનના સંગ્રામને જોનાર, અમે સર્વ, ચોતરફથી એકઠા થયેલા સર્વ ઋષિઓને, સભાસદોને તમોને, સત્યને વગેરે બધાને જોવા સારૂ જઇએ છિયેઃ હે માધવ! હે શત્રુને તપાવનાર! કૌરવો તથા રાજાના મધ્યમાં ધર્મ તથા અર્થ સહિત ઉચ્ચારણ કરેલી તમારી વાણી સાંભળવાને ઇચ્છિયે છિયે. હે યાદવશાર્દૂલ! હે માધવ! ભીષ્મ, દ્રોણાદિક મહામતિ વિદુર તથા તમે પણ સભામાં આવશો, અને ત્યાં સભામાં દિવ્ય સત્ય તથા હિતરૂપ વચન બોલશો, તથા તેઓ પણ બોલશે, તે બધું સાંભળવાની અમને ઇચ્છા છે. હે મહાબાહો! તમને જણાવીને અમે જઇએ છિયે, ફરીથી ત્યાં તમોને મળીશું. હે શૂરવીર! નિર્વિઘ્નતાથી જાઓ; ત્યાં સભાના મધ્યમાં દિવ્ય આસન ઉપર બળ તથા તેજ સહિત બેઠેલા તમોને અમે જોઇશું.

याह्यविघ्नेन वै वीर द्रष्टारस्त्वां समागतं ।
आसीनमासने दिव्ये बलतेजः समाहितं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णप्रस्थाने गुर्जरभाषायां त्र्यशीतितमोऽध्यायः ॥ ८३ ॥

અધ્યાય ૮૪ મો. વૃકસ્થળે કૃષ્ણનો પડાવ.

वैशंपायन उवाच—प्रयांतं देवकीपुत्रं परवीररुजोदश ।
महारथामहाबाहुमन्वयुः शस्त्रपाणयः ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! હે રાજન્! હે શત્રુને તપાવનાર! કૌરવની રાજધાનીએ જતા મહાબાહુ દેવકી પુત્રની પાછળ શત્રુના શરીરને હણનાર હાથમાં શસ્ત્ર ધરનાર એવા દશ મહારથિ યોદ્ધાઓ હજાર પાયદળ, હજાર ઘોડેસ્વાર તથા બીજા સેંકડો નોકરો પણ ગયા. કેટલીક ભોજનની સામગ્રી પણ યુધિષ્ઠિરે મોકલી. જનમેજયે પૂછ્યું કે–હે વૈશંપાયન! દશાર્હ કુળમાં ઉત્પન્ન થયેલા મહાત્મા મધુસૂદન ભગવાન કેવી રીતે ત્યાં ગયા, અને ત્યાં જતાં મહાત્માને રસ્તામાં શું શું નિમિત્ત થયાં તે કહો? વૈશંપાયન કહે છે–હે જનમેજય! મહાત્માના પ્રયાણ દરમિયાન થયેલા બધા ઉત્પાત, શુકન તથા અપશુકન હું તને કહું તે સાંભળ. વાદળ વગર વિજળી સહિત વજ્ર સરખો શબ્દ થવા લાગ્યો, અને વગર અંધારે વર્ષાદ વરસવા લાગ્યો, સિંધુ નદ છે સાતમો જેમાં એવી પૂર્વ વહેનારી મહા નદીઓ ઉલટી વહેવા લાગી. સર્વ દિશાઓ વિપરીત થઇ ગઇ તેથી કયી દિશા કેણી તરફ છે એમ જણાતું નહોતું. હે રાજન્! પોતાની મેળે અગ્નિ પ્રજ્વલિત થવા લાગ્યો, પૃથ્વી કંપવા લાગી, જળાશયોમાંથી તથા ભરેલા ઘડાઓમાંથી જળ સ્રવવા લાગ્યું અને આ સર્વ જગત અંધકારથી વ્યાપ્ત થઇ ગયું. હે રાજન્! ધૂળ તો એટલી બધી ઉડવા લાગી કે જેથી દિશાઓ જાણવામાં આવતી નહોતી. હે રાજન્! અદૃશ્યરૂપે આકાશમાં મોટો ગેબી શબ્દ થવા લાગ્યો, તેથી સર્વ દેશમાં મોટું આશ્ચર્ય ઉત્પન્ન થયું. વજ્ર સરખા શબ્દવાળો કઠોર નૈઋત્ય કોણનો વાયુ વૃક્ષ ગણોને પાડી હસ્તિનાપુરને મંથન કરતો હતો. હે ભારત! જે જે ઠેકાણે માર્ગમાં વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ વરતતા હતા તે તે સ્થાનકે સુખરૂપ વાયુ વાતો હતો; અને બધું અનુકૂળ જણાતું હતું. પુષ્પ તથા કમળની વૃષ્ટિ થતી હતી. દર્ભ તથા કાંટા વગરનો રસ્તો સરસ આરામ પડતો હતો. વળી ત્યાં રસ્તામાં બ્રાહ્મણો મધુપર્ક તથા ધનથી

પૂજા કરી સ્તુતિ કરતા હતા. માર્ગમાં સર્વ ભૂતના હિતમાં તત્પર મહાત્મા શ્રીકૃષ્ણને શિબિર પાસે આવી વનમાં સુગંધિ પુષ્પે વધાવતી હતી. હે ભરતર્ષભ ! શ્રીકૃષ્ણ સર્વ ધાન્યવાળા, સુખરૂપ પરમ પવિત્ર શાલના ક્ષેત્ર પ્રત્યે આવ્યા. પછી ઘણાંક પશુને જોતાં હૃદય પ્રસન્ન થાય એવાં મનોહર ગામ, શહેર તથા વિવિધ પ્રકારના દેશોને અતિક્રમણ કરવા લાગ્યા. નિરંતર પ્રસન્ન, રૂડા મનવાળા, ભારતોએ જેમની રક્ષા કરેલી છે એવા શત્રુચક્રથી નિર્ભય, દુઃખને ન જાણનાર ગામનાં મનુષ્યો, શ્રીકૃષ્ણના દર્શનની ઇચ્છા સારૂ માર્ગમાં આવી ટોળે મળી ઉભાં રહ્યાં હતાં. તે બધાં વૃદ્ધિ પામેલા અગ્નિ સરખા તેજસ્વી, પૂજા કરવા લાયક પાસે પધારેલા પ્રભુની રૂડી રીતે પૂજા કરવા લાગ્યાં. એ રીતે શત્રુના શૂરવીરને હણનાર કેશવ ભગવાન વૃકસ્થળ નામને ગામ આવ્યા. તે વેળા સૂર્યનાં કિરણો આછાં થઇ આકાશ લાલ બન્યું. સાયંકાળે ભગવાન રથમાંથી નીચે ઉતરી યથાવિધિ શૌચ કરી રથ છોડવાની આજ્ઞા આપી, પોતે સંધ્યાવંદન કરવા લાગ્યા. દારૂક નામના સારથિએ પણ ઘોડાઓને છોડી ઘટતી રીતે તેમની ચાકરી કરી, ચોકડું આદિ ઉતારી સર્વ ઉપસ્કર છોડી તેમને છુટા મૂક્યા. પછી મધુસૂદન ભગવાન, તે બધું જોઇ આવી રીતે કહેવા લાગ્યા કે, યુધિષ્ઠિરના કાર્ય વાસ્તે આ રાત્રિ અહિંજ ગાળીશું. ભગવાનનાં વચન સાંભળી, તેમનો મત જાણી ચાકર માણસોએ સાંજ પડાવ કીધો, અને ક્ષણમાત્રમાં રસવાળાં ગુણકારી અન્ન તૈયાર કર્યાં. હે નૃપ ! તે ગામમાં આર્ય કુલિન, લજ્જાવાન, બ્રાહ્મણની વૃત્તિને પાળનાર જે કારભારી બ્રાહ્મણો હતા તે, શત્રુને દમન કરનાર મહાત્મા ઋષિકેશ ભગવાનની પાસે આવી ઘટતી રીતે આશિર્વાદ પુરઃસર મંગળ દ્રવ્યયુક્ત તેમની પૂજા કરવા લાગ્યા. તે બ્રાહ્મણોએ સર્વ લોકને પૂજ્ય એવા ભગવાનની સેવા કરી તેમને અનુકૂળ ઘર નિવેદન કર્યાં, ત્યારે “ તે તમે પાછાં રાખો ” એમ ભગવાને તેમને કહી, ઘટતી રીતે તેમનો સત્કાર કરી, તેમના ઘર પ્રત્યે જઇ, પાછા તેઓ સહિત પોતે ઉતારે પધાર્યા. પછી કેશવ ભગવાન, સુંદર અન્ન બ્રાહ્મણોને જમાડી પોતે પણ જમ્યા. પછી તે સર્વ બ્રાહ્મણો સહિત સુખે કરી રાત્રિ ત્યાં રહ્યા.

सुमिष्टं भोजयित्वा च ब्राह्मणांस्तत्र केशवः ।
भुक्त्वा च सहतैः सर्वैरवसत्तां क्षपां सुखं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णप्रयाणे वृकस्थलवासे चतुरशीतितमोऽध्यायः ॥ ८४ ॥

અધ્યાય ૮૫ મો. ધૃતરાષ્ટ્રે કૃષ્ણ સંમાન માટે કરાવેલી ગોઠવણ.

वैशंपायन उवाच—तथादूतैः समाज्ञाय आयांतं मधुसूदनं ।
धृतराष्ट्रोऽब्रवीद्भीष्ममर्चयित्वा महाभुजं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે મધુસૂદન ભગવાનને દ્વારકાથી આવતા જાણી ધૃતરાષ્ટ્ર રાજા સત્વરથી મહાબાહુ ભીષ્મને તેમજ દ્રોણ, સંજય, મહામતિ વિદુર તથા અમાત્ય સહિત દુર્યોધનને આમ કહેવા લાગ્યા કે, હે કુરુનંદન ! એક મોટું આશ્ચર્ય [illegible] છે, ઘર ઘર [illegible], બાળક તથા વૃદ્ધો તેમજ સ્ત્રીઓ પણ કહે છે, [illegible] આવેલા તે સૌ ચોટામાં ને સભાઓમાં જુદી જુદી વાતો કહે છે કે [illegible]

પૂજન વાસ્તે અહિં આવશે. મધુસૂદન ભગવાન આપણને સર્વથા માન્ય તથા પૂજ્ય છે. વળી તે પ્રજાના ઇશ્વર હોવાથી લોકનો નિર્વાહ કરનાર છે. માધવ ભગવાન વિષે ધૈર્ય, વીર્ય, પ્રજ્ઞા તથા ઇંદ્રિયો સંબંધી બળ પણ રહ્યું છે. મનુષ્યમાં એ શ્રેષ્ઠ છે માટે આપણે પણ તેમને માન આપવું એ સનાતન ધર્મ છે. ભગવાન પૂજા કરવાથી સુખ આપનાર થાય છે, અન્યથા થતા નથી. શત્રુને દમન કરનાર દાશાર્હ ભગવાન, કરેલા ઉપચારથી જો પ્રસન્ન થશે તો સર્વ રાજાઓના મધ્યમાં આપણા બધા મનોરથ પૂરા કરશે. વાસ્તે હે શત્રુને તપાવનાર! તેની પૂજા વાસ્તે જરૂર આજ બધી તૈયારી કરજો. હે મહાબાહો! સર્વકામ જેમાં સંપૂર્ણ છે એવી સભા રસ્તામાં કરાવ અને હે ગાંધારી પુત્ર! તેમની જે રીતે તારા વિષે પ્રીતિ થાય તે રીતે કર. હે ભીષ્મ! હું ઠીક કહું છું કે નહીં, તમને કેમ લાગે છે? ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી ભીષ્માદિકે વખાણ કરી કહ્યું કે "તમે ઘણું સારું કહો છો." દુર્યોધન રાજાએ એ રીતનો સર્વનો મત જાણી, સભા તથા રમણીક રહેવાનાં ઠેકાણાં રચવાનો હુકમ આપવાથી દેશદેશમાં તેના નોકરોએ સર્વ રત્નથી પૂર્ણ એવા અનેક ઉતારા બનાવ્યા. વિવિધ પ્રકારના ગુણ સંપન્ન એવાં વિચિત્ર પ્રકારનાં આસનો બનાવ્યાં. ત્યાં કેટલીક સ્ત્રિયો સુગંધિ પદાર્થો, અલંકાર, સૂક્ષ્મ વસ્ત્ર, ગુણકારી અન્નપાન, વિવિધ પ્રકારના ભોજ્ય પદાર્થો, સુવાસિત માળાઓ, ઇત્યાદિ વસ્તુઓ દુર્યોધન રાજાએ ત્યાં રાખવી. અને વૃકસ્થળ ગામમાં પણ વિશેષ નિવાસ કરવા વાસ્તે અનેક રત્નથી મનોહર વાસ સભા કરાવી. મનુષ્યથી ન બને એવું દેવતા લાયક એ બધું કરાવ્યા પછી, દુર્યોધન રાજાએ ધૃતરાષ્ટ્રને કહ્યું કે દાશાર્હ કુળમાં ઉત્પન્ન થયેલા કેશવ ભગવાન તે બધી સભા તથા વિવિધ પ્રકારનાં રત્નોને જોયા વગર પોતે કૌરવોના ધામે આવ્યા.

ता: सभा: केशव: सर्वा रत्नानि विविधानि च ।
असमीक्ष्यैव दाशार्ह उपायात्कुरुसद्मतत् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मार्गेसभानिर्माणे गुर्जरभाषायां पंचाशीतितमोऽध्याय: ॥ ८५ ॥

અધ્યાય ૮૬ મો. કૃષ્ણના ઉતારા માટે ગોઠવણ.

धृतराष्ट्र उवाच—उपप्लव्यादिह क्षत्तरुपायातो जनार्दन: ।
वृकस्थले निवसति स च प्रातरिहैष्यति ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે વિદુર! ઉપપ્લવ્ય નામના ગામથી કૃષ્ણ ભગવાન આ તરફ આવે છે, હાલ વૃકસ્થળમાં છે, તે પ્રાતઃકાળે અહિં આવશે. સર્વ આહુકના અધિપતિ સર્વ યાદવોમાં અગ્રેસર, મોટા મનવાળા, મહાપરાક્રમી મોટા બળવાન, યાદવના સમૃદ્ધ દેશનું રક્ષણ તથા પોષણ કરનાર ત્રણ લોકના પિતા જે બ્રહ્મા, તેના પણ પિતા એવા જનાર્દન માધવ ભગવાન છે. આદિત્ય વસુ તથા રૂદ્ર દેવતા જેમ બૃહસ્પતિની બુદ્ધિને અનુસરે, તેમ રૂડા મનવાળા વૃષ્ણિ અંધક ઇત્યાદિ જે યાદવો છે તે શ્રીકૃષ્ણની બુદ્ધિને અનુસરે છે. હે ધર્મજ્ઞ! તે મહાત્મા દાશાર્હ ભગવાનની પૂજા તારી સમક્ષ હું જે રીતે કરીશ, તે રીતે કહું તે સાંભળ. એક વર્ણવાળા અત્યંત સારા અંગથી શોભિતા બાહ્લિક દેશની ચાર ઘોડાયુક્ત સુવર્ણના

સોળ રથ, નિરંતર મદ ઝરતા, હળ સરખા દાંતવાળા, પ્રહાર કરનાર એક એક સાથે આઠ આઠ નોકર સહિત આઠ હસ્તિયો, સુવર્ણ સરખી કાંતિવાળી, સુંદર નાની ઉંમરની સો સો દાસ દાસી હું તેમને આપીશ. તેમજ સુખરૂપ છે સ્પર્શ જેનો એવાં પહાડી જમીનમાં રહેનારાઓએ આપેલા ઊનના અઢાર હજાર તો શાલ દુશાલા આપીશ. વળી ચીન દેશમાં થએલાં હજારો મૃગચર્મો જેટલાં એમને જોઇતાં હશે તેટલાં આપીશ. તેજવાળો જે આ મણિ સત્રિદિવસ શોભે છે, તે પણ આપીશ કારણ કેશવ ભગવાન તેને લાયક છે. એક દિવસમાં જે વાહનની ચૌદ યોજન ચાલ છે, તે પણ ખચ્ચરીયુક્ત તેમને આપીશ, અને એનાં જેટલાં વાહન, અને જેટલા પુરૂષ તેમની ભેગા છે, તેથી આઠ ગણું ભોજ્ય પદાર્થ હું તેમને આપીશ. દુર્યોધન વિના મારા પુત્ર તથા પાત્રો સુંદર રથમાં બેસી શણગારીને દાશાર્હ ભગવાનના સામા જશે, અને મંગળરૂપ શણગારેલી હજારો વારાંગનાઓ પગથી ચાલી તે મોટા ભાગ્યશાળી કેશવ ભગવાનની સામે જશે. શહેરમાંથી પણ કેટલીક કન્યાઓ મંગળ દ્રવ્ય સહિત જનાર્દન ભગવાનને ખુલ્લી રીતે જોવા જશે. જેમ સૂર્યને બધી પ્રજા જુવે તેમ સ્ત્રી, પુરૂષ તથા બાળ સહિત આખું શહેર તે મહાત્મા મધુસૂદન ભગવાનને જોશે. સર્વ દિશાઓમાં મોટા ધ્વજ તથા પતાકાઓ રાખી દ્યો. રસ્તાઓ વળાવીને ધૂળ પાણીનો છંટકાવ કરો. વળી દુઃશાસનનું ઘર દુર્યોધનના ઘરથી સારૂં છે માટે તે આજ સ્વચ્છ તથા શોભિતું કરો, કારણ એ ઘર રૂડા આકારવાળા મહેલોથી દીપતું તથા સર્વ ઋતુના ગુણે કરી યુક્ત, અમૂલ્ય મંગળરૂપ તથા રમણીય છે. આ મારા તથા દુર્યોધનના ઘરમાં જે રત્ન છે તેમાંથી જે ભગવાનને યોગ્ય હોય, તે તેમને આપવામાં સંશય રાખો નહી.

सर्वमस्मिन् गृहे रत्नं मम दुर्योधनस्य च ।
यद्यदर्हति वार्ष्णेयस्तत्तद्देयमसंशयं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायां षडशीतितमोऽध्यायः ॥ ८६ ॥

અધ્યાય ૮૭ મો. વિદુરનો ઉપાલંભ.

विदुर उवाच—राजन्बहुमतश्चासि त्रैलोक्यस्यापि सत्तमः ।
संभावितश्च लोकस्य संमतश्चासि भारत ॥ १ ॥

વિદુર કહે છે—હે રાજન્ ! હે ભારત ! તમે બહુ સંમત છો, ત્રૈલોક્યમાં સત્તમ છો, લોકના માનીતા છો, છેલી અવસ્થામાં રહેલા તમો જે કહો છો તે શાસ્ત્ર આધારથી તથા રૂડા તર્કથી કહો છો આપ વૃદ્ધનું મન ઘણું સ્થિર છે. હે રાજન્! ચંદ્ર વિષે જેમ રેખા, સૂર્ય વિષે જેમ કાંતિ, સમુદ્ર વિષે જેમ મોટી લેહેર સ્વભાવિક છે, તેમ તમારે વિષે ધર્મ રહ્યો છે એમ પ્રજાએ નિશ્ચય કરેલો છે. હે પાર્થિવ ! તમારા ગુણના સમુદાયથી હંમેશ સર્વ લોક પ્રસન્ન રહે છે. હે રાજન્ ! ગુણોના રક્ષણ સારૂ અમો બાંધવો સહિત યત્ન કરીને સરળતાને પ્રાપ્ત થાઓ, પણ બાળ બુદ્ધિથી પુત્ર, પૌત્ર, સુહૃદ તથા પ્રિયને નાશ ન પમાડો. હે રાજન્ ! અતિથિ શ્રીકૃષ્ણને જે ઘણું આપવાનું તમે ઇચ્છો છો તે અને બીજું તથા આખી પૃથ્વી પણ દાશાર્હ ભગવાનને આપવાને યોગ્ય છે. તથાપિ તમે કંઇ ધર્મને ઉદ્દેશી તથા

તેને વાસ્તે શ્રીકૃષ્ણને આપવાને નથી ઇચ્છતા એ હું સોગન ખાઇને ખઇ કહું છું. હે ચતુર! તમે કેવળ ઇંદ્રજાળ વિદ્યાની પેઠે તેમને છેતરવાનું કરો છો. હે રાજન્! તમારો મત જાણો છે તોપણ બાહ્ય કર્મથી હું જાણું છું. હે રાજન્! પાંચ પાંડવો પાંચ નાનાં ગામડાં ઇચ્છે છે તે તો તેમને આપવા ચાહાતા નથી, ત્યારે સંધિ કેવી રીતે કરશો? તમે તો ધનથી મહાબાહુ શ્રીકૃષ્ણને તમારી તરફ ખેંચી લેવાને તથા એ ઉપાયે કરી ઘણાની પેઠે પાંડવથી જુદા પાડવાને ઇચ્છો છો પણ ધને કરીને, ઉદ્યમે કરીને વા પાંડવની નિંદાએ કરીને અર્જુન થકી શ્રીકૃષ્ણને જુદા કરવા તમે સમર્થ થઇ શકો એમ નથી; એ હું તમને યથાર્થ કહું છું. કૃષ્ણનું માહાત્મ્ય, એનું દૃઢ ભક્તિપણું તથા એને પ્રાણ સરખો અર્જુન અત્યાજ્ય છે, એ હું જાણું છું. પાણીના ભરેલા કુંભમાંથી પગ ધોવરાવવા તથા કુશળ પ્રશ્ન પૂછવો એ શિવાય જનાર્દન ભગવાન બીજું કંઇ પણ અંગીકાર નહીં કરે. માન આપવા લાયક મહાત્મા ભગવાનને જે શમરૂપ આતિથ્ય પ્રિય છે તે તમે કરો. હે રાજન્! સહુના કલ્યાણની ઇચ્છાથી કેશવ ભગવાન કૌરવો પ્રત્યે આવે છે. જે વાસ્તે ને આવે છે, તે એમને આપો. હે રાજેંદ્ર! તમોને, દુર્યોધનને તથા પાંડવોને શમ થાય એમ દાશાર્હ ભગવાન ઇચ્છે છે; વાસ્તે એમનાં વચન પ્રમાણે તમે કરો. હે રાજન્! તમે પિતા છો, ને તે પુત્રો છે, તમો વૃદ્ધ છો ને તે બાળક છે માટે પાંડવો વિષે તમે પિતાની પેઠે વરતો, તે તો તમારી તરફ પુત્રની પેઠે વર્તે છે.

पितासि राजन्पुत्रास्ते वृद्धस्त्वं शिशवः परे ।
वर्तस्व पितृवत्तेषु वर्तंते ते हि पुत्रवत् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायां सप्ताशीतितमोऽध्यायः ॥ ८७ ॥

અધ્યાય ૮૮ મો. સત્કાર ન કરવો.

वैशंपायन उवाच—यदाह विदुरः कृष्णे सर्वंतत्सत्यमच्युते ।
अनुरक्तो ह्यसंहार्यः पार्थान्प्रति जनार्दनः ॥ १ ॥

દુર્યોધન કહે છે—અચ્યુત એવા શ્રીકૃષ્ણ વિષે જે વિદુર કહે છે તે બધું સત્ય છે. પાંડવો પ્રત્યે જનાર્દન ભગવાન અનુરક્ત છે તેથી આપણે આપણી તરફ ખેંચી શકીયે એમ નથી. સત્કારપૂર્વક નાના પ્રકારનું જે જે ધન જનાર્દનને આપણે આપવું ધારેલું છે તે કદી પણ આપવું નહીં. હે રાજન્! કેશવ ભગવાન એમ સત્કાર કરવા લાયક છે ખરા, પરંતુ આ દેશકાળ સત્કાર કરવા જેવો નથી; કારણ આ વખતે સત્કાર કરીશું તો અધોક્ષજ ભગવાન એમ માનશે કે આ બધું તેઓ ભયથી કરે છે. હે વિશાંપતે! જે કરવાથી ક્ષત્રિયનું અપમાન થતું હોય, તે કામ પંડિત પુરૂષે ન કરવું એમ મેં નિશ્ચય કર્યો છે. તે વિશાળ નેત્રવાળા શ્રીકૃષ્ણ માત્ર આ લોક વિષે અત્યંત પૂજનીય છે એટલુંજ નહીં પરંતુ તે ત્રણ લોકને પણ પૂજ્ય છે, એ હું સારી રીતે જાણું છું, તથાપિ હે પ્રભો! તેમને હવે આપવું નહીં એજ ઉચિત છે, કારણ આરંભેલો કજિયો માત્ર આતિથ્ય કરવાથી શાંત થવાનો નથી.
વૈશંપાયન કહે છે—હે જનમેજય! દુર્યોધનનાં વચન સાંભળી કૌરવોના પિતામહ ભીષ્મ,

ધૃતરાષ્ટ્ર રાજાને કહેવા લાગ્યા કે, જનાર્દન ભગવાનનો તમે સત્કાર કરો કે અસત્કાર કરો પણ કોઇ રીતે તે ક્રોધ કરનાર નથી ને એમને તિરસ્કાર કરવા કોઇ સમર્થ નથી. કેશવ ભગવાન તિરસ્કાર કરવા લાયક પણ નથી. હે મહાબાહો ! " આ કામ કર્તવ્ય છે " એમ જો તેમને ઇચ્છા થઇ તો તે કોટી ઉપાયે પણ કોઇ અન્યથા કરી શકનાર નથી. માટે તે મહાબાહુ જેમ કહે તેમ નિઃશંક થઇને તેમની મારફત પાંડવો સાથે સલાહ કરો. ધર્માત્મા જનાર્દન ભગવાન પોતે ધર્મ તથા અર્થરૂપ વચન બોલશે. તમારે પણ બાંધવ સહિત તેમની સાથે પ્રિય વચન બોલવાં. ભીષ્મનાં વચન સાંભળી દુર્યોધન કહેવા લાગ્યો કે, હે રાજન્! હે પિતામહ ! જ્યાં સુધી જીવું ત્યાંસુધી પાંડવની સાથે હળી મળીને જીવતાં સુખી હું એકલો લક્ષ્મીને ભોગવું એવો તો વારો આવવાનો છેજ નહીં, માટે આ એક મોટી ધારણા તમોને કહું તે સાંભળો. પાંડવોના આશ્રયરૂપ જનાર્દન ભગવાનને હું અહીં આવતાંવાંત બાંધી મુકું. તેમને બાંધવાથી આખી પૃથ્વી સહિત યાદવ તથા પાંડવો પણ મારા નોકર થઇ રહેશે. તે ભગવાન કાલે સવારમાં અહીં આવશે, મારા ધાર્યા પ્રમાણે થવાનો જે ઉપાય હોય તે મને બતાવો. આ વાત તેમના જાણવામાં આવવી ન જોઇએ; કેમકે નહીં તો પછી તે પણ પાછો તેમ ન થવાનો ઉપાય શોધે. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! શ્રીકૃષ્ણને બાંધવા સંબંધી ભયંકર એવાં તેનાં વચન સાંભળી અમાત્ય સહિત ધૃતરાષ્ટ્ર રાજા મનમાં વ્યથા પામી દુર્યોધન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પ્રજાપાળ ! એ રીતે બોલ માં ! કારણ એ સનાતન ધર્મ નથી. ઋષિકેશ ભગવાન દૂત છે અને વળી આપણા પ્રિય તથા સંબંધી છે. તેમ કંઇ આપણો એમણે અપરાધ કર્યો નથી, તેથી તે બાંધવા યોગ્ય કેમ થાય ? તે વખતે ભીષ્મ પણ ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યા કે, હે ધૃતરાષ્ટ્ર ! અત્યંત મંદ બુદ્ધિવાળા તમારા પુત્રની ઉલટી બુદ્ધિ થઇ ગઇ છે, જે સ્નેહિજનો તેની યાચના કરે છે તોપણ તે અર્થને મૂકી અનર્થને આચરે છે. હે ધૃતરાષ્ટ્ર ! તમે પણ સંબંધિયોનાં વચનનો અનાદર કરી આડે રસ્તે ચાલનાર, પાપ કરનાર આ પાપીને અનુસરો છો, પણ પવિત્ર કર્મવાળા શ્રીકૃષ્ણને આ દુર્બુદ્ધિવાળો તમારો પુત્ર પ્રાપ્ત થતાંવાંત અમાત્ય સહિત ક્ષણ માત્રમાં નાશ પામશે. પાપરૂપ કર, અને ધર્મ ત્યાગ કરનાર દુર્બુદ્ધિવાળા દુર્યોધનની અનર્થયુક્ત વાણી કોઇ રીતે હું સાંભળી શકતો નથી. એમ કહી ભરતકુળમાં શ્રેષ્ઠ વૃદ્ધ, સત્ય પરાક્રમવાળા ભીષ્મ અત્યંત ક્રોધાયમાન થઇ ત્યાંથી ઉઠી ચાલી ગયા.

इत्युक्त्वा भरतश्रेष्ठो वृद्धः परमन्युमान् ।
उत्थाय तस्मात्प्रातिष्ठद्भीष्मः सत्यपराक्रमः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि दुर्योधनवाक्ये गुर्जरभाषायामष्टाशीतितमोऽध्यायः ॥ ८८ ॥

અધ્યાય ૮૯ મો. શ્રીકૃષ્ણનો નગર પ્રવેશ.

वैशंपायन उवाच—प्रातरुत्थाय कृष्णस्तु कृतवान्सर्वमाह्निकं ।
ब्राह्मणैरभ्यनुज्ञातः प्रययौ नगरं प्रति ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! શ્રીકૃષ્ણ સવારમાં ઉઠી સર્વ નિત્ય કર્મ કરી બ્રાહ્મણોની આજ્ઞા લઇ વૃકસ્થળથી આગળ ચાલ્યા, ત્યારે ત્યાંના નિવાસી સર્વ મનુષ્યો કૌરવોના શહેર પ્રત્યે જતા એવા મહા બળવાન તથા મહાબાહુ ભગવાનને કેટલેક સુધી વળાવા જઇ, તેમની આજ્ઞા માગી પાછાં વળ્યાં. ધૃતરાષ્ટ્રના પુત્રો શહેર પ્રત્યે પધારતા ભગવાનને જાણી, દુર્યોધન સિવાય બીજા બધા તથા ભીષ્મ, દ્રોણ અને કૃપાદિક પણ આડંબરથી સામા જવા લાગ્યા. હે રાજન્ ! બીજા શહેરના ઘણાક માણસો ઋષિકેશ ભગવાનને જોવાની ઇચ્છાથી નાના પ્રકારનાં વાહનોમાં બેસીને તથા કેટલાક પગે ચાલીને સામા ગયા. ત્યાં રસ્તામાં શ્રીકૃષ્ણ, ઉત્તમ કર્મવાળા ભીષ્મ, દ્રોણ તથા ધૃતરાષ્ટ્રના પુત્રો સાથે મળી શહેરમાં પધાર્યા. શ્રીકૃષ્ણનું સન્માન કરવા સારૂ બધું શહેર શણગારેલું હતું અને નાના પ્રકારનાં રત્નથી રાજમાર્ગ પણ શણગારેલો છે. હે ભરતર્ષભ ! તે વખતે વાસુદેવ ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છાથી સ્ત્રી, વૃદ્ધ, બાળક કોઇ પણ ઘેર રહ્યું નહોતું. રાજમાર્ગમાં મનુષ્યો ભાજુ ઉપર ઉભાં રહી ભગવાનની સ્તુતિ કરતાં હતાં. હે મહારાજ ! ઋષિકેશ ભગવાને શહેરમાં પ્રવેશ કર્યો, એ પ્રસંગે શ્રેષ્ઠ સ્ત્રિયોથી રોકાએલાં મોટાં મોટાં ઘર ભારને લીધે જાણે અત્યંત મોટાં ઘરો તો પણ પૃથ્વીતલ વિષે નમી જતાં હોય નહી એવાં દેખાતાં હતાં. વાસુદેવ ભગવાનના ઘોડા શીઘ્ર ગતિવાળા તોપણ મનુષ્યોથી વિંટાયલા રાજમાર્ગમાં તેઓ ગતિ રહિત થઇ ચાલે છે. શત્રુને ખેંચનાર, કમળ સરખાં નેત્રવાળા કેશવ ભગવાન ઘણાં સ્થાનોથી શોભાયમાન એવા ઉજળા રાજમહેલ પ્રત્યે ત્રણ કોટ ઓળંગીને અંદર ધૃતરાષ્ટ્ર રાજા પાસે ગયા. તેમને જોઇ પ્રજ્ઞાચક્ષુ, મોટા યશવાળા ધૃતરાષ્ટ્ર રાજા, દ્રોણ તથા ભીષ્મ સહિત ઉભા થયા. કૃપાચાર્ય, સોમદત્ત, મહારાજ બાહ્લિક, તથા બીજા પણ સર્વ આસન ઉપરથી ઉભા થઇ જનાર્દન ભગવાનનો સત્કાર કરવા લાગ્યા, ત્યારે ભગવાન યશસ્વી ધૃતરાષ્ટ્રને મળી વાણીથી ભીષ્મની પૂજા કરી, અને વળી તેમની સભામાં મધુસૂદન ભગવાન બીજા સર્વ રાજાઓને અવસ્થા પ્રમાણે યથાયોગ્ય ધર્મયુક્ત વાણીથી સત્કાર કરીને મળ્યા. પુત્ર સહિત દ્રોણ, યશસ્વી બાહ્લિક કૃપ તથા સોમદત્તને જનાર્દન ભગવાન મળ્યા. ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી મનોહર સ્વચ્છ મોટા સુવર્ણના આસન ઉપર વિરાજમાન થયા. એ પ્રસંગે ધૃતરાષ્ટ્રના પુરોહિતોએ ગાય, મધુપર્ક તથા ઉદક, ઘટતી રીતે અચ્યુત ભગવાનને નિવેદન કર્યા. આતિથ્ય પામેલા અને કૌરવોએ વિંટાયલા ગોવિંદ ભગવાન પોતાનું સંબંધિપણું દેખાડી સર્વ કૌરવોને ખબર પૂછવા લાગ્યા. ધૃતરાષ્ટ્રથી પૂજાએલા મોટા યશવાળા, શત્રુને દમનાર ભગવાન ધૃતરાષ્ટ્ર રાજાની આજ્ઞા લઇ ત્યાંથી બહાર નિકળ્યા. એ રીતે કુરૂની સભામાં કૌરવોને મળી પછી માધવ ભગવાન વિદુરના રળિઆમણા ઘરમાં પધાર્યા. ત્યાં વિદુરજી સર્વ મંગળ દ્રવ્યથી ભગવાનની પૂજા કરીને મળ્યા, અને તેમનો સર્વ કામ પૂર્ણ થાય તે રીતે સત્કાર કર્યો. વળી કહ્યું કે, હે પુંડરીકાક્ષ ! તમારા દર્શનથી અમને જે હર્ષ ઉત્પન્ન થયો તેનું વર્ણન થાય નહિ. તમો પ્રાણિયોના અંતરાત્મા છો. એ રીતનું આતિથ્ય પામ્યા પછી મધુસૂદન ગોવિંદ ભગવાનને સર્વ ધર્મ જાણનાર વિદુરે પાંડવોનું કુશળ પૂછ્યું. ક્રોધ રહિત, બુદ્ધિમાન, ધર્માર્થ વિષે તત્પર, સત્પુરૂષ વિદુરને સર્વના સાક્ષીરૂપ દાશાર્હ ભગવાને પાંડવોનું સર્વ ચેષ્ટિત વિસ્તાર સહિત કહી સંભળાવ્યું.

तस्य सर्वं सविस्तारं पांडवानां विचेष्टितं ।

क्षत्तुराचष्ट दाशार्हः सर्वं प्रत्यक्षदर्शिवान् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि धृतराष्ट्रगृहप्रवेशपूर्वकं श्रीकृष्णस्यविदुरगृहप्रवेशे गुर्जरभाषायामेकोननवतितमोऽध्यायः ॥ ८९ ॥

અધ્યાય ૯૦ મો. કૃષ્ણનું કુંતીજીને મળવું.

वैशंपायन उवाच—अथोपगम्य विदुरमपराह्णे जनार्दनः ।
पितृष्वसारं स पृथामभ्यगच्छदरिंदमः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! વિદુરને મળી પછી અપરાન્હ વખતે શત્રુને દમન કરનાર જનાર્દન ભગવાન પોતાના પિતાની બહેન કુંતિ પાસે ગયા. કુંતિ પ્રસન્ન સૂર્ય સરખી કાંતિવાળા શ્રીકૃષ્ણને મળવા આવતા જોઈ તેમનો કંઠ ઝાલી પુત્રોને સંભારતી આક્રોશ કરવા લાગી અને બળવાન પુત્રોના મધ્યમાં તેમની સંગાથે રહેનાર ગોવિંદ ભગવાનને ઘણે દહાડે જોઇ આંખમાંથી આંસુ પાડયાં. યોદ્ધાઓના પતિ શ્રીકૃષ્ણને તેમણે અશ્રુથી ગદ્ગદ કંઠ થઇ, સુકાઇ ગએલા મુખથી કહેવા માંડયું કે, જેઓ બાલપણાથી વડિલોની સેવામાં તત્પર, એક બીજાના શુભેચ્છુ, સમાન ચિત્તવાળા, માનવા લાયક, ક્રોધ હર્ષને જીતવાવાળા, બ્રહ્મણ્ય, સત્યવાદી અને મનુષ્યમાં રહેવા યોગ્ય પાંડવોને કૌરવોએ છળથી રાજ્યભ્રષ્ટ કર્યા એટલે તેઓ રાજ તથા ભોગનો ત્યાગ કરી મને રોતી મૂકી, મૂળ સહિત મારા હૃદયને ખેંચી મનુષ્ય વગરના વનમાં ગયા. હે કેશવ! વનમાં જવા લાયક નહી, પિતા વગરના, હંમેશ લાડ લડાવેલા બાળક મહાત્મા પાંડવો માબાપને ન જોતાં સિંહ, વ્યાઘ્ર તથા હસ્તિવાળા મહાવનમાં કેમ નિવાસ કરી શક્યા હશે? હે કેશવ! જેઓ બાળપણથી આરંભીને શંખ, નગારાં, મૃદંગ તથા વાંસળી, ઇત્યાદિ વાજિંત્રનો, હાથી ઘોડાનો તથા રથની નેમિનો શબ્દ સાંભળી જાગૃત થતા હતા; તેમજ શંખ, ઢોલ, વેણુ તથા વીણાના નાદમાં અનુરાગી દેવને શબ્દે કરી પૂજાયલા, વસ્ત્ર, રત્ન તથા અલંકારથી બ્રાહ્મણોને પૂજનાર, અને જેઓને મહાત્મા બ્રાહ્મણોએ પોતાની મંગળવાણિયુક્ત સ્તુતિથી વખાણેલા, હે જનાર્દન! હે મધુસૂદન! જે મહેલના અગ્રભાગમાં રાંકવ જાતના મૃગના કોમળ ચર્મ વિષે સૂતા, એવા તેમને મહા વનમાં શિકારી જનાવરોના શબ્દ સાંભળી નિદ્રા કેમ આવી હશે? વળી જે સ્ત્રિયોનાં મધુર ગીતથી તથા બંદિજન માગધ સૂત ઇત્યાદિકની સ્તુતિથી જાગનારા, તે મહા વનમાં શિકારી પશુઓના શબ્દે કરી કેમ જાગતા હશે! લજ્જાવાન, સત્ય છે ધૈર્ય જેનું, ઇંદ્રિયોને નિયમમાં રાખનાર, પ્રાણિમાત્ર ઉપર દયા કરનાર, કામ તથા દ્વેષને વશ કરી સત્પુરૂષના માર્ગને અનુસરનાર, અંબરીષ, માંધાતા, યયાતિ, નહુષ, ભરત, દિલિપ, ઉશીનરનો પુત્ર શિબિ, ઇત્યાદિ પ્રાચીન રાજર્ષિયોના, દુઃખે કરી ખેંચાય એવા ધર્મરૂપ ધુંસરાને ધારણ કરનાર, શીલવૃત્ત સંપન્ન, ધર્મજ્ઞ, સત્ય પ્રતિજ્ઞાવાળા, સર્વ ગુણ સંપન્ન, ત્રણલોકના રાજા થવા લાયક, જેનો કોઇ શત્રુ ઉત્પન્ન થયો નથી એવા ધર્માત્મા, શુદ્ધ સુવર્ણ સરખી કાંતિવાળા, કૌરવ વિષે ધર્મ-શાસ્ત્રે શ્રેષ્ઠ, જેનું દર્શન પ્રિય છે એવા મોટા ભુજવાળા યુધિષ્ઠિર કેવી રીતે વર્તે છે? દશ હજાર હાથી જેટલો સમર્થ, વાયુ સરખા વેગવાળો, મહાબળવાન, ક્રોધયુક્ત, ભાઇનું પ્રિય કરનાર, તથા પ્રિય, હે મધુસૂદન! જ્ઞાતિ સહિત કીચકને મારનાર, શૂરવીર અને ક્રોધ વશ હિડિંબાસુર તથા બકાસુરને હણનાર, પરાક્રમ વિષે ઇંદ્ર સરખો, બળ વિષે વાયુ સરખો, ક્રોધ

યુદ્ધમાં મહાદેવજી સમાન, પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ, શત્રુને તપાવનાર, ઘણા તેજવાળો, અતિ પરાક્રમી, શ્રેષ્ઠ, જીત્યો છે આત્મા જેણે એવો, દર્શનમાત્રથી ભય ઉપજાવનાર ભીમસેન આર્યની આજ્ઞામાં રહી હાલ કેવી રીતે વર્તે છે ? હે કેશવ ! જેના એક હાથમાં બાણો છે એવો બળવાન પાંડુનો વચલો પુત્ર અર્જુન, હજાર હાથવાળા થઇ ગયેલા અર્જુન સાથે પોતે બે હાથવાળો છતાં સ્પર્ધા કરે છે, જે એકીવારે વેગથી પાંચસો બાણ ફેંકે છે. બાણ તથા અસ્ત્રવિદ્યા વિષે સહસ્રાર્જુન સરખો, તેજે કરી સૂર્ય સરખો, ઇંદ્રિયોનું દમન કરવામાં મહર્ષિ સરખો, ક્ષમાએ કરી પૃથ્વી સમાન, પરાક્રમ વિષે ઇંદ્ર સરખો, મહાપ્રદિપ્ત વિખ્યાત એવું કૌરવોનું અધિરાજ્ય જેણે પરાક્રમે કરી સર્વ રાજાઓના મધ્યમાં હરણ કરી લીધું હતું એવો અને જેના બાહુબળનું સર્વ પાંડવો સેવન કરે છે. હે મધુસૂદન ! જેમ દેવતાઓનો આશ્રય ઇંદ્ર, તેમ પાંડવોનો આશ્રય, સર્વ રથિયોમાં શ્રેષ્ઠ, સત્ય પરાક્રમવાળો, સંગ્રામમાં જેની સન્મુખ જઇ કોઇ પણ જીવે નહી એવો અર્જુન, હે અચ્યુત ! જે સર્વ પ્રાણિયોને જીતનાર જીષ્ણુ અને જેને કોઇ જીતી શકે નહી એવો તમારો ભાઇ તથા મિત્ર અર્જુન હાલ કેવી રીતે વર્તે છે ? સર્વ પ્રાણી વિષે દયાવાન, લજ્જાવાન, મહાસ્ત્ર જાણનાર, કોમળ, સુકુમાર અંગવાળો, ધર્મિષ્ઠ, મને પ્રિય, મોટા ધનુષવાળો, શૂરવીર, સંગ્રામ વિષે શોભિતો, ભાઇયોની સેવા કરનાર, ધર્માર્થમાં કુશળ, યુવાવસ્થાવાળો, ભાઇયોની વૃદ્ધિ કરનાર, મારી સેવા કરનાર, અને જે મહાત્માના વૃત્તને ભાઇયો પણ વખાણે છે, એવો માદ્રીપુત્ર સહદેવ કેવી રીતે વર્તે છે તે મને કહો ? સુકુમાર અંગવાળો, તરૂણ, રૂપાળો, દર્શન કરવા લાયક, સર્વ ભાઇયોને પ્રાણ સમાન પ્રિય, વિચિત્ર પ્રકારનું યુદ્ધ કરનાર, મોટા ધનુષવાળો, સુખથી વૃદ્ધિ પામેલો તથા દુઃખને યોગ્ય નહી એવો મહારથિ બળવાન મારો પુત્ર નકુળ કુશળ છે ? અને એને હું ફરી પાછો દેખીશ ? હે શૂરવીર ! એક નિમિષ માત્ર પણ નકુળ વગર મને ધૈર્ય રહે નહી તે હું તેના વગર હાલ જીવું છું. હે જનાર્દન ! હે અચ્યુત ! મને સર્વ પુત્રથી અત્યંત પ્રિય, કુલિન, રૂપસંપન્ન, સર્વ ગુણે કરી સંયુક્ત, પોતાના પુત્રને દૂર રાખીને પતિ સમીપે રહેનારી સત્ય ભાષણ કરનારી, પાંડવોને અનુસરનારી, સારા સંબંધિવાળી તથા સર્વ કામ છે પરિપૂર્ણ જેને એવી સમર્થ કલ્યાણરૂપ વધૂ દ્રૌપદી કેવી રીતે વર્તે છે ? હે કૃષ્ણ ! શૂરવીર, અગ્નિ સરખા પ્રકાશમાન, શત્રુઓને પ્રહાર કરનાર તથા મહા ધનુષ ધારણ કરનાર પોતાના પાંચ પતિ સાથે રહેલી અને તેઓના દુઃખમાં ભાગ લેનારી દ્રૌપદી પોતાના પુત્રના વિયોગરૂપ આધિગ્રસ્ત તથા સત્યવાદીને મેં ચૌદ વર્ષ થયાં દીઠી નથી. અરે, મનુષ્ય પુણ્ય કર્મે કરી સુખ નથી પામતાં શું ? કારણ દ્રૌપદી પુણ્યશીલ છતાં અવિનાશી સુખ પામતી નથી. હે અચ્યુત ! મને દ્રૌપદી કરતાં યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ તથા સહદેવ પ્રિય નથી; કારણ કે કૌરવની સભામાં આવેલી મેં તેને જોઇ, એ ઉપરાંત મને મોટું દુઃખ પૂર્વે કદી થયું નથી ! દુઃખ કે સ્ત્રી ધર્મવાળી શ્વશુરરૂપ ધૃતરાષ્ટ્રાદિની સમિપે પ્રાપ્ત થયેલી, ક્રોધ તથા લોભમાં વર્તનાર અનાર્ય દુઃશાસને સભામાં ખેંચી લાવેલી અને એક વસ્ત્ર ધારણ કરેલી દ્રૌપદીને સર્વ કૌરવોએ જોઇ તે સમયે ત્યાં મહારાજ ધૃતરાષ્ટ્ર, બાહ્લીક, કૃપાચાર્ય, સોમદત્ત તથા અન્ય કૌરવો બેઠા હોવા છતાં કંઈ બોલી શક્યા નહી, પણ હું સૌ કરતાં કેવળ વિદુરનેજ પૂજ્ય માનું છું. મનુષ્યમાં શ્રેષ્ઠ આચરણે કરીને આર્ય થાય છે, પણ ધન તથા વિદ્યાએ કરીને થતા નથી ! હે શ્રીકૃષ્ણ ! મહા બુદ્ધિમાન, ગંભીર તથા મહાત્મા વિદુરજીમાં શ્રેષ્ઠ શીલ છે તેજ તેમનું ભૂષણ છે. જે આખા જગતમાં સર્વોપરી છે.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પોતાના પુત્રના વિયોગથી ઘણા શોકે કરી પીડાયલી તથા શ્રીકૃષ્ણના આવવાથી હર્ષ પામેલી કુંતી, પોતાને થયેલાં અનેક પ્રકારનાં સર્વ દુઃખ કહેવા લાગી કે, હે શત્રુને દમન કરનાર શ્રીકૃષ્ણ! મારા પુત્રાદિને પૂર્વે થઇ ગયેલા કુરુકુળમાંના રાજાઓએ જે આચરણ કર્યું તે સુખ આપનાર છે કે પાસાએ કરી દ્યૂત રમવું તથા મૃગ હિંસા કરવી એ સુખ આપનાર છે? ધૃતરાષ્ટ્રના પુત્રોએ સભામાં કુરુકુળમાંના મહત્પુરુષોની સાનિધ્ય દ્રૌપદીને અત્યંત ક્લિષ્ટ કરી એને અયોગ્ય કર્યું, મારા પુત્રોને વનમાં કાઢ્યા તથા તેઓનું જવું એ મને બાળે છે, કેમકે થયેલાં અનેક પ્રકારનાં દુઃખ મને સાંભરે છે! હે માધવ! બાળકોને અજ્ઞાતવાસ કરવો તથા કૌરવોએ મારા પુત્રોને હરણ કરેલું રાજ્ય પાછું ન આપવું એ પુત્રો સહિત મને શું મોટો કલેશ નહી?! હે શ્રીકૃષ્ણ! દુર્યોધને અમને ચૌદ વર્ષ થયાં દુઃખમાં રૂંધ્યાં છે, પણ જેમ પુણ્યનું ફળ સુખ તે ભોગવવાથી તેનો નાશ થાય છે, તેમ પાપકર્મનું ફળ દુઃખ છે, તો તે ભોગવવાથી શું તેનો નાશ થતો નથી? અર્થાત્ દુઃખનો નાશ થઇ અમને સુખ મળશે, માટે હમણાંના દુઃખથી અમે ભય પામતાં નથી. હે શ્રીકૃષ્ણ! મને મારા પુત્રોમાં તથા ધૃતરાષ્ટ્ર રાજાના પુત્રોમાં વિશેષ નથી, એ મારા સત્યપણાએ કરી સમૃદ્ધિયુક્ત તથા થનાર યુદ્ધથી મુક્ત થયેલા પાંડવો સહિત તમને જોઇશ; કારણ સર્વ વૃત્તાંત તેવુંજ છે, માટે શત્રુઓ જીતવા સમર્થ નથી. હું મારા આત્માની તથા દુર્યોધનની નિંદા કરતી નથી, કેવળ મારા પિતાનીજ નિંદા કરૂં છું, કેમકે જેમ શ્રેષ્ઠ પુરૂષ શ્રદ્ધાએ કરી દ્રવ્ય આપે તેમ તેણે પોતાના સખા કુંતિ ભોજરાજાને પુત્રીરૂપે મને આપી. એ પ્રમાણે મારા પિતાએ મારો ત્યાગ કર્યો, તેમજ મારા શ્વશુરરૂપ ભીષ્માદિકે પણ ત્યાગ કર્યો છે; માટે હું અત્યંત દુઃખયુક્ત છું, તો હવે મને જીવવાનું શું ફળ રહ્યું? અરે, જ્યારે અર્જુનનો જન્મ થયો ને હજી જનનશૌચ હતું તેવામાં સ્પષ્ટ શબ્દવાળી આકાશવાણી થઇ કે, આ તારો પુત્ર સર્વ પૃથ્વીને જીતશે, ને તેનો યશ સ્વર્ગમાં પહોંચશે તથા યુદ્ધમાં કૌરવોને જીતી રાજ્ય પામી પોતાના ભાઈ યુધિષ્ઠિરને ત્રણ અશ્વમેધ યજ્ઞ કરાવશે ચિંતા ન કર, પણ હું તેની નિંદા કરતી નથી, કેવળ કૃષ્ણરૂપ ધર્મને નમસ્કાર કરૂં છું; કેમકે સર્વ પ્રજાનું ધારણ કરનાર તે જ છે. હે ગોવિંદ! જો ધર્મ સત્ય હશે તથા જેવી રીતે આકાશવાણીએ કહ્યું છે તેવી રીતે થનાર હશે, તો તમે સર્વ વસ્તુ સંપાદન કરશો. હે માધવ! જેવો મને વિધવાપણું, દ્રવ્યનો નાશ તથા વૈરથી ઉત્પન્ન થતો શોક બાળતો નથી, તે કરતાં પણ અધિક પુત્રના વિયોગવાળા સંસારથી થતો શોક બાળે છે; કેમકે સર્વ શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ ગાંડિવ ધનુષ્ય ધારણ કરનાર અર્જુનને હું દેખતી નથી, તેથી મારા હૃદયને શાંતિ થતી નથી! હે ગોવિંદ! હું આજ ચૌદ વર્ષ થયાં યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ તથા સહદેવને દેખતી નથી. અરે! મનુષ્યો નાશ પામેલાઓનું શ્રાદ્ધ કરે છે, અર્થાત્ મારે મન મારા પુત્રો તથા તેઓને મન હું નાશ પામ્યા સરખાંજ છીએ. હે લક્ષ્મીપતિ ભગવાન! ધર્માત્મા યુધિષ્ઠિર રાજાને આવી રીતે કહેજો કે, તું રાજ્યની માગણી કરવા સારૂ વિષ્ટિ કરાવે છે એથી તારા ક્ષત્રિય ધર્મનો નાશ થાય છે, માટે હે પુત્ર! તું એમ કર માં, કેમકે તેમ કરવાથી કૌરવો રાજ્યનો વિભાગ આપે તેવા નથી. અરે! જે સ્ત્રી પારકા આશરે વર્તે છે, તેને ધિક્કાર છે, કારણ કૃપણતાથી પોતાની વૃત્તિ કરવી એ મોટી અધમવિદ્યા છે. હે વાસુદેવ! અર્જુનને તથા નિત્ય યુદ્ધ કરવામાં તત્પર એવા ભીમસેનને કહેવું કે જે સારૂ ક્ષત્રિય ઉત્પન્ન થાય છે, તે કરવાનો હમણાં તમને સમય આવ્યો છે; તેને એ વખતમાં

પ્રસિદ્ધ તમે નિશ્ચય કરી નૃશંસપણાનું આચરણ કરશો તો તમારો સહુને માટે ત્યાગ કરી સુખ ભોગવશે નહી; કારણ સમય આવ્યે પોતાનું જીવિત ત્યાગ કરવું એ પણ યોગ્ય છે. હે અચ્યુત ! ક્ષત્રિય ધર્મવાન માદ્રીના પુત્ર નકુળ તથા સહદેવને પણ મારા કહેવા પ્રમાણે કહેજો કે, જીવવા કરતાં પરાક્રમે કરી પ્રાપ્ત થતાં સુખને ઇચ્છો, કેમકે પૂર્વે ક્ષત્રિય ધર્મે કરી જીવતા એવા પુરૂષોને પરાક્રમે કરીનેજ સર્વ અર્થ પ્રાપ્ત થયેલ છે. હે પુરૂષોત્તમ ! મનુષ્યનું મનજ સંતોષ આપનાર છે; માટે તમે જઇને સર્વ શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ અર્જુનને કહેજો કે, તું દ્રૌપદીની પદવીનું આચરણ કર. હે યાદવ ! તમે કાળની પેઠે ક્રોધ પામેલા ભીમસેન તથા અર્જુનને જાણો છો; જે દેવતાઓને પણ પરમગતિની પ્રાપ્તિ કરે એવા છે, માટેજ દ્રૌપદીનું કૌરવની સભામાં જવું થયું તે તથા દુઃશાસન અને કર્ણ જે નહી કહેવાં ઘટે એવાં વાક્ય બોલ્યા તેજ તેઓની મોટી અવજ્ઞા છે ! અરે, દુર્યોધને કુરૂ મુખ્યોને જોતાં મનસ્વી ભીમસેનની સામે ધસારો કર્યો, તેનું જે ફળ—તેને જરૂર તે જોશે; કારણ વૃકોદર જે દિવસથી વૈર થયું છે, તે દિવસથી શાંતિ પામતો નથી. અરે, ભીમસેનમાંથી વૈરભાવ ઘણો કાળ થયો હોય તોપણ જાય નહી, જ્યારે શત્રુને નાશ કરે ત્યારેજ જાય એમ છે. મને રાજ્યનું હરણ, પુત્રોનું દ્યૂતમાં હારી જવું તથા તેઓનું વનમાં જવું થયું એ કંઇ દુઃખનું કારણ નથી; કેવળ એક વસ્ત્રભર સભામાં આણેલી દ્રૌપદિયે દુષ્ટોનાં અનેક અયોગ્ય વાક્ય સાંભળ્યાં એજ દુઃખનું કારણ છે ! અરે, સ્ત્રી ધર્મવાળી તથા ક્ષત્રિય ધર્મમાં પ્રીતિમાન સર્વ સ્ત્રિયોમાં શ્રેષ્ઠ દ્રૌપદી, જ્યારે કૌરવની સભામાં ગઇ, ત્યારે ધણીવાળી છતાં નધણીયાતી થઇ ! હે મધુસૂદન ! પુત્ર સહિત હું તેના તમે, બળરામ તથા પ્રદ્યુમ્ન સહાયક છતાં અને શત્રુ જેના પરાક્રમને સહન ન કરી શકે એવા ભીમસેન તથા યુદ્ધમાંથી બ્હીને પાછો નહી હઠનાર અર્જુન જીવતાં આવાં દુઃખ ભોગવું છું.

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ પ્રમાણે કુંતિએ કહ્યું ત્યારે અર્જુનના સખા વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ, પોતાના પુત્રના શોકયુક્ત એવી તેને આશ્વાસના કરતાં કહેવા લાગ્યા કે, હે ફોઇ ! જગતમાં તમારા જેવી સ્ત્રી કોણ છે ? કેમકે શૂર યાદવનાં પુત્રી તથા અજમીઢના કુળમાં વધૂરૂપે પ્રાપ્ત થયેલાં તમે મહા કુળવાન, જેમ જળ એક હૃદમાંથી બીજા હૃદમાં જાય, તેમ એક કુળમાંથી બીજા કુળમાં પ્રાપ્ત થયેલ, પરમ કલ્યાણ સ્વામિથી માન પામેલાં, શૂરવીર પુત્રને જન્મ આપનાર, શૂરવીર પતિનાં સ્ત્રી તથા સર્વ શ્રેષ્ઠ ગુણે કરી પ્રસિદ્ધ એવાં તમે સુખ અથવા દુઃખને સમાન માની સહન કરવા યોગ્ય છો. હે કુંતિ ! પાંડવો નિદ્રા, તંદ્રા, ક્રોધ, હર્ષ, ક્ષુધા, તૃષા, ટંડી તથા આપદને જીતીને, શૂરવીર પુરૂષના સુખમાંજ કુશળ છે. ત્યાગ કરી છે સુખેચ્છા જેણે એવા તથા વીર પુરૂષનાં સુખજ જેને પ્રિય છે એવા મોટા હર્ષવાળા મહા બળવાન પાંડવો અલ્પ સુખથી સંતોષ પામે તેમ નથી.' ધીર પુરૂષો રાજ્ય અથવા વનવાસ તથા ઉત્તમ કલેશ અથવા ઉત્તમ ભોગ ભોગવે છે. સંસારનાં સુખજ જેને પ્રિય છે એવા પુરૂષ અલ્પ ઐશ્વર્યને સેવે છે; માટે વીર એવા તમારા પુત્ર પાંડવો રાજ્ય, વનવાસ, કલેશ અથવા ઉત્તમ ભોગની ઇચ્છા રાખી હર્ષયુક્ત છે; કારણ દુઃખ છે તો એને સુખ આપનાર છે અને અલ્પ ઐશ્વર્ય છે એ એને દુઃખ આપનાર છે. એમ બુદ્ધિમાનોએ કહ્યું છે. હે કુંતાજી ! દ્રૌપદી સહિત પાંડવોએ તમને દંડવત પ્રણામ તથા પોતાનું નિરોગ કુશળપણું કહેવરાવ્યું છે. તમે થોડા દિવસમાં રોગ વગરના, સર્વ અર્થ સિદ્ધ થયો હશે જેનો એવા, સર્વ લોકના ઇશ્વર, શત્રુ જેના નાશ પામ્યા હશે એવા

તથા રાજ્ય સમૃદ્ધિવાળા તમારા પુત્ર પાંડવોને જોશો. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે આશ્વાસના કરેલી તથા પુત્રના દુઃખથી ગ્રસ્ત કુંતિ, પોતાને અબુદ્ધિથી થયેલા શોકને શમાવી શ્રીકૃષ્ણને કહેવા લાગી કે, હે મધુસૂદન ! મારા પુત્ર જે જે ઇચ્છે તે તમે આપો તે તે તમે ક્લેશ રહિત થઇ ધર્મનો લોપ ન થાય તેમ કરો; કારણ પોતાના મિત્રોને વિષે બુદ્ધિ તથા પરાક્રમની વ્યવસ્થા કરાવનાર તમારો મહિમા હું જાણું છું. વળી કુળમાંનો જે ધર્મ, સત્ય, મહાન તપ, રક્ષા કરનાર, તથા મહદ્બ્રહ્મ તમે છો, માટે જેવી રીતે કહો છો, તેવીજ રીતે સત્ય થશે. વૈશંપાયન કહે છે—હે રાજન્ ! મહાબાહુ ગોવિંદ શ્રીકૃષ્ણ, કુંતીની પ્રદક્ષિણા કરી તથા તેની રજા લઇને, દુર્યોધનના ગૃહ પ્રત્યે ગયા.

> તામભ્યનુજ્ઞાપ્ય ચ ગોવિંદઃ કૃત્વા ચાપિ પ્રદક્ષિણં ।
> પ્રાતિષ્ઠત મહાબાહુર્દુર્યોધનગૃહાન્પ્રતિ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कृष्णकुंतिसंवादे गुर्जरभाषायां नवतितमोऽध्यायः ॥ ९० ॥

અધ્યાય ૯૧ મો. દુર્યોધનની સભામાં કૃષ્ણગમન.

वैशंपायन उवाच—दुर्योधनगृहं शौरिरभ्यगच्छदरिंदमः ।
लक्ष्म्या परमया युक्तं पुरंदरगृहोपमं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! શત્રુને દમન કરનાર શ્રીકૃષ્ણ, ઉત્તમ સમૃદ્ધિવાળા ઇંદ્રના ગૃહ સરખા તથા વિચિત્ર આસનવાળા દુર્યોધનના ગૃહ પ્રત્યે ગયા. ત્રણ દરવાજાને ઉલ્લંઘન કરીને દ્વારપાળે નહી નિવારણ કરેલા શ્રીકૃષ્ણ, સજળ મેઘ સરખા વર્ણવાળા, પર્વત સરખા ઉંચા તથા શોભાએ કરી દેદિપ્યમાન પ્રાસાદ ઉપર ચઢયા. તેમણે હજારો રાજાઓ તથા કુરૂકુળના પુરૂષોથી વિંટાયલો આસન ઉપર બેઠેલો મહાબાહુ ધૃતરાષ્ટ્ર રાજાનો પુત્ર દુર્યોધન જોયો. તેની પાસે બેઠેલા દુઃશાસન, કર્ણ તથા શકુનિને પણ જોયા. હે રાજન્ ! આવતા શ્રીકૃષ્ણને જોઇને અમાત્યો સહિત દુર્યોધન તેમનું સન્માન કરતાં આસન ઉપરથી ઉભો થયો. પછી શ્રીકૃષ્ણ પ્રધાન સહિત દુર્યોધનને મળીને, બીજા રાજાઓને યથાયોગ્ય મળ્યા. ત્યાંજ સુંદર આસ્તરણથી બીછાવેલા સુવર્ણના પર્યંક ઉપર બેઠા. દુર્યોધને શ્રીકૃષ્ણને ગાય, મધુપર્ક તથા જળથી પૂજન કરીને ગૃહ તથા રાજ્ય નિવેદન કર્યા. તે સમયે પરિપૂર્ણ સૂર્ય સરખા પ્રકાશમાન તથા પર્યંક ઉપર વિરાજમાન શ્રીકૃષ્ણની કૌરવો સહિત સર્વ રાજાઓ ઉપાસના કરવા લાગ્યા. પછી દુર્યોધન રાજાએ શ્રીકૃષ્ણને ભોજન કરવાનું આમંત્રણ કર્યું નહી ત્યારે દુર્યોધને કર્ણને બોલાવી કૌરવોની સભામાં શ્રીકૃષ્ણને શઠતાથી ભરેલાં અને સાંભળવામાં સુંદર લાગે એવાં વાકયથી કહ્યું કે, હે જનાર્દન ! અમે તમારે માટે તૈયાર કરેલાં અન્ન, પાન કરવાના પદાર્થ, વસ્ત્ર તથા શય્યાઓને તમે કેમ ગ્રહણ કરતા નથી, કેમકે અમારા તથા પાંડવોને સહાય કરનાર, હિત ઇચ્છનાર તથા ધૃતરાષ્ટ્ર રાજાના અતિ પ્રિય સંબંધી અને ધર્મ તથા અર્થને તત્વથી જાણનાર તમે છો; તોપણ અમે નિવેદન કરેલા પદાર્થોને ગ્રહણ કરતા નથી તેનું કારણ હું સાંભળવા ઇચ્છું છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે દુર્યોધને કહ્યું ત્યારે મોટા મનવાળા શ્રીકૃષ્ણ પોતાનો હાથ લાંબો કરી મેઘ

મહાત્મા કૃષ્ણથી નિર્ભય સ્પષ્ટાક્ષર યુક્ત વચનથી બોલ્યા કે, હે ભારત ! જે દૂત જે કામ સારૂ આવ્યો હોય ને તે કામ કરી કૃતાર્થ થયો હોય તેજ પૂજાદિ સત્કાર ગ્રહણ કરે; માટે હું જ્યારે કૃતાર્થ થઇશ, ત્યારે પ્રધાનો સહિત તમારી પૂજાનો સત્કાર કરીશ. એ પ્રમાણે શ્રીકૃષ્ણનું બોલવું સાંભળી દુર્યોધન બોલ્યો કે, તમારે અમોને અપમાન આપવું યોગ્ય નથી. હે મધુસૂદન ! તમે કૃતાર્થ થયા હો અથવા તેવા ન થયા હો, તોપણ અમે તમારૂં પૂજન કરવાનો મોટો યત્ન કરીયે છીયે પણ હાલ અમારો ઉપાય નથી. હે પુરૂષોત્તમ ! અમે પ્રસન્નતાથી કરેલી પૂજાને તમે માન્ય કરતા નથી તેનું કારણ અમે કંઇ સમજતા નથી, કેમકે અમારે તથા તમારે કંઇ પણ વૈર અથવા વિગ્રહ થયેલ નથી માટે તેનો વિચાર કરો ને આવી રીતે બોલવું તમને યોગ્ય નથી.

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ પ્રમાણે દુર્યોધને કહ્યું ત્યારે જનાર્દન શ્રીકૃષ્ણ હસીને, પ્રધાન સહિત તેની સામું જોઇ બોલ્યા કે, હે દુર્યોધન ! હું કદીપણ કામ ક્રોધ, દ્વેષ, કપટ, લોભ તથા અર્થના કારણથી ધર્મનો ત્યાગ કરૂં એવો નથી. હે રાજન્ ! પ્રીતિનાં તથા આપત્તિનાં અન્ન મને પ્રસન્ન કરે તેમ નથી કેમકે હું આપત્તિપણાને પામેલો નથી. હે રાજન્ ! તમે તમારા પ્રિયપણામાં વર્તનારા તથા પોતાના ગુણે કરી જગતમાં પ્રસિદ્ધિ પામેલા પોતાના ભાઇ પાંડવોનો જન્મથીજ ફોકટ દ્વેષ કરો છો, તે તમને યોગ્ય નથી, કેમકે તેઓ ધર્મમાંજ રહ્યા છે, તેમને કંઇ પણ કહેવાને કોણ યોગ્ય છે ? ! અરે ! જે પુરૂષ પાંડવોનો દ્વેષ કરે છે, તે મારોજ દ્વેષ કરે છે અને જે તેની અનુકૂળતામાં વર્તે છે, તે મારી પણ અનુકૂળતામાં વર્તે છે: માટે ધર્મચારી તેઓ સાથે મારૂં એકપણું છે, એમ તમારે સમજવું. કામ તથા ક્રોધમાંજ વર્તનાર જે પુરૂષ ગુણવાન પુરૂષનો દ્વેષ કરવા ઇચ્છે છે અથવા કરે છે, તે પુરૂષમાં અધમ પુરૂષ કહેવાય છે. હે દુર્યોધન ! જે અજીતાત્મા તથા અજીત ક્રોધી પુરૂષ, શ્રેષ્ઠ ગુણવાન પોતાના સંબંધિયોને મોહ તથા લોભને વશ થઇ અવળી દૃષ્ટિથી જુવે છે, તે સમૃદ્ધિ યુક્ત ઘણો કાળ નભતા નથી, ને જે પુરૂષ પોતાને પ્રિય ન હોય પણ તે જો ગુણવાન હોય તો તેને પ્રિય કરી પોતાને વશ કરે છે જેથી મોટા યશને પામે છે. દુષ્ટોએ તૈયાર કરેલું અન્ન મારે ભોજન કરવું નહીં, કેવળ એક વિદુરજીના અન્નનુંજ ભોજન કરવું એવી મારી ઇચ્છા છે. હે જનમેજય ! એ પ્રમાણે ક્રોધયુક્ત થયેલા દુર્યોધનને કહીને શ્રીકૃષ્ણ, તેના શ્વેત વર્ણવાળા ભવનથી ઉઠી-નીકળી રહેવા સારૂ વિદુરજીને ઘેર ગયા. દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ભીષ્મ, બાહ્લિક, તથા કેટલાક કૌરવો વિદુરજીના ગૃહમાં બિરાજમાન શ્રીકૃષ્ણની પાસે ગયા ને કહેવા લાગ્યા કે, હે યદુકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ ! અમે તમને નિવાસ કરવા સારૂ રત્ન જડિત ગૃહ આપીએ. ત્યારે મોટા તેજસ્વી શ્રીકૃષ્ણે, તેઓને કહ્યું કે, તમે સૌએ આ વાક્ય કહેવારૂપે મારો સત્કાર કર્યો માટે હવે પોતપોતાના ગૃહ પ્રત્યે જાઓ. હે રાજન્ ! શ્રીકૃષ્ણનાં વચન સાંભળી સર્વ કૌરવો ગયા. ત્યાર પછી વિદુરજીએ પ્રયત્નથી તેમનું યથેચ્છ પૂજન કરી શ્રેષ્ઠ ગુણવાન પવિત્ર અનેક પ્રકારનાં અન્ન લાવી નિવેદન કર્યાં. શ્રીકૃષ્ણે તે અન્ને કરી પ્રથમ બ્રાહ્મણોને તૃપ્ત કર્યા તથા વેદ જાણનારાઓને અનેક દ્રવ્ય આપ્યાં. ત્યારપછી જેમ ઈંદ્ર દેવતાઓ સહિત ભોજન કરે, તેમ શ્રીકૃષ્ણે પોતાના સાથીઓ સહિત ગુણવાન તથા પવિત્ર એવા વિદુરજીના અન્નનું ભોજન કર્યું.

ततोऽनुयायिभिः सार्धं मरुद्भिरिव वासवः ।
विदुरान्नानि बुभुजे शुचीनि गुणवंति च ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णदुर्योधनसंवादे गुर्जरभाषायामेकनवतितमोऽध्यायः ॥ ९१ ॥

અધ્યાય ૯૨ મો. કૃષ્ણ ને વિદુર સંવાદ.

वैशंपायन उवाच—तं भुक्तवंतमाश्वस्तं निशायां विदुरो ब्रवीत् ।
नेदं सम्यग्व्यवसितं केशवागमनं तव ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી રાત્રિને વિષે ભોજન કરી નિવૃત્તિ પામેલા શ્રીકૃષ્ણને વિદુરજીએ કહ્યું કે, હે કેશવ! આ તમારૂં આવવું કંઇ વિચારપૂર્વક નથી; કેમકે પોતાની મતલબ તથા ધર્મથી ઉલટો ચાલનાર મંદ, ક્રોધી કોઇનું પણ માન નહી રાખનાર, પોતે માન ઇચ્છનાર, વૃદ્ધોની આજ્ઞાને ઉલ્લંઘન કરનાર, ધર્મશાસ્ત્રથી ઉલટો ચાલનાર, મૂઢ દુષ્ટાત્માવાન, અત્યંત વૈર જેમાં ભરાઇ ગયું છે એવો તથા કલ્યાણને નહી ઇચ્છનારો ધૃતરાષ્ટ્ર રાજાનો પુત્ર દુર્યોધન છે. વળી કામી, ' હું બુદ્ધિમાન છું ' એમ માનનાર, મિત્રનો દ્રોહ કરનાર, વિશ્વાસ રહિત, કોઇનું પણ નહી માનનાર, કોઇએ કરેલા ઉપકારને નહી જાણનાર. ધર્મ રહિત, ખોટું બોલવું જેને પ્રિય છે એવો, મૂઢ, દુષ્ટ બુદ્ધિમાન, અજિતેંદ્રિય, કરવાના કાર્યને વિષે પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનાર, સર્વને વિષે ભરૂસા વગરનો તથા બીજા પણ અનેક દોષયુક્ત દુર્યોધન છે; માટે તમે એને એના કલ્યાણનાં વાક્ય કહેશો તો પણ તે દ્વેષને લીધે માન્ય કરશે નહી. હે શ્રીકૃષ્ણ! દુર્યોધનને ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, અશ્વત્થામા તથા જયદ્રથ યુદ્ધમાં સર્વને જીતી મને સ્થિર રાજ્ય અપાવશે એવી આશા છે; માટે સલાહ કરવામાં મન કરતો નથી. હે જનાર્દન! કર્ણ સહિત ધૃતરાષ્ટ્ર રાજાના પુત્રોને ભીષ્મ, તથા દ્રોણાચાર્ય જેમાં મુખ્ય છે એવા પોતાના પક્ષમાં આવેલા રાજાઓની સામું જોવાને કોઇ સમર્થ નથી એવો નિશ્ચય છે. હે અચ્યુત! અબુદ્ધિમાન દુર્યોધન મોટું સૈન્ય એકઠું કરીને, રાજારૂપ પોતાના દેહને કૃતાર્થ માને છે. વળી દુર્બુદ્ધિવાળા દુર્યોધનને એકલો કર્ણ સર્વ શત્રુને જીતશે એવો નિશ્ચય છે, માટે તે કદી પણ શમતાને પામશે નહી. હે કેશવ! ધૃતરાષ્ટ્રના સર્વ પુત્ર તથા પાંડવોને ભ્રાતૃભાવ રહે એમ ઇચ્છનાર, તથા તેમને શમતા કરવામાં પ્રયત્નવાન એવા તમારો તો વિચાર સારો છે, પણ આપણે પાંડવોને યથાયોગ્ય કંઇપણ આપવું નહિ એવા નિશ્ચયવાળા કૌરવો છે; તો તેમને તમે કંઇ પણ સલાહનાં વાક્ય કહેશો તે ફોકટ જશે. હે મધુસૂદન! જ્યાં સારાં કહેલાં તથા કટુ કહેલાં વાક્ય સમાન હોય, ત્યાં બુદ્ધિમાન પુરૂષે કંઇ પણ બોલવું નહી કારણ તે બહેરાની પાસે ગાયન કરવા સરખું થાય છે. હે માધવ! કંઇપણ નહી જાણનાર, મૂઢ તથા મર્યાદા વગરના કૌરવો પાસે તમારે કંઇપણ બોલવું, જેમ બ્રાહ્મણને ચાંડાળ સાથે બોલવું યોગ્ય નથી તેમ યોગ્ય નથી; કેમકે બળનો અભિમાની મૂઢ દુર્યોધન તમારા કહેવા પ્રમાણે કરશે નહી. તમારાં વાક્ય ફોકટ જશે. હે શ્રીકૃષ્ણ! પાપચિત્તવાળા સર્વ એકઠા થયા છે, તો તમારે તેની પાસે જવું એ મને રૂચતું નથી. વળી દુર્બુદ્ધિવાળા, અશિષ્ટ તથા દુષ્ટચિત્તવાળા ઘણાઓની સાથે તમારે ઉલટાં વાક્ય બોલવાં એ મને રૂચતું નથી. વૃદ્ધ પુરૂષની સેવા વગરનો, લક્ષ્મી સમૃદ્ધિના ગર્વથી મોહિત, અવસ્થાએ કરી મોહિત તથા ક્રોધયુક્ત હોવાથી દુર્યોધન તેના કલ્યાણરૂપ તમારાં વાક્ય

પ્રમાણ કરશે નહી. હે માધવ ! તમે કદી બળ દેખાડતાં યુધિષ્ઠિરના બળનાં વચન કહેશો, તોપણ દુર્યોધન માન્ય કરશે નહી, કારણ તેને તમારામાં કેવળ પાંડવના પક્ષમાં છે એવી મોટી શંકા છે. હે જનાર્દન ! આ અમારા રાજ્યને દેવતા સહિત ઇંદ્ર પણ લેવા સમર્થ નથી એવા નિશ્ચયવાળા તથા કામ અને ક્રોધથી ભરેલા સર્વ કૌરવો એકઠા મળ્યા છે, માટે તમારું વાક્ય સમર્થ હશે તોપણ અસમર્થ ગણાશે. હસ્તિ, રથ, અશ્વ પ્યાદાની સેનામાં રહેવાથી ભય વગરનો મૂઢ દુર્યોધન, મેં સમગ્ર પૃથ્વી જીતી છે એમ માને છે, ને શત્રુ વગરનું મારું રાજ્ય છે એમ કહે છે; પણ પ્રાપ્ત થયેલો રાજ્યરૂપ અર્થ તમ સરખાના વૈરથી ગુંચાએલો છે, તોપણ નહી ગુંચાએલો માને છે. હે શ્રીકૃષ્ણ ! આ સમગ્ર પૃથ્વી કાળે કરી એકને ભજે છે, વળી પાછી ફરીને બીજાને પણ ભજે છે, તોપણ પોતાની નીચેના તેનું પાલન કરનારાઓ સહિત કેટલાક રાજાઓ મળીને દુર્યોધન માટે પાંડવો સાથે યુદ્ધ કરવા આવેલા છે. પૂર્વે તમારી સાથે વૈર કરેલા તથા તમે જેમનાં પરાક્રમને નિર્બળ કરેલાં એવા કર્ણ સહિત તેઓએ તમારે લીધે ઉદ્વેગતાયુક્ત થઇ કૌરવોનો આશ્રય કર્યો છે. હે દાશાર્હવીર ! દુર્યોધન સહિત તેઓ મરવું કબૂલ રાખી પાંડવો સાથે યુદ્ધ કરવું એવા ઉત્સાહવાળા છે. તેમની મધ્યમાં તમારે જવું એ મારો મત નથી. હે શત્રુને દમન કરનાર શ્રીકૃષ્ણ ! દુષ્ટ ચિત્તવાળા ઘણા શત્રુઓ બેઠેલા છે તેની મધ્યે તમે કેમ જશો ? તમે દેવતાઓને પણ અસહ્ય છો, કારણ તમારા પ્રભાવ, બુદ્ધિ તથા પરાક્રમને હું જાણું છું; તોપણ મને પાંડવોમાં જેવી પ્રીતિ છે, તેવીજ પ્રીતિ તમારામાં છે, માટે પ્રેમ તથા સ્નેહથી કહું છું. હે પુષ્કરાક્ષ ! તમારા દર્શનથી ઉત્પન્ન થયેલી મને જે પ્રીતિ છે તે મારે તમને શું કહેવું, કારણ તમે દેહધારી સર્વના અંતરાત્મા છો.

या मे प्रीतिः पुष्कराक्ष त्वद्दर्शनसमुद्भवा ।
साकिमाख्यायते तुभ्य मंतरात्मासि देहिनां ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णविदुरसंवादे गुर्जरभाषायां द्विनवतितमोऽध्यायः ॥ ९२ ॥

અધ્યાય ૯૩ મો. શ્રીકૃષ્ણે વિદુરને કહેલાં વચન.

भगवानुवाच—यथा ब्रूयान्महाप्राज्ञो यथा ब्रूयाद्विचक्षणः ।
यथा वाच्यस्त्वद्विधेन भवतामद्विधः सुहृत् ॥ १ ॥

ભગવાન કહે છે–હે વિદુરજી ! તમે જેવી રીતે મોટા બુદ્ધિમાન તથા વિચક્ષણ પુરૂષ કહે તેવી રીતે તમ સરખાએ કહેવું ઘટે તેવી રીતે માતાપિતાની પેઠે, મારા સરખા સંબંધીને ધર્મ તથા અર્થયુક્ત યથાયોગ્ય સત્ય વાક્ય કહ્યાં. હે વિદુરજી ! હું તમને મારા આવવાનું કારણ કહું તે તમે સાવધ થઇને સાંભળો. હે મહાબુદ્ધિમાન ! દુર્યોધનનું દુષ્ટાત્માપણું તથા સર્વ રાજાઓની વૈરતા જાણીને હું આજ કૌરવો પાસે આવ્યો છું; કારણ જે પુરૂષ અશ્વ, રથ, હસ્તિ તથા પદાતિ સહિત વિસ્તારવાળી પૃથ્વીને મૃત્યુના પાશથી મુક્ત કરે, તેને ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે. પુરૂષ પોતાની શક્તિ પ્રમાણે ધર્મના કામનો ઉદ્યોગ કરે, અને કદી તે સિદ્ધ ન થાય તોપણ તેને તે ધર્મની પ્રાપ્તિ થાય છે, એમાં મને સંશય નથી. મનુષ્ય મનમાં પાપ કર્મ કરવાનું ચિંતવન કરે પણ તેમ કરે નહી તો તેને તેનું ફળ થતું નથી,

એમ ધર્મ જાણનાર પુરૂષ જાણે છે. હે વિદુરજી ! હું કપટ રહિત થઇને, યુદ્ધમાં નાશ પામનારે કુરૂકુળના તથા સૃંજયના કુળના પુરૂષોને સલાહ થાય તેવી રીતે યત્ન કરીશ. કૌરવોને કર્યું તથા દુર્યોધને ઉપજાવેલી મોટી આપત્તિ પ્રાપ્ત થઇ છે; કેમકે સર્વ તેમને અનુસરી રહેલા છે. હે શ્રેષ્ઠ ! જે મિત્ર પુરૂષ પોતાના મિત્રને દુઃખથી કલેશ પામતી વેળાએ આ રીતે પોતાની શક્તિ પ્રમાણે ઉપાય કરી છોડાવે નહી, તેને બુદ્ધિમાન પુરૂષો નૃશંસ કહે છે. જે પુરૂષ પોતાના મિત્રને તેના શત્રુએ કેશથી ગ્રહણ કર્યો હોય તેથી તથા નહી કરવાનાં કાર્ય કરતો હોય તેથી પોતાના બળ પ્રમાણે ઉપાય કરી નિવર્ત કરે તે જગતમાં કોઇનો પણ ઠપકાપાત્ર થતો નથી. હે વિદુર ! હું દુર્યોધનને સમર્થ, શુભ, હિતરૂપ તથા ધર્મ અને અર્થયુક્ત વાક્ય કહીશ, જેને તે માન્ય કરવા લાયક છે જેવી રીતે કૌરવ, પાંડવ તથા પૃથ્વી વિષેના રાજાઓનું હિત થશે, તેવી રીતે કપટ રહિત થઇ યત્ન કરીશ. કદી હું દુર્યોધનના હિત માટે પ્રયત્ન કરીશ, અને તે મારામાં અવળો ભાવ લાવી શંકા રાખશે; તોપણ મારા હૃદયમાં તો પ્રીતિ થશે તથા મિત્રના ઋણમાંથી તો મુક્ત થઇશ. સંબંધીયોમાં માંહોમાંહી ફૂટ પડી હોય, તે વેળા જે મિત્ર પોતાના મિત્રોનો સર્વ ઉપાયથી ઉપકાર નહી કરી મધ્યસ્થ થઇ બેસી રહે તેને બુદ્ધિમાન પુરૂષ મિત્ર કહેતા નથી. વળી જગતમાં જે અધર્મિષ્ઠ તથા કોઇપણ જેના સ્નેહી નથી, એવા પુરૂષોથી શ્રીકૃષ્ણ પોતે સમર્થ છતાં કૌરવ તથા પાંડવો યુદ્ધ કરવા તૈયાર થયા તોય તેમણે વાર્યા નહી એમ તો નહી કહેવાય. હે વિદુરજી ! હું કૌરવ તથા પાંડવોનો અર્થ સાધવા સારૂ અહીં આવ્યો છું, માટે તેનો ઉપાય કરીશ, તેથી રાજાઓમાં દુષ્ટ કરણીને નહી પામું. બાળક સરખી બુદ્ધિવાળો દુર્યોધન, ધર્મ તથા અર્થયુક્ત અને કપટ વગરનાં મારાં વચન સાંભળી તે પ્રમાણે નહી કરે, તો પછી પ્રારબ્ધને વશ થશે. હું પાંડવોનો રાજ્યરૂપ અર્થ નાશ પામે નહિ, કૌરવોનું યથાર્થ સારૂં થાય એ પ્રમાણે કરીશ, જેથી મને પુણ્ય થશે. ને ધૃતરાષ્ટ્રના પુત્રો મૃત્યુના પાશથી મુક્ત થશે કૌરવો ધર્મ, અર્થયુક્ત શ્રેષ્ઠ વાણી હું બોલીશ તે સાંભળશે ને સલાહ કરાવવા આવેલા મારૂં પૂજન પણ કરશે. હે વિદુરજી ! સર્વ રાજાઓ એકઠા મળેલા છે, પણ ક્રોધ પામેલા મારી સામે, જેમ સિંહની સામે મૃગો ઉભા રહેવા સમર્થ નથી, તેમ મારી સામે ઉભા રહેવા સમર્થ નથી. વૈશંપાયન કહે છે–હે રાજન્ ! એ પ્રમાણે વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ યદુકુળને સુખ આપનાર શ્રી કૃષ્ણે કહીને, સુખરૂપ સ્પર્શવાળી શય્યા ઉપર શયન કર્યું.

इत्येवमुक्त्वा वचनं वृष्णीनामृषभस्तदा ।
शयने सुखसंस्पर्शे शिश्ये यदुसुखावहः ॥

इति श्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णवाक्ये गुर्जरभाषायां त्रिनवतितमोऽध्यायः ॥ ९३ ॥

અધ્યાય ૯૪ મો. કૌરવોએ ભરેલી સભા.

वैशंपायन उवाच—तथा कथयतोरेव तयोर्बुद्धिमतोस्तदा ।
शिवा नक्षत्रसंपन्ना साव्यतीयाय शर्वरी ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ પ્રમાણે વાતો કરતા એવા મહાબુદ્ધિમાન શ્રીકૃષ્ણ

તથા વિદુરજીને સુંદર નક્ષત્રોના ઉદયવાળી તે દિવસની રાત્રિ નિવૃત્ત થઇ. ધર્મ, અર્થ તથા કામે યુક્ત અને વિચિત્ર અર્થ, પદ તથા અક્ષરવાળી અનેક પ્રકારની વિદુરજીની શુભ વાણી શ્રવણ કરતા એવા, મહાત્મા અગણિત તેજવાળા તથા જાણે નિષ્કાર્ય હોય શું એવા શ્રીકૃષ્ણને પોતાને અનુકૂળરૂપ વાતોએ કરી તે રાત્રિ નિવૃત્ત થઇ. પછી પાછલા પ્રહરની રાત્રિ વેળાએ, શ્રેષ્ઠ સ્વરવાળા સૂત તથા માગધ શંખ તથા દુંદુભિ આદિ વાજીંત્ર વગાડી શ્રીકૃષ્ણને જાગ્રત કરવા લાગ્યા. ત્યારે સર્વ યાદવમાં શ્રેષ્ઠ દાશાર્હ કુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણે ઉઠી, સર્વ પ્રાતઃકાળનું પોતાનું આવશ્યક કરી, સંધ્યા વંદન, જપ તથા અગ્નિમાં આહુતિ આપીને, ઉદય પામતા સૂર્યનું ઉપસ્થાન કર્યું. હવે દુર્યોધન તથા શકુનિ, સંધ્યા કર્મમાં વિરાજમાન કોઇથી પણ અજીત દાશાર્હ શ્રીકૃષ્ણની પાસે આવીને બોલ્યા કે–હે શ્રીકૃષ્ણ! ધૃતરાષ્ટ્ર રાજા, ભીષ્મ પિતામહાદિ કુરૂકુળના પુરૂષો, મોટા રાજાઓ તથા માંડલિક સર્વ રાજાઓ સભામાં આવ્યા છે ને જેમ સ્વર્ગમાં દેવતાઓ ઇંદ્રને ઇચ્છે તેમ તમને ઇચ્છે છે. હે ભારત! એ પ્રમાણે દુર્યોધન તથા શકુનિએ આવી કહ્યું, ત્યારે ગોવિંદ શ્રીકૃષ્ણે શ્રેષ્ઠ રૂચિકારક સામના વાક્યે કરી તેઓને માન આપ્યું. ત્યાર પછી નિર્મળ સૂર્યનો ઉદય થયો ત્યારે શ્રીકૃષ્ણે બ્રાહ્મણોને સુવર્ણ, ગાય, વસ્ત્ર, અશ્વ તથા બહુ રત્ન આપ્યાં. એ પ્રમાણે બ્રાહ્મણોને આપીને શ્રીકૃષ્ણ ઉભા હતા, તે વખતે દારૂક સારથિએ આવી તેમને નમસ્કાર કર્યો. પછી શ્રીકૃષ્ણની આજ્ઞાથી દારૂક શ્વેત વર્ણવાળા, બહુ ઘુઘરીયોના સમુદાયવાળા તથા ઉત્તમ અશ્વ જોડેલા રથને લઇ પાછો આવી ઉભો. મોટા મનવાળા કુરૂકુળના પુરૂષોથી વિંટાયલા, વૃષ્ણિ કુળના પુરૂષોએ રક્ષા કરેલા તથા સર્વ યાદવને આનંદ આપનાર શૌરિ શ્રીકૃષ્ણ, આવેલા રથને જોઇ અગ્નિ તથા બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરી ગળામાં બાંધેલો કૌસ્તુભ મણિ છોડી મૂકીને રથમાં બેસવા તૈયાર થયા. તે વેળા સર્વ ધર્મને જાણનાર વિદુરજીએ સર્વ પ્રાણધારી તથા બુદ્ધિમાન પુરૂષોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણને હાથ ગ્રહણ કરી રથમાં વિરાજમાન કર્યા. પછી રથમાં બેસી તે રવાને થયા. તે સમયે દુર્યોધન તથા શકુનિ પણ એક બીજા રથમાં બેસી તેમની પાછળ જવા લાગ્યા. સાત્યકિ તથા કૃતવર્મા પણ એક રથમાં બેસી, અને બીજા યાદવો પણ રથમાં બેસી તથા અન્ય પુરૂષો રથ, અશ્વ તથા હસ્તિ ઉપર બેસીને શ્રીકૃષ્ણની પાછળ જવા લાગ્યા. તે સમયે વાજીંત્ર વગાડનાર પુરૂષોએ, મૃદંગ, તુરી, ભેરી તથા શંખાદિ વગાડ્યાં. હે રાજન્! સુવર્ણના સાજ પહેરેલા અશ્વ જેમાં જોડયા હતા એવા તથા ચાલવાથી મોટા શબ્દવાળા તે સર્વ રથ અત્યંત શોભતા હતા, શોભાએ કરી દેદિપ્યમાન તથા બુદ્ધિમાન શ્રીકૃષ્ણ, રજ વગરના, જળના છંટકાવવાળા તથા રાજઋષિયોએ સેવેલા રાજમાર્ગ પ્રત્યે આવ્યા ત્યારે સર્વ લોકમાં શ્રેષ્ઠ, યુવાન તથા સિંહ સરખા પરાક્રમી પુરૂષો શ્રીકૃષ્ણના રથને વિંટી ચાલવા લાગ્યા. તે સમયે વિચિત્ર વસ્ત્ર પહેરેલા તથા તલવાર અને પ્રાસાદિ આયુધ ધારણ કરેલા હજારો યોદ્ધાઓ શ્રીકૃષ્ણની આગળ ચાલતા હતા, ને પાંચસો હસ્તિ તથા એક હજાર રથ પાછળ ચાલતા હતા. તે સમયે હે શત્રુને દમન કરનાર જનમેજય! રથ માર્ગ પ્રત્યે આવેલા શ્રીકૃષ્ણને જોવા સારૂ આવેલાં સ્ત્રી, પુરૂષ, વૃદ્ધ તથા બાળકોથી કુરૂકુળનું તે શહેર સંકીર્ણ થયું. અનેક અટારી તથા ભીતો ઉપર ચઢી કુળવાન સ્ત્રિયો જોતી હતી, તેથી જાણે તે તૂટી પડશે એમ દેખાતું હતું. તે વેળા કુરૂકુળના પુરૂષોએ સત્કાર કરેલા શ્રીકૃષ્ણ, પ્રજાની સુંદર વાતો સાંભળતાં તેઓની સામે જોઇ તેમનો યથાયોગ્ય સત્કાર કરતાં ધીમે ધીમે જતા હતા. પછી શ્રીકૃષ્ણનાં વાજીંત્ર વગાડનાર લોકો, શંખ, વેણુ તથા

ભીમ પણ વાજીંત્રોના શબ્દે કરી સર્વ દિશાઓને ગજાવતાં ધૃતરાષ્ટ્રની સભાની સમીપ આવ્યા. તે સમયે રાજાઓથી ભરાયેલી તે સભા વાજીંત્રના શબ્દ સાંભળી, શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની આકાંક્ષાથી ઉત્પન્ન થયેલા હર્ષે કરી કંપાયમાન થઇ. પછી જ્યારે શ્રીકૃષ્ણ સભાની પાસે આવ્યા, ત્યારે તેમના રથનો મેઘ સરખો અવાજ સાંભળીને સર્વ રાજાઓ હર્ષયુક્ત થયા. તેટલામાં સર્વ યાદવમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ જ્યારે સભાના દ્વાર પાસે આવ્યા, ત્યારે કૈલાસ પર્વતના શિખર સરખા રથમાંથી ઉતરી, વિદુરજી તથા સાત્યકિ યાદવના હાથ ઝાલી, પોતાનાં સૂર્ય સરખાં તેજે કરી કૌરવોને આચ્છાદન કરતા, નવા મેઘ સરખા શ્યામ વર્ણવાળા, તથા તેજે કરી પ્રકાશમાન કૌરવની સભામાં આવ્યા. તે સમયે તેમની આગળ કર્ણ તથા દુર્યોધન અને પાછળ યાદવો તથા કૃતવર્મા હતા. ભીષ્મ તથા દ્રોણાચાર્યાદિ ધૃતરાષ્ટ્ર રાજાને મુખ્ય કરી શ્રીકૃષ્ણનો સત્કાર કરતાં પોતાના આસન ઉપરથી ઉઠવા લાગ્યા. જ્યારે શ્રીકૃષ્ણ ઊઠ પાસે આવ્યા, ત્યારે દ્રોણાચાર્ય તથા ભીષ્મપિતામહ તથા ધૃતરાષ્ટ્ર રાજા પોતાના આસન ઉપરથી ઉભા થયા તે જોઇને સર્વ રાજાઓ પણ પોતાના આસન ઉપરથી ઉઠી ઉભા થયા. પછી શ્રીકૃષ્ણને વિરાજવા સારૂ ધૃતરાષ્ટ્ર રાજાની આજ્ઞાથી નોકરોએ શોભાયમાન સુવર્ણનું સિંહાસન બિછાવી તૈયાર કર્યું. શ્રીકૃષ્ણે, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા દ્રોણાચાર્યને સ્નેહથી મળીને સર્વ રાજાઓને યથાયોગ્ય કર્યા. પછી સભામાં આવેલા શ્રીકૃષ્ણનો, સર્વ રાજાઓએ તથા કૌરવોએ પૂજાદિ સત્કાર કર્યો. તે સમયે રાજાઓના મધ્યમાં ઉભેલા શ્રીકૃષ્ણે, અંતરિક્ષમાં ઉભેલા નારદાદિ ઋષિયોને જોઇને આસ્તેથી ભીષ્મને કહ્યું કે, હે ભીષ્મ ! આ સર્વ રાજાઓથી મળેલી સભાને જોવા સારૂ ઋષિયો આવ્યા છે, માટે તેમને મોટા સત્કારપૂર્વક આસનો ઉપર બેસવાનું નિમંત્રણ કરો, કેમકે તેઓએ બેઠા પહેલાં આપણ કોઇથી પણ બેસાશે નહિ માટે તેમને બેસાડો ને તેમની પૂજા કરો. એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ભીષ્મે જોયું તો સભાના દ્વાર પ્રત્યે ઉભેલા ઋષિયોને જોયા; ઉતાવળથી આસનો આપવાની નોકરોને આજ્ઞા કરી. તેમણે ઋષિયોને મણિ જડિત સુવર્ણનાં મોટાં આસન આપ્યાં. અર્ઘ્યપાદ્ય પૂજન થયા પછી સૌ બેઠા, ત્યાર પછી શ્રીકૃષ્ણ તથા રાજાઓ પણ યથાયોગ્ય પોતપોતાનાં આસનો ઉપર બેઠા. દુઃશાસને સાત્યકિ યાદવને બેસવા સારૂ ઉત્તમ આસન આપ્યું, ને વિવિંશતિએ કૃતવર્માને બેસવા સારૂ સુવર્ણનો બાજઠ આપ્યો. શ્રીકૃષ્ણની અતિ છેટે નહીં એવા એક આસન ઉપર દુર્યોધન તથા કર્ણ બેઠા. તેમજ ગાંધાર દેશના યોદ્ધાઓએ રક્ષણ કરેલો તે દેશનો રાજા શકુનિ પોતાના પુત્ર સહિત એક આસન ઉપર બેઠો. વિદુરજી સફેદ આસ્તરણવાળા તથા મૃગચર્મ જેની ઉપર બીછાવેલું હતું એવા મણિના બાજઠ ઉપર શ્રીકૃષ્ણના આસનને હાથે કરી સ્પર્શ કરતાં બેઠા. પછી સર્વ રાજાઓએ ઘણે દિવસે શ્રીકૃષ્ણને જોયા, તેથી જેમ અમૃતનું પાન કરતાં તૃપ્તિ ન થાય, તેમ તેઓ તેમને જોતાં તૃપ્તિ પામતા ન હતા. અળસીના પુષ્પ સરખા વર્ણવાળા તથા પીત પીતાંબર ધારણ કરેલા શ્રીકૃષ્ણ, રાજાઓની સભામાં જેમ સુવર્ણના દાગીનામાં જડેલો મણિ શોભે, તેમ શોભતા હતા. પછી સર્વેનાં મન શ્રીકૃષ્ણમાંજ લાગ્યાં હતાં તેથી સર્વ તૂષ્ણીભૂત થયું હતું પણ ત્યાં કોઇ પુરૂષ બોલતો નહોતો.

ततस्तूष्णीं सर्वमासीद्गोविन्दगतमानसम् ।
न तत्र कश्चित् किंचिद्धि व्याजहार पुमान् क्वचित् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णवाक्ये दुर्योधनभाषायां चतुर्नवतितमोऽध्यायः ॥ ९४ ॥

અધ્યાય ૯૫ મો. શ્રીકૃષ્ણનાં વિષ્ટી વચન.

वैशंपायन उवाच—तेष्वासीनेषु सर्वेषु तूष्णींभूतेषु राजसु ।
वाक्यमभ्याददे कृष्णः सुदंष्ट्रो दुंदुभिस्वनः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! સર્વ રાજાઓ તૂષ્ણીભૂત થઇ બેઠા હતા તે વેળા સુંદર દાઢવાળા તથા દુંદુભિ સરખા શબ્દવાળા શ્રીકૃષ્ણ વાક્ય બોલવા તૈયાર થઇને હિવસને અંતે જેમ મેઘ ગર્જના કરે, તેમ મોટા શબ્દથી સર્વ સભાને સંભળાવતાં ધૃતરાષ્ટ્રની સામું જોઈ બોલ્યા કે, હે ભારત! હું મહા શૂરવીર કૌરવ તથા પાંડવોની વિનાશ વગર શમતા થાય, એ માગવા સારૂ આજ તમારી પાસે આવ્યો છું. મારે તમને બીજું કલ્યાણકારક વચન કહેવાનું નથી; કેમકે જે જાણવાનું છે તે તો તમે સૌ જાણો છો. હે પાર્થિવ! શાસ્ત્ર તથા આચરણ યુક્ત અને શ્રેષ્ઠ ગુણે કરી પ્રસિદ્ધિ પામેલું આ તમારૂં કુળ સર્વ રાજાઓના કુળ કરતાં ઉત્તમ છે, કેમકે તેમાં કૃપા, અનુકંપા, કારૂણ્ય અનૃશંસપણું, આર્જવ, ક્ષમા તથા સત્ય વગેરે ગુણો રહ્યા છે. કેવળ-ચાળું કરી તમારે લીધેજ પરસ્પર નિરંતર વેર ચાલે છે, એ અયોગ્ય છે. હે કુરૂકુળમાં શ્રેષ્ઠ! દ્યૂત તથા જતુ ગૃહાદિ કર્મ અવળે રસ્તે ચાલનાર કૌરવોને કરતાં અટકાવનાર તમેજ છો. અશિષ્ટ, મર્યાદા વગરના, તથા લોભે કરી હણાયલા ચિત્તવાળા દુર્યોધનાદિ તમારા પુત્રો ધર્મ તથા અર્થને છોડી દેઇને પોતાના પિતરાઈ બંધુ પાંડવોને વિષે નૃશંસપણે વર્તે છે તે તમારા જાણવામાં છે, જેથી કુરૂકુળને મોટી આપત્તિ પ્રાપ્ત થઇ છે. જો તમે તેમને નહી સમજાવો, તો તેઓ સર્વ પૃથ્વીને હેરાન કરશે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! હે ભારત! તમને કૌરવો સમજાવવા શક્ય છે, પણ જો તમો એમને સમજાવવા નહી ઇચ્છો તો પરસ્પર ભાઇયોને સલાહ થવી ઘણી કઠણ છે. હે પૃથ્વીપતિ! કૌરવ તથા પાંડવોને સલાહ થવી એ તમારે તથા મારે આધિન છે; માટે તમે તમારા પુત્રોને સમજાવો ને હું તમારા શત્રુરૂપ પાંડવોને સમજાવીશ. હે રાજેંદ્ર! પોતાને અનુસરી રહેલા રાજાઓ સહિત તમારા પુત્રોએ તમારી આજ્ઞા માનવી એ તેમને ઉચિત છે; કેમકે ઘણું કરી તેમાંજ તેમનું હિત છે. વળી તેથી તમારૂં, પાંડવોનું તથા પાંડુ પુત્રોને શિક્ષા કરીને પણ શમતા કરાવવી એમાં મારૂં પણ હિત રહેલું છે. હે પૃથ્વીપતિ! તમે પોતે પોતાની મેળે વેર કરવું નિષ્ફળ છે એમ જાણીને પરસ્પર સલાહ થાય તેમ કરો, જેથી પાંડવો તમારા સહાયભૂત થશે; તેથી રક્ષિત થઇને ધર્મ તથા અર્થના ઉદ્યોગમાં વર્તો, કેમકે વૈરતામાં રહેલા તેઓને જીતવા એ શક્ય વાર્તા નથી. મહાત્મા પાંડવોએ રક્ષા કરેલા તમારા પુત્રોને દેવતાઓ સહિત ઇંદ્ર પણ જીતવા સમર્થ નથી; ત્યારે બીજા રાજાઓ ક્યાંથીજ સમર્થ હોય? કેમકે તમારા પક્ષમાં ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, વિવિંશતી, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્ત, બાહ્લીક, સૈંધવ, કલિંગ, કાંબોજ, સુદક્ષિણ, યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ, મહા તેજસ્વી સાત્યકિ તથા મહારથિ યુયુત્સુ છે; એમની સામે અવળી મતિવાળો કયો પુરૂષ યુદ્ધ કરી શકે એમ છે? હે શત્રુને નાશ કરનાર ધૃતરાષ્ટ્ર! કૌરવ તથા પાંડવોએ રક્ષિત તમે કરીથી લોકના

બળવાનપણાને તથા શત્રુઓથી અજીતપણાને પામશો; ને તમારા પક્ષમાંના સર્વોપરીશ રાજાઓ પાંડુ પુત્રોની સંધિ કરશે. વળી પુત્ર, પૌત્ર, વડિલ, ભાઇયો તથા સંબંધિઓએ રક્ષિત તમે સુખે કરી જીવી પણ શકશો. હે પૃથ્વીપતિ ! પૂર્વની પેઠે એ સૌને સત્કારપૂર્વક, મુખ્ય કરીને તમે નિષ્કંટક પૃથ્વીને ભોગવશો. વળી તમારા પુત્ર તથા પાંડવો સહિત તમે, બીજા સર્વ શત્રુને જીતશો; કે જે તમારો મુખ્ય અર્થ છે. હે રાજન્ ! જો તમે પ્રધાનો સહિત, પુત્રરૂપ પાંડવો તથા કૌરવો સહિત સહાકરૂપે રહેશો, તો તેમણે જીતીને મેળવેલી સમગ્ર પૃથ્વીને ભોગવશો. હે મહારાજ ! યુદ્ધમાં તો નાશજ થાય છે, માટે બેઉ પક્ષનું તેમ થવાથી શુંર થશે ને તમે ક્યા ધર્મને જોશો ? હે રાજન્ ! યુદ્ધમાં પાંડવો તમારા પુત્રનો નાશ કરશે અથવા તેઓ તેમનો નાશ કરશે તેથી તમે શું સુખ પામશો ? હે ભારત ! કૌરવ તથા પાંડવ સર્વ મહા શૂરવીર, અસ્ત્રવિદ્યા શિખેલા તથા યુદ્ધ કરવાની ઇચ્છાવાળા છે, તેમની તમે મોટા ભયથી રક્ષા કરો; યુદ્ધમાં બેઉ પક્ષના રથિ પુરૂષોએ રથિયોને, કૌરવને તથા પાંડવને નાશ પામેલા આપણે જોઇયે નહી ને જો તેમ નહી કરશો, તો બેઉ પક્ષમાં મળેલા પૃથ્વીમાંના રાજાઓ ક્રોધને વશ થયા છે, માટે અવશ્ય લડાઇથી પ્રજાનો નાશ કરશે; વાસ્તે જેમ આ સર્વ પ્રજા નાશ ન પામે, તેમ સર્વ લોકની રક્ષા કરો: જો એક તમેજ સત્વ ગુણયુક્ત થાઓ, તોજ સર્વનું કલ્યાણ થાય. સ્વચ્છ અંતઃકરણવાળા, વેદાન્ય, લજ્જાવાન, આર્ય, પુણ્ય વર્તનવાળા તથા પરસ્પર સખિરૂપ સર્વની યુદ્ધજન્ય ભયથી તમે રક્ષા કરો; મળેલા આ સર્વ રાજાઓ કલ્યાણરૂપે કરી પરસ્પર મળી, ખાનપાન કરી, શ્રેષ્ઠ વસ્ત્ર તથા પુષ્પમાળાઓ ધારણ કરી, તમારાથી સત્કાર પામી અને વૈર તથા ક્રોધનો ત્યાગ કરીને યથેચ્છ પોતપોતાના ગૃહ પ્રતે જાઓ. હે રાજન્ ! હવે તમારા આયુષ્યના ક્ષયનો સમય આવ્યો છે, માટે પાંડવો બાલ્યાવસ્થામાં હતા ત્યારે તેમનામાં તમને જેવી પ્રીતિ હતી, તેવી પ્રીતિ થાઓ ને તેઓની સાથે તમે સંધિ કરો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! જ્યારે પિતા વગરના બાળક પાંડવો હતા, ત્યારે તમેજ તેમને ઉછેરી મોટા કર્યા છે, માટે તેઓનું તથા પુત્રોનું યથાન્યાય પાલન કરો. ઘણું કરી દુઃખવેળા પાંડવોની તમારેજ રક્ષા કરવી જોઇએ, માટે તેમ કરો; પણ તમારા ધર્મ તથા અર્થનો નાશ થાઓ માં. પાંડવોએ તમને દંડવત પ્રણામપૂર્વક પ્રસન્ન કરતાં કહેવરાવ્યું છે કે, તમારી આજ્ઞાથી નોકર સહિત અમે આ દુઃખ વેઠ્યું. ધૃતરાષ્ટ્ર રાજા આપણા પિતા છે, માટે તેમણે કહેલા આપણા સમયનું ને પાલન કરશે એમ નિશ્ચયવાળા થઇને, બાર વર્ષ વનમાં તથા એક વર્ષ સર્વ મનુષ્યોથી છાના રહ્યા, પણ તમારા કહેલા સમયનો ત્યાગ કર્યો નહિ, તે બ્રાહ્મણો જાણે છે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! તમે નિયમિત કરી આપેલા સમયને અમે માન્ય કર્યો છે, ને તમારે નિશ્ચય કરેલો સમય માન્ય કરવો એ યોગ્ય છે; કેમકે અમે નિરંતર બહુ ક્લેશિત છીયે, માટે અમારા રાજ્યનો વિભાગ આપો. તમે ધર્મ તથા અર્થને જાણો છો, વાસ્તે અમારી રક્ષા કરવા યોગ્ય છો, કેમકે તમરૂપ અમારા વડિલ છતાં અમે બહુ દુઃખ વેઠીયે છીયે. તમે અમારામાં માતા તથા પિતાની વૃત્તિને પામો. અમે જેમ શિષ્ય ગુરૂ પ્રતિ જેવી વૃત્તિથી વર્તે, તેવી વૃત્તિથી તમારે વિષે વર્તિયે છીયે; માટે તમારે પણ અમારામાં ગુરૂરૂપ વૃત્તિથી વર્તવું યોગ્ય છે. અમે અવળે માર્ગે ચાલતા હોઇયે, તેમાં પિતારૂપ તમારે સીધે રસ્તે ચલાવવા જોઇયે; માટે તમે અમને સારો માર્ગ બતાવો, ને પોતે પણ સારા માર્ગરૂપ ધર્મમાં રહો. અમે તમારા પુત્ર પાંડવો તમારી સભાને પ્રાર્થના કરિયે છીયે, કેમકે સર્વ સભાસદો ધર્મજ્ઞ છે, તો વૈર થવું એ યોગ્ય નથી; સભાસદ સભામાં

અધર્મે કરી ધર્મનો નાશ થાય, તથા અસત્યે કરી સત્યનો નાશ થાય, અને જોનાર લોક બેઠા પણ નાશ થાય છે તે તે સભાસદો પણ નાશ પામ્યા સરખા છે. જે સભામાં અધર્મે કરી ધર્મ વિંધાય છે, તે સભામાં બેસનારાઓ સભાપતિના દુઃખરૂપ શલ્યને નિકાલ નહીં કરતાં, જેમ કિનારા ઉપરનાં વૃક્ષો નદીના પ્રવાહથી વિંધાય, તેમ વિંધાય છે. હે રાજન્! એ પ્રમાણે ધર્મનો વિચાર કરી પોતાનું અર્ધ રાજ્ય પ્રાપ્ત થાય એવી ઇચ્છાથી શાંત થઈ બેઠેલા પાંડવોએ સત્ય ધર્મરૂપ તથા ન્યાયનાં વચન કહેવરાવ્યાં છે. હે જનેશ્વર! હું કહું છું કે, તમે તેમનું અર્ધ રાજ્ય તેઓને આપો; કારણ એ ઉપરાંત બીજું કંઈપણ કહેવું એ મને યોગ્ય નથી. જો હું તમને અસત્ય કહેતો હોઉં, તો આ સભામાં બેઠેલા જે પુરૂષો છે, તે ભલે પૂછો. હે પુરૂષમાં શ્રેષ્ઠ! જો હું ધર્મ તથા અર્થનો વિચાર કરીને બોલું છું એમ તમે માનતા હો, તો મૃત્યુના પાશથી આ સર્વ ક્ષત્રિયોને મુકાવો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! તમે શાંતિ પામો, ક્રોધને વશ ન થાઓ, ને પાંડવોને એના પિતાના રાજ્યનો યથાયોગ્ય ભાગ આપીને સિદ્ધાર્થ થઈ પુત્ર સહિત અનેક ભોગ ભોગવો. તમે યુધિષ્ઠિરને સત્પુરૂષના ધર્મમાં વૃત્તિ છે તે તથા પુત્ર સહિત તમારામાં વૃત્તિ છે તે જાણો છો, જેને લાક્ષાગૃહમાં બાળવાનો ઉપાય કર્યો, અને વનમાં કાઢયા, તોપણ ફરીથી તમારોજ આશ્રય કરવા ઇચ્છે છે! તમેજ પુત્ર સહિત તેને ઈંદ્રપ્રસ્થમાં નિવાસ કરાવ્યો હતો, ત્યારે તેમણે ત્યાં રહીને દેશ પરદેશ આદિ સર્વ રાજાઓને વશ કર્યા તોપણ તમારી આજ્ઞા કોઈ દિવસ ઉલ્લંઘન કરી નથી. એ પ્રમાણે વર્તનાર યુધિષ્ઠિરના રાજ્ય, ધન તથા ધાન્યને હરણ કરવાની ઇચ્છાવાળા શકુનિએ, જેની સાથે મોટું કપટ કર્યું જેથી તેણે રાજ્યાદિ હરાઈ જવારૂપ અવસ્થાને તથા સભામાં પ્રાપ્ત થયેલી દ્રૌપદીને જોઈ તોપણ તે પોતાના ધર્મથી ચલાયમાન થયા નહી. હે ભારત! હું તેમના તથા તમારા ધર્મ, અર્થ, તથા સુખના હેતુથી શ્રેય ઇચ્છું છું માટે કહું છું કે, તમે વૃથા પ્રજાનો નાશ કરો માં, અનર્થને અર્થરૂપ તથા પોતાના હિતના પણ અનર્થને અર્થરૂપ માનનાર અને લોભમાંજ ગરકાવ થયેલા પોતાના પુત્ર કૌરવોને તમે વારો. પાંડવો તમારી સેવા કરવામાં તત્પર છે તથા યુદ્ધ કરવાને પણ તત્પર છે વાસ્તે તમને જે સારૂં લાગે તે કરો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી સર્વ સભાસદોએ પોતાના હૃદયમાં માન્ય કર્યા, પણ ત્યાં કોઈએ આગળથી બોલવાને હિમ્મત કરી નહી.

तद्वाक्यं पार्थिवाः सर्वे हृदयैः समपूजयन् ।
न तत्र कश्चिद्वक्तुं हि वाचं प्राक्रामदग्रतः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णवाक्ये गुर्जरभाषायां पंचनवतितमोऽध्यायः ॥ ९५ ॥

અધ્યાય ૯૬ મો. દંભોદ્‌ભવનું અભિમાન.

वैशंपायन उवाच—तस्मिन्नभिहिते वाक्ये केशवेन महात्मना ।
स्तिमिता हृष्टरोमाण आसन सर्वे सभासदः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! મહાત્મા કેશવ ભગવાને ઉપર પ્રમાણે વાક્ય કહ્યાં, ત્યારે હર્ષિત થયાં હતાં રૂવાં જેમનાં એવા સર્વ સભાસદો સ્તંભિત થયા; પણ કોઈ

પુરૂષ ઉત્તર આપવા ઇચ્છતા નથી એમ પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યા. એ પ્રમાણે જ્યારે સર્વ રાજાઓ, મૌન ધરી બેઠા હતા ત્યારે કૌરવની સભામાં જમદગ્નિના પુત્ર પરશુરામ બોલ્યા કે—હે ધૃતરાષ્ટ્ર ! હું, ઉપમાવાળી સત્યવાણી કહું તે શંકા વગરના થઇને તમે સાંભળો; ને તે સાંભળ્યા પછી યથાર્થ છે એમ તમારા માનવામાં આવે, તો તમારૂં શ્રેય થાય તેમ કરો. પૂર્વે દંભોદ્ભવ નામનો સાર્વભૌમ રાજા થયો હતો જે સર્વ પૃથ્વીને ભોગવતો હતો એમ મેં સાંભળ્યું છે. રાજા નિત્ય રાત્રિ નિવૃત્ત થયા પછી પ્રાતઃકાળમાં ઉઠીને બ્રાહ્મણ તથા ક્ષત્રિયોને પૂછતો કે, શસ્ત્ર ધારણ કરનાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, તથા શૂદ્રમાં કોઇપણ યુદ્ધમાં મારાથી અધિક અથવા સમાન છે ? ક્રોધે કરી ગર્વવાન દંભોદ્ભવ રાજા મનમાં બીજું કંઇપણ ચિંતવન નહી કરતાં એ પ્રમાણે સર્વને પૂછતો પૃથ્વી ઉપર ફરતો હતો. એવી રીતે પોતાનું વખાણ પોતાને મોઢેથી કરતા એવા તે રાજાને કૃપણતા વગરના વેદ તથા સર્વત્ર નિર્ભય એવા બ્રાહ્મણોએ, ગર્વયુક્ત થઇ ' પૂછ માં ' એમ નિષેધ કર્યો; તોપણ તે તો એમજ બ્રાહ્મણોને પૂછ્યા કરતો હતો. જ્યારે કોઇ દિવસે અતિ ગર્વિષ્ઠ તથા સમૃદ્ધિએ કરી મદોન્મત્ત દંભોદ્ભવ રાજાને તપસ્વી તત્વદર્શિ તથા ક્રોધે કરી પ્રકાશમાન બ્રાહ્મણોએ કહ્યું કે હે રાજન્ ! યુદ્ધમા અનેક પુરૂષોને જીતે એવા બે પુરૂષ છે, જેની બરાબર કદીપણ તું થઇ શકે તેમ નથી. એ પ્રમાણે કહ્યું ત્યારે તે રાજાએ, ફરીથી તે બ્રાહ્મણોને પૂછ્યું કે હે બ્રાહ્મણો ! તે મહા શૂરવીર પુરૂષો ક્યાં છે ? તેમનો જન્મ ક્યાં થયો છે, શું કર્મવાળા છે તથા કોણ છે ? બ્રાહ્મણોએ કહ્યું કે, હે પાર્થિવ ! મનુષ્ય લોકમાં આવેલા તપસ્વી નર તથા નારાયણ છે એમ અમે સાંભળ્યું છે, માટે તું તેમની સાથે યુદ્ધ કર. તેઓની વાર્તા સંભળાય છે કે, ગંધમાદન પર્વત ઉપર જેની બરાબરી બીજાથી થઇ શકે નહી એવું મોટું તેઓ તપ કરે છે. હે ભારત ! એવાં તે બ્રાહ્મણોનાં વાક્ય સાંભળી તેઓને નહી ગણકારતાં પોતાની સાથે ષડંગિની સેનાને લઇ દંભોદ્ભવ રાજા, વનનો આશ્રય કરેલા તપસ્વી નર તથા નારાયણને શોધતો વિષમ અને ભયંકર એવા ગંધમાદન પર્વત પ્રત્યે ગયો. ત્યારે તેણે ક્ષુધા, તૃષા, આતપ તથા વાયુને સહન કરવાથી શરીરે સુકાઇ ગયેલા અને બળવાન શ્વાસ વાયુ જેમને ચાલતો હતો એવા નર તથા નારાયણને જોઇ પાસે જઇ તેમના હસ્ત ગ્રહણ કરીને કુશળતા પૂછી. નર નારાયણે તે રાજાને આસન, જળ તથા ફળમૂળ આપવારૂપ સત્કાર કરીને પૂછ્યું કે હે રાજન્ ! તમારે શું કાર્ય છે ? જે કાર્ય હોય તે કહો. ત્યારે દંભોદ્ભવે કહ્યું કે, મેં મારા બાહુબળે કરી સર્વ પૃથ્વી મેળવી છે ને સર્વ શત્રુઓનો પણ નાશ કર્યો છે, માટે હું તમારી સાથે યુદ્ધ કરવા સારૂ અહીં આવ્યો છું; વાસ્તે તમે મને ઘણા કાળનું ઇચ્છિત આતિથ્ય આપો. નર તથા નારાયણે કહ્યું કે, હે રાજસત્તમ ! ક્રોધ તથા લોભ જેને વિષે નિવૃત્ત થયા છે એવો આ આશ્રમ છે, માટે અહીં યુદ્ધ થતું નથી. કારણ શસ્ત્ર તથા અસરળતા અહિં છેજ નહી, માટે તું બીજે ઠેકાણે જઇ યુદ્ધની ઇચ્છા કર, કેમકે પૃથ્વીને વિષે ક્ષત્રિયો ઘણા છે.

પરશુરામ કહે છે—હે ભારત ! એ પ્રમાણે કહ્યું તોપણ દંભોદ્ભવ રાજા વારંવાર યુદ્ધ કરો એમજ કહેવા લાગ્યો. તોપણ તેઓએ તેનો એ અપરાધ ક્ષમા કર્યો, તથા તેને શાંતવના કરી. તથાપિ દંભોદ્ભવ રાજા, યુદ્ધ કરવાની ઇચ્છાથી તપસ્વી એવા નર તથા નારાયણને બોલાવવા લાગ્યો. હે ભારત ! નરે પોતાની મુષ્ટિમાં (ખોબામાં) કાસ નાખીને તેને કહ્યું કે, હે યુદ્ધની ઇચ્છાવાળા ક્ષત્રિય ! તું આવ, યુદ્ધ કર, સર્વ શસ્ત્ર ધારણ કર, અને

તારી સેનાની રચના કર, તારામાં રહેલી યુદ્ધ કરવાની શ્રદ્ધા છે તે હું નાશ કરીશ. દંભોદ્ભવ બોલ્યો કે, હે તાપસ! તમે આજ અસ્ત્ર મારી ઉપર મૂકવું યોગ્ય છે એમ માનો છો, તો હું પણ એજ કરીનેજ યુદ્ધ કરીશ; કેમકે તે જ માટે હું આવ્યો છું. પરશુરામ કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે કહીને તે તપસ્વીને હણવાની ઇચ્છાવાળો સેના સહિત દંભોદ્ભવ રાજા, તેમની ઉપર બાણ મૂકવા લાગ્યો. શત્રુના દેહને છેદ કરનાર નરે, અનેક બાણ મૂકતા એવા દંભોદ્ભવ રાજાને નહી ગણકારીને ઇષિકાયે કરી છેદ્યો. વળી નહી જીતાય એવા નર, મહા ભયંકર એવી પછી ઇષિકા મૂકવા લાગ્યા, જેથી દંભોદ્ભવ રાજાની સેનામાંના પુરૂષો અસ્ત્ર સંધાન કરવાને પણ સમર્થ થયા નહી એ મોટું અદ્ભુત સરખું થયું. નિમિત્ત વેધી એવા તે મુનિયે તેની સેનામાંના પુરૂષોનાં નાક તથા કાન છેદ કરતાં આકાશને ઢાંકી દીધું. એ પ્રમાણે નરે મૂકેલી ઇષિકાયે કરી જવાઈ ગયેલા આકાશને જોઇને દંભોદ્ભવ રાજા, તેમના પગમાં પડ્યો, ને મારૂં કલ્યાણ થાઓ એમ કહેવા લાગ્યો. ત્યારે શરણે રહેવાની ઇચ્છાવાળા પુરૂષોને શરણસ્થાન એવા નરે કહ્યું કે, હે રાજન્! તું બ્રહ્મણ્ય તથા ધર્માત્મા થા, હવેથી આવું કામ કરીશ નહી. ક્ષત્રિય ધર્મનું સ્મરણ કરનાર કોઇ પણ ક્ષત્રિય તારા સરખો થશે નહી, માટે તારે ક્રોધયુક્ત થઇ તારાથી અલ્પ પરાક્રમી અથવા અધિક પરાક્રમી કોઇ પણ હોય તેનો આક્ષેપ કરવો નહી.એજ તને યોગ્ય છે. બુદ્ધિમાન, લોભ તથા અહંકાર વગરનો, સ્થિર મનવાળો, દાંત, ક્ષમાવાન, સરલ તથા સૌમ્ય એવો થઇને તું પ્રજાનું પાલન કર; પણ પરનું બળાબળ જાણ્યા વિના કોઇ પર આક્ષેપ કરીશ નહી, હવે હું તને આજ્ઞા આપું છું કે તું જા, તારૂં કલ્યાણ થાઓ, પણ કદી ફરીથી આવું કરીશ માં; ને અમારા બેઉના કહેવાથી સર્વ બ્રાહ્મણોને કુશળતા પૂછ. હે ભારત! એ પ્રમાણે નરનાં વાક્ય સાંભળીને દંભોદ્ભવ રાજા, મહાત્મા નર તથા નારાયણનાં પાદ વંદન કરીને પોતાના પૂર પ્રત્યે ગયો ને અત્યંત ધર્મનું આચરણ કરવા લાગ્યો. હે રાજન! પૂર્વે નરે જે ચરિત્ર કર્યું, તે મોટું અદ્ભુત કાર્ય હતું, છતાં તેના કરતાં પણ ગુણે કરી નારાયણ અધિક છે માટે અર્જુને જ્યાં સુધી ગાંડીવ ધનુષમાં બાણ સાંધ્યું નથી, તે પહેલાં તમે પોતાના માનનો ત્યાગ કરી તેની પાસે જાઓ; કેમકે જેના પ્રસ્વાપન, મોહન, ઉન્માદન, ત્રાસન, ઐંદ્ર, પૈશાચ, રાક્ષસીય તથા યામ્ય નામના આઠ પ્રકારના અસ્ત્રે કરી યુદ્ધમાં વિંધાયલા પુરૂષો મરણ પામે છે. તે જેવા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માન, માત્સર્ય અને અહંકારે કરી ઉન્મત્ત તે પુરૂષો સંજ્ઞા તથા ચિત્ત વગરના થઇ પૃથ્વી ઉપર પડે છે, દોડી ઉડે છે, વમન કરે છે, મૂત્ર ત્યાગ કરે છે, રડે છે તથા હસે પણ છે. જેના બંધુ સર્વ કર્મના જાણનાર, તથા સર્વ લોકના નિર્માણ કરનાર નારાયણ છે એવો અર્જુન યુદ્ધમાં દુઃસહ છે, છતાં તેને જીતવાની ઇચ્છાવાળો ત્રણલોકમાં કોઇ નથી. અર્જુનમાં અસંખ્ય ગુણ છે, ને તેના કરતાં જનાર્દનમાં વિશેષ છે. વળી તમે પોતે પણ કુંતીપુત્ર અર્જુન કેવો છે તે જાણો છો. હે રાજન્! જે નર તથા નારાયણ કહેવાય છે, તેઓજ મહા શૂરવીર પુરૂષોમાં ઉત્તમ અર્જુન તથા કેશવ ભગવાન છે એમ જાણો. તમે હું કહું છું એમજ છે એમ જો જાણો છો, તો તમારે પછી શંકા કરવી યોગ્ય નથી; શ્રેષ્ઠ મતિનો આશ્રય કરી પાંડવો સાથે સલાહ કરો. હે રાજન્! જો તમે તમારું કલ્યાણ ઇચ્છો ને કૌરવ પાંડવમાં ભેદ માં થાઓ એમ ઇચ્છતા હો, તો તેઓની સાથે સલાહ કરો. યુદ્ધ કરવાનું મન કરો નહી. હે કુરુકુળમાં શ્રેષ્ઠ! પૃથ્વીને વિષે તમારૂં કુળ બહુ માન્ય છે, તો તેમજ રહો, તમારૂં કલ્યાણ થાઓ, ને તમે પોતાના સ્વાર્થનું ચિંતવન કરો.

भवतां च कुरुश्रेष्ठ कुलं बहुमतं भुवि ।
तत्तथैवास्तु भद्रं ते स्वार्थमेवोपचिन्तय ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि दंभोद्भवोपाख्याने गुर्जरभाषायां षण्णवतितमोऽध्यायः ॥ ९६ ॥

અધ્યાય ૯૭ મો. માતલિ આખ્યાન.

वैशंपायन उवाच—जामदग्न्यवचः श्रुत्वा कण्वोपि भगवानृषिः ।
दुर्योधनमिदं वाक्यमब्रवीत्कुरुसंसदि ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે પરશુરામે વાક્ય કહ્યાં તે સાંભળી મહા સમર્થ કણ્વ ઋષિએ, કૌરવની સભામાં દુર્યોધનને કહ્યું કે હે દુર્યોધન ! જેવા સર્વ લોકના પિતામહ બ્રહ્મા અક્ષય તથા અવ્યય છે, તેવાજ મહા સમર્થ નર તથા નારાયણ છે. સર્વ દેવતાઓમાં એકજ વિષ્ણુ સનાતન, અજય્ય, અવ્યય, શાશ્વત, પ્રભુ તથા ઇશ્વર છે. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ, ગ્રહ તથા તારા ગણ જગતના ક્ષયને અંતે ત્રણ લોકનો ત્યાગ કરીને ક્ષય પામે છે ને પાછા વળી વારંવાર ઉત્પન્ન પણ થાય છે. મનુષ્ય, મૃગ, પક્ષી, તિર્યગ્યોનિ તથા બીજાં પણ જીવ લોકમાં રહેનારાં પ્રાણીમાત્ર મુહૂર્ત મરણવાળાં છે. તેમાં ઘણું કરી રાજાઓ તો પોતાના આયુષ્યનો ક્ષય આવે છે ત્યારે રાજ્ય સમૃદ્ધિને ભોગવી લઇને, તરૂણ અવસ્થામાંજ સુકૃત તથા દુષ્કૃતને ભોગવવા તૈયાર થાય છે. તું ધર્મ-પુત્ર યુધિષ્ઠિરની સાથે સલાહ કરવા યોગ્ય છે ને પાંડવો તથા કૌરવો મળીને આ પૃથ્વીના રાજ્યને ભોગવો. હે દુર્યોધન ! હું બળવાન છું એમ ન માનવું, કેમકે જગતમાં બળવાનથી પણ બળવાન દેખાઇ આવે છે. હું બળવાન છું એમ માનનારાઓમાંજ બળ હોતું નથી, તેથી પણ બળવાન કોઇ હોય છે, માટે દેવના સરખા પરાક્રમી પાંડવો મહા બળવાન છે.

આ પ્રસંગે પૂર્વે પોતાની કન્યા આપવા સારૂ વરની શોધ કરતા માતલિનો ઇતિહાસ કહું તે સાંભળ. ત્રણ લોકના રાજા ઇંદ્રનો માન્ય માતલિ નામે સારથિ છે, તેના કુળમાં રૂપે કરી જગતમાં પ્રસિદ્ધ ગુણકેશી નામે કન્યા હતી. દેવતા સરખી રૂપવાન એના જેવી શોભા તથા શરીરે કરી બીજી કોઇ સ્ત્રી ન હતી—એટલે સર્વ સ્ત્રિયો કરતાં તે શ્રેષ્ઠ હતી. તે કન્યાનો વિવાહકાળ આવ્યો એમ જાણીને તે કામ કરવા તત્પર એવો માતલિ પોતાની સ્ત્રી સાથે તે સંબંધી વિચાર કરતાં કહેવા લાગ્યો કે, જે થોડા શિયળવાળા, મોટાઇ પામેલા, યશસ્વી, સબળ તથા પરાક્રમી પુરૂષના કુળમાં કન્યા ઉત્પન્ન થાય છે તેને ધિક્કાર છે, કેમકે તેનું દાન આપતી વેળાએ તેનાં માતા તથા પિતાના કુળનો ઉચ્ચાર થાય છે. વળી તે કન્યા સત્પુરૂષ એવા માતા, પિતા તથા શ્વસુર એ ત્રણેના કુળને સંશયયુક્ત કરે છે. મેં આ કન્યા કોને આપવી એવા વિચારથી દેવ તથા મનુષ્ય લોકમાં જોઇ વર શોધ્યો, પણ કોઇ મને પસંદ આવતો નથી. કણ્વ કહે છે—હે દુર્યોધન ! તેને દેવતા, દૈત્ય, ગંધર્વ, મનુષ્ય, તથા ઘણા ઋષિયોમાંથી કોઇ વર ધ્યાનમાં ન આવ્યો, ત્યારે તેણે રાત્રિને વિષે પોતાની સુધર્મા નામની સ્ત્રીની સાથે વિચાર કરતાં, નાગ લોકમાં જવાનું મન કર્યું. ગુણકેશીના રૂપ સરખો રૂપવાન વર દેવતા તથા મનુષ્યમાં કોઇ દેખાતો નથી, પણ નાગ લોકમાં

આજ્ઞા હશે, ત્યારે હું ત્યાં જઈશ. એ પ્રમાણે કહી સુધર્માની રજા લઇ, ઇદ્રને પ્રદક્ષિણા કરી તથા પોતાની કન્યાના મસ્તકને સુંઘી માતલિએ પૃથ્વીના તળ પ્રદેશમાં પ્રવેશ કર્યો.

इत्यामंत्र्य सुधर्मां स कृत्वा चाभिप्रदक्षिणं ।
कन्याशिरस्युपाघ्राय प्रविवेश महीतलं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे सुधर्मयाचायां सप्तनवतितमोऽध्यायः ॥ ९७ ॥

અધ્યાય ૯૮ મો. વરની શોધમાં માતલિ.

कण्व उवाच—मातलिस्तु व्रजन्मार्गे नारदेन महर्षिणा ।
वरुणं गच्छता द्रष्टुं समागच्छद्यदृच्छया ॥ १ ॥

કણ્વ કહે છે–હે દુર્યોધન! તે સમયે રસ્તામાં જતો એવો માતલિ, વરુણ દેવતાને જોવા સારૂ જતા એવા મહર્ષિ નારદજીને યદૃચ્છાથી મળ્યો. નારદજીએ તેને પૂછ્યું કે, હે માતલિ! તું ક્યાં જવા તૈયાર થયો છે? શું પોતાના કાર્યને લીધે અથવા ઇંદ્રની આજ્ઞાથી કહિં જાય છે? રસ્તામાં ચાલ્યા જતા નારજીએ આ પ્રમાણે પૂછ્યું, ત્યારે માતલિએ પોતાનું સર્વ કાર્ય યથાર્થ કહી સંભળાવ્યું. નારજીએ માતલિને કહ્યું કે, આપણે બેઉ સાથે જઇશું. કેમકે હું પણ વરુણ દેવતાને મળવા સારૂ સ્વર્ગથી નિકળ્યો છું માટે હું તને પૃથ્વીનું તળ દેખાડતાં સર્વના ગુણ કહીશ. ત્યાં આપણે કોઇ પણ વરને પસંદ કરીશું. હે દુર્યોધન! એ પ્રમાણે કહીને નારદજી તથા માતલિએ પાતાળમાં પ્રવેશ કર્યો, ને ત્યાં લોકપાળ જળના પતિ વરુણને જોયા. પછી તેનાથી નારદજી દેવર્ષિ સરખી તથા માતલિ ઇંદ્રના સરખી પૂજાને પામ્યા. પછી પ્રસન્ન થયેલા તથા કાર્યવાન નારદજી અને માતલિએ વરુણ દેવતાને પોતાનું કાર્ય નિવેદન કર્યું. તેણે આજ્ઞા આપેલા તે બેઉજણ નાગલોકમાં જઇ ફરવા લાગ્યા. તે સમયે પાતાળમાં રહેનારા સર્વ ભૂત પ્રાણીને નારદજી ઓળખતા હતા, તેથી માતલિ આગળ સર્વ વ્યાખ્યાન કરવા માંડ્યું કે, હે માતલિ! તેં પુત્ર તથા પૌત્રથી વિંટાયલા વરુણને જોયા, તેનું આ અતિ ઉત્તમ સ્થાન છે તે જો. જળના પતિ વરુણનો આ પુત્ર મહાપ્રાજ્ઞ છે, જે શીલ શીતળ આચરવાથી તથા શૌચથી સૌ કરતાં અધિક છે. એનો કમળપત્ર સરખાં નેત્રવાળો રૂપવાન, દર્શનીય તથા સોમની પુત્રી પતિરૂપે જેને વરી છે એવો પુષ્કર નામે પુત્ર છે. સોમની બીજી પુત્રી જ્યોત્સ્ના કાળી નામે જેને પતિરૂપે વરી છે એવો અદિતિનો પુત્ર આ સૂર્ય છે. હે માતલિ! વરુણનું આ સુવર્ણમય ભવન છે તે જો, જેને પ્રાપ્ત થયેલા વરુણના આયુધો શ્રેષ્ઠ રતિને પામ્યા છે. હે માતલિ! હરાયાં છે રાજ્ય જેનાં એવા દૈત્યોના દૈદિપ્યમાન, નાશ નહી પામનાર, શત્રુ ઉપર મૂકતાં એકવાર તેમને છેદન કરી ફરીથી પણ પોતાની મેળે છેદ કરવા જાય એવાં, અનુભવ લઇ જે મૂકાય એવાં તથા દેવતાઓથી આણેલાં એવાં આ સર્વ આયુધ દેખાય છે. હે માતલિ! અહિં પૂર્વે દેવતાઓએ આક્ષેપ કરેલા રાક્ષસ તથા દૈત્યો રહે છે. વરુણ દેવતાના હૃદયને વિષે મોટી શિખાવાળો અગ્નિ છે, જે ધુમાડા વગરના કૃષ્ણને લીધે અહિં રહેનારાઓને વિષ્ણુના ચક્રથી ભય આપતો નથી. આ ગાંડીવ ધનુષ્ય સંબંધી સ્વીકાર કરેલું "ગાંડીવ" નામે ધનુષ્ય શરીરના અંતિમ વિચારે કરી ...

ધનુષ છે, માટે તેનું ગાંડીવ નામ પડયું છે; જેની દૈત્યો નિરંતર રક્ષા કરે છે ને અસુરોને ભેદ કરવાના સમયને વિષે અતિબળને ધારણ કરે છે. વળી પ્રજાપતિ બ્રહ્માએ ઉત્પન્ન કરેલું મહા ભયંકર તે રાક્ષસ, દેવતાઓ તથા રાજાઓમાં નહી શિક્ષા થાય એવા-ઓને પણ શિક્ષા કરે છે, જે ચક્ર કરતાં પણ પ્રકાશમાનને વરૂણના પુત્ર ધારણ કરે છે. આ વરૂણનું છત્ર ગૃહમાં રહેલું છત્ર છે, જેની ઉપર રહેલું શીતળ જળ મેઘની પેઠે વર્ષે છે. આ છત્રથી જુદુ પડેલું ચંદ્ર સરખું જળ, અંધકારને લીધે કોઇ જનને દેખવામાં આવતું નથી. હે માતલિ ! અહીં અદ્ભુત રૂપ જોવા લાયક બહુ પદાર્થ છે, પણ તેથી તારા કાર્યમાં અવરોધ થાય છે, માટે આપણે જઇયે વિલંબ કરવો નહી.

बहून्यद्भुतरूपाणि द्रष्टव्यानीह मातले ।
तव कार्यावरोधस्तु तस्माद्गच्छाव माचिरं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे गुर्जरभाषायामष्टनवतितमोऽध्यायः ॥ ९८ ॥

અધ્યાય ૯૯ મો. પાતાલમાં માતલિ.

नारद उवाच—एतत्तु नागलोकस्य नाभिस्थाने स्थितं पुरं ।
पातालमिति विख्यातं दैत्यदानवसेवितं ॥ १ ॥

નારદજી કહે છે—હે માતલિ ! આ નાગલોકના નાભિસ્થાનને વિષે રહેલું અને દૈત્ય તથા દાનવોએ સેવન કરેલું પાતાળ નામનું પૂર છે, જેને જળના પ્રવાહના યોગથી પ્રાપ્ત થનાર પૃથ્વીમાંના જંગમ પ્રાણી તેમાં પ્રવેશ કરતી વેળાએ ભયે કરી પીડિત થઇ મોટા શબ્દ કરે છે. અહીં જળનું ભોજન કરનાર અસુર નામનો અગ્નિ છે, જે દેવતાઓએ મોટા યત્નથી મર્યાદામાં રાખેલા પોતાના આત્માને જાણે છે. અહીં નાશ પામેલા શત્રુવાળા દેવતા-ઓએ અમૃત પાન કરી રાખેલું છે, એથી ચંદ્રનો ક્ષય તથા વૃદ્ધિ દેખાય છે. અદિતીના પુત્ર હયગ્રીવ પર્વણી પર્વણિને સમયે સુંદર વર્ણવાળી વેદરૂપ વાણીએ કરી, વેદ પાઠીના સ્વરરૂપ વાણીને ઉત્તેજન આપતાં ઉઠે છે, ચંદ્રાદિ જગને સ્રવે છે, માટે આ ઉત્તમ પૂરનું નામ પાતાળ પડયું છે. આ પૂરમાંથી ઐરાવણ જળને લઇને મેઘમાં મૂકે છે, જેને ઇંદ્ર વર્ષાવે છે. જળમાં ફરનાર અનેક રૂપવાન જળજંતુ ચંદ્ર સરખા પ્રકાશમાન જળનું પાન કરતાં તેમાંજ રહે છે. પાતાલ તળના આશ્રયી પ્રાણી સૂર્યનાં કિરણે કરી ભેદાવાથી દિવસના મરણ પામે છે, ને રાત્રિને વિષે ચંદ્રમા ઉદય થતાં કિરણરૂપ ભુજાએ કરી અમૃતનો સ્પર્શ કરીને તેમને સ્પર્શ કરે છે તેથી પાછા જીવતા થાય છે. ધર્મમાં કુશળ, તેથીજ બંધાયલા, કાળે કરી પીડિત તથા ઇંદ્રે જેની સમૃદ્ધિ હરી લીધી છે એવા દૈત્યો અહિં વસે છે. સર્વ ભૂતપ્રાણીના મહા ઇશ્વર ભૂતપતિ મહાદેવજીએ સર્વને સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે પૂર્વે ઉત્તમ તપમાં કરી હતી. અહીં મનુષ્ય લોકમાં વેદ ભણવાથી શરીરમાં કર્ષિત થયેલા તથા જ્યાં ત્યાં શયન કરનું, કોઇ ખવરાવે તો ખાવું અને વસ્ત્ર પહેરાવે તો પહેરવાં, એવા ગૌવ્રતવાળા બ્રાહ્મણો, પોતાના પ્રાણનો ત્યાગ કરી સ્વર્ગને પણ જીતીને વસે છે, અહીં સુપ્રતિક નામના હસ્તિના વંશમાં ઉત્પન્ન થયેલા ઐરાવણ, વામન, કુમુદ તથા અંજન વસે છે. હે માતલિ !

તેમાંપણ ગુણવાન, વર તને રૂચતો હોય તો કહે, કેમકે આપણે મોટા યત્નથી તેની ચાચણી કરીએ. જે દિવસથી પ્રજા ઉત્પન્ન થઇ છે, તે દિવસથી શોભાએ કરી દેદિપ્યમાન આ એક આંડ જળમાં રહેલું છે; જે કોઈ દિવસે ભેદ પામતું નથી તથા ચલાયમાન પણ થતું નથી. મેં તેની કોઇએ કહેલી જાતિ તથા ઉત્પત્તિ કોઇ દિવસે સાંભળી નથી; કેમકે કોઇપણ તેનાં માતા, પિતા અને જાતિ જાણતું નથી. હે માતલિ! પ્રલય સમયે અહીંથી ઉઠેલો અગ્નિ સ્થાવર, જંગમ રૂપ ત્રણ લોકને બાળશે. કણ્વ કહે છે—હે દુર્યોધન! નારદજીનું બોલવું સાંભળીને માતલિએ કહ્યું કે, મને અહીં કોઇ વર રૂચતો નથી, માટે બીજે ઠેકાણે ચાલો, વિલંબ કરો નહિ.

मातलिस्त्वब्रवीच्छ्रुत्वा नारदस्याथ भाषितं ।
न मेऽत्र रोचते कश्चिदन्यतो व्रजमाचिरं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे गुर्जरभाषायामूनशततमोऽध्यायः ॥ ९९ ॥

અધ્યાય ૧૦૦ મો. હિરણ્યપુરમાં માતલિ.

नारद उवाच—हिरण्यपुरमित्येतत् ख्यातं पुरवरं महत् ।
दैत्यानां दानवानां च मायाशतविचारिणां ॥ १ ॥

નારદજી કહે છે—હે માતલિ! સેંકડો માયાએ કરી વિચરનાર દૈત્ય તથા દાનવનું આ સર્વ પૂરમાં શ્રેષ્ઠ મોટું હિરણ્યપુર છે, જેને મય દાનવે થોડા પ્રયત્નથી મને કરીને ઉત્પન્ન કર્યું છે, ને જે પાતાળ તળને વિષે રહેલું છે. આ પૂરમાં હજારો માયા કરનાર, મોટા પરાક્રમવાળા, શૂરવીર તથા પૂર્વે જેને વરદાન મળ્યાં છે એવા દાનવો રહે છે. ઇંદ્ર, યમ, વરૂણ તથા કુબેરાદિ કોઇ આમને વશ કરવા સમર્થ નથી. વળી મોટી દાઢવાળા, ભયંકર વેગવાન, વાયુના વેગ સરખા પરાક્રમી તથા માયારૂપ પરાક્રમે યુક્ત કાળખંજ, વિષ્ણુના પાદથી ઉત્પન્ન થયેલા નૈરૂત્ય યાતુધાન તથા બ્રહ્માના પાદથી ઉત્પન્ન થયેલા કેટલાએક અસુરો પણ અહિં રહે છે. વળી અહીં યુદ્ધમાં દુર્મદ નિવાત કવચો રહે છે, જેને ઇંદ્ર પણ બાધ કરવા સમર્થ થયો નહી, ને પુત્ર સહિત તે તથા પુત્ર સહિત તું સૌ ભાગ્યા હતા તે તારા જાણવામાં છે. હે માતલિ! અસુરોને પ્રાપ્ત થયેલાં વિધિયુક્ત કર્મવાળાં સુવર્ણ તથા રૂપાનાં ઘરો છે તે તું જો. વૈદૂર્યમણિ જડિત હોવાથી વિચિત્ર, પ્રવાળ જડવાથી રૂચિકારક, સ્ફટિકમણિ જડવાથી શુભ્ર તથા વજ્રસારમણિ જડવાથી ઉજ્વળ છે, તોપણ પદ્મરાગ મણિ, પાષાણ અને કાષ્ઠનાં ગૃહો જેવાં શોભે છે. મણિના સમૂહે કરી વિચિત્ર, ઉંચાં તથા ગહન એવાં તે, સૂર્ય અને દીપ્યમાન અગ્નિ સરખાં શોભે છે, જે ગુણવાનની શોભા તથા કીંમત કહી શકાય તેમ નથી. પોતાની ઇચ્છા પ્રમાણે વિચરનાર અસુરોનાં આ ક્રીડા કરવાનાં સ્થાન, અમૂલ્ય રત્નમય વાસણ, આસન, મેઘ સરખા વર્ણવાળા પર્વતો, જળનાં ઝરણ તથા ઇચ્છિત પુષ્પ અને ફળવાળાં વૃક્ષો છે તે તું જો. હે માતલિ! અહીં તને કોઇ વર ધ્યાનમાં આવે છે? નહી તો તારી ઇચ્છા હોય તો પૃથ્વીની બીજી દિશા પ્રત્યે જઇએ. નારદનાં વચન સાંભળીને માતલિ બોલ્યો કે હે દેવર્ષિ! મારે દેવતાઓનું અપ્રિય કરવું નહી, કેમકે

તે તથા દૈત્યો પરસ્પર ભાઇયો છે, પણ દૈત્ય નિત્ય વૈરવાળા છે, માટે શત્રુના પક્ષમાં સંબંધ કરવો એ હું કેમ પસંદ કરીશ ? વાસ્તે હે શ્રેષ્ઠ ! આપણે બીજે ક્યાંહિ વર જોવા સારૂ જઇયે, હું દાનવોને જોવા યોગ્ય નથી, કેમકે તેઓ હિંસાત્માવાનનું ઇચ્છિત તથા તમારા અહિંસાવાન આત્માને જાણું છું.

अन्यत्र साधुगच्छाव द्रष्टुं नार्हामि दानवान् ।
जानामि तव चात्मानं हिंसात्माकमनं तथा ॥

इतिश्री महाभारते उद्योगपर्वाणि भगवद्यानपर्वाणि मातलिवरान्वेषणे गुर्जरभाषायां शततमोऽध्यायः ॥ १०० ॥

અધ્યાય ૧૦૧ મો. સુપર્ણ દેશમાં માતલિ.

नारद उवाच—अयं लोकः सुपर्णानां पक्षिणां पन्नगाशिनां ।
विक्रमेगमने भारे नैषामस्ति परिश्रमः ॥ १ ॥

નારદજી કહે છે—હે માતલિ ! સર્પનું ભોજન કરનાર ગરૂડપક્ષિનો આ લોક છે, જેમને પરાક્રમ, ગમન તથા ભાર ઉચકવામાં શ્રમ થતો નથી. હે સારથિ ! વિનતા પુત્રના સુમુખ, સુનામા, સુનેત્ર, સુવર્ચસ, સુરૂચ તથા સુબલ નામના ૭ પુત્રોએ આ કુળને વૃદ્ધિ પમાડ્યું છે. પ્રકૃષ્ટ ગતિએ કરી વિનતાના કુળને વિસ્તાર કરનાર તે ૭ જણાએ વૃદ્ધિ પમાડેલાં ગરૂડનાં કુળ સેંકડો તથા હજારો થયાં છે, જેથી કશ્યપનો વંશ વિસ્તાર પામ્યો છે. કશ્યપના વંશમાં તે સર્વ સમૃદ્ધિવાળા, વિષ્ણુ સરખા લક્ષણવાળા, સમૃદ્ધિની ઇચ્છાવાળા, મહા બળને ધારણ કરનાર, ક્ષત્રિય સરખા કર્મવાળા, દયા રહિત, સર્પનું ભોજન કરનાર તથા જે પોતાની જ્ઞાતિનો ક્ષય કરવાથી બ્રાહ્મણપણાને પામતા નથી એવા તેઓમાંના મુખ્યનાં નામ કહું તે સાંભળ. સુવર્ણચૂડ, નાગાશી, દારૂણ, ચંડતુંડક, અનિલ, અનલ, વિશાલાક્ષ, કુંડલી, પંકજીત, વજ્રવિષ્કંભ, વૈનતેય, વામન, વાતવેગ દિશાચક્ષુ, નિમેષ, અનિમિત્ર, ત્રિરાવ, સપ્તરાવ, વાલ્મીકિ, દ્વીપક, દૈત્યદ્વીપ, સરિદ્દ્વીપ, સારસ, પદ્મકેતન, સુમુખ, ચિત્રકેતુ, ચિત્રબર્હ, અનઘ, મેષહૃત, કુમુદ, દક્ષ, સર્પાંત. સોમભોજન, ગુરૂભાર, કપોત, સૂર્યનેત્ર, ચિરાંતક, વિષ્ણુધર્મા, કુમાર, પરિબર્હ, હરિ, સુસ્વર, મધુપર્ક, હેમવર્ણ, માલય, માતરિશ્વા, નિશાકર તથા દિવાકર એ સૌ મુખ્ય છે તે તને બતાવ્યા. જેમના હૃદયમાં દૈવત, પરાયણતા તથા ગતિરૂપ વિષ્ણુજ છે. હે માતલિ ! જો તને અહીં કંઇ પણ રૂચિ ન થતી હોય, તો જ્યાં તું ઇચ્છિત વરને પામીશ એવા દેશ પ્રત્યે આવ, મારી સાથે હું તને લઇ જઇશ.

यद्यत्र नरुचिः काचिदेहि गच्छाव मातले ।
तं नयिष्यामि देशांत्वां वरं यत्रोपलप्स्यसे ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे गुर्जरभाषायामेकाधिकशततमोऽध्यायः ॥ १०१ ॥

અધ્યાય ૧૦૨ જો. રસાતળમાં વરની શોધ.

नारद उवाच—इदं रसातलं नाम सप्तमं पृथिवीतलं ।
यत्रास्ते सुरभिर्माता गवाम्बामृतसंभवा ॥ १ ॥

નારદજી કહે છે–હે માતલિ ! આ રસાતળ નામે પૃથ્વીનું સાતમું તળ છે, જ્યાં ગાયોની માતા અમૃતથી ઉત્પન્ન થયેલી સુરભિ રહે છે; જે નિરંતર પૃથ્વીમાંના છ રસના સારરૂપ ઉત્તમ એવા એક રસરૂપ દૂધને સ્રવે છે. એ સુરભિ પૂર્વે અમૃતનું પાન કરી તૃપ્ત થયેલા બ્રહ્મા તેમના મુખમાંથી તેનો સાર કાઢતા હતા, તેવામાં તેથી ઉત્પન્ન થઈ છે, જેની દૂધની ધારા પૃથ્વી વિષે પડી તેથી ક્ષીર સમુદ્રરૂપ એક પવિત્ર હ્રદ થયો છે. તે હ્રદ જેમ સપુષ્પ વૃક્ષ શોભે, તેમ કિનારા વિષે ફીણથી વિંટાયલો હોવાથી શોભે છે. જેને ઋષિયો પ્રીતિથી જુવે છે, તેથી તેઓનાં નામ ફેનપા પડયાં છે. ફેનપા નામના ઋષિ આહાર પણ તેનોજ કરીને ઉગ્ર તપશ્ચર્યા કરે છે. જેથી દેવતાઓ ભય પામે છે. એ સુરભિની બીજી ચાર ગાયો સર્વ દિશામાં તેમનું પાલન તથા ધારણ કરતી રહી છે, તે આવી રીતે કે, સુરભિની પુત્રી સુરૂપા નામની ગાય પૂર્વ દિશાને ધારણ કરે છે, હંસિકા નામની ગાય દક્ષિણ દિશાને ધારણ કરે છે, મોટા અનુભવવાળી તથા વિશ્વરૂપ સુભદ્રા નામની ગાય પશ્ચિમ દિશાને ધારણ કરે છે, અને સર્વકામદુધા નામની ગાય ધર્મરૂપ તથા બિલ છે, નામ જેનું એવી ઉત્તર દિશાને ધારણ કરે છે. એ સર્વ ગાયોનાં દૂધ મિશ્રિત હોવાથી ક્ષીર સમુદ્ર થયો છે; જેનું દૈત્યો સહિત દેવતાઓએ મંદરાચળ પર્વતને મંથન કરી મંથન કર્યું હતું. ત્યારે તેમાંથી વારૂણી લક્ષ્મી, અમૃત, ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ તથા કૌસ્તુભમણિ ઉત્પન્ન થયાં હતાં. એ સુરભી અન્નનું ભોજન કરનાર વાસ્તે અન્નરૂપ, પિતરના ભોજનના પદાર્થરૂપ તથા અમૃતરૂપ દૂધને સ્રવે છે. હે માતલિ ! રસાતળમાં રહેનારાઓએ પૂર્વે એક ગાથા ગાઇ છે તે પુરાણમાંથી સંભળાય છે; જેને અદ્યાપિ બુદ્ધિમાન પુરૂષો ગાય છે, તે આવી રીતે છે કે જેવો રસાતળમાં નિવાસ સુખરૂપ છે તેવા નાગલોકમાં, સ્વર્ગમાં, વિમાનમાં તથા ત્રણ લોકમાં પણ નથી.

न नागलोके न स्वर्गे न विमाने त्रिविष्टपे ।
परिवासः सुखस्तादृक् रसातलतले यथा ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे गुर्जरभाषायां द्व्यधिकशततमोऽध्यायः ॥ १०२ ॥

અધ્યાય ૧૦૩ જો. નાગ કુલ વર્ણન.

नारद उवाच—इयं भोगवती नाम पुरीवासुकिपालिता ।
यादृशी देवराजस्य पुरीवर्यामरावती ॥ १ ॥

નારદજી કહે છે–હે માતલિ ! જેવી દેવતાના રાજા ઇંદ્રની સર્વ કરતાં ઉત્તમ અમરાવતી નામની પૂરી છે તેવી વાસુકિયે પાલન કરેલી ભોગવતી નામે પૂરી છે. આ શેષ નામનો નાગ છે, જે સર્વ લોકમાં મુખ્ય તપશ્ચર્યાએ કરીને પ્રભાવ સહિત એવી પૃથ્વીને સદૈવ ધારણ કરે છે. વળી શેષ સફેદ પર્વત સરખા આકારવાળા દિવ્ય આભરણથી ભૂષિત, મહાન્ ફણા-

વાન, અગ્નિની જ્વાળા સરખી જીહ્વાવાળા તથા મહા બળવાન છે. હે માતલિ ! અહીં નાના પ્રકારના આકારવાળા વિવિધ પ્રકારના આભૂષણવાળા તથા વ્યથા વગરના સુરસાના પુત્ર નાગ રહે છે. તેમાં કેટલાક મણિ, સ્વસ્તિક, ચક્ર તથા કમંડલુના ચિન્હવાળા છે, તે સૌ મહા બળવાન તથા ભયંકર સ્વભાવવાળા છે. વળી તે કેટલાક નાગ હજાર, પાંચસો, એકસો, ત્રણ, દશ તથા સાત ફણાવાળા છે; જે મોટા ભોગવાળા, સર્પના દેહ સરખી આકૃતિવાળા તથા પર્વત જેવા મોટા દેહવાળા છે. હે સારથિ ! એક કુળમાં ઉત્પન્ન થયેલા એ નાગનાં હજારો કુળ છે, પણ તેમાંના શ્રેષ્ઠ નાગનાં નામ કહું તે સાંભળો. વાસુકિ, તક્ષક, કર્કોટક, ધનંજય, કાલીય, નહુષ, કંબલ, અશ્વતર, બાહ્યકુંડ, મણિ, નાગ, પૂરણ, ખગ, વામન, એલપત્ર, કુકુર, કુકુણ, આર્યક, નંદક, કલશ, પોતક, કૈલાસક, પિંજરક, ઐરાવત, સુમનોમુખ, દધિમુખ, શંખ, નંદ, ઉપનંદક, આપ્ત, કોટરક, શિખિ, નિષ્ઠુરીક, તિત્તિરી, હસ્તિભદ્ર, કુમુદ, માલ્યપિંડક, બેપદ્મ, પુંડરીક, પુષ્પ, મુદ્ગરપર્ણક, કરવીર, પીઠરક, સંવૃત્ત, વૃત્ત, પિંડાર, બિલ્વપત્ર, મૂષિકાદ, શિરીષક, દિલીપ, શંખશીર્ષ, જ્યોતિષ્ક, પરાજીત, કૌરવ્ય, ધૃતરાષ્ટ્ર, કુહુર, કૃશક, વિરજા ધારણ, સુબાહુ, મુખર, જય, બધિર, અંધ, વિશુંડી, વિરસ તથા સુરસ ઇત્યાદિ બીજા પણ અનેક કશ્યપના વંશમાંના નાગ છે તેમને તું જો. તેમાંથી કોઇ વર તને પસંદ આવે છે. કણ્વ કહે છે–હે દુર્યોધન ! માતલિયે સર્વ નાગમાંથી એક નાગને જોઇ પ્રસન્ન થઇ નારદજીને કહ્યું કે હે નારદજી ! કૌરવ્ય તથા આર્યકની પાસે ઉભેલો તેજસ્વી અને એવા લાયક સ્વરૂપવાન આ નાગ લોકોના કુળને આનંદનો આપનાર છે, એનાં માતા તથા પિતા કોણ છે ? એ ક્યા નાગનો પુત્ર છે ? ને કોના વંશનો એ ધ્વજા રૂપ છે ? હે નારદજી ! ઉત્તમ આચરણ ધૈર્યરૂપ તથા અવસ્થાએ કરી યુક્ત એવો ગુણકેશીને લાયક વર છે એમ મારૂં મન માને છે. હે દુર્યોધન ! નારદજી માતલિનું મુખ જોઇ પ્રસન્ન છે એમ માનીને, તેને નાગનું માહાત્મ્ય, જન્મ તથા કર્મ કહેવા લાગ્યા. હે માતલિ ! ઐરાવત નાગના કુળમાં ઉત્પન્ન થયેલો આર્યકનો પૌત્ર, વામનનો દૌહિત્ર તથા થોડા દિવસ થયાં ગરૂડે નાશ કરેલા ચિકુરનો પુત્ર સુમુખ નામનો એ નાગ છે. નારદજીનાં વચન સાંભળી પ્રસન્ન મનવાળા માતલિયે કહ્યું કે, હે પિતારૂપ નારદજી ! સર્પમાં ઉત્તમ એવો એ સુમુખ નાગ મારો જમાઇ થાય માટે હે મુનિ ! એને પ્રિય એવી મારી પુત્રી આપવા હું ખુશી છું; વાસ્તે એ કામમાં તમે યત્ન કરો.

क्रियतामत्र यत्नो वै प्रीतिमानस्म्यनेन वै ।
अस्मैनागाय वै दातुं प्रियांदुहितरं मुने ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे गुर्जरभाषायां त्र्यधिकशततमोऽध्यायः ॥ १०२ ॥

અધ્યાય ૧૦૪ થો. ગુણકેશીનાં લગ્ન.

नारद उवाच—सूतोयं मातलिर्नाम शक्रस्य दयितः सुहृत् ।
शुचिः शीलगुणोपेतस्तेजस्वीवीर्यवान्बली ॥ १ ॥

નારદજી કહે છે—હે આર્યકનાગ ! ઇંદ્રનો પ્રિય સ્નેહી, પવિત્ર, શીયળરૂપ ગુણેયુક્ત, તેજસ્વી, વીર્યવાન તથા બળવાન, આ માતલિ નામે સારથિ છે. ઇંદ્રનો સખા, મંત્રિ તથા સારથિ આ માતલિ સર્વ યુદ્ધમાં તેના પરાક્રમ કરતાં થોડાજ અંતરવાળો છે. માતલિ સુર તથા અસુરોના યુદ્ધને વિષે ઇંદ્રના રથના હજાર અશ્વને મને કરી નિયમમાં રાખે છે. જ્યારે શત્રુ સામે ઇંદ્ર યુદ્ધ કરે છે, ત્યારે પ્રથમ માતલિયે અશ્વે કરી જીતેલા શત્રુને તે પોતાની ભુજાએ કરી જીતે છે. રથના વેગરૂપી પ્રહાર કર્યા પછી પ્રહાર પણ કરે છે. એની શ્રેષ્ઠ, રૂપે કરી જેના સરખી પૃથ્વીમાં બીજી કોઈ પણ સ્ત્રી નથી એવી અને સત્યતા તથા શીયળાદિ ગુણેયુક્ત ગુણકેશી નામની કન્યા છે તેને માટે વર સારૂ ત્રણલોકમાં ફરતા એવા માતલિને, તમારો પૌત્ર સુમુખ લાયક પતિ છે. હે ભુજગોત્તમ ! જો તમને એ સંબંધ કરવો રૂચતો હોય, તો તમે કન્યા સ્વીકાર કરવાની બુદ્ધિ કરો, વિલંબ કરો નહી. જેમ વિષ્ણુના કુળમાં લક્ષ્મી તથા અગ્નિના કુળમાં સ્વાહા છે, તેમ તમારા કુળમાં શ્રેષ્ઠ દેહવાળી ગુણકેશી વહુરૂપે થાઓ. જેમ ઇંદ્રને લાયક શચી છે, તેમ તમારા પૌત્ર સુમુખને લાયક ગુણકેશી છે; માટે તમે પૌત્ર સારૂ તે કન્યાને ગ્રહણ કરો. હે આર્યક ! તમારો પૌત્ર સુમુખ પિતા વગરનો છે તોપણ અમે તમારા તથા ઐરાવતના નામને લીધે તેનું માગું કરીયે છીયે. તમારા પૌત્રમાં શીયળ, પવિત્રતા તથા દમાદિ ગુણ છે, માટેજ આ માતલિ પોતે પોતાની કન્યા આપવા તૈયાર થયો છે; વાસ્તે માતલિ તમારૂં અને તમે તેનું સન્માન કરવા યોગ્ય છો. કણ્વ કહે છે—હે દુર્યોધન ! આ પ્રમાણે નારદજીએ સુમુખની માગણી કરી અને પોતાનો પુત્ર નાશ પામ્યો છે તેથી દીન થયેલો તથા કિંચિત હર્ષિત થયેલો આર્યક, ગુણકેશીને વહુરૂપે કેમ ગ્રહણ કરૂં ? એમ કહેતાં કહેવા લાગ્યો કે, હે મહર્ષિ ! તમારાં વાક્ય મને બહુ માન્ય થતાં નથી. ઇંદ્રનો સખા માતલિ સંબંધી થાય એમ કોને ઇચ્છા ન હોય ? પણ કારણને લીધે દુર્બળ હોવાથી હું વિચારમાં પડી ગયો છું. હે મોટા તેજસ્વી નારદજી ! મારા પૌત્ર સુમુખનો પિતા ચિકુર મરણ પામ્યો છે, તેથી અમે દુઃખે કરી પીડિત છીયે. ગરૂડે ચિકુરને ભક્ષ કર્યો ને જતી વેળા કહ્યું કે, હું આવતા બીજા માસમાં સુમુખને પણ ભક્ષ કરીશ એમ કહ્યું છે અને હે મુનિ ! તે પ્રમાણે અવશ્ય થશે, કેમકે હું ગરૂડનો નિશ્ચય જાણું છું; વાસ્તે તેના કહેવાથી આ કામ કરવામાં મારો હર્ષ ભાગી પડયો છે. કણ્વ કહે છે—હે દુર્યોધન ! આર્યકનાં વચન સાંભળી માતલિયે કહ્યું કે, જો એ પ્રમાણે છે, તો મને એક બુદ્ધિ ઉપજી છે કે, મેં આ તમારા પૌત્રને જમાઇરૂપે માન્યો છે, માટે એ ઇંદ્રને મળવા સારૂ મારી તથા નારદજીની સાથે આવે. હું થોડા કાર્યે કરી એનું આયુષ્ય વધારી આપીશ. ગરૂડના વિનાશ માટે પણ યત્ન કરીશ. વાસ્તે કાર્ય પાર પડે તે સારૂ આ તમારો પૌત્ર સુમુખ મારી સાથે દેવતાના ઇશ ઇંદ્ર પાસે આવે ને તમારૂં કલ્યાણ થાઓ. હે દુર્યોધન ! એ પ્રમાણે કહીને માતલિ તથા નારદજી આર્યક સહિત સુમુખને સાથે લઇ ઇંદ્રની પાસે ગયા. તેઓએ બેઠેલા મહા કાંતિમાન તેને જોયો. તે સમયે ત્યાં ચતુર્ભુજ વિષ્ણુ પણ બેઠા હતા. નારદજીએ માતલિની સર્વ હકીકત કહી સંભળાવી. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી વિષ્ણુએ ઇંદ્રને કહ્યું કે, હે ભુવનેશ્વર ઇંદ્ર ! આ સુમુખને અમૃત આપીને દેવતા સરખો કર. માતલિ, નારદજી તથા નાગ મુખ આ તારાથી યથેચ્છ કાર્યને પામો. વિષ્ણુનાં વચન સાંભળી ગરૂડજીના પરાક્રમનું ચિંતન કરીને ઇંદ્રે કહ્યું કે હે વિષ્ણુ ! તમેજ એને અમૃત આપો. વિષ્ણુ બોલ્યા કે, હે ઇંદ્ર ! તું સર્વ લોકનો ઇશ્વર છે ને જેને તેં અમૃત આપ્યું હોય, તેને નાશ કરવા કોણ

સમર્થ છે ! એ પ્રમાણે વિષ્ણુનું બોલવું સાંભળી ઈંદ્રે સુમુખ નાગને આયુષ્ય આપ્યું, પણ અમૃત આપ્યું નહી. હે રાજન્ ! સુમુખ ઈંદ્રથી વરદાન પામ્યો તેથી શ્રેષ્ઠ મુખવાન થયો; ને ગુણકેશીને પરણી તેના સહિત પોતાના ગૃહ પ્રત્યે જવા લાગ્યો. ઇચ્છિત કાર્ય કર્યું હતું જેમણે એવા નારદજી તથા આર્યક નાગ મહા કાંતિમાન દેવતાના રાજા ઈંદ્રની રજા લઇને સ્વસ્થાનકે ગયા.

नारदस्त्वार्यकश्चैव कृतकार्यौ मुदायुतौ ।
अभिजग्मतुरभ्यर्च्य देवराजं महाद्युतिं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे गुर्जरभाषायां चतुरधिकशततमोऽध्यायः ॥ १०४ ॥

અધ્યાય ૧૦૫ મો. ગરૂડનું ઇન્દ્રને ઉપાલંભ.

कण्व उवाच—गरुडस्तत्र शुश्राव यथा वृत्तो महाबलः ।
आयुः प्रदानं शक्रेण कृतं नागस्य भारत ॥ १ ॥

કણ્વ કહે છે—હે ભારત દુર્યોધન ! મહા બળવાન ગરૂડ, ઇંદ્રે સુમુખ નાગને આયુષ્ય આપ્યું તે તથા તેનો વિવાહ થયો એ સર્વ વૃત્તાંત સાંભળી મહા ક્રોધયુક્ત થઇને, પોતાની પાંખથી ઉપજાવેલા વાયુએ કરી સ્વર્ગને રૂંધતો ઇંદ્રની પાસે ગયો ને તેને ઉપદ્રવ કરતાં કહેવા લાગ્યો કે હે મહા સમર્થ ઇંદ્ર ! તેં મારી અવજ્ઞાથી વૃત્તિ નાશ કરી એ શું ! ! યથેચ્છ કર; એમ મને વરદાન આપીને હવે તેથી તું ચલાયમાન થયો ? સર્વ ભૂત પ્રાણીના ઇશ્વર વિધાતા સર્વના નિર્માણ કરનાર છે, તેણે સર્પનું ભક્ષણ કરવું એ અમારી વૃત્તિ કરી છે, તેને તું કેમ નિરવાણ કરે છે ? મેં આ સુમુખ નાગને ભક્ષ કરવાનો નિશ્ચય કર્યો હતો, ને તેનો સમય પણ નિયમિત કરી રાખ્યો હતો. સર્પોએ કરી મારા કુટુંબનું પોષણ કરવું યોગ્ય છે, પણ આ નાગ તારા વરદાનથી અમર થયો, તો હવે હું બીજા નાગની હિંસા કરવા ઇચ્છતો નથી. હે દેવરાજ ! તું પોતાની ઇચ્છા પ્રમાણે વરતનારની પેઠે વર્તે છે માટે હું, મારૂં કુટુંબ તથા મારા ગૃહમાં જે નોકરો છે તે સૌ પ્રાણનો ત્યાગ કરીશું, તેથી પ્રસન્ન થા. હે બળ તથા વૃત્ર નામના અસુરનો નાશ કરનાર ઇંદ્ર ! હું ફરીથી પણ એમજ કરવા લાયક છું. અરે ! ત્રણ લોકનો ઇશ્વર હું તારારૂપ મૃત્યુપણાને પામ્યો. તું છતાં વિષ્ણુ મારા સ્વામિ એ કંઇ હવે કારણ રહ્યું નહી; કેમકે ત્રણલોકનું રાજ્ય તો તારે આધિન છે. હે ઇંદ્ર ! મારી માતા દક્ષની પુત્રી છે, ને મારો પિતા કસ્યપ છે, માટે હું પણ સર્વ લોકના રાજ્ય રૂપ ભારને વહન કરવા ઇચ્છું છું. વળી મારામાં સર્વ ભૂત પ્રાણીથી સહન ન થાય એવું ઘણું બળ છે. મેં પણ દૈત્ય સાથે યુદ્ધ કર્યું ત્યારે મોટું પરાક્રમ કર્યું છે, ને તેમાં શ્રુતશ્રી, શ્રુતસેન, વિવસ્વાન, રોચના મુખ, પ્રશ્રુત તથા કાળકાક્ષ નામના દિતીના પુત્ર દૈત્યોનો નાશ કર્યો છે. વિષ્ણુના રથની ધ્વજારૂપ સ્થાનમાં રહીને હું મોટા યત્નથી ફરૂં છું, ને તારા નાના ભાઇ તેને વહન પણ કરૂં છું. તેથી શું તું મારી અવજ્ઞા કરે છે ? મારા વિના ભાર વહન કરનાર તથા અતિ બળવાન કોણ છે ? હું સૌ કરતાં સર્વ રીતે શ્રેષ્ઠ છું, તોપણ બાંધવ સહિત વિષ્ણુને વહન કરૂં છું. હે ઇંદ્ર ! તેં મને નહી ગણકારીને મારા ભોજનથી ભ્રષ્ટ કર્યો

છે; માટે તારે તથા વિષ્ણુને લીધેજ મારૂં ગૌરવ નાશ પામ્યું છે. અદિતીથી જે ઉત્પન્ન થયા, તે સૌ બળવાન તથા પરાક્રમી છે, પણ તું તો તે સૌ કરતાં પણ અતિ બળવાન છે. હું શ્રમ વગરનો થઈને, તને એક પાંખના અગ્રભાગ ઉપર બેસાડી વહન કરીશ. તું વિચાર કર કે મારા સરખો અહીં બીજો કોણ બળવાન છે?

કણ્વ કહે છે—હે દુર્યોધન ! એ પ્રમાણે ગરૂડે ઈંદ્રને કહેલાં અતિ દારૂણ વચન સાંભળી ચક્ર ધારણ કરનાર વિષ્ણુ, નહી ક્ષોભ પામનાર તેને ક્ષોભ પમાડતાં કહેવા લાગ્યા કે, હે ગરૂડ ! તું અતિ દુર્બળ પોતાના દેહને અત્યંત બળવાન માને છે. હે અંડજ ! અમારી સમક્ષ પોતાના આત્માનું વખાણ કરવું ઠીક નથી. ત્રણલોક પણ મારા દેહને વહન કરવા અશક્ત છે, હું મારા આત્માએ કરી આત્મારૂપ એવું આ ત્રણ લોક તથા તને પણ ધારણ કરૂં છું. તું મારી એક ભુજાને વહન કર, ને જો તેમ કરી શકીશ, તો તારૂં બોલવું સફળ થશે. હે દુર્યોધન ! એ પ્રમાણે કહીને વિષ્ણુએ પોતાનો જમણો હાથ ગરૂડની કાંધ ઉપર મૂક્યો, તેના ભારે કરી પીડિત, વિહ્વલ તથા ચેતન રહિત થયેલો તે પડી ગયો, તેણે પર્વત સહિત સર્વ પૃથ્વી સરખો ભાર આ એક ભુજામાં છે એમ માન્યું. હે દુર્યોધન ! મહા બળવાનમાં શ્રેષ્ઠ વિષ્ણુએ બળે કરી ગરૂડને પીડિત કર્યો નહી, અને તેનું જીવિત પણ નાશ કર્યું નહી. પછી ભારથી પીડા પામેલા, મોં ખુલ્લું થઇ ગયું હતું જેનું એવા, શરીર શીથળ થયું હતું જેનું એવા, ચેતન વગરના તથા વિહ્વળતાને પામેલા ગરૂડે પોતાની પાંખો પસારી વિષ્ણુને પગે લાગી થોડાંક વચન કહ્યા કે, હે મહા સમર્થ વિષ્ણુ ! સર્વ લોકમય તમારા શરીરમાંનો એક ભુજ તમે પોતાની મેળે મારા ખભા ઉપર મૂક્યો તેથી હું પૃથ્વી ઉપર દબાઉં છું માટે વિહ્વલ, અલ્પ ચેતનવાળા, તમારા બળરૂપ અગ્નિથી બળેલો તથા તમારા રથની ધ્વજામાં રહેનાર જે હું તેનો અપરાધ તમે ક્ષમા કરવા યોગ્ય છો. હે દેવ ! હે સમર્થ ! મેં તમારૂં અતિ ઉત્તમ બળ જાણ્યું, હવે બીજાઓના સરખું મારા દેહમાં બળ નથી એમ પણ હું માનું છું. ગરૂડનાં વચન સાંભળી વિષ્ણુએ, તેની ઉપર કૃપા કરતાં ફરીથી આમ કરીશ નહિ એમ કહી તેને મૂકી દીધો. હે રાજેંદ્ર ! હે દુર્યોધન ! તે દિવસે વિષ્ણુએ પોતાના ચરણના અંગુઠાએ કરી સુમુખને ગરૂડના ઉરસ્થળ ઉપર ફેંક્યો, તે રોજથી તે તેના સહિત વર્તે છે. હે દુર્યોધન ! એ પ્રમાણે મહા બળવાન તથા મોટા યશવાળો વિનતાનો પુત્ર ગરૂડ વિષ્ણુ બળે કરી પીડા પામ્યો, તેથી તેનો ગર્વ નાશ પામ્યો, તેમજ હે ગાંધારીના પુત્ર દુર્યોધન ! તું પણ જ્યાં સુધી યુદ્ધમાં મહા શૂરવીર પાંડુ રાજાના પુત્ર પાંડવોને મળ્યો નથી, ત્યાં સુધી જીવે છે. પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ મહા બળવાન વાયુ પુત્ર ભીમસેન તથા ઈંદ્ર પુત્ર ધનંજય અર્જુન, યુદ્ધમાં કોને નાશ ન કરે? વિષ્ણુ, વાયુ, ઈંદ્ર, ધર્મ તથા બે અશ્વિનિકુમારરૂપ શ્રીકૃષ્ણ, ભીમસેન, અર્જુન, યુધિષ્ઠિર, અને નકુળ સહદેવ છે, માટે દેવતાઓ સરખા તેમની સામે જોવાને તું શું સમર્થ છે? વાસ્તે હે નૃપાત્મજ ! હવે તારે પાંડવો સાથે વિરોધ કરવો નહિ, ને તું શમતાને પામ. કારણ તીર્થરૂપ વાસુદેવ ભગવાનનાં વાક્યને માન્ય કરી પોતાના કુળની રક્ષા કરવા યોગ્ય તું જે દિવસે વિષ્ણુએ ગરૂડને ગર્વ વગરનો કર્યો તે દિવસે તેનું સર્વ માહાત્મ્ય નારદજીએ પ્રત્યક્ષ જોયું માટે તે જ ચક્ર તથા ગદા ધરનાર આ શ્રીકૃષ્ણ છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે કણ્વ ઋષિયે વચન કહ્યાં તે સાંભળી દુર્યોધન, ભ્રકુટી ચઢાવી મોટા નિશ્વાસ મૂકતાં કર્ણ સામું જોઇ હસવા લાગ્યો. દુષ્ટ મતિવાળા દુર્યોધને કણ્વનાં વાક્યને નહી ગણકારતાં હસ્તિની સુંઢ સરખો પોતાનો ઉરૂ ઠોકી

તેને કહ્યું કે હે મહર્ષિ! જેવી રીતે ઇશ્વરે મને ઉપજાવેલો છે, તેવી રીતે હું વર્તીશ ને જે આવી તથા જેવી મારી ગતિ થવાની હશે તે થશે પણ આ તમારો પ્રલાપ શું કરનાર છે?

यथैवेश्वरसृष्टोस्मि यद्भावि या च मे गतिः ।
तथा महर्षे वर्तामि किं प्रलापः करिष्यति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि मातलिवरान्वेषणे गुर्जरभाषायां पंचाधिकशततमोऽध्यायः ॥ १०५ ॥

અધ્યાય ૧૦૬ ઠ્ઠો. ગાલવ ને વિશ્વામિત્ર.

जनमेजय उवाच—अनर्थे जातनिर्बंधं परार्थे लोभमोहितं ।
अनार्येकण्वाभिरतं मरणे कृतनिश्चयं ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન! અનર્થને વિષે ઉત્પન્ન થયો છે નિર્બંધ જેને એવા પરદ્રવ્યના લોભથી મોહિત, અસત્પુરૂષમાં પ્રીતિમાન, મરવાને વિષેજ નિશ્ચયવાળા, પોતાના જ્ઞાતિ જનને દુઃખ ઉપજાવનાર, બંધુઓને શોક વધારનાર, સુહૃજ્જનને ક્લેશ આપનાર, શત્રુને હર્ષ વધારનાર તથા અવળા માર્ગમાં વર્તનાર દુર્યોધનને, સ્નેહ ભાવથી તેના સંબંધિયોએ અથવા પરમ સ્નેહવાળા મહા સમર્થ પિતામહરૂપ વ્યાસજીએ કેમ ન વાર્યો? વૈશંપાયન કહે છે—હે જનમેજય! ભગવાને તથા ભીષ્મે દુર્યોધનને કહેવા યોગ્ય વચન કહ્યાં છે, તે કહું તે તું સાંભળ. નારદજી કહે છે—હે દુર્યોધન! શ્રવણ કરનાર તથા હિત એવો સ્નેહી પુરૂષ દુર્લભ છે, ને જે મહા સંકટ વેળાએ આવી ઉભો રહે છે, તે વેળા બાંધવ પણ ઉભો રહેતો નથી. હે કુરૂનંદન! તારે સ્નેહિયોનાં વાક્ય માનવા યોગ્ય છે. એમ હું માનું છું. પણ મમત કરવો નહીં; કેમકે તે નાશકારક છે. આ પ્રસંગે ગાલવનો પરાજય થયો છે એ એક પૂર્વનો ઇતિહાસ કહું તે તું સાંભળ. હે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન! પૂર્વે તપ કરતા એવા વિશ્વામિત્ર કેવા દૃઢ તપવાન છે તે જાણવા સારૂ સાક્ષાત ધર્મ સપ્ત ઋષિયોમાંના વસિષ્ઠથી જુદું પણ તેનુંજ સ્વરૂપ ધારણ કરી ક્ષુધાયુક્ત તથા ભોજન કરવાની ઇચ્છાવાળા થઇ તેના આશ્રમે ગયા. ત્યારે તેને જોઇને અતિભ્રાંત થયેલા વિશ્વામિત્રે ભોજન કરાવવા સારૂ મોટા યત્નથી ઉત્તમ અન્નનો ચરૂ અગ્નિ ઉપર ચઢાવ્યો, પણ તે અન્ન સિદ્ધ થાય ત્યાં સુધી થોભ્યા નહીં ને બીજા તપસ્વિયોએ આપેલાં અન્નનું ભોજન કર્યું. તેટલામાં વિશ્વામિત્ર તૈયાર થયેલા અતિ ઉષ્ણ અન્નને લઇ તેની પાસે આવ્યા. તે જોઇને ભોજન કર્યું તે હવે પાછો આવું ત્યાં સુધી ઉભા રહો એમ કહી ચાલી નિકળ્યા. હવે મહા કાંતિમાન, સ્થિર વ્રતવાન તથા વાયુનું ભોજન કરનાર વિશ્વામિત્ર તેની વાટ જોતાં વૃક્ષની પેઠે સ્થિર થઇ પોતાના આશ્રમની પાસે ઉભા રહ્યા; ત્યારે ગાલવ મુનિ ગૌરવવાન તથા થોડપૂર્ણ વિશ્વામિત્રનું પ્રિય કરવા સારૂ તેની શુશ્રુષા કરવા લાગ્યા. પછી જ્યારે અન્ન લઇ ઉભેલા વિશ્વામિત્રને સો વર્ષ પૂર્ણ થયાં, ત્યારે વળી પાછા ધર્મ ભોજન કરવાની ઇચ્છાથી વસિષ્ઠનો વેશ ધારણ કરી તેની પાસે આવ્યા. તે સમયે તેણે વાયુ ભક્ષણ કરતા ઉભેલા મહા બુદ્ધિમાન વિશ્વામિત્રના મસ્તક ઉપર રહેલા ભાતના પાત્રને જોયું. પછી તરત તૈયાર થયેલા તાજા ઉષ્ણ ભાતને ગ્રહણ કરી તેનું ભોજન કરીને ધર્મે વિશ્વામિત્રને કહ્યું કે હે બ્રહ્મર્ષિ! હું

પ્રસન્ન થયો, ને હવેથી તમે ક્ષત્રિયપણાથી મુકાઇ બ્રાહ્મણપણાને પામશો. હે દુર્યોધન ! ધર્મ એ પ્રમાણે વિશ્વામિત્રને કહીને ગયા પછી વિશ્વામિત્ર પણ ધર્મના કહેવાથી ક્ષત્રિયપણાથી મુક્ત થઇ બ્રાહ્મણપણાને પામ્યા, અને અતિ પ્રસન્ન થયા. હવે શિષ્યરૂપે તપશ્ચર્યા કરનાર ગાલવ મુનિયે કરેલી સેવા તથા તેની પરમ ભક્તિએ કરી પ્રસન્ન થયેલા વિશ્વામિત્ર ઋષિયે તેને કહ્યું કે, હે ગાલવ ! હું તને આજ્ઞા આપું છું કે તું તારી ઇચ્છા પ્રમાણે જા. એ પ્રમાણે વિશ્વામિત્રે કહ્યું, ત્યારે મધુર એવી તેમની વાણીએ કરી પ્રસન્ન થયેલા ગાલવ મુનિયે કહ્યું કે-હે મહર્ષિ ! આજ મારૂં બ્રહ્મચર્ય વ્રત પૂર્ણ થયું, માટે તે નિમિત્ત ગુરૂ એવા તમને હું શું દક્ષિણા આપું ? કારણ તેથી મારૂં કર્મ સિદ્ધ થાય ને આપનાર મોક્ષરૂપ ફળને પામે માટે હું શું લઇ આવું ? તે મહા સમર્થ મુનિ તમે મને કહો. એ પ્રમાણે ગાલવનાં વચન સાંભળી દક્ષિણા આપવાથી કર્મ સિદ્ધ થાય છે એમ જાણનાર તથા તેણે કરેલી શુશ્રુષાયે કરી પ્રસન્ન થયેલા વિશ્વામિત્રે તું જા, જા, એમ વારંવાર તેને કહ્યુ, તોપણ ગાલવ, 'હું તમને શું આપું' એમ વારંવાર બોલવા લાગ્યો; ને તેને એ બાબત ઘણો મમત થયો. ત્યારે કંઇ એક ક્રોધ પ્રાપ્ત થયેલા વિશ્વામિત્રે તેને કહ્યું કે, હે ગાલવ ! તું એક બાજુથી શ્યામ કર્ણવાળા તથા ચંદ્ર સરખા તેજવાળા આઠસો અશ્વ મને આપ, લે જા, વિલંબ કર નહિ.

एकत: श्यामकर्णानां हयानां चंद्रवर्चसां ।
अष्टौ शतानि मे देहि गच्छ गालव माचिरं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां षडधिकशततमोऽध्यायः ॥ १०६ ॥

અધ્યાય ૧૦૭ મો. ગાલવનું ચરિત્ર.

नारद उवाच—एवमुक्तस्तदा तेन विश्वामित्रेण धीमता ।
नास्ते न शेते नाहारं कुरुते गालवस्तदा ॥ १ ॥

નારદજી કહે છે—હે દુર્યોધન ! જ્યારે મહા બુદ્ધિમાન વિશ્વામિત્રે એ પ્રમાણે કહ્યું ત્યારે ગાલવ મુનિ સ્થિર થઇ બેસતા પણ ન હતા, શયન પણ કરતા ન હતા તથા આહાર કરતા ન હતા. ચિંતા તથા શોકમાં આવી પડેલા અને દીનતા રૂપ અગ્નિએ કરી બળતા ગાલવ મુનિનો દેહ ત્વચા તથા અસ્થિરૂપ પાંડુ વર્ણ થઇ ગયો ને દુઃખથી પરમ દુઃખી થયેલા તે આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યા કે, અરે ! મને ધનવાન મિત્ર, દ્રવ્ય ભંડાર અથવા ચંદ્ર સરખા સફેદ વર્ણવાળા આઠસો અશ્વ કયાંથી મળે ? જીવતા લગી મને ભોજનમાં તથા સુખમાં શ્રદ્ધા કયાંથી ? હવે મારે જીવીનેશું કરવું ? અરે હું સમુદ્ર અથવા પૃથ્વીની પાર જઇને મારો દેહ ત્યાગ કરીશ. કેમકે હવે મને જીવવાથી કંઇ ફળ નથી, કારણ અધન, અકૃતાર્થ, સત્કર્મનાં અનેક ફળ ત્યાગ કરેલા તથા ઋણ વેઠતા એવા પુરૂષને ઉદ્યમ વગર સુખ કયાંથી હોય. અરે જે મનુષ્ય સ્નેહી જનનું દ્રવ્ય ખાઇ 'હું તમને ઇચ્છિત આપીશ' એમ કહી વિશ્વાસ ઉપજાવી તેમ કરી પ્રતિ ઉપકાર કરી શકતા નથી તેને જીવવા કરતાં મરવું એ ઘણું સારૂં છે. અરે જે મનુષ્ય કોઇને પણ હું તમારૂં અમુક કામ એ તે કરીશ, એમ કહીને નથી કરતો તેનાં કરાવેલાં વાવ તથા ધર્મશાળાદિ સત્કર્મજન્ય

કુળ પણ નાશ પામે છે. અરે ખોટું ભાષણ કરનાર મનુષ્યને રૂપ, સંતતિ તથા આધિપત્ય મળતાં નથી, ત્યારે શ્રેષ્ઠ ગતિ તો ક્યાંથીજ હોય ? વળી કૃતઘ્ન પુરૂષને યશસ્થાન તથા સુખ પણ ક્યાંથી હોય ? તેનામાં કોઇને વિશ્વાસ પણ રહેજ નહી તથા તેને શાંતિ પણ ક્યાંથી મળે નહી. અધન પાપી પુરૂષ ઘણો કાળ જીવે નહી ત્યારે પોતાના કુટુંબનું પોષણ ક્યાંથી કરે; ને કરેલા કાર્યનો નાશ કરતાં અવશ્ય પોતે નાશ પામે છે. પાપી, કૃતઘ્ન, કૃપણ, ખોટું બોલનાર તથા ગુરૂનાં અનેક કાર્ય કર્યાં છે જેણે એવો હું આપેલા વચન પ્રમાણે કરી શકતો નથી, વાસ્તે અધમ ઉપાયે કરી મારા પ્રાણનો ત્યાગ કરીશ ! કારણ મેં પૂર્વે કોઇ દિવસ દેવતાઓની પાસે યાચના કરી નથી, ને તે સૌ યજ્ઞના વિસ્તારમાં મને માને પણ છે. હું દેવતાઓમાં શ્રેષ્ઠ દેવ, ત્રણ ભુવનના ઇશ્વર, સર્વને ગતિરૂપ તથા ગતિમાન પ્રાણિયોથી શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણની પાસે જાઉં; કારણ તેમનાથી અસુર તથા સુરના ભોગ મનુષ્યને મળ્યા છે. હું નમ્રતાવાન થઇને યોગીરૂપ અવિનાશી શ્રીકૃષ્ણને મળવાની ઇચ્છા રાખું છું. હે દુર્યોધન ! એ પ્રમાણે વિલાપ કરતાં ગાલવે કહ્યું, ત્યારે વિનતાના પુત્ર ગરૂડે પાસે આવી પોતાનું સ્વરૂપ દેખાડ્યું ને તેને પ્રસન્ન કરવાની ઇચ્છાથી હર્ષ પામી કહ્યું કે હે ગાલવ ! સ્નેહીમાં માનીતા તમે મારા સ્નેહી છો, માટે મને જો વૈભવ હોય, તો મારે તમને ઇચ્છિત પદાર્થ પ્રાપ્ત કરાવવા જોઇએ. વાસ્તે હે પ્રિય ! મારી પાસે ઇંદ્રના નાના ભાઇ વિષ્ણુરૂપ વૈભવ છે. જેણે મને કહ્યું છે કે, "હે ગરૂડ ! પૂર્વે ગાલવ મુનિયે મારૂં કાર્ય કરેલ છે, માટે તારે તેનું કાર્ય કરવું." હે ગાલવ ! એ પ્રમાણે વિષ્ણુએ મને જેનું કાર્ય કરવાનું કહ્યું છે એવા તેની પાસે આવો આપણે જઇશું. હું તમને સુખ થશે તેમ લઇ જઇશ: પૃથ્વીના પાર દેશ પ્રત્યે મારી સાથે આવો, વિલંબ કરો નહી.

समवाये तु गच्छाव नयिष्ये त्वां यथासुखं ।
देशं पारं पृथिव्या वा गच्छ गालव माचिरं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां सप्ताधिकशततमोऽध्यायः ॥ १०७ ॥

અધ્યાય ૧૦૮ મો. પૂર્વદિશાનું વર્ણન.

सुपर्ण उवाच—अनुशिष्टोऽस्मि देवेन गालवाज्ञानयोनिना ।
ब्रूहि कामं नु कां यामि द्रष्टुं प्रथमतो दिशं ॥ १ ॥

સુપર્ણ કહે છે—હે ગાલવ ! જ્ઞાનયોગી એવા દેવ વિષ્ણુએ મને આજ્ઞા આપી છે માટે તમે મને સુખેથી કહો કે, હું પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર એ ચાર દિશાઓ છે તેમાંથી પ્રથમ કઇ દિશા જોવા જાઉં ? હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ! સર્વ લોકને પ્રકાશ કરનાર સૂર્ય પ્રથમ જે દિશામાં ઉદય પામે છે તથા સાધ્ય નામના દેવતાઓનું જેવું હોય છે, તે દિશા પૂર્વ કહેવાય છે. વળી જે દિશાને વિષે "પૂર્વ" પ્રથમ સૂર્યની કૃપાથી મનુષ્યને પ્રાતઃસંધ્યા કરવા પર મતિ ઉત્પન્ન થાય છે, જેણે કરી આખું જગત્ વ્યાપ્ત થાય છે, વળી જે દિશાને વિષે યજ્ઞના આજ્યભાગ નામનું કર્મ પ્રવર્તે છે, જે દિશાને વિષે કોઇક કુલદેવો હોય, ફળરૂપે સર્વ દિશાઓમાં પ્રસરે છે. હે દ્વિજશ્રેષ્ઠ ! પૂર્વ દિશા દિવસનું દ્વાર

સર્વ સુખ માર્ગનું દ્વાર છે એમ તમે જાણો. પૂર્વ દિશામાં પુર્વે પ્રથમ દક્ષની કન્યાઓ અદિતિ, દિતિ, દનુ તથા કાષ્ટાદિ લોકરૂપ પ્રજાને પ્રસુત થઇ હતી. કશ્યપના પ્રભાવથી સર્વ દિશામાં વૃદ્ધિ પામી છે, માટેજ સર્વ દેવતાઓને સમૃદ્ધિનું મૂળ આજ દિશા છે, ને આને વિષે તેઓએ ઇંદ્રને રાજ્યઆદીનો અભિષેક કર્યો છે તથા આનેજ પ્રસન્ન કરીને તપશ્ચર્યા કરી છે; વાસ્તે પૂર્વ દિશા એવું નામ નામ કહેવાય છે. વળી સુખને ઇચ્છતા પુરૂષ, દેવતા સંબંધી સર્વ કાર્ય આ દિશાને વિષે કરે છે. માટે સર્વ દિશાઓમાં આ દિશાને પૂર્વ દિશા કહે છે. આ દિશાને વિષે સર્વ લોકને ઉત્પન્ન કરનાર બ્રહ્માએ પ્રથમ વેદોનો ઉચ્ચાર કર્યો છે તથા "સવિતા" સૂર્યે વેદવાણી કહી છે ને તે બ્રાહ્મણોમાં સાવિત્રી થઇ છે. હે દ્વિજશ્રેષ્ઠ! આ દિશાને વિષે સૂર્યે યાજ્ઞવલ્કયને યજુર્વેદ આપ્યો છે તથા વરદાન પ્રાપ્ત થયેલો ઇંદ્ર દેવતાઓ સહિત યજ્ઞમાં અમૃતનું પાન કરે છે. આ દિશાને વિષે હુતદ્રવ્યને ભક્ષણ કરનાર અગ્નિ અમૃત, ઘૃત તથા દુધરૂપ જળનું ભોજન કરે છે, અને વરૂણ દેવતા અહીંથી પાતાળના તળનો આશ્રય કરીને સમૃદ્ધિને પામ્યા છે. આ દિશામાં મિત્રાવરૂણના યજ્ઞ સમયે નિમિ રાજાના શાપથી પૂર્વે વસિષ્ઠના સ્થૂળ દેહનો નાશ, પાછો ક્રમથી જન્મ અને તેની પ્રતિષ્ઠા થઇ છે. આ દિશાને વિષે ઓંકારરૂપ વેદની શાખા પ્રશાખાદિ ભેદ તથા હજારો કર્મ માર્ગ થયેલા છે, ધુમ્રપાન કરનારા મુનિયો યજ્ઞજન્ય ધુમાડાનુંજ પાન કરે છે. વળી પૂર્વે આ દિશામાંના વનને વિષે ઇન્દ્રે યજ્ઞમાં દેવતાઓને ભાગ આપવા સારૂ વરાહાદિ પશુ મૃગોને પ્રોક્ષણ કરી કલ્પના કરી રાખ્યા છે. આ દિશામાં ઉદય પામીને સૂર્ય ક્રોધે કરી આલોકમાં રહેનારા કૃતઘ્ની મનુષ્ય તથા અસુરાદિને "નાશ કરે છે" તેનાં આયુષ્યને નાશ કરે છે. હે મુનિ! ત્રણ લોકનું તથા સ્વર્ગનું અને સુખનું પણ આજ દ્વાર છે, આજ પૂર્વ દિશાનો ભાગ છે માટે જો તમે ઇચ્છતા હો, તો આપણે એમાં પ્રવેશ કરીયે. હે ગાલવ! હું જે વિષ્ણુનાં વચનમાં વિશ્વાસે રહ્યો છું, તેનું મારે અવસ્ય પ્રિય કરવું જોઇયે માટે આપણે ત્યાં જઇશું? વળી બીજી દિશા વિષે કહું તે પણ તમે સાંભળો.

प्रियं कार्यं हि मे तस्य यस्यास्मि वचने स्थितः ।
ब्रूहि गालव यास्यामि शृणु चाप्यपरां दिशं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायामष्टाधिकशततमोऽध्यायः ॥ १०८ ॥

અધ્યાય ૧૦૯ મો. દક્ષિણ દિશાનું વર્ણન.

सुपर्ण उवाच—इयं विवस्वता पूर्वं श्रौतेन विधिना किल ।
गुरवे दक्षिणा दत्ता दक्षिणेत्युच्यते च दिक् ॥ १ ॥

સુપર્ણ કહે છે–હે ગાલવ! પૂર્વે આ દિશામાં સૂર્યે વિધિયુક્ત શ્રૌતયજ્ઞ કરીને ગુરૂ એવા કશ્યપને દક્ષિણા આપી હતી તેથી આ દિશાનું નામ દક્ષિણ દિશા કહેવાય છે. આ દિશામાં ત્રણ લોકના પિતૃપક્ષ પ્રતિષ્ઠિત છે તથા ઉષ્ણુપા નામના દેવતાઓ પિતૃઓ સહિત રહે છે, જેઓ લોકને વિષે પિતૃયજનમાં તેઓ સાથે સમાન ભાગને યોગ્ય થયા છે. હે દ્વિજ! આ દિશાને ધર્મનું પિતૃયજનનું બીજું દ્વાર કહે છે, આ દિશાને વિષે

તથા લવથી કાળનો નિશ્ચય પણ ગણાય છે. આ દિશામાં દેવર્ષિ, પિતૃલોકર્ષિ તથા રાજર્ષિ વ્યથા વગરના થઇને નિવાસ કરે છે. વળી આ દિશાને વિષે મૃત્યુ પામેલા પ્રાણિયોને તેના કર્મ પ્રમાણે ગતિ પ્રાપ્ત થાય છે ને તેનાં ધર્મ, સત્ય તથા કર્મ વગેરે ચિત્રગુપ્તાદિથી પ્રકાશ કરાય છે. હે દ્વિજશ્રેષ્ઠ ! જે દિશાને વિષે મૃત્યુ સમયે મૂર્છાથી વિંટાયલો પુરૂષ મરણ પછી સુખે કરી જતો નથી એવી આ દક્ષિણ દિશામાં દૈવે સરજેલા અસંખ્ય નૈઋતો છે. મૃત્યુ પામેલા જીવો યમપુરીના રસ્તાને વિષે જોવામાં આવે છે. વળી આ દિશાને વિષે રહેલા મંદર પર્વતના કુંજ તથા ઋષિયોના આશ્રમમાં ગંધર્વો તેમનાં ચિત્ત તથા બુદ્ધિને હરણ કરે એવી ગાથાઓ ગાય છે. પૂર્વે રૈવત નામનો રાજા બ્રહ્મલોકને વિષે સામવેદના મંત્રરૂપ ગાયનને સાંભળવાથી ઘણો કાળ ગયો, તે નહીં જાણવાથી પાછો પૃથ્વી ઉપર આવ્યો, ને પોતાનાં સ્ત્રી, અમાત્ય તથા રાજ્યાદિ નાશ પામ્યાં તે જાણીને આ દિશાના વનમાં ચાલી નિકળ્યો. હે બ્રહ્મન્ ! આ દિશામાં સાવર્ણિ નામના મનુએ તથા યવક્રીતના પુત્રે સૂર્યના રથ માર્ગ, તેને વહન કરનાર તથા દેવતાઓનો નિયમ કર્યો છે. જેને તે પણ બદલાવી શકતા નથી. વળી આ દિશામાં પૂર્વે પુલસ્ત્યના પુત્ર રાક્ષસના રાજા મહાત્મા રાવણે તપ કરીને, દેવતાઓ પાસે અમરતા માગી છે. આ દિશામાં પૂર્વે વૃત્રાસુર બળાત્કારે ઇંદ્રની સાથે વૈરતાને પામ્યો છે, તથા મરણ પામીને ગયેલા પ્રાણી પુનર્જન્મ પામે છે. હે ગાલવ ! આ દિશામાં પાપ કર્મ કરનાર પુરૂષો કરેલાં કર્મનાં ફળને ભોગવે છે; ને નરકમાં જનારાં પ્રાણીથી વિંટાયલી વૈતરણી નામની નદી છે. વળી આ દિશાને વિષે મરણ પામીને ગયેલા પ્રાણીમાત્ર નરકને તથા સ્વર્ગ સુખને પણ પામે છે. કર્ક સંક્રાંતિ આવે છે ત્યારે સૂર્ય આ દિશાના માર્ગને પામી સુંદર રસમય જળને પૃથ્વી પર વરસાવે છે. સાયંકાળે ઉત્તર દિશામાં જઇને હિમનો ત્યાગ કરે છે. હે ગાલવ ! પૂર્વે ક્ષુધાયુક્ત હું ચિંતવન કરતો હતો, તેવામાં યુદ્ધ કરતા એવા મોટા હસ્તિ તથા કાચબાને મળ્યો. વળી આ દિશાને વિષે સૂર્યથી ચક્રધનુ નામે ઋષિ ઉત્પન્ન થયા છે; જેને સર્વ કપિલ મુનિ છે એમ જાણે છે, જેનાથી પૂર્વે સગર રાજાના પુત્ર પીડાયુક્ત થયા હતા. આ દિશાને વિષે વેદના પારને પામેલા સિદ્ધ એવા શિવ નામના બ્રાહ્મણો, સમગ્ર વેદ ભણીને મોક્ષ પામ્યા છે. વળી આ દિશામાં ભોગવતી નામે નદી છે, જેના વાસુકિ, તક્ષક તથા ઐરાવતાદિ નાગ રક્ષા કરે છે. વળી આ દિશાને વિષે મનુષ્યને મરણ સમયે સૂર્ય તથા અગ્નિથી પણ ન ટળે એવું તમ આવે છે. હે ગાલવ ! સેવ્ય એવા જે તમે તેનો આ માર્ગ છે, માટે જવું હોય તો કહો ને હવે બીજી પશ્ચિમ દિશા કહું તે સાંભળો.

अमेयं भास्करेणापि स्वयं वा कृष्णवर्त्मना ।
एषतस्यापि ते मार्गः परिचायस्य गालव ॥
ब्रूहि मे यदि गंतव्यं प्रतीचीं शृणु चापरां ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां नवाधिकशततमोऽध्यायः ॥ १०९ ॥

અધ્યાય ૧૧૦ મો. પશ્ચિમ દિશાનું વર્ણન.

सुपर्ण उवाच—इयं दिग्दयिता राज्ञो वरुणस्य तु गोपतेः ।
सदा सलिलराजस्य प્રतिष्ठा चादिरेव च ॥ १ ॥

સુપર્ણ કહે છે–હે ગાલવ ! આ પશ્ચિમ દિશાના રાજા એવા વરૂણ તથા સૂર્યને પ્રિય છે ને જળના રાજાની અહિં આદિથી સદૈવ પ્રતિષ્ઠા છે. આ પશ્ચિમ દિશાને વિષે દિવસ પૂર્ણ થયા કેડે સૂર્ય પોતાના કિરણનો ત્યાગ કરે છે, તેથી આનું પશ્ચિમ દિશા એવું નામ કહેવાય છે. પૂર્વે કશ્યપે જળજંતુ તથા જળની રક્ષાને માટે અહિં વરૂણને રાજ્યનો અભિષેક કર્યો હતો. આ પશ્ચિમ દિશાને વિષે કૃષ્ણ પક્ષમાં ચંદ્ર જળરૂપ છ રસનું પાન કરીને તરૂણપણાને પામ્યા હતા. પૂર્વે આ દિશાને વિષે વરૂણે વિમુખ કરેલા સન્નદ્ધ એવા દૈત્યોએ પવનથી પીડા પામીને શયન કર્યું હતું. આ દિશામાં રહેલો અસ્ત નામનો પર્વત પડતા સૂર્યને ગ્રહણ કરે છે, જેનાથી જગતમાં સાયં સંધ્યા પ્રસરે છે; ને તેના પછી જીવ લોકનાં અર્ધ આયુષ્યને હરણ કરવા સારૂ રાત્રિ પડે છે, જે વિષે પ્રાણી માત્રને નિદ્રા ઉત્પન્ન થાય છે. આ દિશાને વિષે સગર્ભા એવી દેવી દિતિયે શયન કર્યું હતું, તે જાણીને ઇંદ્રે તેને ગર્ભ વગરની કરી. જે ગર્ભ ઓગણપચાસ વાયુ થયા. આ દિશામાંથી હિમાચળ પર્વતનું મૂળ મંદર પર્વત પ્રત્યે જાય છે, જેનો અંત મનુષ્યને હજારો વર્ષે પણ આવે તેમ નથી. આ દિશામાંના સુવર્ણશૈલ તથા વૃક્ષવાન સમુદ્ર સરખા તળાવના કિનારાને પામીને સુરભી ગાય શ્રેષ્ઠ દૂધને સ્રવે છે. આ દિશાને વિષે સમુદ્રની મધ્યે સૂર્ય તથા ચંદ્રને નાશ કરવાની ઇચ્છાવાળા તથા સૂર્ય સરખા રાહુનું કબંધ દેખાય છે. વળી આ દિશાને વિષે નિત્ય તરૂણ અવસ્થાવાન, અદૃશ્ય તથા અપ્રમેય એવા સુવર્ણશિરા નામના મુનિ ગાયન કરે છે. જેનો મોટો શબ્દ સંભળાય છે. આ દિશામાં હરિમેધમ નામના મુનિની ધ્વજવતી નામની કન્યા, સૂર્યની આજ્ઞાથી ' ઉભા રહો, ઉભા રહો ' એમ બોલતી આકાશને વિષે રહે છે. આ દિશામાંના વાયુ, અગ્નિ, જળ તથા આકાશ જગતમાં દિવસના અને રાત્રિના દુઃખરૂપ સ્પર્શને મૂકે છે. હે ગાલવ ! આ દિશાને આરંભીને સૂર્યની આડી ગતિ વર્તે છે, પણ મનુષ્યોને અધોગતિ જોવામાં આવે છે: " જેના મંડળમાં સર્વ નક્ષત્રાદિ પ્રવેશ કરે છે " તેના તેજથી સર્વનાં તેજ ઢંકાઇ જાય છે. હે ગાલવ ! જેમ એક એક નક્ષત્ર અઠ્યાવીસ અઠ્યાવીસમે દિવસે ચંદ્ર સહવર્તમાન રહીને પાછું તેનાથી જુદું પડે છે, તેમ કાળ પરત્વે સૂર્ય સહિત રહીને પાછું તેનાથી જુદું પડે છે, એમજ સર્વ નક્ષત્ર સર્વ ગ્રહો સાથે રહીને, કાળે કરી તેમનાથી જુદાં પડે છે. આ પશ્ચિમ દિશાને વિષે સર્વ નદીના પ્રવાહજન્ય સમુદ્રનો નિવાસ રહ્યો છે. જે વરૂણના સ્થાનરૂપમાં ત્રણ લોકનું જળ રહ્યું છે. વળી આ દિશામાં અનાદિ, અવિનાશી તથા સર્વ નાગના રાજા વિષ્ણુરૂપ અનંતનું સ્થાન છે. આ દિશાને વિષે અગ્નિના સખા વાયુ, મહર્ષિ કશ્યપ તથા મારીચનાં રહેવાના સ્થાન છે. હે ગાલવ ! મેં તમને પશ્ચિમ દિશાનો માર્ગ સંક્ષેપથી કહ્યો. હે દ્વિજસત્તમ ! આપણે ત્યાં જઇશું ! તમારો શું વિચાર છે તે કહો ?

एष ते पश्चिमो मार्गो दिग्द्वारेण प्रकीर्तितः ।
ब्रूहि गालव गच्छावो बुद्धिः का द्विजसत्तम ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां दशाधिकशततमोऽध्यायः ॥ ११० ॥

અધ્યાય ૧૧૧ મો. ઉત્તર દિશાનું વર્ણન.

सुपर्ण उवाच—यस्मादुत्तार्यते पापाद्यस्मान्निःश्रेयसोऽश्नुते ।
यस्मादुत्तारणबलादुत्तरेत्युच्यते द्विज ॥ १ ॥

સુપર્ણ કહે છે-હે ગાલવ! જેથી સર્વ મનુષ્યો પાપથી છુટાં થાય છે, ને પુણ્યને ભોગવે છે, ને ઉત્તરાયણના બળથી આ દિશા ઉત્તર કહેવાય છે. ઉત્તર દિશા નિધિનું સ્થાન છે, ને પૂર્વ તથા પશ્ચિમ દિશાનો વચલો માર્ગ એ સ્વર્ગ માર્ગ છે એમ કહેવાય છે. હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ગાલવ! શ્રેષ્ઠ એવી આ ઉત્તર દિશાને વિષે અસૌમ્ય, અજીત ચિત્તવાન તથા અધર્મવાન જન રહેતુંજ નથી. આ દિશાને વિષેના બદરિકાશ્રમમાં શ્રીકૃષ્ણરૂપ નારાયણ તથા અર્જુનરૂપ નરમાં ઉત્તમ ઋષિઓ વિરાજે છે; ને તે જ દિશામાં અવિનાશી બ્રહ્મા વિરાજે છે. આ દિશામાં રહેલા હિમાદ્રિ પર્વતના પૃષ્ઠને વિષે યુગાંતાગ્નિ સરખા કાંતિમાન મહેશ્વર પાર્વતી સહિત વિરાજે છે; જે નર તથા નારાયણ વિના બીજા કોઇને જોવામાં આવતા નથી. કેવળ આ દિશામાં માયા સહિત વિરાજમાન પુરૂષરૂપ મહેશ્વરને હજાર નેત્રવાન, હજારો મસ્તકવાન, હજાર ચરણવાન તથા અવિનાશી એવા વિષ્ણુ જુવે છે. આ દિશાને વિષે ચંદ્રને બ્રાહ્મણોના રાજારૂપે અભિષેક થયો હતો. આ દિશાને વિષે આકાશથી પડતાં એવાં ગંગાજીને સદાશિવે પોતાની જટામાં ધારણ કરીને મનુષ્ય લોકને અર્પણ કર્યાં છે. પૂર્વે આ દિશામાં રહીને પાર્વતિયે મહાદેવજીની પ્રાપ્તિ માટે મોટું તપ કર્યું હતું. અહિં કામ, શેષ, પર્વત તથા પાર્વતી ઉત્પન્ન થયાં છે, વળી આ દિશામાંના કૈલાસ પર્વતને વિષે કુબેરને રાક્ષસ, યક્ષ તથા ગંધર્વોના આધિપત્યનો અભિષેક થયો હતો. વળી આ દિશામાં ચૈત્રરથ નામનું વન, વૈખાનસ બ્રાહ્મણનો આશ્રમ, મંદાકિની નદી તથા મંદર પર્વત છે અને સૌગંધિક નામનું વન પણ છે; જેની નૈઋતો રક્ષા કરે છે. આ દિશાને વિષે પતાકાની પેઠે ઉચ્છ્રિત સ્કંધવાન જંબાળ નામનો દેવતા રહે છે તથા પ્રશસ્ત એવાં કલ્પવૃક્ષ છે. વળી આ દિશાને વિષે આત્મ સંયમન કરનાર તથા પોતાની ઇચ્છા પ્રમાણે ગતિ કરનાર સિદ્ધોનાં યથેચ્છ ભોગવાળાં અનેક વિમાનો રહે છે તથા સર્વ ફરે છે. આ દિશામાં સપ્તર્ષિ તથા દેવી એવાં અરૂંધતી રહે છે, સ્વાતી રહે છે, જેનો અહિં ઉદય થયો હતો એમ કહેવાય છે. આ દિશાને વિષે જો યજ્ઞ થતો હોય, તો તેને જોઇને બ્રહ્મા ત્યાં અવશ્ય આવી બેસે એમાં સંદેહ નહી. આ દિશામાં સર્વ નક્ષત્રાદિ તેજસ્વી, સૂર્ય તથા ચંદ્ર નિત્ય પરિવર્તન કરે છે. વળી અહીં રહીને ગંગાજી સ્વર્ગદ્વારની રક્ષા કરે છે, આ દિશાને વિષે સત્યવાદી મહાત્મા ધામા નામના મુનિયો રહે છે; જેમની મૂર્તિ, આકૃતિ તથા તપશ્ચર્યા કોઇને જાણવામાં આવતી નથી. હે ગાલવ! જેમ યજ્ઞમાં ભોજન કરવા બેઠેલા પુરૂષોને અન્ન પીરસવાનાં પાત્ર તથા ઇચ્છિત ભોજન કરવાનાં પદાર્થનું આવવું અને જવું નહી જાણવામાં આવતાં પાછાં સ્થાનકને વિષે જઇ પ્રવેશ કરે છે, તેમ આ દિશામાંના હિમાદ્રિ પર્વતથી જુદાં રહેનાર મનુષ્ય, જો તે તરફ જાય, તો નાશ પામે છે,' માટે ત્યાં

શ્રીકૃષ્ણ તથા નારાયણ વિના બીજા કોઇ મનુષ્ય જતાં નથી. આ દિશામાં કૈલાસ નામનો પર્વત છે, જે કુબેરનું સ્થાન કહેવાય છે. આ દિશાને વિષે વિદ્યુત્પ્રભા નામની દશ અપ્સરા ઉત્પન્ન થઇ હતી. આ દિશામાં પૂર્વે વામનજી ભગવાને બલિ રાજા પાસેથી ત્રણ પગમાં પૃથ્વી દાન લઇને, તેને ચરણે કરી માપતાં વિષ્ણુપદ નામનું સ્થાન કર્યું છે. વળી આ દિશામાં મરૂત રાજાએ ઉશીર બીજ નામના સ્થાનકને વિષે યજ્ઞરૂપ પોતાનું ઇષ્ટ કર્યું હતું. જ્યાં જાંબુનદ નામનું સરોવર છે. હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ! આ દિશાને વિષે મહાત્મા જીમૂત નામના ઋષિની પાસે સુવર્ણની ખાણવાળો, નિર્મળ તથા પવિત્ર હિમવદ્રિ પર્વત, જેમાં રહેલું સર્વ દ્રવ્ય બ્રાહ્મણોનુંજ છે એમ નિશ્ચય કરીને રહ્યો છે, તેથી પ્રકાશે છે, જેની તે ઋષિએ તારામાં જે દ્રવ્ય છે તે મારૂં કહેવાય એમ માગ્યું ને તેણે તે માન્ય કર્યું તેથી તેમાંનું દ્રવ્ય જૈમૂત કહેવાય છે. વળી હે દ્વિજ ! આ દિશામાં સર્વ દિક્પાળ સાયંકાળ તથા પ્રાત:કાળને સમયે કોઇનું કાંઇ કાર્ય છે ? એમ મોટો શબ્દ કરે છે. એ પ્રમાણે બીજા પણ અનેક ગુણે કરીને ઉત્તમ તથા શુભકાર્યમાં શ્રેષ્ઠ એવી આ ઉત્તર દિશા છે. હે મુનિ ! મેં તમને વિસ્તારપૂર્વક ક્રમથી ચારે દિશા વર્ણવી બતાવી, માટે હવે તમે કયી દિશા પ્રત્યે જવા ઇચ્છો છો ? હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ગાલવ ! હું તમને સર્વ દિશાઓ તથા સમગ્ર પૃથ્વી દેખાડવા ઉદ્યોગવાન છું, માટે તમે મારા ઉપર બેસો.

चतुस्त्रः क्रमयोगेन कामाशां गंतुमिच्छसि ।
उद्यतोहं द्विजश्रेष्ठ तव दर्शयितुं दिशः ॥
पृथिवीं चाखिलां ब्रह्मस्तस्मादारोह मां द्विज ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते सुपर्णवाक्ये एकादशाधिकशततमोऽध्यायः ॥ १११ ॥

અધ્યાય ૧૧૨ મો. ગાલવને લઈ ગરૂડનું ઉડવું.

गालव उवाच—गरुत्मनभुजगेंद्रारे सुपर्णविनतात्मज: ।
नय मां तार्क्ष्यपूर्वेण यत्र धर्मस्य चक्षुषी ॥ १ ॥

ગાલવ કહે છે–હે સર્પના શત્રુ ! હે સુપર્ણ ! હે વિનતા પુત્ર ! હે તાર્ક્ષ્ય ગરૂડ ! જ્યાં ધર્મનાં અગ્નિ તથા ચંદ્ર એ બે નેત્ર છે એવી પૂર્વ દિશા પ્રત્યે તું મને હવે લઇ ચાલ, કેમકે તેં પ્રથમ વર્ણન કરીને કહી એવી તે દિશામાં દેવતાઓનું સાનિધ્ય છે અને સત્ય તથા ધર્મ પણ ત્યાં વસે છે; માટે હે અરૂણના નાનાભાઇ ! હું દેવતાઓ સાથે એકરૂપ થવાની તથા તેમને જોવાની ઇચ્છા રાખું છું. નારદજી કહે છે–હે દુર્યોધન ! એ પ્રમાણે ગાલવે કહ્યા પછી ગરૂડે તમે 'મારી ઉપર બેસો' એમ કહ્યું ત્યારે તે મુનિ તેની ઉપર બેઠા, ને તેના વેગથી સવાર થઇ તેને કહેવા લાગ્યા કે, હે સર્પનું ભોજન કરનાર ગરૂડ ! ગતિ કરતા એવા તારૂં રૂપ પૂર્વાહ્ન. કાળ વેળા હજાર કિરણવાળા સૂર્ય સરખું છે. હે પક્ષિ ! તારી પાંખના વાયુથી કંપાયમાન થયેલાં વૃક્ષો ગતિ કરતાં હોય એવી તારી ગતિ મને દેખાય છે. હે આકાશમાં ગતિ કરનાર ગરૂડ ! તું પાંખના વાયુથી સમુદ્ર, વન, પર્વત તથા વનીઓ સહિત સર્વ પૃથ્વીને આકર્ષણ કરતો હોય એવો દેખાય છે. વળી તું તારી પાંખોથી

ઉત્પન્ન થયેલા મોટા વાયુએ કરી મચ્છ તથા સર્પાદિ પ્રાણી સહિત જળને આકાશમાં સ્થાપન કરતો હોય એવો નિરંતર ગતિના યોગથી દેખાય છે. વળી તારી ગતિથી તેં પરાભવ પમાડેલાં મત્સ્ય, જળચર પ્રાણી, હસ્તિ, અશ્વ અને મનુષ્યનાં રૂપ તથા મુખ સરખાંજ દેખાય છે. હે ગરૂડ! સમુદ્રના વેગથી મારા કાન બ્હેરા થઇ ગયા છે, તેથી હું દેખતો નથી તથા સાંભળતો પણ નથી; પણ એ પ્રમાણે મારા આત્માને થવાનું કારણ કંઇ જણાતું નથી. હે પક્ષિ! તું આવી રીતે ગતિ કરશે તો મારો વિનાશ થશે, માટે બ્રહ્મહત્યાનો વિચાર રાખીને ધીમે ધીમે ગતિ કર; કારણ આ તારી ગતિના વેગથી મને સૂર્ય, દિશા તથા આકાશ કંઇ દેખવામાં આવતાં નથી. વળી હું કેવળ અંધકારને જોઉં છું તેથી તારા શરીર વગર મણિ સરખાં બે નેત્રને દેખું છું. હે ગરૂડ! હું તારા શરીરને તથા મારા શરીરને તો દેખતો નથી ને પગલે પગલે શરીરથી ઉડતા અગ્નિને જોઉં છું માટે હે વિનતાના પુત્ર! તું તારી ગતિ ત્વરાથી ધીમી કર, જેથી મારાં નેત્ર શાંતિ પામે. મને જવાનું કંઇ પ્રયોજન નથી, માટે તું નિવૃત્તિ પામ, કારણ હું તારો વેગ સહન કરી શકતો નથી. હે અંડજ! મેં ગુરૂને આઠસો અશ્વ આપવાનું કહ્યું છે, તે આપી શકાય એવો માર્ગ હું દેખતો નથી, માટે આ શરીરનો ત્યાગ કરવો એજ માર્ગ નિશ્ચય કર્યો છે; કેમકે મારી પાસે દ્રવ્ય નથી, તેમ દ્રવ્યવાન મારો કોઇ સ્નેહી પણ નથી, જેથી કરી ગુરૂને કહ્યા પ્રમાણે આપી શકું! નારદજી કહે છે–હે ભારત! એ પ્રમાણે ઘણાં દીનતાનાં વચન બોલતા એવા ગાલવનાં વચન સાંભળી ગતિ કરતા એવા ગરૂડે હસીને કહ્યું કે, હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ગાલવ! તમે પોતાના શરીરનો ત્યાગ કરવા ઇચ્છો છો, તેથી મહા બુદ્ધિમાન નથી. કારણ તેમ કરવાથી ઇચ્છિત કાર્ય સંપાદન થતું નથી ને મરણ થાય છે. તમે મને પ્રથમ પૂર્વ દિશામાં જવાનું કહ્યું નથી શું? આ દિશામાં તમારી ઇચ્છા પૂરી પડે એવો ઉપાય છે. આ ઋષભ નામનો પર્વત આપણને સમિપ પ્રાપ્ત થાય છે. હે ગાલવ! સમુદ્રની પાસે આ ઋષભ પર્વત આવ્યો, તેને વિષે આપણે વિશ્રાંતિ તથા ભોજન કરીને આગળ વધીશું.

तदेष ऋषभो नाम पर्वतः सागरांतिके ।
अत्र विश्रम्यभुक्त्वा च निवर्तिष्याव गालव ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां द्वादशाधिकशततमोऽध्यायः ॥ ११२ ॥

અધ્યાય ૧૧૩ મો. શાંડિલીનું તપોવન.

नारद उवाच—ऋषभस्य ततः शृंगं निपत्य द्विजपक्षिणौ ।
शांडिलीं ब्राह्मणीं तत्र ददृशा तेतपोन्विताम् ॥ १ ॥

નારદજી કહે છે–હે દુર્યોધન! ત્યાર પછી ગરૂડ તથા ગાલવ એ બેઉ ઋષભ પર્વતના શિખર ઉપર આવ્યા; ને ત્યાં તેઓએ તપશ્ચર્યાવાન શાંડિલી નામની બ્રાહ્મણીને જોઇને નમસ્કાર કર્યા તથા ગાલવે તેની પૂજા કરી. શાંડિલીયે 'તમે ભલે આવ્યા' એમ કહ્યું હતું એને એવા તે બેઉ આસન ઉપર બેઠા. ત્યાર પછી તે બ્રાહ્મણીએ મંત્રે કરી શુદ્ધ કરેલું સિદ્ધ અન્ન તેમને આપ્યું, ભોજન કરવાથી તૃપ્ત થયેલા તેઓ પૃથ્વી ઉપર સુતા. ત્યાર

પછી ત્યાંથી જવાની ઇચ્છાથી ગરૂડ જાગ્રત થયો, ને જોયું તો તેણે પાંખ વગરના થએલા પોતાના શરીરને જોયું. હે દુર્યોધન! મુખ તથા પક્ષવાન માંસના પિંડ સરખા ગરૂડને જોઇને દુર્મન થયેલા ગાલવે પૂછ્યું કે–હે ગરૂડ! ઋષભ પર્વત પ્રત્યે આવવાથી તને આ શું ફળ મળ્યું? આપણને અહીં કેટલો કાળ રહેવું પડશે? ધર્મને દૂષણ આપે એવો મનમાં તેં શું વિચાર કર્યો? કંઇ થોડા અધર્મનો વિચાર કર્યો હોય એવું તો નહિ હોય? હે ભારત! એ પ્રમાણે ગાલવનાં વચન સાંભળી ગરૂડે તેને કહ્યું કે હે બ્રાહ્મણ! મેં આ સિદ્ધ શાંડિલીને જ્યાં મહાદેવ, વિષ્ણુ, ધર્મ તથા યજ્ઞ છે, ત્યાં વસશે એવી ઇચ્છાથી લઇ જવાની મરજી કરી. પણ આ અહીં કેમ વસે છે? એમ વિચાર કરતો એવો હું મારા પ્રિયને માટે તેની પ્રાર્થના કરીશ. હે ભારત! એ પ્રમાણે ગાલવને કહીને ગરૂડ શાંડિલી બ્રાહ્મણીને કહેવા લાગ્યો કે હે શાંડિલિ! મેં તમે અહીં વસો છો, માટે જ્યાં વિષ્ણુ આદિ રહે છે, ત્યાં તમને લઇ જઇશ એવી ઇચ્છારૂપ તમારૂં અપ્રિય કર્યું. તે સારૂં હોય અથવા નહી સારૂં હોય તોપણ માહાત્મ્યપણાથી એ મારો અપરાધ ક્ષમા કરો. ગરૂડનાં વચન સાંભળી તેની ઉપર તથા ગાલવ ઉપર પ્રસન્ન થયેલી શાંડિલીયે કહ્યું કે હે ગરૂડ! તું પક્ષી છે માટે તારે ભય રાખવા નહી, મનમાંનો સંભ્રમ ત્યાગ કર. હે પુત્રરૂપ ગરૂડ! તેં મારી નિંદા કરી, પણ હું તેને સહન કરી શકું એમ નથી; જે પાપી પ્રાણી મારી નિંદા કરે, તેને સર્વ લોકથી ભ્રષ્ટ કરૂં એવી હું છું હે વિનતાના પુત્ર! ખરાબ લક્ષણ વગરની તથા નિંદા નહી કરવા લાયક એવી હું આચારનેજ ગ્રહણ કરીને, તને અનુભવ થયો એવી સિદ્ધિને પામી છું; કારણ તેનાથીજ સર્વને ધર્મ, ધન તથા સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે અને અપલક્ષણ નાશ પામે છે: માટે હે પક્ષીના રાજા! તું તારી ઇચ્છા પ્રમાણે હવે જા. તારે નિંદવા લાયક હું નથી. બીજી કોઇ સ્ત્રિયો હશે. તું પાછો જેવો બળ તથા પરાક્રમવાળા દેહયુક્ત હતો તેવો થઇશ. હે કૌરવ! એ પ્રમાણે શાંડિલી બ્રાહ્મણીએ કહ્યું કે તે જ વખત ગરૂડ બળવાન પાંખયુક્ત થયો. પછી તે બ્રાહ્મણીની આજ્ઞાથી ગરૂડ જેવી રીતે ત્યાં આગળ આવ્યો હતો તેવીજ રીતે જવા લાગ્યો; પણ તે પર્વતમાંથી ગાલવને ગુરૂના માગવા પ્રમાણે અશ્વ મળ્યા નહી. પછી રસ્તામાં ઉભેલા વિશ્વામિત્રે રસ્તે જતા એવા શિષ્ય ગાલવને જોઇને ગરૂડની સાનિધ્ય કહ્યું કે હે દ્વિજ! તેં તારી મેળે મારી ઇચ્છા પ્રમાણે આપવાની પ્રતિજ્ઞા લીધી છે, તે આપવાનો સમય પ્રાપ્ત થયો છે માટે તારા ધ્યાનમાં આવે તેમ કર. તું જે સમય સુધી મને મારા માગવા પ્રમાણે અશ્વ આપીશ, તે સમય પર્યંત હું તારી વાટ જોયા કરીશ; માટે તને જે ઉપાયથી તેવા સર્વ અશ્વ પ્રાપ્ત થાય, તે ઉપાયનો વિચાર કર. વિશ્વામિત્રનાં વચન સાંભળી મહા દુઃખયુક્ત હોવાથી દીન થયેલા ગાલવ મુનિને જોઇને ગરૂડે કહ્યું કે હે મુનિ! આ વિશ્વામિત્રે જે વાકય કહ્યાં તે સત્ય છે માટે હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ગાલવ! તમે આવો, આપણે વિચાર કરીશું; કારણ ગુરૂના માગવા પ્રમાણે આપ્યા વિના તમારે સ્થિર થઇ બેસવું શકય નથી.

तदागच्छ द्विजश्रेष्ठ मंत्रयिष्याव गालव ।
नादत्वा गुरवे शक्यं कृत्स्नमर्थंत्वयासितुं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां त्रयोदशाधिकशततमोऽध्यायः ॥ ११३ ॥

અધ્યાય ૧૧૪ મો. ગાલવનું યયાતિ પાસે જવું.

नारद उवाच—अथाह गालवं दीनं सुपर्णः पततांवरः ।
निर्मितं वह्निना भूमौ वायुना शोधितं तथा ॥ १ ॥
यस्माद्धिरण्मयं सर्वं हिरण्यं तेन चोच्यते ।

નારદજી કહે છે-હે દુર્યોધન! પછી પક્ષીમાં શ્રેષ્ઠ ગરૂડ, દીન એવા ગાલવને કહેવા લાગ્યો કે, પૃથ્વીને વિષે અગ્નિએ નિર્માણ કરેલું તથા વાયુએ શોધેલું "હિરણ્ય" સુવર્ણ, તે મય આ જગત છે, માટે તેનું નામ હિરણ્ય કહેવાય છે; જે દ્રવ્ય સર્વને પોષણ કરે છે, જીવાડે છે અને ત્રણ લોકમાં શાશ્વત રહે છે. વળી અગ્નિ પોતાના રેતસરૂપ સુવર્ણમય ધન, પૂર્વાભાદ્રપદ અથવા ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર અને શુક્રવારનો યોગ આવે ત્યારે કુબેરની વૃદ્ધિ માટે તેને આપે છે "માટે કોઇ મનુષ્ય કહેલા યોગમાં અગ્નિનું આરાધન કરે, તો તેને પણ તે પ્રાપ્ત થાય છે." તેની અજૈકપાદ, અહિર્બુધ્ન તથા કુબેર રક્ષા કરે છે, માટે તે પ્રાપ્ત થવું અશક્ય છે, તેથી ન મળે એવું છે; વાસ્તે હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ગાલવ! તમને ધન વગર ગુરૂના માગવા પ્રમાણે અશ્વ મળવાના નથી. પણ તમે કોઇ રાજર્ષિના વંશમાં ઉત્પન્ન થયેલો રાજા હોય તેની પાસે જઇ યાચના કરો; જે પોતાના શહેરની પ્રજાને પીડા આપ્યા વગર આપણી ઇચ્છા પૂર્ણ કરે. હે ગાલવ! ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલો સત્ય પરાક્રમી તથા રાજર્ષિ નહુષનો પુત્ર યયાતિ નામે રાજા મારો સખા છે, તેની પાસે આપણે જઇએ; કારણ પૃથ્વીને વિષે કુબેર સરખા ધનવાન એવા ઐશ્વર્યવાનની પાસે જઇ તમે યાચના કરશો ને હું ભલામણ કરીશ, તો તે અવશ્ય ધન આપશે. હે વિદ્વન્! એ પ્રમાણે તમે તે રાજા પાસેથી યાચના કરીને ઘણું દ્રવ્ય મેળવશો. હે દુર્યોધન! એ પ્રમાણે ગરૂડ તથા ગાલવ મુનિ વાતો કરતા કરતા અને દ્રવ્ય મેળવવાનો વિચાર કરતા કરતા યયાતિ રાજાના ગામમાં આવ્યા, ને તેની પાસે જઇ ઉભા ત્યારે તે રાજાએ અર્ઘ્ય પાદ્યથી પૂજન કરીને મોટો સત્કાર કર્યો. તેણે આવવાનું પ્રયોજન પૂછ્યું. ગરૂડે તેને કહ્યું કે હે નહુષના પુત્ર યયાતિ! તપશ્ચર્યારૂપ ભંડારવાળા આ ગાલવ નામે મહામુનિ મારા સખા છે; જે હજારો વર્ષ પર્યંત વિશ્વામિત્ર ઋષિના શિષ્ય થયા હતા. ગાલવને ઉપકારની ઇચ્છાથી વિશ્વામિત્રે કંઇ કહ્યું ત્યારે તેમણે તેને કહ્યું કે, હું તમને ગુરૂ દક્ષિણા આપવા ઇચ્છું છું, માટે શું આપું તે કહો, એમ વારંવાર કહ્યું તેથી કંઇ એક ક્રોધયુક્ત થયેલા ગુરૂએ કહ્યું કે, એક બાજુથી શ્યામ કાનવાળા, સફેદ ચંદ્ર સરખા વર્ણવાળા તથા શુદ્ધ જન્મવાન આઠસો અશ્વ તારી ઇચ્છા હોય તો આપ. હે યયાતિ! એ પ્રમાણે ગુરૂ એવા વિશ્વામિત્રે કહ્યું ત્યારે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ગાલવ મુનિ શોક કરી મહા તાપયુક્ત થયા; કારણ તે પ્રમાણે આપવાને સમર્થ નથી. હે મનુષ્યમાં સિંહરૂપ! ગાલવ મુનિ તમારે શરણે આવેલા છે, તમારી પાસેથી ભિક્ષા લઇ ગુરૂએ માગેલા અશ્વ આપીને મોટું તપ કરશે જે પોતાના તપના ફળમાંથી અર્ધ ભાગ તમને આપી પૂર્ણ કરશે. હે નરેશ્વર પૃથ્વીપતિ યયાતિ! અશ્વનું દાન આપનાર પુરૂષ, અશ્વના શરીર ઉપર જેટલાં રૂંવાં હોય તેટલાં વર્ષ પર્યંત શ્રેષ્ઠ લોકને પામે છે. વળી આ ગાલવ મુનિ દાન લેવાને પાત્ર છે તથા તમે દાન આપવાને લાયક છો, માટે આના માગવા પ્રમાણે આપો, કે જેથી શંખમાં ભરેલા દૂધ સરખું થાય.

पात्रं प्रतिग्रहस्यायं दातुं पात्रं तथा भवान् ॥
शंखे क्षीरमिवासक्तं भवत्वेतत्तथोपमं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां चतुर्दशाधिकशततमोऽध्यायः ॥ ११४ ॥

અધ્યાય ૧૧૫ મો. ગાલવને યયાતિએ કન્યા આપી.

नारद उवाच—एवमुक्त सुपर्णेन तथ्यं वचनमुत्तमं ।
विमृश्यावाहितो राजा निश्चित्य च पुनःपुनः ॥ १ ॥

નારદજી કહે છે—હે દુર્યોધન ! એ પ્રમાણે ગરૂડે સત્ય અને ઉત્તમ વચન કહ્યાં, ત્યારે યયાતિ રાજા સ્થિર ચિત્તયુક્ત થઇ વારંવાર વિચાર કરવા લાગ્યો, ને હજારો યજ્ઞ કરનાર, દાન આપનારાઓમાં શ્રેષ્ઠ, મહા સમર્થ તથા કાશી આદિ દેશનો પતિ યયાતિ, પોતાના પ્રિય મિત્ર ગરૂડને તથા બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ગાલવ મુનિને જોઇ, તપશ્ચર્યાનો અર્ધ ભાગ મળશે એવું માની, માગેલી ભિક્ષા યોગ્ય છે એમ જાણી તથા સૂર્ય વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓને મૂકી દઇ આ મારી પાસે આવ્યો એમ ધારીને કહેવા લાગ્યો કે, હે નિષ્પાપ ગરૂડ ! આજ મારો જન્મ સફળ થયો, તમે મારા કુળને તાર્યું, તથા મારા દેશને પવિત્ર કર્યો. હે મિત્ર ! હું તમને કંઇક કહેવા ઇચ્છું છું તે એ કે તમે મને જેવો પૂર્વ પ્રમાણે દ્રવ્યવાન માન્યો છે, તેવો હાલ હું નથી; કારણ મારૂં સર્વ દ્રવ્ય નાશ પામી ગયું છે. તમે જે માટે મારી પાસે આવ્યા તે આશા સફળ કરી શકું એમ નથી; તેમ આ બ્રાહ્મણ ગાલવની આશા તોડવા પણ હું ઇચ્છતો નથી, માટે જેણે કરીને આ મુનિ પોતાનું કાર્ય સંપાદન કરી શકે એવું એને કંઇક આપીશ; કારણ યાચક પુરૂષ આવી નિરાશ થઇ જાય, તો તે જેની પાસે ગયો હોય તેના કુળને બાળી ભસ્મ કરે છે. માગનારની આશા ભંગ કરવી એ સમાન પાપ કોઇ છે નહીં. વળી જગતમાં મનાયલો પુરૂષ આવી યાચના કરે, ને તે પ્રમાણે મળે નહીં, તો તેને મરણ સરખું થાય અને ના પાડનારના પુત્ર તથા પૌત્રોનો તે હેતુથી નાશ થાય વાસ્તે "ચાર કુળ" પિતાના, પોતાના શ્વસુરના તથા પતિના કુળને સ્થાપન કરનારી, દેવકન્યા સરખી, સર્વ ધર્મ પાળનારી અને દેવતા, મનુષ્ય તથા અસુરને રૂપને લીધે ઇચ્છિત એવી મારી કન્યા છે, તે હું તમને આપું તે લ્યો; જેને લીધે રાજાઓ પોતાનું રાજ્ય પણ તમને આપશે. એક બાજુથી શ્યામ કાનવાળા અને સફેદ આઠસો અશ્વ આપે એમાં આશ્ચર્ય શું ! વાસ્તે તમે મારી માધવી નામની કન્યાને લ્યો, ને હું દૌહિત્રવાન થાઉં એવું મને વરદાન આપો. હે દુર્યોધન ! એ પ્રમાણે યયાતિએ કહ્યું, ત્યારે ગાલવ મુનિ અમે પાછા તમને મળશું એમ કહી કન્યાને લઇને, ગરૂડ સહિત ત્યાંથી ચાલતા થયા. પછી ગરૂડ બોલ્યો કે હે ગાલવ ! તમને અશ્વ મળવાનું આ દ્વાર પ્રાપ્ત થયું. એમ કહી તેની રજા લઇને, પોતાના ગૃહ પ્રત્યે ગયો. પછી ગાલવ મુનિ, કોઇ રાજાને આ આપી તેની પાસેથી પણરૂપી દ્રવ્ય લઇશ એમ વિચાર કરતો કન્યા સહિત રાજાઓ પાસે જવા લાગ્યો. તે વેળા પોતાના મનમાં નિશ્ચય કર્યો કે, હું રાજાઓમા શ્રેષ્ઠ અયોધ્યાને વિષે મહા શૂરવીર, ચતુરંગિણી સેનાવાળા, ભંડાર, ધાન્ય તથા બળવાન, પુરની પ્રજા

તથા બ્રાહ્મણ જેને પ્રિય છે એવા પ્રજાની કામનાવાળા તથા સ્વધર્મનિષ્ઠ હર્યશ્વ નામના રાજા પાસે જાઉં. એમ વિચારીને ગાલવ મુનિ તે રાજા પાસે ગયા, ને આવી રીતે બોલ્યા કે, હે રાજેંદ્ર હર્યશ્વ! તમે પોતાના પ્રસવે કરી કુળને વધારનારી આ મારી કન્યાને, મૂલ્ય આપી સ્ત્રીરૂપે ગ્રહણ કરો. તે શું મૂલ્ય આપવું તે હું તમને કહું તે સાંભળી તેને ગ્રહણ કરો.

इयं शुल्केन भार्यार्थे हर्यश्व प्रतिगृह्यतां ।
शुल्कं ते कीर्तयिष्यामि तच्छ्रुत्वा संप्रधार्यतां ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां पंचदशाधिकशततमोऽध्यायः ॥ ११५ ॥

અધ્યાય ૧૧૬ મો. ગાલવે કન્યા સાટે મેળવેલા અશ્વ.

नारद उवाच—हर्यश्वस्त्वब्रवीद्राजा विचिंत्य बहुधा ततः ।
दीर्घमुष्णं च निःश्वस्य प्रजाहेतोर्नृपोत्तमः ॥ १ ॥

નારદજી કહે છે—હે દુર્યોધન! પછી હર્યશ્વ રાજાએ, પોતાના મનમાં ઘણો વિચાર કરી તથા પોતાને પ્રજા નહીં તેથી મોટા નિશ્વાસ મૂકી ગાલવ મુનિને કહ્યું કે હે મુનિ! બે હાથના પોંચા, બે પગના પોંચા તથા બે સ્તન છે ઉન્નત જેનાં એવી, ત્વચા, કેશ, દાંત, હાથની આંગળી, પગની, તથા તેનાં પર્વ સૂક્ષ્મ છે જેનાં એવી, સ્વર, બુદ્ધિ તથા નાભિ ગંભીર છે જેનાં એવી, હાથનાં તળાં, નેત્રના પ્રાંત ભાગ, તાળવું જીભ તથા હેઠલો ઓઠ લાલ છે જેનો એવી, દેવતા તથા અસુરને જોવા લાયક, ગાયન વિદ્યામાં કુશળ, બહુ શ્રેષ્ઠ લક્ષણવાળી, ઘણીવાર પ્રસવ કરનારી અને ચક્રવર્તિ પુત્ર ઉત્પન કરવાને સમર્થ એવી આ તમારી કન્યા છે; પણ તમે મારો વૈભવ જોઇને તેનું યોગ્ય મૂલ્ય માગો. ગાલવે કહ્યું કે હે રાજન્! સારા શરીરવાળા, દેશમાં ઉત્પન્ન થયેલા, ચંદ્ર સરખા શુભ્ર વર્ણવાળા તથા એક બાજુથી શ્યામ કર્ણવાળા આઠસો અશ્વ તમે મને આપો, ત્યાર પછી અગ્નિને ઉત્પન્ન કરનાર અરણીની પેઠે સુંદર પુત્ર ઉત્પન્ન કરનારી તથા મોટાં નેત્રવાળી આ મારી કન્યા તમારી સ્ત્રી થશે. નારદજી કહે છે—હે દુર્યોધન! એ પ્રમાણે ગાલવનાં વાક્ય સાંભળીને, કામ વિષયથી મોહિત તથા દીન થયેલો રાજર્ષિ હર્યશ્વ કહેવા લાગ્યો કે હે બ્રાહ્મણ! તમે જેવા અશ્વ માગ્યા, તેવા તો બસો મારી પાસે છે, બીજા તો મળે તેમ નથી. માટે હું આ તમારી પુત્રીને વિષે એક સંતાન ઉત્પન્ન કરીશ, એ તમારી પાસેથી માગી લઉંછું, વાસ્તે તમે મને એ વરદાન આપો. એ પ્રમાણે હર્યશ્વે કહ્યું તે સાંભળીને માધવી કન્યાએ ગાલવને કહ્યું કે, મને પૂર્વે કોઇ બ્રહ્મવાદી બ્રાહ્મણે વરદાન આપ્યું છે કે, "તું જ્યારે જ્યારે પ્રસૂત થઇશ, ત્યારે ત્યારે ફરીને કન્યારૂપ થઇશ એમ કહ્યું છે;" માટે તમે આ રાજા પ્રત્યે મને આપી, તેની પાસેથી બસો અશ્વ ગ્રહણ કરો. એ પ્રમાણે તમે ચાર રાજાઓ પ્રત્યે મને આપશો, તો તમારા આઠસો અશ્વ પૂર્ણ થશે ને મને ચાર પુત્રની પ્રાપ્તિ થશે. હે બ્રાહ્મણ શ્રેષ્ઠ! તમે પોતાના ગુરૂ માટે એ પ્રમાણે અશ્વો મેળવો એવી મારી બુદ્ધિ છે. પછી જેમ તમારા વિચારમાં આવે તેમ ખરૂં. એ પ્રમાણે કન્યાએ કહ્યું ત્યારે ગાલવ મુનિ હર્યશ્વ રાજાને કહેવા લાગ્યા કે, હે હર્યશ્વ! પણનો ચોથો ભાગ એટલે બસો અશ્વ

આપવા કબૂલ કરી આ કન્યા તમે ગ્રહણ કરો; અને આને વિષે એક પુત્ર ઉત્પન્ન કરો. હે ભારત! ગાલવનાં વચન સાંભળી તેની પ્રશંસા કરીને હર્યશ્વે તે કન્યાને સ્ત્રીરૂપે ગ્રહણ કરી. પછી જ્યારે તે માધવીને પ્રસવ થવાનો સમય આવ્યો ત્યારે પ્રસૂત થઈ, ને તે રાજાને ઇચ્છિત પુત્ર પ્રાપ્ત થયો. જે પુત્ર ધનવાન પુરૂષમાં શ્રેષ્ઠ, ધને કરીને જગતમાં પ્રખ્યાત તથા પાત્રને ધન આપનાર વસુમના નામે રાજા થયો. ત્યાર પછી વખતસર બુદ્ધિમાન ગાલવ, પ્રસન્ન ચિત્તવાન હર્યશ્વ પાસે આવી બોલ્યા કે હે નરશ્રેષ્ઠ! સૂર્ય સરખી કાંતિવાળો આ બાળક તમને પુત્ર થયો. હવે મારે બીજા રાજા પાસે ભિક્ષા માગવા જવાનો સમય આવ્યો. ગાલવનાં વચન સાંભળીને સત્ય વચનથી બંધાયલા પરાક્રમી હર્યશ્વ રાજાએ બીજા અશ્વ પોતાથી ન આપી શકાય એમ હોવાથી માધવી કન્યા તેને પાછી આપી. કન્યા પ્રદીપ્ત રાજ્યશ્રીને ત્યાગ કરી યોગ બળથી કુમારી થઈને તે મુનિની પાસે જવા તૈયાર થઈ. તે સમયે ગાલવ, મારા અશ્વ તમારી પાસે હાલ રહો, એમ હર્યશ્વ રાજાને કહી તે કન્યા સહિત દિવોદાસ નામના રાજા પાસે જવા સારૂ ચાલતો થયો.

त्वय्येव तावत्तिष्ठंतु हया इत्युक्तवान् द्विजः ।
प्रययौ कन्यया सार्धं दिवोदासं प्रजेश्वरं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां षोडशाधिकशततमोऽध्यायः ॥ ११६ ॥

અધ્યાય ૧૧૭ મો. ગાલવ ચરિત (ચાલુ)

गालव उवाच—महावीर्यो महीपालः काशीनामीश्वरः प्रभुः ।
दिवोदास इति ख्यातो भैमसेनिर्नराधिपः ॥ १ ॥

ગાલવ કહે છે—હે કલ્યાણિ! મહા પરાક્રમી કાશી દેશનો રાજા, મહા સમર્થ તથા ભયંકર સેનાવાળો દિવોદાસ નામે રાજા છે, તેની પાસે આપણે જઈએ, તું ધીમે ધીમે મારી સાથે આવ, કશો શોક કર નહી. કારણ તે રાજા જીતેંદ્રિય, સત્યવાદી તથા ધર્મિષ્ઠ છે. નારદજી કહે છે—હે દુર્યોધન! એ પ્રમાણે તે કન્યાને કહીને ગાલવ મુનિ દિવોદાસ પાસે ગયો ત્યારે તે રાજાએ ઘટતી રીતે સત્કાર કર્યો હતો જેનો એવા ગાલવે, "તને પુત્રની પ્રાપ્તિ થાય તે સારૂ હું આ કન્યા લાવ્યો છું" એમ તેને કહ્યું. દિવોદાસ રાજાએ કહ્યું કે હે દ્વિજ! તમારે મને વધારે કહેવાનું કંઇ પ્રયોજન નથી, તમારી જે ઇચ્છા છે, તે મેં પૂર્વથી સાંભળી છે ને તેમ કરવાનો વિચાર પણ કરી રાખેલો છે. તમે બીજા રાજાઓને મૂકી મારી પાસે આવ્યા તે મને બહુ માન્ય છે; અને અવસ્ય તેમ થશે પણ ખરૂં. મારી પાસે પણ બસોજ અશ્વનો વૈભવ છે માટે હું પણ આ કન્યાને વિષે એક પુત્રરૂપ રાજાને ઉત્પન્ન કરીશ. હે ભારત! ગાલવે 'બહુ સારૂં' એમ કહીને તે રાજાને કન્યા આપી; ત્યારે રાજાએ વિધિપૂર્વક તે કન્યાને ગ્રહણ કરી. પછી રાજા તેને વિષે, જેમ સૂર્ય પ્રભાવતીને વિષે, અગ્નિ સ્વાહાને વિષે, ઇંદ્ર શચિને વિષે, ચંદ્ર રોહિણીને વિષે, યમ ધુમોર્ણાને વિષે, વરૂણ ગૌરી નામની પોતાની સ્ત્રીને વિષે, કુબેર ઋદ્ધિને વિષે, નારાયણ લક્ષ્મીને વિષે સમુદ્ર જાહ્નવીને વિષે, રૂદ્ર રૂદ્રાણીને વિષે, પિતામહ વેદિને વિષે, વસિષ્ઠ

અહસ્વતિને વિષે, વસિષ્ઠ અક્ષમાળાને વિષે, ચ્યવન સુકન્યાને વિષે, પુલસ્ત્ય સંધ્યાને વિષે, અગસ્ત્ય વૈદર્ભિને વિષે, સત્યવાન સાવિત્રીને વિષે, ભૃગુ પુલોમાને વિષે, કશ્યપ અદિતીને વિષે, ઋચિક રેણુકાને વિષે, કૌશિક હૈમવતીને વિષે, બૃહસ્પતિ તારાને વિષે, શુક્ર શતપર્વાને વિષે, ભૂમિપતિ ભૂમિને વિષે, પુરૂરવા ઉર્વશીને વિષે, ઋચિક સત્યવતીને વિષે, મનુ સરસ્વતીને વિષે, દુષ્યંત શકુંતલાને વિષે, ધર્મ ધૃતિને વિષે, નળ દમયંતીને વિષે, નારદ સત્યવતીને વિષે, જરત્કારૂ જરત્કારૂને વિષે પુલસ્ત્ય પ્રતિચ્યાને વિષે, ઉર્ણાયુ મેનકાને વિષે, તુંબરૂ રંભાને વિષે, વાસુકી શતશીર્ષાને વિષે, ધનંજય કુમારીને વિષે, રામ સીતાને વિષે તથા શ્રીકૃષ્ણ રૂકિમણીને વિષે રમણ કરે, તેમ રમણ કરવા લાગ્યો. એ પ્રમાણે માધવી નામની પોતાની સ્રીને વિષે રમણ કરતા તે રાજાને તેનાથી પ્રતર્દન નામે એક પુત્ર થયો. મહા સમર્થ ગાલવ, દિવોદાસ રાજા પાસે આવીને, સમય પ્રમાણે કહેવા લાગ્યા કે હે પૃથ્વીપતિ! તમે મારી કન્યા પાછી આપો; ને હું અશ્વ માટે બીજા રાજા પાસે જઇ આવું ત્યાં સુધી મારા અશ્વ તમારી પાસે રાખો. ત્યારે સત્યને વિષે સ્થિતિવાળા ધર્માત્મા દિવોદાસ રાજાએ, વચદાને લીધે ગાલવ મુનિને તે કન્યા પાછી આપી.

दिवोदासोथ धर्मात्मा समये गालवस्य तां ।
कन्यां निर्यातयामास स्थितः सत्ये महीपतिः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायां सप्तदशाधिकशततमोऽध्यायः ॥ ११७ ॥

અધ્યાય ૧૧૮ મો. શિબિની ઉત્પતિ.

नारद उवाच—तथैवतां श्रियं त्यक्त्वा कन्याभूत्वा यशस्विनी ।
माधवीगालवं विप्रमभ्ययात्सत्यसंगरा ॥ १ ॥

નારદજી કહે છે–હે દુર્યોધન! સત્ય પ્રતિજ્ઞાવાળી તથા શ્રેષ્ઠ યશવાળી માધવી પૂર્વની પેઠે તે રાજ્યશ્રીનો ત્યાગ કરી પાછી કન્યારૂપ થઇને, ગાલવની પાસે આવી. પોતાના કાર્યમાંજ ગયું છે મન જેનું એવા ગાલવ, વિચાર કરતા કરતા ભોજનગરમાં ઉશીનર નામના રાજા પાસે ગયા, ને સત્ય પરાક્રમી તે રાજાને કહેવા લાગ્યા કે, આ કન્યા તમને સૂર્ય તથા ચંદ્ર સરખા રાજારૂપ બે પુત્ર ઉત્પન્ન કરી આપીને તમારા આલોક તથા પરલોકને સુધારશે. હે સર્વ ધર્મને જાણનાર! તમે મને એક બાજુથી કાળા કાનવાળા તથા ચંદ્ર સરખા સફેદ ચારસો ઘોડારૂપી મૂલ્ય આપો. આ મારો સમારંભ ગુરૂ વાસ્તે છે, મારે તેનું કાંઇ પ્રયોજન નથી. હે મહારાજ! જો તમને તે આપવું શકય હોય, તો તુરત તેમ કરો. હે રાજર્ષિ! તમે પુત્ર વગરના છો, વાસ્તે આ કન્યા લઇને બે પુત્ર ઉત્પન્ન કરો. અને તમારા પિતૃઓ તથા પોતાના આત્માને તારો. હે રાજન્! પુત્રરૂપ ફળને ભોગવનાર પુરૂષ સ્વર્ગથી ભ્રષ્ટ થતો નથી, ને જેમ પુત્ર વગરના પુરૂષ ઘોર નરકમાં જાય છે, તેમ સપુત્ર જતો નથી. હે દુર્યોધન! ગાલવનાં વચન સાંભળીને નરાધિપ ઉશીનર, તેને આવી રીતે પ્રત્યુત્તર આપવા લાગ્યો કે હે બ્રહ્મન્ ગાલવ! જેવી રીતે તમે કહો છો, તે પ્રમાણે મેં સાંભળ્યું ને મારૂં મન પુત્રની ઉત્પત્તિને ઇચ્છે છે, તોપણ વિધાતા બળવાન છે. હે બ્રહ્ન-

અંશુમાં શ્રેષ્ઠ! તમે મારી પાસે જેવા અશ્વની માગણી કરી એવા અશ્વ બસો છે, બીજા તો હજારો છે, પરંતુ હે ગાલવ! હું પણ તમારી કન્યાને વિષે એક પુત્ર ઉત્પન્ન કરીશ, ને છેલ્લી અવસ્થામાં ઉત્તમ પુરૂષ સહિત શ્રેષ્ઠ માર્ગને સેવીશ. હે દ્વિજ સત્તમ! હું તમને જેટલું મૂલ્ય આપીશ, તેટલુંજ તમારા ધારવા પ્રમાણે કરીશ. આ જે હું કામ કરૂંછું તે શહેર તથા દેશના કલ્યાણ વાસ્તે કરૂં છું, વિષય સુખની ઇચ્છાથી કરવા ઇચ્છતો નથી કેમકે જે રાજા ઉપકાર કરવા લાયક દ્રવ્ય કામનાથી કોઇને આપે છે, તેને કંઇ યશની પ્રાપ્તિ થતી નથી, માટે હું, મને એક પુત્રની પ્રાપ્તિ થાય તે સારૂ દેવતાના ગર્ભ સરખી તમારી કન્યાને ગ્રહણ કરીશ, તમે મને આપો. હે દુર્યોધન! એ પ્રમાણે અનેક તરેહથી બોલેલા ઉશીનર રાજાને પોતાની કન્યા આપીને, ગાલવ મુનિ વનમાં ચાલી નિકળ્યા. પછી ઉશીનર રાજા, જેમ પુણ્યવાન લક્ષ્મીને પામે, તેમ તે કન્યાને પામીને પર્વતોની ગુફામાં, જળનાં ઝરણમાં, બગીચામાં, વિચિત્ર વનમાં, અટારીમાં, મહેલના શિખરમાં, સુંદર બારીવાળા વિમાનોમાં તથા ગ્રહના મધ્યભાગમાં તેની સાથે રમણ કરવા લાગ્યો. પછી તે રાજાને માધવીને પ્રસૂત થવાનો સમય આવ્યો ત્યારે ઉદય થતા સૂર્ય સરખી કાંતિવાળો, જગતમાં પ્રખ્યાત તથા રાજાઓમાં શ્રેષ્ઠ શિબિ નામે પુત્ર ઉત્પન્ન થયો. પછી ગાલવ મુનિ તે રાજા પાસે આવી, તેની પાસેથી પોતાની કન્યા લઇને ચાલતા થયા, તેટલામાં તેણે વિનતાના પુત્ર ગુરૂડને જોયો.

उपस्थाय सतं विप्रो गालवः प्रतिगृह्य च ।
कन्यां प्रयातस्तां राजन् दृष्टवान्विनतात्मजं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायामष्टादशाधिकशततमोऽध्यायः ॥ ११८ ॥

અધ્યાય ૧૧૯ મો. માધવી ને વિશ્વામિત્ર.

नारद उवाच—गालवं वैनतेयोथ प्रहसन्निदमब्रवीत् ।
दिष्ट्या कृतार्थं पश्यामि भवंतामिह वै द्विज ॥ १ ॥

નારદજી કહે છે–હે દુર્યોધન! વિનતાનો પુત્ર ગરૂડ હસીને ગાલવને કહેવા લાગ્યો કે હે દ્વિજ! હું કાર્ય સિદ્ધ કર્યું હોય એવા તમને જોઉં છું એ બહુ સારૂં થયું. ગરૂડનાં વચન સાંભળી ગાલવે કહ્યું કે, ગુરૂનું કાર્ય ત્રણ ભાગ તો સિદ્ધ થયું પણ હજુ ચોથો ભાગ અવશેષ રહેલો છે. બોલનારાઓમાં શ્રેષ્ઠ ગરૂડે ગાલવને કહ્યું કે, હવે તમારે પ્રયત્ન કરવો નહી, કારણ બાકીનું તમારૂં કાર્ય સંપાદન થશે નહી. પૂર્વે કાન્યકુબ્જ શહેરમાં ગાધિ રાજાની સત્યવતી નામે કન્યા હતી, તેની ઋચિક ઋષિએ સ્ત્રી વાસ્તે માગણી કરી ત્યારે ગાધિ રાજાએ તેને કહ્યું કે, હે ઋષિ! તમે એક બાજુથી શ્યામ કર્ણવાળા તથા ચંદ્ર સરખી કાંતિવાળા શ્વેત એક હજાર અશ્વ મને આપો, તો હું મારી કન્યા તમને આપું. ગાધિ રાજાનાં વચન સાંભળી 'બહુ સારૂં' એમ કહીને ઋચિક ઋષિ, વરૂણ લોકમાં ગયા. ત્યારે અશ્વ તીર્થમાંથી પોતાને ઇચ્છિત અશ્વ પામીને ઋષિ પાછા ગાધિ રાજા પાસે આવ્યા ને તેને તે અશ્વ આપ્યા. પછી ગાધિ રાજાએ પુંડરિક નામના યજ્ઞે કરીને પોતાની પાસેના

અશ્વ બ્રાહ્મણોને દક્ષિણામાં આપ્યા. પછી બ્રાહ્મણો પાસેથી હર્યશ્વ, દિવોદાસ તથા ઉશીનર એ ત્રણ રાજાઓએ તેમને દ્રવ્ય આપીને, એક એક જણે બસો બસો અશ્વ લીધા અને બાકીના ચારસો અશ્વ લઇને બ્રાહ્મણો જતા હતા, તેટલામાં રસ્તાને વિષે વિતસ્તા નામની નદી આવી તેમાં તે ડૂબી ગયા. હે ગાલવ ! હવે બાકીના અશ્વ તમને મળનાર નથી; કેમકે અપ્રાપ્ય વસ્તુ કદી મળતી નથી. વાસ્તે તમે બાકીના બસો અશ્વ ઓછા રહ્યા, તે પેટે વિશ્વામિત્રને આ કન્યા પુત્ર પ્રાપ્ત કરવા સારૂ આપો ને તમારી પાસે છસો અશ્વ થયા છે તે પણ આપો, જેથી હે ધર્માત્મ બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ગાલવ ! કૃતકૃત્ય થશો ને મોહ રહિત થશો. તેમનાં એવાં વચન સાંભળી બહુ સારૂં એમ કહીને ગાલવ મુનિ, તે કન્યા તથા છસો અશ્વ લઇ ગરૂડ સહિત વિશ્વામિત્રની પાસે ગયા ને કહેવા લાગ્યા કે હે ગુરૂ ! તમારા ઇચ્છિત આ છસો અશ્વ લ્યો, ને બાકી બસો ઓછા રહ્યા તે પેટે આ કન્યા ગ્રહણ કરો. કેમકે આ કન્યાને વિષે ત્રણ રાજર્ષિઓએ ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા છે, ને ચોથો એક પુત્ર તમે પણ ઉત્પન્ન કરો; તેથી તમારા માગવા પ્રમાણે આઠસો અશ્વ પૂરા થાય. પછી હું પણ તમારા ઋણથી મુક્ત થઇ સુખે કરી તપશ્ચર્યા કરૂં. હે ભારત ! ગાલવનાં વચન સાંભળી પક્ષી ગરૂડ સહિત તે મુનિને તથા શ્રેષ્ઠ કટિપશ્ચાદ્ ભાગવાળી માધવી કન્યાને જોઇને વિશ્વામિત્રે કહ્યું કે, હે ગાલવ ! તેં આ કન્યા પ્રથમજ મને કેમ ન આપી ? હુંજ એને વિષે મારા કુળને વધારે એવા ચાર પુત્ર ઉત્પન્ન કરત પણ હવે એક પુત્ર ઉત્પન્ન કરવા સારૂ એને ગ્રહણ કરૂં છું, ને અશ્વ છે તે મારા આશ્રમ પાસે રાખ, જે વનમાં ચર્યા કરશે. હે દુર્યોધન ! મોટી કાંતિમાન વિશ્વામિત્રે ગાલવ પાસેથી માધવી કન્યાને સ્ત્રીરૂપે ગ્રહણ કરી ને તેની સાથે રમણ કરવા માંડ્યું. માધવીને અષ્ટક નામનો પુત્ર થયો, કે તે જ વખતે વિશ્વામિત્રે બાળકને ધર્મનો ઉપદેશ કર્યો તથા કેટલુંક દ્રવ્ય તથા છસો અશ્વ આપ્યા. અષ્ટક છોકરો પિતાએ આપેલું દ્રવ્ય તથા અશ્વ લઇને ચંદ્રના શહેર સરખી શોભા વાળા શહેરમાં ગયો. વિશ્વામિત્ર માધવી કન્યા ગાલવને આપી વનમાં ચાલી નિકળ્યા. પછી ગરૂડ સહિત ગાલવ એ પ્રમાણે ગુરૂદક્ષિણા આપીને, માધવી કન્યાને સ્થિર મનથી કહેવા લાગ્યા કે, હે માધવી ! તારાથી પ્રથમ દાન આપનારમાં શ્રેષ્ઠ એવો પુત્ર થયો, બીજો શૂરવીર થયો, ત્રીજો સત્ય ધર્મમાં તત્પર એવો પુત્ર થયો અને ચોથો યજ્ઞ કરનાર પુત્ર થયો. હવે હે શ્રેષ્ઠ મધ્ય ભાગવાળી ! તું મારી સાથે આવ, ને તેં પુત્રોએ કરી તારા પિતાને ચાર રાજાને તથા મને તાર્યા. હે રાજન્ ! એ પ્રમાણે તે કન્યાને કહી સર્પનું ભક્ષણ કરનાર ગરૂડની રજા લઇ, તે કન્યા તેના પિતા યયાતિને પાછી આપી, ગાલવમુનિ વનમાં ચાલી નિકળ્યા.

गालवस्त्वभ्यनुज्ञाय सुपर्णं पन्नगाशनं ।
पितुर्निर्यात्य तां कन्यां प्रययौ वनमेव हि ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते गुर्जरभाषायामेकोनविंशत्यधिकशततमोऽध्यायः ॥ ११९ ॥

અધ્યાય ૧૨૦ મો, ગાલવ ચરિત (ચાલુ)

नारद उवाच—स तु राजापुनस्तस्याः कर्तुकामः स्वयंवरं ।
उपगम्याश्रमपदं गंगायमुनसंगमे ॥ १ ॥

નારદજી કહે છે–હે દુર્યોધન ! ત્યાર પછી માધવી કન્યાનો સ્વયંવર કરવાની ઇચ્છાવાળો યયાતિ રાજા, જ્યાં ગંગા તથા યમુનાનો સમાગમ થાય છે, ત્યાં એક આશ્રમની પાસે ગયો. પુરૂ તથા યદુ એ બે જણ હાથમાં ગ્રહણ કરી હતી પુષ્પની માળા જેણે એવી પોતાની બહેન માધવીને રથમાં બેસાડી આશ્રમની પાસે વરની શોધ કરવા સારૂ ચોતરફ ફરવા લાગ્યા. ત્યાં નાગ, યક્ષ, મનુષ્ય, ગંધર્વ, મૃગ, પક્ષી, પર્વત, વૃક્ષ તથા વનવાસીનો મોટો મેળાવડો થયો. અનેક દેશના પુરૂષ, રાજા તથા બ્રહ્મા સરખા ઋષિયો વગેરેથી તે વન ભરાઇ ગયું. પછી જ્યારે સ્વયંવરમાં આવેલા વરો તે કન્યાને દેખાડવામાં આવ્યા ત્યારે તે સર્વનો ત્યાગ કરીને શ્રેષ્ઠ વનવાસ રૂપ વરને તે કન્યા વરી અને રથમાંથી ઉતરી પોતાના સંબંધિયોને નમસ્કાર કરી પવિત્ર વનમાં જઇને તપશ્ચર્યા કરવા લાગી. ઉપવાસ, યમ, નિયમ તથા દીક્ષાદિ સાધનનું સેવન કરવાથી પોતાનાં દેહને શુષ્ક કરી તે કન્યા મૃગની ચર્યા કરવા લાગી. વૈદૂર્યમણિ સરખા અંકુરવાળા, કોમળ, લીલાં, તીખાં તથા મધુર અને મનોહર એવાં તૃણને ચરવા લાગી તથા પવિત્ર નદિયોના સુંદર, નિર્મળ, શીતળ, મીઠા જળનું પાન કરવા લાગી. હે દુર્યોધન ! તે કન્યા હરણાં સહિત, સિંહ, વ્યાઘ્ર તથા દાવાનળ રૂપ બ્રાહ્મણ જેમાં હોય એવા અને મનુષ્ય વગરના વનમાં મૃગલીની પેઠે ફરવા લાગી. બ્રહ્મચર્ય સહિત મોટા ધર્મનું સેવન કરવા લાગી. હવે યયાતિ રાજા થઇ ગયેલા પોતાના પૂર્વજોના આચરણને અનુસરીને, હજારો વર્ષને અંતે મૃત્યુ પામ્યા. તે પુરૂ તથા યદુ એ બેઉ જણ તેના વંશમાં મહા શ્રેષ્ઠ રાજા થયા ને મોટાઇ પામ્યા, આલોક તથા સ્વર્ગમાં યયાતિનો યશ વિસ્તાર પામ્યો. હે પૃથ્વીપતિ દુર્યોધન ! સ્વર્ગમાં જઇ રહેલા મહર્ષિ સરખા મહા સમર્થ યયાતિ રાજા, ત્યાંના મુખ્ય સુખરૂપ ફળને ભોગવવા લાગ્યા. પછી સ્વર્ગમાં ગયે તેને હજારો વર્ષ થયાં ત્યારે મૂઢ જ્ઞાનવાન તથા વિસ્મય યુક્ત થઇ હતી બુદ્ધિ જેની એવા તેણે, જ્યારે મોટા યશ તથા સમૃદ્ધિવાળા રાજાઓ બેઠા હતા, ત્યાં સર્વ મનુષ્ય, દેવતા તથા ઋષિયોની અવજ્ઞા કરવા માંડી. તેની ખબર બળ નામના દૈત્યને મારનાર ઇંદ્રને પડી, તે તે સર્વ બેઠેલા રાજર્ષિયો પણ તેને ધિક્કાર ધિક્કાર કરવા લાગ્યા. તે સૌ વિચાર કરવા લાગ્યા કે, આ કોણ છે ? કોનો પુત્ર છે ? કેમ સ્વર્ગમાં આવ્યો છે ? કયા કર્મે કરી સિદ્ધ થયો છે ? આણે કયું તપ કર્યું છે ? તથા અહીં સ્વર્ગમાં કયા પુણ્યના યોગે કરી આવેલો જણાય છે ? એ પ્રમાણે યયાતિ સંબંધી વિચાર કરતા એવા સ્વર્ગવાસિયોએ, પરસ્પર, વિમાનની રક્ષા કરનારને, દરવાજાની રક્ષા કરનારને તથા આસનની સંભાળ રાખનારાઓને તેના આવવા સંબંધી પુછ્યું; પણ તેઓએ અમે કંઇ જાણતા નથી કે એ રાજા કેમ અહીં આવેલો છે, એમ કહ્યું. હે રાજન્ ! નાશ પામ્યું હતું જ્ઞાન જેનું એવા તે સર્વ, યયાતિને ઓળખી શક્યા નહી ને એક મુહૂર્તમાં તે રાજા તેજ રહિત થયો.

सर्वे ते ह्यावृतज्ञाना नाभ्यजानंत तं नृपं ।
समुहूर्तादथ नृपो हतौजाश्चाभवत्तदा ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते ययातिमोहे गुर्जरभाषायां विंशत्यधिकशततमोऽध्यायः ॥ १२० ॥

અધ્યાય ૧૨૧ મો. યયાતિનો ઉદ્ધાર.

नारद उवाच—अथ प्रचलितः स्थानादासनाच्च परिच्युतः ।
कंपितेनेव मनसा कार्षितः शोकवह्निना ॥ १ ॥

નારદજી કહે છે-હે દુર્યોધન! પછી સ્વર્ગરૂપ સ્થાન તથા આસન ઉપરથી ચલાયમાન થયેલા શોકરૂપ અગ્નિથી લેવાઇ ગયેલા, કંપિત થયેલા મનવાળા, સુકાઇ ગઇ હતી માળા જેની એવા, દીનતાથી ભ્રષ્ટ થયેલા, મુકુટ તથા બાજુબંધ પડી ગયાં હતાં જેનાં એવા, વસ્ત્ર તથા અલંકાર વીખરાઇ ગયાં હતાં જેનાં એવા, અને શિથિલ થઇ ગયાં હતાં સર્વ અંગ જેનાં એવા યયાતિ રાજા, કોઇને જોવામાં આવ્યા નહીં, ને પોતે તેમને ક્ષણુ ક્ષણુમાં દેખતા હતા તથા નહીં પણુ દેખતા હતા. પછી જ્યારે સૂનકાર થઇ ગયેલા યયાતિ રાજા, પૃથ્વી ઉપર પડવા તૈયાર થયા, ત્યારે વિચાર કરવા લાગ્યા કે મેં ધર્મનો નાશ કરે એવો કંઇ દુષ્ટ વિચાર કર્યો શું કે જેણે કરી હું સ્વર્ગ સ્થાનથી ચલાયમાન થયો? હે દુર્યોધન! સ્વર્ગમાં રહેલા તે સર્વ રાજાઓ તથા અપ્સરાઓ સ્વર્ગથી ભ્રષ્ટ થયેલા તથા અવલંબન રહિત યયાતિને જોતાં હતાં. તે વખતે ઇંદ્રની આજ્ઞાથી ક્ષીણુ પુણ્યવાન ને સ્વર્ગમાંથી પૃથ્વીને વિષે પાડનાર કોઇ પુરૂષ યયાતિ પાસે આવીને કહેવા લાગ્યો કે હે રાજપુત્ર! તું અતિ મદે કરીને મદોન્મત્ત છે, જેથી સર્વનું અપમાન કરે છે. અભિમાને કરીને તું સ્વર્ગ ભ્રષ્ટ થયો છે, તેને વિષે રહેવા યોગ્ય નથી, કારણુ તેજથી રહિત થયો છે, વાસ્તે જા પૃથ્વી ઉપર પડ. એવાં તેનાં વચન સાંભળીને, યયાતિ રાજા હું સત્પુરૂષો હોય ત્યાં પડું એમ ત્રણુ વાર કહીને, મારી સારી ગતિ થાય તો ઠીક એમ પડતાં પડતાં વિચાર કરવા લાગ્યા. તે સમયે નૈમિષારણ્યમાં વસુમના, પ્રતર્દન, શિબિ તથા અષ્ટક એ ચાર રાજાઓ વાજપેય નામના યજ્ઞે કરી પરમેશ્વરનું આરાધન કરતા હતા, તેના યજ્ઞનો ધૂમાડો સ્વર્ગ દ્વાર સુધી પહોંચ્યો હતો; જે પૃથ્વી તથા સ્વર્ગના અંતરમાં નદીરૂપ દેખાતો હતો અથવા ત્યાંથી ત્યાં જતી ગંગાજ હોય નહિ એમ શોભતો હતો. હે રાજન્! તે ધૂમાડાને સુંઘતા સુંઘતા યયાતિ રાજા, લોકપાળ સરખા, મોટી સમૃદ્ધિવાળા, અવભૃથ સ્નાન કર્યું હતું જેમણે એવા, રાજાઓમાં સિંહરૂપ, રૂપને વિષે અગ્નિ સરખા, આહુતિ આપી હતી જેણે એવા તથા પોતાના દૌહિત્રરૂપ ચાર રાજાઓની વચમાં પુણ્ય નાશ થવાથી પૃથ્વી પર આવી પડયા. શોભાએ કરી પ્રકાશમાન યયાતિને જોઇ તે ચાર રાજાઓ કહેવા લાગ્યા કે, તમે કોણુ છો અને કયા દેશ તથા શહેરનું પાલન કરનાર છો? શું યક્ષ, દેવ, ગંધર્વ કે રાક્ષસ છો? પણુ તે માંહેલા તમે કોઇ નથી, મનુષ્ય છો, વાસ્તે તમને કયા અર્થની ઇચ્છા છે? યયાતિએ કહ્યું કે હું રાજર્ષિ યયાતિ છું, ક્ષીણુ પુણ્ય થવાને લીધે સ્વર્ગથી ભ્રષ્ટ થવા લાગ્યો ત્યારે મેં સત્પુરૂષોની મધ્યે પડું એવો વિચાર કર્યો તેથી તમારી વચમાં આવી પડયો છું. ચાર રાજાઓએ કહ્યું કે હે પુરૂષમાં શ્રેષ્ઠ! તમારૂં ઇચ્છિત સફળ થાવ ને અમારા સર્વનું યજ્ઞ ફળ તથા ધર્મ તમો ગ્રહણુ કરો. યયાતિ બોલ્યા કે, હું પ્રતિગ્રહ લેવારૂપી દ્રવ્ય યાચનારો બ્રાહ્મણુ નથી, ક્ષત્રિય છું, તેથી પારકા પુણ્યનો નાશ કરવામાં કુશળ એવી મારી બુદ્ધિ નથી. નારદજી કહે છે-હે દુર્યોધન! એ પ્રમાણે યયાતિ તથા તે ચાર રાજાઓ વાતો કરતા હતા, તેવામાં મૃગો સાથે ફરતી એવી માધવી કન્યા ત્યાં આવી પહોંચી. તેને જોઇને તે સર્વ રાજાઓ પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે તપોધને! તમારે અહીં આવવાનું શું પ્રયોજન

છે ! અમે તમારી શી આજ્ઞા પાલન કરીએ ? અમે તમારા સર્વ પુત્ર છીએ, તેથી તમારી આજ્ઞા પાલન કરવા યોગ્ય છીયે. એ પ્રમાણે તેમનું બોલવું સાંભળીને માધવી કન્યાએ અત્યંત હર્ષયુક્ત થઇ પોતાના પિતા યયાતિ પાસે જઇને, તેને પ્રણામ કર્યો. પછી તે કન્યાએ પોતાના ચાર પુત્રના મસ્તક વિષે સ્પર્શ કરી યયાતિને કહ્યું કે હે રાજેંદ્ર! આ ચાર મારા પુત્ર તમારા દૌહિત્ર છે, બીજા કોઇ નથી. એ તમને તારશે એવું મેં પૂર્વથીજ જાણ્યું છે. હું માધવી નામની મૃગચર્યાવાળી તમારી કન્યા છું, માટે મેં સંપાદન કરેલા ધર્મમાંથી અર્ધ વિભાગ તમે ગ્રહણ કરો, કેમકે સર્વ મનુષ્ય સંતાનના પુણ્ય ફળને ઇચ્છે છે, ને તમારી પેંઠ દૌહિત્રને પણ ઇચ્છે છે. આ પ્રમાણે માધવીએ યયાતિને કહ્યું, ત્યારે તે ચાર રાજાઓએ આ આપણી માતા છે એમ જાણી તેને તથા માતામહને નમસ્કાર કરીને, તેને તારવા સારૂ સ્નિગ્ધ એવા તથા બીજા સર્વના કરતાં ઉત્તમ એવા ઉંચા સ્વરે કરી પૃથ્વીને ગજાવવા માંડી. તે સમયે ગાલવ મુનિ વનમાંથી ત્યાં આવ્યા ને યયાતિને કહેવા લાગ્યા કે હે રાજન્! હું મારા તપનો આઠમો હિસ્સો તમને આપું છું, તેણે કરી તમે સ્વર્ગને પામો.

अथ तस्मादुपगतो गालवोप्याह पार्थिव ।
तपसो मेऽष्टभागेन स्वर्गमारोहतां भवान् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते ययातिस्वर्गभ्रंशे गुर्जरभाषायामेकविंशाधिकशततमोऽध्यायः ॥ १२१ ॥

અધ્યાય ૧૨૨ મો. યયાતિનું પુનઃ સ્વર્ગે જવું.

नारद उवाच—प्रत्यभिज्ञात मात्रोथ सद्भिस्तैर्नरपुंगवैः ।
समारुरोह नृपतिरस्पृशन्वसुधातल ॥ १ ॥

નારદજી કહે છે—હે દુર્યોધન ! પછી સત્પુરૂષ એવા તે ચાર રાજાઓએ ઓળખેલો પુરૂષમાં શ્રેષ્ઠ યયાતિ પૃથ્વીને નહીં સ્પર્શ કરતાં તેનાથી ઉંચે આકાશ માર્ગે ચઢયો; ગયેલા તાપવાળા દિવ્ય સ્થાનમાં પહોંચ્યો. તે સમયે દિવ્ય પુષ્પ તથા વસ્ત્ર ધારણ કર્યા હતાં જેણે એવા, દિવ્ય અલંકારોએ કરી શોભાયમાન, અને દિવ્ય સુગંધીરૂપ ગુણે યુક્ત તે રાજા, પગે કરી પૃથ્વીને સ્પર્શ કરતો ન હતો. પછી જગતમાં પ્રસિદ્ધ તથા દાન આપનારાઓમાં શ્રેષ્ઠ એવો વસુમના નામનો રાજા, પ્રથમ ઉંચે સ્વરે કરી વાણી બોલતો યયાતિને કહેવા લાગ્યો કે, હું જેણે કરીને સર્વ વર્ણમાં અનિંદિતપણાને પામ્યો. તે તમને અર્પણ કરૂં છું તેણે કરીને તમે સ્વર્ગને પામો. દાનશીલ, ક્ષમાશીલ તથા શ્રૌત ધર્મનું જે મારૂં ફળ છે તે તમને પ્રાપ્ત થાઓ. ત્યાર પછી ક્ષત્રિયમા શ્રેષ્ઠ એવા પ્રતર્દને કહ્યું કે, જેણે કરી મને ધર્મમાં પ્રીતિ છે, હું નિત્ય યુદ્ધને પરાયણ રહું છું અને ક્ષત્રિય વંશમાંના યશને તથા શૂરવીર એવા શબ્દના ફળને પામ્યો છું, તેણે કરી તમે મુક્ત થાઓ. પછી ઉશીનરનો પુત્ર બુદ્ધિમાન શિબિ રાજા મધુર વાણીથી બોલ્યો કે, મેં બાલક, સ્ત્રી, હાસ્ય કરવા યોગ્ય સાળાદિ સંબંધી, યુદ્ધ, કોઇને મારીને પાડવાના સમય, આપત્તિ તથા દુઃખને વિષે ખોટું ભાષણ કર્યું નથી, એ મારા પુણ્યના યોગથી તમે સ્વર્ગ પ્રત્યે જાઓ. પછી જો હું

પોતાના પ્રાણ, રાજ્ય કામના તથા સુખનો ત્યાગ કરું પણ સત્યનો ત્યાગ કરું નહીં એવો હોઉં, તો તે મારા પુણ્યને યોગે તમે સ્વર્ગે જાઓ. વળી જો મારા સત્યપણાએ કરી મારો ધર્મ સ્થિર હોય અને તેણે કરી અગ્નિ તથા ઇંદ્ર પ્રસન્ન થયા હોય, તો તે મારા સત્યરૂપ ધર્મે કરી તમે સ્વર્ગને પામો. કુશિક વંશમાં ઉત્પન્ન થયેલા માધવીના પુત્ર રાજર્ષિ સર્વ ધર્મ જાણનાર અષ્ટકે, યજ્ઞ કર્યા હતા જેણે એવા નહુષના પુત્ર યયાતિને જોઇને કહ્યું કે, હે સમર્થ ! મેં સેંકડો પુંડરિક, ગોસવ તથા વાજપેય નામના યજ્ઞ કર્યા છે, તેના ફળને તમે પામો. વળી યજ્ઞમાં નહી ઉપગોગમાં આવતાં એવાં ધન, રત્ન તથા બીજાં સાહિત્ય મારાં નહીં, એવું જે મારૂં સત્યતાપણું છે, તે સત્યતાએ કરી તમે સ્વર્ગ પ્રત્યે જાઓ. હે દુર્યોધન ! જેમ જેમ તે રાજાઓ પોતાનાં પુણ્ય તેને આપવા લાગ્યા તેમ તેમ યયાતિ રાજા પૃથ્વીનો ત્યાગ કરીને પુનઃ સ્વર્ગ પ્રત્યે જવા લાગ્યો. એ પ્રમાણે ચાર રાજાઓના વંશમાં ઉત્પન્ન થયેલા પોતાના વંશને વધારનાર તથા યયાતિના દૌહિત્ર એવા તે ચાર રાજાઓએ પોતાના સ્વધર્મ તથા દાન આપવાના અને યજ્ઞ કરવાના ક્રમે કરીને સ્વર્ગથી ભ્રષ્ટ થયેલા યયાતિને તાર્યો અને સ્વર્ગમાં પહોંચાડયો. તે સમયે તેઓએ તેને કહ્યું કે, હે પાર્થિવ ! રાજધર્મરૂપ ગુણયુક્ત તથા સ્વધર્મના ગુણયુક્ત એવા અમે તમારા દૌહિત્રં છીયે, માટે તમે સ્વર્ગ પ્રત્યે જાઓ.

राजधर्मगुणोपेताः सर्वधर्मगुणान्विताः ।
दौहित्रास्ते वयं राजन् दिवमारोह पार्थिव ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते ययाति-स्वर्गारोहणे गुजरभाषायां द्वाविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२२ ॥

અધ્યાય ૧૨૩ મો. યયાતિનો સ્વર્ગમાં સ્થિરવાસ.

नारद उवाच—सद्भिरारोपितः स्वर्गं पार्थिवैर्भूरिदक्षिणैः ।
अभ्यनुज्ञाय दौहित्रान् ययातिर्दिवमास्थितः ॥ १ ॥

નારદજી કહે છે—હે દુર્યોધન ! ઘણી દક્ષિણા આપી હતી જેમણે એવા સત્પુરૂષ ચાર રાજાઓએ સ્વર્ગની પ્રાપ્તિ જેને કરાવી છે એવા તેમની રજા લઇને સ્વર્ગ પ્રત્યે જવા સારૂ આકાશમાં ઉભેલા, સુગંધીદાર અનેક પ્રકારનાં પુષ્પોનો વર્ષાદ થતો હતો જેની ઉપર એવા, પુણ્યવાન થયેલા, પવિત્ર સુગંધવાન વયુ વાતો હતો જેને એવા તથા પોતાનાં કર્મયુક્ત યયાતિ રાજા, દૌહિત્રના પુણ્ય ફળે કરી જીતેલા અચળ સ્થાનને પામી મોટી શોભાવાળો હોવાથી અત્યંત પ્રકાશમાન થયો. ગંધર્વ તથા અપ્સરાના ગણો જેની પાસે ગાયન તથા નૃત્ય કરતા હતા એવો, સ્વર્ગને વિષે દુંદુભિના શબ્દે કરી સત્કાર પામેલો, દેવતા, રાજર્ષિ તથા ચારણના સમૂહ જેની સ્તુતિ કરતા હતા એવો અને દેવતાઓએ ઉત્તમ અર્ઘ્ય કરી પૂજન તથા વંદન કરાયલો યયાતિ રાજા સ્વર્ગને પામ્યો. પછી અત્યંત નિવૃત્તિને પામેલા તથા શાંત થયેલા તે રાજાને સુંદર વાકયથી પ્રસન્ન કરતાં પિતામહ બ્રહ્માએ કહ્યું કે, હે યયાતિ ! તું પ્રથમ લૌકીક વ્યવહારનાં કર્મે કરી તપ, યજ્ઞ, જ્ઞાન તથા દાનરૂપી ચાર પગવાળા ધર્મનું સેવન કરવાથી અક્ષય એવા આ સ્વર્ગ લોકને તથા કીર્તિ યશને પામ્યો હતો; પણ તેં ધર્મ સંબંધી મારા સમાન કોઇ પણ રાજા નથી, એવા

આકાશના રાજાઓને કહ્યું તેથી અજ્ઞાને કરી વિંટાઇ ગયાં હતાં ચિત્ત જેનાં એવા સ્વર્ગ-વાસી રાજાઓએ તને નહીં ઓળખવાને લીધે પૃથ્વી ઉપર નાખ્યો હતો. તારા દૌહિત્રોએ તને પ્રીતિથી તાર્યો જેથી તું અહીં પાછો આવ્યો છે. તું પોતાના કર્મે કરી મેળવેલું અચળ, શાશ્વત, પવિત્ર ઉત્તમ ધ્રુવ તથા અવિનાશી આ સ્વર્ગરૂપ સ્થાનને પુનઃ પામ્યો. યયાતિએ પૂછ્યું કે હે મહા સમર્થ પિતામહ! મને એક સંશય રહેલો છે, તે હું તમને પૂછવા ઇચ્છું છું ને તમે તે દૂર કરવા લાયક છો. હે ભગવન્! મેં બહુ વર્ષ પર્યંત પ્રજાનું પાલન કરી વધારેલું અને અનેક યજ્ઞ કરી તથા દાન આપીને મેળવેલું ઘણું મોટું પુણ્ય ફળ હતું તે અલ્પ કાળે કરી કેમ નાશ પામ્યું! હું પૃથ્વી ઉપર શા થી પડ્યો? હે સમર્થ! મારા પુણ્યના યોગથી મને શાશ્વત લોક મળવા જોઇએ તે તમે જાણો છો, તે છતાં તે સર્વ કેમ નાશ પામ્યું?

બ્રહ્માએ કહ્યું કે હે રાજેંદ્ર! તેં બહુ વર્ષ પર્યંત પ્રજાનું પાલન કરીને વધારેલું અને અનેક યજ્ઞ કરી તથા દાન આપીને મેળવેલું પુણ્યફળ, તારા અભિમાને કરી નાશ પામ્યું. તેથીજ સ્વર્ગમાં રહેનારાઓએ તને ધિક્કાર કર્યો. હે રાજર્ષિ! આ સ્વર્ગલોક માન, બળ, હિંસા વિશ્વાસઘાત, તથા છળતાએ કરી કોઇને સદૈવ રહેલો નથી, માટે હવેથી તારે ઉત્તમ, મધ્યમ તથા અધમ એવા કોઇનું પણ અહિ અપમાન કરવું નહીં; કારણ ગર્વે કરી બળેલા પુરૂષને કોઇ દિવસ પણ શમતા પ્રાપ્ત થતી નથી. તારૂં સ્વર્ગમાંથી પડવું થયું તથા પાછું અહીં આવવું થયુ એનું જે કોઇ મનુષ્ય કથન કરશે, તે વિષમ સ્થાનને પામીને પણ પાછો તરશે, એમા સંશય નથી.

નારદજી કહે—હે દુર્યોધન! એ પ્રમાણે પૂર્વે યયાતિ રાજા અભિમાને કરી દોષને પામ્યા તથા હઠના ફળને ગાલવ મુનિ પણ પામ્યા માટે હે દુર્યોધન! તું હિત ઇચ્છનાર સંબંધીનાં હિતવાકય સાભળવા યોગ્ય છે, માટે તારે કોઇ વાતમાં હઠ કરવી નહીં; કેમકે તેથી વિનાશ થાય છે. હે ગાંધારીના પુત્ર! તુ માન તથા ક્રોધનો ત્યાગ કરી પાંડવો સાથે સ્નેહ કર. હે પાર્થિવ! મનુષ્ય જે કંઇ દાન આપે છે, કર્મ કરે છે, તપ તપે છે તથા હોમ કરે છે, તેનુ ફળ સ્થિર રહે છે ને તેને તે જ ભોગવે છે. બીજું કોઇ ભોગવતું નથી; માટે તે કરેલા કર્મ તુજ ભોગવીશ, બીજો કોઇ ભોગવનાર નથી. આ અતિ ઉત્તમ, બહુશ્રુત અને રોષ તથા રાગ વગરનાઓને હિતરૂપ અને લોકને વિષે ઘણાઓએ ધારણ કરેલું મોટું આખ્યાન છે, તેને જોઇને કોઇ પુરૂષ ત્રિવર્ગમાં દૃષ્ટિ રાખી રહેશે, તો તે પૃથ્વીનું રાજ્ય ભોગવશે.

इदं महाख्यानमनुत्तमं हितं बहुश्रुतानां गतरोषरागिणां ।
समीक्ष्य लोके बहुधा प्रधारितं त्रिवर्गदृष्टिः पृथिवीमुपाश्नुते ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गालवचरिते दुर्योधनामां त्रयोविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२३ ॥

અધ્યાય ૧૨૪ મો. શ્રીકૃષ્ણે દીધેલી શિખ.

धृतराष्ट्र उवाच—भगवन्नेवमेवैतद्यथा वदसि नारद ।
इच्छामि चाहमप्येवं न त्वीशो भगवन्नहं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે–હે મહા સમર્થ નારદજી! તમે કહો છો તેમજ છે. હું પણ એમજ ઇચ્છું છું, પણ મારૂં કંઇ ચાલતું નથી, વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે નારદજીને કહીને ધૃતરાષ્ટ્ર રાજા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા કે હે કેશવ! તમે આલોક તથા પરલોકને સુધારે એવાં ધર્મ તથા ન્યાયનાં વચન મને કહો છો, પણ હું પોતે પોતાને સ્વાધીન નથી ને આ દુર્યોધન જે કરે છે, તે મને પ્રિય પણ નથી. હે શ્રીકૃષ્ણ! હે મહાબાહુ! હે પુરૂષોત્તમ! હે ઋષિકેશ! શાસ્ત્રને અતિક્રમણ કરનાર, મંદ બુદ્ધિમાન, ગાંધારી, બુદ્ધિમાન વિદુર તથા હિત ઇચ્છનાર બીજા ભીષ્માદિ સંબંધિયોનું હિત વચન નહીં માનનાર, પાપબુદ્ધિમાન, ક્રૂર, પાપિષ્ટ ચિત્તવાન, ચેતના રહિત તથા દુષ્ટાત્માવાન દુર્યોધનને નીતિમાર્ગમાં લેઇ આવવાના તમે યત્ન કરો ને સમજાવો જેથી સંબંધી એવા અમારૂં મોટું કામ કર્યું એમ અમે માનીશું. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળીને વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા અને સર્વ ધર્મ તથા અર્થના તત્વને જાણનાર શ્રીકૃષ્ણે વારંવાર દુર્યોધન સામું જોઇને મધુરવાણીથી કહ્યું કે હે કુરૂકુળમાં શ્રેષ્ઠ મોટી બુદ્ધિવાળા દુર્યોધન! હું તને પરિવાર સહિત તારૂં હિત થાય એવાં વાકય કહું, તે સાંભળીને તે પ્રમાણે કર, કેમકે મોટા કુળવાન, શાસ્ત્ર તથા વૃત્ત સંપન્ન અને સર્વ ગુણયુક્ત છે. હે દુર્યોધન! તું જે કામ કરવા ઇચ્છે છે, તે કામ તો દુષ્ટ કુળમાં ઉત્પન્ન થયેલા, દુષ્ટબુદ્ધિમાન, ક્રૂર તથા નિર્લજ્જ હોય તે કરે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! આ લોકને વિષે સત્પુરૂષની પ્રવૃત્તિ ધર્મ તથા અર્થયુક્ત દેખાય છે. અસત્પુરૂષની પ્રવૃત્તિ તેનાથી અવળી દેખાય છે. તે અવળી પ્રવૃત્તિ સદૈવ તારા વિષે જોવામાં આવે છે, ને અધર્મરૂપ, ભયંકર, નિમિત્ત વગર તથા તે પ્રમાણે થવા અશક્ય એવી હઠ પણ તારે વિષે રહી છે જે પ્રાણને હરે એવી અનિષ્ટ છે, માટે હે શત્રુને તપાવનાર! જો તું અનર્થરૂપ હઠનો ત્યાગ કરીશ, તો ભાઇ, ચાકર, મિત્ર તથા પોતાના દેહનું કલ્યાણ કરીશ ને અપયશ પ્રાપ્ત કરનાર અધર્મરૂપ કર્મથી મુક્ત થઇશ. હે પુરૂષમાં સિંહરૂપ ભરતકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન! તું બુદ્ધિમાન, શૂરવીર, મોટા ઉત્સાહવાળો બહુશ્રુત તથા પોતાને સ્વાધીન એવા પાંડવો સાથે સલાહ કર; કેમકે બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર, પિતામહ ભીષ્મ, દ્રોણ, મહામતિ વિદુર, કૃપાચાર્ય, સોમદત્ત, બુદ્ધિમાન બાહ્લિક, અશ્વત્થામા, વિકિર્ણ, જ્ઞાતિ તથા મિત્રાને એમજ કરવું પ્રિય છે. વળી હે દુર્યોધન! શમતા કરવામાં સર્વ જગતનું કલ્યાણ થાય છે માટે હે ભરતકુળમાં ઉત્તમ! લજ્જાવાન કુળવાન, શાસ્ત્ર જાણનાર તથા ક્રૂરતા રહિત તું પોતાની આજ્ઞાનું પાલન કર. કેમકે હે ભારત! શ્રેષ્ઠ પુરૂષ પિતાની આજ્ઞા પાળવી એજ કલ્યાણકારક છે એમ માને છે, કારણ મોટી આપત્તિ પ્રાપ્ત થયા પછી તેની આજ્ઞાને સંભારે છે; માટે હે કુરૂશ્રેષ્ઠ દુર્યોધન! અમાત્ય સહિત તારા પિતા ધૃતરાષ્ટ્રને પાંડવો સાથે સ્નેહ કરવો રૂચે છે. તને પણ તેવી મતિ થાઓ. જે મનુષ્ય પોતાના સ્નેહીની શિખામણ સાંભળીને તેમ કરે નહીં, તેને કરેલાં પાપ કર્મનાં ફળનો ઉદય, ઘણા કાળનું સડી ગયેલું ફળ ખાધેલું મનુષ્યને દુઃખ આપે, તેમ દુઃખ આપે છે. વળી જે મનુષ્ય પોતાના સ્નેહિયોનાં કલ્યાણરૂપ વચનને મોહથી માન્ય ન કરે, તે દીર્ઘસૂત્રી

પુરુષાર્થથી રહિત થઇને પશ્ચાત્તાપ પામે છે. જે માણસ પોતાના માનને છોડી દઇ તથા સ્નેહિયોનાં કલ્યાણરૂપ વચન સાંભળીને તે પ્રમાણે કરે છે, તે આલોકમાં સુખ પામે છે. જે મનુષ્ય આડાઇથી સ્નેહીનાં ધર્મ તથા અર્થરૂપ વચનને માન્ય કરતો નથી ને પોતાનું જેથી અશ્રેય થાય એવાં હીન પુરૂષોનાં વચન સાંભળે છે તે શત્રુને વશ થાય છે. વળી જે પુરૂષ સત્પુરૂષના મતને મૂકી દઇને અસત્પુરૂષના મતને અનુસરે છે, તેના સંબંધી થોડા વખતમાં તેના દુઃખે કરી શોકયુક્ત થાય છે. વળી જે મનુષ્ય પોતાના મુખ્ય પ્રધાનોનો ત્યાગ કરીને જાતિહીન મનુષ્યોનો આશ્રય કરે છે, તે મોટી આપત્તિને પામી તેના અંતને પામતો નથી. વળી હે ભારત! ખરાબ મનુષ્યોનો સંગ કરનાર, ખોટાં આચરણવાળો તથા સ્નેહિ એવા સત્પુરૂષના વચનને નહી માનનાર જે દુષ્ટ પુરૂષ પોતાનાનો દ્વેષ કરી બીજાઓ સાથે સ્નેહ કરે છે, તેનો પૃથ્વી પણ ત્યાગ કરે છે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! તું શૂરવીર પાંડવો સાથે વિરોધ કરીને અસમર્થ, મૂઢ તથા ખરાબ બીજા મનુષ્યોથી પોતાના રક્ષણને ઇચ્છે છે. ઈંદ્ર સમાન મહારથિ પોતાના સંબંધિયોનો ત્યાગ કરીને તારા વગર બીજો કયો મનુષ્ય અસંબંધી એવા બીજાઓથી પોતાના રક્ષણને ઇચ્છે? તેં જન્મથી આરંભીને કુંતિના પુત્ર પાંડવોનો નિરંતર તિરસ્કાર કર્યો છે, તોપણ ધર્માત્મા તે તારી ઉપર કોઇ દિવસ ક્રોધયુક્ત થતા નથી. હે મોટી ભુજાવાળા! તેં જન્મથીજ તેમને છેતર્યા છે, તોપણ તેઓ તારે વિષે સારોજ વિચાર રાખે છે માટે તારે પણ પોતાના મુખ્ય બંધુ પાંડવો વિષે તેની પેઠેજ વર્તવું યોગ્ય છે, ક્રોધને વશ થવું એ યોગ્ય નથી.

હે ભરતકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન! બુદ્ધિમાન પુરૂષ જેનાથી ધર્મ, અર્થ તથા કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિ થાય એવું કામ કરે છે, અને કદી એ ત્રણ પ્રાપ્ત થવાનો અસંભવ આવે છે, તોપણ ધર્મ તથા અર્થને તો બહુજ સંભાળી રાખે છે. એ ત્રિવર્ગ જુદા જુદા છે, તેમાંથી ધીર પુરૂષ ધર્મને સેવે છે, મધ્યમ પુરૂષ કલેશનો હેતુ એવા અર્થને સેવે છે તથા અજ્ઞાની પુરૂષ કામનેજ સેવે છે. જે પ્રાકૃત મનુષ્ય ઇંદ્રિયે કરી વિષયના લોભથી ધર્મનો ત્યાગ કરીને, દુષ્ટ ઉપાયથી કામ તથા અર્થ મેળવવાની ઇચ્છા રાખે છે, તે વિનાશ પામે છે. વાસ્તે કામ તથા અર્થની ઇચ્છાવાળા પુરૂષે પ્રથમથીજ ધર્મનું સેવન કરવું; કેમકે તે વગરનાને તે બેઉ કોઇ દિવસ પણ પ્રાપ્ત થતા નથી. હે પૃથ્વીપતિ! ત્રિવર્ગને પ્રાપ્ત થવાનું કારણ કેવળ ધર્મજ છે એમ સત્પુરૂષોનું કહેવું છે; કેમકે તેનું સેવન કરનાર પુરૂષ, જેમ શુષ્ક તૃણમાં અગ્નિ વૃદ્ધિ પામે. તેમ દિવસે દિવસે મોટાઇ પામે છે. હે ભરતકુળમાં ઉત્તમ દુર્યોધન! તુ તો ધર્મ વગરના અત્યંત હીન ઉપાયે કરી સર્વ રાજાઓમાં પ્રસિદ્ધ એવા તથા દેદિપ્યમાન અધિરાજ્યને ઇચ્છે છે! જે મનુષ્ય પોતાની સાથે સારી રીતે વર્તનાર હોય, તેની જોડે અવળાઇથી વર્તે તે કુવાડાએ કરી વૃક્ષની પેઠે પોતાના દેહનેજ કાપે છે. હે દુર્યોધન! મનુષ્યે જેનો પરાભવ કરવાની ઇચ્છા ન હોય તેની મતિને લોભાદિથી દૂષિત કરવી નહીં; કેમકે નહીં દૂષિત મતિવાળા સર્વદા કલ્યાણ માર્ગને વિષેજ રહે છે. શુદ્ધ મતિવાળા પુરૂષ ત્રણ લોકમાં કહિંએ પ્રાકૃત મનુષ્યનો પણ દ્વેષ કરતા નથી ત્યારે પાંડવોનો તો કેમ દ્વેષ કરે. હે દુર્યોધન! ક્રોધને વશ થએલા પુરૂષે કોઇપણ ધર્મ તથા અધર્મ જાણવામાં આવતો નથી; જેણે કરી પ્રમાણરૂપ એવા [illegible] છે. તું જગતમાં સર્વની રીતિને તો જો, કે સર્વ કોઇ સારાઓનો સંગ કરે [illegible]

આવર્તિનો સંગ ગ્રહણ કરતા નથી માટે ત્હારે તે જોઇને દુષ્ટનો સંગ મૂકી દઇ પાંડવોની સાથે સંગ કરવો કેમકે એજ તને શ્રેયકારક છે.

હે રાજસત્તમ ! જો તું પાંડવોની સાથે સ્નેહ રાખી વર્તિશ, તો તેમણે મેળવેલી પૃથ્વીને ભોગવતાં સર્વ ઇચ્છિત કામનાને પામીશ. તું પાંડવોને મૂકી દઇને બીજાઓથી પોતાની રક્ષા ઇચ્છે છે તથા દુઃશાસન, કર્ણ અને શકુનિના આશ્રયે કરી સમૃદ્ધિને ઇચ્છે છે; પણ એ ધર્મ, અર્થ તથા જ્ઞાન સંબંધી કાર્યમાં અને પાંડવો સામે પરાક્રમ કરવામાં પૂર્ણતા કરી શકશે નહીં; કેમકે યુદ્ધમાં ક્રોધ પામેલા ભીમસેનનું મુખ જોવાને પણ તારા સહિત આ સર્વ રાજાઓ સમર્થ થશે નહી. વળી આ સમીપે ઉભેલું સમગ્ર રાજાઓનું સૈન્ય, આ ભીષ્મ, આ દ્રોણ, આ કર્ણ, આ કૃપ, આ બળવાન ભુરિશ્રવા, આ સોમદત્તનો પુત્ર ભગદત્ત, આ અશ્વત્થામા તથા આ જયદ્રથ વગેરે સર્વ અર્જુનની સાથે યુદ્ધ કરવા અસમર્થ છે, કેમકે તે યુદ્ધમાં દેવતા, અસુર, મનુષ્ય અને ગંધર્વોથી પણ ન જીતાય એવા છે, માટે તું યુદ્ધ કરવાની ઇચ્છા કર માં. હે દુર્યોધન! તારો પક્ષ કરનાર સર્વ રાજાના સૈન્યમાં અર્જુનની સામે યુદ્ધ કરવા જઇને પાછો જીવતો પોતાના ગૃહ પ્રત્યે આવે એવો કયો પુરૂષ છે ? તે તો તું જો ! હે ભરતકુળમાં ઉત્તમ ! પ્રાણિયોનો ક્ષય કરવાથી તને શું ફળ મળનાર છે ? અર્જુનને જીતે એવો કોઇ તારી સેનામાં છે, તે તું જો; કેમકે તે જીતાયેથી સર્વ જીતાયા બરોબર છે. જેણે ખાંડવ વનને વિષે દેવતા, ગંધર્વ, અસુર, યક્ષ તથા સર્પને જીત્યા છે એવા અર્જુનની સાથે યુદ્ધ કરનાર આલોકમાં કયો મનુષ્ય છે. વળી એકલા તેણે વિરાટ નગરને વિષે ઘણાઓ સાથે યુદ્ધ કરીને સર્વને જીત્યા એ મોટું આશ્ચર્ય સંભળાય છે, એજ તેના અજયપણાનું ચિન્હ છે. વળી જેણે મહાદેવજી સામે યુદ્ધ કરીને તેને સંતુષ્ટ કર્યા છે એવા, અજય, શૂરવીર, અચ્યુત, જય મેળવનાર તથા મનોહર અર્જુનને સંગ્રામમાં તું જીતવાની ઇચ્છા રાખે છે. યુદ્ધમાં મારા સહિત સામે આવતા એવા અર્જુનને સાક્ષાત્ ઇંદ્રપણ યુદ્ધ કરવા બોલાવવા સમર્થ નથી. જે પુરૂષ પોતાની ભુજાએ કરી સર્વ પૃથ્વી ઉપાડે, ક્રોધે કરીને સર્વ પ્રજાને બાળી ભસ્મ કરે તથા સ્વર્ગમાંથી દેવતાઓને પાડે, તે પુરૂષ યુદ્ધમાં અર્જુનને જીતે. તારા પક્ષમાં સર્વ તારા ભાઇઓ, પુત્ર, જ્ઞાતિ તથા સંબંધી પ્રાપ્ત થયા છે તેમને જોઇને, જેમ તે આ પ્રવર્ગ સર્વ નાશ ન પામે તેમ કર. હે નરાધિપ! કૌરવ જીવતા રહો, આ કુળ પરાભવ માં પામો અને તું કીર્તિહીન થઇ કુળને હણનારો કહેવા માં. મહારથિ પાંડવો તનેજ યૌવરાજ્યનો અભિષેક કરશે તથા તારા પિતા ધૃતરાષ્ટ્રને મહા રાજ્યના અભિષેક કરશે માટે હે દુર્યોધન! તું પોતાની મેળે આવતી એવી સિદ્ધ લક્ષ્મીનો અનાદર કર માં ને પાંડવોને અર્ધ રાજ્ય આપીને મોટી એવી સમૃદ્ધિને પામ. હે ભારત! તું પાંડવો સાથે સારી રીતે સ્નેહ કરવાથી, સંબંધિયોનાં વચન માનવાથી તથા મિત્ર સાથે પ્રસન્ન થવાથી ઘણા કાળ સુધી સુખ પામીશ.

पांडवैः सशमं कृत्वा कृत्वा च सुहृदां वचः ।
संप्रीयमाणो मित्रैश्च चिरं भद्राण्यवाप्स्यसि ॥

इति श्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भगवद्वाक्ये दुर्योधनसान्त्वने चतुर्विंशाधिकशततमोऽध्यायः ॥ १२५ ॥

અધ્યાય ૧૨૫ મો. ભીષ્માદિની શિખ.

વૈશંપાયન ઉવાચ—ततः शांतनवो भीष्मो दुर्योधनममर्षणं ।
केशवस्य वचः श्रुत्वा प्रोवाच भरतर्षभ ॥ १ ॥

વૈશંપાયન કહે છે-હે ભરતકુળમાં શ્રેષ્ઠ જનમેજય ! ત્યાર પછી શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને શંતનુરાજાના પુત્ર ભીષ્મે, અતિ ક્રોધી એવા દુર્યોધનને કહ્યું કે હે દુર્યોધન ! સંબંધિઓની શાંતિને ઇચ્છતા એવા આ શ્રીકૃષ્ણે તને જે શિખ વચન કહ્યાં, તે તું માન્ય કર; અને ક્રોધને વશ થા માં. જો તું તે માન્ય નહીં કરે, તો કદી પણ સુખ તથા કલ્યાણને પામીશ નહીં. હે રાજન્ ! તને મહાબાહુ શ્રીકૃષ્ણે ધર્મ તથા અર્થયુક્ત વાક્ય કહ્યાં છે, અને તે તારે માન્ય કરવા યોગ્ય છે; પણ વંશ તથા પ્રજાનો વિનાશ કરવો યોગ્ય નથી. તું પોતાના દુષ્ટાત્માપણાથી ધૃતરાષ્ટ્ર જીવતાંજ સર્વ રાજાઓમાં પ્રજ્વલિત એવી આ ભરતખંડની લક્ષ્મીનો નાશ કરીશ. તેમ અભિમાને કરી તું અમાત્ય, પુત્ર, ભાઇઓ તથા સંગા સંબંધી સહિત પોતાના દેહને જીવિતથી ભ્રષ્ટ કરીશ. હે ભરતશ્રેષ્ઠ ! શ્રીકૃષ્ણ, પિતા ધૃતરાષ્ટ્ર તથા બુદ્ધિમાન્ વિદુરનાં સત્ય અને અર્થયુક્ત શિખ વચનને અતિક્રમણ કરવાથી આડે રસ્તે ચાલનાર તું દુષ્ટ મતિવાળો તથા દુષ્ટ પુરૂષ સરખો થઇને, કુળને હણનાર થા માં અને માતા પિતાને શોકરૂપી સમુદ્રમાં બૂડાડ માં. હે જનમેજય ! ત્યાર પછી, દ્રોણાચાર્યે વારંવાર નિઃશ્વાસ મૂકતા એવા તથા ક્રોધને વશ થયેલા દુર્યોધનને કહ્યું કે હે નરાધિપ ! તને શ્રીકૃષ્ણે તથા ભીષ્મે ધર્મ તથા અર્થયુક્ત વાક્ય કહ્યાં છે, તેને તું માન્ય કર; કેમકે તે બેઉ ડાહ્યા, ધારણાયુક્ત બુદ્ધિવાળા, જીતેંદ્રિય, બહુશ્રુત તથા તારા અર્થને ઇચ્છનાર છે; વાસ્તે હે મહા બુદ્ધિમાન્ ! હે શત્રુને તપાવનાર, શ્રીકૃષ્ણે તથા ભીષ્મે તને જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે કર, મોહને લીધે બુદ્ધિમાન્ માધવ ભગવાનનું અપમાન કર માં. આ તને ઉશ્કેરે છે, તે કોઇ પણ તારો જય કરી આપે એવો નથી; યુદ્ધને વિષે અમારા સરખાના ગળા ઉપર તરવાર આવી પડશે. અરે તું પુત્ર, ભાઇઓ તથા સર્વ પ્રજાને નાશ કરાવ માં; કારણ જેના પક્ષમાં શ્રીકૃષ્ણ તથા અર્જુન છે, તે સર્વ અજય છે એમ તું અવશ્ય જાણ. હે ભારત ! તું શ્રીકૃષ્ણ તથા ભીષ્મનો મત સારો છે, તેને જો માન્ય નહીં કરે તો તને પશ્ચાત્તાપ પામશે. હે દુર્યોધન ! તને જમદગ્નિના પુત્ર પરશુરામે અર્જુનનું પરાક્રમ કહ્યું છે, તેથી પણ તે અધિક છે તથા દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ પણ દેવતાઓથી સહન ન થાય એવા છે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! મેં તને સુખ પ્રાપ્ત કરે એવાં આ પ્રિય વચન કહ્યાં, તેણે કરીને માન. પરંતુ તું મૂઢ છે જેથી માનતો નથી તોપણ મેં સર્વ કહેવાનું હતું તે તને કહ્યું, માટે તારી ઇચ્છામાં આવે તેમ કર; હવે હું ફરીથી કહેવાનો ઉત્સાહ રાખતો નથી.

વૈશંપાયન કહે છે-હે જનમેજય ! એ પ્રમાણે દ્રોણાચાર્યે વાક્ય કહ્યાં ત્યારપછી વિદુરજી પણ મહા ક્રોધી ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધનને કહેવા લાગ્યા કે હે દુર્યોધન ! હું તારો શોચ કરતો નથી. આ તારાં વૃદ્ધ માતા પિતા ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીનો શોચ કરૂં છું; કેમકે તારા સરખા દુષ્ટ હૃદયવાળા નાથે કરી અનાથ થયેલા, નાશ પામેલા છે મિત્ર તથા અમાત્ય જેના એવા થઇને પાંખ જેની કપાઇ ગઇ હોય એવા પક્ષીઓની પેઠે સંચાર કરશે. કુળને હણનાર તું સરખા કુત્સિત પાપી પુરૂષને ઉત્પન્ન કરીને, બે લોક આ પૃથ્વીને વિષે [illegible] ભિક્ષુક થઇ ફરશે. હે જનમેજય ! એ પ્રમાણે વિદુરના કહેવા પછી ધૃતરાષ્ટ્ર [illegible]

બાંધવો તથા રાજાઓથી વિંટાઇ બેઠેલા દુર્યોધનને કહ્યું કે હે દુર્યોધન ! તું મહાત્મા શ્રીકૃષ્ણે જેવી રીતે તને કહ્યું તેવી રીતે સમજ, ને કોઇનો પણ વિનાશ ન થાય એવાં તેમનાં વાક્યનો સ્વીકાર કર. આપણે શ્રેષ્ઠ કર્મવાન આ શ્રીકૃષ્ણની સહાયતાથી, સર્વ રાજાઓ વિષે ઇષ્ટ એવા સર્વ અભિપ્રાયને પામીશું. હે દુર્યોધન ! તું શ્રીકૃષ્ણ સાથે એકતારૂપ થઇને યુધિષ્ઠિર રાજા પાસે જા, ને સર્વ ભરત વંશીઓનું કલ્યાણ થાય એવું રૂડું કામ કર ! શ્રીકૃષ્ણના કહેલા ઉપાયે કરીને તું શાંતિ પામ કેમકે તેના કહેવા પ્રમાણે કરવાનો આ સમય આવ્યો છે, તેનો ત્યાગ કર માં. જો તું તારે માટે બોલતા એવા તથા શાંતિની યાચના કરતા એવા શ્રીકૃષ્ણને, એમના કહેવા પ્રમાણે કરવાની ના કહીશ, તો તારો કદાપિ જય થવાનો નથી.

शमं चेद्याच मानं त्वं प्रत्याख्यास्यसि केशवं।
त्वदर्थमभिजल्पंतं न तवास्त्यपराभव: ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीष्मादिवाक्ये गुर्जरभाषया पंचविंशाधिकशततमोऽध्याय: ॥ १२५ ॥

અધ્યાય ૧૨૬ મો. મિત્ર રાજાઓની શિખ.

वैशंपायन उवाच—धृतराष्ट्रवच: श्रुत्वा भीष्मद्रोणौ समव्यथौ।
दुर्योधनमिदं वाक्यमुचतु: शासनातिगं ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ પ્રમાણે ધૃતરાષ્ટ્ર રાજાનાં વચન સાંભળી તેની સમાન વ્યથાવાળા ભીષ્મ તથા દ્રોણ, શિક્ષાથી ઉલટા ચાલનાર દુર્યોધનને આવી રીતે કહેવા લાગ્યા કે–હે દુર્યોધન ! જ્યાં સુધી શ્રીકૃષ્ણ તથા અર્જુન યુદ્ધ કરવા માટે તૈયાર થયા નથી, ગાંડિવ ધનુષ્ય અર્જુને ચઢાવ્યું નથી, ધૌમ્ય ઋષિયે સંગ્રામરૂપ અગ્નિને વિષે શત્રુરૂપ તારા સૈન્યને હોમ્યું નથી અને લજ્જાવાન તથા મોટા ધનુષ્યવાળા યુધિષ્ઠિરે ક્રોધયુક્ત થઇને તારી સેનાને જોઈ નથી, ત્યાં સુધીમાં આ વૈર શાંત થાય તો સારૂં. વળી જ્યાં સુધી મોટા ધનુષવાળો પાર્થ ભીમસેન યુદ્ધ સારૂ તૈયાર થઈ પોતાની સેનામાં ઉભેલો તમને દેખવામાં આવ્યો નથી, તે પહેલાં આ વૈર શાંત થાઓ. વળી જ્યાં સુધી તારી સેનાને પરાભવ કરનો ગદા લઇને ભીમસેન રણમાર્ગ પ્રત્યે ફરતો નથી, તે પહેલાં તું પાંડવો સાથે સ્નેહ કર. વળી જ્યાં સુધી ભીમસેન સંગ્રામમાં હસ્તિ ઉપર બેસી યુદ્ધ કરનાર તથા બીજા યોદ્ધાઓનાં મસ્તકોને શૂરવીર પુરૂષોને હણનારી પોતાની ગદાયે કરીને, કાળે કરી પાકી રહેલાં વનસ્પતિનાં ફળની પેઠે નીચે પાડતો નથી તે પહેલાં આ વૈર શાંત શાંત થાઓ. વળી નકુળ, સહદેવ, પૃષત ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, વૈરાટ, શિખંડિ તથા શિશુપાલના પુત્રે કવચ ધારણ કરીને બાણ ફેંકતાં, જેમ સમુદ્રમાં ઝુંડ પ્રવેશ કરે, તેમ તારી સેનામાં પ્રવેશ કર્યો નથી, તેની અગાઉ આ વૈર શાંત થાઓ. વળી જ્યાં સુધી તારા પક્ષના રાજાઓના કોમળ શરીર ઉપર ગીધ પક્ષિની પાંખ જેમાં બાંધેલાં હોય છે એવાં પાંડવ પક્ષનાં ઉગ્ર બાણ આવી પડ્યાં નથી, તે પહેલાં આ વૈર શાંત થાઓ. વળી અસ્ત્રવિદ્યા શિખેલા, લાઘવતાથી બાણ મારનાર તથા બાણને છેટે ફેંકી દેનાર મોટા ધનુષ્યવાળા શૂરવીરોએ છોડેલાં બાણ ગંડક તથા

કેયૂરવાળા અને હાર તથા પદકથી શોભાયમાન યોદ્ધાઓનાં વક્ષઃસ્થળને વિષે લક્ષ કરીને બાણ નથી છોડ્યાં, તેની અગાઉ આ વૈર શાંતિ પામો. રાજાઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર, મસ્તકે કરી પ્રણામ કરતા એવા તને પોતાના બે હસ્તે કરી હૃદયમાં ગ્રહણ કરો ! હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! શ્રેષ્ઠ, ધ્વજા, અંકુશ તથા પતાકાના ચિન્હવાળા તારા હાથને તે પોતાના ખભા ઉપર ધારણ કરો. વળી તે રાજા રત્નજડિત વિંટી જેમાં શોભે છે એવા તથા રત્ન સરખાં રાતાં છે આંગળાંનાં તળાં જેનાં એવા હાથે કરીને પાસે બેઠેલા તારા વાંસાને થાપડો. હે દુર્યોધન ! સાગ વૃક્ષ સરખા ઉંચા ખભાવાળો મહાબાહુ ભીમસેન તને મળીને શાંતિ વાસ્તે સામનાં વાક્યે કરી તારી સાથે ભાષણ કરો. વળી હે પાર્થિવ ! અર્જુન, નકુળ તથા સહદેવે પ્રણામ કરેલો તું, તેમના મસ્તકને સુંઘીને તેમની સાથે પ્રેમે કરી ભાષણ કર. પોતાના ભાઈરૂપ શૂરવીર પાંડવો સાથે સ્નેહરૂપે બેઠેલા તને જોઇને, આ સમસ્ત રાજાઓ આનંદાશ્રુને મૂકો. સર્વ રાજાઓની રાજધાનીને વિષે ખબર આપો કે અમારે પરસ્પર પ્રીતિ થઈ છે, ને તું પાંડવો સહિત ભ્રાતૃભાવથી પૃથ્વીને ભોગવે છે, આવી રીતે સંપ કરી સંતાપ રહિત થા.

प्रेष्यतां राजधानीषु सर्वसंपन्महीक्षितां ।
पृथिवीभ्रातृभावेन भुज्यतां विज्वरो भव ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीष्मद्रोणवाक्ये गुर्जरभाषायां षड्विंशाधिकशततमोऽध्यायः ॥ १२६ ॥

અધ્યાય ૧૨૭ મો. દુર્યોધનનો ઉત્તર.

वैशंपायन उवाच—श्रुत्वा दुर्योधनो वाक्यमप्रियं कुरुसंसदि ।
प्रत्युवाच महाबाहुं वासुदेवं यशस्विनं ॥ १ ॥

વૈશંપાયન કહે છે-હે જનમેજય ! એ પ્રમાણે કૌરવની સભામાં પોતાને અપ્રિય એવાં વચન સાંભળીને દુર્યોધન, મોટી ભુજાવાળા તથા મોટા યશવાળા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે હે કેશવ ! તમે જે વાક્ય બોલો છો, તે વિચારીને તમારે બોલવાં જોઇયે, કેમકે ઘણું કરી મનેજ કઠોર વાક્ય કહી તમે નિંદો છો. હે મધુસૂદન ! તમે અમારૂં બળ તથા અબળ જાણ્યા વિના, પાંડવોના પક્ષને લીધે મારીજ નિંદા કરો છો. કેવળ તમેજ મારી નિંદા કરતા નથી, પરંતુ આ વિદુર, ધૃતરાષ્ટ્ર, આચાર્ય દ્રોણ તથા પિતામહ ભીષ્મ પણ મારી નિંદા કરે છે; બીજા કોઇ રાજાની તો નિંદા કરતા નથી. હું મારો શું અન્યાય છે તે વિષે ઘણી ઘણી ઝીણી નજરે વિચાર કરૂં છું, તો તે કંઇ જાણતો નથી માટે કેવળ સર્વ રાજાઓ સહિત તમે સૌએ મારોજ દ્વેષ કાઢો છો. અરે હે મધુસૂદન ! પાંડવો પોતાની પ્રીતિથી દ્યૂત રમ્યા, ને તેને વિષે શકુનિએ તેમના રાજ્યને તથા દ્રવ્યને જીતી લીધું તેની ખબર મને તેમના કહેવાથીજ પડી; એ પ્રમાણે અજેય પાંડવો પાસાએ કરી જીતાયા, ને વનમાં ગયા એમાં મારો શું અપરાધ છે ! હે શ્રીકૃષ્ણ ! પોતે અસમર્થ છતાં હર્ષયુક્ત થયેલા પાંડવો શત્રુની પેઠે શત્રુ એવા અમારી સાથે, શું અમારા વાંકને લીધે વિરોધ કરે છે ? સંજય સહિત પાંડવો ધૃતરાષ્ટ્રના પુત્ર અમોને ક્યા કારણથી તથા ક્યા અપરાધ નિમિત્ત મારવાને ઇચ્છે છે ? અમે તેમનું શું અપ્રિય કર્યું છે. અમે ઉગ્ર કર્મે કરી તથા વચને કરી, પોતાના

ક્ષાનથી ભ્રષ્ટ થઇને ભયથી ઇંદ્રને પણ નમિયે નહી એવા છીયે. હે શત્રુનો નાશ કરનાર શ્રીકૃષ્ણ! હું યુદ્ધમાં અમને જીતવાનો ઉત્સાહ રાખે એવા કોઇ પણ ક્ષત્રિય ધર્મનું આચરણ કરનાર પુરૂષને દેખતો નથી; કેમકે કર્ણ સહિત ભીષ્મ, કૃપાચાર્ય તથા દ્રોણાચાર્યને દેવતાઓ પણ જીતવા સમર્થ નથી, ત્યારે પાંડવો તો શાનાજ જીતી શકે. હે માધવ! ક્ષત્રિય ધર્મવાળા અમો યુદ્ધમાં અસ્ત્રે કરી મરણ પામીશું તો અમને સ્વર્ગની પ્રાપ્તિ થશે અને હે જનાર્દન! યુદ્ધમાં બાણરૂપ શય્યાને વિષે અમે શયન કરીશું, તો એ અમારો ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે. હે માધવ! અમે અમારા શત્રુ પાંડવોને નહી નમીએ, તેથી સંગ્રામમાં મરણ પામી વીરશય્યાને વિષે શયન કરીશું, તોપણ અમને કશો સંતાપ થશે નહી, કેમકે શ્રેષ્ઠ ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયેલો અને તેના ધર્મમાં વર્તનાર પુરૂષ, પોતાની વૃત્તિ જોઇને ભયથી શત્રુને નમતો નથી. કુળવાન ક્ષત્રિયે ઉદ્યમ કર્યા કરવો, પણ શત્રુને નમવું નહી; કેમકે તે પૌરૂષ માન્ય કરે છે, વાસ્તે મારા સરખો પુરૂષ ધર્મ જાણીને બ્રાહ્મણને પ્રણામ કરે ને જ્યાં સૂધી જીવે ત્યાં સૂધી બીજા ઉપાયનું ચિંતન કરતો તેમજ વર્તે, પણ શત્રુને નમે નહી; કેમકે ક્ષત્રિયનો એજ પરમધર્મ છે, જે સદૈવ મને પણ માન્ય છે. હે કેશવ! પૂર્વે મારા પિતા ધૃતરાષ્ટ્રે અર્ધ રાજ્યનો વિભાગ પાંડવોને પાછો આપ્યો હતો, પણ હવે તે મારા જીવતાં કદી તેમને મળનાર નથી. કારણ હે માધવ! જ્યાં સૂધી ધૃતરાષ્ટ્ર રાજા જીવે છે, ત્યાં સૂધી અમે તથા પાંડવો શસ્ત્રાદિનો ત્યાગ કરીને ભોજન કરી આનંદમાં રહીયે. એવું બનશે નહિ. હે જનાર્દન! જ્યારે હું પરાધિન બાળક હતો, ત્યારે ધૃતરાષ્ટ્ર રાજાએ અજ્ઞાનથી અથવા ભયથી નહી આપવા લાયક એવું રાજ્ય પાંડવોને આપ્યું હતું, પણ હવે મહાબાહુ એવા મારા જીવતાં તે તેમને મળનાર નથી; કારણ અમે સોયની અણી ખૂંચે એટલો પણ પૃથ્વીનો વિભાગ તેમને આપનાર નથી.

यावद्धि तीक्ष्णया सूच्या विध्येदग्रेण केशव ।
तावदप्य परित्याज्यं भूमेर्नः पांडवान्प्रति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि दुर्योधनवाक्ये गुर्जरभाषायां सप्तविंशाधिकशततमोऽध्यायः ॥ १२७ ॥

અધ્યાય ૧૨૮ મો. કૃષ્ણનાં પ્રતિવચન.

वैशंपायन उवाच—ततः प्रहस्य दाशार्हः क्रोधपर्याकुलेक्षणः ।
दुर्योधनमिदं वाक्यमब्रवीत्कुरु संसदि ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે દુર્યોધનનાં વચન સાંભળી ક્રોધથી આરક્ત થયાં હતાં નેત્ર જેનાં એવા શ્રીકૃષ્ણ, ઉપરથી શાંત સરખા થઇ, કૌરવની સભામાં દુર્યોધનને આવી રીતે કહેવા લાગ્યા કે હે દુર્યોધન! તું તારી ઇચ્છા પ્રમાણે વીરશય્યાને પામીશ. હું તારા અમાત્ય સહિત સ્થિર થા ને મોટો વિનાશ થાય તે જો. હે મૂઢ! તું માને છે કે, મેં પાંડવોનું કંઇ નરસું કર્યું નથી; પણ હું કહું તે આ સર્વ રાજાઓ પણ સાંભળો. હે ભારત! મહાત્મા પાંડવોની લક્ષ્મીએ કરી તાપ પામેલા તેં તથા શકુનિએ દ્યૂત રમવા સંબંધી દુષ્ટ વિચાર કર્યો હતો, એમ ન હોય તો બંધુઓમાં આન્ય, કોણ સહિત

સહન કરનાર તથા ધર્મિષ્ઠ પાંડવો, કપટરૂપ તેને વિષે કેમ પ્રીતિયુક્ત થાય. હે મહા બુદ્ધિમાન્ ! સત્પુરૂષની મતિનો નાશ કરનાર એવું દ્યૂત છે, તેને વિષે અસત્પુરૂષો એક બીજાને છેતરે છે તેથી તેને દુઃખ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ભયંકર દુઃખરૂપ દ્યૂત, તેં વિચાર કર્યા વિના સદા ધર્મવાન પાંડવોને પાપિષ્ટ શકુનિ આદિ સાથે રમાડ્યું ! વળી તારા વગર બીજો કયો પુરૂષ પોતાના ભાઈની સ્ત્રીને અઘટિત વાક્ય કહે ? અરે ! તેં કુલીન, શીલસંપન્ન તથા પાંડવોને પોતાના પ્રાણ કરતાં પણ અતિ પ્રિય એવી દ્રૌપદીને, સભામાં બોલાવી જે વચન કહ્યાં છે, તેનો તું વિચાર તો કર ! અરે ! જે વેળા શત્રુને તપાવનાર કુંતિના પુત્ર પાંડવો વનમાં જવા તૈયાર થયા, તે વેળા સભામાં દુઃશાસને જે વાક્ય કહ્યાં હતાં તે સર્વ કૌરવો જાણે છે, શ્રેષ્ઠ વ્રતવાળા, લોભ વગરના તથા સદૈવ ધર્મનું આચરણ કરનાર એવા પોતાના ભાઈરૂપ પાંડવોને વિષે, સારો પુરૂષ એ પ્રમાણે બોલવાનું પસંદ કરેજ નહિ. દુર્બુદ્ધિવાળા દુષ્ટ પુરૂષના સરખું ભાષણ તેં. કર્યું તથા દુઃશાસને તે વખતે કર્યું છે. હે દુર્યોધન ! તેં વાર્ણાવત શહેરમાં માતા સહિત બાળક પાંડવોને બાળી નાખવાનો દુષ્ટ યત્ન કર્યો, પણ તારો તે યત્ન નિષ્ફળ ગયો ત્યારે માતા સહિત તેઓ એકચક્રાપૂરીમાં બ્રાહ્મણના ગૃહને વિષે ઘણા દિવસ સુધી ગુપ્ત રહ્યાં હતાં. વળી તેં વિષ તથા સર્પના બંધનરૂપ અનેક ઉપાય પાંડવોના વિનાશ માટે કર્યા પણ તે સર્વ તદ્દન ફોકટ ગયા, એ પ્રમાણે તું સદૈવ મહાત્મા પાંડવો વિષે પાપવૃત્તિવાળો છે. તું કહે છે જે મેં કંઇ તેમનો અપરાધ કર્યો નથી ? થોડું માગી લેનાર પાંડવોને તેના પિતાના વિભાગરૂપ રાજ્ય આપવાને ઇચ્છતો નથી તેથી ઐશ્વર્યથી ભ્રષ્ટ થઇને તું વિનાશ પામીશ; અને તેમને યુદ્ધમાં સર્વનો નાશ કરવારૂપ પાપની પ્રાપ્તિ કરાવીશ. અવળી વૃત્તિવાળો દુષ્ટ તું ક્રૂરની પેઠે પાંડવો સંબંધી નહીં કરવાનાં અનેક કામ કરીને, હજી પણ માતાદિ તારૂં સારૂં થાય એમ કહે છે, તેમની સાથે પણ વાદ કરે છે ! તને તારાં માતા પિતા, ભીષ્મ, દ્રોણ તથા વિદુરે શાંતિ પામ એમ કહ્યું, તોપણ તું શાંતિ પામતો નથી. તેમ થવાથી તને તથા યુધિષ્ઠિરને મોટો લાભ છે; પણ તારી બુદ્ધિ હીન હોવાથી તને કંઇ રૂચતું નથી. હે પાર્થિવ ! સ્નેહીનાં વચનનું ઉલ્લંઘન કરીને તું કલ્યાણને પામીશ નહીં, અને જે કરે છે, તેથી તને અધર્મ તથા અપકીર્તિ પ્રાપ્ત થશે. વૈશંપાયન કહે છે હે જનમેજય ! એ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યું ત્યારે કૌરવની સભામાં ક્રોધી એવા દુર્યોધનને દુઃશાસને કહ્યું કે હે રાજન્ ! જો તમે તમારી ઇચ્છાથી પાંડવો સાથે સલાહ નહીં કરો તો, કૌરવો તમને કુંતિપુત્ર યુધિષ્ઠિરને સ્વાધિન કરશે. હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! ભીષ્મ પિતામહ દ્રોણ તથા પિતા ધૃતરાષ્ટ્ર તમને, મને તથા કર્ણને પાંડવોને સ્વાધિન કરશે. વળી હે જનમેજય ! એ પ્રમાણે પોતાના ભાઇ દુઃશાસનનાં વચન સાંભળીને દુષ્ટ મનુષ્યની પેઠે મર્યાદા વગરનો, માની, માનવા યોગ્યનું અપમાન કરનાર, દુષ્ટ બુદ્ધિવાળો તથા લાજ વગરનો દુર્યોધન, ક્રોધથી મોટા સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ મૂકતો, વિદુર, ધૃતરાષ્ટ્ર, મહારાજ બાહ્લિક, કૃપાચાર્ય, સોમદત્ત, ભીષ્મ, દ્રોણ અને જનાર્દન શ્રીકૃષ્ણનો અનાદર કરીને સભામાંથી ઉઠી જવા લાગ્યો, તેને જોઇને સર્વ તેના ભાઇઓ તથા અમાત્ય સહિત બીજા રાજાઓ ચારે તરફથી તેની પાછળ જવા લાગ્યા. તે સમયે સભામાંથી ઉભો થઇ ભાઇઓ સહિત જતા એવા દુર્યોધનને જોઇને શંતનુના પુત્ર ભીષ્મે કહ્યું કે, અરે ! જે પુરૂષ ધર્મ [illegible] [illegible] ત્યાગ કરીને કેવળ ક્રોધનેજ વશ થાય છે, તેને થોડાં દિવસમાં [illegible]

મૂઢ છે, જેને જોઇને દુષ્ટ હૃદયવાળા મનુષ્યો હસે છે. હે જનાર્દન ! દુષ્ટાત્મા આ રાજ્ય વાસ્તે નિંદિત ઉપાય કરનાર, ક્રોધ તથા લોભને વશ થએલા અને જુઠા અભિમાની એવો ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન છે, તેની પાછળ પોતપોતાના મંત્રિ સહિત સર્વ રાજાઓ નીકળ્યા તેથી સર્વ ક્ષત્રિયો પણ કાળે કરી "મરણ માટે પાકી રહ્યા છે" તેમને મૃત્યુ સમીપ આવેલ છે એમ હું માનું છું. હે ભારત ! એ પ્રમાણે ભીષ્મનાં વાક્ય સાંભળીને કમળ સરખાં નેત્રવાળા પરાક્રમી શ્રીકૃષ્ણે, ભીષ્મ તથા દ્રોણ જેમાં મુખ્ય હતા એવા સર્વ સભાસદને કહ્યું કે, આખા કુરૂકુળમાંના વૃદ્ધોનો આ મોટો અન્યાય થાય છે, કેમકે મંદ બુદ્ધિવાળા દુર્યોધનને બળાત્કારથી કોઇ પણ વારતા નથી ! હે શત્રુને દમન કરનાર ! આ સમયે જે કરવાથી સર્વનું શ્રેય થાય એવાં હિતનાં વાક્ય હું કહું. તે તમને યોગ્ય લાગે તો સાવધાન થઇ સાંભળો–પૂર્વે વૃદ્ધ એવા ભોજરાજ ઉગ્રસેનનો દુષ્ટ આચારવાળો તથા નિંદિત બુદ્ધિવાળો કંસ નામે પુત્ર થયો હતો; જેણે જીવતાં પોતાના પિતાનું ઐશ્વર્ય હરણ કરી લીધું હતું. તેના સર્વ સંબંધિયોએ ત્યાગ કરેલા તેને મેં જ્ઞાતિના હિત માટે નાશ કરીને, ઉગ્રસેન રાજાને મોટા સત્કારથી રાજ્યગાદી ઉપર બેસાડ્યા; જેથી ભોજકુળ વૃદ્ધિ પામ્યું છે. એ પ્રમાણે કુળના કુશળને માટે સર્વ યાદવ સમુદાયે એક કંસનો ત્યાગ કરી એકઠા મળી પરમ સુખ ભોગવ્યું છે. વળી પૂર્વે દેવતા તથા અસુરનું યુદ્ધ થવા લાગ્યું. ને તે પરસ્પર વિનાશ પામવા લાગ્યા, તે જોઇને સર્વનું પાલન કરનાર બ્રહ્માએ ક્રોધ પામેલા દેવતા તથા અસુર પરસ્પર નાશ કરશે એવું વિચારી ધર્મને કહ્યું કે હે ધર્મ ! તું સર્વ દૈત્ય તથા દાનવને બાંધીને વરૂણને સોંપ. એ પ્રમાણે બ્રહ્માના કહેવાથી ધર્મે સર્વ દૈત્યોને બાંધી વરૂણને સ્વાધિન કર્યા. ત્યારે જળપતિ વરૂણે ધર્મથી બંધાયેલા દૈત્યને પોતાના પાશથી બાંધી સમુદ્રમાં રાખી સાવધપણાથી તેમની રક્ષા કરી જેથી યુદ્ધ બંધ થયું ને સર્વ પ્રાણીને પરમ સુખ પ્રાપ્ત થયું. તમે સૌ આ દુર્યોધન, કર્ણ, સુબલ પુત્ર શકુનિ તથા દુઃશાસનને બાંધીને, પાંડવોને સ્વાધિન કરો ! કેમકે આખા કુળનો તમારે બચાવ થતો હોય તો એક પુરૂષનો ત્યાગ કરો. ગામડાનો બચાવ થતો હોય તો કુળનો ત્યાગ કરવો, આખા દેશનો બચાવ થતો હોય તો એક ગામડાનો ત્યાગ કરવો, તથા પોતાના આત્માનો બચાવ થતો હોય તો સર્વ પૃથ્વીનો ત્યાગ કરવો એ પરમધર્મ છે. હે ક્ષત્રિયમાં શ્રેષ્ઠ રાજા ધૃતરાષ્ટ્ર, દુર્યોધનને બાંધી પાંડવો સાથે શાંતિ કરો જેથી તમારે નિમિત્ત આ ક્ષત્રિયો વિનાશ પામે નહીં.

तस्मात् दुर्योधनं बद्ध्वा ततः संशाम्य पांडवैः ।
त्वत्कृतेन विनश्येयुः क्षत्रियाः क्षत्रियर्षभ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कृष्णवाक्ये दुर्योधनमाणायामष्टाविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२८ ॥

અધ્યાય ૧૨૯ મો. ગાંધારીનાં વચન.

वैशंपायन उवाच—कृष्णस्य तु वचः श्रुत्वा धृतराष्ट्रो जनेश्वरः ।
विदुरं सर्वधर्मज्ञं त्वरमाणोऽभ्यभाषत ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજા, ઉતાવળથી વિદુરજીને કહેવા લાગ્યા કે, હે વિદુરજી! તમે જાઓ ને મહા બુદ્ધિવાળી લાંબી નજરવાળી ગાંધારીને અહીં બોલાવી લાવો; કેમકે હું તેની સાથે મળીને દુર્બુદ્ધિ દુર્યોધનને સમજાવીશ. જો ગાંધારી દુષ્ટ બુદ્ધિવાળા લોભથી અવળે માર્ગે ચાલનાર તથા દુષ્ટ સહાયતાવાળા દુર્યોધનને શાંતિ માટે વાક્ય બોલવાનો સારો રસ્તો બતાવશે, તો તેનાથી મોટું આપણને ભયંકર દુઃખ શાંત થશે. આપણા સંબંધી શ્રીકૃષ્ણનાં વાક્ય પણ આપણે માન્યાં એમ થશે. ધૃતરાષ્ટ્ર રાજાનાં વચન સાંભળીને વિદુરજી, ગાધારીને સભામાં બોલાવી લાવ્યા. ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે ગાધારિ! આ દુષ્ટ બુદ્ધિવાળો તારો પુત્ર દુર્યોધન કોઇની શિખામણ માનતો નથી, તેથી ઐશ્વર્યના લોભે કરી તેના તથા પોતાના બંધુના જીવવાથી રહિત થશે. ખરાબ મનુષ્યની પઠે મર્યાદા રહિત, દુષ્ટ સ્વભાવવાળો તથા મૂઢ દુર્યોધન સ્નેહિઓનાં વચનને નહી માન્ય કરી પાપી પુરૂષો સહિત સભામાંથી ચાલી નિકળ્યો છે. વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે પોતાના સ્વામિનાં વચન સાંભળીને ગાધારી મોટા કલ્યાણની ઇચ્છાથી આવી રીતે બોલી કે હે સ્વામિ! રાજ્યની કામનાવાળા આતુર પુત્ર દુર્યોધનને અહીં ત્વરાથી બોલાવી મંગાવો. નિંદિત, ધર્મ તથા અર્થનો લોપ કરનાર અને નમ્રતા રહિત એવો પુરૂષ સર્વથા શ્રેષ્ઠ રાજ્ય પામવા યોગ્ય નથી. હે ધૃતરાષ્ટ્ર! તમારીજ નિંદા થવા યોગ્ય છે કેમકે તમે દુષ્ટ પુત્રના પાપાચરણને જાણો છો, તોપણ હમેશ એનીજ બુદ્ધિને અનુસરો છો તેથી હવે કામ તથા ક્રોધે કરી છેતરાઇને લોભને વશ થયેલા દુર્યોધનને તમે બળાત્કારથી પણ શાંત કરવાને સમર્થ થતા નથી. પાંડવોને અર્ધ દેશનું રાજ્ય આપવામાં મૂઢ થયેલા, બાળક બુદ્ધિવાળા, દુષ્ટાત્મા, દુષ્ટ સહાયતાવાળા તથા લોભીનાં કર્મ ફળ હે રાજન્! તમારેજ ભોગવવાં પડે છે. પરસ્પર સંબંધિયોમાં થતા ભેદને હે રાજન્! તમે કેમ ન ગણકારો. એમ સર્વ સભામાના પુરૂષોને કહીને ગાધારીએ વળી ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યું કે હે રાજન્! જો સ્વજનની સાથે ભેદ થશે તો સર્વ શત્રુ તમારૂં હાસ્ય કરશે. હે મહારાજ! જે આપત્તિ સામ તથા ભેદે કરી નિવૃત્ત થાય એવી છે, તે પોતાના કુટુંબી સાથે લડાઇ કરવાની ઇચ્છાથી કોણ વધારે?

વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે ગાધારીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, ત્યારપછી તે બેઉની આજ્ઞાથી વિદુરજી, ક્રોધી દુર્યોધનને ફરીથી સભામાં બોલાવી લાવ્યા. ક્રોધથી તાંબા સરખાં નેત્રવાળો તથા સર્પની પેઠે મોટા નિઃશ્વાસ મુકતો દુર્યોધન, પોતાની માતાનાં વચન સાંભળવાની ઇચ્છાએ ફરી સભામાં આવ્યો. તેને જોઇને તેની નિંદા કરતાં શાંતિને માગનારી ગાંધારીએ કહ્યું કે હે પુત્ર દુર્યોધન! હું તારા પરિવાર સહિત તારૂં કલ્યાણ કરનાર તથા પરિણામે સુખ આપનાર એવાં વાક્ય તને કહું તે તું સાંભળ. હે દુર્યોધન! તને જેવી રીતે સ્નેહી તારા પિતા, ભીષ્મ દ્રોણ, કૃપ તથા વિદુરજીએ કહ્યું હોય તેવી રીતે તું કર જેથી શાંતિ પામેલા તેં તેમનો તથા મારો મોટો સત્કાર કર્યો હોય એમ થાય. હે ભરતકુળમાં શ્રેષ્ઠ મોટી બુદ્ધિવાળા દુર્યોધન! જે કોઇપણ પોતાની ઇચ્છાથી રાજ્ય પામવાને, તેની રક્ષા કરવાને તથા તેને ભોગવવાને સમર્થ થતું નથી. વળી ઇંદ્રિયો જેને વશ ન હોય એવો પુરૂષ, ઘણા કાળ પર્યંત રાજ્યને ભોગવી શકે નહીં. જે જીતેંદ્રિય તથા સ્થિર બુદ્ધિવાળો પુરૂષ હોય, તે જ ઘણા કાળ સુધી રાજ્ય ભોગવે છે. હે દુર્યોધન! કામ તથા ક્રોધ એ બે પુરૂષના શત્રુ છે, જે તેને પુરૂષાર્થથી જીત

કરે છે; માટે રાજાઓ પ્રથમ તે શત્રુને જીતીને પછી પૃથ્વીને જીતે છે. દુરાત્મા પુરૂષોએ મોટા કષ્ટે પ્રાપ્ત કરેલું ઇશ્વરનું પ્રભુત્વ તથા ઇચ્છિત સ્થાનરૂપ રાજ્યનું રક્ષણ કરવામાં સમર્થ થવાતું નથી માટે રાજ્યની ઇચ્છાવાળા પુરૂષે પ્રથમ ઇંદ્રિયો જીતવી, કેમકે તેનાથી ધર્મ તથા અર્થ સંપાદન કરવામાં બુદ્ધિ જેમ કાષ્ટથી અગ્નિ વૃદ્ધિ પામે, તેમ વૃદ્ધિ પામે છે. નહીં વશ કરેલી ઇંદ્રિયો, જેમ નહીં વશ કરેલા અશ્વો ચતુર સારથિને રસ્તાને વિષે ભ્રષ્ટ કરે છે, તેમ પુરૂષને ધર્મ તથા અર્થથી ભ્રષ્ટ કરે છે. વળી જે રાજા પોતાના મનને જીત્યા વગર અમાત્યોને જીતવા ઇચ્છે છે અથવા અમાત્યોને જીત્યા વગર શત્રુને જીતવા ઇચ્છે છે તે પરાધિન રાજા વિનાશ પામે છે. જે રાજા શત્રુ એવું પોતાનું મન છે એમ જાણીને પ્રથમ તેને જીતે, પછી પોતાના અમાત્યને અને ત્યાર પછી શત્રુને જીતે, તેનો જય સફળ થાય છે. હે દુર્યોધન! વશ ઇંદ્રિવાળા જીત્યા હોય છે અમાત્ય જેણે એવા, પાપીને દંડ આપનાર તથા વિચાર કરીને હરેક કામ કરનાર એવા ધીર રાજાને લક્ષ્મી પોતાની મેળે નિરંતર સેવે છે. હે રાજન્! મનુષ્યના શરીરમાં રહેલા કામ તથા ક્રોધ, જેમ નાના છીદ્રવાળી જાળમાં નહીં આવેલા બે મત્સ્ય સરી નાસી જાય તેમ તેની બુદ્ધિનો પણ ભેદ કરે છે. વળી કામ તથા ક્રોધવાન પુરૂષ સ્વર્ગમાં જાય છે, તેને જોઇને દેવતાઓ દ્વાર બંધ કરી દઇ આવવા દેતા નથી; માટે જે રાજા કામ, તથા ક્રોધ, લોભ, દંભ તથા ગર્વને સારી રીતે જીતી જાણે, તે પૃથ્વીનું રાજ્ય કરી શકે. વળી જે રાજા ધર્મ, અર્થ તથા શત્રુના પરાભવને ઇચ્છે, તેણે સદૈવ ઇંદ્રિયોને નિયમમાં રાખવાને સાવધ રહેવું. હે રાજન્! જે પુરૂષ કામ તથા ક્રોધને વશ થઇ કપટથી ઇચ્છિત એવા અર્થાદિને પામે, તેની આપત્તિ વેળા કોઇ પણ સહાયતા કરતા નથી. હે પુત્ર! તું એક મનવાળા, મહા બુદ્ધિમાન્ શૂરવીર તથા શત્રુનો નાશ કરનાર પાંડવો સાથે એકતા કર, જેથી સુખી થઇને આ પૃથ્વીને ભોગવીશ. હે તાત! તને ભીષ્મે તથા દ્રોણગુરૂએ જે કહ્યું છે, તે સત્ય છે; કેમકે શ્રીકૃષ્ણ તથા અર્જુન કોઇથી જીતાય નહી એવા છે. વાસ્તે તું શ્રેષ્ઠ કર્મ કરનાર તથા મહાબાહુ શ્રીકૃષ્ણને શરણે જા, કારણ પ્રસન્ન થયેલા તે તને તેમજ પાંડવોને સુખની પ્રાપ્તિ કરાવશે. જે પુરૂષ અર્થ ઇચ્છનાર, પ્રાજ્ઞ, તથા ભણેલા પોતાના સંબંધિયોની આજ્ઞાનું પાલન ન કરે, તે શત્રુને આનંદ પમાડે છે. વાસ્તે હે પ્રિય પુત્ર! યુદ્ધ કરવાથી કલ્યાણ, ધર્મ તથા અર્થ અને વિજય પ્રાપ્ત થતો નથી; ત્યારે સુખ તો ક્યાંથી મળે? વાસ્તે તું તે કરવાની ઇચ્છા રાખ માં. હે શત્રુને દમન કરનાર! હે મહા પ્રાજ્ઞ! પૂર્વે ભીષ્મે, તારા પિતા ધૃતરાષ્ટ્રે તથા બાહ્લિકે ભેદ થવાથી ભય પામીને, પાંડવોને પૃથ્વીનો વિભાગ આપ્યો હતો, તેનું ફળ હાલ તું ભોગવે છે. તેમણે શત્રુનો નાશ કરી મેળવેલી તેમની સમગ્ર પૃથ્વીને તું ભોગવે છે, માટે હે શત્રુને દમન કરનાર! તું જો અમાત્ય સહિત રાજ્ય ભોગવવાને ઇચ્છતો હોય તો ઘટતો પૃથ્વીનો અર્ધ વિભાગ પાંડવોને આપ. હે ભારત! અમાત્ય સહિત તારે જીવવાને પૃથ્વીનો અર્ધ વિભાગ પૂર્ણ છે; ને તેમ કરવાથી તેં સંબંધિયોનાં વાક્ય પાળ્યાં એમ કહેવાશે, તું યશને પણ પામીશ. હે તાત! શોભાયમાન, આત્મજ્ઞાની, બુદ્ધિમાન્ તથા જીતેંદ્રિય એવા પાંડવો સાથે વિગ્રહ કરવાથી, તું મોટાં સુખથી ભ્રષ્ટ થઇશ. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! પાંડવોને એમનો પોતાનો રાજ્યનો વિભાગ આપી તથા સંબંધિયોનો ક્રોધ નિવૃત્ત કરીને તું યથાયોગ્ય રાજ્યનું પાલન કર. હે બુદ્ધિમાન્! તેં તેર વર્ષ પર્યંત પાંડવોનો અપકાર કર્યો એ બહુ ખોટું થયું, ' ને હવે

તથા ક્રોધ જેના વૃદ્ધિ પામ્યા છે એવા તેમને શાંત કર, કેમકે તું, કર્ણ તથા દુઃશાસન પાંડવના રાજ્યને દબાવી રાખવા ઇચ્છો છો પણ તેમ કરવા સમર્થ થવાના નથી; કારણ ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, ભીમસેન અર્જુન તથા ધૃષ્ટદ્યુમ્ન ક્રોધ પામે, તો અવશ્ય આ સર્વ પ્રજા નાશ પામે. તું ક્રોધને વશ થઇને કૌરવનો નાશ કર માં, ને તારે નિમિત્તે સમગ્ર પૃથ્વી પણ નાશ પામો માં! હે મૂઢ! તું, ભીષ્મ, દ્રોણાચાર્ય તથા કૃપાદિ પોતાના સામર્થ્ય પ્રમાણે યુદ્ધ કરશે એમ માને છે. પણ તેમ હાલ બનશે નહી; કેમકે જ્ઞાની એવા તેમને કૌરવ તથા પાંડવો વિષે રાજ્ય સ્થાન તથા પ્રીતિ સમાન છે, તેથી ધર્મ પણ અધિક છે. કદી તમારૂં અન્ન ખાધાથી તેઓ યુદ્ધમાં પોતાના જીવિતનો ત્યાગ કરશે, તોપણ યુધિષ્ઠિરની સામું જોવાને કોઇ પણ સમર્થ થઇ શકશે નહીં. હે તાત! હે ભરતર્ષભ! આલોકમાં મનુષ્યને લોભે કરી દ્રવ્યની ઉત્પત્તિ દેખવામાં આવતી નથી, માટે હવે તારે લોભ કરવો યોગ્ય નથી માટે તું શાંતિ પામ.

न लोभादर्थसंपत्तिर्नराणामिह दृश्यते ।
तदलं तात लोभेन प्रशाम्य भरतर्षभ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि गांधारीवाक्ये गुर्जरभाषायामूनत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १२९ ॥

અધ્યાય ૧૩૦ મો. દુર્યોધનનો દુર્મંત્ર.

वैशंपायन उवाच—तत्तु वाक्यमनादृत्य सोऽर्थवन्मातृभाषितं ।
पुनः प्रतस्थे संरंभात्सकाशमकृतात्मनां ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! ત્યાર પછી પોતાની માતા ગાંધારીનાં અર્થ સહિત વાક્યનો અનાદર કરી ક્રોધયુક્ત થઇને દુર્યોધન પાછો દુષ્ટ મંત્રી આગળ જવા લાગ્યો, ને સભામાંથી નિકળી કર્ણ, પાસાએ કરી રમવામાં ચતુર એવા શકુનિ તથા દુઃશાસનની પાસે ગયો. તે ચારે જણ મળીને આવી રીતે મનસુબો કરવા લાગ્યા કે, ધૃતરાષ્ટ્ર રાજા તથા શંતનુના પુત્ર ભીષ્મ સહિત ઉતાવળથી કામ કરનાર જનાર્દન શ્રીકૃષ્ણ પ્રથમ આપણને પકડી બાંધવાની ઇચ્છા કરે છે માટે આપણેજ પુરૂષમાં સિંહરૂપ ઋષિકેશ શ્રીકૃષ્ણને બળાત્કારથી, જેમ ઇંદ્રે બલિ રાજાને બાંધ્યો હતો તેમ બાંધી લઇએ. જે સાંભળીને હણાઇ ગયેલા ચિત્તવાળા પાંડવો ભાગી ગયેલી દાઢવાળા સર્પની પેઠે ઉત્સાહ વગરના થશે. તે સર્વ પાંડવાદિના સુખની રક્ષા કરનાર મહાબાહુ શ્રીકૃષ્ણજ છે માટે ભરતને વરદાન આપનાર તથા સર્વ યાદવમાં શ્રેષ્ઠ તેમને બાંધી મૂકવાથી સોમકોએ સહિત સૌ ઉદ્યમ વગરના થશે. આપણે આજ ઉતાવળથી કામ કરનાર શ્રીકૃષ્ણને, ધૃતરાષ્ટ્ર ના પોકારતાં બાંધી મૂકીને, શત્રુ પાંડવોની સાથે યુદ્ધ કરીયે. હે જનમેજય! દુષ્ટ ચિત્તવાળા તે પાપિયોના પાપરૂપ અભિપ્રાયને પારકા અભિપ્રાયને જાણનાર વિદ્વાન સાત્યકિએ તત્કાળ જાણ્યો ને હાર્દિક સહિત બહાર નીકળી કૃતવર્માને કહ્યું કે, હે કૃતવર્મા! જેટલામાં હું કૌરવોનો દુષ્ટ અભિપ્રાય શ્રીકૃષ્ણને કહી આવું, તેટલામાં તમે આ સેના તૈયાર કરો ને કવચ ધારણ કરી રચના કરેલી સેના સહિત સભાના દ્વાર પ્રત્યે આવી ઊભા રહો. હે રાજન્! એ પ્રમાણે કૃતવર્માને કહીને

શૂરવીર સાત્યકિ યાદવે, જેમ પર્વતની ગુફામાં સિંહ પ્રવેશ કરે, તેમ સભામાં પ્રવેશ કરી મહાત્મા શ્રીકૃષ્ણને દુષ્ટોનો તે અભિપ્રાય કહી, પોતે આશ્ચર્ય પામ્યા સરખા થઇ, ધૃતરાષ્ટ્ર તથા વિદુરજીને કહ્યું કે, મંદબુદ્ધિ દુર્યોધનાદિ ધર્મ, અર્થ તથા કામથી રહિત અને સત્પુરૂષોએ નિંદિત એવું કામ કરવા ઇચ્છે છે; પણ તે કદી સિદ્ધ થવાનું નથી. ક્રોધ તથા લોભને વશ થએલા, પાપબુદ્ધિવાળા, મૂઢ અને અલ્પ બુદ્ધિધનાદિ રહિત મુહૂર્તમાંજ નરતું કામ કરવા ઇચ્છે છે. તે એ કે જેમ બાળક તથા જડ પુરૂષ પ્રજ્વલિત અગ્નિને વશે કરી બાંધવા ઇચ્છે, તેમ કમળ સરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણને બાંધવા ઇચ્છે છે. એ પ્રમાણે સાત્યકિનાં વચન સાંભળીને દીર્ઘ દૃષ્ટિવાળા વિદુરજીએ કૌરવની સભામાં મહાબાહુ ધૃતરાષ્ટ્રને કહ્યું કે, હે શત્રુને તપાવનાર ધૃતરાષ્ટ્ર! તમારા સર્વ પુત્રોનો વિપરીત કાળ પાસે આવ્યો છે, કેમકે ન બની શકે તથા અપકીર્તિને આપે એવું કામ કરવા તૈયાર થાય છે. કૌરવો અસહ્ય, પુરૂષમાં સિંહરૂપ, ઇંદ્રના નાના ભાઇ તથા કમળ સરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણને બળાત્કારથી બાંધી લેવા ઇચ્છે છે પણ તેઓ એને પામીને, જેમ પતંગિયા જીવડા અગ્નિને પામી નાશ પામે તેમ નાશ પામશે. શ્રીકૃષ્ણ, જેમ સિંહ હસ્તિનો નાશ કરી યમલોક પ્રત્યે મોકલે તેમ યુદ્ધ કરનાર તે સર્વને ઇચ્છા માત્રમાંજ યમલોક પ્રત્યે મોકલે એવા છે; તોપણ નિંદિત એવું પાપ કર્મ તે કરશે નહિ. ધર્મથી ભ્રષ્ટ પણ થાય નહી એવી રીતે વિદુરજીએ કહ્યું ત્યાર પછી કેશવ ભગવાન શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્રને જોઇને સર્વ સંબંધીયો સાંભળતાં કહ્યું કે, હે રાજન્! ક્રોધ પામેલા દુર્યોધનાદિ પરાક્રમથી મને બાંધવા તૈયાર થશે, તો મને બાંધશે અથવા હું એમને બાંધીશ એમ તમે જાણો. હું મને બાંધવા સારૂ તૈયાર થયેલા દુર્યોધનાદિને દંડ આપવા સમર્થ છું, તોપણ પાપરૂપ નિંદિત કર્મ કરવા ઇચ્છતો નથી. પણ એટલું તો કહુ છું કે, પાંડવોના દ્રવ્યને વિષે લોભાયેલા તમારા પુત્રો પોતાના સર્વ સ્વાર્થથી ભ્રષ્ટ થશે એમાં સંશય નથી. એ દુષ્ટો એ પ્રમાણે કરવા ઇચ્છે છે, તેથી યુધિષ્ઠિરનું કાર્ય સિદ્ધજ થયું એમ તમે જાણો; કેમકે હું આજજ દુર્યોધનને તથા તેને અનુસરનારાઓને દંડ આપીને, પાંડવોને રાજ્ય આપું એમાં ખરાબ કર્યા જેવું અયુક્ત નહિ, પણ હે ભારત! હું તમારી સાનિધ્ય ક્રોધ તથા પાપ બુદ્ધિથી થાય એવું નિંદિત કામ કરવા ઇચ્છતો નથી. હે રાજન્! તમારો પુત્ર દુર્યોધન જે પ્રમાણે કરવા ઇચ્છતો હોય, તે પ્રમાણે થાઓ ને હું તમારા સર્વ પુત્રોને તે કરવાની આજ્ઞા આપું છું. શ્રીકૃષ્ણનાં એવાં વચન સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજાએ વિદુરને કહ્યું કે હે વિદુરજી! તમે પાપી તથા રાજ્યના લોભી દુર્યોધનને મિત્ર, અમાત્ય, ભાઇયો તથા નોકર સહિત અહીં બોલાવો; કેમકે હજી પણ હું એને સારે માર્ગે વર્તવાનો ઉપાય કરી જોઉં. એ પ્રમાણે ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળીને વિદુરજી ભાઇયો તથા રાજાઓ સહિત દુર્યોધનને સભામાં આવવાની ઇચ્છા નહી હતી, તોપણ બોલાવી લાવ્યા. પછી ધૃતરાષ્ટ્રે કહ્યું, દુઃશાસન તથા બીજા રાજાઓથી વિંટાયલા દુર્યોધનને કહ્યું કે હે ક્રૂર! હે પાપિ! હે તુચ્છ કર્મ કરનારની સહાયતાવાળા! તું પાપી એવા પુરૂષોની સહાયતાથી પાપ કર્મ કરવાને ઇચ્છે છે. મૂઢ તથા કુળને લાંછન લગાડનાર, તેં જે પ્રમાણે અશક્ય, અપકીર્તિ આપનાર અને સત્પુરૂષોએ નિંદિત કર્મ કરવાનો વિચાર કર્યો છે, તે પ્રમાણે બીજો કોણ કરે! પાપી સહાયતા કરનારઓની સાથે મળીને, તું અસહ્ય એવા આ કમળ સરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણને બાંધી લેવા ઇચ્છે છે. હે મંદ! ઇંદ્રાદિ દેવતાઓથી પણ બળાત્કારથી જેને બાંધી શકાય નહીં એવા આ શ્રીકૃષ્ણને તું-

બાલક ચંદ્રને બાંધવા ઇચ્છે, તેમ તું બાંધવા ઇચ્છે છે. દેવતા, મનુષ્ય, ગંધર્વ, અસુર તથા સર્પ પણ સંગ્રામમાં જેને સહન કરી શકે નહીં એવા શ્રીકૃષ્ણને તું ઓળખતો નથી. હે પુત્ર! જેમ વાયુ હાથે કરી ગ્રહણ થાય નહીં તથા ચંદ્રને સ્પર્શ થાય નહીં અને મસ્તક ઉપર પૃથ્વી ધારણ થાય નહીં, તેમ શ્રીકૃષ્ણ દુઃખે કરીને પણ ગ્રહણ થાય નહીં એવા છે. એ પ્રમાણે ધૃતરાષ્ટ્રે કહ્યું ત્યાર પછી વિદુરજીએ ક્રોધી દુર્યોધનની પાસે જઈ કહ્યું કે હે દુર્યોધન! આ વખત તું મારાં વચન સાંભળ. પૂર્વે સૌભ શહેરના દરવાજામાં દ્વિવિદ નામે વાનર રહેતો હતો. તેણે શ્રીકૃષ્ણને પથ્થરના વર્ષાદથી આચ્છાદન કરી પરાક્રમયુક્ત સર્વ યત્નથી ગ્રહણ કરવાની ઇચ્છા કરી, પણ તે ગ્રહણ કરી શક્યો નહીં, તેને તું બળાત્કારથી ગ્રહણ કરવાની ઇચ્છા કરે છે. વળી પ્રાગ્જ્યોતિષ શહેરમ ગયેલા શ્રીકૃષ્ણને દાનવો સહિત નરકાસુર ગ્રહણ કરવા આવ્યો, પણ તે ગ્રહણ કરી શક્યો નહીં. શ્રીકૃષ્ણે મોટા આયુષવાળા તેનો નાશ કરીને, તેની હજારો કન્યા લઈ વિધિયુક્ત પાણિગ્રહણ કર્યું છે, તેને તું ગ્રહણ કરવા ઇચ્છે છે. વળી નિર્મોચન શહેરમાં છ હજાર મોટા અસુર જે શ્રીકૃષ્ણને કેદ કરવા સારૂ આવ્યા, હતા તેમણે કૃષ્ણને પાશે કરી બાંધ્યા પણ ગ્રહણ કરવા સમર્થ થયા નહીં તેને તું ગ્રહણ કરવા ઇચ્છે છે. વળી શ્રીકૃષ્ણે બાલ્યાદિ અવસ્થામાં પુતનાનો નાશ કર્યો છે તથા ગાયોની રક્ષા માટે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો છે; અને વૃષભાસુર, ધેનકાસુર, મહા બળવાન ચાણુર મલ્લ, કેશિ આદિ દૈત્યો, કંસ, જરાસંધ, દંતવક્ત્ર, પરાક્રમી શિશુપાળ, બાણાસુર તથા બીજા પણ રાજાઓને પ્રજાના હિત માટે નાશ કર્યા છે. વળી મહા પરાક્રમી શ્રીકૃષ્ણે વરૂણ રાજાને તથા અગ્નિને જીત્યા છે. શ્રીકૃષ્ણે પારિજાત નામના વૃક્ષને હરણ કરતી વેળાએ શચીના પતિ ઇંદ્રને પણ જીતેલ છે. વળી ક્ષીર સમુદ્રમાં પોઢેલા મધુ તથા કૈટભ નામના દૈત્યોનો નાશ કર્યો છે. વળી મહા બળવાન એવા હયગ્રીવ નામના દૈત્યોનો નાશ કર્યો છે. વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ કર્તા, અકર્તા તથા સર્વ પૌરૂષનું મુખ્ય કારણ છે, માટે જે જે કરવા ઇચ્છે, તે તે સર્વ યત્ન વગર કરી શકે એવા છે એમાં સંશય નથી. ભયંકર પરાક્રમવાળા, અવિનાશી, ક્રોધે ભરાયેલા સર્પ સરખા, તેજોમય, શુદ્ધ ચરિત્રવાળા, મહાબાહુ તથા શુદ્ધ કર્મ કરનાર આ ગોવિંદ ભગવાનને તું જાણતો નથી, ને તિરસ્કાર કરે છે તેથી જેમ અગ્નિને પામી પતંગ નામનો જંતુ નાશ પામે તેમ અમાત્ય સહિત તેમની પાસે જતાં તું નાશ પામીશ.

प्रधर्षयन्महाबाहुं कृष्णमक्लिष्टकारिणं ।
पतंगोऽग्निमिवासाद्य सामात्यो न भविष्यसि ॥

इति श्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायां त्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३० ॥

અધ્યાય ૧૩૧ મો. શ્રીકૃષ્ણે દેખાડેલું અદ્ભુત રૂપ.

वैशंपायन उवाच—विदुरेणैवमुक्तस्तु केशवः शत्रुपूगहा ।
दुर्योधनं धार्तराष्ट्रमभ्यभाषत वीर्यवान् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે વિદુરજીએ કહ્યું ત્યારે શત્રુનાશક

શત્રુનો નાશ કરનાર મહા પરાક્રમી કેશવ ભગવાને ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને કહ્યું કે હે અજ્ઞાની દુર્બુદ્ધિવાળા દુર્યોધન ! તું મને એકલો છે એમ માનીને મોહથી બાંધવાની ઇચ્છા કરે છે પણ અહિંજ સર્વ પાંડવ અંધક તથા વૃષ્ણિકુળના યાદવ, બાર સૂર્ય, અગિયાર રૂદ્ર તથા મહર્ષિ સહિત આઠ વસુ આવેલા છે. હે જનમેજય ! એ પ્રમાણે દુર્યોધનને કહીને શત્રુના શૂરવીરને મારનાર શ્રીકૃષ્ણ, પ્રથમ મ્હોટેથી ખડખડ હસ્યા, ત્યાર પછી હસતા વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે, વિજળીની કાંતિ સરખા કાંતિમાન અંગુઠા જેવડા દેવતાઓને ઉત્પન્ન કર્યા; જેઓ ત્યાં અગ્નિની જ્વાળા મૂકવા લાગ્યા, અને શ્રીકૃષ્ણના લલાટમાં બ્રહ્મા, વક્ષઃસ્થળમાં રૂદ્ર, ભુજામાં લોકપાળ, મુખમાં અગ્નિ તથા સર્વ અંગમાં આદિત્ય, સાધ્ય, વસુ, અશ્વિનીકુમાર, ઇંદ્ર સહિત મરૂત, વિશ્વેદેવા, યક્ષ, ગંધર્વ અને રાક્ષસ દેખાવા લાગ્યા. તે વખતે શ્રીકૃષ્ણની બે ભુજામાંથી સંકર્ષણ તથા અર્જુન ઉત્પન્ન થઇને ઉભા. તેમની જમણી બાજુએ ધનુષ્ય ધારણ કરેલા અર્જુન તથા હળ ધારણ કરેલા બળરામ આવી ઉભા. વળી શ્રીકૃષ્ણના વાંસામાંથી ભીમસેન, યુધિષ્ઠિર અને માદ્રિના પુત્ર નકુળ તથા સહદેવ ઉત્પન્ન થઇને તેમની પાછળ ઉભા. વળી અંધક તથા વૃષ્ણિકુળ જેમાં મુખ્ય છે, એવા યાદવ અને પ્રદ્યુમ્ન મુખ્ય એવા શ્રીકૃષ્ણના સર્વ પુત્ર આયુધ ઉગામીને તેમના અગ્રભાગને વિષે ઉભા. વળી શ્રીકૃષ્ણનાં શંખ, ચક્ર, શક્તિ, શાર્ઙ્ગ ધનુષ્ય, હળ તથા નંદક નામની તલવાર આદિ હથિયાર તેમના અનેક બાહુને વિષે દેખાઇ શોભવા લાગ્યાં. શ્રીકૃષ્ણનાં બે નેત્ર, નાસિકા તથા કાનમાંથી અને રૂવાંનાં છિદ્રમાંથી સૂર્યનાં કિરણની પેઠે ધુમાડા સહિત ભયંકર અગ્નિની જ્વાળા નિકળવા લાગી. એ પ્રમાણે મહાત્મા કેશવ ભગવાનનું ભયંકર સ્વરૂપ જોઇ દ્રોણ, ભીષ્મ, મહામતિ વિદુર, મહાભાગ્યશાળી સંજય તથા તપોધન એવા ઋષિયો વગરે સૌ ત્રાસ પામ્યાં હતાં ચિત્ત જેનાં એવા સર્વ રાજાઓએ તો, પોતાનાં નેત્ર મિંચ્યાં. એ પ્રમાણે સભાને વિષે માધવ ભગવાનનું મોટું, આશ્ચર્યકારક રૂપ જોઇને, દેવતાઓએ દુંદુભિ વગાડયાં તથા આકાશમાંથી પુષ્પનો વર્ષાદ કર્યો. તે સમયે ધૃતરાષ્ટ્રે શ્રીકૃષ્ણને કહ્યું કે હે કમળ સરખાં નેત્રવાળા ! હે યાદવકુળમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ ! તમે સર્વ જગતના હિતરૂપ છો, માટે મારી ઉપર પ્રસન્ન થઇને હું આ તમારૂ સ્વરૂપ જોઉં એટલા સુધી મને નેત્ર આપો. હું તમ વગર બીજાને જોવા ઇચ્છતો નથી, તેથી પૂર્વ સરખાં કર્મ કરજો. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળીને શ્રીકૃષ્ણે કહ્યું કે હે કુરૂનંદન ! બીજાને જોવામાં ન આવે એવાં તમારાં નેત્ર મને જોવા સારૂ સુખે દેખતાં થાઓ. હે મહારાજ જનમેજય ! એ પ્રમાણે શ્રીકૃષ્ણના કહેવા પછી ધૃતરાષ્ટ્ર રાજા તેમની કૃપાએ કરી તેમનું વિશ્વરૂપ જોવાની ઇચ્છાથી આશ્ચર્ય થાય તે રીતે બે નેત્રને પામ્યા. પછી નેત્ર પામીને બેઠેલા ધૃતરાષ્ટ્ર રાજાને જોઇને અત્યંત વિસ્મય પામેલા ઋષિયો સહિત સર્વ રાજાઓ, શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. તે સમયે સર્વ પૃથ્વી કંપવા લાગી તથા સમુદ્ર ક્ષોભ પામવા લાગ્યો તે જોઇને સર્વ રાજાઓ પરમ આશ્ચર્ય પામ્યા. પુરૂષમાં સિંહરૂપ શ્રીકૃષ્ણ, પોતાના વિશ્વરૂપનો સંહાર કરી તથા દિવ્ય, વિચિત્ર પ્રકારની અને આશ્ચર્યરૂપ દેવતા આદિના સ્વરૂપરૂપ સમૃદ્ધિનો સંહાર કરી, સાત્યકિ તથા હાર્દિક્યના હાથ ઝાલી ઋષિયોની આજ્ઞા લઇને, સભામાંથી બહાર નિકળ્યા. તે સમયે નારદાદિ ઋષિયો કોલાહલ નિવૃત્ત થયો ત્યાર પછી અંતર્ધાન થઇને ચાલી નિકળ્યા. હે રાજન્ ! એ સર્વ આશ્ચર્ય સરખું થયું. પછી સભામાંથી ચાલી નિકળતા એવા શ્રીકૃષ્ણને જોઇને, રાજાઓ સહિત કૌરવો, જેમ ઇંદ્રની પાછળ દેવતાઓ જાય તેમ તેમની પાછળ જવા લાગ્યા. પણ હે રાજન્ ! અગણિત પરાક્રમી શ્રીકૃષ્ણ, સર્વ રાજમંડળને

માટી ભયંકારી ક્રોધથી ધુમાડા સહિત અગ્નિ સરખા થઇ સભાના દ્વારમાંથી બહાર નિકળ્યા. એ સમયે ધુધરીયો જેને બાંધી હતી એવા, મેઘના સરખો જેના ચાલવાથી અવાજ થતો હતો એવા, હલકા, સુવર્ણથી મઢેલા, ઉપસ્કર સહિત રક્ષણને માટે વ્યાઘ્રચર્મ જેને ફરતું મઢેલું હતું એવા અને શૈબ્ય તથા સુગ્રીવાદિ અશ્વ જેને જોડયા હતા એવા, મોટા શ્વેત રથ સહિત દારૂક સારથિ શ્રીકૃષ્ણની પાસે આવી ઉભો રહ્યો તેને જોઇને તે રથમાં વિરાજમાન થયા, તેમજ મહારથિ કૃતવર્મા તથા યાદવોમાં સંમત શૂરવીર હાર્દિક્ય પણ રથમાં બેઠા, એ પ્રમાણે રથમાં બેસી જવા તૈયાર થયેલા શત્રુને દમન કરનાર શ્રીકૃષ્ણને જોઇને ધૃતરાષ્ટ્ર રાજા તેમની પાસે આવી, આવી રીતે કહેવા લાગ્યા કે—હે જનાર્દન! હે શત્રુનો નાશ કરનાર! મારા પુત્રોમાં જે બળ છે, તે તમારા જાણવામાં છે, અજાણ્યું કંઇજ નથી. વળી કૌરવ તથા પાંડવની શાંતિને ઇચ્છીને મેં જે યત્ન કર્યા, તે પણ તમારા જાણવામા છે, તેમ આ મારી અવસ્થા હોઇ મારૂં કંઇ પણ ચાલતું નથી તે પણ તમારા જાણવામાં છે; માટે તમારે મારે વિષે કોઇ રીતે શંકા કરવી યોગ્ય નથી. હે કેશવ! પાંડવોને વિષે મારો અભિપ્રાય ખરાબ નથી, તે તથા તેમને વાસ્તે દુર્યોધનને મેં જે વાકય કહ્યાં તે પણ સર્વ તમારા જાણવામાં છે. હે માધવ! કૌરવો તથા સર્વ રાજાઓની શાંતિ માટે હું સર્વ ઉપાયે કરી યત્ન કરૂં છું તે પણ તમારા જાણવામાં છે. વૈશંપાયન કહેછે—હે જનમેજય! ત્યાર પછી મહાબાહુ જનાર્દન શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્ર, દ્રોણ, પિતામહ ભીષ્મ, વિદુર, બાહ્લિક તથા કૃપાચાર્યને કહ્યું કે, કૌરવોની સભામાં ખરાબ મનુષ્યની પેઠે મંદ બુદ્ધિવાળો દુર્યોધન ક્રોધથી ગર્જી ઉઠયો, તે સર્વ વૃત્તાંત તમે જાણો છો. હે ભીષ્માદિ! આ ધૃતરાષ્ટ્ર રાજા, હું અસમર્થ છું મારૂં કંઇ ચાલતું નથી એમ કહે છે, માટે હવે હું યુધિષ્ઠિર પાસે જવાની તમારી પાસેથી રજા લઉં છું. એ પ્રમાણે સર્વની રજા લઇ પોતાના રથમાં બેસી તે જવા લાગ્યા. શ્રીકૃષ્ણની પાછળ મોટા ધનુષ્યવાળા તથા મહા શૂરવીર ભીષ્મ, દ્રોણ કૃપ, વિદુર ધૃતરાષ્ટ્ર, બાહ્લિક, અશ્વત્થામા અને મહારથિ યુયુત્સુ ગયા. ઘુઘરીઓએ કરી શોભિતા મોટા શ્વેત રથમાં બેસીને શ્રીકૃષ્ણ, સર્વ કૌરવો જોતાં પોતાના પિતાની બહેન કુંતિને મળવા સારૂ ગયા.

ततो रथेन शुभ्रेण महता किंकिणीकिना ।
कुरूणां पश्यतां द्रष्टुं स्वसारं स पितुर्ययौ ॥

इति श्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि विश्वरूपदर्शने गुर्जरभाषायामेकत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३१ ॥

અધ્યાય ૧૩૨ મો. શ્રીકૃષ્ણ ને કુંતાજી.

वैशंपायन उवाच—प्रविश्याथ गृहं तस्याश्चरणावभिवाद्य च ।
आचख्यौ तत्समासेन यद्वृत्तं कुरुसंसदि ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! હવે શ્રીકૃષ્ણ કુંતિના ઘર પ્રત્યે જઇ તેમના ચરણમાં પગે લાગીને કૌરવોની સભામાં બનેલું સર્વ વૃત્તાંત સંક્ષેપથી કહેવા લાગ્યા કે, મેં તથા ઋષિઓએ દુર્યોધનને માનવા લાયક તથા કારણ યુક્ત અનેક વાક્ય કહ્યાં, પણ કંઇ તેના

આનવામાં આવ્યાં નહી. તેને જે વશ છે, તે સર્વ કાળે કરી "પાકી રહ્યાં છે" તેમનું સ્મરણ આસે આવ્યું છે ને હું તમારી રજા લઉ છું. પાંડવો પાસે ઉતાવળથી જઇશ ત્યારે હે મહા બુદ્ધિમતિ ! મારે તમારા કહેવાથી પાંડવોને તથા તેમના પુત્રોને શું સમાચાર કહેવા તે તમે મને કહો, કારણ તમારાં વચન સાંભળવાની મને ઇચ્છા છે. કુંતિએ કહ્યું કે હે કેશવ ! તમે ધર્માત્મા યુધિષ્ઠિરને મારા કહેવા પ્રમાણે કહેજો કે, હે પુત્ર ! તું પૃથ્વીનું પાલન કરવારૂપ તારો ધર્મ નાશ પામે એવી રીતે ઉલટું કામ કદી કરીશ માં. હે રાજન્ ! વેદ ભણેલા તથા તેના અર્થને નહી જાણનાર મૂર્ખ પુરૂષની પેઠે અત્યંત વેદાક્ષરની આવૃત્તિએ કરીને હણાયેલી તારી બુદ્ધિ કેવળ ધર્મનેજ જુવે છે, પણ તને બ્રહ્માએ જે ધર્મ પાળવા સારૂ ઉત્પન્ન કર્યો છે, તે સ્વધર્મને તો તું બીલકુલ જોતો નથી, માટે તે જો. ઇશ્વરે પોતાના બે બાહુથી ક્રૂર કર્મ વાસ્તે, પ્રજાનું પાલન કરવા સારૂ ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે, માટે તેણે બાહુબળે કરી જીવવું એજ યોગ્ય છે. આ સંબંધી મેં પૂર્વે વૃધ્ધોના મુખથી સાંભળેલો ઇતિહાસ હું કહું તે તું સાંભળ.

પૂર્વે પ્રસન્ન થયેલા કુબેરે રાજર્ષિ મુચુકુંદને પૃથ્વી આપવા માંડી, ત્યારે તેણે નહી ગ્રહણ કરતાં તેને કહ્યું કે હે કુબેર ! હું પોતાની ભુજાના બળે કરી મેળવેલી પૃથ્વી ભોગવવાની ઇચ્છાવાળો છું. મુચુકુંદનાં વચન સાંભળીને અત્યંત વિસ્મય પામેલા કુબેરે પૃથ્વી પોતાને સ્વાધિન રાખી, તે પછી ક્ષત્રિય ધર્મને પાળનાર મુચુકુંદે, પોતાની ભુજાના બળે કરી પૃથ્વી મેળવી, ને તેનું પાલન કર્યું, માટે હે ભારત યુધિષ્ઠિર ! રાજાએ સારી રીતે રક્ષા કરેલી પ્રજા જે ધર્મનું આચરણ કરે છે, તેનો ચોથો ભાગ રાજાને મળે છે. જે રાજા પ્રજાના પાલનરૂપ સ્વધર્મનું આચરણ કરે છે, તે દેવતા સરખો થાય છે, ને તેમ નથી કરતો તો નરકમાં પડે છે. રાજા પ્રજાને વિષે દંડનીતિ વાપરીને, તેને ધર્મમાં પ્રવર્તાવે છે ને અધર્મથી નિવૃત્ત કરે છે. જ્યારે રાજા દંડનીતિએ કરી પ્રજાને સારી રીતે વર્તાવે છે, ત્યારે સત્યયુગ નામનો કાળ વર્તે છે. કાળનું કારણ રાજા કે રાજાનું કારણ કાળ, એ તને સંશય માં થાઓ; કેમકે સર્વ કાળનું કારણ રાજાજ છે. જગતમાં સત્યયુગની પ્રવૃત્તિ કરવાથી રાજા ઘણા કાળ સુધી સ્વર્ગ ભોગવે છે, ત્રેતાયુગની પ્રવૃત્તિ કરવાથી થોડો કાળ સ્વર્ગ ભોગવે છે, દ્વાપર યુગની પ્રવૃત્તિ કરવાથી તેનાથી થોડો કાળ સ્વર્ગ ભોગવે છે તથા કલિયુગની પ્રવૃત્તિ કરવાથી પાપ ફળ ભોગવીને ઘણા કાળ સુધી નરકમાં વસે છે. રાજાના દોષ પ્રજાને પ્રાપ્ત થાય છે, ને પ્રજાનો દોષ રાજાને પ્રાપ્ત થાય છે, માટે તું તારા પિતા તથા પિતામહાદિને ઉચિત એવા ધર્મોને જોઇ, અને શાંતિ માટે જીવવું એમ ઇચ્છે છે, એ રાજર્ષિયોનો ધર્મ નથી. વિકલવતા યુક્ત તથા શાંતપણાને વિષે રહેલો તું, આજ દિવસ સુધી પ્રજાનું પાલન કરવાથી થતાં શ્રેષ્ઠ ફળને જરાએ પામ્યો નથી. તું હાલ જે બુદ્ધિથી વર્તે છે, તેવો થજે એમ પૂર્વે મેં, તારા પિતા પાંડુએ તથા પિતામહે તને આશિર્વાદ આપ્યો નથી. મેં તો, યજ્ઞ, દાન, તપ, શૌર્ય, બુદ્ધિ, સંતાન, માહાત્મ્ય, બળ તથા ઇંદ્રિયના ઉત્સાહવાળો તું થા, એવી આશા રાખી આશિર્વાદ આપ્યો છે. મનુષ્યે શ્રેષ્ઠ રીતિથી આરાધન કરેલા દેવતાઓ તથા મનુષ્યો, તેને આલોકમાં મોટું આયુષ, ધન તથા પુત્રની પ્રાપ્તિ કરે છે, અને પરલોકના સાધનરૂપ સ્વાહા તથા સ્વધર્માદિ સત્કર્મ ફળની પ્રાપ્તિ કરાવે છે. વળી દેવતાઓ તથા માતા પિતા પુત્રને વિષે દાન, વેદાધ્યયન, યજ્ઞ તથાં પ્રજાનું પાલન કરનાર થાઓ, એવી આશિષ આપે છે. ગુણવાન પ્રજા પોતાનું પાલન કરનાર રાજાને...

સજ્જનોની પાસે આવીને સંતોષ પામી રહે છે, એ કરતાં તેને અધિક ધર્મ કયો હોય ? રાજ્ય જેને પ્રાપ્ત થયું હોય એવા પુરૂષે, કોઇને દાન આપી, કોઇને બળે કરી તથા કોઇને મીઠી વાણીએ કરી પોતાને સ્વાધિન કરવા. વળી જેમ બ્રાહ્મણે ભિક્ષા માગવી, વૈશ્યે ધન સંપાદન કરવું તથા શૂદ્રે ત્રણ વર્ણની સેવા કરવી, તેમ ક્ષત્રિયે સંપાદન કરેલા રાજ્યનું પાલન કરવું એ તેનો ધર્મ છે, માટે તારે ભિક્ષા માગવી નિષિદ્ધ છે. ખેતી કરવી પણ તને યોગ્ય નથી, કેમકે તું કોઇનો વિનાશ થતો હોય તેની રક્ષા કરનાર તથા પોતાના બાહુબળે કરી જીવનાર ક્ષત્રિય છે માટે હે મહાબાહો ! તું બૂડી ગયેલા તારા પિતાના રાજ્યનો સામ, ભેદ, દાન, દંડ તથા રાજ્યનીતિએ કરી ફરીથી ઉદ્ધાર કર. હે શત્રુનો નાશ કરનાર ! તારા સરખા પુત્ર ઉત્પન્ન કરીને દીન બાન્ધવવાળી હું, શત્રુએ આપેલા અન્નની ઇચ્છા કરૂં છું એ ઉપરાંત મને બીજું મોટું શું દુઃખ હોય ? માટે તું રાજધર્મે કરી યુદ્ધ કર, પણ નાશ વડિલોને ડુબાડ માં, અને ક્ષીણ પુણ્યવાન થઇને નાના ભાઇઓ સહિત પાપરૂપ ગતિને પામ માં !

गुह्यस्वराजधर्मेण मानिमज्जीः पितामहान् ।
मागमः क्षीणपुण्यस्त्वं सानुजः पापकां गतिं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कुंतिवाक्ये गुर्जरभाषायां द्वात्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३२ ॥

અધ્યાય ૧૩૩ મો. વિદુલાનો પુત્રને બોધ.

कुंत्युवाच—अत्राप्युदाहरंतीममितिहासं पुरातनं ।
विदुलायाश्च संवादं पुत्रस्य च परंतप ॥ १ ॥

કુંતિ કહે છે–હે પરંતપ ! આ પ્રસંગને વિષે પૂર્વનો વિદુલા તથા તેના પુત્રનો સંવાદ રૂપ ઇતિહાસ કહું તે સાંભળ. મોટા યશવાળી, મોટા ક્રોધવાળી, કુલિન, કરડા સ્વભાવવાળી ક્ષત્રિય ધર્મમાં તત્પર, ઇંદ્રિયને નિયમમાં રાખનારી, લાંબો વિચાર કરનારી, વિખ્યાત રાજાઓની સભાઓમાં અનેક તરેહનાં વાકય સાંભળ્યાં હતાં જેણે એવી, બહુશ્રુત તથા રાજ્યાભિષેક થયો હતો જેને એવી વિદુલા નામની સ્ત્રી, સિંધુ દેશના રાજાએ જીતવાથી સૂતેલા દીન ચિત્તવાળા પોતાના ઔરસ પુત્ર, સંજયની નિંદા કરતાં કહેવા લાગી કે, હે મારાથી ઉત્પન્ન થયેલા પુત્ર ! હે શત્રુને હર્ષ વધારનાર ! તું મારાથી તથા તારા પિતાથી ઉત્પન્ન થયો હોઉં એમ જણાતું નથી. કોણ જાણે ક્યાંથી તું આવ્યો છે ? કેમકે જો અમારો પુત્ર હોય તો ક્રોધ રહિત, શૂરવીર પુરૂષની ગણનાથી જુદો તથા ભુજાદિના પરાક્રમરૂપ સાધન વગરનો હોય નહિ. જો ખરેખર અમારો પુત્ર હોય તો તારા કલ્યાણ સારૂ તારા પૂર્વજોની પેઠે શત્રુને જીતી રાજ્યરૂપ ધુંસરીને વહન કર ! તું પોતાના આત્માનો તિરસ્કાર કર માં, તથા મળેલા અલ્પથી સંતોષ માન માં અને ઉદાર મનયુક્ત થઇને ભયનો ત્યાગ કર. હે કુત્સિત પુરૂષ ! હે પરાજય પામેલા, માન રહિત તથા બંધુને શોક આપનાર ! તું સર્વ શત્રુને આનંદ આપતાં ઉદ્યોગ રહિત થા ને બેઠો થા. જેમ નાની નદીઓ થોડાં જળે ભરાઇ જાય તથા ઉંદરની અંજલી પણ થોડા જળથી ભરાઇ જાય, તેમ આનંદ સંતોષ પામી, કુત્સિત પુરૂષ અલ્પે કરી સંતોષ પામે છે માટે જો તું તેવો હોય ને પોતાના પુરૂષાર્થનો

સંશય પામતો હોય કે, "હું જીવીશ કે નહીં જીવું," તો સર્પના મુખમાં હાથ ઘાલી જલદી મૃત્યુ પામ, ને જો તે સંશય ન હોય, તો પરાક્રમ કર. જેમ નિર્ભય એવો શ્યેન નામનો પક્ષી પોતાની પાંખનો વિસ્તાર કરી કંઇ નહીં બોલતાં શત્રુરૂપ પક્ષીને પકડવા સારૂ તેનું છિદ્ર જૂવે છે, તેમ તું પોતાનો પક્ષ વધારી ગુપ્ત રહીને શત્રુને જીતવા સારૂ તેનું છિદ્ર જોયા કર. હે કુત્સિત પુરૂષ ! શત્રુથી જીતાયલો તું વજ્રથી હણાયલા પુરૂષની પેઠે શબ થઇ કેમ પડી રહ્યો છે ? તું સુઇ રહે માં, ઉભો થા. કૃપણ એવો તું અસ્ત પામ માં, અને પોતાના પરાક્રમે કરી જગતમાં વિખ્યાત થા. સામ, ભેદ તથા દાન એ ત્રણ ઉપર મન કર માં, અને શત્રુંને દંડ આપી વશ કર. તું ટીંડોરાંના ઉંબાડીયાંની પેઠે બે ઘડી તો શત્રુને પરાક્રમ દેખાડી જ્વલિત થા. જીવવાની ઇચ્છાથી જ્વાળા રહિત ફોતરાના અગ્નિની પેઠે ધુંધવ્યા કર માં, કેમકે બે ઘડીવાર પણ પ્રજ્વલિત થઇ પોતાનું તેજ દેખાડવું એ સારૂં પણ ઘણી વાર સુધી ધુંધવાયા કરવું એ સારૂં નથી. કોઇ પણ રાજાને ત્યાં કર્કશ તથા દયાળુ પુત્ર ઉત્પન્ન થજો માં. જે શૂરવીર પુરૂષ ઉત્તમ એવા સંગ્રામમાં જઇ શત્રુ સામે મનુષ્યને ઉચિત એવું પરાક્રમરૂપ કર્મ કરે, તે ધર્મના ઋણથી મુક્ત થાય અને પોતાની નિંદા પણ કોઇ દિવસ કરે નહી. પંડિત પુરૂષ પોતાને ઇચ્છિત પ્રાપ્ત થાય અથવા ન થાય તોપણ કદી શોક કરે નહી પણ ધનાદિની તૃષ્ણા મૂકી દઇને બળે કરી સાધ્ય એવાં કાર્ય કર્યાંજ કરે. માટે તું પરાક્રમ કર, અથવા મરણ પામ. પોતાના ક્ષત્રિય ધર્મને છોડી દઇ શું જીવે છે ? હે ક્લિબ ! તું તારાં ઇષ્ટ કર્મ તથા પૂર્વ કર્મનાં ફળ, તારી કીર્તિ અને ભાગનું મૂળ એવું તારૂં રાજ્ય નાશ પામ્યાં, હવે શું કરવા જીવે છે. પરાક્રમીએ બુડતાં તથા પડતાં પણ નિર્મૂળ એવા શત્રુની જાંઘ પકડી તેની સાથે બુડવું અથવા પડવું પણ તેનો પરાભવ કરવામાં કદી નિરૂદ્યમ રહેવું નહિ.

મનુષ્યે યુદ્ધમાં જાતવાન અશ્વોનાં કર્મનું અનુકરણ કરી ખેદ રહિત થઇ યુદ્ધ કરવારૂપ ભાર વહન કરવો એમ શાસ્ત્રમાં કહેલું છે માટે તું અભિમાન રાખી પરાક્રમને પામ તથા તારા નિમિત્ત પોતાની મેળે બુડી ગયેલા કુળનો ઉદ્ધાર કર. જે મનુષ્યનાં અદ્ભુત પરાક્રમનું વખાણ મનુષ્યો નથી કરતાં, તેનો અવતાર ફોકટ જાય છે ને તે મનુષ્યોની ગણનામાં માત્ર આવે છે, પણ તેને પુરૂષ તથા સ્ત્રી સરખો પણ જાણવો નહીં. જે મનુષ્યોનો યશ, દાન, તપ, સત્ય, તથા વિદ્યા તેમજ અર્થ લાભે કરી વૃદ્ધિ પામ્યો નથી, તેણે માતાથી તેની વિષ્ટારૂપે જન્મ લીધો એમ જાણવું. જે પુરૂષ શાસ્ત્ર, તપ, લક્ષ્મી તથા પરાક્રમે કરી મનુષ્યોનો પરાભવ કરે, તે જ પુરૂષ કહેવાય છે માટે તું વિચાર વગરનાં કામ તથા ક્રૂર, અપયશ પ્રાપ્ત કરનારી, દુઃખરૂપ તથા કુત્સિત પુરૂષને ઉચિત એવી ભિક્ષાચર્યારૂપ વૃત્તિને પામવા યેગ્ય નથી; કેમકે એવી વૃત્તિ પાળનારને જોઇને તેના શત્રુ આનંદ પામે છે. જગતમાં નિરસ્કાર પામેલાં આસન તથા વસ્ત્ર નાશ પામ્યાં હોય જેનાં એવાં, થોડા લાભમાં મને મોટો લાભ થયો એમ માનનાર, દીન, અલ્પ જીવનવાન તથા અલ્પ બુદ્ધિમાન્ બંધુને પામીને, તેના બાંધવો સુખ પામતા નથી. મેં સત્પુરૂષને વિષે અમંગળ કરનાર, કુળના વંશનો નાશ કરનાર, ક્રોધ, ઉત્સાહ તથા પરાક્રમ રહિત અને શત્રુને આનંદ આપનાર એવા પુત્રના નામથી તને કલહરૂપજ ઉત્પન્ન કર્યો; કેમકે તારે લીધે પોતાના દેશથી ભ્રષ્ટ થયેલાં, સર્વ કામરસે કરી હીન, સ્થાન ભ્રષ્ટ થયેલાં તથા નિષ્કિંચન એવાં અમે વૃત્તિ વગરનાં હોવાથી નાશ પામીશું માટે હું કહું છું કે, તારા સરખા પુત્રને કોઇ પણ સ્ત્રી જણશો નહીં. તું ધુમાડા સરખો થા માં,

ત પ્રજ્વલિત થા અને આક્રમણ કરીને શત્રુ પક્ષનો નાશ કરતાં એક મુહૂર્ત માત્ર પણ તેના મસ્તકને વિષે જ્વલાયમાન થા, કેમકે જે અક્ષમાવાન તથા ક્રોધી હોય તે જ પુરૂષ કહેવાય છે. જે મનુષ્ય ક્ષમાવાન તથા ક્રોધ રહિત હોય તેને સ્ત્રીરૂપ તથા પુરૂષરૂપ જાણવો નહીં. સંતોષ, દયા, શત્રુ સામે ન ઉભા રહેવું તથા ભય, એ ચારે લક્ષ્મીનો નાશ કરે છે, માટે એ ચાર યુક્ત નિરૂદ્યમી પુરૂષ મોટા સ્થાનને પામતો નથી, વાસ્તે તું આત્માનો પરાભવ કરનાર એ ચાર દોષ છે તેથી મુક્ત થા. તું લોઢના સરખું હૃદય રાખીને ગયેલાં ધનાદિને પાછાં મેળવવાનો ઉદ્યોગ કર. જે મનુષ્ય શત્રુના પરાક્રમને સહન કરે, તેનેજ પુરૂષ જાણવો ને જે સ્ત્રીની પેઠે પરાક્રમ રહિત થઇને જીવે છે, તેનું પુરૂષ એવું નામ વ્યર્થ છે એમ જાણવું. શૂરવીર, બળવાન તથા સિંહ સરખો પરાક્રમી પુરૂષ મૃત્યુ પામે, તોપણ તેની પુત્રાદિ પ્રજા દેશમાં રહીને સંતોષ પામે છે. વળી જે પુરૂષ પોતાના પુત્રનો તથા સુખનો પણ ત્યાગ કરી લક્ષ્મીની શોધ કરે છે, તેના અમાત્યો થોડા કાળમાં હર્ષ પામે છે.

પુત્રે કહ્યું કે હે માતા ! તને મારા વગર સર્વ પૃથ્વી, આભરણ, ભોગ તથા જીવવું, વગેરેનું શું પ્રયોજન છે ? માતાએ કહ્યું કે હે દુર્બુદ્ધિવાન્ ! હે મૂઢ ! આજ કંઇ નહીં આવતી કાલે શત્રુ સામે જઇશું એમ માનનાર આળસુનો દેશ શત્રુને પ્રાપ્ત થાય છે, માટે ઉદ્યોગી પુરૂષના લોકને અમારા સંબંધિયો પામો. નોકરે કરી હીન, પારકાં અન્ને કરી જીવનાર તથા બળ રહિત કૃપણ જનોની વૃત્તિને તું પામ નહિ. અને જેમ મેઘની પાછળ દેવતાઓ જીવે છે, તેમ તારી પાછળ બ્રાહ્મણ તથા સંબંધિયો જીવો. જેમ સર્વ પ્રાણી પાકેલા ફળવાળા વૃક્ષને પામી પોતાની વૃત્તિ ચલાવી જીવે છે, તેમ જે પુરૂષને પામી સર્વ પ્રાણી પોતાના જીવનને પામે છે તેનું જીવવું સફળ છે. વળી જેમ ઇંદ્રના પરાક્રમથી સર્વ દેવતાઓ સુખ પામે છે, તેમ જે પુરૂષના પરાક્રમથી બંધુઓ સુખ પામે છે, તેનુંજ જીવવું સફળ છે. જે મનુષ્ય પોતાના બાહુબળના આશ્રયે કરી જીવે છે, તે આલોકમાં કીર્ત્તિ અને પરલોકમાં શ્રેષ્ઠ ગતિ પામે છે.

स्वबाहुबलमाश्रित्य योऽभ्युज्जीवति मानवः ।
सलोके लभते कीर्तिं परत्र च शुभां गतिं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि विदुलापुत्रानुशासने गुर्जरभाषायां त्रयस्त्रिंशदधिकशततमोऽध्यायः ॥ १११ ॥

અધ્યાય ૧૩૪ મો. વિદુલા ને તેનો પુત્ર.

विदुलोवाच—अथैतस्यामवस्थायां पौरुषं हातुमिच्छसि ।
निहीनसेवितं मार्गं गमिष्यस्य चिरादिव ॥ १ ॥

વિદુલા કહે છે—હે પુત્ર ! તું આ અવસ્થામાં પોતાના પરાક્રમનો ત્યાગ કરવા ઇચ્છે છે, માટે હીન પુરૂષે સેવેલા માર્ગને થોડા વખતમાં પામીશ. જે ક્ષત્રિય પોતાના જીવિતને શક્તિ પ્રમાણે પરાક્રમ કરીને પોતાનું તેજ શત્રુને દેખાડતો નથી, તેને બુદ્ધિમાન પુરૂષો ચોર કહે છે. જેમ મૃત્યુ સમીપ આવેલાને શ્રેષ્ઠ ઔષધ રૂચે નહીં, તેમ અર્થવાન, યોગ્ય અને મારાં વાક્ય તને રૂચતાં નથી. સિંધુ દેશના રાજાના તેની

રાજી નથી, તેમ તેને દુઃખ પ્રાપ્ત થાય તો સારૂં એવી ઇચ્છા રાખે છે અને દુર્બળતાને લીધે મૂઢ થઇ ગયેલા છે. આપણા પક્ષના સર્વ મનુષ્યો જો તારૂં પૌરૂષ નહીં દેખે, તો ઉદય કરી સહાય સંપત્તિ મેળવીને શત્રુના પક્ષનો આશ્રય કરશે. તું તે સર્વની સાથે એકતા કરીને, પર્વતના કિલ્લા સરખું ઘર કર અને વખત આવ્યે શત્રુને દુઃખ પ્રાપ્ત થાય એવી ઇચ્છા કર; કેમકે કોઇપણ અજરામર નથી. તારૂં સંજય એવું નામ છે, પણ તેના ગુણ તારામાં હું દેખતી નથી; માટે તું નામ પ્રમાણે ગુણવાન થા, પણ તેથી ઉલટો થા માં. હે પુત્ર! પૂર્વે જ્યારે તું બાળક હતો, ત્યારે શ્રેષ્ઠ વિદ્વાન એવા કોઇ બ્રાહ્મણે તને જોઇને મને, આ બાળક પ્રથમ મોટા કષ્ટને પામી પાછો વૃદ્ધિને પામશે એમ કહ્યું છે; માટે તેને સંભારીને હું તારા જયની ઇચ્છા રાખું છું, વાસ્તેજ તને વારંવાર કહું છું. જેનાં કાર્ય સિદ્ધ થવાથી સંબંધિયો રાજી થતા હોય, ને પોતે ન્યાયે કરી વર્તતો હોય, તેનો અર્થ અવસ્ય સિદ્ધ થાય છે. હે સંજય! યુદ્ધથી મને અથવા શત્રુને સમૃદ્ધિ અથવા અસમૃદ્ધિ પ્રાપ્ત થશે એમ જાણીને તું, તે કરવાનું મન કર, પણ તે બંધ માં કર; કેમકે તેમ કરવાથી રાજ્ય રહિત હોવાને લીધે દરિદ્રતા પ્રાપ્ત થાય, જેથી આવતા પ્રાતઃકાળનું ભોજન ઘરને વિષે પ્રથમ દિવસે જેવામાં આવે નહીં. હે પુત્ર! દરિદ્રતા જેવી બીજી કોઇપણ પાપિષ્ટ અવસ્થા નથી, ને પતિ તથા પુત્રના વિનાશ કરતાં પણ એ દુઃખ અધિક છે; કેમકે તે મરણ સમાન છે. એમ પૂર્વે સંબરાસુરે કહેલું છે. હું મોટા કુળમાં ઉત્પન્ન થયેલી, જેમ એક હૃદમાંથી બીજા હૃદમાં જળ આવે, તેમ મોટા કુળમાં આવી છું. વળી ઇશ્વરી, સર્વ કલ્યાણરૂપ, પતિએ અત્યંત માન આપેલી, મહા અમૂલ્ય પુષ્પ તથા અલંકાર ધારણ કરનારી અને ઉજ્વળ વસ્ત્ર ધારણ કરનારી હું, પૂર્વે જ્યારે સંબંધિયોના સમાજમાં જતી, ત્યારે મને જોઇને તે સર્વ આનંદ પામતા. હે સંજય! તે અત્યંત દુર્બળ થયેલી મને તથા તારી સ્ત્રીને જ્યારે તું દેખીશ, ત્યારે તને પોતાનું જીવતું પણ પ્રિય લાગશે નહીં. દાસનું કામ કરનાર નોકર, આચાર્ય, બ્રાહ્મણ તથા પુરોહિતની વૃત્તિ જ્યારે આપણાથી ચાલશે નહીં, ત્યારે તેઓ સર્વ આપણો ત્યાગ કરશે તે જોઇને તારે જીવતું એ નિષ્ફળ છે. વખાણવા લાયક તથા યશ વધારતાં તારાં પૂર્વનાં કૃત્યને જો હું નહીં જોઉં તો મારા હૃદયને વિષે શાંતિ વળવાની નથી. દુર્બળ અવસ્થા વેળા હું, કોઇ બ્રાહ્મણ માગવા આવે તેને, જ્યારે આપવાનું કંઇ નથી એમ કહું, ત્યારે તો મારૂં હૃદય ભેદાઇજ જાય, કેમકે પૂર્વે મેં તથા મારા સ્વામિએ એમ કહેલું નથી. આપણને બીજાઓના આશ્રયથી જીવવું પ્રાપ્ત થશે, તો હું દેહનો ત્યાગ કરીશ. કાંઠા વગરના અમે છીયે તેનો તું કાંઠારૂપ થા, દુઃખરૂપ સમુદ્રમાં ડૂબતાં એવાં અમોને તું નાવરૂપ થા, સ્થાન વગરનાં અમે છીયે તેનો તું સ્થાનરૂપ થા, મૃત્યુ પામેલા સરખાં અમોને તું જીવાડનાર થા, જો તું જીવવાની આશા છોડી દઇશ, તો સર્વ શત્રુને જીતવા સમર્થ થઇશ! જો ક્લિષ્ટ વૃત્તિને પામવું એ સારૂં છે એમ [illegible] ચિત્તવ.ળો તું માનતો હોય, તો વૈરાગ્યમાં ચિત્ત રાખી આ પાપિષ્ટ વૃત્તિ છોડી દે. શૂરવીર પુરૂષ એક શત્રુને મારીને પણ જગતમાં પ્રખ્યાતિ પામે છે; કેમકે ઇંદ્ર એક વૃત્રાસુરને મારવાથી, જગતમાં મહેંદ્ર કહેવાય છે, મોટા લોકપાળોનાં [illegible] પામ્યો છે. તથા સર્વ લોકનો ઇશ્વર થયો છે. જ્યારે જે શૂરવીર સંગ્રામમાં પોતાનું [illegible] [illegible] [illegible] તેમ શત્રુને બોલાવી, સેનાપતિ કહેવાતા એવા વીર યોદ્ધાને મારી મોટા યશને પામે, ત્યારે તેના [illegible] પામી તેને [illegible] [illegible] એને [illegible] [illegible] નહીં એમ [illegible].

કુંજરને, પરવશ એવા કુત્સિત પુરૂષો અનેક પ્રકારની સમૃદ્ધિ આપી તૃપ્ત કરે છે. સત્પુરૂષ હોય છે તે, જેઓ શત્રુના સમ્બન્ધમાં એકદમ નાશ કરતા નથી તથા તેના જીવિતનો પણ છેદ કરતા નથી; ને તેને થોડો વૈભવ આપી તેના રાજ્યની સ્થિતિ કરી આપે છે. રાજ્ય સર્વદ્વાર તથા અમૃત સરખું છે, માટે આપણને આશ્રયરૂપ જે શત્રુને વશ થાય છે, માટે તું તેની સેનામાં અગ્નિની પેઠે જઇ પડ. હે રાજન્! તું યુદ્ધમાં શત્રુનો નાશ કર અને પોતાના ક્ષત્રિય ધર્મનું પાલન કર કેમકે અત્યંત કૃપણ, શત્રુને નિર્ભય કરનાર, શોચ કરતા એવા આપણા પક્ષના પુરૂષ તથા સિંહનાદ કરતા એવા શત્રુના પુરૂષોથી વિંટાયલા અને દીનતાથી પણ દીન થયેલા તને જોઇ હું બીલકુલ રંજીત નથી. તું પૂર્વની પેઠે પોતાની સ્ત્રિયો સહિત હર્ષ પામ, ને તેમને દ્રવ્યાદિ આપી તેમનાથી માન પામ, પણ ખેદયુક્ત થઇ શત્રુની સ્ત્રીઓને વશ થા માં. યુવાવસ્થા, રૂપ, વિદ્યા તથા નોકરથી સંપન્ન, યશસ્વી અને લોકમાં વિખ્યાત તારા સરખો, યુદ્ધરૂપી ધુર વહન કરવામાં જ્યારે નહીં દમાયેલા બળદની પેઠે વિધુર પામે, ત્યારે તો હું તે મરણરૂપજ માનું. હે પુત્ર! શત્રુનું પ્રિય બોલનાર, તથા તેની પાછળ ચાલનાર એવા તને જ્યારે હું જોઉં, ત્યારે મારા હૃદયને શાંતિ કેમ થાય. આપણા કુળમાં બીજાની પાછળ ચાલનાર કોઇપણ થયો નથી, માટે તું પણ પારકા નોકર સરખો થઇ તેની પાછળ ચાલવા યોગ્ય નથી. હું આપણા વંશના પ્રાચીન પુરૂષોએ, બીજાના વંશના પ્રાચીન પુરૂષોએ તથા વૃદ્ધ પુરૂષોએ, પ્રજાપતિએ નિર્માણ કરેલું ક્ષત્રિયોનું હલકા કામમાં ન પ્રવર્તે એમ કહેલું છે તે જાણું છું. સત્કુળમાં જન્મેલો તથા ક્ષત્રિય ધર્મને જાણનાર ક્ષત્રિય, ભયથી અથવા પોતાની વૃત્તિ સારૂ કોઇને નમે નહીં, પુરૂષે ઉદ્યમ કરવો, પણ કોઇને નમવું નહીં કેમકે તે જ પૌરૂષ છે. પોતાનો સમૂલ નાશ થાય એમ હોય, તોપણ ક્ષત્રિયે કોઇને નમવું નહીં. હે સંજય! ક્ષત્રિયે હસ્તિની પેઠે મદોન્મસ્ત થઇ પોતાના ઉદ્યમમાં ફરવું, ને ધર્મવાસ્તે બ્રાહ્મણોને નિરંતર નમવું. સહાયવાન અથવા અસહાયવાન ક્ષત્રિયે જ્યાં સુધી જીવવું ત્યાં સુધી બ્રાહ્મણ વગર સર્વ વર્ણને નિયમમાં રાખવા તથા દુષ્ટ કર્મ કરનારનો નાશ કરવો.

निगृह्णन्नितरान्वर्णान्विनिघ्नन्सर्वदुष्कृतः ।
ससहायोऽसहायो वा यावज्जीवं तथा भवेत् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि विदुलापुत्रानुशासने गुर्जरभाषायां चतुर्विंशदधिकशततमोऽध्यायः ॥ १२४ ॥

અધ્યાય ૧૩૫ મો. વિદુલાનું પુત્ર શાસન.

पुत्र उवाच—कृष्णायसस्येव च ते संहत्य हृदये कृतं ।
मम मातस्त्वकरुणे वीरप्रज्ञे ह्यमर्षणे ॥ १ ॥

પુત્ર કહે છે–હે નિર્દય! હે અરવીર બુદ્ધિવાળી! હે ક્રોધિનિ! હે મારી માતા! વિધાતાએ લોહના પિંડથીજ જાણે તારૂં હૃદય ઘડેલું હોય એમ લાગે છે. ક્ષત્રિય ધર્મ મોટો આશ્ચર્યકારક છે, કેમકે તું અપર માતાની પેઠે મને યુદ્ધમાં જવાનું કહે છે. હું તારો એકજ પુત્ર છું, છતાં તું યુદ્ધમાં જવાની આજ્ઞા આપે છે; પણ તારો પ્રિય પુત્ર જ્યારે નાશ પામશે,

ત્યારે મારા વચરની તને સર્વ પૃથ્વી, આભરણ, નાના પ્રકારના ભોગ તથા જીવિત નકામું થઇ પડશે. માતા બોલી કે હે પુત્ર ! વિદ્વાનની ગૃહસ્થાશ્રમરૂપ સર્વ અવસ્થા ધર્મ તથા અર્થ વાસ્તે છે માટે હું તે બેને જોઇને તને યુદ્ધમાં જવાની પ્રેરણા કરૂં છું. હમણાં તારે પરાક્રમ કરવાનો સમય આવ્યો છે માટે જો તું આ સમયે પરાક્રમ નહીં કરે અને પોતાને વિષે અથવા શત્રુને વિષે દયા કરીશ, તો સૌથી તિરસ્કારને પામીશ. અપયશે જેને સ્પર્શ કર્યો છે એવા તને જો હું કંઇ કહું નહીં, તો ગર્દભી બેઉ લોકમાં અનુપયોગી પુત્ર વિષે જેમ વૃથા દયા કરે છે, તેમ તારે વિષે વૃથા દયા કરનારી ગણાઇશ. આ સર્વ પ્રજા જે અવિદ્યાનો આશ્રય કરી રહી છે, તે ઘણી મોટી છે; કેમકે તેથી દેહને વિષે આત્મબુદ્ધિ-વાળો તું, જો તેના નાશે કરી આત્માનો નાશ માનતો હોય તોપણ મને અપ્રિયજ થઇશ, માટે તારે ધર્મ તથા અર્થરૂપ ગુણ અને સત્પુરૂષોએ આચરણ કરેલ દેવ તથા મનુષ્ય સંબંધી પરાક્રમયુક્ત થવું; પણ ખરાબ ગુણયુક્ત થવું નહીં. જે પુરૂષ નમ્રતા તથા ઉદ્યમ રહિત, દુષ્ટ શિક્ષાવાળા અને દુર્બુદ્ધિવાળા પોતાના પુત્ર તથા પૌત્ર સાથે રહી હર્ષ પામે છે, તેને પ્રજાનું ફળ નિષ્ફળ છે. જે અધમ પુરૂષ સારા કર્મનો ત્યાગ કરી નિંદિત કર્મ કરે છે, તે આલોક તથા પરલોકમાં સુખ પામતો નથી. હે સંજય ! આલોકને વિષે વિધાતાએ ક્ષત્રિયોને યુદ્ધ કરી જય મેળવવા સારૂ ઉત્પન્ન કર્યા છે માટે તેણે યુદ્ધમાં જય મેળવવો અથવા નાશ પામી ઇંદ્રલોકમાં જવું. ક્ષત્રિયને શત્રુ વશ કરવાથી જે સુખ મળે છે, તે ઈંદ્રના લોકમાં પણ મળતું નથી, વાસ્તે ક્રોધે કરી બળતા તથા વારંવાર અપકાર પામેલા શૂરવીર પુરૂષે, શત્રુને જીતવા સારૂ તેની સામે લડાઇ કરવી, ને તેને જીતવો અથવા પોતાના દેહનો ત્યાગ કરવો; કારણ તેમ કર્યા વગર ક્રોધની શાંતિ થતી નથી. બુદ્ધિમાન રાજાઓ થોડી સમૃદ્ધિને અનિષ્ટ માને છે, કેમકે જેને જગતમાં થોડી સમૃદ્ધિ પ્રિય છે, તેનો તે અનર્થ કરનાર થાય છે. હે પુત્ર ! પ્રિય એવાં સ્ત્રી તથા પુત્રાદિના અભાવથી પુરૂષ કલ્યાણ પામતો નથી, ને જેમ ગંગાજી સમુદ્રમાં અભાવને પામે છે, તેમ "અભાવને પામે છે" અર્થાત્ નાશ પામે છે.

પુત્રે કહ્યું કે હે માતા ! તારે પુત્ર એવા મને ખોટી મતિ ન આપવી, ને મૂગા તથા જડની પેડે મારામાં દયા રાખવી. માતા બોલી કે હે સંજય ! તું તારા દેહના કલ્યાણ માટે આ જે વચન કહે છે, તેથી મને મોટો આનંદ થાય છે; ને જે મારે તને કહેવાનું યોગ્ય છે તે કહેવા વિષેજ પ્રેરણા થાય છે, માટેજ આગ્રહ કરી કહું છું કે તું જ્યારે સર્વ સિંધુ દેશના રાજાના યોદ્ધાઓને મારી કષ્ટથી સંપાદન થાય એવા જયને મેળવીશ ત્યારે તને જોઇને હું તારો સત્કાર કરીશ. પુત્રે કહ્યું કે હે માતા ! ભંડાર તથા સહાયતા વગ-રના ખરાબ અવસ્થાવાળા મને જયની સિદ્ધિ નહીં મળે એવા વિચારથીજ હું જેમ દુષ્ટ કર્મવાળા પુરૂષને સ્વર્ગમાં જવાની ઇચ્છા નિવૃત્ત થાય, તેમ રાજ્યની ઇચ્છાથી નિવૃત્ત થયો છું. હે પરિપક્વ બુદ્ધિવાળી માતા ! તું જેનાથી મારો જય થાય એવા ઉપાયને જાણતી હોય તો તે હું તને પૂછું છું, માટે સારી રીતે મને કહે ? તારા કહેવા પ્રમાણે હું સર્વ કરીશ. માતાએ કહ્યું કે હે પુત્ર ! પોતાની પૂર્વની અસમૃદ્ધિને લીધે પોતાના આત્માનું અપમાન કરવું નહીં, કેમકે અર્થ ન હોય ત્યાં થાય છે, ને હોય છે ત્યાંથી નાશ પામે છે; માટે પંડિત પુરૂષોએ 'આદરથી ધર્માદિ અર્થ મેળવવાનો ઉદ્યોગ કરવો.' હે તાત ! સર્વ કર્મોનાં ફળની નિરંતર અનિત્યતા છે એટલે કોઇ વખત મળે છે અને કોઇ વખતે મળતું

વળી માટે કર્મનું ફળ અનિત્ય છે એમ જાણી તેના ઉદ્યોગનો આરંભ કરનાર પુરુષ કોઇ વેળા ઐશ્વર્ય પામે છે ને કોઇ વેળા નથી પણ પામતો; પરંતુ જે પુરુષ કર્મના ફળને અનિત્ય માની ઉદ્યોગ કરતા નથી, તેને કોઇ દિવસ પણ ઐશ્વર્ય મળતું નથી. હે પુત્ર! ઉદ્યોગ ન કરનારને કર્મ કરવું ન પડે એજ એક ફળ થાય છે, ને ઉદ્યોગ કરવાની ઇચ્છા રાખનારને તે કરવાથી તેનું ફળ મળે તથા ન મળે એ બે ફળ થાય છે. હે નૃપ પુત્ર! જે પુરુષ પ્રથમથીજ સર્વ અનિત્યતા જાણી ઉદ્યોગ કરે છે, તે પ્રતિકૂળ એવી પોતાની પીડાનો તથા શત્રુની સમૃદ્ધિનો નાશ કરે છે. સમૃદ્ધિની પ્રાપ્તિ થાય એવાં કામ કરવા વિષે અવશ્ય ફળ થશે એમ માની ખેદ રહિત થઇ મંગળરૂપ પદાર્થ તથા દેવતાઓ સહિત બ્રાહ્મણોને અગ્રેસર કરીને પુરુષે ઉદ્યોગ કરવો, તેમાં સાવધાન રહેવું તથા તૈયાર રહેવું. હે પુત્ર! એ પ્રમાણે ઉદ્યોગમાં વર્તનાર બુદ્ધિમાન રાજા થોડા વખતમાં મહત્તાને પામે તથા જેમ પૂર્વ દિશામાં સૂર્ય જાય, તેમ લક્ષ્મી તેની પાસે જાય છે. હે પુત્ર! મેં તને તારા ઉત્સાહને વધારે એવાં કેટલાંક સાંત્વન કહ્યાં તથા લોકવૃત્તાંત પણ કહ્યું માટે હવે તું પરાક્રમ કર. તું યુદ્ધ ન કરવું એવા તારા મનના અભિપ્રાયને છોડી દઇ, લોભી, દ્રવ્ય વગરના, ગર્વિષ્ઠ શત્રુને અપમાન કરેલા તથા તેની સાથે સ્પર્ધા રાખનારા શત્રુના પક્ષનાને તારા પક્ષમાં ગ્રહણ કર જેથી મોટો વાયુ મેઘને તોડે તેમ મોટા શત્રુના ગણને તું તોડીશ. વળી તું તે નોકરોને પગાર અગાઉથી આપતો જજે, ને પ્રાતઃકાળમાં ઉઠી નિત્ય પ્રિય વચન બોલતો રહેજે જેથી તેઓ તારૂં પ્રિય કરશે તથા તને સર્વમાં મુખ્ય ગણશે. હે પુત્ર! મૃત્યુનો ભય મૂકી ચઢાઇ કરતા શત્રુને જોઇને શત્રુ જેમ મનુષ્યનો ઘરમાં આવેલા સર્પથી ભય પામે, તેમ ભય પામે છે. કદી તે શત્રુ પરાક્રમી છે એમ જાણવામાં આવે ને વશ થતો ન હોય તો બુદ્ધિમાને તેની પાસે ઉત્તમ દૂત મોકલી સમજાવીને તેની સાથે સલાહ કરવી; જેથી કોઇ દિવસ પણ વશ થાય. તેનું કારણ હું કહું તે તું સાંભળ—એ પ્રમાણે સલાહ રહેવાથી શત્રુના ઉપદ્રવ વગરના સ્વસ્થાન ઉપર બેઠેલા રાજાને, દ્રવ્યની વૃદ્ધિ થાય છે, ને ત્યાર પછી તેના સર્વ મિત્ર થાય છે તથા તેનો આશ્રય કરે છે. જ્યારે તેનું દ્રવ્ય નાશ પામે છે, ત્યારે તે જ મિત્ર તેનો ત્યાગ કરે છે, વિશ્વાસ કરતા નથી અને તેની નિંદા કરે છે. જે રાજા શત્રુની સહાયતા મેળવી તેનો વિશ્વાસ કરી રાજ્ય પામવાની ઇચ્છા રાખે, તેને તો તે "મળેજ" કદી મળે નહીં.

शत्रुं कृत्वा यः सहायं विश्वासमुपगच्छति ।
अतः संभाव्यमेवैतद्यद्राज्यं प्राप्नुयादिति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि विदुलापुत्रानुशासने गुर्जरभाषायां पंचत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३५ ॥

અધ્યાય ૧૩૬ મો. વિદુલાનો પ્રબોધ.

कुन्त्युवाच—नैव राज्ञा दरः कार्यो जातु कस्यांचिदापदि ।
अथ चेदपि दीर्णः स्यान्नैव वर्तेत दीर्णवत् ॥ १ ॥

માતા કહે છે—હે પુત્ર! રાજાએ કોઇ પણ આપત્તિ વેળાએ બ્હીવું નહીં; [illegible]

બ્હીએ તોપણ બ્હીનેલાની પેઠે વર્તવું નહી, કેમકે તેમ વર્તનારને જોઈને સર્વ દેશ તથા સૈન્યાદિ બ્હીએ છે અને પ્રધાનોની બુદ્ધિ પણ ફરી જાય છે. વળી શત્રુએ પોતાની પ્રબળતાને વખતે આપજાળ કરેલા નોકરોમાંથી કેટલાક તેનો ત્યાગ કરી તેના શત્રુને શરણે જઈ રહે છે, કેટલાક તેને છોડી દે છે અને કેટલાક મારવાને પણ તૈયાર થાય છે. ન્યાયમાં થયેલા રાજાના અત્યંત સ્નેહી, અશક્તિમાન તથા તેના કલ્યાણની કામનાવાળા શ્રેષ્ઠ પુરૂષો જેમ બાંધેલાં વાછરડાંવાળી ગાય ગૃહનો આશ્રય કરે, તેમ તેનો આશ્રય કરે છે. પણ તેને મૂકી દેતા નથી; દુઃખી બાંધવની પેઠે શોક કરતા એવા તેને જોઈને પોતે પણ શોક કરે છે. હે પુત્ર! તેં પૂર્વે જેનો સત્કાર કર્યો છે એવા તારા પણ એ પ્રમાણેના સ્નેહિયો છે જે તારી સહાયતા કરશે. હે પુત્ર! દુઃખ પામેલા રાજાના દેશને અમારેજ છે અને તેની અમારેજ રક્ષા કરવી જોઈયે તથા રાજાને પણ દુઃખથી છોડાવવો જોઈએ એમ જે અભિમાન રાખતા હોય, તે સંબંધિયોનો તું નાશ કરીશ નહિ. બ્હીનેલા તને જોઈને તેઓ તારો ત્યાગ કરશે નહિ. હે પુત્ર! તારો પ્રભાવ પૌરૂષ તથા બુદ્ધિબળને જાણવાની ઇચ્છાવાળી એવી અને તને ધૈર્ય આપનારી એવી મેં, તારા તેજની વૃદ્ધિ થાય તે સારૂ આ સર્વ વાક્ય કહ્યાં. હે સંજય! જો મેં તને તારૂં શ્રેય થાય એવી રીતે કહ્યું હોય અને તે સત્ય છે એમ તારા સમજવામાં આવ્યું હોય તો તું વિકલવતાદિનો ત્યાગ કરી ધીરજ રાખી યુદ્ધ કરવા સારૂ ઉઠ. આપણી પાસે મોટો દ્રવ્યનો ભંડાર છે, તે તારા તથા મારા જાણવામાં છે, બીજું કોઈ જાણતું નથી; તે હું તને લાવી આપું. વળી હે શત્રુને નાશ કરનાર સંજય! સુખ તથા દુઃખને સહન કરનાર, સંગ્રામમાંથી પાછા નહી હઠનાર, શત્રુના રાજ્યને હરણ કરવાની ઇચ્છાવાળા તથા પોતાના રાજ્યના કલ્યાણની ઇચ્છા રાખનારા રાજાને સહાયતા કરનાર જેવા મંત્રી જોઈયે, તેવાજ અનેક તારા સ્નેહિયો છે. હે યુધિષ્ઠિર! એ પ્રમાણે સ્પષ્ટ અક્ષરવાળાં પોતાની માતાનાં વચન સાંભળવાથી અલ્પ ચિત્તવાળા સંજયને મનમાં શત્રુ ઉપર ક્રોધ ઉપજ્યો, અને તે આવી રીતે કહેવા લાગ્યો કે હે માતા! મળનાર સમૃદ્ધિ દેખાડનારી તું મને શિખામણ આપે છે, માટે મારે આપણું રાજ્ય અવશ્ય છોડાવવું અથવા યુદ્ધમાં મરવું એમ મેં નિશ્ચય કર્યો છે. હે માતા! તારાં ઉત્તરોત્તર વચન સાંભળવાની ઇચ્છાથી હું તને કોઈ કોઈ વખત ઉલટાં વચન બોલી ચૂપ થઈ જતો હતો. હે હિત ઇચ્છનારી માતા! જેમ દુઃખે કરી પ્રાપ્ત થાય એવા અમૃતથી મનુષ્યને તૃપ્તિ થાય નહી, તેમ સંબંધીરૂપ તારાં વચનથી નહિ તૃપ્ત થતો એવો હું શત્રુને દંડ આપવા સારૂ તથા પોતાનો જય કરવા સારૂ ઉદ્યમ કરૂં છું. કુંતિ કહે છે—હે યુધિષ્ઠિર! ચાબુકથી હણાએલા રૂડા અશ્વની પેઠે વાક્યરૂપી બાણથી હણાયલા તેણે, જે રીતે માતાએ આજ્ઞા કરી હતી, તે રીતે બધું કર્યું. આ જય નામનો ઇતિહાસ શત્રુથી પીડાયલા તથા ખેદ પામતા રાજાને મંત્રિએ સંભળાવવો, અને જયને ઇચ્છનાર રાજાએ શ્રદ્ધાથી સાંભળવો; કારણ જે સાંભળવાથી તત્કાળ પૃથ્વીને જીતે અને શત્રુને મર્દન કરે. હર્ષને આપનાર, ભયંકર, તેજને વધારનાર તથા શૂરવીર પુત્રને આપનાર આ આખ્યાનને ગર્ભવતી ક્ષત્રિયાણી સ્ત્રી જો શ્રવણ કરે, તો વિદ્યા, તપ તથા દાન કરવામાં શૂર, તપસ્વી, બ્રહ્મતેજ યુક્ત તથા ઉત્તમ બોધ કરવામાં સંમત એવા પુત્રને ઉત્પન્ન કરે; અને ક્ષત્રિયની સ્ત્રી શ્રવણ કરે તો તેજસ્વી બળયુક્ત, મહારથિ, ધૈર્યવાન, શીઘ્ર જય કરનાર, દુર્ગમ નિયમથી રહેનાર, ધર્મિષ્ઠ પુરુષોનું રક્ષણ કરનાર, સત્ય પરાક્રમવાળા તથા એવા આત્મવાળા ક્ષત્રિય પુત્રને જણે છે.

निर्मतात्मप्रसुतं गोप्तारं धर्मचारिणं ।
इदं हनिष्यसे वीरं सत्यपराक्रमं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि विदुलापुत्रानुशासन-
समाप्तौ गुर्जरभाषायां षट्त्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३६ ॥

અધ્યાય ૧૩૭ મો. કુંતીએ કહાવેલાં કઠણ વચન.

कुन्त्युवाच—अर्जुनं केशव ब्रूयास्त्वयि जाते स्म सूतके ।
उपोपविष्टा नारीभिराश्रमे परिवारिता ॥ १ ॥

કુંતિ કહે છે—હે કેશવ! તમે મારા કહેવાથી અર્જુનને આવી રીતે કહેજો કે જ્યારે તું ઉત્પન્ન થયો, ને આશ્રમને વિષે સ્ત્રિયોથી વિંટાઇ જનનશૌચયુક્ત હું બેઠી હતી, ત્યારે દિવ્યરૂપ તથા મનને આનંદ આપે એવી આકાશવાણિયે મને કહ્યું છે કે "હે કુંતિ! આ તમારો પુત્ર ઈંદ્ર સરખો થશે, ને ભીમસેન સહિત થઇને યુદ્ધમાં સર્વ કૌરવોને જીતશે તથા સર્વ લોકને આકુળ વ્યાકુળ કરશે. વળી આ તમારો પુત્ર સર્વ પૃથ્વીને જીતશે, અને એને યશ સ્વર્ગ પર્યંત વ્યાપી જશે. શ્રીકૃષ્ણની સહાયતાવાળો આ તમારો પુત્ર, યુદ્ધમાં સર્વ કૌરવોનો નાશ કરીને, નાશ પામેલા પોતાના પિતાના રાજ્યના વિભાગને ગ્રહણ કરશે. મોટી કાંતિવાળો એ પોતાના ભાઇયો સહિત થઇ ત્રણ અશ્વમેધ યજ્ઞ કરશે." એ પ્રમાણે હે અર્જુન! જ્યારે તારો જન્મ થયો તે વેળા આકાશવાણિયે મને કહ્યું છે. હે અચ્યુત શ્રીકૃષ્ણ! જેવો અર્જુન સત્યવાદી તથા જેની સામે શત્રુ ઉભા રહી શકે નહીં એવો મહાબળવાન છે, તેવોજ તમે જાણો છો. હે દાશાર્હ! જેવી રીતે આકાશવાણિયે કહ્યું છે તેવીજ રીતે થાઓ. હે શ્રીકૃષ્ણ! જો ધર્મ હસે, તો આકાશવાણીના કહેવા પ્રમાણે સર્વ સાચું પડશે. તમે પણ સર્વ તેવી રીતે સંપાદન કરશો. હું જે આકાશવાણિયે કહ્યું છે, તેની નિંદા કરતી નથી, ધર્મને નમસ્કાર કરૂં છું, કેમકે તેજ સર્વ પ્રજાને ધારણ કરે છે. હે શ્રીકૃષ્ણ! મેં તમને અર્જુનને જે કહેવાનું કહ્યું છે તે કહેજો; ભીમસેનને પણ મારા કહેવાથી આવી રીતે તમારે કહેવું કે, જે માટે ક્ષત્રિયાણી પુત્રને ઉત્પન્ન કરે છે, તે કાર્ય કરવાને સમય હમણાં તને પ્રાપ્ત થયો છે. શ્રેષ્ઠ પુરૂષ વૈરથી ખેદ પામતા નથી. હે શત્રુને આકર્ષણ કરનાર શ્રીકૃષ્ણ! શત્રુનો અંત આણ્યા વગર ભીમસેનની બુદ્ધિ કદી શાંત થતી નથી તે તમારા જાણવામાં છે. હે શ્રીકૃષ્ણ! ઘણું કરી સર્વ ધર્મને જાણનાર, કલ્યાણી તથા મોટા યશવાળી મહાત્મા પાંડુ રાજાની વધૂ કૃષ્ણા દ્રૌપદીને હું કહેવરાવું છું કે, હે મોટા ભાગ્યવાળી! હે શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલી! હે મોટા યશવાળી! તું મારા પુત્રોને વિષે યથાર્થ રીતે વર્તે છે એ તને યોગ્ય છે. હે જનાર્દન! તમારે ક્ષત્રિય ધર્મમાં કુશળ એવા માદ્રીના પુત્ર નકુળ તથા સહદેવને મારા કહેવા પ્રમાણે કહેવું કે, તમારે જીવિત કરતાં પણ પરાક્રમથી મેળવેલા ભોગને ઇચ્છવા. હે પુરૂષોત્તમ! પરાક્રમ કરવાથી સર્વ અર્થ જેને [illegible] તેમ તથા જે ક્ષત્રિય ધર્મે કરી જીવતો હોય એવા મનુષ્યનું મન સદૈવ પ્રસન્ન રહે [illegible] સર્વ ધર્મવાળા તમારા સર્વના જોતાં દ્રૌપદીને કૌરવોએ જે અપ્રિય વચન કહ્યાં [illegible] નથી. અને રાજ્યનું હરણ [illegible] પરાભવ [illegible]

[illegible] તેમને વનમાં જવું પડયું તેથી કંઇ દુઃખ થયું નથી; પણ [illegible] સભામાં બેઠેલ[illegible]વાળી તથા શ્રેષ્ઠ સ્વરૂપવાળી દ્રૌપદીએ રૂદન કરતાં તેમનાં અપ્રિય લાગે એવાં વાક્ય સાંભળ્યાં એજ મોહું દુઃખ છે. ગુણે કરી શ્રેષ્ઠ, સદૈવ ક્ષત્રિય ધર્મમાં પ્રીતિમાન તથા [illegible] નામવાળી દ્રૌપદી, જ્યારે કૌરવોએ કલેશયુક્ત કરી, ત્યારે અનાથ થઇ. હે મહાબાહો શ્રીકૃષ્ણ! તમે સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ તથા પુરૂષમાં સિંહરૂપ અર્જુનને કહેજો કે, તું દ્રૌપદીનાં તે દુઃખ સંભારીને, તેની સહાયતાને યોગ્ય આચરણ કર. ક્રોધે ભરાયેલા યમ તથા કાળ સરખા ભીમ અને અર્જુન દેવતાઓને પણ પરાજય પમાડે એવા પરાક્રમી છે, એ સારી રીતે તમે જાણો છો. વાસ્તે દ્રૌપદીને સભામાં લઇ આવી દુઃશાસને ભીમને સર્વ કૌરવોની સમક્ષ જે તિરસ્કાર પુરઃસર કડુ વચન કહ્યાં છે, તે પાછાં તમે તેમને યાદ કરાવજો. હે જનાર્દન! હવે નિર્વિઘ્ન માર્ગ પ્રત્યે આપ પધારો અને ત્યાં જઇ દ્રૌપદી તથા પુત્ર સહિત પાંડવોને મારાં વચનથી કુશળ પૂછજો, મારૂં કુશળ તેમને કહેજો તથા મારા પુત્ર પાંડવોની રક્ષા કરજો.

વૈશંપાયન કહે છે–હે જનમેજય! કુંતિનાં વચન સાંભળી, તેને પ્રણામ તથા પ્રદક્ષિણા કરી, તેના ઘરથી બહાર નિકળી, પોતાને મૂકવા આવેલા કુરૂકુળમાં શ્રેષ્ઠ ભીષ્માદિકને પાછા વાળી, કર્ણને રથમાં બેસાડીને, શ્રીકૃષ્ણ સાત્યકિ સહિત આગળ ચાલ્યા. ત્યાર પછી કૌરવો એકઠા મળી પરસ્પર કેશવ ભગવાન વિષે જે પરમ આશ્ચર્ય જોયું હતું, તે પ્રસંગની વાતો કરી કહેવા લાગ્યા કે, અરે! દુર્યોધનના મૂર્ખપણાથી અત્યંત મૂઢ સર્વ પ્રજા કાળપાશને વશ થઇ, ને આ દેશ પણ છેજ નહી એમ જણાતું. હે ભારત! પુરૂષમાં ઉત્તમ તથા સર્વ યાદવને આનંદ આપનાર શ્રીકૃષ્ણે, શહેરમાંથી બહાર નિકળી, કર્ણ સાથે ઘણા વખત સુધી વિચાર કરી તેને ત્યાંથી પાછો વાળીને, મોટા વેગથી ઘોડાઓને ચલાવ એમ દારૂકને આજ્ઞા કરી ત્યારે દારૂક નામના સારથિએ જોરથી હાંકેલા, મન તથા વાયુ સરખા વેગવાળા અને શાર્ઙ્ગ નામના ધનુષને ધારણ કરનાર શ્રીકૃષ્ણને વહન કરનાર તે ઘોડા આકાશનું પાન કરતા હોય એમ જવા લાગ્યા. શ્યેન પક્ષિની પેઠે જલદી ગતિ કરનાર તે અશ્વ, થોડા વખતમાં મોટા માર્ગનું અતિક્રમણ કરી વિરાટના શહેર પ્રત્યે આવી પહોંચ્યા.

ते व्यतीत्य महाध्वानं क्षिप्रं श्येना इवाशुगाः ।
[illegible]र्जग्मुरुपप्लव्यं शार्ङ्गधन्वानमावहन् ॥

इति श्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कुंतीवाक्य [illegible] सप्तत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३७ ॥

અધ્યાય ૧૩૮ મો. ભીષ્મ દ્રોણનું કથન.

वैशंपायन उवाच—कुंत्यास्तु वचनं श्रुत्वा भीष्मद्रोणौ महारथौ ।
दुर्योधनमिदं वाक्यमूचतुः शासनातिगं ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! શ્રીકૃષ્ણને કહેલાં કુંતિનાં વચન સાંભળીને મહારથિ ભીષ્મે તથા દ્રોણે, શિક્ષાથી ઉલટા ચાલનાર દુર્યોધનને કહ્યું કે હે પુરૂષમાં સિંહરૂપ! હે [illegible]! કુંતિએ શ્રીકૃષ્ણને જે અર્થયુક્ત, [illegible] તથા ધર્મયુક્ત [illegible]

[illegible] સંભળાવ્યાં ! [illegible] પાંડવો [illegible] સહાયતાથી કુંતિના [illegible] [illegible] [illegible] [illegible] વગર તેમને શાંતિ [illegible] નથી. [illegible], ધર્મરૂપ [illegible] [illegible] પાંડવોને [illegible] [illegible] કર્યાં અને સભાને વિષે દ્રૌપદીને [illegible] અતિ ક્લેશયુક્ત કરી એ સર્વ [illegible] [illegible] તેમણે આજ દિવસ સુધી સહન કર્યો; પણ હવે અસ્ત્રવિદ્યા શિખેલા અર્જુન [illegible] અને [illegible] નાશ કરવાનો નિશ્ચય કરેલા ભીમસેન, ગાંડીવ ધનુષ, [illegible] રાખવાના બે [illegible], રથ, ધ્વજ, બળ, વીર્યવાન નકુળ, સહદેવ તથા સહાયતા કરનાર શ્રીકૃષ્ણને જોઇને, યુધિષ્ઠિર સર્વ ક્ષમા કરશે નહી. હે મહાબાહો ! પૂર્વે બુદ્ધિમાન અર્જુને તારા જોતાં આપણ સર્વને વિરાટ રાજાના શહેરમાં યુદ્ધને વિષે જીત્યા છે. વળી જેના રથમાં હનુમાનના ચિન્હવાળી ધ્વજા છે એવા અર્જુને, યુદ્ધને વિષે ભયંકર કર્મ કરનાર નિવાત કવચાદિ દૈત્યોને [illegible] બાળી ભસ્મ કરેલ છે. હે ભરતશ્રેષ્ઠ ! તેણે કર્ણાદિ સર્વ યોદ્ધાઓને તથા [illegible] [illegible] રથમાં બેઠેલા તને ઘોષયાત્રામાં યક્ષથી મૂકાવ્યા હતા તે તેમના [illegible] નિશાની છે એમ તું જાણ, માટે તું ભાઇરૂપ પાંડવો સાથે સલાહ કર, અને મૃત્યુની દાઢમાં આવેલી આ પૃથ્વીની રક્ષા કર. ધર્મશીલ, દયાવાન, મિષ્ટ વાણી બોલનાર, વિદ્વાન તથા પુરુષોમાં સિંહરૂપ યુધિષ્ઠિર તારા જ્યેષ્ઠ બંધુ છે, માટે તું અમાત્યો સહિત, શાંત ભ્રકુટિ રાખી, [illegible] ત્યાગ કરી તારા મનનું પાપ અહિંજ છોડી દઇ, કુળના કલ્યાણને વાસ્તે તેમની પાસે જઇ, પૂર્વની પેઠે તેમને મળી પ્રણામ કર અને તે પોતાની ગોળ તથા પ્રસારેલી બે ભુજાએ કરી તમે સ્નેહથી હૃદયમાં ગ્રહણ કરી મળો. ત્યાર પછી પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ ભીમસેન તને હૃદયમાં ગ્રહણ કરી મળો. કમળ સરખાં નેત્રવાળા તથા શંખ સરખી ગ્રીવાવાળો કુંતિના પુત્ર અર્જુન તને પગે લાગો. મનુષ્યમાં સિંહરૂપ તથા રૂપે કરી પૃથ્વીને વિષે જેના સરખો બીજો કોઇ નથી એવા નકુળ અને સહદેવ પ્રથમથી ગુરૂની પેઠે તારી પૂજા કરો, અને તે વેળા દાશાર્હ આદિ રાજાઓ તે જોઇને, હર્ષથી અશ્રુ મૂકો. હે પાર્થ ! તું પોતાનું માન મૂકી દઇ તથા તે ભાઇયોની સાથે સ્નેહ કરી તેમણે સહિત સમગ્ર પૃથ્વીને ભોગવ. વળી તમારા બેઉનાં પક્ષમાં આવેલા સર્વ રાજાઓ હર્ષથી પરસ્પર મળીને પોતપોતાના દેશ પ્રત્યે જાઓ. હે રાજેંદ્ર ! આ સર્વ સંબંધી તને વારે છે, માટે તે તું આ સાંભળી માન્ય કર, હવે યુદ્ધનો વિચાર બહુ થયો કારણ કે તેમાં ક્ષત્રિયોનો નાશ અવશ્ય થશે એમ જોવામાં આવે છે. હમણાં તેજસ્વી પદાર્થ ઉલટા વર્તે છે, મૃગ તથા પક્ષિયો ભયંકર [illegible] દેખાય છે અને બીજા ક્ષત્રિયોનો વિનાશ સૂચવે એવા અનેક ઉત્પાત જોવામાં આવે છે તેમાં પણ ઘણું કરીને આપણા પક્ષને વિષેજ અપશુકન થાય છે, તે એ કે [illegible] સેનામાં ઉલ્કાપાત થાય છે, તારાં સૂર્ય વાહન રડતાં હોય એવાં અપ્રસન્ન દેખાય છે, સેનામાં ગૃધ્ર પક્ષી આવી બેસે છે. આ શહેર તથા રાજ્યસ્થાન પહેલા સરખાં દીપતાં નથી અને બળતી દિશાઓમાં શિયાળ અમંગળ શબ્દ કરે છે માટે હે મહાબાહો ! તું [illegible] [illegible] પિતાનાં તથા હિત ઇચ્છનાર એવા અમારાં વાક્ય પ્રમાણે શાંતિ રાખ [illegible] [illegible] [illegible] સિદ્ધ થાય. હે શત્રુને દમન કરનાર ! જો તું સ્નેહીયોનાં વાક્યને પ્રમાણ [illegible] [illegible] અર્જુનના બાણથી અત્યંત પીડાયેલી પોતાની સેનાને જોઇ [illegible] [illegible] [illegible] તને [illegible] સરખાં લાગશે, [illegible] તું [illegible] [illegible] [illegible]

श्रुत्वा दम्भतोसि मे वाक्यं गांडीवस्य च निःस्वनं ।
यथोक्तदृप्यसत्यं ते वचो मम भविष्यति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीष्मद्रोणवाक्ये गुर्जरभाषायामष्टत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३८ ॥

અધ્યાય ૧૩૯ મો. ભીષ્મે દીધેલી શિખ.

वैशंपायन उवाच—एवमुक्तस्तु विमनास्तिर्यग्दृष्टिरधोमुखः ।
संहत्य च भ्रुवोर्मध्यं न किंचिद्व्याजहार ह ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ રીતે ભીષ્મ તથા દ્રોણે કહ્યું તે સાંભળવાથી ખેદયુક્ત થયું હતું મન જેનું એવા દુર્યોધન આડી નજરે તેઓને જોઇ, નીચું મુખ રાખી તથા ભ્રકુટીનો મધ્ય ભાગ એકઠો કરી બેસી રહ્યો, પણ કંઇ બોલ્યો નહીં. ખેદયુક્ત મન-વાળા તેને જોઇ મનુષ્યમાં શ્રેષ્ઠ ભીષ્મ તથા દ્રોણ પરસ્પર એક બીજા સામું જોઇ ફરીથી આવી રીતે કહેવા લાગ્યા. તેમાં પ્રથમ ભીષ્મે કહ્યું કે, આપણી સેવા કરવા ઇચ્છનાર, ઇર્ષ્યા રહિત, બ્રાહ્મણ વિષે પ્રીતિમાન તથા સત્યવાદિ યુધિષ્ઠિરની સાથે આપણે યુદ્ધ કરીશું, તો એથી બીજું અધિક દુઃખ શું? વળી દ્રોણે કહ્યું કે, હે રાજન્! મને મારો પુત્ર અશ્વત્થામા તથા અર્જુન સરખું માન આપે છે, પણ નમ્રતા તો પુત્ર કરતા તે અધિક રાખે છે, માટે પુત્રથી અત્યંત પ્રિય છે; તેની સામે ક્ષાત્ર ધર્મનો આશ્રય કરી મારે યુદ્ધ તો કરવું પડશે, વાસ્તે ક્ષત્રિયની જીવિકાને ધિક્કાર છે. આ લોકમાં ધનુષ ધારણ કરનાર અર્જુન સરખો બીજો કોઇ નથી; જે મારા પ્રસાદથી સર્વ ધનુષ ધારણ કરનારમાં શ્રેષ્ઠ ગણાય છે, હે દુર્યોધન! મિત્રનો દ્રોહ કરનાર, દુષ્ટ હૃદયવાળા, નાસ્તિક, વક્ર તથા શઠતાયુક્ત તારા સરખો પુરૂષ, યજ્ઞમાં આવેલા મૂર્ખની પેઠે સત્પુરૂષો કદી સત્કાર પામે નહીં. પાપ બુદ્ધિ-વાળા પુરૂષને પાપ કર્મથી સત્પુરૂષ વારે, તોપણ તે પાપ કર્મ કરવાજ ઇચ્છે, અને રૂડી બુદ્ધિવાળા પુરૂષને કોઇ પાપિષ્ટ માણસ ખરાબ કામ કરવા પ્રેરણા કરે, તોપણ તે શુભ કામ કરવાજ ઇચ્છે! જો કે તેં પાંડવોને વૃથા કલેશ પમાડયા, તોપણ તે તારૂં પ્રિય કરવા ઇચ્છે છે, અને તું દ્વેષાદિ દુર્ગુણ સંપન્ન છે તેથી વૈરભાવને છોડતો નથી. તને કુરૂ-કુળમાં વૃદ્ધ ભીષ્મે, વિદુરે, વાસુદેવ ભગવાને તથા મેં પણ બહુ બહુ કહ્યું, તોપણ તું તેમ કરવું શ્રેયરૂપ માનતો નથી. મારૂં બળ મોટું છે એમ માનીને તું એકદમ, જેમ કોઇ પુરૂષ વર્ષાકાળમાં મોટા મગરમત્સ્યાદિ જળચરથી ભયંકર ગંગાના વેગને તરી જવા ઇચ્છે, તેમ પાંડવોની બળરૂપ ગંગાને તરવા ઇચ્છે છે. પારકું ઉતારી નાખેલું વસ્ત્ર તથા ઉતારી નાખેલી ફુલની માળાને પ્રાપ્ત થઇ તેને પહેરી 'આ મારૂંજ છે' એ રીતે જેમ કોઇ મનુષ્ય માને, તેમ તું યુધિષ્ઠિરની રાજ્યલક્ષ્મીને લોભથી પોતાની માને છે, પણ રાજ્ય વલ્કલ, દ્રૌપદી તથા આયુધ સહિત ભાઇયોથી વિંટાયલા અને વનમાં રહેલા યુધિષ્ઠિરને રાજ્ય ઉપર બેઠેલો કયો પુરૂષ જીતવા સમર્થ થાય એમ છે? જેની આજ્ઞામાં સર્વ રાજાઓ નોકર થઇ વર્તે છે એવા કુબેરને સંગ્રામમાં પ્રાપ્ત થઇ ધર્મરાજ યુધિષ્ઠિર, તેના ઘરમાં જઇ ત્યાંથી રત્નાદિ પામી, હવે તારા સમૃદ્ધ દેશને દબાણ કરી રાજ્ય લેવાની ઇચ્છા રાખે છે. અમે દાન, હોમ તથા વેદાધ્યયન પણ કર્યાં છે અને ધને કરી બ્રાહ્મણોને તૃપ્ત કરેલાઓ

છે, તેમ અમારૂં આયુષ પણ પૂરૂં થઈ રહેવા આવ્યું છે, માટે કરવાનું સર્વ અમે ચુક્યા નથી, એમ અમને બેઉને તું જાણ. અમોને મરણનો કંઇ ખેદ નથી, પણ તું પાંડવો સાથે વિગ્રહ કરવાથી રાજ્ય, સુખ, મિત્ર તથા ધન રહિત થઇ મોટા દુઃખને પામીશ. ભયંકર તપ અને વ્રત આચરનારી તથા સત્ય ભાષણ કરનારી દ્રૌપદી જેના વિજયને ઇચ્છે છે તે પાંડવોને તું કેમ જીતીશ? તેમ જેના મંત્રી શ્રીકૃષ્ણ અને ભાઇ સર્વ ધનુષ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુન છે, તે પાંડવ યુધિષ્ઠિરને તું કદી જીતનાર નથી. જેની સહાયતા કરનાર ધૈર્યવાન તથા જીતેંદ્રિય બ્રાહ્મણો છે, તે ઉગ્ર તપવાળા શૂરવીર પાંડવને તું જીતનાર નથી. સ્નેહિ તથા સંબંધી દુઃખરૂપી સમુદ્રમાં બુડનો હોય તે વખતે સમૃદ્ધિને ઇચ્છનાર સ્નેહિએ તેને જે કહેવું ઘટે તે હું તને ફરીથી કહું છું, તે તું સાંભળ. હે દુર્યોધન! શૂરવીર પાંડવો સાથે તું યુદ્ધ કરવાની ઇચ્છા રાખે છે તે હવે ઘણું થયું, માટે કૌરવની વૃદ્ધિ વાસ્તે શાંતિ પામ, પણ પુત્ર, અમાત્ય તથા સૈન્ય સહિત પરાભવ માં પામ.

अलं युद्धेन तैर्वीरैः शाम्यत्वं कुरुवृद्धये ।
मागमः ससुतामात्यः सबलश्च पराभवं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीष्मद्रोणवाक्ये दुर्योधनप्रत्याख्यानेकोनचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १३९ ॥

અધ્યાય ૧૪૦ મો. શ્રીકૃષ્ણે કર્ણને આપેલી સમજ.

धृतराष्ट्र उवाच—राजपुत्रैः परिवृतस्तथा भृत्यैश्च संजय ।
उपारोप्य रथे कर्णं निर्यातो मधुसूदनः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે–હે સંજય! રાજપુત્ર તથા નોકરોથી વિંટાયલા મધુસૂદન શ્રીકૃષ્ણ, પોતાના રથમાં કર્ણને બેસાડી શહેરમાંથી બહાર નિકળ્યા. પછી કોઇથી નથી જાણવામાં આવતું રૂપ જેનું એવા પારકા શૂરવીરને હણનાર શ્રીકૃષ્ણે, રાધાપુત્ર કર્ણને મેઘ સરખી ગંભીર વાણીથી સમયને લગતાં સાંત્વના સહિત મૃદુ અથવા તીક્ષ્ણ જે વચન કહ્યાં હોય તે તું મને કહે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળીને સંજયે કહ્યું કે, હે ભારત! શ્રીકૃષ્ણે કર્ણને તીક્ષ્ણ, મૃદુ, પ્રિય, ધર્મયુક્ત, સત્ય, હિતરૂપ તથા હૃદયમાં ગ્રહણ કરવા લાયક જે વાક્ય કહ્યાં છે, તે હું તમને ક્રમે કરી કહું તે સાંભળો.

વાસુદેવ કર્ણને કહે છે–હે રાધાના પુત્ર કર્ણ! વેદનો પાર પામેલા બ્રાહ્મણોની તેં ઉપાસના કરી છે, તેમ તત્વજ્ઞાન વાસ્તે ઇર્ષ્યા રહિત થઇને નિયમથી તેમને પ્રસન્ન પણ કર્યા છે. હે કર્ણ! તું સનાતન વેદવાદને જાણે છે, તથા સૂક્ષ્મ ધર્મશાસ્ત્રને વિષે નિષ્ઠાવાન છે. તેમાં કાનીનના પુત્ર બે પ્રકારના કહેલા છે. તે આવી રીતે કે, એક તો વિવાહ પછી કન્યા વિષે ઉત્પન્ન થાય તે અને બીજો વિવાહની પૂર્વે કન્યા વિષે ઉત્પન્ન થાય તે. જે કાનીનની માતાને પરણે, તે તેનો પિતા કહેવાય, એમ શાસ્ત્રજ્ઞ પુરૂષો કહે છે, માટે હે કર્ણ! તું તે રીતે કન્યા વિષે ઉત્પન્ન થયો છે, તેથી કાનીન છે, વાસ્તે ધર્મે કરી પાંડુ રાજાનો પુત્ર પાંડવોનો મોટો ભાઈ છે માટે રાજા થા. હે પુરૂષમાં શ્રેષ્ઠ! તને પિતાના પક્ષમાં પાંડવો અને માતાના પક્ષમાં યાદવો છે, જે એ બેઉ પક્ષ તારે પણ બળવાન છે

એમ તું જાણ. હે તાત ! તું હમણાંજ મારી સાથે યુધિષ્ઠિરની પાસે આવ [illegible] કુંતિથી ઉત્પન્ન થયેલા યુધિષ્ઠિરનો મોટો ભાઈ જાણીને પાંચ પાંડવો દ્રૌપદીના પાંચ [illegible] કોઈ દિવસે પરાજય નહીં પામેલો અભિમન્યુ, પાંડવના પક્ષમાં આવેલા સર્વ રાજાઓ [illegible] રાજપુત્રો અને અંધકાદિ વૃષ્ણિકુળના યાદવો તારા પાદનું વંદન કરે. વળી રાજાઓ [illegible] રાજકન્યાઓ તને અભિષેક કરવા સારૂ સુવર્ણના, રૂપાના તથા મૃત્તિકાના કળશ, સર્વ ઔષધિ, સર્વ બીજ, સર્વ રત્ન અને લતાઓ લાવો ને દ્રૌપદી પણ અનુક્રમ [illegible] છઠ્ઠે દિવસે સદૈવ તારી પાસે આવો. તને રાજ્યાભિષેક કરવા સારૂ નિયમિત આત્માવાળા બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ધૌમ્ય અગ્નિમાં આહુતિ આપો, અને ચારે વેદના બ્રાહ્મણો તારોજ અભિષેક કરો. હે કર્ણ ! બ્રહ્મકર્મને વિષે નિષ્ઠાવાન પાંડવોના પુરોહિત, પુરૂષમાં શ્રેષ્ઠ પાંચ ભાઈ પાંડવો, દ્રૌપદીના પાંચ પુત્ર અને પાંચાળ દેશ તથા ચેદિ દેશના રાજાઓ સહિત હું તને રાજ્યાભિષેક કરીશ, તેથી યુધિષ્ઠિર રાજા તારી પાસે યૌવરાજપણાને પામી રહો. હે કર્ણ ! રથમાં બેઠેલા તારી સાનિધ્ય પાછળ બેસી હાથમાં સફેદ પંખો લઈને યુધિષ્ઠિર તને પવન કરો. મહા બળવાન ભીમસેન અભિષેક થયેલા તારી ઉપર શ્વેત છત્ર ધારણ કરો, અને ઘુઘરીઓવાળા, વ્યાઘ્ર ચર્મથી મઢેલા તથા શ્વેત અશ્વ જોડેલા તારા રથને અર્જુન ચલાવો. અભિમન્યુ તારી પાસે રહો તથા નકુળ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્ર, પાંચાલાદિ દેશના રાજાઓ, મહારથિ શિખંડિ, મારા સહિત અંધક, વૃષ્ણિ તથા દાશાર્હ કુળના સર્વ યાદવો અને દશાર્ણ દેશના રાજાઓ તારી પાછળ ગતિ કરો. હે મહાબાહુ ! જપ તથા હોમાદિ અનેક પ્રકારનાં મંગળ કાર્ય કરનાર તું, ભાઈરૂપ પાંડવો સહિત થઈ રાજ્યને ભોગવ. વળી કુંતલ સહિત દ્રાવિડ, આંધ્ર, તાલચર, ચુચુપ તથા વેણુક આદિ રાજાઓ તારી આગળ ચાલનારા થાઓ; સૂત તથા માગધાદિ અનેક તરેહની તારી સ્તુતિ કરો; અને પાંડવો તારો વિજય ગાઓ. હે કુંતિપુત્ર ! નક્ષત્રથી વિંટાયલા ચંદ્રની પેઠે પાંડવાથી વિંટાયલો તું પૃથ્વીના રાજ્યને પાળ તથા કુંતિને આનંદની પ્રાપ્તિ કર. આજથી તારા મિત્રો હર્ષ પામો, તથા શત્રુઓ વ્યથા પામો, અને તને પાંડવો સાથે શ્રેષ્ઠ ભ્રાતૃભાવ થાઓ.

मित्राणि ते प्रहृष्यं तु व्यथं तु रिपवस्तथा ।
सौभ्रात्रं चैव तेद्यास्तु भ्रातृभिः सहपांडवैः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीकृष्णवाक्ये गुर्जरभाषायां चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४० ॥

અધ્યાય ૧૪૧ મો. કર્ણની નીતિમત્તા.

कर्ण उवाच—असंशयं सौहृदान्मे प्रणयाच्चात्थ केशव ।
सख्येन चैव वार्ष्णेय श्रेयस्कामतयैव च ॥ १ ॥

કર્ણ કહે છે-હે વૃષ્ણિનંદન કેશવ ! તમે મને સુહૃદપણાથી, સ્નેહથી, [illegible] તથા મારા શ્રેયને લીધે કહો છો, ને હું ધર્મથી પાંડુ રાજાનો પુત્ર છું એ સર્વ [illegible] છું. હે જનાર્દન ! કુંતિએ કન્યાપણામાં સૂર્યથી ગર્ભ ધારણ કર્યો, [illegible] કે તેના કહેવાથી તેણે મારો ત્યાગ કર્યો હતો માટે હું ધર્મથી [illegible]

યુધિષ્ઠિર આદિ જન્મ્યા પહેલાં મારૂં જન્મ થયું તેથી રીતે મારો ત્યાગ કર્યો, [illegible] અધિરથ [illegible] સૂતે મને જોઇ પોતાના ઘર પ્રત્યે લઇ જઇ પોતાની સ્ત્રી રાધાને સોંપ્યો [illegible] પછી તે રાધા તેને મારામાં અત્યંત સ્નેહને લીધે તેના સ્તનમાં દૂધ પ્રાપ્ત થયું. હે માધવ ! રાધાએ મારાં મળ મૂત્ર ધોયાં છે, માટે ધર્મશાસ્ત્ર શ્રવણ કરવામાં સદૈવ તત્પર તથા ધર્મ [illegible] મારા સરખો પુરુષ, તેના ગુણને કેમ વિસારે ? હે કૃષ્ણ ! અધિરથ નામનો સૂત મને પુત્ર માને છે, ને હું પણ તેના સ્નેહથી તેને સદૈવ પિતા જાણું છું; કેમકે તેણે પુત્ર જન્મની પ્રીતિથી શાસ્ત્રવિધિએ કરી મારાં જાતકર્માદિ સંસ્કાર કર્યાં છે. વળી તેણે બ્રાહ્મણો સહિત થઇ મારૂં વસુષેણ એવું નામ પાડ્યું તથા યુવાવસ્થા પ્રાપ્ત થઇ ત્યારે મને સ્ત્રીઓ પણ પરણાવી. હે જનાર્દન ! તે મારી સ્ત્રીઓને વિષે મને પુત્ર થયા તથા પૌત્ર પણ થયા છે, માટે તે સ્ત્રીઓને વિષે મારૂં હૃદય કામથી બંધાઇ રહેલું છે. વાસ્તે સમગ્ર પૃથ્વીને લીધે તથા સુવર્ણનાં સમૂહની પ્રાપ્તિને લીધે અથવા હર્ષ તથા ભયથી પણ તે સ્નેહ નિષ્ફળ કરવા હું ઇચ્છતો નથી. હે કૃષ્ણ ! દુર્યોધનના આશ્રયથી મેં ધૃતરાષ્ટ્રના કુળને વિષે રહી તેર વર્ષ પર્યંત ચક્રવર્તિ રાજ્ય ભોગવ્યું છે. પોતાની જ્ઞાતિ સહિત થઇ અનેક યજ્ઞે કરી ઇશ્વરનું યજન કર્યું છે અને અનેક કુળધર્મ તથા વિવાહકર્મ પણ કર્યા છે. હે વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ ! દુર્યોધને મિત્ર એવા મને પામીને, પાંડવો સાથે વિગ્રહ તથા યુદ્ધનો ઉત્સાહ કર્યો છે; યુદ્ધને વિષે દ્વંદ્વ યુદ્ધમાં અર્જુન સામે તારે યુદ્ધ કરવું એમ તેણે મને કહેલું છે, માટે હું મારા મૃત્યુના ભયથી અથવા લોભથી, કુંતિના સંબંધથી તથા પરાજયના ભયથી પણ બુદ્ધિમાન દુર્યોધનનું અપ્રિય કરવા ઇચ્છતો નથી. હે હૃષિકેશ ! જો હું અર્જુન સામે રથમાં બેસી યુદ્ધ કરવા ન જાઉં, તો મારી તથા તેની અપકીર્તિ થાય; કેમકે અમે બેઉએ એક બીજાને મારવાની પ્રતિજ્ઞા લીધી છે. હે મધુસૂદન ! તમે પાંડવોને તેના હિત માટે યુદ્ધ કરવાનું કહો; કેમકે તેઓ તમારે વશ છે તેથી તમારા કહેવા પ્રમાણે કરશે એમાં સંશય નથી. હે યાદવનંદન ! હું કુંતિનો પુત્ર છું એમ જે આપણે વાતો કરી, તે તમારે યુધિષ્ઠિર પાસે કહેવું નહીં, કારણ જો તેને તે વાતની ખબર પડશે, તો ધર્માત્મા તથા નિયમિત ઇંદ્રિયવાળા તે, મોટા ભાઇ મારે લીધે રાજ્ય ગ્રહણ કરશે નહીં. હે શત્રુને દમન કરનાર મધુસૂદન ! જો મને એ મોટું રાજ્ય મળશે, તોપણ હું તે દુર્યોધનને આપી દઇશ; પણ તે અધર્મિ હોવાથી તેમ થવું યોગ્ય નથી, કારણ તેમ કરવાથી પ્રજાનો વિનાશ થાય, માટે જેને નિયમમાં રાખનાર તમે છો તથા યોદ્ધો અર્જુન છે એવા ધર્મરાજ યુધિષ્ઠિર, નિરંતર રાજ્ય કરનાર થાઓ. હે શ્રીકૃષ્ણ ! જેના પક્ષમાં મહા બળવાન ભીમસેન, નકુળ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્ર, ધૃષ્ટદ્યુમ્ન, મહારથિ સાત્યકિ, ઉત્તમ બળવાન યુધામન્યુ, સત્ય ધર્મવાન સોમકવંશી રાજા, ચૈદ્ય, ચેકિતાન શિખંડિ, ઇંદ્રગોપ નામના જંતુ સરખા લાલ વર્ણવાળા પાંચ ભાઇ કેકય, ઇંદ્રધનુષ સરખા વર્ણવાળો તથા મોટા મનવાળો કુંતિભોજ રાજા, ભીમસેનનો મામો મહારથિ શ્યેનજિત, વિરાટનો પુત્ર શંખ અને પાંડવોની સર્વ કામના પૂર્ણ કરનાર તમે છો એવા યુધિષ્ઠિરનાજ સર્વ દેશ તથા પૃથ્વી છે. હે શ્રીકૃષ્ણ ! તમે આ ક્ષત્રિયોનો મોટો સમૂહ એકઠો કર્યો છે, તેથી [illegible] વિખ્યાત એવું રાજ્ય યુધિષ્ઠિરને મળ્યુંજ છે. હે વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા ! દુર્યોધનનો [illegible] થશે; જેમાં ઉપદ્રષ્ટા તથા આધ્વર્યુ તમે, હોતા કપિ [illegible] ધ્વજાના ચિન્હવાળી ધ્વજવાળો અર્જુન, સ્રુક ગાંડીવ ધનુષ, પુરુષોનું [illegible]

મંત્ર અર્જુને મૂકેલાં ઐંદ્ર, પાશુપત તથા બ્રહ્માદિ અસ્ત્ર, પરાક્રમને વિષે અર્જુન સમાન અથવા તેનાથી અધિક સુભદ્રાનો પુત્ર અભિમન્યુ તથા યુદ્ધમાં હસ્તિના સૈન્યને નાશ કરનાર, મહા બળવાન અને પુરૂષમાં સિંહ સરખો ભીમસેન, "ઉદ્ગાતા" મોટા નાદ કરવારૂપ સ્તુતિ કરનાર, ધર્માત્મા યુધિષ્ઠિર રાજા, જપ તથા હોમ કર્મયુક્ત થઇ નિરંતર બ્રહ્માનું કર્મ કરનાર, શંખ, મુરજ તથા ભેરીના, શબ્દ અને સિંહનાદ એ યજ્ઞના ભોક્તા કાળનું આવાહન કરનાર, મોટા યશસ્વી માદ્રિના પુત્ર નકુળ તથા સહદેવ "શામિત્ર કર્મ કરનાર" ક્ષત્રિયરૂપ પશુને મારનાર, વિચિત્ર ધ્વજા તથા રથ પંક્તિ "યૂપ" સ્તંભ, કર્ણિ, નાલીક, નારાચ તથા વત્સદંત નામનાં બાણુ ચમસાધ્વર્યું, તોમર સોમવલ્લીનાં પાત્ર, ધનુષ, પવિત્ર, તલવાર કપાળ, યોદ્ધાઓનાં મસ્તક પુરોડાશ, રૂધિર હુતદ્રવ્ય, શક્તિ તથા ગદાઓ કાષ્ઠ અને પ્રાચિધિ, દ્રોણુ તથા કૃપના શિષ્યો સદસ્ય, ગાંડિવ ધનુષ ધારણ કરનાર અર્જુન, દ્રોણ, અશ્વત્થામા તથા મહારથિયોએ મૂકેલાં બાણુ સોમ ચમસાદિ, સાત્યકિ અધ્વર્યુના બદલામાં તેનું કામ કરનાર, દુર્યોધન દિક્ષા લેનાર, સેના દુર્યોધનની સ્ત્રી, ઘટોત્કચ રાત્રિને વિષે "શામિત્ર કર્મ કરનાર" ક્ષત્રિયરૂપ પશુને મારનાર અને શ્રૌત યજ્ઞને વિષે અગ્નિથી ઉત્પન્ન થયેલો પ્રતાપી ધૃષ્ટદ્યુમ્ન દક્ષિણા થશે. હે શ્રીકૃષ્ણુ! મેં દુર્યોધનના પ્રિય માટે પાંડવોને અપ્રિય લાગે એવાં કડુ વચન કહ્યાં, એ નહીં કરવાનું કામ કર્યું; જેથી હવે મને મોટો પશ્ચાત્તાપ થાય છે. હે માધવ! તમે જ્યારે અર્જુને મારેલા મને જોશો ત્યારે ફરીથી એ યુદ્ધ યજ્ઞના ચયનનો આરંભ થશે. વળી જ્યારે ભીમસેન મોટા નાદ કરતા એવા દુઃશાસનના રૂધિરનું પાન કરશે, ત્યારે સોમાભિષવ થશે. વળી હે જનાર્દન! જ્યારે પંચાળ દેશના રાજા દ્રુપદના પુત્ર શિખંડિ તથા ધૃષ્ટદ્યુમ્ન, ભીષ્મ તથા દ્રોણુને મારશે, ત્યારે તે યજ્ઞનો છેડો સમીપ આવશે. હે માધવ! જ્યારે મહા બળવાન ભીમસેન દુર્યોધનને મારશે, ત્યારે તેનો યજ્ઞ પૂરો થશે. હે કેશવ! રાજા, પતિ તથા પુત્ર નાશ પામ્યા હશે જેના એવી ધૃતરાષ્ટ્રના પુત્ર તથા પૌત્રની સ્ત્રિયો ગાંધારી સહિત કુતરા, ગૃધ્ર તથા કુરર નામના જનાવરોએ સેવેલા યુદ્ધરૂપ યજ્ઞ સ્થાનમાં બેસી મોટા શબ્દ કરતી રૂદન કરશે, ને અશ્રુથી તેમના દેહ ભીના થશે એ રૂપ યજ્ઞને અંતે અવભૃથ સ્નાન થશે. હે ક્ષત્રિયમાં શ્રેષ્ઠ મધુસૂદન! વિદ્યા તથા અવસ્થાએ કરી વૃદ્ધ એવા ક્ષત્રિયો, તમને પામવા સારૂ યુદ્ધ વગર વૃથા મૃત્યુ નહી પામે, માટે હે કેશવ! ત્રણુ લોકમાં અત્યંત પવિત્ર કુરૂક્ષેત્રમાં એકઠું થયેલું ક્ષત્રિય મંડળ શસ્ત્રે કરી મૃત્યુ પામશે. હે વૃષ્ણિ કુળમાં ઉત્પન્ન થયેલા! હે કમળ સરખાં નેત્રવાળા! જેવી રીતે સર્વ ક્ષત્રિય મંડળ ઇચ્છિત સ્વર્ગલોકને પામે, તેવી રીતે તમે કરો; જેથી જ્યાં સુધી પૃથ્વી ઉપર પર્વત તથા નદિયો રહેશે, ત્યાં સુધી તમારી કીર્તિનો શબ્દ પૃથ્વીને વિષે ગાજશે. ક્ષત્રિયોના યશ એજ ધનરૂપ મહા ભારત સંગ્રામનું બ્રાહ્મણો સભાઓને વિષે કથન કરશે. હે પરંતપ! હે કેશવ! તમે નિરંતર વિચાર કરીને કુંતિના પુત્રને મારી સાથે યુદ્ધ કરવા સારૂ મોકલો.

समुपानय कौंतेयं युद्धाय मम केशव ।
मंत्रसंवरणं कुर्वन्नित्यमेव परंतप ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कर्णोपनिवादे गुर्जरभाषायामेकचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४१ ॥

અધ્યાય ૧૪૨ મો. કર્ણોપનિવાદ.

संजय उवाच—कर्णस्य वचनं श्रुत्वा केशवः परवीरहा ।
उवाच प्रहसन्वाक्यं स्मितपूर्वमिदं यथा ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે કર્ણનાં વચન સાંભળીને શત્રુના શરીરનો નાશ કરનાર ભગવાને હસતાં હસતાં આવી રીતે કહ્યું કે હે કર્ણ! હું તને રાજ્ય પ્રાપ્ત થાય તેવો ઉપાય કહું છું, પણ તારી ધ્યાનમાં આવતો નથી; માટે અવશ્ય પાંડવોનો જય થશે એમાં સંશય નથી. વિશ્વકર્માએ ઇંદ્રધનુષ સરખો દેખાવ આપે એવી માયા જેમાં રહી છે એવો, જય આપે એવાં દિવ્ય તથા ભયંકર ભૂત જેને વિષે રહ્યાં છે એવો ચોતરફ તથા ઉંચે એક યોજનમાં વિસ્તારવાળો પર્વત તથા વૃક્ષમાં નહીં મળી જનાર, હનૂમાનનાં ચિન્હવાળો અને અગ્નિ સરખો દેદીપ્યમાન અર્જુનનો જયધ્વજ ધર્યો શોભે છે. હે કર્ણ! જ્યારે તું ઇંદ્ર અગ્નિ તથા વાયુના અસ્ત્રને ફેંકતા એવા તથા મારારૂપ સારથિવાળા અર્જુનને જોઇશ અને ગાંડીવ ધનુષના વજ્ર સરખા શબ્દને સાંભળીશ, ત્યારે સર્વ પુરૂષાર્થથી રહિત થઇશ. વળી તું જ્યારે જપ તથા હોમ કરનાર, પોતાની સેનાની રક્ષા કરનાર, સૂર્ય સરખા અસહ્ય તથા શત્રુની સેનાને તપાવનાર કુંતિના પુત્ર યુધિષ્ઠિરને સંગ્રામમાં જોઇશ, ત્યારે સર્વ પુરૂષાર્થથી રહિત થઇશ. વળી તું જ્યારે સામે આવનાર, હસ્તિને મારનાર, સંગ્રામમાં દુઃશાસનના રૂધિરનું પાન કરી મદ ઝરતા હસ્તિની પેઠે નાચતા એવા તથા મહા બળવાન ભીમસેનને જોઇશ, ત્યારે સર્વ પુરૂષાર્થથી રહિત થઇશ. વળી તું જ્યારે સંગ્રામમાં યુદ્ધ કરવા સારૂ આવતા એવા તથા અર્જુને વારેલા ભીષ્મ, દ્રોણ, કૃપ, દુર્યોધન અને જયદ્રથને જોઇશ, ત્યારે સર્વ પુરૂષાર્થથી રહિત થઇશ. વળી તું જ્યારે શત્રુના શૂરવીર પુરૂષના રથને તોડનાર, શસ્ત્રના પ્રહારવાળા સંગ્રામમાં હસ્તિની પેઠે કૌરવના સૈન્યને ક્ષોભ પમાડનાર અને મહા બળવાન માદ્રિના પુત્ર નકુળ તથા સહદેવને જોઇશ, ત્યારે સર્વ પુરૂષાર્થથી રહિત થઇશ. હે કર્ણ! તું અહિંથી જઇને દ્રોણ, ભીષ્મ તથા કૃપાચાર્યને મારા કહેવાથી કહેજે કે, જેમાં તૃણ તથા કાષ્ટ મળી શકે એવો, સર્વ ઔષધિ તથા વૃક્ષ ફળ પુષ્પવાળા છે જેમાં એવો, મક્ષિકાઓ જેમાં થોડી હોય એવો, કાદવ વગરનો, મીઠા જળવાળો, અતિ ટાઢ તથા ઉષ્ણતા વગરનો અને સુખરૂપ માસ છે, જેની અમાવાસ્યા આડા બાકી સાત દિવસ છે, માટે તે દિવસે યુદ્ધની સર્વ તૈયારી કરો, કેમકે તેનું દૈવત ઇંદ્ર છે એમ બુદ્ધિમાન્ પુરૂષ કહે છે. હે કર્ણ! તું યુદ્ધ માટે આવેલા રાજાઓને પણ મારા કહેવાથી કહેજે કે, જે તમારા મનમાં છે, તે પ્રમાણે હું સર્વ સંપાદન કરીશ. હે કર્ણ! દુર્યોધનને વશ હોવાથી તેની પછવાડે ચાલનાર રાજાઓ તથા રાજપુત્રો, શસ્ત્રે કરી નાશ પામી ઉત્તમ ગતિને પામશે.

राजानो राजपुत्राश्च दुर्योधनवशानुगाः ।
प्राप्य शस्त्रेण निधनं प्राप्स्यंति गतिमुत्तमां ॥

[illegible] महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कर्णोपनिवादे भगवद्वाक्ये [illegible] द्विचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४२ ॥

અધ્યાય [illegible] શ્રી કૃષ્ણ અને કર્ણનો સંવાદ.

સંજય ઉવાચ—કેશવસ્ય તુ તદ્વાક્યં કર્ણઃ શ્રુત્વાહિતં શુભં ।
અબ્રવીદભિસંપૂજ્ય કૃષ્ણં તં મધુસૂદનં ॥ ૧ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે મધુસૂદન કેશવ એવા શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને લોભ પમાડેલો કર્ણ, તેમની પૂજા કરી કહેવા લાગ્યો કે, હે મહાબાહો! જો હું કેવો છું તે વિષે સૌ જાણતા હોવા છતાં શું મને મોહ પમાડવા ઇચ્છો છો? આ સમગ્ર પૃથ્વીનો નાશ થવાનો સમય નજીક આવ્યો છે, જેનું નિમિત્ત શકુનિ, હું, દુઃશાસન તથા ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન રાજા એ ચાર જણા છીએ. હે કૃષ્ણ! કૌરવ તથા પાંડવોના રુધિરનો ગારો જેમાં થશે એવું આ મોટું ભયંકર યુદ્ધ નજીક આવ્યું એમાં સંશય નથી; જેને વિષે દુર્યોધનને વશ થયેલા રાજા તથા રાજપુત્રો શસ્ત્રરૂપી અગ્નિથી બળી યમપુરી પ્રત્યે જશે. હે મધુસૂદન! મને મહા ભયંકર સ્વપ્ન જોવામાં આવે છે, ભયંકર આપશુકનો થાય છે અને દુર્યોધનનો પરાજય તથા યુધિષ્ઠિરના જયને જાણે સૂચવતા હોય એવા રૂવાં ઊભાં કરનાર અને મહા દારુણ ઉત્પાત પણ દેખાય છે; તે આ કે, મોટી કાંતિવાળો તીક્ષ્ણ ગ્રહ શનૈશ્ચર રોહિણી નક્ષત્રને પીડે છે તેથી મધ્ય દેશમાં મોટો ક્ષય તથા રાજાનો નાશ થવો જોઇએ. હે મધુસૂદન! મંગળ નામનો ક્રૂર ગ્રહ જ્યેષ્ઠા નક્ષત્રનો થયા વગર વક્રી થઇ પાછો અનુરાધા નક્ષત્રનો થાય છે, તેથી રાજાના સર્વ મિત્રોનો નાશ થવો જોઇએ. હે વાર્ષ્ણેય! કૌરવોને અવશ્ય મોટો ભય નજીક આવ્યો છે, કારણ મહાપાત નામનો ગ્રહ ચિત્રા નક્ષત્રને પીડે છે. તેમ અમાવાસ્યાને દિવસે નિષ્કલંક ક્ષીણ ચંદ્ર સૂર્યની સાથે મળે છે, ને તે દિવસે વળી રાહુ સૂર્યને પામે છે, તેથી તે કર્તરીયોગ થાય છે, જે સૂર્ય તથા ચંદ્ર વંશના રાજાઓનો ક્ષય કરનાર છે; અને મોટી ગર્જનાવાળો તથા ભૂકંપની વાયુ થાય છે, ને આકાશમાંથી ઉલ્કાઓ પડે છે. હે માધવ! હસ્તિ તથા ઘોડાઓની આંખમાંથી આંસુ પડે છે, ને તે સર્વ વાહનો ઘાસ પાણીને જોઇને પણ આનંદ પામતાં નથી. હે મહાબાહો શ્રીકૃષ્ણ! એ મોટાં ખરાબ નિમિત્ત થવાથી પ્રાણીનો નાશ કરનાર મહા દારુણ ભય નજીક આવેલ છે, એમ વિદ્વાન પુરુષ કહે છે. તેમ હે કેશવ! અશ્વ, હસ્તિ તથા મનુષ્યોની વિષ્ઠા થોડું ખાધે ઘણી જોવામાં આવે છે. હે મધુસૂદન! દુર્યોધનના સર્વ સૈન્યને એ પરાજય થવાનું ચિન્હ છે, એમ બુદ્ધિમાન પુરુષો કહે છે. હે કૃષ્ણ! પાંડવોનાં વાહન આનંદમાં રહે છે તથા મૃગ એમને જમણી બાજુ ઉતર્યા છે એમ સંભળાય છે, એ તેમના જયનાં લક્ષણ છે. હે કેશવ! મૃગાદિ સર્વ ઉતરી પણ દુર્યોધનને ડાબાં ઉતરે છે, ને આકાશમાં નિરાધાર શબ્દ થાય છે, એ પણ તેના પરાભવનું લક્ષણ છે. હે શ્રીકૃષ્ણ! મયૂર, હંસ સારસ તથા ચાતક ઇત્યાદિ પવિત્ર પક્ષિયો તથા જે 'જીવ જીવ' એ રીતેજ શબ્દ કરે છે એવા ચકોરાદિ પક્ષિયોનો સમુદાય પાંડવોની પાછળ જાય છે. ગૃધ્ર, કંક, બક, શ્યેન, રાક્ષસ તથા વરુ એટલા માંસ ખાનાર ક્રૂર પ્રાણી અને મક્ષિકાનો સમુદાય કૌરવોની પાછળ દોડે છે. વળી દુર્યોધનના સૈન્યમાં નોબતનો શબ્દ બરોબર થતો નથી, અને પાંડવોના સૈન્યમાં વગાડ્યા વગર નગારાં શબ્દ કરે છે. વળી દુર્યોધનના સૈન્યમાં [illegible] [illegible] [illegible] ની પેઠે શબ્દ કરે છે, એ પણ તેના પરાભવનું લક્ષણ છે. [illegible] [illegible] માંસ તથા રુધિરનો વર્ષાદ થાય છે એ પણ તેના પરાભવનું લક્ષણ છે. વળી [illegible]

કેતુ, પાર્થ, દશમાન; તેમજ તથા સૂર્ય સહિત ગંધર્વનગર તેમના જોવામાં અને સૂર્યને ફરતી કાળી પરિધી પણ જોવામાં આવે છે. વળી પ્રાતઃસંધ્યા તથા સાયંસંધ્યા વખતે મોટા ભયને સૂચવનાર શિયાળવાં ભયંકર શબ્દ કરે છે, એ પણ દુર્યોધનના પરાભવનું ચિન્હ છે. હે મધુસૂદન! એકપક્ષ એકઅક્ષી તથા ચરણવાળાં પક્ષીયો ભયાનક મળ મૂત્રાદિનો ત્યાગ કરે છે. કાળી ડોકવાળાં તથા લાલ પગવાળાં ભયંકર પક્ષીયો થયેલી સંધ્યા સામાં ઉડે છે, એ પણ એના પરાભવનું લક્ષણ છે. વળી હે મધુસૂદન! તે પ્રથમ બ્રાહ્મણોનો, પછી પોતાના ગુરૂજનનો તથા પોતાને વિષે ભક્તિમાન નોકરોનો દ્વેષ કરે છે, એ પણ એના પરાભવનું લક્ષણ છે. હે મધુસૂદન! સદૈવ પૂર્વ દિશાનો લાલ વર્ણ, દક્ષિણ દિશાનો શસ્ત્ર સરખો વર્ણ, પશ્ચિમ દિશાનો કાચાં માટીનાં પાત્ર સરખો વર્ણ તથા ઉત્તર દિશાનો શંખ સરખો વર્ણ કહેલો છે. પણ દુર્યોધનને તો સર્વ દિશાઓ બળતી હોય એવી જોવામાં આવે છે, એ પણ થનાર મોટા ભયને સૂચવે છે. હે અચ્યુત! મેં સ્વપ્નમાં ભાઇયો સહિત યુધિષ્ઠિરને હજારો થંભવાળા મહેલમાં ચઢતા જોયા અને તેમના સહિત તમારાં પાઘડી, વસ્ત્ર તથા આસન શ્વેત વર્ણનાં જોયાં. વળી હે જનાર્દન! હે શ્રીકૃષ્ણ! મેં સ્વપ્નમાં તમારૂં શરીર રૂધિરયુક્ત તથા આંતરડાંથી વિંટાયલું જોયું. હે શ્રીકૃષ્ણ! મેં સ્વપ્નમાં ઘણા પરાક્રમવાળા યુધિષ્ઠિર રાજાને પણ અસ્થિના ઢગલા ઉપર બેસી સુવર્ણની થાળીમાં ઘી તથા દુધપાકનું ભોજન કરતા તથા પૃથ્વીને ગળતા જોયા; માટે જરૂર તમે આપેલી આ પૃથ્વીને તે રાજા ભોગવશે. પુરૂષમાં સિંહરૂપ ભયંકર કર્મવાળો ભીમસેન હાથમાં ગદા લઇ ઉંચા પર્વત ઉપર ચઢી આ પૃથ્વીને જાણે ગળતો હોય નહીં એવો મેં સ્વપ્નમાં જોયો; માટે તે અવસ્ય મહા સંગ્રામમાં અમને સર્વને નાશ પમાડશે, એ હું સારી રીતે જાણું છું, કારણ જ્યાં ધર્મ છે ત્યાં જય છે. હે હ્રષિકેશ! મેં સ્વપ્નમાં ગાંડિવ ધનુષ તથા રાજ્યલક્ષ્મી સહિત અર્જુનને તમારી સાથે શ્વેત હસ્તિ ઉપર બેઠેલો જોયો; માટે તમે સર્વ દુર્યોધનાદિ રાજાઓને મારશો એમાં સંશય નથી. હે લક્ષ્મીપતિ! મેં સ્વપ્નમાં નકુળ, સહદેવ તથા મહારથિ સાત્યકિને શ્વેત બાજુબંધ, કંઠાભરણ, માલતીના ફુલની માળા તથા વસ્ત્રથી શોભિતા, શ્વેત છત્ર જેમની ઉપર શોભી રહ્યાં હતાં એવા તથા મ્યાનમાં બેઠેલા જોયા અને દુર્યોધનના સૈન્યમાં કેવળ અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા યાદવને શ્વેત પાઘડી પહેરેલા જોયા; અને બીજા સર્વ રાજાઓને લાલ પાઘડી પહેરેલા જોયા. હે મહાબાહો! મેં સ્વપ્નમાં મારા તથા દુર્યોધન સહિત મહારથિ ભીષ્મ અને દ્રોણને ઉંટ જોડેલા રથમાં બેસી દક્ષિણ દિશામાં જતા જોયા; માટે થોડા વખતમાં મારા સહિત રાજાદિક સમગ્ર ક્ષાત્રમંડળ ગાંડિવ ધનુષરૂપ અગ્નિમાં પ્રવેશ કરી યમપુરી પ્રત્યે જશે એમ હું નિશ્ચય જાણું છું. કર્ણનાં વચન સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે હે કર્ણ! તારૂં હૃદય યથાર્થ મારા વચનને સ્વીકાર કરતું નથી, માટે જરૂર આ પૃથ્વીનો નાશ સમીપ આવ્યો છે. હે તાત! એમ ન હોય તો આ અન્યાય ને આ નાશ છે, એમ તારા માનવામાં કેમ આવે નહિ? શ્રીકૃષ્ણનાં વચન સાંભળી વળી કર્ણે કહ્યું કે હે કૃષ્ણ! હે મહાબાહો! શૂરવીર ક્ષત્રિયના નાશરૂપ આ ઉદ્યોગ થતાં આ મહા સંગ્રામથી જો હું બચી જીવતો રહીશ તો તમને જોઇશ, અથવા તમ સહિત સર્વ અમારો ભાઇઓનો સમાગમ સ્વર્ગમાં થશે, હમણાં તો હવે કૌરવો પાસે જાઉં. સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર! એ રીતે આલિંગન સન્માનને કરી સ્નેહથી તેમને મળી તેમની રજા લઇ તેમના રથમાંથી ઉતરી સુવર્ણથી શોભિતા પોતાના રથમાં બેસીને, દીન મનવાળો રાધાપુત્ર કર્ણ પાછો

સહિત પાછો વળ્યો; અને સાત્યકિ સહિત કેશવ ભગવાન પણ પોતાના સારથિને 'ગાડી ચલાવ ઝટ ચલાવ' એમ કહી તુરત ત્યાંથી રવાને થયા.

ततः शीघ्रतरं प्रायात्केशवः सहसात्यकिः ।
पुनरुच्चारयन् वाणीं याहि याहीति सारथिं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कर्णोपनिषदि कृष्णकर्णसंवादे गुर्जरभाषायां त्रिचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४३ ॥

અધ્યાય ૧૪૪ મો. કુંતિ અને કર્ણ.

वैशंपायन उवाच—असिद्धानुनये कृष्णे कुरुभ्यः पांडवान् गते ।
अभिगम्य पृथांक्षत्ता शनैः शोचन्निवाब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે-હે જનમેજય! નિષ્ફળ થયો હતો વિનય જેનો એવા શ્રીકૃષ્ણ કૌરવ પાસેથી પાંડવો પાસે જવા રવાને થયા, ત્યારે વિદુર કુંતિ પાસે જઇ શોક કરતા હોય નહિ એમ ધીરેથી તેને કહેવા લાગ્યા કે હે કુંતિ! કૌરવ તથા પાંડવને પરસ્પર કલેશ ન થાય તે માટે મને જે પ્રીતિ છે તે તમારા જાણવામાં છે. મેં દુર્યોધનને કહેવામાં કંઇ બાકી રાખ્યું નથી, તોપણ તે કંઇ મારાં વચન માનતો નથી. ધર્મરાજ યુધિષ્ઠિર ચેદિ, પાંચાળ, કેકય, ભીમ, અર્જુન, શ્રીકૃષ્ણ, યુયુધાન, નકુળ તથા સહદેવાદિ યુક્ત છે, વિરાટ નગરમાં રહ્યા છે અને પોતે બળવાન છે, તોપણ જ્ઞાતિના બચાવ વાસ્તે દુર્બળની પેઠે ધર્મનીજ ઇચ્છા રાખે છે. ધૃતરાષ્ટ્ર રાજા વયે વૃદ્ધ છે, તોપણ પુત્રના પ્રેમે કરી ઉન્મત્ત થયા છે; જેથી શાંતિ પામતા નથી, ને અધર્મ માર્ગે વર્તે છે. હે કુંતિ! કેવળ જયદ્રથ, કર્ણ, દુઃશાસન તથા શકુનિની દુર્બુદ્ધિને લીધે કૌરવ તથા પાંડવને પરસ્પર ભેદ થયો છે, પણ જેમને અધર્મથી કરેલું આ વૈર ધર્મરૂપ ભાસે છે એવા કૌરવ છે, માટે અધર્મનું ફળ જે નાશ તેને તે વહેલા પામશે. બળાત્કારથી કૌરવો ધુષ્ટને ધર્મ માને છે; તે જોઇ કોણ સંતાપ ન પામે? કૌરવો શ્રીકૃષ્ણના સમજાવ્યા સમજ્યા નહીં, ને તે પાછા ગયા; માટે હવે પાંડવો યુદ્ધનો ઉદ્યમ કરશે. હે રાજપુત્રિ! આ કૌરવોનો અન્યાય શૂરવીરોનો નાશ કરશે એ માટે હું ચિંતન કરું છું, તેથી મને રાત્રિયે તથા દિવસે નિદ્રા પણ આવતી નથી. હે જનમેજય! પોતાના હિતને ઇચ્છનાર વિદુરનું તે વાક્ય સાંભળી કુંતિ મનમાં દુઃખ પામીને નિઃશ્વાસ મૂકી મન સાથે વિચાર કરવા લાગી કે, ધનને ધિક્કાર છે, કારણ કે તે વાસ્તે મોટો જ્ઞાતિ વધ થશે. હે વિદુર! પાંડવ આવેલા ચૌદ દેશ તથા પાંચાળ કેકય રાજા અને યાદવ એ સર્વ મળી કૌરવો સાથે યુદ્ધ કરશે, એથી વધારે બીજું દુઃખ શું? યુદ્ધ કરવામાં દોષ છે ને તે ન કરવાથી પરાભવ થાય છે, તોપણ તે કર્યે વગર દરિદ્રતાને લીધે મરણ પામવું એ સારું, પણ જ્ઞાતિ ક્ષય કરનાર જય સારો નહીં, એમ હું વિચારું છું, તેથી મારા હૃદયમાં દુઃખ થાય છે! હે વિદુર! શંતનુના પુત્ર પિતામહ ભીષ્મ, યોદ્ધાઓના પતિ દ્રોણાચાર્ય તથા કર્ણ એ ત્રણ જણ દુર્યોધનના પક્ષમાં રહી ભયને વધારે છે. પણ દ્રોણાચાર્ય પોતાના શિષ્ય બાળકો ઉપર પ્રીતિને લીધે યુદ્ધ નહીં કરે, તેમ પિતામહ ભીષ્મ પણ પાંડવ વિષે દયા કેમ નહીં કરે? કરશેજ. પણ પાપી દુર્બુદ્ધિવાળા

દુર્યોધનને અનુસરનાર, મોટો અનર્થ કરનાર, આગ્રહી, વિશેષ બળવાન તથા પાપરૂપ કર્ણ, હમેશ પાંડવોનો દ્વેષ કરે છે માટે તેમને યુદ્ધમાં દુઃખ આપશે એમ જાણી મારું સળગ બળે છે. હે વિદુર! આ સમય હું કર્ણ પાસે જઇ યથાર્થ વાત કહી પાંડવ સાથે તેના મનને પ્રસન્ન કરવાનો ઉત્સાહ રાખું છું. જ્યારે હું મારા પિતા કુંતિભોજ રાજાના ઘરમાં રહી હતી, ત્યારે મને પ્રસન્ન થયેલા દુર્વાસા દેવતાઓને આહ્વાન કરવાના મંત્રરૂપ વરદાન આપી ત્યાંથી ગયા. ત્યાર પછી તે રાજાના અંતઃપુરમાં રહી મનમાં ખેદ પામતી, અનેક તરેહના વિચાર કરતી, મંત્રોનુ બળ તથા બ્રાહ્મણની વાણીનુ બળ કેવું હશે, એમ બાળભાવથી તથા સ્ત્રીપણાથી વારંવાર વિચાર કરતી, વિશ્વાસુ ધાત્રીએ રક્ષા કરેલી, સખી જનવડે વિંટાયલી, પોતાના દોષને ત્યાગ કરવાની ઇચ્છાવાળી અને પિતાનાં વ્રત ઉદ્યાપનાદિ નિયમની રક્ષા કરતી એવી હું વિચારવા લાગી કે, મેં સારું કર્યું કેમ કહેવાય અને હું અપરાધવની કેમ ન કહેવાઉં, એમ ચિંતન કરીને મેં પેલા બાળભાવથી મંત્રની પરીક્ષા જોવા સારૂ સૂર્યનું આહ્વાન કર્યું. તેથી સતી કન્યારૂપ હું તેની પાસે સૂર્યદેવ તત્કાળ આવ્યા ને મારા ઉદરમાં ગર્ભનું સ્થાપન કર્યું; જેની મેં પુત્રની પેઠે રક્ષા કરી હતી. કર્ણ આ વખતે ભાઇઓનું હિત થાય એવાં મારાં વચન સાંભળી મારા કહેવા પ્રમાણે કેમ નહી કરે?! હે ભારત! એ પ્રમાણે વિદુરજીને કહી તથા પોતાના મનમાં નિશ્ચય કરીને કુંતી ગંગા ઉપર ગઇ. તે વેળા કુંતિએ ગંગાના તીર ઉપર બેઠેલા, સત્યમાં તત્પર તથા દયાળુ પુત્ર કર્ણનો વેદાધ્યયનનો શબ્દ સાંભળ્યો. પછી તપસ્વીની કુંતિ પૂર્વાભિમુખ ઉંચા હાથ કરી બેઠેલા કર્ણની પાછળ, તેનો જપ ક્યારે પૂરો થશે એમ વાટ જોતી પ્રયોજન વાસ્તે ઉભી રહી; પણ સૂર્યના તાપથી દુઃખ પામવા લાગી તથા તેનું શરીર કમળની માળાની પેઠે સુકાવા લાગ્યું. વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલી પાંડુરાજાની સ્ત્રી કુંતિ, કર્ણના ઉત્તરીય વસ્ત્રની છાયામાં ઉભી રહી. નિયમથી વ્રત કરનાર કર્ણે અપરાહ્ન કાળ પર્યંત જપ કરી રહ્યા પછી પોતાની પાછળ જોયું, તો ત્યાં ઉભેલી કુંતિને દીઠી. પછી ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ મહા તેજસ્વી તથા માની સૂર્યનો પુત્ર ધર્મરૂપ કર્ણ તેમને હાથ જોડી નમસ્કાર કરી વિસ્મય રહિત થઇ યથાવિધિ સત્કાર કરીને આમ કહેવા લાગ્યો.

यथान्यायं महातेजा मानी धर्मभृतांवरः ।
उत्स्मयन्प्रणतः प्राह कुंतिं वैकर्तनो वृषः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कुंतिकर्णसमागमे कुंतीप्रयाणे चतुश्चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४४ ॥

અધ્યાય ૧૪૫ મો. કુંતી ને કર્ણ.

कर्ण उवाच—राधेयोऽहमाधिरथिः कर्णस्त्वामभिवादये ।
प्राप्ता किमर्थं भवती ब्रूहि किंकरवाणि ते ॥ १ ॥

કર્ણ કહે છે—હે કુંતિ! અધિરથ સૂત તથા રાધાનો પુત્ર કર્ણ હું તમને અભિવંદન કરૂં છું, તમે શું કરવા આવ્યાં છો? હું તમારૂં શું કામ કરૂં તે કહો. કર્ણનાં વચન સાંભળી કુંતિએ કહ્યું કે હે કર્ણ! તું કુંતિનો પુત્ર છે, રાધાનો નહિ, અને અધિરથ સૂત

તારો પિતા નથી. તું સૂત કુળમાં ઉત્પન્ન થયો નથી, તે વિષે હું તને જે કહું તે સાંભળ. હે કર્ણ! હું મારા પિતા કુંતિ ભોજના ઘરમાં રહી હતી, ત્યારે તું કન્યાપણામાં મારા ઉદરથી ઉત્પન્ન થયો છે, માટે પાંડવોનો મોટો ભાઇ છે. હે કર્ણ! પ્રકાશ સ્વરૂપવાન સૂર્યે, શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ આ તું રૂપ ગર્ભ મારા ઉદરને વિષે સ્થાપન કર્યો અને સમજ આવ્યે મેં કુંડળ તથા કવચ પહેરેલા, દેવ ગર્ભ સરખા અને અજય એવા તને, પિતાના ઘરને વિષે ઉત્પન્ન કર્યો છે. તું પોતાના ભાઇયોને ઓળખ્યા વગર, મોહથી ધૃતરાષ્ટ્રના પુત્રોને વિશેષ કરી સેવે છે તે તને યોગ્ય નથી. હે પુત્ર! પુત્રનેજ જોનારી માતા તથા પૂર્વજ પુત્રનાં કૃત્ય અને સ્નેહને જોઇ પ્રસન્ન થાય, એજ મનુષ્યોનો ખરો ધર્મ શાસ્ત્રમાં નિશ્ચય કરેલો છે, માટે તું મારી આજ્ઞાથી પૂર્વે અર્જુને સંપાદન કરેલી અને હાલ દુષ્ટોએ હરણ કરેલી એવી યુધિષ્ઠિરની લક્ષ્મીને ધૃતરાષ્ટ્રના પુત્રો પાસેથી બળે કરી ગ્રહણ કરી ભોગવ. હમણાંજ તારો તથા અર્જુનનો સમાગમ જોઇને ભાઇયોનો પરસ્પર સ્નેહ થયો એમ જાણી દુષ્ટ કૌરવો નમ્ર થાઓ. હે કર્ણ! તું તથા અર્જુન એકઠા મળી રામ અને કૃષ્ણની પેઠે વૃદ્ધિ પામો. તમે જ્યારે બેઉ ભાઇયો એકઠા થશો એટલે આલોકમાં કોઇ વસ્તુ તમારે અસાધ્ય રહેશે નહિ. હે કર્ણ! જેમ મહા યજ્ઞમાં દેવતાઓથી વિંટાયલા બ્રહ્મા શોભે, તેમ ભાઇયોથી વિંટાયલો તું શોભીશ! સર્વ શ્રેષ્ઠ ભાઇયોમાં મોટો, સર્વ ગુણે કરી સંપન્ન અને પરાક્રમી તું પાર્થ છે, માટે સૂતપુત્ર એવો શબ્દ તારે વિષે માં રહો.

उपपन्नो गुणैः सर्वै ज्येष्ठश्रेष्ठेषु बंधुषु ।
सूतपुत्रेति मा शब्दः पार्थस्त्वमसि वीर्यवान् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कुंतिकर्णसमागमे गूर्जरभाषायां पंचचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४५ ॥

અધ્યાય ૧૪૬ મો. કર્ણનો કુંતિને જવાબ.

वैशंपायन उवाच—ततः सूर्यान्निश्चारितां कर्णः शुश्राव भारती ।
दुरत्ययां प्रणयिनीं पितृवद्भास्करेरितां ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે કુંતિએ કહ્યું તે વેળા પિતાની પેઠે સ્નેહથી સૂર્યે પ્રેરણા કરેલી આકાશવાણી કર્ણે સાંભળી કે હે મનુષ્યમાં સિંહરૂપ કર્ણ! કુંતિ સત્ય વાકય કહે છે માટે એનાં વચન તું પાળ, કારણ એના કહેવા પ્રમાણે કરવાથી તારૂં શ્રેય થશે. વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ રીતે માતાએ તથા પિતારૂપ ભાનુએ કહ્યું તોપણ સત્ય ધૈર્યવાન કર્ણ, સત્યથી ચલાયમાન નહીં થતાં કુંતિને કહેવા લાગ્યો કે હે ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયેલી! તમારા કહેવા પ્રમાણે કરવું એ ધર્મદ્વાર છે, તથાપિ તમારાં વાકય ઉપર શ્રદ્ધા રાખતો નથી. હે મા! તમે મારો ત્યાગ કર્યો એ મારૂં બૂરૂં કર્યું, જેથી હું જાતિભ્રષ્ટ થયો તથા ઉત્તમ કીર્ત્તિહીન થયો. હું તમારાથી ક્ષત્રિય રૂપે ઉત્પન્ન થયો, પણ તે વેળા તમે એવો વિચાર કર્યો કે, આ મારો કાનીન પુત્ર પ્રસિદ્ધ ન થાઓ; જેથી મને ક્ષત્રિય સંસ્કાર પણ પ્રાપ્ત થયો નહીં. માટે તમારા જેવા મારો બીજો શત્રુ કોણ? જે વખતે મને ક્ષત્રિયની ક્રિયા કરવાનો વખત હતો, તે વખતે તો તમે મારે વિષે દયા

રાખવાનો વિચાર કર્યો નહીં, અને આ વખતે મતલબ વાસ્તે આવી રીતે કહો છો ? વળી તમે પૂર્વે કદી પણ માની પેઠે મારૂં હિત કર્યું નહીં, ને આ વખતે કેવળ પોતાના હિત વાસ્તે મને સારી રીતે સમજાવો છો. શ્રીકૃષ્ણ સહિત અર્જુનથી સર્વજન ભય પામે એમ છે, માટે જો હું આ વખતે પાંડવોના પક્ષમાં આવું, તો મને ભય પામી તેમના પક્ષમાં ગયો એમ સર્વ માને ! વળી આટલા દિવસ હું પંડવોનો ભાઇ છું એવું કોઇના જાણવામાં આવ્યું નહીં, ને આ યુદ્ધ વખતે એમનો ભાઇ છું એ વાત પ્રકાશ કરી તેમના પક્ષમાં જાઉં તેથી મને આ ક્ષત્રિય છે એમ કોઇ કહે નહીં માટે ધૃતરાષ્ટ્રના પુત્રોએ સર્વ કામના પોતાની સાથે ભોગવાવી અને સુખ થાય તે રીતે હમેશ મારો સત્કાર પણ કર્યો, એમનો મારા ઉપર ઉપકાર થયો છે તેને આ વખતે હું કૃતઘ્ન થઇ અફળ કરવા ઇચ્છતો નથી. હે કુંતિ ! જે કૌરવે શત્રુ એવા પાંડવો સાથે વૈર બાંધી નિરંતર મને સેવે છે, જેમ વસુદેવતાઓ ઇંદ્રને નમસ્કાર કરે, તેમ નિરંતર નમસ્કાર કરે છે અને મારા બળનો આશ્રય કરી શત્રુને જીતવા અમે સમર્થ છીએ એમ માને છે, તેમનો મનોરથ હું કેમ ભંગ કરૂં ? વળી જે કૌરવો દુઃખે કરી ન તરાય એવા પાંડવના સૈન્યરૂપી સમુદ્રને મારારૂપ નાવે કરી તરવાની ઇચ્છા રાખે છે, તેમનો હુ ત્યાગ કેમ કરૂં ? કૌરવની પાછળ વરતનારાઓએ તેમને બદલો વાળી આપવાનો આ વખત આવ્યો છે, માટે મારે પ્રાણની પણ રક્ષા ન કરતાં ખાધેલા તેમના અન્નાદિકનું ઋણ માથેથી ઉતારવું જોઇએ. સારી રીતે પોષણ કરેલા રૂડા પુરૂષો, જ્યારે પોતાને પોષણ કરનારનું કામ કરવાનો વખત નજીક આવે, ત્યારે સાવધાન થઇ તેની સહાયતામાં ઉભા રહે છે: અને જે પાપિષ્ટ બુદ્ધિવાળો પુરૂષ હોય છે, તે પ્રત્યુપકાર કરવાને વખતે તેનું ઉલટું ભૂરૂં કરી નાસી જાય છે. સ્વામિનું ભૂરૂં કરનારા તથા વૃથા અન્ન ખાઇ જનાર કૃતઘ્ન પાપબુદ્ધિવાળાના આલોક તથા પરલોક બેઉ બગડે છે, માટે હે માતા ! હું બળ તથા શક્તિનો આશ્રય કરીને, ધૃતરાષ્ટ્રના પુત્ર વાસ્તે તમારા પુત્ર સામે યુદ્ધ કરીશ એ તમારી પાસે અસત્ય બોલતો નથી. હું ક્રૂરપણા રહિત સત્પુરૂષનું વ્રત પાળું છું, માટે અર્થ આપનાર આ તમારાં વચન છે તથાપિ તેમ કરવા ઇચ્છતો નથી, તમારૂં અહિં મારી પાસે આવવું નિષ્ફળ ન થાય વાસ્તે કહું છું કે, તમે જાઓ, હું સંગ્રામમાં અર્જુન વિના યુધિષ્ઠિર, ભીમસેન, નકુળ તથા સહદેવ એ ચારને મારવા સમર્થ હઇશ તોપણ મારીશ નહીં અને અર્જુન સાથેજ યુદ્ધ કરીશ. તેમાં જો હું અર્જુનને મારીશ અથવા તે મને મારશે, તો મારો યશ થશે. હે યશસ્વિની ! જાઓ તમારા પાંચ પુત્રમાંથી ન્યૂન થશે નહી, કારણ કદી અર્જુન નાશ પામશે તો મારા સહિત પાંચ પુત્ર રહેશે અને હું નાશ પામીશ તોપણ અર્જુન સહિત પાંચ રહેશે. એવાં કર્ણનાં વચન સાંભળી દુઃખથી કંપાયમાન થયું-હતું શરીર જેનુ એવી કુંતિ, પોતાના પુત્ર કર્ણને મળી ધીરેથી કહેવા લાગી કે, હે કર્ણ ! જે રીતે તું કહે છે તેમજ થશે, એમાં સંદેહ નથી પણ તેમ થવાથી કૌરવનો ક્ષય થશે પછી તો દૈવ સર્વથી બળવાન છે. હે શત્રુને આકર્ષણ કરનાર પુત્ર કર્ણ ! ચાર ભાઇયોને તેં અભય આપ્યું, માટે તું તે તારી પ્રતિજ્ઞા ખરી રાખી સંગ્રામથી તેમનો બચાવ કરી તેમનું અનામય તથા કલ્યાણ થાય તેમ કરજે. વૈશંપાયન કહે છે-હે જનમેજય ! એવાં કુંતિનાં વચન સાંભળી ઠીક તમારા કહેવા પ્રમાણે હું કરીશ, એમ કહી કર્ણ તથા કુંતિ બેઉ જૂદેજૂદે સ્થાનકે ગયાં.

अमात्यं स्वस्ति चेति पृथायां कर्ण आसीत् ।
तां कर्णोऽथ तथेत्युक्त्वा ततस्तौ जग्मतुः पृथक् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कुंतीकर्णसमागमे गुर्वीभाषायां षट्चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४६ ॥

અધ્યાય ૧૪૭ મો. કૌરવોનું કૃષ્ણે કહેલું વૃત્તાંત.

वैशंपायन उवाच—आगत्य हस्तिनपुरादुपप्लव्यमरिंदमः ।
पांडवानां यथावृत्तं केशवः सर्वमुक्तवान् ॥ १ ॥

વૈશંપાયન કહે છે-હે જનમેજય ! શત્રુને દમન કરનાર કેશવ ભગવાને હસ્તિનાપુરથી ઉપપ્લવ્ય આવી, ત્યાં બનેલું સર્વ વૃત્તાંત પાંડવોને યથાર્થ કહી સંભળાવ્યું. એ રીતે બધું કહી, વારંવાર એ વાતના પંડવો સાથે વિચાર કરી શ્રીકૃષ્ણ ભગવાન વિસામો ખાવા વાસ્તે પોતાના ઘર પ્રત્યે ગયા. પછી શ્રીકૃષ્ણમાજ આસક્ત ચિત્તવાળા પાંચે ભાઇ પાંડવો, સૂર્ય અસ્ત થયા પછી વિરાટ પ્રમુખ સર્વ રાજાઓને મૂકી સંધ્યા વંદન કરી શ્રીકૃષ્ણને બોલાવી તેમની સાથે વિચાર કરવા લાગ્યા. પ્રથમ યુધિષ્ઠિરે કહ્યું કે, હે પુંડરીકાક્ષ ! તમે હસ્તિનાપુરમાં જઇ કૌરવોની સભામાં દુર્યોધનને શું કહ્યું તે તમારે અમને કહેવું જોઇએ. એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી વાસુદેવ ભગવાને કહ્યું કે, મે હસ્તિનાપુરમાં જઇ સભામાં ધૃત-રાષ્ટ્રના પુત્ર દુર્યોધનને સત્ય તથા હિતરૂપ વચન કહ્યાં પણ દુર્મતિવાળા તેણે તે માન્ય કર્યાં નહિ. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી યુધિષ્ઠિરે પૂછ્યું કે હે હૃષિકેશ ! જે વખતે તમારાં વાક્ય માન્ય કર્યાં નહીં, તે વખતે અવડે માર્ગે ચાલનાર ક્રોધી દુર્યોધનને કુરૂકુળમાં વૃદ્ધ ભીષ્મ, ભરદ્વાજના પુત્ર દ્રોણ, તેનાં માતાપિતા ગાંધારી અને ધૃતરાષ્ટ્ર. ધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ તથા પુત્રના શોકથી સંતપ્ત થયેલા અમારા નાના કાકા વિદુર અને સભામાં બેઠેલા રાજાઓએ શું શું વચન કહ્યા ? જે કામ તથા લોભથી પરાભવ પામેલા, પંડિત, માની તથા મંદબુદ્ધિવાળાને માનવામા આવ્યાં નહી, તે સાંભળવા હું ઇચ્છુ છું માટે તમે મને યથાર્થ કહી સંભળાવો. હે તાત ! જેમ ઘણો વખત ન જાય, તેમ જલદી કરો કારણ કે, અમારી ગતિ તથા અમારા પરમ ગુરૂ તમેજ છો. યુધિષ્ઠિરનાં વચન સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે હે રાજન્ ! કૌરવોની સભામાં ભીષ્મ દિયે દુર્યોધનને જે વાક્ય કહ્યાં તે હું તમને કહું તે સાંભળો. જ્યારે મારાં વચન સાંભળીને ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન હાસ્ય કરવા લાગ્યો ત્યારે અત્યંત ક્રોધ પામેલા ભીષ્મ પિતામહે સભામાં તેને આવી રીતે વચન કહ્યાં કે, હે રાજાઓમાં સિંહરૂપ દુર્યોધન ! કુળના બચાવ વાસ્તે હુ જે કહું તે સાંભળ અને તે પ્રમાણે ચાલી કુળનું કલ્યાણ કર. હું એક આખ્યાયિકા તને કહું તે સાંભળ-હે તાત ! લોકમાં વિખ્યાત શંતનુ નામના મારા પિતાને શ્રેષ્ઠ એવો હું માત્ર એકજ પુત્ર હતો, તેથી તેમના મનમાં એવો વિચાર આવ્યો કે, એક પુત્રવાળા પુરૂષને બુદ્ધિમાન પુરૂષ પુત્ર વગરનો કહે છે, માટે મને જેથી મારૂં કુળ નાશ ન પામે અને યશ વૃદ્ધિ પામે એવો બીજો પુત્ર કેમ ઉત્પન્ન થાય ? મારા પિતાના મનનો અભિપ્રાય જાણીને મેં કુળની વૃદ્ધિ સારૂ મારે રાજા ન થવું તથા સદૈવ બ્રહ્મચર્યવાન રહેવું એમ દુષ્કર પ્રતિજ્ઞા કરી. હું મારી માતા સત્યવતીને લઇ આવીને મે

સર્વ જ્યારે જાણે કરેલી પ્રતિજ્ઞા પાલન કરતો પ્રસન્નતામાં રહું છું, એ સર્વ તારા જાણવામાં છે. હે દુર્યોધન ! તે સત્યવતી વિષે કુરુકુળને વધારનાર મોટી ભુજવાળો, શોભાયમાન તથા ધર્માત્મા મારો કનિષ્ઠ ભ્રાત વિચિત્રવીર્ય ઉત્પન્ન થયો. પછી હે રાજેંદ્ર ! જ્યારે મારા પિતા શંતનુ સ્વર્ગવાસી થયા, ત્યારે તે, વિચિત્રવીર્ય ભ્રાતને રાજ્ય ઉપર બેસાડી, તેની પાસે દાસ થઇ નીચી પદવી ઉપર હું રહ્યો; અને રાજાના સમુદાયને જીતી ગુણે કરી તેના સરખી સ્ત્રિયોને હરણ કરી લાવ્યો, એ સર્વ વાર્ત્તા તેં બહુવાર સાંભળેલી છે. પછી જ્યારે મેં સંગ્રામમાં પરશુરામની સાથે દ્વંદ્વયુદ્ધ કર્યું, ત્યારે આ શહેરના મનુષ્યો તેમના ભયથી કુમાર વિચિત્રવીર્યને દૂર મેલી આવ્યા, પોતાની સ્ત્રિયો વિષે તે અતિ આસક્ત હતો, તેથી તેને ક્ષયરોગ લાગુ પડ્યો અને મરણ પ્રાપ્ત થયું. એ રીતે જ્યારે રાજા વગરનો દેશ થયો અને વર્ષાદ ન વરસવા લાગ્યો, ત્યારે ક્ષુધાના ભયથી પીડાયલી પ્રજા મારી પાસે આવીને આવી રીતે કહેવા લાગી કે હે શંતનુના કુળને વધારનાર ! તમારૂં કલ્યાણ થાઓ, આ અમે સર્વ પ્રજા ક્ષીણ થઇએ છીએ; માટે અમારા કલ્યાણ વાસ્તે તમે રાજા થાઓ, અને અનાવૃષ્ટયાદિ સાત પ્રકારની જે ઇતિઓ છે તેનો નાશ કરો. હે ગંગાના પુત્ર ! અત્યંત દારૂણ વ્યાધિથી તમારી આ અમે સર્વ પ્રજા પીડા પામીયે છીયે, અને નાશ પામતાં બાકી થોડીજ અવશેષ છીયે; વાસ્તે તમે અમારી રક્ષા કરવા યોગ્ય છો. હે શૂરવીર ! તમે અમારા વ્યાધિને શમાવો અને ધર્મથી અમારૂં પાલન કરો, પણ તમારા જીવતાં પ્રજા નાશ માં પામો. હે ભારત ! એવી રીતે પ્રજા કાલાવાલા કરવા લાગી, તોપણ પોતાની કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરતા તથા પોતાના રૂડા વ્રતનું સ્મરણ કરતા એવા મારૂં મન જરાપણ ક્ષોભ પામ્યું નહીં. ત્યાર પછી હે મહારાજ ! શહેરનાં મનુષ્ય, મારી માતા સત્યવતી, નોકર, પુરોહિત, આચાર્ય તથા બીજા પણ બહુશ્રુત બ્રાહ્મણ એ સર્વ એકઠા મળી અત્યંત તાપયુક્ત થઇને, મને વારંવાર કહેવા લાગ્યા કે હે મોટી મતિવાળા ભીષ્મ ! પ્રતિકૂળે રક્ષા કરેલું આ રાજ્ય તમને પ્રાપ્ત થયા વગર નાશ પામશે, વાસ્તે અમારા કલ્યાણ સારૂ તમે રાજા થાઓ. હે દુર્યોધન ! એવી રીતે સૌએ કહ્યું, તોપણ મેં તેઓની પાસે હાથ જોડી અત્યંત દુઃખયુક્ત થઇને પિતા વાસ્તે જે પ્રતિજ્ઞા કરેલી હતી, તે નિવેદન કરતાં કહ્યું કે, મેં પિતાના કુળની વૃદ્ધિ સારૂ મારે રાજા થવું નહીં તથા સદૈવ ઉર્ધ્વરેતા રહેવું એવી પ્રતિજ્ઞા લીધી છે. પછી એકાંતને વિષે મેં માતા સત્યવતીને કહ્યું કે હે માતા ! તમારે વાસ્તે મેં આ પ્રતિજ્ઞા કરેલી છે, માટે તમે રાજ્ય કરવા વિષે મને પ્રેરણા કરો માં, હું શંતનુનો પુત્ર છું તથાપિ કુરૂ વંશને વૃદ્ધિ કરનાર નથી; કારણ ઘણું કરી તમારે વાસ્તેજ કરેલી પ્રતિજ્ઞા મિથ્યા કરીશ નહિ, ને તમારો નોકર થઇ રહીશ. હે મહારાજ ! એ રીતે માતા તથા મનુષ્યોને સમજાવીને મેં માતા સહિત થઇ મહા મુનિ વ્યાસ ઋષિને પ્રસન્ન કરી ભાઇ વિચિત્રવીર્યની સ્ત્રિયોને વિષે સંતાન ઉત્પન્ન કરવા સારૂ તેમની યાચના કરી; જેથી પ્રસન્ન થયેલા તે મુનિયે સ્ત્રિયોને વિષે ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા. તેમાં તારા પિતા ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી ઇંદ્રિય હીનપણાને લીધે રાજ્ય કરવા યોગ્ય થયા નહીં. લોકમાં વિખ્યાત મહાત્મા પાંડુ તે પછી રાજા થયા હતા. માટે તેના પુત્ર પાંડવ તેના ભાગ ગ્રહણ કરનાર રાજા કહેવાય. હે તાત ! તું કલહ કર માં ને તેના રાજ્યનો અર્ધ વિભાગ તેમને આપ. મારા જીવતાં આ પૃથ્વી વિષે કયો પુરૂષ રાજ્ય કરી શકે એમ છે, તોપણ હું કૌરવ તથા પાંડવની શાંતિને ઇચ્છું છું, વાસ્તે મારૂં વચન માની, તું મારાં વચનનું અપમાન માં કર, મને તું તથા તેઓ સમાન છો. હે પાર્થિવ ! હે

પુત્ર ! તારા પિતા ધૃતરાષ્ટ્ર, માતા ગાંધારી તથા વિદુરનુ પણ મારા જેવાં જ વાક્ય છે, માટે તું અમારા સર્વના મત પ્રમાણે કર; કેમકે મનુષ્યે પોતાના વૃદ્ધોનાં વચન અવશ્ય માન્ય કરવાં જોઇએ. તું મારાં વચનમાં કંઇ પણ શંકા રાખ માં, ને જો તે રાખીશ, તો મારી દેહને, તારા આત્માને પૃથ્વીને તથા સર્વને નાશ કરીશ !

श्रोतव्यं खलु वृद्धानां नाभिशंकीर्वचो मम ।
नाशयिष्यसि मा सर्वं मात्मानं पृथिवीं तथा ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भगवद्वाक्ये गुर्जरभाषायां सप्तचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४७ ॥

અધ્યાય ૧૪૮ મો. વિષ્ટિને લગતું વૃત્તાંત.

वासुदेव उवाच—भीष्मेणोक्ते ततो द्रोणो दुर्योधनमभाषत ।
मध्ये नृपाणां भद्रं ते वचनं वचनक्षमः ॥ १ ॥

વાસુદેવ કહે છે–હે મહારાજ યુધિષ્ઠિર ! એ રીતે ભીષ્મે કહ્યા પછી વચન બોલવામાં ચતુર દ્રોણાચાર્યે, રાજાઓની મધ્યે દુર્યોધનને આવી રીતે કહ્યું કે હે તાત ! જે રીતે પ્રતીપના પુત્ર શંતનુ કુળના હિતમાં તત્પર હતા અને જે રીતે દેવવ્રત ભીષ્મ તત્પર છે, તે રીતે સત્ય પ્રતિજ્ઞાવાળા, જીતેંદ્રિય, શ્રેષ્ઠ વ્રતવાન અત્યંત સાવધાન કૌરવોના રાજા પાંડુ પણ પોતાના કુળના હિતમાં તત્પર હતા. હે દુર્યોધન ! કૌરવના વંશને વધારનાર તે રાજા પોતાના મોટા ભાઇ બુદ્ધિમાન ધૃતરાષ્ટ્રને રાજ્ય સિંહાસન ઉપર બેસારી તેમને તથા નાના ભાઇ વિદુરને રાજ્ય સોંપીને, કુંતિ તથા માદ્રિ નામની પોતાની બે સ્ત્રીઓ સહિત પોતે વનમાં ગયા હતા. ત્યારથી પુરૂષમાં સિંહરૂપ વિદુર વાળાનો પંખો કરતાં તાબેદારની પેઠે નીચે રહી તે મોટા ભાઇ ધૃતરાષ્ટ્રને સેવે છે, અને સર્વ પ્રજા પણ જે રીતે પાંડુ રાજાને વશ થઇ રહી હતી, તે જ રીતે ધૃતરાષ્ટ્રને પણ વશ થઇ રહી હતી. હે ભારત ! જ્યારે એ રીતે પારકા શહેરને જીતનાર પાંડુ રાજા, ધૃતરાષ્ટ્ર તે તથા વિદુરને રાજ્ય સોંપી સમગ્ર પૃથ્વી પ્રત્યે પોતે ફરતા હતા, ત્યારે ભંડારનુ સંરક્ષણ, યુક્તિથી મનુષ્યોને વશ કરવા, દાન આપવું, નોકરો ઉપર નજર રાખવી તથા સર્વ આશ્રિતનું પોષણ કરવું ઇત્યાદિ સર્વ કામ સત્ય પ્રતિજ્ઞાવાળા નીતિમાન વિદુર કરતા હતા; અને માતા સત્યવતી તથા રાજાઓના સંધિવિગ્રહને જાણનાર ભીષ્મ ઉપર નજર રાખતા હતા. હે જનાધિપ ! એ રીતે પાંડુ રાજાનું રાજ્ય તારા પિતાને પ્રાપ્ત થયું છે, માટે તેમના કુળમાં ઉત્પન્ન થયેલો તું કુળમાં ભેદ કરવાનો નિશ્ચય કર માં, અને ભાઇયો સાથે એક થઇ રાજ્ય ભોગ ભોગવ. હે રાજસત્તમ ! આ હું તને જે કંઇ કહું છુ, તે કંઇ યુદ્ધના ભયથી તથા ધનના લોભથી કહેતો નથી. હું ભીષ્મે આપેલું કંઇ પણ ગ્રહણ કરવા ઇચ્છું છું, પણ તારૂં આપેલું લેવા કરવા ઇચ્છતો નથી. તેમ તારી પાસેથી પોતાની જીવિકાના ઉપાયની પણ આકાંક્ષા રાખતો નથી. હે જનાધિપ ! જ્યાં ભીષ્મ, ત્યાંજ દ્રોણ, માટે જે પ્રમાણે ભીષ્મ કહે છે તે પ્રમાણે તું કર. હે શત્રુને આકર્ષણ કરનાર ! પાંડુ રાજાના પુત્રોને અર્ધ રાજ્ય આપ. પીને મારે તેમનું તથા તારૂં આચાર્યપણું કરવું નથી, અને તમે બેઉ સમાન જ એ વાસ્તે હું

[illegible] કહું [illegible]ન તથા તેના જેવો મારો પુત્ર અશ્વત્થામા એ બેઉ મને સરખા છે. હે રાજન્ ! મારે તારી પાસે વૃથા ઘણું બોલવું તેનું કંઇ પ્રયોજન ! પરંતુ જ્યાં ધર્મ ત્યાંજ [illegible] થાય છે. વાસુદેવ કહે છે—હે મહારાજ ! એ પ્રમાણે મહા તેજસ્વી દ્રોણાચાર્યે કહ્યું ત્યાર પછી સત્ય પ્રતિજ્ઞાવાળા તથા ધર્મજ્ઞ વિદુર પાછા ફરી ભીષ્મની સામું જોઇ તેને કહેવા લાગ્યા કે, હે દેવવ્રત ભીષ્મ ! હું વચન કહું તે સાંભળો. પૂર્વે તમે નાશ પામેલા કૌરવના દેશનો ઉદ્ધાર કર્યો છે, ને હમણાં હું તેના હિત માટે વારંવાર કહ્યા કરૂં છું, તો પણ સાંભળતા નથી. તમે જેની બુદ્ધિને અનુસરો છો, તે દુર્યોધન આપણા કુળમાં કુળને ફોગટ બગાડનાર માત્ર છે. દુષ્ટ, કૃતઘ્ન તથા લોભીષ્ટ ચિત્તવાળો તે ધર્મ તથા અર્થ બતાવનાર પોતાના પિતાની આજ્ઞાને પણ માન આપતો નથી. જેના કૃત્યથી આ સર્વ કૌરવ નાશ પામશે, માટે તમે જે રીતે નાશ ન પામે તે રીતે કરો. હે મહામતિમાન ! તમે મને તથા ધૃતરાષ્ટ્રને તો, જેમ ચિત્રકાર ચિત્ર લખી ભીંતાદિ સ્થાન ઉપર ચોડી મૂકે, તેમ પૂર્વથી રાખ્યા છે, અને જેમ બ્રહ્મા પ્રજાને ઉત્પન્ન કરી પાછો તેનો સંહાર કરે, તેમ કુળને વધારી તેનો નાશ કરવા ઇચ્છો છો, પણ તેમ ન કરો. હે ભીષ્મ ! તમારો કંઇજ વાંક નથી. સર્વનો વિનાશ પાસે આવ્યો છે; જેથી તમારી પણ બુદ્ધિ નષ્ટ થઇ ગઇ છે. હે રાજાઓમાં સિંહરૂપ ! જોઇયે તો તમે મને તથા ધૃતરાષ્ટ્રને સગાથે લઇ વનમા ચાલી નીકળો, અથવા છેતરનાર તથા પાપબુદ્ધિવાળા દુર્યોધનને બાંધી મૂકીને, પાંડવોએ રક્ષણ કરેલા આ રાજ્યના ઉપરીપણામાં રહી શિક્ષા કરો. હે ભીષ્મ ! તમે પ્રસન્ન થાઓ ને મારા કહ્યા પ્રમાણે કરો, કારણ અનાથ પાંડવ, કૌરવ તથા રાજાઓનો મોટો વિનાશ મને પાસે આવ્યો દેખાય છે.

શ્રીકૃષ્ણ કહે છે—હે મહારાજ ! એ પ્રમાણે સદૈવ બોલનાર વિદુર આવાં વચન કહી વારંવાર નિશ્વાસ મૂકી દીન થઇ બોલવાથી બંધ થઇ ગયા, ત્યાર પછી કુળના નાશથી ભય પામેલી સુબળ રાજાની પુત્રી ગાંધારી, ક્રૂર તથા પાપ બુદ્ધિવાળા પોતાના પુત્ર દુર્યોધનને ક્રોધથી રાજાઓની સમક્ષ ધર્માર્થ યુક્ત વચન કહેવા લાગી કે—હે પુત્ર ! આ રાજસભામા આવેલા રાજાઓ, બ્રહ્મર્ષિયો, તારા અમાત્ય તથા નોકર સહિત તું પાપરૂપ તારો અપરાધ હું કહું, તે સાંભળ. હે ક્રૂર કર્મ કરનાર પાપબુદ્ધિવાળા દુર્યોધન ! કૌરવોનું રાજ્ય ક્રમથી ઉત્તરોત્તર એક બીજાના પુત્રોએ ભોગવવા યોગ્ય છે, ને એજ આપણા કુળનો ધર્મ છે; જેને અન્યાયથી તું નાશ પમાડે છે. હે દુર્યોધન ! રાજ્ય ઉપર બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર વિરાજે છે, અને તેમના નાના ભાઇ મારા દીયર વિદુરજી વિદ્યમાન છે, તેમને અતિક્રમણ કરીને તું મોહથી રાજાપણાને કેમ ઇચ્છે છે. જો કે ધૃતરાષ્ટ્ર રાજા તથા વિદુરજી એ બેઉજણ મોટા પ્રભાવવાળા છે, તોપણ વિદ્યમાન ભીષ્મને આધીન થઇ રહે છે. આ મનુષ્યમાં શ્રેષ્ઠ તથા મહાત્મા ગંગાપુત્ર ભીષ્મ ધર્મજ્ઞ છે, તેથી રાજ્યની કામના રાખતા નથી અને કોઇથી સહન ન થાય એવું પાંડુ રાજાનું રાજ્ય ચલાવે છે, માટે હાલ તેમના પુત્ર પાંડવો તેના અધિપતિ થવા જોઇયે બીજાથી થવાય નહી. પિતામહનું સર્વ રાજ્ય પુત્ર પછી પૌત્રને પ્રાપ્ત થવું જોઇયે, માટે સૌ પાંડવોનુંજ છે. હે દુર્યોધન ! કુરૂકુળમાં મુખ્ય, સત્ય પ્રતિજ્ઞાવાળા, બુદ્ધિમાન તથા મહાત્મા ભીષ્મ જે વચન કહે છે, તેને ઉલ્લંઘન કર્યા વગર ધર્મથી ચાલનાર આપણે રાજ્ય કરવું એ યોગ્ય છે. મોટા મનવાળા ભીષ્મની આજ્ઞાથી આ વિદુરજી પણ, તેમના કહેવા પ્રમાણેજ કરે છે, કારણ સ્નેહિઓએ પોતાના હેતુને કર્તવ્યને વિષે ધર્મપુરઃસર કહેવું જોઇયે.

માટે ન્યાયથી પ્રાપ્ત થયેલા આ કૌરવના રાજ્યની રક્ષા, ધૃતરાષ્ટ્ર રાજા તથા શાંતનુના પુત્ર ભીષ્મના કહેવાથી ધર્મપુત્ર યુધિષ્ઠિર કરો.

न्यायागतं राज्यमिदं कुरूणां युधिष्ठिरः शास्तु वै धर्मपुत्रः ।
प्रचोदितो धृतराष्ट्रेण राज्ञा पुरस्कृतः शांतनवेन चैव ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि श्रीगांधारीवाक्ये गुर्जरभाषायामष्टचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४८ ॥

અધ્યાય ૧૪૯ મો. ધૃતરાષ્ટ્રે દીધેલી શિખ.

वासुदेव उवाच—एवं मुक्ते तु गांधार्या धृतराष्ट्रो जनेश्वरः ।
दुर्योधनमुवाचेदं राजमध्ये जनाधिप ॥ १ ॥

વાસુદેવ કહે છે—હે જનાધિપ યુધિષ્ઠિર! એ પ્રમાણે ગાંધારીએ કહ્યા પછી રાજાઓના મધ્યમાં ધૃતરાષ્ટ્ર રાજા, દુર્યોધનને આવી રીતે કહેવા લાગ્યા કે, હે પુત્ર દુર્યોધન! તારૂં કલ્યાણ થાઓ, અને હું જે તને કહું, તે તું સાંભળી પિતા એવા મને વડિલ માનતો—માનતો હોય તો મારા કહેવા પ્રમાણે કર. હે દુર્યોધન! હું તને એક આખ્યાયિકા કહું તે તું સાંભળ. પૂર્વે કૌરવના યશને વધારનાર પ્રજાપતિ ચંદ્રથી છઠ્ઠો પુરૂષ નહુષનો પુત્ર યયાતિ રાજા હતો. યયાતિને દેવયાની તથા શર્મિષ્ઠા નામની બે સ્ત્રીથી શ્રેષ્ઠ પાંચ પુત્ર થયા, જેઓમાં મોટા મહા તેજસ્વી તથા સમર્થ યદુ અને નાના આપણા વંશને વધારનાર પુરૂ હતા. તેમાં ઘણા તેજવાળા શુક્રાચાર્યનો દૌહિત્ર, યાદવના કુળને વધારનાર, પરાક્રમ વિષે ઘણો સંમત ગર્વથી ભરેલો તથા અત્યંત મંદબુદ્ધિવાળો યદુ નામે પુત્ર ક્ષત્રિયોનું અપમાન કરવા લાગ્યો. અને બળના ગર્વથી મોહિત હોવાને લીધે પિતાની આજ્ઞામાં પણ રહ્યો નહીં. પિતા તથા ભાઈયોનું અપમાન કરવા લાગ્યો. પછી સમુદ્ર પર્યંત સર્વ પૃથ્વીને વિષે મહા બળવાન યદુ, સર્વ રાજાઓને વશ કરી હસ્તિનાપુરમાં રહેતો હતો, તેના ઉપર મહા ક્રોધ પામેલા નહુષના પુત્ર યયાતિ રાજાએ તેને શાપ આપી રાજ્યથી ભ્રષ્ટ કર્યો; અને તેને અનુસરી રહેલા, બળવાન તથા ગર્વિષ્ટ પોતાના નાના પુત્રોને પણ શાપ આપી પોતાને વશ એવા પુરૂ નામના કનિષ્ટ પુત્રને રાજ્યનો અભિષેક કર્યો. હે દુર્યોધન! એ પ્રમાણે જો મોટો પુત્ર ગર્વિષ્ટ હોય, તો તેને રાજ્ય મળતું નથી, ને નાનો પુત્ર વૃદ્ધોની સેવા કરતો હોય તો, તેને રાજ્ય મળે છે. વળી સર્વ ધર્મ જાણનાર, ધર્મે કરી પૃથ્વીનું પાલન કરનાર તથા ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવા મારા પિતાના પિતામહ પ્રતિપને દેવતા સરખા મોટા યશવાળા ત્રણ પુત્ર થયા. જેમાં દેવાપિ સર્વથી મોટો, બાહ્લિક વચલો તથા શાંતનુ નાનો હતો. હવે પરસ્પર સ્નેહવાન, સાથે રહેનાર તથા મહાત્મા તે ત્રણ પ્રતિપના પુત્રમાં મોટો તેજસ્વી, ક્ષત્રિયમાં શ્રેષ્ઠ, ધર્મિષ્ઠ, સત્યવાદી, પોતાના પિતાની સેવા કરનાર, શહેર તથા દેશની પ્રજાને પ્રિય, સાધુ પુરૂષોને માન્ય, બાળક તથા વૃદ્ધોના હૃદયમાં રહેનાર, વદાન્ય, સર્વ ભૂત પ્રાણીના હિતમાં કુશળ, પોતાના પિતા તથા બ્રાહ્મણોની આજ્ઞામાં રહેનાર તથા બાહ્લિક તથા મહાત્મા શાંતનુને પ્રિય જ્યેષ્ઠ ભાઈ દેવાપિ કુષ્ટવાન હતો. પછી જ્યારે રાજાઓમાં શ્રેષ્ઠ મહા સમર્થ પ્રતિપ અવસ્થાએ કરી વૃદ્ધ થયા, ત્યારે તેમણે પોતાના પુત્ર દેવા-

તેને રાજ્યાભિષેક કરવા સારૂ શાસ્ત્ર પ્રમાણે સર્વ સાહિત્ય તૈયાર કરાવ્યાં તથા તેના કલ્યાણ આદિ સ્વસ્તિવાચનાદિ કાર્ય પણ કરાવ્યાં. તે વેળા પુર તથા દેશની પ્રજા સહિત સર્વ બ્રાહ્મણોએ પ્રતિપની પાસે આવી દેવાપિના અભિષેકનું નિવારણ કર્યું. તે સાંભળીને પ્રતિપ રાજાને મોટો ખેદ થવાથી નેત્રમાં અશ્રુ પ્રાપ્ત થયાં, ને તે પોતાના પુત્ર દેવાપિનોજ શોક કરવા લાગ્યા. હે દુર્યોધન ! એ પ્રમાણે દેવાપિ વદાન્ય, ધર્મજ્ઞ, સત્યવાદી તથા સર્વ પ્રજાને પ્રિય હતો, પણ કુષ્ટને લીધે રાજ્યાભિષેક થવાથી રહિત થયો. હે દુર્યોધન ! હીન અંગવાળા રાજાને દેવતાઓ માન્ય કરતા નથી, માટે બ્રાહ્મણોએ રાજાઓમાં શ્રેષ્ઠ પ્રતિપને, દેવાપિને રાજ્યાભિષેક કરવાથી અટકાવ્યા. મહા ખેદયુક્ત થયેલા, પોતાના પુત્રનોજ શોચ કરતા તથા બ્રાહ્મણોએ નિવારણ કરેલા પોતાના પિતાને જોઇને, દેવાપિ વનમાં ચાલી નિકળ્યો. પછી પ્રતિપનો બાહ્લિક નામનો વચલો પુત્ર, પોતાના પ્રતાપી પિતા, ભાઇઓ તથા પિતાના રાજ્યનો ત્યાગ કરીને, મામાના સમૃદ્ધિવાન રાજ્યનો આશ્રય કરી રહ્યો. પછી જ્યારે પોતાના પિતા પ્રતિપ મૃત્યુ પામ્યા, ત્યારે શંતનુ બાહ્લિકની રજા લઇને રાજ્ય કરવા લાગ્યો. હે ભારત ! જેમ દેવાપિ કુષ્ટવાન હતો, તેથી તેને રાજ્ય મળ્યું નહી, તેમ મહા બુદ્ધિવાન પાંડુએ જ્યેષ્ઠ ભાઇ હીન અંગવાન મને જાણીને, રાજ્યથી ભ્રષ્ટ કર્યો; ને પોતે નાનો હતો પણ રાજ્યને પામ્યો. હે શત્રુને દમન કરનાર ! તેનો નાશ થયા પછી તેનું રાજ્ય પાંડવોને મળવું જોઇયે. આ મારૂં રાજ્ય નથી, ને તું તેની ઇચ્છા શા માટે કરે છે ? તું રાજાનો પુત્ર નથી તથા રાજ્યનો સ્વામિ પણ નથી, ને શું પારકા રાજ્યરૂપ દ્રવ્યને હરણ કરવા ઇચ્છે છે ? મહાત્મા તથા મોટા મહિમાવાળા યુધિષ્ઠિર રાજપુત્ર છે, માટે સર્વ રાજ્ય તેનુંજ હોવું જોઇએ; કેમકે તે આ ભરત કુળનું પાળણ કરનાર તથા શિક્ષા કરનાર છે. વળી સત્યવાદી, ગાફલતા રહિત, શાસ્ત્ર પ્રમાણે ચાલનાર, બંધુ જનને તથા પ્રજાને પ્રિય, સ્નેહી ઉપર દયાવાન, જીતેંદ્રિય અને સાધુજનનું પોષણ કરનાર યુધિષ્ઠિરને વિષે ક્ષમા, તિતિક્ષા, આર્જવ, સત્યવ્રતપણું, શાસ્ત્રનું જ્ઞાન, સાવધાનપણું, સર્વ ભૂત ઉપર દયા તથા શિક્ષા આદિ સમસ્ત રાજ્ય ગુણ રહ્યા છે. હે દુર્વિનીત ! રાજાનો પુત્ર નહી એવો, ખરાબ આચરણવાળો, લોભી તથા સદૈવ બાંધવો વિષે પાપ બુદ્ધિવાળો તું ક્રમેકરી પ્રાપ્ત થયેલા પાંડવોના રાજ્યને હરણ કરવા સમર્થ થઇશ નહી. હે નરેંદ્ર ! તું મોહનો ત્યાગ કરીને વાહન તથા સાહિત્ય સહિત અર્ધ રાજ્ય પાંડવોને આપ ને બાકીનું રાજ્ય ભાઇઓ સહિત તને જીવવા માટે રહેશે.

प्रयच्छ राज्यार्धमपेत मोहः सवाहनं त्वं सपरिच्छदं च ।
ततोवशेषं तव जीवितस्य सहानुजस्यैव भवेन्नरेंद्र ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि धृतराष्ट्रवाक्यकथने गुर्जरभाषायामेकोनपंचाशदधिकशततमोऽध्यायः ॥ १४९ ॥

અધ્યાય ૧૫૦ મો. પાંચ ગામ આપવાની પણ ના.

वासुदेव उवाच—एवमुक्ते तु भीष्मेण द्रोणेन विदुरेण च ।
गांधार्या धृतराष्ट्रेण वै मंदोन्वबुध्यत ॥ १ ॥

વાસુદેવ કહે છે—હે યુધિષ્ઠિર ! એ પ્રમાણે ભીષ્મ, દ્રોણ, વિદુર, ગાંધારી તથા ધૃત-

સ્પષ્ટ કહ્યું તોપણ મૂર્ખ એવો દુર્યોધન કંઈ સમજ્યો નહીં, ને ક્રોધથી લાલ નેત્રવાન થઈ સર્વને તરછોડી ત્યાંથી ઉઠી જવા લાગ્યો, ત્યારે તેની પાછળ સભામાંના સર્વ રાજાઓ જવા લાગ્યા. તે સમયે દુર્યોધને દુર્નિષ્ટ ચિત્તવાળા તે રાજાઓને, આજ પુષ્ય નક્ષત્ર છે, માટે તમે કુરૂક્ષેત્રમાં જાઓ એવી આજ્ઞા કરી. તે સાંભળી કાળે પ્રેરણા કરેલા સૈનિક સહિત તે રાજાઓ ભીષ્મને સેનાપતિ કરી પ્રસન્ન થઈ કુરૂક્ષેત્ર ગયા. તે સમયે તૈયાર થયેલી કૌરવની અગિયાર અક્ષૌહિણી સેનાના મોખરામાં તાલવૃક્ષના ચિન્હવાળી ધ્વજાવાળા ભીષ્મ શોભતા હતા. હે રાજન્! આ વખતે તમારે જે કરવું યોગ્ય હોય, તે હવે તમો કરો. ભીષ્મ, દ્રોણ, વિદુર, ગાંધારી તથા ધૃતરાષ્ટ્ર મારી સમક્ષ કૌરવની સભામાં જે જે વચન બોલ્યા, તે તે મેં તમોને કહી સંભળાવ્યાં. હે રાજન્! પરસ્પર ભાઈયોમાં સ્નેહ રહે તો ઠીક, એમ જાણીને મેં પ્રજાની વૃદ્ધિ વાસ્તે દુર્યોધનને સામથી સમજાવ્યો. પછી કર્ણ સાથે વાત કરીને મે ભેદ પણ દર્શાવ્યો; તે વિષે દેવ તથા મનુષ્યોનાં કરેલાં કર્મ પણ કહી બતાવ્યાં. તોપણ જ્યારે દુર્યોધને સામપૂર્વક મારા વચનનો અનાદર કર્યો, ત્યારે મેં સર્વ રાજાઓને ત્યાં બોલાવી ભેદ પમાડયા. પછી હે ભારત! હે સમર્થ! તે સર્વ રાજાઓનો તિરસ્કાર કરી દુર્યોધનને તૃણ તુલ્ય કરીને મેં, શકુનિ તથા કર્ણ જે રીતે ભય પામે તે રીતે આશ્ચર્યરૂપ, ભયંકર તથા દારૂણ એવાં અમાનુષ મારા કર્મ દેખાડયાં ને દ્યૂત નિમિત્તથી ધૃતરાષ્ટ્રના પુત્રની નિંદા પણ કરી. પછી મેં કુરૂવંશમાં ભેદ ન થાય તે સારૂ તે માટે ફરીથી સામપુરઃસર ભાષણ કરી, પાંચ ગામ માત્રનો સ્વીકાર કરી, સમગ્ર રાજ્યના અર્પણરૂપ દાન પણ કહી દેખાડયું, જે શૂરવીર પાંડવો પોતાનું માન મૂકી દઈ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા વિદુરની નીચે રહીને સર્વ રાજ્ય તને આપવા તૈયાર છે. માટે તને જે રીતે ગંગાપુત્ર ભીષ્મ તથા વિદુર તારા હિતની વાત કહે તે સર્વ રાજ્ય તારૂં થાઓ, અને તું માત્ર પાંચ ગામડાં પાંડવોને આપ. તારા પિતા ધૃતરાષ્ટ્રે જરૂર તેમનું પોષણ કરવું યોગ્ય છે. મેં એ રીતે ત્રીજો ઉપાય સમસ્ત રાજ્યના દાનરૂપી કહી દેખાડ્યો, તોપણ દુષ્ટબુદ્ધિવાળા દુર્યોધને પાંચ ગામ પણ આપવાં કબૂલ કર્યા નહીં, માટે તે પાપિષ્ટને વિષે તો ચોથો ઉપાય દંડજ હું દેખું છું. જે રાજાઓ દુર્યોધનની આજ્ઞાથી કુરૂક્ષેત્રમાં ગયા છે, તે કેવળ પોતાના નાશ વાસ્તેજ ગયા છે એમ હું માનું છું. હે રાજન્! કૌરવની સભામાં બનેલું સર્વ વૃત્તાંત આ રીતે મેં તમોને કહી સંભળાવ્યું. હે યુધિષ્ઠિર! કૌરવો યુદ્ધ વિના રાજ્ય તમોને આપશે નહીં, કારણ તેમનું મરણ નજીક આવેલું છે તથા સર્વના નાશનો હેતુ પણ કેવળ દુર્યોધનજ છે.

न ते राज्यं प्रयच्छंति विना युद्धेन पांडव।
विनाशहेतवः सर्वे प्रत्युपस्थित मृत्यवः॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कृष्णवाक्ये गुर्जरभाषायां पंचाशदधिकशततमोऽध्यायः ॥ १५० ॥

અધ્યાય ૧૫૧ મો. યુદ્ધની તૈયારી.

वैशंपायन उवाच—जनार्दनवचः श्रुत्वा धर्मराजो युधिष्ठिरः।
भ्रातॄनुवाच धर्मात्मा समक्षं केशवस्य ह॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે જનાર્દન શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ધર્માત્મા યુધિષ્ઠિર, ભગવાનની સમક્ષ પોતાના સર્વ ભાઇયોને કહેવા લાગ્યા કે, હે મનુષ્યમાં અત્યંત શ્રેષ્ઠ ભાઇયો! કૌરવની સભામાં બનેલું વૃત્તાંત તમે સાંભળ્યું, તેમ શ્રીકૃષ્ણનાં સર્વ વાકય તમારા સમજવામાં પણ આવ્યાં હશે. હવે મારા જય વાસ્તે સાત અક્ષૌહિણી સેના એકઠી થઇ છે તેમનો તમે વિભાગ કરો ને તે અક્ષૌહિણીને સાચવનાર સાત યોદ્ધાઓ હું તમોને કહું તે સાંભળો. વેદને જાણનાર શૂરવીર, યુદ્ધમાં શરીરનો ત્યાગ કરનાર, શ્રેષ્ઠ વ્રતવાન, લજ્જાવાન, નીતિમાન, યુદ્ધમાં ચતુર, ધનુષ ધારણ કરવામાં કુશળ તથા સર્વ અસ્ત્રથી યુદ્ધ કરનાર દ્રુપદ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, સાત્યકિ ચેકિતાન તથા પરાક્રમી ભીમસેન એ સાત જણા છે. હે પુરૂષમાં સિંહરૂપ! જે અતિ બળવાન, સેનાના વિભાગ કરી જાણનાર, બાણરૂપી જ્વાળાવાન, ભીષ્મરૂપી અગ્નિને રણસંગ્રામમાં સહન કરી શકે એવા સેનાપતિ કરવા યોગ્ય હોય તે તમો મને કહો. એવાં ધર્મરાજનાં વચન સાંભળી પ્રથમ સહદેવ પાંડવે કહ્યું કે–હે રાજન્! જે આપણા સંબંધી, આપણા દુ:ખમાં ભાગ લેનાર, પરાક્રમી, યુદ્ધમાં દુર્મદ, અસ્ત્ર શીખેલા, બળવાન તથા જે ધર્મજ્ઞના આશ્રયથી આપણે પોતાના રાજ્ય વિભાગને ગ્રહણ કરવા તૈયાર થયા છીયે એવા મત્સ્ય દેશના અધિપતિ વિરાટ રાજા, ભીષ્મ તથા બીજા મહારથિયોને સંગ્રામમાં સહન કરી શકશે, એમ ભાસે છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે સહદેવે કહ્યા પછી નકુળ પાંડવે આવી રીતે વચન કહ્યાં કે, અવસ્થા, શાસ્ત્ર, ધૈર્ય, કુળ તથા સ્વજનના સમૂહે કરી સંપન્ન, લજ્જાવાન, બળયુક્ત, લક્ષ્મીવાન, સર્વ શાસ્ત્રમાં ચતુર, ભરદ્વાજ પાસેથી અસ્ત્રવિદ્યા શિખેલ, અસહ્ય પરાક્રમી સત્ય પ્રતિજ્ઞાવાળા દ્રોણ તથા મહા બળવાન ભીષ્મની નિરંતર સ્પર્દ્ધા રાખનાર, હજારો શાખાવાળા વૃક્ષની પેઠે પુત્ર તથા પૌત્રથી વિંટાયલા, જેણે દ્રોણને નાશ કરવા સારૂ સ્ત્રી સહિત ભયંકર તપ કર્યું હતુ એવા, સંગ્રામમા શોભાયમાન, આપણને પિતાની પેઠે સાંત્વન કરનાર, દિવ્યાસ્ત્ર જાણનાર તથા દ્રોણના સખા એવા આપણા શ્વશુર દ્રુપદ રાજા સર્વ સેનાના પતિ થવા યોગ્ય છે, એમ મારા વિચારમાં પણ આવે છે; કારણ સામે આવેલા દ્રોણ તથા ભીષ્મને એ સહન કરી શકશે એમ હું માનું છું. વૈશપાયન કહે છે—હે જનમેજય! એ રીતે માદ્રીના પુત્ર સહદેવ તથા નકુળે પોતાનો મત કહી દેખાડયો તે પછી કુરૂકુળને આનંદ આપનાર, ઇંદ્રના પુત્ર તથા તેના સરખા અર્જુને વળી કહ્યું કે, જે આ તપના પ્રભાનથી તથા ઋષિને સંતુષ્ટ કરવાથી જ્વાળા સરખા વર્ણવાળા, મોટા ભુજવાળા, ધનુષ્માન, કવચ તથા ખડ્ગ ધારણ કરનાર, દિવ્ય અશ્વ જોડેલા રથમાં બેસી સિંહ સરખી ગર્જના કરનાર, સિંહ સરખા ખભા, ભુજ તથા વક્ષસ્થળવાળા, મહા તેજસ્વી, મદઝરતા હસ્તિની પેઠે સર્વ શસ્ત્રથી અભેદ્ય, શરીરથી શોભિત, દિવ્યરૂપ અગ્નિના કુંડમાંથી ઉત્પન્ન થયેલા, શ્રેષ્ઠ ભૃકુટી, દાઢ, દાઢી મુખ, ભુજ, તથા શત્રુવાળા, દ્રોણના નાશ વાસ્તે ઉત્પન્ન થયેલા, સત્યવાદી, જીતેંદ્રિય અને જલદી બાણ ફેંકનાર ધૃષ્ટદ્યુમ્નને હું સર્વ સેનાના અધિપતિપણા વિષે યોગ્ય માનું છું. કારણ તે વિના બીજો કોઇ પણ વજ્ર સરખા સ્પર્શવાળા, પ્રદીપ્ત મુખવાળા, સર્પની પેઠે વિષ યુક્ત, વેગ વિષે યમદૂત સરખા તથા પ્રાપ્ત થવા વખતે અગ્નિ સરખા ભીષ્મના બાણને સહન કરી શકે એવા નથી એ રીતે અર્જુન બોલી રહ્યા પછી ભીમસેન બોલ્યા કે-હે રાજેંદ્ર! દ્રુપદનો પુત્ર શિખંડિ ભીષ્મ પિતાના વધ વાસ્તે ઉત્પન્ન થયો છે અને સંગ્રામના મધ્યમાં અસ્ત્ર ફેંકવા વખતે જેનું રૂપ મહાત્મા રામના

સરખું પુરુષો દેખશે, એમ આવેલા સિદ્ધ તથા ઋષિયો કહે છે માટે કવચ પહેરી રથમાં બેઠેલા સંગ્રામમાં શસ્ત્રથી ભેદ કરનાર કોઇને પણ હું દેખતો નથી. વળી મોટા વ્રતવાળા ભીષ્મને રથ યુદ્ધમાં શૂરવીર શિખંડિ વિના બીજો કોઇ પણ મારે એવો પણ હું જોતો નથી. તે જ મારી સેનાનો પતિ થાય એમ મારી મતિ છે. મારે ભાઇયોનાં વચન સાંભળી યુધિષ્ઠિર કહેવા લાગ્યા કે હે તાત! ધર્માત્મા કેશવ ભગવાન સર્વ જગતના સારાસાર, બળાબળ તથા સર્વના મતને જાણે છે. આપણા વિજય, પરાજય, પ્રાણ, રાજ્ય, ઉદય, અનુદય, સુખ તથા દુઃખ ઇત્યાદિ સર્વ જેમને આધીન છે એવા, સર્વ કાર્ય કરનાર, નિયમમાં રાખનાર અને સર્વ સિદ્ધિ જેને આધીન છે એવા દાશાર્હ કુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ, જેને સેનાપતિ કરવાની સલાહ આપે, તે જ આપણી સેનાના અધિપતિ થાઓ. હે ભીમસેન! બોલનારાઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ કહે તે પ્રમાણે સેનાપતિ કરીને તેને વશ વરતનારા આપણે, હાલ રાત્રિ છે તે વ્યતીત થયા પછી સવારના ગંધોદકથી શસ્ત્રોનું પૂજન કરી રક્ષા બંધન તથા સ્વસ્તિવાચન કરી રણાંગણ પ્રત્યે જઇશું.

વૈશંપાયન કહે છે–હે જનમેજય! બુદ્ધિમાન ધર્મરાજનાં વચન સાંભળી કમળ સરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણ, અર્જુનની સામે જોઇ આવી રીતે કહેવા લાગ્યા કે હે મહાબાહો! તમે જે સિંહ સરખા યોદ્ધા કહ્યા, તે સર્વ તમારી સેનાના પતિ થવા યોગ્ય છે; માટે તમારા વચનને હું માન્ય કરૂં છું. તે સર્વ યોદ્ધાઓ તમારા શત્રુને બાધ કરવાને સમર્થ છે; કારણ મહા સંગ્રામમાં ઇંદ્રને પણ ભય ઉત્પન્ન કરે એવા છે ત્યારે પાપિષ્ટ બુદ્ધિવાળા લોભી ધૃતરાષ્ટ્રના પુત્રને ભય ઉત્પન્ન કરે એમાં શું કહેવું? હે ભારત! મેં તમારા પ્રિય વાસ્ને શાંતિ થાય તો ઠીક એમ જાણી કૌરવની સભામાં ઘણો યત્ન કર્યો, પણ તેમ થયું નહીં માટે જરૂર હવે આપણે ધર્મના ઋણથી મુક્ત થયા છીયે ને સમજાવવાની ઇચ્છાવાળા કોઇ પુરૂષને પણ આપણા વિષે કંઇ કહેવાપણું રહ્યું નથી. નજીક જેનું મરણ આવેલું છે એવો તથા બાળક બુદ્ધિવાળો ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન પોતાને અસ્ત્રવિદ્યામાં કુશળ તથા બલિષ્ટ માને છે, માટે તમે સારી રીતે પોતાની સેનાની યોજના કરો; કારણ માર્યા વગર તે સાધ્ય થવાનો નથી. પુત્ર અર્જુન, કોપેલા ભીમસેન, યમની જેને ઉપમા અપાય એવા નકુળ તથા સહદેવ, સાત્યકિ, ક્રોધ પામેલા ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ, દ્રૌપદીના પુત્ર, વિરાટ, દ્રુપદ તથા અક્ષૌહિણીના પતિ એવા બીજા ભયંકર પરાક્રમવાળા રાજાઓને જોઇને શત્રુઓ સંગ્રામમાં સામા ઉભા રહેવાને પણ સમર્થ થશે નહીં. હે શત્રુને દમન કરનાર યુધિષ્ઠિર! આપણું સૈન્ય કોઇથી પણ પરાભવ પામે તથા સહન થાય એવું નથી, કારણ અત્યંત બલિષ્ટ છે; માટે સંગ્રામમાં ધૃતરાષ્ટ્ર પુત્રના સૈન્યને હણશે એમાં સંશય નથી. હે પાંડવ! આપણે સેનાપતિ કરવા લાયક ધૃષ્ટદ્યુમ્ન છે, એમ હું માનું છું.

વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે શ્રીકૃષ્ણે વચન કહ્યાં તે વખતે શ્રેષ્ઠ પુરુષોએ અત્યંત પ્રસન્ન થઇ યુદ્ધ વાસ્તે 'તૈયાર થાઓ, તૈયાર થાઓ' એ રીતે મોટો શબ્દ કર્યો. તે વેળા સૈન્યમાંના જલદી દોડતા અશ્વ, હસ્તિ તથા રથનેમિના અને મોટા શંખ તથા દુંદુભિના શબ્દ ચોતરફથી થવા લાગ્યા. તે સમયે રથ, હસ્તિ તથા પાયદળથી ભયંકર, મોટી લેહેરથી ક્ષોભ પામેલા સમુદ્રની પેઠે ઉગ્ર, દોડતા, પરસ્પર બોલાવતા, કવચ બાંધતા, જવાને તૈયાર થયેલા યોદ્ધાઓવાળી અને કોઇથી સહન થાય નહીં એવી

પાંડવની સેના પુર આવેલી ગંગા સમાન જોવામાં આવતી હતી. તે સમયે ભીમસેન, કવચ પહેરેલા માદ્રી પુત્ર નકુળ તથા સહદેવ, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, દ્રૌપદીના પાંચ પુત્રો, પ્રબળ સોમકમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, પ્રભદ્રક અને પંચાલ દેશના બીજા યોદ્ધાઓ, એ સર્વ સેનાના અગ્રભાગને વિષે શોભતા હતા. તે વખતે યુદ્ધ કરવા જતા તથા પ્રસન્ન થયેલા યોદ્ધાઓનો, પર્વણિ વિષે સમુદ્રનો જેવો શબ્દ થાય, તેવો ઘોંઘાટ સ્વર્ગને પહોચે એવો તુમુલ થઇ રહ્યો. પારકા સૈન્યને વિદારણ કરનાર, કવચ પહેરેલા તથા અત્યંત પ્રસન્ન મનવાળા કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજા, યોદ્ધાઓના મધ્યમા શોભતા હતા. જે વેળા ગાડાં, વ્યાપારી, તંબુ, રથાદિ વાહન, દ્રવ્યના ભંડાર, અનેક તોપ, શસ્ત્રવૈદ્ય, થોડાં ઘણાં દુર્બળ બાકીનાં સૈન્ય, તથા નોકરોને સાથે લઇ યુધિષ્ઠિર રાજા રણમા જવા લાગ્યા, તે વેળા એ સત્ય બોલનાર સ્ત્રિયોથી વિંટાયલી દ્રૌપદી, થોડે સુધી તેમની પાછળ જઇ, પાછી પોતાના દાસ તથા દાસીજન સહિત ઉપપ્લવ્ય નામના પોતાના સ્થાન પ્રત્યે આવી રહી; અને માગધ પુરુષોએ સ્તુતિ કરેલા પાંડવો પોતાની સ્ત્રીનું તથા ધનનું રક્ષણ થવા સારૂ તેમના સ્થાનને ફરતો વૃક્ષની ઝાડીનો કિલ્લો કરી તથા શૂરવીર પુરૂષોની ચોકી રાખી પૃથ્વી તથા ગાયોનાં દાન આપીને મણિ જડિત રથમાં બેસી બ્રાહ્મણો સહિત સેનાને સાથે લઇ રવાના થયા. તે વેળાએ તેમની સાથે કવચ ધારણ કરેલા શસ્ત્ર બાંધેલા, હર્ષ પામેલા તથા અલંકાર ધારણ કરેલા, કેકય, ધૃષ્ટકેતુ, કાશી રાજાનો પુત્ર અભિભુ, શ્રેણિમાન, વસુદાન અને કોઇ દિવસે પરાજય નહીં પામેલો શિખંડિ, એ સર્વ રાજાઓ યુધિષ્ઠિરને વિંટીને સૈન્યને મોખરે જવા લાગ્યા. વિરાટ રાજા, સોમક વંશમાં ઉત્પન્ન થયેલા દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, સુધર્મા, કુંતિભોજ તથા ધૃષ્ટદ્યુમ્નના પુત્ર સૈન્યના પાછલા અર્ધ ભાગમાં ચાલવા લાગ્યા. ચાળીસ હજાર રથ, બે લાખ ઘોડેસ્વાર, ચાર લાખ પદાતિ તથા સાઠ હજાર હસ્તિયુક્ત અનાધૃષ્ટિ ચેકિતાન, ધૃષ્ટકેતુ તથા સાત્યકિ શ્રીકૃષ્ણને તથા અર્જુનને સાથે લઇ ચાલવા લાગ્યા. પછી દૃઢ સૈન્યવાળા તથા પ્રહાર કરનાર પાડવો કુરૂક્ષેત્રમાં આવીને, મોટા શબ્દ કરવા લાગ્યા, જેનો શબ્દ આંકેલા સાંઢ સરખો સંભળાવા લાગ્યો. તે વેળા શત્રુને દમન કરનાર સર્વ રાજાઓ કુરૂક્ષેત્રમાં જઇને, શંખનાદ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ તથા અર્જુન પણ પોતાના પાંચજન્ય તથા દેવદત્ત નામના શંખ વગાડવા લાગ્યા; જેના વજ્રપાત સરખા મોટા શબ્દ સાંભળીને સર્વ રાજાઓનાં રૂંવા ઉભા થયાં. પછી શંખ તથા દુંદુભિના શબ્દથી વૃદ્ધિ પામેલા વેગવાન રાજાઓનો સિંહનાદ પૃથ્વી, આકાશ તથા સમુદ્રને ગજાવવા લાગ્યો.

शंखदुंदुभिसंह्रादः सिंहनादस्तरस्विनां ।
पृथिवीं चांतरिक्षं च सागरांश्चावनादयत् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कुरुक्षेत्रप्रवेशे गुर्जरभाषायामेकपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५१ ॥

અધ્યાય ૧૫૨ મો. પાંડવ સૈન્યની છાવણી.

वैशंपायन उवाच—ततो देशे समे स्निग्धे प्रभूतयवसेंधने ।
निवेशयामास तदा सेनां राजा युधिष्ठिरः ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! ત્યારપછી યુધિષ્ઠિર રાજાએ પોતાની સેનાને જ્યાં ઘણું ઘાસ તથા કાષ્ઠ હતાં એવાં રસાળ અને સપાટ મેદાનવાળા સ્થાનને વિષે નિવાસ કરાવવાનો વિચાર કર્યો; અને શ્મશાન, દેવતાઓનાં સ્થાનને, મહર્ષિયોના આશ્રમ તથા તીર્થનાં સ્થાનને છોડી દઇ, રસાળ, ક્ષારરહિત, પવિત્ર તથા પુણ્યરૂપ સ્થાનને વિષે નિવાસ કરાવ્યો. પછી જેનાં વાહનોએ થાક ખાધો હતો એવા, હજારો રાજાઓએ વિંટાયેલા તથા સુખી એવા અર્જુન સહિત શ્રીકૃષ્ણ, ત્યાંથી ઉઠીને જવા લાગ્યા અને દુર્યોધનના સૈન્યની સેંકડો ટુકડીને નસાડીને, ચારે તરફ ફરવા લાગ્યા. તે સમયે દ્રુપદ રાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તથા રથિ પુરૂષમાં શ્રેષ્ઠ શૂરવીર અને પરાક્રમી સાત્યકિ તંબુ ઉભા કરાવવા સારૂ પૃથ્વીને માપવા લાગ્યા. હે ભારત! કુરૂક્ષેત્રને વિષે જ્યાં સુંદર તટવાળી, પવિત્ર, શુદ્ધ જળવાળી અને કાદવ તથા કાંકરા વગરની હિરણ્યવતી નામની નદી હતી, ત્યાં કેશવ ભગવાને ખાઇ ખોદાવી અને તેની રક્ષા સારૂ કેટલાંએક સૈન્યને આજ્ઞા આપી રાખ્યું. હે રાજન્! શ્રીકૃષ્ણે મહાત્મા પાંડવોને નિવાસ કરવા સારૂ ઉત્તમ તંબુ કરાવ્યા. તેવાજ તેના પક્ષમાં આવેલા રાજાઓને નિવાસ કરવા સારૂ તંબુ કરાવ્યા. જે ઘણા કાષ્ઠવાળા શત્રુથી જેમાં જઇ શકાય નહીં એવા, ભક્ષ્ય તથા ભોજ્યાદિ ખાવાનાં અન્ન અને પાન કરવાના હજારો પદાર્થવાળા તથા અમૂલ્ય પૃથ્વીને વિષે જાણે અનેક વિમાનોજ રહ્યાં હોય એમ શોભતા હતા. યુધિષ્ઠિરે અગાઉથી આપ્યો હતો હુકમ જેને એવા ચતુર સેંકડો શિલ્પિ તથા શાસ્ત્રમાં ચતુર અને સર્વ પોતાનાં સાહિત્ય યુક્ત વૈદ્યને શ્રીકૃષ્ણે રાખ્યા હતા. હે રાજન્! યુધિષ્ઠિરે એક એક તંબુ પ્રત્યે પ્રત્યંચા, ધનુષ કવચ, શસ્ત્ર, મધુ, ઘૃત તથા રાળના ભુકાના પર્વત જેવડા મોટા ઢગલા કરાવ્યા હતા અને ઘણું પાણી, તૃણ, ફોતરાં, કોલસા તોપ, નારાચ બાણ, ભાલા, ફરશી, ધનુષ, કવચ, તરવાર તથા ભાથાઓના સમૂહ રખાવ્યા હતા. વળી યુધિષ્ઠિરે તે સર્વ તંબુઓની બહાર લોહના કાંટાવાળી લોહની ઝુલ જેને પહેરાવી હતી એવા, પર્વત સરખા મોટા દેહવાળા તથા લાખો યોદ્ધાઓની સામે ઉભા રહેનાર અનેક હસ્તિયો રાખેલા જોવામાં આવતા હતા. હે ભારત! એ પ્રમાણે કુરૂક્ષેત્રને વિષે આવેલા પાંડવોને જાણીને, બ્રહ્મચર્ય વ્રત પાળેલા, યજ્ઞમાં સોમવલ્લિનુ પાન કરનાર તથા ઘણી દક્ષિણા આપેલા તેના મિત્ર, દેશદેશના રાજાઓ, પોતપોતાના સૈન્ય તથા વાહન સહિત, તેમના જયને માટે ત્યાં આવ્યા.

चरितब्रह्मचर्यास्ते सोमपा भूरिदक्षिणाः
जयाय पांडुपुत्राणां समाजग्मुर्महीक्षितः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि शिबिरादिनिर्माणे गुर्जरभाषायां द्विपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५२ ॥

અધ્યાય ૧૫૩ મો. કૌરવ સૈન્યની તૈયારી.

जनमेजय उवाच—युधिष्ठिरं सहानीकमुपायांतं युयुत्सया ।
संनिविष्टं कुरुक्षेत्रे वासुदेवेन पालितं ॥ १ ॥

જનમેજય પૂછે છે–હે વૈશંપાયન! કુરૂક્ષેત્રને વિષે યુદ્ધ કરવા સારૂ સૈન્ય સહિત આવી રહેલા, શ્રીકૃષ્ણે રક્ષા કરેલા, પુત્ર સહિત વિરાટ તથા દ્રુપદ યુક્ત, કેકય, યાદવ તથા

સેંકડો રાજાઓથી વિંટાયલા અને દેવતાઓએ રક્ષા કરેલા ઇંદ્રની પેઠે મહારથિઓએ રક્ષા કરેલા યુધિષ્ઠિરને સાંભળીને, દુર્યોધને શું કાર્ય કર્યું તે હું વિસ્તારથી તમને સાંભળવા ઇચ્છું છું. કારણ તે મોટા સંભ્રમને વિષે યુદ્ધમાં ઇંદ્ર સહિત દેવતાઓને પણ વ્યથા પમાડે એવા પાંડવ, વાસુદેવ, વિરાટ, દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, મહારથિ શિખંડિ તથા દેવતાઓ પણ જેની સામે ઉભા રહી શકે નહીં એવો યુધામન્યુ એ સર્વ સામેલ હતા. હે તપોધન! કૌરવ તથા પાંડવોએ જે ત્યાં આવી કર્યું હોય, તે હું વિસ્તારથી સાંભળવા ઇચ્છું છું, વાસ્તે મને કહો.

વૈશંપાયન–હે જનમેજય! હવે શ્રીકૃષ્ણ પાછા પાંડવો પાસે ગયા. દુર્યોધને કર્ણ, દુઃશાસન તથા શકુનિને કહ્યું કે, શ્રીકૃષ્ણ પોતાનું કાર્ય કર્યા વગર પાંડવો પાસે ગયા છે, માટે ક્રોધયુક્ત થઇને તેમને અવસ્ય અતિ ક્રોધાવિષ્ટ કરશે એમાં સંશય નથી. પાંડવો સાથે મારો વિગ્રહ થાય, એ શ્રીકૃષ્ણને ઘણો ઇષ્ટ છે, અને ભીમસેન તથા અર્જુન તેમના મતને અનુસરનાર છે, ને મેં ભાઇયો સહિત જેનો તિરસ્કાર કર્યો છે એવા યુધિષ્ઠિર રાજા ભીમસેનને વશ છે તથા મારી સાથે વૈર રાખનાર અને શ્રીકૃષ્ણને વશ એવા વિરાટ તથા દ્રુપદ તેમના સૈન્યના નાયક છે, માટે શૂરવીરનાં રોમ ઉભાં કરે એવો મહા ભયંકર વિગ્રહ થશે, વાસ્તે તમે આળસ રહિત થઇને સંગ્રામમાં જોઇતું સર્વ સાહિત્ય ઉતાવળથી તૈયાર કરાવો. હે રાજાઓ! કુરૂક્ષેત્રને વિષે વિશાળ, શત્રુથી દુઃખ કરીને પણ જીતી લઇ શકાય નહીં એવા, જળ તથા ધાન્યના કોઠાર જેની સમિપ હોય એવા, જેમાં વસ્તુઓ લઇ આવવાના માર્ગને શત્રુ રૂંધી શકે નહીં એવા, દૃઢ બંધનવાળા, ઉંચા, અનેક આયુધથી ભરેલા અને ધ્વજ તથા પતાકાથી શોભિતા લાખો તંબુ તૈયાર કરાવો તથા તેઓમાં જવા આવવાના માર્ગ પણ સરખા કરાવો અને આજ ગામની અંદર આવતી કાલે યુદ્ધ માટે જવાના પ્રયાણનો સાદ ફેરવો. એ પ્રમાણે દુર્યોધનનાં વચન સાંભળી 'બહુ સારૂં' એમ કહીને, તેઓએ સાદ ફેરવી બીજે દિવસે તેના કહેવા પ્રમાણે સર્વ કર્યું. પછી આવેલા સર્વ રાજાઓ દુર્યોધનની આજ્ઞા સાંભળી ક્રોધયુક્ત થઇને, સુવર્ણના બાજુબંધ તથા અગર ચંદને કરી શોભાયમાન અને પરિઘ સરખા પોતાના હસ્તે કરી એક બીજાના હસ્તને આસ્તેથી સ્પર્શ કરી અમૂલ્ય આસન ઉપરથી ઉઠયા; પછી પાઘડી, પહેરવાનાં વસ્ત્ર, ઉત્તરીય વસ્ત્ર તથા અલંકાર ધારણ કરવા લાગ્યા, કેટલાએક રથમાં બેસનારા રાજાઓ રથને, ઘોડા ઉપર બેસનારા ઘોડાઓને તથા હસ્તિ ઉપર બેસનારા હસ્તિયોને તૈયાર કરાવા લાગ્યા. વળી તેઓ સુવર્ણના વિચિત્ર કવચ તથા અનેક પ્રકારનાં શસ્ત્ર ચારે તરફથી ધારણ કરવા લાગ્યા. પદાતિ પુરૂષો પણ અનેક પ્રકારનાં સુવર્ણથી વિચિત્ર શસ્ત્ર પોતાના શરીર ઉપર ધારણ કરવા લાગ્યા. તે સમયે હે ભારત! દુર્યોધનનું શહેર ઉત્સવ સમયની પેઠે પ્રસન્ન મનુષ્યોવાળું તથા તેઓથી સંકીર્ણ થયું. વળી મનુષ્યના સમૂહરૂપ જળની ઘુમરીવાળો, રથ, હસ્ત તથા અશ્વરૂપ મત્સ્યવાળો શંખ તથા નગારાંરૂપી શબ્દવાળો, ભંડારના સંચયરૂપ રત્નવાળો, વિચિત્ર આભરણ તથા કવચરૂપી લહેરવાળો, શસ્ત્રરૂપી નિર્મળ ફીણવાળો, અટારિની પંક્તિરૂપ પર્વતથી વિંટાયલો, ચૌટા તથા બજારરૂપી મોટા ધુનાવાળો અને યોદ્ધારૂપી ચંદ્રોદયે કરી વૃદ્ધિ પામેલો દુર્યોધનનો સૈન્યરૂપ સમુદ્ર, જેમ ચંદ્રોદય વેળાએ સમુદ્ર દેખાય, તેમ જોવામાં આવતો હતો.

योधचंद्रोदयोद्भूतः कुरुराजमहार्णवः ।
अदृश्यत तदा राजंश्चंद्रोदय इवोदधिः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि दुर्योधन सैन्य सज्जी-करणे गुर्जरभाषायां त्रिपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५३ ॥

અધ્યાય ૧૫૪ મો. યુધિષ્ઠિરને અર્જુનનો સંવાદ.

વૈશંપાયન ઉવાચ—वासुदेवस्य तद्वाक्यमनुस्मृत्य युधिष्ठिरः ।
पुनः पप्रच्छ वार्ष्णेयं कथं मंदो ब्रवीदिदं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! હવે યુધિષ્ઠિર રાજાએ પ્રથમ કહેલાં શ્રીકૃષ્ણનાં વચન સંભારીને વળી તેને પૂછ્યું કે, મંદ એવો દુર્યોધન એમ કેમ બોલ્યો? હે અચ્યુત! આ વેળા અમારે શું શું કરવા યોગ્ય છે? અમે કેવી રીતે વર્તવાથી પોતાના સ્વધર્મથી ભ્રષ્ટ ન થઇયે? હે વાસુદેવ! તમે દુર્યોધન, કર્ણ, સુબળ રાજાના પુત્ર શકુનિ તથા ભાઇયો સહિત મારા મતને જાણનારા છો. વળી હે મોટી બુદ્ધિવાળા શ્રીકૃષ્ણ! તમે વિદુર, ભીષ્મ તેમજ દ્રોણ અને કુંતિએ કહેલાં સર્વ વાક્ય સાંભળ્યાં છે, પણ હે મહાબાહો! તે સર્વનું અતિક્રમણ કરી વારંવાર વિચાર કરીને અમારે જે કરવાને યોગ્ય હોય, તે કંઇ પણ શંકા રાખ્યા વગર ઉતાવળથી કહો. હે ભારત! એ પ્રમાણે ધર્મ તથા અર્થયુક્ત યુધિષ્ઠિરના વચન સાભળીને મેઘ તથા દુંદુભિના જેવા કંઠના અવાજવાળા શ્રીકૃષ્ણે કહ્યું કે હે રાજન્! મેં દુર્યોધનને ધર્મ તથા અર્થયુક્ત હિતનાં વાક્ય કહ્યાં, પણ કપટયુક્ત બુદ્ધિવાળા તેણે માન્ય કર્યાં નહીં. દુષ્ટબુદ્ધિવાળા તેણે ભીષ્મ તથા વિદુરનાં વાક્યને પણ માન્ય કર્યાં નહીં; ઉલટો તેમનો અનાદર કર્યો. હે રાજન્! કર્ણના આશ્રયવાળો દુષ્ટ અંતઃકરણવાળો દુર્યોધન, ધર્મ તથા યશને ઇચ્છતોજ નથી અને સર્વને જીત્યા છે એમ માને છે. હે રાજન્! દુષ્ટ અંતઃકરણવાળા તથા પાપરૂપ નિશ્ચયવાળા દુર્યોધને, પોતાના પુરૂષોને મને બાંધવાની આજ્ઞા આપી, પણ તેની તે કામના જરાએ પાર પડી નહીં; ને તે વેળા વિદુર વિના ભીષ્મે તથા દ્રોણે પણ તેને કંઇ કહ્યું નહીં, કેમકે તે સર્વ તેનેજ અનુસરી રહ્યા છે. વળી તે વેળા મંદ એવા શકુનિ, કર્ણ તથા દુઃશાસને મહા ક્રોધ તથા મૂઢ એવા દુર્યોધનને તમારા વિષે અયુક્ત અનેક વાક્ય કહ્યાં. દુર્યોધને જે જે વાક્ય કહ્યાં તે સર્વ હું કહું તેથી શું! પણ સંક્ષેપથી કહું છું કે, તે દુષ્ટ અંતઃકરણવાળો તમારે વિષે ન્યાય પ્રમાણે વર્તતો નથી, અને તમારા સૈન્યમાંના સર્વ રાજાઓને વિષે જે પાપ તથા અકલ્યાણ નથી, તે સર્વ તે એક દુર્યોધનમાંજ રહ્યાં છે; માટે અમે સર્વ રાજ્ય મળ્યા વગર દુર્યોધન સાથે સુલેહ કરવા ઇચ્છતા નથી; વાસ્તે આપણે તેમની સાથે ઉતાવળથી યુદ્ધ કરવું.

વૈશંપાયન કહે છે—હે ભારત! એ પ્રમાણે શ્રીકૃષ્ણે વાક્ય કહ્યાં, તે સર્વ રાજાઓ સાંભળી કંઇ નહીં બોલતાં યુધિષ્ઠિરના મોઢા સામું જોવા લાગ્યા. ત્યાર પછી તે સર્વ રાજાઓના મનનો અભિપ્રાય જાણીને પોતાના ભાઇયો સહિત યુધિષ્ઠિર રાજાએ, સર્વને યુદ્ધના ઉદ્યોગની આજ્ઞા આપી. તે વેળા સર્વ સૈન્યના પુરૂષો હર્ષ પામ્યા અને મોટા કોલાહલ શબ્દ કરવા લાગ્યા. પછી યુધિષ્ઠિર રાજા, નહીં નાશ પામવા યોગ્ય એવા પુરૂષોનો વિનાશ થશે એમ જાણીને, ભીમસેન તથા અર્જુનને કહેવા લાગ્યા કે, મેં કુળનો વિનાશ ન થાય તે સારૂ વનવાસાદિ દુઃખ વેઠયાં, તોપણ બળાત્કારથી આપણને કુળનો વિનાશ કરનારૂં યુદ્ધ ન થાય તે સારૂ આપણે ઘણો પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો છે. ને જેનો પ્રયત્ન કર્યો ન

હતો એવો વિગ્રહ પ્રાપ્ત થયો. અરે! નહીં મારવા લાયકની સાથે આપણે યુદ્ધ કરવું એ કેમ થશે? વળી ગુરૂ તથા વૃદ્ધોને નાશ કરવાથી આપણો જય કેમ થશે? એ પ્રમાણે યુધિષ્ઠિરનાં વચન સાંભળી અર્જુન, શ્રીકૃષ્ણે કહેલાં વચન કહેવા લાગ્યો કે હે રાજન્! દેવકી પુત્ર શ્રીકૃષ્ણે કુંતિ તથા વિદુરનાં વચન તમને કહ્યાં, તેનો તમે વિચાર કર્યો? તે એ જણ કદી પણ અધર્મ યુક્ત વાક્ય કહે નહીં, તમારે યુદ્ધ કરવાથી નિરાશ થવું તે યોગ્ય નથી. એ પ્રમાણે અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણે હસીને કહ્યું કે હે પાર્થ! તારૂં બોલવું યથાર્થ છે. એ રીતે શ્રીકૃષ્ણના કહેવા પછી યુદ્ધ કરવું એજ નિશ્ચય જેણે કર્યો હતો એવા સૈનક સહિત પાંડવોએ, તે દિવસની રાત્રિ સુખે કરી નિવાસ કર્યો.

ततस्ते कृतसंकल्पा युद्धाय सहसैनिकाः ।
पांडवेया महाराज तां रात्रिं सुखमावसन् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि युधिष्ठिरार्जुनसंवादे गुर्जरभाषायां चतुःपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५४ ॥

અધ્યાય ૧૫૫ મો. દુર્યોધનના સૈન્ય વિભાગ.

वैशंपायन उवाच—व्युष्टायां वै रजन्यां हि राजादुर्योधनस्ततः ।
व्यभजत्तान्यकानि दशचैकं च भारत ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! તે દિવસની રાત્રિ નિવૃત થઇ ત્યાર પછી દુર્યોધન રાજાએ પોતાની અગિયાર અક્ષોહિણી સેનાના વિભાગ કર્યા: ને યોદ્ધાઓને આજ્ઞા આપી કે, સર્વ સૈન્યમાં હસ્તિ, રથ, અશ્વ તથા પદાતિમાંના જે ઉત્તમ, મધ્યમ, તથા સમાન હોય, તેમને આગળ, મધ્યમાં તથા પાછળ રાખો. એ પ્રમાણે દુર્યોધને આજ્ઞા આપ્યા પછી તૈયાર થયેલાં, રથ નાશ થયા પછી તેને સમો કરવા સારૂ તેની નીચે બંધાતાં ઘણાં કાષ્ટ, રથની પાછળ બંધાય એવા મોટા ભાથા, રથની રક્ષા માટે તેની છત્રી ઉપર મઢવા સારૂ વ્યાઘ્રચર્મ, ગુરંજ, અશ્વ તથા હસ્તિયે વહન કરવા લાયક ભાથા, કડિયાળી લાકડીઓ પાયદળે ઉપાડવા લાયક ભાથા, મોટી લાકડી, ધ્વજા તથા પતાકા, ધનુષથી ફેંકાય એવાં સ્થૂલબાણ, સમીપ આવેલા શત્રુના ગળામાં નાખવા સારૂ વિચિત્ર પ્રકારની દોરી સહિત પાસલા, રથાદિમાં બીછાવવાનાં આસ્તરણાદિ સાહિત્ય, શત્રુને કેશમાં ભરાવી ખેંચવાની ચીકટ પદાર્થથી લેપન કરેલા અગ્ર ભાગવાળી લોહ તથા કાષ્ટની ગેડી અથવા અંકુશ, શત્રુ ઉપર નાખવા સારૂ તપાવેલાં તેલ, ગોળ તથા રેતી, સર્પ સહિત ઘડા, રાળનો ભૂકો, ઘંટા, જેના અગ્ર ભાગને વિષે બાંધેલી હતી એવા અનેક પ્રકારનાં શસ્ત્ર, તલવાર, પટા, છરી, પાસે આવેલા શત્રુ ઉપર નાખવા સારૂ તપાવેલાં ગોળનાં પાણી, યંત્રથી ફેંકવાના ગોળ પથ્થર, શબ્દ કરે એવી ગોફણ, ઉના કરેલા મીણના રસ, મુદ્ગર, લોહનાં કાંટાવાળા લોહનાં અનેક હળ તથા વિષયુક્ત ગુરંજ, તપાવેલા ગોળને ફેંકવા સારૂ સુપડાં, તેને ભરવાની પેટી, દાતરડાં, કુવાડા, બોરડી સરખા લોહના કાંટાવાળા હોવાથી શત્રુના શરીરનાં આંતરડાંને ખેંચી બહાર કાઢે એવી ગુરંજ, લોહના ખીલાવાળા બ્વર, ગુપ્તી, કરવતો આદિ સુથારનાં શસ્ત્ર, વ્યાઘ્ર તથા ચીત્તાવાઘના ચર્મથી મઢેલા રથ, ગેંડી, બગડેલું લોહી ખેંચી કાઢવાની શીંગડી, ભાલાં,

વિવિધ પ્રકારનાં આયુધ, કુવાંઅ કોદાળી અને લાગેલાં શસ્ત્રના ઘા ઉપર રાખ કરી ઢાંકવા સારૂ તેલમાં બોળેલાં રેશમી લુગડાં તથા જૂના ઘૃતવાળાં, સુવર્ણની જાળીઓથી ઢાંકેલાં, અનેક પ્રકારના મણિથી શોભિતાં તથા પ્રજ્વલિત અગ્નિ સરખાં શ્રેષ્ઠ અંગવાળાં વિચિત્ર સૈન્ય શોભતાં હતાં. વળી તેમાં કવચ ધારણ કરનાર, શૂરવીર, શસ્ત્રવિદ્યા શિખેલા કુલીન તથા અશ્વની પરીક્ષા કરનાર સારથિવાળા, મંગલરૂપ પૌત્ર તથા ઓષધિ બાંધેલા, જેને જોઇને શત્રુને સ્પર્ધા ઉપજે એવા કલંગી, તથા મોતી આદિના ગુચ્છ જેના અશ્વાદિના મસ્તકને વિષે બાંધ્યા હતા એવા, ધ્વજા, પતાકા, ક્ષુદ્ર ઘંટિકાદિ આભરણ તથા શિખરવાળા, ઢાલ, તરવાર તથા પટા બાંધેલા, ઉત્તમ અશ્વ જોડેલા, સાંગ તથા મોટી લાકડીવાળા, અનેક ધનુષવાળા સારથિ, રથિ પુરૂષમાં શ્રેષ્ઠ એવા બે ચક્ર રક્ષક તથા અશ્વની પરીક્ષાને જાણનાર એક રથિએ કે ચાર જણે શહેરની પેઠે રક્ષા કરેલા, શત્રુથી પગભવ ન પામે એવા અને સુવર્ણની માળાવાળા હજારો રથ શોભતા હતા. વળી તેમાં બે અંકુશ ધારણ કરનાર, બે ઉત્તમ ધનુષ ધારણ કરનાર, બે શ્રેષ્ઠ તલવાર ધારણ કરનાર અને એક શક્તિ તથા ત્રિશૂલ ધારણ કરનાર એમ સાત સાત પુરૂષ જેની ઉપર બેઠા હતા એવા અને કલગી આદિ ચિન્હ બાંધ્યાં હતાં જેને એવા અનેક હસ્તિ રત્નવાળા પર્વતની પેઠે શોભતા હતા. વળી તેમાં કવચ બાંધેલા, વાવટા જેના હાથમાં હતા એવા, શસ્ત્ર બાંધેલા તથા અલંકાર ધારણ કરેલા સ્વારોએ યુક્ત, હણહણાટી કરીને આગલા બે પગથી ઉભા નહીં થનાર, શ્રેષ્ઠ ગતિ શિખેલા, સુવર્ણાદિ આભરણથી શોભિતા અને સ્વારને વશ એવા લાખો ઘોડાઓ હતા. વળી તેમાં જૂદા જૂદા વર્ણના પહેરવેશ પહેરેલા, અનેક તરેહના વેષ ધારણ કરેલા, અનેક તરેહનાં શસ્ત્ર તથા કવચ ધારણ કરેલા અને સુવર્ણની માળા પહેરેલા અનેક પદાતિ પણ શોભતા હતા. હે રાજન! એ પ્રમાણે કવચ, આયુદ્ધ તથા તથા ભંડારવાળું દુર્યોધનનું સમગ્ર સૈન્ય હસ્તિ, રથ, અશ્વ અને પદાતિથી શોભતું હતું. હે ભારત! દુર્યોધનના સૈન્યમાંના સરદારોના એક એક રથના દશ હસ્તિ, એક સો અશ્વ એક હજાર પાયદળ ચોતરફથી રક્ષા કરતા હતા. વળી અતિ મોટા સરદારોના એક એક રથની પચાસ હસ્તિ, પાંચ સહસ્ત્ર અશ્વ તથા ભેદાયલા સૈન્યને અનુસંધાન કરે એવા પાંત્રિસ હજાર પાયદળ ચોમેરથી રક્ષા કરતા હતા. વળી સેનાદિની ગણના કહું તે તું સાંભળ. પાંચસો હસ્તિ, પાંચસો રથ, પંદરસો અશ્વ તથા પચ્ચીસો પદાતિ એટલા સૈન્યનું નામ સેના કહેવાય છે- દશ સેનાનું નામ પ્રતના કહેવાય છે અને દશ પ્રતનાનું નામ એક વાહિની કહેવાય છે. હે રાજન્! એ પ્રમાણે કૌરવની અગિયાર અક્ષૌહિણી તથા પાંડવની સાત અક્ષૌહિણી સેના કુરૂક્ષેત્રને વિષે પ્રાપ્ત થઇ. હે રાજન્! પંચાવન પુરૂષો મળી એક પત્તિ કહેવાય છે, ને તેનું નામ સેનામુખ તથા ગુલ્મ પણ કહેવાય છે. ત્રણ ગુલ્મનો એક ગણ કહેવાય છે. હજારો ગણ યુદ્ધ તથા પ્રહાર કરનારા દુર્યોધનના સેનામાં હતા. તેઓમાં બુદ્ધિમાન તથા શૂરવીર પુરૂષોને જોઇને દુર્યોધન, પોતાની જુદી જુદી અક્ષૌહિણીના સેનાપતિ કરવા લાગ્યો; ને વિધિપૂર્વક રાજાઓનો સત્કાર કરી તેમને કહેવા લાગ્યો કે હે રાજાઓ! આ મારી અગિયાર અક્ષૌહિણી સેનાના કૃપાચાર્ય, દ્રોણ, શલ્ય, જયદ્રથ, સુદક્ષિણ, કૃતવર્મા, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, શકુનિ તથા મહા બળવાન બાહ્લીક નાયક છે. હે ભારત! એ પ્રમાણે સર્વ રાજાઓને કહીને દુર્યોધન, પોતાની અગિયાર અક્ષૌહિણીના નાયકનો દિવસે દિવસ તથા સમયે સમય પ્રત્યે વારંવાર સૈનિક પુરૂષોને જોતાં

સત્કાર કરતો હતો. તેમજ અગિયાર સેનાધિપતિ તથા રાજાઓની પાછળ ચાલનાર સૈનિક પુરુષો, દુર્યોધન રાજાનું પ્રિય કરવા ઇચ્છતા હતા.

तथा विनियतः सर्वे ये च तेषां पदानुगाः ।
बभूवुः सैनिकाराज्ञां प्रियं राज्ञश्चिकीर्षवः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि दुर्योधन सैन्य विभागे गुर्जरभाषायां पंचपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५५ ॥

અધ્યાય ૧૫૬ મો. પિતામહને સેનાપત્ય.

वैशंपायन उवाच—ततः शांतनवं भीष्मं प्रांजलिर्धृतराष्ट्रजः ।
सहसर्वैर्महीपालैरिदं वचनमब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ત્યાર પછી સર્વ રાજાઓ સહિત ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને, શંતનુના પુત્ર ભીષ્મને હાથ જોડી આવી રીતે કહ્યું કે હે પિતામહ! નાયક વગરની અત્યંત મોટી સેના હોય તોપણ, જેમ મંકોડાનો મોટો સમુદાય વિખરાઇ જાય તેમ ભેદ પામે. વળી સેનાના ઘણા નાયક હોય તો તેની બુદ્ધિ તથા પરાક્રમ સરખાં હોતાં નથી, તેથી તેઓ પરસ્પર સ્પર્ધા કરે માટે સર્વનો એક નાયક થવો જોઇયે. આ પ્રસંગાનુકૂલ એક પૂર્વનો ઇતિહાસ કહું તે સાંભળો. હે મહા બુદ્ધિમાન્! એવું સંભળાય છે કે, મહા પરાક્રમી હૈહય નામના ક્ષત્રિયોની સામે યુદ્ધ કરવા સારૂ હાથમાં દર્ભરૂપ ધ્વજાવાળા બ્રાહ્મણો આવ્યા; તે વેળા તેમના પક્ષમાં વૈશ્ય તથા શૂદ્ર પણ આવ્યા. પછી એક પક્ષમાં ત્રણે વર્ણ હતા, ને બીજા પક્ષમાં એકજ ક્ષત્રિય વર્ણ હતો; પણ તે યુદ્ધમાં ત્રણે વર્ણ ભાગી ગયા ને ક્ષત્રિયોએ જય મેળવ્યો. બ્રાહ્મણોએ ક્ષત્રિયોને પૂછ્યું કે, તમે થોડા હતા ને અમે ઘણા હતા, તોપણ તમારો જય થયો ને અમારો પરાજય થયો તેનું કારણ શું? હે પિતામહ! ધર્મના જાણનાર ક્ષત્રિયોએ યથાર્થ કહ્યું કે, સંગ્રામમાં અમે મહા બુદ્ધિમાન એકના વાક્યને સાંભળી જય મેળવ્યો, ને તમે સૌ પોતપોતાની બુદ્ધિને વશ હતા, માટે પરાજય પામ્યા. હે ભીષ્મ! ક્ષત્રિયોનાં વચન સાંભળીને સર્વ બ્રાહ્મણોએ, ન્યાયમાં કુશળ એવા મહા શૂરવીર શુક્રાચાર્યને સેનાપતિ કરીને, વળી ક્ષત્રિય સામે યુધ્ધ કર્યું; ને તેમને જીત્યા. હે પિતામહ! એ પ્રમાણે જે પુરૂષ કુશળ, શૂરવીર, હિત ઇચ્છનાર તથા દોષ રહિત એવા પુરૂષને સેનાપતિ કરે છે, તે યુધ્ધમાં શત્રુને જીતે છે. વાસ્તે શુક્ર સરખા, સદૈવ મારૂં હિત ઇચ્છનાર, કોઇથી સંહાર ન થનાર તથા ધર્મમાં રહેલા તમે જેમ કિરણવાનના અધિપતિ સૂર્ય, લતાદિના અધિપતિ ચંદ્ર, યક્ષના અધિપતિ કુબેર, દેવતાઓના અધિપતિ ઇંદ્ર તથા કાર્તિકસ્વામિ, પર્વતોના અધિપતિ મેરૂ, પક્ષિના અધિપતિ ગરૂડ અને વસુના અધિપતિ હવ્યવાટ છે, તેમ મારી સેનાના અધિપતિ થાઓ. ઇંદ્રે રક્ષા કરેલા દેવતાઓની પેઠે તમે રક્ષા કરેલા અમે, યુધ્ધમાં દેવતાઓથી પણ નહીં પરાભવ પામનાર થઇશું એમાં કંઇ સંશય નથી. વાસ્તે તમે, જેમ દેવતાઓની આગળ ઇંદ્ર ચાલે, તેમ અમારી અગાડી ચાલો. અમે, જેમ શ્રેષ્ઠ ઋષભની પાછળ બીજાં ઋષભો ચાલે, તેમ તમારી પાછળ ચાલશું. હે જનમેજય! એ પ્રમાણે દુર્યોધનનાં વચન સાંભળી ભીષ્મે કહ્યું કે હે મહાબાહો! હે ભારત દુર્યોધન! તું જેવી રીતે

કહે છે, તેમજ અમે પણ મને જેવા તમે છો, તેવાજ પાંડવો છે; માટે મારે તેમનું એમ થાય તેવી રીતે વચન કહેવાં જોઇયે; પણ આ તો મારે તેમની સાથે યુદ્ધ કરવું જોઇયે એવો સમય તેં કહ્યો. એક અર્જુન વગર મારી સામે યુદ્ધ કરે એવા કોઇને હું દેખતો નથી; કારણ તે મહા બુદ્ધિમાન અનેક દિવ્યાસ્ત્રને જાણનાર છે, માટે કોઇ વેળા યુદ્ધમાં મારી સંમુખ ઉભો રહીને યુદ્ધ કરશે નહીં. હે દુર્યોધન! હું એક ક્ષણમાં અસુર તથા દેવતાઓ સહિત સર્વ જગતને મનુષ્ય વગરનું કરૂં એવો છું: પણ મારાથી પાંડુ રાજાના પુત્રોનો નાશ થાય એમ નથી. પ્રયોગે કરી તેના દશ હજાર યોદ્ધાઓને સદૈવ નાશ કરીશ. હે કુરૂનંદન! જો પાંડવો પ્રથમથી મને નાશ નહીં કરી નાખે, તો હું તેનો મારા કહેવા પ્રમાણે ક્ષય કરીશ. હું તારી ઇચ્છા પ્રમાણે સેનાનો અધિપતિ બીજી વેળાએ થઇશ; તેનું કારણ કહું તે તું સાંભળવા યોગ્ય છે. હે પૃથ્વીપતિ! જોઇયે તો કર્ણ પ્રથમ યુદ્ધ કરે અથવા હું પ્રથમ યુદ્ધ કરૂં; કેમકે તે મારી સાથે સદૈવ સ્પર્ધા કરે છે. હે જનમેજય! ભીષ્મનાં વચન સાંભળી કર્ણે દુર્યોધનને કહ્યું કે હે દુર્યોધન! જ્યાં સુધી ગંગાના પુત્ર ભીષ્મ જીવે છે, ત્યાં સુધી હું યુધ્ધ કરીશ નહીં ને જ્યારે તે નાશ પામશે, ત્યાર પછી ગાંડિવ ધનુષ ધરનાર અર્જુનની સામે યુધ્ધ કરીશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે કર્ણનાં વચન સાંભળ્યા પછી ધૃતરાષ્ટ્ર રાજાના પુત્ર દુર્યોધને ઘણી દક્ષિણા આપનાર ભીષ્મને વિધિપૂર્વક સેનાપતિ કર્યા. અભિષેક કરેલા તે અતિશય શોભવા લાગ્યા. પછી દુર્યોધનની આજ્ઞાથી વાજીંત્ર વગાડનાર પુરૂષો અનેક શંખ તથા ભેરી આદિ વાજીંત્ર વગાડવા લાગ્યા; અનેક સિંહનાદ થવા લાગ્યા. ઘોડાઓ મોટા શબ્દ કરવા લાગ્યા, વાદળાં વગર રૂધિરનો વર્ષાદ થવા લાગ્યો, આકાશમાં કડાકા થવા લાગ્યા, પૃથ્વી કંપવા લાગી, હસ્તિયો શબ્દ કરવા લાગ્યા, આકાશમાં ભયંકર શબ્દ થવા લાગ્યા. આકાશમાંથી ઉલ્કાડીયાં પડવા માંડયાં તથા અનેક ભયને સૂચવનાર શિયાળ નામનાં જનાવર અત્યંત શબ્દ કરવા લાગ્યાં. હે રાજન્! જ્યારે દુર્યોધને ભીષ્મને સેનાધિપતિપણાનો અભિષેક કર્યો ત્યારે સર્વ યોધ્ધાઓના મનને ખેદ ઉપજાવે એવા તે અનેક અત્યંત ઉગ્ર અપશકુનો થવા લાગ્યા. દુર્યોધન રાજા એ પ્રમાણે શત્રુના બળનો નાશ કરનાર ભીષ્મને સેનાધિપતિ કરી, બ્રાહ્મણોને અનેક ગાય તથા સુવર્ણનાં દાન આપી તથા તેની પાસે સ્વસ્તિવાચન કરાવીને પોતાના ભાઇયો તથા સેનાના પુરૂષ સહિત, ભીષ્મને આગળ કરી રવાને થયો ને સર્વને સાથે લઇ કુરૂક્ષેત્ર પ્રત્યે ગયો. પછી ત્યાં કર્ણ સહિત દુર્યોધને કુરૂક્ષેત્રને વિષે ચારે તરફ ફરીને, જ્યાં સપાટ જમીન હતી, ત્યાં તંબુ ખડો કરવા સારૂ જગ્યા માપી, ને તંબુ ખડો કર્યો; જે ઉખર વગરની મીઠી તથા ઘણા ઘાસ અને લાકડાવાળી જમીન વિષે હસ્તિનાપુર સરખો શોભતો હતો.

मधुरानूषरे देशे प्रभूतय वसेधने ।
यथैव हस्तिनपुरं तद्वच्छिबिरमाबभौ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि भीष्माभिषेके गुर्जरभाषायां षट्पंचाशदधिकशततमोऽध्यायः ॥ १५६ ॥

અધ્યાય ૧૫૭ મો. બળરામનું તીર્થયાત્રાગમન.

जनमेजय उवाच—आपगेयं महात्मानं भीष्मं शस्त्रभृतांवरं।
पितामहं भारतानां ध्वजं सर्वमहीक्षितां ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન! ગંગાના પુત્ર, મહાત્મા, શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ, ભારતોના પિતામહ, સર્વ રાજાઓમાં અગ્રણી બૃહસ્પતિ સરખા બુદ્ધિમાન. પૃથ્વી સરખા ક્ષમાવાન, સમુદ્ર સરખા ગંભીર, હિમાદ્રિ પર્વત સરખા સ્થિર. પ્રજાપતિ સરખા ઉદાર, સૂર્ય સરખા તેજસ્વી તથા ઇંદ્ર સરખા બાણના વર્ષાદે કરી શત્રુનો દ્વેષ કરનાર ભીષ્મે મહા ભયંકર, રૂંવાંને હર્ષ ઉત્પન્ન કરે એવા તથા વિસ્તારવાળા રણ યજ્ઞને વિષે ઘણા દિવસની દીક્ષા લીધી, તે સાંભળીને મહાબાહુ તથા સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર શું કયુ? તેને ભીમસેન, અર્જુન તથા શ્રીકૃષ્ણે શું ઉત્તર આપ્યો તે મને કહો? વૈશંપાયન કહે છે–હે જનમેજય! આપત્તિના ધર્મમાં કુશળ મહા બુદ્ધિમાન યુધિષ્ઠિર રાજા, પોતાના સર્વ ભાઇયોને તથા અવિનાશી શ્રીકૃષ્ણને બોલાવી સાંત્વનાપૂર્વક વાક્ય બોલ્યા કે યુદ્ધભૂમિ પ્રત્યે જવા સારૂ સર્વ સેનાને ચાલતી કરો, ને તમે સૌ કવચ પહેરી, સાવધ થઇ ત્યાં ઉભા રહો; કારણ પ્રથમ તમારૂં ભીષ્મની સાથે યુદ્ધ થશે, માટે આપણી સાતે સેનાના નાયકોને ખોળી કાઢો. શ્રીકૃષ્ણે કહ્યું કે–હે ભરતકુળમાં શ્રેષ્ઠ! આ સમયને વિષે જેવાં વાક્ય કહેવાં જોઇએ, તેવાંજ અર્થ યુકત વાક્ય તમે કહો છો. જે મને ઘણું રૂચે છે, માટે હવે જે કરવાનું હોય તે કરો, વિલંબ કરો નહી. આ સમયને વિષે તમારી સાત સેનાના સાત નાયક કરો. વૈશંપાયન કહે છે–હે જનમેજય! ત્યાર પછી યુધિષ્ઠિર રાજાએ મોટા ભાગ્યવાળા, શૂરવીર તથા યુદ્ધ કરવાની ઇચ્છાવાળા દ્રુપદ, વિરાટ, સાત્યકિ પૃષત કુળમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, ધૃષ્ટકેતુ, શિખંડિ તથા મગધ દેશના રાજા સહદેવને બોલાવી સેનાધિપતિપણાનો વિધિપૂર્વક અભિષેક કર્યો, સર્વ સેનાધિપતિપણાનો એક ધૃષ્ટદ્યુમ્નને અભિષેક કર્યો; કેમકે તે દ્રોણને મારવા સારૂ પ્રજ્વલિત અગ્નિ કુંડમાંથી ઉત્પન્ન થયો છે. યુધિષ્ઠિરે અર્જુનને મહાત્મા સર્વ સેનાપતિના અધિપતિ કર્યા ને તેના અધિપતિ તથા સારથિ મહા બુદ્ધિમાન જનાર્દન બળદેવજીના નાના ભાઇ શ્રીકૃષ્ણને કર્યા. હવે મોટો ક્ષય જેમાં થાય એવું યુદ્ધ નજીક આવ્યું એમ જાણીને અક્રૂર, ગદ, સાંબ, ઉદ્ધવ, પ્રદ્યુમ્ન, આહુક પુત્ર તથા ચારૂદેષ્ણાદિ વ્યાઘ્ર સરખા બલોત્કટ વૃષ્ણિમાં મુખ્ય ઓગણપચાસ વાયુએ રક્ષા કરેલા ઇંદ્રની પેઠે રક્ષા કરેલા, મહાબાહુ, નીલું પીતાંબર ધારણ કરેલા, કૈલાસના શિખર સરખા ગૌરવર્ણવાળા, ખેલતા સિંહ સરખા ગતિમાન, શ્રીમાન અને મદે કરી લાલ નેત્રવાળા હળાયુધ બળદેવજીએ આવી યુધિષ્ઠિરના ભવનમાં પ્રવેશ કર્યો. તેમને જોઇને યુધિષ્ઠિર રાજા, મોટી કાંતિવાળા શ્રીકૃષ્ણ, ભયંકર કર્મવાન ભીમસેન, ગાંડિવ ધનુષ ધારણ કરનાર અર્જુન તથા ત્યાં આવેલા રાજાઓએ ઉભા થઇ તેમનો મોટો સત્કાર કર્યો. પછી યુધિષ્ઠિર રાજા, પોતાના હાથે કરી બળદેવજીના હાથને સ્પર્શ કરી મળ્યા, અને શ્રીકૃષ્ણાદિ સૌએ તેમને નમસ્કાર કર્યા. શત્રુને દમન કરનાર શ્રી બળદેવજી વિરાટ તથા દ્રુપદ રાજાને નમસ્કાર કરીને, યુધિષ્ઠિર રાજા સહિત આસન ઉપર બેઠા. પછી જ્યારે સર્વ રાજાઓ ચોમેર બેઠા ત્યારે શ્રીકૃષ્ણ સામું જોઇને બળદેવજીએ યુધિષ્ઠિરને કહ્યું કે, મહા ભયંકર તથા દારૂણ એવો સર્વનો વિનાશ થશે, એ હું અવશ્ય દૈવ માનું છું, જેનું ઉલંઘન થઇ શકતું

નથી. આ યુદ્ધરૂપ સમુદ્રને તરી પાર પામેલા તથા અક્ષત થયેલા દેહને વિષે રોગ વગરના સુહૃજ્જન સહિત તમને હું જોઇશ એમ ઇચ્છું છું. કાળે કરી પાકી રહેલું પૃથ્વીને પાલન કરનાર ક્ષત્રિય કુળ એકઠું થયું છે, માટે મોટો વિનાશ થશે, જેથી માંસ તથા રૂધિરનો કાદવ થશે. મેં એકાંતમાં વારંવાર શ્રીકૃષ્ણને કહ્યું છે કે હે મધુસૂદન ! સર્વ સંબંધીને વિષે સમાન વૃત્તિથી વર્તો; કારણ આપણા જેવા પાંડવ સબંધી છે, તેવોજ દુર્યોધન પણ છે, માટે તેને પણ તેમની પેઠે વારંવાર સહાયતા કરો. હે રાજન્ ! એમ કહ્યું તોપણ તેમણે તમારે લીધે મારા કહેવા પ્રમાણે કર્યું નહી, કેવળ પ્રેમાદિ ભાવથી અર્જુનને જોઇ બેસી રહ્યા, માટે આ યુદ્ધમાં પાંડવોનો જય થશે એવી મારી મતિ છે; કેમકે શ્રીકૃષ્ણની એવીજ ઇચ્છા છે. હુ શ્રીકૃષ્ણ વગર બીજા કોઇ લોકને જોવા ઇચ્છતો નથી, વાસ્તે તેમની ઇચ્છા પ્રમાણે વર્તુ છું. ગદાયુદ્ધમા કુશળ એવા ભીમસેન તથા દુર્યોધન મારા શિષ્ય છે, તેથી મને એ બેઉમાં સમાન સ્નેહ છે, માટે હું સરસ્વત્યાદિ તીર્થનુ સેવન કરવા સારૂ જાઉં છું; કારણ કુરૂકુળમાં ઉત્પન્ન થયેલાઓનો વિનાશ થાય તે જોવા સમર્થ નથી. હે જનમેજય ! એ પ્રમાણે કહી, પાંડવોની રજા લઇ તથા મૂકવા આવેલા શ્રીકૃષ્ણને પાછા વાળીને મોટી ભુજાવાળા બળદેવજી તીર્થયાત્રા કરવા ચાલી નિકળ્યા.

एवमुक्त्वा महाबाहुरनुज्ञातश्च पांडवैः ।
तीर्थयात्रां ययौ रामो निवर्त्य मधुसूदनं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि बलरामतीर्थयात्रागमने गुर्जरभाषायां सप्तपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५७ ॥

અધ્યાય ૧૫૮ મો. રૂક્મિનું મદદે આવવું.

वैशंपायन उवाच—एतस्मिन्नेव कालेतु भीष्मकस्य महात्मनः ।
हिरण्यरोम्णो नृपतेः साक्षादिंद्रसखस्य वै ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ સમયે મહાત્મા, જેના "શરીર ઉપર સુવર્ણ સરખાં રૂંવાં હતા એવા" વૃષ્ણ સાક્ષાત ઇંદ્ર સરખા, બીજા એવું જેનું ઉપનામ હતું એવા મોટા યશસ્વી અને દક્ષિણ દેશના અધિપતિ ભીષ્મક રાજાનો સત્ય સંકલ્પવાન તથા સર્વ દિશામાં રૂક્મિ નામે પ્રસિધ્ધ પુત્ર હતો, જે ગંધમાદન પર્વતને વિષે રહેનાર કુબેરનો શિષ્ય; ચુથચ ધનુર્વેદ જેણે જાણ્યો હતો એવો, મહાબાહુ અને ગાંડિવ તથા શાર્ઙ્ગ ધનુષ સરખું તેજસ્વી અને દિવ્ય લક્ષણવાળુ માહેંદ્ર ધનુષ પામેલો હતો. હે રાજન્ ! સ્વર્ગમાં ગતિ કરનાર દેવતાઓમાં ત્રણ ધનુષ દિવ્ય કહેવાય છે તે એ કે વરૂણનું ગાંડિવ, ઇંદ્રનું વિજય તથા વિષ્ણુનું દિવ્ય, અને શત્રુની સેનાને ભય ઉત્પન્ન કરનાર તેજોમય શાર્ઙ્ગ ધનુષ, જે શાર્ઙ્ગને શ્રી કૃષ્ણ ધારણ કરતા હતા. હે જનમેજય ! તે ત્રણ ધનુષમાં ગાંડીવ ધનુષ ખાંડવ વનને વિષે અગ્નિ પાસેથી અર્જુનને પ્રાપ્ત થયું હતું, વિજય નામનું ધનુષ કુબેર પાસેથી રૂક્મિને મળ્યું હતું તથા મણિ જડિત કુંડળ, સોળ હજાર સ્ત્રી અને અનેક રત્ન સહિત શાર્ઙ્ગ નામનું ધનુષ મુર દૈત્યના પાશને કાપી તથા તે દૈત્યનો નાશ કરી નરકાસુરને જીતવાથી શ્રીકૃષ્ણને મળ્યું હતું. હે રાજન્ ! વિજય નામના ધનુષને પામેલો મહા પરાક્રમી મોટી એક અક્ષૌહિણી સેના સાથે લઇને, પાંડવો પાસે આવ્યો, જે બુદ્ધિમાન શ્રીકૃષ્ણે, કરેલા રૂક્મિણીના

હરણને નહીં સહન કરવાથી, હું શ્રીકૃષ્ણને માર્યા વગર કુંડિનપુરમાં પ્રવેશ નહીં કરૂં એમ પ્રતિજ્ઞા લઇ, પોતાની સાથે મોટી, શત્રુને દૂર ફેંકનાર વિચિત્ર આયુદ્ધ તથા કવચ ધારણ કરેલી અને ગંગાના પ્રવાહની પેઠે વૃદ્ધિ પામેલી ચતુરંગિણી સેનાને લઇને, યુદ્ધ કરવા સારૂ યોગિના ઇશ્વર શ્રીકૃષ્ણ પાસે ગયો, પણ તેણે જીતવાથી જ્યાં પોતાનો પરાજય થયો, ત્યાંજ એક ભોજકટ નામનું શહેર વસાવી પોતાની ચતુરંગિણી સેના સહિત રહ્યો હતો. તે કવચ. ધનુષ, હાથમાં મોજાં તથા તલવાર ધારણ કરેલા અને પાંડવોના પક્ષમાંના યોદ્ધાઓના ઓળખીતા રૂક્મિયાએ સૂર્ય સરખા પ્રકાશમાન પોતાના ધ્વજ સહિત શ્રીકૃષ્ણને પ્રિય થવાની ઇચ્છાથી યુધિષ્ઠિરના સૈન્યમાં પ્રવેશ કર્યો; જેની યુધિષ્ઠિર રાજાએ સામે જઇ પૂજા કરી. પછી સર્વ પાંડવોએ યથાયોગ્ય પૂજાદિ સત્કાર કરેલા તથા સેના સહિત વિશ્રાંતિને પામેલા રૂક્મિયાએ, પાંડવોએ કરેલા સત્કારને માન્ય કરીને, સત્ર શૂરવીર પુરૂષોની વચમાં અર્જુનને કહ્યું કે હે પાંડવ! જો તું યુદ્ધ વિષે શત્રુઓથી ભય પામતો હોય, તો હું તારી સહાયતા કરનાર ઉભો છું. માટે તારા શત્રુથી સહન ન થાય એ પ્રમાણે સહાયતા કરીશ. હે પાંડવ! આ પૃથ્વી પર પરાક્રમ વિષે મારા સરખો કોઇપણ પુરૂષ નથી, માટે તુ કૌરવોના પક્ષમાંનો જેટલો ભાગ મને આપીશ, તેટલો હું નાશ કરીશ અથવા દ્રોણ તથા કૃપાચાર્ય વા ભીષ્મ અને કર્ણ અથવા સર્વ રાજાઓ જે કે મારા ભાગમાં આપીશ, તોપણ તે સર્વનો નાશ કરી તને પૃથ્વી અપાવીશ. હે જનમેજય! એ પ્રમાણે રૂક્મિયે યુધિષ્ઠિર રાજા તથા શ્રીકૃષ્ણની સમક્ષ સર્વ રાજાઓ સાંભળતાં અર્જુનને કહ્યું ત્યારે શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિર સામું જોઇ હાસ્ય કરીને, બુદ્ધિમાન અર્જુને સ્નેહ યુક્ત આવાં વાક્ય કહ્યાં કે, કુરૂકુળમાં ઉત્પન્ન થયેલો, તેમાં પણ પાંડુ રાજાનો પુત્ર, દ્રોણાચાર્યનો શિષ્ય, શ્રીકૃષ્ણની સહાયતાવાળો તથા ગાંડિવ ધનુષ ધરનાર હું, ભય પામ્યો છું એમ કેમ કહું? હે રૂક્મિ! મેં ઘોષયાત્રાને વિષે મહા બળવાન, ગંધર્વોની સાથે, ખાંડવ વનને વિષે દેવતા તથા દાનવના સમૂહની સાથે, નિવાત કવચ તથા કાલકેય નામના દૈત્યોની સાથે અને વિરાટ નગરને વિષે ઘણા કૌરવોની સાથે યુદ્ધ કર્યું ત્યારે મારી સહાયતા કરનાર કોણ હતું? હે નરશાર્દૂલ! રૂદ્ર, ઈંદ્ર, કુબેર, યમ, વરૂણ, અગ્નિ, કૃપાચાર્ય દ્રોણ તથા માધવનું સેવન કરનાર, યુદ્ધ માટે દઢ, દિવ્ય તથા તેજોમય ગાંડિવ ધનુષ ધરનાર અને અક્ષય બાણ તથા દિવ્યાસ્ત્રયુક્ત મારા સરખો પુરૂષ, કદી યુધ્ધને વિષે સાક્ષાત ઈંદ્ર પ્રાપ્ત થાય, તોપણ યશને નાશ કરે એવું 'હું બ્હીન્યો છું' એમ કેમ કહે? હે મહાબાહો! હું કાંઇ પણ બ્હીન્યો નથી, ને મને તારી સહાયતાની પણ કંઇ જરૂર નથી; માટે તારે બીજે ક્યાંય જવું હોય તો ત્યાં જા, અથવા અહીં રહે તારી ઇચ્છા પ્રમાણે કર. હે ભરત કુળમાં શ્રેષ્ઠ જનમેજય! એ પ્રમાણે અર્જુનનાં વચન સાંભળી પોતાના સમુદ્ર સરખા સૈન્યને પોતાની સાથે લઇને રૂક્મિયે દુર્યોધન પાસે જઇ તેને અર્જુનની પેઠેજ વાક્ય કહ્યાં. ત્યારે શૂરવીરપણાના અભિમાનવાળા દુર્યોધનને સહાયતા કરવાની ના કહી, તેથી ત્યાંથી ચાલી નિકળ્યો. હે પૃથ્વીપતિ! એ પ્રમાણે બળદેવજી તીર્થયાત્રા કરવા ગયા તથા રૂક્મિયો પણ ત્યાંથી ચાલી નિકળ્યો, ત્યાર પછી પાંડવો વળી મનસુબો કરવા સારૂ સર્વ મળી બેઠા. તે વેળા હે ભારત! યુધિષ્ઠિરની સંકીર્ણ સેના, જેમ નક્ષત્ર તથા ચંદ્રથી વિચિત્ર આકાશ શોભે, તેમ શોભતી હતી.

समितिर्धर्मराजस्य सा पार्थिवसमाकुला ।
शुशुभे तारकोचित्रा द्यौश्चंद्रेणेव भारत ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि कृष्णपक्षसमाप्ती गुर्जरभाषायामष्टपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५८ ॥

અધ્યાય ૧૫૯ મો. સર્વ સૈન્યોની સંપૂર્ણતા.

जनमेजय उवाच—तथा व्यूढेष्वनीकेषु कुरुक्षेत्रे द्विजर्षभ
किमकुर्वन्कुरवः कालेनाभिप्रचोदिताः ॥ १ ।

જનમેજય પૂછે છે–હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ વૈશંપાયન! હવે કુરૂક્ષેત્રને વિષે સર્વ સેનાની વ્યૂહરચના થઇ ત્યારે કાળે પ્રેરણા કરેલા કૌરવોએ શું કર્યું? વૈશંપાયન કહે છે–હે ભરત કુળમાં શ્રેષ્ઠ! એ પ્રમાણે કવચ પહેરેલી સેનાની રચના થઇ, ત્યારે ધૃતરાષ્ટ્ર રાજાએ સંજયને કહ્યું કે હે સંજય! તું અહીં આવ, પછી કૌરવો તથા પાંડવની સેનાએ નિવાસ કર્યો, ત્યાર પછી તેમાં જે વૃત્તાંત થયું હોય, તે સર્વ મને કહો. હું અદૃષ્ટને બળવાન તથા પુરૂષ પ્રયત્નને ફોકટ માનું છું: કેમકે વિનાશ જેમાં થાય એવા યુદ્ધના દોષને જાણવા છતાં પણ, કપટ બુદ્ધિવાળા તથા દુષ્ટ દ્યૂત રમનાર પોતાના પુત્ર દુર્યોધનને નિયમમાં રાખવા સમર્થ થતો નથી અને પોતાનું હિત થાય એમ કરી પણ શકતો નથી. હે સૂત! મારી બુદ્ધિ દોષને જાણવા સમર્થ છે, તથાપિ જ્યારે હું દુર્યોધન પાસે જાઉં છું, ત્યારે તે મારી બુદ્ધિ અવળી થઇ જાય છે. હે સંજય! એ પ્રમાણે મારી બુદ્ધિનું અવળાપણું થાય છે, માટે જે ભાવી હશે તે થશે; કેમકે સંગ્રામમાં પોતાના શરીરનો ત્યાગ કરવો એજ મુખ્ય ક્ષત્રિય ધર્મ છે. સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! તમારા ધારવા પ્રમાણે થશે, પણ યુદ્ધની તૈયારી થયા પછી આ પ્રશ્ન પૂછો છો એ તમને યોગ્ય છે: ને તમે આ થતા કાર્ય સંબંધી દોષ દુર્યોધનને આપવા લાયક નથી હે પાર્થિવ! જે મનુષ્ય પોતાને નહી લાયક એવાં કાર્ય કરવાનું આચરણ કરે છે, તે અશુભ ફળ પામે છે: તેથી તેણે કાળને તથા દૈવને દોષ આપવો એ તેને લાયક નથી. હે મહારાજ! જે પુરૂષ મનુષ્યોએ નિંદવા લાયક સર્વ કામ કરે છે, તે સર્વ લોકો નાશ કરવા યોગ્ય ગણાય છે હે મનુજશ્રેષ્ઠ! દ્યૂત વિષે છેતરેલા અમાત્યો સહિત પાંડવોએ, તમોએ કરેલા અનેક તિરસ્કારોને કેવળ તમારેજ લીધે સહન કર્યા છે. હવે સર્વ લોકોનો ક્ષય જેમાં થાય એવું અશ્વ, હસ્તિ તથા અતિ તેજસ્વી રાજાઓનું પરસ્પર વૈર થયું, તે તમે મારાથી સ્થિર થઇ સાંભળો; ને યુદ્ધને વિષે જેવી રીતે બન્યું છે, તે મારાથી સાંભળીને સ્થિર મનવાળા થાઓ. હે રાજન્! આ સર્વ બનેલાં વૈરાદિને વિષે કોઇને પણ દોષ આપવો એ યોગ્ય નથી; કારણ શુભ તથા પાપરૂપ કાર્યનો કર્તા પુરૂષ નથી, કેમકે તે તો કાષ્ટની પુતળીની પેઠે પરતંત્ર રહીને ઇશ્વર કરાવે તેમ કરે છે; પરંતુ કેટલાક પુરૂષ ઇશ્વરેચ્છા પ્રમાણે કાર્ય થાય એમ કહે છે, કેટલાક પોતાની મેળે થાય છે તથા કેટલાક પૂર્વ કર્મ પ્રમાણે કાર્ય થાય છે એમ પણ કહે છે, એ પ્રમાણે શુભ અથવા અશુભ કાર્ય ત્રણ પ્રકારથી થાય છે, માટે અનર્થપણાને પામેલા તમે સ્થિર થઇને, હું કહું તે સાંભળો.

केचिदीश्वरनिर्दिष्टाः केचिदेव यदृच्छया ।
पूर्वकर्मभिरप्यन्ये त्रैधमेतत्प्रदृश्यते ॥
तस्मादनर्थमापन्नः स्थिरो भूत्वा निशामय ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि संजयवाक्ये गुर्जरभाषायामूनषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १५९ ॥

અધ્યાય ૧૬૦ મો. ઉલૂક દૂતાગમન.

संजय उवाच—हिरण्वत्यां निविष्टेषु पांडवेषु महात्मसु ।
न्यविशंत महाराज कौरवेया यथाविधि: ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ ધૃતરાષ્ટ્ર ! હિરણ્વતી નદીની પાસે મહાત્મા પાંડવોએ નિવાસ કર્યો ત્યાર પછી કૌરવોએ યથાવિધિ નિવાસ કર્યો. પછી દુર્યોધન રાજા ત્યા પોતાનાં સૈન્યને નિવાસ કરાવી, આવેલા સર્વ રાજાઓનું સન્માન, કરાવી, સેનાની અનેક ટુકડીએ ને જૂદે જૂદે ઠેકાણે રખાવી, સર્વ યોદ્ધાઓની તથા દ્રવ્યાદિ સાહિત્યની રક્ષા કરવાનો બંદોબસ્ત કરાવી, કર્ણ, દુઃશાસન તથા સુબળ પુત્ર શકુનિને પોતાની પાસે બોલાવી, તેમની સાથે ભાષણ તથા વિચાર કરી ઉલૂક નામના દૂતને એકાંતમાં બોલાવી તેને કહેવા લાગ્યો કે, હે કપટી ઉલૂક ! તું સોમકવંશી રાજાઓ સહિત બેઠેલા પાડવો પાસે જા, અને મારા કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણ સાંભળતા તેમને કહે કે, ઘણા વર્ષનુ ઇચ્છિત તથા લોકને ભય ઉપજાવનારૂં કૌરવ અને પાંડવોનું યુદ્ધ પ્રાપ્ત થયુ. હે યુધિષ્ઠિર ! વાસુદેવની સહાયતાવાળા નાના ભાઇ સહિત તમે, સંજય પાસે જે પોતાની પ્રશંસાનાં વાક્ય કહેવરાવ્યાં ને તેણે કૌરવની સભામાં આવી મને કહ્યાં, તે કરવાનો સમય હવે પાસે આવ્યો છે, માટે જેવી રીતે તમે પ્રતિજ્ઞા લીધી છે, તેવી રીતે તમે સર્વ કરો. વળી હે ઉલૂક ! તુ સર્વ પાંડવોમાં જ્યેષ્ઠ એવા યુધિષ્ઠિરને મારા કહેવાથી કહેજે કે, ભાઇયો, સોમક તથા કકય વગેરે સહિત તમે ધર્મિષ્ઠ થઇને આ યુદ્ધમાં થનાર વિનાશરૂપ અધર્મને વિષે મન કેમ કરો છો ? તમે સર્વ ભૂત પ્રાણીને અભય આપનાર છો, માટે સંન્યાસ લઇ ચાલી નિકળશો એમ હુ ધારતો હતો. પણ આ તો સર્વ જગત નાશ પામે એમ ક્રૂરની પેઠે યુદ્ધ કરવા ઇચ્છો છો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! તમારૂં કલ્યાણ થાઓ, પૂર્વે જ્યારે દેવતાઓએ દૈત્યનું રાજ્ય હરણ કરી લીધું, ત્યારે પ્રહ્લાદે દેવતાઓને કહેલાં વાક્ય એવાં સંભળાય છે કે, હે દેવતાઓ ! જે પ્રતિજ્ઞા વ્રતનું દર્શ તથા તેની વીંટી હાથમાં હોય એ ચિન્હ ધ્વજની પેઠે સર્વ જાણે છે અને જેમાં પાપ ગુપ્ત રહેલું હોય છે તેને "બૈડાલ નામનું વ્રત કહે છે" બિલાડાનું વ્રત કહે છે. વળી હે નરાધિપ ! આ પ્રસગને વિષે નારદજીએ મારા પિતાને કહેલું એક આખ્યાન હું તમને કહુ તે સાંભળો.

દુષ્ટ બુદ્ધિવાળો કોઇ બિલાડો સર્વ કામમાં ચેષ્ટા રહિત થઇ, ઉચા હાથ રાખી, મનની શુદ્ધિ કરી ગંગાના તીર ઉપર બેઠો હતો: ને સર્વને પોતામાં વિશ્વાસ આવે તે સારૂ એમ કહેતો હતો કે, હું અહિં રહી ધર્મનું આચરણ કરૂં છુ. હે પૃથ્વીપતિ ! એ પ્રમાણે ગંગાના કિનારા પર રહેતાં તેને ઘણો કાળ ગયો, ત્યારે પક્ષિયોને તેનામાં વિશ્વાસ આવ્યો; તેથી તેઓ તેની પાસે આવીને પ્રશંસા કરવા લાગ્યાં. તે વેળા પક્ષિયોનું ભોજન કરનાર તથા પક્ષિયોએ વખાણેલો માર્જાર, મેં મારૂં જીવન કાર્ય કર્યું ને મારી આ તપશ્ચર્યાનું ફળ મને મળ્યું, એમ પોતાના મનમાં માનવા લાગ્યો. પછી કેટલેક દિવસે તેની

પાસે ઉંદરો આવ્યા, ને તેમણે ધર્મિષ્ઠ, વ્રત આચરણ કરેલા, મોટા કાર્યવાળા તથા દંભ યુક્ત તેને જોઇને, પોતાના મનમાં નિશ્ચય કર્યો કે, આપણે સર્વ મિત્ર છીયે તેમનો આ માતુલ થાઓ ને આપણા વૃદ્ધ તથા બાળકની ચોતરફથી રક્ષા કરો. પછી એ પ્રમાણે પરસ્પર વિચાર કરી બિલાડા પાસે જઇને સર્વ ઉંદરો તેને આવી રીતે કહેવા લાગ્યા કે, તમારા પ્રસાદથી અમે અહીં સુખે કરી ફરવા ઇચ્છીયે છીયે; અમારી ગતિ તથા અમારા પરમ સ્નેહી તમે છો, માટે અમે સર્વ મળીને તમારે શરણે આવ્યા છીયે; કારણ તમે ધર્મમાં તત્પર થઇ તેનું આચરણ કરો છો. જેમ ઇદ્રે દેવતાઓની રક્ષા કરી હતી તેમ તમે અમારી રક્ષા કરો. હે પૃથ્વીપતિ ! એ પ્રમાણે ઉંદરોએ કહ્યું ત્યારે તેમનો નાશ કરનાર બિડાલે તેમને ઉત્તર આપતાં કહ્યું કે, હું તપ કરૂં છું, ને તમે કહો છો કે, અમારી રક્ષા કરો ! એ બે કામ કેમ થાય, પણ મારે તમારા કહેવા પ્રમાણે હિત માટે કરવું જોઇશે, તેમ તમારે પણ મારા કહેવા પ્રમાણે કરવું જોઇશે. હું દૃઢ નિયમ પાળવાને લીધે તપ કરવાથી શાંત થયો છું, તેથી મારામાં કંઇ પણ ચાલવાની શક્તિ નથી; માટે તમારે મને અહીંથી આ ગંગા નદીના બીજા કિનારા ઉપર લઇ જવો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! તેનાં વચન સાંભળી 'બહુ સારૂં' તેમ કરીશું એવી પ્રતિજ્ઞા કરી તથા પોતાના વૃદ્ધ અને બાળકો તેને સોંપી ઉંદરો નિશ્ચિંત થઇ સર્વત્ર ફરવા લાગ્યા. ત્યાર પછી પાપરૂપ દુષ્ટ બુદ્ધિવાળો માર્જાર, પોતાની પાસે વિશ્વાસ કરી રહેલા ઉંદરોનું ભક્ષણ કરવા લાગ્યો; જેથી દિવસે દિવસે શરીરમાં સ્થૂળ, શ્રેષ્ઠ વર્ણવાળો દૃઢ બંધવાળો તથા તેજ અને બળયુક્ત થઇ વૃદ્ધિ પામવા લાગ્યો; ને તેઓનો સમુદાય અત્યંત ક્ષીણ થવા લાગ્યો. પછી તે ઉદરો ત્યાં આવીને પરસ્પર કહેવા લાગ્યા કે, આપણો મામો નિરંતર વૃદ્ધિ પામતો જાય છે, ને આપણે ક્ષીણ થતા જઇયે છીયે. એ પ્રમાણે સૌએ કહ્યું ત્યારે તેમાં અતિ બુદ્ધિમાન ડિંડિક નામના ઉંદરે ઉંદરના સમુદાયને કહ્યું કે, તમે સર્વ એકઠા મળીને આ નદીને બીજે કિનારે જાઓ. હું આ મામા સહિત પાછળથી આવીશ. એ પ્રમાણે ડિંડિકનાં અર્થ યુક્ત વચન સાંભળી 'બહુ સારૂં' એમ કહી તેનું માન રાખી સર્વ ઉંદરોએ, તેના કહેવા પ્રમાણે કર્યું. ત્યાર પછી તે બિડાલે પોતાના કર્મની તે ઉદરોને ખબર ન પડે તે સારૂ ડિંડિકનેજ ભક્ષણ કર્યો. પછી ડિંડિકને નહી જોઇને સર્વ ઉંદર એકઠા મળી વિચાર કરવા લાગ્યા. તે વેળા અવસ્થાએ કરી અત્યંત વૃદ્ધ એવા એક કોલિક નામના ઉદરે પોતાની જ્ઞાતિના મધ્યમાં આવી રીતે કહ્યું કે, મામો ધર્મયુક્ત નથી, ને કેવળ કપટરૂપ મિત્રતા રાખે છે. જુવો ફળ તથા મૂળનું ભક્ષણ કરનારની વિષ્ટા રૂંવાં સહિત હોય નહી, ને મામાની તે સહિત છે. વળી તેનું શરીર નિત્ય વૃદ્ધિ પામતું જાય છે, ને આપણો સમૂહ ક્ષય થતો જાય છે, તેમ આજ સાત અથવા આઠ દિવસ થયા ડિંડિક દેખાતો નથી; માટે તે આપણા ગણનું ભક્ષણ કરે છે એમાં સદેહ નથી. હે રાજન્ ! કોલિકનાં વચન સાંભળીને સર્વ ઉંદર ત્યાંથી ભાગી ગયા; ને દુષ્ટ બુદ્ધિવાળો બિડાલ પણ જેવી રીતે આવ્યો હતો, તેવી રીતે ત્યાંથી નાસી ગયો. હે દુષ્ટ બુદ્ધિવાળા ! તમે પણ બિડાલના સરખા વ્રતને ધારણ કરીને, બિડાલે ઉંદરોને વિષે જેવી રીતે આચરણ કર્યું તેવીજ રીતે પોતાની જ્ઞાતિને વિષે આચરણ કરો છો.

તમારૂં બોલવું જુદી તરેહનુ ને કરવું જુદી તરેહનું દેખાય છે: માટે તમારૂં વેદા-ધ્યયન તથા શાંતિ કેવળ લોકોને ઠગવા સારૂજ છે ! હે મનુષ્ય શ્રેષ્ઠ ! ક્ષાત્રધર્મનો આશ્રય કરેલા તમે, હું અજાતશત્રુ છું એ કપટનો ત્યાગ કરીને સર્વ કાર્ય કરો: કેમકે ધર્મિષ્ઠ છો,

માટે બાહુ વીર્યથી પૃથ્વીને પામીને તમે, યથોચિત બ્રાહ્મણોને દાન આપો તથા પિતૃઓનાં શ્રાદ્ધ કરો. પોતાની માતાના હિતને ઇચ્છનાર તમે સંગ્રામમાં અમને જીતીને ઘણાં વર્ષ પર્યંત ક્લેશ પામેલી માતાનાં અશ્રુને લુછો; જેથી સન્માનને પામશો. તમે અમારી પાસે યત્નથી પાંચ પાંચ ગામ માગ્યાં, પણ અમે પાંડવોને કેવી રીતે ક્રોધ પમાડીએ તથા તેમની સાથે યુદ્ધ શું કરવાથી થાય એવા વિચારથી તે આપ્યાં નહી; ને તમારે લીધેજ દુષ્ટ ભાગ વાળા વિદુરનો પણ ત્યાગ કર્યો. અમે તમને લાક્ષાગૃહમાં બાળ્યા એ અમારા કૃત્યને સંભારીને, તમે પરાક્રમ કરો. હે યુધિષ્ઠિર! તમે કૌરવની સભામાં આવેલા શ્રીકૃષ્ણ સાથે, હું સલાહ કરવાને તથા યુદ્ધ કરવાને તૈયાર છું એમ કહેવરાવ્યું હતું, માટે તે યુદ્ધ કરવાનો આ સમય આવ્યો છે. હે યુધિષ્ઠિર! મેં યુદ્ધ કરવા સારૂજ આ સર્વ કર્યું છે; કેમકે તેમ કરવું તેને ક્ષત્રિયો અધિક લાભ માને છે, માટે તમે ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયા છો, પૃથ્વીને વિષે વિખ્યાત છો, દ્રોણાચાર્ય તથા કૃપાચાર્યથી અસ્ત્રવિદ્યા શિખ્યા છો અને કૃષ્ણના આશ્રયવાળા છો વાસ્તે યુદ્ધ કરો. હે ઉલૂક! તું પાંડવોની સમક્ષ શ્રીકૃષ્ણને કહેજે કે, તમે પોતાના અથવા પાંડવોના સ્વાર્થ માટે યત્ન યુક્ત થઇ તેઓને મારી સામે યુદ્ધ કરાવો; ને મારી સભામાં માયાએ કરી જે રૂપ ધારણ કર્યું હતું, તે રૂપ પાછું લઇ અર્જુન સહિત થઇને મારી સામે દોડી આવો. ઇંદ્રજાળ, કપટ તથા ભયંકર અભિચાર એ સંગ્રામને વિષે શસ્ત્ર ધારણ કરેલાને ભય ઉત્પન્ન કરતાં નથી! અમે પણ ઇચ્છા કરીયે તો માયાએ કરી આકાશ તથા સ્વર્ગ પ્રત્યે જઇયે અને રસાતળમાં તથા ઇંદ્રના શહેરમાં પણ પ્રવેશ કરીએ, અને પોતાના શરીરને વિષે ઘણા પ્રકારનાં રૂપ પણ દેખાડીયે. પણ તેમ કરવાથી પોતાનાં ઇચ્છિત કાર્યની સિદ્ધિ થાય નહી, તેમ શત્રુ ભય પણ પામે નહી. ઇચ્છા માત્રમાં તો સર્વ ભૂત પ્રાણીને વિધાતાજ વશ કરે છે, પણ તમારા જેવાથી તેમ કદી થાય નહી. હે વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ! હુ કૌરવોનો નાશ કરાવી પાંડવોને રાજ્ય આપીશ તથા મારી સહાયતાવાળા અર્જુનની સાથે તમને વૈર થશે એમ તમે સંજય સાથે કહેવરાવ્યું હતું જે તેણે મને સર્વ કહ્યું છે. તમે સત્ય પ્રતિજ્ઞાવાળા થઇને, પાંડવો સારૂ સાવધાન થઇ અમારી સાથે યુદ્ધ કરો અને પુરૂષ થાઓ જે અમે જોઇયે! જે પુરૂષ પોતાના શત્રુને જાણી શુદ્ધ પરાક્રમ કરે છે તે પોતાના શત્રુને શોક ઉત્પન્ન કરે છે, ને તેનું જીવિત પણ સફળ છે. હે કૃષ્ણ! જગતમા તમારો યશ અકસ્માત વિખ્યાત થયો છે, તેથી પુરૂષના ચિન્હ તથા દાઢી મુછવાળા "ષઢ" નિર્વીર્ય પુરૂષો છે એમ અમે હમણાં જાણ્યું; જેમાં તમારો યશ વિખ્યાત થયો છે! માટે સગ્રામમા કંસના નોકર એવા તમારી સામે મારા સરખા રાજાએ કવચ ધારણ કરવું એ કદા પણ યોગ્ય નથી.

હે ઉલૂક! મોટા શૃંગવાળા બેલ સરખા, ઘણું ભોજન કરનાર તથા મૂર્ખ ભીમસેનને મારા કહેવાથી તુ કહજે કે, હે પાર્થ! તું વિરાટ નગરને વિષે બલ્લવ નામે વિખ્યાત રસોઇયો થયો હતો, એ મારૂંજ પરાક્રમ છે એમ જાણ. હે ભીમસેન! તેં પૂર્વે મારી સભામાં હું દુ:શાસન રૂધિરનું પાન કરીશ એમ પ્રતિજ્ઞા લીધી છે, માટે જો તારામાં તેમ કરવાની શક્તિ હોય તો તેમ કરીને પોતાની પ્રતિજ્ઞાને સત્ય કર. હે કુંતિના પુત્ર! તું પૂર્વે કહેતો હતો કે, હું બળાત્કારથી ધૃતરાષ્ટ્રના પુત્ર કૌરવોનો સંગ્રામમાં નાશ કરીશ; માટે તેમ કરવાનો આં સમય આવ્યો છે. હે ભારત! તું તો ભક્ષ્ય તથા પેય પદાર્થનું ભોજન કરવામાં મુખ્ય હતો પણ જમવું એ કયાં ને યુદ્ધ કરવું એ ક્યાં! માટે તું અમારી સાથે

યુદ્ધ કરીને, પોતાનું પરાક્રમ અમને બતાવ! હે વૃકોદર! હે ભારત ભીમસેન! તેં પૂર્વે સભામાં જે વચન કહ્યાં હતાં, તે સર્વ વૃથા છે એમ હું માનું છું, કેમકે તું સંગ્રામને વિષે નાશ પામી ગદાને આલિંગન કરી રણભૂમિ ઉપર શયન કરીશ. હે ઉલૂક! તું મારા કહેવાથી નકુળને પણ કહેજે કે હે ભરત વંશમાં ઉત્પન્ન થયેલા નકુળ! તું યુધિષ્ઠિરને વિષે તારી પ્રીતિ, મારે વિષે તને દ્વેષ તથા અમે આપેલા દ્રૌપદીના ક્લેશને યથાર્થ સંભારીને, આજ અમારી સાથે યુદ્ધ કર; જેથી તારાં પરાક્રમને અમે જોઇયે. હે ઉલૂક! તું સહદેવને પણ મારા કહેવા પ્રમાણે રાજાઓની વચમાં કહેજે કે હે પાંડવ! તું ઉદ્યોગ યુક્ત થઇને અમારી સાથે યુદ્ધ કર અને અમે આપેલા ક્લેશને હમણાં સંભાર! હે ઉલૂક! તું વિરાટ તથા દ્રુપદ રાજાને પણ મારા કહેવાથી કહેજે કે હે વિરાટ! હે દ્રુપદ! જ્યારથી ઇશ્વરે પ્રજા ઉત્પન્ન કરી છે, ત્યારથી આજ દિવસ સૂધી ગુણવાન નોકરોએ પોતાને લાયક રાજાઓને જોયા નથી, ને રાજાઓએ પોતાને લાયક નોકરોને જોયા નથી; ને તમે જેનો આશ્રય કર્યો છે એવા યુધિષ્ઠિર રાજા તો અશ્લાઘ્ય છે. માટે તમે સર્વ એકઠા મળી યુધિષ્ઠિર તથા તમારા પોતાના સ્વાર્થ માટે અને મને મારવા સારૂ મારી સાથે યુદ્ધ કરો. હવે હે ઉલૂક! મારા કહેવાથી તું દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને કહેજે કે, આ યુદ્ધ કરવાનો સમય આવ્યો છે, માટે તેને તું સંભાળજે! જેથી સંગ્રામમાં દ્રોણાચાર્યને પામીને પોતાના ઉત્તમ હિતને જાણીશ. પોતાના સ્નેહી સહિત તું યુદ્ધ કર ને ગુરૂ એવા દ્રોણને મારવારૂપ પાપ કર્મ કર. હે ઉલૂક! તું મારા કહેવા પ્રમાણે શિખંડિને પણ કહેજે કે, ધનુષ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ મહાબાહુ, કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા તથા ગંગાપુત્ર ભીષ્મ તને સ્ત્રી છે એમ માનીને મારશે નહીં; માટે તું ભય વગરનો થઇને યુદ્ધ કર, ને સાવધાન થઇ પરાક્રમ કર, જે અમે જોઇયે. હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે ઉલૂકને કહી હસીને, વળી દુર્યોધન તેને કહેવા લાગ્યો કે હે ઉલૂક! મારા કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણ સાંભળતાં અર્જુનને પણ કહેજે કે, તું યુદ્ધમાં પરાજય પમાડીને આ પૃથ્વીનું પાલન કરીશ અથવા અમોએ જીતવાથી રણશય્યામાં શયન કરીશ. હે પાંડવ! તું અમે તમને દેશવટો દીધો તે સંબંધી ક્લેશ, વનવાસ તથા દ્રૌપદીના ક્લેશને સ્મરણ કરીને, પુરૂષ થા! જે માટે ક્ષત્રિયની સ્ત્રી પુત્રને ઉત્પન્ન કરે છે, તે કરવાનો આ સમય નજીક આવ્યો છે! તું યુદ્ધમાં પોતાના બળ, વીર્ય, શૌર્ય, અસ્ત્રલાઘવ તથા પૌરૂષ દેખાડીને પોતાના ક્રોધની શાંતિ કર. ક્લેશ પામેલા, દીન, ઘણા કાળ સૂધી પ્રવાસમાં રહેલા તથા ઐશ્વર્યથી ભ્રષ્ટ થયેલા, કયા પુરૂષનું હૃદય ફાટે નહીં? સારા કુળમાં ઉત્પન્ન થયેલા, શૂરવીર અને પારકા ધનની ઇચ્છા નહીં રાખનાર પુરૂષનું રાજ્ય હરણ કરીને, મારા સરખો પુરૂષ તેને ક્રોધ કેમ ઉત્પન્ન ન કરે? હે અર્જુન! તેં પૂર્વે જે પોતાની પ્રશંસાનાં વાક્ય કહેલાં છે, તે પ્રમાણે કરી દેખાડ; કારણ યુદ્ધ કર્યા વગર પોતાની પ્રશંસા કરનારને સત્પુરૂષ કુત્સિત પુરૂષ કહે છે, માટે તું યુદ્ધ કરીને પોતાના શત્રુને વશ એવાં પોતાનાં સ્થાન તથા રાજ્ય પાછાં ગ્રહણ કર. હે પાંડવ! યુદ્ધ કરવાની ઇચ્છા રાખનારને ધર્મ તથા અર્થ એ બેઉ સિદ્ધ થાય છે, વાસ્તે તું પરાક્રમ કર. અમે તને દ્યૂત રમાડી પરાજય પમાડ્યો છે, તથા તારી સ્ત્રી દ્રૌપદીને સભામાં બોલાવી મંગાવી છે; માટે હું પુરૂષ છું એવો ગર્વ રાખીને તારે ક્રોધ કરવો એ યોગ્ય છે. મેં તને બાર વર્ષ સૂધી તો ઘરમાંથી કાઢી મૂકી વનવાસ કરાવ્યો, ત્યાર પછી વળી એક વર્ષ પર્યંત તું દાસપણું વેઠી વિરાટના શહેરમાં રહ્યો, અને દુઃશાસનાદિયે શત્રુને લાયક એવાં અનેક વચન કહ્યાં

માટે તેમ સ્મરણ કરી પોતાનો ક્રોધ અમને દેખાડ, કેમકે તે જ પૌરૂષ છે. હે પાર્થ! તું અમને આ સંગ્રામમાં પોતાના ક્રોધ, બળ, વીર્ય, જ્ઞાન યોગ તથા અસ્ત્રલાઘવ દેખાડતો યુદ્ધ કર ને પુરૂષ થા. હે અર્જુન! યુદ્ધની અગાઉ કરવાનાં શસ્ત્રને નિરાજનાદિ તથા તેમાં મંત્રે કરી દેવતાઓનાં આવાહનાદિ થઇ ગયાં છે, હમણાં કુરૂક્ષેત્રની ભૂમિ કાદવ વગરની છે એટલે યુદ્ધ કરવા લાયક છે અને તારા યોદ્ધાઓ તથા વાહનો સમર્થ છે માટે કેશવ સહિત એવો તું આવતી કાલે અમારી સાથે યુદ્ધ કર, તું યુદ્ધમાં ભીષ્મને મળ્યા પહેલાં પોતાની બડાઇનાં વાક્ય શું બોલે છે. જેમ ગંધમાદન પર્વત ઉપર ચઢવાની ઇચ્છાવાળો આળસુ પુરૂષ બોલે, તેમ તું બોલે છે માટે મોઢેથી પ્રશંસા કરવી છોડી દઇને અમને પરાક્રમ દેખાડ. હે પાર્થ! કોઇથી સહન ન થાય એવો કર્ણ, બળવાન અને શ્રેષ્ઠ શલ્ય તથા યુદ્ધમાં ઇંદ્ર સરખા દ્રોણાચાર્યને સંગ્રામમાં જીત્યા વગર તું રાજ્યની ઇચ્છા કેમ રાખે છે? બ્રહ્માસ્ત્ર તથા ધનુષ વિદ્યાના આચાર્ય, વેદ તથા ધનુર્વેદનો પાર પામેલા, યુધ્ધમાં આગળ ચાલનાર, કોઇથી ક્ષોભ નહી પામનાર, શત્રુની સેનાના મધ્યમાં ગતિ કરનાર, યુધ્ધમાંથી કદી નહીં ભાગનાર તથા મોટી શાંતિવાળા દ્રોણાચાર્યને તું જીતવાની ઇચ્છા રાખે છે, પણ તે ફોકટ છે કેમકે અમે વાયુએ મેરૂ પર્વતને ઉન્મથન કર્યો એમ કોઇ દિવસે સાંભળ્યું નથી. હે પાર્થ! જો વાયુ મેરૂ પર્વતને ઉડાડે, સ્વર્ગ પૃથ્વી ઉપર આવી પડે તથા કાળચક્ર અવળું ચાલે, તો તારા કહેવા પ્રમાણે થાય નહીં તો કદી થવાનું નથી. શત્રુને મર્દન કરનાર દ્રોણને યુદ્ધમાં પામીને, પોતાના જીવિતની ઇચ્છા રાખે એવો કયો પુરૂષ છે; કેમકે તું અથવા બીજો કોઇ પણ તેની સામેથી પાછો જીવતો ગૃહ પ્રત્યે જાય એમ નથી. વળી દ્રોણ તથા ભીષ્મે મારવા સારૂ જેને નજરમાં રાખ્યો હોય એવો અને દારૂણ અસ્ત્રે કરી જેને સ્પર્શ કર્યો હોય એવો કયો પુરૂષ યુધ્ધમાંથી જીવતો પોતાના ગૃહપ્રત્યે જાય એમ છે. જેમ કુવામાં રહેનાર દેડકો બીજાં તળાવ આદિ મોટાં જળાશયોને જાણે નહીં તેમ તું કોઇથી સહન ન થાય એવી, દેવતાની સેના સરખી પ્રકાશમાન, દેવતાઓએ રક્ષા કરેલી સ્વર્ગ પૂરીની પેઠે પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તર દિશામાંના કાંબોજ, શક, શાલ્વ, મત્સ્ય, કુરૂ, મધ્યમ મ્લેચ્છ, પુલિંદ, દ્રવિડ, આંધ્ર અને કાંચ્ય દેશના નરેંદ્રોએ રક્ષા કરેલી તથા એકઠી મળેલી આ રાજસેનાને શું જાણતો નથી? હે મંદ,! હે અલ્પ બુદ્ધિવાળા! વૃદ્ધિ પામેલા ગંગાના પ્રવાહની પેઠે કોઇથી પાર ન પમાય એવા આ મનુજ સમુદાયને તથા હસ્તિ સૈન્યકો મધ્યે રહેલા મને તું શું નથી જાણતો? જેથી યુધ્ધ કરવા ઇચ્છે છે. હે ભારત! સંગ્રામને વિષે અક્ષય એવા તારા બે ભાથા, અગ્નિએ આપેલા તારા તથા દિવ્ય એવા રથ ધ્વજને અમે જાણીયે છીયે, માટે તુ ઘણો શું બકવાદ કરે છે. તેમ કર્યા વગર અમારી સાથે યુધ્ધ કર કેમકે તેમ કરવાથી ઇચ્છિત અર્થની સિધ્ધિ થાય છે પણ બકવાદરૂપ પોતાની પ્રશંસા કરવાથી સિધ્ધિ થતી નથી. હે જનમેજય! જો કેવળ પોતાની પ્રશંસા કરવાથીજ ઇચ્છિત અર્થની સિધ્ધિ થતી હોય, તો સૌએ સિધ્ધાર્થ થાય, કેમકે તેમ ન કરી શકે એવો કોણ છે. તારી સહાયતા કરનાર શ્રીકૃષ્ણ છે, તાલ વૃક્ષ જેવડું તારૂં ગાંડિવ ધનુષ છે તથા તારા સરખો બીજો કોઇ યોદ્ધો નથી, એ સર્વ જાણતાં હું તારૂં રાજ્ય હરણ કરૂં છું. હે અર્જુન! જેમ વિધાતા સંકલ્પ માત્રે કરી સર્વને પોતાને વશ કરે છે, તેમ મનુષ્ય માયાદિથી સિદ્ધિને પામતો નથી કેવળ શૌર્યથીજ પામે છે, બકવાદ કરતા એવા તારૂં રાજ્ય મેં તેર વર્ષ પર્યંત ભોગવ્યું, ને હજી પણ બાંધવ સહિત તારો નાશ કરીને હું ભોગવીશ. હે ફાલ્ગુન!

જ્યારે મેં તમને છલના પણે કરી જીત્યો, ત્યારે તારૂં ગાંડિવ ધનુષ ક્યાં હતું તથા ભીમસેનનું બળ ક્યાં ગયું હતું ? કારણ ગદા ધારણ કરેલા ભીમસેન તથા ગાંડિવ ધનુષ ધારણ કરેલા તારાથી દાસપણા વિષેથી તમારો મોક્ષ થયો નહીં, ત્યારે પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી દ્રૌપદીએ તમને છોડાવ્યા. મેં પૂર્વે તમને તેલ વગરના તીલની પેઠે ષંઢ કહ્યા હતા તે સત્ય થયું, કેમકે તું વિરાટના નગરમાં વેણી ધારણ કરી ષંઢ થઇ રહ્યો હતો તથા કન્યાઓને નચાવતો હતો અને ભીમસેન રસોઇયો થઇ રહ્યો હતો, ને તેમ કરવાથી થાકી ગયો હતો, એ પણ મારૂં પરાક્રમ હતું એમ જાણ. હે પાંડવ ! મારી પેઠેજ ક્ષત્રિયો ક્ષત્રિયને દંડ આપે છે. હે અર્જુન ! હુ શ્રીકૃષ્ણ તથા તારા ભયથી રાજ્ય પાછું આપીશ નહીં, માટે તેના સહિત થઇને તુ અમારી સાથે યુદ્ધ કર. અરે ! હજારો શ્રીકૃષ્ણ તથા "સેંકડો અર્જુન" તારા સરખા સેંકડો, યુદ્ધમાં અમોઘ બાણવાળા મારી સન્મુખતાને પામીને દશ દિશામાં નાસી જશે. હે અર્જુન ! તું ભીષ્મની સામે યુદ્ધ કર, અથવા મસ્તકે કરી પર્વતને ભેદ, વા પુરૂષના સમુદાયરૂપ મહા અગાધ એવા અમારા સૈન્ય સમુદ્રને બે હસ્તે કરી તર; જે કૃપાચાર્ય રૂપ મહા મત્સ્ય, વિવિંશતિ રૂપ મોટા સર્પ, બૃહદ્બળરૂપ મોટી વૃદ્ધિ, ભગદત્તરૂપ મગરમત્સ્ય, ભીષ્મરૂપ વેગ, દ્રોણરૂપ ગ્રાહ, કર્ણરૂપ ઇતર જાતિ મત્સ્ય, શલ્યરૂપ ભ્રમરી, કાંબોજરૂપ વડવાનળ અગ્નિ, દુઃશાસનરૂપ ઓઘ, શલ્ય તથા શળરૂપ મત્સ્ય, સુષેણરૂપ નાગ, ચિત્રાયુદ્ધરૂપ ઝુંડ, જયદ્રથરૂપ પર્વત, પુરૂમિત્રરૂપી ગાંભીર્ય, દુર્મર્ષણરૂપી જળ અને શકુનિરૂપી ખરાબાવાળા, શસ્ત્રના સમૂહવાળા, અક્ષય તથા ચારે તરફથી વૃદ્ધિ પામેલામાં, જ્યારે પ્રવેશ કરી શ્રમથી નાશ પામેલા ચિત્તવાળો તથા નાશ પામ્યા હશે સર્વ બાંધવજન જેના એવો થઇશ, ત્યારે મોટા સંતાપને પામીશ. જેમ અપવિત્ર મનવાળા પુરૂષને સ્વર્ગ પ્રત્યે જવાનું મન નિવૃત્ત થાય છે, તેમ પૃથ્વીનું પાલન કરવાથી તારૂં મન નિવૃત્ત થશે; માટે શાંત થા. હે પાર્થ ! જેમ અતપસ્વી પુરૂષે ઇચ્છેલું સ્વર્ગ મળવું અત્યંત દુર્લભ છે, તેમ તને પણ રાજ્ય મળવું દુર્લભ છે !

तदा मनस्ते त्रिदिवादिवाशुचेर्निवर्तिता पार्थ महीप्रशासनात् ।
प्रशाम्य राज्यं हि सुदुर्लभं त्वया बुभूषितः स्वर्ग इवातपस्विना ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि भगवद्यानपर्वणि दुर्योधनवाक्ये समरभाषायां षष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६० ॥

અધ્યાય ૧૬૧ મો. ઉલૂકનું પાંડવો પાસે જવું.

संजय उवाच—सेनानिवेशं संप्राप्तः कैतव्यः पांडवस्य ह ।
समागतः पांडवेयैर्युधिष्ठिरमभाषत ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ પ્રમાણે દુર્યોધનના કહેવા પછી કપટી ઉલૂક પાંડવની સેનાના નિવાસ સ્થાન પ્રત્યે જઇ, પાંડવોને મળી યુધિષ્ઠિરને કહેવા લાગ્યો કે, તમે દૂતના વાક્યને જાણનાર છો, માટે હું દુર્યોધનનો સંદેશો કહું તે સાંભળીને મારા ઉપર ક્રોધ કરવા લાયક નથી. યુધિષ્ઠિરે કહ્યું કે હે ઉલૂક ! લોભી તથા લાંબા વિચાર વગરના ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનો જે મત હોય, તે તું મને સંતાપ વગર થઇ ખુશીથી કહે; ભય

તમને ક્રોધ થયા નથી. હે ધૃતરાષ્ટ્ર! યુધિષ્ઠિરનાં વચન સાંભળીને ઉલૂક, મોટા તેજસ્વી મહાત્મા પાંચાલો, સૃંજય, મત્સ્ય દેશના રાજાઓ, યશસ્વી શ્રીકૃષ્ણ, પુત્ર સહિત દ્રુપદ તથા વિરાટ અને બીજા સર્વ રાજાઓની વચમાં આવી રીતે કહેવા લાગ્યો કે—હે યુધિષ્ઠિર! મોટા મનવાળા દુર્યોધન રાજાએ કૌરવ પક્ષના શૂરવીર પુરૂષોના સાંભળતાં તમને જે વચન કહેવરાવ્યાં છે, તે હું તમને કહું તે તમે સાંભળો. અમે તમને દ્યૂતમાં જીત્યા તથા તમારી સ્ત્રી દ્રૌપદીને પણ સભામાં લાવ્યા; માટે હું પુરૂષ છું, એનો ગર્વ રાખનાર પુરૂષે ક્રોધ કરવો એ યોગ્ય છે. વળી અમે તમને પોતાના નિવાસ સ્થાનમાંથી કાઢયા, બાર વર્ષ પર્યંત વનવાસ ભોગવાવ્યો તથા એક વર્ષ પર્યંત વિરાટ રાજાનું દાસપણું વેઠાવ્યું. હે પાંડવ! અમે તમારા રાજ્યનું હરણ કર્યું, તમને વનવાસ પ્રાપ્ત કરાવ્યો તથા દ્રૌપદીને કલેશિત કરી, એ તમારે ક્રોધ કરવા લાયક નથી?“ છે.” માટે તે સંભારીને હવે તમે પુરૂષ થાઓ. હે યુધિષ્ઠિર! અસમર્થ એવા ભીમસેને દુઃશાસનનું રૂધિર પાન કરવા શપથ લીધો છે, માટે જો તો તેમ કરવા સમર્થ હોય તો તે પાન કરે. શસ્ત્રોને નીરાજનાદિ તથા તે વિષે મંત્રે કરી દેવતાઓનાં આવાહનાદિ થઇ ગયાં છે, ને આ કુરૂક્ષેત્રની ભૂમિ હાલ કાદવ વગરની યુધ્ધ કરવા લાયક છે તથા માર્ગ પણ સરખા છે, તેમ તમારા અશ્વ વગેરે પણ પુષ્ટ થઇ રહ્યા છે, માટે કાલ સવારે કેશવ ભગવાન સહિત તમે અમારી સાથે યુધ્ધ કરો. જેમ કોઇ આળસુ માણસ હું ગંધમાદન પર્વત ઉપર ચઢી જાઉં એ રીતે પોતાનાં વખાણ કરે, તેમ તમે સંગ્રામમાં ભીષ્મને મળ્યા વગર હુ જીતીશ એમ ફોકટ પોતાનાં વખાણ કરો છો; માટે તેમ કરવું છોડી દઇ પુરૂષ થાઓ. હે પાર્થ! તમે કોઇથી સહન થાય નહીં એવા સૂત પુત્ર કર્ણને, બળવાન શ્રેષ્ઠ શલ્યને તથા યુધ્ધમાં ઇંદ્ર સરખા દ્રોણને જીત્યા વગર, રાજ્યની કેમ ઇચ્છા રાખો છો? બ્રહ્મકર્મ તથા ધનુર્વિદ્યાના આચાર્ય, વેદ તથા ધનુર્વેદના પારંગત, સંગ્રામ કરવામાં અગ્રણી, સૈન્યમાં આગળ રહેનાર, કદાપિ નહીં ભાગનાર અને કોઇથી ભય નહીં પામનાર મોટી કાંતિવાળા દ્રોણને તમે જીતવા ઇચ્છો છો તે ફોકટ છે; કેમકે વાયુએ મેરૂ પર્વતને ઉખેડી નાંખ્યો એમ અમે કદી પણ સાંભળ્યું નથી. જ્યારે વાયુ પર્વતને ઉચકે, સ્વર્ગ પૃથ્વી ઉપર પડે તથા કાળચક્ર ઉલટું ફરે, ત્યારે જે તમો કહો છો તે રીતે થાય! કારણ શત્રુને મર્દન કરનાર દ્રોણને સંગ્રામમાં પામીને હાથી ઉપર બેસનાર, ઘોડેસ્વાર તથા રથમાં બેસનાર કયો પુરૂષ જીવતો પાછો ઘેર જાય? વળી ભીષ્મ તથા દ્રોણે આને આપણે સંગ્રામમાં મારવો છે એમ મનમાં સંકલ્પ લીધેલો તથા દારૂણ અસ્ત્રે કરી સ્પર્શ કરેલો કયો મનુષ્ય સંગ્રામમાંથી પાછો જીવતો જાય છે? હે મંદ! હે અલ્પબુદ્ધિવાળા! પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તર દિશાના, કાંબોજ, શક, ખસ, શાલ્વ, મત્સ્ય; કુરૂ મુખ્ય, મ્લેચ્છ, પુલિંદ, દ્રાવિડ, આંધ્ર તથા કાંચી દેશના રાજાઓએ જેમ દેવતાઓ ઇંદ્રપુરીની રક્ષા કરેલી, કોઇથી સહન થાય નહીં એવી, દેવસેના સરખા પ્રકાશવાળી તથા એકઠી મળેલી રાજસેનાને, કોઇથી પાર ન પમાય એવા ગંગાના વેગની પેઠે યુદ્ધમાં વૃદ્ધિ પામેલા આ નાના પ્રકારના મનુજ સમાજને અને હસ્તિ સૈન્યના મધ્યમાં રહેલા અને, કુવામાં રહેનાર દેડકાની પેઠે તમે શું જાણતા નથી જે યુદ્ધ કરવાની ઇચ્છા રાખો છો. હે ધૃતરાષ્ટ્ર! એ રીતે ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાને કહી, બીજી તરફ અર્જુનની સામું જોઇ ઉલૂક દૂત કહેવા લાગ્યો કે હે ફાલ્ગુન! તમોને જે દુર્યોધને કહ્યું છે તે હું કહું તે સાંભળો. હે અર્જુન! તું પોતાની બડાઇ છોડી દઇ યુદ્ધ કર, કારણ તેમ કરવાથી શું

કાર્ય થતું નથી. યુદ્ધ કરનારને તેના પરાક્રમથી કાર્યની સિદ્ધિ થાય છે, પણ પોતાની પ્રશંસા કરવાથી થતી નથી. હે ધનંજય! જો લોક વિષે પોતાની પ્રશંસા કરવાથીજ કાર્ય સિદ્ધિ થતી હોત, તો સર્વનાં કાર્ય સિદ્ધ થાત, કારણ પોતાની પ્રશંસા કરવામાં કોઈપણ મનુષ્ય દરિદ્ર નથી. વાસુદેવ ભગવાન તને સહાય છે, તાડ જેવડું મોટું ગાંડિવ નામનું ધનુષ છે તથા તારા સરખો બીજો કોઇ પુરૂષ યુદ્ધ કરનાર નથી એ સર્વ હું જાણું છું; તોપણ તારૂં રાજ્ય હરણ કરૂં છું. માયાદિ કપટ ધર્મથી મનુષ્ય રાજ્યને પામે નહીં, ને સંકલ્પ માત્રે કરીને તો એક વિધાતાજ સર્વ મનુષ્યને પોતાને વશ કરે છે. હે અર્જુન! તને વિલાપ કરતાં મેં તેર વર્ષ તારૂં રાજ્ય ભોગવ્યું, ને હજી પણ બંધવ સહિત તને મારી હું રાજ્ય ભોગવીશ. જ્યારે તને સેવકપણે કરી જીતી લીધો, ત્યારે તારૂં ગાંડિવ ધનુષ તથા ભીમસેનનું બળ કયા ગયાં હતા? કારણ દાસપણાથી તમારી સર્વની રક્ષા અનિંદિત એવી પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલી દ્રૌપદિયે કરી, પણ ગદા સહિત ભીમસેનથી વા ગાંડિવ ધનુષ સહિત તારાથી થઇ નહીં. મેં તમને વનમાં જવા વખતે તેલ વગરના તિલની પેઠે ષંઢતિલ સરખા કહ્યા હતા, તે મારૂં બોલવું ખરૂં હતું; કારણ વિરાટના શહેરમાં તું વેણી ધારણ કરી પંઢના વેષે કન્યાઓને નચાવતો હતો, અને ભીમસેન તેની ભોજનશાળામાં રસોઇયાનુ કામ કરતા કરતાં થાકી ગયો હતો એ મારૂંજ પરાક્રમ હતું એમ તું જાણ. હે અર્જુન! એ રીતે સદૈવ ક્ષત્રિય ક્ષત્રિયને દંડ આપે છે. હે ફાલ્ગુન! વાસુદેવ ભગવાનના તથા તારા ભયથી હું તને કદી પણ રાજ્ય પાછું આપીશ નહીં, માટે તેના સહિત થઇ તું યુદ્ધ કર. માયા, ઈંદ્રજાળ વા અભિચારજન્ય ભયંકર કૃત્યો, શસ્ત્ર ધારણ કરનાર મને યુદ્ધમાં ઉલટા ક્રોધ ઉત્પન્ન કરે છે. હજારો વાસુદેવ તથા તારા સરખા સેંકડો અર્જુન, યુદ્ધમાં અમોઘ બાણવાળા મને પામીને દશ દિશાઓ પ્રત્યે ભાગી જશે. હે પાર્થ! જોઇયે તો મસ્તકે કરી પર્વતનો ભેદ કર અથવા સંગ્રામમાં ભીષ્મની સામે જા ને પોતાના બે હાથે કરી મહા અગાધ એવા મારા સૈન્ય સમુદ્રને તર; જેમાં કૃપાચાર્ય મોટા મત્સ્ય, વિવિંશતિ મોટા સર્પ, બૃહદ્બલ મોટી વૃદ્ધિ, ભૂરિશ્રવા મગરમચ્છ, ભીષ્મ વેગ, હદ વગરના દ્રોણ ગ્રાહ, કર્ણ મત્સ્ય, શલ્ય આવર્ત, કાંબોજ દેશના રાજા વડવાનળ અગ્નિ, દુઃશાસન ઓઘ, જયદ્રથરૂપી પર્વત, પુરૂમિત્ર ગાંભીર્યની હદ, દુર્મર્ષણ જળ તથા શકુનિ ખરાબો છે. હે અર્જુન! તું જ્યારે શસ્ત્રના ઓઘવાળા, અક્ષય તથા અતિ વૃદ્ધિ પામેલા મારા સૈન્ય સમુદ્રમાં પ્રવેશ કરીને શ્રમથી નષ્ટ થયું હશે ચિત્ત જેનું તથા હણાયા હશે સર્વ બાંધવ જેના એવો થઇશ, ત્યારે સંતાપને પામીશ. હે પાર્થ! જેમ અપવિત્ર મનુષ્યનું મન સ્વર્ગમાં જવાની ઇચ્છાથી નિવૃત્ત થાય છે, તેમ તારૂં મન રાજ્ય કરવાની ઇચ્છાથી નિવૃત્ત થશે, માટે શાંતિ પામ, કારણ જેમ અતપસ્વી પુરૂષને પ્રાપ્ત થવા ઇચ્છેલું સ્વર્ગ દુર્લભ છે, તેમ તને રાજ્ય મળવું અતિ દુર્લભ છે.

तद्मनस्ते त्रिदिवादिवाशुचेर्निवर्तितं पार्थ महीप्रशासनात् ।
प्रशाम्य राज्यं हि सुदुर्लभं त्वया बुभूषितः स्वर्ग इवातपस्विना ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि उलूकदूतागमनपर्वणि उलूकवाक्ये गुर्जरभाषायामेकषष्ठ्युत्तरशततमोऽध्यायः ॥ १६१ ॥

અધ્યાય ૧૬૨ મો. પાંડવની છાવણીમાં ધાણુધાણાટ.

संजय उवाच—उलूकस्त्वर्जुनं भूयो यथोक्तं वाक्यमब्रवीत् ।
आशीविषमिव क्रुद्धं तुदन्वाक्यशलाकया ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે ઉલૂકે વાકય કહ્યાં તે સાંભળી સર્પની પેઠે ક્રોધ પામેલા અર્જુનને, વાકયરૂપી શસ્ત્રથી ખેદ પમાડતાં દુર્યોધનના કહેવા પ્રમાણે ફરીથી પણ વચન કહ્યાં. દુર્યોધને કપટથી છેતરેલા તેથી ક્રોધયુક્ત હતા ને વળી તે સાંભળવાથી અત્યંત ક્રોધયુક્ત થયેલા પાંડવો, આસન ઉપરથી ઉભા થઇ હાથ પછાડવા લાગ્યા અને સર્પની પેઠે ફુફાડા મારતા પરસ્પર એક બીજા સામું જોવા લાગ્યા. તે વખતે સર્પની માફક શ્વાસોચ્છ્વાસ લેતા એવા ભીમસેન, નીચું મસ્તક રાખી ક્રોધથી લાલ થયા હતા પ્રાંત ભાગ જેના એવાં નેત્રથી શ્રીકૃષ્ણ સામું જોવા લાગ્યા. દાશાર્હ કુળમાં પ્રગટ થયેલા શ્રીકૃષ્ણે, અત્યંત ક્રોધાવિષ્ટ થયેલા તથા પીડિત વાયુપુત્ર ભીમને જોઇને, આશ્ચર્યથી કપટી ઉલૂકને કહ્યું કે—હે કપટી ઉલૂક! તું જલદી જા અને દુર્યોધનને કહે કે, અમે તારૂં વાકય સાંભળ્યું "તારા બોલવાનો સાર જાણ્યો" માટે જેમ તારો મત છે તેમ થાઓ. સવારે અમે યુદ્ધ કરવા આવીશું. હે ધૃતરાષ્ટ્ર! એ રીતે મહાબાહુ કેશવ ભગવાને ઉલૂકને કહીને મહા પ્રાજ્ઞ યુધિષ્ઠિર રાજાના મોઢા સામું જોયું. તે વખતે વળી કપટી ઉલૂકે દુર્યોધનના કહેવા પ્રમાણે સર્વ સૃંજય, યશસ્વી શ્રીકૃષ્ણ, પુત્ર સહિત દ્રુપદ, વિરાટ અને બીજા પણ એકઠા મળેલા સર્વ રાજાઓની સમક્ષ અર્જુનને તથા શ્રીકૃષ્ણાદિને કેટલાંક વાકય કહ્યાં. ઉલૂકનાં મહા દારૂણ તથા પાપરૂપ વચન સાંભળીને, અર્જુન ક્ષોભ પામ્યો તથા લલાટમાં આવેલા પસીનાને લૂછવા લાગ્યો. હે ધૃતરાષ્ટ્ર! એવી અવસ્થાને પ્રાપ્ત થયેલા અર્જુનને જોઇને પાંડવની સભા તે સહન કરી શકી નહીં. સભાના મહારથિ પુરૂષમાં સિંહરૂપ ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ સાત્યકિ, કેકય નામના પાંચ ભાઇઓ, રાક્ષસ ઘટોત્કચ, દ્રોપદીના પુત્ર સહિત અભિમન્યુ, ધૃષ્ટકેતુ, પરાક્રમી ભીમસેન, નકુળ તથા સહદેવ ઇત્યાદિ મોટા યોદ્ધાઓ, મહાત્મા અર્જુન તથા શ્રીકૃષ્ણનો તિરસ્કાર સાંભળીને ક્રોધથી રક્ત થયાં હતા નેત્ર જેમના એવા રક્ત ચંદન ચોપડેલા તથા ચોતરફ મોતીના ગુચ્છાવાળા બાજુબંધથી શોભિતા બાહુને પકડી, પોતપોતાના આસન ઉપરથી ઉભા થઇ, દાંતને કરી દાંતને દાબી બે બાજુના ભાગને ચાટવા લાગ્યા. તે વખતે તેમના આકાર તથા ભાવને જાણનાર કુંતિપુત્ર ભીમસેન, ક્રોધે કરી જાણે પ્રજ્વલિત થતા હોય નહિ એવા થઇ વેગથી ઉભા થઇ નેત્ર ફાડી દાંત પીસી હાથથી હાથને પીસીને, ઉલૂક પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે—હે મૂર્ખ! અશક્ત પુરૂષોને યુદ્ધમાં ઉત્સાહ લાવવા યોગ્ય એવાં વચન અમને દુર્યોધને કહેવરાવ્યાં તે તેં કહ્યાં તે અમે સાંભળ્યાં. હવે હે મંદ! દુઃખથી સહન થાય નહીં એવાં વાકય હું કહું તે તું સાંભળ—અને સર્વ ક્ષત્રિયો, સૂત પુત્ર કર્ણ તથા દુરાત્મા તારો પિતા શકુનિ જે રીતે સાંભળે તે રીતે દુર્યોધનને કહેજે.

અમે મોટા ભાઇ યુધિષ્ઠિરને પ્રસન્ન રાખવા સારૂ આટલા દિવસ તારો અપરાધ સહન કર્યો! કૌરવોને પરસ્પર શાંતિ રહે એમ જાણીને કુળના હિતને ઇચ્છનાર બુદ્ધિમાન ધર્મરાજાએ, હ્રષીકેશ શ્રીકૃષ્ણને વિષ્ટિ કરવા સારૂ તારી પાસે મોકલ્યા પણ કાળની પ્રેરણાથી તારે જરૂર યમપુરીમાં જવાનું માટેજ તેનાં કહેલાં વચન તારા માનવામાં આવ્યાં નહીં. અમારી સામે યુદ્ધ કરવા આવ, ને કાલે સવારે નિશ્ચય યુદ્ધ થશે. હે પાપી!

મેં સર્વ ભાઇ સહિત તને મારવાની પ્રતિજ્ઞા લીધી છે, માટે તેમજ થશે એમાં કંઇપણ સંશય નથી વરૂણને રહેવાનું સ્થાન સમુદ્ર કદી મર્યાદા મૂકે તથા પર્વતો વિખરાઇ જાય; પણ મારૂં બોલેલું કદી ફોકટ થાય નહીં. હે દુર્બુદ્ધિમાન્! કદી સંગ્રામમાં તને યમ કુબેર વા સાક્ષાત રૂદ્ર સહાય થશે તોપણ કરેલી પ્રતિજ્ઞા પાંડવો સત્ય કરશે એ તું જરૂર માનજે. હું મારી ઇચ્છા પ્રમાણે જે વખતે દુ:શાસનના રૂધિરનું પાન કરીશ, તે વખતે તૈયાર થયેલો કોઇપણ ક્ષત્રિય ભીષ્મને આગળ કરીને પણ મારી સામે આવશે, તો તેને તું યમપુરી પ્રત્યે મોકલી દઇશ. હે દુર્યોધન ! મેં ક્ષત્રિયની સભામાં આ જે વચન કહ્યાં છે, તે સત્યજ થશે, એ હું ઇશ્વરના સમ ખાઇને કહું છું. આ પ્રમાણે ભીમસેને ઉલૂકને કહ્યું, તે સાંભળીને ક્રોધથી લાલ થયાં હતાં નેત્ર જેનાં એવા સહદેવે, ઉલૂકને કહ્યું કે હે પાપી ! ગર્વિષ્ઠ શૂરવીર પુરૂષના સરખું મારૂં વચન સૈન્યજનની સભામાં તું સાંભળ અને તેજ પ્રમાણે તારા પિતા શકુનિને કહેજે. જો ધૃતરાષ્ટ્રનો સંબંધ તારી સાથે ન હોત તો અમારે કૌરવ સાથે કદીપણ ભેદ થાત નહીં. પાપ કર્મ કરનાર તથા વૈર પુરૂષ તું લોક, અને ધૃતરાષ્ટ્રના કુળના તથા પોતાના કુળના નાશ વાસ્તેજ ઉત્પન્ન થયો છે. હે ઉલૂક ! અમારો જન્મ થયો ત્યારથીજ તારો પિતા શકુનિ નિરંતર અહિત કરવાની ઇચ્છા રાખે છે. એ રીતે તારા પિતાએ અમારી સાથે જેનો અત્યંત દુ:ખથી પણ અંત આવે નહીં એવું વૈર બાંધ્યું છે, તેનો અંત હું તેના જોતાં તને મારીને પામીશ ને સર્વ ધનુષ ધારણ કરનાર પુરૂષો જોતાં તારા પિતા શકુનિને મારીશ. ભીમસેન તથા સહદેવનાં વચન સાંભળીને ગર્વિષ્ઠના પેઠે અર્જુને ભીમસેનને કહ્યું કે હે ભીમસેન ! હે પુરૂષમાં શ્રેષ્ઠ ! જેમને તમારી સાથે વૈર છે, તે મંદ બુદ્ધિવાળા તથા ઘરમાં સુખે કરી રહેલા મૃત્યુ પાશને વશ થયા છે એમ હું જાણું છું. તમારે ઉલૂકને કોઇ પણ કઠોર વચન કહેવાં નહીં, કેમકે દૂત તો યથોક્ત ભાષણ કરે એમાં તેનો કાંઇ અપ-રાધ ગણવો નહીં. એ રીતે મહાબાહુ અર્જુન ભયંકર પરાક્રમવાળા ભીમસેનને કહીને પોતાના હિતને ઇચ્છનાર ધૃષ્ટદ્યુમ્નાદિ શૂરવીર પ્રત્યે કહેવા લાગ્યા કે, તમોએ પાપરૂપ ધૃત-રાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું બોલવુ ઉલૂકના મુખથી સાંભળ્યું ? જેમાં વાસુદેવ ભગવાનની તથા તેથી પણ વિશેષ મારી નિંદા છે, તે પણ સાંભળી ! હે શૂરવીર ! તમો સર્વ અમારા હિત વાસ્તે વ્યાકુળ થયા છો, માટે હું વાસુદેવ ભગવાનના પ્રભાવથી તથા તમારા યત્નથી સમગ્ર રાજા તથા સર્વ ક્ષત્રિયોને ગણકારતો નથી. તમે સર્વ મને આજ્ઞા આપો કે, હું દુર્યોધનનાં વાક્યનો ઉત્તર ઉલૂકને આપુ જે તેને જઇને કહે. દુર્યોધને ફોકટ ફુલાઇને જે વાક્ય કહેવ-રાવ્યાં છે, તેનો ઉત્તર આવતી કાલે સવારે હું સેનામુખ વિષે ગાંડીવ ધનુષે કરીને આપીશ કારણ નપુસક હોય તે વચનથી ઉત્તર આપે. અર્જુનનાં વચન સાભળી સર્વ રાજાઓ તેની પ્રશંસા કરવા લાગ્યા, અને અતિ શ્રેષ્ઠ રાજાઓના મનમાં આશ્ચર્ય પ્રાપ્ત થયું. તે સર્વ રાજાઓને અવસ્થા યોગ્ય ઘટતું માન આપી સમજાવીને અર્જુને, ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું કે, પોતાનું અપમાન કરનાર કોઇ રાજા ઉત્તમ કહેવાય નહી. તમારી સેવામાં તત્પર એવો હું આ ઉલૂકને ઉત્તર આપું છું. એમ યુધિષ્ઠિરને કહી, લાલ નેત્ર કરી શ્રીકૃષ્ણ તથા ભાઇયોની સામે જોઇ સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરી ક્રોધથી બે ખોડના બાહુના ભાગને ચાટી તથા પોતાનો મોટો હાથ દેખાડીને અર્જુને ઉલૂકને કહ્યું કે હે કૈતવ્ય ઉલૂક ! તું જા, ને કુળના વૈર પુરૂષ, દુર્મતિવાળા તથા કુળમાં દૂષણરૂપ દુર્યોધનને કહે કે હે પાપ ! તેં પાંડવો વિષે લૌકિક મતરૂપ કપટ કર્યું છે એમ કહ્યું તે ઠીકજ છે, પણ હું ક્ષત્રિય નથી; કારણ જે ક્ષત્ર

પોતાના બળથી પરાક્રમ કરી શત્રુઓને યુધ્ધ કરવા સાદ કરે અને યુધ્ધ વખતે નિર્ભય થઈ પોતાનું બોલેલું વાક્ય સત્ય કરે, તે પુરૂષનેજ ક્ષત્રિય જાણવો ! પણ હે કુળમાં અધમ ! અશક્ય તું તો ક્ષત્રિય થઈને અમને સંગ્રામમાં બોલાવી, માન્ય ભીષ્માદિ તથા અશાન્ય હલ્ક-બુદ્ધિ પુરૂષોને આગળ કરી એ બાજી જીતનો નાશ કરવા તૈયાર થયો છે; પણ તેમ ન કર. હે કૌરવ ! પોતાના તથા નોકરોના પરાક્રમનો આશ્રય કરીને તું અમને રણસંગ્રામમાં બોલાવ અને ક્ષત્રિય થા. જે પુરૂષ પારકા પરાક્રમનો આશ્રય કરી શત્રુઓને યુદ્ધ કરવા બોલાવે, અને પોતે યુધ્ધ કરવામાં અસમર્થ હોય એજ તેનું નપુંસકપણું જાણવું. બીજાના પરાક્રમે કરી પોતામાં ગર્વ રાખનાર એવો તથા અશક્ત તું અમારી સામે કેમ ગર્જના કરે છે ! એ રીતે અર્જુનના કહ્યા પછી શ્રીકૃષ્ણે કહ્યું કે હે ઉલૂક ! તારે મારા કહેવા પ્રમાણે દુર્યોધનને કહેવું કે હે દુષ્ટ મતિવાળા ! હવે બહુ થયું, તું આવતી સવારે અમારી સામે આવ અને પુરૂષ થા. હે મૂઢ ! જનાર્દન ભગવાન પાંડવોના સારથિપણામાં વર્ત્યાં છે, તેથી યુધ્ધ કરશે નહીં એમ જાણીને તું ભય પામતો નથી; પણ છેલ્લા વખત સુધી જો તેમ ન થાય તો સારૂં, કારણ જેમ અગ્નિ ઘાસને બાળે, તેમ હું ક્રોધે કરી સર્વ રાજાઓને બાળી નાખું એવો છું. જીત્યું છે મન જેણે એમ યુધિષ્ઠિરની આજ્ઞાથી હું યુદ્ધ કરતા એવા મહાત્મા અર્જુનનું સારથિપણું કરીશ, તેથી તું ત્રણ લોકમાં જ્હાય ત્યાં જઈશ અથવા પૃથ્વીતળમાં ઘુસી જઈશ, તોપણ તે સર્વ સ્થાનને વિષે કાલ સવારે અર્જુનના રથને દેખીશ. તું ભીમસેનનું ભાષણ ફોકટ માને છે, પણ તેમ તારે જરાએ માનવું નહિ; કારણ તેણે દુઃશાસનનું રુધિર પીધુંજ છે એમ ધારી રાખજે. હે દુષ્ટ ! પ્રતિકૂળ બોલનાર તને અર્જુન, યુધિષ્ઠિર રાજા, ભીમસેન, નકુળ તથા સહદેવ કંઈ પણ ગણકારતા નથી.

नत्वां समीक्षते पार्थो नापि राजा युधिष्ठिरः ।
न भीमसेनो नयमौ प्रतिकूलभाषिणं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि उलूकदूतागमनपर्वणि कृष्णादिवाक्ये गुर्जरभाषायां द्विषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६२ ॥

અધ્યાય ૧૬૩ મો. ઉલૂકને પાંડવોએ આપેલો ઉત્તર.

संजय उवाच—दुर्योधनस्य तद्वाक्यं निशम्य भरतर्षभ ।
नेत्राभ्यामतिताम्राभ्यां कैतव्यं समुदैक्षत ॥ १ ॥

સંજય કહે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! એ પ્રમાણે ઉલૂકને મોઢેથી દુર્યોધનનાં વચન સાંભળીને મોટા યશવાળા અર્જુન, અતિ લાલ નેત્રે કરી ઉલૂક સામું જોઈ તથા શ્રીકૃષ્ણ સામું જોઈ કપીનો હાથ ઝાલી કહેવા લાગ્યા કે, જે પુરૂષ માત્ર પોતાના પરાક્રમનો આશ્રય કરીને શત્રુને યુદ્ધ કરવા બોલાવે ને ભય રહિત થઈ તેની સામે યુદ્ધ કરે, તે જ પુરૂષ કહેવાય ! જે ક્ષત્રિયમાં અધમ પુરૂષ પોતે અશક્ત હોવાથી બીજાઓના પરાક્રમનો આશ્રય કરીને શત્રુને યુદ્ધ કરવા બોલાવે તે લોકમાં અધમ કહેવાય છે. હે મૂઢ ! તેમજ કુત્સિત પુરૂષ એવો તું બીજાઓના પરાક્રમનો આશ્રય કરી પોતાને પરાક્રમી માનીને શત્રુ એવા પાંડવોનો તિરસ્કાર કરવા ઇચ્છે છે. તું સર્વ રાજાઓમાં અવસ્થાએ કરી વૃદ્ધ, સર્વનું હિત

ઇચ્છનાર તથા જીતેંદ્રિય મહા બુદ્ધિમાન ભીષ્મને તેના મરણ વાસ્તે દીક્ષા કરાવીને તું ફોકટ કુલાય છે. હે દુર્બુદ્ધિ! હે કુળમાં કજ્જળરૂપ દુર્યોધન ! તારો સર્વ અભિપ્રાય અમે જાણ્યો છે; જે પાંડવો દયાને લીધે ભીષ્મને મારશે નહીં પણ હે ધૃતરાષ્ટ્રના પુત્ર! તું જે ભીષ્મના પરાક્રમનો આશ્રય કરી કુલાય છે, તેમનો હું સર્વ ધનુષ ધારણ કરનાર યોદ્ધાઓના જોતાં પ્રથમજ નાશ કરીશ! હે કપટી ઉલૂક! તું વળી મારા કહેવાથી કહેજે કે, તારા કહેવા પ્રમાણેજ અર્જુને કબૂલ કર્યું છે, અને કહેવરાવ્યું છે કે, પ્રાતઃકાળે યુદ્ધ થશે! હે મંદ! તને અત્યંત પરાક્રમી તથા સત્યવાદી ભીષ્મે કૌરવોની મધ્યમાં તમને હર્ષ ઉપજાવતાં, હું સૃંજય તથા શાલ્વેયની સેનાનો નાશ કરીશ, કેમકે એ સર્વ ભાર મારી ઉપરજ છે, કારણ દ્રોણ વગર પણ સર્વ લોકનો હું નાશ કરૂં એવો છું, માટે તને પાંડવોથી કશો ભય નથી એમ કહ્યું છે તેથી તારા મનમાં મને રાજ્ય મળ્યું ને પાંડવ આપત્તિને પામ્યા એવો ઉત્સાહ થયો છે. પણ ગર્વથી ભરેલો તું પોતામાં રહેલા અનર્થને જોતો નથી, માટે હું રાજાઓના સમૂહમાં તારા ભીષ્મનેજ મારીશ. હે દુર્યોધન! આવતી કાલે સૂર્યોદય વેળાએ સેનાની રચના કરી હશે જેણે એવા ધ્વજયુક્ત રથવાળા ભીષ્મને જોઇને, તમે સર્વ તેની રક્ષા કરજો, કેમકે તમારા સર્વના જોતાં હું બાણે કરી તેને રથમાંથી પાડીશ. હે ઉલૂક! જ્યારે હું આવતી કાલે સવારે મારા બાણના સમૂહે કરી ભીષ્મને આચ્છાદાન કરીશ, ત્યારે તે જોઇને દુર્યોધનને પોતાનાં કહેલાં વાક્યની ખબર પડશે. વળી દુર્યોધનને કહેજે કે હે દુર્યોધન ! તારી સભામાં ક્રોધ પામેલા ભીમસેને ઠીંગણા દેહવાળા, અધર્મજ્ઞ, નિત્ય વૈરી તથા નૃશંસની પેઠે પાપ બુદ્ધિવાળા તારા ભાઇ દુઃશાસન માટે જે પ્રતિજ્ઞા કરી છે, તે સત્ય થયેલી થોડા વખતમાં તું જરૂર જોઇશ. અભિમાન, દર્પ, ક્રોધ, કઠોર બોલવાપણું, સ્નેહ રહિતતા, બીજાઓનો તિરસ્કાર કરવો, હુંજ જ્ઞાતા શૂરવીર છું એમ જાણવું, નિર્દયપણું, તીક્ષ્ણતા, ધર્મનો દ્વેષ કરવો, અધર્મ, ધર્મિષ્ઠને અધર્મિ કહેવા, વૃદ્ધના વાકયનું ઉલ્લંઘન, કર્ણાદિ જય મેળવશે એવી બુદ્ધિ, સેનાનું અધિકપણું તથા અમને છેટે કાઢી મૂકવા ઇત્યાદિ સર્વ દુર્ગુણ તારામાં રહ્યા છે, માટે તેનું તીવ્ર ફળ તું થોડા દિવસમાં નજરે જોઇશ. હે નરાધમ! હે મૂઢ! શ્રીકૃષ્ણ સહિત હું તારી ઉપર ક્રોધ પામ્યા છીએ, માટે હવે તને જીવવાની તથા રાજ્યની આશા શા કારણથી રહે છે. જ્યારે યુદ્ધમાં ભીષ્મ તથા દ્રોણ શાંત થશે, અરે સૂત પુત્ર કર્ણને અમે પાડશું, ત્યારે તને જીવવામાં, રાજ્યમાં તથા પુત્રો વિષે નિરાશપણું પ્રાપ્ત થશે. વળી હે દુર્યોધન! જ્યારે તું પોતાના ભાઇ તથા પુત્રનું મૃત્યુ સાંભળીશ અને ભીમસેનથી હણાઇ પૃથ્વી ઉપર પડીશ, ત્યારે પોતાનાં દુષ્કર્મને સંભારીશ. હે ઉલૂક! હું આ ઉપરાંત બીજી કંઇ પણ પ્રતિજ્ઞા કરતો નથી, ફકત અમારા કહેવા પ્રમાણેજ થશે એ સત્ય કહું છું.

હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે અર્જુનના કહેવા પછી યુધિષ્ઠિરે ઉલૂકને કહ્યું કે હે ઉલૂક! તું દુર્યોધન પાસે જઇને મારા કહેવા પ્રમાણે તેને કહેજે કે હે દુર્યોધન! તું પોતાનાં આચરણે કરી મારા આચરણની બરાબરી કરવા યોગ્ય નથી; કેમકે સત્ય તથા અનૃતમાં ઘણો ફેર છે તે હું જાણું છું. હું કદી પણ કીટ તથા કીડીના વિનાશને ઇચ્છતો નથી, ત્યારે પોતાની જ્ઞાતિના વધને તો કેમજ ઇચ્છું. હે દુર્બુદ્ધિ! હું મોઢું એવું તારૂં દુઃખ નજરે ન જોઉં તે સારૂં. મેં તારી પાસે પાંચ ગામની માગણી કરી પણ કામનાથી વ્યાપ્ત મનવાળો તું મૂઢપણાથી બકવાદ કરે છે, ને શ્રીકૃષ્ણનાં હિતરૂપ વચન માન્ય કરતો નથી

માટે હવે આ વખતે તને વધારે શું કહેવું વાસ્તે બાંધવ સહિત યુદ્ધ કરવા તૈયાર થા. હે કપટી ઉલૂક ! મારૂં અપ્રિય કરનાર કૌરવ દુર્યોધનને વળી કહેજે કે, મેં તારાં કહેવરાવેલાં સર્વ વાક્ય સાંભળ્યાં, ને તેનું તાત્પર્ય જાણ્યું માટે તારા મત પ્રમાણે થાઓ. હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી વળી ભીમસેને ઉલૂકને કહ્યું કે હે ઉલૂક ! મારા કહેવા પ્રમાણે પાપ બુદ્ધિવાળા શઠ, દુરાચરણ કરનાર, પાપી તથા કપટી દુર્યોધનને કહેજે કે હે મનુષ્યમાં અધમ ! તને તો ગૃધ્ર પક્ષીના ઉદરમાં વસવું પ્રાપ્ત થશે અથવા હસ્તિનાપુરમાં વસવું પ્રાપ્ત થશે. હે દુષ્ટ ! મેં સભામાં જે પ્રતિજ્ઞા લીધી છે તે હું સત્ય કરીશ એમ ખરેખર તારા સોગન લઇ કહું છું કે, હું યુદ્ધમાં તારા સાથળના ઉપલા ભાગનાં બે અસ્થિને ભાગી તથ: તારા ભાઇયોનો નાશ કરી અને દુઃશાસનને મારી તેના શરીરના રૂધિરનું પાન કરીશ. હે દુર્યોધન ! હું સર્વ ધૃતરાષ્ટ્રના પુત્રનો મૃત્યુ છું તથા સર્વ રાજપુત્રનો અભિમન્યુ મૃત્યુ છે, માટે પરાક્રમે કરી સર્વને સંતોષ પમાડીશ. હે સુયોધન ! વળી વાક્ય કહું તે સાંભળ. હું ભાઇયો સહિત તારો નાશ કરીને યુધિષ્ઠિરને જોતાં મારા પગે કરી તારા મસ્તકનું આક્રમણ કરીશ. હે ધૃતરાષ્ટ્ર ! એ પ્રમાણે ભીમસેન કહી નિવૃત્ત થયા, ત્યાર પછી નકુળે ઉલૂકને કહ્યું કે, હે ઉલૂક ! તું મારા કહેવાથી ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને કહેજે કે, તેં જે સર્વ વાક્ય કહેવરાવ્યાં, તે સાંભળ્યાં, ને તારા કહેવા પ્રમાણેજ હું કરીશ. હે મહારાજ ! ત્યાર કેડે સહદેવે પણ ઉલૂકને અર્થયુક્ત વચન કહ્યાં કે હે ઉલૂક ! તું દુર્યોધનને કહેજે કે હે મહારાજ સુયોધન ! તારી મતિમાં જે ઉત્સાહ છે તે ઉલટો થશે, તેથી પુત્ર, જ્ઞાતિ તથા બાંધવજન સહિત તું ખેદ પામીશ. હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી વૃદ્ધ એવા વિરાટ તથા દ્રુપદ રાજાએ ઉલૂકને કહ્યું કે હે ઉલૂક ! તું દુર્યોધનને કહેજે કે અમે સાધુ પુરૂષના દાસપણાની ઇચ્છા રાખીયે છીયે, કેમકે અમારી એવીજ મતિ છે; પણ અમે દાસ છીએ અથવા અદાસ છીયે, તથાપિ તારૂં જે પરાક્રમ છે, તે આવતી કાલે જોઇશું. હે વૈચિત્રવીર્ય ! શિખંડિએ ઉલૂકને આવી રીતે કહ્યું કે–હે ઉલૂક ! તારે મારા કહેવાથી સદૈવ પાપને વિષે પ્રીતિમાન દુર્યોધન રાજાને કહેવું કે હે રાજન્ ! તું રણસંગ્રામમાં દારૂણ એવું કર્મ કરતા એવા મને જોઇશ, ને જેના બળનો આશ્રય કરી વિજય મેળવવા ઇચ્છે છે, તે તારા પિતામહ ભીષ્મને હું રથમાંથી પાડીશ; કેમકે વિધાતાએ મને તેનો નાશ કરવા સારૂજ ઉત્પન્ન કર્યો છે, માટે સર્વ ધનુષ ધારણ કરનારાઓના જોતાં તેમ કરીશ. હે ધૃતરાષ્ટ્ર ! ધૃષ્ટદ્યુમ્ને પણ ઉલૂકને કહ્યું કે હે ઉલૂક ! તારે મારા કહેવાથી રાજપુત્ર દુર્યોધનને કહેવું કે, હું, ગણ તથા બાંધવ સહિત દ્રોણનો નાશ કરીશ, કારણ પિતાનું વૈર સૌએ લેવું એ યોગ્ય છે; માટે અવશ્ય તેમ કરીશ, યુદ્ધમાં જેવું કર્મ બીજો કોઇ નહીં કરી શકે તેવું કર્મ હુ જરૂર કરીશ. હે ધૃતરાષ્ટ્ર ! ધૃષ્ટદ્યુમ્નના કહેવા પછી યુધિષ્ઠિર રાજાએ દયાને લીધે ઉલૂકને શ્રેષ્ઠ વચન કહ્યાં કે હે ઉલૂક ! તું મારા કહેવાથી દુર્યોધનને કહેજે કે હે દુષ્ટ બુદ્ધિવાળા રાજન્ ! હું જ્ઞાતિનો વધ થાય એમ કદી ઇચ્છતો નથી; ને કેવળ તારાજ દોષને લીધે સર્વનો વિનાશ થશે એમ સ્પષ્ટ દેખાય છે. હે ઉલૂક ! હવે તારે ઇચ્છા હોય તો તું જલદી કૌરવો પાસે જા અથવા અહીં રહે; કેમકે અમે પણ તારા સંબધી છીયે. એ પ્રમાણે યુધિષ્ઠિર રાજાનાં વચન સાંભળી તેની રજા લઇને, ઉલૂક જ્યાં દુર્યોધન રાજા હતો, ત્યાં તેની પાસે ગયો. તેણે મહા ક્રોધી એવા તેને અર્જુનં, શ્રીકૃષ્ણ, ભીમસેન, યુધિષ્ઠિર, નકુળ, વિરાટ, દ્રુપદ, સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડિએ કહેલા સંદેશા તથા તેમનાં પરાક્રમ સર્વ યથાર્થ કહ્યાં. તે સાંભળીને ધૃત-

કુળમાં શ્રેષ્ઠ દુર્યોધને કર્ણ, શકુનિ તથા દુઃશાસનને કહ્યું કે, જેવી રીતે આવતી કાલે સૂર્યોદય થયા પહેલાં સર્વ સૈનિક પુરૂષ યુદ્ધ માટે સજ્જ થઇ ઉભા રહે, તેવી રીતે આપણા તથા મિત્રના સૈન્યને હુકમ કરો. હે ધૃતરાષ્ટ્ર ! એ પ્રમાણે દુર્યોધનનાં વચન સાંભળીને કર્ણના કહેવાથી અનેક દૂતો, રથ, સાંઢ, હાથી તથા ઘોડાઓ ઉપર બેસીને ઉતાવળથી સર્વ સેનામાં, આવતી કાલે સૂર્યોદય પહેલાં યુદ્ધમાં સર્વ રાજાઓનો સમાગમ થશે, માટે સૌએ સજ્જ રહેવું, એવી આજ્ઞા આપતી.

तूर्णं परिदधुः सर्वां कृत्स्नां कर्णस्य शासनात् ।
आज्ञापयंतो राज्ञश्च योगः प्रागुदयादिति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि उलूकदूतागमनपर्वणि उलूकागमनाके मुकरमाषायां त्रिषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६३ ॥

અધ્યાય ૧૬૪ મો. સેનાપતિની નિમણુક.

संजय उवाच—उलूकस्य वचः श्रुत्वा कुंतीपुत्रो युधिष्ठिरः ।
सेनां निर्यापयामास धृष्टद्युम्नपुरोगमां ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હવે ઉલુકનાં વચન સાંભળીને યુધિષ્ઠિર રાજાએ ધૃષ્ટદ્યુમ્ન જેમાં મુખ્ય હતો એવી પદાતિ, હસ્તિ, રથ તથા અશ્વના સમુદાયરૂપ ચાર પ્રકારના બળવાળી, ભયંકર, પૃથ્વીની પેઠે અકંપ, અર્જુન તથા બીજા પણ મહારથિ સહિત ભીમસેનાદિકે રક્ષા કરેલી, ધૃષ્ટદ્યુમ્નને વશ એવી, શત્રુએ દુઃખે કરી પણ જેમા પ્રવેશ થઇ શકે નહીં એવી તથા સમુદ્રના પ્રવાહ સરખી પોતાની સેનાને રણભૂમિ પ્રત્યે જવા રવાના કરી. મોટા ધનુષવાળો, યુદ્ધમાં દુર્મદ તથા દ્રોણને મારવાની ઇચ્છાવાળો પંચાળ દેશનો રાજા ધૃષ્ટદ્યુમ્ન પોતે સર્વ સેનાની અગાડી થઇ તેને પોતાની પાછળ ચલાવવા લાગ્યો. તે વેળા તેણે જેમાં બળ તથા ઉત્સાહ હતો તેવી રીતે રથિ પુરૂષોને આજ્ઞા આપી તે આવી રીતે કે, અર્જુને કર્ણ, ભીમસેને દુર્યોધન, ધૃષ્ટકેતુએ શલ્ય, ઉત્તમૌજાએ કૃપાચાર્ય, નકુળે અશ્વત્થામા, શૈબ્યે કૃતવર્મા, વૃષ્ણિ કુળમાં ઉત્પન્ન થયેલા યુયુધાને જયદ્રથ, શિખંડિએ ભીષ્મ, સહદેવે શકુનિ, ચેકિતાને શલ, દ્રૌપદીના પાંચ પુત્રે ત્રિગર્ત દેશના યોદ્ધાઓને અને સુભદ્રાના પુત્ર અભિમન્યુએ વૃષસેન તથા બાકીના સર્વ રાજાઓ સાથે યુદ્ધ કરવું હે ધૃતરાષ્ટ્ર! ધૃષ્ટદ્યુમ્ને અભિમન્યુને સર્વ રાજાઓ સાથે યુદ્ધ કરવું એમ કહ્યું તેનુ કારણ એ કે તે તેને યુદ્ધમાં અર્જુન કરતાં પણ અધિક સમર્થ તથા હિત કરનાર માનતો હતો. હે રાજન્ ! એ પ્રમાણે શત્રુ પક્ષના યોધ્ધાઓને મારવા સારૂ પોતાના પક્ષના યોધ્ધાઓનો વિભાગ કરી તથા જૂદા જૂદા એકઠા મેળવીને અગ્નિની જ્વાળા સરખા વર્ણવાળા અને મોટું ધનુષ ધારણ કરનાર ધૃષ્ટદ્યુમ્ને "દ્રોણાચાર્ય પોતાનો વિભાગ કલ્પના કર્યો." દ્રોણાચાર્યને મારવાનું કબૂલ કર્યું, ત્યાર પછી મોટું ધનુષ ધારણ કરનાર, સેનાપતિ, બુદ્ધિમાન તથા યુદ્ધ કરવાનું મન કર્યું હતું જેણે એવો ધૃષ્ટદ્યુમ્ન, વિધિપૂર્વક વ્યૂહરચના કરી યથાયોગ્ય પાંડવ સેનાની યોજના કરીને, પાંડુ પુત્રોના જય વાસ્તે સજ્જ થઇ રણભૂમિ વિષે આવી ઉભો.

यथोद्दिष्टानि सैन्यानि पांडवानामयोजयत् ।
जयाय पांडुपुत्राणां यत्तस्तस्थौ रणाजिरे ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि उलूकदूतागमनपर्वणि सेनापतियोगे गुर्जरभाषायां चतुःषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६४ ॥

અધ્યાય ૧૬૫ મો. સૈન્ય ગણના.

धृतराष्ट्र उवाच—प्रतिज्ञाते फाल्गुनेन वधे भीष्मस्य संयुगे ।
किमकुर्वत मे मंदाः पुत्रादुर्योधनादयः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! અર્જુને યુધ્ધમાં ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા લીધી ત્યાર પછી મંદ એવા દુર્યોધનાદિ મારા પુત્રોએ શું કર્યું? હે સૂત! વાસુદેવની સહાયવાળા તથા દૃઢ ધનુષ ધરનાર અર્જુને સંગ્રામમાં મારા પિતારૂપ ગંગાના પુત્ર ભીષ્મને માર્યાજ છે એમ હું માનું છુ. અત્યંત જ્ઞાનવાન, મોટા ધનુષ્યધારી તથા પ્રહર કરનારાઓમાં શ્રેષ્ઠ ભીષ્મે અર્જુને કહેવરાવેલાં વચન સાંભળી દુર્યોધનને શું કહ્યું? આ કૌરવ પક્ષમાં ધુરંધર, મહા બુદ્ધિમાન તથા પરાક્રમી ભીષ્મે સેનાપતિપણાને પામીને શું કર્યું તે પણ કહે? વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ પ્રમાણે ધૃતરાષ્ટ્રે પૂછ્યું ત્યાર પછી સંજય કુરૂકુળમાં વૃદ્ધ તથા મહા તેજસ્વી ભીષ્મે જેવી રીતે કહ્યું હતુ તેવી રીતે સર્વ તેને કહેવા લાગ્યો. હે રાજન્! શંતનુના પુત્ર ભીષ્મ સેનાપતિપણાને પામી, અપૂર્વ શક્તિ ધારણ કરનાર સેનાપતિ કાર્તિકસ્વામીને નમસ્કાર કરીને, દુર્યોધનને હર્ષ ઉપજાવતાં કહેવા લગ્યા કે, હે દુર્યોધન! હું તારો સેનાપતિ થઇશ એમાં સંશય નથી; અને સેનાના કામમાં, વિવિધ પ્રકારની વ્યૂહરચના કરવી તેમા અને પગાર દાખલ નોકરો તથા મિત્રતાથી આવેલાઓ પાસે કામ કરાવવામાં હું ચતુર છું. વળી યુદ્ધ માટે જવા વખતે, યુદ્ધ વખતે તથા શત્રુનાં શસ્ત્રને પાછાં વાળવા વખતે જે કરવાનું, તે પણ સર્વ બૃહસ્પતિની પેઠે હું જાણું છું. વળી હું દેવતા ગંધર્વ તથા મનુષ્ય સરખી સેનાની રચના કરવાના આરંભને પણ જાણું છું, માટે તેણે કરી પાંડવોને મોહ પમાડીશ વાસ્તે તારો સર્વ સતાપ નિવૃત્ત પામો. હે રાજન્! હું યથાર્થ મન લગાડીને, તારી સેનાનું પાલન કરતાં યુદ્ધ કરીશ માટે તારા મનનો સંતાપ જાઓ. દુર્યોધને કહ્યું કે, હે ગંગાપુત્ર મહાબાહુ ભીષ્મ! સમસ્ત દેવતા તથા અસુરોથી પણ મને ભય નથી એ હું સત્ય કહું છું; ત્યારે દુર્ધર્ષ એવા તમે મારા સેનાપતિ થયા છો અને પુરૂષમાં સિંહરૂપ તથા યુદ્ધમાં હર્ષ પામનાર દ્રોણાચાર્ય સેનામાં ઉભા રહેશે માટે હવે ભય શાનોજ હોય. હે કુરૂશ્રેષ્ઠ! પુરૂષ માત્રમાં અગ્રણી તમે બેઉ જણ મારા પક્ષમાં ઉભા છો, માટે અવશ્ય મારો જય થશે કેમકે મને દેવતાનુ રાજ્ય પણ દુર્લભ નથી, એમ હું માનું છું. હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા ભીષ્મ! પોતાના તથા શત્રુના રથિ અને અતિરથિ પુરૂષની સમગ્ર સંખ્યા, આ સર્વ પૃથ્વીનું પાલન કરનાર રાજાઓ સહિત હું સાંભળવા ઇચ્છું છું; કેમકે તે સંખ્યા કહેવામાં તમે કુશળ છો. ભીષ્મ કહે છે–હે રાજેંદ્ર! હે પૃથ્વીનું પાલન કરનાર! હે ગાંધારીના પુત્ર દુર્યોધન! તારી સેનામાં જે રથિ તથા અતિરથિ છે તેના રથ હજારો, લાખો તથા કરોડો છે, પણ તેમાં જે મુખ્ય છે તે હું તને કહું તે તું સાંભળ. પ્રથમ તો દુઃશાસનાદિ તારા સો ભાઇઓ સહિત તું રથિ પુરૂષમાં શ્રેષ્ઠ છે. હે દુર્યોધન! અસ્ત્રવિદ્યા શીખેલા, રથના ઉપસ્થ ભાગને વિષે, હસ્તિના કાંધને વિષે તથા ગદા પ્રાસ, તલવાર અને ઢાલને વિષે છેદ તથા ભેદ કરવામાં ચતુર, શત્રુને નિયમમાં રાખનાર,

પ્રહાર કરનાર, ભાર સહન કરનાર, બાણુ તથા અસ્ત્ર વિદ્યામાં દ્રોણુ તથા કૃપાચાર્યના શિષ્ય પાંડવો સાથે વૈર કરેલા અને મનસ્વી એવા ધૃતરાષ્ટ્રના સર્વ પુત્ર સંગ્રામમાં દુર્મદ એવા પાંચાલ દેશના યોદ્ધાઓનો નાશ કરશે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! તેમજ તારી સેનાનો અધિપતિ હું પાંડવોને નહીં ગણકારતાં તારા શત્રુનો નાશ કરીશ; મારા પોતાના ગુણ મોઢેથી કહેવા યોગ્ય નથી, કેમકે તે તું જાણે છે. શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ, ભોજ કુળમાં ઉત્પન્ન થયેલા, અસ્ત્રવિદ્યા જાણનાર પુરૂષોથી સહન ન થાય એવા, શત્રુને દૂર ફેંકનાર તથા દૃઢ આયુદ્ધવાળો કૃતવર્મા અતિરથિ છે; જે સગ્રામમાં તારા અર્થની સિદ્ધિ અને તારા શત્રુની સેનાને જેમ ઈંદ્ર દૈત્યોનો નાશ કરે તેમ નાશ કરશે, એમાં સંશય નથી. મોટા ધનુષવાળો મદ્ર દેશનો રાજા શલ્ય અતિરથિ છે એમ હું માનું છું; જે પોતના ભાણેજ પાંડવોને ત્યાગ કરી રણમાં વારંવાર શ્રીકૃષ્ણની સાથે સ્પર્ધા કર્યા કરે છે. સમુદ્રની લેહેર સરખાં બાણે કરી શત્રુને ડૂબાવતો હોય શું એમ મહારથિ પાંડવો સાથે યુદ્ધ કરશે. અસ્ત્રવિદ્યા શિખેલો, તારૂં હિત ઇચ્છનાર, તારો સ્નેહી તથા મોટા ધનુષવાળો સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા અતિરથિ છે; જે તારા શત્રુના સૈન્યનો મોટો વિનાશ કરશે. શત્રુના શૂરવીર પુરૂષોનો નાશ કરનાર સિંધુ દેશનો રાજા જયદ્રથ દ્વિરથ છે, જેણે દ્રૌપદીના હરણ વેળાએ પાંડવોએ આપેલા કલેશને સ્મરણ કરી, દારૂણ તપ કરી પાંડવો સાથે યુદ્ધ કરવા સારૂ શ્રેષ્ઠ વરદાન મેળવ્યું છે, માટે રથિ પુરૂષમાં સિંહરૂપ તે, પોતાના વૈરનું સ્મરણ કરી, પ્રાણનો ત્યાગ કરતાં પાંડવો સાથે યુદ્ધ કરશે.

स एष रथशार्दूलस्तद्वैरं संस्मरन् रणे ।
योत्स्यते पांडवैस्तात प्राणांस्त्यक्त्वा सुदुस्त्यजान् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि गुर्जरभाषायां पंचषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६५ ॥

અધ્યાય ૧૬૬ મો. ભીષ્મે આપેલો ઉત્સાહ.

भीष्म उवाच—सुदक्षिणस्तु कांबोजो रथ एकगुणोमतः।
तवार्थसिद्धिमाकांक्षन्योत्स्यते समरेपरैः ॥ १ ॥

ભીષ્મ કહે છે–હે દુર્યોધન! કાંબોજ દેશનો રાજા સુદક્ષિણ રથિ છે, જે તારા અર્થની સિદ્ધિની આકાંક્ષા રાખીને, સંગ્રામમાં શત્રુ સાથે યુદ્ધ કરશે. હે રાજન્! રથિ પુરૂષમાં સિંહ સરખા તથા અત્યંત વેગથી પ્રહાર કરનાર તેના પરાક્રમને અને તેના રથની પાછળ તીડ નામના જંતુની પેઠે ચાલનાર તેના દેશના યોદ્ધાઓને કૌરવો જોશે. હે શત્રુને દમન કરનાર! માહિષ્મતીપુરીમાં રહેનાર તથા નીલ કવચ પહેરનાર નીલ રાજા રથિ છે, જેણે પૂર્વે સહદેવ સાથે વૈર કર્યું છે; માટે તારે વાસ્તે રથના સમુદાય યુક્ત થઇ સંગ્રામમાં શત્રુઓનો વિનાશ કરશે. હે તાત! યુદ્ધ કરવામાં કુશળ, દૃઢ, વીર્ય તથા પરાક્રમવાળા, પુરૂષમાં સિંહરૂપ અને યુદ્ધની ઇચ્છા રાખનારા અવંતિપુરીના રાજા વિંદ તથા અનુવિંદ પણ રથિ પુરૂષમાં શ્રેષ્ઠ છે, જેઓ પોતાની સેનામાં હસ્તિની પેઠે વિચરતા કાળની પેઠે ગદા, પ્રાસ, તલવાર, નારાચ અને ભાલાએ કરી શત્રુની સેનાનો નાશ કરશે. ત્રિગર્ત દેશના રાજા પાંચ

ભગદત્ત પણ રથિમાં શ્રેષ્ઠ છે, જેણે પૂર્વે વિરાટના શહેર વિષે પાંડવો સાથે વૈર કરેલું છે. માટે હે રાજન્! તે પંચેન્દ્રયુ, જેમ ઉદ્ધત લહેરવાળી ગંગાને મગરમચ્છ ક્ષોભ પમાડે, તેમ યુદ્ધમાં ઉંચી ધ્વજાવાળી પાંડવની સેનને ક્ષોભ પમાડશે. વળી સત્યરથ જેમાં શ્રેષ્ઠ છે એવા તે બાંધે ભાઇયો, પૂર્વે જ્યારે ભીમસેનનો નાનો ભાઇ અર્જુન દિશા જીતવા ગયો હતો, ત્યારે તેણે તેમનું જે અપ્રિય કર્યું છે, તે સંભારીને પાંડવના શ્રેષ્ઠ એવા ધુરંધર મહારથિઓનો નાશ કરશે. હે દુર્યોધન! પુરૂષમાં સિંહરૂપ, સંગ્રામમાંથી નહી ભાગનાર, સુવાંકુશવાળા, કોમળ અંગવાળા, મોટા દેહવાળા, યુદ્ધ કરવાની રીતિને જાણનાર, સર્વને નિયમમાં રાખનાર, ક્ષત્રિય ધર્મમાં તત્પર અને શૂરવીર એવો તારો પુત્ર લક્ષ્મણ તથા દુઃશાસનનો પુત્ર, એ બેઉ રથિ પુરૂષમાં શ્રેષ્ઠ છે માટે મોટું પરાક્રમ કરશે. હે મહારાજ! હે મનુષ્યમાં શ્રેષ્ઠ! દંડધાર પણ રથિ છે, જે પોતાના સૈન્યથી રક્ષિત થઇને તારા સંગ્રામમાં યુદ્ધ કરશે. હે તાત! રથિ પુરૂષમાં શ્રેષ્ઠ, મોટા વેગ તથા પરાક્રમવાળો ઉગ્ર આયુધવાળો, મોટા ધનુષવાળો અને ધૃતરાષ્ટ્રના પુત્રોના હિતમાં આસક્ત કોશલ દેશનો રાજા બૃહદ્બલ રથિ છે. તે પોતાના બંધુઓને હર્ષ પમાડતાં સંગ્રામમાં યુદ્ધ કરશે. હે રાજન્! કાર્તિક સ્વામિની પેઠે અજેય અને ગૌતમ જે શરદ્વાન તેના શર નામના તૃણના ઝુંબડામાંથી ઉત્પન્ન થયેલા પુત્ર કૃપાચાર્ય અતિરથિ છે; જે પોતાના પ્રિય પ્રાણનો ત્યાગ કરતા શત્રુનો નાશ કરશે, અને કૃપાચાર્ય સંગ્રામમાં વિવિધ આયુધ તથા ધનુષવાળી ઘણી સેનાને અગ્નિની પેઠે બાળતા ફરશે.

एष सेनाः सुबहुला विविधा युधकार्मुका: ।
अग्निवत्समरे तात जरिष्यति विनिर्दहन् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि गुर्जरभाषायां षट्षष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६६ ॥

અધ્યાય ૧૬૭ મો. સૈન્ય ગણના. (ચાલુ)

भीष्म उवाच—शकुनिर्मातुलस्तेसौ रथ एको नराधिप ।
प्रयुज्य पांडवैर्वैरं योत्स्यते नात्र संशयः ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે નરાધિપ! તારો મામો શકુનિ એક મહારથિ છે, જે પાંડવો સાથે વૈર યોજીને યુદ્ધ કરશે એમાં સંશય નથી; કેમકે સંગ્રામમાં સામે ચાલનારી, વિવિધ આયુધે કરી વિસ્તારવાળી તથા વાયુ સરખા વેગવાળી તેની સેના દુઃખે કરીને પણ સહન ન થાય એવી છે. હે મહારાજ! મોટા ધનુષધારી, સર્વ ધનુષવાળામાં શ્રેષ્ઠ સંગ્રામમાં વિચિત્ર તરેહથી યુદ્ધ કરનાર તથા દૃઢ અસ્ત્રવાળો દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા મહારથિ છે; અર્જુનના બાણની પેઠે ધનુષે કરી મૂકાયલાં જેનાં બાણ એકઠાં મળીને જાય છે હે દુર્યોધન! શૂરવીર, રથિ પુરૂષમાં શ્રેષ્ઠ તથા મહારથિ એવા અશ્વત્થામાની સંખ્યા કરવાને હું સમર્થ નથી, કેમકે ઇચ્છા કરે તો ત્રણ લોકને પણ બાળી ભસ્મ કરે એવો તે છે; કારણ આશ્રમવાસી ઋષિયોના ક્રોધ તથા તેજના સમુદાયરૂપ છે અને દ્રોણે દિવ્ય અસ્ત્ર શિખવવા રૂપે અનુગ્રહ કરેલો છે, પણ હે ભરતકુળમાં શ્રેષ્ઠ! એમાં એક મોટો દોષ છે તે એ કે, એ બ્રાહ્મણને જીવવું બહુ પ્રિય છે અને સદૈવ આયુષની ઇચ્છાવાળો છે: તેથી મારાથી રથિ

છે કે અતિરથિ છે એમ કહી શકાતું નથી; પણ એના સરખો આપણી તથા પાંડવની સેનામાં બીજો કોઇ નથી; કેમકે સુંદર દેખાવવાળો એકલા રથે કરી દેવતાઓની સેનાને બાળી ભસ્મ કરે તથા ધનુષના શબ્દે કરી પર્વતોને પણ વિદારણ કરે એવો તે છે. વળી હે ભારત! અસંખ્ય ગુણવાન, શૂરવીર, શત્રુને હણનાર, દારૂણ કાંતિવાળો, યમરાજાની પેઠે અસહ્ય, ક્રોધે કરી યુગાંતના અગ્નિ સરખો, સિંહ સરખા કાંધવાળો અને મોટી કાંતિવાળો અશ્વત્થામા, કાળની પેઠે ફરશે ને યુદ્ધને અંતે અવશેષ રહેલા પાંડવ પક્ષના યોદ્ધાઓનો નાશ કરશે. હે રાજન્! એ અશ્વત્થામાના પિતા મોટા તેજસ્વી દ્રોણ અવસ્થાએ કરી વૃદ્ધ છે, પણ યુવાન પુરૂષોથી શ્રેષ્ઠ છે માટે સંગ્રામમાં મોટું કર્મ કરશે એમાં મને સંદેહ નથી. અસ્ત્રના વેગરૂપ વાયુથી વૃદ્ધિ પામેલા તથા સેના એજ તૃણરૂપી ઇંધનથી ઉઠેલા રક્ષિત એવા દ્રોણરૂપી અગ્નિ અતિરથિ છે; જે પાંડુરાજાના પુત્રની સેનાને બાળી ભસ્મ કરશે. વળી હે દુર્યોધન! મનુષ્યમાં શ્રેષ્ઠ ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્ય, યુદ્ધમાં મોટું કર્મ તથા તારૂં હિત કરશે. વળી સર્વ રાજાઓના આચાર્ય તથા ગુરૂ અને અવસ્થાએ કરી વૃધ્ધ એવા આ દ્રોણાચાર્ય યુદ્ધમાં સૃંજયોનો અંત આણશે જેને અર્જુન અત્યંત પ્રિય છે. મોટા ધનુષવાળા આ દ્રોણ અક્લિષ્ટ કર્મ કરનાર, પોતે વિદ્યા શિખવેલા, દેદિપ્યમાન તથા ગુણે કરી પોતે સ્વાધિન થયેલા અર્જુનને સ્મરણ કરી નાશ કરશે નહીં, કેમકે ગુણના વિસ્તારથી તે વખણાય છે ને પોતાના પુત્ર કરતાં પણ તેને અધિક માને છે. હે દુર્યોધન! ધનુષ ધારણ કરનાર મહા પ્રતાપી દ્રોણાચાર્ય, સંગ્રામમાં દેવતા ગંધર્વ તથા મનુષ્ય સર્વ એકઠા મળ્યા હોય, તોપણ તેમને એકલા અસ્ત્રે કરી નાશ કરે એવા છે. રાજાઓમાં સિંહ સરખો, મહારથિ તથા શત્રુના શૂરવીર રથિને પીડા આપનાર પૌરવ નામનો રાજા રથિ પુરૂષમાં શ્રેષ્ઠ છે એવો મારો મત છે; જે પોતાની મોટી સેનાએ કરી શત્રુની સેનાને તાપ પમાડતો તથા તૃણમાં જેમ અગ્નિ ગતિ કરે, તેમ સેનામાં ગતિ કરતો પંચાળ દેશના યોદ્ધાઓને બાળી ભસ્મ કરશે. હે રાજન્! સત્ય કીર્ત્તિવાળો રાજપુત્ર બ્રહદ્બલ એક રથિ છે, તે તારા શત્રુની સેનામાં કાળની પેઠે ફરશે; જેના વિચિત્ર કવચ તથા આયુદ્ધવાળા યોદ્ધાઓ સંગ્રામમાં તારા શત્રુઓનો નાશ કરતા વિચરશે. મહારથિ તથા બળવાન પુરૂષોમાં શ્રેષ્ઠ કર્ણનો પુત્ર વૃષસેન તારી સેનામાંના રથિઓને વિષે મુખ્ય છે; જે તારા શત્રુના બળને બાળી ભસ્મ કરશે. હે રાજન્! મોટા તેજવાળો, તારા રથિમાં શ્રેષ્ઠ, શત્રુના પરાક્રમને નાશ કરનાર, હસ્તિ ઉપર બેસવામાં કુશળ, મહાબાહુ, પરાક્રમથી વિચિત્ર યુદ્ધ કરનાર તથા ભય વગરનો આ જળસંધ રાજા પણ રથિ છે એમ હું માનું છું; જે હસ્તિ અથવા રથ ઉપર બેસીને સંગ્રામમાં યુદ્ધ કરશે ને પોતાના પ્રાણનો ત્યાગ કરશે. સંગ્રામમાં પાછો નહીં હઠનાર, શૂરવીર તથા યમ રાજા સરખો બાહ્લિક અતિરથિ છે એવો મારો મત છે, જે સંગ્રામમાં આવી કદી પણ હઠશે નહીં અને વાયુની પેઠે શત્રુઓનો નાશ કરશે. હે મહારાજ! મહારથિ, સંગ્રામમાં અદ્ભુત કર્મ કરનાર તથા શત્રુના રથિ પુરૂષોને પીડા આપનાર તારી સેનાનો અધિપતિ સત્યવાન રથિ છે; જેના સંગ્રામને જોવાથી કંઇપણ વ્યથા રહેતી નથી. વળી રથ માર્ગમાં ઉભેલા શત્રુઓને વિષે હર્ષ પામતો જઇ પડે એવો પુરૂષમાં શ્રેષ્ઠ છે, મોટા વિનાશ વખતે શત્રુઓને વિષે તારે માટે સત્પુરૂષે કરવા લાયક એવું કર્મ કરશે. હે રાજન્! રાક્ષસોનો ઇંદ્ર ક્રૂરકર્મા, મહારથિ, સર્વ રાક્ષસની સેનામાંના રથિઓમાં શ્રેષ્ઠ, માયાવી તથા દૃઢ વૈરવાન અલંબુષ રાક્ષસ, પોતાના પૂર્વના વૈરને સંભારીને સંગ્રામમાં

શત્રુઓનો નાશ કરતો વિચરશે. હે ગાંધારીના પુત્ર દુર્યોધન ! પ્રાગ્જ્યોતિષપુરનો અધિપતિ ભગદત્ત રાજા મહા શૂરવીર, પ્રતાપી, હસ્તિએ કરી યુદ્ધ કરવામાં કુશળ, પુરુષમાં શ્રેષ્ઠ તથા રથિ વિષેના યુદ્ધમાં કુશળ છે, તેની સાથે પૂર્વે અર્જુને ઘણા દિવસ સુધી યુદ્ધ કર્યું હતું; જેમાં તે બેઉ પોતાના જયને ઇચ્છતા હતા. ત્યારપછી ઇંદ્રને પોતાનો સખા જાણીને તેણે, મહાત્મા અર્જુન સાથે મિત્રાઇ કરી છે, જે હસ્તિ ઉપર બેસવામાં કુશળ ઐરાવત ઉપર બેઠેલા દેવતાઓના રાજા ઇંદ્રની પેઠે યુદ્ધ કરનાર છે.

> एष योत्स्यति संग्रामे गजस्कंधविशारदः ।
> ऐरावतगतो राजा देवानामिव वासवः ॥

इति श्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि गुर्जरभाषायां सप्तषष्ट्यधिकशततमोऽध्यायः ॥ १६७ ॥

અધ્યાય ૧૬૮ મો. ભીષ્મ ને કર્ણ વચ્ચે ઝઘડો.

> भीष्म उवाच—अचलो वृषकश्चैव सहितौ भ्रातरावुभौ ।
> रथौ एव दुराधर्षौ शत्रून्विध्वंसयिष्यतः ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! દુરાધર્ષ અચલ તથા વૃષક એ બે ભાઇઓ તારા પક્ષના રથિ છે, તે મળીને શત્રુનો નાશ કરશે; જેઓ બળવાન પુરુષમાં સિંહરૂપ, ક્રુદ્ધ, ક્રોધી પ્રહાર કરનાર, ગાંધાર દેશના યોદ્ધાઓમાં મુખ્ય, યુવાન, જોવા લાયક સ્વરૂપવાળા તથા મહા બળવાન છે. હે દુર્યોધન! તારો પ્રિય સખા પણ નિરંતર યુદ્ધમાં કર્કશ, તને પાંડવ સાથે વૈર કરવામાં ઉત્માહ કરાવનાર, કડવું વચન બોલનાર, નીચ, તારો મંત્રિ તથા બંધુ, જેના કહેવા પ્રમાણે તું ચાલે છે એવો, માની, અત્યંત ઉચ્છ્રિત, મૂર્ખ અને નિરંતર નિંદક સૂર્યપુત્ર કર્ણ, સંગ્રામમાં રથિ નથી તથા અતિરથિ પણ નથી; કેમકે તેની સાથેજ ઉત્પન્ન થયેલાં કવચ તથા દિવ્ય એવાં બે કુંડળ રહિત તે છે. હે રાજન્! આ કર્ણ પરશુરામના શાપ, બ્રાહ્મણના ભાષણ તથા દેહ સાથેજ ઉત્પન્ન થયેલાં કવચાદિથી રહિત હોવાને લીધે, અર્ધરથિ છે એમ હું માનું છું; માટે યુદ્ધમાં અર્જુનને પામી પાછો જીવતો મુકશે નહી. હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે ભીષ્મે કહ્યું ત્યાર પછી સર્વ શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ દ્રોણે ફરીથી કહ્યું કે હે ભીષ્મ! જેમ તમે કહો છો, તેમ છે એમાં કંઇ પણ શંકા નથી. નિંદક તથા ગાફલ કર્ણ અભિમાની છે, પણ સંગ્રામમાં તો વિમુખ થયેલો ઘણીવાર જોવામાં આવ્યો છે; માટે અર્ધરથિજ છે એવો મારો પણ મત છે.

હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે ભીષ્મનાં વચન સાંભળીને કર્ણ ક્રોધથી પોતાનાં નેત્ર ઉઘાડી ભીષ્મને ચાબુકની પેઠે વાણીએ કરી વ્યથા કરતાં કહેવા લાગ્યો કે હે પિતામહ ભીષ્મ! તમે પગલે પગલે વગર અપરાધી મને પોતાની ઇચ્છા પ્રમાણે સદૈવ આવીજ રીતે વાણીરૂપી બાણે કરી વિંધો છો; પણ તેને હું કેવળ દુર્યોધનને લીધેજ સહન કરું છું. તમે મને કુત્સિત પુરુષની પેઠે મંદ માની અર્ધરથિ કરો છો; તેથી જગત ભીષ્મ ખોટું બોલે નહીં, એમ માની સર્વ મારી અવજ્ઞા કરે છે. પણ તમે કૌરવનું અહિત કર્તા છો, તે આ રાજા દુર્યોધન જાણતો નથી; કેમકે એમ ન હોય તો જેમ સમાન ઉદાર કર્મવાળા

રાજાઓ વિષે ભેદ થાય એમ ઇચ્છનાર તમે તેમના ગુણની અદેખાઇને લીધે દ્વેષને [illegible] આણી રીને ઉત્સાહને તોડો છો, તેમ બીજો કોણ કરે! હે કુરુકુળમાં ઉત્પન્ન થયેલા ભીષ્મ! તમે ઘણાં વર્ષ સહેજ બાળ ઘણા દ્રવ્ય તથા બંધુઓને લીધે ક્ષત્રિયોની સંખ્યા કરવા યોગ્ય નથી; કેમકે ક્ષત્રિયોમાં બળ પ્રધાન છે તથા બ્રાહ્મણોમાં મનસુબા કરવા એ પ્રધાન છે, વૈશ્યમાં દ્રવ્ય પ્રધાન છે તથા શૂદ્રમાં અવસ્થા પ્રધાન છે. તમે તો પોતાની ઇચ્છા પ્રમાણે અમુક રથિ અને અમુક અતિરથિ એમ બોલો છો. તેથી કામ તથા દ્વેષયુક્ત હોવાને લીધે માંહોમાંહે ભેદ કરો છો. હે મોટી ભુજાવાળા! હે પુરુષમાં સિંહરૂપ! હે દુર્યોધન! તું સારી રીતે ઝીણી નજરથી જો, દુષ્ટભાવવાળા, ભીષ્મ તારૂં અપ્રિય કરનાર છે માટે એનો ત્યાગ કર; કેમકે પરંપરાથી મળેલી સેનામાં ભેદ થાય તો તેનું પાછું અનુસંધાન કરવું એ કઠણ પડે છે, ત્યારે અનેક દેશની સેના મળીને એકજ કાર્ય કરવા સારૂ તૈયાર થઇ છે, તેમાં ભેદ થાય તો પછી તેનું અનુસંધાન કેમ થાય. હે ભારત! યુદ્ધને વિષે આ સર્વ યોદ્ધાઓમાં ભેદ ઉત્પન્ન થયો; કારણ કે આ ભીષ્મ પ્રત્યક્ષ અમારા ઉત્સાહનો નાશ કરે છે. રથિ તથા અતિરથિની સંખ્યા કરવાનું જ્ઞાન ક્યાં અને અલ્પ ચિત્તવાળા આ ભીષ્મ ક્યાં? "આ સર્વ ખોટું બોલે છે!" હું એકલો આ સર્વ પાંડવની સેનાને અટકાવીશ. અમોઘ બાણવાળા મને પામીને પંચાળ દેશના યોદ્ધાઓ સહિત પાંડવો, જેમ વૃષભો કેસરી સિંહને પામી દશ દિશાઓમાં ભાગી જાય, તેમ દશે દિશાઓમાં ભાગી જશે. યુદ્ધ વિમર્દ તથા મનસુબાને વિષે બોલાવું એ ક્યાં, અને અવસ્થા જેની જતી રહી છે એવા, મંદ અંતઃકરણવાળા તથા કાળે પ્રેરણા કરેલા ભીષ્મ ક્યાં! નિષ્ફળ દેખાવવાળા એકલા ભીષ્મ આખા જગત સાથે સ્પર્ધા કરે છે, ને જગતમાં પોતાવિના બીજા કોઇને પુરૂષ છે એમ માનતા નથી. હે દુર્યોધન! વૃદ્ધોનાં વચન સાંભળવાં એમ શાસ્ત્રમાં કહ્યું છે, પણ અતિવૃદ્ધ હોય તેનાં વચન ન સાંભળવાં; કેમકે તેઓ બાળક સરખા હોય છે એવો મારો મત છે. હે રાજાઓમાં સિંહરૂપ! યુદ્ધને વિષે હું એકલો પાંડવની સેનનો નાશ કરીશ, ને વિજયના યશને ભીષ્મ પામશે કેમકે તેં એમને સેનાપતિ કર્યા છે, યશ સેનાધ્યક્ષને મળે યોદ્ધાઓને મળે નહીં, પણ જ્યાંસુધી ગંગાપુત્ર ભીષ્મ જીવતા હશે, ત્યાં સુધી હું કદી પણ યુદ્ધ કરીશ નહી, ને જ્યારે તે નાશ પામશે, ત્યારે સર્વ મહારથિયોની સામે યુદ્ધ કરીશ. ભીષ્મે કહ્યું કે હે સૂતપુત્ર કર્ણ! સંગ્રામને વિષે ઘણા વર્ષનો ઇચ્છિત, મોટો તથા સમુદ્ર સરખો દુર્યોધનનો આભાર મને પ્રાપ્ત થયો છે, તેને વહન કરવાનો, રૂંવાને હર્ષ ઉત્પન્ન કરે એવો પ્રચંડકાળ સમીપ આવ્યો છે, માટે મારે માંહોમાંહે ભેદ થાય એમ કરવું નથી, તેથીજ. તું જીવે છે. હે સૂતજ! વૃદ્ધ એવો હું પરાક્રમથી બાળકરૂપ તને યુદ્ધ કરવામાં જે શ્રદ્ધા છે તેને તથા તારા જીવિતને આજ છેદ કરતો નથી. પૂર્વે જમદગ્નિના પુત્ર પરશુરામે મારી ઉપર મોટાં અસ્ત્ર મૂક્યાં તેથી મને કંઇ પણ વ્યથા થઇ નહીં. ત્યારે તું મને શું કરનાર છે. હે નીચ! હે કુળમાં રજ સરખા કર્ણ! સત પુરૂષ પોતાના બળનું સ્તવન કરતાં પોતે કરેલા કાર્યની પ્રશંસા કરતા નથી; પણ અત્યંત તાપ પામેલો હું તને કહું છું કે કાશીરાજાને ત્યાં સ્વયંવરને વિષે ક્ષત્રિય રાજાઓ એકઠા મળ્યા હતા, તે સર્વને મે એકજ રથે પરાજય પમાડયા ને તેની કન્યાનું હરણ કર્યું. ત્યાર પછી વળી એવી તો એકઠા મળેલા રાજાઓની હજારો સેનાને સંગ્રામમાં મેં એકલે પરાજય કરી. કૌરવોને વૈર પુરૂષ એવો તું મહાસંગ્રામ વિનાશ માટે છે [illegible] આમ થયું છે વાસ્તે હવે યત્ન કર અને પુરૂષ થા. હે નિરંતર દુષ્ટ બુદ્ધિવાળા કર્ણ! તું [illegible]

અર્જુન સાથે સ્પર્ધા કરે છે, તેની સાથે સંગ્રામમાં યુદ્ધ કર, તેનાથી જીવનો મૂકાઈશ તો હું જોઈશ. હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે કર્ણને કહ્યું, ત્યારે પ્રતાપી તમારા પુત્ર દુર્યોધને ભીષ્મને કહ્યું કે હે ગંગાના પુત્ર ભીષ્મ! તમે મારી સામું જૂવો * * મોટું કામ તૈયાર થયું છે, માટે મારૂં કલ્યાણ થાય એવી રીતે એકાગ્ર મનથી તેનો વિચાર કરો. તમે મોટું મારૂં કામ કરશો; હું આપણા શત્રુમાંના રથિ, અતિરથિ તથા રથના યૂથને પાક્રમ કરનારાઓ સાંભળવા ઈચ્છું છું. તેમજ હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા ભીષ્મ! આપણા શત્રુનું બળાબળ પણ સાંભળવા ઈચ્છું છું; કેમકે આજની રાત્રિ નિવૃત્ત થશે એટલે આ યુદ્ધ શરૂ થશે.

बलाबलममित्राणां श्रोतुमिच्छामि कौरव ।
प्रभातायां रजन्यां वै इदंयुद्धं भविष्यंति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि गुर्जरभाषायामष्टषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६८ ॥

અધ્યાય ૧૬૯ મો. પાંડવ સેનાનિયો.

भीष्म उवाच—एते रथास्तवाख्यातास्तथैवातिरथा नृप ।
येचाप्यर्द्ध रथा राजन् पांडवानामतः शृणु ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! મેં તને તારા જે રથિ, અતિરથિ તથા અર્ધરથિ હતા તે કહ્યા; ને જો પાંડવની સેના વિષે રથિ તથા અતિરથિની સંખ્યા સાંભળવાની ઈચ્છા હોય, તો હું કહું તે તું આ સર્વ રાજાઓ સહિત સાંભળ. હે તાત! પાંડવ એવા કુંતિ-પુત્ર યુધિષ્ઠિર રાજા, રથિ પુરૂષમાં ઉત્તમ છે. જે સંગ્રામમાં અગ્નિની પેઠે ફરશે. હે રાજેંદ્ર! દશ હજાર હસ્તિના બળ સરખો બળવાન, માની તથા તેજે કરી જાણે મનુષ્યજ ન હોય એવો ભીમસેન અષ્ટરથિ છે; જેના સરખો યુધ્ધને વિષે ગદાયે કરી તથા બાણે કરી યુધ્ધ કરનાર બીજો કોઈ નથી. હે દુર્યોધન! પુરૂષમાં શ્રેષ્ઠ, અશ્વિનિકુમાર સરખા રૂપવાળા તથા તેજસ્વી માદ્રીના પુત્ર નકુળ તથા સહદેવ રથિ છે; જેઓ યુધ્ધમાં રૂદ્રની પેઠે વિચરશે એમાં મને કંઈ પણ સંદેહ નથી. હે રાજન્! સર્વ પાંડવો મહાત્મા, સાગના સ્તંભ સરખા, સરલ દેહવાળા, બીજા પુરૂષો કરતાં અંગુઠા તથા તર્જનીના અંતર પ્રમાણે ઉંચા અને સિંહ સરખા બળવાન છે. વળી તેઓ બ્રહ્મચર્ય પાળી વેદ ભણેલા, તપસ્વી, લજ્જાવાન, પુરૂષમાં સિંહરૂપ તથા વ્યાઘ્ર સરખા ઉત્કટ બળવાન છે. વળી હે ભરત કુળમાં શ્રેષ્ઠ! તેઓ વેગ, પ્રહાર તથા સંમર્દન વિષે સર્વ મનુષ્ય કરતાં અધિક છે; જેમણે દિગ્વિજયને વિષે સર્વ રાજાઓને જીત્યા છે. હે કૌરવ! એ પાંડવોના આયુધ, ગદા તથા બાણોને હાથમાં લઈ ફેંકવાને કોઈ પણ પુરૂષ સમર્થ નથી. વળી વેગમાં, નિશાન પાડવામાં, મર્મસ્થાનને ભેદવામાં તથા પૃથ્વી ઉપર ઉભી મુષ્ટિએ કરી યુધ્ધ કરવામાં તેઓ બાળકપણાથીજ તેમારા કરતાં અધિક છે, ને વળી આપણા સૈન્યને પામીને અત્યંત બળોત્કટ થશે, તેથી સંગ્રામમાં વિનાશ પામશે, માટે તેમની સાથે તમે યુધ્ધ સમાગમ ન કરો. હે રાજેંદ્ર! તે એક એક જણ સંગ્રામને વિષે સર્વ રાજાઓને હણે એવો છે; કારણ તેતો તેં રાજસૂય યજ્ઞમાં પ્રત્યક્ષ જોયેલું છે. વળી તેઓ દ્રૌપદીનાં ક્લેશને તથા દ્યૂતને વિષે તમોએ કહેલાં કઠોર વચનોને

સંભારીને, સંગ્રામમાં રૂદ્રની પેઠે સંહાર કરતા વિચરશે. હે રાજન્! રક્ત નેત્રવાળો શ્રી નારાયણની સહાયતાવાળો શૂરવીર અર્જુન, બેઉ સેનામાં જેના સરખો બીજો કોઇ નથી, એવો રથિ છે; કારણ દેવતા, સર્પ, રાક્ષસ તથા યક્ષમાં પણ તેના સરખો કોઇ નથી, ત્યારે મનુષ્યમાં કોણ હોય, જે રૂદ્રની પેઠે સંગ્રામમાં વિચરે? બુદ્ધિમાન અર્જુનના રથ સરખો કોઇનો પણ રથ થઇ ગયો છે અથવા થશે એમ મેં સાંભળ્યું નથી; કેમકે તેમાં સારથિ શ્રીકૃષ્ણ, યોધ્ધો અર્જુન. વાયુ સરખા વેગવાળા અશ્વ તથા દિવ્ય એવું ગાંડીવ ધનુષ છે. ભેદ ન પામે એવું દિવ્ય કવચ છે જેનું એવા, જેમાંથી બાણ ખૂટે નહી એવા બે ભાથા છે જેના એવા ઇંદ્ર, રૂદ્ર, કુબેર, યમ તથા વરૂણના અસ્ત્ર સમૂહ જેની પાસે છે એવા, ઉગ્ર દેખાવવાળી ગદાવાળા તથા વજ્રાદિ મુખ્ય પ્રહાર કરવાનાં હથિયારવાળા એકલા અર્જુને હિરણ્યપુરમાં રહેનાર હજારો દૈત્યનો યુધ્ધમાં નાશ કરેલો છે; માટે તેના સરખો બીજો કયો રથિ છે? ક્રોધી બળવાન, સત્ય પરાક્રમી તથા મહાબાહુ અર્જુન, પોતાની સેનાનું પાલન કરતાં તારી સેનાનો નાશ કરશે. હે રાજેંદ્ર! અર્જુન સામે હું તથા દ્રોણાચાર્ય યુદ્ધ કરવા જઇ શકીયે એવા છીયે, પણ બેઉ સેનામાં ત્રીજો કોઇ એવો નથી કે જે વર્ષાઋતુમાં વાયુએ પ્રેરણા કરેલા મેઘની પેઠે બાણનો વર્ષાદ કરતો તેની સામે જાય. હે દુર્યોધન! કુંતિ પુત્ર અર્જુન યુધ્ધ કરવામાં આસક્ત, શ્રીકૃષ્ણની સહાયતાવાળો તરૂણ તથા યુધ્ધ કરવામાં કુશળ છે, ને હું તથા દ્રોણ બેઉ વૃધ્ધ છીયે. વૈશંપાયન કહે છે—હે જન્મેજય! એ પ્રમાણે ભીષ્મનાં વચન સાંભળી તથા પાંડવોનાં પુરાતન સામર્થ્યને સંભારીને, સર્વ રાજાઓના સુવર્ણના બાજુબંધવાળા, સ્થૂલ તથા ચંદન ચોપડેલા હસ્ત બળ સહિત, જેમ પ્રત્યક્ષ જોવાથી શિથલ થાય તેમ શિથલ થઇ ગયા.

मनोम: सहसंवेगैः संस्मृत्य च पुरातनं ।
सामर्थ्यं पांडवेयानां यथा प्रत्यक्षदर्शनात् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि पांडव-रथातिरथसंख्यायां गुर्जरभाषायामूनसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १६९ ॥

અધ્યાય ૧૭૦ મો. પાંડવના રથિઓ.

भीष्म उवाच—द्रौपदेया महाराज सर्वे पंचमहारथाः ।
वैराटिरुत्तरश्चैव रथोदारोमतो मम ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! દ્રૌપદીના પાંચ પુત્ર મહારથિ છે; અને વિરાટનો પુત્ર ઉત્તર રથિ પુરૂષમાં શ્રેષ્ઠ છે એમ હું માનું છું. હે મહાબાહો! સંગ્રામમાં અર્જુન તથા શ્રીકૃષ્ણ સમાન, શત્રુનો નાશ કરનાર, જલદી અસ્ત્ર ફેંકનાર, અનેક તરેહથી યુધ્ધ કરનાર, મનસ્વી તથા દૃઢ વ્રતવાળો અભિમન્યુ અતિરથિ છે; જે પોતાના પિતાના ક્લેશને સ્મરણ કરી યુદ્ધમાં મોટું પરાક્રમ કરશે. યાદવોમાં મહા ક્રોધી તથા ભય વગરનો સાત્યકિ અતિરથિ છે. ઉત્તમૌજા તથા પરાક્રમી યુધામન્યુ એ બેઉ રથિ છે એમ હું માનું છું. મેં પાંડવ પક્ષના કહેલા યોધ્ધાઓના સૈન્યમાં રથ, અશ્વ, તથા હસ્તિ ઉપર બેસનાર મિત્ર હજારો છે; જેઓ યુધ્ધમાં યુધિષ્ઠિરનું પ્રિય કરવાની ઇચ્છાથી પાંડવો સાથે આવીને તારી

તેઓ ત્રિગર્ત યોધ્ધાઓને અગ્નિ તથા વાયુની પેઠે બોલાવી પોતાના પ્રાણનો ત્યાગ કરતાં ભારે યુધ્ધ કરશે. હે રાજન્! યુધ્ધમાં કોઇથી જીતાય નહીં એવા, મહા પરાક્રમી, પુરૂષર્ષભ, અને વૃધ્ધ વિરાટ તથા દ્રુપદને હું મહારથિ માનું છું. તેઓ અવસ્થાએ કરી વૃધ્ધ છે તોપણ પાંડવોનું હિત ઇચ્છનાર છે. વળી ક્ષત્રિય ધર્મમાં તત્પર, શૂરવીરોએ આચરેલા માર્ગને વિષે રહેનાર, શ્રેષ્ઠ વ્રતવાન, સ્નેહ તથા પરાક્રમે કરી સર્વ કરતાં શ્રેષ્ઠ, યુધ્ધમાં મરવું એનેજ જેમનો નિશ્ચય છે એવા, દૃઢ ધનુષવાળા, પોતાના પ્રાણ ત્યાગ કરતાં સુધી પણ શક્તિ પ્રમાણે પરાક્રમ કરનાર, દારૂણ, એક એક અક્ષૌહિણી સેનાવાળા, સંબંધીપણાની રક્ષા કરનાર, લોકમાં શૂરવીર, મોટા ધનુષવાળા, દેહ ત્યાગ કરવાની ઇચ્છાવાળા તથા નહી વિશ્વાસઘાત કરનાર તે બેઉ યુધ્ધમા મોટું પરાક્રમ કરશે.

लोकवीरौ महेष्वासौ त्यक्त्वात्मानौ च भारत ।
प्रत्यर्थं परिरक्षंतौ महत्कर्म करिष्यतः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि गुर्जे भाषायां सप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७० ॥

અધ્યાય ૧૭૧ મો. રથાતિરથની ગણના.

भीष्म उवाच—पंचालराजस्य सुतो राजन्परपुरंजयः ।
शिखंडिरथमुख्यो मे मतः पार्थस्य भारत ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! શત્રુના પૂરને જીતનાર દ્રુપદ રાજાનો પુત્ર શિખંડિ પાંડવોના રથિ પુરૂષોમાં મુખ્ય છે. તે પૂર્વની પોતાની સ્ત્રીપણાની સ્થિતિને નહીં દેખાડતાં તારી સેનામાં ઉત્કૃષ્ટ યશ વિસ્તાર કરતાં સંગ્રામમાં યુદ્ધ કરશે, જેની પંચાળ તથા પ્રભદ્રક દેશ નિવાસી સેના ધણી છે, માટે રથ સમૂહે યુક્ત થઇ તે મોટું કર્મ કરશે. હે ભરતકુળમાં ઉત્પન્ન થએલા રાજન્! દ્રોણનો શિષ્ય, મહારથિ તથા પાંડવની સેનાનો અધિપતિ ધૃષ્ટદ્યુમ્ન, સર્વ સેનામાં અતિરથિ છે એમ હું માનું છું. સંગ્રામમાં યુગના અંત વખતે નિશ્ચળ સંહાર કરનાર મહાબલી ક્રોધયુક્ત થયેલા સમર્થ મહાદેવજીની પેઠે શત્રુઓનો નાશ કરતો તે યુદ્ધ કરશે; જેની રણપ્રિય પુરૂષ રથસેના ઘણી હોવાથી દેવતાઓની સેના સરખી તથા સમુદ્ર સરખી છે એમ કહે છે. હે રાજેંદ્ર! ધૃષ્ટદ્યુમ્નનો પુત્ર ક્ષત્રધર્મા અર્ધરથિ છે એમ હું માનું છું; કેમકે તેણે બાળપણામા અસ્ત્રવિદ્યા શિખવા વિષે અતિશય શ્રમ કર્યો નથી. મહા રથિ, મોટા ધનુષધારી, પાંડવોનો સંબંધી શિશુપાળનો પુત્ર તથા ચેદિ દેશનો રાજા ધૃષ્ટકેતુ મહારથિ છે; જે પોતાના પુત્ર સહિત થઇ મહારથિઓની મધ્યે બીજાથી ન થાય એવું મોટું કર્મ કરશે. હે રાજેંદ્ર! ક્ષત્રિય ધર્મમા પ્રીતિમાન તથા શત્રુના પૂરને જીતનાર ક્ષત્રદેવ, પાંડવોની સેના વિષે રથિ પુરૂષમાં ઉત્તમ છે એવો મારો મત છે. જયંત, અમિતૌજા તથા મહારથિ સત્યજીત એ સર્વ મહાત્મા તથા પાંચાળ દેશના યોદ્ધાઓમાં શ્રેષ્ઠ મહારથિઓ છે; તેઓ સંગ્રામને વિષે ક્રોધ પામેલા હસ્તિની પેઠે યુધ્ધ કરશે. મહા પરાક્રમી અને શૂરવીર અજ તથા ભોજ રાજા મહારથિ છે, તેઓ પાંડવોને લીધે પોતાની શક્તિ પ્રમાણે પરાક્રમ કરતાં યુદ્ધ કરશે. હે રાજેંદ્ર! શીઘ્ર અસ્ત્ર ફેંકનાર, વિચિત્ર યુધ્ધ કરનાર, [illegible] પરાક્રમી તથા [illegible] કેકય રાજના પાંચ ભાઇઓ રથિ પુરૂષમાં [illegible] છે.

હે નૃપ! કાશિક, સુકુમાર નીલ સૂર્યદત્ત, શંખ તથા મદિરાશ્વ વગેરે રથિ પુરૂષમાં ઉત્તમ છે; જેઓ યુદ્ધ કરવામાં કુશલ, અસ્ત્રવિદ્યામાં ચતુર તથા મહાત્મા છે એમ હું માનું છું. હે મહારાજ! વાર્ધક્ષેમિ મહારથિ છે એમ હું માનું છું. ચિત્રાયુધ રાજા રથિ પુરૂષમાં ઉત્તમ છે. સંગ્રામમાં શોભે એવો તથા અર્જુનનો ભક્ત છે. પુરૂષમાં સિંહરૂપ ચેકિતાન તથા સત્યધૃતિ પાંડવ સૈન્યમાં મહારથિ છે. હે ભારત! વ્યાઘ્રદત્ત તથા ચંદ્રસેન પાંડવ સેના વિષે રથિ પુરૂષમાં ઉત્તમ છે, એમાં મને કંઇપણ સશંય નથી. હે સમર્થ! વાસુદેવ તથા ભીમસેન સમાન, અત્યંત ઉતાવળથી અસ્ત્ર ફેંકનાર, વખાણવા લાયક, મનુષ્યમાં ઉત્તમ, શત્રુના પૂરને જીતનાર તથા ક્રોધહંતા એવું જેનું ઉપમાન છે એવો સેનાબિંદુ એક રથિ માનવો, પણ યુધ્ધમાં તે પરાક્રમ કરે તો અષ્ટરથિ છે. જેમ તું મને, દ્રોણને તથા કૃપાચાર્યને માને છે, તેમજ યુધ્ધમાં શ્લાઘા કરવા લાયક તેને માનવો. યુધ્ધમાં વખાણાયલો, પાંડવોમાં પ્રીતિમાન, શૂરવીર તથા યુવાન દ્રુપદનો પુત્ર સત્યજીત, ધૃષ્ટદ્યુમ્ન સમાન અતિરથિપણાને પામ્યો છે; જે પાંડવોના યશની કામનાથી મોટું કર્મ કરશે. મહા વીર્યવાન, પાંડવ સેનામાં ધુરંધર, દૃઢ ધનુષવાળો તથા શ્રેષ્ઠ બાણવાળો પાંડ્ય રાજા પાંડવના સૈન્યમાં મહારથિ છે. હે કૌરવમાં શ્રેષ્ઠ! શત્રુના શહેરને જીતનાર શ્રેણિમાન તથા વસુદાન એ બે રાજાઓ અતિરથિ છે એમ હું માનું છું.

> श्रेणिमान् कौरवश्रेष्ठ वसुदानश्च पार्थिवः ।
> उभावेतावतिरथो मतौ परपुरंजयौ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि गुर्जरभाषायामेकसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७१ ॥

અધ્યાય ૧૭૨ મો. સેનાપતિઓ ને યોદ્ધાઓ.

> भीष्म उवाच—रोचमानो महाराज पांडवानां महारथः ।
> योत्स्यतेऽमरवत्संख्ये परसैन्येषु भारत ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે મહારાજ! ભરત કુળમાં ઉત્પન્ન થયેલા દુર્યોધન, રોચમાન પાંડવ સેનામાં મહારથિ છે, જે સંગ્રામમાં શત્રુની સેનામાં દેવતાની પેઠે યુદ્ધ કરશે. ઘણાઓને જીતનાર, મોટો ધનુષ ધારી, મહા બળવાન ભીમસેનનો મામો, શૂરવીર, ચતુર, નિપુણ, વિચિત્ર યુદ્ધ કરનાર, સમર્થ, જેના સર્વ યોદ્ધાઓ વિખ્યાત તથા યુદ્ધ કરવામાં કુશળ છે એવો અને પાંડવોના પ્રિય હિતમાં પ્રીતિમાન કુંતિભોજ પણ રથિ છે. તે, જેમ ઇંદ્ર દાનવો સાથે યુદ્ધ કરે, તેમ યુદ્ધ કરતાં પોતાના ભાણેજને લીધે મોટું કર્મ કરશે. હે મહારાજ! મહા માયાવી તથા રાક્ષસોનો રાજા ભીમપુત્ર હેડંબ અતિરથિ છે. તે સંગ્રામમાં યુદ્ધ કરશે હે તાત! મહા માયાવી તથા યુદ્ધ જેને પ્રિય છે એવા હેડંબના વશવર્તિ એવા શૂરવીર બળવાન રાક્ષસો પણ, સંગ્રામમાં યુદ્ધ કરશે. હે રાજન્! વાસુદેવ જેમાં મુખ્ય છે એવા મેં કહ્યા એ તથા અનેક દેશના પતિ બીજા ઘણા રાજાઓ યુધિષ્ઠિર માટે એકઠા થયા છે; જે મહાત્મા એવા રથિ, અતિરથિ તથા અર્ધરથિયો, જેમ ઇંદ્રદેવ સેનાનું પાલન કરે, તેમ અર્જુને પાલન કરેલી ભયંકર સેનાને રણસંગ્રામમાં લાવશે. હે રાજન્! સર્વ ગાંડ

[illegible] તથા જયની ઇચ્છાવાળા રાજાઓ સાથે હું જયની ઇચ્છા રાખી યુદ્ધ કરીશ, અથવા સંગ્રામમાં મરણ પામીશ. ચક્ર તથા ગાંડીવ ધનુષને ધરનાર, એ સંધ્યાકાળે ઉદય થતા સૂર્ય તથા ચંદ્ર સરખા અને ઉત્તમ રથવાળા શ્રીકૃષ્ણ તથા અર્જુન અને યુધિષ્ઠિરના રથિ પુરૂષમાં ઉત્તમ સૈનિક પુરૂષો પોતપોતાની સેના સહિત રણસંગ્રામમાં આવશે, તેમની સામે હું જઇશ. હે કૌરવેંદ્ર! એ પ્રમાણે મેં તને પાંડવોના રથિ, અતિરથિ તથા અર્ધરથિ કહ્યા. હે ભારત ! હું, અર્જુન, શ્રીકૃષ્ણ તથા સર્વ રાજાઓને જ્યાંસૂધી મારા શરીરમાં શક્તિ હશે, ત્યાંસૂધી યુદ્ધમાં નિવારણ કરીશ, પણ હે મહાબાહો! દ્રુપદનો પુત્ર શિખંડિ સંગ્રામમાં મારી સામે યુદ્ધ કરશે તથા બાણ ઉગામશે તેને હું જોઇશ, તો પણ તેનો નાશ કરીશ નહીં. કેમકે હું પોતાના પિતાનું પ્રિય કરવાની ઇચ્છાથી પ્રાપ્ત થતા રાજ્યનો ત્યાગ કરી બ્રહ્મચર્ય વ્રતને પાળું છું, તે સર્વ લોક જાણે છે. વળી મેં ચિત્રાંગદને કૌરવના અધિપતિપણાનો અભિષેક કર્યો તથા બાળક વિચિત્રવીર્યને યૌવરાજ્યનો અભિષેક કર્યો છે અને સર્વ પૃથ્વી પ્રત્યે રાજાઓમાં મારૂં બ્રહ્મચર્યપણું જાહેર જણાવ્યું છે, માટે હું અરૂપ એવા શિખંડિનો નાશ કરીશ નહીં; કેમકે તેના પૂર્વ ભાવનું સ્મરણ થવાથી મારા મનમાં વિકાર થાય. હે ભારત! એ શિખંડિ પ્રથમ સ્ત્રી હતો તે તારા જાણવામાં હશે, કેમકે જનમ્યો ત્યારે તેવો હતો ને પછી પુરૂષ થયો છે; માટે હું તેની સામે યુદ્ધ નહીં કરૂં. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! એ વિના બાકી જેની સામે સંગ્રામમાં હું જઇશ તેનો જરૂર નાશ કરીશ, ને કુંતિપુત્ર પાંડવોનો નાશ કરીશ નહી.

सर्वांस्त्वन्यान्हनिष्यामि पार्थिवान् भरतर्षभ ।
यान्समेष्यामि समरे न तु कुंतीसुतान्नृप ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि रथातिरथसंख्यानपर्वणि गुर्जरभाषायां द्विसप्तत्याधिकशततमोऽध्यायः ॥ १७२ ॥

અધ્યાય ૧૭૩ મો. અંબાપાખ્યાન.

दुर्योधन उवाच—किमर्थं भरतश्रेष्ठ नैव हन्याःशिखंडिनं ।
उद्यतेषुमथो दृष्ट्वा समरेष्वाततायिनं ॥ १ ॥

દુર્યોધન પૂછે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ ભીષ્મ! તમે સંગ્રામમાં ઉગામેલા બાણવાળા તથા કવચ પહેરી મારવા તૈયાર થયેલા શિખંડિને જોઇને કેમ નહી મારો? કારણ, હે મહાબાહો! હે ગંગાપુત્ર! તમે, હું, સોમકો સહિત સર્વ પચાળ દેશના યોદ્ધાઓનો નાશ કરીશ, એમ પૂર્વે કહેલું છે માટે તેને ન મારવાનું જે કારણ હોય તે કહો. ભીષ્મ કહે છે—હે દુર્યોધન! હું જે સારૂ યુધ્ધમાં શિખંડિને જોઇને નહીં મરૂં, તેનું કારણ કહું તે તું આ સર્વ રાજાઓ સહિત સાંભળ. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! ધર્માત્મા, લોકમાં પ્રસિધ્ધ તથા મહારાજ મારા પિતા શંતનુ સમય આવ્યો ત્યારે મરણ પામ્યા. ત્યાર પછી મેં પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરતાં, પોતાના ભાઇ ચિત્રાંગદને આ મહારાજ્યને વિષે અભિષેક કર્યો. પછી જ્યારે તે મૃત્યુ પામ્યો, ત્યારે સત્યવતીના મતમાં રહીને મેં, વિચિત્રવીર્યને યથાવિધિ રાજ્યાભિષેક કર્યો. હે રાજેંદ્ર! મેં જેને રાજ્ય ઉપર અભિષેક કર્યો હતો એવો

ધર્માત્મા વિચિત્રવીર્ય અવસ્થાએ મારાથી નાનો હતો, માટે મનેજ રાજ્ય થઇ રહ્યો હતો. તેથી હે પુત્રરૂપ દુર્યોધન ! તે વિચિત્રવીર્યનો વિવાહ કરવાની ઇચ્છાવાળા મેં, યોગ્ય કુળની કન્યા લેવી એવો નિશ્ચય કર્યો. ત્યાર કેડે હે મહાબાહો! મેં જેના સરખી રૂપવાન બીજી કોઇ નહીં એવી કાશિરાજાની અંબા, અંબિકા, અને અંબાલિકા એ ત્રણ કન્યાઓનો સ્વયંવર થયો હતો તે સાંભળ્યો; જેમાં સર્વ રાજાઓને તે રાજાએ બોલાવ્યા હતા. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! કાશિરાજાની ત્રણ કન્યામાં અંબા મોટી, અંબિકા મધ્યમ તથા અંબાલિકા નાની હતી. પછી હું એકલો એક રથે કરી કાશિરાજાની પુરી પ્રત્યે ગયો, ને મેં શણગારેલી તે ત્રણ કન્યાઓને જોઇ તથા તે રાજાએ બોલાવેલા સર્વ રાજાઓને પણ જોયા. ત્યારપછી હે ભરતકુળમાં શ્રેષ્ઠ! મેં સંગ્રામમા ઉભેલા સર્વ રાજાઓને બોલાવી પરાક્રમરૂપ દ્રવ્યના ખરચવાળી કન્યાઓને પોતાના રથમાં બેસારી કહ્યું કે, આ હુ શંતનુનો પુત્ર ભીષ્મ તમારા જોતાં આ કન્યાઓને બળાત્કારથી હરણ કરૂં છું. માટે જો તમારામાં શક્તિ હોય, તો તેમને છોડાવવા સારૂ યત્ન કરો. હે રાજન્! એવા મારા વચન સાંભળી સર્વ રાજાઓ ઉઘાડાં હથિયાર લઇ સારથિયોને 'રથ જોડો રથ જોડો' એમ કહેવા લાગ્યા. પછી મોટા રથ, હસ્તિ તથા પુષ્ટ અશ્વ ઉપર બેઠેલા રાજાઓ ઉઘાડા અનેક પ્રકારના આયુધ લઇ યુદ્ધ કરવા આવ્યા, ને રથના સમુદાયે કરી ચોતરફથી મને ઘેરી લીધો, ત્યારે મેં એકલે તે સર્વને બાણના વર્ષાદે કરી અટકાવીને જેમ ઇંદ્ર દૈત્યોને જીતે, તેમ સર્વને જીત્યા. તે આવી રીતે કે, મેં હસતાં હસતાં પ્રકાશમાન બાણે કરી આવતા એવા તે સર્વ રાજાઓના સુવર્ણથી શોભિતા વિચિત્ર ધ્વજોને પાડયા, ને એક એક બાણે કરી હસ્તિ, અશ્વ તથા સારથિયોને પૃથ્વી ઉપર પાડયા. મારી યુદ્ધ લાઘવીને જોઇને સર્વ રાજાઓ યુદ્ધ કરવાથી નિવૃત્ત થયા, તેઓમાં ભંગાણુ પડયુ; ત્યાર પછી સર્વ રાજાઓને જીતેલો હું કન્યાઓને સાથે લઇ હસ્તિનાપુરમાં આવ્યો. પછી હે ભારત! મે મારા ભાઇ વિચિત્રવીર્ય સારૂ ત્રણ કન્યાઓ લાવ્યો તે તથા સર્વ રાજાઓને જીત્યા તે સર્વ મારી માતા સત્યવતીને કહી સંભળાવ્યું..

ततो हृताश्च कन्या वै भ्रातुरर्थाय भारत ।
तच्च कर्ममहाबाहो सत्यवत्यैन्यवेदयं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि कन्याहरणे गुर्जरभाषायां त्रिसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७३ ॥

અધ્યાય ૧૭૪ મો. અંબાએ શાલ્વને પસંદ કર્યો.

भीष्म उवाच—ततोहं भरतश्रेष्ठ मातरं वीरमातरं ।
अभिगम्योपसंगृह्य दाशेयीमिदमब्रुवं ॥

ભીષ્મ કહે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન! શુરવીર પુત્રને જન્મ આપનાર મારી માતા સત્યવતીની પાસે જઇ તેમના ચરણમાં પ્રણામ કરીને મેં આવી રીતે કહ્યું કે, હે માતા! હું સર્વ રાજાઓને જીતીને પરાક્રમરૂપ દ્રવ્યના ખરચવાળી આ કાશિરાજાની કન્યાઓને વિચિત્રવીર્ય સારૂ હરણ કરી લાવ્યો છું. હે નૃપ! મારાં વચન સાંભળી મારું મસ્તક સુંઘીને અશ્રુયુક્ત નેત્રવાળી પ્રસન્ન થયેલી સત્યવતીએ મને કહ્યું કે હે પુત્ર! તારો

[illegible] મેં [illegible] સારૂં કર્યું. હે દુર્યોધન! એ પ્રમાણે માતાએ મેં [illegible] આજ્ઞા કરી ત્યારપછી, જ્યારે માતાના મતથી ઠરાવેલો વિવાહનો સમય સમીપ આવ્યો, ત્યારે કાશિરાજાની મોટી કન્યા અંબાએ લજ્જાયુક્ત થઇને મને કહ્યું કે હે ભીષ્મ! તમે ધર્મજ્ઞ તથા સર્વ શાસ્ત્રમાં ચતુર છો, માટે મારાં વચન સાંભળીને જે ધર્મયુક્ત હોય, તે કરજો. હું પ્રથમ શાલ્વ રાજાને શ્રેષ્ઠ વર માની મને કરી વરી છું, ને તે મારા પિતાથી ગુપ્ત એકાંતમાં મને વર્યા છે, માટે હે ભીષ્મ! બીજા વરની કામનાવાળી મને તમે કુરૂકુળમાં ઉત્પન્ન થઇ રાજધર્મને છોડી દઇ કેમ ગૃહમાં રાખશો? હે ભરતર્ષભ! હે મહાબાહો! એ વિષે તમે બુદ્ધિએ કરી વિચાર કરીને, જેમ કરવું ઘટે, તેમ કરવા યોગ્ય છો. હે પૃથ્વીપતિ! શાલ્વરાજા વાટ જોયા કરતો હશે; વાસ્તે તમે મને તેની પાસે જવાની રજા આપવા યોગ્ય છો. હે ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ! હે મહાબાહો! હે શૂરવીર! તમે પૃથ્વી વિષે સત્ય વ્રતવાળા છો એમ અમે સાંભળ્યું છે વાસ્તે મારી ઉપર કૃપા કરો.

कृपां कुरु महाबाहो मयि धर्मभृतांवर ।
त्वं हि सत्यव्रतो वीर पृथिव्यामिति नः श्रुतं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि अंबावाक्ये गुर्जरभाषायां चतुःसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७४ ॥

અધ્યાય ૧૭૫ મો. ભીષ્મનું ઔદાર્ય.

भीष्म उवाच—ततोहं समनुज्ञाप्य कालीं गंधवतीं तदा ।
मंत्रिणश्चर्त्विजश्चैव तथैव च पुरोहितान् ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! એ પ્રમાણે તે કન્યાએ કહ્યું ત્યાર પછી ગંધવતી કાળી મારી માતા સત્યવતી, મંત્રિ બ્રાહ્મણ તથા પુરોહિતની રજા લઇને, મેં મોટી કન્યા અંબાને જવાની આજ્ઞા આપી. વૃદ્ધ બ્રાહ્મણોએ રક્ષા કરેલી તથા ધાત્રિ જેની પાછળ જતી હતી એવી તે મારી આજ્ઞાથી, મોટા માર્ગનું ઉલ્લંઘન કરીને, શાલ્વ રાજાના પૂર પ્રત્યે ગઇ; પણ તે રાજા પાસે જઇ આવી રીતે બોલી કે, હે મહાબાહો! હે શાલ્વરાજા! હું તમારે વાસ્તે અહીં આવી છું. હે દુર્યોધન! અંબાનાં વચન સાંભળી શાલ્વરાજાએ હસતાં હસતાં કહ્યું કે હે શ્રેષ્ઠ સ્વરૂપવાળી! બીજાએ સ્વીકાર કરેલી તું છે, માટે તારારૂપ સ્ત્રીનો અર્થિ હું નથી, વાસ્તે ભીષ્મની પાસે જા; કેમકે તેણે બળાત્કારથી ગ્રહણ કરેલી તને હું સ્વીકાર કરવા ઇચ્છતો નથી. હે શ્રેષ્ઠ સ્વરૂપવાળી! ભીષ્મ યુદ્ધમાં સર્વ રાજાઓને જીતી તેમાં પ્રીતિવાળી તને હરણ કરી લઇ ગયા હતા; માટે બીજાએ સ્વીકાર કરેલી તારા વિષે હું સ્ત્રીરૂપે ઇચ્છા રાખતો નથી. હે કલ્યાણિ! જાણ્યું હોય છે વિજ્ઞાન જેણે એવો તથા બીજાઓને ધર્મનો ઉપદેશ કરનાર મારા સરખો રાજા, બીજાએ સ્વીકાર કરેલી સ્ત્રીને પોતાના ગૃહ વિષે કેમ પ્રવેશ કરાવે; માટે તારે ઇચ્છા હોય ત્યાં જા, વિલંબ કર નહી. હે ભારત! શાલ્વનાં વચન સાંભળીને કામથી પીડાયલી અંબાએ કહ્યું કે હે મહીપાળ શાલ્વ! તમે એમ બોલો નહીં, તમારા કહેવા પ્રમાણે નથી. હે શત્રુઓને દમન કરનાર! હું પ્રીતિવાળી નથી, તે ભીષ્મ મને હરણ કરી લેઇ ગયા નથી. હું તો હે રાજા રૂદન કરતી હતી, તો તે મને

[illegible]ઓને જીતીને બળાત્કારથી મને લઇ ગયા હતા; માટે હે શાલ્વ ! તમે કંઇપણ [illegible] વગર નિરપરાધી તથા તમારામાં પ્રીતિવાળી મને સ્ત્રીરૂપે ગ્રહણ કરો; કેમકે પોતામાં પ્રીતિવાનનો ત્યાગ કરવો એ કોઇ ધર્મમાં કહ્યું નથી. હે મોટી ભુજાવાળા ! યુદ્ધમાં કદી પણ હઠનાર નહીં એવા ભીષ્મની રજા લઇને હું તેમની આજ્ઞાથી તમારી પાસે આવી છું. હે પૃથ્વીપતિ ! ભીષ્મ મને ઇચ્છતા નથી, તેણે તો પોતાના નાના ભાઇ વિચિત્રવીર્ય સાથે મારી બે બ્હેનો પરણાવી. હે પુરૂષમાં સિંહરૂપ ! હે શાલ્વ ! હું તમારા વગર બીજા કોઇપણ વરનું ચિંતન કરતી નથી; જો તેમ ન હોય, તો મારા મસ્તકના સોગન ખાઉં છું. હે રાજેંદ્ર ! હું બીજાને સ્ત્રી રૂપે પ્રાપ્ત થઇ તમારી પાસે આવી નથી, એ ખરેખર મારા પોતાના સોગન લઇ કહું છું; માટે હે મોટાં નેત્રવાન ! પોતાની મેળે આવેલી, બીજા પુરૂષે નહીં સ્વીકાર કરેલી અને તમારી કૃપાની ઇચ્છાવાળી કન્યારૂપ હું છું, તેનો તમે સ્વીકાર કરો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન ! એ પ્રમાણે બીજાં પણ અનેક વાક્ય કહીને કાશિરાજાની પુત્રી અંબાએ ઘણો વિનવ્યો, તોપણ શાલ્વરાજાને તેમાં વિશ્વાસ આવ્યો નહીં; ને જેમ સર્પ જીર્ણ થયેલી કાંચળીનો ત્યાગ કરે, તેમ તેણે તેનો ત્યાગ કર્યો. ક્રોધ યુક્ત થયેલી તથા અશ્રુયુક્ત નેત્રવાળી કાશિરાજાની જ્યેષ્ઠ પુત્રી અંબા, ગદ્‌ગદ્‌ વાણીએ કરી બોલવા લાગી કે હે પૃથ્વીપતિ ! તમે મારો ત્યાગ કરો છો, માટે હું જ્યાં જઇશ ત્યાં મારા સત્ય પ્રમાણે સત્પુરૂષ મારી રક્ષા કરનાર થાઓ. હે કૌરવ્ય ! એ પ્રમાણે બોલતી એવી તથા અત્યંત કરૂણાયુક્ત થઇ શોક કરતી એવી તે અંબાને ત્યાગ કરતો શાલ્વ રાજા બોલ્યો કે હે શ્રેષ્ઠ કટિપશ્ચાદ્ ભાગવાળી ! ભીષ્મે ગ્રહણ કરેલી તું જા જા, હું તેનાથી ભય પામું છું. હે દુર્યોધન ! એ પ્રમાણે લાંબા વિચારવાળા શાલ્વે કહ્યું, ત્યારે કુરરી પક્ષિણીની પેઠે રૂદન કરતી એવી અંબા, તેના પૂરમાંથી નિકળી. શહેરમાંથી નિકળીને દુઃખયુક્ત તે કન્યા પોતાના મનમાં વિચાર કરવા લાગી કે, પૃથ્વીને વિષે મારા સરખી દુઃખી સ્ત્રી કોઇ નથી; કેમકે મારો બંધુજને ત્યાગ કર્યો તથા શાલ્વ રાજાએ તિરસ્કાર કર્યો. તેમ મારાથી હસ્તિનાપુર પ્રત્યે જવાય એમ નથી, કારણ ભીષ્મે શાલ્વને લીધે તેની પાસે જવાની મને આજ્ઞા આપી છે. હું તે શું પોતાની વા યુદ્ધમાં દુઃસહ ભીષ્મની અથવા જેણે મારો સ્વયંવર કર્યો એવા મારા પિતાની નિંદા કરૂં પણ તેમ નહીં, કેવળ મારો પોતાનોજ વાંક છે, કેમકે જ્યારે ભીષ્મનું ક્ષત્રિય સાથે દારૂણ યુદ્ધ થવા લાગ્યું, ત્યારે હું શાલ્વને માટે તેના રથમાંથી ઉતરી ન પડી; જે વાંકના ફળને મૂઢની પેઠે પામી. ભીષ્મને ધિક્કાર છે અને મૂર્ખ મારા પિતાને પણ ધિક્કાર છે; જે પરાક્રમરૂપ દ્રવ્યવાન મારા પિતાએ સ્વયંવરને વિષે ભુજીસ્યાની પેઠે મને યોજી. વળી મને, શાલ્વ રાજાને અને વિધાતાને ધિક્કાર છે; જેમના અયોગ્યપણાથી હું અત્યંત દુઃખ પામી. સર્વ મનુષ્ય પોતાના ભાગ્ય પ્રમાણે ફળને પામે છે, પણ આ મારા દુઃખનું કારણ કેવળ ભીષ્મજ છે; માટે મારે તપે કરી અથવા યુદ્ધે કરી તે મૃત્યુ પામે એવી રીતે કરવું એમ હું માનું છું, પણ યુદ્ધમાં ભીષ્મને પામી કયો રાજા જીવવાનો ઉત્સાહ રાખે એમ છે ? હે રાજન્ ! એ પ્રમાણે વિચાર કરતી એવી અંબા શાલ્વ રાજાના શહેરમાંથી નિકળીને, પુણ્ય શીયળવાન તથા મહાત્મા ઋષિયોના આશ્રમ પ્રત્યે ગઇ; ને તે દિવસની રાત્રિ તપસ્વીયોએ વિંટાયલી ત્યાં રહી અને પોતાનું ભીષ્મે હરણ કર્યું તે, તેણે શાલ્વરાજા પાસે જવાની રજા આપી તે તથા રાજાએ પોતાનો ત્યાગ કર્યો તે સર્વ વૃત્તાંત વિસ્તારથી તેમને કહ્યું. નિશ્ચળવ્રતવાળા, તપશ્ચર્યાએ કરી વૃદ્ધ, શાસ્ત્રને વિષે [illegible]

બ્રહ્મવેત્તા; સ્માર્ત કર્મ કુશળ તથા શ્રેષ્ઠ મોટા તપસ્વી શૈખાવત્ય નામના બ્રાહ્મણ હતા, તેણે પીડા પામેલી, નિઃશ્વાસ મૂકતી અને દુઃખ તથા શોકને પરાયણ થયેલી અંબાને કહ્યું કે હે કલ્યાણરૂપ મોટા ભાગ્યવાળી! એવી રીતે છે, ત્યારે આશ્રમમાં બેઠેલા, તપશ્ચર્યાએ યુક્ત તથા મહાત્મા તપસ્વિયોએ શું થાય એમ છે? હે રાજન્! એ પ્રમાણે બ્રાહ્મણનાં વચન સાંભળી તે કન્યાએ કહ્યું કે હે બ્રહ્મન્! તમે મારી ઉપર અનુગ્રહ કરો, હું સંન્યાસ કર્મને ઇચ્છું છું, માટે દુઃખે કરીને પણ આચરણ ન થાય એવું તપ કરીશ. હે ઋષિ! મૂઢ એવી મેં પૂર્વ દેહને વિષે પાપ કર્મ કર્યાં હશે, તેનું આ ફળ મને પ્રાપ્ત થયું એમાં સંદેહ નથી. હે તપસ્વિયો! શાલ્વ રાજાએ ના કહેલી તથા તિરસ્કાર કરેલી હું પાછી પોતાના પિતાના ગૃહ પ્રત્યે જવા ઇચ્છતી નથી. હે પાપરહિત મુનિયો! હું દેવતા સરખા તમોને ઉપદેશ કરેલા તપશ્ચર્યા તથા વ્રત કરવા ઇચ્છું છું, માટે તમારી કૃપા મારે વિષે હો. પછી શૈખાવત્ય મુનિએ લોકના ઉદાહરણ, વેદનાં વાક્ય, તથા યુક્તિએ કરી તે કન્યાને આશ્વાસના કરી તથા સાંત્વના પણ કરી ને બ્રાહ્મણો સહિત તે તેના કાર્યનો વિચાર કરવા લાગ્યા.

सतामाश्वासयत्कन्यां दृष्टांतागमहेतुभिः ।
सांत्वयामास कार्यं च प्रतिजज्ञे द्विजैः सह ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि शैखावत्यांबासंवादे गुर्जरभाषायां पंचसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७५ ॥

અધ્યાય ૧૭૬ મો. અંબાનો તપ કરવાનો નિશ્ચય.

भीष्म उवाच—ततस्ते तापसाः सर्वे कार्यवंतो भवंस्तदा ।
तां कन्यां चिंतयंतस्ते किं कार्यमिति धर्मिणः ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! પછી ધર્મિષ્ઠ એવા તે તપસ્વિયો કાર્યવાન થયા, ને તે વેળા તે કન્યાનું ચિંતન કરતા આપણે શું કરવું એમ વિચાર કરવા લાગ્યા, ત્યારે કેટલાએક તપસ્વિયો આ કન્યાને એના પિતાને ત્યાં પોહોંચાડવી એમ કહેવા લાગ્યા, કેટલાએક તો આપણો આશ્રય કરી રહે એમ મતિ કરી, કેટલાએક શાલ્વ રાજા પાસે જઇ એને મેળવવી અને કેટલાએક તો એમ નહીં એવી રીતે વિચાર કરવા લાગ્યા, ને શૈખાવત્યે તેઓના કહેવા પ્રમાણે કરવાની કન્યાને ના કહી. પછી સર્વ ઋષિયોએ તેને કહ્યું કે હે કલ્યાણરૂપ! તારા કહેવા પ્રમાણે છે, ત્યારે મનુષ્યોથી તેનો ઉપાય શું થઇ શકે એમ છે. હે દુર્યોધન! એવી રીતે તે ઋષિયોએ કહ્યું, ત્યારપછી વળી નિશ્ચય વ્રતવાળા તેઓ ફરીથી તેને કહેવા લાગ્યા કે, હે કલ્યાણિ! તારે અહીં સંન્યાસ કર્મ આચરવું તેણે કરી શું? માટે તારૂં હિત થાય એવાં વચન કહીએ ને તું સાંભળ. હે કન્યા! તારૂં કલ્યાણ થાઓ ને તું તારા પિતાનાજ ગૃહપ્રત્યે જા, ને ત્યાર પછી તેને જે કરવું હશે, તે તે કરશે. વળી હે કલ્યાણિ! હે સર્વ ગુણયુક્ત! ત્યાં તું સુખે કરી વસીશ. તારે પિતાને ત્યાં જવું યોગ્ય છે, તેવું બીજે જવું યોગ્ય નથી, કેમકે સ્ત્રીના ગતિરૂપ પતિ તથા પિતાજ છે. તેમાં સારી અવસ્થાને વિષે સ્ત્રીઓના ગતિરૂપ પતિ છે અને વિષયરહિત અવસ્થાને વિષે ગતિરૂપ પિતા છે.

વળી હે શ્રેષ્ઠ સ્વરૂપવાળી! સુકુમારી એવી તને સંન્યાસ કર્મ આચરવામાં મોહું દુઃખ થશે; વળી હે ભામિનિ! અહીં રહેવાથી રાજપુત્રી તથા પ્રકૃતિએ કરી સુકુમારી એવી તને મોટો દોષ છે તે એ કે, સુંદર તરુણી તને જોઇને મુનિયો મોહ પામશે અથવા તું પોતાના મર્યાદાથી વિમુખ થઇશ; ને જો તારા પિતાને ત્યાં જઇ રહીશ, તો તે પ્રમાણે દોષ થશે નહીં. હે દુર્યોધન! પછી વળી બીજા મુનિયો તપસ્વી એવી તે કન્યા અંબાને કહેવા લાગ્યા કે હે શ્રેષ્ઠ! મનુષ્ય વગરના ગાઢા વનમાં તું રહીશ તો તને જોઇને રાજાઓ તારી માગણી કરશે; માટે અહીં રહેવાનું મન કર નહીં. અંબાએ કહ્યું કે હે મુનિયો! મારાથી કાશીપુરીને વિષે પિતાને ઘેર જવાય એમ નથી; કેમકે ત્યાં જો હું જાઉં, તો મારા સર્વ બાંધવો મારી અવજ્ઞા કરે એમાં સંશય નથી. હે તપસ્વિયો! હું બાળકપણામાં પિતાને ઘેર રહી છું, માટે જ્યાં મારા પિતા છે, ત્યાં નહીં જાઉં, ને તપસ્વિયોથી રક્ષિત થઇને તપશ્ચર્યા કરવાની ઇચ્છા રાખું છું. હે તપસ્વિયોમાં શ્રેષ્ઠ! હવે મારું દુર્ભાગ્યપણું છે તેથી મને પરલોકમાં સુખનો નાશ થાય નહીં, વાસ્તે હું અહીં રહી તપશ્ચર્યા કરીશ. ભીષ્મ કહે છે—હે દુર્યોધન! એ પ્રમાણે સર્વ બ્રાહ્મણો તથા અંબા કન્યા પરસ્પર વિચાર તથા વાતો કરતાં હતાં તેવામાં તપસ્વી હોત્રવાહન નામના રાજર્ષિ તે વનમાં આવ્યા. તપસ્વિયોએ પૂજા કરીને, 'તમે ભલે આવ્યા' એમ કહેવારૂપે આસન આપવા તથા જળ આપવારૂપે તેમનો સત્કાર કર્યો. પછી થાકેલા હોત્રવાહન રાજર્ષિ બેઠા, ત્યારે તેમના સાંભળતાં ઋષિયો તે કન્યા સાથે વાતો કરવા લાગ્યા. હે ભારત! મોટા તેજસ્વી હોત્રવાહન રાજા, અંબા તથા કાશિરાજા, સંબંધી તે વાતો સાંભળીને, અત્યંત ઉદ્વેગ મનયુક્ત થયા. પછી મહાતપસ્વી તે રાજર્ષિ, બોલતી એવી અંબાને જોઇ તથા તેનાં વચન સાંભળીને કૃપાયુક્ત થયા. પછી અંબાની માતાના પિતા મહાત્મા તે રાજા કંપતા ઉઠયા; ને તેણે પોતાના ખોળામાં બેસારી આશ્વાસન કરીને તેના દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે તે કન્યાએ તે રાજર્ષિને પોતાનું સર્વ દુઃખ યથાર્થ વર્ણન કરી કહ્યું. હે દુર્યોધન! અંબાનાં દુઃખરૂપ વાક્ય સાંભળીને તે રાજર્ષિ દુઃખ તથા શોક યુક્ત થયા, ને તે કન્યાના કાર્યનો મનમાં વિચાર કરી કંપતા કંપતા કહેવા લાગ્યા કે હે કલ્યાણિ! તું તારા પિતાના ગૃહપ્રત્યે જઇશ નહીં, હું તારી માતાનો પિતા થાઉં છું. માટે મારા કહેવા પ્રમાણે કર; તારું સર્વ દુઃખ નિવૃત્ત કરીશ. હે વત્સે! તારા મનની પીડા સર્વ મેં જાણી છે, જેથી તું સુકાઇ ગઇ છે. હે પુત્રિ! તું મારા કહેવાથી જમદગ્નિના પુત્ર તપસ્વી પરશુરામની પાસે જા, તે તારા મોટા દુઃખ તથા શોકને નિવૃત્ત કરશે. હે શ્રેષ્ઠ! તે પ્રલયકાળના અગ્નિ સરખા તેજસ્વી ભાર્ગવ શ્રેષ્ઠ પરશુરામ જો ભીષ્મ તેમના વચન પ્રમાણે નહીં કરે, તો તેનો સંગ્રામમાં નાશ કરશે, વાસ્તે તું તેમની પાસે જા; તે તને સારો રસ્તો બતાવશે. હે દુર્યોધન! એ પ્રમાણે હોત્રવાહનના વચન સાંભળીને નેત્રમાંથી વારંવાર અશ્રુ મૂકતી અંબા, પોતાની માતાના પિતા તે રાજાને નમસ્કાર કરી શ્રેષ્ઠ સ્વરથી કહેવા લાગી કે, હું તમારી આજ્ઞાથી પરશુરામની પાસે જઇશ, ને આર્ય તથા સર્વ લોકમાં પ્રસિદ્ધ એવા તેને આજ જોઇશ; પણ ભાર્ગવ તે મારાં તીવ્ર દુઃખનો કેમ નાશ કરશે? માટે તેમની પાસે કેવી રીતે જવું એ તમારાથી જાણવા ઇચ્છું છું. હોત્રવાહને કહ્યું કે હે કલ્યાણિ! તું જેમાં વેદ જાણનાર મહર્ષિયો, ગંધર્વ તથા અપ્સરાઓ રહે છે એવા સર્વ પર્વતમાં શ્રેષ્ઠ મહેન્દ્ર પર્વતને વિષે ઉગ્ર તપ કરનાર, સત્યવાદિ, [illegible] કરનારાઓમાં શ્રેષ્ઠ, વીર, દૃઢ વ્રતવાળા, તપોવૃદ્ધ તથા [illegible]

પરશુરામ રહે છે, તેમની પાસે જા. હે વત્સે! તું તેમને મારી ઓળખાણ આપીશ તેથી તે તારું સર્વ કાર્ય કરી આપશે; કેમકે તે મારા સખા તથા મારામાં અત્યંત પ્રીતિમાન છે. હે દુર્યોધન! એ પ્રમાણે હોત્રવાહન રાજા તે કન્યાને કહેતા હતા તેવામાં પરશુરામના પ્રિય શિષ્ય અકૃતવ્રણ ત્યાં આવ્યા; જેને જોઇને હજારો મુનિયો તથા અવસ્થાએ કરી વૃદ્ધ અને સૃંજય કુળમાં ઉત્પન્ન થયેલા રાજર્ષિ હોત્રવાહન ઉભા થયા. પછી સર્વ ઋષિયો એક બીજા સામું જોઇને, હોત્રવાહને કર્યું હતું આતિથ્ય જેનું એવા અકૃતવ્રણને ચોતરફથી વીંટાઇ વળ્યા. મોટા હર્ષથી મનોહર, દિવ્ય તથા ધન્ય એવી અનેક વાતો કરવા લાગ્યા, પછી તે વાતો થઇ રહ્યા કેડે મહાત્મા હોત્રવાહન રાજર્ષિ અકૃતવ્રણને પરશુરામના સમાચાર પૂછતાં કહેવા લાગ્યા કે, હે મહાબાહો! હે વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ! હમણાં પ્રતાપી જમદગ્નિના પુત્ર પરશુરામ ક્યાં બિરાજે છે? ને તેમનાં દર્શન ક્યાં થશે? અકૃતવ્રણે કહ્યું કે હે સમર્થ રાજન્! સૃંજય કુળમાં ઉત્પન્ન થયેલો હોત્રવાહન રાજર્ષિ મારો પ્રિય સખા છે એમ તમને તે યાદ કરે છે. પરશુરામ તમને મળવા સારૂ આવતી કાલે સવારના અહીં આવશે. હે રાજર્ષિ! આ કન્યા શા સારૂ વનમાં આવી છે? કોની કન્યા છે? અને તમારી શું થાય? એ હું જાણવા ઇચ્છું છુ. હોત્રવાહને કહ્યું કે હે નિષ્પાપ સમર્થ અકૃતવ્રણ! આ અંબા નામની કન્યા કાશીરાજાની મોટી પુત્રી અને મારી દૌહિત્રી છે. હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ! આ કન્યાના પિતા કાશીરાજાએ કાશીપુરીમાં આની અંબિકા તથા અંબાલિકા નામની બે નાની બહેનો સહિત એક સ્વયંવર રચ્યો હતો જેમાં સર્વ ક્ષત્રિય મંડળ ભેગું થયું હતું, કન્યાઓ નિમિત્ત મોટો ઉત્સાહ થયો હતો. તેવામાં મહા પરાક્રમી તથા મહા તેજસ્વી શંતનુના પુત્ર ભીષ્મ ત્યાં આવ્યા, ને સર્વ રાજમંડળને જીતી બળાત્કારથી ત્રણે કન્યાઓનું હરણ કરી હસ્તિનાપુરમાં ગયા. પછી પોતાની માતા સત્યવતીને તે ત્રણે કન્યાઓ નિવેદન કરી કહ્યું કે હે માતા! હું મારા નાના ભાઇ વિચિત્રવીર્ય સારૂ આ ત્રણે કન્યાઓને લાવ્યો છું. પછી એ પ્રમાણે માતા સત્યવતીને કહીને, ભીષ્મે તેના સહિત કન્યાઓ તથા વિચિત્રવીર્યના વિવાહના કાળનો નિશ્ચય કર્યો; જે સાંભળીને અંબાએ મંત્રિયોની મધ્યમાં ગંગાપુત્ર ભીષ્મને કહ્યું કે હે ધર્મજ્ઞ! મેં મારા મનથી શાલ્વ રાજાને પતિ માનેલા છે માટે બીજામાં મન વાળી મને તમે પોતાના ભાઇને આપવા લાયક નથી. હે અકૃતવ્રણ! અંબાનાં વચન સાંભળીને ભીષ્મે પોતાના કારભારી સાથે વિચાર કરી, પોતાના મનમાં નિશ્ચય કરી તથા પોતાની માતા સત્યવતીના મત પ્રમાણે તેને જવાની આજ્ઞા આપી. ત્યારે પ્રસન્ન થયેલી આ કન્યા સૌભ શહેરના પતિ શાલ્વ રાજા પાસે ગઇ. તેને આવી રીતે કાલાનુકૂલ વચન કહેવા લાગી કે હે રાજાઓમાં શ્રેષ્ઠ! ભીષ્મે મારો ત્યાગ કર્યો છે, માટે તમે મને સ્ત્રીરૂપે ગ્રહણ કરો; કેમકે હું પૂર્વેજ મને કરી તમને વરી છું. હે અકૃતવ્રણ! અંબાનાં વચન સાંભળી આના ચરિત્રમાં શંકા યુક્ત થઇ શાલ્વ રાજાએ, તેમ કરવાની ના કહી, તેથી તપ કરવામાં પ્રીતિવાળી આ કન્યા તપ કરવા સારૂ તપોવનમાં આવી છે; ને મેં માતાપિતાના વંશનું કીર્તન કરવાથી એને ઓળખી છે. હે ઋષિ! આ કન્યા પોતાના દુઃખનું કારણ ભીષ્મ છે એમ માને છે. અંબાએ કહ્યું કે હે મહાસમર્થ ઋષિ! મારી માતાના પિતા સૃંજય કુળમાં ઉત્પન્ન થયેલા આ હોત્રવાહન રાજર્ષિ કહે છે તેમજ બધું છે. હે તપોધન! હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ! હે ભગવન્! હું અપમાનના ભયથી તથા લજ્જાને લીધે મારા પિતા કાશીરાજાના શહેરમાં પાછી જવા ઇચ્છતી નથી. પરશુરામ મને જે કહેશે, તે જ કાર્ય ઘણું કરીને મારે કરવું એવી મારી મતિ છે.

यद् मां भगवान् रामो वक्ष्यति द्विजसत्तम ।
तस्मै कार्यतमं कार्यमिति मे भगवन्मतिः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि होत्रवाहनांबासंवादे गुर्जरभाषायां षट्सप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७६ ॥

અધ્યાય ૧૭૭ મો. અંબાની વહારે પરશુરામ.

अकृतव्रण उवाच—दुःखद्वयमिदं भद्रे कतरस्य चिकीर्षसि ।
प्रतिकर्तव्यमबले तत्त्वं वत्से वदस्व मे ॥ १ ॥

અકૃતવણુ કહે છે—હે કલ્યાણિ ! હે અબળા ! હે વત્સે ! તને દુઃખનું કારણ ભીષ્મ તથા શાલ્વ રાજા કોણ છે, તે મને કહે ? હે કલ્યાણિ ! તું જો સૌભપતિ શાલ્વ રાજા સાથે પાણિગ્રહણ કરવા ઇચ્છતી હોય તો મહાત્મા પરશુરામ તારા હિત માટે તેમ કરાવશે. જો તું બુદ્ધિમાન પરશુરામે સંગ્રામમાં જીતેલા ભીષ્મને જોવા ઇચ્છતી હોઇશ, તો તે પણ તારાં તથા હોત્રવાહન રાજાનાં વચન સાંભળી તેમ કરશે, માટે તારે જે અવશ્ય કરવાનું હોય, તેનો એક નિશ્ચય કર. અંબાએ કહ્યું કે હે ભગવન્ ! હે બ્રહ્મન્ ! ભીષ્મે મારું હરણ અજાણથી કર્યું છે, કેમકે મારું મન પરાક્રમી શાલ્વ રાજામાં આસક્ત હતું તે તે જાણતા ન હતા. હે બ્રહ્મન્ અકૃતવણુ ! એ વિષે તમે મનમાં વિચારપૂર્વક નિશ્ચય કરીને, કુરુકુળમાં સિંહરૂપ ભીષ્મ ઉપર અથવા શાલ્વ રાજા ઉપર વા તે બેઉ ઉપર ન્યાયથી જેની ઉપર દોષ મૂકવો ઘટે તેની ઉપર મૂકો. મેં મારા દુઃખનું મૂળ યથાર્થ તમને નિવેદન કર્યું. હવે જેવી રીતે કરવું યોગ્ય હોય તેવી રીતે કહો. અંબાનાં વચન સાંભળીને અકૃતવણુ ઋષિએ કહ્યું કે હે વરને વરનારી ! હે કલ્યાણિ ! આ તું ધર્મયુક્ત વાક્ય કહે છે એ તને યોગ્ય છે, માટે હું કહું તે મારાં વચન સાંભળ. હે ભીરુ ! જો ભીષ્મ તને હસ્તિનાપુર પ્રત્યે લઇ ગયા ન હોત, તો શાલ્વરાજા પરશુરામની આજ્ઞાથી તને મસ્તક ઉપર ચઢાવી ગ્રહણ કરત, પણ હે કલ્યાણિ ! હે રૂડા મધ્ય ભાગવાળી ! ભીષ્મ રાજાઓને જીતી તને હસ્તિનાપુરમાં લઇ ગયા, તે કારણને લીધે શાલ્વ રાજાને તારે વિષે સંશય ઉત્પન્ન થયો; માટે હું પરાક્રમી છું એમ અભિમાનવાળા જયશીલ ભીષ્મ વિષે તારે દંડ અપાવવો યોગ્ય છે. હે બ્રહ્મન્ ! મારા હૃદયમાં સદૈવ એવીજ ઇચ્છા રહે છે, રણસંગ્રામમાં હું ભીષ્મને મારું, માટે હે બ્રહ્મન્ ! હે મહાબાહો ! જે નિમિત્તથી હું અત્યંત દુઃખિત થઇ છું, તે ભીષ્મ વા શાલ્વ, જેની ઉપર તમને દોષ ભાસતો હોય તેને શિક્ષા કરો; મારાથી નિશ્ચય કરી શકાતું નથી.

ભીષ્મ કહે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન ! એ રીતે વાતો કરતાં તેઓને તે દિવસ તથા સુખરૂપ શીતોષ્ણ વાયુવાળી રાત્રિ નિવૃત્ત થઇ, ને પ્રાતઃકાળ થયો, ત્યારે તેજે કરી પ્રજ્વલિત અગ્નિ સરખા, જટા તથા ચિર વસ્ત્રથી શોભિતા, પરશુ તથા ધનુષ ધારણ કરેલા, ઉદાર ચિત્તવાળા તથા શિષ્યથી વિંટાયલા પરશુરામ મુનિ ત્યાં પધાર્યા. તેમને જોઇ ત્યાં રહેનાર તપસ્વી પુરુષોએ મહા તપસ્વી હોત્રવાહન રાજાએ તથા તપસ્વી એવી તે કન્યા અંબાએ ઉભા થઇ અગ્રય ચિત્તથી મધુપર્ક કરી ન્યાયપૂર્વક તેમની પૂજા કરી; પૂજાપૂર્વક સત્કાર પામેલા પરશુરામ તે સર્વ સહિત ત્યાં આસન ઉપર વિરાજમાન થયા; પછી સંભાષણ કરતાં

ઉત્પન્ન થયેલો હોત્રવાહન રાજા તથા પરશુરામ એ બેઉ જણ કેટલીક વાતો કહેવા લાગ્યા; ને તે વાતો સંપૂર્ણ થયા પછી રાજર્ષિએ ભૃગુકુળમાં શ્રેષ્ઠ મહા બળવાન તેને મધુર વાણીથી વખતને યોગ્ય અર્થયુક્ત વચન કહ્યાં કે હે કાર્ય કરવામાં ચતુર! હે સમર્થ! હે રામ! અંબા મારી દૌહિત્રી અને કાશી રાજાની કન્યા છે, માટે એનું કાર્ય તમે સાંભળો. હે દુર્યોધન! હોત્રવાહનનાં વચન સાંભળીને પરશુરામે તે કન્યાને કહ્યું કે, તારે જે કાર્ય હોય તે કહે. હે ભારત! પરશુરામનાં વચન સાંભળીને શોકવાળી અંબા કન્યા, અગ્નિ સમાન પ્રજ્વલિત પરશુરામના પવિત્ર ચરણને પ્રણામ કરી, કમળ જેવા સરખા પોતાના બે હાથથી તેમનો સ્પર્શ કરી, પાસે ઉભી રહી રૂદન કરતી કહેવા લાગી કે, સૃંજય કુળમાં ઉત્પન્ન થયેલા હોત્રવાહન રાજર્ષિની દૌહિત્રી હું શરણે થવા લાયક ભૃગુનંદન તમારે શરણે આવી છું. હે દુર્યોધન! એ પ્રમાણે અંબાનાં વચન સાંભળી પરશુરામે કહ્યું કે હે રાજકન્યા! જે રીતે સૃંજયકુળમાં ઉત્પન્ન થયેલા હોત્રવાહન રાજાની તું દૌહિત્રી છે, તે જ રીતે મારી પણ દૌહિત્રી છે, માટે જે તારા મનનું દુઃખ હોય તે કહે. હું તારા કહેવા પ્રમાણે કરીશ. અંબા બોલી કે હે ભગવન્! હું મોટા વ્રતવાળા તમારી શરણે પ્રાપ્ત થઇ છું, વાસ્તે ભયંકર શોકરૂપી કાદવના સમુદ્રમાંથી મારો ઉદ્ધાર કરો. ભીષ્મ કહે છે હે દુર્યોધન! અંબાનાં વચન સાંભળી તેનું રૂપ, નવી અવસ્થા તથા અત્યંત સુકુમારતા જોઇ, પરશુરામે પોતાના મનમાં વિચાર કરતાં આ કન્યા શું કહેશે એમ જાણી વળી તેને દયાથી કહ્યું કે હે પવિત્ર હાસ્યવાળી! જે તારૂં દુઃખ હોય તે ધૈર્ય રાખી મને કહે. હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા દુર્યોધન! પરશુરામનાં વચન સાંભળી તે કન્યાએ, પોતાનું દુઃખ યથાર્થ તેને કહી સંભળાવ્યું. જમદગ્નિના પુત્ર પરશુરામે, તે રાજકન્યાનાં વચન સાંભળી મનમાં નિશ્ચય કરી, તેને કહ્યું કે હે ભાવિનિ! હું તને કુરૂકુળમાં શ્રેષ્ઠ ભીષ્મ પાસે મોકલીશ અને ગંગાપુત્ર રાજા મારા કહેવા પ્રમાણે કરશેજ એમ હું માનું છું; ને કદી નહીં કરે તો અમાત્ય સહિત તેને શસ્ત્રના તેજે કરી રણસંગ્રામમાં બાળી ભસ્મ કરીશ. હે રાજકન્યા! જો ત્યાં જવાની તારી મતિ ન હોય, તો એ કામમાં શૂરવીર શાલ્વપતિને હું સૂચના કરૂં. એવાં પરશુરામનાં વચન સાંભળી અંબાએ કહ્યું કે હે ભૃગુનંદન! પૂર્વથી મારૂં મન શાલ્વ રાજા વિષે ગયેલું છે એમ મારા કહેવાથી ભીષ્મે મને તેની પાસે મોકલી હતી, ત્યારે સૌભપતિ શાલ્વ રાજા પાસે જઈને મેં દુઃખે કરી બોલાય નહીં એવાં વચન તેને કહ્યાં; પણ મારા ચરિત્ર વિષે શંકિત થઇ તેણે તો મારો સ્વીકાર કર્યો નહીં. હે ભૃગુનંદન! તમે આ મારાં વચન સાંભળ્યાં, માટે હવે નિશ્ચય કરી જે કરવું ઘટે, તે કરવા યોગ્ય છો. હું વિચાર કરૂં છું તો ખરેખર મારા દુઃખનું મૂળ મોટા વ્રતવાળા ભીષ્મજ છે એમ દેખાય છે; કારણ તેણે બળાત્કારથી હરણ કરી જઇ મને વશ કરી. હે મહાબાહો પરશુરામ! જેને લીધે આ દુઃખ મને પ્રાપ્ત થયું એવા ભીષ્મને તમે મારો; જે લોભી, નીચ તથા જયશીલ છે, વાસ્તે તે વિષે પ્રતિક્રિયા કરવી એ યોગ્ય છે. જ્યારથી મોટા વ્રતવાળા ભીષ્મે બળાત્કારથી મને હરણ કરી, ત્યારથી મારા મનમાં તેને હું યુદ્ધ પાસે પણ મરાવું એવો સંકલ્પ છે માટે હે નિષ્પાપ! હે મહાબાહો પરશુરામ! એ મારી કામના હાલ તમે સંપાદન કરો, ને ઇંદ્ર જેમ વૃત્રાસુરને માર્યો, તેમ ભીષ્મને મારો.

[illegible] ।
जहि भीष्मं महाबाहो यथा वृत्रं पुरंदरः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि रामांबासंवादे गुर्जरभाषायां सप्तसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७७॥

અધ્યાય ૧૭૮ મો. ભીષ્મ સામે પરશુરામનો ક્રોપ.

भीष्म उवाच—एवमुक्तस्तदा रामो जहि भीष्ममिति प्रभो ।
उवाच रुदतीं कन्यां चोदयंतीं पुनःपुनः ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! અંબાએ તેમને મને મારવાનું કહ્યું ત્યારે પરશુરામે વારંવાર તે કામ કરવાની પ્રેરણા કરતી તથા રૂદન કરતી એવી કન્યા અંબાને કહ્યું કે હે કાશીરાજાની પુત્રી! હે શ્રેષ્ઠ સ્વરૂપવાળી! હું બ્રહ્મવેત્તાના હેતુ વિના ઇચ્છા પ્રમાણે શસ્ત્ર ધારણ નહીં કરૂં; માટે એ ઉપરાંત બીજું શું કરૂં તે કહે? હે સુંદર ગાત્રવાળી રાણી! ભીષ્મ તથા શાલ્વ રાજા મારા કહેવા પ્રમાણે કરશે, માટે હું શસ્ત્ર ધારણ નહીં કરૂં; ને તું કંઇ પણ શોચ કર નહીં. હે શ્રેષ્ઠ અંગવાળી! હું કદી પણ શસ્ત્ર ધરીશ નહીં કેમકે બ્રાહ્મણની આજ્ઞા વગર મારે શસ્ત્ર ધરવાં નહીં એવો મેં નિશ્ચય કર્યો છે. અંબાએ કહ્યું કે હે પરશુરામ! મહા સમર્થ તમારે હરેક ઉપાયે કરી જે મારૂં દુઃખ નિવૃત્ત કરવાનું છે, તે કેવળ ભીષ્મથીજ ઉત્પન્ન થયેલું છે; માટે તમે મહા સમર્થ એવા તેનો નાશ કરો. પરશુરામ બોલ્યા કે હે કાશીરાજાની કન્યા અંબા! ભીષ્મ મસ્તકે કરી નમસ્કાર કરવા લાયક છે, તોપણ મારા કહેવાથી તારા ચરણને પણ ગ્રહણ કરશે; વાસ્તે તું ફરીથી કહે તેની સાથે યુદ્ધ વગર બીજું શું કરૂં? અંબા બોલી કે હે રામ! પૂર્વે સંગ્રામમાં રામચંદ્રને યુદ્ધ કરવા સારૂ જેણે બોલાવ્યા હતા એવા તમે, જો મારૂં પ્રિય કરવા ઇચ્છતા હો, તો યુદ્ધને વિષે અસુરની પેઠે ગર્જના કરનાર ભીષ્મનો નાશ કરી જે બોલ્યા છો, તે સત્ય કરી દેખાડો. ભીષ્મ કહે છે—હે દુર્યોધન! એ પ્રમાણે પરશુરામ તથા અંબા પરસ્પર વિવાદ કરતાં હતાં તે વેળા પરમ ધર્માત્મા અકૃતવ્રણ ઋષિ બોલ્યા કે—હે મોટી ભુજાવાળા! હે ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા! હે શૂરવીર પરશુરામ! શરણે આવેલી આ કન્યાનો ત્યાગ કરવો યોગ્ય નથી, માટે જો યુદ્ધમાં બોલાવેલા ભીષ્મ તમે મને જીત્યો એમ બોલે અથવા તમારા કહેવા પ્રમાણે કરે, તો આનું કાર્ય કર્યું અને પોતાનાં વાક્ય પણ સત્ય કર્યાં એમ કહેવાય. હે પરશુરામ! પૂર્વે તમે જ્યારે સર્વ ક્ષત્રિયોને જીત્યા ત્યારે બ્રાહ્મણોની પાસે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, તથા શૂદ્રમાંથી કોઇપણ બ્રાહ્મણનો દ્વેષ કરનાર થશે, તેનો હું સંગ્રામમાં નાશ કરીશ પણ શરણાર્થે, ભય પામેલા તથા શરણને અર્થે પ્રાપ્ત થયેલા પ્રાણીને જીવતાં લગી કદી પણ ત્યાગ કરવા સમર્થ થઇશ નહી. સંગ્રામમાં એકઠા થયેલા સર્વ ક્ષત્રિય મંડળને જીતે એવા કોઇ હશે, તોપણ દેદીપ્યમાન શરીરવાળાનો નાશ કરીશ એવી પ્રતિજ્ઞા લીધી છે. હે ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા! આ ભીષ્મ છે. વાસ્તે તમે સંગ્રામમાં તેની સામે જઇ યુદ્ધ કરો. પરશુરામે કહ્યું કે હે ઋષિયોમાં શ્રેષ્ઠ! મેં પૂર્વે જે પ્રતિજ્ઞા લીધી છે, તે મને યાદ છે, માટે સામના ઉપાયે કરી જેમ સિદ્ધ થશે, તેમ હું પ્રથમ કરીશ. હે બ્રહ્મન્! કાશીરાજાની આ કન્યાના મનમાં જે કાર્ય છે, તે મોટું છે, માટે હું જ્યાં ભીષ્મ છે, ત્યાં આને સાથે લઇને જઇશ, ને જો સંગ્રામમાં વખાણવા લાયક ભીષ્મ મારા કહેવા પ્રમાણે નહીં કરે, તો તેનો નાશ કરીશ એવો મારો નિશ્ચય છે. મારાં મૂકેલાં બાણ દેહધારીને શરીરને વિષે

[illegible] રહેતાં નથી એને કાપીજ નાખે છે, એ વાત ક્ષત્રિયોના સંગ્રામને વિષે તમારા જાણવામાં છે. હે દુર્યોધન! મોટા તપસ્વી પરશુરામ એ પ્રમાણે કહી બ્રહ્મવાદિ બ્રાહ્મણો સહિત પ્રયાણ કરવાનો નિશ્ચય કરીને જવા તૈયાર થયા. ત્યારપછી તે સર્વ તપસ્વિયો તે દિવસની રાત્રિ ત્યાં રહ્યા, ને બીજે દિવસે અગ્નિમાં આહુતિ આપી તથા જપ કરીને મને મારવાની ઇચ્છાથી રવાને થવા તૈયાર થયા, ત્યારે હે મહારાજ દુર્યોધન! પરશુરામ બ્રાહ્મણો તથા અંબા સહિત કુરૂક્ષેત્રમાં આવ્યા. પછી ભૃગુકુળમાં ઉત્તમ થયેલા પરશુરામ જેમાં મુખ્ય હતા એવા મહાત્મા તથા તપસ્વી સર્વ બ્રાહ્મણો સરસ્વતીની ચોમેર ફરતા બેઠા. તેમને ત્યાં આવ્યે ત્રણ દિવસ થયા ત્યારે મોટા વ્રતવાળા પરશુરામે, હું અહીં આવ્યો છું એમ મને કહેવરાવ્યું. મહા બળવાન, અતિ તેજસ્વી તથા મહા સમર્થ પરશુરામ મારા દેશની સાન્નિધ્ય આવ્યા છે એવું સાંભળીને, હું પ્રીતિને લીધે મોટા વેગથી તેમની પાસે ગયો ને મેં તેમને ગાય નિવેદન કરી પૂજા કરી. હે રાજેંદ્ર! વેદમૂર્તિ ઋત્વિક્, પુરોહિત તથા બીજા બ્રાહ્મણોથી વિંટાયલા અને મહા પ્રતાપી જમદગ્નિના પુત્ર પરશુરામ, મને જોઇને મારી પૂજાનો સ્વીકાર કરી આવી રીતે કહેવા લાગ્યા કે હે ભીષ્મ! નિષ્કામનાવાળા તમે કાશી-રાજાની કન્યા અંબાને હરણ કરીને પછી તેનો ત્યાગ કર્યો એ કેવા વિચારથી કર્યું? તમે મોટા યશવાળી આ કન્યાને ધર્મથી ભ્રષ્ટ કરી કેમકે તમોએ સ્વીકાર કરેલીને આ પૃથ્વીને વિષે કયો પુરૂષ ગ્રહણ કરવા સમર્થ છે? હે ભારત! તમે આને લઇ ગયા તેથી શાલ્વ રાજાએ આનો સ્વીકાર કર્યો નહી; માટે મારા કહેવાથી ગ્રહણ કરો.

હે પુરૂષમાં સિંહરૂપ! હે નિષ્પાપ! રાજપુત્રી અંબા પોતાના ધર્મને પામો ને તમારે આનું અપમાન કરવું એ યોગ્ય નથી. હે દુર્યોધન! એ પ્રમાણે પરશુરામે મને કહ્યું ત્યારે ઉદાસ મનવાળા તેમને જોઇને મેં કહ્યું કે હે બ્રહ્મન્! મેં મારા ભાઇ વિચિત્રવીર્યને માટે આ કન્યા ગ્રહણ કરી હતી પણ જ્યારે તેણે મને હું શાલ્વ રાજાને મન વચનથી વરેલી તેની સ્ત્રી છું એમ કહ્યું, ત્યારે મેં તેને તેની પાસે જવાની રજા આપી, તેથી તેના શહેર પ્રત્યે ગઇ. હે પરશુરામ! ભય, દયા, ધનનો લોભ તથા કામનાથી પણ મારે ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરવો નહીં એમ મેં વ્રત લીધેલું છે. હે દુર્યોધન! મારાં વચન સાંભળીને, ક્રોધથી વ્યાકુળ નેત્રવાળા પરશુરામે કહ્યું કે હે મનુષ્યમાં શ્રેષ્ઠ! તું મારા કહેવા પ્રમાણે નહીં કરે તો, હું અમાત્ય સહિત તારો નાશ કરીશ. હે શત્રુને દમન કરનાર દુર્યોધન! એ પ્રમાણે ક્રોધયુક્ત થયેલા પરશુરામે વારંવાર મને કહ્યું ત્યારે મેં તેને પ્રિય લાગે એવી વાણીએ કરી પ્રાર્થના કરતાં અનેક વાક્ય કહ્યાં તોપણ ભૃગુકુળમાં સિંહરૂપ તે શાંતિ પામ્યા નહીં, ત્યારે મેં તેમને મસ્તકે કરી પ્રણામ કરીને ફરીથી કહ્યું કે, તમે મારી સાથે યુદ્ધ કરવા ઇચ્છો છો તેનું કારણ શું? હે મોટી ભુજાવાળા ભાર્ગવ! તમે જ્યારે હું બાળક હતો ત્યારે મને ચાર પ્રકારની બાણ તથા અસ્ત્રવિદ્યા શીખવી છે માટે તમારો શિષ્ય છું. હે દુર્યોધન! મેં એ પ્રમાણે કહ્યું ત્યારે મહા ક્રોધથી લાલ થયાં હતાં નેત્ર જેમનાં એવા પરશુરામે કહ્યું કે, હે ભીષ્મ! તું મને ગુરૂ માને છે, પણ મારા કહેવાથી કાશીરાજાની આ કન્યા અંબાને મારા પ્રિય માટે ગ્રહણ કરતો નથી માટે યુદ્ધ વગર તારી શાંતિ થવાનીજ નથી એમ મને દેખાય છે. હે મહાબાહો! તું આ કન્યાને ગ્રહણ કર ને પોતાના કુળની રક્ષા કર; કેમકે તેં આ કન્યાને ભ્રષ્ટ કરી છે, જેથી આ કોઇ પતિને પામી નથી. એ [illegible] બોલતા એવા તથા શત્રુના શહેરને જીતનાર પરશુરામને મેં કહ્યું કે હે [illegible]!

જો પ્રમાણે હવે કદી પણ બનવાનું નથી, ફોગટ શ્રમ શા માટે કરો છો? હે [illegible]! પૂર્વના તમે મારા ગુરૂ છો એમ જાણીને હું તમને પ્રસન્ન કરૂં છું. મેં આ [illegible] પૂર્વથી ત્યાગ કરેલો છે, કારણ સર્પણીની પેઠે નાશ કરનારી તથા બીજા પુરૂષમાં [illegible] સ્ત્રીને જાણીને કયો પુરૂષ ઘરમાં રાખે; જેનો દોષ મોટી ખરાબી કરનાર છે. હે મોટા વ્રતવાળા! હું ઇંદ્રના ભયથી પણ પોતાના ધર્મનો ત્યાગ ન કરૂં એવો છું, વાસ્તે તમો તો તમે પ્રસન્ન થાઓ અથવા હમણાંજ તમારે જે કરવાનું હોય તે કરો. હે શુદ્ધ [illegible] [illegible]વાળા! હે શ્રેષ્ઠ બુદ્ધિવાળા! હે સમર્થ પરશુરામ! પુરાણોને વિષે મરૂત રાજાએ [illegible] સંભળાય છે કે, મદોન્મત્ત, કરવા તથા નહીં કરવાના કાર્યને જાણનાર અને આડે માર્ગે ચાલનાર ગુરૂ હોય તોપણ તેનો ત્યાગ કરવો માટે હું તમે મારા ગુરૂ છો એમ જાણી અત્યંત પ્રેમથી તમને માનું છું; પણ ગુરૂએ કેવી રીતે વરતવું જોઇયે તે તમારા જાણ[illegible]વામાં કાંઇજ નથી, માટે તમારી સાથે યુદ્ધ કરીશ. હે પરશુરામ! ગુરૂ, બ્રાહ્મણ તથા તપશ્ચર્યાએ કરી વૃદ્ધ એવા તમને હું સંગ્રામમાં ન મારૂં તો સારૂં એમ જાણીને મેં તમારો અપરાધ સહન કર્યો. હે તપોધન! અધમ ક્ષત્રિયની પેઠે ઉગામેલા બાણવાળા, યુદ્ધ કરનાર, ક્રોધી તથા પાછા નહીં હઠનાર બ્રાહ્મણને સંગ્રામમાં મારવાથી તેને બ્રહ્મહત્યા લાગતી નથી એમ ધર્મશાસ્ત્રમાં નિશ્ચય કર્યો છે. હું ક્ષત્રિય ધર્મમાં રહેલો ક્ષત્રિય છું વાસ્તે તમને સંગ્રામમાં યુદ્ધ કરી નાશ કરીશ. કોઇ પુરૂષ જેની સાથે પ્રીતિથી અથવા દ્વેષથી વર્તતો હોય, તેણે તેની સાથે તેવી રીતે વર્તવું એમાં કાંઇ [illegible] કહેવાય નહીં અને તેનું અકલ્યાણ પણ કાંઇજ થાય નહીં. ગુરૂના કહેવાથી સ્ત્રીનું પાણિગ્રહણ કરવું એ અર્થ તથા પિતાના વાક્યથી બ્રહ્મચર્ય પાળવું એ ધર્મ, એ બેના વિવેકમાં કુશળ અને દેશ તથા કાળના વિભાગને જાણનાર પુરૂષને, તે બેઉમાંથી કલ્યાણું કરનાર કોણ? એવા સંશય રહેતો હોય તો અર્થનો ત્યાગ કરી નિઃસંશય ધર્મનું સેવન કરવું એજ કલ્યાણ કારક છે. તમે બ્રહ્મચર્ય ધર્મથી ભ્રષ્ટ કરીને સંશયવાન અર્થને વિષે અન્યાયથી પ્રવર્તાવવા ઇચ્છો છો, માટે હું સંગ્રામમાં તમારી સાથે યુદ્ધ કરીશ. હે ભૃગુનંદન! હે વિપ્ર! મોટા તેજસ્વી તમે મારી ભુજાના બળ તથા સર્વ મનુષ્ય કરતાં અધિક એવાં મારાં પરાક્રમને જુવો. તમે બળવાન છો, તોપણ હું તમારી સાથે કુરૂક્ષેત્રમાં દ્વંદ્વયુદ્ધ કરીશ; ને તમારે જે કરવાનું હોય તે કરો અને સજ્જ થાઓ. હું સંગ્રામને વિષે તમારો નાશ કરીશ, તેથી મારાં સેંકડો બાણે કરી પીડા પામેલા તથા શસ્ત્ર વાગવાથી પવિત્ર થયેલા તમે પુણ્યે કરી પ્રાપ્ત થતા શ્રેષ્ઠ લોકને પામશો. હે ભાર્ગવ! યુદ્ધ કરવું એજ પ્રિયવ્રતવાળા! હે [illegible]! હે તપોધન! તમે અહીંથી પાછા વળો ને કુરૂક્ષેત્ર પ્રત્યે જાઓ. હું યુદ્ધ કરવા સારૂ ત્યાં આવીશ. હે ભાર્ગવ રામ! જ્યાં પૂર્વે તમે પોતાના પિતા જમદગ્નિનું સ્નાન કર્યું છે, ત્યાં તમને મારીને હું તમારૂં સ્નાન કરીશ માટે હે યુદ્ધમાં દુષ્ટ મદવાળા પરશુરામ! તમે ઉતાવળથી કુરૂક્ષેત્ર પ્રત્યે જાઓ ને હું બ્રાહ્મણ છું એમ બોલનાર તમને પૂર્વનો ગર્વ છે, તે હું ઉતારીશ. હે રામ! ઘણાં વર્ષ થયાં મેં એકલે સર્વ ક્ષત્રિયોને જીત્યા એમ તમે [illegible] છો, તે વેળા હું તથા મારા સરખો કોઇ કોઇ ક્ષત્રિય ઉત્પન્ન થયો ન હતો; તેથી [illegible] અગ્નિ પ્રજ્વલિત થઇ તેને બાળે, તેમ તુચ્છ ક્ષત્રિયોને જીત્યા છે પણ હે રામ! હું [illegible] વામાં કુશળ છું એવા તમારા ગર્વને તથા તમારી કામનાનો નાશ કરનાર અને [illegible] જીતનાર હું ભીષ્મ ઉત્પન્ન થયો છું; માટે સંગ્રામમાં તમારો ગર્વ ઉતારીશ. [illegible]

હે ભારત દુર્યોધન ! એ પ્રમાણે મેં કહ્યું ત્યારે મારાં વચન સાંભળીને પરશુરામે હસતાં હસતાં મને કહ્યું કે હે ભીષ્મ! તું સંગ્રામમાં મારી સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે એ બહુ સારું છે. હે શત્રુને તપાવનાર ! હે કુરુકુળમાં ઉત્પન્ન થયેલા ! હું કુરુક્ષેત્ર વિષે જાઉં છું, તું પણ ત્યાં આવ તારી સાથે તારા કહેવા પ્રમાણે કરીશ. હે ભીષ્મ! કુરુક્ષેત્રને વિષે મેં નાશ કરેલા, સેંકડો બાણોથી વિંધાયલા તથા ગૃધ્ર, કંક અને કાગડાના ભક્ષ્યરૂપ તને તારી માતા ગંગા જુવો ! વળી હે પાર્થિવ ! સિદ્ધ તથા ચારણે સેવેલી દેવી, યોગ્ય, મોટા ભાગ્યવાળી, ભાગીરથી કન્યા, નિષ્પાપ પુત્રની કામનાવાળા, આતુર તથા મંદ એવા તને જન્મ આપનાર ગંગા, આજ મેં નાશ કરેલા તને જોઇને રૂદન કરશે. હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા! હે યુદ્ધ કાર્મુક ! હે દુર્મદ ! તું રથાદિ સાહિત્ય ગ્રહણ કર ને આવ મારી સાથે ચાલ. હે દુર્યોધન ! એ પ્રમાણે પારકા શહેરને જીતનાર પરશુરામે કહ્યું, ત્યારે તેને મસ્તકે કરી પ્રણામ કરીને મે કહ્યું કે, તમારા કહેવા પ્રમાણે થાઓ. હે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન! એ પ્રમાણે મેં કહ્યું, ત્યારે પરશુરામ યુદ્ધ કરવાની ઇચ્છાથી કુરૂક્ષેત્ર પ્રત્યે ગયા, ને મે શહેરમાં જઇ મારી માતા સત્યવતીને તે સર્વ કહી સંભળાવ્યું. પછી હે મોટી કાંતિવાળા દુર્યોધન ! મંગળ કાર્ય કરેલો, માતાએ આશિર્વાદ આપેલો તથા બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવેલો હું શ્વેત અશ્વો જોડેલા સુંદર, શોભાયમાન, શ્રેષ્ઠ ચક્રવાળા, વ્યાઘ્રચર્મથી મઢેલા, મોટાં શસ્ત્રવાળા, સર્વ સાધન યુક્ત તથા અશ્વ વિદ્યામાં કુશળ, શૂરવીર, કુલીન, ઉત્તમ અને ઘણાં યુદ્ધરૂપ કર્મને દેખતા સારથિએ નિયમમાં રાખેલા રથમાં બેઠો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! સુંદર ઉત્તમ શ્વેત કવચ પહેરેલો, શ્વેત છત્ર જેની ઉપર ધરેલું હતું એવો, શ્વેત પંખાથી પવન થતો હતો જેને એવો, શ્વેત વસ્ત્ર તથા પાઘડી પહેરેલો, શ્વેત અલંકાર ધારણ કરેલો અને તમારો જય થાઓ એવાં વાક્યથી સ્તુતિ કરેલો હું હસ્તિનાપુરથી નિકળીને રણસ્થાન કુરૂક્ષેત્ર વિષે જવા લાગ્યો. તે વેળા કુળવાન સારથિએ હાંકેલા મન તથા વાયુ સરખા વેગવાળા અશ્વ અત્યંત ચાલવા લાગ્યા તેથી તરતજ હું ત્યાં જઇ પહોંચ્યો. હે દુર્યોધન ! એ પ્રમાણે હું તથા પ્રતાપી પરશુરામ કુરૂક્ષેત્રને વિષે ગયા ને તત્કાળ પરસ્પર યુદ્ધ કરવા તૈયાર થયા. પછી મેં અતિ તપસ્વી પરશુરામની સામે ઉભા રહીને, શંખનાદ કર્યો. તે વેળા બ્રાહ્મણો, વનમાં રહેનાર તપસ્વીયો તથા ઇંદ્ર સહિત દેવતાઓના ગણ તે દિવ્ય યુદ્ધને જોવા સારૂ ત્યાં આવ્યા. તે સમયે ત્યાં ચારે તરફથી દિવ્ય પુષ્પનો વર્ષાદ થવા લાગ્યો દિવ્ય વાજીંત્ર વાગવા લાગ્યાં અને મેઘે ઘટા કરી. વળી પરશુરામની પાછળ આવનાર તપસ્વી બ્રાહ્મણો, રણસંગ્રામમાં જોવા સારૂ રણભૂમિને વિંટાઇ ઉભા. તે વેળા હે દુર્યોધન ! સર્વનું હિત ઇચ્છનારી મારી માતા ગંગાએ મને કહ્યું કે હે ભીષ્મ! તારે શું કરવાની ઇચ્છા છે ? હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા ! હું ભાર્ગવ પરશુરામની પાસે જઇ વારંવાર પ્રાર્થના કરી કહીશ કે, ભીષ્મ તમારો શિષ્ય છે, માટે તેની સાથે તમે યુદ્ધ કરો નહીં. હે પુત્ર! તું પણ બ્રાહ્મણ એવા જમદગ્નિના પુત્ર પરશુરામની સાથે યુદ્ધ કરવાનો આગ્રહ કર નહીં. એમ કહીને વળી મને તરછોડતાં કહ્યું કે, સર્વ ક્ષત્રિયનો નાશ કરનાર તથા મહાદેવ સરખા પરાક્રમી રામને તું શું જાણતો નથી ? જેથી તેની સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે. હે દુર્યોધન ! એ પ્રમાણે મારી માતા ગંગાએ કહ્યું ત્યારે મેં સ્વયંવરમાં બનેલું સર્વ વૃત્તાંત, પરશુરામને કહેલાં પ્રાર્થનાનાં વાક્ય તથા કાશીરાજની પુત્રી અંબાનું પૂર્વ કર્મ તેને કહી સંભળાવ્યું. ત્યારપછી મારી માતા ગંગા, પરશુરામ પાસે જઇ તેને ક્ષમાપના કરતાં કહેવા

માગી કે, તમે આ તમારા શિષ્ય ભીષ્મની સાથે યુદ્ધ કરો નહીં, ત્યારે તેણે તેને કહ્યું કે હે ગંગા! તમે મને યુદ્ધ કરવાની ના કહો છો, પણ તેમ ભીષ્મને ના કહો; કારણ મારા કહેવા પ્રમાણે તેણે કર્યું નહીં, તેથી હું તેની સાથે યુદ્ધ કરવા આવ્યો છું. વૈશંપાયન કહે છે–હે જનમેજય! પરશુરામનાં વચન સાંભળીને ગંગા, પુત્રના સ્નેહને લીધે પાછી ભીષ્મની પાસે ગઇ, ને તેણે પરશુરામના કહેવા પ્રમાણે તેને કહ્યું, પણ ક્રોધને લીધે વ્યાકુળ નેત્રવાળા ભીષ્મે તેનાં વાકયને માન્ય કર્યાં નહી. ત્યાર પછી બ્રાહ્મણમાં શ્રેષ્ઠ, મોટા તપસ્વી ભૃગુકુળમાં ઉત્તમ તથા ધર્માત્મા પરશુરામ યુદ્ધ કરવા સારૂ તૈયાર થઇ ઉભા, ને ભીષ્મને યુદ્ધ કરવા માટે બોલાવ્યા.

अथ इष्यत धर्मात्मा भृगुश्रेष्ठो महातपाः ।
आह्वयामास च तदा युद्धाय द्विजसत्तमः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि परशुरामभीष्मयोः-कुरुक्षेत्रावरणे गुर्जरभाषायामष्टसप्तत्युत्तरशततमोऽध्यायः ॥ १७८ ॥

અધ્યાય ૧૭૯ મો. ભીષ્મ પરશુરામનું યુદ્ધ.

भीष्म उवाच—तमहं रथयन्नवरणे प्रतिभाषं व्यवस्थितं ।
भूमिष्ठं नोत्सहे योद्धुं भवंतं रथमास्थितः ॥ १ ॥

ભીષ્મ કહે છે–હે દુર્યોધન! ત્યાર પછી મેં સંગ્રામમાં ઉભેલા પરશુરામને ગર્વપૂર્વક કહ્યું કે હે મોટી ભુજાવાળા! હે શૂરવીર! રથમાં બેઠેલો હું પૃથ્વી ઉપર ઉભેલા તમારી સાથે યુદ્ધ કરવાનો ઉત્સાહ રાખતો નથી; માટે જો તમે મારી સાથે સંગ્રામમાં યુદ્ધ કરવા ઇચ્છતા હો, તો રથમાં બેસો અને કવચ ધારણ કરો. હે દુર્યોધન! મારાં વચન સાંભળી પરશુરામે સંગ્રામ દ્વાર પ્રત્યે મને કહ્યું કે હે ભીષ્મ! આ પૃથ્વી મારો રથ, તેને વહન કરનાર વેદરૂપ અશ્વ, વાયુરૂપી સૂત અને ગાયત્રી, સાવિત્રી તથા સરસ્વતી એ ત્રણ કવચ મારાં છે. હે કુરુનંદન! એ ત્રણ કવચ ધારણ કરેલો હું, સગ્રામમાં તારી સાથે યુદ્ધ કરીશ, હે ગાંધારીના પુત્ર! એ પ્રમાણે કહીને સત્ય પરાક્રમી પરશુરામે મોટા બાણના સમુદાયે કરી મને ચોમેરથી વિંટી લીધો. ત્યાર પછી મેં સર્વ શ્રેષ્ઠ આયુદ્ધવાળા, સુંદર, અદ્ભુત ઉપમા તથા દેખાવવાળા, સંકલ્પ માત્રથી ઉત્પન્ન કરેલા, પવિત્ર, મોટા શહેર સરખા, દિવ્ય અશ્વ જોડેલા, સુવર્ણથી મઢેલા અને દૃઢ એવા રથમાં સૂર્ય તથા ચંદ્રના ચિન્હવાળું કવચ ધારણ કરી બેઠેલા જમદગ્નિના પુત્ર પરશુરામને જોયા. તે વેળા ધનુષ ધરનાર, ભાથા બાંધેલા, ચામડાના હાથમાં મોજા પહેરેલા, વેદ, જાણનાર તથા પરશુરામના અત્યંત પ્રિય સખા અકૃતવ્રણ, યુદ્ધ કરવાની ઇચ્છાવાળા તેનું સારથિપણું કરવા લાગ્યા. પછી હે દુર્યોધન! પરશુરામ મારા મનને હર્ષ ઉપજાવતાં વારંવાર સામે આવ, સામે આવ, એમ કહેવા લાગ્યા. ત્યારે ઉગતા સૂર્યની પેઠે અસહ્ય, મહા બળવાન, તથા ક્ષત્રિયોનો નાશ કરનાર એકલા પરશુરામની સાથે હું એકલો યુદ્ધ માટે સાવધ થઇ ઉભો. જ્યારે બાણનો પ્રહાર ચાલવા લાગ્યો, ત્યારે હું મારા રથના અશ્વને ઉભા રાખી, ધનુષ મુકી દઇ, રથમાંથી પૃથ્વી ઉપર ઉતરીને પરશુરામની પૂજા કરવા સારૂ તેમની પાસે ગયો; ને, તેને વિધિ

પૃથ્વીને પ્રણામ કરીને મેં આવી રીતે ઉત્તમ વાક્ય કહ્યાં કે હે પરશુરામ ! ધર્મશાસ્ત્ર, મારા કરતાં અધિક અથવા મારા સમાન તમારી સાથે હું રણમાં યુદ્ધ કરીશ. હે સમર્થ ! મને આ સંગ્રામમાં મારા જયને ઇચ્છજો. પરશુરામે કહ્યું કે હે મોટી બુદ્ધિવાળા ! હે કુરુકુળમાં શ્રેષ્ઠ ભીષ્મ ! સમૃદ્ધિની ઇચ્છાવાળા તથા શ્રેષ્ઠની સાથે યુદ્ધ કરનાર પુરૂષે તારીજ પેઠે વિદ્યાગુરૂને પ્રણામાદિ કરવું જોઇયે; કેમકે એવો શિષ્યનો ધર્મ છે; માટે જો તેં એ પ્રમાણે મને પ્રણામાદિ ન કર્યું હોત, તો હું તને શાપ આપત. હે ભીષ્મ ! હવે ઉત્સાહથી તું મારી સામે આવ, ને ધૈર્ય રાખી સાવધ થઇ સંગ્રામમાં યુદ્ધ કર, હું તને જીતવા સારૂ ઉભો છું, માટે તારા જયને ઇચ્છતો નથી; પણ તારાં આચરણે કરી પ્રસન્ન થયો છું, વાસ્તે તું જા રથમાં બેસ ને ધર્મે કરી મારી સાથે યુદ્ધ કર. હે દુર્યોધન ! પરશુરામનાં વચન સાંભળી તેમને નમસ્કાર કરી ઉતાવળથી રથમાં બેસીને, મેં સુવર્ણથી મઢેલો શંખ ફરીથી સંગ્રામમાં વગાડ્યો. હે ભારત ! પરસ્પર જીતવાની ઇચ્છાથી મારૂં તથા તેમનું ઘણા દિવસ સુધી યુદ્ધ થવા લાગ્યું. ત્યારે પ્રથમ પરશુરામે ગૃધ્રનાં પીંછ બાંધેલાં તથા નમેલા અગ્રભાગવાળાં નવસેં સાઠ બાણ મારી ઉપર નાંખ્યાં; જેથી મારા રથના ચાર અશ્વ, સારથિ અને હું ઢંકાઇ ગયો, તોપણ હે દુર્યોધન ! હું સંગ્રામમાં કવચ પહેરીને સામો પ્રહાર નહીં કરતાં તેમની સામે ઉભો રહ્યો. પછી દેવતા તથા બ્રાહ્મણોને નમસ્કાર કરીને મેં, રણમાં ઉભેલા તેમને હસતાં હસતાં કહ્યું કે હે બ્રહ્મન્ ! તમે મર્યાદા મૂકી, તોપણ મેં તમારૂં ગુરૂપણાનું માન રાખ્યું છે; વાસ્તે હવે હું ફરીથી ધર્મ સંગ્રહ વિષે મારી સંમતિ કહું તે તમે સાંભળો. હે ગુરૂ ! સર્વ વેદ તમારા શરીરને વિષે રહ્યા છે, તમારૂં બ્રાહ્મણપણું પણ મોટું છે તથા તમે તપશ્ચર્યા પણ બહુ મોટી કરી છે તેથીજ હું તમારી ઉપર પ્રહાર કરતો નથી, પણ જે બ્રાહ્મણ શસ્ત્ર ઉગામી પ્રહાર કરે તે ક્ષત્રિયપણાને પામે, માટે તમે મારી ઉપર ક્ષત્રિય ધર્મરૂપ પ્રહાર કરવા લાગ્યા છો, વાસ્તે હવે મારા ધનુષના પરાક્રમને તથા મારાં બાહુબળને જુવો. હે વીર ! આ હું મારાં તીક્ષ્ણ બાણે કરી તમારા ધનુષને હમણાં કાપું છું. હે ભરતકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન ! એ પ્રમાણે પરશુરામને કહીને મેં તીક્ષ્ણ એવું એક બાણ તેમની ઉપર મૂકીને તેમના ધનુષની કોટીને કાપીને તેને પૃથ્વી ઉપર પાડ્યું. પછી મેં નમેલા અગ્રભાગવાળાં તથા ગરૂડનાં પીંછ બાંધેલાં સેંકડો બાણ તેમના રથ મૂક્યાં ત્યારે વાયુના વેગથી વિશેષ ગતિવાળાં તે બાણ શરીરમાં વાગી બહાર નિકળીને; રૂધિર ટપકતા સર્પની પેઠે ચારે તરફ ફરતાં દેખાયાં. તે વેળાએ રૂધિરથી ખરડાયેલાં અંગવાળા તથા રૂધિર જેના શરીરમાંથી ટપક્યા કરતું હતું એવા પરશુરામ, જેમ ધાતુ ઝરતો મેરૂ પર્વત, શિશિર ઋતુને વિષે લાલ પુષ્પના ગુચ્છાથી આસોપાલવ તથા ઉનાળામાં પુષ્પથી ખાખરાનું વૃક્ષ શોભે તેમ શોભતા હતા. ત્યાર પછી મોટા ક્રોધે યુક્ત થયેલા પરશુરામે બીજા ધનુષને ગ્રહણ કરી મારી ઉપર સુવર્ણના અગ્રભાગવાળાં તથા અત્યંત તીક્ષ્ણ બાણનો વર્ષાદ કર્યો; ત્યારે અનેક તરેહથી મર્મસ્થાનને ભેદનાર, મોટા વેગવાળા અને સર્પ અગ્નિ તથા વિષ સરખાં ભયંકર બાણ મારા શરીર ઉપર પ્રાપ્ત થઇને કંપાયમાન કરવા લાગ્યાં. તોપણ મારા શરીરને સ્થિર રાખી ક્રોધાયમાન થઇને મેં, પરશુરામ ઉપર સેંકડો બાણ મૂક્યાં; જે અગ્નિ, સૂર્ય તથા સર્પ સરખાં અને તીક્ષ્ણ હોવાથી પરશુરામ તે બાણોએ કરીને [illegible] થયા. હે ભારત ! તેમને મૂર્છા પામેલા જોઇને તેમની ઉપર [illegible] હું, પોતાની બુદ્ધિ તથા મનને સ્થિર રાખીને, ક્ષત્રિય ધર્મને [illegible]

ગુરુને ધિક્કાર છે, ધિક્કાર છે, એમ કહેવા લાગ્યો. હે રાજન્! શોકના વેગથી વ્યાકુળ થયેલા મેં વારંવાર કહ્યું કે અરે! મેં ક્ષત્રિય ધર્મને લીધે આ મોટું પાપ કર્મ કર્યું જેથી ગુરુ અને બ્રાહ્મણ એવા ધર્માત્માને તીક્ષ્ણ બાણે કરી આવા પીડિત કર્યા. હે ભારત! ત્યારપછી મેં પરશુરામ ઉપર તે વખતે ફરીથી પ્રહાર કર્યો નહીં. તે વેળા હજારો કિરણવાળા સૂર્ય દેવતા પૃથ્વીને તપાવી જ્યારે નિવૃત્ત થયા ત્યારે યુદ્ધ નિવૃત્ત થયું.

अथावताप्य पृथिवीं पूषादिवससंक्षये ।
जगामास्तं सहस्रांशुस्ततो युद्धमुपारमत् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि रामभीष्मयुद्धे गुर्जरभाषायामूनाशीत्यधिकशततमोऽध्यायः ॥ १७९ ॥

અધ્યાય ૧૮૦ મો. રામ ભીષ્મનું યુદ્ધ. (ચાલુ)

भीष्म उवाच—आत्मनस्तु ततः सूतो हयानां च विशांपते ।
मम चापनयामास शल्यान्कुशलसंमतः ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે પૃથ્વીપતિ દુર્યોધન! કુશળ પુરૂષમાં માન્ય એવા મારા સારથિએ પોતાના, અશ્વના તથા મારા શરીરમાં ખૂંચી ગયેલાં બાણ બહાર ખેંચી કાઢયાં. પછી બીજા દિવસના પ્રભાતને વિષે સૂર્યનો ઉદય થયો, ત્યારે પાછું ફરીને યુદ્ધ પ્રવર્ત થવું જોઈએ માટે પ્રતાપી પરશુરામે કવચ ધારણ કરેલા, રથમાં બેઠેલા તથા સ્નાન કરી વળેલા, જળપાન પ્રાપ્ત થયું હતું જેને એવા અને વિહ્વળતા રહિત અશ્વોએ કરી ઉતાવળથી આવતા એવા મને જોઈને, પોતાના રથને અત્યંત સજ્જ કર્યો. પછી હું યુદ્ધ કરવાની ઇચ્છાથી આવતા રામને જોઈને પોતાના શ્રેષ્ઠ ધનુષનો ત્યાગ કરી તત્કાળ રથમાંથી ઉતરી, નમસ્કાર કરી, પાછો રથમાં બેસી, તેમની સામે યુદ્ધ કરવા સારૂ ભય વગરનો થઈ ઉભો. જ્યારે મેં તેમની ઉપર બાણનો વર્ષાદ કર્યો, ત્યારે તેમણે પણ મારી ઉપર બાણનો વર્ષાદ વરસાવ્યો. ત્યાર પછી વળી મહા ક્રોધ પામેલા જમદગ્નિના પુત્ર પરશુરામે અત્યંત તીક્ષ્ણ કરેલાં સર્પ સરખાં બાણ મારી ઉપર મૂકયાં. મેં તે હજારો બાણોને તીક્ષ્ણ ભાલાએ કરી અંતરિક્ષમાંજ કાપી નાખ્યાં. પ્રતાપી જમદગ્નિના પુત્ર પરશુરામે મારી ઉપર બીજાં દિવ્ય અસ્ત્ર મૂકયાં. ત્યારે તેના કરતાં અધિક પરાક્રમ કરવાની ઇચ્છાવાળા મેં, તેમનાં અસ્ત્રોને અસ્ત્રે કરી રૂંધ્યાં; જેથી આકાશમાં ચારે તરફ મોટો શબ્દ થયો. હે ભારત! મેં પરશુરામ ઉપર વાયવ્યાસ્ત્ર મૂક્યું જેને તેણે ગુહ્યકાસ્ત્ર કરી નિવૃત્ત કર્યું; ત્યારે વળી મેં આગ્નેયાસ્ત્રને મંત્રી પરશુરામ ઉપર મૂક્યું, તેને પણ તે સમર્થે વારૂણાસ્ત્રે કરી નિવારણ કર્યું. હે દુર્યોધન! એ પ્રમાણે પરશુરામનાં દિવ્ય અસ્ત્રોને મેં નિવારણ કર્યાં, અને દિવ્યાસ્ત્ર જાણનાર, શત્રુને દમન કરનાર તથા તેજસ્વી તેણે મારાં અસ્ત્રોને નિવારણ કર્યાં. ત્યાર પછી અત્યંત ક્રોધાયમાન થયેલા, પ્રતાપી તથા બ્રાહ્મણમાં ઉત્તમ જમદગ્નિના પુત્ર પરશુરામે મને ડાબી બાજુ કરી વક્ષસ્થળને વિષે બાણ મારી વિંધ્યો જેથી હું શ્રેષ્ઠ એવા મારા રથ વિષે ખેદ પામી પડી ગયો. મારો સારથિ તેવી વ્યવસ્થાવાળા મને જોઈને રણભૂમિમાંથી રથ પાછો વાળી લઈ ગયો. અત્યંત વિંટાયલા, બેભાન થયેલા, રામના બાણથી પીડાયલા તથા મૂર્છિત થયેલા

પડેલા મને જોઇને; અકૃતવ્રણાદિ પરશુરામના સર્વ અનુચર પ્રસન્ન થઇ મોટો શબ્દ કરવા લાગ્યા. કાશિરાજાની કન્યા અંબા, પણ હર્ષ પામી. હે દુર્યોધન! જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં સારથિને કહ્યું કે હે સૂત! તું, જ્યાં પરશુરામ હોય, ત્યાં મારો રથ લઇ જા. મને સર્વ વેદના નિવૃત્ત થઇ છે ને હું યુદ્ધ કરવા સાવધ છું. હે કુરુકુળમાં ઉત્પન્ન થયેલા! મારાં વચન સાંભળીને સારથિ પરમ શોભાયમાન, વાયુ સરખી ગતિવાળા અને જાણે નાચતા હોય એવા અશ્વોએ કરી મને પરશુરામની સામે લઇ ગયો. હે કૌરવ! અત્યંત ક્રોધ પામેલા મેં પરશુરામની સામે જઇને, મને જીતવાની ઇચ્છાથી કોપેલા તેમની ઉપર બાણનો વર્ષાદ કર્યો. તેમણે સરખી ગતિ કરનાર તથા પોતાની ઉપર આવતાં મારાં અસંખ્ય બાણોને એક એક પ્રત્યે ત્રણ ત્રણ બાણ મારી એકદમ કાપી નાખ્યાં; તે બાણોના બબ્બે કકડા થયા. મેં પરશુરામનો નાશ કરવાની ઇચ્છાથી દેદીપ્યમાન, શ્રેષ્ઠ કાંતિવાળું, તથા કાળ સમાન એક બાણ તેની ઉપર ફેંક્યું; જેથી તે હણાવાને લીધે વેગને વશ થઇને સંગ્રામમાં મોહ પામી પૃથ્વી ઉપર પડી ગયા. તે વેળા સર્વ હાહાકાર કરવા લાગ્યા, સર્વ જગત જેમ સૂર્ય પડે ને ગ્લાનિયુક્ત થાય, તેમ ગ્લાનિયુક્ત થયું. તે સમયે તપશ્ચર્યારૂપ ધનવાળા બ્રાહ્મણો તથા કાશિરાજાની પુત્રી અંબા ઉદ્વિગ્ન ચિત્તવાળાં થઇ દોડીને પરશુરામની પાસે આવ્યાં, આસ્તેથી મળી જળયુક્ત હાથે કરી 'તમારો જય થાઓ' એમ આશિષ આપી આશ્વાસના કરવા લાગ્યાં. પરશુરામે ઉઠીને હે ભીષ્મ! તું ઉભો રહે, તને હમણાં માર્યો છે, એમ વિહ્વળતાયુક્ત વાક્ય કહી, પોતાના ધનુષમાં બાણ સાંધી ઉતાવળથી મારી ઉપર નાંખ્યું. જે મારા ડાબા પડખામાં લાગ્યું, તેથી હું ડોલતા વૃક્ષની પેઠે અત્યંત ઉદ્વિગ્ન થયો. વળી પરશુરામે એકદમ અસ્ત્રે કરી મારા રથના અશ્વોને પ્રહાર કરીને, મારી ઉપર અનેક બાણ મૂક્યાં. હે દુર્યોધન! મેં પણ શત્રુના પ્રહારને અટકાવે એવું એક અસ્ત્ર ફેંક્યું; જેથી તેમનાં સર્વ બાણ મારી ઉપર પ્રાપ્ત થયા પહેલાંજ આકાશ માર્ગની મધ્યે નિષ્ફળ થયાં. પછી હે રાજન્! મારા તથા તેમના બાણના સમુદાયને લીધે આકાશ છવાઇ ગયું, તેથી સૂર્ય દેખાતો બંધ પડ્યો, ને વાયુ પણ રૂંધાઇ ગયો. વાયુએ કંપાવાથી, સૂર્યના કિરણથી તથા પરસ્પર પછડાવાથી બાણમાં અગ્નિ ઉત્પન્ન થયો; જેને લીધે તેઓ પ્રદીપ્ત થઇ બળીને ભસ્મ થઇ પૃથ્વી ઉપર પડ્યા. અત્યંત ક્રોધે ભરાયેલા પરશુરામે મારી ઉપર ક્રમે કરી સો, હજાર, દશ હજાર, લાખ, અર્બુદ, ખર્વ તથા નિખર્વ બાણ ઉતાવળથી મૂક્યાં. મેં સંગ્રામને વિષે સર્પ સરખાં બાણે કરી તેમનાં બાણોને કાપી પર્વતની પેઠે પૃથ્વીને વિષે પાડ્યાં. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! એ પ્રમાણે યુદ્ધ થયું અને જ્યારે સંધ્યાકાળ વ્યતીત થયો ત્યારે મારા ગુરૂ પરશુરામ રણભૂમિમાંથી પાછા વળ્યા.

> एवं तदभवद्युद्धं तदा भरतसत्तम ।
> संध्याकाले व्यतीते तु व्यपायात्स च मे गुरुः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि रामभीष्मयुद्धे गुर्वस्त्रपातापमर्षितावकत्रतमोऽध्यायः ॥ १८० ॥

અધ્યાય ૧૮૩ મો. ભીષ્મ સાથે રામનું યુદ્ધ (ચાલુ)

भीष्म उवाच—समागतस्य रामेण पुनरेवातिदारुणम् ।
अन्येद्युस्तुमुलं युद्धं तदा भरतसत्तम ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે ભરતસત્તમ દુર્યોધન! પછી બીજે દિવસે રણભૂમિમાં આવેલા પરશુરામની સાથે મારૂં દારૂણ તથા ભયંકર એવું યુદ્ધ થવા માંડ્યું. દિવ્યાસ્ત્ર જાણનારા, શૂરવીર, ધર્માત્મા તથા સમર્થ એવા પરશુરામે મારી ઉપર અનેક દિવ્યાસ્ત્ર મૂક્યાં; જેઓને મેં પ્રાણ ત્યાગને પણ નહી ગણકારતાં સમૂળ નાશ કરે એવાં અસ્ત્રે કરી નાશ કર્યાં. હે ભારત! જ્યારે મારાં અસ્ત્રે કરી તેમનાં અસ્ત્ર નાશ પામ્યાં ત્યારે સંગ્રામને વિષે પ્રાણ ત્યાગ કરવા તૈયાર થયેલા ધર્માત્મા પરશુરામ મહા ક્રોધ યુક્ત થયા. હે દુર્યોધન! જ્યારે એ પ્રમાણે સર્વ અસ્ત્ર વ્યર્થ ગયાં ત્યારે મહાત્મા જમદગ્નિના પુત્ર પરશુરામે ભયંકર દેખાવવાળી, કાળ સરખી, ઉંબાડીયાં સમાન પ્રજ્વલિત, દેદીપ્યમાન અગ્રભાગવાળી તથા જેનું તેજ સર્વ લોકમાં વ્યાપે એવી એક શક્તિ મારી ઉપર મૂકી, ત્યારે મેં દેદીપ્યમાન, પ્રલય કાળના સૂર્ય સરખી પ્રકાશમાન તથા મારી ઉપર આવતી એવી તે શક્તિને અનેક બાણે કરી ત્રણ કકડા કરી પૃથ્વી ઉપર પાડી. તે વેળા પવિત્ર સુગંધવાળો વાયુ વાવા લાગ્યો. હે ભારત! એ પ્રમાણે તે શક્તિ કપાઇ પૃથ્વી ઉપર પડી ત્યારે ક્રોધે કરી દેદીપ્યમાન થયેલા પરશુરામે મારી ઉપર મહા ભયંકર બીજી બાર શક્તિ મૂકી; જેમનો દેખાવ તેજસ્વી તથા લાઘવપણાને લીધે હું કંઇપણ કહી શકતો નથી. હે રાજન્! હું અગ્નિનાં ઉંબાડીયાં સરખી, અનેક તરેહના દેખાવવાળી, ઉગ્ર તેજે કરી પ્રદીપ્ત, પ્રલયકાળના બાર સૂર્ય સરખી તથા સામે આવતી શક્તિને જોઇને વિહ્વળ થયો. ત્યાર પછી મેં પ્રથમ તેઓમાંથી નિકળેલા બાણના સમુદાયને બાણના સમૂહથી ભેદ કરી બીજાં બાર બાણ મૂકી તે સર્વ શક્તિને કાપી નાખી. મહાત્મા જમદગ્નિના પુત્ર પરશુરામે સુવર્ણના દંડવાળી, વિચિત્ર, સુવર્ણના પટ્ટા મઢેલી તથા પ્રજ્વલિત ઉંબાડીયાં સરખી અનેક શક્તિ મારી ઉપર ફેંકી; મેં સંગ્રામને વિષે તે સર્વ શક્તિને ઢાલે કરી નિવારણ કરી તથા તલવારે કરી કાપી પૃથ્વી ઉપર પાડી. પરશુરામના સારથિ સહિત રથના અશ્વો ઉપર દિવ્ય બાણનો વર્ષાદ કર્યો, તે વેળા સહસ્રાર્જુનને નાશ કરનાર મહાત્મા પરશુરામે પોતાની સુવર્ણથી શોભિતી સર્વ શક્તિ કપાઇ પૃથ્વી ઉપર પડી તેમને તથા મેં મૂકેલાં સર્પ સરખાં બાણોને જોઇ મહા ક્રોધયુક્ત થઇને મારી ઉપર દિવ્ય અસ્ત્ર મૂક્યું. તેમાંથી તીડ નામના જંતુની પંક્તિની પેઠે પ્રજ્વલિત તથા મહા ભયંકર બાણની પંક્તિ નિકળી; જેનાથી સારથિ, અશ્વ તથા રથ સહિત મારૂં શરીર વિંધાયું. પરશુરામના બાણે કરી મારો રથ સારથિ તથા અશ્વો વિંધાયા, ને રથનાં યુગ, ચાક તથા અક્ષ ભાગી પડ્યાં. ત્યાર પછી જ્યારે તે બાણ સમૂહ નિવૃત્ત થયો ત્યારે મેં મારા ગુરૂ પરશુરામની ઉપર અનેક બાણનો વર્ષાદ કર્યો, જેથી ભેદાવાને લીધે તેમના શરીરમાંથી દેહ ઉપર ન ઠરે એવું ઘણું રૂધિર વહેવા લાગ્યું. જેમ મારા બાણથી પરશુરામ સંતપ્ત થયા હતા, તેમ હું પણ તેમના બાણથી અત્યંત વિંધાયો હતો. પાછલા પ્રહર કેડે સૂર્ય અસ્તાચળ પર્વત પ્રત્યે ગયા ત્યારે તે દિવસે યુદ્ધ બંધ રહ્યું.

अथ रामो बाणजालाभितप्तस्तथैवाहं सुभृशं गाढविद्धः ।
ततो युद्धं व्यरमच्चापराह्णे भानावस्तं प्रार्थयाने महीध्रम् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि [illegible]-
[illegible]एकाशीत्यधिकशततमोऽध्यायः ॥ १८१ ॥

અધ્યાય ૧૮૨ મો. રામ ભીષ્મનું યુદ્ધ. (ચાલુ)

भीष्म उवाच—ततः प्रभाते राजेंद्र सूर्ये विमलतां गते ।
भार्गवस्य मया सार्धं पुनर्युद्धमवर्तत ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે રાજેંદ્ર દુર્યોધન! ત્યાર પછી બીજા દિવસના પ્રભાતને વિષે નિર્મળ સૂર્યનો ઉદય થયો ત્યારે ભાર્ગવ પરશુરામનું મારી સાથે યુદ્ધ થવા લાગ્યું. પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ પરશુરામે મેઘ મંડળ સરખા રથમાં બેસીને મારી ઉપર, જેમ મેઘ પર્વત ઉપર જળનો વર્ષાદ કરે, તેમ બાણ સમૂહનો વર્ષાદ કર્યો. તેમનાં બાણ મારા અત્યંત સ્નેહી મારા સારથિને વાગ્યાં, તેથી તે મનને ખેદ ઉપજાવતાં રથ ઉપરથી ઉતરી ભાગી ગયો અને તેને અત્યંત કષ્ટ પ્રાપ્ત થયું. થોડે દૂર જઈ પૃથ્વી ઉપર પડી બેભાન થયો, અને તેણે એક મુહૂર્ત માત્રમાં પોતાના પ્રાણનો ત્યાગ કર્યો; તે જોઈને મારા મનમાં અત્યંત ભય પ્રાપ્ત થયો. હે રાજેંદ્ર! એ પ્રમાણે સારથિ નાશ પામ્યા પછી ગભરાયેલ યુદ્ધ કરનારો હું, પરશુરામની ઉપર અનેક બાણ મૂકતો હતો; ત્યારે તે મૃત્યુ સરખું એક બાણ મારી ઉપર મૂકવા તૈયાર થયા. તે વેળા ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા પરશુરામે બળાત્કારથી પોતાના ધનુષને ખેંચીને, સારથિ નાશ પામવાને લીધે દુઃખ યુક્ત થયેલા તથા રથમાંથી ઉતરી પડેલા મને એક બાણ મૂકી અત્યંત પીડિત કર્યો. હે રાજન્! મનુષ્ય શરીરના રૂધિરનું પાન કરનાર તે બાણ મારા વક્ષઃસ્થળમાં વાગ્યું ને મારા સહિત પૃથ્વી ઉપર પડ્યું. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! હું મૃત્યુ પામ્યો એમ જાણીને પરશુરામ મેઘની પેઠે મોટી ગર્જના કરવા લાગ્યા તથા વારંવાર હર્ષ પામવા લાગ્યા. વળી હે રાજન્! જ્યારે હું પૃથ્વી ઉપર પડ્યો, ત્યારે હર્ષયુક્ત થયેલા રામ પોતાના અનુચરો સહિત મોટા પોકાર કરવા લાગ્યા અને મારી પાસે જે કુરૂકુળના પુરૂષો ઉભા હતા તે તથા યુદ્ધ જોવાને આવેલા સર્વ અત્યંત પીડા પામવા લાગ્યા. તે વેળા હે રાજાઓમાં સિંહરૂપ દુર્યોધન! મેં સૂર્ય તથા અગ્નિ સરખા તેજસ્વી અને બ્રાહ્મણનાં સ્વરૂપ ધારણ કરેલા આઠ વસુને જોયા; જેઓ મને રણભૂમિને વિષે પોતાના હાથમાં અદ્ધર રાખી ચારે તરફથી વિંટી ઉભા રહ્યા હતા. હે રાજન્! હું પડ્યો પણ તે બ્રાહ્મણોએ મારી રક્ષા કરી તેથી પૃથ્વી ઉપર પડ્યો નહીં; કેમકે તેઓએ બાંધવની પેઠે મને અદ્ધર ગ્રહણ કરી રાખ્યો હતો. પછી બ્રાહ્મણોના હસ્તને વિષે અદ્ધર રહેલા, તેઓ જેને જળનું સેચન કરતા હતા એવા તથા જેને શ્વાસ આવતો હતો એવા મને ગ્રહણ કરીને તેઓએ, તું કંઈ પણ ભય નહીં પામ, એમ કહી 'તારૂં કલ્યાણ થાઓ' એમ કહ્યું. પછી તેમનાં વાક્ય સાંભળી અત્યંત તૃપ્ત થયેલો હું તત્કાળ ઉઠ્યો. મેં નદીઓમાં શ્રેષ્ઠ એવી મારી માતા ગંગાને મારા રથમાં બેઠેલી જોઈ; જેણે સંગ્રામને વિષે મારા અશ્વને ગ્રહણ કરી રાખ્યા હતા. પછી મારી માતાના તથા પિતૃઓના ચરણનું વંદન કરીને હું પાછો રથમાં બેઠો ને મેં [illegible] રથ, અશ્વ તથા યુદ્ધની સામગ્રી સહિત [illegible]. [illegible] હતી એવી મારી માતાને હાથ જોડી પછી વાળી [illegible]. હે ભારત!

તે દિવસ નિવૃત્ત થવા આવ્યો ત્યારે હું પોતેજ વાયુ સરખા વેગવાળા અશ્વો ચલાવતાં જમદગ્નિના પુત્ર પરશુરામ સાથે યુદ્ધ કરવા લાગ્યો. હે ભરતશ્રેષ્ઠ! મેં હાડમાં ભેદ કરે એવું એક બાણ મહા બળવાન ભગવાન પરશુરામ ઉપર ફેંક્યું; જેથી પીડા પામવાને લીધે ધનુષનો ત્યાગ કરી તે ઘુંટણભેર પૃથ્વી ઉપર પડી ગયા ને મોહને વશ થયા. હે રાજન્! જ્યારે હજારો સુવર્ણનાં દાન આપનાર પરશુરામ પૃથ્વી ઉપર પડયા, ત્યારે મેઘ ઘણું રૂધિર વર્ષતા આકાશમાં ઘેરાઇ ગયા, મહા કઠિન વિજળીઓ સહિત સેંકડો ઉલ્કાઓ પડયાં, દેદિપ્યમાન સૂર્યને રાહુએ ઘેરી લીધો, તીક્ષ્ણ વાયુ વાવા લાગ્યો, પૃથ્વી કંપાયમાન થઇ, ગૃધ્ર, બગલાં તથા ગર્જતાં મોટા હર્ષયુક્ત થઇ ત્યાં આવી આવીને પડવા લાગ્યાં. દક્ષિણ દિશાને વિષે ગોમાયુ વારંવાર મોટા શબ્દ કરવા લાગ્યાં અને મોટા શબ્દવાળાં દુંદુભિ વગર વગાડે શબ્દ કરવા લાગ્યાં. એ પ્રમાણે જ્યારે મહાત્મા રામ સંજ્ઞા વગરના થઇ પૃથ્વી ઉપર પડયા, ત્યારે ઘોરરૂપ ભયંકર શબ્દ થયો. ત્યાર પછી હે કૌરવ! તત્કાળ ઉઠીને વ્યાકુળ થયેલા, ક્રોધે કરી અત્યંત વૃદ્ધિ પામેલા તથા મહાબાહુ પરશુરામ, વળી મારી સામે યુદ્ધ કરવા સારૂ આવ્યા. મને પ્રહાર કરવા સારૂ અત્યંત દૃઢ ધનુષ તથા બાણ ગ્રહણ કરવા લાગ્યા. તે જોઇને કૃપાયુક્ત મહર્ષિયોએ વાર્યા. ક્રોધયુક્ત તેમણે મારી ઉપર મૂકવા સારૂ ગ્રહણ કરેલા કાળ તથા અગ્નિ સરખા બાણનો પાછો સંહાર કર્યો. તે વેળા મંત્રરૂપ કિરણના મંડળવાળા તથા રજના પુંજથી ઢંકાયલા સૂર્ય અસ્ત થયા, ને સુખરૂપ શીતળ વાયુવાળી રાત્રિ પ્રાપ્ત થઇ. અમે બેઉએ યુદ્ધ કરવું બંધ કર્યું. હે રાજન્! એ પ્રમાણે તે દિવસે યુદ્ધ કરવું બંધ કર્યું, પછી જ્યારે બીજે દિવસે સૂર્યોદય થયો, ત્યારે વળી યુદ્ધ થવા લાગ્યું, એ પ્રમાણે પ્રાતઃકાળથી તે સાયંકાળ પર્યંત ત્રેવીસ દિવસ સુધી યુદ્ધ થયું.

एवं राजन्नवरातो बभूव ततः पुनर्विमले भूस्तुघोरं ।
कल्यं कल्यं विंशतिं वै दिनानि तथैव चान्यानि दिनानि त्रीणि ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि रामभीष्मयुद्धे गुर्जरभाषायां द्व्यशीत्यधिकशततमोऽध्यायः ॥ १८२ ॥

અધ્યાય ૧૮૩ મો. રામભીષ્મનું યુદ્ધ. (ચાલુ)

भीष्म उवाच—ततोहं निशि राजेंद्र प्रणम्य शिरसा तदा ।
ब्राह्मणानां पितॄणां च देवतानां च सर्वशः ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે રાજેંદ્ર દુર્યોધન! પછી જ્યારે ત્રેવીસમા દિવસની રાત્રિ પ્રાપ્ત થઇ, ત્યારે હું બ્રાહ્મણોને, પિતૃઓને, સર્વ દેવતાઓને, રાત્રિને વિષે ફરનાર ભૂત પ્રાણીને તથા રાજવંશિયોને મસ્તકે કરી પ્રણામ કરીને, એકાંત વિષે શય્યા ઉપર બેસી મને કરી વિચાર કરવા લાગ્યો કે, મારૂં જમદગ્નિના પુત્ર પરશુરામ સાથે આજ ઘણા દિવસ થયાં અત્યંત દારૂણ તથા મોટા દુઃખરૂપ યુદ્ધ થાય છે, તોપણ તેમાં હું મહા શૂરવીર તથા મહા બળવાન તે બ્રાહ્મણને જીતી શકતો નથી. જો હું પ્રતાપી રામને જીતવા સમર્થ હોઉં, તો આજ રાત્રિને વિષે પ્રસન્ન એવા દેવતાઓ મને દર્શન આપજો. હે રાજેંદ્ર! તે

પ્રમાણે વિચાર કરીને બાણુથી વિંધાયલો હું જમણા પડખાભર સૂતો, ને જ્યારે પ્રભાતકાળ થવા આવ્યો, ત્યારે પૂર્વે જે બ્રાહ્મણોએ રથમાંથી પડેલા મને ઉપાડી ગ્રહણ કરી તું ભય નહીં પામ એમ કહી સાંત્વના કરી હતી, તેઓએ સ્વપ્નમાં દર્શન આપી જે વાક્ય કહ્યાં, તે હું તને કહું તે સાંભળ. હે ગંગાના પુત્ર ભીષ્મ! તું ઉઠ, તને આ યુદ્ધમાં કંઇપણ ભય નથી, અમે તારી રક્ષા કરીશું; કેમકે તું અમારૂં શરીર છે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! હે કૌરવ્ય ભીષ્મ! સંગ્રામને વિષે જમદગ્નિના પુત્ર પરશુરામ કદી તને જીતનાર નથી તું તેમને જીતીશ. હે ભારત! પૂર્વના પોતાના વસુ નામના દેહને વિષે તું, જે વિશ્વકર્માએ કરેલા તથા પ્રજાપતિના પ્રસ્વાપ નામના અસ્ત્રને જાણે છે અને જે તને પ્રિય હતું, તેને હાલ સંભાર, જેથી તે પોતાની મેળે પ્રાપ્ત થશે, ને તેને મૂકવા તથા પાછું વાળવાના પરિચયને પણ પોતાની મેળે જાણીશ; જેને પરશુરામ અથવા બીજો કોઇ પણ જાણતો નથી. ત્યાર પછી હે કૌરવ્ય! તું એ અસ્ત્રે કરી મહા પરાક્રમી સર્વને શિક્ષા કરીશ. હે માન્યને માન આપનાર! તે અસ્ત્રે કરી પરશુરામ નાશ પામશે નહીં, તેથી તને કંઇપણ દોષ પ્રાપ્ત થશે નહીં; કેમકે તે તારા બાણુના બળથી પીડાયુક્ત થઇ કેવળ નિદ્રાવશ થઇ શયન કરશે. એ પ્રમાણે તું પરશુરામને જીતીને, પાછા તને પ્રિય એવાં સંબોધન નામનાં અસ્ત્રે કરી જાગ્રત કરજે. હે કૌરવ્ય! આ અમારા કહેવા પ્રમાણે આવતી કાલના પ્રભાત સમયે રથમાં બેસી તું કર; કેમકે નિદ્રાવશ થયેલાને તથા મૃત્યુ પામેલાને અમે સરખાજ માનીએ છીએ. હે પાર્થિવ! પરશુરામ કદી પણ મરણ પામનાર નથી માટે તેમને જીતવા સારૂ તેમની ઉપર પ્રસ્વાપ નામના અસ્ત્રની યોજના કર. હે દુર્યોધન! એ પ્રમાણે કહીને સમાન રૂપવાળા, તેજસ્વી તથા બ્રાહ્મણોમાં ઉત્તમ તે આઠે બ્રાહ્મણો અંતર્ધાન થયા.

इत्युक्त्वांतर्हिता राजन्सर्व एव द्विजोत्तमाः ।
अष्टौ सदृशरूपास्ते सर्वेभास्वरमूर्तयः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि भीष्मप्रस्वापनालाभेगुर्जरभाषायां त्र्यशीत्यधिकशततमोऽध्यायः ॥ १८३ ॥

અધ્યાય ૧૮૪ મો. ભીષ્મની વિજયની આશા.

भीष्म उवाच—ततो रात्र्यां व्यतीतायां प्रतिबुद्धोस्मि भारत ।
ततः संचिंत्य वै स्वप्नमवापं हर्षमुत्तमं ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે ભારત દુર્યોધન! જ્યારે રાત્રિ નિવૃત્ત થઇ, ત્યારે હું પ્રાતઃકાળમાં જાગ્યો ને તે સ્વપ્નને સ્મરણ કરી હર્ષ પામ્યો. હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા! મારૂં તથા પરશુરામનું સર્વ પ્રાણીનાં રૂંવાં ઉભાં કરે એવું અદ્ભુત તથા ભયંકર યુદ્ધ થવા લાગ્યું. ત્યારે હે ભારત! ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા પરશુરામે મારી ઉપર બાણુનો વર્ષાદ વર્ષાવ્યો; તેને મેં બાણુના સમુદાયે કરી નિવારણ કર્યો, ત્યાર પછી વળી મહા ક્રોધ પામેલા તપસ્વી પરશુરામે ગઇ દિવસના ક્રોધને લીધે મારી ઉપર ઇંદ્રના વજ્ર સરખા સ્પર્શવાળી, યમરાજના દંડ સરખી શોભાયમાન, અગ્નિ સરખી પ્રજ્વલિત તથા ચારે તરફથી પ્રદ

[illegible] એવી એક શક્તિ મૂકી. હે કુરુકુળમાં શ્રેષ્ઠ [illegible]! હે [illegible]! [illegible] આકાશમાં નક્ષત્ર સરખી પ્રકાશમાન તે શક્તિ મારી હાંસડીને વિષે પ્રાપ્ત થઈ; [illegible] પર્વતમાંથી ગેરૂ નામનો ધાતુ ઝરે, તેમ મારા શરીરમાંથી રૂધિર સ્રવવા લાગ્યું. [illegible] ક્રોધાયમાન થયેલા મેં જમદગ્નિના પુત્ર પરશુરામની ઉપર સર્પના વિષ સરખું તથા [illegible] તુલ્ય એક બાણ મૂક્યું, જેણે કરી લલાટને વિષે વિંધાયેલા શરીર તે કુંપળવાળા પર્વતની પેઠે શોભવા લાગ્યા. ત્યારપછી મહા ક્રોધ પામેલા પરશુરામે મારી સામે બળથી [illegible] ધનુષ્યની પ્રત્યંચા ખેંચી તેમાં કાળ તથા અંતકાળ સરખું, શત્રુનો નાશ કરનાર અને [illegible] એક બાણ સાંધી ફેંક્યું જે શ્વાસોચ્છ્વાસ લેતા સર્પની પેઠે ઉગ્ર મારા વક્ષઃસ્થળ વિષે વાગ્યું. રૂધિરે કરી ખરડાએલો હું પૃથ્વી ઉપર પડી ગયો. થોડીવાર પછી સંજ્ઞા પામીને મેં બુદ્ધિમાન પરશુરામ ઉપર નિર્મળ એવી એક વજ્ર સરખી શક્તિ મૂકી, જે [illegible] મુખ્ય પરશુરામના વક્ષઃસ્થળને વિષે વાગી; તે વિહ્વળ થયા ને તેમનું શરીર કંપવા લાગ્યું. તેમના સરખા મહા તપસ્વી અકૃતવ્રણ બ્રાહ્મણે, તેમને મળી સુંદર વાક્યે કરી અનેક [illegible] આશ્વાસના કરવા લાગ્યા. આશ્વાસના પામેલા તથા અત્યંત ક્રોધાયમાન થયેલા મોટા [illegible] પરશુરામે, મારી ઉપર શ્રેષ્ઠ એવું એક બ્રહ્માસ્ત્ર મૂક્યું; તે વેળા મેં પણ તે અસ્ત્રનો નાશ કરવા સારૂ તેમની સામે ઉત્તમ એવું બ્રહ્માસ્ત્ર મૂક્યું; તે મેં મૂકેલું પ્રજ્વલિત થઈ પ્રલયના ચિન્હને દેખાડવા લાગ્યું. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! તે મારૂં તથા પરશુરામનું એ બે બ્રહ્માસ્ત્ર મને તથા તેમને પ્રાપ્ત થયા વગર પરસ્પર એકઠાં મળ્યાં, જેથી આકાશમાં મોટું તેજ ઉત્પન્ન થયું, તેથી સર્વ પ્રાણી પીડા પામવા લાગ્યાં, ઋષિ; ગંધર્વ તથા સર્વ દેવતાઓ પીડાયુક્ત થઈ અત્યંત સંતાપને પામ્યા. વળી તે વેળા પર્વત, વન, તથા વૃક્ષ સહિત પૃથ્વી ચલાયમાન થઈ અને સર્વ ભૂત પણ અત્યંત સંતપ્ત થઈ ઘણા ખેદને પામ્યાં, હે રાજન્! આકાશ જ્વલાયમાન થયું તથા સર્વ દિશાઓ ધુમ્ર સરખી ઝાંખી થઈ, તેથી આકાશમાં રહેનાર પ્રાણી ત્યાં રહેવા સમર્થ થયાં નહીં, દેવતા, અસુર તથા રાક્ષસ સહિત સર્વ લોક હાહાકાર કરવા લાગ્યા. એ વેળા હે ભારત! મને પૂર્વે બ્રહ્મવાદિના કહેલાથી વિધિવત તે પ્રસ્વાપ નામનું અસ્ત્ર ઉતાવળથી તેમની ઉપર મૂકવાની ઇચ્છા થઈ. તે જ સમયે તેમને પ્રહાર કરવાની રીતિ પોતાની મેળેજ મારા મનમાં પ્રાપ્ત થઈ.

> प्रस्वापमस्त्रं त्वरितो [illegible]दिनां ।
> [illegible] च तदस्त्रं मे मनसि प्रत्यभा[illegible] ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि [illegible] गुर्जरभाषायां चतुरशीत्यधिकशततमोऽध्यायः ॥ १८४ ॥

અધ્યાય ૧૮૫ મો. રામ અને ભીષ્મનું યુદ્ધ. (ચાલુ)

> भीष्म उवाच—ततो हलहला शब्दो दिवि [illegible] ।
> प्रस्वापं भीष्म मा स्राक्षीरिति कौरवनन्दन ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! આકાશમાં દેવતાઓનો હે [illegible] ભીષ્મ! [illegible] નામનું અસ્ત્ર ન મૂકીશ એમ મોટો હલહલ શબ્દ થયો. [illegible] ઉપર [illegible]

યુદ્ધ વાસ્તે તૈયાર થયેલા મને નારદજીએ આવીને કહ્યું કે હે કૌરવ્ય ! આકાશમાં ઉભેલા દેવગણ તમને પ્રસ્વાપ નામના અસ્ત્ર મૂકવાથી નિવારણ કરે છે; માટે તમે તે ન મૂકશો. પરશુરામ તપસ્વી, બ્રાહ્મણ, બ્રાહ્મણ તથા તમારા ગુરૂ છે, માટે તમારે તેમનું કોઇ રીતે પણ અપમાન કરવું યોગ્ય નથી. હે રાજેંદ્ર દુર્યોધન! એ પ્રમાણે નારદજી વગેરેનાં વચન સાંભળી મેં આકાશ તરફ જોયું, તો પૂર્વે જે આઠ બ્રાહ્મણોએ મને સ્વપ્નમાં દર્શન આપી ઉત્તેજન આપ્યું હતું તે બ્રહ્મવાદિયોને જોયા. તેઓએ હસીને આસ્તેથી મને કહ્યું કે હે ભરતશ્રેષ્ઠ! જેવી રીતે તને નારદજી કહે છે, તેવી રીતે તું જરૂર કર: કેમકે એમ કરવાથી સર્વ લોકનું પરમ કલ્યાણ થશે. હે દુર્યોધન ! આઠ બ્રાહ્મણોનાં વચન સાંભળીને હું પ્રસ્વાપ અસ્ત્રનો સંહાર કરી, યુદ્ધમાં વિધિપૂર્વક બ્રહ્માસ્ત્ર મૂકવાને તૈયાર થયો, પણ હે રાજાઓમાં સિંહ-રૂપ! મેં સંહાર કરેલા પ્રસ્વાપ નામના અસ્ત્રને જોઇને પ્રસન્ન થયેલા પરશુરામ મંદ બુદ્ધિ-વાળા મને આ ભીષ્મ જીત્યો એમ બોલ્યા. પછી તેમણે પોતાના પિતા, પિતામહ તથા પ્રપિતામહને જોયા. તેમના પિતૃઓ તેમની આસપાસ ઉભા રહી સાંત્વનાપૂર્વક કહેવા લાગ્યા કે હે તાત! તું કોઇ દિવસ પણ આવી રીતે સાહસ કામ કરીશ નહીં; અને ક્ષત્રિય એવા ભીષ્મની સામે તો ઘણું કરી કોઇ દિવસ યુદ્ધ કરીશ માં. યુદ્ધ કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે, ને વેદ ભણવા તથા વ્રતાચરણ કરવું એ બ્રાહ્મણોનું પરમ ધન છે. અમે પૂર્વે તને શસ્ત્ર ધારણ નહિ કરવાનું કોઇ કારણને લીધે કહ્યું હતું તોપણ તેં કર્યું. હે મહાબાહો ! હે વત્સ ! આ સંગ્રામમાં ભીષ્મ સાથે તારો સમાગમ થયો એ બહુ સારૂં થયું, કેમકે તેમાં તારો વિમર્દ થયો માટે હવે સંગ્રામ છોડી દે. હે ભાર્ગવ! હે અસહ્ય! તેં આટલા દિવસ ધનુષ ધારણ કર્યું એ બહુ થયું માટે હવે એનો ત્યાગ કરી તપશ્ચર્યા કર. શંતનુના પુત્ર ભીષ્મને સર્વ દેવતાઓએ પ્રસન્ન કરી કહ્યું છે કે, તું તારા ગુરૂ પરશુરામની સાથે યુદ્ધ કરવાથી નિવૃત્ત થા; કેમકે તેમને જીતવા એ કંઇ ન્યાય નથી. હે ગંગાના પુત્ર ભીષ્મ! તું સંગ્રામને વિષે બ્રાહ્મણ એવા પરશુરામને માન આપ. હે રામ! એ પ્રમાણે સર્વ દેવતાઓએ ભીષ્મને વાર્યા તે પછી અમે પણ તારા વડિલ છીયે, માટે તને વારીએ છીયે. હે પુત્ર! શાંતનુ તથા ગંગાનો પુત્ર મોટા યશવાળો આ ભીષ્મ આઠ વસુ દેવતાઓમાંનો એક વસુ છે, વાસ્તે તેની સાથે યુદ્ધ કરી તું જીવે છે તે ઘણું સારૂં છે; કેમકે એ તારાથી જીતાય એવો નથી વાસ્તે યુદ્ધ કરવાથી નિવૃત્ત થા. પાંડવમાં શ્રેષ્ઠ, ઇંદ્રના પુત્ર બળવાન, પરાક્રમી, નર, પ્રજા-પતિ, શૂરવીર, પૂર્વે સનાતન દેવરૂપ તથા સવ્યસાચિ નામે જગતમાં હાલ વિખ્યાત અર્જુન, સમય આવ્યે ભીષ્મના મરણના કારણરૂપ થશે એમ બ્રહ્માએ કહેલું છે.

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! એ પ્રમાણે પિતૃઓએ કહ્યું ત્યારે પરશુરામે તેમને કહ્યું કે, હું યુદ્ધથી નિવૃત્ત થાઉં નહીં, કેમકે એવું મારૂં વ્રત છે જેથી પૂર્વે કોઇ દિવસ પણ રણ-સંગ્રામથી શત્રુને જીત્યા વગર નિવૃત્ત થયો નથી માટે હે પિતામહો! જોઇયે તો ગંગાનો પુત્ર ભીષ્મ સંગ્રામ કરવાથી નિવૃત્ત થાઓ. હું તો કદી પણ આ યુદ્ધથી વિરામ પામીશ નહીં. હે દુર્યોધન! પરશુરામનાં વચન સાંભળી તેમના ઋચિકાદિ પિતૃઓ નારદજી સહિત મારી પાસે આવી મને કહેવા લાગ્યા કે, હે પુત્ર ભીષ્મ! તું આ સંગ્રામથી નિવૃત્ત થા, ને બ્રાહ્મણ એવા પરશુરામને માન આપ. હે રાજન્! એ પ્રમાણે તેઓએ મને કહ્યું ત્યારે મેં તેમને ક્ષત્રિય ધર્મને લીધે આવી રીતે કહ્યું કે, મને પછવાડેથી બાણ વાગતાં ભય થી હું નિવૃત્ત થઇ યુદ્ધમાંથી પાછો વળું એમ કદી પણ બનશે નહીં; કેમકે તેમ ન કરવું એ

મારૂં વ્રત છે. હું લોભ, કૃપણતા, ભય તથા ધનને લીધે પણ શાશ્વત ધર્મનો ત્યાગ કરીશ નહિ, એવી મારી મતિ છે. હે નૃપ! એવાં મારાં વચન સાંભળીને નારદાદિ મુનિયો તથા મારી માતા ગંગા, રણભૂમિના મધ્યમાં આવી ઉભાં, તોપણ દૃઢ નિશ્ચયવાળો એવો હું ધનુષ તથા બાણ ધારણ કરી યુદ્ધ કરવા સારૂ સ્થિર થઇ સંગ્રામભૂમિ વિષે ઉભો રહ્યો. તેઓએ, પરશુરામ પાસે જઇ તેમને કહ્યું કે હે ભાર્ગવ! હે બ્રાહ્મણમાં ઉત્તમ! હે રામ! બ્રાહ્મણનું હૃદય માખણ સરખું કોમળ હોય છે, માટે તમે શાંત થાઓ ને આ યુદ્ધ કરવાથી વિરામ પામો. હે ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા રામ! તારે ભીષ્મને મારવો એ યોગ્ય નથી ને તેણે તને મારવો એ પણ યોગ્ય નથી. હે દુર્યોધન! એ પ્રમાણે પરશુરામને કહીને તે સર્વ રણસંગ્રામની ભૂમિને રૂંધી ઉભા; ને તેઓએ અમને શસ્ત્ર મૂકાવ્યાં. ત્યાર પછી મેં દેદિપ્યમાન બ્રહ્મવાદી આઠ બ્રાહ્મણોને ઉદય પામેલા ગ્રહો સરખા જેયા. તેઓએ રણમાં ઉભેલા મને પ્રેમપૂર્વક વાક્ય કહ્યાં કે હે મહાબાહો! તું તારા ગુરૂ પરશુરામ પાસે જા, ને લોકનું કલ્યાણ કર. હે દુર્યોધન! તેમનાં વચન સાંભળી તથા પોતાના પિતૃઓનાં વચનથી યુદ્ધ કરવાથી નિવૃત્ત થયેલા પરશુરામને જેઇને, મેં લોકના કલ્યાણ સારૂ તે બ્રાહ્મણનાં વચન માથે ચઢાવ્યાં. પછી ઘણા ક્ષત થયા હતા જેને એવા મેં પરશુરામ પાસે જઇ તેમને પ્રણામ કર્યા. મહા તપસ્વી પરશુરામે પ્રેમથી હસી મને કહ્યું કે, હે ભીષ્મ! તારા સરખો પૃથ્વીને વિષે વિચરનાર કોઇપણ ક્ષત્રેય નથી માટે તું જા, કેમકે આ યુદ્ધમાં તારી ઉપર હું અત્યંત પ્રસન્ન થયો છું. હે દુર્યોધન! એ પ્રમાણે મને કહીને પરશુરામ, મારી સમક્ષ અંબા કન્યાને બોલાવીને મહાત્મા પુરૂષોના મધ્યમાં દીનવાણીથી આ પ્રમાણે કહેવા લગ્યા.

मम चैव समक्षं तां कन्यामाहूय भार्गवः ।
वक्तवान दीनया वाचा मध्ये तेषां महात्मनां ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि युद्धनिवृत्तिनाम गुर्जरभाषायां पंचशीत्यधिकशततमोऽध्यायः ॥ १८५ ॥

અધ્યાય ૧૮૬ મો. અંબાનું વેર માટે તપ.

राम उवाच—प्रत्यक्षमेतल्लोकानां सर्वेषामेव भाविनि ।
यथाशक्त्या मया युद्धं कृतं वै पौरुषं परं ॥ १ ॥

પરશુરામ કહે છે—હે ભાવિનિ! મેં સર્વ લોકના જેતાં મારી શક્તિ પ્રમાણે યુદ્ધ કર્યું તથા પરમ પરાક્રમ પણ કર્યું તોપણ હું ઉત્તમ અસ્ત્ર મૂકતા એવા શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ ભીષ્મને જીતવા સમર્થ થયો નહીં. હે કલ્યાણિ! મારામાં એટલીજ શક્તિ તથા એટલુંજ બળ છે; માટે હવે તારી ઇચ્છા હોય ત્યાં જા, અથવા આ વાત વિના બીજું તારૂં જે કામ હોય તે કહે. તું ભીષ્મને શરણે જા, તે વિના બીજો કોઇ ઉપાય નથી; કેમકે મોટાં અસ્ત્ર મૂકતાં તેણે મને યુદ્ધમાં જીત્યો છે. હે દુર્યોધન! એ પ્રમાણે કહીને પરશુરામ મોટા નિઃશ્વાસ મૂકી ચૂપ થઇ બેસી રહ્યા; ત્યારે અંબા કન્યાએ ભૃગુનંદનને કહ્યું કે હે ભગવન્! જેવી રીતે તમે કહો છો, તેવીજ રીતે યુદ્ધમાં દેવતાઓએ પણ અજેય ઉદારબુદ્ધિવાળા ભીષ્મ છે, ને તમે તમારામાં જેવી શક્તિ તથા જેવો ઉત્સાહ હતો, તે વાપરી મારૂં કામ કર્યું

પાત્રાં. અન્ત ક્યેી. યુદ્ધમાં ભીષ્મના પરાક્રમને તથા વિવિધ અસ્ત્રને છેવટ પર્યંત પણ નિવારણ કરી શકાય તેમ નથી. હે પરશુરામ! હું હવે ફરીથી ભીષ્મની પાસે જઇશ નહીં. જ્યાં ગયેથી સંગ્રામમાં હું પોતે ભીષ્મને પાડી શકું એવો ઉપાય મળશે ત્યાં જઇશ. એ પ્રમાણે પરશુરામને કહીને ક્રોધથી વ્યાકુળ નેત્રવાળી તથા તપ કરવામાં નિશ્ચયવાળી અંબા મારા વધના ઉપાય ચિંતન કરતી ત્યાંથી ચાલી નિકળી. હે ભારત! ભૃગુકુળમાં શ્રેષ્ઠ પરશુરામ મારી રજા લઇને, પોતાના સંઘાતના સર્વ મુનિયો સહિત જેવી રીતે આવ્યા હતા તેવી રીતે પાછા મહેંદ્ર પર્વત તરફ ગયા. બ્રાહ્મણોએ સ્તુતિ કરેલા મેં રથમાં બેસી હસ્તિનાપુરમાં જઇને, મારી માતા સત્યવતીને બનેલું તે સર્વ વૃત્તાંત અથેતિ કહી સંભળાવ્યું; ત્યારે તેણે, મને શાબાશી આપી. ત્યાર પછી મેં મારૂં પ્રિય તથા હિત ઇચ્છનાર બુદ્ધિમાન મનુષ્યોને, તે કન્યાનું વૃત્તાંત જાણવા સારૂ પૃથ્વીને વિષે સર્વત્ર મોકલ્યા; જેઓ તેની ગતિ, તેનું ભાષણ તથા ચેષ્ટા દિવસે દિવસ આવી મને કહેતા હતા. જ્યારે તે કન્યા વનમાં જઇ તપ કરવા લાગી એવું મેં સાંભળ્યું; ત્યારે ખેદયુક્ત હું ચિત્ત વગરના નર સરખો દીન થયો. હે પુત્ર દુર્યોધન! તપે કરી તીક્ષ્ણ વ્રતવાળા બ્રહ્મવેત્તા વિના કોઇ ક્ષત્રિયે પરાક્રમે કરી મને યુદ્ધમાં જીત્યો નથી એવો હું છું. તોપણ મેં તે કન્યા તપ કરવા લાગી, એ તેનું વૃત્તાંત નારદજીને તથા વ્યાસજીને કહી સંભળાવ્યું. તે બેઉએ મને કહ્યું કે હે ભીષ્મ! તારે કાશીરાજાની કન્યા અંબા સંબંધી કંઇ પણ ખેદ કરવો નહીં; કેમકે દૈવને કોઇ પણ પુરૂષ પરાક્રમે કરી ટાળવા સમર્થ નથી. હે મહારાજ દુર્યોધન! હવે તે અંબા યમુનાના તીર ઉપરના આશ્રમ મંડળમાં જઇને મનુષ્યોથી ન બની શકે એવું તપ કરવા લાગી, તે આવી રીતે કે આહાર નહિ કરવાને લીધે શરીરે દુર્બળ તથા રૂક્ષ થયેલી, કેશની જટા કરેલી, શરીર ઉપર જેને મેલ ઘણો લાગ્યો હતો એવી તથા તપરૂપ ધનવાળી તે કન્યાએ છ માસ સુધી વાયુનું ભક્ષણ કરી તપ કર્યું, ને છ માસ પર્યંત યમુનાના જળનો આશ્રય કરીને વૃક્ષના થુંબડાની પેઠે નિશ્ચલ ઉભાં રહી તપ કર્યું અને બીજું એક વર્ષ આહાર માત્રનો ત્યાગ કરી પાણીમાં નિવાસ કરીને તપ કર્યું. ત્યાર પછી વળી તીવ્ર કોપવાળી તે કન્યાએ માત્ર એક સુકા પાંદડાંનો આહાર કરી પગના અગુંઠા ઉપર ઉભાં રહીને, એક વર્ષ પર્યંત તપ કર્યું. એ પ્રમાણે બાર વર્ષ પર્યંત તપ કરીને તેણે તેના પ્રભાવથી દ્યાવાપૃથ્વીને તપાયમાન કરી. તેના સંબંધિયો તેની પાસે આવી તેને તપથી નિવૃત્ત કરવા લાગ્યા. પણ તેઓ તેમ કરવા સમર્થ થયા નહીં. પછી તે સિદ્ધ તથા ચારણોએ સેવેલી અને પુણ્યશીલ તપસ્વિયોના આશ્રમ રૂપ વત્સ ભૂમિ પ્રત્યે ગઇ, ને ત્યાંના પવિત્ર તીર્થમાં દિવસ તથા રાત્રિની વેળાએ સ્નાન કરી પોતાની ઇચ્છા પ્રમાણે ફરવા લાગી. ત્યાર પછી હે મહારાજ! તે કન્યા દુષ્કર વ્રતનો આશ્રય કરી નંદ, ઉલૂક તથાં ચ્યવનના આશ્રમ, બ્રહ્માના સ્થાન, પ્રયાગ, દેવયજન, દેવારણ્ય, ભોગવતી, કૌશિક, માંડવ્ય, તથા દિલીપના આશ્રમ, રામહ્રદ અને પૈલ તથા ગર્ગના આશ્રમનાં તીર્થ વિષે જઇ સ્નાન કરવા લાગી. હે કૌરવ્ય! જળમાં રહેલી મારી માતા ગંગાએ તે કન્યાને કહ્યું કે હે કલ્યાણિ! તું શા માટે આવા કલેશને સહન કરે છે? તે મને સત્ય કહે. શુભ એવી તે કન્યાએ હાથ જોડીને ગંગાને કહ્યું કે હે સુંદર નેત્રવાળી! ભીષ્મે સંગ્રામમાં પરશુરામને જીત્યા છે, માટે ઉગામેલા બાણવાળા તેને જીતવા બીજો કોઇ રાજા ઉત્સાહ કરે તેમ નથી માટે હે દેવિ! હું તેનો વિનાશ કરવા સારૂ અત્યંત દારૂણ તપ કરીશ, ને તેને માટે આ પૃથ્વીને વિષે વિચરૂં છું; મારા વ્રતનું ફળ એજ મને પ્રાપ્ત થાઓ. હે દુર્યો-

ધન! એવાં તે કન્યાનાં વચન સાંભળી, મારી માતા ગંગાએ તેને કહ્યું કે હે અબળા! હે સુંદર દેહવાળી! તું કપટથી વ્રતાચરણ કરે છે, માટે તારી ધારેલી કામના પૂર્ણ થશે નહીં. હે કાશીરાજાની કન્યા! જો તું ભીષ્મનો નાશ કરવા સારૂ વ્રતાચરણ કરે છે, પણ જો તે કરતાં કરતાંજ તારૂં શરીર પડી જશે, તો વર્ષાઋતુમાં વહેનારી, દુષ્ટ તીર્થરૂપ ભયંકર ઝુંડવાળી, તથા સર્વ ભૂત પ્રાણીને ભય ઉપજાવનારી એકાદ નદી થઇશ. હે રાજપુત્ર! એ પ્રમાણે કાશીરાજ કન્યાને કહીને મોટી ભાગ્યશાળી મારી માતા ગંગા નિવૃત્ત થઇ ત્યારે પછી શ્રેષ્ઠ સ્વરૂપવાળી તે કન્યા અંબા પૂર્વે કોઇ વેળા આઠમે અથવા દશમે માસે જળપાન કરતી હતી, તે પણ છોડી દઇ તીર્થના લોભથી ફરતી ફરતી પાછી વત્સભૂમિ પ્રત્યે આવી. ત્યાર પછી તે કન્યા ઘણા ઝુંડવાળી, દુષ્ટ તીર્થરૂપ તથા વાંકી વહેનારી અંબા નામની નદી થઇ તે આવી રીતે કે, વત્સદેશમાં તેના અર્ધ દેહની નદી થઇ અને તપના પ્રભાવથી બાકીનો અર્ધો દેહ કન્યારૂપ રહ્યો.

सा कन्या तपसा तेन देहार्धेन व्यजायत ।
नदी च राजन् वत्सेषु कन्या चैवाभवत्तदा ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि अंबातपस्यायां गुर्जरभाषायां षडशीत्यधिकशततमोऽध्यायः ॥ १८६ ॥

અધ્યાય ૧૮૭ મો. અંબાનું બળી મરવું.

भीष्म उवाच—ततस्ते तापसाः सर्वे तपसे धृतनिश्चयां ।
दृष्ट्वान्यवर्तयस्तात किं कार्यमिति चाब्रुवन् ॥ १ ॥

ભીષ્મ કહે છે–હે તાત દુર્યોધન! ત્યારપછી સર્વ તપસ્વી પુરૂષો, તપ કરવાનો નિશ્ચય કર્યો હતો જેણે એવી તે કન્યાને જોઇને, તેથી તેને નિવૃત્ત કરતાં કહેવા લાગ્યા કે, તારે તપે કરીને શું કરવાનું છે? તેમનાં વચન સાંભળીને અંબાએ તપોવૃદ્ધ તેઓને કહ્યું કે હે તપોધન! મને ભીષ્મે તિરસ્કાર કરી પતિધર્મથી ભ્રષ્ટ કરી છે માટે મે તેનો નાશ કરવા સારૂ આ તપ કરવાની દીક્ષા લીધી છે, પરલોકની પ્રાપ્તિ સારૂ લીધી નથી. જ્યારે હું ભીષ્મને મારૂં, ત્યારેજ મારા મનમાં શાંત થય એવો મારો દૃઢ નિશ્ચય છે; જેને લીધે નિરંતર દુઃખરૂપ અવસ્થાને પામી છું, પતિલોકથી ભ્રષ્ટ થઇ છું અને સ્ત્રીપણા અથવા પુરૂષપણાને વાસ્તે હે તપોધન બ્રાહ્મણો! હું ગંગાપુત્ર ભીષ્મને યુદ્ધમાં માર્યા વગર નિવૃત્તિ નહીં પામું એ મારા મનનો સંકલ્પ છે, જે મેં તમને કહી સંભળાવ્યો. હે ઋષિયો! સ્ત્રી ભાવને વિષે ઇચ્છા વગરની તથા પુરૂષ ભાવને વિષે ઇચ્છાવાળી હું પુરૂષ થઇને, ભીષ્મ પાસેથી મારા વૈરનો બદલો લઇશ; માટે તમારે મને તે કામથી અટકાવવી નહીં. હે દુર્યોધન! એ પ્રમાણે તે કન્યા બ્રાહ્મણોને કહેતી હતી, તે વેળા જેના હાથમાં મોટું ત્રિશૂળ છે એવા પાર્વતીના પતિ મહાદેવે ઋષિયોની મધ્યમાં આવી તપસ્વિની તે કન્યાને દર્શન આપીને 'તું મારાથી વરદાન માગ' એમ કહ્યું. તેણે મને મારવાનું વરદાન માગ્યું; એટલે દેવે મનસ્વિની તું તેનો નાશ કરીશ એવું વરદાન આપ્યું. વળી તે કન્યાએ રૂદ્રને કહ્યું કે હે દેવ! હું સ્ત્રીરૂપ છું તેનો યુદ્ધમાં જય કેમ થશે! હે પાર્વતીપતિ! હું સ્ત્રીરૂપ છું તેથી

મારૂં મન સ્ત્રીધર્મથી રહિત છે, ને તમે 'તું ભીષ્મનો નાશ કરીશ; એવો મને વર આપ્યો તે શું? હે વૃષધ્વજ! જેવી રીતે તમારૂં વાક્ય સત્ય થાય ને હું યુદ્ધમાં ભીષ્મનો નાશ કરૂં, તેવી રીતે તમે કરો. હે રાજન્! એવાં તે કન્યાનાં વચન સાંભળીને મહાદેવજીએ કહ્યું કે હે કલ્યાણિ! મારી વાણી ખોટું ભાષણ કરતી નથી, માટે મારૂં બોલવું સત્યજ થશે. તું બીજા જન્મમાં પુરૂષપણાને પામીને યુદ્ધમાં ભીષ્મનો નાશ કરીશ, આ વૃત્તાંત તને સાંભરશે. હે કલ્યાણિ! તું દ્રુપદ રાજાના કુળને વિષે કન્યારૂપે અવતરીશ, ને કેટલોક કાળ જશે ત્યારે શીઘ્ર અસ્ત્ર મૂકનાર, વિચિત્ર રીતે યુદ્ધ કરનાર તથા માન્ય એવો મહારથિ પુરૂષ થઇશ ને મારા કહેવા પ્રમાણે સર્વ થશે. હે ભારત! એ પ્રમાણે કહીને કપર્દિ વૃષભધ્વજ મહાદેવજી, તે સર્વ બ્રાહ્મણો જોતાં અંતર્ધાન થયા. પછી શ્રેષ્ઠ સ્વરૂપવાળી અનંદિતા તે કન્યાએ, સર્વ ઋષિયો જોતાં વનમાંથી કાષ્ટ એકઠાં કરી, તેની ચિતા ખડકી, તેમાં અગ્નિ મૂક્યો. હે રાજન્! જ્યારે તે પ્રજ્વલિત થયો, ત્યારે ક્રોધયુક્ત ચિત્તને લીધે, હું ભીષ્મને મારવા સારૂં અગ્નિમાં પ્રવેશ કરૂં છું, એમ કહીને, કાશીરાજાની જ્યેષ્ઠ કન્યાએ યમુના નદીની સમીપ તેમાં પ્રવેશ કર્યો.

उक्त्वा भीष्मवधायेति प्रविवेश हुताशनं ।
ज्येष्ठा काशिसुता राजन् यमुनामभितो नदीं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि अंबाहुताशनप्रवेशे गुर्जरभाषायां सप्ताशीत्यधिकशततमोऽध्यायः ॥ १८७ ॥

અધ્યાય ૧૮૮ મો. શિખંડિની ઉત્પત્તિ.

दुर्योधन उवाच—कथं शिखंडी गांगेय कन्याभूत्वा पुरा तदा ।
पुरुषो भूधाधि श्रेष्ठ तन्मे ब्रूहि पितामह ॥ १ ॥

દુર્યોધન પૂછે છે—હે ગંગાપુત્ર! હે યુદ્ધને વિષે શ્રેષ્ઠ! હે પિતામહ! શિખંડિ પ્રથમ કન્યા હતો, ને તે પાછો પુરૂષ કેમ થયો? તે મને કહો. ભીષ્મ કહે છે—હે પૃથ્વીપતિ રાજેન્દ્ર દુર્યોધન! પૃથ્વીપતિ દ્રુપદરાજાની અતિ પ્રિય અને પુત્ર વગરની એક સ્ત્રી હતી. તે વેળા હે મહારાજ! પૃથ્વીપત દ્રુપદે મારા વધનો મનમાં નિશ્ચય કરી, પોતાને પુત્રની પ્રાપ્તિ થાય તે સારૂ મહાદેવજીને પ્રસન્ન કરતાં ઘોર તપ કરવા માંડ્યું. કન્યા વગર અને પુત્ર થાય એમ કહેતાં કહ્યું કે હે ભગવન્! હું ભીષ્મને મારવાની ઇચ્છાથી મને પુત્ર થાય એમ ઇચ્છું છું. હે દુર્યોધન! એ પ્રમાણે દ્રુપદે કહ્યું, ત્યારે મહાદેવજીએ તેને કહ્યું કે—હે રાજન્! તને "આ પુરૂષ સંતાન થશે," પ્રથમ કન્યા અને કેટલેક કાળે તે પાછો પુત્ર થશે; માટે હવેથી તું તપ કરવાથી નિવૃત્ત થા, જે ભાવિ છે તે અન્યથા થશે નહીં. હે ભારત! મહાદેવજીનાં વચન સાંભળીને દ્રુપદ રાજા, પાછો પોતાના શહેર પ્રત્યે ગયો અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે મેં પુત્રની પ્રાપ્તિ થાય તે સારૂ મોટો યત્ન કર્યો છે ને તપે કરી મહાદેવજીને પ્રસન્ન કર્યા છે. ત્યાં તેમણે મને પ્રથમ કન્યા થઇ પછી તે પુત્ર થશે એમ કહ્યું. તે વેળા હે પ્રિયે! મેં એમ ન થાઓ એમ વારંવાર પ્રાર્થના કરી તોપણ મહાદેવે એમ કહ્યું કે એમજ થશે; કારણ ભાવિ છે તે અન્યથા થતું નથી. હે દુર્યોધન! પછી મનસ્વી એવી દ્રુપદ

રાજાની સ્ત્રિએ, ઋતુકાળ વેળાએ આહારાદિ વિષે સાવધાન રહી પોતાના પતિ સાથે એકાંતમાં પ્રવેશ કર્યો. હે મહિપાળ! તે સ્ત્રિએ પોતાના પતિથી શાસ્ત્રમાં કહેવા પ્રમાણે ગર્ભાધાન સંસ્કારપૂર્વક ગર્ભ ધારણ કર્યો. નારદજીએ મને તે સર્વ વૃત્તાંત કહેલું હતું. હે કુરૂનંદન! મહાબાહુ દ્રુપદ રાજા, પુત્ર પ્રાપ્ત થવાની આશાથી પ્રિય સ્ત્રીની ઇચ્છા પ્રમાણે ખાનપાનાદિ તેને આપવા લાગ્યો; તેથી તે પોતાના ઇચ્છિતને પામતી. હે નરાધિપ! પુત્ર વગરના દ્રુપદ રાજાની તે સ્ત્રી પ્રસૂત થતી વખતે શ્રેષ્ઠ સ્વરૂપવાળી કન્યાને પ્રસૂત થઇ ને સર્વને કહેવા લાગી કે, મને પુત્ર ઉત્પન્ન થયો છે. એવાં પોતાની સ્ત્રીનાં વચન સાંભળીને દ્રુપદ રાજાએ, છાની રાખેલી તે કન્યાને પુત્રની પેઠે સર્વ કાર્ય કરાવ્યાં. પછી દ્રુપદ રાજાની સ્ત્રિએ પોતાને પુત્રી ઉત્પન્ન થઇ છે તેની કોઇને ખબર ન પડે, માટે આ મારો પુત્ર છે એમ કહીને, યત્નથી તે ગુપ્ત વાર્તાની કોઇને કશી ખબર પડવા દીધી નહીં; તેથી એ વાર્તા દ્રુપદ વગર તે શહેરમાં બીજું કોઇપણ જાણતું ન હતું. દ્રુપદે પણ ઘણા તેજવાળા મહાદેવજીનાં વચન ઉપર વિશ્વાસ રાખીને, આ પુત્ર છે એમ કહી તે વાત છુપી રાખી; તેને જાતકર્માદિ સર્વ સંસ્કાર પુરૂષના કરાવી. શિખંડિ એવું તેનુ નામ પાડ્યું. હે દુર્યોધન! મહાદેવજીનાં વરદાનરૂપ વાક્યથી તથા અંબાના તપથી દ્રુપદને ત્યાં કન્યા ઉત્પન્ન થઇ, એ વાર્તા નારદજીના કહેવાથી તથા મારા નોકરોના કહેવાથી હું જાણી ગયો.

अहमेकस्तु चारेण वचनान्नारदस्य च ।
ज्ञातवान्देववाक्येन अंबायास्तपसा तथा ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि शिखंड्युत्पत्तौ गुर्जरभाषायामष्टाशीत्याधिकशततमोऽध्यायः ॥ १८८ ॥

અધ્યાય ૧૮૯ મો. શિખંડિનો વિવાહ.

भीष्म उवाच—चकार यत्नं द्रुपदः सुतायाः सर्वकर्मसु ।
ततो लेख्यादिषु तथा शिल्पेषु च परंतप ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે શત્રુને તપવનાર દુર્યોધન! દ્રુપદરાજા પોતાની પુત્રીને સર્વ કાર્યને વિષે તથા ચિત્ર કાઢતાં શીખવવા વિષે તે રહસ્યની કોઇને ખબર ન પડે માટે તેનો ઘણો યત્ન કરતો હતો. પછી હે મહારાજ! શિખંડિ કન્યા રૂપ પુત્ર, બાણ તથા અસ્ત્ર વિદ્યા શિખવા સારૂ દ્રોણાચાર્યનો શિષ્ય થયો. હે મહારાજ! સુંદર એવી તે દ્રુપદ રાજાની સ્ત્રિએ, તે પોતાની કન્યાને પુત્રની પેઠે તેની સ્ત્રી કરવાનું પોતાના પતિને કહ્યું ત્યારે દ્રુપદ પ્રાપ્ત થયેલા યૌવનવાળી તે કન્યાને જોઇને, 'આ સ્ત્રી છે' એમ જાણી પોતાની સ્ત્રી સહિત ચિંતાયુક્ત થયો ને સ્ત્રીને કહેવા લાગ્યો કે હે સ્ત્રિ! મને શોક વધારનારી આ કન્યા યુવાવસ્થાને પામી મહાદેવજીના કહેવાથી મેં એને ગુપ્ત રાખી છે. હે દુર્યોધન! દ્રુપદનાં વચન સાંભળી સ્ત્રિએ કહ્યું કે હે મહારાજ! મહાદેવજીએ જે કહ્યું છે, તે કદી મિથ્યા થશે નહીં કેમકે ત્રણ લોકના કર્તાને વૃથા બોલવું એ યોગ્ય નથી. હે પૃષતાત્મજ રાજા! તમને વચન રૂચે, તો હું તમને કહું તે તમે સાંભળો. પછી પોતાના વિચાર પ્રમાણે કરો. હે રાજન્! આ શિખંડિને યત્નથી વિધિપૂર્વક સ્ત્રી પરણાવો કેમકે મહાદેવજીએ કહેલું વચન સત્ય છે

એમ મને નિશ્ચયજ છે. હે દુર્યોધન! સ્ત્રીનાં વચન સાંભળી દ્રુપદ રાજાએ, પોતાની સ્ત્રી સહિત તે કામ કરવાનો નિશ્ચય કર્યો; ને દશાર્ણ દેશના હિરણ્યવર્મા રાજાની કન્યાની માગણી કરવી એમ ધાર્યું. ત્યાર પછી રાજાઓમાં સિંહરૂપ દ્રુપદ રાજાએ સર્વ રાજાઓનાં કુળ તથા ગોત્રાદિ સાંભળી દશાર્ણ દેશના હિરણ્યવર્મા રાજાની કન્યાની કન્યારૂપ પુત્ર શિખંડિ સારૂ માગણી કરી. દશાર્ણ દેશમાં મોટા, અત્યંત દુર્જય, દુર્ધર્ષ, મોટી સેનાવાળા તથા મોટા મનવાળા હિરણ્યવર્મા રાજાએ પોતાની કન્યા શિખંડિને વાગ્દાનરૂપે આપી. પછી હે રાજાઓમાં શ્રેષ્ઠ! જ્યારે તેમનો વિવાહ કર્યો, ત્યારે તે કન્યા યુવાવસ્થાને પામી અને તે કન્યારૂપ શિખંડિની પણ તેને પામી. પછી વિવાહ કર્યો હતો જેનો એવો કન્યારૂપ દ્રુપદ પુત્ર શિખંડિ, પાછો કાંપિલ્ય નામના શહેર પ્રત્યે આવ્યો. કેટલેક કાળે હિરણ્યવર્મા રાજાની તે કન્યાએ, શિખંડિને સ્ત્રી છે એમ જાણી પોતાના ગૃહથી આવેલી દાસીયો તથા પોતાની સખિયો પાસે લજ્જાથી તે વાત કરી. હે રાજન્! તે કન્યાની દાસીયોએ તે વાર્તા સાંભળી અત્યંત પીડાયુક્ત થઇ હિરણ્યવર્મા રાજાને તે વાતની ખબર આપવા સારૂ દૂતો મોકલ્યા. તેઓએ રાજા પાસે જઇને, દ્રુપદે જે કપટ કર્યું છે, તે તથા ત્યાંનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું જેથી દ્રુપદ ઉપર તે અત્યંત ક્રોધયુક્ત થયો. હે મહારાજ! શિખંડિ તો પોતાને સ્ત્રીપણું છે તેને નહીં પસંદ કરતો હર્ષયુક્ત થઇને પુરૂષની પેઠે રાજકુળમાં વિચર્યા કરતો હતો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ રાજા દુર્યોધન! હિરણ્યવર્મા રાજા વિવાહ થયા પછી કેટલેક દિવસે તે વાર્તા સાંભળીને, ક્રોધયુક્ત તથા ખેદયુક્ત થયો. પછી અત્યંત ક્રોધયુક્ત થયેલા દશાર્ણ દેશના હિરણ્યવર્મા રાજાએ, દ્રુપદ રાજાના ગૃહ પ્રત્યે એક દૂત મોકલ્યો. હિરણ્યવર્મા રાજાનો તે દૂત દ્રુપદ રાજા પાસે આવીને, તેને એકાંતમાં લઇ જઇ કહેવા લાગ્યો કે હે રાજન્! તમે કપટ કરી છેતરવારૂપે પરાભવ કરવાને લીધે ક્રોધ પામેલા દશાર્ણ દેશના હિરણ્યવર્મા રાજાએ તમને આવી રીતે કહ્યું છે કે, હે રાજન્! તેં પોતાની શિખંડિની નામની કન્યા સારૂ મારી પાસે મારી કન્યાની માગણી કરી મારૂં અપમાન કર્યું છે તે દુષ્ટ મનસુબાથી કર્યું છે માટે હે દુષ્ટ મતિવાળા દ્રુપદ! મને છળ કરવાના ફળને તું આજ પામ. આ હું જન તથા પ્રધાન સહિત તારો સમૂળ નાશ કરીશ, તું સ્થિર થા.

तस्याद्यविप्रलंभस्य फलं प्राप्नुहि दुर्मते ॥
एषत्वां सजनामात्यमुद्धरामि स्थिरोभव ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि हिरण्यवर्मदूतागमने गुर्जरभाषाबामूननवत्यधिकशततमोऽध्यायः ॥ १८९ ॥

અધ્યાય ૧૯૦ મો. દ્રુપદ સામે હિરણ્યવર્મા.

भीष्म उवाच—एवमुक्तस्य दूतेन द्रुपदस्य तदा नृप ।
चोरस्येव गृहीतस्य न प्रावर्तत भारती ॥ १ ॥

ભીષ્મ કહે છે—હે નૃપ દુર્યોધન! એ પ્રમાણે હિરણ્યવર્મા રાજાના દૂતે કહ્યું ત્યારે દ્રુપદરાજા પકડેલા ચોરની પેઠે કંઇ પણ બોલી શક્યો નહીં. પછી તેણે મધુર બોલનાર દૂતોને રાજા પાસે મોકલી, તમારા કહેવરાવ્યા પ્રમાણે નથી, એમ તેને કહેવરાવીને, સંબંધી

રાજાને માન આપવાનો યત્ન કર્યો, તોપણ તે રાજા, દ્રુપદની શિખંડિની નામની કન્યા છે એમ જાણીને, તેની સામે યુદ્ધ કરવા સારૂ ઉતાવળ કરી પોતાના શહેરમાંથી નિકળવા તૈયાર થયો. તેણે દાઇયોનાં વચનથી પોતાની કન્યાનું સંકટ જોઇને, ઘણા પરાક્રમવાળા પોતાના મિત્રો હતા તેમને તે વાર્તા કહી મોકલી; જેથી તેઓ સર્વ રાજાને આવી મળ્યા. હે ભારત! એ પ્રમાણે સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ હિરણ્યવર્મા રાજાએ, પોતાની સેનાના સમુદાયને એકઠો કરીને, દ્રુપદ સાથે યુદ્ધ કરવા જવાનો વિચાર કર્યો. ત્યારે હે રાજેંદ્ર દુર્યોધન! રાજાએ પોતાના મંત્રિ તથા આવેલા રાજાઓ સાથે દ્રુપદ સામે ચઢાઇ કરવા વિષે મનસુબો કરવા માંડ્યો. તે વેળા મહાત્મા રાજાઓએ નિશ્ચય કરી હિરણ્યવર્મા રાજાને કહ્યું કે. હે રાજન્! જો દ્રુપદની શિખંડિની નામની કન્યા છે એમ સત્ય હોય તો આપણે પંચાળ દેશમાં કોઇ બીજાને રાજા કરી, તે રાજાને બાંધી અહીં લઇ આવી શિખંડિ સહિત મરાવી નાખીએ. હે દુર્યોધન! રાજાઓનાં વચન સાંભળી દ્રુપદનું તે કપટ છે એમ જાણીને હિરણ્યવર્મા રાજાએ તેની પાસે વળી દૂત મોકલી કહેવરાવ્યું કે, હું તારો નાશ કરીશ માટે સાવધાન થઇ સ્થિર થા!

ભીષ્મ કહે છે—હે દુર્યોધન! હિરણ્યવર્મા રાજાનાં દૂતથી વચન સાંભળીને પ્રકૃતિએ કરી કોમળ પૃથ્વીપતિ દ્રુપદ પોતે અપરાધી હોવાથી ખેદયુક્ત થયો ને શોકને લીધે મૂર્છિત થઇ, તે દૂતોને પાછા તે રાજા પાસે મોકલી, એકાંતમાં પોતાની સ્ત્રી પાસે આવી કહેવા લાગ્યો કે હે સ્ત્રિ! મહા બળવાન આપણો સંબંધી હિરણ્યવર્મા રાજા મોટી સેના લઇને, ક્રોધથી મારી સામે યુદ્ધ કરવા આવશે. મૂઢ એવાં આપણે બેઉ, આ કન્યા સંબંધી શું કરીશું? કેમકે તે રાજાને શિખંડિ નામના તારા પુત્ર વિષે, કન્યા છે એવી શંકા ગઇ છે ને દ્રુપદે મને છેતર્યો છે એમ તે જાણે છે; માટે પોતાના મિત્ર તથા સૈન્ય સહિત યત્નથી મને મારવા ઇચ્છે છે. હે શ્રેષ્ઠ સ્ત્રિ! આ વેળા શું કરવાથી આપણું સારૂં થાય, ને શું કરવાથી ખરાબ ન થાય, એ મને સુઝતું નથી માટે બોલ શું કરવું? તારા કહેવા પ્રમાણે હું કરીશ. હે વરવર્ણિનિ! હું મોટા સંશયને પામ્યો છું. આ શિખંડિની બાળક છે અને તું પણ આ કારણથી મહત્કષ્ટને પામી છે. આપણું સર્વ દુઃખ ટળી જાય તે સારૂ હું તને પૂછું છું; માટે જે કરવાનો ઉપાય હોય, તે તું મને ઉતાવળે કહે, જેથી તારા કહેવા પ્રમાણે હું કરૂં. હે શ્રેષ્ઠ કટિપશ્ચાદ્ ભાગવાળી સ્ત્રિ! તું આ આપણી કન્યા શિખંડિની વિષે કંઇપણ ભય કરીશ માં; મહાદેવજીના વાકયથી છેતરાયેલો હું દયાએ કરી તમારૂં બેઉનું ધારણ તથા પોષણ કરીશ. પણ હે મોટા ભાગ્યવાળી! મેં દશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માને છેતર્યો છે; માટે હવે આપણું જે કરવાથી હિત થાય તે મને કહે, તારા કહેવા પ્રમાણે હું કરીશ. હે દુર્યોધન! રહસ્યને જાણતા એવા દ્રુપદે બીજા સર્વને તેની ખબર પડે, માટે એ પ્રમાણે પોતાની સ્ત્રીને કહ્યું ત્યારે તે સ્ત્રી સર્વના સાંભળતાં પોતાના પતિને પ્રત્યુત્તર આપવા તૈયાર થઇ.

जानता हि नरेंद्रेण ख्यापनार्थं परस्य वै ।
प्रकाशं चोदिता देवी प्रत्युवाच महीपतिं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि द्रुपदप्रश्ने द्रुपदपत्न्यां नवत्यधिकशततमोऽध्यायः ॥ १९० ॥

અધ્યાય ૧૯૧ મો. દ્રુપદનું ગભરાવું.

भीष्म उवाच—ततः शिखंडिनो माता यथा तत्त्वं नराधिप ।
आचचक्षे महाबाहो भर्त्रे कन्यां शिखंडिनीं ॥ १ ॥

ભીષ્મ કહે છે–હે નરાધિપ! હે મહાબાહો દુર્યોધન! શિખંડિની માતા પોતાના પતિને શિખંડિની કન્યા સંબંધી સર્વ વાર્તા યથાર્થ કહેવા લાગી કે–હે રાજન્! પુત્ર વગરની મેં શોકના ભયથી આ શિખંડિની કન્યા ઉત્પન્ન થઇ હતી, તોપણ પુત્ર થયો એમ કહ્યું હતું. હે રાજાઓમાં શ્રેષ્ઠ! તમે મારા કહેવાને સ્વીકારી કન્યાને પુત્રની પેઠે સંસ્કાર કર્યા; અને દશાર્ણ દેશના રાજાની કન્યા પણ પરણાવી મેં પણ તમને મહાદેવજીએ કહેલાં વાક્ય જે કન્યા થઇ પાછો પુત્ર થશે, તે ઉપર ભરોસો રાખી આટલા દિવસ સુધી તે વાર્તા ગુપ્ત રાખી હતી. હે ભારત! પોતાની સ્ત્રીનાં વચન સાંભળીને દ્રુપદ રાજાએ, પોતાના મંત્રિયોને બોલાવી તે વાર્તા યથાર્થ કહી સંભળાવી; ને જેમ પ્રજાના રક્ષણ સંબંધી વિચાર કરે, તેમ તેમની સાથે હવે પછી શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. હે નરેંદ્ર દુર્યોધન! તે રાજાએ પોતાના મંત્રિયોને મેં હિરણ્યવર્મા રાજા સાથે સંબંધ ઘણું કરી મહાદેવજીના વાક્ય ઉપર ભરોંસો રાખી કર્યો છે, કંઇ તેને છળ કરવા સારૂ કર્યો નથી, એમ કહીને હવે પછી કરવાના કાર્યનો નિશ્ચય કર્યો. હે ભારત! સમીપ આવતા ભયને જાણી દ્રુપદે, સાધારણ રીનિથી સદૈવ રક્ષણ કરેલા તથા શોભાયમાન પોતાના શહેરની અત્યંત રક્ષા કરાવી ને હિરણ્યવર્મા રાજા સાથે વિરોધ થવાને લીધે પોતાની સ્ત્રી સહિત અત્યંત પીડાયુક્ત થઇ વિચાર કરવા લાગ્યો કે, સંબંધી એવા દશાર્ણ રાજા સાથે મને મોટો વિગ્રહ કેમ ન થાય, એમ વિચારીને દ્રુપદ, દેવતાઓનું પૂજન કરવા લાગ્યો. ત્યારે તે જોઇને તેની સ્ત્રી તેને કહેવા લાગી કે હે સ્વામિ! સુખ અવસ્થાને વિષે સત્પુરૂષોએ દેવતાઓની પૂજા કરવી યોગ્ય છે, ત્યારે દુઃખ સમુદ્રને પ્રાપ્ત થઇ તેમ કરવુ યોગ્ય હોય એમાં આશ્ચર્ય શું! માટે તમે જેમ દેવતાઓનાં પૂજન કરો છો, તેમ બ્રાહ્મણોનાં પણ પૂજન કરો, ને તેમને ઘણી દક્ષિણા આપો તથા અગ્નિમાં આહુતિ આપો જેથી હિરણ્યવર્મા રાજા પોતાની મેળે પાછો હઠી જાય. હે સમર્થ! તે રાજા તમારી સામે યુદ્ધ કર્યા વગરજ નિવૃત્ત થાય એવું તમે પોતાના મનમાં દેવતાઓ પાસે માગો; જેથી તેમના પ્રસાદે કરી તમારા ચિંતન પ્રમાણે થશે. હે મોટાં નેત્રવાળા! તમે પોતાના મંત્રિયો સાથે જે વિચાર કર્યો હોય તે પણ આપણા શહેરના બચાવ સારૂ કરો; કેમકે પ્રારબ્ધ પણ પુરૂષાર્થથીજ સિદ્ધ થાય છે, તોપણ જો તે એક બીજાને પરસ્પર વિરોધી હોય, તો યથાર્થ ફળ આપતાં નથી. તમે આ શહેરની, મંત્રિયો સહિત રક્ષા કરાવીને, પોતાની ઇચ્છા પ્રમાણે દેવના આદિનુ પૂજન કરો. હે દુર્યોધન! એ પ્રમાણે પરસ્પર ભાષણ કરતાં એવાં તથા ક્ષોભયુક્ત થયેલાં તે દંપતીને જોઇને, તપસ્વિની એવી તેમની શિખંડિની નામની કન્યાએ લજ્જાયુક્ત થઇ પોતાના મનમાં, આ બેઉ જણ મારે લીધે દુઃખી છે, એમ વિચારી પોતાનો પ્રાણ ત્યાગ કરવાની મતિ કરી. હે રાજન્! એ પ્રમાણે અત્યંત શોકને પરાયણ એવી તે કન્યા નિશ્ચય કરીને, પોતાના ગૃહનો ત્યાગ કરી સમૃદ્ધિમાન સ્થૂણાકર્ણ નામના યક્ષે પાલન કરેલા મનુષ્ય વગરના ગાઢ વનમાં ગઇ. જ્યાં તે યક્ષના ભયથી કોઇપણ મનુષ્ય જતું ન હતું. ત્યાં ઘણી ચુનો દીધેલ સુગંધિવાળાના ધૂપનો ધૂમ્ર જેમાંથી નિકળતો હતો એવા ઉંચા ભિંત તથા દરવાજાવાળા સ્થૂણાકર્ણ યક્ષના ગૃહને જોઇ, દ્રુપદ રાજાની પુત્રી શિખંડિની

તેમાં પ્રવેશ કરી રહી; ને ઘણા દિવસ સુધી ઉપવાસ કરી પોતાના શરીરને સુકવવા લાગી. ત્યારપછી કેટલેક દિવસે સ્થૂણાકર્ણ યક્ષે તે કન્યાને જોઇ, તેથી તેના મનમાં દયા આવી, ને કહ્યું કે–હે કન્યા! તું શા કારણથી આવી રીતે કરે છે? જે તારૂં કામ હોય, તે મને ઉતાવળથી કહે, હું તારૂં કામ કરીશ. હે દુર્યોધન! એવાં તે યક્ષનાં વચન સાંભળી કન્યાએ મારૂં કામ કોઇથી પણ થઇ શકે એમ નથી, એમ વારંવાર તેને કહ્યું. કુબેરના નોકર તે યક્ષે કહ્યું કે હે નૃપાત્મજે! હું તને વરદાન આપું છું કે, જે તારૂં કામ હશે તે હું ઉતાવળથી કરીશ; ને કદી તું કઇ માગીશ, ને તે ન દેવાય એવું હશે, તોપણ તને આપીશ, માટે તારે જે કહેવાનું હોય તે મને તું કહે. હે ભારત! એવાં ગક્ષમાં મુખ્ય સ્થૂણાકર્ણ યક્ષનાં વચન સાંભળી શિખંડિનીએ તેને પોતાનું સમગ્ર વૃત્તાંત કહી સંભળાવતાં કહ્યું કે હે યક્ષ! પુત્ર વગરનો મારો દ્રુપદ નામે પિતા થોડા દિવસમાં નાશ પામશે, કેમકે મહા બળવાન તથા મોટા ઉત્સાહવાળો હિરણ્યવમા રાજા ક્રોધ યુક્ત થઇ મારા પિતા સામે યુદ્ધ કરવા આવશે. હે યક્ષ! તે રાજાથી મારાં માતા તથા પિતાની તમે રક્ષા કરો; ને મારૂં દુઃખ શાંત કરવુ એમ પ્રતિજ્ઞા લીધી છે, માટે તમારા પ્રસાદથી હું ઉત્તમ પુરૂષ થાઉં તેમ કરો. હે મોટા યક્ષ! હે ગુહ્યક! જ્યાંસુધી હિરણ્યવર્માં રાજા મારા પિતાના શહેર પ્રત્યે નથી આવ્યો, ત્યાં સુધીમાં તમે મારી ઉપર પ્રસન્ન થઇ મને તેમ કરવા રૂપ પ્રસાદ આપો.

यावदेव स राजा वै नोपयाति पुरं मम ।
तावदेव महायक्ष प्रसादं कुरु गुह्यक ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि स्थूणाकर्णसमागमे गुर्जरभाषायामेकनवत्यधिकशततमोऽध्यायः ॥ १९१ ॥

અધ્યાય ૧૯૨ મો. શિખંડિને મળેલું પુરુષ રૂપ.

भीष्म उवाच—शिखंडिवाक्यं श्रुत्वाथ स यक्षो भरतर्षभ ।
प्रोवाच मनसा चिंत्य दैवेनोपनिपीडितः ॥ १ ॥

ભીષ્મ કહે છે–હે ભરતર્ષભ દુર્યોધન! એ પ્રમાણે શિખંડિનાં વચન સાંભળી દૈવથી પાસે આવી હતી પીડા જેને એવો તે યક્ષ પોતાના મનમાં વિચાર કરીને તેને મદદ કરવા તૈયાર થયો. હે કૌરવ્ય! શિખંડિના કહેવા પ્રમાણે ભાવિ છે, માટે જરૂર મારા દુઃખ વાસ્તે તેમ થશે એમ માનીને તે યક્ષ શિખંડિની કન્યાને કહ્યું કે હે કલ્યાણિ! હું તારૂં કામ કરીશ. પણ તેનો સમય કહું તે તું સાંભળ. તને મારૂં પુરૂષ સ્વરૂપ આપીશ, ને તે કાળ પૂરો થાય ત્યારે તારે તે પાછું આપવા સારૂ અહીં આવવું, તેની મને તું ખરી ખાતરી આપ. હું સમર્થ, ઇચ્છા માત્રમાં સિદ્ધ કામનાવાળો સ્વેચ્છા પ્રમાણે ગતિ કરનાર તથા આકાશમાં વિચરનાર છું માટે તું મારી કૃપાથી પોતાના પૂર તથા બંધુઓની રક્ષા કર. હે દ્રુપદ રાજાની પુત્રિ! આ તારૂં સ્ત્રી સ્વરૂપ છે તેને હું ધારણ કરી સર્વનું પ્રિય કરીશ, આ મારૂં બોલવું તું સત્ય જાણ. શિખંડિયે કહ્યું કે હે શ્રેષ્ઠ વ્રતવાળા સમર્થ નિશાચર યક્ષ! હું તમારૂં પુરૂષ સ્વરૂપ તમને પાછું આપીશ, ને હમણાં થોડા કાળ સુધી તમે મારૂં સ્ત્રી સ્વરૂપ ધારણ કરો. હે યક્ષ! દશાર્ણ દેશનો રાજા હિરણ્યવર્માં પાછો વળી જશે, એટલે

હું પાછું મારૂં સ્ત્રી સ્વરૂપ ધારણ કરી તમારૂં પુરૂષ સ્વરૂપ તમને પાછું આપીશ; જેથી તમે પાછા પુરૂષપણાને પામશો.

ભીષ્મ કહે છે—હે રાજા દુર્યોધન! એ પ્રમાણે કહી એક બીજાનમાં સંદેહને લીધે પરસ્પર શપથ લઇને તે બેઉએ સ્વરૂપ બદલાવ્યાં. હે ભારત! સ્થૂણાકર્ણ યક્ષે સ્ત્રી સ્વરૂપ ધારણ કર્યું, ને શિખંડિ પ્રકાશમાન યક્ષ સ્વરૂપને પામ્યો. હે પાર્થિવ! દ્રુપદ રાજાનો પુત્ર શિખંડિ પુરૂષપણાને પામી હર્ષ યુક્ત થઇ, પોતાના શહેર પ્રત્યે જઇ પિતાને મળ્યો; ને તેણે તે સર્વ વૃત્તાંત તેને કહી સંભળાવ્યું. દ્રુપદરાજા શિખંડિનાં તે વચન સાંભળી અત્યંત હર્ષ યુક્ત થયો; ને પોતાની સ્ત્રી સહિત તેણે મહાદેવજીનાં વચન સ્મરણ કર્યાં, ત્યાર પછી રાજાએ દશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માને, મારો પુત્ર પુરૂષ છે, તમે મારામાં વિશ્વાસ રાખો એવા સમાચાર કહેવરાવ્યા, ત્યારે હે દુર્યોધન! એ પ્રમાણે દ્રુપદે કહેવરાવેલા સમાચાર સાંભળી દુઃખ તથા શોકયુક્ત તે રાજા તત્કાળ પંચાળ દેશના રાજા પાસે આવ્યો. પછી તે રાજાએ કાંપિલ્ય નામના શહેર પ્રત્યે આવીને, બ્રહ્મવેત્તા બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા કોઇ બ્રાહ્મણનો સત્કાર કરી તેને દૂત કરી દ્રુપદ પાસે મોકલવા સારૂ કહ્યું કે હે દૂત! તું રાજાઓમાં અધમ દ્રુપદ પાસે જઇને, મારા કહેવાથી તેને કહે કે, હે દુષ્ટ મતિવાળા! તેં પોતાની કન્યા સારૂ મારી કન્યાની માગણી કરી, મને ડાઘ લગાડે એવા કર્મના ફળને તું આજ નજરે જોઇશ એમાં કંઇપણ સંદેહ નથી. હે રાજાઓમાં શ્રેષ્ઠ દુર્યોધન! એ પ્રમાણે હિરણ્યવર્મા રાજાએ કહ્યું, ત્યારે એના કહેવાથી બ્રાહ્મણમાં શ્રેષ્ઠ દૂત, દ્રુપદના શહેર પ્રત્યે જઇ રાજાને મળ્યો. શિખંડિ સહિત દ્રુપદ રાજાએ તે બ્રાહ્મણને સત્કારપૂર્વક ગાય તથા અર્ઘ્ય આપ્યાં પણ તે નહીં સ્વિકારી તેને હિરણ્યવર્મા રાજાએ કહેવરાવેલાં વાક્ય આવી રીતે કહ્યાં. હે દુષ્ટ આચારવાળા! હે દુષ્ટમતિવાળા રાજન દ્રુપદ! તેં પોતાની કન્યાએ કરી મને છેતર્યો એ પાપકર્મ કર્યું માટે તેના ફળને તું પામ, ને રણસંગ્રામને વિષે યુદ્ધ આપ જેમાં હું પુત્ર તથા બાંધવ સહિત તારો નાશ કરીશ. હે ભરતકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન! એ પ્રમાણે દશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માના પુરોહિતે તિરસ્કાર યુક્ત વાક્ય કહી સંભળાવ્યાં હતાં જેને એવા દ્રુપદ રાજાએ સ્નેહના કારણથી નમ્રતા યુક્ત થઇ તે દૂતને કહ્યું કે હે બ્રહ્મન્! તમે મારા સંબંધી હિરણ્યવર્મા રાજાના કહેવાથી મને જે વાક્ય કહ્યાં, તેનાં અત્યંત ઉત્કૃષ્ટ પ્રતિ વચન મારો દૂત તેને કહેશે. હે રાજન્! એ પ્રમાણે તે દૂતને કહીને દ્રુપદ રાજાએ મોટી મતિવાળા હિરણ્યવર્મા રાજા પાસે વેદના પારને પામેલા કોઇ બ્રાહ્મણને દૂત કરી મોકલ્યો. તે બ્રાહ્મણ દૂત હિરણ્યવર્મા રાજા પાસે જઇને, તેને દ્રુપદના કહેવા પ્રમાણે કહેવા લાગ્યો કે–હે રાજન્! મારો પુત્ર પુરૂષ છે, તમે પ્રસિદ્ધપણાથી તેની પરીક્ષા કરો; તમને એ કન્યા છે એમ કોઇએ ખોટું કહ્યું છે, માટે તે સત્ય છે એમ માનવા યોગ્ય નથી. હે દુર્યોધન! એ પ્રમાણે દ્રુપદે કહેવરાવેલાં વચન તેના દૂતને મોઢેથી સાંભળીને ક્રોધયુક્ત હિરણ્યવર્મા રાજાએ, શિખંડિ સ્ત્રી છે કે પુરૂષ છે એમ જાણવા સારૂ, તેની પરીક્ષા કરવા સારૂ તેની પાસે અત્યંત શ્રેષ્ઠ સ્વરૂપવાળી ઉત્તમ સ્ત્રિયોને મોકલી. હે રાજેંદ્ર! તેઓએ તેની યથાર્થ પરીક્ષા કરી પ્રીતયુક્ત થઇ દશાર્ણ દેશના હિરણ્યવર્મા રાજા પાસે જઇને, મોટા મહિમાવાળો શિખંડિ પુરૂષ છે એમ કહ્યું; ત્યાર પછી પ્રીતિયુકત થયેલો હિરણ્યવર્મા રાજા દ્રુપદને મળી હર્ષ પામ્યો. પછી તે રાજા મોટા આનંદથી શિખંડિને દ્રવ્ય, હસ્તિ, અશ્વ,

ગાય તથા દાસી વગેરે આપી પોતાની પુત્રીને તેં મને ખોટું કહેવરાવ્યું એમ નરપતિને પાછો પોતાને દેશ ગયો. હે દુર્યોધન! જ્યારે તે નિવૃત્ત થયો ત્યારે સંદેહ જેનો ગયો છે એવો તથા પ્રસન્ન થયેલો હિરણ્યવર્મા રાજા દશાર્ણ દેશ પ્રત્યે ગયો, ત્યારે શિખંડિ હર્ષયુક્ત થયો.

હવે કોઇ વેળાએ નરવાહન કુબેર લોકમાં ફરતાં ફરતાં સ્થૂણાકર્ણ યક્ષના ભવન પ્રત્યે ગયો, ત્યારે ધનની રક્ષા કરનાર તથા આકાશ માર્ગથી સ્થૂણાકર્ણના ગૃહ ઉપર આવેલા કુબેરે વિચિત્ર પુષ્પના ગુણે કરી શોભાયમાન, વાળા, ચંદન, તથા ચંદરવાએ કરી સુશોભિત, ધૂપે કરી ધૂપથી, ધ્વજા તથા પતાકાએ કરી રમણીય, ભક્ષ્ય, ભોજ્ય તથા લેહ્યપદાર્થ અને આમિષ જેમાંથી પ્રાપ્ત થાય એવાં, મણિ, રત્ન તથા સુવર્ણની માળાઓએ કરી પરિપૂર્ણ, અનેક પ્રકારના પુષ્પની સુગંધવાળા, સેચન કરેલા મીઠા જળે કરી શોભાયમાન અને શણગારેલા તેના ગૃહને વિષે પ્રવેશ કર્યો. હે દુર્યોધન! શોભાયમાન સ્થૂણાકર્ણના ગૃહને જોઇને, કુબેરે પોતાના યક્ષોને કહ્યું કે હે અત્યંત પરાક્રમી યક્ષો! આ સ્થૂણાકર્ણનું શણગારેલ ગૃહ છે, પણ મંદ બુદ્ધિવાળો તે આજ મારી પાસે કેમ નથી આવતો? મંદમતિવાળો તે હું આવ્યો છું તે જાણે છે, તોપણ મારી પાસે આવતો નથી, માટે તેને મોટો દંડ આપવો એવી મારી મતિ છે. યક્ષે કહ્યું કે હે કુબેર! દ્રુપદ રાજાને શિખંડિની નામે કન્યા ઉત્પન્ન થઇ, તેના કોઇ કારણને લીધે સ્થૂણાકર્ણ યક્ષ તેને પોતાનું પુરૂષ સ્વરૂપ આપ્યું છે, ને પોતે તેનું સ્ત્રીસ્વરૂપ ધારણ કર્યું છે; તેથીજ તે તમારી પાસે આવતો નથી, કારણ સ્ત્રીપણાને લીધે લજ્જા પામે છે. હે ધનદ! અમે સ્થૂણાકર્ણ સંબંધી વૃત્તાંત કહ્યું જે તમે સાંભળ્યું; માટે હવે જે ન્યાય હોય તે કરો ને વિમાનમાં બેસો. હે દુર્યોધન! એવાં યક્ષોનાં વચન સાંભળીને, હે યક્ષો! સ્થૂણાકર્ણને બોલાવી લાવો હું તેને દંડ આપીશ એમ વારવાર કુબેરે કહ્યું. હે પૃથ્વીપતિ મહારાજ દુર્યોધન! કુબેરના બોલાવવાથી સ્થૂણાકર્ણ યક્ષ તેની પાસે આવી, સ્ત્રીરૂપને લીધે લજ્જાયુક્ત થઇ ઉભો. ત્યાં હે કુરૂનંદન! ક્રોધ પામેલા કુબેરે તેને શાપ આપતાં યક્ષોને કહ્યું કે હે ગુહ્યકો! પાપરૂપ આ સ્થૂણાકર્ણ સદૈવ આવીજ રીતે સ્ત્રીરૂપ રહો. હે દુર્યોધન! એ પ્રમાણે યક્ષોને કહીને મહાત્મા કુબેરે સ્થૂણાકર્ણને કહ્યું કે હે પાપકર્મ તથા દુષ્ટબુદ્ધિવાળા સ્થૂણાકર્ણ યક્ષ! તેં યક્ષોને કંઇ પણ નહીં ગણકારીને શિખંડિનું સ્ત્રીપણું ગ્રહણ કર્યું એ અયોગ્ય કર્યું; માટે આજથી સ્ત્રીરૂપ રહીશ અને તે પુરૂષરૂપ રહેશે. હે દુર્યોધન! એ પ્રમાણે કુબેરે સ્થૂણાકર્ણને શાપ આપ્યો, ત્યારે સર્વ યક્ષો તે શાપના અંત વાસ્તે તેને પ્રસન્ન કરવા સ્થૂણાકર્ણને લીધે, તમારા આપેલા શાપનો અંત આવે એમ કરો એવી રીતે કહેવા લાગ્યા. હે તાત! મહાત્મા યક્ષના રાજા કુબેરે, તે શાપના અંતની ઇચ્છાને લીધે પોતાના અનુચર યક્ષોને કહ્યું કે હે યક્ષો! જ્યારે શિખંડિ મૃત્યુ પામશે, ત્યારે સ્થૂણાકર્ણ પાછો પોતાના સ્વરૂપને પામશે માટે હવે મોટા મનવાળા તે ઉદ્વેગ રહિત થાઓ. હે દુર્યોધન! એ પ્રમાણે યક્ષોને કહીને પૂજા થઇ હતી જેની એવા, મહા સમર્થ, દેવ તથા યક્ષોના રાજા કુબેર પોતાના સર્વ અનુચર સહિત ત્યાંથી ચાલી નિકળ્યા. સ્થૂણાકર્ણ શાપ પામીને ત્યાંજ રહ્યો. હવે શિખંડિ સ્થૂણાકર્ણ પાસે તેને તેનું પુરૂષ સ્વરૂપ પાછું આપવાનો તથા પોતાનું સ્ત્રીસ્વરૂપ લેવાનો જે કાળ નિર્મ્યો હતો, તે જ્યારે આવ્યો, ત્યારે તેની પાસે આવી મળી, હે સમર્થ! 'હું આવ્યો છું' એમ બોલ્યો. ચોથા ભાગ જેવડી આવેલા દ્રુપદ પુત્ર શિખંડિને જોઇને સ્થૂણાકર્ણ યક્ષ, 'હું પ્રસન્ન થયો છું' એમ

વારંવાર કહેતાં પોતાનું જાણેલું સર્વ વૃત્તાંત તેને કહેવા લાગ્યો. તે બોલ્યો કે હે દ્રુપદ રાજાના પુત્ર! મને કુબેરે તારે લીધે શાપ આપ્યો છે, માટે તું હમણાં તારી ઇચ્છા પ્રમાણે જા ને સર્વ લોકમાં સુખે કરી ફર. હે શિખંડિ! મને શાપ થયો, તે મારૂં પૂર્વનું પ્રારબ્ધ હશે એમ હું માનું છું, એનું ઉલ્લંઘન થઇ શકતું નથી, કેમકે તારા જવા પછી તરતજ કુબેરે અહીં આવી દર્શન આપ્યું.

ભીષ્મ કહે છે—હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા રાજા દુર્યોધન! એ પ્રમાણે સ્થૂણાકર્ણે કહ્યું, ત્યારે શિખંડિ મોટા હર્ષ યુક્ત થઇને પાછો પોતાના ગૃહ પ્રત્યે ગયો; ને તેણે મોટા ધનની કીંમતવાળા ચંદન તથા પુષ્પાદિયે કરી બ્રાહ્મણો અને દેવતાઓ, વગેરેની પૂજા કરી. હે દુર્યોધન! પોતાના બાંધવજન સહિત દ્રુપદરાજા, સિદ્ધ થયો હતો અર્થ જેનો એવા પોતાના પુત્ર શિખંડિયે કરી અત્યંત હર્ષ પામ્યો. પછી હે કુરૂકુળમાં શ્રેષ્ઠ મહારાજ દુર્યોધન! તેણે પૂર્વે જેનું સ્ત્રીરૂપ હતું એવા શિખંડિને શિષ્યરૂપે દ્રોણને સોંપ્યો. હે કુરૂશ્રેષ્ઠ! સર્વે તમ સહિત દ્રુપદ પુત્ર શિખંડિ તથા ધૃષ્ટદ્યુમ્ન ગ્રહણ, ધારણા, પ્રયોગ તથા પ્રતીકારરૂપ ચાર ધનુર્વેદને પામ્યો. એ સર્વ શિખંડિનું યથાર્થ વૃત્તાંત મેં, દ્રુપદ પાસે જડ, બ્હેરા તથા આંધળા નોકરોને ગુપ્ત મોકલ્યા હતા, તેમણે મને કહ્યું. હે મહારાજ! કુરૂકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન! રથિ પુરૂષમાં શ્રેષ્ઠ દ્રુપદનો પુત્ર શિખંડિ સ્ત્રીમાંથી પુરૂષ થયો. હે ભરતર્ષભ! કાશિરાજાની અંબા નામની મોટી કન્યા દ્રુપદ રાજાને ત્યાં શિખંડિ નામે ઉત્પન્ન થઇ માટે હું ધનુષ ધારણ કરેલા તથા યુદ્ધ કરવા ઉભેલા તેની સામું મુહૂર્ત પણ જોઉં નહીં ને તેને પ્રહાર પણ કરૂં નહીં. હે કૌરવ! મારે સ્ત્રી ઉપર, પ્રથમ સ્ત્રી હોય તેની ઉપર, સ્ત્રી નામ જેનું હોય એવાની ઉપર તથા સ્ત્રી સ્વરૂપવાન ઉપર બાણ ન મૂકવું એ મારૂં વ્રત સદૈવ પૃથ્વીને વિષે પ્રસિદ્ધ છે માટે હું એ કારણને લીધે શિખંડિનો નાશ કરીશ નહીં. હે તાત! હું શિખંડિના જન્મને જાણું છું, વાસ્તે સંગ્રામમાં કવચ ધારણ કરી મને મારવા તૈયાર થયેલા તેને મારીશ નહીં. જો આ હું ભીષ્મ સ્ત્રીને મારૂં, તો સત્પુરૂષો મારી નિંદા કરે માટે સંગ્રામમાં ઉભેલા શિખંડિને જોઇશ તોપણ મારીશ નહીં. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે ભીષ્મનું બોલવું સાંભળીને કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા દુર્યોધન રાજાએ મુહૂર્ત માત્ર વિચાર કરી ભીષ્મે એમજ કરવું યોગ્ય છે, એમ માન્યું.

एतच्छ्रुत्वा तु कौरव्यो राजा दुर्योधनस्तदा ।
मुहूर्तमिव संध्यात्वा भीष्मे युक्तममन्यत ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि शिखंडिपुंस्त्वप्राप्तौ गुर्जरभाषायां द्विनवत्यधिकशततमोऽध्यायः ॥ १९२ ॥

અધ્યાય ૧૯૩ મો. પાંડવસેના હણવા કેટલા દિવસ જોઇએ?

संजय उवाच—प्रभातायां तु शर्वर्यां पुनरेव सुतस्तव ।
मध्ये सर्वस्य सैन्यस्य पितामहमपृच्छत ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે દિવસની રાત્રિ નિવૃત્ત થઇ ને બીજા દિવસનો પ્રાત:-

કાળ થયો, ત્યારે તમારા પુત્ર દુર્યોધને સર્વ સૈન્યની વચમાં પિતામહને પૂછ્યું કે હે ગંગાપુત્ર ભીષ્મ! પાંડવનું ઘણા નર, હસ્તિ તથા અશ્વવાળો, મોટા રથોએ કરી સંકીર્ણ, ધૃષ્ટદ્યુમ્ન જેમાં મુખ્ય છે એવા મોટા ધનુષધારી, મહા બળવાન તથા લોકપાળ સમાન ભીમસેન તથા અર્જુનાદિયે રક્ષણ કરેલો, અસહ્ય, ન વારી શકાય એવો, મોટી લહેરવાળા સમુદ્ર સરખો અને સંગ્રામમાં દેવતાઓથી પણ નહીં ક્ષોભ પામનાર સૈન્યરૂપ સમુદ્ર છે, તેને તમે ધનુષધારી દ્રોણાચાર્ય, મહા બળવાન કૃપાચાર્ય, યુદ્ધમાં શ્લાઘા કરવા લાયક કર્ણ તથા બ્રાહ્મણમાં શ્રેષ્ઠ અશ્વત્થામા કેટલેક કાળે નાશ કરશો? કેમકે હે મોટી ભુજાવાળા ભીષ્મ! તમે સૌ મારા સૈન્યમાં દિવ્ય અસ્ત્ર જાણનાર છો, માટે નિત્ય મારા હૃદયમાં કૌતૂહલને લીધે હું એ જાણવા ઇચ્છું છું; વાસ્તે તમે મને કહેવા યોગ્ય છો. ભીષ્મે કહ્યું કે હે કુરૂકુળમાં શ્રેષ્ઠ પૃથ્વીપતિ દુર્યોધન! તું પોતાના શત્રુ પાંડવોનું બળાબળ જાણવા ઇચ્છે છે એ તને યોગ્ય છે, માટે શસ્ત્રરૂપ પરાક્રમવાળા સંગ્રામમાં મારા ભુજથી જે ઉત્કૃષ્ટ છે, તે કહું તે સાંભળ. સાધારણ મનુષ્યની સાથે સરળતાથી યુદ્ધ કરવું અને માયાવીની સાથે માયાએ કરી યુદ્ધ કરવું એજ ધર્મ છે. હે મહાભાગ! નિત્ય દિવસના પૂર્વ ભાગમાં દશ હજાર યોદ્ધાઓ તથા એક હજાર રથિને મારો ભાગ કલ્પીને હું, યુદ્ધમાં જો સેંકડો તથા હજારોનો નાશ કરે એવાં દિવ્ય અસ્ત્ર મૂકીશ, તો પાંડવની સર્વ સેનાનો એક મહિને નાશ કરીશ.

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! ભીષ્મનાં વચન સાંભળીને દુર્યોધને, અંગિરસ ગોત્રમાં ઉત્પન્ન થયેલા દ્રોણને પૂછ્યું કે હે આચાર્ય! તમે પાંડુ રાજાના પુત્ર એવા પાંડવની સેનાના યોદ્ધાઓનો કેટલે કાળે નાશ કરો? હે ધૃતરાષ્ટ્ર! દુર્યોધનનાં વચન સાંભળી હસીને દ્રોણે કહ્યું કે હે મોટી ભુજાવાળા! હું વૃદ્ધ અવસ્થાને લીધે મંદ શક્તિ તથા ચેષ્ટાવાળો છું, તોપણ ભીષ્મની પેઠે એક મહિને શસ્ત્રરૂપ અગ્નિએ કરી તમામ પાંડવ સેનાનો નાશ કરૂં એમ મારી મતિ છે; કેમકે એટલીજ મારામાં પરમ શક્તિ તથા એટલુંજ મારૂં પરમ બળ છે. હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે દ્રોણના કહેવા પછી શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે હું બે માસે પાંડવની સેનાનો નાશ કરૂં એમ દુર્યોધનને કહ્યું. ત્યાર પછી હે રાજન્! અશ્વત્થામાએ દશ દિવસે પાંડવ સેનાનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી તથા મહાસ્ત્ર જાણનાર કર્ણે પાંચ દિવસે તે સેનાનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી. સૂતપુત્ર કર્ણનાં વચન સાંભળી ગંગાપુત્ર ભીષ્મ મોટા શબ્દથી હસ્યા ને આવી રીતે વાક્ય બોલ્યા કે હે રાધેય! જ્યાં સુધી તું સંગ્રામમાં બાણ, શંખ તથા ધનુષ ધરનાર અને વાસુદેવ સહિત રથમાં બેસી આવતા અર્જુનને મળ્યો નથી, ત્યાં સુધી એમ માને છે ને પોતાની ઇચ્છા પ્રમાણે બોલે છે.

वासुदेवसमायुक्तं रथेनायांतमाहवे ।
समागच्छसि राधेय तेनैवममिमन्यसे ॥
शक्यमेवं च भूयश्च त्वया वक्तुं यथेष्टतः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि भीष्मादिशक्तिकथने गुर्जरभाषायां भिन्नवत्यधिकशततमोऽध्यायः ॥ १९२ ॥

અધ્યાય ૧૫૪ મો. યુધિષ્ઠિરનો પોતાના ભાઇઓને કેટલે દિવસે શત્રુ હણાય એવો પ્રશ્ન.

वैशंपायन उवाच—एतच्छ्रुत्वा तु कौंतेयः सर्वान्भ्रातॄनुपह्वरे ।
आहूय भरतश्रेष्ठ इदं वचनमब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ જનમેજય! ભીષ્માદિયે દુર્યોધનને જે વાક્ય કહ્યાં, તે સર્વ સાંભળીને કુંતિપુત્ર યુધિષ્ઠિરે પોતાના સર્વ ભાઇયોને એકાંતમાં બોલાવી આવી રીતે કહ્યું કે-હે ભાઇયો! દુર્યોધનની સેનામાં જે મારા દૂતો મેં મોકલ્યા હતા, તેણે આજ પ્રાત:કાળને વિષે તેની વર્તણુક મને આવી રીતે કહી કે, દુર્યોધને મોટા વ્રતવાળા ગંગાપુત્ર ભીષ્મને પૂછ્યું કે હે સમર્થ! તમે કેટલે દિવસે પાંડવ સૈન્યનો નાશ કરો? એ પ્રમાણે તેના પૂછવા પછી તેમણે અત્યંત દુર્મતિવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને કહ્યું કે હે રાજન્! હું એક મહીને પાંડવ સૈન્યનો નાશ કરૂં. હે ભાઇયો! એ પ્રમાણે ભીષ્મના કહેવા પછી દુર્યોધનના પૂછવાથી દ્રોણે એક માસે, કૃપાચાર્યે બે માસે, મહાસ્ત્ર જાણનાર અશ્વત્થામાએ દશ દિવસે તથા દિવ્યાસ્ત્ર જાણનાર કર્ણે પાંચ દિવસે આપણી સેનાનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, માટે હે અર્જુન! હું પણ તારાં વચન સાંભળવા ઇચ્છું છું, વાસ્તે તું કેટલા વખતમાં આપણા શત્રુનો નાશ કરીશ તે કહે!

હે જનમેજય! એ પ્રમાણે યુધિષ્ઠિરે કહ્યું, ત્યારે ગુડાકેશ ધનંજય અર્જુને શ્રીકૃષ્ણની સામે જોઇ કહ્યું કે હે મહારાજ! અસ્ત્ર વિદ્યા શિખેલા તથા વિચિત્ર તરેહથી યુદ્ધ કરનાર એ સર્વ ભીષ્માદિ મહાત્મા પોતાના કહેવા પ્રમાણે કરે એમાં સંશય નથી, તોપણ તમારા મનનો સંતાપ નિવૃત્ત પામો, ને હું સત્ય વાક્ય કહું તે તમે સાંભળો. હે રાજન્! વાસુદેવની સહાયતાવાળો હું એકલો રથમાં બેસીને, દેવતાઓ સહિત ત્રણ લોકને, સર્વ સ્થાવર જંગમને અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને એક નિમેષમાં નશ કરૂં એવો છું, કેમકે જ્યારે ભીલનું સ્વરૂપ ધરી મહાદેવજીએ મારી સામે દ્વંદ્વયુદ્ધ આરંભ્યું ત્યારે પ્રસન્ન થયેલા પશુપતિયે મને યુગના અંત સમયે સર્વ પ્રાણીનો સંહાર કરવા વાસ્તે જે તેઓ મૂકે છે એવું તથા મહા ભયંકર પાશુપતાસ્ત્ર આપેલું છે તે મારી પાસે છે; જેને ભીષ્મ, દ્રોણ, કૃપ તથા અશ્વત્થામા જાણતા નથી, ત્યારે સૂત પુત્ર કર્ણ તો ક્યાંથીજ જાણે હે રાજન્! સગ્રામ વિષે હલકા મનુષ્યોને દિવ્યાસ્ત્રે કરી નાશ કરવા એ યોગ્ય નથી, માટે સરલતાથી યુદ્ધ કરીને આપણે શત્રુઓને જીતીશું. વળી હે રાજન! પુરૂષમાં સિંહરૂપ, દિવ્યાસ્ત્ર જાણનાર, યુદ્ધની ઇચ્છા કરનાર, વેદ ભણ્યા પછી ગૃહસ્થાશ્રમ કરી યજ્ઞ કરેલા, પરાજય નહીં પામેલા અને સગ્રામમાં દેવ સેનાનો પણ નાશ કરવા સમર્થ શિખંડિ, સાત્યકિ, પૃષત ગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, નકુળ, સહદેવ, યુધામન્યુ, ઉત્તમૌજા, ભીષ્મ તથા દ્રોણ સમાન વિરાટ તથા દ્રુપદ, મહાબાહુ શંખ, મહા બળવાન ઘટોત્કચ, મહાબળ તથા પરાક્રમવાળો તેનો પુત્ર અંજનપર્વા, બળવાન અભિમન્યુ અને દ્રૌપદીના પાંચ પુત્ર એ સર્વ તમારી સહાયતામાં છે; ને તમે પોતે પણ ત્રણ લોકનો નાશ કરવા સમર્થ છો. હે ઇંદ્ર સરખી કાંતિવાળા કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા યુધિષ્ઠિર રાજા! તમે ક્રોધ દૃષ્ટિથી જે પુરૂષ સામું જુઓ, તે તે જ વખતે અવશ્ય નાશ પામે એમ હું માનું છું.

[illegible] पूर्वं पर्वतवासा [illegible]

स क्षिप्रं [illegible] कौरव ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि अर्जुनवाक्ये गूर्जरभाषायां चतुर्नवत्यधिकशततमोऽध्यायः ॥ १९४ ॥

અધ્યાય ૧૯૫ મો. રણસંગ્રામની તૈયારી.

वैशंपायन उवाच—ततः प्रभाते विमले धार्तराष्ट्रेण चोदिताः ।

दुर्योधनेन राजानः प्रययुः पांडवान्प्रति ॥ १ ॥

વૈશંપાયન કહે છે-કે ભરતકુળમાં શ્રેષ્ઠ જનમેજય! ત્યાર પછી જ્યારે નિર્મળ પ્રભાત થયું, ત્યારે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને પ્રેરણા કરેલા, સ્નાન કરી પવિત્ર થયેલા, પુષ્પની માળા ધારણ કરેલા, સફેદ વસ્ત્ર પહેરેલા, એકાગ્ર મનવાળા તથા એક બીજામાં વિશ્વાસુ સર્વ રાજાઓ પાંડવો સામે જવા લાગ્યા. તેમાં અવંતિપુરીના રાજા વિંદ તથા અનુવિંદ અને બાહ્લીક સહિત કેકય દ્રોણને મુખ્ય કરી યુદ્ધ કરવા સારૂ નિકળ્યા. વળી અશ્વત્થામા જયદ્રથ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર તથા પૂર્વ દિશાના રાજાઓ, પર્વતવાળા દેશના રાજાઓ, કંધાર દેશનો રાજા શકુનિ, શક, કિરાત, યવન અને શિબી એ સર્વ મહારથિ રાજાઓ પોતપોતાની સેના સહિત મહારથિ ભીષ્મને વિંટાઇ યુદ્ધ કરવા સારૂ બીજી ટુકડીમાં નિકળ્યા. વળી સૈન્ય સહિત કૃતવર્મા તથા મહારથિ ત્રિગર્ત, શલ, ભૂરિશ્રવા, શલ્ય અને કોશલ દેશનો રાજા બૃહદ્બલ, એ સર્વ રાજાઓ ભાઇઓથી વિંટાયલા દુર્યોધનને મુખ્ય કરી ત્રીજી ટુકડીમાં નિકળ્યા. પછી દુર્યોધનના પક્ષના મહા બળવાન તથા કવચ ધારણ કરેલા સર્વ રાજાઓ કુરુક્ષેત્ર પ્રત્યે જઇ તેના છેવટના ભાગમાં ઉભા. પછી દુર્યોધને પર્વના કહેવા પ્રમાણે સંધુ હસ્તિનાપુર સરખો શોભાયમાન કરાવ્યો. તેનું તથા તે પુરનું વિશેષપણું તેમાં રહેનાર કુશળ પુરૂષ જાણતા ન હતા. હે ભારત! પૃથ્વીપતિ કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા દુર્યોધને પાંચ યોજન રણાંગણને મૂકી દઇને, રાજાઓ માટે શત્રુઓથી જેમાં જવાય નહીં એવા પોતાના સરખા સેંકડો તથા હજારો તંબુ કરાવ્યા; જે હજારો સેનાના નિવાસરૂપ થયા. તે સર્વ રાજાઓએ પોતાના ઉત્સાહ તથા બળ પ્રમાણે તેમાં પ્રવેશ કર્યો. પછી દુર્યોધન રાજાએ સૈન્ય સાથે આવેલા બહારના રાજાઓ સહિત મહાત્મા પુરૂષોને ઉત્તમ ભક્ષ્ય તથા ભોજ્યાદિ પદાર્થ આપવાનો પોતાના નોકરોને આજ્ઞા કરી. શિલ્પ વિદ્યાએ કરી જીવનાર કારીગર, સૂત, માગધ, બંદિજન, વેપારી, વેશ્યા, ચાર બેહુ પુરૂષો તથા યુદ્ધ જોવા આવેલા પુરૂષોની કુરુકુળમાં ઉત્પન્ન થયેલા દુર્યોધને યથાયોગ્ય સંભાળ કરાવી.

वणिजो गणिका वारा ये चैव प्रेक्षका जनाः ।

सर्वांस्तान् कौरवो राजा विधिवत्प्रत्यवेक्षत ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि कौरवसैन्यनिर्याणे गूर्जरभाषायां पंचनवत्यधिकशततमोऽध्यायः ॥ १९५ ॥

[illegible]

વૈશંપાયન ઉવાચ—તથૈવ રાજા કૌંતેયો ધર્મપુત્રો યુધિષ્ઠિરઃ ।
ધૃષ્ટદ્યુમ્નમુખાન્વીરાંશ્ચોદયામાસ ભારત ॥ ૧ ॥

વૈશંપાયન કહે છે—હે ભારત જનમેજય! દુર્યોધનની પેઠે કુંતિ તથા ધર્મના પુત્ર યુધિષ્ઠિર રાજા, ધૃષ્ટદ્યુમ્ન જેમાં મુખ્ય હતા એવા શૂરવીરોને આજ્ઞા આપવા લાગ્યા તેમાં ચેદિ, કાશી તથા કરૂષ દેશના યોદ્ધાઓને નિયમમાં રાખનાર, દ્રઢ પરાક્રમી, સેનાપતિ, અને શત્રુઓનો નાશ કરનાર ધૃષ્ટકેતુ, વિરાટ, દ્રુપદ, સાત્યકિ, શિખંડિ, પંચાળ દેશના મોટા ધનુષવાળા યુધામન્યુ તથા ઉત્તમૌજાને યુદ્ધ પ્રત્યે જવા સારૂ તૈયાર થવાની યુધિષ્ઠિરે આજ્ઞા આપી; જેઓ મોટા ધનુષવાળા શૂરવીર, વિચિત્ર કવચ પહેરેલા તથા ઉત્તમ સુવર્ણનાં કુંડળ ધારણ કરેલા, જેમ ઘી હોમેલા પ્રજ્વલિત અગ્નિકુંડમાં શોભે તથા પ્રકાશમાન ગ્રહો આકાશમાં શોભે, તેમ શોભતા હતા. પછી મનુષ્યમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજાએ પોતાના સર્વ સૈન્યનો યથાયોગ્ય સત્કાર કરી તેને યુદ્ધ માટે જવાની રજા આપી. સૈન્ય સહિત પોતાના તથા બહારથી આવેલા મહાત્મા યોદ્ધાઓને અને કારીગરોને ઉત્તમ ભક્ષ્ય તથા ભોજ્યાદિ ખાનપાનના પદાર્થ પહોંચાડવાનો નોકરોને યુધિષ્ઠિરે હુકમ કર્યો. ત્યાર પછી રાજાએ ધૃષ્ટદ્યુમ્ન જેમાં મુખ્ય હતો એવા મોટા બળવાળા અભિમન્યુ તથા દ્રૌપદીના સર્વ પુત્રોને અને સૈન્ય સહિત ભીમસેન, સાત્યકિ યાદવ તથા અર્જુનને યુદ્ધ માટે જવાની રજા આપી. તે વેળા યુદ્ધનાં સાહિત્યો ગ્રહણ કરતા, વિચારતા, ચારે તરફ દોડતા તથા યુદ્ધ કરવા પ્રસન્ન થયેલા યોદ્ધાઓનો સ્વર્ગને સ્પર્શ કરે એવો શબ્દ થયો. પૃથ્વીપતિ પોતે યુધિષ્ઠિર રાજા, વિરાટ, દ્રુપદ તથા બાકીના સર્વ રાજાઓ સહિત યુદ્ધ માટે રવાને થવા લાગ્યા. તે સમયે ભયંકર ધનુષ ધરનાર, શૂરવીર સૈન્યવાળી, ધૃષ્ટદ્યુમ્ને રક્ષા કરેલી તથા કાંઇ એક ચાલતી થયેલી તે સેના, જેમ પૂર્ણ ભરેલી તથા લહેરવાળી ગંગા દેખાય, તેવી દેખાતી હતી. હે ભારત! ધૃતરાષ્ટ્રના પુત્રોને અમે પાંડવોને જીતીશું ને અમારોજ જય થશે એવો નિશ્ચય હતો તેને ટાળવા સારૂ યુધિષ્ઠિરે વળી પોતાની સેનાની યોજના કરી. તેમાં તેણે મોટા ધનુષ્યવાળા દ્રૌપદીના પાંચ પુત્ર અભિમન્યુ, નકુળ, સહદેવ તથા સર્વ પ્રભદ્રકો, દશ હજાર અશ્વ, બે હજાર હસ્તિ, દશ હજાર પદાતિ તથા પાંચસો રથવાળા અસહ્ય ભીમસેનના સૈન્યને આગળથી યુદ્ધ પ્રત્યે જવાની આજ્ઞા આપી. તેણે મધ્ય ભાગમાં વિરાટ, જયત્સેન, મહારથિ, પરાક્રમી, ગદા તથા ધનુષ ધારણ કરનાર અને મહાત્મા પંચાળ દેશના યુધામન્યુ તથા ઉત્તમૌજાની વચમાં રહેનાર શ્રીકૃષ્ણ તથા અર્જુનને જવાની આજ્ઞા આપી. પૂર્વે ઘણાં યુદ્ધ કરેલા તે સર્વ યોદ્ધાઓ કૌરવો ઉપર અતિ ક્રોધ યુક્ત થયા. જેમના વીસ હજાર શૂરવીર પુરૂષો જેમની ઉપર બેઠા હતા એવા અશ્વ, પાંચ હજાર હસ્તિ, પાંચ હજાર રથ તથા ધનુષ, તલવાર તથા ગદા ધારણ કરેલા શૂરવીર પદાતિ સૈન્યની આગળ તથા પાછળ ચાલતા હતા. જે સૈન્ય સમુદ્રમાં યુધિષ્ઠિર ચાલતા હતા, તેમાં બાકીના સર્વ રાજાઓ રહ્યા હતા; જેમાં હજારો હસ્તિ, અશ્વ, રથ તથા પદાતિ હતા. હે રાજાઓમાં શ્રેષ્ઠ! પોતાની મોટી સેના [illegible] રાજા, ચેદી દેશને નિયમમાં રાખનાર ધૃષ્ટકેતુ તથા મોટા [illegible], બળવાન, યાદવમાં શ્રેષ્ઠ, રથમાં બેઠેલા તથા હજારો રથથી વિંટાયેલા સાત્યકિ [illegible] [illegible]

સહદેવ, તે સેનાના [illegible] ભાગની રક્ષા કરતા ચાલવા લાગ્યા. હે રાજા સાહિત્યથી ભરેલાં ગાડાં, વેપારી, વેસ્યાઓ, યુદ્ધ લાયક વાહન, સાધારણ વાહન, હજારો હાથિ, ઘોડાઓ, બાળકો સ્ત્રિયો, બાકી પણ ગરીબ જણ્યાં, ધનથી ભરેલાં વાહન અને ધાન્યના કોઠારને એકઠા કરી તેમની રક્ષાનો બંદોબસ્ત કરીને યુધિષ્ઠિર રાજા આસતે આસતે જવા લાગ્યા. તેમની પાછળ સત્યધૃતિ, યુદ્ધ દુર્મદ સૌચિત્ત, શ્રેણિમાન તથા કાશિરાજાના પુત્ર વસુદાન અને વિભુ જવા લાગ્યા. જેમની પાછળ વીસ હજાર રથ, ઘુઘરીઓ બાંધેલા અસંખ્ય અશ્વ, હળ સરખા દાંતે કરી પ્રહાર કરનાર, કુલીન, કુંભસ્થળમાંથી મદ ઝરતા એવા તથા ચાલતા મેઘ સરખા વીસ હજાર હસ્તિ જતા હતા. હે ભારત! યુધિષ્ઠિરની સેનામાંના વર્ષતા મેઘની પેઠે મદ જેના કુંભસ્થળમાંથી ઝરતા હતા એવા તથા ચાલતા પર્વત સરખા સિતેર હજાર હસ્તિ હતા; જે તેમની પાછળ ચાલતા હતા. એ પ્રમાણે બુદ્ધિમાન કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજાનું સૈન્ય હતું, જેનો આશ્રય કરીને તે રાજાએ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન સાથે યુદ્ધ કર્યું. વળી રાજાઓના મોટા નાદ કરતા એવા અસંખ્ય પુરૂષોવાળી અનેક સેના પાછળથી જતી હતી જેનાં હજારો ઢોલ તથા લાખો શંખને પ્રસન્ન થઇ હજારો પુરૂષો વગાડતા હતા.

तत्र भेरीसहस्राणि शंखानामयुतानि च ।
व्यवादयंत संहृष्टाः सहस्रायुतशो नराः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि अंबोपाख्यानपर्वणि पांडवसेनानिर्याणे गुर्जरभाषायां षण्णवत्यधिकशततमोऽध्यायः ॥ १९६ ॥

उद्योग पर्व समाप्त.

રૂ. ૫૦૦ માં એક નાની સરખી લાયબ્રેરી બનાવી શકાય તેવાં ચુંટી કહાડેલાં ઉપયોગી પુસ્તકોનું લીસ્ટ:—

	રૂ. આ.
ગુજરાતી શબ્દાર્થ સિંધુ. ...	૫ ૦
મુંબઈના મહાશયો	૧૦–૦
વિજય કલા.	૨–૦
ભરત ગુંથણ, ...	૨–૦
ગુંથણ કળા ભાગ બીજો.	
તથા ત્રીજો.	૫–૦
સરસ્વતીચંદ્ર ભાગ ૧, ૨, ૩, ૪,	૧૨–૧૨
આયતાં પર કોયતું (સચિત્ર)	૫–૦
અમર ચરિત્ર ભાગ ૧, ૨, ૩, ૪.	૧૬–૦
પકવાન પોથી (વેજીટેરીયન)....	૩–૦
વેપારી બજારનો ભોમીઓ	૭–૮
દુઃખી દાદીબા	૭–૦
વેતરવા તથા શીવવાની કળા....	૨–૦
નીલમ માણેક ભાગ ૧ થી ૮	૧૨–૦
મધુરી ભાગ ૧–૨ (સચિત્ર નવલકથા)	૪
સંધ્યા અથવા મરાઠી રાજ્યોનો	
સૂર્યાસ્ત....	૧–૦
ગુજરાત સર્વ સંગ્રહ	૨–૦
પતિવ્રતા સતીઓ (સચિત્ર)....	૩–૮
ઝાંસીની રાણી	૩–૦
ગુજરાતની જુની વાર્તાઓ	૩–૦
[illegible]	૧૦–૦
પોકેટ ઇંગ્લીશ ગુજરાતી ડીક્ષનેરી	૨–૮
ઇંગ્લીશ ગુજરાતી ડીક્ષનેરી	
(કન્ડેન્સ્ડ)	૬–૦
વહુને શીખામણ	૧–૪
ફીરોજ મોહાલ યાને દોલત	
(બહુજ રસદાયક નવલકથા)	૩–૦
ખુબસુરત મઝાર	૨–૮
કાયદાનો શિક્ષક	૧૫–૦

	રૂ. આ.
ગુજરાતી અરેબીયન નાઈટસ	૧૦–૦
કથા સરિત્સાગર વોલ્યુમ્સ ૧–૨	૬–૦
પ્રેકટીકલ એસ્ટ્રોલોજી (હોમીયારકૃત)	૬–૦
ગ્રહગણીત	૧–૦
તેજપ્રભા (નવલકથા)	૨–૦
કરણઘેલો	૨–૮
નવી જીંદગી	૩–૦
ઇંગ્લંડનો ઇતિહાસ	૩–૦
વનસ્પતીશાસ્ત્ર	૧૨–૦
સુશ્રુત સંહિતા	૧૨–૦
બારીસ્ટરની બૈરી	૨–૮
નીરંજની અથવા વરઘેલી વનિતા	૩–૦
અનંગ વિષ (સચિત્ર નવલકથા)	૩–૮
વેરની વસુલાત	૩–૮
પ્રેકટીકલ સાઈકોલોજી (હોમી-	
યારકૃત)	૩–૮
તુલસીકૃત રામાયણ મુળ તથા	
ગુજરાતી ભાષાંતર	૧૦–૦
બહાદુર કલો અને અનાથ તારા. / બહાદુર કલો અને પ્રમાદ સુંદરી.	૪–૦
કાવ્ય માધુર્ય	૨–૮
સ્ત્રીઓની સહાય	૨–૦
મણી અને મોહન અથવા ભાગ્ય-	
હીન ભાઈબેહેન	૨–૮
યોગ વાસિષ્ઠ મહારામાયણ	
વોલ્યુમ્સ ૧–૨	૮–૦
ખેમાન સંગ્રહ (સચિત્ર) ...	૫–૦
વિવેકાનંદ વિચારમાળા વોલ્યુમ્સ	
૧ થી ૫....	૧૭–૮
[illegible] શબ્દમાળા વોલ્યુમ પહેલું	૫–૮

श्रीमद् वेदव्यास प्रणीत महाभारतनुं

भीष्मपर्व.

સ્વ૦ રા. રા. મણિશંકર મહાનંદ, એમણે

સ્વ. રા. રા. ભાઈશંકર નાનાભાઈ સોલીસીટરની

સહાય્યથી પ્રસિદ્ધ કરેલું ભાષાન્તર.

छपावी प्रसिद्ध कर्त्ता

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

સ્થલઃ કાલબાદેવીરોડ, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબાઈ.

વિ. સં. ૧૯૭૭ ઇ. સ. ૧૯૨૧

આવૃત્તિ ૫ મી. પ્રત ૧૦૦૦

કીંમત રૂ. ૨-૮-૦

અમદાવાદ-શહાપુર વનમાળી વાંકાની પોળમાં પટેલ હરીભાઇ
દલપતરામે પોતાના 'ગ્રન્થોદય' પ્રિ. પ્રેસમાં છાપ્યું.

અનુક્રમણિકા.

भारतार्थप्रकाश.

अथ भीष्मपर्व प्रारंभः

जनमेजय उवाच-कथंयुयुधिरे वीराः कुरुपांडवसोमकाः ।
पार्थिवासुमहात्मानो नानादेशसमागताः ॥१॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન ઋષિ, અનેક દેશથી આવેલા, મહાત્મા અને શૂરવીર કુરૂ, પાંડવ, તથા સોમકાદિ રાજાઓએ કેવી રીતે યુદ્ધ કર્યું ! વૈશંપાયન કહે છે—હે પૃથ્વીપતિ જનમેજય, તપશ્ચર્યાના સ્થાનરૂપ કુરૂક્ષેત્રને વિષે શૂરવીર, કુરૂ, પાંડવ તથા સોમકાદિએ જેવી રીતે યુદ્ધ કર્યું તે હું કહું તે તું સાંભળ—સોમકવંશિ રાજાઓ સહિત પાંડવો તથા મહાબળવાન કૌરવો કુરૂક્ષેત્ર પ્રત્યે આવીને એક બીજાને જીતવાની ઇચ્છાથી સામ સામા ઉભા; જેઓ વેદાધ્યયને કરી સંપન્ન યુદ્ધને વિષે આનંદ પામનાર તથા સંગ્રામમાં સન્મુખ ઉભા રહેનાર, પોતાના બળે કરી અમારો જય થશે એમ :કહેવા લાગ્યા. તેમાં સૈન્ય સહિત પાંડવો દુર્ધર્ષ એવી દુર્યોધનની સેના સામે આવીને પશ્ચિમ દિશાની તરફ પૂર્વાભિમુખ ઉભા. કુંતિ પુત્ર યુધિષ્ઠિર રાજાએ પ્રથમ કહેવા પ્રમાણે સમંત પંચક તીર્થની બહાર યથાયોગ્ય હજારો શિબિર કરાવ્યા હતા. હે રાજાઓમા શ્રેષ્ઠ જનમેજય, જ્યારે કૌરવ તથા પાંડવનું યુદ્ધ થવા લાગ્યું, ત્યારે સ્ત્રી, બાળક તથા વૃદ્ધ જેમા અવિશેષ હતા એવી અને અશ્વ, પુરૂષ, રથ તથા હસ્તિ વગરના સરખી સર્વ પૃથ્વી થઇ હતી. "ઘણું કરી સર્વ યુદ્ધમાં આવ્યા હતા." સૂર્ય સાત દ્વીપવાળા ભુમંડળને પ્રકાશે છે, તેમાનું સર્વ સૈન્ય બેઉ પક્ષમાં આવ્યું હતું. એકઠા મળેલા તે સર્વ વર્ણના યોદ્ધાઓ, ઘણા યોજનના મંડળમાના દેશ, નદી, પર્વત તથા વનોને ઘેરી ઉભા હતા. હે પુરૂષમા શ્રેષ્ઠ, યુધિષ્ઠિર રાજાએ પોતાના પક્ષમા આવેલા મ્લેચ્છાદિ સહિત સર્વને ભક્ષ્ય ભોજ્યાદિ ખાનપાનના પદાર્થો તથા રાત્રિને વિષે શયન કરવા સારૂ વિવિધ પ્રકારની શય્યાઓ પ્રાપ્ત કરવાની પોતાના ચાકરોને આજ્ઞા આપી હતી; જેથી તે કામમાં તેનું અતિ ચાતુર્ય સર્વના જાણવામા આવ્યું હતું, વળી જ્યારે યુદ્ધ કરવાનો સમય સમીપ આવ્યો, ત્યારે તે રાજાએ, પોતાના પક્ષમાંના .યોદ્ધાઓને પરસ્પર ઓળખાણને માટે, પોતાનાં ચિન્હયુક્ત આભરણ તથા નામ આપ્યાં હતાં. ત્યારપછી સફેદ છત્ર જેની ઉપર ધરેલું હતું એવા હજારો હાથી મધ્યે પોતાના ભાઇઓથી વીટાઇ ઉભેલા તથા પોતાના પક્ષમા આવેલા સર્વ રાજાઓ સહિત ધૃતરાષ્ટના પુત્ર દુર્યોધને, યુધિષ્ઠિરના સૈન્ય ધ્વજના અગ્રભાગને જોઇને તેની સામે પોતાની સેનાની વ્યૂહરચના કરી, તે વેળા યુદ્ધ વિષે આનંદ પામનાર પાંચાળ દેશના યોદ્ધાઓએ દુર્યોધનને દેખી હર્ષ પામીને, પ્રસન્નતાથી શંખ તથા મધુર અવાજવાળાં નગારાં વગાડ્યાં. તે સમય પ્રસન્ન થયેલી પોતાની સેનાને જોઇને પાંડવો તથા મહા પરાક્રમી શ્રીકૃષ્ણ, અત્યંત હર્ષયુક્ત મનવાળા થયા. પછી એક રથમાં બેઠેલા અને અત્યંત હર્ષ પામેલા પુરૂષમાં સિંહરૂપ શ્રીકૃષ્ણ તથા અર્જુને, પોતાના પાંચજન્ય તથા દેવદત્ત નામના શંખ વગાડ્યા; જેમના શબ્દ સાંભળવાથી પરપક્ષી યોદ્ધાએના મળ તથા મૂત્રનો પોતાની મેળે સ્રાવ થયો, ને જેમ સિંહનો

શબ્દ સાંભળી મૃગો ત્રાસ પામે તેમ તે સર્વ ત્રાસ પામ્યા. વળી તે વેળા પૃથ્વીમાંથી રજ ઉઠી, તેથી સૂર્ય અસ્ત સરખો થયો હતો, જેથી કંઇ પણ ત્યાં દેખાતું નહતું. વળી સૈન્યની ચોમેર રુધિર તથા માંસનો વર્ષાદ વર્ષ્યો, એ મ્હોટું આશ્ચર્ય સરખું થયું. તે સમય અત્યંત વાયુ વાવા લાગ્યો, જેથી ઉડતી વેળુએ કરી સર્વ સૈન્યને પ્રહાર થયો હતો. હે રાજેંદ્ર, કુરૂક્ષેત્રને વિષે સાવધાન થઇ ઉભેલાં તથા ક્ષોભ પામેલાં સમુદ્ર સરખાં બેઉ પક્ષનાં સૈન્ય યુદ્ધ કરવાના ઉત્સાહને લીધે પ્રસન્ન થયાં હતાં; ને જેમ પ્રલયકાળ વિષે બે સમુદ્રનો સમાગમ થાય, તેમ તે બેઉ સેનાનો આશ્ચર્યરૂપ સમાગમ થયો હતો. પછી હે રાજા, એ પ્રમાણે સર્વ સૈન્ય એકઠું થઈ બેઉ પક્ષમાં ઉભું, ત્યાર પછી પાંડવો તથા સોમકોએ કૌરવોની સાથે યુદ્ધ કરવાનો નિયમ કર્યો કે, જ્યારે યુદ્ધ થતું બંધ પડે, ત્યારે આપણને પરસ્પર પ્રીતિ થાય સમોવડિયા વગર બીજા સાથે યુદ્ધ કરવું નહિ. સેનામાંથી નીકળી ગયેલાઓને કદી મારવા નહી, રથમાં બેઠેલાએ રથમાં બેઠેલાની સામે, હાથી ઉપર બેઠેલાએ હાથી ઉપર બેઠેલાની સામે, અશ્વ ઉપર બેઠેલાએ અશ્વ ઉપર બેઠેલાની સામે તથા પદાતિએ પદાતિની સામે યુદ્ધ કરવું અને જેમાં જેવો ઉત્સાહ, બળ તથા કામના હોય, તેની સામે તેવાનેજ બોલાવી યુદ્ધ કરવું. વળી વિશ્વાસુ તથા વિહ્વળ થયેલાને, ક્ષીણ શસ્ત્ર થયેલાને તથા કવચ જેનું ભાગી પડયું હોય એવાને કોઈએ કદી મારવો નહી. અને સારથિ, કાર્યભાર ચલાવનાર, શસ્ત્ર લાવી આપનાર તથા ભેરી અને શંખ વગાડનારને ચાલતાં સુધી પ્રહાર કરવો નહી. હે રાજા, એ પ્રમાણે કુરૂ, પાંડવ તથા સોમકો પરસ્પર નિશ્ચય કરી એક બીજાની સામું જોઇ આશ્ચર્ય પામ્યા. પછી પુરૂષમાં શ્રેષ્ઠ મહાત્મા તે સૈનિક સહિત રણભૂમિમાં પ્રવેશ કરીને, હર્ષરૂપવાન તથા પ્રસન્ન મનવાળા થયા હતા.

निर्विश्य च महात्मानस्ततस्तेपुरुषर्षभाः ।

हृष्टरुपाः सुमनसो बभूवुःसहसैनिकाः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि सैन्यदिक्षणे गुर्जरभाषायां प्रथमोऽध्यायः ॥१॥

वैशंपायन उवाच–ततःपूर्वापरेसैन्यै समीक्ष्यभगवानृषिः ।

सर्ववेदविदांश्रेष्ठो व्यासःसत्यवतीसुतः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય, ત્યાર પછી પૂર્વ તથા પશ્ચિમ ભાગને વિષે ઉભેલાં તે બેઉ સૈન્યને જોઇને સર્વ વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ, સત્યવતીના પુત્ર, ભગવાન, ઋષિ, ભરત વંશિયોના પિતામહ, થનાર ભયકંર યુદ્ધને પ્રત્યક્ષે જોનાર અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનાર વ્યાસજીએ શોચ કરતા એવા, પીડાયુકત થએલા તથા પોતાના પુત્રના અન્યાયનો વિચાર કરતા એવા વિચિત્રવીર્યના પુત્ર ધૃતરાષ્ટ્ર પાસે આવી રહસ્ય સહિત કહ્યું કે—હે રાજા, તારા પુત્ર તથા સર્વ રાજાઓનો વિપરીત કાળ આવ્યો છે; જેથી તેઓ એક બીજા સામે સંગ્રામમાં ઉભા રહી પરસ્પર નાશ કરશે. હે ભારત, વિપરીત કાળવાળા તથા અવશ્ય નાશ થવાના તે સર્વ છે, માટે તું કાળનું અવળાપણું જાણીને, કંઇ પણ શોકમાં મન લગાડતો નહી. હે પૃથ્વીપતિ પુત્ર ધૃતરાષ્ટ્ર, જો તું સંગ્રામને વિષે એ સર્વને જોવા ઇચ્છતો હોય, તો હું તને દિવ્ય દૃષ્ટિ આપું. જેથી સર્વ યુદ્ધ અહીં બેઠાં તારા જોવામાં આવે. હે જનમેજય.

એવાં વ્યાસજીનાં વચન સાંભળીને ધૃતરાષ્ટ્રે કહ્યું કે—હે બ્રહ્મઋષિમાં શ્રેષ્ઠ વ્યાસજી, હું પોતાના સંબંધીનો નાશ થાય તે જોવા ઇચ્છતો નથી, પણ તમારી કૃપાએ કરી તે સમગ્ર યુધ્ધ સાંભળવા ઇચ્છું છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય, ધૃતરાષ્ટ્ર રાજા યુધ્ધને પ્રત્યક્ષ જોવા ઇચ્છતા ન હતા, પણ તેનું વર્ણન સાભળવા ઇચ્છતા હતા, તેથી વરદાન આપનાર વ્યાસજીએ સંજયને વરદાન આપતાં કહ્યું કે હે રાજા, આ તારો સંજય તને સર્વ યુધ્ધનું વર્ણન કહેશે, કેમકે એને સંગ્રામમાંનું સર્વ પ્રત્યક્ષ સરખું થશે; હે રાજા, આ સંજયનાં દિવ્ય ચક્ષુ થશે તથા તે પોતે સર્વજ્ઞ થશે; જેથી તને સર્વ યુધ્ધ વર્ણન કરી કહેશે, વળી પ્રસિધ્ધ, અપ્રસિધ્ધ દિવસે તથા રાત્રિએ જે કંઈ બનશે, તે તથા કોઇએ મનમાં કરેલાને પણ સંજય જાણશે. વળી સંજયને શસ્ત્ર કાપશે નહીં, શ્રમ પણ બાધ કરશે નહી અને યુધ્ધમાંથી મૂકાઈ તે જીવતો રહેશે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ, હું આ કૌરવ તથા પાંડવોની કીર્તિનો વિસ્તાર કરીશ; માટે તું કંઇ પણ શોચ કર નહીં. હે મનુષ્યમાં સિંહરૂપ, એ રીતે થવું એ દૈવ ઇચ્છિત છે, વાસ્તે તું એ સંબંધી કંઈ પણ શોચ કરવા લાયક નથી. કેમકે ભાવિ કોઇથી ટળતું નથી; પણ જે બાજુ ધર્મ હશે, તે બાજુનોજ જય થશે. વૈશંપાયન કહે છે—હે જનમેજય, એ પ્રમાણે કહીને વળી કૌરવોના પ્રપિતામહ મ્હોટા ભાગ્યવાળા ભગવાન્ વ્યાસજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું કે હે મહારાજ, આ યુધ્ધને વિષે મ્હોટો વિનાશ થશે, કેમકે હું ભયસૂચક અનેક નિમિત્ત જોઉં છું; તે એ કે માંસ ખાનાર શ્યેન, ગીધ, કાગડા તથા બગલા સહિત કંક પક્ષી એકઠા મળી વૃક્ષના અગ્રભાગને વિષે પ્રાપ્ત થાય છે ને મ્હોટા આનંદથી યુદ્ધ ભૂમિ સમીપ જુવે છે; માટે હાથી તથા ઘોડા એના માંસનું ભક્ષણ કરશે, વળી આવનાર ભયને સૂચવનાર ભૈરવ નામના પક્ષી નિર્દય થઇ શબ્દ કરે છે અને કંક નામના પક્ષી રણભૂમિના મધ્યમાંથી દક્ષિણ દિશા ભણી જાય છે. વળી હે ભારત ધૃતરાષ્ટ્ર, હું નિત્ય બેઉ વખતના સંધ્યાકાળને વિષે અનેક રાહુથી વિંટાયલા સૂર્યને જોઉં છું અને નિત્ય સંધ્યા વખતે તેને ફરતાં કાળાં, લાલ તથા સફેદ વર્ણનાં કુંડાળાં મને તથા બીજાઓને દેખાય છે; વળી અમાવાસ્યા નામની ક્ષય તિથિને દિવસે સૂર્ય તથા ચંદ્ર યુક્ત નક્ષત્રને પાપ ગ્રહ ભોગવે છે, તે દુષ્ટ યોગ થયો એમ કહેવાય, માટે તે પણ ભયસૂચક છે. વળી કાર્ત્તિક માસની પૂર્ણિમાને દિવસે લાલ કમળ પુષ્પ સરખા વર્ણવાળા આકાશમાં કાંતિ વગરનો નહી દેખાય એવો તથા અગ્નિ સરખા વર્ણવાળો ચંદ્ર થયો; તેથી શૂરવીર તથા પરિઘ સરખા હાથવાળા રાજાઓ અને રાજપુત્રો રણભૂમિ વિષે નાશ પામી શયન કરશે. વળી હું નિત્ય રાત્રિને વિષે આકાશમાં કુદીને યુદ્ધ કરતા વરાહ તથા માર્જારના શબ્દને સાંભળું છું. વળી દેવતાઓની મૂર્ત્તિઓ કંપે છે, હસે છે, મોઢેથી રૂધિરનું વમન કરે છે, પસીનાયુક્ત થાય છે તથા પોતાની મેળે પડી જાય છે, વળી હે પૃથ્વીપતિ, વગાડયા વગર નગારાં વાગે છે અને અશ્વ જોડ્યા વગર ક્ષત્રિઓના મ્હોટા રથ પોતાની મેળે ચાલવા લાગે છે. વળી કોકિલ, ચંદની પોપટ, ચાસ, કાળી કોટવાળા કાગડા, પોપટ, સારસ તથા મયૂર નામના પક્ષી ભયંકર વાણી બોલે છે. વળી અરૂણોદય વખતે તીડ જંતુના સમૂહ સેંકડો દેખાય છે તથા લોહ સરખી ચાંચવાળા કાળાવર્ણ-ના તીડ શબ્દ કરતાં, અશ્વોને પાછળથી દંશ કરી ખેદ પમાડતા દેખાય છે. વળી હે ભારત, સંધ્યાકાળ વખતે દાહયુક્ત સર્વ દિશાઓ પ્રકાશે છે અને વર્ષાદ આકાશમાં ચઢી પ્રબળ વાયુએ કરી રજ ઉડાડે છે ને પછી માંસ વર્ષે છે. વળી હે રાજા, સાધુ પુરૂષોએ માન્ય કરેલી

તથા ત્રણ લોકમાં વિખ્યાત એવી અરૂંધતીના તારાએ વસિષ્ટના તારાને પાછળ મૂકી દીધો છે વળી કનિષ્ઠ રોહિણીના તારાને પીડે છે તથા આકાશમાં ચિન્હ વગરનો ચંદ્ર દેખાય છે; માટે અવશ્ય મ્હોટો ભય પ્રાપ્ત થશે. વળી વાદળાં વગર ભયંકર ગર્જનારૂપ શબ્દ સંભળાય છે તથા રૂદન કરતાં એવાં વાહનોની આંખમાંથી અશ્રુનાં બિંદુ પડે છે.

अनभ्रे च महाघोर स्तनितःश्रूयते स्वनः।

वाहनानां च रुदतां निपतंत्यश्रुबिंदवः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडनिर्माणपर्वणि श्रीवेदव्यासदर्शने गुर्जरभाषायां द्वितीयोऽध्यायः ॥२॥

व्यास उवाच-खरागोषुप्र जायंते रमंते मातृभिःसुताः।

अनार्त्तवं पुष्पफलं दर्शयंति वनद्रुमाः ॥१॥

વ્યાસજી કહે છે—હે ધૃતરાષ્ટ્ર, ગાયો ગધેડાઓને વિયાય છે, પુત્ર માતા વિષે ગમન કરે છે તથા ઋતુ વગર વન વૃક્ષોમાં ફળ તથા પુષ્પ પેદા થયાં દેખાય છે. વળી વગર પુત્રવાળી ગર્ભિણી સ્ત્રીયો ભયંકર પ્રજાને પ્રસવે છે તથા માંસ ભક્ષણ કરનાર શ્વાનાદિ પ્રાણિ સાથે મળી ખાય છે. વળી ત્રણ શીંગડાવાળાં, ચાર આંખવાળાં, પાંચ પગવાળાં બે શિશ્નવાળાં બે મસ્તકવાળાં, બે પુછડાંવાળાં, તથા દાઢવાળાં અમંગળ પશુ અને ત્રણ પગવાળા મોર તથા શીંગડાં તથા ચાર દાઢવાળા પક્ષી ઉત્પન્ન થઈ મોહોઢાં ફાડીને, અમંગળ શબ્દ કરે છે. તેમજ વળી હે રાજા, તારા પુરમાં બ્રહ્મવાદિની સ્ત્રિયો મયૂર તથા ગરૂડોને, ઘોડિયો વાછરડાઓને, કુતરિયો શિયાળને તથા મૃગલિયો કૂતરાને પ્રસવે છે; ને પોપટ અશુભ વાણી બોલે છે. વળી કેટલીક સ્ત્રિયો એકદમ ચાર અથવા પાંચ કન્યાને જણે છે, જેઓ ઉત્પન્ન થઇને જ નાચે છે, ગાય છે તથા હસે છે. વળી ચાંડાળાદિ હીન જાતિમાંના કાણા તથા કુબડાદિ મનુષ્યો હસે છે, વળી નાચે છે તથા ગાય છે. વળી સમયે પ્રેરણા કરેલી તથા શસ્ત્ર ધારણ કરેલી પ્રતિમાઓ પૃથ્વી ઉપર લખતી હોય એમ દેખાય છે અને બાળકો હાથમાં લાકડી લઇને એક બીજા સામે દોડે છે તથા કૃત્રિમ શહેર કરી તેને ભાગે છે. વળી મ્હોટાં, ન્હાનાં તથા ચંદ્રોદય વેળાએ પ્રફુલ્લિત થનાર કમળ વૃક્ષો વિષે ઉત્પન્ન થાય છે, ચોતરફથી ઉગ્ર વાયુ વાય છે, જેથી ઉડતી રજ શાંત થતી નથી. વળી નિત્ય દાવાનળ ઉઠે છે, રાહુ સૂર્યને પીડે છે તથા કેતુ નામનો ગ્રહ ચિત્રા નક્ષત્રને મૂકી દઇ સ્વાત્યાદિને વિષે વર્તે છે. સંશપ્તકરાશિને વિષે વર્તનાર રાહુ તથા કેતુ હમણાં એક રાશિને વિષે વર્તે છે, તેથી ઘણું કરી કૌરવોનો વિનાશ થશે એમ સૂચવે છે. વળી મહા ભયંકર ધૂમકેતુ નામનો ઉપગ્રહ, પુષ્ય નક્ષત્રને આક્રમણ કરી રહે છે. માટે તે બેઉ સેનાનું મ્હોટું અમંગળ કરશે. વળી મંગળ મઘા નક્ષત્રને વિષે તથા બૃહસ્પતિ શ્રવણ નક્ષત્રને વિષે વક્રિ થયા છે અને શનિ નામનો ગ્રહ પૂર્વાફાલ્ગુની અથવા ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને આક્રમણ કરી પીડે છે. વળી શુક્ર પૂર્વાભાદ્રપદ નક્ષત્રને વિષે રહી શોભે છે ને પરિઘ નામના ઉપગ્રહ સહિત થઇને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રને આક્રમણ કરવા ઇચ્છે છે. વળી ધૂમાડા

સહિત અગ્નિ સરખો પ્રજ્વલિત શ્વેતકેતુ નામનો ઉપગ્રહ ઇંદ્રના તેજસ્વી જ્યેષ્ઠા નક્ષત્રને આક્રમણ કરી વર્તે છે. વળી રાહુ પોતે વક્રિ થઇને સદૈવ એક નક્ષત્ર વિષે રહેલા સૂર્ય તથા ચંદ્રને પીડે છે. વળી તે રાહુ ચિત્રા તથા સ્વાતિ નક્ષત્રના મધ્યમાં રહીને, રોહિણી નક્ષત્રને પીડે છે. વળી અગ્નિ સરખી કાંતિવાળો મંગળ વારંવાર વક્રિ થઇને, બૃહસ્પતિએ સવેલા શ્રવણ નક્ષત્રને પૂર્ણ દૃષ્ટિથી વિંધીને "જોતો" રહે છે. વળી હે રાજા, ધાન્યની માળાવાળી પૃથ્વી સર્વ ધાન્યે પૂર્ણ થઇ છે, યવના છોડવામા પાચ પાંચ ડુંડી તથા ચોખાના છોડમાં સો સો ડુંડી ઉત્પન્ન થઇ છે. વળી સર્વ લોકમાં મુખ્ય તથા માનવા લાયક ગાયોના આંમાં દુધ ભરાય છે, પણ તેમાંથી રૂધિર વહે છે. વળી ધનુષમાંથી અગ્નિની જ્વાળા નીકળે છે તથા તલવારો અત્યંત ચકચકીત થાય છે; તેથી અવશ્ય સર્વ શસ્ત્ર સંગ્રામને જુવે છે. વળી જેમ શસ્ત્રોની અગ્નિ સરખી શોભા છે, તેમજ જળ, કવચ તથા ધ્વજાઓની શોભા દેખાય છે, માટે અવશ્ય મ્હોટો ક્ષય થશે. હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા ધૃતરાષ્ટ્ર રાજા, કૌરવોને પાંડવો સાથે વિરોધ થવાને લીધે, પૃથ્વી રૂધિરના પ્રવાહથી તથા ધ્વજારૂપી નાની હોડીથી વ્યાપ્ત થશે. વળી સર્વ દિશાઓમાં મૃગ તથા પક્ષિયો મ્હોઢાં ઉઘાડી મ્હોટા શબ્દ કરે છે; તેથી તે આવનાર અત્યંત ભયને સૂચવે છે. વળી એક પાંખ, આંખ તથા પગવાળો અને આકાશમાં ફરનાર પક્ષી ક્રોધયુક્ત થઇને સર્વને દુઃખ ઉપજાવતો ભયંકર શબ્દ કરે છે. હે રાજેંદ્ર, સર્વ શસ્ત્ર પોતાની કાંતિએ કરી પ્રજ્વલિત થતાં દેખાય છે તથા ઉદાર એવા સપ્ત ઋષિની કાંતિ જતી રહી છે. વળી હમણાં ઘણા દિવસ સુધી એક રાશિને વિષે રહેનાર પ્રજ્વલિત બૃહસ્પતિ તથા શનિ વિશાખાની સમીપ રહ્યા છે. વળી તેર દિવસના પક્ષને વિષે સૂર્ય તથા ચંદ્ર, રાહુએ ઘેરાય છે; જેઓ પ્રજાના ક્ષયને ઇચ્છે છે. વળી ચારે કોરથી ઘણી રજ ઉડવાથી સર્વ દિશાઓ અમંગળ દેખાય છે અને ઉત્પાતરૂપ ભયંકર મેઘ રાત્રિને વિષે રૂધિર વર્ષે છે. વળી હે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર ક્રૂર કર્મવાળો રાહુ સ્વાતિ નક્ષત્રના અંશમા રહીને કૃત્તિકા નક્ષત્રને પીડે છે; ને વાયુ ધૂમકેતુ નામના ઉત્પાત ગ્રહને જોઇને વારંવાર વાય છે, જેમા મ્હોટા શબ્દ થાય એવું મ્હોટું યુદ્ધ ઉત્પન્ન કરશે. હે રાજા, અશ્વપતિ, ગજપતિ તથા નરપતિ નામના ઉત્તર, પૂર્વ તથા દક્ષિણ દિશાના છત્ર કહેવાય છે; જેઓ અશ્વિન્યાદિ નવ નવ નક્ષત્રોની અનુકૂળતાએ કરી વર્તે છે. પણ હાલ તે સર્વ નક્ષત્ર, ક્રૂર ગ્રહોએ કરી આક્રાંત હોવથી ક્ષત્રિયોને નાશ કરે એવાં થયાં છે. તેમાં પણ બીજા પૂર્વ દિશાના ગજપતિ છત્રના કળશ સ્થાનરૂપ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર વિષે ક્રૂર ગ્રહ શનિશ્ચર રહ્યા છે, તેથી તે યુદ્ધે કરી અવશ્ય તે છત્રને ભંગ કરશે. ને બીજાં છત્રોનાં નક્ષત્ર પણ ક્રૂર ગ્રહાક્રાંત છે, તેથી તે દિશાઓના રાજાઓનો નાશ થશે, પણ તેમના પુત્રોને છત્ર પ્રાપ્ત થશે, હે ધૃતરાષ્ટ્ર, એક પક્ષના ચૌદ, પંદર તથા સોળમે દિવસે અમાવાસ્યા આવે છે તે હું જાણુંછું, પણ તેરમે દિવસે તે આવી એ કોઇ દિવસે જાણવો નથી, હમણાંજ એ પ્રમાણે થયું છે; માટે તે મ્હોટો દુર્યોગ છે એમ માનુંછું. વળી એક માસમાં તેર દિવસના પખવાડિયાની અમાવાસ્યાને દિવસે સૂર્ય ગ્રહણ તથા પંદર દિવસના પખવાડિયાની પૂર્ણિમાને દિવસે ચંદ્ર ગ્રહણ થયા તેથી પ્રજાનો ક્ષય થશે. વળી હે રાજા, કૃષ્ણ પક્ષની ચતુર્દશીને દિવસે માંસનો તીવ્ર વર્ષાદ થયો; જેથી રાક્ષસોના મુખ ભરાયાં તોપણ તે તૃપ્ત થયા નહીં. વળી મ્હોટી નદિયોના પ્રવાહ ઉલટા ચાલવા લાગ્યા છે, નાની નદિયોનાં સારાં પાણી રૂધિર સરખા

વર્ણવાળાં થયાં છે, તથા ફીણુ જેમાં પ્રાપ્ત થયાં છે એવા કુવા, મ્હોટા બળદોની પેઠે ક્ષોભ પામે છે. વળી ઇંદ્રના વજ્ર સરખી કાંતિવાળાં ઉંબાડિયાં શબ્દ કરતાં પૃથ્વી ઉપર પડે છે, તેથી આજની રાત્રિ નિવૃત્ત થયા કેડે તું પોતાના પુત્ર સહિત પોતાની અનીતિના ફળને પામીશ. વળી એક દિવસ શ્રેષ્ઠ ઋષિઓ રાત્રિના ભયંકર ચોતરફ અંધકારને જોઇને, શણકાષ્ટને સળગાવી હાથમાં લઇ પોતાના ગ્રહમાંથી નીકળી પરસ્પર મળી, આ ભયંકર દેખાવને લીધે પૃથ્વી હજારો રાજાઓના રૂધિરનું પાન કરશે એમ દેખાય છે એવી રીતે કહેતા હતા. વળી હે સમર્થ રાજા, મંદરાચળ, કૈલાસ તથા હિમાલય પર્વતમાંથી અનેક મ્હોટા શબ્દ થાય છે અને તેમનાં શિખરો પોતાની મેળે પડે છે. વળી પૃથ્વીના કંપવાથી ચાર દિશાના ચાર સમુદ્ર વૃદ્ધિ પામવાને લીધે પોતાની મર્યાદા મૂકી દઇને, તેને ક્ષોભ પમાડતા હોય એમ દેખાય છે. વળી રજ જેનાથી ઉડે એવો ઉગ્ર વાયુ વૃક્ષોને ફેંકી નાખતાં તથા ભાગી નાખતાં વાય છે અને વજ્રપાત થવાથી કેટલાક વૃક્ષો નાશ પામે છે. વળી મ્હોટા શહેર તથા ગામડાંઓમાંના ચોરા તથા વૃક્ષો પોતાની મેળે પડી જાય છે. વળી બ્રાહ્મણોએ આહુતિ આપેલો અગ્નિ, ડાબી બાજુ જવાળા તથા દુષ્ટ ગંધયુક્ત ભયંકર શબ્દ કરતો કાળા, રાતા અને પીળા વર્ણનો દેખાય છે. હે પૃથ્વીપતિ, સ્પર્શ, રસ તથા ગંધના ગુણ વિપરીત જોવામાં આવે છે, ધ્વજાઓ કંપે છે તથા તેમાંથી ધુમ્ર નીકળે છે અને નગારાં તથા ઢોલમાંથી અંગારા ઝરે છે. વળી મ્હોટા વૃક્ષોની ડાબી બાજુ ફરતા એવા કાગડાઓ ભયંકર શબ્દ કરી ધ્વજાઓના અગ્રભાગને વિષે ઝૂપે છે; તેથી અવશ્ય રાજાઓનો ક્ષય થશે. વળી દુષ્ટ હસ્તિયો કંપયુક્ત થઇ મળ તથા મૂત્રને મૂકે છે તથા ચારે કોર દોડયા કરે છે. વળી અશ્વો દીન થયા છે તથા શ્રેષ્ટ હસ્તિઓના શરીરે પસીનો પ્રાપ્ત થાય છે. હે ભારત, આ મારાં કહેલાં વચન સાંભળીને તું, આ વખત જે કરવાનું હોય તેનો વિચાર કરી, જેમ લોકનો વિનાશ ન થાય, તેમ કર. વૈશંપાયન કહે છે—હે જનમેજય, એ પ્રમાણે પોતાના પિતારૂપ વ્યાસજીનાં વચન સાંભળીને, ધૃતરાષ્ટ્ર રાજાએ તેને કહ્યું કે હે પિતારૂપ વ્યાસજી, સર્વનો વિનાશ ભાવિ છે એ હું પૂર્વથીજ જાણું છું. રાજાઓ પોતાના ક્ષત્રિય ધર્મે કરી એક બીજાઓને સંગ્રામમાં મારશે, તો શૂરવીરના લોકને પામીને કેવળ સુખને પામશે. વળી પુરૂષમાં સિંહરૂપ તે શૂરવીરો મહા સંગ્રામમાં પોતાના પ્રાણ ત્યાગ કરીને, આ લોકમાં કીર્ત્તિ તથા પરલોકમાં ઘણા કાળ સુધી મ્હોટા સુખને પામશે. વૈશંપાયન કહે છે—હે જનમેજય, એ પ્રમાણે ધૃતરાષ્ટ્ર રાજાએ કહ્યું, ત્યારે કવીંદ્ર તથા મુનિવ્યાસજી અત્યંત ચિંતાયુક્ત થયા. પછી બે ઘડી સૂધી પોતાના મનમા વિચાર કરીને વ્યાસજી ફરીથી ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યા કે હે પાર્થિવેંદ્ર, કાળ સર્વ જગતનો ક્ષય કરે છે, અને પાછું ઉત્પન્ન પણ કરે છે. માટે આ લોકમાં કોઇ પણ શાશ્વત નથી. હે રાજા, તું પોતાના નાતીલા કૌરવ, સંબંધિ તથા સ્નેહિઓને ધર્મયુક્ત માર્ગ બતાવ, કેમકે તે સર્વને નિવારણ કરવા સમર્થ છે. વળી જાતી વધ કરવો એ મોટું હલકું કામ છે, એમ શાસ્ત્રવેત્તા પુરૂષોએ કહેલ છે; માટે મને પણ અપ્રિય એવું તે કામ તું કર માં. હે પૃથ્વીપતિ, તારે ત્યાં આ દુર્યોધન પુત્રરૂપે કાળજ ઉત્પન્ન થયો છે, ને જ્ઞાતિ વધ કરવો એ વેદમાં પણ નિંદેલો છે; જેથી ક્યારેય હિત થતુંજ નથી. હે રાજા, જે પુરૂષ પોતાના શરીર સમાણા કુળધર્મને નાશ કરે, તેને તે નાશ કરે છે; માટે તું આપત્તિ વગર કાળના યોગથી શા વાસ્તે આડે માર્ગ ચાલે છે? હે પૃથ્વીપતિ, કુળ તથા રાજાઓના વિનાશ માટેજ આ રાજ્યરૂપ અનર્થ તને પ્રાપ્ત થયો છે; જેથી તું અતિશય ધર્મથી

રહિત થયો છે. માટે હે દુર્ધર્ષ, હજી પણ તું પોતાના પુત્રોને ધર્મ માર્ગનો ઉપદેશ કર; કેમકે તારે રાજ્ય કરી શું પ્રયોજન છે? જેથી મ્હોટા દોષને તું પામ્યો છે. હે રાજા, જો તું પણ ધર્મ તથા કીર્ત્તિનું પાલન કરીશ, તો સ્વર્ગને પામીશ; ને પાંડવો રાજ્યને પામો તથા કૌરવો શાંતિ પામો. હે જનમેજય, એ પ્રમાણે વ્યાસજીએ કહ્યું, ત્યારે અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રે આક્ષેપ યુક્ત ફરીથી વાક્ય કહ્યાં કે, જે રીતે તમે શત્રુ તથા પોતાનાઓની સ્થિતિ તથા વિનાશને જાણો છો, તેજ રીતે હું પણ યથાર્થ જાણું છું. તોપણ સર્વ લોક પોતાના સ્વાર્થમાં મોહ પામે છે, વાસ્તે મને તેમજ છે એમ જાણો. અત્યંત મહિમાવાળા તથા ધીર તમને હું પ્રસન્ન કરૂં છું; કારણ અમારા આશ્રયરૂપ અને અમને ઉપદેશ કરનાર તમે છો. હે મહર્ષિ, મારી મતિમાં આ યુદ્ધ રૂપ અધર્મ કરવો એ પ્રિય નથી, પણ શું કરૂં? મારા દુર્યોધનાદિ પુત્ર મને વશ નથી. હે વ્યાસજી, ભરતવંશી રાજાઓની કીર્ત્તિ તથા તેમને ધર્મમાં પ્રવર્ત કરનાર તમે છો; કેમકે કૌરવ તથા પાંડવોના માન્ય પિતામહ છો. વ્યાસજી બોલ્યા કે, હે વિચિત્રવીર્યના પુત્ર રાજા ધૃતરાષ્ટ્ર, જે તારા મનમાં હોય, તે તારી ઇચ્છા પ્રમાણે તું મને કહે. કેમકે હું તારા સંશયને છેદ કરીશ. ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે ભગવાન, સંગ્રામને વિષે જય મેળવનારનાં જે ચિન્હ હોય, તે હું સર્વ યથાર્થ સાંભળવા ઇચ્છું છું. વ્યાસજીએ કહ્યું કે હે ધૃતરાષ્ટ્ર, શ્રેષ્ઠ કાંતિ, ઊંચી જવાળા તથા જમણી બાજુ ફરતો શિખાનો અગ્ર ભાગ જેનો હોય એવો ધૂમ્ર વગરનો અગ્નિ અને તેમાં આપેલી આહુતિમાંથી ઉત્તમ સુગંધ ઉત્પન્ન થાય એ થનાર જયનું ચિન્હ છે. વળી ગંભીર ઘોષ તથા શબ્દવાળા શંખ તથા મૃદંગો વાગે, અને શુદ્ધ કિરણવાળા સૂર્ય તથા ચંદ્રમા હોય છે એ પણ થનાર જયનું ચિન્હ છે એમ બુદ્ધિમાન્ પુરૂષો કહે છે. વળી યુદ્ધ કરવા સારૂ પ્રસ્થાન કરી જતા યોદ્ધાઓની પાછળ કાગડાની શ્રેષ્ઠ વાણિ જયસૂચક છે, અને આગળની વાણિ જય વિષે નિષેધ કરનારી છે. વળી હે રાજા, જે પક્ષને રાજહંસ, પોપટ, ક્રૌંચ તથા શતપત્ર નામના પક્ષિઓ કલ્યાણરૂપ વાણિ બોલતા જમણી બાજુ ઉતરે છે, તેનો અવશ્ય જય થાય એમ બ્રાહ્મણો કહે છે. વળી જેની સેના સુખરૂપ શબ્દવાળા અલંકાર, કવચ તથા ધ્વજાએ કરી અને અશ્વોની હણહણાટિએ કરી શોભાયમાન હોય તથા શત્રુએ દુઃખે કરી પણ સામું જોવાય નહીં એવી હોય, તે શત્રુને જીતે. વળી હે ભારત, જેના પક્ષના યોદ્ધાઓની વાણિ પ્રસન્ન હોય તથા તેમનામાં બળ હોય અને જેની પુષ્પ માળા કરમાય નહીં, તેજ સંગ્રામરૂપ સમુદ્રને તરે છે. વળી જેના પક્ષના યોધ્ધાઓની શત્રુ પક્ષમાં પ્રવેશ કરતી વેળાએ માર્યો માર્યો એવી વાણિ ઉચરાય તથા પ્રવેશ કર્યા પછી હણ્યો છે હણ્યો છે એમ વાણિ ઉચરાય છે, તે છેવટે થનાર જય પ્રાપ્ત કરે છે; ને જેની સેનામાં શત્રુની સેના વિષે પ્રવેશ કરતી વેળાએ યુધ્ધ કરીશ નહીં યુધ્ધ કરીશ તો મરીશ એવી વાણી ઉચરાય છે, તે મરણજ પ્રાપ્ત કરે છે, જે હાલ દુર્યોધનના પક્ષમાં વર્તે છે. વળી જે પક્ષમાં શબ્દ, રૂપ, રસ, સ્પર્શ તથા ગંધ વિકાર નથી પામતા અને યોદ્ધાઓને સદૈવ હર્ષ રહે છે એ પણ જયનું ચિન્હ છે. વળી હે રાજા, જેને વાયુ અનુકૂળતા પ્રમાણે વાય, વાદળાં, પક્ષિ, મેઘ તથા ઇંદ્ર ધનુષ પાછળથી ગતિ કરે, એ તેના જયનું ચિન્હ છે; અને એથી ઉલટું એ મરણનું ચિન્હ છે. વળી સેના થોડી હોય અથવા મ્હોટી હોય પણ જો યોધ્ધાઓમાં કેવળ હર્ષ હોય, તો તે પણ જયનું ચિન્હ છે. હે રાજા, જો એક મુખ્ય યોધ્ધો ભય પામે, તો તે અત્યંત મ્હોટી સેના હોય તેને પણ ભય પમાડે, અને

તેને લીધે મ્હોટા શૂરવીર યોધ્ધાઓ પણ ભય પામે. ત્યારે ભંગાણ પડેલી તે મ્હોટી સેનાને કોઇ પણ પુરૂષ પાણીના મ્હોટા વેગ તથા ભય પામી નાસી જતા મૃગ ગણની પેઠે અટકાવવા સમર્થ થઇ શકતું નથી. હે ભારત, જે સેનામાં ભંગાણ થયું, તેનું પાછું સમાધાન થઇ શકતુંજ નથી; ને તે ભય પામવાને લીધે તેમાંના અત્યંત ચતુર શૂરવીર પણ ભય પામે છે, કારણ બીના તથા ભાગી જતાઓને જોઇને બીજાઓને પણ ભય વધે છે; તેથી ભંગાણ પડેલી સેના તાત્કાળ દિશા દિશા પ્રત્યે ભાગે છે, જેને મ્હોટા શૂરવીર રાજાથી પણ શત્રુ સામે ઉભી રાખવા સમર્થ થવાતું નથી, વાસ્તે બુધ્ધિમાન્ રાજાએ સદૈવ સાવધ થઇને, પોતાની ચતુરંગિણી મ્હોટી સેનાનો સત્કાર કરી ઉપાયપૂર્વક પોતાના કાર્યનો યત્ન કરવો. તેમાં પણ હે રાજા, પ્રાર્થના તથા શત્રુના માગવા પ્રમાણે દ્રવ્ય આપવું એ ઉપાયે કરી જય મેળવવો એ શ્રેષ્ઠ, ભેદે કરી જય મેળવવો એ મધ્યમ તથા યુધ્ધ કરી જય મેળવવો એ જય અધમ કહેવાય છે. અને એક બીજી સેનાઓના યોધ્ધાઓનો પરસ્પર સંઘર્ષ થાય છે, તેનો આરંભજ ક્ષયરૂપ છે. હે રાજા, એક મનવાળા, પોતાની સ્ત્રિ આદિમાં આસક્તિ રહિત, એક નિશ્ચયવાળા તથા હર્ષે યુક્ત પચાસ શૂરવીર પણ, શત્રુની મ્હોટી સેનાને અવશ્ય નાશ કરે. ને યુધ્ધમાંથી પાછા ન હઠે એવા પાંચ, છ વા સાત યોધ્ધાઓ પણ જય પામે એમાં સંશય નથી. હે ભારત, જેમ શ્રેષ્ઠ પાંખવાળો વિનતા પુત્ર ગરૂડ મ્હોટી સેનાને નાશ કરે એવી એક પોતાની શક્તિ જોઇને સહાયભૂત સેનાની ઇચ્છા નથી રાખતો તેમ શૂરવીર પુરૂષ પોતાને સહાયતા કરે એવી ઘણી સેનાની ઇચ્છા રાખતો નથી. તારા પુત્રની ઘણી મ્હોટી સેના છે તેથી તેનો જય થશે એમ તારે માનવું નહી, કેમકે ઘણી સેનાને લીધે નિરંતર જય થતો નથી, તેતો દૈવાધિન હોવાથી અધ્રુવ છે; પણ સંગ્રામમાં જે જય મેળવે, તેજ કૃતાર્થ થાય છે.

न बाहुल्येन सेनाया जयोभवति नित्यशः।
अध्रुवोहि जयोनाम दैवं चात्रपरायणं ॥
जयवंतोहि संग्रामे कृतकृत्याभवंतिहि ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि निमित्ताख्याने गुर्जरभाषायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

वैशंपायन उवाच–एवमुक्त्वा ययौ व्यासो धृतराष्ट्राय धीमते।
धृतराष्ट्रोपि तच्छ्रुत्वा ध्यानमेवान्वपद्यत ॥१॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય, એ પ્રમાણે બુધ્ધિમાન્ ધૃતરાષ્ટ્રને કહીને વ્યાસજી ત્યાંથી ચાલી નીકળ્યા; ને રાજા તેનાં વચન સાંભળી વિચારમાં પડી ગયા. પછી એ ઘડિક સુધી વિચાર કરી વારંવાર નિશ્વાસ મૂકીને ધૃતરાષ્ટ્રે, તીક્ષ્ણ બુધ્ધિવાળા સંજયને પૂછ્યું કે હે સંજય, યુદ્ધમાં આનંદ પામનાર આ એકઠા મળેલા શૂરવીર રાજાઓ પૃથ્વી માટે પોતાના જીવિતનો ત્યાગ કરીને નાના પ્રકારનાં શસ્ત્ર કરી એક બીજાઓને મારશે, પણ શાંતિ પામશે નહીં; તેથી યમલોક વૃદ્ધિ પામશે. હે સંજય, એ સર્વે રાજાઓ પૃથ્વીના રાજ્ય સંબંધિ ઐશ્વર્યને ઇચ્છિને, એક બીજાને સહન કરી શકતા નથી; માટે હું પૃથ્વીને ઘણા ગુણવાળી છે એમ માનું છું.

કુરૂક્ષેત્રને વિષે જગતમાં શૂરવીર એવા યોદ્ધાઓ ઘણા હજાર, લાખ તથા અર્બુદ એકઠા થયા છે, માટે તેમના દેશ તથા શહેરનાં પ્રમાણને હુ યથાર્થ સાંભળવા ઈચ્છું છું વાસ્તે તું કહે કેમકે અતિ તેજસ્વી વિપ્રર્ષિ વ્યાસજીના પ્રભાવથી તું દિવ્ય બુદ્ધિને પ્રકાશ કરનાર જ્ઞાનચક્ષુએ યુક્ત છે. સંજય કહે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ, હે મહા બુદ્ધિમાન રાજા ધૃતરાષ્ટ્ર, હું તમને નમસ્કાર કરીને, મારી મતિ પ્રમાણે પૃથ્વીના ગુણ કહું તે શાસ્ત્રદષ્ટિવાળા તમે જુવો. આ પૃથ્વીને વિષે સ્થાવર તથા જંગમ બે પ્રકારનાં પ્રાણિ છે, તેમાં પણ જંગમ પ્રાણિ અંડજ, સ્વેદજ તથા જરાયુજ એ પ્રમાણે ત્રણ પ્રકારનાં છે. હે રાજા, તે જંગમ સર્વ પ્રાણિમાં જરાયુજ શ્રેષ્ઠ છે, અને તેમાં પણ પશુ તથા મનુષ્ય શ્રેષ્ઠ છે; જેના જૂદા જૂદા ચૌદ ભેદ યજ્ઞના વિધાનવાળા વેદોમાં કહ્યા છે. તેમાના ગ્રામ્ય પશુમા મનુષ્ય શ્રેષ્ઠ છે તથા વનવાસી પશુમાં સિંહ શ્રેષ્ઠ છે જેમનું એક બીજાથી જીવન છે. હવે હે રાજા, પૃથ્વીને ભેદી ઉત્પન્ન થયા તે સ્થાવર કહેવાય છે; જેના વૃક્ષ, ગુલ્મ, લતા, વેલા તથા "ત્વકસાર" વેણું એ પાચ ભેદ છે. હવે "સ્વેદજ" પછી નારી ઉત્પન્ન થતા પ્રાણિનો "ઉદ્‌ભિજ" પૃથ્વીને ભેદિ ઉત્પન્ન થતા સ્થાવરમાં અંતર્ભાવ છે. કેમકે તે જળને ભેદિ ઉત્પન્ન થાય છે અને સ્થાવર પૃથ્વીને ભેદિ ઉત્પન્ન થાય છે તથા "અંડજ" ઇંડામાંથી ઉત્પન્ન થતા પ્રાણિનો "જરાયુજ" ગર્ભવેષ્ટનચર્મ સહિત જન્મે છે તેમા અંતર્ભાવ છે. કેમકે તે મૈથુને કરી ઉત્પન્ન થાય છે અને જરાયુજ પણ તેમજ ઉત્પન્ન થાય છે. માટે સાત પ્રકારના ગ્રામ્ય પશુ, સાત આરણ્ય પશુ, પાંચ પ્રકારનાં ઉદ્‌ભિજ પ્રાણિ તથા પાચ મહાભૂત એ સર્વ મળી ચોવીશ પ્રકાર થાય છે, માટે ચોવીસ અક્ષરવાળી ગાયત્રીના સમાનપણાથી તે તેજ છે. માટે હે ભરતકુળમાં શ્રેષ્ઠ, સર્વ ગુણ સંપન્ન, પવિત્ર અને કાર્ય તથા કારણ સમુદાયાત્મક આ ગાયત્રીરૂપ બ્રહ્મને જે પુરૂષ તત્વથી જાણે, તે કદી ફરીને આ લોકમા જન્મ તથા મરણને પામે નહી. હે રાજા, પ્રથમ કહેલા સિંહ, વ્યાઘ્ર, વરાહ, મહિષ, હસ્તિ, રીછ તથા વાનર એ સાત આરણ્યક પશુ અને ગાય, બકરી, મેંઢા, મનુષ્ય, અશ્વ, ખચ્ચર તથા ગર્દભ એ સાત ગ્રામ્ય પશુ છે. હે રાજા, એ પ્રમાણે સર્વ મળી ચૌદ પશુ સાધુ પુરૂષોએ ગણ્યાં છે. હે ધૃતરાષ્ટ્ર, એ સર્વ પૃથ્વીને વિષે ઉત્પન્ન થાય છે, નાશ પણ તેમાંજ થાય છે, સર્વને રહેવાનુ સ્થાન પણ તેજ છે અને સનાતન પણ છે. વાસ્તે જેને પૃથ્વીનું રાજ્ય છે, તેને સ્થાવર તથા જંગમાત્મક સર્વ છે, માટે તેમા અતિ ઇચ્છાવાળા રાજાઓ એક બીજાઓને યુદ્ધમા મારે છે.

यस्यभूमिस्तस्यसर्वं जगत्स्थावरजंगमं ।
तत्रातिगृद्धाराजानो विनिघ्नंतीतरेतरं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि भौमगुणकथने गुर्जरभाषायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

— ✦ —

धृतराष्ट्र उवाच–नदीनां पर्वतानां च नामधेयानि संजय ।
तथा जनपदानां च ये चान्ये भूमिमाश्रिताः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સર્વ પ્રમાણને જાણનાર સંજય, નદી, પર્વત, દેશ, પૃથ્વીનો આશ્રય કરી રહેલાના તથા વનનાં નામ તથા પ્રમાણ અને પૃથ્વીનું પણ સમગ્ર પ્રમાણ હું

અને કહે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર રાજા, બ્રહ્માંડરૂપ તથા શરીરરૂપ પંચમહાભૂત સર્વત્ર સમાન છે અને સર્વ શરીરાદિને વિષે રહેલું ચૈતન્ય પણ સમાન છે એમ બુદ્ધિમાન પુરૂષો કહે છે, વળી આકાશ, વાયુ, અગ્નિ, જળ તથા પૃથ્વી એ પંચમહાભૂતને વિષે ઉત્તરોત્તર એક એક ગુણ અધિક રહ્યા છે તે એ કે આકાશમાં શબ્દ ગુણ, વાયુમા શબ્દ તથા સ્પર્શ ગુણ, તેજમાં શબ્દ સ્પર્શ. તથા રૂપ ગુણ, જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ તથા રસગુણ અને પૃથ્વીને વિષે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ ગુણ રહ્યા છે એમ તત્વ જાણનાર ઋષિઓએ કહ્યું છે. હે રાજા, એ પ્રમાણે પાંચ ગુણ જેને વિષે સર્વ પ્રાણિ રહ્યા છે એવા પંચમહાભૂતને વિષે રહ્યા છે. પણ જ્યારે તે પંચમહાભૂત સરખાં હોય છે ત્યારે તે એક બીજામા ભળતા નથી; ને જ્યારે તે ન્યૂનાધિકપણાને પામે છે, ત્યારે તેમનાથી દેહ બંધાય છે, જેને જીવ પામે છે. હે રાજા. તે પંચમહાભૂત પૃથ્વ્યાદિ ક્રમે કરી નાશ પામે છે તથા આકાશાદિ ક્રમે કરી ઉત્પન્ન થાય છે; પણ એ સર્વ એવડાંજ છે એમ પ્રમાણમા ન આવવાથી ઇશ્વરરૂપ છે, કેમકે સિદ્ધ પુરૂષો બ્રહ્માંડને ભેદી જ્યાં ક્યાંય જાય છે, ત્યા પણ વાસનામય પાંચ ભૌતિક શરીરો હોય છે. તેમ છતા મનુષ્યો તર્કે કરી તે એવડાં છે એમ કહે છે, તો પણ જે નહી ચિંતન કરવામા આવે એવા પદાર્થો તર્કે કરી સાધ્ય થવા યોગ્ય નથી, "એવડાજ છે એમ કહેવાને લાવતા નથી'"-કેમકે બ્રહ્માંડાદિક પ્રકૃતિપર છે. હવે હે મહારાજ, હે કુરૂકુળમા ઉત્પન્ન થયેલા ધૃતરાષ્ટ્ર રાજા, હું તમને જંબૂદ્વીપનાં પ્રમાણ તથા આકૃતિનું વર્ણન કહું તે તમે સાંભળો—હે મહારાજ, ઘણા દેશવાળો, નદીના જળ, મ્હોટા પર્વત, વિવિધ પ્રકારના શહેર, મનોજ્ઞ દેશ તથા ફળ પુષ્પયુક્ત વૃક્ષોએ કરી ઢંકાએલો, ઘણા ધન તથા ધાન્યવાળો અને ખારા સમુદ્રથી ચોતરફ વિંટાયલો જંબૂદ્વીપ મંડલાકાર છે. હવે તમે યોગિ પુરૂષ મ્હોટા જંબૂદ્વીપને નાના પોતાના હૃદયને વિષે કેમ જુવે છે એમ પૂછશો, તો હું કહું તે તમે સાંભળો—જેમ આ આરસીને વિષે મનુષ્ય પોતાનાં સમગ્ર મુખને જુવે છે તેમ યોગિ પુરૂષ પોતાના સૂક્ષ્મ આકાશને વિષે સમગ્ર જંબૂદ્વીપને જુવે છે. કેમકે સર્વ ઔષધિવાળો તથા તેથી વેષ્ટિત કાર્ય કારણરૂપે સંસાર વૃક્ષ મનના એક દેશમા અને બીજા દેશમા નિયમ્ય નિયામકરૂપે પરમાત્મા રહ્યા છે, "એ સર્વ મન કલ્પિત છે' પણ પંચમહાભૂતથી ઉત્પન્ન થયેલું આ કાર્ય તથા પ્રલય વિષે જેમા કાર્ય સૂક્ષ્મરૂપે રહે છે એવું અવ્યાકૃત કારણ આત્મરૂપ છે; 'પરમાત્માથી જૂદું છે' અને પરમાત્મા એ બેઉથી જૂદા છે તે હું સંક્ષેપથી કહું તે તમે સાંભળો.

आपस्ततोन्याविज्ञेयाः शेषःसंक्षेपउच्यते ।
ततोन्यउच्यतेचा यमेनंसंक्षेपतःशृणु ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि सुदर्शनद्वीपवर्णने गुर्जर-भाषायां पंचमोऽध्यायः ॥ ५ ॥

—

धृतराष्ट्र उवाच—उक्तोद्वीपस्यसंक्षेपो विधिवद्बुद्धिमंस्त्वया ।
तत्त्वज्ञश्चासिसर्वस्य विस्तरंब्रूहिसंजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે બુદ્ધિમાન્ સંજય, તેં જંબૂદ્વીપનો વિસ્તાર સંક્ષેપથી કહ્યો, પણ હું તત્વજ્ઞ છે, માટે તેનો વિસ્તાર કહે. પરમેશ્વરને વિષે જે આ પૃથ્વીનો અવકાશ દેખવામા આવે છે, તેનું પ્રમાણ તું મને પ્રથમ કહે અને ત્યાર પછી સંસારરૂપ વૃક્ષ તથા પરમાત્માનું વર્ણન કહેજે વૈશંપાયન કહે છે—હે જનમેજય, એ પ્રમાણે ધૃતરાષ્ટ્રે પૂછ્યું ત્યારે સંજય તેને કહેવા લાગ્યો કે હે મહારાજ, હિમવાન, હેમકૂટ, પર્વતમા શ્રેષ્ઠ નિષધ, વૈદૂર્યમણિ સરખો નીલ, ચંદ્ર સરખો સફેદ શ્વેત તથા સર્વ ધાતુએ કરી વિચિત્ર પ્રકારનો શૃંગવાન એ ૭ પર્વત ખંડના વિભાગ કરનાર છે; જેઓ પૂર્વ તથા પશ્ચિમ દિશાના સમુદ્રને સ્પર્શ કરનાર અને જેઓનું સિધ્ધ તથા ચારણો સેવન કરે છે, તે ૭ પર્વતના અંતરની ભૂમિનો સેંકડો યોજનનો જે વિસ્તાર, તે ખંડ કહેવાય છે; જેમા પવિત્ર તથા મનોહર દેશો રહ્યા છે. તે ખડોમા હિમાલય પર્વતની દક્ષિણબાજુ આ ભરતખંડ છે તથા ઉત્તરાદિ બાજુ હેમવત નામનો ખંડ છે. હેમકૂટ તથા નિષધ નામના પર્વતની વચમા હરિવર્ષ નામનો ખંડ રહ્યો છે. નીલ તથા નિષધ પર્વતના મધ્યમાં મેરૂ પર્વત છે. તેની પૂર્વ દિશામાં તે દિશાના સમુદ્રની અવધિ પર્યંત માલ્યવાન પર્વત રહ્યો છે. તથા તેની પશ્ચિમ દિશામા તે દિશાના સમુદ્ર પર્યંત ગંધમાદન પર્વત રહ્યો છે. હે રાજા, એ પ્રમાણે માલ્યવાન તથા ગંધમાદન નામના બે પર્વતની વચમા અતિ આશ્ચર્યરૂપ, ઉગતા સૂર્ય સરખો કાન્તિમાન તથા ધૂમાડા વગરના અગ્નિ સરખો કાંતિમાન તથા ધૂમાડા વગરના અગ્નિ સરખો પ્રકાશમાન સુવર્ણનો મેરૂ પર્વત છે; જે પૃથ્વીમા ચાર હજાર ને ખંમા યોજન છે તથા તેની ઉપર પણ તેટલોજ ઉંચો છે ને ચારે કોરના દેશોને વિંટી રહ્યો છે. હે સમર્થ, તે મેરૂ પર્વતની ચારે બાજુની દિશાએ પુણ્યવાન પુરૂષોએ સેવેલા ભદ્રાશ્વ, કેતુમાળ, ભરત તથા ઉત્તરકુરૂ એ નામના ચાર ખંડ છે. હે રાજા, જે મેરૂ પર્વતને વિષે સુવર્ણના કાગડાઓને જોઇને, ગરૂડના પુત્ર સુમુખ નામના પક્ષિએ આ પર્વત ઉત્તમ, મધ્યમ તથા અધમ પક્ષિઓને સમાન વર્ણ કરે છે, પણ ન્યૂનાધિક કરતો નથી, માટે હું એનો ત્યાગ કરી તે ઉત્તર કુરૂખંડ પ્રત્યે જાઉં એમ પોતાના મનમા વિચાર કરી તેણે તેમ કર્યું, તે મેરૂપર્વતને તેજસ્વિઓમા શ્રેષ્ઠ સૂર્ય, નક્ષત્ર સહિત ચંદ્રમા તથા વાયુ નિરંતર પ્રદક્ષિણા કરે છે. વળી હે મહારાજ, તે પર્વત દિવ્ય એવા ફળ તથા પુષ્પયુક્ત અને સુવર્ણથી શોભાયમાન અનેક ગૃહોથી સંકીર્ણ છે. તે મેરૂ પર્વતમા દેવતાઓના ગણ, ગંધર્વ, અસુર તથા રાક્ષસો અપ્સરાઓના ગણ સહિત નિરંતર ક્રીડા કરે છે. વળી તેને વિષે બ્રહ્મા, રૂદ્ર તથા દેવતાઓના રાજા ઈંદ્ર આવીને, અનેક દક્ષિણાવાળા વિવિધ પ્રકારના યજ્ઞે કરી યજન કરે છે; જે દેવ શ્રેષ્ઠોની તુંબરૂ, નારદ, વિશ્વાવસુ, હાહા તથા હુહૂ આદિ ગંધર્વ આવીને અનેક તરેહનાં સ્તોત્રે કરી સ્તુતિ કરે છે. વળી મહાત્મા સપ્ત ઋષિ તથા કશ્યપ નામના પ્રજાપતિ દરેક પર્વણિએ તે પર્વત પ્રત્યે જાય છે. હે મહીપતિ, તે મેરૂ પર્વતના શિખર ઉપર કવિ પુરૂષોમાં શ્રેષ્ઠ શુક્ર દૈત્યો સાથે રહી વિહાર કરે છે. જેના ત્યાના સર્વ રત્ન તથા રત્નમય પર્વતો છે. હે રાજા, શુક્ર કરતા ચતુર્થાંશ રત્નના વૈભવને કુબેર ભોગવે છે અને પરમેશ્વર તેના સોળમા હિસ્સાનો કંઇક અંશ મનુષ્યોને આપે છે. વળી હે રાજા, તે મેરૂપર્વતના ઉત્તરાદિ બાજુના પડખામાં સર્વે ઋતુનાં પુષ્પયુક્ત દિવ્ય, મનોહર તથા શિલાઓના સમૂહમાંથી ઉપજ થએલું કરેણના પુષ્પનું વન છે; જેમાં સર્વ પ્રાણિની રક્ષા કરનાર ભગવાન મહાદેવજી દિવ્ય ભૂતોથી વિંટાઇને પાર્વતી સહિત ક્રીડા કરે છે તથા ચરણ પર્યંત લાંબી કરેણના પુષ્પની માળ

ધારણ કરે છે. જે મહાદેવજી ઉદય થયેલા ત્રણ સૂર્ય સરખાં પોતાનાં ત્રણ નેત્રે કરી સર્વત્ર પ્રકાશ કરે છે, તેને શ્રેષ્ઠ વ્રતવાળા, સત્યવાદી તથા ઉગ્ર તપસ્વિ સિધ્ધ પુરૂષો જુવે છે, પણ દુષ્ટ આચરણવાળા જોઇ શકતા નથી. હે નરેશ્વર, તે મેરૂપર્વતના શિખર ઉપરથી સાક્ષાત વિષ્ણુરૂપ, અપરિમિત, વજ્રપાત સરખા ભયંકર શબ્દવાળી, પવિત્ર, અતિ પવિત્રોએ સેવેલી તથા શ્વેત ધારાવાળી ભાગીરથી શુભ ગંગા, ચંદ્રમાના શુભ હદમાં પડે છે. હે રાજા, તે હદને ગંગાએ પોતાના પડવાના બળથી સમુદ્ર સરખો કર્યો છે ને પર્વતોથી પણ દુઃખે કરી જેનો વેગ ધારણ કરી શકાય નહી એવી ગંગાને શ્રી મહાદેવજીએ હજારો વર્ષ પર્યંત પોતાની જટામાં ધારણ કરી છે. હે મહીપતિ, મેરૂ પર્વતની પશ્ચિમ દિશામા કેતુમાલ નામનો તથા જંબૂ નામનો ખંડ છે; જેઓમા અનેક દેશો છે ને મનુષ્યોનું આયુષ્ય દશ હજાર વર્ષનું છે. વળી તે ખંડમા રોગ તથા શોક રહિત, નિરંતર પ્રસન્ન મનવાળા, તપાવેલાં સુવર્ણ સરખી કાંતિવાળા અને ગૌર વર્ણવાળા પુરૂષો તથા અપ્સરા સરખી સ્ત્રીઓ ઉત્પન્ન થાય છે. હવે ગંધમાદન પર્વતના શિખરો વિષે ગુહ્યકના અધિપતિ કુબેર રાક્ષસો સહિત રહિ, અપ્સરાઓના સમુદાયથી વિંટાઇને હર્ષ પામે છે. તે પર્વતની આજુબાજુ સમીપ તેના અવયવભૂત ન્હાના ન્હાના બીજા પર્વતો છે; ને ત્યા રહેનારનું પરમ આયુષ્ય અગિયાર હજાર વર્ષનું છે. વળી ત્યા રહેનાર પુરૂષો સદૈવ તેજસ્વી, હર્ષયુક્ત તથા બળવાન છે અને સ્ત્રિયો સુંદર સ્વરૂપવાળી તથા કમળ સરખી કાંતિવાળી છે. હે રાજા, એ પ્રમાણે હિમાલય પર્વતની દક્ષિણ બાજુ ભરતખંડ, ઉત્તરમા હૈમવત ખંડ, હેમકૂટ પર્વતની ઉત્તર દિશામાં હરિવર્ષ ખંડ, નિષધ પર્વતની ઉત્તર દિશામા તથા નીલ પર્વતની દક્ષિણ બાજુ અને મેરૂ પર્વતને ફરતો ઇલાવ્રત નામનો ખંડ તથા પ્રથમ કહેલા ભદ્રાશ્વ, અને કેતુમાલ ખંડોના નામથી કલ્પેલા બીજા બે ખંડ છે એમ કેટલાક બુદ્ધિમાનોએ નવ ખંડ કલ્પેલા છે. વળી પ્રથમ કહેલા ઇલાવ્રત રહિત ચાર ખંડ અને નીલ પર્વતની ઉત્તર બાજુ શ્વેત નામનો પાંચમો ખંડ, શ્વેત પર્વતની ઉત્તર બાજુ હિરણ્યક નામનો છઠ્ઠો ખંડ તથા શૃંગવાન પર્વતની પાસે ઐરાવત નામનો સાતમો ખંડ છે એમ પણ કેટલાકનો મત છે. હે મહારાજ, એ પ્રમાણે સર્વ મળી દક્ષિણમાં ભરત, ઉત્તરમાં ઐરાવત તથા મધ્ય ભાગમા બાકીના પાંચ ખંડ છે; જેઓ મ્હોટું આયુષ, પ્રમાણ, આરોગ્ય, ધર્મ, કામ તથા અર્થાદિ ગુણે કરી ઉત્તરોત્તર અધિક છે. હે મહારાજ, એ પ્રમાણે સર્વ ખંડમા અનેક જૂદા જૂદા ભાવવાળા પ્રાણિ એકઠા મળી રહ્યા છે. એ રીતે આ પૃથ્વી ઘણું કરી પર્વતે કરી વ્યાપી છે હે રાજા, હેમકૂટ એજ કૈલાસ નામનો મ્હોટો પર્વત છે, જ્યાં ગુહ્યકો સહિત કુબેર રહી હર્ષ પામે છે. ને કૈલાસ પર્વતની ઉત્તરાદિ બાજુ મૈનાક પર્વત છે અને તેની ઉત્તરાદિ બાજુ દિવ્ય તથા મણિમય હિરણ્યશૃંગ પર્વતની વચમા મ્હોટું, દિવ્ય, શુભવર્ણવાળું અને સુવર્ણની વાળુકાવાળું બિંદુસર નામનું તળાવ છે. જ્યા ભગીરથ નામના રાજાએ ગંગાને જોઇને ઘણા વર્ષ પર્યંત નિવાસ કર્યો હતો. વળી ત્યા મ્હોટા યશવાળા ઇંદ્રે મણિમય સ્તંભ તથા સુવર્ણની અનેક વેદી કરી યજ્ઞ કર્યા છે; જેથી તે દેવતાઓના રાજ્યરૂપ સિદ્ધિને પામ્યો છે. વળી ત્યાં સર્વ પ્રાણિને ઉત્પન્ન કરનાર, તીક્ષ્ણ તેજવાળા તથા સનાતન મહાદેવજી, બ્રહ્મા, નરનારાયણ તથા મનુની સર્વ પ્રાણ ઉપાસના કરે છે. વળી દિવ્ય, અચિંત્ય તથા પરમેશ્વરે નિર્માણ કરેલી ગંગા બ્રહ્માના લોકથી ઉતરીને તે બિંદુસર રૂપે આવી, ને ત્યાં તેના સાત જૂદા જૂદા પ્રવાહ થયા; જેમનાં વસ્વૌકસારા, નલિની, સરસ્વતી, જંબુ નદી, સીતા, ગંગા અને સિંધુ એવાં નામ પડ્યા છે. વળી તે બિંદુસરની પાસે પૂર્વે બ્રાહ્મણો હજારો વર્ષની દીક્ષાવાળા.

સત્ર નામનો યજ્ઞ કરતા હતા. હે રાજા, સરસ્વતી નામની ગંગા છે, તે પૃથ્વીને વિષે ક્યાંય દૃશ્ય છે અને અદૃશ્ય પણ છે. એ પ્રમાણે પ્રવાહરૂપ સાત પ્રકારની થયેલી ગંગા ત્રણ લોકમાં વિખ્યાત છે. હે રાજા, હિમવાન પર્વતમાં રાક્ષસો રહે છે, હેમકૂટ પર્વતને વિષે ગુહ્યકો રહે છે અને નિષધ પર્વતને વિષે સર્પ તથા નાગ રહે છે અને ત્યાં ગોકર્ણ નામનું તપોવન પણ છે. શ્વેત પર્વતને વિષે દેવતા, અસુર તથા ગંધર્વ અને નીલ પર્વતને વિષે બ્રહ્મ ઋષિયો રહે છે અને શૃંગવાન પર્વતને વિષે દેવતાઓ અનેક વ્યવહાર કરે છે. હે રાજા, એ પ્રમાણે સાત ખંડની કલ્પના શાસ્ત્રમાં કરી છે, જેમને વિષે સ્થાવર તથા જંગમ પ્રાણી રહ્યાં છે. હે રાજા, તે સાત ખંડમાં દેવતા તથા મનુષ્ય સંબંધિ અનેક સમૃદ્ધિ છે, જેની ગણના કરવી અશક્ય છે; પણ પોતાના કલ્યાણને ઇચ્છનાર પુરૂષોએ તેમાં શ્રદ્ધા રાખવા લાયક છે. હે રાજા, તમે મને પરમેશ્વરના સ્વરૂપનું વર્ણન તથા સંસારરૂપ વૃક્ષનું વર્ણન પછી કહેજે એમ પ્રથમ કહ્યું હતું, માટે હાલ સમયને લીધે કહું છું; જે તમે સાંભળો-શશરૂપ પરમેશ્વરના દક્ષિણ તથા ઉત્તર બાજુના પડખાંરૂપ ભરત તથા ઐરાવત નામના બે ખંડ છે, સત્ય લોક તથા દેવ લોક બે કાનરૂપ છે, ને બ્રહ્માંડને વિષે જેટલાં ઉચ્ચ સ્થાન છે, તે ઉદરના ઉપરના ભાગને વિષે તથા નિચા જે પ્રદેશ છે, તે નિચેના ભાગ વિષે વેદમા કલ્પેલાં છે. હે રાજા, એ પ્રમાણે મેં તમોને પરમેશ્વરનું સ્થૂળમાયિક સ્વરૂપ કહ્યું, હવે બીજું સુક્ષ્મ સ્વરૂપ કહું તે તમે સાંભળો-હે રાજા, પરમેશ્વરનું રક્તવર્ણવાળા રજોગુણ યુક્ત નામની અનેક તરેહના ભોગની વાસનારૂપી બીજું સૂક્ષ્મ સ્વરૂપ છે.

ताम्रपर्णश्चिलोराजञ्छ्रीमान्मलयपर्वतः ।
एतद्द्वितीयंद्वीपस्य दृश्यतेशशसंस्थितं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि भूम्यादिपरिमाणविवरणे गुर्जरभाषायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

धृतराष्ट्र उवाच–मेरोरथोत्तरंपार्श्वं पूर्वंचाचक्ष्वसंजय ।
निखिलेनमहाबुद्धे माल्यवंतंचपर्वतं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે મ્હોટી બુધ્ધિવાળા સંજય, મેરૂ પર્વતનાં ઉત્તર તથા પૂર્વ પડખાં અને માલ્યવાન પર્વતનું સમગ્ર વર્ણન તું મને કહે. સંજય કહે છે—હે રાજા ધૃતરાષ્ટ્ર, નીલ પર્વતની દક્ષિણ બાજુ અને મેરૂ પર્વતની ઉત્તરાદિ બાજુ પવિત્ર તથા સિધ્ધ પુરૂષોએ સેવેલ ઉત્તરકુરૂ નામનો ખંડ છે; જેમાં નિરંતર રસવાળાં ફળ તથા સુગંધી પુષ્પયુક્ત અનેક વૃક્ષો છે. હે જનાધિપ, તે વૃક્ષોમાના કેટલાક તો ઇચ્છિત કામના આપે એવા છે અને કેટલાક ક્ષીરિ નામના વૃક્ષ છે; જેઓમાંથી દૂધ તથા અમૃત સરખા છ પ્રકારના રસ સ્રવે છે. વળી તે વૃક્ષોમાંનાં ફળમાંથી અનેક વસ્ત્ર તથા આભરણ ઉત્પન્ન થાય છે. હે રાજા, તે ઉત્તરકુરૂ ખંડમાં સુવર્ણની ઝીણી વેળુવાળી, સર્વ ઋતુને વિષે સુખરૂપ સ્પર્શવાળી, કાદવ વગરની તથા મણિમય સર્વ ભૂમી છે. વળી તે ખંડમાં સુખરૂપ સ્પર્શવાળી તથા સુંદર અનેક તલાવડી છે. તે ખંડમાં દેવ લોકથી ભ્રષ્ટ થયેલા પુરૂષો જન્મ લઇને, સુંદર દેખાવવાળા

તથા વિષ્ણુ ભક્તના સંગી થાય છે અને સ્ત્રિયો અપ્સરા સરખી ઉત્પન્ન થાય છે. એ રીતનાં તેઓ જ્યારે જન્મે, ત્યારે જોડલાંજ જન્મે છે; જેઓ ઉત્પન્ન થઇને ક્ષીરિ વૃક્ષોનાં અમૃત સરખાં દુધનું પાન કરે છે. હે રાજા, તે ખડમા જોડલાં એકજ વખતે જન્મે છે, સાથેજ વૃદ્ધિ પામે છે, સમાનરૂપ તથા ગુણવાન હોય છે અને વેષ પણ સરખાજ હોય છે. હે સમર્થ રાજા, ચક્રવાક નામનાં પક્ષિનું જોડું એકઠું રહે, તેમ તે જોડલામાંના સ્ત્રી પુરૂષ એકઠાંજ રહે છે, ને રોગ વગરનાં થઇ સદૈવ હર્ષયુક્ત મનવાળાં હોય છે; જેઓ અગિયાર હજાર વર્ષ પર્યંત જીવી સાથે મૃત્યુ પામે છે. ત્યારે તીક્ષ્ણ ચાચવાળા તથા મહા બળવાન ભરૂંડ નામના પક્ષી તેઓને ઉપાડીને ગુફામાં નાખે છે. હે રાજા, એ પ્રમાણે મેં સંક્ષેપથી ઉત્તર-કુરૂખંડ કહ્યો, હવે મેરૂ પર્વતનું પૂર્વ પડખું વર્ણન કરી કહું તે તમે સાભળો–હે પૃથ્વીપતિ, તે મેરૂ પર્વતના પૂર્વ ભાગમાં ભદ્રાશ્વ નામનો ખંડ છે; જેમાં મુખ્ય કલ્યાણરૂપ સાગનું વન અને નિરંતર ફળ તથા પુષ્પવાળો, એક યોજનમાં ઊંચો અને સિદ્ધ તથા ચારણોએ સેવેલો કાળામ્ર નામનો એક વૃક્ષ છે, વળી તે ભદ્રાશ્વ ખંડમા સર્વ પુરૂષ શ્રેષ્ટ, સફેદ વર્ણવાળા, તેજસ્વી તથા મહા બળવાન છે; ને સ્ત્રિયો સફેદ કમળ પુષ્પ સરખા વર્ણવાળી, શ્રેષ્ઠ દેખાવવાળી, ચંદ્ર સરખી કાંતિવાળી, પૂર્ણ ચંદ્ર સરખા મુખવાળી ચંદ્ર સરખા શીતળ શરીરવાળી અને નાચવામાં તથા ગાવામા ચતુર છે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર રાજા, તે ભદ્રાશ્વ ખંડને વિષે મનુષ્યોનું આયુષ્ય દશ હજાર વર્ષનુ છે, ને તે સર્વ કાળામ્ર વૃક્ષના રસનું પાન કરે છે, તેથી તેમને સદૈવ યુવાવસ્થા રહે છે. હવે હે રાજા, નીલ પર્વતની દક્ષિણ બાજુ તથા નિષધ પર્વતની ઉત્તર બાજુ સર્વ કામનારૂપ ફળ આપનાર, પવિત્ર, સિદ્ધ તથા ચારણોએ સેવેલો, સુંદર દેખાવવાળો અને સનાતન જમ્બૂ નામના વૃક્ષ છે; જેના નામથી આ દ્વીપનું નામ પડ્યું છે. હે મનુષ્યના ઇશ્વર રાજા ધૃતરાષ્ટ્ર, તે જમ્બૂ વૃક્ષ સ્વર્ગને સ્પર્શ કરે એવો તથા પંચાવન યોજન ઉંચો છે; જેમા ફળ સવાસો વેંત મ્હોટા અને પાકે ત્યારે તરત તુટી જનાર એવાં થાય છે. હે રાજા, જયારે તે વૃક્ષમાનાં ફળ પોતાની મેળે ખરી પૃથ્વી ઉપર પડે છે, ત્યારે તેનો મ્હોટો અવાજ થાય છે. ને તરત ફુટી જાય છે; જેમાંથી સુવર્ણ સરખો રસ નીકળે છે. તે જંબૂ રસની મ્હોટી નદી થઇ મેરૂને પ્રદક્ષિણા કરીને, ઉત્તર કુરૂખંડ પ્રત્યે જાય છે; જેના રસનું પાન કરવાથી ત્યાના મનુષ્યોને મન વિષે શાંતિ થાય છે. તૃષા બાધ કરતી નથી તથા જરાવસ્થા પ્રાપ્ત થતી નથી. વળી તે રસથી ત્યાં ઇંદ્રગોપ નામનાં જંતુ સરખા વર્ણવાળું, પ્રકાશમાન તથા દેવતાઓના ભૂષણરૂપ જંબૂનદ નામનું સુવર્ણ પેદા થાય છે. વળી તે ખંડમાં ઉગતા સૂર્ય સરખા વર્ણવાળા તેજસ્વી મનુષ્યો ઉત્પન્ન થાય છે. હે ભરતર્ષભ, માલ્યવાન નામના શિખરને વિષે સંવર્તક નામનો પ્રલયાગ્નિ દેખાય છે, અને તેની પૂર્વ દિશામા તે દિશા વિષે વિસ્તારવાળો બીજો એક પર્વત છે. હે રાજા, તે માલ્યવાન પર્વત ચોરસમાં પાચસો ને પચાસ યોજનના વિસ્તારવાળો છે; ત્યાં સુવર્ણ સરખાં પ્રકાશવાળાં મનુષ્યો ઉત્પન્ન થાય છે. હે રાજા, તે સર્વમાં શ્રેષ્ઠ મનુષ્યો બ્રહ્મલોકથી ભ્રષ્ટ થઇ માલ્યવાન પર્વત વિષે જન્મ લઈ બ્રહ્મચર્ય પાળી લોકના કલ્યાણ સારૂ તીવ્ર તપ કરીને, સૂર્યની પાસે જાય છે તેમાંના છાસઠ હજારને સાઠ પુરૂષો સૂર્યને વિંટી ઉભા રહીને અરૂણની આગળ ચાલે છે; ને તેઓ સૂર્ય પાસે છાસઠ હજાર વર્ષ પર્યંત રહીને તેના તાપથી તપવાને લીધે ચંદ્ર મંડળ પ્રત્યે જાય છે.

षष्टिंवर्षसहस्राणि षष्टिमेवशतानिच।
आदित्यतापतप्तास्ते विशंतिशशिमंडलं॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि माल्यवद्वर्णने गुर्जर-भाषायां सप्तमोऽध्यायः॥ ७॥

धृतराष्ट्रउवाच–वर्षाणांचैव नामानि पर्वतानां च संजय।
आचक्ष्वमेयथातत्त्वं येचपर्वतवासिनः॥ १॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય, ખંડ તથા પર્વતોનાં નામ અને પર્વતને વિષે નિવાસ કરી રહેલાઓ યથાર્થ તું મને કહે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર, શ્વેત પર્વતની દક્ષિણ બાજુ તથા નિષધ પર્વતની દક્ષિણ બાજુ તથા નિષધ પર્વતની ઉત્તરાદિ બાજુ રમણક નામનો ખંડ છે; જેમાં સફેદ વર્ણવાળાં, પ્રિય જનોએ યુક્ત, સુંદર પ્રિય દેખાવવાળાં તથા શત્રુ વગરના મનુષ્યો ઉત્પન્ન થાય છે, ને નિત્ય હર્ષયુક્ત મનવાળા અગિયાર હજાર ને પાંચસો વર્ષ સુધી જીવે છે. નીલ પર્વતની દક્ષિણ બાજુ તથા નિષધ પર્વતની ઉત્તર બાજુએ હિરણ્મય નામનો ખંડ છે. જ્યાં હૈરણ્યવતી નામની નદી, પક્ષિયોમાં શ્રેષ્ઠ તેમનો રાજા ગરૂડ તથા કુબેરના અનુચર, મ્હોટા ધનવાન અને પ્રિય દેખાવવાળા યક્ષો રહે છે. ને મહાબળવાન તથા હર્ષ યુક્ત મનવાળાં મનુષ્યો બારહજાર ને પાંચસો વર્ષ પર્યંત પોતાનાં આયુષ્યને ભોગવી જીવે છે. વળી હે મનુષ્યના અધિપતિ ધૃતરાષ્ટ્ર, તે હિરણ્મય ખંડને વિષે શૃંગવાન નામનો પર્વત છે, તેમાં મણિનું અદ્ભૂત સુવર્ણનું તથા અનેક ભાવનથી શોભાયમાન રત્નનું એ પ્રમાણે ત્રણ વિચિત્ર શિખરો છે; ને તે પર્વતની ઉત્તર દિશા બાજુએ સમુદ્રના અગ્રભાગને વિષે પોતાની મેળે પ્રકાશમાન શાંડલી નામની દેવી વસે છે. તે શૃંગવાન પર્વતની તળેટીમાં ઐરાવત નામનો ખંડ છે; જે સર્વ ખંડ કરતાં શ્રેષ્ઠ છે. તે ખંડ વિષે સૂર્યનો તાપ લાગતો નથી, મનુષ્યોને વૃધ્ધાવસ્થા આવતી નથી તથા નક્ષત્ર મંડળ સહિત ચંદ્રમા તેજોમય દેખાય છે. વળી તે ખંડમાં દેવ લોકથી ભ્રષ્ટ થયેલા સર્વ મનુષ્યો પદ્મ સરખી કાંતિ તથા વર્ણવાળાં, કમળના પત્ર સરખાં નેત્રવાળાં, કમળ પુષ્પ સરખો સુગંધવાળાં. પસીના રહિત, આહાર વગરનાં, જીતેંદ્રિય તથા રજોગુણ રહિત ઉત્પન્ન થાય છે; જેમનું આયુષ્ય તેર હજાર વર્ષ પર્યંતનું છે. તેમજ ક્ષીર સમુદ્રની ઉત્તર દિશા વિષે આઠ ચક્રવાળાં, મન સરખા વેગવાળાં, અગ્નિ સરખા વર્ણવાળા, મહાતેજસ્વી તથા સુવર્ણથી શોભાયમાન તેજોમય ગાડામાં સમર્થ એવા વૈકુંઠ હરિ વિરાજમાન છે; જે સર્વ જીવના નિયંતા, વ્યાપક, સંહાર કરનાર, સારી રીતે રચના કરનાર, કર્તા તથા સર્વને પ્રેરક છે. અને પૃથ્વી, જળ, વાયુ, તેજ તથા આકાશરૂપ અને સર્વ પ્રાણિના યજ્ઞરૂપ છે તથા જેનું અગ્નિ મુખ છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય, એ પ્રમાણે સંજયે કહ્યું, ત્યારે મ્હોટા મનવાળા રાજા ધૃતરાષ્ટ્ર પોતાના પુત્ર સંબંધિ વિચારમા પડી ગયા. પછી પોતાના મનમાં વિચાર કરીને મ્હોટા તેજસ્વી ધૃતરાષ્ટ્રે સંજયને કહ્યું કે હે સૂત પુત્ર સંજય, કાળ સર્વ જગતને નાશ કરે છે તથા પાછું ઉત્પન્ન પણ કરે છે; તેથી આ લોકમાં કોઇપણ અવિનાશી નથી. કેવળ નરનારાયણ, સર્વજ્ઞ, સર્વ

ભૂતનો સંહાર કરનાર, દેવતાઓ જેને વૈકુંઠ કહે છે એવા તથા મનુષ્યો જેને વિષ્ણુ કહે છે એવા પરમાત્માજ અવિનાશી છે.

देवावैकुंठमित्याहु र्नराविष्णुमितिप्रभुं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायां अष्टमोऽध्यायः ॥ ८ ॥

धृतराष्ट्रउवाच-यदिदंभारतंवर्षं यत्रेदंमूर्च्छितंबलं ।

यत्रातिमात्रलुब्धोयं पुत्रोदुर्योधनोमम ॥ १ ॥

ધતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય, જે ભરતખંડને વિષે આ સર્વ સૈન્ય મૂર્છિત થયું છે, મારો પુત્ર દુર્યોધન અતિ લોભાયો છે, પાંડુ રાજાના પુત્ર પાંડવોનાં મન જોડાયાં છે તથા મારૂં પણ મન આસક્ત થયું છે, તેનું યથાર્થ તું વર્ણન કરીને મને કહે; કેમકે હું તને બુદ્ધિમાન માનું છું. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર રાજા, તમે મારૂં વચન સાંભળો—ભરતખંડને વિષે ઇચ્છાયુક્ત મનવાળા પાંડવો નથી, કેવળ ઇચ્છાયુક્ત મનવાળા દુર્યોધન, શકુનિ તથા અનેક દેશના રાજા ક્ષત્રિયો છે; જેથી તેઓ એક બીજાને દેખી સહન કરી શકતા નથી. માટે હે ભારત, દેવતા એવા ઇંદ્રને, વૈવસ્વત મનુને, વેનપુત્ર પૃથુને, મહાત્મા ઇક્ષ્વાકુને, યયાતિને, અંબરિષને, માંધાતાને, નહુષને, મુચકુંદને, ઉશીનર દેશના રાજા શિબિને, ઋષભને, એલને, નૃગને, કુશિકને, મહાત્મા ગાધિને, સોમકને, દિલીપને તથા બીજા પણ બળવાન ક્ષત્રિયોને પ્રિય એવો ભરતખંડ હું તમને વર્ણન કરી કહું તે તમે સાંભળો—હે રાજા, ભરતખંડમાં મહેંદ્ર, મલય, રુક્ષ, શુક્તિમાન, રક્ષવાન, વિંધ્ય તથા પારિયાત્ર એ સાત પર્વત મુખ્ય છે; જેઓની સમીપ રહેનાર, કોઇના જાણવામાં ન આવે એવા તથા ઉત્તમ વિચિત્ર તલેટીવાળા અનેક પર્વતો છે. અને હે સમર્થ, હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા રાજા ધૃતરાષ્ટ્ર, બીજા પણ નાના પ્રાણિનું ઉપજીવન જેનાથી થાય એવા અને કોઇના જાણવામાં નથી એવા અનેક ન્હાના પર્વતો છે; જેઓની પાસેના દેશમાં આર્ય, મ્લેચ્છ તથા મિશ્રજાતિના પુરૂષો રહે છે. હે રાજા, તે પુરૂષો અનેક મ્હોટી નદિયોનાં જળનું પાન કરે છે. તે એકે, ગંગા, સિંધુ, સરસ્વતી, ગોદાવરી, નર્મદા, ઇચ્છિત ફળ આપનારી મહાનદી શતદ્રુ, ચંદ્રભાગા, યમુના, દૃષદ્વતી, વિપાશા, જાડી વેળુવાળી વિપાપા, વેત્રવતી, કૃષ્ણા, વેણા, ઇરાવતી, વિતસ્તા, પયોષ્ણી, દેવિકા, વેદસ્મૃતા, વેદવતી, ત્રિદિવા, ઇક્ષુલા, કૃમી, કારીશિણી, ચિત્રવાહા, ચિત્રસેના, જીવોના પાપને નાશ કરનારી ગોમતી, વદના, કૌશિકી, કૃત્યા, વિચિતા, લોહિતારણી, રહસ્યા, શતકુંભા, સરયૂ, ચર્મણ્વતી, હસ્તિસોમા, દિક, શરાવતી, ભીમરથી, કાવેરી, ચુલુકા, વાણી, શતબલા, નીવારા, અહિતા, સુપ્રયોગા, પવિત્રા, કુંડલી, સિંધુ, રાજની, પુરમાલિની, પુર્વાભિરામા, વારા, ભીમા, ઓઘવતી, પાપને હરણ કરનારી પાશાશિની, મહેંદ્રા, પાટલાવતી, કરંષિણી, અસિકની, મહાદની, કુશચીરા, મકરી, શ્રેષ્ઠ એવી મેના, હેમા, ધૃતવતી પૂરાવતી, અનુષ્ણા, શૈબ્યા, કાપી, સદૈવ જળ જેમાં રહે છે એવી તથા મ્હોટા વેગવાળી મહાનદી કુશધારા, સદાકાંતા, શિવા, વારવતી, વસ્ત્રા, સુવસ્ત્રા, ગૌરી, કંપના, હિરણ્વતી, વીરકરા, મહાનદી પંચમી, રથચિત્રા, જ્યોતીરથા, વિશ્વામિત્રા, કપિંજલા, ઉપેંદ્રા બહુ, સદૈવ, જળવાળી

પ્રવાહવાળી કુવીરા, વિનદી, પિંજળા, વેણા, તુંગવેણા, વિદિશા, કૃષ્ણવેણા, તામ્રા, કપિલા, ખલુ, સુવામા, વેદાશ્વા, મહાનદી હરિશ્રાવા, શીઘ્રા, પિચ્છિલા, ભારદ્વાજી, કૌશિકી, શોણા, બહુદા, ચંદ્રમા, દુર્ગા, ચિત્રશિલા, બ્રહ્મવેધા, બૃહદ્વતી, યવક્ષા, રોહી, જાંબૂનદી, સુનસા, તમસા, દાસી, વસા, વરાણુસી, નીલા, પર્ણાશા, માનવી, વૃષભા, બ્રહ્મમેધ્યા, સદૈવ વહેનારી કૃષ્ણા, મંદવાહિની, બ્રાહ્મણી, મહાગૌરી, દુર્ગા, ચિત્રોપલા, ચિત્રરથા, મંજુલા, વાહિની, મંદાકિની વૈતરણી, કોષા, શુક્તિમતી, અનંગા, વૃષસા, લોહિત્યા, કરતોયા, વૃષકા, કુમારી, ઋષિકુલ્યા, મારિષા, સરસ્વતી, સર્વા તથા ગંગા છે; જે સર્વ જગતની માતારૂપ તથા મહા ફળ આપનારી છે. હે રાજા, એ ઉપરાંત બીજી અપ્રકાશ હજારો નદી છે; પણ જે મને સ્મરણ હતી તે સર્વ મેં તમને નામ પૂર્વક કહી સંભળાવી. હવે હે રાજા, ભરતખંડ વિષેના દેશોનાં નામ કહું તે તમે સાંભળો—આ કુરૂપાંચાળ, શાલ્વ, માદ્રેય, જાંગળ, શૂરસેન, પુલિંદ, બોધ, માલ, મત્સ્ય, કુશલ્ય, સૌસલ્ય, કુંતિ, કાંતિ, કોસલ, ચેદિ, મત્સ્ય, કરૂષ, ભોજ, સિંધુ, પુલિંદક, ઉત્તમ એવા દશાર્ણ, મેકલ, ઉત્કલ, પાંચાળ, કોસલ, નૈકપૃષ્ઠ, ધુરંધર, ગોધા, મદ્ર, કલિંગ, કાશિ, પરકાશિ, જઠર, કુકુર, અવંતી, અપરકુંતિ, ગોમંત, મંદક, સંડ, વિદર્ભ, રૂપવાહિક, અશ્મક, પાંડુરાષ્ટ્ર, હરિત, અધિરાજ્ય, કુશાદ્ય, મલ્લરાષ્ટ્ર, કેવળ, વારવાસ્ય, યવાહ, ચક્ર, ચક્રાતિ, શક, વિદેહ, મગધ, સ્વક્ષ, મલજ, વિજય, અંગ, વંગ, યકૃત, લોમ, મલ્લ, સુદેષ્ણ, પ્રહ્લાદ, માહિક, શશિક, બાહ્લિક, વાટધાન, આભીર, કાલતોયક, અપરાંત, પરાંત, પંચાલ ચર્મમંડળ, અટવી, શિખર, મેરૂભૂત, ઉપાવૃત, અનુપાવૃત, સ્વરાષ્ટ્ર, કેકય, કુંદ, માહેય, કક્ષ સામુદ્ર, નિષ્કુટ, અનેક પર્વતવાળા આંધ્ર, બાહરગિર્ય, મલજ, માનવર્જક, સમંતર, પ્રાવૃષેય, ભાર્ગવ, પુંડ્ર, ભર્ગ, કિરાત, સુદૃષ્ટ, યામુન, નિષાદ, નિષધ, આનર્ત, નૈઋત, દુર્ગાલ, પ્રતિમત્સ્ય, કુંતળ, તીરગ્રહ, ઇજીક, ગુણવાન, કન્યક, તિલભાર, મસીર, મધુમંત, સુકંદક, કાશ્મીર, સિંધુ, સૌવીર, ગાંધાર, દર્શક, અભીસાર, ઉલૂત, શૈવલ, દાર્વીચવ, નવ, દર્વ, વાતજામા, રથોરગ, બહુવાદ્ય, સુદામન, સુમલ્લિક, વધ્ર, કરિશક, કુલિંદ, ઉત્યક, નવાયુ, દશ, પાર્શ્વરોમા, કુશબિંદુ, કચ્છ, ગોપાળકક્ષ, કુરૂવર્ણક, કિરાત, બરબર, સિદ્ધ, વૈદેહ, તામ્રલિપ્ત, ઓંડ્ર, મ્લેચ્છ, સૈસિરિધ્ર, તથા પાર્વતિય છે. વળી હે ભારત, ભરતખંડમાં દક્ષિણ દિશા વિષે દેશો છે તે આ કે-દ્રવિડ, કરલ, પ્રાચ્ય, ભૂષિક, વનવાસિક, કર્ણાટક, મહિષક, વિકલ્પ, મુષક, ઝિલ્લિક, કુંતળ, સૌહૃદ, નભકાનન, કૈકુટ્ટક, ચોલ, કોકણ, માલવ, નર, સમંગ, કુરક, કુકુર, અંગાર, મારિષ, ધ્વજન્યુત્સવસંકેત, ત્રિગર્ત, શાલ્વ, સેનિ, વ્યુક, કતેકબક, પ્રોષ્ટ, સમવેગવશ, વિંધ્ય ચુલિક, વલ્કલ, માલવ, બલ્લવ, અપર, બલ્લક, કાલદ, કુડળ, કરટ, મુષ્ટક, કનમાળ, નીપ, ઘટ, શૃંજય, અઠિદ, પાશિવાટ, તનય, સુતય, ઋષિક, વિદર્ભ, કાક, તંગણ તથા કાંબોજાદિ દારુણ મ્લેચ્છ જાતિના મનુષ્યો રહે છે તે એકે સકૃદ્ગ્રહ, કુલત્થ, હૂણ, પારસિ, રમણ, ચીન, દશમાલિક તથા ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનાં કુળ જેમાં રહે છે એવા શૂદ્ર, આભિર, દરદ તથા કાશ્મીર, અને તે ઉપરાંતની જાતિ જેમાં રહે છે એવા પશુ, ખાશિર, અંતચાર, પહ્લવ, ગિરિગહ્વર, આત્રેય, ભરદ્વાજ, સ્તનપોષિક, પ્રોષક, તોમર, કંપમાન તથા [illegible] સમર્થ રાજા, મેં પૂર્વ તથા ઉત્તર દિશાના એ સર્વ દેશનાં નામ માત્ર તમને કહ્યાં. [illegible] ક્ષત્રિયો પોતાના ગુણ તથા બળ પ્રમાણે સારી રીતે રક્ષા કરેલી કામદુધા સરખી આ પૃથ્વી

તેને ધર્મ, અર્થ તથા કામના ફળની પ્રાપ્તિ કરે ; માટેજ ધર્મ તથા અર્થને જાણનાર શૂરવીર ક્ષત્રિયો તેમાં આકાંક્ષાવાન થાય છે, ને ધનમા લોભિ થઇને સંગ્રામમાં પોતાના પ્રાણનો પણ ત્યાગ કરે છે. આ પૃથ્વી યજ્ઞે કરી દેવતાઓના તથા અન્ને કરી મનુષ્યોન. શરીરનું પોષણ કરે છે. માટે જેમ શ્વાન એક બીજાના માંસને હરણ કરે, તેમ ક્ષત્રિઓ તેને ભોગવવાની કામનાથી એક બીજાનીને હરણ કરે છે; પણ આજ પર્યંત કોઇની એ વિશે કામના તૃપ્ત થઇ નથી. વાસ્તે હે ભારત, એજ કારણ સારૂ કૌરવ તથા પાંડવો સામ, ભેદ, દામ તથા દંડે કરીને, પૃથ્વીને ગ્રહણ કરવા વાસ્તે યત્ન કરે છે. હે મનુષ્યમાં શ્રેષ્ઠ, જય મેળવી સારી રીતે તપાસ રાખેલી પૃથ્વી પિતા, ભાઇ, પુત્ર સૂર્યલોક તથા સ્વર્ગલોકરૂપ પોતે થાય છે. તે તે ફળ પ્રાપ્ત કરે છે.

पिता भ्राता च पुत्राश्च खं द्यौश्च नरपुंगव ।
भूमिर्भवति भूतानां सम्यगच्छिद्रदर्शना ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वणि भारतीयनदीदेशादिनाम-कथने गुर्जरभाषायां नवमोऽध्यायः ॥ ९ ॥

धृतराष्ट्र उवाच—भारतस्य वर्षस्य तथा हैमवतस्य च ।
प्रमाणमा सूत बलं चापि शुभाशुभं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સૂત, ભરત તથા હૈમવતખંડ વિષે આયુષ્યનું પ્રમાણ બળ, શુભ, અશુભ, ભૂત, ભવિષ્ય તથા વર્ત- અને હરિવર્ષ નામના ખંડનું વર્ણન મને વિસ્તારથી કહે. સંજય કહે છે—હે ભરત કુળમાં શ્રેષ્ઠ, હે કુરૂકુળને વધારનાર, આ ભરતખંડને વિષે સત્ય, ત્રેતા, દ્વાપર તથા કળિ એ ચાર યુગ ક્રમે કરી પ્રવર્તે છે; જે કળિયુગ વગરના ત્રણ યુગોમાં મનુષ્યોનું આયુષ્ય ચાર હજાર, ત્રણ હજાર તથા બે હજારનું યથાક્રમ છે. ને હે ભરત કુળમાં શ્રેષ્ઠ રાજા, કળિયુગને વિષે મનુષ્યોના આયુષ્યનું પ્રમાણજ નથી; કેમકે કેટલાક ગર્ભને વિષેજ નાશ પામે છે તથ. કેટલાક જન્મીને પણ નાશ પામે છે. હે રાજા, સત્યયુગને વિષે મહા બળવાન, મહા પરાક્રમી, બુદ્ધિમાન, શ્રેષ્ઠ ગુણયુક્ત, પ્રિય દેખાવવાળા તથા ધનવાન મનુષ્યો ઉત્પન્ન થાય છે; જેઓ હજારો પ્રજાને ઉત્પન્ન કરે છે. વળી તે યુગમાં તપશ્ચર્યારૂપ ધનવાળા મુનિયો ઉત્પન્ન થાય છે; જેઓ પણ અનેક પ્રજાને ઉત્પન્ન કરે છે. વળી તે યુગમાં ક્ષત્રિયો મ્હોટા હર્ષવાળા મહાત્મા, ધાર્મિક, સત્યવાદિ, સુંદર દેખાવવાળા, મ્હોટા દેહવાળા, મહા પરાક્રમી, ધનુષ ધરનાર, વરદાન આપવા લાયક તથા યુદ્ધમા શૂરવા , વિશેષ શ્રેષ્ઠ ઉત્પન્ન થાય છે. હે રાજા, ત્રેતાયુગને વિષે ક્ષત્રીય ચક્રવર્ત્તિ ઉત્પન્ન થાય છે. હે રાજા, દ્વાપર યુગને વિષે સર્વ વર્ણના પુરૂષો મ્હોટા ઉત્સાહવાળા, વીર્યવાન તથા એક બીજાને જીતવાની ઇચ્છાવાળા ઉત્પન્ન થાય છે. હે ભારત, કળિયુગને વિષે મનુષ્યો થોડા તેજવાળા, ક્રોધી, લોભી તથા ખોટું બોલનાર ઉત્પન્ન થાય છે, વળી તે યુગને વિષે ભૂત પ્રાણીને ઇર્ષા, માન, ક્રોધ, કપટ, બીજાના ગુણમાં દોષનો આરોપ કરવો, વિષયમાં પ્રીતિ તથા લોભ થાય છે. હે નરાધિપ રાજા, આ દ્વાપરને વિષે પૂર્વના યુગ ક-

રતાં ગુણસ્વરૂપ છે; અને ભરતખંડ કરતાં હૈમવતખંડમાં કોઈ જૂદી તરેહના શ્રેષ્ઠ ગુણ છે તથા હરિવર્ષખંડમા તેના કરતાં પણ શ્રેષ્ઠ ગુણ છે.

संक्षेपो वर्त्तते राजन्द्वापरेऽस्मिन्नराधिप ।
गुणोत्तरं हैमवतं हरिवर्षं ततः परं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि जंबूखंडविनिर्माणपर्वाणि भारतवर्षेकृताद्यनुरोधेनायुर्निरूपणे गुर्जरभाषायां दशमोऽध्यायः ॥ १० ॥

समाप्तं च जंबूखंडविनिर्माणपर्व ॥

अथ भूमिपर्व ॥

धृतराष्ट्र उवाच–जंबूखंडस्त्वया प्रोक्तो यथावदिह संजय ।
विष्कंभमस्य प्रब्रूहि परिमाणं तु तत्त्वतः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય, તેં જંબુખંડ કહ્યો; પણ તેનો ચોરસ વિસ્તાર તથા તેનું પ્રમાણ તું મને યથાર્થ કહે. વળી સમુદ્રનું શાક, કુશ, શાલ્મલિ તથા ક્રૌંચ દ્વીપનું અને સૂર્ય, ચંદ્ર તથા રાહુનું પણ પ્રમાણ તત્વથી તુ મને કહે. સંજય કહે છે હે ધૃતરાષ્ટ્ર, આ પૃથ્વીને વિષે અનેક ન્હાના ન્હાના દ્વીપ છે "બેટ છે" જેણે કરી આ જગત વ્યાપ્ત છે; પણ મુખ્ય સાત દ્વીપ છે, તે તથા ચંદ્ર, સૂર્ય અને રાહુનું વર્ણન કહું તે તમે સાભળો—હે પૃથ્વીપતિ, અનેક દેશોથી સંકીર્ણ, વિદ્રુમાદિ મણિએ કરી વિચિત્ર તથા અનેક ધાતુએ કરી વિચિત્ર એવા પર્વતોથી શોભાયમાન જંબુદ્વીપ અઢાર હજાર ને છસો યોજનના વિસ્તારવાળો છે; જેને તેનાથી બમણા વિસ્તારવાળો લવણ સમુદ્ર ફરતો છે. હવે હે કુરુ કુળમા ઉત્પન્ન થયેલા રાજા, હું તમને શાકદ્વીપ કહું તે તમે યથાર્થ સાભળો–હે નરાધિપ, શાકદ્વીપ જંબૂદ્વીપથી પ્રમાણમાં બમણો છે; જેને લવણ સમુદ્રથી પ્રમાણમાં દ્વિગુણ ક્ષીર સમુદ્ર ફરતો છે. તે શાક દ્વીપને વિષે પવિત્ર એવા અનેક દેશો છે, પ્રાણિયોનું ઘણા વર્ષનું આયુષ્ય છે અને મનુષ્યો ક્ષમા તથા તેજયુક્ત છે; તેથી તે દ્વીપમાં કોઈ દિવસે દુકાળ પડતોજ નથી. હે ભરતકુળમાં શ્રેષ્ઠ મહારાજ ધૃતરાષ્ટ્ર, મેં તમને શાક દ્વીપનું વર્ણન સંક્ષેપથી કહ્યું. હવે બીજું શું કહું? ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે હે મહાબુદ્ધિમાન્ સંજય, તેં શાકદ્વીપ સંક્ષેપથી કહ્યો. પણ તેનો વિસ્તાર તું મને યથાર્થ કહે. સંજય કહે છે—હે રાજા, જે શાકદ્વીપને વિષે સર્વ અતિ ગુણવાન તથા પુણ્યરૂપ છે, તેને વિષે મણિયુક્ત હોવાથી શોભાયમાન તથા રત્નની ખાણોવાળા સાત પર્વત તથા તેટલીજ નદી છે; તેમનાં નામ હું તમને કહું તે તમે સાભળો—પ્રથમ દેવર્ષિ તથા ગંધર્વોએ સેવેલો મેરૂ પર્વત છે, અને બીજો પૂર્વ દિશામાં વિસ્તારવાળો મલય નામનો પર્વત છે; જેની ચારે બાજુથી અનેક મેઘ પ્રવર્તમાન થાય છે. ત્યાર પછી જળધાર નામનો મહા ગિરિ છે, જેમાંથી ઇંદ્ર નિત્ય જળને ગ્રહણ કરી વર્ષા ઋતુને વિષે વૃષ્ટિ કરે છે. ત્યાર પછી ઉંચો એવો રૈવતક નામનો ગિરિ છે, જેને વિષે જે રૈવતી નક્ષત્રરૂપે આકાશમાં રહી છે, તો પણ તે બ્રહ્માની મર્યાદાથી દિવ્યરૂપે રહી છે. હવે રૈવતક પર્વતની ઉત્તરાદિ બાજુએ નવા મેઘ સરખી કાંતિવાળો મોટા [illegible]

શોભાયમાન તથા પ્રકાશમાન શ્યામ નામનો પર્વત છે; જેના ગુણથી ત્યાંની પ્રજા શ્યામપણાને પામી છે. ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે હે સંજય, આ તો તેં મને મ્હોટા સંશય યુક્ત વાક્ય કહ્યું. હે સૂત પુત્ર, શ્યામ પર્વતને વિષે રહેનારી પ્રજા શ્યામપણાને કેમ પામે છે? સંજય કહે છે– હે મહારાજ કુરુનંદન, સર્વ દ્વીપને વિષે ગૌર, કૃષ્ણ તથા મિશ્ર વર્ણની પ્રજા હોય છે, પણ તે પર્વતની બાજુના ખંડ વિષે તે પર્વતના પ્રભાવથી શ્યામ પ્રજા થાય છે તેથીજ તેનું શ્યામગિરિ એવું નામ પડ્યું છે. હે કૌરવેંદ્ર, ત્યાર પછી મ્હોટા ઉદયવાળો દુર્ગશૈલ અને ત્યાર કેડે જેને વિષે હીરાકસી નામની ધાતુની ખાણો છે એવો કેસર નામનો પર્વત છે; જે તે પર્વતથી વાયુ પ્રવર્તમાન થાય છે; હે રાજા, એ સાત પર્વત પૂર્વે કહેલા દ્વીપના પર્વતથી બમણા વિસ્તારવાળા છે; જેઓ મધ્યે બુદ્ધિમાનોએ સાત ખંડ કહ્યા છે. તેઓ આવી રીતે કે— મહા મેરૂ પર્વતની પાસે મહાકાશ નામે, મલય પર્વતની પાસે કુમુદોત્તર નામે, જળધારની પાસે સુકુમાર નામે, રૈવતક પર્વતની પાસે કૌમાર નામે, શ્યામ પર્વતની પાસે મણિકાંચન નામે, કેસર પર્વતની પાસે મોદાકી નામે તથા દુર્ગશૈલ પર્વતની પાસે મહાપુમાન નામે ખંડ છે. હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા ધૃતરાષ્ટ્ર, જંબૂદ્વીપ કરતાં મ્હોટાઇ તથા ન્હાનાઇની ગણના જેની થઇ શકે છે એવો શાકદ્વીપ પૂર્વોક્ત દ્વીપથી બિરુણ છે; જેની મધ્યમાં પ્રજા જેને સદૈવ અનુસરે છે એવો શાક નામનો મ્હોટો વૃક્ષ છે તથા પવિત્ર અનેક દેશો છે. વળી તે શાક દ્વીપને વિષે શંકરનું પૂજન સદૈવ થયા કરે છે, ને સદૈવ સિદ્ધ, ચારણ તથા દેવતાઓ જાય છે. હે રાજા, તે દ્વીપને વિષે ચાર વર્ણની પ્રજા અત્યંત ધર્મનિષ્ઠ તથા સ્વકર્મમાં તત્પર છે; પણ ચોરી કરનાર કોઇ છેજ નહિ. વળી ત્યાં રહેનાર પ્રજા મ્હોટા આયુષવાળી તથા જરાવસ્થા અને મૃત્યુ રહિત હોવાને લીધે જેમ વર્ષાકાળમાં નદીઓ વૃદ્ધિ પામે છે, તેમ વૃદ્ધિ પામે છે. હવે તે શાક દ્વીપને વિષે પૂર્વોક્ત પવિત્ર જળવાળી સાત નદીઓનાં નામ હું તમને કહું તે તમે સાંભળો— ઘણા પ્રવાહવાળી ગંગા, સુકુમારી, કુમારી, શીતાશી, મહાનદી વેણીકા, મણિજળા તથા ચક્ષુર્વર્ધનિકા. હે ભરત કુળમાં શ્રેષ્ઠ, એ પ્રમાણે શાક દ્વીપને વિષે સાત મોટી નદી છે અને જળધાર પર્વતમાંથી બીજી અનેક નદી નીકળે છે; જે પવિત્રોનાં નામ તથા વિસ્તાર કંઇ પણ કહી શકાય તેમ નથી. વળી તે દ્વીપમાં સર્વ લોકને વિષે સંમત એવા મંગ, મશક, માનસ તથા મંદગ નામના ચાર દેશો છે; જેઓને વિષે પોતાના કર્મમાં કુશળ એવા બ્રાહ્મણો, સર્વ કામના પાર પાડનાર તથા ધર્મિષ્ઠ ક્ષત્રિઓ, ધર્મે કરી જીવનાર વૈશ્ય અને સર્વ કામનાવાળા, શૂરવીર, ધર્માર્થને વિષે નિશ્ચયવાળા તથા પોતાના ધર્મ નિષ્ઠ શૂદ્ર ક્રમે ઘણું કરી રહે છે, ને રાજા, દંડ તથા દંડવા લાયક કોઇ નથી, કેવળ ધર્મજ્ઞ તેઓ એક બીજાની ધર્મે કરી રક્ષા કરે છે. હે રાજા, મોટા પરાક્રમવાળા શાક દ્વીપને વિષે એટલુંજ કહી શકાય છે; સાંભળવા લાયક પણ એજ છે.

एतावदेव शक्यं तु तत्र द्वीपे प्रभाषितुं ।

एतदेव च श्रोतव्यं शाकद्वीपे महौजसि ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भूमिपर्वणि शाकद्वीपवर्णने गुर्जरभाषायां एकादशोऽध्यायः ॥ ११ ॥

संजय उवाच—उत्तरेषु च कौरव्य द्वीपेषु श्रूयते कथा ।
एवं तत्र महाराज ब्रुवतश्च निबोध मे ॥१॥

સંજય કહે છે—હે કૌરવ્ય, હવે બાકીના પાંચ દ્વીપને વિષેની આવી રીતની કથા સંભળાય છે તે હું તમને કહું તે તમે સાંભળો-કહેલા શાકદ્વીપ પછી ઘૃતનો સમુદ્ર છે, ત્યારપછી દહીંનો સમુદ્ર છે, ત્યાર પછી મદિરાનો સમુદ્ર છે, અને ત્યાર પછી જળનો સમુદ્ર છે. હે રાજા, સર્વ દ્વીપ એક બીજાથી બમણા વિસ્તારવાળા છે તે પર્વતો પણ પૂર્વોક્ત સમુદ્રથી વિંટાયલા છે. સાત દ્વીપમાંના વચલા દ્વીપને વિષે મન:શીલા નામની ધાતુવાળો મ્હોટો ગૌર નામનો પર્વત છે; જેની પશ્ચિમ દિશાને વિષે નારાયણ ભગવાનને પ્રિય એવો કૃષ્ણ નામનો પર્વત છે; ને તે પર્વતને વિષેનાં દિવ્ય રત્નોની કેશવ ભગવાન્ પોતે રક્ષા કરે છે તથા ત્યાં રહેનાર પ્રજા ઉપર પ્રસન્ન થઇને તેમને સુખ આપે છે. હવે અનેક દેશવાળા કુશદ્વીપના મધ્ય ભાગમાં કુશનું થૂલકું છે, શાલ્મલિ દ્વીપને વિષે શાલ્મલિનો વૃક્ષ રહી પૂજ્ય છે તથા ક્રૌંચ દ્વીપને વિષે રત્નની ખાણોવાળો ક્રૌંચ નામનો પર્વત છે અને જેને વિષે કમળ સરખા નેત્રવાળા તથા મુક્ત પુરૂષોએ સેવેલા નારાયણ ભગવાન હરિ વસે છે એવો સર્વ ધાતુમય એ મ્હોટો ગોમંત નામનો પર્વત છે, તેની ચાર વર્ણની પ્રજા નિરંતર પૂજા કરે છે. હે રાજેંદ્ર, પૂર્વોક્ત કુશદ્વીપને વિષે વિદ્રુમ મણિએ કરી શોભિતો તથા દુર્ધર્ષ એવો કુશ, સુવર્ણનો દ્યુતિમાન, કુમુદ, પુષ્પવાન, કુશેશય તથા હરિગિરિ એ પ્રમાણે સર્વ પર્વતમા શ્રેષ્ઠ છ પર્વતો છે; જેઓના અંતર્ગત ખંડનો વિસ્તાર પૂર્વોક્ત પાસેના દ્વીપના ખંડ કરતાં દ્વિગુણ છે. હવે તે ખંડોનાં નામ કહું તે તમો સાંભળો. ઉદ્ભિદ, વેણુમંડળ, સુરથાકાર, કંબળ, ધૃતિમાન, પ્રભાકર તથા કાંપિલ એ પ્રમાણે કુશદ્વીપને વિષે સાત ખંડ છે; જેઓને વિષે દેવ ગંધર્વ તથા પ્રજાદિ વિહાર કરે છે અને ક્રીડા કરે છે, પણ કોઇ મનુષ્ય મરણ પામતું નથી ને ચોર તથા મ્લેચ્છ જાતિ કોઇજ નથી. વળી હે પાર્થિવ, તે દ્વીપને વિષે રહેનારા મનુષ્યો ગૌર વર્ણવાળા તથા અત્યંત સુકુમાર અંગવાળાં છે. હવે હે રાજા, બાકી રહેલા જે દ્વીપ, તેનું વર્ણન મેં જેવી રીતે સાભળ્યું છે તેવી રીતે હું તમને કહું તે તમે એક ચિત્તથી સાંભળો—હે મહારાજ, ક્રૌંચદ્વીપ ને વિષે ક્રૌંચ નામનો મ્હોટો પર્વત છે, ત્યારપછી વામનક નામનો પર્વત છે, ત્યાર કેડે અંધકારક નામનો પર્વત છે, તે પછી મૈનાક નામનો પર્વત છે, તેના પછી ગોવિંદ નામનો પર્વત છે અને ત્યાર કેડે નિબિડ નામનો પર્વત છે; જેઓના અંતર્ગત ખંડનો વિસ્તાર પૂર્વોક્ત પાસેના દ્વીપના ખંડથી દ્વિગુણ છે. હવે તે ક્રૌંચ દ્વીપમાંના ખંડનાં નામ કહું તે સાભળો:—કુશળ, મનોનુગ, ઉષ્ણ, પ્રાવરક, અંધકાર, મુની અને સિદ્ધ તથા ચારણોએ સેવેલો ગૌર વર્ણવાળો દુંદુભીસ્વન એ પ્રમાણે સાત ખંડ છે; જેઓનું દેવતા તથા ગંધર્વો સેવન કરે છે. હવે પુષ્કર દ્વીપને વિષે મણિ તથા રત્નવાન પુષ્કર નામનો પર્વત છે, તેને વિષે સાક્ષાત્ પ્રજાપતિ દેવ વિરાજમાન રહે છે; જેની સર્વ દેવતાઓ તથા મહર્ષિઓ મનને અનુકૂળ એવી વાણિએ કરી સ્તુતિ કરતા ઉપાસના કરે છે. હે રાજા, જંબૂદ્વીપ કરતાં તે પુષ્કર દ્વીપને વિષે રત્ન અધિક ઉત્પન્ન થાય છે. હે ભારત, એ સર્વ દ્વીપને વિષે મનુષ્યો બ્રહ્મચર્ય પાળે છે, સત્ય ભાષણ કરે છે તથા ઇંદ્રિયોને નિયમમાં રાખે છે, તેથી તેમના શરીરમા રોગ થતો નથી; ને તેમનું આયુષ યથાક્રમ દ્વિગુણ છે. હે ભારત, સર્વ દ્વીપ વિષેના અનેક દેશો કહ્યા, જેમને વિષે મનુષ્ય સમુદાય

સરખાજ દેખાવવાળા છે તથા ઇશ્વરને માનવારૂપ ધર્મ પણ એકજ છે. હે મહારાજ, પ્રજાપતિ એવા જે ઇશ્વર હાથમાં દંડ લઇ ઉગામીને કહેલા સર્વ દ્વીપની રક્ષા કરતા વિરાજે છે, તે પોતેજ સર્વના રાજા, શિવ, પિતા તથા પ્રપિતામહરૂપ છે અને જડ તથા પંડિત એવી પ્રજાની રક્ષા કરે છે. હે રાજા, શાકદ્વીપ પછીના બાકીના દ્વીપને વિષે રહેનાર પ્રજા, પોતાની મેળે પ્રાપ્ત થતા સિદ્ધ અન્નનું નિરંતર ભોજન કરે છે. હવે હે રાજા, સાત દ્વીપ તથા સાત સમુદ્ર પછીની પૃથ્વી સપાટ ચતુરસ્ર તેત્રિશ હજાર યોજનમાં વિસ્તાર વાળી છે; જ્યાં સર્વ લોકને માન્ય એવા ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ તથા સુપ્રતિક નામના આઠ હસ્તિયો પૂર્વ દિશાના ક્રમે કરી રહ્યા છે ને તે હસ્તિયોમાંના જેના કુંભસ્થળમાંથી મદ ઝરે છે એવા સુપ્રતિક નામના હસ્તિના પ્રમાણનું મારાથી વર્ણન કહી શકાય તેમ નથી; ને તે સર્વ હસ્તિયોની ઊંચાઈ તથા પોહોળાઇનું પણ પ્રમાણ થઈ શકે તેમ નથી. વળી તે સર્વ દિશાઓ વિષેથી વાયુ વાયા કરે છે, તેને તે હસ્તિઓ કમળ સરખા, મહા કાંતિવાળા તથા પ્રફુલ્લિત પોતાના શુંડાગ્રે કરી ગ્રહણ કરે છે ને શ્વાસોશ્વાસે [illegible] મૂકે છે; જે સર્વ લોકને વિષે વાવાને લીધે સર્વ પ્રજા જીવે છે. ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે [illegible] ીપનો અત્યંત વિસ્તાર તથા સંસ્થાન કહ્યા; પણ હવે સૂર્ય, ચંદ્ર તથા રાહુનું પ્રમા[illegible] સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર રાજા, મેં તમને દ્વીપનું વર્ણન કહ્યું. હવે સૂર્ય, ચંદ્ર તા[illegible] ણ કહું તે સાંભળો-હે કૌરવ શ્રેષ્ઠ, તેમાં રાહુના મંડળનું પ્રમાણ હું કહું છું કે હે રાજા, રા[illegible] ા સમાન સૂત્ર વિસ્તાર બાર હજાર યોજનનો કહેવાય છે, પરિધાથી ગણીએ તો છત્રિશ [illegible] જનનો વિસ્તાર કહેવાય છે, અને કેટલાક પૌરાણિક પંડિતો છ હજાર યોજનનો વિસ્તાર [illegible] પણ કહે છે. હે કુરૂ શ્રેષ્ઠ, ચંદ્ર મંડળનો વિસ્તાર અગિયાર હજાર યોજનનો છે ને પરિધીથી તેત્રિશ હજાર યોજનનો વિસ્તાર છે, ને કેટલાક પાંચ હજાર ને નવસો યોજનનો પણ વિસ્તાર કહે છે. હે કુરૂનંદન, સૂર્ય મંડળનો વિસ્તાર દસ હજાર યોજનનો છે તથા પરિધીની ગણનાથી ત્રિશ હજાર યોજનનો વિસ્તાર છે અને કેટલાક પાંચ હજારને આઠસો યોજનનો પણ વિસ્તાર કહે છે. હે ભારત, મેં તમને રાહુ, ચંદ્ર તથા સૂર્યનું પ્રમાણ કહ્યું; તેમાંનો તે રાહુ પોતાની મહત્તાને લીધે સમયપરત્વે સૂર્ય તથા ચંદ્રને આચ્છાદન કરે છે. હે રાજા, તેં મને જે પૃછ્યું, તેનો ઉતર યથાશાસ્ત્ર સંક્ષેપથી મેં તમને કહ્યા; માટે હવે શાંતિને પામો. વળી મેં તમને તમારા પૂછવા પ્રમાણે દ્વીપ, ખંડ તથા સમુદ્રવાન સર્વ જગત કહી સંભળાવ્યું; વાસ્તે હવે પોતાના પુત્ર દુર્યોધનને વિષે કંઇ પણ બોલવું એ તમને યોગ્ય નથી. હે ભરત શ્રેષ્ઠ, મનને પ્રિય લાગે એવા આ ભૂમિપર્વને જે રાજા સાંભળે, તો શ્રીમાન, સિદ્ધાર્થ તથા સાધુ પુરૂષમાં માન્ય થાય અને તેનું આયુષ બળ, કીર્ત્તિ તથા તેજ વૃદ્ધિ પામે. વળી હે મહિપાળ, આ ભૂમિપર્વને પર્વણીને દીવસે સ્થિર વ્રતવાળો પુરૂષ સાંભળે, તો તેના પિતા તથા પિતામહાદિ પિતૃઓ તેની ઉપર પ્રસન્ન થાય. હે રાજા, જ્યાં આપણે રહ્યા છીએ, તે આ ભરતખંડ છે; જે પવિત્ર ને પૂર્વે થઇ ગયેલા રાજાઓએ પ્રવર્તાવ્યો છે, તે સર્વ તમે સાંભળ્યું છે.

इदं तु भारतं वर्षं यत्र वर्त्तामहे वयं ।
पूर्वैः प्रवर्तितं पुण्यं तत्सर्वं श्रुतवानसि ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भूमिपर्वणि उत्तरद्वीपादिसंस्थानवर्णने गुर्जरभाषायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

समाप्तमिदं भूमिपर्व ॥

अथ भगवद्गीतापर्व ॥

वैशंपायन उवाच—अथ गावल्गणिर्विद्वान् संयुगादेत्य भारत ॥
प्रत्यक्षदर्शी सर्वस्य भूतभव्यभविष्यवित् ॥ १ ॥

વૈશંપાયન કહે છે— હે ભારત, હવે વિદ્વાન, સર્વને પ્રત્યક્ષ જોનાર, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનાર અને ગવલ્ગણનો પુત્ર સંજય મહા દુઃખયુક્ત થઇને, વિચાર કરતા બેઠેલા ધૃતરાષ્ટ્ર પાસે એકદમ આવી ભરતવંશીઓના પિતામહ ભીષ્મ નાશ પામ્યા એ વાત તેને કહેવા લાગ્યો. સંજય કહે છે—હે મહારાજ, ભરત કુળમાં શ્રેષ્ઠ, હું સંજય છું, ભરત વંશીઓના પિતામહ શંતનુના પુત્ર ભીષ્મ નાશ પામ્યા! હે રાજા! સર્વ યોદ્ધાઓમાં ધ્વજા તુલ્ય તથા સર્વ ધનુષ્ય ધરનારમાં તેજસ્વિ કુરૂકુળના પિતામહ, આજ બાણુશય્યાને વિષે સુતા છે! હે રાજા! જે ભીષ્મના બળનો આશ્રય કરીને તમારો પુત્ર દુર્યોધન યુધિષ્ઠિરની સાથે યુદ્ધ રમ્યો, તે શીખંડીના મારવાથી હણાઇ પૃથ્વી ઉપર સુતા છે! વળી જે એકલાએ કાશીપુરીને વિષે યુદ્ધમાં એકઠા મળેલા સર્વ રાજાઓને જીત્યા હતા, તેને આજ શીખંડીએ હણ્યા! વળી જેણે નિર્ભય થઇ યુધ્ધમાં જમદગ્નિના પુત્ર પરશુરામની સાથે યુધ્ધ કર્યું હતું તે વેળા તેણે જેને નાશ કર્યો નહીં, તેને આજ શિખંડીએ હણ્યા! હે રાજા, ઇંદ્ર સરખા પરાક્રમી, હિમવાન પર્વત સરખા, યુધ્ધમાં સ્થિર થઇ ઉભા રહેનાર, સમુદ્ર સરખા ગંભીર, પૃથ્વી સમાન અપરાધ સહન કરનાર, બાણરૂપ દાઢવાળા, ધનુષરૂપ મુખવાળા, તલવાર રૂપ જીભવાળા, દુઃખે કરી સહન થાય નહીં એવા તથા મનુષ્યમાં સિંહ રૂપ તમારા પિતા ભીષ્મને, પંચાળ દેશના રાજા દ્રુપદના પુત્ર શિખંડીએ આજ હણ્યા! વળી સંગ્રામમાં શસ્ત્ર ધરી યુદ્ધ કરવા તૈયાર થયેલા તે ભીષ્મને જોઇને, પાંડવનું મોટું સૈન્ય, જેમ સિંહને જોઇ ગાયોના ગણ ભયે કરી ઉદ્વેગ યુક્ત થઇ કંપે, તેમ ભયે કરી ઉદ્વેગયુક્ત થઇ કંપવા લાગ્યું હતું! અરે! શત્રુની સેનાને નાશ કરનાર ભીષ્મ, દસ દીવસ પર્યંત તમારી સેનાની રક્ષા કરી તથા બીજા કોઇથી ન થાય એવું પરાક્રમ કરીને, સૂર્યની પેઠે અસ્ત થયા! હે ભારત રાજા, જે ઇંદ્રની પેઠે શત્રુથી નહીં ક્ષોભ પામનારે યુદ્ધમાં હજારો બાણનો વર્ષાદ કરતાં દશ દિવસમાં એક લાખ યોધ્ધાઓને નાશ કર્યો, તે તમારા દુષ્ટ વિચારમાં આમ થશે એમ ન હતું, પણ વાયુથી ભાગેલા વૃક્ષની પેઠે હણાઇ પૃથ્વી ઉપર સુતા છે!

स शेते निहतो भूमौ वातभग्न इव द्रुमः ।
तव दुर्मंत्रिते राजन्यथा नार्हःस भारत ॥ १ ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि भीष्ममृत्युश्रवणे गुर्जरभाषायां त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

धृतराष्ट्र उवाच—कथं कुरूणामृषभो हतो भीष्मः शिखंडिना ।
कथं रथात्स न्यपतत्पिता मे वासवोपमः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પુછે છે—હે સંજય, કુરૂકુળમાં શ્રેષ્ઠ તથા ઇંદ્ર સમાન મારા પિતા ભીષ્મને શિખંડિએ કેમ માર્યો અને તે રથમાંથી કેમ પડ્યા? હે સંજય, મારા યોદ્ધાઓ [illegible]

દેવતા સમાન તથા પોતાના પિતા સારૂ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરેલા તે ભીષ્મથી કેમ રક્ષિત થયા; ને મહા બુદ્ધિમાન્, મ્હોટા ધનુષવાળા, મહા બળવાન, મહા પરાક્રમી તથા મનુષ્યમાં સિંહરૂપ તે જ્યારે હણાયા, ત્યારે તારૂં મન કેવું થયું હતું ! હે સંજય, તું કુરૂકુળમાં શ્રેષ્ઠ, શૂરવીર, કોઇ દિવસે પણ નહીં કંપાયમાન તથા પુરૂષ માત્રમાં શ્રેષ્ઠ ભીષ્મ હણાયા એમ કહે છે, કે તેજ વખતે મારા મનમાં મ્હોટી વ્યથા ઉત્પન્ન થાય છે ! પણ હે સૂત, જ્યારે ભીષ્મ યુદ્ધ કરવા સારૂ પાંડવ સૈન્ય સામે ગયા, ત્યારે તેની પાસે તથા આગળ કોણ કોણ મારા યોદ્ધાઓ ગયા, કેણ તેના સહિત યુદ્ધમાં ઉભા રહ્યા અને કોણ યુદ્ધ મૂકી ભાગી ગયા તથા કપટે તેની સહાયના સારૂ કોણ કોણ આવ્યા હતા ? રથિ પુરૂષમાં સિંહરૂપ, અદ્ભૂત તથા ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ ભીષ્મ જ્યારે પાંડવ સૈન્યમા પ્રવેશ કરવા લાગ્યા, ત્યારે તેની વાંસે આપણા પક્ષમાંથી કોણ શૂરવીર ગયા હતા ! વળી શત્રુને હણનાર, સૂર્ય સરખા, શત્રુને ભય ઉપજાવનાર, જેમ સૂર્ય અંધકારને નાશ કરે તેમ શત્રુની સેનાને નાશ કરનાર, જેણે પાંડુ રાજાના પુત્રો વિષે બીજાથી થાય નહીં એવું પરાક્રમ કર્યું હતું એવા, શત્રુની સેનાને ત્રાસ કરનાર તથા કુશળ એવા શંતનુના પુત્ર ભીષ્મને પાડવોએ કેવી રીતે અટકાવ્યા ? તે તું મને કહે; કેમકે તેં પાસે રહી સર્વ તેનું યુદ્ધ જોયેલ છે ! વળી શત્રુના સેનાને નાશ કરનાર, બાણરૂપી દાઢવાળા, મનસ્વિ, ધનુષરૂપી ઉઘાડેલા મુખવાળા, ભયંકર, તલવારરૂપી જીભવાળા, અસહ્ય, નાશ પામવા લાયક નહીં એવા, પુરૂષમા સિંહરૂપ, લજ્જાવાન તથા કોઇથી પણ નહીં પરાજય પામેલા ભીષ્મને યુદ્ધમાં કુંતિ પુત્ર અર્જુને કેવી રીતે પાડ્યા ? રે ! જે ઉગ્ર ધનુષ તથા બાણવાળા, ઉત્તમ રથમાં બેઠેલા, બાણે કરી શત્રુઓનાં મસ્તકોને છેદ કરનાર, સંગ્રામમાં યુદ્ધ કરવા તૈયાર થએલા તથા કાળાગ્નિ સરખા દુર્ધર્ષ એવા જે ભીષ્મને જોઇને પાડવનું મહા સૈન્ય નિરંતર કંપતું હતું, તે શત્રુના સૈન્યને હઠિનાર પોતાની સેના સહિત થઈ દુષ્કર પરાક્રમ કરી સૂર્યની પેઠે અસ્ત થયા ! વળી જે ભીષ્મે ઇંદ્રની પેઠે અક્ષય એવો બાણનો વર્ષાદ કરતાં દશ દિવસમાં અર્બુદ યોદ્ધાઓને નાશ કર્યો, તે જેમ વાયુથી ભાગી વૃક્ષ પડે તેમ પૃથ્વીને વિષે હણાયાને લીધે પડી સૂતા છે ! હે સંજય, પાંડવની સેના ભયંકર પરાક્રમવાળા ભીષ્મને જોઇને, પ્રહાર કરવા કેમ સમર્થ થઇ ? અને પાંડવોએ તેની સાથે કેવી રીતે યુદ્ધ કર્યું સંજય, દ્રોણાચાર્યના જીવતાં ભીષ્મ કેમ જય મેળવી ન શક્યા ! ને ભરદ્વાજના પુત્ર કૃપાચાર્ય પાસે હતા, ને પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ ભીષ્મ કેમ પૃથ્વી ઉપર પડ્યા ? રે ! દેવતાઓથી પણ અસહ્ય તથા અતિરથિ ભીષ્મને, દ્રુપદ પુત્ર શિખંડીએ કેમ હણ્યા ! અરે ! યુધ્ધમાં સદૈવ પરશુરામ સાથે સ્પર્ધા રાખનાર, તેણે પણ અજીત, ઇંદ્ર સરખા પરાક્રમી તથા મહારથિના કુળમાં ઉત્પન્ન થયેલા ભીષ્મ યુદ્ધમા હણાયા એ સાંભળીને મારા મનમાં શાંતિ વળતી નથી; માટે તે કેમ થયું ? તે તું મને કહે ! હે સંજય, જ્યારે ભીષ્મ યુધ્ધ કરવા સારૂ પાંડવ સૈન્ય સામે ગયા, ત્યારે મારા પક્ષના મ્હોટા ધનુષવાળા તથા દુર્યોધને આજ્ઞા આપેલા કયા કયા શૂરવીરોએ તેનો ત્યાગ ન કર્યો હતો તથા તેને કોણ કોણ વીટી ઉભા હતા ? રે ! જ્યારે શિખંડી જેમાં મુખ્ય હતો એવા પાંડવો ભીષ્મની સામે યુધ્ધ કરવા સારૂ આવ્યા, ત્યારે સર્વ કૌરવોએ શું તેનો ત્યાગ કર્યો હતો ? રે ! પુરૂષમાં સિંહરૂપ ભીષ્મ હણાયા એમ સાંભળીને, મારૂં હૃદય ખેદ પામતું નથી, માટે તે અવશ્ય કાળમીંઢ પથ્થર સરખું અત્યંત દૃઢ છે એમ હું માનું છું ! અરે ! જે ભરતકુળમાં શ્રેષ્ઠ તથા અસત્યને વિષે સત્ય, બુદ્ધિ તથા અત્યંત - નીતિ

મારે છે, તે યુદ્ધમાં કેમ હણાયા ? રે! ધનુષની પ્રત્યંચાના શબ્દે કરી વર્ષતા મેઘ સરખા, બાણરૂપ વર્ષાદના બિંદુવાળા, મહાન્ ધનુષના શબ્દરૂપ મ્હોટા વજ્ર સરખા શબ્દવાળા, મહા મેઘ સરખા ઉન્નત તથા મહા શૂરવીર ભીષ્મે, જેમ વજ્ર ધારણ કરનાર ઇંદ્ર દાનવોને ઉપર બાણનો વર્ષાદ કરે, તેમ શત્રુના રથિ પુરૂષોને મારતાં પંચાળ તથા સૃંજય દેશના યોદ્ધાઓ સહિત કુંતિપુત્ર પાંડવો ઉપર શસ્ત્રનો વર્ષાદ કર્યો ! બાણ તથા અસ્ત્રના સમુદ્રરૂપ, ઘોર બાણરૂપી ઝુડવાળા, અસહ્ય, ધનુષરૂપી લેહેરવાળા, અક્ષય્ય, આશ્રય વગરના, તરવાનો ઉપાય નથી જેમાં એવા ચળાયમાન, ગદા તથા તલવારરૂપી મગરમત્સ્યવાળા, અશ્વરૂપી આવર્તવાળા, હસ્તિએ કરી વ્યાપ્ત, પદાતિરૂપી મત્સ્યે કરી વ્યાપ્ત, શંખ તથા દુંદુભિના શબ્દવાળા, શત્રુ પક્ષના અશ્વ, હસ્તિ, પાયદળ તથા અનેક રથને વેગે કરી ડુબાવતા એવા, સંગ્રામમાં શત્રુના શૂરવીરને હરણ કરનાર, ક્રોધથી જ્વળાયમાન અને પોતાના તેજે કરી શત્રુને તપાવનાર ભીષ્મરૂપ સમુદ્રને. જેમ સમુદ્રને કીનારો રૂંધે, તેમ પાંડવ પક્ષના કયા યોદ્ધાઓએ રૂંધ્યા ? હે સંજય, સંગ્રામમાં શત્રુને હણનાર ભીષ્મે દુર્યોધનના હિત માટે જ્યારે યુધ્ધમાં પરાક્રમ કર્યું, ત્યારે તેના મુખ આગળ કોણ આવી ઉભા હતા ? વળી તે વેળા અમિત તેજવાળા ભીષ્મના રથના દક્ષિણ ચક્રની કોણ કોણ રક્ષા કરતા હતા; તેની પછવાડેથી સુંદર વ્રતવાળા કોણ શત્રુઓને નિવારણ કરતા હતા તથા કોણ હણતા હતા, તેની રક્ષા કરતાં અગાડીના ભાગને વિષે કોણ કોણ ઉભા હતા, તેના ઉત્તરના ચક્રની કોણ કોણ શૂરવીરો રક્ષા કરતા હતા અને વામચક્ર તરફ ઉભા રહીને સૃંજયોને કોણ કોણ પ્રહાર કરતા હતા ? વળી સર્વ સૈન્યમાં આગળ ચાલનાર તથા બીજાથી જે માર્ગ પ્રત્યે જવાય નહીં એવા યુદ્ધરૂપ માર્ગને વિષે જતા એવા ભીષ્મની આગલા ભાગને વિષે તથા બે પડખાંના ભાગને વિષે કોણ કોણ રક્ષા કરતા હતા ? વળી હે સંજય, તે યુદ્ધ સમૂહને વિષે શત્રુના શૂરવીરોની સાથે મારા પક્ષના કોણ કોણ યુદ્ધ કરતા હતા ? વળી શૂરવીર પુરૂષોએ રક્ષા કરેલા ભીષ્મ તથા તેણે રક્ષા કરેલા તેઓ, સંગ્રામને વિષે શત્રુની સેનાને કેમ જીતી ન શક્યા ? વળી જેમ સર્વ લોકના ઈશ્વર દક્ષાદિ પ્રજાપતિના વડીલ બ્રહ્મા, તેમ સર્વના વડીલ એવા ભીષ્મને પ્રહાર કરવા પાંડવો કેમ સમર્થ થયા ? અરે ! જે ભીષ્મરૂપ દ્વીપનો આશ્રય કરીને મારા પુત્ર કૌરવો શત્રુ પાંડવોની સાથે યુદ્ધ કરે છે, તે પુરૂષમાં સિંહરૂપ આજ પડયા એમ તું કહે છે ? ! રે ! જે ભીષ્મના પરાક્રમનો આશ્રય કરીને મ્હોટા સૈન્યવાળો મારો પુત્ર દુર્યોધન પાંડવોને ગણકારતો ન હતો, તેને શત્રુઓએ કેમ માર્યો ? વળી પૂર્વે દૈત્યોને નાશ કરવાની ઇચ્છાવાળા દેવતાઓએ યુદ્ધમાં દુર્મદ એવા જે ભીષ્મની પોતાની સહાયતા કરવા વિષે માગણી કરી હતી, તે મ્હોટા વ્રતવાળા મારા પિતાને શત્રુઓએ કેવી રીતે માર્યો ? જે મહા પરાક્રમિ ભીષ્મરૂપ ઉત્તમ પુત્ર ઉત્પન્ન થવાથી, જગત્માં વિખ્યાત શાંતનુ રાજાએ શોક, દીનતા તથા દુઃખનો ત્યાગ કર્યો હતો, તે લોક વિખ્યાત, સર્વને આશ્રય કરવા લાયક, બુદ્ધિમાન્, સ્વધર્મમાં તત્પર, પવિત્ર અને વેદના અંગનાં સ્વરૂપને યથાર્થરૂપે જાણનારને તું હણાયા એમ કેમ કહે છે ? અરે ! સર્વ અસ્ત્રવિદ્યામાં કુશળ, વિનયયુક્ત, શાંત, ઇંદ્રિઓને નિયમમાં રાખનાર તથા મનસ્વિ એવા ભીષ્મ હણાયા એમ સાંભળીને, મારું સર્વ સૈન્ય નાશજ પામ્યું છે એમ હું માનું છું ! અરે ! ધર્મ કરતાં બળવાન એવો [illegible] એવી મારી મતિ છે; કેમકે પાંડવો વૃદ્ધ તથા ગુરૂરૂપ ભીષ્મને મારીને [illegible] છે ! હે સંજય, પૂર્વે અંબા નામની કન્યાનો પક્ષ કરીને યુદ્ધ [illegible]

સર્વાસ્ત્ર જાણનાર તથા સર્વથી ઉત્તમ જમદગ્નિના પુત્ર પરશુરામને પણ યુદ્ધજ જેણે પરાજય પમાડ્યા હતા એવા, ઇંદ્રસમાન કર્મ કરનાર તથા સર્વ ધનુર્વિદ્યા જાણનારાઓમાં શ્રેષ્ઠ ભીષ્મ હણાયા એમ તું કહે છે; માટે હવે એ ઉપરાંત મને બીજું દુઃખ શું ? શત્રુના શૂરવીરોને મારનાર શૂરવીર જમદગ્નિના પુત્ર પરશુરામે સંગ્રામમાં વારંવાર ક્ષત્રિઓના સમૂહાયને છુસ્યા હતા, પણ જે મહા બુદ્ધિમાન્ ભીષ્મને મારી ન શક્યા હતા, તેને આજ શિખંડિએ હણ્યા; માટે અવશ્ય યુદ્ધમાં દુર્મદ મહા પરાક્રમિ ભાર્ગવ, પરશુરામ કરતાં તેજ, વીર્ય તથા બળે કરીને તે દ્રુપદ પુત્ર અધિક થયો ! રે ! જ્યારે શિખંડિએ શૂરવીર, યુદ્ધમાં કુશળ, સર્વ શાસ્ત્રમાં વિશારદ, પરમાસ્ત્ર જાણનાર, શત્રુને હણનાર તથા ભરતકુળમાં શ્રેષ્ઠ ભીષ્મને શિખંડિએ માર્યો, ત્યારે તેને શત્રુના પક્ષના કોણ કોણ શૂરવીરો અનુસર્યા હતા ' હે સંજય, ભીષ્મનું પાંડવો સાથે જેવી રીતે યુદ્ધ થયું હોય તે તું મને યથાર્થ કહે ! રે સંજય, આજ મારા પુત્ર દુર્યોધનની સેના હણાયલા પતિવાળી વિધવા સ્ત્રીના સરખી થઇ ' અરે ! સંગ્રામને વિષે સર્વ લોકના પરાક્રમવાળા ભીષ્મ આજ પરલોકમાં પ્રીતિવાન હોવાથી મારા પુત્રનું સૈન્ય, જેમ ગોવાળ વગર ગાયોનું ધણ ઉદ્‌ભ્રાંત થાય, તેમ જે વેળા ઉદ્‌ભ્રાંત થયું, તે વેળા તમારા સર્વનું મન કેવું થયું હશે ને હવે આપણને જીવવામાં પણ સામર્થ્ય શું રહ્યું ?! રે ! જગતમ ધર્મિષ્ટ તથા મહા પરાક્રમિ પિતારૂપ ભીષ્મને મરાવીને આપણે હાએ, જેમ સમુદ્રના પારને પામવાની ઇચ્છાવાળા નાવમાં બેઠેલા પુરુષો અગાધ જળમાં ડુબેલા તે નાવને જોઇને ખેદયુક્ત થાય, તેમ આજ ખેદયુક્ત થયા ! અરે ! ભીષ્મ હણાવાને લીધે ઉપન્ન થયેલા દુઃખે કરીને આજ મારા દુર્યોધનાદિ પુત્રો શોચ કરતા હશે એમ હું માનું છું ! હે સંજય, મારૂં હૃદય દૃઢ પત્થર સરખું છે, કેમકે પુરૂષમાં સિંહ રૂપ ભીષ્મ હણાયા એમ સાંભળીને પણ ખેદ પામતું નથી ' જેને વિષે અસ્ત્રવિદ્યા, મેધા તથા નીતિ અપ્રમેય રહ્યાં છે, તે આજ સંગ્રામમાં કેમ હણાણા હશે ? જો કે અસ્ત્રવિદ્યા આવડતી હોય અને પરાક્રમ, તપશ્ચર્યા, બુદ્ધિ, ધીરજ તથા ત્યાગ વૃત્તિ હોય, તોપણ મૃત્યુ કોઇને છોડતોજ નથી ! રે ! મહા પરાક્રમિ કાળ સર્વ લોકથી ઉલંઘન થાય નહી એવો છે એમા કંઇ પણ સંદેહ નથી; કેમકે જેના યોગને લીધે તું શાંતનુના પુત્ર ભીષ્મ હણાયા એમ મને કહે છે ! રે ' પુત્રના શોકથી તાપ પામેલો હું મ્હોટા દુઃખનું ચિંતન કરતાં ભીષ્મથી મારા પક્ષના રક્ષણને ઇચ્છતો હતો ! વળી જયારે ભીષ્મરૂપ સૂર્ય પૃથ્વી ઉપર પડયા, ત્યારે તેને જોઇને મારા પુત્ર દુર્યોધનના મનને કેવું લાગ્યું હશે ! હે સંજય, હું પોતાની બુદ્ધિથી વિચાર કરૂં છું, તો પોતાના પક્ષના રાજાઓ તથા શત્રુના પક્ષના રાજાઓનાં સૈન્યમાંનું કોઇ પણ જીવતું રહેશે એમ ધારતો નથી ! અહા ઋષિઓએ કહેલો આ યુદ્ધરૂપ ક્ષત્રિય ધર્મ મહા દારૂણ છે, કેમકે જેનો આશ્રય કરીને પાંડવો, શાંતનુ પુત્ર ભીષ્મને મારી રાજયને ઇચ્છે છે તથા આપણે પણ મહા વ્રતવાનને મરાવીને તેને ઇચ્છિયે ! હે સંજય, ક્ષાત્ર ધર્મને વિષે રહેલા પુત્રરૂપ પાંડવોનો કંઈ પણ અપરાધ નથી; કેમકે આર્ય પુરૂષે કષ્ટરૂપ આપત્તિ વેળા એ પ્રમાણે પણ કરવું જોઇએ છીએ ! હે સંજય, પરાક્રમ તથા ઉત્કૃષ્ટ શકિતવાળા, શત્રુની સેનાને હણનાર, લજ્જાવાન અને કોઇ દિવસે પણ પરાજય નહીં પામેલા એવા પિતારૂપ ભીષ્મને પાંડવોએ જ્યારે શોભાવ્યા, ત્યારે મારા પક્ષનું યથાયોગ્ય સર્વ સૈન્ય સહાયતામાં હોવા છતાં તેઓ યુદ્ધ કરી તેને કેમ મારી શક્યા ? વળી જ્યારે ભીષ્મ હણાયા, ત્યારે દુર્યોધન, કર્ણ, સુબળ પુત્ર શકુનિ તથા કપટી દુઃશાસન શું શું બોલ્યા ? હે સંજય, બાણ, શકિત, તલવાર તથા તોમરરૂપ પાસાવાળી, મહા ભયંકર તથા

યુદ્ધને લીધે દુઃખે કરી પણ પ્રાપ્ત ન થવાય એવી સંગ્રામરૂપ દ્યૂત સભામાં કપટી તથા મંદ બુદ્ધિવાળા રાજાઓ જઈને, પ્રાણરૂપી પણ મૂકી કોણ કોણ રમવા લાગ્યા? તે સમય ભીષ્મ વિના લક્ષ્ય કરી શત્રુએ પાડેલા કોણ જીતાયા તથા કોણ જીત્યા? તે તુ મને કહે! રે! ભયંકર કર્મવાળા તથા સંગ્રામમાં શોભનાર દેવવ્રત ભીષ્મ હણાયા એમ સાંભળીને, મારા મનમાં શાંતિ થતી નથી; કેમકે મારા પુત્ર દુર્યોધનને તેના પડવાને લીધે ઉપજેલી ગ્લાનિથી ઉત્પન્ન થઇ મારા હૃદયમાં રહેલી મ્હોટી પીડાને તું જેમ ઘૃતે કરી અગ્નિ પ્રદીપ થાય, તેમ પ્રદીપ્ત કરે છે! ભીષ્મ હણાયા તે જોઇને મારા સર્વ પુત્ર શોચ કરતા હશે એમ હું માનું છું! ને તે વેળા જે કંઈ દુર્યોધને દુઃખ ધર્યું હશે, તે પણ હું સર્વ સાંભળીશ! માટે હે સંજય, સંગ્રામને વિષે મંદ એવા દુર્યોધનની બુદ્ધિથી જે કંઈ વૃત્તાન વિચારપૂર્વક અથવા વગર વિચારથી થયું હોય, તે સર્વ તું મને કહે! જયને ઇચ્છતા એવા અસ્ત્ર વિદ્યા શિખેલા ભીષ્મે સંગ્રામને વિષે જે કંઇ પરાક્રમ કર્યું હોય, તે પણ તું મને સર્વ કહે! વળી કૌરવ તથા પાંડવની સેનાનું જેવી રીતે, જે ક્રમે તથા જે વખતે યુદ્ધ થયું હોય, તે સર્વ તું મને યથાર્થ કહે.

क्रमेणयेनयस्मिंश्च कालेयच्चयथाभवत् ।

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि धृतराष्ट्रप्रश्ने गुर्जरभाषायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

संजयउवाच-त्वद्युक्तोयमनुप्रश्नो महाराजयथार्हसि ।

नतुदुर्योधनेदोष मिममासंक्तुमर्हसि ॥ १ ॥

સંજય કહે છે-હે મહારાજ, તમે જે આ પાછળથી પ્રશ્ન પૂછ્યો, તે તમને યોગ્ય છે; પણ આ દોષ દુર્યોધનને વિષે લગાડવા યોગ્ય નથી. કેમકે જે પુરૂષ પોતાના દુષ્ટાચરણને લીધે દુઃખને પામે, તે પુરૂષે બીજાને દોષ દેવો એ તેને લાયક નથી. હે મહારાજ, મનુષ્યોમાં જે પુરૂષ સર્વ નિંદિતજ કાર્ય કરે, તે સર્વ લોકને મારવા લાયકજ થાય છે. હે રાજા, તિરસ્કાર કરવામાં ચતુર એવા પાંડવોએ અમાત્યો સહિત વનમા રહીને તમારા પુત્રોએ કરેલા તિરસ્કારને કેવળ તમારે લીધેજ ઘણા દિવસ સૂધી સહન કર્યો; હવે અશ્વ, હસ્તિ તથા અમિત તેજવાળા રાજાઓનાં અદષ્ટ મેં યોગ બળે કરી પ્રત્યક્ષ જોયાં છે, માટે તે હું તમને કહું તે સાંભળીને તમે શોકને વિષે મન લગાડશો નહી; કેમકે આ મારા કહેવા પ્રમાણે અવશ્ય ભાવિજ છે. હે રાજા, જે મહાત્મા તમારા પિતા બુદ્ધિમાન પારાશર્યના પ્રસાદરૂપ વરદાનથી હું દિવ્ય એવું અત્યુત્તમ જ્ઞાન, અતીંદ્રિય દષ્ટિ, દૂરથી શ્રવણ, પારકા ચિત્તને અને ભૂત તથા ભવિષ્યને જાણવું, આડે રસ્તે ચાલનારના કારણનું જ્ઞાન, શુભ એવી આકાશમાં ગતિ તથા યુદ્ધમા અસ્ત્ર સ્પર્શ ન કરે ઇત્યાદિને પામ્યો છુ, તેને નમસ્કાર કરીને ભારતોનુ આશ્ચર્યરૂપ તથા જોનારનાં રૂવાડાં ઉભાં કરે એવું વિચિત્ર યુદ્ધ જે રીતે થયુ, તે તમને વિસ્તારથી કહું તે સાંભળો હે રાજા, જ્યારે બેઉ પક્ષનાં સાવધ સૈન્ય યથાયોગ્ય વ્યૂહરચના પૂર્વક ઉભાં, ત્યારે દુર્યોધને દુઃશાસનને કહ્યું કે હે દુશ્શાસન, તું ભીષ્મની રક્ષા કરે એવા યોદ્ધાઓના રથની યોજના કર, ને સર્વ સૈન્યને પણ તૈયાર થવાની આજ્ઞા આપ; કેમકે જે સૈન્ય સહિત પાંડવ તથા કૌરવોનો યુદ્ધમાં સમાગમ થાય

એ મારા મનમાં ઘણાં વર્ષ થયાં ઇચ્છા હતી, તે આજ પ્રાપ્ત થયો છે. માટે હવે આપણે આ સંગ્રામમાં ભીષ્મની રક્ષા કરવા ઉપરાંત બીજું કંઇ પણ મ્હોટું કામ નથી એમ માન્યું; કેમકે જો આપણે એની સાવધાનપણાથી રક્ષા કરશું, તો એ પાંડવોને, સોમકોને, તથા સૃંજયોને મારશે. પણ શુદ્ધ અંતઃકરણ વાળા ભીષ્મે હું શિખંડીને મારીશ નહીં, કારણ કે જન્મ્યો ત્યારે સ્ત્રીરૂપ હતો માટે તેનો ત્યાગ કરીશ એમ કહેલું છે: વાસ્તે આપણે સંગ્રામમાં ઘણું કરીને તેનાથી ભીષ્મની રક્ષા કરવી એમ મારી મતિ છે. હે દુઃશાસન, તે શિખંડીને મારવા સારૂ મારા પક્ષના સર્વ યોદ્ધાઓ સાવધ થઇ ઉભા રહો; ને અત્યંત અસ્ત્રવિદ્યામાં કુશળ એવા પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તર દિશાના રાજાઓ પિતામહની રક્ષા કરો, કારણ નહીં રક્ષા કરેલા મહા બળવાન સિંહને પણ વરુ નામનો જાનવર નાશ કરે છે. હે ભ્રાત, જેમ કોઇ શિયાળ નામનાં પ્રાણિથી સિંહને નાશ કરાવે, તેમ આપણે શિયાળરૂપ શિખંડીથી મહા બળવાન ભીષ્મરૂપ સિંહને નાશ નહી કરાવીએ. હે દુઃશાસન, શત્રુના પક્ષમાંના યુધામન્યુ તથા ઉત્તમૌજા જે અર્જુનના રથના વામ તથા દક્ષિણ ચક્રની રક્ષા કરતા પ્રાપ્ત થાય છે, તે શિખંડીની રક્ષા કરે છે. માટે હે દુઃશાસન, અર્જુને રક્ષા કરેલો તથા ભીષ્મે નહીં મારવારૂપે ત્યાગ કરેલો શિખંડી, જેવી રીતે ગંગા પુત્રને ન હણી શકે, તેવી રીતે તું ઉપાય કર.

संरक्ष्यमाणःपार्थेन भीष्मेणचापिवर्जितः।
यथानहन्याद्गांगेयं दुःशासनतथाकुरु ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि दुर्योधनदुःशासनसंवादे गुर्जरभाषायां पंचदशोऽध्यायः ॥ १५ ॥

संजयउवाच–ततोरजन्यांव्युष्टायां शब्दःसमभवन्महान् ।
क्रोशतांभूमिपालानां युज्यतांयुज्यतामिति ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર, હવે તે દિવસની રાત્રિ નિવૃત્ત થઇ ને પ્રાતઃકાળ થયો, ત્યારે મ્હોટા શબ્દ કરતા એવા ગજાઓનો રથાદિ વાહનો જોડો જોડો એવો મ્હોટો શબ્દ થયો. વળી તે વેળા શંખ તથા દુંદુભિના શબ્દ, યોદ્ધાઓના સિંહનાદ, અશ્વોની હણહણાટીના શબ્દ, રથ ચક્રના શબ્દ, હસ્તિઓના શબ્દ, ગર્જના કરતા એવા યોદ્ધાઓના શબ્દ, સર્વનું આવવું તથા જવું અને શસ્ત્રોનું પરસ્પર પછડાવું એ સર્વ અત્યંત હોવાને લીધે યુદ્ધ ભૂમિમાં ભયંકર સરખું દેખાતું હતું. હે મહારાજ, સૂર્યોદય વેળાએ કૌરવ તથા પાંડવની સેના, પોતપોતાના પક્ષમા યુદ્ધ સારૂ સર્વ પ્રકારે સાવધ થઇ ઉભી. હે રાજેંદ્ર, તમારા પુત્ર તથા પાંડવોના સૈન્યમા દુઃખે કરી પણ જેનું સહન થાય નહી એવાં અસ્ત્ર, શસ્ત્ર તથા કવચ દેખાવા લાગ્યાં અને અનેક શસ્ત્રવાળાં મ્હોટાં ઘણા સૈન્ય પણ દેખાવા લાગ્યાં; જેમાં સુવર્ણથી શોભાયમાન તથા પ્રકાશમાન અનેક હસ્તિ અને રથ, જેમ વિજળી સહિત મેઘ જોવામાં આવે, તેમ જોવામાં આવવા લાગ્યા. વળી તે વેળા બેઉ પક્ષની સેનામાંની રથ સેનાઓ, જેમ શહેર શોભે, તેમ શોભતિ હતી. તે સમય તે રથ સેનાઓની મધ્યે તમારા પિતા ભીષ્મ પૂર્ણિમાના ચંદ્ર સરખા અત્યંત શોભતા હતા. હે રાજન, તે સર્વ સૈન્યમાં શુભ દેખાવવાળાં, પ્રહાર કરવાનાં

ગાંડીવ ધનુષ, લાકડી, તલવાર, ગદા, શક્તિ તથા તોમરાદિને ગ્રહણ કરીને, સર્વ યોદ્ધાઓ યુદ્ધ કરવા સારૂ ઉભા હતા, વળી હે પૃથ્વીપતિ અનેક હસ્તિ ઉપર બેઠેલા, રથમાં બેઠેલા, અશ્વ ઉપર બેઠેલા તથા પદાતિ યોદ્ધાઓ પરસ્પર શત્રુઓને મારવા સારૂ તૈયાર થઇ ઉભા હતા. તે સમયે બેઉ પક્ષની સેનામાં ઉંચી, વિચિત્ર પ્રકારના આકારવાળી તથા પ્રકાશમાન હજારો ધજાઓ દેખાતી હતી. વળી સુવર્ણના તથા મણિયોના દાગીના પહેરેલા હાથી ઉપર બેઠેલા હજારો યોદ્ધાઓ, જેમ શિખાવાળા પ્રજ્વલિત અગ્નિ શોભે, તેમ શોભતા હતા; ને મહેંદ્રના ભવનને વિષે રહેલા ઇંદ્રધ્વજની પેઠે યુદ્ધ કરવા સારૂ તૈયાર થઇ ખડા થયેલા પરસ્પરને જોતા હતા, વળી ઉગામેલાં આયુધે કરી વિચિત્ર દેખાવવાળા, હાથમાં ચામડાનાં મોજાં પહેરેલા, ભાથાં બાંધેલા, મદમાતા બળદ સરખાં નેત્રવાળા તથા સૈન્યના અગ્ર ભાગને વિષે ઉભેલા પુરૂષમાં શ્રેષ્ઠ એવા યોદ્ધાઓ અત્યંત શોભતા હતા. હે રાજા, પુરૂષમાં સિંહરૂપ, શૂરવીર, ભોગળના સરખા હાથવાળા, યજ્ઞ કરનાર, ઘણી દક્ષિણા આપનાર તથા સમર્થ સુબળ પુત્ર શકુનિ, શલ્ય, અવંતિપુરીનો રાજા જયદ્રથ, વિંદાનુવિંદ, કેકય, કાંબોજ દેશનો રાજા સુદક્ષિણ, કલિંગ દેશનો રાજા શ્રુતાયુદેહ, જનત્સેન, કોશળ દેશનો રાજા બૃહદ્બળ તથા કૃતવર્મા યાદવ એ દશજણ, દશ અક્ષૌહિણી સેનાના પતિ થઇ પોતપોતાની અક્ષૌહિણી સેનાની સંભાળ રાખતાં યુદ્ધમાં ઉભા હતા. હે રાજા, એ દશ તથા બીજા પણ કેટલાક નીતિમાન, મહારથિ, સજ્જ થયેલા, કૃષ્ણ મૃગનાં ચર્મ શરીર ઉપર બાંધેલા, બળવાન અને દુર્યોધનને લીધે યુદ્ધમાં મરવા રૂપ દીક્ષા લીધેલા રાજાઓ તથા રાજપુત્રો પોતપોતાના સૈન્યમાં ઉભા હતા હે રાજા, કૌરવની અગિયારમી અક્ષૌહિણી સેના પૂર્વોક્ત દશ સેનાની આગળ ચાલનાર હતી; જેની અગાડીમાં શંતનુના પુત્ર ભીષ્મ ઉભા હતા. તે વેળા શ્વેત પાઘડી પહેરેલા, શ્વેત અશ્વ તથા કવચવાળા, સંગ્રામમાંથી નહીં હઠનાર, જેના રથમાં સુવર્ણની તાળવૃક્ષ સદશ ધ્વજા હતી એવા તથા રૂપાના રથમાં બેઠેલા ભીષ્મને અમે ઉદય થયેલા ચંદ્ર સરખા અને કૌરવ તથા પાંડવોએ શ્વેત આકાશમાં સૂર્ય સરખા જોયા. વળી ધૃષ્ટદ્યુમ્ન જેમાં મુખ્ય હતો એવા મ્હોટા ધનુષવાળા સૃંજયો ભીષ્મને જોઇને, જેમ બગાસાં ખાતા સિંહને જોઇને ક્ષુદ્ર મૃગો ભય પામે, તેમ વારંવાર ભય પામવા લાગ્યા. હે પાર્થિવ, શોભાયમાન તમારી અગિયાર અક્ષૌહિણી સેના હતી અને મહા પુરૂષો જેની રક્ષા કરતા હતા એવી પાંડવોની સેના સાત અક્ષૌહિણી હતી. હે રાજા, કૌરવ તથા પાંડવ પક્ષની બેઉ સેના, જેમ મદોન્મત્ત મગરમત્સ્ય તથા મ્હોટા ઝુંડોયે કરી સંકુળ અને મ્હોટા આવર્તવાળા એકઠા મળેલા બે સમુદ્ર પ્રલય સમયે દેખાય, તેમ દેખાતી હતી. હે રાજા, જેવો કૌરવ તથા પાંડવની સેનાનો સમાગમ થયો, તેવો પૂર્વે કોઇનો સમાગમ મેં જોયો નથી તથા સાંભળ્યો પણ નથી.

युगांतेसमवेतौद्वौ दृश्येतेसागराविव ।
नैवनस्तादृशोराज न्दृष्टपूर्वोनचश्रुतः ॥
अनीकानांसमेतानां कौरवाणांतथाविधः ।

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि सैन्यवर्णनेगुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

संजयउवाच—यथासभगवान्व्यासः कृष्णद्वैपायनोऽब्रवीत् ।

तथैवसहिताः सर्वे समाजग्मुर्महीक्षितः ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર રાજા, જેવી રીતે કૃષ્ણ દ્વૈપાયન ભગવાન વ્યાસજીએ કહ્યું હતું, તેવીજ રીતે સર્વ રાજાઓ એકઠા મળી આવ્યા હતા. ને યુદ્ધારંભને દિવસે મઘા નક્ષત્રના વિષયગ ચંદ્ર પણ થયો હતો તથા આકાશમાં રહેનાર રવિઆદિ સાત મહા ગ્રહ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા હતા. વળી તે દિવસે તીક્ષ્ણ કિરણવાળો સૂર્ય જ્વળાયમાન શિખા સહિત ઉદય થઈ દેખાવા લાગ્યો હતો. વળી તે દિવસે પ્રજ્વલિત દિશાને વિષે માંસ તથા રુધિરનું ભોજન કરનાર અને ભક્ષ્યને માટે પર શરીર મળવાની ઇચ્છાવાળા શિયાળ તથા કાગડાઓ શબ્દ કરતા હતા. હે રાજા, જે દિવસથી યુદ્ધારંભ થયો, તે દિવસથી નિત્ય પ્રાતઃકાળમાં ઉઠી શસ્ત્રાદિ ધારણ કરીને કુરુકુળના પિતામહ વૃદ્ધ ભીષ્મ તથા ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્ય, કબુલાત પ્રમાણે તમારે લીધે યુદ્ધ કરતા હતા, પણ પાંડવોનો જય થાઓ એમ કહેતા હતા. હવે જે દિવસે યુદ્ધ થવાનો આરંભ હતો, તેજ દિવસે સર્વ ધર્મ જાણનાર તમારા પિતા દેવવ્રત ભીષ્મે તમારા પક્ષના સર્વ રાજાઓને બોલાવી કહ્યું કે-હે ક્ષત્રિયો, ક્ષત્રિય એવા તમોને આ યુદ્ધરૂપ મ્હોટું સ્વર્ગનું દ્વાર ઉઘાડું છે, તેથી તમે સર્વ ઇંદ્ર તથા બ્રહ્માના લોક પ્રત્યે જાઓ; કેમકે આ શાશ્વતમાર્ગનું તમારા પૂર્વજોએ પણ સેવન કરેલ છે. વાસ્તે તમે સર્વ આ યુદ્ધમાં સ્થિર મન રાખીને પોતાનો યશ સંપાદન કરો. ને પૂર્વે થઈ ગયેલા નાભાગ યયાતિ, માંધાતા, નહુષ તથા નૃગાદિ રાજાઓ આવા યુદ્ધરૂપ કર્મથી પરમ સ્થાનને પામી સિદ્ધ થયા છે. હે ક્ષત્રિયો, ક્ષત્રિયના શરીરમાં રોગ થાય અને ગૃહને વિષે રહિ મરવું એ ક્ષત્રિયને અધર્મ છે, ને શસ્ત્રથી મરણ પામવું એ તેનો સનાતન ધર્મ છે. હે ભરત કુળમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે ભીષ્મે કહ્યું, ત્યારે તે સર્વ રાજાઓ પોતાના સૈન્યને શોભાવતા ઉત્તમ રથમાં બેશી યુદ્ધ માટે નીકળ્યા, ને ભીષ્મે સંગ્રામમાં શસ્ત્ર જેનાં મૂકાવ્યાં હતાં એવો અને અમાત્ય તથા બંધુ સહિત કર્ણવગરના તમારા સર્વ પુત્ર તથા રાજાઓ, મ્હોટા સિંહનાદ કરતા સર્વ દિશાઓને ગજાવતા યુદ્ધ કરવા સારૂ નીકળ્યા. તે વેળા તે સર્વ સૈન્ય શ્વેત છત્ર, પતાકા ધ્વજાઓ, હાથી, ઘોડા તથા રથ પાયદળે કરી અત્યંત શોભતાં હતાં. તે વેળા સૈન્યમાં ભેરી, દુંદુભી તથા પણવ નામના વાજીંત્રના શબ્દે કરી અને રથ ચક્રના શબ્દે કરી પૃથ્વી આકુળ થઈ હતી. વળી તે વેળા સુવર્ણના બાજુબંધ તથા મુકુટ ધારણ કરેલા અને ધનુષ ગ્રહણ કરેલ, મહારથિઓ, જેમ અગ્નિ સહિત પર્વત શોભે, તેમ શોભતા હતા. ને પાંચ સુવર્ણના તારાનાં ચિન્હ જેમાં હતાં એવા તાલ વૃક્ષના ચિન્હવાળા મ્હોટા ધ્વજે કરી નિર્મળ સૂર્ય સરખા પ્રકાશવાળા ભીષ્મ તે સૈન્યની અગાડીમાં ઉભા હતા. હે ભરતર્ષભ, તમારા પક્ષના જે જે મ્હોટા ધનુષવાળા રાજાઓ ભીષ્મને વિંટીને જેવી રીતે ઉભા હતા. તે હું તમને કહું તે તમે સાંભળો—પદ્મ સરખા વર્ણવાળો ગોવાસન દેશનો રાજા શૈબ્ય પોતાના પક્ષના સર્વ રાજાઓ સહિત, જેની ઉપર રાજાઓને લાયક એવો પતાકા હતો એવા શ્રેષ્ઠ હાથી ઉપર બેસીને સર્વ સૈન્યની આગળ ચાલ્યો હતો. તેની વાંસે સિંહના પૂછડા સરખી આકૃતિવાળી ધ્વજા જેમાં હતી એવા રથમાં બેઠેલા અશ્વત્થામા યુદ્ધ કરવા સારૂ ચાલ્યા, તેની પાછળ શ્રુતાયુદ્ધ, ચિત્રસેન, પુરુમિત્ર, વિવિંશતિ, શલ્ય, ભૂરિશ્રવા તથા મહારથિ વિકર્ણ મ્હોટા ધનુષ તથા કવચવાળા એ સાત જણ અશ્વત્થામાને મુખ્ય કરીને રથમાં બેસી ભીષ્મની અગાડીમાં ચાલનાર થયાં હતા; જેઓના

સુવર્ણમય અત્યંત ઉંચા રથધ્વજ રથોને શોભાયમાન કરતા શોભતા હતા, હે રાજા, પ્રભાતની વેળાએ આચાર્યમુખ્ય દ્રોણનો રથધ્વજ સુવર્ણની વેદી તથા કમંડળના ચિન્હ યુક્ત હોવાથી ધનુષ સહિત શોભતો હતો. વળી તે સમય અનેક સેંકડો સેનાને આકર્ષણ કરી યુદ્ધભૂમિ પ્રત્યે લઈ જતા દુર્યોધનનો રથધ્વજ, મણિમય હસ્તિના ચિન્હ યુક્ત હોવાથી શોભતો હતો; જે રાજાની અગાડીમાં પૌરવ, કાલિંગ, સુદક્ષિણ સહિત કાંબોજ, ક્ષેમધન્વા તથા શલ્યના રથો ઉભા હતા. વૃષભના ચિન્હવાળી ધ્વજાવાળા અમૂલ્ય રથમાં બેસીને, કૃપાચાર્ય માગધ સૈન્યના અગ્રભાગને આકર્ષણ કરતા યુદ્ધ માટે રણભુમિ પ્રત્યે જવા લાગ્યા હતા. તે વેળા શરદઋતુમાં મેઘ સરખા તે પ્રાચિ દિશાના રાજાઓના બળની વૃષકેતુ તથા કૃપાચાર્ય રક્ષા કરતા હતા. હે રાજા, પોતાની અક્ષોહિણી સેનાના અગ્રભાગને વિષે ઉભેલો મ્હોટા યશવાળો જયદ્રથ, વરાહના ચિન્હવાળા સુવર્ણના ધ્વજે કરી અત્યંત શોભતો હતો; જેને જે એક લાખ રથ, આઠ હજાર હસ્તિ તથા સાઠ હજાર અશ્વ વશ વર્તતા હતા, તે સર્વ સૈન્ય અત્યંત શોભતું હતું. હે રાજા, સાઠ હજાર રથ તથા દશ હજાર હસ્તિ અને કેતુમાન નામના રાજા સહિત સર્વ કલિંગ દેશનો પતિ શ્રુતાયુધ રાજા યુદ્ધ કરવા સારૂ રણભૂમિ પ્રત્યે ગયો; જેના સૈન્યમાંના પર્વત સરખા મ્હોટા હસ્તિઓ ઉપર રહેલા તોપ, ગુરંજ, ભાથા તથા પતાકાઓએ કરી શોભતા હતા. હે રાજા, તે વેળા તે પોતે શ્રુતાયુધ રાજા પણ શ્વેત છત્ર, પદક, ચામર, વ્યજન તથા અગ્નિ સરખા ધ્વજે કરીને અત્યંત શોભતો હતો. તે સમય કેતુમાન રાજા વિચિત્ર અંકુશવાળા હસ્તિ ઉપર બેશીને જેમ વાદળામાં રહેલો સૂર્ય શોભે, તેમ શોભતો હતો. ઉત્તમ હસ્તિ ઉપર બેઠેલો તથા ઇંદ્ર સરખો તેજસ્વિ ભગદત્ત રાજા, યુદ્ધ કરવા સારૂ ગયો. તે વેળા હસ્તિ ઉપર બેઠેલા ભગદત્ત સમાન, કેતુમાન રાજાને અનુસરનારા તથા અવંતિ પુરીના રાજા વિંદ તથા અનુવિંદ યુદ્ધ કરવા સારૂ ગયા. રથરૂપ સૈન્યવાળો, હસ્તિરૂપ અંગવાળો, રાજાઓ રૂપી મસ્તકવાન તથા અશ્વરૂપી પાંખવાળો, ઉગ્ર, જાણે હસતો હોય શું એવો અને દ્રોણ, ભીષ્મ અશ્વત્થામા બાહ્લિક તથા કૃપાચાર્યે રચેલો સૈન્યવ્યુહ ચારે કોરથી એકદમ જવા લાગ્યો હતો.

द्रोणेनविहितोराजन् राज्ञाशांतनवेनच ।
तथैवाचार्यपुत्रेण बाल्हीकेनकृपेणच ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि सैन्यवर्णने गुर्जरभाषायां सप्तदशोऽध्यायः ॥ १७ ॥

संजयउवाच—ततोमुहूर्तात्तुमुलः शब्दोहृदयकंपनः ।
अश्रूयतमहाराज योधानांप्रयुयुत्सतां ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ, ત્યાર પછી એક મુહૂર્ત કેડે યુદ્ધ કરવા તૈયાર થએલા યોદ્ધાઓના હૃદયને કંપાવે એવો મ્હોટો તુમુલ શબ્દ સંભળાતો હતો. ને તે વેળા શંખને તથા દુંદુભીના શબ્દ અને હસ્તિઓની ચીસ તથા રથના ચાકના શબ્દે કરી જાણે પૃથ્વી ફાટે કે એમ દેખાતું હતું. વળી તે વેળા એક ક્ષણમાં હકહકાટી કરતા એવા અશ્વો તથા ગર્જના કરતા એવા યોદ્ધાઓના શબ્દે કરીને, આકાશ તથા પૃથ્વી વ્યાપ્ત થયાં હતાં. હે મહારાજ

રાજા ધૃતરાષ્ટ્ર જ્યારે બેઉ પક્ષનો યુદ્ધમાં સમાગમ થયો ત્યારે તમારા પુત્રના તથા પાંડવોના પક્ષનાં સૈન્ય અત્યંત કંપવા લાગ્યાં હતાં. ને તે સેનાઓને વિષે સુવર્ણથી શોભાયમાન કરેલા પ્રકાશમાન હસ્તિ તથા રથો, જેમ વિજળી સહિત મેઘ દેખાય; તેમ દેખાતા હતા. હે નરાધિપ તમારા પક્ષમાંના સૈન્યમાં અનેક પ્રકારના ધ્વજો હતા; અને સુવર્ણના બાજુબંધ ધારણ કરેલા યોદ્ધાઓ પ્રજ્વલિત અગ્નિ સરખા શોભતા હતા. હે ભારત, તમારા પક્ષમાં તથા શત્રુ પાંડવના પક્ષમાંના શુભ્ર ધ્વજો, જેમ ઇંદ્રના ભવનને વિષે શુભ્ર એવા મહેંદ્રધ્વજ દેખાય, તેમ દેખાતા હતા. વળી અગ્નિ તથા સૂર્ય સરખા પ્રકાશમાન સુવર્ણનાં કવચ ધારણ કરેલા સૈન્યમાંના શૂરવીર પુરૂષો, અગ્નિ તથા સૂર્ય સરખી કાંતિવાળા દેખાતા હતા. હે રાજા, વિચિત્ર આયુધ તથા ધનુષ ધરેલ હાથમાં ચર્મનાં મોજાં પહેરેલા પતાકા જેની ઉપર હતા એવા, ક્રોધાક્રાંત નેત્રવાળા, મ્હોટા ધનુષવાળા તથા સૈન્યના અગ્રભાગને વિષે પ્રાપ્ત થયેલા કૌરવ પક્ષના યોદ્ધાઓ, વિચિત્ર ઉગામેલાં આયુધે કરીને અત્યંત શોભતા હતા. હે નરાધિપ, દુઃશાસન, દુર્વિષહ દુર્મુખ, દુઃસહ, વિવિંશતિ, ચિત્રસેન, મહારથિ વિકર્ણ, સત્યવ્રત, પુરૂમિત્ર, જય, ભુરિશ્રવા તથા શલ એ તમારા પુત્રાદિ, ભીષ્મની પછવાડેથી રક્ષા કરતા હત; ને તેઓની વાંસે ચાલનારા વિશ હજાર રથો પણ તેનીજ રક્ષા કરતા હતા; વળી અભીષાહ, શૂરસેન, શિબિ, વસાતય, શલ્વ, મત્સ્ય, અંબષ્ટ, ત્રિગર્ત, કેકય, સૌવીર, કૈતવ અને પૂર્વ, પશ્ચિમ તથા ઉત્તર દિશાને વિષે રહેનાર શૂરવીર તથા યુદ્ધમાં શરીરનો ત્યાગ કરનાર યોદ્ધાઓ, મ્હોટા રથ સમૂહ યુક્ત થઈ ભીષ્મની રક્ષા કરતા હતા. વળી અતિ વેગવાન, દશ હજાર હસ્તિનું સૈન્ય તથા મગધ દેશનો રાજા જે સૈન્યમાં હતો એવું રથ સૈન્ય પણ ભીષ્મની વાંસે ગયું હતું. હે રાજા, સૈન્યમાંના રથના ચક્રની રક્ષા કરનાર તથા હસ્તિના પાદ રક્ષક સાઠ લાખ પુરૂષો હતા. હે રાજા, ધનુષ, ઢાલ તથા તલવાર જેના હાથમાં હતાં એવા અને છરા તથા સાંગે કરી યુદ્ધ કરનાર લાખો પદાતિ આગળ ચાલતા હતા. હે ભારત, હે મહારાજ, તમારા પુત્ર દુર્યોધનની અગિયાર અક્ષૌહિણી સેના, જેમ યમુના જેના મધ્યમાં હોય એવી ગંગા દેખાય, તેમ દેખાતી હતી.

अक्षौहिण्योदशैकाच तवपुत्रस्यभारत ।
अदृश्यंतमहाराज गंगेवयमुनांतरा ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि सैन्यवर्णने गुर्जरभाषायां अष्टादशोऽध्यायः ॥ १८ ॥

धृतराष्ट्रउवाच–अक्षौहिण्यावशैकाच व्यूढांदृष्ट्वायुधिष्ठिरः ।
कथमल्पेनसैन्येन प्रत्यव्यूहतपांडवः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય, વ્યૂહરચનાથી ઉભેલી અગિયાર અક્ષૌહિણી સેનાને જોઇને, મનુષ્ય, દેવતા, ગંધર્વ તથા અસુરની વ્યૂહરચનાને જાણનાર કુંતિ પુત્ર પાંડવ યુધિષ્ઠિરે, ભીષ્મની સામે કેવી રીતે પોતાની સેનાની વ્યૂહરચના કરી? સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર, દુર્યોધનની વ્યૂહરચનાથી ઉભેલી સેનાઓને જોઇને, ધર્માત્મા એવા ધર્મરાજ યુધિષ્ઠિરે, અર્જુનને કહ્યું કે હે તાત, મહર્ષિ બૃહસ્પતિના વાક્યથી મહાપુરૂષોએ જો શત્રુના સૈન્યથી પોતાનું સૈન્ય થોડું હોય

તો તેણે પોતાના સર્વ સૈન્યને એક મેળવી, તેની સાથે યુદ્ધ કરાવવું, કેમકે ઘણું સૈન્ય હોય તો તે જૂદે જૂદે ઉભા રહીને પણ પોતાનું ઇચ્છિત કરી શકે છે એમ કહેલ છે. હે અર્જુન, જેમ ઘણા સૈન્યની સામે અલ્પ સૈન્ય સોઇની અણી સરખું થાય છે, તેમ આપણા શત્રુના સૈન્ય કરતાં આપણું સૈન્ય ઘણુંજ થોડું છે; માટે પૂર્વોક્ત બૃહસ્પતિના વચનને જાણીને તું વ્યૂહરચના કર. હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે ધર્મરાજના વચન સાભળીને અર્જુને તેને કહ્યું કે હે રાજસત્તમ, આ હું તમારી સેનાનો દુઃખે કરી પણ ન જીતાય, અચળ તથા પૂર્વે ઇંદ્ર રચેલો વજ્રવ્યૂહ નામનો વ્યૂહ રચું છું. ને સંગ્રામને વિષે શત્રુઓએ ઉપન્ન થએલા વાયુની પેઠે દુઃસહ, પ્રહાર કરનારમાં ઉત્તમ, પુરૂષમાં શ્રેષ્ઠ તથા યુદ્ધના ઉપાયમા વિચક્ષણ ભીમસેન, સંગ્રામમા શત્રુ સૈન્યના તેજને નાશ કરતા આપણી અગાડીમા યુદ્ધ કરશે, જેને જોઇને દુર્યોધનાદિ સર્વ કૌરવો ત્રાસ પામીને, જેમ ક્ષુદ્રમૃગ સિંહને જોઇને ભાગી જાય, તેમ ભાગી જશે. હે રાજા, પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ જે ભીમસેનરૂપ કીલ્લાનો આપણે આશ્રય કરી, જેમ દેવતાઓ ઇંદ્રરૂપ કિલ્લાનો આશ્રય કરી નિર્ભય થાય તેમ નિર્ભય થઇશું. કેમકે પુરૂષમાં શ્રેષ્ઠ અતિ ઉગ્ર કર્મવાળા તથા ક્રોધ પામેલા આ ભીમસેનની સામું પણ જોવાને સમર્થ થાય એવા ત્રણ લોકમાં કોઇ પુરૂષ નથી. હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે મહાબાહુ અર્જુન યુધિષ્ઠિરને કહીને, પોતાની સેનાની વજ્રવ્યૂહરચના કરી યુદ્ધભૂમિ પ્રત્યે જવા લાગ્યો. હે રાજા, યુદ્ધભૂમિ વિષે જવા લાગેલા કૌરવપક્ષને જોઇને ચાલતી થઇ એવી પાંડવની મ્હોટી સેના, ઘણા મત્સ્યવાળી પૂર્ણ ગંગા સરખી હતી. તે સેનાની અગાડીમાં ભીમસેન હતા, અને તેની પાસે મહાપરાક્રમિ ધૃષ્ટદ્યુમ્ન નકુળ, સહદેવ તથા ધૃષ્ટકેતુ રાજા હતા ને એક અક્ષૌહિણી સેના, પોતાના ભાઇયો તથા પુત્રો સહિત વિરાટ રાજા તેની પાછળથી રક્ષા કરતા હતા. ભીમસેનના ચક્રરક્ષક માદ્રીપુત્ર મહા તેજસ્વી નકુળ તથા સહદેવ હતા અને મ્હોટા વેગવાન દ્રૌપદીના પાંચ પુત્ર તથા સુભદ્રાનો પુત્ર અભિમન્યુ તેની પાછળથી રક્ષા કરતા હતા. તેઓની રથિ પુરૂષમા મુખ્ય એવા પ્રભદ્રક નામના શૂરવીરો રક્ષા કરતા હતા તથા સેના સહિત પંચાળ દેશમા ઉત્પન્ન થયેલો મહારથિ ધૃષ્ટદ્યુમ્ન રક્ષા કરતો હતો. હે ભરતકુળમા શ્રેષ્ઠ, ભીષ્મને મારવા સારૂં સાવધ થયેલો તથા અર્જુને રક્ષા કરેલો શિખંડી તેઓની પાછળ યુદ્ધ ભૂમિ પ્રત્યે જવા લાગ્યો હતો તે અર્જુનની પાછળથી મહા બળવાન સાત્યકિ રક્ષા કરતો હતો, અને તેના ચક્ર રક્ષક પંચાળ દેશમા ઉત્પન્ન થયેલા યુધામન્યુ તથા ઉત્તમૌજા અને કેકય, ધૃષ્ટકેતુ તથા વીર્યવાન ચેકિતાન હતા. હે રાજા, જે વેળા વેગથી પરાક્રમ કરે તો સમુદ્રને પણ શોષવે એવા ભીમસેને વજ્ર સરખી ગદા ધારણ કરી, તે વેળા અર્જુને તેને કહ્યું કે હે ભ્રાત, તમારા જોતા અમાત્યો સહિત ધૃતરાષ્ટ્રના આ પુત્ર ઉભા છે, તે સર્વ આ યુદ્ધમાં તમારો વિભાગ છે, વાસ્તે તમે આ ટાણે મ્હોટું બળ દેખાડો. હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે ભીમસેનને અર્જુને કહ્યુ, ત્યારે સર્વ સૈન્યના પુરૂષોએ યુદ્ધારંભની વેળાએ અનુકૂળ વાણિથી તેનું વખાણ કર્યું. હવે ચળાયમાન સરખા મોટા તથા મદોન્મત્ત હસ્તિયોથી વિંટાયેલા કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજા, વચલા સૈન્યમા ઉભેલા શોભતા હતા. પરાક્રમિ તથા ઉદાર મનવાળો પંચાળ દેશનો રાજા દ્રુપદ, ગતાની એક અક્ષૌહિણી સેના સહિત પાંડવને માટે વિરાટ રાજાની પાછળ જવા લાગ્યો હતો. હે રાજા, પાંડવાદિના રથ ઉપર સૂર્ય તથા ચંદ્ર સરખી કાંતિવાળા, સુવર્ણથી શોભિતા તથા અનેક ચિન્હવાળા મ્હોટા ધ્વજો હતા. તે વેળા પોતાના ભાઇઓ તથા પુત્રો સહિત મહારથિ ધૃષ્ટદ્યુમ્ન પાછળથી સર્વ સેનાની રક્ષા

હસીને, યુધિષ્ઠિરની રક્ષા કરતો હતો. હે રાજા, તે સમય તમારા તથા પાંડવોના સૈન્યમાંના રાજાઓ તથા યોદ્ધાઓના રથધ્વજને પરાભવ કરી વાનરરૂપ હનુમાન અર્જુનના રથધ્વજ પ્રત્યે આવી બેઠો હતો. ભીમસેનની રક્ષા કરનાર અને તલવાર, શક્તિ તથા લાકડી ધારણ કરેલા લાખો પાયદળ અગાડીમાં ચાલતા હતા. કુંભસ્થળમાંથી મદ જેમને ઝરતા હતા એવા, બળવાન સુવર્ણની ઝુલોયે કરી પર્વત સરખા શોભાયમાન, અમૂલ્ય, કમળ સરખી સુગંધવાળા, વર્ષતા મેઘ સરખા તથા ઝરણાં ઝરતા પર્વત સરખા દશ હજાર હસ્તિ યુધિષ્ઠિરની પાંસે જતા હતા. તે વેળા ઉદાર મનવાળો, તથા દુરાધર્ષ ભીમસેન, પરિઘ સરખી ભયંકર ગદા ધારણ કરીને, પોતાનાં મ્હોટાં સૈન્યને યુદ્ધભૂમિ પ્રત્યે લઇ ચાલ્યો હતો. તે વેળા, સૂર્યની પેઠે દુઃખે કરીને પણ જેની સામું જોવાય નહી એવા તથા સેનાને જાણે તપાવતા હોય શું એવા ભીમસેનની સામે જોવાને, તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ સમર્થ થયા ન હતા. ચારે કોરથી નિર્ભય, ધનુષ તથા વિજળી સરખી ધ્વજાવાળા, ભયંકર અર્જુને રક્ષા કરેલા, મનુષ્યલોકને વિષે અજય અને પાંડવોએ રક્ષા કરેલા વજ્ર નામના સૈન્ય વ્યૂહની રચના કરીને, તેઓ તમારી સેનાની સામે ઉભા હતા. હવે હે રાજા, સૂર્યોદયના વેળાએ બેઉ પક્ષનાં સૈન્ય સંધિમાં ઉભાં "સામ સામે ઉભાં" ત્યારે વાદળાં વગર પાણીના બિંદુ સહિત મ્હોટા કડાકાવાળો વાયુ આકાશમાંથી અને કાંકરા ઉડે એવો રૂક્ષ વાયુ ચોતરફથી વાવા લાગ્યો હતો, જેથી ઉડતી રજે કરીને સર્વત્ર અંધકાર થયો હતો. વળી હે ભરતકુળમાં શ્રેષ્ઠ, ઉદય થતા સૂર્યના તેજને ઢાંકી લઇને મ્હોટા શબ્દવાળો પૂર્વાભિમુખ ઉલ્કાપાત થયો હતો. વળી જ્યારે બેઉ પક્ષનાં સૈન્ય યુદ્ધ કરવા તૈયાર થયાં, ત્યારે સૂર્ય કાંતિ વગરનો થયો હતો તથા શબ્દ કરતી એવી પૃથ્વી ચલાયમાન થઇ ફાટી હતી. વળી સર્વ દિશાઓમાં મ્હોટા શબ્દ થવા લાગ્યા હતા તથા તીવ્ર રજ ઉડવા લાગી હતી; તેથી કંઈ પણ દેખાતું ન હતું. વળી ઘુઘરીઓ જેમાં બાંધેલી હતી એવા સુવર્ણની માળા તથા વસ્ત્રોએ કરી શોભાયમાન, મ્હોટી સૂર્ય સરખી તેજવાન તથા મ્હોટી પતાકા સહિત ધ્વજાઓનો તાલવન સરખો મ્હોટો ઝણુઝણાટ થઇ રહ્યો હતો. હે ભરત કુળમાં શ્રેષ્ઠ, એ પ્રમાણે પુરૂષમાં સિંહરૂપ તથા યુદ્ધમાં આનંદ આપનાર પાંડવો, હાથમાં ગદા લઇને અગાડીમાં ઉભેલા ભીમસેનને જોઇને, તમારા પક્ષના યોદ્ધાઓની મજ્જાને જાણે ત્રાસ કરતા હોય શું એમ તમારા પુત્ર દુર્યોધનની સેનાની સામે વ્યૂહરચના કરી ઉભા હતા.

दृष्ट्वाग्रतो भीमसेनं गदापाणिमवस्थितं ।

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि पांडवसैन्यव्यूहे गुर्जरभाषायां एकोनविंशोऽध्यायः ॥ १९ ॥

धृतराष्ट्र उवाच—सूर्योदये संजय के नु पूर्वं युयुत्सवो हृष्यमाणा इवासन् ।
मामका वा भीष्मनेत्राः समीपे पांडवा वा भीमनेत्रास्तदानीं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછેછે—હે સંજય, જ્યારે સૂર્યોદય થયો, ત્યારે ભીષ્મ જેમને નિયમમાં રાખનાર હતા એવા મારા પુત્રો તથા ભીમસેન જેમને નિયમમાં રાખેછે એવા પાંડવોમાંથી પ્રથમ યુદ્ધ કરતા વિષે ઉત્સાહવાન થયા હતા ચંદ્ર, સૂર્ય તથા વાયુ કોની પાછળ રહેતા હતા કોની સેનાની સામે

શીકારી ચોપગાં શબ્દ કરતાં હતાં તથા કોના પક્ષના યુવાનયુવાન પુરૂષોના મુખવર્ણ પ્રસન્ન હતા ? એ તું સર્વ મને યથાર્થ કહે. સંજય કહે છે—હે નરેંદ્ર, બેઉ પક્ષનો સેનાવ્યૂહ યથાર્થરૂપે યુદ્ધ માટે પ્રાપ્ત થયો હતો; જે પ્રસન્ન વનપંક્તિ સરખી શોભાવળો, હસ્તિ, અશ્વ તથા રથે કરી પરિપૂર્ણ, મ્હોટો, ભયંકર દેખાવવાળો દુઃખે કરી સહન થાય નહિ એવો, સ્વર્ગને પણ જીતવાસારૂજ જાણે ઉત્પન્ન થયો હોય એવો અને સત્પુરૂષો જેમા હતા એવો હતો. હે ભારત, તે બે પક્ષની સેનામાં દુર્યોધનની સેના પશ્ચિમાભિમુખ ઉભી હતી; ને યુદ્ધ કરવાની ઇચ્છાવાળા પાંડવો પૂર્વાભિમુખ ઉભા હતા. હે રાજા, કૌરવની સેના દૈત્યોના રાજા બળિની સેના સરખી દેખાતી હતી અને પાંડવની સેના દેવતાના રાજા ઇંદ્રની સેના સરખી દેખાતી હતી. પાંડવોને વાયુ વાંસેથી વાતો હતો અને માંસ ખાનારાં પશુઓ કૌરવોની સામે શબ્દ કરતાં હતાં. પાંડવ પક્ષની સેનામાંના હસ્તિયોના તીવ્ર એવા મદગંધને, કૌરવ પક્ષના હસ્તિયો સહ નકરી શકતા ન હતા. હે રાજા, કમળ સરખા વર્ણવાળા, સુવર્ણની દોરી જેના ગળામાં બાંધી હતી એવા, સુવર્ણની જાળી જેની ઉપર નાખી હતી એવા તથા મદ જેના કુંભસ્થળમાંથી ઝરતો હતો એવા હસ્તિ ઉપર બેઠેલા બંદિજન તથા માગધોએ સ્તુતિ કરેલા, ચંદ્રની કાંતિ સરખું સફેદ છત્ર જેની ઉપર હતું એવા, સુવર્ણની માળા જેના ઉત્તમ અંગને વિષે શોભતી હતી એવા તથા કૌરવોના મધ્યમાં પ્રાપ્ત થએલા દુર્યોધનને ચારે કોરેથી વીટીને કંધાર દેશનો રાજા શકુની પોતાના દેશમાંના પર્વતો વિષે રહેનારા યોદ્ધાઓ સહિત યુદ્ધ ભૂમિ પ્રત્યે જતો હતો. હે ધૃતરાષ્ટ્ર, સફેદ છત્ર, ધનુષ. તલવાર તથા પાઘડી જેનાં હતા એવા અને સફેદ ધ્વજવાળા તથા સફેદ અશ્વ જોડેલા શ્વેત પર્વત સરખા રથમાં બેઠેલા વૃદ્ધ ભીષ્મ, સર્વ સૈન્યની અગાડીમાં હતા, જેના સૈન્યમાં તમારા સર્વ પુત્રો, બાહ્લિક. શલ અને અંબષ્ટ, સિંધુ, સૌવીર તથા પંચનદ દેશના શૂરવી ક્ષત્રિયો હતા. લાલ અશ્વ જેમાં જોડયા હતા એવા સુવર્ણના રથમાં બેઠેલા, પર્વતની પેર અકંપ્ય, ધનુષ ધારણ કરેલા, અતિ પરાક્રમિ તથા મહાત્મા ગુરૂ દ્રોણાચાર્ય, પૂર્વોક્ત ક્ષત્રિયોની પાછળ જતા હતા; જેના સર્વ સૈન્ય મધ્યે વાર્દ્ધ ક્ષત્રિય, ભૂરિશ્રવા, પુરૂમિત્ર, જયતસેન અને શાલ્વ તથા મત્સ્ય દેશના યોદ્ધાઓ અને યુદ્ધ કરવાની ઇચ્છાવાળા હસ્તિ સૈન્ય સહિત કેકય નામના સર્વ ભાઇયો હતા. સર્વ સૈન્યની ઉત્તર બાજુમાં મુખ્ય, મ્હોટા ધનુષવાળા તથા વિચિત્ર તરેહથી યુદ્ધ કરનાર શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય, શક, કિરાત, યવન તથા પહલવોયે સહિત થઇને સૈન્યની ઉત્તરાદિ બાજુ ભણી જતા હતા. હે રાજા, મહારથિ એવા વૃષ્ણિ તથા ભોજકુળના યાદવોએ, પ્રસિદ્ધ તથા શસ્ત્ર ગ્રહણ કરેલા સુરાષ્ટ્રકોએ અને કૃતવર્માએ રક્ષા કરેલું મ્હોટા બળ-વાળું તમારૂં એક સૈન્ય, સર્વ સૈન્યની દક્ષિણ બાજુથી જતું હતું. હે રાજા, હવે દૈવે અર્જુનના જય માટે અથવા મૃત્યુ માટે ઉત્પન્ન કરેલા રથિ, દશ હજાર સંશપ્તકના ગણ અને મહા શૂરવીર ત્રિગર્ત દેશના યોદ્ધાઓ જયાં તે હતો ત્યાં જવા લાગ્યા હતા. હે ભારત, તમારી સેનામાં મુખ્ય એવા સેંકડો તથા હજારો હસ્તિયો હતા. જેમની ભીષ્મે એક એક હસ્તિ પાસે સો સો રથ, એક એક રથ પાસે સો સો અશ્વ, એક એક અશ્વ પાસે દશ દશ ધનુષધારી, અને એક એક ધનુષધારીની પાસે સો સો ઢાલવાળા પાયદળને ઉભા રાખી વ્યૂહરચના કરી હતી. હે રાજા, એ પ્રમાણે ભીષ્મ નિત્ય મનુષ્ય, દેવતા, ગંધર્વ તથા અસુરના વ્યૂહસરખી તમારી સેનાની વ્યૂહ રચના કરતા હતા. એ પ્રમાણે મહારથિયોના સમૂહરૂપ કિનારવાળા તથા સમુદ્ર સરખા શબ્દવાળો ભીષ્મે રચના કરેલો કૌરવનો સૈન્યવ્યૂહ,

યુદ્ધમાં શત્રુની સન્મુખ ઉભો હતો. હે નરેંદ્ર, જેવી તમારી સેના અનંતરૂપ તથા ભયંકર હતી, તેવી પાંડવોની સેના ન હતી; તો પણ જેની રક્ષા કરનાર શ્રીકૃષ્ણ તથા અર્જુન છે,એવી તેમની સેનાનેજ દુઃખે કરી પણ સહન થાય નહી એવી મ્હોટી છે એમ હું માનું છું.

अनंतरूपा ध्वजिनी नरेंद्र भीमा त्वदीया न तु पांडवानां ।
तां चेव मन्ये बृहतीं दुष्प्रधर्षां यस्या नेता केशवश्चार्जुनश्च ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि सैन्यवर्णने गुर्जरभाषायां विंशोऽध्यायः ॥ २० ॥

संजय उवाच-बृहतीं धार्तराष्ट्रस्य सेना दृष्ट्वा समुद्यतां ।
विषादमगमद्राजा कुंतीपुत्रो युधिष्ठिरः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર એ પ્રમાણે યુદ્ધ કરવા તૈયાર થયેલી મ્હોટી દુર્યોધનની સેનાને તથા ભીષ્મે રચેલી અભેદ્ય વ્યૂહ રચનાને જોઇને, આ જરૂર કોઇથી પણ ભેદ પામશે નહીં એમ વિચારવાથી ગ્લાનિયુક્ત થયેલા યુધિષ્ઠિર રાજાએ અર્જુનને કહ્યું કે હે મ્હોટી ભુજાવાળા ધનંજય, આમને વિષે જેમના મુખ્ય યુદ્ધ કરનાર ભીષ્મ છે એવા કૌરવોની સાથે આપણે યુદ્ધ કરવાને સમર્થ કેમ થઇ શકશું ? વળી શત્રુને કષ્ટ આપનાર તથા અતિ તેજસ્વિ ભીષ્મે શાસ્ત્ર વિધિ પૂર્વક કોઇથી ક્ષોભ નહી પામે એવો તથા અભેદ્ય વ્યૂહ રચ્યો છે; જેથી સૈન્ય સહિત આપણે સંશયને પામ્યા છીએ કે, આ મહા વ્યૂહ સામેથી આપણો જય થશે કે નહી ? ! હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે યુધિષ્ઠિરે કહ્યું, ત્યારે શત્રુને હણનાર અર્જુને, તમારી સેનાને જોઇ ખેદ પામતા પોતાના જ્યેષ્ઠ બંધુને કહ્યું કે હે પૃથ્વીપતિ, ઘણી બુદ્ધિવાળા, શૂરવીર તથા ગુણયુક્ત ઘણા હોય, તેને પણ થોડાઓ જે કારણથી જીતે છે, તેને નારદજી ભીષ્મ તથા દ્રોણ જાણે છે; માટે તે હું ઇર્ષ્યા વગરના તમને કહું તે તમે સાંભળો-હે રાજા, જ્યારે પૂર્વે દેવતા તથા અસુરનો સંગ્રામ થયો હતો, ત્યારે બ્રહ્માએ પણ જે કારણ નારદાદિ જાણે છે, તેજ કારણ ઇંદ્રાદિ દેવતાઓને કહ્યું હતું કે હે દેવતાઓ, યુદ્ધમાં જય મેળવવાની ઇચ્છાવાળા પુરૂષો સત્યતા, અક્રૂરતા, ધર્મ તથા ઉદ્યોગે કરીને જેવો જય મેળવે છે, તેવો બળ તથા પરાક્રમથી મેળવી શકતા નથી. માટે તમે ધર્મ તથા અધર્મનો વિચાર કરી અને મનમાં ઉત્તમ લોભ રાખીને, અહંકાર રહિત થઇ યુદ્ધ કરો; કેમકે જે પક્ષમાં ધર્મ હોય, તેજ પક્ષનો જય થાય. હે યુધિષ્ઠિર, એ પ્રમાણે પૂર્વે બ્રહ્માએ ઇંદ્રાદિ દેવતાઓને કહેલું છે માટે આ સંગ્રામમાં આપણો જય અવશ્ય થશે એ ! તમે જાણો; કારણ કે નારદે પણ કહેલું છે કે જ્યાં કૃષ્ણ, ત્યાંજ જય હોય છે વળી જય શ્રીકૃષ્ણની વાંસે ગતિ કરે છે, માટે તે જયાં જાય ત્યાં તે પાછળ પાછળ તે પણ જાય છે, ને તેમજ નમ્રતારૂપ સદ્‌ગુણ પણ તેનીજ પાછળ જાય છે. હે રાજા, અનંત તેજવાળા શત્રુના સમુદાયમાં પણ કદી વ્યથા નહીં પામનાર તથા સનાતનમય ગોવિંદ પુરૂષરૂપ શ્રીકૃષ્ણ છે; માટે જયાં તે, ત્યાંજ જય હોય છે. વળી પૂર્વે જ્યારે દેવતાઓ તથા દૈત્યોનું યુદ્ધ થવા તૈયાર થયું હતું, ત્યારે આ કેશવ ભગવાને હરિરૂપે, બેઉ સેનાની વચમાં આસન કરીને, કેટલુ

જય પામશો એમ બેઉ પક્ષને પૂછ્યું હતું, ત્યારે ઇંદ્રાદિ દેવતાઓએ હાથ જોડીને નમ્રતાયુક્ત થઇ, હે શ્રીકૃષ્ણ, અમારો જય કેમ થાય એમ કહ્યું હતું; તેથી તેમનો તેના પ્રસાદને લીધે જય થયો હતો અને તેમને ત્રણ લોકનું રાજ્ય પણ મળ્યું હતું. માટે હે ભારત, આ સંગ્રામમાં તમને કંઇ પણ ચિંતા હું જોતો નથી; કેમકે વિશ્વભોક્તા તથા દેવતાઓના ઇશ્વર આ શ્રીકૃષ્ણ તમારાજ જયને ઇચ્છે છે.

तस्य ते न व्यथां कांचिदिह पश्यामि भारत ।
यस्य ते जयमाशास्ते विश्वभुक् त्रिदिवेश्वरः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि युधिष्ठिरार्जुनसंवादे गुर्जरभाषायां एकविंशोऽध्यायः ॥ २१ ॥

संजय उवाच–ततो युधिष्ठिरो राजा स्वां सेनां समचोदयत् ।
प्रतिव्यूहन्ननीकानि भीष्मस्य भरतर्षभ ॥ १ ॥

સંજય કહે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ, ત્યાર પછી યુધિષ્ઠિર રાજાએ ભીષ્મની સામે પોતાના સૈન્યની વ્યૂહ રચના કરતા તેને જવાની આજ્ઞા આપી. ત્યારે કુરૂકુળમા ઉત્પન્ન થયેલા તથા ધર્મ યુદ્ધ કરી પરમ સ્વર્ગને ઇચ્છતા એવા પાંડવોએ, કૌરવ સૈન્યના વ્યૂહ સામે લાયક એવો પોતાની સેનાનો વ્યૂહ રચ્યો; જેના મધ્ય ભાગમા અર્જુને રક્ષા કરેલું શિખંડીનું સૈન્ય હતું અને અગાડીમાં ભીમસેન જેની રક્ષા કરતા હતા એવો ધૃષ્ટદ્યુમ્ન હતો.હે રાજા, તે સૈન્યના દક્ષિણ ભાગની યાદવમાં મુખ્ય, ધનુષ ધારણ કરેલા તથા શોભાયમાન સ્વરૂપવાળા સાત્યકિ, જેમ ઇંદ્ર દેવ સેનાની રક્ષા કરે, તેમ રક્ષા કરતા હતા. તે સમય ઇંદ્રના વિમાન સરખા, યુદ્ધનાં સાહિત્ય સહિત, સુવર્ણ તથા રત્નથી વિચિત્ર અને જેના અશ્વોને સુવર્ણનાં ભૂષણ હતાં એવા રથમાં બેઠેલા યુધિષ્ઠિર રાજા, જેમ હસ્તિનાપુરમાં બેસી શોભે, તેમ શોભતા હતા. વળી તે વેળા યુધિષ્ઠિરની ઉપર ઉંચું એવું, દાંતની સળીઓ જેમાં હતી એવું તથા શ્વેત છત્ર હતું; જે અત્યંત શોભતું હતું. વળી તે સમય ઋષિઓ, જેમ ઇંદ્રની સ્તુતિ કરે, તેમ યુધિષ્ઠિરની સ્તુતિ કરતા તેને જમણી બાજુએ ગતિ કરતા હતા. વળી યુધિષ્ઠિરના પુરોહિત તમારા શત્રુનો વધ થાઓ એમ તેને કહેતા અને બ્રહ્મર્ષિ તથા સિદ્ધ પુરૂષો તેને સાંભળતાં, જય કરવા લાયક મંત્ર તથા મહોષધીએ કરી સ્વસ્તિવાચન કરતા હતા, ત્યારે કુરૂકુળમાં ઉત્તમ તથા મહાત્મા યુધિષ્ઠિર રાજા, બ્રાહ્મણોને વસ્ત્ર, ગાયો, ફળ, પુષ્પ તથા સુવર્ણની મોહોરો આપતાં, જેમ દેવતાઓનો ઇશ ઇંદ્ર જાય, તેમ યુદ્ધ ભૂમિ પ્રત્યે જતા હતા. હે રાજા,હજાર સૂર્ય સરખા તેજવાળો, અનેક ઘુઘરીઓવાળો, અમૂલ્ય એવાં સુવર્ણ તથા રત્નોએ કરી વિચિત્ર પ્રકારનો, ધોળા અશ્વ જેમાં જોડ્યા હતા એવો તથા એવો તથા શ્રેષ્ઠ ચાકવાળો અર્જુનનો રથ, જેમ ચોતરફથી જ્વાળાવાળો અગ્નિ શોભે, તેમ શોભતો હતો. હે રાજા, શ્રીકૃષ્ણ જેના સારથી હતા એવા તે રથમાં, જેના સરખો ધનુષધારી પૃથ્વી વિષે હાલ કોઇ છે નહીં અને કોઇ વેળા થશે પણ નહી એવો ગાંડીવ ધનુષ તથા બાણ જેના હાથમાં હતાં એવો અને જેના રથ ઉપરની ધ્વજામાં હનુમાન આવી બેઠા છે એવો,

धृतराष्ट्र उवाच—केषां महद्वास्तत्राग्रे योधा युध्यंति संजय ।
उदग्रमनसः के वा के वा दीना विचेतसः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે હે સંજય, કોના પક્ષના યોદ્ધાઓ પ્રસન્ન થઇને યુદ્ધ કરતા હતા? પ્રફુલ્લિત મનાવળા કોણ હતા? ને દીનમનવાળા કોણ હતા? હે સંજય, હૃદયને કંપાવે એવા તે યુદ્ધમાં પ્રથમથી પ્રહાર મ્હારા પુત્રોએ કે પાંડવોએ કર્યો? વળી કોની સેનામાં સુગંધિ વાયુ આવતો હતો? ને ગર્જના કરનાર યોદ્ધાઓની શુભ વાણી કોના પક્ષમાંથી નીકળતી હતી? સંજય કહે છે હે રાજા યુદ્ધારંભ વેળાએ બેઉ પક્ષના યોદ્ધાઓ પ્રસન્ન હતા, તેમની માળાઓ પણ સમાન હતી તથા સુગંધી વાયુ બેઉ પક્ષને વિષે વાતો હતો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ, એકઠા મળેલા, વ્યૂહ રચનાથી ઉભેલા તથા એક બીજાના સંમર્ગથી વૃદ્ધિ પામેલા તે સૈન્યોનો મ્હોટો વિમર્દ થવા લાગ્યો હતો તે સમય શંખ તથા ભેરિએ સહિત અન્ય વાજંત્રનો અને અનેક બીજા સામે ગર્જના કરતા એવા રણશૂરવીરોનો તુમુલ એવો શબ્દ થયો હતો. હે ભરતકુળમાં શ્રેષ્ઠ રાજા, બેઉ પક્ષની સેના વિષે એક બીજાની સામે જોતા એવા યોદ્ધાઓ, ગર્જના કરતા એવ હસ્તિઓ તથા હર્ષ પામેલા બાકીના સૈન્યનો હોટો વિમર્દ થયો હતો.

उभयोः सेनयो राजन्महान्व्यतिकरोऽभवत् ।
अन्योन्यं वीक्ष्यमाणानां योधानां भरतर्षभ ॥
कुंजराणां च नदतां सैन्यानां च प्रहृष्यतां ॥ १ ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि धृतराष्ट्रसंजयसंवादे गुर्जरभाषायां चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥

धृतराष्ट्र उवाच—धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછેછે—હે સંજય, ધર્મનાં સ્થાનરૂપ કુરૂક્ષેત્રને વિષે યુદ્ધ કરવાની ઇચ્છાથી એકઠા મળેલા મારા પુત્ર કૌરવો તથા પાંડવોએ શું કર્યું? સંજય કહે છે-હે રાજા, તે વેળા વ્યૂહ રચના કરીને ઉભેલાં પાંડવ સૈન્યને જોઇને દુર્યોધન રાજાએ દ્રોણાચાર્યને મળી આવી રીતે વચન કહ્યું કે હે આચાર્ય, તમારા શિષ્ય બુદ્ધિમાન દ્રુપદ પુત્ર ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહ રચનાએ કરી ઉભી રાખેલી આ પાંડવોની સેનાને તમે જુવો; જેમાં સંગ્રામને વિષે ભીમસેન તથા અર્જુન સરખા મ્હોટા ધનુષવાળા શૂરવીર સાત્યકિ, વિરાટ, મહારથિ દ્રુપદ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, વીર્યવાન કાશિરાજા, પુરૂજીત, કુંતિભોજ, મનુષ્યમાં શ્રેષ્ઠ શૈબ્ય, મહા પરાક્રમિ યુધામન્યુ, વીર્યવાન ઉતમૌજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ તથા દ્રૌપદીના પ્રતિવિંધ્યાદિ પાંચપુત્ર એ સર્વ મહારથિ છે. હે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ, આપણા સૈન્યના જે શ્રેષ્ઠ નાયકો છે તે હું તમને જાણવા માટે કહું તે તમે સાંભળો—તમે, ભીષ્મ, કર્ણ, સંગ્રામને જીતનાર કૃપાચાર્ય, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા તથા જયદ્રથ અને મારે માટેજ જીવિત ત્યાગ કરવા તૈયાર થએલા, અનેક તરેહનાં તલવારાદિ શસ્ત્ર તથા ગદાદિ પ્રહાર કરવાનાં સાધનવાળા અને યુદ્ધમાં કુશળ એવા

બીજા પણ-શલ્ય તથા કૃતવર્માદિ શૂરવીરો છે. તે સર્વ શૂરવીરવાળું તથા ભીષ્મે ચોતરફથી રક્ષા કરેલું આપણું સૈન્ય, પાંડવો સાથે યુદ્ધ કરવાને અસમર્થ છે, ને ભીમસેને રક્ષા કરેલું પાંડવ સૈન્ય આપણની સાથે યુદ્ધ કરવા સમર્થ છે એમ મને ભાસે છે, કેમકે ભીષ્મ બે પક્ષનો પક્ષપાત કરનાર છે અને ભીમસેન એક પોતાનોજ પક્ષપાતિ છે. માટે વ્યૂહમાં પ્રવેશ કરવાના માર્ગને વિષે પોતપોતાના ભાગમા આવેલી ભૂમિ પ્રત્યે ઉભા રહીને તમે સર્વે, ભીષ્મની ચારે મેરથી રક્ષા કરો; કેમકે તેના બળથીજ આપણ સર્વનું જીવિત છે. હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે દ્રોણાચાર્યને કહેતા એવા દુર્યોધનને હર્ષ ઉપજાવતાં પ્રતાપિ કુરુવૃદ્ધ પિતામહ ભીષ્મે મ્હોટેથી સિંહનાદ કરીને, શંખનાદ કર્યો. ત્યાર પછી તમારી સેનાના પુરુષોએ શંખ, નગારાં, પ્રણવ, આનક તથા ગોમુખ નામનાં યુદ્ધવાદ્ય એકદમ વગાડયાં; જેમનો મ્હોટો ભયંકર શબ્દ થયો હતો. ત્યાર પછી સફેદ અશ્વ જોડેલા મ્હોટા એક રથને વિષે બેઠેલા શ્રીકૃષ્ણે તથા પાંડુ પુત્ર અર્જુને દિવ્ય એવા શંખ વગાડયા. તે એકે, હૃષિકેશે પાંચજન્ય નામનો શંખ તથા ધનંજયે દેવદત્ત નામનો શંખ વગાડયો; ને ત્યારકેડે ભયંકર કર્મવાળા ભીમસેને પૌંડ્ર નામનો શંખ, કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજાએ અનંત વિજય નામનો શંખ, નકુળે સુઘોષ નામનો શંખ તથા સહદેવે મણિપુષ્પક નામનો શંખ વગાડયો; ને હે પૃથ્વીપતિ, મ્હોટા ધનુષવાળા કાશિ રાજા, મહારથિ શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, કોઇં દિવસ નહી જીતાયલા સાત્યકિ, દ્રુપદ, દ્રૌપદીના પાંચ પુત્રો તથા અભિમન્યુએ ચારે કોરથી પોતાના જુદા જુદા શંખનાદ કર્યા; જેમના ભયંકર શબ્દે આકાશ તથા પૃથ્વીને પ્રતિધ્વનિએ કરી પૂર્ણ કરતાં તમારા પુત્રોના હૃદય વિદારણ કર્યાં. હવે હે મહિપતિ, જયારે શસ્ત્રપાત પ્રવર્ત થયો ત્યારે યુદ્ધના ઉદ્યોગે કરી ઉભેલા કૌરવોને જોઇ પોતાનું ધનુષ ઉગામીને, વાનર ધ્વજ પાંડવ અર્જુને હ્રષીકેશ શ્રીકૃષ્ણને આવી રીતે વાકય કહ્યું કે હે અચ્યુત, જયાં સુધી હું યુદ્ધ કરવાની ઇચ્છાથી આવી ઉભેલા કૌરવપક્ષના આ યોદ્ધાઓને જોઉં, ત્યાં સુધી તમે મારો રથ બેઉ સેનાની વચમાં ઉભો રાખો; જેથી આ રણના આરંભમાં મારે કોની સાથે યુદ્ધ કરવું અથવા કોણે મારી સામે યુદ્ધ કરવાનું છે એમ મારા જાણવામાં આવે, માટે યુદ્ધને વિષે દુષ્ટ બુદ્ધિવાળા દુર્યોધનનું પ્રિય કરવા સારૂ જે આવ્યા છે, તે યુદ્ધ કરવાની ઇચ્છાવાળાઓને હું જોઇશ. સંજય કહે છે—હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા ધૃતરાષ્ટ્ર રાજા, એ પ્રમાણે અર્જુને કહ્યું ત્યારે હ્રષિકેશ ભગવાને બેઉ સેનાની વચમાં ઉત્તમ એવો અર્જુનનો રથ ઉભો રાખીને, ભીષ્મ તથા દ્રોણ જેમનામાં મુખ્ય છે એવા સર્વ રાજાઓની સમક્ષ તેને કહ્યું કે હે પાર્થ, એકઠા મળેલા આ કૌરવોને તું જો. હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે શ્રીકૃષ્ણે કહેલાં વાકય સાંભળીને અર્જુને જોયું તો, રણસંગ્રામમાં ઉભેલા ભૂરિશ્રવાદિ પિતૃવ્યક, ભીષ્માદિ પિતામહો, દ્રોણાદિ આચાર્યો, શલ્યાદ માતુલો, દુર્યોધનાદિ ભાઇયો, લક્ષ્મણાદિ પુત્રો લક્ષ્મણાદિના પુત્રોએજ પૌત્રો, અશ્વત્થામાદિ સખાઓ, દ્રુપદાદિ શ્વશુરો તથા કૃતવર્માદિ સ્નેહિયોને જોયા. એ પ્રમાણે બેઉ પક્ષની સેનામાં ઉભેલા તે પોતાના સંબંધિઓને જોઇને, પરમ કૃપાયુક્ત થયેલો કુંતિપુત્ર અર્જુન ખેદ પામતાં આવી રીતે શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે હે શ્રીકૃષ્ણ, યુદ્ધ કરવાની ઇચ્છાથી સમીપ ઉભેલા આ સ્વજનોને જોઇને મારાં ગાત્ર શિથિલ થાય છે, મ્હોડું સુકાય છે, મારા શરીરમાં કંપ થાય છે. મારાં રૂંવાટાં ઉભાં થાય છે, મારા હાથમાંથી ગાંડીવ ધનુષ પડી જાય છે તથા શરીરની ત્વચા ચારેકોરથી જળે છે. માટે હે કેશવ, હું અહીં ઉભા રહેવાને પણ અસમર્થ થયો છું.

કેમકે મારૂં મન ભ્રમિષ્ટના સરખું દેખાય છે. વળી હું અનિષ્ટસૂચક ભૂકંપાદિ અપશકુનને પણ જોઉં છું, તેથી સંગ્રામમાં સંબંધિયોને મારી શ્રેય થાય એમ દેખતો નથી. હે કૃષ્ણ, હે ગોવિંદ, હું વિજયને, રાજ્યને તથા સુખને પણ ઇચ્છતો નથી. કેમકે અમને રાજ્યથી, ભોગ ભોગવવાથી તથા જીવવાથી પણ શું ફળ છે?"કંઇજ નહી"; કેમકે જેઓને માટે તેઓ ઇચ્છિત્વાં, તેઓ તો આ સર્વ આચાર્ય, પિતૃવ્યક, પુત્ર, પિતામહ, મામા; શ્વશુર, પૌત્ર, શાળા અને સંબંધિઓ પોતાનાં પ્રાણ તથા ધનનો ત્યાગ કરીને સંગ્રામમાં આવી ઉભા છે. માટે હે મધુસૂદન, જો કે તેઓ મને હણશે, તોપણ હું ત્રણલોકના રાજ્ય સારૂ પણ એમને મારવા ઇચ્છતો નથી, ત્યારે કેવળ પૃથ્વીના રાજ્ય સારૂ તો કેમજ મારૂં? હે જનાર્દન, ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને અમને શું પ્રીતિ ઉપજે તેમ છે. "કંઇજ નહી" વળી હે માધવ, ઉઘાડાં હથીયાર લઇ ઉભેલા આ સંબંધિઓને મારવાથી અમને પાપ લાગે માટે અમે બાંધવ સહિત કૌરવોને મારવા લાયક નથી; કેમકે સ્વજનોને મારીને કેમ સુખી થઇયે. "ન થઇયે" હે જનાર્દન, જો કે લોભને લીધે હણાયલા ચિત્તવાળા આ કૌરવો કુળનો ક્ષય કરવાથી થતા દોષને તથા મિત્રનો દ્રોહ કરવાથી થતાં પાપને જોતા નથી, પણ તે સારી રીતે જાણતા એવા અમો એ પાપથી નિર્વૃત્તિ પામવાને કેમ વિચાર ન કરીએ "કરીયેજ." કેમકે હે કૃષ્ણ, હે યદુવંશમાં ઉત્પન્ન થયેલા, સનાતન એવા કુળ ધર્મને આચરણ કરનાર કુળના વૃદ્ધ પુરૂષોનો વિનાશ થાય તો તે ધર્મ નાશ પામે, ને ધર્મનો નાશ થવાથી બાળક પ્રજા જેમાં રહી હોય છે એવા સમગ્ર કુળને અધર્મ પરાભવ કરે છે ને તેથી કુળની સ્ત્રિઓ દુષ્ટ આચરણવાળી થાય છે, ને તેમ થવાથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે અને તેનાથી કુળને હણનારના કુળને નરકની પ્રાપ્તિ થાય છે; કેમકે વર્ણસંકર પ્રજાને લીધે લોપ થઇ ગઇ હોય છે. પિંડ તથા ઉદકક્રિયા જેની એવા કુળ હણનારના પિતૃઓ નરકમાં પડે છે, વળી તે વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થવાને લીધે થયેલા પૂર્વોક્ત દોષે કરીને હણનારના જાતિધર્મ તથા શાશ્વત કુળધર્મ લોપાય છે. તેથી હે જનાર્દન, લોપાઇ ગયેલા હોય છે કુળ ધર્મ જેમના એવા મનુષ્યોને, નિરંતર નરકમાં નિવાસ થાય છે એમ અમે સાંભળ્યું છે. અહા! મ્હોટું કષ્ટ કે રાજ્ય સુખના લોભને લીધે અમે સ્વજનોને મારવા તૈયાર થયા છીએ, તેથી પાપ કર્મ કરવાના નિશ્ચયવાળા છીએ! માટે જો સામે યુદ્ધ નહીં કરતા એવા તથા શસ્ત્ર વગરના મને હાથમાં શસ્ત્ર ગ્રહણ કરેલા કૌરવો સંગ્રામમાં હણશે, તો તેથી મારૂં અતિ કલ્યાણ છે! સંજય કહે છે-હે રાજા, એ પ્રમાણે કહીને શોકને લીધે ઉદ્વિગ્ન મનવાળો અર્જુન, સંગ્રામને વિષે બાણ સહિત ધનુષનો ત્યાગ કરી રથના ઉપસ્થ ભાગને વિષે બેઠો. "રથિ પુરૂષને બેસવાના ઉચ્ચસ્થાન પાસેની જગ્યા વિષે બેઠો."

एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे
अर्जुनविषादयोगोनाम गुर्जरभाषायां पंचविंशोध्यायः ॥ २६ ॥

संजय उवाच-तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणं ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે સ્નેહાવિષ્ટ થયેલા, અશ્રુથી ભરાયાએ લીધે આકુળ નેત્રવાળા તથા ખેદ પામતા એવા અર્જુનને, મધુ નામના દૈત્યને મારનાર શ્રીકૃષ્ણ આવી રીતે વાક્ય કહેવા લાગ્યા કે હે અર્જુન, આ યુદ્ધરૂપ સંકટ વેળાએ આર્ય પુરૂષોએ નહીં સેવેલું, સ્વર્ગની પ્રાપ્તિ નહીં કરનાર તથા અપકીર્ત્તિ કરનાર વિકલવપણું તને ક્યાંથી પ્રાપ્ત થયું ! હે પાર્થ, તું નિર્વીર્યપણાને પામ માં; કેમકે તારે વિષે એ પ્રાપ્ત થવું યોગ્ય નથી ! વાસ્તે હે શત્રુને તપાવનાર, તું ક્ષુદ્ર એવાં હૃદયનાં દુર્બલપણાનો ત્યાગ કરીને, યુદ્ધ કરવા સાવધ થા. અર્જુને કહ્યું કે હે શત્રુને મારનાર મધુસૂદન, મારે પૂજા કરવા લાયક ભીષ્મ તથા દ્રોણની સામે વાણિએ કરી પણ બોલવા લાયક નહીં એવો હું, સંગ્રામને વિષે બાણે કરી કેમ યુદ્ધ કરૂં ? "શંકા—જો તું એમ નહીં કરીશ, તો તારા દેહનો નિર્વાહ થશે નહી એમ તમે કહેશો તો કહું છું" કે—મારે મ્હોટા પ્રભાવવાળા ભીષ્મ તથા દ્રોણરૂપ ગુરૂઓને માર્યા વગર આ લોકમાં ભિક્ષા માગી ખાવું એ યોગ્ય છે, જેથી પરલોક સુધરે, ને જો તેઓને મારીને હું, રૂધિરથી ખરડાએલા અર્થ તથા કામરૂપ ભોગને ભોગવું, તો આ લોક તથા પરલોક બેઉ બગડે છે. તો પણ અમારે ક્ષત્રિયને ભિક્ષા માગી નિર્વાહ કરવો તથા જય મેળવી ભોગ ભોગવવા એ બેમાં સારૂં શું એ અમે કંઇ જાણતા નથી, તેમ આ યુદ્ધમાં અમે શત્રુઓને જીતશું કે તેઓ અમને જીતશે એ પણ કંઇ જાણતા નથી; અને જેઓને મારી જીવવા ઇચ્છતા નથી, તે ધૃતરાષ્ટ્રના પુત્ર કૌરવો તો યુદ્ધ માટે અમારી સામે આવી ઉભા છે માટે આ કૌરવોને મારીને અમે કેમ ન જીવશું એવા વિચારરૂપ કૃપણતાથી તથા પોતાના કુળનો ક્ષય કરવાથી દોષ લાગશે એવા વિચારને લીધે પરાભવ પામ્યો છે સ્વભાવ જેનો એવો અને મારે યુદ્ધ મૂકી દઇ ભિક્ષા માગવી એ ધર્મ કે અધર્મ છે એવા વિચારરૂપ સંદેહ યુક્ત ચિત્તવાળો હું, તમને પૂછું છું કે, જે કરવાથી મારૂં ખરેખરૂં શ્રેય થાય, તે તમે મને કહો. કેમકે તમારે શાસન કરવા લાયક હું તમારી શરણે આવ્યો છું, માટે ઉપદેશ કરો. કારણ હું પૃથ્વીને વિષે શત્રુ વગરના રાજ્યને તથા દેવતાઓના અધિપતિપણાને પામું તો પણ મારી ઇંદ્રિયોને શોષણ કરે એવા શોકને ટાળે એવું કંઈ પણ કર્મ દેખતો નથી. સંજય કહે છે—હે પરંતપ, એ પ્રમાણે ગુડાકેશ અર્જુન હૃષીકેશ ભગવાનને કહીને, વળી હે ગોવિંદ, હું યુદ્ધ નહી કરૂં એમ બોલી ચુપ થયો. ત્યારે હે ભારત, શ્રીકૃષ્ણ બેઉ સેનાની મધ્યમાં ખેદ પામતા એવા અર્જુનને, હાસ્યયુક્ત મુખવાળા થઇ આવી રીતે વચન કહેવા લાગ્યા કે હે અર્જુન, જેમ ઘટાકાશ ઉપાધિરૂપ ઘટનો નાશ થવાથી નાશ પામતો નથી, તેમ આત્મા ઉપાધિરૂપ દેહનો નાશ થવાથી નાશ પામતો નથી, માટે શોચ કરવા લાયક નહી એવા ભીષ્માદિને તું શોચ કરે છે, ને આત્મા દેહથી જુદો છે એમ જાણનાર પંડિત પુરૂષના સરખા શબ્દ બોલે છે, પણ પંડિત નથી; કેમકે તેઓ તો પ્રાણ રહિત થયેલા તથા જીવતા બંધુઓનો શોચ કરતાજ નથી. તેનું કારણ એકે, જેમ પરમેશ્વર હું ક્યારે પણ મારા લીલા શરીરનો આવિર્ભાવ તથા તિરોભાવ થયેથી પણ ન હતો એમ નહી અનાદિપણાથી હતોજ, તેમ તું તથા આ રાજાઓ પણ ન હતા એમ નહી બ્રહ્મરૂપે સદૈવ છો જ; ને આપણે સર્વ ક્યારેય ઉત્પન્ન થઇશું એમ નથી, કેમકે સદૈવ છીએજ એટલે કે સર્વ જન્મ તથા મરણ રહિત હોવાથી શોચ કરવા લાયકજ નથી. "શંકા—ઇશ્વર એવા તમને જન્મ તથા મરણ રહિતપણું એ સત્ય છે, પણ જીવોને તો તે પ્રસિદ્ધજ છે એમ તું કહીશ, તો હું કહું છું કે—સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરના અભિમાની ચૈતન્યરૂપ આત્માના આ સ્થૂલ શરીરને વિષે, જેમ કૌમારાવસ્થા, યુવાવસ્થા તથા

જરાવસ્થા પ્રાપ્ત થાય છે, પણ તે આત્માને પ્રાપ્ત થતી નથી, કારણ યથાક્રમ પૂર્વાવસ્થાનો નાશ થઇને બીજી અવસ્થા આવે છે, તો પણ તેજ હું છું એમ જાણવામાં આવે છે, તેમજ તે દેહનો નાશ થવાથી બીજા દેહની પ્રાપ્તિ પણ લિંગ શરીરને છે, પણ આત્માને નથી; માટે બુદ્ધિમાન પુરૂષ દેહના નાશ તથા જન્મ થવાથી આત્માજ મરણ પામ્યો તથા જન્મ્યો એમ જાણતા નથી. "શંકા હું, મરે તથા જન્મે તેનો શોચ કરૂં તેમ નથી પણ તેના વિયોગાદિથી થતાં દુઃખને સેવન કરનાર આત્માનો શોચ કરૂં છું એમ તું કહીશ, તો કહું છું" કે—હે કુંતિના પુત્ર, હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા અર્જુન, જેમ વિષયોનો જેમનાથી અનુભવ થાય છે એવી ઇંદ્રિય વૃત્તિને સ્પર્શાદિ વિષય સાથે સંબંધ શીત તથા ઉષ્ણરૂપ સુખ તથા દુઃખ આપનારો છે, ને તે પ્રાપ્ત થાય છે તથા ટળી જાય છે તેથી અનિત્ય છે, તેમ ઇષ્ટ જનનો સંયોગ તથા વિયોગ થવાથી સુખ તથા દુઃખ થાય છે પણ તે અનિત્ય છે; માટે તારે તેના નિમિત હર્ષ અથવા શોચ કરવો એ તને લાયક નથી. કેમકે હે પુરૂષમાં શ્રેષ્ઠ, જે પુરૂષને ઇંદ્રિય વૃત્તિનો વિષય સાથે સંબંધ વ્યથા નથી કરતો અને સુખ તથા દુઃખ સમાન હોય છે, તે ધીર પુરૂષ ધર્મજ્ઞાનદ્વારા મોક્ષ પામવાને લાયક થાય છે. "શંકા—અતિ દુઃસહ શીત તથા ઉષ્ણાદિ કેમ સહન થાય, કારણ તેમનું અતિશય સહન કરવાથી કોઇ વખતે દેહને નાશનો સમય આવે છે એમ તું કહીશ તો એ વૃથા છે, કેમકે તત્વ વિચારથી સર્વ સહન કરવા યોગ્ય છે તે હું તને કહું છું" કે અનાત્મરૂપપણાથી અવિદ્યમાન શીત તથા ઉષ્ણાદિનો આત્માને વિષે અભાવ છે એટલે તેની આત્માને વિષે સત્તા નથી; સત્સ્વભાવવાળા આત્માનો વિનાશ નથી, એ પ્રમાણે એ સત્ તથા અસત્નો નિર્ણય, જેમ તત્વદર્શિઓએ જાણ્યો છે, તેમ તું પણ તે જાણીને થતા હર્ષ અથવા શોચને સહન કર. કેવળ જેણે કરી આ સર્વ દૃશ્યમાન દેહાદિ વ્યાપ્ત છે, તે આત્માજ અવિનાશિ છે એમ તું જાણ; કેમકે તે અવિનાશીનો નાશ કરવા કોઇ પણ યોગ્ય નથી. ને હે ભારત, સદૈવ એકરૂપ, શરીરવાન, અવિનાશી તથા જેનું કંઈ પણ પ્રમાણ થાય નહીં એવા આત્માના સુખ દુઃખાદિ ધર્મવાન તથા નાશવંત દેહ છે એમ તત્વદર્શિ પુરૂષોએ કહેલ છે, માટે આત્માનો નાશ નથી તેમ તેને સુખ તથા દુઃખનો સંબંધ પણ નથી; વાસ્તે મોહથી ઉત્પન્ન થતા શોકનો ત્યાગ કરીને તું યુદ્ધ કર. કેમકે જે તાર્કિકાદિ આત્માને હણનાર માને છે તથા જે ચાર્વાકાદિ હણાયો એમ માને છે, તેથી એ બેઉ આત્મ તત્વને જાણતા નથી, કારણ તે કોઇને હણતા નથી તથા કોઇથી હણાતો પણ નથી. વળી આત્મા કોઇ કાળે જન્મતો નથી, મરતો નથી તથા ઉત્પન્ન થઇને પાછો ઉત્પન્ન થવાનો પણ નથી, કારણ અજન્મા છે, નિત્ય છે, શાશ્વત છે તથા પુરાણ છે; માટે શરીરના હણાવાથી હણાતો નથી, "અસ્તિત્વાદિ ષડ્ભાવ વિકાર રહિત છે" માટે હે પાર્થ, જે પુરૂષ અવિનાશી, નિત્ય, અજન્મા તથા હ્રાસ રહિત આત્માને જાણે છે, તે પુરૂષ કેમ કોને મરાવે છે તથા કોને મારે છે ? અર્થાત્ "કોઇને મારતો નથી તથા કોઇને મરાવતો પણ નથી." "શંકા આત્મા તો અવિનાશિ છે, પણ તેના શરીરનો નાશ થાય છે તે જોઇને હું શોચ કરૂં છું એમ કહીશ તો કહું છું" કે-જેમ પુરૂષ જીર્ણ થયેલાં વસ્ત્રનો ત્યાગ કરીને બીજાં બીજાં નવાં વસ્ત્ર ગ્રહણ કરે છે, તેમ દેહી જીવ જીર્ણ થયેલા શરીરનો ત્યાગ કરીને બીજાં નવાં શરીરને ગ્રહણ કરે છે; માટે એ સંબંધી પણ શોચ કરવો એ યોગ્ય નથી. દેહી-જીવને શસ્ત્ર કાપતાં નથી, અગ્નિ બાળતો નથી, પાણી સોડવતું નથી તથા વાયુ શોષણ કરતો નથી. અવયવરહિતપણાને લીધે તે અચ્છેદ્ય, નહીં બાળી શકાય એવો, સોડવી ન શકાય એવો

અને શોષણ ન કરી શકાય એવો નિત્ય, સર્વમાં વ્યાપિ રહેલો, સ્થિર સ્વભાવવાળો અચળ, અનાદિ, ચક્ષુરાદિ ઇંદ્રિયને અગોચર, મનથી જેનું ચિંતન થઇ શકે નહીં એવો તથા કર્મેન્દ્રિયા-ગોચર કહેવાય છે; માટે આવી રીતના તેને જાણીને તું શોચ કરવા લાયક નથી. હવે હે મહા-બાહો, દેહ ઉત્પન્ન થવાથી તેની સાથે આત્મા ઉત્પન્ન થાય છે, ને તેનો નાશ થવાથી તેનો પણ નાશ થાય છે એમ તું કદી માનતો હોય, તો પણ શોચ કરવા લાયક નથી; કેમકે ઉત્પન્ન થયેલાને મૃત્યુ અને મૃત્યુ પામેલાને જન્મ અવશ્ય છે, માટે એ અવશ્ય ભાવિ અર્થને વિષે શોચ કરવો એ યોગ્ય નથી. હે ભારત, અજ્ઞાન છે પૂર્વરૂપ જેનું, ઉત્પત્તિથી તે મરણ પર્યંત સ્પષ્ટ દેખાય છે મધ્યાવસ્થા જેની તથા તે અજ્ઞાનને વિષેજ લય છે જેનો એવાં શરીર છે; માટે તે વિષે શોક નિમિત્ત વિલાપ શો કરવો. "જેમ સ્વપ્નમાં જોયેલાં બંધુઓનો શોચ કરવો યોગ્ય નથી, તેમ તે સંબંધી પણ શોચ કરવો યોગ્ય નથી." "શંકા જો કે એમ છે ત્યારે લોકમાં વિદ્વાનો કેમ શોચ કરે છે એમ તું કહીશ । કહું છું" કે-તે વિદ્વાનોને આત્માનું જ્ઞાનજ નથી, કેમકે અસંભાવનાને લીધે કેટલાએક એને આશ્ચર્યની પેઠે જુવે છે, કેટલાએક એને આશ્ચર્યની પેઠે સાભળે છે અને વિપરીત ભાવનાને લીધે કેટલાક સાંભળીને પણ જાણતા નથી. "કોઇકજ આત્માને ઓળખે છે." હે ભારત, સર્વ પ્રાણિના દેહને વિષે દેહીજીવ નિરંતર અવધ્ય છે, માટે તું પ્રાણિ માત્રનો શોચ કરવા યોગ્ય નથી. વળી પોતાનો ધર્મ જોઇને કંપવાને પણ લાયક નથી; કેમકે ક્ષત્રિયને ન્યાયરૂપ યુદ્ધથી મ્હોટું બીજું કંઇ પણ કલ્યાણરૂપ કર્મ નથી. હે પાર્થ, આવરણ રહિત સ્વર્ગ દ્વારરૂપ આ યુદ્ધ તને પોતાની મેળે પ્રાપ્ત થયું છે; કારણ કે આવા યુદ્ધને જે ક્ષત્રિય પામે છે, તે પુણ્યવાન છે એમ જાણવું. હવે જો તું ધર્મરૂપ આ સંગ્રામ નહીં કરે, તો સ્વધર્મ તથા કીર્તિ રહિત થઇ પાપને પામીશ. વળી નિરંતર સર્વ પ્રાણિ તે તારી અપકીર્ત્તિને ગાશે; જે જગત્માં બહુ મનાયલાને મરણ કરતાં પણ અતિ અધિક છે. વળી જે શૂરવીરોને તું બહુ માન્ય છે, તે મહારથિઓ તને ભયે કરી સંગ્રામમાંથી વિરામ પામ્યો એમ માનશે; જેથી પૂર્વે બહુ માન્ય થઇને હલકાઇને પામીશ. વળી તારા શત્રુઓ તારા સામર્થ્યને નિંદતાં તારા સંબંધી નહીં બોલવા લાયક શબ્દ બોલશે, માટે આ ઉપરાંત તને બીજું અધિક દુઃખ શું! વાસ્તે યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને, તું તે સારૂ ઉભો થા. વળી તું સુખ, દુઃખ, લાભ, અલાભ, જય તથા પરાજયને સમાન ગણી સ્વધર્મ બુદ્ધિથી યુદ્ધ કરવા સારૂ સજ્જ થા; કેમકે એમ કરવાથી તને કંઇ પણ પાપ લાગશે નહીં. હે પાર્થ, જેથી આત્મતત્વ અપરોક્ષ થાય એવા સાંખ્ય વિષે લગાડવા લાયક આ બુદ્ધિ મેં તને કહી, તો પણ કદી આત્મતત્વ અપરોક્ષ ન થાય, તો અંતઃકરણની શુદ્ધિદ્વારા આત્મતત્વ અપરોક્ષ થવા સારૂ હું કર્મયોગ વિષે લગાડવા લાયક એવી આ બુદ્ધિ કહું તે સાંભળઃ જેણે યુક્ત તું પરમેશ્વર વિષે અર્પણ કરેલા કર્મયોગે કરી શુદ્ધાંતઃકરણ થઇ, તેના પ્રસાદથી પ્રાપ્ત થયેલા અપરોક્ષ જ્ઞાને કરી, કર્મરૂપ બંધનને સારી રીતે ત્યાગ કરીશ. "શંકા-જેમ કૃષિરૂપ કર્મ કર્યું હોય પણ તેમાં તીડાદિ વિઘ્ન આવવાથી ઉલટું ફળ થાય છે, તેમ કર્મ કરવામાં વિઘ્ન આવવાને લીધે તેનું ફળ ઉલટું થાય અથવા મંત્રાદિ અંગમાં વિપરીત થવાથી ઉલટો દોષ લાગે; ને તમે તો કર્મ યોગે કરી તું કર્મ બંધનને ટાળીશ એમ કહ્યું તે કેમ એમ કહીશ તો કહું છું" કે-આ નિષ્કામ કર્મ યોગ વિષે કરેલા આરંભનું નિષ્ફળ-પણું થતું નથી અને તેમાં કંઇ દોષ લાગતો નથી, કેમકે ઇશ્વરના ઉદ્દેશથી કરેલાં કર્મમાં વિઘ્નાદિ દોષ આવતાજ નથી; ને નિષ્કામ કર્મરૂપ આ ધર્મનો સ્વરૂપ આરંભ કર્યો હોય તો પણ

જન્મ તથા મરણ રહિત કરે છે. "શંકા-સકામ અને નિષ્કામ કર્મમાં વિષમપણું કેમ એમ કહીશ, તો એ બેઉમાં વિષમપણું છે તે કહું છું" કે-હે કુરૂનંદન, નિષ્કામ કર્મ યોગ વિષે પરમેશ્વરની ભક્તિએ કરીનેજ અવસ્ય હું તરીશ એ પ્રમાણે નિશ્ચયાત્મિક એક નિષ્ઠ બુદ્ધિ થાય છે; ને સકામ કર્મ કરનારની બુદ્ધિઓ અનેક પ્રકારની કામનાને લીધે અનંત તથા ઘણી શાખાવાળી થાય છે "સકામ કર્મ તથા નિષ્કામ કર્મમાં ઘણુંજ વિષમપણું છે." "શંકા-એમ છે ત્યારે કામિ પુરૂષો પણ કષ્ટરૂપ કામનાઓને મૂકી દઇ પરમેશ્વરને વિષેજ નિશ્ચયાત્મિક બુદ્ધિ કેમ કરતા નથી એમ કહીશ તો કહું છું" કે-હે પાર્થ, અર્થવાદમાં તત્પર કર્મ વિના બીજું કંઇ જ્ઞાન તથા તેનું ફળ મોક્ષ છેજ નહી એમ બોલનાર, કામનાઓમાંજ આકુલ ચિત્તવળા તથા સ્વર્ગજ જેને પરમ પુરૂષાર્થ છે એવા મૂઢ પુરૂષો, જન્મ, કર્મ તથા તેનાં ફળ આપનારી, ભોગ તથા ઐશ્વર્યના સાધનભૂત ઘણી ક્રિયાવાળી અને પુષ્પિત વૃક્ષની પેઠે દૂરથી રમણીય એવી સ્વર્ગાદિ ફળ શ્રુતિરૂપ આ વ.ણીને પરમાર્થરૂપ ફળ આપનારી છે એમ કહે છે; જેથી ખેંચાયેલાં ચિત્તવાળા હોવાથી ભોગ તથા ઐશ્વર્યમાં આસક્ત પુરૂષોની પરમેશ્વરને વિષે એકાગ્ર ચિત્ત કરવામાં નિશ્ચયાત્મિક બુદ્ધિ થતી નથી. "શંકા-જ્યારે સ્વર્ગાદિ પરમ ફળરૂપ નથી, ત્યારે વેદમાં તેનાં સાધનરૂપ કર્મ કેમ કહ્યાં છે એમ તું કહેશે તો કહું છું", કે-હે અર્જુન, વેદ સકામ કર્મ કરનાર પુરૂષોના કર્મ ફળના સંબંધને પ્રતિપાદન કરે છે, માટે તું શીત તથા ઉષ્ણ અને સુખ તથા દુઃખ ઇત્યાદિ દ્વંદ્વ રહિત થઇ, ધૈર્યવાન થઇ, પ્રારબ્ધાધીન ન પ્રાપ્ત થયેલાનો સ્વીકાર કરવો એ યોગ તથા પ્રાપ્ત થયેલાનું પાલન કરવું એ ક્ષેમ એ બેઉ રહિત થઇ તથા ગાફલતા રહિત થઇને નિષ્કામ થા. "શંકા-વેદમાં કહેલાં અનેક પ્રકારનાં કર્મ ફળના પરિત્યાગે કરી, નિષ્કામપણાથી ઇશ્વરાધીન વિષય વ્યવસાયાત્મિક જે બુધ્ધિ, તેતો કુબુધ્ધિ છે એમ તું કહીશ તો કહું છું" કે-જેમ વાવ, કુવો તથા તળાવ ઇત્યાદિ ન્હાના જળાશય છે, પણ તેઓમાંથનાં એકમાથી સ્નાન પાનાદિ સર્વ મતલબ સિધ્ધ થતા નથી, પણ તે સર્વત્ર ફરવાથી જે મતલબ સિધ્ધ થાય છે તે ચોતરફથી ભરાયલા એકજ મ્હોટા હદમાથી સિધ્ધ થાય છે, તેમ સર્વ વેદમાં કર્મ માત્રનાં જે ફળનાં પ્રયોજન છે, તે સર્વ વ્યવસાયાત્મિક બુધ્ધિયુક્ત બ્રહ્મનિષ્ટને સિધ્ધ થાય છે; કેમકે બ્રહ્માનંદને વિષે કર્મ ફળરૂપ ક્ષુદ્ર આનંદનો અંતર્ભાવ છે. "શંકા-જ્યારે સર્વ કર્મનાં ફળ એકજ પરમેશ્વરનું આરાધન કરવાથી થાય છે, ત્યારે કર્મ કરવાનું શું પ્રયોજન છે એમ તું કહેશે તો કહું છું" કે-તત્વજ્ઞાનની કામનાવાળા તને કર્મ કરવા વિષે અધિકાર હો, પણ કર્મજન્ય બંધનનાં હેતુરૂપ ફળને વિષે ઇચ્છા માં હો. "શંકા-જેમ ભોજન કરવાથી તુપ્તિ પોતાની મેળેજ થાય છે. તેમ કર્મ કરવાથી તેનાં ફળ પોતાની મેળેજ થાય છે એમ કહેશે તો કહું છું" કે-કર્મનાં ફળ ઇચ્છા કરવાથીજ ફળે છે પણ તે વિના ફળતાં નથી; માટે તું તેની ઇચ્છા કર નહી અને કર્મ ન કરવાં એવી નિષ્ટા પણ તને માં થાઓ. "ફલાનુસંધાન રહિત થઇ કર્મ કર" હે ધનંજય, તું પરમેશ્વરને વિષે તત્પર થઇ કર્મથી ઉત્પન્ન થતું જ્ઞાન પ્રાપ્ત થાય અથવા ન થાય તોપણ તેમાં સમાનપણું રાખી હું કર્ત્તા છું એવા અભિમાનનો ત્યાગ કરીને કર્મ કર; કેમકે સમાનપણું છે એજ સત્પુરૂષોએ યોગ કહ્યો છે. હે અર્જુન, કામ્ય કર્મ છે તે તો જ્ઞાનનાં સાધનરૂપ નિષ્કામ કર્મ કરતાં અતિ તુચ્છ છે, માટે તું તે નિષ્કામ કર્મ કરવાની ઇચ્છા કર; કારણ કર્મ કરી તેના ફળની જે ઇચ્છા રાખે છે, તે તો દીન હોય છે. જ્ઞાન યુક્ત પુરૂષ સ્વર્ગ તથા નરકની પ્રાપ્તિ કરનાર પુણ્ય તથા પાપરૂપ કર્મને પરમેશ્વરના પ્રસાદથી આ જન્માંજ વિષેજ ત્યાગ કરે છે માટે તું જ્ઞાનપ્રાપ્ત થવા સારૂ કર્મયોગમાં તત્પર થા, ને કર્મમાં કુશળ

પણું એજ યોગ કહેવાય છે. સમાનતારૂપ બુધ્ધિયુક્ત પુરૂષ, ક્રિયમાણ કર્મથી ઉત્પન્ન થયેલાં ફળને ત્યાગ કરી, મનને નિગ્રહ કરવામાં સમર્થ થઇ તથા જન્મના બંધનથી મૂકાઇને, ઉપદ્રવ રહિત મોક્ષરૂપ પરમપદને પામે છે. "શંકા–ત્યારે હું તે પદને ક્યારે પામીશ એમ કહેશે તો કહું છું" કે-જ્યારે તારી બુધ્ધિ મોહરૂપ કલુષપણાને ત્યાગ કરી પ્રસન્ન થશે, ત્યારે તું સાંભળવા વિષે તથા સાંભળેલાંને વિષે વૈરાગ્યને પામીશ. "શંકા–બુધ્ધિ પ્રસન્ન થઈ એમ કયા લક્ષણથી જણાય એમ કહીશ તો કહું છું" કે–અનેક પ્રકારનાં શાસ્ત્ર શ્રવણ કરવાથી પ્રથમ અનેક પ્રકારના સંદેહયુક્ત તારી બુધ્ધિ, જ્યારે વિષયાંતરને વિષે ન જતાં કેવળ પરમેશ્વરને વિષેજ અતિ સ્થિર થશે, ત્યારે તું તત્વ જ્ઞાનને પામીશ. અર્જુને પૂછ્યું કે હે કેશવ, સ્વાભાવિક સમાધિને વિષે નિશ્ચળ બુધ્ધિવાળાનું લક્ષણ શું ? ને તે કેવી રીતે બોલે, બેસે તથા ચાલે ? ભગવાન કહે છે–હે પાર્થ, જ્યારે જે પુરૂષ આત્મારામ થઇને પોતાના મનમાં રહેલા વિષયરૂપ કામને સારી રીતે ત્યાગ કરે, ત્યારે તે મુનિ સ્થિર બુધ્ધિવાળો કહેવાય. વળી દુઃખ પ્રાપ્ત થવાથી જેનું મન ઉદ્વેગ પામતું નથી તથા સુખ પ્રાપ્ત થવા વિષે જેને સ્પૃહા હોતી નથી એવો અને પ્રીતિ, ભય તથા ક્રોધ રહિત જે પુરૂષ, તે મુનિ પણ સ્થિર બુધ્ધિવાળો કહેવાય છે. વળી જે પુરૂષ પોતાનાં ધન, સ્ત્રી, દેહ તથા જીવનાદિને વિષે સ્નેહ વગર હો છે અને પોતાને અનુકૂળ વસ્તુને પામી રાજી થઇ તે પ્રાપ્ત કરનારની સ્તુતિ કરતો નથી, તથા અશુભને પામી દુઃખયુક્ત થઇ તે પ્રાપ્ત કરનારની નિંદા કરતો નથી, તેની પણ બુધ્ધિ સ્થિર જાણવી. વળી જેમ કાચબો પોતાનાં કર તથા ચરણાદિ અંગને સ્વભાવથીજ આકર્ષણ કરી લછે તેમ, જે મનુષ્ય સ્વભાવથીજ પોતાની ઇંદ્રિઓને વિષયમાંથી ખેંચી લે, તેની પણ બુધ્ધિ સ્થિર કહેવાય. " શંકા–વિષયને વિષે ઇંદ્રિઓની જે અપ્રવૃત્તિ, તે સ્થિર બુધ્ધિવાળાનું લક્ષણ સંભવતું નથી, કારણ જડ, આતુર તથા ઉપવાસીની ઇંદ્રિઓ પણ વિષયમાં પ્રવર્ત્તતી નથી, માટે જો એમ હોય તો તેઓની પણ સ્થિર બુધ્ધિ કહેવાય એમ તું કહેશે તો હું કહું છું " કે–આહાર વગરના દેહાભિમાની જીવને વિષય નિવૃત પામે છે, પણ તે વિષયની ઇચ્છા નિવૃત્ત પામતી નથી; ને સ્થિર બુધ્ધિવાળાને તો પરમાત્માને સાક્ષાત્કાર કરવાથી વિષયની ઇચ્છા પોતાની મેળેજ નિવૃત્ત થાય છે. હે કુંતિના પુત્ર અર્જુન, મોક્ષ પ્રાપ્ત થવા સારૂ પ્રયત્ન કરતા વિવેકી પુરૂષના મનને ઇંદ્રિઓ બલાત્કારથી વિષયમા ખેંચે છે; કેમકે તે ક્ષોભ કરનારીજ છે માટે યોગી પુરૂષે તે સર્વ ઇંદ્રિઓને સારી રીતે નિયમમા રાખીને, મારામાજ તત્પર થઇ રહેવું; કેમકે જેને ઇંદ્રિઓ વશ્ય હોય, તેજ સ્થિર બુધ્ધિવાળો કહેવાય. હવે વિષયમાં ચેહન છે એમ માનીને તેનુંજ ચિંતન કરનાર પુરૂષને તેમાં આસકિત થાય છે, તેથી તેને વિષે અધિક અભિલાષા થાય છે અને તે અભિલાષાને કોઇએ ટાળવાથી ક્રોધ ઉપજે છે, ક્રોધ ઉત્પન્ન થવાથી આ કાર્ય કરવાનું છે કે ન કરવાનું છે એ વિવેકના અભાવરૂપ મોહ થાય છે, મોહ હોવાથી શાસ્ત્ર તથા ગુરૂએ ઉપદેશ કરેલા અર્થનું વિસ્મરણ થાય છે, તેનાથી બુધ્ધિનો નાશ થાય છે અને તેમ થવાથી પુરૂષ મરો ગયા સરખો થાયછે. માટે વશ વર્તિ છે મન જેનું એવો પુરૂષ મનને વશ્ય એવી અને રાગ તથા દ્વેષ રહિત ઇંદ્રિઓએ કરી વિષયને ભોગવતો હોય, તોપણ શાંતિને પામે છે. શાંતિ થવાથી મનુષ્યનાં સર્વ દુઃખનો નાશ થાય છે, ને પ્રસન્ન ચિત્તવાળા યોગિની બુધ્ધિ તત્કાળ સ્થિર થાય છે. ઇંદ્રિયો જેણે વશ નથી કરી એવા પુરૂષને શાસ્ત્ર તથા ગુરૂના ઉપદેશે કરી આત્મજ્ઞાન વિષય બુધ્ધિ થતી નથી, સ્થિરમન રહિતને પરમાત્માના સ્વરૂપનું ધ્યાન હોતું નથી, તે વગરનાને શાંતિ હોતી નથી અને શાંતિ વગરનાને ,

સૃંજયને વહેનારી, મનુષ્યના મસ્તકરૂપી પાષાણયુક્ત, શક્તિરૂપી મત્સ્યવાળી, ગદારૂપી હોડીવાળી, મસ્તકની ટોપીરૂપી ફીણવાળી, વેરાયેલાં અંત્રરૂપી જળજંતુથી સંકુલ, વીરને અપહરણ કરનારી, ઉગ્ર, માંસ તથા રૂધિરરૂપી ગારાવાળી, ધ્વજરૂપી વૃક્ષથી સંકુલ, ક્ષત્રિયોને ડૂબાડનારી ક્રૂર શરીરે કરી ગાઢ ઘોડેસ્વારરૂપી છે નક્ર જેમાં એવી કાળ પ્રત્યે જનારી, માંસ ખાનાર પક્ષિ, કુતરા તથા શિયાળગણે સેવેલી, તેમજ માંસ ખાનાર રાક્ષસોએ સેવન કરેલી નદી, સંગ્રામના મધ્યમાં ચલાવી. સૂર્ય જેમ કિરણોએ કરી જગતને તપાવે તેમ કાળની પેઠે સૈન્યને બાળતા રથિમાં શ્રેષ્ઠ, મોટા ધનુષવાળા શૂરવીર દ્રોણાચાર્યને જોઇ યુધિષ્ઠિરાદિક શૂરવીર ચોતરફથી વિંટી તેમની સામે દોડ્યા. તે વખતે ઉગામેલા આયુધવાળા તમારી તરફના રાજાઓ તથા રાજપુત્રોએ પણ ચોતરફથી એમને વિંટી લીધા. તે સમયે શિખંડિયે ગ્રંથિ વગરનાં પાંચ બાણે કરી ક્ષત્રવર્માએ વીસે કરી, વસુદાએ પાંચથી, ઉત્તમૌજાએ ત્રણથી, ક્ષત્રદેવે સાતથી, સાત્યકિએ સોથી, યુદ્ધામન્યુએ આઠથી, યુધિષ્ઠિરે બારે કરી, ધૃષ્ટદ્યુમ્ને દશે કરી તથા ચેકિતાને ત્રણ બાણે કરી દ્રોણને વીંધ્યા. તે વખતે મદ ઝરતા હસ્તિ સરખા, સત્ય પ્રતિજ્ઞાવાળા દ્રોણાચાર્યે, રથ સૈન્યને અતિક્રમણ કરી દૃઢસેનને પાડી નિર્ભયની પેઠે પ્રહાર કરતાં રાજાની સામે જઇ નવ બાણે કરી રથમાંથી ક્ષેમને પાડ્યો. વળી સૈન્યના મધ્યમાં જઇ સર્વ દિશાઓમાં વિચરતા તે બીજાઓના રક્ષક થયા પણ બીજાઓએ રક્ષણ કરવા લાયક ન થયા. બાર બાણે કરી શિખંડિને તથા વીસ બાણથી ઉત્તમૌજાને વિંધી ભલ્લ નામના એક બાણે કરી વસુદાનને યમ લોકમાં મોકલી દીધો. એંશીથી ક્ષત્રવર્માને તથા છવીશથી સુદક્ષિણને વિંધી, ભલ્લ નામના બાણેકરી ક્ષત્રદેવને રથ ઉપરથી પાડી નાંખ્યો. તેમ સુવર્ણથી શોભિતા રથવાળા તે, ચોસઠથી યુધામન્યુને તથા ત્રીસથી સાત્યકિને વિંધી વળી યુધિષ્ઠિર સામે દોડ્યા. સામે આવતા તેમને જોઇ રાજામાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર, વેગવાન અશ્વે કરી ગુરૂ આગળથી પલાયન કરવા લાગ્યા. તે વખતે પાંચાલ્ય દ્રોણ સામે દોડ્યો. તેને તેમણે ધનુષ, અશ્વ તથા સારથિ સહિત હણ્યો, તેથી તે, આકાશમાંથી નક્ષત્ર પડે તેમ રથ ઉપરથી પૃથ્વી પર પડ્યો. એ રીતે પંચાલોના યશને વધારનાર તે રાજપુત્ર હણાયો તે જોઇ, 'દ્રોણને મારો, દ્રોણને મારો.' એ પ્રમાણે સેનાના મધ્યમાં મોટો શબ્દ થતો હતો. પણ બળવાન દ્રોણાચાર્યે, અત્યંત ક્રોધાવિષ્ટ થયેલા પંચાલ, મત્સ્ય, કેકય, સૃંજય તથા પાંડવોને ક્ષોભ પમાડી, સાત્યકિ, ચેકિતાન, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, વાર્દ્ધક્ષેમિ, ચૈત્રસેનિ, રૂડી કાંતિવાળા સેનાબિંદુ એટલા એ અને નાના દેશના અધિપતિ સર્વ બીજા રાજાઓને પણ કૌરવોથી વિંટાયલા તેમણે સંગ્રામમાં જીત્યા; તે સમયે હે મહારાજ ! તે સદા સંગ્રામમાં જય પામેલા તમારી તરફના, ચોતરફ ભાગતા પાંડવ તરફનાઓને મારવા લાગ્યા. હે ભારત ! ઇન્દ્ર જેમ દૈત્યોને મારે તેમ તે મહાત્માએ મારવા માંડેલા પાંચાલ કેકય તથા મત્સ્ય રણમાં કંપવા લાગ્યા.

ते दानवा इवेंद्रेण वध्यमाना महात्मना ॥
पंचालाः केकयामत्स्याः समकंपंत भारत ॥

इतिश्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि द्रोणयुद्धे गुर्जरभाषायामेकविंशोऽध्यायः ॥ २१ ॥

અધ્યાય ૨૨ મો. દ્રોણે જમાવેલો જંગ.

ધૃતરાષ્ટ્ર ઉવાચ—ભારદ્વાજેન ભગ્નેષુ પાંડવેષુ મહામૃધે ।
પંચાલેષુ ચ સર્વેષુ કશ્ચિદન્યોઽભ્યવર્તત ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! મહા સંગ્રામમાં દ્રોણાચાર્યે પાંડવ તથા સર્વ પંચાલોને પરાજય પમાડ્યા તે વખતે પાંડવ તરફનો બીજો કોઇ સામે આવી ઉભો ? ક્ષત્રિયોના યશને વધારનારી, કુત્સિત પુરૂષોએ ન સેવેલી, શ્રેષ્ઠ પુરૂષોએ સેવન કરેલી એવી યુદ્ધ વિષે વિરામ બુદ્ધિએ કરી. ભંગાણ વખતે પાછો ફરી સામે આવી ઉભો રહેનાર શૂરવીરમાં શ્રેષ્ઠ કોઇ હતો કે ન હતો ? હે સંજય ! મગાસાં ખાતા વ્યાઘ્ર તથા મદ ઝરતા હસ્તિ સરખા, સંગ્રામમાં પ્રાણત્યાગ કરનાર, સજ્જ થયેલા, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, મોટા ધનુષવાળા, પુરૂષમાં સિંહરૂપ, શત્રુઓને ભય વધારનાર, કરેલા ઉપકારને જાણનાર, સત્યમાં તત્પર, દુર્યોધનના હિતેચ્છુ, શૂરવીર, સંગ્રામમાં સામે ઉભેલા દ્રોણાચાર્યને જોઇ પાછા ફરી કયા શૂરવીર સામે આવ્યા તે મને કહે ? સંજય કહે છે—સમુદ્રના એવે કરી તણાતાં નાવની પેઠે દ્રોણના ધનુષમાંથી મૂકાયલા બાણના ઓઘે કરી હણાતા તથા ચળાયમાન થતા પંચાલ, પાંડવ, મત્સ્ય, સંજય, ચેદિ તથ કેકયને જોઇ કૌરવો નાના પ્રકારના રણવાદ્ય સાથે સિંહનાદ કરતા રથ, હસ્તિ તથા મનુષ્યોને ચોતરફથી નસાવવા લાગ્યા. તેમને જોઇ સૈન્યના મધ્યમાં રહેલો તથા સ્વજનથી વિંટાયલો દુર્યોધન રાજા અત્યંત પ્રસન્ન થઇ જાણે હસતો હોય નહિ, તેમ કર્ણને આવી રીતે કહેવા લાગ્યો કે ' હે રાધેય ! સિંહ જેમ વનના મૃગોને ત્રાસ પમાડે તેમ દૃઢ ધનુષવાળા દ્રોણાચાર્યે ત્રાસ પમાડેલા તથા તેમના બાણે કરી ખેદ પામતા પંચાલોને જો. વાયુએ ભાંગેલાં મોટાં વૃક્ષોની પેઠે દ્રોણે હણેલા આ કદી પણ હવે પાછા યુદ્ધની ઇચ્છા નહિ કરે, એમ હું માનું છું. મહાત્મા દ્રોણે સુવર્ણના પુંખવાળાં બાણે કરી પીડન કરેલા આ, તે તે ઠેકાણે ઘુર્ણાયમાન થઇ અનેક માર્ગે નાસે છે અને અગ્નિએ કરી ચોતરફથી તપાયમાન થયેલા હસ્તિઓની પેઠે મંડળાકાર થઇ ઉભા રહે છે. ભ્રમરની પેઠે દ્રોણનાં તીક્ષ્ણ બાણે વિંધેલા, પલાયન કરવામાં તત્પર એવા આ પરસ્પર છુપાય છે. હે કર્ણ ! પાંડવ તથા સૃંજયે કરી હીન, મારા યોદ્ધાઓથી વિંટાયલા મહા ક્રોધી આ ભીમસેનને જોઇ આ વખતે આનંદ થાય છે, માટે દુર્મતિવાળો પાંડુપુત્ર જીવિત તથા રાજ્યથી નિરાશ થઇ આજ જરૂર સર્વ લોકને દ્રોણમય દેખશે.'

દુર્યોધનનાં વચન સાંભળી કર્ણે કહ્યું કે, હે પુરૂષમાં સિંહરૂપ ! હે દુર્યોધન ! આ મહાબાહુ જીવતા સુધી સંગ્રામનો ત્યાગ નહિ કરે; તેમ આપણી તરફથી થતા સિંહનાદોને પણ એ સહન કરશે નહિ તેમ શૂરવીર, બળવાન, અસ્ત્ર શીખેલા, યુદ્ધમાં દુર્મદ પાંડવો યુદ્ધમાંથી કદી ભાગે પણ નહિ, એમ હું સમજું છું. વિષ, અગ્નિ, દ્યૂત સંબંધી ક્લેશ તથા વનવાસને સ્મરણ કરતા પાંડવો સંગ્રામનો ત્યાગ નહિ કરે. પાછો ફરેલો, ઘણા તેજવાળો, મહાબાહુ કુંતિપુત્ર વૃકોદર શ્રેષ્ઠ, શ્રેષ્ઠ ઉદાર રથિઓને હણશે. તેમજ ખડ્ગ, ધનુષ, શક્તિ, અશ્વ, હસ્તિ, પાયદળ, રથ, ભુશુંડી તથા દંડે કરી આપણા સમુદાયને તે હણશે. એને સાત્યકિ આદિક લોકને રથિઓ, પંચાલ, કેકય, મત્સ્ય તથા વિશેષે કરી બીજા પાંડવો પણ અનુસરે છે. શૂરવીર, બળવાન, પરાક્રમી, પ્રહાર કરનાર, ક્રોધે ભરાયલા ભીમસેનને પ્રેરેલા, કુરૂકુળમાં શ્રેષ્ઠ

મહારથિ ભીમસેનના રક્ષણ વાસ્તે સૂર્યને જેમ વાદળના ગણ, સામે આવે તેમ દ્રોણ સામે આવી ઉભા હતા. એક ઠેકાણે ઉભેલા એ બધા, આપણે રક્ષણ ન કરેલા, નિયમિત વ્રતવાળા દ્રોણને, મારવાને ઇચ્છતા તીડ નામના જંતુઓ જેમ દીપને પીડે તેમ પીડશે. આ વખતે દ્રોણ ઉપર અતિ ભાર આવી પડયો છે, એમ હું માનું છું. માટે જલદી આપણે જ્યાં દ્રોણ છે ત્યાં તેમના રક્ષણ વાસ્તે ચાલો; કારણ વૃક નામનાં શિકારી પશુઓ જેમ મોટા હસ્તિને મારે તેમ નિયમિત વ્રતવાળા દ્રોણને તેઓ હઠાવશે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એવાં કર્ણનાં વચન સાંભળી ભાઇઓ સહિત દુર્યોધન રાજા જ્યાં દ્રોણનો રથ હતો ત્યાં ગયો. તે વખતે નાના પ્રકારના વર્ણવાળા ઉત્તમ અશ્વે કરી પાછા ફરેલા દ્રોણને પીડતા પાંડવોનો મોટો શબ્દ થતો હતો.

तत्रारावो महानासीदेकं द्रोणं जिघांसतां ।
पांडवानां निवृत्तानां नानावर्णैर्हयोत्तमैः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि द्रोणयुद्धे गुर्जरभाषायां द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

અધ્યાય ૨૩ મો. પાંડવસેનાનું વર્ણન.

धृतराष्ट्र उवाच—सर्वेषामेव मे ब्रूहि रथचिन्हानि संजय ।
ये द्रोणमभ्यवर्तंत क्रुद्धाभीमपुरोगमाः ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! ક્રોધાયમાન થયેલા ભીમસેનાદિક જે યોદ્ધાઓ દ્રોણ સામે આવ્યા તે સર્વના રથના અશ્વ તથા ધ્વજ કેવા હતા તે મને કહે ? સંજય કહે છે—રીંછ સરખા વર્ણવાળા અશ્વ જોડેલા રથ ઉપર બેસી ભીમસેન દ્રોણ સામે આવ્યો. રૂપા સરખા વર્ણવાળા અશ્વ જોડેલા રથપર બેસી શૂરવીર સાત્યકિ, સારંગ સરખા વર્ણવાળા અશ્વયુક્ત રથમાં બેસી ક્રોધાક્રાંત થયેલો યુધામન્યુ, પારાવત સરખા વર્ણવાળા સુવર્ણના આભરણથી શોભિતા મહા વેગવાન અશ્વવાળા રથ પર બેઠેલો દ્રુપદ પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, લાલ કમળ સરખા વર્ણવાળા ઘોડાયુક્ત રથમાં બેઠેલો પિતાના રક્ષણને ઇચ્છતો નિયમિત વ્રતવાળો, ક્ષત્રધર્મા, કમળ પત્ર સરખા વર્ણ જેવા તથા નિર્મળ નેત્રવાળા શણગારેલા અશ્વયુક્ત રથમાં બેઠેલો શિખંડિ પુત્ર ક્ષત્રદેવ, મોટાં છે લલાટ, કટિદેશ, સ્કંધ, વક્ષઃસ્થળ તથા વેગ જેમનો, મોટી ગ્રીવા તથા નાના મસ્તકવાળા પોપટનાં પીંછાં સરખાં રૂંવાંવાળા મનોહર કાંબોજ દેશના અશ્વ જોડેલા રથમાં બેસી નકુળ, હે ભારત ! મેઘ સરખા કૃષ્ણ અશ્વ જોડેલા રથમાં બેઠેલો ક્રોધાયમાન ઉત્તમૌજા, તેતર સરખા ચિત્રવર્ણવાળા, વેગે કરી વાયુ સરખા અશ્વયુક્ત રથમાં બેસી ઉગામેલા આયુધવાળો સહદેવ, હસ્તિના દાંત સરખા વર્ણવાળા, કાળા વાળથી શોભિતા, ભયંકર વાયુ સરખા વેગવાળા અશ્વયોજિત રથપર બેઠેલા પુરૂષમાં સિંહરૂપ યુધિષ્ઠિર, સુવર્ણના ઉપસ્કરથી ઢંકાયલા, વાયુ સરખા વેગવાળા ઘોડા જોડેલા રથે કરી યુધિષ્ઠિરનાં સર્વ સૈન્ય, તે સર્વે રક્ષા કરેલા સુવર્ણમય છત્રવાળા, રૂડી કેશવાળીવાળા યુદ્ધમાં સર્વ શબ્દ સહન કર-

ચાર ઘોડા જોડેલા રથમાં બેઠેલા રાજાની પાછળ પાંચાલ્ય દ્રુપદ, તેની પાછળ પાટલીપુષ્પ સરખા વર્ણવાળા અશ્વયુક્ત રથમાં બેઠેલો, શત્રુને મારનાર, સર્વ મહારથિ સહિત વિરાટ, તેની પાછળ પોતપોતાના સૈન્યથી વિંટાયલા કેકય, શિખંડિ તથા ધૃષ્ટકેતુ, હરિદ્રા સરખા વર્ણવાળા તથા વેગવાન, સુવર્ણની માળા પહેરેલા અશ્વયોજિત રથમાં બેઠેલો વિરાટનો પુત્ર, દ્રોણ સામે ધસી આવ્યો. ઇન્દ્રગોપ નામનાં જંતુ સરખા લાલ વર્ણવાળા અશ્વયોજિત રથમાં બેઠેલા સુવર્ણ સરખી કાંતિ તથા લાલ ધ્વજાવાળા, સુવર્ણની માળાવાળા, શૂરવીર, યુદ્ધમાં ચતુર, કવચવાળા પાંચ ભાઇ કેકય, વરસતા મેઘ સરખા દેખાતા હતા. આમ્રપત્ર સરખા વર્ણવાળા, તુંબરૂ ગંધર્વે આપેલા દિવ્ય અશ્વ ઘણા તેજવાળા પાંચાલ્ય શિખંડિને વહન કરતા હતા. પંચાલોના બાર હજાર મહારથિઓમાંથી ૭ હજાર શિખંડિ પાછળ ચાલતા હતા. હે મારિષ ! પુરૂષમાં સિંહરૂપ શિશુપાળના પુત્રને ચોતરફ ક્રીડા કરતા સારંગ સરખા વિચિત્ર પ્રકારના અશ્વ વહન કરતા હતા. ચેદિયોમાં શ્રેષ્ઠ, અતિ બળવાન, દુઃખેકરી કોઇથી જીતી શકાય નહિ એવો ધૃષ્ટકેતુ, કાંબોજ નામના વિચિત્ર પ્રકારના અશ્વ જોડેલા રથે કરી દ્રોણ સામે આવ્યો. સુકુમાર અંગવાળા કેકય, બૃહત્ક્ષત્રને, ધાન્ય તૃણના ધૂમ સરખા વર્ણવાળા સિંધુ દેશના અશ્વ વહન કરતા હતા. મલ્લિકા સરખાં નેત્ર તથા પદ્મ સરખા વર્ણવાળા કાંબોજ સરખા મોટા પૃષ્ઠભાગવાળા શણગારેલા અશ્વ, શિખંડિના શૂરવીર રક્ષદેવ નામના પુત્રને વહન કરતા હતા. સુવર્ણના સાજથી ઢંકાયલા સીતમિશ્ર પીતવર્ણવાળા ક્ષમાવાન અશ્વ, સંગ્રામમાં શત્રુને દમન કરનાર સેનાબિંદુને વહન કરતા હતા. શ્વેત છે રોમ તથા કેશવાળી જેમની અને કૃષ્ણવર્ણ છે ત્વચા, ગુલ્ફ લોચન, ઓષ્ઠ તથા ખરી જેમની એવા મુનિઓએ વહન કરેલા કૌંચ વર્ણ અશ્વ યુવાવસ્થાવાળા અભિભુ નામના કાશિરાજાના સુકુમાર અંગવાળા મહારથિ પુત્રને વહન કરતા હતા. શ્વેત વર્ણ તથા કૃષ્ણ ગ્રીવાવાળા વેગે કરી મન સરખા, સારથિની ઇચ્છા પ્રમાણે ચાલનાર અશ્વ પ્રતિવિંધ્ય નામના રાજપુત્રને વહન કરતા હતા. રક્તમિશ્રિત પીતવર્ણવાળા તરૂણ આદિત્ય સરખા અશ્વ, પ્રશંસા કરવા લાયક નકુળ પુત્ર શતાનીકને વહન કરતા હતા. સુવર્ણના ચોખડાવાળા રક્તમણિ સરખા વર્ણવાળા અશ્વ, સંગ્રામમાં પુરૂષોમાં સિંહરૂપ દ્રૌપદી પુત્ર શ્રુતકર્માને વહન કરતા હતા. ચાષ પક્ષીનાં પિંછ સરખા વર્ણવાળા ઉત્તમ અશ્વ, શ્રુતકીર્તિને વહન કરતા હતા; અને પીતવર્ણવાળા અશ્વ, સંગ્રામમાં કૃષ્ણ તથા અર્જુનથી અધિક ગુણવાન જેને કહે છે એવા અભિમન્યુને વહન કરતા હતા. મોટી કાયાવાળા વૃદ્ધિ પામેલા ફળ વગરના સાલના દાંડા સરખા અશ્વ, દુર્યોધનાદિક પાસેથી આવી પાંડવોનો આશ્રય કરેલા એક યુયુત્સુ નામના કુમારને વહન કરતા હતા. શણગારેલા, કૃષ્ણવર્ણવાળા અશ્વ, ભયંકર, યુદ્ધમાં વેગવાન વાર્ધક્ષેમિને વહન કરતા હતા. સારથિની ઇચ્છા પ્રમાણે ચાલનાર કાળા પગવાળા સુવર્ણના ઉપસ્કરથી શોભિતા અશ્વ, સૌચિત્તિ નામના કુમારને વહેતા હતા. સુવર્ણ સરખા પૃષ્ઠભાગ તથા કૌશેય સરખા વર્ણવાળા સુવર્ણની માળાથી શોભિતા વિનયવાન અશ્વ. શ્રેણિમાનને વહેતા હતા. સુવર્ણની માળા ધારણ કરેલા, સુવર્ણ સરખા પૃષ્ઠભાગવાળા શણગારેલા શૂરવીર અશ્વ, પ્રશંસા કરવા લાયક નરશ્રેષ્ઠ કાશિરાજને વહન કરતા હતા. અસ્ત્રવિદ્યા, ધનુર્વેદ તથા બ્રાહ્મણ અને વેદમાં પારંગત એવા આવતા સત્યધૃતિને અરૂણ વર્ણવાળા અશ્વ વહેતા હતા. પારાવત સરખા વર્ણવાળા અશ્વ, દ્રોણના ભાગરૂપ કલ્પેલા પંચાળના સેનાધિપતિ ધૃષ્ટદ્યુમ્નને વહન કરતા હતા. તેની પાછળ સત્યધૃતિ, યુદ્ધમાં દુર્મદ સૌચિત્તિ, શ્રેણિમાન, વસુદાન તથા કાશિરાજનો પુત્ર અભિભૂ, યમ તથા કુબેરની

ઉપમા આપવા લાયક એટલા શૂરવીર સુવર્ણની માળા પહેરેલા વેગવાન કાંબોજ નામના અશ્વ જોડેલા રથેકરી શત્રુના સૈન્યને ભય પમાડતા હતા. સુવર્ણ સરખા વર્ણવાળા છે રથ તથા ધ્વજ જેમના એવા ઉગામેલા આયુધવાળા, મોટા ધનુષવાળા છ હજાર કાંબોજ પ્રભદ્રક, બાણ સમુદાયથી શત્રુઓને કંપાવતા મૃત્યુનો સ્વીકાર કરી ધૃષ્ટદ્યુમ્નની પાછળ ચાલતા હતા. પિંગળ તથા ગૌરવર્ણવાળા સુવર્ણની માળાવાળા ગ્લાનિરહિત મનવાળા ઉત્તમ અશ્વ, ચેકિતાનને વહેતા હતા. ઇન્દ્રાયુધ સરખા વર્ણવાળા ઉત્તમ અશ્વ જોડેલા રથે કરી અર્જુનનો મામો કુંતિભોજ રણમાં આવતો હતો. ચિત્રલા તારા સરખા ચિન્હયુક્ત, નીલવર્ણવાળા અશ્વ રોચમાન રાજાને સંગ્રામમાં વહન કરતા હતા. વિચિત્ર વર્ણ તથા શ્યામ પગવાળા સુવર્ણના ઉપસ્કરથી શોભિતા શ્રેષ્ઠ અશ્વ, જરાસંધ પુત્ર સહદેવને વહન કરતા હતા. કમળના નાળ સરખા વર્ણવાળા વિચિત્ર પ્રકારના અને સિચાણા સરખા વેગવાળા ઉત્તમ અશ્વ સુદામાને વહેતા હતા, શ્વેતમિશ્રિત અરૂણવર્ણ તથા શ્વેત રૂંવાંવાળા અશ્વ, ગોપતિના પુત્ર પાંચાલ્ય સિંહસેનને વહેતા હતા. કપ ના પુષ્પ સરખા વર્ણવાળા ઉત્તમ અશ્વ પંચાળોમાં પ્રખ્યાત પુરૂષમા સિંહરૂપ જનમેજયને વહન કરતા હતા. મગ્ના સરખા વર્ણવાળા વેગવાન મોટા, સુવર્ણની માળાવાળા દધિ સરખા શ્વેત પૃષ્ઠભાગ તથા વિચિત્ર પ્રકારનાં મુખવાળા અશ્વ પાંચાલ્યને વહેતા હતા. શોભાયમાન મસ્તકવાળા શૂરવીર, કમળના પરાગ સરખા વર્ણવાળા ગૌર અશ્વ દંડધારને વહન કરતા હતા. કંઇક લાલમિશ્રિત મલિન વર્ણવાળા પૃષ્ઠભાગ વિષે મલિન, શ્વેતવર્ણે કરી શોભિતા ઉડતા હોય નહિ તેની પેઠે ચાલનાર અશ્વ, વ્યાઘ્રદત્તને વહેતા હતા. વિચિત્ર પ્રકારનો વર્ણ તથા કાળા મસ્તકવાળા, વિચિત્ર પ્રકારની માળાઓથી શોભિતા સુંદર અશ્વ, પુરૂષમાં સિંહરૂપ પાંચાલ્ય સુધન્વાન વહેતા હતા. વજ્રના સરખો છે સ્પર્શ જેમનો એવા ઇન્દ્રગોપ સરખા, આશ્ચર્યરૂપ છે દર્શન જેમનું એવા અશ્વ, ચિત્રાયુધને વહન કરતા હતા. સુવર્ણની માળા ધારણ કરેલા કંઇક શ્વેત વર્ણવાળા અશ્વ, કોસલાધિપતિના પુત્ર સુક્ષત્રને વહન કરતા હતા. વિચિત્ર વર્ણવાળા મોટા, સુવર્ણની માળાવાળા સુંદર અશ્વ, યુદ્ધમાં ધૈર્યવાન ક્ષેમિને વહન કરતા હતા. એક વર્ણનાં છે ધ્વજ, કવચ, તથા ધનુષ જેનાં એવો શુક્ર, શ્વેત અશ્વ જોડેલા રથે કરી દ્રોણ સામે આવતો હતો. ચંદ્ર સરખા સામુદ્રઅશ્વ, રૂદ્ર સરખા તેજવાળા સમુદ્રસેનના પુત્ર ચંદ્રસેનને વહન કરતા હતા નીલ કમળ સરખા વર્ણવાળા સુવર્ણથી શોભિતા વિચિત્ર પ્રકારની માળા યુક્ત અશ્વ, વિચિત્ર પ્રકારના રથવાળા શૈબ્યને વહન કરતા હતા. વટાણાના પુષ્પ સરખા વર્ણવાળા શ્વેતમિશ્રિત રક્ત રૂંવાંવાળા શ્રેષ્ઠ અશ્વ, યુદ્ધમાં દુર્મદ રથસેનને વહન કરતા હતા. શુક સરખા વર્ણવાળા અશ્વ, સર્વ મનુષ્ય થકી જે રાજાને અત્યંત શૂર કહે છે તે પટચ્ચર નામના અસુરને હણનાર સમુદ્રાધિપને વહેતા હતા. ખાખરાના પુષ્પ સરખા વર્ણવાળા ઉત્તમ અશ્વો વિચિત્ર પ્રકારનાં છે કવચ, આયુધ તથા ધ્વજ જેનાં એવા વિચિત્ર પ્રકારની માળા પહેરેલા ચિત્રાયુધને વહેતા હતા. એક વર્ણના ધ્વજ, કવચ, ધનુષ તથા નીલ અશ્વ જોડેલા રથે કરી નીલરાજા દ્રોણ સામે આવ્યો. રત્નના ચિન્હવાળા, વિચિત્ર રૂપવાન વરૂથ, રથ, ધનુષ, વાજીંત્ર, ધ્વજ, તથા પતાકા સહિત ચિત્રરાજા દ્રોણ સામે આવ્યો. આમળાના વર્ણ સરખા વર્ણવાળા ઉત્તમ અશ્વ, રોચમાનના પુત્ર હેમવર્ણને વહન કરતા હતા. યુદ્ધ કરવામાં સમર્થ, શોભન ક્રિયાવાળા, સીતગૌર છે પૃષ્ઠભાગ જેમના એવા કુકડાનાં ઇંડાં સરખા અશ્વ, યુદ્ધમાં દંડકેતુને વહન કરતા હતા. કેશવ ભગવાને, સંગ્રામમાં પોતાના પિતાને હણ્યો એ રીતે પાંડવોનો કપાટ ભેદાયો અને બાંધવો ભાગ્યા ત્યાર પછી ભીષ્મ, દ્રોણ, પરશુરામ, તથા કૃપ

ચાર્ય પાસેથી અસ્ત્ર શીખી તે વિદ્યામાં રૂક્મિ, કર્ણ, અર્જુન તથા શ્રીકૃષ્ણે કરી સમાનપણાને પ્રાપ્ત થઇ શત્રુકંપુરીને હણવા તથા સમગ્ર પૃથ્વીને જીતવા ઇચ્છતા તો બુદ્ધિમાન સ્નેહિઓએ હિત વાસ્તે વારી રાખ્યો, તેથી વૈર સમાપ્ત મૂકી પોતાનું રાજ્ય કરતો હતો. સાગર ધ્વજવાન તથા પરાક્રમરૂપી દ્રવ્યવાળો બળવાન પાંડ્યરાજા, વૈડૂર્યમણિની જાળથી ઢંકાયેલા ચંદ્રનાં કિરણ સરખા અશ્વ જોડેલા રથે કરી પોતાના દિવ્ય ધનુષનો ટંકાર કરતો દ્રોણ સામે આવ્યો. અરડૂસાનાં પુષ્પ સરખા વર્ણવાળા અશ્વ, પાંડ્યના અનુસરનાર ચૌદ અયુત મુખ્ય રથિઓને વહન કરતા હતા. નાના પ્રકારનાં રૂપ, વર્ણ, આકૃતિ તથા મુખવાળા અશ્વ, રથચક્ર સરખા ધ્વજવાળા શરીર ઘટોત્કચને વહેતા હતા. જે એકલો એકઠા મળેલા ભરતોના મતને મૂકી, સર્વ ઇચ્છતનો ત્યાગ કરી ભક્તિવડે યુધિષ્ઠિર પાસે ગયો; લાલ નેત્રવાળો મહાબાહુ તે બૃહત, મોટી કાયા તથા બળવાળા અશ્વે કરી દ્રોણ સામે દોડ્યો. સુવર્ણ સરખા વર્ણવાળા અશ્વ, સુવર્ણના રથમાં બેઠેલા ધર્મજ્ઞ સૈન્યના મધ્યમાં રહેલા રાજશ્રેષ્ઠ યુધિષ્ઠિરની પાછળ ચાલતા હતા. નાના પ્રકારના વર્ણવાળા બીજા પણ કેટલાક શોભન કાંતિવાળા દેવ સરખા ઘણાક અશ્વ, યુદ્ધ વાસ્તે દ્રોણ સામે આવતા હતા. હે રાજેંદ્ર! સુવર્ણની ધ્વજાવાળા ભીમસેન સહિત દ્રોણ સામે આવતા કેટલાક સત્ત્વવાન યોદ્ધાઓ, ઇન્દ્ર સહિત દેવતાઓ જેવા દેખાતા હતા, તે સર્વને અતિક્રમણ કરી આગળ ઉભેલા ધૃષ્ટદ્યુમ્ન શોભતા હતા. સર્વ સૈન્યને અતિક્રમણ કરતો તે દ્રોણાચાર્ય સામે, અતિશય શોભતા હતા. હે મહારાજ! તે સમયે દ્રોણાચાર્યનો કૃષ્ણાજીન યુક્ત કમંડળના ચિન્હવાળો સુવર્ણમય સુંદર ધ્વજ પણ અત્યંત શોભતો હતો. ભીમસેનના વૈડૂર્યમણિથી શોભિતા મોટા સિંહના ચિન્હવાળા સુંદર ધ્વજને જોયો. કુરુકુળના રાજા પાંડુપુત્ર મહા પરાક્રમી યુધિષ્ઠિરનો સુવર્ણમય ગ્રહગણ સહિત ચંદ્રલાંછિત ધ્વજ, અત્યંત શોભતો હતો. વિસ્તીર્ણ યંત્રે યુક્ત ઉત્તમ શબ્દવાળા, દર્પ વધારનાર દિવ્ય એવા નંદ તથા ઉપનંદ નામના બે મૃદંગ પણ શોભતા હતા. નકુળના રથ વિષે રહેલા શરભના ચિન્હવાળા, સુવર્ણમય, અતિ ઉગ્ર તથા ભયંકર મોટા ધ્વજને અમે જોતા હતા. સહદેવના રથ વિષે શત્રુઓને શોક વધારનાર કોઇથી સહન થાય નહિ એવો હંસલાંછિત ઘંટાયુક્ત પતાકાવાળો ધ્વજ શોભતો હતો. દ્રૌપદી પાંચ પુત્રના ધ્વજ, ધર્મ, વાયુ, ઇન્દ્ર તથા મહાત્મા અશ્વિનીકુમારના ચિન્હથી અત્યંત શોભતા હતા. હે રાજન્! અર્જુનકુમાર અભિમન્યુનો શાર્ઙ્ગપક્ષીના ચિન્હવાળો સુવર્ણથી ઉજ્વળ ઉત્તમ ધ્વજ રથપર અત્યંત શોભતો હતો. હે રાજેંદ્ર! ઘટોત્કચના ધ્વજવિષે ગૃધ્રપક્ષી શોભતો હતો, અને તેના અશ્વ પણ પૂર્વે જેવા રાવણના અશ્વ હતા તેવા ઇચ્છા પ્રમાણે ગતિ કરનાર હતા. હે નૃપ! ધર્મરાજનું દિવ્ય એવું માહેંદ્ર, ભીમસેનનું વાયવ્ય, ત્રૈલોક્યની રક્ષા વાસ્તે બ્રહ્માએ સૃજેલું અજર તથા દિવ્ય ધનુષ અર્જુનનું, નકુળનું વૈષ્ણવ, સહદેવનું અશ્વિજ, ઘટોત્કચનું દિવ્ય એવું ભયંકર પૌલસ્ત્ય, હે ભારત! રૌદ્ર આગ્નેય, કૌબેર, યામ્ય તથા ગિરીશ નામનાં પાંચ ધનુષરત્ન પાંચ દ્રૌપદી પુત્રોનાં, રૌદ્ર નામનું શ્રેષ્ઠ ધનુષ રોહિણીપુત્ર બળરામને પ્રાપ્ત થયું હતું, ને તેણે પ્રસન્ન થઇ મહાત્મા સુભદ્રાપુત્ર અભિમન્યુને આપ્યું છે; એટલા એ અને બીજા પણ સુવર્ણથી શોભિતા ઘણાક શત્રુઓને શોક વધારનાર શૂરવીરોના ધ્વજ ત્યાં દેખાતા હતા. ધ્વજાએ કરી અત્યંત વ્યાપ્ત કરનાર, કુત્સિત પુરૂષથી સેવન થઇ શકે નહિ એવું ને, દ્રોણસૈન્ય પટમાં લખેલા ચિત્ર સરખું શોભતું હતું. તે વખતે હે રાજન્! સંગ્રામમાં દ્રોણ સામે દોડતા શૂરવીરોના સ્વયંવરની પેઠે નામ તથા ગોત્ર સંભળાતાં હતાં.

शुशुभुर्नामगोत्राणि वीराणां संयुगे तदा ।
द्रोणमाद्रवतां राजन् स्वयंवर इवाहवे ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि हयध्वजादिकथने गुर्जरभाषायां त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥

અધ્યાય ૨૪ મો. ધૃતરાષ્ટ્રનો પુત્રો માટે શોક.

धृतराष्ट्र उवाच—व्यथयेयुरिमे सेनां देवानामपि संजय ।
आहवे येऽभ्यवर्तन्त वृकोदरमुखान्नृपाः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! સંગ્રામમાં ભીમસેનાદિક રાજાઓ દ્રોણ સામે આવ્યા. તે દેવતાની સેનાને પણ વ્યથા પમાડે એમાં સંશય નહિ. અદૃષ્ટે કરી બંધાયલો પુરૂષ જરૂર ઉત્પન્ન થાય છે. દિષ્ટચર્મમાંજ સર્વ અર્થ જુદા જુદા દેખાય છે. જો કે યુધિષ્ઠિર રાજા, કોઇ ન જાણે તે રીતે જટા તથા મૃગચર્મ ધારણ કરી ઘણા કાળસુધી અરણ્યમાં વિહાર કરતા હતા, તે જ યુધિષ્ઠિર, સંગ્રામમાં મોટી સેનાને આજ્ઞા કરે છે, ને પણ દૈવસંયોગથી અને મારા પુત્રને જે રાજ્ય મળ્યુ હતુ તે પણ દૈવયોગથી એમા સંશય નહિ; કારણ કે નિશ્ચય પુરૂષ ભાગ્ય સાથેજ ઉત્પન્ન થાય છે, તેથી તે તેને આકર્ષણ કરે છે; પણ પોતે જેમ ઇચ્છા કરે તેમ થતું નથી. આ યુધિષ્ઠિર રાજા દ્યૂતથી વ્યસનને પ્રાપ્ત થઇ અત્યંત કલેશને પ્રાપ્ત થયો હતો. તે જ આ વખતે ભાગ્યયોગે સહાયોને પ્રાપ્ત થયો છે. હે સંજય ! મંદ બુદ્ધિવાળો દુર્યોધન પૂર્વે મને કહેતો હતો કે, હે તાત ! કેકય, કાશિકા, કોસળ, ચેદિયો તથા વંગો પણ મારી તરફ આવ્યા છે, માટે સમગ્ર પૃથ્વી જેમ મને ભજે છે તેમ પાર્થને ભજતી નથી, તથાપિ આ વખતે તેની સેના સમૂહના મધ્યમા રહેલા સારી રીતે ચોતરફથી રક્ષણ કરેલા દ્રોણને સંગ્રામમાં પાર્ષિત એવા ધૃષ્ટદ્યુમ્ને પાડયા એનું કારણ ભાગ્ય વિના બીજું શું કહી શકાય ? ભાગ્યજ. પણ હે સંજય ! મને એક આશ્ચર્ય થાય છે કે, રાજાઓના મધ્યમાં રહેલા નિરંતર યુદ્ધથી આનંદ પામનાર, સર્વાસ્ત્રમાં પારંગત એવા મહાબાહુ દ્રોણ મૃત્યુ કેમ પામ્યા ? હે સંજય ! ભીષ્મ તથા દ્રોણને હણાયા સાંભળી કષ્ટ તથા અત્યંત મોહને પ્રાપ્ત થયેલો હું હવે જીવવાનો ઉત્સાહ નથી રાખતો. હે સંજય ! પૂર્વે પુત્રવિષે પ્રીતિ ધરનાર મને જોઇ વિદુરે કહ્યું હતું તે દુર્યોધન સહિત મને પ્રાપ્ત થયું, પણ હવે જો દુર્યોધનનો ત્યાગ કરી બાકીના પુત્રોનો બચાવ ઇચ્છું તો સમગ્રનું મરણ ન થાય તથાપિ તે અત્યંત નૃશંસ કર્મ કહેવાય. હું તે કેમ કરૂં ? તેમ જે પુરૂષ ધર્મનો ત્યાગ કરી કેવળ સ્વાર્થમાં તત્પર થાય તે આલોકથી ભ્રષ્ટ થઇ ક્ષુદ્રપણાને પ્રાપ્ત થાય છે હે સંજય ! મુખ્ય પુરૂષોનું મર્દન થવાથી હવે ઉત્સાહ રહિત આ દેશના શેષને હું જોતો નથી. પુરૂષમાં શ્રેષ્ઠ, ક્ષમાવાન જે વડે કરી આપણે નિરંતર જીવીએ છીએ તે બે મુખ્ય પુરૂષ જવાથી હવે શું બાકી રહેલું છે ? હવે તો હે સંજય ! કેવી રીતે યુદ્ધ પ્રવર્ત્તમાન થયું, કયા યોદ્ધા યુદ્ધ કરતા હતા, અને કયા ક્ષુદ્ર પુરૂષો બીકથી નાસતા હતા તે બધું યથાર્થ મને કહે ! રથિમાં શ્રેષ્ઠ અર્જુને શું પરાક્રમ કર્યું ? તે પણ મને કહે, કારણ કે તેનાથી તથા તેના ભાઇ ભીમસેન થકી હમેશ મોટો ભય મને

રહે છે. હે સંજય ! પાંડવ તરફના યોદ્ધાઓ સંગ્રામમાં દ્રોણ સામે આવ્યા પછી બાકી રહેલા મારા સૈન્યનો અત્યંત દારુણ પ્રહાર જે રીતે થયો હોય તે રીતે મને કહે. તેઓ આવ્યા તે વખતે તમારા મનને કેવું થયું અને મારી તરફના ક્યા શૂરવીરોએ કોને વારી રાખ્યા, તે પણ મને કહે?

कथं च वो मनस्तात निवृत्तेष्वभवत्तदा ।
मामकानां च ये शूराः केकांस्तत्र्यवारयन् ।

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायां चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥

અધ્યાય ૨૫ મો. પાંડવોએ કરેલો ઉપમર્દ.

संजय उवाच—महद्भैरवमासीन्नः सन्निवृत्तेषु पांडुषु ।
दृष्ट्वा द्रोणं छाद्यमानंभास्करमिवांबुदैः ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! જે વખતે પાંડવ પાછા ફરી આવ્યા તે વખતે મેઘે ઢાંકેલા સૂર્યની પેઠે તેમણે ઢાંકી દીધેલા દ્રોણને જોઇ અમને મોટો ભય ઉત્પન્ન થયો, અને તેથી કરી ઉડેલી તીવ્ર રજે કરી તમારી સેના ઢંકાઇ જવાને લીધે દૃષ્ટિપંથ હણવાથી દ્રોણ હણાયા એમ અમે માનવા લાગ્યા. ક્રૂરકર્મ કરવા ઇચ્છતા મોટા ધનુષવાળા તે શૂરવીરોને જોઇ દુર્યોધને પોતાના સૈન્યને આજ્ઞા કરી કે, હે રાજાઓ ! શક્તિ, ઉત્સાહ તથા બળ પ્રમાણે યુક્તિથી પાંડવની સેનાને વારો. દુર્યોધનનાં વચન સાંભળી સમીપ ઉભેલા ભીમસેનને જોઈ તેના જીવિતને હરણ કરવા ઇચ્છતો તમારો પુત્ર દુર્મર્ષણ બાણનો વરસાદ કરતો તેની સામે જઇ ક્રોધાયમાન થયેલા મૃત્યુની પેઠે બાણે કરી તેને મારવા લાગ્યો. તે વખતે ભીમસેન પણ બાણે કરી તેને પીડવા લાગ્યો; વળી ઇશ્વરે પ્રેરેલા પ્રાજ્ઞ, શૂરવીર તથા પ્રહાર કરનાર તે રાજાઓ રાજ્ય તથા મૃત્યુ ભયનો ત્યાગ કરી યુદ્ધમાં શત્રુઓ સામે ઉભા રહ્યા. હે વિશાંપતે ! દ્રોણને ગ્રહણ કરવા ઇચ્છતા સંગ્રામમાં શોભિતા શિનીપૌત્ર શૂરવીર સાત્યકિને કૃતવર્માએ વારી રાખ્યો. ક્રોધાયમાન થયેલા સાત્યકિએ બાણના સમુદાયથી સામો તેને પણ વારી રાખ્યો. વળી મદોન્મત્ત હસ્તિ મદોન્મત્ત હસ્તિને વારે તેમ કૃતવર્માએ તેને વાર્યો. દ્રોણ સામે આવતા મોટા ધનુષવાળા ક્ષત્રવર્માને ઉગ્ર ધનુષ-વાળા સિંધુદેશના રાજા જયદ્રથે તીક્ષ્ણ બાણે કરી વારી રાખ્યો. ક્ષત્રવર્માએ સિંધુપતિનાં ધ્વજ, તથા ધનુષ કાપી ક્રોધથી દશ બાણે કરી સર્વ મર્મસ્થાનમાં તેને વિંધ્યો. બાણ નાંખવામાં ચતુર સિંધુ રાજાએ પણ બીજું ધનુષ ગ્રહણ કરી સંગ્રામમાં લોહમય બાણે કરી ક્ષત્રવર્માને વિંધ્યો. પાંડવ વાસ્તે યત્નથી દ્રોણ સામે આવતા ભરતકુળમાં ઉત્પન્ન થયેલા શૂરવીર, મહારથિ યુયુત્સુને સાવધાન થયેલા સુબાહુએ વારી રાખ્યો. યુયુત્સુએ કૃષ્ણ તથા પીતવર્ણવાળાં બે ક્ષુર બાણે કરી બાણ ફેંકતા સુબાહુના ધનુષ બાણ સહિત બેઉ હાથ કાપી નાંખ્યા. પાંડવમાં શ્રેષ્ઠ ધર્માત્મા યુધિષ્ઠિર રાજાને, ક્ષોભ પામેલા, સમુદ્રને કિનારો વારે તેમ, મદ્રાધિપતિ શલ્યે વારી રાખ્યા. તેની ઉપર ધર્મરાજાએ મર્મ ભેદનાર ઘણાંક બાણ નાંખ્યાં. મદ્રાધિપતિએ

પણ ચોસઠ બાણુથી તેમને વિંધી સિંહનાદ કર્યો, વળી પાંડુપુત્ર યુધિષ્ઠિરે સિંહનાદ કરતા તેનાં ધ્વજ તથા ધનુષ ક્ષુર નામના બે બાણથી કાપી નાંખ્યાં. તે વખતે મનુષ્યો ઉંચે સ્વરે પોકાર કરવા લાગ્યા. તેમજ સૈન્ય સહિત બાહ્લિક રાજાઓ, સૈન્ય સહિત દ્રોણુ સામે આવતા દ્રુપદ રાજાને બાણુ કરી વારી રાખ્યો. તે વખતે સેના સહિત પરસ્પર સામે આવેલા તે બેઉ વૃદ્ધનું મોટા યૂથપતિ મદ ઝરતા બે હસ્તિયોના જેવું ભયંકર યુદ્ધ થયું. પૂર્વે ઇન્દ્રે તથા અગ્નિએ જેમ બલિરાજાને વાર્યો હતો તેમ સૈન્ય સહિત અવન્તિપુરીના, વિંદ તથા અનુવિંદે સૈન્ય સહિત મત્સ્ય દેશના વિરાટ રાજાને વારી રાખ્યો. મત્સ્યના યોદ્ધાઓને કેકય સાથે દેવાસુર યુદ્ધ સરખું, ભય સહિત છે અશ્વ, રથ તથા હસ્તિ જેમાં એવું અતિ આકુળ યુદ્ધ થયું. બાણુ સમુદાયને ફેંકતા દ્રોણુ સામે જતા નકુળ પુત્ર શતાનીકને સભાપતિ શ્રુતકર્માએ વારી રાખ્યો. તેટલામાં નકુળ પુત્ર અત્યંત તીક્ષ્ણ કરેલા ભલ્લ નામનાં ત્રણ બાણે કરી સંગ્રામ વિષે શ્રુતકર્માને બાહુ તથા મસ્તક રહિત કર્યો. બાણુના સમૂહ નાખતા દ્રોણ સામે આવતા પરાક્રમી તથા શૂરવીર સુતસોમને વિવિંશતિએ વારી રાખ્યો. અત્યંત ક્રોધાયમાન થયેલા સુતસોમે સરળ ગતિવાળાં બાણુ કરી બળવાન વિવિંશતિને ભેદી સકવચ તે સામે ઉભો રહ્યો નહિ. ભીમરથે તીક્ષ્ણ કંક લોહમય છ બાણે કરી અશ્વ તથા સારથિ સહિત શાલ્વને યમલોકમાં મોકલી દીધા. હે મહારાજ! મયૂર સરખા અશ્વ જોડેલા રથે કરી સામે આવતા તમારા પૌત્ર શ્રુતકર્માને તમારા ચૈત્રસેનિ પૌત્રે વારી રાખ્યો. દુઃખથી સહન થાય નહિ એવા, પરસ્પર વધને ઇચ્છતા તે બેઉ તમારા પૌત્ર વડિલોના અર્થ સિદ્ધ થવાને ઉત્તમ યુદ્ધ કરતા હતા. મહા સંગ્રામમાં દ્રોણની આગળ ઉભેલા પ્રતિવિંધ્યને જોઇ તેના માન આપતા અશ્વત્થામાએ બાણુથી એને વારી નાંખ્યો. પ્રતિવિંધ્યે તીક્ષ્ણ બાણુ કરી તેના રથને ઉભેલા સિંહલાંગુલ ચિન્હને કોપાયમાન થયેલા તેને વિંધ્યો. હે નરપતિ! તેટલામાં બીજ વાવવા વખતે જાણે બીજ વાવતા હોય તેની પેઠે દ્રૌપદી પુત્રોએ અશ્વત્થામા ઉપર બાણુનો વરસાદ કર્યો. દ્રોણુ સામા જતા અર્જુન પુત્ર મહારથી દ્રૌપદેય શ્રુતકીર્તિને દુઃશાસનના પુત્રે વારી રાખ્યો. અર્જુન સરખો તે અર્જુન પુત્ર અત્યંત તીક્ષ્ણ કરેલા ભલ્લ નામનાં ત્રણ બાણે કરી તેનાં ધનુષ, ધ્વજ, તથા સારથિને છેદી દ્રોણુ સામે ગયો. હે રાજન્! જે બેઉ સેનાવિષે અત્યંત શૂર મનાય છે. પટચ્ચર નામના અસુરને હણનાર સમુદ્રપ્રિયને લક્ષ્મણે વારી રાખ્યો. હે ભારત! લક્ષ્મણનાં ધનુષ તથા ધ્વજ ચિન્હ છેદી તેના ઉપર બાણુનો વરસાદ કરતો હતો. સંગ્રામમાં દ્રોણુ સામે આવતા યાજ્ઞસેનિ યુવાવસ્થાવાળા શિખંડિ મહા પ્રાજ્ઞ યુવાવસ્થાવાન વિકર્ણે વારી રાખ્યો. તે વખતે શિખંડિએ બાણુના સમુદાયથી તેને ઢાંકી દીધો. બાણુ સમુદાયનો નાશ કરી બળવાન તમારો પુત્ર શોભતો હતો. દ્રોણુ સામે જતા શૂરવીર ઉત્તમૌજાને સંગ્રામમાં બાણુના સમુદાયથી અંગદે વારી રાખ્યો તે વખતે પુરૂષમાં સિંહરૂપ એવા તે બેઉનો સર્વ સૈનિકોને પ્રીતિ વધારનાર અત્યંત ભયંકર પ્રહાર ચાલતો હતો. દ્રોણુ સામે જતા શૂરવીર પુરૂજીતને મોટા ધનુષવાળા બળવાન દુર્મુખે વત્સદંત નામના બાણથી વારી રાખ્યો. તે સમયે તેણે નારાચ નામના બાણે કરી દુર્મુખની ભ્રકુટિનો મધ્ય ભાગ વિંધ્યો. તેણે કરી તેનું મુખ, નાળ સહિત કમળ સરખું શોભતું હતું. દ્રોણુ સામે જતા લાલ ધ્વજાવાળા પાંચ ભાઇ કેકયને બાણુના વરસાદથી કર્ણે વારી રાખ્યા અત્યંત સંતપ્ત થયેલા તેમણે બાણુના વરસાદથી એને ઢાંકી દીધો તેણે પણ વારંવાર બાણ સમુદાયથી તેમને ઢાંકી દીધા. પરસ્પર આવતા બાણુના સમુદાયથી ઢંકાઇ જવાને લીધે અશ્વ, સારથિ,

નહીં," એમ વિચાર કરી ઠીક લાગે તો તેનો ઉદ્યમ કરવો, ને ન લાગે તો ન કરવો. જે રાજા હંમેશ 'કિલ્લો મજબૂત છે કે નહીં અને રાજ્યમાં શું વૃદ્ધિ કે ક્ષય છે" તેનો વિચાર કરતો નથી, તેમ "ખજાનો કેટલો છે ને સેના તથા દેશ મને અનુકૂળ છે કે નહીં" એવો પણ વિચાર કરતો નથી, તે રાજા ઘણો વખત રાજ્ય કરી શકતો નથી. પણ એવા વસ્તુઓનો હંમેશ વિચાર કરે તથા ધર્માર્થ જાણવામાં સાવધાન રહે, તે રાજા ઘણો વખત રાજ્ય કરે છે. હવે "આપણને રાજ્ય તો પ્રાપ્ત થયુંજ છે," એમ જાણી અયોગ્ય રીતિથી વર્તવું નહીં, કારણ ઉત્તમ રૂપનો જરા જેમ નાશ કરે છે તેમ અવિનય લક્ષ્મીને હણે છે. ઉત્તમ ખાવાની ચીજથી ઢંકાઇ ગયેલા લોઢાના કાંટાને લોભથી માછલું ગળે છે, પણ પાછળથી થતા બંધનને જોતું નથી, માટે એમ ન કરવું, જે ગળી શકાય તે ગળવું, ને ગળેલું પાછું પાચન થાય અને પાચન થઇને પણ જે હિતરૂપ થાય તે જ સમૃદ્ધિને ઇચ્છતા પુરૂષે ખાવું. જે માણસ વૃક્ષનાં કાચાં ફળ તોડે છે, તેને તે ફળમાંથી રસ પણ નથી મળતો, ને તેનાં બીજપણ ઉપયોગમાં નથી આવતાં. જે કાળે કરી પરિણામને પામેલાં પાકાં ફળ ગ્રહણ કરે છે, તે મનુષ્ય તેના રસને પામે છે, ને પાછો તેના બીજમાંથી ઝાડ ઉભું કરે છે. જેમ ભ્રમર પુષ્પોની રક્ષા કરીનેજ તેમાંથી મકરંદ ગ્રહણ કરે છે, તેમ મનુષ્યો થકી પોતાની મતલબ ગ્રહણ કરવી, પણ હિંસા ન કરવી. બગીચામાં જેમ માળી વૃક્ષોમાંથી ફળફૂલ લઇ લે છે, પણ મૂળ ઉખેડી નથી નાખતો, એટલે હંમેશ ફળફૂલ પામે છે, તેમ રાજાઓએ પણ પોતાની પ્રજા સુખી રહે તે રીતે તેની પાસેથી થોડું થોડું લીધે જવું પણ કોલસા કરનાર જેમ વૃક્ષને મૂળથી ઉખેડી કાષ્ટને બાળી નાખે છે, તેમ ન કરવું. આ કામ કરવાથી શું ફળ થશે, ને ન કરવાથી શું થશે, એવો વિચાર કરી કરવું, ઘટે તો કરવું નહીં તો ન કરવું. જે કામ કદી પોતાથી સાધ્ય થઇ શકે નહીં એવું હોય તેનો તથા મોટાઓ સાથે ન કરવા યોગ્ય વૈરાદિકનો કદી આરંભ કરવો નહીં, કારણ તે તરફ કરેલો પ્રયત્ન ફોકટ જાય છે. જે રાજા પ્રસન્ન થયેથી કોઇનું હિત કરી શકતો નથી, તેમ ક્રોધાવિષ્ટ થયેથી ભૂડું પણ નથી કરી શકતો, તે રાજાને, જેમ નપુંસક પુરૂષને સ્ત્રિયો ઇચ્છે નહીં, તેમ પ્રજા ઇચ્છતી નથી. પંડિત પુરૂષે થોડી મહેનતથી મોટાં ફળ દેનાર કામ તરત આરંભવાં, ને તે નિર્વિઘ્ને પૂરાં કરવાં. જે રાજા ચક્ષુથી જાણે દયા કરતો હોય નહીં તેની પેઠે સર્વને સરખી નજરથી જૂવે છે, તે થોડું બોલનાર રાજાને પ્રજા ખુશી કરે છે. જેમ પુષ્પવાળું પણ ફળ રહિત, ફળવાન પણ માથે લેવાય નહીં એવું, ને પાકેલું નહીં પણ પાકેલા સરખું દેખાતું વૃક્ષ ક્ષય ન પામે, તેમ વાણી તથા ચક્ષુથી અનુગ્રહ દેખાડનાર પણ ધનથી નહીં વધારનાર, ફળની આશા આપનાર પણ વશ થનાર, અને અંદરથી બળ હીન હોય તોપણ બહારથી બળ દેખાડનારા રાજા કદી પણ ક્ષય પામે નહીં. જે રાજા ચક્ષુ, મન, વાણી તથા કર્મથી લોકને પ્રસન્ન કરે, તેની ઉપર લોક પણ બધા પ્રસન્ન થાય. મૃગને મારનારથી મૃગ લોક ત્રાસ પામે, તેમ જે રાજાથી સર્વ પ્રાણિયો ત્રાસ પામે. તે રાજા સમુદ્ર પર્યંત પૃથ્વીના રાજ્યને પ્રાપ્ત થયો હોય, તોપણ તેનું રાજ્ય જતું રહે. પોતાના બાપદાદાના રાજ્યને પોતાના કર્મથી પ્રાપ્ત થયો હોય તોપણ અનીતિ કરવાથી વાદળાંને પ્રાપ્ત થયેલો વાયુ જેમ વાદળાંને વિખેરી દે છે, તેમ પોતાના રાજ્યને હલકું કરી નાખે છે. પૂર્વે સત્પુરૂષોએ [illegible] કરેલા ધર્મને આચરતા રાજાની, ધનથી સંપૂર્ણ પૃથ્વી તથા સમૃદ્ધિ [illegible] જાય છે. જે રાજા ધર્મનો ત્યાગ કરી અધર્માચરણ કરે છે, તે રાજાની પૃથ્વી [illegible]

ધ્વજ તથા રથ સહિત કર્ણ તથા પેલા પાંચ ભાઇ કેકય પણ દેખાતા ન હતા. દ્રોણ સામે જતા નીલ, કાશ્ય તથા જયત્સેન એ ત્રણને દુર્જય, જય તથા વિજય નામના તમારા ત્રણ પુત્રોએ વારી રાખ્યા. તે વખતે પરસ્પર તેમનું એક બાજુએ સિંહ, વ્યાઘ્ર તથા તરક્ષુ અને બીજી બાજુ રીંછ, મહિષ તથા બલિવર્દનું, પરસ્પર જેવું યુદ્ધ થાય તેવું જોનારને પ્રીતિ વધારનાર ભયંકર યુદ્ધ થતું હતું. યુદ્ધમાં દ્રોણ સામે જતા સાત્વતને ક્ષેમધૂર્તિ તથા બૃહંત નામના બે ભાઇઓએ તીક્ષ્ણ બાણે કરી વિંધ્યા. તે વખતે અન્યોન્ય તેમનું બિયાબાન વન વિષે મદ ઝરતા બે મુખ્ય હસ્તિ તથા સિંહનું જેવું પરસ્પર યુદ્ધ થાય તેવું અતિ આશ્ચર્યરૂપ યુદ્ધ થવા માંડયું. યુદ્ધમાં દ્રોણ સામે જતા, યુદ્ધથી આનંદ પામનાર એકલા અંબષ્ટ રાજાને બાણ ફેંકતાં ક્રોધાયમાન થયેલા ચેદિ રાજાએ વારી રાખ્યો, તે સમયે અંબષ્ટ રાજાએ અસ્થિ ભેદનાર શલાકાએ કરી ચેદિરાજને ભેદ્યો. તે બાણ સહિત ધનુષનો ત્યાગ કરી રથ ઉપરથી પૃથ્વી ઉપર પડયો. ક્રોધારક્ત રૂપવાળા દ્રોણ સામે આવતા વાર્ષ્ણેય, વાર્ધક્ષેમિને ઉદાર ચિત્તવાળા શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે ક્ષુરપ નામના બાણે કરી વારી રાખ્યો. તે વખતે, પરસ્પર વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરતા કૃપાચાર્ય તથા વાર્ષ્ણેય વાર્ધક્ષેમિને, જે યોદ્ધાઓ જોતા હતા તે યુદ્ધમાં આસક્ત મનવાળા થઇ બીજી ક્રિયાને ભૂલી જતા હતા. દ્રોણ સામે આવતા સાવધાન મણિમાન રાજાને દ્રોણના યશને વધારનાર સૌમદત્તિએ વારી રાખ્યો. મણિમાન રાજાએ સૌમદત્તિનાં વિચિત્ર પ્રકારનાં ધનુષ, ધ્વજ, પતાકા તથા સારથિને પાડી છત્ર પણ રથપરથી પાડી નાખ્યું. તે વખતે યૂપાધ્વજવાળો શત્રુને હણનાર સૌમદત્તિ રથમાંથી નીચે કૂદી પડી તીક્ષ્ણ ખડ્ગથી અશ્વ, સારથિ, ધ્વજ તથા રથ સહિત તેને મારી પાછો પોતાના રથમાં બેસી બીજું ધનુષ લેઈ ઘોડાઓને નિયમમાં રાખતો પાંડવની સેનાને મારવા લાગ્યો. અસુર પ્રત્યે આવતા ઇન્દ્રની પેઠે દ્રોણ પ્રત્યે આવતા, દુઃખે કરી જીતી શકાય નહિ એવા પાંડય રાજાને સમર્થ વૃષસેને બાણના ઓઘથી વારી રાખ્યો. ગદા, ભાલા, ખડ્ગ, પટા, લાકડીઓ, પાષાણ દંડ, અગ્ન્યસ્ત્ર, સાંગ, ગુરંજ, બાણ, મુસળ, મોદાલી, ચક્ર, ગોફણ, ફરસી, રજ, વાયુ, અગ્નિ, સલિલ, ભસ્મ, લોષ્ઠ, તૃણ તથા દ્રુમે કરી સેનાને વ્યથા પમાડતો, ખેદ ઉપજાવતો ભાગતો, હણતો, ભગાડતો, ફેંકતો તથા ભય પમાડતો ઘટોત્કચ રાક્ષસ, દ્રોણ સામે આવ્યો. તેને કોપાયમાન થયેલો અલંબુષ રાક્ષસે નાના પ્રકારનાં યુદ્ધ સાધનભૂત શસ્ત્રે કરી મારવા માંડ્યો. તે વખતે રાક્ષસમાં મુખ્ય તે બેઉનું શંબરાસુર તથા ઇન્દ્રના યુદ્ધ જેવું યુદ્ધ થયું. હે રાજન્! એ રીતે તમારા તથા તેમના સંકુલ યુદ્ધમાં રથ, હસ્તિ તથા પાયદળોનાં સેંકડો દ્વંદ્વયુદ્ધ થતાં હતાં. તમારૂં કલ્યાણ થાઓ. દ્રોણને મારવા તથા રક્ષણ કરવા વખતે એકઠા મળેલાઓનો જેવો સંગ્રામ થયો હતો, એવો સંગ્રામ પૂર્વે મેં કદી દીઠો ન હતો, તેમ સાંભળ્યો પણ ન હતો. હે પ્રભો! આ ઘોર આશ્ચર્યરૂપ અને આ રૌદ્ર, એ રીતે કહેવાતા તે સંગ્રામમાં વિસ્તૃત ઘણાંક યુદ્ધ દેખાતાં હતાં.

इदं घोरमिदं चित्रमिदं रौद्रमिति प्रभो ।
तत्र युद्धान्यदृश्यंत प्रततानि बहूनि च ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि द्वंद्वयुद्धे गुर्जरभाषायां पंचविंशोऽध्यायः ॥ २५ ॥

০০০✱০০০

અધ્યાય ૨૬ મો. ભગદત્તનું પરાક્રમ.

धृतराष्ट्र उवाच—तेष्वेवं संनिवृत्तेषु प्रत्युद्यातेषु भागशः ॥
कथं युयुधिरे पार्था मामकाश्च तरस्विनः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! એ રીતે તેઓ વિભાગ પ્રમાણે પાછા ફરી સામે આવ્યા ત્યારે પાંડવ તથા વેગવાન મારી તરફનાઓનું કેવી રીતે યુદ્ધ થયું? હે સંજય! અર્જુને સંશપ્તક સૈન્ય પ્રત્યે શું કર્યું અને સંશપ્તકોએ અર્જુન પ્રતિ શું કર્યું, તે પણ મને કહે? સંજય કહે છે-પાંડવ તરફના યોદ્ધાઓ પાછા ફર્યા અને બેઉ સેનાના યોદ્ધાઓ વિભાગ પ્રમાણે સામે ઉભા રહ્યા તે વખતે તમારા પુત્ર દુર્યોધને હસ્તિ સૈન્ય સહિત ભીમસેન સામે દોડી, હસ્તિ, હસ્તિને તથા બલિવર્દ બલિવર્દને જેમ બોલાવે તેમ યુદ્ધ વાસ્તે તેને બોલાવ્યો. તેણે બોલાવેલો યુદ્ધમાં કુશળ તથા બાહુબળ યુક્ત ભીમસેન, હસ્તિસૈન્ય સામે દોડી તે જ વખતે તે સૈન્યને નારાચ નામનાં બાણે કરી ભેદવા લાગ્યો. વિમુખ તથા મદ રહિત થયેલા ચોતરફ મદ ઝરતા પર્વત સરખા હસ્તિઓને જોઇ પવનનો પુત્ર ભીમ વૃદ્ધિ પામેલો વાયુ જેમ વાદળાંના સમૂહનો નાશ કરે તેમ તે સૈન્યોનો નાશ કરવા લાગ્યો. તે સમયે હસ્તિઓપર બાણ સમૂહ નાંખતો ભીમસેન, સર્વ ભુવન વિષે કિરણોનો વિસ્તાર કરતો, ઉદય પામેલો સૂર્ય શોભે તેમ શોભતો હતો. તેના બાણે કરી વિંધાયલા હસ્તિઓ, આકાશમાં સૂર્યનાં કિરણોએ કરી વ્યાપ્ત થયેલા અનેક મેઘ શોભે તેમ શોભતા હતા. એ પ્રમાણે હસ્તિઓનો નાશ કરતા વાયુપુત્ર ભીમસેનની સામે આવી ક્રોધાયમાન થયેલા દુર્યોધને તીક્ષ્ણ કરેલાં બાણે કરી તેને ભેદ્યો. તેજ ક્ષણે ક્રોધથી રૂધિર સરખા લાલ નેત્રવાળા ભીમસેને દુર્યોધન રાજાને તેના નાશ વાસ્તે તીક્ષ્ણ બાણથી વિંધ્યો. વળી બાણે કરી વિંધાએલા સર્વ અંગવાળા ક્રોધાક્રાંત થયેલા તેને પણ જાણે હસતો હોય નહિ તેની પેઠે સૂર્ય કિરણ સરખા ઉજ્વળ નારાચ નામના બાણે કરી પાંડુપુત્ર ભીમને વિંધ્યો. તે વખતે પાંડુપુત્રે રત્નથી વિચિત્ર પ્રકારના તેના ધ્વજ વિષે રહેલા મણિમય હસ્તિને ભલ્લ નામના એક બાણથી ભેદી બીજા ભલ્લ બાણે કરી તેનું ધનુષ કાપી નાંખ્યું. હે મારિષ!! એ રીતે ભીમસેને પીડિત કરેલા દુર્યોધનને જોઇ ભીમને ક્ષોભ પમાડવાની ઇચ્છાથી હસ્તિ ઉપર બેઠેલો અંગ રાજા તેની સામે આવ્યો. મેઘ સરખા શબ્દવાળા આવતા તે હસ્તિને જોઇ ભીમસેને નારાચ નામના બાણે કરી કુંભસ્થળના મધ્યમાં ઘાયલ કર્યો. તેણે નાંખેલાં નારાચ નામનાં બાણ, તે હસ્તિની કાયાને ભેદી પૃથ્વીમાં પેઠાં અને હસ્તિ પણ વજ્રે હણેલા પર્વતની પેઠે પૃથ્વી ઉપર પડ્યો. તે વખતે હસ્તિ ઉપરથી નીચે પડતા મ્લેચ્છનું મસ્તક બાણ ફેંકનાર ભીમસેને ભલ્લ નામના બાણથી કાપી નાખ્યું. તે શૂરવીર પડ્યો તે જોઇ સંભ્રાંત થયા છે અશ્વ, હસ્તિ તથા રથ જેમાં એવી દુર્યોધનની સેના પાયદળોને મર્દન કરતી ચોતરફ ભાગવા લાગી. પ્રાગજ્યોતિષનો અધિપતિ ભગદત્ત, જે હસ્તિયે કરી ઇન્દ્ર, દૈત્ય તથા દાનવને જીત્યો હતો તેના વંશના હસ્તિ ઉપર બેસી ભીમસેન સામે આવ્યો. તે વખતે નેત્ર ફાડેલા તથા ક્રોધાયમાન થયેલા શ્રેષ્ઠ હસ્તિએ સંકુચિત કરેલી સૂંઢ તથા બે પગે કરી પાંડુપુત્ર ભીમસેનને જાણે મંથન કરતો હોય તેમની સામે દોડી અશ્વ સહિત તેના રથનું ચૂર્ણ કરી નાખ્યું. તે સમયે અંજલિકા વેધવિદ્યા જાણનાર પાંડુપુત્ર ભીમસેન પલાયન ન કરતાં સામે દોડી તેના શરીરમાં લપટાઇ ગયો.

એ રીતે તેના શરીરપર ચોંટી હાથથી વારંવાર તેને મારતાં પોતાને મારવા ઇચ્છતા હસ્તિને અડાવતો હતો. દશ હજાર હસ્તિ સરખા બળવાન ભીમસેનને બોળજો તે હસ્તિ કુંભાર ચક્રની પેઠે ભ્રમ તેમ ગોળ ફરવા લાગ્યો. ભીમસેન પણ તેના શરીરમાંથી બહાર નીકળી સુપ્રતિક નામના હસ્તિની આગળ જઇ ઉભો. તે વખતે હસ્તિ સુંઢથી ભીમસેનને પકડી તેને ડોકમાં વીંટી લેઇ બે ઘુંટણથી તેને પાડી મારવા તૈયાર થયો. વળી મહા બળવાન ભીમસેન તેની શુંઢમાંથી બહાર નીકળી પાછો તે હસ્તિના શરીરપર વિંટાઇ પોતાના પક્ષ તરફના હસ્તિને આવવાની વાટ જોવા લાગ્યો. પછી હસ્તિના શરીરમાંથી નીકળી વેગથી ભાગવા લાગ્યો, એટલામાં હે ધારિષ ! ભીમસેનને હસ્તિએ માર્યો માટે એને ધિક્કાર છે, એ રીતે સર્વ સૈન્યમાં મોટો શબ્દ થવા લાગ્યો. હે રાજન્ ! હસ્તિથી ત્રાસ પામેલી પાંડવની સેના પણ જ્યાં ભીમસેન હતો ત્યાં ગઇ. તે વખતે યુધિષ્ઠિર રાજા ભીમસેન હણાયા એમ જાણી પાંચાલ સહિત પોતે ભગદત્તને ચોતરફથી વારવા લાગ્યા. રથિમાં શ્રેષ્ઠ શત્રુને તપાવનાર બીજા યોદ્ધાઓ પણ હજારો તીક્ષ્ણ બાણ ભગદત્ત ઉપર નાંખવા લાગ્યા. તે વખતે ભગદત્ત બાણોને અંકુશથી નિવારણ કરી હસ્તિથી પાંડવ તથા પંચાલોને મારવા લાગ્યો. સંગ્રામમાં ભગદત્તના આશ્ચર્યરૂપ પરાક્રમને અમે જોતા હતા, એટલામાં દશાર્ણ દેશનો રાજા જલદી મારનાર મદ ઝરતાં હસ્તિ ઉપર બેસી ભગદત્ત સામે આવ્યો. તે વખતે ભયંકર રૂપવાળા તે બેઉ હસ્તિઓનું દ્રુમ સહિત પક્ષવાળા બે પર્વતનું યુદ્ધ થાય તેવું ભયંકર યુદ્ધ થયું; જેમાં ભગદત્તના હસ્તિએ પાછા ફરી દશાર્ણાધિપતિના હસ્તિના પાર્શ્વભાગને ભેદી તેને પાડ્યો. ભગદત્તે પણ સૂર્ય કિરણ સરખા સાત ભાલાએ કરી હસ્તિ ઉપર બેઠેલા શત્રુને હણ્યો. તે વખતે યુધિષ્ઠિર રાજાએ ભગદત્તને વિંધી મોટા રથસૈન્યે કરી ચોતરફથી તેને વિંટી લીધો. તે વખતે ચોતરફથી રથિઓએ વિંટાયેલો હસ્તિ ઉપર વિરાજમાન તે, વનના મધ્યમાં પર્વત વિષે રહેલો પ્રજ્વલિત અગ્નિ શોભે તેમ શોભતો હતો. તેમજ ચોતરફથી બાણ ફેંકતા ઉગ્ર ધનુષવાળા રથિ પુરૂષોના મંડળના મધ્યમાં રહેલો તે હસ્તિ ભ્રાંત થતો હતો. તે વખતે પ્રાગ્જ્યોતિષના અધિપતિ ભગદત્ત રાજાએ તે મોટા હસ્તિને સાત્યકિના રથ સામે મોકલ્યો. હસ્તિએ સાત્યકિના રથને ગ્રહણ કરી વેગથી ફગાવ્યો. સાત્યકિ તો તેમાંથી કૂદી પલાયન કરી ગયો. તેમજ તેનો સારથિ પણ ઘોડાઓને સ્થિર કરી સાત્યકિ પાસે જઇ ઉભો. એટલામાં વળી અવકાશ પામેલો તે હસ્તિ, ઉતાવળો રથ મંડળમાંથી બહાર નીકળી સર્વ રાજાઓને મારવા લાગ્યો. ત્વરિત ગતિ કરનાર તેણે ત્રાસ પમાડેલા રાજાઓ એક હસ્તિના સેંકડો હસ્તિ સરખો માનવા લાગ્યા. એટલામાં તેની ઉપર બેઠેલો ભગદત્ત, ઐરાવત હસ્તિ ઉપર બેઠેલો ઇન્દ્ર જેમ દૈત્યનો નાશ કરે તેમ પાંડવ તરફનાઓને મારવા લાગ્યો. ચોતરફ દ્રોણ તથા પંચાલોના હસ્તિ અને અશ્વનો મોટો ભયંકર શબ્દ થતો હતો. એ રીતે ભગદત્તે પાંડવ તરફનાઓને ચોતરફથી પીડિત કર્યા. તે જોઈ ક્રોધાયમાન થયેલો ભીમસેન પાછો ભગદત્ત સામે આવ્યો. તે વખતે સામે આવતાં તેના વાહનને ભગદત્તના હસ્તિએ શુંઢમાંથી મૂકેલા જળે કરી ત્રાસ પમાડયાં, તેથી તે ભીમસેન સહિત ત્યાંથી પલાયન કરવા લાગ્યો.

તે સમયે રથમાં બેઠેલા કાળ સરખા કૃતિપુત્ર રૂચિપર્વાએ તેની સામે આવી તેની ઉપર બાણોનો વરસાદ કર્યો, એટલામાં સુંદર અંગની સંધિવાળા તે પર્વતપતિએ અંકુશ વગેરેથી પ્રહાર કરી રૂચિપર્વાને યમલોકમાં મોકલી દીધો. તે શૂરવીર પડ્યો તેને જોઇ સુભદ્રાપુત્ર અભિ-

મન્યુ, દ્રૌપદી પુત્ર, ચેકિતાન, ધૃષ્ટકેતુ, તથા યુયુત્સુ એટલા પાંડવો તરફના શૂરવીર ભયંકર સિંહનાદ કરતા ત્યાં આવી હસ્તિને પીડિત કરી તેની ઉપર બાણનો વરસાદ વરસાવવા લાગ્યા. પાની, અંકુશ તથા અંગુઠાએ કરી ભગદત્તે પ્રેરેલા અને સ્તબ્ધ છે કર્ણ તથા નેત્ર જેનાં એવા ઉંચી શુંઢ કરેલા હસ્તિએ બે પગવડે વાહનોને પીડિત કરી યુયુત્સુના સારથિને માર્યો. પછી હે રાજન્ ! યુયુત્સુ રથ ઉપરથી જલદી પલાયન કરી ગયો. પાંડવ તરફના યોદ્ધાઓ ભયંકર શબ્દ કરતા બાણે કરી હસ્તિને મારવા લાગ્યા, તે સમયે તમારો પુત્ર અભિમન્યુ રથમાં ચઢી બેઠો. શત્રુપર બાણ નાંખતો હસ્તિ ઉપર બેઠેલો ભગદત્ત રાજા, ભુવનો વિષે કિરણોનો વિસ્તાર કરતો જેમ સૂર્ય શોભે તેમ શોભતો હતો. હસ્તિ ઉપર બાર બાણ અભિમન્યુએ, દશ યુયુત્સુએ, ત્રણ ત્રણ દ્રૌપદીના પુત્રોએ, તથા ત્રણ બાણ ધૃષ્ટકેતુએ નાંખ્યા. અતિ યત્નથી નાંખેલાં તે બાણે કરી વિંધાયલો હસ્તિ, સૂર્યનાં કિરણોએ કરી મોટો મેઘ શોભે તેમ શોભતો હતો. માવતે શિક્ષા તથા અંકુશે કરી પ્રેરેલો શત્રુના બાણથી પીડિત હસ્તિ સવ્ય તથા દક્ષિણ બાજુથી શત્રુઓને ફેંકવા લાગ્યો. વનમાં ગોવાળ જેમ દંડે કરી પશુગણને વિંટી લે તેમ ભગદત્ત વારંવાર પાંડવ સેનાને વિંટી લેતો હતો. તે સમે જલદી આવ્યો છે સિંચાણો પાસે જેમની એવા કાગડાઓનો જેવો શબ્દ થાય તેવો ભાગતા પાંડવ તરફનાઓનો ભયંકર શબ્દ થતો હતો. હે નૃપશ્રેષ્ઠ ! અંકુશે હણેલો પક્ષવાળા પર્વત સરખો શ્રેષ્ઠ તે હસ્તિ ક્ષોભ પામેલો સમુદ્ર જેમ વ્યાપારી જનોને ભય ઉત્પન્ન કરે તેમ શત્રુઓને અત્યંત ભય ઉત્પન્ન કરતો હતો. ભયથી ભાગતા હસ્તિ, રથ, અશ્વ તથા રાજાઓમાંથી ઉત્પન્ન થયેલો ભયંકર શબ્દ પૃથ્વી, આકાશ, સ્વર્ગ, દિશા તથા વિદિશાઓમાં પણ ફેલાઈ જતો હતો. પૂર્વે સંગ્રામમાં દેવતાઓએ સારી રીતે રક્ષા કરેલી દેવસેનાને વિરોચન દૈત્ય જેમ પીડતો હતો તેમ ભગદત્ત રાજા તે શ્રેષ્ઠ હસ્તિએ કરી શત્રુઓની સેનાને પીડતો હતો. તે વખતે વાયુ અત્યંત વાતો હતો, અને આકાશમાં ઉડતી રજ વારંવાર સૈનિકોને વિંટી લેતી હતી તેથી મનુષ્યો તે હસ્તિને ચોતરફ આવેલા ઘણાક હસ્તિ સરખો માનતા હતા.

भृशं ववौज्वलनसखो वियद्रजः समावृणोन्मुहुरपि चैव सैनिकान् ।
तमेकनागं गणशोयथागजान् समंततो द्रुतमथ मेनिरे जनाः ।

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि भगदत्तयुद्धे गुर्जरभाषायां षड्विंशोऽध्यायः ॥ २६ ॥

અધ્યાય ૨૭ મો. સંશપ્તક હનન.

संजय उवाच—यन्मां पार्थस्य संग्रामे कर्माणि परिपृच्छसि ।
तच्छृणुष्वमहाबाहो पार्थो यदकरोद्रणे ॥ १ ॥

સંજય કહે છે—હે મહાબાહો ! સંગ્રામમાં અર્જુને શું કર્મ કર્યાં, એ રીતે તમે મને પૂછો છો માટે તેણે જે સંગ્રામમાં કર્યું તે હું તમને કહું તે સાંભળો. ભગદત્તે વિવિધ પ્રકારની ક્રિયા કરવા માંડી તેથી ઉત્પન્ન થયેલી રજને જોઈ તથા હસ્તિનો શબ્દ સાંભળી કુંતિપુત્ર અર્જુને

શ્રીકૃષ્ણને કહ્યું કે, હે મધુસૂદન ! પ્રાગ્જ્યોતિષનો અધિપતિ ભગદત્ત રાજા હસ્તિ ઉપર બેસી જલદીથી યુદ્ધ કરવા નીકળેલો છે તેનો આ શબ્દ સંભળાય છે. જે સંગ્રામમાં ઇન્દ્રથી અધિક, હસ્તિ ઉપર બેસવામાં ચતુર તથા હસ્તિ ઉપર બેસી યુદ્ધ કરનારાઓમાં અગ્રેસર છે એવી મારી મતિ છે. તેમજ તેનો હસ્તિ પણ હસ્તિ માત્રમાં શ્રેષ્ઠ અને યુદ્ધમાં બીજો હસ્તિ જેની સામે ઉભો રહી શકે નહિ, સર્વ શસ્ત્રને અતિક્રમણ કરનાર, સંગ્રામમાં પરાક્રમ કરનાર, ખેદ રહિત શસ્ત્રનું વાગવું અને અગ્નિ સ્પર્શને સહન કરનાર છે, માટે તે એકલો આજ સર્વ પાંડવ સૈન્યનો નાશ કરશે. તેમ આપણ એ વિના બીજો કોઇ તેને બાધ કરવા સમર્થ પણ નથી, વાસ્તે જે સ્થાનકે તે પ્રાગ્જ્યોતિષનો અધિપતિ ભગદત્ત છે ત્ય જલદી ચાલો, એટલે અવસ્થા તથા હસ્તિના બળે કરી મદોન્મત્ત તથા અહંકારી એવા એને ઇન્દ્રનો પ્રિય અતિથિ હું કરૂં. અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાન જે સ્થાનકે ભગદત્ત રાજા પાંડવ સેનાને વિદારણ કરતો હતો તે સ્થાનકે જવા લાગ્યો. એ રીતે જતા અર્જુનને દશ હજાર ત્રિગર્તોના મહારથિ તથા પૂર્વે વાસુદેવના ચાર હજાર અનુચર હતા તે મળી ચૌદ હજાર સંશપ્તકોએ પાછળથી બોલાવતાં તને વિંટી લીધો. તે વખતે હે મારિષ ! એક બાજુ ભગદત્ત રાજા સેનાને વિદારણ કરે છે તેને જોઇ અને બીજી બાજુ પાછળથી સંશપ્તકો પોતાને આહ્વાન કરે છે તેને પણ સાંભળી અર્જુનનું હૃદય બે પ્રકારથી દોલાયમાન થયું. તે વખતે પોતે આવી રીતે વિચાર કરવા લાગ્યો કે, આ વખતે શું કરવાથી મારૂં શ્રેય થાય શું ? સંશપ્તક ગણ પ્રતી પાછો વળું, વા યુધિષ્ઠિર પાસે જાઉં ! એમ બુદ્ધિથી વિચાર કરતાં તેની પાછા વળી સંશપ્તકને મારવા વિષે વધારે સ્થિર બુદ્ધિ થઇ. હનુમાન છે ધ્વજ વિષે જેને એવો ઇન્દ્રપુત્ર હજારો રથિઓને મારવા એકલો પોતે પાછો વળ્યો. તે વખતે દુર્યોધન તથા કર્ણ પણ અર્જુનના વધ વાસ્તેજ એક બાજુ ભગદત્તનું યુદ્ધ અને બીજી બાજુ સંશપ્તકનું યુદ્ધ રચાવેલું હતું, તથાપિ પાંડુપુત્ર અર્જુન તો તે દોલાયમાન થએલી બુદ્ધિનો ત્યાગ કરી હજારો સંશપ્તકને મારવા તેની સામે પાછો વળ્યો, તેને જોઇ સંશપ્તકના મહારથિઓએ અર્જુન ઉપર ગ્રંથિ વગરનાં હજારો બાણ નાંખ્યાં. બાણથી ઢંકાઇ જવાને લીધે કુંતિપુત્ર અર્જુન, જનાર્દન કૃષ્ણ, રથના ઘોડાઓ તથા રથ એ કંઇ પણ દેખાતું ન હતું. જનાર્દન ભગવાન ધર્મથી આકુળ થઇ મોહને પ્રાપ્ત થયા તેને જોઈ અર્જુને તેમની ઉપર બ્રહ્માસ્ત્ર નાંખ્યું. સંશપ્તક ગણનાં બાણ પ્રત્યંચા, મોજા તથા ધનુષ સહિત સેંકડો હાથી, ધ્વજ, અશ્વ, સારથિ તથા રથિઓ રણભૂમિ પર પડવા લાગ્યા. તેમજ અર્જુનના બાણથી હણાયલા, દ્રુમ પર્વતના અગ્રભાગ તથા મેઘ સરખી કાયાવાળા હણાયેલા માવત સહિત હસ્તિઓ તથા કેટલાક વિંધાયેલા ઝુલ તથા આભરણવાળા માવત સહિત મરેલા હસ્તિઓ પણ રણભૂમિ વિષે પડતા હતા. તેમજ અર્જુને ભાલાથી કાપેલા યોદ્ધાઓના લાકડી, ભાલા, ખડ્ગ, મોદાલી તથા ફરશી સહિત બાહુ, તથા ઉગતા સૂર્ય, કમળ અને ચંદ્ર સરખા યોદ્ધાઓનાં મસ્તકો પણ પૃથ્વીપર પડતાં હતાં. એ રીતે ક્રોધાયમાન થયેલા અર્જુને શત્રુઓને હણ્યા તે વખતે નાના પ્રકારનાં રૂપવાળાં પ્રાણિઓને ખાનાર પક્ષિઓએ કરી સેના શોભતી હતી. જેમ હસ્તિ કમલિનીને ક્ષોભ પમાડે તેમ સેનાને ક્ષોભ પમાડતા અર્જુનને જોઇ 'સાધુ, સાધુ' એ રીતે પ્રાણિઓ તેની પ્રશંસા કરવા લાગ્યા. ઇન્દ્રના સરખું અર્જુનનું કર્મ જોઇ માધવ ભગવાને પરમ આશ્ચર્ય પામી હાથ જોડી કહ્યું કે—હે પાર્થ ! આજ જે કર્મ સંગ્રામમાં કર્યું તે કર્મ ઇન્દ્ર, યમરાજા તથા કુબેર પણ કરી શકે નહિ, એક કાળાવચ્છિન્ન સંગ્રામમાં હજારો સંશપ્તક મહારથિઓને પડેલા મેં જોયા

એ રીતે સંગ્રામમાં ઉભેલા મચ્છુક સંશપ્તકોને હણી અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, હવે ભગદત્ત સામે રથને હાંકો.

संशप्तकांस्ततो हत्वा भूयिष्ठा ये व्यवस्थिताः ॥
भगदत्ताय याहीति कृष्णं पार्थोऽभ्यनोदयात् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि संशप्तकवधे गुर्जर-भाषायां सप्तविंशोऽध्यायः ॥ २७ ॥

અધ્યાય ૨૮ મો. ભગદત્ત સામે હલ્લો.

संजय उवाच—यियासतस्ततः कृष्णाः पार्थस्याश्वान् मनोजवास् ।
संप्रैषीद्धेमसंछन्नान्द्रोणानीकाय सत्वरन् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ભગદત્ત સામે જવા ઇચ્છતા અર્જુનના સુવર્ણથી શોભિતા મન સરખા વેગવાળા અશ્વને શ્રીકૃષ્ણે જલદી દ્રોણ સૈન્યપ્રત્યે ચલાવ્યા. દ્રોણે તપાવેલા પોતાના ભાઇઓ પ્રત્યે જતા, કુરૂશ્રેષ્ઠને જોઇ તેની સાથે યુદ્ધને ઇચ્છતો સુશર્મા ભાઇઓ સહિત પાછળ આવ્યો. તેને જોઇ ધોળા ઘોડાવાળા અર્જુને, કોઇએ જીતેલ નહિ એવા શ્રીકૃષ્ણને કહ્યું કે, હે અચ્યુત ! ભાઇઓ સહિત સુશર્મા સંગ્રામ વાસ્તે પાછળથી મને બોલાવે છે, તેમ બીજી બાજુ મારા સૈન્યને ભગદત્ત વિદારણ કરે છે, માટે હે મધુસૂદન ! વળી મારૂં મન બે પ્રકારે દોલાયમાન થાય છે, વાસ્તે હાલ શું સંશપ્તકોને મારૂં વા શત્રુઓથી પીડિત થએલા પોતાનાઓની રક્ષા કરૂં ? મારા મતને પણ તમો જાણો છો માટે આ વખતે શું કરવાથી મારૂં સુકૃત થાય તે કહો. અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાને જ્યાંથી ત્રિગર્તાધિપતિ સુશર્મા, પાંડુપુત્ર તેને યુદ્ધ વાસ્તે બોલાવતો હતો, તે માર્ગે પાછો રથને ચલાવ્યો. અર્જુને સાત બાણે કરી સુશર્માને વિંધી ક્ષુર નામનાં બે બાણે કરી એનો ધ્વજ તથા ધનુષ પણ કાપી બીજાં છ બાણે કરી ત્રિગર્તાધિપતિના ભાઇને અશ્વ તથા સારથિ સહિત જલદી યમલોકમાં મોકલી દીધો. તે સમયે સુશર્માએ સર્પ સરખી લોહમય શક્તિ અર્જુન ઉપર તથા વાસુદેવ ઉપર નાંખી. તે વખતે ત્રણથી શક્તિને તથા ત્રણ બાણથી તોમરને છેદી બાણ સમુદાયથી સુશર્માને મોહ પમાડી અર્જુન ત્યાંથી પાછો વળ્યો. હે રાજન્ ! ઇન્દ્રની પેઠે બાણના ઓઘ નાંખતા આવતા ઉગ્ર અર્જુનને તમારા સૈન્યમાંથી કોઇપણ વારી શક્યો નહિ. અર્જુન, અગ્નિ જેમ સુકા ઘાસના સમુદાયને બાળે તેમ બાણે કરી કૌરવ તરફના સર્વ મહારથિઓને હણતાં સમીપ આવ્યો. તે સમે બુદ્ધિમાન કુંતિપુત્રના અસહ્ય વેગને જેમ અગ્નિના સ્પર્શને પ્રજા સહન કરી શકે નહિ તેમ તમારી તરફના સહન કરી શક્યા નહિ. હે રાજન્ ! એ રીતે બાણના વરસાદથી સૈન્યોને વિંટતાં પાંડુપુત્રે ગરૂડના પડવાની પેઠે ભગદત્ત ભણી આવી જે ધનુષ ગ્રહણ કર્યું તે નિષ્પાપ એવા ભરતોનું કલ્યાણ કરનાર અને શત્રુઓને આંસુ વધારનાર હતું. પણ દ્યૂત રમનાર તમારા પુત્રનિમિત્ત ક્ષત્રિયોનો નાશ કરનાર થયું હે મહારાજ ! એ રીતે આવી, અર્જુને ક્ષોભ પમાડેલી તમારી સેના, સમુદ્ર ઉપર

પર્વતને પ્રાપ્ત થઈ જેમ નાવ વિખરાય તેમ વિખરાવા લાગી. તેમાંથી ધનુષ ધરનાર તથા જય પરાજય વિષે ભય રહિત હૃદયવાળા શૂરવીર દશહજાર મહારથિઓએ ક્રૂર મતિ કરી સંગ્રામમાં અર્જુનને વિંટી લીધો. તે સમયે સર્વ ભાર સહન કરનાર મોટા ભારને પ્રાપ્ત થયેલો અર્જુન, ક્રોધાયમાન થયેલો મદ ઝરતો સાઠ વરસનો હસ્તિ, નલ નામના તૃણ વનને દહન કરે તેમ તમારી સેનાને મર્દન કરવા લાગ્યો. એ રીતે અર્જુને સૈન્યનું મંથન કર્યું. તે જોઇ ભગદત્ત રાજા હસ્તિએ કરી તત્કાળ અર્જુન સામે દોડ્યો. પુરૂષમાં સિંહરૂપ અર્જુન પણ રથે કરી તેની સામે આવ્યો. તે સમે રથ તથા હસ્તિનો ભયંકર સંગ્રામ થયો. શાસ્ત્ર પ્રમાણે કલ્પેલા રથ તથા હસ્તિએ કરી થતા તે સંગ્રામમાં શૂરવીર એવા ભગદત્ત તથા અર્જુન બેઉ પરસ્પર વિચરતા હતા. મેઘ સરખા તે હસ્તિ થકી સમર્થ ઇન્દ્રની પેઠે ભગદત્તે અર્જુન ઉપર બાણનો વરસાદ કર્યો. તે સમયે પરાક્રમી ઇન્દ્રપુત્ર અર્જુને પોતાના સામે આવતા બાણના વરસાદને, પ્રાપ્ત થયાથી અગાઉજ બાણ વરસાદે કરી કાપી નાંખ્યો. ત્યાર પછી, હે મારિષ! પ્રાગ્જ્યોતિષ રાજાએ તેની બાણ વૃષ્ટિને વારી રાખી, બાણે કરી મહાબાહુ પાર્થ તથા કૃષ્ણને વિંધી વળી મોટા બાણ સમૂહથી તે બેઉને ઢાંકી તેમના નાશ વાસ્તે પોતાના હસ્તિને તેમની સામે દોડાવ્યો. ક્રોધાયમાન થયેલા કાળ સરખા તે હસ્તિને જોઇ રથ હાંકવામાં ચતુર જનાર્દન ભગવાને રથને તેની જમણી બાજુ કર્યો. તે વખતે પાછો ફરેલો મોટો હસ્તિ સામે થયો તોપણ ભગદત્ત સહિત તેને મૃત્યુને આધીન કરવા સારૂ ધર્મને યાદ કરતા અર્જુને તેને મારવાની ઇચ્છા ન કરી. હે મારિષ! તે સમયે હસ્તિએ હસ્તિ, રથ તથા ઘોડાઓને મર્દન કરી તેમને મૃત્યુલોકમાં મોકલી આપ્યા, તેથી અર્જુન ક્રોધાક્રાંત થયો.

स तु नागोद्विपरथान् हयांश्चामृद्य मारिष ।
प्राहिणोन्मृत्युलोकाय ततः क्रुद्धो धनंजयः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि भगदत्तयुद्धे गुर्जरभाषायामष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯ મો. અર્જુને કરેલો ભગદત્ત વધ.

धृतराष्ट्र उवाच—तथा क्रुद्धः किमकरोद्भगदत्तस्य पांडवः ॥
प्राग्ज्योतिषो वा पार्थस्य तन्मे शंस यथातथं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! તે રીતે ક્રોધાક્રાંત થયેલા પાંડુપુત્ર અર્જુને ભગદત્તને શું કર્યું તથા પ્રાગ્જ્યોતિષે અર્જુનને શું કર્યું તે યથાર્થ મને કહે? સંજય કહે છે—પ્રાગ્જ્યોતિષની સમીપે આવી તેની સાથે યુદ્ધ કરતા શ્રીકૃષ્ણ તથા પાંડુપુત્ર અર્જુનને સર્વ પ્રાણિઓ આ બેઉ, જાણે મૃત્યુની દાઢ પાસે પ્રાપ્ત થયા છે એમ માનવા લાગ્યા. તેટલામાં હસ્તિના સ્કંધ ઉપર બેઠેલા ભગદત્તે, રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ તથા અર્જુન ઉપર બાણનો વરસાદ કરી વળી શીલા ઉપર તીક્ષ્ણ કરેલા પૂર્ણ ધનુષમાંથી નીકળેલા લોહમય બાણે કરી દેવકી પુત્રને વિંધ્યા. ભગદત્તના મૂકેલાં અગ્નિસ્પર્શ સરખાં, પીંછ બાંધેલાં બાણ, દેવકી પુત્રને ભેદી પૃથ્વીમાં

ગર્યાં. અર્જુન તેનું ધનુષ કાપી પરિવારને હણી ભગદત્તને લડાવતા હોય નહિ જાણે, તેમ તેને યુદ્ધ કરાવવા લાગ્યા. તે વખતે ભગદત્તે સૂર્યકિરણ સરખા તીક્ષ્ણ ચૌદ ભાલા અર્જુન ઉપર નાંખ્યા. તે એક એકના અર્જુને બે બે કડકા કર્યા. ત્યાર પછી વળી ઇન્દ્રપુત્ર અર્જુને મોટા બાણ સમુદાયથી હસ્તિનું કવચ ભેદ્યું. તે વિખરાઇ પૃથ્વી ઉપર પડી ગયું, તે સમે વિખરાઇ ગયેલા કવચવાળો બાણે કરી અત્યંત પીડિત થયેલો હસ્તિ, અંધારાથી વ્યાપ્ત વાદળ વગરનો મોટો પર્વત શોભે તેમ શોભતો હતો તે વખતે પ્રાગ્જ્યોતિષના અધિપતિ ભગદત્તે, સુવર્ણના દાંડાવાળી લોહમય શક્તિ વાસુદેવ ઉપર નાંખી. તેના તે જ સમયે બે કડકા કરી હાસ્ય કરતા અર્જુને એ રાજાનાં છત્ર તથા ધ્વજ કાપી દશ બાણે કરી જલદી પર્વતના પતિ તેને પણ વીંધ્યો. એ રીતે સુંદર પુંખવાળાં ગૃધ્રનાં પિંછ બાંધેલાં બાણવડે અર્જુને વિંધેલા ક્રોધાવિષ્ટ ભગદત્ત રાજાએ શ્વેત ઘોડાવાળા અર્જુનના મસ્તક વિષે ભાલાથી ફરી ગયેલા મુકુટને સાગો રાખી પાંડુપુત્ર અર્જુને તેને કહ્યું કે, હવે લોકને સારી રીતે તું જોઈ લે. એવાં તેનાં વચન સાંભળી અત્યંત ક્રોધાવિષ્ટ થયેલા ભગદત્તે સુંદર ધનુષ ગ્રહણ કરી ગોવિંદ સહિત અર્જુન ઉપર બાણનો વરસાદ કર્યો. અર્જુને પણ તેનું ધનુષ તથા બાણ નાંખવાના ભાથાઓને કાપી જલદી બોતેર બાણે કરી સર્વ મર્મસ્થાનમાં તેને વિંધ્યો. એ રીતે વિંધાવાથી અત્યંત વ્યથા પામવાને લીધે ક્રોધાવિષ્ટ થયેલા તેણે, અંકુશને અભિમંત્રણ કરી અર્જુનના વક્ષઃસ્થળમાં વૈષ્ણવાસ્ત્ર નાંખ્યું. સર્વનો ઘાત કરનાર ભગદત્તે નાંખેલા અસ્ત્રને, અર્જુનને આચ્છાદન કરી કેશવ ભગવાને પોતાના વક્ષઃસ્થળમાં ગ્રહણ કર્યું. તે અસ્ત્ર કેશવ ભગવાનના વક્ષઃસ્થળમાં વૈજયન્તીમાળા થઇ ગયું. કમળના કોશથી વિચિત્ર પ્રકારની, સુગંધિ પુષ્પ યુક્ત, અગ્નિ, સૂર્ય તથા ચંદ્ર સરખા વર્ણવાળી, ઉજ્જવળ પત્રથી શોભિતી, કમળપત્રથી મનોહર, તથા વાયુએ ચલાયમાન કરેલા પત્રવાળી તે માળાએ કરી અશોલિઆના પુષ્પ સરખા ઘનશ્યામ મૂર્તિ ભગવાન અત્યંત શોભવા લાગ્યા. તે વખતે ગ્લાનિયુક્ત થયું છે મન જેનું એવા અર્જુને કેશવ ભગવાનને કહ્યું કે, હે અનઘ ! હે પુંડરીકાક્ષ ! યુદ્ધ ન કરતાં હું કેવળ ઘોડાઓને હાંકીશ, એમ કહી કરેલી પોતાની પ્રતિજ્ઞાને હાલ પાળતા નથી. પણ કદાચ હું દુઃખિત વા તેને વારવામાં અશક્ત થાઉં તો તમારે એમ કરવું. અન્યથા હું વિદ્યમાન છતાં તમારે તેમ ન કરવું જોઇએ. તેમ બાણ તથા ધનુષ સહિત હું સુર, અસુર તથા મનુષ્ય સહિત સર્વ લોકને જીતવા સમર્થ છું, તે તમે પણ જાણો છો. અર્જુનનાં એવાં વચન સાંભળી વાસુદેવ ભગવાન આવી રીતે અર્થયુક્ત વચન અર્જુન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે અનઘ ! હે પાર્થ ! ગુહ્ય એવું આ પ્રાચીન વૃત્તાંત જેવી રીતે છે તેવી રીતે હું કહું તે તું સાંભળ. હું નિરંતર લોકના કલ્યાણ વાસ્તે મારા આત્માનો વિભાગ કરી ચાર મૂર્તિથી લોકનું કલ્યાણ કરૂં છું. તેમાં એક મારી મૂર્તિ પૃથ્વી વિષે રહી બદ્રિકાશ્રમમાં તપશ્ચર્યા કરે છે. બીજી પરમાત્મરૂપ મારી મૂર્તિ જગતના શુભાશુભ કર્મને જુવે છે. ત્રીજી ક્ષેત્રજ્ઞરૂપ મારી મૂર્તિ મનુષ્ય લોકનો આશ્રય કરી કર્મ કરે છે. ચોથી જળશાયિની નારાયણરૂપ મારી મૂર્તિ હજારો વર્ષ સુધી નિંદ્રા કરે છે, તેમાંથી મારી જે મૂર્તિ હજારો વર્ષને અંતે ઉઠે છે તે, તે વખતે વર આપવા લાયકને શ્રેષ્ઠ એવા વર આપે છે. પ્રાપ્ત થયેલા તે વખતને જાણી પોતાના પુત્ર નરકાસુર વાસ્તે પૃથ્વીએ 'મારી પાસેથી જે વરની યાચના કરી તે કહું છું સાંભળ. આવી રીતે તેણે કહ્યું કે, દેવ તથા દાનવોએ અવધ્ય તથા વૈષ્ણવાસ્ત્રે કરી પ્રસન્ન મારો પુત્ર થાઓ. એ વર તમો મને આપવા યોગ્ય છો. એવી પોતાના પુત્ર વાસ્તે પૃથ્વીની માગણી સાંભળી અમોઘ એવું વૈષ્ણવાસ્ત્ર આપી'

મેં તેને પૂર્વે કહ્યું હતું કે તારા પુત્ર નરકાસુરની રક્ષા વાસ્તે આ અસ્ત્ર અમોઘ થાઓ, અને આને કોઇ નહિ મારે, ને આ અસ્ત્રે રક્ષા કરેલો પારકા સૈન્યને હણનાર તારો પુત્ર સર્વ લોકમાં કોઇ સહન કરી શકે નહિ એવો બળવાન થશે, એવો વર મારાથી પ્રાપ્ત થઈ ચૂક્યો હો,' એમ કહી કાર્યસિદ્ધ થયેલી મનસ્વિની તે ગઇ. શત્રુને તપાવનાર નરકાસુર મારા કહેવા પ્રમાણે કોઇ સહન કરી શકે નહિ તેવો થયો હતો. હે પાર્થ ! લોકમાં ઇન્દ્ર, રુદ્રાદિક, પણ અવધ્ય નથી એવું એ મારૂં પરમાસ્ત્ર પ્રાગ્જ્યોતિષ રાજને પ્રાપ્ત થયું હતું તે તારે વાસ્તે મેં લઇ લીધું, માટે મેં જેમ લોકના હિત વાસ્તે પૂર્વે નરકાસુરને માર્યો હતો તેમ દેવતાના દ્વેષિ, કોઇથી સહન થાય નહિ એવા પરમાસ્ત્ર રહિત, મોટા વૈરી અસુર ભગદત્તને તું માર. મહાત્મા કેશવ ભગવાને એ રીતે અર્જુનને કહ્યું તે જ વખતે ભગદત્ત ઉપર તીક્ષ્ણ બાણોનો વરસાદ કરી સંભ્રાંત થયેલા નહિ એવા ઉદાર મનવાળા મહાબાહુ તેણે, હસ્તિના કુંભસ્થળના મધ્યમાં નારાચ નામનું બાણ નાંખ્યું. જે પુંખ સહિત વજ્ર જેમ પર્વતમાં પેસે તથા સર્પ જેમ રાફડામાં જાય તેમ તે હસ્તિના શરીરમાં પેઠું. તે વખતે ભગદત્તે વારંવાર પ્રેરણા કરેલો તે હસ્તિ દરિદ્ર પુરૂષની સ્ત્રી જેમ પોતાના સ્વામિનું વચન માને નહિ તેમ તેનું કહ્યું માન્યું નહિ. પછી તે મોટો હસ્તિ તો શરીર સ્તંભન કરી બે દાંતવડે પૃથ્વીને સ્પર્શ કરી આર્તસ્વર કરતો પ્રાણ ત્યાગ કરવા લાગ્યો. તે વખતે કેશવ ભગવાને ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનને આવી રીતે વચન કહ્યું કે, હે પાર્થ ! પલિત શરીરવાળો, અત્યંત મોટો દુર્જય, શૂરવીર, વાળથી ઢંકાઇ ગયેલા નેત્રવાળો તથા નેત્ર ઉઘાડવા વાસ્તે ઉપર બાંધેલો છે પટ્ટ જેણે એવો એ રાજા છે. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુને બાણે કરી નેત્ર ઉપર બાંધેલું તે પટ્ટ વસ્ત્ર કાપી નાંખ્યું, તેથી વાળથી રૂંધાયેલા નેત્રવાળો પ્રતાપવાન ભગદત્ત રાજા આ જગતને તમોમય માનવા લાગ્યો. તેટલામાં પાંડુપુત્ર અર્જુને ગ્રંથિ વગરના અર્ધચંદ્રાકૃતિ બાણેકરી ભગદત્ત રાજાનું હૃદય ભેદ્યું. શિથિલ અંગ થવાને લીવે તેના હાથમાંથી ધનુષ તથા બાણ પડી ગયાં; તેમજ નાળવામાં મારવાથી ભ્રષ્ટ થયેલું પાંદડું કમળમાંથી પડે તેમ તેના મસ્તક ઉપરથી ભ્રષ્ટ થયેલું શ્રેષ્ઠ વસ્ત્ર પણ નીચે પડી ગયું, સુવર્ણની માળા પહેરેલો તે રાજા વાયુના વેગથી ભાગેલો, સુંદર પુષ્પથી શોભિતો કર્ણિકારનો વૃક્ષ, જેમ પર્વતના શિખર ઉપરથી પડે તેમ સુવર્ણનાં આભરણ પહેરેલા પર્વત સરખા તે હસ્તિ ઉપરથી તરત પૃથ્વી ઉપર પડ્યો. એ રીતે ઇન્દ્રપુત્ર અર્જુન, ઇન્દ્ર સરખા પરાક્રમવાળા, તથા ઇન્દ્રના સરખા એવા તે રાજાને સંગ્રામમાં હણી બળવાન વાયુ જેમ વૃક્ષોને ભાગે તેમ જયને ઇચ્છતા તમારી તરફના બીજા પુરૂષોને હણવા લાગ્યો.

> **निहत्य तं नरपतिमिंद्रविक्रमं सखायमिंद्रस्य तदैंद्रिराहवे ।**
> **ततो परांस्तवजयकांक्षिणो नरान् बभंज वायुर्बलवान् द्रुमानिव**

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि भगदत्तवधे गुर्जरभाषाया मेकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥

અધ્યાય ૩૦ મો. શકુનિનું પલાયન.

સંજય ઉવાચ—પ્રિયમિન્દ્રસ્ય સતતં સખાયમમિતૌજસં ॥
હત્વા પ્રાગ્જ્યોતિષં પાર્થઃ પ્રદક્ષિણમવર્તત ॥ ૧ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! નિરંતર ઇન્દ્રના સરખા તથા તેના પ્રિય એવા ઘણા તેજવાળા પ્રાગ્જ્યોતિષને હણી અર્જુને પ્રદક્ષિણા કરી, એટલામાં પારકા શહેરને જીતનાર, શૂરવીર, ધનુષ ધરનાર, વૃષક તથા અચળ નામના ગાંધાર રાજના પુત્ર બે ભાઇઓ, અર્જુન સામે આવી એક આગળ અને બીજો પાછળ એ રીતે ઉભા રહી અત્યંત તીક્ષ્ણ તથા વેગવાન બાણે કરી તેને વિંધવા લાગ્યા. અર્જુને પણ સુબળપુત્ર વૃષકના અશ્વ, સારથિ, ધનુષ, છત્ર, રથ તથા ધ્વજના, તીક્ષ્ણ બાણવડે તિલ તિલ જેટલા કટકા કરી બાણ સમુદાય તથા નાના પ્રકારનાં આયુધથી શકુનિ આદિ ગાંધારોને આકુળ કરતાં વળી ક્રોધાવિષ્ટ થએલા તેણે ઉગામેલા આયુધવાળા શૂરવીર એવા પાંચસો ગાંધારોને યમલોકમાં મોકલી દીધા. મહાબાહુ વૃષક, હણાએલા અશ્વવાળા રથમાંથી નીચે ઉતરી અચળ નામના પોતાના ભાઇના રથમાં ચઢી બેઠો અને બીજું ધનુષ ગ્રહણ કર્યું. એ રીતે એક રથમાં બેઠેલા વૃષક તથા અચળ નામના બેઉ ભાઇઓ બાણના વરસાદથી વારંવાર અર્જુનને વિંધવા લાગ્યા. હે મહારાજ! એ રીતે વૃષક તથા અચળ નામના મહાત્મા તમારા સાળાઓ વૃત્ર તથા બળ નામના દૈત્ય જેમ ઇન્દ્રને હણે તેમ અર્જુનને હણવા લાગ્યો. વળી પ્રાપ્ત થયું છે નિશાન જેમને એવા તે બેઉ ગાંધાર, ગ્રીષ્મઋતુ સંબંધિ બે માસ તીક્ષ્ણ કિરણે કરી જેમ લોકને પીડે તેમ પાંડુપુત્ર અર્જુનને પીડવા લાગ્યા. હે રાજન્! પુરૂષમાં સિંહરૂપ રથમાં બેઠેલા વૃષક તથા અચળ નામના રાજાઓને એક બાણે કરી અર્જુને હણ્યા. હે રાજન્! તે વખતે સિંહ સરખાં લાલ નેત્ર તથા મોટી ભુજાવાળા, સરખાં લક્ષણવાળા, શૂરવીર તે બેઉ ભાઇઓ રથમાંથી નીચે પડ્યા, બંધુજન છે પ્રિય જેમને એવા દશે દિશાઓમાં યશને વિસ્તારી પલાયન ન કરતાં સંગ્રામમાં સામા ઉભા રહેનાર અર્જુનના બાણથી હણાઇ, રણભૂમિમા પડેલા તે બેઉ મામાને જોઇ, હે વિશાંપતે! તમારા પુત્રોના નેત્રમાથી અત્યંત અશ્રુ પડવા લાગ્યાં. એ રીતે સંગ્રામમાં હણાયેલા પોતાના ભાઇઓને જોઇ ઘણીક માયા જાણનાર શકુનિએ શ્રીકૃષ્ણ તથા અર્જુનને મોહ પમાડવા સારૂ માયાનો વિસ્તાર કર્યો. તે કેવી રીતે કે લોઢાના સોટા, લોહના ગોળા, પાષાણ, તોપો, શક્તિઓ, ગદા, ભાલા, ખડ્ગ, ત્રિશૂળ, મોદાલિયો, પટા, લાકડિઓ, તલવાર, નખ, મુસલ, પરશુ, શલ્ય સરખા ફળવાળાં બાણ, ક્ષુરપ્ર, નાલીક, વત્સદંત, તથા અસ્થિસંધ નામનાં બાણ ચક્ર, બાણ, સુરંજ તથા વિવિધ પ્રકારનાં બીજાં સેંકડો આયુધ દિશા તથા વિદિશાઓમાંથી અર્જુન ઉપર પડવા લાગ્યાં. તેમજ ખર, ઉષ્ટ્ર, મહિષ, સિંહ, વ્યાઘ્ર, ગવય, ચિત્રા રીંછ, શ્વાન, ગૃધ્ર, વાનર, જલજંતુઓ, ભૂખ્યા થયેલા વિવિધ પ્રકારના રાક્ષસ તથા ક્રોધ પામેલા વિવિધ પ્રકારનાં પક્ષિઓ ચોતરફથી અર્જુન સામે દોડવા લાગ્યાં. તેમને જોઈ દિવ્યાસ્ત્ર જાણનાર, શૂરવીર કુંતિપુત્ર અર્જુને બાણ સમુદાયથી તત્કાળ તેમને હણ્યા. એ રીતે શૂરવીર અર્જુને શ્રેષ્ઠ એવા દૃઢ બાણે કરી હણવા માંડેલા તે, મોટા શબ્દ કરતા ચોતરફ ભાગવા લાગ્યા. વળી અર્જુનના રથ પ્રત્યે અંધકાર ઉત્પન્ન થયા. તે અંધકારમાંથી ક્રૂર વાણી અર્જુનને તિરસ્કાર કરવા લાગી. મહા સંગ્રામમાં ભય કરનાર તે ઘોર અંધકારને જ્યોતિષ નામના

[illegible] ગર્ભની પેઠે સંકોચ પામે છે, એટલે કે ફળ નથી આપતી. જ્યાં સુધી [illegible] [illegible] ફળ [illegible] યત્ન કરવો, તે જ યત્ન પોતાના દેશના પરિપાલન વખતે કરવો. [illegible] ધર્મથી રાજ્યને પામે તે જ ધર્મથી તેનું પરિપાલન પણ કરે તો, ધર્મમૂલક [illegible] પામેલા તેને લક્ષ્મી કદી પણ છોડતી નથી, અને તે પોતે પણ નાશ પામતો નથી. [illegible] બોલનાર ઉન્મત્ત અને ઝાઝું બોલતા બાળક થકી પણ, જેમ પાષાણમાંથી સુવર્ણ ગ્રહણ કરાય છે, તેમ સાર ગ્રહણ કરવો. શિલોંછવૃત્તિથી જીવનાર જેમ ખેડેલાં [illegible] ધાન્ય ગ્રહણ કરે, તેમ ધીર પુરૂષે સારી રીતે કહેલાં સુંદર વાક્યો તથા વડિલોનાં બતાવેલાં [illegible] ચોતરફથી ગ્રહણ કરવાં. ગાયો ગંધથી દેખે છે, બ્રાહ્મણો વેદથી જુવે છે, રાજાઓ દૂત મારફત જુએ છે, તથા ઇતર મનુષ્યો ચક્ષુથી જૂવે છે; એટલે કે પાંડવોનું બળ જાણવા સારૂ તમે છૂપા ચારને મોકલો. હે રાજન્! અત્યંત દુઃખથી દોવાય એવી કરાઇ ગાય હોય, તે બહુ ક્લેશને પામે છે, ને જે સારી રીતે દોવા દે, તે ગાયને કોઇ ખેદ પમાડતું નથી. જે તપાવ્યા વગર નમે છે, તેને કોઇ નથી તપાવતા, જેમકે પોતાની મેળે નમતા કાષ્ટને કોઇ તપાવતા નથી, માટે ધીર પુરૂષ બળવાનને સારી રીતે નમે છે. એ રીતે જે બળવાનને નમે છે, તે ઇંદ્રને પ્રણામ કરે છે; એટલે કે બળવાન ક્ષત્રિય વિરાટ ભગવાનના હાથ કહેવાય છે, ને હાથના દેવતા ઇંદ્ર છે, તેથી બળવાન ક્ષત્રિયને નમવાથી ઇંદ્રને પ્રણામ થાય છે. પશુઓને સહાયતા કરનાર વર્ષાદ જાણવો, તેમ રાજાઓને મંત્રી, સ્ત્રિયોને પતિ તથા બ્રાહ્મણોને વેદ સહાયતા કરનાર જાણવા.

સત્યથી ધર્મનું રક્ષણ થાય છે, અભ્યાસથી વિદ્યાની રક્ષા થાય છે, માપવાના સાધનને ફરી ભરવાથી ધાન્યની રક્ષા થાય છે, ફેરવવાથી ઘોડાઓ સચવાય છે, વારંવાર હાથ ફેર કરવાથી ગાયો સચવાય છે તથા જાડાં લુગડાં પહેરાવવાથી સ્ત્રિયોની લજ્જાની રક્ષા થાય છે તેમ જે સારાં આચરણથી હીન થયો, તેનું કુળ કાંઇ ઉત્તમ કહેવાય નહીં, એમ [illegible] [illegible] આવે છે; નીચ જાતિમાં ઉત્પન્ન થયેલા સારા આચરણવાળા હોય તો તેમનું કુળ [illegible] જાણવું. જે પારકું ધન, રૂપ, પરાક્રમ, કુળની વૃદ્ધિ, સુખ, સૌભાગ્ય તથા સત્કાર એઓને ઇર્ષ્યા કરે છે, તેને અસાધ્ય વ્યાધિગ્રસ્ત જાણવો. જે ન કરવાનું કામ કરવાથી, કરવા [illegible] છોડી દેવાથી તથા કાર્ય સિદ્ધિ થયાની અગાઉ કરેલો વિચાર બહાર પડવાથી [illegible] બીએ છે, તેમ જેથી મદ થાય તેનું પાન પણ નથી કરતો, તે સુખી જાણવો. વિદ્યાનો મદ, ધન મદ, તથા સહાયતાનો મદ, એટલા મદ ગર્વિષ્ઠોને થાય છે, તે જ સત્પુરૂષોને નમ્રતાવાન કરે છે. કોઇ કામ વિષે સત્પુરૂષોએ અસત્પુરૂષોને બોલાવ્યા હોય, તો તે દુષ્ટ અસત્પુરૂષો તેમનું કામ તો સારી રીતે થોડું પણ કરે નહીં, પણ પોતાના આત્માને સારો માની લે. જ્ઞાનિયોની ગતિ સત્પુરૂષો છે, સત્પુરૂષોની ગતિ પણ સત્પુરૂષો છે, તથા અસત્પુરૂષોની ગતિ પણ સત્પુરૂષો છે; પણ અસત્પુરૂષો સત્પુરૂષોની ગતિ નથી. સારાં વસ્ત્ર પહેરનાર સભામાં માન પામે, ગાય રાખનાર હંમેશ દહીં દૂધ ખાવાથી મધુર ખાવાની [illegible] જીતે, જેને બેસવાનું વાહન છે તેને પંથ કરવો કંઇ વિષમ નથી, તથા જે [illegible] [illegible] છે તે સર્વને જીતે છે. પુરૂષને વિષે શીલજ મુખ્ય છે, તે જેનું નાશ પામ્યું, તેને જીવિત, ધન તથા બંધુથી પણ કંઇ લાભ નથી, એટલે કે તે જીવતાંજ મુવા સરખો છે. હે ભરતર્ષભ! ધનવાન પુરૂષોને ઉત્તમ ભોજન માંસ છે, મધ્યમોને ગોરસ [illegible] [illegible] [illegible] ઉત્તમ ભોજન તેલ છે. દરિદ્રિ પુરૂષ ભૂખને અત્યંત પ્રિયતાથી જમે છે, [illegible]"

મેઘના ઉત્તમાએ કરી અર્જુનને ઢાળી નાંખ્યો, તે વખતે અર્જુનના રથ ઉપર ભયંકર જળના ઓઘ ઉત્પન્ન થયા. તેનો નાશ કરવા સારૂ અર્જુને આદિત્યાસ્ત્ર સાંધ્યું, એણે જળના કરી તે જળ શોષણ કરી લીધું એ રીતે શકુનિએ બહુ પ્રકારની જે જે માયા કરી તે તે માયા અસામર્થે કરી હસતા હોય નહિ તેની પેરે અર્જુને તત્કાળ નાશ કરી. ત્રાસ પામેલો તથા અર્જુનના બાણથી હણાયલો શકુનિ વેગવાન અશ્વેકરી સાધારણ માણસની પેઠે પલાયન કરી ગયો. તે સમયે શત્રુઓને પોતાનું જલદી બાણ નાખવાપણું દેખાડતા અર્જુને કૌરવોની સેના ઉપર ઘણાંક બાણ નાંખ્યાં. હે મહારાજ! એ રીતે અર્જુને મારવા માંડેલી તમારા પુત્રની સેના પર્વતને પ્રાપ્ત થઇ જેમ ગંગા બે તરેહથી વિભાગને પામે, તેમ વિભાગને પ્રાપ્ત થઇ. તે વખતે પુરૂષમાં શ્રેષ્ઠ કેટલાક યોદ્ધાઓ દ્રોણની પાછળ અને કેટલાક દુર્યોધનની પાછળ જતા હતા. રજથી વિંટાયલા સૈન્યમાં અર્જુનને અમે દેખતા પણ ન હતા. દક્ષિણ દિશામાં સંભળાતો ગાંડીવનો શબ્દ, શંખ, દુંદુભિ તથા બીજાં વાદિત્રોના શબ્દને અતિક્રમણ કરી ઠેઠ સ્વર્ગ પર્યંત જતો હતો; વળી દક્ષિણ બાજુમાં વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર યોદ્ધાઓનું અર્જુન સાથે ભયંકર યુદ્ધ થતું હતું. હું તો દ્રોણની પાછળ જતો રહ્યો. હે ભારત! એ રીતે યુધિષ્ઠિરનાં સૈન્ય, તે તે ઠેકાણે નાના પ્રકારનાં તમારા પુત્રનાં સૈન્યોને પ્રહાર કરતાં હતાં. અર્જુન પણ વખત જોઇ વાયુ જેમ વાદળાંને નસાડે તેમ તમારા સૈન્યને નસાડતો હતો. ઘણાં બાણનો વરસાદ કરતા ઇન્દ્રની પેઠે સામે આવતા ઉગ્ર પરાક્રમવાળા ને પુરૂષમાં સિંહરૂપ તમારી તરફના કોઇપણ તેને વારી શક્યા નહિ એ રીતે અર્જુને મારવા માંડેલા તેથી અત્યંત વ્યથા પામેલા તે તે ઠેકાણે દોડતા તમારી તરફના ઘણાક યોદ્ધાઓ પોતાનાઓનેજ હણતા હતા. તે વખતે ગૃધ્રનાં પિંછ બાંધેલાં, શત્રુના શરીરને છેદનાર, તીડ નામના જંતુની પેઠે દશે દિશાઓમાં જતાં અર્જુનનાં મૂકેલાં બાણ, તુરંગ, રથિ, હસ્તિ તથા પદાતિને પણ ભેદી સર્પ જેમ રાફડામાં જાય તેમ પૃથ્વીમાં જતાં હતાં. તે કુંજરાદિક વિષે તેને બીજું બાણ નાંખવું પડતું નહિ. કેવળ એક બાણથીજ પ્રાણ રહિત થઇ તે જુદા જુદા પૃથ્વીમાં પડતા હતા. અર્જુનના બાણવડે હણાયલા મનુષ્ય, હસ્તિ તથા અશ્વે કરી પરિપૂર્ણ અને શ્વાન તથા શૃગાલના કોલાહલે કરી વિચિત્ર પ્રકારનું રણાંગણ શોભતું હતું. વળી અર્જુનના બાણથી પીડવાને લીધે પિતા પુત્રનો, પુત્ર પિતાનો તથા સુહૃદ, સુહૃદનો ત્યાગ કરતો હતો. તેમ પોતાના રક્ષણ વિષે કરી છે મતિ જેમણે એવા અર્જુને પીડેલા તે, પોતાના વાહનનો પણ ત્યાગ કરતા હતા.

पितासुतं त्यजति सुहृद्वरं सुहृद् तथैव पुत्र पितरं शरातुरः ।
स्वरक्षणे कृतमतयस्तदाजनास्त्यजंति वाहनापि पार्थपीडिताः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि शकुनिपलायने गुर्जर-भाषायां त्रिंशोऽध्यायः ॥ ३० ॥

અધ્યાય ૩૧ મો. નીલનો વધ.

धृतराष्ट्र उवाच—तेष्वनीकेषु भग्नेषु पांडुपुत्रेण संजय ॥
चलितानां द्रुतानां च कथमासीन्मनो हि वः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! એ રીતે પાંડુપુત્ર અર્જુને તે સૈન્યોમાં ભંગાણ પાડ્યું તે વખતે ભાગતા તથા ચલાયમાન થયેલા તમારૂં મન કેવું થયું હતું અને પાછા સ્થિતિને ઇચ્છતા ભંગાણ પડેલા સૈન્યોનું પાછું સંધાન થવું પણ દુષ્કર છે માટે તે પણ કેમ થયું, તે મને કહે? સંજય કહે છે—હે વિશાંપતે! તે રીતે ભંગાણ પડ્યું તોપણ તમારા પુત્રનું પ્રિય કરવા ઇચ્છતા તથા લોક વિષે પોતાના યશનું રક્ષણ કરનાર કેટલાક દ્રોણની પાછળ જતા હતા. યુધિષ્ઠિર રાજા સમીપ આવ્યા અને અસ્ત્ર ઉદ્યુક્ત થયાં તેને જોઇ ભયંકર એવા તે સંગ્રામમાં નિર્ભયની પેઠે આર્ય પુરૂષોના સરખાં કર્મ કરતા લાગ જોઇ ઘણા તેજવાળા ભીમસેન, શૂરવીર સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્ન સામે જવા લાગ્યા. તે વખતે ક્રૂર બુદ્ધિવાળા પંચાલ યોદ્ધાઓ 'દ્રોણને આક્રમણ કરો' એમ કહી સૈન્યને પ્રેરણા કરવા લાગ્યા. તમારા પુત્ર પણ 'જાઓ દ્રોણને આક્રમણ મા કરો' એમ કહી સર્વ કૌરવોને પ્રેરણા કરવા લાગ્યા. એ રીતે કેટલાક 'દ્રોણને આક્રમણ કરો, દ્રોણને આક્રમણ કરો;' એમ કહેનાર તથા બીજા કેટલાક એને આક્રમણ મા કરો, એમ બોલનાર કૌરવ તથા પાંડવોનું દ્રોણને વારતે યુદ્ધરૂપ દ્યૂત પ્રવર્તમાન થયું હતું. તેમાં જે જે પંચાલોના રથ સમુદાયને દ્રોણાચાર્ય મંથન કરતા હતા તે તે ઠેકાણે પાંચાલ્ય ધૃષ્ટદ્યુમ્ન, સામે આવી ઉભો રહેતો હતો. એ રીતે વિભાગથી વર્તતા દારૂણ સંગ્રામમાં, બેઉ સૈન્યમાના શૂરવીર ભયંકર શબ્દ કરતા પરસ્પર સામે જઈ યુદ્ધ કરતા હતા. જેમાં શત્રુથી કંપાયમાન થયેલા પાંડવ, પૂર્વે તન્નિમિત્ત પ્રાપ્ત થયેલા, નાના પ્રકારના કલેશને સ્મરણ કરી કૌરવ સૈન્ય ધ્રુજાવતા હતા. ક્રોધવશ થયેલા લજ્જાવાન, દૈવે પ્રેરેલા મહા સંગ્રામમાં દ્રોણને હણતા તે, પ્રાણનો ત્યાગ કરી ભય રહિત થઇ રણે વિચરતા હતા. ભયંકર યુદ્ધમાં પ્રાણનો ત્યાગ કરી ક્રીડા કરતા ઘણા તેજવાળાઓને લોહ તથા શિલાના સરખો ભયંકર સંપાત થતો હતો. હે મહારાજ! વૃદ્ધોને પણ તેવો સંગ્રામ પૂર્વે જોયેલો તથા સાંભળેલો સ્મરણ આવતો ન હતો. શૂરવીરોનો છે ક્ષય જેમાં એવા તે મોટા સંગ્રામમાં, સૈન્ય સમુદાયના અતિ ભારથી પીડિત થયેલી પૃથ્વી જાણે કંપતી હોય નહિ તેવી થતી હતી. ચોતરફ ઘૂર્ણાયમાન થયેલા કૌરવ સૈન્યનો અત્યંત ભયંકર શબ્દ, સ્વર્ગને સ્તબ્ધ કરી યુધિષ્ઠિરના સૈન્યમાં પ્રવેશ કરતો હતો. તે વખતે સંગ્રામમાં વિચરતા દ્રોણાચાર્યે, તીક્ષ્ણ બાણોએ કરી પાંડવ સૈન્યનું ભંગાણ કરવા માંડ્યું, તે જોઇ સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને ત્યાં આવી સૌને વારી રાખ્યા. દ્રોણ તથા પાંચાલ્યનું, જેની કોઇને ઉપમા અપાય નહિ એવું આશ્ચર્યરૂપ યુદ્ધ થયું. બાણરૂપી તણખા તથા ધનુષરૂપી જ્વાળાવાળો અનળ સરખો નીલરાજા, શુષ્ક તૃણના ઢગને જેમ અગ્નિ બાળે તેમ કૌરવની સેનાને બાળવા લાગ્યો. એવી રીતે સૈન્યને બાળતા તેને પ્રતાપવાન દ્રૌણપુત્રે આવી રીતે વચન કહ્યું કે, હે નીલ! તારા યોદ્ધાઓએ બાણરૂપી જ્વાળાથી ઘણાકને બાળ્યા, તેણે કરી શું? મારી સાથે યુદ્ધ કર અને ક્રોધાયમાન થઈ જલદી મને પ્રહાર કર. એવાં તેનાં વચન સાંભળી પ્રફુલ્લિત કમળ સરખાં નેત્રવાળા નીલે, પદ્મપત્ર સરખાં નેત્ર તથા પદ્મ સમુદાય સરખા આકારવાળા તેને બાણે કરી વિંધ્યો. અશ્વત્થામાએ પણ તીક્ષ્ણ કરેલાં ભલ્લ નામનાં ત્રણ બાણેકરી શત્રુનું ધનુષ, ધ્વજ તથા છત્ર કાપી નાંખ્યું. હાથમાં શ્રેષ્ઠ ખડ્ગ તથા ઢાલ ગ્રહણ કરી પક્ષિની પેઠે વેગે કરી રથમાંથી નીચે કૂદી અશ્વત્થામાનું મસ્તક કાપવા તૈયાર થયો. એટલામાં તો હે અનઘ! આશ્ચર્યને પ્રાપ્ત થયા હોય નહિ તેની પેઠે અશ્વત્થામાએ ભલ્લ નામના બાણે કરી ઉન્નત ખભા તથા સુંદર નાસિકાથી શોભતું કુંડળ સહિત તેનું મસ્તક કાપી

નાંખ્યું. તે જ વખતે પૂર્ણ ચંદ્ર સરખું મુખ અને કમળપત્ર સરખાં નેત્રે કરી શોભતો પદ્મપત્ર સરખી કાંતિવાળો, ઉચ્ચ શરીર તથા પ્રજ્વલિત તેજવાળો તે પૃથ્વી ઉપર પડ્યો, તેને જોઇ અત્યંત આકુળ થયેલી પાંડવ સેના, ઘણીજ વ્યથા પામવા લાગી. તે વખતે હે મારિષ! પાંડવોમાંના સરવે મહારથિઓ આવી રીતે વિચાર કરવા લાગ્યા કે આ સમે અર્જુન, સેનાની દક્ષિણ બાજુમાં બાકી રહેલા સંશપ્તક તથા નારાયણ સૈન્યનો નાશ કરે છે માટે શત્રુઓ થકી આપણી કેવી રીતે રક્ષા કરશે.

> दक्षिणेन तु सेनायाः कुरुते कदनंबली ॥
> संशप्तकावशेषस्य नारायणबलस्य च ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि नीलकण्ठे गुर्जरभाषाया-मेकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥

અધ્યાય ૩૨ મો. સંકુલ યુદ્ધ.

> संजय उवाच—प्रतिघातं तु सैन्यस्य नामृष्यत वृकोदरः ॥
> सोऽभ्याहनद्गुरुं षष्ठ्या कर्णं च दशभिः शरैः ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે વખતે પોતાના સૈન્યના થતા પ્રતિઘાતને ન સહન કરી શકતા ભીમસેને સાઠ ગુરૂ ઉપર તથા દશ બાણ કર્ણ ઉપર નાંખ્યાં અને તેના જીવિતના અંતને ઇચ્છતા દ્રોણે પણ તીક્ષ્ણ ધારવાળાં સરળ બાણ એના મર્મસ્થાન વિષે નાખ્યાં. તે પછી તરત બાણ ફેંકવા ઇચ્છતા કર્ણે બાર, અશ્વત્થામાએ સાત, તથા દુર્યોધને છ બાણ નાંખ્યાં. મહા બળવાન ભીમસેન પણ પચાસથી દ્રોણને, દશથી કર્ણને, બારે કરી દુર્યોધનને તથા આઠે કરી અશ્વત્થામાને વિંધી મોટો શબ્દ કરી સંગ્રામમાં તેમની સામે ઉભો રહ્યો. તે સમયે સંગ્રામમાં પ્રાણ ત્યાગ કરતા મરણતુલ્ય અવસ્થાને પ્રાપ્ત થયેલા ભીમસેનને જોઇ યુધિષ્ઠિરે પોતાની તરફના યોદ્ધાઓને કહ્યું કે, ભીમસેનની રક્ષા કરો. એવાં તેમનાં વચન સાંભળી અત્યંત ક્રોધાયમાન થયેલા પુરૂષમાં શ્રેષ્ઠ સાત્યકિ આદિ લઇ મહા પરાક્રમી તે યોદ્ધાઓ તથા નકુળ સહદેવ પણ ભીમસેન સમીપ ગયા. એટલામાં મોટા શ્રેષ્ઠ ધનુષ્યોએ રક્ષા કરેલા મહા પરાક્રમી ભીમસેનાદિક રથિઓ દ્રોણ સૈન્યને ભેદવા સામે આવવા લાગ્યા. સંગ્રામમાં યુદ્ધ કરનાર, શૂરવીર સામે આવતા તે મહારથિઓને રથિમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે અવ્યગ્ર ચિત્તથી વારી રાખ્યા. પાંડવ તરફના યોદ્ધાઓ મૃત્યુનો ભય મૂકી કૌરવ સૈનિકોની સામે જવા લાગ્યા. તે વખતે ઘોડેસ્વાર ઘોડેસ્વારને, તથા રથિઓ રથિઓને મારતા હતા. પુરૂષ શબ્દ જેમાં સંભળાય છે એવું શક્તિ, ખડ્ગ, તથા ફરશીનું અત્યંત ભયંકર યુદ્ધ થતું હતું, અને પરસ્પર હસ્તિઓ સામે આવ્યા ત્યારે પણ અત્યંત દારૂણ યુદ્ધ થયું. હે મારિષ! બાણથી હણાયલો પુરૂષ, એક હસ્તિ ઉપરથી, બીજો અશ્વ ઉપરથી તથા ત્રીજો રથમાંથી એ રીતે નીચે મસ્તકે પડતા હતા. વળી યુદ્ધમાં કવચ રહિત થઇ પડતા પુરૂષને વક્ષઃસ્થળથી પકડી હસ્તિઓ હણતા ને કાયા ઉપરથી મસ્તકનું છેદન કરતા હતા. તેમ કેટલાક હસ્તિઓ સંગ્રામમાં પડતા

પુરૂષોને મર્દન કરતા હતા. કેટલાક હસ્તિઓ દાંતવડે પૃથ્વીનો સ્પર્શ કરી ઘણાક રથિઓને ભેદતા હતા. બીજા કેટલાક દાંતમાં વળગી રહ્યાં છે મનુષ્યના અંત્ર જેમને એવા હસ્તિઓ સેંકડો મનુષ્યોને મર્દન કરતા સંગ્રામમાં ભમતા હતા. કેટલાક હસ્તિઓ સંગ્રામમાં પડેલા લોહના કવચવાળા નર, અશ્વ, રથ તથા કુંજરોને નળ નામના સ્થૂળ તૃણને જેમ ફેંકે તેમ ફેંકતા હતા. કેટલાક લજ્જાવાન રાજાઓ ગૃધ્ર પક્ષિઓ પિંછરૂપી વસ્ત્રવાળા અત્યંત દુઃખરૂપ શયનોમાં સુતા હતા. વળી સંગ્રામમાં રથે કરી સામે આવી પિતા પુત્રને તથા મોહને લીધે પુત્ર પિતાને મારતો હતો; એ રીતે નિર્મર્યાદ યુદ્ધ થતું હતું. કોઇ સ્થાનકે ભાંગેલો રથ, ધ્વજ તથા ભાગેલું છત્ર પણ પૃથ્વીપર પડતું હતું. કોઇ સ્થાનકે એક ધુંસરી ભાગી ગયેલા રથને ખેંચી ઘોડા દોડ્યા જતા હતા. કોઇ સ્થાનકે ખડ્ગ સહિત હસ્ત તથા કુંડલ સહિત શૂરવીરોનાં મસ્તક પડતાં હતાં. કોઇ સ્થાનકે બળવાન હસ્તિએ આક્ષેપ કરી અત્યંત ચૂર્ણ કરેલો હસ્તિ તથા રથિએ નારાચ નામના બાણે કરી મારેલો હસ્તિ રણભૂમિ પર પડતો હતો. કોઇ ઠેકાણે હસ્તિએ અત્યંત હણેલા સવાર સહિત અશ્વ પડતા હતા. એ રીતે અત્યંત દારૂણ મર્યાદ વગરનું યુદ્ધ થતું હતું.

કોઇ ઠેકાણે હે તાત ! હે પુત્ર ! હે સખે ! અરે તું ક્યાં છું ? ઉભો રહે. ક્યાં દોડો છો ? હાસ્ય, ક્રીડા તથા ગર્જના કરી 'આને માર, આને માર.' એ રીતે ઉચ્ચારણવાળી વિવિધ પ્રકારની વાણી સંભળાતી હતી. તેમ નર, અશ્વ તથા હસ્તિનું રૂધિર ઘનતાને પ્રાપ્ત થયું ને તે રૂધિરને લીધે પૃથ્વી સંબંધી રજ શાંત થઈ. આવા ભયંકર યુદ્ધાંગણને જોઇ ભીરૂ પુરૂષોને મોહ પ્રાપ્ત થતો હતો. તે વખતે મહા સંગ્રામમાં શૂરવીર પુરૂષ, સામેના શૂરવીરના ચક્ર સાથે પોતાના રથનું ચક્ર લગાડી બાણ નાંખવાનો તેનો વખત ખોઇ, ગદાથી તેનું મસ્તક કાપી નાંખતા હતા. તેમજ નિરાશ્રય એવા તે મહા સંગ્રામમાં આશ્રયને ઇચ્છતા શૂરવીરોનું દાંત તથા નખે કરી દારૂણ યુદ્ધ, મુષ્ટિયુદ્ધ તથા કેશપરામર્ષ થતો હતો. જેમાં શૂરવીરનો ઉગામેલો ખડ્ગ સહિત બાહુ કપાઈ ગયો હતો. તેમજ કોઇનો ધનુષ સહિત, કોઇનો બાણ સહિત તથા કોઇનો અંકુશ સહિત હણાઇ જતો હતો. કોઈ કોઇને આક્રોશ કરતો હતો તથા કોઇ વિમુખ થઇ ભાગતો હતો. કોઇ શૂરવીર સામે આવેલા બીજા શૂરવીરનું કાયા ઉપરથી મસ્તક પાડતો હતો. કોઇ મોટેથી શબ્દ કરી ભાગતો હતો. બીજો તેનો શબ્દ સાંભળી ત્રાસ પામતો હતો. બીજા કેટલાક તીક્ષ્ણ બાણે કરી પોતાના તથા પારકાઓને મારતા હતા, અને કોઇ શૂરવીરે નારાચ નામના બાણે કરી હણેલો પર્વત સરખો હસ્તિ ગ્રીષ્મઋતુમાં જેમ નદીનો તટ પડે તેમ પડતો હતો. કોઈ ઠેકાણે પર્વત સરખો મદ ઝરતો હસ્તિ, અશ્વ તથા સારથિ સહિત રથને પગે હણતો સામે આવી ઉભો રહેતો હતો. એવા મહા સંગ્રામમાં અસ્ત્ર શીખેલા શૂરવીર, રૂધિરથી વ્યાપ્ત અંગવાળા, પ્રહાર કરતા શૂરવીરોને જોઈ ઘણાક દુર્બળ હૃદયવાળા ભીરૂ પુરૂષોને મોહ પ્રાપ્ત થતો હતો એવી રીતે થતા સંગ્રામમાં કોઈ પણ જણાતું ન હતું. સૈન્યમાંથી ઉડતી રજે કરી મર્યાદા પણ રહેતી ન હતી. તેટલામાં સેનાપતિએ 'આ કાળ છે' એમ કહી જલદી પાંડવોને ઉતાવળા કર્યા. તેની આજ્ઞાથી બાહુશાળી પાંડવો તળાવ પ્રત્યે જેમ હંસ જાય તેમ પ્રહાર કરત. દ્રોણના રથ પ્રત્યે દોડ્યા; તે વખતે દ્રોણ રથ પ્રત્યે 'એને ગ્રહણ કરો, દોડો, ભય પમાડો તથા મારો,' એ રીતે ભયંકર શબ્દ થતો હતો. દ્રોણ, કૃપ, કર્ણ, અશ્વત્થામા, રાજા જયદ્રથ, અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ તથા શલ્યે એઓને વારી રાખ્યા. કોઇથી દુઃખે કરી સહન થાય નહિ તથા વારી શકાય નહિ એવા આર્યધર્મે કરી યુક્ત પાંડવ

અર્જુન બાણથી પીડાયેલા પંચાલોએ દ્રોણનો ત્યાગ ન કર્યો, તેથી અતિ ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્યે સેંકડો બાણે કરી ચેદિ પંચાલ તથા પાંડવોનો ક્ષય કર્યો. હે મારિષ ! તે વખતે તેની પ્રત્યંચા તથા ગોધાનો વજ્ર સરખો શબ્દ ઘણાક માણસોને ત્રાસ પમાડતો સર્વ દિશાઓમાં સંભળાતો હતો, એટલામાં અર્જુન ઘણાક સંશપ્તકોને જીતી જે ઠેકાણે દ્રોણાચાર્ય પાંડવોને મર્દન કરતા હતા ત્યાં આવ્યો. બાણના ઓઘરૂપી મોટા આવર્તવાળા રુધિરરૂપી છે ઉદક જેમાં એવા મોટા હ્રદરૂપી સંશપ્તકોને તરી અર્જુન દેખાયા, તે વખતે સૂર્ય સરખા તેજવાળા, કીર્તિમાન, અર્જુનના વાનરધ્વજરૂપી દેદિપ્યમાન ચિન્હને અમે જોતા હતા. એ રીતે અસ્ત્રોનાં કિરણોવડે સંશપ્તક સમુદ્રને શોષણ કરી પાંડવરૂપી પ્રલય સમયનો સૂર્ય કૌરવોને પણ તપાવવા લાગ્યો. પ્રલય સમય વિષે ઉદય પામેલા ધૂમકેતુનો તારો જેમ સર્વ પ્રાણિઓને બાળે તેમ અર્જુન, અસ્ત્રના તેજે કરી સર્વ કૌરવોને બાળવા લાગ્યો. તેણે કરી બાણના ઓઘથી મારવા માંડેલા ગજ, અશ્વ, તથા રથ ઉપરથી યુદ્ધ કરનારા, છૂટા છે કેશ જેમના એવા થઇ પૃથ્વી ઉપર પડવા લાગ્યા. બાણથી પીડિત થયેલા કેટલાક, આર્ત્ત શબ્દ કરી પ્રાણ રહિત થઇ રણભૂમિમાં શયન કરતા હતા. એમાંથી કોઇ પાછા ઉઠતા હતા તેમને, વિમુખ થયેલા તથા પડેલાઓને શૂરવીરના વ્રતનું સ્મરણ કરાવી તે મારતો ન હતો. વળી વિખરાઇ ગયા છે વિચિત્ર પ્રકારના રથ જેમના એવા વિમુખ થયેલા કેટલાક કૌરવો 'હે કર્ણ ! હે કર્ણ !' એ રીતે આક્રોશ કરતા હતા. શરણ ઇચ્છતા તેમનો પીડિત સ્વર સાંભળી રથિમાં શ્રેષ્ઠ, સર્વ ભારતને હર્ષ કરાવનાર અધિરથ પુત્ર કર્ણે, 'અરે તમે બીઓ માં' એમ પ્રતિજ્ઞા કરી અર્જુન સામે આવી અસ્ત્ર જાણનારમાં શ્રેષ્ઠ તેણે આગ્નેયાસ્ત્ર સાંધ્યું. તેમાંથી આવતા બાણ સમુદાયને અર્જુને સામાં બાણ નાંખી ખંડિત કર્યો. તેમજ કર્ણે પણ પ્રજ્વલિત તેજવાળા તેના બાણને ખંડિત કરી અસ્ત્રવડે અસ્ત્રને વારી તેની ઉપર બાણ નાંખતાં મોટો સિંહનાદ કર્યો. તે વખતે ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન તથા મહારથિ સાત્યકિએ કર્ણ સામે આવી ત્રણ ત્રણ બાણે કરી એને વિંધ્યો. રાધાપુત્ર કર્ણે પણ બાણના વરસાદથી અર્જુનના અસ્ત્રને વારી ત્રણ બાણે ધૃષ્ટદ્યુમ્નાદિ ત્રણેનાં ધનુષ કાપી નાંખ્યાં. કપાયેલા ધનુષવાળા નિર્વિષ સર્પ સરખા તે ત્રણે શૂરવીરોએ સિંહનાદ કરી કર્ણ ઉપર શક્તિઓ નાખી. મોટા વેગવાળી સર્પ સરખી દેદિપ્યમાન પોતાના સામે આવતી તે મોટી શક્તિઓને ત્રણ ત્રણ બાણથી કાપી અર્જુન ઉપર બીજાં બાણ નાંખી બળવાન કર્ણે સિંહનાદ કર્યો. અર્જુને પણ સાત બાણથી રાધાપુત્ર કર્ણને વિંધી તીક્ષ્ણ કરેલા બાણે કરી તેના નાના ભાઇને હણ્યો. પછી બાણે કરી શત્રુંજયને મારી ભલ્લ નામના બાણવડે રથમાંથી વિપાટનું મસ્તક પણ તત્કાલ કાપી નાંખ્યું. એ રીતે અર્જુને તમારા પુત્રો જોતાં કર્ણની સન્મુખ તેના ત્રણ ભાઇઓને માર્યા. તે પછી ભીમસેને ગરૂડની પેઠે પોતાના રથમાંથી નીચે કૂદી શ્રેષ્ઠ ખડ્ગે કરી કર્ણ પક્ષના પંદર યોદ્ધાઓને માર્યા.

વળી રથમાં બેસી બીજું ધનુષ લઇ દશથી કર્ણને તથા પાંચ બાણે કરી તેના સારથિ તથા અશ્વને વિંધ્યા. ધૃષ્ટદ્યુમ્ને પણ શ્રેષ્ઠ ખડ્ગ તથા ઢાલ ગ્રહણ કરી રથમાંથી નીચે ઉતરી ચંદ્રવર્મા તથા નૈષધ બૃહત્ક્ષત્રને હણી પાછા પોતાના રથમાં બેસી બીજું ધનુષ્ લેઇ સિંહનાદ કરી તોતેર બાણે કરી કર્ણને વિંધ્યો. ચંદ્ર સરખી કાંતિવાળા સાત્યકિએ પણ બીજું ધનુષ ગ્રહણ કરી સિંહનાદ કરતાં ચોસઠ બાણે કરી કર્ણને વિધી સારી રીતે મૂકેલા ભલ્લ નામના બાણ વડે તેનું ધનુષ કાપી વળી ત્રણ બાણ, એના બે બાહુ તથા વક્ષઃસ્થળ [illegible] નાંખ્યાં.

દુર્યોધન, દ્રોણ તથા જયદ્રથ રાજાએ સાત્યકિરૂપ સમુદ્રમાં બૂડતા કર્ણનો ઉદ્ધાર કર્યો, તે સમયે તમારી તરફના પાયદલ અશ્વ, રથ તથા સેંકડો માતંગ ભયભીત થઇ કર્ણની પાછળ દોડવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, સુભદ્રા પુત્ર અભિમન્યુ, અર્જુન, નકુળ તથા સહદેવ એ પાંડવ તરફના યોદ્ધાઓ સંગ્રામમાં સાત્યકિની રક્ષા કરતા હતા. એ રીતે પ્રાણનો ત્યાગ કરી યુદ્ધ કરતા તમારા તથા પારકાઓનો સર્વ યોદ્ધાઓના ક્ષય વાસ્તે મહા ભયંકર સંગ્રામ થતો હતો. જેમાં પાયદલ, રથ, હસ્તિ તથા અશ્વ, ગજ, અશ્વ, રથ તથા પાયદલ સાથે યુદ્ધ કરતા હતા. કોઇ ઠેકાણે રથિઓ, હસ્તિ, પાયદલ તથા અશ્વ સાથે, તેમજ રથ તથા પાયદલ, રથ તથા હસ્તિ સાથે યુદ્ધ કરતા હતા. કોઇ ઠેકાણે અશ્વ સાથે અશ્વ, હસ્તિ સાથે હસ્તિ, તથા રથિ સાથે રથિઓ યુદ્ધ કરતા હતા. કોઇ સ્થાનકે પાયદલ સાથે મળેલા પાયદલો દેખાતાં હતાં. એ રીતે માંસ ખાનાર પ્રાણિઓને હર્ષ કરનાર મોટાઓ સાથે સન્મુખ આવેલા આપણા તરફનાઓનું યમના દેશને વધારનાર એવું સંકુલ યુદ્ધ થતું હતું. તેમાં કેટલાક પાયદળ, રથ, અશ્વ, તથા હસ્તિઓએ અનેક હસ્તિ, રથ, પાયદળ તથા અશ્વોને હણ્યા. હસ્તિઓએ હસ્તિઓને, ઉગામેલા આયુધવાળા રથિઓએ રથિઓને, ઘોડેસ્વારોએ ઘોડેસ્વારોને; તથા પાયદળના ગણોએ પાયદળોને માર્યા. તેમજ રથો હસ્તિને, શ્રેષ્ઠ હસ્તિઓએ મોટા અશ્વોને, અશ્વો પાયદળોને તથા શ્રેષ્ઠ રથિઓ શ્રેષ્ઠ અશ્વોને મારતા હતા. મંથન થયેલાં છે કવચ તથા ભૂષણ જેમનાં એવા જીહ્વા, દાંત તથા નેત્ર વિનાના તે પૃથ્વીમાં પ્રાણ વગરના થઇ પડ્યા હતા. વળી મહા સંગ્રામમાં કેટલાક અનેક તરેહના શ્રેષ્ઠ આયુધથી નાશ પામ્યા. કેટલાક ઘોડા તથા હસ્તિના પગથી કચરાઇ મરણ પામ્યા. તથા કેટલાક રથના પાટાથી ચગદાઇ ગયા. એ રીતે માંસ ખાનાર પશુ, પક્ષિ તથા રાક્ષસોને આનંદ આપનાર તે દારૂણ સંગ્રામમાં, પરસ્પર નાશ કરતા કોપેલા બળવાન યોદ્ધાઓ વિચરતા હતા. પછી અત્યંત ચલાયમાન પરસ્પર સામે જોતાં રૂધિરના ઓઘથી વ્યાપ્ત એવાં બેઉ સૈન્ય, સૂર્ય અસ્તાચળ પ્રત્યે ગયો તે સમે ધીરેધીરે પોતપોતાના તંબુ પ્રત્યે ગયાં.

ततो बले भृशलुलिते परस्परं निरीक्षमाणे रुधिरौघसंप्लुते ॥
दिवाकरेऽस्तं गिरिमास्थिते शनैरुभे प्रयाते शिबिराय भारत ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि द्वितीयदिवसावहारे गुर्जरभाषायां द्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥

અધ્યાય ૩૩ મો. અભિમન્યુ વધ પર્વ.

अभिमन्युवध पर्व.

संजय उवाच—पूर्वमस्मासु भग्नेषु फाल्गुनेनामितौजसा ॥
द्रोणे च मोघसंकल्पे रक्षिते च युधिष्ठिरे ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! અમિત તેજવાળા અર્જુને પૂર્વે અમારા લોકમાં સંગ્રામ

પામ્યું અને દ્રોણનો સંકલ્પ પ્રગટ થયો તથા યુધિષ્ઠિરનો બચાવ થયો. યુદ્ધમાં વિખ્યાત થયા છે કવચ જેમનાં, પરાજય પામેલા, રજે કરી વ્યાપ્ત, અત્યંત ઉદ્વિગ્ન, દશે દિશાઓ સામે જોતા, પાંડવોના બાણથી હણાયેલા, સંગ્રામમાં ઉપહાસ્ય પામેલા અને અર્જુન વિષે રહેલા અનેક ગુણ તથા તે વિષે રહેલું શ્રીકૃષ્ણનું સૌહાર્દ પણ સૈનિક જનના મુખથી સાંભળી, મૌને કરી મુગાપણાને પ્રાપ્ત થયેલા, લોકાપવાદ યુક્ત તમારી તરફનાઓએ દ્રોણાચાર્યના સંમતથી સૈન્યનો અવહાર કર્યો. પછી પ્રાતઃકાળમાં ઉડી સ્નેહ, અભિમાન તથા દ્વેષિઓની વૃદ્ધિથી ખેદ યુક્ત મનવાળા, વાક્ય બોલવામાં ચતુર દુર્યોધને સર્વ યોદ્ધાઓ સાંભળતાં દ્રોણાચાર્યને કહ્યું કે, હે દ્વિજસત્તમ! જરૂર અમે તમારા વધ્યપક્ષમાં છીએ, એમાં સંશય નહિ, નહિ તો સમીપ પ્રાપ્ત થયેલા યુધિષ્ઠિરને તમે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે કેમ ગ્રહણ ન કરો? તેમજ તમો, સંગ્રામમાં ચક્ષુગોચર થયેલા શત્રુને પકડવા તથા મારવા ઇચ્છો તો તેને દેવતા સહિત પાંડવો પણ રક્ષણ કરવા સમર્થ થાય નહિ, માટે તમે પૂર્વે પ્રસન્ન થઇ મને વર આપી પછી અન્યથા કર્યું; પણ તમોને એમ કરવું ઘટે નહિ. કારણ શ્રેષ્ઠ પુરૂષો પોતાના ભક્તની આશાનો ભંગ કરતા નથી. એવાં દુર્યોધનનાં વખાણ સાંભળી અપ્રસન્ન થયેલા દ્રોણાચાર્ય, દુર્યોધન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હે દુર્યોધન! તારૂં પ્રિય કરવા ઇચ્છતા મને તું આવી રીતે કહેવા યોગ્ય નથી. હું તો શું પણ સુર, અસુર, ગંધર્વ, યક્ષ, રાક્ષસ તથા સર્પ સહિત તમામ લોકો પણ અર્જુને રક્ષા કરેલાને જીતવા સમર્થ થઇ શકે નહિ. જ્યાં વિશ્વના સરજનાર, ગોવિંદ ભગવાન વિરાજમાન છે તથા સેનાપતિ અર્જુન છે ત્યાં સમર્થ મહાદેવ વિના બીજા કોનું બળ તેને અતિક્રમણ કરે? હે તાત! વળી જો આજ એક સત્ય પ્રતિજ્ઞા કરૂં છું કે આજ કોઇ એક પણ અત્યંત શ્રેષ્ઠ મહારથિને હું પાડીશ. એ વચન અન્યથા નહિ થાય. તેમ દેવતાઓ પણ ભેદી શકે નહિ એવો વ્યૂહ રચીશ, તથાપિ હે રાજન્! કોઇ ઉપાયે કરી અર્જુનને દૂર લેઇ જજો. કારણ સંગ્રામમાં તેણે અસાધ્ય તથા ન જાણેલું એવું કંઇ પણ છે નહિ. મારાથી તથા બીજેથી કળા સહિત સર્વ સૈનિક જ્ઞાન તેણે મેળવેલું છે. દ્રોણનાં વચન સાંભળી બાકી રહેલા સંશપ્તકગણે દક્ષિણ દિશામાં જઇ અર્જુનને યુદ્ધ વાસ્તે બોલાવ્યો. શત્રુઓ સાથે અર્જુનનો કદી જોએલો નહિ તથા સાંભળેલો પણ નહિ એવો અતિ દારૂણ સંગ્રામ થયો. હે રાજન્! તે વખતે દ્રોણે રચેલો વ્યૂહ દુઃખિત દૃષ્ટિવાળાને અત્યંત તપાવતો મધ્યાન્હનો સૂર્ય શોભે તેમ શોભતો હતો. હે ભારત! દુઃખેકરી ભેદાય નહિ એવા તે ચક્રવ્યૂહને યુધિષ્ઠિરના કહેવાથી અનેક પ્રકારે અભિમન્યુએ ભેદ્યો. એ રીતે તેણે દુષ્કર કર્મ કરી હજારો શૂરવીરને હણી દ્રોણ, અશ્વત્થામા, કૃપ, કર્ણ, ભોજ તથા શલ્ય એ છ મહાવીર સાથે યુદ્ધ કરી દુઃશાસનના પુત્રને વશ થઇ પોતાના પ્રાણ ત્યાગ કર્યા. પરમ સંતુષ્ટ થયેલા આપણે તથા શોકકર્શિત પાંડવોએ સૈન્યનો અવહાર કર્યો. સંજયનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, હે સંજય! નથી પ્રાપ્ત થઇ યુવાવસ્થા જેને એવા પુરૂષમાં સિંહરૂપ અર્જુનના પુત્રને હણાયો સાંભળી મારૂં મન વિદીર્ણ થાય છે. તેમ ધર્મના કર્તાઓએ આ ક્ષાત્રધર્મ પણ અતિદારૂણ કહેલો છે; કારણ કે ધર્મને આચરી રાજ્યને ઇચ્છતા શૂરવીરો, બાળક ઉપર અસ્ત્ર નાંખે છે. હે ગાવલ્ગણે! અત્યંત સુખી તથા નિર્ભયની પેઠે વિચરતા બાળકને, અસ્ત્ર શીખેલા ઘણાકે કેમ માર્યો? તેમ હે સંજય! રથ સૈન્યને ભેદવા ઇચ્છતા પણ તેજવાળા સુભદ્રા પુત્રે સંગ્રામમાં કેવી રીતે ક્રીડા કરી તે પણ મને કહે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, હે રાજન્! સુભદ્રાપુત્રનું પડવું કેવી રીતે થયું તે તમો મને પૂછો છો વાસ્તે

સાવધાન થઇ સમગ્ર વૃત્તાંત કહું તે સાંભળો. સૈન્યને ભેદવા ઇચ્છતા કુમારે જે રીતે યુદ્ધમાં ક્રીડા કરી તથા નાશ સમયે દુઃસાધ્ય એવા શૂરવીરો જે રીતે ક્લેશને પ્રાપ્ત થયા તે કહું તે સાંભળો. ઘણાક છે ગુચ્છ, તૃણ તથા દ્રુમ જેમાં એવા અરણ્યમાં ચોતરફથી ઉઠેલા દાવાનળે કરી પ્રાપ્ત વનવાસિઓના જેવો ભય તમારી તરફનાઓને ઉત્પન્ન થયો.

दावाग्न्यभिपरीतानां भूरि गुल्मतृणद्रुमे ।
वनौकसामिवारण्ये त्वदीयानामभूद्भयं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणिण्यभिमन्युवधसंक्षेपकथने गुर्जरभाषायां त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥

અધ્યાય ૩૪ મો. ચક્રવ્યૂહ નિર્માણ.

संजय उवाच—समरेत्युग्रकर्माणः कर्मभिर्व्यंजितश्रमाः ।
सकृष्णाः पांडवाः पंचदैवैरपि दुरासदाः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! અતિ ઉગ્ર કર્મવાળા, જીતેલો છે શ્રમ જેમણે એવા કૃષ્ણ સહિત પાંચ પાંડવોને દેવતાઓ પણ દુઃખે કરી સહન કરી શકે નહિ, તેમ બળ, કર્મ, વંશ, બુદ્ધિ, કીર્તિ, યશ તથા શોભાએ કરીને પણ એમના સરખા ગુણવાળો કોઇ પુરૂષ થયો નથી; અને થશે પણ નહિ. સત્યધર્મમાં તત્પર, ઇંદ્રિયોને નિયમમાં રાખનાર યુધિષ્ઠિર રાજા તો વિપ્ર પૂજાદિક ગુણેકરી નિરંતર સ્વર્ગનેજ પ્રાપ્ત થયા છે. તેમ હે રાજન્! પ્રલય સમયનો કાળ, પરાક્રમી પરશુરામ તથા રથમાં બેઠેલા ભીમસેન એ ત્રણેય સરખા છે. સંગ્રામમાં પ્રતિજ્ઞા કરવા વિષે ચતુર ગાંડિવ ધનુષ ધરનાર અર્જુનની ઉપમા આપવા લાયક પૃથ્વી વિષે હું કોઇને જોતો નથી. ગુરૂ વાત્સલ્ય, કૃત તથા કર્તવ્ય કર્મનું અપ્રકાશન, વિનય, ઇન્દ્રિયોનો નિગ્રહ, સૌંદર્ય તથા શૌર્ય, એ છ ગુણ નકુળ વિષે નિરંતર રહેલા છે. શ્રુત, ગાંભીર્ય, માધુર્ય, સત્ય, રૂપ તથા પરાક્રમે કરી શૂરવીર સહદેવ અશ્વિનીકુમાર સરખો છે. એ રીતે પાંચ પાંડવો વિષે તથા શ્રીકૃષ્ણ વિષે જે જે મહાગુણો રહેલા છે તે સર્વ એક અભિમન્યુ વિષે દેખાતા હતા. અભિમન્યુ પરાક્રમે કરી, યુધિષ્ઠિર ચરિતે કરી, શ્રીકૃષ્ણ કર્મેકરી, ભીમસેન રૂપ તથા પરાક્રમે કરી અને અર્જુન શ્રુતે તથા વિનયેકરી, નકુલ તથા સહદેવ સરખો હતો.

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સૂત! કોઇ સ્થાનકે પરાજય પામેલો નહિ એવો અભિમન્યુ સંગ્રામમાં કેમ હણાયો? એ સમગ્ર વૃત્તાંત હું સાંભળવાને ઇચ્છું છું. સંજય કહે છે—હે મહારાજ! તે વૃત્તાંત વિષે થયેલો મોટો બંધુઓનો નાશ હું કહું તે સાંભળો. સ્થિર થઇ દુઃખે કરી ધારી શકાય નહિ એવા શોકને ધારણ કરો. હે મહારાજ! આચાર્યે ચક્રવ્યૂહ રચેલો હતો તેમાં ઇન્દ્રની જેમને ઉપમા અપાય એવા રાજાઓને ઉભા રાખ્યા હતા. તેના આરાસ્થાન વિષે સૂર્ય સરખી કાંતિવાળા સર્વ રાજકુમાર ઉભેલા હતા. સુવર્ણથી શોભિતા ધ્વજ-

વાળા રક્તવસ્ત્ર, રક્ત આભરણ તથા રક્ત પતાકાવાળા સુવર્ણની માળાથી શોભાયમાન, ચંદન તથા અગરચંદને કરી લીંપાએલ અંગવાળા, સૂક્ષ્મ વસ્ત્ર ધરેલા, તેઓ હતા. તેઓ અભિમન્યુ સાથે યુદ્ધ કરવા સારૂ એકઠા મળી સજ્જ થઈ ઉભેલા હતા. તેમાં દ્રઢ ધનુષવાળા દશ હજાર, પ્રિય છે દર્શન જેનું એવા તમારા પૌત્ર લક્ષ્મણને આગળ કરી એક બીજાનાં હિતમાં તત્પર, સમાન છે પરસ્પરનું દુઃખ જેમને એવા સ્પર્ધા કરનાર યુદ્ધ વાસ્તે તૈયાર થઇ ઉભા હતા. હે રાજેંદ્ર ! શ્વેત છે છત્ર જેની ઉપર, કર્ણ, દુશાસન, તથા કૃપાદિક મહારથિથી વિંટાયલો ઇન્દ્ર સમાન શોભિતો દુર્યોધન તો ચામર તથા વ્યજનના આપેક્ષે કરી ઉગતા સૂર્યની પેઠે સૈન્યના મધ્યમાં શોભતો હતો. સેનાના મુખમાં સૈન્યના નાયક દ્રોણ તથા અચળ એવા મેરૂ પર્વતના પેઠે શોભિતો સિંધુરાજા ઉભો હતો. તેની પડખે અશ્વત્થામા છે મુખ્ય જેમાં એવા દેવતા સરખા તમારા ત્રીસ પુત્રો ઉભા હતા. ગાંધારરાજ, શકુનિ, શલ્ય તથા ભૂરિશ્રવા, એટલા મહારથિ સિંધુરાજને બીજે પડખે ઉભા હતા. એ રીતે વ્યૂહ રચના કરી ઉભા રહ્યા પછી મૃત્યુનો ભય મૂકી તમારા તથા પારકાઓનુ રૂંવાં ઉભાં કરે એવું ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

> ततः प्रववृते युद्धं तुमुलं लोमहर्षणं ।
> तावकानां परेषां च मृत्युं कृत्वा निवर्तनं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि चक्रव्यूहनिर्माणे गुर्जरभाषायां चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४ ॥

અધ્યાય ૩૫ મો. અભિમન્યુની પ્રતિજ્ઞા.

> **संजय उवाच—तदनीकमनाधृष्यं भारद्वाजेन रक्षितं ।**
> **पार्थाः समभ्यवर्तंत भीमसेन पुरोगमाः ॥ १ ॥**

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! દ્રોણે રક્ષા કરેલા કોઇથી સહન થાય નહીં એવા સૈન્ય સામે ભીમસેનાદિક પાંડવો આવ્યા. તેમજ સાત્યકિ, ચેકિતાન, પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, પરાક્રમી કુંતિભોજ, મહારથિ દ્રુપદ, અર્જુન પુત્ર, ક્ષત્રધર્મા, પરાક્રમી બૃહત્ક્ષત્ર, ચેદિપ, ધૃષ્ટકેતુ, માદ્રિપુત્ર નકુળ, તથા સહદેવ, ઘટોત્કચ, પરાક્રમી યુધામન્યુ, પરાજય પામેલો નહિ એવો શિખંડિ, કોઇથી સહન થાય નહી એવો ઉત્તમૌજા, મહારથિ વિરાટ, અત્યંત ક્રોધાક્રાંત દ્રૌપદીના પૂત્રો, પરાક્રમી શિશુપાળ પુત્ર, મહા પરાક્રમી કેકય, તથા હજારો સૃંજય એટલા અને પોતાના ગણ સહિત અસ્ત્ર શીખેલા યુદ્ધમાં દુર્મદ, યુદ્ધ કરવા ઇચ્છતા બીજા પણ તત્કાળ દ્રોણ સામે દોડયા. પાસે આવના તેમને અસંભ્રાંત ચિત્તવાળા અતિ પરાક્રમી દ્રોણાચાર્યે બાણના ઓઘે કરી વારી રાખ્યા; પણ પાણીનો મોટો ઓઘ પર્વત આગળ જઇ તેને જેમ દુઃખેકરીને ભેદી શકે કે ઉલ્લંઘી શકે નહિ તથા જળાશયો જેમ પોતાના કિનારાને ઉલ્લંઘી શકે નહિ તેમ તેઓ દ્રોણને ઉલ્લંઘી શક્યા નહિ, તેથી હે રાજન્ ! દ્રોણના ધનુષમાંથી નીકળેલા બાણેકરી પીડિત થયેલા સૃંજય સહિત પંચાલ તથા પાંડવો તેની સામે ઉભા રહેવા

સમર્થ થઇ શક્યા નહિ. આશ્ચર્યરૂપ દ્રોણના બાહુ બળને અમો જોતા હતા. એ વખતે અત્યંત ક્રોધાયમાન થઇ સામે આવતા દ્રોણને જોઇ તેમને વારવા વિષે અનેક તરેહથી તેઓ વિચાર કરવા લાગ્યા. પછી યુધિષ્ઠિરે બીજો કોઇ દ્રોણને વારવા સમર્થ નથી એમ વિચારી કોઇથી સહન થાય નહિ એવો મોટો ભાર અભિમન્યુ ઉપર નાંખી, વાસુદેવ તથા અર્જુન સરખા ઘણા પરાક્રમવાળા પારકા શૂરવીરને હણનાર તેને આવી રીતે વચન કહ્યું કે—હે તાત! અર્જુન આવીને જે રીતે આપણને નિંદે નહિ તે રીતે કર, તેમજ ચક્રવ્યૂહ ભેદવા વિષે કંઇ પણ અમો જાણતા નથી. હે મહાબાહો! તું, અર્જુન શ્રીકૃષ્ણ ભગવાન તથા પ્રદ્યુમ્ન તમો ચાર ચક્રવ્યૂહને ભેદો એવા છો તે વિના પાંચમો છે નહિ. હે અભિમન્યો! આ વખતે તારી પાસે વર માગતા પિતૃઓ, માતુલ તથા સર્વ સૈન્યોને વર આપવા તું યોગ્ય છે. નહિ તો સંગ્રામમાં આવી અર્જુન આપણને નિંદશે. માટે જલદી અસ્ત્ર ગ્રહણ કરી દ્રોણના સૈન્યનો નાશ કર.

યુધિષ્ઠિરનાં વચન સાંભળી અભિમન્યુએ કહ્યું કે, દ્રોણનું શ્રેષ્ઠ સૈન્ય દૃઢ તથા અતિ ઉગ્ર છે તથાપિ પિતૃઓના જય વાસ્તે જલદી હું તેમાં અવગાહન કરીશ. મારા પિતાએ તે રીતે રચેલા સૈન્ય, ભેદવા વિષે મને ઉપાય બતાવેલો છે તથાપિ કોઇ આપદ આવ્યે તે વિષેથી પાછો નિકળવાનો ઉપાય મને આવડતો નથી. તેનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે તાત! હે યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ! તેના સૈન્યને ભેદી તું રસ્તો કર એટલે જે માર્ગે તું જઇશ તે માર્ગે અમે તારી પાછળ આવીશું. હે તાત! યુદ્ધમાં અર્જુન સરખા તને માંહે પ્રવેશ કરાવી ચોતરફથી તારી રક્ષા કરતા અમો પાછળ આવીશું. ભીમસેન કહે છે કે હું, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, પંચાલ, કેકય, મત્સ્ય, તથા સર્વ પ્રભદ્રકો પણ તારી પાછળ આવીશું. ભેદેલા વ્યૂહમાં તે તે ઠેકાણે પાછળ આવી તને મારવા આવતા શ્રેષ્ઠ યોદ્ધાઓને અમો મારીશું. એવાં તેમના વચન સાંભળી અભિમન્યુ કહેવા લાગ્યો કે, દુઃખે કરી કોઇથી સહન થાય નહિ એવા દ્રોણસૈન્યમાં ક્રોધાયમાન થયેલો હું પતંગ નામનો જંતુ જેમ પ્રજ્વલિત અગ્નિમાં પ્રવેશ કરે તેમ પ્રવેશ કરીશ અને માતુલ તથા પિતા, એ બેઉને પ્રીતિ કરનાર તથા હિતરૂપ એવું કર્મ કરીને આજ સંગ્રામમાં એકલો બાળક હું શત્રુના સૈન્યને હણીશ, તે તમે સર્વ જોશો. આજ સંગ્રામમાં મારી સામે કોઇ પુરૂષ પાછો જીવતો જાય તો હું સુભદ્રા તથા અર્જુનનો પુત્ર નહિ. તેમ યુદ્ધમાં એકરથે કરી સમગ્ર ક્ષાત્રમંડળને આઠ પ્રકારે જુદું ન કરૂં તો હું અર્જુન પુત્ર નહિ. એવાં તેનાં વચન સાંભથી યુધિષ્ઠિરે કહ્યું કે, હે સુભદ્રાપુત્ર! મોટા ધનુષવાળા, મહા બળવાન, સાધ્ય, રૂદ્ર, વાયુ, વસુ, અગ્નિ તથા આદિત્ય સરખા પરાક્રમવાળા, પુરૂષમાં સિંહરૂપ, શૂરવીરોએ રક્ષા કરેલા, કોઇથી સહન થાય નહિ એવા દ્રોણસૈન્યને તું ભેદવાનો ઉત્સાહ કરે છે તથા આવી રીતે ભાષણ કરે છે માટે તારૂં બળ વૃદ્ધિ પામો. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવાં તેમનાં વચન સાંભળી તેણે સારથિને કહ્યું કે, હે સુમિત્ર! જલદી દ્રોણસૈન્ય સામે મારા ઘોડાઓ ચલાવ.

तस्य तद्वचनं श्रुत्वा सयंतारमचोदयत् ।
सुमित्राश्वान् रणे क्षिप्रं द्रोणानीकाय चोदय ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युप्रतिज्ञायां युधिष्ठिराभाषायां पंचत्रिंशोऽध्यायः ॥ ३५ ॥

[illegible] ભોજન કરે છે, જે ધનવાન પુરૂષોને દુર્લભ છે. હે મહીપતે! જુએ, બહુધા શ્રીમંત ધનવાન પુરૂષોને જમવાની શક્તિ નથી હોતી, અને દરિદ્રોને લાકડાં પણ પચી જાય છે. શરીરીઓને પોતાની જીવિકા ન ચાલે તેનો ભય છે, રોગીઓને મરણથી ભય છે અને ઉત્તમ મનુષ્યને અપમાનથી પરમ ભય છે. મદિરા પાનનો મદ તથા અધિકારમદ, ઇત્યાદિ કરતાં લક્ષ્મીનો મદ પાપિષ્ઠ છે. કારણ બીજા મદ ઉપાયથી ટળે છે, પણ લક્ષ્મીના મદથી મસ્ત થયેલો પુરૂષ પડતી થયા વગર વિચાર કરતો નથી.

નિગ્રહ નહીં કરવાથી વિષયમાં હંમેશ વર્તતી ઇંદ્રિયો, જેમ ગ્રહો નક્ષત્રોને આક્રમણ કરે તેમ લોકોને આક્રમણ કરે છે. સહજ મનને આકર્ષણ કરનાર ઇંદ્રિય ગણને જે વશ થાય છે, તે પુરૂષની શુક્લ પક્ષમાં ચંદ્રમા વૃદ્ધિ પામે, તેમ પ્રતિ દિવસ આપત્તિઓ વૃદ્ધિ પામતી જાય છે. તમે લક્ષ્મીના મદે કરી મત્ત છો, તેમ ઇંદ્રિયોને પણ વશ છો, માટે અવશ્ય આપદને પ્રાપ્ત થશો. જે મનને જીત્યા વગર અમાત્યાદિને જીતવાને ઇચ્છે, ને અમાત્યોને જીત્યા વગર શત્રુને જીતવા ઇચ્છે, તે પોતાને વશ નહી એવો રાજા હીનતાને પામે, માટે શત્રુ જાણી પ્રથમ મનને જીતવું, તે પછી અમાત્યોને જીતવા, અને તે પછી શત્રુને જીતવા. એ રીતે કરે તો નિષ્ફળ ન જાય. વશ છે ઇંદ્રિયો તથા મન જેને, પાપિયોને વિષે દંડ ધારણ કરનાર તથા પરીક્ષા કર્યા પછી કામ કરનાર ધૈર્યવાન રાજાને લક્ષ્મી અત્યંત સેવે છે. હે રાજન્! શરીર રથ છે, બુદ્ધિ સારથિ છે અને ઇંદ્રિયો ઘોડા છે, તે નિયમમાં રાખેલા ઇંદ્રિયોરૂપી ઘોડાથી, જેમ રથમાં બેસનાર દમેલા ઘોડાથી સુખે કરી પંથે જાય છે, તેમ જીવ સુખે કરી કુશળતાથી જાય છે. પોતાને વશ નહી એવા વગર દમેલા ઘોડા જેમ ખરાબ હાંકનારને રસ્તામાં નાશ પમાડે છે, તેમ નિયમમાં નહી રાખેલી ઇંદ્રિયો પણ પુરૂષને નાશ પમાડવાને સમર્થ થાય છે. કમાવાનાં ખરાં સાધનથી અનર્થ થશે એમ માને છે, ને અનર્થથી મળેલાને અર્થ માને છે, તે બાળક બુદ્ધિવાળો પોતાની ઇંદ્રિયો વશ નહી હોવાથી અત્યંત દુઃખને સુખરૂપ માને છે. જે ધર્મ તથા અર્થનો ત્યાગ કરી ઇંદ્રિયોની ઇચ્છા પ્રમાણે ચાલે છે, તે પુરૂષ તરત લક્ષ્મી, પ્રાણ, ધન તથા સ્ત્રી, એ બધાંથી હીન થાય છે, એટલે કે એ સર્વ તેનો ત્યાગ કરે છે. જે ધનનો સ્વામી હોય, પણ ઇંદ્રિયોનો સ્વામી ન હોય એટલે કે જેને ઇંદ્રિયો વશ ન હોય, તે પુરૂષ ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે. નિયમમાં રાખેલાં મન, બુદ્ધિ તથા ઇંદ્રિયોથી પોતેજ પોતાના આત્માનો ઉદ્ધાર કરે, કારણ પોતે આત્માજ પોતાનો બંધુ તથા શત્રુ છે. નિયમમાં રાખેલી બુદ્ધિજ પોતાનો બંધુ છે, અને નિયમમાં ન રાખેલી બુદ્ધિ તે જ શત્રુ છે. હે રાજન્! નાનાં છિદ્રવાળી જાળથી ઢંકાયેલાં બે મોટાં મત્સ્ય જેમ જાળને કાપે, તેમ કામ તથા ક્રોધ જ્ઞાનને નાશ પમાડે છે. જે રાજા ધર્મ તથા અર્થમાં વિરોધ ન આવે તે રીતે જય કરવાનાં સાધનો સંપાદન કરે તે હંમેશ સુખ ભોગવે છે. જે રાજા, મન જેને નિયમમાં રાખનાર છે એવા શરીરની અંદર રહેનાર ઇંદ્રિયોરૂપી [illegible] શત્રુને જીત્યા વગર, બીજા શત્રુઓને જીતવાને ઇચ્છે છે, તેને શત્રુઓ પરાભવ પમાડે છે. બળવાન રાવણાદિ રાજાઓ પણ ઇંદ્રિયોને વશ થવાથી, ઐશ્વર્યના વિલાસ તથા પોતાના કર્મોએ કરીને, બંધનને પ્રાપ્ત થયા સંભળાય છે. સૂકા ભેગું લીલું કાષ્ટ પણ તે [illegible] સહવાસથી બળી જાય છે; તેમ પાપ કરનારાઓને ત્યાગ ન કરી તેમની સાથે [illegible] નિષ્પાપ [illegible] પણ તેમના જેટલોજ દંડ મળે છે; માટે પાપ કરનારાઓની સોબત

અધ્યાય ૬૬ મો. અભિમન્યુનું પરાક્રમ.

संजय उवाच—सौभद्रस्तद्वचः श्रुत्वा धर्मराजस्य धीमतः ।
अचोदयत यंतारं द्रोणानीकाय भारत ॥*

સંજય કહે છે—હે ભારત! સુભદ્રાપુત્ર અભિમન્યુએ બુદ્ધિમાન ધર્મરાજાનું એવું વચન સાંભળી દ્રોણુસૈન્ય સામે જવાની સારથિને આજ્ઞા આપી. હે રાજન્! એ રીતે તેણે દ્રોણુસૈન્ય પ્રત્યે જા, એમ કહેવાથી સારથિએ અભિમન્યુને આવી રીતે કહ્યું કે, હે આયુષ્મન્! પાંડવોએ તમારી ઉપર આ અતિ ભાર નાંખ્યો છે માટે ક્ષણુ માત્ર બુદ્ધિથી વિચાર કરી પછી તમે આગળ વધો. દ્રોણાચાર્ય યુદ્ધ કરવામાં કુશળ તથા અસ્ત્રવિદ્યામાં કરેલો છે શ્રમ જેણે એવા છે અને તમે સુખથી વૃદ્ધિ પામેલા તથા આવા યુદ્ધમા વિશારદ નથી. સારથિનાં વચન સાંભળી હાસ્ય કરી તેણે સારથિને કહ્યું કે, હે સારથે! આ દ્રોણુ કોણુ માત્ર અને સમગ્ર ક્ષત્રિયો પણુ કોણુ માત્ર છે? ઐરાવત ઉપર બેસી દેવગણુ સહિત ઇન્દ્ર તથા સર્વ ભૂતગણે પૂજેલા મહાદેવ સાથે પણુ રણુસંગ્રામમાં હું યુદ્ધ કરૂં ત્યારે આ ક્ષત્રિય સાથે યુદ્ધ કરૂં તેમાં શું આશ્ચર્ય! આ શત્રુ સૈન્ય મારી સોળમી કળાને પણુ યોગ્ય નથી. હે સૂત! વિશ્વને જીતનાર માતુલ વિષ્ણુ તથા પિતા અર્જુન સામે થતાં પણુ સગ્રામમાં મને ભય પ્રાપ્ત થાય નહિ; એ રીતે અભિમન્યુએ સારથિની તે વાણીને ન ગણુકારી અને એને કહ્યું કે જલદી દ્રોણુસૈન્ય પ્રત્યે જા. એવાં તેનાં વચન સાંભળી નથી અતિશય પ્રસન્ન મન જેનું એવા સારથિએ સુવર્ણનાં છે આભરણુ તથા ઉપસ્કર જેમનાં એવા ત્રણુ વર્ષના અશ્વને જલદી દ્રોણુ સૈન્ય પ્રત્યે હાંક્યા. સુમિત્ર નામના સારથિએ દ્રોણુસૈન્ય સામે હાંકેલા તે અશ્વ, મહાવેગ તથા પરાક્રમ-વાળા દ્રોણુ સામે દોડયા. તે રીતે સામે આવતા તેને જોઇ દ્રોણાદિક સર્વ કૌરવ તેની સામે આવ્યા અને પાંડવો તેની પાછળ ચાલ્યા. કર્ણિકાર વૃક્ષના ચિન્હવાળી ઉંચી શ્રેષ્ઠ ધજાવાળો, સુવર્ણનું કવચ પહેરેલા અર્જુનથી શ્રેષ્ઠ અર્જુનપુત્ર સિંહનું બચ્ચું જેમ હસ્તિઓ સામે થાય તેમ યુદ્ધ કરવાની ઇચ્છાથી દ્રોણાદિક મહારથિઓ સામે થયો. વ્યૂહના રક્ષણમાં સાવ-ધાન તેઓ અભિમન્યુને પ્રહાર કરવા લાગ્યા. તે વખતે બે ઘડી તો સમુદ્ર તથા ગંગાના આવર્ત્તની પેઠે સૈન્ય ફરવા લાગ્યું. હે રાજન્! પરસ્પર હણુતા તથા યુદ્ધ કરતા શૂરવીરોનો અત્યંત દારૂણુ સંગ્રામ પ્રવર્ત્તમાન થયો. એ રીતે વર્તતા અતિ ભયંકર સંગ્રામમાં દ્રોણુ જોતાં તે વ્યૂહને ભેદી અર્જુનપુત્ર અભિમન્યુ તેમાં પેઠો. અંતઃપ્રવિષ્ટ થયેલા શત્રુસમુદાયને હણુતા મહા બળવાન તેને ઉગામેલાં છે આયુધ એવા હસ્તિ, અશ્વ, રથ તથા પયદળે ચોતરફથી ઘેરી લીધો. વળી નાના પ્રકારના યુદ્ધવાદ્યના શબ્દ સાથે ક્રીડા કરવી મોટેથી પોકારવું, ગર્જના કરવી, હોકારા, સિંહનાદ, 'અરે ઉભો રહે, ઉભો રહે,' એ રીતના શબ્દ ઘોર એવા હલહલા શબ્દ, 'નહિ જા, ઉભો રહે, મારી સાંમે આવ, હે શત્રો! આ હું' એ પ્રમાણે વારંવાર બોલતા યોદ્ધાઓ હસ્તિઓનું બોલવું, આભરણુનો શબ્દ, ગર્જના, હસ્ત તથા પાદના શબ્દે કરી પૃથ્વીને શબ્દાયમાન કરતા અર્જુનપુત્ર અભિમન્યુ સામે દોડયા. પોતા સામે આવતા તેમને જલદી યુદ્ધ કરનાર, તથા તત્કાળ અસ્ત્ર સાંધનાર, મર્મજ્ઞ, મહા બળવાન, તે મર્મ ભેદનાર બાણેકરી હણુવા લાગ્યો. એ રીતે નાના પ્રકારનાં તીક્ષ્ણુ બાણે કરી તેણે હણુવા માંડેલા પરવશ થયેલા ધનુષ્યધારી યોદ્ધાઓ શલભ નામના જંતુઓ જેમ અગ્નિમાં પડીને નાશ પામે

તેમ તેને પ્રાપ્ત થઇ નાશને પામતા હતા. તેણે યજ્ઞમાં વેદિ ઉપર જેમ દર્ભ પાથરે તેમ નાશ પામેલાઓનાં શરીર તથા અવયવ રણભૂમિમાં પાથરી દીધાં. બાંધેલા છે ઘોના ચર્મના મોજા જેમણે એવા ધનુષ બાણ, ખડ્ગ, ઢાલ, અંકુશ, તોમર, ફરશી, ગદા, લોઢાના ગોળા, પ્રાસ, ઋષ્ટિ, તોમર, પટ્ટા, ગોફણ પરિઘ, શક્તિ, શ્રેષ્ઠ, કંપન, પ્રતોદ, કુંત, અંકુશ, મુદ્ગલ, ક્ષેપણીય, પાશ, તથા ઉપલ સહિત અને કેયૂર તથા અંગદેકરી શોભિતા, સુંદર ચંદન ચોપડેલા હસ્તિની સૂંઢ સરખા તમારી તરફનાઓના હજારો હાથ અભિમન્યુએ કાપી નાંખ્યા. હે મહારાજ! રૂધિરથી અત્યંત લાલ સ્ફુરાયમાન બાહુએકરી રણભૂમિ, ગરૂડે મારેલા પાંચ મુખવાળા નાગેકરી શોભે તેમ શોભતી હતી. સુંદર છે નાસિકા મુખ તથા કેશના અગ્રભાગ જેમાં, વ્રણ રહિત, સુંદર કુંડળવાળા ક્રોધથી સારી રીતે ડસ્યા છે ઓષ્ઠપુટ જેમણે, સ્રવે છે ઘણું રૂધિર જેમાંથી, મણિ તથા રત્નથી શોભિતા અત્યંત સુંદર છે મુકુટ તથા સંગ્રામમાં પહેરવાની ટોપી એવા, નાળ વગરના કમળ સરખાં, સૂર્ય તથા ચંદ્ર સરખી કાન્તિવાળાં, પવિત્ર ગંધયુક્ત તથા વખત ઉપર મિત્રોનું પ્રિય બોલનાર, મુખથી શોભિતાં શત્રુઓનાં મસ્તકોએ કરી અર્જુનપુત્રે રણભૂમિને ભરી દીધી. ગંધર્વનગર સરખા આકારવાળા, વિધિથી રચેલા હળના દાંડા સરખા મુખવાળા, એ ત્રણ વાંસ જેમાં રહ્યા છે એવા દાંડાએ કરી ઉંચી જંઘા તથા મુખડા રહિત નેમિરૂપી દાંત વગરના ભાગી ગયાં છે ચક્ર, ઉપસ્કર તથા બેસવાની જગાઓ જેમાં, પાડી નાંખ્યાં છે આસ્તરણ જેમાંથી તથા હણાયા છે યોદ્ધા જે ઉપરથી એવા હજારો રથના કડકા કરતો તે, સર્વ દિશાઓમાં દેખાતો હતો. તેમજ શત્રુઓના હસ્તિઓ, માવત, ભાલા, અંકુશ, ધ્વજ, ભાથા, કવચ, હાથીના તંગ કંબળ સહિત હાથીના ગ્રીવાભરણ, ઘંટા, શુંડ દાંતના અગ્રભાગ, છત્ર, ભાલા તથા પાછળ ચાલનારાઓને પણ તીક્ષ્ણ છે ધારના અગ્રભાગ જેમના એવાં બાણોએ કરી છેદતો હતો તથા વનાયુ દેશમાં ઉત્પન્ન થયેલા પાર્વતીય, કાંબોજ, બાલ્હિક, સ્થિર છે પુચ્છાગ્રભાગ, કર્ણ તથા નેત્ર જેમનાં, વેગવાન, સારી રીતે રથ વહેનાર, શક્તિ, ખડ્ગ, તથા ભાલાથી યુદ્ધ કરનાર, શીખેલા યોદ્ધાઓએ આરોહણ કરેલા, વિધ્વસ્ત થયાં છે ચામર, મુખ, ચમરી, જીવ્હા તથા નેત્ર જેમનાં, બહાર નીકળ્યાં છે આંત્ર જેમને, ભેદાયેલા કાળજાવાળા, હણાયા છે માથે બેસનાર તથા ઘંટા જેમના, ક્રવ્યાદ ગણને હર્ષ કરનાર, કપાઇ ગયા છે ઢાલ તથા કવચ જેમના, વિષ્ઠા મુત્ર તથા રૂધિરે કરી વ્યાપ્ત થયેલા એવા તમારી તરફના અશ્વોને પાડતો તે અત્યંત શોભતો હતો. એ રીતે એકલા અભિમન્યુએ વિષ્ણુની પેઠે અચિંત્ય એવું દુષ્કર કર્મ કરી ભયંકર એવા અસુર સૈન્યને જેમ મહાદેવજી મંથન કરે તેમ ત્રણ છે અંગ જેનાં એવા તમારા મોટા સૈન્યને મર્દન કર્યું. મહા સંગ્રામમા અર્જુન પુત્ર શત્રુથી સહન થાય નહિ એવું કર્મ કરી ચોતરફથી તમારી તરફના પાયદળ સમૂહોને ભેદવા લાગ્યો. કાર્તિકસ્વામી જેમ અસુરની સેનાને હણે તેમ તે એક તીક્ષ્ણ બાણે કરી અત્યંત હણેલી તે સેનાને જોઇ સુકાઇ ગયેલા મુખવાળા, ચલાયમાન છે નેત્ર જેમનાં, પરસેવો વળેલાં રૂવાં ઉભાં થયાં છે અંગમાં જેમને, એવા, દૂષિતે જીતવા વિષે ઉત્સાહ, રહિત, પલાયન કરવામાં ઉત્સાહવાળા જીવવાને, ઇચ્છતા, નામ તથા ગોત્રે કરી પરસ્પર બોલાવતા એવા તમારી તરફના તથા તમારા પુત્રો, સંગ્રામમાં હણાયેલા પુત્રો, પિતૃઓ, ભાઇઓ, બંધુ તથા સંબંધિઓને મૂકી અશ્વ તથા હસ્તિઓને ઉતાવળા ચલાવી ભાગવા લાગ્યા.

गोत्रमाणमभिमन्योन्यं क्रंदंतो जिजीविषिणः ।
हतान् पुत्रान् पितॄन् भ्रातॄन् बंधून् संबंधिनस्तथा ॥
प्रतिष्ठंत समुत्सृज्य त्वरयंतो हयान्द्विपान् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युपराक्रमे सुर्य-रथापायां षट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥

અધ્યાય ૩૭ મો. ચક્રવ્યૂહ ભંગ.

संजय उवाच—तां प्रभग्नां चमूं दृष्ट्वा सौभद्रेणामितौजसा ।
दुर्योधनो भृशं क्रुद्धः स्वयं सौभद्रमभ्ययात् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ઘણા તેજવાળા અભિમન્યુએ નસાડેલી પોતાની સેનાને જોઇ અત્યંત ક્રોધાયમાન થયેલો દુર્યોધન પોતે તેની સામે દોડ્યો. તેને જોઇ દ્રોણાચાર્યે યોદ્ધાઓને કહ્યું કે, પરાક્રમી અભિમન્યુ આપણા દેખતાં લક્ષ થયેલાને હણે છે. વાસ્તે તેની સામે દોડી ભય રહિત થઇ જલદી દુર્યોધનની રક્ષા કરો. એવાં તેમનાં વચન સાંભળી કૃતજ્ઞ, બળવાન, જયશીલ તથા હિત ઇચ્છનાર તે શૂરવીરો, તમારા પુત્રને ચોતરફથી ઘેરી લઇ તેની રક્ષા કરવા લાગ્યા. તેટલામાં દ્રોણ, દ્રૌણિ, કૃપ, કર્ણ, કૃતવર્મા, શકુનિ, બૃહદ્બળ, મદ્રરાજ, ભૂરિ, ભૂરિશ્રવા, શલ, પૌરવ, તથા વૃષસેન એટલા શૂરવીરોએ અભિમન્યુ સામે આવી મોટા બાણના વરસાદથી એને મોહ પમાડી દુર્યોધનને મુકાવ્યો. તે એવી રીતે કે જેમ મુખમાંથી કોળીયો પડી જાય તેમ તેના હાથમાંથી તેને છોડાવ્યો. તે સહન નહિ કરી શકતા અભિમન્યુએ મોટા બાણના ઓઘવડે અશ્વ તથા સારથિ સહિત મહારથિઓને વિમુખ કરી સિંહનાદ કર્યો. હે મારિષ ! સિંહના સરખો તેનો શબ્દ સાંભળી તેને ન સહન કરી શકતા તેના નાશને ઇચ્છતા તથા અત્યંત કોપાયમાન થયેલા દ્રોણાદિક રથિઓએ રથ સમુદાયે કરી એને ઘેરી લેતાં અનેક પ્રકારનાં સેંકડો બાણ તેની ઉપર નાંખ્યાં. આવતા બાણને અંતરિક્ષમાંથીજ કાપી તમારા પુત્રે તીક્ષ્ણ બાણવડે તેમને પણ વિંધ્યા, ક્રોધાયમાન થયેલા અને મારવા ઇચ્છતા તેમણે પરાજય પામેલા નહીં એવા સુભદ્રાપુત્ર અભિમન્યુને સર્પ સરખાં બાણે કરી ચોતરફથી પીડવા માંડ્યો. હે ભરતર્ષભ ! તે વખતે સમુદ્રને જેમ તેનો કિનારો રોકે તેમ મૂકી છે મર્યાદા જેણે એવા તમારા સૈન્યસમુદ્રને એકલા અર્જુનપુત્રે વારી રાખ્યો. તેમાં યુદ્ધ કરતા તથા પરસ્પર મારતા યોદ્ધાઓમાંથી કોઇપણ વિમુખ થતો ન હતો. એવી રીતે વર્તતા તે ભયંકર સંગ્રામમાં દુઃસહે નવેકરી, દુઃશાસને બારથી, શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે ત્રણવડે, દ્રોણે સર્પ સરખા સત્તરથી, વિવિંશતીએ સિત્તેરે કરી, કૃતવર્માએ સાતથી બૃહદ્બળે આઠથી, અશ્વત્થામાએ સાતેકરી, ભૂરિશ્રવાએ ત્રણથી, મદ્રેશે છએકરી, શકુનિએ બેથી, તથા દુર્યોધને ત્રણ બાણેકરી અભિમન્યુને વિંધ્યો. હે મહારાજ ! ધનુષ છે હાથમાં જેને, અભ્યાસ કૃત તથા સ્વાભાવિક મોટું બળ દેખાડતા અત્યંત કોપાયમાન થયેલા પ્રતાપવાન અભિમન્યુએ જાણે નૃત્ય કરતો હોય નહિ તેમ ત્રણ ત્રણ બાણેકરી તેમને વિંધ્યા. તે વખતે "અસ્મકેશ્વરે ગા

તથા વાયુ સરખા વેગવાળા અશ્વોકરી એને વારી ' અરે ઉભો રહે, ઉભો રહે ' એમ કહી દશ બાણોકરી તેને વિંધ્યો. અભિમાની અભિમન્યુએ પણ દશ બાણોકરી તેના સારથિ, ધ્વજ, બાહુ તથા ધનુષ કાપી મસ્તક પણ પૃથ્વી ઉપર પાડી નાંખ્યું. એ પ્રમાણે સુભદ્રાપુત્રે શૂરવીર અશ્મકેશ્વરને માર્યો તેને જોઇ પલાયન કરવામાં તત્પર એવું તમારૂં સર્વ સૈન્ય ચલાયમાન થયું. તે સમયે કર્ણ, કૃપાચાર્ય, દ્રોણ, અશ્વત્થામા, ગાંધાર રાજા શકુનિ, શલ, શલ્ય, ભૂરિશ્રવા, ક્રાથ, સોમદત્ત, વિવિંશતિ, વૃષસેન, સુષેણ, કુંડભેદી, પ્રતર્દન, વૃંદારક, લલિત્થ, પ્રબાહુ, દીર્ઘલોચન, તથા અત્યંત કોપાયમાન થએલો દુર્યોધન એટલા શૂરવીરોએ અભિમન્યુ ઉપર બાણનો વરસાદ કર્યો. અત્યંત વિંધાયલા તેણે કવચ તથા કાયા ભેદનાર બાણ કર્ણ ઉપર નાંખ્યું; તે, તેના કવચ તથા કાયાને ભેદી સર્પ જેમ રાફડામાં જાય તેમ પૃથ્વીમાં પેઠું. તે અતિ પ્રહારે કરી વ્યથા પામેલો કર્ણ વિહ્વળ થતો હોય નહિ તેની પેઠે પૃથ્વી કંપથી જેમ પર્વત ચલાયમાન થાય તેમ સંગ્રામમાં ચલાયમાન થયો. વળી અત્યંત ક્રોધાવિષ્ટ થએલા બળવાન તેણે સુષેણ, દીર્ઘલોચન તથા કુંડભેદી એ ત્રણને તીક્ષ્ણ કરેલાં બીજા ત્રણ બાણોકરી હણ્યા. તે વખતે કર્ણે નારાચ નામનાં પચ્ચીશ, અશ્વત્થામાએ વીશ, તથા કૃતવર્માએ સાત બાણ તેની ઉપર નાંખ્યાં. બાણેકરી વ્યાપ્ત છે સર્વ અંગ જેનું એવો ક્રોધાવિષ્ટ થએલો સૈન્યમાં વિચરતો તે, હાથમાં પાશગ્રહણ કરેલો કાળ સરખો દેખાતો હતો. વળી અસ્ત્ર જાણનાર પ્રબાહુએ પાસે ઉભેલા શલ્ય ઉપર બાણનો વરસાદ કરી તમારા સૈન્યને ભય પમાડતાં મોટો શબ્દ કર્યો; તે સમયે મર્મ ભેદનાર બાણ વરસાદથી વિંધાયલો શલ્ય, મૂર્છિત થઇ રથમાં બેસી ગયો. તેને જોઇ દ્રોણાચાર્યના દેખતાં તમારી સર્વ સેના જેમ સિંહથી પીડાયલાં મૃગો ભાગે તેમ ભાગવા લાગી. તે વખતે ઉપરથી પિતૃ, દેવ, ચારણ, સિદ્ધ તથા યક્ષોએ અને પૃથ્વીતલ ઉપર રહેલા પ્રાણિઓએ સ્તુતિ કરેલો સંગ્રામના યશયુક્ત અભિમન્યુ તો જેમ આજ્યે સિંચન કરેલો અગ્નિ શોભે તેમ અત્યંત શોભતો હતો.

> स तु रणयशसाभिपूज्यमानः पितृसुरचारणसिद्धयक्षसंघैः ।
> अवनितलगतैश्च भूतसंघैरतिविबभौ हुतभुग्यथाज्यसिक्तः ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युपराक्रमे गुर्जरभाषायां सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥

અધ્યાય ૩૮ મો. સૌભદ્રનું શૂરાતન.

धृतराष्ट्र उवाच—तथा प्रमथमानं तं महेष्वासानजिह्मगैः ॥
आर्जुनिं मामकाः संख्ये के त्वेनं समवारयन् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! તે રીતે સંગ્રામમાં મોટા ધનુષવાળાઓને મંથન કરતા અર્જુનપુત્રને મારી તરફના કયા યોદ્ધાઓએ વારી રાખ્યો ? સંજય કહે છે—હે રાજન્ ! દ્રોણે રક્ષા કરેલા રથસૈન્યને ભેદવા ઇચ્છતા અર્જુનકુમારે સંગ્રામમાં જે રીતે મોટી ક્રીડા કરી તે હવે કહું છું સાંભળો. સંગ્રામમાં સુભદ્રાપુત્રે બાણે કરી પીડેલા મહેલ [illegible]

થયેલા તેના નાના ભાઈને બાણુ ફેંકતાં તેની સામે જઈ દશ બાણુવડે અશ્વ તથા સારથિ સહિત અર્જુન પુત્રને વિંધી મોટો શબ્દ કરી ' અરે ઉભો રહે, ઉભો રહે,' એમ તેને કહ્યું, એટલામાં બાણુ નાંખવામાં ચતુર અર્જુનપુત્રે પણુ તેનું મસ્તક તથા ગ્રીવા, હાથ, પગ, ધનુષ, અશ્વ, છત્ર, ધ્વજ, સારથિ, ત્રિવેણુ, રથગતશય્યા, ચક્ર, ભાથો, રથના નીચેનો ભાગ, પતાકા, ચક્રરક્ષકો અને સર્વ ઉપસ્કર પણુ બાણે કરી કાપી નાંખ્યાં. તથાપિ તેને કોઈએ જોયો નહિ. પછી વિંધાયાં છે આભરણુ તથા વસ્ત્ર જેનાં એવો ક્ષીણુ થયેલો તે, ઘણુા બળવાન વાયુએ ભાંગેલું મોટું વૃક્ષ પડે તેમ પૃથ્વી ઉપર પડ્યો. તેને તથા અભિમન્યુના તે કર્મને જોઈ ત્રાસ પામેલા તેની પાછળ ચાલનારાઓ શબ્દ કરતા સર્વ દિશાઓમાં ભાગવા લાગ્યા. તેમનો શબ્દ સાંભળી સર્વ પ્રાણિ ' સાધુ, સાધુ ' એ રીતે કહેવા લાગ્યા. એવી રીતે શલ્યનો નાનો ભાઈ હણુાયો તે વખતે વિવિધ પ્રકારનાં આયુધ છે હાથમાં જેમના એવા ઘણુાક સૈનિકો પોતાનું કુળ, નિવાસ તથા નામ અર્જુન પુત્રને સંભળાવતા રથ, અશ્વ, તથા હસ્તિએ કરી, કેટલાક પગે કરી તેની સામે દોડ્યા અને બીજા કેટલાક સૈનિકો બાણુનો શબ્દ, રથના પાટાનો શબ્દ, હુંકાર, ઉંચેથી પોકાર, ગર્જના, સિંહનાદ, પ્રત્યંચાનો શબ્દ, તથા મોજાના શબ્દે કરી પૃથ્વીને શબ્દાયમાન કરતા તથા અર્જુન પુત્રને ' અમારા જીવતાં તું જીવતો જઈશ નહિ ' એવી રીતે કહેતા તેની સામે દોડ્યા. તે રીતે બોલતા તથા સામે આવતા તેમને જોઈ સુભદ્રાપુત્ર અભિમન્યુ હસતો હોય તેની પેઠે જે જે યોદ્ધો પ્રથમથી પોતા ઉપર પ્રહાર કરતો હતો તે તે યોદ્ધાને પોતે બાણે કરી વિંધતો હતો. વળી શૂરવીર અર્જુનપુત્ર, વિચિત્ર પ્રકારનાં અસ્ત્ર દેખાડતો, મૃદુતા છે આરંભમાં જેના એવું યુદ્ધ કરતો હતો. વાસુદેવ તથા અર્જુન પાસેથી પોતે જે અસ્ત્ર મેળવેલાં હતાં તેનું પરાક્રમ દેખાડતાં તે બેઉ સરખું પોતે એકલો યુદ્ધ કરતો હતો. પોતાવિષે રહેલા ઘણુા ભારને તથા ભયને દૂર કરી નિરંતર બાણુ નાંખતોજ દેખાતો હતો. એનું ધનુષમંડળ શરદૃઋતુમાં અત્યંત પ્રકાશમાન સૂર્યનું મંડળ દેખાય તેવું સ્ફુરાયમાન દિશાઓમાં દેખાતું હતું તથા વખતસર મોટું વજ્ર મૂકતાં મેઘનો શબ્દ સંભળાય તેવો દારૂણુ તેની પ્રત્યંચા તથા મોજાનો શબ્દ સંભળાતો હતો. એ પ્રમાણે લજ્જાવાન, ક્રોધી, માન કરનાર, તથા પ્રિય છે દર્શન જેનું એવો અર્જુનપુત્ર અભિમન્યુ શૂરવીરોનું શૌર્ય જોવા સારૂ બાણુ તથા અસ્ત્રે કરી યુદ્ધ કરતો હતો. હે મહારાજ ! ભગવાન સૂર્ય, જેમ વર્ષાઋતુમાં મૃદુ થઈ પછી શરદૃઋતુમાં દારૂણુ થાય છે તેમ અર્જુનપુત્ર પણુ પ્રથમ મૃદુ થઈ પછી દારૂણુ થતો હતો અને તે મહા સંગ્રામમાં સૂર્ય જેમ કિરણોને વિસ્તારે તેમ ક્રોધાક્રાંત અભિમન્યુ, વિચિત્ર પ્રકારનાં, સુવર્ણુની પુંખવાળાં, શિલા ઉપર તીક્ષ્ણુ કરેલાં ઘણુાંક બાણુ મૂકતો હતો. મોટા યશવાળો તે, ક્ષુરપ્ર, વત્સદંત, વિપાઠ, નારાચ, અર્ધચંદ્ર તથા અંજલિક નામનાં વિચિત્ર બાણુ દ્રોણુ જોતાં રથસૈન્ય ઉપર નાંખવા લાગ્યો ત્યારે બાણુથી પીડિત થયેલું તમારૂં સૈન્ય વિમુખ થયું.

अवाकिरद्रथानीकं भारद्वाजस्य पश्यतः ।
ततस्तत्सैन्यमभवद्विमुखं शरपीडितं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युपराक्रमे दुर्यो-
[illegible]ऽध्यायः ॥ १८ ॥

બાણુ તેની ઉપર નાંખ્યાં તેથી અત્યંત વિંધાવાને લીધે વ્યથા પામેલો દુઃશાસન મૂર્છા પામી રથમાં ઢળી પડ્યો. તે વખતે તેનો સારથિ અચેતન થયેલા એને જલદી સંગ્રામમાંથી બહાર લઇ ગયો. તેને જોઇ દ્રૌપદ, વિરાટ, પંચાલ તથા કેકય સિંહનાદ કરવા લાગ્યા અને પાંડવ તરફના બીજા સૈનિકો પણ નિર્ભય થઇ વિચિત્ર પ્રકારનાં યુદ્ધવાદ્ય વગાડવા લાગ્યા. અત્યંત વૈરિ, મદોન્મત્ત, પરાજય પામેલા તે શત્રુને જોઇ ધર્મ, વાયુ, ઇન્દ્ર, તથા અશ્વિનીકુમારની પ્રતિમા છે ધ્વજાગ્ર ભાગમાં જેના એવા મહારથિ દ્રૌપદીના પુત્ર સાત્યકિ, ચેકિતાન, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, કેકય, ધૃષ્ટકેતુ, મત્સ્ય, પંચાલ, સૃંજય તથા હર્ષ યુક્ત યુધિષ્ઠિરાદિક પાંડવો દ્રોણુ સૈન્યને ભેદવાની ઇચ્છાથી જલદી તેની સામે દોડયા. તે વખતે જયને ઇચ્છતા પાછા ન ફરનાર શૂરવીર તમારી તરફનાઓનું પારકાઓ સાથે મોટું યુદ્ધ થયું. તે રીતે વર્તતા ભયંકર સંગ્રામમાં હે મહારાજ ! તમારા પુત્ર દુર્યોધને રાધાપુત્ર કર્ણને આવી રીતે કહ્યું કે, હે વીર ! સૂર્યની પેઠે અત્યંત ઘોર સંગ્રામમાં શત્રુને હણતા અભિમન્યુને વશ થએલા દુઃશાસનને જો. અત્યંત ક્રોધાક્રાંત સિંહ સરખા બલિષ્ઠ ઉગામેલ આયુધવાળા પાંડવ, અભિમન્યુની રક્ષા કરવા દોડયા જાય છે માટે તું આ સમે યોગ્ય હોય તે કર. દુર્યોધનનાં વચન સાંભળી તમારા પુત્રનું હિત કરનાર ક્રોધાવિષ્ટ થયેલાં શૂરવીર કર્ણે તીક્ષ્ણ કરેલા બાણો અભિમન્યુ ઉપર વર્ષાદ કરી એના અનુચરોને અવજ્ઞાપૂર્વક તેવાંજ બાણેકરી વિંધ્યા. દ્રોણુ સામે જવા ઇચ્છતા ઉદાર મનવાળા અભિમન્યુએ પણુ તોતેર બાણે કરી રાધાપુત્રને વિંધ્યો. એ રીતે દ્રોણુ સામે જતા રથસમુદાયને નાશ કરતા અભિમન્યુને તમારી તરફનો કોઇપણુ રથિ વારવા સમર્થ થયો નહીં. તે સમયે જયને ઇચ્છનાર સર્વ ધનુષ ધરનારમાં માની, પ્રતાપવાન, પરશુરામના શિષ્ય અસ્ત્ર જાણુનારમાં શ્રેષ્ઠ કર્ણે પરમાસ્ત્ર દેખાડતાં અસ્ત્રવડે શત્રુઓએ દુઃખે કરી સહન થાય નહીં એવા અભિમન્યુને પીડિત કર્યો. તે રીતે સંગ્રામમાં કર્ણે પીડિત કરેલા દેવ સરખા અભિમન્યુએ ખેદ ન પામતાં તીક્ષ્ણ કરેલાં ભલ્લ નામનાં સર્પસરખાં સરલ બાણે કરી છત્ર, ધ્વજ, સારથિ તથા અશ્વ સહિત કર્ણને તત્કાળ પીડિત કર્યો. કર્ણે પણુ ગ્રંથી વગરનાં બાણુ એની ઉપર નાંખ્યાં. અસંભ્રાંત ચિત્તવાળા પરાક્રમી અર્જુનપુત્રે આવતાં બાણુને રોકી મુહૂર્તમાત્રમાં એક બાણેકરી ધ્વજ સહિત કર્ણનું ધનુષ કાપી પૃથ્વી ઉપર પાડી નાખ્યું એ રીતે કષ્ટને પ્રાપ્ત થયેલા કર્ણને જોઇ તેનો નાનો ભાઇ દૃઢ ધનુષ ઉગામી જલદી અભિમન્યુ સામે દોડયો. તે સમયે પાંડવ તથા તેમના અનુચર મોટેથી પોકાર કરી વાદિત્ર વગાડતા અભિમન્યુની સ્તુતિ કરવા લાગ્યા.

तत उच्चक्रुशुः पार्थास्तेषां चानुचरा जनाः ।
वादित्राणि च संजघ्नुः सौभद्रं चापि तुष्टुवुः ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि कर्णदुःशासनपराक्रमे गुर्जरभाषायां चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥

અધ્યાય ૪૧ મો. અભિમન્યુનું ઘોર યુદ્ધ.

संजय उवाच—प्रतिगर्जन् धनुष्पाणिर्वैकर्तनं पुनःपुनः ।
तयोर्महात्मनोस्तूर्णं रथांतरमवापतत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે ધનુષ છે હાથમાં જેના એવા કર્ણના નાના ભાઇએ વારંવાર ધનુષ ખેંચી અતિ ગર્જના કરતાં, જલદી તે બેહે મહાત્માના રથના મધ્યમાં આવી, પોતાના બાપ તથા દાદાની પેઠે અતિમાનુષ્ય કર્મ કરનાર, ક્રોધથી સહન નહીં થાય એવા અભિમન્યુને દશ બાણે કરી તેના છત્ર, ધ્વજ, સારથિ તથા અશ્વ સહિત વિંધ્યો તે જોઈ તમારી તરફના પ્રસન્ન થવા લાગ્યા. અભિમન્યુએ ધનુષ ખેંચી એક બાણે કરી પર્વત ઉપરથી વાયુ જેમ કર્ણિકારના વૃક્ષને પાડે તેમ તેનું મસ્તક રથમાંથી પૃથ્વી ઉપર પાડી નાંખ્યું. હે રાજન્! એવી રીતે અભિમન્યુએ હણેલા પોતાના ભાઇને જોઇ કર્ણ વ્યથાને પ્રાપ્ત થયો અને સુભદ્રા પુત્ર અભિમન્યુ તો ગૃધ્રનાં પિંછ બાંધેલાં બાણે કરી કર્ણને વિમુખ કરી જલદી મોટા ધનુષવાળા બીજા સૈનિકો સામે દોડી ઘણાક છે હસ્તિ, અશ્વ, રથ તથા પાયદલ જેમાં એવાં તમારી તરફનાં મોટાં સૈન્યને તીક્ષ્ણ તેજવાળો મહારથિ ક્રોધથી ભેદવા લાગ્યો. તે વખતે અભિમન્યુનાં ઘણાંક બાણેકરી પીડિત થયેલો કર્ણ સંગ્રામમાંથી વેગવાન અશ્વે કરી પલાયન કરી ગયો. ત્યાર પછી તમારૂં સૈન્ય ભાગવા લાગ્યું. હે રાજન્! શલભ નામના પ્રાણીએ કરી તથા વર્ષાદની ધારાએ કરી વિંટાઇ ગયેલા આકાશમાં જેમ કંઇ દેખાય નહીં તેમ અભિમન્યુના બાણથી ઢંકાઇ ગયેલા સૈન્યમાં કાંઇપણ દેખાતું ન હતું. એવી રીતે અભિમન્યુનાં તીક્ષ્ણ બાણે કરી હણાતા તમારી તરફનાઓમાંથી સિંધુરાજા વગર બીજો કોઇ પણ ઉભો રહ્યો નહિ. હે ભરતર્ષભ! પુરૂષમાં શ્રેષ્ઠ સુભદ્રાપુત્ર અભિમન્યુ તો શંખ વગાડી જલદી તમારા સૈન્ય સામે દોડી શુષ્ક તૃણના ઢગલા પર મૂકેલો અગ્નિ જેમ તેને બાળે તેમ વેગે કરી શત્રુઓને બાળતો સૈન્યના મધ્ય ભાગમાં વિચરતો હતો; જેણે તીક્ષ્ણ બાણે કરી રથ, હસ્તિ, અશ્વ તથા મનુષ્યોને પીડિત કરી કબંધના ગણે કરી સંકુલ રણભૂમિને કરી અને જેના ધનુષમાંથી નિકળેલા શ્રેષ્ઠ બાણેકરી હણાતા, જીવિતને ઇચ્છનાર, પોતાનાઓનેજ હણતા ચોતરફ ભાગતા હતા. તેનાં તીક્ષ્ણ કરેલાં ભયંકર કર્મ કરનાર ભયંકર બાણો તો રથ, હસ્તિ તથા અશ્વને હણી તત્કાલ પૃથ્વીમાં પેસતાં હતાં. સુવર્ણના ભૂષણથી શોભિતા આયુધ, મોજા, ગદા તથા બાજુબંધ સહિત કપાઈ ગયેલા ઘણાક બાહુ રણભૂમિમાં દેખાતા હતા. તેમ બાણ, ધનુષ, ખડ્ગ, શરીર તથા માળા પહેરેલાં કુંડળ સહિત હજારો મસ્તક પણ રણભૂમિમાં શોભતાં હતાં. તેમ રણભૂમિમાં પડેલાં ઉપસ્કર માંહેના બેસવાનાં સ્થાનક લાંગલ, દંડ, મુગટ ભાંગી ગયા છે આરા જેના એવાં ચક્ર, અનેક તરેહથી પાડેલ ધુંસરીઓ, શક્તિ, મોટા ધ્વજ, ઢાલ, ધનુષ, બાણ તથા હણાએલ ક્ષત્રિય, અશ્વ અને હસ્તિએ કરી અતિ દારૂણ રણભૂમિ ક્ષણમાત્રમાં અગમ્ય થઇ પડી અને નાશ પામતા તથા પરસ્પર પોકારતા રાજપુત્રોનો બીરૂ પુરૂષોને ભય વધારનાર સર્વ દિશાઓને શબ્દાયમાન કરતો મોટો શબ્દ થવા લાગ્યો. સુકા તૃણના ઢગને જેમ અગ્નિ બાળે તેમ વેગે કરી શત્રુઓને બાળતો, શ્રેષ્ઠ અશ્વ, રથ તથા હસ્તિઓને હણતો અભિમન્યુ સૈન્યના મધ્યમાં દેખાતો હતો. હે ભારત! તે વખતે રજેકરી ઝાંખા સૈન્યમાં સર્વ દિશા તથા વિદિશાઓમાં વિચરતા તેને અમે દેખતા ન હતા. હે ભારત! ગજ, અશ્વ, તથા મનુષ્યોના આયુષ્યને ગ્રહણ કરનાર, શત્રુગણને તપાવતા, મધ્યાહ્નના સૂર્ય સરખા તેને ક્ષણમાત્રમાં પાછો અમે જોવા લાગ્યા. હે મહારાજ! સંગ્રામમાં ઇન્દ્ર સરખો ઇન્દ્રના પુત્રનો પુત્ર અભિમન્યુ સૈન્યના મધ્યમાં શોભતો હતો.

स वासवसमः संख्ये वासवस्यात्मजात्मजः ।
अभिमन्युर्महाराज सैन्यमध्ये व्यरोचत ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युपराक्रमे गुर्जरभाषायामेकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

અધ્યાય ૪૨ મો. અભિમન્યુ અને જયદ્રથ.

धृतराष्ट्र उवाच—बालमत्यंतसुखिनं स्वबाहुबलदर्पितं ।
युद्धेषु कुशलं वीरं कुलपुत्रं तनुंत्यजं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! અત્યંત સુખી, પોતાના બાહુબળથી ગર્વિષ્ઠ, યુદ્ધમાં કુશળ, શૂરવીર, કુળપુત્ર, શરીર ત્યાગ કરનાર, ત્રણ વર્ષના રૂડા અશ્વે કરી સૈન્યને વહન કરનાર બાળકની પાછળ યુધિષ્ઠિરના સૈન્યમાંથી કોઇ બળવાન આવ્યો? સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! યુધિષ્ઠિર, ભીમસેન, શિખંડિ, સાત્યકિ, નકુળ, તથા સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, દ્રુપદ કેકય, ધૃષ્ટકેતુ તથા મત્સ્ય, એટલા અત્યંત ક્રોધાયમાન થયેલા યોદ્ધાઓ અભિમન્યુની પાછળ સંગ્રામમાં આવ્યા હતા તથા તેજ માર્ગે વ્યૂહ રચનાથી ઉભેલા પ્રહાર કરનાર માતુલ સહિત પિતૃઓ પણ તેના રક્ષણ વાસ્તે ત્યાં આવ્યા. દોડતા શૂરવીરોને જોઇ તમારી તરફના વિમુખ થયા. એ રીતે વિમુખ થયેલા તમારા પુત્રના મોટા સૈન્યને સ્તંભન કરી રાખવા ઇચ્છતા, તેજસ્વી તમારા જમાઇ મોટા ધનુષવાળા સિંધુપુત્ર જયદ્રથે દિવ્ય અસ્ત્રેકરી નિમ્નદેશથી જેમ હસ્તિ રોકાય તેમ સૌભદ્રના રક્ષણને ઇચ્છતા સૈન્ય સહિત પાંડવોને વારી રાખ્યા. ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! એકલા જયદ્રથે પુત્રના રક્ષણને ઇચ્છતા ક્રોધાયમાન થયેલા પાંડવોને વારી રાખ્યા એ તેણે અતિભાર સહન કર્યો તથા તેનું બળ અને પરાક્રમ પણ આશ્ચર્યરૂપ છે એમ હું માનું છું. મહાત્માનું શ્રેષ્ઠ કર્મ તથા પરાક્રમ મને કહે; જેના બળથી તેણે એકલે પાંડવોને વારી રાખ્યા એવું શું દાન, શું હોમ, શું યજન અને શું તપ તેણે કર્યું છે? તે પણ મને કહે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! જ્યારે તેણે દ્રૌપદીનુ હરણ કર્યું ત્યારે ભીમસેને તેને પરાજય પમાડયો હતો, તેથી ક્લેશ પામેલા, માની, વરને ઇચ્છતા તેણે પ્રિય વિષયોમાંથી ઇંદ્રિયોને નિવૃત્ત કરી ક્ષુધા તથા તૃષા સહન કરી સનાતન બ્રહ્મનો જપ કરતો મહાદેવજી ઉપર મોટી તપશ્ચર્યા કરી. તેથી પ્રસન્ન થયેલા ભક્તવિષે દયાવાન ભગવાન મહાદેવજીએ સિંધુપતિને સ્વપ્ન વિષે કહ્યું કે, હે જયદ્રથ! હું તારી ઉપર પ્રસન્ન થયો છું. તું શું ઇચ્છે છે? એવાં મહાદેવજીનાં વચન સાંભળી નિયમમાં રાખ્યું છે અંતઃકરણ જેણે એવા સિંધુદેશના રાજા જયદ્રથે હાથ જોડી પ્રણામ કરી ભગવાન રૂદ્રને કહ્યું કે, ભયંકર પરાક્રમવાળા સર્વ પાંડવોને સંગ્રામમાં હું એકલો રથેકરી વારી શકું, એવી મારી ઇચ્છા છે. જયદ્રથનાં વચન સાંભળી દેવના ઇશ મહાદેવે કહ્યું કે, હે સૌમ્ય! હું તને વર આપું છું જે અર્જુન વિના ચાર પાંડુપુત્રને તું સંગ્રામમાં વારી શકીશ. 'ઠીક તેમ હો.' એમ કહી શંકર અંતર્ધાન થયા. હે ધૃતરાષ્ટ્ર! તે વરદાનથી તથા દિવ્ય અસ્ત્રબળેકરી તેણે એકલે પાંડવની સેનાને વારી રાખી. તે વખતે તેની પ્રત્યંચા તથા મોજાના શબ્દેકરી પાંડવ તરફના ક્ષત્રિયોને ભય પ્રાપ્ત થયો અને તમારા સૈન્યને પરમ હર્ષ થયો. હે રાજન્! તે સમે ક્ષત્રિયો સિંધુરાજા વિષે રહેલા સર્વ ભારને જોઇ મોટેથી શબ્દ કરી યુધિષ્ઠિરના સૈન્ય સામે દોડવા લાગ્યા.

दृष्ट्वा तु क्षत्रियाभारं सैंधवे सर्वमाहितं ।
उत्क्रुश्याभ्यद्रवन् राजन् येन यौधिष्ठिरं बलं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि जयद्रथयुद्धे गुर्जर-भाषायां द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥

ooo※ooo

અધ્યાય ૪૩ મો. જયદ્રથનું પરાક્રમ.

संजय उवाच—यन्मांपृच्छसि राजेंद्र सिंधुराजस्य विक्रमं ॥
शृणु तत्सर्वमाख्यास्ये यथा पांडूनयोधयत् ॥ १ ॥

સંજય કહે છે—હે રાજેંદ્ર ! તમો સિંધુરાજાનું પરાક્રમ મને પૂછો છો વાસ્તે જેવી રીતે તેણે પાંડવ સાથે યુદ્ધ કર્યું તે કહું તે સાંભળો. વાયુ સરખા વેગવાળા, પ્રસન્નતા યુક્ત, સારી રીતે વહેનાર, વશ, સિંધુ દેશના અશ્વ જોડેલા. ગંધર્વનગર સરખો વિધિથી રચેલો જેનો રથ, સુવર્ણથી શોભિતા વરાહના ચિન્હવાળા મોટા ધ્વજે કરી અત્યંત શોભતો હતો અને તે રાજા પણ શ્વેત છત્ર, પતાકા, ચામર તથા વ્યજનરૂપ રાજ્ય ચિન્હેકરી આકાશમાં તારાપતિ ચંદ્ર શોભે તેમ શોભતો હતો. મૌક્તિક, રત્ન, મણિ તથા સુવર્ણથી શોભિત લોહમય તેના રથનું આવરણ તારામંડળે કરી આકાશ શોભે તેમ શોભતું હતું. મોટું ધનુષ ગ્રહણ કરી ઘણાક બાણ સમુદાય નાખતો તે જે ટુકડીને અર્જુનપુત્ર અભિમન્યુ વિદારણ કરતો હતો તે તે ટુકડી પુરી દેતો. પછી તેણે ત્રણથી સાત્યકિને, આઠેકરી ભીમસેનને, સાઠવડે ધૃષ્ટદ્યુમ્નને, દસથી વિરાટને, તીક્ષ્ણ એવા પાંચથી દ્રુપદને, સાતથી શિખંડિને, પચ્ચીસથી કેકયને, ત્રણે કરી દ્રૌપદિના પુત્રને, સીત્તેરે કરી યુધિષ્ઠિરને તથા મોટા બાણના સમુદાયથી બાકીનાઓને પણ વિંધ્યા તે આશ્ચર્ય સરખું થયું. તે સમે પ્રતાપવાન ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાએ હાસ્યકરી તીક્ષ્ણ એવા પાએલ ભલ્લ નામના બાણેકરી 'આ હું કાપું છું' એમ કહી એનું ધનુષ કાપી નાંખ્યું. ધનુષનો ત્યાગ કરી ચક્ષુના નિમિષમાત્રમાં બીજું ધનુષ ગ્રહણ કરી દશ બાણેથી યુધિષ્ઠિરને વિંધી રાજાઓને પણ ત્રણ ત્રણ બાણેકરી તેણે વિંધ્યા. તેનું લાઘવ જોઇ ભીમસેને ભલ્લ નામનાં ત્રણ બાણેકરી તેનું ધનુષ ધ્વજ તથા છત્ર જલદી પૃથ્વીપર પાડી નાંખ્યાં. હે મારિષ ! બળવાન એવા તેણે બીજું ધનુષ લેઇ સજ્જ કરી ભીમસેનનો ધ્વજ, ધનુષ તથા અશ્વોને પણ પાડ્યા. કપાઇ ગયું છે ધનુષ જેનું એવો ભીમસેન, હણાએલ અશ્વવાળા ઉત્તમ રથમાંથી નીચે કુદી પર્વતના અગ્રભાગ ઉપર જેમ કેશરી ચઢી જાય તેમ તે સાત્યકિના રથમાં ચઢી બેઠો. સિંધુરાજનું અશ્રદ્ધેય તથા આશ્ચર્યરૂપ એવું કર્મ જોઇ અત્યંત પ્રસન્ન થયેલા તમારી તરફના 'સાધુ, સાધુ,' એ રીતે તેનાં વખાણ કરવા લાગ્યા. અત્યંત ક્રોધ પામેલા પાંડવોને તેણે એકલે વારી રાખ્યા; તેથી તેનાં કર્મ સર્વ પ્રાણિઓ વખાણવા લાગ્યાં. અંતરાયભૂત હસ્તિઓને પૂર્વે જે માર્ગ અભિમન્યુએ પાંડવોને દેખાડ્યો હતો તે માર્ગને સિંધુ રાજાએ રોક્યો. તે વખતે યત્ન કરતા શૂરવીર મત્સ્ય, પાંચાલ, કેકય તથા પાંડવો એકઠા થઇને સિંધુરાજને પામવા સમર્થ થયા નહિ. વરને પ્રાપ્ત થયેલો સિંધુરાજા તો જે જે તમારો શત્રુ, દ્રોણાચાર્યને હણવા યત્ન કરતો હતો તેને પોતે વારતો હતો.

यो यो हि यतते भेत्तुं द्रोणानीकं तवाहितः ।
तं तमेव वरं प्राप्य सैंधवः प्रत्यवारयत् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि जयद्रथयुद्धे गुर्जरभाषायां त्रिचत्वारिंशोऽध्यायः ॥ ४३ ॥

અધ્યાય ૪૪ મો. અભિમન્યુએ ચલાવેલું ઘોર યુદ્ધ.

संजय उवाच—सैंधवेन निरुद्धेषु जयगृद्धिषु पांडुषु ।
सुघोरमभवद्युद्धं त्वदीयानां परैः सह ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે સિંધુરાજાએ જયને ઇચ્છતા પાંડવોને રૂંધ્યા, તે વખતે તમારી તરફનાઓને પારકાઓ સાથે અત્યંત ભયકર યુદ્ધ થયું. કોઇથી સહન થાય નહિ એવો, સત્ય પ્રતિજ્ઞાવાળો તેજસ્વી અર્જુનપુત્ર અભિમન્યુ, સૈન્યમાં પ્રવેશ કરી મોટો મગરમચ્છ જેમ સમુદ્રને ક્ષોભ પમાડે તેમ તેને ક્ષોભ પમાડવા લાગ્યો. એ રીતે બાણુના વરસાદે કરી ક્ષોભ પમાડતા શત્રુને દમન કરનાર તેને જ્યેષ્ઠ રથિમા શ્રેષ્ઠ મુખ્ય યોદ્ધાઓ તેની સામે દોડ્યા. તે સમયે બાણુની વૃષ્ટિ કરતા ઘણા તેજવાળા તેમનો તથા તેનો, અત્યંત દારૂણ સંમર્દ થયો. શત્રુઓએ રથના સમુદાયથી રૂંધેલા અર્જુનપુત્ર અભિમન્યુએ વૃષસેનના સારથિને મારી એનું ધનુષ કાપી વળી બાણેકરી એના અશ્વને પણ વિંધ્યા. વાયુ સરખા વેગવાન તે અશ્વ, સંગ્રામમાંથી દૂર તેને લેઇ ગયા. એટલામાં અભિમન્યુના સારથિએ પોતાના રથને બીજે ચલાવ્યો. તેને જોઈ પ્રસન્ન થયેલો રથિસમુદાય ‘સાધુ, સાધુ’ એ રીતે મોટેથી શબ્દ કરવા લાગ્યો. અત્યંત ક્રોધે ભરાયેલા સિંહની પેઠે બાણેકરી શત્રુઓને મંથન કરતા તથા સમીપ આવતા તેને જોઇ વસાતિએ સામે આવી સુવર્ણના પુંખવાળાં સાઠ બાણુ અભિમન્યુ ઉપર નાંખી તેને કહ્યુ કે, હુ જીવતા સગ્રામમાથી તુ જીવતો નહિ જાય. તેનાં એવાં વચન સાંભળી સુભદ્રાપુત્ર અભિમન્યુએ લોહમય કવચવાળા તેને દુરજનાર બાણેકરી હૃદયમાં વિંધ્યો, તેથી તે પ્રાણુરહિત થઇ પૃથ્વીપર પડી ગયો. હે રાજન્! એવી રીતે હણાયલા વસાતિયને જોઇ તમારા પૌત્રને મારવા ઇચ્છતા તથા ક્રોધાયમાન થયેલા શ્રેષ્ઠ ક્ષત્રિયોએ ચોતરફથી તેને ઘેરી લીધો. એ રીતે નાના પ્રકારના ધનુષના ટંકાર કરતા શત્રુઓ સાથે સુભદ્રાપુત્ર અભિમન્યુને ભયંકર યુદ્ધ થયું. જેમાં ક્રોધાયમાન થયેલો અર્જુનપુત્ર અભિમન્યુ, તેમના બાણુ, ભાથા, શરીર અને માળા તથા કુંડળ સહિત મસ્તકોને કાપતો હતો. કેટલાક લો ખડ્ગ, મોજા, પટા તથા ફરશી સહિત સુવર્ણના આભરણુથી શોભિતા કપાઇ ગયેલા હાથ રણુભૂમિમાં દેખાતા હતા. અભિમન્યુએ પાડેલા ભાલા, આભરણુ, વસ્ત્ર, મોટા હાથ, કવચ, ઢાલ, હાર, મુકુટ, છત્ર, ચામર, ઉપસ્કર, બેસવાનાં સ્થાનક, લાંગલ દંડ મુકુટ, મંથન થયેલા અક્ષવાળાં ચક્ર, અનેક તરેહથી ભાગેલી ધુંસરીઓ, રથના નીચેના ભાગ, પતાકા, સારથિ, અશ્વ ભાગેલા રથ તથા હણાયેલા હસ્તિએ કરી સંકીર્ણ છે ભૂમિ જેમાં એવું રણુસ્થાન થઇ ગયું. તેમજ નાના દેશના અધિપતિ જયને ઇચ્છતા શૂરવીર હણાયલા ક્ષત્રિયોએ કરી રણ-

કહેવી નથી. પાંચ શબ્દાદિ વિષયનું જેને પ્રયોજન છે એવા આડે રસ્તે જનાર પાંચ ઇંદ્રિયો રૂપી શત્રુને જે મોહથી નિગ્રહ નથી કરતો, તે પુરૂષને આપત્તિ આવી પડે છે. એટલે કે તમોએ ચિત્ત પણ જીત્યું નથી, તેમ તમોને દુઃસંગ પણ છે, તેથી આપદ્ આવી પડી છે. પારકું રૂડું દેખી રાજી થવું, કોમળતા, પવિત્રપણું, સંતોષ, સર્વને પ્રિય લાગે એવું બોલવું ખાર્ણેદ્રિયનો નિગ્રહ, સરલતા અને અચપળપણું, એટલા ગુણો દુષ્ટ બુદ્ધિવાળાઓ પાસે હોતા નથી.

હે ભારત ! આત્મજ્ઞાન, અચંચળપણું, સુખ દુઃખાદિક વિષે સહનશીલતા, નિરંતર ધર્માચરણ વિચારથી અર્થરૂપ ભાષણ તથા દાન, એટલા ગુણો નીચને વિષે હોતા નથી. એટલે કે એ કહેલા ગુણો કોઇપણ તમારા પુત્રો વિષે નથી, તે પણ નીચ છે. દુષ્ટ પુરૂષો પંડિતો પ્રત્યે રૂક્ષ વાણી વાપરે છે તથા તેઓની નિંદા કરે છે, તેથી સહન કરનાર પંડિતોનું પાપ તે દુષ્ટો ગ્રહણ કરે છે, પંડિતો પાપથી મુક્ત થાય છે. દુષ્ટ પુરૂષોનું હિંસા કરવારૂપ બળ છે, રાજાઓનું દંડ કરવારૂપ, સ્ત્રિયોનું પોતાના પતિની સેવા કરવારૂપ તથા ગુણવાન પુરૂષોનું ક્ષમા કરવારૂપ બળ છે. હે નૃપતે ! નિયમથી વચન બોલવું ઘણું કઠણ છે, ને અર્થવાળું તથા ચમત્કારિક બોલવું તો ઘણુંજ અશક્ય છે. હે રાજન્ ! વિચાર કરી વાપરેલી તે જ વાણી અનર્થને આપે છે. બાણ તથા ફરશીથી હણેલું વન પાછું ઉગે છે, પણ ખરાબ વાણીથી કાપેલું પાછું ઉગતું નથી. કર્ણી તથા નાલિક નામનાં બાણોને કેટલાક શરીરમાંથી બહાર કાઢે છે, પણ હૃદયમાં લાગેલાં વાણીરૂપી બાણ ત્યાંજ રહે છે. મુખમાંથી નિકળેલાં વાણીરૂપી બાણ પારકાના મર્મસ્થાનમાં લાગે છે, જેથી હણાયેલો તે દિવસરાત્રિ શોચ કરે છે, વાસ્તે પંડિતજનો બીજાઓને વચનરૂપી બાણોથી વિંધતા નથી. જે પુરૂષને દેવતાઓ પરાભવ પમાડવા ઇચ્છે, તે પુરૂષની બુદ્ધિ તેઓ ખેંચી લે, એટલે તે નીચ કર્મ કરવામાં નજર રાખે; જેથી તેની પાપરૂપ બુદ્ધિ થાય અને તેનો વિનાશ નજીક આવે. અન્યાય તેને ન્યાયરૂપ ભાસે છે ને તેના હૃદયમાંથી ખસે નહિ. હે ભરતર્ષભ ! પાંડવોના વિરોધે કરી તમારા પુત્રોની બુદ્ધિ વિપરીત થઇ છે, પણ તે તમે જાણતા નથી. હે ધૃતરાષ્ટ્ર ! લક્ષણ સંપન્ન રાજા ત્રૈલોક્યનો અધિપતિ થાય છે, માટે તમારો લક્ષણ સંપન્ન શિષ્ય યુધિષ્ઠિર રાજા પૃથ્વીને દંડ દેનાર થશે; જે તેજ તથા બુદ્ધિથી તમારા સર્વ પુત્રોને અતિક્રમણ કરનાર, રાજ્યાંશ લેવામાં પણ મુખ્ય અધિકારી, ધર્માર્થના તત્વને જાણનાર, સર્વ રીતે યોગ્ય તથા ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ છતાં પણ, હે રાજન્ ! દયાળુપણા તથા અક્રૂરપણાથી તમોને વડીલ લેખી ઘણા કલેશો સહન કરે છે.

अनुक्रोशादानृशंस्याद्योसौ धर्मभृतांवरः ।
गौरवात्तव राजेंद्र बहून् क्लेशांस्तितिक्षते ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरनीतिवाक्ये गुर्जरभाषायां चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४ ॥

અધ્યાય ૩૫ મો. વિદુરનીતિ–ચાલુ.

धृतराष्ट्र उवाच—ब्रूहि भूयो महाबुद्धे धर्मार्थसहितं वचः ।
शृण्वतो नास्ति मे तृप्तिर्विचित्राणीह भाषसे ॥ १ ॥

થતી રણભૂમિ અત્યંત ભયંકર દેખાવા લાગી. સર્વ દિશા તથા વિદિશાઓમાં વિચરતા દેદીપ્યમાન થએલા અભિમન્યુનું રૂપ સંગ્રામમાં અંતર્ધાન થઇ ગયું હતું. કવચ, આભરણ તથા ધનુષ બાણ સંબંધી એનું જે જે સુવર્ણમય હતું તે કેવળ અમે જોતા હતા. બાણેકરી યોદ્ધાઓને ગ્રહણ કરતા તથા સૂર્યની પેઠે સંગ્રામના મધ્યમાં ઉભેલા તેને ચક્ષુએ કરી જોવા પણ કોઇ સમર્થ થતું ન હતું.

तं तदात्मा शकल्कक्षिचक्षुर्भ्यामभिवीक्षितुं ।
माददानं शरैर्योधान् मध्ये सूर्यमिवस्थितं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युपराक्रमे गुर्जर-
भाषायां चतुश्चत्वारिंशोऽध्यायः ॥ ४४ ॥

અધ્યાય ૪૫ મો. અભિમન્યુએ કરેલો દુર્યોધનપરાજય.

संजय उवाच—आददानस्तु शूराणामायुष्य भवदार्जुनिः ।
अंतकः सर्वभूतानां प्राणान् काल इवागते ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! કાળ આવ્યે સર્વ ભૂતના પ્રાણોને જેમ અંતક ગ્રહણ કરે તેમ અર્જુનપુત્ર અભિમન્યુ શૂરવીરોના આયુષ્યને ગ્રહણ કરતો હતો. ઇંદ્ર સરખો પરાક્રમી ઇંદ્રના પુત્રનો પુત્ર મહા બળવાન ઉત્તમ ક્ષત્રિયને કાળ સરખા અભિમન્યુએ સૈન્યના મધ્યમાં પ્રવેશ કરી બળવાન વાઘ જેમ મૃગને ગ્રહણ કરે તેમ સત્યશ્રવાને ગ્રહણ કર્યો. તેને જોઇ શ્રેષ્ઠ ક્ષત્રિયો સ્પર્ધાથી 'પ્રથમ હું, પ્રથમ હું' એમ કહી અર્જુનપુત્રને મારવાની ઇચ્છાથી મોટાં શસ્ત્ર લેઇ તેની સામે દોડયા. અભિમન્યુ તો સમુદ્રમાં જેમ તિમિ નામનો મોટો મત્સ્ય ક્ષુદ્ર મત્સ્યોને ગ્રહણ કરે તેમ ક્ષત્રિયોના સૈન્યને ગ્રહણ કરતો હતો. તે વખતે પલાયન ન કરતાં ક્ષત્રિયો તેની પાસે ગયા સર્વ સમુદ્રમાંથી નદિયો જેમ પાછી ન જાય તેમ તે પાછા જતા ન હતા, અને મોટા ગ્રાહે ગ્રહણ કરી હોય તેની પેઠે તથા સમુદ્રમાં વાયુના વેગથી ભ્રષ્ટ થએલી નૌકાની પેઠે તમારી સેના કંપવા લાગી. એ રીતે ત્રાસ પામેલી સેનાને આશ્વાસના આપી રૂક્મરથ છે નામ જેનું એવો મદ્રેશ્વરનો બલવાન પુત્ર આવી રીતે કહેવા લાગ્યો કે, હે શૂરવીરો! ત્રાસ પામવાથી હવે ધાર્યું થયું. હું વિદ્યમાન છતાં તેમ ન થાઓ, હું જીવતો એને ગ્રહણ કરીશ એમાં સંશય નહિ. એમ કહી પરાક્રમી, તે સારી રીતે રચેલા શોભિતા રથેકરી સુભદ્રાના પુત્ર અભિમન્યુ સામે દોડી ત્રણ બાણ સવ્ય તથા દક્ષિણ બાહુ ઉપર નાંખી ત્રણ બાણથી તેનું વક્ષઃસ્થળ વીંધી સિંહનાદ કરવા લાગ્યો. ફાલ્ગુન પુત્ર અભિમન્યુએ તેનું ધનુષ કાપી સવ્ય તથા દક્ષિણ બે ભુજ અને સુંદર છે નેત્ર તથા ભ્રકુટી જેમાં એવું તેનું મસ્તક પૃથ્વી ઉપર પાડી નાંખ્યું. એ રીતે શલ્યના માની પુત્રને અભિમન્યુએ હણ્યો. તે જોઇ હે રાજન્! સંગ્રામમાં દુર્મદ પ્રહાર કરનાર, સુવર્ણથી શોભિતી ધ્વજવાળા અવર્જની રાજપુત્ર સમાન મહા બળવાન રાજપુત્રોએ તાડ જેવડાં મોટાં ધનુષ ખેંચી બાણનો વરસાદ કરતાં ચોતરફથી અર્જુનપુત્ર અભિમન્યુને ઘેરી લીધો. શૂરવીર, શિક્ષાબળ સંપન્ન, તરૂણ, અત્યંત

ક્રોધાક્રાંત એવા તે રાજકુમારોએ કોઇ સ્થાનકે પરાજય પામેલા નહિ એવા શૂરવીર સુભદ્રાપુત્રને બાણ સમુદાયથી ઢાંકી દીધો; તે જોઇ પ્રસન્ન થયેલો દુર્યોધન રાજા આ યમપુરીમાં ગયેલોજ છે, એમ માનવા લાગ્યો. તેમ તે રાજકુમારોએ પણ નિમિષ માત્રમાં સુવર્ણના પુંખવાળાં સારી રીતે ચકચકિત કરેલાં નાના પ્રકારનાં બાણેકરી અર્જુનપુત્ર અભિમન્યુને અદૃશ્ય કરી દીધો. હે મારિષ ! તે વખતે સારથિ, અશ્વ તથા ધ્વજ સહિત તેના રથને તથા તેને પણ શલભ નામના કાળ સરખા પીંછથી ઢંકાઇ ગયેલો અમે જોતા હતા. હે ભારત ! અંકુશથી પીડાયેલા હસ્તિની પેઠે અત્યંત વિંધાવાથી ક્રોધાયમાન થયેલા અર્જુનપુત્ર અભિમન્યુએ કોઇના જાણવામાં આવે નહિ એવી રથશિક્ષા દેખાડતાં અર્જુને તપશ્ચર્યા કરી તુંબરૂ આદિ ગંધર્વ પાસેથી જે ગંધર્વાસ્ત્ર મેળવ્યું હતું તેનો પ્રયોગ કરી શત્રુઓને મોહિત કર્યા. જેથી સંગ્રામમાં અગ્નિચક્રની પેઠે જલદી અસ્ત્ર દેખાડનાર પોતે એક પ્રકારથી સો પ્રકારથી તથા હજાર પ્રકારે કરી સંગ્રામમાં દેખાતો હતો. હે રાજન્ ! એ રીતે અભિમન્યુ રથચર્યા તથા અસ્ત્રમાયાવડે કરી શત્રુઓને મોહ પમાડી સેંકડો રૂપથી રાજાઓના શરીરને ભેદવા લાગ્યો. હે રાજન્ ! અભિમન્યુએ તીક્ષ્ણ બાણેકરી મોકલેલા પ્રાણિઓના પ્રાણ પરલોકમાં ગયા અને શરીરો પૃથ્વી ઉપર પડવા લાગ્યાં. તેમજ ફાલ્ગુનપુત્ર અભિમન્યુ તેમનાં ધનુષ, અશ્વ, સારથિઓ, ધ્વજ, બાજુબંધ સહિત બાહુ તથા મસ્તકોને તીક્ષ્ણ બાણે કરી છેદતો હતો. ફળ થવાના વખતમાં પાંચ વરસના આંબાનો બગીચો જેમ ભાગી પડે તેમ સુભદ્રાપુત્રે સેંકડો રાજકુમારોને જમીન પર પાડ્યા. ક્રોધ પામેલા સર્પ સરખા, સુકુમાર છે અંગ જેમનાં, સુખને લાયક એવા રાજકુમારોને એકલા અભિમન્યુએ માર્યા, તે જોઇ ભયભિત થયેલો દુર્યોધન રાજા દુઃખિત એવા રથિ, કુંજર, અશ્વ તથા પાયદળોને જોઇ ક્રોધથી જલદી તેની પાસે આવ્યો. તે વખતે તે બેઉનો મહા ક્ષયકારક અપૂર્ણ સંગ્રામ થયો. જેમાં સેંકડો બાણેથી હણાયેલો તમારો પુત્ર વિમુખ થયો.

तयोः क्षणमिवापूर्णः संग्रामः समपद्यत ।
अथाभवत्ते विमुखः पुत्रः शरशताहतः ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि दुर्योधनपराजये गुर्जरभाषायां पंचचत्वारिंशोऽध्यायः ॥ ४५ ॥

અધ્યાય ૪૬ મો. અભિમન્યુએ કરેલો લક્ષ્મણવધ.

धृतराष्ट्र उवाच—यथा वदसि मे सूत एकस्य बहुभिः सह ॥
संग्रामं तुमुलं घोरं जयं चैव महात्मनः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સૂત ! એકનો ઘણાક સાથે ભયંકર એવો સંગ્રામ થયો તથા તે મહાત્માનો જય થયો, એ સર્વ સૌભદ્રનું પરાક્રમ આશ્ચર્યરૂપ તથા અશ્રદ્ધેય સરખું લાગે છે, તથાપિ જેમને ધર્મનો આશ્રય છે તેમનું એવું પરાક્રમ હોય એમાં કંઇ આશ્ચર્ય નથી. દુર્યોધન વિમુખ થયો, સેંકડો રાજપુત્ર હણાયા ત્યાર પછી સુભદ્રાપુત્ર સામે મારી તરફના કોણ જઇને ઉભા ? સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! સુકાઇ ગયાં છે મુખ જેમનાં એવા ભ્રમાયમાન નેત્રવાળા,

સ્વેદયુક્ત, ફેવાં ઉભાં થયેલાં એવા, પલાયન કરવામાં તત્પર, શત્રુઓને જીતવા વિષે ઉત્સાહ રહિત તમારી તરફના યોદ્ધાઓ, હણાયેલા ભાઇ, પિતૃઓ, પુત્ર, સુહૃદ્ સંબંધી તથા બાંધવજનને મૂકી અશ્વ તથા હસ્તિઓને જલદી ચલાવતા રણમાંથી નાસવા લાગ્યા. તેમને જોઇ દ્રોણ, અશ્વત્થામા, બૃહદ્બળ, કૃપ, દુર્યોધન, કર્ણ, કૃતવર્મા, તથા શકુનિ અસત ક્રોધાયમાન થયેલા એટલા યોદ્ધાઓ, પરાજય પામેલા નહિ એવા સુભદ્રાપુત્ર અભિમન્યુ સામે દોડયા. હે રાજન્! તેમને પણ તમારા પૌત્ર અભિમન્યુએ વિમુખ કર્યા, તે વખતે મોટા તેજવાળો સુખથી અત્યંત વૃદ્ધિ પામેલો બાળકપણાથી તથા ગર્વને લીધે નિર્ભય, બાણ તથા અસ્ત્રવિદ્યા જાણનાર, એકલો લક્ષ્મણ અર્જુનપુત્ર અભિમન્યુ સામે દોડયો. પુત્રના રક્ષણને ઇચ્છતો તેનો પિતા દુર્યોધન તેની પાછળ પાછો આવ્યો. તેની પાછળ બીજા મહારથિઓ પણ પાછા આવ્યા. તે સર્વ મેઘો જેમ પર્વત ઉપર જળનો વરસાદ કરે તેમ તેની ઉપર બાણનો વરસાદ વરસાવવા લાગ્યા, તોપણ એકલો તે, સર્વ દિશાઓમાં વાયુ જેમ મેઘને વિખેરે તેમ સર્વને વિખેરવા લાગ્યો. પછી અર્જુનપુત્ર અભિમન્યુ મદોન્મત્ત હસ્તિ સામે જાય તેમ દુઃખે કરી સહન થાય નહિ એવા સુંદર રૂપવાળા પિતાની પાસે ઉભેલા શૂરવીર, ઉગામેલ છે ધનુષ જેણે, અત્યંત સુખથી વૃદ્ધિ પામેલા કુબેરપુત્ર સરખા તમારા પૌત્ર લક્ષ્મણ સામે આવ્યો. તે વખતે લક્ષ્મણે પાસે આવી શત્રુ શૂરવીરને હણનાર સુભદ્રાપુત્ર અભિમન્યુના બે બાહુ તથા વક્ષઃસ્થળ વિષે અત્યંત તીક્ષ્ણ બાણ માર્યા; તેથી લાકડીથી મારેલા સર્પની પેઠે અત્યંત ક્રોધાયમાન થયેલો તમારો પૌત્ર અભિમન્યુ, તમારા પૌત્ર લક્ષ્મણને કહેવા લાગ્યો કે, બાંધવો જોતાં હું તને યમપુરીમાં મોકલીશ માટે આ લોકને સારી રીતે જોઈ લે. એમ કહી શત્રુના શૂરવીરને હણનાર મહાબાહુ સુભદ્રાપુત્રે સર્પ સરખું ભલ્લ નામનું બાણ તેની ઉપર નાંખ્યું. તેથી લક્ષ્મણનું સુંદર નાસિકા તથા ભ્રકુટીવાળું કેશથી મનોહર કુંડળ સહિત મસ્તક કપાઇ ગયું. એ રીતે લક્ષ્મણ હણાયો તે જોઇ સૈન્ય હાહાકાર કરવા લાગ્યું અને પોતાનો પ્રિય પુત્ર પડવાથી ક્રોધાયમાન થયેલો ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ દુર્યોધન પણ પોતાની તરફના ક્ષત્રિયોને, હે ક્ષત્રિયો! 'આને મારો, મારો' એમ પોકાર કરવા લાગ્યો. તે સાંભળી દ્રોણ, કૃપ, કર્ણ, અશ્વત્થામા, કૃતવર્મા તથા હાર્દિક્ય એ છ રથિઓએ ચોતરફથી તેને ઘેરી લીધો, ક્રોધાયમાન થયેલો અર્જુનપુત્ર અભિમન્યુ તીક્ષ્ણ બાણવડે તેમને વિમુખ કરી વેગથી સિંધુરાજાના મોટા સૈન્ય સામે દોડયો. તે વખતે કવચ પહેરેલા કલિંગ, નિષાદ તથા પરાક્રમી ક્રાથપુત્રે હસ્તિસૈન્યે કરી તેના માર્ગને રૂંધી લીધો. હે વિશાંપતે! તેથી ત્યાં પાસે પાસેનું અત્યંત મોટું યુદ્ધ થયું. જેમાં આકાશ વિષે સદા ગતિમાન, વાયુ જેમ સેકડો મેઘનો નાશ કરે તેમ અર્જુનપુત્રે તે મોટા હસ્તિસૈન્યનો નાશ કર્યો; તેટલામાં ક્રાથે બાણ સમુદાયથી અર્જુનપુત્રને ઢાંકી દીધો. તે જોઇ બીજા દ્રોણાદિક રથિઓ પણ પરમાસ્ત્ર હલાવતા પાછા અભિમન્યુ સામે આવ્યા. તેમને બાણથી વારી રાખી અર્જુનપુત્ર અભિમન્યુએ ઉતાવળથી ઘણાંક બાણના સમુદાયે કરી ક્રાથપુત્રના છત્ર, ધ્વજ, સારથિ, રથ તથા, ઘોડાઓને પાડી ધનુષ બાણ અને બાજુબંધ સહિત એના બાહુ તથા મુકુટ સહિત મસ્તક ભૂમિપર પાડી નાંખ્યું. એ રીતે કુલ, શીલ, શાસ્ત્ર, બળ, કીર્તિ તથા અસ્ત્રબળે કરી યુક્ત એવો તે હણાયો તે જોઇ તમારી તરફના ઘણાક શૂરવીર વિમુખ થઇ ગયા.

कुलशीलश्रुतिबलैः कीर्त्या चास्त्रबलेन च ।
युक्ते तस्मिन् हते वीराः प्रायशो विमुखाभवन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि कल्याणवधे गुर्जरभाषायां षट्चत्वारिंशोऽध्यायः ॥ ४६ ॥

અધ્યાય ૪૭ મો. અભિમન્યુએ કરેલો બૃહદ્બલ વધ.

धृतराष्ट्र उवाच—तथा प्रविष्टं तरुणं सौभद्रमपराजितं ।
कुलानुरूपं कुर्वाणं संग्रामेष्वपराजितं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! એ રીતે સૈન્યમાં પ્રવિષ્ટ થયેલા તરૂણ, પરાજય પામેલા નહિ, પોતાના કુળને યોગ્ય કર્મ કરનાર સુભદ્રાપુત્ર અભિમન્યુને કયા શૂરવીરોએ વારી રાખ્યો? તેમજ કુળવાન, અત્યંત બળવાળા ત્રણ વર્ષના અશ્વેકરી આકાશમાં જાણે ઉડતા હોય તેની પેઠે જતા તેને કયા શૂરવીરોએ વારી રાખ્યો તે મને કહે? સંજય કહે છે-હે ધૃતરાષ્ટ્ર! પાંડુનંદન અભિમન્યુએ સૈન્યમાં પ્રવેશ કરી તીક્ષ્ણ બાણવડે તમારી તરફના સર્વ રાજાઓને વિમુખ કર્યા તે વખતે દ્રોણ, કૃપ, બૃહદ્બળ સહિત દ્રૌણિ, કૃતવર્મા તથા હાર્દિક્ય એ છ રથિઓએ તેને વારી રાખ્યો. હે મહારાજ! તમારૂં સૈન્ય તો સિંધુરાજા વિષે રહેલા ઘણા ભારને જોઇ યુધિષ્ઠિર સામે દોડયું અને બીજા મહા બળવાન શૂરવીરો તો તાડ જેવડાં મોટાં ધનુષ ખેંચતાં શૂરવીર અભિમન્યુ ઉપર બાણનો વરસાદ કરવા લાગ્યા. સંગ્રામમાં પર શૂરવીરને હણનાર સુભદ્રાપુત્રે બાણેકરી મોટા ધનુષવાળા સર્વ વિદ્યા જાણનાર એવા તે સર્વને સ્તંભન કરી પચાસથી દ્રોણને, વિશથી બૃહદ્બળને, એંશીથી કૃતવર્માને, સાઠે કૃપાચાર્યને, સુવર્ણના પુંખવાળાં મહા વેગવાન દશથી અશ્વત્થામાને તથા પાયેલા એવા તીક્ષ્ણ કર્ણિ નામના એક બાણેકરી કર્ણને વિંધી, કૃપાચાર્યના ઘોડા તથા પાછળ ચાલનાર સહિત સારથિને પાડી, દશ બાણેકરી સ્તનના મધ્યમાં તેને વિંધ્યો; ત્યાર પછી શૂરવીર એવા તમારા પુત્રો જોતાં બળવાન એવા તેણે કૌરવોની કીર્ત્તિ વધારનાર શૂરવીર વૃંદારકને હણ્યો. એ રીતે નિર્ભયની પેઠે શ્રેષ્ઠ શ્રેષ્ઠ યોદ્ધાઓને મારતા તેની ઉપર અશ્વત્થામાએ પચાસ બાણ નાંખ્યાં. હે મારિષ! અર્જુનપુત્રે પણ તમારા પુત્રો જોતાં તીક્ષ્ણ બાણેકરી અશ્વત્થામાને વિંધ્યા. અશ્વત્થામાએ પણ સારી રીતે તીક્ષ્ણ કરેલાં ઉગ્ર તીક્ષ્ણ અગ્ર ભાગવાળાં સાઠ બાણેકરી તેને વિંધ્યો, તોપણ મૈનાક પર્વતની પેઠે તે કંપાયમાન થયો નહિ. મહા બળવાન તેજસ્વી તેણે પણ સુવર્ણના પુંખવાળાં તોત્તેર બાણેકરી પોતાને અપકાર કરનાર અશ્વત્થામાને વિંધ્યો. પુત્રના રક્ષણને ઇચ્છતા દ્રોણાચાર્યે સો અને પિતાના રક્ષણને ઇચ્છતા અશ્વત્થામાએ આઠ બાણ તેની ઉપર નાંખ્યાં. કર્ણે ભલ્લ નામનાં બાવીશ, કૃતવર્માએ વિશ, બૃહદ્બળે પચાસ તથા કૃપાચાર્યે દસ બાણ તેની ઉપર નાંખ્યાં; ચોતરફથી તેમણે તીક્ષ્ણ બાણેકરી પીડિત કરેલા સુભદ્રાપુત્ર અભિમન્યુએ દસ દસ બાણેકરી તે સર્વને વિંધ્યા. એટલામાં કોસળદેશના અધિપતિએ કર્ણિ નામના બાણેકરી હૃદયમાં તેને વિંધ્યો. તેણે પણ કોસળ રાજાના અશ્વ, ધ્વજ, તથા ધનુષ સહિત સારથિને પૃથ્વીપર પાડયો; તે વખતે વિરથ થયેલો કોસલરાજા હાથમાં ખડ્ગ તથા ઢાલ ગ્રહણ કરી કાયા ઉપરથી કુંડલ સહિત અભિમન્યુનું મસ્તક કાપવા તૈયાર થયો, તેટલામાં તો અર્જુનપુત્ર અભિમન્યુએ કોસળદેશના અધિપતિ બૃહદ્બળ નામના રાજપુત્રને બાણેકરી

વિંધ્યો, તેથી ભેદાયેલા હૃદયવાળો તે પૃથ્વી પર પડી ગયો. ખડ્ગ તથા ધનુષ ધારણ કરનાર તથા અમંગળ વાણી બોલનાર મહાત્મા દશ હજાર રાજા ભાગ્યા. મોટા ધનુષવાળો સુભદ્રાપુત્ર અભિમન્યુ તો તે રીતે બૃહદ્બળને મારી બાણરૂપી જાળથી તમારી તરફના યોદ્ધાઓને સ્તંભન કરી સંગ્રામમાં ધન્ય બોલાવવા લાગ્યો.

तथा बृहद्बलं हत्वा सौभद्रो व्यचरद्रणे ।
व्यष्टं भयन् महेष्वासो योधांस्तव शरांबुभिः ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि बृहद्बलवधे गुर्जरभाषायां सप्तचत्वारिंशोऽध्यायः ॥ ४७ ॥

અધ્યાય ૪૮ મો. અભિમન્યુનું વિરથ થવું.

संजय उवाच—सकर्णं कर्णिना कर्णे पुनर्विव्याधफाल्गुनिः ।
शरैः पंचाशताचैनमाविध्यत् कोपयन् भृशं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! પછી અર્જુનપુત્ર અભિમન્યુએ કર્ણિ નામના બાણેકરી કર્ણને કર્ણદેશમાં વિંધી વળી બીજા પચાસ બાણથી વિંધી અત્યંત કોપાવ્યો. રાધાપુત્ર કર્ણે પણ તેટલાંજ બાણેકરી તેને વિંધ્યો. હે ભારત ! બાણેકરી વ્યાપ્ત છે સર્વ અંગ જેનાં એવો અભિમન્યુ સંગ્રામમાં અત્યંત શોભતો હતો. તેમજ તેના બાણેકરી ભેદાએલા અંગવાળો રૂધિરથી વ્યાપ્ત કર્ણ પણ શોભતો હતો. શરીરમાં રહેલા બાણેકરી વિચિત્ર પ્રકારનાં અંગવાળા, રૂધિરથી વ્યાપ્ત મહાત્મા તે બેઉ ફુલ ઉઘડેલા ખાખરાનાં બે વૃક્ષ શોભે તેમ શોભતા હતા. સુભદ્રાપુત્ર અભિમન્યુએ વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, શૂરવીર કર્ણના છ પ્રધાનોને અશ્વ, સારથિ, ધ્વજ તથા રથ સહિત હણી, અસભ્રાંત છે ચિત્ત જેનું એવા તેણે મોટા ધનુષવાળા બીજા શૂરવીરોને પણ દશ દશ બાણેકરી વિંધ્યા. વળી છ બાણેકરી માગધના પુત્રને હણી અશ્વ તથા સારથિ સહિત તરૂણ અશ્વકેતુને પાડી ક્ષુરપ્ર નામનાં બાણેકરી હસ્તિ ઉપર બેઠેલા માર્ત્તિકાવત ભોજને મંથન કરી બાણ નાંખતાં સિંહનાદ કર્યો. તે વખતે દુઃશાસનપુત્રે ચાર બાણેકરી ચાર અશ્વને તથા એક કરી સારથિને વિંધી દશ બાણેકરી અર્જુનપુત્ર અભિમન્યુને વિંધ્યો. ક્રોધથી લાલ છે નેત્ર જેનાં એવા અર્જુનપુત્ર અભિમન્યુએ સાત બાણથી દુઃશાસન પુત્રને વિંધી ઉંચે સ્વરે તેને કહ્યું કે, તારો પિતા કુત્સિત પુરૂષની પેઠે સંગ્રામનો ત્યાગ કરી નાસી ગયો એ ઘણું સારૂં થયું; તું પણ યુદ્ધ કરી જાણે છે માટે આજ સંગ્રામમાંથી પાછો જઇશ નહિ. પછી સરાણીયાએ સજેલું નારાચ નામનું બાણ એની ઉપર નાંખ્યું. તેને ત્રણ બાણે કરી અશ્વત્થામાએ કાપી નાંખ્યો. અર્જુનપુત્રે પણ તેનો ધ્વજ કાપી ત્રણ બાણેકરી શલ્યને વિંધ્યો. હે રાજન્ ! શલ્યે ગૃધનાં પિંછ બાંધેલાં નવ બાણેકરી અસંભ્રાંતની પેઠે તેને હૃદયમાં વિંધ્યો. અર્જુનપુત્રે તેનો ધ્વજ કાપી પાછળ ચાલનાર સહિત સારથિને હણી લોહમય છ બાણેકરી શલ્યને વિંધ્યો ત્યારે તે બીજા રથમાં ચઢી બેઠો. સુભદ્રાપુત્ર અભિમન્યુએ શત્રુંજય, ચંદ્રકેતુ, મેઘવેગ, સુવર્ચા તથા સૂર્યભાસ નામના પાંચ યોદ્ધા-

ઓને હણી સુબળપુત્ર શકુનિને વિંધ્યો. શકુનિએ પણ ત્રણ બાણુથી તેને વિંધી દુર્યોધનને કહ્યું કે, આપણામાંના એક એકને આ હણે છે માટે સર્વ મળીને એકદમ એને મારીએ. સૂર્યપુત્ર કર્ણે પણ દ્રોણાચાર્યને કહ્યું કે, આપણુ સર્વને આ તપાવે છે માટે એને મારવાનો ઉપાય જલદી અમને કહો. કર્ણનાં વચન સાંભળી મોટા ધનુષવાળા દ્રોણાચાર્ય તે સર્વ પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, ધનુષમાં બાણુ સાંધી જલદી બાણુ મૂકતા તથા સર્વ દિશાઓમાં વિચરતા પુરૂષમાં સિંહરૂપ આ પાંડવેયની શીઘ્રતા જુવો. આ કુમારનું અણુમાત્ર છિદ્ર છે તે પણ જુઓ. રથમાર્ગ વિષે આનું ધનુષ મંડળાકારજ દેખાય છે તેમ અત્યંત ક્રોધાયમાન થયેલા મહારથિઓ પણ જેનું છિદ્ર નથી જોતા. આપણા શૂરવીરને હણનાર સંગ્રામમાં વિચરતો અભિમન્યુ મારા પ્રાણુને પીડિત કરે છે અને બાણેકરી મોહ પમાડે છે તોપણુ મને અત્યંત હર્ષ સાથે આનંદ ઉપજે છે. હસ્ત લાઘવીથી સર્વ દિશાઓમાં મોટાં બાણુ નાંખતાં આ કુમારથી સંગ્રામમાં ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનની કંઇ પણ હું વિશેષતા જોતો નથી. એ રીતે કહેતા દ્રોણાચાર્ય પ્રત્યે અભિમન્યુના બાણુથી હણાયલા કર્ણે વળી આવી રીતે કહ્યું કે અભિમન્યુના બાણુથી પીડાયલા મારે સંગ્રામમાં ઉભું રહેવું જોઇએ, વાસ્તે ઉભો છું, તથાપિ તેજસ્વી કુમારના અગ્નિ સરખા તેજવાળાં અત્યંત દારૂણુ એવાં ભયંકર બાણુ આજ મારા હૃદયને ભેદે છે. કર્ણનાં વચન સાંભળી હસતા હોય નહિ તેની પેઠે ધીરેથી દ્રોણાચાર્યે કહ્યું કે આ કુમારના પિતાને મેં કવચ ધારણા શીખવેલી છે તે સમગ્ર ધારણાને, મોટાં શહેરને જીતનાર આ કુમાર જરૂર જાણે છે એથી આનું કવચ અભેદ્ય છે અને યુવાવસ્થાવાળો પોતે પણ જલદી પરાક્રમ કરનાર છે, માટે હે રાધેય ! સાવધાન બાણેકરી બની શકે તો આનું ધનુષ, પ્રત્યંચા, બાણુ, અશ્વ તથા પાછળ ચાલનાર સહિત સારથિને મારી તે વિમુખ થાય એવો પ્રહાર કર. ધનુષ સહિત એને તો દેવતા તથા અસુર પણ જીતવા સમર્થ થઇ શકે તેમ નથી. આચાર્યનાં એવાં વચન સાંભળી સૂર્યપુત્ર કર્ણે બાણેકરી ઉતાવળા થઇ હસ્ત લાઘવીથી બાણુ નાંખનાર અભિમન્યુનું ધનુપ કાપી નાંખ્યું. ભોજે અશ્વને માર્યા, ગૌતમે પાછળ ચાલનાર સહિત સારથિને હણ્યો. જલદી બાણુ નાંખનાર, કપાઇ ગયેલા ધનુષવાળા એકલા તે બાળક ઉપર બાકીના તમારી તરફના યોદ્ધાઓ સહિત નિર્દય એવા છ મહારથિઓ એકદમ બાણુનો વરસાદ કરવા લાગ્યા. તોપણુ કપાઇ ગયું છે ધનુષ જેનું એવો વિરથ થયેલો, શોભિતા અંગવાળો અર્જુનપુત્ર ખડ્ગ તથા ઢાલ ગ્રહણુ કરી સ્વધર્મ ન છોડતાં આકાશ માર્ગે કુદી લાઘવી તથા બળથી કૌશિકાદિક માર્ગેકરી ગરૂડની પેઠે આકાશમાં વિચરવા લાગ્યો. તે વખતે ખડ્ગ સહિત ' આ મારી ઉપરજ જરૂર પડશે ' એમ જાણી ઉંચી છે દૃષ્ટિ જેની એવા સંગ્રામમાં છિદ્ર જોનાર તમારી તરફનાઓ મોટા ધનુષવાળા તેને વિંધવા લાગ્યા. તેમાંથી શત્રુને જીતનાર દ્રોણે તો ઉતાવળે એની મુષ્ટિમાં રહેલું મણિમય મુઠવાળું ખડગ પાડી નાંખ્યું. રાધાપુત્ર કર્ણે તીક્ષ્ણુ બાણુવડે ઉત્તમ એવી એની ઢાલ છેદી નાંખી. ત્યારે ઢાલ તથા ખડ્ગ રહિત બાણુથી વિંધાઇ ગયેલો પૂર્ણ અંગવાળો તે, આકાશમાંથી પાછો પૃથ્વી ઉપર આવી ચક્ર ઉગામી ક્રોધથી દ્રોણુ સામે દોડયો. તે વખતે રથના ચક્રોમાંથી ઉડતી રજેકરી ઉજ્વળ અને શોભિતું છે અંગ જેનું તથા ઉજ્વળ ચક્ર છે હાથમાં જેના, વાસુદેવ ભગવાનનું અનુકરણુ કરતો ક્ષણુમાત્રમાં ભયંકર રૂપ ધારણુ કરી અભિમન્યુ સંગ્રામમાં શોભતો હતો. વળી શરીરમાંથી સ્રવતા રૂધીરે કરી લાલ રંગવાળાં થયાં છે વસ્ત્ર જેનાં, ક્રોધથી ભ્રકુ-

વેલી ભ્રકુટીએ કરી આકુળ, મોટા સિંહનાદ કરતો, સમર્થ, ઘણા બળવાળો, રાજાઓના મધ્યમાં રહેલો અભિમન્યુ સંગ્રામમાં અત્યંત શોભતો હતો.

स्रुतरुधिरकृतैकरागवक्त्रो भ्रुकुटिपुटाकुलितोऽति सिंहनादः ।
प्रभुरमितबलो रणेभिमन्युर्नृपवरमध्यगतो भृशंश्च राजन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युविरथकरणे गुर्जरभाषायामष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥

અધ્યાય ૪૯ મો. અભિમન્યુ વધ.

संजय उवाच—विष्णोः स्वसुर्नन्दकरः सविष्णवायुधभूषणः ।
रराजातिरथः सख्ये जनार्दन इवापरः ॥ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! વિષ્ણુ એવા શ્રીકૃષ્ણની બેનને આનંદ આપનાર વિષ્ણુના સરખા આયુધ તથા ભૂષણુવાળો અતિરથ તે, સંગ્રામમાં બીજા જનાર્દન ભગવાન સમ શોભતો હતો. તે સમયે વાયુએ ઉડાડેલા કેશે કરી મનોહર, ઉગામેલ છે શ્રેષ્ઠ ચક્ર જેણે, અને દેવતાઓ પણ દુઃખે કરી જેની સામું જોઇ શકે નહિ એવા અભિમન્યુને જોઇ, અત્યંત ઉદ્વિગ્ન થયેલા તમારી તરફના રાજાઓએ અનેક પ્રકારથી તે ચક્ર કાપી નાંખ્યું. એ રીતે શત્રુઓએ ધનુષ, રથ, ખડ્ગ તથા ચક્ર રહિત કરેલો મહારથિ અર્જુનપુત્ર અભિમન્યુ, મોટી ગદા ગ્રહણ કરી અશ્વત્થામા સામે દોડયો. પુરૂપમાં શ્રેષ્ઠ અશ્વત્થામા પણ પ્રજ્વલિત વજ્ર સરખી ઉગામેલી ગદાને જોઇ રથમાં બેસવાના સ્થાનકથી ત્રણ પગલા દૂર ખસી ગયા; તોપણ ગદાએ કરી તેમના અશ્વ તથા પાછળ ચાલનાર સહિત સારથિને મારી બાણે કરી વ્યાપ્ત સર્વ અંગવાળો સુભદ્રાપુત્ર અભિમન્યુ શિસોળિઆ સરખો દેખાતો હતો. ત્યાર પછી તેણે સુબળપુત્ર કાલિકેયને મારી એના અનુચર સિત્યોત્તેર ગાંધારને માર્યા. પછી રથિ એવા દશ વસાતિઓને મારી તેમજ કેકયોના સાત રથ તથા દશ હસ્તિઓને મારી, ગદાએ કરી અશ્વ સહિત દુઃશાસનપુત્રના રથને ભાગી નાંખ્યો. કોપાયમાન થયેલા દુઃશાસનપુત્રે ગદા ઉગામી સુભદ્રાપુત્ર અભિમન્યુ સામે દોડી 'અરે ઉભો રહે ઉભો રહે' એમ તેને કહ્યું. ત્યાર પછી ઉગામેલ ગદાવાળા અન્યોન્ય વધને ઇચ્છતા શત્રુ એવા તે બેઉ, પૂર્વે મહાદેવજી તથા અંધકાસુરનું જેવું યુદ્ધ થયું હતું તેવું યુદ્ધ કરવા લાગ્યા. જેમ ગદાના અગ્રભાગથી પરસ્પર હણુતા શત્રુને તપાવનાર તે બેઉ રણસંગ્રામના મધ્યમાં બે ઇન્દ્રધ્વજ પડ્યા હોય તેમ નીચે પડી ગયા. તેઓમાંથી કૌરવોની કીર્ત્તિને વધારનાર દુઃશાસનપુત્રે જલદી ઉઠી ઉભા થતાં સુભદ્રાપુત્રના મસ્તકમાં ગદા મારી. તે વખતે મોટા ગદાના વેગથી તથા મહેનતથી મોહ પામેલો પર શૂરવીરને હણનાર સુભદ્રાપુત્ર અભિમન્યુ બેભાન થઇ પૃથ્વી પર પડી ગયો.

હે રાજન્! એ રીતે ઘણાકે મળી સંગ્રામમાં એકલા અભિમન્યુને માર્યો તે સમયે સર્વ સેનાને ક્ષોભ પમાડી ઘણાકવડે હણાએલો શૂરવીર અભિમન્યુ કમલિનીને ક્ષોભ પમાડી

પારધિઓ વડે હણાયેલો વનહસ્તિ શોભે તેમ શોભતો હતો. વસંતઋતુમાં વનને બાળી શાંત થયેલા અગ્નિની પેઠે રણભૂમિમાં પડેલા તેને, તમારી તરફના સર્વ યોદ્ધાઓએ વેરી લીધો, પર્વતના શિખરોને મર્દન કરી સારી રીતે નિવૃત્ત થયેલા વાયુ સરખા, અસ્તાચળ પ્રત્યે ગયેલા સૂર્ય સરખા, રાહુગ્રસ્ત ચંદ્ર જેવા તથા સુકાએલા સમુદ્ર સરખા, પૂર્ણ ચંદ્ર સરખા મુખથી શોભિતા, કાન આગળ રાખેલા કેશથી વિંટાઇ ગયેલ નેત્રવાળા તમારી સેનાને તપાવી રણભૂમિમાં પડેલા તેને જોઇ, પરમ હર્ષયુક્ત થયેલા તમારી તરફના મહારથિઓ વારંવાર સિંહનાદ કરવા લાગ્યા. હે વિશાંપતે! એ રીતે હણાએલા અભિમન્યુને જોઇ તમારી તરફનાઓને પરમ હર્ષ થયો અને બીજા શૂરવીરોના નેત્રમાંથી અશ્રુ પડવા લાગ્યાં. અંતરિક્ષમાં રહેલા પ્રાણિઓ આકાશમાંથી પડેલો પૂર્ણચંદ્ર હોય તેની પેઠે પૃથ્વી પર પડેલા તે શૂરવીરને જોઇ આક્રોશ કરવા લાગ્યા કે, ધૃતરાષ્ટ્ર તરફના દ્રોણ કર્ણાદિક છ મહારથિઓએ મળી એકલા બાળક અભિમન્યુને માર્યો, એ મોટો અધર્મ થયો; એમ અમે માનીએ છીએ. તે શૂરવીર હણાવાથી રણભૂમિ નક્ષત્રગણ સહિત આકાશ જેમ પૂર્ણ ચંદ્રેકરી શોભે તેમ શોભતી હતી. અને સુવર્ણના પુંખવાળાં બાણથી સંપૂર્ણ, રૂધિરના ઓઘથી વ્યાપ્ત, તેમજ શૂરવીરોનાં કુંડળ સહિત શોભિતાં મસ્તક, વિચિત્ર પ્રકારની હાથીની ઝુલ તથા પતાકાથી વિંટાયેલી અને પડેલા ચામર, ઉત્તમ વસ્ત્ર, અશ્વ, નર તથા નાગના સુંદર અલંકાર, તીક્ષ્ણ ખડ્ગ, સર્પ સરખાં બાણ, વિવિધ પ્રકારનાં કપાઇ ગયેલાં ધનુષ, શક્તિ, ખડ્ગ, ભાલા, કંપન તથા વિવિધ પ્રકારનાં બીજાં આયુધેકરી યુક્ત ભયંકર દેખાતી હતી. તેમજ અભિમન્યુએ પાડેલા કેટલાએક નિર્જીવ તથા રૂધિરથી વ્યાપ્ત શ્વાસોશ્વાસ કરતા કેટલાક સવાર સહિત અશ્વ, અને બાણેકરી તેણે હણેલા અંકુશ, મોટા માવત, કવચ, આયુધ તથા ધ્વજ સહિત પડેલા પર્વત સરખા હસ્તિઓ, તથા નાશ પામ્યા છે અશ્વ, સારથિ તથા યુદ્ધ કરનાર જેમાંથી એવા ક્ષોભ પામેલા હૃદય સરખા ઉત્તમ રથ તેમજ વિવિધ પ્રકારનાં છે આયુધ તથા ભૂષણ જેમનાં એવા રણસંગ્રામમાં હણાયેલા પાયદળ સમૂહથી ભયંકર રણભૂમિ ભીરૂ પુરૂષોને ત્રાસ ઉત્પન્ન કરતી થઇ પડી. હે રાજન્! ચંદ્ર તથા સૂર્ય સરખી કાંતિવાળા રણભૂમિમાં પડેલા તેને જોઇ તમારાઓને અત્યંત હર્ષ થયો અને પાંડવ તરફનાઓને અત્યંત વ્યથા થઇ. એ રીતે નથી પ્રાપ્ત થઇ યુવાવસ્થા જેને એવો બાળક અભિમન્યુ હણાયો તે વખતે ધર્મરાજ જોતાં તેની સર્વ સેના નાસવા લાગી, તે સમયે વિદીર્ણ થતા સૈન્યને જોઇ યુધિષ્ઠિર રાજાએ તે શૂરવીરોને આવી રીતે કહ્યું કે, હણાયો તોપણ શૂરવીર અભિમન્યુ સંગ્રામથી વિમુખ થયો નહિ, માટે એ તો સ્વર્ગમાં ગયો. હવે ભયનો ત્યાગ કરી નાસતા સૈન્યને ઉભું રાખો. સંગ્રામમાં શત્રુઓને આપણે જીતીશું. એ રીતે મોટા તેજવાળા યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ ધર્મરાજા, દુઃખિત થયેલા પોતાના તરફનાઓને કહી તેમનું દુઃખ દૂર કરતા હતા. હે રાજન્! સંગ્રામમાં કૃષ્ણ તથા અર્જુન સરખો પરાક્રમી અભિમન્યુ સર્પ સરખા આકારવાળા પોતાના શત્રુ એવા દશ હજાર રાજપુત્રોને તથા મહારથિ કૌશલ્ય, બૃહદ્બળને પણ પૂર્વે હણી પછી પોતે સ્વર્ગમાં ગયો, એમાં સંશય નહિ. રથ, અશ્વ, નર તથા હજારો હસ્તિયોને મારી સંગ્રામથી તૃપ્ત થયેલો નહિ માટે શોચ કરવા યોગ્ય નહિ એવો પવિત્ર કર્મ કરનાર તે, પુણ્યથી સંપાદન કરેલા પુણ્ય કરનારાઓના શાશ્વત લોકને પ્રાપ્ત થયો.

अविवृत्तः स संग्रामाद्धतोऽयं पुण्यकर्मकृत् ।
गतः पुण्यकृतां लोकान् शाश्वतान् पुण्यनिर्जितान् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वण्यभिमन्युवधे गुर्जरभाषायामेकोनपंचाशत्तमोऽध्यायः ॥ ४९ ॥

અધ્યાય ૫૦ મો. શોકાકુલ રણભૂમિ.

संजय उवाच—वयं तु प्रवरं हत्वा तेषां तैः शरपीडिताः ।
निवेशायाभ्युपायामः सायाह्ने रुधिरोक्षिताः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે શ્રેષ્ઠને મારી તેના બાણથી પીડિત તથા રૂધિરે કરી વ્યાપ્ત એવા અમે તો સાયંકાળ વખતે પોતાના તંબુ પર ગયા. હે મહારાજ! એ રીતે ગ્લાનિને પ્રાપ્ત થયેલા બેભાન સરખા અમે તથા સામાવાળા સંગ્રામને જોઇ ધીરેથી પોતપોતાને સ્થાનકે ગયા. તે વખતે રક્ત કમળના કોશ સરખો લાલ સૂર્ય અસ્તાચળ પર્વત પ્રત્યે જવાથી રાત્રિ તથા દિવસોનો, શિયાળના રોવાથી અમંગળ તથા આશ્ચર્યરૂપ છે સંધિ જેમાં એવો સંધ્યાકાળ થયો. રથાવરણ, ઢાલ તથા આભરણોની પ્રભાનો સંહાર કરતો સૂર્ય, આકાશ તથા પૃથ્વીની જાણે એકતાને પમાડતો હોય નહિ તેની પેઠે પ્રિય એવા પાવકરૂપ તનુને પ્રાપ્ત થતો હતો. મોટા વાદળના સમુદાય તથા પર્વતના શિખર સરખા જાણે વજ્રથી પડતા હોય નહિ તેની પેઠે ભાલા, અંકુશ, કવચ, તથા માવત સહિત અભિમન્યુએ પાડેલા હસ્તિઓએ કરી રણભૂમિ અગમ્ય થઇ પડી હતી. વળી હે નરાધિપ! હણાયા છે સ્વામિ, અશ્વ તથા સારથિ જેમના એવા ચૂર્ણ થયાં છે પાયદળ તથા ઉપસ્કર જેમાંથી, પતાકા તથા ધ્વજ વગરના ચૂર્ણ કરેલા મોટા રથોએ કરી સંગ્રામમાં શત્રુઓએ હણેલા શહેરથી શોભે તેવી, તેમજ વિંધાયાં છે ઉપસ્કર તથા આભરણ જેમનાં એવા તથા વિખરાઈ ગયાં છે જિહ્વા, દાંત, આંતરડાં તથા નેત્ર જેમનાં એવા નાશ પામેલા અશ્વ સમુદાયેકરી ભયંકર છે દર્શન જેનું એવી થઇ હતી. વિંધાયાં છે કવચ, આભરણ, વસ્ત્ર તથા આયુધ જેમનાં અને નાશ પામ્યા છે હસ્તિ, અશ્વ, રથ તથા પાછળ ચાલનાર જેઓના, એવા અમૂલ્ય શય્યા તથા આસ્તરણને ઉચિત પુરૂષો, અભિમન્યુએ હણવાથી અનાથની પેઠે રણભૂમિ પર પડેલા દેખાતા હતા. શ્વાન, શિયાળિયાં, કાગડા, બગલા, ગરૂડ, વૃક, તરક્ષુ, રૂધિર પાન કરનાર પક્ષિયો, રાક્ષસોના ગણ તથા અત્યંત દારૂણ પિશાચના સમુદાય, અત્યંત પ્રસન્ન થઇ મરેલાની ત્વચાને ભેદી રૂધિર, વસા તથા મજ્જાનું પાન કરતાં માંસને ખાતાં તથા અનેક ધડને ઘસડતાં અને ગ્રહણ કરતાં, હસતાં અને ગાતાં હતાં. શરીર સમુદાયને વહેનાર રૂધિરરૂપી જલવાળી રથરૂપી છે હોડિઓ જેમાં, હસ્તિરૂપી પર્વતથી સંકટરૂપ, માણસના મસ્તકરૂપી પાષાણ તથા માંસરૂપી કાદવવાળી, ભાગેલાં નાનાં પ્રકારના શસ્ત્રરૂપ માળાવાળી, ભય વહેનારી, વૈતરણીની પેઠે દુસ્તર એવી નદી, યોદ્ધાઓએ રણસંગ્રામના મધ્યમાં પ્રવર્ત્તમાન કરી. હે રાજન્! ઉગ્ર છે દર્શન જેનું, યમના દેશને વધારનાર ઉભા થઈ નૃત્ય કરતા કબંધેકરી સંકુલ, તે સંગ્રામને જોઇ સાયંકાલ વખતે ધીરેથી મનુષ્યો તેનો ત્યાગ કરી પોતપોતાને સ્થાનકે જવા લાગ્યા. નાશ પામ્યાં છે અમૂલ્ય ભૂષણ જેનાં એવા ઇન્દ્ર સરખા મહા બલવાન, સંગ્રામમાં પાડેલા સભામાં રહેલા હવ્ય વગરના અગ્નિ સરખા અભિમન્યુને તે વખતે મનુષ્યો દેખતાં ન હતાં.

अपेतविध्वस्त महार्हभूषणं निपातितं शत्रुसमं महाबलं ॥
रणेऽभिमन्यु ददृशुस्तदाजना व्यपोढहव्यं सदसीव पावकं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि तृतीयदिवसावहारे समरभूमिवर्णने गुर्जरभाषायां पंचाशत्तमोऽध्यायः ॥५०॥

અધ્યાય ૫૧ મો. યુધિષ્ઠિરને થયેલો શોક.

संजय उवाच—हते तस्मिन् महावीर्ये सौभद्रे रथयूथपे ।
विमुक्त रथसंनाहाः सर्वे निक्षिप्तकार्मुकाः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! રથના યૂથને પાળનાર મહા પરાક્રમી સુભદ્રાપુત્ર હણાયો ત્યારે મૂક્યાં છે રથ, કવચ તથા ધનુષ જેમણે એવા અભિમન્યુ વિષે ગયું છે મન જેમનું એવા પાંડવો તરફના સર્વ યોદ્ધાઓ યુદ્ધનુંજ ધ્યાન કરતા યુધિષ્ઠિરને વિંટી તેમની પાસે બેઠા. એ રીતે શૂરવીર મહારથિ ભાઈનો પુત્ર અભિમન્યુ હણાયો તેથી અત્યંત દુઃખિત યુધિષ્ઠિર રાજા આવી રીતે વિલાપ કરવા લાગ્યા કે, યુદ્ધમાં, દુર્મદ, મોટા ધનુષવાળા, શૂરવીર, શત્રુ સૈન્યના યોદ્ધાઓ પણ જેની સામે ઉભા રહી શકતા ન હતા અને જેણે મારૂં પ્રિય કરવાની ઇચ્છાથી કોઈથી બાધ થઈ શકે નહિ એવા દ્રોણ સૈન્યને ભેદી, ગાયોના મધ્યમાં જેમ કેસરી પ્રવેશ કરે તેમ વ્યૂહમાં પ્રવેશ કર્યો, જેણે સન્મુખ ઉભેલા અમારા શત્રુ દુઃશાસનને પણ સંગ્રામમાં સંજ્ઞા રહિત તથા વિમુખ કર્યો, શૂરવીર એવો આ અર્જુનપુત્ર દુસ્તર એવા દ્રોણ સૈન્યરૂપી મોટા સમુદ્રને તરી દુઃશાસનના પુત્રને મારી રણમાં પડયો, એટલે હવે અર્જુન તથા પ્રિય પુત્રને ન જોતી મોટા ભાગ્યવાળી સુભદ્રાને હું કેવી રીતે મુખ દેખાડી શકીશ? તેમ શ્રી કૃષ્ણ તથા અર્જુનને પણ, તેઓ પૃછશે ત્યારે શો ઉત્તર આપીશ? જયની આકાંક્ષાવાળા પોતાનું પ્રિય કરનાર મેં જ સુભદ્રા, શ્રીકૃષ્ણ તથા અર્જુનનું અપ્રિય કર્યું. લોભી પુરૂષ જેમ લોભ તથા મોહથી કાર્યમાં પ્રવર્ત્તમાન થાય પણ તેમાં રહેલા દોષને જાણે નહિ તેમ રાજ્યના લોભી એવા મેં આવા અનર્થરૂપ પ્રપાતને જોયો નહિ. જેને લીધે મેં ભોજન, વાહન, શયન, તથા ભૂષણ ધારણ કરવા યોગ્ય એવા તરુણ કુમારને યુદ્ધમાં મરાવ્યો. પણ બાળક, તરૂણ તથા યુદ્ધમાં અવિશારદ એવો અભિમન્યુ રૂડા અશ્વની પેઠે મોટા યુદ્ધમાં ક્યાંથી કુશળ રહે? માટે હવે જો એની પાછળ આપણે પૃથ્વીમં શયન નહિ કરીએ તો ક્રોધેકરી પ્રદીપ્ત થયેલા અર્જુનનાં નેત્રેકરી બળી જઇશું. અલુબ્ધ, મતિમાન, લજ્જાવાન, ક્ષમાવાન, રૂપવાન, બળયુક્ત, ઉત્તમ શરીરવાળા, માનનીય શૂરવીર, સત્ય પરાક્રમવાળા તથા ઉત્તમ કર્મ કરનાર અર્જુનનાં કર્મની દેવતાઓ પણ પ્રશંસા કરે છે. તેમ પરાક્રમી એવા જેણે નિવાતકવચ તથા કાલકેય દૈત્યોને માર્યા હતા. તેમજ જેણે મહેંદ્રના શત્રુ હિરણ્યપુરવાસી ગણ સહિત પૌલોમને ચક્ષુના નિમિષ માત્રમાં હણ્યા હતા. સમર્થ એવો અભયની પ્રાર્થના કરતા શત્રુઓને પણ અભય આપનાર અર્જુનના બળવાન પુત્રને પણ આપણે રક્ષણ કરવા સમર્થ થઇ શક્યા નહિ. તેમ મહા બળવાન કૌરવોને પણ અત્યંત મોટો ભય પ્રાપ્ત થયો; કારણ પુત્ર વધથી ક્રોધાયમાન થયેલો અર્જુન કૌરવોને શિક્ષા કરશે. ક્ષુદ્ર સહાયતાવાળો, ક્ષુદ્ર, પોતાના પક્ષનો

ધૃતરાષ્ટ્ર કહે છે–હે મહાબુદ્ધે ! ફરીથી ધર્મ તથા અર્થવાળાં વચન મને સંભળાવ; કારણ તું વિચિત્ર પ્રકારનું ભાષણ કરે છે, તેથી તારાં વચન સાંભળી હું તૃપ્તિ પામતો નથી. તે સાંભળી વિદુરે કહ્યું કે, હે ધૃતરાષ્ટ્ર ! સર્વ તીર્થોમાં સ્નાન કરવું, ને સર્વ પ્રાણી પ્રતિ સરળતાથી ચાલવું, એ બેઉ ફળને દેનાર છે, પણ તેમાં સરળતા વિશેષ ફળ દેનાર છે. હે પ્રમાર્થ ! બધા પુત્રો વિષે હંમેશ સરખી દૃષ્ટિ રાખો, જેથી આ લોકમાં તમારી રૂડી કીર્તિ થશે, ને મરણ પામ્યા પછી સ્વર્ગને પ્રાપ્ત થશો. હે પુરુષમાં સિંહરૂપ ! જ્યાં સુધી મનુષ્યની પવિત્ર કીર્તિ જગતમાં ગવાય, ત્યાં સુધી સ્વર્ગલોક વિષે તે રહે છે. સત્ય બોલવા વિષે, કેશિની નામની સ્ત્રી વાસ્તે સુધન્વા સાથે થયેલો વિરોચનનો સંવાદ જેમાં છે એવો એક પ્રાચીન ઇતિહાસ છે, હું તમને કહું તે સાંભળો.

હે રાજન્ ! રૂપે કરી બીજાને જેની ઉપમા અપાય નહિં એવી અત્યંત સુંદર અંગવાળી, અને રૂડા પતિને ઇચ્છતી કેશિની નામની કન્યાનો એકવાર સ્વયંવર હતો, ત્યાં તે કન્યાને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પ્રહ્લાદનો પુત્ર વિરોચન નામનો દૈત્ય આવ્યો. તેને જોઇ તે કન્યાએ પૂછ્યું કે હે વિરોચન ! બ્રાહ્મણો શ્રેષ્ઠ કે દૈત્યો તે તું કહે. મને તો બ્રાહ્મણો શ્રેષ્ઠ લાગે છે, ત્યારે હું સુધન્વાને શું કરવા ન પરણું ? તે સાંભળી વિરોચને કહ્યું કે, હે કેશિનિ ! અમે પ્રજાપતિના પુત્રો છીએ તેથી અત્યંત શ્રેષ્ઠ કહેવાઇએ, ને આ બધા લોક અમારા કહેવાય; માટે અમારી પાસે દેવતા તથા બ્રાહ્મણો કોણ માત્ર ? તે સાંભળી કેશિનીએ કહ્યું કે હે વિરોચન ! આ ઠેકાણે હું વાટ જોઇશ, પ્રાતઃકાળે સુધન્વા બ્રાહ્મણ આવશે ને તું પણ આવજે એટલે તમો બેઉને હું જોઇશ. તે સાંભળી વિરોચને કહ્યું કે હે ભીરૂ ! હે કલ્યાણિ ! જે રીતે તું કહે છે તે જ રીતે હું કરીશ, ને તું મને તથા સુધન્વાને પ્રાતઃકાળે એકઠા દેખીશ. વિદુર કહે છે, હે રાજસત્તમ ! હવે તે રાત્રિ ગયા પછી સવારે સૂર્ય મંડળનો ઉદય થયો, ત્યારે તે સ્થાનકે સુધન્વા બ્રાહ્મણ આવ્યો. જ્યાં વિરોચન પ્રથમ આવીને કેશિની સહિત બેઠેલો હતો. તે સન્મુખ આવેલા બ્રાહ્મણને જોઈ કેશિનીએ ઉભી થઇ તેને પાદ્ય, અર્ઘ્ય તથા આસન આપ્યું. તેટલામાં વિરોચન દૈત્યે સુધન્વા બ્રાહ્મણને કહ્યું કે, મારી સાથે આ સુવર્ણના સિંહાસન પર આવીને બેસો. તે સાંભળી સુધન્વા બોલ્યો કે, હે પ્રહ્લાદના પુત્ર ! તારા સુવર્ણમય શ્રેષ્ઠ આસનને હું સ્પર્શ કરૂં છું, પણ તારી સાથે સિંહાસન પર નહીં બેસું; કારણ હું કાંઈ તારી બરોબરીયો નથી, તે સાંભળી વિરોચને કહ્યું કે હે સુધન્વા ! તને તો કાષ્ટના પાટલા વા દર્ભાસન ઉપર બેસવું ઘટે ! તું કાંઇ મારી સાથે સુવર્ણના સિંહાસન ઉપર બેસવા યોગ્ય નથી. તેનાં વચન સાંભળી સુધન્વાએ કહ્યું કે, પિતા પુત્ર બેઉ સાથે બેસે, બે બ્રાહ્મણ વા બે ક્ષત્રિય સાથે બેસે અને બે વૃદ્ધ, બે વૈશ્ય તથા બે શુદ્ર સાથે બેસે, પણ પરસ્પર ભિન્ન જાતિના બેઉ સાથે બેસે નહીં. હે વિરોચન ! તારો પિતા પ્રહ્લાદ પણ મને સિંહાસન ઉપર બેસાડી નીચે ઉભો રહીને સેવતો, પણ તું તો બાળક છે, ને ઘરમાં સુખથી મોટો થયો છે, તેથી કંઇ સમજતો નથી. તે સાંભળી વિરોચન બોલ્યો કે હે સુધન્વા ! અમારા અસુરોની પાસે સોનું, ગાયો તથા ઘોડા, જે કંઇ ધન છે, તેનો પણ કરીને આપણે બેઉ, જે જાણનારા છે તેમને પ્રશ્ન કરીએ કે આપણ બેમાં કોણ શ્રેષ્ઠ ? તે સાંભળી સુધન્વાએ કહ્યું કે હે વિરોચન ! સોનું, ગાયો તથા ઘોડા, એ બધું તારૂંજ હો, ને આપણે બેઉ જણા પરસ્પર પ્રાણનો પણ કરી ધારેલાં પ્રશ્ન પૂછીએ. તે સાંભળી વિરોચન

ક્ષમ કરનાર દુર્યોધન પણ અર્જુનને જોઇ શોચ કરતો પોતાના જીવિતનો ત્યાગ કરશે. હવે મને તો જેના પરાક્રમ કે પૌરૂષની ઉપમા આપવા લાયક બીજો કોઇ નથી એવા ઇન્દ્રના પુત્રના પુત્ર અભિમન્યુને પાડેલો જોઇ જય, રાજ્ય, અમરપણું તથા દેવલોકમાં જઇ રહેવું, એ કંઇ પણ પ્રીતિ ઉપજાવશે નહિ.

न मे जय प्रीतिकरो न राज्यं न चामरत्वं न सुरैः सलोकता ॥
इमं समीक्ष्या प्रतिवीर्यपौरुषं निपातितं देववरात्मजात्मजं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि युधिष्ठिरप्रलापे गुर्जरभाषायामेकपंचाशत्तमोऽध्यायः ॥ ५१ ॥

અધ્યાય ૫૨ મો. વ્યાસે આપેલું આશ્વાસન.

संजय उवाच—अथैनं विलपंत तं कुंतीपुत्रं युधिष्ठिरं ।
कृष्णद्वैपायनस्तत्र आजगामामहानृषिः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે કુંતિપુત્ર યુધિષ્ઠિર વિલાપ કરતા હતા, ત્યાં કૃષ્ણદ્વૈપાયન છે નામ જેમનું એવા મોટા ઋષિ વ્યાસજી પધાર્યા. તેમની ઘટતી રીતે પૂજા કરી આસન ઉપર બેસાડી ભાઇના પુત્રના વધથી શોકસંતપ્ત થયેલા યુધિષ્ઠિર રાજા આવી રીતે કહેવા લાગ્યા. બાળક બુદ્ધિવાળો બાળક, પારકા શૂરવીરને હણનાર સુભદ્રાપુત્ર અભિમન્યુ બીજો ઉપાય ન ચાલતાં સંગ્રામમાં યુદ્ધ કરવા ગયો હતો, તેને મોટા ધનુષવાળા અસ્ત્રમર્મયુક્ત ઘણાક મહારથિઓએ ચોતરફથી ઘેરી લઇ સંગ્રામમાં યુદ્ધ કરતાં માર્યો; તેમ ઉપાયાંતર ન મળતાં મેં જ તેને કહ્યું કે, આપણે જવા સારૂ ચક્રવ્યૂહમા તું દ્વાર ઉત્પન્ન કર. મારાં વચન સાંભળી તે વ્યૂહમાં પ્રવિષ્ટ થયો કે પાછળ પ્રવેશ કરનાર અમોને સિંધુરાજાએ વારી રાખ્યા. તેમ યુદ્ધથી જીવનાર પુરૂષોએ સરખે સરખા સાથે યુદ્ધ કરવું જોઇએ, પણ શત્રુઓએ જે કર્યું એ કાંઇ સમાન યુદ્ધ કહેવાય નહિ. શોકાશ્રુએ વ્યાપ્ત તથા અત્યંત સંતપ્ત થયેલો હું વારંવાર વિચાર કરૂં છું તોપણ શાંતિ પામતો નથી.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે વિલાપ કરતા તથા શોકે કરી વ્યાકુળ મનવાળા યુધિષ્ઠિરને ભગવાન વ્યાસજીએ આવી રીતે કહ્યું કે, હે યુધિષ્ઠિર! હે મહાપ્રાજ્ઞ! હે સર્વ શાસ્ત્રમાં વિશારદ! હે ભરતર્ષભ! વ્યસન આવ્યેથી તમારા જેવા પુરૂષ મોહને પ્રાપ્ત થતા નથી. પુરૂષમાં ઉત્તમ આ શૂરવીર બાળક અભિમન્યુ તો સંગ્રામમાં ઘણાક શત્રુઓને મારી બાળકથી ન થઇ શકે એવું મોટું કર્મ કરી સ્વર્ગમાં ગયો. હે યુધિષ્ઠિર! હે ભારત! મૃત્યુ તો દેવ દાનવ તથા ગંધર્વને પણ મારે છે, માટે આ વિધિ કોઇથી અતિક્રમણ થઇ શકે તેમ નથી. વ્યાસજીનાં વચન સાંભળી વળી યુધિષ્ઠિર આવી રીતે પૂછવા લાગ્યા કે, સેનાના મધ્યમાં નાશ પામેલા આ મહા બળવાન રાજાઓ મૃત એવું નામ ધારણ કરી પૃથ્વીતલ વિષે સુતા છે. આ હજાર હસ્તિ સરખા બળવાળા, કેટલાક વાયુના વેગ સરખા બળવાળા, [illegible]

ધારણ કરનાર પુરૂષોને સંગ્રામમાં બીજા પુરૂષોએ હણ્યા. કેટલાક પરાક્રમ સંપન્ન તપોબળે યુક્ત અને આપણે જીતવું એ રીતે અન્યોન્ય જેમના હૃદયમાં રહ્યું છે એવા, આયુષ્ય પર્યન્ના પ્રાપ્ત પણ નાશને પ્રાપ્ત થઈ રણભૂમિમાં સુતા છે તે બહુધા ભયંકર પરાક્રમવાળા રાજાઓ પણ મરણ પામ્યા. તેમજ ક્રોધાયમાન થયેલા શૂરવીર રાજપુત્રો પણ ચેષ્ટા તથા અભિમાન રહિત થઇ વૈશ્વાનરના મુખમાં ગયા પણ સંગ્રામમાં પ્રાણિઓના હણનારને કદી હું દેખતો નથી. સર્વ મૃત થયા એટલે કે પુરૂષ મરણ પામ્યો એમ કહેવાય છે, માટે મૃત શબ્દેકરી ધાતુનો અર્થ જોતાં પ્રાણ ત્યાગ વિષે પુરૂષને સ્વતંત્રતા જણાય છે, માટે મને સંશય થાય છે કે પુરૂષને શું બીજો કોઇ મારે છે? વા પોતેજ પોતાના આત્માને મારે છે? તેમાં પણ જો બીજો મારનાર છે તો કેણ કોને મારનાર છે અને પોતે પોતાના આત્માને મારે છે તો શા કારણ માટે પોતે પોતાને મૃત્યુરૂપ થાય છે? હે પિતામહ! તે વૃત્તાંત મને કહો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે રીતે પૂછતા કુંતિપુત્ર યુધિષ્ઠિર પ્રત્યે ભગવાન વ્યાસજી આશ્વાસનપૂર્વક આવી રીતે કહેવા લાગ્યા. હે નૃપ! પૂર્વે અકંપન નામના રાજાને નારદજીએ કહેલો પ્રાચીન ઇતિહાસ હું તને કહું તે સાંભળ. હે રાજેન્દ્ર! તે રાજા પણ લોકવિષે સહન થાય નહિ એવા પુત્રસંબંધિ દુઃખને પ્રાપ્ત થયો હતો. જે સાંભળવાથી સ્નેહમૂલક દુઃખથી તું મુક્ત થઇશ. મૃત્યુ શું છે તે વિષેનું સમસ્ત પાપ સમુદાય ટાળનાર, ધન તથા આયુષ્ય આપનાર શોકને ટાળનાર, પુષ્ટિ વધારનાર, પવિત્ર, શત્રુ સમુદાયને હણનાર, મંગલોનું પણ મંગલરૂપ, હે મહારાજ! વેદાધ્યયન તથા ભારતાખ્યાનની પેઠે હંમેશ શ્રવણ કરવા લાયક, નિરંતર પ્રાતઃકાળે સાંભળવાથી આયુષ્યમાન પુત્ર, રાજ્ય તથા લક્ષ્મીને આપનાર એવું ધન્ય આખ્યાન કહું તે તું સાંભળ. હે તાત! પૂર્વે સતયુગમાં અકંપન એવા નામે એક રાજા હતો. તે રણસંગ્રામના મધ્યમાં શત્રુને વશ થયો અને બળમાં નારાયણ સરખો, શોભિતો, અસ્ત્ર શીખેલો, મેધાવી, યુદ્ધમાં ઇન્દ્ર સરખો તથા બળવાન હરિ નામે તેનો એક પુત્ર હતો, તે પણ સંગ્રામના મધ્યમાં ઘણાક શત્રુથી વિંટાઇ ગયો તોપણ યોદ્ધાઓ તથા હસ્તિઓ ઉપર હજારો બાણ ફેંકતો શત્રુને તપાવનાર સંગ્રામમાં દુષ્કર કર્મ કરી શત્રુઓના હાથથી મરણ પામ્યો. શોકયુક્ત અકંપન રાજા મરણ પામેલા પુત્રનાં પ્રેતકૃત્ય કરી રાત્રિ દિવસ શોચ કરતો હતો, પણ સુખને પ્રાપ્ત થતો ન હતો, ત્યારે દેવર્ષિ નારદ, પુત્રના દુઃખથી થયેલા તેના શોકને જાણી એની પાસે આવ્યા, તેમને જોઇ મોટા ભાગ્યવાળો તે રાજા ઘટતી રીતે દેવર્ષિની પૂજા કરી બનેલું સર્વ વૃત્તાંત કહેવા લાગ્યો. હે દેવર્ષિસત્તમ! ઇન્દ્ર તથા વિષ્ણુ સરખી કાંતિવાળા મહા પરાક્રમી બળવાન મારા પુત્રને સંગ્રામમાં પરાક્રમ કરી ઘણાંક શત્રુઓએ માર્યો, માટે હે મતિમાનમાં શ્રેષ્ઠ! હે ભગવન્! મૃત્યુ એટલે શું? અને તેનું વીર્યબળ તથા પૌરૂષ શું છે તે બધું તમારા થકી હું સાંભળવાને ઇચ્છું છું.

અકંપન રાજાનાં વચન સાંભળી વર આપનાર સમર્થ નારદજી પુત્રનો શોક ટાળનાર એવું તે મોટું આખ્યાન કહેવા લાગ્યા. હે વસુધાધિપ! હે મહાબાહો! ઘણાક વિસ્તારવાળું આ આખ્યાન મેં પણ જે રીતે સાંભળ્યું છે તે પ્રમાણે કહું તે તું સાંભળ. મોટા તેજવાળા, સમર્થ પિતામહ બ્રહ્માએ પ્રથમ સ્વર્ગના આરંભે પ્રજાને ઉત્પન્ન કરી, પણ પાછો આ જગતનો સંહાર ન થયો તે જોઇ, સંહાર કેવી રીતે કરવો, તેનો વિચાર કરવા લાગ્યા. તોપણ તેમ કરવાનો ઉપાય તેમના જાણવામાં આવ્યો નહિં, તેમથી તેને ક્રોધ ઉત્પન્ન થયો. તેમના ક્રોધા-

દિક છિદ્રમાંથી અગ્નિ ઉત્પન્ન થયો. બાળવાને ઇચ્છતા તેણે સર્વ દિશાઓ વ્યાપ્ત થઇ ગઇ. ચરાચર સર્વ જગત, આકાશ તથા પૃથ્વી પણ જ્વાળારૂપી માળાઓકરી આકુળ થઇ. એવી રીતે સમર્થ બ્રહ્મા સર્વનો સંહાર કરવા લાગ્યા. એ રીતે બ્રહ્માના ક્રોધના વેગથી સ્થાવર જંગમ સર્વ પ્રાણી નાશ પામવા લાગ્યાં. તે જોઇ નિશાચરના પતિ જટાધારણ કરેલા, દુઃખ હરણ કરનાર રૂદ્ર-સ્થાણુ, પ્રજાના હિત વાસ્તે પરમેષ્ઠિ એવા બ્રહ્મદેવને શરણે આવ્યા. તે જોઇ મહામુનિ પરમદેવ બ્રહ્માજીએ જ્વલાયમાન થતા હોય નહિ તેની પેઠે આવી રીતે તેમને કહ્યું કે, હે પુત્રક! હે સ્થાણો! હે ઇચ્છા કરવા યોગ્ય! મારી ઇચ્છાથી તું ઉત્પન્ન થયો છું. શું તારી ઇચ્છા અમે પૂર્ણ કરીએ? તારી ઇચ્છા હોય તે તું કહે. તારૂં સર્વ હું પ્રિય કરીશ.

किं कुर्मकामं कामार्हकामाज्जातोसि पुत्रक ।
करिष्यामि प्रियं सर्वं ब्रूहि स्थाणो यदिच्छसि ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि गुर्जरभाषायां द्विपंचाशत्तमोऽध्यायः ॥ ५२ ॥

અધ્યાય ૫૩ મો. મૃત્યુ તે શું?

स्थाणुरुवाच—प्रजासर्गनिमित्तं हि कृतो यत्नस्त्वया विभो ।
त्वया सृष्टाश्च वृद्धाश्च भूतग्रामाः पृथग्विधाः ॥ १ ॥

સ્થાણુ કહે છે—હે વિભો! પ્રજાના સર્ગ વાસ્તે તમે યત્ન કર્યો, તેથી જુદાં જુદા ભૂતગ્રામ તમે ઉત્પન્ન કર્યા અને તે વૃદ્ધિંગત થયા. તે સર્વ પ્રજા પછી તમારા ક્રોધથી બળી જાય છે તેને જોઇ મને દયા આવે છે; માટે હે પ્રભો! હે ભગવન્! મારા ઉપર પ્રસન્ન થાઓ, એવાં સ્થાણુનાં વચન સાંભળી બ્રહ્માએ કહ્યું કે, મારે આ જગત 'આ રીતે થાય' એમ સંહાર કરવાની કામના હતી નહિ; પરંતુ પૃથ્વીના હિત વાસ્તે મને ક્રોધ ઉત્પન્ન થયો; કારણ ભારથી પીડાયેલી પૃથ્વીએ સંહાર વાસ્તે મારી પ્રાર્થના કરી તોપણ અનંત એવા આ જગતના અનેક તરેહના સંહારને હું સમજી શક્યો નહતો તેથી મને ક્રોધ પ્રાપ્ત થયો. બ્રહ્માના વચન સાંભળી વળી મહાદેવજીએ કહ્યું કે, સંહાર વાસ્તે તમારે ક્રોધ કરવો નહિ અને પ્રસન્ન થાઓ; કારણ સ્થાવર જંગમાત્મક પ્રજાનો નાશ ન થાઓ. હે ભગવન્! તમારા પ્રસાદથી ભૂત, ભવિષ્ય, વર્તમાનરૂપ જગત સર્વદા રહો. હે ભગવન્! તમારા ક્રોધથી ઉત્પન્ન થયેલો અગ્નિ, પર્વતનાં શિખર, વૃક્ષ, નદીઓ, સર્વ નાનાં જળાશય, તૃણ સમુદાય તથા સ્થાવર જંગમાત્મક સર્વ જગતને નિઃશેષ કરે છે; માટે હે ભગવન્! તમને રોષ ન થાય એજ મને વર આપો. કારણ કોઇ રીતે તમે સૃજેલી સર્વ પ્રજા નાશ થાય છે. આ તેજ નિવૃત્ત થઇ તમારે વિષેજ લીન થાઓ. હે દેવ! પ્રજાના હિત વાસ્તે સારી રીતે જુઓ. આ સર્વ પ્રાણી જે રીતે નિવૃત્તિ પામે તે રીતે કરો. હે આદિદેવ! લોકની વૃદ્ધિ કરવામાં મને જોડી, કેમ લોકનો નાશ કરો છો? હે જગન્નાથ! જે રીતે આ સ્થાવર જંગમાત્મક જગત નાશ ન પામે તે રીતે કરો. દેવ એવા તમોને પ્રસાદમાં સુમુખ જોઇ આ રીતે હું કહું છું.

નારદ કહે છે—હે અકંપન રાજા ! પ્રજાના હિતરૂપ મહાદેવજીનાં વચન સાંભળી બ્રહ્મા-જીએ બહાર નીકળેલું તેજ પાછું પોતાના અંતરાત્મા વિષે ધારણ કર્યું. લોકે સત્કાર કરેલા ભગવાન સમર્થ બ્રહ્માએ એ રીતે અગ્નિનો ઉપસંહાર કરી સૃષ્ટિ તથા મોક્ષના હેતુરૂપ પ્રવૃત્ત અને નિવૃત્ત નામનાં બે પ્રકારનાં કર્મ કહી દેખાડ્યાં. એવી રીતે રોષથી ઉત્પન્ન થયેલા અગ્નિને સંહાર કર્તા મહાત્મા બ્રહ્માના સર્વ ઇંદ્રિય છિદ્રમાંથી કાળો, લાલ તથા પીંગળો છે વર્ણ જેનો અને લાલ છે જીભ્હા, મુખ તથા નેત્ર જેનાં એવી અને તપ્ત એવાં કુંડળ ધારણ કરેલી તપ્ત ભૂષણવાળી એક નારી ઉત્પન્ન થઈ. એવી રીતે ઇંદ્રિય છિદ્રમાંથી નિકળેલી તે, આદિદેવ બ્રહ્મા રૂદ્રને જોઇ હાસ્ય કરી દક્ષિણ દિશાનો આશ્રય કરી ઉભી રહી. તે વખતે આદિદેવ એવા બ્રહ્મા તેને બોલાવી કહેવા લાગ્યા કે, હે મૃત્યો ! તુ સંહારરૂપ બુદ્ધિએ કરી મારા રોષથી ઉત્પન્ન થઇ છે માટે જડ તથા પડિતરૂપ સર્વ પ્રજાનો મારી આજ્ઞાથી તું સંહાર કર, નહિ તો તું કલ્યાણને પ્રાપ્ત થઇશ નહિ. બ્રહ્માનાં વચન સાંભળી કમળ સરખાં નેત્રવાળી મૃત્યુરૂપી નારી ઘણોજ વિચાર કરી રૂડા સ્વરથી અત્યંત રોવા લાગી. તે વખતે પિતામહ એવા બ્રહ્મા બે હાથથી તેનાં અશ્રુ લોહી સર્વ ભૂતના કલ્યાણ વાસ્તે તેને આ પ્રમાણે સમજાવા લાગ્યા.

पाणिभ्यां प्रतिजग्राह तान्यश्रूणि पितामहः ।
सर्वभूतहितार्थाय तां चाप्यनुनयत्तदा ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि मृत्युकथने गुर्जरभाषायां त्रिपंचाशत्तमोऽध्यायः॥ ५३ ॥

અધ્યાય ૫૪ મો. મૃત્યુ અને પ્રજાપતિ સંવાદ.

नारद उवाच—विनीय दुःखमबला आत्मन्येव प्रजापतिं ।
उवाच प्रांजलिर्भूत्वा लतेवाविर्जितापन: ॥ १ ॥

નારદ કહે છે—હે અકંપન ! પછી તે અબળા પોતાને વિષેજ દુઃખ શમાવી કર્માએલી લતાની પેઠે બે હાથ જોડી બ્રહ્માને કહેવા લાગી કે, બોલનારાઓમાં શ્રેષ્ઠ, આ સ્ત્રી તમે શું કરવા મને ઉત્પન્ન કરી ? તે અહિતરૂપ એવું ક્રૂર કર્મ હું શું જાણી કરૂં ? હે ભગવન્ ! હે પ્રભો ! અધર્મથી હું બીહું છું માટે મારી ઉપર પ્રસન્ન થાઓ. હે દેવ ! પુત્ર, વયસ્ય, ભાઇઓ, માતાઓ, પિતાઓ તથા પતિઓને જો હું મારૂં તો તેમના સંબંધિઓ મારૂં અનિષ્ટ ચિંતન કરે; તેથી હું બીહું છું. હે સર્વોત્તમ ! મરનારના રૂદન કરતા કૃપણ બંધુઓનાં જે અશ્રુબિંદુ પડે તેથી અત્યંત ભય પામતી હું તમારે શરણે આવી છું. હે દેવ ! યમ રાજાના ઘર પ્રત્યે જઇશ નહિ. હે લોકપિતામહ ! કાયાથી, મસ્તકથી તથા અંજલિએ કરી હું તમારે શરણે આવી છું, અને મારે એ કામ ન કરવું પડે, એજ કામના તમારા થકી ઇચ્છું છું. હે પ્રભો ! હે ભગવન્ ! હે પ્રજેશ્વર ! તમારા પ્રસાદથી હું તો તપ કરવા ઇચ્છું છું માટે એવું તમે મને આપો. હે ભગવન્ ! તમે આજ્ઞા આપેલી હું ઉત્તમ ધેનુકાશ્રમમાં જઈ ત્યાં પણ તમારા આરાધનમાં તત્પર રહી તીવ્ર તપ કરીશ; પણ હે દેવેશ ! વિલાપ કરતા

પ્રાણિઓના પ્રિય પ્રાણને હરણ કરવા હું સમર્થ નહિ થાઉં, માટે હે ભગવન્! અધર્મથી મારી રક્ષા કરો. મૃત્યુરૂપ તે સ્રીનાં વચન સાંભળી બ્રહ્માએ તેને કહ્યું કે, હે મૃત્યો! પ્રજા સંહારના હેતુએ કરીનેજ મેં તને સંકલ્પિત કરી છે, વાસ્તે તું જા અને વિચાર ન કર; સર્વ પ્રજાનો સંહાર કર. મેં કહેલું તે એમજ થશે; અન્યથા નહિ થાય માટે મારાં વચન પ્રમાણે કર. તારી લોકમાં નિંદા નહિ થાય. નારદ કહે છે, હે અકંપનરાજા! બ્રહ્માએ કહ્યું તોપણ પ્રસન્નતાથી બ્રહ્મા સામે હાથ જોડી ઉભેલી તે મૃત્યુરૂપી સ્રીએ પ્રજાના હિત વાસ્તે સંહાર વિષે બુદ્ધિ ન કરી, ત્યારે પ્રજાના ઇશ્વરેશ્વર પ્રજાપતિ બ્રહ્મા તુષ્ણીભાવને પ્રાપ્ત થઇ પોતાની મેળેજ જલદી પોતે પ્રસન્ન થયા; પ્રસન્નતાથી સર્વ લોકને પોતે જોયા, એટલે એ રીતે ક્રોધ રહિત તેણે જોયેલા લોક જેવા પૂર્વે હતા તેવા પાછા થઇ રહ્યા. પરાજય પામેલા નહિ તથા ભગવાન એવા તે બ્રહ્મા રોષ રહિત થયા તેને જોઇ કન્યારૂપી મૃત્યુ પ્રજા સંહારને અનંગીકાર કરી જલદી બુદ્ધિમાન બ્રહ્મા પાસેથી ધેનુકાશ્રમમાં ગઇ. ત્યાં જઇ તેણે એક પગે ઉભા રહી સોળ પદ્મ સુધી તીવ્ર એવું ઉત્તમ તપ કર્યું; વળી દયાને લીધે પ્રજાના હિત વાસ્તે પ્રિય વિષયોમાંથી ઇન્દ્રિયોને નિવૃત્ત કરી. એક પગે કરી બીજાં એકવીશ પદ્મ સુધી તપશ્ચર્યા કરી. ત્યાર પછી દશ હજાર પદ્મ મૃગ સાથે વિચરતાં તપશ્ચરણ કર્યું. પછી નિર્મળ તથા શીત છે ઉદક જેમાં એવી પવિત્ર નંદાનદી પ્રત્યે જઇ આઠ હજાર વર્ષ સુધી જળમાં તપશ્ચર્યા કરી. એ રીતે નિયમ ધારણ કરનાર પાપ રહિત તેણે પવિત્ર એવી કૌશિકી નદી પ્રત્યે જઇ વાયુ તથા જળનો આહાર કરી ત્યાં પણ તપ કર્યું. પંચગંગા તથા વેતસક તીર્થમાં તપશ્ચર્યાથી તેણે પોતાનું શરીર કૃશ કર્યું. ત્યારપછી ગંગા પ્રત્યે જઇ ત્યાંથી મહામેરૂમાં જઇ પ્રાણાયામ કરી પાષાણની પેઠે ચેષ્ટા રહિત થઇ તપશ્ચર્યા કરી. પછી જ્યાં પૂર્વે દેવતાઓએ યજન કર્યું હતું ત્યાં હિમાલયના શિખર ઉપર એક અંગુઠા ઉપર શરીરનો ભાર દઇ ઘણાં વર્ષ તપશ્ચર્યા કરી. ત્યાંથી પુષ્કરતીર્થ ગોકર્ણમાં, નૈમિષારણ્યમાં તથા મલયપર્વત વિષે જઇ મનને પ્રિય એવા નિયમે કરી પોતાના દેહને આકર્ષણ કરતી રહી, નથી બીજો દેવ જેને એવી પિતામહ વિષે દૃઢ ભકિતવાળી તેણે ધર્માચરણે કરી બ્રહ્માને પ્રસન્ન કર્યા. હે રાજન્! એ રીતે તપશ્ચર્યાએ કરી તેને પ્રસન્ન થયેલા પ્રસન્ન મનવાળા લોકને ઉત્પન્ન કરનાર અવિનાશી બ્રહ્માએ આવી રીતે તેને કહ્યું કે, હે મૃત્યો! આ અતિ તપશ્ચર્યા તું શામાટે કરે છે? બ્રહ્માનાં વચન સાંભળી તેણે ભગવાન એવા પિતામહ બ્રહ્માને કહ્યું કે હે પ્રભો! હે દેવ! સ્વસ્થ તથા આક્રોશ કરતી પ્રજાને હું ન હણું; હે સર્વેશ! એ વરને તમારાથી હું ઇચ્છું છું. હે મહાભાગ! અધર્મથી બનેલી હું તપશ્ચર્યા કરૂં છું માટે હે અવ્યય! ભયભીત થયેલી મને અભય આપો. પીડિત તથા નિરપરાધી નારી એવી હું તમારી પાસે યાચના કરૂં છું માટે મારી ગતિરૂપ થાઓ. તેનાં એવાં વચન સાંભળી ભૂત, ભવ્ય તથા ભવિષ્ય જાણનાર બ્રહ્માએ આવી રીતે તેને કહ્યું કે, હે ભદ્રે! હે મૃત્યો! આ પ્રજાનો સંહાર કરવાથી તને અધર્મનો સ્પર્શ નહિ થાય પણ મેં જે કહ્યું છે તે મિથ્યા નહિ થાય; માટે હે કલ્યાણિ! ચાર પ્રકારની સર્વ પ્રજાનો તું સંહાર કર. તને સનાતન એવો ધર્મ પવિત્ર કરશે અને લોકપાલ યમ તથા વ્યાધિયો તને સહાય થશે તેમ હું તથા દેવતાઓ તને વર આપશું તેથી પાપ રહિત નિર્મળ તું ખ્યાતિને પ્રાપ્ત થઇશ. હે મહારાજ! બ્રહ્માનાં વચન સાંભળી હાથ જોડી મસ્તકથી સમર્થ બ્રહ્માને પ્રણામ કરી મૃત્યુરૂપી સ્રી આવી રીતે વચન કહેવા લાગી કે, હે પ્રભો! એ કાર્ય મારા વગર ન જ બનતું હોય તો તમારી આજ્ઞાને હું મસ્તક ઉપર ચઢાવું છું: પણ હું કહું તે સાંભળો. લોભ, ક્રોધ,

અસૂયા, ઇર્ષ્યા, દ્રોહ, મોહ, અહંકારરહિતપણું, તથા પરસ્પર કરૂર વાણી જુદા જુદા મોહકારી પ્રાણિઓના દેહને ભેદે છે. મૃત્યુનાં વચન સાંભળી બ્રહ્મા આવી રીતે કહેવા લાગ્યા કે, હે મૃત્યો ! તારાં અશ્રુબિંદુ મારા હાથમાં રહ્યાં છે તે વ્યાધિરૂપ થઇ પ્રાણિઓને પીડશે અને જેના છે પ્રાણ જેમના એવા માણસોને મારશે; પણ તેજ માટે તને અધર્મ નહિ થાય; વાસ્તે ભય ન ધર. તું ધર્મની નિયંતા ધર્મરૂપ એવી ધર્મભૂત થઇને પ્રાણિઓના પ્રાણને હરણ કર. એ રીતે કામ તથા રોષનો ત્યાગ કરી સર્વ પ્રાણિયોના જીવને તું હરણ કર, એમ કરવાથી તો અનંત એવો ધર્મ તને થશે; મિથ્યા વૃત્તિવાળાઓને અધર્મ મારશે ને તું કામ, ક્રોધ રહિત આત્માએ કરી તારા આત્માને પાવન કર; પ્રાણિઓ અસત્યને લીધે પોતાના આત્માને પાપવિષે ડૂબાવશે માટે તું તો અંતરમાં આવેલા કામ તથા રોષનો ત્યાગ કરી જીવોનો સંહાર કર.

નારદ કહે છે—હે અકંપનરાજા ! બ્રહ્માનાં વચન સાંભળી તેમના શાપથી ભયભીત થયેલી તે મૃત્યુસંજ્ઞક નારી 'ઠીક ઘણું સારૂં; તમારી આજ્ઞા પ્રમાણે વર્તીશ' એમ કહી આસક્તિ રહિત કામ તથા ક્રોધનો ત્યાગ કરી અંતકાળે પ્રાણિઓના પ્રાણને હરણ કરવા લાગી. એ રીતે મૃત્યુ થકી ઉત્પન્ન થયેલા અનેક વ્યાધિઓ જીવને પીડે છે. તે પછી આયુષ્ય કર્મને અંતે મૃત્યુ પ્રાણિઓના પ્રાણને હરણ કરે છે; માટે વૃથા શોક કરવો એ યોગ્ય નથી. હે રાજસિંહ ! સર્વ ઇન્દ્રિયો પણ જીવ સહિત આયુષ્ય કર્મને અંતે પરલોકમાં પણ યાતાયાત કરે છે અને ભયંકર તથા ઘોર શબ્દવાળો મોટા પરાક્રમ યુક્ત પ્રાણવાયુ પ્રાણીના દેહનો હમેશ નાશ કરે છે. પણ કંઇ ચેતનનો નાશ કરતો નથી. કારણ તે ચેતન પ્રાણિ તો સર્વ વ્યાપક છે માટે આ વૃદ્ધાદિ રહિત છે. હે રાજસિંહ ! બ્રહ્માદિક દેવતાઓને પણ મૃત્યુ તો સ્વાભાવિક છે. પોતાના દોષને લીધે પોતેજ પોતાના મૃત્યુરૂપ થવાય છે વાસ્તે તું પુત્રનો શોક કર માં. તેમ તારો પુત્ર વીરલોકોને પામવા લાયક એવા સ્વર્ગલોકને પ્રાપ્ત થઇ ત્યાં નિરંતર હર્ષ પામે છે. એ રીતે યદ્યપિ પુરૂષ પોતે પોતાનો મૃત્યુ છે તથાપિ અંત સમયે પ્રાણ હણનાર મૃત્યુરૂપી દેવતા પ્રજાના પ્રાણ હરણ કરે છે. સર્વ પ્રાણિયો પોતાના આત્માને પોતે હણે છે, પણ મૃત્યુ કંઇ હાથમાં દંડ લેઇ તેમને મારતો નથી, માટે ધીર પુરૂષો બ્રહ્માનું સૃજેલ મૃત્યુ નિશ્ચય થવાનું છેજ એમ માની મરનારનો શોચ કરતા નથી. તું પણ આજ રીતે દેવની કલ્પેલી સૃષ્ટિ છે એમ જાણી તત્કાળ શોકનો ત્યાગ કર. વ્યાસજી કહે છે—હે યુધિષ્ઠિર રાજા ! એ રીતે નારદે કહેલાં ગંભીર અર્થવાળાં વચન સાંભળી અકંપન નામનો તે રાજા પોતાના સખા નારદ પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો. હે ભગવન્ ! હે ઋષિસત્તમ ! તમારા મુખથકી આ ઇતિહાસ સાંભળી હું શોકરહિત તથા કૃતાર્થ થયો છું; અને આપને પ્રણામ કરૂં છું તેનાં વચન સાંભળી ઋષિયોમાં અત્યંત ઉત્તમ દેવર્ષિ એવા આત્મવેત્તા નારદજી તત્કાળ નંદન નામના ઇન્દ્રવન પ્રત્યે પધાર્યા. પવિત્ર, યશ તથા સ્વર્ગ, ધન તથા આયુષ્યને આપનાર એવા આ ઇતિહાસનું શ્રવણ તને મારે કરાવવું છે, માટે હે યુધિષ્ઠિર રાજા ! તમે પણ એ વાત સાંભળી ક્ષાત્રધર્મ તથા શૂરવીરોની પરમગતિએ તથા આ મહારથિ અને મહા પરાક્રમી અભિમન્યુ પણ સર્વ ધનુષ ધરનારની આગળ શત્રુઓને મારી જોદ્ધા ધનુષધારી મહારથિ તે સામે ચાલી ખડ્ગ, શક્તિ, ગદા તથા ધનુષે કરી હણાયો તેથી સ્વર્ગલોકને પ્રાપ્ત થયો છે. નિર્મળ ચંદ્રમાના અંશમાંથી ઉત્પન્ન થયેલો તે પાછો

તે રાજાની સાથે એક બ્રાહ્મણ, ભાઈઓ સહિત ધીરજ રાખી તૈયાર થયેલા સાવધાન થઈ હે યુધિષ્ઠિર! જલદી પાછા યુદ્ધ કરવા તૈયાર થાઓ.

तस्मात्परां धृतिं कृत्वा भ्रातृभिः सहपांडव ।
अप्रमत्तः सुसन्नद्धः शीघ्रं योद्धुमुपाक्रम ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि मृत्युप्रजापतिसंवादे युधिष्ठिराश्वासने चतुष्पंचाशत्तमोऽध्यायः ॥ ५४ ॥

અધ્યાય ૫૫ મો. સોળ રાજાઓનાં આખ્યાન.

संजय उवाच—श्रुत्वा मृत्युसमुत्पत्तिं कर्माण्यनुपमानि च ।
धर्मराजः पुनर्वाक्यं प्रसाद्यैनमथाब्रवीत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! મૃત્યુની ઉત્પત્તિ તથા અનુપમ એવાં કર્મ સાંભળી ધર્મરાજા વ્યાસજીને પ્રસન્ન કરી ફરી આવી રીતે કહેવા લાગ્યા કે, હે ગુરો! પૂર્વના રાજાઓ પવિત્ર કર્મવાળા ઇન્દ્ર જેવા પરાક્રમી, નિષ્પાપ તથા સત્યવાદિ હતા માટે તે પ્રાચીન રાજર્ષિયોનાં કર્મે કરી તમારી સત્યવાણીથી ફરી મને આશ્વાસના કરો. કેટલી દક્ષિણા અને પુણ્ય કરનારા ક્યા મહાત્મા રાજર્ષિઓએ તે આપી એ સર્વ મને કહો. યુધિષ્ઠિરનાં વચન સાંભળી વ્યાસજી કહેવા લાગ્યા કે હે યુધિષ્ઠિર રાજા! પર્વત તથા નારદ નામના બે ઋષિ એક બીજાના સખા હતા એવો એક શૈબ્ય રાજાનો સૃંજય નામે પુત્ર હતો; તે બેઉ ઋષિ એક વખતે પોતાના મિત્રને જોવાની ઇચ્છાથી તેને ઘેર ગયા. તેમની વિધિપૂર્વક પૂજા કરી તેથી પ્રસન્ન થયેલા તે સુખે કરી ત્યાં રહ્યા. એકવાર સૃંજય રાજા તે બેઉ ઋષિયો સહિત સુખે કરી બેઠો હતો તેટલામાં પવિત્ર છે હાસ્ય જેનું એવી ઉપવર થયેલી તેની કન્યા સૃંજય પાસે આવી તેને વિધિથી પ્રણામ કર્યો. ત્યારે પાસે ઉભેલી તે કન્યાને ઘટતી રીતે તેણે ઇષ્ટ એવી આશિષ આપી. કન્યાને જોઇ પર્વતમુનિ જાણે હસતા હોય નહિ તેમ આવી રીતે કહેવા લાગ્યા કે, સર્વ લક્ષણ સંપન્ન ચંચળ કટાક્ષવાળી આ કન્યા કોની છે? વા સૂર્યની પ્રભા, અગ્નિની શિખા, શ્રી, લજ્જા, કીર્તિ, ધૃતિ, પુષ્ટિ, સિદ્ધિ વા ચંદ્રની પ્રભા છે? એવી રીતે પૂછતાં પર્વત દેવર્ષિને તે સૃંજય રાજાએ કહ્યું કે, હે ભગવન્! આ મારી કન્યા છે ને મારી પાસે વરની માગણી કરે છે. એવાં એનાં વચન સાંભળી નારદજીએ કહ્યું કે હે નૃપ! જો મોટા કલ્યાણને પામવા ઇચ્છતો હોય તો આ કન્યા મને આપ. એવાં નારદના વચન સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા સૃંજયે 'ઠીક આપું છું' એમ તેને કહ્યું. તેથી અત્યંત ક્રોધાયમાન થયેલા પર્વતમુનિ નારદજીને કહેવા લાગ્યા કે, મેં હૃદયથી પૂર્વે વરેલી તું વરે છે માટે તું ઇચ્છા પ્રમાણે સ્વર્ગમાં જઈ શકીશ નહિ. એવાં તેનાં વચન સાંભળી નારદજી તેને પ્રત્યુત્તરરૂપ વચન કહેવા લાગ્યા કે, મન, વાણી, બુદ્ધિ તથા ભાષાથી દાન, ઉદક પૂર્વક દાન તથા પાણિગ્રહણના મંત્રથી પણ સપ્તપદી વિના આત્યંતિક સિદ્ધ થતું નથી, માટે એ તારી ભાર્યા ન છતાં તેં મને શાપ આપ્યો છે તો તું પણ મારા વિના સ્વર્ગમાં જઈ શકીશ નહિ. એ રીતે બેઉ ઋષિ પરસ્પર શાપ

થઇ વાંઝ રહ્યા. તે પવિત્ર એવો સૃંજયરાજા પણ પુત્રની કામના વાસ્તે પાન આચ્છાદન તથા ભોજનેકરી શક્તિ પ્રમાણે યત્નવડે બ્રાહ્મણોની સેવા કરવા લાગ્યો. એક વખતે પ્રસન્ન થયેલા, સ્વાધ્યાયમાં તત્પર, વેદ તથા વેદાંગમાં પારંગત એવા બ્રાહ્મણોએ એકઠા મળી નારદજીને કહ્યું કે આ રાજાને ઇચ્છિત એવો પુત્ર આપો. બ્રાહ્મણોનાં વચન સાંભળી 'ઠીક બહુ સારૂં,' એમ કહી નારદજી સૃંજય રાજાને કહેવા લાગ્યા કે, હે રાજર્ષે ! પ્રસન્ન થયેલા બ્રાહ્મણો તારે વાસ્તે પુત્રને ઇચ્છે માટે તુ જેવો પુત્ર જોઇતો હોય તેવો વર માગ, તારૂં કલ્યાણ થાઓ. એવાં નારદનાં વચન સાંભળી એ હાથ જોડી સૃંજયરાજાએ ગુણસંપન્ન, યશસ્વી, કીર્ત્તિમાન, તેજસ્વી, શત્રુને દમન કરનાર અને જેનું મૂત્ર પુરીષ, ક્લેદ તથા સ્વેદ પણ સુવર્ણ થાય એવો પુત્ર માગ્યો. નારદે તે વર આપવાથી સુવર્ણષ્ઠીવી જેનું નામ છે એવો પુત્ર તેને થયો. એ નામથી તે કોગળા કરે તોપણ બધુ સુવર્ણ થાય એમ સૂચના કરી વરદાનથી થયેલા એવા પુત્રેકરી રાજાને ઘણાક ધનની વૃદ્ધિ થઇ, તેથી તે રાજાએ પોતાનુ ઘર, કિલ્લો, બ્રાહ્મણોનાં ઘર, શય્યા, આસન, સ્થાન, પાટલા, પાત્ર ઇત્યાદિ પોતાનું ઇચ્છિત સુવર્ણનું કરાવ્યું. પછી કાળે કરીને તેણે બહારનાં સર્વ ઉપસ્કર પણ સુવર્ણનાં કરાવ્યાં. ઘણાક દિવસે ચોરના ગણ એવો એને ધનવાન જાણી એકઠા મળી લુટવાને કેટલાક તૈયાર થયા. તેમાંથી કેટલાક તો આવી રીતે કહેવા લાગ્યા કે, સુવર્ણની ખાણરૂપ હોવાથી આપણે રાજપુત્રનેજ ગ્રહણ કરવા વિષે યત્ન કરીએ. એવી રીતે વિચાર કરી લોભી એવા ચોર રાજાના ઘરમાં પ્રવેશ કરી સુવર્ણષ્ઠીવી નામના તે રાજપુત્રને બલાત્કારથી હરણ કરી ગયા. નથી ઠેકાણે ચિત્ત જેમનું એવા ઉપાય ન જાણનાર તેઓ તેને અરણ્યમાં લઇ જઇ લોભથી મારી નાંખીને જુવે છે તો કંઇ પણ દેખાયું નહિં, કારણ પ્રાણથી વિમુક્ત થયેલા તેનુ વરથી મળેલું ધન નાશ થઇ ગયું. પછી મૂર્ખ એવા તે ચોરો પણ આશ્ચર્યરૂપ એવા રાજકુમારને મારી ખેદયુક્ત થઇ પોતે પણ પરસ્પર એક બીજાને મારી દુષ્ટ કર્મ કરનાર ઘોર એવા નરકને પ્રાપ્ત થયા. એ રીતે વરથી મળેલો ઉત્તમ પુત્ર હણાયો તેને જોઇ અત્યંત દુઃખથી પીડાયલો મોટા તપવાળો તે રાજા દયા આવે તે રીતે અત્યંત વિલાપ કરવા લાગ્યો. એ રીતે વિલાપ કરતા પુત્ર શોકથી હણાયલા, દેવર્ષિ એવા નારદે તેની પાસે જઇ દુઃખે કરી પીડિત બેભાન સરખા અને વિલાપ કરતા સૃંજય રાજાને જે કહ્યુ તે હે યુધિષ્ઠિર રાજા ! મારાથી તું સાંભળ. હે સૃંજય ! તારા ઘરમાં બ્રહ્મવાદી એવા બ્રાહ્મણો અમે રહ્યા છીયે તોપણ કામથી તૃપ્ત થયેલો નહિ એવો તું અહિ મરણ પામીશ. અમે તો અવિક્ષિતનો પુત્ર મરૂતરાજા પણ મૃત્યુગ્રસ્ત થયો એમ સાંભળ્યું છે, તે હું કહુ તે સાભળ. બૃહસ્પતિની સ્પર્ધાથી સંવર્ત્તે જેને યજન કરાવ્યું હતું અને વિવિધ પ્રકારના યજ્ઞેકરી યજન કરવા ઇચ્છતા જે રાજર્ષિને ભગવાન સમર્થ મહાદેવજીએ હિમાલય-પર્વતનો સુવર્ણમય એક પર્વત ભાગ આપ્યો હતો. તેમ જેમાં યજનને અંતે બૃહસ્પતિ છે મુખ્ય જેમાં એવા ઇન્દ્રાદિક સર્વ દેવગણ આવ્યા હતા. યજ્ઞ માટે સર્વ ઉપસ્કર સુવર્ણમય રચેલાં હતાં. તેમ અન્નાર્થિ એવા દ્વિજ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ જાતનું પવિત્ર અન્ન પ્રીતિથી જમતા હતા. દૂધ, દહી, ઘૃત, મધુ તથા ભક્ષ્ય ભોજ્યાદિ અન્ન પણ સર્વને ઇચ્છા પ્રમાણે મળતાં હતાં. તેમજ જેના સર્વ યજ્ઞોમાં વસ્ત્ર તથા આભરણ પણ પ્રસન્ન થયેલા વેદ જાણનાર બ્રાહ્મણોને ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થતાં હતાં. મરૂતના ઘરમાં વાયુદેવતા તો પરિવેષણ કર્મ કરતા હતા; અને વિશ્વેદેવ દેવતાઓ જેના સભાસદ હતા; ને જેના રાજ્યમાં સુવૃષ્ટિએ કરી ધાન્ય સંપત્તિ ઘણીજ થતી હતી. તેમ જેણે સારી રીતે આપેલા હવિષથી દેવતાઓને તૃપ્ત-

કર્યાં હતા. પિતૃઓ તથા ઋષિઓને પણ બ્રહ્મચર્ય, વેદાધ્યયન તથા સારી રીતે આપેલા દાને કરી તૃપ્ત કર્યા હતા. તેમ શયન, આસન, યાન તથા દુસ્ત્યજ એવાં સુવર્ણના ઉપસ્કર હતાં તે સર્વ ધન, ઇચ્છા પ્રમાણે બ્રાહ્મણોને જેણે આપી દીધું હતું. વળી ઇન્દ્રે યાદ કરેલો મહાવાન જે, પ્રજાને નિર્જય કરી પ્રજા, અમાત્ય, સ્ત્રિયો તથા બાંધવ સહિત પુણ્યથી સંપાદન કરેલા એવા અક્ષયલોક પ્રત્યે ગયો હતો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્યેકરી તારાથી ઉત્તમ, યૌવન અવસ્થામાં હજાર વર્ષ રાજ્ય કરનાર, તારા પુત્રથી અત્યંત પુણ્યવાન તે પણ મરણ પામ્યો હતો, માટે હે શ્વૈત્ય! યજન કરનાર નહિ તથા સરળતા રહિત એવા પુત્ર મરણથી તપાયમાન થા નહિ.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जरभाषायां पंचपंचाशत्तमोऽध्यायः ॥ ५५ ॥

ooo❋ooo

અધ્યાય ૫૬ મો. યાજ્ઞી સુહોત્ર.

नारद उवाच—सुहोत्रं नामराजानं मृतं सृंजय शुश्रुम ।
एकवीरमशक्यं तममरैरभिवीक्षितुं ॥ १ ॥

નારદ કહે છે–હે સૃંજય! એકવીર, તથા દેવતાઓ પણ જેની સામે જોઇ શકે નહિ એવા સુહોત્ર રાજાને પણ અમે મૃત્યુગ્રસ્ત થયો એમ સાંભળ્યું છે. જેણે ધર્મથી રાજ્યને પામી પોતાના ઋત્વિજ બ્રહ્મા તથા પુરોહિતને પૂછ્યું કે મારૂં શ્રેય કેમ થાય? ત્યારે તેમણે જે રીતે કહ્યું તે પ્રમાણે પ્રજાનું પાલન કરવું, દાન કરવું, યજન કરવું તથા શત્રુઓને જીતવા એજ ધર્મ શ્રેયસ્કર છે એમ જાણી સુહોત્ર રાજા ધર્મથીજ ધનાગમની ઇચ્છા રાખતો હતો. પછી બાણેકરી શત્રુઓને જીતી ધર્મથી દેવતાઓનું આરાધન કરતા તેણે મ્લેચ્છ તથા આટવિક જન વગરની આ પૃથ્વીને ભોગવી, પોતાના ગુણેકરી સર્વ પ્રાણીને રંજન કર્યાં હતા. જેને વાસ્તે કેટલાક વર્ષ સુધી સુવર્ણનો વરસાદ થયો હતો તેથી નદીઓ પણ સુવર્ણમય થઇ હતી; તેમાં રહેલા ગ્રાહ, કર્કટક તથા વિવિધ પ્રકારના ઘણાક મત્સ્ય પણ સુવર્ણના થઇ ગયા હતા; ઇચ્છા પ્રમાણે સુવર્ણના પદાર્થનો વરસાદ થતો હતો. કોશ પર્યંતની સુવર્ણમય વાવ્યો હતી. એ રીતે સુવર્ણમય હજારો વામન તથા કુબ્જ એવા નક્ર, મકર તથા કચ્છપોને જોઇ પોતે પણ આશ્ચર્યને પ્રાપ્ત થયો. પછી કુરૂ જાંગલ દેશમાં મોટા યજ્ઞથી યજનકર્તા તે રાજર્ષિએ ઘણુંક સુવર્ણ બ્રાહ્મણોને આપી દીધું હતું. તે સુહોત્ર રાજા હજાર અશ્વમેધ યજ્ઞ તથા સેંકડો રાજસૂય નામે યજ્ઞ તથા પવિત્ર એવા ઘણીક દક્ષિણાવાળા કામ્ય તથા નૈમિત્તિક યજ્ઞો કરી ઇચ્છિત એવી ગતિને પ્રાપ્ત થયો. હે સૃંજય! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, તથા ઐશ્વર્યેકરી તારાથી શ્રેષ્ઠ અને તારા પુત્રથી અત્યંત પવિત્ર એવો તે પણ મૃત્યુગ્રસ્ત થયો, માટે હે શ્વૈત્ય! યજન તથા દાક્ષિણ્ય રહિત પુત્રને જાણી તે નિમિત્ત શોક મા કર; એમ નારદે સૃંજયને કહ્યું.

पुत्रात् पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडशराजकीये गुर्जर-भाषायां षट्पंचाशत्तमोऽध्यायः ॥ ५६ ॥

અધ્યાય ૫૭ મો. પૌરવનું પુણ્યકર્મ.

नारद उवाच—राजानं पौरवं वीरं मृतं सृंजय शुश्रुम ।
सहस्रं यः सहस्राणां श्वेतानश्वानवासृजत् ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! જેણે શ્વેતવર્ણવાળા દશલક્ષ અશ્વ દાનમાં આપ્યા હતા, અને જે રાજર્ષિના અશ્વમેધમાં નાના પ્રકારના દેશમાં રહેનાર શિક્ષાક્ષરની વિધિ જાણનાર પંડિતોની તો સંખ્યા પણ ન હતી, વળી જેણે વેદવિદ્યા તથા વ્રતમાં સ્નાત, વદાન્ય અને પ્રિય છે દર્શન જેમનું એવાઓને સુભિક્ષા, આચ્છાદન, ઘર, સુશય્યા, આસન, ભોજન તથા નર્તક અને ગંધર્વાદિકે કરી પરમ હર્ષિત કર્યા હતા. યજ્ઞ વાટવિષે ઘટતે વખતે તેમને દક્ષિણા પણ આપી હતી. મદોન્મત્ત સુવર્ણથી શોભિતા દશ હજાર હસ્તિ, ધ્વજ તથા પતાકા સહિત સુવર્ણમય રથ, સુવર્ણથી શોભિતી વાહન ઉપર બેઠેલી હજારો કન્યાઓ, ધન, ઘર, ક્ષેત્ર અને સુવર્ણની માળા પહેરેલી સુવર્ણના શૃંગવાળી રૂપાની છે ખરી જેમની, કાંસ્યના દોહન પાત્ર સહિત વાછડાવાળી હજારો ગાયો દાસી, દાસ, ખર, ઉષ્ટ્ર, ઘણાંક બકરાં, વિવિધ પ્રકારનાં રત્ન તથા અન્નના પર્વત પણ યજ્ઞવિષે આપ્યા હતા. એની પુરાણ જાણનાર પુરૂષો આવી રીતે કથા ગાય છે. પૌરવના જેવા સર્વ કામિક યજ્ઞ કોઇના પણ થયા નથી. હે સૃંજય ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્યેકરી તારાથી શ્રેષ્ઠ તારા પુત્રથી અત્યંત પવિત્ર એવો તે પણ મરણ પામ્યો માટે વેદાધ્યયન તથા યજનહીન તારા પુત્રને જાણી હે શ્વૈત્ય ! તે નિમિત્ત તું શોચ કરવા યોગ્ય નથી, એવી રીતે સૃંજયને નારદે કહ્યું.

पुत्रात् पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडशराजकीये गुर्जर-भाषायां सप्तपंचाशत्तमोऽध्यायः ॥ ५७ ॥

અધ્યાય ૫૮ મો. શિબિચરિત્ર.

नारद उवाच—शिबिमौशीनरं चापि मृतं सृंजय शुश्रुम ।
य इमां पृथिवीं सर्वां चर्मवत्पर्यवेष्टयत् ॥

[illegible] છે, તે આપણે પ્રાણનો પણ કરો. હવે ક્યાં જઇશું ? જવાનું ઠેકાણું હું [illegible] નથી, [illegible] હેત તથા શત્રુઓ વિષે તો હું નહીં જાઉં. તે સાંભળી સુધન્વાએ કહ્યું કે હે વિરોચન ! પ્રાણનો પણ કર્યો તોપણ તારા પિતા પ્રહ્લાદ પાસે જઇશું, કારણ મને ખાતરી છે કે તારા પિતા પુત્ર વાસ્તે પણ જુઠું બોલે એવા નથી.

વિદુર કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે પણ કરી પરસ્પર ક્રોધે ભરાયેલા વિરોચન તથા સુધન્વા પ્રહ્લાદની પાસે ગયા. તેમને દૂરથી જોઇ પ્રહ્લાદ વિચારવા લાગ્યા કે, આ વેરથી [illegible] આવતા અને સર્પની પેઠે કુપિત બેઉ જણા એક માર્ગે ચાલ્યા આવતા હોય તેમ લાગે છે. એમ વિચારી તે જ વખતે પૂછવા લાગ્યા કે, હે વિરોચન ! પૂર્વે મેં કદી પણ તમોને ભેગા ફરતા નહોતા જોયા, ને હાલ બેઉ જણ ભેગા ક્યાંથી આવ્યા, [illegible] શું [illegible] તારે સુધન્વા સાથે મિત્રતા થઇ છે ? તે સાંભળી વિરોચને કહ્યું કે હે પિતા ! મારે સુધન્વા સાથે મિત્રતા નથી, પણ અમે બેઉ જણાએ પરસ્પર પ્રાણનો પણ કર્યો છે; વાસ્તે તમોને પ્રશ્ન કરીએ તે યથાર્થ કહો, જુઠું કહેશો નહિ. તે સાંભળી પ્રહ્લાદે ચાકરોને કહ્યું કે, સુધન્વા વાસ્તે ઉદક તથા મધુપર્ક લઇ આવો; એમ કહી સુધન્વાને કહ્યું કે હે બ્રાહ્મણ ! તમે પૂજા કરવા લાયક છો, માટે મધુપર્ક વાસ્તે પુષ્ટ કરેલી શ્વેત ગાય હાજર છે. તે સાંભળી સુધન્વાએ કહ્યું કે હે પ્રહ્લાદ ! મધુપર્ક તથા ઉદક તો રસ્તામાંજ મને મળ્યું, પણ હું પ્રશ્ન પુછું તેનો યથાર્થ ઉત્તર આપો, એટલે બધું મળ્યું. તે પ્રશ્ન એ છે કે, બ્રાહ્મણ શ્રેષ્ઠ કે વિરોચન ! તે સાંભળી પ્રહ્લાદે કહ્યું કે હે બ્રાહ્મણ ! એક બાજુ આ મારો પુત્ર અને એક બાજુ [illegible] તમે છો, તે બેઉના વાદ વિષે મારા જેવો કેમ પ્રશ્નનો ઉત્તર આપે ! તે સાંભળી સુધન્વાએ કહ્યું કે હે મતિમાન ! ગાયો વા જે કંઇ પ્રિય ધન હોય તે ભલે પુત્રને આપો. પણ અમારે બેઉને વાદ થયો તે ઠેકાણે સત્ય બોલો. તે સાંભળી પ્રહ્લાદ બોલ્યા કે હે સુધન્વન્ ! જે [illegible] વા જુઠું કંઇ પણ કહે નહિ તે અન્યાય કરનાર પુરૂષને શું દુઃખ થાય ? તે હું તમોને પૂછું છું. તે સાંભળી સુધન્વાએ કહ્યું કે, સપત્નીવાળી સ્ત્રીને, જુગટે હારેલાને તથા ભાર ઉપાડવાથી તપેલા અંગવાળાને જેવું પ્રથમ રાત્રીમાં દુઃખ થાય, તેવું દુઃખ અન્યાય બોલનારને પરલોક વિષે થાય છે. દરવાજાની બહાર નથી કોઇ શરણ જેને એવો ક્ષુધાતુર તથા [illegible] શત્રુઓએ વિંટેલો પુરૂષ જે દુઃખને પામે, તે દુઃખને ખોટી સાક્ષી પુરનાર પામે છે. બકરાદિક પશુ વાસ્તે જે ખોટી સાખ પુરે, તે પાંચ પેઢીને નરકમાં નાખે છે. ગાયો નિમિત્તે જે અસત્ય બોલે, તે દશ પૂર્વજોને નરકમાં નાખે તેમ ઘોડા વાસ્તે જુઠું બોલે તો [illegible] [illegible] પમાડે; તથા પુરૂષ વાસ્તે જો અસત્ય બોલે તો હજાર પૂર્વજોને નરકમાં નાખે. તેમજ સુવર્ણ સારૂં ખોટું બોલે તો થઇ ગયેલા તથા થવાના બધા પૂર્વજોને [illegible] પમાડે. ભૂમિ વાસ્તે જુઠું બોલનારનું તો સર્વ નાશ પામે છે; માટે ભૂમિ [illegible] વાસ્તે તમે જુઠું માં બોલજો. તે સાંભળી પ્રહ્લાદે કહ્યું કે હે વિરોચન ! મારાથી સુધન્વાનો પિતા અંગિરા શ્રેષ્ઠ, ને તારાથી સુધન્વા શ્રેષ્ઠ છે; તેમ તારી માથી એની માતા શ્રેષ્ઠ છે, [illegible] એણે તને જીતી લીધો, માટે હે વિરોચન ! આ સુધન્વા બ્રાહ્મણ તારા પ્રાણનો પતિ થયો. એમ પુત્રને કહી પ્રહ્લાદે સુધન્વા બ્રાહ્મણને કહ્યું કે, હે સુધન્વા ! તારી પાસેથી હું વિરોચનને પાછો માગી લઉં છું. તે સાંભળી સુધન્વા બોલ્યો કે હે પ્રહ્લાદ ! તમે [illegible] [illegible] બોલ્યા, ને પુત્ર વાસ્તે પણ અનર્થ ન બોલ્યા, માટે આ તમારો દુર્લભ પુત્ર વિરોચન હું તમોને પાછો આપું છું, અને ભલે એ મારી સમક્ષ તે કન્યાના પગ [illegible] [illegible].

નારદ કહે છે—જેણે આ સમગ્ર પૃથ્વીને ચર્મની પેઠે વિંટી લીધી હતી તે ઉશીનર પુત્ર શિબિ પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. શત્રુને જીતનાર શિબિ, પર્વત, દ્વીપ, સમુદ્ર તથા વન સહિત પૃથ્વીને રથના શબ્દે કરી શબ્દાયમાન કરતાં નિરંતર મુખ્ય શત્રુઓને હણતો હતો. પ્રથમ તેણે ઘણીક છે દક્ષિણા જેમાં એવા વિવિધ પ્રકારના યજ્ઞેકરી યજન કર્યું; પછી પરાક્રમી બુદ્ધિમાન તે રાજાએ ઘણું ધન પામી સર્વ રાજાઓમાં સંમત થયો ત્યારે આ પૃથ્વીને જીતી લેઇને જેમાં બંધી નથી એવા ઘણા ફળવાળા અશ્વમેધ યજ્ઞ કરી ભગવાનનું યજન કર્યું, તેમાં કરોડો મોહોરને આપનારા તેણે હસ્તિ, અશ્વ, પશુ, ધાન્ય, મૃગ, ગાયો, બકરીઓ તથા ગાડરાંઓથી વિવિધ પ્રકારની પૃથ્વી બ્રાહ્મણને આધીન કરી દીધી. જેટલી વરસાદની ધારા, જેટલા આકાશમાં તારા, જેટલી ગંગાની રેતી, જેટલા મેરૂના મોટા પાષાણ, સમુદ્રમાં જેટલાં રત્ન તથા પ્રાણિયો તેટલી ગાયો તે ઉશીનર પુત્ર શિબિએ યજ્ઞમાં આપી હતી. પ્રજાપતિએ પણ શિબિની ધુંસરીને વહેનાર ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળમાં પોતાની સૃષ્ટિ વિષે બીજા કોઈ રાજાને જોયો નહિં. જેણે સુવર્ણના છે યજ્ઞસ્તંભ, આસન, ગૃહઆકાર તથા તોરણ જેમાં એવા, સર્વ કામ પૂર્ણ કરનાર વિવિધ પ્રકારના યજ્ઞ કર્યા હતા. જેના યજ્ઞમાર્ગમાં શુચિ તથા સ્વાદિષ્ટ અન્નપાન, અપરિમિત બ્રાહ્મણોને નાના પ્રકારનાં ભક્ષ્ય, પ્રિય કથા દૂધ તથા દહીના છે મોટા હ્રદ જેમાં એવી શુભ અન્નના પર્વતવાળી રસની નદીયો પ્રવર્ત્તમાન થઇ હતી. જ્યાં ગાન કરો, 'ખાઓ, પીઓ;' એવા શબ્દ થતા હતા. જેના પુણ્યકર્મેકરી પ્રસન્ન થયેલા મહાદેવજીએ તેને આવી રીતે વર આપ્યો હતો કે, દાન કરનાર આ રાજાનું વિત્ત, શ્રદ્ધા, કીર્તિ, ક્રિયા, સર્વ ભૂતનું પ્રિયપણું તથા ઉત્તમ સ્વર્ગ પણ અક્ષય થશે. એવી રીતે શ્રેષ્ઠ વરને પામેલો શિબિ પણ કાળેકરી સ્વર્ગને પ્રાપ્ત થયો માટે હે સંજય! તારાથી જ્ઞાનાદિકે કરી શ્રેષ્ઠ તારા પુત્રથી અત્યંત પવિત્ર એવો તે પણ જ્યારે મરણ પામ્યો ત્યારે હે શ્વૈત્ય! યજન તથા વેદાધ્યયન રહિત તારા પુત્રને જાણી તે સંબંધી તું શોક કર માં, એ રીતે નારદે સંજયને કહ્યું.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडशराजकीये सुवर्णष्ठीव्युपाख्याने अष्टपंचाशत्तमोऽध्यायः ॥ ५८ ॥

અધ્યાય ૫૯ મો. રામના દાનનું કીર્તન.

नारद उवाच—रामं दाशरथिं चैव मृतं संजय शुश्रुम ।
यं प्रजा अन्वमोदंत पितापुत्रानिवौरसान् ॥

નારદ કહે છે—હે સંજય! પિતા જેમ ઔરસ પુત્રને અનુમોદન કરે તેમ જે પ્રજાને અનુમોદન કરતા હતા એવા દશરથના પુત્ર શ્રીરામચંદ્રજી પણ મૃત્યુગ્રસ્ત થયા એમ અમે સાંભળ્યું છે. ઘણા તેજવાળા રામચંદ્રજી વિષે અસંખ્યાત સદ્ગુણો રહ્યા હતા તે અચ્યુત એવા

રામચદ્રે પિતાની આજ્ઞાથી સ્ત્રી તથા લક્ષ્મણ સહિત ચૌદ વર્ષ સુધી વનમાં નિવાસ કર્યો હતો. મનુષ્યમાં શ્રેષ્ઠ તે જનસ્થાનમાં વસતા હતા ત્યારે ત્યાં તપસ્વિઓના રક્ષણ વાસ્તે ચૌદ હજાર રાક્ષસોને માર્યા હતા. તે જ સ્થાનકે વસતા ભાઇ સહિત રામચંદ્રજીને મોહ પમાડી રાવણ નામનો રાક્ષસ એમની વૈદહી નામે સ્ત્રીને હરણ કરી ગયો. અપરાધ કરનાર, પારકાઓએ જીતેલા નહિ, દેવ તથા અસુરોએ અવધ્ય, દેવ તથા બ્રાહ્મણને કંટકરૂપ એવા ગણ સહિત પૌલસ્ત્ય રાવણને ક્રોધાયમાન થયેલા મહાબાહુ તેણે પૂર્વે મહાદેવજીએ જેમ અંધકાસુરને માર્યો હતો તેમ સંગ્રામમાં માર્યો. દેવતાઓએ પૂજેલા તથા સુરર્ષિગણે સેવિત રામચંદ્રજી પ્રજાને અનુગ્રહ કરી સર્વ જગતમાં રૂડી કીર્ત્તિનો વિસ્તાર કરી સર્વ પ્રાણી વિષે દયા કરનાર સમર્થ, વિવિધ પ્રકારના રાજ્યને પ્રાપ્ત થઇ ધર્મે કરી પ્રજાનું પાલન કરતા, મોટો યજ્ઞ કરી, નથી કોઇને અટકાવ જેમાં એવા જારૂથ્ય નામના યજ્ઞ સહિત અશ્વમેધયજ્ઞ તથા ઘણા ગુણવાળા બીજા પણ વિવિધ પ્રકારના યજ્ઞેકરી તેમણે યજન કર્યું. પછી પોતાના તેજે કરી દેદિપ્યમાન, નિરંતર ગુણસંપન્ન શ્રીરામચંદ્રજી દેહિઓનો ક્ષુધા, તૃષા તથા સર્વ રોગને જીતી સર્વ પ્રાણિઓને અતિક્રમણ કરનાર તે શોભતા હતા. એ રીતે ધર્મેકરી શ્રીરામચંદ્રજી જ્યારે રાજ્યશાસન કરવા લાગ્યા ત્યારે ઋષિઓ, દેવતાઓ તથા મનુષ્યો પૃથ્વીમાં એકઠા મળી રહેતા હતા, અને પ્રાણિયોનું બળ પણ હણાતું ન હતું. અતિ શ્વાસાદિક રોગો પણ મનુષ્યોને થતા ન હતા. સર્વનાં તેજ પ્રદીપ્ત થતાં હતાં કોઇ સ્થાનકે અનર્થ થતો ન હતો. સર્વ પ્રજા મોટા આયુષ્યવાળી થતી હતી. યુવાવસ્થામાં કોઇ મરણ પામતું ન હતું. ચાર વેદેકરી પ્રસન્ન થયેલા દેવતાઓ વિવિધ પ્રકારનું હવ્ય, કવ્ય, કૂપ, તળાવ તથા ઇષ્ટ એવા હુતદ્રવ્યને પ્રાપ્ત થતા હતા. દંશ તથા મશક રહિત નાશ થયા છે, સર્પ તથા જળજંતુ જેમાંથી એવા દેશો થયા હતા. તેમ જળમાં પ્રાણિયોને મૃત્યુ થતું ન હતું. અકાળે અગ્નિ પણ પ્રાણિયોને બાળતો ન હતો. તે વખતે અધર્મમાં રૂચિવાળા લોભી તથા મૂર્ખ કોઇપણ પ્રાણિયો ન હતા. વળી શુભ કર્મમાં છે આસક્તિ જેમની એવા સર્વ વર્ણ પણ હતા. જનસ્થાનમાં રાક્ષસોએ નાશ પમાડેલી સ્વધા તથા પૂજા પણ તેમને મારી સમર્થ એવા શ્રીરામચંદ્રજીએ પિતૃ તથા દેવતાઓને પાછી આપી હતી. જેના રાજ્યમાં હજારો છે પુત્ર જેમને એવા હજાર વર્ષના આયુષવાળા પુરૂષો હતા. મોટાઓ, નાનાઓનાં શ્રાદ્ધ કરતા ન હતા. અર્થાત્ કે મોટા જીવતાં નાના મરતા ન હતા. શ્યામ, યુવાવસ્થાવાળા લાલ છે નેત્ર જેનાં એવા મદોન્મત્ત હસ્તિ સરખા પરાક્રમ યુક્ત, ઘુંટણ પર્યંત લાંબા બાહુવાળા, સુંદર ભુજથી શોભિતા તથા સિંહ સરખા છે ખભા જેના એવા મહા બળવાન સર્વ ભૂતને આનંદ આપનાર રામચંદ્રજી અગિયાર હજાર વર્ષ રાજ્ય કરી પોતાની પ્રજા વિષે 'રામ, રામ, રામ,' એવી કથાનો પ્રચાર કરી આઠ પ્રકારે પોતાના રાજ્ય વંશને સ્થાપન કરી ચાર પ્રકારની પ્રજાને સ્વર્ગમાં મોકલી પોતે સ્વર્ગમાં ગયા. હે સંજય! જ્ઞાનાદિકે કરી તારાથી અધિક તારા પુત્રથી અત્યંત પુણ્યવાન તે પણ જ્યારે મરણ પામ્યા ત્યારે હે શ્વૈત્ય! વેદાધ્યયન તથા યજન રહિત તારા પુત્રનો શોક તું કર માં, એ રીતે નારદે સંજયને કહ્યું.

पुण्यात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरत् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडशराजकीये गुर्जरभाषायामेकोनषष्टितमोऽध्यायः ॥ ५९ ॥

અધ્યાય ૬૦ મો. ભગીરથ રાજાનો મહિમા

नारद उवाच—भगीरथं च राजानं मृतं संजय शुश्रुम ।
येन भागीरथी गंगा चयनैः कांचनैश्चिता ॥ १ ॥

નારદ કહે છે—હે સંજય ! જેણે પક્ષીની આકૃતિ સરખા સુવર્ણના કુંડેકરી ભાગીરથી ગંગાને વ્યાપ્ત કરી હતી તે ભગીરથ રાજા પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. જેણે સુવર્ણથી શોભિતી દશલક્ષ કન્યાઓ રાજા તથા રાજપુત્રોને અતિક્રમણ કરી બ્રાહ્મણોને આપી હતી, તે સર્વ કન્યાઓ રથમાં બેઠેલીઓ હતી અને તે રથને ચાર ચાર ઘોડાઓ જોડેલા હતા અને એક એક રથની પાછળ સુવર્ણની માળાવાળા સો સો હસ્તિ હતા. એક એક હસ્તિની પાછળ હજાર હજાર અશ્વ હતા અને એક એક અશ્વની પાછળ સો સો ગાયો અને ગાયોની પાછળ અજ તથા મેષ હતા. એવી રીતે જેણે દાન આપ્યાં હતાં. પાસે ઉભો રહી રાજા ઘણી દક્ષિણા આપતો હતો તેથી તેના ભારેકરી તીર દેશમાં નમી ગયેલી ગંગા તેના ખોળામાં બેઠી. પૂર્વે ઉર્વશી અપ્સરા હતી એવી તે ભાગીરથી ગંગા એ રીતે રાજાની દુહિતા થઇ. પુત્રપણાને પામી એટલે કે નરકથી તેનું રક્ષણ કર્યું. મનોહર વચન બોલનાર, સૂર્ય સરખી કાંતિવાળા ગંધર્વ, પ્રસન્ન થઇ પિતૃ, દેવ તથા મનુષ્યો જે રીતે સાંભળે તે રીતે ગાથાને ગાતા હતા. જે ઇક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થયેલા ઘણી દક્ષિણા આપનાર યજમાન ભગીરથને સમુદ્રમાં જનારી દેવી ગંગા પિતારૂપે વરી, તે ભગીરથ રાજાનો ઇન્દ્રાદિક દેવતાઓએ કરી શોભિતો યજ્ઞ નિર્વિઘ્ન તથા નિરામયપણાએ કરી સારી રીતે પૂર્ણ થયો હતો. જે યજ્ઞમાં પોતાને પ્રિય એવી જે જે વસ્તુની બ્રાહ્મણો ઇચ્છા કરે તે તે વસ્તુ, યોગી એવો પ્રસન્ન થયેલો ભગીરથ, બ્રાહ્મણોને આપતો હતો. પ્રિય એવાં ધન સહિત બ્રાહ્મણોને ન અપાય એવું તો જેને કાંઈ પણ હતું નહિ. તે રાજા પણ બ્રાહ્મણના પ્રસાદથી બ્રહ્મલોક પ્રત્યે ગયો. મરીચીપા ઋષિયો કર્મ, યજ્ઞ તથા યોગયજ્ઞે કરી પ્રાપ્ય સૂર્ય તથા તદર્યામિને જે કારણ માટે ઉપસ્થાન કરવાને ઇચ્છે છે તે જ પ્રયોજન વાસ્તે ભગીરથને પણ ઉપસ્થાન કરવા ઇચ્છે છે. હે સંજય ! તારાથી જ્ઞાનાદિકે કરી ઉત્તમ તારા પુત્રથી અત્યંત પવિત્ર તે પણ મૃત્યુગ્રસ્ત થયો માટે હે શ્વૈત્ય ! વેદાધ્યયન તથા યજન હીન એવા તારા પુત્રનો શોક કર માં, એ રીતે નારદે સંજયને કહ્યું.

पुत्रात् पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडशराजकीये गुर्जरभाषायां षष्टितमोऽध्यायः ॥ ६० ॥

અધ્યાય ૬૧ મો. દિલીપનું પુણ્યદાન.

नारद उवाच—दिलीपचैवैलविलं मृतं सृंजय शुश्रुम ।
यस्य यज्ञशतेष्वासन्प्रयुतायुतशो द्विजाः ।

નારદ કહે છે—હે સૃંજય ! જેના સેંકડો યજ્ઞોમાં ક્રિયા, જ્ઞાન તથા અર્થ સંપન્ન યજન કરનાર પુત્ર તથા પૌત્રવાળા અસંખ્યાત બ્રાહ્મણો હતા એવો એલવિલ પુત્ર દિલિપ પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. વળી વિસ્તૃત યજ્ઞેકરી યજન કરતા રાજાએ ધને કરી સંપૂર્ણ એવી આ પૃથ્વી બ્રાહ્મણોને આપી હતી. એ દિલિપના યજ્ઞવિષે હિરણ્યમય સર્વ સામગ્રી હતી, અને ઇન્દ્રાદિક દેવતાઓ પણ ત્યાં આવી પુણ્યની ઉત્પત્તિ સારૂ જાણે હોય નહિ તેમ તેને અલંકાર કરતા હતા, અને જે યજ્ઞમાં પર્વતની જેમને ઉપમા અપાય એવા હજારો હસ્તિઓ જતા હતા. તેમ સભા આદિક સર્વ સ્થાનકો પણ સુવર્ણથી રચેલાં હતાં. રસોની તો નાની કૃત્રિમ નદીઓ ચાલી હતી, ભક્ષ્ય વસ્તુના પર્વતો થયા હતા. હજારો વામ લાંબા સુવર્ણમય યજ્ઞસ્તંભ રચેલા હતા. જેના હિરણ્યમય સ્તંભમાં ચષાલ તથા પ્રચષાલ નામે અગ્રભાગવિષે કાંગરા કર્યા હતા. ત્યાં ૭ હજાર તો અપ્સરાઓ સાત પ્રકારથી નૃત્ય કરતી હતી. જ્યાં વિશ્વાવસુ ગંધર્વ પોતે હર્ષથી વીણા વગાડતો હતો, સર્વ પ્રાણિઓ રાજાને સત્ય છે શીલ જેનું એવો માનતા હતા. ગોળ, ચોખા તથા ભોજ્ય પદાર્થે કરી મત્ત સ્ત્રીઓ પતિ નિમિત્ત શયન કરતી હતી. આ એક મોટું આશ્ચર્ય માનું છું જે બીજા રાજાઓ સરખો એ ન હતો કારણ જળ ઉપર રહી યુદ્ધ કરતાં એના રથનાં ચક્ર જળમાં ડૂબતાં ન હતાં. સત્યવાદિ, દૃઢ ધનુષવાળા ઘણી દક્ષિણા આપનાર દિલીપ રાજાને જેમણે જોયો હતો તે પણ સ્વર્ગમાં ગયો. તેમજ દિલીપના ઘરમા સ્વાધ્યાય શબ્દ, પ્રત્યંચાનો શબ્દ, પીઓ, જમો, આવો, એ પાંચ શબ્દ જીર્ણ થતા ન હતા. હે સૃંજય ! તારાથી જ્ઞાનાદિકેકરી શ્રેષ્ઠ, તારા પુત્રથી અત્યંત પુણ્યવાન તે રાજા પણ મૃત્યુગ્રસ્ત થયો, ત્યારે હે શ્વૈત્ય ! યજન તથા વેદાધ્યયન રહિત તારા પુત્ર સંબંધી શોક કર નહિ. એ રીતે નારદે સૃંજયને કહ્યું.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जरभाषायामेकषष्टितमोऽध्यायः ॥ ६१ ॥

અધ્યાય ૬૨ મો. માંધાતાની મહત્તા.

नारद उवाच—मांधाता चेद्यौवनाश्वो मृतं सृंजय शुश्रुम ।
देवासुरमनुष्याणां त्रैलोक्यविजयी नृपः ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! દેવ, અસુર, મનુષ્ય, તથા ત્રૈલોક્યને પણ જીતનાર યુવનાશ્વપુત્ર માંધાતા મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. કોઇ વખતે મૃગયા કરવા ગયેલો

આવી રીતમાં બે વાહન જોતાં, તૃષાથી પીડાએલો યુવનાશ્વ રાજા ધુમ દેખી સત્રમાં ગર્ભ ધારીને એવા મુખ્યાંન્યનું પાન કરી ગયો, તેથી તે રાજાના પેટમાં ગર્ભ રહ્યો. વેદમાં શ્રેષ્ઠ, દેવોના અશ્વિનીકુમારે પેટમાંથી તે ગર્ભને ખેંચી લીધો. તે સમે પિતાના ખોળામાં સુતેલા દેવ સરખી કાંતિવાળા તે ગર્ભને જોઇ દેવતાઓ 'આ કુમાર કોને ધાવશે.' એમ પરસ્પર કહેવા લાગ્યા. તે સમયે ઇન્દ્રે દયાથી 'મને ધાવશે' એમ કહી તેના મુખમાં પોતાની આંગુળિ નાખી કે આંગળીઓમાંથી અમૃત સરખી દુગ્ધધારા ઉત્પન્ન થઇ. તેથી આશ્ચર્યરૂપ માંધાતા એવું તેનું નામ પડ્યું. એ રીતે મહાત્મા ઇન્દ્રનો હાથ માંધાતાના મુખમાં દુગ્ધ તથા ઘૃતની ધારાને આપવા લાગ્યો. ઇન્દ્રના હસ્તને પાન કરતો પરાક્રમી તે, બાર દિવસમાં બાર વર્ષ જેવડો થયો. ધર્માત્મા ધૃતિમાન, શૂરવીર, સત્ય પ્રતિજ્ઞાવાળો જીતેંદ્રિય તે, એક દિવસમાં આ સમગ્ર પૃથ્વીને જીત્યો હતો. તેમજ જનમેજય, સુધન્વા, ગય, પુરૂ બૃહદ્રથ, અસિત તથા નૃગને પણ જીત્યો હતો. જેટલા દેશમાં સૂર્ય ઉદય થઇ અસ્ત થાય છે તે બધું યુવનાશ્વપુત્ર માંધાતાનુંજ ક્ષેત્ર કહેવાતું હતું. તે રાજાએ સો અશ્વમેધ તથા તેટલાજ રાજસૂયયજ્ઞથી યજન કરી, લાલ છે આકાર જેમના એવા સુવર્ણમય સો યોજન લાંબા એક યોજનમાં વિસ્તીર્ણ એવા રોહિત નામના મત્સ્ય તથા અત્યંત સ્વાદિષ્ઠ અનેક પ્રકારનાં ભક્ષ્ય ભોજ્ય અન્નના પદાર્થો બ્રાહ્મણોને આપ્યા હતા; કારણ બ્રાહ્મણથી અતિશય ખાનાર જન હણાય છે એવી રીતે ભક્ષ્ય અન્ન તથા પાનના છે ઢગલા જેમાં, એવા અન્નના પર્વત શોભતા હતા. તેમને ઘૃતરૂપી છે દ્રહ જેમાં દાળરૂપી પાકવાળી, દહિરૂપી ફેણથી શોભિતી, ગોળરૂપી ઉદકવાળી, મધુ તથા ક્ષીરને વહેનારી નદીઓએ રૂંધી લીધા હતા; અને ત્યાં દેવ, અસુર, નર, યક્ષ, ગંધર્વ, ઉરગ તથા પક્ષીઓ આવ્યા હતા; અને ત્યાં આવેલા બ્રાહ્મણ તથા ઋષિયો પણ વેદ તથા તેના અંગમાં પારંગત હતા, અને ત્યાં અવિદ્વાન તો કોઇ હતાજ નહિ. પછી તે રાજા ધને કરી સંપૂર્ણ સમગ્ર પૃથ્વી બ્રાહ્મણોને આધીન કરી પોતાના યશથી દિશાઓને વ્યાપ્ત કરી પુણ્ય કરનારાઓને પ્રાપ્ય એવા ઉત્તમ લોક પ્રત્યે ગયો. હે સૃંજય! જ્ઞાનાદિકે કરી તારાથી અત્યંત ઉત્તમ અને તારા પુત્રથી અતિશય પવિત્ર તે રાજા પણ મૃત્યુગ્રસ્ત થયો, માટે હે શ્વૈત્ય! વેદાધ્યયન તથા યજનેકરી હીન એવા તારા પુત્ર નિમિત્ત તું શોચ કર માં, એ રીતે નારદે સૃંજયને કહ્યું.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वित्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडशराजकीये गूर्जरभाषायां द्विषष्टितमोऽध्यायः ॥ ६२ ॥

અધ્યાય ૬૩ મો. યયાતિના યશો.

नारद उवाच—ययातिं नाहुषं चैव मृतं संजय शुश्रुम ।
राजसूयशतैरिष्ट्वा सोऽश्वमेधशतेन च ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! જેણે સો રાજસૂય અને સો અશ્વમેધ તથા હજાર પુંડરીક, સો વાજપેય, હજાર અતિરાત્ર, ચાતુર્માસ્ય વિવિધ પ્રકારનાં અગ્નિષ્ટોમ તથા પુષ્કળ દક્ષિણાવાળા સત્રેકરી યજન કર્યું હતું તે નહુષપુત્ર યયાતિ પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. અને જેણે બ્રાહ્મણના દ્વેષી મ્લેચ્છોનું જે કાંઈ ધન પૃથ્વીમાં હતું તે હરણ કરી બ્રાહ્મણોને આધીન કર્યું હતું. નદી માત્રમાં અતિશય પવિત્ર સરસ્વતી, સમુદ્ર, નદીઓ તથા પર્વતો યજન કરનાર અતિ પવિત્ર યયાતિને ઘૃત તથા દુગ્ધ આપતા હતા. વળી જેણે દેવાસુર યુદ્ધમાં દેવતાઓની સહાયતા કરી આ સમગ્ર પૃથ્વીના ચાર ભાગ કરી, ચાર ઋત્વિજોને આપ્યા હતા. એ રીતે નાના પ્રકારના યજ્ઞથી યજન કરી શુક્રાચાર્યની પુત્રી દેવયાની તથા શર્મિષ્ઠાને વિષે ધર્મથી ઉત્તમ એવી પ્રજાને ઉત્પન્ન કરી દેવ સરખો તે, સર્વ દેવતાઓના બગીચામાં બીજા ઇન્દ્રની પેઠે પોતાની ઇચ્છા પ્રમાણે વિહાર કરીને સર્વ વેદ જાણનાર કામની શાન્તિને પ્રાપ્ત ન થયો, ત્યારે પૃથ્વી વિષે જે કંઇ ધાન્ય, સુવર્ણ, પશુ તથા સ્ત્રીયો, એ સર્વ એકને મળે તોપણ તેમાં તેને પરિપૂર્ણ તુષ્ટિ થાય નહિ એવી ગાથા ગાઇ, શાંત થઇ કામનાઓનો ત્યાગ કરી, ધૈર્ય રાખી, પુરૂને રાજ્ય આપી સ્ત્રી સહિત વનમાં ચાલી નીકળ્યો. હે સૃંજય ! જ્ઞાનાદિકે કરી તારાથી શ્રેષ્ઠ અને તારા પુત્રથી અતિ પુણ્યવાન તે પણ મૃત્યુગ્રસ્ત થયો, માટે વેદાધ્યયન તથા યજન રહિત તારા પુત્રનો હે શ્વૈત્ય ! તું શોક કર માં, એ રીતે નારદે સૃંજયને કહ્યું.

पुत्रात् पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जरभाषायां त्रिःषष्टितमोऽध्यायः ॥ ६३ ॥

અધ્યાય ૬૪ મો. નાભાગનો અંબરીષ.

नारद उवाच—नाभागमंबरीषं च मृतं सृंजय शुश्रुम ।
यः सहस्रं सहस्राणां राज्ञां चैकस्त्वयोधयत् ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! જેણે દશલક્ષ રાજાઓ સાથે એકલા યુદ્ધ કર્યું હતું તે નાભાગપુત્ર અંબરીષ પણ મૃત્યુગ્રસ્ત થયો, એમ અમે સાંભળ્યું છે. જેની સામે સંગ્રામમાં જીતવાને ઇચ્છતા, અસ્ત્ર યુદ્ધમાં ચતુર, ભયંકર વૈરીઓ અમંગળરૂપ વાણી સજતા આવ્યા ત્યારે વ્યથા રહિત તેણે બળ, લાઘવ, શિક્ષા તથા અસ્ત્રબળે કરી શત્રુઓનાં છત્ર, આયુધ, ધ્વજ, રથ તથા ભાલા પણ કાપી નાંખ્યા. ભયભીત થયેલા, કવચ વગરના જીવવાને ઇચ્છતા 'તમારા છીએ' એમ બોલતા તેઓ તેને શરણે આવ્યા. તેમને વશ કરી આ સમગ્ર પૃથ્વીને જીતી તે રાજાએ ઇષ્ટ એવા શાસ્ત્રાજ્ઞા પ્રમાણે સેંકડો યજ્ઞ કરી પરમેશ્વરનું યજન કર્યું. તેમાં પૂજેલા બ્રાહ્મણો અત્યંત તૃપ્ત થયા અને સર્વગુણ સંપન્ન બીજા માણસો પણ અન્નનું સદા ભોજન કરતા હતા. વળી જે યજ્ઞમાં મોદક, પૂરી, માલપૂઆ, સ્વાદિષ્ટ સુંવાળી કરંબ, દાળ, ખારી

રીતે રચેલાં અન્ન, દાળ, ધાન્ય, મદિરા મિશ્ર માલપૂવા, સાટા, ખાંડવ, માનક, કોમળ સુગંધી, આવી રીતે યોજના કરેલાં મધુર અન્ન, ઘૃત, મધુ, દુગ્ધ, જળ, સ્વાદિષ્ઠ દહી, ફળ તથા અત્યંત સ્વાદિષ્ટ મૂળ ઇત્યાદિ બ્રાહ્મણભોજન થતાં હતાં. પાન કરનારા કેટલાક પુરૂષો ગીત તથા વાદિત્રના શબ્દ સાંભળી મદ કરનારા સુરાદિને આ પાપરૂપ છે એમ જાણતા છતાં પણ પોતાના સુખ વાસ્તે પીતા હતા. તે ઠેકાણે મદોન્મત્ત એવા હૃષ્ટ થયેલા પુરૂષો ગાથા ગાતા હતા, ભણતા હતા અને નાભાગની સ્તુતિ કરતા હજારો નૃત્ય કરતા હતા. જે અંબરીષ રાજાએ તે તે યજ્ઞોને વિષે યજન કરનાર સુવર્ણનાં કવચવાળાં શ્વેત છે છત્ર જેમનાં, સુવર્ણના રથમાં બેઠેલા એવા મૂર્ધાભિષિક્ત દંડ કોશ સહિત લાખો રાજાઓ તથા રાજપુત્રો દક્ષિણામાં બ્રાહ્મણોને આપ્યા હતા. જીતેલા રાજાઓ તથા તેમનાં રાજ્ય બ્રાહ્મણોને આધીન કર્યાં હતાં. એવાં તેનાં કર્મ જોઇ પ્રસન્ન થયેલા મહર્ષિઓ આવી રીતે તેનાં વખાણ કરવા લાગ્યા કે, ઘણીક દક્ષિણા આપનાર અંબરીષ રાજાએ જે કર્યું તે પૂર્વે કોઇએ કીધું નથી; અને બીજા કોઇ કરશે પણ નહિ. હે સૃંજય ! તારાથી જ્ઞાનાદિકે કરી અધિક અને તારા પુત્રથી અતિ પવિત્ર તે પણ મૃત્યુગ્રસ્ત થયો માટે હે શ્વૈત્ય ! વેદાધ્યયન તથા યજન રહિત તારા પુત્રનો તું શોક કર માં, એ રીતે નારદે સૃંજયને કહ્યું.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जरभाषायां चतुःषष्टितमोऽध्यायः ॥ ६४ ॥

અધ્યાય ૬૫ મો. શશબિંદુનાં યજ્ઞદાન.

नारद उवाच—शशबिंदुं च राजानं मृतं सृंजय शुश्रुम ।
ईजे स विविधैर्यज्ञैः श्रीमान् सत्यपराक्रमः ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! લક્ષ્મિવાળા સત્ય પરાક્રમવાળા જેણે વિવિધ પ્રકારના યજ્ઞે કરી યજન કર્યું તે શશબિંદુ રાજા પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. તે મહાત્મા રાજાને એક લક્ષ સ્ત્રીયો હતી; અને તે એક એક સ્ત્રીને હજાર હજાર પુત્ર થયા હતા. તે શશબિંદુના સર્વ કુમાર મુખ્ય યજ્ઞે કરી યજન કરનાર, વેદના પાર પામેલા, સુવર્ણના કવચવાળા, ઉત્તમ ધનુષ ધરનાર, તથા અશ્વમેધે કરી યજન કરનાર હતા. શશબિંદુએ અશ્વમેધ યજ્ઞમાં સર્વ કુમારનું બ્રાહ્મણોને દાન આપ્યું ને તે એક એક કુમારની પાછળ સો સો રથ અને સો સો હસ્તિ આપ્યા અને સુવર્ણથી શોભિતી અસંખ્ય કન્યાઓ પણ આપી. તે એક એક કન્યા પાછળ સો સો હસ્તિ અને એક એક હસ્તિ પાછળ સો સો રથો, તેમજ એક એક રથની પાછળ સુવર્ણની માળાવાળા બળવાન એવા સો સો અશ્વ તથા એક એક અશ્વની પાછળ હજાર હજાર ગાયો અને એક એક ગાયની પાછળ પચાસ પચાસ બકરાં એટલું ધન સોળ વામવાળા શશબિંદુએ મહામખ અશ્વમેધમાં બ્રાહ્મણોને આપ્યું હતું. વળી જેના મોટા અશ્વ,

મેધ યજ્ઞમાં જેટલા વૃક્ષના યજ્ઞ સ્તંભ હતા તેટલા બીજા સુવર્ણના થયા હતા. તેનાં તર્પણ યજ્ઞ પૂરા થયા ત્યારે અન્નપાનાદિકના તેર નિચય બાકી રહ્યા. એવી રીતે યજ્ઞ કરી હર્ષયુક્ત જનોએ પુષ્ટ જનોકરી સંકીર્ણ, શાન્ત છે વિઘ્ન જેમાં, રોગાદિક રહિત એવી આ પૃથ્વીને ઘણા કાળ સુધી ભોગવી અને પોતે સ્વર્ગમાં ગયો. હે સૃંજય! જ્ઞાનાદિકે કરી તારાથી અધિક તારા પુત્રથી અત્યંત પવિત્ર એવો તે પણ જ્યારે મૃત્યુગ્રસ્ત થયો ત્યારે હે શ્વૈત્ય! વેદાધ્યયન તથા યજન રહિત પુત્રનો તું શોક કર માં, એ રીતે નારદે સૃંજયને કહ્યું.

पुत्रात् पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये मृत्युप्रजापतिसंवादे गुर्जरभाषायां पंचषष्टितमोऽध्यायः ॥ ६५ ॥

અધ્યાય ૬૬ મો. ગયરાજાનાં દાન.

नारद उवाच—गयं चामूर्तरयसं मृतं सृंजय शुश्रुम ।
यो वै वर्षशतं राजाहुतशिष्टाशनो भवत् ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય! જે રાજાએ સો વરસ સુધી હોમતાં અવશેષ રહેલું ભક્ષણ કર્યું હતું એવો અમૂર્તર્યાનો પુત્ર ગય પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે, જે ગય રાજાના નિયમથી પ્રસન્ન થયેલો અગ્નિ, તેને વર આપવા ઉદ્યુક્ત થયો ત્યારે તેને તેણે કહ્યું કે હે અગ્ને! મને પ્રસન્ન થઇ વર આપતા હો તો હું એટલો વર માગું છું કે, તપ, બ્રહ્મચર્ય, વ્રત, નિયમ તથા ગુરૂઓના પ્રસાદેકરી હું વેદને જાણું, સ્વધર્મમાં રહી અહિંસ્ય એવા ધર્મ પાળું અને અક્ષય એવું ધન મને પ્રાપ્ત થાય. બ્રાહ્મણોને નિરંતર દાન આપ્યા કરૂં તેમ અશ્રદ્ધા થાય નહિ. મારી સવર્ણ સ્ત્રીને પુત્રજન્મ થાય, શ્રદ્ધાથી નિરંતર અન્નદાન આપ્યા કરૂં, તેમ મારૂં મન નિરંતર ધર્મમાં રહે અને હે અગ્ને! મારા ધર્મકાર્યમાં કદી પણ વિઘ્ન થાય નહીં. એવી તેની માગણી સાંભળી 'ઠીક તેમ થાઓ' એમ કહી અગ્નિ અંતર્ધ્યાન થઇ ગયો. પછી ગય રાજાએ અગ્નિના પ્રસાદથી તે સર્વને પ્રાપ્ત થઇ ધર્મથી શત્રુને જીતી, દર્શ, પૌર્ણમાસી, આગ્રયણ, ચાતુર્માસ્ય તથા ઘણીક દક્ષિણાવાળા બીજા પણ વિવિધ પ્રકારના યજ્ઞો શ્રદ્ધાએકરી સો વર્ષ સુધી યજન કરી એક લક્ષ અને છ અયુત ગાયો તથા દશ હજાર અશ્વ તથા એક લાખ નિષ્ક, એટલાં દાન નિત્ય ઉઠી સો વર્ષ સુધી આપ્યાં હતાં. અને સર્વ નક્ષત્ર વિષે નક્ષત્રવિહિત દક્ષિણા દેનાર જેણે વિવિધ પ્રકારના યજ્ઞોકરી સોમ તથા અંગિરા જેમ યજન કરે તેમ યજન કર્યું હતું. તે જ રાજાએ મણિના છે કાંકરા જેમાં એવી સુવર્ણની પૃથ્વી કરી મોટા અશ્વમેધ નામના યજ્ઞમાં બ્રાહ્મણોને આપી હતી. જેના યજ્ઞસ્તંભ પણ સર્વ ભૂતના મનને હરનાર રત્નજડીત સુવર્ણમય હતા. વળી જે રાજા સર્વ ગુણયુક્ત અન્ન, પ્રસન્ન થયેલા બ્રાહ્મણોને તથા બીજા પ્રાણીઓને પણ આપતો હતો. સમુદ્ર, વન, દ્વીપ, નદી, નદ, જળ, નગર, દેશ તથા આકાશમાં જે જે વિવિધ પ્રકારનાં પ્રાણીઓ વસતાં

[illegible] ના સંપત્તિથી અત્યંત તૃપ્ત થયાં હતાં એવા તે પશુ ગયના સરખો બીજો [illegible] નથી એમ કહેતાં હતાં. યજ્ઞ કરનાર યજમાન ગયની, છત્રીસ યોજનમાં [illegible] જેનો ને ત્રીસ યોજનમાં વિસ્તૃત, તેમાં આગળ પાછળ ચોવીસ યોજન [illegible] અને [illegible] મૌક્તિક તથા મણિથી જડિત એવી તો વેદી હતી. તેમ ઘણી દક્ષિણા આપનાર તે રાજા, બ્રાહ્મણોને વસ્ત્ર આભરણ તથા શાસ્ત્રના પ્રમાણે બીજી દક્ષિણાઓ પણ આપતો હતો; અને જેના યજ્ઞમાં ભોજન કરતાં વધેલા અન્નના પચ્ચીસ પર્વત થયા હતા. રસોની નામી નદીઓ થઇ હતી. તેમજ વસ્ત્ર, આભરણ તથા સુગન્ધી પદાર્થોના પણ જુદા જુદા મોટા ઢગલા થયા હતા. જેના પ્રભાવથી ગયરાજા ત્રણ લોકમાં વિખ્યાત થયો. તેમજ અક્ષય કરણવટ તથા પવિત્ર એવું બ્રહ્મસર પણ ત્રણ લોકમાં વિખ્યાત થયું. હે સૃંજય ! જ્ઞાનાદિકે કરી તારાથી અધિક અને તારા પુત્રથી અત્યંત પવિત્ર તે રાજા પણ મૃત્યુગ્રસ્ત થયો, માટે હે શ્વૈત્ય ! વેદાધ્યયન તથા યજન રહિત એવા તારા પુત્ર સંબંધી તું શોક કર માં, એ રીતે નારદે સૃંજય પ્રત્યે કહ્યું.

पुत्रात् पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जर-भाषायां षट्षष्टितमोऽध्यायः ॥ ६६ ॥

અધ્યાય ૬૭ મો. રંતિદેવની પુણ્ય પ્રણાલી.

नारद उवाच—सांकृतिं रंतिदेवं च मृतं सृंजय शुश्रुम ।
यस्य द्विशतसाहस्रा आसन् सूदा महात्मनः ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! જે મહાત્માના ઘરમાં બે લાખ તો રસોઇ કરનારા હતા, તે સંકૃતિપુત્ર રંતિદેવ પણ મૃત્યુગ્રસ્ત થયો, એમ અમે સાંભળેલું છે. જેના ઘરમાં પીરસનારાઓ અભ્યાગત બ્રાહ્મણ તથા અતિથિને પકવ તથા અપકવ એવું અમૃત સરખું મિષ્ટ અન્ન રાત્રિદિવસ આપ્યા કરતા હતા; અને જે રાજા, ધર્મથી વેદ ભણી શત્રુઓને વશ કરી ન્યાયથી સંપાદન કરેલું ધન બ્રાહ્મણોને આપતો હતો. તેમ વિધિથી સત્રોકરી યજન કરનાર તીક્ષ્ણ વ્રતવાળા તે રાજા પાસે સ્વર્ગને ઇચ્છતાં ઘણાંક પશુઓ પોતાની મેળે આવતાં હતાં; જેના પાકસ્થાનમાંથી પડેલાં પશુના ચર્મથી નદી પ્રવર્તમાન થઇ હતી, તેથી ચર્મણ્વતી એવું તેનું નામ વિખ્યાત થયું. બ્રાહ્મણોને સુવર્ણના નિષ્કનું દાન આપતો તે રાજા 'તને નિષ્ક, તને નિષ્ક' એ રીતે હમેશ ઉચ્ચાર કરતો તેમની આગ્રાસના કરી વારંવાર તેમને [illegible] નિષ્ક આપતો હતો. 'વ્યાજ મેં સ્વલ્પ આપ્યું છે' એમ કહી એક દિવસમાં [illegible] નિષ્ક આપતો હતો તેના સરખું બીજો કોણ આપી શકશે? બ્રાહ્મણના [illegible] [illegible] દુઃખ થશે, એમાં સંદેહ નહિ એમ કહી નિરંતર તેમને ધન આપતો હતો; [illegible] [illegible] તો [illegible] એકસો આઠ સુવર્ણની મોહોરરૂપ નિષ્કધન, [illegible]

સુવર્ણથી શોભિતા સેંકડો બળદ, અગ્નિહોત્ર તથા યજ્ઞના સાધનભૂત કરક, કુંભ, સ્થાળી, પીઠર, શયન, આસન, પ્રાસાદ, ગૃહ, વિવિધ પ્રકારનાં વૃક્ષ, અન્ન તથા ધન, પર્વે પર્વે બ્રાહ્મણોને આપતો હતો. તે બુદ્ધિમાન રંતિદેવનું જે કંઇ હતું તે સર્વ સુવર્ણમય હતું, અને પુરાણને જાણનાર પુરૂષો પણ તેની અતિમાનુષી એવી તે સમૃદ્ધિને જોઇ આવી રીતે ગાથા ગાતા હતા—જે આ રીતનું ભરેલું ધન કુબેરના ઘરમાં પણ અમે પૂર્વે જોયું નથી ત્યારે મનુષ્યના ઘરમાં તો ક્યાંથીજ જોઇએ. સુવર્ણમય છે ગૃહાદિક સર્વ જેનું એવા સંકૃત પુત્ર રંતિદેવને જોઇ રાત્રિવિષે નિવાસ કરનાર અતિથિ પણ આશ્ચર્ય પામી આ બધું સુવર્ણમય છે એમ કહેતા હતા. એકત્રીશ હજાર તો ગાયો પ્રાપ્ત થતી હતી. સદા મણિના કુંડળ ધારણ કરેલા સૂદ લોકો આવી રીતે આક્રોશ કરતા હતા કે "સૂપાદિક આજ ઘણું ખાજો, પૂર્વની પેઠે માંસ નહીં." સુવર્ણનાં છે ઉપસ્કર જેનાં એવા રંતિદેવે વિસ્તૃત એવા પોતાના મોટા યજ્ઞમાં પોતાનું સુવર્ણમય તે સર્વ બ્રાહ્મણોને આપી દીધું હતું. તેમ તેના યજ્ઞમાં દેવતાઓ પ્રત્યક્ષ આવી હવ્યને અને પિતૃઓ કવ્યને ગ્રહણ કરતા હતા. ઉત્તમ બ્રાહ્મણો સર્વ કામનાઓને પ્રાપ્ત થતા હતા. હે સૃંજય! જ્ઞાનાદિકે કરી તારાથી અધિક તારા પુત્રથી અત્યંત પુણ્યવાન તે રાજા પણ મૃત્યુગ્રસ્ત થયો ત્યારે હે શ્વૈત્ય! વેદાધ્યયન તથા યજન રહિત તારા પુત્રનો તું શોક કર માં, એ રીતે નારદે સૃંજયને કહ્યું.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जरभाषायां सप्तषष्टितमोऽध्यायः ॥ ६७ ॥

અધ્યાય ૬૮ મો. ભરતરાજાનો મહિમા.

नारद उवाच—दौष्यंतिं भरतं चापि मृतं सृंजय शुश्रुम ।
कर्माण्यसुकराण्यन्यैः कृतवान् यः शिशुर्वने ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય! બાળક એવા જેણે વનમાં બીજાઓથી ન બને એવાં કર્મ કર્યાં હતાં એવો દુષ્યંતપુત્ર ભરત પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. બળવાન એવો ભરત, હીમ સરખા સ્વચ્છ નખ તથા દંષ્ટ્રારૂપી છે આયુધ જેમને એવા સિંહોને વેગથી પરાક્રમ વગરના કરી ખેંચી અને બાંધતો હતો. ક્રૂર, અત્યંત ઉગ્ર, રક્તપીત વર્ણવાળા વાઘોને પણ દમન કરી પોતાને વશ કરતો હતો. તેમજ ક્રૂર એવા સર્પાદિ તથા દિગ્ગરાજ એવા હસ્તિઓને પણ પકડી પોતાને વશ કરતો હતો, અને મહા બળવાન એવા મહિષોને ખેંચી ઉભા રાખતો હતો. એ રીતે અત્યંત મદોન્મત્ત એવા સેંકડો સિંહોને તેણે બળથી આકર્ષણ કર્યું હતું. એવી રીતે બળવાન મૃગ, ગેંડા તથા બીજાં નાનાં પ્રકારના પ્રાણીઓને પણ જે પ્રાય તે રીતે બાંધી દમન કરી પાછાં છોડી દેતો હતો. એવાં એનાં કર્મ જોઇ બ્રાહ્મણો "સર્વદમન" એવા નામથી તેને બોલાવવા લાગ્યા. તે વખતે તેની માતા હે પુત્ર! પ્રાણીઓની હિંસા

વિદુર કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે રાજેંદ્ર! તમે પણ ભૂમિ વાસ્તે અનૃત બોલવાને યોગ્ય નથી, પણ પુત્ર વાસ્તે અનૃત બોલી અમાત્ય તથા પુત્રો સહિત નાશ પામો નહિ. દેવતાઓ ગોવાળિયાની પેઠે હાથમાં લાકડી લઈને રક્ષા નથી કરતા, પણ જેનું રક્ષણ કરવાને ઈચ્છે છે, તેને સદ્બુદ્ધિ આપે છે. બુદ્ધિથી જેમ જેમ પુરૂષ કલ્યાણ વિષે મન કરે, તેમ તેમ તેને સર્વ પુરૂષાર્થ સિદ્ધ થતા જાય છે એમાં સંશય નહી. કપટથી વર્તનાર કપટીને સંસારના દુઃખથી વેદો પણ નથી તારતા, પણ ઉલટા પાંખો આવેલાં પક્ષિયો જેમ માળાને મૂકી દે, તેમ તે કપટીને અંતકાળે મૂકી દે છે. મદ્યપાન, કલહ, ઘણા સાથે વૈર, સ્ત્રી પુરૂષનો વિયોગ કરાવવો, જ્ઞાતિ સાથે ભેદ, રાજાનો જેના ઉપર દ્વેષ હોય તે પુરૂષની સોબત, સ્ત્રી પુરૂષને પરસ્પર વૈર ઉત્પન્ન કરવું તથા ખરાબ માર્ગે જવું તે, એટલાં વાનાં હંમેશ વર્જવાં, એમ કહેલું છે. સામુદ્રિક—હાથ જોનાર, ચોરી કર્યા પછી વેપાર કરવા લાગેલો વાણિયો, ગારૂડી, વૈદ્ય, શત્રુ, મિત્ર અને નટ એ સાત જણની સાક્ષિ કબુલ રાખવા જેવી ગણાતી નથી. અગ્નિહોત્ર, મૌન, અધ્યયન અને યજ્ઞ જો બરોબર આચરવામાં આવે તો અભય આપે છે ને બરોબર ન આચરાય તો ભય ઉભો કરે છે. આગ મૂકી કોઈનું ઘર બાળી દેનાર, વિષ દેનાર, ભડવો, સોમવલ્લી વેચનાર, સર્વ શસ્ત્ર રચનાર, આજ અમુક નક્ષત્ર છે, અમુક વાર છે એમ સૂચના કરનાર તથા પારકો દોષ સૂચવનાર જ્યોતિષી, મિત્રનો દ્રોહ કરનાર, પરસ્ત્રી ગમન કરનાર, ગર્ભહત્યા કરનાર, ગુરૂસ્ત્રી પ્રત્યે ગમન કરનાર, બ્રાહ્મણ થઈ મદિરાપાન કરનાર, અતિક્રૂર, દુઃખિતને દુઃખ દેનાર, પરલોક નથી એ રીતે કહેનાર, વેદની નિંદા કરનાર, રાજાએ કરી આપેલી જીવિકાના બળે કરી દબાવી સર્વ વેપારીઓ પાસેથી ધાન્યાદિક લેનાર, ગાયત્રી રહિત બ્રાહ્મણ કૃષિ કરનાર તથા સમર્થ છતાં સત્ય કહેવાથી ઉલટો તેને હણનાર એ સર્વ બ્રહ્મહત્યારા સરખા જાણવા. અગ્નિથી સુવર્ણની પરીક્ષા થાય, આચરણથી આને વિષે ધર્મ છે કે નહીં તે જણાય, ઉત્તમ વ્યવહારથી સત્પુરૂષ જણાય, ભય આવ્યેથી શૂરવીર જણાય, ધન સંબંધી કષ્ટ આવે ત્યારે ધૈર્યની ખબર પડે, કષ્ટ વખતે મિત્રોની પરીક્ષા થાય, તથા આપદ વિષે શત્રુઓ જણાઈ આવે છે. જરાવસ્થા રૂપને હરે છે, આશા ધૈર્યને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે, પારકા ગુણ વિષે દોષારોપ કરવો એ ધર્માચરણને હરે છે, ક્રોધ લક્ષ્મી હરે છે, ખરાબ માણસની સોબત શીલરૂપી ઉત્તમ વ્રતને હરે છે, કામ લજ્જાને હરે છે તથા અભિમાન સર્વ ગુણને હરે છે. ઉત્તમ કર્મ કરવાથી લક્ષ્મી ઉત્પન્ન થાય છે, પ્રૌઢપણાથી વૃદ્ધિ પામે છે, ડાહાપણથી તેનાં મૂળ બંધાય છે તથા ઈંદ્રિયો નિયમમાં રાખવાથી તે હમેશ રહે છે. બુદ્ધિ, કુલીનપણું, ઈંદ્રિયોનો નિગ્રહ, શાસ્ત્રાધ્યયન, પરાક્રમ, થોડું બોલવાપણું, યથાશક્તિ દાન તથા કૃતજ્ઞપણું, એ આઠ ગુણ પુરૂષને પ્રખ્યાત કરે છે. હે તાત! એ મોટા પ્રભાવવાળા આઠ ગુણો મનુષ્ય વિષે હોય, ને તેનો રાજા સત્કાર કરે તો તે અત્યંત શોભે છે. હે રાજન્! યજ્ઞ, દાન, વેદાધ્યયન, તપશ્ચર્યા, ઈંદ્રિયોનો નિગ્રહ, સત્ય ભાષણ, સરલતા તથા અક્રૂરતા, એ આઠ ગુણ સ્વર્ગને આપનારા છે. તેમાં પ્રથમ કહેલા યજ્ઞ, દાન, વેદાધ્યયન તથા તપશ્ચર્યા એ ચાર ગુણો તો હમેશ સત્પુરૂષોમાં રહેલા છે, ઈંદ્રિયોનો નિગ્રહ, સત્ય ભાષણ, તથા અક્રૂરપણું, એ પાછળ કહેલા ચાર ગુણોને સત્પુરૂષો યત્નથી સેવે છે. યજન કરવું, વેદ ભણવો, દાન કરવું, તપશ્ચર્યા, સત્ય, ક્ષમા, દયા તથા નિર્લોભ, એ આઠ પ્રકારના ધર્મ માર્ગ કહ્યા છે; એ આઠમાં પૂર્વે કહેલા યજ્ઞાદિ ચાર પ્રકાર દંભ વાસ્તે પણ સેવન થાય, ને પાછળ કહેલા સત્યાદિ ચાર મહાત્મા પુરૂષ

કર'માં, એમ તેને ધારતી હતી. પરાક્રમી તે ભરત રાજાએ સો અશ્વમેધથી યમુનાના તીર ઉપર, ત્રણસો અશ્વમેધ કરી સરસ્વતીના તટ ઉપર, તથા ચારસો અશ્વમેધથી ગંગાને તીરે યજન કરી, વળી હજાર અશ્વમેધ, સેંકડો રાજસૂય અગ્નિષ્ટોમ, અતિરાત્ર વિશ્વજિત્ તથા અપરિમિત વાજપેય યજ્ઞથી યજન કરી શકુંતલાપુત્ર તે ભરતે ધનથી બ્રાહ્મણોને તૃપ્ત કરી કણ્વનાં મહર્ષિ એવા કણ્વને સહસ્ર પદ્મ સુવર્ણ મુદ્રાની દક્ષિણા આપી હતી. જેનો મોટા મધ્ય ભાગ ચારસો હાથ લાંબો શુદ્ધ સુવર્ણનો યજ્ઞસ્તંભ બ્રાહ્મણો સાથે મળી ઇન્દ્રાદિક દેવતાઓએ ઉભો કર્યો હતો. વળી તે ભરતે અપરિમિત મનોહર એવા સર્વ રત્ને કરી શોભિતા સુવર્ણમય અશ્વ, હસ્તિ, રથ, ઉષ્ટ્ર, અજ, ગાડર, દાસી, દાસ, ધન, ધાન્ય, દુઝણી વાછડાવાળી ગાયો, ગ્રામ, ગૃહ, ક્ષેત્ર તથા વિવિધ પ્રકારનાં ઉપસ્કરો પણ બ્રાહ્મણોને આપ્યાં હતાં. પરાક્રમીઓએ જીતેલો નહીં અને જીત્યા છે શત્રુ જેણે એવો ઉદાર મનવાળો ચક્રવર્તિ ઐશ્વર્યાદિકે કરી તારાથી અધિક તારા પુત્રથી અતિ પવિત્ર, તે પણ જ્યારે મૃત્યુગ્રસ્ત થયો ત્યારે હે શ્વૈત્ય ! વેદાધ્યયન તથા યજન રહિત એવા તારા પુત્રનો તું શોક કર માં, એવી રીતે નારદે સૃંજયને કહ્યું.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।
अयज्वानमदाक्षिण्यमभिश्वैत्येति व्याहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जरभाषायामष्टषष्टितमोऽध्यायः ॥ ६८ ॥

અધ્યાય ૬૯ મો. પૃથુરાજાનાં પુણ્ય.

नारद उवाच—पृथुं वैन्यं च राजानं मृतं सृंजय शुश्रुम ।
यमभ्यषिंचन् साम्राज्ये राजसूये महर्षयः ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! જેને મોટા રાજસૂયમાં મહર્ષિઓએ સામ્રાજ્યનો અભિષેક કર્યો હતો એવો વેનપુત્ર તે પૃથુ પણ મૃત્યુગ્રસ્ત થયો એમ અમે સાંભળ્યું છે. જે પૃથ્વીને વિખ્યાત કરવાથી પૃથુ અને ક્ષતથી આપણા સર્વની રક્ષા કરવાથી ક્ષત્રિય થયો હતો, અને જે પૃથુને જોઇ પ્રજા ' અમે તમારા વિષે રક્ત છીએ ' એમ કહેતી હતી, તેથી તેના અનુરાગને લીધે રાજા એવું એનું નામ પડ્યું હતું. તેમજ જે પૃથુને નથી કષ્ટથી પરિપાક જેનો એવી પૃથ્વી કામદુધા થઇ હતી. તેમ સર્વ ગાયો પણ કામદુધા હતી. પાંદડે પાંદડે મધ અને સુખરૂપ છે સ્પર્શ જેમનો એવા સુખને વહેનાર સુવર્ણમય દર્ભ થતા હતા. તેનાંજ ચીરવસ્ત્ર પહેરી તેમાં પ્રજા શયન કરતી હતી. વૃક્ષાદિક વિષે ફળો પણ અમૃત સરખાં મધુર તથા સ્વાદિષ્ટ થતાં હતાં. તે વખતે પ્રજાને આહાર પણ વિશેષ કરી તેમનોજ હતો, પ્રજા બધી રોગ રહિત તથા સિદ્ધ છે સર્વ અર્થ જેમને એવી અતિ નિર્ભય હતી. ઇચ્છા પ્રમાણે વૃક્ષ તથા પર્વતાદિકની ગુફામાં રહેતી હતી. તે વખતે દેશ તથા નગરોનો વિભાગ ન હતો. વળી તે પૃથુએ સમુદ્ર પ્રત્યે જતા જળને સ્તંભન કરી રાખ્યું અને પર્વતોએ તેને માર્ગ આપ્યો

[illegible] [illegible] જેને [illegible] થયો ન હતો. કોઇ વખતે વનસ્પતિ, શૈલ, દેવ, અસુર, નર, નાગ, સપ્તર્ષિ, પુણ્યજન, ગંધર્વ, અપ્સરા તથા પિતૃઓ સુખેકરી બેઠેલા તે પૃથુ પાસે આવી આ પ્રમાણે તેને કહેવા લાગ્યા કે, હે મહારાજ ! તું ચક્રવર્તિ ક્ષત્રિય રાજા, [illegible] [illegible] પિતા તથા ઇશ્વર છે વાસ્તે જેવું કરી અમે શાશ્વત તૃપ્તિને પામી સુખેથી વર્તિએ એવા ઇચ્છિત વર અમોને આપ. એવાં તેમનાં વચન સાંભળી 'ઠીક બહુ સારૂં' એમ કહી તેજસ્વી પૃથુરાજા જેણે એવાં ધનુષબાણ ગ્રહણ કરી વિચાર કરી પૃથ્વીને આવી રીતે બોલવા લાગ્યા કે, હે વસુધે ! 'જલદી આવ, જલદી આવ' આ બધી પ્રજા વાસ્તે ઇચ્છિત એવું દૂધ [illegible] કર; એટલે સર્વને ઇચ્છિત એવું અન્ન હું આપીશ 'તારૂં કલ્યાણ થાઓ.' એવાં પૃથુનાં વચન સાંભળી તેને પૃથ્વીએ કહ્યું કે, હે વીર! મને દુહિતાપણાથી કલ્પના કરવી તું યોગ્ય છે. 'ઠીક ઘણું સારૂં.' એમ તેને કહી સ્વતંત્ર એવા પૃથુએ સર્વ વિધાન કર્યું. ત્યાર પછી ભૂત સમૂહોએ પૃથ્વીને દોહી. તેમાં તેને પ્રથમ દોવાની ઇચ્છાથી વનસ્પતિ ઉભાં થયાં. ત્યારે વત્સ તથા દોહનપાત્રને ઇચ્છતી તે પૃથ્વી ઉભી રહી. ત્યારે પુષ્પિત એવું શાલવૃક્ષ વત્સ, પ્લક્ષનું વૃક્ષ દોગ્ધા, કપાઇ ગયેલ અંકુર થવારૂપી દૂધ તથા સુંદર ઔદુમ્બરરૂપી પાત્ર થયું. પર્વતોએ રત્ન તથા ઓષધિરૂપી દૂધ પોતાના પાષાણરૂપી પાત્રમાં દોહી લીધું. ત્યારે ઉદય પર્વત, વત્સ તથા મહાગિરી મેરૂ દોગ્ધા થયો હતો. દેવગણે ઇન્દ્રને વત્સ કરી હિરણ્યમય પાત્રમાં અમૃતરૂપી દૂધ દોહી લીધું. અસુરોએ આમપાત્રમાં મદ્ય તથા માયારૂપી દૂધ દોહ્યું ત્યારે દ્વિમૂર્ધા દોગ્ધા અને વીરોચન વત્સ થયો હતો. મનુષ્યોએ પૃથ્વીતળ વિષે કૃષિ તથા સસ્યરૂપ દૂધ દોહી લીધું ત્યારે સ્વાયંભુવ મનુ વત્સ અને પૃથુ પોતે દુગ્ધા થયા હતા. નાગગણે અલાંબુ પાત્રમાં વિષરૂપી દૂધ દોહી લીધું ત્યારે ધૃતરાષ્ટ્ર દોગ્ધા તથા તક્ષક વત્સ થયો હતો. રૂડાં કર્મવાળા સપ્તર્ષિઓએ જ્યારે વેદનું દોહન કર્યું ત્યારે બૃહસ્પતિ દોગ્ધા, છંદપાત્ર તથા સોમરાજ વત્સ થયા હતા; યક્ષોએ આમપાત્રમાં અંતર્ધ્યાન દોહન કર્યું ત્યારે કુબેર દોગ્ધા તથા વૃષધ્વજ વત્સ થયા હતા. અપ્સરા અને ગંધર્વોએ પદ્મરૂપી પાત્રમાં પવિત્ર ગંધરૂપી દૂધ દોહી લીધું ત્યારે ચિત્રરથ વત્સ અને વિશ્વરૂચિ દોગ્ધા થયો હતો. પિતૃગણે રજતપાત્રમાં સ્વધારૂપી દૂધ દોહ્યું ત્યારે વૈવસ્વત વત્સ અને અંતક દોગ્ધા થયો હતો. એ રીતે જે વડે કરી પોતપોતાનું અભિષ્ટ દૂધ દોહી લીધું તે વત્સ પાત્રાદિકકરી તેઓ આજદિન સુધી નિરંતર વર્તે છે. એવા પ્રતાપવાન વેનપુત્ર પૃથુરાજાએ વિવિધ પ્રકારના યજ્ઞથી યજન કરી મનને પ્રિય એવી સર્વ કામનાઓથી પ્રાણીઓને સંતુષ્ટ કરી પૃથ્વી સંબંધી જે કોઇ પદાર્થ હતા તેમને સુવર્ણમય રચી મોટા યજ્ઞ અશ્વમેધમાં તે સર્વ પદાર્થ બ્રાહ્મણોને આપ્યા. વળી એણે સુવર્ણની શોભિતા છાસઠ હજાર તો હસ્તિયો બ્રાહ્મણોને આપ્યા હતા. આ સમગ્ર પૃથ્વીને પણ મણિરત્નથી શોભિતી સુવર્ણમય કરી તેણે બ્રાહ્મણોને આપી હતી. હે સૃંજય ! ચારે પ્રકારે કરી તારાથી અધિક તારા પુત્રથી અત્યંત પુણ્યવાન તે પણ મૃત્યુને પ્રાપ્ત થયો ત્યારે હે શ્વૈત્ય ! વેદાભ્યાસ તથા યજન રહિત એવા તારા પુત્રનો શોક કર નહીં, એ રીતે નારદે કહ્યું.

पुत्रात्पुण्यतरस्तुभ्यं मा पुत्रमनुतप्यथाः ।

अयज्वानमदाक्षिण्यमभि श्वैत्येत्युदाहरन् ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडशराजकीये [illegible]ख्याने एकोनसप्ततितमोऽध्यायः ॥ ६९ ॥

અધ્યાય ૭૦ મો. પરશુરામનાં પરાક્રમ.

नारद उवाच—रामो महातपाः शूरो वीरलोकनमस्कृतः ।
जामदग्न्योऽप्यतियशा अवितृप्तो मरिष्यति ॥ १ ॥

નારદ કહે છે—હે સૃંજય ! મહા તપસ્વી, શૂરવીર લોકોએ નમસ્કાર કરેલા અતિયશવાળા જમદગ્નિપુત્ર પરશુરામ પણ મરણ પામશે. જે પરશુરામે આ પૃથ્વીને નિરૂપદ્રવ કરી તે વિષે સત્યયુગાદિકનો ધર્મ પ્રવર્તાવી તથા અનુત્તમ એવી લક્ષ્મીને પ્રાપ્ત થઇને પણ વિક્રિયાને પ્રાપ્ત થયા નહિ. વળી સહસ્રાર્જુનના પુત્રોએ વત્સ તથા પોતાના પિતાને પરાભવ પમાડયા તેને જોઇ કંઇ ન બોલતાં તેણે સંગ્રામમાં પારકાઓએ જીતેલો નહીં એવા સહસ્રાર્જુનને માર્યો. પછી જેણે એકઠા મળેલા અપરિમિત ક્ષત્રિયોને મૃત્યુને આધીન કરી એક ધનુષવડે જીત્યા હતા. તેમાંના બીજા ચૌદ હજાર બ્રહ્મદ્વેષિને નિગ્રહ કરી તે દેશના અધિપતિ દંતકૂરને માર્યો. જે પરશુરામે હજારોને મુસળથી, હજારોને ખડ્ગથી, હજારોને બંધનથી તથા હજારોને જળમાં માર્યા હતા. તેમજ બ્રાહ્મણના દ્વેષિ ક્ષત્રિયોને જોઇ કેટલાકના દાંત ભાગી નાંખ્યા, કેટલાકનાં નાક કાપી લીધાં; અને સાત હજારને તો કટુ ધૂમ્રનું પાન કરાવ્યું હતું. કેટલાક શિષ્ટ ક્ષત્રિયોને તો બાંધી મારી તેમનાં મસ્તક કાપી નાંખ્યાં હતાં. એ રીતે ગુણવતીની ઉત્તર બાજુ અને ખાંડવની દક્ષિણ તરફ પર્વત સમીપ સેંકડો તથા હજારો હૈહયો સંગ્રામમાં માર્યા હતા, એ પ્રમાણે પિતાના વધથી ક્રોધ પામેલા બુદ્ધિમાન પરશુરામે હણેલા તે શૂરવીર, રથ, અશ્વ તથા ગજ સહિત રણભૂમિમાં સુતા હતા. આશ્રમવાસિઓએ કહેલી વાણી જ્યારે પોતાથી સહન થઇ નહિ ત્યારે વળી તેણે ફરસીએ કરી દશહજાર ક્ષત્રિયોને હણ્યા. જ્યારે બ્રાહ્મણો 'હે રામ ! તમે દોડજો,' એમ દીનવાણીથી પોકારવા લાગ્યા ત્યારે પ્રતાપવાન જમદગ્નિ પુત્રે કાશ્મીર, દરદ, કુંતિ, ક્ષુદ્રક, માલવ, અંગ, બંગ કલિંગ, વિદેહ, તામ્ર, લિપ્તક, રક્ષોવાહ, વીતિહોત્ર, ત્રિગર્ત્ત માર્ત્તિકાવત, શિબિ તથા બીજા પણ દેશ દેશના હજારો રાજાઓને તીક્ષ્ણ બાણે કરી હણ્યા. એ રીતે અસંખ્ય રાજાઓને મારી ઇન્દ્રગોપ નામનાં જંતુ તથા બંધુજીવ નામના વૃક્ષ સરખા, તેમનાં લાલ એવાં રૂધિરનાં પૂરેકરી તળાવો ભરી સર્વ અષ્ટાદશ દ્વીપ પોતાને વશ કરી પછી તેણે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે બત્રીસ હાથ ઉંચી સુવર્ણની વેદી કરાવી, સમાપ્તિ વિષે છે શ્રેષ્ઠ દક્ષિણા જેમાં એવા સેંકડો યજ્ઞેકરી યજન કર્યું હતું. તેમજ સુવર્ણથી શોભિતા લાખ હસ્તિ તથા સર્વ રત્નેકરી પૂર્ણ, ગ્રામ તથા આકરેયુક્ત એવાં પશુ ગણેકરી સંપૂર્ણ, દુર્જને કરી સંકુલ તથા જેમાં ચોર નથી એવી સમગ્ર પૃથ્વીને મહાયજ્ઞ અશ્વમેધમાં કશ્યપને આપી હતી. એ રીતે સમર્થ એવા પરશુરામે એકવીસ વાર નિઃક્ષત્રિય પૃથ્વી કરી સેંકડો યજ્ઞથી યજન કરી બધું બ્રાહ્મણોને આપ્યું. મારીચ કશ્યપે સપ્તદ્વીપવતી પૃથ્વી લે [illegible] [illegible] રામને કહ્યું, કે, મારી આજ્ઞાથી તમે પૃથ્વી પરથી જાઓ. કશ્યપનાં વચન સાંભળી યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ તેણે બ્રાહ્મણની આજ્ઞા પાળી અસ્ત્રથી સમુદ્રને ઓસારી

મહેંદ્ર નામના શ્રેષ્ઠ પર્વતમાં જઇ નિવાસ કર્યો. એ રીતે સેંકડો ગુણોકરી યુક્ત ભૃગુકુળની કીર્તિ વધારનાર, મોટી કાન્તિ તથા યશવાળા ઐશ્વર્યાદિકકરી તમારાથી અધિક તમારા પુત્રથી અત્યંત પુણ્યવાન જમદગ્નિપુત્ર પરશુરામ પણ મૃત્યુગ્રસ્ત થશે માટે વેદાધ્યયન તથા યજન રહિત તારા પુત્રનો તું શોક કર માં. હે મનુષ્યમાં શ્રેષ્ઠ! હે સૃંજય! તારાથી અતિશય ઐશ્વર્યાદિમાન તથા સેંકડો ગુણોકરી અધિક એકલા એ પણ મૃત્યુગ્રસ્ત થયા તથા થશે.

एते चतुर्भद्रतरास्त्वया भद्र शताधिकाः ।
मृता नरवरश्रेष्ठमरिष्यंति च सृंजय ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जरभाषायां सप्ततितमोऽध्यायः ॥ ७० ॥

અધ્યાય ૭૧ મો. સૃંજય શોકશમન.

व्यास उवाच—पुण्यमाख्यानमायुष्यं श्रुत्वा षोडषराजिकं ।
अव्याहरन्नरपतिस्तूष्णीमासीत्स सृंजयः ॥ १ ॥

વ્યાસજી કહે છે—હે યુધિષ્ઠિર રાજા! આયુષને આપનાર પવિત્ર એવા આ ષોડષરાજિક આખ્યાનને સાંભળી કંઇ ન બોલતો એવો સૃંજય રાજા ચુપ થઇ બેસી રહ્યો. તે રીતે બેઠેલા તેને ઋષિ એવા ભગવાન નારદે કહ્યું કે હે મહાદ્યુને! મેં જે ષોડષરાજિક આખ્યાન તને કહ્યું તે તેં શ્રવણ કર્યું તથા ગ્રહણ કર્યું વા શદ્રિપતિના શ્રાદ્ધની પેઠે કહેલું નિષ્ફળ થયું? નારદનાં વચન સાંભળી બે હાથ જોડીને સૃંજયે કહ્યું કે, હે મહાબાહો! પ્રાચીન યજન કરનાર તથા દક્ષિણા દેનાર રાજર્ષિયોનું ઉત્તમ એવું ધન્યરૂપ આખ્યાન તમારા મુખથી સાંભળી જેમ સૂર્યના તેજથી અંધકાર ટળે તેમ મારો શોક ટળી ગયો, અને હું પાપ તથા વ્યથા રહિત થયો. આજ્ઞા કરો કે હવે હું શું કરૂં? એવાં તેનાં વચન સાંભળી નારદે કહ્યું કે હે રાજન્! તું શોક રહિત થયો તે ઘણુ સારૂં થયું. હજી તારે જે જે ઇચ્છા હોય તે તે તું વર માગ તો તે તે સર્વ તને મારાથી પ્રાપ્ત થશે. અમે મિથ્યા બોલનાર નથી. નારદનાં વચન સાંભળી સૃંજયે કહ્યું કે, હે ઋષે! તમે મારી ઉપર પ્રસન્ન છો એથીજ હું સંતુષ્ટ છું; કારણ કે ભગવાન એવા તમો જેની ઉપર પ્રસન્ન થાઓ તેને કયી વસ્તુ દુર્લભ રહે છે? કંઇજ પણ નથી રહેતી. એવાં સૃંજયનાં વચન સાંભળી વળી નારદે કહ્યું કે હે રાજન્! ચોરોએ વૃથા પમાડેલો તારો પુત્ર પ્રોક્ષણ કરેલા પશુની પેઠે કષ્ટરૂપ નરકમાંથી પાછો ઉદ્ધાર કરી તને આપું છું.

વ્યાસજી કહે છે—હે યુધિષ્ઠિર! એ રીતે નારદે કહ્યું તેટલામાં અદ્ભુત છે કાન્તિ જેની એવો કુબેરપુત્ર સરખો તે સૃંજયનો પુત્ર તત્કાળ ત્યાં પ્રગટ થયો, તેને મળી અત્યંત પ્રસન્ન થયેલા સૃંજયરાજાએ સમાપ્તિ વિષે શ્રેષ્ઠ છે દક્ષિણા જેમાં એવા પવિત્ર યજ્ઞેકરી યજન કર્યું. હે યુધિષ્ઠિર! એ સ્વર્ણષ્ઠીવી સૃંજયપુત્ર કૃતાર્થ થયો ન હતો તેમ યુદ્ધમાં ઉદ્યુક્ત થઇને પણ હણાયો ન હતો, તેમજ નથી કર્યું યજન જેણે એવો તથા અનાપત્ય હતો તેથી એને પાછો

ઉપવેશ કર્યો. તમારો પુત્ર અભિમન્યુ તો શૂરવીર હજારો ક્ષત્રિય શત્રુઓને મારી કૃતાર્થ થયેલો સેનાની સન્મુખ હણાયો તેથી બ્રહ્મચર્ય, પ્રજ્ઞા, શ્રુત તથા ઇષ્ટ એવા યજ્ઞોકરી જે લોકોને પ્રાપ્ત થાય છે તે અક્ષય લોકોને પ્રાપ્ત થયો. તેમજ વિદ્વાન પુરૂષો પવિત્ર કર્મેકરી નિરંતર સ્વર્ગને ઇચ્છે છે પણ સ્વર્ગવાસી સ્વર્ગમાંથી આ લોકમાં આવવાની ઇચ્છા નથી કરતા; માટે સંગ્રામમાં નાશ પામી સ્વર્ગમાં ગયેલા અર્જુનપુત્રને અહિં લેઇ આવવા શક્ય થતું કંઇ યોગ્ય નથી. યોગી પુરૂષો યોગે કરીને, ઉત્તમ યજન કરનાર યોગેકરી તથા તપસ્વી પુરૂષો વૃદ્ધિ પામેલા તપેકરી જે ગતિને પ્રાપ્ત થાય છે તે ગતિને તમારો પુત્ર પ્રાપ્ત થયો છે. શૂરવીર અભિમન્યુ મરણ થવાથી સંપત્તિને પ્રાપ્ત થઇ અમૃતમય પોતાનાં કિરણોએ કરી જેવો ચંદ્રમા શોભે તેવો શોભે છે. એ રીતે બ્રાહ્મણોએ અભિમત એવા પોતાના ચંદ્રરૂપ તનુને તે તો પ્રાપ્ત થયો માટે અભિમન્યુ શોક કરવા યોગ્ય નથી. વાસ્તે હે અનઘ! એ રીતે જાણી સ્થિર થઇ શત્રુને મારો અને ધૈર્યને પ્રાપ્ત થાઓ. હવેથી જીવતાઓનોજ શોક કરવો. સ્વર્ગમાં ગયેલાઓનો કરવો નહીં. હે મહારાજ! શોચ કરનાર પુરૂષને ઉલટું દુઃખજ વૃદ્ધિ પામતું જાય છે, માટે શોકનો ત્યાગ કરી બુધ પુરૂષ, પ્રહર્ષ, અભિમાન તથા સુખ પ્રાપ્તિનું ચિંતન કરતાં પોતાના કલ્યાણને વિષેજ યત્ન કરે છે. એવી રીતે સમજી બુધ પુરૂષો શોક કરતા નથી. તેમ કંઇ શોક શોકરૂપ નથી, આત્માજ શોકરૂપ છે, અને હે વિદ્વાન્! મૃત્યુની ઉત્પત્તિને અનુપમ એવાં એનાં તપ પણ તમે સાંભળ્યાં. તેમજ મરણ પામેલો સૃંજયનો પુત્ર પાછો જીવતો થયો. વિભૂતિ પણ ચંચળ છે એ પણ તમે સાંભળ્યું, માટે સાવધાન થઇ ઉભા થાઓ અને શોક કરો માં. એમ કહી ભગવાન વ્યાસજી ત્યાંજ અંતર્ધ્યાન થઇ ગયા. એ રીતે યુધિષ્ઠિરની આશ્વાસના કરી વાદળ વગરના આકાશ સરખી કાંતિવાળા, મતિમાનમાં શ્રેષ્ઠ, વાણીના સ્વામિ ભગવાન વ્યાસજી ગયા પછી ન્યાયથી સંપાદન કર્યું છે વિત્ત જેણે, ઇંદ્ર સરખા પરાક્રમી પૂર્વના રાજાઓની સાંભળી છે યજ્ઞ સંપત્તિ જેણે, એવા વિદ્વાન યુધિષ્ઠિર રાજા મનથી તેમની પ્રશંસા કરી શોક રહિત થયેલા દીન એવા અર્જુનને હું શું કહીશ? એ રીતે વારંવાર વિચાર કરવા લાગ્યા.

संपूज्य मनसा विद्वान् विशोकोऽभूद्युधिष्ठिरः ।
पुनश्चार्चिन्तयद्दीनः किंस्विद्वक्ष्ये धनंजयं ॥

इति श्री महाभारते द्रोणपर्वण्यभिमन्युवधपर्वणि षोडषराजकीये गुर्जर-भाषायामेकसप्ततितमोऽध्यायः ॥७१॥

અધ્યાય ૭૨ મો. પ્રતિજ્ઞાપર્વ આરંભ.

संजय उवाच—तस्मिन्नहनि निर्वृत्ते घोरे प्राणभृतां क्षये ।
आदित्येऽस्तंगते श्रीमान् संध्याकाल उपस्थिते ॥ १ ॥

કરવાનું કંઇ જરૂર નથી એમ હું તને કહું" તે તું સાંભળ-આત્માને વિષેજ પ્રીતિમાન, પોતાના આનંદના અનુભવે કરી સુખી તથા વિષયાદિ ભોગની અપેક્ષા રહિત એવા જ્ઞાનિને કંઇપણ કર્તવ્ય નથી. કારણ તેને કર્મ કરવાથી પુણ્ય થતું નથી તથા ન કરવાથી પાપ લાગતું નથી, કેમકે તે અહંકાર રહિતપણાને લીધે વિધિ તથા નિષેધ રહિત છે; તથી બ્રહ્મા જેમાં આદિ છે તથા સ્થાવર જેમાં અંતે છે એવા આ વિશ્વમાં મોક્ષને માટે આશ્રય કરવા લાયક પણ કોઇજ નથી. "એ પ્રમાણે જ્ઞાનિને કર્મ કરવાનું જરૂરનું નથી પણ બીજાએ તો અવશ્ય કરવું જોઇએ; માટે તું કર એમ કહું છું" તે તું સાંભળ–તું ફળની આશા છોડી દઇને, વેદે જે અવશ્ય કરવાનાં નિત્ય તથા નૈમિત્તિક કર્મ કહ્યાં છે, તે નિરંતર સારી રીતે કર; કેમકે પુરૂષ ફળની આશા રહિત કર્મ કરીને, ચિત્ત શુદ્ધિ તથા જ્ઞાન દ્વારા મોક્ષને પામે છે. પૂર્વે જનકાદિ કર્મે કરીનેજ શુદ્ધ અંતઃકરણવા થઇ જ્ઞાનને પામ્યા છે; માટે તું પણ કર્મ કરવા લાયક છે. "જો હું શ્રેષ્ઠ જ્ઞાની છું એમ પોતાના આત્માને માન। હોય, તો પણ તારે કર્માચરણ કરવું એ કલ્યાણરૂપ છે એમ કહું" તે સાંભળ–જો હું કર્મ કરીશ તો આ લોક પણ તે કરશે એમ માની તેના કલ્યાણ સારૂ તું કર્મ કરવા યોગ્ય છે "ત્યાગ કરવા યોગ્ય નથી." કેમકે શ્રેષ્ઠ જન કર્મશાસ્ત્ર તથા નિવૃત્તિશાસ્ત્રમાંથી જેને પ્રમાણ માને, તેનેજ સર્વ લોક અનુસરે છે- હે પાર્થ, કોઇ વખતે હું પણ જો આલસ રહિત થઇ કર્મનું આચરણ ન કરૂં, તો મને જોઇને બીજાં મનુષ્યો પણ તે માર્ગે ચાલે. "શંકા–તેથી શું એમ કહીશ તો કહું છું" કે-જો હું કર્મ ન કરૂં તો આ સર્વ લોક કર્મના લોપથી નાશ પામે, ને વર્ણસંકર પ્રજા મલિન થાય; જેનો કર્તા ઠરૂં, માટે મારે પણ નિત્ય કર્મ અવશ્ય કરવાં જોઇએ છીએ વાસ્તે જેમ અવિદ્વાન્ પુરૂષો કર્મને વિષે ફળની આશા રાખીને તે કરે છે, તેમ લોક સંગ્રહની ઇચ્છાવાળા વિદ્વાને ફળની આશા રહિત થઇ કર્મ કરવાં. વળી વિદ્વાને સાવધાન થઈ પોતે કર્મનું આચરણ કરીને, તેને વિષે આસક્ત એવા અજ્ઞાન પુરૂષોની બુદ્ધિને ભેદ કરવી નહીં "કર્મથી તેમની બુદ્ધિને ચલાયમાન કરવી નહીં અને તેમને કર્મનું સેવન કરાવવું;" "શંકા—જો વિદ્વાને પણ કર્મ કરવાં અને અવિદ્વાને પણ કરવાં એમ છે, તો એ બેઉમાં વિશેષ શું એમ કહીશ તો કહુંછું" કે-અહંકારને લીધે મૂઢ બુદ્ધિવાળો અજ્ઞાની પુરૂષ, પ્રકૃતિનાં કાર્યભૂત ઇંદ્રિઓએ કરેલાં અનેક તરેહનાં કાર્યનો હુંજ કર્તા છું એમ માને છે. પણ હે મહાબાહો, ઇંદ્રિય તથા કર્મથી આત્મા જૂદો છે, તે આવી રીતે કે—હું ઇંદ્રિયરૂપ નથી એ પ્રમાણે ગુણથી આત્માનો વિભાગ અને મને કર્મ નથી એ પ્રમાણે કર્મથી આત્માનો વિભાગ એવી રીતે બેઉના વિભાગ સ્વરૂપને જાણનાર જ્ઞાની પુરૂષ, ઇંદ્રિઓ વિષયને વિષે પ્રવર્તે છે હું નહીં એમ માનીને પોતાને વિષે કર્ત્તાપણું માનતો નથી. ને પ્રકૃતિના સત્વાદિ ગુણે કરીને અત્યંત મૂઢ એવા જે અજ્ઞાની પુરૂષો ઇંદ્રિઓ તથા તેના કર્મને વિષે જોડાય છે એટલે અમે કરીએ છીએ એમ માની લે છે, તે થોડું જાણનાર મંદમતિવાળાને સર્વજ્ઞ એવા જ્ઞાનિએ કર્મથી ચલાયમાન કરવા નહીં. "એ પ્રમાણે તત્વજ્ઞાની પુરૂષે પણ કર્મ કર્તવ્ય છે, માટે તું તો હજી તેવો થયો નથી વાસ્તે તારે તો કર્મ અવશ્યજ કરવાં જોઇએ એમ કહું છું" તે તું સાંભળ--સર્વ કર્મ મારે વિષે અર્પણ કરી, હું અંતર્યામિને આધિન થઇ કર્મ કરૂં છું એવી દૃષ્ટિ રાખી, નિષ્કામ થઇ, મમત્વ રહિત થઇ તથા શોકનો ત્યાગ કરીને, તું યુદ્ધ કર. જે મનુષ્યો આ મારાં વાક્યને વિષે શ્રદ્ધાવાન તથા દુઃખરૂપ કર્મમાં પ્રવર્ત્તાવે છે એમ મારે વિષે દોષ દૃષ્ટિ ન કરનાર, મેં કહેલા આ મારા મતનો આશ્રય કરે છે, તે પણ સારી

રીતે જ્ઞાનીની પેઠે કર્મ બંધનથી મુક્ત થાય છે. ને જે મનુષ્યો દ્વેષ કરતાં આ મારા મતને આચરણ કરતા નથી, તે વિવેક રહિત તથા ઇશ્વર વિષયક કર્મના જ્ઞાનમાં મૂઢને તું સ્વર્ગ તથા મોક્ષથી ભ્રષ્ટ થયેલા જાણ. " શંકા—જ્યારે તમારા મત પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવાથી મ્હોટું ફળ છે. ત્યારે સર્વ ઇંદ્રિયોને નિયમમાં રાખી નિષ્કામથઇ કેમ સ્વધર્મનું આચરણ કરતા નથી એમ તું કહીશ તો કહું છું" કે-જ્ઞાની પણ પોતાના પ્રાચીન કર્મના સંસ્કારને આધિન એવા સ્વભાવને અનુસરી કર્મ કરે છે; કારણ સર્વ પ્રાણિ પોતાના સ્વભાવને અનુસરે છે માટે ઇંદ્રિયોનો નિગ્રહ શું કરી શકે તેમ છે. ''કંઇજ નહીં" "શંકા-જ્યારે પુરૂષ માત્રની પ્રવૃત્તિ સ્વભાવને આધિન છે, ત્યારે આ કરવું અને આ ન કરવું એ વિધિ તથા નિષેધરૂપ શાસ્ત્રનું વ્યર્થ પણું થાય એમ તું કહીશ તો કહું છું"કે-સર્વ ઇંદ્રિઓને પોતપોતાના અનુકૂળ વિષયમાં પ્રીતિ તથા પ્રતિકૂળ વિષયમાં દ્વેષ અવશ્ય થાય, ને તેને અનુસરતી સર્વ મનુષ્યોને પ્રવૃત્તિ થાય એવો પ્રાણિ માત્રનો સ્વભાવ હોય છે; પણ વિધિ તથા નિષેધનાં શાસ્ત્રને જાણનાર પુરૂષ તેઓને વશ થાય નહીં, કેમકે તેઓ મુમુક્ષુના પરમ શત્રુરૂપ છે. " શંકા-જેમ પશુઓ પોતાની પ્રકૃતિ પ્રમાણે વિષયમાં પ્રવર્તે છે, તેમ મનુષ્યો પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે વિષયમાં પ્રવર્તે છે, માટે તે પ્રકૃતિને મૂકીને સ્વધર્મમાં પ્રવર્ત થવું એમ તમે કહ્યું, પણ યુદ્ધાદિ સ્વધર્મનું આચરણ કરવું, દુઃખરૂપ હોવા લીધે અશક્ય છે, અને હિંસા વગરના પરધર્મનું આચરણ કરવું એ શક્ય છે, તેમ ધર્મત્વે કરી બેઉ સમાન છે, માટે હું તે પરધર્મનુ આચરણ કરૂં એમ તું કહીશ તો કહું છું" કે સર્વાંગ પૂર્ણ એવા પરધર્મનું આચરણ કરવાથી કંઇક અંગે હીન એવા પણ પોતાના ધર્મનું આચરણ કરવું એ અતિ શ્રેષ્ઠ છે; કેમકે સ્વધર્મરૂપ યુદ્ધને વિષે પ્રવર્ત થયેલા પુરૂષને મરણ થાય એ પણ સારૂ; કેમકે સ્વર્ગાદિ ફળ આપે છે, ને પરધર્મ ભય આપે છે; કારણ તેનું આચરણ કરવું એ શાસ્ત્રમાં નિષેધ કરેલ છે, જેથી નરકની પ્રાપ્તિ થાય છે. અર્જુને પૂછ્યું કે હે વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ, પુરૂષ વિવેક બળે કરી કામ તથા ક્રોધને રૂંધી રાખે છે, તોપણ તેનીઇચ્છા વગર પાપ કર્મને વિષે પ્રવૃતિ થાય છે; માટે તેને બળાત્કારથી તેમાં પ્રવૃત્તિ કરાવનાર કોણ છે? ભગવાનકહેછે-હે અર્જુન,મનુષ્યને પાપને વિષેપ્રવર્તાવનાર કામજ છે.''શંકા -તમે પાપને વિષે પ્રવર્તાવનાર ક્રોધ પણ કહ્યો છે તે ! એમ તું કહીશતો કહું છું" કે-ક્રોધ પણ કામથી જૂદો નથી તેજ છે, કેમકે કામને કોઇ નાશ કરે તો તેજ ક્રોધરૂપે પરિણામ પામે છે; જે રજોગુણથી ઉત્પન્ન થએલ, દુઃખે કરી પણ પૂર્ણ થાય નહીં એવો તથા મહાપાપી મોક્ષ માર્ગનો વૈરી છે એમ તું જાણ. કારણ જેમ ધુમાડાથી અગ્નિ, મેલથી દર્પણ તથા ગર્ભવેષ્ટન ચર્મથી ગર્ભ વેષ્ટિત છે, તેમ જ્ઞાન કામથી વેષ્ટિત છે. " જેમ એ ત્રણે ઢંકાવાને લીધે દેખાતાં નથી, તેમ જ્ઞાન ઢંકાવાને લીધે દેખાતું નથી" વળી હે કુંતિ પુત્ર, જ્ઞાની પુરૂષના નિત્ય વૈરી, દુઃખે કરી પણ પૂર્ણ થાય નહીં એવા અને શોકરૂપ સંતાપના હેતુપણાને લીધે અગ્નિ સમાન કામરૂપી વૈરિયે કરી વિવેક જ્ઞાન વિટાયલું છે. વિષયનું દર્શન તથા શ્રવણ કરનાર ઇંદ્રિઓ, તેનો સંકલ્પ કરનાર મન તથા તે કરવાનો નિશ્ચય કરનાર બુદ્ધિ એ ત્રણ કામને રહેવાનાં સ્થાન છે; જેણે કરી એ કામ જ્ઞાનને ઢાંકી લઇ જીવને મોહ ઉપજાવે છે. માટે હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન, તું મોહ થયા પહેલાંજ ઇંદ્રિયો, મન તથા બુદ્ધિને નિયમમાં રાખીને, તેને જ્ઞાન તથા વિજ્ઞાનને નાશ કરનાર તથા પાપરૂપ કામનો ત્યાગ કર. હવે ગ્રહણ કરતા એવા દેહાદિ કરતાં ઇંદ્રિયો, સૂક્ષ્મ તથા તેને પ્રકાશ કરવાને લીધે શ્રેષ્ઠ છે, તે

કરતાં તેની પ્રવૃત્તિ કરાવનાર સંકલ્પાત્મક મન શ્રેષ્ઠ છે અને તે કરતાં સંકલ્પનો નિશ્ચય કરનારી બુદ્ધિ શ્રેષ્ઠ છે, ને તેનો જે સાક્ષી, તેજ આત્મા. હે મહાબાહો, એ પ્રમાણે બુદ્ધિના સાક્ષી આત્માને જાણી તથા નિશ્ચયાત્મિક બુદ્ધિએ કરી મનને નિશ્ચળ કરીને, તે જેની દુઃખે કરી પણ ગતિ જાણવામાં આવતી નથી એવા કામરૂપી શત્રુને નાશ કર.

एवं बुद्धेः परं बुध्द्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरुपं दुरासदम् ॥

इतिश्री महाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुन संवादे कर्मयोगोनाम गुर्जरभाषायां सप्तविंशोऽध्यायः ॥ २७ ॥

श्रीभगवानुवाच–इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययं ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥

શ્રી ભગવાન કહે છે —હે અર્જુન, અવિનાશિ ફળવાન આ યોગ મેં પૂર્વે સૂર્યને કહ્યો હતો, તેણે પોતાના પુત્ર શ્રાદ્ધદેવમનુને કહ્યો હતો, અને તેણે પોતાના પુત્ર ઇક્ષ્વાકુને કહ્યો હતો હે શત્રુને તપાવનાર, એ પ્રમાણે પરંપરાથી પ્રાપ્ત થએલા આ યોગને રાજાઓ તથા ઋષિઓ જાણતા હતા, પણ તેને ઘણો કાળ હોવાથી તે નાશ પામ્યો હતો; જે પુરાતન ઉતમ રહસ્ય હાલ મેં તને કહ્યો, કારણ તું મારો ભકત તથા મિત્ર છે. અર્જુન પૂછે છે–હે શ્રીકૃષ્ણ, તમારો જન્મ હમણાં થયો છે અને સૂર્યનો તો જન્મ પ્રાચીન કાળમાં થયો છે; માટે તમે એને પ્રથમ યોગ્ય કહ્યો એ હું કેમ જાણું ? ભગવાન કહે છે—હે શત્રુને તપાવનાર અર્જુન, મારા તથા તારા જન્મ અનેક વ્યતીત થઇ ગયા છે, તે સર્વને હું જાણું છું; તું જાણતો નથી. “ શંકા-અનાદિ તથા અવિનાશિ એવા ઇશ્વર તમને જન્મ તથા પૂર્વ જન્મ ઘટે નહીં, ને તમે મારા જન્મ બહુ વ્યતીત થઇ ગયા છે એમ કેમ કહ્યું એમ તું કહીશ તો કહું છું ” કે—હું અજન્મા, અવિનાશિ તથા સર્વભૂત પ્રાણિનો ઇશ્વર છું, તો પણ શુદ્ધ સત્વાત્મિક પ્રકૃતિનો આશ્રય કરીને પોતાની માયાએ કરી અવતાર લઊં છું. “ શંકા—તમે કયી વેળાએ અવતાર લ્યો છો, એમ તું કહીશ તો કહું છું ” કે-હે ભારત, જયારે જયારે ધર્મનો નાશ થાય છે અને અધર્મ વૃદ્ધિ પામે છે, ત્યારે ત્યારે હું મારા આત્માને સૃજું છું. શંકા—તમે શું કરવાને તે વખતે પોતાના આત્માને સૃજો છો એમ કહીશ તો કહું છું ” કે-હું સ્વધર્મવર્તી સત્પુરૂષોના રક્ષણ સારૂ દુષ્ટ કર્મ કરનારનો નાશ કરવા સારૂ તથા ધર્મનું સ્થાપન કરવા સારૂ સમય પરત્વે પ્રગટ થાઉં છું. હે અર્જુન, એ પ્રમાણે સ્વેચ્છાકૃત મારો જન્મ તથા ધર્મનું પાળનરૂપ મારૂ અલૌકિક કર્મ પારકા અનુગ્રહ વાસ્તેજ છે એમ જે મનુષ્ય જાણે છે, તે પોતાના દેહાભિમાનનો ત્યાગ કરી પુનર્જન્મને પામે નહીં મનેજ પામે. “ શંકા—તમારા જન્મ તથા કર્મના જ્ઞાને કરી મનુષ્યને તમારી પ્રાપ્તિ કેમ થાય એમ તું કહીશ તો કહું છું ” કે હું શુદ્ધ સત્વાવંતારે કરી ધર્મનું પરિપાળન કરું છું એ મારા દયાળુપણાને જાણીને ગયાં હોય છે પ્રીતિ, ભય તથા ક્રોધ જેને એવા,

મારામાંજ એકચિત્તવાળા તથા મારોજ એક આશ્રય કર્યો હોય છે જેણે એવા ઘણા પુરૂષો મારા પ્રસાદથી પ્રાપ્ત થએલાં જ્ઞાન તથા તપશ્ચર્યાએ કરી પવિત્ર થઇને મારી સાયુજ્યગતિને પામ્યા છે. "શંકા—જે તમારી શરણે આવ્યા હોય છે, તેને તમે સાયુજ્ય મુક્તિ આપો છો અને સકામી ભકતને આપતા નથી; ત્યારે તો તમારામાં વિષમતા આવી એમ તું કહીશ તો કહું છું" કે—હે પાર્થ, જે મનુષ્ય સકામપણાથી, અથવા નિષ્કામપણાથી જેવી રીતે મને ભજે છે, તેને હું તેવીજ રીતે તેનાં ઇચ્છિત ફળ આપવારૂપે અનુગ્રહ કરૂં છું; કેમકે મનુષ્યો સર્વ પ્રકારે કરી મારાજ ભજન માર્ગને અનુસરે છે. "ઇંદ્રાદિ દેવતાઓના ભજને કરી પણ મારૂંજ ભજન કરે છે, કારણ હું સર્વમય છું" "શંકા—ત્યારે સર્વ મનુષ્યો મોક્ષ માટે તમારૂંજ ભજન કાં કરતા નથી એમ તું કહીશ તો કહું છું" કે આ લોકમાં કર્મના ફળને ઇચ્છનાર મનુષ્યો ઘણું કરીને ઇંદ્રાદિ દેવતાઓનુંજ ભજન કરે છે, પણ સાક્ષાત્ મારૂં ભજન કરતા નથી, કારણ કર્મનું ફળ તરત પ્રાપ્ત થાય છે, ને જ્ઞાનનું ફળ મોક્ષ તરત મળતું નથી. "શંકા—કેટલાક સકામપણાથી વર્તે છે અને કેટલાક નિષ્કામપણાથી વર્તે છે એ રીતે કર્મનું વિચિત્રપણું છે; જેને આચરતા એવા બ્રાહ્મણાદિને ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠાદિ ભેદ કરતા એવા તમારૂં વિષયપણું કેમ નહીં એમ તું કહીશ તો કહું છું" કે—સત્વગુણ જેમાં પ્રધાન હોય છે એવા તથા શમદમાદિ કર્મવાળા બ્રાહ્મણોને, સત્વગુણ તથા રજોગુણ જેમાં પ્રધાન હોય છે એવા અને શૌર્ય તથા યુદ્ધાદિ કર્મવાળા ક્ષત્રિયોને, રજોગુણ તથા તમોગુણ પ્રધાનવાળા અને કૃષિ તથા વાણિજ્ય કર્મવાળા વૈશ્યોને અને તમો ગુણ જેમાં પ્રધાન હોય છે એવા તથા ત્રણ વર્ણની શુશ્રૂષાદિ કર્મવાળા શૂદ્રોને હું કર્તા છું; તથાપિ તું મને અનાસક્તિ તથા અવિનાશિપણુને લીધે અકર્તા જાણ. અહંકાર રહિત એવો હું વિશ્વની સૃષ્ટયાદિ કરૂં છું, તોપણ તે મને આસક્ત કરતાં નથી, તેમ પૂર્ણ કામ હોવાથી કર્મનાં ફળની ઇચ્છા પણ નથી, એવા મને જે મનુષ્યો જાણે છે; તે પણ કર્મે કરી બંધન પામતા નથી. એ પ્રમાણે અહંકાર રહિત થઇ કરેલાં કર્મ બંધન કરતાં નથી એમ જાણીને, પૂર્વે થઇગયેલા મુમુક્ષુ જનકાદિએ પણ પોતાની બુદ્ધિ શુદ્ધ થવા સારૂ યુગાંતને વિષે કર્મ કર્યાં છે; માટે તું પણ પ્રથમ કર્મ કર. હવે કર્મ શું અને અકર્મ શું એમાં વિવેકિ પુરૂષો પણ મોહ પામી ગયા છે; માટે જે કર્મનું આચરણ કરવાથી તું સંસારથી મુક્ત થઇશ, તે કર્મ તથા અકર્મ હું કહું તે તું સાંભળ. "શંકા—દેહાદિનો જે વ્યાપાર તે કર્મ અને તેનોજ અવ્યાપાર તે અકર્મ, એ બેઉ સર્વ લોકમાં પ્રસિદ્ધ છે, ને તમે એ વિષે વિવેકિયો પણ મોહ પામી ગયા છે એમ કેમ કહ્યું એ રીતે કહીશ તો કહું છું" કે—શાસ્ત્રમાં કહેલું કર્મ, કંઇજ ન કરવું એ અકર્મ તથા શાસ્ત્રમાં નિષિદ્ધ તે વિકર્મ એ ત્રણેનાં તત્વ જાણવાં જોઇએ; કેમકે તે દુઃખે કરી પણ જણાય નહીં એવાં છે. જે મનુષ્ય ઇશ્વરાધનરૂપ કર્મને બંધન કરનાર ન હોવાથી આ અકર્મ છે એમ જુવે છે તથા શાસ્ત્રમાં કહેલાં કર્મનું જે ન કરવું તેના દોષને લીધે બંધન કરનાર હોવાથી આ કર્મ છે એમ જુવે છે, તેજ મનુષ્ય કર્મ કરનાર મનુષ્યોમાં બુદ્ધિમાન્, યોગી તથા સર્વ કર્મ કરનાર એમ જાણવું. હવે જેનાં સર્વ કર્મ ફળના સંકલ્પ રહિત છે, તે જ્ઞાનરૂપી અગ્નિએ કરી બળી ગયેલાં કર્મવાળાને બુદ્ધિમાન્ પુરૂષો પંડિત કહે છે. કર્મ તથા તેનાં ફળને વિષે આસક્તિનો ત્યાગ કરીને, નિજાનંદે કરી તૃપ્ત અને અહંકાર રહિત જે મનુષ્ય સ્વાભાવિક તથા વિહિત કર્મને વિષે ચારે

કારથી પ્રવર્તે છે તોપણ, તે કંઇજ કરતો નથી. "તેનું કર્મ અકર્મપણાને પામે છે." વળી કામના રહિત, વશ્ય કરેલાં હોય છે ચિત્ત તથા શરીર જેણે એવા અને ત્યાગ કરેલા સર્વ પરિગ્રહવાળા પુરૂષો, કેવળ શરીર નિર્વાહાર્થ કર્મ કરે, તેથી કંઇ બંધન પામતા નથી. વળી યદૃચ્છાએ કરી પ્રાપ્ત થયેલાં વિષે સંતોષ, શીત તથા ઉષ્ણાદિ દ્વંદ્વને સહન કરનાર, અવૈરી અને યદૃચ્છાએ કરી થયેલા લાભની સિદ્ધિ થાય અથવા અસિદ્ધિ થાય તેથી હર્ષ તથા ખેદ રહિત પુરૂષ, શાસ્ત્ર વિહિત તથા સ્વાભાવિક કર્મ કરીને પણ બંધન પામતો નથી. કામના રહિત, રાગાદિથી મુક્ત થયેલા, જ્ઞાનને વિષેજ સ્થિર ચિત્તવાળા તથા પરમેશ્વર પ્રીત્યર્થ કર્મ કરનાર સત્પુરૂષનું વાસના રહિત કર્મ અકર્મપણાને પામે છે. વળી જેણે કરી હોમાય એવાં સ્રુવાદિ, ઘૃતાદિ હુતદ્રવ્ય, અગ્નિ તથા યજ્ઞ કર્ત્તાએ જે હોમ્યું તે એ સર્વ બ્રહ્મજ છે; માટે જેને બ્રહ્મરૂપ કર્મને વિષેજ એકાગ્રચિત્ત હોય છે, તેને બ્રહ્મજ પ્રાપ્ય છે. "બ્રહ્માનીજ પ્રાપ્તિ થાય છે" હવે કેટલાક કર્મયોગી પુરૂષો શ્રદ્ધાથી ઇંદ્ર તથા વરૂણાદિ દેવતાઓનાં યજન જેમાં થાય છે એવા દેવ યજ્ઞ કરે છે તથા તેથી બીજા કેટલાક જ્ઞાનયોગી પુરૂષો કહેલા બ્રહ્માર્પણાદિ પ્રકારવાળા યજ્ઞ કરી બ્રહ્મરૂપ અગ્નિને વિષે યજ્ઞાદિ સર્વ કર્મનો લય કરે છે. નૈષ્ઠિક બ્રહ્મચારી ઇંદ્રિઓને નિયમમાં રાખવારૂપી અગ્નિને વિષે શ્રોત્રાદિ ઇંદ્રિઓને હોમે છે એટલે સર્વ ઇંદ્રિઓને નિયમમાં રાખી રહે છે, ને ગૃહસ્થો ઇંદ્રિયરૂપ અગ્નિને વિષે તેના શબ્દાદિ વિષયોને હોમે છે એટલે ભોગ ભોગવવા સમયે પણ તેમાં આસક્તિ રહિત થઇને, અગ્નિરૂપ ભાવના કરેલી ઇંદ્રિઓને વિષે હુતદ્રવ્યરૂપે ભાવના કરેલા વિષયોને હોમે છે. બીજા કેટલાક યોગી સર્વ જ્ઞાનેંદ્રિયોનાં કર્મ શ્રવણ તથા દર્શનાદિ, કર્મેંદ્રિઓનાં કર્મ બોલવું તથા ગ્રહણ કરવાદિ અને પ્રાણનાં કર્મ બાહાર નીકળવું તથા અંદર જવાદિને, જ્ઞાને કરી પ્રજ્વળિત આત્માના ધ્યાનરૂપી યોગાગ્નિને વિષે હોમે છે. "ધ્યાન કરવા લાયક પરમાત્માને સારી રીતે જાણીને તેમાં મનને જોડી, તે સર્વ કર્મને વિરામ પમાડે છે" બીજા કેટલાક તીક્ષ્ણ એવાં અહીંસાદિ વ્રતવાળા તથા પ્રયત્નશીલ પુરૂષો વાવ, કુવા તથા બગીચા કરાવવા અને દાન આપવાં એનેજ યજ્ઞ માનનારા; કેટલાક કૃચ્છ તથા ચાંદ્રાયણાદિ વ્રત કરવાં તેનેજ યજ્ઞ માનનારા, કેટલાક ચિતવૃત્તિનો રોધ જેમાં થાયછે એવી સમાધિનેજ યજ્ઞ માનનારા, કેટલાક વેદ ભણવાનેજ યજ્ઞ માનનારા અને કેટલાક વેદના અર્થ જ્ઞાનનેજ યજ્ઞ માનનારા છે. બીજા કેટલાક યોગી અપાનવાયુમાં પ્રાણવાયુને હોમે છે, અપાનવાયુને પ્રાણ વાયુમાં હોમે છે તથા તે બેઉ વાયુની ગતિને રૂંધીને પ્રાણાયામમાં તત્પર થાય છે. "પૂરક, કુંભક તથા રેચક એ પ્રમાણે પ્રાણાયામરૂપી યજ્ઞ કરે છે એટલે વાયુને ઉપર ચઢાવે છે, સ્થિર રાખે છે તથા નીચે ઉતારે છે" નિયમમાં રાખેલા વિષય ભોગવાળા કેટલાય યોગી મન સહિત ઇંદ્રિઓને મન, ચિત્ત તથા અહંકારને વિષે હોમે છે " તે રૂપ યજ્ઞ કરે છે એટલે ઇંદ્રિઓને સંકલ્પાત્મક મનને વિષે લય કરી, મનને સ્મરણાત્મક ચિન્તને વિષે લય કરી તથા ચિન્તને અહંકારને વિષે લય કરે છે અને અભિમાનરૂપ તે અહંકાર અભિમાન ન હોવાને લીધે, જેમ બળી ગયેલા કાષ્ટવાળો અગ્નિ શાંત થાય, તેમ પોતાની મેળે શાંત થાય છે" એ પ્રમાણે બાર યજ્ઞને જાણનારા, યજ્ઞે કરી પાપ જેનાં ટળી ગયાં હોય છે એવા તથા યજ્ઞ કરી અવશિષ્ટ વખતે અનિષિધ એવા અમૃતરૂપી અન્નનું ભોજન કરનારા તે સર્વ, જ્ઞાન દ્વારા સનાતન બ્રહ્મને પામે છે. હે કુરૂકુળમાં શ્રેષ્ઠ, જે મનુષ્ય યજ્ઞ નથી કરતો, તેને સ્વલ્પ સુખવાળા આ મનુષ્ય લોકની પણ પ્રાપ્તિ થતી નથી, ત્યારે પરલોકની તો શાનીજ પ્રાપ્તિ થાય; માટે મનુષ્યોએ અવશ્ય યજ્ઞ કરવા,

એ પ્રમાણે અનેક પ્રકારના યજ્ઞો સાક્ષાત્ વેદે કહેલા છે; પણ તેઓ સર્વ વાણી, મન તથા શરીરના કર્મથી ઉત્પન્ન થયેલા અને આત્મ સ્વરૂપના સંસ્પર્શ રહિત છે એમ તેઓને જાણીને, તું જ્ઞાનનિષ્ઠ થઇ સંસારથી મુક્ત થઇશ. હે શત્રુને તપાવનાર પાર્થ અર્જુન, દ્રવ્ય ખરચી યજ્ઞ કરવા તે કરતાં જ્ઞાનરૂપી યજ્ઞ શ્રેષ્ઠ છે, કેમકે ફળ સહિત સર્વ કર્મનો જ્ઞાનને વિષે અંતર્ભાવ છે. તું પ્રથમ જ્ઞાનિ પુરૂષને નમસ્કાર કરી, પછી આ સંસાર મને કેમ છે તથા કેમ નિવૃત્ત થાય એમ પૂછવાએ કરી અને તેની સેવાએ કરી તે જ્ઞાનને પામ. કેમકે શાસ્ત્ર જાણનાર તથા અપરોક્ષ અનુભવ સંપન્ન તેઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે. હે પાંડવ, જે જ્ઞાનને પામીને તું, બંધુવધાદિ નિમિત્ત મોહને પામીશ નહી; ને જેણે કરી સર્વ ભૂતપ્રાણિને પોતાના આત્માને વિષે અભેદરૂપે જોઇશ. જો કે તું સર્વ પાપ કરનારાઓથી અતિ પાપ કરનાર છે, તો પણ તે સર્વ પાપરૂપ સમુદ્રને જ્ઞાનરૂપ નાવે કરી સારી રીતે તરીશ. હે અર્જુન, જેમ પ્રદીપ્ત એવો અગ્નિ સમગ્ર કાષ્ટને બાળી ભસ્મ કરે છે, તેમ જ્ઞાનરૂપી અગ્નિ પ્રારબ્ધ કર્મ વગરનાં બાકી સર્વ કર્મને બાળી ભસ્મ કરે છે; કેમકે તપ તથા યોગાદિમાં જ્ઞાન સમાન કંઇ પણ શુદ્ધ કરનાર નથી. " શંકા-એમ છે ત્યારે સર્વ આત્મજ્ઞાનનો અભ્યાસ કેમ કરતા નથી એમ તું કહીશ તો કહું છું" કે-મ્હોટા કર્મયોગે કરી યોગ્યતાને પ્રાપ્ત થયેલો પુરૂષ, સમય પર વે પોતાની મેળેજ તે જ્ઞાનને પામે છે. વળી ગુરૂએ ઉપદેશ કરેલા અર્થ વિષે. આસ્તિક બુદ્ધિવાળા, તેમાંજ એક નિષ્ટાવાળા તથા ઇંદ્રિઓને નિયમમાં રાખી કર્મયોગનું આચરણ કરનાર પુરૂષને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; જેને પામી તે થોડા કાળમાં મોક્ષને પામે છે. હવે ગુરૂએ ઉપદેશ કરેલા અર્થને નહીં જાણનાર, કંઇએક જ્ઞાન થયું તો તેમાં શ્રદ્ધારહિત તથા શ્રદ્ધા થયા કેડે પણ આ જ્ઞાન મને સિદ્ધ થશે કે નહી એ પ્રમાણે સંશયાક્રાંત ચિત્તવાળા પુરૂષ, સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. " એ ત્રણમાંથી સંશયાત્માવાન તો અવસ્યજ સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે" કેમકે તેને આ લોક પણ સિદ્ધ થતો નથી અને સુખ પણ પ્રાપ્ત થતું નથી. હે ધનંજય, જેણે પરમેશ્વરને વિષે સર્વ કર્મ અર્પણ કર્યાં હોય છે એવા તથા જ્ઞાને કરી ટળી ગયો હોય છે સંશય જેનો એવા જ્ઞાનિને, લોક સંગ્રહ વાસ્તે કરેલાં કર્મ બંધન કરતાં નથી. માટે હે ભારત, આત્માના અજ્ઞાનને લીધે થયેલા હ્રદયારૂઢ આ સંશયને તું જ્ઞાનરૂપી ખડ્ગે કરી કાપીને, જ્ઞાન પ્રાપ્ત થવાના ઉપાયભૂત કર્મયોગનો આશ્રય કર અને યુદ્ધ કરવા સારૂ ઉભો થા.

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनाऽऽत्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥

इतिश्री महाभारते भीष्मपर्वाणि भगवद्गीतापर्वाणि श्रीकृष्णार्जुनसंवादे यज्ञविभागयोगोनाम गुर्जरभाषायां अष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

अर्जुन उवाच—संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितं ॥ १ ॥

" પૂર્વાધ્યાયમાં અજ્ઞાનથી થતા સંશયને જ્ઞાનરૂપી તલવારથી કાપીને તું કર્મયોગનું આચરણ કર એમ શ્રી કૃષ્ણે કહ્યું; તેમાં પૂર્વાપર વિરોધ માનીને" અર્જુન પૂછે છે-

હે શ્રી કૃષ્ણ, તમે જ્ઞાનિએ કર્મનો ત્યાગ કરવો એમ કહો છો, ને તું કર્મયોગનું આચરણ કર એમ પણ કહોછો; પણ એ બેઉના વિરૂદ્ધ સ્વભાવને લીધે એક જણે એકજ વખતે એ બેઉ કરવાનો અસંભવ છે; માટે એ બેઉમાંથી જેનું આચરણ કરવાથી મારૂં શ્રેય થાય તે એક નિશ્ચય કરી કહો શ્રીભગવાન કહેછે-હે અર્જુન, સંન્યાસ તથ કર્મયોગ એ બેઉ કલ્યાણ કરનારા છે, પણ દેહાભિમાનિને કર્મ સન્યાસથી કર્મયોગ વિશેષ છે; કેમકે ચિત્તશુદ્ધિ દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન કરનાર છે. હે મહાબાહો, જે પુરૂષ રાગ તથા દ્વેષ રહિત થઇને પરમેશ્વરને અર્થે કર્મ કરે છે, તેને તે વખતે પણ સન્યાસી જાણવો, કારણ રાગ તથ દ્વેષાદિ દ્વંદ્વથી રહિત શુદ્ધ ચિત્તવાળો જ્ઞાનદ્વારા અનાયાસે કરી સંસારથી મુક્ત થાય છે. સંન્યાસ તથા કર્મયોગને અજ્ઞાનિ પુરૂષો જૂદા છે એમ કહે છે પંડિતો કહેતા નથી; કેમકે પુરૂષ એ બેઉમાંથી એકને પણ સારી રીતે આશ્રય કરે, તો બેઉનાં ફળને "મોક્ષને" પામે. વળી જ્ઞાનનિષ્ટ સન્યાસી સન્યાસે કરી જે મોક્ષરૂપી સ્થાનને પામે છે, તે સ્થાનને કર્મ યોગી પણ કર્મ યોગે કરી જ્ઞાનદ્વારા પામે છે માટે સંન્યાસ તથા કર્મયોગ એ બેઉ એકજ ફળ આપનાર છે. વાસ્તે જે પુરૂષ બેઉ એકજ છે એમ જુવે છે, તેજ સારી રીતે દેખે છે. "બીજો નહીં" "શંકા-જો કે કર્મયોગિ પણ છેવટ સન્યાસે કરીનેજ જ્ઞાનનિષ્ટ થાય છે, ત્યારે પ્રથમથીજ સન્યાસ કરવો યોગ્ય છે એમ તું કહીશ તો કહું છું" કે-હે મહાબાહો, કર્મયોગ વિના સન્યાસ પ્રાપ્ત થવો અશક્ય છે, કારણ ચિત્ત શુદ્ધિ વિના જ્ઞાન પ્રાપ્ત થવાનો અભાવ છે; ને કર્મ યોગયુક્ત જે પુરૂષ હોય છે, તે ચિત્ત શુદ્ધિવાળો થઈ પછી સન્યાસી થઇને, થોડા વખતમાં બ્રહ્મને પામે છે, માટે ચિત્ત શુદ્ધિ પહેલાં સન્યાસ કરતાં કર્મયોગજ શ્રેષ્ઠ છે. વળી કર્મયોગ યુક્ત, શુદ્ધ ચિત્તવાન, જીત્યાં હોય છે શરીર તથા ઇંદ્રિયો જેણે એવો અને આત્મરૂપે હુંજ સર્વમાં વ્યાપિ રહ્યો છું એમ જાણનાર પુરૂષ, લોક સંગ્રહ વાસ્તે સ્વાભાવિક કર્મ કરે છે તોપણ તેથી બંધન પામતો નથી. "શંકા-કર્મ કરે છે ને બંધાતો નથી એ કેમ એમ તુ કહીશ તો કહું છુ" કે-કર્મયોગ યુક્ત પુરૂષ ક્રમે કરી તત્વવેત્તા થઇને, જુવે છે, સાંભળે છે, સ્પર્શ કરે છે, સુંઘે છે, ભોજન કરે છે, ચાલે છે, સુવે છે, શ્વાસોશ્વાસ કરે છે, બોલે છે, ત્યાગ કરે છે, ગ્રહણ કરે છે, અને આંખ મીચે છે તથા ઉઘાડે છે, તોપણ ઇંદ્રિયો પોતપોતાના વિષયમાં વર્તે છે એમ બુદ્ધિથી નિશ્ચય કરી હું કંઇજ કરતો નથી એમ માને છે. વળી જે પુરૂષ કર્મનાં ફળની આશા મૂકી દઇ તથા તે બ્રહ્મને વિષેજ અર્પણ કરી કર્મ કરે છે, તે બંધનના હેતુપણાને લીધે પાપિષ્ટ એવા પુણ્ય તથા પાપરૂપ કર્મથી, જેમ જળમાં રહેલું કમળપત્ર તેથી લેપાતું નથી, તેમ લેપાતો નથી. યોગી પુરૂષ શરીરે કરી સ્નાનાદિ, મને કરી ધ્યાનાદિ, બુદ્ધિએ કરી તત્વ નિશ્ચયાદિ તથા કર્મમાં અભિનિવેશ રહિત એવી ઇંદ્રિઓએ કરી શ્રવણ તથા કીર્તનાદિ કર્મ, તજ્જન્ય ફળના સંગનો ત્યાગ કરી કેવળ ચિત્ત શુદ્ધિ વાસ્તે કરે છે. "શંકા-તેજ કર્મે કરી કેટલાક બંધાય છે તથા કેટલાક મુક્ત પણ થાય છે, માટે તેની વ્યવસ્થા કેમ કરવી એમ તું કહીશ તો કહું છું" કે જે પુરૂષ પરમેશ્વરને વિષેજ એક નિષ્ટાવાન થઇ કર્મના ફળની આશા મૂકી દઇને કર્મ કરે છે, તે મોક્ષને પામે છે; ને જે બહિર્મુખ પુરૂષ પોતાનીઇચ્છા પ્રમાણે કર્મ ફળમાં આસક્તિ રાખી કર્મ કરે છે, તે સંપૂર્ણ બંધન પામે છે. "એ પ્રમાણે જેની ચિત્ત શુદ્ધિ થઈ ન હોય એવા પુરૂષને પ્રથમ કર્મયોગ શ્રેષ્ઠ છે એમ કહ્યું; હવે ચિત્ત શુદ્ધિવાળાને સન્યાસ શ્રેષ્ઠ છે એમ કહુ" તે તું સાંભળ-નિયમમાં રાખ્યું હોય છે ચિત્ત જેણે એવો દેહી, વિક્ષેપ કરનાર સર્વ કર્મને વિવેકયુક્ત મને કરી ત્યાગ કરીને, બે નેત્ર, બે નાસિકા, બે કાન તથા એક મુખ એ પ્રમાણે સાત ઉપરના અને એક પાયુ તથા ઉપસ્થા એ

પ્રમાણે બે નીચેનાં એ રીતે સર્વ મળી નવ દ્વારવાળા મનુષ્ય શરીરરૂપ પુરને વિષે અહંકાર તથા અભિમાન રહિતપણાને લીધે તે શરીરે કરી કંઈ નહીં કરતાં તથા તેની પાસે કંઈ નહીં કરાવતાં સુખે કરી રહે છે. "કેવળ જ્ઞાનનિષ્ટ થઇ રહે છે" "શંકા–વેદની શ્રુતિમાં પરમેશ્વર જેને ઉત્તમ લોકની પ્રાપ્તિ કરાવા ઇચ્છે છે, તેની પાસે સારૂં કર્મ કરાવે છે અને જેને અધોલોકની પ્રાપ્તિ કરવા ઇચ્છે છે, તેને નરસું કામ કરાવે છે એમ કહેલ છે. તેથી જ્યારે પરમેશ્વરજ જીવને શુભ તથા અશુભ ફળવાળાં કર્મમાં પ્રેરણા કરે છે, ત્યારે પરવશ એવો જીવ, કર્મનો ત્યાગ કેમ કરી શકે? ત્યાં તમે, ઇશ્વર જીવને જ્ઞાન માર્ગમાં જોડે છે તેથી તે કર્મનો ત્યાગ કરે છે એમ કહેશો તો ઇશ્વરમાં વિષમપણું તથા નિર્દયપણું પ્રાપ્ત થવાથી તેને પણ પુણ્ય તથા પાપનો સંબંધ થશે એમ તું કહીશ તો કહું છું" કે–ઇશ્વર જીવલોકને કર્તૃત્વ કર્મ તથા કર્મના ફળના સંયોગને સૃજતા નથી; કેવળ જીવનો સ્વભાવ જે અવિદ્યા, તેજ કર્તૃત્વાદિરૂપે પ્રવર્તે છે, સર્વ કામે કરી પરીપૂર્ણ એવા પરમેશ્વર કોઇનાં પાપ તથા પુણ્યને ભજતા નથી, તથાપિ ઇશ્વર સર્વત્ર સમાન છે એ જે જ્ઞાન, તે વિનાએ કરી વિઠાન જવાને લીધે જીવ મોહ પામે છે. "ઇશ્વરને વિષે વિષમપણું માને છે" જેનું આત્મસ્વરૂપને આવરણ કરનારૂં અજ્ઞાન હું બ્રહ્મ છું એવા જ્ઞાને કરી નાશ થયું હોય છે, તેને તે જ્ઞાન, જેમ સૂર્ય સમગ્ર દશ્ય પદાર્થનો પ્રકાશ કરે છે, તેમ પરમાર્થ વસ્તુનો પ્રકાશ કરે છે. વળી તે પરમાર્થ વસ્તુને વિષેજ બુદ્ધિ, મન તથા નિષ્ઠાવાળા અને તેનોજ આશ્રયવાળા પુરૂષો, તે પરમાત્માના પ્રસાદથી પ્રાપ્ત થયેલા આત્મજ્ઞાને કરી ટળી ગયેલાં પાપવાળા થઇ મોક્ષને પામે છે. " જે જ્ઞાનિ મોક્ષને પામે છે, તે કેવા હોય છે તે કહું " તે તું સાંભળ–જ્ઞાની પુરૂષ વિદ્યા તથા વિનય સંપન્ન બ્રાહ્મણ, ગાય, હસ્તિ, શ્વાન તથા ચંડાળને વિષે બ્રહ્મદર્શિ હોય છે. વળી જેનું મન સમતાને વિષે રહ્યું હોય છે, તેણે આ લોકમાંજ સંસારને જીત્યો છે એમ જાણવું; કારણ સમ તથા નિર્દોષરૂપ બ્રહ્મ છે, માટે સમાન દ્રષ્ટિવાળા બ્રહ્મને વિષેજ રહ્યા છે. "બ્રહ્મનેજ પ્રાપ્ત થયા છે" વળી બ્રહ્મવેત્તા થઇને જે બ્રહ્મને વિષે રહ્યો હોય છે, તે પ્રિય પદાર્થને પામી પ્રસન્ન થતો નથી તથા અપ્રિયને પામી ખેદ પામતો નથી; કારણ તે નિશ્ચય બુદ્ધિવાળો તથા મોહ રહિત હોય છે. વળી બાહ્ય એવા ઇંદ્રિય વિષયને વિષે અનાસક્ત ચિત્તવાળો, અંતઃકરણમાં ઉપશમાત્મક સાત્વિક સુખને પામેલો તથા બ્રહ્મને વિષે ચિત્તના એકાગ્રપણાથી તેની સાથે એકતાને પામ્યો હોય છે આત્મા જેનો એવો જ્ઞાનિ પુરૂષ, અક્ષય એવા સુખને પામે છે. "શંકા–જેનાથી પ્રિય એવા વિષય ભોગની નિવૃત્તિ થાય છે એવો મોક્ષ, પુરૂષાર્થ કેમ કહેવાય એમ તું કહીશ તો કહું છું" કે–હે કુંતિપુત્ર અર્જુન, વિષયથી ઉત્પન્ન થતાં સુખ, વર્તમાન કાળમાં પણ સ્પર્ધા તથા અસૂયાદિ દોષે કરી વ્યાપ્ત હોવાથી દુઃખનાં કારણ છે, તેમ નાશવંત પણ છે; માટે વિવેકી પુરૂષ તેને વિષે રમણ કરતો નથી. " માટે મોક્ષજ પરમ પુરૂષાર્થ છે, ને કામ તથા ક્રોધના વેગ તેના અતિ પ્રતિપક્ષી છે; વાસ્તે તેઓને જે સહન કરવા સમર્થ હોય છે, તેજ મોક્ષભાગી છે એમ કહુ" તે તું સાંભળ–કામ તથા ક્રોધથી ઉત્પન્ન થએલા મન તથા નેત્રને ક્ષોભ પમાડનાર વેગને જે મનુષ્ય પોતાના દેહના પાત પર્યંત સહન કરવા સમર્થ હોય છે. તેજ સાવધાન સુખી થાયછે. વળી જેને આત્માને વિષેજ સુખ, ક્રીડા તથા દષ્ટિ હોય છે, પણ વિષયમાં સુખ, બહારની ક્રીડા અને ગીત તથા નૃત્યાદિને વિષે દષ્ટિ નથી એવો યોગિ પુરૂષ, બ્રહ્મરૂપ થઇ બ્રહ્મને વિષે લય પામે છે. વળી સમાન દષ્ટિવાળા, ક્ષીણ થયું હોયછે પાપ જેનું એવા સંશય વગરના, નિયમિત ચિત્તવાળા, સર્વ પ્રાણિના હિતમાં તત્પર તથા કૃપાળુ પુરૂષ પણ મોક્ષને પામે છે વળી કામ તથા ક્રોધ રહિત, આત્મતત્વ જાણેલા અને

નિયમિત ચિત્તવાળા સન્યાસિયોનો જીવતાં તથા મૃત્યુ પામ્યા પછી પણ વિષેજ લય છે. વળી ચિંતન કરવાથી અંતરમાં પ્રવેશ કરે એવા રૂપ તથા રસાદિ બાહ્ય વિષયો તેના ચિંત્તનના ત્યાગે કરી બહાર કરી, દૃષ્ટિ ભૃકુટિના મધ્ય ભાગમાં રાખો અને નાસિકામાં વિચરનાર પ્રાણ તથા અપાનને ઉર્ધ્વગતિ, અધોગતિ અને નિરોધે કરી સમાન કરીને, નિયમમાં રાખેલાં હોય છે ઇંદ્રિય, મન તથા બુદ્ધિ જેનાં એવો, મોક્ષજ પ્રાપ્ત થવાનો છે પરમ પદાર્થ જેને એવો અને ગયાં હોય છે ઇચ્છા, ભય તથા ક્રોધ જેને એવો જે મુનિ, તે જીવતાં પણ સદૈવ મુક્તજ છે. " કેવળ ઇંદ્રિયોનાજ સંયમથી કેમ મુક્ત થવાય એમ તું કહીશ તો એમ નથી, જ્ઞાને કરીજ મુક્ત થવાય છે એ કહું" તે તું સાંભળ–મને અર્પણ કરેલાં યજ્ઞ તથા તપનાં ફળને તેની ઇચ્છાથી ભોગવનાર, સર્વ લોકના મોટા ઇશ્વર અનેસર્વ ભૂતપ્રાણિના અંતર્યામિ એવા મને જાણીને યોગી, મારા પ્રસાદથી મોક્ષ પામે છે.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरं ।

सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे सन्यासयोगोनाम गुर्जरभाषायां एकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥

श्री भगवानुवाच–अनाश्रितः कर्मफलं कार्य कर्म करोति यः ।

स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥ १ ॥

શ્રીભગવાન કહેછે–હે અર્જુન, કર્મના ફળની ઇચ્છા નહીં રાખતો એવો જે પુરૂષ અવશ્ય કર્તવ્યતાએ કરી કહેલાં નિત્ય કર્મ કરેછે, તેનેજ સન્યાસી તથા યોગી જાણવો. પણ વિધિથી શ્રૌત તથા સ્માર્ત કર્મને ત્યાગ કરનારનેજ સન્યાસી અને ત્યાગ કરેલાં હોયછે વાણી તથા મનનાં કર્મ જેણે એવાનેજ યોગી જાણવો નહી. હે પાંડવ, જેને સન્યાસ કહે છે, તેનેજ તું યોગ જાણ; કેમકે જેણે સંકલ્પ ત્યાગ નથી કર્યો, તે કોઇ કર્મ યોગી કહેવાય નહીં. " સંકલ્પનો ત્યાગ કરવાથી સન્યાસ તથા યોગ એ બેઉ સમાન છે" "ત્યારે તો જ્યાંસુધી જીવવું, ત્યાંસુધી કર્મયોગનુંજ સેવન કરવું પ્રાપ્ત થયું એમ તું કહીશ તો તેને સેવવાની અવધિ કહું" તે તું સાંભળ–જ્ઞાનયોગને પામવાની ઇચ્છાવાળા પુરૂષને તે પામવા વિષે કર્મ યોગજ કારણ છે, કેમકે તેથી ચિત્ત શુદ્ધિ થાય છે; ને જ્ઞાન યોગ પામેલા તેને તેની પકવતાને માટે ચિત્તને વિક્ષેપ કરનાર કર્મથી વિરામ પામવું એજ કારણ છે "શંકા–જેનું શમ કારણ કહેવાય છે એવા યોગારૂઢનું સ્વરૂપ શું એમ તું કહીશ તો કહું છું" કે–સર્વ ભોગ વિષય તથા કર્મ વિષયના સંકલ્પનો ત્યાગ કરવામાંજ જેનો સ્વભાવ છે એવો યોગી પુરૂષ, જ્યારે ઇંદ્રિય ભોગ્ય જે શબ્દાદિ વિષય તથા તેનાં સાધનભૂત કર્મને વિષે આસક્તિ રહિત થાય છે, ત્યારેજ યોગારૂઢ કહેવાય. વિવેક યુક્ત આત્માએ કરી "મને કરી" આત્માનો ઉદ્ધાર કરવો, પણ તેને અધોગતિની પ્રાપ્તિ કરાવવી નહીં; કેમકે સંગથી વિરામ પામેલો આત્માજ આત્માનો બંધુ તથા આસક્ત હોવાથી શત્રુ છે." શંકા–આત્માજ આત્માનો બંધુ તથા શત્રુ કેમ? એમ તું કહીશ તો કહું છું કે–જેણે વિવેક યુક્ત મને કરી કાર્ય તથા કારણના સંઘાતરૂપ આત્માને જીત્યો છે, તે આત્માનો આત્માજ બંધુ છે ને જેણે ચિત્તન થી

જીત્યું એવા આત્માનો આત્મા શત્રુ છે. માટે જીત્યો હોય છે આત્મા જેણે એવો તથા રાગાદિ રહિત પુરૂષનો આત્મા, શીતોષ્ણાદિ સુખદુઃખ તથા માન અપમાન પ્રાપ્ત થાય તોપણ કેવળ આત્મનિષ્ટ થઇ રહે છે. "પોતાને વિષે સુખ તથા દુઃખાદિ માનતો નથી." વળી ગુરૂએ ઉપદેશ કરેલાં જ્ઞાને કરી તથા અપરોક્ષ અનુભવે કરી તૃપ્ત હોય છે ચિત્ત જેનું એવા, વિકાર રહિત, જીતેંદ્રિય અને માટીનાં ઢેફાં, પથ્થર તથા સુવર્ણ જેને સમાન હોય છે એવા યોગિને યોગારૂઢ જાણવો. "યોગને પામેલો જાણવો" ને પોતાનું હિત કરનાર મિત્ર તથા શત્રુ એ જાણુ વર્તતા હોય તેની ઉપેક્ષા કરનાર, તેઓનું હિત કરનાર અને દ્વેષ કરવા લાયક, સંબંધિ, સારા આચરણવાળા તથા દુષ્ટ આચરણવાળાઓને વિષે જેની રાગ તથા દ્વેષાદિ રહિત બુદ્ધિ હોય છે, તે અતિ શ્રેષ્ટ કહેવાય છે. હવે પ્રથમ સંગ રહિત, મન તથા દેહ જેનાં નિયમમાં હોય છે, એવા, આકાંક્ષા રહિત અને સ્ત્રી તથા પુત્રાદિનો સ્વીકાર જેને નથી એવા યોગી પુરૂષે એકાંતમાં રહિને પોતાંના મનને સ્થિર કરવું. પછી પવિત્ર સ્થાનને વિષે અતિ ઉંચું નહીં તથા અતિ નિચું નહીં એવું અને દર્ભ, મૃગચર્મ તથા વસ્ત્ર ઉત્તરોત્તર બીછાવેલું પોતાને બેસવા સારૂ આસન કરી, તેની ઉપર બેસી અને મન વિક્ષેપ રહિત કરીને, વિરામ પામી હોય છે ચિત્ત તથા ઇંદ્રિઓની ક્રિયાવાળા યોગએ પોતાના મનની શુદ્ધિ વાસ્તે યોગનો અભ્યાસ કરવો. તે આવી રીતે કે પ્રશાંત ચિત્તવાળા, ગયેલા ભયવાળા તથા બ્રહ્મચર્યવાને મૂલાધાર "ગુદા" ને આરંભિ મૂર્ધ્ધાંત પર્યંત શરીરને સરખું અચલ રાખી, દૃઢ યત્નવાન થઈ, પોતાની નાસિકાના અગ્રભાગને વિષે દૃષ્ટિ રાખી ' નેત્રને અર્ધ મીચી " અને દિશાઓમાં અહીંતહીં નહિ જોઇને, મનને નિયમમાં રાખી, મારે વિષે ચિત રાખી તથા મને પુરૂષાર્થ માની પરાયણ થઇ રહેવું. એ પ્રમાણે નિયમમાં રાખેલા ચિત્તવાળો યોગી પુરૂષ જો કહેલા પ્રકારે કરી સદૈવ પોતાના મનને સાવધાન રાખે, તો જેનાથી સંસારની નિવૃત્તિ થાય છે એવી મોક્ષરૂપ મારી સ્થિતિને પામે. "મારા સ્વરૂપને પામે" પણ હે અર્જુન, અતિ ભોજન કરનાર, મુદ્દલ ભોજન નહીં કરનાર, અતિ નિદ્રાશીલ તથા અતિ જાગનાર પુરૂષને યોગ સિદ્ધ થતો નથી. "શંકા—ત્યારે કેવાને યોગ સિદ્ધ થાય એમ તું કહીશ તો કહું છું" કે—સામાન્ય આહાર, વિહાર, કર્મને વિષે ચેષ્ટા, નિદ્રા તથા જાગરણવાળા પુરૂષને, દુઃખને ટાળનાર એવો યોગ સિદ્ધ થાય છે. "શંકા-પુરૂષ યોગ સિદ્ધ થયેલો કેમ જણાય એમ તું કહીશ તો કહું છું" કે—જે પુરૂષનું નિયમમાં રાખેલું ચિત્ત, કેવળ આત્માને વિષેજ સ્થિર રહી સર્વ કામના ભોગની તૃષ્ણા રહિત થાય, તે પુરૂષ યોગ સિદ્ધ થયેલો કહેવાય. આત્મા યોગનો અભ્યાસ કરનાર તથા નિયમમાં રાખેલાં ચિત્તવાળા યોગિનું ચિત્ત, જેમ વાયુ વગરના સ્થાનને વિષે રહેલો દીવો ચલાયમાન થાય નહિ, તેમ ચલાયમાન થાય નહિ. "શંકા–તમે હે પાંડવ, જેને સંન્યાસ કહે છે, તેને તું યોગ જાણ, ઇત્યાદિ સ્થળ વિષે યોગ શબ્દે કરી કર્મજ કહ્યું. વળી "અતિ જમનારને યોગ સિદ્ધ થાય નહિ ઇત્યાદિ સ્થળને વિષે યોગ શબ્દે કરી સમાધિ કહ્યો; માટે એ બેઉ યોગમાં મુખ્ય યોગ કયો, એમ તું કહીશ તો કહું છું" "પણ સ્વરૂપથી તથા ફળથી મુખ્ય યોગ સમાધિજ છે એમ કહું" તે તું સાંભળ—જે અવસ્થાને વિષે યોગના સેવને કરી રૂંધેલું ચિત્ત વિરામ પામે, શુદ્ધ મને કરી આત્માનેજ જોવાય પણ દેહાદિને નહિ, આત્માને વિષેજ સંતુષ્ટ થવાય પણ બીજા વિષયને વિષે નહિ, જેનાથી બીજું અતિશય નથી એવું, અતીંદ્રિય, નિત્ય તથા કેવળ બ્રહ્માકાર બુદ્ધિએ

કરી ગ્રહણ થય એવું સુખ જાણવામાં આવે, સ્થિર હોવાને લીધે આત્મસ્વરૂપથી ચલાયમાન થવાય નહિ, આત્મ-સુખરૂપ અતિ પ્રાપ્ત થયા પછી તેથી બીજો અધિક લાભ છે એમ મનાય નહિ, મ્હોટાં એવાં શીતોષ્ણાદિ દુઃખ પણ પરાભવ કરી શકે નહિ તથા દુઃખરૂપ વિષય સુખનો સ્પર્શમાત્ર પણ હોય નહિ, તે અવસ્થાનેજ યોગ એમ જાણવું. હે અર્જુન, એ પ્રમાણનો એ યોગ મ્હોટું ફળ આપનાર છે, માટે મનુષ્યોએ સંકલ્પે કરી ઉત્પન્ન થતી તથા યોગમાં પ્રતિકૂળ એવી વાસના સહિત સર્વ કામનાઓનો ત્યાગ કરી અને વિષયમાં દોષ જોનાર મને કરી ઇંદ્રિય સમૂહને સારી રીતે નિયમમાં રાખીને યત્નશીલ ચિત્તે કરી તેનો અભ્યાસ કરવો. "કદી પૂર્વ જન્મના કર્મ સંસ્કારથી મન ચલાયમાન થાય, તો તેને ધારણાએ કરી સ્થિર કરવું એમ કહ્યું" તે તું સાંભળ-યોગી ધારણાએ કરી વશ કરેલી બુદ્ધિથી ચલાયમાન તથા મનને આત્માને વિષે સારી રીતે સ્થિર કરીને આસ્તે આસ્તે વિરામ પામે, ને કંઈ પણ ચિંતન કરે નહી. "નિશ્ચળ મન થયા પછી પોતેજ પ્રકાશમાન પરમાનંદ સ્વરૂપ થઇ ધ્યાન કરવાથી પણ નિવૃત્તિ પામે" "એમ કરતાં પણ રજોગુણને વશ એવું મન ચલાયમાન થાય, તો પાછું વિષયાદિમાંથી ખેંચીને આવી રીતે વશ કરવું તે કહ્યું" તે તું સાંભળ-યોગિએ સ્વભાવથીજ ચચળ તથા નિયમમાં રાખ્યું હોય તો પણ અસ્થિર એવું મન જે જે વિષય પ્રત્યે જાય; તે તે વિષયથી પાછું ખેંચીને આત્માને વિષેજ સ્થિર કરવું. કારણ બ્રહ્મપણાને પ્રાપ્ત થયેલા, પાપ રહિત, શાંત મનવાળા તથા નિવૃત થયો હોય છે રજોગુણ જેનો એવા એ યોગિને પોતાની મેળેજ સમાધિનું સુખ પ્રાપ્ત થાય છે. વળી એ પ્રમાણે સદૈવ મનને વશ કરનાર તથા પાપ વગરનો યોગિ, અનાયાસે કરી જેથી અવિદ્યા નિવૃત્ત થાય છે એવા સાક્ષાત્કારરૂપ સર્વોત્તમ સુખને પામે છે. "જીવનમુક્ત થાય છે" અભ્યાસ કરેલા યોગે કરી સાવધાન ચિત્તવાળો તથા સર્વત્ર બ્રહ્મ દૃષ્ટિવાળો યોગી, બ્રહ્માદિ સ્થાવરાંત સર્વ પ્રાણી વિષે પોતાના આત્માને અને આત્માને વિષે તે સર્વ પ્રાણિને જુવે છે. વળી જે પુરૂષ સર્વને વિષે મને જુવે છે તથા સર્વને મારે વિષે જુવે છે, તેને હું અદૃશ્ય થતો નથી તથા તે મને અદૃશ્ય નથી. "હું પ્રત્યક્ષ થઇ કૃપાદૃષ્ટિથી તેને જોઇ તેની ઉપર અનુગ્રહ કરૂં છું" જે પુરૂષ સર્વભૂતપ્રાણિમાં રહેલા મને અભેદરૂપે ભજે છે, તે જ્ઞાની થઇને કર્મનો ત્યાગ કરે છે, તોપણ સંસારથી મુક્ત થાય છે, ભ્રષ્ટ થતો નથી. હે અર્જુન, જે મનુષ્ય જેમ મને સુખ પ્રિય છે તથા દુઃખ અપ્રિય છે, તેમ બીજાઓને પણ છે એમ સર્વત્ર પોતાના સમાનપણાએ કરી જોઇને સર્વને સુખ પ્રાપ્ત થાઓ પણ કોઇને દુઃખ પ્રાપ્ત થાઓ નહીં એમ ઇચ્છે, તે યોગી મને અત્યંત માન્ય છે. અર્જુને કહ્યું કે હે મધુસૂદન, જેમાં કેવળ મન આત્માકાર થઇ રહે છે એવો આ યોગ તમે કહ્યો, પણ તે ઘણા કાળ સૂધી સ્થિર રહે એમ હું દેખતો નથી; કારણ મન ચંચળ છે. વળી હે શ્રી કૃષ્ણ, તે મન સ્વભાવથીજ ચંચળ, દેહ તથા ઇંદ્રિઓને ક્ષોભ કરનાર, વિચારે કરી પણ જીતી શકાય નહીં એવું અને વિષય વાસનાથી બંધાવાને લીધે દુઃખે કરી પણ ભેદાય નહીં એવું છે; માટે હું તેનો નિગ્રહ કરવો વાયુની પેઠે દુષ્કર માનું છું. શ્રી ભગવાન કહે છે-હે મ્હોટી ભુજાવાળા કુંતિપુત્ર, તારા કહેવા પ્રમાણે ચંચલતાને લીધે મનનો દુઃખે કરી પણ નિગ્રહ થાય નહી એમ છે એમાં સંશય નથી; તોપણ અભ્યાસે કરી તથા વૈરાગ્યે કરી નિગ્રહ કરી શકાય એમ છે. એ યોગ કહેલા અભ્યાસ તથા વૈરાગ્યે કરી નહીં નિયમમાં રાખેલા ચિત્તવાળા પુરૂષને પ્રાપ્ત થવો કઠીણ છે; પણ તે અભ્યાસ તથા વૈરાગ્યે કરી જેનું ચિત્ત વશ હોય છે એવા અને એજ ઉ-

પાયે કરી પ્રયત્ન કરનાર પુરૂષને પ્રાપ્ત થાય છે. અર્જુન પૂછે છે-હે શ્રી કૃષ્ણ, જે પુરૂષ પ્રથમ શ્રદ્ધાએ કરી યોગમાં પ્રવર્ત્ત થયો હોય અને પછી મંદ વૈરાગ્યને લીધે યોગથી ચલાયમાન થઇને વિષયમાં આસક્ત થયો હોય તે પુરૂષ યોગના ફળરૂપ જ્ઞાનને પામ્યા વગર કયી ગતિને પામે ? હે મ્હોટી ભુજાવાળા શ્રી કૃષ્ણ, કર્મ માર્ગ તથા યોગ માર્ગથી ભ્રષ્ટ થયેલો, આશ્રય વગરનો તથા બ્રહ્મ પ્રાપ્ત થવાના માર્ગને વિષે વિમૂઢ એવો પુરૂષ, છિન્ન ભિન્ન થયેલાં વાદળાંની પેઠે નાશ પામે કે ન પામે ! હે શ્રી કૃષ્ણ, એ મારા સંશયને તમે કાપવા યોગ્ય છો; કારણ તમારા વગર એ સંશયને ટાળનાર બીજો કોઇજ નથી. શ્રી ભગવાન કહે-છે હે પાર્થ, હે તાત, કર્મ-માર્ગ તથા યોગ માર્ગથી ભ્રષ્ટ થએલા પુરૂષને આ લોકનો નાશ જે પતિતપણું તથા પરલોકનો નાશ જે નરક પ્રાપ્તિ, તે બેઉ નથી; કેમકે શુભ કામ કરનાર કોઈ પણ દુર્ગતિને પામતો નથી. " તે યોગી શ્રદ્ધાએ કરી યોગનું સેવન કરેલ હોવારૂપ શુભકારી હોય છે, માટે દુર્ગતિને પામતો નથી " " શંકા-ત્યારે તે શું પામે છે એમ તું કહીશ તો કહું છું " કે-યોગ ભ્રષ્ટ થયેલો તે પુરૂષ, અશ્વમેધાદિ યજ્ઞ કરનાર પુરૂષને પામવા લાયક લોકને પામી, ત્યાં ઘણા વર્ષ પર્યંત રહી તથા તેના સુખનો અનુભવ કરીને, સદાચરણયુક્ત ધનવાન પુરૂષના ગૃહને વિષે જન્મ લે છે. " એ પ્રમાણે થોડો કાળ યોગ સેવન કરી ભ્રષ્ટ થયેલા પુરૂષની ગતિ કહી; હવે ઘણા કાળસુધી યોગનું સેવન ભ્રષ્ટ થયેલાની ગતિ કહું " તે તું સાંભળ ઘણા કાળસુધી યોગનું સેવન કરી ભ્રષ્ટ થયેલો પુરૂષ યોગનિષ્ટ જ્ઞાનિના કુળમાં ઉત્પન્ન થાય છે; લોકમાં એવે ઠેકાણે જન્મ થવો દુર્લભ છે, કેમકે તે મોક્ષ આપનાર છે. હે કુરૂનંદન, પુરૂષ તે બેઉ પ્રકારના જન્મને વિષે પૂર્વ દેહમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મ વિષયક બુદ્ધિના સંયોગને પામે છે, ને તેથી પૂર્વ જન્મ કરતાં મોક્ષ વિષે અધિક પ્રયત્ન કરે છે; કેમકે પૂર્વ દેહને વિષે કરેલો અભ્યાસ, કંઇ અંતરાયને લીધે નહીં ઇચ્છા કરતો હોય, તોપણ તેને વિષયથી ભ્રષ્ટ કરી બ્રહ્મનિષ્ટ કરે છે. ' અર્થાત્ પુરૂષ પૂર્વાભ્યાસને લીધે ધીરે ધીરે યત્ન કરી મુક્ત થાય છે. " એ રીતે પુરૂષ કેવળ યોગના સ્વરૂપને જાણવાની ઇચ્છાથીજ યોગમાં પ્રવિષ્ટ થઇ પાછો પાપને લીધે તેથી ભ્રષ્ટ થયો હોય તોપણ વેદોક્ત કર્મના ફળને અતિક્રમણ કરી તેથી અધિક ફળને પામી મુક્ત થાય છે. ત્યારે જે યોગી પ્રયત્નથી ઉત્તરોત્તર યોગ વિષે અધિક યત્ન કરનાર તથા યોગાભ્યાસે કરીજ નિષ્પાપ થય હોય છે, તે અનેક જન્મે કરી સારી રીતે જ્ઞાની થઇ શ્રેષ્ઠ ગતિને પામે એમાં શું આશ્ચર્ય " કંઇજ નહી " એમ છે માટે હે અર્જુન, કૃચ્છ્ર તથા ચાંદ્રાયણાદિ તપોનિષ્ટ, શાસ્ત્ર જ્ઞાની અને આરાધન, વાવ, કુવા, તથા તળાવ બંધાવવારૂપ કર્મ કરનારથી પણ યોગી શ્રેષ્ઠ છે; વાસ્તે તું યોગી થા. ' હવે યમ તથા નિયમાદિમાં તત્પર એવા યોગી કરતા પણ મ્હારો ભક્ત શ્રેષ્ઠ છે એમ કહું " તે તું સાંભળ—સર્વ યોગીમાં પણ મ્હારે વિષેજ આસક્ત મને કરી પરમેશ્વર એવા મને જે શ્રદ્ધા યુક્ત થઇ ભજે છે, તેને હું યોગીથી પણ શ્રેષ્ઠ માનું છું. " માટે તું પણ મ્હારો ભક્ત થા. ".

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ।

श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे

अध्यात्मयोगोनाम गुर्जरभाषायां त्रिंशोऽध्यायः ॥ ३० ॥

श्री भगवानुवाच–मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ १ ॥

શ્રી ભગવાન કહે છે—" પૂર્વાધ્યાયના અંતને વિષે જે પુરૂષ મારામાંજ આસકત એવાં અંતઃકરણથી મારૂંજ ભજન કરે છે, તેને યોગીયોમાં પણ શ્રેષ્ઠ માનુ છું એમ મેં કહ્યું, ત્યારે જેની ભકિત કરવી એવા તમારૂં સ્વરૂપ કેવું છે એમ તું પૂછીશ, તો હું મ્હારા સ્વરૂપનું નિરૂપણ કરી કહું " તે તું સાંભળ હે પાર્થ, મ્હારે વિષેજ જેનું મન અભિનિવિષ્ટ છે એવો, મ્હારાજ આશ્રયવાળો તથા યોગાભ્યાસ કરતો એવો તું, વિભૂતિ, બળ, તથા ઐશ્વર્યાદિ સહિત મને નિઃસંશયપણાથી જે રીતે જાણીશ, તે રીતે કહું તે તું સાંભળ-આ કલ્યાણરૂપ માર્ગમાં પ્રવર્તમાન પુરૂષને જે જાણ્યા પછી કંઇ પણ બીજું જાણવાને અવશેષ રહે નહીં એવું અનુભવ સહિત સમગ્ર આ મ્હારૂં જ્ઞાન તને કહું છું " અસંખ્ય જીવોમાં મનુષ્ય વ્યતિરિક્ત જીવોની કલ્યાણ માર્ગમાં પ્રવૃત્તિજ નથી " ને હજારો મનુષ્યોમાં પણ કોઇકજ પોતાના ઉત્તમ પુણ્યને લીધે આત્મજ્ઞાન વાસ્તે યત્ન કરે છે, યત્ન કરનાર હજારોમાંથી સારા પુણ્યને લીધે કોઇકજ આત્માને જાણે છે અને આત્મજ્ઞાન સિદ્ધ થએલા હજારોમાંથી પરમાત્મા એવા મ્હારા પ્રસાદને લીધે કોઇકજ મને તત્વથી ઓળખે છે. " એ રીતે અતિ દુર્લભ મ્હારૂં જ્ઞાન છે તોપણ હું તને કહું છું " મ્હારી માયારૂપ શકિત પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ તથા અહંકાર એ રીતે આઠ પ્રકારના વિભાગને પામી છે. હે મહાબાહો એ રીતેજ આઠ પ્રકારવાળી પ્રકૃતિ કહી, તે કંઇ એક નિચા દરજ્જાની છે, હવે એ પ્રકૃતિ કરતાં શ્રેષ્ઠ એવી બીજી જીવરૂપી મ્હારી પ્રકૃતિ છે એમ તું જાણ; જેણે કરી કર્મ દ્વારા આ જગત ધારણ થાય છે. એ પ્રમાણે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞરૂપ જે બે પ્રકૃતિ, તેજ છે કારણ જેનું એવાં આ સ્થાવર તથા જંગમાત્મક સર્વ પ્રાણિ છે એમ તું જાણ. તે બે પ્રકારની પ્રકૃતિમાં પ્રથમ કહેલી જે આઠ પ્રકારે ભેદ પામેલી જડ પ્રકૃતિ, તે દેહરૂપે પરિણામ પામે છે અને મારા અંશભૂત ચેતનરૂપ જે પ્રકૃતિ, તેતો ભોકતાપણાથી દેહને વિષે પ્રવેશ કરીને પોતાના કર્મે કરી તેને ધારણ કરે છે; જેઓ મારાથી ઉત્પન્ન થઈ છે" માટે હુંજ પ્રકૃતિ સહિત સમગ્ર જગતનું પરમ કારણ તથા તેનો સંહાર કરનાર છું. વાસ્તે હે ધનંજય, જગતના સૃષ્ટિ તથા સંહારનું સ્વતંત્ર કારણ મારા કરતાં શ્રેષ્ટ બીજું કંઇપણ નથી; ને જેમ સૂત્રમાં મણકા પરોવાઇ રહ્યા છે, તેમ આ સર્વ જગત્ મારે વિષે પરોવાઇ રહ્યું છે. હે કુંતિપુત્ર અર્જુન, જળને વિષે રસ, ચંદ્ર તથા સૂર્યને વિષે કાંતિ, સર્વ વેદને વિષે પ્રણવ, આકાશને વિષે શબ્દ, મનુષ્યોને વિષે ઉદ્યમ, પૃથ્વીને વિષે પવિત્ર એવો ગંધ, અગ્નિને વિષે તેજ' સર્વ પ્રાણિને વિષે આયુષ, અને વાનપ્રસ્થાદિ તપસ્વિયો વિષે શીતોષ્ણાદિ દ્વંદ્વ સહનરૂપ તપ, એ સર્વ હું છું. વળી હે ભરતકુળમાં શ્રેષ્ઠ પાર્થ, સર્વ ભૂતપ્રાણિનું સનાતન બીજ, બુદ્ધિમાનની બુદ્ધિ, તેજસ્વિયોનું તેજ, બળવાનનું કામ તથા રાગ રહિત બળ સર્વ ભૂતપ્રાણિને વિષે ધર્મમાં અવિરૂદ્ધ એવો કામ પણ હું છું એમ તું જાણ. હવે પ્રાણિમાત્રને પોતાના કર્મ વશથી શમદમાદિ જે સાત્વિક ભાવ, દ્વેષ દર્પાદિ જે રાજસ ભાવ તથા શોક મોહાદિ જે તામસભાવ ઉત્પન્ન થાય છે,

તે સર્વ મારી પ્રકૃતિના ગુણના કાર્યરૂપ હોવાથી મારાથીજ ઉત્પન્ન થએલા છે એમ તું જાણ; પણ હું તેઓને વિષે જીવની પેઠે આધિન થતો નથી, પણ તેઓ મને આધિન થઇ મારે વિષે વર્તે છે. " શંકા એવા પરમેશ્વર તમને આ મનુષ્ય કેમ જાણતાં નથી એમ તું કહીશ તો કહું છું " કે ગુણમય એવા પૂર્વોકત કામ લોભાદિ ત્રણ પ્રકારના સ્વભાવે કરી આ સર્વ જગત મોહ પામ્યું છે; તેથી એ સર્વ ભાવનો નિયંતા તથા નિર્વિકારી એવા મને જાણતું નથી. " શંકા-ત્યારે તમને કોણ જાણે એમ તું કહીશ તો કહું છું" કે-અલૌકીક તથા સત્વાદિ ગુણમય એવી આ શક્તિરૂપ માયા દુસ્તર છે; તથાપિ જે મનુષ્ય અવ્યભિચારણી ભક્તિએ કરી મને ભજે છે, તે એને તરે છે. " ત્યાર પછી મને જાણે " શંકા-એમ છે ત્યારે સર્વ મનુષ્યો તમને કાં ભજતા નથી એપ તું કહીશ તો કહું છું " કે પાંપશીલ, વિવેક રહિત, મનુષ્યોમાં અધમ, માયાએ કરી ટળી ગએલા જ્ઞાનવાળા અને દંભ, દર્પ, અભિમાન તથ ક્રોધાદિ આસુર ભાવને પામેલા પુરૂષો મને ભજતા નથી. હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન, પૂર્વે કર્યું હોય છે પુણ્ય જેણે એવા રોગાદિ પીડાએલા, આત્મજ્ઞાનને તથા ભોગના સાધનભૂતા દ્રવ્યને ઇચ્છનાર અને જ્ઞાનિ એ ચાર પ્રકારના પુરૂષો મને ભજે છે. પણ તે ચાર પ્રકારના મારા ભકતમાં જે સદૈવ મારે વિષે નિષ્ઠાવાન્ તથા ભકિત યુકત હોય છે, તે જ્ઞાની શ્રેષ્ઠ છે; કેમકે તેને હું અત્યંત પ્રિય છું તથા તે મને અત્યંત પ્રિય છે. " શંકા-ત્યારે શું બાકીના ત્રણ પ્રકારના તમારા ભકત સંસારમાં ભ્રમણ કરે ? એમ તું કહીશ તો કહું છું " કે-એ ત્રણ પ્રકારના મારા ભકત મોક્ષને પામવાવાળા ખરા, પણ જ્ઞાની તો મારો આત્માજ છે એમ મને નિશ્ચય છે; કારણ મારામાંજ એક ચિત્ત રાખી તથા ઉત્તમ ગતિરૂપ જે હું તેનોજ આશ્રય કરી રહે છે; મારાથી જૂદું બીજું કંઇપણ ફળ માનતો નથી " ને જે જ્ઞાનવાન ઘણાક જન્મને અંતે એટલે છેલ્લા જન્મને વિષે, આ ચરાચર સર્વ વાસુદેવ ભગવાનજ છે એમ સર્વોત્મ દૃષ્ટિ રાખી મને ભજે છે, તે મહાત્મા પુરૂષ જગતમાં દુર્લભ છે. " એ પ્રમાણે જે કામની ઇચ્છાવાળા પુરૂષો કામની પ્રાપ્તિ થવા તે સારૂં મારૂં ભજન કરે છે, તે પણ ઇચ્છિત કામનાને પામીને આસ્તે આસ્તે સંસારથી મૂકાય છે એમ કહ્યું. હવે રજોગુણ તથા તમોગુણ યુકત જે કામી પુરૂષ ક્ષુદ્ર એવા દેવતાઓનું ભજન કરે છે, તે સંસારમાં ભ્રમણ કરે છે એમ કહું " તે તું સાંભળ-સ્વભાવે નિયમમાં રાખેલા જે પુરૂષો પુત્ર, કીર્તિ તથા શત્રુજયાદિ કામનાએ કરી ટળી ગએલા વિવેકવાન થઇ અને ભજનના અંગરૂપ ઉપવાસાદિ નિયમને સ્વીકારીને, ભૂત, પ્રેત તથા યક્ષાદિ ક્ષુદ્ર દેવતાઓને ભજે છે, તેઓમાં જે જે દેવતાઓની મૂર્તિનું શ્રદ્ધાએ કરી પૂજન કરવા ઇચ્છે છે, તે તે ભકતને તેવી તેવી અચળ શ્રદ્ધા હું પ્રાપ્ત કરૂંછું. પછી શ્રદ્ધાયુકત થએલો પુરૂષ તે દેવતાના આરાધનને ઇચ્છેછે, ને મેંજ તે દેવતારૂપે આપેલી કામનાઓને પામે છે " જો કે સર્વ દેવતાઓ મારીજ મૂર્તિ છે, માટે તેઓનું આરાધન પણ વસ્તુતઃ મારૂંજ આરાધન છે, તેથી તેના આરાધનનું ફળ આપનાર પણ હુંજ છું; તોપણ સાક્ષાત્ મારા ભકત તથા દેવતાઓના ભકતને ફળ પ્રાપ્ત થવામાં વિષમતા થાય છે એમ કહું " તે તું સાંભળ-તે પૃથક્ દૃષ્ટિવાળાઓને ફળ હું આપુ છું, તોપણ તે નાશવંત થાય છે; કેમકે દેવતાઓનું યજન કરનાર દેવતાઓને પામે છે અને મારૂં યજન કરનાર મને પામે છે. શંકા—દેવતાના ભકત તથા તમારા ભકતને શ્રમ તો સમાન છે, ને તમારૂં ભજન

કરવાથી ફળ મોટું થાયછે, ત્યારે સર્વ મનુષ્યો બીજા દેવતાઓને મૂકી દઇ તમારુંજ ભજન કાં કરતા નથી એમ તું કહીશ તો કહુંછું" કે—અબુદ્ધિમાન પુરૂષો પ્રપંચાતીત અને જગતના રક્ષણ માટે મનુષ્ય, મત્સ્ય તથા કૂર્માદિ સ્વરૂપને ધારણ કરેલા મને તે તે રૂપે માને છે; કેમકે મારા નિત્ય તથા અનુત્તમ સ્વરૂપને જાણતા નથી "તે પુરૂષને તે તે અવતારમાં મારા સાક્ષાત્ સ્વરૂપનાં અજ્ઞાનનો હેતુ કહું" તે તું સાંભળ—સર્વ લોકને હું સાક્ષાત્કાર રૂપે જાણવામાં આવતો નથી કેવળ મારા ભક્તોનેજ જાણવામાં આવુંછું; કેમકે મારી યોગમાયાયે કરી વીટાએલોછું, માટે મૂઢ એવો આ લોક અજન્મા તથા અવિનાશ એવા મને જાણતો નથી. પણ હે અર્જુન, નાશ થયેલા, વર્તમાન તથા થનાર એ ત્રણે કાળમાં વર્તનાર હું સ્થાવર તથા જંગમ સર્વ પ્રાણિને જાણુંછું, પણ કોઇ મને જાણતો નથી. હે ભારત, હે શત્રુને તપાવનાર, સ્થૂળ દેહની ઉત્પત્તિ થયા પછી તેની અનુકૂળ વિષે ઇચ્છા તથા પ્રતિકૂળ વિષે દ્વેષથી ઉત્પન્ન થયેલો શીતોષ્ણ સુખ તથા દુઃખાદિ દ્વંદ્વ નિમિત્ત મોહે કરી સર્વ પ્રાણિ, હુંજ સુખી તથા દુઃખી છું એમ અત્યંત અભિમાન કરે છે "માટે તેને મારા જ્ઞાનનો અભાવ થાય છે તેથી તે મને ઓળખતા નથી" "શંકા—ત્યારે કેટલાક તમારું ભજન કરનાર કેમ દેખાય છે એમ તું કહીશ તો કહું છું કે—જે પુણ્ય કર્મ કરનાર પુરૂષનું પ્રતિબંધક એવું પાપ નાશ પામ્યું હોય છે ને જે સુખ તથા દુઃખરૂપ દ્વંદ્વ નિમિત્ત મોહથી મુક્ત થયા હોય છે, તે દૃઢ વ્રતવાન થઇ મને ભજે છે વળી જરા તથા મરણ ટાળવા સારૂ મારો આશ્રય કરીને જે પ્રયત્ન કરે છે, તે પ્રસિદ્ધ એવા બ્રહ્મને, સમગ્ર અધ્યાત્મને તથા તેના સાધનભૂત સમગ્ર કર્મને જાણે છે. વળી જે પુરૂષ અધિભૂત, અધિદૈવ તથા અધિયજ્ઞે સહિત એવા મને જાણે છે, તે મારે વિષે આસક્ત મનવાળા મરણ સમયે પણ જાણે છે. "મરણ સમયે પણ તે વ્યાકુળ થઇને મને વિસ્મરણ કરતા નથી; માટે મારા ભક્તને યોગથી ભ્રષ્ટ થવાની કંઇ પણ શંકા નથી."

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वाणि भगवद्गीतापर्वाणि श्रीकृष्णार्जुनसंवादे
ज्ञानयोगोनाम गुर्जरभाषायां एकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥

अर्जुन उवाच—किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥ १ ॥

અર્જુન પૂછે છે—હે પુરૂષોત્તમ, તે બ્રહ્મ શું, અધ્યાત્મ શું, કર્મ શું તથા અધિભુત શું અને અધિદૈવ શું કહેવાય છે? વળી હે મધુસૂદન, આ દેહને વિષે અધિયજ્ઞ કોણ અને તે કેમ જણાય? વળી નિયમમાં રાખેલાં ચિત્તવાળા પુરૂષોને મરણ સમયે કીયા ઉપાયે કરી તમે જણાઓ એમ છો? શ્રી ભગવાન કહે છે—હે અર્જુન, જગતનું જે મૂળ કારણ, તે બ્રહ્મ તથા દેહમાં રહી તેના ભોક્તાપણાએ કરી વર્તનાર જે જીવ, તે અધ્યાત્મ અને જરાયુજાદિ ચાર પ્રકારના પ્રાણિની ઉત્પત્તિ તથા વૃદ્ધિ જેનાથી થાય છે એવો દેવતાઓના ઉદ્દેશે કરી દ્રવ્ય ત્યાગરૂપ જે યજ્ઞ, તે કર્મ કહેવાય છે. હે દેહ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુન, નાશાત્મક જે દેહાદિ

પદાર્થ, તે અધિભૂત કહેવાય છે, સર્વ દેહને વિષે વસનાર, સર્વ ઇંદ્રિયોની ઉપર અનુગ્રહ કરનાર તથા સર્વ દેવતાઓના આત્મરૂપ જે હિરણ્યગર્ભ, તે અધિદૈવત કહેવાય છે અને આ દેહને વિષે યજ્ઞાદિ કર્મનો પ્રવર્ત કરનાર તથા તેનું ફળ આપનાર જે અંતર્યામિપણાથી રહેલો હું વિષ્ણુ, તે અધિયજ્ઞ છું. હવે અંતકાળને વિષે મારૂંજ સ્મરણ કરતાં શરીરનો ત્યાગ કરીને જે અર્ચિરાદિ માર્ગે કહી જાય છે, તે બ્રહ્મલોક પ્રાપ્તિદ્વારા ક્રમે કરી મોક્ષ પામે છે એમાં સંશય નથી. તેમ જ જે પુરૂષ અંતકાળને વિષે જે જે ભાવનું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરે છે, તે પુરૂષ સર્વદા તે તે ભાવના અનુચિન્તને કરી વાસના યુક્ત ચિત્તવાન હોવાથી તે તે ભાવને પામે છે " પૂર્વની વાસના જ અંતકાળને વિષે સ્મરણનો હેતુ છે, કારણ તે વખત પરવશ થયેલાને સ્મરણનો ઉદ્યમ સંભવે નહીં એમ છે માટે તું સર્વકાળવિષે મારૂં સ્મરણ કર " " શંકા—સદૈવ તમારૂં સ્મરણ ચિત્તશુદ્ધિ વિના કેમ થાય એમ તું કહીશ તો કહું છું " કે–ચિત્તશુદ્ધિ વાસ્તે તું પોતાના યુદ્ધાદિ તથા સ્વધર્મનું આચરણ કર. એ રીતે મારે વિષે અર્પણ કરેલાં મન તથા બુદ્ધિવાળો તું મને જ પામીશ એમાં સંશય નથી. હે પાર્થ, જે પુરૂષ અભ્યાસરૂપ યોગ યુક્ત તથા બીજે ઠેકાણે નહીં જનાર એવાં મને કરીને દિવ્ય એવા પરમ પુરૂષનું ચિંતન કરે છે, તે તેને પામે છે "શંકા તે પરમ પુરૂષ કેમ કહેવાય છે એમ કહીશ તો કહું છું " કે-સર્વજ્ઞ, અનાદિ સિદ્ધ, નિયંતા, સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, સર્વના પાલક, નથી ચિંતવન કરવામાં આવતું રૂપ જેનું એવા, સૂર્યની પેઠે પોતાને તથા બીજાઓને પ્રકાશ કરનાર છે સ્વરૂપ જેનું એવા અને માયાથી પર એવા પુરૂષનું જે પુરૂષ અંતકાળને વિષે ભક્તિયુક્ત થઈ યોગ બળે કરી ભૃકુટિના મધ્યમાં પ્રાણને રાખી નિશ્ચળ મને કરી સ્મરણ કરે છે, તે દિવ્ય એવા પરમ પુરૂષને પામે છે. હવે વેદાંત જાણનારાઓ જેને અક્ષર બ્રહ્મ કહે છે, ગઇ હોય છે પ્રીતિ જેને એવા યતિઓ જેમાં પ્રવેશ કરે છે તથા જેને જાણવાની ઇચ્છાવાળા પુરૂષો ગુરૂ કુળમાં જઇ બ્રહ્મચર્ય પાળે છે, તે પ્રાપ્ત થવા લાયક વસ્તુ હું તને સંક્ષેપથી કહું છું " તેની પ્રાપ્તિ થવાનો ઉપાય કહું છું " કે—જે પુરૂષ સર્વ ઇંદ્રિય દ્વારને નિયમમાં રાખી, મનને હૃદયમાં રૂંધી, બાહ્ય વસ્તુનું સ્મરણ નહીં કરી, ભૃકુટીના મધ્યમાં પ્રાણ રાખી અને સ્થિરતા રાખીને, બ્રહ્મરૂપ એકાક્ષર ઓંકારનું ઉચ્ચારણ કરતાં દેહનો ત્યાગ કરે છે, તે અર્ચિરાદિ માર્ગે કરી શ્રેષ્ટ એવી મારી પરમ ગતિને પામે છે. હે પાર્થ, મારા વિના બીજે ઠેકાણે જેનું ચિત્ત નથી એવો પુરૂષ નિરંતર પ્રતિ દિવસ મારૂં સ્મરણ કરે છે, તે શ્રદ્ધાવાન યોગિને હું સુખે કરી લભ્ય છું. " શંકા—તમારી પ્રાપ્તિ થાય તેથી શું એમ તું કહીશ તો કહું છું " કે—પૂર્વોક્ત લક્ષણવાળા મહાત્મા મારા ભક્ત મને પામીને, પાછા દુઃખરૂપ તથા નાશવંત એવા જન્મને પામતા નથી; કેમકે મોક્ષનેજ પામ્યા હોય છે. હે કુંતિ પુત્ર અર્જુન, બ્રહ્મલોક પર્યંત સર્વલોક નાશવંત હોવાને લીધે ત્યાં ગયેલા જ્ઞાન હીનને અવશ્ય પાછો જન્મ થાય છે; ને મને જે પ્રાપ્ત થયા હોય છે, તેને પુનર્જન્મ થતો નથી. " શંકા-તપસ્વી, દાન આપનાર " ત્યાગ " પ્રીતિ વગરના અને સુખ તથા દુઃખ સહન કરનાર પુરૂષો શોક વગરના ત્રિલોકીની ઉપર મહર્લોકાદિ સ્થાનને પામે છે ઇત્યાદિ પુરાણ વાક્યથી ત્રિલોકી કરતાં મહર્લોકાદિનું ઉત્કૃષ્ટપણું જણાય છે, ને તેઓને તો તમે વિનાશી કહ્યા " ત્યારે તો ત્રિલોકીથી વિશેષ શું એમ તું કહીશ તો કહું છું " કે—બીજા લોક કરતાં તેનું ઘણા કાળ પર્યંત સ્થાયીપણું છે. તેથી જ એનું વિશેષપણું છે એ અભિપ્રાયથી પોતાના પ્રમાણથી

સો વર્ષનું જેનું આયુષ્ય છે એવા બ્રહ્માના પ્રતિ દિવસે ત્રિલોકીની ઉત્પત્તિ તથા પ્રતિ રાત્રિએ તેનો લય થાય છે એમ દેખાડતાં તેનાં દિવસ તથા રાત્રિનું પ્રમાણ કહું તે તું સાંભળ—ચાર યુગની એક ચોકડી એવી હજાર ચોકડી થવાથી જેનો અંત છે એવા એક બ્રહ્માના દિવસ તથા તેવડી જ તેની રાત્રિને જે યોગ બળે કરી જાણે છે, તે જ સર્વજ્ઞ પુરૂષ અહોરાત્ર જાણનારા છે એમ જાણવું; પણ ચંદ્ર તથા સૂર્યના ગતિએ કરીને જ જેને કાળનું જ્ઞાન થાય છે, તેના સરખા અહોરાત્રને જાણનારા તે કહેવાય નહીં, કારણ અલ્પદર્શિ હોય છે. મનુષ્યનું એક વર્ષ તે દેવતાઓનાં એક દિવસ તથા રાત્રિ, તે બે પંદરનો એક પક્ષ, તે બેનો એક માસ, તે બારનું એક વર્ષ, તે બાર હજારના ચાર યુગ, તે એક હજાર ચાર યુગનો એક બ્રહ્માનો દિવસ તથા તેવડી જ રાત્રિ, તે બે પંદરનો એક પક્ષ, તે બેનો એક માસ, તે બારનું એક વર્ષ અને તે સોનું તેનું આયુષ્ય છે " શંકા-તેથી શું એમ કહીશ તો કહું છું " કે—બ્રહ્માના દિવસના આરંભને વિષે કારણરૂપ આકાશાદિથી ચરાચર પ્રાણિ ઉત્પન્ન થાય છે અને તેની રાત્રિના આરંભને વિષે તે જ અવ્યક્તરૂપ કારણમાં લીન થાય છે. હે પાર્થ, આ સર્વ પ્રાણિનો જે સમૂહ પૂર્વે હતો, તે જયારે બ્રહ્માના દિવસનો આરંભ થાય છે, ત્યારે ઉત્પન્ન થઈ અને તેની રાત્રિનો આરંભ થય છે ત્યારે લય થઇને, પાછો પણ દિવસના આગમ વિષે કર્માદિ પરતંત્ર ઉત્પન્ન થાય છે. હવે ચરાચરના કારણભૂત અવ્યક્તથી પર એટલે તેનો પણ કારણભૂત જે બીજો અનાદિ અવ્યક્તભાવ, તે સર્વ કાર્ય તથા કરણરૂપ પ્રાણિ નાશ થાય છે તોપણ નાશ થતો નથી. હવે જે ભાવ અવ્યક્ત કહ્યો, તે અક્ષર " અવિનાશિ" છે, તેને પામવું એ જ પુરૂષનો પરમ પુરૂષાર્થ છે; કારણ જેને પામી પાછું આ સંસારમાં તેનું આવર્તન થતું નથી. " તે જ મારૂં રૂપ છે " વળી હે પાર્થ, જે કારણભૂત પરમ પુરૂષની અંદર સર્વ પ્રાણિ રહ્યાં છે તથા જેણે કરી આ સર્વ જગત્ વ્યાપ્ત છે, તે પરમ પુરૂષ અનન્ય ભક્તિએ કરી પ્રાપ્ત થાય છે. " શંકા—જો કે પરમેશ્વરના ઉપાસને કરી તેના સ્વરૂપને પામી જીવ પાછા સંસારમાં આવતા નથી અને બાકીના સર્વ આવે છે એમ કહ્યું; પણ કયે માર્ગે કરી ગયેલા પાછા નથી આવતા અને કયે માર્ગે કરી ગયેલા પાછા આવે છે એમ તું પૂછીશ તો કહું છું કે--હે ભરતકુળમાં શ્રેષ્ઠ, જે કાળને વિષે પર લોકમાં ગયેલા યોગી પુરૂષો પાછા આ સંસારમાં આવતા નથી તથા જે કાળમાં પરલોકને વિષે ગયેલા પુરૂષો પાછા સંસારમાં આવે છે, તે કાળ કહું તે તું સાંભળ—ઉત્તરાયણના છ માસ વિષે શુક્લ પક્ષમાં દિવસે મૃત્યુ પામેલા બ્રહ્મવેત્તા, અર્ચિરાભિમાની, દિવસાભિમાની, શુક્લ પક્ષાભિમાની તથા ઉત્તરાયણના ષણ્ માસાભિમાની દેવતાઓએ દેખાડેલા માર્ગે કરી બ્રહ્મને પામે છે. ને દક્ષિણાયનના છ માસ વિષે કૃષ્ણ પક્ષમાં રાત્રિએ મૃત્યુ પામેલો કર્મયોગી, ધૂમાભિમાની, રાત્ર્યભિમાની, કૃષ્ણ પક્ષાભિમાની તથા ષણ્ માસ દક્ષિણાયનાભિમાની દેવતાઓએ દેખાડેલા માર્ગે કરી સ્વર્ગ લોકને પામી, ત્યાં કરેલાં ઇષ્ટાપૂર્તરૂપ સત્કર્મનાં ફળને ભોગવી, પાછો આ સંસારમાં આવે છે. એ પ્રમાણે જ્ઞાન તથા કર્મનાં અધિકારી આ જગતને શુક્લ " અર્ચિરાદિ માર્ગ " તથા કૃષ્ણ " ધૂમાદિ માર્ગ " અનાદિ માન્ય છે, તેમાં શુક્લ માર્ગે કરી જે ગયેલા, તે પાછા આ સંસારમાં આવતા નથી અને કૃષ્ણ માર્ગે કરી જે ગયેલા, તે પાછા પુણ્ય ભોગવાઇ રહ્યા કેડે આ સંસારમાં આવે છે. "જન્મ લે છે" માટે હે પાર્થ અર્જુન, મોક્ષ તથા સંસારની પ્રાપ્તિ કરનાર એ બેઉ માર્ગને જાણનાર કોઇ પણ યોગી મોહ પામે નહીં એટલે સુખ ભોગવવાની ઇચ્છાથી સ્વર્ગાદિ લોકની કામના રાખે નહીં,

કેવળ પરમેશ્વરમાં જ નિષ્ટાવાન થાય; માટે તું પણ સર્વ કાળને વિષે યોગયુક્ત થા. કારણ વેદ ભણવ થી, યજ્ઞ કરવાથી તથા દાન આપવાથી જે પુણ્યરૂપ ફળ શાસ્ત્રમાં કહ્યું છે, તે સવને યોગી પુરૂષ ઉલ્લંઘન કરે છે એટલે તેથી પણ શ્રેષ્ઠ એવાં યોગ સંબંધી ઐશ્વયને પૂર્વે કહેલી ઉપાસનાને જાણીને તેનું અનુષ્ઠાન કરી નિર્વિશેષ બ્રહ્મને પામે છે.

वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टं ।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे गुर्जरभाषायां द्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥

श्री भगवानुवाच–इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १ ॥

શ્રી ભગવાન કહે છે-હે અર્જુન, આ અત્યંત ગુહ્ય એવું ઉપાસના સહિત જ્ઞાન વારંવાર પોતાના જ મહિમાને ઉપદેશ કરે છે એમ પરમ દયાળુ એવા મારે વિષે દોષ દૃષ્ટિ રહિત એવા તને કહું છું; જે જાણવાથી તું તત્કાળ સંસારથી મુક્ત થઇશ, કારણ તે સર્વ વિદ્યા તથા સર્વ ગુહ્ય પદાર્થમાં શ્રેષ્ઠ, પવિત્ર, ઉત્તમ, પ્રત્યક્ષ જેમાં ફળ રહ્યું છે એવું ધર્મયુક્ત, સુખે કરી સંપાદન થાય એવું અને અવિનાશિ એટલે અક્ષય ફળ આપનાર છે. "શંકા—જ્યારે જ્ઞાન પ્રાપ્ત થવું શકય છે, ત્યારે સંસારી કોણ થાય એમ તું કહીશ તો કહું છું" કે હે શત્રુને તપાવનાર, આ ભક્તિ લક્ષણ યુક્ત જ્ઞાન સહિત ધર્મને આસ્તિકપણાથી જે પુરૂષ સ્વીકાર કરતા નથી, તે પુરૂષ મને પ્રાપ્ત થવા સારૂ બીજા ઉપાયે કરી યત્ન કરે છે, તોપણ મને નહી પામીને મૃત્યુયુક્ત આ સંસાર માર્ગને વિષે ભ્રમણ કરે છે. અતીંદ્રિય મૂર્તિમાન્ કારણભૂત મારાથી આ સર્વ જગત્ વ્યાપ્ત છે, ને મારે વિષે ચરાચર સર્વ પ્રાણિ રહ્યાં છે, પણ તેમાં હું રહ્યો નથી; કારણ અસંગ છું. વળી મારે વિષે ભૂત પ્રાણિ રહ્યાં નથી; કેમકે હું અસંગ છું. "શંકા—તમે પ્રથમ પોતાનું વ્યાપકપણું તથા આશ્રયપણું કહ્યું છે ને હમણાં મારે વિષે ભૂત પ્રાણિ રહ્યાં નથી એમ કહો છો તેથી પ્રથમ કહેલાંને વિરૂદ્ધ આવે છે એમ તું કહીશ તો કહું છું" કે—તું મારાં અઘટિત ઘટનાનાં ચાતુર્યને જો "મારી યોગમાયાના વૈભવનું અવિતર્ક્યપણું છે માટે કંઇ પણ વિરૂદ્ધ નથી" વળી બીજું પણ આશ્ચર્ય જો કે—સર્વ ભૂત પ્રાણિને ધારણ તથા પાલન કરનાર મારૂં ઉત્કૃષ્ટ સ્વરૂપ છે, તોપણ તેમાં રહ્યું નથી. "જેમ જીવ દેહને ધારણ તથા પાલન કરતાં તેના અહંકારે કરી તેમાં મળી જઇ રહે છે, તેમ હું ભૂત પ્રાણિ માત્રને ધારણ તથા પાલન કરૂં છું તોપણ તેને વિષે મળી જઇ રહેતો નથી; કારણ અહંકાર રહિત છું" વળી જેમ આકાશમાં રહેલો વાયુ સર્વત્ર વ્યાપિ રહ્યો છે, તોપણ તેની સાથે મળી જતો નથી તેમ સર્વ પ્રાણિ મારે વિષે રહ્યાં છે પણ હું તેમની સાથે મળી જતો નથી એમ તું જાણ. હવે પ્રલયકાળને વિષે સર્વ પ્રાણિ મારી ત્રિગુણાત્મિક માયામાં લીન થાય છે, ને સૃષ્ટિકાળ વિષે તેમને વિશેષે કરી હું જ સર્જું છું

'શંકા-તમે અસંગ તથા નિર્વિકાર છતાં તેમને કેમ સૃજો છો એમ તું કહીશ તો કહું છું' કે-હું પોતાને સ્વાધીન એવી પ્રકૃતિના આશ્રયે કરી પ્રલયને વિષે લીન થયેલા તથા કર્માદિને વશ એવા ચાર પ્રકારના આ ભૂત સમૂહને તેના પ્રાચીન કર્મને લીધે વારંવાર સૃજું છું " શંકા-એ પ્રમાણે અનેક તરેહનાં કર્મ કરતા એવા તમને જીવની પેઠે બંધન કેમ થતું નથી એમ તુ કહીશ તો કહું છું " કે-હે ધનંજય, તે કર્મને વિષે આસક્તિ રહિત તથા ઉદાસીનની પેઠે રહેલા મને, તે કર્મ બંધન કરતાં નથી; કારણ આસક્તિ જ બંધનની હેતુ છે. હે કુંતિપુત્ર, પ્રકૃતિ મારા અધિષ્ટાનપણાએ કરી " મારા નિમિત્ત ભૂતે કરી " ચરાચર એવાં વિશ્વને ઉત્પન્ન કરેછે; માટે એ જ કારણથી જગત્ વારંવાર ઉત્પન્ન થાયછે " શંકા—એવા પરમેશ્વર તમને કેટલાક પુરૂષો આદર કેમ કરતા નથી એમ તું કહીશ તો કહું છું " કે-ભૂતપ્રાણિ માત્રના મહેશ્વરરૂપ મારા તત્વને નહી જાણતા એવા, મારા વગરના બીજા દેવતાઓ તરત ફળ આપશે એમ ફોગટ આશાવાળા, વ્યર્થ કર્મવાળા, અનેક તરેહના કુતર્કને લીધે ફોગટ શાસ્ત્ર જ્ઞાનવાળા, વિક્ષેપ યુક્ત ચિત્તવાળા અને હિંસા તથા કામદર્પાદિ જેમાં ઘણાં હોય છે એવા બુદ્ધિને ભ્રષ્ટ કરનાર સ્વભાવનો આશ્રય કરેલા મૂઢ પુરૂષો, ભક્તેચ્છા વશથી મનુષ્ય સ્વરૂપ ધારણ કરેલા મને આદર કરતા નથી તિરસ્કાર કરે છે " શંકા—ત્યારે કોણ તમારૂં આરાધન કરેછે એમ તું કહીશ તો કહું છું" કે—હે પાર્થ, મારા વગર બીજે જેમનાં મન નથી એવા દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્મા પુરૂષો, જગતના કારણરૂપ તથા અવિનાશી એવા મને જાણીને મારૂં ભજન કરે છે તે આવી રીતે કે—ભક્તિયે કરી સાવધાન થયેલા કેટલાક પુરૂષો સ્તોત્ર તથા મંત્રાદિયે કરી કીર્તન કરતાં મારી નિરંતર ઉપાસના કરે છે, ને કેટલાક દઢ નિયમવાળા તથા ઇંદ્રિયોને વશ રાખવામાં યત્ન કરનાર પુરૂષો, હૃદયમાં રહેલા તથા પ્રતિમારૂપ મને સેવે છે. બીજા કેટલાક પુરૂષો આ દશ્યમાન સર્વ વાસુદેવ ભગવાન છે એમ સર્વાત્મ તત્વદર્શનરૂપ જ્ઞાન યજ્ઞે કરી મારી પૂજા કરતાં મારી ઉપાસના કરે છે; એમાં કેટલાક અભેદ ભાવનાએ કરી સર્વત્ર એક જ વ્યાપિ તથા કેટલાક હું દાસ છું એવી ભાવનાએ કરી અને કેટલાક તો બ્રહ્મરૂદ્રાદિરૂપે મારી ઉપાસના કરે છે. " હવે સર્વાત્મરૂપ કહું " તે તુ સાંભળ—શ્રૌત એવો અગ્નિષ્ટોમ, સ્માર્ત કર્મ જે પંચયજ્ઞાદિ, પિત્રર્થ શ્રાદ્ધાદિ, અન્ન, મંત્ર, હોમાદિનાં સાધન, આહવનીયાદિ અગ્નિ તથા હોમ તે સર્વ હું જ છું. વળી આ જગતનો પિતા, માતા, પિતામહ, કર્મ ફળનો દાતા, જાણવા લાયક વસ્તુ, પવિત્ર તપશ્ચર્યાદિ, ઓંકાર, ઋગાદિ વેદ, ગતિ, પોષક, નિયંતા, શુભાશુભ કર્મનો દ્રષ્ટા, ભોગસ્થાન, રક્ષક, હિત કર્તા, સૃષ્ટિ કરનાર, સંહાર કરનાર, આધાર, લયસ્થાન તથા અવિનાશી એક કારણ પણ હું છું. વળી હે અર્જુન, ગરમીના દિવસમાં સૂર્યરૂપે રહીને હું આ જગતને તપાવું છું. વરસાદના દિવસમાં વૃષ્ટિ કરૂં છું તથા કોઈ વેળાએ તેને આકર્ષણ પણ કરૂં છું. જીવન, નાશ, દશ્ય સ્થૂળ તથા અદસ્ય સૂક્ષ્મ એ સર્વ હું જ છું એમ માનીને મારા ભક્તજન મારી જ ઉપાસના કરે છે. હવે ઋક્, યજુ તથા સામ એ ત્રણ વેદમાં કહેલાં કર્મને વિષે તત્પર એવા યાજ્ઞિક પુરૂષ, પૂર્વોક્ત વેદોમાં કહેલા યજ્ઞો કરી મારૂં યજન કરી " બીજા દેવતાઓ મારૂં જ રૂપ છે એમ નથી જાણતા તોપણ વસ્તુતઃ ઇંદ્રાદિરૂપે મારૂં યજન કરી " યજ્ઞ શેષ સોમનું પાન કરવાથી નિષ્પાપ થઇને સ્વર્ગ લોક પ્રત્યે ગતિ થાય એવી પ્રાર્થના કરે છે; તેથી પુણ્ય ફળરૂપ તે ઇંદ્ર લોકને પામી ત્યાં દિવ્ય દેવતાઓ સંબંધી ભોગને ભોગવે છે. તે પ્રાર્થના કરેલા તે સ્વર્ગ લોકમાં સુખ ભોગવીને, જ્યારે પુણ્ય ક્ષીણ

થાય છે, ત્યારે પાછા તે મૃત્યુ લોકમાં પ્રવેશ કરે છે ને વળી પણ એ જ પ્રમાણે ભોગને ઇચ્છનાર તે, ત્રણ વેદમાં કહેલા યજ્ઞાદિ ધર્મને અનુસરીને વારંવાર સ્વર્ગમાં જવું તથા ત્યાંથી આ લોકમાં પાછું આવવું તેને પામે છે. " હવે મારા જે ભક્ત છે, તે તો મારા પ્રસાદથી કૃતાર્થ થાય છે એમ કહું " તે તું સાંભળ-જેમને મારા વગર બીજો કોઇ પણ દેવત ભજન કરવા લાયક નથી એવા તથા કેવળ મારૂં જ ચિંતન કરનાર જે પુરુષો મારૂં જ સેવન કરે છે, તે સર્વદા મારામાં જ નિષ્ઠા રાખનારને હું ધનાદિનો લાભ, તેનું રક્ષણ તથા મોક્ષ તેમના માગવા વગર પણ પ્રાપ્ત કરૂં છું; " શંકા—વસ્તુતઃ જ્યારે ઇંદ્રાદિ દેવતાઓ તમારાથી જૂદા નથી, ત્યારે તેમનું સેવન કરનારાઓ સ્વર્ગમાં જવું તથા ત્યાંથી પાછું આ લોકમાં આવવું તેને કેમ પામે છે એમ કહીશ તો કહું છું " કે—હે કુંતીપુત્ર, જે શ્રદ્ધાયુક્ત ભક્ત યજ્ઞે કરી ઇંદ્રાદિ બીજા દેવતાઓને ભજે છે, તે પણ મને જ ભજે છે એ સત્ય છે; તોપણ મોક્ષ પ્રાપ્ત કરના વિધિ રહિત ભજન કરે છે, માટે જ સ્વર્ગમાં જવું તથા આ લોકમાં પાછું આવવું તેને પામે છે. વળી સર્વ યજ્ઞો તે તે દેવતારૂપે કરી ભોક્તા તથા તેનાં ફળનો દાતા હું જ છું; પણ યાજ્ઞિકો, એવા મને તત્ત્વે કરી યથાર્થ જાણતા નથી, માટે પાછા આ લોકમાં આવે છે. ઇંદ્રાદિ દેવતાઓનું યજન કરનાર પુરૂષ તે તે દેવતાઓને પામે છે, પિતૃઓના શ્રાદ્ધાદિ કરનાર પુરુષ પિતૃઓને પામે છે, વિનાયક તથા માતૃકાદિનું આરાધન કરનાર પુરૂષ તેને પામે છે અને મારૂં યજન કરનાર પુરુષ પરમાનંદરૂપ નારાયણ એવા મને પામે છે. કેમકે જે નિષ્કામ મારો ભક્ત પત્ર, પુષ્પ, ફળ તથા જળમાત્ર પણ ભક્તિએ કરી મને અર્પણ કરે છે, તેનાં તે ભક્તિએ કરી અર્પણ કરેલાંને હું પ્રીતિથી સ્વીકાર કરૂં છું. માટે હે કુંતિપુત્ર, તું પોતાના સ્વભાવથી અથવા શાસ્ત્ર જ્ઞાનથી જે કર્મ કરે છે, જે ભોજન કરે છે, જે હોમે છે, જે દાન કરે છે તથા જે તપશ્ચર્યા કરે છે, તે સર્વ મને અર્પણ થાય તેમ કર, કેમકે એ પ્રમાણે કરવાથી કર્મનિમિત્ત શુભાશુભ ફળથી મુક્ત થઇશ. " મારે વિષે કર્મનું અર્પણ એ જ સંન્યાસરૂપ યોગયુક્ત ચિત્ત વાળો થવાથી મને પામીશ. " " શંકા—જો કે તમે ભક્તોને મોક્ષ આપો છો, ને અભક્તોને આપતા નથી, ત્યારે શું તમારામાં રાગ તથા દ્વેષાદિ વિષમપણું છે એમ તું કહીશ તો કહું છું " કે—હું સર્વ પ્રાણિઓને વિષે સમાન છું તેથી મને કોઇ દ્વેષ કરવા લાયક તથા પ્રિય નથી; તોપણ જે પુરૂષ ભક્તિએ કરી મને ભજે છે, તે મારે વિષે વર્તે છે ને તેઓને વિષે અનુગ્રહ કરવાપણાથી વર્તું છું " જેમ અગ્નિ પોતાનું સેવન કરનારના અંધકાર તથા શીતાદિ દુઃખને ટાળે છે અને કલ્પવૃક્ષ પણ પોતાનું સેવન કરનારને ઇષ્ટફળ આપે છે તેથી તેઓનુ વિષમપણું નથી, તેમ ભક્તનો પક્ષપાતિ છું તોપણ મારૂં વિષમપણું નથી; કારણ મારી ભક્તિનો એવો જ મહિમા છે " " મારી ભક્તિનો પ્રભાવ અવિતર્ક્ય છે તે કહું" તે તું સાંભળ—જો કે અત્યંત દુરાચરણ શીલ પુરૂષ હોય તોપણ ભિન્ન ભાવ રાખી બીજા દેવતાઓની ભક્તિ ન કરતાં કેવળ નારાયણ એવા મને ભજે, તો તેને પણ અત્યંત શ્રેષ્ટ માનવો; કેમકે પરમેશ્વરના ભજને કરીને જ હું કૃતાર્થ થઇશ એમ સારો નિશ્ચય કરનાર હોય છે. " શંકા—સારા નિશ્ચય માત્રે કરીને જ તેને સાધુ કેમ માનવો એમ તું કહીશ તો કહું છું " કે—હે કૌંતેય, જો કે પુરૂષ દુરાચારી હોય, તોપણ મારૂં ભજન કરવાથી તત્કાળ ધર્મ વિષે ચિત્તવાળો થાય અને તેથી પરમેશ્વરને વિષે નિષ્ટાને પામે છે; માટે મારો ભક્ત કદી નાશ પામે નહી કૃતાર્થ જ થાય એમ તું પ્રતિજ્ઞા કરી રાખ. વળી હે પાર્થ, જે અંત્ય જાતિ, સ્ત્રી, વૈશ્ય તથા શૂદ્ર હોય, તે પણ મને સેવવાથી

અવશ્ય પરમ ગતિને પામે છે, ત્યારે પવિત્ર એવા બ્રાહ્મણ તથા ભક્ત એવા રાજર્ષિ મને સેવીને પરમ ગતિને પામે એમાં શું આશ્ચર્ય? "કંઇજ નહી" માટે તું પણ અનિત્ય તથા સુખ વગરના આ રાજર્ષિરૂપ દેહને પામીને મારૂં ભજન તથા યજન કરવામાં શી લવાઝો થા અને મને જ નમસ્કાર કર; કારણ એટલા પ્રકારે મારે વિષે તત્પર થવાથી તથા મારામાં જ મન જોડવાથી પરમાનંદ એવા મને જ પામીશ.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैव मात्मानं मत्परायणः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वाणि भगवद्गीतापर्वाणि श्रीकृष्णार्जुनसंवादे
राजविद्याराजगुह्ययोगोनाम गुर्जरभाषायां त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥

श्री भगवानुवाच—भूय एव महाबाहो श्रुणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥ १ ॥

શ્રી ભગવાન કહે છે—હે મહાબાહો, મારા વચનરૂપ અમૃતે કરી હર્ષ પામતા એવા તને હિતની ઇચ્છાથી હું વળી પરમાર્થ નિષ્ટ એવું વચન કહું તે તું સાંભળ—હું અજન્મા છું, તો પણ નાના પ્રકારની મારી વિભૂતિએ કરી થતા મારા આવિર્ભાવને દેવતાઓના ગણ તથા ભૃગ્વાદિ મહર્ષિઓ પણ જાણતા નથી; કેમકે સર્વ પ્રકારે કરી તેમનો કારણભૂત છું. "માટે મારા અનુગ્રહ વગર મને કોઇ પણ જાણે નહીં" જે પુરૂષ અજન્મા, અનાદિ તથા લોક મહેશ્વર એવા મને જાણે, તે સર્વ મનુષ્યોને વિષે મોહ વગરનો થઇ સર્વ પાપથી મૂકાય છે. બુદ્ધિ, જ્ઞાનપણું, મોહરાહિત્યપણું, ક્ષમા, સત્ય, બાહ્યેંદ્રિયનો નિગ્રહ, અંતઃકરણનો નિગ્રહ, સુખ, દુઃખ, જન્મ, નાશ, ભય, અભય, અહિંસ, મિત્ર તથા શત્રુને વિષે સમાનપણું દેવ ઇચ્છાથી પ્રાપ્ત થયેલામાં સંતોષ, તપ, ન્યાયથી સંપાદન કરેલા ધનનું સત્પાત્રને દાન આપવું, શ્રેષ્ઠ કીર્તિ તથા અપકીર્તિ ઇત્યાદિ અને તેથી વિપરીત અબુધ્યાદિ નાના પ્રકારના ભાવ પ્રાણિમાત્રને મારાથી થાય છે. હવે મારા પ્રભાવવાળા ભૃગ્વાદિ સાત મહર્ષિઓ, તેથી પણ પૂર્વે ચાર સનકાદિ ઋષિએ તથા સ્વાયંભુવાદિ મનુઓ એ સર્વ હિરણ્યગર્ભરૂપ મારા સંકલ્પ માત્રથી ઉત્પન્ન થયા છે; જેની આ લોકને વિષે વર્ત્તમાન બ્રાહ્મણાદિ સર્વ પ્રજા છે. જે પુરૂષ ભૃગ્વાદિ મારી વિભૂતિને તથા યોગને તત્વથી જાણે, તે નિર્વિકલ્પક એવા યોગ યુક્ત થાય એમાં સંશય નહીં. સર્વ જગતનો ભૃગ્વાદિ તથા મન્વાદિરૂપ વિભૂતિ દ્વારાએ કરી ઉત્પત્તિનો હેતુ છું અને મારાથીજ બુદ્ધિ, જ્ઞાન તથા અસંમોહાદિ સર્વ પ્રવર્તે છે એમ જાણીને વિવેકી પુરુષ, દૃઢ ભાવયુક્ત થઇ મને ભજે છે. મારામાં ચિત્તવાળા તથા મારામા જ આસક્ત ઇંદ્રિયવાળા જે પુરૂષ એક બીજાઓને બોધ કરવાથી તથા મારાં કીર્ત્તન કરવાથી સંતુષ્ટ થઇ નિવૃત્તિને પામે છે, તે મારે વિષે આસક્ત તથા પ્રીતિ પૂર્વક મારૂં ભજન કરનારને હું એવો બુદ્ધિયોગ આપું છું કે જેથી મને પામે. વળી તેમની ઉપર દયાયુક્ત થઇ તેમની બુદ્ધિ વૃત્તિમાં રહીને હું, તેમના અજ્ઞાનથી થયેલા સંસારરૂપ અંધકારને પ્રકાશમાન જ્ઞાનરૂપ દીવાએ કરી નાશ કરૂં છું. અર્જુન કહે છે—પરમ બ્રહ્મ, પરમાશ્રય તથા પરમ પવિત્ર તમે જ છો;

કારણ ભૃગ્વાદિ સર્વ ઋષિઓ, દેવર્ષિ નારદ, અસિત, દેવળ તથા વ્યાસજી, શાશ્વત, દિવ્ય, આદિદેવ, અજન્મા તથા વ્યાપક તમને જ કહે છે, અને સાક્ષાત્ તમે પણ તેમ જ કહો છો, માટે હે કેશવ ભગવાન, જે તમે મને કહો છો, તે સર્વ હું સત્ય માનું છું, આ તમારા પ્રાગટ્યને દેવતા અમારા અનુગ્રહ વાસ્તે છે એમ તથા દૈત્યો આ મારા નિગ્રહ વાસ્તે છે એમ જાણતા નથી. હે પુરૂષોત્તમ, હે ભૂતોત્પાદક, હે સર્વ ભૂત પ્રાણિના નિયંતા, હે દેવતાઓના દેવ, જગત્પાળક, તમે પોતે જ પોતાથી આત્માને જાણો છો. " બીજો કોઇ જાણતો નથી " માટે જે વિભૂતિએ કરી તમો સર્વ લોકમાં વ્યાપી રહ્યા છો, તે સર્વ તમારી દિવ્ય વિભૂતિ તમેજ કહેવા યોગ્ય છો. હે યોગીન, કયા વિભૂતિનાં ભેદે કરી સદૈવ ચિંતન કરતો એવો હું તમને જાણું? હે ભગવાન, કયા કયા ભાવને વિષે મારે ચિંતન કરવા લાયક તમે છો? હે જનાર્દન, હું તમારાં અમૃતરૂપ વાકય સાંભળું છું, તો પણ મને તૃપ્તિ થતી નથી માટે તમે ફરીથી તમારો યોગ તથા તમારી વિભૂતિ વિસ્તારે કરી મને કહો. શ્રી ભગવાન કહે છે-હે કુરૂકુળમાં શ્રેષ્ઠ અર્જુન, મારી વિભૂતિના વિસ્તારનો અંત નથી; માટે મુખ્ય એવી મારી દિવ્ય વિભૂતિ કહું છું. હે ગુડાકેશ, સર્વ ભૂતના અંતઃકરણને વિષે સર્વજ્ઞ વાદિ ગુણે કરી નિયંતારૂપે રહેલો આત્મા તથા સર્વ ભૂતના જન્માદિનો હેતુ હું છું. બાર આદિત્યમાં વિષ્ણુ, પ્રકાશ માત્રમાં વિશ્વવ્યાપક કીર્ણવાન સૂર્ય, વાયુમાં મરીચિ નામનો વાયુ, નક્ષત્રમાં ચંદ્ર, વેદમાં સામવેદ, દેવમાં ઇંદ્ર, ઇંદ્રિઓમાં મન, મનુષ્યોની જ્ઞાન શક્તિ, રૂદ્રમાં શંકર, યક્ષ તથા રાક્ષસમાં કુબેર, આઠ વસુમાં પાવક નામનો વસુ, પર્વતોમાં મેરૂ, પુરોહિતમાં મુખ્ય એવા બૃહસ્પતિ, સેનાપતિઓમાં કાર્તિક સ્વામી, સ્થિર જળાશયમાં સમુદ્ર, મહર્ષિયોમાં ભૃગુ, પદાત્મક વાણિમાં એકાક્ષરરૂપ ઓંકાર, યજ્ઞોમાં જપ યજ્ઞ, સ્થાવર પદાર્થમાં હિમાલય, સર્વ વૃક્ષમાં પીપળો, દેવર્ષિયોમાં નારદ, ગંધર્વોમાં ચિત્રરથ, સિધ્ધોમાં કપિલ મુનિ, અશ્વોમાં અમૃતથી ઉત્પન્ન થયેલો ઉચ્ચૈઃશ્રવા, ગજેંદ્રોમાં ઐરાવત, મનુષ્યોમાં રાજા, આયુધમાં વજ્ર, ગાયમાં કામદુઘા, પ્રજોત્પત્તિ હેતુ કામ, વિષવાળા સર્પોમાં વાસુકિ, વિષ વગરના નાગોમાં શેષજી, જળચર પ્રાણિમાં તેમનો રાજા વરૂણ, પિતૃઓમાં અર્યમા, નિયમ કરનારાઓમાં યમ, દૈત્યોમાં પ્રહ્લાદ, વશ કરનારાઓમાં કાળ, મૃગોમાં સિંહ, પક્ષિઓમાં ગરૂડ, વેગવાળાઓમાં પવન, શસ્ત્ર ધારણ કરનારાઓમાં રામ, મત્સ્યોમાં મગરમત્સ્ય, પ્રવાહવાળાં જળાશયમાં ગંગા, આકાશાદિના આદિ, અંત તથા મધ્ય, ચઉદ વિદ્યાઓમાં અધ્યાત્મ વિદ્યા, વાદ કરી બોલનારના વાદમાં તત્વ નિર્ણયરૂપ વાદ, અક્ષરોમાં અક્ષર, સમાસના સમૂહમાં દ્વંદ્વ સમાસ, પ્રવાહાત્મક અક્ષય કાળ, સર્વ કર્મ ફળનો દાતા, સંહાર કરનારમાં સર્વનો સંહાર કરનાર મૃત્યુ, ભાવિ કલ્યાણવાળાઓનો અભ્યુદય, સ્ત્રિઓની મધ્યમાં કીર્તિ, શ્રીવાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ તથા ક્ષમા, એ સાત દેવતારૂપ સ્ત્રિઓ હું છું. વળી સામમાં બૃહત્સામ, છંદો વિશિષ્ટ મંત્રોમાં ગાયત્રી, માસોમાં માર્ગશિર્ષ, ઋતુઓમાં વસંત, પરસ્પર છેતરનારનું દ્યૂત, તેજસ્વિઓનો પ્રભાવ, જીતનારાઓનો જય, ઉદ્યમવાળાઓનો ઉદ્યમ, સાત્વિકોનો સત્વગુણ, વૃષ્ણિઓમાં વાસુદેવ, પાંડવોમાં ધનંજય, મુનિઓમાં વ્યાસજી, કવિઓમાં શુક્ર, દમન કરનારાઓનો દંડ, જીતવા ઇચ્છતા એવા પુરૂષોની સામાદિ ઉપાયરૂપ નીતિ, ગુપ્ત રાખવા લાયકમાં મૌન, તત્વ જ્ઞાનવાનનું જ્ઞાન અને સર્વ પ્રાણિ માત્રનું બીજ હું જ છું; કારણ મારા વગરનું કાંઇ પણ ચરાચર નથી. હે શત્રુને તપાવનાર અર્જુન, મારી દિવ્ય એવી વિભૂતિનો અંત નથી, માટે મેં તને તેનો સંક્ષેપથી વિસ્તાર કહ્યો. જે જે ઐશ્વર્ય તથા સંપત્તિએ

કરી યુક્ત અને કંઇ પણ પ્રભાવ તથા બળાદિ ગુણે કરી અધિક, તે તે સર્વ વસ્તુ માત્ર મારા પ્રભાવના અંશે કરી ઉત્પન્ન થયેલ છે એમ તું જાણ. હે અર્જુન, તારે જૂદાં જૂદાં જ્ઞાન જાણવા તેણે કરી શું પ્રયોજન છે; આ સર્વ જગતમાં એક દેશે કરી હું જ વ્યાપ્ત થઇને રહ્યો છું " મારા વગર કંઇ જ નથી. "

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।

विष्टभ्याहमिदं कृत्स्नमेकांशे न स्थितो जगत् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे
विभूतियोगोनाम गुर्जरभाषायां चतुस्त्रिंशोऽध्यायः ॥३४ ॥

अर्जुन उवाच—मदनुग्रहाय परमं गुह्यमध्यात्म संज्ञितं ।

यत्त्वयोक्तंवचस्तेन मोहोऽयं विगतो मम ॥ १ ॥

અર્જુન કહે છે-હે શ્રીકૃષ્ણ, તમે મારી ઉપર અનુગ્રહ કરવા વાસ્તે પરમ ગુહ્ય એવું અધ્યાત્મજ્ઞાન વિષય જે વચન કહ્યું, તેથી મારો મોહ નિવૃત્ત થયો. હે કમળપત્ર સરખાં નેત્રવાળા, મેં પ્રાણિ માત્રનાં સૃષ્ટિ તથા પ્રલય તમારાથી થાય છે તે અને અવિનાશી એવું તમારૂં માહાત્મ્ય તમારા મુખથી સાંભળ્યું. હે પરમેશ્વર, હે પુરૂષોત્તમ, તમે તમારૂં સ્વરૂપ જેવું કહો છો તે તેમજ છે; તોપણ હું જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય તથા તેજે કરી યુક્ત એવા તમારા રૂપને જોવા ઇચ્છું છું. માટે હે સમર્થ, હે યોગિના ઇશ્વર, જો તમે મને તે તમારૂં રૂપ જોવા શક્ય છે એમ માનતા હો, તો અવિનાશી એવું તમારૂં સ્વરૂપ દેખાડો. શ્રીભગવાન કહે છે—હે પાર્થ, દિવ્ય તથા નાના પ્રકારનાં વર્ણ અને આકૃતિવાળાં અનેક પ્રકારનાં સેંકડો તથા હજારો મારાં રૂપ તું જો. વળી હે ભારત, તું મારા દેહને વિષે આદિત્ય વસુ, રૂદ્ર, અશ્વિનીકુમાર તથા મરૂતને અને તે તથા બીજા કોઇએ પૂર્વે જોયેલ નહીં એવાં અતિ આશ્ચર્યને પણ જો. વળી હે ગુડાકેશ, તું આજ આ મારા દેહને વિષે અવયવરૂપે કરી એક ઠેકાણે રહેલા સમગ્ર ચરાચર જગતને તથા બીજું પણ જે જોવાને ઇચ્છતો હોય, તે પણ સર્વ જો. પણ તું આ ચર્મચક્ષુએ કરી મને જોવા શક્ય નથી, માટે હું તને દિવ્ય એવું અલૌકિક જ્ઞાનરૂપી ચક્ષુ આપું છું તેથી મારા અસાધારણ એવા અઘટિત ઘટનાના સામર્થ્યને જો. સંજય કહે છે-હે રાજા ધૃતરાષ્ટ્ર, અર્જુનને એ પ્રમાણે કહીને મહાયોગેશ્વર હરિએ અનેક મુખ તથા નેત્રવાળું, અનેક અદ્દભૂત દેખાવવાળું, અનેક દિવ્ય આભરણ યુક્ત, દિવ્ય એવાં અનેક ઉગામેલાં આયુધવાળું, દિવ્ય એવાં પુષ્પ તથા વસ્ત્ર ધારણ કરેલું, દિવ્ય ગંધના અનુલેપનવાળું અનેક આશ્ચર્યમય, પ્રકાશરૂપ, અનંત, ચોતરફ મુખવાળું અને પરમઐશ્વર્ય યુક્ત રૂપ દેખાડયું. જે મહાત્માના વિશ્વરૂપની કાંત બરાબર એક કાળાવચ્છિન્ન આકાશમાં ઉગતા હજાર સૂર્યની કાંતિ કદાચ થાય, તે દેવતાના દેવતા શ્રીકૃષ્ણના શરીરમાં નાના પ્રકારના વિભાગે કરી રહેલાં સમગ્ર જગતને અર્જુને જોયું ત્યારે વિસ્મય યુક્ત થઇ હર્ષિત રૂવાટાંવાળો અર્જુન દેવ શ્રીકૃષ્ણને મસ્તકે કરી પ્રણામ કરી હાથ જોડી કહેવા લાગ્યો કે હે શ્રીકૃષ્ણ, હે દેવ, તમારા દેહને વિષે આદિત્યાદિ દેવતાઓને, જરાયુજાદિ ચાર પ્રકારનાં પ્રાણિ સમુદાયને, દેવતાઓના ઇશ તથા કમળ ઉપર બેઠેલા બ્રહ્માને,

વસિષ્ટાદિ ઋષિયોને તથા તક્ષકાદિ દિવ્ય સર્પોને જોઉં છું. હે વિશ્વેશ, હે વિશ્વરૂપ, અનેક બાહુ, ઉદર, મુખ તથા નેત્રવાળા અને અનંતરૂપવાળા તમને ચોતરફથી જોઊં છું; પણ તમે સર્વમાં વ્યાપી રહ્યા છો, તેથી તમારા આદિ મધ્ય તથા અંતને જોતો નથી. વળી હું કિરીટ મુકુટ પહેરેલા, ગદા તથા ચક્ર ધારણ કરેલા, તેજના પુંજરૂપ, ચોતરફથી કાંતિમાન, જોવાને અશક્ય, દીપ્ત, અગ્નિ તથા સૂર્ય સરખા કાંતિવાળા અને આવા સ્વરૂપવાળા છે એમ નિશ્ચય કરવાને અશક્ય એવા તમને ચોતરફથી જોઊંછું. માટે તમે મુમુક્ષુ પુરૂષે જાણવા લાયક એવા પરમ બ્રહ્મ, આ વિશ્વના પ્રકૃષ્ટ આશ્રયભૂત, અવિનાશિ, નિત્ય ધર્મની રક્ષા કરનાર અને સનાતન પુરૂષ છો એમ હું માનું છું. વળી ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય રહિત, અનંત પ્રભાવવાળ, વીર્યવાન બાહુવાળા, ચંદ્ર તથા સૂર્ય જેના નેત્રમાં છે એવા, દેદીપ્યમાન, અગ્નિ જેના મુખમાં છે એવા અને પોતાના તેજે કરી વિશ્વને તપાવનાર એવા તમને હું જોઊં છું. હે મહાત્મન્, દ્યાવા પૃથ્વીનો અંતર અંતરિક્ષ, આકાશ તથા સર્વ દિશાઓ કેવળ તમારાથીજ વ્યાપ્ત થઇ ગયેલાં છે. પૂર્વે નહી જોયાં એવાં આ તમારાં ભયંકર રૂપને જોઇને આ ત્રિલોકી ભય પામી છે એમ હું જોઉંછું. અદૃષ્ટે પ્રેરણા કરેલા અસુરાંશ દુર્યોધનાદિ મરવા માટે તમારે વિષે જેમ પતંગ અગ્નિમાં પ્રવેશ કરે તેમ પ્રવેશ કરે છે, તથા તે માંહેલા કેટલાક ભય પામવાથી બંને હાથ જોડી તમારી સ્તુતિ કરે છે અને મહર્ષિ તથા સિદ્ધપુરૂષના સમૂહ તમારૂં કલ્યાણ થાઓ એમ કહીને અનેક સ્તુતિએ કરી સ્તુતિ કરે છે. વળી અગિયાર રૂદ્ર, બાર આદિત્ય, આઠ વસુ, સાધ્ય દેવતાઓ, વિશ્વદેવ, અશ્વિનીકુમાર, ઓગણપચાસ વાયુ, પિતૃઓ, ગંધર્વ, યક્ષ, વિરોચનાદિ અસુર અને સિદ્ધ પુરૂષના સમૂહ વિસ્મય પામીને તમને જુવે છે. હે મહાબાહો, ઘણાંક મુખ, નેત્ર, બાહુ, ઉરૂ, પાદ, ઉદર તથા ઘણી દાઢોએ કરી વિકરાળ એવું મ્હોટું તમારૂં રૂપ જોઇને સર્વ લોક વ્યથા પામે છે; તેમજ હું પણ વ્યથા પામ્યો છું. હે વિષ્ણુ, આકાશમાં વ્યાપ્ત, તેજે યુક્ત, અનેક વર્ણવાળા, ઉઘાડેલાં મુખવાળા અને પ્રદિપ્ત વિશાળ નેત્રવાળા તમને જોઇ અત્યંત વ્યથા પામેલા મનવાળો હું, ધૈર્ય તથા શાંતિને પામતો નથી. હે દેવેશ, હે જગંનિવાસ, દાઢોએ કરી વિકરાળ તથા પ્રલય સમયના અગ્નિ સરખા તમારા મુખને જોઇને. હું ભયને લીધે દિશાઓને જાણતો નથી તથા સુખ પણ પામતો નથી; વાસ્તે તમે મારી ઉપર પ્રસન્ન થાઓ. જયદ્રથાદિ રાજાઓના સમુદાય સહિત આ સર્વ ધૃતરાષ્ટ્રના દુર્યોધનાદિ પુત્ર અને અમારા મુખ્ય યોદ્ધાઓ શિખંડી તથા ધૃષ્ટદ્યુમ્નાદિ સહિત ભીષ્મ દ્રોણ, તથા કર્ણ એ સર્વ દોડતા હોય શું એમ દાઢોએ કરી વિકરાળ તથા ભયંકર તમારા મુખમાં ઉતાવળથી પ્રવેશ કરે છે. તેમાં કચરાઇ ગયેલા મસ્તકવાળા કેટલાક તમારા દાંતની સાંધમાં ચહોંટી ગયેલા દેખાય છે. વળી જેમ અનેક નદીના જળનો વેગ સમુદ્રની સામે જઇ તેમાં પ્રવેશ કરે તેમ આ નર લોકના રાજાઓ તમારાં ચોતરફથી પ્રદીપ્યમાન મુખમાં પ્રવેશ કરે છે. વળી જેમ પતંગ નામના સૂક્ષ્મજંતુ પોતાના નાશ માટે પ્રદીપ્ત એવા અગ્નિમાં વેગથી પ્રવેશ કરે છે તેમ આ લોક પણ પોતાના નાશ વાસ્તેજ તમારા મુખમાં વેગથી પ્રવેશ કરે છે. હે વિષ્ણુ, તમે જ્વળાયમાન મુખે કરી આ સર્વ શૂરવીરોને ચોતરફથી ગળતાં અતિશય કરી ભક્ષણ કરોછો; તોપણ ઉગ્ર એવી તમારી કાંતિ સમસ્ત જગતમાં વ્યાપીને તેને તપાવે છે. માટે હે દેવતાઓમાં શ્રેષ્ઠ, ઉગ્રરૂપવાળા તમે કોણ છો ! તે કહો, ને મારી ઉપર પ્રસન્ન થાઓ, હું તમને નમસ્કાર કરૂં છું. તમે આવી ચેષ્ટા શા માટે કરો છો, એમ નહી જાણતો એવો હું, આદ્ય એવા તમને જાણવાને ઇચ્છું છું શ્રી

ભગવાન કહે છે-હે અર્જુન, લોકનો ક્ષય કરનાર અતિ ઉગ્રકાળ, હું છું, માટે પ્રાણિઓનો સંહાર કરવા સારૂ આ સંગ્રામમાં પ્રવર્ત થયો છું; વાસ્તે તું વગરના બાકી ભીષ્મ તથા દ્રોણાદિની સેનામાં ઉભેલા યોધ્ધાએ કોઇપણ જીવતા રહેશે નહી. "કદાપી તું એમને નહીં મારીશ, તોપણ કાળાત્મા એવા મેં ગળેલા તે સર્વ નાશ પામશે" માટે હે સત્યસાચિ અર્જુન, તું યુદ્ધ માટે ઉભો થા ને દેવતાઓએ પણ દુર્જય એવા ભીષ્મ તથા દ્રોણાદિને અર્જુને જીત્યા એવા યશને પામ, ને યત્ન વગર શત્રુઓને જીતી સમૃદ્ધવાળાં રાજ્યને ભોગવ; કેમકે મેં એ સર્વ શત્રુઓને પૂર્વથીજ નાશ કરી રાખ્યા છે, માટે તું નિમિત્ત માત્ર થા. પૂર્વથીજ મેં હણી રાખેલા દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા બીજા પણ શૂરવાર યોદ્ધાઓને તું હણ, શોક કર નહીં અને યુદ્ધ કર; કારણ સંગ્રામમાં શત્રુઓને જીતીશ. સંજય કહે કે હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી કંપતો એવો અર્જુન, હાથ જોડી, નમસ્કાર કરી, નમ્ર થઇ અતિશય ભય પામી ગદગદ વાણીથી કહેવા લાગ્યો-કે હે હૃષીકેશ, તમે એવા છો માટે હુંજ કેવળ મહાત્મા એવા તમારા કિર્તને કરી હર્ષ પામું છું એમ નથી જગત પણ હર્ષ પામે છે તથા તમારામાં સ્નેહને પણ પામે છે. ભય પામેલા રાક્ષસો દિશાઓમાં ભાગી જાય છે અને કપિલાદિ સિદ્ધ પુરૂષોના સમૂહ તમને નમસ્કાર કરે છે એ યોગ્ય છે, કારણ હે અનંત, હે દેવેશ, હે જગન્નિવાસ, હે મહાત્મા, બ્રહ્માના પણ આદિકર્તા તથા ગુરૂ એવા તમને તે સૌ શું કરવા નમસ્કાર ન કરે; કેમકે તમે કાર્ય તથા કારણથી પર અક્ષર બ્રહ્મ છો. હે અનંત રૂપ, તમે આદિદેવ, પુરાણ પુરૂષોત્તમ, આ જગતના લયસ્થાન, તેને જાણનાર, જાણવા લાયક વસ્તુ તથા વૈષ્ણવપદ છો; માટેજ આ વિશ્વ તમારાથી વ્યાપ્ત છે. વળી વાયુ, યમ, વરૂણ, ચંદ્ર, પિતામહ તથા પ્રપિતામહ પણ તમેજ છો; વાસ્તે હું હજારવાર તમને નમસ્કાર કરૂં છું, ને વળી પણ હજારોવાર નમસ્કાર કરૂં છું. હે સર્વના આત્મા, હે અનંત વીર્ય, હું તમને આગળથી, પાછળથી તથા ચોતરફથી નમસ્કાર કરૂં છું, કેમકે અનંત પરાક્રમવાળા તમે સર્વ વિશ્વને અંદર તથા બહાર વ્યાપિ રહ્યા છો તેથી સર્વરૂપ છો. હે અચ્યુત, આ તમારા મહિમાને નહીં જાણતા એવા મેં, આ મારા સખા છે એમ જાણીને પ્રમાદથી અથવા સ્નેહથી હે કૃષ્ણ, હે યાદવ, હે અચ્યુત, હે સખા, એ રીતે જે કંઇ તિરસ્કારરૂપ વાકય કહ્યાં હોય, તે અને એકાંતમાં અથવા સખાઓની સમક્ષ હાસ્યમાં વિહાર, શયન, આસન તથા ભોજન વિષે જે તિરસ્કાર કર્યો હોય, તે મારા સર્વ અપરાધ અચિંત્ય પ્રભાવવાળા તમે ક્ષમા કરજો. તમે ચરાચર આ લોકના પિતા છો, માટે પૂજ્ય તથા ગુરૂ છો, તેથી અત્યંત શ્રેષ્ઠ છો; વાસ્તે ત્રણ લોકમાં જેના પ્રભાવની ઉપમા અપાય નહીં એવો તમારા સરખો બીજો કોઇ નથી, ત્યારે તમારાથી અધિક તો કયાંથી જ હોય. માટે હે દેવ, હું મારા શરીરથી દંડવત પ્રણામ કરી જગતના સ્વામી તથા સ્તુતિ કરવા લાયક તમને પ્રસન્ન કરૂં છું. હે દેવ, હે દેવેશ, હે જગન્નિવાસ, પૂર્વે નહીં દેખેલાં તમારાં રૂપને જોઇને હું હર્ષ પામ્યો છું તથા ભયે કરી મારૂં મન વ્યથા પણ પામ્યું છે; માટે તમે મારી ઉપર પ્રસન્ન થઇ મારી વ્યથા નિવૃત્ત થાય તે સારૂ તમારૂં તે ચતુર્ભુજ રૂપ મને દેખાડો. કારણ હે હજાર ભુજાવાળા, હે વિશ્વમૂર્તિ, હું કિરીટ મુકુટ પહેરેલા અને ગદા તથા છત્ર ધારેલા તમને પૂર્વની પેઠે જોવા ઇચ્છું છું; માટે તે ચતુર્ભુજ રૂપ ધારણ કરી મને દર્શન આપો. શ્રીભગવાન કહે છે-હે અર્જુન, તારી ઉપર પ્રસન્ન થયેલા મેં યોગ માયાના સામર્થ્યથી તને તારા વગર કોઇએ નહીં જોયેલું, તેજોમય, વિશ્વરૂપ, અનંત તથા આદ્ય એવું આ મારૂં ઉત્કૃષ્ટ રૂપ દેખાડયું. હે કુરૂકુળમાં અત્યંત શૂરવીર, મનુષ્ય લોકમા તારા

વગર બીજો કોઈ પણ વેદ, યજ્ઞ, અધ્યયન, દાન, અગ્નિહોત્રાદિ ક્રિયા અને ચાંદ્રાયણાદિ ઉગ્ર તપે કરી પણ એવા રૂપવાળા મને જોવાને શક્ય નથી. મારૂં આવું ઘોરરૂપ જો તને વ્યથા તથા વિમૂઢપણું મા થાઓ; ને ભય વગરનો તથા પ્રસન્ન મનવાળો થઇને તું પાછું તે મારૂં પૂર્વનું ચતુર્ભુજ રૂપ જો. સંજય કહેછે - હે ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે વાસુદેવ શ્રીકૃષ્ણે અર્જુનને કહીને પાછું પોતાનું પૂર્વરૂપ દેખાડ્યું; સૌમ્યરૂપ થઇને મહાત્માએ ભય પામેલાને આશ્વાસના કરી. અર્જુન કહેછે - હે જનાર્દન, તમારા સૌમ્ય એવાં આ મનુષ્ય રૂપને જોઇને હું પ્રસન્ન ચિત્તવાળો થયોછું તથા સ્વસ્થતાને પામ્યો છું. શ્રીભગવાન કહેછે—હે અર્જુન, તેં અતિશય દુઃખે કરી પણ દર્શન થાય નહી એવું જે મારૂં વિશ્વરૂપ જોયું, તેના દર્શનની નિરંતર દેવતાઓ ઇચ્છા કરેછે. "પણ તેને જોતા નથી" કારણ તેં જે મારૂં રૂપ જોયું, તેને વેદ, તપ, દાન તથા યજ્ઞને કરી જોવાને કોઈ પણ શક્ય નથી. કેવળ હે શત્રુને તપાવનાર અર્જુન, અનન્ય ભક્તિએ કરીને જ મનુષ્ય એ પ્રકારના મને તત્વથી જાણવા, જોવા તથા મારામાં પ્રવેશ કરવા શક્ય છે, વળી હે પાંડવ, મારે માટેજ કર્મ કરનાર હુંજ જેને પરમ પુરૂષાર્થ છું એવો, મારો ભક્ત, સંગ રહિત તથા સર્વ ભૂતને વિષે અવૈરિ જે પુરૂષ હોય છે, તે મને પામે છે.

मत्कर्म कृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।

निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे

विश्वरुपदर्शनंनाम गुर्जरभाषायां पंचत्रिंशोऽध्यायः ॥ ३५ ॥

अर्जुन उवाच—एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।

ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

અર્જુન પૂછેછે—હે શ્રીકૃષ્ણ, એ પ્રમાણે તમારામાંજ જેમની નિષ્ટા હોય છે એવા તમારા ભક્ત વિશ્વરૂપ તમારી ઉપાસના કરેછે અને બીજા કેટલાક નિર્વિશેષ બ્રહ્મની ઉપાસના કરે છે; એ બે પ્રકારના તમારા ઉપાસકોમાં શ્રેષ્ઠ કોણ? શ્રીભગવાન કહેછે—હે અર્જુન, ઉત્કૃષ્ટ શ્રદ્ધાએ યુક્ત તથા મારા વાસ્તે જ કર્મના અનુષ્ઠાનાદિ કરી મારામાં જ એક નિષ્ઠાવાળા જે પુરૂષો સર્વજ્ઞત્વાદિ ગુણ વિશિષ્ટ પરમેશ્વરરૂપ મારે વિષે મન જોડીને મારી ઉપાસના કરે છે, તેને હું શ્રેષ્ઠ માનું છું. ને જે પુરૂષ ઇંદ્રિય ગ્રામને નિયમમાં રાખી તથા સર્વત્ર સમાન બુધ્ધિવાળા થઈ અને સર્વના હિતમાં તત્પર થઇને અવિનાશિ શબ્દે કરી બતાવાય નહીં એવા, રૂપાદિ રહિત, સર્વમાં વ્યાપક, અચિંત્ય નિર્વિકાર રૂપાદિ રહિત તથા નિત્ય એવા નિર્ગુણ બ્રહ્મને ભજે છે, તે પણ મનેજ પામેછે, તથાપિ નિર્વિશેષ બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળાને અત્યંત કલેશ થાય છે; કેમકે દેહાભિમાનીને અવ્યક્ત બ્રહ્મને વિષે નિષ્ટા દુઃખે કરી પ્રાપ્ત થાય છે. હે પાર્થ, જે પુરૂષ સર્વ કર્મ મારે વિષે અર્પણ કરી તથા મારામાંજ પરાયણ થઇને મારૂં જ ધ્યાન કરતાં એકાંત ભક્તિયોગે કરી મારી ઉપાસના કરે છે, તે મારામાં ચિત્ત રાખનારનો હું મૃત્યુયુક્ત સંસારરૂપ સમુદ્રથી થોડા વખતમાં ઉદ્ધાર કરૂં છું. માટે તું મારામાંજ સંકલ્પ તથા વિકલ્પાત્મક મન સ્થિર કર અને નિશ્ચયાત્મિક બુદ્ધિ પણ મારે વિષે રાખ; કારણ એમ કરવાથી મારા પ્રસાદે કરી પ્રાપ્ત થયેલા જ્ઞાનયુક્ત થઇ મારા સ્વરૂપને પામીશ એમાં સંશય

નહીં. હે ધનંજય, જો તું મારામાં ચિત્ત સ્થિર કરવા સમર્થ ન થઇ શકતો હોતો મારા સ્મરણ અભ્યાસરૂપ યોગે કરી મને પામવાનો યત્ન કર. વળી જો તું એમ કરવામાં પણ સમર્થ ન હો, તો મારી પ્રીતિને અર્થે એકાદશ્યાદિ વ્રતરૂપ કર્મો કરવામાં તત્પર થા; એ રીતનાં કર્મ કરવાથી પણ મોક્ષને પામીશ. કદી એમ કરવાને પણ તું અશક્ત હો, તો એક મારો જ આશ્રય રાખી સાવધાન ચિત્તવાન થઇ સર્વ કર્મ ફળનો ત્યાગ કર; કારણ એમ કરવાથી પણ મારા પ્રસાદે કરી કૃતાર્થ થઇશ. કેમકે સારી રીતના જ્ઞાન રહિત અભ્યાસથી યુક્તિ સહિત ગુરૂએ ઉપદેશ કરેલું જ્ઞાન શ્રેષ્ઠ છે, તેથી તે પૂર્વક ધ્યાન શ્રેષ્ઠ છે તથા તેથી પણ કર્મ ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે; કારણ તે કરવાથી સંસાર નિવૃત્ત થાયછે. હવે ઉત્તમને વિષે દ્વેષ રહિત, સમાનને વિષે મિત્રતાથી વર્તનાર, હીનને વિષે દયાળુ, મમતા તથા અહંકાર રહિત, સમાન સુખ તથા દુઃખવાળો, ક્ષમાવાન, લાભ થાય અથવા અલાભ થાય તોપણ સંતુષ્ટ, નિરંતર સાવધાન, નિયમિત સ્વભાવવાળો, મારામાં જ દૃઢ નિશ્ચયવાળો અને મારે વિષેજ અર્પણ કર્યાં હોય છે મન તથા બુદ્ધિ જેણે એવો જે મારો ભક્ત, તે મને પ્રિય છે. વળી જેનાથી લોક ઉદ્વેગ પામે નહીં, જે લોકથી ઉદ્વેગ પામે નહીં અને હર્ષ, અસહનતા, ભય તથા ઉદ્વેગ રહિત જે હોયછે, તે પણ મારો ભક્ત મને પ્રિય છે. વળી જે ભક્ત ઇચ્છા રહિત બાહ્ય તથા આભ્યંતર પવિત્ર, ભગવત ભજનમાં આળસ રહિત, પક્ષપાત રહિત, મનોવ્યથા રહિત અને સર્વ ઉદ્યમનો ત્યાગ કરનાર હોય છે, તેપણ મને પ્રિય છે વળી જે ભક્તિમાન પુરૂષ પ્રિય વસ્તુને પામી પ્રસન્ન થાય નહીં, અપ્રિય વસ્તુને પામી તેનો દ્વેષ કરે નહીં, ઇષ્ટ અર્થનો નાશ થવાથી શોક કરે નહીં, અપ્રાપ્ત થયેલા પદાર્થની ઇચ્છા કરે નહીં અને શુભ તથા અશુભનો ત્યાગ કરવામાં શીળવાન હોય છે, તે મને પ્રિય છે. વળી જે મારો ભક્ત પુરૂષ શત્રુ તથા મિત્રને વિષે સમતાવાળો માન તથા અપમાનને વિષે પણ સમતાવાન, શીત ઉષ્ણ, સુખ તથા દુઃખને વિષે પણ સમાન, કોઇ ઠેકાણે પણ આસક્તિ રહિત, સમાન નિંદા તથા સ્તુતિવાળો, વાણીને નિયમમાં રાખનાર જે કંઇ, મળ્યું હોય તેમાંજ સંતુષ્ટ, નિયમિત નિવાસ સ્થાન વગરનો અને સ્થિર ચિત્તવાળો હોય છે તે પણ મને પ્રિય છે વળી જે મારા ભક્ત ધર્મરૂપ જે આ અમૃત મેં કહ્યું તેને મારામાં તત્પર થઇ શ્રદ્ધા રાખી સેવન કરે છે તેતો મને અત્યંત પ્રિય છે.

ये तु धर्मामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे
गुर्जरभाषायां षट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥

अर्जुन उवाच—प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥ १ ॥

અર્જુન કહેછે—હે કેશવ, હું પ્રકૃતિ, પુરૂષ, ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન તથા જાણવા લાયક એને જાણવાને ઇચ્છું છું. શ્રીભગવાન કહેછે—હે કુંતિપુત્ર, જેનાથી સર્વ ભોગ ભોગવાયછે એવું આ શરીર ક્ષેત્ર કહેવાય છે; કારણ સંસારના અંકુરનું સ્થાન છે; જેને અહંતા મમતારૂપે

જાણનારને ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ તથા ક્ષેત્રજ્ઞના વિવેકને જાણનાર પુરૂષો ક્ષેત્રજ્ઞ કહેછે. હે ભારત, સર્વ ક્ષેત્રને વિષે રહેલા ક્ષેત્રજ્ઞ મનેજ તું જાણ; ને ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું વિલક્ષણપણાએ કરી જે જ્ઞાન તેજ જ્ઞાન મારૂં સંમત છે કારણ મોક્ષનું હેતુ છે; ને તદવ્યતિરિક્ત જે જ્ઞાન, તે બંધન કરવાના હેતુને લીધે વૃથા છે માટે તે ક્ષેત્ર જેવા સ્વરૂપવાળું, જેવા સ્વભાવવાળું, જેવા વિકારવાળું, જેનાથી ઉત્પન્ન થાયછે, જેવી રીતનું છે અને ક્ષેત્રજ્ઞ જે સ્વરૂપવાળો તથા પ્રભાવવાળો છે તે સર્વ સંક્ષેપથી કહું તે તું સાભળ; કારણ તે પ્રસંગને વસિષ્ઠાદિ ઋષિઓએ યોગવાસિષ્ઠાદિ ગ્રંથને વિષે અનેક પ્રકારે પ્રતિપાદન કરેલ છે, વિવિધ પ્રકારવાળા વેદોએ પ્રતિ શાખામાં જૂદી જુદી રીતે ગાએલ છે અને નિશ્ચય કરેલા અર્થવાન તથા યુક્તિવાળા બ્રહ્મસૂચક તત્વમસ્યાદિ બ્રાહ્મણ વાકયોએ પણ ગાયેલ છે. પૃથ્વી, જળ, વાયુ, તેજ તથા આકાશ એ પાંચ મહાભૂત, અહંકાર, મહત્તત્વ, મૂલપ્રકૃતિ, શ્રોત્ર, ત્વચા, ઘ્રાણ, દષ્ટિ તથા જીહ્વા, એ પાંચ જ્ઞાનેંદ્રિય, વાણી, હસ્ત, પગ, ગુદા તથા ઉપસ્થ એ પાંચ કર્મેંદ્રિય, એકમન અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ એ પાંચ વિષય એ સર્વ મળી ચોવીશ તત્વ, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સર્વ સમુદાયરૂપ શરીર, જ્ઞાનાત્મિક મનોવૃત્તિ અને ધૈર્ય એ સર્વ વિકાર સહિત ક્ષેત્ર સંક્ષેપથી મેં તને કહ્યું. હવે કહેલા લક્ષણવાળાં ક્ષેત્રથી જુદા એવા જાણવા લાયક શુદ્ધ ક્ષેત્રનું વિસ્તારથી વર્ણન કરવા સારૂં તેના જ્ઞાનનાં સાધન કહું તે તું સાંભળ—માન રહિત, દંભ રહિત, પારકાને પીડા ન કરવી, સહનતા, સરલતા, સદ્દગુરૂની સેવા, મૃતિકા તથા જલાદિથી બહારનું શૌચ અને રાગાદિ મેલનો ત્યાગ કરવો એ આભ્યતરશૌચ, એક નિષ્ટા, શરીરને નિયમમાં રાખવું, ઇંદ્રિયના અર્થને વિષે વૈરાગ્ય, અહંકાર રહિત, જન્મ, મૃત્યુ, જરા તથા વ્યાધિ સંબંધી દુઃખ તથા દોષને વારંવાર જોવું, પુત્ર, સ્ત્રી તથા ગૃહાદિને વિષે આસક્તિ રહિત તથા તેમનાં સુખ તથા દુઃખથી હું સુખી તથા દુઃખી છું એમ ન માનવું, પ્રિય અથવા અપ્રિય વસ્તુની પ્રાપ્તિ વિષે સદૈવ સમાન ચિત્ત પરમેશ્વર એવા મારે વિષે સર્વત્ર દષ્ટિથી એકાગ્ર ભક્તિ એકાંત સ્થાનનું સેવન પ્રાકૃત મનુષ્યની સભાને વિષે પ્રીતિનો અભાવ, આત્મ સંબંધી જ્ઞાન વિષે નિષ્ટા અને તત્વજ્ઞાનનાં પ્રયોજનરૂપ મોક્ષને સર્વથી ઉત્કૃષ્ટ છે એમ જોવુ એ સર્વ જ્ઞાન જ છે એમ કહ્યું, કેમકે જ્ઞાનનાં સાધન છે; ને એથી જે ઉલટું માન્યત્વાદિ, તે અજ્ઞાન છે એમ વસિષ્ઠાદિએ કહેલ છે, કેમકે જ્ઞાનનાં વિરોધિ છે, માટે તેમનો સર્વથા ત્યાગ કરવો. હવે જેને જાણવાથી મનુષ્ય મોક્ષને પામે એવું જાણવા લાયક જે બ્રહ્મ, તે કહુંછું; જે અનાદિ નિર્વિશેષ અને સદસદ્‌થી ભિન્ન કહેવાય છે. વળી તે સર્વ ઠેકાણે છે. હાથ, પગ, નેત્ર, મસ્તક, મુખ તથા કાન જેનાં એવું અને સર્વ લોકમાં વ્યાપિ રહેલું છે. વળી તે સર્વ ઇદ્રિયો તથા તેના સર્વ વિષયોને પ્રકાશ કરનાર, સર્વ ઇંદ્રિય રહિત સંગરહિત, સર્વને ધારણ કરનાર, સત્વાદિ ગુણ રહિત અને ગુણનું પાલક છે. વળી તે ચરાચર ભૂતની અંદર તથા બહાર રહેલું, સ્થાવર તથા જંગમરૂપરૂપાદિ રહિત પણાને લીધે નહી જણાય એવું અવિદ્વાનોને દૂર તથા વિદ્વાનોને સમીપ છે. વળી તે સ્થાવર તથા જંગમાત્મક ભૂતને વિષે કારણરૂપે કરી અભિન્ન અને કાર્યરૂપે કરી જુદા જુદાપણે રહેલું, સ્થિતિ કાળમાં પ્રાણિમાત્રનું પોષણ કરનાર પ્રલય સમયે સર્વનો ગ્રાસ કરનાર અને સૃષ્ટિકાલે નાના પ્રકારના કાર્યરૂપે ઉત્પન્ન થનાર છે. વળી તે ચંદ્ર તથા સૂર્યાદિનું પ્રકાશક અજ્ઞાનથી પર, કેવળ જ્ઞાનમાત્ર શરીરવાળું જાણવા લાયક અમાનિત્વાદિ જ્ઞાનના જે પૂર્વોક્ત સાધન તેથીજ જેની નાસ્ત

થાય એવું અને સર્વના હૃદયને વિષે નિયંતાપણાએ કરી રહેલું છે. એ પ્રમાણે મેં ને ક્ષેત્રજ્ઞાન તથા જ્ઞેય વસ્તુ સંક્ષેપથી કહ્યાં; જેને જાણીને મારો ભક્ત બ્રહ્મપણાને પામવા યોગ્ય થાય. હવે પ્રકૃતિ તથા પુરૂષ એ બેઉ અનાદિ છે એમ અને શબ્દાદિ વિકાર તથા બુદ્ધિ ઇંદ્રિયાદિ ગુણ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ છે એમ તું જાણ. "હવે પ્રકૃતિ તથા પુરૂષ એ બેઉ કયા દ્વારે કરી સંસારના કારણ થાય છે એમ તું કહીશ તો કહું છું" કે - કાર્ય, શરીર, તથા તેને આરંભ કરનાર પંચ મહાભૂત તથા પાંચ વિષય 'અને" તેર ઇંદ્રિય તથા તદાશ્રિત સુખ, દુઃખ અને મોહાત્મક ગુણ એમના કર્તાપણાએ કરી સંસારનું કારણ પ્રકૃત થાય છે અને સુખ તથા દુઃખના ભોક્તાપણાને લીધે પુરૂષ સંસારનો હેતુ થાય છે "શંકા - તથાપિ અવિકારી તથા જન્મ રહિત એવા પુરૂષને ભોક્તાપણું કેમ-એમ તું કહીશ તો કહું છું" કે-પ્રકૃતિના કાર્ય-ભૂત દેહને વિષે તાદાત્મ્યપણાથી રહેલો પુરૂષ દેહે ઉત્પન્ન કરેલા સુખ દુઃખ તથા મોહરૂપ ગુણને પામે છે; માટે તેને દેવતા, પશુ તથા મનુષ્યાદિને વિષે જન્મ થવાનું કારણ શુભાશુભ કર્મ કરનારી ઇંદ્રિયોનો સંગ છે. હવે તે પુરૂષનો પ્રભાવ કહું તે તું સાંભળ-પુરૂષ પ્રકૃતિનાં કાર્યભૂત દેહને વિષે રહેલો છે તોપણ તેથી જૂદો છે; કારણ તેની પાસે રહી તેના સાક્ષી છે, તેની સન્નિધિ માત્રે કરી તેનો અનુગ્રહ કરનાર છે, તેનું ધારણ કરનાર તથા પાલન કરનાર છે, બ્રહ્માદિનો પણ અધિપતિ અને અંતર્યામી છે એમ શ્રુતિયોએ કહેલું છે. એ પ્રમાણે પુરૂષને તથા પોતાના વિકાર સહિત પ્રકૃતિને જે પુરૂષ જાણે તે વિધિને ઉલ્લંઘન કરી વર્તે તોપણ ફરીથી જન્મને પામે નહીં "સંસારથી મુક્ત થાય" એ પ્રમાણના આત્માને જાણવામાં અધિકારીના ભેદને લીધે ઉપાયના વિકલ્પ કહું 'તે તું સાભળ. આત્માને કેટલાક પુરૂષો પોતાના દેહને વિષે બુદ્ધિએ કરી ધ્યાન દ્વારા, કેટલાક પ્રકૃતિ પુરૂષના વિલક્ષણપણાના વિચારરૂપ સાંખ્યદ્વારા, કેટલાક અષ્ટાંગ યોગદ્વારા, અને કેટલાક કર્મદ્વારા જુવેછે" હવે અતિ-મંદ એવા અધિકારીને સંસારરૂપ સમુદ્ર તરવાનો ઉપાય કહું તે તું સાંભળ-પૂર્વે કહેલા સાંખ્ય યોગાદિ માર્ગે કરી ઉપદ્રષ્ટત્વાદિ લક્ષણવાન આત્માને સાક્ષાત્ કરવાને નહીં જાણતા એવા તથા ઉપદેશને શ્રવણ કરવામાં તત્પર જે પુરૂષો આચાર્યાદિથી ઉપદેશ સાંભળી ધ્યાન કરે છે, તે આસ્તે આસ્તે સંસારને તરે છે. હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન, જે કંઇ સ્થાવર તથા જંગમા-ત્મક પ્રાણિ ઉત્પન્ન થાય છે, તે સર્વ ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના સંયોગથી થાય છે એમ તું જાણ. હવે સર્વ ભૂતપ્રાણિને વિષે સમાનપણાએ કરીને રહેલા તથા તેના નાશ થવાથી નહીં" નાશ થતા એવા પરમેશ્વરને જે પુરૂષો જાણે છે, તેજ સારી રીતે જુવેછે. "બીજો નહીં. કારણ તે પુરૂષ સર્વત્ર સમાનપણાએ કરી રહેલા આત્માને સમાનરૂપે જુવે છે તેથી પોતાના આત્માને નાશ કર-તો નથી; ને પરમ ગતિને પામે છે. "શંકા-શુભાશુભ કર્મ કરવાને લીધે આત્માનું વિષમપણું દેખાય છે, ત્યારે તેનામાં સમતા કેમ એમ તુ કહીશ તો કહુ છું." કે સર્વ પ્રકારે કરી દેહ તથા ઇંદ્રિયાદિરૂપે પરિણામ પામેલી પ્રકૃતિયેજ સર્વ કર્મ કર્યાં છે એમ તથા આત્મા અકર્તા એમ જે જુવેછે, તેજ સારી રીતે જુવેછે. "શંકા પ્રકૃતિનેજ કર્તૃત્વ અને આત્માને નહીં એમ કેમ એ રીતે તું કહીશ તો કહુ છુ" કે-જ્યારે પુરૂષ સ્થાવર તથા જંગમાત્મક પ્રાણિના જૂદા પણાને પ્રલયને વિષે એકજ ઇશ્વર શક્તિરૂપ પ્રકૃતિને વિષે રહેલું છે એમ સૃષ્ટિ સમયે તેથીજ તેમનો વિસ્તાર થાય છે એમ અને પ્રકૃતિજ સર્વ રૂપછે એમ જાણી તેમાં અભેદ જુવે ત્યારે બ્રહ્મરૂપ થાય. હે કુંતિપુત્ર, સંસારાવસ્થાને વિષે અવિનાશિ એવા પરમાત્મા શરીરને

વિષે રહેલા હોય છે, તો પણ કંઇજ કર્તા નથી તથા કર્મ ફળે કરી લેપાતા નથી, કેમકે અનાદિ તથા નિર્ગુ છે. માટે જેમ આકાશ સૂક્ષ્મ તથા અસંગપણાને લીધે પંકાદિને વિષે લેપાતું નથી, તેમ આત્મ ઉત્તમ તથા અધમ દેહને વિષે રહેલો છે પણ દેહ સંબંધી ગુણ દોષે કરી લેપાતો નથી. વળી હે ભારત, જેમ એક સૂર્ય સમગ્ર લોકને પ્રકાશ કરેછે, તેમ ક્ષેત્રી આત્મ સમગ્ર ક્ષેત્રરૂપ દેહ પ્રકાશ કરે છે. એ પ્રમાણે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના ભેદને અને આકાશાદિ ભૂતોનાં ઉપાદાન કારણરૂપ ત્રિગુણાત્મિક અવિદ્યાનો જ્ઞાને કરી નાશ થાય છે એમ જે જાણે તે પરમપદને પામે.

क्षेत्रक्षेत्रज्ञयोरेवमंतरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यांति ते परं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञयोगोनाम गुर्जरभाषायां सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥

श्री भगवानुवाच—परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमं ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥ १ ॥

શ્રી ભગવાન કહે છે—હે અર્જુન, તપ તથા કર્માદિ વિષયના જ્ઞાનોમાં જે ઉત્તમ જ્ઞાન તે હું તને ફરીથી કહું છું; જેને જાણીને મુનિઓ આ સંસારથી મૂકાઇ ઉત્કૃષ્ટ મોક્ષરૂપ સિદ્ધિને પામ્યા છે. એ જ્ઞાનનો આશ્રય કરીને મારા સમાનપણાને પામેલા પુરૂષો, બ્રહ્માદિ ઉત્પન્ન થાયછે તો પણ ઉત્પન્ન થતા નથી અને પ્રલય વખતે દુઃખનો અનુભવ કરતા નથી. હે ભારત, દેશ તથા કાળથી નાશ રહિત, આ જગતરૂપ પોતાના કાર્યની વૃદ્ધિનો હેતુ અને પરમેશ્વર એવા મારૂં ગર્ભાધાન સ્થાનરૂપ પ્રકૃતિને વિષે, હું ગર્ભ મુકું છું. જગતના વિસ્તારના હેતુ ચિદાભાસને તેને વિષે નાંખું છું." તેથી બ્રહ્માદિ સર્વ પ્રાણિની ઉત્પત્તિ થાયછે. હે કુંતિપુત્ર, મનુષ્યાદિ યોનીને વિષે સ્થાવર તથા જંગમાત્મિક જે મૂર્તિ ઉત્પન્ન થાયછે, તેમની પ્રકૃતિ માતારૂપ છે અને તેમનો ગર્ભાધાનાદિ કરનાર હું પિતા છું. હવે હે ભારત, સત્વ, રજ તથા તમ એ ત્રણ ગુણ પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે; જે પ્રકૃતિના કાર્યરૂપ દેહને વિષે તાદાત્મ્યપણાએ કરી રહેલા વસ્તુનાએ કરી નિર્વિકાર ચિદંશને પોતાનાં કાર્યરૂપ સુખ, દુઃખ તથા મોહાદિને વિષે જોડે છે. તે આવી રીતે કે—હે નિષ્પાપ, તે ત્રણ ગુણ માંહ્યલો સત્વગુણ નિર્મળપણાને લીધે પ્રકાશક તથા શાંત છે, મા પોતાનાં કાર્યરૂપ સુખ તથા જ્ઞાનના સંગે કરી જીવને બાંધે છે "હું સુખી તથા જ્ઞાની એમ માનનાર જે મન તેના અભિમાની ક્ષેત્રજ્ઞને તેને વિષે જોડે છે" ને હે કુંતિ પુત્ર, તૃષ્ણા તથા સંગની જેનાથી ઉત્પત્તિ છે એવા રજો ગુણને રંજનરૂપ છે એમ તું જાણજે; દેહીને દૃષ્ટ તથા અદૃષ્ટ અર્થવાળાં કર્મને વિષે આસક્તિએ કરી સારી રીતે બંધન કરે છે. ને હે ભારત, સર્વ દેહીને ભ્રાંતિ ઉત્પન્ન કરનાર તમોગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો છે એમ તું જાણ; જે પ્રમાદ, આલસ્ય તથા નિદ્રાએ કરી દેહીને બંધન કરે છે. વળી સત્વગુણ દેહીને સુખને વિષે, રજોગુણ કર્મને વિષે તથા તમોગુણ તેના જ્ઞાનને ઢાંકી લઇ પ્રમાદને વિષે જોડે છે. હે ભારત, જ્યારે રજોગુણ તથા તમોગુણને તિરસ્કાર કરી સત્વગુણ ઉત્પન્ન થાય છે ત્યારે પોતાના કાર્યરૂપ

સુખ તથા જ્ઞાનાદિને વિષે દેહીને જોડે છે; સત્વગુણ તથા તમોગુણને તિરસ્કાર કરીને રજોગુણ ઉત્પન્ન થાય છે ત્યારે પોતાનાં કાર્યરૂપ તૃષ્ણા તથા કર્માદિને વિષે દેહીને જોડે છે અને સત્વગુણ તથા રજોગુણનો તિરસ્કાર કરીને તમોગુણ ઉત્પન્ન થાય છે ત્યારે પોતાના કાર્યરૂપ પ્રમાદ તથા આલસ્યાદિને વિષે દેહી જોડે છે. "હવે વૃદ્ધિ પામેલા સત્વાદિ ગુણનાં ચિન્હ કહું" તે તું સાંભળ: જ્યારે આત્માના ભોગસ્થાનરૂપ દેહમાં રહેલાં શ્રોત્રાદિ સર્વ દ્વારને વિષે શબ્દાદિ જ્ઞાનાત્મક પ્રકાશ ઉત્પન્ન થાય ત્યારે સત્વગુણ વૃદ્ધિ પામ્યા છે એમ જાણવું. હે ભરતકુળમાં શ્રેષ્ઠ, જ્યારે લોભ, અગ્નિહોત્રાદિ કર્મમાં પ્રવૃત્તિ, ગૃહાદિના આરંભ, અમુક કર્યા પછી અમુક કરીશ; એમ સંકલ્પ તથા વિકલ્પ કરવા અને દેખેલી અનેક ચીજોને ગ્રહણ કરવાની ઇચ્છા થાય ત્યારે રજોગુણ વૃદ્ધિ પામ્યો છે એમ જાણવું. હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા અર્જુન, જ્યારે વિવેકનો નાશ ઉદ્યમ રહિતપણું, ગાફલતા તથા મોહ થાય ત્યારે તમોગુણ વૃદ્ધિ પામ્યો છે એમ જાણવું, હવે મરણ સમયે વૃદ્ધિ પામેલા સત્વાદિ ગુણનાં ફળ કહું" તે તું સાંભળ—જો સત્વગુણ વૃદ્ધિ પામ્યો હોય ને જીવ મરણ પામે, તો હિરણ્યગર્ભાદિની ઉપાસના કરનારાઓને જે લોક પ્રાપ્ત થાય છે, તે દુઃખ રહિત નિર્મળ લોકને પામે છે. જો રજોગુણ વૃદ્ધિ પામ્યો હોય ને જીવ મરણ પામે તો શ્રૌત તથા સ્માર્ત કર્મના અનુષ્ઠાનવાળા મનુષ્યોને વિષે ઉત્પન્ન થાય; ને જો તમોગુણ વૃદ્ધિ પામ્યો હોય ને મરણ પામે, તો પશ્વાદિની યોની વિષે ઉત્પન્ન થાય. સાત્વિક કર્મનું સત્વગુણ પ્રધાનવાળું તથા ઘણા પ્રકાશવાળું સુખરૂપ ફળ છે. રાજસ કર્મનું રજોગુણ પ્રધાનવાળું દુઃખરૂપ ફળ છે અને તામસ કર્મનું તમોગુણ પ્રધાનવાળું અજ્ઞાનરૂપ ફળ છે એમ કપિલાદિ કહે છે. વળી જીવને સત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણથી લોભ ઉત્પન્ન થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન ઉત્પન્ન થાય છે. વળી સત્વગુણ પ્રધાનવાળા પુરૂષો ઉપરના લોકમાં જાય છે, રજોગુણ પ્રધાનવાળા પુરૂષો મનુષ્ય લોકમાં ઉત્પન્ન થાય છે અને હલકા એવા તમોગુણનાં કાર્ય પ્રમાદ તથા મોહાદિ વિષે રહેલા તામસી પુરૂષો નર્કને વિષે ઉત્પન્ન થાય છે "એ પ્રમાણે પ્રકૃતિજન્યગુણના સંગે કરી થયેલો પ્રપંચ સહિત સંસાર કહ્યો. હવે તેના વિવેકથી થતો મોક્ષ કહું" તે તું સાંભળ—જ્યારે વિવેકયુકત થયેલો જીવ બુદ્ધ્યાદિ આકારરૂપે પરિણામ પામેલા ગુણથી કર્તા જૂદો છે એમ જુવે "ગુણજ કર્મ કરે છે એમ જુવે" અને ગુણથી જૂદા એવા તેના સાક્ષી આત્માને જાણે, ત્યારે બ્રહ્મતાને પામે ત્યાર પછી જીવ દેહાકાર રૂપે પરિણામ પામનાર તે ત્રણને અતિક્રમણ કરી અને તત્કૃત જન્મ મરણ તથા જરાવસ્થાનાં દુઃખથી મૂકાઈને બ્રહ્માનંદને પામે. અર્જુન પૂછે છે—હે સમર્થ, ત્રણ ગુણને અતિક્રમણ કરેલા દેહીનાં લક્ષણ તથા આચાર કેવો હોય છે, ને કયા સાધનથી એ ત્રણ ગુણને અતિક્રમણ કરે તે તમે મને કહો. શ્રીભગવાન કહે છે—હે પાંડવ, દેહી સત્વ, રજ તથા તમોગુણના કાર્ય પ્રકાશ, પ્રવૃત્તિ તથા મોહ પોતાની મેળે પ્રાપ્ત થાય; ત્યારે દુઃખબુદ્ધિથી તેનો દ્વેષ કરે નહીં, અને સમાધિ અવસ્થામાં તેમનો નાશ થયા કેડે પાછી સુખ બુદ્ધિથી તેમની ઇચ્છા કરે નહી વળી સાક્ષીપણાએ કરી રહેલે દેહીગુણ કાર્ય સુખ તથા દુઃખાદિએ કરી પોતાના સ્વધર્મથી ચલાયમાન થાય નહી, અને ગુણજ પોતાના કાર્યમાં વર્તે છે તેના સાથે મને કંઇપણ સંબંધ નથી એમ વિવેકજ્ઞાને કરી તૂષ્ણિ ભાવને પામી રહે પણ લગાર ચલાયમાન થાય નહીં. વળી સુખ તથા દુઃખ સમાનવાળો, સ્વ સ્વરૂપને વિષેજ રહેલો ઢેફું, પત્થર તથા સુવર્ણને વિષે સમાન ભાવવાળો, પ્રિય તથા અપ્રિય જેને સમાન હોયછે એવો

બુદ્ધિમાન, સમાન પોતાની નિંદા તથા સ્તુતિવાળો, માન તથા અપમાનને વિષે સમાન, મિત્ર તથા શત્રુના પક્ષને વિષે સમાન અને સર્વ આરંભનો ત્યાગ કરનાર દેહી ગુણાતીત કહેવાય છે, ને જે દેહી એકાગ્ર એવા ભક્તિયોગે કરીને પરમેશ્વર નારાયણ એવા મને સેવે, તે એ ત્રણને અતિક્રમણ કરી બ્રહ્મપણાને પામવા યોગ્ય થાય. બ્રહ્મ, અવિનાશિ એવા મોક્ષ, શાશ્વત એવા ધર્મ તથા અખંડિત સુખની પ્રતિમા હુંજ છું.

ब्रह्मणो हि प्रातिष्ठाहममृतस्य व्ययस्य च ।

शाश्वतस्य च धर्मस्य सुखस्यैकांतिकस्य च ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे

गुणत्रयविभागयोगोनाम गुर्जरभाषायां अष्टत्रिंशोऽध्यायः ॥ ३८ ॥

श्री भगवानुवाच—उर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययं ।

छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ १ ॥

શ્રીભગવાન કહેછે—પૂર્વાધ્યાયના અંતમાં મને જે પુરૂષ એકાગ્ર ભક્તિએ કરી સેવે ઈત્યાદિ વાક્યે કરી પરમેશ્વરને એકાંત ભક્તિએ કરી ભજનારને તેની કૃપાથી પ્રાપ્ત થયેલાં જ્ઞાને કરી બ્રહ્મભાવ થાયછે એમ કહ્યું; પણ અવૈરાગ્યવાનને એકાંત ભક્તિ તથા જ્ઞાન થાય નહી માટે વૈરાગ્ય પૂર્વક જ્ઞાનનો ઉપદેશ કરવાની ઈચ્છાથી પ્રથમ અઢી શ્લોકે કરી સંસારનાં સ્વરૂપને વૃક્ષનારૂપ અલંકારે કરી વર્ણન કરતાં "શ્રીભગવાન કહેછે—પુરૂષોત્તમરૂપ મૂળવાળો કાર્યના ઉપાધિરૂપ હિરણ્યગર્ભાદિ શાખાવાળો તથા વેદરૂપ પાંદડાંવાળો આ સંસારરૂપ અશ્વત્થ નામનો વૃક્ષ છે, તેને મિથ્યારૂપે જે મનુષ્ય જાણે, તેજ વેદ જાણનાર " તેણેજ જાણવાનું જાણ્યું. સત્વાદિ ગુણે કરી વૃદ્ધિ પામેલી તથા વિષયરૂપ સૂક્ષ્મ પલ્લવવાળી તે વૃક્ષની શાખાઓ, મનુષ્ય, પશુ, સ્થાવર તથા નરક પર્યંત નીચે અને ગંધર્વ તથા યક્ષાદિ હિરણ્યગર્ભ પર્યંત ઉપર વિસ્તાર પામી છે; ને તે વૃક્ષના નીચા એવા આ મનુષ્ય લોકમાં કર્મરૂપ અનુબંધવાળા તથા નિત્ય વ્યવહારવાળાં તે તે ભોગની વાસનારૂપ અવાંતર મૂળ છે. આ સંસારમાં રહેલા પ્રાણિને એ સંસાર વૃક્ષનાં સ્વરૂપ, અંત, આદિ તથા સ્થિતિ જાણવામાં આવતાં નથી; માટે દઢ મૂળ વાળા તે સંસારરૂપ અશ્વત્થ વૃક્ષને દઢ એવા અસંગરૂપ શસ્ત્રે કરી છેદ કરીને, તેનાં મૂળ, ભૂત વસ્તુ વૈષ્ણવ પદને ખોળવું; જેને વિષે ગયેલા પાછા આ સંસારમાં આવતા નથી. માટે જેનાથી અનાદિ એવી સંસારની પ્રવૃત્તિ વિસ્તાર પામી છે, તેજ આદિ પુરૂષની હું શરણ આવ્યો છું એમ મનુષ્યે પોતાના મનમાં ભાવ રાખવો. " વળી તે પદને પામવાનાં બીજાં સાધન છે તે કહું " તે તું સાંભળ-માન તથા મોહ વગરના પુત્રાદિના સંગરૂપ દોષને જીતેલા, આત્મ જ્ઞાનને વિષે નિષ્ઠાવાળા, નિવૃત્ત પામેલી કામનાવાળા અને સુખ તથા દુઃખરૂપ શીતોષ્ણાદિ દ્વંદ્વથી મુક્ત થયેલા પુરૂષો, અવિદ્યા રહિત થઇને અવિનાશિ એવા તે વૈષ્ણવ પદને પામેછે. જે પદને પામીને યોગી પુરૂષો પાછા તેથી નિવૃત્તિ પામતા નથી. તે ઉત્કૃષ્ટ એવાં મારા સ્વરૂપને સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ પણ પ્રકાશ કરી શકતા નથી. "શંકા—જોકે તમારા સ્વરૂપને પામેલા પુરૂષો પાછા સંસારમાં આવતા નથી ત્યારે તો સુષુપ્તિ તથા પ્રલયકાળને વિષે સર્વને તમારી

પ્રાપ્તિ છેજ; ત્યારે પાછો સંસારી કોણ થાય એમ તું કહીશ તો કહું છું " કે—અવિદ્યાએ કરી જીવરૂપ થયેલો સનાતન એવો મારો અંશ, પ્રકૃતિને વિષે લીન થયેલી મન સહિત ઇંદ્રિયોને જીવ લોકમાં ભોગને માટે આકર્ષણ કરેછે" અવિદ્યાએ વિંટાયલા જીવનો ઇંદ્રિયો સહિત પ્રકૃતિયુક્ત એવા મારે વિષે લય છે, પણ શુદ્ધ સ્વરૂપને વિષે લય નથી, તેથી તે ભોગ વાસ્તે ઇંદ્રિયોનું આકર્ષણ કરે છે; ને જ્ઞાનિને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાયછે, તેથી તેને પાછી આવૃત્તિ થતી નથી" "શંકા—જીવ ઇંદ્રિયોને આકર્ષણ કરી શું કરે છે એમ તું કહીશ તો કહું છું " કે—દેહાદિનો સ્વામી જીવ, જ્યારે જે શરીરનો ત્યાગ કરી જે બીજા શરીર પ્રત્યે જાય છે, ત્યારે જેમ વાયુ ગંધના સ્થાનરૂપ પુષ્પમાંથી સૂક્ષ્મ ગંધને ગ્રહણ કરી જાયછે, તેમ તેમાંથી સૂક્ષ્મ ઇંદ્રિયોને ગ્રહણ કરી તે પ્રત્યે જાયછે. " જીવ તે ઇંદ્રિયોને ગ્રહણ કરી જે વાસ્તે બીજા શરીરને વિષે જાયછે, તે કહું" તે તું સાંભળ—આ જીવ શ્રોત્ર, ચક્ષુ, ત્વચા, જીભ, ઘ્રાણ તથા મન એ છ ઇંદ્રિયોનો આશ્રય કરીને, વિષયોને ભોગવે છે. "શંકા—કાર્ય તથા કારણના સંઘાતથી જુદાપણાએ કરી રહેલા આત્માને જીવને સર્વ કેમ જોતા નથી એમ તું કહીશ તો કહું છું" કે—એક દેહમાંથી બીજા દેહને વિષે જતાંવેતજ દેહને વિષે રહેલા, ઇંદ્રિયોના ભોગે કરી ભોગવનાર તથા ઇંદ્રિયાદિ યુક્ત જીવને મૂઢ પુરૂષો જોતા નથી; પણ જ્ઞાનરૂપ ચક્ષુવાળા વિવેકી પુરૂષો જુવે છે. " તેમાં પણ દુર્જ્ઞેય એવા તેને કેટલાક જુવે છે તથા કેટલાક નથી પણ જોતા તે કહું " તે તું સાંભળ—ધ્યાનાદિ સાધને કરી યત્ન કરનાર કેટલાક શાસ્ત્રના અભ્યાસાદિ સાધને કરી યત્ન કરે છે, તો પણ શુદ્ધ ચિત્ત વગરના હોવાથી મંદ બુદ્ધિવાળા જોતા નથી. વળી સૂર્યમાં રહેલું જે તેજ આખા જગતને પ્રકાશ કરે છે તથા ચંદ્રમાં અને અગ્નિમાં જે તેજ રહ્યું છે, તે સર્વ તેજ મારૂંજ છે એમ તું જાણ. હું પૃથ્વી વિષે પ્રવેશ કરીને મારા બળે કરી સર્વ ભૂત પ્રાણિને ધારણ કરૂંછું તથા રસાત્મક ચંદ્રરૂપ થઇને સર્વ વ્રીહ્યાદિ ઔષધિયોનું પોષણ કરૂંછું, વળી હું જઠરાગ્નિરૂપ થઇ, પ્રાણિયોના દેહમાં રહી અને પ્રાણ તથા અપાનયુક્ત થઇ ભક્ષ્ય ભોજ્ય, લેહ્ય તથા ચોસ્યરૂપ ચાર પ્રકારનાં અન્નને પચાવું છું. વળી હું સર્વ પ્રાણિના હૃદયને વિષે અંતર્યામિરૂપે રહ્યો છું, માટે પ્રાણિમાત્રને સ્મૃતિ તથા જ્ઞાન અને એ બેઉનું ટળી જવું એ મારાથીજ થાય છે; સર્વ વેદે કરી જાણવા લાયક જ્ઞાન આપનાર ગુરૂ તથા વેદાર્થને જાણનાર પણ હું છું. હવે આ લોકમાં ક્ષર તથા અક્ષર એ બે પુરૂષ પ્રસિદ્ધ છે, તેમાં બ્રહ્માદિ સ્થાવરાંત સર્વ ભુત પ્રાણિનાં શરીર ક્ષર પુરૂષ અને દેહના નાશે કરીને અવિકારપણાને લીધે જેનો નાશ થતો નથી એવો કૂટસ્થ ચેતનરૂપ ભોક્તા અક્ષર પુરૂષ છે એમ વિવેકી પુરૂષો કહે છે. ને જે અવિનાશિ ઇશ્વર ત્રણ લોકમાં રહીને તેનું પાલન કરે છે તથા શ્રુતિયો જેને પરમાત્મા કહે છે, તે ક્ષર તથા અક્ષર એ બેઉ પુરૂષથી જૂદો ઉત્તમ પુરૂષ કહેવાય છે. જેથી હું નિત્ય યુક્તપણાને લીધે જડ વર્ગનું અતિક્રમણ કરી રહ્યો છું તથા નિયંતાપણાને લીધે ચેતન વર્ગથી પણ ઉત્તમ છું; માટે લોકમાં તથા વેદમાં પુરૂષોત્તમ નામે વિખ્યાત છું. માટે હે ભારત, નિશ્ચય મતિવાળો જે પુરૂષ એ પ્રમાણના પુરૂષોત્તમ એવા મને જાણે, તે સર્વ ભાવે કરી મારૂંજ ભજન કરે છે, તેથી સર્વજ્ઞ થાય છે. હે નિષ્પાપ ભારત, મેં તને અતિ રહસ્ય એવું આ શાસ્ત્ર આવી રીતે કહ્યું, જેને જાણવાથી પૂરૂષ સારી રીતે જ્ઞાની તથા કૃતકૃત્ય થાય.

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयाऽनघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे पुरुषोत्तमयोगोनाम गुर्जरभाषायां उनचत्वारिंशोऽध्यायः ॥ ३९ ॥

श्री भगवानुवाच—अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवं ॥ १ ॥

શ્રીભગવાન કહે છે–હે ભારત અર્જુન, અભય, ચિત્ત, શુદ્ધિ, આત્મજ્ઞાનના ઉપાયને વિષે નિષ્ઠા, પોતાને ભોજન કરવાના પદાર્થ અન્નાદિનો ઘટતી રીતે વિભાગ, બાહ્યેંદ્રિય નિગ્રહ, શ્રૌત તથા સ્માર્તરૂપ યજ્ઞ, વેદાધ્યયન, શારીરાદિ તપ, સરલતા, અહિંસા, સત્ય, અક્રોધ, ઉદારતા, શાંતિ, પારકા દોષનો પ્રકાશ ન કરવો, દુઃખયુક્ત ભૂતપ્રાણિને વિષે દયા, વિષયના સાન્નિધ્યપણા-થી પણ ઇંદ્રિયોને ન વિકાર થવો, કોમલપણું, લજ્જા, પ્રયોજન વગર વાણી, હાથ તથા પગ આદિ ઇંદ્રિયોને તેના વ્યાપારમાં નહીં પ્રવર્ત કરવાં, તેજ, ક્ષમા, ધૈર્ય, મૃત્તિકા તથા જલાદિથી બાહ્ય અને મન તથા બુદ્ધિના નિર્મળપણારૂપ આભ્યંતર શૌચ, અદ્રોહ અને અત્યંત માન રહિતપણું, એ અભયાદિ છવીશ પ્રકારની દૈવી સંપત્તિ ભાવિ કલ્યાણવાળા પુરૂષને પ્રાપ્ત થાય છે; ને હે પાર્થ, દંભ, ગર્વ, અભિમાન, ક્રોધ, કઠોરપણું, તથા અવિવેક એ આસુરી સંપત્તિ ભાવિ અકલ્યાણવાળા પુરૂષને પ્રાપ્ત થાય છે. હે પાંડવ, દૈવી સંપત્તિ મોક્ષ આપનાર તથા આસુરી સંપત્તિ બંધન કરનાર છે એમ માન્ય છે, પણ તું કંઇ પણ શોચ કર નહીં; કેમકે દૈવી સંપત્તિવાળો છે. હે પાર્થ, આ લોકને વિષે દૈવ તથા આસુર એ બે પ્રકારનાં પ્રાણિની સૃષ્ટિ છે, જેમાં દૈવી સૃષ્ટિ મેં તને વિસ્તારથી કહી, ને હવે આસુરી સૃષ્ટિ વિસ્તારથી કહું તે તું મારાથી સાંભળ–આસુર સ્વભાવવાળા જનો ધર્મ વિષે પ્રવૃત્તિ તથા અધર્મ વિષે નિવૃ-ત્તિને જાણતા નથી, તેથી તેમને વિષે પવિત્રતા, આચાર તથા સત્યતા હોતાં નથી. ને તેઓ વેદ તથા પુરાણાદિના પ્રમાણ વગરનું ધર્મ તથા અધર્મરૂપ વ્યવસ્થા હેતુ વગરનું જેના કર્તા તથા વ્યવસ્થા કરનાર ઇશ્વર નથી એવું "સ્વાભાવિક" સ્ત્રી તથા પુરૂષના સંબંધી ઉત્પન્ન થયેલું બીજા કારણ વગરનું અને કેવળ સ્ત્રી તથા પુરૂષનો કામજ જેની ઉત્પત્તિનો હેતુ છે એવું આ જગત્ છે એમ કહે છે. વાસ્તે એ પ્રમાણે લોકાયતિકની દૃષ્ટિનો આશ્રય કરવાથી મલિન ચિત્તવાળા, દૃષ્ટિગોચરનેજ સત્ય માનનારા તથા ઉગ્ર કર્મવાળા પુરૂષો, વૈરીરૂપ થઇ જગતના ક્ષય સારુ ઉત્પન્ન થાય છે, વળી દુખે કરી પણ પૂર્ણ ન થનાર એવા કામનો આશ્રય કરવાથી દંભ, માન તથા મદયુક્ત થઇને અપવિત્ર વ્રતવાળા તેઓ, મોહથી વશીકર્ણાદિ દુષ્ટ આગ્રહનો સ્વીકા-ર કરીને, જગતના ક્ષય વાસ્તે પ્રવર્તે છે. વળી મરણને વિષેજ જેનો અંત આવે છે એવી ઘણી ચિંતાનો આશ્રય કરેલા, કામનો વિભોગ કરવો એજ પરમ પુરૂષાર્થ છે, ને એ વિના બીજું કંઇજ નથી એવા નિશ્ચયવાળા, આશારૂપ સેંકડો પાશે બંધાએલા અને કામ તથા ક્રોધ-ને પરાયણ તેઓ, કામના ભોગને માટે અન્યાયે કરી અર્થના સમૂહને મેળવવા ઇચ્છે છે. વળી મને આજ અમુક વસ્તુ મળી, હું મનને પ્રિય એવી અમુક વસ્તુ મેળવીશ, મારે આ વસ્તુ

છે, સાધન ફરીથી પ્રાપ્ત થશે, મેં આ શત્રુનો નાશ કર્યો, બીજા શત્રુઓનો નાશ કરીશ, સમર્થ, ભોગી, સિદ્ધ, બળવાન, સુખી, ધનાદિ સંપન્ન તથા કુલીન છું, માટે મારા સરખો બીજો કોણ છે. યજન કરીશ, વખાણ કરનારાઓને આપીશ તથા હર્ષ પામીશ એ રીતે અજ્ઞાને કરી મોહ પામેલા, અનેક પ્રકારના મનોરથને વિષે પ્રવર્ત થયેલ ચિત્તે કરી વિભ્રાંત થયેલા, જેમ મત્સ્ય સૂત્રરૂપ જાલે કરી બંધાય તેમ મોહરૂપ જાલે કરી બંધાયલા અને અનેક પ્રકારના કામ ભોગને વિષે આસક્ત થયેલા તેઓ, અપવિત્ર એવા નરકને વિષે પડે છે. વળી તેઓ અમે મ્હોટા છીયે એમ પોતેજ પોતાને માનવાથી નમ્રતા રહિત અને ધનને લીધે થયેલા માન તથા મદયુક્ત થઇને, દંભે કરી અવિધિપૂર્વક નામ માત્ર યજ્ઞ કરી યજન કરે છે. વળી અહંકાર, બળ, ગર્વ, કામ તથા ક્રોધનો આશ્રય કરેલા અને સન્માર્ગને વિષે વર્તનારના ગુણમાં દોષનો આરોપ કરનાર તેઓ, પોતાના તથા પારકા દેહને વિષે સ્થિતિએ કરી રહેલા મારો દ્વેષ કરતાં યજન કરે છે એ પ્રમાણે મારો દ્વેષ કરનાર તથા ક્રૂર બુદ્ધિવાળા અધમ તે પુરૂષોને, હું જન્મ તથા મૃત્યુરૂપ માર્ગવાળી અતિ ક્રૂર એવી વ્યાઘ્રાદિ યોનિને વિષે સદૈવ નાંખુ છું. હે કુંતિપુત્ર, જન્મોજન્મ આસુરી યોનિને પ્રાપ્ત થયેલા તે મૂઢ પુરૂષો મને પામ્યા વગરજ અધમ ગતિને પામે છે. "કેટલા આસુર દોષોમાં પણ સમય દોષના મૂળભૂત ત્રણ દોષ છે, તેમનો જરૂરજ ત્યાગ કરવો એમ કહ્યુ" તે તું સાંભળ—આત્માને નીચ યોનિની પ્રાપ્તિ કરનાર અને નરકના દ્વારરૂપ કામ, ક્રોધ, તથા લોભ છે; માટે એ ત્રણેનો જરૂર ત્યાગ કરવો. હે કુંતિપુત્ર, નરકનાં દ્વારરૂપ એ ત્રણથી મુક્ત થઇને પોતાના કલ્યાણરૂપ તપ તથા યોગાદિ કર્મનું આચરણ કરનાર પુરૂષ તે સાધને કરી મોક્ષને પામે છે ને જે પુરૂષ વેદ વિહિત ધર્મનો ત્યાગ કરીને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે, તે તત્વજ્ઞાન શાંતિ તથા મુક્તિને પામતો નથી. વાસ્તે તને કાર્ય તથા અકાર્યની વ્યવસ્થાને વિષે શ્રુતિ, સ્મૃતિ તથા પુરાણાદિ પ્રમાણ છે, માટે તું શાસ્ત્ર વિધિએ કહેલાં, કર્મને જાણીને, તે કરવા યોગ્ય છે.

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।

ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि देवासुरसंपद्विभाग-
योगोनाम गुर्जरभाषायां चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥

अर्जुन उवाच—ये शास्त्रविधिमुत्सृज्य यजंते श्रद्धयान्विताः ।

तेषां निष्ठा तु का कृष्ण सत्वमाहो रजस्तमः ॥ १ ॥

અર્જુન પૂછેછે-હે શ્રીકૃષ્ણ, જે પુરૂષ શાસ્ત્રની વિધિને છોડી દઇ શ્રદ્ધાયુક્ત થઇને યજન કરે છે, તેની તે રીતની દેવ પૂજાદિને વિષે પ્રવૃત્તિ સત્વગુણમિશ્ર, રજોગુણમિશ્ર કે તમોગુણમિશ્ર છે ? શ્રીભગવાન કહે છે-હે અર્જુન લોકાચાર માત્ર કરી પ્રવર્તનાર દેહધારી મનુષ્યોને પૂર્વકર્મના સંસ્કારથી ઉત્પન્ન થયેલી તે શ્રદ્ધા સાત્વિકી, રાજસી તથા તામસી એ પ્રમાણે ત્રણ પ્રકારની થાય છે; જે કહું તે તું સાંભળ—હે ભારત, વિવેકી તથા અવિવેકી સર્વ પુરૂષને શ્રદ્ધા સાત્વિકીજ થાય છે, પણ આ પુરૂષ ત્રણ પ્રકારની શ્રદ્ધાએ કરી વિકાર પામે છે; તેથી જે જે શ્રદ્ધાયુક્ત, તે તેજ "સાત્વિક શ્રદ્ધાવાળો સાત્વિક, રાજસ શ્રદ્ધાવાળો રાજસ તથા તામ-

એ શ્રદ્ધાવાળો તામસ" સાત્વિક પુરૂષો સાત્વિક પ્રકૃતિવાળા દેવતાઓનું, રાજસ પુરૂષો રજોગુણયુક્ત પ્રકૃતિવાળા યક્ષ તથા રાક્ષસોનું અને બીજા તામસ પુરૂષો તમોગુણયુક્ત પ્રકૃતિવાળા પ્રેત તથા ભૂત ગણોનું યજન કરે છે. જે દંભ, અહંકાર, કામ, પ્રીતિ તથા આગ્રહયુક્ત પુરૂષો શરીરનાં રહેલા ઇંદ્રિય સમૂહને ઉપવાસાદિએ કરી દુર્બળ કરતા તથા તેમ ન કરવારૂપ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી અંતર્યામિ એવા મને પણ દુર્બળ કરતાં વેદ તથા શાસ્ત્રમાં નહીં કહેલું ઘોર તપ કરે છે, તેમને તું અતિ ક્રૂર નિશ્ચયવાળા જાણ. હવે સર્વ પુરૂષને આહાર "અન્નાદિ" ત્રણ પ્રકારના પ્રિય થાય છે; અને યજ્ઞ, તપ તથા દાન પણ ત્રણ પ્રકારનાં થાય છે; તેમનો ભેદ કહું તે તું સાંભળ—આયુષ, ઉત્સાહ, શક્તિ, આરોગ્ય, સુખ તથા પ્રીતિને વધારનારા, રસવાન, સ્નિગ્ધ, દેહમાં રસરૂપ અંશે કરી ઘણો કાળ રહેનાર અને જોવા માત્રમાં હૃદયને વિષે પ્રિય લાગે એવા ભક્ષ્ય તથા ભોજ્યાદિ આહાર સાત્વિક પુરૂષોને પ્રિય હોય છે. અતિકટુ, ખાટા, ખારા, ઉષ્ણ, તીખા, રૂક્ષ તથા દાહ કરનાર અને દુઃખ, શોક તથા રોગ પ્રાપ્ત કરનાર એવા આહાર રાજસ પુરૂષોને પ્રિય હોય છે. ઠંડું થયેલું, રસ વગરનું, દુર્ગંધવાળું, આગલે દિવસે રાંધેલું, ઉચ્છિષ્ટ તથા યજ્ઞમાં ઉપયોગ ન આવે અથવા નહીં ભક્ષણ કરવા લાયક અન્ન તામસ પુરૂષોને પ્રિય હોય છે. હવે ફળની આકાંક્ષા વગરના પુરૂષો મારે યજ્ઞનુંજ અનુષ્ટાન કરવું છે, પણ બીજું ફળ સાધવું નથી એવી રીતે પોતાના મનને એકાગ્ર કરીને વેદમાં અવસ્યપણાએ કરી કહેલા જે યજ્ઞ વિધિયુક્ત કરે છે, તે યજ્ઞ સાત્વિક કહેવાય છે. ને હે ભરત કુળમાં શ્રેષ્ઠ, પુરૂષ ફળના ઉદ્દેશે કરી પોતાની બડાઇ વાસ્તે જે યજ્ઞ કરે છે, તે યજ્ઞ રાજસ કહેવાય છે ને શાસ્ત્રવિધિ રહિત, અન્નના દાન વગરનો મંત્ર રહિત અને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દક્ષિણા તથા શ્રદ્ધા વગરનો જે યજ્ઞ તે તામસ યજ્ઞ કહેવાય છે. હવે દેવતા, બ્રાહ્મણ તથા માતા, પિતા તથા આચાર્યાદિનું પૂજન, પવિત્રપણું, કુટિલતારહિતપણું, બ્રહ્મચર્ય અને કોઇની હિંસા ન કરવી એ શરીરનું તપ કહેવાય છે. કોઇને ઉદ્વેગ ન કરે એવું, સત્ય, પ્રિય તથા હિતરૂપ જે વાક્ય, તે અને વેદનો અભ્યાસ એ વાણીનું તપ કહેવાય છે. મનને વિષે રાગ તથા દ્વેષાદિ રહિતપણું, પારકું હિત ઇચ્છવાપણું, વાણીને નિયમમાં રાખવાપણું અને વ્યવહારને વિષે આચારહિતપણું એ મનનું તપ કહેવાય છે. હવે ફળની આકાંક્ષા વગરના એકાગ્ર ચિત્તવાળા પુરૂષોએ પરમશ્રદ્ધાએ કરી આચરણ કરેલું એ કાયિક, વાચિક તથા માનસિક ત્રણ પ્રકારનું તપ સાત્વિક કહેવાય છે. આ લોકમાં સત્કાર, માન તથા પૂજા થાય તે સારૂ દંભે કરી જે તપ થાય તે ક્ષણિક તથા ચલાયમાન તપ રાજસ કહેવાય છે, ને અવિવેકકૃત દુરાગ્રહપણાથી શરીરને પીડિત કરીને અથવા શત્રુઆદિને નાશ કરવાની ઇચ્છાથી જે તપ થાય, તેને વિવેકીયોએ તામસ તપ કહ્યું છે. હવે પાછો પ્રતિઉપકાર ન કરી શકે એવાને, તીર્થને વિષે ગ્રહણાદિ કાળને વિષે અને વેદ તથા શાસ્ત્રસંપન્ન પાત્રને આપવુંજ જોઇએ એમ નિશ્ચયપૂર્વક જે દાન અપાય, તે સાત્વિક કહેવાય છે. આ મારો કોઈ કાળે પણ બદલો વાળી આપશે એમ માની અથવા સ્વર્ગાદિ ફળનો ઉદ્દેશ કરી ચિત્તમાં કલેશપૂર્વક જે દાન અપાય તે રાજસ કહેવાય છે. ને દેશ, કાળ તથા પાત્રરૂપ સંપત્તિ છતાં પણ અપવિત્ર દેશ તથા કાળને વિષે અપાત્રને સત્કારરહિત તથા તિરસ્કારયુક્ત જે દાન અપાય, તે તામસ કહેવાય છે. હવે શિષ્ટ પુરૂષોએ બ્રહ્મનાં ૐ, તત્ અને સત્ એ રીતે ત્રણ નામનો એક પાઠ કર્યો છે, જે ત્રણ નામના ઉચ્ચારણના સામર્થ્યે કરી બ્રહ્માએ બ્રાહ્મણ, વેદ તથા યજ્ઞોને પ્રકાશ કર્યો છે. "ઉત્પન્ન

કર્યાં છે" માટે બ્રહ્મવાદિયોની વેદમાં રહેલી યજ્ઞ, દાન તથા તપશ્ચર્યારૂપ ક્રિયા, સદૈવ ઔંકારનો ઉચ્ચાર કરીનેજ પ્રવર્તે છે. ને મુમુક્ષુ પુરૂષો યજ્ઞ, તપ, ક્રિયા તથા વિવિધ પ્રકારની દાન ક્રિયા, તે બ્રહ્મરૂપ છે એમ માની તેમના ફળની આશા છોડી દઇને કરે છે. ને હે પાર્થ, અસ્તિત્વને વિષે, સમીચીનપણાને વિષે, પ્રશસ્ત વિવાહાદિ કર્મ વિષે, યજ્ઞ તપ તથા દાનને વિષે અને ઇશ્વરપ્રીત્યર્થ કર્મને વિષે સત્ "સારા છે" એમ ઉચ્ચાર થાય છે. એ પ્રમાણે બ્રહ્મનાં ત્રણે નામ શ્રેષ્ઠ હોવાને લીધે, યજ્ઞાદિ કર્મ વિષે કંઇ પણ ન્યૂનતા હોય તો, તેના ઉચ્ચારે કરી પૂર્ણ થાય છે, માટે સત્કર્મને વિષે તેમનો ઉચ્ચાર કરવો." હવે મનુષ્યોએ શ્રદ્ધાયુક્ત થઇ કર્મ કરવાં એમ બતાવતાં અશ્રદ્ધાએ કરેલાં કર્મ અસત્ છે એમ કહું" તે તું સાંભળ હે પાર્થ, શ્રદ્ધા વગર જે કંઇ હોમ્યું, દાન આપ્યું તથા તપ કર્યું તે સર્વ અસત્ છે. જેમનું ફલ આ લોકમાં તથા મૃત્યુ પામ્યા પછી પરલોકમાં પણ થતું નથી.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि सू० श्रद्धात्रयविभाग-
योगोनाम गुर्जरभाषायां एकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

अर्जुन उवाच—संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुं ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनि दन ॥ १ ॥

અર્જુન કહે છે–હે મહાબાહો, હૃષીકેશ, હે કેશિ દૈત્યને નાશ કરનાર શ્રીકૃષ્ણ, સંન્યાસ તથા ત્યાગનાં તત્વને વિવેકે કરી હું જાણવા ઇચ્છું છું. શ્રીભગવાન કહે છે–હે અર્જુન, કવી પુરૂષો કામ્ય કર્મના ત્યાગને સંન્યાસ એમ જાણે છે. ને વિચક્ષણ પુરૂષો સર્વ કર્મના ફળના ત્યાગને ત્યાગ એમ કહે છે. તેમાં કેટલાક બુદ્ધિમાન સાંખ્ય પુરૂષ હિંસાદિ બંધન કરનાર દોષ હોવાથી સર્વ કર્મ ત્યાગ કરવું એમ કહે છે, ને બીજા મીમાંસક પુરૂષો યજ્ઞ, દાન, તથા તપરૂપ કર્મ ત્યાગ કરવું નહીં, એમ કહે છે. પણ હે ભરતકુળમાં શ્રેષ્ઠ, તે બે મતમાં જે મારો નિશ્ચય છે તે કહું તે તું સાંભળ–હે પુરૂષમાં સિંહરૂપ, તત્વવેત્તા પુરૂષોએ તામસાદિ ભેદે કરી ત્યાગ ત્રણ પ્રકારના કહ્યો છે, પણ યજ્ઞ તથા તપરૂપ કર્મનો ત્યાગ કરવો નહિ, તેમનું તો આચરણજ કરવું; કેમકે તેઓ વિવેકી પુરૂષોનાં ચિત્તને શુદ્ધ કરનાર છે. " શંકા કેવી રીતે કર્માચરણ કરવાથી ચિત્ત શુદ્ધ થાય એમ તું કહીશ તો કહું છું કે-હે પાર્થ, કર્તાપણારૂપ અભિમાન તથા ફળની આશાનો ત્યાગ કરીને, યજ્ઞાદિ કર્મ ઇશ્વરના આરાધન માટે કરવાં એજ મારો નિશ્ચયાત્મિક ઉત્તમ મત છે. અવશ્ય અનુષ્ઠાન કરવા યોગ્ય નિત્ય કર્મનો ત્યાગ કરવો યોગ્ય નથી, કેમકે તે ચિત્ત શુદ્ધિ દ્વારા મોક્ષનો હેતુ છે; તથાપિ મોહથી તેનો ત્યાગ થાય, તે તામસ ત્યાગ છે એમ બુદ્ધિમાનોએ કહેલ છે. આ દુઃખરૂપ છે એમ જાણીને શરીરને ક્લેશ થશે એવા ભયથી જે નિત્ય કર્મનો ત્યાગ થાય, તે રાજસ ત્યાગ કહેવાય; પણ તેથી ત્યાગનાં ફળ જ્ઞાન નિષ્ઠાની પ્રાપ્તિ થાય નહીં. ને હે અર્જુન, શાસ્ત્રમાં અવશ્ય કર્તવ્યતાએ કરી કહેલું જે કર્મ જરૂર કરવા લાયકજ છે એવી બુદ્ધિથી, કર્તાપણાના અભિનિવેશ તથા ફળની આશા

તો ત્યાગ કરીને કરાય, તે સાત્વિક ત્યાગ છે એમ બુદ્ધિમાન્ પુરૂષોએ માન્યો છે. "હવે તે સાત્વિક ત્યાગ વિષે નિષ્ઠાવાનનાં લક્ષણ કહું" તે તું સાંભળ—સ્થિર બુદ્ધિમાન્ તથા ટળી ગયેલા સંશયવાન સાત્વિક ત્યાગી, દુઃખ આપનાર કર્મનો ત્યાગ કરતા નથી, તેમ સુખ આપનાર કર્મને વિષે આસક્ત થતા નથી. "શંકા—એ રીતનો કર્મફળનો ત્યાગ કરતાં સર્વ કર્મનો ત્યાગ કરવો એ સારૂં; કેમકે તેમ કરવાથી કર્મના વિક્ષેપના અભાવને લીધે જ્ઞાન નિષ્ઠારૂપ સુખ પ્રાપ્ત થાય એમ તું કહીશ તો કહું છું" કે—દેહાભિમાની પુરૂષે સર્વ કર્મનો ત્યાગ કરી શકાય તેમ નથી, માટે જે પુરૂષ કર્મફળનો ત્યાગ કરી કર્મ કરે છે, તેજ મુખ્ય ત્યાગી કહેવાય છે. "એ રીતના કર્મફળના ત્યાગનું ફળ કહું" તે તું સાંભળ—સકામ કર્મ કરનાર પુરૂષોને મૃત્યુ પામ્યા પછી નારકિપણું, દેવપણું તથા મનુષ્યપણું એ રીતે પાપ, પુણ્ય તથા ઉભયમિશ્ર કર્મનાં ફળ પ્રાપ્ત થાય છે; પણ કર્મફળ ત્યાગિને ક્યારે પણ તેમ થતું નથી "શંકા—કર્મ કરનારને કર્મનું ફળ કેમ થાય નહીં એમ તું કહીશ તો, સંગ ત્યાગ કરેલા અહંકાર વગરના પુરૂષને કર્મ કરવાથી તેના ફળનો લેપ નથી એમ પ્રતિપાદન કરવા સારૂં કહું છું. "કે હે મહાબાહો, સર્વ કર્મની સિદ્ધિ સારૂ કર્મની પરિસમાપ્તિ જેમાં રહી છે એવા વેદાંતના સિદ્ધાંતમાં જે આ પાંચ કારણ કહ્યાં છે, તે તું મારા કહેવાથી જાણ. "તે પાંચ કારણ કહું" તે તું સાંભળ. શરીર, અહંકાર, અનેક પ્રકારની ઇંદ્રિય, પ્રાણ તથા અપાનાદિની વિવિધ પ્રકારની ચેષ્ટાઓ અને ચક્ષુરાદિ ઇંદ્રિયના અધિષ્ટાતા સૂર્યાદિ દેવતાઓ એ પાંચ કારણ છે" હવે એ પાંચેના કર્મફળનાં હેતુ પણ કહું તે તું સાંભળ—મનુષ્ય શરીર, વાણી તથા મને કરી ધર્મરૂપ તથા અધર્મરૂપ કર્મ કરે છે, તે સર્વ કર્મના પૂર્વોક્ત પાંચે હેતુ છે. "શંકા—તેથી શું એમ તું કહીશ તો કહું છું" કે—સર્વ કર્મનાં પાંચે હેતુ છતાં પણ જે પુરૂષ અકર્તા તથા નિરૂપાધિ આત્માને કર્તા માને છે, તે શાસ્ત્ર તથા આચાર્યના ઉપદેશે કરી સંસ્કારવાળી બુદ્ધિ વગરનો હોવાથી દુર્મતિવાન સારી રીતે જાણતો નથી. "શંકા—ત્યારે સુમતિમાન કોણ એમ તું કહીશ તો કહું છું" કે—જેને હું કર્તા છું એમ અભિમાન નથી તથા જેની બુદ્ધિ આ સારૂં તથા આ નરસું એમ માની કર્મને વિષે જોડાતી નથી, તે પુરૂષ આ સર્વ લોકને હણે, તો પણ તે કર્તા નથી તથા તે કર્મનાં ફળે કરી બંધાતો પણ નથી. જ્ઞાન, જાણવા યોગ્ય વસ્તુ તથા તેનો જાણનાર એ ત્રણે એકઠા મળી કર્મની પ્રવૃત્તિ કરાવે છે એમ વેદમાં કહેલ છે; ને ઇંદ્રિય, ઇંદ્રિયકૃત વિષય, ગ્રહણરૂપ કર્મ અને કર્તા એ ત્રણે એકઠા મળવાથી ભોક્તા કહેવાય છે. હવે સાંખ્ય શાસ્ત્રમાં સત્વાદિ ગુણ ભેદે કરી જ્ઞાન, કર્મ તથા કર્તા એ પ્રત્યેક ત્રણેના ત્રણ ભેદ કહ્યા છે, તે યથાર્થ કહું તે સાંભળ—પરસ્પર જૂદાં એવાં બ્રહ્માદિ સ્થાવરાંત પ્રાણિને વિષે વ્યાપિ રહેલું નિર્વિકાર એક આત્મતત્વને જે જ્ઞાને કરી જુવે છે, તે જ્ઞાન સાત્વિક છે, એમ તું જાણ. સર્વ ભૂત પ્રાણિને વિષે જૂદાપણાએ કરી અમુક સુખી તથા અમુક દુઃખી એ રીતે જૂદા જૂદા ભાવનું જે જ્ઞાન, તે રાજસ જ્ઞાન છે એમ તું જાણ, ને એક દેહને વિષે અથવા એકજ પ્રતિમાદિને વિષે એટલોજ આત્મા છે એમ અભિનિવેશ યુક્ત, યુક્તિ રહિત પ્રમાણ વગરનું તથા પરમાર્થના અવલંબ રહિત હોવાથી તુચ્છ જે જ્ઞાન, તેને બુદ્ધિમાનોએ તામસ જ્ઞાન કહ્યું છે. નિત્યપણાએ કરી કહેલું અભિનિવેશ રહિત તથા ફળની આશા વગરના પુરૂષે દ્વેષ અથવા પ્રીતિ વાસ્તે નહીં કરેલું જે કર્મ, તે સાત્વિક કહેવાય છે. ફળની આશાવાળો તથા અહંકારયુક્ત પુરૂષ ઘણા ક્લે-

ગ્રવાળું જે કર્મ કરે છે, તે રાજસ કહેવાય છે. પાછળથી થનાર શુભ તથા અશુભ, ધનનો ખરચ, હિંસા અને પોતાના સામર્થ્યને નહીં જાણીને પુરૂષ કેવળ મોહથી જે કર્મનો આરંભ કરે છે, તે કર્મ તામસ કહેવાય છે. અભિનિવેશ તથા ગર્વનાં વચન બેલવાં તેણે રહિત, ધૈર્ય તથા ઉદ્યમવાન અને આરંભેલાં કર્મની સિદ્ધિ અથવા અસિદ્ધિ થવાથી હર્ષ તથા ખેદથી રહિત એવાં કર્મ કર્તા પુરૂષ સાત્વિક કહેવાય છે. પ્રીતિમાન, કર્મફળને ઇચ્છનાર પરધનને ઇચ્છનાર, મારક સ્વભાવવાળો, શાસ્ત્રમાં કહેલાં પવિત્રપણાથી રહિત, લાભ તથા અલાભ વખતે હર્ષ તથા શોકયુક્ત જે કર્મ કરનાર પુરૂષ, તે રાજસ કહેવાય છે. સાવધાનપણાએ કરી રહિત, વિવેક શૂન્ય, નમ્રતા રહિત, શઠ બીજાઓનું અપમાન કરનાર, આળસુ, શોકશીલ તથા દીર્ઘસૂત્રી જે કર્મ કરનાર પુરૂષ, તે તામસ કહેવાય છે. હવે હે ધનંજય, બુદ્ધિ તથા ધૃતિના ગુણને લીધે ત્રણ પ્રકારનો સમગ્ર ભેદ જૂદાપણાએ કરી કહું તે તું સાંભળ—હે પાર્થ, ધર્મને વિષે પ્રવૃત્તિ, અધર્મને વિષે નિવૃત્તિ, જે દેશમાં તથા વખતમાં જે કરવા લાયક તથા ન કરવા લાયક, તે નિમિત્ત અર્થ તથા અનર્થ, કેવી રીતે બંધન થાય છે અને કેવી રીતે મોક્ષ થાય છે, તેને જે બુદ્ધિ જાણે, તે સાત્વિક બુદ્ધિ કહેવાય છે. હે પાર્થ, જે બુદ્ધિએ કરી ધર્મ, અધર્મ, કરવા લાયક તથા ન કરવા લાયક યથાર્થ જણાય નહીં, તે બુદ્ધિ રાજસી કહેવાય છે. હે પાર્થ, તમોગુણે વીટાયલી જે બુદ્ધિ ધર્મને અધર્મ તથા સર્વ અર્થને વિપરીત માને છે તે બુદ્ધિ તામસી કહેવાય છે. હે પાર્થ, ચિત્તના એકાગ્રપણાના હેતુએ કરી વિષયાંતરને નહીં ધારણ કરતી એવી જે વૃત્તિએ કરી પુરૂષ મન, પ્રાણ તથા ઇંદ્રિયેની ક્રિયાને નિયમમાં રાખે તે ધૃતિ સાત્વિક કહેવાય છે. હે પાર્થ અર્જુન, જે ધૃતિએ કરી પુરૂષ ધર્મ, અર્થ તથા કામનો ત્યાગ ન કરે અને ધર્માદિના સંબંધે કરી ફળની આકાંક્ષા રાખે, તે ધૃતિ રાજસી કહેવાય છે. હે પાર્થ, જે ધૃતિએ કરી દુષ્ટ બુદ્ધિવાળો પુરૂષ નિદ્રા, ભય, શોક, વિષાદ તથા મદનો ત્યાગ કરે નહીં, તે ધૃતિ તામસી કહેવાય છે. હવે હે ભરતકુળમાં શ્રેષ્ઠ, ત્રણ પ્રકારનું સુખ કહું તે તું મારાથી સાંભળ, જેને વિષે અભ્યાસે કરી પ્રીતિ બંધાય તથા જેથી દુઃખનો અંત પણ થાય છે, જે આત્મબુદ્ધિના પ્રસાદથી થયેલું સુખ પ્રથમ વિષ સરખું અને છેવટ અમૃત લાગે, તે સુખ સાત્વિક કહેવાય છે. વિષય તથા ઇંદ્રિયોના સંયોગથી જે સુખ તે પ્રથમ અમૃત સરખું અને પરિણામે વિષ સરખું થાય, તે સુખ રાજસ કહેવાય છે. આરંભ વેળાએ તથા પરિણામે બુદ્ધિને મોહ કરનાર અને નિદ્રા, આલસ્ય તથા પ્રમાદથી ઉત્પન્ન થતું જે સુખ, તે તામસ કહેવાય છે. પૂર્વોક્ત ત્રણ ગુણે કરી રહિત પૃથ્વીને વિષે તથા સ્વર્ગમાં દેવતાઓ વિષે પણ કોઈ પ્રાણિ નથી. હવે શત્રુને તપાવનાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રનાં કર્મ સ્વભાવથી ઉત્પન્ન થતા ગુણે કરી વિભાગ કરેલાં છે, તે હું તને કહું તે તું સાંભળ—શમ, દમ, તપ, શૌચ, ક્ષમા, સરળતા, શાસ્ત્ર સંબંધિ જ્ઞાન, અનુભવ તથા પરલોક છે એવો નિશ્ચય એ નવ બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે. પરાક્રમ, શ્રેષ્ઠતા, ધૈર્ય, યુદ્ધને વિષે ઉત્સાહ તથા તેથી ભાગી ન જવું, ઉદારતા અને આડે રસ્તે ચાલનારને નિયમમાં રાખવાની શક્તિ એ ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મ છે. ખેતી કરવી, ગાયનું પાલન કરવું તથા વ્યાપાર કરવો આ વૈશ્યનાં સ્વાભાવિક કર્મ છે. હવે પોતપોતાના કર્મ-

પ્રમાણે વર્તનાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સેવા કરવી એ શૂદ્રનું સ્વાભાવિક કર્મ છે. પોતાના કર્મમાં પ્રીતિવાળા પુરૂષો તત્ત્વજ્ઞાનની યોગ્યતાને કેમ પામે છે તે હું તને કહું છું માટે સાંભળ. પુરૂષ જેવી રીતે તત્ત્વજ્ઞાનની યોગ્યતાને પામે છે તે તથા જે પરમેશ્વરથી સર્વ ભૂત પ્રાણીની પ્રવૃત્તિ થાય છે તથા જેણે કરી આ જગત વ્યાપ્ત છે તે પરમેશ્વરને પોતાના સ્વભાવથી કરેલાં કર્મ અર્પણ કરવાથી મનુષ્ય મોક્ષ પામે છે. પારકા ધર્મનું સારી રીતે અનુષ્ટાન કરવાથી પોતાનો ધર્મ કંઇક અંગે હીન હોય તોપણ શ્રેયરૂપ છે માટે પૂર્વોક્ત સ્વાભાવિક નિયમયુક્ત કર્મ કરનાર પુરૂષને પાપ લાગતું નથી. હે અર્જુન ! વર્ણાશ્રમ પ્રમાણે પ્રાપ્ત થયેલા ધર્મનો ત્યાગ કરવો નહીં; કારણ કે જેમ ધુમાડાએ કરી અગ્નિ વિંટાયલો હોય છે તેમ સર્વ કર્મો દોષે કરી વિંટાયલાં છે. હવે સર્વત્ર આસક્તિવાન બુદ્ધિ રહિત અંતઃકરણ જીતેલો તથા ઇચ્છા રહિત પુરૂષ કર્મ ફળના ત્યાગે કરી ઉત્કૃષ્ટ એવી કર્મત્યાગ લક્ષણવાળી પારિવ્રાજ્ય સિદ્ધિને પામે છે. હે કુંતિપુત્ર ! જ્ઞાનની ઉત્કૃષ્ટ નિકૃષ્ટરૂપ સિદ્ધિને પ્રાપ્ત થયેલો પુરૂષ જેવી રીતે બ્રહ્મને પામે તેવી રીતે સંક્ષેપથી કહું તે તું સાંભળ. પૂર્વોક્ત સાત્વિક બુદ્ધિએ યુક્ત, પવિત્ર દેશમાં રહેનાર, થોડું ભોજન કરનાર, એ ઉપાયે કરી નિયમમાં રાખેલાં વાણી, શરીર તથા મનવાળો, ધ્યાનયોગમાં પરાયણ, નિત્ય વૈરાગ્યનો આશ્રય કરનારો, મમત્વ રહિત તથા શાંતિ પામેલો પુરૂષ સાત્વિકી ધૃતિએ કરી દેહેંદ્રિયના સંઘાતને નિયમમાં રાખી, શબ્દાદિ વિષયોનો ત્યાગ કરી, રાગ તથા દ્વેષનો ત્યાગ કરી અને અહંકાર, બળ, ગર્વ, કામ, ક્રોધ તથા પરિગ્રહને પણ મૂકી દઇને બ્રહ્મપણાને પામવા યોગ્ય થાય છે. એ પ્રમાણે બ્રહ્મપણાને પામેલો પ્રસન્ન મનવાળો તથા સર્વ ભૂતપ્રાણીને વિષે સમાનપણાએ કરી વર્તનાર પુરૂષ નાશ થયેલાનો શોચ તથા ન પ્રાપ્ત થયેલાની ઇચ્છા ન કરે, તેથી દ્વૈતદૃષ્ટિ રહિત ભાવનાને પામે પુરૂષ એ પ્રમાણે ભાવનાએ કરી સર્વ વ્યાપી સચ્ચિદાનંદ ઘન એવા મને તત્ત્વથી જાણે છે. એ રીતે તત્ત્વથી મને જાણ્યા પછી પરમાનંદરૂપ થાય છે. મારા આશ્રયવાળો અને પૂર્વે કહેલા ક્રમે કરી નિત્ય તથા નૈમિત્તક કર્મ કરનાર પુરૂષ મારા પ્રસાદથી અનાદિ સર્વોત્કૃષ્ટ પદને પામે છે. બુદ્ધિએ કરી સર્વ કર્મ મને અર્પણ કરીને હુંજ પ્રાપ્ય પુરૂષાર્થ છું એવો તું થઇ જા. વ્યવસાયાત્મિક બુદ્ધિએ કરી યોગનો આશ્રય કરી, કર્મ કરવા વખતે પણ સર્વ બ્રહ્માર્પણ છે, એવા ન્યાયે મારામાં ચિત્તવાળો થા. એ પ્રમાણે મારામાં ચિત્તવાળો થવાથી તું મારા પ્રસાદથી દુસ્તર એવાં સાંસારિક સર્વ દુઃખને તરી જઇશ. જો અહંકારને લીધે મારાં કહેલાં વાક્યને ધ્યાનમાં લઇશ નહીં તો પુરૂષાર્થથી ભ્રષ્ટ થઇશ અહંકારને લીધે 'હું યુદ્ધ નહીં કરૂં' એમ તું માને છે, પણ એ તારો નિશ્ચય વૃથા છે, કારણ કે તારી પ્રકૃતિજ તને તે કરાવશે. વળી હે કુંતીપુત્ર ! પૂર્વ સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થએલા શૌર્યાદિ કર્મે કરીને બંધાએલો તું પાપથી યુદ્ધરૂપ કર્મ કરવા ઇચ્છતો નથી, તે પરવશપણાએ કરી પણ કરીશ. હે અર્જુન ! જેમ સૂત્રધાર યંત્રમાં રહેલાં કૃત્રિમ પ્રાણીઓને ભ્રમણ કરાવે, તેમ અંતર્યામી પોતાની શક્તિએ કરી સર્વ ભૂતપ્રાણીને ભ્રમણ કરાવતાં તેમના હૃદયનેવિષે રહે છે. હે ભારત ! તું સર્વાત્મભાવે કરી તે ઇશ્વરને શરણે જા; કારણ કે તેના પ્રસાદથી પરમ શાંતિ તથા અવિનાશી મોક્ષરૂપ સ્થાન પામીશ. એ રીતે મેં અતિ ગુપ્તમાં પણ ગુપ્ત એવું જ્ઞાન તને કહ્યું માટે તેનો વિચાર કરી તારી ઇચ્છામાં આવે તેમ કર. સર્વ ગુહ્યમાં પણ અત્યંત ગુહ્ય એવું એક બીજું વચન કહું તે તું ફરીથી સાંભળ;

કારણ કે તું મને પ્રિય છે તેથી સર્વ પ્રમાણયુક્ત તારૂં હિત કહું છું કે–તું મારામાં મનવાળો, મારો ભક્ત તથા મારૂં યજન કરનાર થા, મનેજ નમસ્કાર કર. એ પ્રમાણે વર્તવાથી મારા પ્રસાદે કરી પ્રાપ્ત થએલા જ્ઞાને કરી તું મનેજ પામીશ એમાં તારે કંઇ પણ સંશય રાખવો નહીં. તું મને પ્રિય છે તેથી પ્રતિજ્ઞા પૂર્વક સત્ય કહું છું. વળી તું સર્વ ધર્મનો ત્યાગ કરીને કેવળ મારે શરણે આવ, કારણ હું તને સર્વ પાપથી મૂકાવીશ, માટે કંઈ પણ શોચ કર નહીં, તારે આ ગીતાતત્ત્વ સ્વધર્માનુષ્ટાન હીનને ગુરૂ તથા ઇશ્વરને વિષે ભક્તિ રહિતને સંભળાવવું નહી ઇચ્છનારને અને મારી નિંદ્રા કરનારને કહેવું નહીં. જે પુરૂષ આ ગીતા તત્ત્વ પૂર્વોક્ત દોષ રહિત એવા મારા ભક્તને કહેશે તે મારે વિષે પરમ ભક્તિએ કરીને મને પામશે, એમાં સંશય નથી. મારા ભક્તને ગીતા શાસ્ત્રનું વ્યાખ્યાન કરનાર પુરૂષથી બીજો મનુષ્યોમાં કોઇ પણ મારૂં અત્યંત પ્રિય કરનાર નથી, તેમ કાળાંતરે થશે પણ નહીં ને મને તેના કરતાં બીજો કોઇ પૃથ્વીમાં અત્યંત પ્રિય પણ નથી, તેમ થશે પણ નહીં. આપણા આ ધર્મરૂપ સંવાદનો જે મનુષ્ય પાઠ કરશે, તેને જ્ઞાન યજ્ઞે કરીને હું ઇષ્ટ થાઉ એમ મારી મતિ છે. શ્રદ્ધાવાન તથા અસૂયાદિ રહિત જે પુરૂષ આપણા સંવાદને સાંભળશે તે સર્વ પાપથી મુકાઇ અશ્વમેધાદિ પુણ્ય કર્મ કરનારના શુભ લોકને પામશે. હે પાર્થ! એકાગ્ર ચિત્તવાળા તેં મેં કહેલું આ ગીતા શાસ્ત્ર સાંભળ્યું. હે ધનંજય! અજ્ઞાનથી થએલો તારો સંમોહ ટળી ગયો? અર્જુને કહ્યું કે, હે અચ્યુત! તમારા પ્રસાદથી મારો મોહ ટળો ગયો, ને આ હું છું એમ સ્વરૂપના અનુસંધાનરૂપ સ્મૃતિ મને પ્રાપ્ત થઇ, માટે સંદેહ રહિત એવો હું યુદ્ધ કરવાને તૈયાર છું, ને તમારા કહેવા પ્રમાણે કરીશ. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર! મહાત્મા વાસુદેવ તથા અર્જુનનાં રૂવાં ઉભાં કરે એવા આશ્ચર્યરૂપ આ સંવાદને મેં સાંભળ્યો. યોગને પોતે કહેતા એવા યોગેશ્વર સાક્ષાત કૃષ્ણના મુખથી આ પરમ ગુહ્ય ગીતાતત્ત્વ મેં વ્યાસજીના પ્રસાદને લીધે સાંભળ્યું. હે રાજન! કેશવ તથા અર્જુનના આશ્ચર્યરૂપ આ પવિત્ર સંવાદને વારંવાર સંભારીને હું ક્ષણે ક્ષણે રોમાંચિત થાઉં છું. વળી હે રાજન! હજી હું તે અતિ આશ્ચર્યરૂપ વિશ્વરૂપનું વારંવાર સ્મરણ કરી અતિ આશ્ચર્ય પામું છું તથા હર્ષ પામું છું. જે પાંડવ પક્ષમાં યોગીશ્વર શ્રીકૃષ્ણ તથા ગાંડીવ ધનુષ ધરનાર અર્જુન છે, ત્યાંજ રાજ્ય, લક્ષ્મી, વિજય તથા ઉત્તરોત્તર અભિવૃદ્ધિ છે, એવો મારો નિશ્ચય છે " માટે હજી પણ પુત્ર સહિત તમે શ્રીકૃષ્ણને શરણે જઇ પાંડવોને પ્રસન્ન કરી સર્વસ્વ તેમને નિવેદન કરી પુત્રોના પ્રાણનું રક્ષણ કરો. "

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थोधनुर्धरः ।
तत्र श्रीर्विजयोभूतिर्ध्रुवानीतिर्मतिर्मम ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भगवद्गीतापर्वणि श्रीकृष्णार्जुनसंवादे संन्यासयोगोनाम गुर्जरभाषायां द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२–१८ ॥

समाप्तंभगवद्गीतापर्व.

અધ્યાય ૪૩ મો. યુધિષ્ઠિરે લીધેલી વડીલોની આશિષ.

वैशंपायन उवाच-गीतासुगीताकर्त्तव्या किमन्यैः शास्त्रसंग्रहैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥ १ ॥

વૈશંપાયન કહે છે-હે જનમેજય ! જે ગીતા સાક્ષાત્ શ્રીકૃષ્ણના મુખકમળથી નિકળેલી છે તેજ સારી રીતે કંઠે કરી હોય તો પછી, બીજાં શાસ્ત્રના સંગ્રહની જરૂર નથી. સર્વ શાસ્ત્રરૂપ ગીતા, સર્વ દેવતારૂપ ભગવાન, સર્વ તીર્થરૂપ ગંગા, તથા સર્વ વેદરૂપ મંત્ર છે. ગીતા, ગંગા, ગાયત્રી તથા ગોવિંદ, એ ચાર ગકાર યુક્ત હૃદયવાળા પુરૂષને ફરીથી જન્મ થતો નથી. ગીતામાં છસો વીસ શ્લોક શ્રીકૃષ્ણે, સત્તાવન અર્જુને. સડસઠ સંજયે, તથા એક શ્લોક ધૃતરાષ્ટ્રે કહેલો છે. એ રીતે ગીતાનું પ્રમાણ જાણવું. શ્રીકૃષ્ણે ભારતરૂપ અમૃતનું મંથન કરી તેના સર્વ પરમ સારરૂપ ગીતાનો ઉદ્ધાર કરી અર્જુનના મુખમાં હોમ કર્યો. અર્જુનને ગીતા કહી સંભળાવી છે. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! એટલામાં બાણ તથા ગાંડીવ ધનુષ ધારણ કરનાર અર્જુનને જોઈ મહારથી શૂરવીરોએ, મોટા શબ્દ કર્યો. પાંડવ, સોમક, તથા તેને અનુસરનારા બીજા શૂરવીરો હર્ષિત થઇ સમુદ્રથી ઉપજેલા શંખોના નાદ કરવા લાગ્યા. તેમજ ભેરી, કાહલ, ક્રકચ, ગાયોની શિંગડીઓ વગેરે યુદ્ધ સમયનાં વાદ્ય વાગવા લાગ્યાં હે ધૃતરાષ્ટ્ર ! ગંધર્વ સહિત દેવતાઓ, પિતૃ, સિદ્ધ ચારણના સમુદાય, તથા મોટા ભાગ્યવાળા ઋષિઓ એકઠા થઇ ઇંદ્રને આગળ કરી, આ મોટું યુદ્ધ જોવા આવ્યા હતા. શૂરવીર ધર્મરાજ યુધિષ્ઠિર વારંવાર ચલાયમાન થતી સમુદ્ર જેવી યુદ્ધ વાસ્તે ઉભેલી બેઉ સેનાને જોઇ પોતાનું કવચ તથા આયુધ છોડી દઇ રથમાંથી નીચે ઉતરી, હાથ જોડી, વાણી નિયમમાં રાખી, પૂર્વાભિમુખ શત્રુની સેનામાં પ્રવેશ કરી, વિજય વાસ્તે પ્રથમ પોતાના દાદા ભીષ્મ પિતામહ પાસે જવા લાગ્યા. તેમને જોઇ રથમાંથી નીચે ઉતરી ભાઇઓ સહિત કુંતીપુત્ર અર્જુન, વાસુદેવ ભગવાન તથા તેમાં ચિત્તવાળા ઉત્સાહવાળા રાજાઓ પણ તેમની પાછળ ચાલ્યા. તે વખતે અર્જુને કહ્યું કે, હે રાજન્ ! અમોને છોડી દઇ, પૂર્વાભિમુખ શત્રુની સેના સામે પગથી ચાલી તમે કયાં જાઓ છો ? તમારો શું નિશ્ચય છે ? ભીમસેને કહ્યું કે, હે રાજેંદ્ર ! કવચ તથા આયુધ છોડી દેઇ ભાઇઓનો ત્યાગ કરી, કવચ પહેરી ઉભેલા શત્રુના સૈન્યમાં શા માટે જાઓ છો ? નકુળે કહ્યું કે હે ભારત ! આ રીતે મારા મોટા ભાઇ તમે ત્યાં જાઓ છો તેથી મારૂં હૃદય ખેદ પામે છે, તમે કયાં જાઓ છો તે કહો ? સહદેવે કહ્યું કે, હે નૃપ ! આ મહાભયંકર રણસમૂહ વર્તમાન છતાં અમારો ત્યાગ કરી શત્રુની સામે તમે કયાં જાઓ છો ? સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! એ પ્રમાણે ભાઇઓએ કહ્યું તોપણ કંઇપણ ઉત્તર ન દેતાં, ધર્મરાજા આગળ ચાલ્યા. ઉદાર મનવાળા, મહાબુદ્ધિમાન્ વાસુદેવ ભગવાને અર્જુનાદિ પ્રત્યે કહ્યું કે એમનો અભિપ્રાય મેં જાણ્યો જે તે તમોને હું કહું તે સાંભળો. ધર્મરાજા, ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય તથા શલ્ય એ સર્વ ગુરૂજનની આજ્ઞા લીધા પછી તેમની સાથે યુદ્ધ કરશે, કારણ કે, શાસ્ત્રોમાં એમ કહેલું છે કે, જે પુરૂષ ગુરૂજનની આજ્ઞા લીધા વગર તેમની સાથે યુદ્ધ કરે છે, તે અશુભ ચિંતન કરેલો પરાજય પામે છે, અને જે શાસ્ત્ર પ્રમાણે ગુરૂજનની આજ્ઞા લઇ તેઓની સાથે યુદ્ધ કરે છે તે યુદ્ધમાં જય પામે છે એમ મારૂં માનવું છે. એ પ્રમાણે શ્રીકૃષ્ણે

કહ્યું એટલામાં દુર્યોધનની સેનામાં મોટો હાહાકાર થવા લાગ્યો. બીજા બધા બોલતા બંધ થઇ ગયા. એ વખતે દુર્યોધનના સૈનિક પુરૂષો દૂરથી યુધિષ્ઠિરને જોઇ, પરસ્પર આવી રીતે કહેવા લાગ્યા કે, કુળમાં દૂષણ રૂપ યુધિષ્ઠિર ભાઇઓ સહિત નિશ્ચય ભય પામી ભીષ્મની પાસે આવી શરણ થવાની માગણી કરશે; પણ અર્જુન, ભીમસેન, નકુલ તથા સહદેવ જેવા વીર ભાઇઓ છતાં યુધિષ્ઠિરને ભય કેમ પ્રાપ્ત થયું ? થોડા બળવાળા યુધિષ્ઠિરને સંગ્રામમાં ભય પ્રાપ્ત થયું માટે નિશ્ચય પૃથ્વીમાં અત્યંત પ્રખ્યાત ક્ષત્રિય કુલમાં એ ઉત્પન્ન થયેલ નથી. આમ કહી સર્વ સૈનિકો, અત્યંત પ્રસન્ન થઇ કૌરવની પ્રશંસા કરતા, સારી રીતે વસ્ત્ર હલાવતા કેશવ ભગવાન તથા ભાઇઓ સહિત યુધિષ્ઠિરની નિંદા કરવા લાગ્યા. હે રાજન્ ! એ રીતે કૌરવોનું સૈન્ય યુધિષ્ઠિરને ધિક્કારી બોલતું રહી ગયું. સંજય કહે છે કે, હે રાજન ! યુધિષ્ઠિર રાજા ભીષ્મને શું કહેશે અને તે શો પ્રત્યુત્તર આપશે. સંગ્રામમાં વખાણ કરવા લાયક ભીમ, અર્જુન તથા શ્રીકૃષ્ણ પણ શું કહેશે અને આ યુધિષ્ઠિર રાજાનું કહેવું શું હશે ? એ રીતે બેઉ સેનાને મોટો સંશય થયો, એટલામાં તો રાજા, બાણ તથા શક્તિએ કરી સંકુલ શત્રુની સેનામાં ભાઇઓ સહિત, ભીષ્મની પાસે જઇ તેમના ચરણારવિંદનો એ હાથથી સ્પર્શ કરી યુદ્ધ વાસ્તે ઉભેલા, શંતનુના પુત્રને કહેવા લાગ્યા કે–હે પિતામહ ! દુધર્ષ એવા તમારી સાથે અમે યુદ્ધ કરીશું વાસ્તે હું પ્રાર્થના કરવા આવ્યો છું. આજ્ઞા તથા આશીર્વાદ આપો. યુધિષ્ઠિરનું એવું બોલવું સાંભળી ભીષ્મે કહ્યું કે, હે પૃથ્વીપતિ ! હે મહારાજ ! હે ભારત ! જો તું આ રીતે યુદ્ધમાં મારી પાસે ન આવત તો, તારા નાશ વાસ્તે હું શાપ દેત, પણ આવું રૂડું તારૂં આચરણ જોઈ હે પુત્ર ! હે પાર્થ ! હે પાંડવ ! હું તારી ઉપર પ્રસન્ન થયો છું. યુદ્ધ કરી જય પામ, અને બીજું પણ જે તારૂં અભિલસિત હોય, તે મારી પાસે માગી લે. જા તારો પરાજય થશે નહીં. હે મહારાજ ! પુરૂષ અર્થનો દાસ છે, ને અર્થ કોઇનો પણ દાસ નથી, એ સત્ય છે. જો કે હું અર્થે કરી, કૌરવો સાથે બંધાઇ ગયેલો છું તોપણ હે કુરૂનંદન, ! હે કૌરવ્ય ! તેના અર્થે પોષણ કરેલો હું કાતરની પેઠે, યુદ્ધ વિના બીજું શું તું ઇચ્છે છે એ રીતે જાણું છું. ભીષ્મનાં વચન સાંભળી, યુધિષ્ઠિરે કહ્યું કે, હે મહાબાહો ! કૌરવ વાસ્તે આપ યુદ્ધ કરો, અને મારા હિત વાસ્તે વિચાર કરો, એજ મને હમેશાં આપનો વર જોઇએ છીએ. ભીષ્મે કહ્યું કે, હે કુરૂનંદન ! હે રાજન્ ! પારકા વાસ્તે ઈચ્છા પ્રમાણે હું યુદ્ધ કરીશ પણ આ યુદ્ધરૂપ કામમાં તારી સહાયતા થશે નહિ માટે તારી ઇચ્છા હોય તે કહે. તને સહાયતા થશે નહિ. યુધિષ્ઠિરે કહ્યું કે, હે તાત ! જો મને કહેવા યોગ્ય છે એમ માનતા હોતો કોઈ ઠેકાણે પરાજય ન પામેલા તમોને હું કેવી રીતે જીતું, એ મારા હિતનો વિચાર કરો. ભીષ્મે કહ્યું કે હે કુંતીપુત્ર યુધિષ્ઠિર ! સંગ્રામમાં યુદ્ધ કરનાર મને જીતનાર કોઇ પણ પુરૂષને હું જોતો નથી. સાક્ષાત્ ઇંદ્ર હો, તોપણ શું ? યુધિષ્ઠિરે કહ્યું કે, હે પિતામહ ! તે વાસ્તેજ પ્રણામ કરી તમોને પૂછું છું કે સંગ્રામમાં શત્રુઓએ તમારો વધ કેવી રીતે કરવો, તેનો ઉપાય કહો. ભીષ્મે કહ્યું કે, હે તાત ! સંગ્રામમાં મને જીતે એવાને હું જોતો નથી. તેમ હાલ મારો મૃત્યુકાળ પણ નથી માટે તે જાણવા તું ફરીથી આવજે. સંજય કહે છે કે હે કુરૂનંદન ધૃતરાષ્ટ્ર ! ભીષ્મનાં વચનને યુધિષ્ઠિર રાજા મસ્તક ઉપર ચડાવી ફરીથી તેમને પ્રણામ કરી ભાઇઓ સહિત સર્વ સૈનિકો સમક્ષ સૈન્ય વચ્ચે થઇ, દ્રોણાચાર્યના રથ પાસે જઇ તેમને પ્રણામ તથા પ્રદક્ષિણા કરી,

પોતાના કલ્યાણ વાસ્તે આવી રીતે કહેવા લાગ્યા. હે ભગવાન ! યુદ્ધ કરવા વાસ્તે તમારી આજ્ઞા માગું છું તે આપો. યુદ્ધ કરનાર હું કેવી રીતે સર્વ શત્રુને જીતું તે કહો ? દ્રોણાચાર્યે કહ્યું કે, હે મહારાજ ! યુદ્ધ વાસ્તે નિશ્ચય કરેલો તું જો આ વખતે મારી પાસે આવ્યો ન હોત તો ચોતરફથી તારો નાશ થાત એવી રીતે હું તને શાપ આપત, પણ હે નિષ્પાપ યુધિષ્ઠિર ! આ વખતે તેં મારી પૂજા કરી આજ્ઞા માગી માટે તારૂં શુભાચરણ જોઇ આજ્ઞા આપું છું. જા યુદ્ધ કર અને જય પામ. વળી ઇચ્છા હોય તે વર માગ, બીજું પણ તારૂં કામ હું કરીશ, યુદ્ધ વિના બીજું શું ઇચ્છે છે ? હે રાજન્ ! અર્થનો પુરૂષ દાસ છે, અર્થ કોઇનો પણ દાસ નથી એ સત્ય છે, માટે હું પણ અર્થે કરી, કૌરવ સાથે બંધાઇ ગયેલો છું, તેથી બીનેલાની માફક કહું છું કે, તું યુદ્ધ શિવાય બીજું શું ઇચ્છે છે ? હું કૌરવો માટે યુદ્ધ કરીશ, પણ તારો જય થાય એમ ઇચ્છીશ. યુધિષ્ઠિરે કહ્યું કે, હે બ્રહ્મન્ ! તમારે મારો જય તથા હિત ચહાવું ને કૌરવ વાસ્તે યુદ્ધ કરવું, એજ મને તમારો વર બસ છે. દ્રોણાચાર્યે કહ્યું કે, હે રાજન ! તારા હરિ ભગવાન મંત્રી છે માટે આવશ્ય તારો જય થશે; અને હું પણ તને આજ્ઞા આપું છું માટે જા, સંગ્રામમાં શત્રુનો તું નાશ કરીશ. હે કુંતીપુત્ર ! જ્યાં ધર્મ, ત્યાં કૃષ્ણ, ને જ્યાં કૃષ્ણ ત્યાં જય, માટે જા યુદ્ધ કર. વળી બીજું પણ પૂછવાની ઇચ્છા હોય તે પૂછ, હું તને શું કહું. દ્રોણાચાર્યે કહ્યું કે, જ્યાં સુધી હું રણસંગ્રામમાં યુદ્ધ કરીશ, ત્યાં સુધી તારો જય થશે નહીં, માટે જલદી ભાઇઓ સહિત મારા નાશ વાસ્તે યત્ન કર. યુધિષ્ઠિરે કહ્યું કે, હે મહાબાહો ! હે આચાર્ય ! હું તમોને નમસ્કાર કરી પૂછું છું જે તમારો નાશ કેમ થાય, તેનો ઉપાય બતાવો ? દ્રોણાચાર્યે કહ્યું કે હે તાત ! રથમાં બેસી બાણનો વરસાદ કરતાં યુદ્ધભુમિમાં ઉભેલા એવા મારો નાશ કરે એવા કોઈ પણ શત્રુને હું જોતો નથી; માટે યુદ્ધમાં શસ્ત્રનો ત્યાગ કરી, મરણ વાસ્તે તૈયાર થયેલા ચેતન રહિત મને તમારા યોદ્ધાઓમાંથી કોઈ પણ મારે, એ મારા મરણનો ઉપાય એ હું સત્ય કહું છું. ત્યાં તું કહીશ કે તમો શસ્ત્ર કયારે મૂકશો તેના ઉત્તરમાં કહું છું કે, સત્ય વચન બોલનાર પુરૂષથી મોટું અપ્રિય સાંભળી, સંગ્રામમાં હું શસ્ત્ર ત્યાગ કરીશ, એ પણ હું તને સત્ય કહું છું. સંજય કહે છે કે, હે મહારાજ ધૃતરાષ્ટ્ર ! બુદ્ધિમાન્ દ્રોણાચાર્યનાં એવાં વચન સાંભળી યુધિષ્ઠિર રાજા કૃપાચાર્ય પાસે જઈ, તેમને પ્રણામ તથા પ્રદક્ષિણા કરી વાકય જાણનારાઓમાં શ્રેષ્ઠ અતિ દુર્ધર્ષ તેમને આવી રીતે કહેવા લાગ્યા. હે નિષ્પાપ ગુરૂ ! હું યુદ્ધ કરવા વાસ્તે તમારી આજ્ઞા માગું છું; કારણ તમે આજ્ઞા આપેલો પાપ રહિત હું સર્વ શત્રુને જીતીશ. કૃપાચાર્યે કહ્યું કે હે મહારાજ ! યુદ્ધ વાસ્તે નિશ્ચયવાળો તું હાલ મારી પાસે આજ્ઞા લેવા ન આવ્યો હોત તો ચોતરફથી તારો નાશ થવા વાસ્તે હું તને શાપ દેત, પણ તેં મારી પૂજા કરી માટે હું કહું તે સાંભળ. પુરૂષ અર્થનો દાસ છે અર્થ કોઇનો દાસ નથી એ સત્ય છે. જો કે અર્થે કરી કૌરવો સાથે હું બંધાએલો છું માટે કૌરવ વાસ્તે મારે યુદ્ધ કરવું એવી મારી મતિ છે; તેથી બીનેલાની પેઠે કહું છું કે, તું યુદ્ધ સિવાય બીજું શું ઇચ્છે છે તે કહે ? યુધિષ્ઠિરે કહ્યું કે, હે આચાર્ય ! તેટલા માટેજ હું તમોને પૂછું તે મારાં વચન સાંભળો. એટલું કહી ચિત્તમાં ખેદ પામેલા ચેતન રહિત રાજા બોલતા રહી ગયા. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! ધર્મ રાજાનો અભિપ્રાય જાણી કૃપાચાર્યે કહ્યું કે હે મહીપાળ ! હું કોઇથી નાશ પામું તેમ નથી, તથાપિ

તું યુદ્ધ કરી જય પામ. કારણ તારા આવવાથી હું પ્રસન્ન થયો છું માટે હમેશ તારા જયનું ચિંતન કરીશ, એ હું તને સત્ય કહું છું. એવાં કૃપાચાર્યનાં વચન સાંભળી તેમનો સત્કાર કરી જ્યાં મદ્રદેશનો રાજા શલ્ય ઉભો હતો ત્યાં જઇ, તેને પ્રણામ તથા પ્રદક્ષિણા કરી પોતાના કલ્યાણ વાસ્તે ધર્મરાજ આવી રીતે કહેવા લાગ્યા કે, હે દુર્ધર્ષ ! યુદ્ધ વાસ્તે હું તમારી આજ્ઞા માગું છું, તમે આજ્ઞા આપેલો હું શત્રુને જીતીશ. શલ્યે કહ્યું કે જો યુદ્ધ વાસ્તે નિશ્ચય કરી તું મારી પાસે આવ્યો ન હોત તો રણસંગ્રામમાં તારો નાશ થવા હું શાપ દેત, પણ મારો સત્કાર કર્યો તેથી હું તને પ્રસન્ન થયો છું. તારી ઇચ્છા પૂર્ણ થાઓ, અને હું પણ આજ્ઞા આપું છું માટે યુદ્ધ કરી જય પામો. હે શૂરવીર ! હે મહા-રાજ ! બીજું પણ તમારે કહેવું હોય તે કહો, તમારે શું પ્રયોજન છે. યુદ્ધ સિવાય બીજું શું ઇચ્છો છો ? પુરૂષ અર્થનો દાસ છે, અર્થ કોઇનો દાસ નથી. એ સત્ય છે. તેથીજ કૌરવ સાથે અર્થે કરી હું બંધાએલો છું. હે ભાગિનેય ! તમને ગમતું કામ હું કરીશ, પણ બીનેલાની પેઠે યુદ્ધ શિવાય તમે બીજું શું માગો છો તે કહો ? યુધિષ્ઠિરે કહ્યું કે હે મહા-રાજ ! મારા ઉત્તમ હિતનો નિરંતર વિચાર કરો, ને પારકા વાસ્તે તમારી ઈચ્છા પ્રમાણે યુદ્ધ કરો, એજ તમારો વર જોઇએ. શલ્યે કહ્યું કે હે નૃપસત્તમ ! આ યુદ્ધરૂપ કામમાં શું હું તમારી સહાયતા કરૂં એમ તમે ઇચ્છો છો ? કૌરવ સાથે અર્થે કરી બંધાએલો હું તેમને વાસ્તે ઇચ્છા પ્રમાણે યુદ્ધ કરીશ. યુધિષ્ઠિરે કહ્યું કે હે શલ્ય ! ઉદ્યોગમાં તમે કહો છો તેજ તમારો મને વર છે, જે સંગ્રામમાં કર્ણનો વધ કરવો. શલ્યે કહ્યું કે હે કુંતીપુત્ર ! આ તમારી કામના તમારી ઇચ્છા પ્રમાણે પૂર્ણ થશે, વિશ્વાસ રાખીને જાઓ અને યુદ્ધ કરો, જે તમે વચન માગ્યું તે પ્રતિજ્ઞા પૂર્વક હું કરીશ. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે કુંતીપુત્ર યુધિષ્ઠિર, મદ્ર દેશના અધિપતિ (મામા) શલ્યનાં નચન સાંભળી, તેમની આજ્ઞા લઇ ભાઇઓ સહિત મોટા સૈન્યમાંથી જવા લાગ્યા.

પછી વાસુદેવ ભગવાન સંગ્રામમાં કર્ણ પાસે જઇ પાંડવ વાસ્તે એને આવી રીતે કહેવા લાગ્યા. હે કર્ણ ! મેં એમ સાંભળ્યું છે કે ભીષ્મના દ્વેષથી તું યુદ્ધ કરીશ નહિ, માટે હે રાધેય ! જ્યાં સુધી ભીષ્મનો નાશ ન થયો હોય ત્યાં સૂધી તું અમોને વર આપ. કારણ જો દુર્યોધનની સહાયતા કરવા ઈચ્છતો હોય તો ભીષ્મ મરણ પામ્યા પછી તેની બાજુ રણસંગ્રામમાં આવજે. કર્ણે કહ્યું કે હે કેશવ ! હુ દુર્યોધનનું અપ્રિય કરીશ નહીં; કારણ મરણ પર્યંત દુર્યોધનનો હિતૈષી છું, એમ ખચીત માનજો. સંજય કહે છે કે, હે ભારત ! એવા કર્ણનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાન ત્યાંથી પાછા ફરી પાંડવો પાસે ગયા, એટલામાં પાંડવોમાં મોટા યુધિષ્ઠિર રાજા સૈન્યમાં આવી રીતે કહેવા લાગ્યા કે, જે અમોને વરે તેને અમારી સહાયતા વાસ્તે અમો વરીએ છિએ, માગણી કરીએ છીએ. એવું સાંભળી પ્રસન્ન થયેલા, યુયુત્સુ નામના દુર્યોધનના ભાઇએ કુંતીપુત્ર ધર્મરાજને કહ્યું કે, હે મહારાજ ! તમે મને વરતા હો તો રણસંગ્રામમાં તમારી તરફથી હું દુર્યોધનાદિ સાથે યુદ્ધ કરૂં. યુધિષ્ઠિરે કહ્યું કે, હે મહાબાહો ! યુયુત્સુ, વાસુદેવ ભગવાન તથા અમો સર્વ કહીએ છીએ માટે તું આવ આવ. આપણે બધા તારા મૂર્ખ ભાઇઓ સાથે યુદ્ધ કરીએ, ને ધૃતરાષ્ટ્રની સંતતિ તથા પિંડ દેનાર પણ તુંજ રહીશ, એમ દેખાય છે. હે મહા-દ્યુતિ ! હે રાજપુત્ર ! તને ભજતા અમોને તું ભજ; કારણ અમોને ભજતાં અતિ ક્રોધાવિષ્ટ

ધૃતરાષ્ટ્રના બીજા સર્વ પુત્રો મરણ પામશે. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! પછી યુયુત્સુ તમારા દુર્યોધનાદિ પુત્રોનો ત્યાગ કરી દુંદુભિના નાદ સંભળાવી પાંડવની સેનામાં ગયો. પછી ભાઇઓ સહિત, પ્રસન્ન થએલ ધર્મરાજાએ તેજવાળું, સોના સરખું ઉજ્વળ કવચ ધારણ કર્યું અને બીજા સર્વ યોદ્ધાઓએ પણ પોતપોતાના રથોમાં બેસી પૂર્વની પેઠે પાછી વ્યૂહ રચના કરી. ઘણાક શ્રેષ્ઠ યોદ્ધાઓ સેંકડો દુંદુભિ તથા કાહળ નામનાં યુદ્ધવાદ્ય વગાડતાં વિવિધ પ્રકારના સિંહ નાદ કરવા લાગ્યા, પુરૂષમાં સિંહરૂપ, રથમાં બેઠેલા પાંડવોને જોઇ ધૃષ્ટદ્યુમ્નાદિ સર્વ રાજાઓ હર્ષયુક્ત થઈ માન દેવા લાયકને માન આપનાર પાંડવોની મોટાઈ જોઇ અત્યંત પ્રશંસા કરતા, તેમની જ્ઞાતિ વિષે મૈત્રી, સ્નેહ તથા દયાને પણ વખાણવા લાગ્યા. તે વખતે કીર્તિમાન પાંડવોની સ્તુતિયુક્ત મન તથા હૃદયને હર્ષ આપનારી 'સાધુ સાધુ' એ રીતે પવિત્રવાણી બોલવા લાગ્યા. ત્યાં આવેલા મ્લેચ્છો તથા કુલીન લોકો પાંડવોનું વૃત્તાંત સાંભળી, તથા જોઇ ગદગદ કંઠથી રોવા લાગ્યા. પ્રસન્ન થયેલા શૂરવીર પુરૂષો સેંકડો મોટા ભેરી નામના વાદ્ય તથા ગાયના દૂધ સરખા શ્વેત શંખો વગાડવા લાગ્યા.

ततो जघ्नुर्महाभेरीः शतशोथसहस्त्रशः ।
शंखांश्च गोक्षीरनिभान्दध्मु हृष्टा मनस्विनः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मादिसंमानने गुर्जरभाषायां त्रिचत्वारिंशोऽध्याय ॥ ४३ ॥

અધ્યાય ૪૪ મો. યુદ્ધની તૈયારી.

धृतराष्ट्र उवाच-एवं व्यूढेष्वनीकेषु मामकेष्वितरेषु च ।
के पूर्वं प्राहरंस्तत्र कुरवः पांडवा नु किम् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે કે-હે સંજય ! એ પ્રમાણે વ્યૂહ રચનાએ કરી મારા પુત્રનાં તથા પાંડવોનાં સૈન્ય ઉભાં ત્યાર પછી કૌરવ પાંડવમાંથી, પ્રથમ કોણ પ્રહાર કરવા લાગ્યા. સંજય કહે છે કે, હે રાજન્ ! તમારા દુઃશાસન, ભાઇઓ તથા સેના સહિત ભીષ્મ સાથે યુદ્ધને ઇચ્છતા સર્વ પાંડવો ભીમસેનને આગળ કરી તમારા પુત્રની સેના સામે આવ્યા. બેઉ સેનામાં સિંહનાદ, કિલકિલ, ક્રકચ, ગાયની શિંગડીઓના શબ્દ, તથા ભેરી, મૃદંગ, મુરજ અને હાથી ઘોડાના હણહણાટ થવા લાગ્યા. પછી બેઉ સેના એકઠી મળતાં મોટી ગરદી થઇ તે સમયે પાંડવ તથા ધૃતરાષ્ટ્રના મોટા પ્રહારવાળા સમાગમમાં સૈન્યો વાયુએ કરી જેમ વન કંપે, તેમ શંખ, મૃદંગાદિના શબ્દે કરી કંપવા લાગ્યાં, તેમજ રાજા, હસ્તિ, અશ્વ, તથા રથે કરી આકુલ અમંગલ મુહૂર્તમાં આવેલી સેનાઓનો, વાયુએ વૃદ્ધિ પમાડેલા સમુદ્રોનો, મોટો રૂવાં ઉભાં કરે તેવો ભયંકર શબ્દ થાય તેમ ઘોંઘાટ થવા લાગ્યો. મહાબાહુ ભીમસેને મોટા બળદની પેઠે શબ્દ કર્યો જેણે કરી શંખ, દુંદુભિ, હસ્તિ તથા ઘોડાના હણહણાટ તથા સૈન્યોના સિંહનાદો થવા લાગ્યા. ઇંદ્રના વજ્ર જેવો તે શબ્દ સાંભળી તમારા પુત્રની સેનાના સર્વે સૈનિકો ત્રાસ પામ્યા. અને સર્વ વાહનો સિંહના

શબ્દથી જેમ મૃગો થરથરે તેમ થરથરવા લાગ્યાં. મોટા ધનુષવાળો ભીમસેન પોતાનું ભયંકરરૂપ દેખાડતો મેઘની પેઠે ગર્જના કરી તમારા પુત્રને ભય પમાડતો પાસે આવવા લાગ્યો, તેને દુર્યોધન, દુર્મુખ, દુઃસહ, શલ, અતિરથિ, દુઃશાસન દુર્મર્ષણ, વિવિંશતિ, ચિત્રસેન, મહારથિ વિકર્ણ, પુરૂમિત્ર, જય, ભોજ ને વીર્યવાન સૌમદત્તિ, એ સર્વ તમારા પુત્રોએ વિજળી સહિત મેઘોની પેઠે મોટાં ધનુષો હલાવી કાંચળી ઉતારેલા સર્પ જેવાં બાણોએ મેઘ જેમ સૂર્યને ઢાંકે તેમ ઢાંકી દીધો. તે વખતે દ્રૌપદીના પુત્ર મહારથિ અભિમન્યુ, નકુળ, સહદેવ, તથા પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, એ સર્વ મહા વેગવાળા વજ્રે કરી, પર્વતોના શિખરનો જેમ ઇંદ્ર નાશ કરે તેમ તીક્ષ્ણ બાણથી તમારા પુત્રોને પીડતા, સામે આવવા લાગ્યા. ભીમના ધનુષની દોરી તથા મોજાના શબ્દવાળા તે પહેલા સંગ્રામમાં તમારા તથા પારકાઓમાંથી કોઈ પણ વિમુખ થયા નહીં. હે ભારત ! તે વખતે નિશાન વિંધનારા, અત્યંત બાણોને ફેંકતા દ્રોણના શિષ્યોના હાથની બાણ નાંખવામાં ચાલાકી મેં જોઈ. તેમ ધનુષોનો શબ્દ બંધ ન થતાં આકાશમાંથી જેમ તારાઓ પડે તેમ સેનામાંથી ચળકતાં બાણો વરસવા લાગ્યાં. બીજા સર્વ રાજાઓ જોનારાની પેઠે ભયંકર તથા જોવા લાયક તે જ્ઞાતિયુદ્ધને જોવા લાગ્યા. ઘણા વખતથી ક્રોધે ભરાયેલા રાજાઓ સ્પર્ધાને લીધે એક બીજાને મારવા લાગ્યા. તે સમયે હાથી, ઘોડા તથા રથોથી સંકુલ તે બેઉ સેના રણસંગ્રામમાં ચિતારાએ વસ્ત્રમાં ચિતરેલી હોય તેમ શોભવા લાગી. સર્વ રાજાઓ તમારા પુત્રની આજ્ઞાથી હાથમાં ધનુષ લઇ સૈન્યો સહિત યુધિષ્ઠિરની સેનામાં જવા લાગ્યા, તેમજ યુધિષ્ઠિરની આજ્ઞાથી સેંકડો રાજાઓ સિંહનાદ કરતા તમારા પુત્રની સેનામાં આવવા લાગ્યા, એ પ્રમાણે બેઉ સેનાના સૈન્યનો ભયંકર સમાગમ થયો. જેમાં સેનાથી ઉડેલી રજથી સૂર્ય ઢંકાઇ ગયો અને યુદ્ધ કરતાં ઘવાયેલા તથા પાછા આવનાર યોદ્ધાઓમાં પોતાના કે પારકા દેખાતા બંધ થયા. મહા ભયંકર યુદ્ધની ગીરદીમાં સર્વ સૈન્યોને અતિક્રમણ કરી તમારા પિતા ભીષ્મ શોભતા હતા.

तस्मिंस्तु तुमुले युद्धे वर्त्तमाने महाभये ।
अतिसर्वाण्यनीकानि पितातेऽभिव्यरोचत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि युद्धारंभे गुर्जरभाषायां चतुश्चत्वारिंशोऽध्याय ॥ ४४ ॥

અધ્યાય ૪૫ મો. યુદ્ધનો સમારંભ.

संजय उवाच—पूर्वाह्ने तस्य रौद्रस्य युद्धमन्हो विशांपते ।
प्रावर्त्तत महाघोरं राजदेहावकर्त्तनम ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! મહા ભયંકર દિવસના પૂર્વ ભાગમાં રાજાઓના શરીરનો નાશ થવા લાગ્યો, ને પરસ્પર જીતવાની આશાવાળા કૌરવ તથા, સૃંજયાદિ રાજાઓનો સિંહ જેવો શબ્દ આકાશ તથા પૃથ્વીમાં ફેલાઈ ગયો. મોજા તથા શંખના શબ્દો સાથે કિલકિલ શબ્દ તથા ગર્જના કરનાર શૂરવીરોના સિંહનાદો થવા લાગ્યા, મોજા વાગ-

વાથી દોરીના પ્યાદલના પગના, ઘોડાઓના, છડીના, અંકુશના, આયુધના, તથા એક બીજાની સામે દોડતા હાથીઓના ઘંટાઓના, રૂવાં ઉભાં થાય તેવા એકઠા થએલા શબ્દોમાં મેઘના શબ્દ જેવો રથનો ઘોંઘાટ થવા લાગ્યો. તે વખતે મોટી ધ્વજાવાળા તમારા પક્ષના રાજાઓ, જીવવાની આશા છોડી ક્રૂર મન કરી પાંડવોને મારવા લાગ્યા. શંતનુના પુત્ર ભીષ્મ કાળદંડ જેવું ભયંકર ધનુષ ધારણ કરી રણસંગ્રામમાં અર્જુન સામે લડવા લાગ્યા. તે વખતે તેજસ્વી અર્જુન પણ લોક પ્રસિદ્ધ ગાંડીવ નામના ધનુષને લઈ રણસંગ્રામમાં ભીષ્મની સામે ધસ્યા, એમ કૌરવમાં સિંહ જેવા એ બેઉ જણે પરસ્પર જીતવાની ઇચ્છા રાખી એક બીજાને વિંધ્યા, તથાપિ તે બેઉમાંથી કોઈ પણ કંપાયમાન થયો નહીં. મોટા ધનુષ્યવાળો સાત્યકિ કૃતવર્મા સામે થયો, તે વખતે બેઉનું રૂવાં ઉભાં થાય તેવું ભયંકર યુદ્ધ થવા માંડયું. સાત્યકિ કૃતવર્માને તીક્ષ્ણ બાણોથી વિંધી પીડા કરવા લાગ્યો, તેમજ કૃતવર્મા પણ તીક્ષ્ણ બાણોથી તેને વિંધી પીડા પમાડવા લાગ્યો. મહા બળવાળા, બાણોએ વ્યાપ્ત શરીરવાળા તે વસંતઋતુમાં ફૂલથી વિચિત્ર હોય તેમ શોભતા ખાખરાના વૃક્ષ જેવા લાગતા હતા, અભિમન્યુ મોટા ધનુષવાળા બૃહદ્બલ નામે રાજા સામે યુદ્ધ કરવા લાગ્યો, તેમજ મોટા ધનુષવાળા કોસલ દેશના રાજા બૃહદ્બલ પણ અભિમન્યુ સાથે યુદ્ધ કરવા લાગ્યો, તેમણે સંગ્રામમાં અભિમન્યુની ધ્વજા કાપી તેના સારથીને પાડયો. હે મહારાજ ! કોપેલા શત્રુને મર્દન કરનાર અભિમન્યુએ નવ બાણોથી બૃહદ્બલને, ભલ્લાકૃતિ તીક્ષ્ણ બે બાણોથી તેમની ધ્વજાને, એક પાછળથી રક્ષા કરનારને તથા એક બાણે કરી સારથીને વિંધ્યો. એ રીતે ક્રોધ પામેલા તેમણે એક બીજાને મારવા માંડયા. તેમજ સંગ્રામમાં મહોન્મત્ત વૈર બાંધનાર, મહારથિ તમારા પુત્ર દુર્યોધન સાથે ભીમસેન યુદ્ધ કરવા લાગ્યો. પુરૂષમાં સિંહરૂપ, કૌરવમાં મુખ્ય, મહા બળવાન, યુદ્ધ કુશળ અનેક તરેહથી યુદ્ધ કરનાર મહાત્મા તે બેઉ રણસંગ્રામમાં એક બીજા ઉપર બાણનો વરસાદ વરસાવવા લાગ્યા. તે વખતે તેમને જોઇ સર્વ લોકને વિસ્મય થયો પછી દુઃશાસને મહા બળવાળા નકુળ સામે જઇ તેને મર્મ ભેદ કરનાર તીક્ષ્ણ ઘણાક બાણોથી વિંધ્યો. માદ્રી પુત્ર નકુળે પણ સહેજમાં તીક્ષ્ણ બાણોથી તેનાં ધનુષબાણ તથા ધ્વજાને કાપી ક્ષુદ્રક નામનાં પચ્ચીસ બાણો નાંખ્યાં. વળી તમારા પુત્રે રણસંગ્રામમાં બાણોએ કરી તેના ઘોડાઓને મારી, તેની ધ્વજા પણ પાડી નાંખી. દુર્મુખ નામના તમારા પુત્ર મહા બળવાળા યત્ન કરતા એવા સહદેવ સામે જઇ રણમાં યુદ્ધ કરતાં તેને બાણના વરસાદથી વિંધ્યો. તે વખતે શૂરવીર સહદેવે પણ સંગ્રામમાં તીક્ષ્ણ બાણોથી તેના સારથીને પાડયો. એમ યુદ્ધમાં ઉન્મત્ત તે બેઉ એક બીજાને જીતવાની આશાથી તીક્ષ્ણ બાણોએ એકબીજાને ત્રાસ પમાડવા લાગ્યા. મદ્રદેશના રાજા શલ્ય સામે યુધિષ્ઠિર રાજા પોતે યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે તે રાજાએ તેમના ધનુષના બે કડકા કર્યા, ધર્મરાજાએ તેનો ત્યાગ કરી વેગથી અતિદૃઢ બીજું ધનુષ લઇ નમેલા ફળવાળા બાણોથી તેને ઢાંકી, ક્રોધથી ‘ ઉભો રહે ઉભો રહે ’ એમ કહ્યું. ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્ય સામે આવ્યો. તે વખતે ક્રોધે ભરાયેલા દ્રોણાચાર્યે રણસંગ્રામમાં તેના ધનુષના ત્રણ કડકા કરી. કાળદંડ જેવું બાણ નાંખ્યું, જેથી તે રાજાનું શરીર વિંધાઈ ગયું. દ્રુપદ રાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને બીજું ધનુષ લઇ રણસંગ્રામમાં ચૌદ બાણોથી તેમને વિંધ્યા. એ પ્રમાણે ક્રોધવાળા તે બેઉ અત્યંત યુદ્ધ કરતા હતા. રણસંગ્રામમાં શંખ નામના રાજાએ વેગથી

સોમદત્તના પુત્ર સામે જઇ 'ઉભો રહે ઉભો રહે' એ રીતે કહી તેનો જમણો હાથ કાપ્યો, તેમજ સૌમદત્તિએ પણ તેને જત્રુ દેશમાં–હાંસડીમાં વિંધ્યો. એ રીતે મદોન્મત્ત એ બેઉનું રણસંગ્રામમાં પૂર્વે વત્રાસુર તથા ઇદ્રના જેવું ભયંકર યુદ્ધ થયું. બાહ્લિક સામે ક્રોધથી મહારથી ધૃષ્ટકેતુ દોડયો. તે સમયે બાહ્લિકે ક્રોધથી ઘણા બાણ નાંખી સિંહનાદ કર્યો. મદોન્મત્ત ચેદિ રાજાએ નવ બાણે કરીને મદોન્મત્ત હસ્તી જેવા તેને વિંધ્યો. સંગ્રામવિષે ક્રોધ પામેલા તથા વારંવાર શબ્દ કરતા તે બેઉ મંગળ તથા બુધ ગ્રહ જેમ સમીપ આવે તેમ એક બીજાની નજીક આવવા લાગ્યા. હે ભારત ! ભયંકર કર્મવાળા અલંબુષ નામના રાક્ષસ સામે ક્રૂર કર્મ કરનાર ઘટોત્કચે ઇંદ્ર જેમ બળની સામે જાય તેમ સામે જઇ મહા બળવાન રાક્ષસને તીક્ષ્ણ એવાં નેવું બાણથી વિંધ્યો. અલંબુષે પણ મહા બળવાન ભીમસેનના પુત્રને નથી જણાતી ગ્રંથિ જેમાં એવા બાણે કરી અનેક તરેહથી વિંધ્યો. સંગ્રામમાં બાણે વિંધાએલા શરીરવાળા તે બેઉ દેવાસુર યુદ્ધમાં મહા બળવાન વત્ર તથા ઇંદ્ર શોભે તેમ શોભવા લાગ્યા. હે રાજન્ ! બળવાન શિખંડી અશ્વત્થા સામે અડયો, તેથી કોપેલા અશ્વત્થામાએ પાસે ઉભેલા તેને તીક્ષ્ણ બાણે કરી વિંધી નાંખ્યો. શિખંડીએ બાણથી તેને વિંધ્યો, સારી રીતે પાએલ સૂક્ષ્મ ધારવાળા તીક્ષ્ણ બાણે કરી તથા બીજા પણ બહુ પ્રકારના બાણે કરી તે બેઉજણ અન્યો ન્ય એક બીજાને મારવા લગ્યા. હે રાજન્ ! શૂરવીર ભગદત્તની સામે સેનાપતિ વિરાટ રાજા ધસી ગયા એટલે એ બેઉનું યુદ્ધ થવા લાગ્યું, જેમાં અત્યંત ક્રોધ પામેલા વિરાટે મેઘ જેમ વૃષ્ટિએ કરી પર્વતને ઢાંકે, તેમ બાણના વરસાદે કરી તેને ઢાંકયો. ભગદત્તે પણ ત્વરિત ઉગતા સૂર્યને જેમ મેઘ આચ્છાદન કરે તેમ બાણના વરસાદથી તેને ઢાંકી નાંખ્યો. હે ભારત ! કૈકય દેશના બૃહત્ક્ષત્ર રાજા સામે આવી શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે બાણના વરસાદથી તેને ઢાંકી દીધો. ક્રોધ પામેલા કૈકયે પણ બાણના વરસાદથી તેને ઢાંકી દીધો. હે ભારત ! તે પછી ક્રોધ પામેલા તે બેઉ એક બીજાના ઘોડાઓને મારી ધનુષ કાપી, રથ વગરના થઇ તરવારથી યુદ્ધ કરવા લાગ્યા. એ રીતે અત્યંત દારૂણ એવું ભયંકર યુદ્ધ થયું. અને શત્રુને તપાવનાર દ્રુપદ રાજા, હર્ષયુક્ત થઇ, હર્ષિત થએલા, સિંધુ દેશના રાજા જયદ્રથ સામે ગયા, તે જોઇ સિંધુ દેશના રાજાએ ત્રણ બાણે કરી તેને વિંધ્યો, એ રીતે તેમનું અત્યંત દારૂણ તથા નેત્રને પ્રીતિ ઉત્પન્ન કરનાર, ભયંકર યુદ્ધ શુક્ર તથા મંગળ ગ્રહના જેવું થયું. વિકર્ણ નામનો તમારો પુત્ર સુતસોમ નામના ભીમસેનના પુત્ર સામે વેગવાન અશ્વોથી જઇ બાણથી તેને વિંધી કંપાવી ન શકયો. તેમ તે પણ તેને બાણે કરી વિંધી કંપાવી ન શકયો, તે આશ્ચર્ય જેવું થયું. અત્યંત કોપેલો, પરાક્રમી, પુરૂષમાં સિંહરૂપ તથા મહારથી ચેકિતાન રાજા, પાંડવ વાસ્તે સુશર્મા સામે અડયો. તે સમયે સુશર્માએ રણસંગ્રામમાં મોટા બાણના વરસાદથી તેને વારી રાખ્યો. અત્યંત કોપેલા ચેકિતાને પણ મહામેઘ જેમ પર્વતને ઢાંકે તેમ બાણે કરી તેને ઢાંકી નાખ્યો. હે રાજેંદ્ર ! પરાક્રમી શકુનિ, પરાક્રમ કરનાર પ્રતિવિંધ્ય રાજા સામે મદોન્મત્ત સિંહ જેમ મોટા હસ્તી સામે દોડી જાય, તેમ દોડી ગયો. તેને અત્યંત ક્રોધી યુધિષ્ઠિર પુત્રે તીક્ષ્ણ બાણે કરી ઇંદ્ર જેમ દૈત્યને વિંધે તેમ વિંધ્યો. મહા પ્રાજ્ઞ શકુનિએ સંગ્રામમાં પોતાને વિંધતા, તેને ગ્રંથિ વગરના બાણે કરી વિંધ્યો. હે રાજેંદ્ર ! કાંબોજ દેશના યોદ્ધાઓમાં પરાક્રમ કરનાર મહારથી સુદક્ષિણ સામે

મહારથી સહદેવ પુત્ર શ્રુતકર્મા અડયો. તેને બાણુથી વિંધીને મૈનાક પર્વતને જેમ ઇંદ્ર કંપાવી ન શકે.તેમ તે કંપાવી શક્યો નહીં તેથી કોપેલા શ્રુતકર્માએ તેને ચોતરફથી ઘણાક બાણોએ કરી વિંધ્યો, ને અત્યંત કુપિત શત્રુને તપાવનાર, બળવાન, મહારથી અર્જુન પુત્ર ઈરાવાને શત્રુને દમન કરનાર સાવધાન શ્રુતાયુષ સામે જઇ સંગ્રામમાં તેના ઘોડાને મારી ગર્જના કરી, જે તેના સૈન્યમાં ફેલાઈ ગઇ તેથી ક્રોધ પામેલા શ્રુતાયુષે સંગ્રામમાં ગદાના અગ્રભાગથી તેના ઘોડાઓને માર્યા. એ રીતે તેમનું યુદ્ધ પ્રવર્ત થયું. અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ નામે બે રાજાઓ શૂરવીર મહારથી એવા પુત્ર તથા સેના સહિત, કુંતિભોજ સામે આવી, મોટી સેના સહિત સ્થિર થઇ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે તેમનું અદ્દભુત ઘોર પરાક્રમ અમોએ જોયું. જેમાં અનુવિંદે કુંતિભોજને ગદા મારી અને તેણે બાણુના સમુદાયથી તેને ઢાંકી દીધો. કુંતિભોજના પુત્રે વિંદ રાજાને બાણુથી વિંધ્યો અને તેણે તેને વિંધ્યો. તે મોટા આશ્ચર્ય જેવું થયું. હે મારીષ ! સૈન્ય સહિત કેકય નામના પાંચ ભાઇઓ સૈન્ય સહિત કંધાર દેશના પાંચ રાજાઓ સાથે સંગ્રામમાં યુદ્ધ કરવા લાગ્યા. તમારા વીરબાહુ નામના પુત્રે રથિમાં શ્રેષ્ઠ વિરાટના પુત્ર ઉત્તર સામે યુદ્ધ કરતાં તીક્ષ્ણુ બાણુથી તેને વિંધ્યો. ઉત્તરે પણુ તીક્ષ્ણુ બાણે કરી શૂરવીર એવા તેને વિંધ્યો, અને ચેદિ રાજાએ સંગ્રામમાં ઉલૂક સામે જઇ બાણુના વરસાદથી તેને વિંધ્યો. ઉલૂકે પીંછ બાંધેલાં તીક્ષ્ણુ બાણોથી સામો તેને વિંધ્યો. એ પ્રમાણે પરાજય ન પામેલા, અત્યંત કોપેલા પરસ્પર બાણુ મારતા તે બેઉનું મહા ભયંકર યુદ્ધ થયું. એ રીતે તમારા તથા પાંડવના રણસંગ્રામમાં રથ, હસ્તિ, અશ્વ તથા પાયદળનાં હજારો દ્વંદ્વ યુદ્ધ થવા માંડયાં, જેનો બે ઘડી પર્યંત સારો દેખાવ રહ્યો.અને પછી ઉન્મત્તની પેઠે કંઇ પણ જણાતું બંધ થયું. હસ્તિ હસ્તિ સામે, રથી રથી સામે, અશ્વ અશ્વ સામે, તથા પાયદળ પાયદળ સામે જતાં ઘનઘોર યુદ્ધ થવા માંડયું. એ રીતે પરસ્પર એકઠા મળેલા શૂરવીરોનું અત્યંત દુર્ધર્ષ યુદ્ધ થતું હતું તે વખતે દેવર્ષિઓ, સિદ્ધ તથા ચારણો ત્યાં આવી દેવાસુર સંગ્રામ જેવા આ સંગ્રામને જોવા લાગ્યા. હજારો હસ્તિ, રથો તથા પુરૂષો ક્રમ છોડી દઇ યુદ્ધ કરવા લાગ્યા, તેથી દરેક ઠેકાણે રથ, હસ્તિ, પાયદળ તથા ઘોડેસ્વાર વારંવાર યુદ્ધ કરતા જણાવા લાગ્યા.

तत्र तत्र प्रदृश्यंते रथवारणपत्तय: ।
सादिनश्च नरव्याघ्र युद्धमाना मुहुर्मुहु: ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्वंद्वयुद्धे गुर्जरभाषायां पंचचत्वारिंशोऽध्याय ॥ ४५ ॥

અધ્યાય ૪૬ મો-સંકુલ યુદ્ધ.

संजयउवाच-राजन् शतसहस्राणि तत्र तत्र पदातिनां ।
निर्मर्यादं प्रयुद्धानि तत्ते वक्ष्यामि भारत ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્ ! હે ભારત ! સંગ્રામમાં તે તે ઠેકાણે લક્ષાવધિ પાયદલ

મર્યાદ મૂકી યુદ્ધ કરવા લાગ્યું, તે હું તમોને કહું તે સાંભળો. પુત્ર પિતાને, પિતા ઔરસ પુત્રને, ભાઈ ભાઇને, મામો ભાણેજને, ભાણેજ મામાને, તથા મિત્ર મિત્રને, ન જાણતાં ભૂતાદિએ પરવશ કરેલા હોય તેની પેઠે પાંડવ કૌરવ સેળભેળ થઇ યુદ્ધ કરવા લાગ્યા. હે ભરતર્ષભ ! પુરૂષમાં સિંહરૂપ કેટલાક યોદ્ધાઓ રથે કરી સૈન્યમાંના રથની ધોંસરીથી બીજાના રથની ધોંસરી ભાગી નાંખતા હતા, પરસ્પર મારવાની ઇચ્છાવાળા કેટલાક સંમુખ આવેલા સાથે મળી પોતાના રથના દંડથી તેના રથના દંડને તથા કુબડાથી કુબડાને ભાગતા હતા. કેટલાક રથો, રથ સાથે તથાં મદ ઝરતા મોટી કાયાવાળા હાથીઓ હાથીઓ સાથે મળવાથી ચાલી શકતા ન હતા. ક્રોધ પામેલા કેટલાક હસ્તિઓ અંબાડી તથા પતાકાવાળા શ્રેષ્ઠ હાથીઓ સાથે મળી એક બીજાને દાંતે કરી અનેક તરેહથી ચીરતા હતા, અને બીજા હસ્તિઓએ હણેલા કેટલાક વેગવાળા હસ્તિઓ અત્યંત આતુર થઇ ચીત્કાર ચીસો પાડતા હતા. કેટલાક સારી રીતે શિખવેલા, છડી તથા અંકુશે હણેલા, મદ વગરના તથા મદવાળા હસ્તિઓ પરસ્પર સામ સામા જતા હતા, તેમજ મદ ઝરતા હસ્તિઓ સાથે મળેલા કેટલાક મોટા હસ્તિઓ કૌંચ પક્ષીની પેઠે શબ્દ કરી સર્વે દિશાઓમાં દોડતા હતા. સારી રીતે યોજના કરેલા ભેદાએલાં કુંભસ્થલ તથા મુખવાળા, તરવાર, ભાથા તથા બાણે કરી વિંધાએલા, તથા ભેદ પામેલા મર્મસ્થાનવાળા, શ્રેષ્ઠ હસ્તિઓ શબ્દ કરી પ્રાણ રહિત થઇ ભૂમિપર પડી જતા હતા, અને કેટલાક ભયંકર શબ્દ કરતા દિશાઓમાં દોડી જતા હતા. મોટાં વક્ષસ્થળવાળા પ્રહાર કરનાર હસ્તિઓના પાદ રક્ષકો નાના ભાલા, ધનુષ, સજેલ કુવાડીઓ, ગદા, મુસલ, ગોફણ, તોમર, લોઢાની લાકડી, તથા તીક્ષ્ણ તરવાર ગ્રહણ કરી ક્રોધથી પરસ્પર મારવાની ઇચ્છાથી તે તે ઠેકાણે દોડતા દેખાતા હતા, અને પરસ્પર સામે દોડતા શૂરવીરોની મનુષ્યના રૂધિરે કરી ખરડાએલી તરવારો ચમકતી હતી. શૂરવીરોએ હાથથી નાંખેલી શત્રુના મર્મસ્થાનમાં પડતી તરવારોનો ખણખણાટ થતો હતો. ગદા મુસલ, શ્રેષ્ઠ તરવાર તથા હસ્તિના દાંતે કરી ભેદ પામેલા અંગવાળાઓની તથા હસ્તિઓએ કચરેલાં પરસ્પર પોકારતાં અનેક મનુષ્યોની નરકમાં પડેલા પ્રેતોના જેવી દારૂણ કિકિયારીઓ સંભળાતી હતી. કેટલાક ઘોડેસ્વારોએ ચમરી તથા શિરોભૂષણ ધરનાર ઘોડાઓથી મહા વેગવાળા થઇ હર્ષથી એક બીજાની સામે આવી નાંખેલાં સુવર્ણથી શોભતાં ચકચકિત તીક્ષ્ણ ભાલાં સર્પની પેઠે પડતાં હતાં. કેટલાક શૂરવીર ઘોડેસ્વાર ઉત્તમ વેગવાળા અશ્વે કરી મોટા રથમાંથી રથિયોનાં મસ્તકો કાપતા હતા, અને રથી પુરૂષો પણ બાણ સમીપ આવેલા ઘણાક તેમને ગ્રંથી વગરનાં મોટાં ફળવાળા બાણે કરીને મારતા હતા. નવા મેઘ સરખી કાંતિવાળા, સુવર્ણથી શોભતા મદોન્મત્ત હસ્તિઓ ઘોડાઓને પકડી પગથીજ તેને કચરી નાખતા હતા. સાંગના વાગવાથી ભેદ પામેલ કુંભસ્થળ તથા પાર્શ્વ ભાગવાળા, આતુર થયેલા કેટલાક હસ્તિઓ શબ્દ કરતા હતા, કેટલાક શ્રેષ્ઠ હસ્તિઓ ઘોડેસ્વાર સહિત અશ્વોને મંથન કરી સંગ્રામમાં બળે કરી ફેંકતા હતા. વળી કેટલાક હસ્તિઓ સ્વાર સહિત ઘોડાઓને દાંતના અગ્રભાગથી ફેંકી ધ્વજા સહિત રથોને મર્દન કરતા ચોતરફ ઘૂમતા હતા. કેટલાક મોટા હસ્તિઓ અતિવીર્ય તથા મદને લીધે સ્વાર સહિત ઘોડાઓને પગ તથા સુંઢે કરી મારતા હતા, ને ઘોડેસ્વાર તથા હાથીના બેસનારાઓએ નાખેલાં ચકચકિત તીક્ષ્ણ બાણો હસ્તિઓના લલાટ તથા અંગોમાં વાગતાં હતાં. શૂરવીરોએ હાથથી નાખેલી મોટા

ઉંબાડિયા સરખી સાંગ્યો મનુષ્યાદિનાં શરીર તથા કવચોને ભેદી સંગ્રામમાં પડતી હતી, કેટલાક શૂરવીરો સંગ્રામમાં દીપડા તથા ચિત્રાના ચામડાના મ્યાનવાળી તરવારથી શત્રુઓને મારતા હતા, અને બીજા કેટલાક યોદ્ધાઓ મુખ્યતાથી આવવું, ઓઠ ડસતાં આવવું, એક પક્ષનો આશ્રય કરીને આવવું, ઇત્યાદિ યુદ્ધ ચાતુર્ય દેખાડતા, તરવાર, ઢાલ તથા ફરશીથી યુદ્ધવિષે પ્રહાર કરતા હતા. કેટલાક માવતની આજ્ઞાને અનુસરનાર હાથીઓ ઘોડા સહિત રથોને સુંઢથી ખેંચી ચારે તરફ દિશાઓમાં ઘસડતા હતા. કેટલાક કાંટાવાળા, લોહદંડથી વિદારેલા, કુંવાડાથી ભેદાયેલા, હસ્તિઓએ મર્દન કરેલા, ઘોડાએ ખુંદેલા તથા રથના પાટાથી કચરાએલા પુરૂષો તે તે ઠેકાણે પુત્રોને, પિતાને, મામાને, તથા ભાણેજને, એ રીતે પોતાના બાંધવોને પોકારતા હતા. કેટલાંક આંતરડાં નીકળેલા, સાથળ ભાગેલા, હાથ તથા પડખાં કપાએલા, તરશા, જીવવાની આશાથી સહાય પોકારતા દેખાતા હતા કેટલાક તરશા પૃથ્વી ઉપર પડેલા, કેટલાક ધીરજ છોડી જળની યાચના કરતા, રૂધિરના ઓઘે કરી લીંપાએલા, દુઃખ પામતા અને કેટલાક પોતાને તથા એકઠા થયેલા તમારા પુત્રોને અત્યંત નિંદતા હતા. હે મારીષ ! પરસ્પર વેરવાળા બીજા શૂરવીર ક્ષત્રિયો પોતાનાં શસ્ત્રો ન મૂકતાં બૂમો પાડતા ન હતા, અને ક્રોધથી એક બીજાનો તિરસ્કાર કરતાં દાંતથી પોતાના ઓઠને ડસતા હતા. કેટલાક વાંકી ભ્રકુટીવાળા મુખથી પરસ્પર સામે જોતા હતા, અને કેટલાક બાણે કરી વિંધાએલા શરીરવાળા, ક્લેશ પામતા હતા. કેટલાક મહા બળવાળા ધૈર્યવાન ભાગેલા રથવાળા, શૂરવીર પુરૂષો શબ્દ રહિત થઇ સંગ્રામમાં બીજાના રથની પ્રાર્થના કરતા હતા. પડેલા, શ્રેષ્ઠ હસ્તિએ મારેલા તે, હે મહારાજ ! ફૂલ સહિત જેમ ખાખરાનાં વૃક્ષો શોભે તેમ શોભતા હતા. એ રીતે શૂરવીરોના ક્ષયવાળો ભયંકર સંગ્રામ થવાથી સૈન્યમાં ઘણાક ભયંકર શબ્દો થતા હતા. જેમાં પિતા પુત્રને, પુત્ર પિતાને, ભાણેજ મામાને, મામો ભાણેજને, મિત્ર મિત્રને તથા સંબંધી સંબંધીને મારતા હતા. એ રીતે કૌરવ પાંડવો સાથે યુદ્ધ કરતા હતા. વળી મર્યાદ રહિત સંગ્રામમાં પાંડવોની સેના ભીષ્મ પાસે આવી કંપવા લાગી ત્યારે હે રાજન્ ! પાંચ જેમાં તારાનાં ચિન્હ છે એવી તાલ-વૃક્ષનાં ચિન્હવાળી ઉંચી ધ્વજાવાળા, મોટા રથમાં બેઠેલા, મહાબાહુ ભીષ્મ મેરૂપર્વતે કરીને જેમચંદ્રમા શોભે તેમ શોભવા લાગ્યા.

राजतेनमहाबाहुरुछ्रितेन महारथे ।
बभौ भीष्मस्तदा राजंश्चंद्रमा इवमेरुणा ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां षट्चत्वारिंशोऽध्याय ॥ ४६ ॥

અધ્યાય ૪૭ મો. ભીષ્મ સામે અભિમન્યુ.

संजय उवाच—गतपूर्वान्हभूयिष्ठे तस्मिन्नहनिदारुणे ।
वर्त्तमाने तथा रौद्रे महावीरवरक्षये ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ગયો છે ઘણો પૂર્વ ભાગ જેમાં એવા શૂરવીરનો ક્ષય કરનાર તે દારૂણ દિવસમાં દુર્મુખ, કૃતવર્મા, કૃપાચાર્ય, શલ્ય, તથા વિવિંશતિ, એ

પાંચ જણ તમારા પુત્રની આજ્ઞાથી ભીષ્મ પાસે જઇ તેમની રક્ષા કરતા હતા. એમણે રક્ષા કરેલા મહારથી ભીષ્મે પાંડવની સેનામાં પ્રવેશ કર્યો તે વખતે ચેદિરાજા, કાશિરાજા, કરૂષ દેશના રાજા, તથા પંચાળ દેશના રાજાઓમાં ભીષ્મનો તાડના ચિન્હવાળો હાલતો ધ્વજ ફરફરતો દેખાતો હતો. પછી ભીષ્મે રણસંગ્રામમાં મહા વેગવાળા ગ્રંથી વગરના ભલ્લાકૃતિ બાણોથી શત્રુઓનાં મસ્તકોને તથા ધોંસરી અને ધ્વજસહિત રથોને કાપી રથના માર્ગમાં નાચની પેઠે યુદ્ધ ક્રિયા કરવા માંડી. મર્મસ્થાનમાં વાગેલા તીરવાળા હસ્તિઓ અત્યંત પીડિત સ્વરથી પોકારતા હતા, તેને જોઇ અત્યંત કોપેલા અભિમન્યુએ પીળા ઉત્તમ ઘોડા જોડેલા રથમાં બેસી કર્ણિકાર વૃક્ષ સરખા, અને સુવર્ણથી વિચિત્ર પ્રકારના ધ્વજે કરી શોભતા તેણે ભીષ્મ તથા તેના રક્ષક સામે યુદ્ધ કરવા માંડયું. તેની સાથે તથા તેને અનુસરનાર સાથે યુદ્ધ કરતાં એકે કરી કૃતવર્માને, પાંચથી શલ્યને, તથા તીક્ષ્ણ અગ્રવાળા નવ બાણોથી ભીષ્મને વિંધી, કર્ણ પર્યંત પ્રત્યંચા ખેંચી, સારી રીતે મૂકેલા એક બાણથી સુવર્ણથી શોભતા ધ્વજને વિંધ્યો. સર્વ આવરણ ભેદનાર ગ્રંથી વગરના ભલ્લ નામના બાણથી દુર્મુખના સારથીના મસ્તકને તથા તીક્ષ્ણ અગ્રવાળા ભલ્લાકૃતિ બાણે કરી સુવર્ણથી શોભતા કૃપાચાર્યના ધનુષને કાપી, તીક્ષ્ણ અગ્રભાગવાળા બાણથી સર્વને વિંધ્યા. એ રીતે અત્યંત ક્રોધી મહારથી અભિમન્યુ જાણે નાચતો હોય નહીં તેમ સર્વને મારવા લાગ્યો. તે સમયે તેની હસ્તલાઘવી જોઇ દેવતાઓ પણ પ્રસન્ન થતા હતા, અને ભીષ્મ આદિ સર્વ રથમાં બેસનારાઓ પણ ખરેખર નિશાન વિંધનાર અભિમન્યુને સાક્ષાત્ અર્જુન જેવો બળવાન માનતા હતા. હસ્તલાઘવી જેમાં દેખાતી હતી, એવું ભમતા ઉંબાડિયા સમાન ગાંડીવ ધનુષ જેવા શબ્દવાળું તેનું ધનુષ દિશાઓમાં ફેલાઇ જતું હતું. સામા શૂરવીરને હણનાર નિયમિત વ્રતવાળા ભીષ્મે તેની પાસે જઇ મહાવેગવાળા નવ બાણે કરી તેની ધ્વજા કાપી ને ત્રણ બાણથી તેના સારથીને માર્યો. હે મારિષ ! કૃતવર્મા, કૃપાચાર્ય તથા શલ્ય પણ બાણથી વિંધી મૈનાક પર્વત જેવા તેને કંપાવી ન શક્યા. મહારથી એવા ધૃતરાષ્ટ્રની સેનાના પ્રમુખે વિંટાએલા, શૂરવીર અભિમન્યુએ પાંચે રથ સામે બાણનો વરસાદ કરતાં તેમનાં આવતાં હજારો બાણોને બાણના વરસાદથી વારી, ભીષ્મ ઉપર બાણ નાખી મોટો શબ્દ કર્યો. હે રાજન્ ! તે સમયે સંગ્રામમાં બાણથી ભીષ્મને પીડનાર યત્ન કરતા અભિમન્યુના બાહુનું બળ જણાયું. ભીષ્મે પરાક્રમ કરનાર તેના સર્વ બાણોને કાપ્યા. તેમજ તેના ધનુષમાંથી નીકળેલા બાણોને પાછા વાળ્યા. તે પછી સફળ બાણવાળા શૂરવીર એવા તેણે નવ બાણે કરી ભીષ્મની ધ્વજા કાપી નાંખી. તેને જોઇ મનુષ્યો ઉંચા સ્વરથી બૂમો પાડવા લાગ્યા. હે ભારત ! તે સમયે રૌપ્યમયી. સોનાથી શોભતી તાલના ચિન્હવાળી બાણથી કપાએલી ધ્વજા પૃથ્વી ઉપર પડી. હે ભરતર્ષભ ! અભિમન્યુના બાણે કરી પડેલા ધ્વજને જોઇ તેને ઉત્તેજિત કરતાં ભીમસેને મોટી ગર્જના કરી. મહા ભયંકર સંગ્રામમાં બળવાન ભીષ્મે ઘણાંક દિવ્ય અસ્ત્ર પ્રગટ કરી. હજાર બાણ સુભદ્રાના પુત્ર અભિમન્યુ ઉપર નાંખ્યાં, તે મોટા આશ્ચર્ય સરખું થયું. પાંડવોમાંના મહારથી મોટા ધનુષવાળા પુત્ર સહિત વિરાટ રાજા, પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, પાંચ કેકય રાજાઓ, તથા સાત્યકિ, એ દશ જણ રથમાં બેસી અભિમન્યુની રક્ષા કરવા દોડયા, વેગથી આવતા તેમને જઇ શંતનુ પુત્ર ભીષ્મે ત્રણ ધૃષ્ટદ્યુમ્ન ઉપર

તથા નવ બાણુ સાત્યકિ ઉપર નાખી કાન પર્યંત પ્રત્યંચા ખેંચી તીક્ષ્ણુ એવા ક્ષુર નામના એક બાણે કરી ભીમસેનની ધ્વજા ઉડાડી દીધી. હે નરોત્તમ! સુવર્ણથી શોભતી સિંહ સરખી રથ ઉપરથી ભીષ્મે ઉડાડેલી ભીમસેનની ધ્વજા પૃથ્વી ઉપર પડી. ભીમસેને પણ ત્રણથી ભીષ્મને, એકે કરી કૃપાચાર્યને, તથા આઠ બાણે કરી કૃતવર્માને વિંધ્યા. વિરાટ રાજાનો પુત્ર ઉત્તર પણ કુંડળની પેઠ વાળેલી સુંઢવાળા હસ્તિએ કરી મદ્રદેશના અધિપતિ શલ્ય રાજા સામે ધસ્યો. વેગે કરી રથ ઉપર આવતા તેના મોટા હાથીના ઘણુક વેગને શલ્ય રાજાએ બાણુથી અટકાવ્યો; તોપણ કોપેલા હસ્તિએ પગે કરી તેના રથની ધોંસરી માથે ચડાવી સારી રીતે જોડેલા મોટા ચાર ઘોડાઓને માર્યા. હણાએલ ઘોડાવાળા રથમાં બેઠેલા, મદ્ર દેશના રાજાએ ઉત્તરનો નાશ કરનારી સર્પ જેવી લોહમય સાંગ નાંખી. તુટેલા બખ્તરવાળો, હાથમાંથી અંકુશ તથા તોમર પડી જતાં તે મૂર્છા પામી હસ્તિના સ્કંધ ઉપરથી નીચે પડયો. તે વખતે શલ્યે પણ તરવાર હાથમાં લઇ ઉત્તમ રથમાંથી નીચે ઉતરી તેના હાથીની સુંઢ કાપી નાખી. વળી સેંકડો બાણુથી ભેદ પામેલા મર્મસ્થાનવાળો સુંઢ કપાએલો હસ્તિ ભયંકર પીડિત ચીસ પાડી પૃથ્વી ઉપર પડી મરણ પામ્યો. હે નરાધિપ! મદ્રદેશનો રાજા શલ્ય એ કામ કરી, પ્રકાશમાન એવા કૃતવર્માના રથમાં ચડી બેઠો. હણાએલા પોતાના ભાઇ ઉત્તરને તથા કૃતવર્મા સહિત ઉભેલા શલ્યને જોઇ બળવાન શ્વેત નામનો વિરાટનો પુત્ર ધૃતથી જેમ અગ્નિ પ્રજ્વલિત થાય, તેમ ક્રોધથી પ્રજ્વલિત થઈ ઇંદ્ર ધનુષ જેવા મોટા પોતાના ધનુષને સજ્જ કરી રથના સમુદાયથી વિંટાયલો મદોન્મત્ત હસ્તિ જેવાં પરાક્રમવાળો, મારવાની ઇચ્છાથી બાણુમય વરસાદ વરસાવતો મદ્ર દેશના અધિપતિ શલ્ય રાજા સામે દોડી જવા લાગ્યો, તેને જોઇ કોશલ દેશનો રાજા બૃહદ્બલ, મગધ દેશનો જયત્સેન, પ્રતાપવાન શલ્ય પુત્ર રૂકમરથ, અવંતિના, વિંદ તથા અનુવિંદ નામના બે રાજા, કાંબોજ દેશનો સુદક્ષિણ તથા બૃહત્ક્ષત્રનો પુત્ર સિંધુ દેશનો રાજા જયદ્રથ, એ, તમારી તરફના રથમાં બેઠેલા સાત રાજાઓ, મૃત્યુના મોઢામાં ગએલા શલ્યની રક્ષા કરવા ચોતરફથી તેને વિંટાઇ વર્ષાઋતુમાં વાયુએ ખેંચેલો મેઘ પર્વતમાં જેમ જળનો વર્ષાદ કરે તેમ શ્વેત રાજાના મસ્તક ઉપર બાણુનો વરસાદ કરવા લાગ્યા. તે વખતે મહાત્મા શૂરવીરોનાં ખેંચેલાં નાના વર્ણવાળાં ધનુષો મેઘમાં જેમ વીજળીઓ દેખાય તેવાં દેખાતાં હતાં. અતિ ક્રોધ પામેલા, મોટા ધનુષવાળા, સેનાપતિ શ્વેતે સારી રીતે પાએલાં, ભલ્લ નામનાં સાત બાણોએ કરી તેમનાં ધનુષોને કાપી નાંખ્યાં પરંતુ તે રાજાઓએ નિમેષ માત્રમાં પાછાં લઇ શ્વેતની ઉપર સાત બાણો નાંખ્યા. વળી મહાબાહુ શ્વેતે પણ સાત બાણુથી તેમનાં ધનુષ કાપ્યાં, તેથી ઉતાવળા થએલા મહારથીઓએ તેની ઉપર સાત સાંગો નાંખી ભયંકર ગર્જના કરી. ઇંદ્રના વજ્ર સરખી પ્રજ્વલિત પોતાના રથ પાછળ આવતી સાંગોને જોઇ પરમાસ્ત્ર જાણુનાર શ્વેતે દૂરથી ભલ્લાકૃતિ સાત બાણોથી તે કાપી નાખી. હે ભરતશ્રેષ્ઠ! પછી સર્વની કાયાને વિદારણ કરે એવા બાણો લઈ શ્વેતે રૂકમરથ ઉપર નાંખ્યા. જે દઢ બાણે કરી હણાએલો, તે રથની ઉપર મૂર્છા પામ્યો. સંજ્ઞા રહિત અચેતન થયેલા, તેને તેનો સારથી વેગે કરી સર્વ લોકની સમક્ષ એક બાજુ પર લઇ ગયો. વળી સુવર્ણથી શોભતાં બીજાં છ બાણુ લઇ મહાબાહુ શ્વેતે છએની ધ્વજાઓ પાડી તેમના ઘોડા તથા સારથીઓને ભેદી તેમને માથે બાણોનો વર-

સાદ કરી શલ્યના રથ સામે ગયો. તેને જોઈ તમારા સૈન્યમાં કોલાહલ થવા લાગ્યો. તે વખતે મહા બળવાન તમારા પુત્રે ભીષ્મને આગળ કરી સર્વ સૈન્ય સહિત શ્વેતના રથ પાસે જઈ, મૃત્યુના મુખમાં ગએલા, તેને મુકાવ્યો. પછી તમારા પુત્ર તથા પાંડવોનું હાથી તથા રથે કરી સંકુળ રૂવાં ઉભાં કરે એવું યુદ્ધ થયું. જેમાં કૌરવમાં વૃદ્ધ ભીષ્મે મનુષ્યમાં સિંહરૂપ અભિમન્યુ, ભીમસેન, મહારથી સાત્યકિ, કૈકય, વિરાટ, પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થએલ ધૃષ્ટદ્યુમ્ન, ચેદિ રાજા, તથા મત્સ્ય રાજા, એટલા ઉપર બાણનો વરસાદ વરસાવ્યો.

एतेषु नरसिंहेषु चेदिसत्स्येषु चैव ह ।
ववर्ष शरवर्षाणि कुरुवृद्धः पितामहः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि श्वेतयुद्धे गुर्जरभाषायां सप्तचत्वारिंशोऽध्याय ॥ ४७ ॥

અધ્યાય ૪૮ મો. શ્વેતનો વધ.

धृतराष्ट्र उवाच—एवं श्वेते महेष्वासे प्राप्ते शल्यरथं प्रति ।
कुरवः पांडवेयाश्च किमकुर्वत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે કે–હે સંજય ! એ રીતે મોટા ધનુષવાળો શ્વેત રાજા શલ્યના રથ પાસે આવ્યા પછી કૌરવ તથા પાંડવ પક્ષવાળાઓએ શું કર્યું ? અને શંતનુના પુત્ર ભીષ્મે વળી શું કર્યું ? તે મને કહે. સંજય કહે છે કે–હે રાજન્ ! હે ભારત ! પાંડવ તરફના લક્ષાવધિ મહારથી શ્રેષ્ઠ ક્ષત્રિયો સેનાપતિ શ્વેત રાજાને આગળ કરી તમારા પુત્ર દુર્યોધનને યુધિષ્ઠિર રાજાનું બળ દેખાડતા, મહારથીઓ પોતાના રક્ષણને ઇચ્છતા યુદ્ધ કરનારમાં શ્રેષ્ઠ હણવા ઇચ્છતા શિખંડિને આગળ કરી સુવર્ણથી શોભતા ભીષ્મના રથ પાસે આવ્યા. તે સમયે મહા ઘોર યુદ્ધ થયું જે હું તમોને કહું તે સાંભળો. જેમાં સૂર્ય સમાન પ્રતાપવાળા ભીષ્મે ઉત્તમ રથોપર બાણ નાખી, રાજાઓને મારી, અનેક રથ શૂન્ય કર્યા, બાણથી સૂર્યને પણ ઢાંકી દીધો, અને જેમ ઉગતો સૂર્ય ચોતરફથી અંધારાનો નાશ કરે, તેમ સૂર્ય જેવા પ્રતાપવાળા તેમણે સંગ્રામમાં નાંખેલા ક્ષત્રિનો નાશ કરનાર, મહા બળવાન હજારો બાણે કરી શૂરવીરોનાં મસ્તકોનો નાશ કર્યો, વજ્રે કરી ઇન્દ્ર જેમ પર્વતોને કાપે, તેમ કાંટાયુક્ત બખ્તરવાળા હસ્તિઓને પણ કાપ્યા. હે વિશાંપતે ! તે વખતે કેટલાક રથો રથમાં અટકી ગએલા દેખાતા હતા. કેટલાક ઘોડાઓ ઘોડા સહિત રથને ઘસડતા હતા, હે રાજન્ ! કેટલાક ભડકેલા ઘોડાઓ પોતા ઉપર બેઠેલા, મૃત્યુ પામવાથી ધનુષ સહિત લટકી રહેલા શૂરવીર જુવાન પુરૂષોને તે તે ઠેકાણે લઇ જતા હતા, તેમ તરવાર તથા ભાથા બાંધેલા, મસ્તક કપાએલા સેંકડો શૂરવીરો પૃથ્વી ઉપર પડેલા હતા. કેટલાક પરસ્પર સામે દોડતા, પૃથ્વી ઉપર પડી પાછા ઉઠી દોડતા અને દ્વંદ્વ યુદ્ધ કરતા હતા. વળી એક બીજાથી પીડા પામેલાઓ પૃથ્વા ઉપર લોટતા હતા. વિશ્વાસ રાખવાંથી ધનુષ તથા ભાથા સહિત હણાએલા, સેંકડો શૂરવીરો પીડાતા હતા, કેટલાક એક બીજા સામે દોડી બાણો મૂકતા

હતા, મદોન્મત્ત હસ્તિઓ, નાશ પામેલા સ્વારવાળા ઘોડાઓ આમતેમ દોડતા હતા, કેટલાક રથવાળા રથીઓ ચોતરફથી વચમાં પડેલાઓનું મર્દન કરતા હતા, તેમ શત્રુએ બાણથી મારેલો કોઇ રથમાંથી નીચે પડી જતો હતો. હણાએલા સારથીવાળો કોઇ રથ, કાષ્ટની પેઠે પડતો હતો, અને સંગ્રામમાં પુષ્કળ રજ ઉડવાથી યુદ્ધ કરનારના ધનુષના શબ્દનું જ્ઞાન સામા યુદ્ધ કરનારને થતું ન હતું; તેમજ શત્રુના શરીરના સ્પર્શથી શત્રુ ઓળખાતો ન હતો. બાણથી યુદ્ધ કરનાર સેનાના શબ્દથી જણાતો ન હતો, પરસ્પર યોદ્ધાઓએ કરેલો સિંહનાદ પણ સંભળાતો નહતો, શબ્દ થતા રણસંગ્રામમાં કાનથી ન સાંભળી શકાય તેવું રણવાદ્ય વાગવાથી, સંગ્રામમાં પોતાનું પરાક્રમ દેખાડનાર યોદ્ધાઓનું પરસ્પર બોલવું તથા નામ અને ગોત્ર પણ સંભળાતાં ન હતાં. ભીષ્મના બાણથી પીડાયેલા, પરસ્પર યુદ્ધ કરતા યોદ્ધાઓનાં મન રણસંગ્રામમાં કંપતાં હતાં. આકુળ તથા રૂવાં ઉભાં કરે એવા તે દારૂણ યુદ્ધમાં કોઇ પણ પિતા પુત્રને જાણતો નહોતો. ચક્ર તથા ધોંસરી જેનાં ભાગી ગયાં છે એવા એક ધોંસરીમાં જોડેલા ઘોડાવાળા રથમાં બેઠેલા શૂરવીરો બાણ વાગવાથી સારથી સહિત રથમાંથી ..ચે પડતા હતા. એ રીતે ભીષ્મે સંગ્રામમાં સર્વ શૂરવીરોને રથ વગરના કર્યા, તેથી યોદ્ધાઓ ચારે તરફ દોડવા લાગ્યા. કોઇનો હાથી નાશ પામ્યો, કોઇનું મસ્તક કપાયું અને કોઇનું મર્મસ્થાન ભેદાયું. એ રીતે ભીષ્મના પ્રહારથી કોઇ પણ હણાયા વગર રહ્યું નહીં. તે મહા સંગ્રામમાં શ્વેતે કૌરવને તથા ઉદાર એવા સેંકડો રાજપુત્રોને માર્યા. બાણે કરી રથમાં બેસનારાઓનાં મસ્તકો, બાજુબંધ સહિત હાથ, ધનુષ, રથના દાંડા, ચક્ર, ભાથા ધોંસરી, અમૂલ્ય છત્ર, પતાકા, અશ્વ તથા રથને કાપી, મનુષ્યના સમૂહોને, તથા સેંકડો હસ્તિઓને માર્યા. લાજ વગરના તથા શ્વેતથી ભય પામેલા અમો પણ પાછળ જઇ તેને જોતા હતા, તેમ તેના બાણ પડવાની જગા છોડી ભીષ્મને જોતા હતા. તે દીન સમયમાં આપણામાંથી પુરૂષમાં સિંહરૂપ ભીષ્મ એકલા વસંતઋતુમાં પ્રાણ ગ્રહણ કરતો સૂર્ય હોય તેમ શત્રુના પ્રાણ ગ્રહણ કરતા હતા. ભીષ્મ નિર્મળ મેરૂપર્વતની પેઠે ઉભા રહ્યા હતા, તથા કિરણોથી જેમ સૂર્ય હોય તેમ બાણરૂપી કિરણોથી ઉભા રહીને મોટા ધનુષવાળા તે અનેક બાણના સમુદાય મૂકતાં, ઇંદ્ર જેમ દૈત્યોને મારે, તેમ શત્રુઓને મારતા હતા. ભીષ્મે મારેલા, તે પોતાના યૂથમાંથી પૃથ્વીમાં દારૂણ એવા શ્વેતનો ત્યાગ કરી નાઠા. તેને જોઇ હૃષ્ટપુષ્ટ એવા એક દુર્યોધનનું પ્રિય કરનાર, પાંડવોનો શોક કરનાર ભીષ્મ, દુસ્ત્યજ એવું જીવિત તથા ભયનો ત્યાગ કરી મહા સંગ્રામમાં પાંડવના સૈન્યોને પાડતા હતા. વળી તે સેનાપતિ શ્વેતને જોઈ જલદી તેની પાસે ગયા. તે વખતે તેમણે મોટા બાણના સમુદાયથી તેને ઢાંકી દીધો, તેણે પણ બાણના સમૂહથી તેમને ઢાંકી દીધા, એ રીતે મોટા બેલની પેઠે શબ્દ કરતા, મદોન્મત્ત હસ્તિ જેવા, વ્યાઘ્રની પેઠે અત્યંત ક્રોધાતુર થઈ તેઓ પરસ્પર મારવા લાગ્યા. પુરૂષમાં શ્રેષ્ઠ બેઉ પરસ્પર મારવાની ઇચ્છાથી અસ્ત્રથી અસ્ત્રોનું વારણ કરી પરસ્પર યુદ્ધ કરતા હતા. હે રાજન્! જો અત્યંત ક્રોધ પામેલો શ્વેત રક્ષા ન કરત તો પાંડવની સેનાને એક દિવસમાંજ ભીષ્મ બાળી નાખત. શ્વેતે વિમુખ કરેલા તેમને જોઇ, પાંડવ હર્ષ પામ્યા. તમારો પુત્ર દુર્યોધન ખેદયુક્ત થઇ રાજાએ, તથા સૈન્ય સહિત સંગ્રામમાં પાંડવના સૈન્ય સામે દોડયો. દુર્મુખ, કૃતવર્મા, કૃપાચાર્ય, તથા શલ્ય, એ ચાર જણ તમારા પુત્રની આજ્ઞાથી ભીષ્મ પાસે જઈ તેમની રક્ષા કરવા લાગ્યા, અને દુર્યોધનાદિ સર્વ રાજાઓ

સંગ્રામમાં પાંડવના સૈન્યને મારવા મંડયા, તેને જોઇ સેનાપતિ શ્વેત ભીષ્મને મૂકી વેગે કરી તમારા પુત્રની સેનાને, વાયુ જેમ બળથી વૃક્ષનો નાશ કરે તેમ નાશ કરવા લાગ્યો. ક્રોપે કરી મૂર્છિત થયેલો તે તમારા પુત્રની સેનાને હઠાડી દઇને પાછો જ્યાં ભીષ્મ હતા ત્યાં આવી ઉભો રહ્યો. એમ એક બીજાની સામે ઉભેલા, બાણુથી પ્રદીપ્ત મહા બળ- વાન મહાત્મા તે બેઉ જેમ વત્રાસુર ને ઇંદ્ર યુદ્ધ કરે તેમ પરસ્પર મારવાની ઇચ્છાથી યુદ્ધ કરતા હતા. તેટલામાં સેનાપતિ શ્વેતે ધનુષ ગ્રહણ કરી સાત બાણે કરી ભીષ્મને વિંધ્યા. પરાક્રમી ભીષ્મે પણ તેના પરાક્રમને ઉલ્લંઘન કરી મહોન્મત્ત હસ્તિને જેમ વારે તેમ તેને વેગથી વાર્યો. વળી ફરીથી ગ્રંથી વગરનાં પચ્ચીસ બાણે કરી શ્વેતે શંતનુના પુત્ર ભીષ્મને વિંધ્યા, તે આશ્ચર્ય સરખું થયું. તેમણે પણ દશ બાણે કરી બળવાન એવા તેને વિંધ્યો, પણ પર્વતની પેઠે તે જરાપણ કંપ્યો નહીં. વળી ક્ષત્રિય પુત્ર અત્યંત ક્રોધ પામેલા તેણે ધનુષ ખેંચી ભીષ્મ ઉપર બાણ નાખી હાસ્ય કરી બે બાજુનાં ગલોફાં ચાટતાં નવ બાણે કરી ભીષ્મના ધનુષના દશ કડકા કર્યાં. પીંછવાળો બીજો બાણ સાંધી તાલના ચિન્હવાળા ભીષ્મના ધ્વજને કાપ્યો; તેને જોઇ તમારા પુત્રો શ્વેતને વશ થયેલા, ભીષ્મ હણાયા, એમ માનવા લાગ્યા, અને પ્રસન્ન થયેલા પાંડવો હર્ષયુક્ત થઈ શંખ વગાડવા લાગ્યા. એ રીતે મહાત્મા ભીષ્મના તાલના ચિન્હવાળા ધ્વજને જોઈ દુર્યોધને ક્રોધથી પોતાના સૈન્યને કહ્યું કે તમો સાવધાન થઇ ચોતરફથી રક્ષા કરતાં, ભીષ્મનો બચાવ કરો; કારણ કે, આપણ બધા પાસે છતાં શંતનુના પુત્ર શૂરવીર ભીષ્મ શ્વેતથી મરણ નહીં પામે, એ હું તમોને સત્ય કહું છું. એવાં રાજા દુર્યોધનનાં વચન સાંભળી ઉતાવળા થયેલા, બાલ્હિક, કૃતવર્મા, શલ, શલ્ય, જલસંધ, વિકર્ણ, ચિત્રસેન તથા વિવિંશતિ આદિ મહારથી બધા ચોતરફથી ભીષ્મને વિંટી ચતુરંગિણી સેના સહિત તેમની રક્ષા કરતાં શ્વેતની ઉપર અત્યંત શસ્ત્રનો વરસાદ કરવા લાગ્યા, તેથી કોપેલા મહારથી શ્વેતે તરત તીક્ષ્ણ બાણે કરી પોતાની હસ્ત- લાઘવી દેખાડતાં, સિંહ જેમ હસ્તિયોને વારે, તેમ બધાનું વારણ કરી, મોટા બાણના વરસાદથી ભીષ્મનું ધનુષ કાપ્યું. શંતનુના પુત્ર ભીષ્મે બીજું ધનુષ લઇ ગૃધ્રના પીંચ્છવાળા તીક્ષ્ણ બાણે કરી તેને વિંધ્યો. હે રાજન્ ! ક્રોધ પામેલા, સેનાપતિ શ્વેતે સૌ દેખે તે રીતે સંગ્રામમાં ઘણાંક લોહમય બાણથી ભીષ્મને વિંધ્યા. એ પ્રમાણે યુદ્ધમાં શ્વેતે સર્વ લોકમાં શૂરવીર ભીષ્મને વાર્યા, તે જોઇ રાજા દુર્યોધન ખેદ પામ્યો ને તમારા સૈન્યમાં હાહાકાર થયો. બાણથી ક્ષત થયેલા શ્વેતને વશ થયેલા, અને તેણે વારણ કરેલા ભીષ્મને જોઇ તેણે તેમને હણ્યા, એમજ સર્વ માનવા લાગ્યા. તેથી ક્રોધ પામેલા, તમારા પિતા ભીષ્મે, પડેલા સ્વજને તથા નિવારણ કરેલી સેનાને જોઇ, હે મહારાજ ! શ્વેત ઉપર ઘણાંક બાણ નાખ્યાં. તેને વારી રથીમાં શ્રેષ્ઠ શ્વેતે, ભલ્લાકૃતિ બાણે કરી ભીષ્મનું ધનુષ કાપ્યું. ક્રોધથી મૂર્છિત થયેલા, ઘણા પ્રરાક્રમી ભીષ્મે પણ ધનુષ્યનો ત્યાગ કરી અત્યંત બળવાન વિસ્તા- રવાળું મોટું ધનુષ લઈ શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં સાત બાણ સાંધી ચાર બાણે કરી સેનાપતિ શ્વેતના ચાર અશ્વને, બે બાણથી સ્વજને અને સાતમે બાણે તેના સારથીનું મસ્તક કાપ્યું. હણાયા છે અશ્વ, તથા સારથી જેના એવો મહા બળવાવ શ્વેત, રથમાંથી નીચે કૂદી વ્યાકુળ થઇ ક્રોધ વશ થયો. રથીમાં શ્રેષ્ઠ તેને રથ રહિત જોઇ ભીષ્મે ચોતરફથી તીક્ષ્ણ બાણ તેને માર્યાં. ભીષ્મનાં બાણ વાગેલા તેણે પોતાના રથમાં ધનુષ મૂકીને મહા

ભયંકર ઉગ્ર કાળદંડ તથા મૃત્યુની જીભ જેવી સુવર્ણમય શક્તિ ગ્રહણ કરી. શ્વાસોચ્છ્વાસ કરતાં રણસંગ્રામમાં શંતનુ પુત્ર ભીષ્મને કહ્યું કે, અત્યંત ક્રોધ પામેલો તું આ સમે ઉભો રહે, મને જોઇ પુરૂષ થા, એ રીતે તેમને કહી મોટા ધનુષવાળા પરાક્રમી પાંડવના કલ્યાણ તથા અમારા અનર્થ વાસ્તે ભીષ્મ ઉપર શક્તિ નાખી તેને જોઇ તમારા પુત્રો હાહાકાર કરવા લાગ્યા. તે વખતે શ્વેતના હાથમાંથી મૂકાયેલી સર્પ જેવી તે શક્તિ આકાશમાંથી જેમ મોટું ઉંબાડિયું પડે તેમ પડવા લાગી, તેને તમારા પિતા ભીષ્મે બહોતેર બાણથી કાપી. તે વખતે હે ભરતર્ષભ! તમારી બાજુના સર્વ યોદ્ધાઓ ઉંચા સ્વરથી પોકારવા લાગ્યા. ક્રોધથી મૂર્છિત થયેલા, તથા કાળે કરીને હણાયેલું છે ચિત્ત જેનું એવા તેને આ સમે શું કરવું તે સુઝયું નહીં. ક્રોધથી રાતાં થયેલાં નેત્રવાળો તે હસતો હોય નહીં તેની પેઠે પ્રસન્ન થઇ દંડપાણી કાળની પેઠે ભીષ્મને મારવા ગદા લઇ પાણીનો ઓઘ પર્વત સામે જાય તેમ ભીષ્મ સામે દોડયો. પ્રતાપવાન ભીષ્મ પણ અનિવાર્ય તેનો વેગ છે એમ માની તત્કાળ પૃથ્વી ઉપર ઉતર્યા. ક્રોધ પામેલા શ્વેતે ગદા ફેરવીને કુબેરની પેઠે ભીષ્મના રથ ઉપર ફેંકી; તેથી ધ્વજા, સારથી, ધોંસરી તથા જોતર સહિત રથ ભાગી ગયો. તે વખતે રથીમાં શ્રેષ્ઠ ભીષ્મને રથ વગરના જોઇ રથીયોમાં શ્રેષ્ઠ રથમાં બેસનાર, શલ્યાદિક યોદ્ધાઓ એકઠા મળી તેમની પાસે આવ્યા. બીજા રથમાં બેસી ખેદયુક્ત મનવાળા ભીષ્મ ધનુષ સજ્જ કરી હસવાની પેઠે ધીરેથી શ્વેત પાસે ગયા, એટલામાં આકાશમાંથી થયેલી પોતાના હિતરૂપ દિવ્યવાણી ભીષ્મે સાંભળી, જે, હે ભીષ્મ! હે ભીષ્મ! હે મહાબાહો! સત્વર યત્ન કરો, કારણ શ્વેતને જીતવાનો આજ વખત છે, એમ બ્રહ્માએ કહ્યું છે. દેવ દૂતનાં વચન સાંભળી પ્રસન્ન મનવાળા ભીષ્મે તેને મારવાનું મન કર્યું. રથીમાં શ્રેષ્ઠ રથ વગરના, શ્વેતને પગપાળો ઉભેલો જોઇ તેના બચાવ વાસ્તે મહારથી સાત્યકિ, ભીમસેન, પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, કેકય, ધૃષ્ટકેતુ, પરાક્રમી અભિમન્યુ, વગેરે સર્વ એકઠા મળી તરત તેની પાસે આવ્યા. તે સર્વને દ્રોણ, શલ્ય, તથા કૃપાચાર્ય સહિત ઘણા બળવાળા ભીષ્મે પાણીના વેગને જેમ પર્વત રોકે તેમ વારી રાખ્યા. શ્વેતે ખડ્ગ ખેંચી ભીષ્મનું ધનુષ કાપ્યું. તે ધનુષનો ત્યાગ કરી મહારથી ભીષ્મ દેવદૂતનાં વચન યાદ કરી, તેને મારવાનું મન કરી, ઇંદ્રના ધનુષ જેવું બીજું ધનુષ લઇ ક્ષણમાં તેને સજ્જ કરી મનુષ્યમાં સિંહરૂપ મહારથી ભીમસેનાદિકથી વિંટાયેલા તેને જોઈ તેની પાસે ગયા. પોતાની સામે આવતા ભીમસેનને જોઈ સાઠ બાણથી તેને, ત્રણ બાણથી અભિમન્યુને, સોથી સાત્યકીને વીશથી ધૃષ્ટદ્યુમ્નને તથા પાંચથી કૈકેયને, એ રીતે મોટા ધનુષવાળા તેઓ સર્વને તમારા પિતા ભીષ્મે ભયંકર બાણથી વારી પાછા શ્વેતની પછવાડે દોડી, મૃત્યુ જેવા ભયંકર, બ્રહ્માસ્ત્ર સંયુક્ત ગૃધ્રના પીચ્છાવાળા વજ્ર જેવા ઉત્તમ બાણને સાંધી તેની ઉપર નાંખ્યો. તેને દેવ, ગંધર્વ, પિશાચ, ઉરગ તથા રાક્ષસો દેખતા હતા. ઘણા પરાક્રમ-વાળા, શ્વેતના કવચ તથા હૃદયને ભેદી જીવિત ગ્રહણ કરી તેના દેહમાંથી નીકળી પોતાની કાંતિ સહિત સૂર્ય જેમ અસ્ત થાય, તેમ પૃથ્વીમાં પેસી ગયો. એ રીતે પુરૂષમાં સિંહરૂપ ભીષ્મે મારેલો તે, પર્વતનું શિખર જેમ પૃથ્વીપર પડે તેમ પડતો અમોએ જોયો. તેનો મહારથી ક્ષત્રિયો તથા પાંડવો શોક કરવા લાગ્યા. તમારા પુત્રો તથા સર્વ કૌરવો પ્રસન્ન થયા. હે રાજન્! તે વખતે તમારો પુત્ર દુઃશાસન ભીષ્મે પાડેલા તેને જોઇ ભયંકર વાદિ-

ત્રના શબ્દ સાથે ચોતરફ નાચવા લાગ્યો. સંગ્રામમાં શોભતા ભીષ્મે મોટા ધનુષવાળા તેને માર્યો, તેથી શિખંડી આદિ મોટા ધનુષવાળા રથીઓ પણ કંપતા હતા. એ પ્રમાણે સેનાપતિ શ્વેત નાશ પામ્યા પછી અર્જુન, તથા શ્રીકૃષ્ણ ધીરેથી થોડા વખત સુધી યુદ્ધમાં સંધી કરવા લાગ્યા. શબ્દ કરતા તમારી તરફના તથા પારકાઓએ પણ તેમજ કર્યું. શત્રુને તપાવનાર, મહારથી પાંડવો પણ દ્વંદ્વ યુદ્ધથી થયેલા આ ભયંકર વધનું ચિંતન કરતા ખેદયુક્ત થઇ નિવૃત્ત થયા.

पार्थाबिमनसो भूत्वा न्यवर्त्तंत महारथाः ॥
चिंतयंतो वधं घोरं द्वैरथेन परंतपाः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि श्वेतवधे गुर्जरभाषाया-मष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥

અધ્યાય ૪૯ મો. શંખ રણે ચઢયો.

धृतराष्ट्र उवाच-श्वेते सेनापतौ तात संग्रामे निहते परैः ।
किमकुर्वन्महेष्वासाः पंचालाः पांडवैः सह ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે તાત સંજય ! રણસંગ્રામમાં સામાવાળાઓએ શ્વેતને માર્યા પછી પાંડવો સહિત મોટા ધનુષવાળા પંચાળ દેશના રાજાઓએ શું કર્યું, ને યુદ્ધમાં સેનાપતિ શ્વેતને માર્યો તથા તે વાસ્તે યત્ન કરતા ને નાસતા શત્રુઓએ દીન વચન કહ્યાં એમ તેં કહ્યું તથા યુદ્ધના ઉપાય શોધનારા મારા સજ્જનો પણ મને લાભ આપે એવા છે એમ કહ્યું, એ આપણા જય જેવી વાત સાંભળી મારૂં મન પ્રસન્ન થયું છે ને શૂરવીર કૌરવમાં વૃદ્ધ એવા ભીષ્મપિતા સાથે શ્વેતે પૂર્વે વૈર કર્યું હતું, માટે તેના ભયથી તે પાંડવોનો આશ્રય કરી, સર્વ બળનો ત્યાગ કરી પાંડવના પ્રતાપથી કોઇથી જેમાં જઇ શકાય નહીં એવી જગોમાં રહી, પૂર્વે સર્વ શત્રુઓને બાધ કરતો, આર્ય જેવી વૃત્તિથી રહેતો હતો, પછી રાજાઓમાં ઉત્તમ તે ધર્મ રાજાનો ઘણોજ ભક્ત થયો હતો, તેને ભીષ્મે માર્યો એ ઘણું આશ્ચર્ય થયું. ભીષ્મપિતા, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ગાંધારી, હું, વાસુદેવ ભગવાન, ધર્મરાજા, ભીમસેન, અર્જુન, પુરૂષ શ્રેષ્ઠ નકુલ, તથા સહદેવ એ સર્વને યુદ્ધ રૂચતું ન હતું તેથી મેં ગાંધારીએ, વિદુરે, જમદગ્નિના પુત્ર પરશુરામે, તથા મહાત્મા વ્યાસજીએ, પુરૂષ માત્રમાં અધમ મારા પુત્ર દુર્યોધનને વાર્યો હતો, તોપણ તેણે કર્ણ, શકુનિ તથા દુઃશાસનનું માનીને પાંડવો સાથે સલાહ ન કરી માટે તેને ઘોર દુઃખ આવ્યું એમ હું માનું છું. હે સંજય ! શૂરવીર સત્વર બાણ ફેંકનાર વિષ્ણુ તથા ઇંદ્ર જેવા બળવાન, સફળ ક્રોધ તથા સંકલ્પવાળા અર્જુનનો હમેશાં મારા મનમાં ભય રહે છે, માટે જરૂર શત્રુના શરીરને બાણે કરી તે મંથન કરશે એમ હું માનું છું. હે સંજય ! શ્વેતનો નાશ તથા ભીષ્મના વિજયથી કૃષ્ણ સહિત ક્રોધ પામેલા તેણે સંગ્રામમાં શું કર્યું ? તેમજ વેદ જાણનાર શૂરવીર, અગ્નિ તથા સૂર્ય સમાન કાંતિવાળા, ઇંદ્રાસ્ત્ર જાણનાર, ઘણાક બળવાળા, સંગ્રામ જીતનાર વજ્ર સરખા સ્પર્શવાળા અસ્ત્ર મૂકનાર, હાથમાં ખડગ લઇ શબ્દ કરનાર મહા

પ્રાપ્ત તથા મહારથી બળવાન દ્રુપદ પુત્ર ધૃષ્ટદ્યુમ્ને શું કર્યું ? પ્રથમનો અપરાધ અને વળી સેનાપતિ શ્વેતનું મૃત્યુ થયું તેથી મહાત્મા પાંડવોને ઘણો ક્રોધ ચઢયો હશે, એમ જાણી તેને સ્મરણ કરવાથી રાત્રિ દિવસ દુર્યોધન વાસ્તે હું શાંતિ પામતો નથી, માટે હે સંજય ! તે મોટું યુદ્ધ કેમ થયું એ સર્વ મને કહે.

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર ! હું કહું તે સ્થિર થઇ તમે સાંભળો. આ બધી તમારી ભૂલ છે, માટે દુર્યોધન ઉપર દોષ મૂકવા તમો લાયક નથી અને આ તમારી બુદ્ધિ પાણી વહી ગયા પછી પાજ બાંધવી તથા ઘર સળગ્યા પછી કૂવો ખોદવા જવા જેવી વ્યર્થ છે. હે ધૃતરાષ્ટ્ર ! ગયો છે ઘણો પૂર્વભાગ જેનો એવા તે દારૂણ દિવસમાં તમારા તથા સામાઓનું ફરીથી યુદ્ધ થવા લાગ્યું. જેમાં વિરાટ રાજાના સેનાપતિ મૃત્યુ પામેલા શ્વેતને તથા કૃતવર્મા સહિત ઉભેલા શલ્યને જોઇ મોટા સિંહ જેવો પરાક્રમી મોટા રથના સમુદાયે ચોતરફથી રક્ષિત બળવાન શંખ નામનો મહારથી ઘૃતથી જેમ અગ્નિ પ્રજ્વલિત થાય, તેમ ક્રોધથી પ્રજ્વલિત થઇ ઇંદ્રના ધનુષ જેવા મોટા ધનુષને સજ્જ કરી ક્રોધથી રણસંગ્રામમાં મદ્રદેશના અધિપતિ શલ્યને મારવાની આશાથી, બાણમય વરસાદ કરતો દોડીને તેના રથ સામે આવવા લાગ્યો. તેને જોઇ મૃત્યુની દાઢમાં ગએલા, શલ્યના બચાવ વાસ્તે કોશલ દેશનો રાજા બૃહદ્બલ, મગધ દેશનો જયત્સેન, શલ્યનો માનીતો પુત્ર રૂકમરથ, અવંતિપુરીના વિંદ, તથા અનુવિંદ એ રાજાઓ, કાંબોજ દેશનો સુદક્ષિણ, તથા બૃહત્ક્ષત્રનો પુત્ર સિંધુ દેશનો રાજા જયદ્રથ, તમારી તરફના એ સાત યોદ્ધાઓએ પોતાના રથોથી તેને ઘેરી લીધો. તે વખતે એ મહાત્મા સર્વ રાજાઓનાં અનેક ધાતુથી ચિત્રેલાં તથા ખેંચેલાં ધનુષો, વિજળીઓ દેખાય તેમ દેખાતાં હતાં. તે સમે તેઓ વર્ષાઋતુંમાં વાયુએ ખેંચાએલો મેઘ જેમ પર્વત ઉપર જળનો વરસાદ કરે, તેમ શંખના મસ્તક ઉપર બાણમય વરસાદ વરસાવવા લાગ્યો, તેથી કોપેલા મોટા ધનુષવાળા સેનાપતિ એવા તેણે સજેલાં ભલ્લાકૃતિ સાત બાણે કરી તેમનાં ધનુષોને કાપી સિંહનાદ કર્યો. તે સાંભળી મોટા ધનુષવાળા, મહાબળવાન મહાબાહુ ભીષ્મપિતા, મેઘની પેઠે ગર્જના કરી તાડ જેવું મોટું ધનુષ લઇ રણસંગ્રામમાં શંખ સામે દોડયા. તેને જોઇ વાયુના વેગથી હણાએલ નાવની પેઠે પાંડવની સેના ત્રાસ પામવા લાગી. તે વખતે અર્જુન, ભીષ્મથી શંખની રક્ષા કરવા વેગથી તેની આગળ આવી, ભીષ્મની સામે યુદ્ધ કરવા લાગ્યો. રણસંગ્રામમાં યુદ્ધ કરનાર યોદ્ધાઓ હાહાકાર કરતા ' તેજમાં તેજ મળ્યું ' એમ બોલી વિસ્મય પામ્યા. તેટલામાં હે ભરતર્ષભ ! શલ્ય રાજાએ હાથમાં ગદા લઇ રથથી નીચે ઉતરી શંખના ચાર ઘોડાઓને માર્યા. હણાયલા ઘોડાવાળો તે રથમાંથી નીચે ઉતરી તરવાર લઇ અર્જુનના રથ પાસે આવી શાંતિ પામ્યો. તેજ વખતે ભીષ્મના રથમાંથી ઘણાક બાણ આવવા લાગ્યાં, જેથી આકાશ તથા પૃથ્વી ચોતરફથી ઢંકાઈ ગયાં. યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ ભીષ્મે, બાણવડે કરી પંચાલ, મત્સ્ય, કેકય, તથા પ્રભદ્રક દેશના રાજાઓને પીડી, પાંડવ શ્રેષ્ઠ અર્જુનને છોડી, પ્રિય સંબંધી તથા સેનાથી વિંટાએલા પાંચાળ દેશના દ્રુપદ રાજા સામે દોડી તેની ઉપર ઘણાંક બાણો નાંખ્યાં. તેનાં સૈન્યો વસંત ઋતુમાં અગ્નિથી બળેલાં વનો દેખાય તેવાં દેખાવા લાગ્યાં. ભીષ્મ તો ધૂમ રહિત પ્રદીપ્ત અગ્નિની પેઠે શોભતા હતા. જેને પાંડવના યોદ્ધાઓ મધ્યાન્હ સમયે પોતાના તેજવડે તપતા સૂર્યને જેમ કોઇ જોઇ ન શકે

તેમ જોઇ શકતા ન હતા, ટાઢથી પીડાએલી ગાયોની પેઠે ભયથી પીડાએલા પાંડવો પોતાની રક્ષા કરનારને ચોતરફ જોતા હતા પણ જણાયા નહીં. તે વખતે ભીષ્મના બાણથી પીડાએલી યુધિષ્ઠિરની સેના સિંહે હણેલી ગોવાળની સફેદ ગાયની પેઠે પીડા પામતી હતી. હે ભારત ! એ રીતે જ્યારે તે સૈન્ય કેટલુંક હણાયું, નાઠું તથા ઉત્સાહ વગરનું થઇ ગયું, ત્યારે તેમાં મોટો હાહાકાર થયો. મંડળ જેવા ધનુષવાળા શંતનુના પુત્રે સર્પ સરખાં તીક્ષ્ણ મોંવાળાં બાણોથી દિશાઓને એક સરખી કરતાં પાંડવ તરફના રથીઓને નામથી વારંવાર બોલાવીને માર્યા. એમ તે સેના ચારે તરફથી હણાઇ તથા ઘવાઇ, તે વખત સૂર્ય અસ્ત થવાથી કંઇપણ જણાતું ન હતું. હે ભરતર્ષભ ! રણસંગ્રામમાં ધ્રુધવતા ભીષ્મને જોઇ તેઓએ પોતાનાં સૈન્યોને પાછાં ખેંચી લીધાં.

भीष्मं च समुदीर्यं तं दृष्ट्वा पार्था महाहवे ।
अवहारमकुर्वंत सैन्यानां भरतर्षभ ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि शंखयुद्धे प्रथमदिवसावहारे गुर्जरभाषाया मेकोनपंचाशत्तमोऽध्यायः ॥ ४९ ॥

અધ્યાય ૫૦ મો. ક્રૌંચારૂણ વ્યૂહ રચના.

संजय उवाच—कृतेवहारे सैन्यानां प्रथमे भरतर्षभ ।
भीष्मे च युद्धसंरब्धे हृष्टे दुर्योधने तथा ॥ १ ॥

સંજય કહે છે—હે ભરતર્ષભ ! સૈન્યોના પહેલા વ્યવહારમાં જ્યારે ભીષ્મપિતામહ યુદ્ધમાં ક્રોધયુક્ત થયા, તથા દુર્યોધન પ્રસન્ન થયો ત્યારે પરાજયને સંભારતા શોકયુક્ત ધર્મરાજા ભીષ્મપિતાનું પરાક્રમ જોઈ પોતાના ભાઇઓ તથા રાજાઓ સહિત શ્રીકૃષ્ણની પાસે જઈ તેમને કહેવા લાગ્યા કે-હે કૃષ્ણ ! ગ્રીષ્મઋતુમાં ઘાસને બાળતા અગ્નિની પેઠે રણસંગ્રામમાં બાણે કરી મારા સૈન્યને બાળતા, મોટા ધનુષવાળા ભયંકર પરાક્રમવાળા ભીષ્મને તમે જોયા. ઘૃત હોમેલા અગ્નિની પેઠે મારા સૈન્યોને બાળતા એ મહાત્મા સામું આપણે કેમ જોઇ શકીશું, કારણ કે પુરૂષમાં સિંહરૂપ ધનુષવાળા, મહા બળવાન તેમને જોઇ રણસંગ્રામમાં બાણથી હણાએલું આપણું સૈન્ય નાસવા માંડે છે. યમરાજા હાથમાં વજ્ર ધરનાર ઇંદ્રપાશ ધરનાર, વરૂણ તથા ગદા લેનાર, કુબેરને જીતી શકાય પણ મોટા તેજવાળા મહા બળવાન ભીષ્મ જીતી શકાય એમ નથી, માટે હે કેશવ ! આ સંગ્રામમાં મારી અલ્પ બુદ્ધિથી વહાણ વગરનો હું ભીષ્મરૂપી અગાધ જળમાં બુડી જાઉંછું, તેથી વનમાં જઇને ત્યાં જીવવું તે સારૂં પણ મૃત્યુરૂપ ભીષ્મને આ સર્વ રાજાઓ આપવા એ સારૂ નહીં. હે કૃષ્ણ ! મહાસ્ત્ર જાણનાર ભીષ્મ મારી સેનાને મારશે માટે પ્રજ્વળિત અગ્નિ સામે જેમ પતંગિયાં મરણ વાસ્તે જાય છે, તેમ મારા સૈનિકો પોતાના નાશ વાસ્તેજ તેમની સામે જાય છે. પરાક્રમી હું રાજ્ય સારૂ નાશને પામ્યો છું, તેમ શૂરવીર એવા મારા ભાઇઓ પણ મારે વાસ્તે બાણથી પીડા પામતા દુર્બળ થઇ ગયા છે. રાજ્ય તથા સુખથી પણ ભ્રષ્ટ થયા છે અને આજ તો ખરેખર જીવિત દુર્લભ થઇ ગયા છે, તેથી દૈવ્યનેજ હું મોટું

માનું છું; હવે અવશેષ જીવિતે કરી મોટું તપ કરીશ, પણ હે કેશવ! રણસંગ્રામમાં આ સર્વ મિત્રને હું મરાવીશ નહીં. મહા બળવાન ભીષ્મ દિવ્ય અસ્ત્રોએ હજારો મારા રથમાં બેસનાર પ્રહાર કરનાર શ્રેષ્ઠ યોદ્ધાઓને મારશે માટે હે માધવ! શું કરવાથી મારૂં સારૂ થાય તે મને કહો? રણસંગ્રામમાં અર્જુનને તો મધ્યસ્થની પેઠે હું દેખું છું; મોટી ભુજા, તથા તેવાજ મનવાળો, ક્ષત્રિય ધર્મને સ્મરણ કરી એક ભીમસેન યથાશક્તિ શૂરવીરોને હણનારી ગદાએ કરી પાયદળ, રથી, ઘોડા તથા હસ્તિ કોઇથી ન બને એવું કર્મ કરે છે, પણ તે દિવ્યાસ્ત્ર તથા માયા રહિત યુદ્ધ કરવાથી સો વર્ષે પણ શત્રુના સૈન્યનો નાશ કરી શકે તેમ નથી; અસ્ત્રને જાણનાર એક તમારો મિત્ર અર્જુન છે, તે પણ મહા મા ભીષ્મપિતા, તથા દ્રોણાચાર્યથી બળતા એવા અમોની ઉપેક્ષા કરે છે, માટે મહાત્મા ભીષ્મે તથા દ્રોણાચાર્યે વારંવાર મૂકેલાં દિવ્યાસ્ત્રો સર્વ ક્ષત્રિયોને બાળશે હે કૃષ્ણ! ઘણા ક્રોધવાળા, ભીષ્મ સર્વ રાજાઓ સહિત પોતાના પરાક્રમ પ્રમાણે જરૂર આપણો નાશ કરશે. હે મહાભાગ! હે યોગેશ્વર! વરસાદ જેમ દાવાનળને શમાવે તેમ સંગ્રામમાં મહારથી ભીષ્મને શમાવે એવા યોદ્ધાને તમે ખોળી કાઢો. તેવો કોઇ પણ નથી માટે હે ગોવિંદ! પાંડવો તો તમારા પ્રસાદથીજ શત્રુ વગરના થઇ પોતાના રાજ્યને પામી બાંધવ સહિત હર્ષ પામે. આમ કહી, શોકે કરી હણાઇ છે ચેતના જેની એવા ઉદાર મનવાળા યુધિષ્ટિર ખેદયુક્ત મનવાળા થઇ અંતરમાં વિચાર કરતા હોય તેમ ઉભા રહ્યા. દુઃખે કરી હણાયું છે ચિત્ત જેનું એવા શોકાર્ત્ત તેમને જોઇ, સર્વ પાંડવોને હરખાવતાં ગોવિંદ ભગવાને કહ્યું કે, હે ભરતશ્રેષ્ઠ! શોચ માં કરો, તમો શોચ કરવા યોગ્ય નથી, કારણ તમારા ભાઇઓ સર્વ લોકમાં શૂરવીર તથા ધનુષ ધારણ કરનાર છે. હે રાજન્! હું, મોટા યશવાળો સાત્યકિ, વિરાટ, દ્રુપદ, તથા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, એ સર્વ તમારૂં પ્રિય કરનાર છીએ, હે રાજસત્તમ! બીજા પણ સેના સહિત તમારી ઉપર ભક્તિમાન રાજાઓ તમારા પ્રસાદને ઇચ્છે છે. પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થયેલ તમારૂં પ્રિય તથા હિત ઇચ્છનાર, મહા બળવાન ધૃષ્ટદ્યુમ્ન તમારો સેનાપતિ થયો છે અને ભીષ્મને મારનાર આ શિખંડી છે. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી, ધર્મરાજ યુધિષ્ઠિરે તે સંગ્રામમાં વાસુદેવ ભગવાન સાંભળતાં મહારથી ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે, હે ધૃષ્ટદ્યુમ્ન! હે મારિષ! હું કહું તે તું સાંભળ. મારૂં કહેલું વચન તારે આંતક્રમણ કરવું નહીં. વાસુદેવ ભગવાને તને મારો સેનાપતિ કર્યો છે. પૂર્વે જેમ દેવતાઓનો સેનાપતિ કાર્તિકસ્વામી હતો, તેમ પાંડવોનો સેનાપતિ તું છે. માટે હે પુરૂષમાં સિંહરૂપ! પરાક્રમે કરી કૌરવને માર્ય. હે મારિષ! હે પુરૂષમાં શ્રેષ્ઠ! હું, ભીમસેન, શ્રીકૃષ્ણ, માદ્રીપુત્ર નકુળ ને સહદેવ, કવચ પહેરેલા દ્રૌપદીના પુત્રો તથા બીજા પણ મુખ્ય રાજાઓ, એ સર્વ તારી પાછળ આવીશું. એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી સર્વને અત્યંત હર્ષ પમાડતાં ધૃષ્ટદ્યુમ્ને કહ્યું કે હે યુધિષ્ઠિર! પૂર્વે મહાદેવજીએ દ્રોણનો તું હણનાર છે એમ મને કહ્યું છે, માટે રણસંગ્રામમાં મદોન્મત્ત એવા ભીષ્મ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, શલ્ય તથા જયદ્રથ એ સર્વ સાથે હું યુદ્ધ કરીશ. આમ કહી યુદ્ધમાં દુર્મદ મોટા ધનુષવાળો, પાંડવ સહિત મોટેથી પોકારી તૈયાર થયો, તે વખતે યુધિષ્ઠિરે કહ્યું કે પૂર્વે દેવાસુર સંગ્રામમાં બ્રહસ્પતિએ જે ઇંદ્રને કહ્યો હતો તે કોઇએ પૂર્વે જોયેલો નહિ એવો શત્રુનો નાશ કરનાર, ક્રૌંચારૂણ નામનો વ્યૂહ યથાર્થ રીતે રચો, જેને કૌરવ સહિત સર્વ રાજાઓ

જુવે. યુધિષ્ઠિરનાં વચન સાંભળી ઇંદ્રનાં વચન જેમ વિષ્ણુ સ્વીકારે, તેમ સ્વીકારી ધૃષ્ટદ્યુમ્ને સવારના પહોરમાં સર્વ સૈન્યના અગ્રભાગમાં અર્જુનને કર્યો. તે વખતે ઇંદ્રની આજ્ઞાથી વિશ્વકર્માએ નિર્માણ કરેલો, આશ્ચર્યરૂપ મનોહર, અત્યંત ઉંચે ગયેલો, ઇંદ્રાયુધ જેવી પતાકાઓથી શોભતો, ગંધર્વનગર જેવો ધ્વજ આકાશમાં પક્ષીની પેઠે અને રથના માર્ગોમાં નાચતો હોય તેની પેઠે શોભતો હતો, અને રત્નયુક્ત તેણે કરી, અર્જુન અને અર્જુને કરી અત્યંત શોભાયુક્ત તે, સૂર્યે કરીને જેમ મેરૂ પર્વત શોભે તેમ શોભતા હતા. હે ભરતર્ષભ ! હવે કૌંચારૂણ વ્યૂહનું મોટી સેના સહિત દ્રુપદ રાજા મસ્તક; કુંતિભોજ તથા ચૈદ્ય નામનો રાજા એ બેઉ બે નેત્ર, દાશેરક નામના ગણ સહિત દશાર્ણક, પ્રભદ્ર અનુ- પક તથા કિરાત નામના રાજા ગ્રીવા, પટચ્ચર, પૌંડ્ર, પૌરવક, તથા નિષાદ રાજાઓ સહિત યુધિષ્ઠિર રાજા પૃષ્ટ ભાગ, ભીમસેન તથા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલ ધૃષ્ટદ્યુમ્ન બે પાંખો, દ્રૌપદીના પુત્ર, અભિમન્યુ, મહારથી સાત્યકિ, પિશાચ, દારદ, પુંડ, કુંડિવિષ, મારૂત, ધેનુક, તંગણ, પરતંગણ, બાલ્હિક, તિત્તિરચોલ, તથાં પાંડ્ય એટલા દેશના રાજાઓ જમણી બાજુની પાંખનો આશ્રય કરી ઉભા. અગ્નિવેશ તુહુંડ, માલવ, દાનભારય, શબર, ઉદ્દભસ, નાકુલ સહિત વત્સ, એટલા દેશના રાજાઓને નકુલ તથા સહદેવ, ડાબી બાજુની પાંખનો આશ્રય કરી ઉભા. વળી તે વ્યૂહની બે પાંખોમાં દશ હજાર રથ, મસ્તકમાં લક્ષ રથ, પૃષ્ટ ભાગમાં વીશ હજાર રથ, ગ્રીવામાં સિત્તેર હજાર રથો રાખ્યા. વળી પાંખના, આદિ, મધ્ય, તથા અંતમાં ચલાયમાન પર્વતની પેઠે હસ્તિઓ ફરતા રાખ્યા. કેનય સહિત વિરાટ, કાશી રાજા, તથા શૈબ્ય રાજા, ત્રીશ હજાર રથ સહિત તે વ્યૂહના કટિપશ્ચાત્ ભાગનું રક્ષણ કરતા હતા. હે ભારત ! એ રીતે પાંડવો કૌંચારૂણ નામના મોટા વ્યૂહની રચના કરી સૂર્યોદયને ઇચ્છતા કવચ પહેરી, યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. તેમના હસ્તિ તથા રથ ઉપર રહેલાં સૂર્ય સમાન વર્ણવાળાં નિર્મળ મોટાં શ્વેત છત્રો શોભતાં હતાં.

सूर्योदयं त इच्छंतः स्थितायुद्धाय दंशिताः ।
तेषामादित्यवर्णानि विमलानि महांति च ।
श्वेतच्छत्राण्यशोभंत वारणेषु रथेषु च ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि क्रौंचव्यूहनिर्माण गुर्जर- भाषायां पंचशत्तमोऽध्यायः ॥ ५० ॥

અધ્યાય ૫૧ મો. ક્રૌંચવ્યૂહ વ્યવસ્થા.

संजय उवाच-क्रौंचं दृष्ट्वा ततो व्यूहमभेद्यं तनयस्तव ।
रक्षमाणं महाघोरं पार्थेनामिततेजसा ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તમારો પુત્ર દુર્યોધન ઘણા તેજવાળા અર્જુને રક્ષિત મહા ભયંકર કોઇથી ભેદાય નહીં એવા ક્રૌંચવ્યૂહને જોઇ હે પાર્થિવ ! હે ભારત ! દ્રોણા- ચાર્ય, કૃપાચાર્ય, શલ્ય, સૌમદત્તિ, વિકર્ણ, અશ્વત્થામા અને દુઃશાસનાદિક સર્વ ભાઇઓ તથા બીજા પણ યુદ્ધ વાસ્તે આવેલા શૂરવીર ઘણાક રાજાઓ પાસે જઇ તેમને હર્ષ પામડતાં

આવી રીતે કહેવા લાગ્યો. નાના પ્રકારના મહારથીઓ શસ્ત્ર તથા પ્રહાર કરવાના સાધન-વાળા, તથા યુદ્ધમાં ચતુર એવા મહારથીઓ તમે સર્વ એક એક પણ રણસંગ્રામમાં સૈન્ય સહિત પાંડવોને મારવા સમર્થ છો ત્યારે એકઠા મળીને હો તો મારો એમાં શું આશ્ચર્ય ? ભીષ્મે રક્ષા કરેલું આપણું સૈન્ય ઘણુંક છે અને ભીમે રક્ષા કરેલું તેમનું સૈન્ય થોડું છે, તો પણ સંસ્થાન, શૂરસેન, વેત્રિક, કુકુર, અરોચક, ત્રિગર્ત, મદ્રક તથા યવન, એટલા દેશના રાજાઓ શત્રુંજય, દુઃશાસન, શૂરવીર વિકર્ણ, નંદોપનંદક, ચિત્રસેન તથા પારિભદ્ર સહિત સૈન્યને આગળ કરી ભીષ્મનીજ રક્ષા કરો. હે મારિષ ! દુર્યોધનનાં એવાં વચન સાંભળી ભીષ્મ, દ્રોણાચાર્ય તથા તમારા પુત્રોએ પાંડવોને બાધ કરે એવી મોટી વ્યૂહ રચના કરી. જેમાં મોટા સૈન્યે કરી ચારે તરફથી વિંટાયેલા ભીષ્મ મોટી સેનાને આકર્ષણ કરતા ઇંદ્રની પેઠે આગળ જવા લાગ્યા. મોટા ધનુષવાળા પ્રતાપવાન, દ્રોણાચાર્ય, કોપેલ દશાર્ણ તથા મગધ દેશના યોદ્ધાઓ સહિત તેમની પાછળ જવા લાગ્યા. ગાંધાર, સિંધુ, સૌવીર, શિબી, તથા વસાતી દેશના રાજાઓ વિદર્ભ, મેકલ, કર્ણ, પ્રાવરણ દેશના યોદ્ધાઓ સંગ્રામમાં શોભતા ભીષ્મની પાછળ જતા હતા. પોતાના સૈન્ય સહિત શકુનિ દ્રોણાચાર્યની રક્ષા કરતો હતો. અશ્વાતક, વિકર્ણ, અંબષ્ટ, કોસલ, દરદ, શક, ક્ષુદ્રક, માળવાના રાજાઓ તથા સર્વ ભાઇઓ સહિત દુર્યોધન રાજા પ્રસન્નતાથી શકુનિની સેનાની રક્ષા કરતો હતો. હે મારિષ ! ભૂરિશ્રવા, શલ, શલ્ય, ભગદત્ત તથા અવંતીપુરીના વિંદ તથા અનુવિંદ નામના રાજાઓ ડાબી બાજુ તેની રક્ષા કરતા હતા, સૌમદત્તિ સુશર્મા, કાંબોજ દેશનો સુદક્ષિણ, શ્રુતાયુ તથા અચ્યુતાયુ એટલા જમણી બાજુથી રક્ષા કરતા હતા. અશ્વત્થામા, કૃપાચાર્ય તથા સાત્વત કુળમાં ઉત્પન્ન થયેલા કૃતવર્મા મોટી સેના સહિત સેનાના પૃષ્ટ ભાગને વિષે ઉભા રહ્યા હતા. કેતુમાન, વસુદાન, પરાભવ પમાડનાર કાશિરાજાનો પુત્ર અને બીજા પણ ઘણાક દેશના રાજા તેની પાછળથી રક્ષા કરતા હતા. હે ભારત ! પછી યુદ્ધ કરવા તત્પર થયેલા તેઓ તમારી તરફના સર્વ યોદ્ધાઓ શંખ વગાડી હર્ષથી સિંહનાદ કરવા લાગ્યા, તે સાંભળી કૌરવના પિતામહ પ્રતાપવાન વૃદ્ધ ભીષ્મે મોટેથી સિંહનાદ કરી શંખ વગાડ્યો. તે પછી શંખ, ભેરી, પેશી, તથા આનક નામનાં રણ વાદ્ય બીજાઓએ વગાડ્યાં. તેનો તુમુલ ધ્વનિ થવા લાગ્યો. એટલામાં ધોળા ઘોડા જોડેલા મોટા એક રથમાં બેઠેલા, શ્રીકૃષ્ણ તથા અર્જુને સુવર્ણ તથા રત્નથી શોભતા ઉત્તમ શંખ વગાડ્યા. ભગવાન હૃષીકેશે પાંચ-જન્મ નામનો શંખ તથા ધનંજયે દેવદત્ત નામનો શંખ વગાડ્યો. ત્યાર પછી ભયંકર કર્મવાળા ભીમસેને પૌંડ્ર નામનો મોટો શંખ, કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજાએ અનંતવિજય નામનો શંખ, નકુળે સુઘોષ નામનો શંખ અને સહદેવે મણિપુષ્પક નામનો શંખ વગાડ્યો. પછી કાશિરાજ, શૈબ્ય, મહારથી શિખંડી ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, મહારથી સાત્યકિ, મોટા ધનુ-ષવાળા પંચાલ દેશના રાજાઓ તથા દ્રૌપદીના પાંચ પુત્રોએ પણ પોતપોતાના શંખ વગાડી સિંહનાદ કર્યો. એ રીતે સર્વ શૂરવીરોએ કરેલા તે મોટા ભયંકર શબ્દે કરી આ-કાશ તથા પૃથ્વીમાં પ્રતિધ્વનિ થયો. હે મહારાજ ! એ રીતે અત્યંત પ્રસન્ન થયેલા કૌરવ તથા પાંડવો પરસ્પર તપાવતા ફરીથી યુદ્ધ કરવાને એક બીજાની સામે જઇ ઉભા રહ્યા.

एवमेते महाराज प्रहृष्टाः कुरूपांडवाः ।
पुनर्युद्धाय संजग्मुस्तापमानाः परस्परं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि क्रौंचव्यूहरचनायां गुर्जरभाषायां एकपंचाशत्तमोऽध्यायः ॥ ५१ ॥

અધ્યાય પર મો. ભીષ્મ અર્જુન વચ્ચે યુદ્ધ.

**धृतराष्ट्र उवाच—एवं व्यूढेष्वनीकेषु मामकेष्वितरेषु च ।
कथं प्रहरतां श्रेष्ठाः संप्रहारं प्रचक्रिरे ॥ १ ॥**

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય! એ રીતે મારાં તથા પાંડવોનાં સૈન્ય વ્યૂહ રચના કરી ઉભાં રહ્યા પછી પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ શૂરવીરો કેવી રીતે લડવા લાગ્યા. સંજય કહે છે કે હે ધૃતરાષ્ટ્ર! એ રીતે સમાનપણાથી વ્યૂહ રચના કરી બેઉ સૈન્ય ઉભાં તે વખતે, ચડાવેલ છે સુંદર ધ્વજા જેમાં એવું સૈન્ય સમુદ્રની પેઠે અપાર હોય નહીં એવું દેખાતું હતું. હે રાજન! તેની મધ્યે ઉભેલા તમારા પુત્ર દુર્યોધને તમારી તરફના સર્વ યોદ્ધાઓને કહ્યું કે, કવચ ધારણ કરી તમો યુદ્ધ કરો. તેનાં એવાં વચન સાંભળી ત્યાગ કર્યું છે જીવિત જેમણે એવા ઉંચી ધ્વજાવાળા સર્વ વીર ક્રૂર મન કરી પાંડવ સામે લડવા લાગ્યા. પછી તમારૂં તથા પારકાઓનું રથ તથા હસ્તિની ગીરદીવાળું રૂવાં ઉભા કરે એવું ભયંકર યુદ્ધ થયું. તેમાં રથીઓએ મૂકેલાં સુવર્ણના પુંખવાળા પાયેલાં અખંડિત અગ્રભાગવાળાં બાણો હસ્તિ તથા અશ્વો ઉપર પડવા લાગ્યાં. એ રીતે સંગ્રામ પ્રવૃત્ત થયો ત્યારે કવચવાળા, ભયંકર પરાક્રમવાળા કુરૂવૃદ્ધ મહાબાહુ ભીષ્મે ધનુષ ગ્રહણ કરી સામે આવી, અભિમન્યુ, ભીમસેન, મહારથી સાત્યકિ, કેકય, વિરાટ, પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, ચેદિ રાજા, ને મત્સ્ય રાજા, એ સર્વને પરાભવ પમાડતાં તેમની ઉપર બાણનો વરસાદ વરસાવ્યો. શૂરવીરના સમાગમમાં સર્વ સૈન્ય એકઠાં મળવાથી વ્યૂહ રચના ભેદ પામી, અને પાંડવ તરફના ઘોડેસ્વાર તથા રથમાં બેસનાર યોદ્ધાઓ શ્રેષ્ઠ અશ્વોનો નાશ થવાથી સૈન્ય સહિત નાસવા લાગ્યા. તે વખતે પુરૂષમાં સિંહરૂપ અર્જુન મહારથી ભીષ્મને જોઈ ક્રોધથી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા કે હે વાર્ષ્ણેય! જ્યાં ભીષ્મ છે ત્યાં મારો રથ લઇ જાઓ. નહીં તો આ અત્યંત ક્રોધે ભરાયેલા ભીષ્મ, દુર્યોધનના હિત વાસ્તે જરૂર મારી સેનાનો નાશ કરશે. દ્રોણ, કૃપાચાર્ય, શલ્ય, વિકર્ણ, તથા ભીષ્મે રક્ષા કરેલા એકઠા મળેલા દુર્યોધનાદિ ધૃતરાષ્ટ્રના પુત્રો પંચાળ દેશના રાજાઓને હણશે માટે મારો રથ ભીષ્મની સામે લેઇ જાઓ, એટલે હું મારી સેનાના બચાવ વાસ્તે લડું. અર્જુનનાં એવાં વચન સાંભળી વાસુદેવ ભગવાને તેને કહ્યું કે હે ધનંજય! સાવધાન થા, આ હું સત્વર ભીષ્મના રથ પાસે તને પહોચાડું છું. હે રાજન! ધૃતરાષ્ટ્ર! એમ કહી, શૌરિ ભગવાને લોકમાં વિખ્યાત તે રથ ભીષ્મના રથ પાસે આણ્યો. મદ ઝરતા હસ્તિ જેવા, રણસંગ્રામમાં શૂરવીરોને ત્રાસ પમાડતા, તથા મર્દન કરતાં સંબંધિયોને હર્ષ પમાડનાર, શરણ દેનાર, અર્જુન ચલાયમાન ઘણાક પતાકાવાળા, બગલા જેવા શ્વેત વર્ણવાળા ઘોડા જોડેલા, ઉંચો મહા ભયંકર શબ્દ કરતો હનુમાન છે ધ્વજામાં જેની એવા મેઘ ગંભીર શબ્દવાળા, ઘણા તેજયુક્ત મોટા રથે કૌરવ સૈન્ય, તથા શૂરસેન દેશના રાજાઓને હણતા વેગથી સામે

આવ્યા. તેને જોઇ, સિંધુ દેશનો રાજા જયદ્રથ છે મુખ્ય જેમાં એવા પ્રાચ્ય સૌવીર તથા કેકય રાજાઓએ રક્ષા કરેલા, શંતનુ પુત્ર ભીષ્મ તત્કાળ સામે આવ્યા. હે ધૃતરાષ્ટ્ર! ગાંડીવ ધનુષવાળા અર્જુન સામે ભીષ્મ, દ્રોણાચાર્ય તથા કર્ણ વિના બીજો કોણ આવવા યોગ્ય છે. હે મહારાજ! તે વખતે સર્વ લોકમાં મહારથી ભીષ્મે સીત્યોતેર બાણે કરી, દ્રોણે પચ્ચીશે કરી, કૃપાચાર્યે પચાસે કરી, દુર્યોધને ચોસઠે કરી, શલ્યે નવે કરી, સિંધુ દેશના રાજા જયદ્રથે નવે કરી, શકુનિએ પાંચે કરી અને વિકર્ણે ભલ્લાકૃતિ દશ બાણે કરી, પાંડુ પુત્ર અર્જુનને વિંધ્યા. ચોતરફથી તીક્ષ્ણ બાણે કરી તે સર્વેથી વિંધ્યા તોપણ મોટા ધનુષવાળા મહાબાહુ અર્જુન ભેદેલા પર્વતની પેઠે કંઈ પણ વ્યથા પામ્યા નહીં. હે ભરતર્ષભ! પુરૂષમાં સિંહરૂપ ઘણા બળવાળા અર્જુને પચીસ બાણે કરી ભીષ્મને, નવથી કૃપાચાર્યને, સાઠથી દ્રોણને, ત્રણથી વિકર્ણને, ત્રણથી શલ્યને, તથા પાંચ બાણથી દુર્યોધન રાજાને વિંધ્યો. એટલામાં સાત્યકિ, વિરાટ, પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પાંચ પુત્ર તથા અભિમન્યુએ, અર્જુનને વિંટી લીધા. ભીષ્મનું પ્રિય કરનાર મોટા ધનુષવાળો, દ્રોણ સામે સોમકે સહિત પંચાલ દેશનો રાજા ધૃષ્ટદ્યુમ્ન આવ્યો. હે રાજન્! રથીમાં શ્રેષ્ઠ ભીષ્મે તીક્ષ્ણ એવાં એંશી બાણે અર્જુનને વિંધ્યો. તે વખતે તમારી તરફના યોદ્ધાઓ એકઠા મળી પોકાર કરવા લાગ્યા. તે સાંભળી મનુષ્યમાં સિંહરૂપ પ્રતાપવાન અર્જુન પ્રસન્ન થયા હોય તેની પેઠે હસી તેમના મધ્યમાં જઇ મહારથી એવા તમારી તરફનાને નિશાન કરી, ધનુષથી ક્રીડા કરવા લાગ્યા. તે વખતે સંગ્રામમાં અર્જુને પીડા પમાડેલા, પોતાના શૈન્યને જોઇ દુર્યોધન રાજાએ ભીષ્મને કહ્યું કે, હે તાત! હે ગાંગેય! હે વિશાંપતે! તમે તથા રથીમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય જીવતે બળવાન પાંડુ પુત્ર અર્જુન, યત્ન કરનાર, આપણા સર્વ સૈન્યનું મૂળ કાપે છે, તેમ હમેશ મારૂં હિત ઇચ્છનાર કર્ણ પણ તમારે વાસ્તે શસ્ત્ર મૂકી દઇ સંગ્રામમાં યુદ્ધ કરતો નથી માટે જે રીતે અર્જુન નાશ પામે તેવા કરો. હે ધૃતરાષ્ટ્ર! દુર્યોધનનાં એવાં વચન સાંભળી, તમારા પિતા ભીષ્મ ક્ષત્રિય ધર્મને ધિક્કાર છે એમ કહી, અર્જુનના રથ પ્રત્યે ગયા. તે વખતે બેઉ ધોળા અશ્વ નજીક આવ્યા. તેને જોઈ રાજાઓ સિંહનાદ કરતાં શંખ વગાડવા લાગ્યા. હે મારિષ! અશ્વત્થામા, દુર્યોધન, તથા તમારો પુત્ર વિકર્ણ, એ સર્વ ચોતરફથી ભીષ્મને વિંટી યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. ત્યાર પછી યુદ્ધ પ્રવૃત્ત થયું. જેમાં ગંગા પુત્ર ભીષ્મે, નવ બાણ અર્જુન ઉપર નાંખ્યાં. વળી સંગ્રામમાં વખાણવા લાયક પાંડુ પુત્ર અર્જુને હજાર બાણ ભીષ્મ ઉપર નાંખ્યાં. તેમને તેણે ઘણાક બાણના સમુદાયથી વારી ગખ્યા. એ રીતે યુદ્ધથી આનંદ પામનાર, હર્ષિત થયેલ એ બેઉ પરસ્પર ઇર્ષ્યાથી સમાન યુદ્ધ કરતા હતા, જેમાં ભીષ્મના ધનુષમાંથી નીકળેલા બાણના સમુદાય અર્જુનના બાણથી ભાગી પડતા દેખાતા હતા. તેમજ અર્જુનનાં મૂકેલાં ઘણાં બાણ ભીષ્મના બાણથી છિન્ન ભિન્ન થઇ પૃથ્વી ઉપર પડતાં હતાં. વળી તીક્ષ્ણ એવા પચીશ બાણે કરી અર્જુને ભીષ્મને વિંધ્યા. ભીષ્મે પણ સંગ્રામમાં તીક્ષ્ણ બાણથી તેમને વિંધ્યા. પછી શત્રુને દમન કરનાર મહા બળવાન, તે બેઉ એક બીજાના અશ્વ, ધ્વજ, રથ, દંડ તથા રથચક્રને વિંધી સંગ્રામમાં ક્રીડા કરવા લાગ્યા. પ્રહાર કરનારમાં શ્રેષ્ઠ વૃદ્ધિ પામેલા ભીષ્મે, ત્રણ બાણ શ્રીકૃષ્ણના સ્તનના મધ્ય ભાગમાં માર્યાં જેથી વિંધાયેલા મધુસૂદન ભગવાન રણસંગ્રામમાં પુષ્પ સહિત ખાખરાના

વૃક્ષની પેઠે શોભવા લાગ્યા. તેથી અત્યંત ક્રોધ પામેલા અર્જુને તીક્ષ્ણ બાણે કરી ભીષ્મના રથને ભાગી નાંખ્યો. શૂરવીર એ બેઉ એ રીતે એક બીજાને મારવા યત્ન કરે છે, તોપણ તેમ ન કરી શકતાં, પોતાના સારથીની લાઘવીથી વિચિત્ર પ્રકારનાં મંડળમાં જવું તથા પાછું આવવું ઇત્યાદિ બહુ પ્રકારનું ચાતુર્ય દેખાડતાં, એક બીજાના પ્રહાર વિષે છિદ્રનું ચિંતન કરતા, મહારથી સિંહ જેવો શબ્દ, શંખ શબ્દ, તથા ધનુષના શબ્દ કરતા હતા, તેમના શંખના, તથા રથના પાટાના શબ્દે વિદારણ કરેલી પૃથ્વી કંપાયમાન થઇ શબ્દ કરતી હતી. હે ભરતર્ષભ ! એ બેઉનું છિદ્ર કોઇ બીજું દેખતું ન હતું. બળવાન યુદ્ધમાં દુર્ધર્ષ બેઉ એક બીજા જેવા લાગતા હતા. તેથી કૌરવો ધ્વજરૂપ ચિન્હથી 'આ ભીષ્મ છે' એમ જાણતા હતા. તેમજ પાંડવો પણ ધ્વજારૂપ ચિન્હથી અર્જુનને જાણતા હતા. હે ભારત ! મનુષ્યમાં શ્રેષ્ઠ તે બેઉના તેવા પરાક્રમને જોઈ સંગ્રામમાં સર્વ પ્રાણી આશ્ચર્ય પામતાં હતાં. ધર્મમાં ચાલનાર પુરૂષનું પાપ જેમ કોઇ ક્યારે પણ દેખે નહી તેમ તે બેઉનું છિદ્ર રણસંગ્રામમાં કોઇ જોતું ન હતું, જે બેઉ રણસંગ્રામમાં બાણના સમુદાયથી અદૃશ્ય થઇ પાછા પ્રકાશમાં આવતા હતા. તેમનું પરાક્રમ જોઇ ત્યાં આવેલા દેવ, ગંધર્વ, તથા ઋષિયો સહિત ચારણ, આવી રીતે પરસ્પર ભાષણ કરતા હતા, કે ક્રોધ પામેલા, મહારથી આ બેઉને ક્યારે પણ દેવ, અસુર, તથા ગંધર્વ પણ, જીતી શકે એમ નથી; માટે આ યુદ્ધ લોકમાં મહા આશ્ચર્યરૂપ થયું. આવું યુદ્ધ ક્યારે પણ થશે નહીં, જેમાં બુદ્ધિમાન્ અર્જુન બાણ નાખતા, ધનુષ, રથ, તથા અશ્વ સહિત ભીષ્મને જીતવા સમર્થ નથી; તેમજ દેવતાઓથી સહન થાય નહી એવા પાંડુ પુત્ર ધનુષ ધરનાર અર્જુનને, ભીષ્મ જીતવા સમર્થ નથી. આ યુદ્ધ સંસારની સ્થિતિ પર્યંત સમાન રહેશે. હે વિશાંપતે ! એ રીતે સંગ્રામમાં ભીષ્મ તથા અર્જુનની સ્તુતિ યુક્ત ઉચ્ચારણ થતી વાણી ચારે તરફથી સંભળાતી હતી. યુદ્ધ વખતે તમારી તરફના તથા પાંડવ તરફના યોદ્ધાઓ એક બીજાને હણતા હતા. અત્યંત દારૂણ તથા ભયંકર તે યુદ્ધમાં બેઉ સેનાના શૂરવીરો તીક્ષ્ણ ધારવાળા ખડ્ગ, નિર્મળ ફરશી, બીજા ઘણાક બાણ તથા નાના પ્રકારનાં શસ્ત્રે કરી એક બીજાને મારતા હતા. હે રાજન્ ! દ્રોણાચાર્ય, તથા પંચાલ દેશના રાજાનું પણ મોટું યુદ્ધ થતું હતું.

उभयोः सेनयोः शूरा न्यकृंतं च परस्परं ।
वर्त्तमाने तथाघोरे तस्मिन्युद्धे सुदारुणे ॥
द्रोणपांचालयो राजन्महानासीत्समागमः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मार्जुनयुद्धे गुर्जरभाषायां द्विपंचाशत्तमोऽध्यायः ॥ ५२ ॥

અધ્યાય ૫૩ મો. ધૃષ્ટદ્યુમ્ન ને દ્રોણનો સંગ્રામ.

धृतराष्ट्र उवाच—कथं द्रोणो महेष्वासः पांचालश्चापिपार्षतः ।
उभौ समीयतुर्यत्तौ तन्मामाचक्ष्व संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે-હે સંજય ! મોટા ધનુષવાળા, દ્રોણાચાર્ય તથાં પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલ, પંચાલ દેશનો રાજા ધૃષ્ટદ્યુમ્ન એ બેઉ સાવધાન થઇ કેવી રાતે એક બી-

જાની સામે આવ્યા તે મને કહે પુરૂષાર્થથી અદષ્ટ બળવાન છે, એમ હું માનું છું; કારણ કે યુદ્ધમાં શંતનુ પુત્ર ભીષ્મ જેવા પાંડુ પુત્ર અર્જુનને ઉલ્લંઘન કરી ન શક્યા. હે રાજન્ જે ભીષ્મ સંગ્રામમાં ક્રોધ પામે તો ચરાચર પ્રાણી માત્રનો નાશ કરે તે યુદ્ધમાં પરાક્રમથી અર્જુનને કેમ ઉલ્લંઘન કરી શક્યા નહીં ? સંજય કહે છે કે હે રાજન્ ! સ્થિર થઇ અત્યંત દારૂણ એવું યુદ્ધ હું તમોને કહું તે સાંભળો. ઇંદ્ર સહિત દેવતાઓ પણ પાંડવોને જીતી શકે એમ નથી; એ વાત તમારે નિશ્ચય જાણવી. દ્રોણાચાર્યે તીક્ષ્ણ બાણથી ધૃષ્ટદ્યુમ્નને વિંધી, ભલ્લાકૃતિ બાણે કરી તેના સારથીને રથ ઉપરથી પાડી નાંખ્યો વળી હે મારિષ ! ક્રોધે ચઢેલા તેણે ઉત્તમ એવા ચાર બાણે કરી ધૃષ્ટદ્યુમ્નના ચાર ઘોડાઓને વિંધ્યા તે વખતે એ શૂરવીરે હસીને તીક્ષ્ણ એવાં નેવું બાણથી દ્રોણને વિંધી, 'ઉભો રહે ઉભો રહે' એમ કહ્યું અત્યંત બળવાળા પ્રતાપવાન ભરદ્વાજ પુત્ર દ્રોણે, બાણે કરી તેને ઢાંકી તેના નાશ વાસ્તે ઇંદ્રના વજ્ર સમાન સ્પર્શવાળા, બીજા કાળદંડ જેવાં ઘોર બાણ લીધાં. તેને જોઇ સર્વ સૈન્યમાં મોટો હાહાકાર થવા લાગ્યો. તે વખતે ધૃષ્ટદ્યુમ્નનું આશ્ચર્યરૂપ પરાક્રમ અમોએ જોયું. જે સંગ્રામમાં શૂરવીર એવા તેણે એક અચળ પર્વતની પેઠે ઉભા રહી પોતાના મૃત્યુરૂપ ભયંકર પ્રદીપ્ત થઇ આવતા તે બાણને જોઇ બાણથી તેને કાપી નાંખી. સામો બાણનો વરસાદ કર્યો. એ રીતે કોઇથી ન બને એવું કર્મ ધૃષ્ટદ્યુમ્ને કર્યું. તેને જોઇ પાંડવ સહિત સર્વ પંચાલ દેશના યોદ્ધાઓ મોટેથી પોકાર કરવા લાગ્યા. વળી મહા પરાક્રમવાળા તેણે દ્રોણના નાશ વાસ્તે સુવર્ણ તથા વૈદુર્યમણિથી શોભતી મોટા વેગવાળી શક્તિ નાખી. પોતા સામે આવતી તેને જોઇ હસતા હોય નહીં તેમ દ્રોણાચાર્યે તેના ત્રણ કડકા કરી નાંખ્યા, હે જનેશ્વર ! ધૃતરાષ્ટ્ર ! પ્રતાપવાન ધૃષ્ટદ્યુમ્ને પણ હણેલી પોતાની શક્તિને જોઇ તેમની ઉપર બાણનો વરસાદ કર્યો. મોટા યશવાળા દ્રોણાચાર્યે પણ આવતા બાણના વર્ષાદને વારી રાખી દ્રુપદ પુત્રના ધનુષના વચમાંથી કડકા કરી નાંખ્યા. તે વખતે કપાયેલ છે ધનુષ જેનું એવા મોટા યશવાળા બળવાન તેણે દ્રોણ ઉપર પર્યંત જેની દઢ સુવર્ણથી શોભતી મોટી ગદા નાંખી. પોતાના સામે વેગથી આવતી તે ગદાને જોઇ ચાલાકીથી તેણે તેના વેગને છેતરી પોતાનો બચાવ કર્યો. તે વખતે દ્રોણાચાર્યનું આશ્ચર્યરૂપ પરાક્રમ અમે જોયું એ રીતે પોતાનો બચાવ કરી ધૃષ્ટદ્યુમ્ન ઉપર સુવર્ણના પુંખવાળા પાયેલાં, અત્યંત તીક્ષ્ણ મહા ભયંકર ભલ્લ બાણ તેમણે નાખ્યાં. જે તેનું કવચ ભેદી શરીરમાંથી રૂધિર પાન કરવા લાગ્યાં, મહારથી ધૃષ્ટદ્યુમ્ને પણ બીજું ધનુષ ગ્રહણ કરી પરાક્રમથી પાંચ બાણે કરી સંગ્રામમાં દ્રોણાચાર્યને વિંધ્યા. હે રાજન ! રૂધિરે કરી ખરડાએલા અંગવાળા, મનુષ્યમાં શ્રેષ્ઠ તે બેઉજણ વસંત સમયમાં ફુલેલા ખાખરાનાં વૃક્ષો શોભે તેમ શોભતા હતા. હે રાજન્ ! વળી ક્રોધ પામેલા દ્રોણાચાર્યે સંગ્રામમાં પરાક્રમ કરી દ્રુપદ પુત્ર ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ કાપી, ગ્રંથી વગરના બાણનો મેઘ જેમ પર્વત ઉપર વરસાદ કરે, તેમ તેના ઉપર વરસાદ કરી ભલ્લાકૃતિ એક બાણવડે રથ ઉપરથી તેના સારથીને તથા તીક્ષ્ણ ચાર બાણે કરી ચાર તેના અશ્વોને પાડી, સિંહનાદ કરી બીજા ભલ્લાકૃતિ બાણે તેના હાથમાંથી ધનુષ કાપી નાખ્યું. કપાયું છે ધનુષ અને હણાયા છે અશ્વ તથા સારથી જેના એવો ધૃષ્ટદ્યુમ્ન પોતાનું મોટું પરાક્રમ દેખાડતો હાથમાં ગદા લઇ રથથી નીચે ઉતરવા લાગ્યો, તે હજી રથથી નીચે નહતો ઉતર્યો, તેટલામાંજ

દ્રોણાચાર્યે એક બાણે કરી તેના હાથમાંથી ગદા પાડી નાંખી. તે મોટા આશ્ચર્ય જેવું થયું. પછી બળવાન, રૂડા હાથવાળો તે સો ચંદ્રાકૃતિવાળી શોભાયમાન મોટી ઢાલ તથા દિવ્ય ખડ્ગ ગ્રહણ કરી ક્રોધથી વનમાં સિંહ જેમ મદોન્મત્ત હસ્તિ સામે દોડે, તેમ દ્રોણને મારવા સારૂ વેગે કરી તેમની સામે દોડયો. તેને બાણના વરસાદથી દ્રોણાચાર્યે રોકી રાખ્યો બળવાન છતે પણ તે તેની પાસે જઇ શકયો નહીં. તે વખતે દ્રોણાચાર્યનું આશ્ચર્યરૂપ પરાક્રમ, ચાલાકી, અસ્ત્રયોગ તથા બાહુબળ અમે જોયું. એ રીતે દ્રોણે વારી રાખેલા બાણ નાખવામાં કુશળ મહારથી ધૃષ્ટદ્યુમ્ને આવતા તેના બાણ સમૂહને ઢાલથી વારી રાખ્યો. તેટલામાં મહાત્મા ધૃષ્ટદ્યુમ્નની સંગ્રામમાં સહાયતા કરનાર બળવાન, મહાબાહુ ભીમસેને ત્યાં આવી તત્કાળ તીક્ષ્ણ એવા સાત બાણે કરી દ્રોણાચાર્યને વિંધી ધૃષ્ટદ્યુમ્નને પોતાના રથમાં બેસાર્યો. હે રાજન! દુર્યોધને પણ દ્રોણાચાર્યના રક્ષણ વાસ્તે મોટા સૈન્ય સહિત ભાનુમાનને મોકલ્યો. હે જનેશ્વર! એ રીતે તમારા પુત્રની આજ્ઞાથી કલિંગની મોટી સેના દ્રોણાચાર્યના બચાવ વાસ્તે ભીમસેન સામે આવી ઉભી રહી. રથીઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય પણ ધૃષ્ટદ્યુમ્નને મૂકી, સંગ્રામમાં વૃદ્ધ એવા વિરાટ, તથા દ્રુપદને વારવા લાગ્યા, તે સમે ધૃષ્ટદ્યુમ્ન ધર્મરાજા પાસે ગયા. ત્યાર પછી સંગ્રામમાં મહાત્મા ભીમસેન, તથા કલિંગ દેશના યોદ્ધાઓનું જગતનો ક્ષય કરનાર, ભયને આપનાર ઘોર રૂવાં ઉભાં કરે એવું ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

कलिंगानां च समरे भीमस्य च महात्मन:
जगत: प्रक्षयकरं घोररूपं भयावहं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि धृष्टद्युम्नद्रोणयुद्धे गुर्जरभाषायां त्रिपंचाशत्तमोऽध्याय ॥ ५३ ॥

અધ્યાય ૫૪ મો. ભીમે કરેલો કલિંગરાજ વધ.

धृतराष्ट्र उवाच—तथा प्रतिसमादिष्ट: कलिंगो वाहिनीपति: ।
कथमद्भुतकर्माणं भीमसेनं महाबलं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે કે, હે સંજય! એ રીતે દુર્યોધને આજ્ઞા કરેલા સેનાપતિ કલિંગ રાજાએ સેના સહિત ગદાથી વિચરનાર શૂરવીર હાથમાં દંડ લઇ ઉભેલા કાળ જેવા અદ્ભુત કર્મવાળા, મહા બળવાન ભીમની સંગાથે કેવી રીતે યુદ્ધ કર્યું? સંજય કહે છે, હે રાજેંદ્ર! તમારા પુત્રે આજ્ઞા આપેલો કલિંગ રાજા મોટી સેના સહિત ભીમસેનના રથ પાસે ગયો. હે ભારત! રથ, અશ્વ તથા હસ્તિથી સંકુલ, મોટાં આયુધવાળી આવતી મોટી કલિંગની સેના અને નિષાદના પુત્ર ચેદિ સહિત આવતા કેતુમાનની સામે તે આવ્યા. કોપેલો તે શ્રુતાયુ રાજા કલિંગના હજારો રથ સહિત ભીમસેન સામે આવ્યો. દશ હજાર હાથી તથા નિષાદોએ સહિત કેતુમાને, તથા ચેદિ, મત્સ્ય, કરૂષ દેશના રાજાઓએ પણ તેને ચારે તરફથી વિંટી લીધો. તે વખતે ભીમસેનની પાછળ ચાલનારા રાજાઓ બીજા રાજાઓ સહિત નિષાદો સામે દોડયા. પછી ભય આપનાર, ઘોરરૂપ મોટું યુદ્ધ થયું. જેમાં

મારનાર યોદ્ધાઓ પોતાને તથા પારકાને ઓળખતા ન હતા. એ રીતે જેમ ઇંદ્રને મોટી દૈત્યની સેના સાથે યુદ્ધ થાય, તેમ ભીમસેનને વિપક્ષ સાથે ઘોર યુદ્ધ પ્રવર્તમાન થયું. હે ભારત ! જે સંગ્રામમાં યુદ્ધ કરનાર મોટા સૈન્યનો ગર્જના કરતા સમુદ્રના જેવો મોટો શબ્દ થવા લાગ્યો. પરસ્પર મારતા યોદ્ધાઓએ, સસલાના લોહી જેવી સમગ્ર પૃથ્વીને ચિતારૂપ બનાવી. અત્યંત શૂરવીર પુરૂષો પોતપોતાનાઓને આકર્ષણ કરતા હતા અલ્પ એવા ચેદિઓનો ઘણાક કલિંગ, તથા નિષાધને લીધે મોટો વિમર્દ થવા લાગ્યો. મહા બળવાન ચેદિયો શક્તિ પ્રમાણે પરાક્રમ કરી, ભીમસેનનો ત્યાગ કરી ખસી ગયા એ રીતે સર્વ ચેદિ નિવૃત્ત થવાથી કલિંગોએ વ્યાપ્ત થએલા મહા બલવાન પાંડવ ભીમસેન પોતાના બાહુબળનો આશ્રય કરી છૂટા થયા, પણ રથ ઉપરથી ચલાયમાન થયા નહીં. કલિંગની સેના ઉપર તે તીક્ષ્ણ બાણ નાખવા લાગ્યા. તે સમે મોટા ધનુષવાળો કલિંગ રાજા તથા મહારથી શક્રદેવ નામનો તેનો પુત્ર, એ બેઉ તીક્ષ્ણ બાણથી ભીમસેનને મારવા લાગ્યા, મહાબાહુ ભીમસેને પણ ધનુષને હલાવી પોતાના બાહુબળથી કલિંગ રાજા સામે યુદ્ધ કરવા માંડ્યું. ઘણાંક બાણ મૂકતા શક્રદેવે સંગ્રામમાં બાણે કરી શત્રુને દમન કરનાર ભીમસેનના ઘોડાઓને મારી, વિરથ થયેલા તેને જોઇ તેની સામે દોડી વર્ષાઋતુમાં મેઘ જેમ વરસે તેમ તેની ઉપર બાણનો વરસાદ કર્યો. હણાયેલ અશ્વવાળા રથમાં બેઠેલ મહા બળ-વાન ભીમસેને લોહમય ગદા તેની ઉપર નાખી. હે રાજન ! જેથી હણાયેલ કલિંગ પુત્ર શક્રદેવ સારથી સહિત પૃથ્વી ઉપર પડ્યો. હણાયેલા પોતાના પુત્રને જોઇ કલિંગ રાજાએ હજારો રથથી ભીમસેનને આવવાની દિશાઓ રોકી, ત્યારે ભીમસેને મોટા વેગવાળી ગદા મૂકી દારૂણ કર્મ કરવાની ઇચ્છાથી ઘોર ખડ્ગ તથા સુવર્ણમય નક્ષત્ર તથા અર્ધચંદ્રાકૃતિથી જડેલી બેલના ચામડાની ઢાલ ગ્રહણ કરી. ક્રોધે ચઢેલા કલિંગ રાજાએ ધનુષની દોરી ખેંચી સર્પના વિષ જેવો ભયંકર એક બાણ સાંધી ભીમસેનને મારવાની ઇચ્છાથી તેની ઉપર નાંખ્યો. હે ધૃતરાષ્ટ્ર ! વેગથી આવતા તે તીક્ષ્ણ બાણના ભીમસેને મોટા ખડ્ગથી બે કડકા કરી, પ્રસન્ન થઈ તેની સેનાને ત્રાસ પમાડતાં મોટી ગર્જના કરી. કોપેલા કલિંગ રાજાએ ભીમસેન ઉપર શિલાથી તીક્ષ્ણ કરેલ ચૌદ ભાલા નાંખ્યા, તેને મહાબાહુ ભીમસેને દૂરથીજ શ્રેષ્ઠ ખડ્ગથી તત્કાળ કાપી નાંખ્યા. પછી પુરૂષમાં શ્રેષ્ઠ ભીમસેન ભાનુમાન સામે દોડ્યા. તે સમે ભાનુમાને પણ ભીમની ઉપર બાણનો વરસાદ કરી આકાશમાં પ્રતિધ્વનિ થાય તેવો મોટો સિંહનાદ કર્યો. તેને સહન ન કરતા મોટા શબ્દવાળા ભીમસેને પોતાના ઘોર શબ્દથી સિંહનાદ કર્યો. ત્રાસ પામેલી કલિંગની સેના સંગ્રામમાં ભીમસેનને મનુષ્ય માનતી ન હતી. પછી ગદા સહિત ભીમસેન વેગથી કુદી મોટા હાથીના દાંતવડે તે ઉપર ચડી તેના મધ્યમાં જઈ બેઠા. તે વખતે કલિંગે શક્તિ નાખી. તેના મોટા ખડ્ગથી બે કડકા કરી તેણે ભાનુ-માનને માર્યો. શત્રુને દમન કરનાર ભીમસેને હાથી ઉપર બેસી યુદ્ધ કરનાર તે રાજપુત્રને મારી ઘણા ભારને સહન કરનાર મોટો ખડ્ગ હસ્તિના કાંધ ઉપર માર્યો, તેથી કપાયેલી કાંધવાળો હસ્તિ શબ્દ કરતાં પીડા પામી સમુદ્રના વેગથી પીડાયેલો, પર્વત પડે તેમ પડ્યો. હે ભારત ! ભરતકુળમાં ઉત્પન્ન થયેલો બળવાન સારી રીતે કવચ પહેરેલો ભીમસેન હાથી ઉપરથી નીચે કુદી પૃથ્વી ઉપર ઉભો રહ્યો. એ રીતે ચારે તરફથી હાથીઓને પાડતો, ઘણાક માર્ગો પ્રત્યે ફરતો, ભમાવેલા અગ્નિચક્રની પેઠે ચારે તરફથી દેખાતો હતો. રૂધિરથી વ્યાપ્ત

પરાભવ કરનાર ભીમસેન ઘોડાના સમુદાય, હાથીયો, રથસમૂહ તથા પાયદળને મારતો, સીચાણાની પેઠે સંગ્રામમાં શત્રુની અંદર ફરતો હતો. મહા બળવાન છત્રુને ભય પમાડનારો ક્રોધે ભરાયેલો પાયદળ એકલો કાલાંતક યમ સરખો તે રણસંગ્રામમાં તીક્ષ્ણ ધારવાળા ખડ્ગે કરી શત્રુઓનાં શરીર તથા મસ્તકોને કાપતો તેઓને મોહ પમાડવા લાગ્યો. મૂઢ એવો તે પણ રણસંગ્રામમાં ખડ્ગ સહિત વર્તમાન ઉત્તમ વેગે કરી ફરતા તેની સામે સિંહનાદ કરીને દોડયો. શત્રુને મર્દન કરનાર તે રથીયોના રથ દંડ તથા ધોંસરીને ભાગી રથમાં બેસનારાઓને મારી, ઘણાક માર્ગમાં ફરતો દેખાતો હતો. મંડળ આકારે ફરવું, કાંઈ ખેદયુક્ત ફરવું, ઊન્નતિ સહિત ફરવું, કુદવું, સર્વ દિશાઓમાં ફરવું, એક દિશામાં કુદવું, વેગ કરવો, સર્વ શત્રુ પ્રત્યે ઉદ્યમ કરવો ઇત્યાદિ પોતાનું યુદ્ધ ચાતુર્ય દેખાડતાં, તેણે પોતાની તરવારના અગ્રભાગથી કાપેલા, કેટલાક પ્રરૂષો બૂમ પાડવા લાગ્યા. ભેદાયેલાં મર્મસ્થાનવાળા કેટલાક મૃત્યુ પામી પૃથ્વી ઉપર પડયા. હે ભારત ! કપાયેલા દાંત તથા સુંઢના અગ્રભાગવાળા, ભેદાયેલાં કુંભસ્થલવાળા, યોદ્ધા વગરના હસ્તિયો પોતાના સૈન્યને મારતા, મોટા શબ્દ કરી પૃથ્વી ઉપર પડતા હતા તે વખતે હે રાજન્ ! કપાઇ ગયેલા ભાલા, માવતનાં મસ્તકો વિચિત્ર તરેહની હાથીની ઝુલ્યો, સુવર્ણથી શોભતા તંગ, હસ્તિની ગ્રીવાનાં આભરણ, સાંગ્યો, પતાકા, ભાથા, તોપ, ધનુષ, શ્વેત ગોફણો, અંકુશ સહિત ચાબખા, વિવિધ પ્રકારની ઘંટાઓ તથા ઘોડેસ્વાર અને સુવર્ણમય છત્રિયો, એ સર્વ પડેલાં તથા કેટલાંક પડતાં અમોએ જોયાં. કપાઇ ગયાં છે આગલાં પાછલાં અંગ તથા સુંઢયો જેની એવા પીડાયેલા હસ્તિયોએ કરી રણભૂમિ પડેલા પર્વતોએ કરીને શોભે તેમ શોભવા લાગી. એ રીતે મહા બળવાન ભીમસેને મોટા હસ્તિયોને મર્દન કરી, બીજાઓને પણ મર્દન કર્યા અને શ્રેષ્ઠ ઘોડેસ્વારોને ભૂમિપર પાડયા.

હે ભારત ! એ પ્રમાણે કલિંગ દેશના યોદ્ધાઓ તથા તેનું મોટું યુદ્ધ થયું. વળી જેમાં લગામ, જોતર, સુવર્ણથી શોભતા તંગ, હાથીની ઝુલ્યો, ભાલા, અમૂલ્ય તરવાર, કવચ, ઢાલ, તથા વિચિત્ર પ્રકારનાં માથે ઢાંકવાના ટોપ રણસંગ્રામમાં પડેલાં દેખાતાં હતાં. ભીમસેને ભાલા, તોપ તથા વિચિત્ર પ્રકારનાં નિર્મળ શસ્ત્રથી રણભૂમિને વિચિત્ર પ્રકારના પુષ્પથી શોભાવે તેમ શોભાવી. મહા બળવાન તે કુદી કેટલાક રથીયોને ખડગે ધ્વજ સહિત પમાડતો હતો. વારંવાર ઉંચે કુદતા, દિશામાં દોડતા, તથા વિચિત્ર પ્રકારના માર્ગમાં ફરતા તેને જોઇ સંગ્રામમાં મનુષ્યો આશ્ચર્ય પામતાં હતાં. વળી કેટલાકને તરવારથી નાશ કરતો કેટલાકને શબ્દથી ભય પમાડતો, સાથળના વેગે કરી બીજાઓને પૃથ્વી ઉપર પાડતો હતો. બીજા કેટલાક તો એને જોઈ ભયથીજ મરણ પામતા હતા. તેટલામાં વેગવાન કાલિંગ દેશના યોદ્ધાઓની મોટી સેના ભયંકર ભીમસેનને ચોતરફથી વિંટાઇ નજીક આવી. હે ભરતર્ષભ ! તે સમે તે સેનાના અગ્રભાગમાં ઉભેલા શ્રુતાયુષ રાજાને જોઇ તેની પાસે જવા લાગ્યો. તેને આવતઃ જોઇ મહા બળવાન કલિંગ દેશનો રાજા નવ બાણે સ્તનના મધ્યમાં તેને મારવા લાગ્યો તેથી અંકુશે કરી હણાએલ હસ્તિની પેઠે ને ક્રોધથી વૃદ્ધિ પામેલા અગ્નિની પેઠે ભીમસેન પ્રજ્વલિત થયો, શોક રહિત તેનો સારથી સુવર્ણથી શોભતા રથને લઇ તેની પાસે આવી ઉભો રહ્યો. શત્રુનો નાશ કરનાર કુંતિપુત્ર ભીમસેને તે રથમાં બેસી કલિંગ રાજા સામે દોડી, તેને ‘ અરે ઉભો રહે ઉભો રહે ’ એમ કહ્યું.

અત્યંત ક્રોધે ભરાયેલા, બળવાન્ શ્રુતાયુષ્યે પોતાની હસ્ત ચાલાકી દેખાડતાં, ભીમ ઉપર તીક્ષ્ણ એવાં નવ બાણુ નાંખ્યાં. એ રીતે મહાત્મા કલિંગે શ્રેષ્ઠ ધનુષથી નાંખેલા બાણે હણેલા, ભીમસેને લાકડીથી મારેલા સર્પની પેઠે ક્રોધ પામી ધનુષ ગ્રહણ કરી લોહમય સાત બાણુથી કલિંગ રાજાને મારી ક્ષુરપ્ર નામના બે બાણે કરી સત્યદેવ તથા સત્ય નામના મહા બળવાન તેના ચક્ર રક્ષકોને યમપુરીમાં મોકલી દીધા. વળી મહા બળવાન તેણે તીક્ષ્ણ એવા ત્રણ બાણે કરી કેતુમાનને યમલોકમાં મોકલ્યો. હજારો યોદ્ધા સહિત અત્યંત કોપેલા, કલિંગ દેશનાં ક્ષત્રિયોએ ક્રોધી ભીમસેનને વારી શક્તિ, ગદા, ખડ્ગ, ભાલા, તરવાર તથા ફરશીનો તેની ઉપર વરસાદ વરસાવ્યો. મહા બળવાન, ભીમસેને આવતી ભયંકર શસ્ત્રવૃષ્ટિને નિવારણ કરી વેગવાળી ગદા લઇ કલિંગ સેનાના સાતસેં શૂરવીરોને યમપુરીમાં મોકલી દીધા. શત્રુને મર્દન કરનાર તેણે બે હજાર કલિંગ યોદ્ધાઓને મૃત્યુ લોકમાં મોકલી દીધા, તે આશ્ચર્ય જેવું થયું. મહારથી ભીષ્મ સામે જઇ તેણે વારંવાર કલિંગના સૈન્યોને હઠાવ્યાં. રણસંગ્રામમાં ભીમસેને માવત રહિત કરેલા, બાણે કરી આતુર શબ્દ કરતા તથા પોતાના સૈન્યને મર્દન કરતા હસ્તિઓ વાયુએ ચોતરફથી હણેલા મેઘની પેઠે સૈન્યોમાં ફરતા હતા. એ રીતે કલિંગ સૈન્યને મારી, બળવાન, ખડ્ગ ધારી, મહાબાહુ ભીમસેને અત્યંત પ્રસન્ન થઇ મોટા શબ્દવાળો શંખ વગાડયો. જે સાંભળી સર્વ કલિંગ સૈનિકોનાં મન મોહ પામી કંપવા લાગ્યાં, અને વાહનો પણ ચોતરફથી કંપવા લાગ્યાં. હે રાજન્! સંગ્રામમાં ગજેંદ્રની પેઠે ચારે તરફથી ઘણા માર્ગમાં વિચરતા તથા તે તે ઠેકાણે દોડતા, વારંવાર ઉંચે કુદતા, ભીમસેનના ભયથી ત્રાસ પામેલું કલિંગનું સૈન્ય ગ્રાહે ક્ષોભ પમાડેલું બાંધ્યા વગરનું મોટું તળાવ જેમ કંપે તેમ કંપવા લાગ્યું. એ રીતે અદ્ભુત કર્મવાળા ભીમસેને સર્વ કલિંગ સૈન્યને ત્રાસ પમાડયા પછી તેમાંથી કેટલાક નાસતા, તથા કેટલાક આવતા કલિંગ યોદ્ધાઓને જોઈ પાંડવના સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને પોતાના સૈન્યોને કહ્યું કે તમે યુદ્ધ કરો. સેનાપતિનાં વચન સાંભળી શિખંડી છે મુખ્ય જેમાં એવા પ્રહાર કરનાર સૈન્ય સહિત ભીમની પાસે આવી ઉભા. પાંડુપુત્ર ધર્મરાજ પણ મેઘ જેવા વર્ણવાળા, મોટા હસ્તિના સૈન્ય સહિત તે બધાને પાછળથી મદદ કરતા હતા. એ રીતે પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન પોતાના સર્વ સૈન્યને હુકમ કરી, સત્પુરૂષો સહિત ભીમસેનની પાછળ આવી ઉભા રહ્યા. હે રાજન! પંચાલ દેશના રાજા ધૃષ્ટદ્યુમ્નને જગતમાં ભીમસેન, તથા સાત્યકિ વિના બીજો કોઇ પોતાના પ્રાણુથી અત્યંત પ્રિય ન હતો. સામા શૂરવીરને હણુનાર, પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ને કલિંગની સેનામાં વિચરતા, મહાબાહુ ભીમસેનને જોઇ પ્રસન્ન થઇ, અનેક તરેહથી શબ્દ કરી શંખ વગાડી સિંહ નાદ કર્યો. ભીમસેને પણ પારાવત જેવા અશ્વ જોડેલા, સુવર્ણથી શોભતા રથમાં બેઠેલા, કોવિદાર વૃક્ષના ચિન્હયુક્ત ધ્વજાવાળા ધૃષ્ટદ્યુમ્નને જોઇ તેની આશ્વાસના કરી. મહા બળવાન ધૃષ્ટદ્યુમ્ન કલિંગની સામે દોડતાં તેને જોઇ તેના રક્ષણુ વાસ્તે સંગ્રામમાં નજીક આવ્યા, ને મનસ્વી તથા શૂરવીર ધૃષ્ટદ્યુમ્ન, તથા ભીમસેન, દૂરથી સાત્યકિને જોઈ રણસંગ્રામમાં કલિંગોને યુદ્ધ કરાવવા લાગ્યા. જીતનારાઓમાં શ્રેષ્ઠ, પુરૂષમાં ઉત્તમ, શિનિકુળમાં ઉત્પન્ન થયેલો સાત્યકિ પણ વેગે કરી ત્યાં જઇ ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્નની પાછળ રક્ષા કરવા લાગ્યો. એ રીતે ધનુષ ધરનાર, દારૂણુ કર્મ કરનાર, પોતાના ભયંકર રૂપથી કલિંગ દેશના યોદ્ધાઓ સામે

જોતા વતા. રણસંગ્રામમાં કલિંગોના શરીરમાંથી થયેલા માંસ તથા રૂધિરના ગારાવાળી લોહી વહેનારી, પોતે પ્રવર્ત્તાવેલી, કલિંગ તથા પાંડવોના મધ્યમાં વહેનારી, દુસ્તર નદીને મહા બળવાન ભીમસેન તરી ગયા. હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે દારૂણ કર્મ કરનાર ભીમસેનને જોઇ, તમારી તરફના યોદ્ધાઓ ભીમસેનરૂપે આ તો કાળજ કલિંગો સાથે યુદ્ધ કરે છે, એવી બૂમો પાડવા લાગ્યા. જે શંતનૂના પુત્ર ભીષ્મ સાંભળી વ્યૂહ રચના કરેલા સૈન્ય સહિત, ભીમસેન સામે આવ્યા. તેને જોઇ સાત્યકિ. ભીમસેન, તથા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ને સુવર્ણથી શોભતા તેના રથ સામે દોડી જઈ વેગથી તેને ઘેરી ભયંકર ત્રણ ત્રણ બાણથી ઢાંકી દીધા. તે વખતે તમારા પિતા ભીષ્મે પણ યત્ન કરતા મોટા ધનુષવાળા તે સર્વને ત્રણ ત્રણ બાણે કરી વિંધ્યા. વળી બીજા સર્વને હજાર બાણથી વારી ભીમના સુવર્ણના કવચવાળા ઘોડાઓને બાણે કરી માર્યા. તે વખતે હણાએલા ઘોડાવાળા રથમાં બેઠેલા પ્રતાપવાન ભીમસેને વેગે કરી ગંગા પુત્ર એવા ભીષ્મના રથ ઉપર શક્તિ નાખી. તેના દૂરથીજ તમારા પિતા ભીષ્મે ત્રણ કડકા કરી નાંખ્યા અને તે પૃથ્વી ઉપર પડી. વળી બળવાન ભીમસેને લોહમય મોટી ગદા ગ્રહણ કરી, તેની ઉપર ફેંકી. એટલામાં તેનું પ્રિય કરવાની ઇચ્છાથી સાત્યકિએ બાણે કરી ભીષ્મના સારથીને પાડયો. તે વખતે રથીમાં શ્રેષ્ઠ ભીષ્મને ચારે તરફ દોડતા એવા ઘોડાઓ રણસંગ્રામમાંથી બહાર લઇ ગયા. તેને જોઈ ભીમસેન સુકા ઘાસને બાળતો વૃદ્ધિ પામેલો અગ્નિ જેમ પ્રજ્વલિત થાય તેમ પ્રજ્વલિત થયો. હે ભરતર્ષભ ! પછી સર્વ કલિંગને મારી, સેના વચ્ચે ઉભો રહ્યો, પણ તમારી તરફના કોઇ તેની પાસે જવાનો ઉત્સાહ કરી શકયા નહીં. તેટલામાં રથીમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્ને મોટા યશવાળા તેને સર્વ સૈન્ય સમક્ષ પોતાના રથમાં બેસારી લીધો. હે ભરતર્ષભ ! એ રીતે મત્સ્ય તથા પંચાળ દેશના યોદ્ધાઓએ સત્કાર કરેલા, ઘણા બળવાન ભીમસેન ધૃષ્ટદ્યુમ્નને મળી સાત્યકિ પાસે ગયા. યદુકુળમાં સિંહરૂપ સત્ય પરાક્રમવાળો સાત્યકિ ધૃષ્ટદ્યુમ્નની સમક્ષ અત્યંત હરખાતા ભીમસેનને કહેવા લાગ્યો કે, કલિંગ દેશનો રાજા રાજપુત્ર કેતુમાન, કલિંગનો પુત્ર શુક્રદેવ તથા બીજા સર્વ કલિંગ દેશના યોદ્ધાઓ સંગ્રામમાં તમે હણ્યા. તેમજ પોતાના બાહુબળના પરાક્રમથી હસ્તિ, અશ્વ તથા રથે કરી સંકુલ, ઘણાક મહા પુરૂષવાળો તથા ધૈર્યવાન યોદ્ધાઓએ સેવેલો, કલિંગોનો મોટો વ્યૂહ એકલા તમે મર્દન કર્યો, એ ઘણું સારૂં થયું. એમ કહી મહાબાહુ તથા મહારથી શિનિ પૌત્ર સાત્યકિ પોતાના રથમાંથી તેના રથમાં કુદી પાંડુ પુત્ર ભીમસેનને મળી ફરીથી પોતાના રથમાં આવી, ભીમસેનના બળને લ.ધે ક્રોધથી તમારી તરફના યોદ્ધાઓને મારવા લાગ્યો.

रथाद्रथमभिद्रुत्य पर्यष्वजत पांडवं ।
ततः स्वरथमास्थाय पुनरेव महारथः ॥
तावकानवधीत्क्रुद्धो भीमस्य बलमादधत् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्वितीययुद्धदिवसे कलिंगराजवधे गुर्जरभाषायां चतुष्पंचाशत्तमोऽध्यायः ॥ ५४ ॥

અધ્યાય ૫૫ મો. પાર્થ પરાક્રમ.

संजय उवाच—गतपूर्वान्हभूयिष्टे तस्मिन्नहह्नि भारत ।
रथनागाश्वपत्तीनां सादिनां च महाक्षये ॥ १ ॥

સંજય કહે છે–હે ભારત ! ગયો છે દિવસનો પૂર્વભાગ જેમાં એવા, રથ, હસ્તિ, અશ્વ, પાયદલ, તથા ઘોડેસ્વારના મોટા ક્ષયવાળા તે દિવસમાં દ્રોણ પુત્ર અશ્વત્થામા, શલ્ય, તથા મહાત્મા કૃપાચાર્ય, એ ત્રણ મહારથી સાથે, ધૃષ્ટદ્યુમ્ન યુદ્ધ કરવા લાગ્યો. જેમાં મહા બળવાન દ્રુપદ પુત્રે, તીક્ષ્ણ એવા દશ બાણે કરી લોકમાં પ્રસિદ્ધ એવા અશ્વત્થામાના ઘોડાઓને માર્યા. હણાયેલા વાહનવાળા અશ્વત્થામાએ, શલ્યના રથમાં બેસી ધૃષ્ટદ્યુમ્ન ઉપર બાણનો વરસાદ કર્યો. હે ભારત ! એ રીતે અશ્વત્થામા સાથે યુદ્ધ કરતા ધૃષ્ટદ્યુમ્નને જોઇ પુરૂષમાં શ્રેષ્ઠ સુભદ્રાના પુત્ર અભિમન્યુએ તીક્ષ્ણ બાણનો વરસાદ કરતાં સત્વર ત્યાં આવી પચ્ચીશ બાણે શલ્યને, નવે કૃપાચાર્યને, તથા આઠ બાણે અશ્વત્થામાને વિંધ્યા. તે સમે તેને એક બાણે કરી અશ્વત્થામાએ, દશે કરી શલ્યે, તથા તીક્ષ્ણ ત્રણ ભાણે કરી કૃપાચાર્યે વિંધ્યો. એ રીતે વિંધાયલા સંગ્રામમાં ઉભેલા સુભદ્રાના પુત્ર અભિમન્યુને જોઈ તમારો પૌત્ર લક્ષ્મણ તેની સામે આવી ઉભો રહ્યો. ત્યાર પછી યુદ્ધ પ્રવર્તમાન થયું, જેમાં સામેના શૂરવીરોને હણનાર અત્યંત કોપેલા દુર્યોધન પુત્રે અભિમન્યુને વિંધ્યો તે આશ્ચર્ય જેવું થયું. હે ભરતર્ષભ ! હે રાજન્ ! તેથી અત્યંત ક્રોધે ભરાયેલા, બાણ ફેંકનાર અભિમન્યુએ પોતાના ભાઇ લક્ષ્મણને પચાસ બાણે કરી વિંધ્યો. હે મહારાજ ! લક્ષ્મણે પણ બાણે કરી મધ્યભાગમાંથી તેનું ધનુષ કાપ્યું તેથી રણસંગ્રામમાં માણસો પોકાર કરવા લાગ્યાં. એટલામાં સામાવાળા શૂરવીરને હણનાર સુભદ્રાના પુત્ર અભિમન્યુએ ધનુષનો ત્યાગ કરી અત્યંત વેગવાળું વિચિત્ર પ્રકારનું બીજું ધનુષ ગ્રહણ કર્યું. પુરૂષમાં શ્રેષ્ઠ સમાન બળવાળા તે બેઉ પરસ્પર ઈર્ષ્યાથી તીક્ષ્ણ બાણોએ કરી એક બીજાને મારવા લાગ્યા. એ રીતે તમારા પૌત્ર અભિમન્યુએ પીડેલા મહારથી પોતાના પુત્રને જોઇ પ્રજાનો ઈશ્વર દુર્યોધન રાજા પાસે આવ્યો. બધા રાજાઓએ રથના સમુદાયથી અર્જુનના પુત્ર અભિમન્યુને વિંટી લીધો. એ રીતે અત્યંત દુઃખે કરી જીતાય નહીં એવા શૂરવીરોએ વિંટાયેલો હોવા છતાં, કૃષ્ણ જેવા પરાક્રમવાળો શૂરવીર કાંઇ પણ વ્યથા પામ્યો નહિ. પોતાના પુત્ર અભિમન્યુની રક્ષા કરવા વાસ્તે વેગે કરી અર્જુન પછી ત્યાં દોડી આવ્યો. તેને જોઇ રથ, હસ્તિ, તથા અશ્વ સહિત ભીષ્મ, તથા દ્રોણ જેમાં મુખ્ય છે એવા તમારી તરફના રાજાઓ એકઠા મળી અર્જુન સામે આવી ઉભા રહ્યા. તે સમયે હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળથી ઉડેલી પૃથ્વીની ઝીણી રજ સૂર્યના રથ પર્યંત ફેલાયેલી દેખાઈ. આવેલા હજારો હસ્તિઓ તથા સેંકડો રાજાઓ અર્જુનના બાણ માર્ગને પ્રાપ્ત થઇ સર્વ નાશ પામ્યા. સર્વ પ્રાણીયો શબ્દ કરવા લાગ્યાં. દિશાઓમાં અંધારૂં થઇ ગયું અને તીવ્ર તથા દારૂણ એવો કૌરવનો અન્યાય જેવામાં આવ્યો. હે ભરતશ્રેષ્ઠ ! તે વખતે અર્જુનના બાણ સમુદાયે કરી આકાશ, દિશાઓ, પૃથ્વી, તથા સૂર્ય એમાંથી કાંઇપણ દેખાતું ન હતું. કેટલાક રથ, હસ્તિયો, તથા કેટલાક રથીઓના અશ્વ નાશ પામ્યા, કેટલાક રથના યૂથને પાળનારા પગપાળા થઇ ગયેલા દેખાતા હતા. કેટલાક રથીઓ રથ વગરના થઇ આયુધ સહિત હાથમાં

બાજુબંધ પહેરેલા તે તે ઠેકાણે દોડતા હતા. હે રાજન ! કેટલાક ઘોડેસ્વારો ઘોડાઓનો, હાથી ઉપર બેસનારા હાથીઓનો અર્જુનના ભયથી ત્યાગ કરી ચારે તરફ નાસતા હતા. તે સમયે રથ ઉપરથી, હાથી ઉપરથી, ઘોડા ઉપરથી અર્જુનના બાણે કરી પડેલા તથા પડતા કેટલાક રાજાઓ દેખાતા હતા. સંગ્રામમાં તે તે ઠેકાણે ભયંકર રૂપ ધારણ કરેલ અર્જુન ઉગ્ર બાણે કરી ગદા, ખડ્ગ, ભાલા, ભાથાં, બાણ, ધનુષ, અંકુશ તથા પતાકા સહિત ઉગામેલા મનુષ્યોના બાહુને કાપતા હતા. હે મારિષ ! પ્રદીપ્ત ભાલા, મોદાલીયો, સાંગ્ય, ગોફણ, તરવાર, તીક્ષ્ણ ફરશીયો, તોમર, ભેદાએલાં નહીં એવાં સુવર્ણનાં કવચ, ધ્વજા, ઢાલ, પંખા, સુવર્ણની દાંડીવાળાં છત્રો, ચાબખા, જોતર તથા લાકડીયોના સમૂહો રણભૂમિપર પથરાએલાં દેખાતાં હતાં. હે ભારત ! શૂરવીર અર્જુન સામે જાય એવો તમારા સૈન્યનો કોઈ પણ પુરૂષ ત્યાં હતો નહીં અને જે જે પુરૂષ સંગ્રામમાં અર્જુન સામે જતો હતો તે પુરૂષને તીક્ષ્ણ બાણે કરી તે પરલોકમાં મોકલી દેતો હતો. તમારી તરફના સર્વ યોદ્ધાઓ ચારે તરફ નાસવા લાગ્યા, તે જોઇ વાસુદેવ ભગવાન તથા અર્જુને પોતાના ઉત્તમ શંખ વગાડયા. તે વખતે સંગ્રામમાંથી નાસતા સૈન્યને જોઇ તમારા પિતા ભીષ્મે, શૂરવીર દ્રોણાચાર્યને હસતા હોય નહીં તેની પેઠે કહ્યું કે-હે શૂરવીર ! બળવાન, શ્રીકૃષ્ણ સહિત આ પાંડુપુત્ર અર્જુન આપણા સૈન્યનો અગ્નિની પેઠે નાશ કરે છે અને કાળના પણ કાળ યમ જેવું આનું રૂપ દેખાય છે, તે પ્રમાણે તો આને કયારે પણ રણસંગ્રામમાં જીતવા કોઇ સમર્થ થઇ શકે એમ લાગતું નથી. આ મોટી સેના પણ પાછી વાળવા સમર્થ થવાય તેમ નથી. જુવો પરસ્પરનો નાશ જોઇ આ સેના દોડે છે. સૂર્ય પણ સર્વ લોકનાં નેત્રોને હરણ કરતો હોય નહીં, તેની પેઠે શ્રેષ્ઠ એવા અસ્તગિરિને પ્રાપ્ત થાય છે. હે પુરૂષર્ષભ ! આ વખતે થોડા વખત સુધી, પરસ્પર સંધિ કરવાનો વખત આવ્યો છે એમ હું માનું છું; કારણ થાકેલા, તથા બીનેલા, આપણા યોદ્ધાઓ હાલ કોઇ રીતે યુદ્ધ કરી શકશે નહીં, એ રીતે દ્રોણને કહી, મહારથી ભીષ્મે તમારી તરફનાઓનું યુદ્ધ બંધ કરાવ્યું. હે ભારત ! ત્યાર પછી તમારા તથા તેમનાં સર્વ સૈન્યનું યુદ્ધ સૂર્ય અસ્ત થયા પછી સંધ્યાકાળે બંધ પડયું

ततो वहार:सैन्यानां तवतेषां च भारत ।
अस्तं गच्छतिसूर्येऽभूत्संध्याकाले च वर्तति ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्वितीययुद्धादिवसावहारे गुर्जरभाषायां पंचपंचाशत्तमोऽध्याय: ॥ ५५ ॥

અધ્યાય ૫૬ મો. સામસામે રચાયેલા વ્યૂહ

**संजय उवाच--प्रभातायां च वर्शीर्या भीष्म: शांतनवस्तदा ।
अनीकान्यनुसंयाने व्यादिद्देशाथ भारत ॥ १ ॥**

સંજય કહે છે-હે ભારત ! વળી પ્રભાતનો પહોર થયો, ત્યારે શંતનુ પુત્ર ભીષ્મે સૈન્યોને પોતાની પાછળ આવવાની આજ્ઞા કરી. તમારા પુત્રના જયને ઈચ્છતા કૌરવોના

પિતામહ શંતનુ પુત્રે ગારૂડ નામનો મોટો વ્યૂહ રચ્યો. તેનું તમારા પિતા ભીષ્મ મુખ દ્રોણાચાર્ય તથા સાત્વકુળમાં ઉત્પન્ન થયેલા કૃતવર્મા બે નેત્ર; યશસ્વી એવા અશ્વત્થામા તથા કૃપાચાર્ય મસ્તક, ત્રિગર્ત, કેકય, વાટધાન, ભૂરિશ્રવા, શલ, શલ્ય, ભગદત્ત, મદ્રક, સિંધુ, સૌવીર, તથા જયદ્રથે સહિત પાંચ નંદરાજાઓ, તેમજ પોતાની પાછળ ચાલનાર રાજાઓ તેના ભાઈઓ સહિત દુર્યોધન રાજાઓ પૂચ્છ; માગધ, કલિંગ તથા કવચ પહેરેલા દાસેરકના ગણુ જમણી બાજુની પાંખ; કારૂષ, નિકુંજ, મુંડ, બૃહદ્બળ સહિત કુંડી, વૃષ રાજા ડાબી પાંખ થયા, તથા એવી રીતથી ગરૂડ વ્યૂહની રચના કરી ઉભેલા તે સૈન્યને જોઇ શત્રુને તપાવનાર ધૃષ્ટદ્યુમ્ન સહિત અર્જુને પણ સામે અતિ દારૂણ એવી અર્ધચંદ્રાકૃતિ વ્યૂહની રચના કરી. એના જમણા શૃંગનો આશ્રય કરી ભીમસેન ઉભા રહ્યા અને ઘણાક શસ્ત્ર સમુદાય સંપન્ન અનેક દેશના રાજાઓ સહિત વિરાટ તથા મહારથી દ્રુપદ, તેની પાછળ ઉભા રહ્યા. તેની પાછળ કાળા આયુધ સહિત નીલ રાજા અને તેની પાછળ મહા બળવાન ધૃષ્ટકેતુ ઉભો રહ્યો. ચેદિ, કાશી, કરૂષ, તથા પૌરવ રાજાથી વિંટાએલા ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, પંચાલ દેશના રાજાઓ, તથા પ્રભદ્રક એટલા રાજા યુદ્ધ વાસ્તે મોટા સૈન્યના મધ્ય ભાગમાં ઉભા રહ્યા. હાથીના સૈન્યથી વિંટાયેલા ધર્મરાજા પણ તેજ ઠેકાણે ઉભા હતા. હે રાજન્! તે પાછળ સાત્યકિ, તથા દ્રૌપદીના પાંચ પુત્રો, તે પાછળ શરવીર અભિમન્યુ, તે પછી ભીમસેનનો પુત્ર ઇરાવન, પછી મહારથી કેકય રાજાઓ, તેની પાછળ મનુષ્યમાં શ્રેષ્ઠ સર્વ જગતનું રક્ષણ કરનાર તથા જેનું રક્ષણ કરનાર જનાર્દન ભગવાન છે એવા અર્જુન, ડાબા શિંગડાનો આશ્રય કરી ઉભા રહ્યા. એ રીતે તમારા પુત્ર તથા તેમના પક્ષમાં આવેલા રાજાઓના નાશ વાસ્તે પાંડવોએ સામી વ્યૂહ રચના કરી, ત્યાર પછી પરસ્પર મારતા, તમારા તથા સામાવાળાઓનું હાથી, તથા રથની ગીરદીવાળું યુદ્ધ પ્રવર્તમાન થયું. હે વિશાંપતે! જેમાં પરસ્પર મારતા ઘોડા તથા રથના સમૂહો દરેક ઠેકાણે પડતા દેખાતા હતા. હે ભારત! તમારી તથા તેમની તરફના સંકુલ યુદ્ધમાં પરસ્પર હણુતા, તથા દોડતા રથોનો ને પરસ્પર મારતા શરવીરોનો દુંદભીના શબ્દ સાથે મળેલો સ્વર્ગમાં પહોંચતો મોટો ઘોંઘાટ થઇ રહ્યો.

बभूव तुमुलः शब्दो विमिश्रो दुंदुभिस्वनैः ।
दिवस्पृङ्नरवीराणां निघ्नतामितरेतरं ।
संप्रहारे सुतुमुले तव तेषां च भारत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि तृतीयेयुद्धादिवसेपरस्परव्यूहरचनायां गुर्जरभाषायां षट्पंचाशत्तमोऽध्यायः ॥ ५६ ॥

અધ્યાય ૫૭ મો. ઘનઘોર યુદ્ધ.

संजय उवाच—ततो व्यूढेष्वनीकेषु तावकेषु परेषु च ।
धनंजयो रथानीकमवधीत्तव भारत ॥ १ ॥

સંજય કહે છે–હે ભારત! એ રીતે તમારાં તથા વિરૂદ્ધ પક્ષનાં સૈન્યો વ્યૂહ રચના

કરી ઉભાં રહ્યા પછી અતિરથી અર્જુન તમારી તરફના રથના યૂથપતિને બાણુથી વિદારણુ કરતાં, રથસૈન્યને મારવા લાગ્યા. કાળ જેમ મારે તેમ તેણે મારવા માંડેલા તમારા પુત્રો મૃત્યુ થયેજ આયુધ મૂકવાં એવા નિશ્ચયે યશની ઇચ્છાએ યત્નથી પાંડવ સામે યુદ્ધ કરવા લાગ્યા. સાવધાન મનવાળા રણસંગ્રામમાં પાંડવની સેનાને તેઓ અનેક તરેહથી હણુતા અને મારતા હતા. તે સમયે તમારી તરફના તથા પાંડવ તરફના ઘવાયેલ અને નાસતા તથા પાછા આવતા યોદ્ધાઓએ કરી આ આપણા તથા આ પારકા છે એમ કંઇ પણ જણાતું ન હતું. પૃથ્વી પરથી એટલી તો રજ ઉડી હતી કે જેથી સૂર્ય ઢંકાઇ ગયો હતો. દિશા તથા વિદિશા પણ જાણુવામાં આવતી ન હતી, ધ્વજાદિ ચિન્હથી, સંકેતથી, તથા નામ અને ગોત્રના ઉચ્ચારણુથી એક બીજાને ઓળખી તે ઠેકાણે યુદ્ધ થતું હતું, જેમાં સત્ય પ્રતિજ્ઞાવાળા દ્રોણાચાર્યે રક્ષા કરેલો કૌરવનો વ્યૂહ કોઇ રીતે ભેદાયો નહી. તેમજ અર્જુન તથા ભીમસેને રક્ષા કરેલો મોટો પાંડવોનો વ્યૂહ પણ ભેદાયો નહીં. હે રાજન ! એક બીજામાં જોડાએલા છે હાથી તથા રથ જેમના એવાં તે બેઉ સેનાનાં મનુષ્યો સેનાના અગ્રભાગથી બહાર નીકળી યુદ્ધ કરતાં હતાં. તે મહા ભયંકર મોટા સંગ્રામમાં ઘોડેસ્વારો નિર્મળ તરવાર તથા ભાલાથી સામા ઘોડેસ્વારોને અને રથમાં બેસનાર સુવર્ણથી શોભતા બાણે કરી રથીને તથા હાથી ઉપર બેસનાર બાણુ તથા ભાલાથી હાથી ઉપર બેસનારાઓને મારતા હતા. કોઇ શૂરવીર કુદીને હસ્તી ઉપર બેસી શત્રુના કેશ પકડી તેનું મસ્તક કાપતો હતો, અને હસ્તિના દાંતના અગ્રભાગે કરી ભેદાયાં છે હૃદય જેમનાં એવા બીજા શૂરવીરો નિશ્વાસ મૂકતા રૂધિરનું વમન કરતા હતા. હસ્તિશિક્ષા તથા અસ્ત્ર જાણુનાર શૂરવીરે શક્તિએ કરી ભેદેલો હાથીના દાંત ઉપર બેઠેલો ચતુર કોઇ શૂરવીર કંપતો હતો. પરસ્પર અપરાધ કરેલા પાયદળ સમૂહ પ્રસન્ન થઈ ગોફણુ તથા ફરશીથી સામા પાયદળોને સંગ્રામમાં પાડતા હતા. હે રાજન ! કોઇ રથમાં બેસનાર શૂરવીર, હાથીના યૂથને પાળનાર યોદ્ધા સામે જઇ હસ્તિ સહિત તેને નીચે પાડતા હતા. હસ્તિ ઉપર બેસનાર રથીને કોઈ નીચે પાડતો હતો. હે ભરતર્ષભ ! ઘોડેસ્વાર ભાલાએ કરી રથમાં બેસનારને તેમજ રથમાં બેસનાર ઘોડેસ્વારને રણસંગ્રામમાં મારતા હતા. બેઉ સેનામાં તીક્ષ્ણુ શસ્ત્રે કરી રથી પાયદળને તથા પાયદળ રથીને મારતા હતા, હાથી ઉપર બેસનાર ઘોડેસ્વારોને ને ઘોડેસ્વારો હાથી ઉપર બેસનારાઓને પાડતા તે મોટું આશ્ચર્ય લાગતું હતું. હાથી ઉપર બેસનાર શ્રેષ્ઠ યોદ્ધાઓએ પાડેલાં પાયદળો તેમણે પાડેલા હસ્તિ ઉપર બેસનારાઓ બધે ઠેકાણે ભમતા જણાતા હતા. ઘોડેસ્વારોએ પાડેલા પાયદળો તથા પાયદળોએ પાડેલા ઘોડેસ્વારો હજારો હજાર દેખાતા હતા. કપાયા વગરની ધ્વજાઓ, ધનુષ, તોમર, પ્રાસ, ગદા, પરિઘ કંપન નામનું શસ્ત્ર, શક્તિ, વિચિત્ર પ્રકારનાં કવચ, કણુપ નામના ભાલા, અંકુશ, નિર્મળ તરવાર, સુવર્ણના પુંખવાળા બાણુ, વિચિત્ર પ્રકારના ધાબળા, નાના ધાબળા, અમૂલ્ય એવી રંકુ મૃગના રૂવાંની શાલોથી નાના પ્રકારનાં પુષ્પની માળાથી શોભે તેમ રણુભૂમિ શોભતી હતી, મનુષ્ય, અશ્વ તથા હસ્તિના શરીરે કરી માંસ તથા રૂધિરના ગારાવાળી પૃથ્વી જઇ શકાય નહીં એવી ભયંકર થઇ હતી. રૂધિરે ભીંજાએલી પૃથ્વીની રજ પણ શાંત થઈ હતી. હે જનેશ્વર ! સર્વ દિશાઓ પણ વિમળ દેખાતી હતી. હે ભારત ! જગતના નાશના ચિન્હરૂપ અનેક ધડ રણુક્ષેત્રમાં આમ તેમ તડફડિયાં મારતાં હતાં. દારૂણુ એવા તે મહા ભયંકર યુદ્ધમાં

ચારે તરફ દોડતા રથિયો દેખાતા હતા. સંગ્રામમાં કોઇથી સહન ન થાય એવા સિંહ સમાન પરાક્રમવાળા તમારી તરફના ભીષ્મ, દ્રોણ, સિંધુ દેશનો જયદ્રથ, પુરૂમિત્ર, જય. ભોજ, શલ્ય, તથા શકુનિ, એટલા વારંવાર પાંડવની સેનાનો નાશ કરતા હતા. ભીમસેન, રાક્ષસ ઘટોત્કચ, સાત્યકિ, ચેકિતાન, તથા પાંચ દ્રૌપદીના પુત્રો સર્વ રાજાઓ સહિત તમારા પુત્ર તથા તમારી તરફનાઓને, દેવતાઓ જેમ દૈત્યોને નસાડે તેમ નસાડતા હતા. એ રીતે સંગ્રામમાં પરસ્પર મારતા રૂધિરથી ખરડાએલા શ્રેષ્ઠ ક્ષત્રિયો ભયંકર રૂપવાળા દૈત્યો જેમ શોભે તેમ શોભતા હતા. બેઉ સેનામાં શૂરવીરો શત્રુને જીતી આકાશમાં ગ્રહ શોભે તેમ શોભતા હતા. તમારો પુત્ર દુર્યોધન હજારો રથ સહિત યુદ્ધમાં ભીમસેન તથા રાક્ષસ ઘટોત્કચ સામે ગયો. તેમજ શત્રુને દમન કરનાર પાંડવો મોટી સેના સહિત સાવધાન થઇ દ્રોણ તથા ભીષ્મની સામે ગયા. ક્રોધ પામેલો અર્જુન બીજા રાજાઓ સામે ગયો અને અભિમન્યુ તથા સાત્યકિ, શકુનિના સૈન્ય સામે ગયા. તે પછી સંગ્રામમાં એક બીજાને જીતવાને ઇચ્છતા તમારા તથા વિપક્ષવાળાઓનો રૂવાં ઉભાં કરે એવો સંગ્રામ ફરીથી પ્રવર્ત્તમાન થયો.

ततः प्रववृते भूयः संग्रामो लोमहर्षणः ।
तावकानां परेषां च समरे विजयैषिणाम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि तृतीयेयुद्धदिवसे संकुलयुद्धे गुर्जरभाषायां सप्तपंचाशत्तमोऽध्यायः ॥ ५७ ॥

અધ્યાય ૫૮ મો. સેળભેળ યુદ્ધ.

संजय उवाच–ततस्ते पार्थिवाः क्रुद्धाः फाल्गुनं वीक्ष्य संयुगे ।
रथैरनेकसाहस्रैः समंतात्पर्यवारयन् ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી કોપેલા તે રાજાઓએ સંગ્રામમાં અર્જુનને જોઇ, હજારો રથે કરી તેને ઘેરી લીધો. એ રીતે રથના સમુદાયથી ઘેરી હજારો બાણે કરી ચોતરફથી તેને વારી રાખી ક્રોધે ભરાયેલા તે રાજાઓએ નિર્મળ શકિત, તીક્ષ્ણ ગદાઓ, ભાલા, સાંગો, ફરશિયો, મોદ્દાલિઓ તથા મુસળ અર્જુન ઉપર નાખ્યાં. તીડના સમુદાયની પેઠે આવતી તે શસ્ત્રવૃષ્ટિ સુવર્ણથી શોભતા બાણે કરી અર્જુને ચારે તરફથી રોકી રાખી તે વખતે મનુષ્યથી ન બની શકે એવી અર્જુનની હસ્ત ચાલાકી જોઈ દેવ, દાનવ, પિશાચ, સર્પ તથા રાક્ષસો, 'સાધુ સાધુ' બોલવા લાગ્યા. મોટી સેનાએ વિંટાએલા સાત્યકિ, તથા અભિમન્યુ, શકુનિ સહિત ઉભેલા શૂરવીર કંધાર દેશના યોદ્ધાઓ સામે ગયા. ક્રોધે ભરાયેલા શકુનિના સૈન્યના યોદ્ધાઓએ સાત્યકિના રથના નાના પ્રકારના શસ્ત્રે કરી તલ તલ જેવડા કડકા કર્યા. તે વખતે ભયંકર સંગ્રામમાં શત્રુને તપાવનાર સાત્યકિ તે રથનો ત્યાગ કરી જલદી અભિમન્યુના રથમાં ચડી બેઠો. એક રથમાં બેઠેલા તે બેઉ, શકુનિની સેનાને ગ્રંથી વગરના બાણે કરી એકદમ મારવા લાગ્યા. રણસંગ્રામમાં સાવધાન દ્રોણ તથા ભીષ્મ ગૃધ્રના પીંછાંવાળા તીક્ષ્ણ બાણે કરી ધર્મરાજાની સેનાનો

નાશ કરવા લાગ્યા. ધર્મ પુત્ર યુધિષ્ઠિર તથા માદ્રી પુત્ર નકુળ અને સહદેવ, સર્વ સૈનિકોની સમક્ષ દ્રોણના સૈન્ય સામે દોડયા. તે વખતે ત્યાં પૂર્વે થયેલા દેવાસુર યુદ્ધ જેવું અત્યંત દારૂણ રૂવાં ઉભાં કરે એવું મહા ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. જેમાં મોટું કર્મ કરનાર ભીમસેન તથા ઘટોત્કચ્ચને દુર્યોધને આવી પાછા પાડયા. હે ભારત ! પોતાના પિતાને અતિક્રમણ કરી યુદ્ધ કરનાર હિડિંબાના પુત્ર ઘટોત્કચ્ચનું આશ્ચર્યરૂપ પરાક્રમ અમોએ જોયું. અત્યંત ક્રોધે ભરાયેલા ભીમસેને પોતાની પાસે આવતા દુર્યોધનને હસતા હોય નહીં તેમ બાણે કરી હૃદયમાં વિંધ્યો તેથી પીડા પામેલો દુર્યોધન રાજા રથ ઉપર મૂર્છા પામ્યો. સંજ્ઞા રહિત તેને જાણી સારથી જલદી તેના રથને સંગ્રામમાંથી બહાર લઇ ગયો. તે સમયે સૈન્યમાં ભંગાણ પડયું. ચોતરફથી નાસતી કૌરવની સેનાને તીક્ષ્ણ બાણે કરી મારતા ભીમસેન તેની પાછળ જવા લાગ્યા, ને પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થએલા, રથીમાં શ્રેષ્ટ ધૃષ્ટદ્યુમ્ન તથા ધર્મ પુત્ર યુધિષ્ઠિર, દ્રોણ તથા ભીષ્મ દેખતાં તેમના સૈન્યનો નાશ કરનાર તીક્ષ્ણ બાણે કરી તમારા સૈન્યને મારવા લાગ્યા તે વખતે નાસતા તમારા પુત્રના સૈન્યને મહારથી ભીષ્મ તથા દ્રોણ પણ વારવાને સમર્થ થયા નહિ કારણ કે મહાત્મા ભીષ્મે સૈન્યને વાર્યું તોપણ તે સૌ જોતાં નાસવાજ માંડયું. એવી રીતે તે ઠેકાણે હજારો રથ પાછા પડયા. ત્યારે એક રથમાં બેઠેલા અભિમન્યુ તથા સાત્યકિ, શકુનિની સેનાને ચોતરફથી મારવા લાગ્યા. તે વખતે બેઉ અમાવાસ્યાને દિવસે આકાશમાં રહેલા ચંદ્ર તથા સૂર્ય શોભે તેમ શોભવા લાગ્યા. હે વિશાંપતે ! ક્રોધ પામેલો અર્જુન તો ધારાથી વરસતા વરસાદની પેઠે તમારા સૈન્ય ઉપર બાણનો વરસાદ વરસાવવા લાગ્યો. જેના બાણે કરી હણાએલું, ખેદ તથા ભયથી કંપતું કૌરવનું સૈન્ય નાસવા લાગ્યું હતું તે વખતે નાસતા પોતાની તરફના યોદ્ધાઓને જોઇ દુર્યોધનનું હિત ઇચ્છનાર મહારથી ભીષ્મ તથા દ્રૌણ, તેમને વારવા લાગ્યા. હે વિશાંપતે! દુર્યોધન રાજા પણ ચોતરફથી નાસતા પોતાના સૈન્યની આશ્વાસના કરી તેને પાછું વાળવા લાગ્યો. તમારા પુત્રે જ્યાં જ્યાં જેને જેને જોયા તે તે મહારથી ક્ષત્રિયો પાછા વળી આવ્યા તેમને જોઈ બીજા પણ યોદ્ધાઓ પરસ્પર સ્પર્ધાથી તથા કેટલાક લજ્જાથી પાછા આવી ઉભા રહ્યા. હે વિશાંપતે ! પાછા આવતા તેમનો ચંદ્રોદય વખતે ભરાતા સમુદ્રના જેવો વેગ હતો. તેમને જોઇ દુર્યોધન રાજાએ શંતનુ પુત્ર ભીષ્મની પાસે જઇ તેમને આવી રીતે કહ્યું કે હે પિતામહ ! હે ભારત ! તમોને હું કહું તે સાંભળો. તમે અસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ પુત્ર તથા સંબંધી સહિત દ્રોણાચાર્ય તથા મોટા ધનુષવાળા કૃપાચાર્ય એટલા જીવતે આપણી સેના નાસે છે એ યોગ્ય નહીં, એમ હું માનું છું કારણ કે, હે પિતામહ ! પાંડવોને તમે, દ્રોણાચાર્ય, અશ્વત્થામા તથા કૃપાચાર્ય સરખા બળવાન હું ક્યારે પણ માનતો નથી અને તેમણે મારવા માંડેલી આપણી સેનાને જોઇ તમે જે રીતે ક્ષમા રાખો છો તેથી તો જરૂર પાંડવો ઉપર તમે દયા કરતા હો એમ જણાય છે માટે સંગ્રામની અગાઉજ તમારે મને કહેવું હતું કે, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ તથા પાંડવો સાથે યુદ્ધ નહિ કરૂં તો તમારૂં, દ્રોણાચાર્યનું તથા કૃપાચાર્યનું વચન સાંભળી તે વખતેજ મારા કર્ત્તવ્યનો કર્ણસહિત હું વિચાર કરત, પણ હવે આ વખતે સંગ્રામમાં તમારે મારો જો ત્યાગ ન કરવો હોય તો પુરૂષમાં શ્રેષ્ઠ તમે બેઉ તમારા પરાક્રમ પ્રમાણે યુદ્ધ કરો. તમારા પુત્રનાં આવાં વચન સાંભળી વારંવાર હાસ્ય

કરી ક્રોધથી નેત્ર ખેંચી ભીષ્મે તમારા પુત્રને કહ્યું કે–હે રાજન્! ઘણીવાર તારા હિતનાં સત્ય વચન મેં તને કહ્યાં છે. યુદ્ધમાં ઇંદ્ર સહિત દેવતાઓ પણ પાંડવોને જીતી શકે એમ નથી, પણ હે નૃપોત્તમ! વૃદ્ધ એવો હું હવે જે કરી શકીશ તે શક્તિ પ્રમાણે કરીશ. બાંધવ સહિત તું જો. હમણાં એકલો હું સર્વ લોક જુવે તેમ બંધુઓ તથા સૈન્ય સહિત પાંડવોને વારી રાખીશ. હે જનેશ્વર! ભીષ્મનાં આવાં વચન સાંભળી તમારો પુત્ર હર્ષથી શંખ તથા ભેરી નામનાં યુદ્ધવાદ્યને વગાડવા લાગ્યો. હે રાજન્! તે મોટા શબ્દને સાંભળી પાંડવોએ પણ શંખ, ભેરી, તથા મુરજ નામનાં રણવાદ્ય વગાડયાં.

पांडवाहिततो राजन् श्रुत्वा तं निनदं महत् ।
दध्मुः शंखांश्चभरींश्च मुरजांश्चाप्यनादयन् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि तृतीययुद्धदिवसे भीष्म-दुर्योधनसंवादे गुर्जरभाषायामष्टपंचाशत्तमोऽध्यायः ॥ ५८ ॥

અધ્યાય ૫૯ મો. ભીષ્મે વર્તાવેલો હાહાકાર.

धृतराष्ट्र उवाच—प्रतिज्ञाते ततस्तस्मिन् युद्धे भीष्मेण दारुणे ।
क्रोधितो मम पुत्रेण दुःखितेन विशेषतः ॥

ધૃતરાષ્ટ્ર! પૂછે છે–હે સંજય! મારા પુત્રે ક્રોધ પમાડવાથી વિશેષ દુઃખિત થયેલા ભીષ્મે પ્રતિજ્ઞા કર્યા પછી તે દારૂણ યુદ્ધમાં પાંડવોને શું કર્યું અને પાંચાલ દેશના રાજાઓએ ભીષ્મને શું કર્યું? તે તું મને કહે. સંજય કહે છે કે હે તાત! હે ધૃતરાષ્ટ્ર! ગયો છે દિવસનો પૂર્વ ભાગ જેમાં એવા ત્રીજે દિવસે પશ્ચિમ દિશાનો આશ્રય કરી સૂર્ય અસ્ત થયા પછી, જય પામેલા મહાત્મા પાંડવો પ્રસન્ન થયા, તેમને જોઈ મોટી સેના તથા તમારા પુત્રોએ ચોતરફથી રક્ષા કરેલા સર્વ ધર્મના રહસ્યને જાણનાર તમારા પિતા ભીષ્મ વેગવાન ઘોડા જોડેલા રથમાં બેસી પાંડવની સેના સામે ગયા. હે ભારત! તે વખતે તમારા અન્યાયથી ત્યાં આગળ રૂવાં ઉભાં કરે એવું મહા ઘોર યુદ્ધ પ્રવર્તમાન થયું. જેમાં શબ્દ કરતાં ધનુષોનો, તથા પ્રત્યંચાના વાગવાથી હણાતા મોજાઓનો ફાટતા પર્વતોના જેવો મોટો શબ્દ થતો હતો. 'ઉભો રહે, હું ઉભો છું, આને જાણ, નિવૃત્ત થા, ઉભો રહે, હું ઉભો છું, પ્રહાર કર,' એ રીતના શબ્દ ચોતરફથી સંભળાવા લાગ્યા. સુવર્ણના કવચ, મુગટ, તથા ધ્વજાઓનો, પર્વત ઉપર પડતી શિલાઓના જેવો શબ્દ થવા લાગ્યો. વળી યુદ્ધમાં શૂરવીર પુરૂષોના હજારો બાહુ તથા મસ્તકો પૃથ્વી ઉપર પડી ફરવા લાગ્યાં. હણાએલા મસ્તકવાળા, ધનુષ ખેંચી ઉભેલા હાથમાં આયુધ ગ્રહણ કરેલા કેટલાક શૂરવીરો આમતેમ ઉભેલા દેખાતા હતા. તે દારૂણ સંગ્રામમાં અશ્વ, મનુષ્ય, તથા હસ્તિયોના શરીર-માંથી ઉત્પન્ન થયેલી, હસ્તિના અંગરૂપ મોટા પથ્થર, તથા માંસ અને રૂધિરરૂપ ગારાવાળી, પરલોક રૂપ, સમુદ્રમાં જનારી ગૃધ્ર તથા શિયાળ વગેરેને હર્ષ આપનારી, તથા રૂધિર વહેનારી મોટા વેગવાળી નદી પ્રવર્તમાન થઇ. હે નૃપ! હે ભારત! તમારા પુત્ર તથા પાંડવોનું જેવું યુદ્ધ થયું તેવું યુદ્ધ અમે કદીપણ જોયું કિંવા કહિં સાંભળ્યું પણ નથી. વળી

જેમાં લીલા વર્ણવાળા પડેલા પર્વતના શિખરે કરી રૂંધાય તેમ પડેલા હસ્તિઓએ કરી રથમાર્ગ પણ રૂંધાઇ ગયા હતા. હે મારિષ ! પંથરાએલાં કવચ તથા વિચિત્ર પ્રકારની રણસંગ્રામમાં પહેરવાની ટોપીઓએ કરી, શરદ્ ઋતુમાં આકાશ શોભે તેમ રણક્ષેત્ર શોભતું હતું. કેટલાક બાણે કરી ભેદાવાથી આંતરડાં નિકલેલા, ગર્વિષ્ઠ, ભય વગરના શૂરવીરો શત્રુની સામે દોડતા હતા. રણસંગ્રામમાં પડેલા કેટલાક હે તાત ! હે ભાઈ ! હે મિત્ર ! હે બંધુ ! હે બરોબરીયા ! હે મારા મામા ! મારો ત્યાગ કરો માં, એ રીતે પોકારતા હતા. બીજા કેટલાક, 'તું મારી સામે આવ, શું કરવા બીએ છે, કયાં જાય છે, સંગ્રામમાં હું ઉભો છું. માટે ભય પામ મા,' એ રીતે પોકારતા હતા. તે મોટા સંગ્રામમાં નિરંતર મંડલાકાર જેવું ધનુષ રહે છે એવા શંતનુ પુત્ર ભીષ્મ, પ્રદીપ્ત અગ્રભાગ વાળા સર્પ જેવા કારી બાણ મૂકતા હતા. હે ભરતર્ષભ ! નિયમિત વ્રતવાળા તેમના બાણથી સર્વ દિશાઓ એક માર્ગવાળી થતી, તે વારંવાર બોલાવી પાંડવના રથિઓને મારતા હતા. વળી રથમાં નૃત્ય કરતા તે પોતાની હસ્ત લાઘવી દેખાડતા ફરતા ઉંબાડીઆની પેઠે જે તે ઠેકાણે દેખાતા હતા. એકલા તે શૂરવીરને સંજય સહિત પાંડવો, તેમની ચાલાકીને લીધે હજારો સરખા દેખતા હતા. હે પ્રભો ! તે સંગ્રામમાં ભીષ્મને મનુષ્યો માયાવી સરખા માનતા હતા, કારણ, ક્ષણમાં પૂર્વ દિશામાં, ક્ષણમાં પશ્ચિમમાં, ક્ષણમાં ઉત્તરમાં તથા ક્ષણમાં દક્ષિણ દિશામાં, તે જતા હતા. તે વખતે પાંડવોના યોદ્ધાઓમાંથી કોઇ પણ તેમની સામું જોઇ શકતો ન હતો. ભીષ્મના ધનુષમાંથી નીકળેલા ઘણા બાણ દેખાતા હતા. સંગ્રામમાં મોટું કર્મ કરતા તથા સેનાને નાશ કરતા ભીષ્મને જોઇ, મનુષ્યો અનેક તરફથી આક્રોશ કરતાં હતાં. અત્યંત વૃદ્ધિ પામેલા ગ્રીષ્મ ઋતુના અગ્નિમાં તીડ નામના જંતુઓ જેમ પોતાના નાશ માટે જઇ પડે તેમ સંગ્રામમાં અમાનુષરૂપે વિચરતા તમારા પિતા ભીષ્મ સામે દૈવે પ્રેરણા કરેલા હજારો રાજાઓ પોતાના નાશ વાસ્તે જતા હતા. સંગ્રામમાં મનુષ્ય, હસ્તિ તથા અશ્વ ઘણા હોવાથી ચાલાકીથી યુદ્ધ કરનાર ભીષ્મનો કોઇ પણ બાણ ફોકટ જતો ન હતો. વળી તમારા પિતા એક બાણે કરી વજ્રે કરી જેમ ઇંદ્રે પર્વતને ભેદે તેમ કંટક યુક્ત ઝુલવાળા હસ્તિને ભેદતા હતા. કવચ પેરી હસ્તિ ઉપર એકઠા મળી બેઠેલા બે ત્રણ માવતને પણ સારી રીતે મૂકેલા એક બાણે કરી હણતા હતા. જે કોઇ શૂરવીર મનુષ્યમાં સિંહરૂપ ભીષ્મ સામે આવતો તે બે ઘડી પછી પૃથ્વી ઉપર પડેલો જણાતો હતો. એ રીતે અતુળ પરાક્રમવાળા ભીષ્મે, બાણના વરસાદથી તપાવેલી તથા હણવા માંડેલી ધર્મરાજની મોટી સેના, વાસુદેવ ભગવાન, અર્જુન તથા શિખંડી સંમુખ કંપાયમાન થઇ અનેક તરેહથી વિખરાવા લાગી. તે વખતે ભીષ્મના બાણથી પીડિત થઇ નાસતા મહારથિઓને યત્ન કરતાં પણ તે શૂરવીરો વારી રાખવાને સમર્થ થયા નહિ. હે મહારાજ ! ઇંદ્ર જેવા પરાક્રમવાળા તેમણે હણેલી તે મોટી સેના ચોતરફથી એક એક થઇ નાસવા લાગી. વિંધાયાં છે મનુષ્ય, હસ્તિ તથા અશ્વ જેમાં એવું પડી ગએલ ધ્વજા તથા કૂબડાવાળું ચેતન રહિત પાંડવ સૈન્ય હાહાકાર કરવા લાગ્યું. જેમાં પિતા પુત્રને, પુત્ર પિતાને, તથા મિત્ર મિત્રને મારતા હતા. હે ભારત ! બીજા કેટલાક પાંડવના સૈનિકો કવચ છોડી દઇ છુટા કેશ મૂકી દોડતા દેખાતા હતા. તે સમયે મુઝાએલા છે રથના યૂથપતિઓ જેમાં એવું પાંડવ સૈન્ય, ભડકેલા ગાયના ધણની પેઠે પીડિત સ્વર કરતું ભાગવા

લાગ્યું, તેને જોઇ યાદવ પુત્ર શ્રીકૃષ્ણ ઉત્તમ રથ ઉભો રાખી અર્જુનને કહેવા લાગ્યા કે–હે પુરૂષમાં સિંહરૂપ શૂરવીર ! પૂર્વે રાજાઓના સમાગમ વખતે તેં કહ્યું હતું કે, ભીષ્મ તથા દ્રોણ છે મુખ્ય જેમાં એવા દુર્યોધનના સર્વ સૈનિકો તેમજ પરિવાર સહિત બીજા જે કોઇ મારી સામે યુદ્ધ કરવા આવશે તેમને હું મારી નાંખીશ, એ તારો ઇચ્છિત કાળ હાલ પ્રાપ્ત થયો છે, માટે તું મોહથી નહિ મુઝાતાં, તારાં વચન સત્ય કરી સર્વને માર, અને મોઢું ફાડી ઉભેલા કાળ સરખા ભીષ્મને જોઇ, યુધિષ્ઠિરના સૈન્યમાંથી ભાગતા રાજાઓને વાર. ભયથી પીડાયેલા સિંહને જોઇ ક્ષુદ્ર મૃગો જેમ નાસે તેમ સૌ નાસે છે. એવાં વાસુદેવ ભગવાનનાં વચન સાંભળી અર્જુને કહ્યુ કે, ઘોડાને હાંકી સૈન્યરૂપ સમુદ્રમાં જ્યાં ભીષ્મ છે ત્યાં મારા રથને લઇ જાઓ, ત્યાં જઇ કોઇથી સહન થાય નહીં એવા કુરૂકુળના પિતામહને હું શાંત પાડીશ. સંજય કહે છે કે, હે રાજન્ ! એવાં અર્જુનનાં વચન સાંભળી, માધવ ભગવાને સૂર્યની પેઠે દુઃખે કરી જેની સામું જોવાય નહીં એવા ભીષ્મ જ્યાં હતા ત્યાં શ્વેત ઘોડાઓને હાંક્યા. તે વખતે સંગ્રામમાં ભીષ્મ સામે તૈયાર થઇ આવતા મહાબાહુ અર્જુનને જોઇ યુધિષ્ઠિરનું મોટું સૈન્ય પાછું ફર્યું. હે કુરૂશ્રેષ્ઠ ! તેટલામાં વારંવાર સિંહનાદ કરી ભીષ્મે અર્જુનના રથ ઉપર બાણનો વરસાદ વરસાવવા માંડયો, જેથી ઘોડા તથા સારથી સહિત અર્જુનનો રથ ક્ષણ માત્રમાં ઢંકાઇ દેખાતો બંધ થયો. બળવાન ઉતાવળ વગરના વાસુદેવ ભગવાને ધૈર્ય રાખી, ભીષ્મના બાણે કરી વ્યાપ્ત એવા ઘોડાઓને પકડી રાખ્યા. તે સમે મેઘ જેવા શબ્દવાળું દિવ્ય ધનુષ ગ્રહણ કરી અર્જુને ત્રણ બાણથી ભીષ્મનું ધનુષ કાપી નાખ્યું. કપાએલા ધનુષવાળા તમારા પિતાએ નિમિષ માત્રમાં બીજું મોટું ધનુષ લઇ તેને સજ્જ કરી મેઘ જેવા શબ્દવાળા તેને બે હાથથી ખેંચ્યું. કોપેલા અર્જુને તે ધનુષ પણ એમનું એમ કાપી નાખ્યું. તે વખતે શંતનુ પુત્ર ભીષ્મ અર્જુનની હસ્તલાઘવીને વખાણતાં તેને કહેવા લાગ્યા કે, હે મહાબાહો ! હે પાંડુનંદન ! હે પાર્થ ! ‘ બહુ સારૂં, બહુ સારૂં, ’ હે ધનંજય ! એ મોટું કર્મ તારે વિષેજ યોગ્ય છે. હે પુત્ર ! જો જોઈ તારી ઉપર હું પ્રસન્ન થયો છું, મારી સાથે યુદ્ધ કર. એ રીતે અર્જુનની પ્રશંસા કરી બીજું મોટું ધનુષ લઇ તેમણે સંગ્રામમાં અર્જુનના રથ ઉપર બાણ નાખ્યાં, ઘોડા હાકવામાં મોટું બળ દેખાડતા વાસુદેવ ભગવાને મંડલાકારે રથને ફેરવી તેમના બાણને અટકાવ્યા. હે ભારત ! તે વખતે ભીષ્મે તીક્ષ્ણ બાણે કરી વાસુદેવ તથા અર્જુનને સર્વ અંગે વિંધી નાંખ્યા. ભીષ્મના બાણથી વિંધાએલા શરીરવાળા મનુષ્યમાં સિંહરૂપ તે બેઉ શિંગડાંથી ક્ષત થયેલ શરીરવાળા અત્યંત વેગવાળા બે સાંઢ શોભે તેમ શોભતા હતા. વળી અત્યંત ક્રોધે ભરાયેલા ભીષ્મે હજારો બાણે કરી શ્રીકૃષ્ણ તથા અર્જુનની દિશાઓ ઢાંકી હાસ્ય કરી શબ્દ કરતાં તીક્ષ્ણ બાણે કરી શ્રીકૃષ્ણને વારંવાર પીડા પમાડી કંપાવ્યા. તે વખતે મહાબાહુ શ્રીકૃષ્ણે ભીષ્મનું પરાક્રમ તથા અર્જુનની યુદ્ધમાં કોમળતા જોઇ તપતા સૂર્યની પેઠે બેઉ સેનાના મધ્યમાં ઉભા રહી વારંવાર બાણનો વરસાદ કરતા પાંડુ પુત્રના શ્રેષ્ઠ સૈનિકોને મારતા અને યુધિષ્ઠિરના સૈન્યનો પ્રલયની પેઠે નાશ કરતા ભીષ્મને ન સહન કરી શકતા સામા શૂરવીરને હણનાર મહા બળવાન્ તેમણે વિચાર કર્યો કે, આ ભીષ્મ સંગ્રામમાં એક દિવસે દેવ તથા દૈત્યોનો નાશ કરે એવા છે, ત્યારે સૈન્ય તથા પાછળ ચાલનારાઓ સહિત પાંડવોનો નાશ કરે એમાં શું આશ્ચર્ય ! જો કે મહાત્મા યુધિષ્ઠિરનું મોટું

સૈન્ય નાસે છે તેથી કૌરવો નાસતા સોમકને જોઇ ભીષ્મને હર્ષ પમાડતાં રણસંગ્રામમાં ચઢી આવે છે, હુંજ કવચ પહેરી પાંડવો માટે આજ ભીષ્મને મારી મહાત્મા પાંડવનો ભય મટાડું; કારણ કે, તીક્ષ્ણ બાણે કરી સંગ્રામમાં તેઓ અત્યારે માર ખાય છે, તોપણ ભીષ્મના ગૌરવથી અર્જુન પોતાના કર્ત્તવ્યને જરાય સમજતો નથી, શ્રીકૃષ્ણ આમ વિચાર કરે છે ત્યાં ફરીથી ભીષ્મે અર્જુનના રથ ઉપર બાણ ફેંક્યાં, જેથી સર્વ દિશાઓ, આકાશ, પૃથ્વી, તથા સૂર્ય ઢંકાઇ ગયો. ભયંકર વાયુ વાવા લાગ્યો, ધૂમાડાયુક્ત સર્વ દિશાઓ ક્ષોભ પામી, દ્રોણ, વિકર્ણ, જયદ્રથ, ભૂરિશ્રવા, કૃતવર્મા, કૃપાચાર્ય, શ્રુતાયુ, અંબષ્ટદેશનો રાજા, વિંદ અનુવિંદ, સુદક્ષિણ, પ્રાચ્ય અને સૌવીર ગણ, વસાતિઓ, ક્ષુદ્રક તથા માળવ દેશના રાજા, શંતનુ પુત્ર ભીષ્મની આજ્ઞાથી અર્જુન સામે દોડયા. તે વખતે ઘોડા, પાયદલ, રથના સમૂહ તથા મોટા હસ્તિઓએ કરી વિંટાએલા અર્જુનને સાત્યકિએ જોયો. એ રીતે ચોતરફથી પાયદળ, હાથી તથા અશ્વથી વિંટાએલા શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ સંમુખ આવતા અર્જુન તથા વાસુદેવને જોઇ શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ વરત તેમની સામે આવ્યો. મોટા ધનુષવાળો તે સૈન્યમાં આવી, વિષ્ણુ જેમ ઇંદ્રને સહાયતા કરે તેમ તેમને સહાયતા કરવા લાગ્યો. વિખરાએલ હસ્તિ, અશ્વ, રથ, તથા ધ્વજાના સમુદાયવાળા ભીષ્મે ત્રાસ પમાડેલ છે સર્વ યોદ્ધાઓ જેમાં એવા નાસતા યુધિષ્ઠિરના સૈન્યને જોઇ, તેણે કહ્યું કે–હે ક્ષત્રિ-યોત્તમ ! ક્યાં જાઓ છો ? પ્રાચીન પુરૂષોએ આ ધર્મ સત્પુરૂષનો કહ્યો નથી, માટે હે શૂરવીરો ! પોતાની પ્રતિજ્ઞા ન મૂકતાં પોતાના વીરધર્મને પાળો. ચોતરફ નાસતા મુખ્ય રાજાઓને અર્જુનની યુદ્ધમાં મૃદુતા તથા સંગ્રામમાં વૃદ્ધિ પામેલા પ્રયત્નવાળા ભીષ્મને જોઇ તેમને સહન ન કરી શકતા સર્વ યાદવના પતિ મહાત્મા શ્રીકૃષ્ણ આવતા સમગ્ર કૌરવોને જોઈ, સાત્યકિને તેમની પ્રશંસા કરતાં કહેવા લાગ્યા કે–હે સાત્યકિ ! જાય તેને જવા દો, બાકી રહેલા છે તે પણ ભલે જાય. આ વખતે રથમાંથી મેં પાડેલા ભીષ્મને તથા ગણ સહિત દ્રોણાચાર્યને જો. હે સાત્વત ! મારી આગળ કૌરવોનો રથી કોઇ પણ બાકી રહેશે નહીં, માટે હું ઉગ્ર ચક્ર ગ્રહણ કરી, મોટા વ્રતવાળા ભીષ્મના પ્રાણ હરણ કરીશ. એ રીતે ભીષ્મ તથા ગણ સહિત દ્રોણને રણસંગ્રામમાં મારી અર્જુન, યુધિષ્ઠિર, ભીમ, નકુળ તથા સહદેવને રાજી કરીશ, ધૃતરાષ્ટ્રના પુત્ર તથા તેના પક્ષમાં આવેલા મુખ્ય રાજાઓને મારી, યુધિષ્ઠિર રાજાને રાજ્ય અપાવી હું પ્રસન્ન થઇશ. એમ કહી વાસુદેવના પુત્ર ભગવાન કૃષ્ણ સૂર્ય જેવી કાંતિવાળા, વજ્ર સરખા પ્રભાવવાળા, સજાયા સરખી ધાર-વાળા સુનાભ ચક્રને હાથથી ઉગામી રથથી નીચે ઉતરી ઘોડા મૂકી પગે ચાલી પૃથ્વીને કંપાવતા વેગે કરી સંગ્રામમાં અત્યંત વધેલા મદવાળા શ્રેષ્ઠ હાથીને મારવા સિંહ દોડે તેમ ભીષ્મની સામે દોડયા. તે વખતે આકાશમાં વિજળીયુક્ત મેઘ શોભે તેમ પીતાંબર વસ્ત્ર ધરેલા ભગવાન શોભવા લાગ્યા. ભગવાનના રૂડા હાથરૂપ મોટા નાળવાળું, તેમના કોપના ઉદયરૂપ સૂર્યથી ઉઘડેલું, સજાયાના અગ્રભાગ જેવી તીક્ષ્ણ ધારરૂપ સારાં પાંદડાં-વાળું, તેમના દેહરૂપ મોટા તળાવમાં ઉગેલું એવું ભગવાનના ચક્રરૂપ કમળ, નારાયણની નાભીથી ઉત્પન્ન થયેલું, ઉગતા સૂર્ય જેવા રક્ત વર્ણવાળું આદિકમળ શોભે તેમ શોભતું હતું, જે ગ્રહણ કરી દોડતા તથા મોટેથી શબ્દ કરતા ક્રોધ પામેલા ભગવાનને જોઈ, કૌર-વનો ક્ષયજ જાણે આવ્યો હોય નહીં એમ વિચારી, સર્વ પ્રાણી અત્યંત પોકારવા લાગ્યાં.

ચક્ર સહિત લોકના ગુરૂ વાસુદેવ સર્વ લોકને નાશ પમાડવાની પેઠે ભીષ્મની સામે દોડયા, તે વખતે પ્રાણીને બાળનાર અગ્નિની પેઠે શોભતા હતા. તે વખતે હાથમાં ચક્ર લઈ આવતા દેવને જોઇ સંભ્રમ રહિત, નથી મૂઢ ચિત્ત જેનું એવા શંતનુ પુત્ર ભીષ્મ, ગાંડીવ જેવા શબ્દવાળા પોતાના મોટા ધનુષને બે હાથથી ખેંચી, અનંત પરાક્રમવાળા ગોવિંદ ભગવાનને સંગ્રામમાં આવી રીતે કહેવા લાગ્યા.

હે દેવેશ! હે જગન્નિવાસ! હે માધવ! હે ચક્રપણે! હે લોકનાથ હે સર્વ શરણ્ય! આવો હું તમને નમસ્કાર કરૂં છું. સંગ્રામમાં બળાત્કારે કરી રથમાંથી મને પાડો. હે અંધકવૃષ્ણિનાથ! હે કૃષ્ણ! તમે સંગ્રામમાં મને મારશો તેથી આ લોક તથા પરલોકમાં મારૂં કલ્યાણજ છે. હે વીર! તમારા આવવાથી ત્રિલોકમાં હું પ્રતિષ્ઠિત થઇશ. તે સમે વિસ્તીર્ણ તથા સ્થૂળ બાહુવાળા અર્જુને રથમાંથી નીચે ઉતરી, ભગવાનની પાછળ દોડી, તેમના સ્થૂળ તથા ઉત્તમ લાંબા બાહુ ઝાલ્યા. એ રીતે અર્જુને ઝાલેલા અત્યંત ક્રોધ સહિત આદિ દેવ, યોગી એવા વિષ્ણુ ભગવાન, મોટો વાયુ જેમ એક વૃક્ષને આકર્ષણ કરે તેમ અર્જુનને વેગથી ગ્રહણ કરી, ભીષ્મની પાસે જવા લાગ્યા. અર્જુને ચરણારવિંદ ઝાલી દશમે પગલે બળ કરી ઝાલી રાખ્યા. પછી સુવર્ણની વિચિત્ર પ્રકારની માળાવાલા અર્જુન, શ્રીકૃષ્ણને પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે કેશવ! ક્રોધ શમાવો, તમે પાંડવની ગતિરૂપ છો. હે ઇંદ્રાનુજ! મેં પ્રતિજ્ઞા કરેલ કર્મ હું કરીશ, ચૂકીશ નહિ. મારા પુત્ર તથા ભાઇઓના સોગન ખાઇ હું કહું છું કે, તમે પ્રેરણા કરેલો હું કૌરવનો નાશ કરીશ, એ રીતે તેના સમ તથા પ્રતિજ્ઞા સાંભળી પ્રસન્ન થએલા અર્જુનનું પ્રિય કરનાર શ્રીકૃષ્ણ ચક્ર સહિત પાછા રથમાં બેઠા. શત્રુનો નાશ કરનાર ભગવાને ફરીથી ઘોડાની રાશ ઝાલી. શંખ લઇ તેના શબ્દે કરી દિશાઓને પૂરી દીધી. કંઠાભરણ, બાજુબંધ તથા કુંડળ ધરનાર રજે કરી વ્યાપ્ત સુંદર કમળ જેવા નેત્રવાળા, સ્વચ્છ દાંતવાળા, શંખયુક્ત ભગવાનને જોઇ કૌરવો પોકારવા લાગ્યા. ત્યાર પછી કૌરવના સર્વ સૈન્યમાં મૃદંગ, ભેરી, પણવ, દુંદભી તથા રથના પાટાના ઉગ્ર શબ્દો સિંહનાદની માફક થવા લાગ્યા. અર્જુનના ગાંડીવ ધનુષનો મોટો શબ્દ થયો, જે આકાશ તથા દિશાઓમાં ફેલાઈ ગયો અને ધનુષમાંથી નિકળેલા નિર્મળ બાણ સર્વ દિશાઓમાં વ્યાપ્ત થઈ ગયા. કૌરવનો અધિપતિ દુર્યોધન હાથમાં બાણ લઇ, ભીષ્મ તથા ભૂરિશ્રવા સહિત વેગથી સુકા ઘાસને બાળવાને ઇચ્છતા અગ્નિની પેઠે સામે આવ્યો. અર્જુન ઉપર ભૂરિશ્રવાએ સુવર્ણના પુંખવાળા ભલ્લાકૃતિ સાત બાણ, દુર્યોધને ઉગ્ર વેગવાળું ભાલું, શલ્યે ગદા તથા ભીષ્મે શક્તિ નાખી. શૂરવીર અર્જુને પણ સાત બાણે કરી ભૂરિશ્રવાના સાત બાણને તીક્ષ્ણ એવા ક્ષુર નામના એક બાણે કરી, દુર્યોધને મૂકેલા ભાલાને, એક બાણે, ભીષ્મે મૂકેલી શક્તિને તથા બીજા બાણે શલ્યે મૂકેલી ગદાને ઉડાડી દીધી. બે હાથે કરી ઘણા બળવાળું વિચિત્ર પ્રકારનું ગાંડીવ ધનુષ ખેંચી, વિધિએ કરી અત્યંત ભયંકર, આશ્ચર્યરૂપ માહેન્દ્ર નામનું અસ્ત્ર આકાશમાં પ્રગટ કર્યું, જે અસ્ત્ર તથા નિર્મળ અગ્નિ સમ વર્ણવાળા બાણના સમુદાય સર્વ સૈન્યને વારી રથ, ધ્વજાના અગ્રભાગ, ધનુષ તથા બાહુને કાપી, શત્રુના હસ્તિ તથા ઘોડાઓના શરીરમાં વાગ્યા. વળી તે સારી ધારવાળા બાણે કરી દિશાઓ તથા વિદિશાઓને ઢાંકી ગાંડીવના શબ્દે કરી શત્રુના મનને વ્યથા પમાડવા લાગ્યા. અત્યંત ભયંકર સંગ્રામમાં

ગાંડીવના શબ્દે કરી શંખ, દુંદુભિ, ઘોડા તથા રથના ઉગ્ર શબ્દો સંભળાતા હતા. વિરાટ છે મુખ્ય જેમાં એવા ઘણા બળવાળા શૂરવીરો તથા પાંચાલ દેશનો દ્રુપદ રાજા પણ તે ઠેકાણે આવ્યા. એ રીતે જ્યાં જ્યાં ગાંડીવનો શબ્દ સંભળાતો હતો ત્યાં ત્યાં તમારાં સર્વ સૈન્ય તેને નમી જતાં હતાં. તેમાંથી કોઇ તેને પ્રતિકૂળ થઇ તેની સામો જઇ શકતો ન હતો. હે નૃપ! અત્યંત ભયંકર સંગ્રામમાં રથ, અશ્વ તથા સારથિ સહિત કેટલાક શૂરવીરો હણાયા, અને મોટી છે પતાકા જેની એવા સુવર્ણના તંગથી શોભતા, અર્જુને ભેદેલ છે બખતર તથા શરીર જેનાં એવા હસ્તિઓ પ્રાણ રહિત થઇ તત્કાળ ભૂમિ પર પડતા હતા. તીક્ષ્ણ અગ્રવાળા નિર્મળ ઉગ્ર વેગવાળા ભલ્લાકૃતિ બાણે કરી અર્જુને હણેલા તેથા ભાગેલ છે યંત્ર તથા ખીલા જેના એવા રથ તથા ધ્વજ અને શ્રેષ્ઠ ઐદ્રાસ્ત્રે કરી ભેદાયાં છે કવચ તથા દેહ જેના એવા પાયદળના સમૂહ ઘોડા તથા હસ્તિઓ, પ્રાણ રહિત થઇ પૃથ્વી ઉપર પડતા હતા. આ મહા સંગ્રામમાં તીક્ષ્ણ બાણના સમુદાયથી અર્જુને મારેલા હસ્તિ આદિના રૂધિરથી લાલ પાણીવાળી, મનુષ્યના મેદરૂપ ફીણવાળી, મરણ પામેલા હસ્તિ તથા અશ્વના શરીરરૂપ કાંઠાવાળી, રાજાઓની મજ્જા તથા માંસરૂપ ગારાવાળી, ઘણાક રાક્ષસ તથા ભૂતે સેવેલી, મસ્તક તથા કપાળને વિષે વ્યાપ્ત કેશરૂપ લીલા ઘાસ યુક્ત સ્થળવાળી, હજારો હજાર શરીરોને વહેનારી વિખરાયેલ નાના પ્રકારનાં કવચરૂપ લહેરથી સંકુળ, મનુષ્ય ઘોડા તથા હાથીના ભાગેલા અસ્થિરૂપ કાંકરાવાળી, કૂતરાં, કંક, શિયાળિયાં, વરૂ, ગરજ, કાગડા, તરસ, વગેરે માંસ ભક્ષી પ્રાણીઓએ સેવેલા કાંઠાવાળી વૈતરણી જેવી મોટી નદીને મનુષ્યો દેખતાં હતાં. એ રીતે બાણના સમુદાયથી અર્જુને પ્રવર્તાવેલી મેદ, વસા તથા રૂધીરને વહેનારી અત્યંત ભયંકર નદીને તથા અર્જુને હણેલ છે શૂરવીર જેમાંથી એવી કૌરવની સેનાને જોઇ યુદ્ધ કરવામાં શૂરવીર પુરૂષમાં શ્રેષ્ઠ ચેદી, પાંચાળ, કરૂષ, મત્સ્ય તથા એકઠા મળેલા સર્વ પાંડવો, કૌરવના શૂરવીર યોદ્ધાઓને ત્રાસ પમાડતાં શબ્દ કરવા લાગ્યા. અત્યંત હર્ષ યુક્ત થએલા અર્જુન તથા શ્રીકૃષ્ણ પણ સિંહ જેમ મૃગના યૂથને ત્રાસ પમાડે તેમ તેમની સેનાને ત્રાસ પમાડી મોટેથી શબ્દ કરવા લાગ્યા. અત્યંત શસ્ત્રે કરી ક્ષત થયાં છે અંગ જેમનાં એવા ભીષ્મ, દ્રોણ, દુર્યોધન, તથા બાહ્લિક સહિત કૌરવો સંકોચ પામ્યા. કિરણોવાળા સૂર્યને તથા તેથી લાલ થયેલી સંધ્યાને જોઇ રાત્રિ નજીક આવી જાણી યુદ્ધથી પાછા ફર્યા. અર્જુન પણ કીર્તિ તથા યશને પામી, શત્રુને જીતી પાછા વળી તે દિવસનું યુદ્ધ પૂરૂ કરી ભાઇઓ તથા રાજાઓ સહિત પોતાના તંબુ ઉપર ગયા તે વખતે કૌરવની સેનામાં મહા ભયંકર મોટો શબ્દ થવા લાગ્યો, જે અર્જુને સંગ્રામમાં દશ હજાર રથિઓ, સાતસો હાથી પ્રાચ્ય, સૌવીર ગણ, ક્ષુદ્રક, તથા માળવ દેશના સર્વ રાજાઓને પાડ્યા. એ રીતે તેણે મોટું કર્મ કર્યું, જે કરવા બીજો કોઇ પણ યોગ્ય નથી. શ્રુતાયુ અંબષ્ટપતિ રાજા, દુર્મર્ષણ, ચિત્રસેન, દ્રોણ, કૃપ, સિંધુ દેશનો રાજા, બાહ્લિક, ભૂરિશ્રવા, શલ્ય શળ, અને ભીષ્મ સહિત એકઠા મળેલા બીજા પણ સેંકડો યોદ્ધાઓને લોકમાં મહારથિ એવા ક્રોધે ભરાયેલા તેણે પોતાના બાહુબળે કરી જીતી લીધા. હે ભારત! તમારા સર્વ ગણ એ રીતે બોલતા પોતપોતાના તંબુમાં ગયા. અત્યંત પ્રદીપ્ત હજારો ઉંબાડીઆં તથા શોભતી મશાલોએ કરી અર્જુને ત્રાસ પમાડેલ છે સર્વ યોદ્ધાઓ જેનાં એવી કૌરવની સેના પોતાને ઠેકાણે ગઇ.

उल्का सहस्त्रैश्च सुसंप्रदीप्तैः विभ्राजमानैश्च तथा प्रदीपैः ।
किरीटिवित्रासित सर्वयोधा चक्रे निवेशं ध्वजिनी कुरूणाम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि तृतीयदिवसावहारे गुर्जरभाषाया मेकोनषष्ठित्तमोऽध्यायः ॥ ५९ ॥

અધ્યાય ૬૦ મો. ભીષ્મ અર્જુન દ્વંદ્વ યુદ્ધ.

**संजय उवाच-व्युष्टां निशां भारत भारतानामनीकिनीनां प्रमुखे महात्मा ।
ययौ सपत्नान् प्रतिजात कोपो वृतः समग्रेण बलेन भीष्मः ॥१॥**

સંજય કહે છે—હે ભારત ! વળી સવારના પહોરમાં ઉત્પન્ન થયેલા ક્રોધવાળા, સર્વ સૈન્ય સહિત કૌરવની સેનાના અગ્રભાગમાં રહેલા મહાત્મા ભીષ્મ શત્રુની સામે ગયા. હે રાજન ! તે વખતે મહારથિ તેજવાળા તથા મોટાં પરાક્રમવાળા દ્રોણાચાર્ય, દુર્યોધન, બાહ્લિક દુર્મર્ષણ, ચિત્રસેન, મહા બળવાન જયદ્રથ તથા સૈન્ય સહિત બીજા પણ સર્વ રાજાઓ, ચોતરફથી તેની પાછળ ગયા. તેમણે કરી વિંટાએલા રાજા દેવતાએ વિંટાએલો ઇંદ્ર શોભે તેમ શોભતા હતા. સૈન્યના અગ્રભાગમાં મોટા હાથીના કાંધ ઉપરની હાલતી રાતી, પીળી કાળી તથા શ્વેત વર્ણવાળી મોટી પતાકાઓ અત્યંત શોભતી હતી, શંતનુ પુત્ર ભીષ્મે રક્ષા કરેલી કૌરવની સેના, મહારથી યોદ્ધાઓ, હસ્તિઓ તથા ઘોડાઓથી વિજળી સહિત મેઘ સમાન વર્ષાઋતુમાં વાદળાંથી આકાશ શોભે તેમ શોભતી હતી. યુદ્ધ કરવામાં ઉત્સાહવાળી મહા ઉગ્ર કૌરવની સેના, નદીનો ભયંકર વેગ ચાલે તેમ તત્કાળ અર્જુન સામે ચાલી. તે સમે નાના પ્રકારના બળવાળા મોટા હાથી, ઘોડા, પાયદળ તથા રથના સમુદાયરૂપ પક્ષવાળા મોટા મેઘ જેવા શત્રુના વ્યાળવ્યૂહને હનુમાન યુક્ત ધ્વજાવાળા, મહાત્મા અર્જુન દૂરથી જોઇ, પુરૂષમાં શ્રેષ્ઠ શૂરવીર સર્વ શત્રુના સૈન્યને મારવામાં ધૈર્યવાન મહાત્મા ધ્વજાયુક્ત શ્વેત ઘોડા જોડેલા રથના રક્ષણ વાસ્તે કરેલા લોહ તથા કાષ્ટના આવરણયુક્ત રથે કરી સૈન્યના અગ્રભાગે નિકળ્યા. ચક્રવાળા, માથે ઢાંકવાના આવરણથી શોભતા દંડવાળા યાદવ શ્રેષ્ઠ શ્રીકૃષ્ણે સંગ્રામમાં ચલાવેલા હનુમાનયુક્ત ધ્વજાવાળા રથને જોઇ તમારા પુત્ર સહિત કૌરવના યોદ્ધાઓ અતિ ખેદ કરવા લાગ્યા. લોકમાં મહારથી, ઉગામેલ આયુધવાળા, અર્જુને રક્ષા કરેલા તથા ચાર ચાર હજાર હાથી છે વિદિશાઓમાં જેને એવા પાંડવના મોટા વ્યૂહને તમારી તરફનાઓએ જોયો. જેવો પહેલે દહાડે કૌરવ શ્રેષ્ઠ ધર્મરાજાએ વ્યૂહ રચ્યો હતો, તેવો પૃથ્વીમાં કોઇ દિવસ રચાયો નથી, તેમજ પૂર્વે અમે દીઠો કે, સાંભળ્યો પણ નથી. ત્યાર પછી પંચાળ દેશના મુખ્ય રાજાઓ, મુખ્ય ચેદિઓ સહિત યુધિષ્ઠિરની આજ્ઞા પ્રમાણે આવી સામે ઉભા. તે વખતે હજારો ભેરી સંગ્રામમાં વાગવા લાગી. શંખ, તુરી તથા રથના શબ્દો સિંહનાદ સહિત સર્વ સૈન્યમાં થવા લાગ્યા. પછી શૂરવીરોએ ખેંચેલા બાણ તથા મોટા શબ્દ સહિત ધનુષે કરી તથા શંખના મોટા શબ્દે કરી ક્ષણ માત્રમાં ભેરી તથા પણવના શબ્દો થવા લાગ્યા. પૃથ્વીની ઉડેલી રજવાળા, માટેજ મોટા ચંદરવાથી ઢંકાઇ ગયેલ પ્રકાશવાળા આકાશને જોઇ, તમારી

તરફના શૂરવીરો તત્કાળ સામે આવ્યા. રથીએ હણેલો રથી, સારથી, અશ્વ, રથ તથા ધ્વજ સહિત પડતો હતો, હાથી ઉપર બેસનારે હણેલો હાથી ઉપર બેસનાર, તથા પાયદળે હણેલો પાયદળ, રણભૂમિમાં પડતો હતો. ઘોડેસ્વારોએ સાંગ્ય તથા ખડ્ગે કરી હણેલા અદ્ભુત દેખાવવાળા, ભયંકર ઘોડેસ્વારો અને ફરશી, સાંગ્ય તથા ખડ્ગે કરી ચીરેલાં તથા સુવર્ણથી શોભતાં તારા ગણુથી શોભતાં સૂર્ય જેવી કાંતિવાળાં કવચો પણ પૃથ્વી ઉપર પડતાં હતાં. કેટલાક હસ્તિઓએ દાંત તથા શ્રેષ્ઠ સુંઢે કરી હણેલા સારથિ સહિત રથીઓ ભૂમિપર પડતા હતા. ગભરાએલ છે હાથી, અશ્વ તથા રથ જેમાં એવા મોટા ક્ષયવાળા મુહૂર્તમાં હસ્તિ સમુદાયે ઉદ્ધતાઈથી મારેલા તથા દાંતે કરી પૂર્વ પશ્ચાદ્ભાગમાં હણેલા ઘોડેસ્વાર તથા તરૂણ પાયદળોનો પીડિત સ્વર સાંભળી મનુષ્યો ખેદ પામવા લાગ્યા, મહારથિઓએ વિંટાએલા, પાંચ હાથ ઉંચા તાલનું ચિન્હ છે ધ્વજામાં જેને એવા, અશ્વના વેગને લીધે આશ્ચર્યરૂપ પરાક્રમયુક્ત વાહનવાળા ભીષ્મ, હનુમાનયુક્ત ધ્વજાને જોઈ મોટા અસ્ત્ર તથા બાણે કરી વજ્ર જેવી કાંતિવાળા અર્જુન સામે દોડયા. ઇંદ્ર જેવા પ્રભાવવાળા ઇંદ્ર પુત્ર સામે દ્રોણુ, કૃપ, શલ્ય, વિવિંશતિ, દુર્યોધન, સોમદત્તનો પુત્ર વગેરે દોડયા. સર્વાસ્ત્ર જાણુનાર સુવર્ણનું વિચિત્ર તરેહનું કવચ પહેરેલો શૂરવીર અસહ્ય કર્મવાન અર્જુન પુત્ર અભિમન્યુ તે મહારથિઓના મોટા અસ્ત્રને હણી બધાની સામે આવી ઉભો. મંત્રે કરી હોમેલા દ્રવ્યથી ભગવાન અગ્નિ શોભે તેમ તે શોભતો હતો. મહા બળવાળા ભીષ્મે શત્રુના રૂધિરરૂપ પાણીની નદી વહેવરાવી અભિમન્યુને અતિક્રમણ કરી, મહારથી અર્જુન સામે જઈ, તેની ઉપર અસ્ત્ર નાખ્યાં. અર્જુને હાસ્ય કરી મોકલેલા અદ્ભુત પરાક્રમવાળા, શિલા ઉપર તીક્ષ્ણ કરેલા, ગાંડીવથી મૂકાએલા બાણોએ કરી તેમની મોટી અસ્ત્રકુશળતાનો નાશ કર્યો. સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ ભીષ્મ ઉપર હનુમાન્ છે ધ્વજામાં જેની એવા તેણે નિર્મળ એવા ભલ્લ બાણુનો વરસાદ કર્યો, તેને સૂર્ય જેમ અંધારાને હણે તેમ તેમણે હણ્યો. ધનુષના ભયંકર શબ્દવાળા સત્પુરૂષમાં શ્રેષ્ઠ ભીષ્મ તથા અર્જુનના ભયંકર દ્વંદ્વ યુદ્ધને સર્વ લોક તથા કુરૂ સૃંજય જોવા લાગ્યા.

एवं विधं कार्मुकभीमनादमदीनवत् सत्पुरुषोत्तमाभ्यां ।
ददर्श लोकः कुरुसृंजयाश्च तद्वैरथं भीष्मधनंजयाभ्यां ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मार्जुनद्वैरथे गुर्जरभाषायां षष्टितमोऽध्यायः ॥ ६० ॥

અધ્યાય ૬૧ મો. અર્જુને કરેલું યુદ્ધ.

संजय उवाच—द्रौणिर्भूरिश्रवाः शल्यीश्चित्रसेनश्च मारिषः ।
पुत्रः सांयमनेश्चैव सौभद्रं पर्यवारयन् ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર ! એટલામાં અશ્વત્થામા, ભૂરિશ્રવા, શલ્ય, શ્રેષ્ઠ ચિત્રસેન તથા શલના પુત્રે અભિમન્યુને ઘેરી લીધો. હસ્તિઓએ કરી વિંટાએલા સિંહના બચ્ચાની પેઠે અતિ તેજવાળા મનુષ્યમાં સિંહરૂપ પાંચ યોદ્ધાઓએ ઘેરેલા તે એકને મનુષ્યો

જોતા હતા. નિશાન વિંધવામાં, શૂરવીરપણામાં, પરાક્રમમાં, અસ્ત્રવિદ્યામાં તથા હસ્ત ચાલાકીમાં અભિમન્યુ જેવો બીજો કોઇ પણ વીર ન હતો, એવા શૂરવીર યુદ્ધમાં પરાક્રમ કરતા અત્યંત સાવધાન શત્રુને દમન કરનાર પોતાના પુત્રને જોઇ અર્જુને સિંહનાદ કર્યો. હે રાજેંદ્ર ! હે વિશાંપતે ! સૈન્યને પીડતા તમારા પૌત્ર અભિમન્યુને જોઇ તમારી તરફ-નાઓએ ચોતરફથી તેને ઘેરી લીધો, તેટલામાં દીન છે શત્રુ જેના એવો સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, તેજ તથા બળે કરી તમારા પુત્રની સામે આવી ઉભો. સંગ્રામમાં શત્રુ સાથે યુદ્ધ કરતા એવા તેનું શર માર્ગમાં રહેલું મોટું ધનુષ સૂર્ય સમાન દેખાતું હતું. વળી જેણે એક બાણે કરી અશ્વત્થામાને તથા પાંચે કરી શલ્યને વિંધી, આઠ બાણે કરી શલની ધ્વજા કાપી, ને સોમદત્ત પુત્રે મોકલેલી સુવર્ણના ડાંડાવાળી સર્પ જેવી શક્તિ પણ તીક્ષ્ણ બાણે કરી કાપી નાખી. સંગ્રામમાં મહા વેગવાન બાણ ફેંકતા અર્જુન પુત્રે સામા આવતા શલ્યના બાણનું નિવારણ કરી તેના ચાર ઘોડા માર્યા. ભૂરિશ્રવા, શલ્ય, અશ્વત્થામા તથા સંયમનનો પુત્ર, અત્યંત ઉગ્ર બનેલા સર્વ અભિમન્યુના બાહુબળ સામે જોતા ન હતા. હે રાજેંદ્ર ! ત્યાર પછી ધનુર્વેદ જાણનાર, મુખ્ય સંગ્રામમાં શત્રુએ જીતાય નહીં એવા ત્રિગર્ત, મદ્ર તથા કેકય, વગેરે પચ્ચીશ હજાર યોદ્ધાઓએ તમારા પુત્રની આજ્ઞાથી તમારા સૈન્યને મારતા પુત્ર સહિત અર્જુનને ઘેરી લીધો. શત્રુને દમન કરનાર હે રાજન્ ! એ રીતે ઘેરાયેલા મહારથી પિતા પુત્રને, હજારો હસ્તિઓના સમુદાય, અશ્વ તથા પાયદળોએ સહવર્તમાન સેનાપતિ પંચાળ દેશના રાજા ધૃષ્ટદ્યુમ્ને જોઇ ધનુષ સજ્જ કરી પોતાની સેનાને ચાલતી કરી. મદ્રકના સૈન્ય તથા કેકય રાજા સામે તેઓ ચાલવા લાગ્યા. તે વખતે દૃઢ ધનુષયુક્ત તથા રૂડી કીર્તિવાળા રક્ષા કરેલા છે રથ, હાથી તથા અશ્વ જેમાં એવું યુદ્ધ કરવાને ઇચ્છતું સૈન્ય શોભતું હતું. પંચાળ કુળને વધારનાર તેણે અર્જુનની સામે જતા શરદ્વાનના પુત્ર કૃપાચાર્યને ત્રણ બાણે કરી જત્રુ દેશમાં વિંધી દશ બાણે કરી દશ મદ્રકને મારી એક ભલ્લ બાણે કરી કૃતવર્માની રક્ષા કરનારને માર્યો. વળી શત્રુને તપાવનાર તેણે મહાત્મા પૌરવના દમન નામના પુત્રને, નિર્મળ અગ્ર ભાગવાળા બાણે કરીને માર્યો. એટલામાં શલ્યના પુત્રે ત્રણસો બાણથી યુદ્ધમાં દુર્મદ પંચાળ દેશના રાજા ધૃષ્ટદ્યુમ્નને તથા દશે કરી તેના સારથિને વિંધ્યો. એ રીતે વિંધાએલા મોટા ધનુષવાળા તેણે પોતાનાં ગલોફાં ચાટતાં અત્યંત તીક્ષ્ણ ભલ્લ બાણે કરી તેનું ધનુષ કાપી નાખ્યું, પચ્ચીશ બાણે કરી તેના અશ્વ, સારથિ તથા પડખેથી રક્ષા કરનારને માર્યા. હણાએલા અશ્વવાળા રથમાં બેઠેલો શલનો પુત્ર મહાત્મા પંચાળ પુત્રને જોઇ મહા ભયંકર લોહમય તરવાર લઇ પાયદળ એવો તે રથમાં બેઠેલા ધૃષ્ટદ્યુમ્નની પાછળ દોડયો. મોટા ઓઘની પેઠે આવતા, આકાશ-માંથી પડતા સર્પ જેવા ઉઘાડી તરવારવાળા, કાળે મોકલેલા અંતક જેવા પ્રદીપ્ત સૂર્ય સમાન, હાથી જેવા પરાક્રમવાળા પાંડવોએ તથા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ને જોયો. મારવા વાસ્તે સામે આવતા, તીક્ષ્ણ ખડ્ગ ગ્રહણ કરેલા ભાથા બાંધેલા બાણના વેગને અતિક્રમણ કરનાર તેનું મસ્તક ક્રોધે ભરાયેલા સેનાપતિ પંચાળ પુત્રે કાપી નાંખ્યું. હે રાજન્ ! તે વખતે મસ્તક હણાવાથી પૃથ્વી ઉપર પડતાં તેનું ખડ્ગ સુંદર ભાથું હાથમાંથી પૃથ્વી ઉપર પડી ગયું. એ રીતે ભયંકર પરાક્રમવાળા મહાત્મા પંચાળ પુત્ર ધૃષ્ટદ્યુમ્ન ગદાના અગ્રભાગથી તેને મારી પરમ હર્ષને પામ્યા. હે મારિષ ! મોટા ધનુષવાળો મહારથી રાજ-

પુત્ર હણાયો તે વખતે તમારા સૈન્યમાં હાહાકાર થઈ રહ્યો. નાશ પામેલા પુત્રને જોઈ કોપેલો શલ વેગે કરી, યુદ્ધમાં દુર્મદ ધૃષ્ટદ્યુમ્ન સામે દોડયો. તે વખતે યુદ્ધમાં દુર્મદ, શૂરવીર, સંગ્રામમાં એક બીજાની પાસે આવેલા બેઉને સર્વ રાજાઓ, કૌરવો તથા પાંડવો જોવા લાગ્યા. તેટલામાં સામા શૂરવીરને હણનાર કોપેલા શલે અંકુશે કરી મોટા હસ્તિને મારે તેમ ત્રણ બાણે કરી ધૃષ્ટદ્યુમ્નને માર્યો. તેમજ સંગ્રામમાં શોભતા શલ્યે પણ ક્રોધથી વક્ષસ્થળમાં તેને માર્યો ત્યાર પછી યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

तथैव पार्षतं शूरं शल्यः समितिशोभनः ।
आजघानोरसिक्रुद्धस्ततो युद्धमवर्तत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि चतुर्थयुद्धदिवसे सांगमनिपुत्रवधे गुर्जरभाषायामेकषष्ठितमोऽध्यायः ॥ ६१ ॥

અધ્યાય ૬૨ મો. ચોથે દિવસે ભીમે કરેલું યુદ્ધ.

धृतराष्ट्र उवाच–दैवमेव परं मन्ये पौरुषादपि संजय ।
यत्सैन्यं मम पुत्रस्य पाडुसैन्येन बाध्यते ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય! મારા પુત્રના સૈન્યને પાંડવનું સૈન્ય બાધ કરે છે, માટે પુરૂષાર્થથી દૈવનેજ હું શ્રેષ્ઠ માનું છું. હે તાત! મારી તરફનાઓ તો હણાય છે એમ તું હમેશ કહે છે, અને પાંડવો હમેશ વ્યગ્રતા રહિત તથા પ્રસન્ન છે એમ કહે છે. વળી પુરૂષાર્થ વગરના એવા મારી તરફનાઓને પાડેલા તથા હણાયા, એ રીતે પણ તું કહે છે ને યથાશક્તિ જય સારૂ યત્ન કરતા તથા યુદ્ધ કરતા પાંડવો જય પામે છે. મારાઓને જીતે છે એમ પણ કહે છે તે દુઃખે કરીને સહન ન થાય એવા ઘણાક દુર્યોધનનાં કરેલાં તીવ્ર દુઃખને હું સાંભળું છું. હે સંજય! એવો કોઇ ઉપાય હું જોતો નથી કે જેણે કરી મારા પુત્રો પાંડવોને જીતે ને જય પામે. સંજય કહે છે–હે રાજન્! મનુષ્યના શરીરોનો હસ્તિ, ઘોડા તથા રથનો ક્ષય હું તમને કહું તે તમે સ્થિર થઇને સાંભળો. તેમજ તમારો અન્યાય કહું તે સાંભળો. શલ્યે નવ બાણેકરી પીડેલા ધૃષ્ટદ્યુમ્ને અત્યંત ક્રોધથી મદ્ર દેશના અધિપતિ શલ્યને લોહમય બાણેકરી પાડયો તે વખતે પૃષતગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્નનું આશ્ચર્યરૂપ પરાક્રમ અમોએ જોયું, જે સંગ્રામમાં શોભતા શલ્યને તેણે વારી રાખ્યો. તે બેઉ રથીના યુદ્ધમાં કંઈપણ ભેદ દેખાતો ન હતો. તેમનું બે ઘડી સુધી તો સમાનજ યુદ્ધ થતું હતું. પછી હે મહારાજ! શલ્યે સંગ્રામમાં પાએલા તીક્ષ્ણ ભલ્લ બાણેકરી ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ કાપી વર્ષાઋતુમાં મેઘો પર્વત ઉપર જેમ જળનો વરસાદ પડે તેમ તેની ઉપર બાણનો વરસાદ કર્યો. એ રીતે ધૃષ્ટદ્યુમ્ન પીડા પામ્યો, તેથી અભિમન્યુ વેગે કરી શલ્ય રાજાના રથ સામે દોડયો. અતિ કોપેલા, ઘણા બળવાળા તેના રથ પાસે જઇ તીક્ષ્ણ બાણથી તેને વિંધ્યો. અભિમન્યુને મારવા ઇચ્છતા તમારી તરફના દુર્યોધન, વિકર્ણ, દુઃશાસન, વિવિંશતિ, દુઃસહ, ચિત્રસેન, દુર્મુખ, સત્યવ્રત તથા પુરૂમિત્ર, એટલા શલ્યના રથને વિંટી તેની રક્ષા કરતા સંગ્રામમાં ઉભા રહ્યા. તમારી તરફના દશ

રથીઓને ભીમસેન, પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પાંચ પુત્ર, અભિમન્યુ તથા નકુળ અને સહદેવ, એ દશ જણાએ વારી રાખ્યા. હે વિશાંપતે! હે રાજન્! તે સર્વ નાના પ્રકારનાં શસ્ત્રો મૂકતા, પરસ્પર મારવાની ઇચ્છાથી તમારા દુર્મંત્રને લીધે એક બીજાની સામે આવ્યા. તમારી તરફના તથા તે તરફના દશ રથીઓએ પરસ્પર ક્રોધ કરવાથી મહા ભયંકર યુદ્ધ થયું. તે વખતે તમારા તથા સામી તરફના બીજા રથીઓ તે જોતા હતા. મહારથિઓ પરસ્પર અનેક તરેહનાં શસ્ત્રો મૂકતા શબ્દ કરતા પરસ્પર મારવા લાગ્યા. એ રીતે એક બીજાને મારવાની ઇચ્છાથી સ્પર્ધાએ કરી એક બીજાને મર્દન કરતા પરસ્પર મળેલા સંબંધીઓ ક્રોધથી એક્ર બીજા ઉપર મોટા અસ્ત્રો નાખવા લાગ્યા. તે વખતે મોટા સંગ્રામમાં ક્રોધ પામેલા દુર્યોધને, તીક્ષ્ણ ચાર બાણે કરી, દુર્મર્ષણે વીશે કરી, વિવિંશતિએ પાંચે કરી તથા દુઃશાસને ત્રણ બાણે કરી ધૃષ્ટદ્યુમ્નને વિંધ્યો. તે સમે શત્રુને તપાવનાર પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્ને પોતાની હસ્ત ચાલાકી દેખાડતાં એકેકને પચ્ચીશ બાણથી વિંધ્યા. સત્યવ્રતને તથા પુરૂમિત્રને દશ બાણે વિંધ્યો. માદ્રિ પુત્ર નકુળ સહદેવે પોતાના મામા શલ્યને તીક્ષ્ણ બાણે કરીને વિંધ્યા, તે આશ્ચર્ય સરખું થયું. મદ્રરાજ રથીમાં શ્રેષ્ઠ પોતાના ભાણેજ ઉપર શલ્યે ઘણાક બાણ નાખ્યા, તેથી ઢંકાઇ ગએલા, સામે પરાક્રમ કરવા ઇચ્છતા નકુળ, સહદેવ ચલાયમાન થયા નહીં. દુર્યોધનને જોઇ મહા બળવાન ભીમસેને યુદ્ધનો અંત લાવવાની ઇચ્છાથી ગદા ગ્રહણ કરી. શિંગડા-વાળા કૈલાસ પર્વતની પેઠે હાથમાં ગદા લઇ ઉભેલા મહાબાહુ તેને જોઇ ભયથી તમારા પુત્રો ભાગ્યા. દુર્યોધન વેગવાન દશ હજાર હસ્તિ સૈન્ય સહિત માગધ રાજાને આગળ કરી ભીમસેન સામો આવ્યો. આવતા ગજસૈન્યને જોઇ મહા બળવાન પર્વત જેવી મોટી ગદા ગ્રહણ કરી સિંહનાદ કરી રથમાંથી નીચે ઉતરી મોઢું ફાડેલા કાળની પેઠે હસ્તિ સૈન્ય સામે દોડી, ગદાએ કરી હસ્તિઓને નાશ કરતાં સંગ્રામમાં વજ્ર સહિત ઇંદ્રની પેઠે વિચરતો હતો. ગર્જના કરતા જેના મન તથા હૃદયને કંપાવનાર મોટા શબ્દે કરી હસ્તિ-ઓ એકઠા મળી ચોતરફ ઘુમરી ફરવા લાગ્યા, તેટલામાં દ્રૌપદીના પાંચ પુત્ર, મહારથી અભિમન્યુ, નકુળ, સહદેવ તથા પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્ન એટલા યોદ્ધાઓ દોડી મેઘ જેમ પર્વત ઉપર વરસે તેમ હસ્તિઓ ઉપર બાણનો વરસાદ કરતાં ભીમસેનની પાછળથી રક્ષા કરવા લાગ્યા. સજાયા જેવી ધારવાળા ક્ષુરપ્ર નામના બાણે કરી તથા પાએલા તીક્ષ્ણ હાથમાંથી મૂકેલા ભલ્લ બાણે કરી હસ્તિ ઉપર બેસી યુદ્ધ કરનારાઓનાં મસ્તકો કાપવા લાગ્યા. તે વખતે અંકુશ સહિત હાથ તથા શોભતા બાહુ સહિત સંગ્રા-મમાં પડતાં મસ્તકો પાષાણના વરસાદની પેઠે શોભતાં હતાં. હણાએલ મસ્તકવાળા, હાથીના કાંધ ઉપર બેઠેલા યોદ્ધાઓ પર્વતના અગ્રભાગમાં રહેલા શાખા વગરના વૃક્ષ જેવા દેખાતા હતા. પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થએલા મહાત્મા ધૃષ્ટદ્યુમ્ને હણેલા તેથી સંગ્રામમાં પડેલા તથા પડતા બીજા મોટા હસ્તિઓને પણ અમોએ જોયા હતા. તે સમે મગધ રાજાએ ઐરાવણ જેવો પોતાનો હસ્તિ સંગ્રામમાં અભિમન્યુના રથ સામે મોકલ્યો. પોતા સામે આવતા મોટા હાથીને જોઇ શત્રુ શૂરવીરને હણનાર તથા પર શહેરને જીતનાર તેણે એક બાણે કરી તેને મારી, સુવર્ણની પુંખવાળા ભલ્લ ભાણે કરી મદોન્મત્ત હસ્તિવાળા તે રાજાનું મસ્તક કાપી નાખ્યું. પાંડુપુત્ર ભીમસેન પણ હસ્તિસૈન્યમાં કૂદી ઇંદ્ર જેમ પર્વતોને

મર્દન કરે તેમ હસ્તિઓને મર્દન કરતાં સંગ્રામમાં વિચરતા હતા. વળી તે રણસંગ્રામમાં વજ્રે હણેલા પર્વતની પેઠે તેણે એક પ્રહારે કરી હણેલા હસ્તિઓને અમે જોતા હતા. હે રાજન્! કેટલાક ભાગેલા દાંત કુંભસ્થળ તથા અસ્થિવાળા કેટલાક ભાગેલાં પડખાં તથા પૃષ્ટ ભાગવાળા, પર્વત જેવા અનેક શબ્દ કરતા કેટલાક ખેદ પામી સંગ્રામથી વિમુખ થઇ ભયથી ભાગેલા, વિષ્ટા કરતા, મોઢામાંથી પાણી કાઢતા ભીમસેનના માર્ગમાં પડેલા, મોટા પર્વત જેવા હસ્તિઓને મેં જોયા. ભેદાએલાં કુંભસ્થળવાળા કેટલાક રૂધિરનું વમન કરી પૃથ્વી ઉપર પડેલા મોટા હસ્તિઓ પર્વતો પેઠે શોભતા હતા. તે વખતે મેદ તથા રૂધિરથી લીંપાઇ ગએલા અંગવાળો, વસા તથા મજ્જાએ કરી વ્યાપ્ત ભીમસેન, હાથમાં દંડ ગ્રહણ કરેલા કાળની પેઠે રણસંગ્રામમાં વિચરતો હતો. તે સમે હસ્તિઓના રૂધિરે કરી લીંપાઇ ગએલી ગદા ધારણ કરેલો ભયંકર ભીમસેન, સામાને ભય આપવામાં પિનાક ધનુષ ધારણ કરેલા રૂદ્ર જેવો લાગતો હતો. વળી ભીમસેને મંથન કરેલા કેટલાક હસ્તિઓ કલેશ પામી, તમારી સેનાને મર્દન કરતા તત્કાળ નાસતા હતા. રથમાં બેઠેલા અભિમન્યુ વગેરે યોદ્ધાઓ મોટા ધનુષવાળા, યુદ્ધ કરતા શૂરવીરની દેવતાઓ જેમ ઇંદ્રની રક્ષા કરે તેમ ચોતરફથી રક્ષા કરતા હતા. હસ્તિના રૂધિરથી લાલ તથા લીંપાએલી ગદા ધારણ કરેલા ભીમસેન, ભયંકર શરીરવાળા કાળ જેવા દેખાતા હતા. હે ભારત! સર્વ દિશાઓમાં ગદાએ કરી હસ્તિઓને મારતા, તે રણસંગ્રામમાં નૃત્ય કરતા રૂદ્ર જેવા દિસતા હતા. હે મહારાજ! યમદંડ જેવી ઇંદ્રના વજ્ર જેવી મોટી, નાશ કરનારી ભયંકર, કેશ તથા મજ્જાથી વિંટાએલી, રૂધિરથી ખરડાએલી ભીમસેનની ગદા, ક્રોધ પામી પશુને મારતા રૂદ્રના પિનાક ધનુષ જેવી લાગતી હતી. પશુને પાળનાર જેમ તેમને લાકડીથી મારે તેમ ભીમસેન ગદાથી હસ્તિ સૈન્યને મારતો હતો. એ રીતે ગદા તથા બાણે કરી તેણે હણેલા તમારા હસ્તિઓ પોતાના સૈન્યને મર્દન કરતા પાછા ફરતા હતા. વળી મહાવાયુ જેમ વાદળાનો નાશ કરે તેમ યુદ્ધમાં હસ્તિઓનો નાશ કરી સ્મશાનમાં રૂદ્ર ઉભા રહે તેમ ભીમસેન ઉભો રહ્યો હતો.

महावात इवाभ्राणि विधमित्वासवारणान् ।
अतिष्ठत्तुमुले भीमः श्मशान इव शूलभृत् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि चतुर्थदिवसेभीमयुद्धे गुर्जरभाषायां द्विषष्टितमोऽध्यायः ॥ ६२ ॥

અધ્યાય ૬૩ મો. ભીમનું ભીષણ યુદ્ધ.

संजय उवाच--हते तस्मिन्नजानीके पुत्रो दुर्योधनस्तव ।
भीमसेनं घ्नतेत्येवं सर्वसैन्यान्यनोदयत् ॥ १ ॥

સંજય કહે છે-હે ધૃતરાષ્ટ્ર! હસ્તિસૈન્ય હણાયા પછી તમારા પુત્ર દુર્યોધને 'તમે ભીમસેનને મારો' એમ સર્વ સૈન્યને આજ્ઞા કરી, તેથી સર્વ સૈન્ય શબ્દ કરતાં ભીમસેન સામે દોડયાં. દેવતાઓથી પણ સહન થાય નહીં એવા અંત રહિત પર્વના સમુદ્રની પેઠે અપાર રથ, હસ્તિ તથા અશ્વથી વ્યાપ્ત શંખ તથા દુંદુભીના શબ્દવાળા, અનંત છે રથ

તથા પાયદળ જેમાં એવા રાજાઓરૂપ સ્થિર હૃદયવાળા, બીજા સમુદ્ર જેવા ક્ષોભ પમાડી શકાય નહીં એવા આવતા તે સેના સાગરને, ભીમસેને વેલાની પેઠે વારી રાખ્યો. તે વખતે મહાત્મા ભીમસેનનું સંગ્રામમાં મનુષ્યથી ન બને એવું આશ્ચર્યરૂપ કર્મ અમોએ જોયું. જેણે અશ્વ, રથ તથા હસ્તિ સહિત સામા આવતા સર્વ રાજાઓને ઉતાવળ ન કરતાં ગદાએ કરી વારી રાખ્યા. એ રીતે રથીમાં શ્રેષ્ઠ ગદાએ કરી સર્વ સૈન્ય સમુદાયને વારી યુદ્ધમાં મેરૂ પર્વતની પેઠે અચળ તે ઉભો રહ્યો. પરમ દારૂણ એવા અત્યંત ભયાનક સમયે ભાઇઓ, પુત્રો, પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પાંચ પુત્રો, અભિમન્યુ તથા પરાજય ન પામે એવો શિખંડી, એટલા યોદ્ધાઓ ભયને લીધે મહા બળવાન ભીમસેનને છોડતા ન હતા. શત્રુને પરાભવ પમાડનાર મહાબાહુ ભીમસેન, મોટી લોહમય ગદા લઇ રથ તથા ઘોડાના સમુદાયને પછાડતાં, બાહૂ વેગે કરી રથના સમુદાયને ખેંચતાં, સાથળના વેગે કરી રથને આકર્ષણ કરતાં દંડપાણિ કાળની પેઠે તમારા યોદ્ધાઓની સામે દોડતાં, હસ્તિ જેમ નડ નામના તૃણનું મર્દન કરે તેમ તમારા સૈન્યને મર્દન કરતાં રથમાંથી રથીઓને, હસ્તિ ઉપર બેશી યુદ્ધ કરનારાઓને, ઘોડેસ્વારોને તથા પૃથ્વી ઉપરનાં પાયદળોને મર્દન કરતો, ગદાએ કરી મહાવાયુ જેમ વૃક્ષોનો નાશ કરે તેમ તમારી તરફના સર્વનો નાશ કરવા લાગ્યો. મજ્જા, વસા, માંસ અને રૂધિરે લીંપાયેલી હસ્તિ, અને અશ્વને પાડનારી તેની ગદા મહા ભયંકર દેખાતી હતી. તે ઠેકાણે નાશ પામી પડેલા મનુષ્ય, હસ્તિ તથા ઘોડાઓથી રણરૂપ આંપણું કાળના ઘર જેવું લાગતું હતું. પશુને હણતા રૂદ્રના ધનુષ તથા યમદંડ જેવી ઉગ્ર, વજ્ર સમાન નાશ કરનારી ભીમસેનની ભયંકર ગદાને મનુષ્યો જોતાં હતાં. ગદા લઇ મારતા કુંતીપુત્ર ભીમનું રૂપ, પ્રલય સમયના કાળ જેવું લાગતું હતું. એ રીતે મોટી સેનાને વારંવાર પાછી વાળતા મૃત્યુની પેઠે સામે આવતા તેને જોઈ તમારી તરફના સર્વ યોદ્ધા ઉદાસ થઈ ગયા. બળે કરી સૈન્યોનું વિદારણ કરતા ઘણા પરાક્રમવાળા મોઢાં ફાડેલા કાળની પેઠે સૈન્યોને ગળતા ભયંકર કર્મવાળા મોટી ગદાવાળા તેને જોઇ સૂર્ય જેવી કાંતિ તથા મોટા શબ્દવાળા રથે કરી, મેઘની પેઠે બાણનો વરસાદ કરતા ભીષ્મ તેની સામે આવ્યા. મોઢાં ફાડેલા કાળ જેવા આવતા તેમને જોઇ મહાબાહુ ભીમસેન સામે જવા લાગ્યો. તેટલામાં શિનિ કુળમાં શ્રેષ્ઠ સત્ય પ્રતિજ્ઞાવાળો સાત્યકિ, દૃઢ ધનુષે કરી તમારા પુત્રના સૈન્યને કંપાવતાં શત્રુને હણતો, ભીષ્મ સામે આવી ઉભો રહ્યો. હે ભારત ! શ્વેત ઘોડાવાળા રથે કરી આવતા સુંદર પુંખવાળા તીક્ષ્ણ બાણોને ફેંકતા તેને તમારી તરફના સર્વ ગણ વારવા સમર્થ થયા નહી. તે વખતે અલંબુષ નામના રાક્ષસે દશ બાણે કરી તેને વિંધ્યો. સાત્યકિ પણ ચાર બાણથી તેને વિંધી રથે કરી તેની સામે આવ્યો. શત્રુના મધ્યમાં આવી શ્રેષ્ઠ કૌરવોને ભગાડતા તથા વારંવાર સંગ્રામમાં શબ્દ કરતા યાદવ શ્રેષ્ઠને જોઇ તમારી તરફના યોદ્ધાઓએ મેઘ જેમ પર્વત ઉપર જળનો વરસાદ કરે તેમ તેની ઉપર બાણનો વરસાદ કર્યો. તોપણ તે તપતા મધ્યાન્હના સૂર્ય જેવા તેની સામે જવા સમર્થ થઇ શક્યા નહીં. હે રાજન ! તે સમયે સોમદત્તના પુત્ર વિના તમારા સૈન્યમાં કોઇ પણ ખેદ વગરનો ન હતો. હે ભારત ! મહાત્મા સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા, રથિઓને જોઇ ધનુષ ગ્રહણ કરી યુદ્ધની ઇચ્છાથી સાત્યકિ સામે ગયો.

न तत्र कश्चिन्नविषण्णआसीद्दते राजन् सोमदत्तस्य पुत्रात् ।
स वै समादाय धनुर्महात्मा भूरिश्रवा भारतसौमदत्तिः ।
दृष्ट्वा रथान् स्वान् व्यपनीयमानान् प्रत्युद्ययौ सात्यकियोध्धुमिच्छन् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि सात्याकिभूरिश्रवः समागमे गुर्जरभाषायां त्रिषष्ठित्तमोऽध्यायः ॥ ६३ ॥

અધ્યાય ૬૪ મો. ઘટોત્કચે વર્તાવેલો ત્રાસ.

संजय उवाच—ततो भूरिश्रवा राजन् सात्यकिं नवभिःशरैः ।
प्राविध्यद्भृषसंकुद्ध स्तोत्रैरिव महाद्विपं ॥ १ ॥

સંજય કહે છે–હે રાજન! અત્યંત ક્રોધ પામેલા ભૂરિશ્રવાએ, અંકુશોએ કરીને જેમ મોટા હાથીઓને વિંધે તેમ નવ બાણે કરી સાત્યકિને વિંધ્યો, ને ઘણા બળવાળા સાત્યકિએ પણ ગ્રંથી વગરના બાણે કરી સર્વ લોક જોતાં કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા ભૂરિશ્રવાને વારી રાખ્યો. પોતાના ભાઇઓથી વિંટાએલા દુર્યોધન રાજાએ સાવધાન થઈ ભૂરિશ્રવાને ચોતરફથી ઘેરી લીધો; તેમજ વેગે કરી પરાક્રમી તથા મહા બળવાન સર્વ પાંડવોએ ચોતરફથી સાત્યકિને ઘેરી લીધો. હે ભારત! ભીમસેને ગદા ઉગામી દુર્યોધનાદિ સર્વ તમારા પુત્રોને વારી રાખ્યા, તે વખતે ક્રોધયુક્ત તમારા પુત્ર નંદકે, હજારો રથ સહિત ત્યાં ચાલી ગૃધ્રના પિંછ બાંધેલા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા છ બાણે કરી મહા બળવાન ભીમસેનને વિંધ્યો. દુર્યોધને પણ તેને તીક્ષ્ણ નવ બાણે કરી છાતીમાં વિંધ્યો. તે વખતે મહાબાહુ તથા મહા બળવાન ભીમસેન પોતાના શ્રેષ્ઠ રથમાં બેસી સારથિને કહેવા લાગ્યો કે, શૂરવીર એવા મહારથી ધૃતરાષ્ટ્રના પુત્રો આવ્યા છે, તે અત્યંત ક્રોધે કરી મનેજ મારવાને યુદ્ધમાં તૈયાર થયા છે. પણ હે સૂત! ઘણા વરસથી અમારા મનોરથરૂપ વૃક્ષ ચિંતન કરેલો છે તે આ સમે સફળ થયો. હું તેમને જોઉં છું. હે અશોક! રથના પાટાએ કરી ઉડેલી રજ આકાશમાં જ્યાં જાય છે ત્યાં બાણના સમુદાયે કરી દુર્યોધન પણ જશે, ને કવચ પહેરેલા તેના ભાઇઓને તથા ઉન્મત્ત તેના કુળના પુત્રોને તું દેખતાંજ આજ હું મારીશ, એમાં સંશય નહી. હે સારથિ! સાવધાન થઈ મારા ઘોડાઓને નિયમમાં રાખ. સારથિને આમ કહી, ભીમસેને સુવર્ણથી શોભતા તીક્ષ્ણ બાણે કરી તમારા પુત્રને વિંધી, ત્રણ બાણે કરી કનકને પણ સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યો. દુર્યોધને પણ હાસ્ય કરી સાઠ બાણે કરી મહા બળવાન ભીમસેનને અત્યંત તીક્ષ્ણ બીજા ત્રણ બાણેકરી વિશોક નામના તેના સારથિને વિંધી અત્યંત તીક્ષ્ણ ત્રણ ભલ્લ બાણે કરી તેવું ધનુષ મુષ્ટિ દેશમાંથી કાપ્યું. ધનુષ ધારણ કરનાર તમારા પુત્રે, તીક્ષ્ણ બાણે કરી પીડેલા પોતાના રથ હાકનાર વિશોકને જોઇ સહન ન કરી શકતા અત્યંત કોપેલા તેણે દિવ્ય ધનુષ ગ્રહણ કરી તમારા પુત્રને મારવા વાસ્તે પિંછવાળો ક્ષુરપ્ર નામનો બાણ સાંધી દુર્યોધનનું ઉત્તમ ધનુષ કાપ્યું. ક્રોધે કરી મૂર્છિત થયેલા તમારા પુત્રે કપાઇ ગયેલા ધનુષનો ત્યાગ કરી, અત્યંત વેગવાળું બીજું ધનુષ લઈ કાળ તથા મૃત્યુ જેવો ભયંકર બાણ તેના સ્તનના મધ્ય ભાગમાં માર્યો. વ્યથા પામેલા તે રથની પાસે બેસી જઇ

ખેદ પામી મૂર્છા પામ્યા, તેને જોઇ સહન ન કરી શકતા મોટા ધનુષવાળા પાંડવોના મહારથીઓએ વ્યગ્ર ન થતાં તમારા પુત્રના મસ્તક ઉપર તીક્ષ્ણ તેજવાળા શસ્ત્રોની વૃષ્ટિ કરી. થોડા વખતમાં સંજ્ઞા પામી, મહા બળવાન ભીમસેને આઠ બાણે કરી દુર્યોધનને વિંધી સુવર્ણના પુંખવાળા પચ્ચીશ બાણે કરી શલ્યને વિંધ્યો. એ રીતે વિંધાએલો શલ્ય રણસંગ્રામમાંથી નાસી ગયો તેટલામાં સેનાપતિ, સુષેણ, જળસંધ, સુલોચન, ઉગ્ર, ભીમરથ, ભીમ, વીરબાહુ, અલોલુપ, દુર્મુખ, દુષ્પ્રધર્ષ, વિવિત્સુ, વિકટ તથા બીજા ક્રોધથી લાલ નેત્રવાળા તમારા પુત્રોએ ભીમસેન સામે આવી અનેક બાણથી તેને વિંધ્યો. એ રીતે આવેલા તમારા પુત્રને જોઇ એ ગલોફાં ચાટતા ગરૂડ જેવા વેગી પશુની સામે જેમ વરૂ આવે તેમ તમારા પુત્રની સામે આવી, શૂરવીર મહા બળવાન તથા મહાબાહુ ભીમસેને, ક્ષુરપ્ર નામના બાણેકરી સેનાપતિનું મસ્તક કાપી નાંખ્યું. વળી મહાબાહુ પ્રસન્ન ચિત્તવાળા તેણે હાસ્ય કરી જળસંધને યમપુરીમાં મોકલી દીધો. ત્યાર પછી સુષેણને મારી યમરાજા પાસે તેને મોકલી સંગ્રામમાં પહેરવાની ટોપી સહિત ચંદ્ર સરખું ઉગ્રનું મસ્તક ભલ્લ બાણે કરી પૃથ્વી ઉપર પાડયું. વળી હાસ્ય કરી શૂરવીર એવા તેણે સંગ્રામમાં અશ્વ, ધ્વજ તથા સારથિ સહિત વીરબાહુને સિત્તેર બાણે કરી પરલોકમાં મોકલી, તથા ભીમરથ નામના અત્યંત મદવાળા તમારા બે પુત્રોને યમપુરીમાં મોકલી દીધા. વળી મહા સંગ્રામમાં સર્વ સૈન્ય જોતાં સુલોચન નામના તમારા પુત્રને પણ ક્ષુરપ્ર નામના બાણેકરી તેણે યમપુરીમાં મોકલી દીધો. તેને જોઇ પીડાતા બાકીના તમારા પુત્રો, ભીમસેનના મોટા પરાક્રમને જોઈ દિશાઓમાં નાઠા. તેમને જોઈ શંતનુ પુત્ર ભીષ્મે સર્વ મહારથીઓને કહ્યું કે, ઉગ્ર ધનુષવાળો ભીમસેન, મહારથી, મુખ્ય, શૂરવીર એકઠા મળેલા ધૃતરાષ્ટ્રના પુત્રોને મારે છે માટે તેને પકડો. એ રીતે ભીષ્મે કહ્યું તેથી દુર્યોધનના સર્વ સૈનિકો અત્યંત ક્રોધ કરી મહા બળવાન ભીમસેન સામે દોડયા. હે વિશાંપતે! તેમાં ભગદત્ત રાજા મદ ઝરતા હસ્તિ ઉપર બેસી જ્યાં ભીમસેન ઉભો હતો ત્યાં ગયો. આવતાંવાંત તેણે બાણે કરી ભીમસેનને મેઘ જેમ સૂર્યને ઢાંકે તેમ ઢાંકી દીધો. પોતાના બાહુબળનો આશ્રય કરેલ ભીમસેન બાણે કરી ઢંકાઇ ગયો, તેને ન સહન કરી શકતા અભિમન્યુ વગેરે પાંડવ તરફના મહારથીઓએ ભગદત્તને ચોતરફથી બાણના વરસાદે કરી ઘેરી, તેના હાથીને બાણની વૃષ્ટિથી ભેદ્યો. એ રીતે સર્વ મહારથીઓએ, પાયેલા નાના પ્રકારના બાણે કરી વિંધેલો તેથી રૂધિર જેના શરીરમાંથી ઝરતું હતું એવો પ્રાગજ્યોતિષનો હસ્તિ, સૂર્યના કિરણોએ છાયેલા મોટા મેઘની પેઠે સંગ્રામમાં જોવા લાયક થયો. મદ ઝરતો ભગદત્તે પ્રેરેલો હસ્તિ કાળે મોકલેલા મૃત્યુની પેઠે બમણા વેગથી ભારે પગે પૃથ્વીને કંપાવતો સર્વની સામે દોડયો. તેનું મોટું રૂપ જોઈ સર્વ મહારથીઓ 'આ સહન થઈ શકે એવો નથી,' એમ માની ખેદયુક્ત થયા. હે મહારાજ! એટલામાં કોપેલા ભગદત્તે, ગ્રંથી વગરનો બાણ ભીમસેનની છાતીમાં માર્યો, તેથી વિંધાએલો મોટા ધનુષવાળો તે મૂર્છિત થઇ, ધ્વજાની લાકડીને પકડી રહ્યો. તે વખતે બીનેલા સર્વને તથા મૂર્છા પામેલા ભીમસેનને જોઇ પ્રતાપવાન ભગદત્તે મોટો શબ્દ કર્યો. હે રાજન્! એટલામાં ઘટોત્કચ રાક્ષસે મૂર્છિત થયેલા ભીમસેનને જોઈ ત્યાંજ અંતર્ધાન થઇ નિમેષ માત્રમાં બીકણને ભય આપનારી દારૂણ માયા કરી, જેથી ભયંકર રૂપ ધારણ કરી માયાથી કરેલા ઐરાવણ ઉપર બેસી પોતે દેખાયો. બીજા પણ અંજન, વામન, તથા

મહાપદ્મ નામના દિશાઓના મોટા ત્રણ હાથી તેજ, વીર્ય તથા બળે કરી યુક્ત, પીઠે બેઠેલા રાક્ષસો સહિત તે હાથી પાછળ ચાલવા લાગ્યા. શત્રુને તપાવનાર ઘટોત્કચે, હસ્તિ સહિત ભગદત્તને મારવા સારૂ પોતાનો હસ્તિ તેની સામે ચલાવ્યો. મહા બળવાન રાક્ષસોએ પોતાના હાથીઓ તેની સામા ચલાવ્યા. એ રીતે ચારે દિશાના ચાર દાંતવાળા અત્યંત કોપેલા તે હસ્તિઓ દાંતે કરી ભગદત્તના હસ્તિને મારવા લાગ્યા. એ રીતે તે હસ્તિઓએ પીડા પમાડેલો વેદનાયુક્ત, બાણથી હણાએલો તે હસ્તિ, ઇંદ્રનાં વજ્રપાત જેવો મોટો શબ્દ કરવા લાગ્યો. જે સાંભળી ભીષ્મે દ્રોણાચાર્ય તથા દુર્યોધને કહ્યું કે, આ મોટા ધનુષવાળો ભગદત્ત કષ્ટરૂપ વખત આવ્યેથી દુરાત્મા હિડિંબાના પુત્ર ઘટોત્કચ સાથે યુદ્ધ કરે છે, અને ઘટોત્કચ રાક્ષસ મોટી કાયાવાળો છે, તેમ ભગદત્ત પણ અતિ ક્રોધી છે, માટે સંગ્રામમાં એ બે એકઠા મળેલા કાળ તથા મૃત્યુ સમાન છે, તોપણ પ્રસન્ન થયેલા પાંડવોનો મોટો શબ્દ સંભળાય છે. બીનેલા હસ્તિઓનો શબ્દ સંભળાય છે માટે રક્ષા રહિત તે રાજા તત્કાળ પ્રાણ મૂકશે. તેની રક્ષા કરવા આપણે ત્યાં ચાલો તમારૂં કલ્યાણ થાઓ. હે મોટા પરાક્રમવાળા સૈનિકો ! ઉતાવળા થાઓ, જલદી ત્યાં ચાલો. વખત લગાડવો યોગ્ય નથી, કારણ રૂંવાં ઉભાં કરે તેવો ભયંકર આ સંગ્રામ છે, તેમ તે ભક્ત, કુળવાન, શૂરવીર તથા સેનાપતિ છે, માટે તેનું રક્ષણ કરવું આપણને યોગ્ય છે. ભીષ્મનાં વચન સાંભળી સર્વ મહારથીઓ દ્રોણ તથા ભીષ્મને આગળ કરી ભગદત્તની રક્ષા વાસ્તે વેગે કરી જ્યાં તે હતો ત્યાં ગયા. તેમને જોઇ યુધિષ્ઠિર છે મુખ્ય જેમાં એવા પંચાલ દેશના યોદ્ધાઓ પાંડવ સહિત શત્રુની પાછળ ગયા. આવતા સૈન્યોને જોઇ ઘટોત્કચે વજ્રપાત જેવો મોટો શબ્દ કર્યો. જે સાંભળી તથા યુદ્ધ કરતા હસ્તિયોને જોઇ શંતનુ પુત્ર ભીષ્મે ફરીથી દ્રોણાચાર્યને કહ્યું કે, દુષ્ટ બુદ્ધિવાળા હિડિંબાના પુત્ર સાથે સંગ્રામ કરવો મને રૂચતો નથી. કારણ કે, બળ, પરાક્રમ તથા સહાયતાવાળા, પ્રહાર કરનારે, નિશાન વિંધનાર એને હાલ યુદ્ધમાં સાક્ષાત્ ઇંદ્ર પણ જીતી શકે એમ નથી, અને આપણાં વાહન થાકી ગયાં છે, તેમ પંચાલ તથા પાંડવના યોદ્ધાઓએ દિવસ આખો આપણાં શરીર ક્ષતયુક્ત કર્યાં છે, તેથી જયશીલ પાંડવો સાથે હાલ મને યુદ્ધ રૂચતું નથી. આજ યુદ્ધની સમાપ્તિનું વાદ્ય વગડાવો. આવતી કાલે શત્રુ સામે યુદ્ધ કરીશું. ભીષ્મનાં વચન સાંભળી ઘટોત્કચના ભયથી પીડાએલા કૌરવોએ તેમના કહેવા પ્રમાણે કર્યું. હે ભારત ! એ રીતે કૌરવ નિવૃત્ત થયા તે વખતે જયશીલ પાંડવોએ અત્યંત સિંહનાદ કરી શંખ વગાડ્યા. હે ભરતર્ષભ ! તે દિવસે ઘટોત્કચને આગળ કરી, કૌરવ તથા પાંડવોનું ઘનઘોર યુદ્ધ થયું. હે રાજન્ ! પછી પાંડવના સૈનિકોએ પરાજય કરવાથી લજ્જા પામેલા કૌરવો રાત્રીને વખતે પોતાના તંબુમાં ગયા. બાણે કરીને ક્ષત થયાં છે શરીર જેમના એવા અત્યંત પ્રસન્ન થયેલા મહારથી પાંડવો, ભીમસેન તથા ઘટોત્કચને આગળ કરી એક બીજાની પ્રશંસા કરતા તુરી તથા શંખના શબ્દ સાથે વિવિધ પ્રકારના સિંહનાદ કરતા પૃથ્વીને કંપાવતા તમારા પુત્રને કઠોર વચન સંભળાવતા તે વખતે પોતાના તંબુ પર ગયા. ભાઇઓનો નાશ થવાથી અશ્રુ તથા શોકે કરી વ્યાપ્ત, દીન થયેલો દુર્યોધન રાજા બે ઘડી વિચાર કરી યથાવિધિ સૈન્યના પહેરાની ગોઠવણ કરી ભાઇના દુઃખથી દુર્બળ થયેલો શોકથી અત્યંત તપેલો મનમાં વિચાર કરતો સ્વસ્થાને મૌનજ બેસી રહ્યો.

मुहूर्तं चिंतयामास बाष्पशोकसमाकुल:
ततः कृत्वा विधिं सर्वं शिबिरस्य यथाविधि ॥
प्रदध्यौ शोकसंतप्तो भ्रातृव्यसनकर्शितः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि चतुर्थदिवसावहारे गुर्जरभाषायां चतुषष्ठितमोऽध्यायः ॥ ६४ ॥

અધ્યાય ૬૫ મો. દુર્યોધનને થયેલો સંતાપ.

धृतराष्ट्र उवाच—भयं मे सुमहज्ज्ञातं विस्मयश्चैव संजय ।
श्रुत्वा पांडुकुमाराणां कर्मदेवैः सुदुष्करं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! પાંડવોથી પણ થઇ શકે નહીં એવું અદ્‌ભુત કર્મ સાંભળી મને મહા ભય તથા વિસ્મય થાય છે અને ચારે તરફથી મારા પુત્રોનો પરાભવ સાંભળી 'હવે કેમ થશે' એ રીતે મને મોટી ચિંતા થાય છે. આ બધા ઉપરથી તો એમ ભાસે છે કે, દૈવયોગે કરી મારા હૃદયને બાળે એવાં વિદુરે જે વાકય કહ્યાં છે, તેજ ખરાં પડે એવું લાગે છે, કારણ કે, યુદ્ધમાં યોદ્ધાઓમાં શ્રેષ્ઠ શસ્ત્ર જાણનાર ભીષ્માદિ સર્વ સામે પાંડવ સૈન્યના પ્રહાર કરનાર યોદ્ધાઓ યુદ્ધ કરે છે. મહા બળવાન, મહાત્મા પાંડવ કયા કારણથી હણાતા નથી, કોણે તેમને વરદાન આપેલ છે ને એવડું શું તે જાણે છે કે જેણે કરી આકાશમાં રહેલા તારાગણની પેઠે ક્ષય પામતા નથી. વારંવાર પાંડવોએ હણેલા મારા પુત્રના સૈન્યને સાંભળી હું ખિન્ન થાઉં છું, આ કામ થવાથી દૈવના ઘરથી પરમ દારૂણ એવો દંડ પણ મારી ઉપરજ પડશે, માટે હે સંજય ! કોઈથી મરે નહીં એવા પાંડવો કેમ થયા ? ને મારા પુત્રો નાશ કેમ પામે છે, એ સર્વ વાત મને યથાર્થ કહે ? બે હાથે કરી મહા સમુદ્રને તરતો પુરૂષ જેમ પાર પામે નહીં તેમ કયારે પણ આ દુઃખના પારને હું જોતો નથી. મારા પુત્રોને અત્યંત દારૂણ દુઃખ જરૂર પ્રાપ્ત થશે એમ માનું છું. મારા સર્વ પુત્રોને ભીમસેન જરૂર મારશે એમાં સંશય નથી. સંગ્રામમાં મારા પુત્રોની રક્ષા કરે એવા કોઇ પણ શૂરવીરને હું જોતો નથી. હે સંજય ! જરૂર મારા પુત્રોનો નાશ થશે, વાસ્તે હે સૂત ! તેનું કારણ તથા પાંડવોની શક્તિને પૂછતા એવા મને તે સર્વ યથાર્થ કહેવા તું યોગ્ય છે. હે મહાપ્રાજ્ઞ ! હે સંજય ! રણસંગ્રામમાં વિમુખ થયેલા પોતાના સૈનિકોને જોઇ મોટા ધનુષવાળા તથા મહા બળવાન દુર્યોધન, ભીષ્મ, દ્રોણાચાર્ય, શકુનિ, જયદ્રથ, અશ્વત્થામા તથા વિકર્ણ, એ સર્વ જણે શું કર્યું અને મારા પુત્ર વિમુખ થયા ત્યારે તેમનો નિશ્ચય શું હતો તે કહે. સંજય કહે છે–હે રાજન્ ! હું કહું તે સાવધાન થઇને સાંભળો. પાંડવો, કાંઇ મંત્ર તંત્ર જાણતા નથી, તેમ ભયંકર માયા પણ કરતા નથી. સંગ્રામમાં કેવળ શક્તિ પ્રમાણે નીતિથી યુદ્ધ કરે છે અને મોટા યશને ઇચ્છતા તે જીવિતાદિ સર્વ કાર્ય ધર્મે કરીને સંપાદન કરે છે. અત્યંત શોભા યુક્ત મહા બળવાન ધર્મયુક્ત તેઓ યુદ્ધથી નિવૃત્ત થતા નથી. જ્યાં ધર્મ ત્યાં જય, તેથી ધર્મ યુક્ત તેઓ નાશ ન પામતા જય પામે છે, અને દુષ્ટ બુદ્ધિવાળા તમારા પુત્રો, હમેશ પાપમાં તત્પર, કઠોર બોલનાર તથા હીન કર્મ કરનાર હોઈ સંગ્રામમાં નાશ પામે છે. હે જનેશ્વર ! હે પાંડુ

રાજાના મોટા ભાઇ! તમારા પુત્રોએ નીચ માણસોની પેઠે પાંડવોને છેતરવા સારૂ ઘણાંક ક્રૂર કામ કર્યાં, ને બધો તમારા પુત્રનો અપરાધ સહન કર્યો. હે વિશાંપતે! પાંડવોને તમારા પુત્રો મોટા છે એમ માનતા ન હતા. હે જનેશ્વર! હમેશ કરેલા પાપ કાર્યનું હાલ આ મહા ભયંકર ફળ આવ્યું છે, માટે સંબંધી તથા પુત્ર સહિત તમે તે ભોગવો. પૂર્વે સંબંધીઓએ વિદુરે ભીષ્મે, મહાત્મા દ્રોણાચાર્યે તથા મેં, તમને વારંવાર વાર્યા હતા, તોપણ કાળ આવેલો મનુષ્ય પોતાના હિતરૂપ ઔષધને પીએ નહીં તેમ અમારાં હિત વચન તમે ન ગણકારી પુત્રોનો મત સાંભળી, પાંડવોને આપણે જીતેલાજ છીએ એમ માની આ મોટો કલહ ઉત્પન્ન કરેલો છે. હે ભરતશ્રેષ્ઠ! વળી પાંડવોના જયનું કારણ તમે મને પૂછ્યું તે જે રીતે મેં સાંભળ્યું છે તે રીતે યથાર્થ કહું તે સાંભળો. મહારથી પોતાના સર્વ ભાઇઓને રણસંગ્રામમાં પાંડવોએ જીતેલા જોઇ શોકથી મૂઢ હૃદયવાળા દુર્યોધને, મહાપ્રાજ્ઞ ભીષ્મ પિતામહને વિનયથી તેમની પાસે જઇ પૂછ્યું હતું અને તેમણે તેને કહ્યું હતું તે હું તમોને કહું છું. હે પિતામહ! હે ભીષ્મ! તમે, દ્રોણાચાર્ય, શલ્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, કૃતવર્મા, હાર્દિક્ય, કાંબોજ દેશનો રાજા સુદક્ષિણ, ભૂરિશ્રવા, વિકર્ણ તથા પરાક્રમી ભગદત્ત, એટલા વિખ્યાત મહારથી શરીરનો ત્યાગ કરી બેઠેલા કુરૂકુળ પુત્ર તમો ત્રણ લોકને પણ પહોંચી શકો એમ હું માનું છું, તોપણ પાંડવ સામે પરાક્રમ કરી શકતા નથી, તેથી મને સંશય થાય છે, માટે મને ખરેખરૂં હોય તે કહો અને કુંતી પુત્ર જેનો આશ્રય કરી ક્ષણે ક્ષણ આપણને જીતે છે તે પણ કહો. દુર્યોધનનાં એવાં વચન સાંભળી, ભીષ્મે કહ્યું કે, હે રાજન્! હું કહું તે મારાં વચન સાંભળ. મેં તને પૂર્વે કહ્યું હતું કે, પાંડવ સાથે તું સલાહ કર એમાં તારૂં તથા સર્વ પૃથ્વીનું કલ્યાણ છે માટે તેમ કરી ભાઇઓ સહિત સુખી થઇ શત્રુને તપાવતાં સર્વ બાંધવોને આનંદ આપતાં ભાઇઓ સહિત આ પૃથ્વીને ભોગવ, એમ પોકારી વારંવાર મેં તને પૂર્વે કહ્યું હતું, તોપણ તેં તે ન ગણકારતાં યુદ્ધ કર્યું અને પાંડવોનું અપમાન કર્યું, તેનું આ ફળ પ્રાપ્ત થયું છે. હે પ્રભો! હે બહાબાહો! શુદ્ધ કર્મવાળા તેમને કોઇ મારી શકતું નથી, તેનું કારણ કહું તે સાંભળ. શાર્ંગ ધનુષ ધારણ કરનાર શ્રીકૃષ્ણે રક્ષિત સર્વ પાંડવોને જીતનાર ત્રણે લોકમાં કોઇ થઇ ગયો નથી, હાલ છે નહીં અને થશે પણ નહીં. હે ધર્મજ્ઞ! હે તાત! અંતઃકરણ નિયમમાં રાખનાર મુનિઓએ પૂર્વે મને જે કહ્યું છે તે હું તને યથાર્થ કહું છું.

પૂર્વે એક વખતે ગંધમાદન પર્વતમાં આવેલા દેવતાઓ તથા સર્વ ઋષિઓ, બ્રહ્માની ઉપાસના કરતા હતા, તે સર્વના મધ્યમાં બેઠેલા પ્રજાપતિ બ્રહ્માએ, પોતાના તેજથી પ્રજ્વલિત આકાશમાં ઉભેલું અત્યંત શ્રેષ્ઠ વિમાન જોયું. પછી બ્રહ્માએ ધ્યાને કરી તેને ઓળખી, પ્રસન્ન થઇ હાથ જોડી તેમાં બેઠેલા પરમ પુરૂષને નમસ્કાર કર્યા. હાથ જોડી ઉભા થયેલા બ્રહ્માને જોઇ, ઋષિઓ તથા સર્વ દેવતાઓ પણ તે મોટું આશ્ચર્ય જોતાં હાથ જોડી ઉભા રહ્યા અને પરમ ધર્મ જાણનાર બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ, જગતા સૃષ્ટા બ્રહ્મા, ઘટતી રીતે તેમની પૂજા કરી, કહેવા લાગ્યા કે, વિશ્વાવસુ. વિશ્વમૂર્તિ, વિશ્વેશ, વિશ્વક્સેન, વિશ્વકર્મા, વિશ્વેશ્વર તથા વાસુદેવ તમે છો, માટે યોગાત્મા એવા હે દેવ! હું તમારે શરણે આવ્યો છું. હે વિશ્વરૂપ! હે મહાદેવ! હે લોકના કલ્યાણ કરનાર! હે યોગીશ્વર! હે વિભો! હે વ્યાપક! હે સર્વ યોગરૂપ! હે કમળ કોશ જેવાં વિશાળ નેત્રવાળા! હે લોકના ઇશ્વરના

ઇશ્વર ! હે ભૂત ભવિષ્ય, તથા વર્તમાનના નાથ ! હે અસંખ્ય ગુણના ભંડાર ! હે સર્વના આશ્રયભૂત ! હે નારાયણ ! નથી દુઃખે કરી પાર જેનો આવતો એવા, હે શાર્ઙ્ગ ધનુષ ધારણ કરનાર ! હે સર્વ ગુણયુક્ત ! હે વિશ્વમૂર્તે ! હે નિરામય ! હે વિશ્વેશ્વર ! હે લોકના કલ્યાણમાં તત્પર ! હે શેષ ! હે આદિવરાહ ! હે હૃષીકેશ ! હે વિભો ! હે દુઃખ હરણ કરનાર ! હે દિશાઓના ઇશ ! હે વિશ્વમાં રહેનાર, હે અમિત ! હે અવ્યય ! હે અવ્યક્ત તથા વ્યક્ત ઘણા સ્થાનવાળા ! હે ઇંદ્રિયોને નિયમમાં રાખનાર ! હે રૂડી ક્રિયાવાળા ! હે સર્વના અંતઃકરણને જાણનાર ! હે ગંભીર ! હે કામદ ! હે અનંત ! હે જાણનાર ! હે બ્રહ્મન ! પ્રાણીને પાળનાર, ભક્તનાં કાર્ય કરનાર, રૂડી બુદ્ધિવાળા, જયને વહેનાર પ્રભો ! તમારો જય થાઓ, જય થાઓ ! હે ગુહ્યાત્મા, સર્વ યોગાત્મા, સ્પષ્ટ પ્રાગટ્યવાળા, ભૂતના આદિ, લોકતત્વના નિયંતા, પ્રાણીને પાળનાર, આત્મયોને, મહાભાગ, પ્રલયના સંક્ષેપ કરવામાં તત્પર, મનની ઇચ્છા પૂરી કરનાર, જયપ્રિય, સ્વભાવથી સૃષ્ટિમાં તત્પર, કામના ઇશ, પરમેશ્વર, અમૃતોદ્ભાવ, સદ્ભાવ, મુક્તાત્મન, વિજયપ્રદ, પ્રજાપતિના પતિ, દેવ, પદ્મનાભ મહાબલ, આત્મભૂત, મહાભૂત અને હે સત્વાત્મન ! તમારો જય થાઓ ! પૃથ્વી દેવી તમારા ચરણારવિંદ, દિશાઓ બાહુ, સ્વર્ગ મસ્તક, હું મૂર્તિ, દેવતાઓ શરીર, સૂર્ય તથા ચંદ્ર બે નેત્ર, તપ તથા સત્ય બળ, ધર્મ કર્મ, અગ્નિ તેજ, પવન શ્વાસોશ્વાસ, પાણી પરસેવો, અશ્વનિકુમાર નાસિકા, સરસ્વતી જીભ તથા વેદ તમારી સંસ્કારજન્ય નિષ્ઠા છે. એ રીતે સર્વ જગતરૂપ તમે છો અને સર્વ જગત તમારે વિષે રહેલું છે. હે યોગ તથા યોગીના ઇશ્વર ! તમારી સંખ્યા પરિમાણ, તેજ, પરાક્રમ, બળ તથા જન્મને અમે જાણતા નથી. હે વિષ્ણો ! તમારી ભક્તિમાં તત્પર નિયમથી તમારો આશ્રય કરી રહેલા અમો પરમેશ્વર તથા મહેશ્વર એવા તમારી પૂજા કરીએ છીએ, અને તમારા પ્રસાદથીજ મેં ઋષિઓ, દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પન્નગ, પિશાચ, મનુષ્ય, મૃગ તથા જળ જંતુને ઉત્પન્ન કર્યા છે. હે પદ્મનાભ ! હે વિશાળાક્ષ ! હે કૃષ્ણ ? હે દુઃખના નાશ કરનાર ! તમેજ સર્વ ભૂત પ્રાણીની ગતિરૂપ, નિયમમાં રાખનાર, તથા જગતના ગુરૂ છો. હે દેવેશ ! તમારા પ્રસાદથી દેવતાઓ સુખી તથા પૃથ્વી નિર્ભય છે માટે હે વિશાળાક્ષ ! યદુવંશને વધારનાર થાઓ. હે વિભો ! ધર્મ સ્થાપન કરવા સારૂ અને દૈત્યોના નાશ સારૂ તથા જગતના રક્ષણ સારૂ હું કહું તે તમે કરો. હે વિભો ! હે વાસુદેવ ! પરમ ગુહ્ય એવી આ સ્તુતિ, તમારા પ્રસાદથી મેં યથાર્થ ગાઇ છે. હે કૃષ્ણ ! પ્રથમ સંકર્ષણને સ્રજી પછી પોતાથી ઉત્પત્તિ જેની છે એવા પ્રદ્યુમ્નને તેથી અવિનાશી વિષ્ણુ જેને કહે છે એવા અનિરૂદ્ધને સ્રજી એ રીતે તમારા આત્માનો વિભાગ કરી તમે મનુષ્યપણાને પામો. લોક ધારણ કરનાર મને પણ અનિરૂદ્ધ વ્યૂહે સ્રજ્યો છે, માટે વાસુદેવમય હું પણ તમારોજ નિર્માણ કરેલો છું. મનુષ્ય અવતાર લઈ સર્વ લોકના સુખને વાસ્તે અસુરનો વધ કરી ધર્મ તથા યશને પામી યોગને પામશો. હે અમિતવિક્રમ ! લોકમાં બ્રહ્મર્ષિઓ તથા દેવતાઓ તે તે નામે કરી પરમાત્મા એવા તમને ગાશે. હે રૂડા બાહુવાળા ! હે વરદાન આપનાર ! તમારો આશ્રય કરી સર્વ પ્રાણીઓ તમારે વિષે રહ્યાં છે. આદિ, મધ્ય તથા અંત રહિત અપાર યોગયુક્ત, અને લોકની મર્યાદારૂપ તમે છો એમ બ્રાહ્મણો કહે છે.

स्थिताश्च सर्वेत्वयि भूतसंघाः कृत्वाश्रयं त्वावरदं सुबाहा ।
अनादिमध्यांतमपारयोगं लोकस्य सेतुं प्रवदंति विप्राः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वाणि विश्वोपाख्याने गुर्जरभाषायां पंचषष्ठित्तमोऽध्यायः ॥ ६५ ॥

અધ્યાય ૬૬ મો. શ્રીકૃષ્ણસ્તુતિ.

भीष्म उवाच—ततः स भगवान् देवो लोकानामीश्वरेश्वरः ।
ब्रह्माणं प्रत्युवाचेदं स्निग्धगंभीरयागीरा ॥ १ ॥

ભીષ્મ કહે છે–હે રાજન! પછી લોકના ઇશ્વરના ઇશ્વર દિવ્યમૂર્તિ ભગવાન, મનોહર ગંભીર વાણીએ કરી બ્રહ્માને આવી રીતે કહેવા લાગ્યા કે હે તાત! યોગબળથી તારૂં આ ઇચ્છિત મેં જાણ્યું, તારી ઇચ્છા પ્રમાણે થશે, એમ કહી તેજ ઠેકાણે ભગવાન અંતર્ધાન થઇ ગયા. તે સમયે આશ્ચર્ય પામેલા સર્વ દેવર્ષિ તથા ગંધર્વોએ મોટા કૌતુકથી બ્રહ્માને પૂછ્યું કે, હે બ્રહ્મા! ભગવાન એવા તમે વિનયથી પ્રણામ કરી શ્રેષ્ઠ વાણીએ કરી જેની સ્તુતિ કરી તે કોણ હતાં તે કહો? અમે સાંભળવા ઇચ્છિએ છીએ. તેમનાં એવાં વચન સાંભળી ભગવાન બ્રહ્મા મધુરવાણીએ કરી દેવ, બ્રહ્મર્ષિ તથા ગંધર્વોને કહેવા લાગ્યા કે, જે ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપ, પ્રાણી માત્રના આત્મા પરમપદ જેને કહે છે તે બ્રહ્મરૂપ પ્રભુ હતા. હે દેવતાઓમાં શ્રેષ્ઠ! પ્રસન્ન થયેલા જગત્પતિની મેં સ્તુતિ કરી જગતના કલ્યાણ વાસ્તે તેમની યાચના કરી. હે ભગવાન! અસુરને મારવા વાસ્તે મનુષ્ય દેહનો આશ્રય કરી વાસુદેવ નામથી પૃથ્વી તળમાં પ્રગટ થાઓ. પૂર્વે સંગ્રામમાં તમે જે દૈત્ય, દાનવ તથા રાક્ષસો માર્યા હતા, મહા બળવાન ભયંકર રૂપવાળા તે મનુષ્યોમાં ઉત્પન્ન થયા છે, તેમને મારવા સારૂ પોતાને વશ એવા નર સહિત તમે મનુષ્ય દેહનો આશ્રય કરી પૃથ્વીમાં વિચરો. મારી પ્રાર્થનાથી કાંતિવાળા તે ઋષિ શ્રેષ્ઠ નર નારાયણ, મનુષ્ય લોકમાં ઉત્પન્ન થશે, તેથી તેમને દેવપણ જીતી શકશે નહીં. નરનારાયણ ઋષિને મૂઢ પુરૂષો નથી જાણુતા તે ભગવાનનો સર્વ જગતનો પ્રભુ એવો હું મોટો પુત્ર છું, માટે હે દેવતાઓમાં શ્રેષ્ઠ! સર્વ લોકમાં શ્રેષ્ઠ વાસુદેવ ભગવાનની તમારે પૂજા કરવી. શંખ, ચક્ર તથા ગદાને ધારણ કરનાર મહા પરાક્રમી તે 'આ મનુષ્ય છે' એમ જાણી તમારે કયારે પણ તિરસ્કાર કરવો નહીં. પરમગુહ્ય, પરમપદ, પરમ બ્રહ્મ, પરમ યશ, અક્ષર, અવ્યક્ત અને શાશ્વત એવું તેજ જે પુરૂષસંજ્ઞક ગવાય છે પણ જણાતું નથી, પરમ તેજરૂપ, પરમ સુખરૂપ પણ એજ છે, માટે ઘણા પરાક્રમવાળા વાસુદેવ ભગવાનનો સર્વ લોકે તથા સર્વ દેવતાઓએ 'આ મનુષ્ય છે' એમ જાણી તિરસ્કાર કરવો નહીં, 'આ મનુષ્ય માત્ર છે.' એમ જે મંદ બુદ્ધિવાળો કહે છે, તે અજ્ઞાનીને શ્રેષ્ઠ પુરૂષો પુરૂષમાં અધમ કહે છે, ને મનુષ્યના શરીરનો આશ્રય કરેલા તે મહાત્મા, યોગી વાસુદેવનું જે અપમાન કરે છે તેને તામસી જાણવો. વક્ષસ્થળમાં લક્ષ્મીના ચિન્હવાળા રૂડી કાંતિવાળા, ચરાચરના આત્મા પદ્મનાભ દેવને જે નથી જાણતો તેને પણ પંડિત પુરૂષો તામસી કહે છે. મુકુટ તથા કંઠમાં કૌસ્તુભ મણિ ધારણ કરનાર ભક્તોને અભય દેનાર મહાત્માનો તિરસ્કાર કરનાર ઘોર નર-

કમાં પડે છે. હે દેવતાઓ ! એ રીતે તત્વનો અર્થ જાણી લોકના ઇશ્વરના પણ ઇશ્વર વાસુદેવ ભગવાનને સર્વ લોકે નમસ્કાર કરવા. ભીષ્મ કહે છે કે હે રાજન ! એ રીતે પૂર્વે સર્વ પ્રાણીના અંતર્યામી ભગવાન બ્રહ્મા ઋષિગણ સહિત દેવતાઓને કહી ત્યાંથી પોતાના લોકમાં પધાર્યા. ત્યાર પછી ગંધર્વ તથા અપ્સરા સહિત દેવતાઓ તથા મુનિઓ પણ બ્રહ્માએ કહેલી કથા સાંભળી પ્રસન્ન થઇ સ્વર્ગમાં ગયા. એ વાત કોઈ ઠેકાણે સમાજમાં થઇ નહિ પણ અંતઃકરણ નિયમમાં રાખનારા મુનિઓથી મેં સાંભળી હતી. યાદવ કુળમાં વાસુદેવ નામે પુરાતન દેવ અવતરશે, એમ તેમણે કહ્યું હતું, તેમજ હે ભરતર્ષભ ! જમદગ્નિના પુત્ર પરશુરામ, બુદ્ધિમાન માર્કંડેય, વ્યાસજી તથા નારદજીના મુખથી પણ એજ પ્રમાણે મેં સાંભળ્યું છે. વાસુદેવ મહાત્મા પ્રભુ, અવિનાશી, લોકના ઇશ્વરના ઇશ્વર, સર્વ જગતના પિતા બ્રહ્માના પણ પિતા હોવાથી સર્વ મનુષ્યોએ પૂજન તથા અર્ચન કરવા યોગ્ય છે. માટે હે તાત ! ધનુષ ધારણ કરનાર અર્જુન, વાસુદેવ તથા પાંડવો સાથે તું યુદ્ધ માં કર, એ રીતે તને વેદના પાર પામેલા મુનિઓએ તથા મેં કહ્યું હતું, તથાપિ મોહથી તારા જાણવામાં આવ્યું નહીં અને હાલ સુધી દેવરૂપ ગોવિંદ ભગવાન તથા પાંડવ અર્જુનનો તું દ્વેષ કરે છે, તેથી તમોગુણે વિંટા- યેલો તું ક્રૂર રાક્ષસ છે, એમ હું તને માનું છું. તેમ ન હોય તો બીજો કોણ તેમનો દ્વેષ કરે ? હે રાજન ! તને કહું છું કે, આ શ્રીકૃષ્ણ, શાશ્વત, અવિનાશી, સર્વ લોકમય, નિત્ય, સર્વના શિક્ષક, પૃથ્વીને ધારણ કરનાર, ચરાચરના ગુરૂ, ત્રિલોકીના ધારણ કરનાર, પ્રભુ, યુદ્ધ કરનાર, જય કરનાર, સર્વ પ્રકૃતિરૂપ, ઇશ્વર, સર્વમય, તમોગુણ તથા પ્રીતિ રહિત એવા છે, માટે હે રાજન ! જ્યાં કૃષ્ણ ત્યાં ધર્મ ને જ્યાં ધર્મ ત્યાં જય. માટે તેના માહા- ત્મ્ય યોગે તથા આત્મયોગે કરીને પાંડવો યુક્ત છે માટે એમનો જય થશે. જે ભગવાન, હમેશ પાંડવોને સદ્બુદ્ધિ તથા સંગ્રામમાં બળ આપે છે, ભય થકી રક્ષા કરે છે, તે આ શાશ્વત દેવ, સર્વ ગુહ્યમય, કલ્યાણરૂપ વાસુદેવ જાણવા. તું મને પૂછે છે તો સાંભળ. યોગ્ય એવા શુદ્ધ લક્ષણ યુક્ત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર પોતપોતાના કર્મે કરી નિરંતર જેને પૂજે છે તે દ્વાપર યુગને અંતે, કલિયુગના આરંભમાં નારદ પંચરાત્ર પ્રમાણે વિધિનો આશ્રય કરી સંકર્ષણે ગાયેલા એવા વાસુદેવ ભગવાન, યુગ યુગને વિષે સર્વદેવ મનુષ્યલોક સમુદ્રની કટીમેખવાળી દ્વારકાંપુરી તથા મનુષ્ય લોકમાં પોતાના નિવાસને વારંવાર સજે છે.

स एष सर्वं सुरमर्त्यलोकं समुद्रकक्ष्यां तरितांपुरीं च ।
युगेयुगे मानुषं चैववासं पुनःपुनः सृजते वासुदेवः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि विश्वोपाख्याने गुर्जरभाषायां षट्षष्ठितमोऽध्यायः ॥ ६६ ॥

અધ્યાય ૬૭ મો. વિશ્વોપાખ્યાન.

दुर्योधन उवाच—वासुदेवो महद्भूतं सर्वलोकेषु कथ्यते ।
तस्यागमं प्रतिष्ठां च ज्ञातुमिच्छे पितामह ॥ १ ॥

દુર્યોધન કહે છે–હે પિતામહ ! વાસુદેવ સર્વ ભૂતરૂપ કહેવાય છે માટે તેનું પ્રમાણ

તથા પ્રતિષ્ઠાને હું જાણવા ઇચ્છું છું. ભીષ્મ કહે છે કે હે ભરતર્ષભ ! વાસુદેવ સર્વ ભૂતરૂપ તથા સર્વ દેવતાના પણ દેવતારૂપ છે કારણ કે પુંડરીકાક્ષ એવા તેમના વગર બીજું કાંઇ પણ દેખાતું નથી. ગોવિંદ ભગવાન વિષે મોટું આશ્ચર્ય રહ્યું છે એમ માર્કંડેય કહે છે. કારણ કે, જે સર્વ પ્રાણીના આત્મા મહાત્મા પુરૂષોત્તમ, પ્રલય સમયે સર્વ પ્રાણીને પોતપોતાના કારણરૂપ મહાભૂતમાં લીન કરી સર્વ લોકના ઇશ્વર સર્વ તેજોમય પુરૂષોત્તમ યોગ પ્રભાવથી જળમાં પોઢે છે, પાછા ઉત્થાન સમયે મુખમાંથી અગ્નિ તથા પ્રાણમાંથી વાયુ અને પૃથિવ્યાદિ બીજા પણ ભૂતને સૃજી, અચ્યુત એવા તે મનમાંથી વેદ તથા સરસ્વતીને સૃજે છે, ઋષિઓ સહિત દેવ, સર્વ લોક, મરણ પ્રયોજન, પ્રજાની ઉત્પત્તિ તથા પ્રલયના હેતુને પણ સૃજે છે, અને ધર્મરૂપ ધર્મ જાણનાર, વર આપનાર, સર્વ કામ પૂર્ણ કરનાર, અને કર્ત્તા કાર્ય, સ્વયંભુ, પૂર્વદેવ, ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન, બે સંધ્યા, દિશાઓ આકાશ તથા નિયમો, ઉત્પન્ન કરી અને મહાત્મા ગોવિંદે ઋષિઓ, જપ તથા જગતના સૃષ્ટાને પણ ઉત્પન્ન કર્યા. પ્રથમ પોતાના ભાઇ સંકર્ષણને ઉત્પન્ન કરી પછી સનાતન દેવ નારાયણ પોતે પ્રગટ થયા, અને પોતાના નાભી કમળમાંથી પિતામહ અને તેથી આ સર્વ પ્રજા ઉત્પન્ન થઇ છે. સંકર્ષણ શેષ ભગવાને, સર્વ પ્રાણીના આધારભૂત પર્વત સહિત આ પૃથ્વીને ધારણ કરી છે તેથી બ્રાહ્મણો ધ્યાન યોગે કરી તેમને મોટા બળિષ્ટ કહે છે, અને બ્રહ્માના કાનના મળમાંથી ઉત્પન્ન થયેલા, ઉગ્રકર્મ તથા ઉગ્ર બુદ્ધિવાળા બ્રહ્માને મારવા દોડતા મધુ નામના મોટા અસુરને પુરૂષોત્તમ ભગવાને માર્યો. હે તાત ! જનાર્દન ભગવાનને દેવ, દાનવ, મનુષ્ય તથા ઋષિઓ, મધુસૂદન એમ કહે છે. વરાહ, નૃસિંહ તથા વામનરૂપ શ્રી હરિ સર્વના માતા તથા પિતા છે. પુંડરીકાક્ષ વગર બીજું ભૂત, ભવિષ્ય કાંઇ છેજ નહીં. વાસુદેવ ભગવાને મુખથી બ્રાહ્મણો, બે બાહુથી ક્ષત્રિયો, સાથળથી વૈસ્ય તથા ચરણથી શુદ્રને ઉત્પન્ન કર્યા છે. નિયમ યુક્ત તે દેવે, તપે કરી સર્વને રહેવાના સ્થાનરૂપ પૃથ્વી સૃજી અમાવાસ્યાને દિવસે બ્રહ્મરૂપ ગોવિંદને તથા પૂર્ણિમાને દિવસે યોગરૂપ ગોવિંદને જે સેવે તે બ્રહ્મને પામે. હે નરાધિપ ! કેશવ ભગવાન પરમ તેજરૂપ તથા સર્વ લોકના પિતામહ છે, એમ મુનિઓ હૃષીકેશને કહે છે. હે રાજન્ ! આચાર્ય, પિતા તથા ગુરૂ પણ તે છે અને જેને એ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય તે અક્ષય લોકને પામે છે. જે ભય વખતે કેશવ ભગવાનને શરણે જાય, વા હમેશ જે એનું નામ લે, તે પણ કલ્યાણવાન તથા સુખી થાય. જે પુરૂષો શ્રીકૃષ્ણને શરણે જાય તે કદી પણ મોહ પામે નહીં. જનાર્દન ભગવાન મોટા ભયમાં બુડેલાઓની પણ નિરંતર રક્ષા કરે છે. હે ભારત ! યુધિષ્ઠિર રાજા, મહાત્મા જગતના ઇશ્વર તે કેશવ ભગવાનને ઓળખી યોગના પ્રભુ ઇશ્વરની સર્વાત્મપણે શરણે રહેલા છે.

स तं युधिष्ठिरोज्ञात्वा याथातथ्येन भारत ।
सर्वात्मनामहात्मानं केशवं जगदीश्वरं ॥
प्रपन्नः शरणं राजन् योगानां प्रभुमीश्वरम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि विश्वोपाख्याने गुर्जरभाषायां सप्तषष्ठितमोऽध्यायः ॥ ६७ ॥

અધ્યાય ૬૮ મો. વિશ્વોપાખ્યાન (ચાલુ)

भीष्म उवाच—शृणु चेदं महाराज ब्रह्मभूतंस्तवं मम ।
ब्रह्मर्षिभिश्च देवैश्च यः पुरा कथितो भूवि ॥ १ ॥

ભીષ્મ કહે છે–હે મહારાજ! પૂર્વે બ્રહ્મર્ષિ તથા દેવતાઓએ જે ભગવાનની સ્તુતિ કરી છે, તે બ્રહ્મરૂપ સ્તુતિ હું કહું તે સાંભળ. હે દેવના દેવ! સાધ્ય દેવના પણ ઇશ્વર, પ્રભુ અને લોકને પાળનારના પણ અભિપ્રાયને જાણનાર તમે છો, એવી રીતે નારદે, અને ભૂત, ભવિષ્ય, વર્ત્તમાનરૂપ તથા યજ્ઞોના અને તપના ફળરૂપ તમે છો, એમ માર્કંડેયે, અને પ્રાચીન એવું વિષ્ણુનું પરમરૂપ છે, એ તમારૂં છે અને દેવના પણ તમે દેવ છો, એમ ભૃગુઋષિએ અને વસુમાં વાસુદેવ તથા ઇંદ્રને સ્થાપન કરનાર હે દેવ! દેવના પણ તમે દેવ છો, એ રીતે વ્યાસજીએ અને પૂર્વે પ્રજા સૃજનાર, સર્વ લોકના સૃષ્ટા દક્ષપ્રજાપતિરૂપ છો, એમ અંગિરાએ, અવ્યક્ત તમારા શરીરમાંથી અને વ્યક્ત તમારા મનમાંથી ઉત્પન્ન થયું છે, અને દેવતાઓ તમારાથી ઉત્પન્ન થયા છે એ રીતે દેવળ તથા અસિતે, તમારા મસ્તકે કરી સ્વર્ગ તથા બાહુએ કરી પૃથ્વી વ્યાપ્ત છે, અને ત્રણલોક તમારૂં જઠર છે માટે તમે સનાતન પુરૂષ છો એ રીતે તપે કરી શુદ્ધ અંતઃકરણવાળા પુરૂષોએ હે મધુસૂદન! આત્મદર્શને કરી તૃપ્ત, ઋષિઓમાં તમે અત્યંત શ્રેષ્ઠ છો ને સર્વ ધર્મમાં કુશળ, સંગ્રામમાં પાછા ન ફરનાર ઉદાર રાજર્ષિઓના તમે ગતિરૂપ છો, એ રીતે યોગ જાણનાર સનત્કુમારાદિક મુનિઓએ સ્તુતિ કરી છે. હે તાત! આ કેશવ ભગવાનનો યથાર્થ સંક્ષેપ તથા વિસ્તાર મેં તને કહ્યો, માટે અત્યંત પ્રસન્ન થઇ તે કેશવ ભગવાનને ભજ. સંજય કહે છે કે, હે મહારાજ! ભીષ્મના મુખથી આ પવિત્ર આખ્યાન સાંભળી તમારો પુત્ર દુર્યોધન, કેશવ ભગવાનને તથા મહારથિ પાંડવને ઘણા પરાક્રમી માનવા લાગ્યો. હે મહારાજ! ફરી વળી શંતનુ પુત્ર ભીષ્મે તમારા પુત્ર દુર્યોધનને કહ્યું કે–હે રાજન્! તેં જે મને પૂછ્યું હતું તે નારાયણરૂપ મહાત્મા કેશવનું તથા નરનું માહાત્મ્ય તેં સાંભળ્યું. તે ઋષિ નરનારાયણ જે વાસ્તે મનુષ્યમાં પ્રગટ થયા તથા સંગ્રામમાં શૂરવીર કોઇથી હણાતા નથી તેનું કારણ પણ સાંભળ્યું. હે રાજેંદ્ર! યશસ્વી પાંડવો ઉપર શ્રીકૃષ્ણને અત્યંત પ્રીતિ છે, માટે હું તને કહું છું કે પાંડવ સાથે સલાહ કરી બળવાન ભાઇઓ સહિત સ્વતંત્રતાથી પૃથ્વીને ભોગવ્ય, નહીં તો આ નરનારાયણદેવનો તિરસ્કાર કરી બચીશ નહીં. હે વિશાંપતે! એટલું કહી તમારા પિતા ભીષ્મ, બોલતા બંધ થઇ શયન કરવા તંબુમાં ગયા. હે ભરતર્ષભ! તે મહાત્માને પ્રણામ કરી દુર્યોધન રાજા પણ પોતાના તંબુમાં જઇ તે રાત્રિએ સ્વચ્છ શય્યામાં સૂઇ રહ્યો.

राजा च शिबिरं प्रायात् प्रणिपत्य महात्मने ।
शिष्ये च शयने शुभ्रे रात्रिं तां भरतर्षभ ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि विश्वोपाख्याने गुर्जर भाषायां अष्टषष्ठितमोऽध्यायः ॥ ६८ ॥

અધ્યાય ૬૯ મો. પાંચમા દિવસનું યુદ્ધ.

संजय उवाच--व्युषितायां च शर्वर्यामुदिते च दिवाकरे ।
उभेसेने महाराज युद्धायैव समीयतुः ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ! રાત્રિ ગયા પછી સૂર્યોદય થયો ત્યારે બેઉ સેના યુદ્ધ કરવા નિકળી. હે રાજન્! તમારા ખરાબ વિચારથી પરસ્પર ઇચ્છાવાળા અત્યંત ક્રોધે ભરાયેલા તમારા પુત્ર તથા પાંડવો એક બીજાને જોઇ એકઠા થઇ વ્યૂહ રચના કરી પ્રસન્ન મને પ્રહાર કરનાર પરસ્પર સામે દોડયા. હે રાજન્! તમારી તરફના મકર વ્યૂહને ચોતરફથી ભીષ્મ રક્ષા કરતા હતા. હે મહારાજ! તે વખતે રથીમાં શ્રેષ્ઠ તમારા પિતા ભીષ્મ મોટા રથ સમુદાય સહિત નિકળ્યા. તેમની પાછળ પોતપોતાને સ્થાનકે ઉભેલા રથી, પાયદળ, હસ્તિઓ તથા ઘોડેસ્વારો ચાલવા લાગ્યા. સંગ્રામમાં આવતા તેમને જોઇ યશસ્વી પાંડવો કોઈથી જીતાય નહીં એવા શ્યેન નામના વ્યૂહથી સામે રચવા લાગ્યા. જેના મુખ વિષે મહા બળવાન ભીમસેન, નેત્રને વિષે કોઇથી સહન થાય નહીં એવો શિખંડી તથા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, મસ્તક વિષે સત્ય પરાક્રમવાળા શૂરવીર સાત્યકિ, ગ્રીવા વિષે ગાંડીવ ધરનાર અર્જુન, ડાબી પાંખ વિષે અક્ષૌહિણી સહિત પુત્ર યુક્ત મહાત્મા દ્રુપદ, જમણી પાંખ વિષે અક્ષૌહિણી પતિ કેકય, અને પાછળ દ્રૌપદીના પાંચ પુત્ર તથા પરાક્રમી અભિમન્યુ, અને પૃષ્ટ ભાગમાં નકુળ સહદેવ સહિત ઘણા પરાક્રમવાળા શૂરવીર યુધિષ્ઠિર રાજા ઉભા રહ્યા. સંગ્રામમાં ભીમસેને, તમારી તરફના મકર વ્યૂહના મુખમાં પ્રવેશ કરી ભીષ્મ પાસે જઇ બાણથી તેમને ઢાંકી દીધા. હે ભારત! ભીષ્મે પણ તે મોટા સંગ્રામમાં વ્યૂહ રચનાએ કરી ઉભેલા પાંડવના સૈન્યને મોહ પમાડતાં તેની ઉપર મોટાં અસ્ત્રો નાખ્યાં. મોહ પામેલા સૈન્યને જોઇ ઉતાવળથી અર્જુને હજાર બાણે કરી ભીષ્મને વિંધ્યા, અને સંગ્રામમાં ભીષ્મે મૂકેલા અસ્ત્રને વારી, પ્રસન્ન થયેલા પોતાના સૈન્ય સહિત યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. પૂર્વે થયેલા ભયંકર વધને તથા યુદ્ધમાં થયેલા પોતાના ભાઇઓના નાશને યાદ કરી બળવાનમાં શ્રેષ્ઠ મહારથી દુર્યોધન રાજાએ દ્રોણાચાર્યને કહ્યું કે, હે આચાર્ય! હે નિષ્પાપ! નિરંતર તમે મારા હિતને ઈચ્છનાર છો, તેમ તમારો તથા પિતામહ ભીષ્મનો આશ્રય કરી સંગ્રામમાં દેવતાઓને પણ જીતવા અમે સમર્થ થઇએ એમાં સંશય નથી ત્યારે હીનવીર્ય તથા પરાક્રમવાળા પાંડવોને મારીએ તેમાં શું આશ્ચર્ય! માટે હે ગુરો! જે રીતે પાંડવ નાશ પામે તેમ કરો, તમારૂં કલ્યાણ થઓ. હે મારિષ! એ રીતે તમારા પુત્રે દ્રોણાચાર્યને કહ્યું પછી તે સાત્યકિ જોતાં પાંડવ સૈન્યને ભેદવા લાગ્યા. હે ભારત! તે વખતે સાત્યકિએ દ્રોણાચાર્યને વારી રાખ્યા, પછી તે બેઉનું ભયને આપનાર ઘોર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. જેમાં પ્રતાપવાન દ્રોણાચાર્યે, સાત્યકિને હસતા હોય નહીં તેમ તીક્ષ્ણ બાણે કરી જત્રુદેશ (હાંસડી) માં વિંધ્યો. હે રાજન્! તેથી ભીમસેને શસ્ત્ર ધારણ કરનાર શ્રેષ્ઠ દ્રોણાચાર્યથી સાત્યકિની રક્ષા કરતાં ભરદ્વાજના પુત્રને વિંધ્યા. હે મારિષ! તેથી ક્રોધ પામેલા દ્રોણ, ભીષ્મ તથા શલ્યે બાણે કરી ભીમસેનને ઢાંકી દીધો. તેને જોઇ અભિમન્યુ તથા દ્રૌપદીના પાંચ પુત્રોએ તીક્ષ્ણ બાણે કરી ઉગામેલા આયુધવાળા સર્વને વિંધ્યા. અત્યંત ક્રોધ પામેલા મહા બળવાન દ્રોણ તથા ભીષ્મ સામા આવતા

લાગ્યા, તેમને જોઇ શૂરવીર મોટા ધનુષવાળો શિખંડી, મેઘ જેવા ઘોર શબ્દવાળું બળવાન ધનુષ ગ્રહણ કરી બાણના વરસાદે કરી, સૂર્યને ઢાંકતો તેમની સામે આવ્યો, તેને જોઇ ભરતોના પિતામહ ભીષ્મે તેનું સ્ત્રીપણું યાદ કરી તેની સાથે યુદ્ધ કરવું છોડી દીધું. તે વખતે હે મહારાજ ! તમારા પુત્રના કહેવાથી ભીષ્મની રક્ષા કરતા દ્રોણાચાર્ય તેની સામે દોડ્યા. તે સમયે શિખંડી શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણ પાસે આવી પ્રલય સમયના અગ્નિ જેવા તીક્ષ્ણ તેમને જોઇ ત્યાંથી દૂર ખશી ગયો. હે વિશાંપતે ! એટલામાં મોટા યશને ઇચ્છતો તમારો પુત્ર દુર્યોધન, ઘણાક સૈન્ય સહિત ત્યાં આવી ભીષ્મની રક્ષા કરવા લાગ્યો. હે રાજન ! તેમજ પાંડવો પણ અર્જુનને આગળ કરી જય માટે દૃઢ મતિ કરી ભીષ્મનીજ સામે આવવા લાગ્યા. સંગ્રામમાં જય તથા મોટા આશ્ચર્યરૂપ યશને ઇચ્છતા તેમનું દેવદાનવ જેવું મોટું તેમજ ભયંકર યુદ્ધ થયું.

तद्युद्धमभवद् घोरं देवानां दानवैरिव ।
जयमाकांक्षतां संख्ये यशश्च सुमहाद्भुतम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि पंचमदिवसयुद्धारंभे गुर्जरभाषायां ऊनसप्ततितमोऽध्यायः ॥ ६९ ॥

અધ્યાય ૭૦ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच=अकरोतुमुलं युद्धं भीष्मः शांतनवस्तदा ।
भीमसेनभयादिच्छन्पुत्रांस्तारयितुं तव ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન ! ભીમસેનના ભયથી તમારા પુત્રોને બચાવવાને ઇચ્છતા શંતનુ પુત્ર ભીષ્મે મોટું યુદ્ધ કર્યું. મુખ્ય શૂરવીરોનો નાશ કરનાર કૌરવ પાંડવોનું યુદ્ધ, દિવસના પૂર્વ ભાગમાં પ્રવર્ત્તમાન થયું. મહા ભયંકર સંકુલ સંગ્રામમાં આકાશને સ્પર્શ કરે એવો મોટો શબ્દ થતો હતો. શબ્દ કરતા મોટા હસ્તિ, હણહણાટ કરતા ઘોડાઓ, ભેરી તથા શંખના શબ્દોએ કરીને તે યુદ્ધ અત્યંત ગાઢ થયું હતું, યુદ્ધ કરવાને ઇચ્છતા પરાક્રમી મહા બળવાન એ બેઉ સેનાના યોદ્ધાઓ, સંગ્રામમાં ગોંદરામાં જેમ બળદો ગર્જના કરે તેમ ગર્જના કરતા હતા. હે ભરતર્ષભ ! સંગ્રામમાં મોટા શૂરવીરોના તીક્ષ્ણબાણે કરી પડતાં મસ્તકો આકાશમાંથી થતા પથ્થરના વરસાદની પેઠે જોવામાં આવતાં હતાં. કુંડલ તથા સંગ્રામમાં પહેરવાની ટોપી સહિત સુવર્ણથી ઉજ્વળ એવાં કેટલાંક ત્યાં પડેલાં મસ્તકો દેખાતાં હતાં. બાણે કરી મંથન કરેલાં શરીર, ધનુષ તથા આભરણ સહિત બાહુએ કરી રણભૂમિ ઢંકાઇ ગઇ હતી. કવચ યુક્ત શરીર, શોભતા હસ્ત, રક્ત છે અંતભાગ જેના એવાં સુંદર નેત્રવાળાં ચંદ્ર જેવાં મુખ, હસ્તિ, ઘોડા તથા મનુષ્યોનાં શરીરોએ કરી સર્વ રણભૂમિ બે ઘડીમાં પથરાયેલી દેખાતી હતી. શસ્ત્રરૂપ વિજળીઓનો જેમાં પ્રકાશ છે એવા ઉડેલી રજરૂપ મેઘમાં આયુધોનો શબ્દ કાટકા સમાન લાગતો હતો. એ રીતે કૌરવ પાંડવનો રૂધિરરૂપ પાણીવાળો દુઃસહ સંપ્રહાર પ્રવર્ત્તમાન થયો હતો. મહા ભયંકર ઘોરરૂપ રૂંવાં ઉભાં કરનાર સંગ્રામમાં યુદ્ધમાં દુર્મદ એવા ક્ષત્રિયો બાણનો વરસાદ કરવા લાગ્યા.

હે ભરતર્ષભ ! તમારા તથા પારકાઓના તે મહા સંગ્રામમાં બાણના વરસાદથી પીડાયેલા હસ્તિઓ તે તે ઠેકાણે શબ્દ કરતા હતા. અતિ ક્રોધી ઘણા પરાક્રમવાળા સંગ્રામમાં ધીર શૂરવીરોના ધનુષની પ્રત્યંચાના તથા મોજાના શબ્દે કરી કાંઈ પણ સંભળાતું ન હતું. રૂધિરરૂપી પાણીવાળા સંગ્રામમાં ચોતરફ વેરાઇ પડેલાં માથા વગરનાં ધડોને જોઇ શત્રુના વધ વાસ્તે તૈયાર થયેલા રાજાઓ, ચોતરફથી દોડતા હતા. ઘણા તેજવાળા ભાલા ધરનાર શૂરવીરો બાણ, શક્તિ, ગદા, તથા ખડ્ગે કરી એક બીજાને મારતા હતા. બાણે કરીને વિંધાયેલા અંકુશ વગરના હસ્તિઓ તથા હણાયા છે સ્વાર જેના એવા અશ્વ, દસે દિશાઓમાં દોડતા હતા. હે ભરતર્ષભ ! બાણના વાગવાથી અત્યંત પીડાયેલા તમારી તરફના તથા પારકાઓના બીજા યોદ્ધાઓ ઉંચા કૂદી કૂદીને પૃથ્વી ઉપર પડતા હતા. એવી રીતના ભીષ્મ તથા દ્રોણના યુદ્ધમાં વાહન, મસ્તક, ધનુષ, ગદા, ભાલા, હાથ, સાથળ, પગ, આભરણ તથા બાજુબંધના ઢગલા તે તે ઠેકાણે દેખાતા હતા. હે વિશાંપતે ! અશ્વ, હસ્તિ તથા પાછા ન ફરે એવા રથના સમુદાય પણ તે તે ઠેકાણે દેખાતા હતા. તે સંગ્રામમાં કાળ આવ્યેથી ક્ષત્રિયો ગદા, તરવાર, સાંગ્ય તથા ગ્રંથી વગરના બાણે કરી એક બીજાને મારતા હતા. યુદ્ધમાં કુશળ કેટલાક શૂરવીરો, લોઢાના ભાલાથી મારે તેમ પોતાના હાથથીજ એક બીજાને મારતા હતા. કેટલાક તમારી તરફના અને પાંડવ તરફના શૂરવીર યોદ્ધાઓ, મુઠીથી, ઘુંટણથી તથા તલાંએ કરીને એક બીજાને મારતા હતા. હે જનેશ્વર ! પડેલા, પાડવા માંડેલા તથા ચેષ્ટા કરતા યોદ્ધાઓએ કરીને રણભૂમિ ભયંકર દેખાતી હતી. અને શ્રેષ્ઠ તરવાર ધરનાર રથ વગરના યોદ્ધાઓ એક બીજાને મારવાની ઇચ્છાથી પરસ્પરની સામે દોડતા હતા, એટલામાં ઘણાક કલિંગ દેશના યોદ્ધાઓથી વિંટાએલો દુર્યોધન રાજા સંગ્રામમાં ભીષ્મને આગળ કરી પાંડવ સામે ગયો, તેમજ સર્વ પાંડવો પણ ભીમસેનને વિંટાઇ ક્રોધથી ભીષ્મ સામે દોડયા. તે પછી યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

तथैव पांडवाः सर्वे पारिवार्य वृकोदरं ।
भीष्ममभ्यद्रवन् क्रुद्धास्ततो युद्धमवर्त्तत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां सप्ततितमोऽध्यायः ॥ ७० ॥

અધ્યાય ૭૧ મો. સંકુલ યુદ્ધ (ચાલુ)

संजय उवाच—दृष्ट्वा भीष्मेण संसक्तान्भ्रातृनन्यांश्च पार्थिवान् ।
समभ्यधावद्गांगेयमुद्यतास्त्रो धनंजयः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્ ! પછી ભીષ્મ સાથે યુદ્ધ કરતા પોતાના ભાઇઓ તથા બીજા રાજાઓને જોઇ ઉગામેલ અસ્ત્રવાળા અર્જુન, ગંગાપુત્ર સામે દોડયા. તે વખતે તેના ગાંડીવ ધનુષનો તથા ભગવાનના પાંચજન્ય શંખનો શબ્દ સાંભળી તેના ધ્વજને પણ જોઇ આપણા સર્વને ભય પ્રાપ્ત થયું. હે મહારાજ ! તે વખતે સિંહના પુંછડા જેવો આકાશમાં ઉગેલા ધૂમકેતુની પેઠે વૃક્ષોવિષે અડકતો, ઘણા વર્ણવાળો, વિચિત્ર તરેહનો

દિવ્ય હનુમાનના ચિન્હવાળો અર્જુનનો ધ્વજ અમોએ જોયો, અને આકાશમાં મંડળ વચ્ચે ચળકતી વિજળી સમાન સોનાના પૃષ્ટ ભાગવાળા તેના ગાંડીવ ધનુષને પણ સંગ્રામમાં યોદ્ધાઓ જોતા હતા. ઇંદ્રની પેઠે સામે ગર્જના કરતા તમારી સેનાને મારતા તેના મોજાનો શબ્દ પણ અમે સાંભળતા હતા. ભયંકર મસ્ત્રવાળા અને ભયંકર વાયુવાળો વિજળી સહિત ગર્જના કરતો મેઘ જેમ વરસાદે કરી પર્વતને ઢાંકે તેમ બાણના વરસાદે કરી સર્વ દિશાઓને ઢાંકતો અર્જુન ગંગાપુત્રની સામે દોડયા. તેના અસ્ત્રથી મોહ પામેલા અમો પૂર્વ પશ્ચિમાદિક દિશાઓને પણ જાણતા ન હતા. હે ભરતર્ષભ! ભયથી નાસતા થાકેલાં વાહનવાળા ,હણાએલ ઘોડા તથા મનવાળા તમારી તરફના યોદ્ધાઓ એક બીજામાં મળી તમારા પુત્ર સહિત ભીષ્મની પાછળ સંતાઇ ગયા, તે વખતે રણસંગ્રામમાં પીડાએલ તેમના શરણ રૂપ ભીષ્મ થયા હતા. ઇંદ્રના વજ્ર જેવો અર્જુનના ગાંડીવ ધનુષનો શબ્દ સાંભળી બીનેલા રથિઓ રથમાંથી, ઘોડેસ્વારો ઘોડા ઉપરથી તથા પાયદળો પૃથ્વી ઉપરથી પડતા હતા. બીનેલાં સર્વ સૈન્યો પણ છુપાઈ જતાં હતાં. હે વિશાંપતે ! પછી મોટા વેગવાળા કાંબોજ દેશના ઘોડાઓ, હજારો ગોવાળ, મોટા ગોવાલ છે શરણ જેનું એવા નાના ગોવાળ, મદ્ર, સૌવીર, ગાંધાર, ત્રિગર્ત્ત દેશનો રાજા, કલિંગ દેશના સર્વ યોદ્ધાઓથી વિંટાએલો દુઃશાસન સહિત જયદ્રથ તથા તમારા પુત્રની આજ્ઞાથી ચૌદ હજાર ઘોડેસ્વારો, શકુનિ સાથે તેની સહાયતા વાસ્તે ઉભા રહ્યા. હે ભરતર્ષભ ! એ રીતે વિભાગ કરેલા રથ તથા વાહનવાળા એકઠા મળેલા સર્વ તમારાઓ રણસંગ્રામમાં અર્જુનને મારવા લાગ્યા. તે વખતે રથ, હસ્તિ, ઘોડાઓ તથા પાયદળે કરી ઉડેલી મોટા મેઘ સરખી રજે કરી રણ-ભૂમિ ભયંકર દેખાતી હતી. હાથી, ઘોડા તથા રથ ઉપર બેસી, ભાલા, સાંગ્ય તથા બાણે કરી યુદ્ધ કરતા સૈન્ય સહિત ભીષ્મ અર્જુન સામે વિંદ તથા અનુવિંદ કાશિરાજ સામે, સિંધુ દેશનો રાજા જયદ્રથ ભીમસેન સામે, અને પુત્ર તથા કારભારી સહિત ધર્મરાજા મદ્રદેશના યશસ્વી રાજા શલ્ય સામે યુદ્ધ કરતા હતા. તેમજ હે વિશાંપતે ! વિકર્ણ સહદેવ સામે ચિત્રસેન, શિખંડી સામે તથા મત્સ્ય દેશના યોદ્ધાઓ, દુર્યોધન તથા શકુનિ સામે લડતા હતા. દ્રુપદ, ચેકિતાન તથા મહારથી સાત્યકિ, પુત્રયુક્ત મહાત્મા દ્રોણાચાર્ય સાથે, કૃપાચાર્ય તથા કૃતવર્મા ધૃષ્ટદ્યુમ્ન સાથે યુદ્ધ કરતા હતા, ભડકેલા અશ્વ, ભમતા હસ્તિઓ તથા રથવાળાઓ યુદ્ધ કરતાં ચોતરફથી એક બીજામાં મળી ગયાં હતાં. હે વિશાંપતે ! મેઘ વિના પણ વિજળીઓ તથા ઉડેલી રજે કરી ઢંકાએલી દિશાઓ દેખાંતી હતી, અને ગડગડાટ સહિત મોટાં ઉંબાડીયાં તથા પવન વહાતો હતો તેથી રજનો વરસાદ વરસી આકાશમાં સૂર્ય પણ ઢંકાઈ ગયો. અસ્ત્રથી પીડાતા તથા રજથી પરાભવ પામેલા પ્રાણીઓ અત્યંત મોહ પામતા હતા. શૂરવીરોએ હાથથી ફેંકેલો સર્વ આવરણ ભેદનાર બાણનો સમુદાય પણ ગાઢ દેખાતો હતો. હે ભરતર્ષભ ! શૂરવીરોએ ઉત્તમ ભુજાએ કરી પ્રેરેલાં, નક્ષત્ર સરખી ચળકતી કાંતિવાળાં શસ્ત્રો, આકાશમાં પ્રકાશ કરતાં હતાં. સુવર્ણથી શોભતી વિચિત્ર તરેહની બળદના ચામડાની ઢાલો સર્વ દિશાઓમાં પડતી હતી. સૂર્ય જેવી તેજ તરવારોએ કરી ચોતરફથી પાડેલાં શરીરો તથા મસ્તકો ઠામેઠામ દેખાતાં હતાં. ભાગેલ ચક્ર, ડાંડા તથા બેસવાની જગ્યાવાળા, પડી ગએલી મોટી ધ્વજાવાળા હણાએલ છે અશ્વ જેના એવા મોટા રથો તે તે ઠેકાણે પૃથ્વી ઉપર પડતા હતા. વળી શસ્ત્ર વાગવાથી વ્રણ-

યુક્ત રથમાં બેસનાર હણાવાથી ખાલી રથને ખેંચતા કેટલાક અશ્વો આમ તેમ દોડતા હતા. હે ભારત ! વળી બાણુ વાગવાથી ભેદાએલ શરીરવાળા ગળામાં જાતર બાંધેલા કેટલાક ઉત્તમ ઘોડાઓ, તે તે ઠેકાણે કેવળ ધોંસરીને ખેંચતા દેખાતા હતા. હે રાજન્ ! બળવાન એક હસ્તિએ મર્દન કરેલા સારથિ, અશ્વ તથા રથિએ સહિત કેટલાક રથો રણભૂમિમાં ફરતા દેખાતા હતા. રણસંગ્રામમાં સૈન્યના ઘણા સમુદાયથી કેટલાક હસ્તિઓ મદ ઝરતા મોટા હસ્તિના મદને સુંઘી તેને પકડવા જતા તેને બદલે મદ વગરના બીજા હસ્તિને પકડતા હતા. ભાલાએ સહિત મૃત્યુ પામેલા પડતા માવત તથા બાણુથી હણેલા હસ્તિઓએ કરી રણભૂમિ ઢંકાઇ ગઈ હતી. સૈન્ય સમુદાયમાં પ્રેરેલા ઉત્તમ હસ્તિઓએ યુદ્ધમાં મારેલા કેટલાક હસ્તિઓ તથા ધ્વજ સહિત સંગ્રમમાં પડતા હતા. હે મહારાજ ! રણસંગ્રામમાં હસ્તિઓએ મોટા સર્પ સરખી સુંઢે કરી ભાગેલા કેટલાક રથના કૂબડાઓ દેખાતા હતા. વળી કેટલાક હસ્તિઓ રણસંગ્રામમાં ભાગ્યા છે રથ સમુદાય જેના એવા રથિઓની ચોટલી ઝાલી, વૃક્ષની શાખાની પેઠે તેને પછાડી ચુરો કરતા હતા. રથમાં ભરાએલા રથને ખેંચતા કેટલાક ઉત્તમ હસ્તિઓ રણસંગ્રામમાં સર્વ દિશાઓમાં દોડતા હતા. એ રીતે રથને ખેંચતા હસ્તિઓનું રૂપ તળાવમાંના કમળ સમુદાયને ખેંચતા હસ્તિ જેવું લાગતું હતું. તે વખતે ઘોડેસ્વાર, પાયદળ તથા ધ્વજા સહિત મોટા રથે કરી રણભૂમિ ઢંકાયેલી દેખાતી હતી.

एवं संछादितं तत्र बभूवायोधनं महत् ।
सादिभिश्च पदातैश्च सध्वजैश्च महारथैः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषाया मेकसप्ततितमोऽध्यायः ॥ ७१ ॥

અધ્યાય ૭૨ મો. રાજા રાજાઓનું યુદ્ધ.

संजय उवाच—शिखंडीसहमत्स्येन विराटेन विशांपते ।
भीष्ममाशुमहेष्वास माससाद सुदुर्जयम् ॥ १ ॥

સંજય કહે છે—હે વિશાંપતે ! પછી મત્સ્ય દેશના વિરાટ રાજા સહિત શિખંડી દુઃખે કરી જીતાય નહીં એવા મોટા ધનુષવાળા ભીષ્મ સામે આવ્યો. દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, મોટા ધનુષવાળા તથા મહા બળવાન વિકર્ણ તથા શૂરવીર બીજા ઘણાક રાજાઓને રણસંગ્રામમાં અર્જુન મારવા લાગ્યો. તેમજ હે ભૂમિવર્ષભ ! મોટા ધનુષવાળા કારભારી તથા બંધુ સહિત સિંધુ દેશના રાજા જયદ્રથને અને પૂર્વ દિશાના તથા દક્ષિણ દિશાના રાજાઓને પણ તે મારવા લાગ્યો. મોટા ધનુષવાળા ક્રોધી રણસંગ્રામમાં દુઃખે કરી સહન થાય નહિ એવા તમારા પુત્ર દુર્યોધન સામે ભીમસેન યુદ્ધ કરવા લાગ્યો. મોટા ધનુષવાળા દુર્જય, મહારથી પિતા પુત્ર શકુનિ તથા ઉલૂક સામે સહદેવ દોડયો. હે મહારાજ ! તમારા પુત્રે પીડેલા મહારથી ધર્મરાજા રણસંગ્રામમાં હસ્તિસૈન્ય સામે યુદ્ધ કરતા હતા. શૂરવીરમાં શ્રેષ્ઠ પાંડવ માદ્રી પુત્ર નકુળ, રણસંગ્રામમાં ત્રિગર્ત્તના સૈન્ય સામે લડતો હતો ને અત્યંત ક્રોધી સાત્યકિ, ચેકિતાન તથા મહારથી સુભદ્રાના પુત્ર અભિમન્યુ, સંગ્રામમાં શાલ્વ તથા

કેકય રાજા સામે થયા હતા. અત્યંત દુઃખે કરી જીતાય નહીં એવા ધૃષ્ટકેતુ તથા રાક્ષસ ઘટોત્કચ, તમારા પુત્રના રથસૈન્ય સામે અડયા હતા. મહા બળવાન સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન, રણસંગ્રામમાં ઉગ્ર કર્મવાળા દ્રોણાચાર્ય સામે યુદ્ધ કરતો હતો. એ રીતે મોટા ધનુષવાળા એટલા તમારી તરફના શૂરવીરો એકઠા મળી પાંડવો સાથે યુદ્ધ કરતા હતા. મધ્યાન્હના સૂર્યના પ્રકાશથી આકાશ ઝળાંઝળાં થઇ રહ્યું હતું. તે સમે કૌરવ તથા પાંડવો પરસ્પર પ્રહાર કરતા હતા. સુવર્ણથી વિચિત્ર તરેહના ધ્વજા તથા પતાકાયુક્ત, વ્યાઘ્રના ચાંમડાના આવરણવાળા રણસંગ્રામમાં વિચરતા રથો શોભતા હતા. પરસ્પર જીતતાની ઇચ્છાથી રણસંગ્રામમાં એકઠા મળેલા સર્વ યોદ્ધાઓનો સિંહ જેવો ઘોર શબ્દ થતો હતો. શૂરવીર સંજયો કૌરવ સાથે અત્યંત દારૂણ અને આશ્ચર્યરૂપ યુદ્ધ કરતા હતા, તે અમોએ જોયું. હે શત્રુતાપન ! હે રાજન ! જેમાં ચોતરફથી મૂકેલા બાણોએ કરી આકાશ, દિશા સૂર્ય તથા વિદિશા પણ અમે દેખતા ન હતા. નાખેલી નિર્મળ અગ્રભાગવાળી શક્તિઓ, ભાલા, કાળા કમળ જેવી કાંતિવાળી પાયેલી તરવાર, વિચિત્ર તરેહનાં કવચ તથા આભરણના તેજે કરી આકાશ, દિશાઓ તથા વિદિશાઓમાં પ્રકાશ પડતો હતો. ચંદ્ર તથા સૂર્ય જેવી કાંતિવાળા રાજાઓના શરીરોએ કરી રણરૂપ આંગણું શોભતું હતું. હે રાજન ! ત્યાં આવતા રથના સમુદાય તથા સિંહ જેવા પુરૂષો આકાશમાં ગ્રહ શોભે તેમ શોભતા હતા. રથીમાં શ્રેષ્ઠ ભીષ્મે સર્વ સૈન્ય જોતાં મહા બળવાન ભીમસેનને વારી સુવર્ણના પુંખવાળા, શિલા ઉપર તીક્ષ્ણ કરેલા, સારી રીતે પાએલા અને તેલથી ધોએલા બાણ તે ઉપર ચઢાવ્યા. તે વખતે હે ભારત ! મહા બળવાન ભીમસેને પણ મોટા વેગવાળી સર્પ સમાન શક્તિ નાંખી. ડાંડાવાળી દુઃખે કરી સહન થાય નહીં એવી સામે આવતી શક્તિને જોઇ ભીષ્મે રણસંગ્રામમાં ગ્રંથી વગરના બાણે કરી તેને કાપીને પાયેલા તથા તીક્ષ્ણ કરેલા બીજા ભલ્લ નામના બાણે કરી તેના ધનુષના બે કડકા કર્યા. હે જનેશ્વર ! તે વખતે સાત્યકિએ રણસંગ્રામમાં તરતજ ભીષ્મ સામે આવી, અત્યંત સજેલા, તીક્ષ્ણ તીર કાન સુધી ધનુષ ખેંચી, તમારા પિતા ઉપર નાખ્યા. ભીષ્મે પણ યાદવ શ્રેષ્ઠ તેના રથમાંથી સારથિને પાડયો, તેથી તેનું મન તથા પવન જેવા વેગવાળા ઘોડાઓ આમ તેમ દોડવા લાગ્યા. તે સમે મહાત્મા પાંડવોના સર્વ સૈન્યમાં તુમુલ હાહાકાર શબ્દ થવા લાગ્યો. સામે દોડો દોડો ઘોડાઓને ઝાલો, એ રીતે સાત્યકિના રથ પ્રત્યે પણ મોટો શબ્દ થતો હતો, શંતનુ પુત્ર ભીષ્મ, ઇંદ્ર જેમ અસુરની સેનાને હણે તેમ પાંડવની સેનાને હણવા લાગ્યા. ભીષ્મે મારવા માંડેલા સોમક સહિત પાંચાલ દેશના યોદ્ધાઓ યુદ્ધમાં સ્થિર બુદ્ધિ કરી ભીષ્મ સામે દોડયા. ધૃષ્ટદ્યુમ્ન છે સખા જેનો એવા પાંડવો તમારા પુત્રની સેનાને જીતવાની ઇચ્છાથી રણસંગ્રામમાં શંતનુ પુત્ર સામે દોડયા. હે રાજન ! તેમજ ભીષ્મ તથા દ્રોણ છે આદિ જેમાં એવા કૌરવો વેગે કરી તેની સેના સામે દોડયા, પછી યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

अभ्यधावन् जिगीषंतस्तव पुत्रस्य वाहिनीं ।

तथैव कौरवा राजन् भीष्मद्रोणपुरोगमाः ॥

अभ्यधावंत वेगेन ततो युद्धमवर्त्तत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि पंचमदिवसयुद्धे गुर्जरभाषायां द्विसप्ततितमोऽध्यायः ॥ ७२ ॥

અધ્યાય ૭૩ મો. દ્વંદ્વયુદ્ધ.

संजय उवाच--बिराटोथ त्रिभिर्बाणैर्भीष्ममार्च्छन्महारथं ।
विव्याधतुरगांश्चास्य त्रिभिर्बाणैर्महारथः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન! તે પછી મહારથી વિરાટ રાજાએ, ત્રણ બાણે કરી મહારથી ભીષ્મને તથા ત્રણ બાણે કરી તેમના ઘોડાઓને વિંધ્યા. બાણ ફેંકવામાં કુશળ, મોટા ધનુષવાળા મહા બળવાન, શંતનુ પુત્ર ભીષ્મે, સોનાના પુંખવાળા દશ બાણે કરી તેને વિંધ્યો. ભયંકર ધનુષવાળા દૃઢ હસ્તયુક્ત મહારથી એવા દ્રોણ પુત્ર અશ્વત્થામાએ, છ બાણે કરી ગાંડીવ ધનુષવાળા અર્જુનને સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યો. તે સમે સામા શૂરવીરને હણનાર શત્રુને દુઃખ દેનાર અર્જુને તેનું ધનુષ કાપી તીક્ષ્ણ બાણે કરી તેને વિંધ્યો. હે રાજન! અર્જુને ધનુષ કાપ્યું તે સહન ન કરી શકતા, ક્રોધથી મૂર્છિત થયેલા તેણે, વેગે કરી બીજું ધનુષ લઇ, તીક્ષ્ણ નેવું બાણે કરી અર્જુનને તથા સિત્તેર બાણે કરી વાસુદેવ ભગવાનને વિંધ્યા. ક્રોધે કરી લાલ નેત્રવાળા, બળવાનમાં શ્રેષ્ઠ ગાંડીવ ધનુષવાળા શત્રુને દુઃખ દેનાર કૃષ્ણ સહિત અર્જુને, મોટો ઉષ્ણ નિસાસો મૂકી વારંવાર વિચાર કરતા, ડાબા હાથથી ધનુષને ખેંચી, જીવિતનો અંત કરનાર ગ્રંથી વગરના બાણે કરી સંગ્રામમાં દ્રોણ પુત્રને વિંધ્યો, જેણે તેનું કવચ ભેદી રૂધિર પીધું. એ રીતે અર્જુને ભેદેલા કાંઇ પણ વ્યથા ન પામતાં વિહ્વળ ન થતાં બાણ ફેંકતાં, ભીષ્મનું રક્ષણ કરવા ઇચ્છતા અશ્વત્થામા રણસંગ્રામમાં ઉભા રહ્યા. એકઠા મળેલા અર્જુન તથા શ્રીકૃષ્ણ સાથે રણસંગ્રામમાં યુદ્ધ કરતા તેમનું મોટું કર્મ સર્વ કૌરવો વખાણતા હતા. એ પ્રમાણે ભય રહિત એવા તે પોતાના પિતા દ્રોણાચાર્યથી અત્યંત દુર્લભ સંહાર સહિત અસ્ત્ર સમુદાયને નાંખી સૈન્યમાં હમેશ યુદ્ધ કરતા હતા, અને શત્રુને તપાવનાર, રથીમાં શ્રેષ્ઠ શૂરવીર, શ્વેત વાહનવાળા પરાક્રમી અર્જુન તો 'આ દ્રોણ ગુરૂનો વહાલો પુત્ર તથા બ્રાહ્મણ છે માટે મારે માનવા લાયક છે,' એમ વિચારી દયા રાખી તેને છોડી વેગે કરી બીજા તમારી તરફનાઓને મારતાં યુદ્ધ કરતો હતો. દુર્યોધને શિલા ઉપર તીક્ષ્ણ કરેલા સોનાના પુંખવાળા, ગૃધ્રના પીછ બાંધેલા દશ બાણ ભીમસેન ઉપર નાખ્યાં, તે વખતે વ્યગ્રતા રહિત અત્યંત કોપાયમાન ભીમસેને મારવાના સાધનરૂપ વિચિત્ર પ્રકારનું ધનુષ ગ્રહણ કરી કાનસુધી ખેંચી, તીક્ષ્ણ વેગવાળા દસ બાણે કરી કુરૂરાજને વક્ષસ્થળમાં વિંધ્યો. તે સમે સોનામાં ગાંઠેલો બાણુથી ઢંકાયેલો મણિ, આકાશમાં ગ્રહે કરી વિંટાયેલા સૂર્યની પેઠે તેના વક્ષસ્થળમાં શોભતો હતો. એ રીતે ભીમસેને મારેલો તેજસ્વી તમારો પુત્ર, મદોન્મત્ત હસ્તિ જેમ તાલીનો શબ્દ સહન કરી શકે નહીં, તેમ તે હુંકાર સહન કરી શક્યો નહી. તેણે સેનાને ભય પમાડતાં શિલા ઉપર તીક્ષ્ણ કરેલા સોનાના પુંખવાળા બાણે કરી ભીમસેનને વિંધ્યો. એ રીતે મોટા બળવાળા અત્યંત યુદ્ધ કરતા પરસ્પર ક્ષત થયેલા તે બેઉ તમારા પુત્ર દેવતા સમ શોભતા હતા. યુદ્ધમાં ઈંદ્ર જેવા સામા શૂરવીરને હણનાર સુભદ્રા પુત્ર અભિમન્યુએ, દશ બાણે કરી ચિત્રસેનને, સાત બાણે

કરી પુરૂમિત્રને તથા સિત્તેર બાણે કરી ભીષ્મને વિંધી, રણસંગ્રામમાં નાચની પેઠે ફરતા તેને અત્યંત પીડિત કર્યો. તેને પણ ચિત્રસેને દશ બાણથી, ભીષ્મપિતાએ નવથી તથા પુરૂમિત્રે સાત બાણથી વિંધ્યો. તે સમે વિંધાયેલા રૂધિરયુક્ત અર્જુન પુત્રે શત્રુને વારણ કરનારૂ વિચિત્ર પ્રકારનું ચિત્રસેનનું ધનુષ કાપી બખતર ભેદી બાણે કરી વક્ષસ્થળમાં તેને વિંધ્યો. પછી મહારથી તમારી તરફના રાજપુત્રોએ, એકઠા મળી રણસંગ્રામમાં બાણે કરી તેને વિંધ્યો. પરમ અસ્ત્ર જાણનાર તે પણ તીક્ષ્ણ બાણે કરી સર્વને મારતો હતો. એ રીતે ગ્રીષ્મ ઋતુમાં સુકા ઘાસને બાળતા અગ્નિની પેઠે રણસંગ્રામમાં સૈન્યને બાળતા તેનું તે મોટું કર્મ જોઇ તમારા પુત્રોએ તેને ઘેરી લીધો, તો પણ તમારા સૈન્યને નાશ કરતો સુભદ્રા પુત્ર અભિમન્યુ શોભતો હતો. હે વિશાંપતે ! તે તેનું ચરિત્ર જોઇ લક્ષ્મણ નામનો તમારો પૌત્ર, રણસંગ્રામમાં સુભદ્રા પુત્રની સામે ગયો. તે સમે અભિમન્યુએ, તીક્ષ્ણ ૭ બાણે કરી સારા લક્ષણવાળા તેને તથા બીજા ત્રણ બાણે કરી તેના સારથીને પણ વિંધ્યો. હે રાજન ! તેમજ લક્ષ્મણે પણ તીક્ષ્ણ બાણે કરી તેને વિંધ્યો, એ આશ્ચર્ય સરખું થયું. વળી મહા બળવાન સુભદ્રા પુત્ર, તીક્ષ્ણ બાણે કરી તેના ચાર ઘોડા તથા સારથિને મારી તેની સામે દોડયો. પરપક્ષના શૂરવીરને હણનાર, હણાયેલ ઘોડાવાળા રથમાં બેઠેલા લક્ષ્મણે તેના રથ સામે શક્તિ નાખી. ઘોર દુઃખે કરી સહન ન થાય એવી સર્પ જેવી આવતી શક્તિને જોઇ, અભિમન્યુએ તીક્ષ્ણ બાણે કરી તેને કાપી નાખી. તે સમે ગૌતમ પોતાના રથમાં લક્ષ્મણને બેસારી, રણસંગ્રામમાં સર્વ સૈન્ય જોતાં તેને લઇ ગયો. પછી મહા ભયંકર અત્યંત આકુળ સંગ્રામમાં મોટા ધનુષવાળા તમારી તરફના તથા મહારથી પાંડવો એક બીજાને મારવાની ઇચ્છાથી સામે દોડયા. રણસંગ્રામમાં પોતાના પ્રાણને હોમતા તે એક બીજાને મારવા લાગ્યા. છુટા કેશવાળા કવચ તથા રથ વગરના કપાઇ ગયેલ ધનુષવાળા સૃંજયો, બાહુએ કરી કૌરવો સામે યુદ્ધ કરતા હતા, એટલામાં મહાબાહુ મોટા બળવાળા ભીષ્મ દિવ્ય અસ્ત્રોએ કરી મહાત્મા પાંડવની સેનાને મારતા હતા. હણાયા છે માવત જેના એવા હસ્તિ, પાડેલા પુરૂષ, ઘોડા, રથી તથા ઘોડેસ્વારોએ કરી પૃથ્વી ઢંકાઇ ગઇ.

हतेश्वरैर्गजैस्तत्र नरैरश्वैश्च पातितैः ।
रथिभिः सादिभिश्चैव सभास्तीर्यतमेदिनी ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्वंद्वयुद्धे गुर्जरभाषायां त्रिसप्ततित्तमोऽध्यायः ॥ ७३ ॥

અધ્યાય ૭૪ મો. દ્વંદ્વયુદ્ધ (ચાલુ)

संजय उवाच--अथ राजन्महाबाहुः सात्यकिर्युद्धदुर्मदः ।
विकृष्य चापं समरे भारसाहमनुत्तमं ॥ १ ॥

સંજય કહે છે–હે રાજન ! યુદ્ધમાં દુર્મદ મહાબાહુ સાત્યકિએ, રણસંગ્રામમાં ભારને સહન કરનાર ઉત્તમ ધનુષને ખેંચી અત્યંત ચપળ વિચિત્ર તરેહની પોતાની હસ્ત લાઘવી દેખાડતાં સુવર્ણના પુંખવાળા સર્પ જેવા બાણ નાખ્યા. તે સમે ધનુષને ફેરવતા,

બીજા બાણુને મૂકતા, ફરીથી લેતા, ધનુષ ઉપર ચડાવતા, ફરીથી તે બાણુને નાખતા, રણુસંગ્રામમાં શત્રુને મારતા તેનું રૂપ જળ વરસતા મેઘ જેવું દેખાતું હતું. હે ભારત! પછી મોટેથી શબ્દ કરતા તેને જોઇ દુર્યોધન રાજાએ દશ હજાર રથીને તેની સામે મોકલ્યા. મોટા ધનુષવાળો સત્ય પરાક્રમવાળો સાત્યકિ, દિવ્ય અસ્ત્રવડે કરી મોટા ધનુષવાળા તે સર્વને મારી ભયંકર કર્મ કરી હાથમાં ધનુષ લઇ રણુસંગ્રામમાં ભૂરિશ્રવા સામે દોડયો. કૌરવના યશને વધારનાર ભૂરિશ્રવા, સાત્યકિએ પીડેલી તમારી સેનાને જોઇ તેની સામે દોડી, ઇંદ્રના ધનુષ જેવું અત્યંત મોટું ધનુષ સજ્જ કરી, હસ્ત લાઘવી દેખાડતાં, વજ્ર તથા સર્પ સરખા હજારો બાણુ તેની ઉપર નાખવા લાગ્યો. હે રાજન! મૃત્યુ સમ સ્પર્શવાળા બાણુને સહન ન કરી શકતા સાત્યકિના યોદ્ધાઓ, યુદ્ધમાં દુર્મદ એવા તેને છોડી રણુસંગ્રામમાં ચારે તરફ નાઠા. તેને જોઇ મહા બળવાન, મહારથી, પ્રખ્યાત, વિચિત્ર તરેહનાં કવચ, આયુધ તથા ધ્વજાવાળા અત્યંત કોપેલા સાત્યકિના દશ પુત્રો સંગ્રામમાં સ્તંભ સરખા ધ્વજવાળા મોટા ધનૂષયુક્ત એવા ભૂરિશ્રવા સામે આવી, કહેવા લાગ્યા કે, હે મહાબળ! હે કૌરવ યાદવ! આવ્ય, સંગ્રામમાં અમો સર્વ સાથે યુદ્ધ કર, અથવા એકેક જુદા સાથે યુદ્ધ કર. કાંતો સંગ્રામમાં અમને પરાજય પમાડી તું યશ પ્રાપ્ત કર, અથવા કાંતો તને પરાજય પમાડી, અમારા પિતાને અમે પ્રસન્ન કરીએ. એવાં તે શૂરવીરોનાં વચન સાંભળી, પુરૂષમાં શ્રેષ્ઠ પરાક્રમી મહા બળવાન ભૂરિશ્રવાએ, તેમને કહ્યું કે, હે શૂરવીરો! આજ તમારી આવી બુદ્ધિ છે એ ઘણું સારૂં છે, સાવધાન થઇ એકઠા મળી મારી સામે યુદ્ધ કરો, હું સંગ્રામમાં તમને મારીશ. એવાં તેનાં વચન સાંભળી મોટા ધનુષવાળા, બાણુ ફેંકનાર શૂરવીર ભૂરિશ્રવા ઉપર મોટો બાણુનો વરસાદ કરતાં તેની સામે દોડયા, હે મહારાજ! તે સમે રણુસંગ્રામમાં અપરાન્હ વખતે એકઠા મળેલા ઘણાઓનો એક સાથે સંગ્રામ થયો. હે નૃપ! જે સંગ્રામમાં રથીમાં શ્રેષ્ઠ ભૂરિશ્રવા ઉપર સાત્યકિના દશ પુત્રોએ, વર્ષાઋતુમાં મેઘ જેમ મેરૂપર્વત ઉપર જળનો વરસાદ વરસાવે તેમ બાણુનો વરસાદ વરસાવ્યો. ધૈર્યવાન મહારથી ભૂરિશ્રવાએ, યમદંડ તથા વજ્ર સરખા તેમના ભયંકર બાણુને કાપી નાખ્યાં. તે વખતે સોમદત્ત પુત્ર ભૂરિશ્રવાનું અદ્ભુત પરાક્રમ અમે જોયું, જે એકલો ઘણા સાથે નિર્ભય થઇ યુદ્ધ કરતો હતો. હે રાજન્! મહારથી સાત્યકિના દશ પુત્ર, એ રીતે બાણુનો વરસાદ કરી પછી મહાબાહુને વિંટી મારવા તૈયાર થયા. તે વખતે મહારથિયો સાથે યુદ્ધ કરતા કોપાયમાન ભૂરિશ્રવાએ, સંગ્રામમાં તેમનું ધનુષ કાપી ગ્રંથી વગરના બાણે કરી મસ્તક કાપી નાખ્યાં. હે રાજન્! મસ્તક કપાયેલા તે, વજ્રથી હણાએલાં વૃક્ષો પડે તેમ પૃથ્વી ઉપર પડયા. વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થએલો શૂરવીર સાત્યકિ, મહા બળવાન પુત્રોનો નાશ જોઇ શબ્દ કરતો ભૂરિશ્રવા સામે ગયો. મહા બળવાન તે બેઉ, સંગ્રામમાં એક બીજાના રથે કરી રથને પીડી ઘોડાઓને હણી રથ વગરના થઈ સંગ્રામમાં પરસ્પર સામે ખડ્ગ તથા ઢાલ ધારણુ કરેલા પુરૂષમાં સિંહરૂપ મહારથી શોભતા હતા. શ્રેષ્ઠ ખડ્ગ ધારણુ કરનાર સાત્યકિ પાસે આવી ભીમસેને તેને પોતાના રથમાં બેસાડયો. હે રાજન્! તમારા પુત્રે પણુ સર્વ ધનુષ ધરનાર યોદ્ધાઓ જોતાં ભૂરિશ્રવાને જલદી પોતાના રથમાં બેસાડયો. હે ભરતર્ષભ! તેવી રીતે પ્રવર્તેલા સંગ્રામમાં પાંડવો મહારથી ભીષ્મને યુદ્ધ કરાવતા હતા. સૂર્ય લાલ થયો અને સાયંકાલ નજીક આવ્યો તે વખતે અર્જુને ઉતાવળથી પચ્ચીશ

હજાર મહારથીને માર્યા. દુર્યોધને અર્જુનને મારવા સારૂ તેમને મોકલ્યા હતા પણ તે, પતંગ નામના જંતુ જેમ અગ્નિને પામી નાશ પામે તેમ નાશ પામ્યા. પછી ધનુર્વેદમાં ચતુર કેકય તથા મત્સ્ય દેશના યોદ્ધાઓએ, પુત્ર સહિત મહારથી અર્જુનને વિંટી લીધા. એટલામાં સૂર્ય અસ્ત થવાથી સર્વ સેના અત્યંત મોહ પામવા લાગી. હે મહારાજ ! સંધ્યાકાલ વખતે થાકી ગએલા વાહનવાળા તમારા પિતા ભીષ્મે, સૈન્યને યુદ્ધથી વિરામ પામવાની આજ્ઞા આપી. કૌરવ પાંડવના પરસ્પર યુદ્ધમાં અત્યંત ઉદ્વિગ્ન થએલી તે બેઉ સેના પોતપોતાને સ્થાનકે જવા લાગી. હે ભારત ! ઘટતી રીતે સૃજય સહિત પાંડવ તથા કૌરવ પણ પોતાના તંબુમાં જઇ બેઠા.

ततः स्वशिबिरं गत्वा न्यविशंस्तत्र भारत ।
पांडवाः सृंजयैः सार्धं कुरवश्च यथाविधि ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि पंचमदिवसावहारे गुर्जरभाषायां चतुःसप्ततितमोऽध्यायः ॥ ७४ ॥

અધ્યાય ૭૫ મો. છઠ્ઠા દિવસનું યુદ્ધ.

संजय उवाच--तेविश्रम्य ततो राजन् सहिताः कुरुपांडवाः ।
व्यतीतायां तु शर्वर्यां पुनर्युद्धाय निर्ययुः ॥ १ ॥

સંજય કહે છે–હે રાજન ! રાત્રિએ વિસામો લઇ સવારના પહોરમાં એકઠા મળેલા કૌરવ તથા પાંડવો ફરીથી યુદ્ધ વાસ્તે નીકળ્યા. હે ભારત ! તે સમે તમારી તરફના તથા વિપક્ષ તરફના જોડાતા ઉત્તમ રથોનો, તૈયાર થતા હસ્તિયોનો, બખતર પહેરતા પાયદલોનો ઘોડાઓનો, શંખ તથા દુંદુભીનો બીજા શબ્દ સાથે મળેલો ચોતરફથી મોટો અવાજ થતો હતો. તે વખતે યુધિષ્ઠિર રાજાએ, ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે, હે મહાબાહો ! શત્રુને નાશ કરે એવા મકર વ્યૂહની રચના કરો. એવાં તેમનાં વચન સાંભળી રથીમાં શ્રેષ્ઠ મહારથી ધૃષ્ટદ્યુમ્ને રથિયોને આજ્ઞા કરી તેથી દ્રુપદ રાજા તથા પાંડુ પુત્ર અર્જુન મકર વ્યૂહનું મસ્તક, સહદેવ તથા મહારથી નકુળ બે નેત્ર, મહા બળવાન ભીમસેન મુખ, અભિમન્યુ, દ્રૌપદીના પાંચ પુત્ર, રાક્ષસ ઘટોત્કચ, સાત્યકિ તથા ધર્મરાજ ગ્રીવા, ધૃષ્ટદ્યુમ્ન સહિત મોટી સેનાએ વિંટાએલા સેનાપતિ વિરાટ રાજા પૃથુ ભાગ થયા. પાંચ ભાઇયોને કેકય રાજા ડાબા પક્ષનો આશ્રય કરી રહ્યા. મનુષ્યમાં સિંહરૂપ ધૃષ્ટકેતુ તથા પરાક્રમી ચેકિતાન જમણી બાજુના પક્ષનો આશ્રય કરી વ્યૂહની રક્ષા વાસ્તે રહ્યા. મોટી સેનાએ વિંટાએલો સો વર્ષનો વૃદ્ધ મહારથી કુંતિભોજ રાજા બે પગ વિષે રહ્યો. સોમકોએ વિંટાએલો મોટા ધનુષવાળો બળવાન શિખંડી તથા ઇરાવાન, મકર વ્યૂહના પૂચ્છ વિષે ઉભા રહ્યા. હે ભારત ! હે મહારાજ ! એ રીતે યુદ્ધ વાસ્તે કવચ પહેરેલા પાંડવો મોટો વ્યૂહ રચી સુર્યોદય વખતે યુદ્ધ કરવા વાસ્તે હસ્તિ, અશ્વ, રથ, પાયદળ, ઉંચા ધ્વજ, છત્ર તથા તીક્ષ્ણ નિર્મળ શસ્ત્ર સહિત કૌરવ સામે આવવા લાગ્યા. હે રાજન ! વ્યૂહ રચના કરી આવતા સૈન્યને જોઇ તમારા પિતા ભીષ્મે, તમારી સેનાનો ક્રૌંચ નામનો મોટો વ્યૂહ રચ્યો. તેનું મોટા ધનુષવાળા

દ્રોણાચાર્ય મુખ, અશ્વત્થામા તથા કૃપાચાર્ય બે નેત્ર, સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ મનુષ્યમાં ઉત્તમ કાંબોજ તથા શ્રેષ્ઠ બાહ્લિક સહિત કૃતવર્મા મસ્તક, હે મહારાજ ! ઘણા રાજાઓથી વિંટાએલો તમારો પુત્ર દુર્યોધન તથા શૂરસેન રાજા ગ્રીવા, સૌવીર તથા કેકય સહિત મોટી સેનાથી વિંટાએલો પ્રાગ્જ્યોતિષનો ભગદત્ત રાજા વક્ષસ્થળ, પોતાની સેના સહિત કવચ પહેરેલો પ્રસ્થળાપુરીનો રાજા સુશર્મા ડાબા પક્ષનો આશ્રય કરી રહ્યો. તુષાર, યવન તથા ચુચુપેં સહિત શક નામના યવન રાજાઓ, વ્યૂહના દક્ષિણ પક્ષનો આશ્રય કરી રહ્યા. હે મારિષ ! શ્રુતાયુ, શતાયુ, સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા, એટલા રાજાઓ પરસ્પર રક્ષા કરતા વ્યૂહના કટિપશ્ચાપદ્દને વિષે રહ્યા. હે મહારાજ ! ત્યાર પછી સૂર્યોદય વખતે પાંડવો કૌરવ સાથે યુદ્ધ કરવા સારૂ આવ્યા, તે સમે મોટું યુદ્ધ થવા લાગ્યું. જેમાં હસ્તિઓ રથી સામે, રથિઓ હસ્તિ સામે; રથમાં બેસનારાઓ ઘોડેસ્વાર સામે, ઘોડેસ્વારો રથમાં બેસનાર સામે, ઘોડેસ્વારો ઘોડાઓ સામે, રથિઓ હાથી ઉપર બેસનાર સામે, ઘોડેસ્વારો રથીઓ તથા ઘોડેસ્વાર સામે, રથિઓ તથા ઘોડેસ્વારો પાયદળ સામે સંગ્રામમાં ક્રોધે કરી લડવા લાગ્યા. ભીમસેન, અર્જુન નકુળ, સહદેવ તથા બીજા મહારથિઓએ રક્ષા કરેલી પાંડવોની સેના, નક્ષત્રે કરી જેમ રાત્રિ શોભે તેમ શોભતી હતી. ભીષ્મ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, શલ્ય તથા દુર્યોધનાદિકે કરી તમારી સેના પણ ગ્રહે કરી વિંટાએલા આકાશની પેઠે શોભતી હતી. પરાક્રમી કુંતિપુત્ર ભીમસેન દ્રોણાચાર્યને જોઇ વેગવાન અશ્વે કરી તેની સેના સામે ગયા. સંગ્રામમાં વખાણવા લાયક પરાક્રમી ક્રોધે ભરાયેલા દ્રોણાચાર્યે લોહમય નવ બાણ ભીમસેનના મર્મસ્થાનમાં માર્યાં એ રીતે સંગ્રામમાં હણાએલા ભીમસેને, દ્રોણાચાર્યના સારથિને યમલોક પ્રત્યે મોકલી દીધો. તે વખતે પ્રતાપવાન દ્રોણાચાર્ય પોતે ઘોડાઓને પકડી, પાંડવની સેનાને અગ્નિ જેમ રૂના ઢગલાનો નાશ કરે તેમ નાશ કરવા લાગ્યા. એ રીતે દ્રોણ તથા ભીષ્મે મારવા માંડેલા કેકય સહિત મનુષ્યમાં ઉત્તમ સૃંજયો, નાસવા લાગ્યા ભીમ તથા અર્જુને ચોતરફથી હણેલું તમારૂં સૈન્ય, મદયુક્ત શ્રેષ્ઠ સ્ત્રીની પેઠે તે તે ઠેકાણે મોહ પામતું હતું. હે ભારત ! શ્રેષ્ઠ શૂરવીરનો જેમાં ક્ષય છે એવા સંગ્રામમાં બેઉ વ્યૂહ ભેદ પામ્યા. તમારા તથા તેમની તરફના સર્વ એકમેક થઇ ગયા એટલે માટે એક ઠેકાણે ઉભેલા સર્વ યુદ્ધ કરવા લાગ્યા. તમારા તથા પારકાઓનું મોટું આશ્ચર્ય અમોએ જોયું. હે વિશાંપતે ! મહા બળવાન પાંડવ તથા કૌરવો એક બીજાનાં અસ્ત્રોને વારી યુદ્ધ કરવા લાગ્યા.

प्रतिसंवार्य चास्त्राणि तेन्योन्यस्य विशांपते ।
युयुधुः पांडवाश्चैव कौरवाश्च महाबलाः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि षष्टदिवसयुद्धारंभे गुर्जरभाषायां पंचसप्ततितमोऽध्यायः ॥ ६५ ॥

અધ્યાય ૭૬ મો. ધૃતરાષ્ટ્રને થયેલી ચિંતા.

धृतराष्ट्र उवाच—एवं बहुगुणं सैन्यमेवं बहुविधं पुरा ।
व्यूढमेवं यथाशास्त्रममोघंचैव संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! એ રીતે ઘણા ગુણવાળું, ઘણી તરેહનું શાસ્ત્ર પ્રમાણે વ્યૂહ રચના કરેલું, સફળ, આપણુને ચહાનારૂં, પ્રસન્ન, નમ્ર, વ્યસન રહિત, પૂર્વે પરાક્રમ જોએલું, વળી જે અત્યંત વૃદ્ધ, બાળક, દુર્બળ તથા પુષ્ટ એવા યોદ્ધાઓથી રહિત, અને જલદી કામ કરનાર, લાંબા, બળવાન, તથા રોગ રહિત એવા યોદ્ધાઓથી યુક્ત, અને કવચ તથા શસ્ત્ર ધરનાર, ઘણા શસ્ત્ર સમુદાયવાળું, ખડ્ગ, બાહુ, ગદા, સાંગ્ય, ભાલા, લોઢાની ગદા, ગોફણુ, શક્તિ, મુસળ, કંપન નામનાં શસ્ત્ર, ધનુપ, કણુપ નામનાં શસ્ત્ર તથા વિચિત્ર પ્રકારના મુષ્ટિયુદ્ધમાં સમર્થ વિદ્યાઓમાં કુશળ, કસરતમાં શ્રેષ્ઠ કરેલું, શસ્ત્ર ધરવાની સર્વ વિદ્યામાં શ્રદ્ધાવાળું, હસ્તિ ઉપર જલદી ચઢવું, તથા કૂદી ઉતરવું, ભાગવું, ફરવું, સારી રીતે પ્રહાર કરવો, સામે જવું તથા પાછા ફરવું, હાથી, ઘોડા તથા રથના વાહનમાં ઘણીવાર પરીક્ષા કરેલું, પરીક્ષા કરી યોગ્યતા પ્રમાણે પગાર આપી સંપાદન કરેલું, ભાષણથી, ઉપકારથી, કુટુંબીના નિમિત્તથી, મિત્રાઇથી તથા અકુળવાનના સ્વીકારે કરી રહિત ઘણાં મનુષ્યવાળું, શ્રેષ્ઠ, સંતોષવાળા સંબંધી તથા બાંધવવાળું, ઘણા ઉપકાર કરેલું, યશસ્વી અહંકારવાળું, ઇંદ્રાદિક દેવના ઘણાં કામ જોયેલા મુખ્ય સ્વજનોએ પાળેલું, લોકમાં વિખ્યાત, તથા સમ્મત ઘણા ક્ષત્રિયોએ રક્ષા કરેલું, પાછળ ચાલનાર તથા સૈન્ય સહિત ઇચ્છાથી આપણી પાસે આવેલા રાજાઓએ કરી ચોતરફથી આવતી નદિઓએ કરી પૂર્ણ સમુદ્ર સરખું, પાંખ રહિત તથાપિ ગતિએ કરી પક્ષી સરખા રથ તથા હસ્તિઓએ કરી વિંટાએલું, નાના પ્રકારના યોદ્ધારૂપ પાણીવાળું, ભયંકર વાહનરૂપ લહેરવાળું, ગોફણુ, ખડ્ગ, ગદા, શક્તિ, બાણુ તથા ભાલાથી સંકુલ, ધ્વજા તથા ભૂપણુથી રત્નરૂપ વસ્ત્રવાળું, ઘણાક અશ્વ જેમાં દોડે છે એવું વાયુના વેગે કરી કંપતું, અપાર સાગરની પેઠે મોટું, તથા ગર્જના કરતું દ્રોણુ, ભીષ્મ, કૃતવર્મા, કૃપાચાર્ય, દુઃશાસન, જયદ્રથ, ભગદત્ત, વિકર્ણ અશ્વત્થામા, શકુનિ, બાહ્લિક, ઇત્યાદિ લોકમાં વિખ્યાત, અત્યંત બળવાન, મહાત્મા શૂરવીરોએ રક્ષા કરેલું, આપણું સૈન્ય સંગ્રામમાં નાશ પામે છે એ અમારૂં અદૃષ્ટથીજ, એમાં સંશય નહીં. કારણુ, હે સંજય ! આવા મોટા ઉદ્યોગને પૃથ્વીમાં મોટા ભાગ્યવાળા પ્રાચીન ઋષિઓ તથા મનુષ્યોએ પૂર્વે જોયો ન હતો. શસ્ત્ર સંપત્તિ સંયુક્ત આપણો સૈન્ય સમુદાય એવો છે તોપણુ સંગ્રામમાં હણાય છે એનું કારણુ ભાગ્ય વિના બીજું કાંઇ નથી. હે સંજય ! આપણું આવું ભયંકર સૈન્ય, પાંડવોને સંગ્રામમાં નથી જીતી શકતું તેથી આ બધું ઉલટું ભાસે છે આવું મોટું મારૂ સૈન્ય હણાય છે તેથી હું એમ જાણું છું કે, પાંડવ વાસ્તે જરૂર દેવતા પણ ત્યાં આવી મારા સૈન્ય સામે યુદ્ધ કરે છે. વિદુરે મારા હિતરૂપ પથ્ય વચન મને કહ્યાં હતાં, પણ મંદબુદ્ધિવાળા મારા પુત્ર દુર્યોધને તે ગ્રહણ કર્યાં નહીં. હે તાત ! તે સર્વજ્ઞ મહાત્મા વિદુરે પૂર્વે કહ્યું હતું તે સૌ આવી મળ્યું. તેણે પૂર્વેજ આ જોયું હતું અથવા એ રીતે અવસ્ય થવાનુંજ હતું, કારણુ કે પૂર્વે વિધાતાએ લખ્યું છે તે અન્યથા થતું નથી.

अथवा भाव्यमेवंहि संजयैतेन सर्वथा ।
पुराधात्रायथासृष्टं तत्तथानैतदन्यथा ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि धृतराष्ट्रचिंतायां गुर्जरभाषायां षट्सप्ततितमोऽध्यायः ॥ ७६ ॥

અધ્યાય ૭૭ મો. દ્રોણે કરેલું પરાક્રમ.

**संजय उवाच—आत्मदोषात्त्वया राजन् प्राप्तं व्यसनमीदृशं ।
नहि दुर्योधनस्तानि पश्यते भरतर्षभ ॥ १ ॥**

સંજય કહે છે—હે રાજન્ ! હે ભરતર્ષભ ! પોતાના દોષથી આ દુઃખ તમને પ્રાપ્ત થયું છે, કારણ તમારા ધર્મનો સંકર કરનાર પાપ તમે જાણતા હતા, દુર્યોધન જાણતો ન હતો. હે વિશાંપતે ! પૂર્વે દ્યૂત પ્રવર્ત્તમાન થયું તે પણ તમારા દોષથીજ, માટે પાંડવ સાથે યુદ્ધ પ્રવર્ત્તમાન થયું તેનું કારણ પણ તમેજ છો. પાપ કરી હાલ ફળ પણ તમેજ ભોગવો છો. પોતાનું કરેલું કર્મ આ દેહે, વા મરણ પછી પરલોકમાં પણ પોતેજ ભોગવવાનું છે. તે પ્રમાણે તમને પ્રાપ્ત થયું છે માટે આ મોટા દુઃખને પામી સ્થિર થઇ, જેવી રીતે યુદ્ધ પ્રવર્ત્તમાન થાય તેવી રીતે હું કહું તે સાંભળો. શૂરવીર તથા મહારથી ભીમસેન, તીક્ષ્ણ બાણે કરી મોટી તમારી સેનાને ભેદી દુઃશાસન, દુર્વિષહ, દુઃસહ, દુર્મદ, જય, જયત્સેન, વિકર્ણ, ચિત્રસેન, સુદર્શન, ચારૂચિત્ર, સુંદર કવચવાળા દુષ્કર્ણ તથા કર્ણ એટલાએ અને બીજા પણ અત્યંત ક્રોધે ભરાયેલા ત્યાં ઉભેલા મહારથી તમારા પુત્રોને જોઇ ભીષ્મે રક્ષા કરેલી સેનામાં પેઠો, તેને જોઇ તમારી તરફના સર્વ બોલ્યા કે, જીવ ગ્રહણ કરનાર આને આપણે સર્વ મળી નિગ્રહ કરીએ, એમ નિશ્ચય કરી ચોતરફથી તેને વિંટી લીધો. તે સમે પ્રજા સંહાર કરવા વખતે ક્રૂર એવા મોટા ગ્રહે કરી જેમ સૂર્ય વિંટાય તેમ ભાઇઓએ કરી વિંટાયેલો તે સૈન્યના મધ્યમાં જઇને પણ દેવાસુર સંગ્રામમાં સૈન્યના મધ્યમાં ગયેલા ઇંદ્રની પેઠે ભયને પ્રાપ્ત થયો નહીં. તીક્ષ્ણ બાણ ફેંકતા તમારી તરફના હજારો રથિઓએ ચોતરફથી તેને વિંટી લીધો. તે વખતે સંગ્રામમાં શૂરવીર તે કંઇ વિચાર ન કરતાં તમારી તરફના શૂરવીર યોદ્ધાઓ, હસ્તિ, અશ્વ, રથ તથા ઘોડેસ્વારોને એકદમ મારવા લાગ્યો. હે રાજન્ ! અહંકારવાળો ભીમસેન, પોતાને મારવાને ઇચ્છતા ભાઇયોનો અભિપ્રાય જાણી, બધાને મારવાનો વિચાર કરી રથમાંથી નીચે ઉતરી હાથમાં ગદા લઈ તમારા સૈન્ય સમુદાયરૂપ મોટા સમુદ્રને ભેદવા લાગ્યો. તે વખતે પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલો પુરૂષમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્ન દ્રોણને મૂકી જ્યાં સૈન્ય સહિત શકુનિ હતો ત્યાં વેગથી આવી તમારી સેનાને વારી રાખી, સંગ્રામમાં ભીમસેનના રથ પાસે જઈ તેને શૂન્ય જોઇ, ખેદયુક્ત મનવાળો ચેતન રહિત થયેલો તે આવતાં અશ્રુને રૂંધી નિઃશ્વાસ મૂકતાં દુઃખથી અશોક નામના તેના સારથિને કહેવા લાગ્યો કે, મારા પ્રાણથી પણ મને અધિક પ્રિય ભીમસેન ક્યાં છે ? હાથ જોડી વિશોકે તેને કહ્યું કે આ સ્થાનકે મને ઉભો રાખી બળવાન પરાક્રમી પુરૂષમાં સિંહરૂપ પાંડુ પુત્ર ભીમસેન, ' હે સૂત ! જ્યાં સુધી મને મારવા તૈયાર થયેલાઓને હણી હું આવું ત્યાં સુધી બે ઘડી અશ્વને નિયમમાં રાખી મારી વાટ જો, ' એમ પ્રીતિયુક્ત વચન કહી દુર્યોધનના સૈન્યરૂપ મોટા સમુદ્રમાં પેઠો છે. હાથમાં ગદા લઇ સૈન્યમાં દોડી આવતા તેને જોઇ દુર્યોધન તરફના સર્વ સૈનિકોને મોટો હર્ષ થયો. હે રાજન્ ! ભયંકર સંગ્રામમાં તેમના વ્યૂહને ભેદી ભીમસેન તેમાં પેઠો વિશોકનાં વચન સાંભળી પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા મહા બળવાન ધૃષ્ટદ્યુમ્ન, રણસંગ્રામના મધ્યમાં વિશોક સારથિને કહેવા લાગ્યો કે, હે સૂત ! આ સમયે ભીમસેનને રણમાં મૂકી પાંડવ સાથે

સ્નેહનો ત્યાગ કરી, મારે જીવવાનું પ્રયોજન નથી. સંગ્રામમાં હું તથા ભીમસેન એક સ્થાનકે રહેનારા ને આ વખતે ભીમસેન વિના હું જઈશ, તો ક્ષત્રિયો મને શું કહેશે. સહાયભૂતનો ત્યાગ કરી પોતે કુશળતાથી ઘેર જાય, તેનું ઇંદ્રાદિક દેવતાઓ પણ અકલ્યાણ કરે છે. મહા બળવાન ભીમસેન મારા સખા સંબંધી તથા મારે વિષે ભક્તિમાન છે, તેમજ શત્રુને નાશ કરનાર તેને વિષે હું પણ ભક્તિમાન છું, માટે જ્યાં ભીમસેન ગયા છે ત્યાં હું જઈશ. હે વિશોક! ઇંદ્ર જેમ દૈત્યોને હણે તેમ શત્રુને હણતો મને જો. હે ભારત, ! સારથિને આમ કહી શૂરવીર ગદાથી મંથન કરેલા હસ્તિઓએ ભીમસેનને માર્ગે સૈન્યની વચ્ચે ગયા. ત્યાં તેણે વાયુ જેમ વૃક્ષોનો નાશ કરે તેમ શત્રુ સૈન્યનો નાશ કરતાં તેને જોયો. એ રીતે વિચિત્ર તરેહથી યુદ્ધ કરનાર કુશળ ભીમસેને મારવા માંડેલા રથી, ઘોડેસ્વાર, પાયદળ તથા હસ્તિઓ મોટો પીડિત સ્વર કરવા લાગ્યા. તે સમે તમારા સૈન્યમાં મોટો હાહાકાર થતો હતો. હે શત્રુને તપાવનાર ! અસ્ત્ર શીખેલા ભય રહિત તમારી તરફના સર્વ યોદ્ધાઓએ, શસ્ત્રની વૃષ્ટિ કરતાં ભીમસેનને ચોતરફથી વિંટી લીધા. એ રીતે ચોતરફથી ભયંકર સૈન્યે વિંટેલા શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ સામે દોડતા ભીમસેનને જોઇ લોકમાં શૂરવીર બળવાન પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલો મહાત્મા ધૃષ્ટદ્યુમ્ન, બાણે કરી ક્ષત થયેલા અંગવાળા પાયદળ ક્રોધરૂપી વિષને વમન કરતા ગદાયુક્ત હસ્તવાળા પ્રલય સમયના કાળ સરખા તેની પાસે જઇ, આશ્વાસના કરી જલદીથી શલ્ય રહિત કરી મળી ભેટી પોતાના રથમાં બેસાડી શત્રુના મધ્યમાં ફરીથી તેની આશ્વાસના કરવા લાગ્યા. મોટા વિમર્દવાળા સંગ્રામમાં તમારા પુત્ર દુર્યોધને પોતાના ભાઇઓ પાસે આવી તેમને કહ્યું કે, વૃદ્ધ બુદ્ધિવાળો આ દ્રુપદનો પુત્ર. ભીમસેન સામે આવ્યો, માટે તેની સામે સર્વ સૈન્ય સહિત આપણે જઈએ, પણ શત્રુ તમારા સૈન્યની પ્રાર્થના માં કરો. એવાં દુર્યોધનનાં વચન સાંભળી મોટા ભાઇની આજ્ઞાથી ધૃષ્ટદ્યુમ્નને, ન સહન કરી શકતા તમારા શૂરવીર બીજા પુત્ર, અસ્ત્ર ગ્રહણ કરી રથના પાટાના શબ્દથી પૃથ્વીને કંપાવતાં, પ્રલય સમયના ઉગ્ર કેતુની પેઠે તેને મારવા ઉગામેલા આયુધવાળા તૈયાર થયા અને મેઘ જેમ પર્વતો ઉપર ઘણાક જળનો વરસાદ કરે તેમ તે દ્રુપદ પુત્ર ઉપર બાણનો વરસાદ કરવા લાગ્યા. સંગ્રામમાં વિચિત્ર તરેહથી યુદ્ધ કરનાર તે, અત્યંત તીક્ષ્ણ બાણે કરી તેમના બાણોને કાપી કાંઇ પણ વ્યથા પામ્યો નહીં. મહારથી યુવાવસ્થાવાળા અને દૈત્યો ઉપર જેમ ઇંદ્ર કોપે તેમ તમારા પુત્રો ઉપર કોપેલા દ્રુપદ પુત્રે, પોતાને મારવા વાસ્તે ચારે તરફ તૈયાર થઈ ઉભેલા શૂરવીર તમારા પુત્રોને જોઇ તેમને મારવાની ઇચ્છાથી મોહનાસ્ત્ર મૂકયું. હણાયાં છે બુદ્ધિ તથા બળ જેમનાં એવા તમારી તરફના શૂરવીરો સંગ્રામમાં મોહ પામી ગયા. વિપરીતકાળ આવેલાની પેઠે સંજ્ઞા રહિત તથા મોહયુક્ત તમારા પુત્રને જોઇ અશ્વ, હસ્તિ તથા રથ સહિત તમારી તરફના સર્વ નાસવા લાગ્યા, એટલામાં શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે દ્રુપદ પાસે જઇ ત્રણ તીક્ષ્ણ બાણે કરી તેને વિંધ્યો. હે રાજન્! તે સમે તેણે અત્યંત વિંધેલો તે રાજા પૂર્વનું વેર યાદ કરી ત્યાંથી દૂર ખસી ગયો. એ રીતે દ્રુપદને જીતી પ્રતાપવાન દ્રોણાચાર્યે શંખ વગાડયો. એ શબ્દને સાંભળી સર્વ સોમકો ત્રાસ પામવા લાગ્યા. પછી શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ તેજસ્વી દ્રોણાચાર્યે, મોહનાસ્ત્રે કરી મોહ પામેલા તમારા પુત્રોને સાંભળી જલદી મોટા ધનુષવાળા પ્રતાપવાને ત્યાં જઇ સંગ્રામમાં વિચરતા ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમસેનને અને મોહ

પામેલા તમારા પુત્રોને જોઇ પ્રજ્ઞાસ્ત્ર ગ્રહણ કરી મોહનાસ્ત્રને નાશ પમાડયું, પાછા આવ્યા છે પ્રાણ જેમાં એવા મહારથી તમારા પુત્ર પાછા ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્ન સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેટલામાં યુધિષ્ઠિર રાજાએ પોતાના સૈનિકોને બોલાવીને કહ્યું કે, શક્તિ પ્રમાણે યુદ્ધ કરવા કવચ પહેરેલા શૂરવીર અભિમન્યુ આદિને લઇ, બાર રથોઓ ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્નની પાછળ જાઓ. કારણ તેમ ન કરવાથી મારૂં મન પ્રસન્ન થતું નથી, માટે તે રીતે પ્રવૃત્તિ કરો. યુધિષ્ઠિરની આજ્ઞા મસ્તક ઉપર ચઢાવી, પરાક્રમથી યુદ્ધ કરનાર પુરૂષપણાના માનવાળા શુરવીર સર્વ, ‘ ઠીક બહુ સારૂં ’ એમ કહી મધ્યાન્હના સૂર્ય થયા તે વખતે કૈકય, દ્રૌપદીના પાંચ પુત્ર તથા પરાક્રમી ધૃષ્ટકેતુ મોટી સેના સહિત અભિમન્યુને આગળ કરીને ત્યાં ગયા. શત્રુને દમન કરનાર સંગ્રામમાં સૂચીમુખ નામનો વ્યૂહ કરી તમારી રથ સૈનાને ભેદવા લાગ્યા. હે જનાધિપ ! અભિમન્યુ છે મુખ્ય જેમાં એવા મોટા ધનુષવાળા તે સર્વને જોઇ ભીમસેનના ભયયુક્ત તથા ધૃષ્ટદ્યુ ને મોહ પમાડેલી તમારી સેના મદ તથા મૂર્છાયુક્ત છે આત્મા જેનો, એવી માર્ગમાં ઉભેલી સ્ત્રીની પેઠે તેમને વારવા સમર્થ થઈ નહીં. તે સમે સુવર્ણથી શોભતી ધ્વજાવાળા મોટા ધનુષયુક્ત ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્નનું રક્ષણ કરવા દોડયા. તે બેઉ મોટા ધનુષવાળા અભિમન્યુ આદિ સર્વને જોઇ, હર્ષયુક્ત થઇ તમારી સેનાને મારવા લાગ્યા. હે ભારત ! તેટલામાં શૂરવીર ધૃષ્ટદ્યુમ્ન પોતાની સામે જલદી આવતા ગુરૂ દ્રોણાચાર્યને જોઇ તમારા પુત્રોને મારવાની ઇચ્છા ન રાખતાં, કૈકેયના રથમાં ભીમસેનને બેસાડી બાણ તથા અસ્ત્રના પાર પામેલા દ્રોણની સામે ક્રોધથી દોડયો. સામે આવતા તેને જોઇ પ્રતાપવાન શત્રુને નાશ કરનાર દ્રોણાચાર્યે ક્રોધથી બાણે કરી તેનું ધનુષ કાપી નાખ્યું, દુર્યોધનના હિત વાસ્તે ‘ આનું અન્ન ખાધું છે ’ એમ યાદ કરી તેણે બીજા હજારો બાણ તેના ઉપર નાખ્યા. પર શૂરવીરને હણનાર પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ને બીજું ધનુષ ગ્રહણ કરી સુવર્ણના પુંખવાળા, શિલા ઉપર તીક્ષ્ણ કરેલા વીશ બાણે દ્રોણને વિંધ્યા. વળી શત્રુને નાશ કરનાર દ્રોણાચાર્યે તેનું ધનુષ કાપી ઉત્તમ ચાર બાણે કરી તેના ચાર ઘોડાઓને યમલોકમાં મોકલી ભલ્લ નામના એક બાણે તેના સારથિને પણ મૃત્યુ પમાડયો. મહારથી તથાં મહાબાહુ તે, હણાએલ્ અશ્વવાળા રથ નીચે ઉતરી અભિમન્યુના મોટા રથમાં બેઠો. રથ, હસ્તિ, તથા અશ્વ સહિત પાંડવની સેના, ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્ન જોતાં કંપવા લાગી. ઘણા તેજવાળા દ્રોણાચાર્યે ભંગાણ પાડેલા સૈન્યને બધા મહારથિઓ વારવાને સમર્થ થયા નહીં. દ્રોણાચાર્યે તીક્ષ્ણ બાણે કરી હણવા માંડેલું તે સૈન્ય ક્ષોભ પામેલા સદ્રમુની પેઠે આમ તેમ ભમતું હતું. હે ભારત ! તે રીતના સૈન્યને જોઇ તમારૂં સૈન્ય પ્રસન્ન થતું હતું, અને શત્રુની સેના પ્રત્યે અસંત ક્રોધ પામી પડતા આચાર્યને જોઈ ચોતરફ તમારી તરફના યોદ્ધાઓ ‘ સાધુ સાધુ ’ એમ બોલતા હતા.

दृष्ट्वाचार्यं सुसंक्रुद्धं पततं रिपुवाहिनीं ।
चक्रुशुः सर्वतो योधाः साधुसाध्विति भारत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धेद्रोणपराक्रमे गुर्जरभाषायां सप्तसप्ततितमोऽध्यायः ॥ ७७ ॥

અધ્યાય ૭૮ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच—तेता दुर्योधनो राजा मोहात्प्रत्यागतस्तदा ।
शरवर्षैः पुनर्भीमं प्रत्यवारयदच्युतं ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્! પછી દુર્યોધન રાજાએ મોહથી સામે આવી પાછા હઠે નહીં એવા ભીમસેન ઉપર ફરીથી બાણનો વરસાદ કર્યો. તેટલામાં મહારથી તમારા પુત્ર એકઠા મળી તૈયાર થઇ ભીમસેન પાસે જઈ યુદ્ધ કરવા લાગ્યા. મહાબાહુ ભીમસેને પાછા પોતાના રથ પર ચઢી જતાં તમારો પુત્ર દુર્યોધન હતો ત્યાં જઈ મોટા વેગવાળું માર-વાના સાધનરૂપ દઢ ધનુષ સજ્જ કરી બાણે કરી તેને વિંધ્યો. દુર્યોધન રાજાએ પણ મહા બળવાન ભીમસેનને અત્યંત તીક્ષ્ણ લોહમય બાણે કરી મર્મસ્થાનમાં વિંધ્યો. ધનુષ ધારણ કરનાર તમારા પુત્રે અત્યંત વિંધેલા મોટા ધનુષવાળા ક્રોધથી અત્યંત લાલ નેત્રવાળા તેણે પણ ધનુષ ખેંચી ત્રણ બાણે કરી, દુર્યોધનના બે બાહુ તથા વક્ષસ્થળ વિધ્યાં. તે સમે સંગ્રામમાં શિખરે કરી મોટા પર્વત શોભે તેમ તે શોભતો હતો. સંગ્રામમાં ક્રોધથી પર-સ્પર મારતા તે બેઉને જોઈ ત્યાગ કર્યું છે જીવિત જેણે એવા દુર્યોધનથી નાન શૂરવીર ભાઇઓ ભયંકર કર્મવાળા ભીમસેનને નિગ્રહ કરવાના પૂર્વે કરેલા વિચારને યાદ કરી બરાબર નિશ્ચય કરી નિગ્રહ કરવા તૈયાર થયા. હે મહારાજ! સંગ્રામમાં પોતા સામે આવતા તેમને જોઇ મહા બળવાન ભીમસેન, હસ્તિઓ સામે જેમ હસ્તિ જાય તેમ તેમની સામે જવા લાગ્યા. હે ભારત! અત્યંત કોપેલા મોટા યશવાળા તેજસ્વી તેણે લોહમય બાણ ચિત્રસેન નામના તમારા પુત્ર ઉપર નાખી સુવર્ણના પુંખવાળા, પાયેલા અનેક તરેહના બાણ બીજા તમારા પુત્રોને પણ માર્યા. અભિમન્યુ આદિ લઇને તે બાર મહાર-થિઓ સંગ્રામમાં સૈન્યોને ચોતરફથી મારી ધર્મરાજની આજ્ઞાથી ભીમસેનની પાછળ આવી મહા બળવાન એવા તમારા પુત્રોની સામે લડવા લાગ્યા. સૂર્ય તથા અગ્નિ સરખા તેજ-વાળા, શૂરવીર, ધનુષવાળા શોભતા અત્યંત પ્રકાશમાન સુવર્ણના મુકુટે કરી ઉજ્વળ એવા રથમાં બેઠેલા તે સર્વને જોઈ મહા બળવાન તમારા પુત્રોએ સંગ્રામમાં ભીમસેનને છોડી દીધા. 'આ જીવતા પાછા જાય છે' એમ જાણી તમારા પુત્રોને સહન ન કરી શકતો કુંતિપુત્ર ભીમસેન તેમની પાછળ જઇ તમારા સર્વ પુત્રને પીડા પમાડવા લાગ્યો. સંગ્રા-મમાં ભીમસેન તથા પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન સાથે મળેલા અભિમન્યુને જોઇ તમારા સૈન્યના દુર્યોધનાદિ મહારથિઓ ધનુષ ગ્રહણ કરી, અત્યંત વેગવાળા અશ્વે કરી જ્યાં તેમના રથ હતા ત્યાં ગયા. હે મહારાજ! પછી અપરાન્હ વખતે તમારા તથા બળ-વાન સામાવાળાઓનો મોટો સંગ્રામ પ્રવર્તમાન થયો. તેમાં અભિમન્યુએ વિકર્ણના ઘોડા-ઓને મારી તેની ઉપર પચ્ચીસ બાણ નાખ્યા. હે ભારત! તે સમે મહારથી વિકર્ણ, હણાએલ ઘોડાવાળા રથને મૂકી ચિત્રસેનના રથમાં ચઢી બેઠો. હે ભારત! એક રથમાં બેઠેલા કુળને વધારનાર તે બે ભાઇઓએ અર્જુન પુત્ર અભિમન્યુને બાણના સમુદાયથી ઢાંકી દીધો. તે સમે ચિત્રસેન તથા વિકર્ણે લોહમય પાંચ બાણે કરી અભિમન્યુને વિંધ્યો, પણ અર્જુન પુત્ર કંપાયમાન ન થતાં મેરૂપર્વતની પેઠે દઢ ઉભો રહ્યો. હે મારિષ! હે રાજેંદ્ર! દુઃશાસન તો સંગ્રામમાં કેકય નામના પાંચ ભાઇઓ સાથે યુદ્ધ કરવા લાગ્યો, તે મોટું

આશ્ચર્ય સરખું થયું. હે વિશાંપતે ! સંગ્રામમાં દ્રૌપદીના પાંચ પુત્રોએ સર્પ જેવા બાણે કરી તમારા પુત્ર દુર્યોધનને વારી રાખ્યો. હે રાજન ! કોઈથી સહન ન થાય એવા તમારા પુત્ર દુર્યોધને પણ સંગ્રામમાં તીક્ષ્ણ બાણે કરી દ્રૌપદીના પાંચ પુત્રોને જૂદા જૂદા માર્યા. તેઓએ પણ વિંધેલો રૂધિરે કરી અત્યંત આર્દ્ર દુર્યોધન, ગૈરિકાદિ ધાતુ મિશ્રિત ઝરણાંએ કરી પર્વત શોભે તેમ શોભતો હતો. હે રાજન ! બળવાન ભીષ્મ પણ સંગ્રામમાં પાંડવની સેનાને, ગોવાળ જેમ પશુઓને મારે તેમ મારવા લાગ્યા. હે વિશાંપતે ! તે વખતે શત્રુનેં હણતા અર્જુનના ગાંડીવનો શબ્દ સેનાની દક્ષિણ બાજુમાં થતો હતો. તે સંગ્રામમાં કૌરવ તથા પાંડવના સૈન્યમાં ચોતરફથી માથા વગરનાં ધડ પડતાં હતાં. રૂધિરરૂપ જળવાળા, બાણરૂપ ઘુંમરીયુક્ત, હસ્તિરૂપ બેટવાળા તથા અશ્વરૂપ લહેરવાળા તે સૈન્ય સમુદ્રને પુરૂષમાં સિંહરૂપ શૂરવારો, રથરૂપ વહાણે કરી તરી જતા હતા. હાથ કપાઈ ગયેલા કવચ રહિત પ્રાણ વગરના હજારો ઉત્તમ પુરૂષો તે તે ઠેકાણે પડેલા દેખાતા હતા. હે ભરતશ્રેષ્ઠ ! રૂધિરના ઓઘથી વ્યાપ્ત, હણાએલા મત્ત હસ્તિઓએ કરી રણભૂમિ પર્વતવાળી પૃથ્વીની પેઠે શોભતી હતી. હે ભારત ! તે સંગ્રામમાં તમારી તરફના તથા તેમનું આશ્ચર્ય અમોએ જોયું, જે બેઉ સેનામાં યુદ્ધની આકાંક્ષા ન કરે એવો કોઈ પણ પુરૂપ ન હતો. એ રીતે મોટા યશને તથા યુદ્ધમાં જયને ઇચ્છતા તમારી તરફના શૂરવીર પાંડવો સાથે યુદ્ધ કરતા હતા.

एवं युयुधिरे वीराः प्रार्थयानामहद्यशः ।
तावकाः पांडवैः सार्धमाकांक्षंतो जयं युधि ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां अष्टसप्ततितमोऽध्यायः ॥ ७८ ॥

અધ્યાય ૭૯ મો. છઠ્ઠો દિવસ પત્યો.

संजय उवाच—ततो दुर्योधनो राजा लोहितायति भास्करे ।
संग्रामरभसो भीमं हंतुकामोभ्यधावत ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! સૂર્ય લાલ થયા તે વખતે સંગ્રામમાં વેગવાન દુર્યોધન રાજા. ભીમને મારવાની ઇચ્છાથી તેની સામે દોડયો. પુરૂષમાં શૂરવીર દૃઢ વૈરવાળા તેને આવતો જોઈ અત્યંત ક્રોધે ભરાયલા ભીમસેને, આવી રીતે વચન કહ્યું કે, ઘણા વર્ષથી ઇચ્છા કરેલો વખત આજ પ્રાપ્ત થયો છે માટે જો તું રણસંગ્રામનો ત્યાગ નહીં કરે તો આજ હું તને મારીશ. આજ તને મારવાથી કુંતિનો, સમગ્ર વંનવાસનો તથા દ્રૌપદીનો પરિક્લેશ ટળશે. હે ગાંધારીના પુત્ર ! પૂર્વે મત્સરી થઈ પાંડવોનું તું અપમાન કરતો તો તે પાપના ફળરૂપ આવેલા દુઃખને હવે જો. પૂર્વે કર્ણ તથા શકુનિના મતનો આશ્રય કરી, 'આ પાંડવ છે' એ વિચાર ન કરતાં તારી ઇચ્છા પ્રમાણે કરતો હતો અને શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા આવ્યા તે વખતે તમારી પ્રાર્થના કરતા હતા તેમનું તેં અપમાન કર્યું, અને પ્રસન્ન થઇને ઉલૂક સાથે ખરાબ સંદેશો મોકલ્યો તે માટે પરિવાર તથા બંધુ સહિત તને મારી, પૂર્વે તેં જે પાપ કર્યાં છે તેની હું શાંતિ કરીશ. એમ કહી ભયંકર ધનુષ ખેંચી વારંવાર ટેરવી, મોટા વજ્ર સરખી કાંતિવાળા પ્રજ્વલિત અગ્નિની શિખા સરખા,

છત્રીશ બાણુ સાંધી દુર્યોધન ઉપર નાંખ્યા. બે બાણુથી ધનુષ તથા બે બાણે કરી સારથિને વિંધી, ચાર બાણે કરી તેના અશ્વોને યમપુરીમાં મોકલ્યા. વળી શત્રુને દમન કરનાર તેણે, અત્યંત ખેંચેલા બે બાણુથી તેનું છત્ર તથા છ બાણુથી પ્રજ્વલિત ઉત્તમ ધ્વજને કાપી નાંખ્યો. તમારો પુત્ર જોતાં તેણે મોટેથી સિંહનાદ કર્યો. તે વખતે શોભતો ધ્વજ, નાના પ્રકારના રત્ને કરી શોભતા રથમાંથી તત્કાળ, મેઘમાંથી વિજળી પડે તેમ પૃથ્વી ઉપર પડયો. સૂર્ય સરખા પ્રજ્વલિત મણિમય હસ્તિના ચિન્હવાળા કપાયેલા :દુર્યોધનના ધ્વજને સર્વ રાજાઓ જોતા હતા. વળી મહારથી ભીમસેને હસતાની પેઠે, અંકુશે કરી મોટા હસ્તિને વિંધે તેમ દશ બાણે કરી તે શૂરવીરને વિંધ્યો. તેટલામાં રથીમાં શ્રેષ્ઠ મહારથી સત્પુરૂષે વિંટાયેલો રાજા જયદ્રથ, દુર્યોધનની પાછળ આવી તેની રક્ષા કરવા લાગ્યો. હે રાજન્ ! રથીમાં શ્રેષ્ઠ કૃપાચાર્યે, ઘણા પરાક્રમવાળા ક્રોધી દુર્યોધનને પોતાના રથમાં બેસાડયો. સંગ્રામમાં ભીમસેને વિંધેલો તેથી અત્યંત વ્યથા પામેલો દુર્યોધન રાજા રથમાં એક બાજુ બેસી ગયો. ભીમસેનને જીતવાની ઈચ્છાવાળા જયદ્રથે, હજારો રથે કરી તેને વિંટી તેની દિશાઓ રોકી રાખી. હે રાજન્ ! તે વખતે ધૃષ્ટકેતુ, પરાક્રમી અભિમન્યુ, કેકય તથા દ્રૌપદીના પાંચ પુત્ર, તમારા પુત્રો સાથે યુદ્ધ કરતા હતા. હે રાજન્ ! ચિત્રસેન, સુચિત્ર, ચિત્રાંગ, ચિત્રદર્શન, ચારૂચિત્ર, સુચારૂ, નંદ તથા ઉપદનંદક. વગેરે મોટા ધનુષવાળા યશસ્વી સુકુમાર એવા આઠ જણે અભિમન્યુના રથને ઘેરી લીધો. અભિમાની અભિમન્યુએ પણ અક્કેકને ગ્રંથી વગરના તીક્ષ્ણ વજ્ર તથા મૃત્યુ જેવા વિચિત્ર પ્રકારના આયુધમાંથી નિકળેલા પાંચ બાણે કરી વિંધ્યા. આવતા તેના બાણોને સહન ન કરી શકતા તે સર્વે, રથીમાં ઉત્તમ અભિમન્યુ ઉપર મેઘ જેમ મેરૂ પર્વત ઉપર જળનો વરસાદ કરે તેમ તીક્ષ્ણ બાણુનો વરસાદ કરવા લાગ્યા. તોપણ હે મહારાજ ! સંગ્રામમાં પીડા પામતા અસ્ત્ર શીખેલા યુદ્ધમાં દુર્મદ અભિમન્યુએ, દેવાસુર યુદ્ધમાં ઇંદ્રે જેમ મોટા અસુરને કંપાવ્યા હતા તેમ તમારા પુત્રોને કંપાવ્યા. હે ભારત ! રથીમાં શ્રેષ્ઠ પરાક્રમી તેણે, સંગ્રામમાં નાચતા હોય નહીં તેની પેઠે સર્પ સરખા ભલ્લ નામના ચૌદ બાણુ, વિકર્ણ ઉપર નાખી તેના રથના ધ્વજ, સારથિ તથા ઘોડાઓને પાડયા. વળી અત્યંત ક્રોધે ભરાયેલા મહા બળવાન તેણે, પાયેલા, અખંડિત અગ્ર ભાગવાળા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા બીજા બાણુ તેની ઉપર નાખ્યા. ગૃધ્ર તથા મયૂરના પીંછવાળા સુવર્ણના પુંખ તથા અગ્રભાગથી શોભતા જે, તેના દેહને ભેદી પ્રજ્વલિત સર્પની પેઠે પૃથ્વીમાં પેસી ગયા. વિકર્ણના રૂધિરથી આર્દ્ર તે, જાણે રૂધિર વમન કરતા હોય નહીં તેવા દેખાતા હતા. એ રીતે ભેદાયલા વિકર્ણને જોઈ તેના બીજા ભાઇઓ, રથમાં બેઠેલા અભિમન્યુ આદિ સામે દોડી યુદ્ધમાં દુર્મદ ક્રોધથી તેની સામે યુદ્ધ કરવા લાગ્યા. તેટલામાં દુર્મુખે સાત બાણે કરી શ્રુતકર્માને વિંધી, એક બાણે કરી એના ધ્વજને કાપી સાત બાંણે કરી સારથિને પાડી, સુવર્ણથી શોભતા વાયુ સરખા વેગવાળા ઘોડાઓને પણ છ બાણે કરી માર્યા. હણાયેલ અશ્વવાળા રથમાં બેઠેલા મહારથી શ્રુતકર્માએ, ક્રોધથી પ્રજ્વલિત ઉંબાડીયા સરખી શક્તિ તેની ઉપર નાખી. પોતાના તેજે કરી દેદીપ્યમાન જે, યશસ્વી દુર્મુખના કવચને વિદારણ કરીને પૃથ્વીમાં પેઠી શ્રુતકર્માને વિરથ જોઇ મહારથી સુતસોમે, સર્વ સૈન્ય જોતાં પોતાના રથમાં તેને બેસાડયો. હે રાજન ! તેટલામાં શૂરવીર શ્રુતકીર્તિ, યશસ્વી એવા તમારા પુત્ર જય-

ત્સેનને મારવા સારૂ તેની સામે દોડયો. સંગ્રામમાં ધનુષ ખેંચતાં તેનું મોટા શબ્દવાળું ધનુષ, જલદી તમારા પુત્ર જયત્સેને હસતો હોય નહીં તેની પેઠે અત્યંત તીક્ષ્ણ ક્ષુરપ્ર નામના બાણે કરી કાપી નાખ્યું. કપાઇ ગયેલા ધનુષવાળા પોતાના ભાઇને જોઈ તેજસ્વી શતાનિકે, વારંવાર સિંહનાદ કરતાં ત્યાં આવી, પોતાનું દૃઢ ધનુષ ખેંચી દશ બાણે કરી તમારા પુત્ર જયત્સેનને વિંધી, મદ ઝરતા હસ્તિની પેઠે અત્યંત મોટો શબ્દ કર્યો. વળી તેણે સર્વ આવરણ ભેદનાર બીજા અત્યંત તીક્ષ્ણ બાણે કરી તમારા પુત્ર જયત્સેનને હૃદયમાં વિંધ્યો, તેટલામાં ક્રોધથી મૂર્છિત થયેલા દુષ્કર્ણે પોતાના ભાઇની પાસે આવી, સંગ્રામમાં નકુલ પુત્ર શતાનીકનું ધનુષ કાપી નાખ્યું. તે સમે ભાર સહન કરનાર ઉત્તમ બીજું ધનુષ ગહણ કરી, મહા બળવાન શતાનીકે, પ્રજ્વલિત સર્પ જેવા ભયંકર તીક્ષ્ણ બાણ તેમાં સાંધી, ' અરે ઉભો રહે ઉભો રહે ' એમ કહી ભાઇની પાસે ઉભેલા દુષ્કર્ણ ઉપર તે નાખ્યા. હે મારીષ ! વળી અત્યંત ક્રોધે ભરાયેલા તેણે, એકે કરી એનું ધનુષ કાપી બેયે કરી સારથીને પીડી સાત બાણે કરી જલદી તેને વિંધ્યો. વળી વાયુ તથા મન સરખા વેગવાળા કાબરા વર્ણવાળા તેના ઘોડાઓને તીક્ષ્ણ બાર બાણે કરી જલદી મારી, બીજા સારી રીતે યોજના કરેલા, જલદી જનાર ભલ્લ નામના એક બાણે કરી દુષ્કર્ણને હૃદયમાં વિંધ્યો. એ રીતે વિંધાયેલો તે, વજ્રે હણેલા વૃક્ષની પેઠે પૃથ્વી ઉપર પડયો. હે રાજન ! વ્યથા પામેલા દુષ્કર્ણને જોઈ શતાનીકને મારવા ઇચ્છતા તમારી તરફના પાંચ મહારથીઓએ, ચોતરફથી તેને ઘેરી લીધો. બાણના સમુદાયથી ઢંકાયેલા યશસ્વી તેને જોઇ પાંચ ભાઇયો કેકય દોડયા. હે મહારાજ ! સામે આવતા તેમને જોઇ દુર્મુખ, દુર્જય, તરૂણ એવો દુર્મર્ષણ, શત્રુંજય તથા શત્રુસહ નામના મહારથી યશસ્વી તમારા પુત્રો મોટા હસ્તિઓ હસ્તિ સામે દોડે તેમ તેમની સામે દોડી, નાના વર્ણથી વિચિત્ર પ્રકારના પતાકાઓએ કરી શોભતા મન જેવા વેગવાળા ઘોડા જોડેલા નગર જેવા મોટા રથે કરી શ્રેષ્ઠ ધનુષ ધરનાર અને વિચિત્ર પ્રકારનાં છે કવચ તથા ધ્વજ જેનાં એવા તે શૂરવીરો, વનમાંથી બીજા વનમાં જેમ સિંહ જાય તેમ પારકા સૈન્યમાં પેઠા તે સમયે એકઠા મળી ગયા છે રથ તથા હસ્તિ જેમાં એવું પરસ્પર મારતા તેમનું અત્યંત ભયંકર યુદ્ધ થયું. હે રાજન્ ! સૂર્યાસ્તની બે ઘડી પહેલાં એક બીજાનો અપરાધ કરતા તેમનું યમરાજના રાજ્યને વધારનારૂં અત્યંત દારૂણ યુદ્ધ થયું. જેમાં હજારો રથીઓ તથા ઘોડેસ્વારો તે તે ઠેકાણે પડેલા દેખાતા હતા. શંતનુ પુત્ર ભીષ્મે, મહાત્મા પાંડવોની સેનાનો નાશ કર્યો, તેમજ બાણે કરી પાંચાલોના સૈન્યોને પણ યમપુરીમાં મોકલી દીધાં. હે નૃપ ! એ રીતે મોટા ધનુષવાળા ભીષ્મ, પાંડવની સેનાને ભેદી, સૈન્યનો યુદ્ધથી વિરામ કરી પોતાના તંબુમાં ગયા. ધર્મરાજા પણ ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમસેનને જોઇ એ બંનેનું મસ્તક સુંઘી પ્રસન્ન થઇ તંબુમાં ગયા.

धर्मराजोपि संप्रेक्ष्य धृष्टद्युम्नवृकोदरौ ।
मूर्ध्निचैतावुपाघ्राय प्रहृष्टः शिबिरं ययौ ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि षष्ठदिवसावहारे गुर्जरभाषायां मूनशीतितमोऽध्यायः ॥ ७९ ॥

અધ્યાય ૮૦ મો. ભીષ્મ દુર્યોધન સંવાદ.

संजय उवाच—अथ शूरामहाराज परस्परकृतागसः ।
जग्मुः स्वशिबिराण्येव रुधिरेण समुक्षिताः ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ! પછી પરસ્પર અપરાધ કરેલા રૂધિરે કરી વ્યાપ્ત તે સર્વે પોતપોતાના તંબુમાં ગયા, ઘટતી રીતે વિસામો ખાઇ પરસ્પર સત્કાર કરી કવચ પહેરેલા તે, ફરીથી યુદ્ધ કરવાની ઇચ્છાથી સંગ્રામમાં આવ્યા. તે સમે હે રાજન્! ચિંતાએ કરીને વ્યાપ્ત અંગમાંથી જેને રૂધિર સ્રવે છે એવા તમારા પુત્રે, ભીષ્મને પૂછ્યું કે, પાંડવ તરફના યશસ્વી મહારથી શૂરવીર વ્યૂહ રચના કરી ઉભેલા ઘણી ધ્વજાવાળા ભયંકર યોદ્ધાઓએ, આપણા સૈન્યોને વિદારણ કરી, પીડા પમાડી, સર્વને મોહ પમાડયો. વજ્ર જેવા મકરવ્યૂહમાં પ્રવેશ કરી ભીમસેને, મૃત્યુદંડ જેવા ભયંકર બાણે કરી મને માર્યો માટે તેને જોઇ ભયે કરી મૂર્છિત થયેલો હું હવે શાંતિ પામતો નથી, હે સત્ય પ્રતિજ્ઞાવાળા! તમારા પ્રસાદથી જય પામવા તથા પાંડવ તરફનાને હણવા હું ઇચ્છું છું. એવાં તેનાં વચન સાંભળી મહાત્મા ભીષ્મ, અત્યંત હાસ્ય કરી, ક્રોધવશ થયેલા દુર્યોધનને જાણી, શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ અહંકારવાન ગંગા પુત્ર ભીષ્મ, પ્રસન્ન મનથી તેને આવી રીતે કહેવા લાગ્યા કે, હે રાજપુત્ર! સર્વાત્મપણાએ કરી તારી સેનામાં રહી, હું તને જય તથા સુખ દેવા ઇચ્છું છું, માટે તારે વાસ્તે મારા આત્માને હું ઢાંકીશ નહીં. સંગ્રામમાં પાંડવોની સહાયતા કરનારા તો, અસ્ત્ર શીખેલા અત્યંત શૂરવીર યશસ્વી મહારથી ખેદ રહિત ઘણાક શૂરવીર યોદ્ધાઓ ક્રોધરૂપ ઝેરનું વમન કરે છે. હે રાજન! હે શૂરવીર! તારી સાથે વેર કરેલા પરાક્રમે કરીને ઉદ્ધત એવા તેમને આપણે તરત જીતવા સમર્થ થઇએ એમ નથી, તથાપિ હું મારા જીવિતનો ત્યાગ કરી સર્વાત્મપણાએ કરી પાંડવની સેના સામે યુદ્ધ કરીશ. હે મહાનુભાવ! તારે વાસ્તે ભયંકર એવા સર્વ દેવતા તથા દૈત્યોને પણ બાળી નાખું ત્યારે શત્રુ સેનાને મારૂં તેમાં શું આશ્ચર્ય! હે રાજન્! સર્વ પાંડવ સાથે યુદ્ધ કરી તારૂં હું પ્રિય કરીશ. ભીષ્મનાં એવાં વચન સાંભળી દુર્યોધન પ્રસન્ન થયો ને સર્વ સૈન્ય તથા સર્વ રાજાઓને કહ્યું કે, યુદ્ધ વાસ્તે તમો હવે નીકળો. તેની આજ્ઞાએ કરી હસ્તિ, અશ્વ, પાયદલ તથા રથયુક્ત બધાં સૈન્યો, તરત યુદ્ધ કરવા નીકળ્યાં. હે રાજન્! તે સમયે અત્યંત હર્ષયુક્ત નાના પ્રકારનાં શસ્ત્ર તથા અસ્ત્રવાળાં, હસ્તિ, અશ્વ તથા પાયદલયુક્ત તમારાં મોટાં સૈન્ય, સંગ્રામમાં શોભતાં હતાં. સૂર્ય કિરણોને ઢાંકતી, તરૂણ સૂર્ય જેવા વર્ણવાળી ઉડેલી રજ, અને રથ તથા હસ્તિ ઉપર રહેલા નાના પ્રકારના રંગવાળા વાયુની પ્રેરણાથી ચોતરફ ઉડતા પતાકાઓ પણ આકાશમાં મેઘ યુક્ત વિજળીની પેઠે શોભતા હતા તેમજ સારી રીતે પ્રેરણા કરેલા જૂદાં જૂદાં ટોળાં કરી ઉભા રાખેલા હસ્તિગણ પણ ચોતરફ શોભતા હતા. સંગ્રામમાં શૂરવીર રાજાઓએ ખેંચેલા ધનુષોનો, આદિ યુગમાં દેવ તથા મોટા દૈત્યોએ મથન કરેલા સમુદ્ર જેવો મહા ભયંકર શબ્દ થતો હતો. તે વખતે ઉગ્ર છે હસ્તિ જેમાં એવું ઘણા રૂપ તથા વર્ણવાળું એકઠા મળેલા શત્રુના સૈન્યને હણનું તમારા પુત્રોનું સૈન્ય પ્રલય સમયના મેઘ સમાન શોભતું હતું.

तदुग्रनागंबहुरूपवर्णं तवात्मजानां समुदीर्णमेवं ।
बभूव सैन्यं रिपुसैन्यहंतृ युगांतमेघौघनिभं तदानीम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मदुर्योधनसंवादे गुर्जरभाषाया मशीतितमोऽध्यायः ॥ ८० ॥

અધ્યાય ૮૧ મો. સાતમા દિવસનો સંગ્રામ.

संजय उवाच--अथात्मजं तव पुनर्गांगेयोध्यानमास्थितं ।
अब्रवीद्भरतश्रेष्ठः संप्रहर्षकरं वचः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્! વળી ભરતકુળમાં શ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મે, ધ્યાનની પેઠે વિચાર કરતા તમારા પુત્રને અત્યંત હર્ષ કરે એવી રીતનું વચન કહ્યું કે, હું, દ્રોણ, શલ્ય, યાદવકુળમાં ઉત્પન્ન થયેલો કૃતવર્મા, અશ્વત્થામા, વિકર્ણ, ભગદત્ત, શકુનિ, અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ, બાહ્લિકો એ સહિત બાહ્લિક, બળવાન ત્રિગર્ત્ત રાજા, કોઇથી જીતાય નહીં એવો માગધ, બૃહદ્બલ, કૌશલ્ય, ચિત્રસેન, વિવિંશતિ, મોટી ધ્વજાવાળા સુંદર અનેક હજાર રથ, ઘોડા ઉપર બેસનાર ઘોડેસ્વાર સહિત દેશી ઘોડાઓ, ભેદાએલ કુંભસ્થળવાળા મદ ઝરતા મદોન્મત્ત મોટા હસ્તિઓ, નાના પ્રકારનાં શસ્ત્ર તથા ધ્વજાવાળા અનેક દેશમાં ઉત્પન્ન થયેલા, તારે વાસ્તે યુદ્ધ કરવા તૈયાર થયેલા શૂરવીર પાયદળ અને બીજા પણ તારે વાસ્તે ત્યાગ કર્યું છે જીવિત જેમણે એવા ઘણાક સંગ્રામમાં દેવતાઓને પણ જીતવા સમર્થ થાય એવા છે એવી મારી મતિ છે. હે રાજન્! હું હંમેશ તારા હિતનાંજ વચન કહું છું એમાં સંશય નહીં. શ્રીકૃષ્ણની સહાયતાવાળા ઇંદ્ર જેવા પરાક્રમયુક્ત પાંડવોને સંગ્રામમાં ઇંદ્ર સહિત દેવતાઓ પણ જીતવા સમર્થ થઇ શકે એમ નથી, તપાપિ હે રાજેંદ્ર! હું તો તારા કહેવા પ્રમાણે કરીશ. સંગ્રામમાં પાંડવોને હું જીતીશ, વા તેઓ મને જીતશે, એમ કહી શલ્ય રહિત કરનારી વીર્ય સંપન્ન સુંદર ઔષધિ એને આપી, જેથી તે શલ્ય રહિત થયો. પછી નિર્મળ પ્રભાત થયું ત્યારે વ્યૂહ રચના કરવામાં ચતુર પરાક્રમી ભીષ્મે, પોતાની મેળે પોતાના સૈન્યની વ્યૂહ રચના કરી, જેમાં મનુષ્યમાં શ્રેષ્ઠ તેણે નવ શસ્ત્રે કરી સંકુલ મુખ્ય યોદ્ધાઓ, હસ્તિ, પાયદલ તથા અનેક હજાર રથે કરી પરિપૂર્ણ ખડ્ગ તથા ભાલા ધારણ કરનાર સ્વારોએ અધિષ્ઠિત મોટા અશ્વવૃંદે કરી વિંટાયલું મંડળ ભેગું કર્યું. તેમાં એકેક હસ્તિ પાસે સાત રથ, અને એકેક રથ પાસે સાત અશ્વ, અને એકેક અશ્વ પાછળ દશ ધનુષ ધારણ કરનાર, એક એક ધનુષ ધરનાર પાછળ દશ ઢાલવાળા રાખ્યા. હે મહારાજ! એ રીતે મહારથીઓએ વ્યૂહ રચના કરેલું ભીષ્મે પાળેલું તમારૂં સૈન્ય મોટા યુદ્ધ વાસ્તે ઉભું હતું. દશ હજાર અશ્વ, તેટલાજ હસ્તિ તથા રથ સહિત કવચ પહેરેલા મિત્રસેનાદિક શૂરવીર તમારા પુત્ર ભીષ્મની રક્ષા કરતા હતા. શૂરવીર તેમણે રક્ષા કરેલા ભીષ્મ, અને તેમણે રક્ષા કરેલા કવચ પહેરેલા મહા બળવાન તે રાજાઓ સૈન્યના મોખરામાં દેખાતા હતા. સંગ્રામમાં શોભતો કવચ પહેરી રથમાં બેઠેલો દુર્યોધન રાજા તો સ્વર્ગમાં ઇંદ્ર શોભે તેમ શોભતો હતો. હે ભારત! ત્યાર પછી તમારા પુત્રોનો, રથોનો તથા વાદિત્રોનો મોટો શબ્દ થવા લાગ્યો. હે રાજન્! શત્રુઓએ દુઃખે કરીને પણ જઇ શકાય નહીં એવો શત્રુનો નાશ કરનાર દુઃખે કરી ભેદ પામે નહીં, પશ્ચિમ મુખે ઉભેલા ભીષ્મે રચેલો મંડળાકાર તમારા પુત્રનો મોટો વ્યૂહ ચોતરફથી શોભતો હતો. દુઃખે કરીને પણ જીતાય નહીં

એવા મંડળાકાર વ્યૂહને જોઇ યુધિષ્ઠિર રાજાએ પોતાના સૈન્યની વજ્રવ્યૂહ રચના કરી બેઉ તરફનાં સૈન્ય ઉભાં રહ્યાં. પછી પોતપોતાને સ્થાનકે ઉભેલા રથી તથા ઘોડેસ્વાર સિંહનાદ કરી, પરસ્પર વ્યૂહ ભેદવાની ઇચ્છાવાળા, પ્રહાર કરનાર શૂરવીરોના સૈન્ય સહિત યુદ્ધ વાસ્તે નીકળ્યા. દ્રોણાચાર્ય વિરાટ સામે, અશ્વત્થામા શિખંડી સામે, દુર્યોધન રાજા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન સામે, નકુળ તથા સહદેવ મદ્રદેશના રાજા શલ્ય સામે, અવંતિના વિંદ તથા અનુવિંદ ઇરાવાન સામે અને સર્વ રાજાઓ સંગ્રામમાં અર્જુન સામે યુદ્ધ કરવા લાગ્યા. ભીમસેને સંગ્રામમાં આવતા હાર્દિક્યને વારી રોકી રાખ્યો. હે રાજન્! ચિત્રસેન, વિકર્ણ તથા દુર્મર્ષણ નામના તમારા પુત્ર સામે સમર્થ અર્જુન પુત્ર અભિમન્યુ યુદ્ધ કરવા લાગ્યો. મોટા ધનુષવાળો પ્રાગજ્યોતિષનો અધિપતિ ભગદત્ત રાજા, રાક્ષસમાં ઉત્તમ હીડિંબા પુત્ર ઘટોત્કચ સામે, મદોન્મત્ત હસ્તિ જેમ મદોન્મત્ત હસ્તિ સામે દોડે તેમ વેગે કરી દોડયો. હે રાજન્! અલંબુષ નામનો રાક્ષસ સંગ્રામમાં દુર્મદ સૈન્ય સહિત સાત્યકિ સામે દોડયો. સંગ્રામમાં સાવધાન ભૂરિશ્રવા ધૃષ્ટકેતુ સાથે, ધર્મપુત્ર યુધિષ્ઠિર શ્રુતાયુષ સાથે, તથા ચેકિતાન કૃપાચાર્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. બાકીના સાવધાન યોદ્ધાઓ મહારથી ભીષ્મ સામે ગયા. શક્તિ, ભાલા, બાણ, ગદા તથા શસ્ત્ર છે હાથમાં જેના એવા તમારી તરફના રાજસમૂહોએ ચોતરફથી અર્જુનને વિંટી લીધા. અત્યંત ક્રોધે ભરાયેલા અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને આવી રીતે કહ્યું કે, હે માધવ! હે કેશવ! વ્યૂહ રચના જાણનાર ગંગા પુત્ર મહાત્મા ભીષ્મે, વ્યૂહ રચના કરી ઉભાં રાખેલાં દુર્યોધનનાં સૈન્યને, યુદ્ધ ઇચ્છિતા કવચ પહેરેલા શૂરવીરને તથા ભાઇઓ સહિત ઉભેલા ત્રિગર્ત્ત રાજાને જુવો. હે જનાર્દન! હે યદુશ્રેષ્ઠ! આ મારી સામે રણસંગ્રામમાં યુદ્ધ કરવા આવેલા છે, એમને આજ તમારી સમક્ષ હું મારીશ. એટલાં વચન કહી, કુંતિ પુત્ર અર્જુને ધનુષની પ્રત્યંચા ખેંચી સામે ઉભેલા રાજાઓના ગણ ઉપર બાણનો વરસાદ વરસાવ્યો. મોટા ધનુષવાળા તેમણે પણ વર્ષાઋતુમાં મેઘ જેમ જળની ધારાથી તળાવને ભરી દે તેમ બાણના વરસાદે કરી તેને ઢાંકી દીધો. હે વિશાંપતે! મહા સંગ્રામમાં બાણે કરી ઢંકાઇ ગયેલા શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઇ દેવ, દેવર્ષિયો, ગંધર્વ તથા સર્પ પણ આશ્ચર્ય પામ્યા. હે રાજન્! ક્રોધે ભરાયેલા અર્જુને ઇંદ્રાસ્ત્ર મૂકયું તે વખતે તેનું આશ્ચર્યરૂપ પરાક્રમ અમે જોયું. વિપક્ષે મૂકેલી શસ્ત્રવૃષ્ટિ તેણે વારી રાખી, તો પણ તેના બાણે કરી ભેદાએલો નહીં એવો કોઇ પણ રહ્યો નહીં. હે મારિષ! એ રીતે હજારો રાજાઓ અશ્વ તથા હસ્તિઓને બે બે બાણે કરી, અને ત્રણ ત્રણ બાણે કરી બીજાઓને પણ તેણે વિંધ્યા. અર્જુને વિંધેલા તેઓ શંતનુ પુત્ર ભીષ્મની પાસે ગયા, તે વખતે અગાધ જળમાં બૂડેલા તેમને ભીષ્મ નાવરૂપ થયા. હે મહારાજ! પાસે આવતા તેઓએ ભંગાણ પડેલું તમારૂં સૈન્ય વાયુએ કરી મહા સમુદ્ર ક્ષોભ પામે તેમ અત્યંત ક્ષોભ પામવા લાગ્યું.

आपतद्भिस्तु तैस्तत्र प्रभग्नं तावकं बलं ।
संचुक्षुभे महाराज वातैरिव महार्णवः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि सप्तमयुद्धादिवसे गुर्जरभाषाया मेकाशीतितमोऽध्यायः ॥ ८१ ॥

અધ્યાય ૮૨ મો-રથીઓનું યુદ્ધ.

संजय उवाच—तथा प्रवृत्ते संग्रामे निवृत्ते च सुशर्मणि ।
भग्नेषु चापिवीरेषु पांडवेन महात्मना ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્! એ રીતે પ્રવર્ત્તમાન સંગ્રામમાં સુશર્મા નિવૃત્ત થયો, અને મહાત્મા પાંડુપુત્ર અર્જુને શૂરવીરોમાં ભંગાણુ પાડયું તેથી સમુદ્રની પેઠે તમારૂં સૈન્ય ક્ષોભ પામ્યું. ગંગા પુત્ર ભીષ્મ વિજય વાસ્તે તૈયાર થયા તે વખતે દુર્યોધન રાજાએ સંગ્રામમાં અર્જુનનું પરાક્રમ જોઇ સર્વ રાજાઓ પાસે આવી તેમને તથા તેમના અગ્રભાગમાં ઉભેલા મહા બળવાન સુશર્માને પણ સર્વ સૈન્યના મધ્યમાં હર્ષ પમાડતાં કહ્યું કે, કુરૂકુળમાં શ્રેષ્ઠ શંતનુ પુત્ર ભીષ્મ, સર્વાત્મપણાએ કરી પોતાના જીવિતનો ત્યાગ કરી અર્જુન સામે યુદ્ધ કરવા જાય છે માટે સંગ્રામમાં યુદ્ધ કરવા જતા તે શૂરવીરની તમે સર્વ સાવધાન થઇ રક્ષા કરો. હે મહારાજ! દુર્યોધનનાં એવાં વચન સાંભળી "બહુ સારૂ" એમ કહી તે સર્વ રાજસૈન્યો ભીષ્મની પાછળ ચાલ્યાં. શંતનુ પુત્ર ભીષ્મ, તત્કાળ અર્જુન સામે આવ્યા. તેઓને આવતા જોઇ સંગ્રામમાં મહા બળવાન અર્જુન પણ ઉભા થયા. મોટા શ્વેત અશ્વયુક્ત, ભયંકર વાનરયુક્ત ધ્વજાવાળા અત્યંત શોભતા મેઘ જેવા શબ્દવાળા રથે કરી સર્વ સૈન્ય સામે આવતા અર્જુનને જોઇ ભયથી યુદ્ધ સમયનો મોટા શબ્દ થવા લાગ્યો. હાથમાં ઘોડાની રાશ ગ્રહણ કરી રથ ઉપર બેઠેલા મધ્યાન્હના સૂર્ય સરખા શ્રીકૃષ્ણને જોઇ, કોઇ પણ તેમની સામું જોવા સમર્થ થતું ન હતું. ઉદય થયેલા શુક્ર, ગ્રહ સરખા શ્વેત અશ્વ તથા ધનુષવાળા શંતનુ પુત્ર ભીષ્મને જોઇ પાંડવો તેમની સામે જોવા સમર્થ થતા ન હતા, કારણ જે ભાઇ તથા પુત્ર સહિત મહાત્મા ત્રિગર્ત્ત તથા બીજા પણ મહારથી યોદ્ધાઓથી વિંટાઇ ઉભેલા હતા. સંગ્રામમાં દ્રોણાચાર્યે તો એક બાણે કરી વિરાટને વિંધી, બીજા એકેકા બાણે કરી એની ધ્વજા તથા ધનુષ કાપ્યું. ધનુષનો ત્યાગ કરી ભાર સહન કરનાર દઢ બીજું ધનુષ વેગથી ગ્રહણ કરી, સેનાપતિ વિરાટે, પ્રજ્વલિત સર્પ સરખા ત્રણ બાણે કરી દ્રોણને, ચારે કરી ચાર અશ્વને, એકે કરી ધ્વજને, પાંચે કરી સારથિને, અને બીજા એકે કરી ધનુષને છેદી નાંખ્યું. દ્રોણાચાર્યે ગ્રંથી વગરના આઠ બાણે કરી ઘોડાઓને અને એકે કરી સારથિને વિંધ્યો. તે સમે હણાયો છે સારથિ જેનો એવો રથિમાં શ્રેષ્ઠ વિરાટ, હણાયેલ અશ્વવાળા રથમાંથી નીચે ઉતરી તરત પોતાના પુત્રના રથમાં ચઢી બેઠો. એ રીતે એક રથમાં બેઠેલા તે પિતા પુત્ર બેઉએ, મોટા બાણના વરસાદથી તેને વારી રાખ્યો. ક્રોધ પામેલા દ્રોણે, સર્પ જેવો બાણ શંખ નામના વિરાટ પુત્ર ઉપર નાખ્યો. જે, સંગ્રામમાં તેના હૃદયને ભેદી, રૂધિર પાન કરી રૂધિરે આર્દ્ર છે શ્રેષ્ઠ પીછાં જેનાં એવો તે પૃથ્વી પર પડયો. એ રીતે દ્રોણાચાર્યના બાણથી હણાએલો તે પિતાની સમીપજ ધનુષ તથા બાણનો ત્યાગ કરી, રણભૂમિમાં પડી ગયો. હણાયેલા તે પુત્રને જોઇ સંગ્રામમાં મોટા ફાડેલા મુખવાળા કાળ જેવા દ્રોણને મૂકી, વિરાટ ભયથી દૂર ભાગી ગયો. દ્રોણાચાર્ય તરત પાંડવની સેનામાં સેંકડો તથા હજારોને મારવા લાગ્યા. શિખંડીએ તો સંગ્રામમાં અશ્વત્થામા સામે જઈ નારાચ નામના ત્રણ બાણ તેની ભ્રકુટીના મધ્યમાં માર્યાં. લલાટમાં રહેલા તે ત્રણ બાણે કરા રથિમાં શ્રેષ્ઠ તે, સુવર્ણના ઉંચા ત્રણ શિખરે કરી મેરૂ પર્વત શોભે તેમ

શોભતો હતો. ક્રોધે ભરાયેલા અશ્વત્થામાએ, અર્ધા નિમેષમાં ઘણાક બાણે કરી શિખંડીના ધ્વજ, સારથિ, ઘોડા તથા આયુધને પણ પાડયાં. તે વખતે રથીમાં શ્રેષ્ઠ તે, હણાયેલ અશ્વવાળા રથમાંથી નીચે કૂદી તીક્ષ્ણ ખડ્ગ તથા નિર્મળ ઢાલ ગ્રહણ કરી, શત્રુને તપાવનાર શિખંડી સંગ્રામમાં સિંચણાની પેઠે ફરતો હતો. હે મહારાજ ! ખડ્ગ સહિત સંગ્રામમાં વિચરતા તેનું છિદ્ર અશ્વત્થામાએ જોયું નહીં, એ મોટું આશ્ચર્ય જેવું થયું. હે ભરતર્ષભ ! પછી અત્યંત ક્રોધી અશ્વત્થામાએ, સંગ્રામમાં હજારો બાણ તેની ઉપર નાખ્યા. પોતા સામે આવતી અત્યંત દારૂણ બાણ વૃષ્ટિને, બળવાનમાં શ્રેષ્ઠ તેણે, તીક્ષ્ણ ખડ્ગે કરી કાપી નાખી. વળી અશ્વત્થામાએ સંગ્રામમાં સો ચંદ્રાકૃતિવાળી મનોહર નિર્મળ એની ઢાલ તથા ખડ્ગને કાપી, તેને પણ ઘણાક તીક્ષ્ણ બાણે કરી વિંધ્યો. શિખંડીએ પ્રજ્વલિત સર્પ સરખા, બાણે કરી તેણે કાપેલો તેજ ખડ્ગ તેની ઉપર નાખ્યો. કાલાગ્નિ સરખી કાંતિવાળા તેને અશ્વત્થામાએ રણસંગ્રામમાં પોતાની હસ્તચાલાકી દેખાડતાં તત્કાળ કાપી, લોહમય ઘણા બાણે કરી શિખંડીને વિંધ્યો. તે વખતે હે રાજન ! તીક્ષ્ણ બાણથી અત્યંત વિંધાયેલો તે, મહાત્મા સાત્યકિના રથમાં ચઢી બેઠો. બળવાનમાં શ્રેષ્ઠ સાત્યકિએ પણ, તીક્ષ્ણ બાણે કરી સંગ્રામમાં ક્રૂર એવા અલંબુષ રાક્ષસને વિંધ્યો. રાક્ષસેંદ્ર તેણે પણ રણસંગ્રામમાં અર્ધ-ચંદ્રાકૃતિ બાણે કરી, તેનું ધનુષ કાપી, ઘણાક બાણે કરી તેને પણ વિંધી, રાક્ષસી માયા કરી, બાણમય વરસાદ કર્યો. હે ભારત ! તે સમે શિનિ પૌત્ર યશસ્વી સાત્યકિનું અદ્ભુત પરાક્રમ અમોએ જોયું, જે રણસંગ્રામમાં તીક્ષ્ણ બાણે કરી વિંધ્યા તે પણ તેણે, ધૈર્ય રાખી અર્જુન પાસેથી શીખેલું ઐંદ્રાસ્ત્ર નાખી, તેણે કરી રાક્ષસની માયાને ભસ્મ કરી. વર્ષાઋતુમાં મેઘ જેમ જળની ધારાએ કરી પર્વત ઉપર વરસાદ કરે તેમ તેની ઉપર બીજા બાણનો ચોતરફથી વરસાદ કર્યો. એવી રીતે મધુ કુળમાં ઉત્પન્ન થયેલા યશસ્વી સાત્યકિએ, પીડેલો તે રાક્ષસ રણસંગ્રામમાં ભયથી તેનો ત્યાગ કરી ભાગ્યો. સત્ય પરાક્રમ-વાળા સાત્યકિએ ઇંદ્રથી ન જીતાય એવા તે રાક્ષસને જીતી, રણસંગ્રામમાં તમારા યોદ્ધાઓ જોતાં મોટો સિંહનાદ કરી તેઓને ઘણાંક બાણે કરી વિંધ્યા. તે સમે ભયે કરી પીડાતા તે સર્વ ભાગ્યા. હે મહારાજ ! તે વખતે બળવાન દ્રુપદ રાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને, રણસંગ્રામમાં ગ્રંથી વગરના બાણે કરી મનુષ્યના ઇશ્વર તમારા પુત્ર દુર્યોધનને ઢાંકી દીધો. હે રાજેંદ્ર ! ધૃષ્ટદ્યુમ્ને બાણે કરી ઢાંકેલા તમારા પુત્રે, વ્યથા ન પામતાં રણસંગ્રામમાં નેવું બાણે કરી તરત ધૃષ્ટદ્યુમ્નને વિંધ્યો, એ આશ્ચર્ય સરખું થયું. હે મારિષ ! મહા બળવાન ક્રોધે ભરાયેલા સેનાપતિ એવા તેણે પણ તેનું ધનુષ કાપી, તરત તેના ચાર ઘોડાઓને મારી અત્યંત તીક્ષ્ણ સાત બાણે કરી દુર્યોધનને વિંધ્યો તે સમે હણાયેલ ઘોડાવાળા રથમાંથી નીચે ઉતરી મહાબાહુ બળવાન પગપાળો એવો તે તરવાર ખેંચી પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન સામે દોડયો. તે વખતે મહા બળવાન રાજાનું રક્ષણ કરવા ઇચ્છતા શકુનિએ ત્યાં આવી સર્વ લોકના રાજા એવા દુર્યોધનને પોતાના રથમાં બેસાડયો. વિપક્ષના શૂર-વીરને હણનાર ધૃષ્ટદ્યુમ્ન, રાજાનો પરાજય કરી, ઇંદ્ર જેમ દૈત્યોને મારે તેમ તમારા સૈન્યને મારવા લાગ્યો. મહારથી કૃતવર્માએ રણસંગ્રામમાં બાણે કરી ભીમસેનને વિંધી, મોટો મેઘ જેમ સૂર્યને ઢાંકે તેમ તેને ઢાંકી દીધો. શત્રુને તપાવનાર ભીમસેને, હસીને રણસંગ્રામમાં કૃતવર્મા ઉપર બાણ નાખ્યા. હે મહારાજ ! તે બાણે કરી પીડાયેલો સત્ય-

વાદી સાત્વત કુળમાં ઉત્પન્ન થયેલો કૃતવર્મા કંપ્યો નહીં ને તીક્ષ્ણ બાણે કરી ભીમસેનને મારવા લાગ્યો. વળી મહારથી વિપક્ષી શૂરવીરને હણનાર ભીમસેને પણ તેના ચાર ઘોડાઓને મારી, ધ્વજાએ સહિત અત્યંત શોભતા તેના સારથિને પાડી, ઘણી તરેહના બાણે કરી તેને વિંધ્યો. તે સમે હણાયેલ ઘોડા તથા કપાયેલ અંગવાળો તમારા પુત્રના જોતાં તમારા સાળા વૃષકના રથ પ્રત્યે તે ગયો. ભીમસેન પણ દંડપાણિ કાળની પેઠે તમારા સૈન્ય સામે દોડી તેને મારવા લાગ્યો.

भीमसेनोपि संक्रुद्धस्तवसैन्यमुपाद्रवत् ।
निजघान च संक्रुद्धो दंडपाणिरिवांतकः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्वैरथे गुर्जरभाषायां द्व्यशीतितमोऽध्यायः ॥ ८२ ॥

અધ્યાય ૮૩ મો. દ્વંદ્વયુદ્ધ.

धृतराष्ट्र उवाच–बहूनि हि विचित्राणि द्वैरथानिस्म संजय ।
पांडूनां मामकैः सार्द्धमश्रौषं तव जल्पतः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! મારી તરફના યોદ્ધા સાથે પાંડવ તરફના યોદ્ધાઓને વિચિત્ર પ્રકારનાં ઘણાં દ્વંદ્વ યુદ્ધ થયાં, તે તારા કહેવાથી મેં સાંભળ્યાં તેમાં મારી તરફનામાં અમુક પ્રસન્ન છે, એમ ક્યારે પણ તું કહેતો નથી, અને ક્ષત રહિત તથા પ્રસન્ન પાંડવ તરફના છે એમ હમેશ તેમની પ્રશંસા કરે છે, એ રીતે સંગ્રામમાં પરાક્રમ રહિત જીવતા ખેદયુક્ત મનવાળા મારી તરફનાઓને તું કહે છે એવું મારૂં અદષ્ટજ છે એમાં સંશય નહીં. સંજય કહે છે—હે પુરૂષર્ષભ ! તમારી તરફના, પોતાની શક્તિ તથા ઉત્સાહ પ્રમાણે પરમ પૌરૂષ દેખાડતાં ચેષ્ટા કરે છે તથાપિ દેવનદી ગંગાનું જળ અત્યંત સ્વાદિષ્ટ છતાં, જેમ ક્ષાર સમુદ્રના સંપર્કથી લવણપણાને પામે તેમ હે રાજન્ ! હે શત્રુને તપાવનાર ! તમારી તરફનાઓનું પરાક્રમ શૂરવીર પાંડુ પુત્રો આગળ વ્યર્થ જાય છે. હે કુરૂશ્રેષ્ઠ ! દુષ્કર કર્મ કરતા શક્તિ પ્રમાણે યુદ્ધ કરતા કૌરવોને તમો દોષ દેવા લાયક નથી. હે વિશાંપતે ! પુત્ર સહિત તમારા અપરાધથી યમના દેશને વધારનાર પૃથ્વીનો ભયંકર ક્ષય દેખાય છે, માટે હે નૃપ ! પોતાના દોષથી પ્રાપ્ત થયેલાનો તમો શોચ કરવા યોગ્ય નથી, તો પણ યુદ્ધમાં સુકૃતિના લોકની ઇચ્છા રાખી, તમારી સેનામાં આવી સ્વર્ગ પરાયણ થઇ યુદ્ધ કરે છે. હે મહારાજ ! દિવસના પૂર્વ ભાગમાં મનુષ્યનો ક્ષય પ્રવર્ત્તમાન થયો, દેવાસુર સંગ્રામ સરખો તે ક્ષય, હું કહું તે એકાગ્ર મન રાખી તમે સાંભળો. મોટા ધનુષવાળા મહા બલિષ્ટ મોટી સેનાયુક્ત સંગ્રામમાં ઉગ્ર અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ, ઇરાવાનને જોઇ સંગ્રામમાં તેની સામે દોડ્યા. તેમનું પરસ્પર રૂવાં ઉભાં કરનાર, અત્યંત ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. જેમાં અત્યંત ક્રોધે ભરાયેલા ઇરાવાને ગ્રંથી વગરના બાણે કરી તરત દેવ જેવા તે બે ભાઇઓને વિંધ્યા, વિચિત્ર પ્રકારનું યુદ્ધ કરનાર તે બેએ પણ, એને વિંધ્યો. શત્રુના નાશ વાસ્તે કરેલાનો બદલો આપતાં યત્નથી યુદ્ધ કરતા તેમનું એક બીજાથી કંઇ પણ આધિક્ય દેખાતું ન હતું. તેટલામાં ઇરાવાને ચાર બાણે કરી અનુવિંદના ચાર ઘોડા-

ઓને યમપુરીમાં મોકલી, અત્યંત તીક્ષ્ણ ભલ્લ નામના બે બાણે કરી તેનું ધનુષ તથા ધ્વજ પણ કાપી નાખ્યો, તે આશ્ચર્ય સરખું થયું. તે સમે અનુવિંદ રથનો ત્યાગ કરી વિંદના રથમાં ચઢી બેઠો. એક રથમાં બેઠેલા, રથીમાં શ્રેષ્ઠ અવંતિપુરીના તે બે ભાઇઓ, ભાર સહન કરનાર ઉત્તમ ધનુષ ગ્રહણ કરી, મહાત્મા ઇરાવાન ઉપર બાણ મૂકવા લાગ્યા. તે બે ભાઇઓએ મૂકેલા સુવર્ણથી શોભતા મોટા વેગવાળા બાણોએ, સૂર્ય માર્ગને પ્રાપ્ત થઇ આકાશને ઢાંકી દીધું. ક્રોધે ભરાયેલા ઇરાવાને તો મહારથી તે ભાઇઓ ઉપર બાણનો વરસાદ વરસાવતાં તેમના સારથિને નીચે પાડયો. એ રીતે પ્રાણ રહિત થઇ સારથિ પૃથ્વીપર પડ્યો, તે વખતે ભડકેલા ઘોડાવાળો તે રથ, દિશાઓમાં ચોતરફ દોડવા લાગ્યો. હે મહારાજ ! એ રીતે અર્જુન પુત્ર ઇરાવાન તે બેઉને જીતી, પોતાનું પરાક્રમ દેખાડતાં તરત તમારી સેનાને મારવા લાગ્યો. સંગ્રામમાં તેણે મારવા માંડેલી તમારી સેના, વિષ પાન કરી મનુષ્ય જેમ અનેક તરેહની ઉતાવળ કરે તેમ અનેક તરેહથી ઉતાવળ કરવા લાગી. હિડિંબા પુત્ર મહા બળવાન ઘટોત્કચ રાક્ષસ, સૂર્ય જેવા વર્ણવાળા ધ્વજ સહિત રથે કરી ભગદત્ત સામે દોડયો. પ્રાગજ્યોતિષનો અધિપતિ ઉત્તમ હસ્તિ ઉપર બેઠેલો તે, પૂર્વે તારકાસુર સંગ્રામમાં વજ્ર ધરનાર ઇંદ્ર જેમ આવ્યો હતો તેમ તેની સામે આવ્યો. ત્યાં આવેલા દેવ, ગંધર્વ તથા ઋષિઓ હિડિંબા પુત્ર તથા ભગદત્તમાંથી એકને પણ વિશેષ જાણતા ન હતા. દેવપતિ ઇંદ્ર જેમ દૈત્યોને નસાડે તેમ સંગ્રામમાં ભગદત્ત રાજા, પાંડવોને નસાડવા લાગ્યો. હે ભારત ! તેણે સર્વ દિશાઓમાં નસાડવા માંડેલા પોતાના સૈન્યમાં, પોતાનું રક્ષણ કરનાર કોઇને પણ નહિ દેખતાં ભીમસેન પુત્ર ઘટોત્કચને સંગ્રામમાં ઉભેલો અમોએ જોયો. બાકીના મહારથિઓ તો, ખેદયુક્ત મનવાળા થઈ નાસી ગયા. વળી પાંડવનાં સૈન્ય પાછા વળ્યાં તે વખતે તમારા સૈન્યનો વ્યથાયુક્ત ભયંકર શબ્દ થવા લાગ્યો. હે રાજન્ ! તેટલામાં મહા સંગ્રામમાં ઘટોત્કચે મેઘ જેમ જળે કરી મેરૂ પર્વતને ઢાંકે તેમ ભગદત્તને બાણે કરી ઢાંકી દીધો. ભગદત્ત રાજાએ ઘટોત્કચના ધનુષમાંથી નીકળેલા બાણોને હણી, તરત ભીમસેન પુત્રને સર્વ મર્મસ્થાનમાં વિંધ્યો. ગ્રંથી વગરના ઘણા બાણે કરી એ રીતે માર્યો તોપણ, શ્રેષ્ઠ રાક્ષસ ભેદાયેલા પર્વતની પેઠે વ્યથા પામ્યો નહિ. વળી ક્રોધ પામેલા પ્રાગજ્યોતિષના અધિપતિ ભગદત્તે, ચૌદ ભાલાં તેની ઉપર નાખ્યાં. પછી મહાબાહુ તેણે, ગૃધ્રના પીંછવાળા સિત્તેર તીક્ષ્ણ બાણે કરી ભગદત્તને વિંધ્યો. ભગદત્ત રાજાએ પણ હસતો હોય નહીં તેની પેઠે બાણે કરી સંગ્રામમાં તેના ચાર ઘોડાઓને પાડયા. હણાયેલ અશ્વવાળા રથમાં બેઠેલા પ્રતાપવાન રાક્ષસે વેગે કરી, ભગદત્તના હસ્તિ ઉપર શક્તિ નાખી. સુવર્ણના ડાંડાથી શોભતી અત્યંત વેગવાળી શક્તિના ભગદત્ત રાજાએ તત્કાળ ત્રણ કડકા કરી નાંખ્યા તેથી તે પૃથ્વી ઉપર પડી. હણાએલી શક્તિને જોઈ હિડિંબા પુત્ર પૂર્વે ઇંદ્રના ભયથી સંગ્રામમાં જેમ નમુચિ દૈત્ય નાઠો હતો તેમ તેના ભયથી નાઠો. વિખ્યાત પરાક્રમવાળા યમ તથા વરૂણે પણ જીતી શકાય નહીં એવા તે શૂરવીરને જીતી, હસ્તિ સહિત ભગદત્ત રાજા, વન હસ્તિ જેમ કમલિનીનું મર્દન કરે તેમ પાંડવની સેનાને મર્દન કરવા લાગ્યો. એટલામાં મદ્રદેશના શલ્ય રાજાએ, પોતાના ભાણેજ નકુળ તથા સહદેવ સામે આવી બાણના સમુદાયે તેમને ઢાંકી દીધા. તે વખતે સહદેવે નજીક આવેલા મામાને જોઇ મેઘ જેમ સૂર્યને વારે તેમ બાણના ઓઘે કરી તેને વારી રાખ્યો. એ રીતે

બાણુના ઓઘે કરી ઢંકાયેલો તે અત્યંત પ્રસન્ન થયો, ત્યાર પછી મહારથી શલ્યે હાસ્ય કરી ચાર ઉત્તમ બાણે કરી નકુલના ચાર ઘોડાને યમ લોકમાં મોકલી દીધા. મહારથી હણાએલ ઘોડાવાળા રથમાંથી તરત નીચે ઉતરી યશવાળા પોતાના ભાઇ સહદેવના રથમાં ચઢી બેઠો. એક રથમાં બેઠેલા શૂરવીર તે બન્ને ભાઇઓએ દૃઢ ધનુષ ખેંચી ક્ષણમાત્રમાં બાણે કરી શલ્યના રથને ઢાંકી દીધો. પોતાના ભાણેજોએ ગ્રંથી વગરના ઘણા બાણે કરી ઢાંકી દીધેલો પુરૂષમાં સિંહરૂપ તે પર્વતની પેઠે કંપાયમાન થયો નહીં, હસતો હોય નહીં તેમ શસ્ત્ર વૃષ્ટિને તેણે વારી રાખી. પરાક્રમી ક્રોધે ભરાયેલા સહદેવે બાણ ગ્રહણ કરી શલ્યને જોઇ તે તેની ઉપર નાંખ્યો. ગરૂડ તથા વાયુ જેવા વેગવાળો તે બાણ શલ્યને ભેદી પૃથ્વી પર પડયો. હે મહારાજ ! અત્યંત વિંધાવાથી વ્યથા પામેલો મહારથી તે રથમાં બેસી મૂર્છા પામ્યો. સંજ્ઞા રહિત પડી ગયેલા તેને જોઈ તેનો સારથિ રથે કરી સંગ્રામમાંથી તેને બહાર લઇ ગયો. વિમુખ થયેલા શલ્યના રથને જોઇ તે સર્વ ખેદયુક્ત મનવાળા થઇ 'આ સૈન્ય હવે છેજ નહીં' એવી ચિંતા કરવા લાગ્યા. મહારથી માદ્રિપુત્ર, સહદેવ સંગ્રામમાં મામાને જીતી હર્ષિત થઇ શંખ વગાડી સિંહનાદ કરવા લાગ્યો. હે વિશાંપતે ! પ્રસન્ન થયેલા તમારા સૈન્ય સામે દૈત્ય સેના સામે જેમ ઇંદ્ર તથા ઉપેંદ્ર દોડે તેમ તેઓ દોડયા.

अभिदुद्रवतुर्हृष्टौ तव सैन्यं विशांपते ।
यथा दैत्यचमूं राजन्निद्रोपेंद्राविवामरौ ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्वंद्वयुद्धे गुर्जरभाषायां त्र्यशीतितमोऽध्यायः ॥ ८३ ॥

અધ્યાય ૮૪ મો–સુશર્મા ને અર્જુન.

संजय उवाच—ततो युधिष्ठिरो राजा मध्यं प्राप्ते दिवाकरे ।
श्रुतायुषमभिप्रेक्ष्य प्रेषयामास वाजिनः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી મધ્યાન્હના સૂર્ય થયા તે વખતે શ્રુતાયુષને જોઇ યુધિષ્ઠિર રાજાએ તેની સામે ઘોડા હાંક્યા. એ રીતે શત્રુને દમન કરનાર શ્રુતાયુષ સામે દોડી યુધિષ્ઠિર રાજાએ ગ્રંથી વગરનાં તીક્ષ્ણ નવ બાણ તેની ઉપર નાખ્યાં. સંગ્રામમાં ધર્મપુત્રે નાંખેલાં બાણુને વારી રાખી મોટા ધનુષવાળા તે રાજાએ કુંતિપુત્ર યુધિષ્ઠિર ઉપર સાત બાણ નાંખ્યાં. જેમણે તે મહાત્માના કવચને ભેદી દેહમાં તેના પ્રાણને ખોળતા હોય નહીં તેમ તેનું રૂધિર પાન કર્યું. રથિમાં શ્રેષ્ઠ અત્યંત ક્રોધે ભરાયેલા પાંડુપુત્ર યુધિષ્ઠિરે, વરાહના કાન સરખા બાણે કરી રાજાને હૃદયમાં વિંધી ભલ્લ નામના બીજા બાણે તે મહાત્માનો ધ્વજ કાપી નાંખ્યો. જેથી તે રથ ઉપરથી પૃથ્વી ઉપર પડયો. હે રાજન્ ! તેને જોઇ શ્રુતાયુષ રાજાએ તીક્ષ્ણ સાત બાણે કરી પાંડુપુત્ર યુધિષ્ઠિરને વિંધ્યા. ધર્મપુત્ર યુધિષ્ઠિર, પ્રલય સમયે પ્રાણીઓને બાળવાને ઇચ્છતો અગ્નિ જેમ પ્રજ્વલિત થાય તેમ ક્રોધે કરી પ્રજ્વલિત થયા. હે મહારાજ ! ક્રોધ પામેલા પાંડુપુત્ર ધર્મરાજાને જોઇને દેવ, ગંધર્વ તથા રાક્ષસો વ્યથા પામ્યા, સમગ્ર જગત્ પણ આકુલ વ્યાકુળ થયું, સર્વ પ્રાણીના

મનમાં એ વખતે એવું થયું કે ક્રોધે ભરાયેલા આ રાજા, ત્રિલોકને હાલ બાળી દેશે. ઋષિઓ તથા દેવતાઓ લોકની શાંતિ વાસ્તે સ્વસ્તિવાચન કરવા લાગ્યા. ક્રોધાવિષ્ટ તે ધર્મરાજાએ બે ગલોફાં ચાટી, પ્રલય સમયના સૂર્ય જેવું ભયંકર રૂપ ધારણ કર્યું. હે વિશાંપતે! હે ભારત ! તે વખતે તમારાં સર્વ સૈન્યોએ જીવવાની આશા છોડી દીધી. મોટા યશવાળા ધર્મરાજાએ ધૈર્યથી ક્રોધને શમાવી શ્રુતાયુષનું મોટું ધનુષ મુષ્ટિદેશમાંથી કાપી સર્વ સૈન્ય જોતાં સંગ્રામમાં નારાચ નામના બાણે કરી સ્તનના મધ્ય ભાગમાં તેને વિંધ્યો. વળી મહા બળવાન તેણે બાણે કરી તરત તે મહાત્માના ઘોડા તથા સારથિને પણ પાડયો. હણાએલ અશ્વવાળા રથનો ત્યાગ કરી, એ રાજાનું પૌરૂષ જોઈ શ્રુતાયુષ વેગે કરી ત્યાંથી ભાગી ગયો. હે રાજન્ ! સંગ્રામમાં ધર્મપુત્ર યુધિષ્ઠિરે, તે મોટા ધનુષવાળા શ્રુતાયુષને જીત્યો, તે વખતે દુર્યોધનનું સર્વ સૈન્ય પાછું નાસવા લાગ્યું. હે મહારાજ ! ધર્મપુત્ર યુધિષ્ઠિર એ કામ કરી પછી મોં ફાડેલા કાળની પેઠે તમારા સૈન્યને મારવા લાગ્યા. વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા ચેકિતાને, સર્વ સૈન્ય જોતાં રથિમાં શ્રેષ્ઠ ગૌતમને બાણે કરી ઢાંકી દીધા. હે રાજન્ ! શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે તો આવતા તે બાણને વારી, સંગ્રામમાં સાવધાન તેને બાણે કરી વિંધી, બીજા ભલ્લ નામના બાણથી એનું ધનુષ કાપી. સારથિને પાડી, ઘોડાઓને મારી પાછળથી તેની રક્ષા કરનારને પણ સારથિ સહિત માર્યો. વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા ગદા ધરનારમાં શ્રેષ્ઠ તેણે, તરત રથમાંથી નીચે ઉતરી, હાથમાં ગદા ગ્રહણ કરી શૂરવીરને હણનારી તે ગદાએ કરી, ગૌતમના ઘોડાઓને મારી એના સારથિને પાછો પાડયો. પૃથ્વી ઉપર ઉભેલા ગૌતમે તેની ઉપર સોળ બાણ નાખ્યાં. જે તે યાદવને ભેદી પૃથ્વીમાં પેઠાં. વળી ચેકિતાને, ગૌતમને મારવા સારૂ ફરીથી તે ગદા, ઇંદ્ર જેમ વૃત્રાસુર ઉપર નાખે તેમ તેની ઉપર નાખી. પાષણ છે ગર્ભમાં જેના એવી તે નિર્મળ મોટી ગદાને ગૌતમે હજારો બાણે કરી વારી રાખી. હે ભારત ! તેથી ચેકિતાન, હાથમાં ખડ્ગ ગ્રહણ કરી અત્યંત લાઘવીથી ગૌતમ સામે દોડયો. ગૌતમ પણ અત્યંત સાવધાન થઇ ધનુષનો ત્યાગ કરી હાથમાં ખડ્ગ ગ્રહણ કરી, અત્યંત વેગથી ચેકિતાન સામે દોડયો. બળ સંપન્ન શ્રેષ્ઠ ખડ્ગ ધારણ કરનાર તે બેય, અત્યંત તીક્ષ્ણ ખડ્ગે કરી એક બીજાને મારતા હતા. ખડ્ગના વેગથી હણાયેલા મૂર્છિત થયેલા ઘણી મહેનતથી મોહ પામેલા પુરૂષમાં શ્રેષ્ઠ તે બેઉ, પૃથ્વી ઉપર પડી ગયા તે વખતે સ્નેહને લીધે વેગે કરી કરકર્ષ દોડયો. સંગ્રામમાં દુર્મદ તેણે તેવી અવસ્થાને પ્રાપ્ત થયેલા ચેકિતાનને જોઇ, સર્વ સૈન્ય જોતાં પોતાના રથમાં તેને બેસાડયો. હે વિશાંપતે ! તેમજ તમારા સાળા શકુનિએ રથિમાં શ્રેષ્ઠ ગૌતમને પોતાના રથમાં બેસાડયા. હે રાજન્ ! ક્રોધે ભરાયેલા મહા બળવાન ધૃષ્ટકેતુએ, સોમદત્ત પુત્ર ભૂરિશ્રવાને નેવું બાણે કરી વક્ષસ્થલમાં વિંધ્યો. હે મહારાજ ! તે વખતે વક્ષસ્થળમાં રહેલા તે બાણે કરી, મધ્યાન્હ વખતે કિરણોએ કરી જેમ સૂર્ય શોભે તેમ તે શોભતો હતો ભૂરિશ્રવાએ પણ સંગ્રામમાં બીજા બાણે કરી મહારથી ધૃષ્ટકેતુના અશ્વ તથા સારથિને હણી, તેને વિરથ કરી તેની ઉપર બાણનો વરસાદ કર્યો. ઉદાર મનવાળો ધૃષ્ટકેતુ, તે રથનો ત્યાગ કરી શતાનીકના રથમાં ચઢી બેઠો. હે રાજન્ ! સુવર્ણનાં કવચ પહેરી રથમાં બેઠેલા ચિત્રસેન, વિકર્ણ તથા દુર્મર્ષણ અભિમન્યુ સામે દોડયા. તે સમયે શરીરને જેમ વાત, પિત્ત તથા કફ સાથે યુદ્ધ થાય તેમ અભિમન્યુને, તેમની સાથે ભયંકર યુદ્ધ થવા લાગ્યું.

પુરૂષમાં સિંહરૂપ અભિમન્યુએ, તે મોટા સંગ્રામમાં તમારા પુત્રોને વિરથ કરી, ભીમનાં વચન યાદ કરી માર્યા નહીં, એટલામાં હસ્તિ, અશ્વ તથા રથ ઉપર બેસનારા હજારો રાજાઓથી વિંટાયલા, દેવતાઓથી પણ સહન થાય નહીં એવા મહારથી બાળક એકલા અભિમન્યુનો ઉદ્દેશ કરી, તમારા પુત્રોની રક્ષા કરવા જતા ભીષ્મને જોઇ, ધોળા ઘોડાવાળા કુંતિપુત્ર અર્જુને, વાસુદેવ ભગવાનને કહ્યું કે, હે હૃષીકેશ, જ્યાં આ ઘણા રથ દેખાય છે ત્યાં ઘોડાને હાંકો. હે માધવ ! યુદ્ધમાં દુર્મદ અસ્ત્ર શીખેલા આ ઘણાક શૂરવીરોએ જ્યાં સુધી આપણી સેનાને નથી મારી, ત્યાં સુધી ઘોડાઓને લઇ જાઓ. ઘણાક પરાક્રમવાળા કુંતિપુત્ર અર્જુનનાં એવાં વચન સાંભળી, વૃષ્ણિ કુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણે ધોળા ઘોડા જોડેલો રથ, તે તરફ ચલાવ્યો. હે મારિષ ! એ રીતે અર્જુન સંગ્રામમાં આવતાં તમારી સેના તરફ સંક્ષોભ પામેલા શૂરવીરોમાં મોટો શબ્દ થવા લાગ્યો. કુંતિપુત્ર અર્જુને, ભીષ્મની રક્ષા કરનાર તે રાજાઓ સામે જઇ, સુશર્માને આવી રીતે વચન કહ્યું કે, યુદ્ધ કરનારમાં શ્રેષ્ઠ પૂર્વના વૈરી તને હું જાણું છું, તારા અન્યાયનું અત્યંત દારૂણ ફળ પ્રાપ્ત થયું તે હવે જો. આજ તને પૂર્વે પ્રેત થયેલા તારા પિતામહને હું દેખાડીશ. શત્રુને હણનાર અર્જુનનાં એવાં કઠોર વચન સાંભળી રથના યૂથને પાળનાર તેણે, શુભ વા અશુભ કાંઇ પણ અર્જુનને કહ્યું નહીં. આગળ પાછળ તથા બે પડખે રહેલા ઘણાક રાજાઓ તથા તમારા પુત્રોએ કરી વિંટાયેલા મહારથી તેણે, સંગ્રામમાં અર્જુનને વિંટી, મેઘ જેમ સૂર્યને ઢાંકે તેમ બાણે કરી તેને ઢાંકી દીધો. હે ભારત ! પછી સંગ્રામમાં તમારાઓ તથા પાંડવોનો રૂધિરરૂપ ઉદકવાળો અત્યંત મોટો સંગ્રામ પ્રવર્ત્તમાન થયો.

ततः प्रवृत्तः सुमहान् संग्रामः शोणितोदकः ।
तावकानां च समरे पांडवानां च भारत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि सप्तमयुद्धदिवसे गुर्जरभाषायां चतुरशीतितमोऽध्यायः ॥ ८४ ॥

અધ્યાય ૮૫ મો. દુર્યોધને કરેલું પરાક્રમ.

संजय उवाच-सताड्यमानस्तु शरैर्धनंजयः पदाहतो नागइव श्वसन् बली ।
बाणेन बाणेन महारथानां चिच्छेद्चापानिरणेप्रसह्य ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે સર્વે બાણે કરી હણેલા બળવાન અર્જુને લાતે કરી હણેલા સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરી અનેક બાણે કરી મહારથિઓનાં ધનુષ બળાત્કારથી કાપી નાખ્યાં. એ રીતે મહાત્મા તેણે પરાક્રમી તે રાજાઓનાં ક્ષણમાત્રમાં ધનુષ કાપી, તેમાંથી કોઇને પણ અવશેષ રહેવા દીધા નહીં, એમ માની એક કાલાવચ્છિન્ન બાણે કરી તેમને વિંધ્યા. હે રાજન્ ! ઇંદ્ર પુત્ર તેણે મારેલા, રૂધિરથી ખરડાએલ અંગવાળા પડી ગયાં છે મસ્તક જેમનાં એવા ભેદાએલ કવચ તથા શરીરવાળા તે સૌ સંગ્રામમાં પડ્યા, અને અર્જુનના બાણે પરાભવ પમાડેલા પૃથ્વી ઉપર પડેલા તે એક કાળાવચ્છિન્ન નાશ પામ્યા. સંગ્રામમાં નાશ પામેલા રાજપુત્રોને જોઇ, ત્રિગર્ત્ત દેશનો રાજા ત્યાં આવી

ઉભો રહ્યો. તેમના રથોને પાછળથી રથો કરનાર બીજા બત્રીસ યોદ્ધાઓ હતા, તે પણ અર્જુન સામે આવી ઉભા રહ્યા. પછી તેમણે અર્જુનને ઘેરી મોટા શબ્દવાળાં ધનુષને ખેંચી મેઘ જેમ પર્વત ઉપર ઘણા જળનો વરસાદ કરે તેમ તેની ઉપર ઘણાંક બાણનો વરસાદ કર્યો, તેથી પીડા પામેલા ક્રોધાવિષ્ટ યશસ્વી અર્જુને તેલથી ધોયેલા સાઠ બાણે કરી તેમની પાછળથી રક્ષા કરનારને મારી રથિઓને જીતી પ્રસન્ન થયા. હે રાજન ! એ રીતે અર્જુન સંગ્રામમાં સૈન્યોને મારી ભીષ્મને મારવા ઉતાવળા થયા . ત્રિગર્ત્ત રાજા પણ તે મહાત્માએ મારેલા બંધુવર્ગને જોઇ રાજાઓને આગળ કરી અર્જુનને મારવા વાસ્તે તરત તેની સામે ગયો. શત્રુ સૈન્ય સામે દોડતા શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ અર્જુનને જોઈ, તીક્ષ્ણ શસ્ત્ર છે હાથમા જેના એવા શિખંડી આદિ યોદ્ધાઓ અર્જુનના રથનું રક્ષણ કરવાની ઇચ્છાથી ત્યાં આવ્યા. અર્જુન પણ ત્રિગર્ત્ત રાજા સહિત મનુષ્યમાં શૂરવીર તે રાજાઓને જોઇ, ગાંડીવમાંથી મૂકેલા તીક્ષ્ણ બાણે કરી તેમને મારી દુર્યોધન તથા જયદ્રથાદિક રાજાઓને જોઇ ભીષ્મની પાસે જવાની ઈચ્છાથી મોટા પરાક્રમવાળો મનસ્વી શૂરવીર પોતાને વારવા તૈયાર થયેલા તેમને બળથી યુદ્ધ કરતાં બે ઘડી વારી રાખી, દુર્યોધન તથા જયદ્રથાદિક રાજાઓને મૂકી, હાથમાં ધનુષબાણ ગ્રહણ કરી, ગંગા પુત્ર ભીષ્મની સામે ગયો. ક્રોધાવિષ્ટ અત્યંત બળવાળા મહાત્થા, અનંત કીર્તિમાન યુધિષ્ઠિર પણ પોતાના ભાગમાં પ્રાપ્ત થયેલા મદ્ર દેશના અધિપતિ શલ્યને મૂકી, નકુળ, સહદેવ તથા ભીમસેને સહિત શંતનુ પુત્ર ભીષ્મ સાથે યુદ્ધ કરવા આવ્યા. તેમણે મોકલેલા મહારથિઓએ તથા આવેલા સમગ્ર પાંડુપુત્રોએ કરીને પણ સંગ્રામમાં વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર મહાત્મા શંતનુ પુત્ર ભીષ્મ, વ્યથા પામ્યા નહિ તેટલામાં અત્યંત ઉગ્ર બળવાળા સત્ય પ્રતિજ્ઞાવાળા મનસ્વી જયદ્રથે ત્યાં આવી બળાત્કારે મહારથિઓનાં ધનુષ કાપી નાખ્યાં. તેટલામાં અત્યંત ક્રોધાવિષ્ટ, ક્રોધરૂપ વિષવાળા મહાત્મા દુર્યોધને, યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ, સહદેવ, અર્જુન તથા કૃષ્ણ ઉપર અગ્નિ જેવા પ્રકાશવાળા બાણ નાખ્યા વૃદ્ધિ પામેલા કોપવાળા કૃપાચાર્ય, શલ્ય, શલ તથા ચિત્રસેને પણ બાણે કરી એકઠા મળેલો દૈત્યગણ જેમ દેવતાઓને વિંધે તેમ તેમને વિંધ્યા. શંતનુ પુત્ર ભીષ્મે કાપેલા આયુધવાળા શિખંડીને જોઈ ક્રોધાવિષ્ટ થયેલા મહાત્મા યુધિષ્ટિરે સંગ્રામમાં શિખંડિને આવી રીતે વાક્ય કહ્યું કે, તું પિતા સમક્ષ મને કહેતો હતો કે, મોટા વ્રતવાળા ભીષ્મને નિર્મળ સૂર્ય જેવા વર્ણવાળા બાણ સમુદાયથી હું હણીશ, એ હું સત્ય કહું છું. એ રીતે તેં પ્રતિજ્ઞા કરેલી છે માટે જો યુદ્ધમાં ભીષ્મને નહીં મારે તો કરેલી પ્રતિજ્ઞા સફળ નહીં થાય, માટે હે વીર ! ખોટી પ્રતિજ્ઞાવાળો માં થા. કુળના યશ તથા સ્વધર્મને પાળ યુદ્ધમાં ભયંકર વેગવાળા, અને અતિ તીક્ષ્ણ બાણના સમુદાયે કરી ક્ષણમાત્રમાં વખતસર પ્રાપ્ત થયેલા કાળની પેઠે મારા સર્વ સૈન્ય સંઘને તપાવતા ભીષ્મને જો. સંગ્રામમાં અપેક્ષા રહિત કપાયેલ ધનુષવાળો, ભીષ્મે પરાજ્ય પમાડેલો તું કુટુંબી તથા ભાઇઓનો ત્યાગ કરી કયાં જઇશ. તારે જવું ન જોઇએ કારણ કે એ તને યોગ્ય નથી. હે દ્રુપદપુત્ર ! અનંત પરાક્રમવાળા ભીષ્મને તથા આ રીતે ભંગાણ પડેલા ભાગતા સૈન્યને જોઇ જરૂર તું બીનેલો છે, કારણ કે તારા મુખનો વર્ણ ઝાંખો દીસે છે. હે વીર ! મોટા સંગ્રામમાં યુદ્ધ કરતા નરવીર અર્જુનને ખબર ન છતાં પૃથ્વીમાં પ્રખ્યાત એવો તું આજ ભીષ્મથી કેમ બીએ છે. ધર્મરાજનું

રૂક્ષ અક્ષરવાળું વિરૂદ્ધ ભાષણયુક્ત વચન સાંભળી મહાત્મા તે, મને ધિક્કાર કર્યો એમ માની ભીષ્મને મારવા વાસ્તે અત્યંત ઉતાવળો થયો. મોટા વેગે કરી ભીષ્મ સામે આવતા શિખંડીને દુઃખે કરી કોઇથી જીતાય નહીં એવા ભયંકર શસ્ત્રે કરી શલ્યે વારી રાખ્યો. હે રાજન્! ઇંદ્ર સરખા પ્રભાવવાળો દ્રુપદપુત્ર પણ પ્રલય સમયના અગ્નિ જેવાં આવતાં શસ્ત્રને જોઇને મોહ ન પામ્યો, અને બાણે કરીને શસ્ત્રને બાધ કરતાં મોટું ધનુષ ધરનાર તે ત્યાંજ ઉભો રહ્યો. પછી એ અસ્ત્રને હણનાર બીજું ઉગ્ર એવું વરૂણાસ્ત્ર તેણે ગ્રહણ કરી નાખ્યું. તે અસ્ત્રે વિદારણ કરેલા શલ્યના અસ્ત્રને આકાશમાં રહેલા દેવતાઓ તથા રાજાઓએ જોયું. હે રાજન્! શૂરવીર મહાત્મા ભીષ્મ તો સંગ્રામમાં અજમીઢ વંશમાં ઉત્પન્ન થયેલા પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજાનું વિચિત્ર પ્રકારનું ધનુષ તથા ધ્વજને કાપી શબ્દ કરવા લાગ્યા. એ રીતે ભયે કરી પરાભવ પામેલા યુંધિષ્ઠિરને જોઈ બાણ સહિત ધનુષનો ત્યાગ કરી પાયદળ ભીમસેન ગદા લઇ સંગ્રામમાં જયદ્રથ સામે દોડયો. મોટા વેગે કરી ગદા સહિત આવતા ભીમસેનને જયદ્રથે યમદંડ સરખા તીક્ષ્ણ ભયંકર પાંચસો બાણે કરી ચોતરફથી વિંધ્યો. ક્રોધથી વ્યાપ્ત વેગવાન ભીમસેને આવતા બાણોનો વિચાર ન કરતાં પારાવત જેવા વર્ણવાળા સિંધુરાજના ઘોડાને માર્યા; એટલામાં ઘણા પ્રભાવવાળો બળિરાજા જેવો ઉગામેલ અસ્ત્રવાળો તમારો પુત્ર, ભીમસેનને જોઇ તરત રથે કરી મારવા સારૂ તેની સામે ગયો. ભીમસેન પણ તત્કાલ ગદાએ કરી તિરસ્કાર કરતાં તેની સામે ગયો, સર્વ કૌરવો પણ યમદંડ જેવી ઉગામેલી ગદાને જોઇ ઉગ્ર એવા તેના પડવાથી ભય પામેલા તમારા પુત્રને મૂકીને નાઠો. હે ભારત! મોહ કરનાર અત્યંત દારૂણ એવા તે યુદ્ધમાં સાવધાન મનવાળો ચિત્રસેન પણ મોટી ગદા જોઇ રથમાંથી નીચે ઉતરી, પર્વતના અગ્રભાગમાંથી નીચે ઉતરેલા સિંહની પેઠે હાથમાં મોટી ઢાલ તથા ખડ્ગ ગ્રહણ કરી, બીજા ભૂમિદેશ પ્રત્યે ગયો. તે ગદા પણ વિચિત્ર પ્રકારના રથને અથડાઇ અશ્વ તથા સારથિ સહિત તેને ભાગી નાંખ્યો. પૃથ્વી ઉપર પડતા મોટા ઉંબાડિયાની પેઠે પૃથ્વી ઉપર પડી, હે ભારત! તે અસંત આશ્ચર્ય થયું. તેને જોઇ' તમારી તરફના અત્યંત પ્રસન્ન થયેલા સર્વ એકઠા મળી ચોતરફથી તમારા પુત્રના પરાક્રમને વખાણવા લાગ્યા.

आश्चर्यभूतं सुमहत्त्वदीया दृष्ट्वैव तद्भारतसंप्रहृष्टाः ।
सर्वेविनेदुः सहिताः खमंतात्पुपूजिरे तव पुत्रस्य शौर्यं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि सप्तमयुद्धदिवसे गुर्जरभाषायां पंचशीतितमोऽध्यायः ॥ ८५ ॥

અધ્યાય ૮૬ મો–સાતમા દિવસનો સંગ્રામ..

संजय उवाच–विरथं तं समासाद्य चित्रसेनं यशस्विनं ।
रथमारोपयामास विकर्णस्तनयस्तव ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ! રથ વગરના યશસ્વી ચિત્રસેન પાસે જઇ, તમારા પુત્ર વિકર્ણે તેને પોતાના રથમાં બેસાડયો. તે રીતે વર્તતા અત્યંત સંકુલ યુદ્ધમાં શંતનુપુત્ર ભીષ્મ, તરત યુધિષ્ઠિર સામે ગયા. તે સમયે રથ હસ્તિ તથા અશ્વ સહિત સૃંજયો કંપવા

લાગ્યા, અને યુધિષ્ઠિર મૃત્યુના મુખમાં પડ્યા હોય એમ માનવા લાગ્યા. કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા સમર્થ યુધિષ્ઠિર રાજા નકુળ તથા સહદેવ સહિત પુરૂષમાં સિંહરૂપ મોટા ધનુષવાળા શંતનુપુત્ર ભીષ્મ સામે ઉભા. પછી પાંડુપુત્ર તેમણે મેઘ જેમ ઘણાક જળે કરી સૂર્યને ઢાંકે તેમ હજારો બાણે કરી ભીષ્મને ઢાંકી દીધા. હે મારિષ ! સારી રીતે નાખેલા હજારો બાણના સમુદાયને ન ગણકારતાં ભીષ્મે નાખેલા હજારો બાણ આકાશમાં પક્ષિઓના સમુદાઓની પેઠે દેખાતા હતા. એ રીતે બાણ નાખવાથી શંતનુપુત્ર ભીષ્મે અર્ધાનિમેષમાં કુંતિપુત્ર યુધિષ્ઠિરને બાણના સમુદાયથી ઢાંકી દીધા. કોપેલા યુધિષ્ઠિર રાજાએ મહાત્મા ભીષ્મ ઉપર ક્રોધે ભરાએલા સર્પ સરખો નારાચ નામનો બાણ નાખ્યો. હે રાજન ! મહારથી ભીષ્મે તેમના ધનુષમાંથી નીકળેલા બાણને પહેલે સપાટે ક્ષુરપ્ર નામના બાણથી કાપી નાંખ્યો. કાળ જેવા નારાચને કાપી ભીષ્મે સુવર્ણથી શોભતા યુધિષ્ઠિરના ઘોડાઓને માર્યા. હણાએલ ઘોડાવાળા રથનો ત્યાગ કરી ધર્મપુત્ર યુધિષ્ઠિર તરત મહાત્મા નકુળના રથમાં ચઢી બેઠા. શત્રુના પુરને જીતનાર અત્યંત ક્રોધે ભરાયેલા ભીષ્મે, નકુળ તથા સહદેવ પાસે જઈ બાણે કરી તેમને પણ ઢાંકી દીધા. હે મહારાજ ! ભીષ્મના બાણે તેમને સર્વેને સામટા ઢાંકી દીધા. હે મહારાજ ! ભીષ્મના બાણે કરી અત્યંત પીડાએલા તેમને જોઇ, ચિંતા પામેલા યુધિષ્ઠિરે ભીષ્મને મારવા માટે પોતાને વશ એવા સંબંધી રાજાઓને ‘ તમે સર્વ મળી શંતનુપુત્ર ભીષ્મને મારો,’ એ રીતે આજ્ઞા આપી. તે સાંભળી સર્વ રાજાઓએ મોટા રથના સમુદાયે કરી તેમને ઘેરી લીધા. હે રાજન ! ચોતરફથી વિંટાએલા તમારા પિતા ભીષ્મ, મહારથિઓને પાડતાં ધનુષે કરી ક્રીડા કરવા લાગ્યા. વનમાં મૃગ વચ્ચે પ્રવેશ કરી વિચરતા સિંહની પેઠે સંગ્રામમાં વિચરતા કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા ભીષ્મને પાંડવો જોતા હતા. હે મહારાજ ! સંગ્રામમાં શૂરવીરોનો તિરસ્કાર કરતા તથા બાણે કરી ત્રાસ પમાડતા તેમને જોઇ સિંહને જોઇને મૃગના ગણ ત્રાસ પામે તેમ પાંડવ તરફના યોદ્ધાઓ ત્રાસ પામવા લાગ્યા. ભરતકુળમાં સિંહરૂપ ભીષ્મની વાયુ છે સહાય જેને એવા સુકા ઘાસને બાળવા ઇચ્છતા અગ્નિ સમાન ક્ષત્રિયો સંગ્રામમાં જોતા હતા. કુશળ પુરૂષ જેમ તાડ ઉપરથી પાકેલ ફળને પાડે તેમ સંગ્રામમાં ભીષ્મ ક્ષત્રિયોનાં મસ્તકો પાડતા હતા. હે મહારાજ ! પૃથ્વી તળ ઉપર પડતાં મસ્તકોનો પડતા પથ્થરોના સરખો ઘોર શબ્દ થતો હતો. મહા ભયંકર અત્યંત ગાઢ યુદ્ધમાં સર્વ સૈન્યો એકઠાં મળી ગયાં. એ રીતે રચેલા વ્યૂહ ભેદ પામ્યા ત્યારે ક્ષત્રિયો પરસ્પર એક એકને બોલાવી યુદ્ધ કરતા હતા. શિખંડિએ તો ભરતકુળના પિતામહ ભીષ્મ પાસે જઇ વેગે કરી તેમની સામે દોડી, ‘ અરે ઉભો રે, ઉભો રે ’ એ રીતે તેને કહ્યું. ભીષ્મ શિખંડીનું સ્ત્રીપણું યાદ કરી સંગ્રામમાં તેનું બોલવું ન ગણકારતા ક્રોધથી સૃંજય સામે ગયા. સૃંજયો તો તે મહા સંગ્રામમાં પ્રસન્ન મનવાળા ભીષ્મને જોઇ, શંખના શબ્દ સાથે મોટા સિંહનાદ કરવા લાગ્યા. હે પ્રભો ! પશ્ચિમ દિશાનો આશ્રય કરી સૂર્ય રહ્યા પછી મળી ગયા છે પરસ્પર રથ તથા હસ્તિઓ જેમાં એવું યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. પંચાલ દેશનો રાજા ધૃષ્ટદ્યુમ્ન તથા મહારથી સાત્યકિ, શક્તિ તથા ભાલાના વરસાદે કરી તમારા સૈન્યને અત્યંત પીડતાં ઘણાક શસ્ત્રે કરી તમારી તરફનાઓને મારવા લાગ્યા. હે ભરતર્ષભ ! સંગ્રામમાં તેમણે મારવા માંડેલા તમારી તરફનાઓ પણ યુદ્ધમાં ઉત્તમ બુદ્ધિ કરી સંગ્રામનો ત્યાગ ન કરતાં ઉત્સાહ પ્રમાણે પારકાઓને મારતા હતા, અને

પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ને મારવા માંડેલા મહાત્મા તમારી તરફનાઓનો મોટો દુઃખિત શબ્દ થવા લાગ્યો. ભયંકર શબ્દને સાંભળી અવંતિપુરીના મહારથી વિંદ તથા અનુવિંદ, ધૃષ્ટદ્યુમ્ન સામે આવી ઉભા રહ્યા. તરત મહારથી એવા તેમણે ઘોડાઓને મારી બાણના સમુદાયથી તેને ઢાંકી દીધો. મહા બળવાન તે રથમાંથી નીચે કુદી મહાત્મા સાત્યકિના રથમાં ચઢી બેઠો. એટલામાં મોટી સેનાએ કરી વિંટાએલા યુધિષ્ઠિર રાજા, શત્રુને તપાવનાર અવંતિપુરીના તે બેઉ ભાઇઓ સામે આવી ઉભા રહ્યા. હે મારિષ ! તેમજ તમારો પુત્ર પણ સર્વ સામગ્રી સહિત વિંદ તથા અનુવિંદને વિંટી ઉભો રહ્યો. ક્ષત્રિયમાં શ્રેષ્ઠ અત્યંત ક્રોધે ભરાયેલા અર્જુન પણ ઇંદ્ર જેમ દૈત્યો સાથે યુદ્ધ કરે તેમ ક્ષત્રિયો સાથે યુદ્ધ કરતા હતા. તમારા પુત્રનું પ્રિય કરનાર સંગ્રામથી કોપેલા દ્રોણાચાર્યે અગ્નિ જેમ રૂના ઢગલાનો નાશ કરે તેમ સર્વ પંચાલોનો નાશ કર્યો. હે વિશાંપતે ! એ રીતે દુર્યોધનાદિક તમારા પુત્રો તો સંગ્રામમાં ભીષ્મને ઘેરી પાંડવ સાથે યુદ્ધ કરતા હતા. હે ભારત ! પછી સૂર્ય લાલ થવા લાગ્યો તે વખતે દુર્યોધન રાજાએ તમારી તરફના સર્વ યોદ્ધાઓને 'ત્વરા કરો' એ રીતે કહ્યું તેથી દુષ્કર કર્મ કરનાર તેઓ યુદ્ધમાં પ્રવર્તમાન થયા. ત્યાર પછી સૂર્ય અસ્ત થવાથી પ્રકાશ બંધ થયો, ત્યારે રૂધિરના ઓઘરૂપ તરંગવાળી શિયાળના સમુદાયે કરી સંકીર્ણ ભયંકર નદી ક્ષણમાત્રમાં સાયંકાળ વખતે પ્રવર્ત્તમાન થઈ. તે વખતે ભયંકર શબ્દથી રૂદન કરતા અમંગલ શિયાળોથી તથા ભૂત સમુદાયે કરી અત્યંત સંકુલ ભયંકર રણાંગણ દેખાતું હતું. રાક્ષસ, પિશાચ તથા બીજા માંસ ભક્ષી હજારો હજાર પ્રાણીઓ પણ ચોતરફ દોડતાં હતાં. પછી અર્જુન સેનાના મધ્ય ભાગમાં પાછળ ચાલનાર સહિત સુશર્માદિ રાજાઓને જીતી પોતાના તંબુમાં ગયો. કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા સેનાથી વિંટાએલા યુધિષ્ઠિર, નકુળ તથા સહદેવને સાથે લઇ રાત્રિ પડવાથી પોતાના તંબુમાં ગયા. હે રાજેંદ્ર ! ભીમસેન પણ સંગ્રામમાં રથમાં બેઠેલા દુર્યોધનાદિકને જીતી પોતાના તંબુમાં ગયા. મહા સંગ્રામમાં દુર્યોધન રાજા શંતનુપુત્ર ભીષ્મ સાથે તંબુમાં ગયો. દ્રોણ, અશ્વત્થામા, કૃપાચાર્ય શલ્ય તથા યાદવકુળમાં ઉત્પન્ન થયેલો કૃતવર્મા, સર્વ સૈન્યને લઇ તંબુમાં ગયો. સાત્યકિ તથા પૃષત્‌ગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, યોદ્ધાઓને લઇ તંબુમાં ગયો. હે શત્રુને તપાવનાર ! હે મહારાજ ! એ રીતે રાત્રિને વખતે તમારી તરફના તથા પાંડવ તરફના સૌ સંગ્રામમાંથી પાછા વળ્યા. હે મહારાજ ! એ રીતે કૌરવ તથા પાંડવો પોતાના તંબુમાં જઇ, પરસ્પર સત્કાર કરતાં વિશ્રાંતિ લેવા લાગ્યા. પછી શૂરવીરો ઘટતી રીતે સેનાની ટુકડિઓ ઉભી રાખી તેમની રક્ષા કરી, શરીરમાંથી શલ્ય કાઢી વિવિધ પ્રકારના જળથી સ્નાન કરી, સ્વસ્તિવાચન કરેલા બંદિજને સ્તુતિ કરેલા યશસ્વી તે સર્વ ગીત તથા વાદિત્રના શબ્દે કરી ક્રીડા કરવા લાગ્યા. એ રીતે મુહૂર્ત્ત માત્રમાં તે બધું સ્વર્ગ સરખું શોભવા લાગ્યું. તે વખતે મહારથિઓ યુદ્ધ સંબંધી કંઇ પણ વાત કરતા ન હતા. હે નૃપ ! નિંદ્રા વશ થયેલાં તે બેઉ સૈન્ય, જોવાથી મનને આનંદ ઉપજે તેવું લાગતું હતું.

ते प्रसुप्ते बले तत्र परिश्रांतजने नृप ।
हस्त्यश्वबहुले रात्रौ प्रेक्षणीये बभूवतुः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि सप्तमदिवसयुद्धावहारे गुर्जरभाषायां षड्शीतितमोऽध्यायः ॥ ८६ ॥

અધ્યાય ૮૭ મો. આઠમા દિવસનું યુદ્ધ.

संजय उवाच-परिणाम्यनिशां तां तु सुखं प्राप्ता जनेश्वराः ।
कुरवः पांडवाश्चैव पुनर्युद्धाय निर्ययुः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તે રાત્રિ સુખમાં કાઢયા પછી રાજાઓ સહિત કૌરવ તથા પાંડવ, વળી બીજે દિવસે યુદ્ધ કરવા નીકળ્યા. હે નૃપ ! તે વખતે સંગ્રામમાં નીકળતાં બેઉ સૈન્યનો, સમુદ્ર સરખો મોટો શબ્દ થવા લાગ્યો. પછી અત્યંત સાવધાન એકઠા મળેલા પાંડવ સામે કવચ પહેરી તૈયાર થયેલા દુર્યોધન રાજા, ચિત્રસેન, વિવિંશતિ, રથિમાં શ્રેષ્ઠ ભીષ્મ તથા દ્રોણાચાર્યે કૌરવોની મોટી સેના એકઠી કરી. હે વિશાંપતે ! તેનો તમારા પિતા ભીષ્મે, સમુદ્ર સરખો વાહનરૂપ લહેરવાળો ભયંકર વ્યૂહ રચ્યો. જેના અગ્રભાગમાં માલવ, દાક્ષિણાત્ય તથા આવંત્ય રાજાઓ સહિત પોતે રહ્યા. તેની પાછળ કુલિંદ, પારદ, ક્ષુદ્રક તથા માલવ સહિત પ્રતાપવાન દ્રોણાચાર્ય રહ્યા. તેની પાછળ માગધ, કલિંગ તથા પિશાચ સહિત પ્રતાપવાન ભગદત્ત, તેની પાછળ મેકલ, કુરૂવિંદ તથા ત્રિપુર સહિત કોસલ દેશનો બૃહદ્બલ રાજા, તેની પાછળ ઘણા કાંબોજ તથા યવન સહિત પ્રસ્થલાનો અધિપતિ શૂરવીર ત્રિગર્ત્ત રાજા ઉભો રહ્યો. હે ભારત ! તેની પાછળ સિંહનાદે કરી પૃથ્વી તલને શબ્દાયમાન કરતા વેગવાન અશ્વત્થામા રહ્યા. તેની પાછળ સર્વ સૈન્ય તથા ભાઇયોથી વિંટાયલો દુર્યોધન ઉભો રહ્યો. તેની પાછળ શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય ઉભા. એ રીતનો સાગર જેવો તે મોટો વ્યૂહ પાંડવ સામે ચાલવા લાગ્યો. જેમાં પતાકા, શ્વેત છત્રો, વિચિત્ર પ્રકારના બાજુબંધ તથા અમૂલ્ય ધનુષો શોભતાં હતાં. તે મોટો વ્યૂહ જોઇ તમારી તરફના મહારથી યુધિષ્ઠિર રાજાએ, તરત સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે, હે મોટા ધનુષવાળા, ભીષ્મે નિર્માણ કરેલા સમુદ્ર સરખા વ્યૂહને જો, અને તું પણ તેમની સામે વ્યૂહ રચના કર. હે મહારાજ ! યુધિષ્ઠિરનાં એવાં વચન સાંભળી ક્રૂર એવા ધૃષ્ટદ્યુમ્ને વિપક્ષ વ્યૂહને નાશ કરનાર શૃંગાટક નામનો અત્યંત દારૂણ વ્યૂહ રચ્યો. જેનાં બે શૃંગવિષે હજારો રથ, અશ્વ તથા પાયદળ સહિત ભીમસેન તથા મહારથી સાત્યકિ ઉભા રહ્યા. અગ્રે કૃષ્ણ છે સારથિ જેના એવા શ્વેત અશ્વવાળા નરશ્રેષ્ઠ અર્જુન શોભતા હતા. મધ્ય ભાગમાં માદ્રીપુત્ર નકુળ, સહદેવ તથા યુધિષ્ઠિર રાજા શોભતા હતા. ઉત્તર બાજુમાં મોટા ધનુષવાળા વ્યૂહ શાસ્ત્રમાં ચતુર સૈન્ય સહિત રાજાઓ ઉભા રહ્યા હતા તેથી એ વ્યૂહ ભરાઇ ગયો. તેની પાછળ અભિમન્યુ, મહારથી વિરાટ, પ્રસન્ન મનવાળા દ્રૌપદીના પાંચ પુત્ર તથા ઘટોત્કચ રાક્ષસ હતો. હે રાજન્ ! જયને ઇચ્છનાર યુદ્ધની કામનાવાળા શૂરવીર પાંડવો એ રીતે મોટો વ્યૂહ રચી સંગ્રામમાં યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા તે વખતે ભેરીના શબ્દ સાથે મળેલા શંખના શબ્દ શૂરવીરોના સિંહનાદ તથા પરસ્પર ભટકાતાં શસ્ત્રના શબ્દે કરી સર્વ દિશાઓમાં પ્રતિધ્વનિ પડવા લાગ્યો. હે રાજન્ ! શૂરવીર પરસ્પર સામે આવી નિમેષ વગરના નેત્ર કરી એક બીજા સામે તેઓ જોવા લાગ્યા. હે મનુષ્યેંદ્ર ! પછી યોદ્ધાઓ, એક બીજાના નામે કરી પરસ્પર બોલાવી યુદ્ધ વાસ્તે પ્રવર્ત્તમાન થયા. પરસ્પર મારતા તથા પારકાઓનું ભય આપનાર ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. હે ભારત ! જે સંગ્રામમાં મોઢાં ફાડેલા, ભયંકર સર્પની પેઠે તીક્ષ્ણ બાણો પડતા હતા. હે રાજન્ ! મેઘમાંથી પ્રકાશમાન વિજળીઓ પડે તેમ સંગ્રામમાં તેલથી ધોયેલ સારી રીતે પાયેલી નિર્મળ શક્તિયો પડતી હતી. સુવર્ણથી શોભતી નિર્મળ

વસ્ત્રે કરી બાંધેલી ગદાઓ, પર્વતનાં શિખરોની પેઠે સંગ્રામમાં પડતી દેખાતી હતી. હે ભારત ! નિર્મળ આકાશ જેવા ખડ્ગ તથા સો ચંદ્રાકૃતિવાળી બેલના ચામડાની વિચિત્ર પ્રકારની ઢાલો તેમાં શોભતી હતી. હે નિરાધિપ ! તૈયાર થઇ સંગ્રામમાં યુદ્ધ કરતી બેઉ સેના, દેવ તથા દૈત્યની સેના જેવી દેખાતી હતી. બેઉ સેનાના યોદ્ધાઓ, ચોતરફથી એક બીજા સામે દોડતા હતા, તે મોટા સંગ્રામમાં રથિયોએ હાંકેલા રથોની પરસ્પર ધોંસરી અટકી જતી ત્યારે રાજાઓ પરસ્પર યુદ્ધ કરતા હતા. હે ભરતશ્રેષ્ઠ ! યુદ્ધ કરતા હસ્તિયોના દાંતના પરસ્પર ઘસાવાથી તેમને વિષે, ધૂમ્ર સહિત અગ્નિ ઉત્પન્ન થતો હતો. ભાલાંથી હણાયલા હાથી ઉપરથી પડતા યોદ્ધાઓ, પર્વતના શિખર ઉપરથી પડતા વૃક્ષની પેઠે શોભતા હતા. વિચિત્ર પ્રકારનું રૂપ ધરનાર, નખ તથા ભાલાંથી યુદ્ધ કરનાર પરસ્પર હણાતા શૂરવીર પાયદળો પણ દેખાતા હતા. એ રીતે કૌરવ તથા પાંડવના સૈનિકો, એક બીજા સામે આવી, નાના પ્રકારના ભયંકર અસ્ત્રે કરી એક બીજાને યમપુરીમાં મોકલતા હતા. રથના શબ્દે કરી, પ્રતિધ્વનિ કરતા શંતનુપુત્ર ભીષ્મ, ધનૂષના શબ્દે કરી પાંડવોને મોહ પમાડતા તેમની સામે આવ્યા. ધૃષ્ટદ્યુમ્નાદિક પાંડવ તરફના રથિયો પણ, સાવધાન થઇ, ભયંકર શબ્દ કરતા તેમની સામે આવ્યા. હે ભારત ! ત્યાર પછી મનુષ્ય, અશ્વ, રથ તથા હસ્તિએ કરી અત્યંત ગાઢ તમારા તથા તેમની તરફનાઓનું યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

ततः प्रवव्रुते युद्धं तवतेषां च भारत ।
नराश्वरथनागानां व्यतिषक्तं परस्परं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि अष्टमदिवसयुद्धारंभे गुर्जरभाषायां सप्ताशीतितमोऽध्यायः ॥ ८७ ॥

અધ્યાય ૮૮ મો. ધૃતરાષ્ટ્રના સાત પુત્રો મરાયા.

संजय उवाच-भीष्मं तु समरे क्रुद्धं प्रतपंतं समंततः ।
नशेकुः पांडवाद्रष्टुं तपंतमिव भास्करं ॥ १ ॥

સંજય કહેછે—હે ધૃતરાષ્ટ્ર ! તપતા સૂર્યની પેઠે ચોતરફથી અત્યંત તપતા ક્રોધે ભરાયેલા ભીષ્મની સામું જોવા પણ પાંડવો સમર્થ થતા ન હતા. પછી ધર્મપુત્ર યુધિષ્ઠિરની આજ્ઞાથી સર્વ સૈન્ય, તીક્ષ્ણ બાણે કરીને પોતાને પીડતા ગંગાપુત્ર ભીષ્મ સામે દોડર્યાં. સંગ્રામમાં વખાણવા લાયક ભીષ્મે, સૃંજય સહિત સોમકને તથા મોટા ધનુષવાળા પાંચાલને બાણે કરી પાડવા માંડ્યા. ભીષ્મે તત્કાળ રથિયોનાં બાહુ તથા મસ્તકોને કાપી, કેટલાક રથિયોને વિરથ ક્યાં. તે સમયે તેમના અસ્ત્રે કરી ઘોડેસ્વારોના ઘોડા ઉપરથી પાડેલાં મસ્તકો તથા મનુષ્ય વગરના પર્વત સરખા અત્યંત મોહ પામી પડેલા હસ્તિયોને અમો જોતા હતા. હે વિશાંપતે ! તે વખતે પાંડવ તરફનો મહા બળવાન રથિમાં શ્રેષ્ઠ ભીમસેન વગર બીજો કોઇપણ પુરૂષ ત્યાં ઉભો રહ્યો ન હતો. ભીમસેન ભીષ્મ સામે જઇ સંગ્રામમાં તેમને મારતો હતો. તે સમયે ભીષ્મ તથા ભીમસેનના યુદ્ધમાં સર્વ સૈન્યોનો ઘોર ને ભયાનક દુઃખનો શબ્દ હતો. પ્રસન્ન થયેલા પાંડવો સિંહનાદ કરતા હતા. મનુષ્યનો જેમાં ક્ષય છે એવા તે સંગ્રામમાં ભાઇથી વિંટાયેલો દુર્યોધન રાજા, ભીષ્મની રક્ષા કરતો હતો.

તે સમે રથિમાં શ્રેષ્ઠ ભીમસેને, ભીષ્મના સારથિને માર્યો, તેથી ભાગ્યા છે ઘોડા જેના એવો તે રથ ચોતરફ દોડવા લાગ્યો. અત્યંત તીક્ષ્ણ ક્ષુરપ્ર નામના બાણે કરી તેણે તત્કાળ સુનાભનુ મસ્તક કાપી નાખ્યું, તેથી હણાયેલો તે પૃથ્વી ઉપર પડયો. એ રીતે મહારથી તમારો પુત્ર હણાયો ત્યારે, આદિત્યકેતુ, બહ્વાશી, કુંડધાર, મહોદર, અપરાજીત, પંડિતક, તથા દુઃખે કરી જીતાય નહીં એવો વિશાલાક્ષ, વિચિત્ર પ્રકારનાં કવચ તથા ધ્વજાવાળા, ભાઇના નાશને સહન ન કરી શકતા શત્રુને મર્દન કરનાર શૂરવીર સાત ભાઇયો મળીને ભીમસેન સામે દોડયા. તેમાંથી મહોદરે તો વજ્ર સરખા નવ બાણે કરી, નમુચિ દૈત્યને જેમ ઇંદ્ર વિંધે તેમ તેને વિંધ્યો. આદિત્યકેતુએ સિત્તેરથી, બહ્વાશીએ પાંચથી, કુંડધારે નેવુંથી, વિશાલાક્ષે પાંચથી, પારકાથી જીતાય નહીં એવા અપરાજીતે ઘણાંક બાણે તથા પંડિતકે ત્રણ બાણે કરીને મહા બળવાન ભીમસેનને વિંધ્યો. તે સહન ન કરી શકતા શત્રુને પીડનાર ભીમસેને ડાબા હાથથી ધનુષને અત્યંત ખેંચી, રણસંગ્રામમાં ગ્રંથી વગરના બાણે કરી તમારા અપરાજીત નામના પુત્રનું સુંદર નાકવાળું મસ્તક કાપી નાંખ્યું, ને બીજા ભલ્લ નામના બાણે કરી મહારથી કુંડધારને સર્વ લોક જેતાં મૃત્યુ લોકમાં મોકલી દીધો. હે ભારત ! વળી અપરિમિત બળવાળા તેણે રણસંગ્રામમાં બાણ સાંધી પંડિતક ઉપર નાખ્યો, જે પંડિતક નામે તમારા પુત્રને હણી, કાળે પ્રેરેલો સર્પ જેમ મનુષ્યને હણી પૃથ્વીમાં પેસી જાય તેમ પૃથ્વીમાં પેસી ગયો. વળી શૂરવીર તેણે પૂર્વનો કલેશ યાદ કરી ત્રણ બાણે કરી વિશાલાક્ષનું મસ્તક કાપી પૃથ્વી ઉપર પાડયું. મોટાં ધનુષવાળા મહોદરને પણ તેણે નારાચ નામના બાણે કરી સ્તનના મધ્યમાં વિંધ્યો. હણાયેલો તે પણ પૃથ્વી ઉપર પડયો. બાણે કરી આદિત્યકેતુ નામના તમારા પુત્રનો ધ્વજ કાપી, અત્યંત તીક્ષ્ણ ભલ્લ નામના બાણે કરી તેનું પણ મસ્તક કાપી નાખ્યું. વળી ગ્રંથી વગરના બાણે કરી અત્યંત કોપેલા તેણે, બહ્વાશી નામના તમારા પુત્રને યમલોકમાં મોકલી દીધો. તે વખતે હે વિશાંપતે ! સભામાં તેનું બોલેલું સત્યજ છે, એમ માનતા બીજા તમારા પુત્રો ત્યાંથી નાસી ગયા. ભાઇયોના દુઃખથી દુર્બલ દુર્યોધન રાજાએ તમારી તરફના યોદ્ધાઓને કહ્યું કે, આ ભીમસેનને યુદ્ધમાં મારો. હે વિશાંપતે ! એ રીતે મોટા ધનુષવાળા તમારા પુત્રોએ નાશ પામેલા ભાઇયોને જોઇ કહ્યું કે, જે મહા પ્રાજ્ઞ વિદુરે આપણા હિતનાં વચન કહ્યાં હતાં. દીર્ઘ દૃષ્ટિવાળા તેમનાં વચન ખરાં પડયાં. હે જનાધિપ ! લોભ તથા મોહાવિષ્ટ તમે પુત્રની પ્રીતિને લીધે હિત વચન જે વિદુરાદિકે કહ્યું હતું તે માન્યું નહીં, પણ તેજ રીતે બળવાન મહાબાહુ પાંડવ ભીમસેન, તમારા પુત્રોને તથા બીજા કૌરવોને મારવા લાગ્યો. એટલામાં અત્યંત દુઃખિત દુર્યોધન રાજા, ભીષ્મ પાસે આવી, વિલાપ કરવા લાગ્યો કે, ભીમસેને યુદ્ધમાં શૂરવીર મારા ભાઇયોને માર્યા. બીજા સર્વ સૈનિકો પણ યત્ન કરે છે પણ હણાય છે તો પણ તમે મધ્યસ્થપણાએ કરી અમારી ઉપેક્ષા કરો છો. હું આ આડે રસ્તે ચાલ્યો એ મારૂં દૈવ જુઓ. એવાં દુર્યોધનનાં કઠોર વચન સાંભળી તમારા પિતા ભીષ્મે, આંખમાં અશ્રુ આણી, તેને આવી રીતે કહ્યું કે, હે તાત ! પૂર્વે મેં, દ્રોણે, વિદુરે તથા યશસ્વિની ગાંધારીએ પણ, તને કહ્યું હતું, પણ તારા માનવામાં આવ્યું નહીં. હે શત્રુનો નાશ કરનાર ! મેં તો પૂર્વેજ તારી સાથે ઠરાવ કર્યો હતો જે મને તથા દ્રોણાચાર્યને તારે કયારે પણ યુદ્ધમાં જોડવા નહીં. કારણ ધૃતરાષ્ટ્રના પુત્રોમાંથી ભીમસેન, જેને સંગ્રામમાં દેખશે

તેને મારી નાખશે. એ તને હું સત્ય કહું છું, એમ પણ મેં કહ્યું હતું, માટે હવે હે રાજન્! તું સ્થિર થઇ સંગ્રામમાં દઢ મતિ કરી સ્વર્ગ પરાયણ થઇ, પાંડવ સાથે યુદ્ધ કર. હે ભારત! ઇંદ્ર સહિત દેવ તથા દૈત્યો પણ સંગ્રામમાં પાંડવોને જીતી શકે એમ નથી, માટે યુદ્ધમાં સ્થિર મતિ કરીને યુદ્ધ કર.

नशक्याः पांडवा जेतुं सेंद्रैरपि सुरासुरैः ।
तस्माद्युद्धे स्थिरांकृत्वा मतिं युध्यस्व भारत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि सुनाभादिधृतराष्ट्रपुत्रवधे गुर्जरभाषायामष्टाशीतितमोऽध्यायः ॥ ८८ ॥

અધ્યાય ૮૯ મો. મધ્યાહ્ન યુદ્ધ.

धृतराष्ट्र उवाच—दृष्ट्वा मे निहितान्पुत्रान् बहूनेकेन संजय ।
भीष्मो द्रोणः कृपश्चैव विमकुर्वत संयुगे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય! એક ભીમે મારા સાત પુત્રને હણ્યા તેને જોઇ ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્યે સંગ્રામમાં શું કર્યું? હે સંજય! દિવસે દિવસે મારા પુત્રો ક્ષય પામે છે માટે તેમને દૈવેજ હણેલા છે, એમ હું માનું છું. સંગ્રામમાં મારા સર્વ પુત્રો, પરાજય પામે છે જય પામતા નથી, અને ભીષ્મ, દ્રોણ, મહાત્મા કૃપાચાર્ય, સોમદત્ત પુત્ર ભૂરિશ્રવા, શૂરવીર ભગદત્ત તથા અશ્વત્થામા, પાછા વળનાર નહીં એવા એટલા બધા શૂરવીરો અને બીજા પણ ધનુર્ધારીની વચ્ચે રહેલા મારા પુત્રો, સંગ્રામમાં હણાય છે માટે ભાગ્ય વિના બીજું કંઇ કારણ હું જોતો નથી, પૂર્વે તેના હિતની ઇચ્છા વાસ્તે મેં વાર્યો હતો, તેમ ભીષ્મ, વિદુર તથા ગાંધારીએ પણ વાર્યો હતો, તોપણ દુર્બુદ્ધિમાન દુર્યોધન પૂર્વે મોહને લીધે સમજ્યો નહીં, તેનું આ ફળ પ્રાપ્ત થાય છે. અત્યંત ક્રોધે ભરાયેલો ભીમસેન, દિવસે દિવસે મારા પુત્રોને યમપુરીમાં મોકલે છે. સંજય કહે છે કે–હે ધૃતરાષ્ટ્ર! હે વિભો! વિદુરે જે વચન કહ્યું હતું તે તમારા માનવામાં ન આવ્યું, પણ તે પ્રમાણે આ ઘોર સંકટ પ્રાપ્ત થયું છે. પુત્રોને દ્યૂતથી નિવારણ કરો ને પાંડવોનો દ્રોહ કરો નહિ, એ રીતે તમારા હિતને ઇચ્છનાર સંબંધીઓ પણ કહેતા હતા, તથાપિ મરણ નજીક આવેલો માણસ પથ્ય ઔષધને સ્વીકારે નહીં, તેમ તેમનાં વાક્યને તમે સાંભળવા ઇચ્છતા નહતા, તેથી તેમના કહેવા પ્રમાણે તમને આ દુઃખ પ્રાપ્ત થયું. વિદુર, દ્રોણ, ભીષ્મ તથા બીજા હિતૈષિઓનાં હિતરૂપ વચન ન માનવાથી કૌરવો નાશ પામે છે. હે વિશાંપતે! હવે તો યથાર્થપણાએ કરી જે રીતે યુદ્ધ થાય છે તે રીતે યુદ્ધજ કરવું જોઇએ, હે રાજન્! મધ્યાહ્ન વખતે લોકનો ક્ષય કરનાર મહા ભયંકર સંગ્રામ પ્રવર્ત્તમાન થયો તે હું તમને કહું છું સાંભળો. ધર્મપુત્ર યુધિષ્ઠિરની આજ્ઞાથી ક્રોધ પામેલું સૈન્ય, ભીષ્મની સામે તેમને મારવાની ઇચ્છાથી ગયાં. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, મહારથિ સાત્યકિ, વિરાટ તથા દ્રુપદ, સર્વ સોમક સહિત બીજા શૂરવીરો સંગ્રામમાં મહારથી ભીષ્મ સામે દોડયા. પાંચ કેકય, ધૃષ્ટકેતુ, કવચ પહેરેલા કુંતિભોજ, સૈન્ય સહિત ભીષ્મ સામે ગયા. અર્જુન, દ્રૌપદીના પાંચ પુત્ર તથા પરાક્રમી ચેકિતાન, દુર્યોધને આજ્ઞા આપેલા સર્વ રાજાઓ સામે ગયા, અભિમન્યુ, શૂરવીર મહારથી હિડિંબા

પુત્ર ઘટોત્કચ તથા અત્યંત કુપિત ભીમસેન કૌરવો સામે લડવા લાગ્યા. એ રીતે ત્રણ થોકે કરી ઉભેલા પાંડવો, કૌરવોને યુદ્ધમાં મારવા લાગ્યા. તેમજ કૌરવોપણ પાંડવ તરફના-ઓને સંગ્રામમાં મારતા હતા. અત્યંત ક્રોધે ભરાયેલા દ્રોણાચાર્ય સૃંજય સહિત રથિમાં શ્રેષ્ઠ સોમક સામે તેમને યમલોકમાં પોહોચાડવા સારૂ દોડ્યા. પછી ધનુષ ધરનાર તેમણે મારવા માંડેલા મહાત્મા સૃંજયોનો મોટો પીડિત સ્વર થવા લાગ્યો. મહા સંગ્રામમાં દ્રોણે હણેલા ઘણાક ક્ષત્રિયો વ્યાધિથી કલેશ પામેલાં મનુષ્યોની પેઠે ચેષ્ટા કરતા દેખાતા હતા.' ન સમજાય એવો શબ્દ કરતાં ચીસો પાડતાં તથા મોટેથી શબ્દ કરતાં પ્રાણીઓનો શબ્દ ભૂખથી કલેશ પામતાં મનુષ્યોના જેવો નિરંતર સંભળાતો હતો. તે વખતે મહા બળવાન ભીમસેન, ક્રોધે ભરાયેલા બીજા કાળની પેઠે કૌરવ તરફનાઓનો ભયંકર ક્ષય કરતો હતો, હે રાજન્! મહા સંગ્રામમાં એ રીતે પરસ્પર મારતાં સૈન્યોના રૂધિરના પ્રવાહવાળી ભયંકર નદી પ્રવર્ત્તમાન થઇ. હે મહારાજ! કૌરવ તથા પાંડવનો યમના દેશને વધારનાર મહા ભયંકર સગ્રામ થયો. એટલામાં વેગવાન ભીમસેન હસ્તિ સૈન્ય સામે જઇ તેને યમલોકમાં પહોચાડવા લાગ્યો. હે ભારત! ભીમસેને નારાચ નામના બાણે કરી હણેલા કેટલાક હસ્તિઓ ભૂમિપર પડતા હતા, કેટલાક શબ્દ કરતા હતા, કેટલાક દુઃખ પામતા હતા, કેટલાક દિશાઓમાં નાસતા હતા, અને કપાયાં છે સુંઢ તથા શરીર જેમનાં એવા બીનેલા કેટલાક હસ્તિઓ કૌંચની પેઠે શબ્દ કરતા પૃથ્વી ઉપર પડતા હતા. નકુળ તથા સહદેવ અશ્વસૈન્ય સામે દોડી, તેને મારવા લાગ્યા. સુવર્ણમય છે શિરોભૂષણ, ગ્રીવાભૂષણ તથા ઉપસ્કર જેમનો એવા તેમણે મારવા માંડેલા હજારો હજાર અશ્વો આમ તેમ દોડતા હતા. હે રાજન્! જીભ્હા વગરના શ્વાસોશ્વાસ કરતા શબ્દ કરતા અને પ્રાણ રહિત થઇ પડતા, નાના પ્રકારના રૂપ ધારણ કરેલા અશ્વોએ કરી તથા અર્જુને હણેલા રાજાઓએ કરીને ભયંકર પૃથ્વી તે તે ઠેકાણે શોભતી હતી. ભાગેલા રથ, કપાયેલા ધ્વજ, કપાયેલાં મોટાં આયુધ, ચામર, વ્યજન, છત્ર, અત્યંત મોટી કાંતિવાળા હાર, વક્ષસ્થલના આભરણ, બાજુબંધ, કુંડલે સહિત મસ્તક, ચુંથાયેલ પાઘડીઓ, રથના હેઠળનું કાષ્ટ તથા રાશ સહિત જોતરે કરી સંકીર્ણ રણભૂમિ, વસંતઋતુમાં પુષ્પે કરી શોભે તેમ શોભતી હતી. હે ભારત! એજ રીતે શંતનુપુત્ર ભીષ્મ તથા રથિમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય ક્રોધ પામવાથી પાંડવોનો ક્ષય પ્રવર્ત્તમાન થયો અને અશ્વત્થામા, કૃપાચાર્ય કૃતવર્મા તથા બીજાઓ પણ ક્રોધ પામવાથી તમારી તરફનાઓનો પણ ક્ષય પ્રવર્ત્તમાન થયો.

अश्वत्थाम्नि कृपेचैव तथैव कृतवर्मणि ।
तथेतरेषु क्रुद्धेषु तावकानामपिक्षयः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि अष्टमदिवसयुद्धे गुर्जरभाषायां ऊननवतितमोऽध्यायः ॥ ८९ ॥

અધ્યાય ૯૦ મો. માયા યુદ્ધ-ઇરાવાનનો વધ.

संजय उवाच–वर्त्तमाने तथारौद्रे राजन् वीरवरक्षये ।
शकुनिः सौबलः श्रीमान् पांडवान् समुपाद्रवत् ॥ १ ॥

સંજય કહે છે–હે રાજન્ ! શ્રેષ્ઠ શૂરવીરનો જેમાં ક્ષય થતો હતો એવા તે સંગ્રામમાં ઘૂમતો સુબલપુત્ર શકુનિ પાંડવ સામે દોડયો. તેમજ હે રાજન્ ! વિપક્ષના શૂરવીરો હણનાર યાદવકુળમાં ઉત્પન્ન થયેલો હાર્દિકય પાંડવની સેના સામે દોડયો. તે સમે કાંબોજના આગેવાનો, નદીવાળા દેશમાં થયેલા વેગવાન, વાયવ્ય ખુણામાં થયેલા, મહી નદીના કાંઠા ઉપર થયેલા, સિંધુદેશમાં થયેલા, વનાયુ દેશના, શ્વેત પર્વતમાં રહેનારા અને બીજા તિત્તર દેશમાં ઉત્પન્ન થયેલા, વાયુ જેવા વેગવાળા, સુવર્ણથી શોભતાં કવચ પહેરેલા તેઓની સામે સારી રીતે શણગારેલા ઘોડાઓના ગણે કરી વિંટાયેલો પ્રસન્ન મનવાળો શત્રુને તપાવનાર બળવાન અર્જુનનો પુત્ર ઇરાવન, લડવામાટે આવ્યો. ઐરાવત નામના નાગરાજની પુત્રી ઉલૂપીને વિષે બુદ્ધિમાન અર્જુનથી તે ઉત્પન્ન થયો હતો. તેના સ્વામીને ગરૂડે મારી નાખવાથી; દીન ચિત્તવાળી કૃપણ કામવશ થયેલી સંતાને વગરની તે મહાત્મા ઐરાવતે અર્જુનને આપી, એટલે તેણે પોતાની સ્ત્રીરૂપે ગ્રહણ કરી. એ રીતે પર ક્ષેત્રમાં અર્જુનથી ઉત્પન્ન થયેલો તે, માની રક્ષાથી નાગલોકમાંજ ઉછર્યો હતો. પછી અશ્વસેન નામના તેના કાકાએ અર્જુનના દ્વેષથી તેનો ત્યાગ કર્યો ત્યારે રૂપ તથા ગુણુવાન, બળ સંપન્ન સત્ય પરાક્રમવાળા મહાબાહુ તેણે ઇંદ્ર લોકમાં ગયેલા અર્જુનને સાંભળી, ત્યાં જઇ હાથ જોડી, વિનય પુરઃસર અવ્યગ્ર ચિત્તથી પોતાના પિતાને પ્રણામ કરી કહ્યું કે, હે પ્રભો ! તમારૂં કલ્યાણ થાઓ. હું ઇરાવાન નામનો તમારો પુત્ર છું. એમ કહી પોતાની માનો તેની સાથે જે રીતે સંબંધ થયો હતો તે સર્વ કહી બતાવ્યો. પાડુપુત્ર અર્જુન પણ, બનેલા વૃત્તાંતને યાદ કરી, ગુણે કરી પોતા સરખા પુત્રને મળી પ્રસન્ન થઇ તેને ઇંદ્રને ત્યાં તેડી જઇ દેવલોકમાં મહાબાહુ એવા તેણે પોતાના કામ વાસ્તે તેને આજ્ઞા કરી કે અમારા યુદ્ધ વખતે અમારી તારે સહાયતા કરવી. તે સાંભળી તેણે કબુલાત કરી હતી તેથી યુદ્ધ વખતે કામ સરખા વર્ણ તથા વેગવાળા ઘણાક અશ્વે કરી વિંટાયેલો તે અહિં આવ્યો હતો. સુવર્ણના શિરોભૂષણવાળા નાના પ્રકારના વર્ણથી શોભતા મન જેવા વેગવાળા ઘોડાઓ, સમુદ્રમાં હંસ કુદે તેમ કુદતા, મન જેવા વેગવાળા તે તમારા અશ્વ સમુદાય સામે ધસી, છાતીએ છાતી તથા નાસિકાએ કરી પરસ્પર હણુતા અત્યંત વેગથી હણાએલા તે, તત્કાળ પૃથ્વી ઉપર પડવા લાગ્યા. એ રીતે પડતા અશ્વનો, વેગે કરી ગરૂડના જવાથી શબ્દ થાય તેમ શબ્દ થતો હતો. તમારી તરફના ઘોડેસ્વારો પરસ્પર સામે આવી પ્રહાર કરતા હતા. એ રીતે વર્ત્તમાન અત્યંત ભયંકર ગાઢ સંગ્રામમાં બેઉ તરફના સમુદાય મરણ પામ્યા. હણાયા છે ઘોડા જેના એવા, થાકી ગયેલા અત્યંત ક્ષીણ થયા છે બાણ જેના એવા પરસ્પર મારતા શૂરવીરો નાશ પામતા હતા. હે ભારત ! તે રસ્તે વાયુ જેવા વેગવાળા જુવાન, બળ સંપન્ન અશ્વ ઉપર બેસી, આવા યુદ્ધમાં કુશળ ભયંકર રૂપવાળા બળવાન મોટા સૈન્યયુક્ત, સ્વર્ગ વાસ્તે જીતવાની ઇચ્છાવાળા, ગજ, ગવાક્ષ, વૃષભ, ચર્મવાન, આર્જવ તથા શુક નામના છ શકુનિના નાના ભાઇઓ, શકુનિ તથા બીજા બળવાન યોદ્ધાઓએ વાર્યા તોપણ શૂરવીર યુદ્ધમાં દુર્મદ કંધારના રાજાઓ રણસંગ્રામમાં નીકળી દુઃખે કરી પણ જીતાય નહીં એવા પાંડવના સૈન્યને ભેદી તેમાં પેઠા. તેમને જોઇ પરાક્રમી અર્જુન પુત્ર ઇરાવાને, સંગ્રામમાં જે રીતે આ દુર્યોધન તરફના યોદ્ધાઓ, પાછળ ચાલનાર તથા વાહન સહિત હણાય તે રીતે યુક્તિ કરો. એવાં તેનાં વચન સાંભળી બહુ સારૂં એમ કહી સર્વ યોદ્ધાઓ, સંગ્રામમાં બીજાએ દુઃખે

કરીને જીતાય નહીં એવા તે સૈન્યને મારવા માંડ્યું. તેમણે પીડવા માંડેલા પોતાના સૈન્યને જોઇ તે સહન ન કરી શકતા સુબલના પુત્રોએ સામે દોડી ચોતરફથી ઇરિવાનને ઘેરી લીધો. તીક્ષ્ણ સાંગ્યે કરી પરસ્પર એક બીજાને મારતા બેઉ તરફના શૂરવીરો અત્યંત વ્યાકુળ થયા હોય તેમ દોડતા હતા. પછી મહાત્માએ તીક્ષ્ણ સાંગ્યોથી ભેદેલો સ્ત્રવતા રૂધિરયુક્ત અંગવાળો, ચોતરફથી ઘણાકે હણેલો એકલો હોવા છતાં પર પુરને જીતનાર તે અંકુશોએ કરીને વિંધેલા હસ્તિયોની પેઠે વ્યથા ન પામતાં અત્યંત ક્રોધે કરી સર્વને તીક્ષ્ણ બાણો વડે મોહ પમાડી, વિંધી, પોતાના શરીરમાં વાગેલી સાંગ્યોને શરીરમાંથી બહાર કાઢી, તેજ પાછી સુબળ પુત્ર ઉપર નાખી. તીક્ષ્ણ ખડ્ગ ખેંચી ઢાલ ગ્રહણ કરી, પાગપાળો તે પોતે સુબળના પુત્રોને મારવાની ઇચ્છાથી તરત તેમની પાસે ગયો. એટલામાં પાછા આવ્યા છે પ્રાણ જેમાં એવા સર્વ સુબલના પુત્રો પણ ફરીથી ઇરિવાન સામે ધસ્યા. બળે કરીને દર્પિત ઇરાવાન પણ ખડ્ગે કરી, પોતાની હસ્તલાઘવી દેખાડતાં સર્વની સામે અડયો. લાઘવતાથી વિચરતા તેનું, અશ્વથી વિચરતા સુબલના સર્વ પુત્ર કાંઇ છિદ્ર જોતા ન હતા. પછી સંગ્રામની પૃથ્વીમાં ઉભેલા તેને જોઈ, સુબળના પુત્રો, ચોતરફથી ઘેરીને પકડવા તૈયાર થયા. તે વખતે શત્રુનો નાશ કરનાર તેણે, ખડ્ગે કરી બેઉ હાથથી પાસે આવેલા તેમના શરીરના અવયવો કાપી, તેમનાં આયુધ તથા હસ્તો કાપી નાખ્યા. તે સમયે કપાઇ ગયાં છે અંગ જેનાં એવા મરણ પામેલા પ્રાણ રહિત તેઓ પૃથ્વી ઉપર પડયા. તેમાંથી અનેક તરેહથી ક્ષત થયેલો વૃષભ નામનો સુબળપુત્ર, મહા ભયંકર નાશમાંથી છુટયો. તે સર્વને પડેલા જોઇ બીનેલા દુર્યોધને, અત્યંત ક્રોધથી ઋષિશૃંગના પુત્ર મોટા ધનુષવાળા માયાવી, શત્રુને દમન કરનાર પૂર્વે થયેલા બકના વધથી ભીમસેનના વૈરી એવા રાક્ષસ પાસે જઇ, તેને કહ્યું કે હે વીર! આ માયાવી અર્જુનનો પુત્ર, મારૂં અપ્રિય કરવા સારૂ મારા સૈન્યનો ક્ષય કરે છે તે તું જો. ઇચ્છામાં આવે ત્યાં જનાર તથા માયાથી અસ્ત્ર રચવામાં ચતુર ભીમસેન સાથે તારે વેર પણ છે માટે આને સંગ્રામમાં માર. 'ઠીક સારૂ' એમ કહી, ભયંકર રૂપવાળો રાક્ષસ, સિંહનાદ કરતો વાહન ઉપર બેઠેલા યુદ્ધમાં કુશળ નિર્મળ સાંગ્યથી યુદ્ધ કરનાર, પ્રહાર કરનાર શૂરવીર પોતાના સૈન્યથી વિંટાઇ હણાતાં બાકી રહેલા ઉત્તમ બે હજાર ઘોડા સહિત મહા બળવાન ઇરિવાનને સંગ્રામમાં મારવા સારૂ જ્યાં અર્જુન પુત્ર, હતો ત્યાં ગયો. શત્રુને હણનાર પરાક્રમી ઇરાવાને પણ તરત પોતાને મારવાની ઇચ્છાથીં આવતા રાક્ષસને રોકી રાખ્યા. તેને જોઇ મહા બળવાન રાક્ષસે માયા રચી. તે કેવી રીતે કે ત્રિશૂળ તથા પટ્ટા ધારણ કરનાર રાક્ષસો જેની ઉપર બેઠેલા છે એવા માયામય તેટલાજં ઘોડા રચ્યા. અત્યંત કુપિત પ્રહાર કરનાર રાક્ષસોએ તથા ઇરાવાન તરફનાઓએ થોડા વખતમાં એક બીજાને પ્રેત લોકમાં પહોંચાડી દીધા. તે રીતે બેઉ તરફનાં સૈન્ય નાશ પામ્યાં ત્યારે યુદ્ધમાં દુર્મદ તે બેઉ, સંગ્રામમાં વૃત્રાસુર તથા ઇંદ્રની પેઠે લડવા લાગ્યા. પોતાની સામે આવતા યુદ્ધમાં દુર્મદ તે રાક્ષસને જોઇ મહા બળવાન ઇરાવાને પણ, તેની સામે દોડી, પાસે આવેલા દુર્બુદ્ધિવાળાનું ખડ્ગે કરી પ્રદીપ્ત ધનુષ અને ભાથું કાપી નાખ્યું. કપાઇ ગયેલા ધનુષને જોઇ ઇરાવાનને પણ માયાએ કરીને જાણે મોહ પમાડતો હોય તેમ વેગે કરી આકાશમાં ઉડયો. ઇરિવાને આકાશમાં કુદી, માયાએ કરી રાક્ષસને મોહ પમાડી, સર્વનાં મર્મસ્થાનને જાણનાર કોઇથી સહન થાય નહીં એવા ઇચ્છા પ્રમાણે રૂપ ધરનાર તેણે,

બાણે કરી તેના શરીરના અવયવો કાપ્યા. એ રીતે બાણે કરીને વારંવાર હણાતો તે રાક્ષસ, પાછો હતો તેવો થઇ, યૌવન પામ્યો, કારણ કે રાક્ષસોને માયા પણ સહજ છે, ને વય તથા રૂપ પણ ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થાય છે માટે એ રાક્ષસનું જે જે અંગ કપાતું હતું તે તે પાછું ઉત્પન્ન થતું હતું. અત્યંત કુપિત ઇરાવાન મહા બળવાન તે રાક્ષસને, તીક્ષ્ણ ફરશીથી કાપવા લાગ્યો. એ રીતે બળવાન તેણે વારંવાર કાપ્યો તોપણ તે રાક્ષસ વારંવાર ભયંકર શબ્દ કરવા લાગ્યો ફરશીએ કરી હણાયેલા તેના અંગમાંથી ઘણુંક રૂધિર સ્રવવા લાગ્યું. તે વખતે ક્રોધે ભરાયેલા ઇરાવાને ઘણા વેગથી તેને મારવા માંડયો ઋષિશ્રૃંગનો પુત્ર તે તે રાક્ષસ, વૃદ્ધિ પામેલા શત્રુને જોઇ, ભયંકર મોટું રૂપ ધારણ કરી, શૂરવીર યશસ્વી અર્જુનના પુત્ર ઇરાવાનને સંગ્રામમાં બધા જોતાં પકડવા તૈયાર થયો. એ રીતે તે દુરાત્મા રાક્ષસની માયા જોઇ ક્રોધે ભરાયેલા ઇરાવાને પણ માયા કરી, તે કેવી રીતે કે, સંગ્રામમાં પાછો ફરે નહીં એવો, ક્રોધે કરી વ્યાપ્ત તેની માનો બધો વંશ તેની પાસે આવી ઉભો. હે રાજન્ ! ઘણાક નાગે કરી સંગ્રામમાં વિંટાયેલા ઇરાવાને મોટી ફણાવાળા શેષના જેવું રૂપ ધારણ કરી, અનેક પ્રકારના નાગે કરી તે રાક્ષસને ઢાંકી દીધો. એ રીતે ઢંકાઇ ગયેલા તે રાક્ષસે વિચાર કરી તેની માના વંશને ભક્ષણ કર્યો તેથી ઇરાવાન મોહ પામી ગયો. તે સમે રાક્ષસે ખડ્ગે કરી કુંડલ તથા મુકુટ સહિત કમળ તથા ચંદ્ર સરખી કાંતિવાળું ઇરાવાનનું મસ્તક કાપી નાખ્યું. એ રીતે એ રાક્ષસે અર્જુન પુત્ર ઇરાવાનને માર્યો ત્યારે રાજા સહિત ધૃતરાષ્ટ્ર તરફના યોદ્ધાઓ શોક રહિત થયા. એ રીતે ભયંકર સંગ્રામમાં બેઉ સેનાનો નાશ થતો હતો. આ સંકુળ સંગ્રામમાં મળી ગયેલા હાથી, ઘોડા તથા પાયદળોને હસ્તિયો મારતા હતા. રથ, અશ્વ તથા હસ્તિયોને તે તે ઠેકાણે પાયદળો મારતા હતા, ને પાયદળ, રથી તથા ઘોડાઓને તમારા તથા તેના સૈન્યમાં રથિયો મારતા હતા. હવે પોતાનો ઔરસ પુત્ર નાશ પામ્યો તેને ન જાણતો અર્જુન, સંગામમાં ભીષ્મનું રક્ષણ કરનાર શૂરવીર રાજાઓને મારતો હતો. તેમજ હે રાજન્ ! તમારી તરફના તથા હજારો સૃંજય. સંગ્રામમાં પ્રાણનો હોમ કરતાં એક બીજાને હણતા હતા. કેટલાક છુટા કેશવાળા કવચ રહિત, રથ વગરના કપાઇ ગયેલા ધનુષવાળા, એકઠા મળી પરસ્પર બાહુથી યુદ્ધ કરતા હતા. તેમજ શત્રુને તપાવનાર ભીષ્મ, સંગ્રામમાં પાંડવની સેનાને કંપાવતાં, મર્મસ્થાન ભેદનાર બાણે કરી મહારથિયોને મારતા હતા યુધિષ્ઠિરના સૈન્યમાં ઘણાંક માણસો હસ્તિયો, ઘોડેસ્વાર, રથિયો તથા ઘોડાઓ નાશ પામતા હતા. હે ભારત ! તે વખતે સંગ્રામમાં અતિ આશ્ચર્યરૂપ ભીષ્મનું પરાક્રમ, ઇંદ્રના પરાક્રમ જેવું અમે જોયું. હે ભારત ! ભીમસેન, પૃષત્‌ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન તથા ધનુષ ધરનાર સાત્યકિનું પણ સંગ્રામમાં મહા ભયંકર યુદ્ધ અમોએ જોયું. દ્રોણનું પરાક્રમ જોઇ પાંડવોને સંગ્રામમાં ભય ઉપજ્યો ને દ્રોણે પીડા પમાડેલા તે, એવી રીતે કહેવા લાગ્યા કે આ એકજ વીર સૈનિકોને મારવા સમર્થ છે, ત્યારે પૃથ્વીના શૂરવીર અનેક યોદ્ધાથી વિંટાયેલા હોવ તો શું ન કરે ? ભયંકર સંગ્રામમાં બેઉ સેનાના શૂરવીર એક બીજાને સહન કરી શકતા ન હતા. હે તાત ! ધનુષ ધરનાર, ક્રોધે ભરાયેલા મહા બળવાન તમારા તથા પાંડવ તરફના, ભૂતાદિકે પ્રવેશ કરેલાની પેઠે રાક્ષસ જેવા ક્રૂર થઇ યુદ્ધ કરતા હતા. શ્રેષ્ઠ શૂરવીરના ક્ષયવાળા દૈત્ય જેવા તે સંગ્રામમાં પ્રાણની રક્ષા કરે એવા કોઇને પણ અમે ન જોતા હતા.

न स्म पश्यामहे कंचित्प्राणान्यः परिरक्षति ।
संग्रामे दैत्यसंकाशे तस्मिन्वीरवरक्षये ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि इरावद्वधे गुर्जरभाषायां नवतितमोऽध्यायः ॥ ९० ॥

અધ્યાય ૯૧ મો. ઘટોત્કચ ને દુર્યોધન.

धृतराष्ट्र उवाच—इरावंतं तु निहतं दृष्ट्वा पार्थामहारथाः ।
संग्रामे किमकुर्वंत तन्ममाचक्ष्व संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ કહે છે—હે સંજય! સંગ્રામમાં હણાયેલા ઇરાવાનને જોઈ, મહારથી પાંડવોએ શું કર્યું તે મને કહે? સંજય કહે છે કે, સંગ્રામમાં હણાયેલા ઇરાવાનને જોઇ ભીમસેનના પુત્ર ઘટોત્કચ રાક્ષસે અત્યંત મોટી ગર્જના કરી. વન તથા પર્વત સહિત સમુદ્ર પર્યંત પૃથ્વી તેથી ચલાયમાન થઈ અને સર્વ દિશા તથા અંતરિક્ષમાં પ્રતિધ્વનિ પડયો. તમારા સૈન્યના પગ ઢીલા થયા અને શરીરમાં કંપ તથા સ્વેદ થવા લાગ્યો. હે મહારાજ! તે વખતે તમારી તરફના સર્વ, દીન ચિત્તવાળા થઇ, સિંહથી બીનેલા હસ્તિયોની પેઠે ચોતરફ નાસભાગ કરવા લાગ્યા. ઘટોત્કચ રાક્ષસ તો એ રીતે વજ્રપાત જેવી ગર્જના કરી, પ્રજ્વલિત ત્રિશૂલ ઉગામી, ભયંકર રૂપ ધારણ કરી નાના પ્રકારનાં આયુધ ધારણ કરેલા શ્રેષ્ઠ રાક્ષસોએ વિંટાયેલો, કાળના કાળ મૃત્યુ સરખો અત્યંત ક્રોધે ભરાયેલો આપણા સૈન્યને મારવા લાગ્યો. ભયંકર રૂપવાળા અત્યંત ક્રોધે ભરાયેલા તેને તથા તેના ભયથી બહુધા વિમુખ થયેલા પોતાના સૈન્યને જોઇ તથા મોટું ધનુષ ગ્રહણ કરી, વારંવાર મોટો સિંહનાદ કરી દુર્યોધન રાજા તેની સામે દોડયો. તેની ગાછળ મદ ઝરતા પર્વત સરખા દશ હજાર હસ્તિ સહિત બંગ દેશનો રાજા ગયો. હે મહારાજ! એ રીતે હસ્તિ સૈન્યથી વિંટાઇ આવતા તમારા પુત્રને જોઇ તે રાક્ષસ કોપાયમાન થયો. પછી રાક્ષસો તથા દુર્યોધનના સૈન્યનું રૂવાં ઉભાં કરે એવું મહા ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. મેઘના વૃંદની પેઠે ઉભેલાં હસ્તિસૈન્યને જોઇ, વિવિધ પ્રકારના શબ્દ કરતા શસ્ત્ર ધારણ કરેલા અત્યંત ક્રોધાક્રાંત રાક્ષસો, વિજળી સહિત મેઘની પેઠે તેની સામે દોડી, બાણ, શક્તિ, તરવાર તથા નારાચ નામના બાણે કરી, હસ્તિ ઉપર બેસી યુદ્ધ કરનારને મારવા લાગ્યા. ગોફણ ત્રિશૂલ, તોમર, ફરશી, પર્વતના અગ્રભાગ તથા વૃક્ષોએ કરી મોટા હસ્તિયોને પણ મારવા લાગ્યા. હે મહારાજ! તે વખતે રાક્ષસોએ મારવા માંડેલા, ભેદાયેલ કુંભસ્થલ તથા અંગવાળા રૂધિર વમન કરતા હસ્તિયોને અમે જોતા હતા. હે મહારાજ! હસ્તિયો તથા તે ઉપર બેસી યુદ્ધ કરનારનો નાશ થયો તેથી ક્રોધ વશ થયેલા દુર્યોધને, પોતાના જીવિતનો ત્યાગ કરી રાક્ષસો સામે દોડી, તેમની ઉપર તીક્ષ્ણ બાણ નાખતાં મોટા ધનુષવાળા તેણે મુખ્ય રાક્ષસોને માર્યા. વળી અત્યંત ક્રોધે ભરાયેલા મહા બળવાન તમારા પુત્ર દુર્યોધને, વેગવાન, મહા રૌદ્ર વિદ્યુજ્જીહ્વ તથા પ્રમાથિ નામના ચાર રાક્ષસોને ચાર બાણે કરી મારી, રાક્ષસના સૈન્ય ઉપર બાણનો વરસાદ કર્યો. હે મારિષ! તમારા પુત્રનું એવું મોટું કર્મ જોઈ, મહા બળવાન ભીમસેનનો પુત્ર, ક્રોધે કરી પ્રજ્વલિત થઇ ઇંદ્રના વજ્ર જેવું મોટું ધનુષ સજ્જ

કરી, વેગે કરી શત્રુને દમન કરનાર દુર્યોધન સામે દોડયો. કાળે મોકલેલા મૃત્યુ જેવા તેને જોઈ, હે મહારાજ ! તમારો પુત્ર દુર્યોધન કંઈ પણ વ્યથા પામ્યો નહિ. વળી ક્રોધથી લાલ નેત્રવાળા ભીમસેન પુત્રે, દુર્યોધનને કહ્યું કે, હે દુર્બુદ્ધિવાળા ! જે પાંડવોને અત્યંત ક્રૂર બુદ્ધિવાળા તેં ઘણા કાળ સુધી પ્રવાસ કરાવ્યો, અને છલરૂપ દ્યૂતે કરી પરાજય પમાડયા, તેમજ એક વસ્ત્ર પહેરેલ રજસ્વલા એવાં માતા દ્રૌપદીને સભામાં લઇ આવી અનેક તરેહનાં દુઃખ દીધાં, ને તારૂં પ્રિય કરવા સારૂ દુષ્ટ બુદ્ધિવાળા સિંધુ દેશના રાજા જયદ્રથે, મારા પિતાઓનો તિરસ્કાર કરી આશ્રમમાં રહેલાં મારાં મોટાં માતાજી દ્રૌપદીનો સ્પર્શ કર્યો; માટે હે કુલાધમ ! આજ જો તું સંગ્રામનો ત્યાગ નહીં કરે તો ઉપર્યુક્ત તેમજ બીજા પણ તે કરેલાં અપમાનનો હું આજે બદલો તને આપી, મારા પિતાઓ તથા મોટાં માતાના ઋણમાંથી મુક્ત થઇશ. એ રીતે કહી હિડિંબાપુત્રે મોટું ધનુષ સજ્જ કરી દંતિ કરી ઓઠ ડસી, બે બાજુનાં ગલોફાં ચાટતાં, વર્ષાઋતુમાં મેઘ જેમ પર્વત ઉપર જળ ધારાનો વરસાદ વરસાવે તેમ દુર્યોધન ઉપર બાણનો વરસાદ વરસાવવા માંડયો.

संदश्य दशनैरोष्ठ सृक्किणीपरिसंलिहन् ।
शरवर्षेण महता दुर्योधनमवाकिरत् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि हैडिंबयुद्धे गुर्जरभाषायां एकनवतितमोऽध्यायः ॥ ९१ ॥

અધ્યાય ૯૨ મો. ઘટોત્કચનું ઘનઘોર યુદ્ધ.

संजय उवाच--ततस्तद्बाणवर्षंतु दुःसहं दानवैरपि ।
दधार युधिराजेंद्रो यथावर्षं महाद्विपः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! યુદ્ધમાં દૈત્યો પણ દુઃખે કરી સહન કરી શકે નહીં એવા તે બાણના વરસાદને, મોટો હસ્તિ જેમ વરસાદને ધારણ કરે તેમ તમારા પુત્ર દુર્યોધન રાજાએ ધારણ કર્યો. હે ભરતર્ષભ ! પછી સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરતા, પરમ સંશય પ્રાપ્ત થયેલા ક્રોધાવિષ્ટ તમારા પુત્રે, નારાચ નામના તીક્ષ્ણ પચીશ બાણ તેની પર નાખ્યા. ક્રોધે ભરાયેલા આશીવિષ નામના સર્પ જેમ ગંધમાદન પર્વતમાં પડે તેમ તત્કાળ રાક્ષસ ઉપર પડયા. તેણે કરી વિંધાએલા મદ ઝરતા હસ્તિની પેઠે રૂધિર વમન કરતા મહાબાહુ તે રાક્ષસે, દુર્યોધનને મારવાની મતિ કરી, પર્વતોને પણ વિદારણ કરે એવી અત્યંત પ્રદીપ્ત મોટાં ઉંબાડિયાં તથા પ્રજ્વલિત વજ્ર જેવી શક્તિ ગ્રહણ કરી તેને જોઇ વંગ દેશના રાજાએ તરત પર્વત સરખો પોતાનો હસ્તિ તેની સામે ચલાવ્યો. તે હસ્તિ દુર્યોધનના રથની આડો આવી ગયો, એ રીતે બુદ્ધિમાન્ રાજાએ દુર્યોધનના રથનો માગ વારણ કર્યો, તેને જોઇ ક્રોધથી લાલ નેત્રવાળા ઘટોત્કચે ઉગામેલી શક્તિ તેની ઉપર નાંખી. હે રાજન્ ! તેથી હણાયલો રૂધિર સ્રવતો તે, પૃથ્વી ઉપર પડી મરણ પામ્યો. તે વખતે બળવાન વંગદેશનો રાજા, વેગે રથમાંથી પૃથ્વી ઉપર કુદી પડયો. દુર્યોધન પણ પડેલા શ્રેષ્ઠ હસ્તિને તથા ભંગાણ પડેલા પોતાના સૈન્યને જોઇ અત્યંત વ્યથા પામ્યો. તોપણ ક્ષત્રધર્મને તથા પોતાના અભિમાનીપણાને આગળ કરી, નહિ ગભરાતાં અચળ પર્વતની પેઠે ઉભા રહી

કાળાગ્નિ સમાન તીક્ષ્ણ બાણ ધનુષ પર સાંધી અત્યંત ક્રોધથી તેણે ભયંકર રાક્ષસ ઉપર નાંખ્યા. વજ્ર જેવા બાણને જોઇ મહાત્મા ઘટોત્કચે લાઘવીથી પોતાનો બચાવ કરી, ક્રોધથી લાલ નેત્રવાળા તેણે પ્રલય સમયના મેઘ જેવી ગર્જના કરી તમારી તરફના સૈન્યોને ત્રાસ આપ્યો. ભયંકર રાક્ષસનો ઘોર શબ્દ સાંભળી શંતનુપુત્ર ભીષ્મે દ્રોણાચાર્ય પાસે જઇ તેમને આવી રીતે કહ્યું કે, આ ભયંકર રાક્ષસનો શબ્દ સંભળાય છે, તેથી એમ જણાય છે કે હિડિંબા પુત્ર જરૂર દુર્યોધન રાજા સાથે યુદ્ધ કરે છે. કોઇ પ્રાણી એને સંગ્રામમાં જીતવા સમર્થ થઇ શકે એમ નથી, માટે તમારૂં કલ્યાણ થાઓ, ને ત્યાં જઇ રાજાની રક્ષા કરો. કારણ એ રાક્ષસથી આ સમે મોટા ભાગ્યવાળો દુર્યોધન પીડિત છે, માટે હે શત્રુને તપાવનાર! આ વખતે તમારે રાજ કૃત્ય કરવું ઘટે છે ત્યાં જઇ તમારે રાજાની રક્ષા કરવી. પિતામહનાં વચન સાંભળી, દ્રોણ, સોમદત્ત, બાહ્લિક, જયદ્રથ, કૃપાચાર્ય, ભૂરિશ્રવા, શલ્ય, અવંતિપુરિનો રાજા, બુહદ્બળ, અશ્વત્થામા, વિકર્ણ, ચિત્રસેન, તથા વિવિંશતિ, એટલા મહારથી તથા તેમની પાછળ ચાલનારા હજારો રથિઓ, તમારા પુત્રની રક્ષા કરવા વાસ્તે જ્યાં તે હતો ત્યાં ગયા. કોઈથી સહન થાય નહીં એવાં ઉઘાડાં શસ્ત્રવાળા મહારથિઓએ રક્ષા કરેલાં સામે આવતાં તે સૈન્યોને જોઇ, મોટું ધનુષ ગ્રહણ કરી, ત્રિશૂળ તથા તોમર આદિ લઇ નાના પ્રકારનાં આયુધ ધરનાર પોતાની જાતિથી વિંટાયલો મહાબાહુ મૈનાક પર્વતની પેઠે કંઇ પણ વ્યથા પામ્યો નહીં. ત્યાર પછી રાક્ષસોમાં મુખ્ય ઘટોત્કચ તથા દુર્યોધનના સૈન્યનું રૂંવાં ઉભાં કરે એવું મહા ઘનઘોર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. હે મહારાજ! તે વખતે શબ્દ કરતાં ધનુષોનો, બળતા વાંસના સરખો ચોતરફથી મોટો તીવ્ર શબ્દ સંભળાતો હતો. પ્રાણીયોના કવચોમાં મારેલા અસ્ત્રનો, ભેદાતા પર્વતના જેવો કડકડાટ થતો હતો. હે વિશાંપતે! તે સમે વીર પુરૂષના હાથમાંથી છૂટલાં ભાલાંઓનું રૂપ, આકાશમાં ગતિ કરતા સર્પોના જેવું દેખાતું હતું; એટલામાં અત્યંત ક્રોધે ભરાયેલા મહાબાહુ તે રાક્ષસે મોટું ધનુષ સજ્જ કરી તથા ગર્જીને અર્ધચંદ્રાકૃતિ બાણે કરી, દ્રોણાચાર્યનું ધનુષ કાપી ભલ્લ બાણે કરી સોમદત્તના ધ્વજને મંથન કરી, વળી શબ્દ કરી ત્રણ બાણે કરી સ્તનના મધ્યભાગમાં બાહ્લિકને વિંધી, એકે કરી કૃપાચાર્યને તથા ત્રણ બાણે કરી ચિત્રસેનને વિંધી, કાન પર્યંત ધનુષ ખેંચી સારી રીતે મૂકેલા એક બાણે કરી વિકર્ણને પણ જત્રુ દેશમાં વિંધી નાખ્યો. એ રીતે મારેલો રૂધિરથી વ્યાપ્ત તે, રથમાં બેસી ગયો. વળી ઘણા બળવાળા અત્યંત ક્રોધી તેણે પંદર બાણ ભૂરિશ્રવા ઉપર નાખ્યા. જે તેના કવચને ભેદી તત્કાળ પૃથ્વીમાં પેઠા, વિવિંશતિ તથા અશ્વત્થામાના સારથિને પણ તેણે માર્યા. ઘોડાઓની રાશો મૂકી તેઓ રથમાં પડી ગયા. હે મહારાજ! અર્ધચંદ્રાકૃતિ બાણે કરી સિંધુરાજાનો સુવર્ણથી શોભતો ભાથો તથા બીજા બાણે કરી તેનું ધનુષ કાપી નાખ્યું, ક્રોધથી લાલ નેત્રવાળા તેણે નારાચ નામના ચાર બાણે કરી મહાત્મા અવંતિરાજાના ચાર ઘોડાઓને માર્યા. હે મહારાજ! અત્યંત ધનુષ ખેંચી પાયેલા તીક્ષ્ણ બાણે કરી બુહદ્બળને ભેદ્યો. અત્યંત વિંધવાથી વ્યથા પામેલો તે રથ ઉપરજ પડી ગયો, અને અત્યંત ક્રોધાવિષ્ટ રથમાં બેઠેલા રાક્ષસના અધિપતિ ઘટોત્કચે અત્યંત તીક્ષ્ણ સર્પ સરખા બાણે કરી યુદ્ધમાં ચતુર શલ્યને પણ વિંધી નાંખ્યો.

चिक्षेपनिशितांस्तीक्ष्णाञ्छरानाशीविषोपमान् ।
बिभिदुस्ते महाराज शल्यं युद्धविशारदं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि हैडिंबयुद्धे गुर्जरभाषायां द्विनवतितमोऽध्यायः ॥ ९२ ॥

અધ્યાય ૯૩ મો. પુત્રની સહાયે ભીમ.

संजय उवाच-विमुखीकृत्य सर्वांस्तु तावकान्युधि राक्षसः ॥
जिघांसुर्भरतश्रेष्ठ दुर्योधनमुपाद्रवत् ॥ १ ॥

સંજય કહે છે—હે ભરતશ્રેષ્ઠ ! એ રીતે તે રાક્ષસ, યુદ્ધમાં તમારી તરફના સર્વ યોદ્ધાઓને વિમુખ કરી, દુર્યોધનને મારવાની ઇચ્છાથી તેની સામે દોડયો. રાજા સામે વેગે કરી આવતા તેને જોઇ, તાડ જેવડા મોટા ધનુષને એંચી સિંહના ટોળાની પેઠે મોટો શબ્દ કરી તેને મારવા ઇચ્છતા યુદ્ધમાં દુર્મદ તમારી તરફના મહારથિઓએ સામે દોડી, વર્ષાઋતુમાં મેઘ જેમ પર્વત ઉપર જળનો વરસાદ કરે તેમ તેની ઉપર બાણનો વરસાદ કર્યો. અત્યંત વિંધાવાથી અંકુશથી પીડા પામેલા હસ્તિની પેઠે પીડા પામેલો તે, શરદઋતુના મેઘની પેઠે ભયંકર મોટો શબ્દ કરી દિશા વિદિશા તથા આકાશને શબ્દાયમાન કરતાં ગરૂડની પેઠે આકાશમાં ઉડયો. તે શબ્દ સાંભળી યુધિષ્ઠિર રાજાએ શત્રુને દમન કરનાર ભીમસેનને કહ્યું કે, આ ભયંકર ઘોર સંભળાય છે તેથી એમ જણાય છે કે, ધૃતરાષ્ટ્રની તરફના મહારથી યોદ્ધાઓ સાથે ઘટોત્કચ રાક્ષસ યુદ્ધ કરે છે, અને આવો ભયંકર એનો શબ્દ સંભળાય છે તેથી આ સમે તે શ્રેષ્ઠ રાક્ષસ પીડા પામેલો હોય એમ લાગે છે. અત્યંત ક્રોધે ભરાયેલા પિતામહ પંચાલ દેશના યોદ્ધાઓને મારવા તૈયાર થયા છે, પણ તેમની રક્ષા વાસ્તે શત્રુઓ સાથે અર્જુન યુદ્ધ કરે છે માટે હે મહાબાહો ! તું ત્યાં જઇ પરમ સંશયને પ્રાપ્ત થયેલા હિડિંબાના પુત્રની રક્ષા કર. મોટા ભાઇનાં એવાં વચન સાંભળી તરત ભીમસેન પર્વના સમુદ્રની પેઠે મોટા વેગથી સિંહનાદ કરી સર્વ રાજાઓને ત્રાસ પમાડતાં ત્યાં ગયો. તેની પાછળ સત્યધૃતિ, યુદ્ધમાં દુર્મદ સૌચીત્તિ શ્રેણિમાન, વસુદાન, કાશિરાજનો પુત્ર અભિભૂ, અભિમન્યુ આદિ લઇ મહારથી દ્રૌપદીના પુત્ર, પરાક્રમી ક્ષત્રદેવ, ક્ષત્રધર્મા તથા અનૂપ દેશનો અધિપતિ બળવાન નીલ, મદોન્મત્ત પ્રહાર કરનાર છ હજાર હસ્તિ સહિત એટલા શૂરવીર, મોટા સિંહનાદ, રથના શબ્દ તથા ખરીના વાગવાથી પૃથ્વીને કંપાવતા ત્યાં આવી રથના સમુદાયથી હિડિંબા પુત્ર ઘટોત્કચને વિંટી, તેની રક્ષા કરવા લાગ્યા. હે મહારાજ ! આવતા શૂરવીરોનો શબ્દ સાંભળી, ભીમસેનના ભયથી ઉદ્વિગ્ન તથા ગ્લાનિ યુક્ત મુખવાળું તમારૂં સૈન્ય ઘટોત્કચને મૂકી પાછું વળ્યું. તે સમે મહાત્મા તેનું તથા સંગ્રામમાં પાછા વળનાર નહીં એવા તમારી તરફનાઓનું ભયંકર યુદ્ધ પ્રવર્તમાન થયું. જેમાં નાના શસ્ત્ર નાખતા, અને એક બીજા સામે દોડતા મહારથિઓ પરસ્પર પ્રહાર કરતા હતા. વળી જે સંગ્રામમાં ઘોડેસ્વાર, હસ્તિ ઉપર બેસી યુદ્ધ કરનાર સાથે અને પાયદળ રથી સાથે પરસ્પર પ્રાર્થના કરતાં યુદ્ધ કરતા હતા. પછી પરસ્પર એક બીજા મળી જવાથી હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળના પગથી અને રથના પાટાથી ઉડેલી ધૂમ્ર સરખી લાલ તીવ્ર રજે કરી રણભૂમિ ધુંધળી ગઇ હતી, તેથી યુદ્ધ કરનાર, પોતાના તથા પારકાને ઓળખતા ન હતા. રૂવાં ઉભાં કરે એવા તે નિર્મર્યાદ સંગ્રામમાં, પિતા પુત્રને અનેપુત્ર પિતાને ઓળખતે

ન હતો. હે ભરતશ્રેષ્ઠ! હે ભરત! ગર્જના કરતાં મનુષ્યોનો તથા શસ્ત્રોનો, પ્રેતના જેવો અત્યંત મોટો શબ્દ થતો હતો. સંગ્રામમાં હસ્તિ, અશ્વ તથા મનુષ્યોનાં રૂધિર તથા આંતરડાંરૂપ લહેરવાળી, કેશરૂપ શેવાળ છે જેમાં એવી નદી પ્રવર્ત્તમાન થઇ હતી. મનુષ્યની કાયામાંથી સંગ્રામમાં પડતાં મસ્તકોનો, પડતા પાષાણોના સરખો મોટો શબ્દ થતો હતો. મસ્તક વગરનાં મનુષ્ય તથા ભેદાયાં છે શરીર જેમનાં એવા હસ્તિ તથા ઘોડાઓથી રણભૂમિ સંકીર્ણ દેખાતી હતી. ઘોડેસ્વારોએ હાંકેલા ઘોડાઓ, બીજા ઘોડા સામે જઇ એક બીજાને મારી જીવિત વગરના થઇ નીચે પડતા હતા. કેટલાક ક્રોધથી લાલ નેત્રવાળા પાયદળ પરસ્પર મળી એક બીજાને હણતા હતા. મોટા માવતોએ પ્રેરણા કરેલા હસ્તિઓ, દાંતના અગ્રભાગથી બીજા હસ્તિઓને મારતા હતા. રૂધિર સ્રવતા પતાકાઓથી શોભતા હસ્તિઓ, વિજળી સહિત મેઘ જેવા શોભતા હતા. દાંતના અગ્રભાગથી ભેદાએલા કેટલાક અને ભાલાંથી ભેદાએલ કુંભસ્થળવાળા કેટલાક ચીતકાર કરીને દોડતા હસ્તિઓ મેઘ જેવા દેખાતા હતા. હણાયાં છે સૂંઢ તથા શરીર જેમનાં એવા કેટલાક હસ્તિઓ, યુદ્ધમાં કપાઇ ગયેલ પાંખવાળા પર્વત પડે તેમ પડતા હતા. ચિરાઇ ગયેલા પડખામાંથી ઘણુંક રૂધિર સ્રવતા કેટલાક હસ્તિઓ ખરે છે ધાતુ જેમાંથી એવા પર્વત સમ શોભતા હતા. નારાચ નામના બાણ તથા ભાલાંથી વિંધાયલા, શબ્દ કરતા દોડતા કેટલાક હસ્તિઓ, વિવિધ પ્રકારનાં શિંગડાંવાળા પર્વત જેવા લાગતા હતા. ક્રોધાવિષ્ટ મદાંધ, છૂટા મૂકેલા કેટલાક હસ્તિઓ, રથ, ઘોડાઓ તથા સેંકડો પાયદળોને સંગ્રામમાં મર્દન કરતા હતા, તેમજ ઘોડેસ્વારોએ ભાલાં તથા તોમરથી મારેલા ઘોડાઓ, દિશાઓને વ્યાકુળ કરતા જે તે માર્ગે દોડતા હતા. સંગ્રામમાં શરીર ત્યાગ કરનાર કેટલાક કુળવાન રથિઓ, પોતાની શક્તિ પ્રમાણે બીજા રથિઓ સાથે નિર્ભય થઇ યુદ્ધ કરતા હતા. હે રાજન્! સ્વયંવરની પેઠે સંગ્રામમાં યશ, વા સ્વર્ગની ઇચ્છા રાખતા યુદ્ધ કરનાર એક બીજાને મારતા હતા. રૂંવાં ઉભાં થાય તે રીતે ચાલતા તે ઘનઘોર સંગ્રામથી બહુધા દુર્યોધનનું મોટું સૈન્ય આખરે વિમુખ થયું.

तस्मिंस्तथा वर्त्तमाने संग्रामे लोमहर्षणे ।
धार्तराष्ट्रं महत्सैन्यं प्रायशो विमुखीकृतं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां त्रिनवतितमोऽध्यायः ॥ ९३ ॥

અધ્યાય ૯૪ મો. ઘટોત્કચે વર્તાવેલો કેર.

संजय उवाच–स्वसैन्यं निहतं दृष्ट्वा राजादुर्योधनः स्वयं ।
अभ्यधावतसंक्रुद्धो भीमसेनमरिंदमं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હણાએલા પોતાના સૈન્યને જોઇ, અત્યંત ક્રોધે ભરાયલો દુર્યોધન રાજા, શત્રુને દમન કરનાર ભીમસેન સામે દોડયો. પછી વજ્ર જેવા શબ્દવાળું અત્યંત મોટું ધનુષ ગ્રહણ કરી પાંડુપુત્રે તેની ઉપર ઘણા બાણનો વરસાદ કર્યો.

વળી ક્રોધ પામેલા દુર્યોધને પીંછ બાંધેલા અત્યંત તીક્ષ્ણ અર્ધચંદ્રાકૃતિ બાણે કરી ભીમસેનનું ધનુષ કાપી નાખ્યું. તે છિદ્રને જોઇ, ઉતાવળથી મહારથી તેણે પર્વતને પણ વિદારણ કરનાર તીક્ષ્ણ બાણ સાંધી, ભીમસેનની છાતીમાં માર્યો. અત્યંત વિંધાવાથી વ્યથા પામેલો તેજસ્વી તે બે ગલોફાં ચાટતાં સુવર્ણથી શોભતા ધ્વજને પકડી રહ્યો. એ રીતે વ્યથા પામેલા ભીમસેનને જોઇ, બાળવાં ઇચ્છતા અગ્નિની પેઠે ઘટોત્કચ, ક્રોધે કરી પ્રજ્વલિત થયો. થયો છે સંભ્રમ જેમને એવા અભિમન્યુ આદિ પાંડવના મહારથિઓ પણ ગર્જીને દુર્યોધન સામે દોડયા. અત્યંત ક્રોધથી આવતા તેમને જોઈ તમારી તરફના મહારથિઓને દ્રોણાચાર્યે કહ્યું કે આ જયને ઇચ્છતા નાના પ્રકારના શસ્ત્રને નાંખતા ભયંકર શબ્દ કરતા રાજાઓને ત્રાસ પમાડતા મોટા ધનુષવાળા પાંડવ તરફના મહારથિઓ, ભીમસેનને આગળ કરી દુર્યોધન પાસે જાય છે, માટે પરમ સંશયને પ્રાપ્ત થએલા દુઃખ સમુદ્રમાં બૂડેલા તેની પાસે જઇ રક્ષા કરો, તમારૂં કલ્યાણ થાઓ. એવાં આચાર્યનાં વચન સાંભળી સોમદત્ત છે મુખ્ય જેમાં એવા કૃપાચાર્ય, ભૂરિશ્રવા, શલ્ય, અશ્વત્થામા, વિવિંશતિ, ચિત્રસેન, વિકર્ણ, સિંધુ દેશનો રાજા જયદ્રથ, બુહદ્બલ, મોટા ધનુષવાળા અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ, એટલા તમારી તરફનાઓએ, પાંડવની સેના પાસે જઇ દુર્યોધનની રક્ષા કરવા માંડી. ત્યાંથી વીશ પગલાં આગળ ચાલી, પરસ્પર મારવાની ઇચ્છાવાળા તમારા તથા પાંડવ તરફના યોદ્ધાઓ એક બીજાને મારવા લાગ્યા. મહાબાહુ દ્રોણાચાર્યે પણ મોટું ધનુષ સજ્જ કરી, ભીમસેન ઉપર છવીશ બાણ નાખી, વર્ષાઋતુમાં મેઘ જેમ જળધારાએ કરી પર્વતને ઢાંકે તેમ બાણે કરી એને ઢાંકી દીધો. મોટા ધનુષવાળા મહા બળવાન ભીમસેને પણ ઉતાવળથી દશ બાણ તેમના ડાબા પડખામાં માર્યાં. હે ભારત ! અત્યંત વિંધાવાથી વ્યથા પામેલા વયોવૃદ્ધ તે, સંજ્ઞા રહિત થઇ તત્કાળ રથમાં બેસી ગયા. અત્યંત વ્યથા પામેલા ગુરૂને જોઈ અત્યંત ક્રોધે ભરાયેલા દુર્યોધન રાજા તથા અશ્વત્થામા, ભીમસેન સામે દોડયા. કાળ તથા યમરાજા સરખા આવતા તેમને જોઈ મહાબાહુ ભીમસેન, તરત યમદંડ જેવી મોટી ગદા ઉગામી, રથમાંથી નીચે ઉતરી સંગ્રામમાં અચળ પર્વતની પેઠે ઉભો રહ્યો. મોટાં શૃંગવાળા કૈલાસ પર્વતની પેઠે ગદા ઉગામી ઉભેલા તેને જોઇ, દુર્યોધન તથા અશ્વત્થામા તેની સામે દોડયા બળવાનમાં શ્રેષ્ઠ તરત એકઠા મળી આવતા તેમને જોઇ, ભીમસેન પણ વેગે કરી તેમની સામે દોડયો. ભયંકર દેખાવવાળા અત્યંત કોપીને આવતા તેને જોઇ, દ્રોણ છે મુખ્ય જેમાં એવા કૌરવ તરફના મહારથિઓએ, ભીમસેનને મારવાની ઇચ્છાથી તેની સામે દોડી, નાના પ્રકારનાં શસ્ત્ર તેની છાતીમાં માર્યાં. એ રીતે એકઠા મળેલા તે સર્વ પાંડુપુત્ર ભીમસેનને પીડવા લાગ્યા. તેથી સંશય પ્રાપ્ત થયેલા તથા પીડાએલા મહારથી તેને જોઇ, અભિમન્યુ વગેરે પાંડવ તરફના મહારથિઓ, દુઃખે કરીને પણ ત્યાગ થાય નહીં એવા પ્રાણનો ત્યાગ કરી ભીમસેનના રક્ષણ વાસ્તે દોડયા. અનૂપદેશનો અધિપતિ શૂરવીર કાળા મેઘ સરખી કાંતિવાળો અત્યંત કોપેલો ભીમનો પ્રિય સખા નીલ રાજા, અશ્વત્થામા સામે દોડયો. કારણ કે મોટા ધનુષવાળા જે તેની હમેશ સ્પર્ધા કરતો હતો તેણે મોટું ધનુષ સજ્જ કરી બાણે કરી, પૂર્વે જેણે ક્રોધે કરી પોતાના તેજથી ત્રિલોકને ત્રાસ પમાડયો હતો એવા દેવતાઓને ભય કરનાર કોઇથી સહન ન થાય એવા વિપ્રચિત્ત દૈત્યને જેમ ઇંદ્રે વિંધ્યો હતો તેમ અશ્વત્થામાને વિંધ્યો. અંગમાંથી રૂધિર જેને

આવે છે એવા ક્રોધયુક્ત અશ્વત્થામાએ વિચિત્ર પ્રકારનું ઇંદ્રના વજ્ર જેવા શબ્દવાળું ધનુષ સજ્જ કરી, બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ તેણે નીલને મારવાની બુદ્ધિ કરી, વેળુથી ધોએલા ભલ્લ નામના નિર્મળ સાત બાણુ સાંધી, ચારથી ચાર ઘોડાઓને મારી એથી તેનો ધ્વજ પાડી, સાતમા બાણુથી નીલનું વક્ષસ્થળ વિંધ્યું. અત્યંત વિંધાવાથી વ્યથા પામેલો તે રથમાં બેસી ગયો. મેઘ સરખા વર્ણવાળા નીલ રાજાને જોઇ, પોતાની જ્ઞાતિથી વિંટાએલો અત્યંત ક્રોધે પામેલો ઘટોત્કચ રાક્ષસ, સંગ્રામમાં શોભતા અશ્વત્થામા સામે વેગે કરી દોડયો તેમજ યુદ્ધમાં દુર્મદ બીજા રાક્ષસો પણુ તેની સામે દોડયા. ભયંકર દેખાવવાળા તે રાક્ષસને જોઇ, અત્યંત ગુસ્સે થયેલા તેજસ્વી અશ્વત્થામાએ સામે દોડી, ક્રોધથી તેની આગળ દોડી આવતા ભયંકર દેખાવવાળા રાક્ષસોને માર્યા. અશ્વત્થામાના ધનુષમાંથી નીકળેલા બાણે કરી વિમુખ થયેલા પોતાની આગળ ચાલનારા રાક્ષસોને જોઇ મોટી કાયાવાળા ભીમસેન પુત્રઘટોત્કચે ક્રોધથી ભયંકરરૂપ ધરી અત્યંત દારૂણ માયા રચી અશ્વત્થામાને મોહ પમાડયો. જે માયાથી તમારી તરફના સર્વ ભાગવા લાગ્યા. કારણુ, તે એક બીજાને કપાએલ અંગવાળા રૂધિરે કરી વ્યાપ્ત પૃથ્વી ઉપર ચેષ્ટા કરતા દેખતા હતા. મોટા ધનુષવાળા મુખ્ય કૌરવો પણ દ્રોણુ, શલ્ય તથા અશ્વત્થામાને તેવાજ દેખતા હતા. નાશ પામેલા સર્વ રથિઓ, પાડેલા રાજાઓ, કપાએલા હજારો ઘોડા તથા ઘોડેસ્વારો દેખાતા હતા. તેમને જોઇ હે રાજન્! હું તથા ભીષ્મ, 'યુદ્ધ કરો, ભાગો માં,' આ ઘટોત્કચની રચેલી માયા છે, એ રીતે પોકારતા છતાં પણુ તમારૂં સૈન્ય તંબુ તરફ ભાગવા લાગ્યું, ઉભું રહ્યું નહીં. બીનેલા તેમને અમે બેઉ કહેતા હતા તોપણુ અમારાં વચનોમાં વિશ્વાસ ન આવ્યો. તે વખતે ભાગતા તેમને જોઇ ઘટોત્કચ સહિત જયને પ્રાપ્ત થયેલા પાંડવો, સિંહનાદ સાથે ચોતરફથી શંખ તથા દુંદુભિના શબ્દ કરવા લાગ્યા. એ રીતે દુરાત્મા હિડિંબાપુત્ર ઘટોત્કચે ભંગાણુ પાડેલું તમારૂં સર્વ સૈન્ય, સૂર્યાસ્ત સમયે દિશાઓમાં નાસભાગ કરતું સેના નિવેશમાં ગયું.

एवं तवबलं सर्वं हैडिंबेन दुरात्मना ।
सूर्यास्तमनवेलायां प्रभग्नं विद्रुतं दिशः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि अष्टमयुद्धदिवसे घटोत्कचयुद्धे गुर्जरभाषायां चतुरधिकनवतितमोऽध्यायः ॥ ९४ ॥

અધ્યાય ૯૫ મો. ભગદત્ત સાથેનું યુદ્ધ.

संजय उवाच—तस्मिन्महति संक्रंदे राजादुर्योधनस्तदा ।
गांगेयमुपसंगम्य विनयेनाभिवाद्य च ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે તે મોટા કોલાહલ થયો તે સમે દુર્યોધન રાજાએ ગંગાપુત્ર ભીષ્મ પાસે જઇ, વિનયથી તેને પ્રણામ કરી ઘટોત્કચનો વિજય તથા પોતાના પરાજયરૂપ બનેલું સર્વ વૃત્તાંત વારંવાર નિશ્વાસ મૂકી યથાર્થ કહી, કૌરવના પિતામહ ભીષ્મને વળી તેણે કહ્યું કે, હે પ્રભો! જેમ પાંડવોએ વાસુદેવ ભગવાનનો આશ્રય કરી ભયંકર કલહનો આરંભ કર્યો, તેમ મેં તમારો આશ્રય કરી તેનો આરંભ કર્યો. હે

શત્રુને તપાવનાર ! તેમ મારી અક્ષૌહિણી સેના છે તે મારા સહિત તમારા હુકમમાં છે. હે ભરતકુળમાં સિંહરૂપ ! તે મને ઘટોત્કચનો આશ્રય કરી, ભીમસેન વગેરેએ યુદ્ધમાં પરાજય પમાડયો. હે મહાભાગ ! તે અગ્નિ જેમ સુકા વૃક્ષને બાળે તેમ મારા શરીરને બાળે છે. માટે હે પિતામહ ! હે મહાભાગ ! હે શત્રુને તપાવનાર ! દુઃખે કરી કોઇ સહન કરી શકે નહીં એવા તમારો આશ્રય કરી તમારા પ્રસાદથી રાક્ષસનો છે મિષ જેને એવા તેને હું પોતે મારવાને ઇચ્છું છું. તમે મારૂં ઇચ્છિત પૂર્ણ કરવા યોગ્ય છો. હે ભરતસત્તમ ! રાજાનાં એવાં વચન સાંભળી શંતનુપુત્ર ભીષ્મે દુર્યોધનને કહ્યું કે, હે શત્રુને તપાવનાર ! હે કૌરવ ! હે મહારાજ ! કેવી રીતે તારે વર્તવું તે હું કહું તે મારૂં વચન સાંભળ. હે તાત ! હે શત્રુને દમન કરનાર ! સર્વ અવસ્થા વિષે સંગ્રામમાં આત્માની રક્ષા કરવી, માટે તારે હમેશ ધર્મરાજા સાથે, અર્જુન સાથે, નકુળ સહદેવ સાથે, વા ભીમસેન સાથે સંગ્રામ કરવો; કારણ રાજધર્મનો આશ્રય કરી રાજા રાજા સામે યુદ્ધ કરે. હું, દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, યાદવ કુળમાં ઉત્પન્ન થયેલો કૃતવર્મા, શલ્ય, સોમદત્તપુત્ર ભૂરિશ્રવા તથા વિકર્ણ એટલા મહારથિઓ અમે, અને દુઃશાસન મુખ્ય જેમાં છે એવા બીજા તારા ભાઇઓ, એટલા તારે વાસ્તે મહા બળવાન રાક્ષસ સાથે યુદ્ધ કરશું. ભયંકર રાક્ષસ વિષે ઘણો તને પશ્ચાત્તાપ હોય તો તે દુર્મતિ સાથે યુદ્ધ કરવા સંગ્રામમાં ઇંદ્ર જેવો પરાક્રમી આ ભગદત્ત રાજા જાય. એટલાં વચન દુર્યોધનને કહી, વાક્યમાં ચતુર તેમણે, રાજા સમક્ષ ભગદત્તને આવી રીતે વાક્ય કહ્યું કે, હે મહારાજ ! યુદ્ધમાં દુર્મદ હિડિંબાપુત્ર સામે તમે જાઓ. કારણ, હે શત્રુને તપાવનાર ! તમારાં અસ્ત્ર તથા પરાક્રમ દિવ્ય છે. તેમ પૂર્વે ઘણા દેવતાઓ સાથે સમાગમ પણ થયેલો છે માટે સર્વ ધનુષધારી જોતાં સાવધાન થઇ, પૂર્વે જેમ તારકાસુરને ઇંદ્રે વાર્યો હતો તેમ ક્રૂરકર્મવાળા રાક્ષસને તમે વારો. હે રાજામાં સિંહરૂપ, આ મહા સંગ્રામમાં તેની સામે યુદ્ધ કરનાર બળે કરી શ્રેષ્ઠ તમે બળવાન રાક્ષસને મારો. સેનાપતિ ભીષ્મનાં એવાં વચનં સાંભળી સિંહનાદ કરતાં તે, શત્રુની સામે ગયો. ગર્જના કરતા મેઘની પેઠે શબ્દ કરતાં સામે આવતા તેને જોઇ, ભીમસેન, અભિમન્યુ, રાક્ષસ ઘટોત્કચ, દ્રૌપદીના પુત્ર, સત્યધૃતિ, ક્ષત્રદેવ, ચેદિપતિ, વસુદાન તથા દશાર્ણ દેશનો રાજા, અત્યંત ક્રોધેલા એટલા પાંડવ તરફના મહારથિઓ સામા આવવા લાગ્યા. ઇંદ્રના આપેલા સુપ્રતીક નામના પોતાના હસ્તિએ કરી, ભગદત્ત પણ તેની સામે જવા લાગ્યો. પછી પાંડવોને ભગદત્ત સાથે યમના દેશને વધારનાર ઘોરરૂપ ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. હે મહારાજ ! જેમાં રથી પુરૂષોએ, નાખેલ સારી રીતે પાયેલ ભયંકર વેગવાળા બાણ, હસ્તિ તથા રથો ઉપર પડતા હતા અને હસ્તિ સ્વારોએ, પ્રેરણા કરેલા મદ ઝરતા મોટા હસ્તિઓ, એક બીજા સામે આવી ભય વગરનાની પેઠે પરસ્પર લડતા હતા. વળી તે મહા સંગ્રામમાં અત્યંત ક્રોધે ભરાયેલા મદે કરી અંધ કેટલાક હસ્તિઓ, એક બીજા સામે આવી દાંતરૂપી મુસલે કરી પરસ્પર ભેદતા હતા. ચમરી છે શિરોભૂષણે જેમને એવા હાથમાં ભાલા ગ્રહણ કરેલા સ્વારોએ પ્રેરણા કરેલા ઘોડાઓ, તરત એક બીજા સામે જતા હતા. પાયદળના સમૂહોએ, શક્તિ તથા ભાલાથી મારવા માડેલા હજારો પાયદળ રણભૂમિમાં પડતા હતા. હે રાજન્ ! કેટલાક રથિઓ કર્ણિ, નાળીક તથા સાયક નામના બાણે કરી સંગ્રામમાં શૂરવીર હણી, સિંહનાદ કરતા હતા. રૂંવાં ઉભાં કરનાર તે રીતે વર્તતા તે સંગ્રામમાં ચોતરફથી જળ સ્રવતા પર્વ-

તની પેઠે સાત પ્રકારથી મદ ઝરતા ઇંદ્રના આપેલા સુપ્રતીક નામના હસ્તિપર બેસી ઐરાવત હસ્તિ ઉપર બેઠેલો ઇંદ્ર જેમ જળ ધારાનો વરસાદ કરે તેમ બાણુનો વરસાદ વરસાવતા મોટા ધનુષવાળા ભગદત્તે આવી ભીમસેન સામે દોડી વર્ષાઋતુમાં મેઘ જેમ પર્વત ઉપર જળનો વરસાદ કરે તેમ તેની ઉપર બાણુનો વરસાદ વરસાવ્યો. અત્યંત મોટા ધનુષવાળા ભીમસેને, બાણુના વરસાદથી સેંકડો પાદરક્ષકોને માર્યા. નાશ પામેલા તેમને જોઇ ક્રોધ પામેલા પ્રતાપવાન ભગદત્તે ભીમસેનના રથ સામે પોતાનો હસ્તિ ચલાવ્યો. પ્રત્યંચાએ પ્રેરેલા બાણુની પેઠે તેણે મોકલેલો હસ્તિ, વેગે કરી શત્રુને દમન કરનાર ભીમસેન સામે દોડયો. તેને આવતો જોઇ ભીમસેન છે મુખ્ય જેમાં એવા કેકય, અભિમન્યુ, દ્રૌપદીના પુત્રો, દશાર્ણુ દેશનો અધિપતિ શૂરવીર ત્રક્ષદેવ તથા ચેદિપતિ ચિત્રકેતુ, ક્રોધે ભરાયેલા સૌજણુ પાંડવ તરફના મહા બળવાન મહારથિઓએ, દિવ્ય ઉત્તમાસ્ત્ર નાખતાં વેગે કરી તેની સામે દોડી જઇ ચોતરફથી તે એકલા હસ્તિને ઘેરી લીધો. ઘણાક બાણુથી વિંધાયેલો રૂધિરનું વમન કરતો તે હસ્તિ, ધાતુએ કરી વિચિત્ર પ્રકારનો પર્વત શોભે તેમ શોભતો હતો. દશાર્ણુ દેશનો અધિપતિ, પર્વત જેવા હસ્તિ ઉપર બેસી ભગદત્તના હસ્તિ સામે દોડયો. સામે આવતા હસ્તિને સંગ્રામમાં ભગદત્તે તથા તેના સુપ્રતીક નામના હસ્તિએ, તીર જેમ સમુદ્રને વારે તેમ વારી રાખ્યો. મહાત્મા દશાર્ણુના વારી રાખેલા શ્રેષ્ઠ હસ્તિને જોઇ, પાંડવ તરફનું સૈન્ય, 'સાધુ સાધુ' એ રીતે તેનાં વખાણુ કરવા લાગ્યું. પ્રાગજ્યોતિષના અધિપતિ ભગદત્તે તે હસ્તિ ઉપર ચૌદ ભાલા નાખ્યા, જે સુવર્ણુથી શોભતા ઉત્તમ કવચને ભેદી સર્પ જેમ રાફડામાં પેસે તેમ તેના શરીરમાં પેઠાં. અત્યંત વિંધાવાથી મદ રહિત થયેલો હસ્તિ, ભયંકર શબ્દ કરતો વાયુ જેમ વૃક્ષોનું મર્દન કરે તેમ પોતાના સૈન્યને મર્દન કરતાં ચોતરફ દોડવા લાગ્યો. એ રીતે તે હસ્તિ પરાજ્ય પામ્યો તે સમે પાંડવ તરફના મહારથિઓ ભીમસેનને આગળ કરી, વિવિધ પ્રકારના બાણુ તથા શસ્ત્ર નાખતાં ભગદત્ત સામે દોડી મોટેથી સિંહનાદ કરી યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. હે રાજન્! ક્રોધ પામી આવતા તેમનો ભયંકર શબ્દ સાંભળી, મોટા ધનુષવાળા ભય રહિત ક્રોધે ભરાયેલા ભગદત્તે, પોતાનો હસ્તિ તેમની સામે દોડાવ્યો. યુદ્ધમાં અંકુશરૂપ અંગુઠાથી પ્રેરેલો હસ્તિ તેજ વખતે પ્રલય સમયના અગ્નિ પેઠે ઉગ્ર થઇ ચોતરફ દોડતો રથ સમુદાય, હસ્તિઓ, સ્વાર સહિત ઘોડાઓ તથા હજારો પાયદળોને મર્દન કરવા લાગ્યો. હે મહારાજ! તેણે મર્દન કરવા માંડેલું પાંડવનું મોટું સૈન્ય અગ્નિમાં નાખેલા ચામડાની પેઠે સંકોચ પામ્યું. બુદ્ધિમાન્ ભગદત્ત રાજાએ, ભંગાણુ પાડેલા પોતાના સૈન્યને જોઇ પ્રદીપ્ત છે મુખ તથા નેત્ર જેનાં એવો ભયંકર કઠોર મહા બળવાન, હસ્તિને મારવા ઇચ્છતો અગ્નિના કણે કરી ચોતરફથી વિંટાયલો ઘટોત્કચ, ક્રોધે કરી પ્રજ્વલિત થતો હોય તેની પેઠે ભયંકરરૂપ ધારણુ કરી, પર્વતને વિદારણુ કરે એવું ત્રિશૂળ ગ્રહણુ કરી તેની ઉપર નાખતાં ભગદત્ત સામે દોડયો. તેને વેગવાન પ્રાગ્જ્યોતિષના અધિપતિ ભગદત્તે અત્યંત તીક્ષ્ણુ અર્ધચંદ્રાકૃતિ બાણે કરી તેનું મોટું ત્રિશૂળ ભાગી નાખ્યું. બે કડકા થયેલું સુવર્ણુથી શોભતું તે આકાશમાં ઇંદ્રે મૂકેલા મોટા વજ્રની પેઠે શોભતું હતું. એ રીતે બે કડકા થઇ પડેલા ત્રિશૂલને જોઇ, ભગદત્તે સુવર્ણુના ડાંડાવાળી અગ્નિની શિખા જેવી મોટી શક્તિ ગ્રહણુ કરી રાક્ષસ ઉપર નાખી, 'અરે ઉભો રહે, ઉભો રહે' એમ તેને કહ્યું. આકાશમાં રહેલા વજ્ર જેવી તેને જોઇ રાક્ષસે ઉંચે કુદી તરત તેને ગ્રહણુ કરી શબ્દ

કરી, ભગદત્તના દેખતાં આશ્ચર્યરૂપ કર્મ કર્યું. આકાશમાં રહેલા દેવ, ગંધર્વ તથા મુનિઓ પણ તેથી વિસ્મય પામ્યા. હે મહારાજ ! ભીમસેનાદિક પાંડવોએ પણ 'સાધુ સાધુ' એ રીતે મોટો શબ્દ કર્યો, કે જેથી પૃથ્વીમાં પ્રતિધ્વનિ થયો. પ્રસન્ન થયેલા મહાત્મા પાંડવોનો તે મોટો શબ્દ સાંભળી, મોટા ધનુષવાળો પ્રતાપવાન ભગદત્ત રાજા તે સહન કરી શક્યો નહીં. તેથી તેણે ઇંદ્રના વજ્ર જેવી કાંતિવાળું મોટું ધનુષ સજ્જ કરી વેગે કરી પાંડવ તરફના મહારથિઓનો તિરસ્કાર કરતાં, તીક્ષ્ણ, અગ્નિ જેવી કાંતિવાળા નારાચ નામના બાણ સાંધી, એકે કરી ભીમસેનને, નવે કરી ઘટોત્કચને, ત્રણે કરી અભિમન્યુને અને પાંચે કરી કેકયને વિંધી, સારી રીતે ધનુષ ખેંચી, ગ્રંથી વગરના બાણે કરી ક્ષત્રદેવનો દક્ષિણ બાહુ કાપ્યો. તેનું બાણ સહિત ઉત્તમ ધનુષ પડી ગયું. પાંચ બાણ દ્રૌપદીના પાંચ પુત્રો ઉપર નાખી ક્રોધે કરી ભીમસેનના ઘોડાઓને માર્યા. બીજા ત્રણ બાણે કરી સિંહના ચિન્હવાળો એનો ધ્વજ કાપી, બીજા ત્રણે કરી સારથિને નીચે પાડ્યો. હે ભરતશ્રેષ્ઠ ! અત્યંત વિંધાવાથી વ્યથા પામેલો તે વિશોક નામનો સારથિ રથમાં બેસી ગયો, તેટલામાં વિરથ થયેલો રથિમાં શ્રેષ્ઠ મહાબાહુ ભીમસેન ગદા ગ્રહણ કરી, વેગે કરી ઉત્તમ રથમાંથી નીચે ઉતરી પડ્યો. હે ભારત ! શૃંગ સહિત પર્વત જેવા ઉગામેલ ગદાવાળા તેને જોઈ, તમારી તરફનાઓને મોટું ભય પ્રાપ્ત થયું. એટલામાં પુરૂષમાં સિંહરૂપ મહા બળવાન પિતા પુત્ર ભીમસેન તથા ઘટોત્કચ, ભગદત્ત સાથે યુદ્ધ કરતા કૃષ્ણ છે સારથિ જેના એવો ચોતરફથી શત્રુને હણતો અર્જુન યુદ્ધ કરતા મહારથી ભાઈઓને જોઇ, બાણનો વરસાદ કરતો તરત ત્યાં યુદ્ધ કરવા આવ્યો. મહારથી દુર્યોધન રાજાએ, તરત રથ, હસ્તિ તથા અશ્વથી સંકુળ એવી પોતાની સેનાને ત્યાં મોકલી, આવતી તે મોટી કૌરવની સેનાને જોઇ, ધોળા ઘોડાવાળા પાંડુપુત્ર અર્જુન વેગે કરી તેની સામે દોડ્યા. હે ભારત ! ભગદત્ત પણ સંગ્રામમાં પોતાના હસ્તિએ કરી પાંડવની સેનાને મર્દન કરતો યુધિષ્ઠિર સામે દોડયો. હે મારિષ ! ભગદત્તને ઉગામેલ આયુધવાળા પંચાલ, પાંડવ તથા કેકય સાથે મોટું યુદ્ધ થયું. ભીમસેને પણ સંગ્રામમાં કેશવ ભગવાન તથા અર્જુન એ બેઉને, ઈરાવાનનો વધ જેવી રીતે થયો હતો તેવી રીતે કહી સંભળાવ્યો.

भीमसेनोपि समरे तावुभौ केशवार्जुनौ ।
आश्रावयद्यथावृत्तमिरावद्वधमुत्तमं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भगदत्तयुद्धे गुर्जरभाषायां पंचनवतितमोऽध्यायः ॥ ९५ ॥

અધ્યાય ૯૬ મો. આઠમા દિવસનું યુદ્ધ.

संजय उवाच—पुत्रं विनिहतं श्रुत्वा इरावंतं धनंजयः ।
दुःखेन महताविष्टो निःश्वसन्पन्नगो यथा ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર ! ઈરાવાન નામનો પોતાનો પુત્ર સંગ્રામમાં નાશ પામ્યો તે વાત સાંભળી મોટા દુઃખયુક્ત સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરતાં અર્જુને, વાસુદેવ ભગવાનને

આવી રીતે કહ્યું કે, હે મતિમાન ! મહાપ્રાજ્ઞ ! વિદુરે જરૂર આ ભયંકર કૌરવ પાંડવનો ક્ષય પૂર્વેજ ધારેલો હતો એમાં સંશય નહીં, કારણ કે તેમણે પૂર્વેજ ઘણીવાર ધૃતરાષ્ટ્ર રાજાને વાર્યા હતા. હે મધુસૂદન ! બીજા પણ ઘણાક શૂરવીરોને સંગ્રામમાં કૌરવોએ માર્યા, તેમજ તે તરફનાઓને આપણે માર્યા. હે નરશ્રેષ્ઠ ! ધન વાસ્તે આપણે આ કુત્સિત કર્મ કરીએ છીયે માટે જે વાસ્તે જ્ઞાતિનો ક્ષય થાય છે એવા ધનને ધિક્કાર છે. હે કૃષ્ણ ! નિર્ધન રહીને મરવું તે સારૂં, પણ જ્ઞાતિને મારીને ધન મેળવવું સારૂં નહીં; કારણ લડવા આવેલા સંબંધિયોને મારી આપણે શું પામશું ? હે મધુસૂદન ! દુર્યોધન તથા સુબલપુત્ર શકુનિના અપરાધથી અને કર્ણના ખરાબ વિચારથી ક્ષત્રિયો નાશ પામે છે. હે કૃષ્ણ ! હે મહાબાહો ! આ સમયે મારા જાણવામાં આવે છે કે, ધર્મરાજાએ દુર્યોધન પાસે અર્ધું રાજ્ય વા પાંચ ગ્રામ માગ્યાં એ ઘણું સારૂં કર્યું હતું, પણ દુર્બુદ્ધિવાળા દુર્યોધને તેમ ન કર્યું, તેથી પૃથ્વીતલ ઉપર સુતેલા શૂરવીર ક્ષત્રિયોને જોઇ મારા આત્માને હું નિંદુ છું. આ ક્ષત્રિય જીવિકાને ધિક્કાર છે. હે મધુસૂદન ! જ્ઞાતિ સાથે યુદ્ધ કરવું મને રૂચતું નથી તથાપિ યુદ્ધ ન કરૂં તો ક્ષત્રિયો મને અશક્ત ગણે, વાસ્તે આપ હવે મારા ઘોડાઓને દુર્યોધનની સેના તરફ હાંકો સંગ્રામરૂપી સમુદ્રનો મોટો પાર બે હાથે કરી હું તરી જાઉં. હે માધવ ! આ વખત ફોગટ ગુમાવવાનો નથી. અર્જુનનાં વચન સાંભળી પારકા શૂરવીરને હણનાર કેશવ ભગવાને વાયુ જેવા વેગવાળા શ્વેત ઘોડાઓ હાંક્યા. હે ભારત ! તે વખતે તમારા સૈન્યનો વાયુએ વૃદ્ધિ પમાડેલા વેગવાળા પર્વત તથા સમુદ્ર જેવો મોટો શબ્દ થવા લાગ્યો. હે મહારાજ ! અપરાન્હ વખતે પાંડવ સાથે ભીષ્મનો મેઘ જેવો શબ્દવાળો સંગ્રામ પ્રવર્તમાન થયો. જેમાં હે રાજન્ ! વસુદેવતાઓ, ઇંદ્રને વિંટે તેમ તમારા પુત્રો દ્રોણને વિંટી ભીમસેન સામે દોડયા. શંતનુપુત્ર ભીષ્મ, રથીમાં શ્રેષ્ઠ કૃપાચાર્ય, ભગદત્ત તથા સુશર્મા એટલા અર્જુન સામે દોડયા. હાર્દિક્ય તથા બાહ્લિક, સાત્યકિ સામે દોડયા. અંબષ્ટક નામનો રાજા, અભિમન્યુ સામે ઉભો. હે મહારાજ ! અવશેષ રહેલા બાકીના યોદ્ધાઓ પાંડવ તરફના બાકી રહેલા મહારથિયો સામે ધસ્યા. પછી ભયંકર યુદ્ધ પ્રવર્તમાન થયું. હે જનેશ્વર ! ભીમસેન તો તમારા પુત્રોને જોઇ હુતદ્રવ્યે કરી અગ્નિ પ્રજ્વલિત થાય તેમ ક્રોધે કરી પ્રજ્વલિત થયો. હે મહારાજ ! તેટલામાં તમારા પુત્રોએ તો કુંતિપુત્ર તેને, વર્ષાઋતુમાં મેઘ જેમ જલ ધારાથી પર્વતને ઢાંકે, તેમ બાણે કરી ઢાંકી દીધો. હે વિશાંપતે ! તમારા પુત્રોએ બાણે કરી ઢાંકી દીધેલા સિંહની પેઠે ગર્વિષ્ટ શૂરવીર ભીમસેને એ ગલોફાં ચાટી ક્ષુરપ્ર નામના અતિ તીક્ષ્ણ બાણે કરી વ્યુઢોરસ્ક નામના તમારા પુત્રને ભૂમિપર પાડયો તેથી તે મરણ પામ્યો. વળી સારી રીતે પાયેલ અત્યંત તીક્ષ્ણ બીજા ભલ્લ બાણે કરી, સિંહ જેમ તુચ્છ મૃગને પાડે તેમ કુંડલિ નામના તમારા પુત્રને પાડયો. હે મારિષ ! વળી ઉતાવળથી પાયેલા અત્યંત તીક્ષ્ણ ઘણાક બાણ, દૃઢ ધનુષવાળા ભીમસેને તમારા પુત્રો ઉપર નાખ્યા, જેમણે, અનાધૃષ્ટિ, કૂંડભેદિ, વૈરાટ, દીર્ઘબાહુ, સુબાહુ તથા કનકધ્વજ નામના મહારથી તમારા પુત્રોને રથમાંથી પાડી નાખ્યા. તે વખતે રણભૂમિમાં પાડેલા શૂરવીરો વસંત ઋતુમાં પુષ્પથી વિચિત્ર પ્રકારનાં આમ્ર વૃક્ષ શોભે તેમ શોભતા હતા. મહા સંગ્રામમાં બાકી રહેલા તમારા પુત્ર મહા બળવાન ભીમસેનને કાળ જેવો માની ત્યાંથી નાસી ગયા. તે વખતે સંગ્રામમાં દ્રોણાચાર્યે તમારા પુત્રોને બાળતા તે શૂરવીરને, મેઘ જેમ પર્વતને જલ-

ધારાથી ઢાંકે તેવા બાણે કરી ઢાંકી દીધો. તે સમે કુંતિપુત્ર ભીમસેનનું અદ્ભુત પરાક્રમ અમે જોયું, જે દ્રોણે વારી રાખ્યો તોપણ તમારા પુત્રોને તેણે માર્યા ને જેમ શ્રેષ્ઠ બલિ-બર્દ આકાશમાંથી પડતા વર્ષાદને ધારણ કરે, તેમ દ્રોણે મૂકેલી બાણવૃષ્ટિને તેણે ધારણ કરી. હે મહારાજ ! તે વખતે ભીમસેને આશ્ચર્યરૂપ કર્મ કર્યું જે સંગ્રામમાં તમારા પુત્રોને માર્યા અને દ્રોણને વારી પણ રાખ્યા હે મહારાજ ! મૃગો વિષે વિચરતો મહા બળવાન વ્યાઘ્ર જેમ ક્રીડા કરે તેમ શૂરવીર તમારા પુત્રો વિષે ભીમસેન ક્રીડા કરતો હતો. જેમ પશુઓના મધ્યમાં રહેલો વૃક, તેમને મારે તેમ તમારા પુત્રોને ભીમસેન મારતો હતો. ગંગાપુત્ર ભીષ્મ, ભગદત્ત રાજા તથા ગૌતમ, એ ત્રણ મહારથિયો, વેગવાન પાંડપુત્ર અર્જુનને યુદ્ધમાં વારી રાખતા હતા, તો પણ અસ્ત્રોએ કરી તેમનાં અસ્ત્રો નિવારણ કરી અતિરથી તે, તમારી તરફના શૂરવીરોને મૃત્યુલોકમાં મોકલી દેતો હતો. અભિમન્યુએ તો રથિમાં શ્રેષ્ઠ લોકમાં વિખ્યાત અંબષ્ટ રાજાને વિરથ કરી બાણથી વારી રાખ્યો. એ રીતે યશસ્વી અભિમન્યુએ મારવા માંડેલા મહા બળવાન વિરથ એવો તે રથમાંથી નીચે કુદી મહાત્મા અભિમન્યુ ઉપર ખડગ નાખી હાર્દિક્યના રથમાં ચઢી બેઠો. સામે આવતા ખડ્ગને જોઇ શૂરવીરને હણનાર યુદ્ધ માર્ગમાં ચતુર સુભદ્રાપુત્ર અભિમ-ન્યુએ લાઘવીથી તેને નિષ્ફળ કર્યો. સંગામમાં તેણે પાછો પાડેલ ખડ્ગ જોઇ, સૈન્યોમાં 'સાધુ સાધુ' એ રીતે શબ્દ થવા લાગ્યો. તે વખતે ધૃષ્ટદ્યુમ્નાદિક પાંડવ તરફના યોદ્ધાઓ તમારા સૈન્ય સાથે યુદ્ધ કરતા હતા. તેમજ તમારી તરફના સર્વે, પાંડવ સૈન્ય સાથે યુદ્ધ કરતા હતા. જે યુદ્ધમાં દુષ્કર કર્મ કરતા તથા પરસ્પર મારતા તમારી તરફના તથા તેમનો મોટો ભયંકર શબ્દ થતો હતો, કેટલાક અભિમાની શૂરવીર, એક બીજાના કેશ ઝાલી નખ, દાંત, મુષ્ટિથી યુદ્ધ કરતા હતા. તાલી, ખડ્ગ તથા બાહુએ કરી, છીદ્ર જોઈ પરસ્પર યમપુરીમાં મોકલતા હતા. પિતા પુત્રને, પુત્ર પિતાને, એ રીતે વ્યાકુળ થયેલ અંગવાળા યોદ્ધાઓ પરસ્પર મારતા હતા. હે મારિષ ! સંગ્રામમાં નાશ પામેલાઓનાં ભાગી પડેલાં સુવર્ણમય પૃષ્ટ ભાગવાળાં સુંદર ધનુષ, અમૂલ્ય ભાથા તથા સુવર્ણમય પૃષ્ટ ભાગથી શોભતા તેલે કરી ધોયેલા તીક્ષ્ણ બાણ, છંછેડાયેલા સર્પની પેઠે શોભતા હતા. સુવર્ણથી શોભતા હસ્તિ દાંતની મુંઠવાળા ખડ્ગ, સુવર્ણના ચિત્રવાળી ઢાલો, સુવર્ણથી શોભતાં ભાલાં, પટા, સુવર્ણમય તરવાર, સુવર્ણથી ઉજ્વળ શક્તિયો, પડેલાં ઉત્તમ કવચ, મોટા મુગટ, ભાલાં પટા, ગોફણ વિવિધ પ્રકારનાં સુવર્ણથી શોભતાં ધનુષ, નાના પ્રકારની હાથીની ઝુલ્યો, ચામર, વીઝણા નાના પ્રકારનાં શસ્ત્ર ગ્રહણ કરી પડેલા જીવતા જેવા દેખાતા મહારથી પુરૂષ, કેટલાક ગદાએ કરી કચરાયેલા શરીરવાળા મુસલથી ભેદાયેલ મસ્તકવાળા હસ્તિ, ઘોડા તથા રથે કચરેલા પૃથ્વી ઉપર સુતેલા પુરૂષ, તેમજ પડેલા અશ્વ, મનુષ્ય તથા હસ્તિયોના શરીરે કરી ઢંકાઇ ગયેલી પૃથ્વી, ચોતરફ રહેલા પર્વતે કરી શોભે તેમ શોભતી હતી. સંગ્રામમાં પડેલાં શક્તિ, તરવાર, બાણ, ભાલાં, ખડ્ગ, પટા, સાંગ, લોઢાની બર્છિ, ફરશી, તોમર, ગોફણ, ટોપો, શસ્ત્રથી ભેદાયેલ શરીર, શબ્દ રહિત થોડો શબ્દ કરનાર રૂધિરથી વ્યાપ્ત પ્રાણ રહિત પ્રાણી, મોજા તથા બાજુબંધ સહિત ચંદન ચોપડેલા કપાઈ ગયેલ હાથીની સુંઢ સરખા બાહુ, સાથળ, મસ્તકમણિ, કુંડલ સહિત મસ્તક તથા રૂધિરથી ખરડાયેલાં સુવર્ણનાં કવચે કરી રણભૂમિ, શાંત છે જ્વાળા જેની એવા અગ્નિએ કરી જેમ વેદી શોભે તેમ અત્યંત શોભતી

હતી. વળી પડેલા ભાથા, ધનુષ, સુવર્ણના પ્રષ્ટભાગવાળા ચોતરફ પડેલા બાણુ, ભાગી ગયેલા ધુંધરીયો બાંધેલા રથ, બાણે કરી હણેલા જીભ નીકળી ગયેલા રૂધિરનું વમન કરતા અશ્વ, રથના તળેના ભાગ, પતાકા, ભાથાઓ, શૂરવીરોના શ્વેત શંખ તથા સુંઢ કપાઇ ગયેલા હસ્તિયોએ કરી નાના પ્રકારના અલંકારે કરી શણગારેલી જેમં સ્ત્રી જેમ શોભે તેમ રણભૂમિ શોભતી હતી. બીજાં ભાલાં સહિત અંગવાળા અત્યંત વેદનાયુક્ત સુંઢે કરીને વારંવાર શબ્દને તથા જળબિંદુને મૂક્તા હસ્તિયોએ કરી તે રણસ્થાન, ઝરણુવાળા પર્વતે કરીને શોભે તેમ શોભતું હતું. નાના રંગના ધાબળા, હસ્તિયોની ઝુલ્યો, વૈદૂર્ય મણિના દાંડાવાળા પડેલા સુંદર અંકુશ, ચોતરફ પડેલી મોટા હસ્તિયોની ઘંટાઓ, વિચિત્ર પ્રકારનાં અંકુશ, સુવર્ણથી શોભતાં વિચિત્ર પ્રકારનાં ગ્રીવાભરણ, ભાગી પડેલ ટોપો, સુવર્ણનાં ભાલાં, ઘોડાઓની રજથી પીંગળ સુવર્ણથી ઢાંકેલાં ઉરસ્ત્રાણુ, ઘોડેસ્વારોના બાજુબંધ સહિત કપાયેલા હાથ, ભાલાં, નિર્મળ તરવાર તે તે ઠેકાણે પડેલી વિચિત્ર પ્રકારની સંગ્રામમાં પહેરવાની સામગ્રીઓ, સુવર્ણથી શોભતા વિચિત્ર પ્રકારના બાણુ, ઘોડા ઉપર પાથરવાની રંકુ મૃગના રૂંવાંની ડળીઓ, રાજાઓના વિચિત્ર પ્રકારના અમૂલ્ય મસ્તકમણિ, મણિમય છત્ર, ચામર, પંખા તથા સુંદર કુંડળ પહેરેલાં ચંદ્ર તથા કમળ જેવાં દાઢાં સહિત સુંદર શૂરવીરોનાં મસ્તકે કરી રણભૂમિ ગ્રહ તથા નક્ષત્રે કરી આકાશ શોભે તેમ શોભતી હતી. હે મહારાજ! એ રીતે સંગ્રામમાં તમારા તથા તેની તરફનાઓની મોટી સેના, એક બીજા સામે આવી નાશ પામતી હતી. એ બેઉ તરફના યોદ્ધાઓ થાકયા, કપાયા તથા મર્દન થયા ત્યારે, રાત્રિ થવાથી પાછળ ચાલનારને અમે દેખતા ન હતા. કૌરવ તથા પાંડવો, સૈન્યને યુદ્ધથી વિરામ પમાડવા લાગ્યા. મહા ભયંકર સાયંકાળ પ્રવર્તમાન થયો ત્યારે એકઠા મળેલા કૌરવ તથા પાંડવો, યુદ્ધનો વિરામ કરી વખતસર પોતપોતાના તંબુએ ગયા.

रजनीमुखे सुरौद्रे तु वर्त्तमाने महाभये ।
अवहारं ततः कृत्वा सहिता कुरुपांडवाः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि अष्टमदिवसयुद्धावहारे गुर्जरभाषायां षण्णवतितमोऽध्यायः ॥ ९६ ॥

અધ્યાય ૯૭ મો–ભીષ્મને વિનંતિ.

**संजय उवाच—ततो दुर्योधनोराजा शकुनिश्चापि सौबलः ।
दुःशासनश्च पुत्रस्ते सूतपुत्रश्च दुर्जयः ॥ १ ॥**

સંજય કહે છે—હે મહારાજ! ત્યાર પછી દુર્યોધન રાજા, સુબલપુત્ર શકુનિ, તમારો પુત્ર દુઃશાસન તથા દુઃખે કરી જીતાય નહીં એવો સૂતપુત્ર કર્ણ એટલા એકઠા મળી વિચાર કરવા લાગ્યા કે, ગણુ સહિત પાંડવોને આપણે કેવી રીતે જીતવા. તે વખતે દુર્યોધન રાજાએ કર્ણ તથા સુબલ પુત્ર શકુનિને સંબોધનથી બોલાવી તે સર્વ મંત્રીને આવી રીતે કહ્યું કે, દ્રોણુ, ભીષ્મ, કૃપાચાર્ય, શલ્ય તથા સોમદત્ત પુત્ર ભૂરિશ્રવા એ બધા સંગ્રામમાં પાંડવોને બાધ કરતા નથી, તેનું કારણ શું તે હું જાણુતો નથી. તેમણે બાધ ન કરેલા તે મારા

સૈન્યનો ક્ષય કર્યે જાય છે. હે કર્ણ ! પ્રતિ દિવસ સંગ્રામમાં ક્ષીણ થાય છે સૈન્ય તથા શસ્ત્ર જેનાં એવો હું ક્ષીણ થાઉ છું. દેવતાઓ પણ જેને મારી શકે નહીં એવા શૂરવીર પાંડવો મારો તિરસ્કાર કરે છે, માટે સંશય પામેલો હું સંગ્રામમાં કેમ પ્રહાર કરી શકીશ. હે મહારાજ ! એવાં તેનાં વચન સાંભળી કર્ણે કહ્યું કે, હે ભરતશ્રેષ્ઠ ! તું શોચ માં કર, હું તારૂં પ્રિય કરીશ. પણ હે ભારત ! શંતનુપુત્ર ભીષ્મ, શસ્ત્ર મૂકી યુદ્ધથી નિવૃત્ત થાય, એટલે હું ભીષ્મ જોતાં સર્વ સોમકે સહિત પાંડવોને મારી નાંખીશ. હે રાજન્ ! તારા સમ ખાઇને હું સત્ય કહું છું. હે તાત ! ભીષ્મ નિરંતર પાંડવો ઉપર દયા કરે છે, તેમ મહારથી તેમને જીતવાને પણ પોતે અસમર્થ છે, તથાપિ નિરંતર રણપ્રિય તથા અભિમાની હોવાથી સંગ્રામ કરે છે. એકઠા મળેલા પાંડવોને તે, કેવી રીતે જીતશે ? હે ભારત ! તું અહિંથી ભીષ્મના તંબુ પ્રત્યે જઇ, વૃદ્ધ તથા ગુરૂ એવા તેમને વિજ્ઞાપ્તિ કરી શસ્ત્ર મૂકાવ, તેમણે શસ્ત્ર મૂક્યાં કે તરત હે રાજન્ ! સંબંધી તથા બાંધવ સહિત પાંડવોને મેં એકલે મારેલાજ તું જોઇશ. કર્ણનાં વચન સાંભળી તમારા પુત્ર દુર્યોધને દુઃશાસન નામના પોતાના ભાઇને કહ્યું કે હે દુઃશાસન ! આપણી સર્વ સવારી તરત તૈયાર થાય એમ તું કર. હે રાજન્ ! એમ તેને કહી, કર્ણને કહ્યું કે, હે શત્રુને દમન કરનાર કર્ણ ! આ હું હમણાં મનુષ્યમાં શ્રેષ્ઠ ભીષ્મને વિજ્ઞપ્તિ કરી સંગ્રામથી તેમને નિવૃત કરી, તારી પાસે આવીશ એટલે તું યુદ્ધ કરજે હે વિશાંપતે ! એટલાં વચન કર્ણને કહી, તરત તમારો પુત્ર દુર્યોધન, દેવ સહિત ઇંદ્ર જેમ તૈયાર થાય તેમ ભાઇઓ સહિત ત્યાં જવાને તૈયાર થયો. તે વખતે સિંહ જેવા પરાક્રમવાળા રાજામાં સિંહરૂપ તેને દુઃશાસને ઘોડા ઉપર બેસાડયો. બાજુબંધ, મુકુટ તથા હસ્તાભરણ પહેરેલો, મજીઠના પુષ્પ તથા સુવર્ણ જેવાં અમૂલ્ય સુગંધિ ચંદને લીંપાયલો, સ્વચ્છ વસ્ત્ર પહેરેલો સિંહના જેવી ગતિવાળો માર્ગમાં જતો તે, નિર્મળ કિરણોવાળો સૂર્ય આકાશમાં શોભે તેમ શોભતો હતો. ભીષ્મના તંબુ પ્રત્યે જતા તેની પાછળ મોટા ધનુષવાળા સર્વ લોકના ધનુષધારી તથા મોટા ધનુષવાળા ભાઇઓ, દેવતા ઇંદ્રની પાછળ જાય તેમ તેની પાછળ જવા લાગ્યા. કેટલાક ઘોડા ઉપર, કેટલાક હસ્તિ ઉપર તથા કેટલાક રથો ઉપર બેસી શસ્ત્ર ધારણ કરેલા રાજાની રક્ષા વાસ્તે આકાશમાં ઇંદ્રની પાછળ જેમ દેવતાઓ જાય તેમ જવા લાગ્યા. કૌરવોમાં મહા બળવાન, કૌરવોએ સત્કાર કરેલો, ભાઇયોથી વિંટાયલો, ચતુર, સર્વ લોકના ઇશ્વરનો ઈશ્વર, મોટા યશવાળો સૂત તથા માગધ જેની સ્તુતિ કરે છે એવો તે, સર્વ શત્રુને નાશ કરનાર હાથીની સુંઢ જેવા શસ્ત્રાદિ શિક્ષા સંપન્ન પોતાના દક્ષિણ ભુજને ઉંચો ધરી ચોતરફથી મનુષ્યોની યોજના કરેલી અંજલિઓને સ્વીકારતાં નાના પ્રકારના દેશમાં રહેનાર મનુષ્યોની મધુર વાણી સાંભળી સર્વનો સત્કાર કરતો યશસ્વી ગંગાપુત્ર ભીષ્મના તંબુ પ્રત્યે જવા લાગ્યો. તેને સુગંધિ તેલ સિંચન કરેલી મશાલવાળા ચોતરફથી વિંટી સાથે ચાલતા હતા, એ રીતે સુવર્ણની મશાલોએ કરી વિંટાયેલો તે પ્રદીપ્ત મોટા ગ્રહોએ કરી ચંદ્રમા શોભે તેમ શોભતો હતો. સુવર્ણથી શોભતી પાઘડિઓ ધારણ કરેલા છડી તથા ઝર્ઝર નામનું વાદ્ય છે હાથમાં જેને એવા પુરૂષો ધીરે ધીરે ચોતરફથી જેને ઉત્સાહ આપતા હતા એવો તે રાજા ભીષ્મના તંબુ પાસે જઇ ઘોડા ઉપરથી નીચે ઉતરી ભીષ્મ પાસે જઇ તેમને પ્રણામ કરી, સુંદર બિછાનાથી વિંટાયેલ ચક્રાકૃતિ સુવર્ણના ઉત્કૃષ્ટ આસન ઉપર બેઠેલો તમારો પુત્ર, નેત્રમાં અશ્રુ ભરી ગદગદ કંઠ થઈ, હાથ જોડી તેને

કહેવા લાગ્યો કે–હે શત્રુનો નાશ કરનાર ! સંગ્રામમાં તમારો આશ્રય કરી, ઇંદ્ર સહિત દેવ તથા અસુરોને પણ જીતવા વિષે ઉત્સાહવાન થાય, ત્યારે સુહૃદ્દગણ તથા બાંધવ સહિત શૂરવીર પાંડવોને થાય તેમાં શું આશ્ચર્ય ? માટે હે ગંગાપુત્ર ! હે સમર્થ ! મારી ઉપર કૃપા કરી, ઇંદ્ર જેમ દૈત્યોને મારે તેમ શૂરવીર પાંડવોને મારો. હે મહારાજ ! હે ભારત ! અને હું સર્વ સોમક, પંચાલ તથા કેકય સહિત પુરૂષોને મારીશ, ને તમે મોટા ધનુષવાળા સોમક તથા આવેલા પાંડવોને મારી સત્યવાણીવાળા થાઓ. હે રાજન્ ! હે પ્રભો ! દયાથી, વા મારી ઉપર દ્વેષ ભાવથી, અથવા મારા મંદ ભાગ્યપણાને લીધે તમે પાંડવોની રક્ષા કરો છો, માટે તેમજ કરવું, હોય તો સંગ્રામમાં શોભતા કર્ણને આજ્ઞા આપો, એટલે તે, સુહૃદ્દગણ તથા બાંધવ સહિત પાંડવોને સંગ્રામમાં જીતશે. સત્ય પરાક્રમવાળા ભીષ્મને તમારો પુત્ર દુર્યોધન રાજા એટલાં વચન કહી બીજું કાંઇ પણ બોલ્યો નહીં.

स एवमुक्त्वा नृपतिः पुत्रो दुर्योधनस्तव ।
नोवाच वचनं किंचिद्भीष्मं सत्यपराक्रमं ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मंप्रतिदुर्योधन वाक्ये गुर्जरभाषायां सप्तनवतितमोऽध्यायः ॥ ९७ ॥

અધ્યાય ૯૮ મો. ભીષ્મનો ઉત્તર.

संजय उवाच-वाक्शल्यैस्तव पुत्रेण सोतिविद्धो महामनाः ।
दुःखेन महता विष्टो नोवाचाप्रियमण्वपि ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! વાણીરૂપ શલ્યે કરી તમારા પુત્રે અત્યંત વિંધેલા મહા દુઃખાવિષ્ટ ઉદાર મનવાળા તમારા પુત્રને અપ્રિય લાગે એવું કંઇ પણ બોલ્યા નહીં ને દુઃખ તથા ક્રોધયુક્ત વાણીરૂપ શલાકાએ કરી હણેલા તેથી સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરતા સર્વ વિદ્વાનોમાં શ્રેષ્ઠ દેવ, અસુર તથા ગંધર્વ સહિત લોકને બાળતા હોવ નહીં શું તેની પેઠે ક્રોધથી નેત્ર ફાડી તમારા પુત્રને સામપૂર્વક આવી રીતે વચન કહેવા લાગ્યા કે–હે દુર્યોધન ! તારૂંજ પ્રિય કરવાની ઇચ્છા સારૂ સંગ્રામમાં પ્રાણ હોમતા શક્તિ પ્રમાણે યુદ્ધ કરતા મને શું વાણીરૂપ શલ્યે કરી છેદે છે. શૂરવીર પાંડુપુત્ર અર્જુને સંગ્રામમાં ઇંદ્રને પરાજય પમાડી ખાંડવ વિષે અગ્નિને તૃપ્ત કર્યો ને હે મહાબાહો ! જ્યારે પરાક્રમથી ગંધર્વ તને હરણ કરી જતા હતા ત્યારે તેણે તને મૂકાવ્યો. યુદ્ધમાં અત્યંત ક્રોધ પામેલા દ્રોણને તથા મને જીતી તેણે વસ્ત્ર ગ્રહણ કર્યાં હતાં. તેમજ મોટા ધનુષવાળા અશ્વત્થામા તથા કૃપાચાર્યને પણ પૂર્વે ગાયો ગ્રહણ કરી ત્યારે તેં જીત્યા હતા. પુરૂષનું જેને માન છે એવા કર્ણને જીતી, તેનાં વસ્ત્ર લઇને ઉત્તરાને તેણે આપ્યાં હતાં. વળી તે અર્જુન, ઇંદ્રથી પણ દુઃખે કરીને જીતાય નહીં એવા નિવાતકવચ નામના દૈત્યોને જીત્યો હતો. ઇત્યાદિ ઉદાહરણથી તું જાણે છે કે, તેને કોઇ જીતે એમ નથી, માટે વેગવાન પાંડુપુત્રને જીતવા કોઇ સમર્થ છેજ નહીં; કારણ કે, શંખ, ચક્ર, ગદા, ધારણ કરનાર વાસુદેવ, અનંત શક્તિમાન સૃષ્ટિના સંહાર કરનાર સર્વના ઇશ્વર દેવના દેવ, સનાતન જગત્ના રક્ષક શ્રીકૃષ્ણ પરમાત્મા જેનું રક્ષણ કરનાર છે. હે દુર્યોધન ! હે રાજન્ ! નારદાદિક મોટા ઋષિઓએ ઘણીવાર

તને કહ્યું હતું પણ મોહને લીધે શું બોલવું યોગ્ય છે ને શું અયોગ્ય છે તે તું જાણતો નથી. હે ગાંધારીના પુત્ર ! જેમ નજીક મરણ આવેલો પુરૂષ સર્વ વૃક્ષને સોનાનાં દેખે, તેમ તું પણ બધું વિપરીત દેખે છે. પોતાની મેળે તેં સૃંજય સહિત પાંડવો સાથે મોટું વૈર કર્યું, માટે હવે સંગ્રામમાં પુરૂષ થઇ તેમની સાથે યુદ્ધ કર, અમે જોઇએ. હે પુરૂષમાં સિંહરૂપ ! હું તો એક શિખંડીને મૂકી સંગ્રામમાં આવેલા સર્વ સોમકે સહિત પંચાલોને મારીશ. કાંતો સંગ્રામમાં તેમણે મારેલો હું યમપુરીમાં જઈશ, વા, તેમને સંગ્રામમાં મારી તને પ્રસન્ન કરીશ. શિખંડી તો રાજાના ઘરમાં પૂર્વે સ્ત્રી ઉત્પન્ન થઇ હતી. પછી વરદાનથી પુરૂષ થયો છે, પણ તે શિખંડિની સ્ત્રીજ છે, માટે મારા પ્રાણ જશે તોપણ તેને હું નહીં મારૂં; કારણ કે જે પૂર્વે વિધાતાએ નિર્માણ કરી છે તે શિખંડિની સ્ત્રીજ છે, એમ હું માનું છું. હે ગાંધારીના પુત્ર ! જા, સુખે સુઇ રહે, કાલ હું મોટો સંગ્રામ કરીશ. તે કેવો કે જેને, જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી માણસો વખાણશે. હે જનેશ્વર ! એવાં ભીષ્મનાં વચન સાંભળી તમારો પુત્ર દુર્યોધન ગુરૂ એવા તેમને મસ્તકથી પ્રણામ કરી પોતાના તંબુએ આવવા નિકળ્યો. ક્ષય કરનાર તે રાજા, આવી પરિકર જનને રજા આપી તરત પોતાના તંબુમાં ગયો. ત્યાં તે રાત્રિ કાઢી પ્રભાત થયું તે વખતે ઉઠી તેણે રાજાઓને કહ્યું કે, આજ ઉશ્કેરાયેલા ભીષ્મ, સંગ્રામમાં સોમકોને મારશે, વાસ્તે સેનાની યોજના કરો. સંગ્રામમાં અર્જુન સાથે યુદ્ધ કરવાની ઇચ્છાવાળા શંતનુપુત્ર ભીષ્મ રાત્રિ વિષે દુર્યોધનનો ઘણો બડબડાટ સાંભળી, પોતાને નિસ્તેજ કરવા જેવું માની અત્યંત ખેદ પામી પરવશપણાને ધિક્કારી ઘણીવાર વિચાર કરવા લાગ્યા. પારકા અભિપ્રાયને જાણનાર દુર્યોધને. ગંગાપુત્ર ભીષ્મનો વિચાર જાણી દુઃશાસનને કહ્યું કે, હે દુઃશાસન ! ભીષ્મનું રક્ષણ કરનાર રથોને જલદી જોડાવ. સર્વને બોલાવી સૈન્યને તૈયાર થવાનો હુકમ આપ. કારણ ઘણા વરસથી વિચારેલું સૈન્ય સહિત પાંડવનો વધ તથા રાજ્યનો આગમ, હાલ આપણને પ્રાપ્ત થયાં, પણ તેમાં સર્વથી મોટું કાર્ય ભીષ્મનું રક્ષણજ હું માનું છું. રક્ષણ કરેલા તેજ, આપણને સહાય થઇ સંગ્રામમાં પાંડવોને હણશે, પણ શુદ્ધ અંતઃકરણવાળા તેમણે કહ્યું છે કે, પૂર્વે એ શિખંડી સ્ત્રી હતો માટે મારે એ વર્જ્ય છે તેથી સંગ્રામમાં એને હું નહીં મારૂં, લોક પણ તે જાણે છે, જે મેં, પિતાનું પ્રિય કરવા સારૂ, સમૃદ્ધ રાજ્ય તથા સ્ત્રિયોનો પૂર્વે ત્યાગ કરેલ છે. વળી તેણે મને કહ્યું હતું કે-હે નરશ્રેષ્ઠ ! સ્ત્રીને તથા પૂર્વે સ્ત્રી હશે તેને ક્યારે પણ સંગ્રામમાં નહીં મારૂં, એ હું તને સત્ય કહું છું. શિખંડી તેં સાંભળ્યો હોય તો પૂર્વે સ્ત્રી હતો ને કેવી રીતે તે ઉત્પન્ન થયો હતો તે પણ યુદ્ધ થકી પૂર્વે તેણે કહ્યું હતું. પૂર્વે કન્યા થઇ પછી પુરૂષ થયેલો તે મારી સાથે યુદ્ધ કરશે, પણ તેની સામે ક્યારે પણ હું બાણ નહીં મૂકું. પાંડવના જયને ઇચ્છનાર યુદ્ધમાં આવેલા બાકી સર્વ ક્ષત્રિયોને હું મારીશ, એ રીતે શાસ્ત્ર જાણનાર ગંગાપુત્ર ભીષ્મે મને કહેલું છે, માટે સામો યુદ્ધ કરવા આવે તે વખતે સર્વાત્મપણાથી ભીષ્મનું પાલન કરવું, રક્ષા ન કરેલા સિંહરૂપ તેને શિખંડી મા હણો. વૃક જેમ સિંહને મારે તેમ ગંગાપુત્રને શિખંડી પાસે આપણે નહિ મરાવિયે, માટે મામો શકુનિ, શલ્ય, કૃપાચાર્ય, દ્રોણ તથા વિવિંશતી, એટલાએ સાવધાન થઇ ગંગાપુત્ર ભીષ્મનુ રક્ષણ કરવું. કારણ તેમની રક્ષા કરવાથી જરૂર આપણો જય છે. દુર્યોધનનાં વચન સાંભળી સર્વે ચોતરફથી રથસમુદાયે કરી ગંગાપુત્ર

વિંટી લીધા. હે ધૃતરાષ્ટ્ર ! તમારા પુત્રો પણ ભીષ્મને વિંટી પૃથ્વીને કંપાવતાં તથા પાંડવોને ક્ષોભ પમાડતાં હર્ષથી નીકળ્યા. કવચ પહેરેલા મહારથિયો દેવાસુર યુદ્ધમાં જેમ ઇંદ્રનું રક્ષણ કરવા સર્વ દેવતાઓ ઉભા રહ્યા હતા તેમ સારી રીતે જોડેલા રથ તથા હસ્તિઓ સાથે તેઓ ભીષ્મનું રક્ષણ કરતા સંગ્રામમાં ઉભા રહ્યા હતા, એટલામાં દુર્યોધન રાજાએ વળી પોતાના ભાઇઓને કહ્યું કે અર્જુનના ડાબા ચક્રની યુધામન્યુ, તથા દક્ષિણ ચક્રની ઉત્તમૌજા રક્ષા કરે છે, ને અર્જુન શિખંડિની રક્ષા કરે છે, માટે અર્જુને રક્ષા કરેલો, અને આપણે મૂકેલો તે, જે રીતે આપણા ભીષ્મને ન મારે તે રીતે તું કર. એવાં ભાઇનાં વચન સાંભળી તમારો પુત્ર દુઃશાસન ભીષ્મને આગળ કરી સેના સહિત રણપ્રતિ ચાલ્યો. રથસમુદાયથી વિંટાયલા ભીષ્મને જોઇ, રથીમાં શ્રેષ્ઠ અર્જુને ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે—હે નૃપ ! હે પાંચાલ્ય ! પુરૂષમાં સિંહરૂપ શિખંડીને ભીષ્મની સામે આજ ઉભો રાખો એનું રક્ષણ કરનાર હું છું.

अर्जुनो रथिनां श्रेष्ठो धृष्टद्युम्नमुवाच ह ।
शिखंडिनं नरव्याघ्रं भीष्मस्य प्रमुखे नृप ॥
स्थापय स्वाद्य पांचाल्य तस्य गोप्ताहमित्युत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मदुर्योधनसंवादे गुर्जरभाषायामष्टनवतितमोऽध्यायः ॥ ९८ ॥

અધ્યાય ૯૯ મો. ઉત્પાત દર્શન.

संजय उवाच—ततः शांतनवो भीष्मो निर्ययौ सह सेनया ।
व्यूहं चाव्यूहतमहत् सर्वतोभद्रमात्मनः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! પછી શંતનુપુત્ર ભીષ્મ સેના સહિત નીકળ્યા ને તેમણે પોતાના સૈન્યનો સર્વતોભદ્ર નામનો વ્યૂહ રચ્યો. કૃપાચાર્ય, કૃતવર્મા, મહારથી શૈબ્ય, શકુનિ, સિંધુ દેશનો રાજા જયદ્રથ તથા કાંબોજ દેશનો રાજા સુદક્ષિણ, એ સર્વ ભીષ્મ તથા તમારા પુત્રો સહિત સૈન્યોની આગળ વ્યૂહના મુખ ઉપર ઉભા રહ્યા. દ્રોણ, ભૂરિશ્રવા, શલ્ય તથા ભગદત્ત, કવચ પહેરેલા એટલા વ્યૂહના દક્ષિણ પક્ષનો આશ્રય કરી ઉભા રહ્યા. અશ્વત્થામા, સોમદત્ત, મહારથી અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ મોટી સેનાયુક્ત એટલા, વ્યૂહના વામ પક્ષનું પાલન કરવા ઉભા. હે ભારત ! હે મહારાજ ! ત્રિગર્તે કરી ચોતરફથી વિંટાયલો દુર્યોધન, પાંડવ સામે વ્યૂહના મધ્ય ભાગમાં ઉભો રહ્યો હતો. રથીમાં શ્રેષ્ઠ અલંબુષ તથા મહારથી શ્રુતાયુષ, કવચ પહેરેલા તે બેઉ વીર સર્વ સૈન્ય વ્યૂહના પૃષ્ટ ભાગમાં રહ્યા હતા. હે ભારત ! કવચ પહેરેલા તમારી તરફના, એ રીતે વ્યૂહ રચના કરી પ્રદીપ્ત અગ્નિ જેવા દેખાતા હતા. તમારી તરફના વ્યૂહને જોઇ યુધિષ્ઠિરે પણ પોતાના સૈન્યનો વ્યૂહ રચ્યો. યુધિષ્ઠિર રાજા, પાંડુપુત્ર ભીમસેન, માદ્રીપુત્ર નકુળ તથા સહદેવ, કવચ પહેરેલા એટલા સર્વ સૈન વ્યૂહના અગ્રભાગમાં રહ્યા. ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, મહારથી સાત્યકિ, વિપક્ષ સૈન્યને નાશ કરનાર મોટા સૈન્ય સહિત એટલા તે વ્યૂહના અગ્રભાગમાં ઉભા રહ્યા હતા. મોટા ધનુષવાળો અભિમન્યુ, મહા બળવાન દ્રુપદરાજા, મોટા ધનુષવાળો યુયુધાન, પરાક્રમી

યુધામન્યુ તથા પાંચ ભાઇયો કેકય, કવચ પહેરી યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. એ રીતે સંગ્રામમાં શૂરવીર પાંડવો પણ, કોઇથી દુઃખે કરી જીતાય નહીં એવો સામો વ્યૂહ રચી યુદ્ધ કરવા ઉભા રહ્યા. હે નૃપ! સંગ્રામમાં સાવધાન તમારી તરફના રાજાઓ સેના સહિત ભીષ્મને આગળ કરી, સંગ્રામમાં પાંડવ સામે આવવા લાગ્યા, તેમજ જયને ઇચ્છતા પાંડવો પણ ભીમસેનને આગળ કરી ભયંકર સિંહનાદ તથા કિલકિલ શબ્દ સાથે શંખ, ક્રકચ, ગાયનાં શિંગડાં, ભેરી, મૃદંગ, પણવ તથા પુષ્કર નામના યુદ્ધવાદ્ય વગાડતા ભીષ્મ સાથે યુદ્ધ કરવા રણભૂમિ પર આવ્યા. ભેરી, મૃદંસ, શંખ તથા દુંદુભિના શબ્દ સાથે ઉત્કૃષ્ટ સિંહ નાદ કરતા અમે પણ નાના પ્રકારની ગતિથી જલદી તેમની સામે ગયા. ત્યાર પછી મોટું યુદ્ધ પ્રવર્ત્તમાન થયું, જેમાં પરસ્પર દોડતા યોદ્ધાઓ અત્યંત પ્રહાર કરવા લાગ્યા. મોટા શબ્દ સાથે પૃથ્વી ચલાયમાન થઈ, ને પક્ષિયો ભયંકર શબ્દ કરતાં ચોતરફ ફરવા લાગ્યાં. કાંતિ સહિત ઉદય થયેલો સૂર્ય કાંતિ રહિત થઇ ગયો, અત્યંત મોટા ભયને સૂચવતા ભયંકર વાયુ વાવા લાગ્યા. હે મહારાજ! નજીક આવેલા મોટા ક્ષયને સૂચવતી ભયંકર શબ્દવાળાં શિયાળવાંના શબ્દ થવા લાગ્યા. બળતી દિશાઓમાંથી રજનો વરસાદ થવા માંડયો. રૂધિરયુક્ત અસ્થિનો વર્ષાદ થયો. રૂધન કરતાં વાહનોનાં નેત્રમાંથી અશ્રુજળ પડવા માંડયાં. ઉંડો વિચાર કરતાં હોય તેની પેઠે ધ્યાન કરતાં તે, વારંવાર વિષ્ટા તથા મૂત્ર કરતાં હતાં. હે ભરતર્ષભ! આધાર વગરના મોટા શબ્દ સંભળાતા હતા. પુરૂષને ખાનાર રાક્ષસો ભયંકર શબ્દ કરતા હતા. શિયાળવાં તથા બળવાન કાગડા ચોતરફ ફરતા દેખાતા હતા. હે મારિષ! વિવિધ પ્રકારના શબ્દ કરતા શ્વાન, ચોતરફ દોડતા હતા. અત્યંત ભયને સૂચવતાં પ્રજ્વલિત મોટાં ઉંબાડીયાં સૂર્યને હણી તત્કાળ પૃથ્વી ઉપર પડતાં હતાં. મોટા સંગ્રામમાં પાંડવ તથા દુર્યોધનનાં સૈન્યો, વાયુએ કરીને વૃક્ષ કંપે તેમ, શંખ તથા મૃદંગના શબ્દે કરીને કંપતાં હતાં. રાજા હસ્તિ તથા અશ્વે કરી અત્યંત આકુળ અમંગળ મુહૂર્ત્તમાં આવેલી સેનાઓનો વાયુથી ક્ષોભ પામેલા સમુદ્રના જેવો ભયંકર શબ્દ થતો હતો.

नागेंद्रनागाश्वसमाकुलानामभ्यायतीनामशिवे मुहूर्ते ।
बभूव घोषस्तुमुलश्चमूनां वातोद्धतानामिव सागराणाम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि परस्परव्यूहरचनाया मुत्पातदर्शने गुर्जरभाषायामूनशततमोऽध्यायः ॥ ९९ ॥

અધ્યાય ૧૦૦ મો. અભિમન્યુ અને અલંબુષ.

संजय उवाच–अभिमन्युरथोदारः पिशंगैस्तुरगोत्तमैः ।
अभिदुद्रावतेजस्वी दुर्योधनबलं महत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! રથીમાં શ્રેષ્ઠ તેજસ્વી અભિમન્યુ, પીંગળ ઉત્તમ ઘોડા જોડેલા રથે કરી, મેઘ જેમ જળ ધારાને મૂકે તેમ બાણનો વરસાદ મૂકતાં દુર્યોધનના મોટા સૈન્ય સામે દોડયો. હે કુરૂનંદન! સંગ્રામમાં શસ્ત્રના ઓઘ નાખતા તમારી સેનારૂપ અક્ષય સાગરને વહન કરતા ક્રોધે ભરાયેલા શત્રુને નાશ કરનાર સુભદ્રાપુત્ર અભિમન્યુને, તમારી

તરફના વારવા પણ સમર્થ થયા નહિ. હે રાજન્ ! તેણે મૂકેલા શત્રુને નાશ કરનાર બાણોએ કરી શૂરવીર ક્ષત્રિયો યમલોક પ્રત્યે જવા લાગ્યા. વળી ક્રોધે ભરાયેલા તેણે યમદંડ જેવા ભયંકર પ્રજ્વળિત સર્પ જેવા બાણે, રથ સહિત રથિયોને, ઘોડેસ્વાર સહિત ઘોડાઓને તથા હસ્તિ ઉપર બેસનાર સહિત હસ્તિયોને વિદારણ કરવા માંડયા. એ રીતે સંગ્રામમાં મોટું કર્મ કરતા તેના પરાક્રમથી પ્રસન્ન થયેલા રાજાઓ તેનાં ખૂબ વખાણ કરવા લાગ્યા. તે વખતે સુભદ્રા પુત્ર વાયુ જેમ રૂના ઢગલાને આકાશમાં ચોતરફ ઉડાડે તેમ તમારા સૈન્યને ચોતરફ નસાડવા લાગ્યો. હે રાજન ! હે નરોત્તમ ! એ રીતે તમારાં સર્વ સૈન્યને નસાડી, ધૂમ રહિત અગ્નિ સરખો તેજસ્વી તે, સંગ્રામમાં ઉભો રહ્યો. હે રાજન્ ! તે સમયે શત્રુનો નાશ કરતા તેને પ્રદીપ્ત અગ્નિને, કાળે પ્રેરેલા પતંગ નામના જંતુ જેમ સહન કરી શકે નહિ તેમ તમારી તરફના, સહન કરી શકતા ન હતા. સર્વ શત્રુને પ્રહાર કરતો પાંડવોમાં મહારથી મોટા ધનુષવાળો તે, વજ્ર સહિત ઇંદ્ર સરખો દેખાતો હતો. હે રાજન ! દિશાઓમાં વિચરતા તેનું સુવર્ણના પૃષ્ટભાગવાળું ધનુષ, મેઘોને વિષે વિજળી શોભે તેમ શોભતું હતું. હે રાજન્ ! પ્રફુલ્લિત વૃક્ષવાળા વનમાંથી જેમ ભ્રમરના સમુદાયો નીકળે તેમ, તેના હાથમાંથી પાયેલા તીક્ષ્ણ બાણ સંગ્રામમાં નીકળતા હતા. એવી રીતે સુવર્ણના રથે કરી વિચરતા મહાત્મા સુભદ્રા પુત્રનું કંઇ પણ છીદ્ર મનુષ્યો જોતાં ન હતાં. મોટા ધનુષવાળો તે, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, બૃહદ્બલ સહિત અશ્વત્થામા તથા સિંધુ દેશના રાજાને પણ મોહ પમાડી સંગ્રામમાં ફરતો હતો. હે ભારત ! તમારા સૈન્યને બાળતાં તેનું ધનુષ, સૂર્યમંડળ સમ મંડળાકાર અમે દેખતા હતા. શત્રુને તપાવતા વેગવાન તેને જોઇ, શૂરવીર ક્ષત્રિયો, તેના કર્મે કરી આ લોકને બે અર્જુનવાળો માનતા હતા. હે મહારાજ ! તેણે પીડેલી તમારી તરફની મોટી સેના, મદવશ થયેલી સ્ત્રીની પેઠે તે તે ઠેકાણે ભમતી હતી. એ રીતે તમારા મોટા સૈન્યને નસાડી મહારથિયોને કંપાવી મયને જીતી ઇંદ્રે જેમ પોતાના સ્નેહી વર્ગને પ્રસન્ન કર્યા હતા, તેમ તેણે પણ પોતાના સ્નેહી વર્ગને પ્રસન્ન કર્યા. સંગ્રામમાં તેણે નસાડેલાં તમારાં સૈન્ય, મેઘ જેવો ભયંકર પીડિત સ્વર કરવા લાગ્યાં. પર્વ વિષે વાયુએ વધારેલો છે વેગ જેનો એવા સમુદ્ર જેવા તમારા સૈન્યનો ભયંકર શબ્દ સાંભળી દુર્યોધને, અલંબુષ નામના રાક્ષસને કહ્યું કે, હે મહાબાહો ! આ અર્જુનનો પુત્ર અભિમન્યુ બીજા અર્જુનની પેઠે ક્રોધથી, વૃત્રાસુર દેવસેનાને નસાડે તેમ મારી સેનાને નસાડે છે, માટે સર્વ વિદ્યામાં પારંગત રાક્ષસમાં શ્રેષ્ઠ એવા તું વિના બીજાને તેનું મોટું ઔષધ હું સંગ્રામમાં જોતો નથી, માટે તું તરત જઈ શૂરવીર સુભદ્રાપુત્રને સંગ્રામમાં માર. ભીષ્મ તથા દ્રોણ છે મુખ્ય જેમાં એવા અમે અર્જુનને મારીશું. દુર્યોધનનાં એવાં વચન સાંભળી પ્રતાપવાન તથા બળવાન શ્રેષ્ઠ રાક્ષસ, વર્ષા ઋતુમાં મેઘ જેમ શબ્દ કરે, તેમ મોટા શબ્દ કરતો તરત સંગ્રામમાં ચાલ્યો. હે રાજન ! તેના મોટા શબ્દે કરી પાંડવોનું સૈન્ય, વાયુએ પ્રેરેલા સમુદ્રની પેઠે ચોતરફથી ચલાયમાન થયું. હે મહારાજ ! તેના શબ્દે કરી બીનેલા ઘણાક તો, પ્રાણનો ત્યાગ કરી પૃથ્વી ઉપર પડી ગયા. હર્ષયુક્ત અભિમન્યુ બાણ સહિત ધનુષ ગ્રહણ કરી રથને વિષે નાચતો હોય નહીં તેમ તે રાક્ષસની સામે દોડયો, એટલામાં ક્રોધે ભરાયેલો રાક્ષસ પણ સંગ્રામમાં અર્જુનપુત્રની સામે જઇ નજીક ઉભેલી તેની સેનાને નસાડવા લાગ્યો. પોતે મારવા માંડેલી પાંડવની મોટી સેના સામે, દેવસેના સામે જેમ બળ નામનો દૈત્ય દોડે તેમ તે દોડયો. એ રીતે, ભયંકર રૂપવાળા

રાક્ષસે મારવા માંડેલા સૈન્યનો અત્યંત વિમર્દ થયો. વળી તે રાક્ષસ હજારો બાણે કરી પાંડવોની મોટી સેનાને પોતાનું પરાક્રમ દેખાડતાં નસાડવા લાગ્યો. ભયંકર રૂપવાળા રાક્ષસે મારવા માંડેલી પાંડવની સેના ભયથી નાસવા માંડી. એ રીતે સંગ્રામમાં હસ્તિ જેમ કમલિનીનું મર્દન કરે, તેમ પાંડવની સેનાને મર્દન કરી મહા બળવાન દ્રૌપદીના પાંચ પુત્ર સામે દોડયો. ક્રોધે ભરાયેલા મોટા ધનુષવાળા પ્રહાર કરનાર તે પણ, પાંચ ગ્રહ સૂર્ય સામે દોડે તેમ તે રાક્ષસ સામે દોડયા. જેમ ભયંકર યુગક્ષયને વિષે પાંચ ગ્રહો, ચંદ્રમાને પીડે તેમ પરાક્રમી તે પાંચે ઉત્તમ રાક્ષસને પીડિત કર્યો. મહા બળવાન પ્રતિવિંધ્યે તો ત્વરાથી ચાલનાર અખંડિત છે અગ્રભાગ જેના એવા તીક્ષ્ણ લોહમય બાણે કરી તે રાક્ષસને ભેદ્યો. ભેદાયલા કવચવાળો તે રાક્ષસ, સૂર્યના કિરણો સાથે મળેલો મોટો મેઘ શોભે તેમ શોભતો હતો. સુવર્ણથી શોભતા પોતાના શરીર વિષે રહેલા બાણે કરી તે રાક્ષસ, પ્રદીપ્ત શિખરવાળો પર્વત શોભે તેમ શોભવા લાગ્યો. પાંચ ભાઈયોએ, સુવર્ણથી શોભતા તીક્ષ્ણ બાણોએ કરી તે રાક્ષસને વિંધ્યો. કોપેલા સર્પ જેવા ભયંકર બાણે કરી અત્યંત ભેદાએલો તે અલંબુષ રાક્ષસ, નાગેંદ્રની પેઠે ક્રોધ પામ્યો. હે મારિષ ! તે મહારથીઓએ અત્યંત વિંધેલો અને પીડાયલો તે, બે ઘડી સુધી મૂર્ચ્છિત થઈ ગયો. પછી સંજ્ઞા પામી દ્વિગુણિત ક્રોધવાળા તેણે, તેમનાં બાણ, ધ્વજાઓ તથા ધનુષો કાપી નાંખ્યાં. રથ ઉપર નાચતો હોય નહીં તેમ મહારથી અલંબુષે, હસીને એક એકને પાંચ પાંચ બાણે કરી વિંધ્યા. વળી અત્યંત ક્રોધે ભરાયેલા મહા બળવાન રાક્ષસે, તે મહાત્માઓના ઘોડા તથા સારથીઓને મારી, અત્યંત તીક્ષ્ણ નાના પ્રકારના હજારો બાણે કરી તેમને પણ ભેદ્યા. એ રીતે મોટા ધનુષવાળા તેમને વિરથ કરી વેગે કરી તેમને મારવા સારૂ તેમની સામે દોડયો. દુરાત્મા રાક્ષસે પીડા પમાડેલા તેમને જોઈ, અર્જુન પુત્ર, તેની સામે દોડયો. તે વખતે તે બેઉનું વૃત્રાસુર તથા ઇંદ્રના જેવું મોટું યુદ્ધ થયું. તમારી તરફના તથા પાંડવ તરફના સર્વ મહારથિઓ તે જોતા હતા. ક્રોધથી પ્રદીપ્ત તથા અત્યંત લાલ નેત્રવાળા એક બીજા સામે આવેલા મહા બળવાન પ્રલય સમયના અગ્નિ જેવા તે બેઉ, યુદ્ધમાં એક બીજા સામે જોતા હતા. પછી તેમનો પૂર્વે દેવાસુર યુદ્ધમાં ઇંદ્ર તથા શંબરાસુરનો જેવો સંગ્રામ થયો હતો તેવો ખરાબ ફળનો જેમાંથી ઉદય છે એવો ભયંકર સંગ્રામ થયો.

परस्परमवेक्षेतां कालानलसमौ युधि ।
तयोः समागमो घोरो बभूव कटुकोदयः ॥
यथा देवासुरे युद्धे शक्रशंबरयोः पुरा ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि अलंबुषाभिमन्यु समागमे गुर्जरभाषायां शततमोऽध्यायः ॥ १०० ॥

અધ્યાય ૧૦૧ મો. અલંબુષ ને અભિમન્યુનું યુદ્ધ (ચાલુ)

धृतराष्ट्र उवाच-आर्जुनिं समरे शूरं विनिघ्नंतं महारथान् ।
अलंबुषः कथं युद्धे प्रत्ययुध्यत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે–હે સંજય ! સંગ્રામમાં મહારથિઓને હણતા શૂરવીર અર્જુન પુત્ર

સાથે અલંબુષ રાક્ષસે કેવી રીતે યુદ્ધ કર્યું. વિપક્ષના શરીરને હણનારા સુભદ્રા પુત્રે તેની સાથે કેવી રીતે યુદ્ધ કર્યું તે મને કહે. સંગ્રામમાં મારા સૈન્ય વિષે અર્જુને, રથિમાં શ્રેષ્ઠ ભીમસેને, રાક્ષસ ઘટોત્કચે, નકુલે, સહદેવે તથા મહારથિ સાત્યકિએ શું કર્યું? હે સંજય! તું કુશળ છે વાસ્તે એ બધું ખરેખરૂં મને કહે? સંજય કહે છે, હે મારીષ! શ્રેષ્ઠ રાક્ષસ તથા સુભદ્રાના પુત્રનો રૂવાં ઉભાં કરનાર જેવી રીતે સંગ્રામ થયો. તેવી રીતે હું તમોને કહું તે સાંભળો. અર્જુન, ભીમસેન, નકુળ તથા સહદેવે પણ જેવી રીતે સંગ્રામમાં પરાક્રમ કર્યું તેવી રીતે કહું તે સાંભળો. તેમજ ભીષ્મ તથા દ્રોણ છે મુખ્ય જેમાં એવા તમારી તરફનાઓએ પણ નિર્ભય થઇ અદ્‌ભુત એવાં વિચિત્ર પ્રકારનાં કર્મ કર્યાં તે સૌ સાંભળો. અલંબુષ નામનો રાક્ષસ શબ્દ કરી અત્યંત મોટા શબ્દવાળા મહારથી અભિમન્યુને વારંવાર તિરસ્કાર કરી, ' અરે ઉભો રહે, ઉભો રહે, ' એમ કહી તેની પાછળ દોડયો. અભિમન્યુ પણ વારંવાર સિંહની પેઠે શબ્દ કરતો, વેગે કરી પોતાના પિતાના અત્યંત વેરી મોટા ધનુષવાળા રાક્ષસ સામે દોડયો. રથીમાં શ્રેષ્ઠ માયાવી, રાક્ષસ ને દિવ્યશસ્ત્ર જાણનાર અર્જુન પુત્ર અભિમન્યુ, દેવ તથા દાનવની પેઠે એક બીજા સામે આવ્યા. તેટલામાં હે મહારાજ! અર્જુન પુત્ર અભિમન્યુએ, તીક્ષ્ણ ત્રણ બાણથી તે રાક્ષસને વિંધી, વળી બીજા પાંચ બાણે કરી ફરી વિંધ્યો. અત્યંત ક્રોધે ભરાયેલા અલંબુષે પણ વેગથી નવ બાણે કરી, અંકુશે કરી મોટા હસ્તીને વિંધે તેમ હૃદયમાં તેને વિંધી બાણ ફેંકનાર તેણે વળી હજાર બાણે કરી અર્જુન પુત્રને સંગ્રામમાં પીડયો. ક્રોધે ભરાયેલા અભિમન્યુએ ગ્રંથી વગરના નવ બાણે કરી મોટા વક્ષસ્થળમાં તેને ભેદ્યો, જેઓ તેના મર્મસ્થાનને ભેદી શરીરમાં પેઠા, તેણે કરી ભેદાએલ સર્વ અંગવાળો તે રાક્ષસ, ઉગ્રડેલા પુલવાળા ખાખરાનાં વૃક્ષોએ કરી વ્યાપ્ત પર્વત શોભે તેમ શોભવા લાગ્યો. વળી સુવર્ણના પૃષ્ટ ભાગવાળા બાણોને શરીરમાં ધારણ કરેલો તે શ્રેષ્ઠ રાક્ષસ જવાળા સહિત પર્વત જેવો શોભતો હતો. હે મહારાજ! પછી અત્યંત ક્રોધે ભરાયેલા તે રાક્ષસે ઇંદ્ર જેવા અર્જુન પુત્રને બાણે કરી ઢાંકી દીધો. તેણે મોકલેલા યમદંડ જેવા તીક્ષ્ણ બાણો અભિમન્યુને ભેદી પૃથ્વીમાં પેઠા. તેમજ અર્જુન પુત્રે મૂકેલા સુવર્ણથી શોભતા બાણો અલંબુષને ભેદી પૃથ્વીમાં પેઠા. વળી સુભદ્રા પુત્રે ગ્રંથી વગરના બાણે કરી ઇંદ્રે જેમ મયદાનવને વિમુખ કર્યો હતો, તેમ તેને વિમુખ કર્યો. સંગ્રામમાં શત્રુએ મારવા માંડેલા વિમુખ થયેલા રાક્ષસે, પારકાને તાપ કરનાર તામસી મહા માયા પ્રકટાવી. હે મહીપતે! જેથી થયેલા અંધકારે કરી વિંટાઇ ગએલા તે સર્વ અભિમન્યુને, પોતાનાઓને તથા પારકાઓને પણ દેખતા ન હતા. અભિમન્યુએ પણ ભયંકર રૂપવાળું મોટું અંધારૂ જોઈ અતિ ઉગ્ર ભાસ્કર નામનું અસ્ત્ર પ્રગટ કર્યું, જેથી સર્વ જગતમાં પ્રકાશ થઈ ગયો. દુરાત્મા રાક્ષસની માયા પણ નાશ પામી. ક્રોધે ભરાયેલા મહા પરાક્રમી તેણે ગ્રંથી વગરના બાણે કરી સંગ્રામમાં રાક્ષસને ઢાંકી દીધો. વળી તે રાક્ષસે ઘણીક રીતની બીજી માયાઓ રચી, તથાપિ અપરિમિત બળવાળા સર્વાસ્ત્ર જાણનાર અર્જુન પુત્રે તે નાશ પમાડી. નાશ પામી છે માયા તેની એવા, અર્જુન પુત્રે બાણથી મારવા માંડેલા તે રાક્ષસે તેજ ઠેકાણે પોતાના રથને મૂકી, મોટા ભયથી નાસવા માંડયું. કપટથી યુદ્ધ કરનાર તે રાક્ષસને જીતી અર્જુન પુત્ર અભિમન્યુ, સંગ્રામમાં મદે કરી અંધ ઉત્તમ હસ્તિ જેમ કમલ સહિત કમલિનીનું મર્દન કરે, તેમ તમારા સૈન્યને મર્દન કરવા લાગ્યો. શંતનુ પુત્ર ભીષ્મે નાસતા

પોતાના સૈન્યને જોઇ મોટા બાણના વરસાદે કરી સુભદ્રા પુત્રને ઢાંકી દીધો. તે સમે મહારથા ઘણાક તમારી તરફનાઓ, એકલા તે શૂરવીરને ચોતરફથી વિંટી દૃઢ બાણે કરી મારવા લાગ્યા. રથિઓમાં શૂરવીર પિતા તુલ્ય પરાક્રમવાળો વાસુદેવ જેવા પરાક્રમ તથા બળ યુક્ત સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ તે સંગ્રામમાં પિતા તથા મામાના જેવાં અનેક તરેહનાં કર્મ કરતો હતો. ક્રોધી શૂરવીર અર્જુન, તમારા સૈનિકોને મારતાં સંગ્રામમાં પુત્રના રક્ષણ વાસ્તે ભીષ્મ સામે આવી ઉભો રહ્યો. તેમજ હે રાજન ! તમારા પિતા ભીષ્મ પણ રાહુ જેમ સૂર્યની સામે આવે તેમ અર્જુન સામે આવી ઉભા રહ્યા. એટલામાં રથ, હસ્તિ તથા અશ્વ સંહિત તમારા પુત્રો, ચોતરફથી ભીષ્મને વિંટી તેમનું રક્ષણ કરવા લાગ્યા. હે ભરતર્ષભ ! હે રાજન ! તેમજ મોટા સંગ્રામ વસ્તે તૈયાર થએલા કવચ પહેરેલા પાંડવો પણ અર્જુનને વિંટી તેનું રક્ષણ કરવા લાગ્યા. તે સમે શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે, ભીષ્મની સામે ઉભેલા અર્જુન ઉપર પચ્ચીસ બાણ નાંખ્યાં. તે સમે સામે જઇ પાંડવના પ્રિય વાસ્તે સાત્યકિએ તીક્ષ્ણ બાણે કરી સિંહ જેમ હસ્તિને વિંધે તેમ તેને વિંધ્યો. અત્યંત ક્રોધે ભરાયેલા ગૌતમે પણ મધુકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિને ઉતાવળથી ગૃધ્રના પીછ બાંધેલા નવ બાણે કરી હૃદયમાં વિંધ્યો. શિનિકુળમાં ઉત્પન્ન થએલા વેગવાન સાત્યકીએ પણ ધનુષ ખેંચી, ગૌતમનો નાશ કરે એવો બાણ નાંખ્યો. ઇંદ્રના વજ્ર જેવી કાંતિવાળા આવતા તેના વેગે કરી અત્યંત કોપવાળા અશ્વત્થામાએ તેના બે કડકા કરી દીધા. શિનિકુળમાં ઉત્પન્ન થયેલો રથિમાં શ્રેષ્ઠ સાત્યકિ પણ ગૌતમને મૂકી, આકાશમાં રાહુ જેમ ચંદ્ર સામે દોડે, તેમ સંગ્રામમાં અશ્વત્થામા સામે દોડયો. હે ભારત ! દ્રોણપુત્ર અશ્વત્થામાએ તેના ધનુષના બે કડકા કરી તેની ઉપર ઘણાં બાણ નાંખ્યાં. સાત્યકિએ પણ શત્રુને હણનાર, ભાર સહન કરનાર, બીજું ધનુષ ગ્રહણ કરી સાઠ બાણે કરી અશ્વત્થામાને છાતીમાં વિંધ્યો, એ રીતે વિંધવાથી વ્યથા પામેલો તે, બે ઘડી મૂર્છિત થઇ ધ્વજના ડાંડાનો આશ્રય કરી રથમાં બેસી ગયો. પછી સંજ્ઞા પામી ક્રોધથી પ્રતાપવાન દ્રોણ પુત્રે સંગ્રામમાં વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થએલા સાત્યકિ ઉપર નારાચ નામનો બાણ નાંખ્યો, જે, શિનિકુળમાં ઉત્પન્ન થયેલા તેને ભેદી, વસંત સમયે બળવાન સર્પનું બચ્ચું જેમ રાફડામાં પેસે તેમ પૃથ્વી તળમાં પેઠો. વળી બીજા ભલ્લ નામના બાણે કરી મધુકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિનો ઉત્તમ ધ્વજ કાપી, અશ્વત્થામાએ મોટો સિંહ નાદ કર્યો. વળી તેણે ભયંકર બાણે કરી, વર્ષાઋતુમાં મેઘ જેમ સૂર્યને ઢાંકે તેમ બાણે કરી એને ઢાંકી દીધો. હે મહારાજ ! સાત્યકિએ પણ તેના બાણ સમુદાયને હણી, ઘણાક બાણ અશ્વત્થામા ઉપર નાંખ્યા. એ રીતે સામા શૂરવીરને હણનાર શિનિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિએ, મેઘના સમુદાયે મૂકેલા સૂર્ય જેમ તપે તેમ તેને તપાવ્યા. વળી મહા બળવાન સાત્યકિએ, હજાર બાણથા તેને ઢાંકી સિંહ નાદ કર્યો. રાહુ જેમ ચંદ્રને ગળે તેમ તેણે ગળેલા તે પુત્રને જોઇ પ્રતાપવાન દ્રોણાચાર્યે સાત્યકિ સામે દોડી, તેણે પીડેલા પુત્રના રક્ષણ વાસ્તે મહા સંગ્રામમાં અત્યંત તીક્ષ્ણ બાણે કરી તેને વિંધ્યો. સાત્યકિએ પણ સંગ્રામમાં મહારથી ગુરૂપુત્રને મૂકી લોહમય વીશ બાણે કરી દ્રોણને વિંધ્યા. એટલામાં અપરિમિત બળવાળો શત્રુને તપાવનાર મહારથી કુંતિપુત્ર અર્જુન, ક્રોધથી દ્રોણાચાર્ય સામે દોડયો. હે મહારાજ ! ત્યાર પછી મહા સંગ્રામમાં, જેમ આકાશમાં બુધ તથા શુક્ર નામના ગ્રહ એક બીજા સામે આવે તેમ દ્રોણ તથા અર્જુન એક બીજાની સામે આવ્યા.

ततो द्रोणश्च पार्थश्च समेयातां महामृधे ।
यथा बुधश्च शुक्रश्च महाराज नभस्तले ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि अलंबुषाभिमन्युयुद्धे गुर्जरभाषाया मेकाधिकशततमोऽध्यायः ॥ १०१ ॥

અધ્યાય ૧૦૨ જો. ભીમનું ભયંકર પરાક્રમ.

धृतराष्ट्र उवाच—कथं द्रोणो महेष्वासः पांडवश्च धनंजयः ।
समीयतूरणेयत्तौ तावुभौ पुरुषर्षभौ ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! પુરૂષમાં શ્રેષ્ઠ સાવધાન મોટા ધનુષવાળા દ્રોણ તથા પાંડુપુત્ર અર્જુન એ બેઉ પરસ્પર એક બીજા સામે સંગ્રામમાં કેમ આવ્યા. કારણ બુદ્ધિમાન દ્રોણાચાર્યને પાંડુપુત્ર અર્જુન નિરંતર પ્રિય છે, તેમજ તેને પણ તે ગુરૂ નિરંતર પ્રિય છે, તોપણ સિંહ જેવા પરાક્રમી રથમાં બેઠેલા તે બેઉ પ્રસન્નતાથી સાવધાન થઇ એક બીજાની સામે કેમ આવ્યા ? સંજય કહે છે હે ધૃતરાષ્ટ્ર ! સંગ્રામમાં દ્રોણાચાર્ય અર્જુનને 'આ મારો પ્રિય છે' એમ માનતા ન હતા. તેમજ અર્જુન પણ ક્ષાત્ર ધર્મને અનુસરી સંગ્રામમાં ગુરૂને તેમ માનતો ન હતો. હે રાજન્ ! ક્ષત્રિયો સંગ્રામમાં સામે આવેલા એક બીજાને છોડે નહીં ને મર્યાદ મૂકી ભાઇઓ તથા પિતા સાથે પણ સંગ્રામમાં યુદ્ધ કરે, એવો ક્ષાત્ર ધર્મ છે. હે ભારત ! સંગ્રામમાં અર્જુને ત્રણ બાણે કરી દ્રોણાચાર્યને વિંધ્યા તથાપિ તેમના ધનુષમાંથી નીકળી આવેલા તે બાણને તેણે ગણકાર્યા પણ નહિ. વળી અર્જુને સંગ્રામમાં બાણના વરસાદથી તેમને ઢાંકી દીધા. હે રાજેંદ્ર ! તેથી વનમાં વૃદ્ધિ પામેલા અગ્નિની પેઠે ક્રોધે કરી પ્રજ્વલિત થયેલા દ્રોણાચાર્યે ગ્રંથી વગરના બાણે કરી તરત અર્જુનને ઢાંકી દીધો. એટલામાં દુર્યોધન રાજાએ સુશર્માને સંગ્રામમાં દ્રોણની પાછળથી રક્ષા કરવા વાસ્તે મોકલ્યો. ક્રોધે ભરાયેલા ત્રિગર્ત્તના રાજાએ પણ અત્યંત ધનુષ ખેંચી, લોહના મુખવાળા બાણે કરી, અર્જુનને સંગ્રામમાં ઢાંકી દીધો. હે મહારાજ ! હે રાજન્ ! તે બેઉએ મૂકેલા બાણ, અંતરિક્ષમાં શરદ ઋતુમાં આકાશમાં હંસો શોભે તેમ શોભતા હતા. હે પ્રભો ! તે બાણો કુંતિપુત્ર અર્જુનને પામી, ફળના ભારથી નમેલા, સ્વાદિષ્ટ વૃક્ષમાં જેમ પક્ષિઓ પેસે તેમ, તેના શરીરમાં પેઠા. રથિમાં શ્રેષ્ઠ અર્જુને સંગ્રામમાં શબ્દ કરી પુત્ર સહિત ત્રિગર્ત રાજાને બાણે કરી વિંધ્યો. યુગક્ષયને વિષે કાળ જેમ મારે તેમ અર્જુને મારવા માંડેલા મરણને વિષે નિશ્ચય કરેલા તેમણે અર્જુનની સામે જઇ, તેના રથ ઉપર બાણનો વર્ષાદ વરસાવ્યો. આવતી બાણવૃષ્ટિની, સામે બાણનો વરસાદ કરી, જળવૃષ્ટિને પર્વત જેમ વારી રાખે તેમ તેણે વારી રાખી. તે વખતે અર્જુનની આશ્ચર્યરૂપ લાઘવી અમે જોઇ. જે ઘણાક યોદ્ધાઓએ નાંખેલી, દુઃખે કરી સહન ન થાય એવી શસ્ત્ર વૃષ્ટિને વાયુ જેમ મેઘ ગણને વારી રાખે તેમ પોતે એકલે વારી રાખી. અર્જુનના કર્મને જોઇ દેવ તથા દાનવ સર્વ પ્રસન્ન થયા. વળી સંગ્રામમાં અર્જુને ત્રિગર્ત્તના યોદ્ધાઓ પ્રત્યે વાયવ્યા મૂક્યું, જેમાંથી એવો વાયુ પ્રગટ થયો કે વૃક્ષના ગણોને પાડતાં, સૈનિકોને નાશ કરતો નભસ્તળને ક્ષોભ પમા-

ડવા લાગ્યો. અત્યંત દારૂણ વાયવ્યાસ્ત્રને જોઇ દ્રોણાચાર્યે બીજું મહા ભયંકર શૈલાસ્ત્ર મૂક્યું. જે મૂકવાથી, વાયુ શાંત થયો ને દશે દિશાઓ પ્રસન્ન થઇ. વળી પાંડુપુત્ર શૂરવીર અર્જુને ત્રિગર્તના રથિઓના સમુદાયને ઉત્સાહ વગરના વિમુખ તથા પરાક્રમ રહિત કર્યા, તેટલામાં દુર્યોધન, રથિમાં શ્રેષ્ઠ કૃપાચાર્ય, અશ્વત્થામા, શલ્ય, કાંબોજ દેશનો રાજા સુદક્ષિણ, અવંતિના વિંદ અનુવિંદ તથા બાહ્લિકોએ સહિત બાહ્લિક એટલાએ મોટા રથના સમુદાયે કરી, અર્જુનની દિશાઓ વારી રાખી. તેમજ ભગદત્ત તથા મહા બળવાન શ્રુતાયુષે હસ્તિના સૈન્યે કરી ભીમસેનની દિશાઓ વારી રાખી. ભૂરિશ્રવા, શલ્ય તથા સુબલ પુત્ર શકુનિએ તીક્ષ્ણ નિર્મળ બાણના ઓઘથી નકુળ તથા સહદેવને વારી રાખ્યા. સૈનિકો તથા ધૃતરાષ્ટ્રના પુત્રો સહિત સંગ્રામમાં બળવાન ભીષ્મે, યુધિષ્ઠિર પાસે જઇ, ચોતરફથી તેમને વારી રાખ્યા. આવતા હસ્તિસૈન્યને જોઇ વનને વિષે રહેલા સિંહની પેઠે મહા સંગ્રામમાં શૂરવીર, રથીમાં શ્રેષ્ઠ ભીમસેન, ગદા ગ્રહણ કરી એ ગલોફાં ચાટી, રથમાંથી તરત નીચે ઉતરી તમારા સૈન્યોને બીવરાવવા લાગ્યો. ગદાયુક્ત તેને જોઇ, હસ્તિ ઉપર બેઠેલા સાવધાન માવતોએ ચોતરફથી સંગ્રામમાં ભીમસેનને ઘેરી લીધો. તે સમે મોટા મેઘ સમુદાયના મધ્યમાં રહેલો સૂર્ય શોભે તેમ હસ્તિના મધ્યમાં રહેલો પાંડુપુત્ર શોભતો હતો. પાંડવમાં શ્રેષ્ઠ તે, ગદાએ કરી હસ્તિ સૈન્યને, મોટા મેઘ સમુદાયને વાયુ હણે તેમ હણવા લાગ્યો. બળવાન તેણે મારવા માંડેલા હસ્તિઓએ દાંતે કરીને અનેક તરફથી વિદારણ કરેલો તે, પ્રફુલ્લિત અશોક વૃક્ષની પેઠે, રણમસ્તક વિષે શોભતો હતો. વળી જે હાથીનો દાંત ઝાલી તેને ખેંચી તેથીજ તેને કુંભસ્થળમાં મારી સંગ્રામમાં, હાથમાં દંડ ગ્રહણ કરેલા કાળની પેઠે તેને મારતો હતો. રૂધિરયુક્ત ગદા ધારણ કરેલો મેદ તથા મજ્જાથી શોભતો, રૂધિરયુક્ત અંગવાળો તે, રૂદ્ર જેવો દેખાતો હતો. એ રીતે તેણે મારવા માંડેલા મરણ પામવાથી શેષ રહેલા મોટા હસ્તિઓ, પોતાના સૈન્યને મર્દન કરતાં દિશાઓમાં દોડતા હતા. ચોતરફ નાસતા મોટા હસ્તિઓએ કરી દુર્યોધનનું સર્વ સૈન્ય વિમુખ થયું.

द्रवद्भिस्तैर्महानागैः समंताद्भरतर्षभ ।
दुर्योधनबलं सर्वं पुनरासीत्पराङ्मुखम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीमपराक्रमे गुर्जरभाषायां द्व्याधिकशततमोऽध्यायः ॥ १०२ ॥

અધ્યાય ૧૦૩ જો. ભીમ સામે સોમકો.

संजय उवाच–मध्यंदिने महाराज संग्रामः समपद्यत ।
लोकक्षयकरो रौद्रो भीष्मस्य सहसोमकैः ॥

સંજય કહે છે–હે મહારાજ! મધ્યાન્હ વખતે ભીષ્મનો સોમક સાથે લોકનો ક્ષય કરનાર ભયંકર સંગ્રામ થયો. જેમાં રથીમાં શ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મ. હજારો તીક્ષ્ણ બાણે કરી પાંડવની સેનાને મારતા હતા. એ રીતે તમારા પિતા ભીષ્મ, કાપેલા ધાન્ય સમુદાયને જેમ બળદના ગણ મર્દન કરે તેમ શત્રુ સૈન્યને મર્દન કરતા હતા. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, વિરાટ તથા દ્રુપદ એટલા ભીષ્મ પાસે જઇ બાણે કરી મહારથી તેમને મારવા લાગ્યા. હે

ભારત ! તેમણે પણ ધૃષ્ટદ્યુમ્ન તથા વિરાટને ત્રણ ત્રણ બાણે વિંધી, દ્રુપદ ઉપર નારાચ નામનો બાણ નાખ્યો. શત્રુને નાશ કરનાર ભીષ્મે વિંધેલા મોટા ધનુષવાળા તે લાતથી કચરેલા સર્પની પેઠે ક્રોધાવિષ્ટ થયા. એટલામાં ભરતોના વૃદ્ધ પિતામહને શિખંડીએ વિંધ્યા તોપણ સંગ્રામમાં હઠનાર નહી એવા ભીષ્મે મનથી 'આ સ્ત્રી છે' એમ ધ્યાન કરી તેની ઉપર પ્રહાર ન કર્યો. ક્રોધે કરી અગ્નિની પેઠે પ્રજ્વલિત થયેલા ધૃષ્ટદ્યુમ્ને ત્રણ બાણે કરી બે બાહુ તથા વક્ષસ્થળમાં તેમને વિંધ્યા. તેમજ દ્રુપદે પચ્ચીશથી, વિરાટે દશથી તથા શિખંડીએ પણ પચ્ચીશ બાણથી વિંધી નાંખ્યા. હે મહારાજ ! અત્યંત વિંધાવાથી રૂધિરના ઓઘે કરી વ્યાપ્ત તે વસંતઋતુમાં પુષ્પયુક્ત લાલ આસોપાલવ શોભે તેમ શોભવા લાગ્યા. હે મારિષ ! ગંગાપુત્રે પણ ત્રણ ત્રણ બાણે કરી તેમને વિંધી, ભલ્લ નામના બાણે કરી દ્રુપદનું ધનુષ કાપી નાંખ્યું. તેણે બીજું ધનુષ ગ્રહણ કરી પાંચ બાણથી ભીષ્મને વિંધી, અત્યંત તીક્ષ્ણ બીજા ત્રણ બાણે કરી મસ્તક વિષે તેમના સારથિને વિંધ્યો. હે મહારાજ ! એટલામાં ભીમસેન, દ્રૌપદીના પાંચ પુત્ર, પાંચ ભાઈ કેકય, સાત્વતકુળમાં ઉત્પન્ન થયેલો સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્ન એટલા મહારથિઓ યુધિષ્ઠિરને આગળ કરી દ્રુપદની રક્ષા વાસ્તે ભીષ્મની સામે દોડ્યા. હે નરાધિપ ! તેમજ સૈન્ય સહિત તમારી તરફના સર્વ, ભીષ્મની રક્ષા વાસ્તે પાંડવ સેના સામે દોડ્યા. તે વખતે તમારા તથા તેમની તરફનાઓના નર, અશ્વ, રથ તથા હસ્તિયેનું યમના દેશને વધારનાર અત્યંત ગાઢું યુદ્ધ પ્રવર્તમાન થયું. જેમાં રથી રથીને, પાયદળ પાયદળને, હસ્તિ ઉપર બેસનાર હાથી ઉપર બેસનારને, અને ઘોડેસ્વાર ઘોડેસ્વારને, ગ્રંથી વગરના વિવિધ પ્રકારના ભયંકર બાણે કરી યમલોકમાં મોકલતા હતા. હણાયા છે સારથિ જેમના, એવા રથી વગરના કેટલાક રથો, દિશાઓમાં ચોતરફ દોડતા જતા હતા. જેઓ ઘણાક મનુષ્ય તથા અશ્વને મર્દન કરતા, ગંધર્વ નગરની પેઠે, વાયુ જેવી ગતિવાળા દેખાતા હતા. તેમજ રથે કરી હીન કવચ પહેરેલા તેજસ્વી કુંડલ તથા શિરપેચ ધારણ કરેલા કંઠાભરણ તથા બાજુબંધ પહેરેલા દેવપુત્ર સરખા શૌર્યમાં ઇંદ્ર જેવા, સમૃદ્ધિમાં કુબેર તથા ન્યાયમાં બુહસ્પતિને અતિક્રમણ કરે એવા સર્વ લોકના ઇશ્વિર શૂરવીર રથિયો, પ્રાકૃત મનુષ્યોની પેઠે ચોતરફ દોડતા હતા. હે નરશ્રેષ્ઠ ! માવત વગરના હસ્તિઓ મોટા શબ્દ કરી પોતાના સૈન્યને મર્દન કરતા ચોતરફ દોડતા હતા. વિખરાતાં જાય છે ઢાલ, વિચિત્ર પ્રકારના ચામર, પતાકાઓ, સુવર્ણના દાંડાવાળાં શ્વેત છત્ર તથા ચામર જે ઉપરથી એવા મેઘ જેવા, શબ્દવાળા દશે દિશાઓમાં દોડતા નવા મેઘ સમાન દેખાતા હતા. તેમજ હે વિશાંપતે ! તમારા તથા તેમના સૈન્યના હસ્તિ વગરના માવતો સંકુલ યુદ્ધમાં દોડતા હતા. નાના દેશમાં ઉત્પન્ન થયેલા સુવર્ણથી શોભતા વાયુ જેવી ગતિવાળા હજારો ઘોડાઓને પણ હું દેખતો હતો. અશ્વ હણાયાથી હાથમાં ખડ્ગ લેઇ ચોતરફ દોડતા તથા દોડાવેલા ઘોડેસ્વારોને અમે દેખતા હતા. મહા સંગ્રામમાં હસ્તિ, દોડતા બીજા હસ્તિ પાછળ દોડી તેને તથા અશ્વોને મર્દન કરી રથોને પણ મર્દન કરતા હતા. કેટલાક રથો, પડેલા અશ્વો પાસે જઈ તેમને મર્દન કરતા બીજા ઘોડાઓ તથા મનુષ્યોને પણ મર્દન કરતા હતા. એ રીતે બહુ પ્રકારે તેઓ પરસ્પર મર્દન કરતા હતા. મહા ભયંકર રીતે વર્તતા તે યુદ્ધમાં રૂધિર તથા આંતરૂપી લહેરવાળી, અસ્થિ સમુદાયરૂપી છે ખરાબો જેમાં, કેશરૂપ શેવાળયુક્ત, રથરૂપી હદ તથા બાણરૂપી ઘુમરીથી શોભતી,

અશ્વરૂપ મત્સ્યવાળી, મસ્તકરૂપી પાષાણુથી સંકીર્ણ, હસ્તિરૂપી છે ગ્રૂડ જેમાં, કવચ તથા પાઘડીરૂપી ફીણ સહિત ધનુષરૂપી વેગ તથા ખડ્ગરૂપ છે કચ્છપ જેમાં, પતાકા તથા ધ્વજરૂપી વૃક્ષવાળી, મનુષ્યરૂપી તીરવાળી. અપહરણ કરનારી, માંસ ખાનાર પક્ષિરૂપી હંસે કરી સંકીર્ણ તથા યમના દેશને વધારનારી નદી પ્રવર્તમાન થઇ, જેને શૂરવીર ઘણાક મહારથી ક્ષત્રિયો, રથ, હસ્તિ તથા ઘોડારૂપી વહાણે કરી તરી ગયા. જે નદી સંગ્રામમાં ભય પામનાર દુઃખિત પુરૂષોને યમ રાજાના પુર પ્રત્યે રહેલી વૈતરણી જેમ પ્રેતોને વહે છે તેમ વહન કરે છે. એ મોટો ક્ષય જોઇ ક્ષત્રિયો આવી રીતે પોકારવા લાગ્યા કે, દુર્યોધનના અપરાધે કરી ક્ષત્રિયો ક્ષય પામે છે માટે ગુણવાન પાંડુપુત્રોનો લોભથી મોહ પામેલા પાપ બુદ્ધિવાળા ધૃતરાષ્ટ્ર રાજાએ દ્વેષ કેમ કર્યો હશે. એ રીતે પાંડવની સ્તુતિયુક્ત અને તમારા પુત્રની નિંદાયુક્ત વાણી સંભળાતી હતી તે સાંભળી સર્વનો અપરાધ કરનાર તમારા પુત્ર દુર્યોધને ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય તથા શલ્યને કહ્યું કે, હે અહંકાર વગરનાઓ ! તમે યુદ્ધ કરો, શું વખત લગાડો છો. ત્યાર પછી કૌરવોને પાંડવો સાથે અક્ષદ્યૂત છે મૂલ જેનું એવું ક્ષય કરનારૂં ભયંકર યુદ્ધ પ્રવર્તમાન થયું. હે રાજન ! હે વૈચિત્રવીર્ય ! પૂર્વે મહાત્મા પુરૂષો તમને વારતા હતા, તો પણ તેમનાં વચન તમે સ્વીકાર્યાં નહીં, તેનું આ અત્યંત દારૂણ ફળ પ્રાપ્ત થયું છે. હે રાજન ! સૈન્ય તથા પાછળ ચાલનાર સહિત પાંડવો તથા કૌરવો પણ પોતાના પ્રાણનું રક્ષણ નહીં કરે, હે પુરૂષમાં સિંહરૂપ ! હે નૃપ ! માટે દૈવની ઈચ્છાથી વા તમારા અન્યાયથી ભયંકર સ્વજનનો ક્ષય થાય છે.

एतस्मात्कारणाद् घोरो वर्त्तते स्वजनक्षयः ।
दैवाद्वापुरुषव्याघ्र तव चापनयान्नृप ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां त्र्यधिकशततमोऽध्यायः ॥ १०३ ॥

અધ્યાય ૧૦૪ થો. વાર્ષ્ણેયોનું યુદ્ધ.

संजय उवाच-अर्जुनस्तान्नरव्याघ्रः सुशर्मानुचरान्नृपान् ।
अनयत्प्रेतराजस्य सदनं सायकैः शितैः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! પુરૂષમાં સિંહરૂપ અર્જુને, સુશર્માના અનુચર રાજાઓને, તીક્ષ્ણ બાણે કરી યમરાજના લોક પ્રત્યે મોકલી દીધા. સુશર્માએ પણ બાણે કરી સંગ્રામમાં અર્જુનને વિંધી, સિત્તેર બાણથી વાસુદેવ ભગવાનને વિંધી, વળી બીજા નવે કરી અર્જુનને વિંધ્યો. મહારથી ઇંદ્રપુત્ર અર્જુને બાણના ઓઘથી તેને વારી રાખી, તેના યોદ્ધાઓને યમપુરીમાં મોકલી દીધા. પ્રલય સમયના કાળની પેઠે તેણે મારવા માંડેલા મહારથિઓ, ભયથી નાસવા લાગ્યા, હે મારિષ ! એ રીતે કેટલાક ઘોડાઓને, કેટલાક રથોને તથા કેટલાક યોદ્ધાઓ હાથિઓને મૂકી દશે દિશાઓમાં ભાગવા લાગ્યા. હે વિશાંપતે ! બીજાઓ તો ઘોડા, હસ્તિ તથા રથોને સાથે લઇ સંગ્રામમાંથી નાઠા. કેટલાક પાયદળો પણ તે મહા સંગ્રામમાં શસ્ત્ર મૂકી અપેક્ષા રહિત થઇ, તે તે ઠેકાણે દોડતા હતા. ત્રિગર્ત દેશના રાજા સુશર્માએ તથા બીજા શ્રેષ્ઠ રાજાઓએ વારંવાર વાર્યા તોપણ તે ઉભા રહ્યા

નહીં. તે સમે નાસ ભાગમાં પડેલાપોતાના સૈન્યને જોઇ તમારો પુત્ર દુર્યોધન, સર્વ સૈન્ય સહિત ભીષ્મને આગળ કરી ત્રિગર્ત રાજાના રક્ષણ વાસ્તે મોટા ઉદ્યોગ સહિત અર્જુન સામે દોડયો. સંગ્રામમાં સર્વ ભાઇઓ સહિત બાણ નાખતો તે, એકલો ઉભો રહ્યો, બાકી સર્વ પુરૂષો ભાગી ગયા. હે રાજન ! કવચ પહેરેલા પાંડવો પણ, સર્વ ઉદ્યોગ સહિત અર્જુનના રક્ષણ વાસ્તે, જ્યાં ભીષ્મ હતા ત્યાં આવી ઉભા રહ્યા. સંગ્રામમાં ગાંડીવ ધનુષ ધારણ કરનાર અર્જુનનું ભયંકર પરાક્રમ તેઓ જાણતા હતા, તો પણ હાહાકારથી થયો છે ઉત્સાહ જેમને એવા તેમણે ચોતરફથી ભીષ્મને વિંટી લીધા. તે વખતે તાડના ચિન્હયુક્ત ધ્વજા વાળા શૂરવીર તેમણે ગ્રંથી વગરના બાણે કરી, પાંડવની સેનાને ઢાંકી દીધી. હે મહારાજ ! ત્યાર પછી એકઠા મળેલા સર્વ કૌરવોએ મધ્યાન્હના સૂર્ય થયા તે વખતે પાંડવ સાથે મોટું યુદ્ધ આરંભ્યું. જેમાં શૂરવીર સાત્યકિ પાંચ બાણથી કૃતવર્માને વિંધી, બીજા હજારો બાણ ફેંકતો સંગ્રામમાં ઉભો રહ્યો. તેમજ દ્રુપદ રાજાએ તીક્ષ્ણ બાણે કરી દ્રોણાચાર્યને વિંધી, બીજા સિત્તેર બાણ તેની ઉપર નાંખી, પાંચે કરી એના સારથિને વિંધ્યો. ભીમસેને તે., પ્રપિતામહ બાહ્લિક રાજાને વિંધી, વનમાં સિંહ જેમ શબ્દ કરે તેમ મોટા શબ્દ કર્યો. ચિત્રસેને, ઘણાક બાણે કરી અર્જુન પુત્ર અભિમન્યુને વિંધ્યો તો પણ શૂરવીર તેણે હજારો બાણ ફેંકતાં સંગ્રામમાં ઉભા રહી, ત્રણ બાણે કરી ચિત્રસેનને અત્યંત વિંધ્યો. એ રીતે સંગ્રામમાં પરસ્પર સામા આવેલા શ્રેષ્ઠ તે બેઉ, આકાશમાં મહા ભયંકર બુધ તથા શનૈશ્ચરની પેઠ શોભતા હતા. વળી બળવાન પારકા શૂરવીરને હણનાર, સુભદ્રા પુત્ર અભિમન્યુએ, નવ બાણે કરી એના ચાર ઘોડા તથા સારથિને મારી શબ્દ કર્યો. હે વિશાંપતે ! મહારથી તે પણ, હણાએલ અશ્વવાળા રથમાંથી નીચે કુદી તરત દુર્મુખના રથમાં ચઢી બેઠો. પરાક્રમી દ્રોણાચાર્યે તો, ગ્રંથી વગરના બાણે કરી દ્રુપદને ભેદી, તેના સારથિને પણ વિંધ્યો. પીડાયેલો દ્રુપદ રાજા, પૂર્વના વેરને યાદ કરી વેગવાન અશ્વે કરી ત્યાંથી નાસી ગયો. ભીમસેને મુહૂર્ત્ત માત્રમાં સર્વ સૈન્ય જોતાં બાહ્લિક રાજાને, અશ્વ, સારથિ તથા રથ વગરનો કર્યો. સંભ્રમ સહિત પરમ સંશયને પ્રાપ્ત થયેલો પુરૂષમાં ઉત્તમ બાહ્લિક, રથમાંથી નીચે કુદી તરત લક્ષ્મણના રથમાં ચઢી બેઠો, સત્યકિ તો મહા સંગ્રામમાં, કૃતવર્માને ઘણાક બાણે કરી વારી રાખી, ભીષ્મ પાસે જઇ પીછ બાંધેલા તીક્ષ્ણ સાઠ બાણે કરી તેને વિંધી, મોટા ધનુષને હલાવતાં નૃત્ય કરતો હોય તેની પેઠે રથમાં શોભતો હતો. ભીષ્મે પણ, તેની ઉપર સુવર્ણનાં ચિત્ર તથા મોટા વેગવાળી, નાગ કન્યા જેવી સુંદર લોહમય મોટી શક્તિ નાંખી મૃત્યુ સરખી દુઃખે કરી જીતાય નહીં એવી આવતી તેને મોટા યશવાળા વૃષ્ણિ કુળમાં ઉત્પન્ન થયેલા સાત્વકિએ છેતરી, તેથી પરમ દારૂણ તે શક્તિ તેને વાગ્યા વગર મોટી કાંતિવાળા ઉંબાડિયાની પેઠે, પૃથ્વી ઉપર પડી. વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિએ તો, સુવર્ણ જેવી કાંતિવાળી પોતાની શક્તિને ગ્રહણ કરી વેગથી તે ભીષ્મના રથ ઉપર નાખી. એ રીતે વેગથી નાખેલી તે, વેગે કરી પ્રલય સમયની રાત્રિ જેમ મનુષ્ય ઉપર જાય તેમ ભીષ્મ સામે ગઇ. આવતી તેને જોઇ તત્કાળ, ભીષ્મે અત્યંત તીક્ષ્ણ ક્ષુરપ્ર નામના બે બાણે કરી તેને કાપી નાખી, તેથી તે પૃથ્વી ઉપર પડીને નાશ પામી. પછી શત્રુને મારનાર ક્રોધે ભરાયેલા ગંગાપુત્ર ભીષ્મે નવ બાણે કરી તેને વક્ષસ્થળમાં વિંધ્યો, એટલામાં રથ, હસ્તિ તથા અશ્વ સહિત પાંડવોએ સાત્યકિના રક્ષણ વાસ્તે ચોત-

રફથી ભીષ્મને વિંટી લીધા. ત્યાર પછી સંગ્રામમાં જીતવાની ઇચ્છાવાળા કૌરવ તથા પાંડવોનું રૂવાં ઉભાં કરનાર મહા ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

ततः प्रवव्रृते युद्धं तुमुलं रोमहर्षणम् ।
पांडवानां कुरूणां च समरे विजयैषिणाम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि वार्ष्णेययुद्धे गुर्जरभाषायां चतुरधिकशततमोऽध्यायः ॥ १०४ ॥

અધ્યાય ૧૦૫ મો. યુધિષ્ઠિરે વર્તાવેલો ત્રાસ.

संजय उवाच—दृष्ट्वा भीष्मं रणेक्रुद्धं पांडवैरभिसंवृतम् ।
यथा मेघैर्महाराज तपांतेदिविभास्करम् ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ ! વર્ષાઋતુમાં આકાશમાં મેઘે કરી જેમ સૂર્ય વિંટાયો હોય તેમ પાંડવે વિંટાયલા ક્રોધાવિષ્ટ ભીષ્મને જોઇ, દુર્યોધને દુઃશાસનને કહ્યું કે હે ભરતર્ષભ ! હે શૂરવીર ! શત્રુનો નાશ કરનાર, મોટા ધનુષવાળા આ શૂરવીર ભીષ્મને, શૂરવીર પાંડવોએ ચોતરફથી ઢાંકી દીધા, માટે એ મહાત્માનું તું રક્ષણ કર. કારણ કે રક્ષા કરેલા આપણા પિતામહ સંગ્રામમાં પાંડવ સહિત સાવધાન થયેલા પાંચાલોને મારશે, માટે તે કામમાં ભીષ્મનું રક્ષણ કરવું એજ સઉથી મોટું કામ હું માનું છું. મોટા વ્રત તથા ધનુષવાળા એ આપણું પણ રક્ષણ કરશે, માટે સૈન્યથી વિંટાયલો તું, દુષ્કર કર્મ કરનાર પિતામહનું રક્ષણ કર. એવાં તેનાં વચન સાંભળી તમારો પુત્ર દુઃશાસન, સૈન્યથી ભીષ્મને ઘેરી લઇ સંગ્રામમાં ઉભો રહ્યો. તેટલામાં નિર્મળ ભાલાં, તરવાર તથા સાંગ ધારણ કરેલા યુદ્ધમાં કુશલ, શિખેલા ઉત્તમ સ્વારોયુક્ત સુંદર વેષવાળા પતાકા સહિત ગર્વિષ્ટ હજારો અશ્વ સૈન્યે કરી સુબલ પુત્ર શકુનિએ, નકુલ, સહદેવ તથા પાંડુપુત્ર ધર્મરાજા, પુરૂષમાં શ્રેષ્ઠ એ ત્રણને ચોતરફથી ઘેરી લીધા. તે સમે દુર્યોધન રાજાએ પણ દશ હજાર શૂરવીર ઘોડેસ્વાર, પાંડવોને વારી રાખવા વાસ્તે મોકલ્યા. ગુરૂડની પેઠે મોટા વેગવાળા સંગ્રામમાં પેઠેલા તે ઘોડાઓની ખરીથી હણાયલી પૃથ્વી શબ્દ કરતાં કંપવા લાગી. પર્વતમાં બળતાં મોટાં વાંસનાં વનના જેવો અત્યંત મોટો ઘોડાઓની ખરીઓનો શબ્દ સંભળાતો હતો. કુદતા ઘોડાઓથી ઉડતી રજે કરી સૂર્ય ઢંકાઇ ગયો. વેગવાન ઘોડાઓથી પાંડવની સેના પણ, મોટા વેગથી આવતા હંસોએ કરી મોટું તળાવ ક્ષોભ પામે તેમ ક્ષોભ પામી. તેમની હણેણાટીના શબ્દે કરી કંઇ પણ સંભળાતું ન હતું. તે સમે યુધિષ્ઠિર રાજા, માદ્રી પુત્ર નકુળ તથા સહદેવે, વર્ષાઋતુમાં અતિ ભરેલા પૂર્ણિમાને દિવસે વૃદ્ધિ પામેલા મહા સમુદ્રના વેગને જેમ કિનારો વારી રાખે તેમ ઘોડેસ્વારોના વેગને પોતાના વેગથી વારી રાખ્યો. પછી દૃઢ ધનુષવાળા રથમાં બેઠેલા તેમણે, ગ્રંથી વગરના બાણે કરી ઘોડેસ્વારોને તેમનાં મસ્તક કાપતાં મારવા માંડયા. તેમણે મારવા માંડેલા તે, હસ્તિઓએ મારવા માંડેલા મોટા હસ્તિઓ પર્વતની ગુફામાં પડે તેમ પડવા લાગ્યા. દશે દિશાઓમાં વિચરતા ઘોડેસ્વારો પણ, ગ્રંથી વગરના બાણ તથા ભાલાએ કરી શત્રુઓનાં મસ્તકો કાપતા હતા. તરવારથી

હણાયલા કેટલાક ઘોડેસ્વારો, મોટાં વૃક્ષો જેમ ફળોનો ત્યાગ કરે તેમ મસ્તકોનો ત્યાગ કરતા હતા. ઘોડેસ્વાર સહિત મારવા માંડેલા ઘોડાઓ, પડેલા તથા પાડવા માંડેલા ચોતરફ દેખાતા હતા મારવા માંડેલા ભયથી પીડાયલા કેટલાક ઘોડાઓ, સિંહને પામી પોતાના પ્રાણ બચાવવા વાસ્તે જેમ મૃગો નાસે તેમ નાસતા હતા. હે મહારાજ ! એ રીતે તે મહા સંગ્રામમાં પાંડવો શત્રુને જીતી ભેરીના શબ્દ સાથે શંખના શબ્દ કરવા લાગ્યા. તે વખતે દીન થયેલા દુર્યોધન રાજાએ પરાજય પામેલા પોતાના સૈન્યને જોઇ, મદ્ર દેશના અધિપતિ શલ્યને કહ્યું કે, હે મહાબાહો ! હે પ્રભો ! નકુલ તથા સહદેવ સહિત આ પાંડુ રાજાનો મોટો પુત્ર યુધિષ્ઠિર તમો જોતાં આપણી સેનાને નસાડે છે, માટે હે મહાબાહો ! કિનારો જેમ સમુદ્રને વારી રાખે, તેમ તેને વારો કારણ તમે કોઇથી સહન થાય નહીં એવા બળ તથા પરાક્રમવાળા સંભળાઓ છો. એવાં તમારા પુત્રનાં વચન સાંભળી પ્રતાપવાન શલ્ય, રથસમુદાય સહિત જ્યાં રાજા યુધિષ્ટિર હતા ત્યાં ગયો. તેજ વખતે પોતા સામે આવતા શલ્યના અત્યંત મોટા સૈન્યના વેગને વારી રાખી, પાંડુ પુત્ર મહારથી ધર્મરાજાએ તરત દશ બાણે કરી શલ્યને સ્તનના મધ્યભાગમાં વિંધ્યો, અને નકુળ તથા સહદેવે પણ સિત્તેર બાણથી તેને વિંધ્યો. મદ્રદેશના અધિપતિ શલ્યે પણ તે સર્વને ત્રણ ત્રણ બાણથી વિંધી, વળી તીક્ષ્ણ કરેલા સાઠ બાણે કરી યુધિષ્ઠિરને વિંધી, બે બે બાણે કરી નકુળ તથા સહદેવને પણ વિંધ્યા. તેટલામાં મહાબાહુ ભીમસેન, જાણે મૃત્યુના મુખમાં ગયા હોય તેમ શલ્યના રથ પાસે પ્રાપ્ત થયેલા યુધિષ્ટિરને જોઇ શત્રુને મારનાર તેમની પાસે આવી ઉભો રહ્યો. પછી પશ્ચિમ દિશાનો આશ્રય કરી સૂર્ય અસ્ત થવા માંડ્યા ત્યારે ભયંકર દારૂણ યુદ્ધ પ્રવર્તમાન થયું

ततो युद्धं महाघोरं प्रावर्त्तत सुदारुणं ।
अपरांदिशमास्थाय पतमाने दिवाकरे ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वाणि गुर्जरभाषायां पंचाधिकशततमोऽध्यायः ॥ १०५ ॥

અધ્યાય ૧૦૬ ઠ્ઠો. શ્રીકૃષ્ણે અર્જુનને ઉશ્કેર્યો.

संजय उवाच-ततः पिता तव क्रुद्धो निशितैः सायकोत्तमैः ।
आजघानरणे पार्थान्सहसेनान्समंततः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! પછી ક્રોધે ભરાયેલા તમારા પિતા, તીક્ષ્ણ ઉત્તમ બાણે કરી સેના સહિત પાંડવોને ચોતરફથી મારવા લાગ્યા. બારે કરી ભીમને, નવે કરી સાત્યકિને, ત્રણે કરી નકુળને, સાતે કરી સહદેવને, બાર બાણે કરી બે બાહુ તથા વક્ષસ્થળમાં યુધિષ્ઠિરને, ત્યાર પછી ધૃષ્ટદ્યુમ્નને વિંધી મહા બળવાન તેમણે મોટો શબ્દ કર્યો. નકુળે બારથી, સાત્યકિએ ત્રણથી, ધૃષ્ટદ્યુમ્ને સિત્તેરથી, ભીમસેને સાતથી તથા યુધિષ્ઠિરે બાર બાણથી પિતામહને વિંધ્યા. દ્રોણાચાર્યે તો સાત્યકિ તથા ભીમસેનને યમદંડ જેવા તીક્ષ્ણ પાંચ પાંચ બાણે કરી વિંધ્યા. તે બેઉએ પણ ત્રણ ત્રણ બાણે કરી, અંકુશોએ કરી મોટા હસ્તિને વિંધે તેમ તે શ્રેષ્ઠ બ્રાહ્મણને વિંધ્યા. સૌવીર, કિતવ, પ્રાચી દિશાના, પશ્ચિમ દિશાના, ઉત્તર

દિશાના, માલવ, અભિષાહ, શૂરસેન, શિબિ તથા વસાતિઓ, એટલા તીક્ષ્ણ બાણે કરી હણાયા છતાં સંગ્રામમાં ભીષ્મને છુટા મૂકયા નહિ. બીજા કેટલાક વિવિધ પ્રકારનાં આયુધ ધારણ કરેલા, નાના પ્રકારના દેશમાંથી આવેલા રાજાઓ, પાંડવો સામે આવી યુદ્ધમાં ઉભા હતા. હે રાજન ! પાંડવો પણ પિતામહ ભીષ્મને ઘેરી ઉભા. એ રીતે ચોતરફથી રથના ઓઘે કરી વિંટાયલા, પરાજય પામેલા નહીં એવા તે વનમાં વધેલા અગ્નિની પેઠે, પારકાઓને બાળતાં પ્રજવલિત થયા. રથરૂપ છે અરણ્યાગાર જેનું, ધનુષરૂપ જ્વાળાવાળા, ખડ્ગ, શક્તિ તથા ગદારૂપ છે ઇંધન જેમાં, બાણરૂપ તણખાવાળો ભીષ્મરૂપ અગ્નિ, શ્રેષ્ઠ ક્ષત્રિયોને બાળતો હતો. સુવર્ણના પૃષ્ઠ ભાગવાળાં ગૃધ્રનાં પિંછ બાંધેલાં સારી રીતે પાયેલાં કર્ણિક, નાલીક તથા નારાચ નામનાં બાણે કરી તેના સૈન્યને ઢાંકી તીક્ષ્ણ બાણે કરી ધ્વજ તથા રથિયોને પાડી સર્વ શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ મહાબાહુ તેમણે પાંદડા વગરનાં તાલવનોની પેઠે, રથસમુદાય, હસ્તિ તથા અશ્વોને મનુષ્ય વગરના કર્યા. હે ભારત ! વજ્રના શબ્દ સરખો તેમની પ્રત્યંચા તથા મોજાનો શબ્દ સાંભળી સર્વ પ્રાણીઓ કંપવા લાગ્યાં. તેમના નાખેલા કોઇ બાણ પણ ફોગટ જતા ન હતા, તેમ તેમના ધનુષમાંથી નિકળેલા બાણ કવચમાં પણ અડકતા ન હતા. હે રાજન ! હણાયા છે શૂરવીર જેમાંથી, એવા વેગવાન ઘોડા યુક્ત રથોને રણસંગ્રામમાં ચોતરફ દોડતા અમે દેખતા હતા. ચેદિ, કાશી તથા કરૂપ દેશના કુળવાન સંગ્રામમાં શરીર ત્યાગ કરનાર પાછા ન ફરનાર સુવર્ણથી શોભતી ધ્વજાવાળા પ્રખ્યાત ચૌદ હજાર મહારથિઓ અશ્વ, રથ તથા હસ્તિ સહિત સંગ્રામમાં મોઢાં ફાડેલા કાળ જેવા ભીષ્મને પામી, પરલોક વાસ્તે યુદ્ધ કરવા લાગ્યા. જે યુદ્ધમાં કેટલાક ભાગ્યા છે આરા ઉપસ્કર જેમનાં એવા અને કેટલાક ભાગેલા પૈડાંવાળા હજારો રથોને અમે જોતા હતા. છત્રી સહિત ભાગેલા રથ, પાડેલા રથિયો, કપાઇ ગયેલા બાણ, સુંદર કવચ, પટ્ટા, ગદા, ગોફણ, તીક્ષ્ણ બાણ, રથ નીચેનો ભાગ, ભાથાં, ભાગેલાં ચક્ર, બાહુ, ધનુષ, ખડ્ગ, કુંડળ સહિત મસ્તક, હાથ તથા આંગલીના મોજા, પાડેલા ધ્વજ તથા અનેક તરેહથી કપાઇ ગયેલા ધનુષે કરીને રણભૂમિ ઢંકાઇ ગઇ હતી. હે રાજન ! હણાયા છે સ્વાર જેના એવા હસ્તિઓ, ઘોડાઓ, ઘોડેસ્વારો, હજારો હજાર પ્રાણ રહિત થઇ સંગ્રામમાં પડતા હતા. ભીષ્મના બાણેકરી પીડાયલા નાસતા મહારથિઓને શૂરવીર પાંડવો યત્નથી પણ વારવા સમર્થ ન થયા. હે મહારાજ ! ઇંદ્ર જેવા પરાક્રમવાળા ભીષ્મે, મારવા માંડેલી પાંડવની મોટી સેના ભાગી, જેમાં બેજણ પણ સાથે દોડતા ન હતા. વિંધાયા છે રથ, હસ્તિ તથા અશ્વ જેમાં પડેલા ધ્વજે કરીને સંકુલ ચેતન રહિત પાંડવોનું સૈન્ય હાહાકાર કરવા લાગ્યું. જેમાં પિતા પુત્રને, પુત્ર પિતાને તથા દૈવે પ્રેરણા કરેલો મિત્ર મિત્રને મારતો હતો. કેટલાક પાંડવ તરફના સૈનિકો, કવચ મૂકી છુટા કેશથી ચોતરફ દોડતા દેખાતા હતા. ભાગી ગયા છે રથ દંડ જેમાં એવું પાંડવોનું સૈન્ય, ભડકેલાં ગાયોનાં ટોળાંની પેઠે, પીડિત સ્વર કરતું દેખાતું હતું. ભંગાણ પડેલા સૈન્યને જોઇ, યાદવ પુત્ર શ્રીકૃષ્ણ, ઉત્તમ રથ ઉભો રાખી અર્જુનને કહેવા લાગ્યા કે, હે પુરૂષમાં સિંહરૂપ ! હે પાર્થ ! તારો ઇચ્છિત વખત પ્રાપ્ત થયો છે. જો મોહે કરી મુઝાતો ન હોય તો આ વખતે પ્રહાર કર. હે શૂરવીર ! હે શત્રુને દમન કરનાર ! પૂર્વે વિરાટ નગરમાં સંજયની સમક્ષ તેં કહ્યું હતું કે રાજાઓના યુદ્ધમાં ભીષ્મ તથા દ્રોણ છે મુખ્ય જેમાં એવા દુર્યોધનના સર્વ સૈનિકોને અને બીજા પણ

મારી સાથે યુદ્ધ કરશે તેને સંગ્રામમાં પરિવાર સહિત હું મારી નાખીશ, તે તારૂં વાક્ય તું સફળ કર. ક્ષત્રિય ધર્મને યાદ કરીને સંતાપ રહિત થઇ યુદ્ધ કર એવાં વાસુદેવનાં વચન સાંભળી, સ્થિર દૃષ્ટિ રાખી નીચું જોઇ નિષ્કામની પેઠે અર્જુને તેમને આવી રીતે કહ્યું કે, મારવા લાયક નહીં એવા સંબંધિઓને મારી, ઉત્તર ફળ જેનું નરક છે, એવું રાજ્ય મેળવવું, વા, વનમાં જઇ દુઃખ ભોગવવાં તે બેમાં શાથી મારૂં કલ્યાણ થાય ? એમ કહી વળી કહ્યું કે, જ્યાં ભીષ્મ છે ત્યાં મારો રથ હાંકો, તમારાં વચન પ્રમાણે હું કરીશ, ને કૌરવના પિતામહ દુઃખથી સહન થાય નહીં એવા ભીષ્મને પાડીશ. અર્જુનનાં વચન સાંભળી, માધવ ભગવાને સૂર્યની પેઠે દુઃખે કરીને પણ જેની સામું જોઇ શકાય નહીં એવા ભીષ્મ જ્યાં હતા, ત્યાં શ્વેત ઘોડાઓને હાંક્યા. ભીષ્મ સામે જતા અર્જુનને જોઇ, યુધિષ્ઠિરનું મોટું સૈન્ય બધું પાછું આવ્યું તે સમે કુરૂકુળમાં શ્રેષ્ઠ ભીષ્મે સિંહની પેઠે વારંવાર ગર્જના કરી, બાણના વરસાદે કરી તરત અર્જુનના રથને ઢાંકી દીધો. હે ભારત ! ક્ષણમાત્રમાં તેનો રથ, સારથિ તથા ઘોડાઓ સહિત ભીષ્મે નાખેલા મોટા બાણના વરસાદથી દેખાતાં બંધ થયાં. તોપણ વાસુદેવ ભગવાને ધૈર્ય રાખી ભીષ્મના બાણે કરી વિંધાયલા ઘોડાઓને તેમની સામે ચલાવ્યા. અર્જુને મેઘ જેવા શબ્દવાળું દિવ્ય ધનુષ ગ્રહણ કરી, તીક્ષ્ણ બાણે કરી ભીષ્મનું ધનુષ કાપી નાખ્યું. તે સમે હણાયેલ ધનુષવાળા તમારા પિતા ભીષ્મે, નિમેષ માત્રમાં બીજું મોટું ધનુષ ગ્રહણ કરી તેને સજ્જ કરી, મેઘ જેવા શબ્દવાળું તે, બે હાથથી ખેંચ્યું. અર્જુને તે પણ કાપી નાખ્યું. તે વખતે અર્જુનની શીઘ્રતા જોઇ પ્રશંસા કરતાં ગંગાપુત્ર ભીષ્મે, ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ અર્જુનને કહ્યું કે, કુંતિસુત ! હે મહાબાહો ! હે શત્રુને દમન કરનાર ! 'બહુ સારૂં, બહુ સારૂં,' એમ કહી સુંદર બીજું ધનુષ ગ્રહણ કરી, તેમણે અર્જુનના રથ પ્રત્યે બાણ નાખ્યા. તે વખતે ઘોડા હાંકવામાં પરમ ચાતુર્ય દેખાડતા વાસુદેવ ભગવાને, મંડલાકારે રથને ફેરવતાં તેમના બાણ અફળ કર્યાં ભીષ્મના બાણથી ક્ષત થયેલા પુરૂષમાં સિંહરૂપ તે બેઉ, શિંગડે કરીને ક્ષત થયેલા બે બલિબર્દ શોભે, તેમ શોભતા હત. વાસુદેવ ભગવાન અર્જુનનું યુદ્ધમાં મૃદુપણું તથા નિરંતર યુદ્ધમાં બાણનો વરસાદ કરતા બેઉ સેનાના મધ્યમાં આવી શ્રેષ્ઠ પાંડવના સૈનિકોને મારતા, તપતા સૂર્ય સમાન યુધિષ્ઠિરના સૈન્યમાં પ્રલયની પેઠે ઘાણ વાળતા ભીષ્મને જોઇ પારકા શૂરવીરને હણનાર મહાબાહુ માધવ ભગવાન તે સહન કરી શક્યા નહિ. હે મારિષ ! અર્જુનના શ્વેત ઘોડાઓને મૂકી યોગી એવા વાસુદેવ ભગવાન તે મોટા રથ ઉપરથી નીચે કૂદી ભુજરૂપ આયુધવાળા બળવાન હાથમાં ચાબખા સહિત તેજસ્વી સિંહની પેઠે વારંવાર શબ્દ કરતા બે ચરણે કરી પૃથ્વીને વિદારણ કરતા હોય તેની પેઠે ઘણા તેજવાળા ક્રોધથી તામ્ર સમાન નેત્રવાળા જગદીશ્વર શ્રીકૃષ્ણ, મહા સંગ્રામમાં તમારી તરફનાઓનાં ચિત્તને ગળતા હોય નહીં તેની પેઠે ભીષ્મને મારવાની ઇચ્છાથી તેમની સામે દોડયા. યુદ્ધમાં ભીષ્મ સામે દોડતા માધવને જોઇ હે મહારાજ ! તે તે ઠેકાણે 'ભીષ્મ હણાયા, ભીષ્મ હણાયા,' એ રીતે ઘોંઘાટ થવા માંડયો. પિતાંબર વસ્ત્ર ધારણ કરેલા નીળમણિ સરખા શ્યામ, ભીષ્મ સામે દોડતા જનાર્દન, ચોતરફથી વિજળીયુક્ત મેઘ શોભે તેમ શોભતા હતા. સિંહ જેમ હસ્તિ સામે દોડે, યૂથનો પતિ બલીવર્દ જેમ બળદ સામે દોડે, તેમ યાદવમાં શ્રેષ્ઠ તે, શબ્દ કરતાં વેગે કરી ભીષ્મ સામે દોડયા. સંગ્રામમાં આવતા પુંડરીકાક્ષને જોઇ ધૈર્યથી મોટું ધનુષ

ખેંચી, અસંભ્રાંત ચિત્તે ગોવિંદ ભગવાનને તેમણે કહ્યું કે, હે પુંડરીકાક્ષ! હે દેવ! આવો, આવો, હું તમને નમસ્કાર કરૂં છું. હે યાદવમાં શ્રેષ્ઠ! આ મોટા સંગ્રામમાં તમે મને પાડો. હે દેવ! હે અનઘ! હે કૃષ્ણ! સંગ્રામમાં તમે હણેલો હું લબ્ધ પ્રતિષ્ઠ થઈશ, માટે હે અનઘ! તમારી ઈચ્છા પ્રમાણે મને મારો, હું તમારો દાસ છું, એમ તેમણે કહ્યું તેટલામાં મહાબાહુ અર્જુને પાછળ દોડી, બે હાથથી કેશવને પકડી રાખ્યા. અર્જુને પકડેલા કમળ જેવા નેત્રવાળા પુરૂષોત્તમ, અર્જુનને ઘસડી વેગથી ચાલ્યા. વિપક્ષી શૂરવીરને હણનાર અર્જુને બળથી ચરણારવિંદ ગ્રહણ કરી, દશમે પગલે કેશવ ભગવાનને પકડી રાખ્યા. તે સમે પીડિત થયેલા સ્નેહી તેમણે ક્રોધથી આકુળ નેત્રવાળા સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરતા શ્રીકૃષ્ણને સ્નેહથી કહ્યું કે—હે મહાબાહો! પાછા વળો, અનૃત કરવા તમે યોગ્ય નથી. હે માધવ! તમે પૂર્વે કહેલું છે કે, 'હું યુદ્ધ નહીં કરૂં,' ને આ સમે તમે એમને મારશો તો લોકો તમને મિથ્યાવાદી કહેશે. આ સર્વ ભાર મારી ઉપર છે. હું શસ્ત્ર, સત્ય તથા સુકૃતના સમખાઈ કહું છું કે, પિતામહને હું મારીશ, કારણ હે શત્રુનો નાશ કરનાર! એમ મારવાથી શત્રુના અંતને પામીશ. આજજ કોઈથી સહન થાય નહીં એવા મહારથિ ભીષ્મને અંતકાળે પૂર્ણચંદ્ર અસ્ત થાય તેમ મેં પાડેલા તમે જોશો. મહાત્મા અર્જુનનાં એવાં વચન સાંભળી, ક્રોધાવિષ્ટ માધવ ભગવાન, કાંઈ પણ બોલ્યા વગર પાછા રથ ઉપર ચઢી બેઠા. રથમાં બેઠેલા પુરૂષમાં સિંહરૂપ તે બેઉ ઉપર શંતનુપુત્ર ભીષ્મે, મેઘ જેમ બે પર્વત ઉપર જળનો વરસાદ કરે તેમ બાણનો વરસાદ કર્યો. વસંત ઋતુમાં સૂર્ય જેમ કિરણોએ કરી તેજ ગ્રહણ કરે તેમ તમારા પિતા ભીષ્મ યોદ્ધાઓના પ્રાણ ગ્રહણ કરતા હતા. જે રીતે કૌરવના સૈન્યને યુદ્ધમાં પાંડવો નાશ કરતા હતા તેમજ તમારા પિતા ભીષ્મ, પાંડવ સૈન્યનો નાશ કરતા હતા. હણાયાં તથા ભાગ્યાં છે સૈન્ય જેનાં એવા ઉત્સાહ વગરના ખેદયુક્ત ચિત્તવાળા તે કોઈની ઉપમા અપાય નહીં એવા ભીષ્મને પોતાના તેજથી તપતા મધ્યાન્હના સૂર્યની પેઠે સામુ જોવા પણ સમર્થ ન થતા હતા. ભીષ્મે મારવા માંડેલા ભયથી પીડાયલા પાંડવ તરફના હજારો હજાર યોદ્ધાઓ સંગ્રામમાં કર્મ કરતાં મનુષ્યને અતિક્રમણ કરનાર પરાક્રમવાળા ભીષ્મને જોતા હતા. હે ભારત! એ રીતે બળવાન ભીષ્મે ભગાડવા માંડેલાં પાંડવનાં સૈન્ય ગારામાં ખુંચી ગયેલી ગાયોની પેઠે તથા ખેદ પામેલી દુર્બળ કીડિયોની પેઠે કોઈ પણ રક્ષણ કરનારને જોઈ શક્યાં નહીં. હે ભારત! દુઃખે કરીને પણ કંપાવી શકાય નહીં એવા બાણના ઓઘ નાખતા રાજાઓને અત્યંત તપાવતા બાણરૂપ જ્વાળાવાળા તપતા સૂર્ય સરખા મહારથિ ભીષ્મ સામે જોવા પણ કોઈ સમર્થ થતા ન હતા. એ રીતે પાંડવ સેનાને તે મર્દન કરતા હતા તેટલામાં સૂર્ય અસ્તાચલ પ્રત્યે ગયા. તે સમે શ્રમથી દુર્બળ થયેલાં સૈન્યોનું યુદ્ધની સમાપ્તિ કરવાનું મન થયું

विमृद्नतस्तस्य तु पांडुसेनामस्तंजगामाथ सहस्ररश्मिः ।
ततो बलानां श्रमकर्शितानां मनोवहारं प्रति संबभूव ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि नवमदिवसयुद्धसमाप्तौ गुर्जरभाषायां षडधिकशततमोऽध्यायः ॥ १०६ ॥

અધ્યાય ૧૦૭ મો. યુધિષ્ઠિરે ભીષ્મને તેમનું મૃત્યુ પૂછ્યું.

संजय उवाच—युध्यतामेव तेषां तु भास्करोस्तमुपागते ।
संध्या समभवद्घोरा नापश्यामततोरणं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તે યુદ્ધ કરતા હતા તેટલામાં સૂર્ય અસ્ત થવાથી ભયંકર સંધ્યાકાળ થયો, અમો યુદ્ધને દેખતા બંધ પડયા. હે ભારત ! પછી યુધિષ્ઠિર રાજાએ, સંધ્યાકાળે ભીષ્મે મારવા માંડેલા ભયે કરીને વિહ્વલ, શસ્ત્ર રહિત પાછા વળી ભાગવાને તત્પર થયેલા એવા પોતાના સૈન્યને, યુદ્ધમાં અત્યંત ક્રોધે ભરાયેલા પોતાના સૈનિકોને પીડતા મહારથિ ભીષ્મને, અને તેમણે પરાજય પમાડેલા ઉત્સાહ વગરના મહારથિ સોમકોને જોઇ, યુદ્ધથી વિરામ પામવાનો વિચાર કરી, સર્વેને યુદ્ધમાંથી વિરામ પમાડયા. તેમજ તમારા સૈન્યોને પણ યુદ્ધથી વિરામ મળ્યો. તે વખતે સંગ્રામમાં ક્ષત થયેલા મહારથિયો, પોતપોતાના તંબુમાં ગયા. પાંડવો તો સંગ્રામમાં ભીષ્મનું પરાક્રમ જોઈ તેમના બાણથી અત્યંત પીડાયલા શાંતિ પામતા ન હતા. હે ભારત ! તમારા પુત્રોએ વંદન કરેલા તથા પ્રશંસા કરેલા ભીષ્મ પણ સંગ્રામમાં, સંજય સહિત પાંડવોને જીતી, પ્રસન્ન થયેલા કૌરવ સહિત પોતાના તંબુમાં ગયા. ત્યાર પછી સર્વ પ્રાણીને અત્યંત મોહ કરનારી રાત્રિ પડી. તે ભયંકર રાત્રિ વિષે વૃષ્ણિ સહિત પાંડવ કોઇથી સહન ન થાય એવા સૃંજય, મંત્રના નિશ્ચયમાં ચતુર વ્યગ્રતા રહિત મહા બળવાન સર્વે જણ આ સમે આપણું શ્રેય કેમ થાય એવો વિચાર કરવા લાગ્યા. હે નૃપ ! યુધિષ્ઠિર રાજાએ, ઘણીવાર પોતાના મનમાં વિચાર કરી, વાસુદેવ સામું જોઇ, આ રીતે તેમને કહ્યું કે, હે કૃષ્ણ ! નળ નામના તૃણના વનને હસ્તિ જેમ ખુંદે તેમ મારા સૈન્યને મર્દન કરતા ભયંકર પરાક્રમવાળા મહાત્મા ભીષ્મને જુવો. વૃદ્ધિ પામેલા અગ્નિની પેઠે આપણા સૈન્યને બાળતા એ મહાત્મા સામે જોવાને પણ અમે ઉત્સાહવાન થતા નથી. તીક્ષ્ણ શસ્ત્રવાળા પ્રતાપવાન ક્રોધે ભરાયેલા ધનુષ ગ્રહણ કરી સંગ્રામમાં તીક્ષ્ણ બાણો મૂકતા ભીષ્મ, ભયંકર તીક્ષ્ણ ઝેરવાળા મોટા તક્ષક નામના નાગ જેવા લાગે છે. યમરાજા, દેવતાઓનો રાજા ઇંદ્ર, પાશ ધરનાર વરૂણ તથા ગદા સહિત કુબેર એ લોકપાલોને જીતી શકાય, પણ મહા સંગ્રામમાં અત્યંત કોપેલા ભીષ્મને જીતી શકાય નહીં. હે કૃષ્ણ ! સંગ્રામમાં ભીષ્મના પરાક્રમને જોઇ, મારી બુદ્ધિના દુર્બળપણાથી હું શોક સાગરમાં બુડયો છું, માટે હે દુર્ધર્ષ ! હે કૃષ્ણ ! વનમાં જઈ મારૂં કલ્યાણ કરીશ, મને યુદ્ધ નથી રૂચતું; કારણ કે, ભીષ્મ હમેશ અમને મારે છે. જેમ પતંગ નામનો જંતુ, પ્રજ્વલિત અગ્નિ સામે દોડીને નાશ પામે, તેમ હે વાર્ષ્ણેય ! પરાક્રમી હું રાજ્ય વાસ્તે ભીષ્મ સામે જઇ માત્ર ક્ષય પામું છું. હે મધુસૂદન ! શૂરવીર મારા ભાઇયો પણ મારે વાસ્તે બાણથી પીડાયા, રાજ્યભ્રષ્ટ થયા તથા વનમાં રખડયા, અને દ્રૌપદી પણ અત્યંત કલેશ પામ્યાં માટે જીવિત ચીજને હું દુર્લભ માનું છું તેનો બચાવ આ સમે દુર્લભ છે, માટે બાકી રહેલા જીવિતે કરીને ઉત્તમ ધર્મને હું આચરીશ. હે કેશવ ! ભાઇયો સહિત મારી ઉપર તમારે જો અનુગ્રહ કરવો હોય તો સ્વધર્મમાં વિરોધ ન આવે તે રીતે મને હિત બતાવો. એ રીતે ઘણા વિસ્તારવાળું તેમનું કહેવું સાંભળી, યુધિષ્ઠિર રાજાને સાંત્વના કરતાં શ્રીકૃષ્ણે કહ્યું કે, હે સત્ય પ્રતિજ્ઞાવાળા ! હે ધર્મપુત્ર ! તમે જરાએ ખેદ ના કરો. શત્રુનો નાશ કરનાર દુઃખે કરી જીતાય નહીં એવા શૂરવીર, વાયુ તથા અગ્નિ સમાન તેજવાળા, અર્જુન તથા

ભીમસેન, ને દેવપતિ સરખા માદ્રીપુત્ર નકુળ તથા સહદેવ જેવા તમારા ભાઇયો છે, અથવા હે પાંડવ! મને આજ્ઞા આપો તો તમારા સ્નેહને લીધે ભીષ્મ સાથે હું યુદ્ધ કરૂં. હે મહારાજ! સંગ્રામમાં તમે પ્રેરેલો હું શું ન કરૂં? અર્જુન તેમને મારવાની ઇચ્છા ન રાખતો હોય તો પુરૂષમાં સિંહરૂપ તેમને બોલાવી, ધૃતરાષ્ટ્ર પુત્રો જોતાં સંગ્રામમાં હું તેમને મારૂં. હે પાંડવ! એ રીતે સંગ્રામમાં શૂરવીર ભીષ્મ હણાવાથી તમારો જય થશે એમ જાણતા હોય તો હે રાજન્! રણસંગ્રામમાં ઇંદ્ર સરખું મારૂં પરાક્રમ તમે જુવો. જે હું એક રથે કરી, મોટા અસ્ત્ર મૂકતા કુરૂવૃદ્ધ પિતામહને રથમાંથી પાડી મારીશ. જે મારા તે તમારા ને તમારા તે મારા માટે જે પાંડુ પુત્રના શત્રુઓ તે મારા પણ શત્રુ એમાં સંશય નહીં. વળી હે મહીપતે! આ તમારા ભાઇ અર્જુન મારા સખા, સંબંધી તથા શિષ્ય છે માટે તેને વાસ્તે મારૂં માંસ ચૂંટીને પણ હું આપું. પુરૂષમાં સિંહરૂપ એ પણ મારે વાસ્તે પોતાના જીવિતનો ત્યાગ કરે. હે તાત! એ રીતે પરસ્પર સહાયતા કરવાનો અમારો કરાર છે, માટે હે રાજેંદ્ર! જે રીતે હું યોદ્ધો થઇ યુદ્ધ કરૂં, તેમ તમે મને કહો. પૂર્વે ઉપપ્લવ્ય શહેરમાં અર્જુને, લોકની સમક્ષ 'હું ગંગાપુત્રને મારીશ,' એ રીતે પ્રતિજ્ઞા કરેલી છે, માટે બુદ્ધિમાન અર્જુનનું તે વચન આપણે પાળવું ને તેણે પ્રતિજ્ઞા કરેલું મારે કરવું એમાં સંશય નહીં. અર્જુનને પણ એ ભાર તુચ્છ છે, માટે પરપુર જીતનાર ભીષ્મને સંગ્રામમાં ઉદ્યુક્ત થયેલો અર્જુન કોઇથી ન બને એવું કામ કરશે. હે નરાધિપ! દૈત્ય તથા દાનવ સહિત ઉદ્યુક્ત થયેલા દેવતાઓને પણ અર્જુન મારે, ત્યારે ભીષ્મને મારે એમાં શું આશ્ચર્ય! મહા પરાક્રમી બુદ્ધિ વગરના, થોડું છે જીવિત જેમનું એવા શંતનુપુત્ર ભીષ્મ, તુચ્છને મારે છે પણ કર્ત્તવ્ય નથી જાણતા. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે હે મહાબાહો! હે માધવ! જે રીતે તમે કહો છો, તેમજ છે. એ બધા તમારો વેગ ધારણ કરવામાં પૂરા પડી શકે નહીં. હે પુરૂષમાં સિંહરૂપ! માટે જે મારા પક્ષમાં તમે છો તેથી સર્વ ઇચ્છિત હું પામીશ, એમાં સંશય નથી, પરંતુ હે શ્રેષ્ઠ! હે ગોવિંદ! તમે મારા નાથ છો તેથી ઇંદ્ર સહિત દેવતાઓને પણ હું જીતું, ત્યારે ભીષ્મને જીતું એમાં તે શું આશ્ચર્ય. હે માધવ! પોતાની વડાઈ વાસ્તે તમારી પાસે અનૃત કરાવવાનો હું ઉત્સાહ રાખતો નથી, માટે તમે તો યુદ્ધ કર્યા વગરજ કહ્યા પ્રમાણે અમારી સહાયતા કરો. પૂર્વે ભીષ્મે મારી સાથે એટલો કરાર કરેલો છે, કે, તારા હિત વાસ્તે હું વિચાર કરીશ, પણ તારે વાસ્તે કોઇ રીતે પણ યુદ્ધ નહીં કરૂં, દુર્યોધન વાસ્તે યુદ્ધ કરીશ, એ તને હું સત્ય કહું છું. આમ કહેલું છે, માટે હે માધવ! મને રાજ્ય તથા વિચારના આપનાર પણ તેજ છે. એમને મારવાનો વિચાર પૂછવા વાસ્તે તેમની પાસે તમ સહિત આપણે સર્વ જઇએ. હે વાર્ષ્ણેય! એકઠા મળી ત્યાં જઇ પુરૂષમાં શ્રેષ્ઠ એમને બધો વિચાર પૂછીએ, તો હે જનાર્દન! આપણા હિતનું સત્ય વચન તે કહેશે. હે કૃષ્ણ! જે રીતે એ કહેશે તે રીતે સંગ્રામમાં હું કરીશ. દૃઢ વ્રતવાળા તે આપણને જય તથા સાચો વિચાર આપશે; કારણ કે, પિતા વગરના બાલક એવા અમને એમણે મોટા કરેલા છે. હે માધવ! પ્રિય પિતાના પિતા તે વૃદ્ધ ભીષ્મને હું મારવાને ઇચ્છું છું માટે ક્ષત્રિયની જીવિકાને ધિક્કાર છે. સંજય કહે છે કે, હે મહારાજ! એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી, વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે, હે મહાપ્રાજ્ઞ! હે રાજેંદ્ર! તમારૂં કહેવું મને રૂચે છે. પંડિત એવા દેવવ્રત ભીષ્મ,

જોવાથી પણ બાળી નાખે એવા છે. ગંગાપુત્રને તેમના વધનો ઉપાય પૂછવા સારૂ ચાલો. વિશેષે કરી તમારા પૂછવાથી તે સત્યજ કહેશે. આપણે બધા કુરૂકુળના પિતામહને પૂછવા સારૂ ત્યાં જઈ તેમને આપણો વિચાર પૂછીયે. પછી જે વિચાર તે આપે તે પ્રમાણે કાલ સવારથી આપણે શત્રુ સામે યુદ્ધ કરીએ. આવો વિચાર કરી શૂરવીર પાંડવો પરાક્રમી વાસુદેવ સહિત અસ્ત્ર તથા કવચ મૂકી, ભીષ્મના તંબુ પ્રત્યે જવા નિકળ્યા. ત્યાં જઇ ભરતકુળમાં શ્રેષ્ઠ તેમને મસ્તકથી પ્રણામ તથા પૂજા કરી ઉભા રહ્યા. તે સમે કુરૂકુળના પિતામહ મહાબાહુ ભીષ્મે તેમને કહ્યું કે હે વાર્ષ્ણેય ! હે શ્રીકૃષ્ણ ! હે ધનંજય ! બોલો તમે કેમ આવ્યા. એમ કહી ધર્મપુત્ર યુધિષ્ઠિર, ભીમસેન તથા નકુળ સહદેવને પણ તેમજ કહી વળી કહ્યું કે, આજ તમારા હર્ષને વધારનાર એવું શું હું કામ કરૂં તે કહો. અત્યંત દુઃખે કરી ન બને એવું તમારૂં કામ સર્વાત્મપણાએ કરી હું કરીશ. એ રીતે વારંવાર પ્રીતિથી કહેતા ગંગાપુત્ર ભીષ્મને દીન છે આત્મા જેનો એવા ધર્મરાજાએ પ્રીતિયુક્ત થઇ આ પ્રમાણે કહ્યું. હે સર્વજ્ઞ ! અમે જય તથા રાજ્યને કેમ પામીએ, અને પ્રજાને સંશય કેમ ન થાય, હે સમર્થ ! તે મને કહો, અને તમારા વધનો ઉપાય પણ કહો. હે શૂરવીર ! સંગ્રામમાં અમે તમને કેવી રીતે સહન કરી શકીએ. હે કૌરવના પિતામહ ! તમારૂં સૂક્ષ્મ પણ છિદ્ર છેજ નહીં, કારણ સંગ્રામમાં તો સદા મંડલાકાર ધનુષથીજ આપ જોવામાં આવો છો. હે શૂરવીરને હણનાર રથમાં બેસી ધનુષને ગ્રહણ કરતાં, સાંધતાં તથા ખેંચતાં અમે તમને જોતા નથી. રથ, અશ્વ, મનુષ્ય તથા હસ્તિઓને મારતા તમોને અમે રથમાં બેઠેલા બીજા સૂર્ય સરખા જોઇએ છીએ. હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! સંગ્રામમાં ક્ષય થાય તે રીતે બાણનો વરસાદ કરતા તમોને જીતવાનો કોણ ઉત્સાહ કરે એમ છે ? અર્થાત કોઈ પણ નહિ. મારી મોટી સેના પણ સંગ્રામમાં તમે ક્ષય પમાડી. જે રીતે યુદ્ધમાં તમને જીતીએ, જે રીતે મને રાજ્ય મળે, ને જે રીતે મારા સૈન્યનું કલ્યાણ થાય તે મને કહો. યુધિષ્ઠિરનાં વચન સાંભળી, શંતનુપુત્ર ભીષ્મે પાંડવોને કહ્યું કે હે કૌંતેય ! હે સર્વજ્ઞ ! હું જીવતે તો સંગ્રામમાં ક્યારે પણ તમારો જય નહીં થાય, એ હું તમને સત્ય કહું છું. હે પાંડવો ! યુદ્ધે કરી મને જીત્યા પછી તમારો જય થશે, માટે સંગ્રામમાં જયને ઇચ્છતા હો તો મને મારો. હે પાંડવો ! જે રીતે સુખે કરી મને પ્રહાર કરી શકો તે રીતે હું આજ્ઞા કરૂં તે સાંભળો. એમ કરવાથી શુભ થશે, એમ હું માનું છું માટે મને હણશો એટલે બધું હણાયુંજ છે. એવાં તેમનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે યુદ્ધમાં જે રીતે અમે જીતીએ તેવો ઉપાય અમને બતાવો. સંગ્રામમાં ક્રોધે ભરાયેલા હાથમાં દંડ લઇ ઉભેલા કાળ સરખા તમને ઇંદ્ર સહિત દેવ, અસુર, વરૂણ, અથવા યમરાજા પણ જીતતા સમર્થ થઇ શકે નહીં. એવાં તેમનાં વચન સાંભળી ભીષ્મે કહ્યું કે, હે મહાબાહો ! હે પાંડવ ! જે તું કહે છે તે સત્ય છે. શસ્ત્ર તથા ધનુષ ગ્રહણ કરેલા સાવધાન મને ઇંદ્ર સહિત દેવતા તથા અસુરો પણ સંગ્રામમાં જીતવા સમર્થ થઇ શકે તેમ નથી. માટે શસ્ત્ર ત્યાગ કરેલા મને આ મહારથીઓ મારે તેવો હું ક્યારે થાઉં, તે કહું તે સાંભળો. શસ્ત્ર નાંખી દીધેલા પડેલા કવચ તથા ધ્વજ વગરના નાસતા, બીનેલા, ‘તમારો છું’ એ રીતે કહેનાર, સ્ત્રી, સ્ત્રીનું નામ ધારણ કરેલ, વિકળ, એક પુત્રવાળા તથા ખરાબ પુરૂષ સાથે મને યુદ્ધ રૂચતું નથી, માટે હે રાજેંદ્ર, ! આ રીતે પૂર્વે મેં સંકલ્પ કરી રાખેલો છે તે હું તને કહું છું સાંભળ. અમંગળ ધ્વજાવાળાને જોઇ તેની સાથે ક્યારે પણ

હું યુદ્ધ કરૂં નહીં, માટે હે રાજન્ ! જે આ તમારા સૈન્યમાં સંગ્રામને જીતનાર શૂરવીર ક્રોધી દ્રુપદ પુત્ર મહારથિ શિખંડી, પૂર્વે સ્ત્રીરૂપ ઉત્પન્ન થઇ પછી પુરૂષ થયેલો છે, એ સર્વ વૃત્તાંત તમો પણ યથાર્થ જાણો છો, માટે શૂરવીર અર્જુન સંગ્રામમાં શિખંડીને આગળ કરી, તીક્ષ્ણ બાણ ગ્રહણ કરી કવચ પહેરેલો તે મારી સામે આવે. કારણ કે અમંગળ ધ્વજાવાળા પૂર્વે સ્ત્રી જન્મેલ તેને કયારે પણ હાથમાં બાણ લઇ હું પ્રહાર કરવાની ઇચ્છા કરીશ નહિ. હે ભરતર્ષભ ! એ છીદ્રને પામી પાંડુપુત્ર અર્જુન તરત ચોતરફથી બાણે કરી મને મારશે, કાંકે લોકને વિષે ઉદ્યુક્ત થયેલા મને મહા ભાગ શ્રીકૃષ્ણ તથા પાંડુપુત્ર અર્જુન વિના મારે એવા બીજા પુરૂષને હું જોતો નથી, માટે શસ્ત્ર તથા શ્રેષ્ઠ ધનુષ ધારણ કરેલો સાવધાન અર્જુન, એ રીતે કોઇને આગળ કરી મને પાડો, એમ કરવાથી નિશ્ચય તમારો જયજ થશે. હે રૂડા વ્રતવાળા ! હે કુંતિપુત્ર ! મારા કહેવા પ્રમાણે કરો અને સંગ્રામમાં આવેલા સર્વ ધૃતરાષ્ટ્ર તરફનાને હણો. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! એવાં તેમનાં વચન સાંભળી પાંડવો કુરૂકુળના પિતામહ મહાત્મા ભીષ્મને પ્રણામ કરી પોતાના તંબુ પ્રત્યે ગયા. ગંગાપુત્ર ભીષ્મ એ રીતે યથાર્થ કહી પરલોક વાસ્તે દીક્ષિત થયા, ત્યારે દુઃખથી અત્યંત તપેલા અર્જુને, લજ્જાથી આવી રીતે શ્રીકૃષ્ણને કહ્યું કે, હે માધવ ! ગુરૂ, કુળમાં વૃદ્ધ, બુદ્ધિમાન પિતામહ ભીષ્મ સાથે કેમ હું યુદ્ધ કરીશ ? હે વાસુદેવ ! બાળકપણામાં રજથી ખરડાએલા શરીરવાળા ક્રીડા કરતા મેં, ઉદાર મનવાળા તે મહાત્માને મેલા કર્યા છે. તેમ હે ગદાગ્રજ ! જેમના ખોળામાં બેસી બાળક એવો હું મહાત્મા પાંડુના પિતા તેમને હે તાત ! એ રીતે કહેતો હતો. તે સમયે હે ભારત ! હું તારો પિતા નથી, પિતાનો પિતા છું, એ રીતે બાળકપણામાં જે મને કહેતા હતા, તેમને આ વખતે મારે કેમ મારવા ? હે કૃષ્ણ ! ઇચ્છામાં આવે તે રીતે મારા સૈન્યને તે મારો, અને મારો પરાજ્ય થાઓ, વા વધ થાઓ, વા તમે ચહાય તેમ માનો, પણ પિતામહ સાથે હું યુદ્ધ કરીશ નહિ. એવાં તેનાં વચન સાંભળી વાસુદેવ ભગવાને કહ્યું કે, હે જિષ્ણો ! હે પાર્થ ! પૂર્વે ભીષ્મના વધની પ્રતિજ્ઞા કરી ક્ષાત્ર ધર્મને વિષે રહેલો તું, સંગ્રામમાં હવે એમને કેમ નહીં મારે ? હે પાર્થ ! યુદ્ધમાં દુર્મદ ક્ષત્રિય એવા ભીષ્મને રથમાંથી પાડ, કારણ કે યુદ્ધમાં ગંગાપુત્રને માર્યા વગર તારો જય નહીં થાય. પૂર્વે દેવતાઓએ કહ્યું છે કે, ભીષ્મ યમલોકમાં જશે. હે પાર્થ ! એમણે પૂર્વે એ જોયું છે તેથી એમજ થશે, અન્યથા નહીં થાય. મોં ફાડેલા કાળની પેઠે કોઇથી સહન ન થાય એવા ભીષ્મ સાથે તારા વિના બીજો કોઇ યુદ્ધ કરવા, સાક્ષાત્ ઇંદ્ર હોય તોપણ સમર્થ થાય તેમ નથી, માટે સ્થિર થઈ ભીષ્મને માર. પૂર્વે મહા બુદ્ધિમાન બૃહસ્પતિએ ઇંદ્રને કહ્યું હતું તે વચન હું તને કહું તે સાંભળ. જે વૃદ્ધ હોય, ગુણે કરીને યુક્ત હોય, અત્યંત શ્રેષ્ઠ હોય તોપણ શસ્ત્ર લઇ પોતાની સામે મારવા આવતો હોય તો તેને મારવો. હે અર્જુન ! યુદ્ધ કરવું, રક્ષા કરવી. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી, અર્જુને કહ્યું કે, હે કૃષ્ણ ! ભીષ્મના મરણનો હેતુ જરૂર શિખંડી થશે, કારણ કે દ્રુપદ પુત્ર તેમને જોઇ સંગ્રામથી નિવૃત્ત થાય છે. આપણે સંગ્રામમાં તેમની સામે શિખંડીને ઉભો રાખી, બળવાન ગંગાપુત્રને પાડીએ, એ ઉપાય કરવો એવી મારી મતિ છે. મોટા બીજા શૂરવીરોને બાણે કરીને હું વારી રાખીશ. શિખંડી તો યુદ્ધ કરનારમાં શ્રેષ્ઠ ભીષ્મ સાથેજ યુદ્ધ કરશે. કૌરવમાં મુખ્ય ભીષ્મના મુખથી આપણે સાંભળ્યું છે કે પૂર્વે જન્મતાં કન્યા થઇ પછી એ પુરૂષ થયેલો

છે, માટે તેને હું નહીં મારૂં. પછી માધવ સહિત પાંડવો એ રીતે નિશ્ચય કરી પ્રસન્ન ચિત્તવાળા થઇ પોતપોતાના તંબુમાં શયન કરવા ગયા.

इत्येवं निश्चयं कृत्वा पांडवाः सहमाधवाः ।
अनुमान्य महात्मानं प्रययुर्हृष्टमानसाः ।
शयनानि यथा स्वानि भेजिरे पुरुषर्षभाः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि नवमदिवसयुद्धावहारोत्तरमंत्रे गुर्जरभाषायां सप्ताधिकशततमोऽध्यायः ॥ १०७ ॥

અધ્યાય ૧૦૮ મો. ભીષ્મ શિખંડી સમાગમ.

धृतराष्ट्र उवाच—कथं शिखंडी गांगेयमभ्यवर्त्तत संयुगे ।
पांडवाश्च कथं भीष्मस्तन्ममाचक्ष्व संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! સંગ્રામમાં ગંગાપુત્ર ભીષ્મ સામે શિખંડી કેમ ઉભો, અને પાંડવો તથા ભીષ્મ કેવી રીતે ઉભા તે બધું જેમ બન્યું હોય તેમ તું મને કહે. સંજય કહે છે. હે ધૃતરાષ્ટ્ર ! સૂર્યોદય થયો ને ભેરી મૃદંગ તથા આનક નામનાં રણવાદ્ય વાગવા માંડયાં, તેમજ દહિં જેવા વર્ણવાળા શંખ ચોતરફથી શબ્દાયમાન થયા તે વખતે પાંડવો શિખંડીને આગળ કરી યુદ્ધ કરવા માટે નીકળ્યા. હે મહારાજ ! હે વિશાંપતે ! સર્વ શત્રુનો નાશ કરે એવો વ્યૂહ કરી, શિખંડી સર્વ સૈન્યોના અગ્ર ભાગમાં રહ્યો. તેના ચક્ર રક્ષક ભીમસેન તથા અર્જુન અને પાછળથી રક્ષા કરનાર દ્રૌપદીના પાંચ પુત્ર તથા પરાક્રમી સુભદ્રા પુત્ર અભિમન્યુ થયો. તેમની રક્ષા વાસ્તે સાત્યકિ તથા મહારથિ ચેકિતાન ઉભા. તેની પાછળ પંચાલના યોદ્ધાઓએ રક્ષા કરેલા ધૃષ્ટદ્યુમ્ન, ત્યાર પછી નકુળ તથા સહદેવ સહિત સમર્થ યુધિષ્ઠિર રાજા ઉભા રહ્યા. તેમની પાછળ પોતાના સૈન્યથી વિંટાયલો વિરાટ, તે પછી દ્રુપદ, ત્યાર પછી પાંચ ભાઇ કેકય તથા પરાક્રમી ધૃષ્ટકેતુ પાંડવ સૈન્યની પાછળથી રક્ષા કરવા લાગ્યો. એ રીતે પાંડવો પોતાના મોટા સૈન્યની વ્યૂહ રચના કરી સિંહનાદે કરી પૃથ્વીમાં પ્રતિધ્વનિ પાડતા પોતાના જીવિતનો ત્યાગ કરી સંગ્રામમાં તમારી સેના સામે ગયા. હે રાજન ! કૌરવો પણ મહારથિ ભીષ્મને સર્વ સૈન્યોની આગળ કરી પાંડવો સામે આવી ઉભા. જેમાં ભીષ્મની પાછળ કોઈથી સહન થાય નહી એવા બળવાન તમારા પુત્રોએ રક્ષા કરેલા મોટા ધનુષવાળા દ્રોણ તથા મહા બળવાન એમનો પુત્ર, તેની પાછળ હસ્તિ સૈન્યથી વિંટાયલો ભગદત્ત, તેની પાછળ કૃપાચાર્ય તથા કૃતવર્મા, તેની પાછળ કંબોજ દેશનો બળવાન રાજા સુદક્ષિણ, હે ભારત ! માગધ, જયત્સેન, સુબલ પુત્ર શકુનિ, બૃહદ્બલ તથા બીજા પણ સુશર્મા આદિ મોટા ધનુષવાળા રાજાઓ પાછળથી તમારા સૈન્યની રક્ષા કરતા હતા. શંતનુપુત્ર ભીષ્મે તે દિવસ પ્રાપ્ત થયો ત્યારે અસુર, પૈશાચ તથા રાક્ષસ નામના વ્યૂહ રચ્યા. હે ભારત ! ત્યાર પછી પરસ્પર મારતા તમારા તથા તેમની તરફનાઓનું યમના દેશને વધારનારૂં મોટું યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. જેમાં અર્જુન વગેરે પાંડવો, શિખંડીને આગળ કરી વિવિધ પ્રકારનાં બાણ નાખતા યુદ્ધમાં ભીષ્મ સામે લડવા લાગ્યા. તે સંગ્રામમાં હે

ભારત ! ભીમસેને બાણે કરી મારેલા રૂધિરના ઓઘથી ભીંજાએલા અંગવાળા તમારી તરફના યોદ્ધાઓ પરલોક પ્રત્યે જવા લાગ્યા. તેમજ નકુળ સહદેવ તથા મહારથિ સાત્યકિ પણ પરાક્રમથી તમારા સૈન્યને પીડવા લાગ્યા. હે ભરતર્ષભ ! એ રીતે મારવા માંડેલા તમારી તરફના પાંડવના મોટા સૈન્યને વારવા પણ સમર્થ થતા ન હતા. તે સમયે મહારથિઓએ ચોતરફથી મારવા માંડેલું તમારૂં સૈન્ય, દશે દિશાઓમાં નાસવા લાગ્યું. હે ભરતર્ષભ ! સૃજંય સહિત પાંડવોએ તીક્ષ્ણ બાણે કરી મારવા માંડેલા તમારી તરફના પોતાના રક્ષણ કરનારને શરણ જઇ શક્યા નહિ. ધૃતરાષ્ટ્ર પૂછે કે હે સંજય ! પાંડવોએ પીડવા માંડેલા સૈન્યને જોઇ સંગ્રામમાં ક્રોધે ભરાયેલા ભીષ્મે જે કર્યું હોય તે મને કહે. હે અનઘ ! શત્રુને તપાવનાર સોમકોને હણતા શૂરવીર તે, યુદ્ધમાં પાંડવો સામે કેવી રીતે ગયા, તે પણ મને કહે ? સંજય કહે છે હે મહારાજ ! સૃંજય સહિત પાંડવોએ તમારા પુત્રના સૈન્યને પીડિત કર્યું તે વખતે તમારા પિતા ભીષ્મે જે કર્યું તે હું તમોને કહું તે સાંભળો. હે પાંડુ પૂર્વજ ! પ્રસન્ન મનવાળા શૂરવીર પાંડવો, તમારા પુત્રની સેનાને મારતા તેમની સામે ગયા. હે મનુષ્યેંદ્ર ! એ રીતે તેમણે મનુષ્ય, હસ્તિ, તથા અશ્વનો જેમાં નાશ કરે છે એવો સૈન્યનો વિઘાત કરવા માંડયો. તેને તમારા પિતા ભીષ્મ સહન કરી શકયા નહીં. મોટા ધનુષવાળા દુઃખે કરી પણ સહન થાય નહિ એવા શસ્ત્ર ધારણ કરેલા તેમણે, પોતાના જીવિતનો ત્યાગ કરી સોમક સહિત પાંડવ તથા સૃંજય ઉપર નારાચ, વત્સદંત તથા અંજલિક નામના બાણનો વરસાદ કરતાં પાંડવ તરફના શ્રેષ્ઠ પાંચ મહારથિઓને યત્નથી વારી રાખ્યા. વળી ક્રોધે ભરાયેલા તેમણે વીર્ય તથા ક્રોધે કરી નાના પ્રકારના શસ્ત્ર તથા અસ્ત્રના વરસાદથી ઘણાક હસ્તિ તથા અશ્વને મારી રથિઓને રથ ઉપરથી, ઘોડેસ્વારોને ઘોડા ઉપરથી, પારકાઓને જીતનાર હાથી ઉપર બેસનારને તે ઉપરથી તથા આવેલા ઘણાક પાયદળોને પણ ભૂમિ ઉપર પાડયા. સંગ્રામમાં બાણ ફેંકતા તે મહારથિ એકલા ભીષ્મ સામે ઇંદ્રના વજ્ર જેવા સ્પર્શવાળા તીક્ષ્ણ બાણોને મૂકતા પાંડવો ઇંદ્રની સાથે જેમ અસુરો યુદ્ધ કરે તેમ તેમની સાથે યુદ્ધ કરતા હતા, તે પણ ભયંકરરૂપ ધારણ કરી સર્વ દિશાઓમાં દેખાતા હતા. સંગ્રામમાં યુદ્ધ કરતા એમનું ધનુષ પણ મોટા ઇંદ્ર ધનુષની પેઠે હમેશ મંડલાકાર દેખાતું હતું. સંગ્રામમાં એવું મોટું તેમનું કર્મ જોઈ તમારા પુત્રો પરમ આશ્ચર્ય પામી, તેમની પૂજા કરવા લાગ્યા. પાંડવો તો ખેદયુક્ત મનવાળા થઇ, મોં ફાડેલા કાળ જેવા શૂરવીર યુદ્ધ કરતા તેમને વિપ્રચિત્તિ દૈત્યને દેવતાઓ જુવે તેમ જોતા હતા. દશમો દિવસ પ્રાપ્ત થયો ત્યારે તેમણે શિખંડિના રથ સૈન્યને તીક્ષ્ણ બાણે કરી અગ્નિ જેમ વનને બાળે તેમ બાળી નાખ્યું. ક્રોધે ભરાયેલા સર્પ સરખા તથા કાળે મોકલેલા યમરાજ જેવા તેમને ત્રણ બાંણે કરી શિખંડીએ સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યા. એ રીતે તેણે વિંધેલા ભીષ્મ, શિખંડિને જોઇ અત્યંત ક્રોધથી હાસ્ય કરી, તેની સાથે યુદ્ધ નહિ કરવાની અનિચ્છાએ આવી રીતે તેને કહેવા લાગ્યા કે, પૂર્વે તું સ્ત્રી હતો માટે તારી ઇચ્છા પ્રમાણે બાણ નાખ, તથાપિ તારી સાથે હું યુદ્ધ કરીશ નહિ, કારણ કે વિધાતાએ જે સ્ત્રી રૂપે તને કર્યો હતો તે, શિખંડિની સ્ત્રીજ તું છે, એમ હું માનું છું. એવાં તેમનાં વચન સાંભળી ક્રોધથી મૂર્ચ્છિત થયેલા શિખંડિએ બે ગલોફાં ચાટી એમને કહ્યું કે હે મહાબાહો ! ક્ષત્રિયોના ક્ષય કરનાર તમોને હું જાણું છું, ને તમે પરશુરામ સાથે યુદ્ધ કર્યું હતું તે પણ મેં સાંભળ્યું છે. તે રીતે તમારો દિવ્ય

પ્રભાવ ઘણી વાર મેં સાંભળેલો છે, માટે તમારા પ્રભાવને જાણું છું તોપણ હે પુરૂષમાં શ્રેષ્ઠ ! પાંડવોનું તથા મારૂં પ્રિય કરવા વાસ્તે આ સંગ્રામમાં તમારી સાથે હું યુદ્ધ કરીશ, અને તમને મારીશ. તે હું સમ ખાઇને તમારી આગળ સત્યજ કહું છું. આ મારાં વચન સાંભળી તમારે જે કરવાનું હોય તે કરી લ્યો. તમારી ઇચ્છા પ્રમાણે બાણુ ફેંકો. હું ભલે સ્ત્રી છું તોપણ મારી આગળથી જીવતા તમે નહીં જાઓ. હે સંગ્રામને જીતનાર ! હે ભીષ્મ ! આ લોકને સારી રીતે જોઇ લ્યો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એટલાં વચન કહી તેણે, વાણીરૂપી બાણે કરી વિંધાયલા તેમને ગ્રંથી વગરના પાંચ બાણે કરી સંગ્રામમાં વિંધ્યા. તેનાં વચન સાંભળી મહારથિ અર્જુને, 'આ ભીષ્મનો કાળ છે' એમ જાણી શિખંડીને કહ્યું કે, હું બાણે કરી પારકાઓને નસાડતાં તારી પાસે આવીશ. માટે અત્યંત ક્રોધ પામેલો તું ભયંકર પરાક્રમવાળા ભીષ્મની સામે દોડ. મહા બળવાન તે સંગ્રામમાં તને પીડા કરવા સમર્થ નથી, વાસ્તે હે મહાબાહો ! યત્નથી આજ ભીષ્મ સામે દોડ. હે મારિષ ! આજ સંગ્રામમાં ભીષ્મને માર્યા વગર જો તું પાછો જઇશ તો આ સર્વ લોકને મારા સહિત હસવા લાયક થઇશ, માટે હે શૂરવીર ! આ ભયંકર સંગ્રામમાં પારકાઓને હાસ્ય કરવા યોગ્ય આપણે ન થઇએ, તે રીતે યત્ન કરી પિતામહને માર. હે મોટા બળવાળા ! સંગ્રામમાં સર્વ રથિયોને વારતાં હું તારૂં રક્ષણ કરીશ, તું પિતામહને સ્વાધીન કર. દ્રોણ, અશ્વત્થામા, કૃપાચાર્ય, દુર્યોધન, ચિત્રસેન, વિકર્ણ, સિંધુ દેશનો જયદ્રથ, અવંતિના વિંદ તથા અનુવિંદ શૂરવીર કાંબોજ દેશનો સુદક્ષિણ, શૂરવીર ભગદત્ત, મહાબળવાન માગધ, શૂરવીર ભૂરિશ્રવા, ઋષિશૃંગનો પુત્ર અલંબુષ રાક્ષસ તથા સર્વ મહારથિ સહિત ત્રિગર્ત્ત રાજા એટલાઓને કિનારો જેમ સમુદ્રને રોકે તેમ હું વારી રાખીશ. તેમજ યુદ્ધ કરતા મહા બળવાન એકઠા મળેલા સર્વ કૌરવોને પણ સંગ્રામમાં હું વારી રાખીશ, પણ પિતામહ ભીષ્મને તું જરૂર આજ માર.

अहमावारयिष्यामि वेलेव मकरालयं ।
कुरूंश्च सहितान्सर्वान् युध्यमानान्महाबलान् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भिष्माशिखंडिसमागमे गुर्जरभाषायामष्टाधिकशततमोऽध्यायः ॥ १०८ ॥

અધ્યાય ૧૦૯ મો. ભીષ્મ દુર્યોધનનો સંવાદ.

धृतराष्ट्र उवाच—कथं शिखंडी गांगेयमभ्यधावत्पितामहं ।
पांचाल्यः समरे क्रुद्धो धर्मात्मानं यतव्रतं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે—હે સંજય ! ક્રોધે ભરાયેલો દ્રુપદ પુત્ર શિખંડી દઢ વ્રતવાળા ધર્માત્મા ગંગાપુત્ર ભીષ્મ સામે કેવી રીતે દોડયો અને પાંડવના સૈન્યમાં ઉગામેલ આયુધવાળા જયને ઇચ્છિતા ઉતાવળા ક્યા મહારથિયો, ઉતાવળ વખતે શિખંડિની રક્ષા કરતા હતા. વળી દશમા દિવસમાં મહા પરાક્રમી શંતનુપુત્ર ભીષ્મે, સૃંજય સહિત પાંડવ સાથે કેવી રીતે યુદ્ધ કર્યું. શિખંડી ભીષ્મ સામે ગયો એ વાત સાંભળી હું સહન કરી શકતો નથી તેથી પુછું છું કે,

શું એમનો રથ ભાગી ગયો, વા, ધનુષ વિખરાઇ ગયું કે જેથી તે સામે ઉભા રહ્યા. સંજય કહે છે હે ધૃતરાષ્ટ્ર ! સંગ્રામમાં યુદ્ધ કરતા ભીષ્મનો રથ ભાગી પડયો નથી, તેમ ધનુષ પણ વિખરાયું નથી. સંગ્રામમાં ગ્રંથી વગરના બાણે કરી શત્રુને મારતા તમારી તરફના હજારો મહારથિયો, તૈયાર કરેલા ઘોડાઓ તથા હસ્તિયોના ગણ, ભીષ્મને આગળ કરી યુદ્ધમાં જતા હતા. સંગ્રામને જીતનાર તે પણ કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે હમેશ પાંડવ સેનાનો ક્ષય કરતા હતા. સંગ્રામમાં બાણે કરી શત્રુઓને મારતાં યુદ્ધ કરતા મોટા ધનુષવાળા તેમને પાંડવ સહિત સર્વ પંચાલ દેશના યોદ્ધાઓ પણ વારી શકતા ન હતા. હે પાંડુ પૂર્વજ ! દશમા દિવસના યુદ્ધમાં શત્રુ સેના ઉપર હજારો બાણ નાખતા, પાશ ગ્રહણ કરેલા, કાળ જેવા મોટા ધનુષવાળા ભીષ્મને પાંડવો સંગ્રામમાં જીતવા સમર્થ થયા નહીં. તે વખતે હે મહારાજ ! પરાજય પામેલો નહીં એવો ધનંજય અર્જુન, સિંહની પેઠે મોટા શબ્દ કરી વારંવાર ધનૂષની પ્રત્યંચા ખેંચી, બાણના ઓઘને ઓઘ મૂકતો તથા સર્વ રથિયોને ત્રાસ પમાડતો કાળની પેઠે સંગ્રામમાં વિચરતો હતો. હે ભરતર્ષભ ! તેના શબ્દે કરી ત્રાસ પામેલા તમારી તરફના સિંહના શબ્દે કરી ત્રાસ પામેલા મૃગો નાસે તેમ મોટા ભયથી નાસવા લાગ્યા. જય પામતા પાંડુપુત્ર અર્જુનને તથા ભયથી પીડા પામેલા તમારા સૈન્યને જોઇ, અત્યંત પીડા પામેલા દુર્યોધને ભીષ્મને કહ્યું કે હે તાત ! કૃષ્ણ છે સારથિ જેના એવો ધોળા ઘોડાવાળો આ પાંડુપુત્ર અર્જુન, મારી તરફના સર્વ યોદ્ધાઓને અગ્નિ જેમ વનને બાળે તેમ બાળી નાખે છે. હે યુદ્ધ કરનારમાં શ્રેષ્ઠ ! હે ગંગાપુત્ર ! પાંડુપુત્ર અર્જુને પીડવા માંડેલાં ચોતરફ નાસી જતાં મારાં સૈન્યોને જુવો. હે શત્રુને તપાવનાર ! વનમાં પશુ પાલનાર પશુગણને જેમ તાડન કરે તેમ એ મારા સૈન્યછે મારે છે. અર્જુનના બાણે કરી આમ તેમ દોડી જતા મારા સૈન્યને જુવો. કોઇથી સહન થાય નહીં એવો ભીમસેન, સાત્યકિ, ચેકિતન માદ્રીપુત્ર નકુળ, સહદેવ તથા અત્યંત પરાક્રમી અભિમન્યુ પણ મારી સેનાને નસાડે છે, તેમજ શૂરવીર ધૃષ્ટદ્યુમ્ન તથા રાક્ષસ ઘટોત્કચ પણ તત્કાળ મારા સૈન્યને પરિભવ પમાડે માટે હે પુરૂષમાં સિંહરૂપ ! તે સર્વ મહારથિઓએ મારવા માંડેલા મારા સૈન્યની યુદ્ધમાં દેવ સમાન પરાક્રમવાળા તમ વિના બીજી કોઇ ગતિ હું જોતો નથી. તમે એકલાજ સર્વને પૂરા પડો એમ છે માટે પીડા પામતા અમારા સૈન્યની તમે ગતિ રૂપ થાઓ. હે મહારાજ ! તમારા પુત્ર દુર્યોધનનાં એવાં વચન સાંભળી, તમારા પિતા ભીષ્મે એ ઘડી મનમાં વિચાર કરી પોતાનો નિશ્ચય કરી તમારા પુત્રનાં વચન મનમાં ધારી શંતનુપુત્રે તેને આવી રીતે કહ્યું કે હે વિશાંપતે ! હે દુર્યોધન ! હે મહાબલિષ્ટ ! સ્થિર થઇ હું કહું તે સાંભળ. પૂર્વે મેં તારી સમક્ષ પ્રતિજ્ઞા કરેલી છે જે મહાત્મા દશ હજાર ક્ષત્રિયોને માર્યા પછી નિત્ય હું સંગ્રામથી વિરામ પામીશ, એ રીતે કહ્યું હતું તે મેં કર્યું અને આજ પણ હું મોટું કર્મ કરીશ. હે પુરૂષમાં સિંહરૂપ ! કાંતો આજ પાંડવોને હું મારીશ, અને કાંતો તેમણે રણસંગ્રામમાં હણેલો એવો હું રણશય્યામાં સૂઇ તારા ઋણથી મુક્ત થઇશ; કારણ કે આટલા દિવસ મેં તારૂં અન્ન ખાધું છે. હે ભરતશ્રેષ્ઠ ! આવાં વચન કહી ક્ષત્રિયો ઉપર બાણ નાખતા કોઇથી સહન ન થાય એવા તે, પાંડવની સેના સામે ગયા. હે ભરતર્ષભ ! સર્પની પેઠે અત્યંત ક્રોધે કરી સંગ્રામના મધ્યમાં ઉભેલા ગંગાપુત્રને પાંડવોએ વારી રાખ્યા. હે રાજન ! હે કુરૂનંદન ! દશમે દિવસે પોતાની શક્તિ દેખાડતા ભીષ્મે લાખો

ક્ષત્રિયોને માર્યા અને પંચાલોમાં શ્રેષ્ઠ મહારથિ જે રાજપુત્રો હતા તેમનાં તેજ પણ સૂર્ય જેમ કિરણોએ કરી જળને ગ્રહણ કરે તેમ હરી લીધાં. હે મહારાજ ! દશ હજાર હસ્તિ તથા સ્વાર સહિત વેગવાન તેટલાજ ઘોડાઓને મારી, સંગ્રામમાં ધૂમાડા વગરના અગ્નિ જેવા ભીષ્મે, બે લક્ષ પાયદળોને બાળી નાંખ્યાં. ઉત્તર દિશામાં ગયેલા સૂર્ય સામે જેમ જોઈ શકાય નહીં તેમ પાંડવો તેમની સામે જોવા સમર્થ થતા ન હતા. એ રીતે મોટા ધનુષવાળા તેમણે પીડા પમાડેલા પાંડવ તથા મહારથિ સૃંજય, ભીષ્મને મારવા તેમની સામે દોડયા. તે વખતે ઘણાક સાથે યુદ્ધ કરતા શંતનુપુત્ર ભીષ્મ, મેઘથી વિંટાયલો મેરૂપર્વત શોભે તેમ શોભતા હતા. તમારા પુત્રોએ ગંગાપુત્ર એવા ભીષ્મને મોટી સેના સહિત ચોતરફથી વિંટી લીધા ત્યાર પછી બહુજ ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું

पुत्रास्तु तव गांगेयं समंतात्पर्यवारयन् ।
महत्यासेनया सार्द्धं ततो युद्धमवर्त्तत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मदुर्योधनसंवादे गुर्जरभाषायां नवाधिकशततमोऽध्यायः ॥ १०९ ॥

અધ્યાય ૧૧૦ મો. અર્જુન દુઃશાસન વચ્ચે યુદ્ધ.

संजय उवाच-अर्जुनस्तु रणे राजन्दृष्ट्वा भीष्मस्य विक्रमं ।
शिखंडिनमथोवाच समभ्येहि पितामहम् ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન ! સંગ્રામમાં ભીષ્મનું પરાક્રમ જોઇ, અર્જુને શિખંડીને કહ્યું કે, ભીષ્મ સામે તું જા, અને આજ ભીષ્મથી તારે કાંઇ પણ ભય રાખવો નહીં; કારણ આજ તીક્ષ્ણ બાણે કરી એમને ઉત્તમ રથમાંથી હું પાડીશ. હે ભરતર્ષભ ? અર્જુનનાં એવાં વચન સાંભળી શિખંડી, ગંગાપુત્ર ભીષ્મ સામે લડવા દોડયો. હે રાજન ! ધૃષ્ટદ્યુમ્ન તથા મહારથિ સુભદ્રાપુત્ર અભિમન્યુ એ બે વીર પણ, પ્રસન્ન થઇ ભીષ્મ પિતા સામે દોડયા. વૃદ્ધ એવા વિરાટ, દ્રુપદ તથા કવચ પહેરેલો કુંતિભોજ પણ તમારા પુત્રના દેખતાં ગંગાપુત્ર સામે દોડયા. અર્જુનનું ભાષણ સાંભળી, નકુળ, સહદેવ, પરાક્રમી ધર્મરાજા તથા બીજાં સર્વ સૈન્ય પણ ગંગાપુત્ર ભીષ્મ સામે દોડયાં. તમારી તરફના પણ પોતાની શક્તિ તથા ઉત્સાહ પ્રમાણે એકઠા મળેલા સામા મહારથિઓ પ્રતિ ગયા, તે હું હવે કહું છું સાંભળો. હે મહારાજ ! ભીષ્મનું રક્ષણ કરવા જતા ચેકિતાન સામે, બલિવર્દ સામે વાઘનું બચ્ચું જાય તેમ ચિત્રસેન ગયો. સાવધાન થઇ ભીષ્મ સામે જતા ધૃષ્ટદ્યુમ્નને, કૃતવર્માએ વારી રાખ્યો. અત્યંત ક્રોધે ભરાયેલા ગંગાપુત્રને મારવા ઇચ્છતા ભીમસેનને સોમદત્ત પુત્ર ભૂરિશ્રવાએ વારી રાખ્યો. તેમજ ઘણાં બાણ ફેંકતા શૂરવીર નકુળને ભીષ્મના જીવિતને ઇચ્છતા વિકર્ણે વારી રાખ્યો. ભીષ્મના રથ પ્રત્યે જતા સહદેવને અત્યંત ક્રોધી કૃપાચાર્યે વારી રાખ્યો. ભીષ્મના મરણને ઇચ્છતા ક્રૂર કર્મવાળા મહા બળવાન ભીમસેન પુત્ર ઘટોત્કચ રાક્ષસને બળવાન દુર્મુખે અને સંગ્રામમાં જતા સાત્યકિને તમારા પુત્રે વારી રાખ્યો. ભીષ્મના રથ પ્રત્યે જતા અભિમન્યુને કાંબોજ દેશના સુદક્ષિણ રાજાએ વારી રાખ્યો. હે ભારત ! શત્રુને

મર્દન કરનાર વૃદ્ધ વિરાટ તથા દ્રુપદને ક્રોધે ભરાયેલા અશ્વત્થામાએ વારી રાખ્યા. તેમજ ભીષ્મના વધને ઇચ્છતા મોટા પાંડુપુત્ર ધર્મરાજાને સાવધાન થયેલા દ્રોણાચાર્યે સંગ્રામમાં વારી રાખ્યા. શિખંડિને આગળ કરી ઉત્સાહથી યુદ્ધમાં ભીષ્મને મારવા ઇચ્છતા દશે દિશાઓને પ્રકાશ કરતા અર્જુનને મોટા ધનુષવાળા દુઃશાસને વારી રાખ્યો. બાકીના તમારી તરફના યોદ્ધાઓએ ભીષ્મ સામે જતા પાંડવ તરફના મહારથિઓને વારી રાખ્યા. ધૃષ્ટદ્યુમ્ન, તો વારંવાર તમારા સૈન્યને તિરસ્કાર કરતાં મહારથિ તે એકલોજ પોતે ક્રોધથી ભીષ્મ સામે દોડી, આવી રીતે ગર્જવા લાગ્યો, કે કૌરવ પુત્ર આ અર્જુન, સંગ્રામમાં ભીષ્મ સામે જાય છે માટે હે શૂરવીરો! તમે તેની સામે દોડો, ભય માં ધરો, તમને ભીષ્મ મારી નહીં શકે, કારણ અર્જુન સાથે સંગ્રામમાં યુદ્ધ કરવાને ઇંદ્ર પણ ઉત્સાહ કરવાને સમર્થ થઇ શકે એમ નથી, ત્યારે હે વીરો! બુદ્ધિ રહિત સ્વલ્પ જીવિતવાળો ભીષ્મ કોણ માત્ર છે. એવાં સેનાપતિનાં વચન સાંભળી, પાંડવ તરફના મહારથિઓ પ્રસન્ન થઇ ગંગાપુત્ર ભીષ્મના રથ સામે દોડયા. પ્રલય સમયના જળના ઓઘની પેઠે ધસી આવતા તેમને પુરૂષમાં શ્રેષ્ઠ પ્રસન્ન થયેલા તમારી તરફનાઓએ વારી રાખ્યા. હે મહારાજ! ભીષ્મના જીવિતને ઇચ્છતો મહારથિ દુઃશાસન તો ભયનો ત્યાગ કરી અર્જુન સામે દોડયો. તેમજ શૂરવીર મહારથિ પાંડવો ભીષ્મના રથ પાસે ઉભેલા તમારા પુત્રો સામે સંગ્રામમાં દોડયા. હે વિશાંપતે! તે વખતે પૂર્વે થયેલું નહીં એવું એક આશ્ચર્ય અમે જોયું તે એ કે, દુઃશાસનના રથને અર્જુન અતિક્રમણ કરી શકયો નહિ. એ રીતે જેમ ક્ષોભ પામેલા જળવાળા મહા સમુદ્રને કિનારો વારી રાખે તેમ ક્રોધે ભરાયેલા પાંડુપુત્ર અર્જુનને તમારા પુત્રે વારી રાખ્યો. હે ભારત! દુઃખે કરી જીતી શકાય નહીં એવા રથિમાં શ્રેષ્ઠ કાંતિએ કરી ચંદ્ર તથા સૂર્ય જેવા તેજસ્વી પરસ્પર ક્રોધે ભરાયેલા એક બીજાને મારવા ઇચ્છતા તે બેઉ, પૂર્વે મયદાનવ તથા ઇંદ્ર જેમ એક બીજા સામે આવ્યા હતા તેમ એક બીજાની સામે યુદ્ધ કરવા લાગ્યા. એટલામાં હે મહારાજ! દુઃશાસને ત્રણ બાણે કરી અર્જુનને અને વીશે કરી વાસુદેવ ભગવાનને વિંધ્યા. એ રીતે પીડા પામેલા શ્રીકૃષ્ણને જોઇ, ક્રોધ પામેલા અર્જુને દુઃશાસન ઉપર નારાચ નામના સો બાણુ નાખ્યા. જેણે તેનું કવચ ભેદી રૂધિર પાન કર્યું. ક્રોધી દુઃશાસને ત્રણ બાણે કરી અર્જુનને લલાટમાં વિંધ્યો. લલાટમાં વાગેલા ગ્રંથી વગરના તે બાણે કરી, અતિ ઉંચા શિખરોએ કરી મેરૂપર્વત શોભે તેમ તે શોભતો હતો. ધનુષ ધરનાર તમારા પુત્રે, એ રીતે વિંધેલો મોટા ધનુષવાળો તે ફુલવાળા ખાખરાના વૃક્ષ સમ શોભતો હતો. પછી પાંડુપુત્ર અર્જુને, પર્વને વિષે રાહુ જેમ ચંદ્રને પીડે તેમ દુઃશાસનને પીડયો. એ રીતે બળવાને પીડેલા તમારા પુત્રે શિલા ઉપર તીક્ષ્ણુ કરેલા ગૃધ્રના પિંછ બાંધેલા બાણોએ કરી અર્જુનને વિંધ્યો. અર્જુને તેનું ધનુષ કાપી ત્રણ બાણુથી તેના રથને ભાગી તીક્ષ્ણુ બાણે કરી તમારા પુત્રને પણ વિંધ્યો ભીમની સન્મુખ ઉભેલા તેણે, બીજું ધનુષ ગ્રહણુ કરી પચ્ચીશ બાણે કરી અર્જુનને બે બાહુ તથા વક્ષસ્થળમાં વિંધ્યો. હે મહારાજ! અત્યંત ક્રોધે ભરાયેલા શત્રુને તપાવનાર પાંડુપુત્ર અર્જુને, યમદંડ જેવા ભયંકર ઘણાક બાણુ તેની ઉપર નાખ્યા. તે બાણોને તમારા પુત્રે, અર્જુન યત્ન કરવા છતાં કાપી નાખ્યા, તે આશ્ચર્ય સરખું થયું. વળી તમારા પુત્રે તીક્ષ્ણુ બાણે કરી અર્જુનને વિંધ્યો તેથી અર્જુને શિલા ઉપર તીક્ષ્ણુ કરેલા સુવર્ણના પુંખવાળા બાણુ ધનુષપર

ચઢાવી તેની ઉપર નાખ્યા. હે મહારાજ ! જે, તે મહાત્માની કાયામાં જેમ તળાવમાં હંસો ઉતરે તેમ તેના શરીરમાં પેસી ગયા. એ રીતે મહાત્મા પાંડુપુત્ર અર્જુને પીડેલો તમારો પુત્ર, સંગ્રામમાં અર્જુનને મૂકી ભીષ્મના રથમાં ચઢી બેઠો. અગાધ જળમાં બુડતા તેને ભીષ્મ દ્વીપરૂપ થયા, એટલામાં તમારો પુત્ર સંજ્ઞા પામી, પરાક્રમી અર્જુનને વરવા લાગ્યો અને અસંત તીક્ષ્ણ બાણે કરી, વૃત્રાસુરને ઇંદ્ર વિંધે તેમ તેણે અર્જુનને વિંધ્યો, તોપણ મોટી કાયાવાળો અર્જુન વ્યથા પામ્યો નહીં.

शरैः सुनिशितैः पार्थं यथा वृत्रं पुरंदरः ।
निर्बिभेद महाकायो दिव्यथेनैव चार्जुनः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि अर्जुनदुःशासनसमागमे गुर्जरभाषायां दशाधिकशततमोऽध्यायः ॥ ११० ॥

અધ્યાય ૧૧૧ મો. ભીષ્મના રક્ષણ માટે કૌરવોનો યત્ન.

संजय उवाच-सात्यकिं दंशितं युद्धे भीष्मायाभ्युद्यतं रणे ।
आर्ष्यशृंगिर्महेष्वासो वारयामास संयुगे ॥ १ ॥

સંજય કહે છે કે, હે ભારત ! યુદ્ધમાં કવચ પહેરી ભીષ્મ સામે જતા સાત્યકિને મોટા ધનુષવાળા અલંબુષ રાક્ષસે વારી રાખ્યો. હે રાજન ! હે ભારત ! મધુકુળમાં ઉત્પન્ન થયેલા અસંત ક્રોધે ચઢેલા સાત્યકિએ હસતો હોય તેની પેઠે નવ બાણે કરી રાક્ષસને વિંધ્યો. તેમજ ક્રોધે ચઢેલા રાક્ષસે પણ શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિને નવ બાણે કરી પીડયો. વળી વિપક્ષી શૂરવીરને હણનાર શિનિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિએ અત્યંત ક્રોધથી તે રાક્ષસ ઉપર ઘણાક બાણ નાખ્યા. રાક્ષસે પણ સત્ય પરાક્રમવાળા મહાબાહુ સાત્યકિને તીક્ષ્ણ બાણે કરી વિંધી સિંહનાદ કર્યો. એ રીતે રાક્ષસે અત્યંત વિંધી વારી રાખેલા મધુકુળમાં ઉત્પન્ન થયેલા તેજસ્વી સાત્યકિએ, હાસ્ય કરી સિંહનાદ કર્યો. એટલામાં ક્રોધે ભરાયેલા ભગદત્તે તીક્ષ્ણ બાણે કરી, અંકુશે કરી જેમ મોટા હસ્તિને મારે તેમ તેને માર્યો. શિનિકુળમાં ઉત્પન્ન થયેલા રથિમાં શ્રેષ્ઠ સાત્યકિએ સંગ્રામમાં તે રાક્ષસને મૂકી ભગદત્ત ઉપર ગ્રંથી વગરના બાણ નાખ્યા. બાણ નાખવામાં ચતુર ભગદત્ત રાજાએ સો ધારવાળા ભાલાએ કરી સાત્યકિનું મોટું ધનુષ કાપી નાખ્યું. શત્રુના શૂરવીરને હણનાર તેણે વેગથી બીજું ધનુષ ગ્રહણ કરી ક્રોધી ભગદત્તને તીક્ષ્ણ બાણથી વિંધ્યો. અત્યંત વિંધાયલા મોટા ધનુષવાળા તેણે એ ગલોફાં ચાટી, સુવર્ણ તથા વૈદૂર્યમણિથી શોભતી લોહમય દૃઢ યમદંડ સમાન શક્તિ સાત્યકિ ઉપર નાખી. સામે આવતી શક્તિના સાત્યકિએ બાણે કરી તત્કાળ એ કડકા કરી નાંખ્યા. કાંતિ વગરની તે, તત્કાળ મોટા ઊંબાડિયાંની પેઠે પૃથ્વી ઉપર પડી. હે વિશાંપતે ! નાશ પામેલી શક્તિને જોઇ તમારા પુત્રે, મોટા રથ સમુદાયે કરી સાત્યકિને જોઇ, અત્યંત ક્રોધે ભરાયેલા દુર્યોધને પોતાના સર્વ ભાઇયોને કહ્યું કે હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલાઓ ! જે રીતે તમારા આ મોટા રથ સમુદાયમાંથી સાત્યકિ પાછો જીવતો ન જાય તે રીતે કરો, કારણ તે હણાવાથી પાંડવોનું મોટું સૈન્ય હણાયલું છે એમ હું માનું છું. એવાં તેનાં વચન

સાંભળી 'ઠીક બહુ સારૂં' એમ કહી મહારથિયો તે સંગ્રામમાં ભીષ્મ તરફ જતા સાત્યકિ સામે યુદ્ધ કરવા લાગ્યા. બળવાન કાંબોજ દેશના સુદક્ષિણ રાજાએ ગ્રંથી વગરના બાણથી અર્જુનપુત્ર અભિમન્યુને વિંધી તેને વારી રાખ્યો. વળી ભીષ્મના જીવિતને ઈચ્છતા સુદક્ષિણે ચોસઠ તથા બીજા પાંચ બાણથી તેને વિંધી, નવે કરી એના સારથિને વિંધ્યો. તે વખતે તે બેઉનું અત્યંત ઘોર યુદ્ધ થયું. જ્યારે શત્રુનો નાશ કરનાર શિખંડિ, ગંગાપુત્ર ભીષ્મ સામે દોડયો, ત્યારે અત્યંત ક્રોધે ભરાયેલા મહારથિ વૃદ્ધ વિરાટ તથા દ્રુપદ, મોટી સેનાને વારી રાખતાં ભીષ્મ સામે દોડયા. તે વખતે ક્રોધે ચઢેલા રથિમાં શ્રેષ્ઠ અશ્વત્થામા તેમની સામે આવ્યા. ત્યાર પછી તેમનું તથા તેનું પરસ્પર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. જેમાં હે શત્રુને તપાવનાર ! સંગ્રામમાં શોભતા મોટા ધનુષવાળા યત્ન કરતા અશ્વત્થામાને, વિરાટે ભલ્લ નામના દશ બાણે કરીને તથા દ્રુપદે તીક્ષ્ણ ત્રણ બાણે કરીને વિંધ્યો. પ્રહાર કરતા મહા બળવાન તેમને અશ્વત્થામાએ ઘણાક બાણથી વિંધ્યા. તે વખતે ભીષ્મ સામે જતા શૂરવીર વૃદ્ધ વિરાટ તથા દ્રુપદ રાજાનું આશ્ચર્યરૂપ મોટું ચરિત્ર અમે જોયું. અશ્વત્થામાના બાણ યુદ્ધમાં તેમણે વારી રાખ્યા. ધસી આવતા સહદેવ સામે વનમાં મદોન્મત્ત હસ્તિ સામે મદોન્મત્ત બીજો હસ્તિ દોડે તેમ શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય દોડયા. પછી સંગ્રામમાં શૂરવીર તેણે મહારથિ માદ્રીપુત્રને સુવર્ણથી શોભતા સિત્તેર બાણે કરી વિંધ્યો. માદ્રીપુત્ર તેણે પણ બાણે કરી તેના ધનુષના બે કડકા કરી, કપાઇ ગયેલા ધનુષવાળા તેને નવ બાણે કરીને વિંધ્યો ભીષ્મના જીવિતને ઇચ્છતા તેણે પણ ભાર સહન કરનાર બીજું ધનુષ ગ્રહણ કરી તીક્ષ્ણ દશ બાણે કરી માદ્રીપુત્રને વક્ષસ્થળમાં વિંધ્યો. તેમજ ભીષ્મના વધને ઈચ્છતા પાંડુપુત્ર તેણે કૃપાચાર્યને વક્ષસ્થળમાં વિંધ્યો. તે વખતે તે બેઉનું ભયંકર મોટું યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. મહા બળવાન ભીષ્મના રક્ષણને ઇચ્છતા શત્રુને તપાવતા વિકર્ણે સાઠ બાણથી નકુળને વિંધ્યો બુદ્ધિમાન તમારા પુત્રે અત્યંત વિંધેલા નકુળે પણ સિત્યોતેર બાણે કરી તેને વિંધ્યો. તે વખતે શત્રુને તપાવનાર પુરૂષમાં સિંહરૂપ શૂરવીર તે બેઉ, ભીષ્મ વાસ્તે ગાયોના રહેવાના સ્થાન વિષે મોટા બે બલીવર્દ એક બીજાને મારે તેમ મારતા હતા. તમારી સેનાને મારતા સંગ્રામમાં આવતા ઘટોત્કચ સામે ભીષ્મ વાસ્તે પરાક્રમી દુર્મુખ આવ્યો. હે રાજન ! સંગ્રામમાં ક્રોધે પીડેલા હિડિંબા પુત્ર ઘટોત્કચે શત્રુને તપાવનાર દુર્મુખને ગ્રંથી વગરના બાણે કરી વક્ષસ્થળમાં વિંધ્યો. પ્રસન્ન થયેલા શૂરવીર દુર્મુખે પણ, તીક્ષ્ણ અગ્રભાગવાળા સાઠ બાણે કરી, ભીમસેન પુત્રને વિંધી સિંહનાદ કર્યો. ભીષ્મને મારવાની ઇચ્છાથી આવતા રથિમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્નને મહારથિ હાર્દિકયે વારી રાખ્યો. પછી મહાબાહુ તેણે પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા મહારથિ ધૃષ્ટદ્યુમ્નને લોહમય પાંચ બાણથી વિંધી 'ઉભો રહે ઉભો રહે' એમ કહી વળી પચાસ બાણથી વિંધ્યો. હે રાજન ! પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા તેણે પણ ગૃધ્રના પીંછ બાંધેલા નવ બાણે કરી તેને વિંધ્યો. તે વખતે ભીષ્મ વાસ્તે પરસ્પર અતિશયતાને ઇચ્છતા તે બેઉનું, વૃત્ર તથા ઇંદ્રના જેવું મોટું યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. મહારથિ ભીષ્મ પ્રત્યે આવતા ભીમસેનને તરત જઇ સોમદત્ત પુત્ર ભૂરિશ્રવાએ 'ઉભો રહે, ઉભો રહે,' એમ કહી સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યો. સુવર્ણના પૃષ્ટ ભાગવાળા અત્યંત તીક્ષ્ણ વક્ષસ્થળમાં રહેલા નારાચ નામના તે બાણે કરી, કાર્તિકસ્વામિની શક્તિએ કરી ક્રૌંચ નામનો પર્વત શોભે તેમ પ્રતાપવાન ભીમસેન શોભતો હતો.

પુરૂષમાં શ્રેષ્ઠ તે બેઉ સૂર્ય સમાન તીક્ષ્ણ કરેલા બાણુ એક બીજા ઉપર નાખતા હતા. ભીષ્મના વધને ઈચ્છતા ભીમસેન, મહારથિ ભૂરિશ્રવાને, અને ભીષ્મના જયને ઇચ્છતો ભૂરિશ્રવા પાંડુપુત્ર ભીમસેનને મારતો હતો. એ રીતે યત્નથી તે બેઉ, પરસ્પર યુદ્ધ કરતા હતા. મોટી સેના સહિત ભીષ્મ સામે આવતા કુંતિપુત્ર યુધિષ્ઠિરને દ્રોણાચાર્યે વારી રાખ્યા. હે મારિષ ! મેઘના ગર્જન જેવા દ્રોણુના રથનો શબ્દ સાંભળી પ્રભદ્રકો કંપવા લાગ્યા. હે રાજન ! યુધિષ્ઠિર રાજાની દ્રોણાચાર્યે વારી રાખેલી સાવધાન મોટી સેના એક પગલું પણ આગળ ચાલતી ન હતી. હે જનેશ્વર ! ભીષ્મ પ્રત્યે સાવધાન થઇ જતા ચેકિતાનને ચિત્રસેન નામના તમારા પુત્રે વારી રાખ્યો. પછી પરાક્રમી તે, ભીષ્મ વાસ્તે શક્તિ પ્રમાણે ચેકિતાન સ.મે યુદ્ધ કરવા લાગ્યો. ચેકિતાને પણ ચિત્રસેનને વારી રાખ્યો. તે વખતે બેઉનું અત્યંત મોટું યુદ્ધ થયું. ઘણાકે વારી રાખેલો અર્જુન, તમારા પુત્રને વિમુખ કરી તમારી સેનાને મર્દન કરવા લાગ્યો. હે ભારત ! દુઃશાસને પણ ભીષ્મને આમ કરવાથી તે નહીં મારી શકે એમ નિશ્ચય કરી પોતાના બળથી અર્જુનને વારી રાખ્યો. હે ભારત ! સંગ્રામમાં તેણે મારવા માંડેલી તમારા પુત્રની સેના, શ્રેષ્ઠ રથિયોએ કરી તે ઠેકાણે આકુળ વ્યાકુળ થવા લાગી.

सावध्यमाना समरे पुत्रस्य तव वाहिनी ।
लोडय्यते रथिभिः श्रैष्टस्तत्रतत्रैव भारत ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्वंद्वयुद्धे गुर्जरभाषायां एकादशाधिकशततमोऽध्यायः ॥ १११ ॥

અધ્યાય ૧૧૨ મો. દ્રોણુ ને અશ્વત્થામાનો સંવાદ.

संजय उवाच-अथ वीरो महेष्वासो मत्तवारणविक्रमः ।
समादाय महच्चापं मत्तवारणवारणं ॥ १ ॥

સંજય કહે છે કે હે ધૃતરાષ્ટ્ર ! પછી મદોન્મત્ત હસ્તિ સમ પરાક્રમવાળા મોટા ધનુષવાળા શૂરવીર દ્રોણુ મદોન્મત્ત હસ્તિને નિવારણ કરે એવું મોટું ધનુષ ગ્રહણ કરી તેને સજ્જ કરી પાંડવની સેનાને નસાડતા પુરૂષમાં શ્રેષ્ટ પરાક્રમી સારાં નરતાં શુકનને જાણનાર મહા બળવાન તે, ચોતરફથી થતાં ખરાબ નિમિત્તને જોઈ, સૈન્યોને અત્યંત તપાવતા પોતાના પુત્રને આવી રીતે કહેવા લાગ્યા કે, હે તાત ! જે દિવસે સંગ્રામમાં મહા બળવાન અર્જુન ભીષ્મને મારવાનો યત્ન કરનાર હતો તે દિવસ આજેજ પ્રાપ્ત થયો છે, કારણ કે, મારાં બાણુ ઉંચે જાય છે; ધનુષ વારંવાર સ્ફુરાયમાન થાય છે, અસ્ત્રો યોગ પામે છે, મારી મતિ ક્રૂર કામ પ્રતિ વર્તે છે, દિશાઓમાં મૃગ તથા પક્ષિયો વારંવાર ભયંકર શબ્દો કરે છે, કૌરવની સેનામાં ગીધ પક્ષિઓ સંતાય છે ને કાંતિ રહિત સૂર્ય ઝાંખો જણાય છે, દિશાઓ ચોતરફથી લાલ થઇ ગઇ છે અને પૃથ્વી બીતી હોય તેમ ચોતરફથી કંપે છે. કાંક, ગૃધ્ર તથા બગલા વારંવાર બોલે છે, મોટા ભયને સૂચવતી અમંગળ શિયાળો પણ વારંવાર રૂવે છે, સૂર્ય મંડળમાંથી ઉલ્કા પડે છે જળ સહિત મેઘપંક્તિ સૂર્યને ઢાંકી

રહી છે, ને રાજાઓના દેહનો નાશ કરનાર મોટા ભયને સૂચવતો મંડળાકાર પરિવેશ, સૂર્ય તથા ચંદ્રને થયેલો છે. દુર્યોધનના દેવસ્થાનમાં રહેલ પ્રતિમારૂપ દેવતાઓ કંપે છે, હસે છે, નૃત્ય કરે છે તથા રૂદન કરે છે. ખરાબ લક્ષણવાળા ગ્રહો ઉંધા ફેર છે ચંદ્રમા નીચે શિંગવાળો દેખાય છે. રાજાઓનાં શરીરોને હું કાંતિ રહિત દેખું છું. દુર્યોધનના સૈન્યમાં કવચ પહેરેલાઓ શોભતા નથી અને બેઉ સેનામાં ચોતરફથી પાંચજન્ય શંખ તથા ગાંડીવ ધનુષનો મોટો શબ્દ સંભળાય છે, માટે જરૂર અર્જુન ઉત્તમાસ્ત્ર સાંધી બીજા યોદ્ધાઓને મૂકી ભીષ્મ સામે આવશે. હે મહાબાહો! ભીષ્મ તથા અર્જુનના યુદ્ધને યાદ કરી મારાં રૂવાં ઉભાં થાય છે ને મારૂં મન પણ ખેદ પામતું હોય તેમ સીદાય છે. ઘાતકી જેની બુદ્ધિ છે એવા પાપિષ્ટ ચિત્તવાળા શિખંડીને આગળ કરી અર્જુન ભીષ્મ સાથે યુદ્ધ કરવા આવે છે. પૂર્વેજ ભીષ્મે કહ્યું હતું કે હું શિખંડીને નહીં મારૂં, કારણ વિધાતાએ એને સ્ત્રી કર્યો હતો ને પછી દૈવયોગથી તે પુરૂષ થયો છે. મહા બળવાન તે અમંગળ ધ્વજાવાળો છે માટે અમંગળરૂપ એવા તેને ગંગાપુત્ર મારશે નહીં. એ વાત હું યાદ કરૂં છું ત્યાં મારી ત્વચા બળે છે. ઉદ્યુક્ત થયેલો અર્જુન ભીષ્મ સામે આવ્યો તે વખતે યુધિષ્ઠિરને ક્રોધ થયો. ભીષ્મ અર્જુન સામે આવ્યા, તેમ મારાં અસ્ત્ર ચલાયમાન થાય છે માટે જરૂર પ્રજાનું અમંગળ થવાનું છે. મનસ્વી બળવાન શૂરવીર અસ્ત્ર શિખેલ ઘણા પરાક્રમવાળો દૂરથી બાણ ફેંકનાર દૃઢ બાણવાળો નિમિત્ત જાણનાર સંગ્રામમાં દેવ તથા અસુરથી પણ જીતી શકાય નહીં એવો બળવાન બુદ્ધિમાન કલેશ રહિત યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ જય કરનાર તથા ભયંકર અસ્ત્રવાળો પાંડુપુત્ર અર્જુન છે, માટે હે દૃઢ વ્રતવાળા! હે પુત્ર! તું ત્યાં જઇ તેના માર્ગને રોકી, મહા ભયંકર સંગ્રામમાં આજ થતા મોટા પ્રહારને જો. જેમાં ક્રોધે ભરાયેલો અર્જુન, શૂરવીરોનાં સુવર્ણના ચિત્રવાળાં સુંદર મોટાં કવચોને ગ્રંથી વગરના બાણે કરી વિદારણ કરતાં ધ્વજાના અગ્રભાગ, ભાલાં, ધનુષ, સાંગ, નિર્મળ તીક્ષ્ણ શક્તિઓ તથા સુવર્ણથી શોભતાં હસ્તિઓનાં નિશાનોને કાપે છે. હે પુત્ર! પાછળ ચાલનારાઓએ પોતાના પ્રાણનું રક્ષણ કરવાનો આ વખત નથી, માટે સ્વર્ગની ઇચ્છા રાખી યશ, વા, વિજય વાસ્તે તું ત્યાં જા. જ્યાં અર્જુન રથ હસ્તિ, તથા ઘોડારૂપી ઘુમરીવાળી દુઃખે કરી જઇ શકાય નહીં એવી મહા ભયંકર સંગ્રામરૂપ નદીને રથે કરી તરી જાય છે. જેના ભાઇ અર્જુન, મહા બળવાન ભીમસેન તથા માદ્રીપુત્ર નકુળ સહદેવ છે અને વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા વાસુદેવ ભગવાન જેના સારથિ છે, તેમ બ્રહ્મણ્યતા, દમ, દાન, તપ તથા મોટું ચરિત્ર જે યુધિષ્ઠિર વિષે અહિં દેખાય છે. તપે કરી કૃશ શરીરવાળા ધર્મરાજાનો દીનતાથી ઉત્પન્ન થયેલો કોપ દુર્બુદ્ધિવાળી દુર્યોધનની સેનાને બાળે છે. દુર્યોધનના સર્વ સૈન્યને ચોતરફથી વિદારણ કરતો વાસુદેવને આશરે રહેલો અર્જુન સામે આવેલો દેખાય છે. મોટા માછલાંએ ક્ષોભ પમાડેલ મોટી લહેરવાળો અત્યંત મોટો સમુદ્ર ક્ષોભ પામે તેમ અર્જુને ક્ષોભ પમાડેલું આ સૈન્ય કંપતું દેખાય છે. સેનાના મુખ વિષે હાહા તથા કિલકિલ શબ્દ સંભળાય છે, માટે તું શિખંડી સામે જા અને હું યુધિષ્ઠિર સામે જાઉં છું. ઉપેંદ્ર જેવો શ્યામ મોટા સાગના વૃક્ષ જેવો ઉંચો, બીજા અર્જુન સરખો તે આ સૈન્યના અગ્રભાગ તરફ જાય છે. સાત્યકિ, અભિમન્યુ, ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, તથા નકુળ, સહદેવ, જે મનુષ્યના ઇશ્વર રાજાની ચોતરફથી રક્ષા કરે છે માટે ઘણા તેજવાળા તે રાજાના વ્યૂહનું છિદ્ર તો ચોતરફ ઉભેલા

અતિરથિઓએ કરી સમુદ્રના ઉદરની પેઠે દુઃખથી પણ જાણવામાં નહિ એવું છે. તથાપિ તું તો ઉત્તમાસ્ત્ર ધારણ કરી મોટું ધનુષ લઇ, પૃષત્‌ગોત્રમાં ઉત્પન્ન થયેલા રાજા સામે જા, ને ભીમ સાથે પણ યુદ્ધ કર. હે પુત્ર! પોતાના પ્રિયપુત્રને આ ઘણા વર્ષ જીવે એમ કોણ ઇચ્છા ન કરે, તથાપિ ક્ષાત્રધર્મને જોઇ તને યુદ્ધમાં હું જોડું છું. યુદ્ધમાં યમ તથા વરૂણ જેવા ભીષ્મ મોટા સંગ્રામમાં સેનાને બાળે છે.

एष चातिरणे भीष्मो दहते वै महाचमूं ।
युद्धेषु सदृशस्तात यमस्य वरुणस्य च ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि द्रोणाश्वत्थामसंवादे गुर्जरभाषायां द्वादशाधिकशततमोऽध्यायः ॥ ११२ ॥

અધ્યાય ૧૧૩ મો. ભીમ સામે કૌરવપક્ષીઓનું યુદ્ધ.

संजय उवाच-भगदत्तः कृपः शल्यः कृतवर्मा तथैव च ।
विंदानुविंदावावंत्यौ सैंधवश्च जयद्रथः ॥ १ ॥

સંજય કહે છે કે હે ધૃતરાષ્ટ્ર! ભગદત્ત, કૃપાચાર્ય, શલ્ય, કૃતવર્મા અવંતિના વિંદ અનુવિંદ, સિંધુ દેશનો રાજા જયદ્રથ, ચિત્રસેન, વિકર્ણ તથા દુર્મર્ષણાદિક તમારી તરફના દશ યોદ્ધાઓ, નાના દેશમાંથી આવેલી મોટી સેના સહિત મોટા યશની પ્રાર્થના કરતા ભીષ્મના સંગ્રામમાં ભીમસેન સાથે યુદ્ધ કરતા હતા. જેમાં શલ્યે નવે કરી, કૃતવર્માએ ત્રણથી, કૃપે નવે કરી, ચિત્રસેન, વિકર્ણ તથા ભગદત્તે દશ દશ બાણે કરી, સિંધુ દેશના રાજા જયદ્રથે ત્રણે કરી, અવંતિપુરીના વિંદ તથા અનુવિંદે પાંચ પાંચ બાણે કરી તથા દુર્મર્ષણે તીક્ષ્ણ એવા વીશ બાણે કરી પાંડુપુત્ર ભીમસેનને વિંધી નાંખ્યો. હે મહારાજ! શત્રુના શૂરવીરને હણનાર શૂરવીર પાંડુપુત્રે પણ અત્યંત શૂરવીર શોભતા તમારી તરફના તે સર્વ મહારથિઓને જુદા જુદા બાણથી મારવા માંડ્યા. તે કેવી રીતે કે, સાત બાણે કરી શલ્યને તથા આઠે કરી કૃતવર્માને વિંધી, કૃપાચાર્યનું બાણ સહિત ધનુષ મધ્યભાગમાંથી કાપી, વળી કપાઇ ગયેલ ધનુષવાળા તેમને સાત બાણે કરી વિંધ્યા. ત્રણ ત્રણ બાણે કરી વિંદ તથા અનુવિંદ, ને વીશે કરી દુર્મર્ષણને, પાંચથી ચિત્રસેનને, દશથી વિકર્ણને, પાંચથી જયદ્રથને વિંધી, સિંહનાદ કરી પ્રસન્ન થયેલા ભીમસેને, વળી ત્રણ બાણે કરી સિંધુ દેશના રાજાને વિંધ્યો. એટલામાં રથિમાં શ્રેષ્ઠ ક્રોધી ગૌતમે બીજું ધનુષ ગ્રહણ કરી, તીક્ષ્ણ દશ બાણે કરી પાંડુપુત્રને વિંધ્યો. હે મહારાજ! એ રીતે અંકુશે કરી મોટો હસ્તિ વિંધાય તેમ દશ બાણે કરી વિંધાયલા ક્રોધાવિષ્ટ પ્રતાપવાન ભીમસેને સંગ્રામમાં ઘણાક બાણે કરી ગૌતમને વિંધ્યો. વળી કાળ જેવી કાંતિવાળા તેણે ત્રણ બાણે કરી સિંધુ દેશના રાજાના અશ્વ તથા સારથિને યમ લોકમાં મોકલી દીધા. તે સમયે હણાએલ અશ્વવાળા રથમાંથી તરત નીચે કુદી મહારથી તેણે ભીમસેન ઉપર તીક્ષ્ણ બાણ નાખ્યા. હે મારિષ! હે ભરત શ્રેષ્ઠ! ભીમસેને ભલ્લ નામના બે બાણે કરી મહાત્મા સિંધુ રાજાનું ધનુષ વચમાંથી કાપી નાખ્યું. હે રાજન! કપાઇ ગયેલા ધનુષવાળો હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવો

વિરથ તે ચિત્રસેનના રથમાં ચઢી બેઠો. હે મારિષ ! તે સમયે પાંડુપુત્ર ભીમસેને સંગ્રામમાં આશ્ચર્યરૂપ કર્મ કર્યું. જે મહારથિઓને બાણે કરી વિંધી વારી રાખી સર્વ લોક જોતાં સિંધુરાજાને વિરથ કર્યો. ભીમસેનનું પરાક્રમ શલ્યથી સહન થયું નહીં, તેથી તેણે યંત્રથી સજેલા તીક્ષ્ણ બાણ સાંધી, 'અરે ઉભો રહે, ઉભો રહે,' એમ કહી તેને વિંધ્યો. કૃપાચાર્ય, કૃતવર્મા, પરાક્રમી ભગદત્ત, અવંતીપુરના વિંદ તથા અનુવિંદ ચિત્રસેન, દુર્મર્ષણ, વિકર્ણ તથા પરાક્રમી સિંધુ દેશનો રાજા, શત્રુને દમન કરનાર એટલાઓએ શલ્ય વાસ્તે ભીમસેનને વિંધ્યો. તેણે પણ પાંચ પાંચ બાણે કરી તેમને વિંધી સિત્તેર બાણે કરી શલ્યને વિંધી વળી બીજા દશ બાણે કરી તેને વિંધ્યો. શલ્યે પણ નવ બાણથી તેને ભેદી પાંચ બાણથી ફરીને ઘાયલ કર્યો. ભલ્લ બાણે કરી એના સારથિને પણ મર્મસ્થાનમાં વિંધ્યો. તેણે ભેદેલા વિશોક નામના પોતાના સારથિને જોઇ, પ્રતાપવાન ભીમસેને શલ્યને ત્રણ બાણે કરી બે બાહુ તથા વૃક્ષસ્થળમાં વિંધ્યો. તેમજ મોટા ધનુષવાળા બીજાઓને પણ ત્રણ ત્રણ બાણે કરી વિંધી સિંહની પેઠે ગર્જના કરી. મોટા ધનુષવાળા સાવધાન તેમણે પણ યુદ્ધમાં અગ્રભાગવાળા ત્રણ ત્રણ બાણે કરી મર્મસ્થાનમાં તેને વિંધ્યો. એ રીતે અત્યંત વિંધાયલો મોટા ધનુષવાળો તે વરસતા મેઘથી પડતી જળધારાઓએ કરી જેમ પર્વત વ્યથા પામે નહીં તેમ કંઇ પણ વ્યથા પામ્યો નહીં, પાંડવોમાં મહારથિ ક્રોધાવિષ્ટ મોટા યશવાળા તેણે મદ્રદેશના અધિપતિ શલ્યને ત્રણ બાણથી વિંધી, નવ બાણે કરી ચોતરફથી કૃપાચાર્યને વિંધી સો બાણે કરી ભગદત્તને વિંધ્યો. ત્યાર પછી વળી ક્ષુરપ્ર નામના અત્યંત તીક્ષ્ણ બાણે કરી બાણ નાખવામાં ચતુર તેણે, મહાત્મા કૃતવર્માનું બાણ સહિત ધનુષ કાપી નાખ્યું. તે સમે બીજું ધનુષ ગ્રહણ કરી શત્રુને તપાવનાર કૃતવર્માએ નારાચ નામના બાણે કરી ભીમસેનને ભ્રુકુટીના મધ્ય ભાગમાં ઘાયેલ કર્યો. ભીમસેને પણ લોહમય નવ બાણે કરી શલ્યને, ત્રણે કરી ભગદત્તને, આઠથી કૃતવર્માને અને બે બે બાણે ગૌતમ વગેરે રથિઓને વિંધ્યા. હે રાજન ! તેમણે પણ સંગ્રામમાં તીક્ષ્ણ બાણથી તેને વિંધ્યો. તે રીતે મહારથિઓએ સર્વ શસ્ત્રોએ કરી પીડિત કર્યો તોપણ તેમને તૃણ તુલ્ય માની વ્યથા રહિત ભીમ સંગ્રામમાં વિચરવા લાગ્યો. અવ્યગ્રચિત્તવાળા રથિમાં શ્રેષ્ઠ તેમણે પણ હજારો તીક્ષ્ણ બાણ ભીમસેન ઉપર નાખ્યા. શૂરવીર મહારથિ ભગદત્તે પણ સુવર્ણના દંડથી શોભતી મોટા વેગવાળી શક્તિ તેની ઉપર નાખી. મહાબાહુ સિંધુ દેશના રાજાએ ભાલો તથા તોમરો, કૃપાચાર્યે તોપ, શલ્યે બાણ, અને બીજા મોટા ધનુષવાળા યોદ્ધાઓએ પાંચ પાંચ બાણ ભીમસેન ઉપર નાખ્યા. વાયુપુત્ર ભીમસેને પણ ક્ષુરપ્ર નામના બાણે કરી, ભાલાના બે કડકા કરી, ત્રણ બાણે કરી તલની દુંડીની પેઠે તોમરને કાપી, ગૃધ્રના પીંછ બાંધેલા નવ બાણે કરી તોપને ભેદી શલ્યે મૂકેલા બાણને કાપી તેમજ ભગદત્તે મૂકેલી શક્તિને ઉડાડી દઇ બીજા ભયંકર બાણોના કકડા કરી ગ્રંથી વગરના બાણે કરી સંગ્રામમાં વખાણવા લાયક રીતે વળી ત્રણ ત્રણ કડકા કરી, મોટા ધનુષવાળા તે સર્વને ત્રણ ત્રણ બાણે કરી વિંધ્યા. એટલામાં તે મહા સંગ્રામમાં બાણે કરી શત્રુઓને મારતા મહારથિ ભીમસેનને જોઇ અર્જુન ત્યાં આવ્યા. તે સમયે એકઠા મળેલા તે મહાત્મા બેઉ ભાઇ પાંડુપુત્રને જોઇ, તમારી તરફના શ્રેષ્ઠ પુરૂષોએ જયની ઇચ્છા મૂકી દીધી. પછી અર્જુને મહારથિઓ સાથે યુદ્ધ કરતા ભીમસેનને જોઇ ભીષ્મને મારવા સારૂ શિખંડિને આગળ કરી, ભીમ સાથે યુદ્ધ કરવા ઉભેલા

તમારી તરફના દશ શૂરવીર સામે આવી ભીમના પ્રિય વાસ્તે તેમને વિંધ્યા. તે સમયે દુર્યોધન રાજાએ અર્જુન તથા ભીમસેનના વધ વાસ્તે સુશર્માને કહ્યું કે, હે સુશર્મન ! સૈન્ય સમુદાય સહિત તમે ઝટ જાઓ અને પાંડુપુત્ર અર્જુન તથા ભીમસેનને વારો. એવાં તેનાં વચન સાંભળી પ્રસ્થલાના અધિપતિ ત્રૈગર્ત, ધનુષધારી ભીમ તથા અર્જુન સામે દોડી જઇ હજારો રથે કરી ચોતરફથી તેમને ઘેરી લીધા. ત્યાર પછી અર્જુનને શત્રુઓ સાથે ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

रथैरनेकसाहस्रैः समंतात्पर्यवारत् ।
ततः प्रववृते युद्धमर्जुनस्य परैःसह ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीमपराक्रमे गुर्जरभाषायां त्रयोदशाधिकशततमोऽध्यायः ॥ ११३ ॥

અધ્યાય ૧૧૪ મો. ભીમાર્જુનનાં પરાક્રમો.

संजय उवाच-अर्जुनस्तु रणे शल्यं यतमानं महारथं ।
छादयामास समरे शरैः सन्नतपर्वभिः ॥ १ ॥

સંજય કહે છે કે—હે ધૃતરાષ્ટ્ર ! અર્જુને સંગ્રામમાં યત્ન કરતા તમારા મહારથિ શલ્યને ગ્રંથી વગરના બાણે કરી ઢાંકી, બીજા ત્રણ ત્રણ બાણે કરી સુશર્મા તથા કૃપાચાર્યને વિંધ્યા. વળી હે રાજેંદ્ર ! અતિરથિ એવો પ્રાગ્જ્યોતિષનો રાજા ભગદત્ત, સિંધુ દેશનો જયદ્રથ, ચિત્રસેન, કૃતવર્મા, વિકર્ણ, દુર્મર્ષણ તથા મહારથિ અવંતિપુરીના વિંદ તથા અનુવિંદને પણ કંક તથા મયૂરના પીંછ બાંધેલા ત્રણ ત્રણ બાણે કરી વિંધી તમારી સેનાને પીડી. હે ભારત ! ચિત્રસેનના રથમાં બેઠેલા જયદ્રથે પણ સંગ્રામમાં બાણે કરી અર્જુન તથા ભીમસેનને વિંધ્યા. તેમજ હે મહારાજ ! શલ્ય તથા રથિમાં શ્રેષ્ઠ કૃપાચાર્યે ઘણાક મર્મ ભેદનાર બાણે કરી રણસંગ્રામમાં અર્જુનને વિંધ્યો. હે વિશાંપતે ! હે મારિષ ! ચિત્રસેનાદિક તમારા પુત્રોએ પણ, તીક્ષ્ણ પાંચ પાંચ બાણે કરી રણસંગ્રામમાં અર્જુન તથા ભીમસેનને વિંધ્યા. રથિમાં શ્રેષ્ઠ ભરતકુળમાં ઉત્તમ એવા કુંતિપુત્ર એ બેઉ ભાઇઓ રણસંગ્રામમાં ત્રિગર્તના મોટા સૈન્યને પીડવા લાગ્યા. તે વખતે સુશર્માએ નવ બાણે કરી અર્જુનને વિંધી, તેના સૈન્યને ત્રાસ પમાડતાં મોટો સિંહનાદ કર્યો. બીજા પણ શૂરવીર મહારથિઓએ સુવર્ણના પુંખવાળા તીક્ષ્ણ બાણોએ કરી ભીમસેન તથા અર્જુનને વિંધ્યા. એ રીતે રથિઓના મધ્યમાં ક્રીડા કરતા મોટા રથવાળા ભરતકુળમાં શ્રેષ્ઠ કુંતિપુત્ર અને એ બેઉ માંસની ઇચ્છાથી ગાયોના મધ્યમાં મદોન્મત્ત સિંહ શોભે તેમ વિચિત્ર તરેહથી શોભતા હતા. શૂરવીર તે બેઉએ, શૂરવીરોનાં ધનુષ તથા ઘણાક બાણોને કાપી, મનુષ્યોનાં સેંકડો મસ્તકોને ભૂમિપર પાડયાં. એવા મોટા સંગ્રામમાં ભાગેલા ઘણાક રથો, હણાયેલ સેંકડો ઘોડાઓ, અને હસ્તિ ઉપર બેસનારાઓ પણ રણભૂમિમાં પડતા હતા. હે રાજન ! તેમણે મારવા માંડેલા તેથી કંપતા રથિઓ તથા ઘોડેસ્વારો પણ ચોતરફ નાસભાગ કરતા હતા. હણાયેલા પાયદળના સમુદાય, ઘોડાઓ તથા ભાગેલા ઘણાક રથોએ કરી પૃથ્વી ઢંકાઇ ગઇ હતી. ભાગેલાં ઘણાંક છત્ર, પડેલા ધ્વજ, ભાગેલાં અંકુશ, હાથીની ઝૂલ્યો, મુકુટ, બાજુબંધ, હાર, રંકુ-

મૃગની શાલો, ધાબળા પાઘડીઓ, તરવાર, ચામર, પંખા, આમતેમ કપાઈ પડેલા ચંદનથી લિંપાયલા રાજાઓના હાથ તથા સાથળોએ કરી રણભૂમિ ઢંકાઇ જતી હતી. રણસંગ્રામમાં મહા બળવાન અર્જુનનું અદ્ભુત પરાક્રમ અમોએ જોયું, જે, બાણે કરી તે સર્વ શૂરવીરોને વારી રાખી મારતો હતો. મહા બળવાન તમારો પુત્ર તો ભીમ તથા અર્જુનનાં પરાક્રમને જોઇ, ભીષ્મના રથની પાસે ગયો. કૃપાચાર્ય, કૃતવર્મા, સિંધુદેશનો રાજા જયદ્રથ, અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ સંગ્રામનો ત્યાગ કરતા ન હતા મોટા ધનુષવાળો ભીમ તથા મહારથિ અર્જુન, કૌરવોની ભયંકર સેના સામે દોડયા. કૌરવ તરફના રાજાઓએ, મોરના પીંછ બાંધેલા હજારો બાણ અર્જુનના રથ ઉપર નાખ્યા. સામે આવતા તે બાણોને બાણના સમુદાયથી વારી રાખી, અર્જુને મહારથિઓને ચોતરફથી યમલોક પ્રત્યે મોકલવા માંડયા. ક્રોધે ભરાયેલા મહારથિ શલ્યે તો ક્રીડા કરતો હોય તેમ ગ્રંથી વગરના ભલ્લ બાણે કરી અર્જુનને વક્ષસ્થળમાં વિંધ્યો. અર્જુને પણ પાંચ બાણે કરી તેનું ધનુષ તથા હાથના મોજા કાપી, બીજા તીક્ષ્ણ બાણે કરી એને મર્મસ્થાનમાં વિંધ્યો. મદ્ર દેશના અધિપતિ શલ્યે પણ ભાર સહન કરનાર બીજું ધનુષ ગ્રહણ કરી, ત્રણ બાણે કરી અર્જુનને, પાંચે કરી વાસુદેવને, નવે કરી ભીમસેનને બે હાથ તથા વક્ષસ્થળમાં વિંધ્યા. દુર્યોધને મોકલેલા દ્રોણાચાર્ય તથા મગધ દેશનો રાજા જયત્સેન પણ તે ઠેકાણે આવ્યો. હે મહારાજ ! ત્યાં મહારથિ અર્જુન તથા પાંડુપુત્ર ભીમસેન કૌરવની મોટી સેનાને મારતા હતા. જયત્સેને તો સંગ્રામમાં ભયંકર આયુધવાળા ભીમસેનને તીક્ષ્ણ આઠ બાણે કરી વિંધ્યો. ભીમસેને દશથી અને પાંચથી વિંધી, ભલ્લ બાણે કરીને એના સારથિને પણ રથમાં બેસવાના સ્થાનકથી પાડયો, ત્યારે ચોતરફથી ભાગતા અને ભડકેલા ઘોડાઓથી સર્વ સૈન્ય દેખતાં જયત્સેન નાઠો. દ્રોણાચાર્યે લોહમય તીક્ષ્ણ પાંસઠ બાણે કરી ભીમસેનને વિંધ્યો. હે ભારત ! સંગ્રામમાં વખાણવા લાયક ભીમસેને પણ, પોતાના પિતા સરખા તે ગુરૂને ભલ્લ નામના પાંચ બાણથી અને સાઠ બાણથી વિંધ્યા. અર્જુને લોહમય બાણે કરી સુશર્માને વિંધી વાયુ જેમ મોટા મેઘોને નસાડે તેમ તેના સૈન્યને નસાડવા માંડયું. તે વખતે ભીષ્મ, રાજા દુર્યોધન, કોસલ દેશનો રાજા બુહદ્બલ અત્યંત ક્રોધથી ભીમસેન તથા અર્જુન સામે આવ્યા. શૂરવીર પાંડવો તથા પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, મોઢાં ફાડેલા કાળ સરખા ભીષ્મ સામે દોડયા. શિખંડી તો ભરતોના પિતામહ ભીષ્મ પાસે જઇ ભય મૂકી પ્રસન્ન થઇ મોટા રથમાંથી ઉતરી સામેજ દોડયો. યુધિષ્ઠિરાદિક પાડવો પણ, શિખંડીને આગળ કરી સૃંજય સહિત, ભીષ્મ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમજ તમારી તરફના સર્વ ભીષ્મને આગળ કરી શિખંડિ છે મુખ્ય જેમાં એવા પાંડવો સાથે યુદ્ધ કરવા લાગ્યા. ત્યાર પછી કૌરવોને ભય આપનાર ભીષ્મનું પાંડવો સાથે જય વાસ્તે યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. હે વિશાંપતે ! જય તથા પરાજય વાસ્તે પ્રવર્ત્તમાન થયેલા યુદ્ધરૂપ દ્યૂતમાં તમારી તરફનાઓના જય વાસ્તે ભીષ્મ જુગાર ખેલનાર થયા. હે રાજેંદ્ર ! ધૃષ્ટદ્યુમ્ને તો સર્વ સૈન્યને આજ્ઞા કરી કે, હે રથિમાં શ્રેષ્ઠ સર્વ યોદ્ધાઓ ! તમો ભય મૂકી ગંગપુત્ર ભીષ્મ સામે દોડો. સેનાપતિનાં વચન સાંભળી પાંડવોની સેના તે મહા સંગ્રામમાં પ્રાણનો ત્યાગ કરી ભીષ્મ સામે જવા લાગી. હે મહારાજ ! રથિમાં શ્રેષ્ઠ ભીષ્મે પણ ભરતીને જેમ કિનારો રોકી રાખે તેમ આવતી તે સેનાને અટકાવી રાખી.

भीष्मोपि रथिनां श्रेष्ठः प्रतिजग्राहतां चमूं ।
आपतंतीं महाराज वेलामिव महोदधिः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीमार्जुनपराक्रमे गुर्जरभाषायां चतुर्दशाधिकशततमोऽध्यायः ॥ ११४ ॥

અધ્યાય ૧૧૫ મો. ભીષ્મે કરેલો ઉપદેશ.

**धृतराष्ट्र उवाच–कथं शांतनवो भीष्मो दशमेहनि संजय ।
अयुध्यत महावीर्यः पांडवैः सहसृंजयैः ॥ १ ॥**

ધૃતરાષ્ટ્ર કહે છે કે, હે સંજય! દશમે દિવસે મહા પરાક્રમી શંતનુપુત્ર ભીષ્મે, સૃંજય સહિત પાંડવો સાથે કેવી રીતે યુદ્ધ કર્યું ને કૌરવોએ યુદ્ધમાં પાંડવોને કેવી રીતે વારી રાખ્યા? સંગ્રામમાં શોભતા ભીષ્મનું મોટું યુદ્ધ મને કહે. સંજય કહે છે કે, હે ભારત! કૌરવોએ પાંડવો સાથે જેવી રીતે યુદ્ધ કર્યું અને જે રીતે યુદ્ધ થયું તે હાલ હું તમને કહું તે સાંભળો. દસમે દિવસે અર્જુને પરમાસ્ત્રે કરી અત્યંત ક્રોધે તમારી તરફના મહારથિયોને પરલોક પ્રત્યે મોકલી દેવા માંડયા. કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા સંગ્રામને જીતનાર ભીષ્મે પણ, પ્રતિજ્ઞા પ્રમાણે પાંડવની સેનાનો ક્ષય કર્યો. હે શત્રુને તપાવનાર! તે દિવસે કૌરવ સહિત યુદ્ધ કરતા ભીષ્મને જોઈ, શિખંડી સહિત અર્જુનને પોતાના જય વિષે સંશય થયો. તે દશમે દિવસે ભીષ્મ તથા અર્જુનના યુદ્ધમાં મોટો ક્ષય થયો. હે રાજન! તે દિવસે શત્રુને તપાવનાર પરમાસ્ત્ર જાણનાર શંતનુપુત્ર ભીષ્મે, હજારો યોદ્ધાઓને માર્યા. હે પાર્થિવ! જેનાં નામ તથા ગોત્ર પણ ભીષ્મ જાણતા ન હતા. સંગ્રામમાં પાછા ન ફરે એવા સર્વ શૂરવીરોને તેમણે માર્યા. હે શત્રુને તપાવનાર! એ રીતે દશ દિવસ સુધી પાંડવની સેનાને તપાવી, પછી જીવિત વિષે ઉદાસ થઇ સંગ્રામમાં પોતાના વધને ઈચ્છતા ધર્માત્મા મહાબાહુ તમારા પિતા ભીષ્મ, સંગ્રામમાં ઘણાક શ્રેષ્ઠ શ્રેષ્ઠ માણસોને પણ હવે નહીં મારૂં એ રીતે વિચાર કરી પોતાની પાસે ઉભેલા પાંડુપુત્ર યુધિષ્ઠિર પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યા. હે મહા પ્રાજ્ઞ ધર્મ! હે સર્વ શાસ્ત્ર વિશારદ! હે યુધિષ્ઠિર! હે તાત! સ્વર્ગને આપે એવું ધર્મરૂપ વચન હું કહું તે તું સાંભળ. હે ભારત! આ દેહ વિષે હવે હું અત્યંત વિરક્ત થયો છું. સંગ્રામમાં ઘણાક પ્રાણીયોને મારતાં મારો વખત ગયો, માટે હવે સૃંજય તથા પંચાલ સહિત અર્જુનને આગળ કરી, મારૂં જો પ્રિય તું ઇચ્છતો હોય તો મને મારવાનો યત્ન કર. એવું તેમનું મત જાણી, સત્ય છે દર્શન જેનું એવા પાંડુપુત્ર યુધિષ્ઠિર સૃંજયો સહિત, સંગ્રામમાં ભીષ્મ સામે ગયા. પછી ધૃષ્ટદ્યુમ્ન તથા પાંડુપુત્ર યુધિષ્ઠિરે ભીષ્મની એવી વાણી સાંભળી, પોતાના સૈન્યને આજ્ઞા આપી કે સત્ય પ્રતિજ્ઞાવાળા શત્રુને જીતનાર અર્જુને રક્ષા કરેલા તમે, ભીષ્મ સામે દોડી, યુદ્ધ કરી સંગ્રામમાં તેમને જીતો. આ મોટા ધનુષવાળો સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમસેન જરૂર તમારી રક્ષા કરશે હે સૃંજયો! આજ યુદ્ધમાં ભીષ્મથી તમને કંઈપણ ભય થવાનો નથી. શિખંડીને આગળ કરી જરૂર આપણે ભીષ્મને જીતીશું. દશમે દિવસે એ રીતે સંકેત કરી ભીષ્મને પાડવા વિષે પરમ યત્નવાન

ક્રોધથી મૂર્ચ્છિત થયેલા પાંડવો સ્વર્ગ પરાયણ થઇ શિખંડી તથા પાંડુપુત્ર અર્જુનને આગળ કરી ભીષ્મ સામે ચાલ્યા. તમારા પુત્રે આજ્ઞા આપેલા સેના સહિત મહા બળવાન પુત્રયુક્ત દ્રોણ સહિત અનેક દેશના રાજાઓ તથા સર્વ ભાઇઓ સહિત બળવાન દુઃશાસન, સંગ્રામના મધ્યમાં રહેલા ભીષ્મની રક્ષા કરતા હતા. એ રીતે તમારી તરફના શૂરવીરો મોટા વ્રતવાળા ભીષ્મને આગળ કરી, શિખંડી છે મુખ્ય જેમાં એવા પાંડવો સાથે સંગ્રામમાં યુદ્ધ કરતા હતા. ચેદિ તથા પાંચાલ સહિત અર્જુન, શિખંડીને આગળ કરી શંતનુપુત્ર ભીષ્મ સામે ગયો. સાત્યકિ અશ્વત્થામા સાથે, ધૃષ્ટકેતુ પૌરવ સાથે તથા અભિમન્યુ અમાત્ય સહિત દુર્યોધન સાથે યુદ્ધ કરવા લાગ્યો. હે પરંતપ! સૈન્ય સહિત વિરાટ, સેના સહિત વૃદ્ધ ક્ષત્રના પુત્ર જયદ્રથ સાથે યુદ્ધ કરતો હતો. મોટા ધનુષવાળા સૈન્ય સહિત શલ્ય સામે યુધિષ્ઠિર રાજા યુદ્ધ કરતા હતા. ચોતરફથી રક્ષા કરેલા ભીમસેન હસ્તિ સૈન્ય સામે લડતા હતા. કોઇથી સહન થાય નહીં તથા વારી શકાય નહીં એવા સર્વ શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ અશ્વત્થામા પ્રત્યે સાવધાન થયેલા ભાઇઓ સહિત ધૃષ્ટદ્યુમ્ન ગયા. કર્ણિકાર ધ્વજવાળા સુભદ્રા પુત્ર અભિમન્યુ સામે સિંહની ધ્વજાવાળો શત્રુને દમન કરનાર રાજપુત્ર બૃહદ્બલ ગયો. શિખંડિ તથા પાંડુપુત્ર અર્જુન સામે તેમને મારવાને ઇચ્છતા રાજાઓ સહિત તમારા પુત્રો ગયા તે બેઉ સેના વિષે ભયંકર પરાક્રમ કરવા વાસ્તે સૈન્યો દોડવાથી પૃથ્વી કંપવા લાગી. હે ભારત! સંગ્રામમાં શંતનુપુત્ર ભીષ્મને જોઇ, તમારાં તથા પારકાઓનાં સૈન્ય પરસ્પર મળી ગયાં હે ભારત! ત્યાર પછી અત્યંત સંતપ્ત થઇ, પરસ્પર સામે દોડતા તેમનો સર્વ દિશાઓમાં મોટો શબ્દ થવા લાગ્યો. શંખ, દુંદુભિના શબ્દ તથા હસ્તિના બુંહિત સાથે મળેલો સૈન્યોનો અતિ દારૂણ ગોંધાટ સંભળાતો હતો. સર્વ રાજાઓની ચંદ્ર તથા સૂર્ય જેવી કાંતિ, શૂરવીરોના બાજુબંધ તથા મુકુટ આગળ તેજ રહિત લાગતી હતી. શસ્ત્રરૂપ વિજળીથી વિંટાયલા રજરૂપ મેઘો ઉત્પન્ન થતા હતા. તેમજ દારૂણ એવો ધનુષ, બાણ, શંખ, ભેરી તથા રથનો શબ્દ બેઉ સેનામાં થતો હતો. પાશ, શક્તિ, તરવાર, તથા બાણના ઓઘે કરીને ધમધમતું આકાશ, બેઉ સેના આગળ પ્રકાશ રહિત લાગતું હતું. સંગ્રામમાં રથ તથા ઘોડાઓ પરસ્પર એક બીજાની સામે અથડાતા હતા અને હાથીઓ તથા પાળદળો એકબીજાને પરસ્પર મારતા હતા. હે પુરૂષમાં સિંહરૂપ! તે તખતે ભીષ્મ વાસ્તે કૌરવોને પાંડવો સાથે, માંસ વાસ્તે સિંચાણાઓને યુદ્ધ થાય તેવું મોટું યુદ્ધ થયું તે મહા સંગ્રામમાં પરસ્પર જીતવા ઇચ્છતા તેમનો એકબીજાને મારવા વાસ્તે ભયંકર સંગ્રામ થયો.

तेषां समागमो घोरो बभूव युधिसंगतः ।
अन्योन्यस्य वधार्थाय जिगीषूणा महाहवे ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मोपदेशे गुर्जरभाषायां पंचदशाधिकशततमोऽध्यायः ॥ ११५ ॥

અધ્યાય ૧૧૬ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच-अभिमन्युर्महाराज तव पुत्रमयोधयत् ।
महत्यासेनया युक्तं भीष्महेतोः पराक्रमी ॥ १ ॥

સંજય કહે છે કે, હે મહારાજ! પરાક્રમી અભિમન્યુએ મોટી સેનાયુક્ત તમારા પુત્ર સાથે યુદ્ધ કર્યું. જેમાં ક્રોધે ભરાયેલા દુર્યોધને ગ્રંથી વગરના નવ બાણે કરી અર્જુનપુત્ર અભિમન્યુને વક્ષસ્થળમાં વિંધી, વળી ત્રણ બાણે કરી તેને ફરીથી વિંધ્યો. અત્યંત ક્રોધે ભરાયેલા અભિમન્યુએ, મૃત્યુની બહેન જેવી ભયંકર શક્તિ દુર્યોધનના રથ ઉપર નાંખી. હે વિશાંપતે! ભયંકર એવી તે શક્તિના મહારથિ તમારા પુત્રે, ક્ષુરપ્ર નામના બાણે કરી બે કડકા કરી નાંખ્યા. અત્યંત ક્રોધે ભરાયેલા અભિમન્યુએ તે શક્તિને ભાગતી જોઇ, ત્રણ બાણે કરી દુર્યોધનને બે હાથ તથા વક્ષસ્થળમાં વિંધ્યો. હે ભરતશ્રેષ્ઠ! વળી ભરતોના મહારથિ તેણે, ભયંકર દશ બાણે કરી છાતીના મધ્ય ભાગમાં તેને વિંધ્યો. હે ભારત! એ રીતે તે ઇંદ્રિયોને આનંદ આપનારૂં સર્વ રાજાઓએ વખાણવા લાયક ભયંકર વિચિત્ર તરેહનું યુદ્ધ ચાલુ થયું. જેમાં ભીષ્મના મરણ વાસ્તે તથા અર્જુનના વિજય વાસ્તે શૂરવીર સુભદ્રા પુત્ર અભિમન્યુ તથા કુરૂકુળમાં શ્રેષ્ઠ દુર્યોધન રણસંગ્રામમાં યુદ્ધ કરતા હતા. શત્રુને તપાવનાર બ્રાહ્મણમાં શ્રેષ્ઠ અશ્વત્થામાએ નારાચ નામના બાણે કરી, રણસંગ્રામમાં વેગવાળા સાત્યકિને વક્ષસ્થળમાં વિંધ્યો. હે ભારત! ઘણા બળવાળા શિનિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિએ પણ, કંકના પીંછવાળા નવ બાણે કરી, ગુરૂપુત્રને સર્વ મર્મસ્થાનમાં વિંધ્યો. તેમજ અશ્વત્થામાએ નવ બાણે કરી રણસંગ્રામમાં સાત્યકિને વિંધી, વળી બીજા ત્રિશ બાણે કરી તરત બે હાથ તથા વક્ષસ્થળમાં તેને વિંધ્યો. એ રીતે તેણે અત્યંત વિંધેલા મોટા ધનુષવાળા તથા મોટા યશવાળા સાત્યકિએ, ત્રણ બાણે કરી દ્રોણપુત્રને વિંધ્યો. મહારથિ પૌરવે રણસંગ્રામમાં બાણે કરી મોટા ધનુષવાળા ધૃષ્ટકેતુને ઢાંકી ઘણી તરેહથી તેને વિંધ્યો. મોટી ભુજાવાળા મહારથિ ધૃષ્ટકેતુએ તીક્ષ્ણ એવા ત્રીશ બાણે કરી પૌરવને વિંધ્યો. મહારથિ પૌરવે પણ તેના ધનુષને કાપી, મોટો સિંહનાદ કરી તીક્ષ્ણ બાણે કરીને તેને વિંધ્યો. હે મહારાજ! તે સમયે ધૃષ્ટકેતુએ બીજું ધનુષ લેઇ તીક્ષ્ણ તોતેર બાણે કરી પોરવને વિંધ્યો. એ રીતે મોટા ધનુષવાળા મહારથિ પ્રધાન એવા એ બેઉ, મોટો બાણનો વરસાદ કરતા પરસ્પરને વિંધતા હતા. હે ભારત! હે રાજન! પરસ્પર ધનુષ કાપી, ઘોડાઓને મારી વિરથ થયેલા ક્રોધાવિષ્ટ તે બેઉ, શતચંદ્રાકૃતિ બેલના ચર્મની વિચિત્ર પ્રકારની ઢાલ તથા સેંકડો તારાકૃતિ ચિત્રવાળા અત્યંત પ્રકાશમાન મોટા ખડ્ગ ગ્રહણ કરી, ખડ્ગ યુદ્ધ વાસ્તે, મહા વનમાં પુષ્પિતા સિંહીના સમાગમ વાસ્તે સાવધાન થઈ બે સિંહ જેમ એક બીજાની સામે દોડે તેમ પરસ્પર સામે દોડયા. યુદ્ધ ચાતુરીથી જવા તથા પાછું આવવારૂપ વિચિત્ર પ્રકારનાં મંડલ દેખાડતા તથા પરસ્પર પ્રાર્થના કરતા તે બેઉ, રણસંગ્રામમાં વિચરતા હતા. ક્રોધે ભરાયેલા પૌરવે ધૃષ્ટકેતુને મોટા ખડ્ગથી લલાટમાં મારી, 'અરે ઉભો રહે, ઉભો રહે,' એ રીતે તેને કહ્યું. ચેદિરાજ ધૃષ્ટકેતુએ પણ પુરૂષ શ્રેષ્ઠ પૌરવને તીક્ષ્ણ અગ્ર ભાગવાળા મોટા ખડ્ગથી જત્રુ દેશમાં (હાંસડીમાં) ઘા કર્યો. હે મહારાજ! તે મોટા સંગ્રામમાં શત્રુને દમન કરનાર બેઉ, પરસ્પર સામે આવી, પરસ્પર વેગે કરી હણવાથી સંગ્રામમાં પડી ગયા. તે વખતે પૌરવને તમારો પુત્ર જયત્સેન પોતાના રથમાં બેસાડી, રણસંગ્રામમાંથી બાજુ પર લઇ ગયો. ધૃષ્ટકેતુને ક્રોધે ભરાયેલા પરાક્રમી પ્રતાપવાન માદ્રી પુત્ર સહદેવ પોતાના રથમાં બેસાડી સંગ્રામમાંથી બાજુ પર લઇ ગયા. તેટલામાં ચિત્રસેને લોહમય ઘણા બાણથી પાંડવ તરફના સુશર્માને વિંધી, વળી બીજા સાઠ તથા બીજા નવ બાણે

કરીને પણ તેને વિંધ્યો, હે વિશાંપતે ! ક્રોધી સુશર્માએ પણ તમારા પુત્રને તીક્ષ્ણ કરેલા દશ બાણુભ વિંધી, વળી બીજા દશ બાણે કરી તેને વિંધ્યો. હે રાજન ! ચિત્રસેને પણ ગ્રંથી વગરના ત્રીશ બાણે કરી તેને વિંધ્યો. હે રાજન ! સંગ્રામમાં ભીષ્મના યશ તથા માનને હણુતો પરાક્રમી સુભદ્રાપુત્ર અભિમન્યુ, પાંડવ વાસ્તે રાજપુત્ર બૃહદ્દબલ સાથે યુદ્ધ કરવા લાગ્યો. કોસલદેશના અધિપતિ બૃહદ્દબલે પણ અર્જુનપુત્રને લોહમય પાંચ બાણથી વિંધી, વળી બીજા ગ્રંથી વગરના વીશ બાણથી તેને વિંધ્યો. સુભદ્રાપુત્ર અભિમન્યુએ પણ કોસલ દેશના અધિપતિ તેને લોહમય આઠ બાણથી વિંધી બીજાં બાણોથી તેનું ધનુષ કાપી નાંખ્યું. અર્જુનપુત્ર તેણે ગૃધ્રના પીંછ બાંધેલા ત્રીશ બાણથી તેને વિંધ્યો, તોપણ તે કંપાયમાન થયો નહિં અને ક્રોધે ભરાયેલા રાજપુત્ર બૃહદ્દબલે બીજું ધનુષ ગ્રહણ કરી અર્જુન પુત્રને ઘણાક બાણથી વિંધ્યો. હે શત્રુને તપાવનાર ! હે મહારાજ ! વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર અત્યંત કોપેલા તે બેઉનું, ભીષ્મ વાસ્તે દેવાસુર યુદ્ધમાં બલિ તથા ઇંદ્રનું જેવું યુદ્ધ થયું હતું તેવું મોટું યુદ્ધ થયું. ઉત્તમ પર્વતોને વિદારણ કરતા, વજ્રપાણિ ઇંદ્ર શોભે તેમ હસ્તિ સૈન્ય સાથે યુદ્ધ કરતા ભીમસેન શોભતા હતા. તેમ ભીમે મારવા માંડેલા પર્વત જેવા તે હસ્તિઓ, પૃથ્વીને શબ્દાયમાન કરતા નીચે પડતા હતા ભેદેલ અંજન સમુદાયની જેને ઉપમા અપાય એવા પૃથ્વી ઉપર પડેલા પર્વત જેવા હસ્તિઓ, વિખરાઇ ગયેલા પર્વતો જેવા શોભતા હતા. મોટા ધનુષવાળા યુધિષ્ઠિર, સેનાએ રક્ષા કરેલા મદ્રદેશના અધિપતિ શલ્યને પીડવા લાગ્યા. અત્યંત પરાક્રમી તે પણ ભીષ્મ વાસ્તે મહારથી ધર્મ પુત્રને પીડવા લાગ્યો. સિંધુદેશના રાજા જયદ્રથે ગ્રંથી વગરના નવ બાણે કરી વિરાટને વિંધી, વળી બીજા તીક્ષ્ણ કરેલા ત્રીશ બાણે કરી તેને વિંધ્યો. હે મહારાજ ! સેનાપતિ વિરાટે પણ, તીક્ષ્ણ ત્રીશ બાણે કરી સિંધુરાજાને સ્તનના મધ્યમાં વિંધ્યો. વિચિત્ર પ્રકારના છે ધનુષ, ખડ્ગ, કવચ, આયુધ તથા ધ્વજ જેમનાં એવા વિચિત્ર રૂપવાળા વિરાટ તથા સિંધુ-રાજા સંગ્રામમાં શોભતા હતા. દ્રોણાચાર્ય તે મહા સંગ્રામમાં દ્રુપદ પુત્ર ધૃષ્ટદ્યુમ્ન સામે અડી, ગ્રંથી વગરના બાણે કરી મોટો સંગ્રામ કરવા લાગ્યા હે મહારાજ ! જેમાં દ્રોણાચાર્યે, પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્નનું મોટું ધનુષ કાપી, પચાસ બાણે કરી તેને વિંધ્યો. પારકા શૂરવીરને હણનાર તેણે બીજું ધનુષ ગ્રહણ કરી દ્રોણ જોતાં તેની ઉપર ઘણા બાણ નાખ્યા મહારથિ દ્રોણે આવતા તેના બાણને બાણથી કાપી દ્રુપદ પુત્ર ઉપર પાંચ બાણ નાખ્યા. હે મહારાજ ! તેથી ક્રોધે ભરાયેલા શૂરવીરને હણનાર પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા તેણે, દ્રોણ ઉપર યમદંડ સરખી ગદા નાખી સુવર્ણમય વસ્ત્રથી શોભતી સામે આવતી તેને તત્કાળ દ્રોણાચાર્યે પચાસ બાણે કરી વારી રાખી. હે રાજન ! દ્રોણના ધનુષમાંથી છુટેલા બાણે કરી, અનેક રીતે કપાઇ ગયેલી, ચૂર્ણ થઇ વિખરાતી તે પૃથ્વી ઉપર પડી. નાશ પામેલી ગદાને જોઇ, શત્રુને તપાવનાર પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા તેણે લોહમય શક્તિ દ્રોણાચાર્ય ઉપર નાખી. દ્રોણાચાર્યે, નવ બાણે કરી તેને કાપી, મોટા ધનુષવાળા તેને પણ પીડિત કર્યો. હે મહા-રાજ ! એ રીતે દ્રોણ તથા પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા તેનું, ભીષ્મ વાસ્તે મહા ભયંકર યુદ્ધ થયું. અર્જુન ભીષ્મ સામે જઇ, તીક્ષ્ણ બાણે કરી તેમને પીડતાં, વનમાં મદોન્મત્ત હસ્તિ જેમ હસ્તિ સામે દોડે તેમ તેમની સામે દોડયો. તે વખતે પ્રતાપવાન મહા બલિષ્ટ ભગદત્ત રાજા, ત્રણ સ્થાને મદ ઝરતા મદાંધ હસ્તિ લઇને તેની સામે દોડયો. આવતા

ઇંદ્રના હસ્તિ સરખા તે હસ્તિને જોઇ, અર્જુન અત્યંત યત્ન કરતાં સામે આવવા લાગ્યો. તે વખતે હસ્તિ ઉપર બેઠેલા પ્રતાપવાન ભગદત્ત રાજાએ, બાણના વરસાદથી તેને વારી રાખ્યો. અર્જુને પણ રૌપ્ય જેવા નિર્મળ તીક્ષ્ણ લોહમય બાણે કરી આવતા તે હસ્તિને વિંધ્યો. હે મહારાજ ! વળી કુંતિપુત્રે શિખંડીને કહ્યું કે, અરે તું ભીષ્મ સામે જા અને માર. હે પાંડુપૂર્વજ ! તેટલામાં પ્રાગ્જ્યોતિષનો અધિપતિ ભગદત્ત રાજા, પાંડુપુત્ર અર્જુનને મૂકી, દ્રુપદના રથ સામે દોડયો. હે મહારાજ ! અર્જુન શિખંડીને આગળ કરી ભીષ્મ સામે દોડયો ત્યાર પછી ઘોર યુદ્ધ પ્રવર્તમાન થયું. તમારી તરફના શૂરવીરો આક્રોશ કરતાં વેગવાન પાંડુપુત્ર અર્જુન સામે દોડયા, તે મોટું આશ્ચર્ય જેવું થયું. હે જનાધિપ ! અર્જુન પણ તમારા પુત્રોના નાના પ્રકારના સૈન્યોને વાયુ જેમ વાદળાંને નસાડે તેમ નસાડવા લાગ્યો. શિખંડી તો ભરતોના પિતામહ ભીષ્મ સામે જઈ અવ્યગ્ર ચિત્તથી ઘણાક બાણે કરી તેમને પ્રહાર કરવા લાગ્યો. અત્યંત વૃદ્ધિ પામેલો, વાયુ સહિત અગ્નિ જેમ સુકા ઘાસના સમુદાયમાં વિચરે તેમ રથરૂપ છે અગ્ન્યાગાર જેનું, ધનુષરૂપ જ્વાળાવાળા, ખડ્ગ, શક્તિ તથા ગદારૂપ છે ઇંધન જેમાં બાણના સમુદાયરૂપ મોટી જ્વાલાયુક્ત દિવ્ય અસ્ત્ર નાખતા ક્ષત્રિયોને બાળતા પ્રજ્વલિત ભીષ્મરૂપ અગ્નિ, સંગ્રામમાં વિચરતા હતા. વળી મહારથી ભીષ્મે અર્જુનની પાછળ ચાલનાર સોમકોને હણી તેના સૈન્યને વારી રાખ્યું. તે મોટા સંગ્રામમાં સુવર્ણના પુંખવાળા ગ્રંથી વગરના તીક્ષ્ણ બાણે કરી, ભીષ્મે દિશા તથા વિદિશાઓને શબ્દાયમાન કરતાં, સ્વાર સહિત ઘોડાઓ તથા રથિઓને પાડતાં રથ સમૂહોને, પાંદડા વગરના તાલવન સમ શૂન્ય કર્યા. એ રીતે સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ ભીષ્મે તે સંગ્રામમાં રથ, હસ્તિ તથા અશ્વોને મનુષ્ય વગરના કર્યા. સ્ફુરાયમાન વજ્ર જેવા તેમની પ્રત્યંચા તથા મોજાના શબ્દને સાંભળી, પાંડવ તરફના સૈનિકો ચોતરફથી કંપાયમાન થતા હતા. હે મનુજેશ્વર ! ભીષ્મના ધનુષમાંથી નિકળેલા બાણ ફોગટ જતા ન હતા તેમ શૂરવીરોના શરીરમાં ચોંટી પણ રહેતા ન હતા. હે વિશાંપતે ! હે રાજન ! વેગવાન ઘોડા જોડેલા મનુષ્ય વગરના વાયુ જેવા વેગવાળા ચોતરફ દોડતા રથોને હું દેખતો હતો. ચેદિ, કાશી તથા કરૂષ દેશના પ્રખ્યાત કુળપુત્ર શરીરનો ત્યાગ કરનાર પાછા ન ફરે એવા સુવર્ણથી શોભતી ધ્વજાવાળા શૂરવીર, ઘોડા, રથ તથા હસ્તિ સહિત ચૌદ હજાર મહારથિઓ, સંગ્રામમાં મોઢાં ફાડેલા કાળ સરખા ભીષ્મની આગળ પરલોક પ્રત્યે ગયા. હે રાજન ! તે રણસંગ્રામમાં ભીષ્મ સામે આવી, જીવવાની આશા રાખે એવો કોઇ પણ સોમકોનો મહારથિ હતો નહીં. ભીષ્મનું પરાક્રમ જોઇ મનુષ્યો સર્વ યોદ્ધાઓને યમપુરીમાં ગયેલાજ માનતા હતા. ધોળા ઘોડાવાળા કૃષ્ણ છે સારથિ જેના એવા પાંડુપુત્ર અર્જુન તથા ઘણા બળવાળા દ્રુપદ પુત્ર શિખંડી વિના બીજો કોઇ પણ મહારથિ રણસંગ્રામમાં ભીષ્મ સામે જતો ન હતો.

ऋते पांडुसुतं वीरं श्वेताश्वं कृष्णसारथिं ।
शिखंडिनं च समरे पांचाल्यममितौजसम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां षोडशाधिकशततमोऽध्यायः ॥ ११६ ॥

અધ્યાય ૧૧૭ મો.

संजय उवाच—शिखंडि तु रणे भीष्ममासाद्य पुरुषर्षभं ।
दशभिर्निशितैर्भल्लैराजघानस्तनांतरे ॥ १ ॥

સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! શિખંડીએ તો, રણસંગ્રામમાં પુરૂષમાં શ્રેષ્ઠ ભીષ્મ સામે તીક્ષ્ણ ભલ્લ નામના દશ બાણે કરી સ્તનના મધ્ય ભાગમાં તેમને વિંધ્યા. હે ભારત ! તે વખતે ગંગાપુત્ર ભીષ્મ ક્રોધથી પ્રજ્વલિત નેત્રના ખુણાએ કરી, શિખંડીને બાળતા હોય તેમ તેની સામે જોતા હતા. પણ હે રાજન ! સર્વ લોક જોતાં તેના સ્ત્રીપણાને યાદ કરી સંગ્રામમાં તેની સામે યુદ્ધ કરતા ન હતા, તે શિખંડી જાણતો ન હતો. હે મહારાજ ! એટલામાં અર્જુને શિખંડીને કહ્યું કે, હે શૂરવીર ! પિતામહ ભીષ્મ સામે દોડી, મહારથિ તેમને માર, તારે વિચાર કરવાનો નથી, કારણ હે પુરૂષમાં સિંહરૂપ ! યુધિષ્ઠિરના સૈન્યમાં તું વિના બીજો કોઇ ભીષ્મ સામે આ રણસંગ્રામમાં યુદ્ધ કરે એવો સમર્થ હું દેખતો નથી, હું તને સત્ય કહું છું. હે ભરતર્ષભ ! અર્જુનનાં એવાં વચન સાંભળી શિખંડિ અનેક તરેહનાં બાણ પિતામહ ઉપર નાખવા લાગ્યો. મહારથિ તમારા પિતાએ પણ તે બાણોને ન ગણકારતાં, બાણે કરી અર્જુનને સંગ્રામમાં વારી રાખી, બીજા તીક્ષ્ણ બાણે કરી પાંડવોની સર્વ સેનાને પરલોક પ્રત્યે મોકલી દીધી. હે રાજન ! તેમજ મોટા સૈન્યથી વિંટાયલા પાંડવોએ પણ મેઘ જેમ સૂર્યને ઢાંકે તેમ ભીષ્મને ઢાંકી દીધા. હે ભરતર્ષભ ! ચોતરફથી વિંટાયલા તે પ્રજ્વલિત અગ્નિ જેમ વનને બાળે તેમ રણસંગ્રામમાં શૂરવીરોને બાળતા હતા. તમારા પુત્રનું અદ્ભુત પરાક્રમ અમોએ જોયું. અર્જુન સાથે યુદ્ધ કરતાં તે, ભીષ્મની રક્ષા પણ કરતો હતો. ધનુષ ધરનાર મહાત્મા તમારા પુત્ર દુઃશાસનનું તે કર્મ જોઇ, સર્વ લોક પ્રસન્ન થયા. તે એકલો, રણસંગ્રામમાં અર્જુન સહિત સર્વ પાંડવો સાથે યુદ્ધ કરતો હતો. ઉગ્ર એવા તેને યુદ્ધમાં પાંડવો વારી શકતા ન હતા. તમારા પુત્ર દુઃશાસને, સંગ્રામમાં વિરથ કરેલા રથિઓ તથા તીક્ષ્ણ બાણે કરી ભેદેલા મોટા ધનુષવાળા મહા બળવાન ઘોડેસ્વાર તથા હસ્તિઓ પૃથ્વી ઉપર પડતા હતા. તેનાં બાણે કરી આતુર થયેલા બીજા કેટલાક હસ્તિઓ, દિશાઓમાં દોડતા હતા. પ્રદીપ્ત છે જ્વાલા જેની એવો અગ્નિ, ઇંધનને પામી પ્રજ્વલિત થાય તેમ પાંડુ સેનાને બાળતાં તમારો પુત્ર પ્રજ્વલિત થતો હતો. ભારતના વંશમાં શ્રેષ્ઠ એવા તેને પાંડવોનો મહારથિ કોઇ પણ, કૃષ્ણ છે સારથિ જેના એવા ધોળા ઘોડાવાળા ઇંદ્રપુત્ર અર્જુન વિના જીતવા વા સામે જવા પણ સમર્થ થતો ન હતો. તે વિજયરૂપ અર્જુન સંગ્રામમાં તેને જીતી સર્વ સૈન્ય જોતાં ભીષ્મ સામે દોડયો. ભીષ્મના બાહુનો જેને આશ્રય છે એવા અર્જુને જીતેલો તમારો પુત્ર પણ, વારંવાર તેની આશ્વાસના કરતાં યુદ્ધ કરતો હતો. રણસંગ્રામમાં યુદ્ધ કરતા અર્જુન બહુ શોભતા હતા. હે રાજન ! શિખંડી સંગ્રામમાં વજ્ર જેવા સ્પર્શવાળા સર્પના વિષની જેને ઉપમા અપાય એવા બાણે કરી ભીષ્મને વિંધતો હતો. હે જનેશ્વર ! તે બાણો પણ, તમારા પિતા ભીષ્મને કાંઈ પણ વ્યથા કરતા ન હતા. તેના બાણોને ગંગાપુત્ર ભીષ્મ આશ્ચર્યથી ગ્રહણ કરતા હતા. તડકાથી પીડાયલો પુરૂષ જેમ જળધારાને ગ્રહણ કરે તેમ શિખંડીની બાણ ધારાઓને ગંગાપુત્ર ગ્રહણ કરતા હતા. હે મહારાજ ! મહાત્મા પાંડવોના સૈન્યોને

બાળતા ભયંકર ભીષ્મને સંગ્રામમાં ક્ષત્રિયો જોતા હતા. હે મારિષ ! તે સમે તમારા પુત્રે પોતાનાં સર્વ સૈન્યોને કહ્યું કે, સંગ્રામમાં ચોતરફથી તમે અર્જુન સામે દોડો, તમારી સર્વની રક્ષા ધર્મને જાણનાર ભીષ્મ કરશે. એવાં તમારા પુત્રનાં વચન સાંભળી સર્વ સૈન્ય ભયનો ત્યાગ કરી, પાંડવો સામે યુદ્ધ કરવા દોડી ગયાં. તમારા પુત્રે કહ્યું કે, સુવર્ણના ને તાલના ચિન્હવાળા મોટા રથ યુક્ત ભીષ્મ તમારી રક્ષા કરતા રણમાં ઉભા રહેશે, કારણ આપણ સર્વના સુખના હેતુ તથા રક્ષણ કરનાર ભીષ્મજ છે. ઉદ્યુક્ત થયેલા દેવતાઓ પણ મહાત્મા ભીષ્મ સામે જવા સમર્થ થઇ શકે નહીં તો પછી મનુષ્યરૂપ મહા બળવાન પાંડવો તો ક્યાંથીજ જઇ શકે, માટે હે યોદ્ધાઓ ! તમે રણસંગ્રામમાં અર્જુનને જોઇ પાછા નાસો માં. હું પણ ચોતરફથી યત્ન કરતા તમો સર્વ રાજાઓ સહિત સાવધાન થઇ, પાંડુપુત્ર સામે યુદ્ધ કરીશ. હે રાજન ! ધનુષ ધરનાર તમારા પુત્રનું એવું વચન સાંભળી, અત્યંત ક્રોધી મહા બળવાન વિદેહ, કલિંગ, દાશેરક ગણ, નિષાદ, સૌવીર, બાહ્લિક, દરદ, પશ્ચિમ દિશાના, ઉત્તર દિશાના, માલવ, અભીષાહ, શૂરસેન, શિબી, વસાતી, શાલ્વ, શક, ત્રિગર્ત્ત તથા કેકય સહિત અંબષ્ટ દેશના સર્વ યોદ્ધાઓ, પતંગ નામના જંતુઓ, જેમ અગ્નિ સામે દોડે તેમ રણસંગ્રામમાં અર્જુન સામે દોડયા. હે મહારાજ ! તે વખતે મહા બળવાન અર્જુને દિવ્ય અસ્ત્રોને યાદ કરી, મોટા વેગવાળા તેના તાપે કરી, પતંગ નામના જંતુઓને જેમ અગ્નિ બાળે તેમ સૈન્ય સહિત એ સર્વ મહારથિઓને બાળી નાખ્યા. તે વખતે દઢ ધનુષવાળા હજારો બાણ ફેંકતા અર્જુનનું ગાંડીવ ધનુષ, આકાશમાં પ્રકાશ કરતું દેખાતું હતું અને હે મહારાજ ! તેના બાણે કરી પીડાયલા વિખરાયલ અને ઘવાએલા એકઠા મળેલા તે રાજાઓ, વાનરની ધ્વજાવાળા અર્જુન સામે જોવા પણ સમર્થ થતા ન હતા. વળી અર્જુનના બાણે કરી હણાયલા ધ્વજા સહિત રથિઓ, ઘોડા સહિત ઘોડેસ્વારો તથા હસ્તિ સહિત હસ્તિસ્વારો પૃથ્વી ઉપર પડતા હતા. તે સમયે અર્જુનના હાથથી માર ખાઇ ચોતરફ નાસતાં ઘણાક રાજાઓનાં સૈન્યોએ કરી પૃથ્વી ઢંકાઇ ગયેલી દેખાતી હતી. હે મહારાજ ! એ રીતે અર્જુને તે સૈનાને નસાડી, દુઃશાસન ઉપર ઘણાક બાણ નાખ્યા. લોહમય મુખવાળા તે પણ તમારા પુત્ર દુઃશાસનને ભેદી રાફડામાં જેમ સર્પ પેસે તેમ પૃથ્વીમાં પેઠા. વળી અર્જુને એના ઘોડાઓને મારી સારથિને પાડી બીજા વીશ બાણે કરી વિવિંશતિને રથ વગરનો કરી, ગ્રંથી વગરના પાંચ બાણે કરી તેને વિંધ્યો. શ્વેત વાહનવાળા કુંતિપુત્રે કૃપાચાર્ય, વિકર્ણ તથા શલ્યને લોહમય ઘણાક બાણથી વિંધી, તેઓને પણ રથ વગરના કર્યા. હે મારિષ ! એ રીતે રણસંગ્રામમાં અર્જુને જીતેલા રથ વગરના તે સર્વ ત્યાંથી નાઠા. હે ભરતશ્રેષ્ઠ ! એ રીતે દિવસના પૂર્વભાગમાં સર્વ મહારથિયોને જીતી, રણસંગ્રામમાં અર્જુન, ધૂમ રહિત અગ્નિને પેઠે પ્રજ્વલિત થયો. હે મહારાજ ! તેમજ કિરણયુક્ત સૂર્યની પેઠે બાણના વરસાદે કરી બીજા પણ રાજાઓને તપાસવા લાગ્યો. હે ભારત ! બાણના વરસાદે કરી, કેટલાક મહારથિયોને વિમુખ કરી, તેણે રણસંગ્રામમાં કૌરવ તથા પાંડવના સૈન્યના મધ્યમાં રૂધિરરૂપી ઉદકવાળી મોટી નદી વહેવરાવી. વળી તે સંગ્રામમાં રથિઓએ હસ્તિ તથા રથ સમુદાયને હણ્યા. હસ્તિઓએ રથ, અશ્વ તથા પાયદળોને હણ્યાં. આ સંગ્રામમાં ગજ, અશ્વ તથા રથમાં બેસી યુદ્ધ કરનારની વચમાંથી કપાયેલ શરીર તથા મસ્તકો સર્વ દિશાઓમાં પડતાં હતાં. હે રાજન ! પડેલા તથા પડવા માંડેલાં

કુંડળ તથા બાજુબંધ ધારણ કરેલા મહારથિ રાજપુત્રોએ કરી રણસ્થાન ઢંકાઇ ગયું હતું અને કેટલાક પાયદળ તથા ઘોડાં સહિત ઘોડેસ્વારો ચોતરફ દોડતા હતા. હસ્તિઓ તથા રથમાં બેસી યુદ્ધ કરનાર પણ ચોતરફ પડતા હતા. ભાગી ગયાં છે ચક્ર, ધોંસરી તથા ધ્વજ જેનાં એવા કેટલાક રથો પણ રણભૂમિમાં પડતા હતા. હાથી, અશ્વ તથા રથિઓના સમુદાયના રૂધિરે કરી, લીંપાયલું તથા ઢંકાયલું રણસ્થાન શરદઋતુના લાલ થયેલા વાદળ સમાન શોભતું હતું. શ્વાન, કાગડા, ગૃધ્ર, ન્હાર તથા શિયાળવાં પોતાના ભક્ષને પામી શબ્દ કરતાં હતાં. મૃગ તથા પક્ષીઓ પણ અમંગળ શબ્દ કરતાં હતાં. સર્વ દિશાઓમાં વિવિધ પ્રકારના વાયુ વાતા હતા, તે ઠેકાણે રાક્ષસો દેખાતા હતા તથા ભૂતો શબ્દ કરતાં હતાં. સુવર્ણથી શોભતી દોરિયો તથા અમૂલ્ય પતાકાઓ તે તે ઠેકાણે વાયુએ કરી હાલતાં દેખાતાં હતાં. હજારો શ્વેત છત્ર તથા હજારો ધ્વજ સહિત મોટા રથો રણભૂમિમાં પડેલા દેખાતા હતા. હે મનુષ્યેંદ્ર ! બાણ વાગવાથી આતુર થયેલા પતાકા સહિત હસ્તિઓ, દિશાઓમાં દોડતા હતા. ગદા, શક્તિ તથા ધનુષ ધારણ કરેલા ક્ષત્રિયો, પૃથ્વી તલ ઉપર પડેલા ચોતરફ દેખાતા હતા. હે મહારાજ ! તમારા પિતા ભીષ્મ દિવ્ય અસ્ત્ર ગ્રહણ કરી સર્વ ધનુષ ધરનાર જોતાં કુંતિપુત્ર અર્જુન સામે દોડયા, સંગ્રામમાં જતા તેમની સામે કવચ પહેરેલો શિખંડી દોડયો. અગ્નિ જેવું અસ્ત્ર ભીષ્મે તાંણ્યું, તે વખતે હે રાજન ! ધોળા ઘોડાવાળો પાંડુપુત્ર અર્જુન, પિતામહને મોહ પમાડી તમારા સૈન્યને મારવા લાગ્યો.

ततः समाहरद्भीष्मस्तदस्त्रं पावकोपमं ।
त्वरितः पांडवो राजन् मध्यमः श्वेतवाहनः ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां सप्तदशाधिकशततमोऽध्यायः ॥ ११७ ॥

અધ્યાય ૧૧૮ મો. ભીષ્મ પરાક્રમ.

संजय उवाच—समे व्यूढेष्वनीकेषु भूयिष्ठेष्वनिवर्तिनः ।
ब्रह्मलोकपराः सर्वे सर्गपर्यंत भारत ॥ १ ॥

સંજય કહે છે—હે ભારત ! સર્વ સૈન્ય, વ્યૂહ રચનાથી બરોબર સામે ઉભાં ત્યારે પાછળ ચાલનારાઓ સર્વ, સ્વર્ગપરાયણ થઇ યુદ્ધ કરવા તૈયાર થયા. તે સંકુળ યુદ્ધમાં ટુંકડી ટુંકડી સાથે, રથિયો રથિ સાથે, પાયદળ પાયદળો સાથે, ઘોડેસ્વાર ઘોડેસ્વાર સાથે તથા હસ્તિ ઉપર બેસનાર તે ઉપર બેસનાર સાથે, યુદ્ધ કરતા ન હતા. હે મહારાજ ! તે સંકુળ યુદ્ધમાં સર્વ ઉન્મત્તની પેઠે યુદ્ધ કરતા હતા. એ રીતે બેઉ સેનામાં મહા ભયંકર ક્ષય થતો હતો. નર તથા હસ્તિગણ ચોતરફ ફેલાઇ જવાથી તે મહા સંગ્રામમાં કોઇની પણ વિશેષતા જણાતી ન હતી. હે ભારત ! શલ્ય, કૃપાચાર્ય, ચિત્રસેન, દુઃશાસન તથા વિકર્ણ એટલા શૂરવીર પ્રકાશમાન રથોમાં બેસી, પાંડવની સેનાને કંપાવવા લાગ્યા, હે રાજન ! એ રીતે તે મહાત્માએ મારવા માંડેલી પાંડવ સેના, વાયુએ કરી જળમાં નાવ જેમ ચોતરફ ભમે તેમ ચોતરફ ભમવા લાગી. જેમ શિશિર ઋતિનો વખત ગાયોનાં મર્મસ્થાન કાપે તેમ ભીષ્મ, પાંડુપુત્રોનાં મર્મસ્થાન કાપતા હતા. તેમજ મહાત્મા અર્જુને પણ, તમારા સૈન્યના

નવા મેઘ જેવા ઘણાક હસ્તિયોને પાડયા. તેણે નારાચ નામના બાણે કરી મર્દન કરેલા તથા મારવા માંડેલા તમારી તરફના નરયૂથને પાળનાર હજારો યોદ્ધાઓ દેખાતા હતા. તેમજ તેના બાણથી પીડાયલા કેટલાક મોટા હસ્તિઓ, ભયંકર શબ્દ કરી સંગ્રામમાં પડતા હતા. નાશ પામેલા કેટલાક મહાત્માઓનાં આભરણ યુક્ત શરીરોએ તથા કુંડળ સહિત મસ્તકોએ કરી ઢંકાઇ ગયેલું રણસ્થાન શોભતું હતું. એ રીતે શ્રેષ્ઠ શૂરવીરનો જેમાં ક્ષય છે એવા તે સંગ્રામમાં ભીષ્મ તથા પાંડુપુત્ર અર્જુન પરાક્રમ કરવા લાગ્યા, ત્યારે તમારા સર્વ પુત્રો પરાક્રમ કરતા ભીષ્મને જોઈ, સર્વ સૈન્યને આગળ કરી સ્વર્ગપરાયણ થઇ, યુદ્ધમાં મરણને ઇચ્છતા પાંડવ સામે દોડયા. હે મહારાજ! હે નરાધિપ! શૂરવીર પાંડવો પણ પુત્ર સહિત તમે આપેલા નાના પ્રકારના ઘણાક કલેશને યાદ કરી, પરલોક માટે તત્પર થઇ ભયનો ત્યાગ કરી તમારી તરફના તથા તમારા પુત્રો સાથે પ્રસન્ન થઈ યુદ્ધ કરતા હતા. તે વખતે મહારથિ સેનાપતિએ તો, સૃંજય સહિત સોમકોને તથા સેનાને કહ્યું કે, ગંગાપુત્ર ભીષ્મ સામે દોડો. એવાં સેનાપતિનાં વચન સાંભળી, સૃંજય તથા સોમકો બાણનો વરસાદ કરતા ગંગાપુત્ર ભીષ્મ સામે દોડયા હે રાજન! તેમણે મારવા માંડેલા તમારા પિતા શંતનુપુત્ર ભીષ્મ ક્રોધ વશ થઇ સૃંજય સાથે યુદ્ધ કરવા લાગ્યા. હે તાત! કીર્તિમાન ભીષ્મને, પૂર્વે બુદ્ધિમાન પરશરામે પારકા સૈન્યને નાશ કરનાર એવી અસ્ત્રવિદ્યા આપેલી હતી તે વિદ્યાનો આશ્રય કરી વિપક્ષી સૈન્યનો ક્ષય કરતા કૌરવોના પિતામહ પારકા શૂરવીરને હણનાર વૃદ્ધ દરેક દિવસે પાંડવ તરફના દશ હજાર યોદ્ધાઓને મારતા હતા. હે ભરતર્ષભ! દશમો દિવસ પ્રાપ્ત થયો ત્યારે એકલા ભીષ્મે, મત્સ્ય તથા પંચાલના ઘણાક હસ્તિ તથા અશ્વને મારીને સાત મહારથિયોને માર્યા. હે વિશાંપતે! વળી તમારા પિતાએ શિક્ષાના બળે કરી પાંચ હજાર રથિઓ તથા ચૌદ હજાર પાયદળોને મારી, હજારો હાથિયોને મારતાં દશ હજાર ઘોડાઓને હણ્યા. એ રીતે સર્વ રાજાઓની સેનાનો નાશ કરી, વિરાટના પ્રિય ભાઇ શતાનીકને પાડી પ્રતાપવાન તેમણે ભલ્લ નામના બાણે કરી હજારો રાજાઓને પાડયા. તે વખતે કેટલાક ઉદ્વેગ પામેલા યોદ્ધાઓ, સંગ્રામમાં અર્જુનને પોકારતા હતા. જે રાજાઓ, અર્જુન તરફથી ભીષ્મ સામે ગયા હતા તે પણ યમલોકમાં ગયા. એ રીતે ભીષ્મ, પાંડવ સેનાની દશે દિશાઓને બાણના સમુદાયથી અતિક્રમણ કરી, તેને મોખરે ઉભા રહ્યા. એવી રીતે દશમે દિવસે મોટું કર્મ કરી બેઉ સેનાની વચમાં ધનુષ ગ્રહણ કરી ઉભેલા તેમને ગ્રીષ્મ ઋતુના આકાશમાં તપતા મધ્યાન્હના સૂર્યને જેમ કોઇ જોઇ શકે નહિ તેમ કોઇ પણ રાજા જોવા સમર્થ થતા ન હતા. હે ભારત! જેમ સંગ્રામમાં દૈત્યની સેનાને, ઈંદ્ર તપાવે તેમ તે, પાંડવ તરફનાઓને તપાવતા હતા. આ રીતે પરાક્રમ કરતા એમને જોઇ, દેવકી પુત્ર મધુસૂદન ભગવાને પ્રસન્ન થઇ, અર્જુનને કહ્યું કે, બેઉ સેનાના મધ્યમાં ઉભેલા આ શંતનુપુત્ર ભીષ્મને બલાત્કારથી માર્યા પછી તારો જય થશે. તેમ હે વિભો! એ વિદ્યમાન હોવાથી આપણી સેના પણ ભેદ પામે છે માટે બળથકી તું સ્તંભન કર. કારણ તારા વિના બીજો કોઇ એમના બાણને સહન કરી શકે એવો નથી, એ રીતે શ્રીકૃષ્ણે પ્રેરણા કરેલા અર્જુને તેજ વખતે ધ્વજ, રથ તથા અશ્વ સહિત ભીષ્મને બાણે કરી ઢાંકી દીધા. કૌરવોમાં મુખ્ય તેમણે પણ, અર્જુનના બાણ સમુદાયને બાણ સમૂહે કરી અનેક તરેહથી કાપી નાખ્યા. પંચાલનો રાજા દ્રુપદ, પરાક્રમી ધૃષ્ટકેતુ, પાંડુપુત્ર ભીમસેન, પૃષત્

ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, નકુળ સહદેવ, ચેકિતાન, પાંચ ભાઇઓ કેકય, મહાબાહુ સાત્યકિ, સુભદ્રા પુત્ર અભિમન્યુ, ઘટોત્કચ, દ્રૌપદીના પાંચ પુત્ર, શિખંડી, પરાક્રમી કુંતિભોજ, સુશર્મા તથા વિરાટ, મહા બળવાન પાંડવ તરફના એટલા અને બીજાઓ પણ ભીષ્મના બાણે કરી પીડિત થઇ શોકસાગરમાં બુડયાહતા તેમનો અર્જુને ઉદ્ધાર કર્યો. અર્જુને રક્ષા કરેલો શિખંડી તો પરમ આયુધ ગ્રહણ કરી વેગથી ભીષ્મની સામે દોડયો. તે સમયે પરાજય પામેલો નહીં એવો સંગ્રામના વિભાગને જાણનાર અર્જુન તેના સર્વ અનુચરોને મારી ભીષ્મની સામે દોડયો. સાત્યકિ, ચેકિતાન, પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ દ્રુપદ તથા માદ્રીપુત્ર નકુળ, સહદેવ, દઢ ધનુષવાળા અર્જુને રક્ષા કરેલા એ સર્વ ભીષ્મ સામે દોડયા. તેમજ અભિમન્યુ, દ્રૌપદીના પાંચ પુત્ર સંગ્રામમાં પાછા ન વળનાર દઢ ધનુષવાળા ઉગામેલા મોટા આયુધવાળા તે સર્વ પરક્ષય કરનાર એવા બાણુ નાખતાં ભીષ્મ સામે દોડયા. તેમના મૂકેલા બાણુના સમુદાયને પાછા વાળી ઉદાર ચિત્તવાળા પિતામહ ભીષ્મ પાંડવની સેનામાં ક્રીડા કરતા હોય તેમ તેમના બાણુનો વિનાશ કરતા હતા. વારંવાર હાસ્ય કરતા ભીષ્મ તેના સ્ત્રીપણાને યાદ કરી, શિખંડી ઉપર બાણુ નાખતા ન હતા મહારથિ તેમણે દ્રુપદના સૈન્યમાં સાત રથિઓને માર્યા તે સમે ક્ષણુમાત્રમાં કિલકિલ એવો શબ્દ થવા લાગ્યો. તે વખતે એક સાથેજ દોડતા મત્સ્ય, પાંચાલ તથા ચેદિઓના મધ્યમાં પણ ક્ષણુમાત્રમાં કિલકિલ એ રીતે શબ્દ થવા લાગ્યો. હે પરંતપ ! તેઓએ નર, અશ્વ તથા રથના સમુદાયથી તથા બાણોએ કરી, સંગ્રામમાં શત્રુને તપાવતા એકલા ગંગાપુત્ર ભીષ્મને મેઘો જેમ સૂર્યને ઢાંકે તેમ ઢાંકી દીધા. ત્યાર પછી તેના તથા તેમના દેવાસુર જેવા ભયંકર યુદ્ધમાં અર્જુન શિખંડીને આગળ કરી ભીષ્મ સામે દોડયો.

ततस्तस्य च तेषां च युद्धे देवासुरोपमे ।
किरीटीभीष्ममागच्छत्पुरस्कृत्य शिखंडिनम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीमपराक्रमे गुर्जरभाषायां अष्टादशाधिकशततमोऽध्यायः ॥ ११८ ॥

અધ્યાય ૧૧૯ મો. પિતામહ ભીષ્મ નિપાત.

संजय उवाच—एवं ते पांडवाः सर्वे पुरस्कृत्य शिखंडिनं ।
विव्यधुः समरे भीष्मं परिवार्य समंततः ॥ १ ॥

સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ ! એ રીતે તે સર્વ પાંડવો શિખંડીને આગળ કરી ભીષ્મને ચોતરફથી ઘેરી મારવા લાગ્યા. તેમજ યોદ્ધાઓ સહિત સર્વ સૃંજયો પણ ભયંકર તોપો, ભાલાં, ફરશીયો, મુસળ, સાંગ્યો, ગોફણુ, સુવર્ણના પૃષ્ટ ભાગવાળાં બાણુ, શક્તિ, ગુરંજ, કંપન, નારાચ, વત્સદંત નામના બાણુ તથા અગ્ન્યાસ્ત્રે કરી ભીષ્મને મારવા લાગ્યા. ઘણાકે પીડા પમાડેલા વિખરાઇ ગયું છે કવચ જેમનું એવા તે મર્મસ્થાન ભેદાયાં તોપણુ વ્યથા પામ્યા નહિં. પ્રદીપ્ત બાણુ તથા ધનુષરૂપ જ્વાળાવાળા અસ્ત્રના ફેલાવરૂપ છે વાયુ જેમાં, પાટાના શબ્દરૂપ તાપ સહિત મોટા અસ્ત્રના ઉદયરૂપ પ્રકાશવાળા શરવીરના ક્ષયરૂપ મોટા ઇંધન યુક્ત પ્રલય સમયના અગ્નિરૂપ ભીષ્મ, પારકાઓને બાળતા

હતા. વળી રથ સમુદાયમાંથી આગળ નિકળી પાછા રાજાઓના મધ્યમાં વિચરતા દેખાતા હતા. હે વિશાંપતે ! પછી પંચાલના રાજા તથા ધૃષ્ટકેતુને મનમાં આણ્યા વગર પાંડવની સેનામાં આવેલા તેમણે સાત્યકિ, ભીમસેન, પાંડુપુત્ર અર્જુન, દ્રુપદ, વિરાટ તથા પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન, એ છ યોદ્ધાઓને ભયંકર શબ્દવાળા મોટા વેગવાન કવચ ભેદનાર તીક્ષ્ણ બાણોએ કરી વિંધ્યા. તે મહારથિઓએ પણ આવતા તેમના બાણુને વારી રાખી, પરાક્રમથી દશ દશ બાણે કરી પિતામહને પીડયા. મહારથિ શિખંડીએ સુવર્ણના પૃષ્ઠભાગવાળા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા મોટા બાણ નાખ્યા તે, તે મહાત્માને કંઇ પણ વ્યથા ન કરતાા ખાલી ગયા. તે વખતે અત્યંત ક્રોધે ભરાયેલા અર્જુને ભીષ્મની સામે દોડી, શિખંડીને આગળ કરી એમનું ધનુષ કાપી નાંખ્યું. તે ન સહન કરી શકતાં દ્રોણ, કૃતવર્મા, સિંધુ દેશનો જયદ્રથ, ભૂરિશ્રવા, શલ શલ્ય તથા ભગદત્ત એ સાત તમારી તરફના મહારથિઓએ અર્જુન સામે દોડી, દિવ્યશસ્ત્રે કરી પાંડુપુત્રને ઢાંકી દીધો. તે સમે અર્જુનના રથ પ્રત્યે આવતા તેમનો પ્રલય સમયના વૃદ્ધિ પામેલા સમુદ્રોના જેવો, ‘ મારો પકડો, વિંધો કાપો ’ એ રીતે ભયંકર શબ્દ થવા લાગ્યો, તે સાંભળી અર્જુનના રક્ષણુને ઇચ્છતા સાત્યકિ, ભીમસેન, પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, દ્રુપદ, ઘટોત્કચ રાક્ષસ તથા અત્યંત કોપેલો અભિમન્યુ, વિચિત્ર પ્રકારના ધનુષ ધારણ કરેલા ક્રોધથી મૂર્છિત પાંડવ તરફના એ સાત મહારથિઓ તેમની સામે દોડયા, હે ભરતશ્રેષ્ઠ ! તેમનું પરસ્પર દેવ તથા દાનવ જેવું રૂંવાં ઉભાં કરનાર ભયંકર યુદ્ધ થયું. અર્જુને રક્ષણ કરેલા સંગ્રામમાં શ્રેષ્ઠ શિખંડીએ દશ બાણે કરી કપાઈ ગયેલ ધનુષવાળા ભીષ્મને વિંધી બીજા દશે કરી એમના સારથિને વિંધી, એકે કરી તેમનો ધ્વજ કાપ્યો. ગંગાપુત્રે બીજું અત્યંત વેગવાન ધનુષ ગ્રહણ કર્યું તે પણ અર્જુને તીક્ષ્ણ ત્રણ બાણે કરી કાપી નાખ્યું, એ રીતે શત્રુને તપાવનાર ક્રોધે ભરાયેલા પાંડુપુત્ર અર્જુને ભીષ્મનું વારંવાર ધનુષ કાપ્યું. ત્યારે અત્યંત ક્રોધે કપાઇ ગયેલ ધનુષવાળા ભીષ્મે, એ ગલોફાં ચાટતાં વેગે કરી પર્વતને પણ વિદારણ કરનાર શક્તિ ગ્રહણ કરી તે અર્જુનના રથ ઉપર નાખી. વજ્ર જેવી પ્રજ્વલિત તેને જોઇ, પાંડુપુત્ર અર્જુને તીક્ષ્ણ એવા ભલ્લ નામના પાંચ બાણ ગ્રહણ કરી, શક્તિના પાંચ કડકા કરી નાખ્યા, તેથી મેઘના સમુદાયથી કપાઇ જૂદી પડેલી વિજળી જેમ ભૂમિપર પડે તેમ તે પૃથ્વી ઉપર પડી. કપાઇ ગયેલી શક્તિને જોઇ, પરપુર જીતનાર શૂરવીર ક્રોધાયુક્ત ભીષ્મે બુદ્ધિએ કરી વિચાર કર્યો કે, જો મહા બળવાન વિશ્વકસેન ભગવાન આ પાંડવોનું રક્ષણ કરતાર ન હોત તો એક ધનુષે કરી સર્વ પાંડવોને હું મારત. વળી પાંડવોને મારે મારવા નથી તેમ શિખંડીને સ્ત્રીપણું છે, એ બે કારણુને લીધે પણ પાંડવો સાથે હવે હું યુદ્ધ નહી કરૂં. પૂર્વે જ્યારે હું દાસ કન્યાને લાવ્યો ત્યારે પ્રસન્ન થયેલા મારા પિતાએ મને સંગ્રામમાં અવધ્યપણું તથા ઇચ્છા પ્રમાણે મરણરૂપ વર આપેલો છે, માટે મારા મૃત્યુકાળનો હવે હું સ્વીકાર કરૂં એમ મને લાગે છે. એ રીતે તેજવાળા ભીષ્મનો નિશ્ચય જાણી, આકાશમાં રહેલા ઋષિઓ તથા વસુદેવતાઓએ તેમને કહ્યું કે, હે તાત ! તમે મનમાં જે નિશ્ચય કર્યો તે અમને પણ પ્રિય છે માટે તેમ કરી બુદ્ધિને યુદ્ધથી નિવૃત્ત કરો. એ રીતે દેવતાઓ બોલતા હતા તેટલામાં સુગંધિ જળકણ સહિત સરળ પવિત્ર વાયુ વાવા લાગ્યો. મોટા શબ્દવાળાં દેવ દુંદુભિ વાગવા લાગ્યાં અને આકાશમાંથી વૃષ્ટિ થઇ. પણ હે ધૃતરાષ્ટ્ર ! દેવતાઓનું બોલવું મહા-

બાહુ ભીષ્મે તથા વ્યાસજીના પ્રસાદથી મેં સાંભળ્યું, બીજા કોઇએ સાંભળ્યું નહીં. હે વિશાંપતે ! સર્વ લોકને પ્રિય એવા ભીષ્મ રથમાંથી પડશે, એવાં સંભ્રમયુક્ત દેવગણોનાં વચન સાંભળી, મોટા તેજવાળા શંતનુપુત્ર ભીષ્મ, સર્વ આવરણ ભેદનાર તીક્ષ્ણ બાણોએ કરી ભેદાયા તોપણ અર્જુનને અતિક્રમણ કરતા ન હતા. હે મહારાજ ! ક્રોધે ભરાયેલા શિખંડીએ તો તીક્ષ્ણ નવ બાણે કરી ભરતોના પિતામહને વક્ષસ્થળમાં વિંધ્યા. તોપણ કૌરવોના પિતામહ પૃથ્વીનો કંપ થવાથી જેમ પર્વત કંપે નહીં તેમ પોતે કંપાયમાન થયા નહીં. તે સમે હાસ્ય કરી અર્જુને ગાંડીવ ધનુષ્ય ખેંચી ગંગાપુત્ર ઉપર પચ્ચીશ બાણ નાખ્યા. એ રીતે અર્જુન વારંવાર સર્વ અંગે મર્મસ્થાન ઉપર તીક્ષ્ણ બાણ મારી તેમને વિંધવા લાગ્યો. વળી બીજા હજારો બાણે કરી વિંધ્યા. તે સમે સત્ય પરાક્રમવાળા મહારથિ ભીષ્મે, સામા બાણ નાખી, આવતા તેના બાણને વારી રાખ્યા. મહારથિ શિખંડી તો શિલા ઉપર તીક્ષ્ણ કરેલા સુવર્ણના પૃષ્ટ ભાગવાળા જે જે બાણ ભીષ્મ ઉપર નાખતો હતો તે તે તેને કાંઇ પણ વ્યથા કરતા ન હતા. અત્યંત ક્રોધે ભરાયેલા અર્જુને શિખંડીને આગળ કરી ભીષ્મ સામે દોડી, નવ બાણે કરી એમને વિંધી ધનુષ કાપી, એકે કરી ધ્વજને કાપી દશ બાણે કરી એમના સારથિને પણ કંપાવ્યો. તે સમે ગંગાપુત્ર ભીષ્મે અત્યંત બળવાન બીજું ધનુષ ગ્રહણ કર્યું, તેના પણ કુંતિપુત્ર અર્જુને તીક્ષ્ણ એવા ભલ્લ નામના ત્રણ બાણે કરી કડકા કરી નાખ્યા. એ રીતે નિમેષ માત્રમાં એમનાં ઘણાંક ધનુષ અર્જુને કાપી નાખ્યાં. ત્યાર પછી શંતનુપુત્ર ભીષ્મ, અર્જુનને અતિક્રમણ કરી શક્યા નહિ. વળી અર્જુને પચ્ચિશ બાણ એમની ઉપર નાખ્યા તેથી અતિ વિંધાયલા મોટા ધનુષવાળા ભીષ્મે દુઃશાસનને કહ્યું કે-પાંડવોમાં મહારથિ અર્જુન, હજારો બાણે કરી સંગ્રામમાં મનેજ મારે છે તેમ સંગ્રામમાં એને જીતવા ઇંદ્ર, એકઠા મળેલા શૂરવીર દેવ, દાનવ તથા રાક્ષસો પણ સમર્થ નથી, તેમજ મને જીતવા પણ તેઓ કોઇ સમર્થ નથી, ત્યારે મહારથિ મનુષ્યો તો ક્યાંથીજ જીતે ? એમ તે બેઉ જણ પરસ્પર ભાષણ કરતા હતા, એટલામાં અર્જુને શિખંડીને આગળ કરી તીક્ષ્ણ બાણે કરી ભીષ્મને વિંધ્યા. તે સમે તે હસતા હોય તેમ વળી દુઃશાસનને કહેવા લાગ્યા કે, વજ્ર જેવા સ્પર્શવાળા જે આ હમેશ મારી ઉપર બાણ પડે છે તે અર્જુનના બાણ છે શિખંડીના નથી. દૃઢ એવા કવચને ભેદનાર આ બાણો, મારાં મર્મસ્થાનને ભેદી મુસળની પેઠે મને હણે છે માટે આ અર્જુનના શિખંડીના બાણ નથી. વજ્રના ડાંડા જેવા સ્પર્શવાળા તથા વજ્રના વેગની પેઠે સહન ન થઇ શકે એવા આ મારા પ્રાણને પીડે છે માટે આ બાણ શિખંડીના નહીં. ગદા તથા ભાલાંના જેવા સ્પર્શવાળા તથા યમદૂત જેવા આ બાણો, મારા પ્રાણનો જાણે નાશ કરતા હોય નહી એવા લાગે છે માટે શિખંડીના બાણ નહીં. ઉગ્ર વિષવાળા અત્યંત ક્રોધે ભરાયેલા સર્પ સરખા આ બાણો, મારાં મર્મસ્થાનમાં પ્રવેશ કરે છે માટે શિખંડીના નહીં. કર્કટી નામના જંતુનાં બચ્ચાં જેમ પોતાની માના વાંસાને વિદારણ કરી તેમાંથી નિકળે તેમ આ બાણ મારા શરીરોને ભેદે છે માટે આ અર્જુનના બાણ, શિખંડીના નહીં હનુમાન જેની ધ્વજામાં છે એવા શૂરવીર ગાંડીવ ધનુષવાળા અર્જુન વિના બીજા સર્વ રાજાઓ મને દુઃખ કરી શકે નહીં, એ રીતે કહેતા ભીષ્મે, જાણે પાંડવોને બાળી દેતા હોય નહીં તેમ અર્જુન ઉપર શક્તિ નાખી. હે ભારત ! સર્વ શૂરવીર કૌરવો જાતાં તેના ત્રણ બાણે કરી અર્જુને ત્રણ

કડકા કરી નાખ્યા. તે વખતે ગંગાપુત્ર ભીષ્મે, એમને મારવા વાસ્તે સુવર્ણથી શોભતી ઢાલ તથા ખડ્ગ ગ્રહણ કર્યાં, અર્જુને હજી તે રથમાંથી નીચે નહોતા ઉતર્યા તેની અગાઉ તેના સેંકડો કડકા કરી નાંખ્યા તે આશ્ચર્ય સરખું થયું. યુધિષ્ઠિર રાજાએ પણ પોતાનાં સૈન્યોને આજ્ઞા કરી કે ગંગાપુત્ર સામે દોડો, તમને અણુમાત્ર પણ ભય નથી એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી સૈનિકો ભાલા, સાંગ્ય, બાણના ઓઘ, પટ્ટા, ખડ્ગ, તીક્ષ્ણ એવા નારાચ, વત્સદંત તથા ભલ્લ નામના બાણે કરી પ્રહાર કરતા ભીષ્મ સામે દોડયા. તે સમે પાંડવો ભયંકર સિંહનાદ કરવા લાગ્યા, તેમજ ભીષ્મના જયને ઇચ્છતા તમારા પુત્રો પણ સિંહનાદ કરવા લાગ્યા. તમારી તરફના સિંહનાદ કરતા ભીષ્મનીજ રક્ષા કરતા હતા. તમારાઓને વિપક્ષ સંગાથે મોટું યુદ્ધ થતું હતું. હે રાજેંદ્ર ! દશમે દિવસે ભીષ્મ તથા અર્જુનના યુદ્ધમાં બે ઘડી સુધી ગંગા તથા સમુદ્રના જળની ઘુમરીની પેઠે પરસ્પર મારતાં તથા યુદ્ધ કરતાં સૈન્યો ફરવા લાગ્યાં. તે વખતે રૂધિરથી વ્યાપ્ત થયેલી પૃથ્વી ભયંકર દેખાતી હતી, તેમાં ઊંચાણ તથા નિચાણ પણ કાંઇ જણાતું ન હતું. તે દશમે દિવસે પોતાનાં મર્મસ્થાન ભેદવા છતાં પણ ભીષ્મ, દશ હજાર યોદ્ધાઓને મારી રણસંગ્રામમાં ઉભા હતા ધનુષ ધરનાર અર્જુન પણ સેનાને મોખરે ઉભો રહી કૌરવની સેનાને નસાડતો હતો. તીક્ષ્ણ શસ્ત્રે કરી પીડા પામેલા અમે, ધોળા ઘોડાવાળા કુંતિપુત્ર અર્જુનથી ભય પામી સંગ્રામમાં ભાગ્યા અને સૌવીર, કિતવ, પૂર્વ પશ્ચિમ નથા ઉત્તરના રાજાઓ, અભિષાહ, શૂરસેન, શિબિ, વસાતિયો, શાલ્વ, ત્રિગર્ત્ત તથા કેકય સહિત અંબષ્ટ, બાણ તથા વ્રણથી પીડિત થયેલા સર્વ મહાત્મા અર્જુન સાથે યુદ્ધ કરતાં ભીષ્મને છોડતા ન હતા. પાંડવ તરફના ઘણાક યોદ્ધાઓ, સર્વ કૌરવોને પરાભવ પમાડી એક ભીષ્મને ચોતરફથી ઘેરી લઇ તેમની ઉપર બાણનો વરસાદ કરવા લાગ્યા. હે રાજન ! 'પાડો, ઝાલો, યુદ્ધ કરો, મારો,' એ રીતે ભીષ્મના રથ સમીપે ભયંકર શબ્દ થતો હતો. હજારોને મારનાર ભીષ્મનું શરીર ભેદાયા વગર બે અંગુળ પણ ખાલી રહ્યું ન હતું. એ રીતે સંગ્રામમાં અર્જુને તીક્ષ્ણ અગ્રભાગવાળા બાણે કરી વિંધેલા અંગવાળા તમારા પિતા, કંઇક શેષ સૂર્ય હતો તે સમયે તમારા પુત્રો જોતાં, પૂર્વમાં મસ્તક રાખી રથમાંથી નીચે પડયા. હે ભારત ! એ રીતે રથમાંથી ભીષ્મ પડયા તે વખતે આકાશમાં દેવતાઓનો તથા રાજાઓનો મોટો હાહાકાર થયો. એ રીતે પડતા મહાત્મા પિતામહને જોઇ, તેમની સાથે અમારા સર્વનાં હૃદય પણ પડી ગયાં. એવી રીતે સર્વ ધનુષ ધરનારાઓમાં કેતુરૂપ તે ઇંદ્રના ધ્વજની પેઠે પૃથ્વીને શબ્દાયમાન કરતાં નીચે પડયા તોપણ ચોતરફ બાણથી વિંધાવાને લીધે તેમને પૃથ્વીનો સ્પર્શ થયો નહિ. બાણ શય્યામાં સૂતેલા પુરૂષમાં શ્રેષ્ઠ મોટા ધનુષવાળા રથમાંથી પડેલા એમને દિવ્યભાવ પ્રાપ્ત થયો. તે વખતે વરસાદ થયો અને પૃથ્વી શબ્દ કરવા લાગી. પડવા વખતે દક્ષિણમાં રહેલા સૂર્યને જોઇ, સંજ્ઞા પામી હાલ કયો વખત છે તે વિષે વિચાર કરવા લાગ્યા. સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ પુરૂષમાં સિંહરૂપ મહાત્મા ગંગાપુત્ર ભીષ્મ દક્ષિણાયનમાં કેમ મરણ પામશે ? એવી અંતરિક્ષમાંથી દિવ્ય વાણી થઇ, તે સાંભળી 'હાલ હું રહ્યો છું' એમ કહી, ઉત્તરાયણને ઇચ્છતા કુરૂકુળના પિતામહે પડયા તોપણ પ્રાણ ધારણ કરી રાખ્યા. એવું તેમનું મન જાણી હિમાલયની પુત્રી ગંગાએ મહર્ષિઓને હંસરૂપે કરી જ્યાં બાણશય્યામાં તે સૂતેલા હતા ત્યાં તેમને જોવા સારૂ મોકલ્યા, તે હંસરૂપ ઋષિઓએ

બાણશય્યામાં સૂતેલા કુરૂકુળના પિતામહ ભીષ્મને જોઇ પ્રદક્ષિણા કરીને કહ્યું કે, ‘ દક્ષિણાયનમાં મહાત્મા ભીષ્મ કેમ મરણ પામશે ’ એમ કહી તે હંસો, દક્ષિણ દિશામાં જવા લાગ્યા. તે વખતે વિચાર કરી મહા બુદ્ધિમાન ભીષ્મે કહ્યું કે ‘ હે હંસો ! હું આ દક્ષિણાયનના સૂર્યમાં પરલોકમાં જઇશ નહીં એ મારા મનમાંજ છે અને ઉત્તરાયણના સૂર્ય થશે ત્યારે મારા પ્રાચીન સ્થાન પ્રત્યે જઈશ, એ હું તમોને સત્ય કહું છું. તેમ મારા સામર્થ્યે કરી હું સ્વચ્છંદ મૃત્યુ છું માટે ઉતરાયણમાં જેને મારવાની ઇચ્છા છે એવો હું પ્રાણ ધારણ કરી રાખીશ, કેમકે તે વિષે મહાત્મા મારા પિતાએ ‘તારૂં ઇચ્છા પ્રમાણે મરણ થશે’ એવો મને વર આપેલો છે. હંસોને આમ કહી તે બાણશય્યામાં સૂઇ રહ્યા. એ રીતે કૌરવના શિખરૂપ મહા પરાક્રમી ભીષ્મ પિતામહ પડયા ત્યારે પાંડવ તથા સૃંજયો, સિંહનાદ કરવા લાગ્યા. હે ભરતર્ષભ ! તે બળવાળા ભરતોના પિતામહ હણાયા તે વખતે તમારા પુત્રોને કંઇ પણ સુઝયું નહિ, સર્વ કૌરવોને સંમ્મોહ થયો. તેમજ કૃપાચાર્ય તથા દુર્યોધનાદિ સર્વ નિશ્વાસ મૂકી રોવા લાગ્યા. ખેદને લીધે ઘણા વખત સુધી તો તેઓ અચેત રહ્યા. હે મહારાજ ! વળી તે સર્વ વિચાર કરવા લાગ્યા તેથી યુદ્ધમાં મન દેવાયું નહિ, ને વાયુના દરદે કરી ઝલાયાની પેઠે પાંડવો સામે દોડતા પણ બંધ પડયા. મરવા લાયક નહીં એવા મહા પરાક્રમી શંતનુપુત્ર ભીષ્મ હણાયા તે વખતે ‘ દુર્યોધનનો નાશ નજીક આવ્યો ’ એમ અમોને વિચાર થયો. હણાયા છે શૂરવીર જેમના એવા અર્જુને જીતેલા તીક્ષ્ણ બાણે કરી વિંધાયલા અમે, આ સમયે હવે શું કરવું તે પણ જાણતા ન હતા. તે વખતે ભોગળ સમાન હાથવાળા શૂરવીર સર્વ પાંડવો, જય તથા પરલોક વિષે રૂડી ગતિને પામી, મોટા શંખ વગાડવા લાગ્યા હે જનેશ્વર ! પંચાલ સહિત સોમકો ખુશી થતા હતા. હજારો તુરીયો વાગતી હતી. મહા બળવાન ભીમસેન, બાહુના શબ્દ સાથે સિંહનાદ કરતો હતો. સમર્થ ગંગાપુત્ર હણાયા તે સમયે બેઉ સેનાના શૂરવીરો શસ્ત્ર મૂકી, વિચાર કરવા લાગ્યા, અને કેટલાક આક્રોશ કરવા લાગ્યા. કેટલાક નાસી ગયા તથા બીજા કેટલાક મોહ પામી ગયા, કેટલાક ક્ષાત્રધર્મની નિંદા અને ભીષ્મનાં વખાણ કરવા લાગ્યા. ઋષિઓ તથા પિતૃઓ તે મોટા વ્રતવાળાની પ્રશંસા કરવા લાગ્યા ભરતોના પૂર્વજો હતા તે પણ તેની પ્રશંસા કરવા લાગ્યા અને પરાક્રમી બુદ્ધિમાન શંતનુપુત્ર ભીષ્મ પણ યોગ ધારણા કરી, મહોપનિષદ્રૂપ બ્રહ્મનો જપ કરતા કાળની વાટ જોતા બાણશય્યામાં પડયા.

भारतानां च ये पूर्वे ते चैनं प्रशशंसिरे ।
महोपानिषदं चैव योगमास्थाय वीर्यवान् ॥
जपन् शांतनवो धीमान्कालाकांक्षीस्थितो भवत् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मनिपातने गुर्जरभाषायां ऊनविंशत्यधिकशततमोऽध्यायः ॥ ११९ ॥

અધ્યાય ૧૨૦ મો. ભીષ્મને અર્જુને આપેલું ઉપધાન.

धृतराष्ट्र उवाच–कथमासंस्तदायोधा हीनाभीष्मेण संजय ।
बलिनादेवकल्पेन गुर्वर्थे ब्रह्मचारिणा ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે કે, હે સંજય! બળવાન દેવ જેવા પોતાના પિતા વાસ્તે બ્રહ્મચર્ય પાળનાર ભીષ્મે કરીને હીન યોદ્ધાઓ, કેવી રીતે વર્તતા હતા. જ્યારેથી દયાળુતાને લીધે ભીષ્મ દ્રુપદપુત્ર શિખંડી સામે થયા નહીં, ત્યારથીજ પાંડવોએ કૌરવ તથા બીજાઓને હણેલા છે, એમ હું ધારતો હતો. અત્યંત દુર્બુદ્ધિવાળો હું પિતા એવા ભીષ્મને હણાયા એ વચન સાંભળું છું, એથી બીજું વધારે શું દુઃખ કારક હોય? હે સંજય! ભીષ્મને હણાયા સાંભળી, મારૂં હૃદય વિદારણ થતું નથી માટે જરૂર તે કાળમીઢ પથ્થરનું બનેલું છે. હે સુવ્રત! કુરૂકુળમાં સિંહરૂપ જયને ઇચ્છતા હણાયેલા ભીષ્મે તે સમે બીજું જે કાંઇ કર્યું હોય તે તું મને કહે. સંગ્રામમાં ભીષ્મ હણાયા, એ વારંવાર સાંભળવું હું સહન કરી શકતો નથી. ભીષ્મને દિવ્ય અસ્ત્રે કરી પૂર્વે પરશુરામ પણ મારી શક્યા નહતા. તેમને આ સમયે દ્રુપદપુત્ર શિખંડીએ હણ્યા એ શું! સંજય કહે છે કે, કુરૂકુળના પિતામહ ભીષ્મ, તમારા પુત્રોને ખેદ તથા પંચાલોને હર્ષ આપતાં સાયંકાળ વખતે પૃથ્વી ઉપર પડી ગયા. સર્વ પ્રાણિયો મોટા હાહાકાર શબ્દ કરવા લાગ્યાં. સંગ્રામને જીતનાર કૌરવોના સીમા વૃક્ષ રૂપ ભીષ્મ પડયા તે સમે બેઉ સેના વિષે રહેલા ક્ષત્રિયોને ભય પ્રાપ્ત થયું. હે વિશાંપતે! વિખરાઈ ગયાં છે કવચ તથા ધ્વજ જેમનાં એવા બાણશય્યામાં પોઢેલા શંતનુપુત્ર ભીષ્મને જોઇ, કૌરવ તથા પાંડવો તેમને વિંટાઇ વળ્યા. શંતનુપુત્ર હણાયા ત્યારે આકાશ અંધકારથી ઘેરાઇ ગયું. સૂર્ય કાંતિ રહિત થયો ને પૃથ્વી કંપવા લાગી. પુરૂષમાં શ્રેષ્ઠ બાણશય્યામાં સૂતેલા તેમને જોઇ, 'આ બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છે, આ બ્રહ્મવેત્તામાં ઉત્તમ છે,' એ રીતે પ્રાણિયો કહેવા લાગ્યાં. બાણશય્યામાં સૂતેલા ભરતોમાં અત્યંત મોટા પુરૂષમાં શ્રેષ્ઠ ભીષ્મને જોઇ, સિદ્ધ અને ચારણ સહિત ઋષિયોએ આવી રીતે કહ્યું કે પૂર્વે પોતાના પિતા શંતનુને કામથી પીડાયલા જાણી આ વીરપુત્ર જન્મભર બ્રહ્મચર્યમાં રહેલા છે. હે મારિષ! ભરતોના પિતામહ શંતનુપુત્ર ભીષ્મ હણાયા ત્યારે હણાઇ છે શોભા જેની એવા ખેદયુક્ત મુખવાળા નીચું જોઇ ઉભેલા લજ્જાયુક્ત તમારા પુત્રો, કાંઇ પણ કર્ત્તવ્યને સમજી શકતા ન હતા. સંગ્રામને મોખરે રહેલા સર્વ પાંડવો, જય મેળવી સુવર્ણથી શોભતા શંખોને વગાડતા હતા. હે અનઘ! હે મહારાજ! એ રીતે મહા બળવાન શત્રુને વેગથી મારી, મોટા હર્ષયુક્ત ક્રીડા કરતા કુંતિપુત્ર મહા બળવાન ભીમસેનને અમે જોતા હતા. પાંડવોની સેના તરફ હર્ષથી તુરી નામનાં હજારો વાદ્ય વાગતાં હતાં. કૌરવોને અત્યંત મોટો સમ્મોહ થયો હતો. કર્ણ તથા દુર્યોધન પણ વારંવાર નિશ્વાસ મૂકતા હતા. એ રીતે કૌરવના પિતામહ ભીષ્મ પાડયા ત્યારે હાહાકાર કરતાં સર્વ સૈન્ય, નિર્મર્યાદ થઇ ગયાં. પડેલા ભીષ્મને જોઇ, ભાઈએ મોકલેલો શૂરવીર, કવચ પહેરેલો, પુરૂષમાં સિંહરૂપ તમારો પુત્ર દુઃશાસન, ઘણા વેગથી પોતાના સૈન્યનો ખેદ હરતો દ્રોણનાં સૈન્ય પાસે ગયો. તેને જોઈ, કૌરવોએ 'આ શું કહેશે?' એમ જાણી, ચોતરફથી તેને વિંટી લીધો. કુરૂકુળમાં શ્રેષ્ઠ તેણે, ભીષ્મ હણાયા એમ દ્રોણને કહ્યું. હે ભરતર્ષભ! દ્રોણાચાર્ય, એવું અપ્રિય વચન સાંભળી મોહ પામી ગયા. હે મારિષ! પછી પ્રતાપવાન દ્રોણાચાર્યે, તત્કાલ પાછી સંજ્ઞા પામી પોતાના સૈન્યને વાર્યું. યુદ્ધથી નિવૃત્ત થયેલા કૌરવોને જોઇ પાંડવોએ પણ ઘોડેસ્વાર દૂતો બધે ફેરવી પોતાના સૈનિકોને પાછા વાળ્યા. એ રીતે ચોતરફથી બધાં સૈન્ય યુદ્ધથી નિવૃત્ત થયાં ત્યારે સર્વ રાજાઓ કવચ છોડી ભીષ્મ પાસે ગયા. એ રીતે હજારો યોદ્ધાઓ યુદ્ધથી વિરામ પામી, બ્રહ્મા પાસે જેમ દેવતાઓ જાય તેમ તે મહાત્માની

પાસે ગયા અને કૌરવો સહિત પાંડવો પણ બાણશય્યામાં સુતેલા ભરતકુળમાં શ્રેષ્ઠ ભીષ્મ આગળ જઈ, તેમને પ્રણામ કરી પાસે બેઠા. ધર્માત્મા શંતનુપુત્ર ભીષ્મ પોતાને પ્રણામ કરી પાસે બેઠેલા કૌરવ તથા પાંડવો પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હે મહારથિઓ ! હે મોટા ભાગ્યવાળા ! તમો ભલે આવ્યા, ભલે આવ્યા, તમને જોઇ હું પ્રસન્ન થયો છું. એ રીતે તેમનો સત્કાર કરી, નીચે પડતા મસ્તક વાસ્તે તેમણે કહ્યું કે ' મારૂં મસ્તક નીચે લટકે છે માટે મને ઓશિકું આપો. એવાં તેમનાં વચન સાંભળી રાજાઓ, સૂક્ષ્મ કોમળ એવાં સુંદર ઓશિકાં લેઇ આવ્યા, તોપણ તેની તેમણે ઇચ્છા કરી નહિ. પુરૂષમાં સિંહરૂપ તેમણે હસતા હોય નહીં તેમ તે રાજાઓને કહ્યું કે, હે પાર્થિવો ! વીરશય્યામાં આ ઓશિકાં યોગ્ય ગણાય નહીં. વળી ધર્મજ્ઞ તેમણે સર્વ લોકમાં મહારથિ મોટા હાથવાળા પુરૂષમાં શ્રેષ્ઠ પાંડુપુત્ર અર્જુન સામે જોઇ, તેને કહ્યું કે–હે ધનંજય ! હે મહાબાહો ! હે તાત ! મારૂં મસ્તક નીચે લબડે છે માટે વીરશય્યાને યોગ્ય ઓશિકું તું મને આપ. સંજય કહે છે કે હે ધૃતરાષ્ટ્ર ! એવાં તેમનાં વચન સાંભળી અર્જુને મોટું ધનુષ લઇ, પિતામહ ભીષ્મને પ્રણામ કરી અશ્રુથી ભરેલાં નેત્રે કરી તેમને આવી રીતે વચન કહ્યું કે હે સર્વ શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ ! હે કુરૂશ્રેષ્ઠ ! હે દુર્ધર્ષ ! હે પિતામહ ! હું તમારો દાસ છું, મને આજ્ઞા કરો એટલે હું તેમ કરૂં ? તે સમે શંતનુપુત્ર ભીષ્મે વળી કહ્યું કે હે તાત ! હે કુરૂશ્રેષ્ઠ ! હે ફાલ્ગુન ! મારૂં મસ્તક નીચે લબડે છે વાસ્તે હે વીર ! હે પાર્થ ! સર્વ ધનુષ ધરનારમાં સમર્થ તથા શ્રેષ્ઠ તું છે વાસ્તે આ વીરશય્યાને યોગ્ય હોય એવું ઓશિકું તું મને આપ. તે વખતે ક્ષાત્રધર્મને જાણનાર, બુદ્ધિ બળ તથા ગુણે કરી યુક્ત અર્જુને તેમની આજ્ઞા લેઇ ગાંડીવ ધનુષ ગ્રહણ કરી ભરતોના મહારથિ મહાત્મા ભીષ્મનાં વચન માની, ગ્રંથી વગરના તીક્ષ્ણ મહા વેગવાન ત્રણ બાણે કરી તેમના મસ્તકને ઓશિકું આપ્યું. ધર્મ તથા અર્થના યથાર્થપણાને જાણનાર ભરતકુળમાં શ્રેષ્ઠ ભીષ્મપિતા અર્જુને આપેલા તે ઓશિકાએ કરી, તેની ઉપર પ્રસન્ન થઇ સર્વની સામે જોઈ યુદ્ધ કરનારમાં શ્રેષ્ઠ, સંબંધીઓને પ્રીતિ વધારનાર કુંતિપુત્ર અર્જુન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પાંડુપુત્ર ! આ શયનને યોગ્ય એવું ઓશિકું તેં મને આપ્યું, ને એ પ્રમાણે જો તું ન કરત તો ક્રોધથી હું તને શાપ દેત. હે મહાબાહો ! ધર્મથી ચાલનાર બાણશય્યામાં ગયેલા ક્ષત્રિયે આજ રીતે શયન કરવું યોગ્ય છે, એમ અર્જુનને કહી, પાંડવોની સમીપ બેઠેલા સર્વ રાજાઓ તથા રાજપુત્રોને કહ્યું કે ' પાંડુપુત્ર અર્જુને મને આપેલા ઓશિકાને તમે જુવો. હવે આ શય્યામાં જ્યાં સુધી ઉત્તરાયણના સૂર્ય થશે ત્યાં સુધી હું શયન કરીશ. ' એ રીતે સાત અશ્વવાળા ઉત્તમ તેજયુક્ત રથે કરી, સૂર્ય જ્યારે ઉત્તર દિશાનો આશ્રય કરશે ત્યારે સ્નેહીઓ જેમ પોતાના અત્યંત પ્રિયનો ત્યાગ કરે તેમ હું દેહનો ત્યાગ કરીશ. તે સમયે જે રાજાઓ મારી પાસે આવશે તે મને જોશે. હે રાજાઓ ! અહિં મારી શય્યાની આસપાસ ખાઇ ખોદો એટલે હજારો બાણ યુક્ત શરીરવાળો હું સૂર્યની ઉપાસના કરૂં. હે રાજાઓ ! તમો પણ વેર મુકી સંગ્રામથી વિરામ પામો. સંજય કહે છે કે હે ધૃતરાષ્ટ્ર ! તે સમે શલ્યનો ઉદ્ધાર કરવામાં ચતુર સર્વ સાધનયુક્ત, કામમાં કુશળજનની પાસે સારી રીતે શિખેલા વૈદ્યો ત્યાં આવ્યા. તેમને જોઇ ગંગાપુત્ર ભીષ્મે તમારા પુત્રને કહ્યું કે, આ વૈદ્યોનો સત્કાર કરી–ધન આપી તેમને રજા આપો, કારણ કે ક્ષાત્રધર્મમાં શ્રેષ્ઠ એવી ગતિને પ્રાપ્ત થયેલા મારે વૈદ્યનું પ્રયોજન

નથી, તેમ બાણુશય્યામાં સૂતેલા મારો એ ધર્મ પણ નથી, માટે હે રાજાઓ ! આ બાણુ સહિત મને બાળજો. એવાં તેમનાં વચન સાંભળી તમારા પુત્ર દુર્યોધને, યોગ્યતા પ્રમાણે વૈદ્યોનો સત્કાર કરી તેમને રજા આપી. અનેક દેશના રાજાઓ પણ ઘણા તેજવાળા ભીષ્મની ધર્મમાં પરમ એવી સ્થિતિ જોઇ આશ્ચર્ય પામ્યા. એ રીતે એકઠા મળેલા મહારથિ સર્વ કૌરવ, પાંડવ તથા બીજા રાજાઓ તમારા પિતાને ઓશિકું આપી, સુંદર શય્યામાં સૂતેલા તેમની પાસે જઇ પ્રણામ કરી ત્રણ પ્રદક્ષિણા કરી ચોતરફથી તેમની રક્ષા કરી, અત્યંત આતુર, રૂધિરથી ખરડાયલા તે સર્વ શૂરવીરો સાયંકાળે વિચાર કરતા પોતપોતાના તંબુએ ગયા. ત્યાર પછી ભીષ્મના પડવાથી પ્રસન્ન થઈ બેઠેલા પાંડવો પાસે જઈ, મહા બળવાન માધવ ભગવાન ધર્મપુત્ર યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે કૌરવ્ય ! તમારો જય થયો, તે ઘણું રૂડું થયું. ભીષ્મપિતાને પાડયા તે પણ બહુ સારૂ થયું, પણ પ્રતિજ્ઞાવાળા સર્વ શાસ્ત્રના પારને પામેલા મહારથિ, મનુષ્ય તથા દેવતાઓથી મારી શકાય નહીં એવા ભીષ્મ, દૃષ્ટિમાત્રથી મારવામાં સમર્થ એવા તમને પામી તમારા ભયંકર ચક્ષુથી નાશ પામ્યા. શ્રીકૃષ્ણનાં એવાં વચન સાંભળી ધર્મરાજાએ કહ્યું કે, હે કેશવ ! તમારા પ્રસાદથી વિજય થાય અને તમારા ક્રોધથી પરાજ્ય થાય. હે કૃષ્ણ ! ભક્તને નિર્ભય કરનાર તમેજ અમારા નાથ છો માટે સંગ્રામમાં જેના હિતમાં તત્પર તથા નિરંતર રક્ષણ કરનાર તમો જેને સહાય હો તેનો જય થાય એમાં આશ્ચર્ય નથી. સર્વ પ્રકારથી તમારે શરણે આવેલાઓને કાંઇ પણ આપદા નથી, એવી મારી મતિ છે એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી હાસ્ય કરી જનાર્દન ભગવાને તેમને કહ્યું કે, હે રાજાઓમાં શ્રેષ્ઠ ! આવું વચન બોલવું એજ તમને યોગ્ય છે.

सर्वथा त्वां समासाद्य नाश्चर्यमिति मे मतिः ।
एवमुक्तः प्रत्युवाच स्मयमानो जनार्दनः ॥
तवैवैतद्युक्तरूपं वचनं पार्थिवोत्तम ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मोपशानदाने गुर्जरभाषायां विंशाधिकशततमोऽध्यायः ॥ १२० ॥

અધ્યાય ૧૨૧ મો. ભીષ્મે દુર્યોધનને કરેલો ઉપદેશ.

संजय उवाच–व्युष्टायां तु महाराज शर्वर्यां सर्वपार्थिवाः ।
पांडवा धार्त्तराष्ट्राश्च उपातिष्ठन् पितामहं ॥ १ ॥

સંજય કહે છે–હે મહારાજ ! તે રાત્રિ ગયા પછી સવાર થયું ત્યારે સર્વ રાજાઓ, પાંડવ તથા તમારા પુત્ર ભીષ્મ પાસે જઇ, વીરશય્યામાં સૂતેલા ક્ષત્રિય શ્રેષ્ઠ એવા તે શૂરવીરને પ્રણામ કરી તેમની પાસે ઉભા રહ્યા. તે સમે હજારો કન્યાઓ ત્યાં જઇ ચંદન, ગુલાલ, સાળની ધાણી તથા સુગંધિ ફૂલની ભીષ્મ ઉપર વૃષ્ટિ કરવા લાગી. બાળ તથા વૃદ્ધ સ્ત્રીઓ, તથા એમને જોવા આવેલાં લોકો પણ સૂર્ય સમીપ જેમ ગંધર્વ આદિ પ્રાણીઓ જાય તેમ પાસે ગયાં સેંકડો તુરીવાળા, નટ નર્તક તથા કારીગરો પણ, કૌરવોમાં વૃદ્ધ પિતામહ પાસે આવ્યા. તે સમે પૂર્વની પેઠે બરોબરિયા સાથે પરસ્પર પ્રીતિમાન એકઠા મળેલા કૌરવ તથા પાંડવો યુદ્ધથી વિરામ પામી કવચ તથા આયુધ મૂકી દુઃખે કરીને સહન ન થાય એવા શત્રુને દમન

કરનાર ભીષ્મની પાસે જઇ બેઠા. તે વખતે અનેક રાજાઓથી સંકીર્ણ, ભીષ્મે કરી શોભતી પ્રદીપ્ત કૌરવ તથા પાંડવોની સભા, આકાશમાં સૂર્યમંડળ શોભે તેમ શોભતી હતી. ગંગાપુત્ર ભીષ્મને સેવતા રાજાઓની તે સભા, દેવપતિ બ્રહ્માની ઉપાસના કરતા દેવતાઓની સભા સમાન શોભતી હતી. હે ભરતર્ષભ ! બાણે કરી સંતપ્ત થયેલા સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતા તથા શસ્ત્રના પડવાથી મૂર્ચ્છિત થયેલા ભીષ્મે, બાણથી વિંધાયેલા શરીરવાળા હોવા છતાં ધૈર્યથી વેદના સહન કરી રાજાઓ સામે જોઇ 'પાણી' એ રીતે કહ્યું. હે રાજન ! ક્ષત્રિયો નાના પ્રકારનાં ભોજન તથા શીતળ જળના કુંભ ચોતરફથી લાવ્યા. આણેલા પાણીને જોઇ શંતનુપુત્રે કહ્યું કે આ સમે પૂર્વે ભોગવેલા મનુષ્ય સંબંધી ભોગ મારાથી ભોગવી શકાય તેમ નથી; કારણ મનુષ્યોથી જૂદો પડી બાણશય્યામાં સૂતેલો હું કાળની વાટ જોઇ રહેલો છું. એ રીતે કહી રાજાઓને હસતા શંતનુપુત્રે હું અર્જુનને જોવા ઇચ્છું છું એ રીતે કહ્યું. તે વખતે મહાબાહુ અર્જુને ભીષ્મ પાસે આવી નમ્રતાથી હાથ જોડી, પ્રણામ કરી 'હું શું કરૂં ?' એ રીતે કહ્યું. હે રાજન ! પોતાને પ્રણામ કરી હાથ જોડી આગળ ઉભેલા પાંડુપુત્રને જોઇ, પ્રસન્ન થઇ તેમણે તેને કહ્યું કે, તારા બાણથી વિંધાયલું મારૂં શરીર જાણે બળતું હોય નહીં તેમ થાય છે. મારાં મર્મસ્થાન તપે છે, મોઢું સુકાય છે માટે હે મોટા ધનુષવાળા ! હે અર્જુન ! વેદનાએ કરી પીડિત શરીરવાળા મને જળ આપ; કારણ તું આ સમે ઘટતી રીતે મને જળ આપવા સમર્થ છે. ભીષ્મનાં વચન સાંભળી પરાક્રમી અર્જુને 'ઠીક બહુ સારૂં' એમ કહી, રથમાં બેસી ટંકાર કર્યો. તે પ્રત્યંચાના શબ્દને સાંભળી સર્વ રાજાઓ તથા સર્વ પ્રાણીઓ ત્રાસ પામ્યાં. પછી રથિમાં શ્રેષ્ઠ તેણે ભરતકુળમાં શ્રેષ્ઠ સર્વ શસ્ત્ર ધરનારમાં ઉત્તમ બાણશય્યામાં સૂતેલા પિતામહની પ્રદક્ષિણા કરી, પ્રદીપ્ત બાણ સાંધી અભિમંત્રણ કરી સર્વ લોક જોતાં પર્જન્યાસ્ત્ર સાથે જોડી, ભીષ્મની દક્ષિણ બાજુની પૃથ્વી વિંધી એટલે તેમાંથી શીતળ અમૃત જેવી દિવ્ય ગંધ તથા રસવાળા પાણીની નિર્મળ ધારા નીકળી. તે શીતળ ધારાએ કરી તેણે દિવ્ય છે કર્મ તથા પરાક્રમ જેમનાં એવા કૌરવોમાં શ્રેષ્ઠ ભીષ્મને તૃપ્ત કર્યા. ઇંદ્રની પેઠે મોટું કામ કરનાર અર્જુનના તે કર્મે કરી સર્વ રાજાઓ, પરમ આશ્ચર્ય પામ્યા. મનુષ્યથી ન બને એવું અર્જુનનું પરાક્રમ જોઇ, હિતથી પીડિત થયેલી ગાયોની પેઠે કૌરવો કંપવા લાગ્યા. ચોતરફ રાજાઓ વિસ્મયથી પોતાના ઉતરીયને હલાવવા લાગ્યા. તેમજ ચોતરફથી શંખ તથા દુંદુભિનો મોટો શબ્દ પણ થયો. હે રાજન ! તે સમે તૃપ્ત થયેલા શંતનુપુત્ર ભીષ્મે, સર્વ શૂરવીર રાજાઓની સમક્ષ સત્કાર કરતા હોય નહીં તેની પેઠે અર્જુનને કહ્યું કે, હે મહાબાહો ! હે કુરૂનંદન ! તારે વિષે આ કર્મ કંઈ આશ્ચર્યકારક નથી. હે ઘણા તેજવાળા ! તને ઉદ્દેશીને નારદે પણ કહ્યું હતું કે પૂર્વનો ઋષિ આ, વાસુદેવની મદદે દેવતા સહિત ઇંદ્ર પણ જે કર્મ ન કરી શકે તે કરશે. હે પાર્થ ! દેવતાના રહસ્યને જાણનાર પુરૂષો સર્વ ક્ષત્રિયોના નિધનનો હેતુ તને જાણે છે. સર્વ પ્રાણીઓમાં મનુષ્ય, પક્ષિઓમાં ગરૂડ, જળાશયોમાં સમુદ્ર, ચાર પગવાળામાં ગાય, તેજવાળાઓમાં સૂર્ય તથા સર્વ જાતિમાં જેમ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે તેમ સમગ્ર પૃથ્વીમાં સર્વ ધનુષ ધરનારમાં તું શ્રેષ્ઠ છે, એટલું કહી વળી ભીષ્મે કહ્યું કે પૂર્વે મેં, વિદુરે, દ્રોણાચાર્યે જનાર્દન ભગવાને તથા સંજયે પણ વારંવાર વચન કહ્યાં પણ દુર્યોધને સાંભળ્યાં નહિ, તેમ બેભાન જેવા

વિપરીત બુદ્ધિવાળા શત્રુને અતિક્રમણ કરનાર તેણે તે ઉપર શ્રદ્ધા રાખી નહીં માટે ભીમસેને પરાભવ પમાડેલો તે રણશય્યામાં શયન કરશે. એવાં ભીષ્મનાં વચન સાંભળી કૌરવમાં શ્રેષ્ઠ દુર્યોધન દીન મનવાળો થયો. તેની સામે જોઇ ભીષ્મે તેને કહ્યું કે, હે રાજન્! ક્રોધને છોડી દેઇ હું કહું તે સાંભળ. હે દુર્યોધન! બુદ્ધિમાન અર્જુને અમૃત જેવા સુગંધવાળા શીતળ જળની ધારા કેવી રીતે ઉત્પન્ન કરી એ તેં જોયું? એ કામ કરનાર આ લોકમાં એના વિના બીજો કોઇ નથી, તેમ આગ્નેય, વારૂણ, સૌમ્ય, વાયવ્ય, વૈષ્ણવ, ઐંદ્ર, પાશુપત, બ્રાહ્મ, પ્રજાપતિનું પારમેષ્ટય, ધાતા, ત્વષ્ટા, સવિતા તથા વિવસ્વાનના અસ્ત્ર પણ, આ સર્વ લોકમાં એક અર્જુન તથા દેવકીપુત્ર કૃષ્ણજ જાણે છે. એ બે વિના બીજો કોઈ જાણતો નથી. જે મહાત્માનાં એટલા અમાનુષ કર્મ છે, એવો પાંડુપુત્ર અર્જુન યુદ્ધમાં ક્યારે પણ જીતી શકાય તેવો નથી, માટે હે તાત! સંગ્રામમાં શોભતા શૂરવીર બળવાન શસ્ત્ર શિખેલા અર્જુનાદિની સાથે તું સંધિ કર. હે તાત! હે પુરૂષોત્તમ! જ્યાં સુધી મહાત્મા શ્રીકૃષ્ણ સ્વાધીન છે તેટલામાં શૂરવીર અર્જુન સાથે તું સંધિ કર. જ્યાં સુધી ગ્રંથી વગરના બાણે કરી, અર્જુને તારી સર્વ સેનાનો નાશ નથી કર્યો ને હણતાં બાકી રહેલા તારા ભાઇઓ તથા ઘણાક રાજાઓ હજી વિદ્યમાન છે, તેટલામાં તું અર્જુન સાથે સંધિ કર. જ્યાં સુધી ક્રોધે કરી પ્રદીપ્ત નેત્રવાળા યુધિષ્ઠિર રાજાએ તારી સેનાને બાળી નાખી નથી તેમજ નકુળ, સહદેવ તથા ભીમસેને પણ તારી મોટી સેનાને ચોતરફથી નાશ પમાડી નથી તેટલામાં શૂરવીર પાંડવો સાથે તું સ્નેહ કર, એ મને રૂચે છે. હે તાત! મારા અંત સુધી યુદ્ધ થયું, હવે પાંડવો સાથે સલાહ કર. હે અનઘ! જે આ મેં તને વાક્ય કહ્યાં તે તું ગ્રહણ કર; કારણ એમ કરવાથી તારૂં તથા કુળનું કલ્યાણ થશે. હે રાજન! ક્રોધનો ત્યાગ કરી પાંડવો સાથે સ્નેહ કર, અર્જુને એટલું કર્યું તેજ ઘણું છે. ભીષ્મનો નાશ થવાથી હવે તમારે પરસ્પર સ્નેહ થાઓ ને બાકીના રાજાઓ જીવતા રહો. હે રાજન્! પ્રસન્નતાથી એમ કર, અને અર્ધું રાજ્ય પાંડવોને આપ, અને ઇંદ્રપ્રસ્થ પ્રત્યે ધર્મરાજા ભલે રાજ્ય કરો. હે કૌરવેંદ્ર! રાજાઓમાં અધમ તું મિત્રદ્રોહી માં થા, કારણ એમ કરવાથી અપકીર્ત્તિ પામીશ. મારા અંતથી હવે પ્રજાને શાંતિ થાઓ અને રાજાઓ પરસ્પર સ્નેહયુક્ત થઇ, પરસ્પર એકઠા મળી જાઓ. પિતા પુત્ર સાથે ભાણેજ મામા સાથે તથા ભાઇ ભાઇ સાથે મળી જાઓ. આ રીતે વખતને યોગ્ય એવાં આ મારાં વચન મોહાવિષ્ટ તું જો બુદ્ધિહીનપણાને લીધે ગ્રહણ નહીં કરે તો છેવટ તું મને યાદ કરીશ, તે આ બધા નાશ પામશે. આ મારી વાત સત્ય માનજે." એ રીતે ગંગાપુત્ર ભીષ્મ વેદનાને સહન કરી સ્નેહને લીધે રાજાઓના મધ્યમાં આટલાં વચન દુર્યોધનને સંભળાવી, શલ્યથી તપેલ મર્મસ્થાનવાળા પોતાનું મન પરમેશ્વરમાં જોડી બોલતા બંધ પડયા. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર! ધર્મ તથા અર્થ સહિત હિતરૂપ નિરૂપદ્રવ, તેમનાં વચન સાંભળી, નજીક મરણ આવેલાને જેમ સારૂં ઔષધ રૂચે નહીં તેમ તમારા પુત્રને તે વચન રૂચ્યાં નહીં.

धर्मार्थसहितं वाक्यं श्रुत्वा हितमनामयं ।
ना रोचयतपुत्रस्ते मुमूर्षुरिव भेषजम् ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि दुर्योधनंप्रतिभीष्मवाक्ये गुर्जरभाषायां एकविंशाधिकशततमोऽध्यायः ॥ १२१ ॥

અધ્યાય ૧૨૨ મો. ભીષ્મે કર્ણને દીધેલી શીખ.

संजय उवाच-ततस्ते पार्थिवाः सर्वे जग्मुः स्वानालयान्पुनः ।
तूष्णीं भूते महाराज भीष्मे शांतनुनंदने ॥ १ ॥

સંજય કહે છે કે, હે મહારાજ ! એ રીતે શંતનુપુત્ર ભીષ્મ બોલતા બંધ રહ્યા ત્યારે સર્વ રાજાઓ, પોતપોતાને સ્થાનકે પાછા ગયા. કાંઇક ત્રાસ પામેલા પુરૂષમાં શ્રેષ્ઠ રાધાપુત્ર કર્ણ, ભીષ્મ નાશ પામ્યા તે સાંભળી તરત ત્યાં આવી, અશ્રુયુક્ત નેત્ર તથા મોટી કાંતિવાળા તેણે જન્મકાળે બાણુશય્યામાં સુતેલા સમર્થ કાર્તિકસ્વામિની પેઠે બાણુશય્યામાં સૂતેલા નેત્ર મીચેલા શૂરવીર મહાત્મા ભીષ્મને જોઇ હે ભીષ્મ ! હે ભીષ્મપિતા ! હે મહાબાહો ! એ રીતે બોલાવી કહ્યું કે, હે કુરૂશ્રેષ્ઠ ! રાધાપુત્ર હું નિરંતર તમારી આંખે આવતો હતો, અને હું પણ તમારો દ્વેષ કરતો હતો. એવાં તેનાં વચન સાંભળી ચર્મવળીએ વિંટાયેલ નેત્રવાળા કુરૂકુળમાં વૃદ્ધ ભીષ્મે ધીરેથી તેની સામું જોઇ, મનુષ્ય વગરનું સ્થાનક જોઈ, રક્ષણ કરનાર ચોકીવાળાઓને દૂર કરી, પિતા પુત્રને મળે તેમ એક હાથથી તેને મળી, સ્નેહથી આવી રીતે વચન કહ્યું કે, હે કર્ણ ! અહિં આવ, અહિં આવ, તું મારી સાથે સ્પર્ધા કરતો હતો પણ આ સમે જો મારી પાસે ન આવ્યો હોત તો જરૂર તારૂં શ્રેય થાત નહીં. હે મહાબાહો ! તું કુંતિનો પુત્ર છે, રાધાનો નહિ, તેમ અધિરથ તારો પિતા પણ નથી. તું સૂર્યથી ઉત્પન્ન થયેલો છે, એ વાત મેં નારદથી તથા વ્યાસથી સાંભળેલી છે માટે તે સત્ય છે, એમાં સંશય નથી. હે તાત ! તારી ઉપર મારે દ્વેષ નથી. એ હું તને સત્ય કહું છું અને હે રૂડા વ્રતવાળા ! હું જે તને કઠોર વચન કહેતો હતો, તે પણ તું અકસ્માત સર્વ પાંડવોને પીડિત કરીશ, એમ જાણી તારો તેજોવધ કરવા સારૂ કહેતો હતો. હે સૂતનંદન ! વળી રાજાએ વારંવાર તને પ્રેરણા કરી, તેમ ધર્મના લોપથી તું ઉત્પન્ન થયો છે તથા નીચના આશ્રયને લીધે ગુણવાનનો પણ દ્વેષ કરનારી આવી તારી બુદ્ધિ થઈ, માટે કૌરવોની સભામાં ઘણાં રૂક્ષ વચન મેં તને સંભળાવ્યાં. હે અમરોપમ ! પૃથ્વીમાં કોઇથી સહન થાય નહીં એવું સંગ્રામમાં તારૂં પરાક્રમ, બ્રહ્મણ્યતા, શૌર્ય તથા દાન વિષે પરમ પ્રીતિવાળી તારી બુદ્ધિ હું જાણું છું, મનુષ્યોમાં તારા સરખો કોઇપણ પુરૂષ નથી, તથાપિ કુળના ભંગાણના ભયથી હમેશ હું તને કઠોર વચન કહેતો હતો. બાણ, અસ્ત્ર, અસ્ત્રસંધાન, લાઘવી તથા અસ્ત્ર બળમાં પણ તું અર્જુન તથા મહાત્મા કૃષ્ણ જેવો છે. હે કર્ણ ! કાશીપુરીમાં જઈ ધનુષ ધારણ કરેલા એકલા તેં કુરૂરાજની કન્યા વાસ્તે યુદ્ધમાં ઘણાક રાજાઓને મર્દન કર્યા હતા. તેમજ સંગ્રામમાં વખાણવા લાયક કોઇથી સહન થાય નહીં એવા બળવાન જરાસંધ રાજાને પણ સંગ્રામમાં તેં જીત્યો હતો. બ્રહ્મણ્ય તથા દેવ ગર્ભ સરખો તું, બુદ્ધિ, તેજ તથા બળે કરીને સર્વ મનુષ્યથી અધિક છે. પૂર્વે જે મેં, તારી ઉપર ક્રોધ કર્યો હતો તે આજ તમામ ટળી ગયો છે. પણ આટલા દિવસ આપણે પરસ્પર આમ ચાલ્યું તે દૈવાધીન છે, કારણ દૈવને પુરૂષાર્થ ટાળી શકવા સમર્થ થતો નથી. હે અરિસૂદન ! હે મહાબાહો ! શૂરવીર પાંડવો તારા સહોદર ભાઇઓ છે માટે મારૂં પ્રિય ઇચ્છતો હોય તો તેમની સાથે મળી જા. હે આદિત્યનંદન ! મારો નાશ થવાથીજ વેર નિવૃત્ત થાઓ. આજ પૃથ્વીના સર્વ રાજાઓ, ઉપદ્રવ રહિત થાઓ. ભીષ્મનાં એવાં વચન સાંભળી કર્ણ કહેવા લાગ્યો કે, હે

ભીષ્મ ! હે મહાબાહો ! તમારા કહેવા પ્રમાણે હું કુંતિપુત્ર છું. સૂતપુત્ર નથી, એ સર્વ મેં જાણ્યું એમાં સંશય નહીં, તથાપિ કુંતિએ ત્યાગ કરવાથી સૂતે વૃદ્ધિ પમાડેલો હું, દુર્યોધનનું ઐશ્વર્ય ભોગવી તેને હવે મિથ્યા કેમ કરૂં ? હે ભૂરિદક્ષિણ ! જેમ વસુદેવના પુત્ર ભગવાન, પાંડવ વાસ્તે દૃઢ વ્રત ગ્રહણ કરી બેઠેલા છે, તેમજ મેં પણ, દુર્યોધન વાસ્તે ધન, શરીર, પુત્ર, સ્ત્રી તથા યશ એ સર્વ ત્યાગ કરેલું છે. હે કૌરવ ! વ્યાધિએ કરી, મરવું એ કંઇ ક્ષાત્રધર્મ નથી, એમ જાણી દુર્યોધનનો આશ્રય કરી, પાંડવોને નિરંતર મેં કોપાવ્યા છે માટે અવશ્ય ભાવી ને અર્થ કોઇથી પણ ... શકાવાં સમર્થ નથી હે પિતામહ ! કારણ કે પુરૂષાર્થે કરી દૈવને ટાળવાને કોણ સમર્થ થઇ ... એમ છે ? કોઇ પણ નહિ. હે પિતામહ ! પૃથ્વીના ક્ષયને જણાવનાર અપશકુનો તમે પેલી સભામાં કહ્યાં પણ હતાં, તેમ પાંડવ તથા વાસુદેવ ભગવાન બીજા પુરૂષોએ ન જીતી શકાય એવા છે એમ હું જાણું પણ છું, તથાપિ પાંડવોને રણસંગ્રામમાં હું જીતીશ, એમ મારા મનનો નિશ્ચય છે ને અમો બધા, ઉત્સાહ પણ રાખીએ છીએ માટે અત્યંત દારૂણ આ વૈર, હવે ત્યાગ થઇ શકે એમ નથી; માટે હે વીર ! હે તાત ! સ્વધર્મમાં હર્ષયુક્ત મન છે જેનું એવો હું, અર્જુન સાથે યુદ્ધ કરીશ, માટે યુદ્ધ વાસ્તે નિશ્ચય કરેલા મને તમે આજ્ઞા આપો, કારણ તમારી આજ્ઞા લઇ યુદ્ધ કરૂં એવી મારી ઇચ્છા છે અને મેં, વેગથી અથવા ચપળતાથી જે કંઇ અવળું કર્યું હોય, વા, દુર્વચન કહ્યું હોય તે તમે ક્ષમા કરવા યોગ્ય વૃદ્ધ છો. એવાં કર્ણનાં વચન સાંભળી, ભીષ્મે કહ્યું કે, હે કર્ણ ! આ અત્યંત દારૂણ યુદ્ધ મૂકી શકાતું ન હોય તો હું આજ્ઞા આપું છું કે, સ્વર્ગની ઇચ્છાથી તું ભલે યુદ્ધ કર, અને અર્જુન સાથે ક્ષત્રધર્મથી જીતેલા લોકને તું પામીશ. બળ તથા પરાક્રમવાળો તું, નિરહંકાર થઇ યુદ્ધ કરજે; કારણ ક્ષત્રિયને ધર્મયુદ્ધથી બીજું વધારે શ્રેય કંઇ નથી. યુદ્ધથી શાંતિ થવાનો મેં, ઘણા વખત સુધી મોટો યત્ન કર્યો, તેમાં મેં શંકા ન રાખી તોપણ તારા માનવામાં ના આવ્યું; કારણ દૈવ પ્રબળ છે. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! ગંગાપુત્રનાં એવાં વચન સાંભળી રાધાપુત્ર કર્ણ તેમને પ્રણામ કરી રજા લઇ રથમાં બેસી તમારા પુત્ર પાસે ગયો.

इत्युक्तवति गांगेय अभिवाद्योपमंत्र्य च ।
राधेयो रथमारुह्य प्रायात्तव सुतं प्रति ॥

इति श्रीमहाभारते भीष्मपर्वणि भीष्मवधपर्वणि भीष्मकर्णसंवादे गुर्जरभाषायां द्वाविंशाधिकशततमोऽध्यायः ॥ १२२ ॥

॥ भीष्मपर्व समाप्त. ॥

ॐ

द्रोणपर्व.

રા. રા. ભાઇશંકર નાનાભાઇ સોલીસીટરની સાહાય્યથી

સ્વ૦ રા. રા. મણિશંકર મહાનંદ ભટ્ટે

પ્રસિદ્ધ કરેલું ભાષાંતર.

छपावी प्रसिद्ध कर्त्ता

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની તરફથી

નરહરિરામ માધવરામ ત્રિપાઠી.

સ્થલઃ કાલબાદેવીરોડ, પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબાઈ.

સંવત. ૧૯૮૦ સને ૧૯૨૪

આવૃત્તિ ૪ થી. પ્રત ૧૦૦૦

કીંમત રૂ. ૫—૦—૦

અમદાવાદ—શાહપુર વનમાળી વાંકાની પોળમાં પટેલ હરિભાઇ દલપતરામે

પોતાના " ગ્રન્થોદય " પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.

અનુક્રમણિકા.

ॐ

श्रीमन्महाभारत.

द्रोणपर्व.

અધ્યાય ૧ લો. સેનાધિપત્ય માટે ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન.

जनमेजय उवाच—तमप्रतिमसत्वौजो बलवीर्यसमन्वितं ।
हतं देवव्रतं श्रुत्वा पांचाल्येन शिखंडिना ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન ! કોઇને જેની ઉપમા અપાય નહિ એવાં ધૈર્ય, માનસબળ તથા પરાક્રમ સહિત ભીષ્મને દ્રુપદપુત્ર શિખંડિએ માર્યા એમ સાંભળી, હે વિપ્રર્ષે ! શોકથી વ્યાકુળ છે નેત્ર જેનાં એવા પરાક્રમી ધૃતરાષ્ટ્ર રાજાએ શું કર્યું ? હે ભગવન્ ! હે તપોધન ! તેમજ ભીષ્મ તથા દ્રોણ છે મુખ્ય જેમાં એવા રથિઓવડે મોટા ધનુષવાળા પાંડવોને પરાજય પમાડી રાજ્યને ઇચ્છતા દુર્યોધને પણ શું કર્યું તે મને કહો ? વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પોતાના પિતારૂપ ભીષ્મને હણાયા સાંભળી કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા શોકાતુર ધૃતરાષ્ટ્ર રાજા શાન્તિ ન પામતાં દુઃખથી ચિંતાતુર થઇ રહ્યા હતા, એટલામાં શુદ્ધ બુદ્ધિવાળો સંજય ફરી આવ્યો. હે મહારાજ ! હે જનમેજય ! તંબુએથી રાત્રિએ હસ્તિનાપુર આવેલા સંજયને ભીષ્મનું મરણ સાંભળી અત્યંત અપ્રસન્ન ચિત્તવાળા, પુત્રના જયને ઇચ્છતા, આતુરની પેઠે વિલાપ કરતા, અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રે, ભયંકર પરાક્રમવાળા મહાત્મા ભીષ્મનો અત્યંત શોક કરી પૂછ્યું કે, હે તાત ! હે સંજય ! મહાત્મા પાંડવોનું વૃદ્ધિ પામેલું મોટું સૈન્ય, ત્રિલોકને પણ મોટો ભય ઉત્પન્ન કરે ત્યારે, બીજાને કરે તેમાં શું આશ્ચર્ય ? માટે ભીષ્મ પડયા પછી દુર્યોધનના સૈન્યમાં કયો મહારથિ પુરૂષ રહ્યો છે, કે જેનો આશ્રય કરી મોટા ભયવાળા સંગ્રામમાં પાંડવની સેનાથી કૌરવો ત્રાસ ન પામે ? હે સંજય ! કૌરવોમાં શ્રેષ્ઠ મહાત્મા ભીષ્મ હણાયા પછી, કાળે પ્રેરેલા કૌરવો તથા બીજા રાજાઓ શું કરવા ઇચ્છતા હતા, તે મને કહે ?

સંજય કહે છે—હે રાજન્ ! ભીષ્મ હણાયા પછી તમારા પુત્રોએ એકાગ્રચિત્ત થઇ જે કર્યું, તે વૃત્ત હું કહું તે આપ હવે સાંભળો. હે રાજન્ ! સત્ય પરાક્રમવાળા ભીષ્મ હણાયા ત્યારે તમારી તરફના તથા પાંડવ તરફનાઓ જુદા જુદા વિચાર કરતા હતા. પછી ક્ષાત્રધર્મને જોઇ વિસ્મય પામેલા તથા પ્રસન્ન થયેલા, સ્વધર્મને નિંદતા તે, મહાત્મા ભીષ્મને પ્રણામ કરી હે પુરૂષમાં સિંહરૂપ ! ઘણાં કર્મવાળા મહાત્મા ભીષ્મ વાસ્તે ગ્રંથિ વગરના બાણે કરી ઓશિકાસહિત શય્યાની કલ્પના કરી, તેમની રક્ષા કરી, પરસ્પર ભાષણ કરી, ગંગાપુત્રને સત્કાર સાથે પ્રદક્ષિણા કરી; ક્રોધે કરી રક્ત છે નેત્ર જેમનાં એવા કાળે પ્રેરેલા સર્વ ક્ષત્રિયો એક બીજાને

મળી પાછા યુદ્ધ વાસ્તે નીકળ્યા. તુરી તથા ભેરીના શબ્દો સાથે તમારા તથા પારકાઓનાં સૈન્ય યુદ્ધ વાસ્તે બહાર પડ્યાં. ગંગાપુત્ર પડયા ને અપરાહ્ન વખતના સૂર્ય થયા તે વખતે કાળે હણેલાં છે ચિત્ત જેમનાં એવા ક્રોધ વશ થયેલા ક્ષત્રિયો, પોતાના હિતરૂપ મહાત્મા ગંગાપુત્રના વચનનો અનાદર કરી, શસ્ત્ર ગ્રહણ કરી ઉતાવળથી યુદ્ધ વાસ્તે નીકળ્યા. સ્નેહ સહિત તમારા પુત્રો મોહથી શાંતનુ પુત્ર ભીષ્મનો વધ થવાથી ખિન્ન થયા. સર્વ રાજાઓ સહિત મૃત્યુ વશ થયેલા તમારી તરફનાઓ, શિકારી પશુથી સંકુલ એવાં વનમાં ગોવાળ વગરનાં બકરાંનાં ટોળાંની પેઠે ભીષ્મે કરીને હીન, અત્યંત ઉદ્વિગ્ન મનવાળા થયા. ભરતકુળમાં શ્રેષ્ઠ તે મહાત્માના પડવાથી કૌરવની સેના નક્ષત્ર વગરના આકાશની પેઠે શોભાહીન તથા શૂન્ય, ધાન્ય વગરની પૃથ્વીની પેઠે નિઃસાર, અસંસ્કૃત વાણીની પેઠે કર્તવ્યમાં અસમર્થ, બલિરાજાનો નિગ્રહ થયા પછી અસુરની સેનાની પેઠે વ્યાકુળ, વિધવાની પેઠે અલંકાર રહિત, પાણી વગરની નદીની પેઠે નિરૂપયોગી, વનમાં હણાયો છે યૂથપતિ જેનો એવી, વરૂએ રૂંધેલી વિચિત્ર મૃગીની પેઠે નજીક મરણ આવેલી, શરભ નામના મૃગે હણેલો છે સિંહ જેમાંથી એવી પર્વતની ગુફા સરખી, અનેક દિશાના વાયુથી હણાયેલ મહા સમુદ્રમાં ભાગેલા નાવ સરખી, વ્યાકુળ છે અશ્વ, રથ તથા હસ્તિ જેમાં અને ઘણા હણાયેલ મનુષ્યવાળી, કૃપણ, મનોભંગ થયેલી, તથા બરોબર તાકી બાણ મારનાર શૂરવીર તથા બળવાન પાંડવોએ અત્યંત પીડા પમાડેલી, તમારી સેના ઝાંખી પડી ગઇ. ત્રાસ પામેલા રાજાઓ તથા બીજા સૈનિકો, ભીષ્મ વિના પાતાળ વિષે જાણે બુડતા હોય નહિ એવા થઇ જઈ, શસ્ત્ર ધરનારમાં શ્રેષ્ઠ અતિથિની પેઠે વિદ્યા તથા તપો યુક્ત કર્ણને, આ ભીષ્મ સરખો છે, એ રીતે યાદ કરી કહેવા લાગ્યા કે, આપદ્ વિષે જેમ માણસનું મન પોતાના બંધુમાં જાય તેમ, અમારૂં મન કર્ણમાં જાય છે, એમ કહી સંગ્રામમાં શરીર ત્યાગ કરનારા સૂતપુત્ર કર્ણને એજ અમારા હિતનો પણ કરનાર છે, એમ કહેવા લાગ્યા. હે કર્ણ ! હે કર્ણ ! એમ પોકારતાં તેમણે કહ્યું કે, મોટા યશવાળા જેણે દશ દિવસ સુધી અમાત્ય તથા બંધુ સહિત યુદ્ધ ન કર્યું તે કર્ણને જલદી લઇ આવો. હે રાજન્ ! સર્વ ક્ષત્રિયોની સમક્ષ ભીષ્મે, બળ તથા પરાક્રમ યુક્ત રથિઓને હણ્યા, તેમાં પુરૂષમાં શ્રેષ્ઠ મહાબાહુ શૂરવીરોમાં સંમત અને રથિ તથા અતિરથિની સંખ્યા ગણવામાં અગ્રણી ગણવા લાયક, વળી સંગ્રામમાં અસુર સહિત દેવતાઓ સાથે પણ યુદ્ધ કરવા સમર્થ દ્વૌરથિ એવા કર્ણને અર્ધરથિ ગણેલો છે. હે રાજન્ ! કોપે કરી ગંગાપુત્ર ભીષ્મને તેણે કહ્યું હતું કે, હે કૌરવ્ય ! તમ જીવતાં હું યુદ્ધ નહીં કરૂં, અને હે કૌરવ્ય ! મહા સંગ્રામમાં પાંડવ તરફના સર્વને તમે મારશો તો દુર્યોધનની આજ્ઞા લઇ હું વનમાં જઇશ; અથવા પાંડવે તમને મારવાથી તમે સ્વર્ગમાં જશો તો, જેને તમે રથિઓ માનો છો તે બધાને એક રથે કરી હું મારી નાંખીશ એમ કહી મોટા બાહુ તથા યશવાળા કર્ણે તમારા પુત્રની સંમતિથી દશ દિવસ સુધી યુદ્ધ ન કર્યું. હે ભારત ! અસંખ્ય પરાક્રમવાળા ભીષ્મ, પાંડવ તરફના હજારો યોદ્ધાઓને મારી, સત્ય પ્રતિજ્ઞાવાળા મોટા બળવાન શૂરવીર તેઓ હણાયા ત્યારે તમારા પુત્રોએ, સમુદ્રને તરવાની ઇચ્છાવાળા જેમ નાવને યાદ કરે તેમ કર્ણને યાદ કરી સર્વ રાજાઓ સહિત, હે કર્ણ ! એ રીતે તેને બોલાવીને કહ્યું કે, તારા પરાક્રમનો આ વખત છે. એ રીતે સંગ્રામમાં તે તે ઠેકાણે મહા બળવાન યોદ્ધાઓ, શરીરનો ત્યાગ કરનાર સૂતપુત્ર કર્ણને કહેવા લાગ્યા. પરશુરામે શિખવેલું છે અસ્ત્રવિદ્યામાં કોઇથી વારી શકાય નહિ એવું પૌરૂષ જેને એવા કર્ણ પ્રત્યે, દુઃખ વખતે પોતાના બંધુ પ્રત્યે જેમ માણસનું મન જાય તેમ, અમારૂં મન જવા લાગ્યું છે.

હે રાજન્ ! સંગ્રામમા હમેશ દેવતાઓને જેમ ગોવિંદ ભગવાન રક્ષણ કરવા સમર્થ છે તેમ કર્ણ આપણું મહા ભયથકી રક્ષણ કરવાને સમર્થ છે.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! તે રીતે વારંવાર કર્ણની વાત કરતા સંજયને, આશીવિષ સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરી, ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, જે વખતે સૂર્ય પુત્ર કર્ણમાં તમારૂં મન ગયું તે સમે સંગ્રામમા શરીર ત્યાગ કરનાર કર્ણને તમે જોયો ? અને સત્ય પરાક્રમવાળા તેણે, સંભ્રાંત પીડિત, રક્ષણને, ઇચ્છતા, ત્રાસ પામેલા અમારાઓનું ધારેલું ફોગટ તો ન કર્યું ? ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ તેણે, ભીષ્મ હણાયા પછી કૌરવોમાં જે ન્યૂનતા થઈ હતી તે પુરી ? હે સંજય ! ન્યૂનતાને ટાળનાર તેણે, પારકાઓને ભય ઉત્પન્ન કર્યો; કારણ કે લોક વિષે પુરૂષમાં સિંહરૂપ તે કહેવાય છે, વળી જેણે પીડિત તથા પોકારતા બાંધવોના રક્ષણ વાસ્તે સંગ્રામમાં પ્રાણ તથા સુખનો ત્યાગ કર્યો, કે જેથી મારા પુત્રોના જયની આશા સફળ થાય ?

परित्यज्य रणे प्राणांस्तत्राणार्थं च शर्म च ।
कृतवान् मम पुत्राणां जयाशां सफलामपि ॥

इतिश्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि धृतराष्ट्र प्रश्ने गुर्जर-भाषायां प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો. કર્ણનું ભીષ્મ પાસે જવું.

संजय उवाच—हतं भीष्ममथाधिरथिर्विदित्वा भिन्नां नावमिवात्यगाधे कुरूणां ।
सोदर्यवद्व्यसनात्सूतपुत्रः संतारयिष्यंस्तव पुत्रस्य सेनां ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! અધિરથનો પુત્ર કર્ણ, ભીષ્મ હણાયા એ વાત સાંભળી, અગાધ જળમાં ભેદ પામેલા નાવની પેઠે ભેદ પામેલી તમારા પુત્રની સેનાને કૌરવના સગા ભાઇની પેઠે દુઃખથી તારવા વાસ્તે પાસે આવ્યો. હે નૃપ ! એ રીતે અસ્ખલિત વ્રતવાળા મહારથિ શંતનુ પુત્ર ભીષ્મ પડયા તે વાત સાંભળી, ધનુષ ધરનારમાં અત્યંત શ્રેષ્ઠ, શત્રુનો નાશ કરનાર તે, પિતા, પુત્રને તારવા જાય તેમ, સમુદ્રમાં બુડતા નાવની પેઠે નાશ પામતા કૌરવોને તારવા ઇચ્છતા કર્ણે, તમારા પુત્રની સેના પાસે આવી કહ્યું કે, જેમ ચંદ્રમામાં સદા કલંક રહેલું છે તેમજ, કૃતજ્ઞ તથા બ્રાહ્મણના શત્રુનો નાશ કરનાર ભીષ્મમાં, ધારણા, બુદ્ધિ, પરાક્રમ, મનોબળ, સત્ય, સ્મૃતિ, શૂરવીરના સર્વગુણ, દિવ્યાસ્ત્ર, વિનય, લજ્જા, પ્રિય-વાણી તથા દ્વેષરહિત એટલા ગુણ હંમેશ રહેલા હતા. પર શૂરવીરને હણનાર તે હણાયા તેથી હું સર્વ યોદ્ધાઓને હણાયેલાજ માનું છું. દૃઢ બ્રહ્મચર્યવાળા ભીષ્મ હણાયા તેથી હવે કાલ સૂર્યોદય થશે એવો નિશ્ચય કોને થાય ? કોઇને પણ થાય નહિ, આ લોકમાં અનિત્ય કર્મને લીધે કદી પણ કાંઇ નિશ્ચય થતો નથી. વસુ સરખા પ્રભાવવાળા, વસુના જેવા વીર્યવાળા શંત-નુથી છે જન્મ જેનો એવા પૃથ્વીના પતિ ભીષ્મ, વસુ પાસે ગયા ત્યારે, હવે ધન, પુત્ર, પૃથ્વી, કૌરવ ને આ સેનાનો પણ શોચ શો. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે મોટા

પ્રભાવવાળા વર આપનાર લોકના ઇશ્વર, સર્વને શિક્ષા કરનાર ઘણા પરાક્રમવાળા ભીષ્મને પાંડવોએ પાડયા, ભરતો પરાજય પામ્યા ત્યારે ખેદયુક્ત છે મન જેનું એવો કર્ણ એટલાં વચન કહી મોટો નિશ્વાસ મૂકવા લાગ્યો; ને તેની આંખોમાંથી અશ્રુ પડવા માંડયાં. હે રાજન્! તે વખતે કર્ણનાં વચન સાંભળી, તમારા પુત્ર તથા સૈનિકો પણ પરસ્પર આક્રોશ કરતા આંખમાંથી અશ્રુ પડે તે રીતે રોવા લાગ્યા. વળી મોટો સંગ્રામ પ્રવર્ત્તમાન થયો ને રાજાઓ સેનામાં આવ્યા ત્યારે સર્વ મહારથિમાં શ્રેષ્ઠ કર્ણે, રથિમાં શ્રેષ્ઠ સર્વને, હર્ષ ઉપજાવે રીતે એવી કહ્યું કે આ અનિત્ય જગત નાશવાન છે તે પર વિચાર કરતાં કાંઇપણ સ્થિર હોય એમ હું માનતો નથી, તોપણ તમે સર્વ વિદ્યમાન છતાં સંગ્રામમાં પર્વત સરખા કુરૂકુળમાં શ્રેષ્ઠ ભીષ્મને તેમણે કેમ પાડયા. પૃથ્વીમાં બીજા સૂર્ય સરખા મહારથિ શંતનુ પુત્ર ભીષ્મને પાડયા ત્યારે, પર્વતના વહેનાર પવનને જેમ વૃક્ષો સહન કરી શકે નહિ તેમ રાજાઓ, અર્જુનને કેમ સહન કરી શકશે? માટે આજ હણાયા છે મુખ્ય નાયક જેમાંથી એવા પીડાયેલા, શત્રુએ હણેલા, ઉત્સાહ વગરના અનાથ કૌરવના સૈન્યને જે રીતે તે મહાત્મા રક્ષા કરતા હતા તેમ હું રક્ષા કરીશ. સંગ્રામમાં શોભિતા ભીષ્મ પડયા, તેથી આ ભાર મારી ઉપર આવી પડયો છે. તેમ આ જગત અનિત્ય છે, એમ જાણવા છતાં આ વખતે હું ભય કેમ ધરૂં? સંગ્રામમાં વિચરતો હું બાણે કરી પાંડવોને યમપુરીમાં મોકલી, જગતમાં યશ સંપાદન કરવા સંગ્રામમાં ઉભો રહીશ. વા, તેમણે હણેલો હું વીરશય્યામાં શયન કરીશ. જે સૈન્યમાં ધૈર્ય, બુદ્ધિ, સત્ય તથા બળવાન યુધિષ્ઠિર, સેંકડો હસ્તિ તુલ્ય પરાક્રમવાળા, ભીમસેન તથા ઈન્દ્ર પુત્ર યુવાવસ્થાવાળો અર્જુન છે તે સૈન્યને દેવતાઓથી પણ સહજ જીતાય નહિ. વળી બળમાં જેને યમરાજાની ઉપમા અપાય એવા નકુળ, સહદેવ, તથા સાત્યકિ સહિત દેવકી પુત્ર કૃષ્ણ છે તે સૈન્ય સામે જઇ, મૃત્યુના મુખથી જેમ પ્રાણી બચે નહિ, તેમ કુત્સિત પુરૂષ બચે નહિ. જેમ તપને તપે કરી બાધ કરાય છે તેમ, શૂરવીરો સૈન્યને સૈન્યે કરી બાધ કરે છે; તેમ મારૂં મન પણ શત્રુનું નિવારણ કરવામાં તથા પોતાનું રક્ષણ કરવામાં અચલ પર્વત સરખું થઇ રહ્યું છે. હે સૂત! આ રીતે મારૂં મન અનુકૂળ છે માટે જતાંવાંત એમના પ્રભાવને બાધ કરી હું જીતીશ. આ મારા મિત્રનો દ્રોહ મારાથી સહન થતો નથી, કારણ કે સૈન્યના ભંગાણ વખતે સહાયતા કરવા આવી ઉભો રહે તેજ ખરો મિત્ર જાણવો. એ રીતે સંગ્રામમાં સર્વ શત્રુ સમુદાયને હું હણીશ, અથવા તેણે હણેલો હું પ્રાણનો ત્યાગ કરી ભીષ્મની પાછળ વીર લોકને પામીશ. સત્પુરૂષોને યોગ્ય એવું શ્રેષ્ઠ કર્મ હું કરીશ. જે કોઇ પણ 'મારી રક્ષા કરો, રક્ષા કરો,' એમ કહે, સ્ત્રી અથવા બાળક રૂવે તથા દુર્યોધનનું પરાક્રમ હણાય તે વખતે મારે યુદ્ધજ કર્ત્તવ્ય છે, એમ હું જાણું છું; માટે આજ રાજાના શત્રુઓને હું જીતીશ. ભયંકરરૂપે આ સંગ્રામમાં કૌરવોની રક્ષા કરતાં પાંડવોને મારવા ઇચ્છતો હું પ્રાણનો ત્યાગ કરીને પણ, સર્વ શત્રુ સમુદાયને હણી, દુર્યોધનને રાજ્ય અપાવીશ; માટે મણિ તથા રત્ને કરીને શોભિતું સ્વચ્છ, મારૂં વિચિત્ર પ્રકારનું સુવર્ણનું કવચ લાવો, ને સૂર્ય સરખી કાંતિવાળી મારી લડાઇની ટોપી આણો. અગ્નિ, વિષ તથા સર્પ સરખા મારાં ધનુષ બાણ તૈયાર કરો. બાણથી ભરેલા સોળ ભાથા, દિવ્ય ધનુષ, ખડ્ગ, શક્તિયો, મોટી ગદાઓ, સુવર્ણથી વિચિત્ર પ્રકારના નાળવાળો શંખ, સુવર્ણથી વિચિત્ર પ્રકારના હાથીના તંગ સરખો કમળપટો, કમળના ચિન્હવાળો, જયને આપનાર, વિચિત્ર પ્રકારનો ધ્વજ, અને સારી રીતે બાંધેલી સાળની ધાણી સહિત વિચિત્ર પ્રકારની માળા લઇ આવો.હે સૂતપુત્ર! શ્વેત વાદળ સરખા.

પુષ્ટ, મંત્ર કરી પવિત્ર જળથી નાહેલા અને સુવર્ણના ચિત્રવાળા આભરણે કરી યુક્ત તથા જલદી ચાલનારા ઉત્તમ અશ્વોને રથમાં જોડ. સુવર્ણની માળા યુક્ત સૂર્ય તથા ચંદ્ર સરખા પ્રકાશવાળા, રત્ને કરી શોભિતા, પ્રહાર કરવા યોગ્ય સાધનો તથા વાહને કરી યુક્ત એવા ઉત્તમ રથને જલદી લાવ. વિચિત્ર પ્રકારનાં વેગવાળાં ધનુષ, ઉત્તમ પ્રત્યંચાઓ, બાણ ભરેલા મોટા ભાથાઓ, કવચો, ને યુદ્ધ વાસ્તે પ્રયાણ કરવાને યોગ્ય એવી સર્વ વસ્તુઓ તથા દહિંથી ભરેલાં કાંસાનાં તથા સોનાનાં પાત્ર, અને માળાને લાવી, અંગે બાંધી તત્કાળ જય વાસ્તે ભેરી નામનાં યુદ્ધવાદ્ય વગાડો. હે સૂત! પછી જ્યાં અર્જુન, ભીમસેન, ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા તથા નકુલ સહદેવ હોય ત્યાં ચાલો. કારણ કે સંગ્રામમાં હું મારીશ અથવા તેમણે મારેલો હું ભીષ્મની ગતિને પામીશ. જ્યાં સત્ય તથા ધૈર્યવાન યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, વાસુદેવ ભગવાન, સાત્યકિ તથા સૃંજયો છે તે સૈન્યને કોઇ પણ રાજાઓ જીતી શકે નહિ એમ હું માનું છું. તેમ કદાચિત્ સંગ્રામમાં હંમેશ સાવધાન, સર્વને હરનાર મૃત્યુ, પોતે તે અર્જુનની રક્ષા કરશે તોપણ હું તેને મારીશ; અથવા તેણે મારેલો હું ભીષ્મની પાછળ યમપુરીમાં જઇશ. સ્વામી ઉપર થોડા સ્નેહવાળા, મિત્રના દ્રોહી પાપિષ્ઠ એવા આ મને સહાય નથી, એમ કહી શૂર-વીરના મધ્યમાં નહિ જાઉં એવું હું નહિ કહું.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એટલું કહી કુબડા સહિત સુવર્ણથી શોભિતા પતાકા યુક્ત, વાયુ સરખા વેગવાળા, ઉત્તમ ઘોડા જોડેલા દૃઢ ઉત્તમ રથમાં બેસી જય વાસ્તે તે રણ તરફ ચાલ્યો. દેવતાના ગણ જેમ ઇન્દ્રનો સત્કાર કરે તેમ કૌરવોએ સત્કાર કરેલો, રથિમાં શ્રેષ્ઠ, ઉગ્ર ધનુષવાળો, મહાત્મા કર્ણ, સંગ્રામમાં જ્યાં ભીષ્મ પડયા હતા ત્યાં લોહાદિકના દૃઢ આવ-રણ યુક્ત, ધ્વજ સહિત, સુવર્ણ, મૌકિતક, તથા રત્નની માળાથી શોભિતા, મેઘ સરખા શબ્દવાળા રૂડા અશ્વ જોડેલા રથે કરી, સૂર્યની પેઠે તેજવાળો તે ત્યાં ગયો. તે વખતે અગ્નિ સરખી કાંતિવાળો સુંદર, પોતાના રથમાં બેઠેલો, અગ્નિ સરખા તેજવાળો ધનુષ ધરનાર શોભિતો અધિરથનો પુત્ર મહારથિ પોતાના વિમાનમાં બેઠેલો ઇન્દ્ર શોભે તેમ શોભતો હતો.

हुताशनाभः सहुताशनप्रभेशुभः शुभेरवैस्वरथेधनुर्धरः ।
स्थितो रराजाधिरथिर्महारथः स्वयं विमाने सुरराडिवास्थितः ॥

इति श्री महाभारते द्रोणपर्वाणि द्रोणाभिषेकपर्वाणि कर्णनिर्याणे गुर्जर-भापायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો. ભીષ્મ આગળ કર્ણનું ભાષણ.

संजय उवाच—शरतल्पे महात्मानं शयानममितौजसं ।
महावातसमूहेन समुद्रमिव शोषितं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! મહા વાયુના સમૂહે શોષણ કરેલા સમુદ્રની પેઠે બાણ-શય્યામાં સુતેલા સર્વ ક્ષત્રિયનો નાશ કરનાર, દિવ્ય અસ્ત્રે કરી અર્જુને પાડેલા, મોટા ધનુષ

તથા પરાક્રમવાળા, અગાધ જળમાં રહેલા સ્થાનને ઇચ્છના વણુકને દ્વીપ સરખા, યમુનાના પ્રવાહ સરખા, બાણના ઓઘે કરી વ્યાપ્ત, ઇન્દ્રે પૃથ્વી ઉપર પાડેલા મૈનાકપર્વત સરખા, અસહ્ય, આકાશમાંથી ભ્રષ્ટ થઇ પૃથ્વી તળ ઉપર પડેલા સૂર્ય સરખા, પૂર્વે ઇન્દ્રે જીતેલા વૃત્રાસુર સરખા, સર્વ સૈન્યને મોહ કરનાર સર્વ સૈનિકોમાં શ્રેષ્ઠ, સર્વ ધનુષ ધરનારમાં ઉત્તમ, અર્જુનના બાણે કરી વ્યાપ્ત, પુરૂષોમાં શ્રેષ્ઠ, મોટા વ્રતવાળા શૂરવીર વીરશય્યામાં સુતેલા મહાત્મા ભીષ્મને જોઇ, અધિરથનો પુત્ર મોટી કાંતવાળો કર્ણ, રથમાંથી નીચે ઉતરી હાથ જોડી તે મહાત્માને પ્રણામ કરી, પીડિત સ્વરે તેમને આવી રીતે કહેવા લાગ્યો કે—હે ભારત ! હું કર્ણ છું. મારી સાથે તમારી કલ્યાણરૂપ પવિત્ર વાણીએ કરી ભાષણ કરો; તથા પવિત્ર દૃષ્ટિએ કરી મને જુઓ. તમારૂં કલ્યાણ થાઓ. અને અહિં હવે કોઇ સુકૃતના ફળને નહિ પામે, કારણ જ્યાં ધર્મમાં તત્પર વૃદ્ધ તમો પૃથ્વી ઉપર સુતા છો, તેમ હે કુરૂપુંગવ ! કોશ સંચય કરવામાં, વિચાર કરવામાં, વ્યૂહ રચવામાં, તથા પ્રહાર કરવામાં કૌરવોના મધ્યમાં તમારા વિના બીજા કોઇને હું જોતો નથી. તમો, શુદ્ધ બુદ્ધિએ કરી કૌરવોને ભયથી તારતા હતા. ઘણાક યોદ્ધાઓને મારી તમો પિતૃલોકમાં જશો. હે ભરતશ્રેષ્ઠ ! આજથી અત્યંત ક્રુદ્ધ પાંડવો વાઘ જેમ મૃગનો ક્ષય કરે તેમ કૌરવોનો ક્ષય કરશે, ને આજ આ ગાંડીવ ધનુષના શબ્દના પરાક્રમને જાણનાર કૌરવો, ઇન્દ્રથકી અસુરો જેમ ત્રાસ પામે તેમ અર્જુનથી ત્રાસ પામશે; અને ગાંડીવમાંથી નીકળેલા બાણોનો વજ્ર સરખો શબ્દ કૌરવ તથા બીજા રાજાઓને ત્રાસ પમાડશે. હે વીર ! વૃદ્ધિ પામેલો મોટી જ્વાળાવાળો અગ્નિ જેમ વૃક્ષોને બાળે તેમ અર્જુનનાં બાણ, ધૃતરાષ્ટ્રના પુત્રોને બાળશે. વનમાં એકઠા મળેલા વાયુ તથા અગ્નિ, જે જે માર્ગે જાય તે તે માર્ગમાં ઘણાક ગુચ્છ, તૃણ તથા વૃક્ષોને બાળી નાખે, તેમ વૃદ્ધિ પામેલા અગ્નિ સરખો અર્જુન છે ને વાયુ સરખા કૃષ્ણ છે એમાં સંશય નહિ. હે નરવ્યાઘ્ર ! એકઠા મળેલા તે બેઉ કૌરવોના સૈન્યનો નાશ કરે તેમાં શું આશ્ચર્ય ? માટે પાંચજન્ય તથા ગાંડીવનો શબ્દ સાંભળી, સર્વ સૈન્યો ત્રાસ પામશે. હે વીર ! શત્રુનો નાશ કરનાર સામે આવતા અર્જુનના રથના શબ્દને તમારા વિના બીજા રાજાઓ સહન નહિ કરી શકે, બુદ્ધિમાન પુરૂષો જેનાં દિવ્ય કર્મનું ગાન કરે છે, તેમ જે મહાત્મા મહાદેવ સાથે યુદ્ધ કરી, બીજાઓને દુઃખે કરીને પણ પ્રાપ્ત થાય નહિ એવા વરને પ્રાપ્ત થયેલા છે તેમ સર્વ ક્ષત્રિયોનો નાશ કરનાર ભયંકર દેવ તથા દાનવનો ગર્વ હરનાર પરશુરામને જે, તમો જીત્યા હતા તે તમો પણ પૂર્વે જેને જીતી નહોતા શક્યા, તે અર્જુનને જીતવા સમર્થ કોણ થશે તથા તેની સાથે યુદ્ધ કરવા પણ યોગ્ય કોણ ગણાશે ? યુદ્ધમાં પરાક્રમી પાંડુપુત્રને સહન ન કરી શકતો હું, સંગ્રામમાં શૂરવીર, અત્યંત ઘોર, દૃષ્ટિ હરનાર, સર્પ સરખા, શૂરવીર પાંડુપુત્રને તમારી આજ્ઞાથી આજ, અસ્ત્રના બળે કરી હું મારી શકીશ.

तमद्याहं पांडवं युद्धशौंडममृष्यमाणो भवता चानुशिष्टः ।
आशीविषं दृष्टिहरं सुघोरं शूरं शक्ष्याम्यस्त्रबलान्निहंतुं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि कर्णवाक्ये गुर्जरभाषायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો. કર્ણને ભીષ્મે આપેલું ઉત્તેજન.

संजय उवाच—तस्य लालप्यमानस्य कुरुवृद्धः पितामहः ।
देशकालोचितं वाक्यमब्रवीत्प्रीतमानसः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે બોલતા કર્ણનાં વચન સાંભળી કુરુકુળમાં વૃદ્ધ પિતામહ ભીષ્મ, પ્રસન્ન મનથી દેશકાળને યોગ્ય આવી રીતનું વચન કહેવા લાગ્યા. નદિયોનો સમુદ્ર, તેજનો સૂર્ય સત્યના સત્પુરૂષો, બીજોની પૃથ્વી તથા સર્વ પ્રાણિયોનો જેમ મેઘ પાલક છે, તેમ સર્વ સબંધિયોનો તું પાલક થા. ઇન્દ્રનો આશ્રય કરી જેમ સર્વ દેવતાઓ જીવે છે તેમ તારી પાછળ સર્વ બાંધવો જીવો. શત્રુનું માન હરનાર તથા મિત્રને આનંદ વધારનાર તું, દેવતાઓની ગતિ જેમ વિષ્ણુ છે તેમ કૌરવોની ગતિરૂપ થા. હે કર્ણ! દુર્યોધનના જયને ઇચ્છતા તેં રાજપુર પ્રત્યે જઇ પોતાના બાહુબળના પરાક્રમથી કાંબોજને જીત્યા હતા; તેમજ ગિરિવ્રજમાં રહેલા નગ્નજીત્ વગેરે રાજાઓ, અંબષ્ઠ, વિદેહ, તથા ગંધારના રાજાઓને પણ તેં જીત્યા હતા, હે કર્ણ! હિમાલયમાં દુઃખે કરી જઇ શકાય નહિ એવા સ્થાનમાં રહેલા સંગ્રામમાં કઠોર કિરાતોને પણ પૂર્વે તેં, દુર્યોધન માટે વશ કર્યા હતા. હે કર્ણ! તે તે ઠેકાણે સંગ્રામમાં દુર્યોધનના હિતને ઇચ્છતા તેં, ઉત્કલ, મેકલ, પૌંડ્ર, કલિંગ, આંધ્ર, નિષાદ, ત્રિગર્ત્ત, તથા બાલ્હીકને પણ જીત્યા હતા. હે તાત! જ્ઞાતિકુલ તથા બંધુ સહિત દુર્યોધન જેમ કૌરવોની ગતિ છે તેમ તું પણ સર્વ કૌરવોની પરમ ગતિરૂપ થા. તારૂં કલ્યાણ થાય તે રીતે હું તને કહું છું કે, જા શત્રુઓ સાથે યુદ્ધ કર, સંગ્રામમાં કૌરવોનું પાલન કર અને દુર્યોધનનો જય કર. અમારે જેમ દુર્યોધન તેમ તું પણ પૌત્ર સમાન છે. તેમજ અમે બધા જેમ તેને, તેમ ધર્મથી તારે પણ અમે છીયે. હે નરશ્રેષ્ઠ! લોકમાં યૌન સંબંધથી સત્પુરૂષોની સત્પુરૂષો સાથે એકતા અધિક હોય છે, એમ બુદ્ધિમાન પુરૂષો કહે છે. આ સૈન્ય મારૂં છે એમ સત્ય સંગતવાન થઇ દુર્યોધનની પેઠે કૌરવના સૈન્યનું પાલન કર. ભીષ્મનાં આવાં વચન સાંભળી તેમના ચરણમાં પ્રણામ કરી સૂર્યપુત્ર કર્ણ, સર્વ ધનુષ ધરનારની સમીપ આવી મનુષ્ય સમુદાયનું મોટું અનુપમ સ્થાન જોઇ, એકઠાં મળી ઉભેલાં પ્રહાર કરવામાં બલિષ્ઠ સૈન્યને વૃદ્ધિ પમાડયાં. સર્વ સૈન્યની આગળ ચાલનાર યુદ્ધમાં ઉભેલા મહાબાહુ મહાત્મા કર્ણને જોઇ, પ્રસન્ન થયેલા દુર્યોધનાદિ સર્વ કૌરવો, ક્રીડા, શસ્ત્રના શબ્દ, સિંહનાદ તથા વિવિધ પ્રકારના ધનુષના શબ્દે કરી તેનો સત્કાર કરવા લાગ્યા.

कर्णं दृष्ट्वा महात्मानं युद्धाय समुपस्थितं ।
क्ष्वेडितास्फोटितरवैः सिंहनादरवैरपि ॥
धनुःशब्दैश्च विविधैः कुरवः समपूजयन् ॥

इति श्री महाभारते द्रोणपर्वाणि द्रोणाभिषेकपर्वाणि कर्णाश्वासने गुर्जरभाषायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો. દ્રોણને સેનાધિપત્ય આપવાની કર્ણે કરેલી ભલામણ.

संजय उवाच—रथस्थं पुरुषव्याघ्रं दृष्ट्वा कर्णमवस्थितं ।
हृष्टो दुर्योधनो राजन्निदं वचनमब्रवीत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! રથમાં બેઠેલા પુરૂષમાં સિંહરૂપ કર્ણને જોઇ, પ્રસન્ન થયેલા દુર્યોધને આવી રીતે તેને કહ્યું કે, તેં રક્ષા કરેલા આ સૈન્યને હું સનાથ થયેલું માનું છું, માટે આ વખતે આપણા હિતરૂપ શું કર્તવ્ય છે તે તું કહે. કર્ણે કહ્યું કે, હે પુરૂષમાં સિંહરૂપ! હે નૃપ! તમે અત્યંત ચતુર છો માટે અમને તમે તે કહો. કારણ મુખ્ય સ્વામી, જે રીતે કૃત્ય જાણે તેવું બીજો કોઇ જાણે નહિ. હે નરેશ્વર! અમને સર્વને તમારાં વચન સાંભળવાની ઇચ્છા છે; તેમ તમે ન્યાય રહિત વચન બોલશો પણ નહિ એમ હું માનું છું. કર્ણનાં વચન સાંભળી દુર્યોધને કહ્યું કે, અવસ્થા, પરાક્રમ તથા શસ્ત્ર સંપન્નતાને લીધે ભીષ્મ, સર્વ યોદ્ધાઓ સહિત સેનાના નાયક હતા. શત્રુગણને હણતા સારી રીતે યુદ્ધ કરનાર અતિ યશસ્વી મહાત્મા તેમણે દશ દિવસ સુધી અમારી રક્ષા કરી પણ હવે કોઇથી ન બને એવું કર્મ કરનાર તે પડયા માટે સેનાનો નાયક કોને કરવો ધારો છો? કર્ણધાર વિના નાવ રહે નહિ તેમ નાયક વિના સેના પણ રહે નહિ. કર્ણધાર વિના નાવ તથા સારથિ વગરનો રથ જેમ પોતાની ઇચ્છા પ્રમાણે ગતિ કરે તેમ નાયક વિનાની સેના પણ પોતાની ઇચ્છા પ્રમાણે ગતિ કરે, કોઇ પણ અગ્રેસર વિના જેમ સથવારો કષ્ટ પામે તેમ નાયક વિનાની સેના સર્વ દોષને પામે, માટે ભીષ્મની પાછળ મારી તરફના સર્વ મહાત્મામાં સેનાપતિ કરવા યોગ્ય કોણ છે તે જુઓ. જેને સેનાના નાયક થવાની યોગ્યતા હોય, હે કર્ણ! તે તું કહે? તેને અમે સર્વ એકઠા મળી સેનાપતિ કરીશું એમાં સંશય નહિ. દુર્યોધનનાં વચન સાંભળી કર્ણે કહ્યું કે, પુરૂષમાં શ્રેષ્ઠ આ સર્વ મહાત્મા, સેનાપતિપણાને યોગ્ય છે, એમાં કાંઈ પણ વિચાર કરવા જેવું નથી, તેમ આ સર્વ, કુળ, શરીર, જ્ઞાન, બળ, પરાક્રમ, બુદ્ધિ તથા શાસ્ત્રસંપન્ન હોઇ સંગ્રામમાં પાછા ન ફરે એવા છે, તથાપિ એક વખતે કાંઇ સર્વને નાયક કરી શકાય નહિ, માટે જેમાં વિશેષ ગુણ હોય તે એકને નાયક કરો. પરસ્પર સ્પર્ધા કરનાર એઓમાંથી એકને નાયક કરશો તો બાકી રહેલા ખેદયુક્ત મનવાળા થઇ જરૂર યુદ્ધ નહિ કરે, માટે આ દ્રોણાચાર્ય સર્વ યોદ્ધાઓમાં વૃદ્ધ, શસ્ત્ર ધરનારમાં, શ્રેષ્ઠ, તથા ગુરૂ છે, માટે એમને સેનાપતિ કરવા યોગ્ય છે. કોઇથી દુઃખે કરીને પણ સહન થાય નહિ એવા શસ્ત્રધરનારમાં શ્રેષ્ઠ શુક્ર તથા બૃહસ્પતિ સરખા દ્રોણાચાર્ય ઉભા હોય ત્યાં બીજો કોણ સેનાપતિ થાય? તેમ હે ભારત! સર્વ રાજાઓમાં તમારો એવો કોઇ પણ યોદ્ધો નથી, કે જે સંગ્રામમાં જતા દ્રોણની પાછળ જાય. તેમ હે રાજન્! તમારા ગુરૂ આ દ્રોણ, સેનાના નાયકોમાં શસ્ત્ર ધરનારાઓમાં તથા બુદ્ધિમાન પુરૂષોમાં પણ શ્રેષ્ઠ છે માટે હે દુર્યોધન! અસુરોને જીતવા ઇચ્છતા. દેવતાઓએ જેમ કાર્તિકસ્વામિને સેનાપતિ કર્યા હતા તેમ તું આચાર્યને સેનાપતિ કર.

एवं दुर्योधनाचार्यमाशु सेनापतिं कुरु ।
जिगीषंतो सुरान् संख्ये कार्तिकेयमिवामराः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि कर्णवाक्ये गुर्जर-भाषायां पंचमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો. દુર્યોધને દ્રોણને કરેલી વિનંતિ.

संजय उवाच—कर्णस्य वचनं श्रुत्वा राजा दुर्योधनस्तदा ।
सेनामध्यगतं द्रोणमिदं वचनमब्रवीत् ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! કર્ણનાં વચન સાંભળી દુર્યોધન રાજાએ, સેનાના મધ્ય ભાગે ઉભેલા દ્રોણાચાર્ય પાસે આવી, આવી રીતે કહ્યું કે, ચાર વર્ણમાં શ્રેષ્ઠપણું, સત્કુલમાં જન્મ, શાસ્ત્રાધ્યયન, અવસ્થા, બુદ્ધિ, પરાક્રમ, ચાતુર્ય, અસહ્યતા, અર્થજ્ઞાન, ન્યાય, જય, તપ તથા કૃતજ્ઞતા ઇત્યાદિ સર્વ ગુણે કરી યુક્ત તમારા સરખો અમારૂં રક્ષણ કરનાર રાજાઓમાં બીજો કોઇ નથી, માટે હે દ્વિજસત્તમ ! સર્વ દેવતાઓને જેમ ઇન્દ્ર પાળે છે તેમ તમો અમારી રક્ષા કરો. કારણ તમારા રક્ષણથી અમો શત્રુઓને જીતવા ઇચ્છિયે છીએ. રૂદ્રોમાં કપાલિ, વસુમાં અગ્નિ, યક્ષોમાં કુબેર, દેવોમાં ઇન્દ્ર, બ્રાહ્મણોમાં વસિષ્ઠ, તેજસ્વિયોમાં સૂર્ય, પિતૃઓમાં યમ, જળજંતુઓમાં વરૂણ, નક્ષત્રોમાં ચંદ્ર, તથા દૈત્યોમાં જેમ શુક્ર શ્રેષ્ઠ છે, તેમ સેનાપતિમાં શ્રેષ્ઠ તમે અમારા સેનાધિપતિ થાઓ. હે અનઘ ! આ મારી અગિયાર અક્ષૌહિણી સેના તમારે વશ થાય છે તેની વ્યૂહ રચના કરી, ઇન્દ્ર દૈત્યોને મારે તેમ તમે શત્રુઓને મારતાં, દેવતાઓની આગળ જેમ કાર્તિકસ્વામી ચાલે તેમ અમારી આગળ ચાલો. અમો, મોટા બળદની પાછળ નાના વાછરડા ચાલે તેમ તમારી પાછળ ચાલીશું. કારણ આગળ ચાલતા તમોને જોઇ, ઉગ્ર તથા મોટા ધનુષવાળો, દિવ્ય ધનુષ ધરનાર અર્જુન પણ પ્રહાર નહિ કરે. હે પુરૂષમાં સિંહરૂપ ! તમો જો સેનાપતિ હશો તો રણસંગ્રામમાં પરિવાર તથા ભાઇઓ સહિત ધર્મરાજાને જરૂર હું જીતીશ. સંજય કહે છે—હે રાજન્ ! એ રીતે તમારા પુત્રે દ્રોણાચાર્યને કહ્યું તે વખતે રાજાઓએ તમારા પુત્રને અભિનંદતાં મોટા સિંહનાદ સાથે 'જય, જય' એવો ઘોષ કર્યો અને મોટા યશને ઇચ્છતા હર્ષયુક્ત સૈનિકો દુર્યોધનને આગળ કરી, બ્રાહ્મણમાં ઉત્તમ દ્રોણાચાર્યને ઉત્સાહ આપવા લાગ્યા. હે રાજન્ ! તે વખતે દ્રોણાચાર્યે દુર્યોધનને આવી રીતે કહ્યું.

सैनिकाश्च मुदायुक्ता वर्द्धयंति द्विजोत्तमं ।
दुर्योधनं पुरस्कृत्य प्रार्थयंतो महद्यशः ॥
दुर्योधनं ततो राजन् द्रोणो वचनमब्रवीत् ॥

इतिश्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि द्रोणप्रोत्साहने गुर्जरभाषायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો. દ્રોણાભિષેક.

द्रोण उवाच—वंदे षडंगवेदाहमर्थविद्यां च मानवीं ॥
त्रैयंबकमथेष्वस्त्रशास्त्राणि विविधानि च ॥ १ ॥

દ્રોણ કહે છે—હે દુર્યોધન ! ષડંગવેદ, મનુનીતિ, મહાદેવ સંબંધી અસ્ત્ર, બાણવિદ્યા તથા

વિવિધ પ્રકારનાં શસ્ત્ર હું જાણું છું, અને જયને ઇચ્છતા તમોએ બીજા પણ જે મારા વિષે ગુણ કહ્યા તે સર્વે સત્ય કરી દેખાડવા ઇચ્છતો હું, પાંડવ સાથે યુદ્ધ કરીશ; પણ પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્નને હું નહિ મારૂં. કારણ કે પુરૂષમાં શ્રેષ્ઠ તે, મારા વધ વાસ્તેજ ઉત્પન્ન થયેલો છે અને સર્વ સોમકોનો નાશ કરતાં સૈન્યો સાથે યુદ્ધ કરીશ, પણ યુદ્ધમાં પાંડવો પ્રસન્ન થઇ મારી સાથે યુદ્ધ નહિ કરે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! દ્રોણાચાર્યનાં વચન સાંભળી તમારા પુત્રે વિધિપૂર્વક દ્રોણાચાર્યને સેનાપતિ કર્યા. એ રીતે જેમ પૂર્વે ઇન્દ્રાદિક દેવતાઓએ કાર્તિકસ્વામીને સેનાપતિનો અભિષેક કર્યો હતો તેમ દુર્યોધનાદિક રાજાઓએ દ્રોણાચાર્યને અભિષેક કર્યો. દ્રોણાચાર્યને સેનાપતિ કર્યા તે વખતે વાદિત્ર તથા શંખના મોટા શબ્દોએ કરી સર્વને હર્ષ ઉત્પન્ન થયો. તે વખતે પુણ્યાહવાચન અને સ્વસ્તિવાચનના શબ્દ સાથે સૂત માગધ તથા બંદિજનના સ્તુતિ સહિત ગાન શબ્દ તથા ઉત્તમ બ્રાહ્મણના જય શબ્દ અને સૌભાગ્યવતીના નૃત્યે કરી, વિધિપૂર્વક દ્રોણાચાર્યનો સત્કાર કરી "પાંડવોને જીતેલાજ છે" એમ તમારી તરફના માનવા લાગ્યા. સંજય કહે છે—હે રાજન્! યુદ્ધ કરવાને ઇચ્છતા મહારથિ દ્રોણાચાર્ય સેનાપત્ય પામી, સૈન્યોની વ્યૂહ રચના કરી તમારા પુત્રો સહિત રણપ્રતિ ચાલ્યા. જે વ્યૂહમાં સિંધુ દેશનો રાજા જયદ્રથ, કલિંગ તથા તમારો પુત્ર વિકર્ણ, કવચ પહેરેલા એટલા તો જમણા પડખાંનો આશ્રય કરી ઉભા રહ્યા. નિર્મળ સાંગથી યુદ્ધ કરનાર કંધારના શ્રેષ્ઠ ઘોડેસ્વારો સહિત તેમની રક્ષા કરનાર શકુનિ થયો. કૃપાચાર્ય, કૃતવર્મા, ચિત્રસેન વિવિંશતિ તથા સાવધાન થયેલા દુઃશાસનાદિક વ્યૂહના ડાબા પક્ષની રક્ષા કરવા લાગ્યા. તેમના રક્ષણ વાસ્તે મોટા વેગવાળા અશ્વેકરી સુદક્ષિણાદિક કાંબોજ તથા યવન સહિત શક ઉભા રહ્યા. મદ્ર, ત્રિગર્ત્ત, અંબષ્ઠ, પશ્ચિમ તથા ઉત્તરના માલવ, શિબિ, શૂરસેન, શૂદ્ર, મલદ, સૌવીર, કિતવ, પૂર્વ તથા દક્ષિણના ચોતરફથી તમારા પુત્રને આગળ કરી, સૂતપુત્ર કર્ણની પાછળ બીજા તમારા પુત્રો સહિત પોતાના સૈન્યને હર્ષ પમાડતા યુદ્ધ કરવા ચાલ્યા. સર્વ યોદ્ધાઓમાં અત્યંત શ્રેષ્ઠ સૈન્યોને બળ આપનાર સૂર્યપુત્ર કર્ણ, સર્વ ધનુષધારિના અગ્રણી થઈ ચાલવા લાગ્યાં તે વખતે તેનો અત્યંત મોટો હાથી સાંકળના ચિન્હવાળો, સૂર્ય સરખો કાંતિમાન મોટો ધ્વજ, પોતાના સૈન્યને હર્ષ પમાડતાં ઘણોક શોભતો હતો. કર્ણને જોઇ ભીષ્મ સંબંધી દુઃખને કોઇપણ જાણતા ન હતા. કૌરવસહિત સર્વ રાજાઓ શોકરહિત થયા. તે વખતે પ્રસન્ન થયેલા ઘણાક યોદ્ધાઓ આવી રીતે કહેવા લાગ્યા—કર્ણને જોઇ યુદ્ધમાં તેની સામે પાંડવો નહિ ઉભા રહે. કારણ કે કર્ણ સંગ્રામમાં ઇન્દ્ર સહિત દેવતાઓને પણ જીતવા સમર્થ છે, ત્યારે હીન છે વીર્ય તથા પરાક્રમ જેમનું એવા પાંડવોને જીતે તેમાં શું આશ્ચર્ય! અને ભીષ્મે તો બળવાન છતાં પાંડવોનું રક્ષણ કર્યું હતું અને કર્ણ તો તેમને તીક્ષ્ણ બાણેકરી સંગ્રામમાં મારશે. એ રીતે પરસ્પર ભાષણ કરતા પ્રસન્ન થયેલા તે, કર્ણની પ્રશંસા તથા સત્કાર કરતા યુદ્ધ કરવા નીકળ્યા. હે રાજન્! આપણી સેનાનો દ્રોણાચાર્યે શકટ નામનો વ્યૂહ કરેલો હતો, અને મહાત્મા પાંડવોનો પ્રસન્ન થયેલા ધર્મરાજાએ ક્રૌંચ નામનો વ્યૂહ રચેલો હતો. તેમના વ્યૂહના અગ્ર ભાગમાં પુરૂષમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ તથા અર્જુન, હનુમાન છે ધજામાં જેની, એવા રથમાં વિરાજમાન થઇ ઉભેલા હતા. ઘણા તેજવાળા તે મહાત્મા અર્જુનનો સૂર્ય પર્યંત ઉંચો ગયેલો ધ્વજ ચોતરફથી દેખાતો હતો, ને પ્રલય વખતનો પ્રજ્વલિત સૂર્ય જેમ પૃથ્વી પર પ્રકાશ કરે તેમ યુધિષ્ઠિરના સૈન્યને પ્રકાશ કરતો હતો. યોદ્ધાઓમાં અર્જુન, ધનુષમાં ગાંડીવ, સર્વ ભૂતમાં વાસુદેવ તથા ચક્રોમાં સુદર્શન શ્રેષ્ઠ છે. એ ચાર તેજને વહન કરતો, ધોળા ઘોડાવાળો,

ઉદ્યુક્ત થયેલા કાળચક્ર સરખો, અર્જુનનો રથ શત્રુઓ સામે આવી ઉભો. એ રીતે શત્રુઓના અગ્ર ભાગમાં અર્જુન અને તમારાઓના અગ્રભાગમાં કર્ણ ઉભો. બળવાન સેનાના અગ્રભાગમાં ઉભેલા પરસ્પર વધને ઇચ્છતા અત્યંત ક્રોધથી ભરાયેલા મહાત્મા કર્ણ તથા અર્જુન પરસ્પરની સામે જોવા લાગ્યા. મહારથિ દ્રોણાચાર્યે પ્રયાણ કર્યું તે વખતે ભયંકર શબ્દ સાથે પૃથ્વી કંપાયમાન થઇ. સૂર્ય સહિત આકાશ, વાયુથી ઉડેલ રેશમના સમુદાય સરખી તીવ્ર રજે કરી ભરાઇ ગયું. વાદળ વગરના આકાશમાંથી માંસ, અસ્થિ તથા રૂધિરની વૃષ્ટિ થઇ. ગૃધ્ર, સિંચાણા, બગલા, કંક તથા હજારો કાગડા સેના ઉપર પડવા લાગ્યા. માંસ ખાવા તથા રૂધિર પાન કરવા ઇચ્છતાં શિયાળવાં ભયંકર શબ્દ કરતાં બહુધા કરી તમારી સેનાને જમણાં થતાં હતાં. પ્રકાશવાન ગર્જના સહિત કંપાયમાન બળતાં ઉંબાડિયાં આકાશમાંથી ચોતરફ વીંટી સંગ્રામમાં પડવા લાગ્યાં. વીજળી તથા કડાકા સહિત મોટું કુંડાળું સૂર્યની ચોતરફ થવા લાગ્યું તથા શૂરવીરના જીવિતનો ક્ષય કરનાર બીજા પણ અત્યંત ઘણાક દારૂણ ઉત્પાત સંગ્રામમાં થવા લાગ્યા. ત્યાર પછી પરસ્પર વધને ઇચ્છતા કૌરવ તથા પાંડવના સૈન્યનું શબ્દે કરી જગતને પૂરતું યુદ્ધ પ્રવર્તમાન થયું; જેમાં અત્યંત ક્રોધે ભરાયેલા જયને ઇચ્છના, પ્રહાર કરનાર કૌરવ તથા પાંડવો તીક્ષ્ણ શસ્ત્રે કરી પરસ્પર મારવા લાગ્યા. મોટી કાંતિ તથા ધનુષવાળા દ્રોણાચાર્ય હજારો તીક્ષ્ણ બાણ ફેંકતાં પાંડવની મોટી સેના સામે વેગે કરી દોડયા. સંગ્રામમાં ઉદ્યુક્ત થયેલા દ્રોણને જોઇ સૃંજય સહિત પાંડવો જુદા જુદા બાણનો વરસાદ વરસાવવા લાગ્યા. દ્રોણે મારવા માંડેલી તેથી ક્ષોભ પામેલી પાંચાલ સહિત પાંડવોની મોટી સેના વાયુએ કરી મેઘ વીખરાય તેમ વીખરાવા લાગી. એટલામાં ઘણાંક દિવ્ય અસ્ત્રનો પ્રયોગ કરતા દ્રોણાચાર્ય, ક્ષણમાત્રમાં પાંડવ સહિત સૃંજયોને પીડવા લાગ્યા. એ રીતે ઇન્દ્ર જેમ દૈત્યોને મારે તેમ દ્રોણે મારવા માંડેલા ધૃષ્ટદ્યુમ્નાદિક પંચાલો અત્યંત કંપવા લાગ્યા. તે વખતે દિવ્યાસ્ત્ર જાણનાર પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો બળવાન મહારથિ ધૃષ્ટદ્યુમ્ન, અનેક તરેહથી બાણના વરસાદે કરી દ્રોણે નાખેલી બાણવૃષ્ટિને નિવારણ કરી સર્વ કૌરવોને મારવા લાગ્યો. મોટા ધનુષવાળા દ્રોણાચાર્ય પોતાના સૈન્યને નિયમમાં રાખી, સંગ્રામ મૂકી, ધૃષ્ટદ્યુમ્ન સામે દોડી, ઇન્દ્ર જેમ દૈત્યો ઉપર બાણનો વરસાદ કરે તેમ તેની ઉપર બાણનો વરસાદ વરસાવ્યો. દ્રોણે બાણેકરી કંપાવેલા પાંડવ સહિત સૃંજયો, સિંહને જોઇ મૃગલાંઓ ભાગે તેમ ભાગ્યા. હે રાજન્! તે વખતે બળવાન દ્રોણાચાર્ય, પાંડવના સૈન્યમાં અગ્નિ ચક્રની પેઠે ફરવા લાગ્યા. સ્વર્ગ સરખા, શાસ્ત્ર દૃષ્ટિથી રચેલા, વાયુથી હાલતા પતાકાવાળા, યુદ્ધ કરનારને આનંદ આપનાર, સુંદર ઘોડા જોડેલ, સ્ફટિકમણિ સરખા નિર્મળ ધ્વજયુક્ત શત્રુઓને ત્રાસ આપે એવા શ્રેષ્ઠ રથમાં બેઠેલા દ્રોણાચાર્ય શત્રુની સેનાને મારતા હતા.

खचरनगरकल्पं कल्पितं शास्त्रदृष्ट्या ।
चलदनिलपताकं ल्हादनं वल्गिताश्वं ॥
स्फटिकविमलकेतुं त्रासनं शात्रवाणां ।
रथवरमधिरूढः संजहारारिसेनां ॥

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि द्रोणपराक्रमे गुर्जरभाषायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

અધ્યાય ૮ મો. દ્રોણે કરેલો યુદ્ધારંભ.

संजय उवाच—तथाद्रोणमभिघ्नंतं साश्वसूतरथं द्विपान् ॥
व्यथिताः पांडवा दृष्ट्वा न चैनं पर्यवारयन् ॥

સંજય કહે છે—હે રાજન્! તે રીતે અશ્વ, સારથિ, રથ તથા હસ્તિઓને મારતા દ્રોણાચાર્યને જોઇ, વ્યથા પામેલા પાંડવોએ એમને વીંટી ન લીધા. તે સમયે યુધિષ્ઠિર રાજાએ ધૃષ્ટદ્યુમ્ન તથા અર્જુનને કહ્યું કે, સાવધાન થઇ ચોતરફથી દ્રોણાચાર્યને વારી રાખો. યુધિષ્ઠિરનાં વચન સાંભળી અર્જુન તથા પાછળ ચાલનાર સહિત પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણની સામા થયા. ત્યાર પછી કેકય, ભીમસેન, સુભદ્રા પુત્ર અભિમન્યુ, ઘટોત્કચ, યુધિષ્ઠિર, નકુળ, સહદેવ, દ્રુપદના પુત્રો, અત્યંત પ્રસન્ન થયેલા દ્રૌપદીના પાંચ પુત્રો; ધૃષ્ટકેતુ, સાત્યકિ, અત્યંત ક્રુદ્ધ ચેકિતાન, મહારથિ યુયુત્સુ, તથા પાંડવને અનુસરનાર બીજા મહારથિ સર્વ રાજાઓ પણ, પોતાના કુળ તથા પરાક્રમને યોગ્ય એવાં કર્મ કરવા લાગ્યા. પાંડવોએ સારી રીતે રક્ષા કરેલી તેમની સેનાને જોઇ, કોપથી ચક્ષુ ફાડી સંગ્રામમાં દુઃખે કરી જીતાય નહિ એવા દ્રોણાચાર્ય તીવ્ર ક્રોધ ધારણ કરી, વાદળાંનો જેમ વાયુ નાશ કરે તેમ પાંડવ સૈન્યનો નાશ કરવા લાગ્યા. ચોતરફ દોડી, રથ, અશ્વ, મનુષ્ય તથા હસ્તિઓને મારતા તે, વૃદ્ધ હોવા છતાં પણ તરૂણની પેઠે ઉન્મત્તતાથી ફરતા હતા. હે રાજન્! રૂધિરથી લીંપાયેલાં છે અંગ જેનાં, વાયુ સરખા વેગવાળા, કુલીન, થાકેલા નહિ એવા તેના ઘોડા આવવા લાગ્યા. એ રીતે અત્યંત ક્રોધે ભરેલા નિયમિત વ્રતવાળા, કાળ સરખા સામે આવતા તેમને જોઇ પાંડવ તરફના યોદ્ધાઓ તે તે ઠેકાણેથી નાસવા લાગ્યા. એથી કરી જે ભાગતાં, પાછા વળતા જોતા અને ઉભા રહેતા તેમનો શૂરવીરોને હર્ષ ઉત્પન્ન કરનાર તથા બીરૂને ભય પેદા કરનાર, દ્યાવાપૃથ્વીના મધ્યને ચોતરફથી પૂરતો અત્યંત ભયંકર અને દારૂણ શબ્દ થવા લાગ્યો. વળી ફરીથી પણ દ્રોણાચાર્ય સંગ્રામમાં પોતાનું નામ સંભળાવી ભયંકર રૂપ ધારણ કરી શત્રુ ઉપર બાણ નાખવા લાગ્યા. હે મારિષ! એ રીતે બળવાન દ્રોણાચાર્ય, યુધિષ્ઠિરનાં સૈન્યોમાં પોતે વૃદ્ધ છતાં કાળની પેઠે તથા યુવાન પુરૂષની પેઠે વિચરતાં, કેટલાક મહારથિયોને આક્રોશ કરાવતાં તેમનાં મસ્તક તથા ભૂષણ સહિત બાહુને કાપી કેટલાક રથ શૂન્ય કરી નાંખ્યા. વખતે તેના હર્ષજન્ય શબ્દથી તથા બાણના વેગે કરી ટાઢથી પીડિત થએલી ગાયોની પેઠે યોદ્ધાઓ કંપવા લાગ્યા. દ્રોણના રથના શબ્દે કરી તથા પ્રત્યંચાના દાબવાથી થતા ધનુષના શબ્દે કરી આકાશમાં મોટો શબ્દ થતો હતો. એના ધનુષમાંથી નીકળતાં હજારો બાણ સર્વ દિશાઓમાં વ્યાપ્ત થઇ, હસ્તિ, અશ્વ, રથ, તથા પાયદળો પર પડતા હતા. ધનુષરૂપી મોટા વેગવાળા, અસ્ત્રરૂપ પ્રજ્વલિત અગ્નિસંયુક્ત, દ્રોણ સામે પાંડવ સહિત પંચાલો ગયા; તેમને હસ્તિ પાયદલ તથા અશ્વ સહિત થોડા વખતમાં યમપુરીમાં મોકલી દ્રોણે રૂધિરના ગારાવાળી રણભૂમિ કરી. દિવ્ય અસ્ત્ર વિસ્તારતા તથા હંમેશ બાણ ફેંકતા દ્રોણે નાંખેલા બાણ સમુદાય દિશાઓમાં દેખાતા હતા. પાયદળ, રથ, અશ્વ તથા હસ્તિઓ પર વિચરતો તેમનો ધ્વજ, વાદળમાં વિજળી દેખાય તેમ દેખાતો હતો. ધનુષબાણ છે હાથમાં જેના એવા ઘણા બળવાળા દ્રોણાચાર્ય, પાંચ કેકય તથા ધૃષ્ટદ્યુમ્નને બાણથી મંથન કરી યુધિષ્ઠિરના સૈન્ય સામા આવ્યા. તે જોઇ ભીમસેન, અર્જુન, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, શૈબ્યનો પુત્ર, કાશીપતિ તથા શિબિ, એટલા શૂરવીર તેમની ઉપર બાણનો વરસાદ વરસાવવા લાગ્યા. તેમના તથા દ્રોણના ધનુષમાંથી

મુકાયલાં સુવર્ણથી વિચિત્ર પ્રકારના પુંખવાળાં રૂધિરથી લીંપાયલાં બાણ, ગજ, અશ્વ તથા વાર પુરૂષોનાં શરીરો મેદી પૃથ્વીપર પડનાં હતાં. તે વખતે પડેલા યોદ્ધાઓના સમુદાય, રથ, ભાગેલાં બાણ, હસ્તિ તથા ઘોડાઓથી ઢંકાઇ ગયેલી રણભૂમિ કાળા મેઘથી વીંટાયેલ આકાશ શોભે તેમ શોભતી હતી. તે વખતે તમારા પુત્ર વાસ્તે સમૃદ્ધિને ઇચ્છતા દ્રોણાચાર્ય, સાત્યકિ, ભીમ, અર્જુન, ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ, દ્રુપદ, કાશિરાજ, તથા બીજા પણ શૂરવીરોને મર્દન કરવા લાગ્યા. હે રાજન્! હે કૌરવેંદ્ર! એ રીતે કર્મ કરનાર મહાત્મા દ્રોણાચાર્ય અને બાકી બીજા પણ સંગ્રામમાં મોટાં કર્મ કરી કાળ સૂર્યની પેઠે લોકોને તપાવી સ્વર્ગમાં ગયા. સુવર્ણથી શોભિતા રથવાળા, શૂરવીર પાંડવ તરફના લોકોને મારનારને ધૃષ્ટદ્યુમ્ને મારી પાડયા. પાછા ન ફરનાર શૂરવીરોની અક્ષૌહિણી ઉપરાંતને માર્યા પછી ધૈર્યવાન પરમગતિને પામ્યા. હે રાજન્! ક્રૂર કર્મ કરનાર અમંગળરૂપ પંચાળ સહિત પાંડવોએ અત્યંત દુષ્કર કર્મ કરી સુવર્ણથી શોભિતા રથવાળા તેમને માર્યા. હે રાજન્! યુદ્ધમાં આચાર્ય હણાયા તે વખતે આકાશમાં તથા સૈન્યમાં પ્રાણિયોનો દ્યાવાપૃથ્વી, આકાશ દિશા તથા વિદિશાઓમાં પ્રતિધ્વનિ કરતો, 'અહો ધિક્' એ રીતે એટલે અહો ધિક્કાર! એવો શબ્દ થતો હતો, તે વખતે દેવતા, પિતૃ તથા એના જે પૂર્વે બંધુ હતા તે પણ હણાયેલા મહારથિ દ્રોણાચાર્યને જોતા હતા. પાંડવો તો જયને પામી સિંહનાદ કરતા હતા. પૃથ્વી મોટા સિંહનાદ સાથે કંપાયમાન થઇ.

पांडवास्तु जयं लब्ध्वा सिंहनादान् प्रचक्रिरे ।
सिंहनादेन महता समकंपंत मेदिनी ॥

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि द्रोणवधश्रवणे गुर्जरभाषायामष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો. મિથ્યા દ્રોણપતનને ધૃતરાષ્ટ્રનો શોક.

धृतराष्ट्र उवाच—किं कुर्वाणं रणे द्रोणं जघ्नुः पांडव सृंजयाः ॥
तथा निपुणमस्त्रेषु सर्वशस्त्रभृतामपि ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં અતિ નિપુણ દ્રોણાચાર્યને શું કામ કરતા પાંડવ સહિત સૃંજયોએ માર્યા? શું એમનો રંગ ભંગ થયો? વા બાણ ફેંકતા એમનું ધનુષ શિથિલ થઇ ગયું? અથવા પોતે ગાફલ રહ્યા? એમાં શું થયું. હે તાત! શત્રુથી દુઃખે કરી સહન થાય નહિ, સુવર્ણના પુંખવાળા અનેક બાણ સમુદાય નાંખતા, જલદી બાણ ફેંકનાર, બ્રાહ્મણમાં શ્રેષ્ઠ, સારી કૃતિવાળા, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, દૂર બાણ નાંખનાર, ઇન્દ્રિયો નિયમમાં રાખનાર, અસ્ત્ર યુદ્ધમાં પારંગત, દિવ્યાસ્ત્ર ધારણ કરનાર, પાછા નહિ ભાગનાર, દારૂણ કર્મ કરનાર, સાવધાન, મહારથિ શૂરવીર દ્રોણાચાર્યને મહાત્મા પંચાળ પુત્ર ધૃષ્ટદ્યુમ્ને હણ્યા માટે જરૂર પુરૂષાર્થથી દૈવ બલવાન છે, એવી મારી મતિ છે. વળી જે શૂરવીર ચાર પ્રકારની અસ્ત્ર વિદ્યા જાણે છે, ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ, વ્યાઘ્રના ચર્મથી વીંટાયલા, સુવર્ણથી શોભિતા રથવાળા તે આચાર્ય હણાયા, એ રીતે તું કહે

છે તે સાંભળી આજ હું શોક નથી કરતો, તેમ, હે સંજય! પારકા દુઃખે કરી જરૂર કોઇ મરતું પણ નથી. જો કે દ્રોણને હણાયા સાંભળી મંદ બુદ્ધિવાળો હું જીવું છું તેમ મારૂં હૃદય કાળમીંઢ પત્થર સરખું અત્યંત દૃઢ છે કે જે તેમને હણાયા સાંભળી વિદીર્ણ થતું નથી. વેદમંત્ર તથા અસ્ત્રવિદ્યા શીખવા સારૂ ગુણ સંપાદન કરવા ઇચ્છતા બ્રાહ્મણ તથા રાજપુત્રો નિરંતર જેને સેવતા હતા તે કેમ મરણ પામ્યા? સમુદ્રનું સુકાવું, મેરૂ પર્વતનું ખસવું, તથા સૂર્યનું પડવું જેમ અસંભવિત છે તેમ તેમનું રણ પડવું પણ સંભવિત નથી. વળી શત્રુને તપાવનાર, દુષ્ટોને રૂંધનાર, ધાર્મિકની રક્ષા કરનાર, કૃપણ વાસ્તે પોતાના પ્રાણ આપનાર, મંદ બુદ્ધિવાળા મારા પુત્રોની આશા પૂરણ કરનાર તથા બુદ્ધિએ કરી બૃહસ્પતિ અને શુક્રાચાર્ય સરખા તે કેમ હણાયા? તેમજ સુવર્ણની જાળથી ઢંકાયલા, વાયુ સરખા વેગવાન, સંગ્રામમાં સર્વ શાસ્ત્રને અતિક્રમણ કરનાર, બલવાન હણહણાટી કરનાર, દમન કરેલા, સારી રીતે રથને વહેનાર, દૃઢ અંગવાળા, વિહ્વળતા રહિત, શ્વાસ જીતેલ, વ્યથા રહિત, જય કરનાર દ્રોણાચાર્યના રથમાં જોડેલા સિંધુદેશના લાલ ઘોડા શું પરાજય પામ્યા? હે તાત! સુવર્ણથી શોભિતા, ઉત્તમ રથમાં બેઠેલા, સત્ય પરાક્રમવાળા દ્રોણાચાર્યે તે વખતે યુદ્ધમાં શું પરાક્રમ કર્યું? લોકમાં સર્વ ધનુષ ધરનાર, જેની વિદ્યાથી પોતાનું ઉપજીવન કરે છે, સત્ય પ્રતિજ્ઞાવાળા બલવાન, દ્રોણાચાર્યે યુદ્ધમાં શું કર્યું? સ્વર્ગમાં ઇન્દ્રની પેઠે સર્વમાં શ્રેષ્ઠ, ધનુષ ધરનારમાં પ્રધાન તથા યુદ્ધમાં ભયંકર કર્મ કરનાર તેમની સામે કયા રથિયો આવ્યા હતા? સુવર્ણથી શોભિતા રથમાં બેસી દિવ્ય અસ્ત્ર નાંખતા મહા બલવાન તેમને જોઇ પાંડવો ભાગી જતા હતા; સૈન્ય તથા ભાઇઓ સહિત ધર્મરાજા ધૃષ્ટદ્યુમ્નને આગળ કરી તેમને વારી રાખતા હતા; અથવા બાણે કરી આપણી તરફના બીજા રથિઓને અર્જુને વારી રાખવાથી પાપ કર્મ કરનાર ધૃષ્ટદ્યુમ્ને દ્રોણને હણ્યા. અર્જુને રક્ષણ કરેલા, ભયંકર ધૃષ્ટદ્યુમ્ન દ્રોણને મારે એવા બીજા કોઇ પણ તેજસ્વીયોને હું જોતો નથી, તથાપિ જેમ કીડીઓ સર્પને આકુલ કરે તેમ, કૈકય, ચેદિ, કારૂષ, મત્સ્ય, તથા બીજા રાજાઓએ આકુલ કરેલા કોઇથી ન બને એવા કર્મમાં આસક્ત, તેમને ચોતરફથી પાંડવોએ વીંટાયલા પાંચાલમાં અધમ શૂરવીર ધૃષ્ટદ્યુમ્ને હણ્યા હશે; આચાર્ય પુરાણ ભારતાદિરૂપ પાંચમા વેદયુક્ત અંગ સહિત ચાર વેદ ભણી, નદીઓનો આશ્રય જેમ સમુદ્ર છે, તેમ સર્વ બ્રાહ્મણોના આશ્રયભૂત હતા. વળી જે વિષે ક્ષત્રિયપણું તથા બ્રહ્મત્વ બેઉ રહ્યાં હતાં તે શત્રુઓને તપાવનાર વૃદ્ધ બ્રાહ્મણ શસ્ત્રે કરી કેમ હણાયા? મને એમ ભાસે છે કે, ક્લેશ પમાડવા લાયક નહિ એવા કુંતિપુત્ર પાંડવોને ક્રોધથી મેં ક્લેશયુક્ત કર્યા. દ્રોણ સહન કરી ગયા પણ તેમની સહાયતા ન કરી તેનું આ ફળ થયું. વળી જેની પાસેથી વિદ્યા શીખી લોકમાં સર્વ ધનુષ ધરનાર જીવે છે. સત્ય પ્રતિજ્ઞાવાળા, પુણ્યવાન, સ્વર્ગમાં ઇન્દ્રની પેઠે સર્વમાં શ્રેષ્ઠ, મહા બુદ્ધિ તથા બળવાળા, જલદી બાણ ફેંકનાર, દૃઢ ધનુષવાળા, તથા શત્રુને મર્દન કરનાર, તેમને, નાના મત્સ્ય જેમ મોટા મત્સ્યને હણે તેમ લક્ષ્મીની કામના વાસ્તે પાંડવોએ કેમ હણ્યા? જેને વિદ્યમાન છતાં વેદ ભણનાર વાસ્તે વેદનો શબ્દ અને ધનુર્વિદ્યા શીખનાર વાસ્તે પ્રત્યંચાનો શબ્દ એ બે શબ્દ કદી પણ ત્યાગ ન કરતા હતા. જયને ઇચ્છનાર પુરૂષ જેના સામીપ્ય દેશને પામી પાછો જીવતો જાય નહિ, પુરૂષમાં સિંહરૂપ, લજ્જાવાન, શૂરવીર કોઇ ઠેકાણે પરાજય પામેલા નહિ, હસ્તિ સરખા પરાક્રમી, અસહ્ય તથા બળવાળા મહા પરાક્રમી દ્રોણ હણાયા તે હું સહન કરી શકતો નથી. પણ આપણી તરફના શ્રેષ્ઠ સર્વ યોદ્ધાઓ જોતાં ધૃષ્ટદ્યુમ્ને તેમને માર્યા તે

વખતે અગ્ર ભાગમાં તેમનું રક્ષણ કરનાર કોણ હતા ? પાછળથી કોણ રક્ષા કરતા હતા ? તથા તે મહાત્માના દક્ષિણ તથા વામચક્રની કોણ રક્ષા કરતા હતા ? પોતાના શરીરનો ત્યાગ કરી કોણ પ્રતિકૂળ મૃત્યુને પામ્યા અને કયા શૂરવીર તે સમયે દ્રોણને ધૈર્ય આપતા હતા ? હે સંજય ! રક્ષણ કરનાર સર્વ ક્ષત્રિયો તેમને છોડી દઇ દૂર તો ખસી ગયા ન હતા ? તે શત્રુ દેશમાં તે તે શત્રુઓએ તો તેમને નહોતા હણ્યા ? જે આચાર્ય શૂરવીરપણાને લીધે અત્યંત આપદને પામે તો પણ ત્રાસથી સંગ્રામમાં શત્રુઓને પોતાનો પૃષ્ટ ભાગ દેખાડે નહિ, તેમને શત્રુઓએ કેવી રીતે માર્યા ? હે સંજય ! શ્રેષ્ઠ પુરૂષનું સદા એજ કર્તવ્ય છે. જે કષ્ટરૂપ આપદ પ્રાપ્ત થાય તોપણ પોતાની શક્તિ પ્રમાણે પરાક્રમ કરી ઉભું રહેવું એ ગુણ હંમેશ તે મહાત્મા વિષે રહ્યો હતો. હે તાત ! હે સંજય ! હવે મારૂં મન મુઝાય છે, માટે કથા બંધ કર. ફરી સંજ્ઞા પામી પાછો હું તને પૂછીશ.

मुह्यते मे मनस्तात कथा तावन्निवार्यतां ।
भूयस्तु लब्धसंज्ञस्त्वां परिपृच्छामि संजय ॥

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि धृतराष्ट्रशोके गुर्जरभाषायां नवमोऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦ મો. કોણ કોણ દ્રોણ સામે ઉભા રહ્યા.

वैशंपायन उवाच—एतत्पृष्ट्वा सूतपुत्रं हृच्छोकेनार्दितो ।
जये निराशः पुत्राणां धृतराष्ट्रोपतत्क्षितौ ॥

વૈશંપાયન કહે છે—હે મહારાજ ! સૂતપુત્ર સંજયને એટલું પૂછી પુત્રના જય માટે નિરાશ થયેલા, હૃદયના શોકથી અત્યંત પીડિત ધૃતરાષ્ટ્ર રાજા પૃથ્વી ઉપર પડી ગયા. સંજ્ઞા રહિત તેમને અંતઃપુરની દાસીયો સુગંધી શીતળ જળે કરી વાસર કરતાં સિંચન કરવા લાગી. હે મહારાજ ! એ રીતે એમને પડેલા જોઈ ભરતકુળની સ્ત્રિયોએ હાથે કરી સ્પર્શ કરતાં ચોતરફથી વિંટી લીધા. નેત્રમાં છે અશ્રુ જેમને એવી, શ્રેષ્ઠ મુખવાળી તે સ્ત્રિઓએ રાજાને પૃથ્વી ઉપરથી ઉપાડી આસનપર બેસાડ્યા, સ્ત્રિઓએ ચોતરફથી વાસર કરેલા મૂર્છાએ કરી વ્યાપ્ત રાજા આસનમાં બેસતાં કંઇક શાંત જણાવા લાગ્યા. પછી કંપાયમાન રાજા ધીરે ધીરે સંજ્ઞા પામી ગવલ્ગના પુત્ર સંજયને પૂછવા લાગ્યા કે, ઉગતા સૂર્યની પેઠે તેજે કરી અંધકારને ટાળતા આપણી તરફના કોણે, મદ ઝરતા હસ્તિ સરખા, ક્રોધે ભરાયેલા વેગવાન, સામેના યૂથપતિથી જીતી શકાય નહિ એવા હસ્તિનીના સંગ ત્રાસને સામે દોડતા હસ્તિ સરખી ગતિવાળા, પ્રસન્ન મુખે કરી દ્રોણ સામે આવતા યુધિષ્ઠિરને વારી રાખ્યા. વળી પુરૂષમાં સિંહરૂપ, શૂરવીર, આપણી તરફના શૂરવીરોને હણનાર જે, સમગ્ર દુર્યોધનના સૈન્યને પોતાના ભયંકર ચક્ષુએ કરી બાળી નાખે, એવા મહા પરાક્રમી, સત્ય પ્રતિજ્ઞાવાળા, ધૈર્યવાન, માત્ર ચક્ષુથી હણનાર, જયમાં આસકત, ધનુષ ધારણ કરેલા, પાછા ન ફરનાર, ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર, લોકમાં અત્યંત મનાયલા કુન્તિપુત્રને, મારી તરફના કયા શૂરવીરોએ વારી રાખ્યા ?

વેગે કરી દ્રોણ સામે દોડતો, શત્રુ સામે મોટું કર્મ કરનાર, મોટી કાયા, બળ તથા ઉત્સાહવાળા, બળે કરી દશ હજાર હસ્તિ સરખા ભીમસેનને કયા શૂરવીરોએ વારી રાખ્યો ? જ્યારે વરસાદ વરસાવતા ભયંકર વીજળીને સૃજતા, ઇન્દ્રની પેઠે બાણ સમુદાય મુકતા, મેઘ સરખા અત્યંત પરાક્રમી, મોજાના તથા રથના પાટાના શબ્દે કરી સર્વ દિશાઓને શબ્દાયમાન કરતા, ધનુષરૂપ વિજળીવાળા, ભયંકર, બાણ ધારણ કરનાર, રૂધિરરૂપી ઉદકે કરી સર્વ દિશાઓને બોળનાર, મનુષ્યે કરી રણભૂમિને પૂરી દેનાર, ભયંકર શબ્દવાળા, ગાંડીવ ધનુષ ધારણ કરનાર, બુદ્ધિમાન અર્જુને, ગૃધ્રનાં પીંછ બાંધેલા, શિલા ઉપર તીક્ષ્ણ કરેલ બાણનો દુર્યોધનાદિક ઉપર વરસાદ કર્યો. તે વખતે તમારૂં મન કેવું થયું ? એ રીતે વાનર ધ્વજવાળો અર્જુન બાણ સમુદાયથી આકાશને પૂરતો જ્યારે આવ્યો ત્યારે તેને જોનારનું મન કેવું થયું ? વા જે વખતે અત્યંત ભયંકર શબ્દ કરતા, અર્જુન આવ્યો તે સમયે ગાંડીવના શબ્દે કરી સૈન્ય શું નાશ ન થયું ? વાયુ, વેગે કરી જેમ મેઘગણનો નાશ કરે તેમ બાણગણે કરી રાજાઓને વીંધતા અર્જુને સૈનિકોના પ્રાણનો શું નાશ ન કર્યો ? જેનું નામ સાંભળી સેનાના અગ્ર ભાગમાં રહેલા સર્વ મનુષ્ય નાશ પામે તે ગાંડીવ ધનુષ ધારણ કરનાર અર્જુનને કોણ સહન કરી શકે ? જેતાથી સેના કંપાયમાન થાય તેમજ શૂરવીરોને પણ ભય પ્રાપ્ત થાય એવા અર્જુન, દ્રોણ સામે આવ્યા તે વખતે આપણી તરફના કયા યોદ્ધાઓએ દ્રોણનો ત્યાગ ન કર્યો ? કયા તુચ્છ પુરૂષો ભયથી નાઠા અને કયા શૂરવીરો તે સમયે પોતાનું શરીર ત્યાગ કરી મૃત્યુ પામ્યા ? યુદ્ધમાં દેવતાઓને જીતનાર, ધોળા ઘોડાવાળા અર્જુનના વેગને તથા વર્ષાઋતુના મેઘ સરખા શબ્દવાળા, ગાંડીવના શબ્દને મારી તરફના સહન કરી શકશે નહિ. જેના સારથિ વિશ્વક્સેન ભગવાન છે અને જેમાં યોધ અર્જુન છે તે રથને દેવ તથા અસુરો પણ જીતવા સમર્થ થઇ શકે નહિ એમ હું માનું છું. સુકુમાર અંગવાળો, જુવાન, શૂરવીર, દર્શનીય, મેધાવી, નિપુણ, બુદ્ધિમાન, યુદ્ધમાં સત્ય, પરાક્રમી પાંડુપુત્ર નકુળ, મોટા શબ્દે કરી સર્વ સૈનિકોને વ્યથા પમાડતો જ્યારે દ્રોણ સામે આવ્યો ત્યારે તેને કયા શૂરવીરોએ વારી રાખ્યો ? તેજે કરી દુઃખથી જીતાય નહિ, સર્પની પેઠે ક્રોધયુક્ત, શ્રેષ્ઠ વ્રતવાળો, લજ્જાવાન, પરાજય પામેલો નહિ એવો તથા સફળ છે બાણ જેનાં એવો, સહદેવ જ્યારે આવ્યો ત્યારે તેને કયા શૂરવીરોએ વારી રાખ્યો ? જેણે સૌવીરરાજની મોટી સેનાને પીડી સર્વ અંગે કરી શોભતી પોતાની ઇચ્છા કરતી ભોજા નામની સ્ત્રીનું હરણ કર્યું ને સત્ય, ધૈર્ય, શૌર્ય, મતિ તથા બ્રહ્મચર્ય ઇત્યાદિ સર્વ શ્રેષ્ઠગુણવાળા પુરૂષ શ્રેષ્ઠ સાત્યકિ વિષે, વીરના કેશવ ભગવાન વિષે રહી છે તેમ રહેલી છે. બળવાન, સત્ય કર્મવાળા, ઉદાર, પરાજય નહિ પામેલા, યુદ્ધમાં વાસુદેવ સરખા, તે પછી બીજા, અર્જુનના ઉપદેશથી અસ્ત્રવિદ્યા શીખેલા, તે વિદ્યામાં અર્જુન તથા પરશુરામ સરખા, યાદવોમાં શ્રેષ્ઠ, વીર, સર્વ ધનુષ ધરનારમાં શૂર, બ્રહ્માસ્ત્ર જાણનાર, યશસ્વી તથા અત્યંત પરાક્રમી એવા ગુણસંપન્ન, દેવતાઓ દુઃખે કરી જેને વારી શકે નહિ એવા મોટા ધનુષવાળા સાત્યકિને સામે જઈ કયા શૂરવીરોએ વારી રાખ્યો ? સર્વ પંચાળોમાં ઉત્તમ, મુખ્ય જન વિષે પ્રીતિમાન, સંગ્રામમાં ઉત્તમ પરાક્રમવાળા, ગુણવાન, અર્જુનના હિતમાં તત્પર, મારા અનર્થ વાસ્તે ઉઠેલા, યમ કુબેર, સૂર્ય, મહેંદ્ર તથા વરૂણ સરખા, મહારથિપણાથી વિખ્યાત, સંગ્રામમાં દ્રોણ વાસ્તે ઉદ્યુક્ત થયેલા, તથા ભયંકર, યુદ્ધમાં પ્રાણ ત્યાગ કરનાર, વળી એકલા જેણે ચેદી થકી અપસરણ કરી પાંડવોનો આશ્રય કર્યો હતો એવા દ્રોણ સામે આવતા ધૃષ્ટકેતુને કોણે વારી રાખ્યો ? શૂરવીર કેતુમાને દુઃખે કરી

સહન થાય નહિ એવા રાજપુત્રને ગિરિદ્વારવિષે માર્યો હતો. તેને દ્રોણ સામે આવતાં કોણે વારી રાખ્યો? પુરૂષમાં સિંહરૂપ સ્ત્રી પુરૂષ બેઉના ગુણાગુણ જાણનાર મહાત્મા ભીષ્મના સંગ્રામમાં મરણના હેતુરૂપ પ્રસન્ન મનવાળા દ્રોણ સામે આવતા શિખંડિને કયા શૂરવીરોએ વારી રાખ્યો? શૂરવીરોમાં અર્જુન થકી, સર્વ ગુણ અધિક છે તેમજ સમગ્ર અસ્ત્રવિદ્યા, સત્ય તથા બ્રહ્મચર્ય જેને વિષે નિરંતર રહેલાં છે, પરાક્રમમાં વાસુદેવ તથા બળમાં અર્જુન સરખા, તેજે કરી સૂર્ય અને મતિએ કરી બૃહસ્પતિ સમાન, મોઢું ફાડેલા કાળ સરખા દ્રોણ સામે આવતા મહાત્મા અભિમન્યુને સંગ્રામમાં કયા શૂરવીરોએ વારી રાખ્યો? અને તરૂણ બુદ્ધિ તથા અવસ્થાવાળો, શૂરવીરને હણનાર સુભદ્રા પુત્ર જ્યારે દ્રોણાચાર્ય સામો આવ્યો ત્યારે તમારા મનમાં કેમ થયું? જે બાળકો ક્રીડાનો ત્યાગ કરી બાર વર્ષપર્યંત ઉત્તમ વ્રત ધારણ કરી ભીષ્મ પાસે અસ્ત્રવિદ્યા શીખતા રહ્યા હતા, પુરૂષમાં સિંહરૂપ, સમુદ્ર પ્રત્યે નદીઓ જાય તેમ દ્રોણ સામે આવતા દ્રૌપદી પુત્રોને કયા શૂરવીરોએ વારી રાખ્યા? તેમજ દ્રોણ સામે આવતા શૂરવીર ક્ષત્રંજય, ક્ષત્રદેવ, તથા માન દેનાર ક્ષેત્રવર્મા નામના ધૃષ્ટદ્યુમ્નના પુત્રોને કોણે વારી રાખ્યા? યુદ્ધમાં જેને યાદવો સૌથી અધિક માને છે તે દ્રોણ સામે જતા મોટા ધનુષવાળા તે ચેકિતાનને કોણે વાર્યો? જેણે યુદ્ધમાં કલિંગોની કન્યા હરણ કરી હતી તે દ્રોણ સામે આવતા વૃદ્ધક્ષેમના પુત્ર શૂરવીર અનાધૃષ્ટિને કોણે વાર્યો? ધાર્મિક, સત્ય પરાક્રમવાળા, ઇન્દ્રગોપ નામના જંતુ સરખાં લાલ છે કવચ, આયુધ તથા ધ્વજ જેનાં, માની બેનના છોકરા, શૂરવીર પાંડવોના જયને ઇચ્છતા દ્રોણ સામે આવતા પાંચ ભાઇ કેકયને કયા શૂરવીરોએ વારી રાખ્યા? પૂર્વે વારણાવતમાં જે શૂરવીરને, અત્યંત ક્રોધથી યુદ્ધ કરતા તથા મારવા ઇચ્છતા રાજાઓ છ મહીને પણ જીતી શકયા નહતા તે ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ, શૂરવીર, સત્ય પ્રતિજ્ઞાવાળા, મહા બળવાન તથા પુરૂષમાં સિંહરૂપ, દ્રોણ સામે આવતા યુયુત્સુને કોણે વારી રાખ્યો? જેણે વારાણસીમાં સ્ત્રીયોની ઇચ્છા રાખનાર કાશિરાજના મહારથિ પુત્રને ભાલાએ કરી રથમાંથી પાડયો હતો તે મોટા ધનુષવાળા, પાંડવના મંત્રી, દુર્યોધનના અનર્થમાં તત્પર, દ્રોણના વધ વાસ્તે વિધાતાએ સૃજેલા, સંગ્રામમાં યોદ્ધાઓને બાળતા, તથા ચોતરફથી વિદારણ કરતા દ્રોણ સામે આવતા ધૃષ્ટદ્યુમ્નને કયા શૂરવીરોએ વારી રાખ્યો? દ્રુપદના ખોળામાં જાણે વૃદ્ધિ પામેલો હોય નહીં તેમ અત્યંત વૃદ્ધિ પામેલા, અસ્ત્રવિદ્યામાં અત્યંત કુશળ, શસ્ત્રે રક્ષણ કરેલા દ્રોણ સામે આવતા શિખંડિ પુત્રને કયા શૂરવીરોએ રોકયો? જેણે ઘણા અન્નપાન તથા દક્ષિણાવાળા દશ અશ્વમેધ કર્યા હતા, અને જ્યાં કોઇને જવાની બંધી નથી એવા બીજા પણ સર્વ યજ્ઞ કર્યા હતા, વળી જે ઉશીનર પુત્ર શૂરવીર શિબિએ ગંગાના પ્રવાહમાં જેટલી વેળુની સંખ્યા હોય તેટલી ગાયો દાન દીધી હતી અને જેનું દુષ્કર કર્મ જોઇ દેવતાઓએ આવી રીતે કહ્યું હતું કે, આવું કર્મ પૂર્વે કોઇ માણસોએ કર્યું નથી અને કોઇ કરશે પણ નહિ, તેમ, સ્થાવર જંગમાત્મક આ ત્રણ લોકમાં આના જેવો કોઇ થયો નથી અને થશે પણ નહિ ને હાલ વિદ્યમાન પણ અમે કોઇને જોતા નથી, જેની ગતિને પણ, મનુષ્ય લોકવાસી કોઇ પામે નહિ, મોટા રથના શબ્દે કરી આ સમગ્ર પૃથ્વી ચર્મની પેઠે વીંટી લેનાર, મુખ્ય શત્રુને હણનાર મહારથિ દ્રોણ સામે આવતાં શૈબ્યને કયા શૂરવીરોએ વારી રાખ્યો? દ્રોણની સન્મુખ આવતા સાવધાન, મોઢું ફાડેલા કાળ સરખા, શત્રુને હણનાર મત્સ્ય દેશના વિરાટ રાજાના રથસૈન્યને કયા શૂરવીરોએ વારી રાખ્યું? તત્કાળ ભીમસેન થકી ઉત્પન્ન થયેલ, મોટા બળ તથા પરાક્રમવાળા, માયાવી, શૂરવીર, પાંડવોના જયને ઇચ્છનાર, મારા પુત્રોને કંટકરૂપ અને મને જેથી

હંમેશ મોટો ભય રહે છે તે મહાત્મા ઘટોત્કચ રાક્ષસને દ્રોણ સામે આવતાં કોણે વારી રાખ્યો ? હે સંજય ! એટલા એ અને બાકી બીજા પણ ઘણાક, જેમને વાસ્તે સંગ્રામમાં પ્રાણત્યાગ કરી ઉભેલા છે તેમણે યુદ્ધમાં ન જીતેલું એવું શું છે ? કંઇ પણ નથી. પાંડવોના પુરૂષમાં સિંહરૂપ, શાર્ઙ્ગધનુષ ધરનાર શ્રી કૃષ્ણ, આશ્રયભૂત તથા હિત કરનાર હોય તેમનો પરાજય કેમ થાય ? તેમ સંગ્રામમાં જેમના નાથ, પણ લોકના ગુરૂ, લોકનાથ, સનાતન, દિવ્યરૂપ, દિવ્ય સમર્થ નારાયણ છે, બુદ્ધિમાન પુરૂષોએ ગાયેલા શ્રીકૃષ્ણના દિવ્ય કર્મને બુદ્ધિ સ્થિર કરવા સારૂ હું પણ કીર્તન કરીશ.

यस्य दिव्यानि कर्माणि प्रवदंति मनीषिणः ।
तान्यहं कीर्तयिष्यामि भक्त्यास्थैर्यार्थमात्मनः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायां दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧ મો. શ્રીકૃષ્ણનાં પરાક્રમ.

धृतराष्ट्र उवाच—शृणु दिव्यानि कर्माणि वासुदेवस्य संजय ।
कृतवान् यानि गोविंदो यथानान्यः पुमान् क्वचित् ॥१॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! ગોવિંદ ભગવાને બીજા કોઇ પુરૂષથી કદી પણ બને નહિ એવાં જે કર્મ કર્યાં તે વાસુદેવનાં દિવ્ય કર્મ હું કહું તે તું સાંભળ. ગોપકુળમાં વૃદ્ધિ પામતા તે બાળકે, ત્રણ લોકમાં પોતાનું બાહુબળ વિખ્યાત કર્યું હતું. ઉચ્ચૈઃશ્રવા ઘોડા સરખા બળવાળા, વેગે કરી વાયુ સરખા, યમુનાના તટ ઉપરના વનમાં ફરતા મોટા ઘોડાને માર્યો હતો. તેમજ ભયંકર કર્મ કરનાર, બળદનું રૂપ ધારણ કરેલા, ગાયોને મૃત્યુ તુલ્ય દુઃખ દેનાર દૈત્યને બાળકપણામાં બે હાથથી માર્યો. કમળ સરખાં નેત્રવાળા તેમણે પ્રલંબ, નરક, જંભ, પીઠ તથા કાળ સરખા મોટા મુર નામના દૈત્યને પણ માર્યો હતો. તેમજ શ્રીકૃષ્ણે જરાસંધે પાલન કરેલા મોટા તેજવાળા પોતાના ગણ સહિત કંસને પરાક્રમે કરી માર્યો હતો. સંગ્રામમાં પરાક્રમી સમગ્ર અક્ષૌહિણીના પતિ, વેગવાન શૂરસેન દેશના રાજા ભોજરાજ, કંસના વચોટભાઇ સૈન્ય સહિત સુનામાને શત્રુને હણનાર બળદેવ સહિત શ્રીકૃષ્ણે નાશ પમાડયો હતો. સ્રી સહિત શ્રીકૃષ્ણ અત્યંત કોપાયમાન વિપ્રર્ષિ દુર્વાસાનું આરાધન કરી વરને પ્રાપ્ત થયા હતા. વળી કમળ સરખાં નેત્રવાળા જેમણે રાજાઓને જીતી સ્વયંવરમાં ગાંધાર રાજાની કન્યાને હરણ કરી હતી. ન સહન કરી શકતા રાજાઓને જેમણે જાતવાન ઘોડાઓની પેઠે વૈવાહિક રથમાં જોડી ચાબખાથી વ્રણયુક્ત કર્યા હતા; તેમજ અક્ષૌહિણીપતિ મહા બાહુ જરાસંધને પણ મરાવ્યો હતો. બળવાન કૃષ્ણે, અર્ધ્ય આપવા વખતે ખરાબ બોલનાર પરાક્રમી તથા સેનાપતિ શિશુપાળને પશુની પેઠે મારી નાંખ્યો હતો. શાલ્વે રક્ષણ કરેલ આકાશમાં રહેલા, દુઃખેકરી સહન થાય નહિ એવા સૌભ નામના દૈત્યપુરને જે માધવે પરાક્રમ કરી સમુદ્રમાં પાડયું હતું તે જ પુંડરીકાક્ષ, અંગ, બંગ, કલિંગ, માગધ, કાશી, કોશલ, વાત્સ્ય, ગાર્ગ્ય, કરૂષ, પૌંડ્ર, આવંત્ય, દાક્ષિ-

શુાત્ય, પાર્વતીય, દાશેરક, કાસ્મીરક, ઔરસિક, પિશાચ, મુદ્ગલ, કાંબોજ, વાટધાન, ચોલ, પાંડ્ય, ત્રિગર્ત, માલવ, દુઃખેકરી જીતાય નહિ એવા દરદ અને અનેક દિશાઓમાંથી આવેલા ખશ, શક તથા તેમની પાછળ ચાલનાર સહિત યવનને જીત્યા હતા. વળી જળજંતુએ સેવેલા સમુદ્રમાં પ્રવેશ કરી જળમધ્યમાં રહેલા વરૂણને સંગ્રામમાં પૂર્વે જેમણે જીત્યા હતા. તેમજ જે ઋષિકેશ પાતાળમાં રહેનાર પંચજન નામના દૈત્યને યુદ્ધમાં હણી પાંચજન્ય નામના દિવ્ય શંખને પ્રાપ્ત થયા હતા. વળી અર્જુન સહિત શ્રીકૃષ્ણે ખાંડવવનમાં અગ્નિને તૃપ્ત કરી કોઇથી સહન થાય નહિ એવા આગ્નેયાસ્ત્ર ચક્રને મેળવ્યું. શૂરવીર એવા તેમણે દેવપુરી અમરાવતી જઇ તેને ત્રાસ પમાડી ઇન્દ્રના ઘરમાંથી પારિજાત નામના વૃક્ષને લેઈ આવ્યા. તેમના પરાક્રમને જાણનાર ઈન્દ્ર સહન કરી ગયો. રાજાઓમાં શ્રીકૃષ્ણે જીતેલો નહિ હોય એવો કોઈ પણ અમે સાંભળ્યો નથી. હે સંજય ! મારી સભામાં તે પુંડરીકાક્ષ ભગવાને જે મોટું આશ્ચર્યરૂપ કર્મ કર્યું, તે કરવા બીજો કોણ સમર્થ છે ? ઇશ્વરરૂપ શ્રીકૃષ્ણનાં મને દર્શન થયાં માટે હું તો તે બધું પ્રત્યક્ષની પેઠે સારી રીતે જાણું છું. હે સંજય ! બુદ્ધિ તથા પરાક્રમયુક્ત ઋષિકેશ ભગવાનનાં એવાં અસંખ્ય કર્મ છે. તેમજ ગદ, સાંબ, પ્રદ્યુમ્ન, વિદૂરથ, અગાવહ, અનિરૂદ્ધ, ચારૂદેષ્ણ, સારણ, ઉલ્મુક, નિશઠ, પરાક્રમી જીલ્લીજંભ, પૃથુ, વિપૃથુ, શમીક, તથા અરિમેજય એટલાએ અને બીજા પણ શૂરવીર, બલવાન, પ્રહાર કરનાર, યાદવમાં શ્રેષ્ઠ પુરૂષો, મહાત્મા કેશવ ભગવાનના બોલાવવાથી પાંડવ તરફ આવી સંગ્રામમાં ઉભા રહેશે, તે સમયે આપણું સર્વ સૈન્ય સંશયયુક્ત થશે. દશ હજાર હસ્તિ જેટલા બળવાળા, કૈલાસ શિખર સરખા શૂરવીર, વનમાળા તથા હળ ધારણ કરેલા બળરામ જેની તરફ જનાર્દન શ્રીકૃષ્ણ તેની તરફ રહેશે. હે સંજય ! વાસુદેવને બ્રાહ્મણો સર્વના પિતા કહે છે. એ પાંડવ વાસ્તે જ્યારે કવચ પહેરી યુદ્ધ કરે ત્યારે તેમની સામે યુદ્ધ કરનાર કોઇપણ યોદ્ધો નહિ નિકળે. કદી કૌરવો પાંડવોને જીતે તો તે વખતે વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલ ભગવાન ઉત્તમ અસ્ત્ર ગ્રહણ કરી પુરૂષમાં સિંહરૂપ મહાબાહુ તે, સર્વ રાજાઓને તથા કૌરવોને સંગ્રામમાં મારી કુંતિને પૃથ્વીનું રાજ્ય અપાવે, માટે રથના સારથિ ઋષિકેશ અને જેમાં યુદ્ધ કરનાર અર્જુન છે તે રથ સામે સંગ્રામમાં ચાલનાર કોણ છે ? કોઈ પણ નહિ. હે સંજય ! વિચાર કરતાં કોઇ ઉપાયે કરી કૌરવોનો જય દેખાતો નથી માટે જે રીતે યુદ્ધ પ્રવર્ત્તમાન થયું હોય તે રીતે સર્વ વૃત્તાંત તું મને કહે. શ્રીકૃષ્ણનો અર્જુન આત્મા અને અર્જુનનો શ્રીકૃષ્ણ આત્મા છે. તેમ અર્જુન વિષે નિરંતર વિજય અને શ્રીકૃષ્ણ વિષે નિરંતર કીર્તિ રહી છે. અર્જુન સર્વલોકમાં કોઇ વખતે પણ પરાજય પામ્યો નથી. કેશવ ભગવાનમાં સર્વ મુખ્ય ગુણ રહ્યા છે, તથાપિ મૃત્યુપાશને વશ થયેલો દૈવયોગે કરી મોહાવિષ્ટ દુર્યોધન, મોહને લીધે શ્રીકૃષ્ણને જાણતો નથી, તેમ પાંડુપુત્ર અર્જુનને પણ જાણતો નથી. એ બેઉ પ્રાચીન દેવ એકાત્મ છતાં બે રૂપે થયેલા પૃથ્વીમાં મનુષ્યો મનથી પણ સહન કરી શકે નહિ એવા મહાત્મા તથા યશસ્વી નરનારાયણ છે; માટે તેઓ ઇચ્છા કરે તો આ સેનાને તેજ વખતે નાશ કરે; તથાપિ મનુષ્યપણું ધારણ કર્યું છે તેથી લોકને મોહ કરવા વાસ્તે તેમ નથી ઇચ્છતા. તેમ બ્રહ્મચર્ય, વેદાધ્યયન કર્મ તથા અસ્ત્ર પણ મૃત્યુનું નિવારણ કરી શકતાં નથી. નહિ તો મહાત્મા ભીષ્મ તથા દ્રોણનો વધ કેમ થાય ? હે સંજય ! ભીષ્મ તથા દ્રોણને હણાયા સાંભળી હવે હું શું કરવા જીવું ? પૂર્વે યુધિષ્ઠિર વિષે રહેલી જે લક્ષ્મીની આપણે ઇર્ષ્યા કરતા હતા, ભીષ્મ તથા દ્રોણનો વધ થવાથી આજ તે લક્ષ્મીને તેની પાસે મોકલવા તૈયાર થયા છીએ. આ કૌરવોનો ક્ષય પણ મારે લીધેજ પ્રાપ્ત થયો,

કેમકે પાકેલાંનો નાશ કરવામાં તૃણ પણ વજ્ર સરખાં થાય છે. જેના કોપથી મહાત્મા ભીષ્મ તથા દ્રોણ પડયા માટે હવે યુધિષ્ઠિર અનંત ઐશ્વર્યને પ્રાપ્ત થશે. કારણ તેમને વિષે સ્વાભાવિક ધર્મ રહ્યો છે અને મારા પુત્રો વિષે તે નથી રહ્યો. મારી તરફના શૂરવીર જેવી રીતનું ચિંતન કરે છે તેથી વિપરીત થાય છે. જરૂર સર્વનો વિનાશ કરનાર અતિક્રમણ થઇ શકે નહિ એવો આ અતિ ક્રૂર કાળ આવ્યો છે. આ રીતે જેનો પરિહાર થઇ શકે નહિ એવો અત્યંત કષ્ટરૂપ દુશ્ચિંત્ય તથા પાર પામી શકાય નહિ એવો વિષય પ્રાપ્ત થયો માટે હવે તો બનેલું વૃત્તાંત યથાર્થ મને કહે.

तस्मादपरिहार्येऽर्थे संप्राप्ते कृच्छ्र उत्तमे ।
अपारणीये दुश्चिन्त्ये यथाभूतं प्रचक्ष्व मे ॥

इतिश्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि धृतराष्ट्रविलापे गुर्जरभाषायामेकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ જો. દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા.

संजय उवाच—हंत ते कथयिष्यामि सर्वं प्रत्यक्षदर्शिवान् ।
यथा सैन्यपतद्द्रोणः सूदितः पांडुसृंजयैः ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! પાંડવ તથા સૃંજયોએ હણેલા દ્રોણ જે રીતે પડયા તે બધું વૃત્તાંત પ્રત્યક્ષ જોનાર હું કહું તે સાંભળો. મહારથિ દ્રોણાચાર્યે સેનાપતિપણું લઇ સર્વ સૈન્યના મધ્યમાં તમારા પુત્રને આવી રીતે કહ્યું કે, હે મહારાજ! કૌરવોમાં શ્રેષ્ઠ ભીષ્મ પછી આજ તેં મને સેનાપતિ કર્યો તે કર્મના તેવાજ ફળને તું પ્રાપ્ત થા. આજ શું હું તારી ઇચ્છા પૂર્ણ કરૂં? તારી ઈચ્છા હોય તે માગ. એવાં આચાર્યનાં વચન સાંભળી કર્ણ દુઃશાસનાદિક સાથે વિચાર કરી જય કરનારાઓમાં શ્રેષ્ઠ, દુઃખેકરીને પણ સહન થાય નહિ એવા આચાર્ય પ્રત્યે તે કહેવા લાગ્યો કે, હે આચાર્ય! મને ઇચ્છિત વર આપતા હો તો રથિમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરને સંગ્રામમાં જીવતા પકડી મારી પાસે લેઇ આવો. તમારા પુત્રનાં આવાં વચન સાંભળી કૌરવોના આચાર્યે સર્વ સેનાને અત્યંત હર્ષ ઉપજાવતાં આવી રીતે વચન કહ્યું કે, હે વીરો! જેના વધની માગણી ન કરતાં દુઃખેકરી સહન ન થાય એવા કુંતિપુત્ર યુધિષ્ઠિરને ગ્રહણ કરી લેઇ આવવા તું ઇચ્છે છે તે તને ધન્ય છે! હે પુરૂષમાં સિંહરૂપ! હે દુર્યોધન! શું કરવા તેના વધને તું ઇચ્છતો નથી, શું મારાથકી તેની વધરૂપ ક્રિયાની સંભાવના નથી કરતો? આ મોટું આશ્ચર્ય છે. ધર્મરાજ યુધિષ્ઠિરનો કોઇ દ્વેષ કરનાર નથી. હે ભરતશ્રેષ્ઠ! યુધિષ્ઠિરને તું જીવતા ઇચ્છે છે માટે પોતાના કુળની રક્ષા કરે છે; અથવા યુદ્ધમાં પાંડવને જીતી તેને રાજ્ય આપી, તું ભાઇઓમાં સ્નેહ કરાવવા ઇચ્છે છે. બુદ્ધિમાન કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજાને ધન્ય છે અને એનો જન્મ પણ સફળ છે. તેને વિષે રહેલું અજાતશત્રુપણું પણ સત્ય છે કારણ તું તેમનાપર સ્નેહ રાખે છે.

હે ભારત ! દ્રોણુનાં એવાં વચન સાંભળી તમારા પુત્રનો હંમેશ હૃદયમાં રહેલો જે ભાવ હતો તે તત્કાળ બહાર નીકળ્યો. બૃહસ્પતિ સરખાનો પણુ હૃદયગત ભાવ બહાર નીકળ્યા વગર રહેતો નથી. હે રાજન્ ! પ્રસન્ન થઈ તે વખતે તમારા પુત્રે કહ્યું કે, હે આચાર્ય ! કુંતિપુત્ર યુધિષ્ઠિરને મારવાથી મારો જય થાય નહિ, કારણુ તેને મારવાથી બાકીના પાંડવો આપણુ સર્વને જરૂર મારી નાંખે. તેમ તે સર્વને સંગ્રામમાં દેવતાઓ પણુ મારી શકે નહિ, માટે તેમાં જે બાકી રહે તે આપણુમાંથી કોઇને પણુ બાકી રહેવા દે નહિ. વાસ્તે સત્ય પ્રતિજ્ઞાવાળા તેમને જીવતા લેઇ આવી પાછા દ્યૂતથી જીતી તેમને અરણ્યમાં મોકલીએ એટલે તેમને અનુસરનાર સર્વ પાંડવો અરણ્યમાં જાય. એમ કરવાથીજ મારો જય ઘણા વખત સુધી થાય; બીજી રીતે થાય નહિ. હું ધર્મરાજના વધને ઇચ્છતો નથી. અર્થ તત્ત્વ જાણુનાર બુદ્ધિમાન દ્રોણુાચાર્યે, કપટ રૂપ તેનો અભિપ્રાય જાણી વ્યવધાન સહિત વર આપતાં આવી રીતે કહ્યું કે, હે દુર્યોધન ! શૂરવીર અર્જુન યુદ્ધમાં યુધિષ્ઠિરની રક્ષા નહિ કરે તો, પાંડવમાં શ્રેષ્ઠ તેમને હું લેઇ આવી તારે વશ કરીશ, પણુ તેમ હશે તો નહિ થાય. સંગ્રામમાં ઇન્દ્ર સહિત દેવ તથા અસુરો પણુ અર્જુન સામે જઇ શકે તેમ નથી, વાસ્તે તેણે રક્ષણુ કરેલા તેમને પકડવાનો હું ઉત્સાહ નથી રાખતો. તેમ તે મારી પાસે અસ્ત્ર શીખેલ છે કર્મમાં કુશળ, તરૂણુ, સુકૃત યુક્ત, જય તથા મરણુ બેમાંથી એકનો નિશ્ચય કરેલો, વળી ઇન્દ્ર તથા રૂદ્ર પાસેથી અસ્ત્ર શીખેલો તથા તારી ઉપર ગુસ્સે થયેલો છે માટે તેણે પાલન કરેલા યુધિષ્ઠિરને ગ્રહણુ કરવાનો હું ઉત્સાહ નથી રાખતો. માટે કોઇ પણુ ઉપાયે કરી જે રીતે તે સંગ્રામમાંથી ખસી જાય તેમ કરજે, ધર્મરાજને તેં જીતેલાજ છે. હે પુરૂષમાં શ્રેષ્ઠ ! એમને ગ્રહણુ કરવાથી તારો જય થાય પણુ મારવાથી થાય નહિ. એ ઉપાયથી એમનું ગ્રહણુ થાય બીજા ઉપાયથી થાય નહિ, વાસ્તે હે રાજન્ ! પુરૂષમાં સિંહરૂપ કુંતિપુત્ર અર્જુન સંગ્રામમાંથી દૂર થાય અને બે ઘડી પણુ જો યુધિષ્ઠિર સંગ્રામમાં મારી સામે ઉભા રહે તો સત્ય ધર્મમાં તત્પર તે રાજાને ગ્રહણુ કરી આજને આજ તારી પાસે આણી આપું એમાં સંશય નહિ, અને હે રાજન્ ! અર્જુન પાસેથી તો યુધિષ્ઠિરને ઇન્દ્ર સહિત દેવતાઓ તથા અસુરો પણુ ગ્રહણુ કરવા સમર્થ થાય નહિ, ત્યારે બીજા તો ક્યાંથી થાય ? સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે યુધિષ્ઠરના નિગ્રહ વિષે દ્રોણે વ્યવધાન સહિત પ્રતિજ્ઞા કરી તોપણુ અત્યંત બાળબુદ્ધિવાળો તમારો પુત્ર યુધિષ્ઠિર નિગ્રહ થએલાજ છે, એમ માનવા લાગ્યો. તમારો પુત્ર પાંડવ વિષે દ્રોણુાચાર્ય સાપેક્ષ છે એમ જાણુતો હતો માટે તેની પ્રતિજ્ઞા સ્થિર રહેવા વાસ્તે તેણે તેનો વિચાર બહાર પાડ્યો. હે શત્રુને દમન કરનાર ! એ રીતે પાંડુપુત્ર યુધિષ્ઠિરને ગ્રહણુ કરવાની દ્રોણે પ્રતિજ્ઞા કરી હતી, એ વાત દુર્યોધને સર્વ સૈન્ય સ્થાનમાં પ્રસિદ્ધ કરાવી.

ततो दुर्योधने नापिग्रहणं पांडवस्य तत् ।
सैन्यस्थानेषु सर्वेषु सुघोषितमरिंदम ॥

इति श्री महाभारते द्रोणपर्वाणि द्रोणाभिषेकपर्वाणि द्रोणप्रतिज्ञायां गुर्जरभाषायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો. યુધિષ્ઠિરને પકડવાની દ્રોણ પ્રતિજ્ઞા સામે અર્જુન.

संजय उवाच—सांतरेतु प्रतिज्ञाते राज्ञो द्रोणेन निग्रहे ।
ततस्ते सैनिकाः श्रुत्वा तं युधिष्ठिर निग्रहं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! દ્રોણાચાર્યે રાજાને નિગ્રહ કરવાની વ્યવધાન સહિત પ્રતિજ્ઞા કરી તે સાંભળી સર્વ સૈનિકો સિંહનાદ તથા બહુ શબ્દ કરવા લાગ્યા. હે ભારત ! તે બધું દ્રોણનું ચિકીર્ષિત ધર્મરાજાએ તત્કાળ પોતા પાસે પ્રાપ્ત થએલા માણસોથી યથાર્થ જાણ્યું. ત્યાર પછી ધર્મરાજા સર્વ ભાઇઓ તથા બીજાઓને બોલાવી આવી રીતે અર્જુન પ્રત્યે વચન કહેવા લાગ્યા કે, હે પુરૂષમાં સિંહરૂપ ! દ્રોણનું આજનું કર્ત્તવ્ય તેં સાભળ્યું માટે જે રીતે તે સત્ય ન થાય તે રીતે કર. હે મોટા ધનુષવાળા, શત્રુનો નાશ કરનાર દ્રોણાચાર્યે વ્યવધાન સહિત પ્રતિજ્ઞા કરી છે તે વ્યવધાન તારા વિષે રાખ્યું છે, માટે હે મહાબાહો ! આજ જે રીતે દ્રોણાચાર્યનો એ મનોરથ પૂર્ણ ન થાય તે રીતે તું મારી પાછળથી રક્ષા કરતો રહે. યુધિષ્ઠિરનાં વચન સાંભળી અર્જુન કહેવા લાગ્યો. કે, હે રાજન્ ! જેમ હું આચાર્યનો વધ ન કરૂં તેમજ તમારો ત્યાગ પણ ન કરૂં. હે યુધિષ્ઠિર ! હું સંગ્રામમાં પ્રાણ ત્યાગ કરૂં પણ આચાર્ય વિષે પ્રતિકૂળ થાઉં નહિ. સંગ્રામમાં તમને નિગ્રહ કરીને ધૃતરાષ્ટ્ર પુત્ર રાજ્યને ઇચ્છે છે એ મનોરથ આ જીવલોકમાં કદી પણ પૂરો થવો નથી; કારણ કે નક્ષત્ર સહિત આકાશ પડે, પૃથ્વીના કકડા થઇ જાય તોપણ હું જીવતાં તમને કોઇ નિગ્રહ કરી શકે નહિ. હે રાજેંદ્ર ! કદી સંગ્રામમાં સાક્ષાત્ ઇન્દ્ર આવી તેને સહાયતા કરે, વા દેવતા સહિત વિષ્ણુ મદદ કરે તોપણ સંગ્રામમાં તમને એ પ્રાપ્ત થઇ શકે નહિ, માટે મારા જીવતાં સર્વ શસ્ત્ર તથા અસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણથકી તમે ભય પામવા યોગ્ય નથી. હે રાજેંદ્ર ! તેમ બીજી પણ મારી પ્રતિજ્ઞા સાંભળો. કોઇ દિવસ મેં અનૃત ભાષણ કર્યું નથી તથા હું પરાજય પામ્યો, એ મને યાદ નથી. તેમજ પ્રતિજ્ઞા કરી પાછું તેમ ન કર્યું હોય એવું પણ કંઇ મને સાંભરતું નથી. સંજય કહે છે હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! ત્યાર પછી પાંડવ તરફ પણ શંખ, ભેરી, આનક તથા મૃદંગ ઇત્યાદિ યુદ્ધવાદ્ય વાગવા લાગ્યાં. મહાત્મા પાંડવોનો આકાશને સ્પર્શ કરે એવો અત્યંત ભયંકર પ્રત્યંચા તથા મોજાના શબ્દ સાથે મળેલો સિંહનાદ થવા લાગ્યો. મહા પરાક્રમી પાંડવના શંખનો શબ્દ સાંભળી તમારા સૈન્યમાં પણ યુદ્ધવાદ્ય વાગવા લાગ્યાં. એટલામાં હે ભારત ! વ્યૂહ રચના કરી ઉભેલાં તમારાં તથા તેમનાં સૈન્ય ધીરેધીરે યુદ્ધ વાસ્તે પરસ્પર સામે જવા લાગ્યાં. પછી કૌરવ પાંડવનું તથા દ્રોણ, ધૃષ્ટદ્યુમ્નનું પણ રૂંવાં ઉભાં કરે એવું ભયંકર યુદ્ધ પ્રવર્તમાન થયું. યત્ન કરતાં સૃંજયો દ્રોણે રક્ષણ કરેલા તેના સૈન્યને નાશ કરવા સમર્થ ન થયા. તમારા પુત્ર તરફના પ્રહાર કરનાર ઉદાર રથિયો પણ અર્જુને રક્ષા કરેલી પાંડવની સેનાનો નાશ કરવા સમર્થ ન થયા. અત્યંત ફુલેલા પુષ્પવાળી, પત્રનો છે સંકોચ જેમાં એવી બે વનરાજિની પેઠે ચંચળ, રક્ષણ કરેલી, પરસ્પર મારવા ઇચ્છતી, બેઉ સેના ઉભી હતી, એટલામાં હે રાજન્ ! દ્રોણાચાર્ય સુવર્ણથી શોભિતા સૂર્ય સરખા રથેકરી સેનામાંથી બહાર નીકળી સેનાને મોખરે આવ્યા. રથેકરી સંગ્રામમાં ઉદ્યુક્ત થયેલા, જલદી બાણ ફેંકનાર તે એક, ને પાંડવ તથા સૃંજયો અત્યંત ત્રાસને લીધે અનેક સરખા જણાતા હતા. હે મહારાજ ! તેમણે મૂકેલાં ભયંકર બાણ પાંડવની સેનાને ત્રાસ પમાડતાં સર્વ દિશાઓમાં વિચરતાં હતાં. તે સમયે દ્રોણ પણ હજારો કિરણોથી વીંટાયલા મધ્યાન્હનો સૂર્ય દેખાય તેવા દેખાતા હતા.

હે ભારત ! તે વખતે સંગ્રામમાં કોપેલા ઇન્દ્રને દૈત્યો જોઇ શકે નહિ, તેવા પાંડવ તરફના-માંથી કોઇ પણ એમને જોવા સમર્થ થનો નહોતો. એ રીતે પ્રતાપવાન દ્રોણાચાર્ય, સૈન્યને મોહ પમાડી ધૃષ્ટદ્યુમ્નનાં સૈન્યને તીક્ષ્ણ બાણે કરી વીંધવા લાગ્યા; એવી રીતે દ્રોણાચાર્ય, સરળ બાણે કરી સર્વ દિશાઓને રૂંધી તથા આકાશને વીંટી જે ઠેકાણે પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન હતો તે તરફની પાંડવ સેનાને મર્દન કરવા લાગ્યા.

सादिशः सर्वतो रुध्वा संवृत्य खमजिह्मगैः ।
पार्षतो यत्र तत्रैव ममृदे पांडुवाहिनीम् ॥

इति श्री महाभारते द्रोणपर्वाणि द्रोणाभिषेकपर्वाणि अर्जुनकृत युधिष्ठिरा-श्वासने गुर्जरभाषायां त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો. અભિમન્યુએ ગજવેલું રણ.

संजय उवाच—ततः स पांडवानीके जनयन् सुमहद्भयं ॥
व्यचरत् पृतनां द्रोणो दहन् कक्षमिवानलः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! અગ્નિ જેમ શુષ્ક તૃણના જથાને બાળે તેમ પાંડવના સૈન્ય વિષે ભય ઉત્પન્ન કરતાં દ્રોણાચાર્ય સૈન્યમાં વિચરતા હતા. વૃદ્ધિ પામેલા સાક્ષાત્ અગ્નિની પેઠે સૈન્યને બાળતા ક્રોધે ભરાયેલા દ્રોણને જોઇ સૃંજયો કંપવા લાગ્યા. નિરંતર ધનુષ ખેંચતા તથા સંગ્રામમાં જલદી બાણ ફેંકતા, તેમની પ્રત્યંચાનો વજ્ર સરખો અત્યંત મોટો શબ્દ સંભળાતો હતો. હસ્તચાલાકીથી મૂકેલાં ભયંકર બાણ, રથિ, ઘોડેસ્વાર, હસ્તિ, અશ્વ તથા પાયદળને મર્દન કરતા હતા. વર્ષા ઋતુમાં અત્યંત વૃદ્ધિ પામેલો શબ્દયુકત મેઘ જેમ કરાનો વરસાદ કરે તેમ બાણનો વરસાદ કરતા દ્રોણ શત્રુઓને ભય ઉત્પન્ન કરતા હતા. હે રાજન્ ! એ રીતે વિચરતા સેનાને ક્ષોભ પમાડતા સમર્થ શત્રુઓને અત્યંત ત્રાસની વૃદ્ધિ પમાડવા લાગ્યા. મેઘ વિષે જેમ વિજળી દેખાય તેમ આ રથરૂપી મેઘમાં સુવર્ણથી શોભિતું ભમતું તેમનું ધનુષ વારંવાર દેખાતું હતું. શૂરવીર, સત્યવાન, નિરંતર ધર્મપાળનાર, પ્રાજ્ઞ દ્રોણાચાર્ય, ક્રોધના વેગથી ઉત્પન્ન થયેલી રાક્ષસગણે કરી સંકુલ, સૈન્યના ઓઘે કરી, ચોતરફથી ભરેલી, ધ્વજરૂપી વૃક્ષને અપહરણ કરનારી, રૂધિરરૂપી જળવાળી, રથરૂપ આવર્ત્તયુક્ત, હસ્તિ તથા અશ્વરૂપી તીરથી શોભિતી, કવચરૂપી છે નાની હોડિયો જેમાં, માંસરૂપી કાદવે કરી સંકુલ, મેદ, મજ્જા, તથા અસ્થિરૂપી વેળુવાળી, પાઘડીઓના સમુદાયરૂપ ફેનને વહન કરનારી, સંગ્રામરૂપી મેઘેકરી પૂર્ણ, સાંગ તથા ભાલારૂપ મત્સ્યે કરી સંકુલ; નર, નાગ તથા અશ્વે કરી દુરધિગમ, બાણના વેગરૂપી વેહેણવાળી, શરીરરૂપી કાષ્ઠથી ગાઢી, રથરૂપી કાચબાથી સંકુલ, મસ્તકરૂપી કમળવાળી, ખડ્ગરૂપી મત્સ્યથી સંકુલ, રથ તથા હસ્તિરૂપી ધુના સહિત, પૃથ્વીની રજરૂપ છે લહેર જેની એવી મહા પરાક્રમી સારી રીતે તરી જાય અને ભીરૂ પુરૂષ દુઃખે કરીને તરી શકે નહિ એવી સેંકડો શરીરે કરી બાધ કરનારી, ગૃધ્ર તથા કંક નામનાં માંસ ખાનાર પક્ષિઓએ સેવેલી, હજારો મહારથિઓને યમલોક પમાડનારી, ત્રિશૂળરૂપી સર્પથી

સંકીર્ણ, પ્રાણરૂપી પક્ષિઓએ સેવેલી, નાશ પામેલા ક્ષત્રિયોરૂપી હંસવાળી, મુકુટરૂપ અંડજે સેવેલી, ચક્રરૂપી કચ્છપ તથા ગદારૂપી નક્રવાળી, બાણરૂપી નાના માછલાથી સંકુલ, બક, ગૃધ્ર, તથા શૃંગાલના ભયંકર સમુદાયે સેવેલી, અને સંગ્રામમાં મરણ પામેલા હજારો પ્રાણિઓને પિતૃલોકમાં લેઇ જનારી, કેશરૂપ સેવાળવાળી, તથા ભીરૂને ભય વધારનારી પ્રલયના વખત સરખી ભયંકર નદીને પ્રવર્તાવી. એ રીતે તે સૈન્યને તિરસ્કાર કરતા, મહારથિ દ્રોણાચાર્ય સામે યુધિષ્ઠિરાદિક ચોતરફથી દોડ્યા. સામે આવતા શૂરવીરોને દૃઢ પરાક્રમવાળા તમારી તરફનાઓએ ચોતરફથી રોક્યા. તે રૂંવાં ઉભાં થાય તેવું થયું. હજારો તરેહથી માયા કરનાર શકુનિએ તો સહદેવ સામે દોડી, સારથિ, ધ્વજ, તથા રથ સહિત તેને તીક્ષ્ણ બાણેકરી વીંધ્યો. અત્યંત ક્રોધાયમાન નહિ થયેલા એવા માદ્રિપુત્ર સહદેવે સાઠ બાણથી તેને વીંધી, બીજા બાણેકરી તેના ધ્વજ, ધનુષ, સારથિ તથા ઘોડાઓને વીંધ્યા. શકુનિયે હાથમાં ગદા લેઇને રથમાંથી નીચે ઉતરી, ગદાએ કરી રથમાંથી તેના સારથિને પાડ્યો. હે રાજન્! તે સમયે વિરથ થયેલા હાથમાં ગદા ગ્રહણ કરેલા મહા બળવાન શૂરવીર, શૃંગવાળા, બે પર્વતો ક્રીડા કરે તેમ સંગ્રામમાં ક્રીડા કરતા હતા. દ્રોણાચાર્યે પંચાલ રાજા ધૃષ્ટદ્યુમ્નને દશ બાણે કરી વીંધ્યો. તેણે પણ ઘણાંક બાણે કરી તેમને વીંધ્યા. વળી તેથી અધિક બાણે કરી તેમને તેણે વીંધ્યો. શૂરવીર ભીમસેને તીક્ષ્ણ એવાં વીસ બાણે કરી વિવિંશતીને વીંધ્યો, તોપણ તે કંપાયમાન થયો નહીં એ આશ્ચર્ય સરખું થયું.

હે મહારાજ ! વિવિંશતીએ તત્કાળ ભીમસેનને અશ્વ, ધ્વજ તથા ધનુષ રહિત કર્યો. તે વખતે બધાં સૈન્ય તેનાં વખાણ કરવા લાગ્યાં. તે સમયે સંગ્રામમાં શત્રુના પરાક્રમને સહન ન કરી શકતા શૂરવીર ભીમસેને ગદાએ કરી દમન કરેલા એના સર્વ અશ્વને પાડ્યા. હે રાજન્! હણાયલા અશ્વવાળા રથમાંથી નીચે ઉતરી મહા બળવાન મદોન્મત્ત હસ્તિ જેમ મદોન્મત્ત હસ્તિ સામે દોડે તેમ ભીમસેન સામે દોડ્યો, શૂરવીર શલ્યે તો હાસ્ય કરી પોતાના ભાગિનેયને લડાવતા તથા કોપાવતા હોય તેની પેઠે બાણે કરી વીંધ્યો. પ્રતાપવાન નકુળે પણ તેના અશ્વ, છત્ર, ધ્વજ, સારથિ તથા ધનુષને પાડી સંગ્રામમાં શંખ વગાડ્યો. ધૃષ્ટકેતુએ પોતાની ઉપર કૃપે નાખેલાં અનેક તરેહનાં બાણોને કાપી તેને સિત્તેર બાણથી વીંધી, ત્રણ બાણે કરી એનું ચિન્હ પણ હરણ કર્યું. વળી કૃપાચાર્યે મોટા બાણના વરસાદથી ક્રોધી ધૃષ્ટકેતુને વીંધ્યો. હસતા હોય નહિ તેની પેઠે સાત્યકિએ સિત્તેર બાણે કરી કૃતવર્માને સ્તનના મધ્યભાગમાં વીંધી વળી બીજા બાણે કરીને વીંધ્યો. શિનિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિને તીક્ષ્ણ સીત્યોતેર બાણે કરી વીંધ્યો, તોપણ શીઘ્ર વાયુએ કરી જેમ પર્વત કંપાયમાન થાય નહિ તેમ તે કંપાયમાન થયો નહિ. સેનાપતિએ સુશર્માને મર્મસ્થાનમાં અત્યંત વીંધ્યો. તેણે પણ ભાલાથી જત્રુદેશ એટલે હાંસડીમાં વીંધ્યો. મહા પરાક્રમી મત્સ્યો સહિત વિરાટ રાજાએ સંગ્રામમાં સૂર્યપુત્ર કર્ણને વારી રાખ્યો, તે આશ્ચર્ય સરખું થયું. તે વખતે ગ્રંથિ વગરના બાણે કરી સૈન્યને વારી રાખનાર સૂતપુત્ર કર્ણનું પરાક્રમ દેખાયું. દ્રુપદ રાજાનું તો ભગદત્ત રાજા સાથે આશ્ચર્યરૂપ યુદ્ધ થયું. પુરૂષમાં શ્રેષ્ઠ ભગદત્ત રાજાએ ગ્રંથી વગરના બાણે કરી સારથિ, ધ્વજ તથા રથ સહિત દ્રુપદને વીંધ્યો, તેથી ક્રોધાયમાન થયેલા દ્રુપદે ગ્રંથિ વગરના બાણે કરી મહારથિ ભગદત્તને જલદી વક્ષઃસ્થળમાં વીંધ્યો. યોદ્ધાઓમાં શ્રેષ્ઠ, અસ્ત્રવિદ્યામાં ચતુર એવા ભૂરિશ્રવા તથા શિખંડિ, એ બેઉ, પ્રાણિઓને ત્રાસ આપે એવું ભયંકર યુદ્ધ કરવા લાગ્યા.

હે રાજન્! જેમાં પરાક્રમી ભૂરિશ્રવાએ મહારથિ શિખંડિને મોટા બાણના સમુદાયથી ઢાંકી દીધો. ક્રોધાયમાન થયેલા શિખંડિએ પણ નેવું બાણે કરી સોમદત્તપુત્ર ભૂરિશ્રવાને કંપાયમાન કીધો. ભયંકર કર્મવાળા, પરસ્પર જીતવા ઇચ્છતા હિડિંબાપુત્ર ઘટોત્કચ તથા અલંબુસ નામનો રાક્ષસ અત્યંત આશ્ચર્યરૂપ યુદ્ધ કરતા હતા. પરસ્પર હજારો માયા કરનાર, મદોન્મત્ત, અત્યંત આશ્ચર્યરૂપ કર્મ કરનાર, તે બેઉ અંતર્ધાન થઇ આમતેમ વિચરતા હતા. દેવાસુર સંગ્રામમાં મહા બળવાન બળ નામનો દૈત્ય તથા ઇન્દ્ર જે રીતે યુદ્ધ કરતા હતા તે રીતે ચેકિતાન અને અનુવિંદ અતિ ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. હે રાજન્! પૂર્વે વિષ્ણુ ભગવાને જે રીતે હિરણ્યાક્ષ સાથે યુદ્ધ કર્યું હતું, તે રીતે લક્ષ્મણ, ક્ષત્રદેવ સાથે અત્યંત યુદ્ધ કરવા લાગ્યો. હે રાજન્! અત્યંત ચલાયમાન અશ્વ જોડેલા, વિધિએ કરી રચેલા રથે કરી સિંહનાદ કરતો પૌરવ, સુભદ્રાપુત્ર અભિમન્યુ સામે આવ્યો. તેમજ યુદ્ધની આકાંક્ષાવાળો મહા બળવાન, શત્રુને દમન કરનાર, અભિમન્યુ પણ જલદી તેની સામે આવ્યો. તે સમયે તે બેઉનું પરસ્પર મોટું યુદ્ધ થયું. જેમાં પૌરવે બાણ સમુદાયથી સુભદ્રાના પુત્ર અભિમન્યુને ઢાંકી દીધો. અર્જુનપુત્રે પણ તેનો ધ્વજ, છત્ર તથા ધનુષ પૃથ્વી ઉપર પાડી બીજાં સાત બાણે કરી પૌરવને વીંધી બીજાં પાંચ બાણથી તેના ઘોડા તથા સારથિને વીંધી સેનાને અત્યંત હર્ષ આપતાં વારંવાર સિંહનાદ કરતાં પૌરવને નાશ કરે એવું બાણ ગ્રહણ કર્યું. ભયંકર દેખાવવાળા તે બાણને જોઈ હાર્દિક્યે બે બાણે કરી તેનું બાણ સહિત મોટું ધનુષ કાપી નાંખ્યું. તે વખતે પારકા શૂરવીરને હણનાર સુભદ્રા પુત્ર અભિમન્યુએ તે કપાઇ ગયેલા ધનુષનો ત્યાગ કરી હાથમાં ઢાલ લેઇ શ્વેત ખડ્ગ ખેંચ્યું. પછી બાણ મૂકવામાં કુશળ અનેક તારાકૃતિ ચિન્હવાળી ઢાલ તથા ખડ્ગ હાથમાં લેઇ પોતાનું પરાક્રમ દેખાડતા, તથા ઢાલ અને ખડ્ગનું નિર્વિશેષપણું જણાય તે રીતે તેમને ફેરવતાં, અનેક માર્ગમાં વિચરતા તેણે સિંહનાદ કરી પૌરવના રથના દાંડા ઉપર કૂદી, રથમાં જઈ પાટુથી એના સારથિને તથા ખડ્ગથી ધ્વજને પાડી, સમુદ્રને ક્ષોભ પમાડી ગરૂડ જેમ સર્પને પકડે તેમ તેના કેશ પકડયા. સિંહે પાડેલા બેભાન થયેલા બળદની પેઠે તેણે કેશે પકડેલા પૌરવને સર્વ રાજાઓ જોતા હતા. અભિમન્યુને વશ થયેલા તેણે, અનાથની પેઠે ખેંચેલા પાડેલા પૌરવને જોઇ જયદ્રથ સહન કરી શકયો નહિ, તેથી તે સિંધુનો રાજા મયૂરપિંછ બાંધેલ અનેક ઘુઘરીની જાળ બાંધેલી ઢાલ તથા ખડ્ગ લઇ સિંહનાદ કરતો રથમાંથી કુદ્યો. અર્જુનના પુત્ર અભિમન્યુએ પણ જયદ્રથને જોઇ પૌરવને મૂકી જલદી રથમાંથી શ્યેન પક્ષિની પેઠે કુદી શત્રુએ નાંખેલા ભાલા, પટ્ટા તથા ખડ્ગોને ખડ્ગથી કાપી ઢાલે કરી રૂંધી રાખ્યાં. એ રીતે બળવાન અભિમન્યુ, સૈન્યોને પોતાનું બાહુબળ દેખાડી મોટું ખડ્ગ તથા ઢાલ ઉગામી પિતાના અત્યંત વૈરી, વૃદ્ધ ક્ષત્રના પુત્ર જયદ્રથ સામે સિંહ જેમ હસ્તિ સામે દોડે તેમ દોડયો. દાંત તથા નખરૂપી આયુધવાળા તે બેઉ પરસ્પર સામે આવી પ્રસન્ન થઇ વાઘ તથા કેસરી સિંહની પેઠે અન્યોન્ય પ્રહાર કરવા લાગ્યા. સામે કુદવું, મારવું, ખડ્ગ તથા ઢાલનું નાખવું, એમાં પુરૂષમાં સિંહરૂપ તે બેઉ વિષે કોઇના જોવામાં અંતર આવતો ન હતો. એ વખતે મર્મનું ભાંગવું, ખડ્ગના શબ્દ, બીજા શસ્ત્રનું દેખાડવું, બહાર તથા અંદર કુદવું ઇત્યાદિ વિષે બેઉમાં નિર્વિશેષપણું દેખાતું હતું. બાહ્ય તથા અભ્યંતરરૂપ, ઉત્તમ માર્ગમાં વિચરતા તે બેઉ પક્ષ સહિત બે પર્વત જેવા દેખાતા હતા, અને તેટલામાં ખડ્ગ ફેંકતા હતા. યશસ્વી અભિમન્યુની ઢાલ ઉપર જયદ્રથે ખડ્ગનો પ્રહાર કર્યો. સુવર્ણથી શોભિતી પ્રકાશમાન તે ઢાલ વિષે બળથી વાગેલું જયદ્રથનું મોટું ખડ્ગ ભાગી

ગયું. તે સમયે છ પગલાં નાસી નિમિષ માત્રમાં જયદ્રથ પાછો પોતાના રથ ઉપર ચઢી બેઠો. તે વખતે એકઠા મળી સર્વ રાજાઓએ ચોતરફથી તેને વીંટી લીધો. મહા બળવાન અર્જુન-પુત્ર અભિમન્યુ ઢાલ તથા ખડ્ગ મૂકી જયદ્રથ સામે જોઇ સિંહનાદ કરવા લાગ્યો. પછી શૂરવીરને હણનાર તે, સિંધુરાજાને મૂકી સૂર્ય જેમ જગતને તપાવે તેમ તેના સૈન્યને તપાવવા લાગ્યો. તે વખતે શલ્યે સુવર્ણથી શોભતી, ભયંકર, પ્રદીપ્ત અગ્નિની શિખા સરખી લોહમય શક્તિ તેની ઉપર નાંખી, તેને નીચે કૂદી પડતા ઉત્તમ સર્પને જેમ ગરૂડ ગ્રહણ કરે તેમ તેણે ગ્રહણ કરી, મ્યાનમાંથી ખડ્ગને બહાર કાઢયું. ઘણા તેજવાળા તેના તે લાઘવી તથા બળને જોઇ સર્વ રાજાઓ સિંહનાદ કરવા લાગ્યા. તે સમયે શૂરવીરને હણનાર સુભદ્રાપુત્ર અભિમન્યુએ વૈડૂર્યમણિથી શોભિતી તીક્ષ્ણ એવી તેજશક્તિ પોતાના બાહુબળને લીધે તેની ઉપર નાંખી. છૂટા મૂકેલા સર્પ સરખી તેણે તેના રથને ભાગી સાર-થિને રથમાંથી પાડયો. તે વખતે વિરાટ, દ્રુપદ, ધૃષ્ટકેતુ, યુધિષ્ઠિર, સાત્યકિ, કેકય, ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, નકુળ, સહદેવ, તથા દ્રૌપદીના પાંચ પુત્ર, એ સર્વે 'સાધુ, સાધુ,' એ રીતે પોકારવા લાગ્યા. વિવિધ પ્રકારના બાણુ શબ્દ તથા સિંહનાદ, સંગ્રામમાં પાછા ફરનાર નહિ એવા અભિમન્યુને હર્ષ પમાડતાં થવા લાગ્યા. શત્રુના વિજય સરખા તે લક્ષણને તમારા પુત્ર સહન ન કરી શક્યા. તત્કાળ મેઘ જેમ પર્વતને ઢાંકી દે, તેમ તેમણે તીક્ષ્ણ બાણે કરી, ચોતરફથી એને ઢાંકી દીધો. તે સમયે સૂતના પરાભવને જોઇ તેમના પ્રિયને ઇચ્છતો, શત્રુને હણનાર, ક્રોધાયમાન થયેલો, આર્તાયનિ અભિમન્યુ સામે આવ્યો.

तेषां च प्रियमान्विच्छन् सूतस्य च पराभवं ॥
आर्तायनिरमित्रघ्नः क्रुद्धः सौभद्रमभ्ययात् ॥

इति श्रीमन् महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वण्यभिमन्युपराक्रमे गुर्जरभाषायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો. શલ્યનું અપયાન.

धृतराष्ट्र उवाच—बहूनि सुविचित्राणि द्वंद्वयुद्धानि संजय ।
त्वयोक्तानि निशम्याहं स्पृहयामि स चक्षुषां ॥१॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! અત્યંત વિચિત્ર પ્રકારનાં ઘણાંક દ્વંદ્વયુદ્ધ તેં કહ્યાં તે સાંભળી વળી હું, દેવાસુર સરખાં ચક્ષુવાળાને આશ્ચર્યકારક કૌરવ પાંડવના યુદ્ધને સાંભળવા ઇચ્છું છું કારણ કે, એ ઉત્તમ યુદ્ધ સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. સુભદ્રાપુત્ર અભિમન્યુનું અને આર્તાયનિનું યુદ્ધ તું મને કહે. સંજય કહે છે—રથમાંથી અભિમન્યુએ પોતાના સારથિને પાડવાથી ક્રોધાયમાન થયેલો શલ્ય, લોહમય ગદા લેઇ, સિંહનાદ કરી ઉત્તમ રથમાંથી નીચે ઉતર્યો. પ્રદીપ્ત કાળાગ્નિ સરખા તથા હાથમાં દંડ ગ્રહણ કરેલા, કાળ સરખા તેની સામે મોટી ગદા ગ્રહણ કરી વેગથી ભીમસેન આવ્યો. સુભદ્રાપુત્ર અભિમન્યુ પણ વજ્ર સરખી મોટી ગદા ગ્રહણ કરી 'સામે આવ, અહિં આવ' એ રીતે શલ્યને કહેવા લાગ્યો. યત્નથી

તેને વારી રાખી પ્રતાપવાન ભીમસેને સંગ્રામમાં શલ્ય સામે જઇ અચળ પર્વતની પેઠે ઉભો રહ્યો. મદ્રદેશનો અધિપતિ શલ્ય પણ મહા બળવાન ભીમસેનને જોઈ સિંહ જેમ હસ્તિ સામે જાય તેમ જલદી તેની સામે જઇ ઉભો. તે સમયે હજારો તુરી, ભેરી તથા શંખ શબ્દ સાથે મળેલા સિંહનાદ થવા લાગ્યા. તેમજ યુદ્ધ જોનાર પરસ્પર સામે દોડતા હજારો રાજાઓનો તથા કૌરવ પાંડવનો 'સાધુ, સાધુ,' એ રીતે શબ્દ થવા લાગ્યો. તેમ હે ભારત! સર્વ રાજાઓમાં મદ્રદેશના અધિપતિ શલ્ય વિના, બીજો ભીમસેનના વેગને સહન કરી શકે નહિ, તેમજ મહાત્મા મદ્રાધિપના ગદાવેગને પણ ભીમસેન વિના બીજો કોણ સહન કરી શકે? સુવર્ણમય વસ્ત્રથી બાંધેલી, મનુષ્યને હર્ષ કરનારી, મંડળાકારે વિચિત્ર પ્રકારના માર્ગમાં વિચરતા શલ્યની ભીમસેને વિંધેલી પ્રજ્વલિત વિજળી સરખી મોટી ગદા અત્યંત શોભતી હતી. મંડળાકાર થયેલી ગદારૂપી શીંગડાંવાળી પરસ્પર શબ્દ કરતા તે બેઉ બે બળદોની પેઠે મંડળાકારે વિચરતા હતા. એ રીતે મંડળાકાર માર્ગમાં વિચરવું તથા ગદા-વિહારમાં પુરૂષમાં સિંહરૂપ તે બેનું નિર્વિશેષ યુદ્ધ થયું હતું, જેમાં ભીમસેને હણેલી અગ્નિની જ્વાળા જેવી મહા ભયંકર શલ્યની મોટી ગદા તત્કાળ વિખરાઇ ગઇ. શત્રુએ હણેલી ભીમ-સેનની ગદા વર્ષાઋતુમાં સાયંકાળ સમયે ખદ્યોત નામના જંતુથી વિંટાયેલું વૃક્ષ જેમ શોભે તેમ શોભતી હતી.

હે ભારત! સંગ્રામમાં મદ્રદેશના અધિપતિએ નાંખેલી, વારંવાર અગ્નિ ઉત્પન્ન કરતી ગદા આકાશને શોભાવતી હતી. તેમજ ભીમસેને દ્વેષી ઉપર નાંખેલી તેની ગદા પણ પડતા મોટા ઉંબાડીયાની પેઠે સૈન્યને તપાવતી હતી. ગદા ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ તે બેઉની ઉત્તમ ગદા પરસ્પર મળી શ્વાસોચ્છ્વાસ કરતી બે નાગકન્યાની પેઠે અગ્નિને ઉત્પન્ન કરતી હતી. નખે કરી મોટા વ્યાઘ્ર, અને દાંતે કરી બે મોટા હાથી જેમ પરસ્પર હણે, તેમ શ્રેષ્ઠ ગદાથી પરસ્પર હણતા તે બેઉ સંગ્રામમાં વિચરતા હતા. ક્ષણ માત્રમાં ગદાના અગ્રભાગથી હણાયલા, રૂધિરથી વ્યાપ્ત અંગવાળા, બેઉ પુષ્પવાળા બે ખાખરાના વૃક્ષ સરખા દેખાતા હતા. તે વખતે પુરૂષમાં સિંહરૂપ તે બેઉ જણાનો પરસ્પર ગદા મારવાનો ઇન્દ્રના વજ્ર સરખો શબ્દ, સર્વ દિશાઓમાં સંભળાતો હતો. તેટલામાં મદ્રરાજાએ સવ્ય તથા દક્ષિણ બાજુથી હણેલો ભીમ-સેન, ભેદાતા પર્વતની પેઠે ચલાયમાન થયો નહિ, તેમજ ભીમસેનના ગદા વેગે હણાયેલો મહા બળવાન મદ્રાધિપતિ પણ ધૈર્યથી વજ્રે હણેલા પર્વતની પેઠે ઉભો રહ્યો. ઉંચી ગદા કરેલા મહા વેગવાન તે પરસ્પર સામે આવી મંડળાકારે અનેક તરેહથી વિચરતા હતા. વળી બે હસ્તિની પેઠે આઠ પગલાં પરસ્પર સામે આવી લોહદંડે કરી અન્યોન્યને મારવા લાગ્યા. ગદાના વેગથી અત્યંત હણાયેલા શૂરવીર તે બેઉ એક વખતે રણભૂમિમાં બે ઇન્દ્રધ્વજ પડે તેમ પડ્યા. તે વખતે હે મહારાજ! વારંવાર શ્વાસોચ્છ્વાસ કરતા વિહ્વળ થયેલા, ગદાએ કરી પીડિત, મુર્છાએ કરી વ્યાપ્ત, સર્પની પેઠે ચેષ્ટા કરતા શલ્યને જોઇ મહારથિ કૃતવર્મા તેની પાસે આવી તેને પોતાના રથમાં બેસાડી જલદી સંગ્રામમાંથી બહાર લઇ ગયો. અત્યંત મહાબાહુ વિહ્વળ થયેલો શૂરવીર ભીમસેન નિમિષ માત્રમાં મત્તની પેઠે પાછો ઉભા થઇ હાથમાં ગદા લઇ ધસ્યો. હે મારિષ! વિમુખ થયેલા, મદ્રાધિપતિને જોઇ હસ્તિ, પાયદળ, અશ્વ, તથા રથ સહિત તમારા પુત્ર કંપવા લાગ્યા. તે સમયે જયશાલી પાંડવોએ પીડવા માંડેલા ભયભીત તે તમારી તરફના વાયુએ ખસેરેલા મેઘની પેઠે દિશાઓમાં ભાગવા લાગ્યા. હે રાજન્!

એ રીતે પાંડવ તરફના મહારથિયો તમારા પુત્રોને જીતી સંગ્રામમાં પ્રદીપ્ત અગ્નિ સરખા શોભતા હતા. હર્ષ પામેલા, સિંહનાદ કરતા તથા મોટેથી શંખ વગાડતા તે, ભેરી, મૃદંગ તથા આનક નામનાં યુદ્ધવાદ્ય પણ વગાડવા લાગ્યા.

सिंहनादान् भृषं चक्रुः शंखान् दध्मुश्च हर्षिता।
भेरीश्च वादयामासुर्मृदंगांश्चानकैः सह ॥

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वणि शल्यापयाने गुर्जरभाषायां पंचदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો. દ્રોણાભિષેક (ચાલુ)

संजय उवाच—तद्बलं सुमहद्दिर्णं त्वदीयं प्रेक्ष्य वीर्यवान्।
दधारेको रणे राजन् वृषसेनास्त्रमायया ॥

સંજય કહે છે—હે રાજન્! તે સમયે અત્યંત વિદીર્ણ થતા તમારા સૈન્યને જોઇ પરાક્રમી એકલા વૃષસેને અસ્ત્ર બળે કરી તેને ધારણ કરી રાખ્યું, અને તે વૃષસેને સંગ્રામમાં મૂકેલાં બાણ, મનુષ્ય, અશ્વ, રથ, તથા હસ્તિઓને ભેદી દશે દિશાઓમાં વિચરતાં હતાં. હે મહારાજ! એ રીતે ગ્રીષ્મઋતુમાં સૂર્યનાં કિરણો નીકળે તેમ, તેનાં પ્રદીપ્ત હજારો મોટાં બાણ નીકળતાં હતાં. હે મહારાજ! તેથી પીડાયલા રથિઓ તથા ઘોડેસ્વાર, વાયુથી ભાગેલા વૃક્ષની પેઠે રણભૂમિમાં પડતા હતા. હે રાજન્! એ રીતે મહારથિ વૃષસેન અશ્વ, રથ તથા અગણિત હસ્તિ સમુદાયને સંગ્રામમાં પાડવા લાગ્યો. નિર્ભયની પેઠે સંગ્રામમાં વિચરતા તેને એકલાને જોઇ એકઠા મળેલા સર્વ રાજાઓએ ચોતરફથી તેને વીંટી લીધો. નકુળપુત્ર શતાનીક વૃષસેન સામે આવી, મર્મ ભેદનાર નારાચ નામનાં દશ બાણે કરી એને વીંધ્યો. કર્ણપુત્ર વૃષસેને પણ તેનું ધનુષ કાપી ધ્વજ કાપી નાંખ્યો. તે વખતે ભાઇના રક્ષણને ઇચ્છતા દ્રૌપદીના પાંચ પુત્રોએ ત્યાં આવી બાણના સમુદાયથી કર્ણપુત્ર વૃષસેનને ઢાંકી દીધો. તેને જોઇ સિંહનાદ કરતા તમારી તરફના અશ્વત્થામાદિક રથિઓએ ત્યાં આવી મેઘ જેમ પર્વતોને ઢાંકે તેમ નાના પ્રકારનાં બાણે કરી મહારથિ દ્રૌપદી પુત્રોને ઢાંકી દીધા. તે સમયે પુત્રના રક્ષણને ઇચ્છતા, ઉગામેલા આયુધવાળા પાંડવ, પંચાલ, કેકય, મત્સ્ય, તથા સૃંજયોએ તેમને વારી રાખ્યા. તે વખતે તમારી તરફનાઓ સાથે પાંડવોનું દેવદાનવ સરખું રૂંવાં ઉભાં કરનાર દારૂણ યુદ્ધ થયું. એ રીતે પરસ્પર અપરાધ કરેલા, પરસ્પર સામે જોતા, અત્યંત ક્રોધાયમાન થયેલા, શૂરવીર કૌરવ પાંડવો યુદ્ધ કરતા હતા. તે સમયે ઘણા તેજવાળા, યુદ્ધ કરવા ઇચ્છતા તેમનાં શરીર, ક્રોધને લીધે આકાશમાં ગરૂડ પાસે રહેલા સર્પ સરખાં દેખાતાં હતાં. રણોદ્દેશ પણ ભીમ, કર્ણ, કૃપ, દ્રોણ, અશ્વત્થામા, ધૃષ્ટદ્યુમ્ન, તથા સાત્યકિએ કરી ઉદય પામેલા કાળસૂર્ય સરખો શોભતો હતો. તે વખતે વળી પરસ્પર મારતા મહા બળવાનોનું દેવદાનવ સરખું મહા ભયંકર યુદ્ધ થયું. જેમાં વૃદ્ધિ પામેલા સમુદ્ર સરખા શબ્દવાળું યુધિષ્ઠિરનું સૈન્ય, ભાગે છે મહારથિયો જેમાંથી એવા તમારા સૈન્યને મારવા લાગ્યું. શત્રુઓએ અત્યંત પીડેલા તથા

ભંગાણ પાડેલા પોતાના સૈન્યને જોઇ ' હે શૂરવીરો ! હવે ઘણું થયું, સંગ્રામમાંથી પલાયન માં કરો, ' એમ કહી લાલ ઘોડાવાળા ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્ય, ચાર દાંતવાળા હસ્તિની પેઠે પાંડવના સૈન્યમાં પ્રવેશ કરી યુધિષ્ઠિર સામે દોડ્યા.

પોતા સામે આવતા તેમને જોઇ યુધિષ્ઠિરે કંકપત્ર બાંધેલા તીક્ષ્ણ બાણે કરી તેમને વીંધ્યા, દ્રોણ પણ તેમનું ધનુષ કાપી જલદી તેમની પાછળ દોડ્યા. તે સમયે પંચાલોનું યશ વધારનાર ચક્રરક્ષક કુમારે આવતા દ્રોણને, કિનારો જેમ સમુદ્રને રોકે તેમ રોકી રાખ્યા. કુમારે વારેલા બ્રાહ્મણ શ્રેષ્ઠ દ્રોણને જોઇ, પાંડવ સેનામાં સર્વ ' સાધુ સાધુ, ' એ રીતે ભાષણ કરતા સિંહનાદ કરવા લાગ્યા. તેટલામાં વળી અત્યંત ક્રોધે ભરાયેલા કુમારે, તે મહા સંગ્રામમાં વારંવાર સિંહની પેઠે શબ્દ કરતાં બાણે કરી દ્રોણાચાર્યને વક્ષઃસ્થળમાં વિંધ્યા. દ્રોણે પણ શૂરવીર, શ્રેષ્ઠ વ્રતવાળા, મંત્ર તથા અસ્ત્રમાં કુશળ, ચક્રરક્ષક કુમારને મર્દન કર્યો. એ રીતે બ્રાહ્મણમાં શ્રેષ્ઠ તે, સૈન્યના મધ્યમાં જઇ સર્વ દિશાઓમાં વિચરતાં તમારા સૈન્યનું રક્ષણ કરતા હતા. કુંતિપુત્ર યુધિષ્ઠિરને પ્રાપ્ત થવા સારૂ સંગ્રામમાં મુખ્ય યોદ્ધાઓ સામે દોડતા દ્રોણે, બારથી શિખંડિને, વીસથી ઉત્તમૌજાને, પાંચે કરી નકુળને, સાતથી સહદેવને બારવડે યુધિષ્ઠિરને, ત્રણ ત્રણે કરી દ્રૌપદીના પુત્રોને, પાંચે કરી સાત્યકિને, તથા દશ બાણેકરી મત્સ્યને વીંધી સંગ્રામમાં મુખ્ય યોદ્ધાઓને વિક્ષોભ પમાડ્યા. તે વખતે અત્યંત ક્રોધાયમાન થયેલા યુગંધરે વાયુથી વૃદ્ધિ પામેલા સમુદ્રની પેઠે ઘણા ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્યને વારી રાખ્યા. દ્રોણાચાર્યે પણ ગ્રંથિ વગરના બાણથી વિંધી ભલ્લ નામના બાણે કરી યુગંધરને રથમાં બેસવાના સ્થાન ઉપરથી પાડી નાંખ્યો. તેટલામાં વિરાટ, દ્રુપદ, કેકય સાત્યકિ, શિબિ, પાંચાલ્ય, વ્યાઘ્રદત્ત, તથા પરાક્રમી સિંહસેન એટલા યુધિષ્ઠિરના રક્ષણને ઇચ્છતા બીજા પણ ઘણાક યોદ્ધાઓએ ઘણાંક બાણ નાંખતાં તેનો માર્ગ વીંટી લીધો. હે રાજન્ ! વળી પંચાલનાં વ્યાઘ્રદત્તે તીક્ષ્ણ એવાં પચાસ બાણે કરી દ્રોણને વીંધ્યા. તેને જોઇ સર્વ મનુષ્ય ઉંચા સ્વરથી પોકારવા લાગ્યાં. સિંહસેન જલદી મહારથિ દ્રોણને વીંધી મહારથિઓને ત્રાસ પમાડી પ્રસન્નતાથી તત્કાળ હસવા લાગ્યો. તે સમયે બળવાન દ્રોણાચાર્યે નેત્ર ફાડી ધનુષની પ્રત્યંચા ખેંચી, મોટો મોજાનો શબ્દ કરી, તેની પાછળ દોડી, સિંહસેનનું કુંડળ સહિત મસ્તક તથા વ્યાઘ્રસેનનું પણ બે ભલ્લ નામનાં બાણે કરી કાયા ઉપરથી મસ્તક નીચે પાડી નાંખ્યું. પાંડવ તરફના તે મહારથિઓને બાણ સમુદાયથી વારી રાખી પોતે સર્વના અંત કરનાર મૃત્યુની પેઠે યુધિષ્ઠિરના રથની પાસે આવી ઉભા રહ્યા.

તે વખતે હે રાજન્ ! યુધિષ્ઠિરના સૈન્યમાં ' રાજા હણાયા, રાજા હણાયા, ' એ રીતે યોદ્ધાઓનો મોટો શબ્દ થવા લાગ્યો. અને દ્રોણના પરાક્રમને જોઇને પણ સૈનિકો કહેવા લાગ્યા કે, આજ દુર્યોધન રાજા જરૂર કૃતાર્થ થશે. કારણ આ મુહૂર્તમાં પાંડુપુત્ર યુધિષ્ઠિરને ગ્રહણ કરી હર્ષ પામેલા દ્રોણાચાર્ય, સંગ્રામમાં આપણા દુર્યોધન રાજા પાસે આવશે, એમાં સંશય નહિ. એ રીતે તમારી તરફના મહારથિઓ ભાષણ કરવા લાગ્યા. તેટલામાં મહારથિ કુંતિપુત્ર અર્જુન, રથના ગર્જને કરી રણભૂમિને શબ્દાયમાન કરતો વેગે કરી ત્યાં આવી, રૂધિરરૂપ ઉદકવાળી, રથરૂપ આવર્તયુકત, શૂરના અસ્થિ સમુદાયથી સંકીર્ણ, પ્રેતરૂપ તીરને અપહરણ કરનારી, બાણના ઓઘરૂપ છે મોટાં ફેન જેમાં, ભાલારૂપી મત્સ્યથી સંકુલ એવી નદીને વેગે કરી, તેને ઉતરી કૌરવોને નસાડી મોટા બાણના સમુદાયથી તમારી તરફનાઓને ઢાંકી

દેતો તથા મોહ પમાડતો હોય નહિ તેની પેઠે તત્કાળ દ્રોણ સૈન્ય સામે દોડયો. એ રીતે જલદી બાણ નાંખતા તથા હંમેશ બાણ સાંધતા યશસ્વી કુંતિપુત્ર અર્જુનનું કાંઈપણ છીદ્ર કોઇનાથી જોવામાં આવતું ન હતું. હે મહારાજ! એવી રીતે ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને બાણે કરી મોટો અંધકાર કર્યો, તેથી દિશાઓ, અંતરીક્ષ, તથા પૃથ્વી ઇત્યાદિ કંઇ-પણ દેખાતું ન હતું. તેટલામાં સૂર્યાસ્ત થવાથી અંધકારને લીધે શત્રુ, મિત્ર તથા કોઇપણ દેખાતું ન હતું. તેવા વખતને જોઇ દ્રોણ દુર્યોધનાદિકે પોતાના સૈન્યને યુદ્ધથી નિવૃત્ત થવાનો હુકમ આપ્યો. યુદ્ધથી નિવૃત્ત થયેલા તથા ત્રાસ પામેલા શત્રુઓને જાણી અર્જુને પોતાના સૈન્યનો પણ ધીરજથી અવહાર કર્યો; તે સમયે અત્યંત પ્રસન્ન થયેલા પાંડવ, સૃંજય, તથા પંચાલ મનોહર વાણીએ કરી ઋષિઓ જેમ સૂર્યની સ્તુતિ કરે તેમ અર્જુનની સ્તુતિ કરવા લાગ્યા. એ રીતે શત્રુને જીતી પ્રસન્ન થયેલા કેશવ સહિત અર્જુન સર્વ સૈન્યની પાછળ પોતાના તંબુ પ્રત્યે ગયા. ઈન્દ્રનીલમણિ, પદ્મરાગમણિ સુવર્ણ, હિરક, પ્રવાલ તથા મુખ્ય સ્ફટિકે કરી વિચિત્ર પ્રકારના રથમાં વિરાજમાન પાંડુપુત્ર, નક્ષત્રે કરી વિચિત્ર પ્રકારના આકાશમાં ચંદ્રમા શોભે તેમ શોભતા હતા.

मसारगल्वर्कसुवर्णरूपैर्वज्रप्रवालस्फटिकैश्च मुख्यैः ॥
चित्रे रथे पांडुसुतो बभासे नक्षत्रचित्रे वियतीव चंद्रः ।

इति श्री महाभारते द्रोणपर्वणि द्रोणाभिषेकपर्वाणि प्रथमदिवसावहारे गुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો. સંશસકવધપર્વ.

संजय उवाच—ते सेने शिबिरं गत्वा न्यविशेतां विशांपते ।
यथाभागं यथान्यायं यथागुल्मं च सर्वशः ॥ १ ॥

સંજય કહે છે—હે વિશાંપતે! એ રીતે તે બેઉ સેના, પોતપોતાના તંબુમાં જઇ ઘટતા વિભાગ પ્રમાણે પોતાની ટુકડીમાં રહી અને અત્યંત ખેદયુક્ત થયું છે ચિત્ત જેનું એવા દ્રોણાચાર્ય પણ લજ્જાથી દુર્યોધન સામે જોઇ, આવી રીતે કહેવા લાગ્યા, પૂર્વેજ મેં તને કહ્યું હતું કે જ્યાં સૂધી અર્જુન પાસે ઉભો હોય ત્યાં સૂધી યુધિષ્ઠિરને સંગ્રામમાં દેવતાઓ પણ ગ્રહણ કરવા સમર્થ થઇ શકે તેમ નથી. એ મારાં વચન તારે સત્ય જાણવાં. કારણ શ્રીકૃષ્ણ તથા અર્જુન કોઇથી જીતી શકાય એવા નથી, માટે તમે સર્વ મળી તેમની પાસેથી અર્જુનને જુદા પાડવાનો યત્ન કરો. હે રાજન્! કોઇ પણ ઉપાયે કરી તેમ જો થાય તો યુધિષ્ઠિર રાજા તારે વશ થાય માટે તેનો ઉપાય હું બતાવું તે સાંભળ. આપણી તરફનો કોઇ પણ યોદ્ધો, યુદ્ધ વાસ્તે સંગ્રામમાં તેને બોલાવી, બીજા સ્થાનકે લઇ જાય, તો તેને જીત્યા વગર કુંતિપુત્ર તે, કદી પણ પાછો નહિ વળે; એટલામાં તો હું, અર્જુન વગરના ધર્મરાજાને સેનાને ભેદી ધૃષ્ટદ્યુમ્ન જોતાં ગ્રહણ કરી લઇશ. પછી અર્જુને કરી હીન યુધિષ્ઠિર રાજા, સામે આવતા મને જોઇ જો સંગ્રામનો ત્યાગ ન કરે તો તેમને મેં ગ્રહણ કર્યાજ છે, એમ તારે

જાણવું. હે મહારાજ ! એ રીતે હું ગણ સહિત ધર્મરાજ યુધિષ્ઠિરને તારા વશમાં લેઈ આવું, એમાં સંશય નહિ. જો સંગ્રામમાં યુધિષ્ઠિર બે ઘડી પણ રહે ને જો ભાગે નહિ તો વિજયથી પણ તે વધારે સારૂં. સંજય કહે છે—હે રાજન્ ! દ્રોણનાં એવાં વચન સાંભળી ભાઇઓ સહિત ત્રિગર્તના અધિપતિએ આવી રીતે વચન કહ્યું કે, ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને અમારો હંમેશ તિરસ્કાર કર્યો છે અને અમો નિરપરાધી છતાં તેણે અમારૂં અનિષ્ટ કરેલું છે. તેથી એના કરેલા જુદા તિરસ્કાર અમે જ્યાં સંભારીએ છીએ ત્યાં ક્રોધાગ્નિએ બળેલા અમોને રાત્રિએ નિદ્રા પણ આવતી નથી. અસ્ત્રસંપન્ન તે અમારી નજર સામે આવશે એ ઘણું સારૂં થશે ને અમારે જે હૃદયમાં કરવાની ઇચ્છા છે તે કર્મ અમે કરીશું. તમારૂં જે રીતે પ્રિય થાય ને અમારો યશ વધે તે રીતે સંગ્રામમાંથી તેને બહાર લઇ આવી અમો મારશું. આજ કાં તો અર્જુન વગરની અને કાં તો ત્રિગર્ત વિનાની પૃથ્વી થાઓ. એ અમે સત્ય પ્રતિજ્ઞા કરીએ છીએ તે મિથ્યા નહિ થાય. એ રીતે સત્યરથ, સત્યવર્મા, સત્યવ્રત, સત્યેષુ, તથા સત્યકર્મા કહી, એકઠા મળેલા પાંચ ભાઇઓ દશ હજાર રથ સહિત સંગ્રામમાં સપથ ખાઇ તૈયાર થયા. માલવ તથા તુંડીકેર રાજાઓ પણ ત્રીસ હજાર રથ સુદ્ધાં શપથ લઇ તૈયાર થયા; તેમજ પુરૂષમાં સિંહરૂપ પ્રસ્થલાપુરીનો પતિ ત્રિગર્તાધિપતિ સુશર્મા પણ માવેલ્લક, લલિત્થ તથા મદ્રકોને સાથે લઇ દશ હજાર રથ તથા ભાઇઓ સહિત નીકળ્યો. તેમ અનેક દેશના દશ હજાર બીજા પણ શ્રેષ્ઠ રથિઓ શપથ ખાવા નીકળ્યા. પછી તે સર્વ અગ્નિની પૂજા કરી, તેમાં જુદા જુદા હોમ કરી, કુશનાં ચીર તથા વિચિત્ર પ્રકારનાં કવચ ગ્રહણ કરી, ધૃતાક્ત શરીરવાળા, ઘણી દક્ષિણા આપનાર, પ્રત્યંચારૂપ મેખળાવાળા, યજન કરનાર, પુત્રવાન, કૃત્ય કરેલા સંગ્રામમાં શરીરનો ત્યાગ કરનાર, યશ તથા વિજયને ઇચ્છનારા, બ્રહ્મચર્ય તથા વેદાધ્યયન છે મુખ્ય જેમાં એવા કર્મે કરી તથા ઘણી દક્ષિણાવાળા યજ્ઞે કરી પ્રાપ્ય એવા લોકને યુદ્ધે કરી પામવાને ઇચ્છતા તે, બ્રાહ્મણોને તૃપ્ત કરી તેમને સુવર્ણ, ગાયો તથા વસ્ત્રોનાં દાન આપી અગ્નિ પ્રજ્વલિત કરી તેની સમીપ સર્વ પ્રાણી સાંભળે તે રીતે મોટેથી પોકારી આવી રીતે અર્જુન વધ વિષે દૃઢ પ્રતિજ્ઞા કરવા લાગ્યા કે, વ્રત ન કરનાર, બ્રહ્મહત્યારા, મદિરા પાન કરનાર, ગુરૂ સ્ત્રી વિષે આસક્ત, બ્રહ્મત્વ હરણ કરનાર, રાજાન્હ લેનાર, શરણાગતનો ત્યાગ કરનાર, યાચના કરનારને હણનાર, પારકા ઘરમાં અગ્નિ મુકનાર, ગાયને હણનાર, પારકાનો તિરસ્કાર કરનાર, બ્રાહ્મણ તથા વેદના દ્વેષી, ઋતુકાળ વિષે પોતાની સ્ત્રી સાથે મોહથી ન ગમન કરનાર, શ્રાદ્ધને દિવસે મૈથુન કરનાર, પોતાની જાતિ છુપાવનાર, સંન્યાસી તથા વૈરાગી પાસેથી વેરો લેનાર, મોઢેથી પ્રતિજ્ઞા કરી તે કામ ન કરનાર, નપુંસક સાથે યુદ્ધ કરનાર, નીચને અનુસરનાર, પરલોકને ન માનનાર, અગ્નિ તથા માતા પિતાનો ત્યાગ કરનાર, તથા નિરંતર પાપ કરનારાઓને જે લોક મળે છે તે લોકને, અર્જુનને સંગ્રામમાં માર્યા વગર પાછા વળીએ, વા તેણે પીડિત કરેલા તેના ત્રાસને લીધે સંગ્રામથી વિમુખ થઇએ તોપણ અમે પામીએ અને સંગ્રામમાં કોઇથી ન બને એવું કર્મ કરીએ તો ઇચ્છિત લોકને પ્રાપ્ત થઇએ એમાં સંશય નહિ, એમ કહી શૂરવીર અર્જુનને યુદ્ધમાં બોલાવતાં રણમાં તેઓ સામ સામે આવ્યા, એટલે તેમને જોઇ શત્રુને જીતનાર અર્જુને ધર્મરાજને આવી રીતે વચન કહ્યું કે, હે રાજન્ ! આ સંશપ્તકગણ તથા ભાઇઓ સહિત સુશર્મા મહા સંગ્રામમાં મને બોલાવે છે, તેમ મારૂં એવું વ્રત છે કે સંગ્રામમાં કોઇપણ મને બોલાવે તો હું પાછો ન વળું માટે ગણ સહિત સુશર્માના વધની મને આજ્ઞા આપવા યોગ્ય છો. હે પુરૂષર્ષભ ! સંગ્રામમાં પારકા

બોલાવે તે હું સહન કરી શકું નહિ, માટે પ્રતિજ્ઞા કરી હું સત્ય કહું છું કે, સંગ્રામમાં શત્રુઓ હણાયા છે એમ તમે જાણો. અર્જુનનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે તાત! હે મહારથિ! દ્રોણે જેમને ગ્રહણ કરવા વિષે પ્રતિજ્ઞા કરી છે તે તું યથાર્થ જાણે છે. તેમ તે, બળવાન, શૂરવીર અસ્ત્ર શીખેલા તથા કરેલો છે શ્રમ જેણે એવા છે વાસ્તે તેનું ઇચ્છિત જે રીતે અસત્ય થાય તે રીતે તું કર. મોટા ભાઇનાં વચન સાંભળી વળી અર્જુને કહ્યું કે, હે રાજન્! આ સત્યજિત, યુદ્ધમાં આજ તમારી રક્ષા કરશે. આચાર્યનો મનોરથ પૂર્ણ નહિ થાય, અને જ્યારે પુરૂષમાં સિંહરૂપ તે જ હણાશે ત્યારે એકઠા મળેલા સર્વ યોદ્ધાઓ કોઈ રીતે ઉભા રહી નહિ શકે. અર્જુનનાં વચન સાંભળી પ્રસન્ન થયેલા ધર્મ રાજાએ સ્નેહથી આશીર્વાદ આપી જવાની આજ્ઞા આપી એટલે બળવાન અર્જુન, એમને મૂકી ભૂખ્યો સિંહ જેમ પોતાની ભૂખ ટાળવા સારૂ મૃગના ગણ પ્રત્યે જાય તેમ ત્રિગર્ત સામે જવા લાગ્યો. તે સમયે અત્યંત હર્ષિત થયેલું દુર્યોધનનું સૈન્ય, અર્જુન વગરના ધર્મરાજને નિગ્રહ કરવા સારૂ અત્યંત ક્રોધાવિષ્ટ થયું. તે વખતે તે બેઉ સેના બળથી વર્ષાઋતુમાં વૃદ્ધિ પામેલા જળવાળી ગંગા તથા સરયૂ જેમ વેગે કરી પરસ્પર સામે આવે તેમ અન્યોન્ય સામે આવવા લાગી.

ततोऽन्योन्येन ते सैन्ये समाजग्मतुरोजसा ।
गंगासरय्वौ वेगेन प्रावृषीवोल्बणोदके ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि धनंजययाने गुर्जरभाषायां सप्तदशोऽध्यायः॥ १७॥

અધ્યાય ૧૮ મો. સુધન્વા વધ.

संजय उवाच—ततः संशप्तका राजन् स मे देशे व्यवस्थिताः ।
व्यूह्यानीकं रथैरेव चंद्राकारं मुदायुताः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્! તેટલામાં રથે કરી સૈન્યનો ચંદ્રાકાર વ્યૂહ કરી હર્ષિત થઇ સમાન દેશમાં ઉભેલા સંશપ્તક સામે આવતા અર્જુનને જોઇ પુરૂષમાં સિંહરૂપ તે મોટેથી શબ્દ કરવા લાગ્યા. જે શબ્દ સર્વ દિશા વિદિશા તથા આકાશને વિંટાઇ ગયો. તેનો પ્રતિધ્વનિ ન થયો. એ રીતે અત્યંત પ્રસન્ન થઇ ઉભેલા તેમને જોઇ કંઇક હાસ્ય કરી અર્જુને શ્રીકૃષ્ણને આવી રીતે કહ્યું કે, હે દેવકીપુત્ર! આજ સંગ્રામમાં મરવાને ઇચ્છતા એવા માટે અત્યંત પ્રસન્ન થતા આ ત્રૈગર્ત ભાઇઓને જુવો, વા જરૂર ત્રૈગર્તોને આ હર્ષનો સમય પ્રાપ્ત થયો છે કારણ કુત્સિત પુરૂષો દુઃખે કરીને પણ જે લોકને પામે નહિ એવા ઉત્તમ લોકને તેઓ પામશે. એ રીતે મહાબાહુ અર્જુને ઋષિકેશ ભગવાનને કહી વ્યૂહ રચનાથી ઉભેલા ત્રિગર્તોની સેના પાસે જઇ શબ્દે કરી દિશાઓને પૂરતાં મોટા વેગેકરી સુવર્ણથી શોભિતો દેવદત્ત નામનો શંખ વગાડ્યો. તેના શબ્દથી ત્રાસ પામેલી સંશપ્તકની સેના, કાળમીંઢ પાષાણની સેના સરખી ચેષ્ટા રહિત થઇ સંગ્રામમાં ઉભી રહી. સ્તબ્ધ થઇ ગયા છે કાન, ગ્રીવા તથા ચરણ જેમનાં એવા નેત્ર ફાડેલાં તેમનાં વાહન પણ મૂત્ર તથા રૂધિર સ્ત્રવવા લાગ્યાં. પાછી સંજ્ઞા પામી

સેનાને સારી રીતે ઉભી રાખી તેમણે એક વખતે ગૃધ્રનાં પિંછ બાંધેલાં બાણ અર્જુન ઉપર નાંખ્યાં; તે આવતાં હજારો બાણને પરાક્રમી અર્જુને આવ્યાથી અગાઉ પંદર બાણે કરી જલદી કાપી નાખ્યાં. વળી ત્રિગર્તના યોદ્ધાઓએ દશ દશ બાણે કરી અર્જુનને વીંધ્યા, અને તેણે પણ ત્રણ ત્રણ બાણે કરી તેમને વીંધ્યા. હે રાજન્! વળી તે એક એક યોદ્ધાએ પાંચ પાંચ બાણે કરી અર્જુનને વીંધ્યો. તેમજ પરાક્રમી તેણે પણ બે બે બાણે કરી તેમને વીંધ્યા. વળી અત્યંત ક્રોધાયમાન થયેલા ત્રિગર્તોએ મેઘ જેમ વૃષ્ટિએ કરી તળાવને ઉભરાવી દે તેમ તીક્ષ્ણ બાણે કરી કેશવ સહિત અર્જુનને ઢાંકી દીધા. વળી ત્રિગર્ત તરફથી હજારો બાણ, વનમાં પ્રફુલ્લિત થયેલા વૃક્ષ ઉપર જેમ ભ્રમરના સમુદાય આવે તેમ અર્જુન ઉપર આવવા લાગ્યાં. તે વખતે સુબાહુએ પર્વત સરખાં કઠોર ત્રીસ બાણે કરી અર્જુનનો મુગટ પાડી નાંખ્યો. મુગટ પડવાથી સુવર્ણના પુંખવાળાં તીક્ષ્ણ બાણે કરી સુવર્ણમય શિરોભૂષણવાળો અર્જુન, ઉદય પામેલા સૂર્ય સ શોભતો હતો. તેમણે પણ ભલ્લ નામના બાણે કરી સુબાહુના હસ્તભૂષણને કાપી તેની ઉપર બાણનો વર્ષાદ કર્યો. તેટલામાં સુશર્મા, સુરથ, સુધર્મા, સુધનુ તથા સુબાહુએ અર્જુન ઉપર દશ દથ બાણ નાંખ્યાં. બાણોને વાનરધ્વજ અર્જુને જુદાં જુદાં ભલ્લ નામનાં બાણથી કાપી, એમના ધ્વજને પણ વીંધ્યા અને સુધન્વાનું તો ધનુષ કાપી ઘોડાઓને મારી સંગ્રામમાં પહેરવાની ટોપી સહિત એનું મસ્તક કાયા ઉપરથી નીચે પાડી નાખ્યું. શૂરવીર હણાયો તેને જોઇ તેની પાછળ ચાલનારા ભયભિત થઇ જ્યાં દુર્યોધનનું સૈન્ય હતું ત્યાં ભાગી ગયા. તે સમયે અત્યંત ક્રોધાયમાન થયેલા ઇન્દ્રપુત્ર અર્જુને, અવિચ્છિન્ન બાણ સમુદાયથી સૂર્ય જેમ કિરણોએ કરી અંધકારનો નાશ કરે તેમ તે મોટી સેનાનો નાશ કરવા માંડયો. એ રીતે સૈન્યમાં ભંગાણ પડ્યું. અને ચોતરફ ભાગવા લાગ્યું. અર્જુન અત્યંત ક્રોધાયમાન થયા, તેને જોઇ ત્રિગર્તોને ભય પ્રાપ્ત થયો. તે સમયે ગ્રંથિ વગરના બાણે કરી અર્જુને મારવા માંડેલા તે, ત્રાસ પામેલા મૃગગણની પેઠે તે તે ઠેકાણે મોહ પામવા લાગ્યા. તે વખતે ક્રોધ પામેલા ત્રિગર્ત રાજાએ મહારથિઓને કહ્યું કે, હે શૂરવીરો! ભાગવાથી હવે ઘણું થયું. આ વખતે તમો ભય પામવા લાયક નથી, તેમ સર્ત્ર સૈન્ય જોતાં તમોએ ભયંકર શપથ ખાધેલા છે માટે દુર્યોધનના સૈન્યમાં જઇ શું બોલશો? આ કર્મથી લોકમાં, એકઠા મળેલા આપણે હાસ્ય કરવા લાયક કેમ ન થઇએ? માટે વિચાર કરી પાછા વળી બળ પ્રમાણે પરાક્રમ દેખાડો. હે રાજન્! એવાં તેનાં વચન સાંભળી વારંવાર મોટેથી શબ્દ કરતા શૂરવીર પરસ્પર હર્ષ પામતા શંખ વગાડવા લાગ્યા. તે સંશપ્તકગણ, નારાયણ તથા ગોપાળ નામના ગણ, મૃત્યુનો ભય મકી પાછા આવ્યા.

ततस्ते संन्यवर्तंत संशप्तकगणाः पुनः
नारायणाश्च गोपाला मृत्युं कृत्वाऽनिवर्तनं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि सुधन्वावधे गुर्जरभाषायामष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો. અર્જુન ને સંશસક.

संजय उवाच—दृष्ट्वा तु संनिवृत्तांस्तान् संशप्तकगणान् पुनः ।
वासुदेवमहात्मानमर्जुनः समभाषत ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ફરી પાછા આવેલા સંશપ્તગણુને જોઇ અર્જુને મહાત્મા વાસુદેવ ભગવાનને કહ્યું કે, હે ઋષિકેશ! આ સંશપ્તકગણુ તરફ ઘોડાઓને હાંકો, કારણુ જીવતા સુધી એ સંગ્રામનો ત્યાગ નહિ કરે એવી મારી મતિ છે. મારા ભયંકર અસ્ત્રબળ, બાહુબળ તથા ધનુષબળને જુવો. આજજ હું, ક્રોધાયમાન થયેલા રૂદ્ર જેમ પશુને હણે તેમ એમને હણીશ. અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણુ ભગવાન હાસ્ય કરી ‘ તારૂં કલ્યાણુ થાઓ, તારૂં કલ્યાણુ થાઓ ’ એ રીતે તેને આશિષ આપી કોઇથી સહન થાય નહિ એવા અર્જુને, જે જે સ્થાનકે જવાની ઇચ્છા કરી તે તે ઠેકાણે પોતે રથ લેઈ જવા લાગ્યા. સંગ્રામમાં ઉદ્યુક્ત થયેલો શ્વેત અશ્વોએ વહન કરાતો રથ આકાશમાં વિમાન શોભે તેમ ફરતો શોભતો હતો. હે રાજન્! પૂર્વે દેવાસુર યુદ્ધમાં ઇન્દ્રનો રથ જેમ ફરતો હતો તેમ આ રથ, આગળ જવું, પાછું ફરવું, ઇત્યાદિ મંડળાકાર ક્રિયા કરતો ફરતો તેટલામાં વિવિધ પ્રકારનાં આયુદ્ધ છે હાથમાં જેમના એવા ક્રોધાયમાન થયેલા નારાયણુ યોદ્ધાઓએ, ચોતરફથી અર્જુનને વીંટી, બાણુ સમુદાયે કરી બે ઘડીમાં કૃષ્ણુ સહિત તેને ઢાંકી દીધો. ક્રોધાયમાન થયેલા, બમણું કર્યું છે પરાક્રમ જેણે એવા અર્જુને, ક્રોધસૂચક ભ્રકુટિ ચઢાવી જલદી ગાંડીવ ધનુષ ખેંચી દેવદત્ત નામનો પોતાનો મોટો શંખ વગાડી શત્રુ સમુદાયને હણુનાર ત્વષ્ટાનું અસ્ત્ર નાંખ્યું. જુદાં જુદાં હજારો રૂપ તેથી ઉત્પન્ન થયાં. પોતાના પ્રતિબિંબ રૂપને, નાના પ્રકારનાં રૂપે કરી મોહ પામેલા અને અત્યંત મૂઢ થયેલા તે, પરસ્પર અર્જુન જાણી એક બીજાઓને “ આ અર્જુન, આ ગોવિંદ, આ પાંડવ, અને આ યાદવ, ” એમ ભાષણુ કરતા સંગ્રામમાં મારવા લાગ્યા. પરમાસ્ત્રેકરી મોહ પામેલા તે ક્ષય પામવા માંડયા, તે વખતે યોદ્ધાઓ પુષ્પવાળા ખાખરાના વૃક્ષ સરખા સંગ્રામમાં શોભતા હતા. અર્જુને મૂકેલા તે અસ્ત્રે, તેમણે નાખેલાં હજારો બાણુને બાળી શૂરવીરોને યમપુરીમાં મોકલી દીધા. તે સમયે અર્જુન અત્યંત હાસ્ય કરી લલિત્થ, માલવ, માવેલ્લક તથા ત્રિગર્તના યોદ્ધાઓને બાણેકરી પીડવા લાગ્યો. અર્જુને મારવા માંડેલા કાળે પ્રેરેલા તે ક્ષત્રિયો નાના પ્રકારના બાણુ સમુદાય અર્જુન ઉપર નાંખવા લાગ્યા. ભયંકર બાણુવૃષ્ટિથી વીંટાવાને લીધે ધ્વજ, અર્જુન, રથ તથા કેશવ ભગવાન પણુ દેખાતા ન હતા. એ રીતે બાણુના લક્ષરૂપ શ્રીકૃષ્ણુ તથા અર્જુન ન દેખાવાથી કૃષ્ણુ તથા અર્જુન હણાયા ” એ રીતે મોટેથી પોકાર કરતા તે હર્ષથી વસ્ત્ર હલાવવા લાગ્યા. હે મારિષ! હજારો શૂરવીર, ભેરી, મૃદંગ, તથા શંખનાદ સાથે ઉગ્ર સિંહનાદ કરવા લાગ્યા. તે સમયે ધર્મથી અત્યંત ખેદ પામેલા શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે, હે પાર્થ! હે શત્રુઘ્ન! તું ક્યાં છે. હું તને જોતો નથી, શું તું જીવે છે? શ્રીકૃષ્ણુનું ભાષણ સાંભળી ઉતાવળા થયેલા અર્જુને વાયવ્યાસ્ત્રે કરી શત્રુની વૃષ્ટિનો નાશ કર્યો; તેટલામાં વાયવ્યાસ્ત્રમાંથી નીકળેલો સમર્થ વાયુ, સુકા પાંદડાના સમુદાયની પેઠે અશ્વ, હસ્તિ, રથ તથા આયુધ સહિત સંશપ્તકગણુને વહન કરવા લાગ્યો. વાયુએ વહન કરેલા તે, વૃક્ષમાંથી વખતસર ઉડવાનો આરંભ કરતાં પક્ષિયો શોભે તેમ શોભતા હતા. તે રીતે ઉતાવળા થયેલા

અર્જુન તેમને વ્યાકુળ કરી તીક્ષ્ણ બાણથી હજારોને મારતાં વળી ભલ્લ નામના બાણવડે કેટલાક યોદ્ધાઓનાં મસ્તક, આયુધ સહિત હસ્તિની શુંઢ સરખા બાહુ તથા સાથળોને પણ પૃથ્વીપર પાડતા હતા. વાંસામાં વાગેલા, ચરણ વગરના બાહુ, પાર્શ્વ તથા ઇક્ષણ વિષે આકુળ, નાના પ્રકારના અવયવ તથા અંગે કરી હીન એવા કેટલાક શત્રુને માર્યા. વળી જેણે વિધિએ કરી રચેલા ગંધર્વનગર સરખા રથોના, બાણવડે કડકા કરી શત્રુઓને અશ્વ, રથ તથા હસ્તિ રહિત કર્યા. કોઇ કોઇ ઠેકાણે તેણે ભાગેલા કેટલાક શૂન્ય રથો પાંદડા વગરના તાલ વનની પેઠે શોભતા હતા. તેમજ કેટલાક તેણે હણેલા માવત, પતાકા, અંકુશ તથા ધ્વજ સહિત હસ્તિઓ ઇંદ્રના વજ્રે હણેલા દ્રુમવાળા પર્વતની પેઠે નીચે પડતા હતા. ચમરી છે શિરોભૂષણ જેમને એવા કવચ પહેરેલા, ત્રાસ પામેલા નેત્રવાળા, અર્જુનના બાણથી હણાયેલા સવાર સહિત ઘોડાઓ પણ પૃથ્વીપર પડતા હતા, તેમજ તેના બાણથી કપાઇ ગયેલાં શસ્ત્ર તથા કવચવાળાં કૃપણ પાયદળ પણ રણભૂમિમાં શયન કરતાં હતાં. એ રીતે તેણે હણેલા, હણવા માંડેલા, પડતા, ભમતા તથા શબ્દ કરતા પ્રાણિઓએ કરી ભયંકર રણસ્થાન શોભતું હતું. અત્યંત ઉડતી ધરણીની રજ પણ રૂધિરની વૃષ્ટિએ કરી શાંત થઇ ગઇ, ને હજારો મસ્તક વગરના શરીરે કરી સંકુલ રણભૂમિ પણ દુઃખે કરી જઇ શકાય નહિ એવી થઇ ગઇ. વખતસર પશુને હણતા રૂદ્રની ક્રીડા સરખું ભયંકર અર્જુનનું યુદ્ધ સંગ્રામમાં શોભતું હતું. અર્જુને મારવા માંડેલા તેથી વ્યાકુળ છે અશ્વ, રથ તથા હસ્તિ જેમના એવા ક્ષીણ થયેલા તથા ઇન્દ્રના અતિથિપણાને પ્રાપ્ત થયેલા તે, સન્મુખ ઉભા રહેતા હતા. હે ભરતશ્રેષ્ઠ ! હણાએલા પ્રેત થયેલા તે મહારથિઓએ કરી આસ્તિર્ણ રણભૂમિ ચોતરફથી અત્યંત શોભતી હતી. એ રીતે અર્જુન પ્રમત્ત થયા એ છિદ્ર જોઇ સૈન્યનો વ્યૂહ રચનાર દ્રોણાચાર્ય યુધિષ્ઠિર સામે દોડયા. તેમને જોઇ યુધિષ્ઠિરના રક્ષણને ઇચ્છતા વ્યૂહ રચનાથી ઉભેલા પ્રહાર કરનાર યોદ્ધાઓ જલદી તેમની સામે આવ્યા, તે સમયે મોટું યુદ્ધ થયું.

तं प्रत्यगृह्णंस्त्वरिता व्यूढानीकाः प्रहारिणः ॥
युधिष्ठिरं परीप्संतस्ततदासीत्तुमुलं महत् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वण्यर्जुनसंशप्तकयुद्धे गुर्जरभाषायामुनविंशोऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો. અર્જુનનું મહાયુદ્ધ.

संजय उवाच—परिणाम्य निशां तां तु भारद्वाजो महारथः ॥
उक्त्वा सुबहुराजेंद्र वचनं वै सुयोधनं ॥

સંજય કહે છે—હે રાજેન્દ્ર ! મહારથિ દ્રોણાચાર્ય, તે રાત્રિ જવા દઇ ઘણાંક વચન દુર્યોધનને કહી સંશપ્તકગણ સાથે અર્જુનનો યોગ કરી સંશપ્તક વધ પ્રત્યે નીકળ્યા. હે ભરતશ્રેષ્ઠ ! વ્યૂહ રચના કરેલા દ્રોણાચાર્ય પાંડવોની મોટી સેના પ્રત્યે ધર્મરાજને ગ્રહણ કરવાની ઇચ્છા સારૂ ગયા. દ્રોણાચાર્યે કરેલા તે સુપર્ણ નામના વ્યૂહને જોઇ યુધિષ્ઠિરે પોતાના સૈન્યનો

મંડળાર્ધ નામનો વ્યૂહ રચ્યો. હે ધૃતરાષ્ટ્ર! તમારી તરફના સુપર્ણ વ્યૂહનું મહારથિ દ્રોણાચાર્ય મુખ, પાછળ ચાલનાર તથા ભાઇઓથી વિંટાયલા દુર્યોધન રાજા મસ્તક, કૃતવર્મા તથા બાણુ ફેંકનારમાં શ્રેષ્ઠ કૃપાચાર્ય એ નેત્ર, ભૂતશર્મા, ક્ષેમશર્મા, પરાક્રમી કરકાક્ષ, કલિંગ, સિંહલ, પ્રાચ્ય, શૂરવીર આભીર, દાશેરક, શક, યવન, કાંબોજ, હંસપથ, શૂરસેન, દરદ, મદ્ર તથા કેકય, ગજ, અશ્વ, રથ તથા પાયદળના ઓઘ સહિત કવચ પહેરેલા એટલા ગ્રીવા, ભૂરિશ્રવા, શલ્ય, સોમદત્ત, તથા બાહ્લિક, એટલા સેનાથી વિંટાયલા શૂરવીર દક્ષિણ પાર્શ્વનો આશ્રય કરી રહ્યા. તેમજ અવંતિના વિંદ તથા અનુવિંદ તથા કાંબોજ દેશનો સુદક્ષિણ એટલા વામ પાર્શ્વનો આશ્રય કરી દ્રોણપુત્રની આગળ રહ્યા હતા. કલિંગ, અંબષ્ટ, માગધ, પૌંડ્ર, મદ્રક, ગાંધાર, શકુન, પ્રાચ્ય, પાર્વતીય, તથા વસાતયો પૃષ્ઠ ભાગ વિષે રહ્યા હતા. અનેક દેશમાંથી આવેલી સેના તથા પુત્ર, જ્ઞાતિ બાંધવ સહિત સૂર્યપુત્ર કર્ણ પુંચ્છ વિષે રહ્યો હતો. જયદ્રથ, ભીમરથ, સંપાતિ, ઋષભ, ભય, ભૂમિજય, વૃષક્રાથ તથા મહા બળવાન નૈષધ, બ્રહ્મલોકમાં જનાર યુદ્ધમાં ચતુર મોટા સૈન્ય સહિત એટલા વ્યૂહના વક્ષઃસ્થલ વિષે રહ્યા હતા. હે રાજન્! એ રીતે પાયદળ, અશ્વ, તથા હસ્તિએ કરી દ્રોણે રચેલો વ્યૂહ વાયુએ વૃદ્ધિ પમાડવાથી નૃત્ય કરતા સમુદ્ર સરખો દેખાતો હતો. તેના પક્ષ તથા પ્રપક્ષમાંથી જેમ વર્ષાઋતુમાં સર્વ દિશાઓમાંથી વિજળી તથા કડાકા સહિત મેઘ નીકળે તેમ યોદ્ધાઓ નીકળતા હતા. તેના મધ્યમાં સજ્જ થયેલા હસ્તિ ઉપર વિરાજમાન ભગદત્ત, ઉદય વખતે જેવો સૂર્ય શોભે તેમ શોભતા હતા, અને તેના મસ્તક પર રહેલું પુષ્પમાળાની ઝાલરવાળું શ્વેત છત્ર શરદૃઋતુના પૂર્ણચંદ્ર સમ શોભતું હતું. નીલ અંજનના પર્વત સરખો મદાંધ તેનો હસ્તિ પણ અત્યંત વર્ષાદ જેની ઉપર પડે છે એવો, મોટો પર્વત શોભે તેમ શોભતો હતો. હસ્તિ ઉપર બેઠેલો તે, વિવિધ પ્રકારનાં છે આયુધ તથા ભૂષણ જેમનાં એવા શૂરવીર અનેક રાજાઓથી તથા પાર્વતીય રાજાઓથી દેવગણે કરી ઇન્દ્ર શોભે તેમ શોભતો હતો. મનુષ્યથી ન બની શકે તથા શત્રુથી જીતી શકાય નહિ એવા વ્યૂહને જોઇ યુધિષ્ઠિરે ધૃષ્ટદ્યુમ્નને આવી રીતે કહ્યું કે, 'હે પ્રભો! હે પારેવા સરખો છે વર્ણ જેનો એવા અશ્વવાળા! જે રીતે આજ હું બ્રાહ્મણને હાથ ન જાઉં તે રીતે કર. યુધિષ્ઠિરનાં વચન સાંભળી ધૃષ્ટદ્યુમ્ને કહ્યું કે, હે રૂડા વ્રતવાળા! દ્રોણ યત્ન કરશે તથાપિ તેમને હાથ તમો નહિ જાઓ. કારણ આજ પાછળ ચાલનાર સહિત દ્રોણને હું વારી રાખીશ. હે કૌરવ્ય! હું જીવતાં તમો ઉદ્વેગ કરવા યોગ્ય નથી. સંગ્રામમાં કોઇપણ રીતે દ્રોણ મને જીતવા સમર્થ થઇ શકે તેમ નથી. સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! એટલાં વચન કહી પારેવા સરખો છે વર્ણ જેનો એવા ઘોડાવાળો બળવાન દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન બાણ નાખતો પોતે દ્રોણ સામે દોડયો. અનિષ્ટ છે દર્શન જેનું એવા સામે આવેલા ધૃષ્ટદ્યુમ્નને જોઇ ક્ષણ માત્રમાં દ્રોણાચાર્ય, નથી પ્રસન્ન મન જેનું એવા થયા. દ્રોણાચાર્યને જોઇ શત્રુનો નાશ કરનાર તમારા દુર્મુખ નામના પુત્રે, દ્રોણનું પ્રિય કરવાની ઇચ્છા સારૂ ધૃષ્ટદ્યુમ્નને વારી રાખ્યો. તે વખતે શૂરવીર ધૃષ્ટદ્યુમ્ન તથા દુર્મુખનો પરસ્પર અત્યંત ભયંકર સંગ્રામ થયો. તે સમયે ધૃષ્ટદ્યુમ્ને બાણ સમુદાયથી દુર્મુખને ઢાંકી મોટા બાણ સમુદાયવડે દ્રોણને વારી રાખ્યા, તેણે વારેલા દ્રોણને જોઇ અતિ પ્રયત્નવાન તમારા પુત્રે અનેક તરેહના બાણ સમુદાયથી ધૃષ્ટદ્યુમ્નને મોહ પમાડયો. એ રીતે તે બેઉ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. તેટલામાં દ્રોણાચાર્ય બાણે કરી યુધિષ્ઠિરના સૈન્યને પીડવા લાગ્યા. વાયુએ કરી જેમ વાદળાં ચોતરફ જુદાં પડી જાય, તેમ કોઇ કોઇ ઠેકાણે યુધિષ્ઠિરનાં સૈન્ય જુદાં પડી ગયાં. હે રાજન! એ રીતે મુહૂર્ત માત્ર તો આનંદ-

કારક યુદ્ધ થયું અને પછી ઉન્મત્તની પેઠે મર્યાદા વગર યુદ્ધ ચાલવા લાગ્યું. પોતાના તથા પારકાના જાણવામાં આવે નહિ તેથી અનુમાન તથા સંજ્ઞાએ કરી યુદ્ધ થતું હતું. યોદ્ધાઓના મસ્તકમણિ, કંઠાભરણ, બીજાં ભૂષણ તથા કવચો વિષે રહેલાં સૂર્યના વર્ણ સરખાં કિરણો અત્યંત શોભતાં હતાં. તેમના મોટા પતાકાવાળા રથ, હસ્તિ તથા ઘોડાઓનું રૂપ જળ સહિત મેઘ જેવું બગલાઓને દીસતું હતું ને સંગ્રામમાં પાયદળ પાયદળોને, ઘોડેસ્વાર ઘોડેસ્વારોને, રથિ રથિઓને તથા હસ્તિ ઉપર બેસનાર, તે ઉપર બેસનારને મારતા હતા. ઉંચા છે માથે પતાકા જેમને એવા હસ્તિઓનું બીજા હસ્તિઓ સાથે ભયંકર યુદ્ધ થતું હતું. પરસ્પર અથડાતા તથા ખેંચતા તેમના પરસ્પર દાંતના ઘસાવાથી ધૂમ સહિત અગ્નિ ઉત્પન્ન થયો હતો. મોટી છે પતાકા જેની ઉપર એવા, દાંતથી ઉત્પન્ન થયેલા અગ્નિવાળા હસ્તિઓ આકાશમાં રહેલા વિદ્યુત્ સહિત મેઘ જેવા દીસતા હતા. પરસ્પર ફેંકતા, શબ્દ કરતા, તથા પડતા હસ્તિઓએ કરી વ્યાપ્ત રણભૂમિ શરદ્ ઋતુમાં મેઘના ઓઘથી આકાશ શોભે તેમ શોભતી હતી. બાણ, ભાલા તથા ખડ્ગે કરી ચોતરફથી હણેલા હસ્તિઓનો શબ્દ પ્રલય સમયના મેઘ જેવો ભયંકર થતો હતો. ભાલા તથા બાણે કરી હણાયલા કેટલાક હસ્તિઓ ત્રાસ પામતા, અને કેટલાક ભયંકર શબ્દ સાંભળીને નાસતા. બીજા હસ્તિઓએ દાંતે કરી હણેલા કેટલાક હસ્તિઓ ઉત્પાત સમયના મેઘની પેઠે ભયંકર શબ્દ કરતા હતા. શ્રેષ્ઠ હસ્તિઓએ પાછા વાળેલા કેટલાક હસ્તિઓ ઉત્તમ અંકુશથી ભયભીત થઇ પાછા આવતા હતા. મોટા મોટા લોકોએ ભાલા તથા બાણથી હણેલા મોટા માવત, મૂકાઇ ગયાં છે હાથમાંથી આયુધ તથા અંકુશ જેમનાં એવા થઇ પૃથ્વી ઉપર પડતા હતા. કેટલાક મનુષ્ય વગરના શબ્દ કરતા હસ્તિઓ છુટાં પડેલાં વાદળાંની પેઠે ચોતરફ પડતા હતા. હણાએલા, પડેલા તથા આયુધ વગરનાઓને વહન કરનાર એકાકી રહેવા ચાહતા કેટલાક મોટા હસ્તિઓ દિશાઓ તરફ જતા હતા. ભાલા, તરવાર તથા ફરશીથી મારેલા તથા મારવા માંડેલા કેટલાક હસ્તિઓ પીડિત સ્વર કરી સંગ્રામમાં પડતા હતા. પર્વત સરખી તેમની કાયાએ કરી હણાયલી પૃથ્વી મોટા શબ્દ સાથે કંપાયમાન થતી. પતાકા તથા માવત સહિત ચોતરફ પડતા હસ્તિઓએ કરી રણભૂમિ ચોતરફ પડેલા પર્વતે કરી શોભે તેમ શોભતી હતી. હસ્તિ ઉપર બેઠેલા, હૃદયવાળા, ભેદાયેલા, પડી ગયા છે હાથમાંથી અંકુશ તથા ભાલા જેમના એવા મોટા માવતોને, રથિઓ ભલ્લ નામના બાણથી નીચે પાડતા હતા. નારાચ નામના બાણથી હણાએલા કેટલાક હસ્તિઓ ક્રૌંચ પક્ષિની પેઠે શબ્દ ઉચરતા પોતાના તથા પારકાઓને મર્દન કરતા દશેય દિશાઓમાં દોડતા હતા. હે રાજન્! ગજ, અશ્વ, રથ, તથા યોદ્ધાઓના શરીર સમુદાયથી પૃથ્વી માંસ તથા રૂધિરના ગારાવાળી થઇ ગઇ હતી. દાંતના અગ્રભાગે કરી બીજા હસ્તિઓએ મારેલા હસ્તિઓ, મહારથિઓ, ચક્ર સહિત તથા ભાગેલા ચક્રવાળા રથો, રથિ વગરના કેટલાક રથ, સવાર વગરના અશ્વ તથા ભયથી આતુર માવત વગરના કેટલાક હસ્તિઓ પણ દિશાઓમાં દોડતા દેખાતા હતા. વળી યુદ્ધમાં પિતા પુત્રને અને પુત્ર પિતાને મારતા હતા, એવું નિર્મર્યાદ કંઈ જાણવામાં ન આવે એવું મોટું યુદ્ધ થતું હતું. દેદીપ્યમાન દાવાનળે કરી જેમ મોટાં વૃક્ષો ખેદ પામે તેમ ઘુંટી પર્યંત રૂધિરના કર્દમથી મનુષ્યો ખેદ પામતા હતા. ચોતરફથી રૂધિર ઉડવાને લીધે યોદ્ધાઓનાં વસ્ત્ર, કવચ, છત્ર તથા પતાકા પણ લાલ દેખાતાં હતાં. સંગ્રામમાં હય, રથ તથા મનુષ્ય સમુદાયને પાડી રથના પાટાથી અર્જુને મર્દન કર્યાં હતા. ગજના ઓઘરૂપી મોટા વેગવાળો, મરણ પામેલા મનુષ્યરૂપી છે શેવાળ તથા રથના ઓઘરૂપી ભયંકર

છે, આવર્ત જેમાં, એવો સૈન્યરૂપી સમુદ્ર શોભતો હતો. તે સૈન્યરૂપી સમુદ્રમાં જય તથા ધનને ઇચ્છતા યોદ્ધાઓ અવગાહન કરી ડૂબે છે તોપણ મોહ પામતા નથી. બાણનો વરસાદ કરનાર, સારા ચિન્હવાળા યોદ્ધાઓમાંથી ટળી ગયેલા ચિન્હવાળો કોઈ પણ મોહ પામતો ન હતો. તે રીતનું ઘોરરૂપ ભયંકર યુદ્ધ વર્તમાન થતાં દ્રોણાચાર્ય પારકાઓને મોહ પમાડી યુધિષ્ઠિર સામે દોડ્યા.

वर्तमाने तथा युद्धे घोररूपे भयंकरे ॥
मोहयित्वा परान्द्रोणो युधिष्ठिरमुपाद्रवत् ॥

इति श्रीमहाभारते द्रोणपर्वणि संशप्तकवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां विंशोऽध्यायः ॥ २० ॥

અધ્યાય ૨૧ મો. દ્રોણે ચલાવેલો સંગ્રામ.

संजय उवाच—ततो युधिष्ठिरो द्रोणं दृष्ट्वांतिकमुपागतं ।
महता शरवर्षेण प्रत्यगृह्णादभीतवत् ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે સમયે યુધિષ્ઠિર રાજા, સમીપ આવેલા દ્રોણાચાર્યને જોઇ ભય રહિતની પેઠે મોટા બાણનો વરસાદ કરવા લાગ્યા. એ રીતે હસ્તિઓમાં યૂથપતિને જેમ મોટો સિંહ ગ્રહણ કરવા ઇચ્છે છે તેમ દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને ગ્રહણ કરવાની ઇચ્છા કરી. તે વખતે યુધિષ્ઠિરના સૈન્યમાં 'હલહલા' શબ્દ થઇ રહ્યો. સત્ય પરાક્રમવાળો શૂરવીર સત્યજીત યુધિષ્ઠિર સમીપ આવેલા દ્રોણને જોઇ તેમના રક્ષણ વાસ્તે દ્રોણાચાર્ય સામે દોડ્યો. તે વખતે મહા બળવાન આચાર્ય તથા પાંચાલ્ય સૈન્યને ક્ષોભ પમાડતા ઇન્દ્ર તથા બલિરાજાની પેઠે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા, જેમાં મોટા ધનુષવાળા, સત્ય પરાક્રમવાળા સત્યજીતે પરમાસ્ત્ર દેખાડતાં તીક્ષ્ણ અગ્રભાગવાળા બાણે કરી દ્રોણાચાર્યને વિંધી એમના સારથી ઉપર સર્પવિષ તથા કાળ સરખાં બાણ નાખ્યાં, જેથી સારથી મોહ પામી ગયો. દશ બાણે કરી ઘોડાઓને વિંધી ક્રોધથી બીજાં દશ બાણે કરી પાર્ષ્ણિ સારથિને પણ વિંધી સેનાના મુખમાં વિચરતા તેણે મંડળાકારે ફરી દ્રોણનો ધ્વજ પણ કાપી નાંખ્યો. શત્રુને દમન કરનાર દ્રોણાચાર્યે સંગ્રામમાં તેનું ચરિત જોઇ, 'વખત પ્રમાણે આમ થયું,' એમ મનથી વિચારી મર્મ ભેદનાર તીક્ષ્ણ દશ બાણે કરી સત્યજીતને વિંધી એનું બાણ સહિત ધનુષ કાપી નાંખ્યું. હે રાજન્! પ્રતાપવાન તેણે જલદી બીજું ધનુષ ગ્રહણ કરી ગૃધ્રપિંછ બાંધેલાં ત્રીસ બાણેકરી દ્રોણને વિંધ્યા. તે સમયે સત્યજીતે જાણે ગળ્યા હોય નહિ એવા દ્રોણાચાર્યને જોઇ પાંચાલ્ય એવા વૃકે પણ તીક્ષ્ણ એવાં સો બાણેકરી દ્રોણને ઢાંકી દીધા. સંગ્રામમાં વૃકના બાણે કરી ઢંકાઇ ગયેલા મહારથિ દ્રોણને જોઇ પાંડવો મોટેથી શબ્દ કરતા વસ્ત્ર હલાવવા લાગ્યા. તેટલામાં હે રાજન્! વળી અત્યંત ક્રોધાયમાન થયેલા બળવાન વૃકે સાઠ બાણે કરી દ્રોણને સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યા. મહા વેગવાન તથા મહારથિ એવા દ્રોણે પણ ક્રોધથી નેત્ર ફાડી મોટા વેગથી બાણનો વરસાદ કરી, સત્યજીતનું ધનુષ કાપી બીજાં છ બાણેકરી સારથિ

તથા ઘોડાઓ સહિત વૃકને વિંધ્યો. સત્યજીતે અત્યંત વેગવાળું બીજું ધનુષ લેઇ બાણે કરી અશ્વ, સારથિ તથા ધ્વજ સહિત દ્રોણને વિંધ્યા. એ રીતે સંગ્રામમાં પાંચાલ્ય એવા સત્યજીતે પોતાને પીડિત કર્યા તે દ્રોણ સહન કરી શકયા નહિ. તેમણે તેના નાશ વાસ્તે હજારો બાણ તેના ઘોડા, ધ્વજ, ધનુષ, મુષ્ટિ, પાછળ ચાલનાર તથા સારથિ ઉપર નાંખ્યા અને વારંવાર એનાં ધનુષ પણ કાપવા માંડયાં. ક્રોધાયમાન થયેલા, પરમાસ્ત્ર જાણનાર પાંચાલ્ય સત્યજીતે પણ લાલ ઘોડાવાળા દ્રોણ સાથે યુદ્ધ કરવા માંડયું. એ રીતે મહા સંગ્રામમાં વૃદ્ધિ પામેલા સત્યજીતને જોઈ દ્રોણે અર્ધચંદ્રાકૃતિ બાણે કરી તે મહાત્માનું મસ્તક કાપી નાંખ્યું. પંચાલોમાં મુખ્ય તે મહારથિ હણાયો તે જોઇ દ્રોણથી ત્રાસ પામેલા યુધિષ્ઠિર, વેગવાન અશ્વે કરી પલાયન કરવા લાગ્યા.

તે વખતે પંચાલ, કેકય, મત્સ્ય, ચેદિ, કારૂષ તથા કોશલ, એટલા યોદ્ધાઓ દ્રોણને જોઇ યુધિષ્ઠિરના રક્ષણ વાસ્તે તેમની સામે દોડયા. યુધિષ્ઠિરને ગ્રહણ કરવા ઇચ્છતા શત્રુ સમુહના હણનાર આચાર્ય, અગ્નિ જેમ રૂના સમુદાયનો નાશ કરે તેમ તેના સૈન્યને નાશ કરવા લાગ્યા. વારંવાર તે સૈન્યને બાળતાં દ્રોણ સામે આવી, મત્સ્યના નાના ભાઇ શતાનીકે, કારીગરે સજેલા, સૂર્યનાં કિરણો સરખા છ બાણવડે સારથિ તથા અશ્વ સહિત દ્રોણને વિંધી, મોટો સિંહનાદ કરી ક્રૂર કર્મ કરવા તૈયાર થયેલા તથા દુષ્કરકર્મ કરવા ઇચ્છતા સેંકડો બાણે કરી મહારથિ દ્રોણાચાર્યને ઢાંકી દીધા. એ રીતે પરાક્રમ કરતા તથા સિંહનાદ કરતા કુંડળ સહિત તેનું મસ્તક દ્રોણાચાર્યે ક્ષુરપ્ર નામના બાણે કરીને કાયા ઉપરથી પાડી નાંખ્યું. તે જોઈ તેની સામે મત્સ્યો દોડયા. સામે આવતા તે, ચેદિ, કારષ, કેકય, પંચાલ, સૃંજય, તથા પાંડવોને વારંવાર જીતી અગ્નિ જેમ વનને બાળે તેમ ક્રોધથી સૈન્યને બાળતા સુવર્ણથી રથવાળા શૂરવીર સૃંજયો કંપવા લાગ્યા. તે વખતે ઉત્તમ ધનુષવાળા, જલદી બાણ ફેંકનાર, શત્રુને હણતા તેમની પ્રત્યંચાનો શબ્દ સર્વ દિશાઓમાં સંભળાતો હતો. બાણ નાંખવામાં ચતુર, નાંખેલા બાણ, હસ્તિ, અશ્વ, પાયદળ, રથિ, તથા હસ્તિ ઉપર બેસનારાઓને પણ મંથન કરતા હતા. વળી શબ્દ કરતો વાયુ સહિત મેઘ જેમ કરાને વર્ષાવે તેમ બાણના વરસાદે કરી શત્રુઓને તે ભય ઉત્પન્ન કરતા હતા. સૈન્યને ક્ષોભ પમાડતા હોય તેની પેઠે સર્વ દિશાઓમાં વિચરતા, બળવાન, શૂરવીર, મોટા ધનુષવાળા, મિત્રોને નિર્ભય કરનાર, ઘણા તેજવાળા દ્રોણાચાર્યના સુવર્ણથી શોભિતા ધનુષને મેઘ વિષે વિજળી દેખાય તેમ સર્વ દિશાઓમાં અમે તે વખતે જોતા હતા. હે ભારત! સંગ્રામના મધ્યમાં વિચરતા તેમના ધ્વજ વિષે હિમાલયના શિખર સરખી વેદિ અમો દેખતા હતા. એ રીતે સુર તથા અસુરોએ નમસ્કાર કરેલા વિષ્ણુ ભગવાન જેમ દૈત્યસૈન્યનો નાશ કરે તેમ દ્રોણાચાર્ય પાંડવસૈન્યનો નાશ કરતા હતા. સત્યવાણીવાળા, શૂરવીર, પ્રાજ્ઞ, બળવાન, સત્ય પરાક્રમવાળા મહાનુભાવ દ્રોણે, પ્રલય સમયના સરખી ભયંકર, બીરૂને ભય આપનાર, કવચરૂપી લ્હેર તથા ધ્વજરૂપ આવર્ત્તવાળી, મનુષ્યરૂપ તીરનું અપહરણ કરનારી, ગજ તથા અશ્વરૂપી મોટા ગ્રાહવાળી, ખડ્ગરૂપી છે મત્સ્ય જેમાં, દુઃખે કરી તરી શકાય નહિ એવી, શૂરવીરનાં અસ્થિરૂપી કાંકરાવાળી, ભયંકર ભેરી તથા મુરજ નામના વાદ્યરૂપી કચ્છપથી સંકુલ, ઢાલ તથા કવચરૂપી નાની નૌકાથી શોભિતી, કેશરૂપ સેવાળથી હરિત, બાણરૂપી ઓઘવાળી, ધનુષરૂપી છે પ્રવાહ જેનો એવી બાહુરૂપી સર્પથી સંકુલ, રણભૂમિમાં વહેનારી, તીવ્ર કૌરવ તથા

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! પ્રાણીયોનો ક્ષય કરનાર ભયંકર તે દિવસ નિવૃત્ત થયો અને સૂર્ય અસ્ત થવાથી સંધ્યાકાળ સમીપ આવ્યો, અને યુદ્ધ કરનાર સર્વ યોદ્ધાઓ નિવાસસ્થાન પ્રત્યે ગયા તે વખતે હનુમાન છે ધ્વજા વિષે જેને એવા અર્જુન દિવ્ય આયુધે કરી, સંશપ્તકગણુને હણી, જયને આપનાર, એવા પોતાના રથમાં બેસી પોતાના શિબિર પ્રત્યે જતાં, નેત્રમાં અશ્રુ ભરી ગોવિંદ એવા ભગવાન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હે અચ્યુત ! હે કેશવ ! મારૂં હૃદય ત્રાસ પામે છે, બરાબર બોલાતું નથી, શરીર ભેદાય છે, અપશુકન થાય છે અને મારી સાથે બંધાઇ ગયેલું અનિષ્ટ હૃદયમાંથી ખસતું નથી. પૃથ્વી તથા દિશાઓમાં થતા ઉત્પાતો મને ત્રાસ પમાડે છે. એ રીતે જેટલા પ્રકાર દેખાય છે તે સર્વ અનિષ્ટસૂચક દેખાય છે, માટે અમાત્ય સહિત મારા ગુરૂ યુધિષ્ઠિર રાજાનું તો કલ્યાણ હશે ને ? અર્જુનનું બોલવું સાંભળી વાસુદેવ ભગવાને તેને કહ્યું કે હે અર્જુન ! અમાત્ય સહિત તારા ભાઇનું જરૂર કલ્યાણ હશે. તે નિમિત શોક કર માં, પણ ત્યાં કંઇક બીજું અનિષ્ટ થયું હશે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તે દિવસે અત્યંત દુષ્કર કર્મ કરી તે રીતે વૃત્તાંત કહેતા પોતાના નિવાસ ભણી જતા શૂરવીર વાસુદેવ તથા અર્જુન સંધ્યાની ઉપાસના કરી રથમાં બેસી આનંદ તથા કાંતિ રહિત એવા પોતાના શિબિર પ્રત્યે ગયા. ત્યાં જઇ પારકા શૂરવીરને હણનાર, નથી સ્વસ્થ હૃદય જેમનું એવા અર્જુન, બિભત્સ છે આકાર જેનો એવા શિબિરને જોઈ શ્રીકૃષ્ણ ભગવાનને આવી રીતે કહેવા લાગ્યા કે, હે જનાર્દન ! દુંદુભિના શબ્દ સાથે મળેલા શંખના શબ્દ તથા મંગળ એવા તૂર્યના શબ્દ પણ આજ થતા નથી. શમ્યા તથા તાલના શબ્દ સાથે આજ વીણાઓ પણ વાગતી નથી, તેમ આજ મારા સૈન્યમાં બંદિજનો મંગળ ગીત ગાતા નથી અને સ્તુતિ યુક્ત મનોહર પાઠ પણ કરતા નથી. યોદ્ધાઓ પણ મને દેખી નીચું મુખ કરી પાછા વળે છે, અને કરેલા કર્મ પૂર્વની પેઠે મને કહેતા પણ નથી; માટે હે માધવ ! આજ મારા ભાઇઓનું તો કલ્યાણ હશે ? હે માનદ ! આજ આકુળ થયેલા સ્વજનને જોઇ મારા હૃદયનો ભાવ શુદ્ધ થતો નથી. દ્રુપદ, વિરાટ તથા મારા સર્વ યોદ્ધાઓની સામગ્રી તો કાયમ હશે ? આજ ભાઇઓ સહિત પ્રસન્ન થયેલો સુભદ્રાપુત્ર અભિમન્યુ પણ જાણે હસતો હોય નહિ તેની પેઠે સંગ્રામમાંથી આવતા મારી સામે આવતો નથી.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે પરસ્પર બોલતાં પોતાના શિબિર પ્રત્યે આવતા તે બેઉએ અત્યંત અસ્વસ્થ તથા નષ્ટ થયાં છે ચિત્ત જેમનાં એવા પાંડવોને જોયા. એવી રીતે કચવાયેલા ભાઇઓ તથા પુત્રોને જોઇ સુભદ્રાપુત્રને ત્યાં ન જોવાથી ખેદયુક્ત મનવાળો વાનરધ્વજ અર્જુન આવી રીતે કહેવા લાગ્યો કે, તમારા સર્વની મુખમુદ્રા અપ્રસન્ન દેખાય છે; તેમ અભિમન્યુને હું જોતો નથી અને તે વિષે મને તમે કંઇ કહેતા નથી. મેં સાંભળ્યું હતું જે દ્રોણે ચક્રવ્યૂહ નિર્માણ કર્યો હતો તેનો ભેદનાર તમારામાં બાળક એવા સુભદ્રાપુત્ર અભિમન્યુ વિના બીજો કોઇ હતો નહિ; પણ તેને ચક્રવ્યૂહમાંથી નીકળવાનો વિધિ મેં યથાર્થ બતાવ્યો ન હતો. તમે પારકા સૈન્યમાં પ્રવેશ કરાવેલો, મોટા ધનુષવાળો, પારકા શૂરવીરને હણનાર સુભદ્રાપુત્ર અભિમન્યુ પારકાઓનાં સૈન્યને ભેદી શું સંગ્રામમાં હણાયો તો નથી ? લાલ છે નેત્ર જેનાં, પર્વતમાં ઉત્પન્ન થયેલા સિંહના બચ્ચા સરખો, ઉપેંદ્ર સમાન, સુકુમાર છે અંગ જેનાં, મોટા ધનુષવાળો, ઇન્દ્રના પુત્રનો પુત્ર, નિરંતર મને પ્રિય એવો તે સંગ્રામમાં કેમ હણાયો ? તે મને કહો. સુભદ્રાનો પ્રિયપુત્ર તેમજ દ્રૌપદી, કેશવ ભગવાન તથા કુંતીને

પણ અત્યંત પ્રિય એવા અભિમન્યુને કાળે મોહ પમાડેલા કોણે હણ્યો ? પરાક્રમ, શ્રુત તથા માહાત્મ્યે કરી વૃષ્ણિકુળમાં શૂરવીર મહાત્મા કેશવ ભગવાન સરખો અભિમન્યુ, સંગ્રામમાં કેમ હણાયો ? સુભદ્રાને અત્યંત પ્રિય, શૂરવીર, મેં હંમેશ લાડવેલા પુત્રને જો ન દેખું તો હું યમપુરીમાં જાઉં. મૃદુ અને વક્ર એવા ખીટળીવાળા કેશથી મનોહર બાળક, બાળમૃગ સરખાં નેત્રવાળા, મદોન્મત્ત હસ્તિ સરખું છે પરાક્રમ જેનું, થતા સિંહના બચ્ચા સરખા, હાસ્યથી બોલનારા, ઇન્દ્રિયો નિયમમાં રાખનારા, ગુરૂજનનું વાક્ય માનનાર, બાળકપણામાં પણ અતુલ છે કર્મ જેનાં એવા પ્રિય વચનવાળા, મત્સર રહિત, મોટો છે ઉત્સાહ જેને, મહાબાહુ, મોટાં ને કમળ સરખાં છે નેત્ર જેનાં, ભક્ત ઉપર દયા રાખનાર, નીચને નહિ અનુસરનાર, કરેલા ઉપકારને જાણનાર, જ્ઞાનસંપન્ન, અસ્ત્રવિદ્યામાં કુશળ, સંગ્રામમાં પાછો નહિ ફરનાર, યુદ્ધમાં આનંદ પામનાર, દ્વેષિઓને ભય વધારનાર, પોતાનાઓને પ્રિય તથા હિતમાં યુક્ત, પિતૃઓના જયને ઇચ્છનાર, પૂર્વે પ્રહાર નહિ કરનાર, સંગ્રામમાં નષ્ટ થયો છે સંભ્રમ જેને એવા પુત્ર અભિમન્યુને જો ન દેખું તો હું જરૂર યમપુરીમાં જાઉં. રથિયોની ગણનામાં ગણેલા, મહારથિ, મારાથી અધિક ગુણવાન, તરૂણ, બાહુશાલિ, નિરંતર પ્રદ્યુમ્નને પ્રિય, કેશવ ભગવાન તથા મને પણ અત્યંત પ્રિય એવા પ્રિય પુત્રને જો ન દેખું તો હું યમપુરીમાં જાઉં. સુંદર છે નાસિકા તથા લલાટ જેનાં એવા સુંદર નેત્ર, ભ્રકુટિ, દાંત તથા ઓષ્ઠવાળા તેના મુખને ન દેખું તો મારા હૃદયને શાંતિ કેમ થાય ? વીણાના શબ્દ સરખું મધુરવચને સુખ દેનાર, મનોહર કોકિલ સરખા તેના શબ્દને ન સાંભળતો એવો હું તેના હૃદયને શાંતિ કેમ થાય ? જેની ઉપમા લાયક બીજો કોઇ નથી, દેવતાઓને પણ દુર્લભ એવા તેના રૂપને ન દેખતો એવો હું તેના હૃદયને શાંતિ કેમ થાય ? ગુરૂજનને પ્રણામ કરવામાં દક્ષ અને તેમનાં વચન પાળવામાં તત્પર એવા તે પુત્રને જ્યારે હું આજ જોતો નથી ત્યારે મારા હૃદયને શાંતિ કેમ થાય ? સુકુમાર અંગવાળો, અમૂલ્ય શય્યામાં શયન કરવા યોગ્ય, સનાથોમાં શ્રેષ્ઠ, શૂરવીર તે આજ અનાથની પેઠે પૃથ્વી ઉપર સુતો છે. પૂર્વે શયન કરેલા જેને પરમ સ્ત્રિયો સેવતી હતી, આજ અત્યંત વિંધાયેલા અંગવાળા તેને અમંગળ છે રૂપ જેમનાં એવી શિયાળ સ્ત્રિયો સેવે છે. પૂર્વે સુતેલા જેને સૂત, માગધ તથા બંદિજન જગાડતા હતા તેને આજ શિકારી પશુઓ વિકૃત એવા શબ્દેકરી જગાડે છે. છત્રની છાયાને યોગ્ય એવા તેના સુંદર વદનને જરૂર આજ રણ રેણુ ધ્વસ્ત કરશે. હે પુત્ર ! ભાગ્યહીન એવો હું પુત્રના દર્શનથી હજી તૃપ્ત થયો નથી, તેટલામાં બળાત્કારથી કાળ તને યમપુરીમાં લઇ જાય છે તેથી સુકૃતિની ગતિરૂપ સંયમની નગરી પણ અત્યંત શોભતી હશે. તેમ જરૂર યમરાજા, વરૂણ, ઇંદ્ર તથા કુબેર એ ચાર લોકપાલ પણ નિર્ભય એવા પ્રિય અતિથિરૂપ તને જોઇ તારો સત્કાર કરશે. એ રીતે અનેક પ્રકારથી વિલાપ કરી ભાગ્યું છે નાવ જેનું એવા વ્યાપારીની પેઠે અત્યંત દુઃખાવિષ્ટ અર્જુન યુધિષ્ઠિરને આવી રીતે પૂછવા લાગ્યા કે, હે કુરૂનંદન ! શ્રેષ્ઠ પુરૂષો સાથે યુદ્ધ કરતો અભિમન્યુ સંગ્રામમાં પાપકર્મીઓનો નાશ કરી શત્રુની સન્મુખ શું સ્વર્ગમાં ગયો ? ઘણા સાથે યુદ્ધ કરનાર સહાયતા રહિત સહાયતાને ઇચ્છતા અલ્પ ચેતનવાળા મારા પુત્રને કર્ણ, દ્રોણ, તથા કૃપાદિકે તીક્ષ્ણ કરેલાં નાના પ્રકારનાં બાણેકરી જે વખતે પીડિત કર્યો હશે તે વખતે તેણે જરૂર મારૂં ધ્યાન પણ કર્યું હશે; અને આવી રીતે વારંવાર કહ્યું પણ હશે કે મારો પિતા હોય તો મારૂં રક્ષણ થાય; તેટલામાં તો ક્રૂર બુદ્ધિવાળાઓએ પૃથ્વી ઉપર તેને પાડ્યો હશે, એમ હું માનું છું. અથવા મારો પુત્ર, માધવ એવા શ્રીકૃષ્ણનો ભાણેજ, સુભદ્રા વિષે ઉત્પન્ન

થયેલો તે કદી પણ એમ બોલવાને યોગ્ય થાય નહિ, ને લાલ છે નેત્ર જેનાં એવા દીર્ઘ બાહુવાળા પુત્રને ન જોતો એવો હું તેનું હૃદય આ વખતે વિદીર્ણ થતું નથી, માટે જરૂર તે કાળમીંઢ પાષાણ સરખું અત્યંત કઠોર થયું છે, એમાં સંશય નહિ. મોટા ધનુષવાળા, ક્રૂર, મર્મ ભેદનાર કર્ણાદિકે વાસુદેવ ભગવાનના ભાગિનેય તથા બાલક એવા મારા પુત્ર ઉપર બાણ કેમ નાખ્યાં ? ઉદાર ચિત્તવાળો જે શત્રુઓને મારી નિવાસ પ્રત્યે આવતાં મારી સામે આવી મને આનંદ આપતો હતો તે આજ કેમ મને જોતો નથી ! માટે જરૂર શત્રુઓએ રણભૂમિમાં પાડેલો રૂધિરથી વ્યાપ્ત છે અંગ જેનું એવો તે સૂર્યની પેઠે પોતાનાં અંગેકરી પૃથ્વીને શોભાવતો હશે. મને તો સુભદ્રાનો પણ શોચ થાય છે, કારણ કે પલાયન નહીં કરનાર એવા પુત્રને સંગ્રામમાં હણાયો સાંભળી શોકથી પીડિત થઇ પોતે નાશ પામશે. તેમ પુત્રને ન જોતી તે તથા દ્રોપદી મને શું કહેશે; અને દુઃખથી પીડિત તે બેઉને હું શું કહીશ ? શોકથી કૃશ થયેલી, રૂદન કરતી વધૂને જોઇ સહસ્ર પ્રકારે વિદીર્ણ થતું નથી એવું મારૂં હૃદય પણ જરૂર વજ્ર સરખું છે. તેમ તે વખતે મદોન્મત્ત એવા ધૃતરાષ્ટ્રના પુત્રોનો મેં સિંહનાદ સાંભળ્યો હતો; અને કૌરવોના શૂરવીરોને તિરસ્કાર કરતા યુયુત્સુનો શબ્દ શ્રીકૃષ્ણે સાંભળ્યો હતો; તે કેવી રીતે કે, હે મહારથિ ! આ બાળકને હણી અર્જુનને ન સહન કરી શકનાર તમો હે અધર્મજ્ઞ ! શું હર્ષ પામો છો ? પાંડવોનું બળ તો જુઓ, તેમ કેશવ તથા અર્જુનનું સંગ્રામમાં અપ્રિય કરી પ્રસન્ન થઇ શોક કાળ પાસે આવ્યો છે તે ન જાણતાં શું સિંહની પેઠે શબ્દ કરો છો ? થોડા વખતમાં તમારાં પાપ કર્મનું ફળ તમોને પ્રાપ્ત થશે. અરે તમોએ મહા અધર્મ કર્યો માટે તે તરત તમને ફળિત થયા વગર કેમ રહેશે ? એ રીતે તેઓને કહી દુઃખ તથા કોપ સંયુક્ત મહામતિ વૈસ્યા પુત્ર શસ્ત્ર છોડી દઇ નાસી ગયો. કૃષ્ણે એ બધું શ્રવણ કર્યું હતું ત્યારે સંગ્રામમાં મને કેમ ન કહ્યું ? નહિ તો ક્રૂર એવા તે સર્વ મહારથિઓને તે જ વખતે હું બાળી નાખત.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે પુત્રના શોકથી પીડાયલા, ધ્યાન કરતા, અશ્રુ છે નેત્રમાં જેના અને પુત્ર સંબંધી આધિથી વ્યાપ્ત તથા તીવ્ર શોકેકરી સંયુક્ત એવા અર્જુનને નિગ્રહ કરી વાસુદેવ એવા કૃષ્ણ એમ ન કરવું એમ કહી તેને કહેવા લાગ્યા કે હે પાર્થ ! સર્વનો એજ માર્ગ છે. તેમાં પણ જેમની યુદ્ધેકરી જીવિકા છે એવા સંગ્રામમાં પાછા ન ફરનાર શૂરવીર ક્ષત્રિયોનો તો વિશેષે કરીને છે. હે મતિમાનમાં શ્રેષ્ઠ ! યુદ્ધ કરનાર, સંગ્રામમાં પાછા ન ફરનાર શૂરવીરોની સર્વ શાસ્ત્ર જાણનાર પુરૂષોએ એજ ગતિ કહી છે. તેમ સંગ્રામમાં પાછા ન ફરનાર શૂરવીરોનું તો જરૂર કરી યુદ્ધમાંજ મરણ થાય માટે અભિમન્યુ પણ પુણ્ય કરનારને પ્રાપ્ય થવા જેવા શુભ લોક પ્રત્યે ગયો એમાં સંશય નહિ. હે ભરતર્ષભ ! હે માનદ ! સંગ્રામમાં શત્રુઓની સન્મુખ મરણની તો સર્વ શૂરવીરો નિરંતર ઇચ્છાજ રાખે છે. તેમજ તે પણ સંગ્રામમાં શૂરવીર, મહા બળવાન રાજપુત્રોને હણી શૂરવીરોએ આકાંક્ષિત એવા સન્મુખ મરણને પ્રાપ્ત થયો માટે હે પુરૂષમાં સિંહરૂપ ! શોક કર માં. કારણ ધર્મના કર્તા પ્રાચીન પુરૂષોએ સંગ્રામમાં મરણ પામવું એજ ક્ષત્રિયોનો સનાતન એવો પરમ ધર્મ કહેલો છે. હે ભરતસત્તમ ! તું શોકે કરી વ્યાપ્ત છે તેથી આ તારા સર્વ ભાઇઓ, રાજાઓ તથા સંબંધીઓ પણ દીન થઇ ગયા છે. માટે હે માનદ ! સામરૂપ વચને કરી એ સર્વની તું આશ્વાસના કર; તેમ જાણવા લાયક સર્વ તેં જાણ્યું છે, વાસ્તે તું શોચ કરવા યોગ્ય નથી. એ રીતે અદ્ભુત છે કર્મ જેનાં એવા

શ્રીકૃષ્ણે આશ્વાસના કરેલા અર્જુન, ગદ્‌ગદ્ કંઠ થઇ જઈ સર્વ ભાઈઓને આવી રીતે કહેવા લાગ્યા કે, દીર્ઘબાહુ તથા વિસ્તીર્ણ ખભાવાળો તથા લાંબાં અને કમળ સરખાં છે નેત્ર જેનાં એવા અભિમન્યુનું વૃત્તાંત હું સાંભળવા ઇચ્છું છું તે તમો કહો. મારા પુત્રના વૈરિઓને હસ્તિ, રથ, અશ્વ તથા પરિવાર સહિત સંગ્રામમાં મેં હણેલા જોશો. તેમ એક મને આશ્ચર્ય થાય છે જે અસ્ત્ર શીખેલા શસ્ત્ર ગ્રહણ કરી ઉભેલા તમારા સર્વના મધ્યમાં કદી સાક્ષાત ઇન્દ્ર આવે તોપણ સુભદ્રાપુત્ર મરણ કેમ પામે? મારા પુત્રના રક્ષણમાં પાંડવ તથા પંચાલ અશક્ત છે એમ જો મેં જાણ્યું હોત તો હું એના રક્ષણમાં તત્પર રહેત. પણ રથમાં બેસી બાણનો વરસાદ કરવા છતાં તમને તુચ્છ કરી પારકાઓએ કેમ અભિમન્યુને માર્યો? પણ હું એમ જાણું છું કે, તમારા કોઇમાં પૌરૂષ કે પરાક્રમ છેજ નહિ; નહિ તો તમારા જોતાં સંગ્રામમાં અભિમન્યુ કેમ પડે? પણ તે વિષે કંઇ પણ હું તમોને કહેતો નથી. મારા આત્માને નિંદુ છું, જે અત્યંત દુર્બળ, ભીરૂ તથા નથી કર્યો નિશ્ચય જેણે એવા તમોને આશા આપી હું બીજે ગયો; અને મારા પુત્રને ન રક્ષણ કરનાર તમોએ કવચ, શસ્ત્ર તથા આયુધ, શોભા વાસ્તે ધારણ કર્યાં છે માત્ર તમારી વાણી સભામાં બોલવા સારૂ છે. એટલાં વચન કહી ધનુષ તથા શ્રેષ્ઠ ખડ્ગ ધારણ કરી ઉભેલા કાળની પેઠે ક્રોધાયમાન થયેલા, વારંવાર શ્વાસોચ્છ્વાસ કરતા, પુત્રના શોકથી અત્યંત તપેલા, અશ્રુએકરી પૂર્ણ છે મુખ જેનું એવા, અર્જુનને જોઇ તેની સાથે ભાષણ કરવા તથા સામે જોવા વાસુદેવ ભગવાન તથા મોટા પાંડુપુત્ર યુધિષ્ઠિર વિના બીજા કોઇ પણ સંબંધિ સમર્થ થતા ન હતા. તે બેઉ તો સર્વ અવસ્થા વિષે અર્જુનના મનને અનુસરનાર અને ઘણું માન તથા પ્રિયપણાને લીધે એને કહેવા યોગ્ય છે તેથી પુત્રના શોકેકરી અત્યંત પીડિત મનવાળા, કમળ સરખાં છે નેત્ર જેનાં એવા ક્રોધાયમાન થયેલા અર્જુનને યુધિષ્ઠિર રાજા આવી રીતે કહેવા લાગ્યા.

तमस्तं पुत्रशोकेन भृशं पीडितमानसं ।
राजीवलोचनं क्रुद्धं राजा वचनमब्रवीत् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वण्यर्जुनकोपे गुर्जरभाषायां द्विसप्ततितमोऽध्यायः ॥ ७२ ॥

અધ્યાય ૭૩ મો. અર્જુનની પ્રતિજ્ઞા.

युधिष्ठिर उवाच—त्वयि याते महाबाहो संशप्तकबलं प्रति ।
प्रयत्नमकरोत्तीव्रमाचार्यो ग्रहणे मम ॥ १ ॥

યુધિષ્ઠિર કહે છે—હે મહાબાહો! તમે સંશપ્તકના સૈન્ય પ્રત્યે ગયા પછી દ્રોણાચાર્યે મને પકડવાનો અત્યંત યત્ન કર્યો. તે વખતે સામે વ્યૂહ કરી તે યત્ન કરતા દ્રોણને વ્યૂહ રચના કરેલા અમો ચોતરફથી વારતા હતા. એ રીતે રથિઓ વારતા હતા અને મારી પણ સારી રીતે રક્ષા કરતા હતા. તોપણ તીક્ષ્ણ બાણે કરી અમને પીડતા તે તત્કાળ અમારી સામે આવ્યા. એ રીતે દ્રોણે પીડિત કરેલા આપણી તરફના રથિઓ સંગ્રામમાં દ્રોણ સૈન્ય સામે

જોવા પણ સમર્થ થતા ન હતા ત્યારે ભેદવાને તો ક્યાંથીજ સમર્થ થાય ? તે સમે, અમે સર્વેએ બીજાને જેની ઉપમા અપાય નહિ એવા સુભદ્રાપુત્ર અભિમન્યુને કહ્યું કે, હે તાત ! હે પ્રભો ! દ્રોણસૈન્યને તું ભેદ. એ રીતે અમારા કહેવાથી રૂડા અશ્વની પેઠે પરાક્રમી એવો તે અસહ્ય એવા ભારને વહન કરવા તૈયાર થઇ તારો કરેલો અસ્ત્રનો ઉપદેશ તથા પરાક્રમ સંપન્ન ગરૂડ જેમ સમુદ્રમાં પેસે તેમ તેના સૈન્યમાં પેઠો. તે વખતે જે માર્ગે કરી તેણે સેનામાં પ્રવેશ કર્યો તેજ માર્ગે કરી તેની પાછળ જવાની જેની ઇચ્છા છે એવા અમે ચાલ્યા. તે સમયે હે તાત ! ક્ષુદ્ર એવા સિંધુદેશના જયદ્રથ રાજાએ મહાદેવના વરદાનથી અમને સર્વને વારી રાખ્યા. ત્યારે દ્રોણ, કૃપ, કર્ણ, અશ્વત્થામા, બૃહદ્બલ તથા કૃતવર્મા એ છ રથિઓએ સુભદ્રાપુત્રને ચોતરફથી વિંટી લીધો. એ રીતે સર્વ મહારથિએ વિંટી ઘણાક બળ શક્તિ પ્રમાણે યત્ન કરતા તે બાળકને વિરથ કર્યો. તે સમયે દુઃશાસનપુત્રે પરમ સંકટને પ્રાપ્ત થયેલા તેને પાડયો. અભિમન્યુ પણ હજારો હજાર મનુષ્ય, અશ્વ, રથ, તથા હસ્તિઓને મારી વળી બીજા આઠ હજાર રથ, નવસો હસ્તિ, બે હજાર રાજપુત્ર, દેખાએલા નહિ એવા બીજા કેટલાક શૂરવીર તથા બૃહદ્બળરાજાને સ્વર્ગમાં મોકલી સ્વર્ગને પ્રાપ્ત થયો; અમોને શોક વધારનાર એજ વૃત્તાંત બન્યું અને પુરૂષમાં સિંહરૂપ તે એવી રીતે સ્વર્ગલોકને પ્રાપ્ત થયો.

આ પ્રમાણે ધર્મરાજનાં વચન સાંભળી ' હા પુત્ર ' એમ કહી નિઃશ્વાસ મૂકી વ્યથિત થયેલો અર્જુન, પૃથ્વી ઉપર પડી ગયો. તે સમે ખેદયુક્ત છે મુખ જેમનાં એવા સર્વ દીન થઈ નિમિષ વગરના નેત્રે કરી પરસ્પર એક બીજા સામે જોવા લાગ્યા. શોકમાંથી ક્રોધથી મૂર્છિત થયેલો ઇન્દ્રપુત્ર અર્જુન સંજ્ઞા પામી જ્વરથી જાણે કંપતો હોય નહિ તેની પેઠે કંપાયમાન થઇ વારંવાર નિઃશ્વાસ મૂકી હાથમાં હાથ પીસી અશ્રુ છે નેત્રમાં જેના એવો તે ઉન્મત્તની પેઠે જોઈ આવી રીતે કહેવા લાગ્યો કે, આ હું પ્રતિજ્ઞા કરી તમોને સત્ય કહું છું કે જયદ્રથ, વધના ભયથી ધૃતરાષ્ટ્રના પુત્રોને છોડી દેઇ નાસી નહિ જાય તો કાલ હું તેને મારીશ. હે મહારાજ ! તેમજ મારી કે તમારી તથા પુરૂષોત્તમ એવા શ્રીકૃષ્ણની શરણે નહિ થાય તો કાલ હું જરૂર તેને મારીશ. દુર્યોધનનું પ્રિય કરનાર મારા વિષે વિસ્મરણ કર્યું છે સુહૃદપણું જેણે એવા બાલ વધના હેતુભૂત પાપરૂપ જયદ્રથને જરૂર હું કાલે મારીશ, સંગ્રામમાં તેના રક્ષણ વાસ્તે કોઇ મારી સાથે સામે આવી યુદ્ધ કરશે તે કદી દ્રોણ તથા કૃપાચાર્ય હશે તોપણ બાણે કરી તેમને હું આચ્છાદન કરી દઇશ. હે પુરૂષર્ષભ ! એ રીતે જો હું સંગ્રામમાં ન કરૂં તો પુણ્ય કરનારને પ્રાપ્ય એવા શૂરસંમત લોકને હું પ્રાપ્ત ન થાઉં. કાલ જો જયદ્રથને મારૂં નહિ તો માતા તથા પિતાને હણનાર, ગુરૂસ્ત્રી પ્રત્યે જનાર, પારકી ચાડી કરનાર, સાધુ પુરૂષની ઇર્ષ્યા કરનાર, પારકી નિંદા કરનાર, થાપણ ઓળવનાર, વિશ્વાસઘાત કરનાર, બીજાએ ભોગવેલી સ્ત્રીનો સ્વીકાર કરનાર, પારકું પાપ કહી દેનાર, બ્રાહ્મણને હણનાર, ગોહત્યા કરનાર, તેમજ પાયસ, યવાન્ન, શાક, કૃસર, ચૂરમું, પૂરી, માંસ ઇત્યાદિ ચીજને ફોગટ ખાનારાઓને જે લોક પ્રાપ્ત થાય છે તે લોકને પામું. કાલ જો જયદ્રથને મારૂં નહિ તો વેદ ભણનાર તીક્ષ્ણ વ્રતવાળા ઉત્તમ બ્રાહ્મણને અને વૃદ્ધ સાધુ તથા ગુરૂજનને અપમાન કરનાર તેમજ બ્રાહ્મણ, ગાય તથા અગ્નિને પગે કરી સ્પર્શ કરનાર અને જળમાં શ્લેષ્મ, વિષ્ઠા તથા મૂત્ર નાંખનારાઓની જે ગતિ થાય તે કષ્ટરૂપ ગતિને પામું. કાલ જો જયદ્રથને હું ન મારૂં તો નગ્ન થઇ સ્નાન કરનાર, અતિથિનો અનાદર કરનાર, અસત્ય બોલનાર, પારકાનો

ધર્મ વિષે રહેલ નહીં. જેમાં વૃદ્ધ ન હોય તે સભા ન જાણવી, ને જે ધર્મરૂપ વાક્ય બોલે તે વૃદ્ધ ન કહેવાય, જેને વિષે સત્ય નથી તે ધર્મ ન કહેવાય તથા જે છળયુક્ત હૈ તે સત્ય નથી. સત્ય, વિનય, શાસ્ત્ર, વિદ્યા, કુલીનપણું, શીલ, બળ, ધન, શૂરવીરપણું તથા યોગ્ય વચન, એ દશ સ્વર્ગને દેનારાં. છે. પાપ કરનાર પુરૂષની પાપરૂપ કીર્ત્તિ થાય, ને તે પાપરૂપ ફળને ભોગવે, તેમજ પુણ્ય કરનાર પુરૂષની પુણ્યરૂપ કીર્ત્તિ થાય, ને તે પુણ્યરૂપ ફળને ભોગવે છે, માટે તીક્ષ્ણ વ્રતવાળા પુરૂષે પાપ કરવું નહીં, કારણ વારંવાર કરેલું પાપ બુદ્ધિનો નાશ કરે છે. બુદ્ધિહીન પુરૂષ નિરંતર પાપનેજ આરંભે છે. તેમજ વારંવાર કરેલું પુણ્ય બુદ્ધિને વધારે છે, વધેલી બુદ્ધિવાળો પુરૂષ નિરંતર પુણ્યનો આરંભ કરે છે. પવિત્ર છે કીર્ત્તિ જેની એવો પુણ્ય કરનાર પુરૂષ પવિત્ર સ્થાનને પામે છે; માટે અત્યંત સાવધાન થઇ વિવેકી પુરૂષે પુણ્યનુંજ સેવન કરવું. પારકા ગુણ વિષે દોષારોપ કરનાર, મર્મસ્થાન છેદનાર, અપ્રિય બોલનાર, વૈર કરનાર, શઠ, જલદી પાપ કરનાર પુરૂષ મોટા કષ્ટને પામે છે. પારકા ગુણ જોઇ પ્રસન્ન થનાર, બુદ્ધિમાન તથા હમેશ સારાં કામ કરનાર પુરૂષ મોટા કષ્ટને પામતા નથી પણ સર્વ ઠેકાણે શોભાને પામે છે. જે પુરૂષ વિદ્વાનો પાસેથી બુદ્ધિને ગ્રહણ કરે તે પંડિત જાણવો. કારણ કે તે બુદ્ધિમાન પુરૂષ ધર્મ તથા અર્થ મેળવી સુખથી જીવે છે, ડાહ્યો પુરૂષ દિવસે એવી રીતે કામ કરી રાખે કે, જેથી રાત્રિએ સુખે નિદ્રા આવે. આઠ મહીના એવી રીતે કામ કરવું કે, જે કરવાથી ચાતુર્માસ્યમાં સુખે કરી ઘરમાં રહેવાય, તેમ પ્રથમ અવસ્થામાં એવી રીતે રળવું કે જેથી વૃદ્ધાવસ્થા સુખે કરી જાય, જ્યાંસુધી પોતાનું જીવિત છે ત્યાં સુધી એવી રીતે સત્કર્મ કરવું કે, જેથી મરણ પામ્યા પછી પરલોકમાં સુખે કરી નિવાસ થાય. પાચન થયા પછી અન્ન, યૌવન અવસ્થા ગયા પછી સ્ત્રી, સંગ્રામ જીત્યા પછી શૂરવીર તથા તત્વજ્ઞાન થયા પછી તપસ્વી, લોકમાં પ્રશંસા પામે છે. અધર્મથી સંપાદન કરેલા ધને કરીને, જે મડાઇથી પોતાનું છિદ્ર ઢાંકવા ઇચ્છે છે, તેનું છિદ્ર ઢંકાતું નથી પણ ઉલટું વધારે પહોળું થાય છે. જીતેંદ્રિયને શિક્ષા કરનાર ગુરૂ છે, ને દુરાચરણ કરનારાઓને શિક્ષા કરનાર રાજા છે; પણ છુપું પાપ કરનાર પુરૂષોને તો યમ રાજા શિક્ષા કરે છે. ઋષિયો, નદીયો, મહાનકુળો તથા દુષ્ટ સ્ત્રિયો, એઓ-નો વિષે લેવો નહીં. હે રાજન્! બ્રાહ્મણોની પૂજા કરવામાં તત્પર,દાન કરનાર, જ્ઞાતી-ઓ સાથે સરળતાથી ચાલનાર તથા શીલવાન ક્ષત્રિય ઘણા વખત સુધી પૃથ્વીનું પાલન કરે છે. શૂરવીર, વિદ્યાવાન તથા સેવા કરી પારકાને રીઝવી જાણનાર, એ ત્રણ પુરૂષોને જ્યાં જાય ત્યાં પૃથ્વી સુવર્ણના પુષ્પથી ભરેલીજ છે. બુદ્ધિથી કરેલાં કર્મ ઉત્તમ કહેવાય, બાહુ બળથી કરેલાં કર્મ મધ્યમ જાણવાં, ને કપટથી કરેલાં કર્મ અધમ જાણવાં. જે કર્મ કરવાથી માથા ઉપર સંકટ આવી પડે, તે અત્યંત અધમ જાણવાં. હે રાજન્! દુર્યોધન, શકુનિ, મૂઢ દુઃશાસન તથા કર્ણ, એઓને આધીન થઇ તમે કેમ સમૃદ્ધિને ઇચ્છો છો? હે ભરતર્ષભ! સર્વ ગુણ સંપન્ન પાંડવો તમોને પિતા સમાન ગણે છે, માટે તમે પણ પુત્રની પેઠે તેઓ તરફ વર્તો.

सर्वैर्गुणैरुपेतास्तु पांडवा भरतर्षभ ।
पितृवत्त्वयि वर्तंते तेषु वर्तस्व पुत्रवत् ॥

ભાંગનાર, પોતાની જાતિ ઢાંકનાર, ખોટો દોષારોપ કરી પારકાઓને દૂષણ આપનાર, બાળકો તથા વૃદ્ધને વિભાગ કરી આપવા લાયક મિષ્ટ અન્ન વહેંચી આપ્યા વગર ખાઇ જનાર, ગુરુ બ્રાહ્મણોની જે દુઃખરૂપ ગતિ થાય તે ગતિને હું પામું. કાલ જો જયદ્રથને હું ન મારૂં તો પોતાના આશ્રિત એવા સાધુજનનો ત્યાગ કરી તેનું પોષણ ન કરનાર, ક્રૂર બુદ્ધિવાળો, ઉપકારીની નિંદા કરનાર, યોગ્ય એવા પાસેના સગાનું શ્રાદ્ધ ન કરનાર અને અયોગ્ય તથા વૃષલીપતિનું શ્રાદ્ધ કરનાર, મદિરાપાન કરનાર, મર્યાદા તોડનાર, કરેલા ઉપકારને ન જાણનાર, તથા પોતાના સ્વામિની નિંદા કરનારની જે ગતિ થાય તે ગતિને હું પામું. કાલ જો જયદ્રથને મારૂં નહિ તો ડાબે હાથે જમનાર, ખોળામાં ખાનાર, પ્રાતઃકાળે શયન કરનાર, ટાઢથી બીનેલ બ્રાહ્મણ અને સંગ્રામથી બીનેલ ક્ષત્રિય, જેમાં એક કૂવો છે એવા વેદધ્વનિ રહિત ગામમાં ષણ્માસ રહેનાર, શાસ્ત્રને નિંદનાર, દિવસે મૈથુન કરનાર, દિવસે શયન કરનાર, પારકા ઘરમાં અગ્નિ મૂકનાર, પારકાને છુપાવીને વિષ આપનાર, અગ્નિ તથા અતિથિએ કરી હીન, ગાયોના પિવાવામાં વિઘ્ન કરનાર, રજસ્વલા સ્ત્રીને સેવનાર, પહેલું લેઇ કન્યા આપનાર, ઘણાકને યજન કરાવનાર, બ્રાહ્મણ થઇ નીચની સેવા કરનાર, મુખમૈથુન કરનાર, બ્રાહ્મણને 'હું તને આપીશ' એમ કહી લોભથી પછી નહિ આપનાર, એવાની જે ગતિ થાય છે તે ગતિને હું પ્રાપ્ત થાઉં. આ રાત્રિ ગયા પછી સવારે જયદ્રથને ન મારૂં તો ધર્મ રહિત જે પુરૂષોનું મેં અહિં કીર્તન નથી કર્યું અને જેમનું કીર્તન કર્યું છે તેમની ગતિને હું જલદી પામું. વળી આ ફરીથી મારી બીજી પ્રતિજ્ઞા પણ સાંભળો. કાલે પાપરૂપ જયદ્રથને હણ્યા વગર જો સૂર્યાસ્ત થાય તો અહિજ હું પ્રજ્વલિત અગ્નિમાં પ્રવેશ કરૂં. તેમ સુર, અસુર, મનુષ્ય, પક્ષિ, ઉરગ, પિતૃ, રાક્ષસ, બ્રહ્મર્ષિ, દેવર્ષિ, ચરાચર આ જગત અને તેથી કદી બીજું કોઇ હોય તો તેઓ પણ મારા શત્રુને રક્ષણ કરવા સમર્થ થઇ શકશે નહીં. કદી પાતાળમાં જાય કે તેથી આગળ થાય અથવા આકાશમાં જાય, ગમે તો દૈત્યના પૂરમાં જાય, સ્વર્ગમાં જાય તોપણ કાલ સવારે સેંકડો અત્યંત બાણે કરી અભિમન્યુના શત્રુનું મસ્તક કાપીશ. એમ કહી ડાબી તથા દક્ષિણ બાજુ ધનુષ ખેંચ્યું. તેનો શબ્દ તેના શબ્દને અતિક્રમણ કરી સ્વર્ગ સુધી ગયો. એ રીતે અર્જુને પ્રતિજ્ઞા કરી તે સમયે જનાર્દન ભગવાને પાંચજન્ય શંખ અને ક્રોધ પામેલા અર્જુને પોતાનો દેવદત્ત નામનો શંખ વગાડયો. અચ્યુત ભગવાનના મુખના વાયુએ કરી અત્યંત પૂર્ણ, ઉદરમાંથી નિકળ્યો છે શબ્દ જેના એવો પાંચજન્ય, પાતાળ, આકાશ તથા દિશાના ઇશ્વર સહિત જગતને પ્રલય સમયને વિષે જેમ કંપાવે તેમ કંપાવતો હતો. એ રીતે મહાત્માએ પ્રતિજ્ઞા કરી તે સમયે હજારો વાદિત્રના શબ્દ તથા પાંડવોના સિંહનાદ થવા લાગ્યા.

ततो वादित्रघोषाश्च प्रादुरासन् सहस्रशः ।
सिंहनादश्च पांडूनां प्रतिज्ञाते महात्मना ॥

इती श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वण्यर्जुनप्रतिज्ञायां गुर्जररभाषायां त्रिसप्ततितमोऽध्यायः ॥ ७३ ॥

અધ્યાય ૭૪ મો. જયદ્રથને આશ્વાસન.

संजय उवाच—श्रुत्वा तु तं महाशब्दं पांडूनां जयगृद्धिनां ।
चारैः प्रवेदिते तत्र समुत्थाय जयद्रथः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! જયને ઇચ્છતા પાંડવોનો તે મોટો શબ્દ સાંભળી ચારના નિવેદન કરવાથી તે વાત પણ સાંભળી ઉભો થઇ, શોકથી અત્યંત મૂઢ છે હૃદય જેનું, દુઃખે કરી વ્યાપ્ત જયદ્રથરાજા, અગાધ મોટા શોકસાગરમાં જાણે ડૂબતો હોય નહિ તેની પેઠે ઘણોક વિચાર કરી અભિમન્યુના પિતાથી ભય પામેલો તેથી લજ્જિત થયેલો રાજાઓની પાસે જઇ તેમની આગળ આવી રીતે કહેવા લાગ્યો. પાંડુઓના ક્ષેત્રમાં કામી એવા ઇન્દ્રથી જે ઉત્પન્ન થયેલો છે એવો દુર્બુદ્ધિવાળો તે, મને એકલાને જરૂર યમલોક પ્રત્યે મોકલવા ઇચ્છે છે, માટે તમારૂં કલ્યાણ થાઓ અને હું તો જીવવા સારૂ ઘેર જઇશ, અથવા હે ક્ષત્રિયમાં શ્રેષ્ઠ રાજાઓ ! અસ્ત્રના બળેકરી પાર્થે પ્રાર્થના કરેલા મારી રક્ષા કરો, અને મને અભય આપો. તેમ દ્રોણ, દુર્યોધન, કૃપ, કર્ણ, મદ્રેશ, બાલ્હિક, તથા દુઃશાસનાદિક સાક્ષાત્ કાળે પીડેલા મને રક્ષા કરવા સમર્થ થઇ શકે ત્યારે મારવા ઇચ્છતા અર્જુનથી મારી રક્ષા કરે તેમાં શું આશ્ચર્ય; તોપણ તમે પૃથ્વીના પતિ સર્વ મારી રક્ષા ન કરો તો હું જતો રહું, કારણ પાંડવોનો પ્રહર્ષ સાંભળી મને મોટો ભય લાગે છે. હે પાર્થિવો ! નજીક મરણ આવેલાની પેઠે મારાં અંગ કંપે છે. તેમ ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને પણ મારો વધ કરવાની જરૂર પ્રતિજ્ઞા કરેલી હોય તેમ લાગે છે, કારણ પાંડવો શોક કરવા વખતે પણ પ્રસન્ન થઇ ને રીતે આક્રોશ કરે છે, તેમ તેની કરેલી પ્રતિજ્ઞાને દેવ, ગંધર્વ, અસુર, ઉરગ તથા રાક્ષસો પણ અન્યથા કરવાનો ઉત્સાહ કરે નહિ ત્યારે રાજાઓ તો ક્યાંથીજ ઉત્સાહ કરે ? માટે હે મનુષ્યમાં શ્રેષ્ઠ રાજાઓ ! તમારૂં કલ્યાણ થાઓ અને મને આજ્ઞા આપો એટલે જે રીતે પાંડવો દેખે નહિ તે રીતે અદર્શનને પ્રાપ્ત થાઉં. એ રીતે ભયથી બોલતા વ્યાકુળ ચિત્તવાળા તેને પોતાને ઘણાં કામ લેવાં છે તેને સારૂ દુર્યોધન રાજા નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

હે પુરૂષર્ષભ ! હે નરવ્યાઘ્ર ! તારે બ્હીવું નહિ, કારણ યુદ્ધમાં શૂરવીર ક્ષત્રિયોના મધ્યમાં ઉભેલા તારી કોણ પ્રાર્થના કરી શકે એમ છે ? તેમ હું, સૂર્યપુત્ર કર્ણ, ચિત્રસેન, વિવિંશતિ, ભૂરિશ્રવા, શલ, શલ્ય કોઇથી સહન થાય નહિ એવો વૃષસેન, પુરૂમિત્ર, જય, ભોજ, કાંબોજ, એવો સુદક્ષિણ, મહાબાહુ, સત્યવ્રત, વિકર્ણ, દુર્મુખ, દુઃશાસન, સુબાહુ, ઉગામેલા આયુદ્ધવાળો કલિંગ, અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ, દ્રોણ, અશ્વત્થામા, શકુનિ એટલા એ અને નાના દેશના પતિ સૈન્ય સહિત ઘણાક બીજા પણ તારી પાસે આવશે, માટે તારા મનનો સંતાપ દૂર થાઓ. હે અમિતદ્યુતે ! હે સૈંધવ ! તેમ રથિમાં શ્રેષ્ઠ એવો તું પોતે પણ શૂરવીર થઇ પાંડવ તરફના યોદ્ધાઓના ભયને કેમ જુવે છે ? મારી અગિયાર અક્ષોહિણીરૂપ આ સેના તારા રક્ષણ વાસ્તે સાવધાન થઇ યુદ્ધ કરશે હે સૈંધવ ! તું ભય કર માં અને તારો ભય દૂર થાઓ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! એ રીતે તમારા પુત્રે આશ્વાસના કરેલો સિંધુદેશનો રાજા દુર્યોધન સહિત રાત્રિએ દ્રોણ પાસે જઇ તેના ચરણમાં પ્રણામ કરી પાસે બેસી નમ્ર થઇ આવી રીતે કહેવા લાગ્યો કે, લક્ષ્ય ભેદ કરવામાં ને દૂર બાણ નાંખવામાં,

કુશળતામાં, તથા દૃઢ એવા વેધ કરવામાં, મારાથી અર્જુનમાં શું વિશેષ છે ? તે ભગવાન એવા તમે મને કહો. હે આચાર્ય ! અર્જુન તથા હું એ બેમાંથી વિદ્યાએકરી વિશેષ કાણ છે ? એ તત્વથી હું જાણવા ઇચ્છું છું, વાસ્તે યથાર્થ મને કહો. એવાં તેનાં વચન સાંભળી દ્રોણાચાર્યે તેને કહ્યું કે, હે તાત ! તને તથા અર્જુનને ગુરૂ શીક્ષા તો બેઉને સમાન છે તથાપિ ત્યારે સંગ્રામમાં અર્જુનથી કોઇ રીતે પણ ત્રાસ પામવો નહિ, કારણ સંગ્રામમાં ભયથી હું તારી રક્ષા કરીશ, એમાં સંશય નહિ, કેમકે મારા બાહુથી રક્ષણ કરેલાને દેવતાઓ પણ પરાભવ કરી શકે નહિ ત્યારે બીજા તો ક્યાંથીજ કરી શકે ? તેમ જેને અર્જુન તરી શકશે નહિ એવી વ્યૂહ રચના પણ કરીશ, માટે હે મહારથિ ! ભયનો ત્યાગ કરી સ્વધર્મનું પાલન કરતાં બાપદાદાના માર્ગને અનુસરણ કર. તેમ તેં વિધિથી વેદાધ્યયન કરી સારી રીતે અગ્નિમાં હોમ કર્યો છે તેમજ વિવિધ પ્રકારના યજ્ઞેકરી યજન પણ કરેલું છે વાસ્તે તારે મૃત્યુનો ભય રાખવો યોગ્ય નથી. યુદ્ધ કરવાથી આળસુ માણસને દુર્લભ એવા મહાભાગ્યને પામી બાહુવીર્યથી સંપાદન કરેલા દિવ્ય એવા ઉત્તમ લોકને પ્રાપ્ત થઈશ. તેમ કૌરવ, પાંડવ, યાદવ, બીજા માણસ તથા પુત્ર સહિત હું એ સર્વ પણ અચળ નથી એમ તારે જાણવું. ક્રમેકરી બળવાન, કાળે હણેલા આપણે સર્વ પોતપોતાનાં કર્મસહિત પરલોક પ્રત્યે જઇશું અને ક્ષાત્રધર્મનો આશ્રય કરેલા શૂરવીર ક્ષત્રિયો તો તપસ્વી પુરૂષો તપેકરી જે લોકને પ્રાપ્ત થાય તે લોક પ્રત્યે જાય છે. એ રીતે દ્રોણાચાર્યે આશ્વાસના કરેલા સિંધુ રાજાએ અર્જુનથી થતા ભયનો ત્યાગ કરી યુદ્ધવિષે મનથી યોજના કરી. હે વિશાંપતે ! તે વખતે તમારા સૈન્યમાં પણ મોટા હર્ષ તથા સિંહનાદ સાથે મળેલો ઉગ્ર એવો વાદિત્રનો શબ્દ થયો.

ततः प्रहर्षः सैन्यानां तवाप्यासीद्विशांपते ।
वादित्राणां ध्वनिश्चोग्रः सिंहनादरवैः सह ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वणि जयद्रथाश्वासने गुर्जरभाषायां चतुःसप्ततितमोऽध्यायः ॥ ७४ ॥

અધ્યાય ૭૫ મો. સાહસ માટે કૃષ્ણની શીખ.

संजय उवाच—प्रतिज्ञाते तु पार्थेन सिंधुराजवधे तदा ।
वासुदेवो महाबाहुर्धनंजयमभाषत ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે સિંધુરાજના વધવિષે અર્જુને પ્રતિજ્ઞા કરી તે વખતે મહાબાહુ વાસુદેવ ભગવાન અર્જુનને આવી રીતે કહેવા લાગ્યા કે, ભાઇઓનો મત જાણ્યા વગર હું સિંધુરાજાને મારીશ, એમ જે વાણીએ કરી તેં પ્રતિજ્ઞા કરી, એ સાહસ કામ કર્યું. તેમ મારી સાથે પણ વિચાર કર્યા વગર અતિ ભાર ઉપાડયો માટે મને એવો ભાસ છે કે, સર્વ લોકને આપણે હાસ્ય કરવા લાયક કેમ નહિ થઇએ ? અને તેં પ્રતિજ્ઞા કરી તેજ સમયે દુર્યોધનના શિબિર પ્રત્યે મે ચારને મોકલ્યા હતા; તેમણે જલદી આવી તેમની પ્રવૃત્તિ નિવેદન કરી જે સિંધુરાજાના વધની તેં પ્રતિજ્ઞા કરી અને વાજિંત્રના શબ્દ સાથે મોટા

સિંહનાદ થયો, તે સાંભળી તેથી ત્રાસ પામેલા સૈંધવ સહિત ધૃતરાષ્ટ્રના પુત્રો આ અકસ્માત્ સિંહનાદ કેમ થયો ? એમ જાણી ઉભા રહ્યા. અને તેમણે એમ જાણ્યું કે અભિમન્યુનો વધ સાંભળી પીડિત થયેલો અર્જુન ક્રોધથી રાત્રિએજ આવશે તેથી તૈયારી રાખો, એમ કહી સજ્જ થઇ ઉભા, તેટલામાં તો યત્ન કરતા તેમણે, હે કમળ સરખાં નેત્રવાળા ! સિંધુરાજના વધ વિષે તેં કરેલી સત્ય પ્રતિજ્ઞા સાંભળી તેથી ક્ષુદ્ર મૃગની પેઠે સુયોધનાદિક સર્વ ખેદયુક્ત મનવાળા થઇ ત્રાસ પામ્યા અને જયદ્રથ રાજા પણ ત્રાસને પ્રાપ્ત થયો. તેથી અત્યંત દુઃખિત, દીન એવો સિંધુ સૌવીરનો પતિ તે, ઉભો થઇ મારૂં કલ્યાણ કેવી રીતે થાય, એ વિષે વિચાર કરી દુર્યોધન પાસે આવી રાજાની સભામાં તેને આવી રીતે કહેવા લાગ્યો કે–આ મારા પુત્રને હણનાર છે એમ જેને બુદ્ધિ છે એવો અર્જુન કાલ મારી સામે આવશે. તેમ સેનાના મધ્યમાં મારા વધની તેણે પ્રતિજ્ઞા પણ કરેલી છે. અર્જુનની પ્રતિજ્ઞાને દેવ, ગંધર્વ, અસુર, ઉરગ તથા રાક્ષસ પણ અન્યથા કરવા સમર્થ થઇ શકે નહીં ત્યારે બીજા તો ક્યાંથીજ થઇ શકે ? વાસ્તે તમે સર્વ મળી સંગ્રામમાં મારી રક્ષા કરો; અને તમારા મસ્તક ઉપર પગ દઇ જે રીતે અર્જુન લક્ષ્યને પ્રાપ્ત ન થાય તે રીતે કરો. હે કુરૂનંદન ! જો સંગ્રામમાં મારી રક્ષા તમો ન કરી શકો તો મને આજ્ઞા આપો એટલે હું મારે ઘેર જાઉં. એવાં તેનાં વચન સાંભળી દુર્યોધન તો ખેદયુક્ત છે મન જેનું એવો થઇ નીચુ જોઇ અર્જુનની તે પ્રતિજ્ઞા સાંભળી વિચારમાં પડી ગયો. એ રીતે પીડિત મનવાળા તેને જોઈ સિંધુદેશનો રાજા પોતાના હિત વાસ્તે આવી રીતે કહેવા લાગ્યો કે, આ મહા સંગ્રામમાં તમારી તરફના સર્વ યોદ્ધાઓમાં અસ્રેકરી અર્જુનના અસ્રને હણે એવા પરાક્રમવાળા કોઈ પણ ધનુષ ધરનારને હું જોતો નથી. વાસુદેવ છે સહાય જેને એવા ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનની આગળ સાક્ષાત ઇન્દ્ર હોય તોપણ કોણ ઉભો રહી શકે ? તેમ આવી રીતે સંભળાય છે કે, પૂર્વે હિમવાન પર્વતમાં સમર્થ એવા મહાદેવજી સાથે પણ પાયદળ એવા અર્જુને યુદ્ધ કર્યું હતું. વળી ઇન્દ્રે પ્રેરણા કરેલા જેણે એક રથે કરી હિરણ્યપુરવાસી હજારો દાનવને હણ્યા હતા. માટે બુદ્ધિમાન વાસુદેવ યુક્ત કુંતિપુત્ર અર્જુન, દેવ સહિત ત્રિલોકને પણ મારી નાંખે એવી મારી મતિ છે. માટે કાં તો મને જવાની આજ્ઞા આપો અને કાં તો પુત્ર સહિત શૂરવીર એવા મહાત્મા દ્રોણ મારી રક્ષા કરો. હે અર્જુન ! એ રીતે રાજાએ પોતે આચાર્યની અત્યંત પ્રાર્થના કરી તેથી તેઓએ પ્રતિવિધાન કર્યું અને રથ પણ સજ્જિત કર્યો. તેમ કર્ણ, ભૂરિશ્રવા, અશ્વત્થામા દુર્જય એવો વૃષસેન, કૃપ, તથા મદ્રરાજ એ સહુ એની આગળ રહેશે. અને પૂર્વાર્ધમાં શકટાકાર અને પાછળના અર્ધમાં પદ્માકાર અને મધ્યમાં સૂચી જેનું નામ છે એવો અભેદ વ્યૂહ દ્રોણાચાર્ય નિર્માણ કરશે. તેની વચમાં શૂરવીરોએ રક્ષા કરેલો અત્યંત દુર્મદ સિંધુરાજ રહેશે તેમ ધનુષ, અસ્ર, વીર્ય, પ્રાણ તથા બળે કરી કોઇથી સહન થાય નહિં. એવા એ કર્ણાદિક છ રથિઓને જીત્યા વગર જયદ્રથને પ્રાપ્ત થવાશે નહિ. તે છમાંથી એક એકનું પરાક્રમ કેટલું છે તે વિષેનો વિચાર કર. ત્યારે હે નરવ્યાઘ્ર ! એકઠા મળેલા તેઓને તો અનાયાસે જીતવા સમર્થ થઇ શકાય નહિ માટે આપણા કલ્યાણ વાસ્તે તથા કાર્ય સિદ્ધ થવા સારૂ ફરીથી મંત્રજ્ઞ એવા સચિવ તથા સંબંધિઓ સાથે હવે કેમ કરવું ? તે વિષે નીતિનો વિચાર કરીશ.

शृण्वन्तु मंत्रयिष्यामि नीतिमार्गमहितान् वै ।
मंत्रज्ञैः सचिवैः सार्धं सुहृद्भिः कार्यसिद्धये ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वणि कृष्णवाक्ये गुर्जरभाषायां पंचसप्ततितमोऽध्यायः ॥ ७५ ॥

અધ્યાય ૭૬ મો. અર્જુનનો પ્રત્યુત્તર.

अर्जुन उवाच—षडूथान् धार्तराष्ट्रस्य मन्यसे यान् बलाधिकान् ।
तेषां वीर्यं ममार्द्धेन न तुल्यमिति मे मतिः ॥ १ ॥

અર્જુન કહે છે—હે કૃષ્ણ ! દુર્યોધન તરફના જે ૭ રથિયોને બળેકરી અધિક તમો માનો છો તેમનું પરાક્રમ મારા અરધા પરાક્રમ સરખું પણ નથી; એમ હું સમજું છું. હે મધુસૂદન ! જયદ્રથના વધને ઇચ્છતા મેં અસ્ત્રોકરી ભેદેલાં સર્વનાં અસ્ત્રને તમો જોશો. તેમજ ગણ સહિત દ્રોણાચાર્ય જોતાં વિલાપ કરતા સિંધુરાજાના મસ્તકને હું પૃથ્વી ઉપર પાડીશ. કદી સાધ્ય, રુદ્ર, અશ્વિનિકુમાર સહિત વસુ, ઇન્દ્ર સહિત વાયુ, ઇશ્વર સહિત વિશ્વદેવ, ગંધર્વ સહિત પિતૃઓ, સુપર્ણ, સાગરાદિક, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પોતપોતાના ઇશ્વર સહિત દિશાઓ, ગ્રામ્ય તથા આરણ્ય એવાં સ્થાવર જંગમ, ભૂત, એટલાં કદી સિંધુરાજાનું રક્ષણ કરવાવાળાં હોય તોપણ કાલ મારા બાણેકરી હણાયેલા તેને તમે જોશો. હે કૃષ્ણ ! આયુદ્ધ હાથમાં લેઇ શપથ ખાઇ એ હું સત્ય કહું છું કે હે કેશવ ! પાપરૂપ દુર્મતીના રક્ષણ કરનાર મોટા ધનુષવાળા દ્રોણ છે, માટે પ્રથમ તેની સામેજ હું જઇશ; જે દ્રોણવિષે યુદ્ધરૂપ દ્યૂત જય વાસ્તેજ બંધાયું છે એમ દુર્યોધન માને છે. વાસ્તે તેનીજ સેનાના અગ્રભાગને ભેદી સિંધુરાજા પાસે હું જઇશ. વજ્રેકરી વિદારણ કરેલા પર્વતના શિખરની પેઠે તીક્ષ્ણ કરેલાં બાણેકરી યુદ્ધમાં મેં વિદારણ કરેલા મોટા ધનુષવાળાઓને કાલ તમો જોશો. અત્યંત તીક્ષ્ણ કરેલાં બાણેકરી ભેદ પામેલા તેથી પડતા તથા પાડેલા નર, નાગ તથા અશ્વનાં શરીરોમાંથી રુધિર સ્રવશે. ગાંડીવ ધનુષમાંથી નિકળેલાં મન તથા વાયુ સરખા વેગવાળાં બાણ હજારો મનુષ્ય, હસ્તિ, તથા અશ્વોને પ્રાણ રહિત કરશે અને યમ, કુબેર, વરુણ, ઇન્દ્ર, તથા રુદ્ર પાસેથી જે જે ભયંકર અસ્ત્ર મેં ગ્રહણ કર્યાં છે તે તે અસ્ત્રને કાલે સવારે યુદ્ધમાં પુરૂષો દેખશે, અને સિંધુરાજાનું રક્ષણ કરનાર સર્વ યોદ્ધાઓના, બ્રહ્માસ્ત્રે કરી મેં હણેલા અસ્ત્રોને સંગ્રામમાં કાલ તમો જોશો. હે કેશવ ! બાણના વેગથી કપાઇ ગયેલા રાજાઓનાં મસ્તકે કરી વ્યાપ્ત એવી રણભૂમિને કાલ તમો જોશો. કાલે માંસ ખાનારાં પ્રાણિઓને તૃપ્ત કરીશ, શત્રુઓને નસાડીશ, સંબંધિઓને આનંદયુક્ત કરીશ, અને સિંધુરાજાને મંથન કરીશ; ઘણો અપરાધ કરનાર કુત્સિત સંબંધી, પાપદેશમાં ઉત્પન્ન થયેલો મેં હણેલો સિંધુરાજા પોતાનાઓને શોચ પમાડશે. સર્વ સહિત ક્ષીરાન્ન જમનાર, પાપરૂપ આચરણવાળા સિંધુરાજાને રણાંગણવિષે બાણેકરી મેં ભેદેલો તમો જોશો. હે કૃષ્ણ ! જે કર્મ જોઇ દુર્યોધન સંગ્રામમાં મારા સરખો બીજા ધનુષ ધરનારને નહિ માને તે કામ સવારે હું કરીશ. હે નરર્ષભ ! જે કેવળ દિવ્ય એવું ગાંડિવ ધનુષ, યુદ્ધ કરનાર હું અને હૃષિકેશ, તમે રથ હાંકનાર તે કેમ્હણે મેં નહિ જીતેલું એવું શું બાકી રહે ! હે ભગવન્ ! હે હૃષિકેશ ! તમારા પ્રસાદથી સંગ્રામમાં કોઇથી સહન થાય નહિ એવી કઇ વસ્તુ મને પ્રાપ્ત થઇ નહીં, માટે હું જાણું તમો મને નિંદો છો ! હે જનાર્દન ! જેમ ચંદ્રમાવિષે સ્થિર એવું ચિન્હ, તેમ આ

દ્રામાં જળ એ સત્ય છે તેમજ આ મારી પ્રતિજ્ઞાને પણ તમો સત્ય જાણો. હે ભગવન્! મારા અસ્ત્રને, દૃઢ એવા ધનુષને, મારા બાહુબળને તથા મને પણ તમો તિરસ્કાર કરો માં, અને આજ દિવસ સુધી કોઈએ જીતેલો નહિ એવો હું સંગ્રામમાં જઈ જય પામું છું એ જો સત્ય હોય તો જયદ્રથને પણ સંગ્રામમાં મેં હણેલોજ છે એમ તમો જાણો. જેમ જરૂર બ્રાહ્મણવિષે સત્યતા રહી છે, સાધુ પુરૂષોવિષે નમ્રતા રહી છે, યજ્ઞોવિષે લક્ષ્મી રહી છે, તેમ નારાયણ વિષે જય રહ્યો છે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે ઇન્દ્રપુત્ર અર્જુને કેશવ એવા ઋષિકેશ ભગવાનને કહી શબ્દ કરી આવી રીતે કહ્યું કે હે કૃષ્ણ! હવે સવાર થાય કે, મારો રથ જે રીતે તૈયાર રહે તેમ કરજો, કારણ કાલે આપણે મોટું કામ કરવાનું છે.

यथा प्रभातां रजनीं कल्पितः स्याद्रथो मम ।
तथा कार्यं त्वया कृष्ण कार्यं हि महदुद्यतं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वण्यर्जुनवाक्ये गुर्जरभाषायां षट्सप्ततितमोऽध्यायः ॥ ७६ ॥

અધ્યાય ૭૭ મો. સુભદ્રાને આશ્વાસન.

संजय उवाच—तां निशां दुःखशोकार्तौ निःश्वसंताविवोरगौ ।
निद्रां नैवोपलेभाते वासुदेवधनंजयौ ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! દુઃખ તથા શોકે કરી પીડિત, સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરતા વાસુદેવ તથા અર્જુન રાત્રિવિષે નિદ્રાને પ્રાપ્ત થયા નહિ. એ રીતે કોપાયમાન થયેલા નરનારાયણને જાણી પીડિત થયેલા ઇન્દ્ર સહિત દેવતાઓ આમાંથી શું થશે? એ રીતે ચિંતા કરવા લાગ્યા. રૂક્ષ ભયસૂચક દારૂણ વાયુ વાવા લાગ્યા. કબંધ સહિત સૂર્યને ઢાંકી દે એવાં વાદળાં દેખાવા લાગ્યાં. વિજળી તથા કડાકા સહિત વજ્રપાત થવા લાગ્યા. પર્વત, જળ તથા વન સહિત પૃથ્વી કંપવા લાગી. હે મહારાજ! મકરાલય એવા સાગર ક્ષોભ પામવા લાગ્યા. નદીઓ પ્રતિસ્રોતથી જવાને પ્રવર્ત્તમાન થઇ અને વાહનો વિષ્ઠા તથા મુત્ર કરતાં રૂદન કરવા લાગ્યાં. એ રીતે ઉઠેલા દારૂણ એવા રૂંવાં ઉભાં કરનાર તે સર્વ ઉત્પાતને જોઇ હે ભરતર્ષભ! તેમજ મહા બળવાન અર્જુનની તે ઉગ્ર એવી પ્રતિજ્ઞા સાંભળી તમારી તરફના સર્વ સૈનિકો વ્યથાયુક્ત થયા. તેટલામાં ઇન્દ્ર પુત્ર મહાબાહુ અર્જુને શ્રીકૃષ્ણને આવી રીતે કહ્યું કે સ્નુષા સહિત તમારી બેન સુભદ્રાને તમે આશ્વાસના કરો; અને હે માધવ! એની વયસ્ય એવી બીજી સ્ત્રીઓને પણ સામ તથા સત્યયુક્ત વાક્યે કરી આશ્વાસના કરી શોક રહિત કરો. એવાં અર્જુનનાં વચન સાંભળી અત્યંત ખેદયુક્ત છે મન જેનું એવા વાસુદેવ ભગવાન, અર્જુનના ઘરમાં જઇ પુત્રના શોકથી પીડિત તથા દુઃખિત બેનને આવી રીતે આશ્વાસના કરવા લાગ્યા.

હે બહેન! હણાએલા કુમારનો તું શોક કર માં; કારણ સર્વ પ્રાણીની આજ નિર્માણ કરેલી એજ નિષ્ઠા છે. આ તારા પુત્રનું મરણ કુળમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિય જાતનું યોગ્ય

છે વાસ્તે એનો તું શોચ કર માં. તેમ મહારથિ, ધીર, પિતા સરખા પરાક્રમવાળો, ક્ષત્રિ ક્રિયાએ કરી શૂરવીરોની અભિલાષિત ગતિને પ્રાપ્ત થયો એ કંઈ નઠારૂં કહેવાય નહિ. એ રીતે તારો પુત્ર બહુએક શત્રુઓને જીતી તેમને મૃત્યુના ઘર પ્રત્યે મોકલી પુણ્ય કરનારને પ્રાપ્ય એવા સર્વ કામના આપનાર અક્ષય લોકને પ્રાપ્ત થયો, માટે તેનો તું શોચ કર માં. હે ભગિની! તપ, બ્રહ્મચર્ય, શાસ્ત્ર તથા પ્રજ્ઞાએ કરી સત્પુરૂષો જે ગતિને ઇચ્છે છે તે ગતિને પ્રાપ્ત થયો; તેમ હે ભદ્રે! તું વીરની માતા, વીરની સ્ત્રી, વીરની કન્યા તથા વીર છે બાંધવ જેના એવી છે વાસ્તે પરમ ગતિને પ્રાપ્ત થયેલા પુત્રનો શોચ કર માં. તેમ બાળકને હણનાર પાપરૂપી સૈંધવ, સુહૃદ તથા બાંધવ ગણ સહિત એ અપરાધના ફળને પ્રાપ્ત થશે. હે વરારોહે! આ રાત્રિ ગયા પછી સવારે પાપકર્મ કરનાર જયદ્રથ અમરાવતીમાં પ્રવેશ કરશે તોપણ અર્જુન તેને માર્યા વગર નહિ મેલે. કાલ સવારે તે સિંધુરાજાનું મસ્તક સમંત પંચકમાંથી બાણે હણાયું તું સાંભળીશ; માટે શોક રહિત થા, અને રૂદન કર માં. હે વરારોહે! મોટી છાતિવાળો, મહાબાહુ, સંગ્રામમાં પાછો નહિ ફરનાર, રથિઓને મારનાર, તારો પુત્ર શસ્ત્રથી જીવનાર બીજા પુરૂષો જે ગતિને પામે તે ગતિરૂપ સ્વર્ગને પ્રાપ્ત થયો છે માટે તું સંતાપને છોડી દે. પરાક્રમી, મહારથિ તથા શૂરવીર, પિતા તથા માતૃપક્ષને અનુસરનાર તારો પુત્ર હજારો શત્રુઓને મારી પછી હણાયો; માટે હે રાજ્ઞિ! હે ક્ષત્રિયા! તું અત્યંત શોચ કર માં અને સ્નુષાને આશ્વાસના આપ. કાલ સવારે જયદ્રથના વધરૂપી પ્રિય વાત સાંભળીશ, વાસ્તે શોક રહિત થા. હે નંદિની! અર્જુને જે પ્રતિજ્ઞા કરી છે તે તેમજ થશે; અન્યથા નહિ થાય, કારણ તારા સ્વામિનું ચિકિર્ષિત કદી પણ નિષ્ફળ જતું નથી. તેમ મનુષ્ય, સર્પ, પિશાચ, રાક્ષસ, પતંગ, સુર તથા અસુરો, પણ સંગ્રામમાં આવેલા સિંધુરાજની રક્ષા કરશે તોપણ કાલ સવારે તેઓ સહિત તે હશે નહિ તેમ થશે.

यदि च मनुजपन्नगाः पिशाचा रजनिचराः पतगाः सुरासुराश्च ।
रणगतमभियांति सिंधुराजे नसभविता सहतैरपि प्रभाते ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वणि सुभद्राश्वासने गुर्जरभाषायां सप्तसप्ततितमोऽध्यायः ॥ ७७ ॥

અધ્યાય ૭૮ મો. સુભદ્રાએ કરેલો વિલાપ.

संजय उवाच—एतच्छ्रुत्वा वचस्तस्य केशवस्य महात्मनः ।
सुभद्रापुत्रशोकार्ता विललाप सुदुःखिता ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવી રીતનાં મહાત્મા કેશવ ભગવાનનાં વચન સાંભળી પુત્ર શોકથી પીડિત થયેલી અત્યંત દુઃખિત સુભદ્રા આવી રીતે વિલાપ કરવા લાગી કે હા પુત્ર! હા તાત! મંદભાગ્યવાળી એવી હું તેને ઘેર આવી સંગ્રામમાં જઈ પિતા સરખા પરાક્રમવાળો તું મરણને કેમ પ્રાપ્ત થયો? હે વત્સ! નીલકમળ સરખું શ્યામ, રૂડી દાઢવાળું, સુંદર છે નેત્ર જેમાં, સંગ્રામની ઉડેલી રજે કરી વ્યાપ્ત તારૂં મુખ હવે કેમ દેખીશ!

સર્વ અંગેકરી સુંદર, રૂડાં છે નેત્ર જેનાં તથા શસ્ત્રેકરી ક્ષત થયેલા ઉદય પામેલા અંગવાળ્યા તને લોકો જોતા હશે! હે પુત્ર! અમૂલ્ય આસ્તરણથી વિંટાયલી શૈય્યામાં શયન કરનાર, સુખને ઉચિત તું, બાણથી અત્યંત વિદ્ધ થઇ આજ પૃથ્વીપર કેમ સુતો છે? પૂર્વે શૂરવીર એવા જે મહાત્માને શ્રેષ્ઠ સ્ત્રીયો સેવન કરતી હતી તે આજ શિયાળની સ્ત્રીઓએ વિંટાએલ પૃથ્વી વિષે પડયો છે. પૂર્વે હૃષ્ટ થયેલા સુત, માગધ, તથા બન્દિજનો જેની સ્તુતિ કરતા હતા તેને આજ માંસ ખાનાર ભયંકર શબ્દ કરતા શિકારી પશુઓ સેવે છે. હે વિભો! શૂરવીર પંચાલ, શ્રેષ્ઠ વૃષ્ણિયો તથા પાંડવરૂપ નાથ છતાં અનાથની પેઠે તને કોણે હણ્યો? હે અનઘ! હે પુત્ર! તારા દર્શનથી તૃપ્ત ન થયેલી મંદ ભાગ્યવાળી હું જરૂર યમપુરીમાં જઇશ. હે પુત્ર! મોટા નેત્રવાળું, સુંદર કેશથી મનોહર, સુંદર વાકયથી શોભિતું સુગંધ યુક્ત, વ્રણ રહિત તારૂં મુખ ફરી ક્યારે દેખીશ? અરે ભીમસેનના બળને ધિક્કાર છે! પાર્થની ધનુષ્મત્તાને ધિક્કાર છે! તેમ શૂરવીર વૃષ્ણિયોના વીર્યને તથા પંચાલોનાં બળને પણ ધિક્કાર છે! અને કેકય, ચેદી, મત્સ્ય, તથા સૃંજયોને પણ ધિક્કાર છે કેમકે સંગ્રામમાં ગયેલા શૂરવીર એવા તારી તેઓ રક્ષા કરી શકયા નહિ. આજ અભિમન્યુને ન જોતી અને શોકથી આકુળ છે ચિત્ત જેનું એવી કાંતિ વગરની હું બધી પૃથ્વીને શૂન્ય સરખી દેખું છું. વાસુદેવના ભાગિનેય, ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનના પુત્ર, શૂરવીર, અતિરથિ એવા તને આજ પાડેલો હું કેમ જોઉં છું? હે વત્સ! તું તૃષિત થયો હઇશ વાસ્તે જલદી 'આવ આવ;' અને તારા દર્શનથી તૃપ્ત નહિ થયેલી એવી મંદભાગ્યવાળી જે હુ તેના ખોળામાં બેસી સ્તન્યે કરી પૂર્ણ એવા સ્તનનું પાન કર. હા વીર! સ્વપ્નમાં જેમ ધન દેખીએ અને પાછું ટળી જાય તેની પેઠે તું પણ ટળી ગયો. આ મનુષ્ય શરીર જળના પરપોટા સરખું ચંચલ છે. હે પુત્ર! તારા વિયોગની આધિથી વ્યાપ્ત યુવાવસ્થાવાળી એવી આ તારી ભાર્યાને વત્સ વગરની ગાયની પેઠે કેવી રીતે હું સાચવી શકીશ? હે પુત્ર! તારૂં મુખ જોવાની અત્યંત ઇચ્છા રાખનારી મને ફળ થવા વખતે છોડી દઇ વિના વખતે તેં પ્રયાણ કર્યું; પણ કાળની ગતિ પ્રાજ્ઞ પુરૂષોથી પણ દુઃખે કરી જણાતી નથી; નહિ તો કેશવ એવા નાથ છતાં સંગ્રામમાં અનાથની પેઠે તું કેમ નાશને પ્રાપ્ત થાય? માટે હે પુત્ર! યજન કરનાર, દાનશીલ, જ્ઞાનસંપન્ન બ્રાહ્મણ, બ્રહ્મચર્ય વ્રત પાળનાર, પુણ્ય તીર્થમાં અવગાહન કરનાર, કૃતજ્ઞ, વદાન્ય, ગુરૂ શુશ્રૂષા કરનાર, તથા હજારો દક્ષિણા આપનારને જે ગતિ થાય છે તે ગતિને તું પ્રાપ્ત થા. હે પુત્ર! યુદ્ધ કરનાર, શૂરવીર, સંગ્રામમાં પાછા ન ફરનાર, શત્રુઓને મારી સંગ્રામમાં હણાએલાઓની જે ગતિ થાય છે તે ગતિને તું પ્રાપ્ત થા. હજારો ગોપ્રદાન કરનાર, યજ્ઞ કરનાર, ઉપસ્કર સહિત ઘરનું દાન આપનાર, શરણાગત બ્રાહ્મણને ભંડાર આપનાર, તથા અભિમાન ત્યાગ કરનાર પુરૂષોની જે ગતિ થાય છે તે ગતિને તું પ્રાપ્ત થા. તીક્ષ્ણ છે વ્રત જેમનું એવા બ્રહ્મચારિઓ, પતિવ્રતા સ્ત્રિયો, સારા આચરણવાળા રાજાઓ, ચાર આશ્રમમાં રહેનાર, દીન ઉપર દયા કરનારા તથા નિરંતર વિભાગ કરી જમનારની જે ગતિ થાય છે તે ગતિને તું પ્રાપ્ત થા. હે પુત્રક! ચાડી ચાહી ન કરનાર, વ્રત કરનાર, ધર્મશીલ, વડીલ જનની શુશ્રૂષા કરનાર, તથા અતિથિનું સન્માન કરનારની જે ગતિ થાય છે તે ગતિને તું પ્રાપ્ત થા. કષ્ટ તથા દુઃખવિષે આત્માને ધારણ કરનાર, તથા શોકાગ્નિએ કરી દગ્ધની જે ગતિ થાય છે તે ગતિને તું પ્રાપ્ત થા. હે પુત્રક! સદા માતાપિતાની શુશ્રૂષા કરનાર, સ્વદારાને વિષેજ તત્પર, ઋતુકાળ વિષે પોતાની સ્ત્રી પ્રત્યે ગમન કરનાર, પરસ્ત્રીથકી નિવૃત્ત થયેલા પુરૂષો જે ગતિને પામે તે ગતિને પ્રાપ્ત

થા. મત્સર રહિત થઇ સમતાથી સર્વ પ્રાણિને જોનાર, પારકાને દુઃખ થાય એવું વચન ન બોલનાર, તથા ક્ષમા કરનારની જે ગતિ થાય તે ગતિને તું પ્રાપ્ત થા. હે પુત્રક ! મદ્ય તથા માંસ ન ખાનાર, મદ, દંભ તથા અનૃતથી પારકાને સંતાપ ન કરનાર, લજ્જાવાન, સર્વ શાસ્ત્ર જાણનાર, જ્ઞાનથી તૃપ્ત તથા જિતેન્દ્રિય જે ગતિને પામે તે ગતિને તું પ્રાપ્ત થા.

આમ વિલાપ કરતી શોકથી કૃશ થયેલી દીન એવી સુભદ્રા પ્રત્યે ઉત્તરા સહિત દ્રૌપદી આવી. તે વખતે તે સર્વ મળી રૂદન તથા વિલાપ કરી અત્યંત દુઃખિત થયેલી તેઓ ઉન્મત્તની પેઠે બેભાન થઇ પૃથ્વી ઉપર પડી ગઇ. તેમને જોઇ અત્યંત દુઃખિત થયેલા કમળ સરખા નેત્રવાળા શ્રીકૃષ્ણ દુઃખિત, સંજ્ઞા રહિત, રૂદન કરતી, મર્મમાં વિંધાયલી, અત્યંત કંપતી એવી પોતાની બેન સુભદ્રાને જળથી સિંચન કરી તે તે હિતરૂપ વચનથી આશ્વાસના કરી આપી તેને આ પ્રમાણે કહેવા લાગ્યા કે, હે સુભદ્રે ! હે પાંચાલિ ! તમો પુત્રનો શોક કરો માં; અને ઉત્તરાને આશ્વાસના કરો. કારણ ક્ષત્રિયમાં શ્રેષ્ઠ અભિમન્યુ તો વિખ્યાત એવી ગતિને પ્રાપ્ત થયો. હું તો એમ કહું છું કે, હે વરાનને ! બીજા પણ આપણા કુળમાં જે પુરૂષો છે તે સર્વ યશસ્વી એવા અભિમન્યુની ગતિને પ્રાપ્ત થાઓ. આજ એકલા મહારથિ તારા પુત્રે જે કર્મ કર્યું તેવું કર્મ અમે કરીયે અને આપણા સંબંધિઓ પણ કરો. એ રીતે શત્રુને દમન કરનાર મહાબાહુ શ્રીકૃષ્ણ, પોતાની બેન સુભદ્રા, દ્રૌપદી તથા ઉત્તરાને પણ આશ્વાસના આપી અર્જુન પાસે જઇ હે રાજન્ ! રાજાઓ, બંધુઓ તથા અર્જુનને આજ્ઞા આપી પોતે અંતઃપુરમાં પધાર્યા, અને બીજા સર્વ પોતપોતાને સ્થાનકે ગયા.

ततोऽभ्यनुज्ञाय नृपान् कृष्णो बंधुंस्तथार्जुनं ।
विवेशांतःपुरे राजंस्ते च जग्मुर्यथालयं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वणि सुभद्राप्रविलापे गुर्जरभाषायामष्टसप्ततितमोऽध्यायः ॥ ७८ ॥

અધ્યાય ૭૯ મો. કૃષ્ણદારૂક સંવાદ.

संजय उवाच—ततोऽर्जुनस्य भवनं प्रविश्याप्रतिमं विभुः ।
स्पृष्टांभः पुंडरीकाक्षः स्थंडिले शुभलक्षणे ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી કમળ સરખાં નેત્રવાળા સમર્થ ભગવાને નિરૂપમ એવા અર્જુનના ઘરમાં પ્રવેશ કરી, જળના સ્પર્શ પૂર્વક શુભ લક્ષણવાળા સ્થંડિલમાં, વૈડૂર્યમણિ સરખા દર્ભની સુંદર શય્યા રચી, માલ્ય માંગલિક સુગંધી, દ્રવ્ય તથા લાજાદિકે કરી તેને શણગારી ચોતરફ ઉત્તમ આયુધ મૂકી અર્જુનને જળસ્પર્શ કર્યો; તે સમે વિનયવાન પરિચારકોએ રાત્રિએ કર્તવ્ય એવું ત્ર્યંબક સંબંધિ બલિદાન તૈયાર કર્યું; તેથી પ્રસન્ન થયેલા અર્જુને, ગંધમાલ્યેકરી માધવ ભગવાનની પૂજા કરી તે નિશા સંબંધિ ઉપહાર તેની આગળ નિવેદન કર્યો. તે વખતે આનથી ગોવિંદ એવા ભગવાન અર્જુન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે

પાર્થ ! કલ્યાણ વાસ્તે શયન કર 'તારૂં કલ્યાણ થાઓ, હું જાઉં છું.' એમ કહી દારૂકાણ તથા ગ્રહણ કર્યાં છે આયુધ જેમણે એવા રક્ષણ કરનાર પુરૂષોને સ્થાપન કરી દારૂકની પાછળ શ્રીમાન્ એવા ભગવાને પોતાના શિબિર પ્રત્યે જઇ ઘણાક કૃત્યને ચિંતન કરતાં શુભ એવી શય્યામાં શયન કર્યું. એ રીતે યોગી, સર્વના ઇશ્વરના ઇશ્વર, મોટા યશવાળા, અર્જુનનું પ્રિય કરનાર, કલ્યાણ કરનાર વિષ્ણુ એવા ભગવાને, અર્જુન વાસ્તે શોક તથા દુઃખને ટાળનાર અને તેજ તથા કાંતિને વધારનાર સર્વ વિધિ કર્યો. હે વિશાંપતે ! રાત્રિ પ્રત્યે પાંડવના શિબિરમાં કોઇને પણ નિંદ્રા આવી નહિ; અને સર્વને ઉજાગરો થયો. કારણ તેઓ રાત્રિવિષે ચિંતા કરતા હતા, તે કેવી રીતે કે, પુત્રના શોકથી સંતપ્ત થયેલા મહાત્મા ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને એકદમ સિંધુરાજના વધની પ્રતિજ્ઞા કરી પણ પારકા શરીરને હણનાર મહાબાહુ ઇન્દ્રપુત્ર કેવી રીતે તે પ્રતિજ્ઞાને સફળ કરશે ? મહાત્મા એવા પાંડુપુત્ર અર્જુને એ તો કષ્ટરૂપ વિચાર કર્યો, કેમકે તે રાજા મહા પરાક્રમી છે, તથાપિ અર્જુન તે કરેલી પ્રતિજ્ઞાના પારને પામો. પુત્રના શોકને લીધે અર્જુને મોટી પ્રતિજ્ઞા કરી છે. ભાઇઓ વિક્રાંત છે, સૈન્ય ઘણાં છે તથાપિ ધૃતરાષ્ટ્રના પુત્રે સર્વ વૃત્તાંત તેને નિવેદન કરી દીધું; તોપણ તે સંગ્રામમાં સિંધુરાજાને હણી શત્રુગણને જીતી પોતાની કરેલી પ્રતિજ્ઞાનો પાર પામી પાછા આવો. તેમ કાલ જો સિંધુરાજા મરે નહિ તો તે અગ્નિમાં પ્રવેશ કરશે કારણ અર્જુન, અનૃત ભાષણ ક્યારેય કરેજ નહિ અને અર્જુન, એ રીતે પ્રતિજ્ઞા ન થવાથી નાશ પામે તો ધર્મપુત્ર યુધિષ્ઠિર કેમ રહે ? વાસ્તે આપણે કંઇ દત્ત કર્યું હોય, હોમેલુ હોય વા જે કઇ સત્કર્મ કર્યું હોય તે બધાના ફળરૂપ પુણ્યેકરી અર્જુન શત્રુઓને જીતજો અને એનો જય થજો. હે રાજન્ ! એ રીતે કહેતા, પાંડવોના જયને ઇચ્છતા તેમની એ રીતે મોટા કષ્ટેકરી તે રાત્રિ વ્યતીત થઇ. તે રાત્રિના મધ્યમાં જાગ્રત થયેલા જનાર્દન ભગવાન, અર્જુને કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરી દારૂક નામના પોતાના સારથિ પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હણાયો છે બંધુ જેનો એવા પીડિત થયેલા અર્જુને 'કાલ સવારે જયદ્રથને હુ મારીશ' એ રીતે પ્રતિજ્ઞા તો કરી પણ તે વૃત્તાંત સાંભળી સંગ્રામમા જે રીતે અર્જુન જયદ્રથને ન મારી શકે, તે રીતે દુર્યોધન, મંત્રિયો સાથે વિચાર કરશે, અને એ સર્વ અને તેની અક્ષોહિણી જયદ્રથની રક્ષા કરશે, તેમ પુત્રસહિત દ્રોણ, અસ્ત્રના પાર પામેલા છે માટે તેને રક્ષણ કરેલા જયદ્રથને દેવ તથા દાનવનો દર્પ હરનાર ઇન્દ્ર હોય તોપણ હણવા સમર્થ થાય નહિ. માટે હે દારૂક ! કાલ સવારે સૂર્યાસ્ત થવાથી અગાઉ જે રીતે અર્જુન જયદ્રથને મારે તેમ હું કરીશ, કારણ કુંતિપુત્ર અર્જુનથી મને સ્ત્રીયો, મિત્ર, જ્ઞાતિ, બાંધવ તથા બીજો કોઇ પણ વધારે પ્રિય નથી. હે દારૂક ! અર્જુન વિનાના આ લોકને હું મુહૂર્ત્ત માત્ર પણ જોવા સમર્થ નથી; માટે તેમ તે થાય પણ નહિ. હું પોતે અશ્વ તથા હસ્તિ સહિત એકદમ તે સર્વેને જીતી અર્જુન વાસ્તે કર્ણ તથા દુર્યોધન સહિત તેમને મારી પણ નાંખીશ. હે દારૂક ! કાલ સવારે અર્જુન વાસ્તે પરાક્રમ કરતા મારા વીર્યને ત્રિલોકી બધી જોશે. કાલ સવારે હજારો રાજાઓ તથા સેંકડો રાજકુમારોને અશ્વ, હસ્તિ તથા રથ સહિત હું નસાડીશ. હે દારૂક ! કાલે સવારે પાંડવ વાસ્તે ક્રોધ પામેલા મેં ચક્રે કરી મંથન કરેલી તથા પીડેલી દુર્યોધનની સેનાને તું દેખીશ. હે દારૂક ! દેવ સહિત, ગંધર્વ, પિશાચ, ઉરગ, રાક્ષસ, તથા સર્વ લોક અર્જુનનો હું સુહૃદ છું એ વાત કાલ જાણશે. અને જે અર્જુનનો દ્વેષ કરે છે તે મારો દ્વેષ કરે છે અને જે તેને અનુસરે છે તે મને અનુસરે છે. હે દારૂક ! એ રીતે તારે જરૂર કરી જાણવું. કારણ અર્જુન તો મારૂં અર્ધું

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरहितवाक्ये चतुर्थपादे पंचत्रिंशोऽध्यायः ॥ ३५ ॥

અધ્યાય ૩૬ મો. વિદુરનીતિ—આત્રેય સાધ્ય સંવાદ.

વિદુર ઉવાચ—अत्रैवोदाहरंतीममितिहासं पुरातनं ।
आत्रेयस्य च संवादं साध्यानांचेति नः श्रुतं ॥ १ ॥

વિદુર કહે છે—આ ઠેકાણે આત્રેય તથા સાધ્ય દેવના સંવાદ રૂપ એક પ્રાચીન ઇતિહાસ મેં સાંભળેલો છે, તે એ કે પૂર્વે પરમહંસરૂપે વિચરતા મહાપ્રાજ્ઞ તથા તીક્ષ્ણ વ્રતવાળા આત્રેય નામના મહર્ષિ પ્રત્યે સાધ્ય દેવોએ કહ્યું હતું કે, હે મહર્ષિ! અમે સાધ્ય દેવ છીએ, ને તમોને જોઇને તમે શાસ્ત્રજ્ઞાનથી ધૈર્યવાન તથા બુદ્ધિમાન છો એમ માનીએ છીએ. પણ તમારા સ્વરૂપને યથાર્થ જાણવાને સમર્થ નથી થતા, વાસ્તે તમે શાસ્ત્ર સંપન્ન ઉદાર વાણીથી તે કહેવા યોગ્ય છો. સાધ્યદેવનાં વાક્ય સાંભળી મહર્ષિ આત્રેયે કહ્યું કે, હે સાધ્યદેવ! ધૈર્ય, ઇંદ્રિયોનો નિગ્રહ, ને બ્રહ્મની પ્રાપ્તિ કરાવનારાં ધારણા, ધ્યાન તથા સમાધિ, એ ધર્મો હંમેશ આચરવા. ધર્મોથી સર્વ અજ્ઞાન ગ્રંથિને શિથિલ કરી સુખ દુઃખ પણ અંતઃકરણના ધર્મ છે એમ જાણવું. આ બધાં કરવા યોગ્ય સાધન ગુરૂ પાસેથી મેં સાંભળ્યાં છે. વિવેકી પુરૂષ પોતા વિષે કોઇ દોષારોપ કરે વા ગાળો દે, તોપણ તેની સામે બોલતો નથી, ને તેનું કહેલું સહન કરે છે. તેથી તેના અંતઃકરણમાં રહેલો ક્રોધ ગાળો દેનારને બાળી નાખે છે, ને તેના પુણ્યને પણ સહન કરનાર પામે છે. પુરૂષોએ કોઇને ગાળ દેવી તથા અપમાન કરવું, મિત્રનો દ્રોહ, નીચની સેવા, અભિમાન, ખરાબ આચરણ તથા પારકાને સંતાપ કરનારી વાણી, એટલા દુર્ગુણો હંમેશ વર્જવા. દુર્જને બોલેલાં કઠોર વચન, પુરૂષોનાં મર્મસ્થાન, અસ્થિ, હૃદય તથા પ્રાણને બાળી નાખે છે, માટે ધર્મિષ્ઠ પુરૂષે હંમેશ કોઇને ખૂંચે એવું વચન બોલવું નહીં. જે કઠોર વચનથી મનુષ્યના મર્મસ્થાનને ભેદે છે, અને વાણીરૂપી કાંટાથી સર્વ લોકને બાધા કરે છે, તે રૂક્ષ વાણીવાળો નર અત્યંત અલક્ષ્મીનું પાત્ર તથા મુખમાં રહેલા મૃત્યુને વહેનારો જાણવો. કોઇ કોઇ દુર્જન, સૂર્ય તથા અગ્નિ સરખા અત્યંત તીક્ષ્ણ વચનરૂપી બાણે કરી જ્ઞાનીને વિંધે, તો તે જ્ઞાની અત્યંત તપાવમાન થાય છે, પણ "મારા પુણ્યને આ પોષણ કરે છે," એમ જાણી કંઇ પણ સામું બોલતો નથી. જેમ શ્વેત વસ્ત્ર હરકોઇ રંગના સહવાસથી પોતાની શ્વેતતા મૂકી તેને વશ થાય છે, તેમ પુરૂષ પણ સજ્જન, દુષ્ટ, તપસ્વી તથા ચોર, એઓમાંથી જેની સોબત કરે તેને વશ થાય છે. જે પોતા સાથે વાદ કરે તોપણ બોલે નહીં, બીજાને પણ તેની સાથે બોલાવે નહીં, જે પોતાને કોઇ મારે તો પણ પોતે તેને મારે નહી, તેમ બીજા પાસે મરાવે પણ નહી ને જે મારનારને મારવાની ઇચ્છા પણ ન કરે, તે પુરૂષ સ્વર્ગમાં જઇ દેવતાઓમાં શ્રેષ્ઠ થાય છે. બોલવાથી મૌન શ્રેષ્ઠ, મૌનથી સત્ય શ્રેષ્ઠ, સત્યથી સત્ય અને પ્રિય શ્રેષ્ઠ, ને સત્ય તથા પ્રિય ધર્મયુક્ત હોય તો તે અત્યંત શ્રેષ્ઠ જાણવું. જેવા પુરૂષની સાથે મનુષ્ય ઉઠબેસ કરે, જે જેવાની સોબત કરે, તેવો થાય, માટે પુરૂષ જેવો પોતે થવાને ઇચ્છે તેવો થઇ શકે છે, જે જે વિષયથી પુરૂષ નિવૃત્ત થાય, તે તે વિષયજન્ય દુઃખથી મુક્ત થાય છે. એ રીતે સર્વ

શરીર છે. હે દારૂક! આ રાત્રિ જાય અને સવાર થાય એટલે તારે સાવધાન થઈ શાસ્ત્ર પ્રમાણે કલ્પેલો ઉત્તમ મારો રથ લેઈ તેમાં કૌમોદકી ગદા, દિવ્યશક્તિ, ચક્ર, ધનુષ્ય બાણ તથા બીજા પણ સર્વ ઉપસ્કર મૂકી, ગરૂડ છે ધ્વજવિષે જેની એવા તે રથ સહિત રથમાં, સૂર્ય તથા અગ્નિ સરખી છે કાંતિ જેમની એવી વિશ્વકર્માની કરેલી દિવ્ય સુવર્ણમય જાળો કરી શોભિતા શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ તથા બલાહક નામના શ્રેષ્ઠ અશ્વ જોડી, કવચ પહેરેલો તું ઋષભ સ્વરે કરી પૂરેલો ભયંકર પાંચજન્યનો શબ્દ જ્યારે સાંભળે તે જ વખતે વેગથી મારી પાસે આવી ઉભો રહેજે. એટલે એકજ દિવસમાં ફોઈના દીકરા, ભાઈ અર્જુનનો ક્રોધ તથા તેનાં સર્વ દુઃખ હું ટાળી નાંખીશ; અને ધૃતરાષ્ટ્રના પુત્રો જોતાં જે રીતે અર્જુન જયદ્રથને મારશે તે રીતે સર્વ ઉપાયે કરી હું યત્ન કરીશ. હે સારથે! જેના વધનો અર્જુન યત્ન કરશે તેના તેના વધની હું પણ ઇચ્છા રાખીશ; માટે જરૂર આજ અર્જુનનો જય થશે. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી દારૂકે કહ્યું કે, હે પુરૂષમાં સિંહરૂપ! જેના સારથિપણાને તમો પ્રાપ્ત થયા છો તે અર્જુનનો જરૂર જય થશે. એનો પરાજય કેમ થાય? અને હે ભગવન્! પ્રાતઃકાલ થશે એટલે અર્જુનના જય વાસ્તે જે રીતે તમે આજ્ઞા કરો છો તે રીતે હું કરીશ.

एवं चैतत्करिष्यामि यथा मामनुशाससि ।
सुप्रभातामिमां रात्रिं जयाय विजयस्य हि ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वणि कृष्णदारुकसंभाषणे गुर्जरभाषायामेकोनसप्ततितमोऽध्यायः ॥ ७९ ॥

****

અધ્યાય ૮૦ મો. અર્જુનને આવેલું સ્વપ્ન.

संजय उवाच—कुंतीपुत्रस्तु तं मंत्रं स्मरन्नेव धनंजयः ।
प्रतिज्ञामात्मनो रक्षन् मुमोहाचिंत्य विक्रमः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! અચિંત્ય છે પરાક્રમ જેનું એવા પોતાની પ્રતિજ્ઞાની રક્ષા કરનાર કુંતિપુત્ર અર્જુન, તે મંત્રનું સ્મરણ કરતા નિદ્રાવશ થયા. શોકેકરી સંતપ્ત અને હનુમાન છે ધ્વજામાં જેની એવા ધ્યાન કરતા અર્જુનને સ્વપ્નમાં મોટા તેજવાળા વાસુદેવ ભગવાન સમીપ પધાર્યા. તેને જોઇ સામે પ્રત્યુત્થાન કરી અર્જુને તેમને આસન આપ્યું. કારણ ધર્માત્મા અર્જુન, ભક્તિ તથા પ્રેમને લીધે નિરંતર શ્રીકૃષ્ણને પ્રત્યુત્થાન કરતાજ હતા. તેણે આપેલા આસન ઉપર બેઠેલા, અર્જુનના નિશ્ચયને જાણનાર, મોટા તેજવાળા શ્રીકૃષ્ણ પોતે પાસે બેઠેલા તેને વચન કહેવા લાગ્યા કે, હે પાર્થ! મનમાં ખેદ કર માં; કારણ ભગવાન કાલવિપર્યયમાં સર્વ ભૂતને પ્રવર્તાવનાર કાળ દુર્જય છે. હે દ્વિપદાંવર! શું કરવા તું ખેદ કરે છે તે મને કહે. હે વિદ્વાનમાં શ્રેષ્ઠ! શોક કરવો નહિં. કારણ તે કાર્યનો નાશ કરનાર છે, માટે જે કરવાનું હોય તે કર. હે ધનંજય! શોકથી જે કોઈ ચેષ્ટા થાય છે તેને તે શત્રુરૂપ થાય છે. શોક કરનારના શત્રુઓ આનંદ પામે છે. બંધુઓ

દુઃખ પામે છે અને તે પોતે ક્ષય પામે છે; વાસ્તે તું શોચ કરવા યોગ્ય નથી. એવાં વાસુદેવનાં વચન સાંભળી પરાજય પામેલો નહિ એવો વિદ્વાન અર્જુન આવી રીતનું યથાર્થ વચન કહેવા લાગ્યો કે હે કેશવ! મારા પુત્રને હણનાર છે માટે બુદ્ધિએ કરીને એ દુરાત્માને હું કાલ મારીશ. એ રીતે જયદ્રથના વધની મોટી પ્રતિજ્ઞા મેં કરી; પણ હે અચ્યુત! તે મારી પ્રતિજ્ઞાનો વિઘાત કરવા સારૂ, ધૃતરાષ્ટ્રના પુત્રોએ તથા સર્વ મહારથિઓએ રક્ષા કરેલા સિંધુરાજાને સર્વની પાછળ રાખવો એમ વિચાર કરેલો છે. માટે દુઃખેકરી જીતી શકાય નહિ એવી બાકી રહેલી અગિયાર અક્ષૌહિણી સેનાથી તથા સર્વ મહારથિઓથી વિંટાયલા દુરાત્મા સિંધુરાજા સામે જોવા પણ કેમ સમર્થ થઇશું? માટે હે કૃષ્ણ! હે કેશવ! દીર્ઘદૃષ્ટિથી જોતાં પ્રતિજ્ઞા પાર નહિ પડે અને તેમ થાય તો મારા સરખો કેમ જીવે? હે વીર! દુઃખના દ્વારભૂત પ્રતિજ્ઞાનું જૂઠું બોલવું થયું એમ ભાસે છે. તેમ દક્ષિણાયન હોવાથી સૂર્ય પણ જલદી અસ્ત થશે. અર્જુનનું શોકસ્થાનરૂપ એવું વૃત્તાંત સાંભળી ગરૂડ છે ધ્વજવિષે જેની એવા મોટા તેજવાળા કમળ સરખાં નેત્રથી શોભિતા શ્રીકૃષ્ણ પૂર્વાભિમુખે બેસી, જળનો સ્પર્શ કરી, સિંધુરાજાના વધ વાસ્તે પાંડુપુત્રને તેના હિત સારૂ આવી રીતે વચન કહેવા લાગ્યા.

હે પાર્થ! જેણેકરી મહાદેવજીએ સંગ્રામમાં સર્વ દૈત્યોને માર્યા હતા તે સનાતન એવા પાશુપત નામના પરમાસ્ત્રને જો તું જાણતો હોય તો કાલ જયદ્રથને મારીશ. અને વિસ્મરણ થયો હોઉં તો મનેકરી તે વૃષભધ્વજ મહાદેવને શરણે જા; અને તે દેવનું મનથી ધ્યાન કરીશ તો ભક્ત એવો તું તેના પ્રસાદથી તે મોટા અસ્ત્રને પ્રાપ્ત થઇશ. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી પૃથ્વી ઉપર બેઠેલા અર્જુને જળનો સ્પર્શ કરી એકાગ્ર મનેકરી મહાદેવજીનું સ્મરણ કર્યું. ત્યાર પછી શુભ છે લક્ષણ જેનાં એવું બ્રાહ્મમુહૂર્ત્ત થયું. અર્જુને પોતાના આત્માને કેશવ ભગવાન સહિત ગગનમંડળમાં જોયો. તે પછી પુણ્યવાન હિમપર્વતની પાસે સિદ્ધ તથા ચારણે સેવિત એવો દેદિપ્યમાન મણિમાન પર્વત જોયો. ત્યાંથી વાયુ સરખો છે વેગ તથા ગતિ જેની એવા કેશવ સહિત અર્જુન આકાશમંડળને પ્રાપ્ત થયા. પછી સમર્થ એવા કેશવ ભગવાને દક્ષિણ ભુજવિષે ગ્રહણ કરેલા અર્જુન, અદ્ભુત છે દર્શન જેમનાં એવા ઘણાક પદાર્થોને જોતા જવા લાગ્યા. ત્યાર પછી ધર્માત્મા એવા અર્જુને ઉત્તર દિશામાં શ્વેત પર્વત જોયો, પછી કુબેરના વિહાર કરવાના સ્થાનમાં કમળથી શોભિની કમલિની જોઇ; અને નદીમાં શ્રેષ્ઠ એવી સ્ફટિક સરખા કાંકરાવાળી, સદા છે પુષ્પ તથા ફળ જેમાં એવાં વૃક્ષથી શોભિતી, પવિત્ર એવા આશ્રમ છે સમીપ જેની, મનોહર પક્ષિઓએ સેવેલી, આસપાસ રહ્યાં છે સિંહ, વ્યાઘ્ર તથા મૃગકુળ જેની એવી બહૂદકા ગંગા જોઇ. વળી પુષ્પિત એવા કલ્પવૃક્ષ તથા સુવર્ણ અને રૌપ્યમાન શિખરેકરી શોભિત, નાના પ્રકારની ઔષધિથી પ્રકાશમાન, કિન્નરના ગાનેકરી શબ્દાયમાન એવા મંદરાચળના પ્રદેશ જોયા. ત્યાંથી સ્નિગ્ધ એવા અંજન સમુદાય સરખા આકારવાળા કાળપર્વત પ્રત્યે પ્રાપ્ત થયો. ત્યાંથી બ્રહ્મતુંગ, ત્યાર પછી બીજી નદી પ્રત્યે, ત્યાંથી બીજા દેશપ્રત્યે, ત્યાંથી ઉંચા એવા શતશૃંગ પ્રત્યે, પછી શર્યાતિના વનપ્રત્યે, ત્યાર પછી પવિત્ર એવા અશ્વશિરસ્થાન પ્રત્યે, ત્યાંથી આથરવણ મુનિના સ્થાનમાં, ત્યાંથી વૃષદંશશૈલેન્દ્રમાં, ત્યાર પછી અપ્સરાઓએ કરી સંકીર્ણ તથા કિન્નરોએકરી શોભિત એવા મંદળાચળ પ્રત્યે ગયો. તે પર્વતવિષે કૃષ્ણ સહિત જતા અર્જુને શુભ એવા ઝરણાંએ સેવિત, સુવર્ણાદિ ધાતુથી શોભિતી, ચંદ્રકિરણ સરખો છે પ્રકાશ તથા અંગ જેનું એવી, નગરોની માળા પહેરેલી, પૃથ્વી

તથા અદ્ભુત જેમનો આકાર છે એવા સમુદ્રોને પણ જોયા. એ રીતે વિસ્મય પામેલા અર્જુન કૃષ્ણ સહિત, ફેંકેલા બાણની પેઠે વળી આકાશ મંડળ પ્રત્યે ગયા; ત્યાં ગ્રહ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય, તથા અગ્નિના સરખી છે કાન્તિ જેની એવા પ્રકાશમાન પર્વતને જોયો. તે પર્વત પ્રત્યે જઇ પર્વતના અગ્રભાગવિષે વિરાજમાન, નિરંતર તપોનિષ્ઠ, પોતાના તેજેકરી હજારો સૂર્ય સરખા દેદિપ્યમાન, ત્રિશૂળ તથા જટા ધારણ કરેલા, ગૌર છે વર્ણ જેનો, વલ્કલ તથા મૃગચર્મનાં વસ્ત્ર પહેરેલા, હજારો નેત્રેકરી વિચિત્ર અંગવાળા, મહા પરાક્રમી, પાર્વતી તથા ભાસ્વર એવા ભૂત સંઘ સહિત હાસ્ય, નૃત્ય, હસ્ત પાદનું ચાલન તથા કોઇ વખતે શબ્દ કરતા બ્રહ્મવાદિ એવા ઋષિઓએ, દિવ્ય એવા સ્તવનેકરી સ્તુતિ કરેલા મહાત્મા વૃષભધ્વજને અર્જુને જોયા.

સર્વ ભૂતના રક્ષક ધનુષ ધરનાર અચ્યુત એવા તે વૃષભધ્વજને જોઈ ધર્માત્મા એવા વાસુદેવ ભગવાને અર્જુન સહિત સનાતન બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં લોકના આદિ વિશ્વ છે કર્મ જેનું, એવા ઇશાન, અવિકાર, પ્રવૃત્તિ તથા નિવૃત્તિના કારણરૂપ, ઉત્પત્તિ સ્થાન, આકાશ, વાયુ તથા તેજના અધિષ્ઠાનરૂપ, પૃથ્વ્યાદિકના સૃજનાર પ્રધાનરૂપ દેવ, દાનવ, યક્ષ તથા માનવને સિદ્ધિનુ નિધાન, ચરાચરના સૃષ્ટા, સંહાર કરતા, કાળ સરખો છે કોપ જેનો, મહાત્મા શુક્ર તથા સૂર્યના ગુણનો છે ઉદય જે થકી એવા તેને, વાણી, મન, બુદ્ધિ તથા કર્મેકરી સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી સૂક્ષ્મ એવા અધ્યાત્મપદની છે ઇચ્છા જેમને એવા વિદ્વાનો જેને પ્રાપ્ત થાય છે તે અજન્મા એવા કારણાત્મા મહાદેવની, શ્રીકૃષ્ણ તથા અર્જુન બેઉ શરણે ગયા; અને અર્જુન પણ સર્વ ભૂતના આદિ, ભૂત, ભવિષ્ય, વર્તમાનના ઉત્પન્ન કરનાર તેમને જાણી વારવાર પ્રણામ કરવા લાગ્યા. ત્યારપછી પ્રસન્ન છે મન જેનુ એવા મહાદેવજી આવ્યા. અને તે બેઉને ' આ નરનારાયણ છે' એમ જાણી હસતા હોય નહિ તેની પેઠે આવી રીતે કહેવા લાગ્યા કે, હે નરશ્રેષ્ઠો ! ભલે તમે આવ્યા. ખેદ, રહિત થઇ બેઠા થાઓ. હે વીરો ! શું તમારા મનનું ઇચ્છિત છે ? તે જલદી કહો. કારણ માટે તમે અહિ આવ્યા હો તે તમારૂં કામ હું કરૂં. તમારૂં જે શ્રેય હોય તે માગો, તે બધું હું તમને આપું. એવાં વૃષભધ્વજનાં વચન સાંભળી મોટી બુદ્ધિવાળા વાસુદેવ તથા અર્જુન બેઉ ઉઠી હાથ જોડી મહાદેવજીની, ભક્તિએ કરી તથા દિવ્યસ્તવને કરી અનિંદિત એવા મહાત્મા તે બેઉ સ્તુતિ કરવા લાગ્યા.

ભવ, શર્વ, રૂદ્ર, વર આપનાર પશુના પતિ, ઉગ્ર, કપર્દિ, મહાદેવ, ભીમ, ત્ર્યંબક, શાંતિરૂપ ઇશાન, મૂરને હણનાર, અંધકાસુરને હણનાર, કુમારના ગુરૂ. નીલ છે ગ્રીવા જેની, વેધા, પિનાક ધનુષ ધરનાર, હવિષ્યરૂપ, સત્યસ્વરૂપ, તથા વ્યાપક એવા તમોને અમે નમસ્કાર કરીએ છીએ. વિલોહિત, ધૂમ્ર, વ્યાધ, અનપરાજિત, નીલ શિખંડ, ત્રિશૂળ ધારણ કરનાર, દિવ્ય છે નેત્ર જેને, હોતા, પોતા, ત્રણ છે નેત્ર જેને, વસુરેતા, અચિંત્ય, અંબિકાના સ્વામિ, સર્વ દેવતાઓએ સ્તુતિ કરેલા, વૃષભધ્વજ, મુંડ, જટા ધારણ કરનાર, બ્રહ્મચારી, નિરંતર તપશ્ચર્યા કરનાર, સલિલરૂપ, બ્રહ્મણ્ય, અજિત, વિશ્વના આત્મા, વિશ્વના સૃષ્ટા, વિશ્વમાં વ્યાપ્ત થઇ વિરાજમાન, સેવન કરવા લાયક, ભૂત પ્રાણિના ઉત્પન્ન કરનાર, બ્રહ્મ છે મુખ જેનું, સર્વરૂપ, મોક્ષના હેતુ, કલ્યાણરૂપ, વાણીના પ્રવર્ત્તક, પ્રજાના પતિ, વિશ્વના પતિ, મોટાઓના પતિ, સહસ્ત્ર છે મસ્તક તથા ભુજા જેને, મૃત્યુરૂપ, સહસ્ત્ર છે નેત્ર તથા પાદ જેને, અસંખ્ય છે કર્મ જેનાં હિરણ્યવર્ણ, હિરણ્યનું છે કવચ જેને, ભક્તને દયા કરનાર એવા તમને અમે વારંવાર પ્રણામ કરીએ છીએ; અને હે પ્રભો ! અમને વર આપો. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે અર્જુન સહિત વાસુદેવ ભગવાને અસ્ત્રની પ્રાપ્તિ સારૂ મહાદેવજીની સ્તુતિ કરી તેને પ્રસન્ન કર્યા. ॥ ૫૦ ॥

एवंस्तुत्वा महादेवं वासुदेवः सहार्जुनः ।
प्रसादयामास भवंतदास्त्रोपलब्धये ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वण्यर्जुनस्वप्ने गुर्जरभाषायां अशीतितमोऽध्यायः ॥ ८० ॥

અધ્યાય ૮૧ મો. શંકર સ્તુતિ-પાશુપતાસ્ત્ર પ્રાપ્તિ.

संजय उवाच—ततः पार्थः प्रसन्नात्मा प्रांजलिर्वृषभध्वजं ।
ददर्शोत्फुल्लनयनः समस्तं तेजसांनिधिं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! પ્રસન્ન છે આત્મા જેનો એવા પ્રફુલ્લિત નેત્રવાળા, બે હાથ જોડેલા અર્જુને તેજના નિધિરૂપ સર્વવ્યાપક વૃષભધ્વજને જોયા. અને વાસુદેવે નિવેદન કરેલા તે રાત્રિ સંબંધી ત્ર્યંબકબલિને પણ મહાદેવજીની સમીપ જોયું. ત્યારપછી પાંડુપુત્ર અર્જુને મનેકરી શ્રીકૃષ્ણ તથા મહાદેવજીની પૂજા કરી મહાદેવજીને કહ્યું કે, હે શંકર! હું દિવ્ય અસ્ત્રની ઇચ્છા રાખું છું. વરને ઇચ્છતા અર્જુનનાં એવાં વચન સાંભળી પ્રસન્ન થયેલા મહાદેવજીએ વાસુદેવ તથા અર્જુનને આવી રીતે કહ્યું કે, હે નરશ્રેષ્ઠો! તમો ભલે આવ્યા; અને જે કામનાથી તમો અહિં આવ્યા છો તે તમારા મનનું ઇચ્છિત મેં જાણ્યું, તે હું આપું છું. હે શત્રુસૂદનો! અહિં સમીપે અમૃતમય દિવ્ય સરોવર છે ત્યાં જેણે કરી સર્વ દૈત્યોને મેં યુદ્ધમાં પાડ્યા છે એ દિવ્ય ધનુષ તથા બાણ પૂર્વે મેં રાખેલાં છે ત્યાંથી હે કૃષ્ણો! બાણસહિત ઉત્તમ ધનુષ લેઇ આવો. 'ઠીક બહુ સારૂં;' એમ કહી શૂરવીર તે બેઉ સર્વ પારિષદ સહિત દિવ્ય એવા ઐશ્વર્ય સત્વેકરી યુક્ત એવા તે દિવ્ય સરોવર પ્રત્યે જવા લાગ્યા. વૃષાંક એવા મહાદેવજીએ જે કહ્યું હતું, તે સર્વ અર્થ સાધનાર પવિત્ર એવા સરોવર પ્રત્યે અસંભ્રાંત એવા નરનારાયણ ઋષિ તે બેઉ ગયા. સૂર્યમંડળ સરખા તે સરોવરમાં વાસુદેવ તથા અર્જુને જળની અંદર એક ભયંકર સર્પ જોયો. તેટલામાં તેઓએ મોટી જ્વાળાઓનું વમન કરતો, અગ્નિ સરખી કાંતિવાળો, હજાર છે મસ્તક જેને, એવો બીજો શ્રેષ્ઠ સર્પ ત્યાં જોયો. તે વખતે વેદ જાણનાર એવા શ્રીકૃષ્ણ તથા અર્જુન હાથ જોડી વૃષભધ્વજને નમસ્કાર કરી શતરૂદ્રિયવેદ ભણતાં તે નાગોનું ઉપસ્થાન કરવા લાગ્યા. તે વખતે તે મોટા સર્પ રૂદ્રના માહાત્મ્યથી તે રૂપનો ત્યાગ કરી શત્રુને હણનાર એવાં ધનુષબાણરૂપ થઇ ગયા. ત્યારે પ્રસન્ન થયેલા મહાત્મા તે બેઉએ ફરી કાંતિવાળું તે ધનુષ ગ્રહણ કરી મહાત્માને આપ્યું. તેટલામાં પિનાક, તપના આધારભૂત બળવાન મહાદેવજીની બીજી મૂર્તિરૂપ બ્રહ્મચારિએ મહાદેવજીના પાર્શ્વ ભાગમાંથી ઉત્પન્ન થઇ તે શ્રેષ્ઠ ધનુષ ગ્રહણ કરી સાવધાન થઇ બાણ સહિત તે ઉત્તમ ધનુષ વિધિથી આકર્ષણ કર્યું. તેની મૌર્વીનું આકર્ષણ તથા ધનુષ ધારણ જોઇ મહાદેવજીએ કહેલો મંત્ર સાંભળી અચિંત્ય પરાક્રમવાળા તેણે તે ગ્રહણ કરી લીધો. તેટલામાં અતિ બળવાન શૂરવીર, તથા સમર્થ એવા તે બ્રહ્મચારીએ ધનુષબાણ પાછાં તળાવમાં નાંખી દીધાં. તે સમે સ્મૃતિમાન અર્જુને પ્રસન્ન થયેલા મહાદેવજીને જાણી વિચાર કર્યો કે, પૂર્વે અરણ્યમાં મહાદેવજીએ જે વર આપ્યો છે તેજ આ વર પ્રાપ્ત થયો; [illegible]

ત્રિશૂલ નહિ મળ એવો અર્જુનનો મત જાણી પ્રસન્ન થયેલા મહાદેવજીએ ઘોર એવું તે પાશુપત તથા પ્રતિજ્ઞાને પણ તું પાર પામીશ એમ વરદાન આપ્યું, એ રીતે મહાદેવજી પાસેથી દિવ્ય એવા પાશુપતને પામી, થયાં છે રુંવાં ઉભાં જેનાં એવો દુર્ધર્ષ અર્જુન, પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો. પછી અત્યંત પ્રસન્ન થયેલા, પરમ હર્ષયુક્ત, મહાદેવે રક્ષણ કરેલા, મહાવીર અર્જુન તથા કૃષ્ણ તે જ ક્ષણે પોતાના શિબિર પ્રત્યે પ્રાપ્ત થયા. મહા અસુરને મારનાર મહાદેવજીએ અનુમત એવા અર્જુન તથા કેશવ, જંભાસુરના વધને ઇચ્છતા ઇન્દ્ર તથા વિષ્ણુ જેમ પ્રસન્ન થયા હતા તેમ પ્રસન્ન થયા.

तथा भवेनानुमतौमहासुरविघातिना ।
इंद्राविष्णू यथा प्रीतौजंभस्य वधकांक्षिणौ ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वण्यर्जुनस्य पुनःपाशुपतास्त्रप्राप्तौ गुर्जरभाषायामेकाशीतितमोऽध्यायः ॥ ८१ ॥

અધ્યાય ૮૨ મો. યુધિષ્ઠિરની તૈયારી.

संजय उवाच—तयोः संवदतोरेवं कृष्णदारुकयोस्तथा ।
सात्यगाद्रजनीराजन्नथ राजान्वबुध्यत ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે રાજન્! એ રીતે શ્રીકૃષ્ણ તથા દારુક બન્નેને વાતો કરતાં તે રાત્રિ વ્યતિત થઇ ગઇ. ત્યારપછી રાજા પણ જાગૃત થયા. તે વખતે હાથથી તાળીનો શબ્દ કરનાર, મધુપર્ક સમયે સ્વસ્તિ ભણનાર માગધ લોક મંગળ ગાવા લાગ્યા. વૈતાલિક તથા સૂત પુરુષો યુધિષ્ઠિરની સ્તુતિ કરતા હતા, નર્તક લોકો નૃત્ય કરતા હતા; અને રંજક છે સ્વર જેમનો એવા ગાયક લોકો કુરુવંશની સ્તુતિવાળાં મધુર ગાન ગાતા હતા. તેમ મૃદંગ, ઝર્ઝર, ભેરી, પણવ, આનક, ગોમુખ, આડંબર, શંખ તથા દુંદુભિ એટલાં એ અને બીજા પણ મોટા શબ્દવાળા સર્વ યુદ્ધવાદ્યને સારી રીતે શીખેલા કુશળ પુરુષો અત્યંત પ્રસન્નતાથી વગાડતા હતા. તેમનો એકઠો મળેલો મેઘ સરખો મોટો શબ્દ, સ્વર્ગને સ્પર્શ કરતો હતો અને તેના શ્રવણેકરી ઉત્તમ એવી અમૂલ્ય શય્યામાં સુખેકરી સૂનેલા યુધિષ્ઠિર રાજા પણ જાગ્રત થઈ ઉઠી પોતાનું નિત્ય કર્મ કરવા સારૂ સ્નાન ગૃહપ્રત્યે પધાર્યા, તેમને જોઇ શ્વેત વસ્ત્ર પહેરેલા, કર્યું છે સ્નાન જેમણે એવા તરૂણ અવસ્થાવાળા સ્નાન કરાવનારા અષ્ટોત્તરશતપુરૂષ, જળથી ભરેલા સુવર્ણના કુંભ લઇ સમીપ આવી ઉભા. તે સમયે નાનું વસ્ત્ર પહેરી ભદ્રાસન ઉપર સારી રીતે બેઠેલા યુધિષ્ઠિરે ચંદન સંયુક્ત અભિમંત્રણ કરેલા જળેકરી સ્નાન કર્યું. તે સમયે સારી રીતે શીખેલા બળવાન પુરૂષોએ સર્વૌષધ્યાદિકના કલ્કેકરી મર્દન કર્યા છે સર્વ અવયવ જેના એવા અને સુવાસિત દ્રવ્યયુક્ત સુગંધી જળેકરી ન્હાએલા યુધિષ્ઠિર રાજાએ મસ્તક સુકાવવા વાસ્તે રાજહંસ સરખી ધોળી ટોપી મસ્તક વિષે વીંટી લીધી. ત્યારપછી મહાબાહુ તે, હરિચંદનનો શરીરમાં લેપ કરી, માળા પહેરી, અહત વસ્ત્ર ધારણ કરી, પૂર્વાભિમુખે બેસી, હાથ જોડી, સત્પુરૂષના માર્ગનું અનુસરણ કરનાર કુંતિપુત્ર તે, જપવા યોગ્યનો જપ કરી, નમ્રતાથી

અગ્ન્યાગારમાં પ્રવેશ કરી પવિત્ર સમિધ તથા મંત્રથી પવિત્ર એવી આહુતિએ કરી અગ્નિની પૂજા કરી તે ગૃહમાંથી બહાર નિકળ્યા. પછી પુરૂષમાં સિંહરૂપ તે રાજા, બીજી ડોઢીમાં આવી, ત્યાં બેઠેલા વેદ જાણનાર, વૃદ્ધ, ઇન્દ્રિયો નિયમમાં રાખનાર, વેદના વ્રતમાં સ્નાત, અવભૃથ સ્નાન કરેલા, હજારો છે અનુચર જેમને, સૂર્યના ઉપાસક એવા અષ્ટ સહિત સહસ્ર શ્રેષ્ઠ બ્રાહ્મણોને જોઇ અક્ષત તથા પુષ્પેકરી સ્વસ્તિવાચન કરી પછી મંત્ર, ઘૃત, તથા અત્યંત મંગળરૂપ એવાં શ્રેષ્ઠ ફળ સહિત તે બ્રાહ્મણોને એક એક નિષ્ક સુવર્ણ આપી શણગારેલા સો અશ્વ, વસ્ત્ર; ઇષ્ટ એવી દક્ષિણા તથા દુઝણી વત્સસહિત, સુવર્ણનાં શૃંગવાળી રૂપાની ખરીવાળી કપિલા ગાયો આપી, તેમને પ્રદક્ષિણા કરી પછી સ્વસ્તિકશરાવ નામનાં પાત્ર, સુવર્ણના સંપુટિત અર્ઘપાત્ર, સુગંધિ પુષ્પની માળાઓ, જળેકરી પૂર્ણ કુંભ, પ્રજ્વલિત અગ્નિ, પૂર્ણ એવાં અક્ષતપાત્ર, રૂચિકર પદાર્થ, સંતોષકારક વસ્તુ, શણગારેલી સુંદર કન્યાઓ, દધિ, ઘૃત, મધુ, ઉદક, મંગળરૂપ પક્ષિઓ, બાકી પણ પૂજિત એવી વસ્તુઓને જોઇ તે સર્વને સ્પર્શ કરી કુંતિપુત્ર યુધિષ્ઠિર ત્યાંથી બહારને દરવાજે ગયા. તેમને જોઇ ચાકર લોકોએ મુક્તા તથા વૈદૂર્યમણિથી શોભિતું અમૂલ્ય આસ્તરણે કરી આસ્તીર્ણ વિશ્વકર્માનું કરેલું દિવ્ય શ્રેષ્ઠ સિંહાસન લેઇ આવી બીછાવ્યું. તે ઉપર વિરાજમાન થયેલા મહાત્મા યુધિષ્ઠિર વાસ્તે પ્રેષ્ય લોકો અમૂલ્ય સ્વચ્છ ભૂષણો લેઇ આવ્યા. મુક્તાના આભરણેકરી સુંદર વેષવાળા કુંતિપુત્ર ધર્મરાજાનું દ્વેષિયોને શોક વધારનાર એવું સુંદરરૂપ થયું. તે વખને જેમના દાંડા સુવર્ણના છે, એવાં અત્યંત સુશોભિત ચંદ્રકિરણ સરખાં બે બાજુ થતાં ચામરે કરી જેમ વિદ્યુલ્લતાએ કરી મેઘ શોભે તેવા શોભતા હતા. સૂત લોકોએ સ્તુતિ કરેલા કુરૂનંદન યુધિષ્ઠિરને બંદિજન વંદન કરતા હતા અને ગંધર્વ ગાન કરતા હતા. ત્યાર પછી એક મુહૂર્તે રથોનો, રથના પાદ્યાઓનો તથા અશ્વની ખરીઓનો મોટો શબ્દ થવા લાગ્યો. તે શબ્દ સાથે મળેલા હસ્તિયોના ઘંટાઓના શબ્દ, શંખના શબ્દ તથા મનુષ્યોના પગના શબ્દેકરી પૃથ્વી કંપવા લાગી. કુંડળ તથા કવચવાળાં બાંધ્યાં છે ખડ્ગ જેમણે એવા તરૂણ દ્વારપાળે ડોઢીમાં આવી પૃથ્વીપર ઘુંટણભર થઇ વંદન કરવા લાયક રાજાને મસ્તકથી પ્રણામ કરી મહાત્મા ધર્મરાજાને નિવેદન કર્યું કે ઋષિકેશ ભગવાન તમારી પાસે આવે છે. તે વાત સાંભળી પુરૂષમાં સિંહરૂપ તેમણે 'ભલે પધાર્યા,' એમ કહી, માધવને અર્ઘ્ય તથા પરમ એવું આસન આપો એમ કહ્યું. ત્યારપછી વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણને પ્રવેશ કરાવી શ્રેષ્ઠ આસન ઉપર બેસાડી ધર્મરાજ યુધિષ્ઠિરે વિધિપુરસ્સર તેમની પૂજા કરી.

तत: प्रवेश्य वार्ष्णेयमुपवेश्यवरासने ।
पूजयामास विधिवद्धर्मराजो युधिष्ठिर: ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वणि युधिष्ठिरसज्जतायां गुर्जरभाषायां द्व्यशीतितमोऽध्यायः ॥ ८२ ॥

અધ્યાય ૮૩ મો. અર્જુન પ્રશંસા.

संजय उवाच—ततो युधिष्ठिरो राजा प्रतिनंद्य जनार्दनं ।
उवाच परमप्रीतः कौंतेयो देवकीसुतं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી અત્યંત પ્રસન્ન થયેલા કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજાએ દેવકીપુત્ર જનાર્દન ભગવાનને વખાણી આવી રીતે પૂછ્યું કે, હે મધુસૂદન ! હે અચ્યુત ! સુખેકરી તમારી રાત્રિ ગઈ અને તમારાં સર્વ જ્ઞાન પ્રસન્ન છે ? યુધિષ્ઠિરનાં વચન સાંભળી વાસુદેવે પણ યુક્ત હતું તે યુધિષ્ઠિરને પૂછ્યું; એટલામાં દ્વારપાળે સર્વ રાજવંશી આવેલા છે, એમ નિવેદન કર્યું. તે સાંભળી રાજાએ આજ્ઞા આપેલા તેણે તે સર્વ જનને પ્રવેશ કરાવ્યો. ત્યારે વિરાટ, ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, ચેદિપ, ધૃષ્ટકેતુ, મહારથિ દ્રુપદ, શિખંડિ નકુળ, તથા સહદેવ, ચેકિતાન, કેકય, કૌરવ્ય એવો યુયુત્સુ, પાંચાલ્ય, ઉત્તમૌજા, યુધામન્યુ, સુબાહુ, દ્રૌપદીના પુત્ર, એટલા એ અને બીજા પણ ઘણાક ક્ષત્રિયો, ક્ષત્રિયમાં શ્રેષ્ઠ, મહાત્મા યુધિષ્ઠિરનું ઉપસ્થાન કરી એટલે તેમને નમી સુંદર એવા આસન ઉપર સર્વ વિરાજમાન થયા. તેમાં મોટી કાંતિવાળા મહાત્મા મહા બળવાન શૂરવીર શ્રીકૃષ્ણ તથા સાત્યકિ યાદવ એ બેઉ એક આસન ઉપર વિરાજમાન થયા. એ રીતે બેઠેલા તે સર્વ સાંભળે તે રીતે યુધિષ્ઠિરરાજા કમળ સરખાં નેત્રવાળા મધુસૂદન શ્રીકૃષ્ણને સંબોધનથી બોલાવી આવી રીતે મધુર વચન કહેવા લાગ્યા કે, દેવતાઓ જેમ ઇન્દ્રનો આશ્રય કરે તેમ અમે એક તમારો આશ્રય કરી યુદ્ધમાં જય તથા શાશ્વત સુખની પ્રાર્થના કરીએ છીએ. હે કૃષ્ણ ! અમારા રાજ્યનો વિનાશ, શત્રુઓએ કરેલું અમારું નિરાકરણ તથા અમને થયેલા વિવિધ પ્રકારના ક્લેશને તમે જાણો છો. હે ભક્તવત્સલ ! હે મધુસૂદન ! હે સર્વેશ ! અમારું સર્વનું સુખ તથા સ્થિતિ પણ તમારે વિષે રહી છે, માટે હે વાર્ષ્ણેય ! જે રીતે મારું મન તમારે વિષે રહે અને અર્જુને કરેલી પ્રતિજ્ઞા સત્ય થાય તે રીતે કરો. હે માધવ ! તમો તે દુઃખરૂપી મોટા સમુદ્રથકી અમને તારો; અને સમુદ્રના પારને ઉતરવા ઇચ્છતા અમોને નાવરૂપ થાઓ. હે કૃષ્ણ ! સંગ્રામમાં યત્ન કરતો સારથિ જે કામ કરી શકે, તે કામ શત્રુના વધવાસ્તે ઉદ્યુક્ત થયેલો રથિ પણ કરી શકે નહિ. હે જનાર્દન ! હે મહાબાહો ! જે રીતે સર્વ આપદ વિષે વૃષ્ણિઓને પાળો છો તેજ રીતે દુઃખ થકી અમારી પણ રક્ષા કરવા તમે યોગ્ય છો, હે શંખ, ચક્ર, અને ગદાધર ! અગાધ સમુદ્રમાં નાવ વગરના ડૂબેલા પાંડવોના નાવરૂપ થઇ ઉદ્ધાર કરો. હે દેવ ! હે ઇશ ! હે સનાતન ! હે સંહાર કરનાર ! હે વિષ્ણો ! હે જિષ્ણો ! હે કૃષ્ણ ! હે વૈકુંઠપતિ ! હે પુરુષોત્તમ ! હું તમને નમસ્કાર કરું છું હે માધવ ! નારદે તમને પુરાણપુરુષ, ઋષિમાં શ્રેષ્ઠ, વર આપનાર, શાર્ઙ્ગ ધનુષ ધરનાર એવા શ્રેષ્ઠ કહ્યા છે માટે તે સત્ય કરો. એ રીતે સભામાં ધર્મરાજાએ જેને કહ્યું એવા કમળ સરખાં નેત્રવાળા બોલવામાં ચતુર ભગવાન મેઘ સરખી વાણીએકરી યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યા.

હે યુધિષ્ઠિર ! દેવતાઓ સહિત સર્વ લોકમાં જેવો અર્જુન ધનુષ ધરનાર છે તેવો બીજો કોઈ નથી. તેમ વીર્યવાન, અસ્ત્રસંપન્ન પરાક્રમી, મહા બળવાન, યુદ્ધમાં પ્રવીણ, સદા અમર્ષવાન, તેજેકરી સર્વથી અધિક, યુવાવસ્થાવાળો, બૈલ સરખા ખભાથી શોભિતો, મહાબાહુ, શ્રેષ્ઠ સિંહ સરખી ગતિવાળો, અત્યંત શોભિતો અર્જુન, તમારા દ્વેષિઓને હણશે. કુંતિપુત્ર તે અગ્નિ જેમ કાષ્ઠને બાળે તેમ દુર્યોધનના સૈન્યને બાળે તેમ હું કરીશ. આજ અર્જુન પાપકર્મ કરનાર, ક્ષુદ્ર, અભિમન્યુને મારનાર સિંધુરાજાને બાણેકરી પાછો દેખાય નહિ એવે માર્ગે મોકલી દેશે. આજ ગૃધ્ર, શ્યેન, ચંડ એવા શિયાળ તથા પુરુષને ખાનાર બીજાં પ્રાણીઓ તેના માંસને ખાશે. ઇન્દ્ર સહિત દેવતાઓ તેના રક્ષક થશે તોપણ યુદ્ધમાં હણાયલો તે આજ

ધર્મની રાજધાનીને પ્રાપ્ત થશે. આજ અર્જુન, સિંધુરાજાને મારી તમારી પાસે આવશે, માટે હે રાજન્! ઐશ્વર્યને આગળ કરી શોક તથા જ્વર રહિત થાઓ.

निहत्य सैंधवं जिष्णुरद्यत्वामुपयास्यति ।
विशोको विज्वरो राजन् भव भूतिपुरस्कृतः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वणि श्रीकृष्णवाक्ये गूर्जर-भाषायां त्र्यशीतितमोऽध्यायः ॥ ८३ ॥

અધ્યાય ૮૪ મો. અર્જુનનું રણે ચઢવું.

संजय उवाच—तथा तु वदतां तेषां प्रादुरासीद्धनंजयः ।
दिदृक्षुर्भरतश्रेष्ठं राजानं ससुहृद्गणं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે રીતે તેઓ વાતો કરે છે એટલામાં સુહૃદ્ગણ સહિત ભરતકુળમાં શ્રેષ્ઠ રાજાને જોવાને ઇચ્છતા અર્જુન ત્યાં આવ્યા. સુંદર દેહીમાં આવી યુધિષ્ઠિરને અભિવંદન કરી આગળ ઉભેલા અર્જુનને પાંડવમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા, બે હાથથી મળી તેમનું મસ્તક સુંઘી કલ્યાણયુક્ત આશિષ આપી આવી રીતે કહેવા લાગ્યા કે, હે અર્જુન! તારી શોભા ઘણી સારી લાગે છે તથા જનાર્દન એવા ભગવાન પ્રસન્ન છે, તેથી હું એમ જાણું છું કે જરૂર સંગ્રામમાં તારો આજ જય થશે. યુધિષ્ઠિરનાં વચન સાંભળી અર્જુને કહ્યું કે, કેશવ ભગવાનના પ્રસાદથી ઉત્તમ એવું મહા આશ્ચર્ય મેં જોયું. એમ કહી જેવી રીતે જોયું હતું તેવી રીતે મહાદેવ સાથે સમાગમાદિકનું વૃત્તાંત સંબંધિઓને આશ્વાસના કરવા સારૂ યથાર્થ કહી બતાવ્યું. તે સાંભળી વિસ્મય પામેલા સર્વ રાજાઓએ મસ્તકથી પૃથ્વીનો સ્પર્શ કરી મહાદેવજીને નમસ્કાર કરી 'ઘણું સારૂં' 'ઘણું સારૂં' એમ કહ્યું. ત્યારપછી ધર્મરાજાએ આજ્ઞા કરેલા સર્વ સંબંધીઓ તૈયાર થઇ પ્રસન્નતાથી જલદી યુદ્ધ વાસ્તે નિકળ્યા. તેમજ સાત્યકિ, અચ્યુત ભગવાન તથા અર્જુન પણ યુધિષ્ઠિરને પ્રણામ કરી પ્રસન્ન થઇ તેમના શિબિરથી બહાર નિકળ્યા. ત્યારપછી કોઇથી સહન થાય નહિ એવા શૂરવીર સાત્યકિ, યાદવ તથા જનાર્દન ભગવાન એક રથેકરી અર્જુનના નિવાસસ્થાન પ્રત્યે ગયા. ત્યાં જઇ હૃષિકેશ એવા ભગવાને સૂતની પેઠે રથિમાં શ્રેષ્ઠ અર્જુનનો હનુમાનનું ચિન્હ છે જેમાં એવો રથ સંગ્રામમાં જવા તૈયાર કર્યો. તપાવેલા સુવર્ણ સરખી છે પ્રભા જેની એવો મેઘ સરખા શબ્દવાળો તૈયાર કરેલો તે શ્રેષ્ઠ રથ પ્રાતઃકાલનો સૂર્ય શોભે તેમ શોભતો હતો. તે પછી સજ્જ કરી છે સામગ્રી જેણે એવા પુરૂષમાં સિંહરૂપ ભગવાને કર્યું છે આન્હિક જેણે એવા અર્જુનની સમીપ તે રથ નિવેદન કર્યો. સુવર્ણનું કવચ તથા ધનુષબાણ ધારણ કરેલા, લોકમાં શ્રેષ્ઠ અને તપ, વિદ્યા તથા વયે કરી, વૃદ્ધ, ક્રિયાવાન, અને જિતેંદ્રિય પુરૂષોએ જયરૂપ આશિષ સાથે સ્તુતિ કરેલા તેજસ્વી અર્જુને જૈત્ર એવા સાંગ્રામિક મંત્રે કરી અભિમંત્રણ કરેલા તે રથને પ્રદક્ષિણા કરી સૂર્ય જેમ ઉદયાચળ પર આરોહણ કરે, તેમ મહારથ પ્રત્યે આરોહણ કર્યું. તે સમયે સુવર્ણના રથમાં બેઠેલો, સુવર્ણના કવચાદિકથી વિભૂ-

શેભે, રથિઓમાં શ્રેષ્ઠ અર્જુન, મેરૂ પર્વત પર રહેલો સૂર્ય શોભે તેમ શોભતો હતો. તે પછી અર્જુનના રથમાં આરેલા ઇન્દ્રદેવની પાછળ જેમ અશ્વિનીકુમાર આરોહણ કરે તેમ સાત્યકિ, સાત્વત તથા જનાર્દન ભગવાને આરોહણ કર્યું. પછી ઘોડા હાંકવામાં ચતુર ગોવિંદ ભગવાને વૃત્રાસુરને મારવા જતા ઇન્દ્રના ઘોડાઓની રાશોને જેમ તેનો સારથિ માતલિ ગ્રહણ કરે તેમ અર્જુનના ઘોડાઓની રાશ ગ્રહણ કરી સાત્યકિ તથા જનાર્દન ભગવાન સહિત શ્રેષ્ઠ રથમાં બેઠેલો અર્જુન, બુધ તથા શુક્ર સહિત આકાશમાં રહેલો અંધકાર ટાળનાર ચંદ્ર શોભે તેમ શોભતો હતો. વરૂણ તથા મિત્ર સહિત ઇન્દ્ર જેમ તારકામય સંગ્રામમાં ગયો હતો, તેમ શત્રુ સમુદાયને હણનાર સૈંધવના વધને ઇચ્છતો સાત્યકિ તથા જનાર્દન સહિત અર્જુન સંગ્રામ કરવા ગયો. તે વખતે સંગ્રામ પ્રત્યે જતા શૂરવીર અર્જુનની માગધ લોકો વાદિત્રના શબ્દ તથા શુભ એવાં માંગલિક સ્તવને કરી સ્તુતિ કરતા હતા. જયરૂપ આશિષ તથા પુણ્યાહયુક્ત વાદિત્રના શબ્દ સાથે મળેલો સૂત તથા માગધનો શબ્દ, તેમને હર્ષ વધારનાર થતો હતો. તેની પાછળ પવિત્ર ગંધને વહેનાર સુંદર વાયુ અર્જુનને હર્ષ કરતો તથા શત્રુઓને શોષણ કરતો હતો. તે જ ક્ષણે જયને આપનાર શુભ એવા વિવિધ પ્રકારના ઘણાક શકુન પાંડવોને થવા લાગ્યા. તમારાઓને તેથી વિપરીત થવા માંડયા. તે સમયે જયને આપનાર તે નિમિત્તને જોઇ અર્જુને પોતાની ઇચ્છા પ્રમાણે વરતનાર મોટા ધનુષવાળા સાત્યકિને કહ્યું કે, હે શિનિપુંગવ ! હે યુયુધાન ! જેવાં આ ચિન્હ દેખાય છે તે જોતાં તો આજ યુદ્ધમાં આપણો જરૂર કરી જયજ દેખાય છે. માટે જે ઠેકાણે યમલોક પ્રત્યે જવા ઇચ્છતો સિંધુરાજા મારૂં પરાક્રમ જોવાની વાટ જુવે છે ત્યાં હું જઇશ. પણ સિંધુરાજાનો વધ જેમ મારે તેમ પરમ કૃત્ય છે તેમજ ધર્મરાજાનું રક્ષણ પણ અત્યંત મોટું કૃત્ય છે. વાસ્તે હે મહાબાહો ! આજ તું રાજાનું પરિપાલન કર. કારણ જેવી મારાથી રક્ષા બને તેવીજ તારાથી બની શકે તેમ છે. સાક્ષાત્ ઇન્દ્ર હોય તોપણ શું ? યુદ્ધમાં વાસુદેવ સરખા તને પરાજય પમાડે એવા કોઇ પણ યોદ્ધાને લોકમાં હું જોતો નથી. હે નરર્ષભ ! મહારથિ તું અથવા પ્રદ્યુમ્ન બેમાંથી એક યુધિષ્ઠિરની રક્ષાનો ભાર ગ્રહણ કરો તો હું નિશ્ચિત થઇ સિંધુરાજાને હણવા સમર્થ થાઉં. હે સાત્વત ! કોઈ રીતે બીજાની અપેક્ષા ન રહે તે રીતે સર્વાત્મપણાથી તારે રાજાની રક્ષા કરવી. તેમ જ્યાં મહાબાહુ વાસુદેવ રહ્યા છે અને જ્યાં હું છું ત્યાં કેઈ જાતની "વિપત્તિ આવજ નહિ, એમ જેને અર્જુને કહ્યું છે, એવો પારકા શૂરવીરને હણનાર સાત્યકિ 'ઠીક તેમ કરીશ;' એમ કહી જ્યાં યુધિષ્ઠિર હતા ત્યાં તેમની રક્ષા વાસ્તે ગયો.

एवमुक्तस्तु पार्थेन सात्यकिः परवीरहा ।
तथेत्युक्त्वा गमत्तत्र यत्र राजा युधिष्ठिरः ।

इति श्री महाभारते द्रोणपर्वणि प्रतिज्ञापर्वण्यर्जुनवाक्ये गुर्जरभाषायां चतुरशीतितमोऽध्यायः ॥ ८४ ॥

અધ્યાય ૮૫ મો. ધૃતરાષ્ટ્રની ચિંતાતુરતા.

जयद्रथवधपर्व.

धृतराष्ट्र उवाच—श्वोभूते किमकार्षुस्ते दुःखशोकसमन्विताः ।
अभिमन्यौ हते तत्र के वा युद्ध्यंत मामकाः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! અભિમન્યુ હણાયા પછી દુઃખ તથા શોક સંયુક્ત પાંડવોએ બીજે દિવસે પ્રાતઃકાલ થયા પછી શું કર્યું ? અને મારી તરફના કોણ યુદ્ધ કરતા હતા; અર્જુનના કર્મને સારી રીતે જાણનાર કૌરવો તેનો અપરાધ કરી પછી નિર્ભય કેમ રહ્યા, તે તું મને કહે ! પુત્રના શોકથી સંતપ્ત, મૃત્યુની પેઠે ક્રોધાયમાન, પુરૂષમાં સિંહરૂપ સંગ્રામ વિષે આવતા અર્જુનને મારી તરફના કેમ જોઇ શક્યા ? હનુમાન છે ધ્વજા વિષે જેનો, મોટા ધનુષને હલાવતો, પુત્રના વધથી દુઃખિત થયેલા તેણે મારી તરફનાઓને શું કર્યું ? હે સંજય ! આજ સંગ્રામમાં દુર્યોધનને મોટો ક્લેશ છે, એમ સાભળ્યું છે તેથી મને આનંદ થતો નથી વાસ્તે દુર્યોધનનું શું વૃત્તાંત છે તે પણ મને કહે ? મનને ગ્રહણ કરવા લાયક અત્યંતેન્દ્રિયોને સુખ દેનાર એવા સિંધુરાજાના શિબિર પ્રત્યે જે શબ્દ થતા હતા તે બધા આજ સંભળાતા નથી. તેમ મારા પુત્રના શિબિર પ્રત્યે આજ સ્તુતિ કરનાર સૂત તથા માગધ સમુદાય તથા નૃત્ય કરનારના શબ્દ પણ સભળાતા નથી. જે શબ્દે કરી નિરંતર મારા કાન શબ્દાયમાન થતા હતા તે ધૈર્યવાન સોમદત્તના શિબિર પ્રત્યે થતા દીન જનોના શબ્દને પણ આજ હું સાંભળતો નથી. હે તાત ! પૂર્વે જ્યાં ઉત્તમ એવા શબ્દ સાંભળાતો હતો તે મારા પુત્રના શિબિરને આજ પુણ્યહીન હું આર્તસ્વરે કરી શબ્દાયમાન તથા ઉત્સાહ રહિત હોય એવા અનુમાનું છું. તેમજ વિવિંશતિ, દુર્મુખ, ચિત્રસેન, વિકર્ણ, તથા બીજા મારા પુત્રોનો પણ પૂર્વના જેવો આજ ઉત્તમ શબ્દ સભળાતો નથી; અને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય એ ત્રણ જાતિના શિષ્ય જેની સેવા કરે છે, તેમ વિતંડા એટલે પોતાનો પક્ષ જુઠો હોય તોપણ તેનું સ્થાપન કરવું, પરસ્પર ભાષણ, જલદી વાદિત્રનું વાદન, તથા વિવિધ પ્રકારનાં ઇષ્ટ એવાં ગાનેકરી રાત્રિ દિવસ જે ક્રીડા કરે છે; અને ઘણાક એવા કોરવો પાંડવ તથા સાત્વતોએ સેવન કરેલા મારા પુત્રના આશ્રયભૂત, મોટા ધનુષવાળા દ્રોણપુત્રના ઘર વિષે પણ પૂર્વના જેવો આજ ઉત્તમ શબ્દ સંભળાતો નથી તેમ તેની પાસે ગાન કરનાર તથા નૃત્ય કરનારનો પણ શબ્દ સંભળાતો નથી. તેમજ વિંદ, અનુવિંદ તથા કેકયના શિબિર પ્રત્યે પણ સાયંકાળે જે મોટો ઉત્સવ સંભળાતો હતો તે આજ સભળાતો નથી. હે તાત ! નિરંતર પ્રમુદિત એવા નૃત્ય કરતા ગણોનો તાલ તથા ગીતનો મોટો શબ્દ સંભળાતો હતો તે આજ સભળાતો નથી. સાત યજ્ઞનો વિસ્તાર કરનાર, યજન કરાવનાર, શાસ્ત્રના નિધિરૂપ બ્રાહ્મણો, સોમદત્ત પુત્રની પ્રશંસા કરતા હતા, તેમનો પણ આજ શબ્દ સભળાતો નથી. દ્રોણના તંબુમાં નિરંતર પ્રત્યંચાનો શબ્દ, વેદઘોષ અને તોમર, ખડ્ગ તથા રથનો શબ્દ થતો હતો તેને પણ આજ હું સાંભળતો નથી. તેમ નાના પ્રકારના દેશના સંગીત તથા વાદિત્રોનો જે મોટો શબ્દ સંભળાતો હતો તે પણ આજ સંભળાતો નથી. એ બધું તારા કહેવાથી તેમજ છે, એમ હું જાણું છું. હે સૂત ! જ્યારે શાંતિને ઇચ્છતા અચ્યુત એવા જનાર્દન સર્વ ભૂતને દયા કરવા વાસ્તે ઉપપ્લવ્યથી પધાર્યા હતા તે જ વખતે મંદ એવા દુર્યોધનને મેં કહ્યું હતું કે હે પુત્ર ! વાસુદેવે

[illegible] વિજય મેળવેલાને અભિમાન પણ દુઃખ નથી થતું, તે તે પુરુષ કોઇથી જીતાતો નથી, તેમ પોતે બીજાને જીતવાની ઇચ્છા પણ નથી કરતો; કોઇ સાથે પણ વેર કરતો નથી, તથા કોઇને પ્રતિઘાત પણ નથી કરતો; અને નિંદા તથા પ્રશંસા જેને સમાન છે, એવો તે પુરુષ કોઇ વાતનો શોચ પણ નથી કરતો, તેમ હર્ષ પણ કરતો નથી. જે સર્વના કલ્યાણને ઇચ્છે છે પણ કોઇના અકલ્યાણ પ્રતિ મન કરતો નથી અને સત્ય બોલનાર, સરલ તથા ઇંદ્રિયો નિયમમાં રાખનારો છે, તેને ઉત્તમ પુરુષ જાણવો. જે મીઠું બોલી ફોકટ કોઇને ભરોસો આપે નહિં, મોઢેથી આપીશ કહેલું આપેજ, તથા પારકા છિદ્રને જાણે, તે મધ્યમ પુરુષ જાણવો. ખરાબ સલાહ આપનાર, માર ખાનાર, શસ્ત્રથી ખંડિત થાય તો પણ સરલતાથી નહીં ચાલનાર, કરેલા ઉપકારને ન જાણનાર, કોઇની સાથે પણ મિત્રાઇ ન રાખનાર તથા બુદ્ધિ જેની દુષ્ટ છે, તે અધમ પુરુષ જાણવો. તેમ કોઇ ઉત્તમ માણસો કલ્યાણની વાત કહે તે ઉપર પણ જેને શ્રદ્ધા નથી તેમ પોતાને વિષે પણ જેને વિશ્વાસ નથી તથા મિત્રનું કહ્યું પણ જે માને નહિં, તે પુરુષ પણ અધમ જાણવો. સમૃદ્ધિને ઇચ્છતા પુરુષે ઉત્તમ મનુષ્યનીજ સોબત કરવી, વખત આવ્યે કદાચ મધ્યમની કરવી, પણ અધમની તો કદી કરવી નહીં. જે માણસ કપટ તથા નિરંતર લુચ્ચાઈ વાપરીને બુદ્ધિ તથા પરાક્રમથી ધન મેળવે, તે એ રીતે ધન મેળવવાથી લોકમાં પ્રશંસા તથા મોટા કુળની યોગ્યતાને પામતો નથી. એવાં વિદુરનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, હે વિદુર! નિરંતર ધર્મ તથા અર્થમાં કુશળ એવા બહુશ્રુત દેવતાઓ પણ મોટા કુળને ઇચ્છે છે, વાસ્તે મોટાં કુળ કોને કહેવાં તે કહે?

વિદુરે કહ્યું કે, તપશ્ચર્યા, ઇંદ્રિયોનો નિગ્રહ, વેદ ભણવા તથા બીજાને ભણાવવા, યજ્ઞ, ઉત્તમ વિવાહાદિ કર્મો, હંમેશ અન્નદાન તથા રૂડાં આચરણ, એ સાત ગુણ જેનામાં છે, તે મોટું કુળ જાણવું. વળી જેનું સદાચરણ ચલાયમાન થતું નથી, જેના પિત્રાદિક પણ બાધા નથી પામતા, જે પ્રસન્ન મનથી ધર્માચરણ કરે છે, પોતાના કુળની ઉત્તમ કીર્તિ થવાની ઇચ્છા રાખે છે, તથા અસત્યનો ત્યાગ કરે છે, તે મોટું કુળ જાણવું. યજન ન કરવાથી, કુત્સિત વિવાહોથી, વેદાભ્યાસ ત્યાગ કરવાથી તથા ધર્મના અતિક્રમણથી રૂડાં કુળો પણ દુષ્કુળપણાને પામે છે, વળી દેવદ્રવ્ય ખાવાથી, બ્રહ્મસ્વ હરણ કરવાથી તથા બ્રાહ્મણને અતિક્રમણ કરવાથી સારાં કુળ પણ દુષ્કુળપણાને પામે છે. તેમ બ્રાહ્મણોને માર-વાથી, તેમની નિંદા કરવાથી તથા મૂકેલી થાપણ ઓળવવાથી સારાં કુળ પણ દુષ્કુળતાને પામે છે. સારાં આચરણથી હીન થયેલાં કુળ, ગાયો પરાક્રમ તથા ધનની વૃદ્ધિથી પણ મોટાં ઉત્તમ કુળોની ગણતીમાં નથી આવતાં પણ જેમણે પોતાનું સદાચરણ મૂક્યું નથી એવાં કુળો, સ્વલ્પ ધનવાળાં હોય તોપણ ઉત્તમ કુળોમાં ગણાય છે તથા મોટા યશને સંપાદન કરે છે. મનુષ્યોએ સદાચારનીજ રક્ષા કરવી, ધન તો આવે ને જાય વાસ્તે ધને કરી જે હીન થયો તેને હીન ન જાણવો, પણ સદાચારથી જે હીન થયો તેનેજ હીન જાણવો. જે કુળો સદાચારથી હીન છે, તે વિદ્યા, પશુ, ઘોડા તથા મોટી ખેતીથી પણ ઉત્તમ કુળોની ગણતીમાં નથી આવતાં. આપણા કુળમાં કોઇ રાજા વા અમાત્ય, વેર કરનાર, પારકાનું ધન હરણ કરનાર, મિત્રદ્રોહી, કપટી, જૂઠું બોલનાર અને પિતૃ, દેવ તથા અતિથિને આપ્યા વગર અગાઉથી ખાનાર મા થાઓ! કારણ એટલા પોતાના કુળને હણે છે જે બ્રાહ્મણોને વળી, તેઓ દ્વેષ કરે તથા પિતૃનું આરાધન ન કરે, તે આપણી સભામાં મા આવો. [illegible]

[illegible] કરી પાંડવ સાથે શાંતિ કર; કેમકે વાસુદેવનું કહ્યું કરવું એ યોગ્ય છે, એમ હું માનું છું. હે દુર્યોધન ! તે તું અતિક્રમણ કર માં. અને કહી હિત વાસ્તે શાંતિની યાચના કરતા કેશવ ભગવાનનો અનાદર કરી તેમ તું કરીશ નહીં તોપણ સંગ્રામમાં તારો [illegible] થાય, એમ મેં કહ્યું, તોપણ અનુકૂળ એવાં વાક્ય ભાષણ કરતાં સર્વ ધનુષ ધરનારમાં [illegible] એવા દાશાર્હ ભગવાનનાં વાક્ય માનવામાં આવ્યાં નહિ. એ રીતે કાળે આકર્ષણ કરેલો દુર્મતિવાળો તે, મારાં વચનનો અનાદર કરી દુઃશાસન તથા કર્ણના મતને અનુસર્યો. તેમ હે સંજય ! દ્યૂત વખતે પણ મેં કહ્યું કે હું દ્યૂતને નથી ઇચ્છતો, વિદુર પણ તેને નિંદે છે. તેમજ સૈંધવ, ભીષ્મ, શલ્ય, ભૂરિશ્રવા, પુરૂમિત્ર, જય, અશ્વત્થામા, કૃપ તથા દ્રોણ પણ દ્યૂતને ઇચ્છતા ન હતા, માટે હે સંજય ! એટલાના મતને અનુસરી અને દુષ્ટ બુદ્ધિવાળા પુત્રે જો દ્યૂત ક્રીડા ન કરી હોત તો જ્ઞાતિ, મિત્ર તથા સુહૃદ સહિત ઘણા કાળ સુધી [illegible] સુખે કરી જીવતે; અને હવે તો સરળ, મધુર સંભાષણ કરનાર, જ્ઞાતિ તથા બંધુનું પ્રિય બોલનાર, કુલીન, સંમત તથા પ્રાજ્ઞ એવા પાંડવ સુખને પ્રાપ્ત થશે. કારણ નિરંતર ધર્મની અપેક્ષા રાખનાર પુરૂષ, આ લોક તથા પરલોકમાં સર્વ ઠેકાણે કલ્યાણને પ્રાપ્ત થાય છે. તેમ તે પાંડવ પૃથ્વી લેવામાં સમર્થ છે અને તેને ભોગવવા પણ તે યોગ્ય છે; કારણ સમુદ્ર પર્યંત પૃથ્વી તેમના બાપદાદાનીજ છે. તેમ પાંડવો કહેવા પ્રમાણે ધર્મમાર્ગમાં પ્રવર્તમાન છે. શલ્ય, સોમદત્ત, મહાત્મા ભીષ્મ, દ્રોણ, વિકર્ણ બાહ્લીક, કૃપ, એટલા મારા સંબંધી એ અને બીજા પણ જે વૃદ્ધ એવા મહાત્મા ભરતો છે. તારે વાસ્તે તેમના કહેવા પ્રમાણે વરતશેજ. એમાં સંશય નહિ. કારણ તેઓમાંથી તેમને અન્યથા કહે એવો તું કોને માને છે ? કોઇ પણ તેવો નથી. પ્રથમ તો શ્રીકૃષ્ણ કદી પણ ધર્મનો ત્યાગ કરે નહિ. બીજા પણ તેમનેજ અનુસરનાર છે. તેમ ધર્માત્મા એવા શૂરવીર પાંડવો સો ધર્મ સહિત મારા વચનને પણ અન્યથા કરે નહિ. હે સૂત ! એ રીતે કહી પુત્રને મેં ઘણી રીતે સમજાવ્યો તોપણ મૂઢ એવા તેણે મારાં વચન સાંભળ્યાં નહિ, તેથી કાળજ વિપરીત છે એમ હું માનું છું. જે ઠેકાણે ભીમસેન, અર્જુન, વૃષ્ણિવીર સાત્યકિ, ઉત્તમૌજ, પાંચાલ્ય, દુર્જય એવો યુધામન્યુ, દુર્ધર્ષ એવો ધૃષ્ટદ્યુમ્ન, પરાજય પામેલો નહિ એવો શિખંડિ, અશ્મક, કેકય, ક્ષત્રવર્મા, સોમકિ, ચૈદ્ય, ચેકિતાન, કાશિરાજનો પુત્ર અભિભૂ, દ્રૌપદિના પાંચ પુત્ર, વિરાટ, મહારથિ દ્રુપદ, પુરૂષમાં સિંહરૂપ નકુળ સહદેવ એટલા યોદ્ધાઓ અને મધુસૂદન ભગવાન સહાય મંત્રિ છે; દિવ્ય અસ્ત્ર જાણનાર એટલાઓ સાથે આ લોકમાં દુર્યોધન, કર્ણ, શકુનિ, તથા દુઃશાસન વિના જીવવાને ઇચ્છતો બીજો કયો પુરૂષ યુદ્ધ કરે ? અથવા તેમને સહન પણ કરે ? આ ચારજ કરે પાંચમાને હું જોતો નથી. જ્યાં હાથમાં ચાબુક લેઇ વિશ્વક્સેન ભગવાન સારથિપણું કરે છે અને કવચ પહેરેલો અર્જુન યોદ્ધો છે તેમનો પરાજય હોવજ નહિ. તેમ પુરૂષમાં સિંહરૂપ ભીષ્મ તથા દ્રોણ બેઉ હણાયા એ રીતે તું કહે છે, માટે તેમ થવાથી વિદુરનાં કહેલાં વાક્ય યાદ કરી મારા પુત્ર શોક કરતા હશે એમ હું માનું છું. તેમજ અર્જુન તથા સાત્યકિએ પરાભવ પમાડેલી સેનાને જોઇ [illegible] [illegible] રથના બેસવાનો સ્થાનકોને શુન્ય જોઇને મારા પુત્ર શોચ કરતા હશે, એમ હું માનું છું. [illegible] વસંતઋતુમાં વાયુએ વૃદ્ધિ પમાડેલો મોટો અગ્નિ જેમ સુકા ઘાસના સમુદાયને [illegible] તેમ અર્જુન મારી સેનાને બાળશે. હે સંજય ! તું કુશળ છે, માટે તે પણ અને [illegible] તાત ! [illegible] પછી કર્યો છે અર્જુનનો અપરાધ [illegible] તમો [illegible] [illegible] તમારૂં મન કેવું થતું હતું ? તે [illegible]

યુદ્ધ કરેલા મારા પુત્ર, ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનના ક્રમને કેમ સહન કરી શક્યો ! વળી આ સમયે તેઓમાંથી દુર્યોધન શું કૃત્ય કરે છે ? કર્ણ શું કહે છે ? દુઃશાસન શું કહે છે અને શકુનિ શું કહે છે ? તે પણ મને કહે. હે સંજય ! મંદબુદ્ધિવાળા દુર્યોધનના અન્યાયથી એકઠા મળેલા મારા સર્વ પુત્રોનું જે વૃત્તાંત હોય તે મને કહે. હે સંજય ! લોભ કરનાર, દુર્બુદ્ધિવાળા, ક્રોધાવિષ્ટ છે ચિત્ત જેનું, રાજ્યકામુક, મૂઢ, માત્સર્યથી હણાયું છે ચિત્ત જેનું એવા મારા પુત્રનું સારું વા નરસું જે બન્યું હોય તે મને કહે.

राज्यकामस्य मूढस्य रागोपहतचेतसः ।
दुर्नीतं वा सुनीतं वा तन्ममाचक्ष्व संजय ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि धृतराष्ट्रवाक्ये दुर्वार-
वाचायां पंचाशीतितमोऽध्यायः ॥ ८५ ॥

ooo×ooo

અધ્યાય ૮૬ મો. ધૃતરાષ્ટ્રને સંજયે દીધેલો ઠપકો.

संजय उवाच—हंत ते संप्रवक्ष्यामि सर्वं प्रत्यक्षदर्शिवान् ।
शुश्रूषस्व स्थिरो भूत्वा तव ह्यपनयो महान् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! પ્રત્યક્ષ જોનાર હું તમારું પૂછેલું સર્વ કહું તથા તમારો જે મોટો પરાજય કહું તે પણ સ્થિર થઇ સાંભળો. હે રાજન્ ! હે ભરતર્ષભ ! પાણી ગયા પછી જેમ પાળ બાંધવી નકામી તેમ હવે આ તમારો વિલાપ નિષ્ફળ છે, વાસ્તે શોક કરો નહિ. હે ભરતશ્રેષ્ઠ ! કાળનો અદ્ભુત એવો આ વિધિ હવે અતિક્રમણ થઇ શકે તેમ નથી. વા પૂર્વનું આ રીતનુંજ આપણું દૈવ, એમ જાણી શોચ કરો માં. જો પૂર્વે તમે કુંતિપુત્ર યુધિષ્ઠિરને તથા તમારા પુત્રોને દ્યૂતથી નિવૃત્ત કર્યા હોત તો તમને આ વ્યસન પ્રાપ્ત થાત નહિ. તેમજ પાછો જ્યારે યુદ્ધ વખત પ્રાપ્ત થયો તે સમે પણ યુદ્ધમાં પ્રવર્તમાન થએલાઓને તમે જોઇને નિવૃત્ત કર્યા હોત તોપણ તમોને દુઃખ પ્રાપ્ત થાત નહિ. દુર્યોધને જે વખતે તમારું માનતો નહોતો તે સમયે તમે કૌરવોને કહ્યું હોત જે દુર્યોધનને બાંધી મૂકો તોપણ તમને દુઃખ પ્રાપ્ત ન થાત. તેમ તમારી બુદ્ધિના વિચારને પાંડવ, પાંચાલ, સર્વ વૃષ્ણિયો તથા બીજા રાજાઓ પણ ન જાણત, અને તમે પિતાની પેઠે પુત્રને સન્માર્ગે પ્રવર્તમાન કરી ધર્મથી વર્ત્યા હોત તો તમોને દુઃખ પ્રાપ્ત થાત નહીં; પણ લોકમાં અતિશય પ્રાજ્ઞ એવા તમો સનાતન ધર્મનો ત્યાગ કરી દુર્યોધન, કર્ણ તથા શકુનિના મતને અનુસર્યા. હે રાજન્ ! તેમ સ્વાર્થમાં પરોવાયેલા એવા તમારું તે બધું બોલવું નીચે વિષ અને ઉપર મધ હોય તેવું કપટ ભરેલું મેં સાંભળ્યું હતું. તેમ પૂર્વે અચ્યુત શ્રીકૃષ્ણ પણ પાંડુપુત્ર યુધિષ્ઠિરને આ રાજા છે એમ માનતા ન હતા, તેમજ જેવી રીતે તમને માનતા હતા તેવી રીતે ભીષ્મ તથા દ્રોણને પણ માનતા ન હતા. પછી જ્યારથી શ્રીકૃષ્ણે રાજધર્મથી ભ્રષ્ટ થએલા તમને જાણ્યા ત્યારથી તે તમને ઘણું કરી નથી માનતા. હે રાજ્યની કામના કરનાર ! ક્યાં છે કઠોર વચનો જેમને એવા પાંડવોની તમે ઉપેક્ષા કરો છો તેનું આ ફળ તમોને તથા તમારા પુત્રોને પ્રાપ્ત થયું. તેમ હે અનઘ ! એમના બાપદાદાનું રાજ્ય હતું, માટે તે

[illegible] પણ [illegible] પૂર્ણ થઈ હતી, તે તમે જોઈ લેજો. જે રીતે પાંડુરાજાએ રાજ્ય મેળવ્યું હતું અને કૌરવોનું બળ સંપાદન કર્યું હતું તેથી પણ ધર્માચરણ કરનાર પાંડવોએ [illegible] મેળવ્યું હતું. એવાં તેમનાં કર્મ સર્વ તમે નિષ્ફળ કર્યાં. પ્રથમ રાજ્યરૂપ માંસને [illegible] તમે તેમના પિતાના રાજ્યથી તેમને ભ્રષ્ટ કર્યા. હવે હે નૃપ ! યુદ્ધ વખતે [illegible] [illegible], તથા [illegible] [illegible] નિરૂપણ કરો છો તે પણ [illegible] પૂર્વ વિચારી તમારે ન કરવું. [illegible], આ સમયે પાંડવોની સેનામાં જઈ યુદ્ધ કરનાર મોટા ક્ષત્રિયો તથા રાજાઓ સંગ્રામમાં [illegible] અભાવ નહિ કરે. જેમ એ સેનાની શ્રીકૃષ્ણ, અર્જુન, સાત્યકિ તથા ભીમસેન રક્ષા કરે છે તે સેના સાથે કૌરવ વિના બીજા કોણ યુદ્ધ કરે ! તેમજ જેમની વિરુદ્ધ યુદ્ધ કરનાર મુખ્ય અર્જુન, મંત્રી જનાર્દન અને સાત્યકિ તથા ભીમસેન સરખા યોદ્ધાઓ, તેમની સાથે યુદ્ધ કરવામાં કૌરવ તથા તેમની પાછળ ચાલનારાઓ વિના મરણ ધર્મવાન બીજો કોણ સમર્થ થાય ! તેમજ અવસર જાણનાર, ક્ષાત્રધર્મમાં તત્પર, શરીર રાજાઓવડે જેટલું કરી શકાય તેટલું પરાક્રમ કૌરવો કરે છે. હવે પુરુષમાં સિંહરૂપ એવા પાંડવો સાથે કૌરવોનું પરમ સંકટરૂપ યુદ્ધ જે રીતે થયું તે બધું હું યથાર્થ કહું તે તમો સાંભળો.

यथा तु युद्धमभवत्कौरवाणां परमसंकटं ।
कुरूणां पांडवैः सार्द्धं तत्सर्वं शृणु तत्वतः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि संजयवाक्ये दुर्मं[illegible] रथाचायां षडशीतितमोऽध्यायः ॥ ८६ ॥

અધ્યાય ૮૭ મો. દ્રોણે કરેલી અદ્ભુત વ્યૂહ રચના.

संजय उवाच—तस्यां निशायां व्युष्टायां द्रोणः शस्त्रभृतांवरः ।
स्वान्यनीकानि सर्वाणि प्राक्रामद्व्यूहितुं ततः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તે રાત્રિ ગયા પછી શસ્ત્રધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે પોતાના સર્વ સૈન્યની વ્યૂહ રચના કરવાનો આરંભ કર્યો. હે રાજન્ ! પરસ્પર વધને ઇચ્છતા ક્રોધાયમાન થયેલા ગર્જના કરતા શૂરવીરોની વિચિત્ર પ્રકારની વાણીઓ સંભળાતી હતી. [illegible] કરતા કેટલાક ધનુષ તથા કેટલાક પ્રત્યંચા ખેંચી ' અર્જુન ક્યાં છે '! એ રીતે આક્રોશ કરતા હતા. બીજા કેટલાક કોશમાંથી બહાર કાઢેલી તેજ વગેરે પામેલી, આકાશ સરખી તલવાર કાઢી ઊભા હતા. સંગ્રામમાં છે મન જેમનું એવા હજારો શૂરવીર શિક્ષાને અનુસારે ખડ્ગ તથા ધનુષના માર્ગ પ્રત્યે વિચરતા દેખાતા હતા. શરીરમાં ચંદન ચોપડેલા સુવર્ણ તથા [illegible] આભરણથી શોભિતા ઘંટા સહિત યોદ્ધાઓ ગદાઓ ઉગામી ' પાંડુપુત્ર અર્જુન ક્યાં છે ! ' એમ પૂછતા હતા. બળ તથા મદેકરી ઉન્મત્ત બાહુબળવાળા કેટલાક યોદ્ધાઓ ઊંચા કરેલા ઇન્દ્રધ્વજ સરખા બાહુથી આકાશને પૂરી દેતા હતા. વિચિત્ર પ્રકારની માળાથી શણગારેલા, સંગ્રામમાં છે ચિત્ત જેમનું એવા કેટલાક શૂરવીર, નાના પ્રકારનાં આયુધ ધારણ કરી તે તે સ્થાનકે ઊભા રહ્યા હતા. કેટલાક યોદ્ધાઓ ' અર્જુન ક્યાં છે ? ' અને ' [illegible]

ક્યાં છે ?' ચાલી ભીમસેન ક્યાં છે ?'. અને 'તેમના બીજા સંબંધિઓ ક્યાં છે ?' એ રીતે પોકારતા સંગ્રામમાં તે તે ઠેકાણે વિચરતા હતા. વેગવાન દ્રોણાચાર્ય રથમાં બેઠેલા યોદ્ધાઓને ઉતાવળા કરી સર્વ ઠેકાણે તે સર્વને ઉભા રાખતા હતા. સંગ્રામ જોવા આનંદ પામનાર તે સર્વ સૈન્ય ઉભું રહ્યા પછી હે મહારાજ ! દ્રોણાચાર્યે જયદ્રથને કહ્યું કે, હે સિંધુરાજ ! તું, સોમદત્તિ, મહારથી કર્ણ, અશ્વત્થામા, શલ્ય, વૃષસેન તથા કૃપાચાર્ય એક લાખ અશ્વ, સાઠ હજાર રથ, મદઝરતા ચૌદ હજાર હસ્તિ અને કવચવાળા એકવીશ હજાર પાયદળને લઈ છ કોશ દૂર જઈ સ્થિતિ કરો, તેમ કરવાથી ત્યાં ઉભેલા તમને ઇન્દ્ર સહિત દેવતાઓ પણ સહન કરવા સમર્થ થશે નહિ, ત્યારે સર્વ પાંડવો તો ક્યાંથી થાય ? હે સૈંધવ ! તું સ્વસ્થ થા. દ્રોણાચાર્યનાં વચન સાંભળી સિંધુરાજ, જયદ્રથ, કવચવાળા આયુધ સહિત ઘોડેસ્વાર ગાંધાર તથા યોદ્ધાઓ સહિત તે સ્થાનકે ગયો. હે રાજેન્દ્ર ! ચમરી છે શિરોભૂષણો જેમને એવા સુવર્ણથી શોભિતા, જયદ્રથના સર્વ અશ્વ સાત હજાર હતા; અને બે હજાર બીજા સિંધુદેશના અશ્વ હતા, ચતુર સાવત જેમની ઉપર બેઠેલા છે એવા મદોન્મત્ત ભયંકર રૂપવાળા, કવચવાળા, ભયંકર છે કર્મ જેમનું એવા પંદરસો હસ્તિ લેઇ તમારો પુત્ર દુર્મર્ષણ સર્વ સૈન્યના અગ્રભાગમાં યુદ્ધ વાસ્તે ઉભો રહ્યો. ત્યારપછી દુઃશાસન તથા વિકર્ણ નામના તમારા બે પુત્ર સિંધુરાજાની અર્થસિદ્ધિ વાસ્તે સેનાના અગ્રભાગમાં ઉભા રહ્યા હતા; અને ત્યાં દ્રોણાચાર્યે ચક્રવ્યૂહ છે ગર્ભમાં જેને એવો શકટવ્યૂહ, નાના પ્રકારના શૂરવીર રાજાઓ, રથ, અશ્વ, ગજ તથા પાયદળના ઓઘ તે તે સ્થાનકે ઉભા રાખી રચેલો હતો. એની દીર્ઘતા ચોવીશ કોશમાં હતી અને પશ્ચાર્દ્ધનો વિસ્તાર દશ કોશમાં હતો તે વ્યૂહના પશ્ચાર્દ્ધમાં કોઇથી ભેદી શકાય નહિ એવો પદ્મવ્યૂહ રચેલો હતો અને તે પદ્મવ્યૂહના ગર્ભમાં ગૂઢ એવો સૂચિવ્યૂહ કર્યો હતો. એ રીતે મોટો વ્યૂહ રચી દ્રોણાચાર્ય ઉભા હતા. મોટા ધનુષવાળો કૃતવર્મા તે સૂચિમુખ નામના વ્યૂહમાં ઉભો હતો હે મારિષ ! તે પછી ક્રમે કરી કાંબોજ, જલસંધ, દુર્યોધન તથા કર્ણ ઉભેલા હતા. ત્યારપછી પાછા ન ફરનાર એવા એક લક્ષ યોદ્ધાઓ શકટવ્યૂહના અગ્રભાગમાં તેની રક્ષા વાસ્તે ઉભા હતા. તેમની પાછળ સૂચિવ્યૂહની પાસે મોટા સૈન્યથી વિંટાયલો જયદ્રથ રાજા ઉભો હતો. હે રાજેન્દ્ર ! તે શકટવ્યૂહના મુખ વિષે પોતે દ્રોણાચાર્ય ઉભા, એની પાછળ ભોજ ઉભો, એ રીતે એ વ્યૂહની પોતે રક્ષા કરતો હતો. શ્વેત છે કવચ, વસ્ત્ર તથા સંગ્રામમાં પહેરવાની ટોપી જેમની એવા મોટી છાતી તથા હાથવાળા દ્રોણાચાર્ય, ધનુષ ખેંચી ક્રોધાયમાન થયેલા કાળની પેઠે ઉભા હતા. તે વખતે પતાકાથી શોભિતા લાલ ઘોડાવાળા અને વેદી તથા કાળિયાર મૃગનું ચર્મ છે ધ્વજા વિષે જેને એવા દ્રોણના રથને જોઇ કૌરવો અત્યંત પ્રસન્ન થતા હતા. ક્ષોભ પામેલા સમુદ્ર સરખા દ્રોણે રચેલા તે વ્યૂહને જોઇ સિદ્ધ તથા ચારણના સમુદાયને અત્યંત વિસ્મય થતો હતો. સર્વ પ્રાણિયો પણ દ્રોણે રચેલા એ વ્યૂહને પર્વત, સમુદ્ર તથા વન સહિત નાના દેશે કરી આકુલ સમગ્ર પૃથ્વીને ગળે એવો છે, એમ માનતા હતા. ઘણાક છે રથ, મનુષ્ય, અશ્વ, પાયદળ તથા હસ્તિઓ જેમાં શત્રુઓને ભય આપનાર છે શબ્દ જેનો, આશ્ચર્યરૂપ, શત્રુઓના હૃદયને ભેદનાર એવા દ્રોણે રચેલા મોટા શકટવ્યૂહને જોઈ દુર્યોધન રાજા આનંદને પ્રાપ્ત થયો હતો.

बहुरथमनुजाश्वपत्तिनागं प्रतिभयनिःस्वनमद्भुताकृतरूपं ।
अहितहृदयभेदनं महद्वै शकटमवेक्ष्य कृतं ननन्द राजा ।

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि कौरवव्यूहनिर्माणे गुर्जरभाषायां सप्ताशीतितमोऽध्यायः ॥ ८७ ॥

અધ્યાય ૮૮ મો. અર્જુનનો રણ પ્રવેશ.

संजय उवाच—ततो व्यूढेष्वनीकेषु समुत्क्रुष्टेषु मारिष ।
ताड्यमाना सुभेरीषु मृदंगेषु नदत्सु च ॥ १ ॥

સંજય કહે છે—હે મારિષ ! પછી વ્યૂહ રચનાથી ઉભેલાં સૈન્ય મોટેથી પોકાર કરવા લાગ્યાં અને ભેરી તથા મૃદંગના શબ્દ શરૂ થયા. તેમજ સૈન્ય તથા વાદિત્રોનો શબ્દ થવા માંડયો અને રૂંવાં ઉભાં થાય એવા શંખના શબ્દ પ્રવર્ત્તમાન થયા. યુદ્ધ કરવા ઈચ્છતા ભરતો પ્રહાર કરવા લાગ્યા. રૌદ્ર મુહૂર્ત્ત પ્રાપ્ત થયું તે વખતે સંગ્રામમાં અર્જુન દેખાયો. હે ભારત ! તે વખતે અર્જુનની આગળ હજારો કાગ તથા બગલા ક્રીડા કરતા હતા. ભયંકર શબ્દ સહિત પ્રજ્વલિત હજારો ઉલ્કાઓ પડતી હતી, સમગ્ર પૃથ્વી પણ ચલાયમાન થતી હતી, અને કુંતિપુત્ર અર્જુન સંગ્રામમાં આવ્યો તે વખતે કાંકરાનો છે વરસાદ જેમાં એવા શબ્દ સહિત રૂક્ષવાયુ ચોતરફ વાવા લાગ્યા. પ્રાજ્ઞ નકુળ પુત્ર શતાનિક અને પૃષતગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન એ બેઉ પાંડવના સૈન્યની વ્યૂહ રચના કરતા હતા. તે વખતે તમારો પુત્ર દુર્મર્ષણ, હજાર રથ, સો હસ્તિ, ત્રણ હજાર અશ્વ અને દશ હજાર પાયદળ સહિત સાર્દ્ધ સહસ્ર ધનુષ પરિમિત ભૂભાગ વિષે સર્વ સૈન્યની આગળ આવી રીતે કહેવા લાગ્યો કે, આજ યુદ્ધમાં દુર્મદ તપતા ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનને, કિનારો જેમ સમુદ્રને વારે તેમ હું વારીશ. આજ સંગ્રામમાં કોઈથી સહન થાય નહિ એવા અર્જુનને પાષાણ વિષે જેમ પાષાણ ભટકાય તેમ મારી સાથે યુદ્ધ કરતા તમે જોશો. આજ યુદ્ધની ઇચ્છના રાખે એવા તમે જોયા કરો, તમારે યુદ્ધ કરવું નહિ, કારણ યશ તથા માન વધારતો હું એકઠા મળેલા તે સર્વ સાથે એકલો યુદ્ધ કરીશ હે મહારાજ ! એ રીતે ભાષણ કરતો મોટા ધનુષવાળા યોદ્ધાઓથી વિંટાયલો મોટા ધનુષવાળો મહાત્મા તે, ઉભો રહ્યો તેટલામાં કાળની પેઠે ક્રોધાયમાન થયેલા વજ્ર સહિત જાણે ઇન્દ્ર હોય તેવા દંડપાણિ સરખા અસહ્ય, મહાદેવની પેઠે અક્ષોભ્ય, પાશવાન્ વરૂણ સરખા, પ્રલય સમયના પ્રજ્વલિત અગ્નિની પેઠે પ્રજાને બાળતા ક્રોધ, અમર્ષ તથા બળેકરી વૃદ્ધિ પામેલા નિવાત કવચને મારનાર, સત્ય વિષે રહેલા મોટા વ્રતનો પાર પામનાર, કવચ પહેરેલા, ખડ્ગવાન, સુવર્ણનો મુગુટ પહેરેલા શ્વેત માલતીની માળા તથા વસ્ત્ર ધારણ કરેલા, રૂડા બાજુબંધ તથા સુંદર કુંડલથી શોભિતા, નારાયણને અનુસરનાર, શ્રેષ્ઠ રથમાં બેસી ગાંડીવ ધનુષને હલાવતો નર એવો અર્જુન, સંગ્રામમાં ઉદય પામેલો સૂર્ય શોભે તેમ શોભતો હતો. હે રાજન્ ! જ્યાંથી બાણ નંખાય એટલે છેટે, મોટા સૈન્યની આગળ રથને સ્થાપન કરી પ્રતાપવાન અર્જુને શંખ વગાડયો. હે મારિષ ! અસંભ્રાંત કૃષ્ણે બળેકરી અર્જુન સાથે પાંચજન્ય નામનો પોતાનો શ્રેષ્ઠ શંખ વગાડયો. હે વિશાંપતે ! તે બેઉના શંખના શબ્દે કરી તમારા સૈન્યમાં થયા છે રૂંવાં ઉભાં જેમનાં એવા અને કંપયુક્ત બેભાન સરખા યોદ્ધાઓ વ્યાકુળ થઇ ગયા. હે રાજન્ ! વજ્રના શબ્દથી સર્વ પ્રાણિયો જેમ ત્રાસ પામે તેમ શંખના શબ્દે કરી તમારા સૈનિકો ત્રાસ પામ્યા. વાહનો પણ મળ તથા મૂત્ર કરવા લાગ્યાં. એ રીતે

વાહન સહિત તમારૂં સર્વ સૈન્ય ઉદ્વિગ્ન થયું. હે રાજન્! હે મારિષ! શંખના શબ્દે કરી કેટલાક ખેદયુક્ત મનવાળા થયા, કેટલાક બેભાન થયા અને કેટલાક ત્રાસ પામવા લાગ્યા. અર્જુનની ધ્વજામાં રહેલો હનુમાન પોતાની સગાથે રહેલા ભૂતો સહિત મોઢું ફાડી મોટો શબ્દ કરી તમારા સૈનિકોને ભય પમાડતો હતો, તેટલામાં તમારા સૈન્યમાં પણ શંખ, ભેરી, મૃદંગ તથા આનક નામના યુદ્ધવાદ્ય વાગવા લાગ્યાં. એ રીતે થતા વાદિત્રના શબ્દ, યોદ્ધાઓના શબ્દ, વજ્રના ખડખડાટ, સિંહનાદ, તથા મનુષ્યના પોકાર સાથે ચાલતા કરેલા મોટા રથે કરી બીરૂને ભય વધારનાર મોટો શબ્દ થયો. પછી અત્યંત પ્રસન્ન થયેલા અર્જુને આવી રીતે દાશાર્હ ભગવાન પ્રત્યે કહ્યું.

तस्मिंस्तु तुमुले शब्दे भीरूणां भयवर्धने ॥
अतीवहृष्टो दाशार्हमब्रवीत्पाकशासनिः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वण्यर्जुनरणप्रवेशे गुर्जरभाषायामष्टाशीतितमोऽध्यायः ॥ ८८ ॥

અધ્યાય ૮૯ મો. જયદ્રથવધાર્થે અર્જુને માંડેલું યુદ્ધ.

अर्जुन उवाच—चोदयाश्वान् हृषिकेश यत्र दुर्मर्षणः स्थितः ।
एतद्भित्त्वा गजानीकं प्रवेक्ष्याम्यरिवाहिनीं ॥ १ ॥

અર્જુન કહે છે—હે ઋષિકેશ! જ્યાં દુર્મર્ષણ ઉભો છે ત્યાં ઘોડાઓને હાંકો; એટલે ગજસૈન્યને ભેદી શત્રુની સેના પ્રત્યે હું પ્રવેશ કરૂં. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે અર્જુને કહ્યું એટલે મહાબાહુ કેશવ ભગવાને જે સ્થાનકે દુર્મર્ષણ ઉભો હતો તે સ્થાનકે અશ્વને ચલાવ્યા. તે વખતે એકલા અર્જુનને ઘણાક સાથે રથ, હસ્તિ તથા મનુષ્યનો ક્ષય જેમાં થતો હતો એવો અત્યંત દારૂણ સંપ્રહાર પ્રવર્તમાન થયો. અર્જુને વૃષ્ટિમાન મેઘની પેઠે બાણના વરસાદે કરી પર્વતોને મેઘ આચ્છાદન કરે તેમ શત્રુઓને ઢાંકી દીધા. સર્વ રથિઓએ ઉતાવળે હસ્તલાઘવીએ કરી બાણ સમુદાયથી શ્રીકૃષ્ણ તથા અર્જુનને ઢાંકી દીધા. એ રીતે યુદ્ધમાં શત્રુઓએ વારવા માંડેલા તેથી ક્રોધાયમાન થયેલા મહાબાહુ અર્જુને બાણેકરી રથિઓનાં મસ્તક કાયા ઉપરથી નીચે પાડવા માંડ્યાં. ઉદ્ભ્રાંત છે નેત્ર જેમાં એવા મુખવાળાં, ડસ્યા છે ઓષ્ટપુટ જેણે એવા કુંડળ તથા શિરસ્ત્રાણ સહિત પડેલા સુંદર મસ્તકેકરી રણભૂમિ વ્યાપ્ત થઇ રહી. તે વખતે ચોતરફ પૃથ્વીમાં પડેલા યોદ્ધાઓનાં મુખ, કમળનાં વન શોભે તેમ શોભતાં હતાં. રૂધિરેકરી વ્યાપ્ત સુવર્ણનાં કવચ, વિજળી સહિત મેઘ સમુદાય સરખાં દેખાતાં હતાં. હે રાજન્! પૃથ્વીતલ વિષે પડતાં મસ્તકોનો, કાળેકરી પરિપક્વ એવાં પડતાં તાલ ફળોનો જેવો શબ્દ થાય તેવો શબ્દ થતો હતો. કોઇ મસ્તક વગરનું ધડ, કંઇ ધનુષ ખેંચી ઉભેલું દેખાતું હતું. કોઇ એક ધડ ખડ્ગ ખેંચી હાથથી તેને ઉગામી ઉભેલું જોવામાં આવતું હતું. કુંતિપુત્ર અર્જુનને સંગ્રામમાં ન સહન કરી શકતા, જયને ઇચ્છતા, શ્રેષ્ઠ પુરૂષો મસ્તકો નીચે પડી જાય છે તેને પણ જાણતા ન હતા. તે વખતે ઘોડાઓનાં મસ્તક, હસ્તિની શુંડ અને શૂરવીરોના બાહુ તથા મસ્તકેકરી રણભૂમિ વ્યાપ્ત થઇ ગઇ હતી. હે પ્રભો! તમારા સૈન્યમાં

યોદ્ધાઓને "આ અર્જુન ક્યાંથી આવ્યા ? અરે આ અર્જુન, આ અર્જુન," એ રીતે અર્જુનમય બધું દેખાતું હતું. કાળે મોહ પમાડેલા તમારી તરફના યોદ્ધાઓ જગતને અર્જુનરૂપ માની પરસ્પર એક બીજાને મારતા હતા. કેટલાક તો અર્જુન જાણી પોતાના આત્માનેજ હણતા હતા; અને પોકાર કરતા, રૂધિરે કરી વ્યાપ્ત છે અંગ જેમનાં એવા બેભાન સરખા અત્યંત વેદનાયુક્ત રણશય્યામાં સુતેલા કેટલાક શૂરવીરો પોતાના બાંધવોને બોલાવતા હતા. ગોફણ, ભાલા, શક્તિ, ખડ્ગ, ફરશી, નિર્વ્યૂહ, નિસ્ત્રિંશ, ધનુષ, તોમર, બાણ, વર્મ, આભરણ, ગદા તથા બાજુબંધ સહિત બાણથી કપાયલા ભુંગળ સરખા મોટા સર્પની જેમને ઉપમા અપાય એવા શૂરવીરોના બાહુ ચોતરફ વેગથી ચેષ્ટા કરતા દેખાતા હતા. ઘોર સંગ્રામમાં જે જે પુરૂષ અર્જુન સામે જતો હતો તે તે કાળ સરખા અર્જુનના બાણેકરી નાશ પામતો હતો. રથમાર્ગમાં નૃત્ય કરતા તથા ધનુષ ખેંચતા અર્જુનનું અણુમાત્ર પણ છિદ્ર કોઇ જોતું ન હતું. સાવધાન, ઉતાવળથી બાણ નાંખતાં પાંડુપુત્રની લાઘવી જોઇ બીજા લોક વિસ્મય પામતા હતા. વળી અર્જુન માવત સહિત હસ્તિને, ઉપર બેસનાર સહિત અશ્વને અને સારથિ સહિત રથને બાણેકરી ભેદતો હતો. આકાશમાં ઉદય થતો સૂર્ય જેમ મોટા અંધકારને હણે તેમ અર્જુન બાણેકરી હસ્તિસૈન્યને હણતો હતો. અંતકાળે પર્વતોએ કરી વ્યાપ્ત પૃથ્વી દેખાય તેવું પડેલા હસ્તિઓએ કરી તમારૂં સૈન્ય દેખાતું હતું. મધ્યાન્હના સૂર્યને પ્રાણીઓ દુઃખેકરી જોઇ શકે તેમ સંગ્રામમાં ક્રોધાક્રાંત અર્જુન સામે દુઃખે કરીને પણ શત્રુઓ જોઇ શકતા ન હતા. હે પરંતપ ! એ રીતે અત્યંત બાણથી પીડાયલું તમારા પુત્રનું સૈન્ય ભયભીત થઇ મોટા વાયુથી વિખરાઈ વાદળાં ભાગે તેમ ભાગવા લાગ્યું. એ રીતે તેણે નસાડેલું તમારા પુત્રનું સૈન્ય તેની સામે જોવા પણ સમર્થ થતું ન હતું. તે વખતે તમારી તરફના યોદ્ધાઓ ચાબુક, ધનુષની કોટી, હુંકાર શબ્દ, લાકડી તથા પાનીના આઘાતે કરી ઘોડાઓને જલદી હાંકતાં પલાયન કરવા લાગ્યા. એ રીતે અર્જુને પીડિત કરેલા ઘોડેસ્વાર, રથિયો તથા પાયદળ પણ પલાયન થવા લાગ્યા. બાકી કેટલાક પાની, અંગુઠા તથા અંકુશેકરી હસ્તિઓને જલદી ચલાવતા પલાયન કરવા લાગ્યા. બાણેકરી સંમોહિત થયેલા તમારા યોદ્ધાઓ ઉત્સાહ રહિત તથા વિભ્રાંત છે મન જેમનું એવા થઇ તેનીજ સામે જવા લાગ્યા.

शरैः संमोहिताश्चान्ये तमेवाभिमुखा ययुः ।
तव योधाहतोत्साहा विभ्रांतमनसस्तदा ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वण्यर्जुनयुद्धे गुर्जरभाषाया-
मेकोननवतितमोऽध्यायः ॥ ८९ ॥

અધ્યાય ૯૦ મો. દુઃશાસન પલાયન.

धृतराष्ट्र उवाच—तस्मिन् प्रभग्ने सैन्याग्रे वध्यमाने किरीटिना ।
के नु तत्र रणे वीराः प्रत्ययुर्धनंजयं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! અર્જુને મારવા માંડેલા સૈન્યના અગ્રભાગમાં ભંગાણ

પ્રાણું, હે રાજન્ ! તે વખતે સંગ્રામમાં અમારી તરફના કયા શૂરવીર અર્જુન સામે ગયા કે અર્જુન [illegible] કે જેમના જેમનો એવા તે સર્વ શકટવ્યૂહમાં પ્રવેશ કરી નિર્ભય [illegible] [illegible] [illegible] કેમ રહ્યા ? સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે અનઘ ! તે રીતે અર્જુને [illegible] [illegible] અને હણાયા છે વીર જેમાંથી, એવા મોટા ઉત્સાહ રહિત પલાયન કરવામાં તત્પર એવા તમારા સૈન્યમાં અર્જુન સામે જોવા પણ કોઈ સમર્થ થતો ન હતો. હે રાજન્ ! એટલામાં અત્યંત ક્રોધાયમાન થયેલા સુવર્ણનાં વિચિત્ર પ્રકારનાં કવચે કરી વિંટાયેલા, સુવર્ણની સંગ્રામમાં [illegible] વાની ટોપી પહેરેલા શૂરવીર તીવ્ર પરાક્રમવાળા તમારા પુત્ર દુઃશાસને, તે રીતે ભંગાણમાં પાડેલા પોતાના સૈન્યને જોઈ યુદ્ધ વાસ્તે અર્જુન સામે આવી મોટા હસ્તિના સૈન્યેકરી આ પૃથ્વીને આગળ મળતો હોય નહિ તેની પેઠે તેને વિંટી લીધો. તે વખતે હસ્તિઓની ઘંટાઓનો શબ્દ, શંખનો શબ્દ, પ્રત્યંચાનો શબ્દ તથા હસ્તિઓના શબ્દે કરી પૃથ્વી, દિશાઓ તથા અંતરિક્ષ વ્યાપ્ત થઈ ગયું. ક્રૂર મુહૂર્તમાં અંકુશથી પ્રેરણા કરેલા મોટી શુંડવાળા ક્રોધાયમાન પાંખ રહિત પર્વત સરખા પોતા સામે આવતા હસ્તિઓને જોઈ પુરુષમાં સિંહરૂપ અર્જુન મોટે સિંહનાદ કરી શત્રુઓના તે હસ્તિસૈન્યને બાણેકરી ચોતરફથી મારવા લાગ્યો. વાયુએ ઉછાળેલા, મોટી લહેરવાળા મહા સમુદ્ર પ્રત્યે જેમ મગરમચ્છ પ્રવેશ કરે તેમ અર્જુને તે હસ્તિ સૈન્યમાં પ્રવેશ કર્યો. પ્રલય સમયે અતિક્રમણ કર્યો છે દિશાઓનો નિયમ જેણે એવો અત્યંત તપતો સૂર્ય જેમ સર્વ દિશાઓમાં દેખાય તેમ પારકા શહેરને જીતનાર અર્જુન સર્વ દિશાઓમાં દેખાતો હતો; અશ્વની ખરીના શબ્દ રથના પૈડાનો શબ્દ, મનુષ્યનો પોકાર, પ્રત્યંચાનો શબ્દ, નાના પ્રકારના વાદિત્રના શબ્દ, પાંચજન્યનો શબ્દ, દેવદત્તનો શબ્દ તથા ગાંડીવના શબ્દે કરી મંદ છે વેગ જેમનો એવા નર તથા હસ્તિઓ બેભાન સરખા થઈ ગયા. સર્પ સરખો છે સ્પર્શ જેમનો એવા બાણે કરી અર્જુને ભેદેલા હસ્તિઓ મોટો શબ્દ કરી પાંખ કાપેલા પર્વતોની પેઠે પૃથ્વી વિષે પડતા હતા. અર્જુને બાણે કરી દાંતના મૂળમાં તથા કટિ વિષે હણેલા કેટલાક હસ્તિઓ વારંવાર ક્રૌંચ પક્ષીની પેઠે શબ્દ કરતા હતા. હસ્તિના સ્કંધ ઉપર બેઠેલા પુરુષોના મસ્તકોને પણ ભલ્લ નામના સરળ બાણે કરી અર્જુન કાપતો હતો. એ રીતે અર્જુન કુંડલ સહિત ધરણી તલવિષે પડતા મસ્તકોના સમુદાયે કરી, કમલ સમૂહે કરી, જેમ નિવેદન કરે તેમ નિવેદન કરતા હતા. કવચ વગરના વ્રણે કરી પીડિત રૂધિરે કરી વ્યાપ્ત પુરુષો, યુદ્ધમાં ભમતા હસ્તિઓ વિષે લટકતા દેખાતા હતા. અર્જુને સારી રીતે યોજના કરેલા સારાં પિંછ બાંધેલા એક બાણે કરી એક વખતે ભેદેલા બે તથા ત્રણ યોદ્ધાઓ ધરણી તલવિષે પડતા હતા. નારાચ નામના બાણેકરી અત્યંત વિંધેલા મુખમાંથી રૂધિર વમન કરતા, મારત સહિત કેટલાક હસ્તિઓ દ્રુમવાન પર્વત પડે તેમ પૃથ્વી વિષે પડતા હતા. તેમજ રથિઓના પણ પ્રત્યંચા, ધ્વજ, ધનુષ, ધુંસરી તથા દંડને ભલ્લ નામના બાણેકરી ભાંગતા હતા. સંગ્રામમાં નૃત્ય કરતા અર્જુનનું ધનુષ મંડલાકારજ દેખાતું હતું. પણ તેને તે કયારે સાંધે છે, કયારે ખેંચે છે, કયારે મૂકે છે અને કયારે ગ્રહન કરે છે તે કોઈના જોવામાં આવતું ન હતું. નારાચ નામના બાણથી અત્યંત વિંધાયેલા બીજા હસ્તિઓ રૂધિરનું વમન કરી મુહૂર્ત માત્રમાં પૃથ્વીતલ વિષે પડતા હતા. હે મહારાજ ! પરસ્પર સંકુલ એવા તે યુદ્ધમાં ઊભા થતાં એવાં અગણિત માથા વગરનાં ધડ [illegible] દેખાતાં હતાં. તેમજ ધનુષ, મોજા, ખડ્ગ, બાજુબંધ, તથા સુવર્ણના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જોવામાં આવતા હતા. [illegible] તથા [illegible] [illegible]

[illegible] [illegible], [illegible] છે એ તથા ચમર અને ધુસરી જેમાં એવા પડેલા [illegible], [illegible] [illegible], પડેલા મુકુટ, માળાઓ, આભરણ, પડેલાં રથ, મોટા ધ્વજ, [illegible] [illegible] તથા પાડેલા ક્ષત્રિયોએ કરી ભયંકર જે દેખાવ જેનો એવી રણભૂમિ દેખાતી [illegible]. હે મહારાજ! એ રીતે અર્જુને મારવા માંડેલું દુઃશાસનનું સૈન્ય નાયકો સહિત [illegible] ભાગવા લાગ્યું. અર્જુનનાં બાણથી પીડિત થયેલો સૈન્ય સહિત દુઃશાસન પણ [illegible] [illegible] આવી દ્રોણ મારા રક્ષક થશે, એવી ઇચ્છાથી શકટવ્યૂહમાં જતો રહ્યો.

ततो दुःशासनस्त्रस्तः सहानीकः शरार्दितः ।
द्रोणं त्रातारमाकांक्षन् शकटव्यूहमभ्यगात् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि दुःशासनसैन्य पराभवे गुर्जरभाषायां नवतितमोऽध्यायः ॥ ९० ॥

અધ્યાય ૯૧ મો. આચાર્ય સામે અર્જુન.

संजय उवाच—दुःशासनबलं हत्वा सव्यसाची महारथः ।
सिंधुराजं परीप्सन् वै द्रोणानीकमुपाद्रवत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે દુઃશાસનના સૈન્યને હણી સિંધુરાજને પ્રાપ્ત થવા ઇચ્છતો મહારથિ અર્જુન, દ્રોણસૈન્ય સામે દોડયો. વ્યૂહના અગ્રભાગ વિષે ઉભેલા દ્રોણ પાસે જઇ બે હાથ જોડી શ્રીકૃષ્ણના અનુમત પ્રમાણે આવી રીતે તેમને કહેવા લાગ્યો કે, હે બ્રહ્મન્! મારા કલ્યાણનું ચિંતન કરો અને તે થાય તેમ કરો. તમારા પ્રમાદથી દુઃખેકરી ભેદાય નહિ એવી તમારી સેનામાં હું પ્રવેશ કરવા ઇચ્છું છું. તમને પિતા ધર્મરાજ તથા શ્રીકૃષ્ણ સરખા હું માનું છું. હે અનઘ! જે રીતે તમારે અશ્વત્થામા રક્ષણ કરવા લાયક છે તે જ રીતે નિરંતર હું પણ રક્ષણ કરવા લાયક છું. હે દ્વિપદાંશ્રેષ્ઠ! હે પ્રભો! તમારા પ્રસાદથી સંગ્રામમાં સિંધુરાજને હું મારવા ઇચ્છું છું, વાસ્તે મારી પ્રતિજ્ઞાની રક્ષા કરો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! અર્જુનનાં વચન સાંભળી ગર્વથી દ્રોણાચાર્યે આવી રીતે કહ્યું કે, હે અર્જુન! મને જીત્યા વગર તારાથી જયદ્રથને જીતી શકાય તેમ નથી. એમ કહી તે જ સમયે તેમણે અત્યંત હાસ્ય કરી રથ, અશ્વ, ધ્વજ, તથા સારથિ સહિત તેની ઉપર ઘણાંક બાણ નાંખ્યાં. હે વિશાંપતે! અર્જુને પણ બાણેકરી આવતા દ્રોણનાં બાણ સમુદાયને વારી રોકી તેમની સામે દોડી અત્યંત મોટા ભયંકર બાણેકરી માન આપી દ્રોણને [illegible] વિંધી ક્ષાત્રધર્મનો આશ્રય કરી, નવ બાણેકરી વિંધ્યા. દ્રોણે પણ તેનાં બાણોને પોતાના બાણથી કાપી વિષ તથા અગ્નિ સરખા બાણેકરી શ્રીકૃષ્ણ તથા અર્જુનને વિંધ્યા. [illegible] [illegible] પાંડુપુત્ર અર્જુને ધનુષ કાપવાનો વિચાર કર્યો, તેટલામાં તો [illegible] [illegible] [illegible] દ્રોણાચાર્યે બાણેકરી અર્જુનની પ્રત્યંચા કાપી તેના અશ્વ, ધ્વજ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપર ઘણાંક બાણ નાંખ્યાં. સર્વ ગણ [illegible] [illegible] [illegible] [illegible] કરી આચાર્યને વિશેષ [illegible] [illegible]

સાતસો બાણ નાંખ્યાં. પછી પાછાં વળે નહિ એવાં હજાર, ત્યાર પછી બીજાં દશહજાર નાંખ્યાં. વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર બળવાન અર્જુને સારી રીતે નાંખેલાં તે બાણેકરી વિંધાયલા મનુષ્ય, અશ્વ, તથા હસ્તિઓ પ્રાણ રહિત થઇ સંગ્રામમાં પડતા હતા. તેમજ નાશ થયા છે સારથિ, અશ્વ, ધ્વજ તથા આયુદ્ધ જેમનાં એવા અર્જુનના બાણથી પીડિત થયેલા રથિઓ પ્રાણ રહિત થઇ રથોમાંથી નીચે પડતા હતા. વજ્રથી ચૂર્ણ થયેલા પર્વતના અગ્રભાગ, વાયુએ નસાડેલા મેઘ તથા અગ્નિએ બાળેલા ઘર સરખા હસ્તિઓ રણભૂમિમાં પડતા હતા. હિમાલયના પૃષ્ઠભાગમાં બરફના પાણીથી હણાયલા હંસો જેમ પડે તેમ અર્જુનના બાણથી હણાયલા હજારો અશ્વ પડતા હતા. પ્રલય સમયના સૂર્યકિરણો સરખાં પાંડવનાં અસ્ત્ર તથા બાણે કરી હણાયલા રથ, અશ્વ, હસ્તિ તથા પાયદળના ઓઘ આશ્ચર્યરૂપ એવા જળના ઓઘની પેઠે પડતા હતા. શ્રેષ્ઠ કૌરવોને યુદ્ધમાં તપાવતા પાંડવરૂપી સૂર્યના બાણરૂપી કિરણજાળને દ્રોણરૂપી મેઘ બાણરૂપી વૃષ્ટિના વેગેકરી, મેઘ જેમ સૂર્યકિરણોને ઢાંકે તેમ ઢાંકતા હતા. વળી દ્રોણાચાર્યે શત્રુઓના પ્રાણનું ભોજન કરનાર, સારી રીતે મૂકેલાં નારાચ નામના બાણેકરી અર્જુનને વક્ષઃસ્થળમાં વિંધ્યો. પૃથ્વીનો કંપ થવાથી જેમ પર્વત વિહ્વળ થાય તેમ તે બાણેકરી વિહ્વળ થયું છે સર્વ અંગ જેનું એવા અર્જુને ધૈર્ય રાખી બાણેકરી દ્રોણાચાર્યને વિંધ્યા. દ્રોણાચાર્યે પણ પાંચ બાણ વાસુદેવ ઉપર તથા તોતેર બાણ અર્જુન ઉપર નાંખી ત્રણ બાણેકરી એનો ધ્વજ વિંધ્યો. હે રાજન્! વળી શિષ્યને વિશેષ પરાક્રમ દેખાડતા દ્રોણાચાર્યે નિમિષ માત્રમાં બાણના વરસાદથી અર્જુનને અદૃશ્ય કર્યો. તે વખતે એક બીજા પાછળ લાગેલાં દ્રોણાચાર્યનાં બાણનેજ અમે દેખતા હતા. આશ્ચર્ય થાય તે રીતે એમનું ધનુષ પણ મંડળાકારજ દેખાતું હતું, પણ ક્યારે તે ધનુષ સાધે છે અને ક્યારે નાંખે છે તે કોઇનાથી જાણવામાં આવતું ન હતું. એ રીતે દ્રોણે નાખેલાં ગૃધ્રનાં પીંછ બાંધેલાં ઘણાંક બાણ સંગ્રામમાં વાસુદેવ તથા અર્જુન સામે જતાં હતાં. દ્રોણ તથા અર્જુનના યુદ્ધને જોઇ મહા બુદ્ધિમાન વાસુદેવ ભગવાન, 'કામ હજી ઘણું કરવું છે' એમ વિચારી અર્જુન પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યા કે, હે પાર્થ! હે મહાબાહો! આપણો વખત નકામો જાય છે અને આ કામ ઘણું મોટું છે માટે દ્રોણને છોડી દઇ આપણે આગળ જઇએ. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન પણ હે કેશવ! 'જેવી આપની ઇચ્છા.' એમ કહી મહાબાહુ દ્રોણની પ્રદક્ષિણા કરી બીજી બાજુથી બાણ ફેંકતો આગળ ચાલ્યો. પોને દ્રોણાચાર્યે તેને કહ્યું કે, હે પાંડવ! શત્રુને જીત્યા વગર તારે નિવૃત્ત થવું નહિ એવો નિયમ છે અને આ વખતે મને છોડીને ક્યાં જાય છે? દ્રોણનાં વચન સાંભળી અર્જુને કહ્યું કે, હે આચાર્ય! તમે મારા ગુરૂ છો, શત્રુ નથી, ને હું તમારો શિષ્ય છું તેથી તમારા પુત્ર સરખો છું. તેમ યુદ્ધમાં તમને પરાજય પમાડે એવો લોક વિષે કોઇ પણ પુરૂષ છે નહિ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે કહેતાં જયદ્રથના વધ વિષે ઉત્સાહવાન મહાબાહુ અર્જુન ઉતાવળથી તમારા સૈન્ય સામે દોડ્યો. એ રીતે તમારા સૈન્યમાં પ્રવેશ કરતાં તેની પાછળ તેના ચક્રરક્ષક મહાત્મા પાંચાલ, યુધામન્યુ ને ઉત્તમૌજા પણ ગયા. તે સમયે હે મહારાજ! જય, સાત્વત એવા કૃતવર્મા, કાંબોજ તથા શ્રુતાયુધ અર્જુનને વારવા લાગ્યા. તેમની પાછળ ચાલનાર દશ હજાર રથ, અભિષાહ, શૂરસેન, શિબિ, વસાતિયો, માવેલ્લક, લલિત્થ, કેકય, મદ્રક, નારાયણ એવા ગોપાળ, પૂર્વે સંગ્રામમાં કર્ણે જીતેલા એવા સંમત કલિંગ્લાણ, પ્રસન્ન છે આત્મા જેમનો એવા તે બધા દ્રોણાચાર્યને આગળ કરી પુત્રના શોકેકરી યુક્ત,

[illegible] જમીન, આસન, જળ અને મધુરવાણી, એ ચાર વસ્તુ હંમેશ સત્પુરૂષનાં ઘરોમાં અતિથિ વાસ્તે તૈયાર હોય છે. તેમ હે મહારાજ ! પુણ્ય કર્મ કરનાર ધર્મિષ્ઠ પુરૂષોનાં ઘરો વિષે પણ, પરમ શ્રદ્ધાથી અતિથિયોના સત્કાર વાસ્તે, આસનાદિક હંમેશ તૈયાર રાખેલાં હોય છે. જેમ કાષ્ઠનો નાનો રથ હોય તોપણ જેવો ભાર સહન કરવાને સમર્થ થાય, તેવો ભાર ઉપાડવા બીજું કાષ્ટો સમર્થ ન થાય, તેમ મહાકુલીન યોગ્ય પુરૂષો જેવો ભાર સહન કરે, તેવો ભાર બીજા પુરૂષો સહન કરી શકે નહીં, જેના ક્રોધથી ભય થાય તે મિત્ર ન કહેવાય ને જેની ઉપર વિશ્વાસ ન રખાય તે પણ મિત્ર નહીં; જેની ઉપર પોતાના પિતા સરખો વિશ્વાસ આવે તેનેજ મિત્ર જાણવો, ને બીજા લોક તો કેવળ સ્વારથિઆ જાણવા. જે કોઈ પોતા સાથે સારી રીતે બંધાયલો ન છતાં પણ, મિત્રતાથી વર્તતો હોય, તેનેજ સંબંધી, ઉપકાર કરનાર અને ગતિ તથા આશ્રયરૂપ જાણવો. ચિત્ત જેનું સ્થિર નથી, વૃદ્ધની સેવાથી વિમુખ તથા ચલાયમાન બુદ્ધિવાળા પુરૂષની મિત્રતા હંમેશ સ્થિર રહેતી નથી. જેમ સુકા તળાવને હંસ અતિક્રમણ કરે, તેમ ચલાયમાન ચિત્તવાળા તથા ઇંદ્રિયોની પાછળ ચાલનાર અજ્ઞાનીને સર્વ પુરૂષાર્થો અતિક્રમણ કરે છે. કારણ વિના અકસ્માત્ ક્રોધ કરવો તથા કારણ વિના અકસ્માત્ પ્રસન્ન થવું, એ ચંચળ વાદળની પેઠે હલકા માણસનો સ્વભાવ હોય છે. મિત્રોએ કર્યો છે સત્કાર જેમનો એવા પુરૂષો, પાછું મિત્રનું કામ પ્રસંગ આવ્યે નથી કરતા, તે પુરૂષોને મરણ પામ્યા પછી "આ કૃતઘ્ન છે" એમ જાણી, માંસ ખાનાર પક્ષિયો પણ નથી ખાતા. પોતા પાસે ધન હોય વા ન હોય તોપણ સારા મિત્રોનો સત્કાર કરવો, ને કહ્યા વગર જે પોતાનું હિત કરે, તેને મિત્ર જાણવો. કોઇ રીતનો પણ શોક મનમાં રાખશો નહીં, કારણ શોકથી રૂપ, બળ તથા જ્ઞાન, એ ત્રણ નાશ પામે છે ને શરીરમાં રોગોત્પત્તિ થાય છે. શોક કરવાથી નાશ પામેલી પ્રિય વસ્તુ પાછી મળતી નથી, ને ઉલટું શરીર અત્યંત સંતાપ પામે છે: જે જોઇ શત્રુઓ રાજી થાય, વાસ્તે તમે શોક કરો માં. કોઇ વખતે પુરૂષ મરણ પામે, ને કોઈ વખતે પાછો ઉત્પન્ન થાય, કોઇ વખતે હાનિ પામે, ને કોઇ વખતે વૃદ્ધિ પામે તેમ કોઇ વખતે પોતે યાચના કરે, ને કોઇ વખતે પોતા પાસે બીજા યાચના કરે; તથા કોઇ વખતે શોચ કરે, ને કોઇ વખતે બીજાઓને શોચ કરાવે છે. એ રીતે સુખ દુઃખ, જન્મ મરણ, લાભ અલાભ અને હાનિ તથા વૃદ્ધિ, ઇત્યાદિ દ્વંદ્વ મનુષ્ય માત્રને ક્રમે કરી પ્રાપ્ત થાય છે, માટે ધીર પુરૂષો કોઇ વાતનો હર્ષ વા શોક કંઇ પણ કરતા નથી. મન સહિત ચલાયમાન શ્રોત્રાદિક ૭ ઇંદ્રિયોમાંથી જે જે ઇંદ્રિય જે જે વિષયમાં લંપટ થાય, તે તે વિષય સેવન દ્વારા પુરૂષની બુદ્ધિ, છિદ્રાળ એટલે કાણા વાસણમાંથી જેમ પાણી સ્રવે, તેમ સ્રવી જાય છે. વિદુરનાં વચન સાંભળી, ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, હે મહાબુદ્ધિમાન વિદુર ! કાષ્ઠમાં રહેલા અગ્નિની પેઠે છુપા તેજવાળા યુધિષ્ઠિર રાજાને મેં જેટલા ઉપાયથી છેતર્યો, માટે હવે જરૂર મંદ બુદ્ધિવાળા મારા પુત્રોને તે યુદ્ધે કરી નાશ પમાડશે, તેથી જેમ આ સર્વ જગત હંમેશ ઉદ્વિગ્ન રહે છે તેમ મારૂં મન હંમેશ ઉદ્વિગ્ન રહે છે; માટે જેથી મારા મનનો ઉદ્વેગ ટળે તે મને કહે. તે સાંભળી વિદુરે કહ્યું કે, હે [illegible] ધૃતરાષ્ટ્ર ! બ્રહ્મવિદ્યા વા સ્વધર્માચરણ વગર, ઇંદ્રિયોનો નિગ્રહ કર્યા વગર તથા [illegible] ત્યાગ કર્યા વગર, તમારા મનનો ઉદ્વેગ ટળી શાંતિ થાય એમ હું નથી માનતો. [illegible] [illegible] બુદ્ધિથી ભયને ટાળે છે, તપશ્ચર્યાથી પરમપદને પામે છે, ગુરૂની સેવાથી [illegible] પામે છે, તથા યોગથી શાંતિને પામે છે. કેટલાક સત્પુરૂષો દાનાદિક સત્કર્મના [illegible]

[illegible] થયેલા પર્વત સરખા, યુદ્ધમાં પ્રાણુત્યાગ કરનાર, કવચ પહેરેલા, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર ઘૂમ્ર્ર્વત હસ્તિની પેઠે તમારા સૈન્યને વહન કરનાર મોટા ધનુષવાળા, પુરુષમાં સિંહરૂપ અર્જુનને વારવા લાગ્યા. તે પરસ્પર પ્રાર્થના કરતા એવા તમારી તરફના યોદ્ધાઓનું તથા અર્જુનનું રૂવાં ઉભાં કરનાર મોટું યુદ્ધ પ્રવર્તમાન થયું. જયદ્રથના વધને ઇચ્છતા સામે આવતા પુરુષમાં શ્રેષ્ઠ અર્જુનને, ઉત્પન્ન થયેલા વ્યાધિને જેમ ક્રિયા રોકે તેમ એકઠા થયેલા તેઓએ રોકી રાખ્યા.

> जयद्रथवधप्रेप्सुमायांतं पुरुषर्षभ ।
> न्यवारयंत सहिताः क्रियाव्याधिरिवोत्थितं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि द्रोणातिक्रमे गुर्जरभाषाया-मेकनवतितमोऽध्यायः ॥ ९१ ॥

અધ્યાય ૯૨ મો. શ્રુતાયુધનો વધ.

संजय उवाच—सन्निरुद्धस्तुतैः पार्थो महाबलपराक्रमः ।
द्रुतं समनुयातश्च द्रोणेन रथिनांवरः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! મોટું છે બળ તથા પરાક્રમ જેનું એવા રથિમાં શ્રેષ્ઠ અર્જુનને તેઓએ રોક્યા; અને જલદી દ્રોણ પણ તેમની પાછળ આવ્યા. સૂર્ય જેમ કિરણોને ફેલાવે તેમ તીક્ષ્ણ એવા બાણગણનો ફેલાવ કરતા અર્જુન, વ્યાધિગણ જેમ દેહને તપાવે તેમ તમારા સૈન્યને તપાવા લાગ્યા, તે કેવી રીતે કે અર્જુનના બાણથી વિંધાયલા અશ્વ, રથ, તથા માવત સહિત હસ્તિ નીચે પડવા લાગ્યા. છત્ર ઉડી ગયાં, રથ ચક્ર વગરના થઇ ગયા, અને તેના બાણથી પીડાયલાં સૈન્ય પણ ચોતરફ ભાગવા લાગ્યાં. એ રીતે થતા તે મોટા યુદ્ધમાં કંઇ પણ જાણવામાં આવતું ન હતું. હે રાજન્! એ રીતે પરસ્પર એક બીજાને સામર્થ્યવા છતાં પણ અર્જુન બાણેકરી વારંવાર તમારી સેનાને કંપાવા લાગ્યા. સત્ય છે પ્રતિજ્ઞા જેની એવા અર્જુન, કરેલી પ્રતિજ્ઞાને સત્ય કરવાની ઇચ્છાથી રથિમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય સામે દોડયા. તે વખતે ગુરૂ દ્રોણાચાર્યે મોટા ધનુષવાળા પોતાના શિષ્ય ઉપર મર્મ ભેદનાર પચ્ચીસ બાણ નાંખ્યાં. સર્વ શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુને પણ આવતા તેમના બાણના વેગને વિઘાતક એવાં બાણ ફેંકતાં જલદી તેની સામે દોડી સામાં આવતાં તેનાં ભલ્લ નામનાં બાણને બ્રહ્માસ્ત્ર સાંધી ભલ્લ નામના સરળ બાણથી વિંધ્યાં. દ્રોણની શિક્ષા પ્રત્યે આશ્ચર્ય અમે જોયું, જે યત્ન કરતો યુવાવસ્થાવાળો અર્જુન એને વિંધી ન શક્યો. મોટો મેઘ જેમ અપરિમિત જળધારાને મૂકે તેમ દ્રોણરૂપી મેઘ, અર્જુનરૂપી પર્વત ઉપર બાણવૃષ્ટિનો વરસાદ કરતો હતો. હે મારિષ! તેજસ્વી અર્જુને બ્રહ્માસ્ત્રે કરી બાણવૃષ્ટિને રોકી, બાણેકરી બાણનો નાશ કર્યો. વળી દ્રોણે પચ્ચીસ બાણ અર્જુન ઉપર નાંખી સિત્તેર બાણેકરી વાસુદેવને બે બાહુ તથા [illegible] વિંધ્યા. બુદ્ધિમાન અર્જુને પણ હાસ્ય કરી તીક્ષ્ણ એવા બાણના ઓઘ નાંખતા દ્રોણાચાર્યને વારી રાખ્યા. તે રીતે દ્રોણાચાર્યે વિંધેલા રથિમાં શ્રેષ્ઠ વાસુદેવ તથા અર્જુન દુઃખેકરી

સહન થાય નહિ એવા પ્રલય સમયના અગ્નિ સરખા દ્રોણને અને તેમના ધનુષમાંથી નિકળેલા, તીક્ષ્ણ એવા બાણને છોડી દઇ ભોજના સૈન્યને મારવા લાગ્યા. એ રીતે મૈનાક પર્વત સરખા દ્રોણને મૂકી કૃતવર્મા તથા કાંબોજ સુદક્ષિણ સામે દોડયા. પુરૂષમાં સિંહરૂપ અજ્ઞાન કોઈએ ક્રોધથી સહન થાય નહિ એવા કુરૂકુળમાં શ્રેષ્ઠ અર્જુનને ગૃધ્રનાં પીંછ બાંધેલાં દશ બાણેકરી જલદી વિંધ્યા. હે રાજન્! અર્જુને સાત્વત એવા તેને સો બાણથી વિંધી વળી તેને મોહ પમાડતા હોય નહિ તેમ બીજાં ત્રણ બાણેકરી વિંધ્યો. ભોજે પણ અત્યંત હાસ્ય કરી સત્વર વાસુદેવને તથા અર્જુનને પચ્ચીસ પચ્ચીસ બાણેકરી વિંધ્યા. અર્જુને પણ તેનું ધનુષ કાપી અગ્નિની શિખા સરખાં અને ક્રોધાયમાન થયેલા સર્પ સરખાં એકવીસ બાણેકરી એને વિંધ્યો; હે ભારત! મહારથિ કૃતવર્માએ બીજું ધનુષ ગ્રહણ કરી પાંચ બાણથી અર્જુનને વક્ષઃસ્થળમાં વિંધી વળી તીક્ષ્ણ કરેલાં પાંચ બાણેકરી તેને વિંધ્યો. અર્જુને પણ નવ બાણેકરી સ્તનના મધ્ય ભાગમાં તેને વિંધ્યો. એ રીતે કૃતવર્માના રથ પ્રત્યે વળગી રહેલા અર્જુનને જોઇ વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણે આપણો વખત જાય છે એવો મનમાં વિચાર કરી અર્જુનને કહ્યું કે, કૃતવર્મા ઉપર દયા કર માં, અને સંબંધિપણું છોડી દેઈ એને માર. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન બાણેકરી કૃતવર્માને મોહ પમાડી વેગવાન અશ્વ વડે કાંબોજની સેના સામે ગયો. એ રીતે કાંબોજની સેનામાં પ્રવિષ્ટ થયેલા અર્જુનને જોઇ ક્રોધાયમાન થયેલા કૃતવર્માએ બાણ સહિત ધનુષને હલાવી પાંચાલ્ય અર્જુનના ચક્રરક્ષક યુધામન્યુ તથા ઉત્તમૌજાને સમીપ નાંખવાના બાણેકરી વાગી રાખી તીક્ષ્ણ કરેલા ત્રણ બાણેકરી યુધામન્યુને અને ચારેકરી ઉત્તમૌજાને વિંધ્યો. તે બેઉએ પણ દશ દશ બાણેકરી એને વિંધી ત્રણ ત્રણ બાણેકરી એનો ધ્વજ તથા ધનુષ કાપી નાખ્યા તે સમે ક્રોધે કરી મૂર્છિત કૃતવર્માએ બીજું ધનુષ ગ્રહણ કરી તે બેઉને ધનુષ વગરના કરી તેમની ઉપર બાણનો વરસાદ કર્યો. તે બેઉએ પણ બીજાં ધનુષ સજ્જિત કરી તેને વિંધ્યો, તેટલામા અર્જુન બીજા શત્રુની સેનામાં પેઠા પણ કૃતવર્માએ વારેલા તે બેઉ ચક્રરક્ષક પ્રવેશદ્વારને પ્રાપ્ત થયા ન હતા પુરૂષમાં શ્રેષ્ઠ એઉ તમારા સૈન્યમા જવાનો યત્ન કરતા હતા, તે વખતે ઉતાવળથી તમારા સૈન્યને પીડતા શત્રુનો નાશ કરનાર અર્જુને સમીપ પ્રાપ્ત થયો તોપણ કૃતવર્માને માર્યો નહિ તે રીતે આવતા અર્જુનને જોઈ અત્યંત ક્રોધાયમાન થયેલા શૂરવીર શ્રુતાયુધ રાજાએ મોટું ધનુષ હલાવતાં સામે દોડી ત્રણથી અર્જુનને તથા સિત્તેર બાણથી જનાર્દનને વિંધી અત્યંત તીક્ષ્ણ કરેલા ક્ષુરપ્ર નામના બાણેકરી અર્જુનનો ધ્વજ વિંધ્યો; અત્યંત કોપાયમાન થયેલા અર્જુને સરળ એવાં તેવું બાણેકરી અંકુશેકરી મોટા હસ્તિને વિંધે તેમ તેને વિંધ્યો. હે રાજન્! અર્જુનના પરાક્રમને શ્રુતાયુધ રાજા સહન કરી શકયો નહિં: તેથી તેણે નારાચ નામનાં સીત્તોતેર બાણ નાંખ્યાં, ક્રોધાયમાન થયેલા અર્જુને પણ તેનું ધનુષ કાપી ભાથો તોડી સરળ સાત બાણથી વક્ષઃસ્થળમાં તેને વિંધ્યો. તે વખતે ક્રોધથી મૂર્છિત થયેલા તે રાજાએ બીજું ધનુષ ગ્રહણ કરી ઇન્દ્રપુત્ર અર્જુનને નવ બાણેકરી બે બાહુ તથા વક્ષઃસ્થળમાં વિંધ્યો. શત્રુને દમન કરનાર અર્જુને ગર્વથી હજાર બાણેકરી શ્રુતાયુધને પીડિત કર્યો; અને મહા બળવાન તેણે જલદી એના ઘોડા તથા સારથિને વિંધી નારાચ નામના સિત્તેર બાણેકરી એને વિંધ્યો. તે સમયે પરાક્રમી શ્રુતાયુધ રાજા હણાયલા અશ્વવાળા રથનો ત્યાગ કરી ગદા ઉગામી સંગ્રામમાં અર્જુન સામે દોડયો. શૂરવીર શ્રુતાયુધ રાજા વરૂણનો પુત્ર હતો અને શીતળ છે જળ જેમાં એવી પર્ણાશા નામે મહાનદી તેની જનની હતી. હે રાજન્! તેને પોતાના પુત્ર ઉપર સ્નેહ

પૂર્વે તારું કે આ મારો પુત્ર લોક વિષે શત્રુઓએ અવધ્ય થાઓ. તેના ઉપર પ્રસન્ન થયેલા વરૂણે તેને કહ્યું કે એને હિતકારી વર હું આપું છું કે આ દિવ્ય આયુધથી તે અવધ્ય થશે. બાકી અમરપણું મનુષ્યોને છેજ નહિં. હે સરિતાંવરે! ઉત્પન્ન થયેલા સર્વેને મરવું તો અવશ્ય કરીને છેજ, તથાપિ આ હું અસ્ત્ર આપું છું તેના પ્રભાવથી સંગ્રામમાં શત્રુઓએ અવધ્ય જરૂર થશે. તારા મનનો સંતાપ દૂર થાઓ. એમ કહી મંત્રેલી ગદા વરૂણે તે આપી, જેને કરી થઇ સર્વ લોકમાં શ્રુતાયુધ દુર્ધર્ષ થયો છે. વળી પાછું ભગવાન વરૂણે તેને કહ્યું કે, જે યુદ્ધ ન કરતો હોય તેની ઉપર તારે આ મૂકવી નહિં. કારણ તેમ કરીશ તો તારી ઉપરજ પડશે. હે પ્રભો! ઉલટી રીતે નાખેલી આ મોકલનારને હણે છે પણ પોતાને કાળ પ્રાપ્ત થયો તેથી તેના કહેવા પ્રમાણે કર્યું નહીં. શૂરવીરને હણનાર તેણે યુદ્ધ ન કરતા એવા જનાર્દન ઉપર તે નાંખી. તે પરાક્રમી શ્રીકૃષ્ણે સ્થૂલ એવા પોતાના ખભાપર તેને ગ્રહણ કરી પણ વાયુ જેમ વિંધ્યાચળને કંપાવી શકે નહિ, તેમ તે શૌરિ એવા ભગવાનને કંપાવી શકી નહિ. કૃત્યાની પેઠે પાછી આવતી તેણે શૂરવીર, ઉભેલા, ક્રોધી શ્રુતાયુધને હણ્યો. એ રીતે તે ગદા શૂરવીર એવા શ્રુતાયુધને હણી પૃથ્વીપર પડી. તે રીતે એ ગદા નિષ્ફળ થઇ અને પોતાના આયુધેકરી શત્રુને દમન કરનાર શ્રુતાયુધ હણાયો તે જોઇ સૈન્યોમાં મોટો હાહાકાર થવા લાગ્યો. હે નરાધિપ! યુદ્ધ ન કરતા એવા કેશવ ભગવાન ઉપર શ્રુતાયુધે ગદા નાંખી તેથી તે ગદાએ તેને માર્યો. એ રીતે વરૂણના કહ્યા પ્રમાણે મરણ પામેલો પ્રાણરહિત તે, સર્વ ધનુષ ધરનાર જોતાં પૃથ્વીપર પડ્યો. પર્ણાશાનો પ્રિય પુત્ર ભાંગાયેલ ઘણી શાખાવાળું વૃક્ષ શોભે તેમ શોભતો હતો. એવી રીતે શત્રુને દમન કરનાર શ્રુતાયુધ હણાયો તે જોઇ તમારી સર્વ સેનામાં જે મુખ્ય હતા તે સર્વ ચોતરફ ભાગવા લાગ્યા. એટલામાં શૂરવીર એવો કાંબોજ રાજાનો પુત્ર સુદક્ષિણ, વેગવાન અશ્વેકરી શત્રુનો નાશ કરનાર એવા અર્જુન સામે આવ્યો. તે વખતે હે ભારત! અર્જુને તેની ઉપર સાત બાણ નાંખ્યાં. તેઓ તે શૂરવીરને ભેદી પૃથ્વીમાં પેઠાં. સંગ્રામમાં ગાંડીવમાંથી નીકળેલાં તીક્ષ્ણ બાણેકરી અત્યંત વિંધાયેલા તેણે ગૃધ્રનાં પિંછ બાંધેલાં દસ બાણેકરી અર્જુનને વિંધી, ત્રણથી વાસુદેવને વિંધી વળી પાંચથી અર્જુનને વિંધ્યો. હે મારિષ! પાંડુપુત્ર અર્જુને પણ તેનું ધનુષ તથા ધ્વજ કાપી અત્યંત તીક્ષ્ણ કરેલા ભલ્લ નામના બાણેકરી તેને પણ વિંધ્યો. શૂરવીર એવા સુદક્ષિણે ત્રણ બાણથી અર્જુનને વિંધી સિંહનાદ કરી ક્રોધથી સર્વ લોહમયી ઘંટા સહિત ભયંકર શક્તિ અર્જુન ઉપર નાંખી. પ્રજ્વલિત એવી શક્તિ મોટાં ઉલ્કાડિયાંની પેઠે તે મહારથિને પ્રાપ્ત થઇ તેને ભેદી તણખા સહિત પૃથ્વીપર પડી. એ રીતે શક્તિએ કરી અત્યંત હણાયેલા, મૂર્છાએ કરી વ્યાપ્ત, મોટા તેજવાળા અત્યંત પરાક્રમી અર્જુને ક્રોધથી બે ગલોફાં ચાટી ગૃધ્રનાં પિંછ બાંધેલાં નારાચ નામનાં ચૌદ બાણેકરી એના અશ્વ, ધ્વજ, ધનુષ તથા સારથિને વિંધી બીજાં ઘણાંક બાણેકરી તેના રથના કકડા કરી, ફોગટ છે સંકલ્પ તથા પરાક્રમ જેનું એવા કાંબોજ સુદક્ષિણને મોટી ધારવાળા બાણેકરી હૃદયમાં ભેદ્યો; તેથી ભેદાયું છે કવચ જેનું, શિથિલ અંગવાળો, ભ્રષ્ટ થયો છે મુકુટ તથા બાજુબંધ જેના એવો શૂરવીર યંત્રથી મૂકાયલો ઇન્દ્ર ધ્વજ જેમ પડે અને પર્વતના શિખર ઉપર ઉત્પન્ન થયેલું, ઘણી શાખાવાળું, શોભિતું, વસંતઋતુમાં વાયુએ ભાંગેલું કર્ણિકારનું વૃક્ષ જેમ ભૂમિપર પડે તેમ નીચે પડ્યો. કાંબોજના આસ્તરણને યોગ્ય પૃથ્વી વિષે સૂતેલો અને મસ્તક વિષે અગ્નિ સરખી કાન્તિવાળી સુવર્ણની માળા ધારી રહેલો, આભરણવાળા, સુંદર અંગવાળો, લાલ છે નેત્ર જેનાં એવો અર્જુને પાડેલો શોભતો

રાજાનો પુત્ર સુદક્ષિણ, તળેટી સહિત પડેલો પર્વત શોભે તેમ શોભતો હતો. એ રીતે હણા- યેલા શ્રુતાયુધ તથા કાંબોજ સુદક્ષિણને જોઇ તમારા પુત્રનાં સર્વ સૈન્ય ભાગવા લાગ્યાં.

> अशोभत महाबाहुर्व्यसुर्भूमौ निपातितः ।
> ततः सर्वाणि सैन्यानि व्यद्रवंत सुतस्य ते ॥
> हतं श्रुतायुधं दृष्ट्वा कांबोजं च सुदक्षिणं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि श्रुतायुधसुदक्षिणवधे गुर्जरभाषायां द्विनवतितमोऽध्यायः ॥ ९२ ॥

અધ્યાય ૯૩ મો. અંબષ્ઠનો વધ.

> संजय उवाच—हते सुदक्षिणे राजन् वीरे चैव श्रुतायुधे ।
> जवेनाभ्यद्रवन् पार्थं कुपिताः सैनिकास्तव ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે રાજન્! એ રીતે સુદક્ષિણ તથા શૂરવીર શ્રુતાયુધ હણાયો ત્યારે કોપાયમાન થયેલા તમારા સૈનિકો વેગેકરી અર્જુન સામે દોડ્યા. હે રાજન્! અભિષાહ, શૂરસેન, શિબિ તથા વસાતિયો અર્જુન ઉપર બાણનો વરસાદ કરવા લાગ્યા. તેમના મધ્યમાં બીજા ૭ હજાર યોદ્ધાઓને બાણેકરી અર્જુને મંથન કર્યા, તેથી ભય પામેલા તે જેમ વ્યાઘ્રને જોઇ ક્ષુદ્ર મૃગ નાસે તેમ નાસવા લાગ્યા. વળી પાછા ફરી તેઓએ સંગ્રામમાં શત્રુ- ઓને હણતા તથા પારકાઓને જીતવા ઇચ્છતા અર્જુનને ચોતરફથી ઘેરી લીધો. તે વખતે અર્જુને ગાંડીવમાંથી નીકળેલા બાણેકરી જલદી, પોતા સામે આવતા તેમનાં મસ્તક તથા બાહુ કાપી નાખ્યાં. અર્જુને પાડેલાં મસ્તક તથા બાહુએકરી રણભૂમિ અભ્ર છાયાની પેઠે કાગડા, ગૃધ્ર તથા બગલાઓએ કરી ઢંકાઇ ગઇ. એ રીતે અર્જુને મારવા માંડેલા તેમને જોઇ બળવાન, સ્પર્ધા કરનાર, શૂરવીર, બાહુબળ યુક્ત, ઉતાવળા મોટા યશને ઇચ્છતા તમારા પુત્ર વાસ્તે અર્જુનના વધની ઇચ્છા રાખનાર, ધનુષ ધરનાર તથા ક્રોધાયુક્ત શ્રુતાયુ તથા અચ્યુતાયુએ સવ્ય તથા દક્ષિણ બાજુથી બાણનો વરસાદ કરતાં વળી બીજાં હજારો બાણેકરી મેઘ જેમ જળે કરી તળાવને ભરી દે, તેમ અર્જુનને ઢાંકી દીધો. ક્રોધ પામેલા, રથિમાં શ્રેષ્ઠ શ્રુતાયુએ તો પાયેલ તીક્ષ્ણ ભાલાએ કરી અર્જુનને વિંધ્યો. એ રીતે બળવાન, શત્રુએ અત્યંત વિંધેલા, શત્રુનો નાશ કરનાર અર્જુન, સંગ્રામમાં કેશવ ભગવાનને મોહ પમાડતાં પોતે પરમ મોહને પ્રાપ્ત થયો. એજ વખતે મહારથિ અચ્યુતાયુએ અત્યંત તીક્ષ્ણ શૂળેકરી અર્જુનને વિંધ્યો. તેણે તો એવું કર્યું કે, મહાત્મા પાંડુપુત્ર અર્જુનને ક્ષત ઉપર ક્ષાર મૂક્યો. તેથી અત્યંત વિંધાએલા અર્જુન ધ્વજના દંડને પકડી બેસી રહ્યા. હે વિશાંપતે! તે વખતે અર્જુન હણાયા એમ માની તમારા સર્વ સૈન્યમાં મોટો સિંહનાદ થવા લાગ્યો. એ રીતે બેભાન થયેલા અર્જુનને જોઇ અત્યંત સંતપ્ત થયેલા શ્રીકૃષ્ણ મનોહર એવી વાણીએ કરી અર્જુનની આશ્વાસના કરવા લાગ્યા. એટલામાં વળી રથિમાં શ્રેષ્ઠ, પ્રાપ્ત થયું છે લક્ષ જેમને એવા શ્રુતાયુ તથા અચ્યુતાયુ, અર્જુન તથા વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા વાસુદેવ ઉપર ચોતરફથી બાણનો વરસાદ કરવા

લાગ્યા. ચક્ર, કૂબડા, અશ્વ, ધ્વજ, તથા પતાકા સહિત અર્જુનના રથને પણ તેમણે અદૃશ્ય કર્યો, એ મોટું આશ્ચર્ય સરખું થયું. હે ભારત ! યમરાજાના ઘર પ્રત્યે જઈ જેમ પાછો આવ્યો હોય તેમ ધીરેથી સંજ્ઞા પામેલા અર્જુને, બાણના સમુદાયથી કેશવ સહિત ઢંકાઇ ગયેલા પોતાના રથને જોઇ તેમજ પ્રદીપ્ત અગ્નિ સરખા પોતા સામે ઉભેલા તે બેઉ શત્રુને જોઇ મહારથિ એવા તેણે ઈન્દ્રાસ્ત્ર સાંધ્યું. તેમાંથી ગ્રંથિ વગરનાં હજારો બાણ ઉત્પન્ન થયાં. તેઓ, મોટા ધનુષવાળા તેમને તથા તેમનાં મૂકેલાં બાણોને હણવા લાગ્યા. એ રીતે અર્જુનના બાણે વિદારણ કરેલાં તેમનાં બાણ આકાશમાં વિચરતાં હતાં. પાંડુપુત્ર અર્જુન, બાણના વેગથી જલદી તેમના બાણને હણી મહારથિઓ સાથે યુદ્ધ કરતા તે તે ઠેકાણે પ્રસ્થાન કરતા હતા. અર્જુનના બાણના ઓઘેકરી બાહુ તથા મસ્તક વગરના થયેલા તે શ્રુતાયુ તથા અચ્યુતાયુ વાયુએ પાડેલાં બે વૃક્ષોની પેઠે રણભૂમિ ઉપર પડી ગયા. એ રીતે શ્રુતાયુષ તથા અચ્યુતાયુષનું મરણ સમુદ્રના શોષણની પેઠે લોકને વિસ્મયકારક લાગ્યું. તે બેઉની પાછળ ચાલનાર પચાસ રથને હણી શ્રેષ્ઠ શ્રેષ્ઠને હણતા અર્જુન, ભારતી સેનાપ્રત્યે જવા લાગ્યા. હે ભારત ! શ્રુતાયુષ તથા અચ્યુતાયુષ બેઉ હણાયા તે જોઇ અત્યંત ક્રોધાયમાન થયેલા, પુરુષમાં શ્રેષ્ઠ, પિતાના દુઃખથી કૃશ થયેલા નિયતાયુ તથા દીર્ઘાયુ નામે તેમના પુત્ર, વિવિધ પ્રકારનાં બાણ નાંખતા કુંતિપુત્ર અર્જુન સામે જવા લાગ્યા. અત્યંત ક્રોધાયમાન થયેલા અર્જુને ગ્રંથિ વગરનાં બાણેકરી ક્ષણ માત્રમાં તે બેઉને યમલોક પ્રત્યે મોકલી દીધા. કમળયુક્ત તળાવને જેમ હસ્તિ આલોડન કરે તેમ સૈન્યોને આલોડન કરતા અર્જુનને શ્રેષ્ઠ ક્ષત્રિયો વારવા સમર્થ થતા ન હતા. હે રાજન્ ! હસ્તિ ઉપર બેઠેલાં, શિક્ષામાં ચતુર, ક્રોધાયમાન થયેલા, હજારો અંગ તેમજ દુર્યોધને આજ્ઞા આપેલા પ્રાચ્ય, દાક્ષિણાત્ય, કલિંગાદિક રાજાઓએ પર્વત સરખા હસ્તિઓએ કરી પાંડુપુત્ર અર્જુનને વિંટી લીધા. તે સમયે ઉગ્ર એવા અર્જુને ગાંડીવમાંથી નીકળેલા બાણેકરી પોતા સામે આવતા તેમનાં મસ્તક તથા સુંદર ભૂષણથી શોભિતા બાહુ પણ કાપી નાખ્યા. પડેલાં તે મસ્તક તથા બાજુબંધ સહિત પડેલા બાહુએકરી સંકીર્ણ પૃથ્વી કનકના પાષાણ સર્પથી વિંટાયલી શોભે તેમ શોભતી હતી. અર્જુનના બાણેકરી કપાતા બાહુ તથા મંથન કરેલાં પડતાં મસ્તકો વૃક્ષમાંથી જેમ પક્ષીઓ ઉડે તેમ નીચે પડતાં હતાં. બાણેકરી વિંધાયલા તેથી સ્રવે છે રૂધિર જેમને એવા હજારો હસ્તિઓ ગૈરીકધાતુયુક્ત ઝરણાંવાળા પર્વત સરખા દેખાતા હતા. અર્જુનના તીક્ષ્ણ બાણેકરી હણાયલા બીજા કેટલાક સંગ્રામમાં સૂતા હતા. હે રાજન્ ! નાના પ્રકારનો વિકૃત છે દેખાવ જેમનો, નાના પ્રકારનો વેષ ધારણ કરેલા, નાના પ્રકારના શસ્ત્રના ઓઘથી વિંટાયલા તથા રૂધિરે કરી લિપ્ત છે અંગ જેમનાં એવા વિચિત્ર પ્રકારના, બાણથી હણાયલા ગજપૃષ્ઠ ઉપર ઉભા રહેલા મ્લેચ્છ શોભતા હતા. માવત તથા પાછળ ચાલનાર સહિત અર્જુનના બાણથી હણાયલા તથા કપાયાં છે અંગ જેમનાં એવા હજારો હસ્તિઓ રૂધિરનું વમન કરતા હતા. અત્યંત ત્રાસ પામેલા કેટલાક હસ્તિઓ મોટેથી પોકારતા પડતા હતા અને કેટલાક દિશાઓમાં ભમતા હતા. ઘણાક હસ્તિઓ તો પોતાનાઓનેજ મર્દન કરતા હતા. તીક્ષ્ણ વિષની જેમને ઉપમા અપાય એવા આયુધ સહિત કેટલાક હસ્તિઓ ફરતા હતા. આસુરી માયાને જાણનાર ઘોર ચક્ષુવાળા ભયંકર યવન, પારદ, શક, બાહ્લિક, દુરાચાર, સ્ત્રીલોલ, કલહપ્રિય એવા કાકવર્ણ, ગોયોનિપ્રભવ, કાલકલ્પ પ્રહાર કરનાર મ્લેચ્છ; દાર્વાતિસાર, દરદ, હજારો પુંડ, એકઠા મળેલા અસંખ્યાત એવા નાના પ્રકારના યુદ્ધમાં વિશારદ મ્લેચ્છો પાંડુપુત્ર અર્જુન ઉપર તીક્ષ્ણ એવાં બાણનો વરસાદ કરવા લાગ્યા.

તેમની ઉપર અર્જુને તીડનો જેવો આકાશમાં ફેલાવો દેખાય તેવો બાણના વરસાદનો ફેલાવ કર્યો. એ રીતે અર્જુન વાદળની છાયાની પેઠે સૈન્યમાં બાણની વૃષ્ટિ કરી, મુંડ, અર્ધમુંડ, જટિલ, અશુચિ તથા જટિલ મુખવાળા એકઠા મળેલા સર્વ મ્લેચ્છને અસ્ત્રના તેજેકરી નાશ કરતા હતા. અર્જુનના બાણેકરી વિંધાયલા, પર્વતમાં ફરનાર, તેની ગુફામાં રહેનાર કેટલાક મ્લેચ્છ ભયભીત થઇ ભાગવા લાગ્યા. તીક્ષ્ણ બાણેકરી વાહન સહિત પૃથ્વીમાં પડેલા મ્લેચ્છોનાં રૂધિર બક, કંક તથા વૃક હર્ષેકરી પાન કરતા હતા. પડેલા પાયદળ, અશ્વ, રથ, તથા હસ્તિ- એકરી પ્રવર્ત્તમાન થયેલી બાણના વરસાદરૂપી નૌકાવાળી, ભયંકર, કેશરૂપી સેવાળથી શોભિતી, ઉગ્ર, રૂધિરના ઓઘરૂપી છે લહેર જેમાં એવી કપાઇ ગયેલી આંગળીરૂપી છે ક્ષુદ્ર મત્સ્ય જેમાં, પ્રલય સમયના કાળ સરખી, હસ્તિરૂપી બેટવાળી, રૂધિરરૂપી જળથી ભરેલી નદી હસ્તિ, અશ્વ, રથ તથા ઘોડેસ્વાર અને રાજપુત્રોના શરીરમાંથી અર્જુને પ્રવર્ત્તમાન કરી. વરસાદ વરસે તે વખતે જેમ પૃથ્વી વિષે પાણીને લીધે ઉંચા નીચા ભાગ જણાય નહી તેમ તે વખને પણ સર્વ પૃથ્વી રૂધિરેકરી વ્યાપ્ત થઇ હતી. એ રીતે સંગ્રામમાં ક્ષત્રિય શ્રેષ્ઠ અર્જુને છ હજાર શરવીર ઘોડેસ્વાર અને હજાર શ્રેષ્ઠ ક્ષત્રિયોને યમલોક પ્રત્યે મોકલી દીધા. તેણે બાણેકરી વિંધેલા હજારો હસ્તિઓ વજ્રથી હણાયલા પર્વતની પેઠે પૃથ્વી વિષે પડ્યા હતા. એ રીતે અર્જુન, અશ્વ, રથ તથા હસ્તિઓને હણતા સંગ્રામમાં વિચરતા હતા. મદ ઝરતો હસ્તિ જેમ ઘણાંક છે દ્રુમ, લતા, ગુલ્મ, શુષ્ક, કાષ્ટ તથા તૃણ જેમાં એવા નલ નામના તૃણના વનને મર્દન કરે અને જેમ વાયુએ વધારેલ અગ્નિ અરણ્યને બાળે તેમ શ્રીકૃષ્ણરૂપી વાયુએ પ્રેરણા કરેલા, બાણરૂપી જ્વાળાવાળા, ક્રોધાયમાન થયેલા પાંડુપુત્ર અર્જુનરૂપી અગ્નિ, સેનારૂપી અરણ્યને બાળતા હતા. રથ ઉપર બેસવાના સ્થાનકને શૂન્ય કરતા, મનુષ્યોએ કરી પૃથ્વીને પૂરી દેતા અર્જુન, હાથમાં ધનુષ ગ્રહણ કરી અત્યંત નૃત્ય કરતા હોય તેની પેઠે વજ્ર સરખા બાણેકરી રૂધિરથી વ્યાપ્ત એવી રણભૂમિને કરતા હતા. એ રીતે ક્રોધાયમાન થયેલા અર્જુન ભારતી સેનામાં પ્રવેશ કરતા હતા. એવી રીતે તમારી સેનામાં પ્રવેશ કરતા તેમને શ્રુતાયુ તથા અંબષ્ઠે વારી રાખ્યા. હે મારિષ ! તે સમયે અર્જુને ગૃધ્રનાં પીંછ બાંધેલાં તીક્ષ્ણ બાણેકરી જલદી તેના ઘોડાઓને પાડ્યા. બીજા બાણથી એનું ધનુષ કાપી નાંખ્યું. તે વખતે ક્રોધેકરી આકુલ છે નેત્ર જેનાં એવા અંબષ્ઠે હાથમાં ગદા ગ્રહણ કરી મહારથિ કેશવ તથા અર્જુનની સામે સંગ્રામમાં દોડી રથને વારી રાખી તે ગદા કેશવ ભગવાન ઉપર નાંખી તે સમયે ગદાએ કરી તેણે તાડન કરેલા કેશવ ભગવાનને જોઇ અત્યંત કોપાયમાન થયેલા પારકા શૂરવીરને હણનાર અર્જુને સુવર્ણના પુંખવાળા બાણેકરી ઉદય પામેલા સૂર્યને જેમ મેઘ આચ્છાદન કરે તેમ ગદા સહિત રથિમાં શ્રેષ્ઠ એવા તેને આચ્છાદન કરી લીધો અને વળી બીજા બાણેકરી તે મહાત્માની ગદાનું પણ ચૂર્ણ કરી નાંખ્યું. એ મોટું આશ્ચર્ય સરખું થયું. એ રીતે નાશ પામેલી પોતાની ગદાને જોઈ બીજી મોટી ગદા ગ્રહણ કરી અર્જુન તથા વાસુદેવને તે વારંવાર મારવા લાગ્યો. અર્જુને પણ ક્ષુરપ્ર નામનાં બે બાણે કરી ગદા સહિત ઉપાડેલા ઇન્દ્રધ્વજ સરખા તેના બે હાથ કાપી બીજા એક બાણેકરી મસ્તક પણ કાપી નાંખ્યું. તે વખતે હે રાજન્ ! યંત્રથી મુક્ત થયું છે બંધન જેનું એવો નાશ કરેલો ઇન્દ્રધ્વજ પડે તેમ પૃથ્વીને કમ્પાયમાન કરતો તે પડ્યો. સેંકડો હસ્તિ તથા અશ્વેકરી વિંટાયલા એવા સૈન્યને હનન કરતા અર્જુન તો મેઘે કરી વિંટાયલા સૂર્ય સરખા દેખાતા હતા.

इंद्रध्वज इवोत्सृष्टो यंत्रनिर्मुक्तबंधनः ।
रथानीकायगाढश्च वारणाश्वशतैर्वृतः ॥
अदृश्यत तदा पार्थो घनैः सूर्यइवावृतः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि जयद्रथवधे गुर्जरभाषायां त्रिनवतितमोऽध्यायः ॥ ९३ ॥

અધ્યાય ૯૪ મો. દુર્યોધનનું રણ ચઢવું.

संजय उवाच—ततः प्रविष्टे कौंतेये सिंधुराजजिघांसया ।
द्रोणानीकं विनिर्भिद्य भोजानीकं च दुस्तरं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! કુંતિપુત્ર અર્જુન સિંધુરાજને મારવાની ઇચ્છાથી દ્રોણ સૈન્ય તથા દુસ્તર એવા ભોજ સૈન્યને ભેદી અંતઃપ્રવિષ્ટ થયા. તેમ તેણે કાંબોજ પુત્ર સુદક્ષિણને તથા પરાક્રમી શ્રુતાયુધને હણ્યો અને નાશ પામેલાં તમારાં સૈન્ય ચોતરફ ભાગવા લાગ્યાં. તે સમયે ભંગાણ પડેલા પોતાના સૈન્યને જોઇ તમારો પુત્ર દુર્યોધન, જલદી એક રથેકરી દ્રોણ પાસે જઇ તેને આવી રીતે કહેવા લાગ્યો કે, પુરૂષમાં સિંહરૂપ, આ અર્જુન મોટી સેનાને મંથન કરી આગળ ગયો, માટે મનુષ્યનો છે ક્ષય જેમાં એવા આ દારૂણ સંગ્રામમાં અર્જુનને મારવા વાસ્તે શું કરવું? તે વિષે બુદ્ધિએ કરી વિચાર કરો અને પુરૂષમાં સિંહરૂપ જયદ્રથ જે રીતે હણાય નહિં તેમ કરો. 'તમારૂં કલ્યાણ થાઓ.' અમારી પરમ ગતિ તમો છો. વૃદ્ધિ પામેલો અગ્નિ જેમ શુષ્ક તૃણના સમાજને બાળે તેમ કોપરૂપી મારૂતે પ્રેરેલો અર્જુનરૂપી અગ્નિ મારા સેનારૂપી શુષ્ક તૃણ સમાજને બાળે છે. હે પરંતપ! સૈન્યને ભેદી કુંતિપુત્ર અર્જુન સર્વને અતિક્રમણ કરે છે; તેથી જયદ્રથના રક્ષકો પણ પરમ સંશયને પ્રાપ્ત થાય છે. હે બ્રહ્મવિદાંવર! પ્રથમ રાજાઓની એવી રીતે સ્થિર બુદ્ધિ હતી કે, અર્જુન કદી જીવતા સુધી દ્રોણને અતિક્રમણ કરી શકશે નહિ. પણ હે મહાદ્યુતે! અર્જુન, તમારા જોતાં અતિક્રમણ કરી ગયો માટે આજ સર્વને હું અનવસ્થિત માનું છું અને આ મારૂં બળ પણ નથી. હે મહાભાગ! હે બ્રહ્મન્! તમે પણ પાંડવના હિતમાં તત્પર છો, એમ હું જાણું છું. તેથી હજી કામ ઘણાં છે તે વિષે વિચાર કરૂં છું ત્યાં મોહ પામું છું. તેમ હે બ્રહ્મન્! યથાશક્તિ મારી ઉત્તમ વૃત્તિને હું ચલાવતો હતો. શક્તિ પ્રમાણે તમને પ્રસન્ન પણ રાખતો હતો, તે તો તમે સ્મરણ પણ કરતા નથી. હે અમિતવિક્રમ! તમારા સદા ભક્ત એવા અમને તમે ઇચ્છતા નથી અને અમારા અપ્રિયમાં તત્પર એવા પાંડવોને નિરંતર પ્રસન્ન રાખો છો. અમારાથી જીવિકા સંપાદન કરી અમારા અપ્રિયમાં તત્પર છો. પણ ઉપર છે મધ જેને એવા સજ્જેલા સરખા તમે છો એમ હું જાણતો નહોતો અને તમે પાંડવને નિગ્રહ કરવાનો જો મને વર ન આપ્યો હોત તો પોતાને ઘેર જતા સિંધુપતિને હું વારત નહિ તમારા થકી તેના રક્ષણની ઇચ્છા રાખતા બુદ્ધિ વગરના મેં સિંધુપતિની મોહથી આશ્વાસના કરી તેને મૃત્યુના મુખમાં દીધો. યમરાજાની દંષ્ટ્રા પ્રત્યે ગયેલો મનુષ્ય પણ મૂકાય ત્યારે સંગ્રામમાં અર્જુનને વશ થયેલો જયદ્રથ ન મૂકાય; વાસ્તે હે શોણાશ્વ! જે રીતે સૈંધવ મૃત્યુથી મૂકાય તે રીતે

કરો. આર્ત છે પ્રલાપ જેમનો એવા રાજાઓ તથા મારી ઉપર ક્રોધ રહિત થઇ સર્વે સિંધુ રાજાની રક્ષા કરો.

દુર્યોધનનાં વચન સાંભળી દ્રોણાચાર્યે કહ્યું કે, હે વિશાંપતે ! તારા વાક્યને હું નિંદતો નથી; કારણ તું મારે અશ્વત્થામા સમાન છે તથાપિ હું સત્ય વચન કહું તે સાંભળ. અર્જુનના અત્યંત શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ તો સારથિ છે. તેમ શીઘ્ર છે ગતિ જેમની એવા એના અશ્વ પણ ઉત્તમ; તેમ તે પોતે પણ અલ્પ છિદ્ર કરી જલદી તેમાં પ્રવેશ કરે; જલદી જનાર અર્જુનના રથની પાછળ કોશ સુધી પડેલા તેના નાંખેલ બાણના ઓઘને તું શું જોતો નથી ? તેમ પ્રાપ્ત થઇ છે અવસ્થા જેને એવો હું શીઘ્ર વાહને કરી જવા સમર્થ થાઉં નહિ. તેમ સેનાના મુખવિષે પાંડવોનું આ મોટું સૈન્ય ઉભેલું છે અને હે મહાભુજ ! ક્ષત્રિયના મધ્યમાં મેં પ્રતિજ્ઞા પણ કરેલી છે જે સર્વ ધનુષ ધરનાર જોતાં અર્જુન વગરના યુધિષ્ઠિર સેનાના અગ્ર ભાગમાં વરતતા હોય તો મારે ગ્રહણ કરવા વાસ્તે વ્યૂહના મુખને મૂકી હું અર્જુન પ્રત્યે યુદ્ધ કરતો નથી. કેટલાક સહાય ભેળા લેઇ જગતનો પતિ તું ભય રહિત થઇ તુલ્ય છે ચાકર તથા કર્મ જેનાં એવા એકલા શત્રુ પ્રત્યે જઇ યુદ્ધ કર. વળી તું શૂરવીર, શીખેલો રાજા, પારકા શહેરને જીતવામાં સમર્થ છે વાસ્તે જ્યાં અર્જુન છે ત્યાં તું પોતે જા.

દ્રોણનાં વચન સાંભળી દુર્યોધન આવી રીતે વચન કહેવા લાગ્યો કે, સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા તમને પણ જે અતિક્રમણ કરી ગયો, તે અર્જુનને બાધ કરવા હું કેમ સમર્થ થાઉં ! હાથમાં છે વજ્ર જેને એવા ઇન્દ્રને સંગ્રામમાં જીતવા સમર્થ થવાય પણ પારકા શહેરને જીતનાર અર્જુનને જીતી શકાય નહિં. હાર્દિક્ય એવા ભોજને તથા દેવની જેને ઉપમા અપાય એવા તમને પણ અસ્ત્રના પ્રતાપે કરી જેણે જીતી લીધા, તેમજ સુદક્ષિણ, શ્રુતાયુધરાજ અને શ્રુતાયુ અને અચ્યુતાયુને પણ જેણે હણ્યા તેમજ હજારો મ્લેચ્છને માર્યા વાસ્તે શસ્ત્રને જાણનાર, કોઇથી સહન થાય નહિ એવા, યુદ્ધમાં અગ્નિની પેઠે બાળનાર પાંડુપુત્ર અર્જુન સાથે હું યુદ્ધ કેમ કરૂં ? આજ તેની સાથે સંગ્રામમાં મારૂં યુદ્ધ યોગ્ય માનતા હો તો તમ થકી છે બળ જેનું એવો હું સેવક જાણી મારા પક્ષની રક્ષા કરો. દુર્યોધનનાં વચન સાંભળી દ્રોણે કહ્યું કે, હે કૌરવ્ય ! તું સત્ય કહે છે. અર્જુન દુર્ધર્ષ છે; તથાપિ જે રીતે એને તું સહન કરે તેમ હું તને કરી આપું. આજ લોક વિષે સર્વ ધનુષ ધરનાર તારૂં પરાક્રમ આશ્ચર્યથી જુવો; જે વાસુદેવ જોતાં કુંતિપુત્ર અર્જુન તારે વિષે સખ્ત થાય તોપણ તેને તું સહન કરી શકે. હે રાજન્ ! આ હું સુવર્ણનું કવચ તને પહેરાવું છું તેથી બાણ વા અસ્ત્ર તને સંગ્રામમાં પ્રહાર કરી શકશે નહિં. અસુર, સુર, યક્ષ, ઉરગ, રાક્ષસ, મનુષ્ય તથા ત્રિલોકી તારી સાથે યુદ્ધ કરે તોપણ તને ભય નહિ થાય. તારા કવચમાં શ્રીકૃષ્ણ, કુંતિપુત્ર અર્જુન વા બીજો કોઇ શસ્ત્ર ધરનાર પણ બાણ અર્પણ કરવા સમર્થ નહિ થાય. તે તું કવચ ધારણ કરી ક્રોધાયમાન થયેલા અર્જુન પ્રત્યે જલદી જા. એ તને સહન કરી શકશે નહિ. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એમ કહી ઉતાવળા દ્રોણાચાર્યે જળનો સ્પર્શ કરી વિધિ પ્રમાણે મંત્ર જપ કરી અત્યંત આશ્ચર્યરૂપ એવું પ્રકાશમાન કવચ તમારા પુત્રના શરીરે પહેરાવ્યું. પછી અત્યંત મોટા તે સંગ્રામમાં તમારા પુત્રના જય વાસ્તે વિદ્યાએ કરી લોકને વિસ્મય પમાડવાં ઇચ્છતા, બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય તેને આવી રીતે આશિષ આપવા લાગ્યા કે, હે ભારત ! બ્રહ્મ તથા બ્રહ્મા તારૂં કલ્યાણ કરો અને દ્વિજાતિ તથા શ્રેષ્ઠ સર્પજાતિ પણ

તારૂં કલ્યાણ થાઓ. તેમજ યયાતિ, નહુષ, ધુંધુંમાર, તથા ભગીરથ એ સર્વ રાજર્ષિઓ પણ સદા તારૂં કલ્યાણ કરો. તેમજ એકપાદ, બહુપાદ, તથા અપાદ થકી, પશુ મહા સંગ્રામમાં નિરંતર તારૂં કલ્યાણ થાઓ. હે અનઘ ! સ્વાહા, સ્વધા, શચી, લક્ષ્મી, તથા અરૂંધતી તારૂં નિરંતર કલ્યાણ કરો. હે નૃપ ! અસિત, દેવળ, વિશ્વમિત્ર, અંગિરા, વસિષ્ઠ, તથા કશ્યપ, એ ઋષિયો પણ તારૂં કલ્યાણ કરો. ધાતા, વિધાતા, લોકના ઇશ, દિશાઓ, રૂડા એવા દિશાઓના નાથ તથા છ છે મુખ જેનાં એવા કાર્તિકસ્વામી તારૂં કલ્યાણ કરો. ભગવાન વિવસ્વાન સૂર્ય, ચોતરફથી તારૂં કલ્યાણ કરો. ચાર દિગ્ગજ, પૃથ્વી, આકાશ તથા ગ્રહ તારૂં કલ્યાણ કરો. હે નૃપ ! નીચે પૃથ્વીને જે સદા ધારણ કરે છે એવા સર્પમાં શ્રેષ્ઠ શેષ ભગવાન તારૂં શુભ કરો. હે ગાંધારિના પુત્ર ! આ કવચ મને પ્રાપ્ત કેવી રીતે થયું છે તે વૃત્તાંત હું તને કહું તે તું સાંભળ. પૂર્વે યુદ્ધમાં પરાક્રમ કરી વૃત્રાસુર નામના દૈત્યે જીતેલા તેથી ભેદાયા છે દેહ જેમના એવા તેજ તથા બળ રહિત હજારો ઇન્દ્રાદિક દેવતાઓ, વૃત્રાસુર નામના મોટા દૈત્યથી ભય પામી બ્રહ્માને શરણે જઇ કહેવા લાગ્યા કે, હે દેવસત્તમ ! હે સુરશ્રેષ્ઠ ! વૃત્રાસુરે અત્યંત મર્દન કરેલા દેવતાઓની તમે ગતિ થાઓ મોટા ભયથી અમારી રક્ષા કરો. દેવતાઓનાં વચન સાંભળી પાસે ઉભેલા વિષ્ણુ તથા ખેદ પામેલા ઇન્દ્રાદિક દેવ પ્રત્યે આવી રીતનું સત્ય વચન તે કહેવા લાગ્યા. મારે દ્વિજાતિ સહિત ઇન્દ્રાદિક દેવની રક્ષા કરવી યોગ્ય છે, પણ હે દેવતાઓ ! જેણે વૃત્રાસુરને નિર્માણ કર્યો છે, તે ત્વષ્ટાનું તેજ અત્યંત દુર્ધર્ષ છે. હે દેવતાઓ ! ત્વષ્ટાએ પૂર્વે લાખો વર્ષ તપ કરી મહેશ્વરની આજ્ઞાથી વૃત્રાસુરને નિર્માણ કર્યો છે. દેવના પ્રસાદથી તે બળવાન શત્રુ તમોને મારે છે તે શંકરના સ્થાન પ્રત્યે ગયા વગર મહાદેવનાં દર્શન થાય નહીં અને તેમના દર્શન વગર વૃત્રાસુરને તમે જીતશો પણ નહિ. જ્યાં તપના નિધાન દક્ષના યજ્ઞનો વિનાશ કરનાર, સર્વ ભૂતના ઇશ, ભગનાં નેત્ર પાડનાર પિનાકી મહાદેવ રહે છે, તે મંદરાચળ પ્રત્યે તમે જાઓ.

બ્રહ્માનાં વચન સાંભળી, દેવતાઓએ મંદરાચળ પ્રત્યે જઇ કરોડો સૂર્ય સરખી કાન્તિવાળા તેજઃપુંજરૂપ મહાદેવજીનાં દર્શન કર્યાં. તે વખતે તેમને જોઇ મહાદેવજી કહેવા લાગ્યા કે હે દેવતાઓ ! તમે ભલે આવ્યા. કહો હું શું તમારૂં કામ કરૂં ? કારણ મારૂં દર્શન અમોઘ છે વાસ્તે તમારી કામના પરિપૂર્ણ થાઓ; મહાદેવનાં વચન સાંભળી વળી દેવતાઓએ, કહ્યું કે, હે દેવ ! વૃત્રાસુરે અમારૂં તેજ હરણ કરી લીધું છે માટે અમારી ગતિરૂપ તમો થાઓ. પ્રહારે કરી જર્જરિભૂત કરેલી અમારી મૂર્ત્તિઓને જોઇ હે મહેશ્વર ! અમારી ગતિરૂપ થાઓ, અમે તમારે શરણે આવ્યા છીએ. દેવોનાં વચન સાંભળી મહાદેવજીએ તેમને કહ્યું કે હે દેવતાઓ ! તમારૂં સંકટ મેં જાણ્યું. ત્વષ્ટાના તેજથી ઉત્પન્ન થયેલી અત્યંત બળવાન આ અભિચાર નામે કૃત્યા મહા ભયંકર તથા અપુણ્યવાનોએ દુઃખે કરી વારી શકાય નહિ એવી છે, તથાપિ તમારી દેવતાઓની અવસ્ય કરી હું સહાય કરીશ. હે શક્ર ! હે સુરેશ્વર ! મારા અંગથી ઉત્પન્ન થયેલું પ્રકાશમાન આ કવચ ગ્રહણ કરી આ માન સંમંત્રે કરી બાંધ એટલે તેથી દેવતાઓને મારનાર અસુરમાં મુખ્ય વૃત્રાસુરનો વધ થશે.

દ્રોણાચાર્ય કહે છે—હે દુર્યોધન ! એમ કહી વર આપનાર મહાદેવજીએ ઇન્દ્રને કવચ આપ્યું; અને મંત્ર પ્રદાન પણ કર્યું. ત્યારપછી કવચે રક્ષા કરેલો ઇન્દ્ર વૃત્રાસુરની સેના સામે ગયો. તે વખતે મહા સંગ્રામમાં પડતા એવા નાના પ્રકારના શસ્ત્રના ઓઘેકરીને પણ તે કવચ

બંધની સંધિ બેદાતી ન હતી એ રીતે થતા તે સંગ્રામમાં દેવપતિ ઇન્દ્રે વૃત્રાસુરને હણ્યો. પછી ઇન્દ્રે મંત્રમય કવચ અંગિરાને આપ્યું, અંગિરાએ મંત્રજ્ઞ બૃહસ્પતિને આપ્યું બૃહસ્પતિએ બુદ્ધિમાન અગ્નિવેશ્યને કહ્યું, અને અગ્નિવેશ્યે મને આપ્યું છે. હે નૃપસત્તમ! મંત્રે કરી તે કવચ તારા દેહની રક્ષા વાસ્તે આજ તને હું બાંધું છું. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે આચાર્યમાં શ્રેષ્ઠ એવા દ્રોણ મોટા કાન્તિવાળા તમારા પુત્રને કહી, વળી પાછા આવી રીતે તેને કહેવા લાગ્યા કે, હે ભારત! પૂર્વે સંગ્રામમાં હિરણ્યગર્ભે જે રીતે વિષ્ણુને બાંધ્યું હતું અને તારકામય સંગ્રામમાં બ્રહ્માએ જે રીતે ઇન્દ્રને બાંધ્યું હતું, તે રીતે બ્રહ્મસૂત્રે કરી દિવ્ય કવચ હું તને બાંધું છું. એ રીતે મંત્રે કરી વિધિપૂર્વક કવચ બાંધી બ્રાહ્મણ એવા દ્રોણાચાર્યે દુર્યોધન રાજાને મોટા યુદ્ધ વાસ્તે મોકલ્યો. મહાત્મા આચાર્યે કવચ બાંધેલો અને પ્રહાર કરનાર મહાત્મા ત્રિગર્તના હજાર રથ, એટલાજ હસ્તિ અને પરાક્રમી મત્ત એવા નિયુત અશ્વ તથા બીજા પણ મહારથિઓએ કરી વિંટાયલો મહાબાહુ દુર્યોધન નાના વાજિત્રના શબ્દ સાથે જેમ વિરોચન પુત્ર બલિરાજા આવે તેમ અર્જુનના રથ સામે આવ્યો. હે ભારત! તે વખતે અગાધ સમુદ્રની પેઠે પ્રસ્થિત થયેલા કુરુકુળમાં ઉત્પન્ન થયેલા દુર્યોધનને જોઈ તમારા સૈન્યમાં મોટો કોલાહલ થવા લાગ્યો.

> ततः शब्दो महानासीत्सैन्यानां तव भारत।
> अगाधं प्रस्थितं दृष्ट्वा समुद्रमिव कौरव ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि दुर्योधनकवचबंधने गुर्जरभाषायां चतुर्नवतितमोऽध्यायः ॥ ९४ ॥

અધ્યાય ૯૫ મો. દુર્યોધને મચાવેલો જંગ.

संजय उवाच—प्रविष्टयोर्महाराज पार्थवार्ष्णेययो रणे ।
दुर्योधने प्रयाते च पृष्ठतः पुरुषर्षभे ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મહારાજ! અર્જુન તથા વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ સંગ્રામમાં પેઠા પછી પુરુષમાં શ્રેષ્ઠ દુર્યોધન પાછળથી ગયો. તે વખતે સોમક સહિત પાંડવ મોટો શબ્દ કરતા વેગેકરી દ્રોણ સામે દોડ્યા. ત્યાર પછી યુદ્ધ પ્રવર્તમાન થયું. હે વિશાંપતે! હે રાજન્! મધ્યાન્હના સૂર્ય વખતે વ્યૂહના અગ્રભાગમાં કૌરવ તથા પાંડવોનું રૂવાં ઉભાં કરનાર અત્યંત તીવ્ર યુદ્ધ થયું. એવું યુદ્ધ પૂર્વે અમે જોયું પણ ન હતું તેમ સાંભળ્યું પણ ન હતું. જેમાં વ્યૂહ રચનાથી ઉભેલા પ્રહાર કરનાર ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવા સર્વ પાંડવો બાણના વરસાદે કરી દ્રોણના સૈન્યને ઢાંકી દેતા હતા. તેમજ અમે પણ સર્વ શસ્ત્રધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્યને આગળ કરી ધૃષ્ટદ્યુમ્નાદિક પાંડવો ઉપર બાણનો વરસાદ કરતા હતા. શિશિર ઋતુમાં વાયુમિશ્ર મોટા બે મેઘ હોય તેની પેઠે સ્થેકરી શોભિતી બેઉ પ્રધાન સેનાઓ અત્યંત શોભતી હતી. પછી પરસ્પર નજીક આવેલી તે બેઉ સેના વર્ષાઋતુમાં ઉત્પન્ન છે જળ જેમાં એવી ગંગા તથા યમુના નદી જેમ વેગ કરે તેમ મોટો વેગ કરવા લાગી. શસ્ત્રરૂપી છે

આર્જવાદિ ગુણોને તુચ્છ ગણી, રાગ દ્વેષ રહિત થઇ, આ લોકમાંજ જીવન મુક્ત થઇ રહે. સારી રીતે ભણેલા વેદથી, સારી રીતે કરેલા યુદ્ધથી, તેમ કરેલાં પુણ્ય કર્મથી તથા સારી રીતે તપેલા તપથી અંતે મનુષ્ય સુખને પામે છે. હે રાજન્! સંબંધિયો સાથે વેર કરનાર પુરૂષો સારી રીતે પાથરેલા બીછાના ઉપર સુવે છે, તોપણ તેમને કદીએ નિદ્રા નથી આવતી, તેમ સ્ત્રિયોથી તથા સ્તુતિ કરનાર સૂત માગધ ઇત્યાદિથી પણ, તેમને સુખ નથી થતું; તેમ તેઓથી ધર્માચરણ પણ નથી થતું ને તેમની વૃત્તિમાં સુખ પણ નથી રહેતું. કદી પણ તેઓ શુભતાને પામે નહીં, ને શાંતિ પણ તેઓને રૂચે નહિં; કોઇ હિતનાં વચન કહે તે તેમને ગમે નહીં, તેમ દુર્લભ વસ્તુનો લાભ તથા તેનું પરિપાલન પણ તેઓ કરી શકે નહીં; એમ કરતાં છેવટ તેઓનો નાશજ થાય. ગાયો વિષે દુધ દહીની સંપત્તિ, બ્રાહ્મણો વિષે તપ, સ્ત્રિયો વિષે ચપલતા, તથા ભેદ પામેલી જાતિ વિષે ભય રહેલો છે. હે ભરતર્ષભ! જેમ સૂક્ષ્મ તથા સરલ ઘણાક તંતુઓ એકઠા હોય તો ઘણી વપરાશને સહન કરે, તેમ તમેજ વધારેલા તથા કુળમાં તંતુરૂપ બાળક પાંડવો, બંધુરૂપ ઋષિયો સહિત ઘણા હોવાથી, વનમાં ઘણીક મહેનત સહન કરી શક્યા, જેથી તેઓ સત્પુરૂષોને જેવી ઉપમા અપાય એવા થયા છે વાસ્તે તેમને તમારે છેતરવા નહીં. હે ધૃતરાષ્ટ્ર! જેમ જુદાં જુદાં લાકડાં ધુંધવ્યા કરે, પણ તેજ એકઠાં કરેથી સારી રીતે સળગે ત્યારે કાર્ય સિદ્ધ થાય છે, તેમ સંબંધિની એકતા વિષે પણ જાણવું. હે ધૃતરાષ્ટ્ર! જે પુરૂષો બ્રાહ્મણ, સ્ત્રિયો, જ્ઞાતિ તથા ગાયો વિષે શૂરવીર થાય છે, તે ડીંટા થકી પાકેલા ફળની પેઠે નીચે પડે છે. મજબૂત મૂળવાળું, બળવાન તથા મોટું વૃક્ષ પણ એકલું હોય તો તેને ક્ષણમાત્રમાં વાયુ શાખાઓ સહિત પ્રબલવડને મર્દન કરવા સમર્થ થાય છે; પણ જે વૃક્ષો સારી રીતે એકઠાં મળી રહેલાં હોય, તે પરસ્પરના આશ્રયથી મોટા પવનને પણ સહન કરે છે. હે ધૃતરાષ્ટ્ર! એજ રીતે યદ્યપિ ગુણે કરી પુરૂષ યુક્ત હોય, તોપણ એકલા પુરૂષને શત્રુઓ મર્દન કરવાને સમર્થ થાય છે. માટે પરસ્પર એક બીજાના આશ્રયથી તળાવમાં જેમ કમળો વૃદ્ધિ પામે તેમ જાતિલાઓ પણ પરસ્પરના આશ્રયથી વૃદ્ધિ પામે છે. બ્રાહ્મણ, ગાય, જાતિલા, બાળક, સ્ત્રિયો, શરણે આવેલાં તથા જેમનું અન્ન ખાધેલું હોય, એટલાં મારવા લાયક નથી એમ જાણવું. હે રાજન્! મનુષ્યો વિષે ધનવાનપણા વિના તથા રોગ રહિત શરીર વિના બીજો કોઇ ગુણ નથી; તમારૂં કલ્યાણ થાઓ! રોગી તો મરેલા સરખાજ હોય છે, માટે હે મહારાજ! વ્યાધિ વગર થયેલા, અરૂચિ કરાવનાર, રૂક્ષ તથા પાપ કરાવનાર અને જે સહન થઇ શકે નહીં, સત્પુરૂષો જેનું પાન કરે તથા અસત્પુરૂષોએ જે પીવા લાયક નથી, એવા ક્રોધને તમે આ વખતે પી જાઓ અને શાંતિ પામો. હે રાજન્! રોગથી પીડાયલા પુરૂષો પુત્ર પશ્વાદિકનો પણ આદર નથી કરતા, તેમ યથાર્થ પદાર્થોનું જ્ઞાન પણ તેઓને નથી થતું; હંમેશ તેમની વૃત્તિમાં દુઃખ રહે છે, તેમ વિષય સુખ વા ધન સંબંધી સુખ પણ તેઓ ભોગવી શકતા નથી. એટલે કે તમારા મનનો સંતાપ જાગરણાદિ દ્વારા શરીરમાં રોગ ઉત્પન્ન કરશે, એટલે કંઈ તમોને નહીં ગમે, માટે રોગકારક સંતાપને ત્યાગી દ્યો. હે રાજન્! પૂર્વેજ પંડિતોએ ત્યાગ કરવા લાયક દ્યૂત વિષે જીતેલી દ્રૌપદીને જોઇનેજ, મેં તમોને કહ્યું હતું કે, દુર્યોધનને વારો, પણ તે વખતે મારાં વચન તમોએ માન્યાં નહીં. સહન કરનાર સાથે વિરોધ કરવો, એ કંઇ બળ કહેવાય નહિ, પણ જે બેઉ પક્ષનું કલ્યાણ કરવાનો વિચાર હોય, તે તેથી ગ્રહણ કરવો. કારણ કૂરપણાથી સંચાલન કરેલી, માટે હું

પૂર્ણ ક્રિયાનો વાયુ જેમાં, દ્વિપ, અશ્વ તથા રથે કરી વિંટાયલો, ગદારૂપી વિજળીવાળો, મહા ભયંકર, દ્રોણરૂપી વાયુએ વૃદ્ધિ પમાડેલો, બાણરૂપી સહસ્ર ધારાવાન, મહા સૈન્યરૂપી મહામેઘ, વૃદ્ધિ પામેલા પાંડવની સેનારૂપી અગ્નિ પ્રત્યે વરસતો હતો. વર્ષાઋતુમાં ભયંકર વાયુ જેમ સમુદ્રને ક્ષોભ પમાડે તેમ દ્રોણાચાર્ય પાંડવના સૈન્યને ક્ષોભ પમાડતા હતા. સર્વ પાંડવો પણ મોટા સેતુને ભેદવા ઇચ્છતા પ્રબળ એવા જળના ઓઘની પેઠે પ્રયત્ન કરી દ્રોણ સામેજ દોડતા હતા. દ્રોણાચાર્ય પણ પર્વત જેમ જળના ઓઘને વારે તેમ ક્રોધાયમાન થયેલા પાંડવ, પાંચાલ તથા કેકયને વારતા હતા. તેમજ શૂરવીર, મહા બળવાન બીજા રાજાઓ પણ ચોતરફથી ઘેરી લઇ પાંચાલોને વારતા હતા. તેટલામાં પુરૂષમાં સિંહરૂપ, શત્રુની સેનાને ભેદવા ઇચ્છતો પૃષત્‌ગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન પાંડવો સહિત વારંવાર દ્રોણને મારવા લાગ્યો. જે રીતે પૃષત્‌ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ન ઉપર દ્રોણાચાર્ય બાણનો વરસાદ કરતા હતા તે જ રીતે તેમના ઉપર ધૃષ્ટદ્યુમ્ન પણ બાણનો વરસાદ કરતો હતો. ખડ્ગરૂપી પૂર્વના વાયુવાળો, શક્તિ, પ્રાસ, તથા તરવારથી વિંટાયલો, પ્રત્યંચારૂપી વિદ્યુત અને ધનુષરૂપી છે શબ્દ જેમાં એવો, અને બાણની ધારારૂપી કરાના વરસાદને ચોતરફ મૂકતો ધૃષ્ટદ્યુમ્નરૂપી મેઘ, રથ તથા શ્રેષ્ઠ અશ્વના ઓઘને હણતો તમારી સેનાને નમાડવા લાગ્યો. પાંડવ તરફના જે જે રથસમુદાય ઉપર દ્રોણાચાર્ય બાણ નાંખતા હતા તે તે તરફથી ધૃષ્ટદ્યુમ્ન, સામે બાણ નાંખી દ્રોણાચાર્યને ઉડાડતો હતો. હે ભારત! યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્નને પ્રાપ્ત થઇ દ્રોણાચાર્ય યત્ન કરતા હતા તોપણ તમારૂં સૈન્ય ત્રણ પ્રકારથી ભેદ પામ્યું. કેટલાક ભોજના તરફમાં ગયા, કેટલાક જળસંધને અનુસર્યા; અને પાંડવોએ હણવા માંડેલા બીજા કેટલાક દ્રોણની પાછળ ગયા. વળી રથિમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય સૈન્યોને એકઠા કરતા હતા, તેટલામાં મહારથિ ધૃષ્ટદ્યુમ્ન તેમનું ભંગાણ કરી જુદાં કરી નાંખતો હતો. હે ભારત! જે રીતે અરણ્યમાં ગોવાળ વગરનાં પશુઓને ઘણાંક શિકારી પશુઓ હણે તેમ પાંડવ તથા સૃંજયો તમારી તરફનાઓને હણતા હતા. ભયંકર એવા તે મોટા સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્ને મોહ પમાડેલા યોદ્ધાઓને કાળજ ગળી જાય છે એમ મનુષ્યો માનતા હતા. કુત્સિત રાજાનો દેશ જેમ દુર્ભિક્ષ, વ્યાધિ તથા તસ્કરે કરી પીડાય તેમ પાંડવે કરી તમારી સેના પીડિત થતી હતી. શસ્ત્ર તથા કવચમાં સૂર્યનાં કિરણ મિશ્ર થવાથી તથા સૈન્યની ઉડતી રજે કરી નેત્ર અંજાઇ જતાં હતાં. એ રીતે પાડવોએ હણવા માંડેલા ત્રણ પ્રકારના થયેલા પોતાના સૈન્યને જોઇ દ્રોણાચાર્ય બાણેકરી પાંચાલોને વિંધવા લાગ્યા. તે વખતે સેનાઓને મર્દન કરતા તથા બાણે કરી હણતા દ્રોણનું રૂપ દેદિપ્યમાન કાળાગ્નિ સરખું દેખાતું હતું. હે વિશાંપતે! એવી રીતે મહારથિ દ્રોણ, રથ, હસ્તિ; અશ્વ તથા પાયદળોને એક એક બાણેકરી સંગ્રામમાં ભેદતા હતા હે ભારત! હે પ્રભો! તે વખતે દ્રોણના ધનુષમાથી નિકળેલા સુસવાટ કરતાબાણને ધારણ કરનાર કોઇપણ યોદ્ધા પાંડવના સૈન્યમાં દેખાતો ન હતો. હે ભારત! તે સમયે દ્રોણના બાણથી પીડાએલું, સૂર્યે સંતપ્ત કરેલું ધૃષ્ટદ્યુમ્નનુ સૈન્ય, તે તે ઠેકાણે ભમતું હતું. તેમજ પૃષત્‌ગોત્રમાં ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્ને પીડિત કરેલું તમારૂં સૈન્ય અગ્નિએ બાળેલા શુષ્ક વન સમાન લાગતું હતું. એવી રીતે દ્રોણ તથા ધૃષ્ટદ્યુમ્નના બાણે સૈન્યોને બાધ થયે. તે વખતે યોદ્ધાઓ પ્રાણને ત્યાગ કરી પોતાની શક્તિ પ્રમાણે ચોતરફથી યુદ્ધ કરતા હતા. હે ભરતર્ષભ! હે મહારાજ! તે સમયે યુદ્ધ કરતા તમારા તથા પારકાઓમાં ભયથી સંગ્રામમાં ત્યાગ કરે એવો કોઇ પણ હતો નહિં અને કુંતિપુત્ર ભીમસેનને વિવિંશતિ, ચિત્રસેન તથા વિકર્ણ એ ત્રણ ભાઇઓએ ચોતરફથી વિંટી લીધો. તે સમયે અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ અને પરાક્રમી

ક્ષેમધુર્તિ, એ ત્રણુ તમારા ત્રણુ પુત્રના અનુયાયી હતા. અમાત્ય તથા સેના સહિત તેજસ્વી એવા કુળપુત્ર મહારથિ બાલ્હિકે, દ્રૌપદીના પુત્રોને વારી રાખ્યા હતા. હજારો યોદ્ધાઓથી વિંટાયલા શૈબ્ય રાજાએ અભિભૂ નામના કાશિરાજના પરાક્રમી પુત્રને વારી રાખ્યો. પ્રજ્વલિત અગ્નિ સરખા કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજાને મદ્રના અધિપતિ શલ્ય રાજાએ વારી રાખ્યા. શૂરવીર ક્રોધાયમાન થયેલો દુઃશાસન પોતાના સૈન્યને ઉભું રાખી રથિમાં શ્રેષ્ઠ સાત્યકિ પ્રત્યે ગયો. પોતાના સૈન્ય સહિત કવચ પહેરી તૈયાર થયેલા ને મોટા ધનુષવાળા ચારસો યોદ્ધાઓ સહિત ચેકિતાનને મેં વારી રાખ્યો. ધનુષ, શક્તિ, તથા ખડ્ગ છે હાથમાં જેમને એવા સાતસો ગાંધાર યોદ્ધાઓથી વિંટાયલા શકુનિએ માદ્રિપુત્ર નકુળને વારી રાખ્યો. મિત્ર વાસ્તે ઉગામેલાં છે આયુદ્ધ જેમણે એવા મોટા ધનુષવાળા અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ પ્રાણનો ત્યાગ કરી મત્સ્ય દેશના વિરાટ રાજા સામે ગયા. પરાજય પામેલા નહિ એવા પરાક્રમી શિખંડિને સાવધાન થયેલા બાલ્હિકે વારો રાખ્યો. ક્રોધાક્રાંત પાંચાલ્ય ધૃષ્ટદ્યુમ્નને શૂરવીર તથા ક્રૂર એવા પ્રભદ્રક તથા સૌવીર સહિત આવંત્ય રાજાએ વારો રાખ્યો. શૂરવીર, ક્રૂર છે કર્મ જેનાં એવા સંગ્રામમાં સામે આવતા ઘટોત્કચ રાક્ષસ પ્રત્યે જલદી અલાયુધ દોડયો. મોટા સૈન્ય યુક્ત મહારથિ કુંતિભોજે શ્રેષ્ઠ રાક્ષસ અલંબુષને વારી રાખ્યો. હે ભારત ! મોટા ધનુષવાળા કૃપાચાર્યાદિકે રક્ષા કરેલો સિંધુરાજા સર્વ સૈન્યના પૃષ્ઠ ભાગમાં હતો. હે રાજન્ ! અત્યંત મોટા એવા તેના ચક્રરક્ષક દક્ષિણ બાજુ અશ્વત્થામા તથા વામ તરફ સૂતપુત્ર કર્ણ હતો. તેની પાછળથી રક્ષા કરનાર તો મોટા ધનુષવાળા યુદ્ધમાં ચતુર તથા નીતિમાન એવા સોમદત્તિ આદિ લઇ કૃપ, વૃષસેન, શલ તથા દુર્જય એવો શલ્ય ઇત્યાદિ હતા. એ રીતે સિંધુરાજાની રક્ષા કરી પછી સર્વ યુદ્ધ કરતા હતા.

नीतिमंतो महेष्वासाः सर्वे युद्धविशारदाः ।
सैंधवस्य विधायैवं रक्षां युयुधिरे ततः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां पंचनवतितमोऽध्यायः ॥ ९५ ॥

અધ્યાય ૯૬ મો. દ્વંદ્વ યુદ્ધારંભ.

संजय उवाच—राजन् संग्राममाश्चर्यं शृणु कीर्तयतो मम ।
कुरूणां पांडवानां च यथा युद्धमवर्तत ।

સંજય કહે છે—હે રાજન્ ! કૌરવ તથા પાંડવોનું જેવી રીતે યુદ્ધ પ્રવર્ત્તમાન થયું તેવી રીતે સવિસ્તર હું તમોને કહું. તે સાભળો. વ્યૂહના અગ્રભાગ વિષે ઉભેલા દ્રોણાચાર્યને પ્રાપ્ત થઇ તેના સૈન્યને ભેદવા ઇચ્છતા પાંડવો તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. પોતાના વ્યૂહનું રક્ષણ કરતા તથા મ્હોટા યશની પ્રાર્થના કરતા સૈનિક સહિત દ્રોણાચાર્ય પણ પાંડવો સાથે યુદ્ધ કરતા હતા એટલામાં તમારા પુત્રના હિતેચ્છુક, અત્યંત ક્રોધાયમાન થયેલા અવંતિપુરીના વિંદ તથા અનુવિંદે દશ બાણ વિરાટ રાજા ઉપર નાંખ્યાં. હે મહારાજ ! વિરાટ પણ પરાક્રમ કરી

સંગ્રામમાં ઉભેલા પાછળ ચાલનાર સહિત પરાક્રમી એવા તે બેઉ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે વનમાં મદ ઝરતા બે હસ્તિ તથા સિંહનું પરસ્પર જેવું યુદ્ધ થાય તેવું રૂધિરના ઉદકવાળું તેમનુ અત્યંત દારૂણ યુદ્ધ થયું. વળી મહા બળવાન શિખંડિએ વેગવાન બાલ્હિક ઉપર મર્મ તથા અસ્થિ ભેદનાર ભયંકર તીક્ષ્ણ બાણ નાંખ્યાં. અત્યંત ક્રોધાયમાન થયેલા બાલ્હિકે પણ શિલા ઉપર તીક્ષ્ણ કરેલા, સુવર્ણના પુંખવાળાં નવ બાણ શિખંડિ ઉપર નાખ્યાં; તે સમયે તે બેઉનું, બાણ તથા શક્તિએ કરી સમાકુલ શૂર પુરૂષોને હર્ષ વધારનાર અને ભીરૂ પુરૂષોને ભય ઉપજાવનાર એવુ ભયંકર યુદ્ધ થયું, અને તે બેઉએ પરસ્પર મૂંકલાં બાણેકરી દિશાઓ અતરીક્ષ તથા સર્વ સ્થળ વિંટાઇ ગયાં તેથી કંઇ પણ જણાતું ન હતું. સૈન્ય સહિત શૈબ્ય રાજા હસ્તિ સામે જેમ હસ્તિ યુદ્ધ કરે તેમ મહારથિ કાસ્યપુત્ર સાથે યુદ્ધ કરવા લાગ્યા. મહારથિ એવા દ્રૌપદીના પાંચ પુત્રો સાથે યુદ્ધ કરતો બાલ્હિક રાજા પાંચ ઇન્દ્રિયો સાથે યુદ્ધ કરતુ મન શોભે તેમ શોભતો હતો. હે દેહવતાંવર ! દ્રૌપદીના પુત્ર પણ પાંચ વિષય, જેમ નિરંતર દેહ સાથે યુદ્ધ કરે તેમ ચોતરફ નાંખેલા બાણના ઓઘેકરી તેની સાથે યુદ્ધ કરતા હતા. દુઃશાસન નામના તમારા પુત્રે વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિને તીક્ષ્ણ તથા સરળ એવાં નવ બાણેકરી વિંધ્યો. મોટા ધનુષવાળા, ધનુષ ધરનાર, મહા બળવાન અત્યંત વિંધેલો સત્ય પરાક્રમવાળો સાત્યકિ તત્કાળ કંઇક મૂર્છાગત થયો. પછી કંઇક સંજ્ઞા આવી ત્યારે વૃષ્ણિકુળમા ઉત્પન્ન થયેલા તેણે ગૃધ્રનાં પીંછ બાંધેલાં દશ બાણેકરી મહારથિ તમારા પુત્રને વિંધ્યો. હે રાજન્ ! પરસ્પર વિંધાયેલા બાણથી અત્યંત પીડિત અંગવાળા તે બેઉ સંગ્રામમાં બે ખાખરાનાં પુષ્પિત વૃક્ષ શોભે તેમ શોભતા હતા. કુંતિભોજના બાણેકરી પીડેત તેથી અત્યંત ક્રોધાયમાન થયેલો અલંબુષ પુષ્પની લક્ષ્મીથી ખાખરાનું વૃક્ષ શોભે તેમ અત્યંત શોભતો હતો. અલંબુષ રાક્ષસે પણ લોહમય ઘણાંક બાણેકરી કુંતિભોજને વિંધી તમારી સેનાના અગ્રભાગ વિષે મોટો સિંહનાદ કર્યો. એ રીતે પૂર્વે ઇન્દ્ર તથા જંભાસુરે જેવી રીતે પરસ્પર યુદ્ધ કર્યું હતું, તેવી રીતે સંગ્રામમાં પરસ્પર યુદ્ધ કરતા શૂરવીર તે બેઉને સર્વ સૈન્ય હર્ષથી જોતા હતા. હે ભારત ! કર્યું છે વૈર જેણે એવા વેગવાન શકુનિને ક્રોધાયમાન થયેલા માદ્રિપુત્ર નકુળસહદેવ બાણેકરી અત્યંત પીડવા લાગ્યા. હે રાજન્ ! તમે ઉત્પન્ન કરેલો, કર્ણે વૃદ્ધિ પમાડેલો તથા તમારા પુત્રોએ રક્ષા કરેલો, મનુષ્યનો છે ક્ષય જેમાં એવો, ક્રોધમૂલક મોટો ભયંકર હુતાશન પ્રવર્ત્તમાન થયો. તે આ સમગ્ર પૃથ્વીને બાળવા તૈયાર થયો. એ રીતે બાણેકરી પાંડુપુત્ર નકુલ તથા સહદેવે વિમુખ કરેલો શકુનિ યુદ્ધમાં કર્ત્તવ્ય કે પરાક્રમને જાણતો ન હતો. વિમુખ થએલો એને જોઇ મહારથિ માદ્રિપુત્ર નકુળ તથા સહદેવ બે મેઘ જેમ મોટા પર્વત ઉપર વરસે તેમ તેની ઉપર બાણનો વરસાદ કરવા લાગ્યા એ રીતે ગ્રંથિ વગરનાં ઘણાં બાણેકરી વિંધાયલો તે, વેગવાન અશ્વેકરી દ્રોણ સૈન્ય તરફ નાસી ગયો· શૂરવીર તથા વેગવાન એવા તે અલાયુધ રાક્ષસ સામે મધ્યમ વેગનો આશ્રય કરી ઘટોત્કચ ગયો. હે મહારાજ ! સંગ્રામમાં પરસ્પર તે બેઉનું પૂર્વે રામ તથા રાવણનું જેવું યુદ્ધ થયું હતું તેવું આશ્ચર્યરૂપ યુદ્ધ થયું. યુધિષ્ઠિર રાજાએ પચાસ બાણથી મદ્રરાજાને વિંધી વળી બીજાં સાત બાણથી તેને વિંધ્યો ત્યાર પછી હે નૃપ ! તે બેઉનું પૂર્વે શંબરાસુર તથા ઇન્દ્રનું જેવું મોટું યુદ્ધ થયું હતું તેવું અત્યંત આશ્ચર્યરૂપ યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. મોટી સેનાએ વિંટાએલા વિવિંશતિ, ચિત્રસેન તથા વિકર્ણ નામના ,તમારા પુત્ર ભીમસેન સાથે યુદ્ધ કરવા લાગ્યા.

विविंशतिश्चित्रसेनौ विकर्णश्च तथात्मजः ।
अयोधयन् भीमसेनं महत्यासेनयावृताः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि द्वंद्वयुद्धे गुर्जरभाषायां षण्णवतितमोऽध्यायः ॥ ९६ ॥

અધ્યાય ૯૭ મો. દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્ન યુદ્ધ.

संजय उवाच—तथा तस्मिन् प्रवृत्ते तु संग्रामे लोमहर्षणे ।
कौरवेयांस्त्रिधाभूतान् पांडवाः समुपाद्रवन् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તેવી રીતનો રૂંવાં ઉભાં કરનાર સંગ્રામ પ્રવર્ત્તમાન થયો. તે સમયે ત્રણ તરેહથી જૂદા પડેલા તમારી તરફનાઓની સામે પાંડવો દોડ્યા. મહાબાહુ જરાસંધ સામે ભીમસેન આવ્યા. સૂર્ય સરખા તેજસ્વી સૈન્ય સહિત યુધિષ્ઠિર રાજા કૃતવર્મા ઉપર બાણનો વરસાદ કરવા લાગ્યા. હે મહારાજ ! ધૃષ્ટદ્યુમ્ન દ્રોણ સામે દોડ્યો. ત્યાર પછી ક્રોધાયમાન થયેલા, ઉતાવળા તથા ધનુષ ધરનાર સર્વ કૌરવ તથા પાંડવોનું પરસ્પર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. મોટો છે ભય જેમાં એવો અત્યંત ક્ષય પ્રવર્ત્તમાન થયો. અને દ્વંદ્વીભૂત થયેલાં સૈન્ય યુદ્ધમાં પ્રવર્ત્તમાન થયાં. તે સમયે નિર્ભયની પેઠે બળવાન દ્રોણાચાર્યે, બળવાન એવા પાંચાલ પુત્ર સામે બાણના ઓઘને નાંખવા લાગ્યા અને એવી રીતે દ્રોણ તથા ધૃષ્ટદ્યુમ્ને કાપેલાં અનેક મસ્તકોએ કરી રણાંગણ કમળવન સરખું થઇ રહ્યું. સૈન્યો વિષે ચોતરફ પડેલાં શૂરવીરોનાં વસ્ત્ર, આભરણ, શસ્ત્ર, કવચ, ધ્વજ, આયુધ તથા રૂધિરેકરી સંસિક્ત સુવર્ણનાં કવચ, વિદ્યુત સહિત મેઘ સમુદાય સરખાં દેખાતાં હતાં. બીજા કેટલાક મહારથિઓ તાડ જેવડાં મોટાં ધનુષ આકર્ષણ કરી કુંજર, અશ્વ તથા મનુષ્યોને બાણેકરી પાડતા હતા. એવા તે મહાત્માના સંપ્રહાર વિષે શૂરવીરોનાં ખડ્ગ, ઢાલ, ધનુષ, મસ્તક તથા કવચો પડતાં હતાં. હે મહારાજ ! અગણિત એવાં ઉભાં થયેલાં મસ્તક વગરનાં ધડ અત્યંત સંકુલ એવા તે યુદ્ધમાં ચોતરફ દેખાતાં હતાં. હે મારિષ ! ગૃધ્ર, કંક, બક, શ્યેન, વાયસ તથા જંબુક નામનાં માંસ ખાનાર ઘણાંક જાનવરો, મરણ પામેલા નર, અશ્વ તથા હસ્તિ સંઘોના માંસનું ભક્ષણ કરતાં, રૂધિરનું પાન કરતાં, કેશ તથા મજ્જાને તોડતાં. શરીર તથા શરીરના અવયવને આકર્ષણ કરતાં ત્યાં દેખાતાં હતાં. રણ દીક્ષાએ કરી દીક્ષિત થયેલા અસ્ત્ર સંપન્ન, યુદ્ધમાં ચતુર, સંગ્રામમાં જયની પ્રાર્થના કરતા કેટલાક યોદ્ધાઓ અત્યંત યુદ્ધ કરતા હતા. યુદ્ધરૂપ રંગમંડપમાં ગયેલા કેટલાક શૂરવીર પુરૂષો નાના પ્રકારનાં ખડ્ગ, માર્ગમાં વિચરતાં ઋષ્ટિ, શક્તિ, પ્રાસ, શૂળ, તોમર, પટ્ટા, ગદા, પરિઘ, બીજાં આયુધ તથા બાહુએ કરી ક્રોધથી પરસ્પર હણતા હતા. તેમજ રથિ, રથિ સાથે; ઘોડેસ્વાર, ઘોડેસ્વાર સાથે; હસ્તિ, હસ્તિ સાથે; તથા મદોન્મત્તની પેઠે પાયદળો, પાયદળો સાથે, મોટેથી પોકારતાં યુદ્ધ કરતાં હતાં. હે વિશાંપતે ! તેવી રીતનું નિર્મર્યાદ યુદ્ધ પ્રવર્ત્તમાન થયું ત્યારે ધૃષ્ટદ્યુમ્ને પોતાના રથના ઘોડા દ્રોણના અશ્વ સાથે લગભગ કરી દીધા. તે વખતે વાયુ સરખા વેગવાળા, પરસ્પર મિશ્રિત થયેલા, પારાવતવર્ણ તથા લાલવર્ણવાળા અશ્વ વિદ્યુત્ સહિત મેઘ સમાન શોભતા હતા. હે

ભારત ! તે સમયે શૂરવીર ધૃષ્ટદ્યુમ્ન સમીપ આવેલા દ્રોણને જોઇ ધનુષનો ત્યાગ કરી ખડ્ગ તથા ઢાલ ગ્રહણ કરી દુષ્કરકર્મ કરવાને ઇચ્છતો પારક્ષ શૂરવીરને હણનાર પૃષતવંશોમાં ઉત્પન્ન થયેલો તે, રથ દંડને અતિક્રમણ કરી દ્રોણના રથમાં ચઢી બેઠો. પછી રથની ધુંસરી તથા તેનાં બંધન અને લાલ ઘોડા ઉપર ઉભેલો ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણને મારવા વાસ્તે તે તે ઠેકાણે વિચરતો હતો. એ રીતે ખડ્ગેકરી વિચરતા લાલ ઘોડા ઉપર ઉભેલા તેનું છિદ્ર દ્રોણના જોવામાં આવતું ન હતું, તે આશ્ચર્ય સરખું થયું. માંસને ઇચ્છનો બાજપક્ષિ જેમ વન વિષે પડે તેમ દ્રોણને મારવા ઇચ્છના ધૃષ્ટદ્યુમનુ અભિસરણ થયા પછી દ્રોણાચાર્યે સો બાણથી શતચંદ્રાકૃતિ એની ઢાલ તથા દશ બાણેકરી ખડ્ગને ભેદી બીજાં ચોસઠ બાણથી ઘોડાઓને હણી વળી ભલ્લ નામનાં બે બાણેકરી એના ધ્વજ. છત્ર, તથા પાછળ ચાલનાર અને સારથિને પણ હણી ઉતાવળા થયેલા તેણે કાનપર્યંત ધનુષ ખેચી ઇન્દ્ર જેમ વજ્ર ફેંકે તેમ જીવિતનો નાશ કરે એવું બીજુ બાણ એની ઉપર ફેંક્યુ. તેને સાત્યકિએ તીક્ષ્ણ કરેલા દશ બાણથી કાપી મુખ્ય આચાર્યે ગળેલા ધૃષ્ટદ્યુમ્નને મૂકાવ્યો. હે મારિષ ! શિનિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિએ, સિંહે ગળેલા મૃગની પેઠે મનુષ્યમા સિંહરૂપ દ્રોણે ગળેલા પાંચાલ્યને મૂકાવ્યો. એની રીતે તે મહા સંગ્રામમા પાચાલ્યનુ રક્ષણ કરતા સાત્યકિને જોઇ શીઘ્રતાથી દ્રોણે તેની ઉપર છવ્વીસ બાણ નાખ્યા. શિનિપુત્ર સાત્યકિએ પણ સૃંજયોને ગળના દ્રોણને તીક્ષ્ણ એવાં છવ્વીસ બાણેકરી સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યા એ રીતે દ્રોણાચાર્ય સાત્યકિ પાસે ગયા, એટલામાં જયને ઇચ્છતા રથિ એવા સર્વ પાંચાલ્યો જલદી ધૃષ્ટદ્યુમ્નને સંગ્રામમાંથી દૂર લેઇ ગયા.

ततः सर्वे रथास्तूर्णं पांचाल्या जयगृद्धिनः ॥
सात्वताभिसृते द्रोणे धृष्टद्युम्नमवाक्षिपन् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि द्रोणधृष्टद्युम्नयुद्धे गुर्जरभाषायां सप्तनवतितमोऽध्यायः ॥ ९७ ॥

અધ્યાય ૯૮ મો. દ્રોણ અને સાત્યકિ વચ્ચે યુદ્ધ.

धृतराष्ट्र उवाच—बाणे तस्मिन्निकृत्ते तु धृष्टद्युम्ने च मोक्षिते ॥
तेन वृष्णिवीरेण युयुधानेन संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! યાદવમાં શ્રેષ્ઠ એવા યુયુધાને દ્રોણાચાર્યે નાખેલું બાણ કાપી ધૃષ્ટદ્યુમ્નને મૂકાવ્યો તેથી ક્રોધાયમાન થયેના, મોટા ધનુષવાળા, સર્વ શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ, પુરૂષમાં સિંહરૂપ તેમણે શિનિપૌત્ર સાત્યકિને શું કર્યું ? સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર ! ક્રોધરૂપી વિષવાળો, ધનુષરૂપી મુખ ફાડેલો, તીક્ષ્ણ ધારવાળાં બાણરૂપી છે દાંત જેના, શ્વેત એવાં નારાચ નામના બાણરૂપી દંષ્ટ્રાવાળા, મોટા સર્પ હોય નહિ જાણે તેની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતા, ક્રોધથી લાલ નેત્રવાળા પુરૂષમાં શ્રેષ્ઠ, હર્ષિત થયેલા, સુવર્ણના પુંખવાળાં બાણને વરસાદ કરતા દ્રોણાચાર્ય જાણે આકાશમાં ઉડતા પર્વતને આક્રમણ કરતા હોય નહિ એવા મહા

વેગવાન્ લાલ અશ્વેકરી સાત્યકિની પાછળ દોડયા. સંપાતરૂપી મોટી વૃષ્ટિવાળા, રથના શબ્દરૂપી છે કડાકા જેમાં, ધનુષના આકર્ષણરૂપી છે ધારા સંપાત જેનો, નારાચ નામનાં બાણરૂપી છે ધણીક વિદ્યુત જે વિષે, શક્તિ તથા ખડ્ગરૂપી વજ્ર ધરનાર, ક્રોધના વેગથી ઉઠેલા, અશ્વરૂપી મારૂતે પ્રેરણા કરેલા, અનિવાર્ય, એવા સામે આવતા દ્રોણરૂપી મેઘને જોઇ પારકા શહેરને જીતનાર, શૂરવીર, યુદ્ધમાં દુર્મદ, શિનિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિએ અત્યંત હાસ્ય કરી સારથિને આવી રીતે કહ્યું કે, દુર્યોધનના આશ્રયભૂત તથા તેના દુઃખ અને ભયને ટાળનાર, રાજપુત્રોના આચાર્ય, શૂરનું છે માન જેને, પોતાનાં કર્મ વિષે અનવસ્થિત એવા શૂરવીર આ બ્રાહ્મણ સામે પ્રસન્ન થઇ અત્યંત વેગવાન અશ્વેકરી જલદી જા. એવાં સાત્યકિનાં વચન સાંભળી સારથિએ તે તરફ હાંકેલા રૌપ્ય સરખા વર્ણવાળા અને વાયુ સરખો છે વેગ જેમનો એવા માધવના તે ઉત્તમ અશ્વ જલદી દ્રોણની સન્મુખ ગયા. તે વખતે શત્રુને તપાવનાર એવા દ્રોણ તથા સાત્યકિ હજારો બાણે પરસ્પર મારતાં યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે પુરૂષમાં શ્રેષ્ઠ, શૂરવીર એવા તે બેઉનાં અનેક સહસ્ર બાણેકરી આકાશ વિંટાઇ ગયું અને શૂરવીર એવા તે બેઉએ વર્ષાઋતુમાં બે મેઘ જેમ પરસ્પર ધારાએકરી દશે દિશાઓને પૂરી દે તેમ બાણેકરી દશે દિશાઓને પૂર્ણ કરી દીધી, તેથી સૂર્ય દેખાતો ન હતો. તેમ વાયુ પણ વાતો ન હતો. એ રીતે બાણ સમુદાયથી થયેલા અંધકારે કરી બીજા શૂરવીરો મોહ પામતા હતા. શીઘ્રાસ્ત્ર જાણનાર એવા દ્રોણ તથા સાત્વતના બાણેકરી અંધકાર થવાથી થતી તે બેઉની બાણવૃષ્ટિનો અંતર દેખાતો ન હતો. ત્વરિત બાણના પડવાથી તેમની ધારાના અભિઘાતનથી થયેલો શબ્દ ઇન્દ્રે મૂકેલા વજ્રના શબ્દ સરખો સંભળાતો હતો. હે ભારત ! નારાચ નામનાં બાણેકરી વિંધાયલાં બાણોનું રૂપ આશીવિષ નામના સર્પોએ ડસેલા સર્પોના રૂપ સરખું દેખાતું હતું. નિરંતર વજ્રેકરી હણાતા પર્વતના શિખરોનો જેવો શબ્દ થાય તેવો યુદ્ધમાં ચતુર એવા તે બેઉની પ્રત્યંચા તથા મોજાનો શબ્દ સંભળાતો હતો. હે રાજન્ ! સુવર્ણના પુંખવાળાં બાણેકરી છિન્નભિન્ન થયેલા વિચિત્ર રૂપવાળા તે બેઉના રથ, અશ્વ તથા સારથિ શોભતા હતા. હે વિશાંપતે ! નિર્મળ, છૂટા મૂકેલા સર્પ સરખાં, સરળ, નારાચ નામનાં બાણોનો અત્યંત દારૂણ એવો સંપાત થતો હતો. તે મહા સંગ્રામમાં પડી ગયાં છે ધ્વજ તથા છત્ર જેમનાં એવા રૂધિરથી ખરડાયલાં અંગવાળા, જયને ઇચ્છતા મદ ઝરતા બે હસ્તિ હોય નહિ તેની પેઠે સ્રવે છે અંગમાંથી રૂધિર જેમને એવા તે બેઉ જીવિતનો અંત આણનાર એવાં બાણેકરી પરસ્પર એક બીજાને વિંધતા હતા.

હે મહારાજ ! તે વખતે ગર્જના, મનુષ્યના પોકાર, સિંહનાદ, તથા દુંદુભિના શબ્દ પણ બંધ થઇ ગયા અને તે યુદ્ધ જોઇ થયું છે કૌતુહલ જેને એવા જન બોલતા રહી ગયા હતા. તેમજ સૈન્ય પણ ચૂપ થઇ ગયાં. બીજા લડવૈયા યુદ્ધથી વિરામને પ્રાપ્ત થયા અને રથિયો, હસ્તિના માવતો, ઘોડેસ્વાર તથા પાયદળો પુરૂષમાં શ્રેષ્ઠ એવા તે બેઉને વિંટી નિમિષ વગરનાં નેત્રે કરી તેમના દ્વંદ્વયુદ્ધને જોતા હતા. તેમજ હસ્તિ સૈન્ય, અશ્વસૈન્ય, તથા રથસેનાઓ પણ વ્યૂહ રચનાથી ઉભેલી હતી; તેમજ મૌક્તિક તથા વિદ્રુમેકરી વિચિત્ર પ્રકારના મણિ અને સુવર્ણથી શોભિતા ધ્વજ, વિચિત્ર પ્રકારનાં આભરણ, સુવર્ણમય કવચ, વિલક્ષણ એવી પતાકાઓ, હસ્તિની વિચિત્ર પ્રકારની ઝૂલ,' સૂક્ષ્મ કંબલ, નિર્મળ એવાં તીક્ષ્ણ શસ્ત્ર, મસ્તક વિષે શોભિતી સુવર્ણમયી અશ્વની ચમરીયો, હસ્તિઓના કુંભસ્થળ તથા દંતમાંસે કરી બક, ખદ્યોત, ઇન્દ્ર ધનુષ તથા વિદ્યુત સહિત વર્ષાઋતુમાં મેઘના સમૂહ જેવા દેખાય

તેવા દેખાતા અમારા તથા યુધિષ્ઠિર તરફના ઉભેલા યોદ્ધાઓ મહાત્મા દ્રોણ તથા સાત્યકિના યુદ્ધને જોતા હતા. તેમજ બ્રહ્મા તથા ચંદ્ર છે મુખ્ય જેમાં એવા વિમાનના અગ્રભાગમાં રહેલા દેવતાઓ, સિદ્ધ, ચારણના સમુદાય, વિદ્યાધર તથા મોટા સર્પ પણ પુરૂષમાં સિંહરૂપ એવા તે બેઉનું જવું, પાછું આવવું, અસ્ત્રનો વિઘાત કરે એવા વિચિત્ર પ્રકારના પ્રહાર ઇત્યાદિ યુદ્ધકૌશલ્ય જોઇ વિસ્મય પામતા હતા. અસ્ત્રમાં પરસ્પર હસ્ત લાઘવી દેખાડતા મહા બળવાન દ્રોણ તથા સાત્યકિ બાણેકરી એક બીજાને વિંધતા હતા. એટલામાં દાશાર્હ એવા સાત્યકિએ જલદી અત્યંત દૃઢ એવાં બાણેકરી મોટા તેજવાળા દ્રોણાચાર્યનાં બાણ તથા ધનુષ કાપી નાખ્યાં. દ્રોણાચાર્યે પણ નિમિષ માત્રમાં બીજું ધનુષ સજ્જ કર્યું. તે પણ સાત્યકિએ કાપી નાંખ્યું. વળી જલદી દ્રોણાચાર્યે નવું ધનુષ હાથમાં લીધુ. તે પણ સાત્યકિએ કાપી નાંખ્યું. એ રીતે જે જે ધનુષ દ્રોણાચાર્ય સજ્જ કરે તે તે ધનુષ સાત્યકિ કાપી નાંખે. એ રીતે દૃઢ ધનુષવાળા સાત્યકિએ દ્રોણાચાર્યનાં સો ધનુષ કાપી નાંખ્યાં. તેમાં તે બેઉનું સંધાન તથા કાપવા વિષે કોઇએ છિદ્ર જોયું નહિ. હે રાજેન્દ્ર! સંગ્રામમાં અનિમાનુષ્ય એવું એ સાત્યકિનું કર્મ જોઇ દ્રોણાચાર્યે મનમાં વિચાર કર્યો જે સાત્વતમાં શ્રેષ્ઠ એવા સાત્યકિ વિષે જે આ અસ્ત્રબળ છે તે પરશુરામ, સહસ્રાર્જુન, અર્જુન, તથા પુરૂષમાં સિંહરૂપ ભીષ્મ વિના બીજા વિષે સાંભળ્યું નથી. એમ જાણી મનથી તેના પરાક્રમની પ્રશંસા કરી. હે વિશાંપતે! બ્રાહ્મણમાં અત્યંત શ્રેષ્ઠ, અસ્ત્ર જાણનારાઓમા અત્યુત્તમ દ્રોણાચાર્ય ઇન્દ્રના સરખું એનું લાઘવ જોઇ પોતે સંતુષ્ટ થયા અને ઇન્દ્રાદિક દેવતાઓ પણ પ્રસન્ન થયા. શીઘ્રતાથી વિચરનાર સાત્યકિની તે લઘુતાને દેવ, ગંધર્વ તથા સિદ્ધચારણના સમુદાયે પણ લક્ષ કરી શકાઇ નહિ. અને દ્રોણના તે કર્મને લક્ષ કર્યું. હે ભારત! અસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ ક્ષત્રિયોને મર્દન કરનાર દ્રોણાચાર્ય વળી બીજું ધનુષ લઇ યુદ્ધ કરવા લાગ્યા. વળી સાત્યકિએ અસ્ત્રમાયાએ કરી તેના અસ્ત્રને હણી તીક્ષ્ણ બાણેકરી તેને વિંધ્યા, તે મોટું આશ્ચર્ય સરખું થયું. સંગ્રામમાં બીજાને જેની ઉપમા અપાય નહિ એવું યુક્તિયુક્ત અતિમાનુષ તેનું કર્મ જોઇ યુક્તિ જાણનાર તમારી તરફના તેનાં વખાણ કરતા હતા. એવા તે સગ્રામમાં જે અસ્ત્ર દ્રોણાચાર્ય નાંખતા હતા તે જ અસ્ત્ર સાત્યકિ પણ સામે નાંખતો હતો. તોપણ શત્રુને તપાવનાર અસંભ્રાંત એવા દ્રોણાચાર્ય તેની સાથે યુદ્ધ કરતા હતા. હે મહારાજ! પછી ક્રોધાયમાન થયેલા, ધનુર્વેદનો પાર પામેલા દ્રોણાચાર્યે સાત્યકિના વધ વાસ્તે શત્રુને હણનાર મહા ભયંકર દિવ્ય એવું આગ્નેયાસ્ત્ર નાંખ્યું. તેને જોઇ મોટા ધનુષવાળા સાત્યકિએ દિવ્ય એવું વરૂણાસ્ત્ર સામે નાંખ્યું. તે વખતે દિવ્યાસ્ત્ર ધરનાર એવા તે બેઉને જોઇ મોટો હાહાકાર થવા લાગ્યો અને આકાશમાં રહેનાર પ્રાણિઓ પણ તેમાં સંચાર કરતા બંધ પડી ગયા. બાણ સહિન વારૂણ તથા આગ્નેય નામનાં બે બેઉનાં અસ્ત્રોએ એક બીજાનો પરાભવ કર્યો નહોતો તેટલામાં સૂર્ય પણ અસ્તાચળ પ્રત્યે જવામાં સંમુખ થયા તેટલામાં યુધિષ્ઠિર રાજા, પાંડુપુત્ર ભીમસેન, નકુળ, તથા સહદેવ ત્યાં આવી સાત્યકિની ચોતરફથી રક્ષા કરવા લાગ્યા, અને ધૃષ્ટદ્યુમ્નાદિક યોદ્ધાઓ તથા કેકયં સહિત વિરાટ રાજા, મત્સ્ય તથા શલ્વેય સેનાઓ તત્કાળ દ્રોણ સામે આવી. અને દુઃશાસનને આગળ કરી હજારો રાજપુત્રો શત્રુઓએ વિંટાએલા દ્રોણની રક્ષા કરવા લાગ્યા. હે રાજન્! તે વખતે તમારી તરફના તથા તેમના ધનુષ ધરનારનું મોટું યુદ્ધ થયું. રજ તથા બાણની જાળથી વિંટાએલા તે સંગ્રામમાં સર્વ ગ્લાનિયુક્ત થઇ ગયા અને કંઇ પણ જાણ-

વામાં આવતું ન હતું, અને સૈન્યની ઉડેલી રજેકરી ભંગાણ થવાથી રણ સંગ્રામમાં મર્યાદા રહિત યુદ્ધ થવા લાગ્યું.

रजसा संवृते लोके शरजालसमावृते ॥
सर्वमाविशमभवन्नप्राज्ञायत किंचन ॥
सैन्येन रजसा ध्वस्ते निर्मर्यादमवर्तत ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि द्रोणसात्यकियुद्धे गुर्जरभाषायामष्टनवतितमोऽध्यायः ॥ ९८ ॥

ooo✕ooo

અધ્યાય ૯૯ મો. વિંદ અને અનુવિંદનો વધ.

संजय उवाच—विवर्तमानेत्वादित्ये तत्रास्तशिखरं प्रति ॥
रजसा कीर्यमाणे च मंदीभूते दिवाकरे ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! આદિત્ય અસ્તાચળ પ્રત્યે જવા તૈયાર થયા તથા રજ ઉડવાથી સૂર્યનું તેજ મંદ થયુ અને સંગ્રામમા ઉભેલા યુદ્ધ કરતા, પાછા ફરતા, ભાગતા તથા જય પામતા પુરૂષોને તે દિવસ ધીરેથી પુરો થવા આવ્યો. જયને ઇચ્છતાં સૈન્યો તે રીતે યુદ્ધમાં આસક્ત થઇ રહ્યા છે તે વખતે અર્જુન તથા વાસુદેવ સિંધુરાજા પ્રત્યે જવા લાગ્યા. જે તરફ જનાર્દન ભગવાન રથને ચલાવતા હતા તે તરફ કુંતિપુત્ર અર્જુન તીક્ષ્ણ બાણેકરી રથ જઇ શકે તેટલો માર્ગ કરતા હતા. હે વિશાંપતે! જે જે માર્ગે મહાત્મા પાંડુપુત્ર અર્જુનનો રથ જતો હતો તે તે રસ્તે તમારા પુત્રની સેનાનું મર્દન થતું હતું. તે વખતે ઉત્તમ, અધમ તથા મધ્યમ એવા મંડળાકારે વિચરતા પરાક્રમી દાશાર્હ એવા શ્રીકૃષ્ણ રથશિક્ષા દેખાડતા હતા, અને નામાંકિત, પાયેલા, કાળાગ્નિ સરખાં, સૂક્ષ્મ, ચર્મ બાંધેલાં, વિસ્તિર્ણ, દૂર જનાર, વાંસના તથા લોહમય વિવિધ પ્રકારનાં, શત્રુઓને ગળતાં અતિ ઉગ્ર એવાં અર્જુને નાખેલાં બાણ સંગ્રામમાં પક્ષિઓ સાથે પ્રાણિઓના રૂધિરનું પાન કરતાં હતાં. અને રથમાં બેઠેલા અર્જુન વાહનની આગળ કોશગામિ એવા જે બાણ નાંખતા હતાં તે બાણ કોશપર્યંત રથ ગયા પછી શત્રુઓને હણતાં હતાં. એવી રીતે હૃષિકેશ ભગવાન ગરૂડ તથા વાયુ સરખા વેગવાળા સારી રીતે વહેનાર અશ્વેકરી સમગ્ર જગતને વિસ્મય કરતા તમારા સૈન્ય પ્રત્યે જતા હતા. હે રાજન્! મન સરખા વેગવાળો અર્જુનનો રથ જેવી રીતે જાય છે તેવી રીતે સૂર્યનો, ઇન્દ્રનો, રૂદ્રનો તથા કુબેરનો પણ જતો નથી અને સંગ્રામમાં બીજાનો પણ પૂર્વે તે રીતે ગયો નથી. હે ભારત! હે વિશાંપતે! પારકા શૂરવીરને હણનાર કેશવ ભગવાન સંગ્રામમાં પ્રવેશ કરી સેનાના મધ્યમાં જલદી ઘોડાઓને હાંકતા હતા. પછી ક્ષુધા તથા તૃષાએ કરી પીડિત થયેલા તે ઉત્તમ અશ્વ, તે રથ સમૂહના મધ્યમાં પ્રાપ્ત થઇ કષ્ટેકરી રથ વહન કરતા હતા. યુદ્ધમાં ચતુર એવા અનેક યોદ્ધાઓએ ઘણાંક શસ્ત્રથી ક્ષત કરેલા તે, વારંવાર વિચિત્ર પ્રકારના મંડળાકારે વિચરતા હતા અને મનુષ્ય સહિત હણાયલા પર્વત સરખા હજારો અશ્વ, હસ્તિ તથા રથ ઉપર થઇ સંગ્રામમાં દોડ્યા જતા હતા. હે નૃપ! એટલામાં શૂરવીર એવા અવંતીપુરીના વિંદ તથા અનુવિંદ નામના બે

ભાઇઓની સેના સહિત બાકી બધાં છે વાહન જેનાં એવા પાંડુપુત્ર અર્જુન સામે આવી હર્ષકરી ચોસઠથી અર્જુનને, સિત્તેરથી જનાર્દન ભગવાનને તથા સો બાણેકરી એમના અશ્વને પણ વિંધ્યા. હે મહારાજ! ધર્મજ્ઞ એવા ક્રોધાયમાન થયેલા અર્જુને પણ મર્મ ભેદનાર એવાં નવ બાણેકરી તે બેઉ જણને વિંધ્યા. અત્યંત ક્રોધાયમાન થયેલા તેમણે પણ બાણના ઓધેકરી કેશવ સહિત અર્જુનને આચ્છાદન કરી સિંહનાદ કર્યો. શ્વેત છે વાહન જેનાં એવા અર્જુને ભલ્લ નામનાં બે બાણેકરી વિચિત્ર પ્રકારનાં તેમનાં ધનુષ કાપી જલદી કનક સરખા ઉજ્વળ એવા તેમના ધ્વજ પણ કાપી નાંખ્યા. હે રાજન્! અત્યંત ક્રોધાયમાન થયેલા તેઓ પણ બીજાં ધનુષ ગ્રહણ કરી બાણથી પાંડુપુત્ર અર્જુનને પીડવા લાગ્યા. અત્યંત ક્રોધાયમાન થએલા અર્જુને પણ વળી ફરીથી બે બાણેકરી જલદી તેમનાં ધનુષ કાપી નાંખ્યાં, અને સુવર્ણના પુંખવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં બીજાં બાણેકરી તેમના અશ્વ, સારથિ તથા પાછળ ચાલનાર સહિત પૃષ્ટ રક્ષકોને પણ હણ્યા અને ક્ષુરપ્ર નામના બાણેકરી મોટા વિંદનું મસ્તક પણ કાપી નાંખ્યું. એ રીતે અર્જુને હણેલો તે, વાયુએ હણેલા વૃક્ષની પેઠે પૃથ્વી ઉપર પડ્યો.

એવી રીતે હણાયલા પોતાના ભાઇ વિંદને જોઇ પ્રતાપવાન મહા બળવાન અનુવિંદ, હણાયેલ અશ્વવાળા રથનો ત્યાગ કરી હાથમાં ગદા ગ્રહણ કરી ભાઇના વધનું સ્મરણ કરતા રથિમાં શ્રેષ્ઠ મહારથિ તે નૃત્ય કરતો હોય નહિ તેની પેઠે સંગ્રામમાં સામે દોડી મધુસૂદન ભગવાનના લલાટ વિષે ગદા મારી તેથી મૈનાક પર્વતની પેઠે તે કંઈ પણ કંપાયમાન થયા નહિ. તેટલામાં તો અર્જુને છ બાણેકરી તેની ગ્રીવા, પગ, હાથ, તથા મસ્તક કાપી નાંખ્યાં. એ રીતે કપાયેલા અંગવાળો તે પર્વતના સમુદાયની પેઠે નીચે પડ્યો. હે રાજન્! નાશ પામેલા તે બેઉને જોઇ અત્યંત ક્રોધાયમાન થયેલા તેમની પાછળ ચાલનારા સેંકડો બાણ ફેંકતા અર્જુન સામે દોડ્યા. હે ભરતર્ષભ! સામે આવતા તેમને બાણેકરી જલદી હણી નિદાઘ ઋતુમાં વનને બાળી પછી અગ્નિ જેનો શોભે તેવા અર્જુન શોભતા હતા. કષ્ટથીજ ઉલ્લંઘાય એવી તેમની સેનાને અતિક્રમણ કરી મેઘથી છુટી ઉદય પામેલો સૂર્ય શોભે તેવા અર્જુન શોભતા હતા. હે ભરતર્ષભ! તેને જોઇ ત્રાસ પામેલા અને પાછા અત્યંત હૃષ્ટ થયેલા કૌરવોએ એને થાકેલ જાણી અને સિંધુરાજા દૂર છે એમ જાણી મોટા સિંહનાદ સાથે ચોતરફથી ઘેરી લીધા. અત્યંત ક્રોધ પામેલા તેમને જોઇ પુરૂષમાં શ્રેષ્ઠ અર્જુને કંઇક હાસ્ય કરી દાશાર્હ એવા ભગવાનને ધીરેથી જાણે કહેતા હોય તેમ આવી રીતે વચન કહ્યું કે, હે કૃષ્ણ! આપણા અશ્વ બાણેકરી પીડિત તથા ગ્લાનિયુક્ત થયલા છે; અને હજી સિંધુરાજા દૂર છે વાસ્તે આ વખતે મોટું શું કામ કરવું તમને રૂચે છે? તે અતિશય પ્રાજ્ઞ એવા તમો મને યથાર્થ કહો. કારણ તમો જેમને માર્ગદર્શક છો એવા પાંડવ સંગ્રામમાં શત્રુઓને જીતશે. માટે હવે પછી આપણું જે કર્ત્તવ્ય હોય તે કહો અને હે માધવ! ઘોડાઓને છોડી તે સુખી થાય તે રીતે શલ્ય રહિત કરો. એવાં અર્જુનનાં મધુર વચન સાંભળી કેશવ ભગવાને તે પ્રત્યે કહ્યું કે હે પાર્થ! જે આ તેં કહ્યું તે જ મારો પણ મત છે. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી વળી તે પ્રત્યે અર્જુને કહ્યું કે હે કેશવ! સર્વ સૈન્યને હું વારી રાખીશ, અને તમે પણ ન્યાય પ્રમાણે જે કર્ત્તવ્ય હોય તે કરો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! શ્રીકૃષ્ણને એટલાં વચન કહી અસંભ્રાંત એવો અર્જુન રથમાં બેસવાના સ્થાનકેથી નીચે ઉતરી હાથમાં ગાંડીવ ધનુષ ગ્રહણ કરી અચલ પર્વતની પેઠે ઉભો રહ્યો. તે વખતે પૃથ્વી ઉપર ઉભેલા અર્જુનને જોઇ જયને ઇચ્છતા, :મોટાં. સાદ

આકર્ષણ કરતા, બાણ નાંખતા તથા આક્રોશ કરતાં ક્રોધાયમાન થયેલા ક્ષત્રિયોએ મોટા રથના સમુદાયથી એકલા તેને વિંટી, વિચિત્ર પ્રકારનાં શસ્ત્ર દેખાડતાં બાણેકરી, વૃષ્ટિ વડે મેઘ જેમ સૂર્યને આચ્છાદન કરે તેમ તેને ઢાંકી દીધો. અને રથિમાં શ્રેષ્ઠ કેટલાક ક્ષત્રિયો, મદોન્મત્ત હસ્તિઓ જેમ સિંહ સામે દોડે તેમ પુરૂષમાં સિંહરૂપ ક્ષત્રિયમાં શ્રેષ્ઠ એવા તેની સામે દોડયા. તે વખતે અર્જુનના બે બાહુનું મોટું બળ દેખાતું હતું. ક્રોધાયમાન થયેલો તે એકલો પોતે ચોતરફથી ઘણીક સેનાઓને વારી રાખતો હતો. એ રીતે સમર્થ એવો અર્જુન, અસ્ત્રેકરી દ્વેષિઓના સર્વ અસ્ત્રને ચોતરફથી વારી રાખી ઘણાં બાણેકરી જલદી સર્વને ઘેરી લેતો હતો. હે વિશાંપતે! તે તે ઠેકાણે શ્વાસોચ્છ્વાસ કરતા, રૂધિરે કરી, વ્યાપ્ત ક્રોધ પામેલા, જયની પ્રાર્થના કરતા, મોટા ધનુષવાળા, શૂરવીર એક સ્થાનકે ઉભેલા, ઘણાક શત્રુઓને આકર્ષણ કરતા તથા શબ્દ કરતા મદઝરત. હસ્તિ તથા અશ્વેકરી જેમ ગરમી ઉત્પન્ન થાય તેમ અંતરીક્ષમાં રહેલા તે ઘણાંક બાણના સંઘર્ષે કરી મોટો અગ્નિ ઉત્પન્ન થયો હતો. બાણરૂપી ઉર્મિ, ધ્વજરૂપી આવર્ત્ત તથા નાગરૂપી છે નક્ર જેમાં, પાયદળરૂપી મત્સ્યથી સંકુલ, શંખ તથા દુંદુભિરૂપ શબ્દવાળા, અસંખ્ય, અપાર, શૂરવીરની પાઘડી રૂપી છે કાચબા જેમાં, છત્ર અને પતાકારૂપી ફીણની માળાવાળા, દુઃખથી તરી શકાય નહિ, હસ્તિના અંગરૂપ શિલાથી ખચિત એવા અક્ષોભ્ય રથ સમુદ્રને બાણથી વારણ કરતા અર્જુન તેની મર્યાદારૂપ થયા.

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! અર્જુન ધરણી વિષે પાસ થયો અને કેશવ ભગવાને હાથમાં ઘોડાઓને ગ્રહણ કર્યા, એ છિદ્રને પામી કૌરવોએ અર્જુનને કેમ માર્યો નહીં? સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે પાર્થિવ! ધરણી ઉપર રહેલા અર્જુને રથમાં બેઠેલા સર્વ રાજાઓને અવૈદિક વાક્યને જેમ રૂંધે તેમ તત્કાળ રૂંધી લીધા. એ રીતે પૃથ્વી વિષે રહેલા તેણે એકલે રથમાં બેઠેલા સર્વ રાજાઓને એક લોભ જેમ સર્વ ગુણને વારે તેમ વારી રાખ્યા. તે વખતે અસંભ્રાંત એવા મહાબાહુ જનાર્દન ભગવાને પુરૂષમાં અત્યંત શ્રેષ્ઠ એવા પ્રિય અર્જુનને સંગ્રામમાં આવી રીતે વચન કહ્યું કે, હે અર્જુન! આપણા અશ્વ, જળપાનની ઇચ્છા કરે છે, સ્નાનની નથી કરતા; પણ આ સ્થાનકે પરિપૂર્ણ જળપાન થાય એવું જળપાન કરવાનું ઠેકાણું નથી. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી 'આ રહ્યું, આ છે' એમ કહી અસંભ્રાંત એવા અર્જુને અસ્ત્રથી પૃથ્વીને ખોદી અશ્વ પાન કરે એવું હંસ તથા કારંડવે કરી સંકીર્ણ ચક્રવાકથી શોભિતું, અત્યંત વિસ્તીર્ણ, પ્રસન્ન છે જળ જેમાં, પ્રફુલ્લિત શ્રેષ્ઠ કમળવાળું, કૂર્મ તથા મત્સ્ય ગણેકરી આકીર્ણ, અગાધ ઋષિઓએ સેવન કરેલું, સુંદર સરોવર નિર્માણ કર્યું. તેને જોવા સારૂ ક્ષણમાત્રમાં નારદમુનિ ત્યાં આવ્યા. અને તે વખતે અદ્ભુત કર્મ કરનાર અર્જુને બાણ છે શાલાધાર કષ્ટ જેમાં તથા બાણનો છે મધ્ય સ્તંભ જે વિષે તેમજ બાણનું છે આચ્છાદન જેનું એવું આશ્ચર્યરૂપ બાણનું ઘર વિશ્વકર્માની પેઠે કર્યું. એ રીતે મહાત્મા અર્જુને તે બાણનું ઘર કર્યું તે વખતે ગોવિંદ ભગવાને હાસ્ય કરી 'બહુ સારૂં, બહુ સારૂં;' એ રીતે તેને કહ્યું.

ततः प्रहस्यगोविंदः साधुसाध्वित्यथाब्रवीत् :
शरवेश्मनि पार्थेन कृते तस्मिन् महात्मना ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि विंदानुविंदवधे अर्जुनसरोनिर्माणे च गुर्जरभाषायामेकोनशततमोऽध्यायः ॥ ९९ ॥

પાસે રહેલી લક્ષ્મી થોડા વખતમાં નાશ પામે છે. સરલ મનુષ્ય પાસે રહેલી લક્ષ્મી પ્રાપ્ત થઇ તેના પુત્ર પૌત્રાદિક પ્રત્યે જાય છે. હે રાજન્! તમારા પુત્રો પાંડવોની રક્ષા કરો, ને પાંડવો તમારા પુત્રોની રક્ષા કરો. પાંડવોના મિત્ર તે જ તમારા પુત્રના પણ મિત્ર થાઓ, ને જે તેના શત્રુ તે જ તમારા પુત્રના પણ શત્રુ થાઓ. તેમ જે તમારા પુત્રના શત્રુ તથા મિત્ર હોય, તે પાંડવોના પણ શત્રુ તથા મિત્ર થાઓ. એ રીતે એકમત થવાથી સમૃદ્ધ તથા સુખી થઇ સર્વ કૌરવો જીવો. હે અજમીઢના વંશમાં ઉત્પન્ન થયેલા! ધાણીના થાંભલાની પેઠે હાલ સર્વ કૌરવોને તમે નિયમમાં રાખનાર છો, તેમ કુરુકુળ બધું તમારે આધીન પણ છે, માટે વનવાસના દુઃખથી તપેલા બાળક પાંડવોની રક્ષા કરી તમારો યશ વિસ્તારો. હે નરદેવ! હે નરેંદ્ર! હે કૌરવ! પાંડુરાજાના પુત્રો સાથે તમે સંધાન કરો. શત્રુઓ તમારા ભેદની ઇચ્છા માં કરો, પાંડવો સત્યનો આશ્રય કરી રહ્યા છે, વાસ્તે દુર્યોધનને યુદ્ધથી નિવૃત્ત કરો.

संधत्स्व त्वं कौरवपांडुपुत्रैर्मांतरं रिपवः प्रार्थयंतु ।
सत्येस्थितास्ते नरदेवसर्वे दुर्योधनं स्थापयस्व नरेंद्र ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरहितवाक्ये गुर्जरभाषायां षट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥

અધ્યાય ૩૭ મો. વિદુરનીતિ-ચાલુ.

विदुर उवाच—सप्तदशेमान् राजेंद्र मनुः स्वायंभुवोऽब्रवीत् ।
वैचित्रवीर्य पुरुषानाकाशं मुष्टिभिर्घ्नतः ॥ १ ॥

વિદુર કહે છે-હે રાજેંદ્ર! હે વિચિત્રવીર્યના પુત્ર! જે શિક્ષા કરવા લાયક નહીં તેને શિક્ષા કરે, જે થોડા લાભથી છકી જાય, જે ઘણોકાળ શત્રુની સેવા કરી કલ્યાણને પામે, જે સ્ત્રિયોની ચાકરી કરી પેટ ભરે, ને કલ્યાણને પામે, જે યાચના કરવા લાયક નહીં તેની પાસે યાચના કરે, અથવા કંઇ થોડું કામ કરી પોતાનાં મોટાં વખાણ કરે, જે પોતે કુલિન થઇ ન કરવાનું કામ કરે, જે પોતે નિર્બળ છતાં બળવાન સાથે નિરંતર વૈર કરે, જે અશ્રદ્ધાવાન આગળ બોલ્યા કરે, ઇચ્છા કરવા લાયક નહીં એવી વસ્તુને જે ઇચ્છે, દીકરાની વહૂ સાથે જે ઠઠ્ઠામશ્કરી કરે, આપદ્કાળ વિષે પોતાના વેવાઇયોએ પોતાની રક્ષા કરી હોય, તેઓ પાસેથી જે માનની અપેક્ષા રાખે, પારકા ક્ષેત્રમાં જે બીજ વાવે, જે હમેશ સ્રીને તિરસ્કાર કર્યા કરે, જે પોતાને કંઇ મળ્યા પછી મને તે સાંભરતું નથી એમ કહે, જે વાણીથી કબૂલેલું આપ્યા વગર પોતાનાં વખાણ કરે અને જે દુષ્ટને સાધુ કહે, એ સત્તર મુઠિથી આકાશને હણનારા, ઇંદ્રધનુષને વાળવા ઇચ્છનારા તથા ગ્રહણ કરવા લાયક નહીં એવા સૂર્યનાં કિરણોને ગ્રહણ કરવા ઇચ્છનાર, એટલે કે ન કરવા યોગ્ય કામ કરવા ઇચ્છનારા છે, માટે તેમને મૂર્ખ જાણવા. તેઓને જેના હાથમાં પાશ છે એવા યમદૂત નરક પ્રત્યે લઇ જાય છે, એમ સ્વાયંભુવ મનુએ કહ્યું છે. જે મનુષ્ય કપટથી પોતા સાથે વર્તે તેની સાથે કપટથી વર્તવું, જે સાધુપણાથી વર્તે તેની સાથે સાધુપણાથી વર્તવું. જે રીતે જે જેવી રીતે વર્તે તેની સાથે તેવી રીતે વર્તવું, તે ધર્મ કહેવાય, એટલે કે તમારી સાથે

અધ્યાય ૧૦૦ મો. અર્જુને સૈન્યને વિસ્મિત કર્યું.

संजय उवाच—सलिले जनिते तस्मिन् कौंतेयेन महात्मना ।
निस्तारितेद्विषत्सैन्ये कृते च शरवेश्मनि ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવી રીતે મહાત્મા કુંતિપુત્ર અર્જુને તે જળ ઉત્પન્ન કર્યું તથા શત્રુ સેન્યને વારી રાખી બાણનું ઘર રચ્યું તે સમયે મોટી ક્રાન્તિવાળા વાસુદેવે જલદી રથમાથી નીચે ઉતરી બાણથી વિંધાયલા ઘોડાઓને છોડયા. અને પૂર્વે જોએલી નહિ એવી અર્જુનની કૃતિ જોઇ, સિદ્ધ ચારણના સંઘ તથા સૈનિકો મોટેથી 'સાધુ સાધુ;' એ રીતે પોકારવા લાગ્યા. તે વખતે યદ્ધ કરતા પાયદળ એવા કુંતિપુત્ર અર્જુનને તમારી તરફના મહારથિઓ વારવા સમથ થયા નહિં, એ આશ્ચર્ય સરખું થયું. ઘણાક હસ્તિ તથા અશ્વ સહિત રથના ઓઘ આવવા લાગ્યા. તેમજ તમારી તરફના રાજાઓ પાંડુપુત્ર અર્જુન પ્રત્યે બાણના ઓઘ નાંખવા લાગ્યા. તોપણ પારકા શૂરવીરને હણનાર ધર્માત્મા અર્જુન વ્યથિત થયા નહિ; અને પરાક્રમી તે પોને સમે આવતા શત્રુઓના બાણ સમુદાય, ગદા તથા ભાલાઓને, સમુદ્ર જેમ નદીઓને ગળે તેમ ગળવા લાગ્યા. એ રીતે અર્જુન, મોટા અસ્ત્રના વેગથી તથા બાહુબળે કરી સર્વ રાજાઓના તે ઉત્તમ બાણોને ગળતા હતા. હે મહારાજ! અર્જુન તથા વાસુદેવના મોટા આશ્ચર્યરૂપ પરાક્રમને જોઇ કૌરવો તેનાં વખાણ કરતા હતા. અને પુરૂષમાં ઉત્તમ આપણાને ઘણો ભય દેખાડતા ઉગ્ર તેજ ધારણ કરેલા તથા ઉદ્યુક્ત એવા અર્જુન અને ગોવિંદે રણસંગ્રામના મધ્યમાં ઘોડાઓને છોડી મૂકયા. એવું અત્યંત આશ્ચર્યરૂપ કર્મ લોક વિષે કોઇથી થયું નથી, અને બીજા કોઇથી થશે પણ નહિં. હે ભારત! પછી સ્ત્રીના મધ્યમા રહેલો જેમ ગર્વ કરે તેમ અર્જુનના કરેલા તે બાણગૃહમાં ગર્વ કરતા કમળ સરખાં નેત્રવાળા, અવ્યગ્ર એવા ઋષિકેશ ભગવાન તમારી તરફના સર્વ સૈન્ય જોતાં તે અશ્વોને પરિલોડન કરતા હતા. એવી રીતે અશ્વવિદ્યામાં કુશળ એવા શ્રીકૃષ્ણે તેમનો શ્રમ, ગ્લાનિ, ફેન, કંપ તથા વ્રણ ઇત્યાદિ સર્વ ટાળી દઇ બે હાથથી શલ્યનો ઉદ્ધાર કરી પાછા તેમને સ્વચ્છ કરી ઘટતી રીતે તેમને હોશિયાર કરી જળપાન કરાવ્યું. પછી અત્યંત સંહૃષ્ટ થયેલા તેણે પ્રાપ્ત થયું છે ઉદક જેમને, સ્નાન કરેલા, ખાધું છે અન્ન જેમણે એવા ગ્લાનિ રહિત તે અશ્વોને પાછા ઉત્તમ રથ વિષે જોડયા. એ રીતે મોટા તેજવાળા સર્વ શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુન સહિત શૌરિ ભગવાન તે શ્રેષ્ઠ રથમાં આરોહણ કરી જલદી જવા લાગ્યા. પ્રાપ્ત થયું છે ઉદક જેમને એવા અશ્વ જોડેલો અર્જુનનો ઉત્તમ રથ જોઈ તમારી તરફના શ્રેષ્ઠ સૈનિકો ખેદયુકત મનવાળા થયા.

હે રાજન્! ભાગેલી દાઢવાળા સર્પ સરખા શ્વાસોચ્છ્વાસ કરતા તેઓ અરે! શ્રીકૃષ્ણ તથા અર્જુન ગયા માટે આપણને 'ધિક્કાર છે ધિક્કાર છે;' એમ જૂદા જૂદા કહેવા લાગ્યા. વળી રૂંવાટાં ઉભાં કરનાર આશ્ચર્યરૂપ તે સૈન્યને જોઇ, 'અરે જલદી કરો' એમ આક્રંદ કરતાં, 'એ નથી,' એમ કહેતા હતા. કવચ પહેરેલા, શત્રુને તપાવનાર તે બેઉ સર્વ ક્ષત્રિયો જોતાં બાળક જેમ રમકડાનો તિરસ્કાર કરે તેમ આપણા બળને તુચ્છ કરી સર્વ રાજાઓને પોતાનું પરાક્રમ દેખાડી, આપણે આક્રોશ તથા યત્ન કરવાં છતાં પણ ગયા. વળી તેમને જતા જોઇ બીજા સૈનિકો કહેવા લાગ્યા કે, હે કૌરવો! સર્વ ધનુષ ધરનાર .જોતાં રથયુક્ત આ [illegible]

ભગવાન આપણને તુચ્છ કરી જયદ્રથ પ્રત્યે જાય છે. માટે કૃષ્ણ તથા અર્જુનનો વધ કરવા માટે જલદી કરો. હે રાજન્! તે વખતે કેટલાક સૈનિકો મહા આશ્ચર્યરૂપ પૂર્વે જોયેલા નહિ એવા તેના પરાક્રમને જોઈ પરસ્પર આવી રીતે ભાષણ કરતા હતા કે, દુર્યોધનના અપરાધે કરી સર્વ સૈન્ય, ધૃતરાષ્ટ્ર રાજા, બીજા ક્ષત્રિયો તથા સમગ્ર પૃથ્વી પણ નાશને પ્રાપ્ત થઈ. પણ તે બનાવ રાજા જાણતો નથી.

હે ભારત! વળી બીજા ક્ષત્રિયો આવી રીતે બોલતા હતા. જે વૃથા દૃષ્ટિવાળો ઉપાયમાં અનભિજ્ઞ દુર્યોધન, યમલોક પ્રત્યે ગયેલા સિંધુરાજાનું જે કૃત્ય હોય તે કરો. તેટલામાં તો પાંડુપુત્ર અર્જુન, અસ્તાચળ સમીપ આવેલા સૂર્યને જોઇ પીધેલું છે ઉદક જેમણે એવા હૃષ્ટ અશ્વે કરી જલદી સિંધુરાજા પ્રત્યે ગયા. ક્રોધાયમાન થયેલા, કાળ સરખા, સર્વ શસ્ત્રધારમાં શ્રેષ્ઠ સામે આવતા તે મહાબાહુને તમારી તરફના યોદ્ધાઓ વારવા સમર્થ થયા નહિ. તે સમયે શત્રુને તપાવનાર પાંડુપુત્ર અર્જુન સિંહ જેમ મૃગગણને નસાડે તેમ તમારા સૈન્યને નસાડી સિંધુરાજા વાસ્તે આગળ જતા હતા. એ રીતે સૈન્ય પ્રત્યે જતા દાશાર્હ ભગવાને જલદી ઘોડાઓને હાંકી બગલા સરખા પોતાના પાંચજન્ય શંખને વગાડયો. તે વખતે અત્યંત ઉતાવળા થયેલા, વાયુ સરખા વેગવાળા અશ્વ, સૈન્યને અતિક્રમણ કરી આગળ જવા લાગ્યા. તેથી કુંતિપુત્ર અર્જુને આગળ નાંખેલાં બાણ; પાછળ પડતાં હતાં. તેટલામાં ક્રોધાયમાન થયેલા ઘણા ક્ષત્રિય રાજાઓએ જયદ્રથના વધને ઇચ્છતા અર્જુનને ચોતરફથી વિંટી લીધા. એ વખતે તે મોટા સંગ્રામમાં બરાબર અવસ્થિત નહિ એવા પુરૂષમાં શ્રેષ્ઠ અર્જુનની પાછળ ઉતાવળથી દુર્યોધન આવવા લાગ્યો. વાયુથી ઉડે છે પતાકા જેની તથા હનુમાન છે ધ્વજા વિષે જેને એવા મેઘ સરખા શબ્દવાળો તે અર્જુનના રથને જોઇ તમારી તરફના રથિયો ખેદયુક્ત છે મન જેમનાં એવા થયા હતા અને ચોતરફથી ઉડતી રજે કરી સૂર્ય પણ અત્યંત ઢંકાઇ ગયો હતો. તે વખતે બાણથી પીડાયલા તમારી તરફના યોદ્ધાઓ અર્જુન તથા શ્રીકૃષ્ણ સામે જોવા પણ સમર્થ થતા ન હતા.

दिवाकरेथरजसा सर्वतः संवृते भृशं ।
शरार्ताश्च रणेयोधाः शेकुः कृष्णौ न वीक्षितुं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सैन्याविस्मये गुर्जरभाषायां शततमोऽध्यायः ॥ १०० ॥

અધ્યાય ૧૦૧ મો. અણીને વખતે દુર્યોધનનું વચ્ચે પડવું.

संजय उवाच—अंतरं इव मज्जानस्तावकानां भयान्नृप ।
तौ दृष्ट्वा समतिक्रांतौ वासुदेवधनंजयौ ॥ १ ॥

સંજય કહે છે—હે નૃપ! અતિક્રમણ કરેલા તે વાસુદેવ તથા અર્જુનને જોઈ ભયથી ડુબતા હોય નહિ તેની પેઠે ખસતા તમારી તરફનાઓ પછી સ્થિર થઇ અત્યંત ક્રોધાયમાન થયેલા, અને પ્રેરણા કરેલા તે સર્વ મહાત્મા અર્જુન સામે જવા લાગ્યા. પણ રોષ તથા

આશ્ચર્યયુક્ત એવા જે યુદ્ધમાં પાંડુપુત્ર અર્જુન પ્રત્યે ગયા, તે સમુદ્ર થકી જેમ નદીઓ પાછી ન આવે તેમ આજ સુધી પાછા નથી આવતા; અને દેવતાઓ પાસેથી જેમ નાસ્તિક પાછા વળે તેમ પાછા હટેલા, નર્કને સેવતા, દુષ્ટબુદ્ધિવાળા, પાતકી થતા હતા. અને રથ સૈન્યને અતિક્રમણ કરી મૂકાયલા તે વાસુદેવ તથા અર્જુન રાહુના મુખથી મૂકાયલા સૂર્ય તથા ચંદ્ર સરખા દેખાતા હતા. મોટી જાળને વિદારણ કરી બે મોટા મત્સ્ય જેવા દેખાય તેવા તે, સેનાજાળને વિદારણ કરી વાસુદેવ તથા અર્જુન દેખાતા હતા. દુઃખેકરી ભેદી શકાય નહિ એવા શસ્ત્રના પ્રહારવાળા, દ્રોણ સૈન્યથી મૂકાયલા, મહાત્મા તે બેઉ, ઉદય પામેલા કાળસૂર્ય સરખા દેખાતા હતા. અસ્ત્રના સંબાધ તથા શત્રુ સંકટથી મુક્ત થયેલા શત્રુને સંબાધ કરનારા તે બેઉજ સંગ્રામમાં દેખાતા હતા. અગ્નિ સરખો છે સ્પર્શ જેનો એવા મગરમચ્છના મોઢાથી મુક્ત થયેલા બે મત્સ્યની પેઠે દ્રોણ સૈન્યથી મૂકાયેલા તે બેઉ મગરમચ્છ જેમ સમુદ્રને ક્ષોભ પમાડે તેમ સેનાને ક્ષોભ પમાડતા હતા. તે વખતે તમારી તરફના સૈનિક તથા તમારા પુત્ર દ્રોણના સૈન્યમાં રહેલા તેમને જોઇ 'આ દ્રોણને તરી શકશે નહિ,' એવી મતિ કરતા હતા. તેટલામાં તો દ્રોણ સૈન્યને અતિક્રમણ કરી ગયેલા મોટી કાંતિવાળા તે બેઉને જોઈ હે મહારાજ! હવે સિંધુરાજાના જીવિતનો બચાવ થશે નહિ એમ કહેતા હતા. હે રાજન્! દ્રોણ તથા હાર્દિક્યને વાસુદેવ તથા અર્જુન અતિક્રમણ કરી શકશે નહિ એમ જાણી, સિંધુ રાજાના જીવિતની મોટી આશા હતી પણ તે આશાને વિફળ કરી શત્રુને તપાવનાર તે બેઉ દ્રોણ સૈન્ય તથા દુસ્તર એવા ભોજ સૈન્યને તરી ગયા. એ રીતે બેઉ સૈન્યને તરી ગયેલા પ્રજ્વલિત અગ્નિ સરખા તે બેઉને જોઇ તમારી તરફના સિંધુરાજાના જીવિત વિષે આશા રહિત થયા; અને શત્રુને ભય વધારનાર પોતે નિર્ભય એવા શ્રીકૃષ્ણ તથા અર્જુન જયદ્રથના વધ વિષે પરસ્પર યુક્ત વાણીથી ભાષણ કરતા હતા કે દુર્યોધન તરફના છ મહારથિઓએ સિંધુરાજાને પોતાના મધ્યમાં રાખેલો છે તથાપિ આપણી દષ્ટિગોચર થયો એટલે બચવાનો નથી અને કદી દેવગણ સહિત ઈન્દ્ર આવી સંગ્રામમાં એનું રક્ષણ કરશે તોપણ એને મારીશું.

એ રીતે શ્રીકૃષ્ણ તથા અર્જુન પરસ્પર ભાષણ કરતા હતા. એવી રીતે પરસ્પર ભાષણ કરતા મહાબાહુ શ્રીકૃષ્ણ તથા અર્જુને સિંધુરાજને જોયો. તે સમે તમારા પુત્ર ઘણો પોકાર કરવા લાગ્યા. તૃષાક્રાંત થયેલા બે હસ્તિઓ જેમ મરૂસ્થલને અતિક્રમણ કરી જળપાન કરવાથી સ્વસ્થ થાય તેમ દ્રોણ સૈન્યને અતિક્રમણ કરેલા શત્રુને દમન કરનાર તે બેઉ થયા હતા. વ્યાઘ્ર, સિંહ તથા હસ્તિએકરી સંકીર્ણ એવા પર્વતોને અતિક્રમણ કરી મૃત્યુભય રહિત જેવા બે વ્યાપારી દેખાય તેવો એમના મુખનો વર્ણ દેખાય છે. એમ મુક્ત થયેલા તેમને જોઇ તમારા પુત્ર માનતા હતા અને ચોતરફ આક્રોશ પણ કરતા હતા. આશીવિષ સર્પ સરખા તથા પ્રજ્વલિત અગ્નિ સરખા દ્રોણ અને બીજા રાજાઓથી તથા સમુદ્ર સરખા દ્રોણ સૈન્યથી વિમુક્ત થયેલા, શત્રુને દમન કરનાર તે બેઉ, સમુદ્રને તરી જેવા હર્ષયુક્ત દેખાય તેવા દેખાતા હતા. દ્રોણ તથા હાર્દિક્યના મોટા અસ્ત્ર સમુદાયથી મુક્ત થયેલા, શોભિતા, તે બેઉ સંગ્રામમાં ઇન્દ્ર તથા અગ્નિ સરખા દેખાતા હતા. દ્રોણના તીક્ષ્ણ બાણેકરી ખચિત રૂધિરેકરી વ્યાપ્ત એવા વાસુદેવ તથા અર્જુન, કર્ણિકારનાં વૃક્ષોએ કરી બે પર્વત શોભે તેવા શોભતા હતા. લોહમય બાણરૂપી છે ઉગ્ર મગરમચ્છ જેમાં, એવા ક્ષત્રિયરૂપી જળવાળા, શક્તિરૂપી આશીવિષથી સંકુલ તથા દ્રોણરૂપી છે ગ્રાહ જે વિષે એવા દ્રહથી મુક્ત થયેલા તેમજ પ્રત્યંચાના શબ્દરૂપી કડાકાવાળા, ગદા તથા ખડ્ગરૂપી છે

વિદ્યુત્ જેમાં એવા દ્રોણરૂપમેઘથી મુક્ત થયેલા તે બેઉ, અંધકારથી મુક્ત થયેલા સૂર્ય તથા ચંદ્ર શોભે તેવા શોભતા હતા. દ્રોણના અસ્ત્ર તથા બળનું વારણ કરવાથી સિંધુ છે છઠ્ઠી જેમાં એવી વર્ષાઋતુમાં પરિપૂર્ણ, મહાગ્રાહથી સંકુલ, શતદ્રુ આદિ લેઇ સમુદ્રમાં જનારી, દુસ્તર, નદીઓને બે હાથેકરી જાણે તરી ગયા હોય નહિ એવા મોટા ધનુષવાળા લોક વિખ્યાત તે બેઉને 'આ અત્યંત શ્રેષ્ઠ છે' એમ સર્વ પ્રાણિઓ માનતા હતા. જયદ્રથની પાસે મૃગની ઇચ્છા રાખી જેમ બે વ્યાઘ્ર ઉભા હોય તેમ સમીપ રહેલા જયદ્રથને મારવાની ઇચ્છાથી સામે જોઇ વાસુદેવ તથા અર્જુન બેઉ ઉભા હતા. હે મહારાજ! તમારી તરફના યોદ્ધાઓ પણ એ બેઉના મુખનો ચળકતો વર્ણ જોઇ જયદ્રથ હણાયોજ છે એમ માનતા હતા. લાલ છે નેત્ર જેમનાં એવા એક રથ વિષે રહેલા મહાબાહુ શ્રીકૃષ્ણ તથા પાંડવ સિંધુરાજને જોઇ સંહૃષ્ટ થઈ વારંવાર શબ્દ કરતા હતા. હે રાજન્! તે વખતે ઘોડાઓની રાશ છે હાથમાં જેને, એવા વાસુદેવ તથા ધનુષ્માન અર્જુનની પ્રભા સૂર્ય તથા અગ્નિના સરખી દેખાતી હતી. દ્રોણ સૈન્યથી વિમુક્ત થયેલા તે બેઉને, માંસ જોઇ બે શ્યેન પક્ષિને જેમ હર્ષ થાય તેમ સૈંધવને સમીપ જોઈ હર્ષજ થયો હતો. ક્રોધ પામેલા તે બેઉ, સમીપજ હોય નહિ તેમ જાણે દેખાતા સિંધુરાજાને જોઇ, જેમ માંસને જોઇ જલદી બે શ્યેન પક્ષિ પડે તેમ પડતા હતા. એ રીતે અતિક્રમણ કરી ગયેલા હૃષિકેશ તથા અર્જુનને જોઇ દ્રોણે બાંધેલું છે કવચ જેને એવો અશ્વ સંસ્કાર જાણનાર તમારો પુત્ર દુર્યોધન સિંધુરાજાની રક્ષા વાસ્તે એક રથેકરી સંગ્રામ વિષે જઇ હે નરાધિપ! હે પ્રભો! મોટા ધનુષવાળા શ્રીકૃષ્ણ તથા અર્જુનને અતિક્રમણ કરી કમળ સરખાં છે નેત્ર જેનાં એવા શ્રીકૃષ્ણની સન્મુખ જઇને ઉભો રહ્યો. એ રીતે તમારો પુત્ર, અર્જુનને અતિક્રમણ કરીને ગયો. તે વખતે સર્વ સૈન્યમાં મોટી ખુશીની સાથે વાદિત્ર વાગવા લાગ્યાં અને શ્રીકૃષ્ણ તથા અર્જુનની સામે ઉભેલા દુર્યોધનને જોઇ બે સૈન્ય વિષે શંખના શબ્દ સાથે મળેલા સિંહનાદ પણ થવા લાગ્યા. હે પ્રભો! અગ્નિની જેમને ઉપમા અપાય એવા સિંધુરાજના જે રક્ષક હતા, તે પણ સંગ્રામમાં ઉભેલા તમારા પુત્રને જોઇ અત્યંત સંતુષ્ટ થતા હતા. હે રાજન્! પાછળ ચાલનાર સહિત એ રીતે અતિક્રમણ કરી આવેલા દુર્યોધનને જોઇ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે સમયને લગતું આવી રીતનું વચન કહ્યું.

> दृष्ट्वा दुर्योधनं कृष्णो व्यतिक्रांतं सहानुगं ।
> अब्रवीदर्जुनं राजन् प्राप्तकालमिदं वचः ॥

इति श्रीमहाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि दुर्योधनागमे गुर्जरभाषायामेकाधिकशततमोऽध्यायः ॥ १०१ ॥

અધ્યાય ૧૦૨ જો. જયદ્રથની રક્ષા માટે દુર્યોધનનો યત્ન.

> वासुदेव उवाच—दुर्योधनमतिक्रांतमेते पश्य धनंजयं ।
> अपत्यद्भुतमिमं मन्ये नास्त्यस्य सदृशो रथः ॥

વાસુદેવ કહે છે—હે ધનંજય! જેના સરખા બીજો રથિ નથી એવા અતિક્રમણ કરી

સન્મુખ આવેલા આ દુર્યોધનને જોઇ હું અત્યંત આશ્ચર્ય પામું છું. જે દૂર બાણ નાંખનારો, મોટા ધનુષવાળો, અસ્ત્ર શીખેલો, યુદ્ધમાં દુર્મદ, દૃઢ અસ્ત્રવાળો, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, મહા બળવાન, અત્યંત સુખથી સારી રીતે વૃદ્ધિ પામેલો, મનાયલો, મહારથિ, નિપુણ તથા હંમેશ બાંધવોનો દ્વેષ કરનાર, એવો આ ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન છે. માટે હે અનઘ! તેની સાથે તારે યુદ્ધ કરવું એ વખતને લગતું છે, એમ હું માનું છું. તેમ તમારે દ્યૂત પણ વિજય તથા પરાજય વાસ્તે આની સાથે થયું હતું. અને પાડવોને સર્વ અનર્થનું મૂળ પણ આ છે. તે આ વખતે તારી સન્મુખ આવ્યો વાસ્ને તારૂં યુદ્ધ સાફલ્ય થયું એમ જાણ, કારણ રાજ્યને ઇચ્છતો રાજા તારી સાથે સંગ્રામ કરવા કેમ આવે? તેમ તે આ વખને તારા બાણ વિષયને પ્રાપ્ત થયો તે ઘણું સારૂં થયું. માટે ઘણા કાળથી એકઠું કરેલું ક્રોધરૂપી વિષ આને વિષે મૂકી જે રીતે આ જીવિતનો ત્યાગ કરે તે રીને કર. હે ધનંજય! હે પુરૂષર્ષભ! ઐશ્વર્યના મદેકરી મૂઢ એવો આ હજી દુઃખને પ્રાપ્ત થયો નથી. તેમ સંગ્રામ વિષે તારા પરાક્રમને જાણતો પણ નથી. હે પાર્થ! તને અસુર, સુર તથા મનુષ્ય સહિત ત્રિલોકી પણ સંગ્રામમાં જીતવાનો ઉત્સાહ કરી શકે નહિં ત્યારે એકલો દુર્યોધન તો ક્યાથીજ ઉત્સાહ કરી શકે? હે પાર્થ! તે તારા રથની સમીપ આવ્યો તે ઘણું સારૂં થયું. માટે હે મહાબાહો! જે રીતે વૃત્રાસુરને ઇન્દ્રે માર્યો હતો તેમ તું એને માર. હે અનઘ! તને સર્વ અનર્થ આપનાર આ છે; અને ધર્મરાજને છળે કરી દ્યૂતવિષે આણે છેતર્યા હતા. હે માનદ! પાપ બુદ્ધિવાળા આણે નિષ્પાપ એવા તમારે વિષે નિરંતર ઘણુંક અત્યંત ક્રૂર કર્મ કર્યાં છે માટે હંમેશ ક્રોધી, અનાર્ય, કામરૂપી તે પુરૂષને યુદ્ધવિષે આર્યમતિ કરી વિચાર ન કરતાં જલદી માર. હે પાંડવ! જયદ્રથના વધરૂપ આપણા કાર્યનો પ્રતિઘાત કરવા સારૂ તારી આગળ આ યત્ન કરે છે એ ઘણું સારૂં થયું. તેમ સંગ્રામમાં તારી સાથે યુદ્ધ કરવું એમ જાણે છે તે પણ સારૂં થયું. હે પાર્થ! આપણે કામના કરેલાં નહિ એવાં સર્વ કામ સફળ થયાં, એ પણ ઘણું સારૂં થયું. વાસ્તે હે પાર્થ! છળેકરી રાજ્યનુ હરણ, વનવાસ તથા દ્રૌપદીને થયેલો પરિક્લેશ હૃદયમાં યાદ કરી પરાક્રમથી પૂર્વે દેવાસુર સગ્રામમાં ઇન્દ્રે જેમ જંભાસુરને હણ્યો હતો તેમ કુળમાં અધમ એવા દુર્યોધનને સંગ્રામમાં તું માર. હે અર્જુન! એને હણવાથી અનાથ થયેલા સૈન્યને ભેદી દુરાત્માના મૂળને કાપ અને આ વૈરનો અવભૃથ થાઓ; એટલે કે વૈર સમાપ્ત થાઓ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી તેને અર્જુને કહ્યું કે, 'ઠીક તેમ કરીશ,' કારણ મારે પણ જરૂર એ કરવા લાયક છે. વાસ્તે હે શ્રીકૃષ્ણ! બીજા સર્વનો અનાદર કરી જ્યાં દુયોધન છે ત્યાં જાઓ. જેણે ઘણા કાળ સૂધી અમારૂં આ નિષ્કંટક રાજ્ય ભોગવ્યું, યુદ્ધમાં પરાક્રમ કરી જ્યારે એનું મસ્તક હું કાપું ત્યારે કેશ પ્રધર્ષણ વિષે તે ક્લેશને યોગ્ય નહિ એવી દ્રૌપદીના ક્લેશને ટાળવા હું સમર્થ થાઉં. એ રીતે બોલતા પ્રસન્ન એવા વાસુદેવ તથા અર્જુને પોતાના શ્વેત એવા ઉત્તમ ઘોડાઓ દુર્યોધન સમીપ ચલાવ્યા. હે ભરતર્ષભ! હે મારિષ! તે બેઉના સામીપ્યને પ્રાપ્ત થઇને તે મોટા ભય સ્થાન વિષે પણ તમારા પુત્રને ભય પ્રાપ્ત થયો નહિ. એ રીતે ઉદ્યુક્ત થયેલા ઋષિકેશ તથા અર્જુનને તેણે જે વારી રાખ્યા એ દુર્યોધનનાં કર્મને ક્ષત્રિયો તે વખતે વખાણતા હતા. હે વિશાંપતે! તે સમયે રાજાને સંગ્રામમાં જોઇ તમારા સર્વ સૈન્યનો મોટો શબ્દ થતો હતો એ રીતે મનુષ્યનો ભયંકર એવો તે શબ્દ પ્રવર્તમાન થયો, તે વખને તમારા પુત્રે શત્રુ એવા અર્જુનને ન અણકારતાં વારી રાખ્યો. ધનુષ ધરનાર તમારા પુત્રે વારણ કરેલા શત્રુને તપાવનાર

કુંતિપુત્ર અર્જુન, વળી તમારા પુત્ર વિષે અત્યંત ક્રોધને પ્રાપ્ત થયા. પરસ્પર અત્યંત ક્રોધાય-માન થયેલા તે દુર્યોધન તથા અર્જુનને જોઇ ભયંકર જેમનાં રૂપ છે એવા રાત્રિથી ચોલ-સૂથી સામે જોઇ ઉભા રહ્યા. હે મારિષ ! અત્યંત ક્રોધાયમાન એવા વાસુદેવ તથા અર્જુનને જોઇ યુદ્ધની જેને કામના છે એવો તમારો પુત્ર અત્યંત હસતો હોય નહિ તેની પેઠે યુદ્ધ વાસ્તે તેમે બોલાવા લાગ્યો. તેથી અત્યંત પ્રસન્ન થયેલા દાશાર્હ ભગવાન તથા પાંડુપુત્ર અર્જુને મોટો શબ્દ કરી પોતાના ઉત્તમ એવા શંખ વગાડ્યા. પ્રસન્ન છે રૂપ જેમનાં એવા વાસુદેવ તથા અર્જુનને જોઇ તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ તમારા પુત્રના જીવિત વિષે નિરાશ થઇ રહ્યા. અને બીજા કેટલાક તમારી તરફના શોકને પ્રાપ્ત થયા. તેમ સર્વ કૌરવો પણ તમારા પુત્રને અગ્નિના મુખમાં હોમાએલજ માનતા હતા. એ રીતે અત્યંત હૃષ્ટ એવા કૃષ્ણ તથા અર્જુનને જોઇ તમારી તરફના ભયથી પીડાયલા કેટલાક યોદ્ધાઓ ‘ રાજા હણાયો, રાજા હણાયો; ’ એ રીતે પોકાર કરતા હતા. એવો મનુષ્યોનો મોટો શબ્દ સાંભળી દુર્યોધને કહ્યું કે, વાસુદેવ તથા અર્જુનને હું યમલોક પ્રત્યે મોકલી દઇશ. વાસ્તે મારા નિમિત્ત તમારો ભય દૂર થાઓ. જયની જેને ઇચ્છા છે એવો દુર્યોધન રાજા એ રીતે સર્વ સૈનિકોને કહી અર્જુનને બોલાવી ક્રોધથી તેને આવી રીતે વચન કહેવા લાગ્યો કે, હે પાર્થ ! જો તું પાંડુપુત્ર હોય તો જે દિવ્ય તથા પાર્થિવ અસ્ત્ર તું શીખેલો હોય તે જલદી મને દેખાડ, તેમ જે તારૂં બળ તથા પરાક્રમ હોય અને કેશવનું પણ જે બળ તથા પેરાક્રમ હોય તે જલદી મારે વિષે કરી દેખાડ; એટલે તમારા પૌરૂષને અમે જોઇએ. અમારી ગેરહાજરીમાં આ વીર પ્રધાન છે, એમ બીજા જેથી સત્કાર કરે છે એવાં કર્મ તેં કર્યાં છે એમ કહે છે; માટે જે જે કર્મ કર્યાં હોય તે મને દેખાડ.

अस्मत्परोक्षंकर्माणि कृतानि प्रवदंतिते ।
स्वामिसत्कारयुक्तानि यानि तानीह दर्शय ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि दुर्योधनवचने गुर्जरभाषायां द्व्यधिकशततमोऽध्यायः ॥ १०२ ॥

અધ્યાય ૧૦૩ જો. દુર્યોધન પરાજય.

संजय उवाच—एवमुक्त्वार्जुनंराजात्रिभिर्मर्मागितैः शरैः ।
अभ्यविध्यन्महावेगैश्चतुर्भिश्चतुरो हयान् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એમ કહી દુર્યોધન રાજાએ મર્મને ભેદે એવાં ત્રણ બાણે-કરી અર્જુનને વિંધી મોટા વેગવાળાં ચાર બાણેકરી ચાર ઘોડાઓને વિંધ્યા. અને દશ બાણે-કરી સ્તનના મધ્યમાં વાસુદેવને પણ વિંધી ભલ્લ નામના બાણેકરી એમના ચાબુકને કાપી પૃથ્વી વિષે પાડી નાંખ્યો. અવ્યગ્ર એવા અર્જુને પણ શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, વિચિત્ર પ્રકારના પુંખવાળાં ચૌદ બાણે કરી જલદી તેને વિંધ્યો. પણ તે બાણ તેના કવચ વિષે નિષ્ફળ થયેલું જોઇ વળી ફરીથી અર્જુને તીક્ષ્ણ એવાં નેઉ બાણ નાંખ્યાં, તે

પણ કવચથી ભ્રષ્ટ થયાં. એ રીતે નિષ્ફળ થયેલા તે અઠ્ઠાવીસ બાણને જોઇ પારકા શરીરને હણનાર શ્રીકૃષ્ણે અર્જુન પ્રત્યે આવી રીતે વચન કહ્યું કે, હે પાર્થ ! આ તો પૂર્વે જોયેલું નહીં એવું જોવામાં આવે છે, જે તારાં નાખેલાં બાણ ફેંકેલા પાષાણની પેઠે કાર્ય કરતાં નથી. હે ભરતર્ષભ ! ગાંડિવનું તારી મુષ્ટિનું, તથા તારા ભુજનું બળ તો જેવું પૂર્વે હતું તેવું જ છે. વા આ છેવટનો વખત તો આવ્યો નથી તે મને કહે ? હે પાર્થ ! દુર્યોધનના રથ પ્રત્યે પડેલાં આ તારાં બાણ વ્યર્થ થયાં તે જોઇ મને મોટું આશ્ચર્ય ઉપજે છે. જે વજ્ર સરખા સ્પર્શવાળાં, પારકી કાયા ભેદનાર, ભયંકર, તારાં બાણ પોતાનું કાર્ય કરતાં નથી; માટે આ તે શું વિડંબના પ્રાપ્ત થઇ ? એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુને કહ્યું કે, હે કૃષ્ણ ! દુર્યોધનને દ્રોણાચાર્યે આ કવચ ધારણા એવી તો કરાવેલી છે કે મારા અસ્ત્રોકરી ભેદી શકાય નહિ. તેમ હે કૃષ્ણ ! આ કવચ વિષે ત્રૈલોક્ય પણ રહ્યું છે. એ કવચને એક દ્રોણ જાણે છે અને તેમના કહેવાથી હું જાણું છું. હે ગોવિંદ ! એ કવચને બાણેકરી કદી પણ ભેદવા સમર્થ થવાય એમ નથી. તેમ પોતે ઇન્દ્ર વજ્રે કરીને પણ તેને ભેદી શકે નહિ. હે કૃષ્ણ ! એ બધું તમે જાણો છો તોપણ મને કેમ મોહ પમાડો છો ? હે કેશવ ! ત્રિલોક વિષે જેટલું વૃત્તાંત વર્તે છે તથા જે થવાનું છે તે સર્વ વૃત્તાંત તમારૂં જાણેલુંજ છે. હે મધુસૂદન ! એ બધું જે રીતે તમે જાણો છો તેવું બીજો કોઇ જાણતો નથી. હે કૃષ્ણ ! આ દુર્યોધન દ્રોણે બતાવેલી કવચ ધારણાને ધારણ કરી સંગ્રામમાં નિર્ભયની પેઠે ઉભો છે; પણ હે માધવ ! આ સ્ત્રીની પેઠે યુક્ત એવી દૃઢ કવચ ધારણાને ધારણ કરી રહ્યો છે, તથાપિ એ ધારણ કરવાથી શું ? તે જાણતો નથી. હે જનાર્દન ! મારા બાહુ તથા ધનુષના પરાક્રમને તો જૂવો. કવચે રક્ષા કરેલા દુર્યોધનને પણ હું પરાજય પમાડીશ. પ્રકાશમાન એવું મારૂં આ કવચ મહાદેવજીએ અંગિરાને; અંગિરાએ બૃહસ્પતિને; બૃહસ્પતિએ ઇન્દ્રને; અને ઇન્દ્રે ઉપદેશ સહિત આ કવચ મને આપ્યું છે. એનું એ કવચ દેવતાઓનું કરેલું હોય વા પોતાનું બ્રહ્માનું કરેલું હોય તોપણ આજ મારા બાણેકરી હણેલા એ દુર્બુદ્ધિવાળાની રક્ષા કરશે નહિં.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એમ કહી અર્જુને બાણને અભિમંત્રણ કરી આકર્ષણ કર્યો. ધનુષના મધ્યમાં રહેલાં તે અર્જુનનાં બાણને સર્વાસ્ત્રઘાતિ અસ્ત્રેકરી અશ્વત્થામાએ કાપી નાંખ્યાં. એ રીતે દૂરથી બ્રહ્મવાદીએ કાપેલાં બાણને જોઇ વિસ્મય પામેલા અર્જુને કેશવ ભગવાનને કહ્યું કે, હે જનાર્દન ! અસ્ત્રનો એ વખત પ્રયોગ કરવા મારાથી સમર્થ થઇ શકાય તેમ નથી. કારણ એમ કરવાથી તે અસ્ત્ર મને તથા મારા સૈન્યને હણે એમ અર્જુન કહે છે તેટલામાં તો દુર્યોધને હે રાજન્ ! સર્પ સરખાં નવ નવ બાણેકરી શ્રીકૃષ્ણ તથા અર્જુનને વિંધી, વળી તેમની ઉપર ઘણાં બાણનો વરસાદ કર્યો. તે વખતે પ્રસન્ન થયેલા તમારી તરફનાઓ વાદિત્રના શબ્દ સાથે સિંહનાદ કરવા લાગ્યા: તેથી ક્રોધાયમાન થયેલા અર્જુને બે ગલોફાં ચાટીને જોયું તો કવચે રક્ષા કરેલું નહીં એવું તેનું કોઇપણ અંગ હતું નહીં. તેથી યુદ્ધમાં ચતુર અર્જુને સારી રીતે મૂકેલાં, કાળ સરખાં, તીક્ષ્ણ બાણેકરી એના ઘોડાઓ, પાછળ ચાલનારા તથા સારથિને પણ હણી એનું ધનુષ તથા હાથનાં મોજાંઓને કાપી રથના કડકા કરી બે બાણેકરી દુર્યોધનના બે હાથનાં બે તળાં વિંધ્યાં. વળી પ્રયત્ન જાણનાર કુંતિપુત્ર અર્જુને એના નખના મધ્યભાગમાં પણ બાણેકરી વિંધ્યા. તેથી વેદનાએ કરી ઉદ્વિગ્ન એવો તે, પલાયન કરવામાં તત્પર થયો. તે વખતે કષ્ટરૂપ આપદને પ્રાપ્ત થયેલા તેને જોઇ પરમ ધનુષ ધરનાર તમારી-

તરફના યોદ્ધાઓએ અર્જુનના બાણથી પીડાયલા દુર્યોધનના રક્ષણ વાસ્તે ક્રોધાયમાન થયેલા હજારો રથ, હસ્તિ, અશ્વ તથા પાયદળના ઓઘેકરી ચોતરફથી અર્જુનને વિંટી લીધો. તે સમયે મોટા બાણના વરસાદેકરી તથા મોટા જનના સમુદાયે કરી વિંટાયલા અર્જુન તથા ગોવિંદ અને તેમનો રથ પણ દેખાતો નહોતો. તેટલામાં અર્જુન અસ્ત્રના બળેકરી તમારી સેનાને મારવા લાગ્યા. તે સમે અર્જુનના બાણેકરી અંગરહિત થયેલા સેંકડો રથ તથા હસ્તિઓ સંગ્રામમાં પડતા હતા. તેથી હણેલા તથા હણવા માંડેલા યોદ્ધાઓ તે ઉત્તમ રથને વારવા લાગ્યા. એવી રીતે સ્તંભન કરેલો તે રથ સિંધુરાજાથી ચોતરફ કોશ જેટલે દૂર ઉભો રહ્યો. તે સમયે વૃષ્ણિકુળમાં શૂરવીર શ્રીકૃષ્ણે આવી રીતે અર્જુનને વાક્ય કહ્યું કે તું આ વખતે ધનુષને આકર્ષણ કર; અને હું શંખ વગાડું છું. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન, બળવાન એવા ગાંડીવ ધનુષને ખેંચી મોટા બાણના વરસાદથી તથા મોજાના શબ્દે કરી શત્રુઓને મારવા લાગ્યો. એટલે રજેકરી વ્યાપ્ત છે પાંપણના અગ્રભાગ જેના મુખ વિષે, થયો છે અત્યંત પ્રસ્વેદ જેને એવા બળવાન કેશવ ભગવાને ઉચે સ્વરેકરી પોતાનો પાંચજન્ય વગાડ્યો. તે શંખના શબ્દથી તથા અર્જુનના ધનુષના શબ્દથી બળવાન તથા નિર્બળ એવા જન પૃથ્વી વિષે પડી જતા હતા. અને તેમણે મૂકેલો રથ પણ વાયુએ પ્રેરેલા મેઘ સમાન શોભતો હતો. જયદ્રથના રક્ષણ કરનારે મોટા ધનુષવાળા મહાત્મા યોદ્ધાઓ એકદમ અર્જુનને જોઇ પાછળ ચાલનાર સહિત તેઓ ક્ષોભયુક્ત થઇ પૃથ્વીને કંપાવતાં બાણના શબ્દ તથા શંખના શબ્દ સાથે મોટો સિંહનાદ કરવા લાગ્યા. તમારી તરફના, [illegible] તે મોટા શબ્દને સાંભળી વાસુદેવ તથા અર્જુન પણ પોતાના ઉત્તમ શંખ વગાડવા લાગ્યા. હે વિશાંપતે! તે મોટા શબ્દેકરી પર્વત, સમુદ્ર, દ્વીપ તથા પાતાળ સહિત સમગ્ર પૃથ્વી પૂરાઇ ગઇ. હે ભરતશ્રેષ્ઠ! તે શબ્દ દશે દિશાઓમાં વ્યાપ્ત થઇ ત્યાં કુરૂપાંડવના સૈન્યમાં પ્રતિધ્વનિ કરતો હતો. તમારી તરફના રથિ તથા મહારથિઓ ત્યાં આવેલા શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઇ પરમ સંભ્રમને પ્રાપ્ત થયા. કવચ પહેરેલા મોટા ભાગ્યવાળા શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઇ અત્યંત ક્રોધાયમાન થયેલા તમારી તરફના તેમની સામે દોડ્યા, તે મોટું આશ્ચર્ય સરખું થયું.

अथकृष्णो महाभागौ तावका वीक्ष्य दंशितौ ।
अभ्यद्रवंत संक्रुद्धास्तदद्भुतमिवाभवत् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि दुर्योधनपराजये गुर्जरभाषायां त्र्यधिकशततमोऽध्यायः ॥ १०३ ॥

અધ્યાય ૧૦૪ થો. જયદ્રથ માટે મહા ઘમસાણ.

संजय उवाच—तावका हि समीक्ष्यैव वृष्ण्यंधककुरूत्तमौ ।
प्रागत्वरन् जिघांसंतस्तथैव विजयः परान् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! વૃષ્ણિ, અંધક તથા કુરૂકુળમાં ઉત્તમ એવા વાસુદેવ તથા અર્જુનને એકદમ આવેલા જોઇ તેમને મારવા ઇચ્છતા તમારી તરફના ઉતાવળા યોદ્ધા થયા.

તેમજ શત્રુઓને મારવા ઇચ્છતા અર્જુન પણ ઉતાવળા થયા, તેટલામાં અત્યંત કોપાયમાન થયેલા ભૂરિશ્રવા, શલ્ય, કર્ણ, વૃષસેન, જયદ્રથ, કૃપ, મદ્રરાજ, તથા રથિમાં શ્રેષ્ઠ અશ્વત્થામા, એ આઠ કવચ પહેરેલા મહારથિઓ, સુવર્ણ તથા વ્યાઘ્રના ચર્મથી વિચિત્ર પ્રકારના, મેઘના ઓઘ સરખા શબ્દવાળા, પ્રજ્વલિત અગ્નિ સરખા મોટા રથેકરી સર્વ દિશાઓને પ્રકાશ કરતાં અને સુવર્ણના પુંખવાળાં બાણ તથા કોપાયમાન થયેલા તુરંગની પેઠે મોટા શબ્દ કરતા દુઃખેકરી સામું જોવાય નહિ એવા ધનુષેકરી દશે દિશાઓને શોભાવતા અશ્વેકરી આકાશનું જાણે પાન કરતા હોય નહિ તેની પેઠે અર્જુનના તીક્ષ્ણ બાણેકરી વ્યાપ્ત એવી દશે દિશાઓને ઘેરી લેતા હતા. તે વખતે મહારથિઓને વહન કરતા, શીઘ્ર ગતિ કરનાર, કુલત દેશમાં ઉત્પન્ન થયેલા વિચિત્ર પ્રકારના અશ્વ દશે દિશાઓને શોભાવતા અત્યંત શોભતા હતા. ઇન્દ્રિય તથા ક્રોધને જીતેલા, મનોહર કાંતિવાળા, ક્ષુધા, તૃષા સંબંધી દુઃખને તૃણું કરી ન જાણનાર આજાનેય નામના અશ્વ; નાના દેશથી ઉત્પન્ન થયેલા મોટા વેગવાળા, બળવાન, મનોહર કેશવાળા, વૃત્તાકાર ખરી, દઢ પાદ જેમના છે એવા પાર્વતીય અશ્વ, તેમજ પૂર્વભાગમાં ઉંચા અને પાછળથી નીચા નદીતીરજ અશ્વ તથા ઉત્તમ એવા સૈંધવ અશ્વેકરી તમારા પુત્રના રક્ષણને ઇચ્છતા કૌરવ તરફના શ્રેષ્ઠ યોદ્ધાઓ અર્જુનના રથ પ્રત્યે ચોતરફથી દોડી, હે રાજન્! પુરુષમાં અત્યંત શ્રેષ્ઠ તેમણે મોટા શંખ ગ્રહણ કરી વગાડ્યા. તેના શબ્દેકરી સમુદ્ર સહિત પૃથ્વી તથા આકાશ પૂરાઇ ગયા. તે જ વખતે સર્વ દેવમાં અત્યંત શ્રેષ્ઠ એવા વાસુદેવ તથા અર્જુને પૃથ્વી વિષે સર્વ શંખમાં શ્રેષ્ઠ એવા પોતાના શંખ વગાડ્યા. કુંતિપુત્ર અર્જુને દેવદત્ત નામનો પોતાનો શંખ અને કેશવ ભગવાને પાંચજન્ય નામનો પોતાનો શંખ વગાડ્યો. અર્જુને પ્રેરેલા દેવદત્ત નામના શંખના શબ્દે પૃથ્વી, અંતરિક્ષ તથા દિશાઓને પ્રતિધ્વનિત કરી. તેમજ વાસુદેવે પ્રેરેલા પાંચજન્યના શબ્દે સર્વ શબ્દને અતિક્રમણ કરી દ્યાવાપૃથ્વીને પૂરી દીધી. ભીરૂને ભય ઉત્પન્ન કરનાર તથા શૂરવીરને હર્ષ વધારનાર તે દારૂણ એવો નાદ પ્રવર્ત્તમાન થયો. તેમજ હે રાજેન્દ્ર! ભેરી, ઝરઝર, આનક તથા મૃદંગ નામનાં અનેક યુદ્ધવાદ્ય પણ વાગવા લાગ્યાં. તે શબ્દ ન સહન કરી શકનાર દુર્યોધનના હિતેચ્છુક, ક્રોધાયમાન થયેલા, પરમ ધનુષ ધરનાર, નાના દેશમાંથી આવેલા, પોતાના સૈન્યનું રક્ષણ કરનાર મહારથિ રાજાઓ પણ પોતપોતાના મોટા શંખ વગાડવા લાગ્યા. એ રીતે કેશવ તથા અર્જુનને તેમના કરેલાનો બદલો આપનાર ઉદ્વિગ્ન છે રથ, હસ્તિ તથા અશ્વ જેમાં એવું તમારૂં સૈન્ય અસ્વસ્થની પેઠે ઉભું હતું. આક્ષિપ્ત થયેલા આકાશ સરખું, વજ્ર સરખા શૂરવીરના શંખના શબ્દેકરી શબ્દાયમાન તમારૂં સૈન્ય અત્યંત ઉદ્વિગ્ન થયું હતું. સમગ્રે પ્રલય સમયના સરખો સર્વ દિશાઓને શબ્દાયમાન કરતો તે અત્યંત મોટો શબ્દ, તે સૈન્યને ત્રાસ પમાડનો હતો. તેટલામાં દુર્યોધન તથા તે આઠ મહારથિ રાજાઓએ જયદ્રથની રક્ષા વાસ્તે પાંડુપુત્ર અર્જુનને ચોતરફથી વિંટી લીધો. તેટલામાં અશ્વત્થામાએ તો તેરથી વાસુદેવને, ભલ્લ નામના ત્રણથી અર્જુનને તથા પાંચ બાણથી એના ધ્વજ તથા અશ્વને પણ વિંધ્યા. એ રીતે જનાર્દન ભગવાનને વિંધ્યા તેથી અત્યંત સંક્રુદ્ધ થયેલા અર્જુને છસો બાણેકરી તેને વિંધ્યો. વળી પરાક્રમી તેણે દશેકરી કર્ણને, ત્રણથી વૃષસેનને વિંધી શલ્યની મુષ્ટિમાં રહેલું બાણ સહિત ધનુષ કાપી નાંખ્યું. શલ્યે પણ બીજું ધનુષ ગ્રહણ કરી પાંચ બાણેકરી પાંડુપુત્ર અર્જુનને વિંધ્યો. સુવર્ણના પુંખવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, ત્રણ બાણેકરી ભૂરિશ્રવાએ, બત્રિસથી કર્ણે, સાતે વૃષસેને, તોતેરથી જયદ્રથે, દશે કૃપાચાર્યે, તથા મદ્રરાજાએ પણ દશેકરી અર્જુનને વિંધ્યો. એટલામાં વળી [illegible]

ત્યાગાએ સાઠ બાણુ અર્જુન ઉપર નાંખી, વીસ વાસુદેવ ઉપર નાંખી, વળી પાંચ બાણ અર્જુન ઉપર નાંખ્યાં. શ્રીકૃષ્ણ છે સારથિ જેના એવા પુરૂષમાં સિંહરૂપ શ્વેત અશ્વવાળા અર્જુને અત્યંત હાસ્યકરી હસ્તલાઘવી દેખાડતાં તે સર્વને પાછા વિંધ્યા. તે કેવી રીતે કે બારથી કર્ણને, ત્રણેકરી વૃષસેનને વિંધી શલ્યનું મુષ્ટિદેશમાં રહેલું બાણ સહિત ધનુષ કાપી નાંખ્યું. પછી ત્રણથી સૌમદત્તિને, દશેકરી શલ્યને, તીક્ષ્ણ એવા અગ્નિની શિખા સરખાં આઠ બાણેકરી અશ્વત્થામાને, પચ્ચીસથી ગૌતમને તથા સોથી સિંધુરાજાને વિંધી વળી સીત્તેર બાણેકરી અશ્વત્થામાને વિંધ્યા. અત્યંત ક્રોધાયમાન થયેલા ભૂરિશ્રવાએ હરિ એવા ભગવાનનો ચાબખો કાપી તોત્તેર બાણ અર્જુન ઉપર નાંખ્યાં. તે વખતે ક્રોધ પામેલા અર્જુને તીક્ષ્ણ એવાં સેંકડો બાણેકરી મહાવાયુ જેમ મેઘોને રૂંધે તેમ તે શત્રુઓને રૂંધી લીધા.

> ततःशरशतैस्तीक्ष्णैस्तानरीन् श्वेतवाहनः ।
> प्रत्यषेधद्द्रुतंक्रुद्धोमहावातोघनानिव ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां चतुरधिकशततमोऽध्यायः ॥ १०४ ॥

અધ્યાય ૧૦૫ મો. રથધ્વજ વર્ણન.

> धृतराष्ट्र उवाच—ध्वजान् बहुविधाकारान् भ्राजमानानतिश्रिया ।
> पार्थानां मामकानां च तन्ममाचक्ष्व संजय ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! પાંડવોના તથા મારી તરફનાઓના અતિ શોભાથી શોભિતા વિવિધ પ્રકારના ધ્વજ મને કહે. સંજય કહે છે–તે મહાત્માઓના બહુ પ્રકારના આકારવાળા ધ્વજ, રૂપ, વર્ણ તથા નામથી હું કહું તે સાંભળો. હે રાજેંદ્ર! રથિમાં મુખ્ય એવા તે મહાત્માઓના રથ વિષે રહેલા વિવિધ પ્રકારના ધ્વજ, પ્રજ્વલિત અગ્નિ સરખા દેખાતા હતા. જેમનો શિરોભાગ સુવર્ણનો અને સુવર્ણની માળથી શોભિતા, કાંચન સરખા, મેરૂ પર્વતના શિખરની જેમને ઉપમા અપાય એવા, પરમ શોભાયમાન તથા ચોતરફથી નાના વર્ણની પતાકાઓએ કરી વિંટાયલા, અનેક વર્ણવાળા, વિવિધ પ્રકારના ધ્વજ શોભતા હતા. વાયુએ પ્રેરણા કરેલા ઇન્દ્રાયુધ સરખા મહારથિઓના રથને શોભાવતી પતાકાઓ પણ રંગના મધ્યમાં નૃત્ય કરતી વિલાસિકાઓ સરખી દેખાતી હતી. અર્જુનના ધ્વજ વિષે સિંહ લાંગુલધારી, ઉગ્ર મુખવાળો, ભયંકર વાનરવર સંગ્રામમાં દેખાતો હતો. હે રાજન્! પતાકાઓથી શોભિતો તે તમારા સૈન્યોને ત્રાસ પમાડતો હતો. તેમજ હે ભારત! સિંહના લાંગુલનું છે ચિન્હ જેમાં એવા બાળસૂર્ય સરખી કાંતિવાળા, કાંચનમય, પવને પ્રેરેલા, ઇન્દ્રધ્વજ સરખા, કૌરવોને આનંદ આપનાર અશ્વત્થામાના ઉંચા ધ્વજને અમે જોતા હતા. સુવર્ણમય હસ્તિકક્ષાનું છે ચિન્હ જેમાં એવો કર્ણનો ધ્વજ આકાશને પૂરી દેતો હોય નહિં જાણે એવો સંગ્રામમાં દેખાતો હતો. તેમજ વાયુએ પ્રેરણા કરેલી, સુવર્ણમય માળાથી શોભતી કર્ણની પતાકા રથ સમીપ નૃત્ય કરતી હોય તેવી દેખાતી હતી. પાંડવોના આચાર્ય તપસ્વી

પાંડવો સાધુપણાથી વર્તે છે, માટે તેમની સાથે તમારે કપટપણાથી વર્તવું જોઈએ નહીં. જરા રૂપને, આશા ધૈર્યને, મૃત્યુ પ્રાણને, અદેખાઈ ધર્માચરણને, કામ લજ્જાને, દુષ્ટની સેવા સદ્‌વૃત્તને, ક્રોધ લક્ષ્મીને તથા અભિમાન સર્વ ગુણને હરે છે. તે સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, હે વિદુર! જ્યારે સર્વ વેદ વિષે પુરૂષનું આયુષ સો વર્ષનું કહ્યું છે ત્યારે શા કારણથી તે બધું આયુષ નથી ભોગવતો.

વિદુરે કહ્યું કે, હે નરાધિપ! અભિમાન, અતિવાદ, કોઈને ઝેર દેવું વા ચોરી કરવી ઇત્યાદિ અતિ અપરાધ, ક્રોધ, પોતાનું પેટ ભરવું ને ઇંદ્રિયોનું પોષણ કરવું એટલીજ ઇચ્છા તથા મિત્રનો દ્રોહ કરવો, એ છ મોટા દુર્ગુણરૂપી તીક્ષ્ણ ખડ્‌ગો પ્રાણિયોના આયુષને કાપી તેઓને મારી નાખે છે, કંઈ મૃત્યુ મારતો નથી. તમારૂં કલ્યાણ થાઓ, એટલે કે એ છનો ત્યાગ કરી તમારા પુત્રો શતાયુષ થાઓ. હે ભારત! જેને પોતાનો વિશ્વાસ હોય તેની સ્ત્રી પ્રત્યે ગમન કરનાર, ગુરૂ સ્ત્રી પ્રત્યે ગમન કરનાર, પોતે દ્વિજ થઇને શુદ્ર જાતિની સ્ત્રીને સેવનાર, મદિરાપાન કરનાર, પટલાઈ કરનાર, પારકી જીવિકા તોડનાર, બ્રાહ્મણોની દાસ-પણામાં યોજના કરનાર તથા પોતાને શરણે આવેલાને હણનાર, એ સર્વ બ્રહ્મહત્યારા જાણવા. વાસ્તે તેઓનો સંસર્ગ થાય તોપણ પ્રાયશ્ચિત્ત કરવું, એમ શ્રુતિમાં કહેલું છે. વિદ્યાવાન, નીતિ જાણનાર, દાન દેનાર, પોષણ કરવા યોગ્યને વિભાગ કરી આપ્યા પછી જમનાર, કોઇ પણ પ્રાણિની હિંસા ન કરનાર, અનર્થરૂપ કર્મ ન કરનાર, કરેલા ઉપકારને જાણનાર, સત્યવાદી તથા સરલતાથી ચાલનાર વિદ્વાન પુરૂષ સ્વર્ગે જાય છે. હે રાજન્! હંમેશ પોતાને પ્રિય લાગે એવું ગમતું વચન બોલનારા ઘણા પુરૂષો મળી આવે છે, પણ ઉપરથી કડવું ને અંદરથી હિતરૂપ વચન કહેનારા તથા સાંભળનારા તો કોઇકજ હોય છે. જે પુરૂષ કેવળ ધર્મનોજ આશ્રય કરી, પોતાના સ્વામીને પ્રિય લાગે વા અપ્રિય લાગે, તેનો વિચાર કર્યા વગર, તેને અપ્રિય લાગે એવાં તેના હિતરૂપ વચન કહે છે, તે પુરૂષથી સ્વામી સહાયતાવાન જાણવો. કુળનો બચાવ થતો હોય તો એક પુરૂષનો ત્યાગ કરવો, ગામ વાસ્તે કુળનો ત્યાગ કરવો, સમગ્ર દેશનો બચાવ થતો હોય તો ગામનો પણ ત્યાગ કરવો, તથા પોતાના બચાવ વાસ્તે સમગ્ર પૃથ્વીનો પણ ત્યાગ કરવો. કોઇ વખતે આપદ્ આવશે તો કામ લાગશે, એમ જાણી ધનનું રક્ષણ કરવું. ધન જતું હોય ને સ્ત્રીની રક્ષા થતી હોય તો તે જવા દઇ સ્ત્રીની રક્ષા કરવી, અને ધન તથા સ્ત્રી એ બેઉ જતાં હોય ને પોતાના આત્માની રક્ષા થતી હોય તો તેમ કરવું. શાસ્ત્રોમાં એમ લખેલું છે કે દ્યૂત મનુષ્યોને વૈર કરાવનારૂં છે, માટે હાસ્ય વાસ્તે પણ બુદ્ધિમાન મનુષ્યોએ દ્યૂતનું સેવન કરવું નહીં. હે ધૃતરાષ્ટ્ર! મેં તો તમોને પ્રથમજ દ્યૂત રમવા વખતે કહ્યું હતું કે, "આ દ્યૂત રમવું યોગ્ય નથી," પણ મારૂં વચન તે વખતે તમોને, જેમ નજીક મરણ આવેલા રોગીને સારૂં ઔષધ રૂચે નહી, તેમ રૂચ્યું નહીં. હે નરેંદ્ર! વિચિત્ર પ્રકારના પીંછવાળા પાંડવોરૂપી મયૂરોને, તમારા પુત્રરૂપી કાગડાઓથી તમે પરાજય કરવાને ઇચ્છાછો એ એવું છે કે, સિંહોને મૂકી શિયાળિયાઓને ખોળો છો! વાસ્તે વખત આવ્યે તમે શોક કરશો. હે તાત! પોતાના હિતમાં તત્પર તથા પોતાને ભજનાર સેવકની ઉપર જે સ્વામિ ક્રોધ ન કરે, તે સ્વામિનો સેવક વિશ્વાસ કરે, ને આપત્કાળ વિષે પણ તેનો ત્યાગ ન કરે. રાજાઓએ પોતાના અમાત્ય આદિ સેવકોની વૃત્તિનો રોધ જે રીતે ન થાય તેવી રીતેજ પારકું રાજ્ય વા ધન લેવાની ઇચ્છા કરવી,

બ્રાહ્મણ એવા કૃપાચાર્યનો અત્યંત શોભિતો વૃષના ચિન્હવાળો ધ્વજ હતો. હે રાજન્! શોભિતા વૃષેકરી ત્રિપુરઘ્ન એવા મહાદેવજી શોભે તેમ ગોવૃષેકરી તે મહારથિ બહુ શોભતા હતા. વૃષસેનના ધ્વજવિષે મણિરત્ન જડિત સુવર્ણમય, સેનાના અગ્રભાગને શોભાવતો જાણે બોલતો એવો મયૂર શોભતો હતો. તેથી તે મહાત્માનો રથ શોભિતા મયૂરે કરી જેવો કાર્તિકસ્વામિનો રથ શોભે તેમ શોભતો હતો. મદ્રરાજ એવા શલ્યના ધ્વજ વિષે અગ્નિની શિખા સરખા સુવર્ણમય લાંગુલના ચિન્હને અમે જોતા હતા. હે મારિષ! સિંધુરાજના ધ્વજાગ્ર વિષે સ્ફટિક મણિ સરખી કાંતિવાળો, સુવર્ણની જાળથી શોભિતો વરાહ હતો. તે ધ્વજેકરી જયદ્રથ રાજા પૂર્વે દેવાસુર યુદ્ધમાં જેમ સૂર્ય શોભતા હતા તેમ શોભતો હતો. યજ્ઞશીલ એવા બુદ્ધિમાન સૌમદત્તિના ધ્વજવિષે રહેલો સુવર્ણમય યૂપ, રાજસૂયયજ્ઞમાં ઉંચા ઉભા રહેલા યૂપ સરખો શોભતો હતો. હે મહારાજ! શલ્યના ધ્વજ વિષે મોટું હસ્તિનું ચિન્હ હતું. સુવર્ણેકરી વિચિત્ર પ્રકારનાં જેનાં અંગ છે એવા મયૂર ચિત્રકરી શોભિતો તે ધ્વજ, તમારા સૈન્યને શોભાવતો હતો. જેમ શ્વેત એવો મોટો હસ્તિ ઇન્દ્રની સેના પ્રત્યે શોભે તેમ સુવર્ણથી વિંટાયલો, મણિમય, સેંકડો ઘુઘરીયોથી શબ્દાયમાન, વિચિત્ર પ્રકારનો હસ્તિ રાજા દુર્યોધનના ઉત્તમ રથ વિષે શોભતો હતો. એ નવ તમારી સેનામાં અત્યંત ઉંચા, પ્રલય સમયના અગ્નિ સરખા, પરમ ધ્વજ તમારી સેનાને શોભાવતા હતા. અને દશમો કપિના ચિન્હવાળો મોટો ધ્વજ અર્જુનનો હતો. જેણેકરી અગ્નિથી હિમાચળ શોભે તેવા અર્જુન શોભતા હતા. તેટલામાં શત્રુને તપાવનાર તમારી તરફના મહારથિઓ અર્જુન વાસ્તે જલદી અત્યંત મોટા શુભ્ર એવાં વિચિત્ર પ્રકારનાં ધનુષ ગ્રહણ કરતા હતા. તેમજ હે રાજન્! દિવ્ય છે કર્મ જેનાં એવા શત્રુનો નાશ કરનાર અર્જુને પણ પોતાનું ગાંડીવ ધનુષ ગ્રહણ કર્યું. હે રાજન્! તમારા ખરાબ વિચારથી અને તમારા અપરાધથી નાના પ્રકારની દિશાઓમાંથી બોલાવેલા અશ્વ, રથ તથા હસ્તિ સહિત ગર્જના કરતા રાજાઓનો પરસ્પર અભિઘાત થયો. તેમજ દુર્યોધનાદિક તથા પાંડવોમાં શ્રેષ્ઠનો પરસ્પર સંપ્રહાર થતો હતો. જેમાં કૃષ્ણ છે સારથિ જેના એવા કુંતિપુત્ર અર્જુને પરમ અદ્ભુત કર્મ કર્યું. જે એકલા પોતે ભય રહિતની પેઠે ઘણાક સામે ગયા. વળી ગાંડીવ ધનુષને હલાવતા, જયદ્રથને મારવા ઇચ્છતા, પુરૂષમાં સિંહરૂપ, શત્રુને તપાવનાર, મહાબાહુ અર્જુને હજારો બાણેકરી તમારી તરફના યોદ્ધાઓને અદૃશ્ય કર્યા. પુરૂષમાં શ્રેષ્ઠ મહારથિ એવા તે સર્વેએ પણ બાણના ઓઘેકરી અર્જુનને અદૃશ્ય કર્યા. પુરૂષમાં સિંહરૂપ એવા તેમણે કૌરવોમાં શ્રેષ્ઠ અર્જુનને ઘેરી લીધો. તે વખતે સૈન્યમાં મોટો શબ્દ થતો હતો.

> संवृत्ते नरसिंहैस्तु कुरूणामृषभेऽर्जुने ।
> महानासीत्समुद्भुतस्य सैन्यस्य निःस्वनः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि ध्वजवर्णने गुर्जरभाषायां पंचाधिकशततमोऽध्यायः ॥ १०५ ॥

અધ્યાય ૧૦૬ ઠ્ઠો. યુધિષ્ઠિર પલાયન.

धृतराष्ट्र उवाच—अर्जुने सैंधवं प्राप्ते भारद्वाजेन संवृताः ।
पंचालाः कुरुभिः सार्धं किमकुर्वत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! સિંધુરાજા સમીપ અર્જુન પ્રાપ્ત થયો ત્યારે દ્રોણુાચાર્યથી વિંટાયેલા પાંચાલોએ કૌરવો સાથે શું કર્યું તે મને કહે? સંજય કહે છે—હે મહારાજ! અપરાન્હ વખતે રૂંવાં ઉભાં કરનાર, તે સંગ્રામમાં પંચાલ તથા કૌરવોને દ્રોણદ્યૂત પ્રવર્ત્તમાન થયું, જેમાં હે મારિષ ! દ્રોણુને મારવા ઇચ્છતા અત્યંત પ્રસન્ન ચિત્તવાળા પાંચાલ ગર્જના કરતા બાણુનો વરસાદ કરવા લાગ્યા. તે વખતે પંચાલ તથા કૌરવોનો, દેવાસુર સંગ્રામની જેને ઉપમા અપાય એવો અત્યંત ભયંકર આશ્ચર્યરૂપ સંગ્રામ પ્રવર્ત્તમાન થયો. વળી તે મોટા સંગ્રામમાં પાંડવ સહિત સર્વ પાંચાલ દ્રોણુના રથને પ્રાપ્ત થઇ તેના સૈન્યને ભેદવાની ઇચ્છાથી મોટા અસ્ત્રનો પ્રકાશ કરતા હતા. એ રીતે રથમાં બેઠેલા રથિઓ મધ્યમ વેગનો આશ્રય કરી પૃથ્વીને કંપાવતા દ્રોણુના રથ પર્યંત ઉભેલા હતા. તેટલામાં કેકયોમાં મહારથિ બૃહતક્ષત્ર વજ્ર સરખાં તીક્ષ્ણુ બાણુ ફેંકતો દ્રોણુાચાર્ય સામે આવ્યો. ત્યારે મોટા યશવાળો ક્ષેમધૂર્તિ સેંકડો તથા હજારો તીક્ષ્ણુ બાણુ નાંખતો જલદી તેની સામે આવ્યો. ચેદિમાં અતિ શ્રેષ્ઠ બળે પ્રેરણા કરેલો ધૃષ્ટકેતુ મહેંદ્ર જેમ જલદી શંબરાસુર સામે દોડે તેમ દ્રોણુ સામે દોડયો. મોઢું ફાડેલા કાળ સરખા આવતા તેને જોઇ મોટા ધનુષવાળો વીરધન્વા જલદી તેની સામે દોડયો. જીતવા ઇચ્છતા સૈન્ય સહિત ઉભેલા મહારાજ યુધિષ્ઠિરને પરાક્રમી દ્રોણુાચાર્યે વારી રાખ્યા. હે પ્રભો! યુદ્ધમાં કુશળ આવતા પરાક્રમી નકુળને વિકર્ણ નામે તમારો પુત્ર સામે આવ્યો. તેમજ આવતા સહદેવને, શત્રુને આકર્ષણુ કરનાર તમારા પુત્ર દુર્મુખે હજારો બાણુથી વારી રાખ્યો. પુરૂષમાં સિંહરૂપ આવતા સાત્યકિને અત્યંત તીક્ષ્ણુ એવાં બાણેકરી વારંવાર કંપાવતા વ્યાઘ્રદત્તે વારી રાખ્યો. ઉત્તમ બાણુ નાંખતા, પુરૂષમાં સિંહરૂપ, અત્યંત ક્રોધાયમાન થયેલા, રથિમાં શ્રેષ્ઠ દ્રૌપદી પુત્રોને શલ્યે વારી રાખ્યા. ક્રોધાયમાન થયેલા આવતા ભીમસેનેને ભયંકર એવા મહારથિ ઋષ્યશૃંગના પુત્રે વારી રાખ્યો. હે નૃપ ! તે સમયે પૂર્વે રામ તથા રાવણુનું જેવું યુદ્ધ થયું હતું તેવું નર તથા રાક્ષસ એવા તે બેઉનું યુદ્ધ થયું. હે ભારત ! તેટલામાં ભરતકુળમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરે નત છે પર્વ જેમનાં એવાં નેવું બાણેકરી સર્વ મર્મસ્થાનમાં દ્રોણુને વિંધ્યા. એ રીતે તેણે કોપાવેલા દ્રોણે પચ્ચીસ બાણેકરી એના સ્તનનો મધ્યભાગ વિંધી વળી બીજાં વીશ બાણુ, સર્વ ધનુષ ધરનાર જોતાં એના અશ્વ, ધ્વજ તથા સારથિ ઉપર નાંખ્યાં. દ્રોણુના મૂકેલાં તે બાણુને ધર્માત્મા એવા પાંડુપુત્ર યુધિષ્ઠિરે હસ્તલાઘવી દેખાડતાં બાણુના વરસાદથી વારી રાખ્યા. તેથી અત્યંત ક્રોધાયમાન થયેલા ધનુષ ધરનાર દ્રોણુાચાર્યે સંગ્રામના મધ્યમાં મહાત્મા ધર્મરાજનું ધનુષ કાપી નાંખ્યું. પછી કપાઇ ગયેલા ધનુષવાળા તેમને ઉતાવળા થયેલા મહારથિ દ્રોણે હજારો બાણેકરી ચોતરફથી ઢાંકી દીધા. એ રીતે દ્રોણુના બાણેકરી અદશ્ય થયેલા રાજાને જોઇ સર્વ પ્રાણિયો યુધિષ્ઠિર રાજા હણાયા એમ માનવા લાગ્યા.

હે રાજેંદ્ર ! કેટલાક વિમુખ થયેલા એમને જોઇનેજ મહાત્મા બ્રાહ્મણે રાજાને હણ્યો એમ માનતા હતા. તે વખતે પરમ કષ્ટને પ્રાપ્ત થયેલા ધર્મરાજ યુધિષ્ઠિરે દ્રોણે કાપેલા ધનુષનો ત્યાગ કરી અત્યંત વેગવાન તથા પ્રકાશમાન એવું બીજું દિવ્ય ધનુષ ગ્રહણુ કરી તેનાં નાંખેલા હજારો બાણુને કાપી નાંખ્યાં. તે આશ્ચર્ય સરખું થયું. હે રાજન્ ! તે બાણુને કાપી, ક્રોધથી અત્યંત લાલ છે નેત્ર જેનાં એવા બળવાન યુધિષ્ઠર રાજાએ સુવર્ણના દાંડાવાળી મહા ભયંકર, આઠ છે ઘંટા જેમાં એવી તથા પર્વતને પણુ વિદારણુ કરનારી શક્તિ ગ્રહણુ કરી તેને દ્રોણુ ઉપર ફેંકી, સર્વ ભૂતને જાણે ત્રાસ પમાડતા હોય નહિ તેવી પેઠે

મોટો શબ્દ કર્યો. સંગ્રામમાં ધર્મરાજાએ નાંખેલી તે શક્તિને જોઇ સર્વ પ્રાણિઓ 'દ્રોણનું કલ્યાણ થજો' એમ કહેવા લાગ્યા. રાજાના હાથથી મૂકાયલી, છૂટા મૂકેલા સર્પ સરખી, આકાશ, દિશા તથા વિદિશાઓને પ્રજ્વલિત કરતી, પ્રદિપ્ત મુખવાળી સર્પિણી સરખી તે દ્રોણ ઉપર આવી. હે વિશાંપતે! પોતાની પાસે આવતી તેને જોઇ, તે જ વખતે અસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે તેની સામે બ્રહ્માસ્ત્ર પ્રગટ કર્યું. તે અસ્ત્ર, ભયંકર છે દર્શન જેનું એવી તે શક્તિને બાળી યશસ્વી એવા યુધિષ્ઠિરના રથ પ્રત્યે જલદી ગયું. હે મારિષ! મહા-પ્રાજ્ઞ એવા યુધિષ્ઠિર રાજાએ પણ આવતા દ્રોણના અસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર નાંખી શમાવી દીધું. વળી સંગ્રામના મધ્યમાં નતપર્વ એવાં પાંચ બાણેકરી દ્રોણને વિંધી અત્યંત તીક્ષ્ણ એવા ક્ષુરપ્ર નામના બાણેકરી એનું મોટું ધનુષ પણ કાપી નાંખ્યું. હે મારિષ! કપાઇ ગયેલા તે ધનુષનો ત્યાગ કરી ક્ષત્રિયને મર્દન કરનાર એવા દ્રોણાચાર્યે ધર્મપુત્ર યુધિષ્ઠિર ઉપર તત્કાળ ગદા નાંખી. આવતી તે ગદાને જોઇ ક્રોધાયમાન એવા યુધિષ્ઠિરે પણ ગદા ગ્રહણ કરી તેની સામે નાંખી. આકાશમાં તે ગદા પરસ્પર પ્રાપ્ત થઇ અન્યોન્ય ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન કરી બેઉ પૃથ્વીતલ વિષે પડી. હે મારિષ! તેથી અત્યંત ક્રોધાયમાન થયેલા દ્રોણા-ચાર્યે તીક્ષ્ણ એવાં ચાર બાણેકરી ધર્મરાજના ચાર ઘોડાઓને હણી, ભલ્લ નામના એક બાણથી એમનું ધનુષ તથા બીજા એક બાણેકરી ઇન્દ્રધ્વજ સરખા ધ્વજને પણ કાપી, ત્રણ બાણેકરી પાંડુપુત્ર યુધિષ્ઠિરને વિંધ્યા. હણાએલા અશ્વવાળા રથમાંથી નીચે ઉતરી આયુધ રહિત ઊંચા છે હાથ જેના એવા યુધિષ્ઠિર રાજા ઉભા રહ્યા. હે ભરતર્ષભ! હે વિભો! વિરથ તથા આયુધ રહિત તેમને જોઇ બીજા શત્રુઓ તથા સર્વ સૈન્યને મોહ પમાડતા, દૃઢ વ્રતવાળા, હસ્તલાઘવીથી તીક્ષ્ણ બાણ મૂકતા દ્રોણાચાર્ય, સિંહ જેમ મૃગ સામે દોડે તેમ યુધિષ્ઠિર રાજા સામે દોડયા. હે મારિષ! એ રીતે શત્રુને હણનાર દ્રોણાચાર્ય તેમની સામે દોડયા તે જોઇ તે જ વખતે પાંડવના સૈન્યમાં હાહાકાર શબ્દ સાથે દ્રોણાચાર્યે 'રાજાને હણ્યો રાજાને હણ્યો' એ રીતે અત્યંત મોટો શબ્દ થવા લાગ્યો. એટલામાં તો કુંતિપુત્ર યુધિ-ષ્ઠિર રાજા જલદી સહદેવના રથમાં આરોહણ કરી વેગવાન અશ્વેકરી દૂર જતા રહ્યા.

ततस्त्वरितमारुह्य सहदेवरथं नृपः
अपायाज्जवनैरश्वैः कुंतीपुत्रो युधिष्ठिरः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि युधिष्ठिरापयाने गुर्जर-भाषायां षडधिकशततमोऽध्यायः ॥ १०६ ॥

અધ્યાય ૧૦૭ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच—बृहत्क्षत्रमथायांतं कैकेयं दृढविक्रमं ।
क्षेमधूर्तिर्महाराज विव्याधोरसि मार्गणैः ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મહારાજ! આવતા કૈકેય એવા દૃઢ પરાક્રમવાળા બૃહત્ક્ષ-ત્રને ક્ષેમધૂર્તિએ બાણેકરી વક્ષઃસ્થળમાં વિંધ્યો. હે રાજન્! બૃહત્ક્ષત્ર રાજાએ પણ ક્ષેમધૂર્તિના

સૈન્યને ભેદવાની ઇચ્છાથી નેવું બાણેકરી તે ક્ષેમધૂર્તિને જલદી વિંધ્યો. અત્યંત ક્રોધાયમાન થયેલા ક્ષેમધૂર્તિએ પણ પાયેલા, તીક્ષ્ણ એવા ભલ્લ બાણુથી મહાત્મા કૈકય એવા બૃહત્ક્ષત્રનું ધનુષ પણ કાપી, કપાઇ ગયેલા ધનુષવાળા સર્વ ધનુષ ધરનારમાં અત્યંત શ્રેષ્ઠ એવા એને પણ જલદી નતપર્વ એવા બાણેકરી વિંધ્યો. બૃહત્ક્ષત્રે પણ બીજું ધનુષ ગ્રહણ કરી હસતો હોય નહીં તેની પેઠે મહારથિ ક્ષેમધૂર્તિને અશ્વ, સારથિ તથા રથ રહિત કરી પાયેલા તીક્ષ્ણ એવા બીજા ભલ્લ બાણેકરી ક્ષેમધૂર્ત્તિ રાજાનું પ્રજ્વલિત કુંડલ સહિત મસ્તક કાયા ઉપરથી કાપી નાખ્યું. કુંચિત છે કેશ જેમાં એવું કપાઇ ગયેલું મુકુટ સહિત તે મસ્તક પૃથ્વીને પ્રાપ્ત થઇ આકાશમાંથી પડેલા તારા સરખું શોભતું હતુ. સંગ્રામમાં તેને મારી પ્રસન્ન થયેલા મહારથિ બૃહત્ક્ષત્ર, યુધિષ્ઠિર વાસ્તે તત્કાળ તમારા સૈન્ય સામે આવ્યો.

હે ભારત ! આવતા ધૃષ્ટકેતુને પરાક્રમી મોટા ધનુષવાળા વીરધન્વાએ વારી રાખ્યો. બાણુરૂપી દાઢવાળા વેગવાન તે બેઉ પરસ્પર પ્રાપ્ત થઇ હજારો બાણેકરી એક બીજાને મારતા હતા. પુરૂષમાં સિંહરૂપ તે બેઉ મોટા વનમાં તીવ્ર મદવાળા યૂથના પતિ બે હસ્તિ પરસ્પર યુદ્ધ કરે તથા પર્વતની ગુહાને પ્રાપ્ત થઇ ક્રોધાયમાન થયેલા બે સિંહ જેમ યુદ્ધ કરે તેમ મહા પરાક્રમી તે બેઉ પરસ્પર મારવાની ઇચ્છાથી યુદ્ધ કરતા હતા. હે વિશાંપતે ! સિદ્ધ, ચારણના સંઘને આશ્ચર્યકારક અદ્ભુત છે દેખાવ જેનો એવું જોવા લાયક ભયંકર તે યુદ્ધ થયું હતું. વળી જે યુદ્ધમાં કોપાયમાન થયેલા વીરધન્વાએ હસતો હોય નહિ તેની પેઠે ભલ્લ નામના બાણેકરી ધૃષ્ટકેતુના ધનુષના બે કકડા કરી નાખ્યા. કપાઇ ગયેલા તે ધનુષનો ત્યાગ કરી મહારથિ ચેદિરાજ ધૃષ્ટકેતુએ સુવર્ણના દાંડાવાળી લોહમયી, મોટી શક્તિ ગ્રહણ કરી બે હાથે પકડી સાવધાનપણાથી વીરધન્વાના રથ પ્રત્યે નાંખી. શૂરવીરને હણનાર એવી તે શક્તિ-એકરી અત્યંત હણાયો, તેથી ભેદાયુ છે હૃદય જેનું એવો તે તત્કાળ રથ ઉપરથી પૃથ્વી ઉપર પડયો. હે વિભો ! ત્રૈગર્તોમાં મહારથિ શૂરવીર વીરધન્વા હણાયો તેને જોઇ તમારૂં સૈન્ય પાંડવ તરફના યોદ્ધાઓથી ભય પામી ચોતરફ ભાગવા લાગ્યુ. તેટલામાં દુર્મુખ નામના તમારા પુત્રે પાંડુપુત્ર સહદેવને તિરસ્કાર કરતાં તેની ઉપર સાઠ બાણુ નાંખી મોટો સિંહનાદ કર્યો. ક્રોધાયમાન થયેલા માદ્રિપુત્ર સહદેવ પણ સામે આવતા પિતરાઇભાઈ દુર્મુખને હસતો હોય નહિ તેની પેઠે તીક્ષ્ણ બાણેકરી વિંધ્યો. હે ભારત ! દુર્મુખે પણ સંગ્રામ વિષે વેગ-વાન એવા મહા બળવાળા સહદેવને જલ્દી નવ બાણેકરી તેને વિંધ્યો. મહા બળવાન એવા સહદેવે પણ ભલ્લ નામના બાણથી દુર્મુખના ધ્વજને કાપી તીક્ષ્ણ એવાં ચાર બાણેકરી એનાં ચાર અશ્વને હણ્યા. વળી પાયેલા, તીક્ષ્ણ એવા ભલ્લ બાણેકરી પ્રજ્વલિત કુંડ-ળવાળા એના સારથિનું મસ્તક કાપી તીક્ષ્ણ એવા ક્ષુરપ્ર નામના બાણુથી તે કૌરવ્યનું મોટું ધનુષ કાપી પાંચ બાણેકરી તેને પણ વિંધ્યો. તે વખતે હણાયેલ અશ્વવાળા રથનો ત્યાગ કરી ખેદયુક્ત મનવાળો દુર્મુખ નિરમિત્રના રથમાં ચઢી બેઠો. તેથી ક્રોધાયમાન થયેલા પારકા શૂરવીરને હણનાર સહદેવે તે મોટા સંગ્રામમાં સેનાના મધ્યવિષે ભલ્લ નામના બાણેકરી તે નિરમિત્રને પણ હણ્યો. એ રીતે સહદેવના પ્રહારથી હણાયેલો ત્રિગર્તરાજનો પુત્ર તે નિરમિત્ર રાજા તમારી સેનાને વ્યથા કરતો રથમાં બેસવાના સ્થાનક ઉપરથી રણભૂ-મિમાં પડયો; તેને મારી મહાબાહુ સહદેવ મહા બળવાન ખર રાક્ષસને મારી, જેવા દશરથ પુત્ર રામચંદ્ર શોભે તેમ શોભતો હતો. હે જનેશ્વર ! એ રીતે હણાએલા મહારથિ એવા રાજ-

પુત્ર નિરમિત્રને જોઇ ત્રિગર્તોના મધ્યમાં મોટો હાહાકાર થવા લાગ્યો. હે રાજન્ ! નકુળે વિશાળ લોચનવાળા તમારા પુત્ર વિકર્ણને મુહૂર્ત માત્રમાં જીતી લીધો. એ તે વખતે મોટું આશ્ચર્ય સરખું થયું. સેનાના મધ્યમાં વ્યાઘ્રદત્તે સન્નત છે પર્વ જેનાં એવાં બાણેકરી અશ્વ, સારથિ તથા ધ્વજ સહિત સાત્યકિને અદશ્ય કર્યો. શિનિકુળમાં ઉત્પન્ન થયેલા શૂરવીર સાત્યકિએ બાણ બાણ નાખવાની ચાતુરીથી સામે આવતા તેના બાણને વારી રાખી બાણેકરી અશ્વ, સારથિ તથા ધ્વજ સહિત વ્યાઘ્રદત્તને રણભૂમિમાં પાડયો. હે પ્રભો ! એ રીતે માગધપુત્ર હણાયો તેને જોઇ સાવધાન થયેલા માગધો હજારો બાણ, તોમર, ભિંદિપાળ, પ્રાસ, મુદગર, તથા મુશળોને નાંખતા ચોતરફથી સાત્યકિ સામે દોડી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. પછી યુદ્ધમાં દુર્મદ, બળવાન, પુરૂષમાં શ્રેષ્ઠ સાત્યકિએ હસતો હોય નહિ તેની પેઠે કષ્ટ વગર તે સર્વને જીતી લીધા. તે વખતે હણાતાં બાકી રહેલા ચોતરફ ભાગતા માગધોને જોઇ સાત્યકિના બાણથી પીડાયલું તમારૂં સૈન્ય ભાગવા લાગ્યું. એ રીતે શ્રેષ્ઠ ધનુષ હલાવતો મધુકુળમાં શ્રેષ્ઠ, મોટા યશવાળો સાત્યકિ સંગ્રામ વિષે તમારા સૈન્યને નસાડી પોતે શોભતો હતો. એવી રીતે મહાબાહુ એવા મહાત્મા સાત્યકિએ ભંગાણમાં પાડેલું અને ત્રાસ પમાડેલું તમારૂં સૈન્ય પાછું યુદ્ધ વાસ્તે સામે ધસતું ન હતું. તેથી અત્યંત કોપાયમાન થયેલા દ્રોણાચાર્ય, તત્કાળ નેત્ર ફાડી સત્ય છે કર્મ જેનુ એવા સાત્યકિ સામે દોડયા.

ततो द्रोणो भृशं क्रुद्धः सहसोद्वृत्य चक्षुषी ।
सात्यकिं सत्यकर्माणं स्वयमेवाभिदुद्रुवे ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां सप्ताधिकशततमोऽध्यायः ॥ १०७ ॥

અધ્યાય ૧૦૮ મો. અલંબુષનો પરાજય.

संजय उवाच—द्रौपदेयान् महेष्वासान् सौमदत्तिर्महायशाः ।
एकैकं पंचभिर्विद्ध्वा पुनर्विव्याधसप्तभिः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! મોટા ધનુષવાળા દ્રૌપદીના પુત્રોને મોટા યશવાળા સૌમદત્તિએ એક એકને પાંચ બાણથી વિંધી વળી સાતેકરી વિંધ્યા. હે વિભો ! એ રીતે ભયંકર એવા તેણે અત્યંત પીડેલા મૂઢ એવા તે સંગ્રામમાં શું કરવું તે જાણતા ન હતા. તેટલામાં શત્રુને આકર્ષણ કરનાર એક નકુળપુત્ર શતાનિકે પુરૂષમાં શ્રેષ્ઠ સૌમદત્તિને બે બાણથી વિંધી પ્રસન્નતાથી મોટો સિંહનાદ કર્યો. તેટલામાં તો સાવધાન થયેલા બીજા ચારે પણ સંગ્રામ વિષે ત્રણ ત્રણ બાણેકરી ક્રોધી એવા સૌમદત્તિને જલદી વિંધ્યો. હે મહારાજ ! મોટા યશવાળા તેણે પણ તે પ્રત્યે પાંચ બાણ નાંખી, એક એકને એક એક કરી હૃદયમાં વિંધ્યા. એ રીતે તે મહાત્માએ પાંચ બાણેકરી વિંધેલા તે પાંચ ભાઇઓ શૂરવીર એવા તેને સંગ્રામમાં ઘેરી બાણેકરી અત્યંત વિંધવા લાગ્યા. તેમાં ક્રોધ પામેલા અર્જુનપુત્રે તો તીક્ષ્ણ એવાં ચાર બાણેકરી તેના ચાર ઘોડાઓને યમલોક પ્રત્યે મોકલી દીધા અને ભીમસેનપુત્રે

મહાત્મા સૌમદત્તિનું ધનુષ કાપી મોટો સિંહનાદ કરી તીક્ષ્ણ બાણેકરી તેને વિંધ્યો. યુધિષ્ઠિરપુત્રે તેનો ધ્વજ કાપી પૃથ્વી વિષે પાડી નાંખ્યો. નકુળપુત્રે રથ ઉપરથી સારથિને પાડ્યો. હે રાજન્! સહદેવપુત્રે તો ભાઈઓએ વિમુખ કરેલો તેને જાણી ક્ષુરપ્ર નામના બાણેકરી તે મહાત્માનું મસ્તક કાપી નાંખ્યું. સુવર્ણથી શોભિતું બાળસૂર્ય સરખી કાન્તિવાળું મસ્તક તેઓના રણપ્રદેશને શોભાવતું ત્યાં પૃથ્વી પર પડયું. હે રાજન્! મહાત્મા સૌમદત્તિના હણાયેલા તે મસ્તકને જોઈ ત્રાસ પામેલા તમારી તરફના અનેક તરેહથી ભાગવા લાગ્યા. અત્યંત ક્રોધાયમાન થયેલો તે અલંબુષ રાક્ષસ તો રાવણપુત્ર જેમ લક્ષ્મણ સાથે યુદ્ધ કરે તેમ બળવાન ભીમસેન સાથે યુદ્ધ કરતો હતો. યુદ્ધ કરતા મનુષ્ય તથા રાક્ષસ એવા તે બેઉને જોઈ સર્વ પ્રાણિયોને વિસ્મય સાથે અત્યંત હર્ષ થતો હતો. હે રાજન્! ભીમસેને હાસ્ય કરી ઋષ્યશૃંગ પુત્ર રાક્ષસેંદ્ર, ક્રોધી અલંબુષને તીક્ષ્ણ એવાં નવ બાણેકરી વિંધ્યો. એ રીતે સંગ્રામમાં વિંધાયલો તે રાક્ષસ ભયંકર શબ્દ કરી ભીમસેન સામે દોડયો. તેમજ તેની પાછળ ચાલનારાઓ પણ દોડયા. પછી તેણે સનત છે પર્વ જેનાં એવાં પાંચ બાણેકરી ભીમસેનને વિંધી તેની પાછળ ચાલનારા ત્રણસો રથને સંગ્રામમાં હણ્યા. વળી ચારસો બીજા રથને હણી એક બાણેકરી ભીમસેનને વિંધ્યો. એ રીતે રાક્ષસે વિંધેલા મહા બળવાન ભીમસેન મૂર્ચ્છિત થઈ રથમાં પડી ગયા. પછી સંજ્ઞા પામી ક્રોધથી મૂર્ચ્છિત થયેલા વાયુપુત્ર તેણે ભાર સહન કરે એવું ઉત્તમ મોટું ધનુષ ખેંચી તીક્ષ્ણ બાણેકરી ચોતરફથી અલંબુષને પીડિત કર્યો.

હે રાજન્! એવી રીતે ચોતરફથી ઘણાંક બાણે વિંધાયલો નીલ અંજનના પર્વત સરખો તે, પ્રફુલ્લિત થયેલું ખાખરાનું વૃક્ષ જેમ શોભે તેમ શોભતો હતો. એવી રીતે મહાત્મા પાંડવના ધનુષમાંથી નીકળેલા બાણેકરી અત્યંત વિંધાયલો તે, તેણે કરેલા ભાઈના વધને સ્મરણ કરી ભયંકર રૂપવાન થઈ ભીમસેનને આવી રીતે કહેવા લાગ્યો કે હે પાર્થ! આજ સંગ્રામમાં ઉભો રહે; અને મારા પરાક્રમને જો. હે અત્યંત દુર્બુદ્ધિવાળા! રાક્ષસમાં શ્રેષ્ઠ, બળવાન એવા, મારા ભાઈ બકાસુરને તેં મારી ગેરહાજરીમાં હણ્યો છે તેનાં ફળને તું આજ પ્રાપ્ત થા. એમ કહી તે અંતર્ધ્યાન થઈ ભીમસેન ઉપર બાણનો મોટો વરસાદ કરવા લાગ્યો. હે રાજન્! ભીમસેને પણ સંગ્રામમાં તે રાક્ષસ અદૃશ્ય થયો તે વખતે સનત છે પર્વ જેનાં એવા બાણેકરી આકાશને પૂરી દીધું. એ રીતે ભીમે મારવા માંડેલો તે, નિમિષ માત્રમાં રથમાં બેસી ધરણી પ્રત્યે આવતો હતો; અને ક્ષણમાત્રમાં આકાશમાં જતો રહેતો હતો. વળી નાના પ્રકારનાં અનેક રૂપ ધારણ કરતો તે મેઘની પેઠે નાના પ્રકારના શબ્દ કરતો હતો. તેમજ ચોતરફથી નાના પ્રકારની વાણી પણ ઉચ્ચારણ કરતો હતો. આકાશમાંથી હજારો બાણની ધારાઓ, શક્તિઓ, કુણપ, પ્રાસ, શૂળ, પટ્ટા, તોમર, શતઘ્નિઓ, પરિઘ, ગોફણ, ફરશિઓ, શિલા, ખડ્ગ, ગોળા, ઋષ્ટિઓ, તથા વજ્ર નાખતો હતો. રાક્ષસે કરેલી અતિ દારૂણ એવી એ શસ્ત્રોની વૃષ્ટિ પાંડુપુત્રના સૈનિકોને હણતી હતી. એવી રીતે તે રાક્ષસે શસ્ત્રની વૃષ્ટિએકરી નાશ પમાડેલા હસ્તિઓ, અશ્વ, ઘણાંક પાયદળ તથા રથ ઉપરથી રથિઓ સંગ્રામમાં પડતાં હતાં. એ રીતે અલંબુષ રાક્ષસે રૂધિરરૂપી જળવાળી. રથરૂપી છે આવર્ત જેમાં, હસ્તિરૂપી ગ્રાહેકરી સંકુલ, છત્રરૂપી હંસથી શોભિતી, માંસરૂપી ગારાવાળી, બાહુરૂપી સર્પથી સંકુલ, રક્ષોગણેકરી વ્યાપ્ત, બહુધા કરી ચેદિ, પાંચાલ તથા સૃંજયને વહન કરનારી નદી પ્રવર્તમાન કરી. હે રાજન્! એ રીતે નિર્ભયની પેઠે સંગ્રામમાં વિચરતા તેના પરાક્રમને ઉદ્વિગ્ન થયેલા પાંડવ

જોતા હતા. તે વખતે તમારા સૈન્યમાં મોટા હર્ષ સાથે કૂવા ઉભાં કરનાર એવો ઉગ્ર, અત્યંત મોટો વાદિત્રનો શબ્દ થતો હતો. ભયંકર એવા તમારા સૈન્યના તે શબ્દને સાંભળી તાળીના શબ્દને જેમ નાગ સહન કરી ન શકે તેમ ભીમસેન સહન કરી શક્યો નહીં. અત્યંત ક્રોધેકરી લાલ નેત્રવાળા, બળતા અગ્નિ સરખા વાયુપુત્ર ભીમસેને સાક્ષાત ત્વષ્ટાની પેઠે ત્વષ્ટ્રનું અસ્ત્ર સાંધ્યું, તેથી ચોતરફ હજારો બાણ ઉત્પન્ન થયાં. તેણેકરી તમારા સૈન્યનો મોટો નાશ થવા લાગ્યો અને ભીમસેનનું મૂકેલું અસ્ત્ર તે રાક્ષસી માયાને હણી રાક્ષસને પણ પીડવા લાગ્યું. એ રીતે ભીમસેને મારવા માંડેલો તે રાક્ષસ સંગ્રામમાં ભીમસેનને મૂકી દ્રોણ સૈન્ય પ્રત્યે જતો રહ્યો. હે રાજન્! એવી રીતે મહાત્મા ભીમસેને રાક્ષસેંદ્ર એવા અલંબુષને જીત્યો, ત્યારે પાંડવ ચોતરફથી સિંહનાદ કરવા લાગ્યા. પ્રસન્ન થયેલા તે સંગ્રામમાં પ્રલ્હાદને જીતેલા દેવરાજ ઇન્દ્રને, જેમ મરૂદ્ગણ વખાણે તેમ મહા બળવાન, ભીમસેનનાં વખાણ કરવા લાગ્યા.

अपूजयन्मारुतिं च संहृष्टास्ते महाबलं ।
प्रल्हादं समरे जित्वा यथाशक्रंमरुद्गणाः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वण्यलंबुषपराजये गुर्जरभाषायामष्टाधिकशततमोऽध्यायः ॥ १०८ ॥

અધ્યાય ૧૦૯ મો. અલંબુષનો વધ.

संजय उवाच—अलंबुषं तथा युद्धे विचरंतमभीतवत् ।
हैडिंबिः प्रययौ तूर्णं विव्याधनिशितैः शरैः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે યુદ્ધમાં નિર્ભયની પેઠે વિચરતા અલંબુષ પ્રત્યે હિડિંબાપુત્ર ઘટોત્કચે સામે જઇ તીક્ષ્ણ બાણેકરી જલદી તેને વિંધ્યો. તે વખતે રાક્ષસમાં સિંહરૂપ અને વિવિધ પ્રકારની માયા કરતા તે બેઉનું ઇન્દ્ર તથા શંબરાસુરના જેવું તથા પૂર્વે થયેલા રામરાવણના સરખું મહા ભયંકર યુદ્ધ થયું. જેમાં અત્યંત ક્રોધ પામેલા અલંબુષે ઘટોત્કચને વિંધ્યો. તેમજ ઘટોત્કચ પણ વીસ બાણેકરી અલંબુષને સ્તનના મધ્ય ભાગમાં વિંધી વારંવાર સિંહનાદ કરવા લાગ્યો. હે રાજન્! વળી અલંબુષે પણ યુદ્ધમાં દુર્મદ એવા હિડિંબાપુત્રને વારંવાર વિંધી પ્રસન્ન થઇ આકાશ પુરાઈ જાય તે રીતે શબ્દ કરવા લાગ્યો. પછી અત્યંત ક્રોધાયમાન થયેલા, મહા બળવાન, રાક્ષસમાં શ્રેષ્ઠ, સેંકડો માયાને સજતા પરસ્પર મોહ કરતા, માયાયુદ્ધમાં કુશળ, તે બેઉ માયાવડે પરસ્પર માયાયુદ્ધ કરતા હતા. હે નૃપ! યુદ્ધમાં જે જે માયા ઘટોત્કચ દેખાડતો હતો તે તે માયાને અલંબુષ માયાએ કરીનેજ હણતો હતો. તે રીતે યુદ્ધ કરતા માયાયુદ્ધમાં ચતુર અલંબુષ રાક્ષસને જોઇ અત્યંત ઉદ્વિગ્ન થયેલા તથા ક્રોધ પામેલા ભીમસેનાદિક પાંડવ રથેકરી ચોતરફથી તેની સામે દોડ્યા. પછી હે મારિષ! તેઓ એને રથ સમુદાયથી કોષ્ટ મધ્યગત કરી હસ્તિ ઉપર જેમ ઉંબાડિયાં નાંખે તેમ તેની ઉપર ચોતરફથી બાણ નાંખવા લાગ્યા. અલંબુષ પણ અસ્ત્રમાયાએ કરી તેમના તે અસ્ત્ર વેગને હણી, હસ્તિ જેમ વનદાહથી મુક્ત થાય તેમ તે રથ સમુદાયથી મુક્ત થયો. પછી તેણે

ઇન્દ્રના વજ્ર સરખો જેનો શબ્દ છે એવું ભયંકર ધનુષ ખેંચી પચ્ચીસે કરી ભીમસેનને, પાંચથી તેના પુત્રને, ત્રણેકરી યુધિષ્ઠિરને, સાતથી સહદેવને, તોતેરથી નકુળને, તથા પાંચ પાંચ બાણેકરી દ્રૌપદીના પાંચ પુત્રોને વિંધી ભયંકર સિંહનાદ કર્યો. તેને પણ ભીમસેને નવેકરી, સહદેવે પાંચથી, યુધિષ્ઠિરે સોથી, નકુળે ચોસઠથી, દ્રૌપદીના પુત્રોએ ત્રણ ત્રણથી અને મહા બળવાન હિડિંબાપુત્ર ઘટોત્કચે પચાસ બાણથી વિંધી, વળી બીજા સીત્તેરથી વિંધી, સિંહનાદ કર્યો. હે રાજન્! એ રીતે તેણે કરેલા મોટા શબ્દથી પર્વત, વન, વૃક્ષ તથા જળાશય સહિત આ પૃથ્વી કંપાયમાન થઇ. મોટા ધનુષવાળા તે મહારથિઓએ ચોતરફથી અત્યંત વિંધેલા તેણે પાંચ પાંચ બાણેકરી તે સર્વને પાછા વિંધ્યા. હે ભરતશ્રેષ્ઠ! એ રીતે યુદ્ધમાં ક્રોધાયમાન થયેલા તે રાક્ષસને ક્રોધાક્રાંત થયેલા હિડિંબાપુત્ર ઘટોત્કચ રાક્ષસે સાત બાણેકરી વિંધ્યો. એ રીતે બળવાને અત્યંત વિંધેલા મહા બળવાન તે શ્રેષ્ઠ રાક્ષસે જલદી સુવર્ણનાં પુંખવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં બાણ તેની ઉપર નાંખ્યાં. નત છે પર્વ જેનાં એવાં તે બાણ, હૃષ્ટ થયેલા મહા બળવાન સર્પ જેમ પર્વતના શિખરમાં પ્રવેશ કરે તેમ ઘટોત્કચના શરીરમાં પ્રવિષ્ટ થયાં. હે રાજન્! તે વખતે ઉદ્વિગ્ન થયેલા પાંડવ હિડિંબાપુત્ર ઘટોત્કચ તીક્ષ્ણ એવાં બાણ ચોતરફથી તેની ઉપર નાંખવા લાગ્યો. એવી રીતે જયશાલી પાંડવોએ સંગ્રામમાં વિંધેલો તેથી મરણ યોગ્યતાને પ્રાપ્ત થયેલો તે, કર્તવ્યને દેખતો ન હતો. તેટલામાં સંગ્રામમાં ચતુર એવા ભીમસેન પુત્ર મહા બળવાન ઘટોત્કચે તેની તેવી નબળી અવસ્થા જોઇને તેને મારવાનું મન કર્યું. પછી ક્રોધ પામેલા હિડિંબાપુત્રે બળી ગયેલા પર્વતના શિખર સરખા તથા અંજન સમુદાય સરખા તે રાક્ષસના રથને જોઇ મોટા વેગે કરી રથમાંથી નીચે ઉતરી, તેના રથ પ્રત્યે જઇ ગરૂડ જેમ સર્પને પકડે તેમ તેને પકડી બે હાથથી ફેરવી પૂર્ણ કુંભ જેમ પાષાણ ઉપર પછાડે તેમ તત્કાળ પૃથ્વી ઉપર પછાડી પીસ્યો. બળલાઘવ તથા પરાક્રમ સંપન્ન એવા ક્રોધ પામેલા ભીમસેનપુત્રે સર્વ સૈન્યને ભય પમાડતાં પીસ્યો તેથી જૂદાં થયાં છે સર્વ અંગ તથા ચૂર્ણ થયાં છે અસ્થિ જેનાં એવો તે ભયંકરરૂપ લઇ રણભૂમિમાં પડ્યો. એવી રીતે તે નિશાચર હણાયો તેને જોઇ પ્રસન્ન થયેલા પાંડવ વસ્ત્ર હલાવત! સિંહનાદ કરવા લાગ્યા. હે ભરતર્ષભ! તમારી તરફના શૂરવીરો પણ વિદિર્ણ થયેલા પર્વત સરખા હણાયેલા તે મહા બળવાન અલંબુષ રાક્ષસને જોઇ હાહાકાર કરવા લાગ્યા. યદૃચ્છાએ કરી પૃથ્વી ઉપર પડેલા મંગળ સરખા તે રાક્ષસને બીજા મનુષ્યો કૌતુહલથી જોતા હતા. ઘટોત્કચ પણ બળવાનમાં શ્રેષ્ઠ એવા તે રાક્ષસને હણી વત્રને મારી ઇન્દ્રે જેમ સિંહનાદ કર્યો હતો, તેમ સિંહનાદ કરવા લાગ્યો. દુષ્કરકર્મ કરવાથી બાંધવ સહિત પિતૃઓએ પ્રશંસા કરેલો ઘટોત્કચ અલંબુષ નામના પાકેલ ફળને જેમ હણે તેમ શત્રુ એવા અલંબુષને હણી પ્રસન્ન થતો હતો. તે વખતે શંખ તથા નાના પ્રકારનાં બાણના શબ્દ સાથે મળેલો અત્યંત મોટો વાદ્યશબ્દ સ્વર્ગ પર્યંત પ્રાપ્ત થયો હતો તે સાંભળી પાંડવ તેનાં વખાણ કરવા લાગ્યા.

ततो निनादः सुमहान् समुत्थितः सशंखनानाविधबाणघोषवान् ।
निशम्य तं प्रत्यनदंस्तु पांडवास्ततो ध्वनिर्भुवमथास्पृशन्नभः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वण्यलंबुषवधे गुर्जरभाषायां नवाधिकशततमोऽध्यायः ॥ १०९ ॥

અધ્યાય ૧૧૦ મો. દ્રોણનું અદ્ભુત પરાક્રમ.

धृतराष्ट्र उवाच—भारद्वाजं कथं युद्धे युयुधानो न्यवारयत् ।
संजयाचक्ष्व तत्त्वेन परं कौतूहलं हि मे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! યુદ્ધમાં સાત્યકિએ દ્રોણાચાર્યને કેમ વારી રાખ્યા ? તે સાંભળવાનો મને મોટો ઉત્સાહ છે વાસ્તે યથાર્થ મને કહે. સંજય કહે છે—હે રાજન્ ! હે મહાપ્રાજ્ઞ ! સાત્યકિ છે મુખ્ય જેમાં એવા પાંડવો સાથે રૂંવાં ઉભાં કરે એવો દ્રોણનો સંગ્રામ થયો તે હું કહું તે સાંભળો. હે મારિષ ! સત્ય પરાક્રમવાળા સાત્યકિએ હણવા માંડેલા પોતાના સૈન્યને જોઇ પોતે દ્રોણાચાર્ય તેની સામે દોડયા તે સમયે પોતા સામે આવતા મહારથિ દ્રોણ ઉપર તે જ વખતે સાત્યકિએ પચ્ચીસ બાણ નાખ્યાં. યુદ્ધમાં પરાક્રમી એવા દ્રોણ પણ સાવધાન થઇ સુવર્ણના પુંખવાળાં તીક્ષ્ણ પાંચ બાણેકરી જલદી સાત્યકિને વિંધ્યો. હે રાજન્ ! શત્રુના માંસનું ભોજન કરનાર તે બાણ અત્યંત દૃઢ એવા તેના કવચને ભેદી શ્વાસોચ્છ્વાસ કરતા સર્પની પેઠે પૃથ્વીને પ્રાપ્ત થયાં. અંકુશથી પીડિત થયેલા હસ્તિની પેઠે ક્રોધાયમાન થયેલા મહાબાહુ સાત્યકિએ અગ્નિ સરખો છે સ્પર્શ જેનો એવાં નારાચ નામનાં પચાસ બાણેકરી દ્રોણને વિંધ્યા. એવી રીતે સંગ્રામના મધ્યમાં સાત્યકિએ વિંધેલા દ્રોણાચાર્યે ઘણાંક બાણે કરી યત્ન કરતા સાત્યકિને વિંધ્યો. વળી ક્રોધાયમાન થયેલા મહાબળવાન મોટા ધનુષવાળા દ્રોણાચાર્યે આનત છે પર્વ જેનાં એવાં બાણેકરી સાત્યકિને પીડિત કર્યો. હે વિશાંપતે ! એ રીતે સંગ્રામમાં દ્રોણાચાર્યે હણવા માંડેલો સાત્યકિ કંઇ પણ કર્તવ્યને નહિ જાણતાં ખેદયુક્ત છે મુખ જેનું એવો થયો. હે વિશાંપતે ! તે વખતે તીક્ષ્ણ બાણ નાંખતા દ્રોણાચાર્યને જોઇ તમારા પુત્ર તથા તમારા સૈનિકો પ્રસન્ન મનવાળા થઇ વારંવાર સિંહનાદ કરવા લાગ્યા.

હે ભારત ! તે ભયંકર શબ્દ, તથા સાત્યકિ પીડિત થયો તે વૃત્તાંત સાંભળી યુધિષ્ઠિર રાજાએ સર્વ સૈન્યને કહ્યું કે, સત્ય છે પરાક્રમ જેનું એવા યાદવમાં શ્રેષ્ઠ આ શૂરવીર સાત્યકિને, સૂર્યને જેમ રાહુ ગળે તેમ શૂરવીર દ્રોણાચાર્ય ગળે છે, વાસ્તે જ્યાં સાત્યકિ યુદ્ધ કરે છે ત્યાં દોડયા જાઓ. એમ સૈન્યને કહી યુધિષ્ઠિર રાજાએ પાંચાલ્ય એવા ધૃષ્ટદ્યુમ્નને પણ આવી રીતે વચન કહ્યું કે, હે પાર્ષત ! જલદી દ્રોણ સામે દોડ, શું ઉભો છે ? બળવાન દ્રોણ થકી નજીક આવેલા મહાભયને, જોતો નથી ? મોટા ધનુષવાળા દ્રોણાચાર્ય, સૂત્રથી બાંધેલા પક્ષિ સાથે જેમ બાળક ક્રીડા કરે તેમ યુદ્ધમાં સાત્યકિ સાથે ક્રીડા કરે છે, માટે ભીમસેન છે આદિ જેમાં એવા તમે સર્વે સાત્યકિના રક્ષણ માટે જાઓ; અને સૈન્ય સહિત હું પણ તમારી પાછળ આવું છું; તું જલદી યમની દાઢના મધ્યમાં ગયેલા સાત્યકિને મૂકાવ. હે ભારત ! એમ કહી સર્વ સૈન્ય સહિત રાજા સાત્યકિ વાસ્તે સંગ્રામમાં દ્રોણ સામે દોડયા, તે વખતે દ્રોણ સાથે યુદ્ધ કરવા ઇચ્છતા પાંડવ તથા સૃંજયનો ચોતરફથી મોટો શબ્દ થતો હતો. પુરુષમાં સિંહરૂપ એવા તે સર્વ મહારથિ દ્રોણ પાસે જઇ તેમની ઉપર ગૃધ્રનાં પિંછ બાંધેલાં તીક્ષ્ણ બાણનો વરસાદ કરવા લાગ્યા. તે શૂરવીરોને પોતે દ્રોણાચાર્યે અભ્યાગત અતિથિને જેમ સલિલ તથા આસને કરી વારે તેમ બાણેકરી વારી રાખ્યા. તે વખતે અતિથિપણું કરવા લાયક એવા ઘરને પ્રાપ્ત થઇ જેમ અતિથિઓ તૃપ્ત થાય તેમ ધનુષ ધરનાર દ્રોણના બાણેકરી તેઓ તૃપ્ત થયા. હે પ્રભો ! તે સમયે મધ્ય દિવસને પ્રાપ્ત થયેલા સૂર્ય સામે જેમ, તેમ જોઇ

શકે નહિ તેમ તે સર્વે દ્રોણુ સામે જોઈ શકતા ન હતા. શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય, મોટા ધનુષવાળા તે સર્વને કિરણોએ કરી જેમ સૂર્ય તપાવે તેમ બાણના સમુદાયે કરી તપાવતા હતા. હે મહારાજ! એ રીતે દ્રોણે મારવા માંડેલા પાંડવ તથા સૃંજય પંકમાં ડુબેલા હસ્તિઓની પેઠે રક્ષણ કરનારને પ્રાપ્ત થતા ન હતા; અને તે સમયે સંગ્રામમાં સૂર્યના કિરણની પેઠે ચોતરફ તપાવતાં તથા ગતિ કરતાં એવાં દ્રોણનાંજ બાણ દેખાતાં હતાં. તે સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્નના સંમત પ્રખ્યાત એવા પચ્ચીસ મહારથિ પંચાલને દ્રોણે હણ્યા. તેમજ પાંડવ તથા પંચાલોના સર્વ સૈન્યમાં શ્રેષ્ઠ, શ્રેષ્ઠને હણતા શૂરવીર દ્રોણાચાર્યને મનુષ્યો જોતાં હતાં.

હે મહારાજ! એ રીતે દ્રોણાચાર્ય સેંકડો કેકયને હણી, ચોતરફ નસાડી, મુખ ફાડેલા કાળની પેઠે સંગ્રામમાં ઉભા રહ્યા હતા. હે નરાધિપ! એવી રીતે મહાબાહુ દ્રોણાચાર્યે સંગ્રામમાં પંચાલ, સૃંજય, મત્સ્ય તથા સેંકડો કેકયને પણ જીત્યા. તે સમયે દ્રોણના બાણેકરી વિંધાએલા તેમનો અરણ્યમાં અગ્નિએ કરી વ્યાપ્ત એવા આરણ્યક જંતુઓ જેવો શબ્દ થયો તે ભયંકર શબ્દ લાગતો હતો. હે નૃપ! તે સમયે ઉપરથી દેવ, ગંધર્વ તથા પિતૃઓ પણ આવી રીતે કહેતા હતા જે, સૈનિક સહિત આ પાંડવ તથા પંચાલો ભાગ્યા જાય છે. એ રીતે સંગ્રામમાં સોમકોને હણતા દ્રોણની સામે કોઇ પણ જતા ન હતા તેમ બીજા કોઇ તેમને વિંધતા પણ ન હતા.

શ્રેષ્ઠ શૂરવીરનો છે ક્ષય જેમાં એવા અતિદારૂણ ભયંકર સંગ્રામમાં યુધિષ્ઠિર રાજાએ પાંચજન્યનો શબ્દ સાંભળ્યો. તે વખતે સિંધુરાજાના રક્ષણ કરનાર શૂરવીર યુદ્ધ કરતા હતા, અને અર્જુનના રથ પ્રત્યે કૌરવો શબ્દ કરતા હતા, પણ ગાંડિવનો શબ્દ સંભળાતો ન હતો. તેથી ચિંતાતુર થયેલા યુધિષ્ઠિર રાજાએ વિચાર કર્યો કે હૃષ્ટ થએલા કૌરવો વારંવાર શબ્દ કરે છે તેમ પાંચજન્યનો શબ્દ સંભળાય છે પણ ગાંડિવનો શબ્દ સંભળાતો નથી માટે જરૂર અર્જુનનું કાંઇ અમંગળ થયું. એમ વિચારી નિર્વિઘ્નપણાથી જયદ્રથના વધની આકાંક્ષા રાખનાર વ્યાકુળ મનથી વારંવાર મોહ પામતા કુંતિપુત્ર યુધિષ્ઠિર ગદ્‌ગદ્ કંઠે આવી રીતે શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે શૈનેય! સુહૃદ્ કૃત્ય વિષે આપદ્ સમયે મિત્રનો જે ધર્મ કહેલો છે તેનો આ વખત આવેલો છે. હે શિનિપુંગવ! સર્વ યોદ્ધાઓમાં હું વિચારૂં છું તો તારાથી વિશેષ સ્નેહી બીજા કોઇને પણ જોતો નથી. તેમ જે નિરંતર પ્રસન્ન મનવાળો તથા આપત્કાળ વિષે નિરંતર અનુસરનાર હોય તેને કાર્યમાં યોજવો એવી મારી મતિ છે. હે વાર્ષ્ણેય! જેમ કેશવ ભગવાન પાંડવનો પરમ આશ્રય છે તેમજ કૃષ્ણ તુલ્ય છે પરાક્રમ જેનાં એવો તું પણ પાંડવોનો આશ્રય છે. હું તારે વિષે જે ભાર મૂકું તેને તું સહન કરવા યોગ્ય છે તેમ મારા અભિપ્રાયને પણ વૃથા કરવા યોગ્ય નથી. વાસ્તે હે નરર્ષભ! આ કષ્ટ વખતે તારે વિષે પ્રેમવાન તથા ગુરૂ એવા અર્જુનની તું સહાયતા કર. કારણ તું, સત્ય છે વ્રત જેનું, મિત્રોને અભય કરનાર, સત્ય વાણીવાળો તથા કર્મેકરી લોકમાં વિખ્યાત છે. હે શૈનેય! જે પુરૂષ મિત્ર વાસ્તે યુદ્ધ કરી પોતાના શરીરનો ત્યાગ કરે છે તથા જે પુરૂષ બ્રાહ્મણોને સમગ્ર પૃથ્વીનું દાન આપે છે તે બન્ને સરખા પુણ્યવાન થાય છે. તેમ આ સમગ્ર પૃથ્વી યથાવિધિ બ્રાહ્મણોને આપી ઘણાક રાજાઓ સ્વર્ગમાં ગયા એમ અમે સાંભળ્યું છે. એજ રીતે હે ધર્માત્મન્! હે વિભો! તારી પાસે પણ હાથ જોડી હું માગણી

કારણ જો પોતાની વૃત્તિનો લોપ થાય તો ખાનપાનથી હીન થયેલા અમાત્યાદિ નોકરો પ્રેમવાન હોય તોપણ " આપણને રાજાએ છેતર્યા " એમ માની વિરૂદ્ધ થઇ રાજાનો ત્યાગ કરે છે. બુદ્ધિમાન રાજાઓએ મનના ધારેલા કામ વિષે " આ સાધ્ય છે કે આ અસાધ્ય છે, " એવો નિશ્ચય કરી, "આવકથી વિશેષ ખપત નથી તેથી નોકરોની વૃત્તિમાં સંકોચ નહીં કરવો પડે, " એમ પાકો વિચાર કર્યા પછી, તે તે કામ યોગ્ય સહાયો ગ્રહણ કરીને કરવાં; કારણ પારકો દેશ વા ધન ગ્રહણ કરવું ઘણું કઠિન છે, વાસ્તે સહાયતા વગર થઇ શકતું નથી. જે નોકર પોતાના સ્વામીનો અભિપ્રાય જાણી આલસ્ય મૂકી સર્વ કામ કરનાર, સ્વામી વિષે પ્રેમવાન, શ્રેષ્ઠ, તેમ સ્વામિની શક્તિ જાણનાર તથા હિત વચન કહેનાર હોય તેને સ્વામિએ પોતાના આત્માની પેઠે દયાથી પાલન કરવો. જે ચાકર આજ્ઞા કરવાથી સ્વામિના વચનનો આદર ન કરનાર, કામ બતાવાથી " હું નહીં કરૂં " એમ સામું બોલનાર, " હું કંઇક પંડિત છું, " એવું અભિમાન રાખનાર, તથા પ્રતિકૂળ બોલનાર હોય, તેનો જલદીથી ત્યાગ કરવો. જે ગર્વ રહિત, સામર્થ્યવાન, જલદી કામ કરનાર, દયાવાન, શોભાયમાન, બીજા શત્રુઓ જેને ભેદી શકે નહીં એવો, તેમ રોગનો લેશ પણ જેના શરીરમાં નથી તથા ઉદાર વાક્ય બોલનાર હોય, તેને એ આઠ ગુણ સંપન્ન ઉત્તમ દૂત જાણવો. જેને પોતાનો વિશ્વાસ નથી તેને ઘેર સાયંકાળે ડાહ્યા પુરૂષે જવું નહીં, તેમ ચૌટામાં જઇ કોઇ ન દેખે તે રીતે રાત્રિએ ઉભા રહેવું નહીં તથા રાજાએ કામના કરેલી સ્ત્રીની કામના કરવી નહીં. બધાએ ભેગા થઇ કંઇ વિચાર કરેલો હોય, ને તે પોતાને પૂછે તો, જો પોતાને ખરાબ ભાસે, તો તે વિચારમાં પોતાની અરૂચિ તેઓ ન જાણે તે રીતે, કંઇ બીજા કામનો મિષ કરી, તેઓથી જુદા પડી જવું. પ્રતિષ્ઠાવાન, રાજા, વ્યભિચારિણી સ્ત્રી, રાજાનો ચાકર, પુત્ર, ભાઇ, બાળક છોકરાવાળી વિધવા, સેનાપતિ, તથા અધિકારથી ભ્રષ્ટ થયેલો, એટલા સાથે ધનાદિક લેવાદેવાનો વ્યવહાર કરવો નહી; કારણ તેમ કર્યાથી ધન નાશ પામે છે. બુદ્ધિ, કુલીનપણું, શાસ્ત્રાધ્યયન, ઇંદ્રિયોનો નિગ્રહ, પરાક્રમ, થોડું બોલવાપણું, યથાશક્તિદાન તથા કૃતજ્ઞપણું, એ આઠ ગુણ પુરૂષને શોભાવે છે. હે તાત ! આ રીતે જોકે એ આઠ ગુણ મોટા પ્રભાવવાળા છે, તથાપિ તે આઠ ગુણ સંપન્ન મનુષ્યનો જો રાજા સત્કાર કરે તો, એ રાજ સત્કારરૂપી એક ગુણે કરી તે આઠ ગુણો અત્યંત શોભાને પામે છે. બળ, રૂપ, ઉત્તમ અવાજ, સ્પષ્ટ ઉચ્ચારણ, કોમળતા, ઉત્તમ ગંધ, શુદ્ધતા, લક્ષ્મી, જ્ઞાન, સુંદરતા અને ઉત્તમ સ્ત્રિયો, એ દશ શીલ પુરૂષને ભજે છે. આરોગ્ય, આયુષ, બળ, સુખ, સ્વચ્છ સંતાનની ઉત્પત્તિ અને " આ ઘણું ખાનાર છે " એમ કહી કોઇ નિંદે નહીં, એ ૭ ગુણ નિયમથી સ્વલ્પ જમનારને પ્રાપ્ત થાય છે. કંઇ પણ કામ કરવામાં જેનો સ્વભાવ નથી, ઘણું જમનાર, સર્વ લોકોએ દ્વેષ કરેલો, ઘણું કપટ કરનાર, ક્રૂર, દેશકાળને ન જાણનાર તથા ખરાબ વેષ ધારણ કરનાર, એટલાઓને ઘરમાં રાખવા નહીં. અદાતા, ગાળ દેનાર, મૂર્ખ, ઢોળી, કપટી, માનવા લાયક નહીં તેને માનનાર, નિર્દય, વૈર કરનાર તથા કર્યા ઉપકારને ન જાણનાર, એટલા પાસે અત્યંત પીડાયલા માણસે યાચના કરવી નહીં. ખરાબ કામ કરનાર, હંમેશ વ્યગ્રચિત્તવાળો, નિરંતર જુઠું બોલનાર, દૃઢ ભક્તિ રહિત, સ્નેહહીન તથા " હું ડાહ્યો છું " એમ માનનાર, એ ૭ મનુષ્ય અધમ છે, એમ જાણી એઓની સોબત ન કરવી. સહાયતાથી ધન મળે છે, ને ધનથી સહાયતા મળે છે, એ રીતે એ બેઉ પરસ્પર બંધાયલાં છે, તેથી ધન વિના સહાયતા સિદ્ધ થાય નહીં ને સહાયતા વિના ધન

કરું છું. માટે તેમ કરવાથી તને પૃથ્વી દાનતુલ્ય વા તેથી પણ અધિક ફળ થશે. હે સાત્યકિ! શિરોને નિર્ભય કરવાવાળા એક શ્રીકૃષ્ણ સંગ્રામમાં પ્રાણનો ત્યાગ કરે છે, અને બીજો તેવો તું છે. તેમ પરાક્રમી શૂરવીર, તારા યુદ્ધમાં યશની પ્રાર્થના કરતા પુરૂષને સહાય પણ શૂરવીરજ થાય, પણ બીજો પ્રાકૃત મનુષ્ય તો થાય નહિ. હે માધવ! આવા સંમર્દમાં વર્તતા અર્જુનને તારા વિના બીજો સંગ્રામમાં રક્ષણ કરનાર છે પણ નહિ. તેમ અર્જુને મને હર્ષ કરવા સારૂ તારા કર્મની પ્રશંસા કરતાં વારંવાર કહ્યું હતું કે લઘુ હસ્તવાળો, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, ઘણા પરાક્રમવાળો, પ્રાજ્ઞ, સર્વાસ્ત્ર જાણનાર, શૂરવીર, સંગ્રામમાં મોહ ન પામનાર, મોટા ખભા તથા મોટા વક્ષઃસ્થળવાળો, મહા બળવાન, મોટી છે દાઢી જેની, એવો મહારથિ, મારો શિષ્ય તથા મારો મિત્ર, તેમ મને પ્રિય તથા હું છું જેને પ્રિય એવો મારો સહાયભૂત મહાત્મા સાત્યકિ કૌરવોને મંથન કરશે; કારણ કે હે રાજેંદ્ર! આપણે વાસ્તે કેશવ ભગવાન, રામ, અનિરૂદ્ધ, મહારથિ પ્રદ્યુમ્ન, ગદ્દ, સારણ તથા વૃષ્ણિ સહિત સાંબ, સંગ્રામવિષે સહાયતા સારૂ સજ્જ થાય તોપણ હું પુરૂષમાં સિંહરૂપ સત્ય પરાક્રમવાળા સાત્યકિની આપણી સહાયતામાં યોજના કરીશ. કારણ તે સરખો મારે બીજો કોઇ નથી. એમ પરોક્ષે આર્ય સભામાં તારા સદ્ગુણની પ્રશંસા કરતાં અર્જુને દ્વૈતવનમાં મને કહ્યું હતું. માટે હે વાર્ષ્ણેય! તે અર્જુનના, મારા, ભીમસેનના તથા નકુળ સહદેવના સંકલ્પને વૃથા કરવા યોગ્ય નથી. તેમ તીર્થ પ્રત્યે વિચરતો હું જ્યારે દ્વારકાં પ્રત્યે ગયો ત્યારે પણ અર્જુન પ્રત્યે તારી ભક્તિ મેં જોઇ હતી. હે શૈનેય! વિમર્દ વિષે વિચરતા અમને જેવો તું ભજે છે તેવું સુહૃદપણું બીજા વિષે મેં જોયું નથી; તે તું હે મોટા ધનુષવાળા! સંબંધ, ભક્તિ, સખાપણું, આચાર્યપણું, સુહૃદપણું, પરાક્રમ, કુલીનપણું તથા સત્યને અનુરૂપ કર્મ દયા વાસ્તે કરવા યોગ્ય છે. હે શૈનેય! હે માનદ! દ્રોણે કવચ ધારણ કરાવેલો દુર્યોધન હાલ ગયો છે અને કૌરવોના મહારથિયો તો પૂર્વેજ ગયા છે, તેમ અર્જુનના રથ પ્રત્યે મોટો શબ્દ સંભળાય છે; વાસ્તે વેગેકરી જલદી તું ત્યાં જવા યોગ્ય છે. અને ભીમસેન તથા સાવધાન થયેલા સૈનિક સહિત અમે તમારી પાછળ આવતા દ્રોણને વારી રાખીશું. હે શૈનેય! સંગ્રામમાં ભાગતા સૈન્યને જો, અને શૌર્યથી થતા મોટા શબ્દને સાંભળ. હે તાત! મોટા વાયુના વેગે કરી પર્વ વિષે જેમ સમુદ્ર ક્ષોભ પામે તેમ અર્જુને કરી ધૃતરાષ્ટ્રનું સૈન્ય વિક્ષિપ્ત થયું છે, તેમજ ચોતરફ દોડતા રથ, મનુષ્ય તથા અશ્વેકરી ઉડેલી સૈન્યરજથી આ બધું વ્યાપ્ત થઇ ગયું છે: અને નખ તથા સાંગથી યુદ્ધ કરનાર અત્યંત વૃદ્ધિ પામેલા શૂરવીરોએ કરી પારકા શૂરવીરને હણનાર અર્જુન ઘેરાઇ ગયા છે. તેમ સૈંધવ વાસ્તે ત્યાગ કર્યું છે જીવિત જેમણે એવા આ સર્વ યોદ્ધાઓ છે, માટે આ સૈન્ય અસંવાર્ય છે; તથા જયદ્રથને પણ જીતવા સમર્થ થઇ શકાય તેમ નથી. બાણ, શક્તિ તથા શ્રેષ્ઠ છે ધ્વજ જેમાં, અશ્વ તથા હસ્તિએકરી આકુળ, દુઃખેકરી સહન થાય નહિ એવા આ કૌરવના સૈન્યને તો જો. તેમજ દુંદુભિના શબ્દ, પુષ્કળ શંખના શબ્દ, સિંહનાદ, રથના પાટાના શબ્દ, હસ્તિઓના શબ્દ, હજારો પાયદળોના તથા પૃથ્વીને કંપાવતા ચોતરફ દોડતા ઘોડેસ્વારના શબ્દને સાંભળ. હે નરવ્યાઘ્ર! આગળ સિંધુરાજાનું સૈન્ય અને પાછળ રહેલું દ્રોણનું સૈન્ય ઘણુંક હોવાથી ઇન્દ્રને પણ પીડિત કરે ને નથી અંત જેનો એવા એ મોટા સૈન્યમાં ડુબેલો અર્જુન જીવિત પણ ત્યાગ કરે ત્યારે તે હણાવાથી પછી મારા જેવા કેમ જીવે? શ્યામ છે વર્ણ જેનો, યુવાવસ્થાવાળો, સુંદર મૂર્તિમાન, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, અસ્ત્ર જાણનાર, મહાબાહુ અર્જુન

સૂર્યોદય વખતે ભારતી સેનાપ્રત્યે પ્રવિષ્ટ થયો; તેથી તું જીવતાં હું સર્વથા અત્યંત કષ્ટને પ્રાપ્ત થયો. તેમ બાકી હવે દિવસ પણ થોડો રહ્યો; માટે હે વાર્ષ્ણેય ! તે જીવે છે કે નથી જીવતો, તે હું કંઇ જાણતો નથી. હે તાત ! કૌરવના સમુદ્ર સરખા મોટા સૈન્યપ્રત્યે મહાબાહુ અર્જુન એકલો પ્રવિષ્ટ થયો છે ને આ સમયે તે ભારતી સેના દેવતાઓએ પણ અસહ્ય એવી બની છે. માટે મારી બુદ્ધિ આજ કોઇ રીતે યુદ્ધમાં પ્રવર્ત્તતી નથી. હે મહાબાહો ! વેગવાન દ્રોણ પણ યુદ્ધમાં મારા સૈન્યને પીડે છે તે તું જાણે છે વાસ્તે હે માનદ ! એક વખતે એકઠાં કાર્ય કરવામાં તું વિચક્ષણ છે. માટે સર્વ કામમાં અર્જુનનું રક્ષણ કરવું એ મારૂં મોટું કામ છે તે તું કરવા યોગ્ય છે. જગતના પતિ સર્વના રક્ષક શ્રીકૃષ્ણનો હું શોચ કરતો નથી. કારણ પુરૂષમાં સિંહરૂપ તે તો એકઠી મળેલી ત્રિલોકી સેનાને પણ સંગ્રામમાં જીતવા સમર્થ છે; એ હું તને સત્ય કહું છું. ત્યારે અત્યંત દુર્બળ એવા દુર્યોધનના સૈન્યને જીતે તેમાં શું કહેવું ? હે વાર્ષ્ણેય ! યુદ્ધમાં ઘણાંકથી પીડાયલો અર્જુન સંગ્રામમાં પ્રાણનો ત્યાગ કરે વાસ્તે હું મોહને પ્રાપ્ત થાઉં છું. માટે તારા સરખા જે રીતે જાય છે તેમ મારા કહેવાથી આ વખતે તું અર્જુનની પદવી પ્રત્યે જા તેમ રણસંગ્રામમાં વૃષ્ણિ પ્રવીરોના મધ્યમાં બે જણજ અતિરથી છે. એક તો મહાબાહુ પ્રદ્યુમ્ન અને બીજો સાત્વતમાં વિખ્યાત એવો તું. હે નરવ્યાઘ્ર ! તું અસ્ત્રમાં નારાયણ સરખો, બળમાં સંકર્ષણ સમાન તથા વીરતામાં અર્જુન સરખો છે તેથી ભીષ્મ તથા દ્રોણને અતિક્રમણ કરી સર્વ યુદ્ધમાં વિશારદ અને પુરૂષમાં સિંહરૂપ તને સત્પુરૂષો લોક વિષે આવી રીતે કહે છે કે સાત્યકિને લોક વિષે કંઇ કરવું અશક્ય નથી. માટે હે માધવ ! હે મહાબળ ! જે હું તને કહું તે તું કર. તેથી મારી, અર્જુનની તથા લોકની સંભાવના થશે, વાસ્તે તેમ કરવું યોગ્ય છે. માટે એવા પ્રિય પ્રાણનો ત્યાગ કરી નિર્ભયતાથી સંગ્રામમાં વિચર. હે શૈનેય ! દાશાર્હ કુળના પુરૂષો સંગ્રામમાં જીવિતની રક્ષા કરતા નથી. યુદ્ધ ન કરવું, અનવસ્થાન તથા સંગ્રામમાં પલાયન કરવારૂપ ભીરૂ એવા અસત્પુરૂષોના માર્ગને ક્યારે પણ દાશાર્હ સેવન કરતા નથી. તેમ હે શિનિપુંગવ ! હે તાત ! ધર્માત્મા એવો અર્જુન તારો ગુરૂ છે અને વાસુદેવ ભગવાન તારા તથા બુદ્ધિમાન અર્જુનના ગુરૂ છે, એ બે કારણ જાણી તને હું કહું છું, તેમ તારા ગુરૂનો પણ હું ગુરૂ છું માટે મારાં વચનનો અનાદર કર નહિ. અને વાસુદેવનો, મારો તથા અર્જુનનો મત પણ તેવોજ છે. માટે મેં તને સત્ય કહ્યું, જ્યાં અર્જુન છે ત્યાં તું જા. હે પરાક્રમી ! આ મારાં વચન માની દુર્બુદ્ધિવાળા દુર્યોધનના સૈન્યમાં પ્રવેશ કર. હે સાત્વત ! ન્યાય પ્રમાણે પ્રવેશ કરી મહારથિઓ સાથે સમાગમ કરી પોતાને યોગ્ય એવું કર્મ સંગ્રામમાં દેખાડ.

प्रविश्य च यथान्यायं संगम्य च महारथैः ॥
यथार्हमात्मनः कर्मरणे सात्वत दर्शय ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि युधिष्ठिरवाक्ये गुर्व-रभाषायां दशाधिकशततमोऽध्यायः ॥ ११० ॥

અધ્યાય ૧૧૧ મો. યુધિષ્ઠિર ને સાત્યકિ.

संजय उवाच--प्रीतियुक्तं च हृद्यं च मधुराक्षरमेव च ।
कालयुक्तं च चित्रं च न्याय्यं यच्चापि भाषितुं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! પ્રીતિયુક્ત, મનોહર, મધુર છે અક્ષર જેમાં, વખતને અનુસરતું. વિચિત્ર પ્રકારનું તથા ભાષણ કરવામાં ન્યાયરૂપ એવા ધર્મરાજના વાક્યને શિનિકુળમાં શ્રેષ્ઠ એવો સાત્યકિ શ્રવણ કરી આવી રીતે કહેવા લાગ્યો કે, હે અચ્યુત! હે રાજેંદ્ર! અર્જુન વાસ્તે યશ વધારનાર, ન્યાયયુક્ત વિચિત્ર પ્રકારનાં જે વાક્ય તમે કહ્યાં તે સર્વ મેં સાંભળ્યાં. આવા વખતમાં મારા સરખા સંમતને જોઇ તમો જે રીતે અર્જુનને કહેવા યોગ્ય છો તે જ રીતે મને પણ કહેવા યોગ્ય છો અને અર્જુન વાસ્તે ક્યારે પણ મારા પ્રાણની હું રક્ષા કરૂં નહિ. તેમાં પણ તમારી આજ્ઞાથી મોટા સંગ્રામમાં હું શું ન કરૂં? હે નરેંદ્ર! તમારી આજ્ઞાથી દેવ, અસુર તથા મનુષ્ય સહિત ત્રિલોકી સાથે પણ હું યુદ્ધ કરૂં ત્યારે આ અત્યંત દુર્બળ સૈન્ય સાથે યુદ્ધ કરૂં તેમાં શું? હે રાજન્! આજ દુર્યોધનના સૈન્ય સાથે ચોતરફથી યુદ્ધ કરી સંગ્રામમાં તેને જીતીશ એ હું તમોને સત્ય કહું છું. હે રાજન્! કુશળ એવો હું કુશળવાન અર્જુનને પ્રાપ્ત થઇ જયદ્રથ હણાયા પછી પાછો તમારી પાસે આવીશ; તોપણ હે નરાધિપ! વાસુદેવ તથા બુદ્ધિમાન અર્જુને જે વાક્ય મને કહ્યાં છે તે બધું અવશ્ય કરી તમારી પાસે કહેવું જોઇએ. અર્જુને સર્વ સૈન્યના મધ્યમાં વાસુદેવ સાંભળતાં વારંવાર આ રીતે મને કહ્યું છે કે, હે માધવ! યુદ્ધ વિષે આર્યમતિ કરી જ્યાં સુધી હું જયદ્રથને હણું ત્યાં સુધી તું સાવધાન થઈ રાજાની રક્ષા કરજે. વળી આમ કહ્યું હતું કે હે મહાબાહો! તારે વિષે વા મહારથિ પ્રદ્યુમ્ન વિષે રાજાને રાખી હું નિરપેક્ષ થઇ જયદ્રથ પ્રત્યે જાઉં છું. તેમજ વળી કહ્યું હતું જે હે પ્રભો! સંગ્રામ વિષે કૌરવોમાં દ્રોણાચાર્ય શ્રેષ્ઠ સંમત છે તે તું જાણે છે અને તેમણે પ્રતિજ્ઞા કરી છે તે પણ તું જાણે છે. તેમ યુધિષ્ઠિરને ગ્રહણ કરવા ઇચ્છતા દ્રોણ તેમને ગ્રહણ કરવા પણ સમર્થ છે. વાસ્તે નરમાં ઉત્તમ ધર્મરાજને તને સોંપીને આજ હું સૈંધવના વધ વાસ્તે જાઉં છું. હે માધવ! જયદ્રથને મારી જલદી પાછો આવીશ પણ હે માધવ! નરશ્રેષ્ઠ એવા ધર્મરાજને દ્રોણાચાર્ય નિગ્રહ કરે તો સૈંધવનો વધ પણ ન થાય અને મને અપ્રીતિ થાય. કદી મનુષ્યમાં શ્રેષ્ઠ સત્યવાદી પાંડવને દ્રોણાચાર્ય ગ્રહણ કરે તો અમારે વન પ્રત્યે ચાલી નીકળવું પડે. ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્ય જો સંગ્રામમાં યુધિષ્ઠિરને ગ્રહણ કરે તો મારો જય પણ વ્યર્થ જાય; વાસ્તે હે માધવ! હે મહાબાહો! આજ તારે મારા પ્રિય વાસ્તે, જય સારૂ તથા યશ વાસ્તે સંગ્રામમાં રાજાની રક્ષા કરવી. હે પ્રભો! એ રીતે દ્રોણાચાર્યથી ભયને પ્રાપ્ત થયેલા અર્જુને તમારા રક્ષણનું મને કહેલું છે. અને વળી આમ પણ કહ્યું હતું જે નિરંતર સંગ્રામમાં હે મહાબાહો! તેમની સામે યુદ્ધ કરનાર પ્રદ્યુમ્ન વિના હું બીજા યોદ્ધાને જોતો નથી. તેમજ મને પણ બુદ્ધિમાન દ્રોણાચાર્યનો પ્રતિ યોદ્ધો માનતા હતા, માટે હે મહીપતે! આ સમે તમે જેમ કહો તેમ તે આચાર્યનાં વચનને પાછળ કરી તમારો ત્યાગ કરવાનો ઉત્સાહ કેમ કરૂં? કારણ યુદ્ધમાં ચતુર, અભેદ્ય કવચથી વિંટાયેલા આચાર્ય સંગ્રામમાં તમને પ્રાપ્ત થઇ જેમ બાળક પક્ષી સાથે ક્રીડા કરે તેમ ક્રીડા કરે છે. તેમ કરતાં પણ શ્રીકૃષ્ણના પુત્ર ધનુષ ધરનાર પ્રદ્યુમ્ન જો અહિં હોય તો તેને વિષે તમને સોંપું. એટલે જેમ અર્જુન રક્ષા કરે તેમ તે રક્ષા કરે. પણ તે વિના હું ગયા પછી કોણ તમારી રક્ષા કરશે?

માટે દ્રોણ સામે જાય એવો કોણ તમારો રક્ષક છે ! તેમ હે રાજન્ ! અર્જુન સંબંધી ભય તમને ન હો; કારણ મહાબાહુ તે કદી પણ ભાર ગ્રહણ કરી ખેદ પામે નહિ, તેમ સૌવીરક-યોદ્ધાઓ, સૈંધવ, પૌરવ, ઉદીચ્ય, દાક્ષિણાત્ય તથા બીજા પણ મહારથિઓ તથા કર્ણ છે મુખ્ય જેમા એવા ઉદાર રથિયો ક્રોધ પામેલા અર્જુનની સોળમી કળાને પણ પહોંચે તેમ નથી. અસુર, સુર તથા મનુષ્ય સહિત ઉદ્યુક્ત થયેલી સર્વ પૃથ્વી, રાક્ષસ ગણ સહિત કિન્નર, મોટા સર્પ તથા સર્વ સ્થાવર અને જંગમ પણ સંગ્રામમાં અર્જુન સાથે યુદ્ધ કરવા સમર્થ થાય નહિં, એમ જાણી હે મહારાજ ! અર્જુન નિમિત્ત તમારો ભય દૂર થાઓ. જ્યાં મોટા ધનુષવાળા, શૂરવીર, સત્ય છે પરાક્રમ જેમનુ એવા શ્રીકૃષ્ણ અને અર્જુન છે ત્યાં કર્મ સંબંધી વિવિધ પ્રકારની આપદ્ હોયજ નહિ અને તમારા ભાઇ વિષે અમાનુષપણું, અસ્ત્રજ્ઞતા, અભિજ્ઞાન, સંગ્રામ વિષે અમર્ષ, કૃતજ્ઞતા તથા દયા પણ નિરંતર રહી છે એમ જાણો. તથાપિ તમારા કહેવાથી હું અર્જુન પ્રત્યે જઇશ ત્યારે વિચિત્ર પ્રકારથી અસ્ત્ર નાંખનાર તમને નિગ્રહ કરવા ઇચ્છતા આચાર્ય જરૂર પોતાની પ્રતિજ્ઞા સત્ય કરશે. માટે પ્રથમ તમે પોતાની રક્ષા કરો ને જેના વિશ્વાસથી હું અર્જુન પ્રત્યે જાઉં એવો તમારો રક્ષક કોણ છે તે કહો. હે મહારાજ ! હું આ મહા સંગ્રામમાં તમને કોઇને પણ સોંપ્યા વગર કદી પણ જઇશ નહિ. એ હું તમોને સત્ય કહું છું. માટે હે બુદ્ધિમાનમા શ્રેષ્ઠ ! એ વાત વારંવાર ધ્યાનમાં લાવી પરમ શ્રેય શું કરવામાં છે, તે બુદ્ધિથી વિચારી પછી મને જવાની આજ્ઞા આપો.

યુધિષ્ઠિરે કહ્યુ કે, હે મહાબાહો ! હે માધવ ! એ વાત જેમ તુ કહે છે તેમજ છે. તથાપિ હે મારિષ ! અર્જુન પ્રત્યે મારો ભાવ શુદ્ધ થતો નથી. વાસ્તે મારા રક્ષણ વિષે હું પરમ યત્ન કરીશ. તથાપિ જ્યા અર્જુન ગયા છે ત્યાં મારી આજ્ઞાથી તું જા. કારણ સંગ્રામમાં મારૂં રક્ષણ તથા અર્જુન પ્રત્યે તારૂં ગમન એ બેઉમાંથી બુદ્ધિએ કરી હુ વિચાર કરૂં છું તો તારૂં ગમન મને રૂચે છે માટે તુ જ્યા અર્જુન ગયો છે ત્યાં જવા સાવધાન થા, અને મારૂં રક્ષણ તો મહા બળવાન ભીમસેન, ભાઇઓ સહિત ધૃષ્ટદ્યુમ્ન, મહા બળવાન રાજાઓ તથા દ્રૌપદીના પુત્ર અવશ્ય કરશે. એમા સંશય નહિ. તેમજ પાંચ ભાઈ કેકય, રાક્ષસ ઘટોત્કચ, વિરાટ, દ્રુપદ, મહારથિ શિખંડી, બળવાન ધૃષ્ટકેતુ, માતુલ કુંતિભોજ, નકુળ, સહદેવ, પંચાલ તથા સૃંજય એટલા સાવધાન થઇ મારૂ રક્ષણ કરશે. એમાં સંશય નહિ. તેથી સૈન્ય સહિત દ્રોણાચાર્ય તથા કૃતવર્મા સંગ્રામમા મને પ્રાપ્ત થવા સમર્થ થશે નહિ. તેમ મને ધર્ષણ પણ કરી શકશે નહિ અને શત્રુને તપાવનાર ધૃષ્ટદ્યુમ્ન પરાક્રમ કરી સંગ્રામમાં કોપેલા દ્રોણાચાર્યને કિનારો જેમ સમુદ્રને વારે તેમ વારી રાખશે. પારકા શૂરવીરને હણનાર પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલો તે જે સ્થાનકે સંગ્રામમાં ઉભો રહેશે તે સ્થાનકે બળવાન સૈન્યને દ્રોણ કોઈ રીતે પણ અતિક્રમણ કરી શકશે નહિ. કારણ આ ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણના નાશ વાસ્તેજ કવચ, બાણ, ખડ્ગ, ધનુષ તથા શ્રેષ્ઠ ભૂષણ સહિત અગ્નિમાથી ઉત્પન્ન થયો છે. વાસ્તે હે શૈનેય ! મારા સંબંધી ઉદ્વેગ મૂકી વિશ્વાસ રાખી તુ જા, અને સંગ્રામમાં ક્રોધ પામેલા દ્રોણાચાર્યને, ધૃષ્ટદ્યુમ્ન વારી રાખશે.

कवची सशरी खड्गी धन्वी च वरभूषण: ।
विश्रब्ध गच्छ शैनेय माकार्षीर्मयि संभ्रमं ॥
धृष्टद्युम्नो रणे क्रुद्धं द्रोणमावारयिष्यति ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि युधिष्ठिरसात्यकि वाक्ये गुर्जरभाषायामेकादशाधिकशततमोऽध्यायः ॥ १११ ॥

અધ્યાય ૧૧૨ મો. સાત્યકિનું અર્જુન પ્રતિ જવું.

संजय उवाच—धर्मराजस्य तद्वाक्यं निशम्य शिनिपुंगवः ।
सपार्थाद्भयमाशसन् परित्यागान्महीपतेः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ધર્મરાજનાં એવાં વચન સાંભળી શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ, રાજાનો ત્યાગ કરવામાં અર્જુનથી ભયની આકાંક્ષા રાખવા લાગ્યો. પછી ન જવાથી પણ લોકમાં મારો અપવાદ થશે અને અર્જુન પ્રત્યે જતાં હું બીન્યો એમ તેઓ કહેશે. એવી રીતે બહુધા નિશ્ચય કરી યુદ્ધમાં દુર્મદ, પુરૂષમાં શ્રેષ્ઠ સાત્યકિએ ધર્મરાજ પ્રત્યે આવી રીતે વચન કહ્યું કે હે વિશાંપતે! મારી રક્ષા તો કરેલીજ છે એમ માનતા હો તો તમારૂં કલ્યાણ થાઓ. હું તમારા કહેવાથી અર્જુનની પાછળ જઇશ. કારણ હે રાજન્! ત્રણ લોકમાં પાંડવથી અધિક પ્રિય બીજો કોઇ પણ મને છે નહિ. એ વચન હું તમોને સત્ય કહું છું. હે માનદ! તમારી આજ્ઞાથી અર્જુનની પદવી પ્રત્યે હું જઇશ. તમારે વાસ્તે કંઇ પણ મારે અકર્તવ્ય છેજ નહિ. હે દ્વિપદાંવર! જેવું મારે ગુરૂનું વચન સ્વીકાર કરવા લાયક તેથી પણ તમારૂં વચન વિશેષ કરી સ્વીકારવા લાયક છે. હે રાજપુંગવ! જે રીતે તમારૂં પ્રિય કરવામાં કૃષ્ણ તથા અર્જુન વર્તે છે તે જ રીતે તેમના પ્રિયમાં મને તત્પર જાણો. હે નરપુંગવ! અર્જુન વાસ્તે તમારી આજ્ઞાને મસ્તકથી ગ્રહણ કરી દુર્ભેદ્ય એવા આ સૈન્યને ભેદી હું અર્જુન પ્રત્યે જઇશ. હે રાજન્! ક્રોધ પામેલો મચ્છ જેમ સમુદ્રને ક્ષોભ પમાડે તેમ દ્રોણ સૈન્યને ક્ષોભ પમાડી, જ્યાં જયદ્રથ રાજા છે, ત્યાં હું જઇશ. હે વિશાંપતે! જ્યાં પાંડવથી ભય પામેલો અને રથિમાં શ્રેષ્ઠ એવા કર્ણ કૃપાદિકે રક્ષણ કરેલો અશ્વત્થામા સેનાનો આશ્રય કરી ઉભેલો છે અને જ્યાં જયદ્રથના વધ વિષે ઉદ્યુક્ત થયેલા અર્જુન ઉભેલા છે તે માર્ગ અહિંથી ત્રણ યોજન છે એમ હું માનું છું. હે રાજન્! એ રીતે અર્જુન અહિંથી કહ્યા પ્રમાણે દૂર છે તોપણ સૈંધવના વધથી પૂર્વે અત્યંત દૃઢ અંતઃકરણથી હું તેમના સ્થાન પ્રત્યે જઇશ. સંગ્રામમાં ગુરૂની આજ્ઞા વગર કયો મનુષ્ય યુદ્ધ કરે? અને આજ્ઞા પામેલો મારા સરખો કોણ યુદ્ધ ન કરે? હે પ્રભો! જે સ્થાનકે હું જઈશ તે સ્થાનક હલ, શક્તિ, ગદા, ભાલા, ઢાલ, ખડ્ગ, ઋષ્ટિ તથા તોમરથી સંકુલ, શ્રેષ્ઠ એવાં બાણ તથા અસ્ત્રોકરી અત્યંત બાધ કરનાર છે તથાપિ તે સૈન્ય સમુદ્રને ક્ષોભ પમાડી જ્યાં હજારો હાથીના આંજનક નામના કુળને તમે જુવો છો; અને જ્યાં યુદ્ધમાં ચતુર. પ્રહાર કરનાર, ઘણાક મ્લેચ્છે આરોહણ કરેલા, વરસતા મેઘ સરખા, મદ ઝરતા, આ પરાક્રમી હસ્તિઓ ઉભેલા છે. હે રાજન્! માવતોએ પ્રેરણા કરેલા એ હસ્તિઓ પાછા હઠે નહિ માટે એમને મારવા વગર મ્લેચ્છોનો પરાજય થાય નહિ. હે રાજન્! રથિ એવા જે હજારો રાજાઓને તમે જુવો છો; તે રથ તથા હસ્તિ ઉપર બેસવામાં નિપુણ, ધનુર્વેદમાં પારંગત, મુષ્ટિ યુદ્ધમાં કોવિદ, ગદાયુદ્ધમાં વિશેષ જ્ઞાનવાન, યુદ્ધમાં કુશળ, ખડ્ગથી પ્રહાર કરવામાં તત્પર, ઢાલ તરવારથી વિહાર કરવામાં ચતુર, વિદ્યા શિખેલા, પરસ્પર સ્પર્ધા કરતા અને સંગ્રામમાં નિરંતર મનુષ્યોને જીતવા ઇચ્છતા એવા

શૂરવીર રૂકમરથ નામના મહારથિ રાજપુત્રો છે, તેમજ કર્ણે મોકલેલા અને દુઃશાસનને અનુસરનાર છે, રથિમાં ઉદાગ એવા એમને વાસુદેવ પણ વખાણે છે. વળી નિરંતર કર્ણનું પ્રિય કરનાર તથા એને વશ વરતનારા છે. એનાજ વચન વડે અર્જુનથી નિવૃત્ત થયેલા, ગ્લાનિયુક્ત, થાકેલા નહિ, દઢ છે આવરણું તથા ધનુષ જેમના, દુઃશાસનની આજ્ઞાથી જરૂર કરી મારે વાસ્તે ઉભેલા એવા એ રાજપુત્રોને અત્યત મથન કરી પછી તમારૂં પ્રિય કરવા સારૂ હે કૌરવ ! ત્યાંથી અર્જુનની પદવી પ્રત્યે હું જઇશ. હે રાજન્ ! કિરાત લોકોએ આરોહણ કરેલા કવચથી ઢંકાયેલા બીજા જે આ સાતસેં હસ્તિને તમે જુઓ છો તે શણગારેલા હસ્તિઓ પોતાના જીવિતને ઇચ્છતા કિરાત રાજાએ અર્જુનને આપેલા હતા. તેથી હે રાજન ! પૂર્વે એ તમારૂં કામ કરતા હતા તે આજ તમારી સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે. કાળનું એ વિપરીતપણું તો જુઓ ! એમના યુદ્ધમાં દુમદ તથા હસ્તિશિક્ષા જાણનાર અગ્નિયોની એવા સર્વ કિરાત નામના મોટા માવતોને સગ્રામમા અર્જુને જીત્યા હતા. પણ આજ દુર્યોધનને વશ થયેલા તે મારે વાસ્તે સાવધાન થઇ ઉભેલા છે. તથાપિ યુદ્ધમા દુર્મદ એવા એ સર્વ કિરાતને બાણથી હણી સૈંધવના વધ વિષે પ્રયત્નવાન એવા અર્જુનની પાછળ હું જઇશ. હે રાજન્ ! જે આ અજનના કુળમાં ઉત્પન્ન થયેલા, કઠણ, વિનયવાન, મદ ઝરતા અને સુવર્ણમય કવચથી અત્યંત શોભિતા, સગ્રામમા ઐરાવત સરખા, પ્રાપ્ત થયુ છે લક્ષ જેમને એવા મોટા હસ્તિઓ છે તેમની ઉપર બેઠેલા હિમાચળમાથી આવેલા તીક્ષ્ણ દસ્યુ, કઠણ લોહના કવચ પહેરેલા જે શ્રેષ્ઠ યોદ્ધાઓ છે એમા ગોયોનિ, વાનરયોનિ, બીજી અનેક યોનિયો તથા માનુષ યોનિયો એવા મ્લેચ્છ છે. હિમાલય તથા દુર્ગસ્થાનમાં નિવાસ કરનાર, પાપ કરનાર તે એકઠા મળેલા મ્લેચ્છોનું સૈન્ય ધૂમ્રવર્ણું કહેવાય છે. એ સમગ્ર રાજમંડળમેં, કૃપાચાર્યને, સોમદત્તિને, રથિમાં શ્રેષ્ઠ દ્રોણને, સિંધુરાજને તથા કર્ણને પ્રાપ્ત થઇ દુર્યોધને પાંડવોનો તિરસ્કાર કરવા માંડયો અને કાળે પ્રેરેલો તે પોતે હું કૃતાર્થ છું એમ માનવા લાગ્યો; પણ હે કૌંતેય ! તે સર્વ આજ મારા બાણ ગોચર પ્રાપ્ત થયા માટે મન સરખા વેગવાળા હશે તોપણ જીવતા નહિ જાય. નિરંતર પારકા પરાક્રમ ઉપર જીવન કરનાર દુર્યોધને વૃદ્ધિ પમાડેલા તે મારા બાણના ઓઘથી પીડિત થઇ આજ નાશને પ્રાપ્ત થશે હે રાજન્ ! જે આ સુવર્ણના ધ્વજાવાળા રથિઓ દેખાય છે, એ દુર્વારણ નામના કાંબોજ છે. કદી તમે સાંભળેલા હોય તો શૂરવીર, વિદ્યા શીખેલા, ધનુર્વેદમાં નિષ્ઠિત એકઠા મળેલા એ પરસ્પરનું હિત ઇચ્છનાર છે. હે ભારત ! અત્યંત ક્રોધ પામેલી, દ્રોણે કર્યું છે રક્ષણ જેનુ એવી દુર્યોધનની સેનાઓ સાવધાન થઈ મારીજ સામે આવી ઉભી છે; માટે અગ્નિ જેમ તૃણને બાળે તેમ તેમને હું અત્યંત મંથન કરીશ. વાસ્તે હે રાજન્ ! સર્વ ભાથા તથા સર્વ સાધન, રથ જોડનારાઓ મારા રથમાં મેલો. આ મોટા સંમર્દમાં વિવિધ પ્રકારનાં આયુધ ગ્રહણ કરવાં અને આચાર્યના ઉપદેશ પ્રમાણે રથમાં પાંચ ગણી બધી સામગ્રી રાખવી. કારણ આશિવિષ સર્પ સરખા કાંબોજ, નાના પ્રકારનાં શસ્ત્રનો છે સમૂહ જેમને વિષે એવા વિવિધ પ્રકારના આયુધથી યુદ્ધ કરનાર કિરાત, વિષ સરખા પ્રહાર કરનાર, રાજાએ હંમેશ લડાવેલ, દુર્યોધનના હિતેચ્છુક એવા ઇન્દ્ર સરખા પરાક્રમવાળા, અગ્નિ સરખા દુઃસહ, પ્રદિપ્ત અગ્નિ તથા કાળ સરખા, યુદ્ધમાં દુર્મદ, એવા ઘણાક બીજા વિવિધ પ્રકારના યોદ્ધાઓ સાથે હું સમાગમ કરીશ. વાસ્તે શુભ છે લક્ષણ જેમનાં એવા વિખ્યાત શ્રમશાલર્થ, પૃથ્વી વિષે આળોટેલા તથા પાએલા મુખ્ય અશ્વ પાછા સાચા રથમાં જોડાવો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવાં તેનાં વચન સાંભળી યુધિષ્ઠિર રાજાએ તેના સર્વ ભાથા, સર્વ ઉપસ્કર તથા વિવિધ પ્રકારનાં શસ્ત્ર એના રથવિષે મૂકાવ્યાં. તેટલામાં અનુચર જનોએ યુક્ત એવા તે રૂડા ચાર અશ્વને માદક એવી પેય વસ્તુનું પાન કરાવ્યું. પછી પીધેલા શ્રમશાંતિ વાસ્તે પૃથ્વી વિષે આળોટેલા, સ્નાન કરેલા, ખાધેલું છે અન્ન જેમણે એવા શણગારેલા, શલ્ય રહિત કરેલા, સુવર્ણની માળાથી શોભિતા, સુવર્ણ સરખા વર્ણવાળા, વિનયવાન, શીઘ્ર ગતિ કરનાર, પ્રસન્ન મનવાળા, અવ્યગ્ર, સુવર્ણના આભરણથી શોભિતા તે ચાર અશ્વને દારૂકના નાના ભાઇ તેના પ્રિય સખા એવા સારથિએ સુવર્ણની છે કેશવાળીરૂપી માળા જેને એવા સિંહનાં ચિન્હવાળા મોટા ધ્વજયુક્ત, સુવર્ણમણિ તથા વિદ્રુમથી ચિત્રિત, કેતકી પુષ્પથી વિંટાયલા. શ્વેત અભ્ર સરખા, પતાકાથી શોભિતા, સુવર્ણના દાંડાવાળું ઉંચું છે છત્ર જે વિષે તથા ઘણાક પ્રકારના શસ્ત્રરૂપ સંગ્રામમાં ઉપયોગી વસ્તુ યુક્ત, રથ વિષે યોજના કરી; યુક્ત એવો તે રથ, માતલિ જેમ ઇન્દ્રની આગળ નિવેદન કરે તેમ સાત્યકિની આગળ નિવેદન કર્યો. તે વખતે સ્નાન કરી પવિત્ર થઇ કર્યું છે કૌતુકથી મંગળ જેણે એવો સાત્યકિ હજારો સ્નાતક બ્રાહ્મણોને સુવર્ણના નિષ્કનું દાન આપી તેમણે આશિષે કરી યોજના કરેલો, શોભિતામાં શ્રેષ્ઠ મધુપર્કને યોગ્ય સાત્યકિ કૈલાતક એવા મદ્યનું પાન કરી મદથી વિહ્વળ છે લાલ નેત્ર જેનાં એવો શોભિતો રથિમાં શ્રેષ્ઠ તે વીર કાંસ્યને આલંબન કરી મોટા હર્ષયુક્ત પ્રજ્વલિત અગ્નિની પેઠે બમણું કર્યું છે તેજ જેણે, બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કરેલો, કવચ ધારણ કરી શણગારેલ તથા કન્યાઓએ શાલની ધાણી, સુગંધિ દ્રવ્ય તથા પુષ્પમાળાઓએ કરી આનંદ પમાડેલો, યુધિષ્ઠિરે મસ્તક સુંઘેલો સાત્યકિ હાથ જોડી યુધિષ્ઠિરના ચરણારવિંદમાં પ્રણામ કરી ખોળામાં ધનુષ બાણ લેઇ તે મોટા રથમાં ચઢી બેઠો. તે વખતે વાયુ સરખા વેગવાળા, કોઇથી જીતી શકાય નહિ એવા, અત્યંત હૃષ્ટ પુષ્ટ થયેલા, વિકાર પામેલા તે સૈંધવ અશ્વ, જય કરનાર એવા તે રથને વહન કરતા હતા. તે સમે ધર્મરાજાએ વખાણેલો ભીમસેન પણ યુધિષ્ઠિર રાજાને પ્રણામ કરી સાત્યકિ સાથે જવા લાગ્યો. એ રીતે તમારી સેના પ્રત્યે પ્રવેશ કરવા ઇચ્છતા શત્રુને દમન કરનાર તે બેઉને જોઇ દ્રોણ છે મુખ્ય જેમાં એવા તમારી તરફના સર્વ સાવધાન થઇ ઉભા રહ્યા. તે વખતે તૈયાર થઇ પોતાની પાછળ આવતા ભીમસેનને જોઇ તેમને પ્રણામ કરી શૂરવીર સાત્યકિ તે પ્રત્યે આવી રીતે હર્ષકારક વચન કહેવા લાગ્યો કે, હે ભીમસેન! તમે રાજાની રક્ષા કરો; કારણ એ કાર્ય પણ જરૂર કરી આપણે કર્તવ્ય છે. કાળેકરી પાકેલા આ સૈન્યને ભેદી હું અંદર પ્રવેશ કરીશ. તેમ હે અરિંદમ! હાલ વા પછી પણ રાજાનું રક્ષણ કરવું એ શ્રેયરૂપ છે. તેમ મારા પરાક્રમને તમે જાણો છો; અને તમારા પરાક્રમને હું જાણું છું, વાસ્તે હે ભીમસેન! જો મારા પ્રિયને ઇચ્છતા હો તો તમે પાછા વળી રાજાના રક્ષણ વાસ્તે જાઓ. એવાં સાત્યકિનાં વચન સાંભળી ભીમસેને તેને કહ્યું કે હે પુરૂષસત્તમ! ભલે કાર્ય સિદ્ધ કરવા સારૂ તુ જા; અને હું રાજાની રક્ષા કરીશ. એવાં ભીમસેનનાં વચન સાંભળી માધવ એવો સાત્યકિ બોલ્યો કે, હે પાર્થ! જાઓ જાઓ અને તમો મારા ગુણમાં અનુરક્ત થઇ આજ મારે વશ હો તેમ વર્તો છો માટે જરૂર કરી મારો જય થશે. તેમ હે ભીમ! નિમિત્ત પણ બધાં સારાં જોવામાં આવે છે. વાસ્તે મહાત્મા એવા અર્જુને પાપરૂપ સૈંધવને હણ્યા પછી ધર્માત્મા એવા યુધિષ્ઠિર રાજાને હું આવીને મળીશ. મોટા યશવાળો સાત્યકિ એ રીતે કહીને તેને પાછો મોકલી વ્યાઘ્ર જેમ મૃગમણને જૂવે તેમ તમારા સૈન્ય સામે જોવા લાગ્યો. હે જનાધિપ! તમારા સૈન્ય-

પ્રત્યે પ્રવેશ કરવા ઇચ્છતા તેને જોઇ તમારૂં સૈન્ય ફરીથી મૂઢ થઇ અત્યંત કંપવા લાગ્યું. તેટલામાં ધર્મરાજની આજ્ઞાથી અર્જુનને જોવા ઇચ્છતો સાત્યકિ તત્કાળ તમારા સૈન્ય પ્રત્યે ગયો.

ततः प्रयातः सहसातव सैन्यं स सात्यकिः ।
दिदृक्षुरर्जुनं राजन् धर्मराजस्य शासनात् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे· गुर्जरभाषायां द्वादशाधिकशततमोऽध्यायः ॥ ११२ ॥

અધ્યાય ૧૧૩ મો. સાત્યકિ સામે દ્રોણુ કૃતવર્માનો વિરોધ.

संजय उवाच—प्रयाते तव सैन्यं तु युयुधाने युयुत्सया ।
धर्मराजो महाराज स्वेनानीकेन संवृतः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! યુદ્ધ કરવાની ઇચ્છાથી સાત્યકિ તમારા સૈન્ય પ્રત્યે ગયો. પછી પોતાના સૈન્યથી વિંટાયલા ધર્મરાજ, સાત્યકિની પાછળ તેની રક્ષા વાસ્તે દ્રોણુ રથ પ્રત્યે ગયા, તેટલામાં પાંડવ સૈન્ય વિષે સંગ્રામમાં દુર્મદ ધૃષ્ટદ્યુમ્ન તથા વસુદાન રાજા 'અરે આવો, પ્રહાર કરો; જલદી દોડો.' એ રીતે આક્રોશ કરવા લાગ્યા. ઘણા મહારથિઓ એને જીતવા યત્ન કરશે વાસ્તે જે રીતે યુદ્ધમાં દુર્મદ સાત્યકિ સુખે કરીને જાય તેમ કરો; એમ બોલતા મહારથિઓ વેગેકરી તમારી સેના પ્રત્યે આવવા લાગ્યા. તે વખતે અમે પણુ સામેનાઓને જીતવાની ઇચ્છાથી તેમની સામે દોડયા. સાત્યકિના રથ પ્રત્યે મોટો શબ્દ થતો હતો. તેણે સો પ્રકારે ભેદવા માંડેલી તેથી વિખરાઇ ગયેલી તમારા પુત્રની સેના ચોતરફ ભાગવા લાગી. તે વખતે મહારથિ શિનિપુત્રે સૈન્યના અગ્ર ભાગમાં રહેલા મોટા ધનુષવાળા સાત શૂરવીરોને હણી નાના પ્રકારના દેશથી આવેલા, શૂરવીર એવા બીજા રાજાઓને પણુ અગ્નિ સરખાં બાણેકરી યમલોક પ્રત્યે મોકલી દીધા. એવી રીતે સાત્યકિ એક બાણેકરી સેંકડોને વિંધતો હતો. તેમજ સો બાણેકરી એકને વિંધતો હતો. તેમજ માવત સહિત હસ્તિઓ, ઘોડેસ્વાર સહિત ઘોડાઓ, તથા અશ્વ અને સારથિ સહિત રથિઓને પણુ રૂદ્ર જેમ પશુને હણે તેમ હણતો હતો. તે રીતે અદ્‌ભુત કર્મ કરનાર શરસંપાતને વરસાવનાર સાત્યકિની સામે તમારા કોઇ પણુ સૈનિકો દોડતા ન હતા. મહાબાહુ એવા સાત્યકિએ હણેલા તથા મર્દન કરેલા તેથી ભયભીત થયેલા તેના તેજથી મોહિત થયેલા તમારી તરફના શૂરવીર અભિમાની એવા તે એકને બહુ પ્રકારે જોઇ સંગ્રામનો ત્યાગ કરતા હતા. હે મારિષ ! મંથન થયેલા, ભાંગ્યા છે નીડ જેમના એવા રથ, મંથન થયેલાં ચક્ર, પાડી નાંખેલા છત્ર તથા ધ્વજ, રથના ધોંસરીના ભાગ, પતાકા, સુવર્ણથી શોભિતી સંગ્રામમાં પહેરવાની ટોપીઓ, ચંદને કરી લીંપેલા બાજુબંધ સહિત હસ્તિની શુંડ સરખા તથા સર્પના શરીર સરખા બાહુ તથા સાથળેકરી રણભૂમિ ઢંકાઇ ગઇ હતી. ચંદ્ર સરખાં સુંદર કુંડળ સહિત પડેલાં વૃષભ સરખાં નેત્રવાળાં મસ્તકોકરી પૃથ્વી અતિશય શોભતી હતી, અને સાત્યકિએ ભેદેલા પર્વતની જેમને ઉપમા

અપ્રાપ્ય એવા પડેલા હસ્તિઓએ કરી જેવી પડેલા પર્વતે કરી શોભે તેવી તે પૃથ્વી અત્યંત શોભતી હતી. તેમજ મહાબાહુ સાત્યકિએ હણેલા, પ્રાણ રહિત અશ્વ પૃથ્વીને પ્રાપ્ત થઇ લોહીની જાળથી શોભિતી સુવર્ણમય લગામ તથા ઉરસ્ત્રાણે કરી શોભતા હતા, એ રીતે સાત્વત એવો સાત્યકિ, તમારા નાના પ્રકારના સૈન્યને હણી સેનાને અત્યંત નસાડી તમારા સૈન્યમાં પેઠો. અને જે માર્ગે અર્જુન ગયા હતા તેજ માર્ગે સાત્યકિ પણ જવા ઇચ્છા કરવા લાગ્યો, તેટલામાં દ્રોણે તેને વાર્યો. તે વખતે અત્યંત ક્રોધાયમાન થયલો યુયુધાન, સાત્યકિ દ્રોણાચાર્યને પ્રાપ્ત થઇને જેમ વેલાને પ્રાપ્ત થઇ જળાશય હઠે નહિ તેમ પાછો હડયો નહિ. એવી રીતે દ્રોણાચાર્યે મહારથિ સાત્યકિને વારી મર્મ ભેદનાર તીક્ષ્ણ એવાં પાંચ બાણે કરી તેને વિંધ્યો. હે રાજન્! સાત્યકિએ પણ સંગ્રામના મધ્યમાં સુવર્ણના પુંખવાળાં, શિલા ઉપર ઘસેલાં, ગૃધ્રનાં પીંછ બાંધેલાં સાત બાણેકરી દ્રોણને વિંધ્યા. વળી દ્રોણે પણ છ બાણેકરી અશ્વ તથા સારથિ સહિત તેને પીડિત કર્યો. તે સહન ન કરી શકતા એવા મહારથિ સાત્યકિએ સિંહનાદ કરી દશ બાણથી દ્રોણને વિંધી વળી બીજાં છ, આઠ તથા દશ બાણેકરી દ્રોણને વિંધી એકે કરી એમના સારથિને, ચારેકરી ચાર અશ્વને, તથા બીજા એકેકરી એમના ધ્વજને પણ વિંધ્યો. ઉતાવળા થતા દ્રોણે પણ તીડ નામના જંતુના સમુદાયે કરી જેમ આચ્છાદન કરે તેમ ઘણાંક બાણેકરી અશ્વ, સારથિ, રથ તથા ધ્વજ સહિત તેને ઢાંકી દીધો. તેમજ અસંભ્રાંત એવા સાત્યકિએ પણ ઘણાંક બાણેકરી દ્રોણને આચ્છાદન કરી દીધા. તે વખતે દ્રોણાચાર્ય તેને કહેવા લાગ્યા કે, તારો ગુરૂ અર્જુન, કુત્સિત પુરૂષની પેઠે સંગ્રામમાં યુદ્ધ કરતાં મને ત્યાગ કરી સંગ્રામ છોડી દેઇ દક્ષિણ બાજુ ગયો. તેમ હે માધવ! તું પણ સંગ્રામમાં આચાર્યની પેઠે મને મૂકીને જો જલદી ભાગી જઇશ નહિ તો આજ જીવતો જઇશ નહિ. એવાં દ્રોણનાં વચન સાંભળી સાત્યકિએ તેમને કહ્યું કે હે બ્રહ્મન્! ધર્મરાજની આજ્ઞાથી અર્જુનની પદવી પ્રત્યે હું જાઉં છું; તમારૂં કલ્યાણ થાઓ. મારો વખત નિર્ગમન માં થાઓ. તેમ આચાર્યે અનુગત માર્ગને શિષ્યો હંમેશ ખોળે છે, વાસ્તે જે માર્ગે મારા ગુરૂ ગયા છે તે માર્ગે હું જાઉં છું.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! શિનિકુળમાં ઉત્પન્ન થયેલો સાત્યકિ, એટલાં વચન કહી આચાર્યને છોડી દેઇ બીજે રસ્તે ચાલી સારથિને આવી રીતે વચન કહેવા લાગ્યો કે, દ્રોણ સર્વથા મને વારણ કરવા વિષે યત્ન કરશે તથાપિ હે સૂત! સાવધાન થઇ તું સંગ્રામ વિષે ઘોડાઓને હાંકી જા; અને આ મારૂં વચન સાંભળ. આ મોટી કાંતિવાળું આવંત્યોનું સૈન્ય દેખાય છે; એ પછી આ મોટું દાક્ષિણાત્ય સૈન્ય દેખાય છે, તે પછી મોટું સૈન્ય દેખાય છે તે બાલ્હિકોનું છે; અને તેની પાસે મોટું સૈન્ય કર્ણનું છે. હે સારથે! જુદાં જુદાં એ સૈન્ય એક બીજાનો આશ્રય કરી ઉભાં રહ્યાં છે તેથી રણાંગણનો ત્યાગ કરતાં નથી. એમના મધ્યમાં જઇ પ્રહૃષ્ટની પેઠે ઘોડાઓને ચલાવ. હે સારથે! મધ્યમ વેગનો આશ્રય કરી નાના પ્રકારનાં ઉગામેલાં છે શસ્ત્ર જેમણે એવા બાલ્હિકો જ્યાં દેખાય છે અને કર્ણઆદિ લેઇ ઘણા દાક્ષિણાત્ય દેખાય છે તેમજ હસ્તિ, અશ્વ તથા રથેકરી અત્યંત બાધ કરે એવું, નાના દેશથી આવેલા પાયદળોએ આશ્રય કરેલું જે સૈન્ય દેખાય છે તેના મધ્યમાં જા. એવી રીતે પોતાના સારથિને કહી બ્રાહ્મણ એવા દ્રોણને છોડી દેઇ તે આગળ ચાલ્યો. તે વખતે પાછા ન ફરનાર એવા જતા મહાભાગ સાત્યકિને જોઇ ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્ય, ઘણાંક બાણ નાંખતા તેની પાછળ જવા લાગ્યા. સાત્યકિ તો તીક્ષ્ણ બાણેકરી અત્યંત મોટા કર્ણના સૈન્યને હણી

અત્યંત મોટી એવી ભારતીસેના પ્રત્યે પ્રવિષ્ટ થયો. એવી રીતે તમારી સેના પ્રત્યે સાત્યકિ પ્રવિષ્ટ થયો અને સૈનિકો ભાગવા લાગ્યા, તેને જોઇ અમર્ષિ એવા કૃતવર્માએ સાત્યકિને ચોતરફથી વિંટી લીધો. તત્કાળ પરાક્રમ કરનાર સાત્યકિએ આવતા તેને છ બાણથી હણી, બીજા ચાર બાણેકરી એના ચાર ઘોડાઓને હણી, વળી નતપર્વ એવાં સોળ બાણેકરી તે, કૃતવર્માને પણ સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યો. હે મહારાજ ! એવી રીતે સાત્યકિએ તીક્ષ્ણ કરેલાં ઘણાંક બાણેકરી હણેલો કૃતવર્મા તે સહન કરી શક્યો નહિ. પછી હે રાજન્ ! કૃતવર્માએ કર્ણ પર્યંત ધનુષ ખેંચી અગ્નિ સરખું વત્સદંત નામનું બાણ તેમાં સાંધી સાત્યકિને વક્ષઃસ્થળમાં વિંધ્યો. તે બાણ તેના કવચને તથા શરીરને ભેદી રૂધિરથી વ્યાપ્ત પુંખપત્ર સહિત પૃથ્વીપર પડી તેમાં પેસી ગયું. વળી પરમાસ્ત્ર જાણનાર કૃતવર્માએ ઘણાંક બાણેકરી એના બાણ તથા ધનુષને કાપી તીક્ષ્ણ કરેલાં દશ બાણેકરી સત્ય પરાક્રમવાળા સાત્યકિને સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યો. એવી રીતે પોતાનું ધનુષ વિખરાયુ ત્યારે શક્તિમાનમાં શ્રેષ્ઠ સાત્યકિએ શક્તિએકરી કૃતવર્માના દક્ષિણ બાહુને હણી બીજું અત્યંત દૃઢ ધનુષ લેઇ પરિપૂર્ણ ખેંચી જલદી હજારો બાણ નાંખી ચોતરફથી રથ સહિત કૃતવર્માને વિંટી લીધો. એ રીતે બાણ સમુદાયથી તેને ઢાંકી સાત્યકિએ ભલ્લ નામના બાણથી એના સારથિનું મસ્તક પણ કાપી નાંખ્યું. તે સમયે હાર્દિક્ય એવો કૃતવર્માનો હણાયેલ સારથિ મોટા રથ ઉપરથી નીચે પડયો. તે સમયે સારથિ વગરના તેના રથના ઘોડા અત્યંત ભાગવા લાગ્યા. ત્યારે ભોજ એવો સંભ્રાંત થયેલો શૂરવીર કૃતવર્મા પોતે ઘોડાઓને પકડી હાથમાં ધનુષ લેઇ સૈન્યના મધ્યમાં ઉભો રહ્યો. એ રીતે બે ઘડી ઘોડાઓની આશ્વાસના કરી ભય રહિત થઇ શત્રુઓને મોટા ભય ઉત્પન્ન કરતો કૃતવર્મા ઘોડાઓને હાંકવા લાગ્યો. યુયુધાન એવો સાત્યકિ તેનો ત્યાગ કરી તેના સૈન્યમાંથી જલદી કાંબોજની મોટી સેના પ્રત્યે ગયો. કૃતવર્મા ભીમસેન સામે ગયો. ત્યાં શૂરવીર એવા ઘણા મહારથિઓએ રૂંધેલો સત્ય પરાક્રમવાળો સાત્યકિ આગળ જઇ શક્યો નહીં. તેટલામાં સાવધ દ્રોણાચાર્ય સેનાને ઘટતે સ્થાનકે લેઇ આવી ભોજવિષે તેનો ભાર નાંખી.યુદ્ધ કરવાની ઇચ્છાથી સાત્યકિ સામે દોડ્યા. તે રીતે સાત્યકિની પાછળ દોડતા તેમને જોઇ પાંડવ તરફના મુખ્ય યોદ્ધાઓ અત્યંત પ્રસન્નતાથી તેમને વારવા લાગ્યા. અને વીર એવા કૃતવર્માએ વારણ કરેલા ભીમસેનાદિક પંચાલો પણ રથિમાં શ્રેષ્ઠ એવા તેને પ્રાપ્ત થઇ ઉત્સાહ રહિત થયા. કંઇક ખેદયુક્ત છે ચિત્ત જેમનું એવા યત્ન કરતા તે સર્વને ચોતરફથી બાણના ઓઘેકરી કૃતવર્માએ ગ્લાનિયુક્ત છે વાહન જેમનાં એવા કર્યા. એ રીતે ભોજે નિગ્રહ કરેલા પોતાના સૈન્યને વધારવા માગતા શૂરવીર પાંડવ તરફના યોદ્ધાઓ મોટા યશની પ્રાર્થના કરતા સંગ્રામમાં ઉભા રહ્યા.

निगृहीतास्तु भोजेन भोजानीकेप्सवारणे ।
अतिष्ठन्नार्यवद्वीराः प्रार्थयंतो महद्यशः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे गुर्जरभाषायां त्रयोदशाधिकशततमोऽध्यायः ॥ ११३ ॥

શકે નહીં. ઉત્તમ મનુષ્ય શરીર પામી પુરૂષોએ એવી રીતે વર્તવું કે, પોતાની સ્ત્રી વિષે પુત્રો ઉત્પન્ન કરી તે પુત્રોને અઋણી કરી, તેઓ વાસ્તે કંઇપણ જીવિકા સંપાદન કરી, સર્વ કન્યાઓને સારે ઠેકાણે આપીને પોતે મુનિ થઇ અરણ્ય પ્રત્યે ચાલી નિકળવું. જે કરવાથી સર્વ પ્રાણીમાત્રનું હિત થાય, ને પોતાના આત્માને પણ સુખ થાય, તેવું કર્મ કરી ઇશ્વરઅર્પણ કરવું જેથી સર્વ કાર્ય સિદ્ધ થાય. બુદ્ધિ, પ્રભાવ, તેજ, શૌર્ય, ઉદ્યમ તથા નિશ્ચય, એટલાં વાનાં જેને છે, તેને જીવિકાના અભાવનો ભય રહેતો નથી. હે રાજન્! પાંડવો સાથે કલહ કરવામાં કેટલા દોષ છે, તે જુવો! યુદ્ધ કરશો તો ઇંદ્ર સહિત દેવતાઓ વ્યથા પામશે, પુત્રો સાથે વૈર થશે, નિરંતર ઉદ્વિગ્ન ચિત્તથી રહેશો, અને યશનો નાશ તથા શત્રુઓને હર્ષ પમાડશો. આકાશમાં ઉગેલા ધૂમકેતુ તારાની પેઠે ભીષ્મનો, તમારો, દ્રોણનો તથા યુધિષ્ઠિર રાજાનો અત્યંત વધેલો ક્રોધ, આ લોકનો નાશ કરી નાખશે. સંપ રાખશો તો તમારા સો પુત્રો, કર્ણ તથા પાંચ પાંડવો, એ સૌ એકઠા થઇ સમુદ્ર પર્યંત પૃથ્વીનું રાજ્ય કરશે. હે રાજન્! તમારા પુત્રો વન છે અને પાંડવો વ્યાઘ્ર છે માટે વ્યાઘ્ર સહિત વનને મા કાપો, ને વનમાંથી વ્યાઘ્રો નાશ મા પામો. વ્યાઘ્ર વિના વન ન હોય, ને વન વિના વ્યાઘ્ર ન હોય, માટે વ્યાઘ્રોથી વનની તથા વનથી વ્યાઘ્રની રક્ષા થાય છે. પાપબુદ્ધિવાળા પુરૂષો જે રીતે પારકાના દોષને જાણવાને ઇચ્છે છે, તે રીતે તેઓને વિષે રહેલા કલ્યાણરૂપ ગુણોને જોવા ઇચ્છતા નથી. પરમ અર્થસિદ્ધિને ઇચ્છનાર પુરૂષે પ્રથમથીજ ધર્મનું આચરણ કરવું, કારણ સ્વર્ગલોકથી જેમ અમૃત દૂર નથી, તેમ ધર્મથી અર્થ દૂર નથી. જેણે પોતાનું મન પાપથી વિરામ પમાડી સારા કામ વિષે લગાડયું, તેણે સારૂં નરસું બધું જોયું, એમ જાણવું. જે પુરૂષ વખતને અનુસરી ધર્મ, અર્થ તથા કામને સેવે, તે આલોક તથા પરલોક વિષે પણ ધર્મ, અર્થ તથા કામના સંયોગને પામે છે. હે રાજન્! જે પુરૂષ ક્રોધ તથા હર્ષના વેગને સહન કરે છે, તે લક્ષ્મીનું પાત્ર થાય છે, ને આપત્કાળ વિષે પણ મોહ નથી પામતો. હે રાજન્! તમારૂં કલ્યાણ થાઓ. વિદ્વજ્જનોએ પુરૂષોનું પાંચ પ્રકારનું બળ કહેલું છે, તે હું તમોને કહું તે સાંભળો—પહેલું કનિષ્ઠ એવું બાહુબળ, બીજું સારા અમાત્યોનો લાભ, ત્રીજું ધનનો લાભ, ચોથું પોતાના બાપદાદા સંબંધી સહજ કુળનું બળ, અને જેથી આ બધા બળોનો સંગ્રહ કરેલો છે, તે સર્વ બળમાં શ્રેષ્ઠ પ્રજ્ઞારૂપી બળ પાંચમું જાણવું. જે પુરૂષ મનુષ્યને મોટા અપકાર કરવા સમર્થ છે, તેની સાથે વૈર કરી પછી દૂર જઇ એમ વિશ્વાસ ન રાખવો કે, "હું દૂર છું તેથી તે શું કરી શકશે?" સ્ત્રીઓ, રાજાઓ, ભણેલું શાસ્ત્ર, સમર્થ શત્રુ, નાના પ્રકારના ભોગ તથા આયુષ, એટલાનો કોઇ બુદ્ધિમાન પુરૂષ વિશ્વાસ કરતો નથી. બુદ્ધિરૂપી બાણથી હણાયલા પુરૂષને સાજો કરવા વાસ્તે વૈદ્ય, ઔષધો, હોમમંત્રો, મંગળરૂપ કર્મો, અથર્વ વેદના મંત્રો તથા સિદ્ધ થયેલા પારાદિક રસો પણ સમર્થ થતા નથી. હે ભારત! સર્પ, અગ્નિ, સિંહ તથા પોતાનો જાતિભાઇ, એ ચારનો મનુષ્યોએ કદી તિરસ્કાર કરવો નહીં, કારણ એ સર્વને અત્યંત તેજવાળા જાણવા, સાધારણ જાણવા નહીં. લોક વિષે જ્યાં સુધી મોટા તેજવાળો અગ્નિ કાષ્ઠમાં છુપો રહે છે, ત્યાં સુધી જણાતો નથી, પણ તે જ અગ્નિ કાષ્ઠનું મંથન કરવાથી જ્યારે બહાર નિકળે છે ત્યારે તે જ વખતે પોતાના તેજથી કાષ્ઠ તથા સમગ્ર વનને બાળી નાખે છે, તે જ રીતે અગ્નિ સરખા તેજવાળા પાંડવો, કુલિન છે તેથી ક્ષમાવાન થઇ પોતાનું સ્વરૂપ બહાર ન જણાય, તે રીતે બેઠેલા છે; પણ બહાર નિકળેલા અગ્નિની પેઠે કોપ્યા તો સર્વ કૌરવોને

અધ્યાય ૧૧૪ મો. હતાશ ધૃતરાષ્ટ્રની ચિંતા.

धृतराष्ट्र उवाच—एवं बहुगुणं सैन्य मेवंप्रविहितं बलं।
व्यूढमेवं यथान्यायमेवं बहु च संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! એ રીતે ઘણા ગુણવાળું તથા ઘણાંક બળવાળું ન્યાય પ્રમાણે વ્યૂહ રચનાથી ઉભેલું, ઘણુંક, હંમેશ પૂજેલું, આપણે વિષે અનુરક્ત, વૃદ્ધિ પામેલું, અનુપમ છે સ્થિતિ જેની, પૂર્વે દીઠું છે પરાક્રમ જેનું તેમ અતિવૃદ્ધ તથા અતિબાળક નહિ અને અતિ કૃશ કે અતિ સ્થૂળ પણ નહિ, મનોહર વૃત્તવાળું, અસાર, શૂન્ય, વ્યથા રહિત, ગ્રહણ કરેલા કવચથી ઢંકાયલું, ઘણાંક શસ્ત્રરૂપ સામગ્રીવાળું, શસ્ત્ર ગ્રહણ કરવાની ઘણીક વિદ્યા વિષે પરિનિષ્ઠિત, આરોહણ કરવું, ઉતરવું, સારી રીતે જવું, કુદીને જવું, પ્રયાણ કરવું તથા નાસી જવામાં ચતુર, હસ્તિ અશ્વ તથા રથ ઉપર બેસવામાં પસાર થયેલું, ન્યાય પ્રમાણે પરીક્ષા કરી પગાર ઠરાવી સંપાદન કરેલું, સલાહમાત્રથી પૂર્વે કરેલા ઉપકારથી તથા સંબંધ નિમિત્તથી બોલાવેલું નહિ, બળાત્કારથી ગ્રહણ કરેલું નહિ, કુલિન એવા આર્યજને કરી સંયુક્ત હૃષ્ટપુષ્ટ, વિચાર કરી કામ કરનાર, માન આપેલું, યશસ્વી, મનસ્વી, પુણ્ય છે કર્મ જેમનાં એવા લોકપાલ સરખા મુખ્ય ઉત્તમ સચિવોએ પાલન કરેલું, અમારૂં પ્રિય કરવા ઇચ્છતા ઘણાક રાજાઓએ રક્ષણ કરેલું, નદીઓએ કરી ચોતરફથી જેમ મહોદધિ પૂર્ણ હોય તેમ અમને અનુસરનાર, સૈન્ય સહિત રાજાઓથી પરિપૂર્ણ, પક્ષ વગરના પક્ષિ સરખા રથ તથા અશ્વેકરી વિંટાયલું તથા ભેદાયલાં છે કુંભસ્થળ જેમના એવા હસ્તિઓએ કરી વિંટાયલું મોટું મારૂં સૈન્ય જે હણાય છે તેનું ભાગ્ય વિના બીજું શું કહીએ? યોદ્ધારૂપી છે અક્ષય જળ જેમાં, ભયંકર વાહનરૂપી તરંગવાળા, ગોફણ ખડગ, ગદા, શક્તિ તથા પ્રાસરૂપી મત્સ્યે કરી આકુલ, ધ્વજ તથા ભૂષણરૂપી રત્ન તથા પાષાણે કરી ઢંકાઇ ગયેલ, દોડતા વાહનરૂપી વાયુવેગે કંપાવેલ, દ્રોણરૂપી છે ગંભીર પાતાળ જેનું, કૃતવર્મારૂપી મોટા હ્રદવાળા, જલસંધરૂપી છે મોટો ગ્રાહ જેમાં, કર્ણરૂપી ચંદ્ર વૃદ્ધિ પામેલ, મારા સૈન્યરૂપી સમુદ્રને વેગથી ભેદી એક રથે કરી અર્જુન તથા સાત્યકિ ગયા; મારા સૈન્યના શેષને હવે હું જોતો નથી. અતિક્રમણ કરી ગયેલા વેગવાન તે બેઉને જોઇ તેમજ ગાંડીવમાં સાંધેલા બાણ આગળ રહેલા સિંધુરાજાને જોઇ કાળે પ્રેરેલા કૌરવ અતિ ભયંકર વખતમાં શું કૃત્ય કરે વા કેમ તેમને પ્રાપ્ત થાય? માટે હે તાત! હવે કૌરવોને તો હું મૃત્યુએ ગળેલા માનું છું. તેમ સંગ્રામમાં કૌરવોનું તેવું પરાક્રમ પણ દેખાતું નથી. હે સંજય! ક્ષત વગરના શ્રીકૃષ્ણ તથા અર્જુન આપણી સેનામાં પેઠા તથાપિ તેમને વારનાર કોઇ આપણામાં હતાજ નહિ. હે સંજય! ઘણાક મહારથિ યોદ્ધાઓ પરીક્ષા કરી પગાર ઠરાવી આપણે ગ્રહણ કર્યા છે, કેટલાક પ્રિય ભાષણ કરી ગ્રહણ કર્યા છે, સત્કાર કર્યા વગરના કોઈ પણ યોદ્ધાઓ મારા સૈન્યમાં છે નહિ તેમ સર્વને પોતપોતાના કામ પ્રમાણે પગાર આપીએ છીએ. તેમ હે સંજય! મારા સૈન્યમાં ગુસ્સો પણ કરે એવો પણ કોઇ નથી પછી થોડા પગારવાળા, તથા ફોગટ આવેલાને પણ દાન, માન તથા આસને કરી મારા પુત્ર, બાંધવ તથા જાતિલા સત્કાર કરે છે. તેમને પ્રાપ્ત થતાંજ સાત્યકિએ મર્દન કર્યા તથા અર્જુને જીતી લીધા માટે તેનું ભાગ્ય વિના બીજું શું? આગ્રજ. સંગ્રામમાં જેની રક્ષા કરાય છે તથા હે સંજય! જેઓ રક્ષણ

કરનાર છે, તે રક્ષણ કરનાર સહિત રક્ષ્યનો સાધારણ એકજ માર્ગ છે. સંગ્રામમાં સંધવની આગળ ઉભેલા અર્જુનને જોઇ અત્યંત મૂઢ એવા મારા પુત્રે શું કર્યું ? નિર્ભયની પેઠે સંગ્રામમાં પ્રવિષ્ટ થયેલા સાત્યકિને જોઇ મારા પુત્ર દુર્યોધને વખતને લગનો શું વિચાર કર્યો ? સર્વ શસ્ત્રને અતિક્રમણ કરનાર, રથિમાં શ્રેષ્ઠ, સેના પ્રત્યે પ્રવિષ્ટ થયેલા શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઇ મારા સૈનિકો યુદ્ધમાં શું વિચાર કરતા હતા ? અર્જુન વાસ્તે ઉભેલા દાશાર્હ એવા શ્રીકૃષ્ણને જોઇ તેમજ શિનિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિને જોઈ મારા પુત્ર શોચ કરતા હશે, એમ માનું છું. અર્જુને તથા સાત્યકિએ અતિક્રમણ કરેલી સેનાને તથા પલાયન કરતા કૌરવોને જોઇ મારા પુત્ર શોચ કરતા હશે, એમ હું માનું છું. તેમજ શત્રુને જીતવામાં નિરુત્સાહ, પલાયન કરવાનો છે ઉત્સાહ જેમને એવા દોડતા રથિઓને સાત્વન, તથા અર્જુને શૂન્ય કરેલા રથમાં બેસવાનાં સ્થાનક તથા હણાયેલા યોદ્ધાઓને, જતા રહ્યા છે અશ્વ, હસ્તિ તથા રથ જેમના એવા સંગ્રામમાં વ્યગ્રતાથી દોડતા સેંકડો શૂરવીરોને અને અર્જુનના બાણથી હણાવાને લીધે ચોતરફ દોડતા મોટા હસ્તિઓને તથા પડેલા અને પડતા બીજા હસ્તિઓને, સાત્યકિ તથા અર્જુને સ્વાર વગરના કરેલા અશ્વ, તથા વિરથ કરેલા નરને તેમજ રણસંગ્રામમાં સાત્યકિ તથા અર્જુને હણેલા તે તે સ્થાનકે દોડતા અશ્વ સમુદાયને, સંગ્રામમાં ચોતરફ દોડતા પાયદળ સમૂહને, ક્ષણમાત્રમાં દ્રોણ સૈન્યને અતિક્રમણ કરી ગયેલા, પરાજય પામેલા નહિ એવા શૂરવીર તે બેઉને જોઈ મારા પુત્ર શોચ કરતા હશે, એમ હું માનું છું. હે તાત ! સાત્વત સહિત મારા સૈન્ય પ્રત્યે પ્રવિષ્ટ થયેલા અચ્યુત એવા શ્રીકૃષ્ણ તથા અર્જુનને સાંભળી હું અત્યંત સંમૂઢ થઇ ગયો છું. માટે હે સંજય ! શિનિકુળમાં શ્રેષ્ઠરથિ એવા તેણે સેનામાં પ્રવિષ્ટ થઇ ભોજ સૈન્યને અતિક્રમણ કર્યું, તે વખતે કૌરવોએ શું કર્યું ? હે સંજય ! તેમજ દ્રોણાચાર્યે સંગ્રામમાં પાંડવને નિગ્રહ કર્યા તે સમયે કેવી રીતે યુદ્ધ થયું ? તે તું મને કહે. હે સંજય ! અર્જુનના જયને ઇચ્છતા બાંધ્યું છે વૈર જેમણે એવા પંચાલોએ બળવાન શ્રેષ્ઠ, અસ્ત્ર શીખેલા, યુદ્ધમાં દુર્મદ એવા મોટા ધનુષવાળા દ્રોણાચાર્યને સંગ્રામમાં કેમ વિંધ્યા ? અને દૃઢ છે વૈર જેનું એવા મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામાએ શું કર્યું ? તેમજ સિંધુરાજાના વધ વાસ્તે અર્જુને શું કર્યું ? હે સંજય ! તું કુશળ છે વાસ્તે એ સર્વ વૃત્તાંત મને કહે.

સંજય કહે છે—હે ભરતર્ષભ ! હે વીર ! પોતાના અપરાધથી થયેલા દુઃખને પ્રાપ્ત થઇ પ્રાકૃત માણસની પેઠે તમો શોચ કરવા યોગ્ય નથી. હે રાજન્ ! પૂર્વે પ્રાજ્ઞ તથા સુહૃદ્ એવા વિદુરાદિક તમને કહેતા હતા કે પાંડવોને તમે ત્યાગ કરો માં. પણ તે વખતે તે કહેવું તમે સાંભળ્યું નહિં, માટે જગતમાં પોતાના હિતેચ્છુક એવા સંબંધીઓનાં વચન જે સાંભળે નહિ તે મોટા દુઃખને પ્રાપ્ત થઇ પછી તમારી પેઠે શોચ કરે. હે રાજન્ ! પૂર્વે દાશાર્હ એવા ભગવાને શાંતિ વાસ્તે તમારી પાસે માગણી કરી તથાપિ મોટા યશવાળા શ્રીકૃષ્ણની પણ તે યાચના તમે ગણકારી નહિ. ત્યાર પછી તમારી નિર્ગુણતા, પુત્રવિષે પક્ષપાત, ધર્મ વિષે અનિશ્ચય, પાંડવોવિષે મત્સર તથા કપટરૂપ તમારો અભિપ્રાય તથા ઘણાક આર્ત એવા પ્રલાપને જાણી સર્વ લોકના તત્વને જાણનાર, સર્વ લોકના ઇશ્વર સમર્થ વાસુદેવે કૌરવોનું પરસ્પર મોટું યુદ્ધ કરાવ્યું; માટે હે માનદ ! તમારા પોતાના અપરાધથી તમને અત્યંત મોટો એવો ક્ષય પ્રાપ્ત થયો છે વાસ્તે આ દોષ દુર્યોધન વિષે મૂકવા તમો યોગ્ય નથી. હે ભારત ! આદિ, મધ્ય તથા અંતમાં પણ તમારૂં સુકૃત કંઇ પણ દેખાતું નથી તેથી પરાજયનું મૂળ તમેજ છો.

યોદ્ધાનો નિર્ણય જાણી સાવધાન થઇ દેવાસુરયુદ્ધની જેને ઉપમા અપાય એવું ઘોર યુદ્ધ જે રીતે પ્રવર્તમાન થયું તે રીતે હું તમોને કહું તે સાંભળો. સત્ય પરાક્રમવાળો સાત્યકિ તમારા સૈન્યમાં પેઠો તે સમયે ભીમસેનાદિક પાંડવો તમારી સેના પ્રત્યે આવવા લાગ્યા. ક્રોધાક્રાંત છે રૂપ જેમનું એવા પાછળ ચાલનાર સહિત આવતા તે પાંડવોને તે જ વખતે એકલા મહારથિ કૃતવર્માએ, જેમ વૃદ્ધિ પામેલા સલિલ સમુદ્રને કિનારો વારે તેમ વારી રાખ્યા. તે સમયે આશ્ચર્યરૂપ એવા કૃતવર્માના પરાક્રમને અમે જોતા હતા જે સંગ્રામમાં એકઠા મળેલા પાંડવો એને અતિક્રમણ કરી શક્યા નહિ. તેટલામાં મહાબાહુ ભીમસેને તો ત્રણ બાણેકરી કૃતવર્માને વિંધી પાંડવોને હર્ષ કરતાં પોતાનો શંખ વગાડયો. પછી સહદેવે વીસથી, ધર્મરાજે પાંચથી, નકુળે સોથી, દ્રૌપદીના પાંચ પુત્રોએ તોતેરથી, ઘટોત્કચે સાતથી તથા ધૃષ્ટદ્યુમ્ને ત્રણથી કૃતવર્માને વિંધ્યો. તેમજ વિરાટે પાંચથી અને યાજ્ઞસેની એવા શિખંડિએ પણ પાંચ બાણથી એને વિંધી વળી હસતો હોય નહિ તેની પેઠે વીસ બાણેકરી તેને વિંધ્યો. હે ગજન્! કૃતવર્માએ ચોતરફથી તે મહારથિઓને એક એકને પાંચ બાણથી વિંધી, સાત બાણથી ભીમસેનને વિંધી રથમાંથી એનુ ધનુષ તથા ધ્વજ પૃથ્વી ઉપર પાડી નાંખ્યો. વળી કપાઇ ગયેલા ધનુષવાળા એને ક્રોધાયમાન થયેલા મહારથિ તેણે તીક્ષ્ણ કરેલાં સિત્તેર બાણથી જલદી વક્ષઃસ્થળમાં વિંધ્યો. કૃતવર્માના ઉત્તમ બાણથી અત્યંત વિંધાયલો બળવાન તે, પૃથ્વી કંપવાથી જેમ પર્વત ચલાયમાન થાય તેમ રથના મધ્યમાં ચલાયમાન થયો. તે રીતે પીડિત થયેલા ભીમસેનને જોઇ ધર્મરાજ છે મુખ્ય જેમાં એવા પાંડવ તરફના યોદ્ધાઓ રથ સમુદાયથી કોઠો કરી પ્રસન્નતાથી ભીમસેનની રક્ષા વાસ્તે બાણેકરી સંગ્રામમાં તેને પીડવા લાગ્યા. તેટલામાં તો મહા બળવાન, ભીમસેને સંજ્ઞા પામી સુવર્ણના દાંડાવાળી લોહમય શક્તિ ગ્રહણ કરી પોતાના રથ ઉપરથી કૃતવર્માના રથ પ્રત્યે ફેંકી. ભીમસેનના હાથથી મૂકાયલી છૂટા મૂકેલા સર્પ સરખી, અત્યંત દારૂણ શક્તિ તે કૃતવર્મા સામે જવા લાગી. પોતા સામે આવતી પ્રલય સમયના અગ્નિ સરખી કાંતિવાળી તેને કૃતવર્માએ બે બાણથી બે પ્રકારે હણી સુવર્ણથી શોભિતી કપાઇ ગયેલી તે શક્તિ દિશાઓને શોભાવતી આકાશમાંથી ભ્રષ્ટ થયેલા મોટા ઉંબાડિયાની પેઠે પૃથ્વી ઉપર પડી. એ રીતે હણાયલી શક્તિને જોઇ અત્યંત ક્રોધાયમાન થયેલા ભીમસેને મોટા શબ્દવાળું, વેગવાન, બીજું ધનુષ ગ્રહણ કરી કૃતવર્માને વારી રાખી, હે રાજન્! તમારા ખરાબ વિચારથી ભયંકર બળવાળા ભીમસેને પાંચ બાણેકરી એને સ્તનના મધ્યભાગમાં વિંધ્યો. હે મારિષ! ભીમસેને ક્ષતયુક્ત કર્યું છે સર્વ અંગ જેનું એવો કૃતવર્મા, રણાંગણ વિષે જેવું પ્રફુલ્લિત થયેલું લાલ પલાશ-ખાખરાનું વૃક્ષ શોભે તેમ શોભતો હતો. તેથી ક્રોધાયમાન થયેલા મોટા ધનુષવાળા કૃતવર્માએ જાણે હસતો હોય નહિ તેની પેઠે ત્રણ બાણેકરી ભીમસેનને હણી ત્રણ ત્રણ બાણેકરી યત્ન કરતા તે સર્વ મહારથિઓને પણ વિંધ્યા. તેઓએ પણ સાત સાત બાણેકરી તેને વિંધ્યો. વળી ક્રોધાયમાન થયેલા મહારથિ કૃતવર્માએ હસતો હોય નહિ તેની પેઠે ક્ષુરપ્ર નામના બાણેકરી શિખંડિનું ધનુષ કાપી નાખ્યું. ધનુષ કપાવાથી ક્રોધાયમાન થયેલા શિખંડિએ પ્રકાશમાન ઢાલ તથા ખડ્ગ ગ્રહણ કરી સુવર્ણથી શોભિતી ઢાલ ફેરવી તે ખડ્ગ કૃતવર્માના રથ પ્રત્યે નાંખ્યું. હે રાજન્! તે મોટું ખડ્ગ એનું બાણ સહિત ધનુષ કાપી આકાશમાંથી ભ્રષ્ટ થયેલા તેજની પેઠે પૃથ્વી ઉપર પડ્યું, એટલામાં તો મહારથિ પાંડવોએ ઉતાવળા થતા કૃતવર્માને બાણેકરી અત્યંત વિંધ્યો. મારકા સંગ્રામમાં હણનાર કૃતવર્માએ વિખરાએલા તે મોટા ધનુષનો ત્યાગ કરી બીજું ધનુષ ગ્રહણ કરી

ત્રણ ત્રણ બાણેકરી પાંડવોને વિંધી પંદર બાણેકરી શિખંડિને વિંધ્યો. મોટા યશવાળા શિખંડિએ પણ બીજું ધનુષ ગ્રહણ કરી કૂર્મનખ નામના બાણેકરી તત્કાળ કૃતવર્માને વારી રાખ્યો, હે રાજન્ ! તેથી ક્રોધાયમાન થયેલો શૂરવીર કૃતવર્મા પોતાનું બળ દેખાડતો મહાત્મા ભીષ્મના મૃત્યુના હેતુ એવા શિખંડિ સામે વેગેકરી સિંહ જેમ હસ્તિ સામે દોડે તેમ દોડયો. શત્રુને દમન કરનાર, પ્રજ્વલિત અગ્નિ સરખા, દિગ્ગજરૂપ તે બેઉ, બાણના સમુદાયે કરી એક બીજાને વિંધતા હતા. શ્રેષ્ઠ ધનુષને હલાવતા, તેમાં બાણ સાંધતા, બે સૂર્ય જેમ કિરણોને વિસ્તારે તેમ હજારો બાણ નાંખતા, પરસ્પર તીક્ષ્ણ બાણેકરી તપાવતા, પ્રલય સમય સરખા, શૂરવીર, મહારથિ તે બેઉ બે સૂર્ય શોભે તેવા શોભતા હતા. તેટલામાં કૃતવર્માએ મહારથિ શિખંડિને તોતેર બાણથી વિંધી વળી સાતથી વિંધ્યો. અત્યંત વિંધાવાથી વ્યથા પામેલો મૂર્છિત એવો તે, બાણ સહિત ધનુષનો ત્યાગ કરી રથમાં બેસી ગયો. હે પુરૂષર્ષભ ! સંગ્રામમાં ખેદ પામેલા તેને જોઇ તમારી તરફના યોદ્ધાઓ કૃતવર્માની પ્રશંસા સાથે વસ્ત્ર હલાવવા લાગ્યા. તે વખતે કૃતવર્માના બાણથી મહારથિ શિખંડિને પીડિત થયેલો જાણી તેનો સારથિ જલદી તેને સંગ્રામમાંથી બાજુએ લેઇ ગયો. એ રીતે રથમાં બેસવાને ઠેકાણે મૂર્છિત થયેલા તેને જોઇ પાંડવોએ રથેકરી જલદી કૃતવર્માને વિંટી લીધો. તે ઠેકાણે મહારથિ કૃતવર્માએ પરમ આશ્ચર્યરૂપ કર્મ કર્યું જે એકલે પોતે પાછળા ચાલનાર સહિત પાંડવોને વારી રાખ્યા. એવી રીતે મહારથિ કૃતવર્માએ પાંડવોને જીતી પછી ચેદી પંચાલ, સંજય તથા મહા પરાક્રમી કેકયને પણ જીત્યા. એ રીતે સંગ્રામમાં કૃતવર્માએ હણવા માંડેલા ચોતરફ દોડતા પાંડવ ધૈર્યને પામતા ન હતા. હાર્દિક્ય એવો કૃતવર્મા યુદ્ધ વિષે ભીમસેનાદિક પાંડવોને જીતી ધુમ્ર રહિત અગ્નિની પેઠે સંગ્રામમાં ઉભો હતો તે સમયે હાર્દિકયે નસાડેલા બાણ વૃષ્ટિથી પીડાયલા મહારથિ તેઓ વિમુખ થઇ ઉભા હતા

ते द्राव्यमाणाः समरे हार्दिक्येन महारथाः ।
विमुखाः समपद्यंत शरवृष्टिभिरार्दिताः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे कृतवर्मपराक्रमे गुर्जरभाषायां चतुर्दशाधिकशततमोऽध्यायः ॥ ११४ ॥

અધ્યાય ૧૧૫ મો. જલસંધ વધ.

संजय उवाच—शृणुष्वैकमना राजन् यन्मां त्वं परिपृच्छसि ।
द्राव्यमाणे बले तस्मिन् हार्दिक्येन महात्मना ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્ ! મને જે તમો પૂછો છો તે એકાગ્ર મને કરી શ્રવણ કરો. મહાત્મા હાર્દિકયે તથા પ્રહૃષ્ટ થયેલા તમારી તરફના બીજા યોદ્ધાઓએ તે સૈન્યને નસાડયું ત્યારે લજ્જાએ કરી તે નમ્ર થયું. તે સમયે અગાધ જળ વિષે રહેલા કિનારાને ઇચ્છતા પાંડવોને દીપરૂપ જે થયો તે હું કહું છું. મહા સંગ્રામમાં તમારાઓનો ભયંકર શબ્દ સાંભળી હે રાજન્ ! ક્રોધ તથા અમર્ષ યુક્ત શિનિકુળમાં ઉત્પન્ન થયેલો સાત્યકિ કૃતવર્મા સામે આવી

પોતાના સારથિને આવી રીતે કહેવા લાગ્યો કે હે સૂત ! મારો ઉત્તમ રથ હાર્દિક્યની સન્મુખ લઇ જા. હે સૂત ! ક્રોધિત થયેલો કૃતવર્મા પાંડવ સૈન્યનો નાશ કરે છે વાસ્તે એને જીતી પાછો વિજય પ્રત્યે જઇશ. હે મહામતે ! એવાં તેનાં વચન સાંભળી તેનો સૂત નિમિષ માત્રમાં કૃતવર્મા સામે ગયો. તે વખતે અત્યંત ક્રુદ્ધ થયેલા હાર્દિક્ય એવા કૃતવર્માએ તીક્ષ્ણ બાણેકરી સાત્યકિને વિંધ્યો તેથી ક્રોધાયમાન થયેલા સાત્યકિએ કૃતવર્મા ઉપર તીક્ષ્ણ એવું ભલ્લ બાણ નાંખી બીજાં ચાર બાણ નાંખ્યા. તે ચાર બાણથી તેના ચ.ર ઘોડાઓ અને તે ભલ્લ બાણથી તેનું ધનુષ કપાયું, તેટલામાં સત્ય પરાક્રમવાળો સાત્યકિ તીક્ષ્ણ બાણેકરી એના પૃષ્ટરક્ષક તથા સારથિને વિંધી તેને વિરથ કરી સજત પર્વવાળાં બાણેકરી એની સેનાને પીડવા લાગ્યો. તે સમયે સાત્યકિના બાણથી પીડિત થયેલી તમારી સેના ભાગવા લાગી. એવી રીતે સંહૃષ્ટ થયેલા શૂરવીર સાત્યકિએ સંગ્રામમાં કૃતવર્માને પરાજય પમાડી પોતાના સારથિને કહ્યું કે ધીરેથી સંભ્રમ રહિત થઈ ઘોડાઓને ચલાવ. પછી રથ, અશ્વ, તથા હસ્તિથી સંકુલ અને પાયદળ-જનથી સંપૂર્ણ એવા તમારા સૈન્યને જોઇ વળી સારથિ પ્રત્યે તેણે કહ્યું કે હે સૂત ! જે આ મેઘ સરખા દ્રોણસૈન્યની ડાબી બાજુ રૂકમ રથ છે મુખ્ય જેમાં એવું અત્યંત મોટું હસ્તિસૈન્ય દેખાય છે તેમા રહેલા, મારી સન્મુખ ઉભેલા, પરાક્રમથી યુદ્ધ કરનાર, ત્રિગર્તોના રથિઓમાં ઉદાર, સુવર્ણથી શોભિતી ધ્વજવાળા, સંગ્રામમાં દુઃખેકરી વારી શકાય નહિ એવા, દુર્યોધને આજ્ઞા આપેલા મોટા ધનુષવાળા, શૂરવીર, મારે વાસ્તે ત્યાગ કર્યું છે જીવિત જેમણે એવા તે સવ રાજપુત્ર મારી સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી ઉભેલા છે વાસ્તે હે સારથે ! એ સ્થાનકે જલદી ઘોડાઓને હાંકી મને લઈ ચાલ કારણ કે દ્રોણાચાર્ય જોતાં એ ત્રિગર્તો સાથે હું યુદ્ધ કરીશ એવાં સાત્યકિનાં વચન સાંભળી તેના મતને અનુસરનાર સારથિ, સૂર્ય સરખા વર્ણવાળા, પ્રકાશમાન પતાકાયુક્ત રથેકરી ધીરેધીરે તે તરફ જવા લાગ્યો. એ રીતે સારથિને વશ, શોભિતા, વાયુ સરખા વેગવાળા, કુંદ, ઇંદુ તથા રજત્ સરખી છે પ્રભા જેમની એવા તે ઉત્તમ અશ્વ સાત્યકિને વહન કરતા હતા. શંખ સરખા વર્ણવાળા અશ્વેકરી આવતા તેને હસ્ત લાઘવીથી વિંધનાર ત્રિગર્તના શૂરવીરોએ વિવિધ પ્રકારનાં તીક્ષ્ણ બાણ નાંખતા હસ્તિસૈન્યે કરી ચોતરફથી વિંટી લીધો તે સમયે સાત્વત એવા સાત્યકિએ વર્ષાઋતુમાં મોટો મેઘ જેમ પર્વત ઉપર જળધારા નાંખે તેમ તીક્ષ્ણ એવાં બાણ, હસ્તિસૈન્ય ઉપર નાંખ્યાં. વજ્ર સરખો છે સ્પર્શ જેનો એવા તે બાણેકરી હણાયલા હસ્તિઓ સંગ્રામને છોડી દેઇ ચોતરફ નાસવા લાગ્યા. સાત્વત સાત્યકિએ ક્ષુરપ્ર, અર્ધચંદ્ર, અંજલિક, ભલ્લ, વત્સદંત તથા તીવ્ર એવાં નારાચ નામનાં બાણેકરી વિદારણ કરેલા. વિખરાઇ ગયેલા દાંતવાળા, રૂધિરથી વ્યાપ્ત, ભેદાયાં છે મસ્તક તથા પીંડ જેમનાં, વિખરાઇ ગયા છે કર્ણ, મુખ તથા શુંડ જેમની, માવત તથા પતાકા રહિત, ભેદાયાં છે મર્મસ્થાન, ઘંટા તથા મોટા ધ્વજ જેમનાં, ઝુલ વગરના, મેઘ સરખા શબ્દવાળા મોટા હસ્તિઓ વિવિધ પ્રકારના શબ્દ કરતા, મુત્ર તથા પૂરીષનો ત્યાગ કરતા દિશાઓ પ્રત્યે ભાગતા હતા. કેટલાક તેટલામાંજ ભમતા હતા. તેમજ કેટલાક ગ્લાનિયુક્ત થઇ ત્યાંજ પડતા હતા એ રીતે અગ્નિ તથા સૂર્ય સરખા બાણેકરી સાત્યકિએ પીડિત કરેલું હસ્તિસૈન્ય ચોતરફ ભાગતું હતું. તે રીતે એ સૈન્ય હણાયું તેને જોઇ સુવર્ણનાં છે બાજુબંધ જેને, સુવર્ણનું કવચ ધારણ કરેલા, પવિત્ર, શૂરવીર, મહા બળવાન, સાવધાન થયેલા જલસંધે, સાત્યકિના રથપ્રત્યે પોતાના હસ્તિને હંકાર્યો. હે મહારાજ ! કુંડળ, મુકુટ તથા બાજુ ધારણ કરેલો, રક્તચંદનનો છે લેપ જેને, સુવર્ણમયી પ્રદિપ્ત માળા ધારણ કરેલો, કંઠે દિપ્તે

નિષ્ક તથા હારથી શોભિતો, સુવર્ણથી વિકૃત એવા ધનુષને હલાવતો તે ગજમસ્તક વિષે વિજળી સહિત મેઘ સરખો શોભતો હતો. આવતા તે મગાધના હસ્તિને સાત્યકિએ કિનારો જેમ સમુદ્રને વારે તેમ વારી રાખ્યો. સાત્યકિનાં ઉત્તમ બાણોએ નિવારણ કરેલા હસ્તિને જોઇ હે રાજન્! ક્રોધાયમાન થયેલા મહા બળવાન, જલસંધે ભારસાધન એવા બાણેકરી શિનિના પૌત્ર સાત્યકિને વક્ષઃસ્થળમાં વિંધી બીજા તીક્ષ્ણ તથા પાયેલ એવા ભલ્લ બાણેકરી બાણ ફેંકતા તે વૃષ્ણિવીરનું ધનુષ કાપી હસતો હોય નહિ તેની પેઠે કપાઇ ગયેલ ધનુષવાળા સાત્યકિને તીક્ષ્ણ એવાં પાંચ બાણેકરી વિંધ્યો. એ રીતે જલસંધે ઘણાંક બાણેકરી વિંધ્યો તોપણ પરાક્રમી મહાબાહુ સાત્યકિ કંપાયમાન થયો નહિ; તે આશ્ચર્ય સરખું થયું. એ રીતે તેણે નાખેલાં બાણને ન ગણકારતાં બળવાન સાત્યકિએ હર્ષથી બીજું ધનુષ ગ્રહણ કરી ‘ અરે ઉભો રહે, ઉભો રહે; ’ એમ કહી હસતો હોય નહિ તેની પેઠે સાઠ બાણેકરી જલસંધને વક્ષઃસ્થલમાં વિંધી અત્યંત તીક્ષ્ણ એવા બીજા ક્ષુરપ્ર નામના બાણથી એના મુષ્ટિદેશમાં રહેલું મોટું ધનુષ કાપી ત્રણ બાણેકરી તે જલસંધને પણ વિંધ્યો. હે મારિષ! જલસંધે પણ બાણ સહિત તે ધનુષનો ત્યાગ કરી જલદી સાત્યકિ ઉપર એક ભાલું નાંખ્યું. તે ભયંકર ભાલું માધવ એવા સાત્યકિના ડાબા ભુજને ભેદી શ્વાસોચ્છ્વાસ કરતા મોટા સર્પની પેઠે ધરણી પ્રત્યે ગયું. સત્ય છે પરાક્રમ જેનું એવા સાત્યકિએ પણ તીક્ષ્ણ એવાં ત્રીસ બાણે કરી જલસંધને વિંધ્યો. મહા બળવાન જલસંધે પણ શતચંદ્રાકૃતિ ચિન્હથી શોભિતી બેલના ચર્મની ઢાલ તથા ખડ્ગ ગ્રહણ કરી તે ફેરવી સાત્યકિ ઉપર નાંખ્યું. તે ખડ્ગ સાત્યકિનું ધનુષ કાપી પૃથ્વી ઉપર પડ્યું, તે ઉંબાડિયાના ચક્રની પેઠે શોભતું હતું. તેટલામાં માધવકુળમાં ઉત્તમ એવા સાત્યકિએ સાગના સ્કંધ સરખું, ઇન્દ્રના વજ્ર સરખા શબ્દવાળું, સર્વની કાયાને અવદારણ કરનાર એવું બીજું ધનુષ ગ્રહણ કરી તેમાં બાણ સાધી ક્રોધેકરી જલસંધને વિંધી ક્ષુરપ્ર નામનાં બે બાણેકરી આભરણ સહિત તેના બે બાહુ કાપી નાંખ્યા. ભોગળ સરખા તે હાથ પર્વત ઉપરથી પાંચ મસ્તકવાળા બે સર્પ જેમ નીચે પડે તેમ ઉત્તમ હસ્તિ ઉપરથી નીચે પડ્યા. વળી હસતો હોય નહિ તેની પેઠે સાત્યકિએ ત્રીજા ક્ષુરપ્ર નામના બાણેકરી સુંદર કુંડળથી શોભિતું, રૂડી દાઢવાળું, અત્યંત મોટું એનું મસ્તક કાપી નાંખ્યું. એ રીતે સાત્યકિએ પાડી નાંખ્યાં છે મસ્તક તથા બાહુ જેના એવું ભયંકર દેખાવવાળું ધડ, રૂધિરે કરી જલસંધના હસ્તિને અભિષેક કરતું હતું. હે વિશાંપતે! એ રીતે સાત્વત એવા સાત્યકિએ ઉતાવળથી જલસંધને સંગ્રામમાં હણી હસ્તિના સ્કંધ ઉપરથી તેનું મેઘાડંબર પાડી નાંખ્યું અને રૂધિરેકરી લીપાએલ અંગવાળો જલસંધનો હસ્તિ પોતા ઉપર વળગી રહેલા પરમાસનને વહન કરતો નાસવા લાગ્યો. સાત્વતે બાણેકરી પીડિત કરેલો તે મોટો હસ્તિ પોતાની સેનાને મર્દન કરતો ભયંકર આર્ત્ત શબ્દ કરી ચોતરફ દોડતો હતો. હે મારિષ! વૃષ્ણિમાં શ્રેષ્ઠ સાત્યકિએ હણેલા જલસંધને જોઇ તમારા સૈન્યમાં મોટો હાહાકાર થતો હતો. તે સમયે શત્રુને જીતવામાં નિરૂત્સાહ અને પલાયન કરવામાં કર્યો છે ઉત્સાહ જેમણે એવા તમારી તરફના યોદ્ધાઓ વિમુખ થઇ ચોતરફ દોડતા હતા. એટલામાં હે રાજન્! શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય, વેગવાન અશ્વેકરી મહારથિ સાત્યકિ સામે આવ્યા, તે વખતે એ રીતે વૃદ્ધિ પામેલા સાત્યકિને જોઇ દ્રોણ સહિત ક્રોધાયમાન થએલા શ્રેષ્ઠ કૌરવો સાત્યકિ સામે દોડ્યા. હે રાજન્! તે સમયે દ્રોણ, કૌરવ તથા સાત્વતનું દેવાસુર સંગ્રામની જેને ઉપમા આપાય એવું મહા ઘોર યુદ્ધ પ્રવર્ત્તમાન થયું.

ततः प्रववृते युद्धं कुरूणां सात्वतस्य च ।
द्रोणस्य चरणे राजन् घोरं देवासुरोपमं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे गुर्जरभाषायां जलसंधवधोनाम पंचदशाधिकशततमोऽध्यायः ॥ ११५ ॥

०००※०००

અધ્યાય ૧૧૬ મો. દુર્યોધન-કૃતવર્માનો પરાજય.

संजय उवाच—तेकिरंतः शरव्रातान् सर्वे यत्ताः प्रहारिणः ।
त्वरमाणा महाराज युयुधानमयोधयन् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મહારાજ! બાણસમુદાય નાંખતા સાવધ થયેલા, પ્રહાર કરનાર, ઉતાવળા થયેલા સાત્યકિ સાથે તેઓ યુદ્ધ કરતા હતા. જેમાં દ્રોણે સિત્યોતેરથી, દુર્મર્ષણે બારથી, દુઃસહે દશથી, વિકર્ણે કંકપત્ર બાંધેલાં તીક્ષ્ણ એવાં ત્રીસ ત્રીસ બાણથી સાત્યકિને વામ, પાર્શ્વ તથા સ્તનના મધ્યમાં વિંધ્યો. તેમજ દુર્મુખે દશથી, દુઃશાસને આઠથી અને ચિત્રસેને બે બાણથી તેને વિંધ્યો. હે રાજન્! દુર્યોધને તથા બીજા શૂરવીર મહારથિઓએ પણ મોટા બાણના વરસાદથી માધવ એવા તેને પીડિત કર્યો. એવી રીતે મહારથિ એવા તમારા પુત્રોએ ચોતરફથી વિંધેલા વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા તેણે તે સર્વને બાણેકરી વિવિધ દેશમાં વિંધ્યા. તે કેવા રીતે કે, ત્રણથી દ્રોણને, નવથી દુઃસહને, પચીસથી વિકર્ણને, સાતથી ચિત્રસેનને, બારથી દુર્મર્ષણને, આઠથી વિવિંશતિને, નવથી સત્યવ્રતને તથા દશ બાણથી વિજયને વિંધી રૂકમાંગદને પીડિત કરી ધનુષ હલાવતા મહારથિ સાત્યકિએ જલદી સર્વ લોકના રાજા તથા સર્વ લોકમાં મહારથિ એવા તમારા પુત્ર દુર્યોધન સામે આવી બાણેકરી તેને અત્યંત વિંધ્યો. ત્યારપછી તે બેઉનું તુમુલ યુદ્ધ થયું. જેમાં તીક્ષ્ણ બાણ મૂકતા તથા સાંધતા મહારથિ તે બેઉ એકબીજાને અદૃશ્ય કરતા હતા. તેટલામાં કુરૂરાજા એવા દુર્યોધને વિંધેલો, ઘણુંક રૂધિર સ્રવતો સાત્યકિ, જેવું પોતાના રસને સ્રવતું રક્તચંદનનું વૃક્ષ શોભે તેમ શોભતો હતો. પછી સાત્વત એવા સાત્યકિએ બાણના ઓઘથી વિદ્ધ કરેલો સુવર્ણમય શિરોભૂષણવાળો તમારો પુત્ર ઉંચા ઉભા રહેલા યજ્ઞસ્તંભ સરખો શોભતો હતો. વળી હે રાજન્! માધવ એવા સાત્યકિએ જાણે હસતો હોય નહિ તેની પેઠે ક્ષુરપ્ર નામના બાણેકરી ધનુષ ધરનાર કુરૂરાજનું ધનુષ કાપી કપાઈ ગયેલ ધનુષવાળા એને ઘણાક બાણેકરી વિંધ્યો. જલદી બાણ નાંખનાર દ્વેષિ એવા તેણે બાણેકરી ભેદેલો રાજા શત્રુના તે વિજય લક્ષણને સહન કરી શક્યો નહિ. તેથી ક્રોધથી સહન થાય નહિ એવું સુવર્ણના પૃષ્ટ ભાગવાળું બીજું ધનુષ ગ્રહણ કરી સો બાણેકરી જલદી સાત્યકિને વિંધ્યો. ધનુષ ધરનાર બળવાન તમારા પુત્રે અત્યંત વિંધેલા તેથી ક્રોધવશ થયેલા તેણે તમારા પુત્રને પીડિત કર્યો. એ રીતે પીડિત થયેલા રાજાને જોઇ બીજા મહારથિ તમારા પુત્રોએ બાણના વરસાદથી સાત્યકિને આચ્છાદન કરી દીધો. એવી રીતે મહારથિ એવા ઘણાક તમારા પુત્રોએ ઢાંકી દીધેલા તેણે એક એકને પાંચ બાણથી વિંધી, ઉતાવળથી આઠ બાણેકરી દુર્યોધનને વિંધી, વળી મોટા યશવાળા તેણે હાસ્ય કરી શત્રુને ભય કરનાર એવું એનું ધનુષ કાપી, બાણેકરી મણિમય હસ્તિનું છે ચિન્હ જેમાં એવો ધ્વજ

ધ્વજ પાડી, તીક્ષ્ણ એવાં બીજાં ચાર બાણેકરી એના ચાર ઘોડાઓને મારી, ક્ષુરપ્ર નામના બાણુથી એના સારથિને પણ પાડી, વળી મર્મ ભેદનાર ઘણાંક બાણ મહારથિ કુરૂરાજ ઉપર પણ નાંખ્યાં. હે રાજન્ ! એવી રીતે સંગ્રામમાં સાત્યકિનાં ઉત્તમ બાણોએ પ્રહાર કરેલા તમારો પુત્ર દુર્યોધન તત્કાળ સંગ્રામમાંથી નાસી જઇ ધનુષ ધરનાર ચિત્રસેનના રથમાં ચઢી બેઠો. તે સમયે આકાશમાં રાહુ જેમ ચંદ્રને ગળે તેમ સંગ્રામમાં સાત્યકિએ ગળેલા રાજાને જોઇ જગત બધું હાહાકાર કરવા લાગ્યું. તે શબ્દ સાંભળી શ્રેષ્ઠ ધનુષ હલાવતો અશ્વને પ્રેરણા કરનો 'આગળ જલદી જા,' એમ સારથિને તિરસ્કાર કરતો મહારથિ કૃતવર્મા જ્યાં મધુકુળમાં ઉત્પન્ન થયેલો સમર્થ સાત્યકિ હતો ત્યાં આવ્યો. મોઢું ફાડેલા કાળ સરખા આવતા તેને જોઇ હે મહારાજ ! સાત્યકિએ પોતાના સારથિને આવી રીતે કહ્યું કે, બાણ ધારણ કરેલો આ કૃતવર્મા જલદી રથેકરી આવે છે વાસ્તે સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ એવા એની સામે રથેકરી તું જા. એવાં તેનાં વચન સાંભળી સારથિ તે જ વખતે વિધિથી રચેલા, અત્યંત વેગવાન, અશ્વવાળા રથેકરી ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ એવા ભોજ પ્રત્યે પ્રાપ્ત થયો. ત્યાર પછી અત્યંત સંક્રુદ્ધ થયેલા, પ્રજ્વલિત અગ્નિ સરખા, પુરૂષમાં સિંહરૂપ તે બેઉ વેગવાન બે વ્યાઘ્ર હોય તેની પેઠે એક બીજા સામે આવ્યા. તેટલામાં કૃતવર્માએ છવ્વીશ બાણ સાત્યકિ ઉપર નાંખી તીક્ષ્ણ એવાં પાંચ બાણુથી સારથિને વિંધી, બીજાં ચાર બાણેકરી દમન કરેલા સૈન્ધવ એવા ચાર અશ્વને વિંધી, સુવર્ણથી શોભિતી ધ્વજાવાળા, સુવર્ણના બાજુબંધ તથા સુવર્ણનું કવચ પહેરેલા કૃતવર્માએ સુવર્ણના પૃષ્ટ ભાગવાળું મોટું ધનુષ ખેંચી, સુવર્ણના પુંખવાળાં બાણેકરી સાત્યકિને વારી રાખ્યો. અર્જુનને જોવા ઇચ્છતા શિનિપૌત્ર સાત્યકિએ પણ ઉતાવળથી કૃતવર્મા ઉપર એંશી બાણ નાંખ્યાં. એ રીતે બલવાન, શત્રુએ અત્યંત વિંધેલો, શત્રુને તપાવનાર, કષ્ટથી સહન થાય નહિ એવો કૃતવર્મા પૃથ્વી કંપવાથી જેમ પર્વત કંપે તેમ કંપાયમાન થયો. તેટલામાં સત્ય પરાક્રમવાળા સાત્યકિએ ત્રેસઠથી એના ચાર ઘોડાને, તીક્ષ્ણ એવાં સાતથી સારથિને વિંધી સુવર્ણના પુંખવાળું, ક્રોધાયમાન થયેલા સર્પ સરખું, મોટી જ્વાળાવાળું બાણ સાંધી કૃતવર્મા ઉપર નાંખ્યું. યમદંડની જેને ઉપમા અપાય એવું તે ઉગ્ર બાણ સુવર્ણથી વિચિત્ર પ્રકારના શોભિતા એના કવચને ભેદી રૂધિર યુક્ત તે પૃથ્વી પ્રત્યે ગયું. તે રીતે સાત્વતના બાણુથી પીડાયલો, રૂધિરયુક્ત શરીરવાળો, સિંહદંષ્ટ્ર, ધાણ્ક પરાક્રમવાળો, પુરૂષમાં શ્રેષ્ઠ કૃતવર્મા રથમાં બેસવાના સ્થાનક પાસે ઘુંટણભેર થઇ પડી ગયો એ રીતે સહસ્રાર્જુન સરખા અને સમુદ્રની પેઠે ક્ષોભ પમાડવા લાયક નહિં એવા કૃતવર્માને નિવારણ કરી શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ, ખડ્ગ, શક્તિ તથા ધનુષથી સંકીર્ણ, ગજ અશ્વ તથા રથેકરી સંકુલ, સેંકડો શ્રેષ્ઠ ક્ષત્રિય વડે પ્રવર્ત કર્યું છે રૂધિર જેમાં એવી સેનાને ઇન્દ્ર જેમ આસુરી સેનાને છોડે તેમ છોડી દેઇ સર્વ સૈન્ય જોતાં તેમના મધ્યમાં થઇ પોતે આગળ જવા લાગ્યો. હાર્દિક્ય એવો બળવાન કૃતવર્મા સંજ્ઞા પામી બીજું મોટું ધનુષ ગ્રહણ કરી ત્યાં યુદ્ધમાં પાંડવોને વારણ કરતાં ઉભો રહ્યો.

समाश्वस्य च हार्दिक्यो गृह्यान्यन्महद्धनुः ।
तस्थौ स तत्र बलवान् वारयन् युधि पांडवान् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे दुर्योधन-
कृतवर्मपराजये गुर्जरभाषायां षोडशाधिकशततमोऽध्यायः ॥ ११६ ॥

અધ્યાય ૧૨૭ મો. વિંદ અને અનુવિંદનો વધ.

સંજય ઉવાચ—ત્રાસ્યમાનેષુ સૈન્યેષુ શૈનેયેન તતસ્તતઃ ।
[illegible] ॥ ૧ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે શિનિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિએ તે તે સ્થાનકે સૈન્યોને નસાડયાં, ત્યારે દ્રોણાચાર્ય મોટા બાણના ઓઘ તેની ઉપર નાંખવા લાગ્યા. તે વખતે દ્રોણ તથા સાત્યકિનો સર્વ સૈન્ય જોતાં બલિ તથા ઇન્દ્રના સરખો અત્યંત ક્રોધયુક્ત સંગ્રહાર થયો હતો. તેમાં દ્રોણાચાર્યે સર્વ લોહમય, વિચિત્ર પ્રકારના સર્પ સરખા આકારવાળાં ત્રણ બાણેકરી શિનિપૌત્ર સાત્યકિને લલાટ વિષે વિંધ્યો. હે મહારાજ ! દ્રોણે લલાટમાં અર્પણ કરેલાં તે ત્રણ બાણેકરી સાત્યકિ, ત્રણ શિખરવાળા પર્વત સરખો શોભતો હતો. એટલામાં વળી છિદ્ર જોનાર દ્રોણાચાર્યે ઇન્દ્રના વજ્ર સરખા શબ્દવાળાં બીજાં બાણ એની ઉપર નાંખ્યાં. પરમાસ્ત્ર જાણનાર દાશાર્હ એવા સાત્યકિએ દ્રોણના ધનુષમાંથી મૂકાયલાં આવતાં તે બાણોને સુંદર પુંખવાળાં બે બે બાણેકરી કાપી નાંખ્યાં. હે વિશાંપતે ! દ્રોણે પણ એની તે લઘુતાનું હાસ્ય કરી તત્કાળ ત્રીસ બાણેકરી શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિને વિંધી એની હાથચાલાકી [illegible] લઘુતા દેખાડતાં વળી તીક્ષ્ણ એવાં પચાસ બાણ એની ઉપર નાંખ્યાં. હે રાજન્ ! રાફડામાંથી ક્રોધાયમાન થયેલા મોટાં સર્પ જેમ આવે, તેમ દ્રોણના રથમાંથી સાત્યકિ ઉપર બાણ આવતાં હતાં. તેમજ સાત્યકિએ નાંખેલાં, રૂધિરનું પાન કરનાર, હજારો બાણ દ્રોણ રથપ્રત્યે આવતાં જતાં હતાં. હે મારિષ ! બ્રાહ્મણમાં મુખ્ય દ્રોણ તથા સાત્વત એવા સાત્યકિની લઘુતા જોતાં પુરૂષમાં શ્રેષ્ઠ એવા તે બેઉને અમે સમાન જાણતા હતા. તેટલામાં અત્યંત ક્રોધાયમાન થયેલા સાત્યકિએ નતપર્વવાળાં નવ બાણેકરી દ્રોણને હણી બીજા તીક્ષ્ણ બાણથી એમના ધ્વજને હણી દ્રોણાચાર્ય જોતાં બીજાં સો બાણેકરી એના સારથિને પણ હણ્યો. એવું સાત્યકિનું લાઘવ જોઇ મહારથિ દ્રોણે સિત્તેર બાણથી એના સારથિને અને ત્રણ ત્રણ બાણથી ઘોડાઓને વિંધી, બીજા એકે કરી રથ ઉપર રહેલા માધવના ધ્વજને કાપી, સુવર્ણના પુંખવાળા બીજા ભલ્લ નામના બાણેકરી મહાત્મા માધવ એવા સાત્યકિનું ધનુષ પણ કાપી નાંખ્યું. ક્રોધાયમાન થયેલા મહારથિ સાત્યકિએ તે ધનુષ ત્યાગ કરી મોટી ગદા ગ્રહણ કરી તે દ્રોણ ઉપર નાંખી. પટ્ટ વડે બાંધેલી પોતા સામે આવતી તે લોહમયી ગદાને દ્રોણાચાર્યે વિચિત્ર પ્રકારનાં ઘણાંક બાણેકરી વારી રાખી. તે સમયે સત્ય પરાક્રમવાળા સાત્યકિએ બીજું ધનુષ ગ્રહણ કરી શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં ઘણાં બાણેકરી શૂરવીર દ્રોણાચાર્યને વિંધી મોટો સિંહનાદ કર્યો. તેને સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય સહન કરી શક્યા નહિ; તેથી સુવર્ણના દંડવાળી લોહમયી શક્તિ ગ્રહણ કરી વેગથી તેણે સાત્યકિના રથ પ્રત્યે નાંખી. કાળ સરખી [illegible], દારૂણ શબ્દવાળી તે શક્તિ સાત્યકિને પ્રાપ્ત થયા વગર રથને ભેદી પૃથ્વીમાં પેસી ગઇ. હે ભરતર્ષભ ! શિનિપૌત્ર સાત્યકિએ પણ એના દક્ષિણ ભુજને પીડતાં બાણેકરી દ્રોણને વિંધ્યા. હે રાજન્ ! દ્રોણે પણ સંગ્રામમાં માધવ એવા સાત્યકિનું અર્ધચંદ્રાકૃતિ બાણેકરી મોટું ધનુષ કાપી રથ શક્તિએકરી એના સારથિને વિંધ્યો. એટલે કેટલાક પ્રકાર મૂર્છાવાળી [illegible] કરી [illegible] તેનો સારથિ રથમાં બેસવાના ઉપર થાકે બેસી મૂર્છિત થઇ ગયો [illegible] [illegible] થયો. હે રાજન્ ! ત્યાંસુધી અતિ અદ્ભુત એવું અલૌકિક કર્મ પણ [illegible] [illegible] [illegible] રથ હાંકી દ્રોણ સાથે યુદ્ધ પણ કર્યું. હે વિશાંપતે ! [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

મહારથિ સાત્યકિએ સો બાણે કરી બ્રાહ્મણ એવા દ્રોણને વિંધ્યા. હે ભારત! દ્રોણે પણ તેની ઉપર પાંચ બાણ નાંખ્યાં. તે ઘોર એવાં તેનું કવચ ભેદી રૂધિરનું પાન કરતાં હતાં. એ રીતે દ્રોણનાં ભયંકર બાણથી વિંધાવાને લીધે અત્યંત હૃષ્ટ થયેલા સાત્યકિએ દ્રોણના સુંદર રથ ઉપર ઘણાંક બાણ નાંખી બીજા એક બાણેકરી એના સારાથિને પૃથ્વી ઉપર પાડી બીજા બાણેકરી સારથિ વગરના તેના અશ્વને આમતેમ દોડાવ્યા. હે રાજન્! સંગ્રામમાં સારી રીતે દોડતો શોભિતો તે રથ ચંદ્રની પેઠે હજારો મંડલ કરતો હતો. તે વખતે તમારી તરફના રાજાઓ સહિત રાજપુત્રો 'અરે દોડો; દ્રોણના અશ્વને પકડો,' એ રીતે પોકાર કરતા હતા. હે રાજન્! પછી તે સર્વ મહારથિઓ જલદી સાત્યકિને મૂકી જ્યાં દ્રોણ હતા ત્યાં પોતે પણ તત્કાળ દોડીને ગયા. એ રીતે સાત્વતના બાણથી પીડિત થઇ નાસતા તેમને જોઇ આકુલ એવું તમારૂં સૈન્ય વળી ભાગવા લાગ્યું. દ્રોણચાર્ય સાત્યકિના બાણથી પીડિત થયેલા વાયુ સરખા વેગવાળા તે અશ્વેકરી પાછા વ્યૂહના દ્વાર પ્રત્યે જઇ ઉભા રહ્યા. કારણ પરાક્રમી તે પાંડવ તથા પાંચાલોએ ભેદેલા વ્યૂહને જોઇ સાત્યકિને વારવાનો યત્ન ન કરતાં વ્યૂહનીજ રક્ષા કરવા લાગ્યા. એ રીતે ક્રોધરૂપી કાષ્ઠ સંદિપ્ત કરેલા દ્રોણરૂપી અગ્નિ પાંડવ તથા પાંચાલોને જાણે બાળી નાંખતો હોય નહિ તેની પેઠે નિવારણ કરી ઉદય પામેલા કાળસૂર્યની પેઠે ઉભો રહ્યો.

निवार्य पांडुपंचालान् द्रोणाग्नि.प्रदहन्निव. ।
तस्थौ क्रोधेध्मसंदीप्तः कालसूर्यइवोद्यतः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे सात्यकि-पराक्रमे गुर्जरभाषायां सप्तदशाधिकशततमोऽध्यायः ॥ ११७ ॥

અધ્યાય ૧૧૮ મો. સુદર્શન રાજાનો વધ.

संजय उवाच—द्रोणं स जित्वा पुरुषप्रवीरस्तथैव हार्दिक्यमुखांस्त्वदीयान् ।
प्रहस्य सूतं वचनं बभाषे शिनिप्रवीरः कुरुपुंगवाग्र्य ॥ १ ॥

સંજય કહે છે—હે કુરૂપુંગવ! પુરૂષમાં અત્યંત શૂરવીર શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ દ્રોણ તથા કૃતવમા આદિ લેઇ તમારી તરફના યોદ્ધાઓને જીતી હાસ્ય કરી પોતાના સારથિ પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યો કે, હે સૂત! કેશવ તથા અર્જુને બાળ્યા છે શત્રુ જેમના એવા આપણે આ કાર્યમાં નિમિત્ત માત્ર છીએ. કારણ તેમણે હણેલાઓને આપણે હણીએ છીએ. એ રીતે પોતાના સારથિને કહી શત્રુને હણનાર, ધનુષ ધરનારમાં અગ્રણી, શિનિકુળમાં શ્રેષ્ઠ, બળવાન સાત્યકિ ચોતરફથી બાણ ફેંકતો, માંસ પ્રત્યે જેમ બાજપક્ષિ પડે તેમ પર સૈન્યમાં પડતો હતો. ચંદ્ર તથા શંખ સરખા વર્ણવાળા અશ્વેકરી તમારા સૈન્ય પ્રત્યે જતા સૂર્યકિરણો સરખા ઉત્તમ રથવાળા, પુરૂષમાં અત્યંત શૂરવીર, એવા તેને તમારી તરફના વારવા સમર્થ થતા ન હતા. તેમજ હે ભારત! અસહ્ય પરાક્રમ તથા ઘણા બળવાળા, ઇન્દ્ર સરખા પ્રભાવવાળા, તેને તમારી તરફના સર્વ ગણ, શરદૃઋતુમાં આકાશમાં રહેલા સૂર્ય સામે જેમ કોઇ જોઇ શકે નહિ તેમ તેની સામે જોવા પણ સમર્થ થતા ન હતા. તે સમયે આવતા સાત્યકિને ક્રોધે કરી મૂર્ણ, અતિ વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, ધનુષ તથા સુવર્ણનું કવચ ધારણ કર-

બળવાન છો. પુત્ર સહિત તમે લતારૂપ છો, ને પાંડવો સાગના વૃક્ષરૂપ છે, માટે લતા પણ મોટા વૃક્ષનો આશ્રય કર્યા વગર સતા વૃદ્ધિ પામતી નથી. એટલે કે પાંડવોનો આશ્રય કર્યા વગર તમારી વૃદ્ધિ થવાની નથી. હે અંબિકેય! હે રાજન્! હે તાત! તમારા પુત્ર વન છે, ને તે વનમાં પાંડવોરૂપી સિંહ છે, એમ જાણો અને સિંહ વિનાનું વન નાશ પામે, તેમ વન વિના સિંહ નાશ પામે.

वनं राजंस्तव पुत्रोंबिकेय सिंहान्वने पांडवांस्तात विद्धि ।
सिंहैर्विहीनं हि वनं विनश्येत् सिंहाविनश्येयुऋते वनेन ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायां सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥

અધ્યાય ૩૮ મો. વિદુરનીતિ–તેમનાં હિત વાક્ય.

विदुर उवाच—ऊर्ध्वं प्राणा ह्युत्क्रामंति यूनः स्थविर आयति ।
प्रत्युत्थानाभिवादाभ्यां पुनस्तान्प्रतिपद्यते ॥ १ ॥

વિદુર કહે છે—જુવાન પુરૂષના પ્રાણ, કોઇ વૃદ્ધ ઘેર આવે તે વખતે આકુળ થઇ જાય છે, પણ તેની સામે ઉભા થઇ પ્રણામ કરવાથી પાછા સ્થિર થાય છે, વાસ્તે વિવેકી પુરૂષે પોતાને ઘેર આવેલા સત્પુરૂષને બેસવા આસન આપી, જળ લાવી તેના ચરણ પ્રક્ષાલન કરી, કુશળ પ્રશ્ન પૂછી પોતાની સ્થિતિ નિવેદન કરી, તેને પવિત્ર અન્ન આપવું. જે પુરૂષ લોભથી, વા કોઇ "અમને ધનિક જાણશે તો!" એવા ભયથી તથા કૃપણતાથી, મંત્ર જાણનાર અભ્યાગતને ઉદક, મધુપર્ક તથા ગાય નથી આપતો તેનું જીવિત વ્યર્થ છે, એમ જાણવું. વૈદ્ય, બાણાદિક શસ્ત્રનો બનાવનાર, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલો, ચોરી કરનાર, ક્રૂર સ્વભાવવાળો, મદિરા પીનાર, ગર્ભહત્યા કરનાર, સેનાપતિ તથા વેદ વિક્રય કરનાર, એટલા જણ ઉદક માત્ર પણ આપવા લાયક નથી; તોપણ જો અતિથિ વેળાએ આવે તો તેમનો સત્કાર કરી જમાડવા. લવણ, રાંધેલું અન્ન, દધિ, દુગ્ધ, મધ, તેલ, ઘૃત, તિલ, માંસ, ફળ, મૂળ, શાક, રક્તવસ્ત્ર, સર્વગંધ તથા ગોળ, ઇત્યાદિ પોતાને વિક્રય કરવા લાયક નહી એવી વસ્તુનો વિક્રય કરનાર બ્રાહ્મણ પણ જો અતિથિ વેળાએ આવે તો, તેનો પણ સત્કાર કરી અન્ન આપવું. જે ક્રોધ રહિત, સમાન છે માટી, પાષાણ તથા સુવર્ણ જેને, શોક વગરનો સ્નેહ તથા વેર રહિત અને નિંદા પ્રશંસા તથા પ્રિય અપ્રિય છે સમાન જેને એવો, ઉદાસીનની પેઠે રાગદ્વેષ રહિત હોય, તેને સંન્યાસી જાણવો. વળી જ્યારે વનધાન્ય, કંદમૂળ, ઇંગોરિયાં તથા શાક ઇત્યાદિ છે જીવિકા જેની અને અત્યંત નિયમમાં રાખ્યું છે મન જેણે એવો અગ્નિ સંબંધી કાર્ય વિષે સાવધાન તથા વન વિષે નિવાસ કરનાર તપસ્વી અતિથિના સત્કાર કરવામાં સાવધાન થાય છે, ત્યારે બીજા પુણ્યવાન પુરૂષો થાય તેમાં શું અચરજ! બુદ્ધિમાનને તિરસ્કાર કરી ક્યાંય દૂર જઇ "હું દૂર છું માટે હવે એ શું કરશે!" એવો વિશ્વાસ ન રાખવો. કારણ બુદ્ધિમાનના હાથ લાંબા હોય છે, તેથી ત્યાં દૂર બેઠે પણ તે હણે છે. જેનો વિશ્વાસ ન હોય તેનો વિશ્વાસ કરવો નહીં; ને જેનો વિશ્વાસ હોય તેનો પણ અતિ વિશ્વાસ કરવો નહીં; કારણ વિશ્વાસથી ઉત્પન્ન થયેલો ભય મૂળથી ઉચ્છેદ

નાગ, રાજશ્રેષ્ઠ સુદર્શને હઠથી વારી રાખ્યો. હે ભારત ! તે વખતે તે બેઉના વચ્ચે થતા ઇન્દ્રના યુદ્ધને જેમ દેવ સમુદાય વખાણે તેમ વખાણતા હતા. બળવાન સુદર્શન રાજાએ અત્યંત તીક્ષ્ણ એવાં સેંકડો બાણેકરી સંગ્રામ વિષે સાત્વતમાં મુખ્ય એવા સાત્યકિને વિંધ્યો. હે રાજન્ ! શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિએ પણ તેના બાણને પ્રાપ્ત થયાની અગાઉ કાપી નાંખ્યાં. તેમજ ઇન્દ્રની જેને ઉપમા અપાય એવો સાત્યકિ સુદર્શન ઉપર જે જે બાણ નાંખતો હતો તે તે બાણને ઉત્તમ રથમાં બેઠેલા સુદર્શન ઉત્તમ બાણેકરી બે બે ત્રણ ત્રણ કડકા કરી નાંખતો હતો. વળી તીક્ષ્ણ તેજવાળા સુદર્શને સાત્યકિના બાણવડે વેગકરી હણાતા પોતાના બાણને જોઇ ક્રોધથી જાણે બાળી નાંખવા ઇચ્છતો હોય નહિ તેની પેરે સુવર્ણથી વિચિત્ર પ્રકારનાં બાણ તેની ઉપર નાખી કાનપર્યંત ધનુષ ખેંચી અગ્નિ સરખા રૂડા પુંખવાળા તીક્ષ્ણ, કરેલાં ત્રણ બાણ સાત્યકિ ઉપર નાખ્યાં. જેઓ તેના દેહાવરણને ભેદી તેના શરીરમાં પેઠાં. તેમજ રાજપુત્ર એવા સુદર્શને ધનુષ સાધી પ્રજ્વલિત એવાં બીજાં ચાર બાણેકરી હડાત્કારથી રૌપ્ય સરખા વર્ણવાળા તેના ચાર ઘોડાઓને પણ હણ્યા. એ રીતે તેણે હણેલા શિનિકુળમાં શ્રેષ્ઠ, શિનિના પૌત્ર, ઇન્દ્ર સરખા પરાક્રમવાળા, વેગવાન સાત્યકિએ, અત્યંત તીક્ષ્ણ એવા બાણેકરી સુદર્શનના ઘોડાઓને હણી તત્કાળ સિંહનાદ કરી વજ્ર સરખા ભલ્લ નામના બાણેકરી એના સારથિનું મસ્તક કાપી શિનિકુળમાં શ્રેષ્ઠ તેણે કાળાનળ સરખા ક્ષુરપ્ર નામના તેજસ્વી બાણથી, હે રાજન્ ! પૂર્વે ઇન્દ્રે જેમ સંગ્રામમાં અતિ બળવાન એવા બળનું મસ્તક કાપ્યું હતું તેમ પૂર્ણચંદ્ર સરખું કુંડળ સહિત સુદર્શનનું શોભિતું મસ્તક પણ કાપી નાંખ્યું. એ રીતે સંગ્રામમાં તે રાજપુત્રને હણી પરમ હર્ષયુક્ત થયેલા, ઇન્દ્ર સરખા પરાક્રમી, વેગવાન, યાદવોમાં શ્રેષ્ઠ મહાત્મા સાત્યકિ શોભતો હતો. ત્યાર પછી હે રાજન્ ! લોકને વિસ્મય પમાડવા ઇચ્છતો મનુષ્યમાં શૂરવીર તે જે માર્ગે અર્જુન ગયા હતા તે માર્ગે બાણના ઓઘથી તમારા સૈન્યને નિવારણ કરી રૂડા અશ્વયુક્ત પોતાના રથેકરી જવા લાગ્યો. વળી તે પોતાના બાણ સમીપ આવેલા શત્રુઓને જેમ અગ્નિ બાળે તેમ બાણેકરી બાળતો હતો, તે સમયે એવા વિસ્મય કરવા લાયક મુખ્ય તેના કર્મને એકઠા મળેલા શ્રેષ્ઠ યોદ્ધાઓ વખાણતા હતા.

> तत्तस्य विस्मापयनीयमग्र्यमपूजयन् योधवराः समेताः ।
> प्रवर्तमानानिषुगोचरेऽरीन्ददाह बाणैर्हुतभुग् यथैव ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सुदर्शनवधे गुर्जरभाषायां अष्टादशाधिकशततमोऽध्यायः ॥ ११८ ॥

અધ્યાય ૧૧૯ મો. યવનસૈન્ય ભેદ-પરાજય

> संजय उवाच—ततः स सात्यकिर्धीमान् महात्मा वृष्णिपुंगवः ॥
> सुदर्शनं निहत्याजौ यंतारं पुनरब्रवीत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ બુદ્ધિમાન મહાત્મા એવા સાત્યકિએ સંગ્રામમાં સુદર્શનને હણી વળી પોતાના સારથિને કહ્યું કે, રથ, અશ્વ તથા હસ્તિ-

જેણે દુ:પ્રવેશ્ય, બાણુ તથા શક્તિરૂપી ઉરમીની માળાવાળા, ખડ્ગરૂપી છે મત્સ્ય જેમાં; ગદારૂપી જેમાં ગ્રાહ છે, શૂરવીરોના આયુધરૂપી શબ્દવાળા, પ્રાણિનો અપહાર કરનાર, ભયંકર વાજિંત્રરૂપી મોટા શબ્દ કરનાર, યોદ્ધાઓને દુ:ખરૂપી સ્પર્શવાળા, કાયરને અસહ્ય, જલસંધના બળરૂપી ચક્રસેનાનીકરી જાણે વિંટાયો હોય નહિ એવા દ્રોણ સૈન્યરૂપી દુસ્તર મહા સમુદ્રને આપણે તરી ગયા છીએ અને હવે બાકીના સૈન્યને, તરવા લાયક થોડુંજ છે જગ જેમાં એવી કુત્સિત નદી સરખું હું માનું છું; માટે સંભ્રમ રહિત થઇ ઘોડાઓને ચલાવ. સંગ્રામમાં પાકળ ચાલનાર સહિત દ્રોણને તથા યોદ્ધાઓમાં શ્રેષ્ઠ હાર્દિક્યને જીતી હાલ અર્જુનને હસ્ત પ્રાપ્ત થયેલાની પેઠે નજીક આવેલા હું માનું છું. તેમજ શુષ્ક છે તૃણ તથા વેલા જેમાં એવા વનમાં રહેલા પ્રદીપ્ત વન્હિની પેઠે અનેક સૈન્યને જોઇ મને જરા પણ ત્રાસ ઉત્પન્ન થતો નથી. પડેલાં પાયદળ, અશ્વ, રથ તથા હસ્તિના ઓથેકરી વિષમ, પાંડવમાં મુખ્ય એવા અર્જુને ગમન કરેલી પૃથ્વીને જો. હે સારથે! ચોતરફ દોડતા રથ, ગજ તથા અશ્વેકરી તે મહાત્માએ ભંગાણ પાડેલું સૈન્ય ચોતરફ દોડે છે તેમ લાલ એવી રજ ચોતરફ ઉડતી દેખાય છે. માટે શ્રીકૃષ્ણ છે સારથિ જેના એવા શ્વેત અશ્વવાળા અર્જુનને હું સમીપ માનું છું; અને આ શબ્દ પણ ઘણા પરાક્રમવાળા ગાંડીવનો સંભળાય છે. હે સૂત! જેવાં આ બધાં નિમિત્ત મને થાય છે તે પ્રમાણે સૂર્ય અસ્ત થયાની પહેલાં જરૂર અર્જુન સૈંધવને હણશે. વાસ્તે ધીરેધીરે ઘોડાઓને આશ્વાસના કરતાં જ્યાં શત્રુની સેનામાં આ મોજા પહેરેલા, કવચયુક્ત, ક્રૂર કર્મ કરનાર, યુદ્ધમાં દુર્મદ, દુર્યોધન છે મુખ્ય જેમાં એવા કામ્બોજ ઉભા છે ત્યાં જા. તેમજ બાણ તથા ધનુષ ધરનાર, પ્રહાર કરનાર, શક. કિરાત, દરદ, બર્બર, તામ્રલિપ્તક તથા વિવિધ પ્રકારનાં આયુધ હાથમાં છે જેમના એવા ઘણાક બીજા સર્વ મ્લેચ્છ સંગ્રામ વાસ્તે મારીજ સન્મુખ ઉભેલા છે. રથ, હસ્તિ અશ્વ તથા પાયદળ સહિત એ બધાઓને સંગ્રામમાં હણી આ ભયંકર કિલ્લાને આપણે તરી ગયા છીએ એમ તું ધાર. એવાં સાત્યકિનાં વચન સાંભળી તેનો સારથિ કહેવા લાગ્યો કે; હે સત્યવિક્રમ! હે વાર્ષ્ણેય! હે મહાભુજ! યદ્યપિ ક્રોધાયમાન થયેલા પરશુરામ, રથિમાં શ્રેષ્ઠ દ્રોણ, કૃપ તથા મહેશ્વર, તમારી આગળ આવી ઉભા રહે તોપણ તમારો આશ્રય કરેલા મને સંભ્રમ થાય નહિ. હે શત્રુસૂદન! તમે યુદ્ધમાં કવચ પહેરેલા, ક્રૂર કર્મ કરનાર, યુદ્ધમાં દુર્મદ, અત્યંત ઘણા કાંબોજ, ધનુષબાણ ધરનાર, પ્રહાર કરનાર યવન, શક, કિરાત, દરદ, બર્બર, તામ્રલિપ્તક તથા વિવિધ પ્રકારનાં આયુધ છે હાથમાં જેમને એવા બીજા મ્લેચ્છોને પણ જીતેલા છે; તેમાં પૂર્વે ક્યારેય પણ મને સંભ્રમ થયો નથી ત્યારે હે ધીર! આ સંગ્રામરૂપી ગાયના પગલાને પામી મને સંભ્રમ ન થાય તેમાં શું કહેવું? હવે હે આયુષ્મન્! ક્યા માર્ગે અર્જુન પ્રત્યે તમોને લઇ જાઉં અને હે વાર્ષ્ણેય! કોની ઉપર તમે ક્રુદ્ધ થયા છો? કોને મૃત્યુ સમીપ આવેલું છે, અને કોનું મન આજ યમપુરી પ્રત્યે જવાનો ઉત્સાહ કરે છે? તેમ યુદ્ધમાં ચતુર, કાળ, અંતક તથા યમની જેને ઉપમા અપાય એવા પરાક્રમ સંપન્ન તમોને સંગ્રામમાં જોઇ કોણ ભાગશે? અને હે મહાભુજ! આજ વૈવસ્વત રાજા કોને યાદ કરે છે? એવાં સારથિનાં વચન સાંભળી સાત્યકિએ કહ્યું કે હે સારથે! દૈત્યોને જેમ ઇન્દ્ર હણે તેમ આ મુંડાઓને હણી હું પ્રતિજ્ઞાનો પાર પામીશ; વાસ્તે કાંબોજ પ્રત્યે મને લઇ જા. આજ તેમનો નાશ કરી પ્રિય પાંડવ પ્રત્યે હું જઇશ. હે સૂત! આજ મુંડનું સૈન્ય તથા સર્વ સૈન્ય વારંવાર હણાવાથી દુર્યોધન સહિત કૌરવ મારા પરાક્રમને દેખશે. તેમાં સંગ્રામમાં વિદીર્ણ તથા કૌરવ સૈન્યનો શબ્દ સાંભળી

દુર્યોધન અનેક પ્રકારથી સંતાપ પામશે. આજ પાંડવમાં મુખ્ય, શ્વેત છે અશ્વ જેના એવા આચાર્યે કરેલો માર્ગ હું તને દેખાડીશ. આજ મારા બાણથી હણાયેલા હજારો મુખ્ય યોદ્ધાઓને જોઇ દુર્યોધન રાજા પશ્ચાત્તાપને પ્રાપ્ત થશે. આજ જલદી ઉત્તમ બાણ ફેંકવાં ઉભાડિયાંના ચક્ર સરખા મારા ધનુષને કૌરવો જોશે. આજ મારે બાણેકરી ખંડિત અંગવાળા વારંવાર રૂધિરને સ્રવતા સૈનિકોના વધને જોઇ દુર્યોધન સંતાપ પામશે. આજ શ્રેષ્ઠ યોદ્ધાઓને હણતાં મારૂં ક્રોધાયમાન રૂપ જોઇ દુર્યોધન આ લોકને બે અર્જુનવાળો માનશે. આજ મોટા સંગ્રામમાં મેં હણેલા મોટા રાજાઓને જોઇ દુર્યોધન સંતપ્ત થશે. આજ સંગ્રામમાં હજારો રાજાઓને હણી મહાત્મા પાંડવો વિષે રહેલો મારો સ્નેહ તથા ભક્તિ રાજાઓને હું દેખાડીશ. તેમ આજ મારૂં બળ, પરાક્રમ તથા કૃતજ્ઞતાને કૌરવો જાણશે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવાં તેનાં વચન સાંભળી સારથિએ શીખેલા, સારી રીતે વહન કરનાર, ચંદ્ર સરખા પ્રકાશમાન અશ્વોને ચલાવ્યા. ત્યારે આકાશનું જાણે પાન કરતા હોય નહિ એવા મન તથા પવન સરખા વેગવાળા તે ઉત્તમ અશ્વોએ સાત્યકિને તત્કાળ યવનો પ્રત્યે પ્રાપ્ત કર્યો. તે સમયે યુદ્ધ કરવામાં ચતુર એવા ઘણાક તે યવનોએ સંગ્રામમાં પાછો ફરનાર નહિ એવા તે સાત્યકિને પ્રાપ્ત થઇ તેની ઉપર ઘણાંક બાણ નાંખ્યાં. હે રાજન્! વેગવાન સાત્યકિએ નતપર્વવાળાં બાણેકરી તેમના બાણ તથા અસ્ત્રોને કાપી નાંખ્યાં; તેથી તે એને પ્રાપ્ત ન થયા. અતિ ઉગ્ર એવા સાત્યકિએ સુવર્ણના પુંખવાળાં, અત્યંત તીક્ષ્ણ, ગૃધ્રનાં પીંછ બાંધેલાં બાણેકરી યવનોના ભુજ તથા મસ્તક કાપી નાંખ્યાં. એ રીતે સાત્યકિએ નાંખેલાં બાણ ચોતરફથી તેમનાં લોહમય તથા કાંસાનાં કવચ અને શરીરોને ભેદી પૃથ્વીતલ પ્રત્યે પ્રાપ્ત થયાં. વળી શૂરવીર સાત્યકિએ હણવા માંડેલા સેંકડો મ્લેચ્છ પ્રાણ રહિત થઇ પૃથ્વીતલવિષે પડતા હતા. કર્ણ પર્યંત પ્રત્યંચા ખેંચી મૂકેલા એક બીજામાં મળેલા બાણેકરી એક બાણથી પાંચ, છ, સાત તથા આઠ યવનોને તે ભેદવા લાગ્યો. હે વિશાંપતે! એવી રીતે શિનિકુળમાં ઉત્પન્ન થયેલો સાત્યકિ હજારો કાંબોજ, શક, શબર, કિરાત, તથા બર્બર નામના મ્લેચ્છોને મારી માંસ તથા રૂધિરના ગારાથી સંકુલ એવી અગમ્યરૂપી રણભૂમિને કરતાં તમારા સૈન્યનો ક્ષય કરતો હતો. તે દસ્યુના શિરસ્ત્રાણ સહિત, કેશ વગરનાં, મોટી દાઢીવાળાં પડેલાં મસ્તકોએ કરી સંકીર્ણ રણભૂમિ પિંછ વગરનાં પક્ષિઓએકરી જેવી શોભે તેવી શોભતી હતી. અતિ રૂધિરેકરી વ્યાપ્ત છે સર્વ અંગ જેમનાં એવાં ધડે કરી વિંટાયલું રણાંગણ લાલ વાદળથી વિંટાયલા આકાશ સરખું દેખાતું હતું. એવી રીતે સાત્વત એવા સાત્યકિએ વજ્ર સરખો છે સ્પર્શ જેમનો એવાં સુંદર પર્વવાળાં બાણવડે હણેલા મ્લેચ્છોએ કરી પૃથ્વી ભરાઇ ગઈ અને કષ્ટથી પ્રાણ સાચવનાર, ખેદયુક્ત ચિત્તવાળા, સંગ્રામમાં સાત્યકિએ જીતેલા કવચ પહેરેલા બાકીના મ્લેચ્છ પાની તથા ચાબુકથી ઘોડાઓને મારતા ઉત્તમ વેગનો આશ્રય કરી ભયથી ચોતરફ ભાગવા લાગ્યા. હે ભારત! પુરૂષમાં સિંહરૂપ, સત્ય પરાક્રમવાળો સાત્યકિ એ રીતે દુર્જય એવા કાંબોજના સૈન્યને નસાડી યવનના તથા શકના મોટા સૈન્યને પણ પરાભવ પમાડી તમારાઓને જીતી તમારા સૈન્યમાં પ્રવેશ કરી પોતાના સારથિને 'ચલાવ ચલાવ' એ રીતે કહેવા લાગ્યો. સંગ્રામમાં પૂર્વે બીજા કોઇએ ન કરેલ એવા તેના કર્મને જોઇ ગન્ધર્વ સહિત ચારણ એની અત્યંત પ્રશંસા કરતા હતા. હે વિશાંપતે! એ રીતે જતા અર્જુનના પૃષ્ઠરક્ષક એવા તેને જોઈ ચારણ અત્યંત સંતુષ્ટ થયા અને તમારાઓ પણ તેનાં વખાણ કરતા હતા.

तं यांतं पृष्ठगोप्तारमर्जुनस्य विशांपते ।
चारणाः प्रेक्ष्य संहृष्टास्त्वदीयाश्चाभ्य पूजयन् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे यवनपराजये गुर्जरभाषायामेकोनविंशत्यधिकशततमोऽध्यायः ॥ ११९ ॥

અધ્યાય ૧૨૦ મો. દુર્યોધનનું પલાયન.

संजय उवाच—जित्वा यवनकांबोजान् युयुधानस्ततोऽर्जुनं ।
जगाम तव सैन्यस्य मध्येनरथिनांवरः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવી રીતે રથિમાં શ્રેષ્ઠ યુયુધાન સાત્યકિ, યવન તથા કાંબોજોને જીતી તમારા સૈન્યના મધ્યમાં થઇ ત્યાંથી અર્જુન પ્રત્યે જવા લાગ્યો. સુંદર દાઢવાળો, પુરુષમાં સિંહરૂપ, વિચિત્ર પ્રકારનાં છે કવચ તથા ધ્વજ જેના એવો તે, વ્યાઘ્ર જેમ મૃગને ભય પમાડે તેમ તમારા સૈન્યને ભય પમાડતો હતો. સુવર્ણનો છે પૃષ્ઠભાગ જેનો સુવર્ણની ચંદ્રાકૃતિથી સંકુલ એવા મોટા વેગવાળા ધનુષને અત્યંત ફેરવતો રથે કરી માર્ગ પ્રત્યે વિચરતો, સુવર્ણના છે બાજુબંધ તથા શિરસ્ત્રાણ જેનાં, સુવર્ણના કવચથી વિંટાયલો, સુવર્ણથી શોભિતો છે ધ્વજ જેનો એવો શૂરવીર તે મેરુ પર્વતના શિખર સરખો, તેમજ સંગ્રામમાં મંડલાકાર દેખાય છે ધનુષ જેનું એવો તેજરૂપી સૂર્યકિરણોથી શોભિતો મનુષ્યમાં સૂર્યરૂપ તે શરદૃઋતુના ઉદય થયેલા સૂર્ય સરખો શોભતો હતો. વૃષ સરખા છે સ્કંધ તથા નેત્ર જેનાં એવો પુરુષમાં શ્રેષ્ઠ તમારાઓના મધ્યમાં, જેવો ગાયોના મધ્યમાં વૃષ શોભે તેમ શોભતો હતો દ્રોણ સૈન્ય તથા દુસ્તર એવા ભોજ સૈન્યને અતિક્રમણ કરેલા જલસંધરૂપી અર્ણવ તથા કાંબોજની વાહિનીને તરી, હાર્દિક્યરૂપી મગરમચ્છથી મુક્ત થયેલા, સૈન્ય સમુદ્રને તરેલા મદોન્મત્ત હસ્તિ સરખા તથા તે સરખી મતિવાળા, યૂથના મધ્યમાં ઉભેલા, મદ ઝરતા હસ્તિ સરખા આમળ વધતા સાત્યકિને જોઇ વ્યાઘ્રની પેઠે તેને મારવા ઇચ્છતા અત્યંત ક્રુદ્ધ થયેલા શસ્ત્રવાન ક્રોધથી સહન થાય નહિ એવા તમારી તરફના દુર્યોધન, ચિત્રસેન, દુઃશાસન, વિવિંશતિ, શકુનિ, દુઃસહ, યુવા એવો દુર્ધર્ષણ, ક્રથ, તથા બીજા પણ ઘણાક શૂરવીર તેની પાછળ દોડયા. તે વખતે હે મારિષ! પર્વ વિષે વાયુએ વૃદ્ધિ પમાડેલા સમુદ્રના સરખો તમારા સૈન્યનો મોટો શબ્દ થતો હતો. તે વખતે શિનીકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ પોતાની પાછળ આવતા તે સર્વને જોઈ હસતો હોય નહિ તેની પેઠે 'અરે રથને ધીરેથી ચલાવ' એમ કહી વળી પોતાના સારથિ પ્રત્યે કહેવા લાગ્યો કે, હે સારથે! હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળથી સંકુલ રથના શબ્દે કરી સર્વ દિશાઓને શબ્દાયમાન કરતું પૃથ્વી, અંતરીક્ષ તથા સમુદ્રને કંપાવતું આ દુર્યોધનનું સૈન્ય જલદી મારી સામે આવે છે; પણ હે સૂત! મહા સંગ્રામમાં પૂર્ણિમાને વિષે વૃદ્ધિ પામેલા સમુદ્રને જેમ કિનારો વારે તેમ આ દુર્યોધનના સૈન્ય સમુદ્રને હું વારી રાખીશ. હે સૂત! મહા સંગ્રામમાં ઇંદ્ર સરખા મારા પરાક્રમને તું જો. હું આ તીક્ષ્ણ બાણે કરી શત્રુઓના સૈન્યનો નાશ કરૂં છું. સંગ્રામમાં મેં હણેલા પાયદળ, અશ્વ, રથ તથા હસ્તિઓને જો. તેમજ અગ્નિ સરખા મારા બાણેકરી વિંધાયા છે દેહ જેમના એવા હજારોને જો.

ઘણા પરાક્રમવાળો સાત્યકિ એ રીતે પોતાના સારથિ પ્રત્યે કહે છે એટલામાં ' છોડી દે, નાસી જા, ઉભો રહેજે, જો, ' એ રીતે બોલતા યુદ્ધ કરવા ઇચ્છતા તમારી તરફના સૈનિકો જલદી તેની સમીપ પ્રાપ્ત થયા. પોતાના સમીપ પ્રાપ્ત થતા દેખ તે શૂરવીરો એ રીતે બોલે છે તેટલામાં સાત્યકિએ તીક્ષ્ણ બાણેકરી ત્રણસો અશ્વ તથા ચારસો હસ્તિઓને હણ્યાં. તે સમયે ધનુષ ધરનાર તેમનો તથા તેનો, મનુષ્યનો છે ક્ષય જેમાં એવો દેવાસુર સંગ્રામ સરખો અત્યંત ભયંકર સંપ્રહાર પ્રવર્ત્તમાન થયો. હે મારિષ ! તે સમયે મેઘજાળ સરખા તમારા પુત્રના સૈન્યને શિનિપૌત્ર સાત્યકિએ સર્પ સરખા બાણેકરી રૂંધિ રાખ્યું; અને હે મહારાજ ! પરાક્રમી તથા ભય રહિત તેણે સમુદાયથી ઢંકાઇ ગયા છતાં પણ તમારી તરફના ઘણાકને માર્યા. હે રાજેંદ્ર ! તે ઠેકાણે અત્યંત મોટું આશ્ચર્ય મેં જોયું કે સાત્યકિનું કોઇ પણ બાણ ફોગટ જતું ન હતું. રથ, નાગ તથા અશ્વેકરી દુઃપ્રવેશ્ય, પાયદળરૂપી ઉર્મિથી સંકુલ એવો આપણા સૈન્યરૂપી મહા સમુદ્ર, સાત્યકિ રૂપી કિનારાને પ્રાપ્ત થઇ ઉભો રહ્યો. સંભ્રાંત છે નર, નાગ તથા અશ્વ જેમાં એવું તેણે બાણેકરી ચોતરફથી મારવા માંડેલું તમારૂં સૈન્ય ટાઢથી પીડિત થયેલી ગાયોની પેઠે તે ઠેકાણે ભમતું હતું. હે રાજન્ ! સાત્યકિના બાણેકરી વિંધાએલ નહિ એવા કોઇ પણ પાયદળ, રથ, હસ્તિ, ઘોડેસ્વાર તથા ઘોડાઓ હું જોતો ન હતો. હે નૃપ ! સાત્યકિએ જેવો સૈન્યનો ક્ષય કર્યો તેવો તો અર્જુને પણ કર્યો ન હતો. એ રીતે પુરૂષમાં શ્રેષ્ઠ, ભય રહિત, લાઘવ યુક્ત શિનિપૌત્ર પોતાનું પ્રવીણપણું દેખાડતો અર્જુનથી પણ અતિશય યુદ્ધ કરતો હતો, તેટલામાં દુર્યોધન રાજાએ ત્રણ બાણેકરી સાત્યકિના સારથિને અને તીક્ષ્ણ એવાં ચાર બાણેકરી એના ચાર અશ્વને વિંધી સાત્યકિને પણ ત્રણથી વિંધી વળી બીજાં આઠ બાણેકરી વિંધ્યો. દુઃશાસને સોળથી, શકુનિએ પચીસથી, ચિત્રસેને પાંચથી, તથા દુઃસહે પંદર બાણથી. સાત્યકિને વક્ષઃસ્થળમાં વિંધ્યો. એવી રીતે તેઓએ બાણેકરી હણેલો યાદવકુળમાં સિંહરૂપ સાત્યકિ ગર્વથી અત્યંત તીક્ષ્ણ એવાં ત્રણ ત્રણ બાણેકરી તે સર્વેને વિંધી, અત્યંત વિંધાયલા તેમને ઘણા પરાક્રમવાળો તે સંગ્રામમાં બાજ પક્ષિની પેઠે વિચરતો હતો. વળી શિનિકુળમાં શ્રેષ્ઠ તેણે શકુનિનું ધનુષ તથા હાથનાં મોજાં કાપી ત્રણ બાણેકરી સ્તનના મધ્યભાગમાં દુર્યોધનને વિંધી સોથી ચિત્રસેનને, દશથી દુઃસહને, તથા વીસથી દુઃશાસનને વિંધ્યા. હે વિશાંપતે ! તે સમયે તમારા સાળા શકુનિએ બીજું ધનુષ ગ્રહણ કરી આઠ બાણથી સાત્યકિને વિંધી વળી પાંચથી વિંધ્યો. તે જ વખતે દુઃશાસને દશથી, દુઃસહે ત્રણથી, દુર્મુખે બારવડે, તથા દુર્યોધને તોતેર બાણેકરી માધવ એવા તેને વિંધી, તીક્ષ્ણ એવાં ત્રણ બાણેકરી તેના સારથિને વિંધ્યો. એ રીતે યત્ન કરતા એકઠા મળેલા શૂરવીર તે સર્વ મહારથિઓને રથિમાં શ્રેષ્ઠ સાત્યકિએ પાંચ બાણવડે વિંધી ભલ્લ નામના બાણથી તમારા પુત્રના સારથિને તત્કાળ હણ્યો. તેથી તે પૃથ્વી ઉપર પડી ગયો. હે પ્રભો ! તે સારથિ પડ્યા તે સમયે તમારા પુત્રના તે રથને વાયુ સરખા વેગવાળા અશ્વ સંગ્રામમાંથી બાજુએ લેઇ ગયા. હે રાજન્ ! તે વખતે તમારા પુત્રના તે રથને જોઇ હજારો તમારા સૈનિકો ભાગવા લાગ્યા. હે ભારત ! ભાગતાં તે સૈન્યને જોઇ સાત્યકિ, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, સુવર્ણના પુંખવાળાં તીક્ષ્ણ બાણેકરી તમારા સર્વ સૈન્યને નસાડી અર્જુનના રથ પ્રત્યે ગયોઃ તે વખતે બાણનું ગ્રહણ, સારથિનું રક્ષણ તથા પોતાના આત્માનું પાલન કરતા તેને તમારી તરફના વખાણતા હતા.

तं कृतास्त्रमहात्मानं च महात्मानं च सात्यकिं ।
आस्त्यर्थं बालधानं च तावका:समपूजयन् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे दुर्योधन-पराभवे गुर्जरभाषायां विंशत्यधिकशततमोऽध्यायः ॥ १२० ॥

અધ્યાય ૧૨૧ મો. દુઃશાસન ને સાત્યકિ.

धृतराष्ट्र उवाच—संप्रमृद्यमहत् सैन्यं यांतं शैनेयमर्जुनं ॥
निर्ह्रीकाममते पुत्राः किम कुर्वत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! મોટા સૈન્યને મર્દન કરી અર્જુન પ્રત્યે જતા સાત્યકિને ગઈ છે લજ્જા જેમની એવા મારા પુત્રોએ શું કર્યું ? તેમજ અર્જુન સરખા સાત્યકિના ચરિત્રને જોઇ મરણને ઇચ્છતા એમને ધીરજ કેમ રહી ? તેમજ સૈન્યના મધ્યમાં પરાજય પામેલા તે ક્ષત્રિયોને શું કહેશે અને મોટા યશવાળો સાત્યકિ યુદ્ધમાં કેમ અતિક્રમણ કરી ગયો ? હે સંજય ! મારા પુત્ર જીવતાં છતાં સાત્યકિ કેમ જઇ શક્યો તે મને કહે. હે તાત ! આ તો અતિ આશ્ચર્ય તારાથી હું સાંભળું છું કે તે ઘણા મહારથિ શત્રુઓ સાથે એકનું યુદ્ધ થયું પણ આ વિપરીત જોઈ મારા પુત્રનાં ભાગ્ય મંદ છે એમ હું માનું છું; કારણ કે સંગ્રામમાં એકલો સાત્યકિ મહારથિઓને હણે છે. હે સંજય ! ક્રોધાયમાન થયેલા તે એક સાત્યકિને પણ જે સૈન્ય પુરૂં પડી શક્યું નહિ ત્યારે જ્યાં સર્વ પાંડવ ઉભા હોય ત્યાં તે ક્યાંથી પુરૂં પડે ? માટે સાત્યકિ તો સંગ્રામમાં વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર તથા પ્રવીણ એવા દ્રોણાચાર્યને જીતી સિંહ જેમ પશુગણને હણે તેમ મારા પુત્રોને હણશે. કારણ પુરૂષમાં સિંહ સાત્યકિને સાવધાન થયેલા ઘણાક કૃતવર્માદિક શૂરવીર પણ હણવા સમર્થ થયા નહિ. મોટા યશવાળા તે શિનિપૌત્રે જેવું યુદ્ધ કર્યું તેવું તે ઠેકાણે અર્જુને પણ કર્યું ન હતું.

સંજય કહે છે—હે રાજન્ ! તમારા ખરાબ વિચાર અને દુર્યોધનના કર્મથી જે થયું તે હું કહું તે સાવધાન થઇને સાંભળો. તે સંશપ્તક તમારા પુત્રની આજ્ઞાથી પરસ્પર યુદ્ધમાં પરમ ક્રૂર એવી મતિ કરી યુદ્ધ કરવા પાછા આવ્યા. દુર્યોધન છે મુખ્ય જેમાં એવા ત્રણ હજાર ઘોડેસ્વાર, શક, કાંબોજ, બાલ્હિક, યવન, પારદ, કુલિંદ, તંગણ, અંબષ્ટ, પૈશાચ, બર્બર, તથા ક્રોધાયમાન થયેલા, પાષાણ છે હાથમાં જેને એવા પાર્વતીય યોદ્ધાઓ, શલભ આદિક જંતુઓ જેમ અગ્નિ સામે દોડે તેમ શિનિકુળમાં ઉત્પન્ન થયેલા સાત્યકિ સામે દોડ્યા. અને પાંચસો બીજા શૂરવીર, સો મહારથ, હજાર રથ, હજાર હસ્તિ તથા બે હજાર ઘોડા એમ વિવિધ પ્રકારનાં બાણ નાંખતા મહારથિ તે તથા અસંખ્ય પાયદળ સાત્યકિ સામે દોડ્યા. હે ભારત ! તે સર્વને 'મારે આને મારો' એમ પ્રેરણા કરતા દુઃશાસને સાત્યકિને ઘેરી રાખ્યો. તે સમયે આશ્ચર્યરૂપ એવું સાત્યકિનું મોટું ચરિત્ર અમે જોયું, તેણે એકલે અસંભ્રાન્તિ રીતે અનેક સાથે યુદ્ધ કર્યું. જેમાં મોટું રથસૈન્ય, હસ્તિસૈન્ય, ઘોડેસ્વાર તથા પાયદળ સર્વ તે સૌને બાણોથી હણ્યા. હે ભારત ! તે સ્થાનકે મર્દન કરેલાં ચક્ર, ભાંગેલાં મોટાં આયુધ,

પણ પ્રકારથી ભાંગેલા આરા, [illegible] ધુંસરી, દંડ, બંધન સહેલા હસ્તિઓ, [illegible] પડેલા [illegible], [illegible], માળાઓ, આભરણ, વસ્ત્ર તથા રથના નીચેના ભાગવડે એમ મહેલની આકાશ [illegible] તેમ રણભૂમિ ઢંકાઈ ગઈ હતી. તેમજ પર્વત સરખા અંજન, વામન, સુપ્રતિક, મહાપદ્મ તથા ઐરાવતનાં કુળમાં ઉત્પન્ન થયેલા તેમજ બીજા કુળમાં ઉત્પન્ન થયેલા ઘણાક શ્રેષ્ઠ હસ્તિઓ પ્રાણ રહિત થઇ રણભૂમિ ઉપર પડ્યા હતા. તે સંગ્રામમાં સાત્યકિએ વનાયુજ, પાર્વતીય, [illegible] કાંબોજ, બાહ્લિક તથા બીજા ઘણાક શ્રેષ્ઠ અશ્વોને પણ હણ્યા. તેમજ નાના દેશમાં ઉત્પન્ન થયેલા અનેક જાતના હજારો હસ્તિઓને પણ તેણે માર્યા. એ રીતે હણાવાથી તેઓ ભાગવા લાગ્યા. તેમને જોઇ દસ્યુઓને દુઃશાસને કહ્યું કે 'હે અધર્મજ્ઞ! નાસો નહિ પાછા વળી યુદ્ધ કરો: ભાગો છો શું?' એમ કહ્યું તોપણ પાછા ન વળેલા તેમને જોઇ તમારા પુત્રે પાષાણથી યુદ્ધ કરનાર શૂરવીર પાર્વતીઓને કહ્યું કે એ યુદ્ધ સાત્યકિ જાણતો નથી માટે અશ્મયુદ્ધ ન જાણનાર યુદ્ધકામુક એવા તેને અશ્મયુદ્ધમાં કુશળ એવા તમો હણો. તેમ સર્વ કૌરવ પણ પાષાણ યુદ્ધમાં ચતુર નથી માટે તમો ભય રહિત થઇ સાત્યકિ સામે દોડો. તમારી પાસે તે આવી શકશે નહિ. એવાં દુઃશાસનનાં વચન સાંભળી પાષાણથી યુદ્ધ કરનાર તે સર્વ પાર્વતીય રાજાઓ રાજા સામે જેમ મંત્રીઓ જાય તેમ શૈનેય એવા સાત્યકિ સામે દોડ્યા. ત્યાર પછી પર્વતમાં રહેનારા તેઓ હસ્તિનાં મસ્તક જેવડા પાષાણ ઉગામી સાત્યકિની આગળ સંગ્રામમાં ઊભા રહ્યા. તેમજ તમારા પુત્રે પ્રેરણા કરેલા સાત્વતના વધની ઇચ્છાવાળા કેટલાક બીજા પણ યોદ્ધાઓ ચોતરફથી દિશાઓને રૂંધતા હતા. એ રીતે શિલાયુદ્ધ કરવા ઇચ્છતા સામે આવતા તેઓ તરફ સાત્યકિએ તીક્ષ્ણ એવાં બાણ નાંખ્યાં. સર્પ સરખા નારાચ નામનાં તે બાણેકરી શિનિકુળમાં શ્રેષ્ઠ તેણે, પાર્વતીય યોદ્ધાઓએ નાંખેલી તે ભયંકર પાષાણ વૃષ્ટિને કાપી નાંખી. હે મારિષ! પતંગ નામના જંતુના સમુદાય સરખા પ્રદીપ્ત એવા તે પાષાણના ચૂર્ણથી બહુધા કરી સૈન્ય હાહાકાર કરતાં હણાવા લાગ્યું. હે રાજન્! તેથી કપાઇ ગયા છે બાહુ જેમના એવા, ઉગામેલ મોટી શિલાવાળા પાંચસો શૂરવીર પૃથ્વીતલ વિષે પડી ગયા. તેમજ પાષાણ સહિત કપાઇ ગયા છે હાથ જેમના એવા બીજા હજાર તથા શતસહસ્ર યોદ્ધાઓ સાત્યકિને પ્રાપ્ત થયા વગર રણભૂમિમાં પડતા હતા. એ રીતે સાત્યકિએ પાષાણથી યુદ્ધ કરનાર યત્ન કરતા સંગ્રામમાં ઊભેલા ઘણાક હજાર શૂરવીરોને માર્યા, તે આશ્ચર્ય સરખું થયું. તેટલામાં વળી વ્યાદિતમુખ, લોહનાં ત્રિશૂળ છે હાથમાં જેમને એવા દરદ તંગણ, ખસ, લંપાક, તથા પુલિંદ નામનાં બાણેકરી, તે પાષાણને કાપી નાંખ્યાં અંતરિક્ષમાજ તીક્ષ્ણ બાણવડે ભેદ પામેલા તે પાષાણનાં શબ્દેકરી રથ, અશ્વ, ગજ તથા પાયદળ સંગ્રામમાં ભાગવા લાગ્યાં. તેમ બાણથી ભેદેલા પાષાણના ચૂર્ણેકરી દુઃખ પામતા મનુષ્ય, ગજ તથા વાજિઓ, ભ્રમરે દંશ કરેલાની પેઠે ત્યાં ઊભા રહેવા પણ સમર્થ થતા ન હતા. નાશ થતા બાકી રહેલા, રુધિરથી વ્યાપ્ત, ભેદાયેલાં મસ્તક તથા પીડ જેમનાં એવા હસ્તિઓ સાત્યકિના રથને છોડી દેઇ દૂર જતા હતા. તે સમયે હે મારિષ! માધવ એવા સાત્યકિએ પીડિત કરેલા તમારા સૈન્યનો પર્વ વિષે વૃદ્ધિ પામેલા સમુદ્રના જેવો શબ્દ થાય તેવો મોટો શબ્દ થતો હતો. ભયંકર તે શબ્દને સાંભળી દ્રોણે પોતાના સારથિને કહ્યું કે હે સૂત! ક્રોધાયમાન થયેલો સાત્વતોમાં મહારથિ આ સાત્યકિ [illegible] સૈન્યને વિદારણ કરતો કાળની પેઠે સંગ્રામમાં વિચરે છે, વાસ્તે હે સૂત! જ્યાં [illegible] ત્યાં મારા રથને લઇ જા. કારણ કે જરૂર પાષાણયોધિ સાથે [illegible] [illegible] છે. તેમ ભાગતા અશ્વ, સર્વ રથિઓને તે તે ઠેકાણે લેઇ જાય છે, [illegible]

છે કવચ તથા શસ્ત્ર જેમનાં, એવા કેટલાક તો ગ્લાનિયુક્ત થઇ તે તે રથમાંથી પડે છે. તેમ સારથિઓ ભયંકર યુદ્ધને લીધે ઘોડાઓને નિયમમાં રાખવા સમર્થ થતા નથી. એવાં દ્રોણા-ચાર્યનાં વચન સાંભળી સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય પ્રત્યે સારથિએ કહ્યું કે હે આયુષ્મન્! કૌરવનું સૈન્ય ચોતરફ દોડતું જાય છે, તેમાંથી તે તે ઠેકાણે સંગ્રા-મમાં ભગ્ન થઇ દોડતા યોદ્ધાઓને જુઓ. તેમ પાંડવ સહિત આ શૂરવીર પંચાલ તમનેજ મારવાની ઇચ્છાથી એકઠા મળી ચોતરફ દોડે છે, માટે હે અરિંદમ! આ સમયે ત્યાં જવું યા સ્થાનકે ઉભું રહેવું તેમાં શું યોગ્ય કર્તવ્ય છે? તે વિષે વિચાર કરો તેમ સાત્યકિ દૂર ગયો છે. એ રીતે દ્રોણાચાર્યને સારથિ કહે છે તેટલામા અનેક પ્રકારના રથિઓને હણતો સાત્યકિ દેખાયો. એવી રીતે સંગ્રામમાં સાત્યકિએ હણવા માંડેલા તમારી તરફના યોદ્ધાઓ સાત્યકિના રથનો ત્યાગ કરી દ્રોણસૈન્ય પ્રત્યે દોડયા. તેમ રથિઓ સાથે પૂર્વે દુઃશાસન વર-તતો હતો તે સર્વ યોદ્ધાઓ પણ ભયભીત થઇ દ્રોણ રથ પ્રત્યે દોડયા.

यैस्तु दुःशासनः सार्द्धरथैः पूर्वंम्यवर्तत ।
ते भीतास्त्वभ्यधावंत सर्वे द्रोणरथं प्रति ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे गुर्वे-रथापायामेकविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२१ ॥

અધ્યાય ૧૨૨ મો. દ્રોણનાં અદ્ભુત પરાક્રમ.

संजय उवाच—दुःशासनरथं दृष्ट्वा समीपे पर्यवस्थितं ।
भारद्वाजस्ततो वाक्यं दुःशासनमथाब्रवीत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! સમીપ ઉભેલા દુઃશાસનના રથને જોઇને દ્રોણાચાર્યે દુઃશા-સન પ્રત્યે આવી રીતે વચન કહ્યું કે હે દુઃશાસન! આ સર્વ રથિઓ કેમ પલાયન કરે છે? રાજાનું સર્વ કુશળ છે અને હજી સૈંધવ જીવતો છે છતાં રાજાનો પુત્ર તથા રાજાનો ભાઇ એવો મહારથિ તું યુવરાજને પામી યુદ્ધમાંથી શું કરવા નાસે છે? તેમ પૂર્વે તેં દ્રૌપદીને કહ્યું હતું જે હે દાસિ! દ્યૂતમાં અમે તને જીતી છે. વાસ્તે તું અમારી દાસી થઇ ઇચ્છા પ્રમાણે વિચરનારી થા અને રાજા એવા મારા મોટા ભાઇનાં વસ્ત્ર વહન કર અને તારા પતિઓ ષંઢ સરખા છે. આમ કહેનાર તું આ વખતે કેમ નાસે છે? તું પોતેજ પંચાલ તથા પાંડવ સાથે મોટું વૈર કરી એક સાત્યકિને પ્રાપ્ત થઇ સંગ્રામમાં કેમ ભય પામે છે? પૂર્વે દ્યૂતક્રીડા વિષે અક્ષ ગ્રહણ કરી શું નહોતો જાણતો કે એ અક્ષજ પરિ-ણામે દારુણ સર્પ સરખા બાણરૂપ થશે. તેમ પાંડવોને કડુ વચન સંભળાવનાર પણ વિશેષે કરી તુંજ હતો અને પૂર્વે દ્રૌપદીને જે ક્લેશ થયો તેનું મૂળ પણ તુંજ છે. આ વખતે તારું માન ક્યાં ગયું? ગર્વ ક્યાં ગયો? પરાક્રમ ક્યાં ગયું? તારું ગર્જનાથી બોલવું ક્યાં ગયું? અને આશીવિષ સર્પ સરખા પાંડવોને કોપાવી હવે તું ક્યાં જઇશ? આ ભારતીસેના, રાજા તથા દુર્યોધન પણ શોચ કરવા યોગ્ય છે કારણ જેના ભ્રાત્ય કઠણ છે એવો તું પલાયન કરવામાં

જેવા આચરણ થાય છે, હે વીર ! તારે તો ભયથી પીડિત થયેલી, વિદીર્ણ થયેલી સેનાનું પોતાના બાહુબળવડે રક્ષણ કરવું જોઇએ; તે તું આજ રણસંગ્રામનો ત્યાગ કરી ભયભીત થઇ પાંચાલોને હર્ષ પમાડે છે. હે શત્રુસૂદન ! સૈન્યનો નાયક એવો તું જ્યારે નાસી જાય ત્યારે આશ્રય-પ્રકારના ભય પામેલા સૈન્યમાં ભયભીત થયેલો બીજો કોણ ઉભો રહે ? એકલા સાત્યકિ સાથે યુદ્ધ કરતાં આજ તારી બુદ્ધિ સંગ્રામમાંથી પલાયન કરવાની થાય છે ત્યારે જે વખતે સંગ્રામમાં ગાંડીવ ધનુષવાળા અર્જુન, ભીમસેન, નકુળ તથા સહદેવને દેખીશ ત્યારે તું શું કરીશ ? જો સાત્યકિના બાણથી ભય પામી તું પલાયન કરે છે તો પછી યુદ્ધમાં સૂર્ય તથા અગ્નિ સરખી જેની કાંતિ છે એવાં અર્જુનનાં બાણ સામે કેમ ટકીશ. હે વીર ! તારી પલાયન કરવાની જો બુદ્ધિ હોય તો જલદી જા. ગાંધારીના ઉદરમાં પ્રવેશ કર. કારણ તે વગર તો પાંડવ સાથે વૈર કરી પૃથ્વીમાં દોડતા તારૂં બીજે સ્થાનકે જીવન હું જોતો નથી. માટે એમજ વિચાર હોય તો જ્યાં સુધી છૂટા મૂકેલા સર્પ સરખાં અર્જુનનાં બાણ તારા શરીરમાં પ્રવિષ્ટ થયાં નથી ત્યાંસુધી પાંડવ સાથે સલાહ કરી ધર્મરાજાને પૃથ્વી આપી દે. તેમજ જ્યાં સુધી મહાત્મા પાંડવ તારા સો ભાઇઓને હણી પૃથ્વી લેતા ગયા નથી તેની અગાઉજ પાંડવ સાથે સંધિ કર. જ્યાં સુધી ધર્મપુત્ર યુધિષ્ઠિર તથા સંગ્રામમાં પ્રશંસા કરવા લાયક શ્રીકૃષ્ણ ક્રોધયુક્ત થયા નથી તેની અગાઉ પાંડવ સાથે શાંતિ કર. જ્યાં સુધી મહાબાહુ ભીમસેને મોટી સેનાને વહન કરી તારા ભાઇઓને ગ્રહણ કર્યાં નથી તેની અગાઉ પાંડવ સાથે શાંતિ કર. પૂર્વે તારા ભાઇ દુર્યોધનને ભીષ્મે કહ્યું હતુ કે સંગ્રામમાં પાંડવો અજેય છે વાસ્તે તેમની સાથે શાંતિ કર; તથાપિ મંદ બુદ્ધિવાળા તારા ભાઇએ તેમ કર્યું નહિ, વાસ્તે યુદ્ધમાં ધૈર્ય રાખી સાવધાન થઇ પાંડવ સાથે યુદ્ધ કર. તારા રૂધિરનું પણ ભીમસેન પાન કરશે એમ મેં સાંભળ્યું છે તે પણ તેનું કહેલું તેમજ સત્ય થશે. હે સુભાલિશ ! ભીમના પરાક્રમને શું તું જાણતો નહોતો ? કે તેની સાથે વૈરનો આરંભ કર્યો; વાસ્તે જ્યાં સાત્યકિ ઉભો છે ત્યાં ત્વરાકરી જલદી તું જા. હે ભારત ! તારા વગરનું આ સૈન્ય નાસી જશે માટે તું પોતાને વાસ્તે સત્ય છે પરાક્રમ જેનું એવા સાત્યકિ સાથે સંગ્રામમાં યુદ્ધ કર.

દ્રોણાચાર્યનાં વચન સાંભળી તમારો પુત્ર દુઃશાસન કંઇ પણ બોલ્યો નહિ અને સાંભળેલું ન સાંભળ્યા જેવું કરી જે માર્ગે સાત્યકિ ગયો હતો તે રસ્તે પોતે ગયો. પાછા ન ફરનાર મ્લેચ્છના મોટા સૈન્ય યુક્ત તે સાવધાન થઇ સાત્યકિને પ્રાપ્ત થઇ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. રથિઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય પણ અત્યંત ક્રુદ્ધ થઈ મધ્યમ વેગનો આશ્રય કરી પંચાલ તથા પાંડવ સાથે દોડ્યા. એવી રીતે દ્રોણાચાર્ય પાંડવના સૈન્ય પ્રત્યે પ્રવેશ કરી સેંકડો તથા હજારો યોદ્ધાઓને નસાડતા હતા. હે મહારાજ ! દ્રોણાચાર્ય સંગ્રામમાં પોતાનું નામ સંભળાવી પાંડવ, પંચાલ, તથા મત્સ્યોનો મોટો નાશ કરતા હતા. તે તે ઠેકાણે સૈન્યોને જીતતા દ્રોણ સામે આવી તેજસ્વી એવા પાંચાલપુત્ર વીરકેતુએ સન્નત છે પર્વ જેનાં એવાં પાંચ બાણેકરી દ્રોણને વિંધી એકેકરી એમના ધ્વજને વિંધી સાતેકરી સારથિને વિંધ્યો. હે મહારાજ ! તે વખતે સંગ્રામમાં મેં આશ્ચર્ય જોયું કે દ્રોણાચાર્ય વેગેકરી પાંચાલ સામે યુદ્ધમાં વધી શક્યા નહિ. હે અરિંદમ ! હે રાજન્ ! એ રીતે સંગ્રામમાં રૂંધાયલા દ્રોણાચાર્યને જોઈ ધર્મપુત્રના જયની ઇચ્છાવાળા પાંચાલોએ ચોતરફથી તેમને વિંટી લીધા. તે વખતે તે સર્વ પાંચાલો અગ્નિ સમાન બાણ, અમૂલ્ય શક્તિ તથા વિવિધ પ્રકારનાં શસ્ત્ર એક દ્રોણ ઉપર નાંખવા લાગ્યા. તે સાંભળી દ્રો

કિએ સંગ્રામમાં બાણેકરી રથ, સારથિ તથા ધ્વજ સહિત તેને અદૃશ્ય કરી શૂરવીર દુઃશાસનને બાણેકરી ઢાંકી દીધો. તે સમયે કરોળિઓ જેમ લાળેકરી વિંટાય તેમ બાણેકરી વિંટાયલા સશંક એવા દુઃશાસનને, શત્રુને જીતનાર સાત્યકિએ વળી ઉતાવળથી બાણેકરી પીડિત કર્યો. તે રીતે સાત્યકિનાં સેંકડો બાણેકરી વિંધાયલા દુઃશાસનને જોઇ દુર્યોધનરાજાએ ત્રિગર્તોને કહ્યું કે, તમો સાત્યકિના રથ પ્રત્યે જાઓ. એવાં તેનાં વચન સાંભળી ક્રૂર છે કર્મ જેમનાં એવા યુદ્ધમાં વિશારદ ત્રણ હજાર ત્રિગર્તના રથિઓએ સાત્યકિની સમીપ જઇ યુદ્ધમાં સ્થિર મતિ કરી મોટા રથ સમુદાયથી સાત્યકિને ઘેરી લીધો. પછી પોતા સામે આવી બાણનો વરસાદ કરતા તે યોદ્ધાઓમાંથી તેણે બાણેકરી પાંચસો મુખ્ય યોદ્ધાઓને હણ્યા. શિનિકુળમાં શ્રેષ્ઠ તેના બાણેકરી હણાયલા તે પર્વત ઉપરથી મોટા વાયુના વેગેકરી ભાગેલાં વૃક્ષ નીચે પડે તેમ પૃથ્વી ઉપર પડતા હતા. હે વિશાંપતે! તે સમયે અનેક પ્રકારે છિન્નભિન્ન થયેલા હસ્તિઓ, પડેલા ધ્વજ તથા સાત્યકિના બાણેકરી નાશ પામેલા રૂધિરના ઓઘથી વ્યાપ્ત, સુવર્ણથી શોભિતા ઘણાક અશ્વેકરી તે રણભૂમિ પુષ્પિત એવા ખાખરાના વૃક્ષોએ કરી જેવી શોભે તેવી શોભતી હતી. સંગ્રામમાં સાત્યકિએ મારવા માંડેલા તમારી તરફના, કાદવમાં ડુબેલા હસ્તિઓની પેઠે રક્ષણ કરનારને પ્રાપ્ત થતા ન હતા, તેથી તે સર્વ ગરૂડના ભયથી જેમ મોટા સર્પ ગર્ત પ્રત્યે પેસી જાય તેમ દ્રોણરથ પ્રત્યે પાછા આવ્યા. શૂરવીર સાત્યકિ તો આશીવિષ સર્પ સરખાં બાણેકરી પાંચસો યોદ્ધાઓને મારી ધીરેધીરે અર્જુનના રથ પ્રત્યે જવા લાગ્યો.

એ રીતે જતા પુરૂષમાં શ્રેષ્ઠ તે સાત્યકિને તમારા પુત્ર દુઃશાસને સનત છે પર્વ જેમનાં એવાં નવ બાણેકરી જલદી વિંધ્યો. મોટા ધનુષવાળા તેણે પણ સુવર્ણના પુંખવાળાં, ગૃધ્રનાં પીંછ બાંધેલાં, તીક્ષ્ણ એવાં પાંચ બાણેકરી તેને વિંધ્યો. હે મહારાજ! હે ભારત! દુઃશાસને પણ હસતો હોય નહિ તેની પેઠે ત્રણ બાણથી સાત્યકિને વિંધી વળી બીજાં પાંચે કરી વિંધ્યો. શિનિકુળમાં ઉત્પન્ન થયેલો સાત્યકિ પાંચ બાણથી તમારા પુત્રને હણી એનું ધનુષ કાપી ગર્વથી અર્જુન પ્રત્યે જવા લાગ્યો. પછી ક્રોધાયમાન થયેલા દુઃશાસને અર્જુન પ્રત્યે જતા વૃષ્ણિવીર ઉપર તેને મારવાની ઇચ્છાથી લોહમયી શક્તિ નાંખી. હે રાજન્! પોતા સામે આવતી તમારા પુત્રની ભયંકર શક્તિને ગૃધ્રનાં પીંછ બાંધેલાં તીક્ષ્ણ બાણેકરી સાત્યકિએ સો તરેહથી કાપી નાંખી. હે જનેશ્વર! વળી તમારા પુત્રે બીજું ધનુષ ગ્રહણ કરી બાણથી સાત્યકિને વિંધી સિંહનાદ કર્યો. ક્રોધાયમાન થયેલા સાત્યકિએ તમારા પુત્રને મોહ પમાડી અગ્નિ શિખા સરખાં બાણેકરી સ્તનના મધ્ય ભાગમાં હણી, મોટા ભાગ્યવાળા તેણે સનત છે પર્વ જેનાં એવાં લોહમય, તીક્ષ્ણ મુખવાળાં ત્રણ બાણથી વિંધી વળી બીજાં આઠથી વિંધ્યો. દુઃશાસને વીસ બાણથી સાત્યકિને પાછો વિંધ્યો. હે મહારાજ! સાત્વત એવા મહારથિ સાત્યકિએ પણ સનત છે પર્વ જેમનાં એવાં ત્રણ બાણથી સ્તનના મધ્ય ભાગમાં તેને વિંધી તીક્ષ્ણ બાણેકરી એના વાહનને તથા સનત છે પર્વ જેમનાં એવાં બાણેકરી એની સારથિને હણી પરમાસ્ત્ર જાણનાર તેણે એક ભલ્લ બાણથી ધનુષ, પાંચ બાણથી હાથનાં મોજાં, [illegible] નામનાં બે બાણેકરી ધ્વજ તથા રથ શક્તિ વિંધી તીક્ષ્ણ એવાં ઘણાંક બાણથી એના પાછળ ચાલનાર તથા એના સારથિને પણ હણ્યો. તે સમયે કપાઇ ગયું છે ધનુષ એનું વળી હણાયા છે અશ્વ તથા સારથિ એના એવા વિરથ થયેલા દુઃશાસનને જોઇ ત્રિગર્તપતિ પોતાના રથમાં બેસાડી સંગ્રામમાંથી તેને બહાર લઇ ગયો. હે ભારત! તે સમયે [illegible] [illegible]

નાખે છે. ઇર્ષ્યા વિનાનો, સ્ત્રિયોનું રક્ષણ કરનાર, વિભાગ કરી આપી ભોજન કરનાર, પ્રિય બોલનાર, સૌંદર્યવાન અને સ્ત્રી પાસે મધુર બોલનાર તથા તેને વશ ન થનાર પુરૂષ પંડિત જાણવો. સ્ત્રિયો ઘરની લક્ષ્મી છે એમ કહ્યું છે; વાસ્તે ઘરને શોભાવનાર મોટા ભાગ્યવાળી પવિત્ર સ્ત્રિયોનો સત્કાર કરવો, તથા સારી રીતે તેઓનું રક્ષણ કરવું. પિતાને અંતઃપુર તથા માતાને રસોઇ ઘર સોંપવું, પોતા સરખાને ગાયો સાચવવા રાખવો, અને ખેતી કરવાનું કામ પોતે સાચવવું, નોકરો પાસે વ્યાપાર સંબંધી કામ કરાવવાં, ને પુત્રો પાસે બ્રાહ્મણોની સેવા કરાવવી, પાણીથી અગ્નિ, બ્રાહ્મણથી ક્ષત્રિય તથા પાષાણથી લોહ ઉત્પન્ન થાય છે, એમનું તેજ સર્વ ઠેકાણે પ્રસરે છે, પણ પોતપોતાની યોનિ વિષે શાંત થાય છે. રૂડા કુળમાં ઉત્પન્ન થયેલા સત્પુરૂષો નિરંતર અગ્નિ સરખા તેજવાળા હોય છે, તથાપિ ક્ષમાવાન થઇ પોતાનું રૂપ છુપું રાખી કાષ્ઠમાં રહેલા અગ્નિની પેઠે વર્તે છે. જેના મનસુબાને બહારના તથા અંદરના પણ કોઇ મનુષ્ય જાણતા નથી, ને જે છુપા ચાર–દૂત દ્વારા પારકા વિચારને જાણે છે, તે રાજા ઘણો વખત સુધી ઐશ્વર્ય ભોગવે છે. વળી જે કરવાનું હોય તે મોઢેથી બોલેજ નહીં, ને જેનું કામ કર્યા પછીજ લોકોના જોવામાં આવે, તે રાજાએ ધર્મ, કામ, અર્થ તથા વિચાર બહાર ન પડે. વાસ્તે પર્વત ઉપર વા મહેલ ઉપર ચઢી, એકાંતમાં તથા એક સળી પણ ન હોય એવા વનમાં જઇને મનસુબો કરવો· એટલે શત્રુ જાણે નહીં, ને કાર્ય સિદ્ધિ થાય. સ્નેહી હોય પણ મૂર્ખ હોય, ને પંડિત હોય પણ ગંભીર ન હોય, વાસ્તે રાજાએ પરીક્ષા કર્યા વગર કોઇને એકદમ મંત્રી કરવો નહીં. જેનો અમાત્ય ધન સંપાદન કરી આપે છે તથા કરેલો મનસુબો બહાર પડવા નથી દેતો, ને જેનાં ધારેલાં કામ સિદ્ધ થયા પછીજ સભાસદો જાણે છે, તે રાજા ધર્મ, અર્થ તથા કામ વિષે રાજાઓમાં શ્રેષ્ઠ જાણવો; અને તે ગુપ્ત વિચાર રાખનાર રાજાને સર્વ કામની સિદ્ધિ થાય છે. જે રાજા મોહથી નિંદિત કામ કરે, તે એવાં વિપરીત કામ કરવાથી કોઇ વખતે જીવિતથી પણ ભ્રષ્ટ થાય, સારાં કામ કરવાથી સુખ ઉત્પન્ન થાય છે, ને તે ન કરવાથી પશ્ચાત્તાપ થાય છે. જેમ વેદ ભણ્યા વગરનો બ્રાહ્મણ શ્રાદ્ધમાં બોલાવવા યોગ્ય નથી, તેમ સંધિ વિગ્રહાદિક છ ગુણ જેણે શ્રવણ નથી કર્યા તે મંત્રી કોઇ વાતનો મનસુબો કરવામાં બોલાવવા લાયક નથી. હે નૃપ ! સ્થાન, વૃદ્ધિ તથા ક્ષયને જાણનાર, તેમ સંધિ વિગ્રહાદિ ષાડ્ગુણ્યને પણ જાણનાર તથા જેના શીલનો સર્વ સત્કાર કરે છે, તે રાજાને સમગ્ર પૃથ્વી સ્વાધીન થાય છે. જેની ઉપર ક્રોધ કરે તેનું બૂરૂં કરી નાખે, ને જેની ઉપર પ્રસન્ન થાય તેનું દારિદ્રય ખંડન કરે, અને કરેલા કામનો જે તપાસ કરે તથા પોતાનો ખજાનો પોતેજ જાણે એવા રાજાને પૃથ્વી ધનથી પૂર્ણ કરે છે. પૃથ્વીપતિ રાજાએ પોતાના નામ માત્રથી તથા છત્ર ચામરાદિથી સંતુષ્ટ રહેવું, ને ધનાદિકનો ભોગ તો ભૃત્ય વર્ગને પણ પોતાના સરખોજ ભોગવાવવો, કારણ એકલાએ સર્વ ભોગવવું નહીં. બ્રાહ્મણ બ્રાહ્મણને જાણે, સ્વામી સ્ત્રીને જાણે, રાજા અમાત્યને જાણે તથા રાજાને રાજાજ જાણે. વધ કરવા લાયક શત્રુ પોતાને વશ થાય, તો તેને મૂકવો નહીં; કદી નમ્ર થઇ પોતાને સેવે, તોપણ પોતા વિષે બળ હોય તો ને મારવા લાયક છે માટે મારીજ નાખવો; કારણ તેમ ન કરવાથી તે વિફરી થોડા વખતમાં પોતાને ભય ઉપજાવે છે. દેવતાઓ, રાજા, બ્રાહ્મણો, વૃદ્ધ, બાળક તથા આતુર, એટલા જણા વિષે ક્રોધ આવે તોપણ હંમેશ યત્નથી નિયમમાં રાખવો. જે પ્રાજ્ઞ પુરૂષ, મૂઢ પુરૂષોએ સેવેલા કેવળ કલહનો ત્યાગ કરે, તે લોકમાં કીર્તિ પામે છે. જે પ્રસન્ન

મહાબાહુ સાત્યકિએ બે ઘડી સુધી તેની પાછળ દોડી ભીમસેનનાં વચન યાદ કરી તેને માર્યો નહિ. કારણ સભાના મધ્યમાં સર્વ સાંભળતાં ભીમસેને તમારા પુત્રોના વધની પોતેજ પ્રતિજ્ઞા કરેલી છે. હે પ્રભો ! એ રીતે સંગ્રામમાં સાત્યકિ, દુઃશાસનને જીતી હે રાજન્ ! જે માર્ગે અર્જુન ગયા હતા તે માર્ગે ઉતાવળથી તેની પાસે જવા લાગ્યો.

> ततो दुःशासनं जित्वा सात्यकिः संयुगे प्रभो ॥
> जगाम त्वरितो राजन् येन यातो धनंजयः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे दुःशासन पराजये गुर्जरभाषायां त्रयोविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२३ ॥

અધ્યાય ૧૨૪ મો. દુર્યોધનને યુધિષ્ઠિર (સામસામા)

> धृतराष्ट्र उवाच—किं तस्यां मम सेनायां नासन् केचिन्महारथाः ।
> ये तथा सात्यकिं यांतं नैवाघ्नन्नाप्य वारयन् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! તે મારી સેનામાં શું કોઇ મહારથિઓ હતા નહિ ? કે તે રીતે જતા સાત્યકિને કોઇએ હણ્યો પણ નહિ તેમ વારી રાખ્યો પણ નહિ. તેમ ઇંદ્ર તુલ્ય છે બળ જેનું એવા સત્ય પરાક્રમવાળા સાત્યકિએ જેમ દાનવો સામે મહેન્દ્ર પરાક્રમ કરે તેમ સંગ્રામમાં એકલે પરાક્રમ કર્યું માટે જે માર્ગે સાત્યકિ ગયો તે સ્થાન શું શૂન્ય હતું ? વા તે ઘણાક હણાયા હતા ? હે સંજય ! વૃષ્ણિકુળમાં વીર એવા સાત્યકિએ જે કર્મ કર્યું તું કહે છે તે કર્મ કરવાનો ઇન્દ્ર પણ ઉત્સાહ કરી શકે નહિ. વૃષ્ણિ તથા અંધકકુળમાં અત્યંત શૂરવીર એવા મહાત્મા સાત્યકિના અશ્રદ્ધેય તથા અચિંત્ય એવા કર્મને સાંભળી મારૂં મન વ્યથા પામે છે. હે સંજય ! સત્ય પરાક્રમવાળા જે એકલા સાત્યકિએ ઘણીક સેનાઓને મર્દન કરી અને જે રીતે તું એના પરાક્રમ વિષે મને કહે છે તે પ્રમાણે તો તેથી મારા પુત્ર બચશે નહિ. હે સંજય ! યુદ્ધ કરતા ઘણાક મહાત્માઓને એકલો સાત્યકિ કેમ અતિક્રમણ કરી ગયો ? તે મને કહે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! રથ, અશ્વ, હસ્તિ તથા પાયદળ જેમાં છે એવો તમારી સેનાનો આરંભ પ્રલય સમય સરખો હતો. તેમ હે માનદ ! તમારા સૈન્યમાં ભેળાવેલા સમૂહો સરખો લોક વિષે કોઇ પણ સમૂહ છે નહિ એવી મારી મતિ છે. તેમ ત્યાં આવેલા દેવ તથા ચારણ પણ આવી રીતે કહેતા હતા. જે પૃથ્વી વિષે ઘણા સમૂહ જોયા પણ આ સમૂહ જોતાં અવધિજ આવી રહી. તેમજ હે વિશાંપતે ! જયદ્રથના વધ વિષે દ્રોણે જેવો વ્યૂહ રચેલો હતો તેવો વ્યૂહ પણ કોઈ થયો નથી. તેમ પરસ્પર દોડતા સૈન્ય સમૂહોનો શબ્દ પણ તીક્ષ્ણ વાયુએ ભેદ પમાડેલા સમુદ્રોના સરખો થતો હતો. હે નરોત્તમ ! [illegible] આવેલા રાજાઓની તમારા સૈન્યમાં તથા પાંડવના સૈન્યમાં સેંકડો તથા હજારો ટુકડીઓ હતી. તેમ સંગ્રામમાં દઢ છે કર્મ જેમનાં, અત્યંત ક્રોધાયમાન થયેલા શૂરવીરોનાં રૂવાં [illegible] મહા ભયંકર શબ્દ પણ ત્યાં થતો હતો. હે મારિષ ! તે વખતે ભીમસેન, [illegible]

[illegible]; [illegible] તમારા પાંડુપુત્ર ધર્મરાજ આવી રીતે પેકાર કરતા હતા કે અરે ! [illegible] [illegible] [illegible], [illegible] [illegible], પ્રરાણ શરવીર એવા સાત્યકિ તથા અર્જુન [illegible] [illegible] [illegible] [illegible] તેઓ જે રીતે સુખેકરી [illegible] વધ પ્રત્યે આય તે રીતે જલદી [illegible] [illegible] રીતે સૈન્યોને પ્રેરણા કરી વળી કહેવા લાગ્યા કે, તે બેકના આગળથી કૌરવ કૃતાર્થ [illegible] અને આપણે તો જીતાયાજ છીએ. વાસ્તે તમે સર્વ એકઠા મળી મોટા વેગથી વાયુ જેમ સમુદ્રને ક્ષોભ પમાડે તેમ કૌરવોના સૈન્ય સમૂહને ક્ષોભ પમાડો. એ રીતે ભીમસેન તથા પાંચાલ્ય એવા ધૃષ્ટદ્યુમ્ને પ્રેરણા કરેલા, ઉત્તમ તેજવાળા પોતાના પ્રિય પ્રાણનો ત્યાગ કરી [illegible] મરણને ઇચ્છનારા, સ્વર્ગને ઇચ્છતા, મિત્રના કાર્ય વાસ્તે જીવિતનો ત્યાગ કરનારા તે સર્વ સંગ્રામમાં કૌરવોને મારવા લાગ્યા. તેમજ મોટા યશની પ્રાર્થના કરતા તમારી તરફના પણ યુદ્ધ વિષે આર્યમતિ કરી યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. તે સમયે પ્રવર્ત્તમાન થયેલા તે ભયંકર યુદ્ધમાં, સર્વ સૈન્યને જીતી સાત્યકિ અર્જુન પ્રત્યે જતા હતા અને તે વેળાએ સૂર્યનાં કિરણો સમ શોભિતી શસ્ત્રીરોનાં કવચોની પ્રભા પણ સંગ્રામમાં સૈનિકોની દૃષ્ટિને ચોતરફથી હણતી હતી. હે રાજન્ ! તે રીતે મહાત્મા પાંડવ યત્ન કરતા હતા તેમજ મોટા તે સૈન્ય પ્રત્યે તે ગયા તે વેળાએ તેમનો તથા સર્વ [illegible] અભાવ કરનાર મહા ભયંકર સન્નિપાત થયો. ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! તે રીતે સૈન્ય [illegible] કષ્ટને પ્રાપ્ત થયેલા દુર્યોધને સંગ્રામમાં પૃષ્ઠ તો દેખાડ્યો ન હતો ? કારણ મહા સંગ્રામમાં એકને ઘણા સાથે સન્નિપાત, તે પણ વિશેષે કરી રાજાને વિષમ લાગે એમ મને [illegible] છે; તેમ તે સુખેકરી વૃદ્ધિ પામેલ અને લક્ષ્મી તથા લોકનો ઇશ્વર માટે પૂછું છું કે [illegible] એવો તે ઘણાકને પ્રાપ્ત થઇ વિમુખ તો થયો નહિ ? સંજય કહે છે—હે રાજન્ ! હે ભારત ! એકલા તમારા પુત્રનો ઘણાક સાથે આશ્ચર્યરૂપ જે સંગ્રામ થયો તે હું કહું તે સાંભળો.

હે નૃપ ! સંગ્રામમાં હસ્તિ જેમ કમલિનીને મર્દન કરે તેમ તમારા પુત્ર દુર્યોધને મર્દન કરેલી પાંડવની સેનાને જોઈ ભીમસેન છે આદિ જેમાં એવા પંચાલ તેની પાછળ દોડ્યા. તે વખતે તમારો પુત્ર દુર્યોધન દશેકરી પાંડુપુત્ર ભીમસેનને, ત્રણ ત્રણ બાણથી નકુળ સહદેવને, સાતથી ધર્મરાજને છથી, વિરાટ તથા દ્રુપદને, સોથી શિખંડીને, વીસથી ધૃષ્ટદ્યુમ્નને તથા ત્રણ ત્રણ બાણથી દ્રૌપદીના પુત્રોને વિંધી તેમજ બાણેકરી સેંકડો બીજા યોદ્ધાઓને પણ વિંધી ક્રોધાયમાન થયેલો તે જેમ કાળ પ્રજાનો નાશ કરે તેમ ઉગ્ર એવાં બાણેકરી હસ્તિ તથા રથનો પણ નાશ કરવા લાગ્યો. એ રીતે શિક્ષા તથા અસ્ત્રબળે કરી શત્રુઓને [illegible] તેના સુવર્ણના પૃષ્ઠભાગવાળા મોટા ધનુષને મનુષ્યો નિરંતર મંડલાકારજ દેખતાં હતાં. તેટલામાં હે કૌરવ્ય ! ધર્મરાજાએ બે ભલ્લ નામનાં બાણેકરી યત્ન કરતા તમારા પુત્રનું ધનુષ કાપી સારી રીતે નાંખેલાં ઉત્તમ દશ બાણેકરી એને પણ વિંધ્યો. યુધિષ્ઠિરના નાંખેલા બાણ તેનું [illegible] ભેદી પૃથ્વી પ્રત્યે ગયા, તેથી પ્રસન્ન થયેલા પાંડવોએ પૂર્વે વૃત્રના વધ વિષે દેવ તથા મહર્ષિઓએ જેમ ઇન્દ્ર વિંટી લીધો હતો તેમ યુધિષ્ઠિરને વિંટી લીધા તેટલામાં [illegible] તમારો પુત્ર દુર્યોધન બીજું ધનુષ લેઇ 'અરે ઉભો રહે, ઉભો રહે;' એમ રાજાને [illegible] [illegible] [illegible]. [illegible] સંગ્રામમાં [illegible] તે તમારા પુત્રને જોઈ જયને ઇચ્છતા પંચાલ [illegible] [illegible] [illegible]. તેમના યુદ્ધમાં પાંડુપુત્રનો ગ્રહણ કરવા ઇચ્છતા દ્રોણાચાર્યે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જેમ પર્વત વારે તેમ વારી રાખ્યા. હે [illegible] ! [illegible]

સોમકો તથા પાંડવોને રૂવાં ઊભાં કરનાર સર્વ દેહિનો છે સંહાર જેમાં એવો વૃષ્ણિઓ સાથેનો મોટો સંગ્રામ થયો. એટલામાં વળી જે માર્ગે અર્જુન ગયા હતા; તે માર્ગે રૂવાં ઊભાં કરનાર સર્વ શબ્દને અતિક્રમણ કરે એવો મોટો શબ્દ થયો. એ રીતે હે મહાબાહો ! હે ભારત ! સૈન્યના મધ્યમાં અર્જુનનો, ધનુષ ધરનાર તમારાઓનો, સાત્યકિનો તથા વ્યૂહદ્વાર વિષે પાંચાલો સાથે દ્રોણાચાર્યનો સંગ્રામ થયો. હે પૃથ્વીપતે ! એ રીતે અર્જુન, દ્રોણ તથા મહારથિ સાત્વતના ક્રોધથી પૃથ્વીને વિષે આ ક્ષય પ્રવર્તમાન થયો.

द्रोणस्यापिपरैः सार्द्धं व्यूहद्वारे महारणे ।
एवमेष क्षयोवृत्तः पृथिव्यां पृथिवीपते ॥
क्रुद्धेऽर्जुने तथा द्रोणे सात्वते च महारथे ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रवेशे संकुलयुद्धे गुर्जरभाषायां चतुर्विंशत्यधिकशततमोऽध्यायः ॥ १२४ ॥

અધ્યાય ૧૨૫ મો. સેનાપતિ દ્રોણનું પરાક્રમ.

संजय उवाच—अपराह्ने महाराज संग्रामः सुमहानभूत् ।
पर्जन्य सम निर्घोषः पुनर्द्रोणस्य सोमकैः ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! વળી અપરાન્હ વખતે દ્રોણાચાર્યનો સોમકો સાથે મેઘ સરખા શબ્દવાળો મોટો સંગ્રામ થયો. જેમાં લાલ છે અશ્વ જેના એવા રથમાં બેઠેલા પુરૂષમાં શૂરવીર, તમારૂં પ્રિય તથા હિત કરવામાં તત્પર, મોટા ધનુષવાળા, મહા બળવાન, સાવધાન, પ્રતાપવાન, દ્રોણાચાર્ય, મધ્યમ વેગનો આશ્રય કરી પાંડવ સામે દોડી શ્રેષ્ઠ શ્રેષ્ઠ યોદ્ધાઓને જાણે બાળતા હોય નહિ તેની પેઠે સંગ્રામમાં ક્રીડા કરવા લાગ્યા. તે સમયે પાંચ ભાઇ કેકયોમાં શ્રેષ્ઠ મહારથિ તથા સંગ્રામમાં કઠણ એવો બૃહત્ક્ષત્ર મોટો મેઘ જેમ પર્વત ઉપર વરસાદ કરે તેમ તીક્ષ્ણ બાણ નાંખતો આચાર્ય સામે આવી તેમને અત્યંત પીડવા લાગ્યો. હે મહારાજ ! સંક્રુદ્ધ થયેલા દ્રોણાચાર્યે સુવર્ણનાં પુંખવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં પંદર બાણ તેની ઉપર નાંખ્યાં. દ્રોણે મૂકેલાં, ક્રોધ પામેલા સર્પ સરખાં તે બાણોને બૃહત્ક્ષત્રે હૃષ્ટ થયેલાની પેઠે પાંચ બાણેકરી એક એકને કાપી નાંખ્યાં. એવું તેનું લાઘવ જોઇ બ્રાહ્મણમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે હાસ્ય કરી સનત છે પર્વ જેનાં એવાં આઠ બાણ તેની ઉપર નાંખ્યાં. દ્રોણના ધનુષમાંથી મુકાયલાં આવતાં તે બાણને જોઇ સંગ્રામમાં બૃહત્ક્ષત્રે તીક્ષ્ણ એવાં તેટલાંજ બાણેકરી તેમને વારી રાખ્યા. હે મહારાજ ! અત્યંત દુષ્કર એવા બૃહત્ક્ષત્રના તે કર્મને જોઇ તમારા સૈન્યમાં મોટું વિસ્મય ઉપજ્યું. હે મહારાજ ! તે સમયે બૃહત્ક્ષત્રથી વિશેષ થતા દ્રોણાચાર્યે અત્યંત દુર્જય તથા દિવ્ય એવું બ્રહ્માસ્ત્ર તેની ઉપર સાંધ્યું. હે રાજેન્દ્ર ! કેકય એવા બૃહત્ક્ષત્રે દ્રોણે મૂકેલા તે બ્રહ્માસ્ત્રને જોઈ, સામે બ્રહ્માસ્ત્ર નાંખી તેને શમાવી દીધું. હે ભારત ! શાંત થયેલા બ્રહ્માસ્ત્રને જોઈ બૃહત્ક્ષત્રે સુવર્ણનાં પુંખવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં સાઠ બાણેકરી તેમને વિંધ્યા. મનુષ્યમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે, પણ તેની ઉપર નારાચ

નામનું બાણ નાંખ્યું. તે નારાચ નામનું બાણ તેનું કવચ ભેદી કાળો મોટો ઝેરી સર્પ જેમ રાફડામાં પેસે તેમ પૃથ્વીતલમાં પેઠું. એ રીતે દ્રોણના બાણેકરી અત્યંત વિંધાયલા કેકય એવા બૃહત્ક્ષત્રે મોટા ક્રોધે કરીને નેત્ર કાઢી શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, સુવર્ણનાં પુંખવાળાં, સીત્તેર બાણથી દ્રોણને વિંધી તેજસ્વી બાણેકરી એમના સારથિને પણ મર્મસ્થાનમાં વિંધ્યો. હે મારિષ! બૃહત્ક્ષત્રે ઘણાં બાણેકરી વિંધેલા દ્રોણાચાર્યે કેકયના રથ પ્રત્યે તીક્ષ્ણ એવાં ઘણાંક બાણ નાંખી તે મહારથિને વ્યાકુળ કરી ચાર બાણેકરી એના ચાર ઘોડાઓને હણી, એક બાણેકરી એના સારથિને રથ ઉપરથી નીચે પાડી, બીજાં બે બાણેકરી એના ધ્વજ તથા છત્રને કાપી પૃથ્વી ઉપર પાડી સારી રીતે મૂકેલા બીજા એક નારાચ નામના બાણેકરી બૃહત્ક્ષત્રને હૃદયમાં વિંધ્યો. ભેદાયું છે હૃદય જેનું એવો તે શૂરવીર રણભૂમિ ઉપર પડ્યો. હે રાજન્! કેકયોમાં મહારથિ બૃહત્ક્ષત્ર હણાયો તેને જોઇ ક્રોધાયમાન થયેલા શિશુપાળ પુત્ર ધૃષ્ટકેતુએ પોતાના સારથિને કહ્યું કે, હે સારથે! સર્વ કેકય તથા પંચાલોની સેનાને હણતા કવચ પહેરેલા આ દ્રોણાચાર્ય જ્યાં ઉભેલા છે ત્યાં મારો રથ લેઇ જા. એવાં તેનાં વચન સાંભળી સારથિએ રથિમાં શ્રેષ્ઠ એવા તેને વેગવાન એવા કાંબોજ અશ્વેકરી દ્રોણ સમીપ લઇ ગયો. તે વખતે ચેદિઓમાં શ્રેષ્ઠ અતિ બળવાન ધૃષ્ટકેતુએ પતંગ નામનો જંતુ જેમ અગ્નિ સામે દોડે તેમ દ્રોણને મારવા તેમની સામે દોડી સાઠ બાણેકરી અશ્વ, રથ તથા ધ્વજ સહિત દ્રોણને અત્યંત વિંધી વળી તીક્ષ્ણ કરેલાં બીજાં બાણેકરી સુતેલા વાઘને જાણે વ્યથા પમાડતો હોય નહિ તેની પેઠે તેને વિંધ્યો. દ્રોણાચાર્યે ગૃધ્રનાં પીંછ બાંધેલાં, તીક્ષ્ણ એવાં ક્ષુરપ્ર નામનાં બાણેકરી યત્ન કરતા મદોન્મત્ત એવા તેનું ધનુષ મધ્ય ભાગમાથી કાપી નાખ્યું. શિશુપાળ પુત્ર મહારથિ ધૃષ્ટકેતુએ પણ બીજું ધનુષ ગ્રહણ કરી ગૃધ્રનાં પીંછ બાંધેલાં બાણેકરી દ્રોણને વિંધ્યા. દ્રોણાચાર્યે ચાર બાણે કરી એના ચાર ઘોડાઓને હણી હસતા હોય નહિ તેની પેઠે કાયા ઉપરથી સારથિનું મસ્તક કાપી એની ઉપર બીજાં પચીસ બાણ નાંખ્યાં. તે સમયે ચેદિ એવા ધૃષ્ટકેતુએ રથમાંથી નીચે કુદી ગદા ગ્રહણ કરી હુષ્ટ થયેલી સર્પણી સરખી તે ગદા દ્રોણ ઉપર નાંખી. ઉદ્યુક્ત થયેલી કાળરાત્રિ સરખી પોતા સામે આવતી તેને જોઇ કાળમીઢ પાષાણમયી સુવર્ણથી શોભિતી ભારે એવી તેને દ્રોણાચાર્યે તીક્ષ્ણ એવાં હજાર બાણથી કાપી નાંખી. હે મારિષ! હે કૌરવ્ય! દ્રોણાચાર્યે ઘણાંક બાણેકરી કાપેલી તે ગદા પૃથ્વીતલને શબ્દાયમાન કરતી તે ઉપર પડી. હણાયેલી ગદાને જોઇ ક્રોધાવિષ્ટ થયેલા શૂરવીર ધૃષ્ટકેતુએ ભાલા તથા સુવર્ણથી શોભિતી શક્તિ દ્રોણાચાર્ય ઉપર નાંખી. તેને જોઇ દ્રોણાચાર્યે પાંચ બાણથી ભાલાને ભેદી બીજા પાંચથી શક્તિને કાપી નાંખી. એ રીતે દ્રોણે છેદેલાં તે બેઉ ગરૂડે હણેલા સર્પની પેઠે પૃથ્વી ઉપર પડ્યાં. એટલામાં પ્રતાપવાન દ્રોણાચાર્યે શત્રુ એવા ધૃષ્ટકેતુના વધ વાસ્તે તીક્ષ્ણ બાણ નાંખ્યાં. તે બાણ ઘણા પરાક્રમવાળા તેનું કવચ તથા હૃદયને ભેદી હંસ જેમ કમળવન પ્રત્યે જાય તેમ ધરણી પ્રત્યે ગયાં. પતંગ નામના જંતુને જેમ ચાસપક્ષિ ગળે અને ક્ષુધાતુર જેમ ક્ષુદ્ર વસ્તુને ગળે તેમ મહા સંગ્રામમાં દ્રોણાચાર્યે ધૃષ્ટકેતુને ગળ્યો. એ રીતે ચેદિરાજ હણાયો તે વેળાએ ક્રોધવશ થયેલો પરમાસ્ત્ર જાણનાર એના પુત્ર તે સ્થાનકે આવી ઉભો રહ્યો. તેને પણ હાસ્ય કરતા દ્રોણાચાર્યે બાણેકરી મહા અરણ્યમાં બળવાન એવો મોટો વ્યાઘ્ર જેમ મૃગના બચ્ચાંને હણે તેમ યમલોક પ્રત્યે મોકલી દીધો. હે ભારત! એ રીતે પાંડવ તરફના યોદ્ધાઓ નાશ થવા લાગ્યા, તે સમયે શૂરવીર મહાબાહુ જરાસંધ પુત્રે દ્રોણ સામે દોડી બાણધારાએ કરી સંગ્રામમાં મેઘ જેમ જળધારાએ કરી સૂર્યને અદૃશ્ય કરે તેમ દ્રોણને અદૃશ્ય કર્યા. એવું તેનું

સાધવ જોઈ ક્ષત્રિયને મર્દન કરનાર દ્રોણાચાર્યે સેંકડો તથા હજારો બાણ તેની ઉપર નાંખી, સૈન્યમાં શ્રેષ્ઠ એવા રથમાં બેઠેલા તેને આચ્છાદન કરી સર્વ ધનુષ ધરનાર જોતાં તત્કાળ તેને હણ્યો. તે સમયે કાળ પ્રાપ્ત થવાથી અંતક જેમ સર્વ પ્રાણિયોનો નાશ કરે તેમ અંતકની જેને ઉપમા અપાય એવા દ્રોણાચાર્ય જે જે પોતાની પાસે આવતો હતો તેને તેને નષ્ટ કરતા હતા. હે મહારાજ! તેટલામાં વળી દ્રોણાચાર્યે સંગ્રામમાં પોતાનું નામ સંભળાવી હજારો બાણ પાંડવ તરફનાઓ ઉપર નાંખ્યાં. શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં દ્રોણે નાંખેલાં નામાંકિત તે બાણ સંગ્રામમાં સેંકડો પુરુષ, હસ્તિ તથા અશ્વને હણતાં હતાં. ઇન્દ્ર જેમ મોટા અસુરોને હણે તેમ દ્રોણે હણવા માંડેલા, તે પંચાલ, શીતથી પીડિત થયેલી ગાયોની પેઠે કંપવા લાગ્યા. હે ભરતર્ષભ! એવી રીતે દ્રોણે સૈન્યને મારવા માંડયું તે વેળાએ પાંડવોનો ઘોર એવો [illegible] મોટો શબ્દ થતો હતો. સૂર્યે તપાવેલા અને દ્રોણના બાણથી હણાતા પંચાલ અત્યંત ત્રાસ યુક્ત છે ચિત્ત જેમનું એવા થતા હતા; તથા સંગ્રામમાં દ્રોણે બાણજાળે કરી મોહ પમાડેલા ઉરુસ્તંભરોગે ગ્રહણ કરેલા પંચાલોના મહારથિઓ સૃંજય, કાશી તથા કોશલ સંહૃષ્ટ થઈ યુદ્ધ કરવાની ઇચ્છાથી 'દ્રોણને હણો, દ્રોણને હણો,' એ રીતે પરસ્પર બોલતા દ્રોણને યમલોક પ્રત્યે મોકલવાને ઇચ્છાશક્તિ પ્રમાણે યત્ન કરતા તે, તેમની સામે દોડયા. તેટલામાં તો દ્રોણાચાર્યે બાણેકરી વિશેષે કરી ચેદિ છે મુખ્ય જેમાં એવા યત્ન કરતા તે શૂરવીરોને યમલોક પ્રત્યે મોકલી દીધા. ચેદિ છે મુખ્ય જેમાં એવા તે ક્ષીણ થવા લાગ્યા, તેમને જોઇ દ્રોણના બાણથી પીડિત થયેલા પંચાલ અત્યંત કંપવા લાગ્યા. હે મારિષ! દ્રોણના તેવા કર્મને જોઈ ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમસેન આક્રોશ કરવા લાગ્યા; અને કહેવા લાગ્યા કે આ બ્રાહ્મણે જરૂર દુશ્ચર એવું મોટું તપ કરેલું છે. નહિ તો યુદ્ધમાં શ્રેષ્ઠ ક્ષત્રિયોને સક્રુદ્ધ થઇ કેમ બાળી શકે? તેમ ક્ષત્રિયને યુદ્ધ કરવું એ ધર્મ છે અને બ્રાહ્મણને પરમ એવું તપ કરવું એ ધર્મ છે માટે તપસ્વી તથા વિદ્યા શિખેલો બ્રાહ્મણ દૃષ્ટિએ જોવાથી પણ બાળી દે. તેથી હે ભારત! અગ્નિરૂપી છે સ્પર્શ જેમાં એવા દુસ્તર તથા ભયંકર દ્રોણાગ્નિ પ્રત્યે પ્રવિષ્ટ થયેલા શ્રેષ્ઠ ક્ષત્રિયો દગ્ધ થઈ નાશ પામે છે અને એ રીતે મોટી કાંતિવાળા દ્રોણ, પોતાના બળ, ઉત્સાહ તથા સત્વ પ્રમાણે સર્વ પ્રાણિઓને મોહ પમાડી આપણા સૈન્યોને હણે છે. એવાં તેમનાં વચન સાંભળી મહા બળવાન ક્ષત્રધર્માએ ક્રોધથી સંતપ્ત છે મન જેમનું એવા દ્રોણનું અર્ધચંદ્રાકૃતિ બાણેકરી બાણ સહિત ધનુષ કાપી નાંખ્યું એટલે અત્યંત ક્રોધયુક્ત થયેલા, ક્ષત્રિયને મર્દન કરનાર, બળવાન દ્રોણાચાર્યે વેગવાળું તથા પ્રકાશમાન એવું બીજું ધનુષ ગ્રહણ કરી તેને કાનપર્યંત ખેંચી તે વિષે પારકા સૈન્યને નાશ કરે એવું તીક્ષ્ણ બાણ સાંધી તેની ઉપર નાંખ્યું. ઉગ્ર એવું તે બાણ ક્ષત્રધર્માને હણી પૃથ્વીતલ પ્રત્યે ગયું અને તેથી ભેદાયું છે હૃદય જેનું એવો ક્ષત્રધર્મા વાહન ઉપરથી પૃથ્વીતલ ઉપર પડયો. એ રીતે દ્રોણાચાર્યે ધૃષ્ટદ્યુમ્નના પુત્રને હણ્યો તેને જોઇ પાંડવનાં સૈન્ય કંપવા લાગ્યાં. તે સમયે મહા બળવાન ચેકિતાને દ્રોણ સામે આવી દશ બાણથી સ્તનના મધ્યમાં તેમને વિંધી ચાર બાણેકરી એના સારથિને તથા ચાર બાણેકરી એના ચાર અશ્વને વિંધ્યા. આચાર્યે પણ ત્રણ બાણથી બે બાહુ તથા વક્ષઃસ્થળમાં તેને વિંધી સાતથી ધ્વજને મંથન કરી ત્રણથી તેના સારથિને હણ્યો. સારથિ હણાવાથી દ્રોણના બાણથી વિંધાયલા તેના અશ્વ, રથને ગ્રહણ કરી ભાગવા લાગ્યા. તે સમયે હણાયા છે [illegible] [illegible] સારથિ જેના એવા ચેકિતાનના રથને જોઇ એકઠા મળેલા [illegible] [illegible] [illegible], પંચાલ તથા સૃંજયોને ચોતરફથી નસાડતા દ્રોણાચાર્ય અત્યંત શોભતા હતા. કાનપર્યંત [illegible]

છે મસ્તકમાં પળિયાં જેમને એવા ચારસો વર્ષના અતિ વૃદ્ધ દ્રોણાચાર્ય સોળ વર્ષનાની પેઠે સંગ્રામમાં વિચરતા હતા. હે મહારાજ ! એ રીતે નિર્ભયની પેઠે સંગ્રામમાં વિચરતા શત્રુસૂદન દ્રોણાચાર્યને શત્રુઓ ઇન્દ્ર સરખા માનતા હતા. હે નૃપ ! તે વેળાએ મહાબાહુ બુદ્ધિમાન દ્રુપદે કહ્યું કે, લુબ્ધ એવા આ બ્રાહ્મણ વ્યાઘ્ર જેમ ક્ષુદ્ર મૃગોને હણે તેમ ક્ષત્રિયોને હણે છે માટે જેના લોભથી શ્રેષ્ઠ ક્ષત્રિયો સંગ્રામમાં હણાયા તથા રૂધિરે કરી વ્યાપ્ત છે અંગ જેમનાં એવા સેંકડો ક્ષત્રિયો નાશ પામેલા ગોવૃષની પેઠે રણભૂમિમાં શયન કરી શ્વાન તથા શૃગાલને ભક્ષ કરવા યોગ્ય થયા, તેથી જરૂર પાપરૂપ દુર્બુદ્ધિવાળો દુર્યોધન કષ્ટરૂપ લોકને પ્રાપ્ત થશે. હે મહારાજ ! સેનાપતિ દ્રુપદરાજા એ રીતે કહી પાંડવોને આગળ કરી તત્કાળ દ્રોણ સામે દોડ્યો.

एवमुक्त्वा महाराज द्रुपदोक्षौहिणी पतिः ।
पुरस्कृत्य रणे पार्थान् द्रोणमभ्यद्रवद्रुतं ॥

इति श्री महाभारते द्रोणपर्वाणि जयद्रथवधपर्वणि द्रोणपराक्रमे गुर्जरभाषायां पंचविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२५ ॥

અધ્યાય ૧૨૬ મો. યુધિષ્ઠિરને પડેલી ફિકર.

संजय उवाच—व्यूहेष्वालोड्यमानेषु पांडवानां ततस्ततः ।
सुदूरमन्वयुः पार्थाः पंचालाः सहसोमकैः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! પાંડરના વ્યૂહ તે તે ઠેકાણે આલોડન કરવા લાગ્યા; તેથી સોમક સહિત પાંડવ તથા પંચાલ અત્યંત દૂર જતા રહ્યા. એટલે તે સમયે હે ભારત ! જગતનો છે ક્ષય જેમાં એવો પ્રલય સરખો તીવ્ર, રૂંવાં ઉભાં કરનાર ભયંકર સંગ્રામ પ્રવર્તમાન થયો. યુદ્ધમાં પરાક્રમી દ્રોણાચાર્ય વારંવાર શબ્દ કરવા લાગ્યા, પંચાલ ક્ષીણ થયા અને પાંડવો પણ નાશ પામવા લાગ્યા. તે સમયે હે રાજેન્દ્ર ! કંઇ પણ શરણ ન જોતા ધર્મરાજ યુધિષ્ઠિર ચિંતા કરવા લાગ્યા કે આતે કેમ થશે ? પછી અર્જુનને જોવાની ઇચ્છાથી સર્વ દિશાઓમાં જોયું પણ હનુમાન છે ધ્વજામાં જેને એવા પુરૂષમા સિંહરૂપ અર્જુનને તથા સાત્યકિને જોયા નહિ; તેમ ગાંડિવનો શબ્દ પણ સાંભળ્યો નહિં તેથી વ્યથાયુક્ત છે ઇન્દ્રિયો જેમની એવા ચિંતાએકરી વ્યાપ્ત ધર્મરાજ યુધિષ્ઠિર શાંતિને પ્રાપ્ત ન થતાં આવી રીતે વિચાર કરવા લાગ્યા કે અર્જુનની પદવી પ્રત્યે મિત્રોને નિર્ભય કરનાર એવા શૈનેય સાત્યકિને મેં મોકલ્યો, તેમ આ સમયે તેની ખબર લેવા પણ કોઇને મોકલવો જોઇએ; માટે અર્જુનની પાછળ તેને મોકલી તેની પાછળ આ વખતે કોને મોકલીશ; કેમકે યત્નેકરી ભાઇને ખોળવા વાસ્તે તેને મોકલી અને હવે તે સાત્યકિને નહિ ખોળું તો લોક મારી નિંદા કરશે કે, જો ધર્મપુત્ર યુધિષ્ઠિર ભાઇનો શોધકરી વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા સત્યપરાક્રમવાળા સાત્યકિનો ત્યાગ કરે છે. એ રીતે લોકાપવાદ ભય વાસ્તે મહાત્મા માધવ એવા સાત્યકિની પદવી પ્રત્યે ભીમસેનને મોકલું. અથવા મારે હનુમાન જેવા અર્જુન વિષે જેવી પ્રીતિ છે તેવીજ વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ તથા કુળમાં

દુમદ એવા સાત્યકિ વિષે પણ છે. તેમ શૈનેયનંદન એવા તેની મેં અતિ ભારે કાર્ય વિષે યોજના કરી છે અને મહા બળવાન તે પણ મિત્રના ઉપરોધથી તથા ગૌરવથી જેમ મગરમચ્છ સમુદ્રમાં પેસે તેમ ભારતીસેના પ્રત્યે પ્રવિષ્ટ થયો છે. તે વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ બુદ્ધિમાન સાત્યકિ સાથે યુદ્ધ કરતા પાછા ન ફરનાર શૂરવીરોનો આ શબ્દ સંભળાય છે. તેમ આ સમયે વખતને યોગ્ય એવો અનેક પ્રકારનો મેં વિચાર કર્યો, તેથી એવો મારો નિશ્ચય થાય છે કે જ્યાં તે બેઉ મહારથિ ગયા છે ત્યાં ધનુષ ધરનાર પાંડુપુત્ર ભીમસેનને મોકલવો; કારણ પૃથ્વી વિષે ભીમસેનને કંઇ પણ અસહ્ય છે નહિ. તેમ સાવધાન થયેલો એ સર્વ ધનુષ ધરનારના મધ્યમાં જઇ પોતાના બાહુબળને લીધે મહેનત વિના વ્યૂહ કરવા પણ સમર્થ થશે. તેમજ જે મહાત્માના બાહુબળનો આશ્રય કરી સર્વ પાંડવ વનવાસથી નિવૃત્ત થઇ આજે યુદ્ધમાં પરાજય પામતા નથી. પાંડુપુત્ર અહિંથી સાત્વત પ્રત્યે જશે એટલે તે તથા અર્જુન બેઉ યુદ્ધમાં સનાથ થશે. પછી વાસુદેવે રક્ષા કરેલા તથા પોતે શસ્ત્રમાં વિશારદ હોવાથી સાત્યકિ તથા અર્જુન બેઉ શોચ કરવા લાયક છેજ નહિ, તથાપિ મારે મારો શોક અવશ્ય ટાળવો જોઇએ. બળવાન સાત્યકિની પાછળ ભીમસેનની યોજના કરૂં એટલે તેમ કરવાથી સાત્યકિ પ્રત્યે પ્રતિવિધાન કર્યું એમ હું માનીશ. એ રીતે ધર્મપુત્ર યુધિષ્ઠિર મનથી નિશ્ચય કરી પોતાના સારથિ પ્રત્યે કહેવા લાગ્યા કે મને ભીમસેન પાસે લઇ જા. એવાં ધર્મરાજનાં વચન સાંભળી અશ્વ હાંકવામાં ચતુર સારથિએ સુવર્ણથી શોભિતો તે રથ ભીમસેનની તરફ હંકાર્યો. તે સમયે કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજા મોહાવિષ્ટ થઇ ભીમસેનને બોલાવી તેને કહેવા લાગ્યા કે જે અર્જુન એક રથેકરી દેવ, ગંધર્વ તથા દૈત્યોને જીત્યો હતો, હે ભીમસેન ! તે તારા નાના ભાઇના રથ ચિન્હને આ વખતે હું દેખતો નથી, તે એમ કહી વિશેષ મોહાવિષ્ટ થયા. તે સમયે તેવી અવસ્થાને પ્રાપ્ત થયેલા ધર્મરાજ પ્રત્યે ભીમસેને કહ્યું કે તમને આવો મોહ થતાં મેં કદી પણ જોયો નથી; તેમ સાંભળ્યો પણ નથી. પૂર્વે અતિ દુઃખથી પીડિત થયેલા અમારી તમો ગતિરૂપ થતા હતા. હે રાજેંદ્ર ! હે માનદ ! 'ઉભા થાઓ, ઉભા થાઓ; આજ્ઞા કરો, હું શું કરૂં ? મને કંઇ પણ અસાધ્ય તથા અકાર્ય છે નહિ. હે કુરૂશ્રેષ્ઠ ! મને આજ્ઞા કરો મનમાં શોક ન કરો.' એવાં ભીમસેનનાં વચન સાંભળી અશ્રુએ કરી પૂર્ણ છે મુખ જેમનું એવા ગ્લાનિયુક્ત મુખવાળા યુધિષ્ઠિર રાજા કૃષ્ણસર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરી ભીમસેન પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યા કે, ક્રોધાયમાન થયેલા, યશસ્વી વાસુદેવે પૂરેલા પાંચજન્ય શંખનો શબ્દ જે રીતે સંભળાય છે તેથી હું જાણું છું કે જરૂર આજ હણાયલો તારો ભાઇ અર્જુન રણશય્યામાં સુતો હશે. અને તે હણાવાથી નિશ્ચય એ જનાર્દન પોતે યુદ્ધ કરે છે. તેમ જે બળવાનના પરાક્રમવડે પાંડવો જીવે છે અને જેમ ભય વખતે દેવતાઓ ઇન્દ્રની પાસે જાય તેમ પાંડવો જેની પાસે જાય એવો શૂરવીર, શ્યામ, જુવાન, દર્શનીય, મહારથિ, માંસલ છાતીવાળો, મદોન્મત્ત હસ્તિ સરખું છે પરાક્રમ જેનું એવો ચકોર સરખાં નેત્રવાળો, રક્તગૌર છે મુખ જેનું, દૂષિઓને ભય વધારનાર અર્જુન, સૈંધવને મારવાની ઇચ્છાથી ભારતી સેનાપ્રત્યે ગયો છે. હે ભીમ ! તેના ગમનને અમે જાણીએ છીએ પણ તેનું ત્યાંથી પાછું આવવું જાણતા નથી. હે અરિંદમ ! એજ મારા શોકનું કારણ છે; તારૂં કલ્યાણ થાઓ. હે મહાબાહો ! અર્જુન તથા સાત્યકિ વારંવાર જેમ હવિષે કરી અગ્નિ વૃદ્ધિ પામે તેમ મારો મોહ વારંવાર વૃદ્ધિ પામતો જતા છે; તેમ તેના રથના ચિન્હને હું જોતો નથી. તેથી હું મૂર્ચ્છાને પ્રાપ્ત થાઉં છું. માટે પુરૂષમાં સિંહરૂપ, તેને તથા મહારથિ સાત્વતને જયાં ત્યાં જઈ તું ચળ. સાત્યકિ પણ [illegible]

એવા તારા ભાઇની પાછળ ગયો છે તે મહાબાહુને ન જોવાથી હું મોહને પ્રાપ્ત થાઉં છું. હે પરંતપ! તે બેઉ વિષે મારો શુદ્ધ ભાવ થતો નથી. વાસ્તે હે કૌંતેય! જ્યાં અર્જુન તથા મહા પરાક્રમી સાત્યકિ ગયો છે ત્યાં મારૂં વચન કર્તવ્ય માનતો હો તો તું જા. હે પર્યંત! હું તારો જ્યેષ્ઠ ભ્રાતા છું. તેમાં પણ તારે જેવો સાત્યકિ જાણવા યોગ્ય છે તેવો અર્જુન નથી. કારણ તે મારૂં પ્રિય કરવા સારૂ દુર્ગમ, ઘોર, ભીરૂ તથા અગમ્ય એવી અર્જુનની પદવી પ્રત્યે ગયો છે. હે પાંડવ! તું ત્યાં જઈ શ્રીકૃષ્ણ, અર્જુન તથા સાત્વત એવા સાત્યકિને કુશળ જોઇ સિંહનાદથી તેની મને જાણ કરજે.

पदवीं दुर्गमां घोरां मृगस्याम कृतात्मभिः।
दृष्ट्वा कुशलिनौ कृष्णौ सात्वतं चैव सात्यकिं ॥
संविदं चैव कुर्यास्त्वं सिंहनादेन पांडव ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि युधिष्ठिरचिंतायां गुर्जरभाषायां षड्विंशत्यधिकशततमोऽध्यायः ॥ १२६ ॥

અધ્યાય ૧૨૭ મો. સાત્વતાર્જુનની સહાયે ભીમ.

भीमसेन उवाच—ब्रह्मेशानेंद्र वरुणानवहद्यः पुरारथः ।
तमास्थाय गतौ कृष्णौ नतयोर्विद्यते भयं ॥ १ ॥

ભીમસેન કહે છે—જે રથ પૂર્વે બ્રહ્મા, ઇશાન, ઇન્દ્ર તથા વરૂણને વહન કરતો હતો તે રથમાં બેસી શ્રીકૃષ્ણ તથા અર્જુન ગયા છે માટે તેમને ભય છેજ નહિ: અને મને જવાનું કહેતા હો તો તમારી આજ્ઞાને મસ્તકપર ધારણ કરી આ હું જાઉં છું. તમો શોક ન કરો. પુરૂષમાં સિંહરૂપ એવા તેમની પાસે જઇ તમને હું જાણ કરીશ. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એટલાં વચન કહી ધૃષ્ટદ્યુમ્ન તથા સંબંધિઓને યુધિષ્ઠિરની ભલામણ કરી પોતે જવા તૈયાર થઈ મહા બળવાન ભીમસેન વારંવાર ધૃષ્ટદ્યુમ્નને કહેવા લાગ્યા કે હે મહાબાહો! મહારથિ દ્રોણાચાર્ય સર્વ ઉપાયે કરી ધર્મરાજના ગ્રહણ વિષે યત્ન કરે છે તે તમો સારી રીતે જાણો છો તેથી હે પાર્ષત! રાજાનું રક્ષણ કરવું તે કાર્ય જેવું આપણને જરૂરનું છે તેવું ત્યાં જવું એ કામ કાંઇ જરૂરનું નથી. તથાપિ ધર્મરાજનાં વચન પાળવાં જોઇએ એ વાસ્તે મરણને ઇચ્છતો સૈંધવ જ્યાં ઉભો છે ત્યાં બુદ્ધિમાન સાત્યકિની પદવી પ્રત્યે હું જાઉં છું માટે આજ સાવધાન થઇ તું યુધિષ્ઠિરનું રક્ષણ કર; કારણ સર્વ કાર્યમાં એ પરમ કૃત્ય છે. હે મહારાજ! ભીમસેનનાં વચન સાંભળી ધૃષ્ટદ્યુમ્ને કહ્યું કે હે પાર્થ! તારૂં ઇચ્છિત હું કરીશ એ વિષે કંઇ પણ વિચાર ન કરતાં તું જા. કારણ સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્નને હણ્યા વગર કોઇ રીતે પણ દ્રોણાચાર્ય ધર્મરાજને નિગ્રહ કરી શકશે નહિ. ધૃષ્ટદ્યુમ્નને યુધિષ્ઠિરની સોંપણી કરી ધર્મરાજને અભિવંદન કરી તેમણે મસ્તક સુંઘેલો તથા શુભ આશિષ સંભળાવેલો ભીમસેન જે માર્ગે અર્જુન ગયા હતા તે માર્ગે જવા તૈયાર થયો. તે વખતે પૂજન કરેલા તુષ્ટ થએલ એવા બ્રાહ્મણોને પ્રદક્ષિણા આપી અગ્નિ, ગાય, સુવર્ણ, દુર્વા, ગોરોચન, અક્ષત, શ્રીફળ તથા દહિં,

એ આઠ મંગળ દ્રવ્યનો સ્પર્શ કરી કૈરાતક મધનું પાન કરી દ્વિગુણિત છે તેજ જેનું, મદેકરી રક્ત છે નેત્ર જેનાં, શૂરવીર, બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન આપેલ, તેમ વિજય સંબંધી આનંદ કરનારી પોતાની બુદ્ધિને જોઇને પ્રસન્ન થયેલો, અનુકૂળ વાયુએ પણ તત્કાળ દેખાડયો છે જયનો ઉદય જેને, એવો કવચ તથા સુંદર કુંડળ ધારણ કરેલો, બાજુબંધ તથા હાથનાં મોજાં પહેરેલો રથિમાં શ્રેષ્ઠ, પીત, રક્ત, અસિત તથા સિતવસ્ત્રોએ કરી સારી રીતે વિંટાયલો ભીમસેન કંઠત્રાણે કરી ઇન્દ્રાયુધ સહિત મેઘ સરખો શોભતો હતો; સુવર્ણથી વિચિત્ર પ્રકારનું કિંમતી લોહમય ચોતરફથી શરીરમાં મળેલું તેનું કવચ પણ વિજળી સહિત મેઘ સમાન શોભતું હતું. એ રીતે તૈયાર થઇ યુદ્ધ કરવાની ઇચ્છાથી તે તમારા સૈન્ય પ્રત્યે જવા તત્પર થયો. હે વિશાંપતે! વળી ફરીથી પાંચજન્યનો ભયંકર શબ્દ થયો. ત્રૈલોક્યને ત્રાસ કરે એવા તે મોટા શબ્દને સાંભળી ધર્મપુત્રે મહાબાહુ ભીમસેનને કહ્યું કે વૃષ્ણિકુળમાં શૂરવીર એવા શ્રીકૃષ્ણે વગાડેલો આ પાંચજન્ય શંખ પૃથ્વી તથા અંતરિક્ષને શબ્દાયમાન કરે છે, માટે જરૂર અર્જુન અત્યંત મોટા વ્યસનને પ્રાપ્ત થવાથી ચક્ર તથા ગદા ધરનાર શ્રીકૃષ્ણ સર્વ કૌરવ સાથે યુદ્ધ કરે છે. માન્ય એવી કુંતિ, બંધુ સહિત દ્રોપદી તથા સુભદ્રાએ પણ કહ્યું હતું કે, પાપથી આજ આ બધું થાય છે, વાસ્તે હે ભીમ! ઉતાવળે તું જ્યા અર્જુન છે ત્યાં જા. હે પાર્થ! અર્જુનને જોવાની ઇચ્છાથી તથા સાત્યકિ વાસ્તે મને સર્વ દિશા તથા વિદિશાઓ મોહ પમતી હોય એમ લાગે છે માટે જા જલદી જા. ધર્મરાજાએ આજ્ઞા આપેલો પ્રતાપવાન બાંધ્યું છે ઘોના ચર્મનું અંગુલિત્રાણ જેણે, ધનુષ ગ્રહણ કરેલો, મોટા ભાઇએ આજ્ઞા આપેલો, ભાઇનું પ્રિય કરનાર, પાંડુપુત્ર ભીમસેન દુંદુભિ વગાડી વારંવાર શંખનો શબ્દ તથા સિંહનાદ કરી પ્રત્યંચા ખેંચી તેના શબ્દેકરી શૂરવીરોના મનને ત્રાસ પમાડી ભયંકર રૂપ દેખાડતાં તત્કાળ શત્રુઓ સામે જવા લાગ્યો.

તે વખતે વિશોક સારથિએ જોડેલા મન તથા વાયુ સરખા વેગવાળા, હેસારવ–શબ્દ કરતા ઉત્તમ અશ્વ, તેને વહન કરતા હતા; અને ભીમસેન હાથેકરી પ્રત્યંચાને ખેંચી સેનાના અગ્ર ભાગને પીડિત કરતો વિંધતો, બાણ નાંખતો જતો હતો તે મહાબાહુને જોઇ દેવતાઓ જેમ ઇન્દ્રની પાછળ જાય તેમ શૂરવીર સોમક સહિત પંચાલ તેની પાછળ જવા લાગ્યા. તે સમયે હે મહારાજ! દુઃશલ, ચિત્રસેન, કુંડભેદી, વિવિંશતી, દુર્મુખ, દુઃસહ, વિકર્ણ, શલ, વિંદ તથા અનુવિંદ, સુમુખ, દીર્ઘબાહુ, સુદર્શન, વૃંદારક, સુહસ્ત, સુષેણ, દીર્ઘલોચન, અભય, રૌદ્રકર્મા, સુવર્મા, તથા દુર્વિમોચન, સૈન્ય તથા પાછળ ચાલનાર સહિત રથિમાં શ્રેષ્ઠ સાવધાન થયેલા તમારી તરફના એટલા વીર ભીમસેનની ગતિ જોઇ ચોતરફથી તેની સામે દોડયા. શૂરવીરોએ કરી ચોતરફ વિંટાયલો સંગ્રામ વિષે મહારથિ કુંતિપુત્ર પરાક્રમી ભીમસેન, તેમને જોઇ વેગે કરી સિંહ જેમ ક્ષુદ્ર મૃગો સામે જાય તેમ તેમની સામે ચાલવા લાગ્યો. તે શૂરવીરોએ પણ દિવ્ય અસ્ત્ર દેખાડતાં બાણેકરી જેમ ઉદય પામેલા સૂર્યને મેઘ આચ્છાદન કરે તેમ ભીમસેનને આચ્છાદન કરી દીધો. ભીમસેને તો તેમને અતિક્રમણ કરી વેગથી દ્રોણસૈન્ય પ્રત્યે દોડી આગળ ઉભેલા ગજ સૈન્ય ઉપર બાણનો વરસાદ કર્યો. એ રીતે પવનપુત્રે થોડા વખતમાં બાણેકરી તે હસ્તિસૈન્યને વિંધવા માંડયું. શરભની ગર્જનાથી જેમ વનમાં મૃગ ત્રાસ પામે તેમ ત્રાસ પામેલા સર્વ હસ્તિઓ ભયંકર શબ્દ કરતા ચોતરફ દોડતા હતા. વળી પાછો ભીમસેન અતિ વેગેકરી દ્રોણસૈન્ય સામે દોડયો. તેને વૃદ્ધિ પામેલા સમુદ્રને જેમ કિનારો વારે તેમ

દ્રોણાચાર્યે વારી રાખી હસતા હોય નહિ તેની પેઠે નારાચ નામના બાણેકરી લલાટ વિષે વિંધ્યો. પાંડુપુત્ર ભીમસેન ઉર્ધ્વ છે કિરણ જેનાં એવા સૂર્ય સરખો શોભતો હતો. અર્જુને જેમ મારી પૂજા કરી હતી તેમ ભીમસેન પણ મારી પૂજા કરશે એમ માનતા આચાર્યે ભીમસેનને કહ્યું કે, હે મહાબળ ! હે ભીમસેન ! સંગ્રામમાં શત્રુ એવા મને જીત્યા વગર શત્રુસેના પ્રત્યે પ્રવેશ કરવો અશક્ય છે. તારો નાનો ભાઇ તો મારા અનુમતથી સૈન્યમાં પ્રવિષ્ટ થયો પણ તારાથી પ્રવેશ કરવા સમર્થ થવાશે નહિ. ગુરૂનાં વચન સાંભળી ક્રોધાયમાન થયેલો ભય રહિત, તામ્ર સરખાં રક્ત છે નેત્ર જેનાં એવા ભીમસેન બોલ્યો કે હે બ્રહ્મબંધો ! અર્જુન કંઇ તમારા અનુમતથી સૈન્યમાં પ્રવિષ્ટ થયો નથી. કારણ દુર્ધર્ષ એવો તે તો ઇન્દ્રના સૈન્યમાં પણ પ્રવેશ કરે; તથાપિ પરમ પૂજા કરવા યોગ્ય તમને માનેલા છે પણ હે દ્રોણ ! હું કંઇ દયાવાન એવો અર્જુન નથી. હું તો તમારો શત્રુ ભીમસેન છું. તમે અમારા પિતા, ગુરૂ તથા બંધુ છો એમ માની અમે સર્વ તમને નમતા રહીએ છીએ. એ રીતે અમે તમારા પુત્ર છીએ પણ આ વખતે તમારા બોલવાથી અમારે વિષે તમારૂં વિપરીતપણું દેખાય છે તેથી તમે તમારા આત્માને અમારો શત્રુ માનતા હો તો ભલે તેમ હો. હું પણ તમારા શત્રુ સરખું કર્મ કરૂં છું. હે રાજન્ ! એટલું કહી અંતક જેમ કાળદંડ ફેરવે તેમ પોતાની ગદા ફેરવી દ્રોણ ઉપર નાંખી. દ્રોણ રથમાંથી નીચે કુદી પડ્યા અને તે ગદાએ કરી તેમના અશ્વ, સારથિ, ધ્વજ તથા વાહનનું ચૂર્ણ થઇ ગયું. વળી પોતે પણ વાયુ જેમ વૃક્ષોનું મર્દન કરે તેમ ઘણાક યોદ્ધાઓનું મર્દન કરવા લાગ્યો. તે સમયે રથિમાં ઉત્તમ એવા તેને તમારા પુત્રોએ વિંટી લીધો. પછી પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય તો બીજા રથમાં બેસી વ્યૂહના દ્વાર પ્રત્યે જઇ યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. હે મહારાજ ! તેટલામાં ક્રોધાયમાન થયેલો પરાક્રમી ભીમસેન આગળ ઉભેલા રથસૈન્ય ઉપર બાણનો વરસાદ કરવા લાગ્યો. તે સમયે સંગ્રામમાં તેણે હણવા માંડેલા, ભયંકર બળવાળા મહારથિ તમારા પુત્ર જયની ઇચ્છાથી ભીમસેન સાથે યુદ્ધ કરવા લાગ્યા તેટલામાં ક્રોધાયમાન થયેલા દુ:શાસને સર્વ લોહમયી તીક્ષ્ણ એવી મોટી શક્તિ ભીમસેનને મારવાની ઇચ્છાથી તેની ઉપર નાંખી. પોતા સામે આવતી તમારા પુત્રે મોકલેલી તે મહાશક્તિના ભીમસેને બે કડકા કરી નાંખ્યા. તે આશ્ચર્ય સરખું થયું. તેટલામાં સંક્રુદ્ધ થયેલા બળવાન તેણે તીક્ષ્ણ એવાં બીજાં ત્રણ બાણેકરી કુંડભેદી, સુષેણ તથા દીર્ધનેત્ર એ. ત્રણને હણ્યા. ત્યાર પછી શૂરવીર એવા તમારા પુત્ર યુદ્ધ કરતાં છતાં કૌરવોની કીર્ત્તિ વધારનાર શૂરવીર વૃંદારકને તેણે માર્યો. વળી ભીમસેને ત્રણ બાણેકરી અભય, રૌદ્રકર્મા તથા દુર્વિમોચન નામના તમારા ત્રણ પુત્રોને માર્યા. હે મહારાજ ! એ રીતે બળવાન ભીમસેને મારવા માંડેલા તમારા પુત્રોએ પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ ભીમસેનને વર્ષાઋતુમાં મેઘ જેમ ધારાએકરી પર્વતને ઢાંકી દે તેમ બાણના વરસાદથી ઢાંકી દીધો. પાષાણની વૃષ્ટિને પામી પર્વત જેમ વ્યથા ન પામે તેમ તેના બાણમય વર્ષાદને પ્રાપ્ત થઇને પણ શત્રુને હણનાર પાંડુપુત્ર વ્યથિત થયો નહિ અને હસતો હોય નહિ તેની પેઠે કુંતિપુત્ર ભીમસેને બાણેકરી વિંદ, અનુવિંદ તથા સુવર્મા નામના તમારા પુત્રને પણ યમલોક પ્રત્યે મોકલી દીધા. હે ભરતર્ષભ ! ત્યાર પછી સુદર્શન નામના શૂરવીર તમારા પુત્રને સંગ્રામમાં તેણે વિંધ્યો; તેથી તે પ્રાણ રહિત થઇ નીચે પડ્યો. એ રીતે પાંડુપુત્ર ભીમસેન સર્વ દિશાઓને જોઇ બાણેકરી તે રથસૈન્યનો થોડાક કાળમાં નાશ કરવા લાગ્યો. હે વિશાંપતે ! સિંહના શબ્દથી જેમ મૃગ ત્રાસ પામે તેમ રથના શબ્દથી ત્રાસ પામતા ભીમસેનના ભયથી પીડિત થયેલા બાકી રહેલા તમારા

થયેથી કંઈ ફળ આપે નહી, તેમ ક્રોધ કરેથી ભૂંડું કરી શકે નહી, તે રાજાને જેમ ષંઢ પતિને સ્ત્રિયો ઇચ્છતી નથી, તેમ પ્રજા ઇચ્છતી નથી. બુદ્ધિજ કંઇ ધન લાભ વિષે હેતુ નથી, તેમ જડપણુંજ કંઇ દરિદ્રતા વિષે હેતુ નથી; એ લાભાદિક કેવી રીતે થાય છે તેવા વૃત્તાંતને ડાહ્યો પુરૂષ જાણે છે, મૂર્ખ જાણતો નથી. હે ભારત! વિદ્યા, તથા અવસ્થાથી થયેલા વૃદ્ધને, બુદ્ધિથી થયેલા વૃદ્ધને, તેમ ધન તથા કુળથી થયેલા વૃદ્ધોનો મૂઢ પુરૂષ નિરંતર તિરસ્કાર કરે છે. ખરાબ આચરણ કરનાર, મૂર્ખ, પારકી ઇર્ષ્યા કરનાર, અધર્મિ, કઠોર વચન બોલનાર તથા ક્રોધી, એટલાઓને અનર્થો પ્રાપ્ત થાય છે. વિવેકી પુરૂષો કપટ રહિત દાનથી, પોતાનું કહેલું પાળવાથી તથા સારી વાણી વાપરવાથી શત્રુને પણ પોતાના કરે છે. સત્ય બોલનાર, ચતુર, કર્યા ઉપકારને જાણનાર, બુદ્ધિમાન તથા સરલ પુરૂષ સંપત્તિ હીન થયો હોય, તોપણ ચાકર તથા મિત્રાદિકને પામે છે. ધૈર્ય, શમ, દમ, શૌચ, દયા, મધુર વાણી તથા મિત્રોનો સત્કાર, એ સાત વાનાં લક્ષ્મીને શોભાવનારાં છે. હે નરાધિપ! પોતાના પોષ્ય વર્ગને આપ્યા વગર જમનાર, દુષ્ટ બુદ્ધિવાળા, કર્યા ઉપકારને ન જાણનાર તથા લાજ રહિત રાજાનો ત્યાગ કરવો. જે પોતે સદોષ છતાં પોતાની પાસે રહેનાર નિર્દોષ માણસને કોપાવે છે, તે પુરૂષ સર્પવાળા ઘરમાં જેમ માણસ સુખે નિદ્રા કરી શકતો નથી તેમ રાત્રિ વિષે સુખે નિદ્રા કરતો નથી. હે ભારત! જેના કોપવાથી નિર્વાહમાં ખામી આવે, તેઓને દેવતાઓની પેઠે હંમેશ પ્રસન્ન રાખવા. જે ધન સ્ત્રિયો, મદોન્મત્ત, પતિત તથા દુષ્ટ પુરૂષ પાસે રાખ્યું હોય તે બધું પાછું મળવા વિષે સંશય રહે છે. હે રાજન્! જે ઘરમાં સ્ત્રીનું પ્રાબલ્ય છે, કપટીની સોબત છે તથા બાળકનો હુકમ છે, તે ઘરમાં પરવશ મનુષ્યો, પાણાના વહાણમાં બેસનારા જેમ બુડી જાય, તેમ બુડે છે. હે ભારત! જે પોતાની મતલબ જેટલું હોય તેથી ઘણી વાત નથી કરતા, તેઓને હું પંડિત માનું છું; કારણ વિશેષ હાથ ઘાલવાથી પાછું પડાય છે. જેને કપટી, ચારણ તથા હલકી સ્ત્રીયો વખાણે, તે મનુષ્ય જીવે નહીં. ઘણા પરાક્રમવાળા તથા મોટા ધનુષ્યમાન પાંડવોનો ત્યાગ કરી, ભરતકુળનું ઐશ્વર્ય તમોએ દુર્યોધન વિષે રાખ્યું છે, પણ થોડા વખતમાં તમો જેમ ઐશ્વર્યના મદથી અત્યંત મૂઢ થયેલો બલિરાજા ત્રૈલોક્યના ઐશ્વર્યથી ભ્રષ્ટ થયો હતો તેમ ઐશ્વર્યથી ભ્રષ્ટ થશો.

तं द्रक्ष्यसि परिभ्रष्टं तस्मात्त्वमचिरादिवा ।
ऐश्वर्यमदसंमूढं बलिं लोकत्रयादिव ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायामष्टात्रिंशोऽध्यायः ॥ ३८ ॥

અધ્યાય ૩૯ મો. વિદુરનીતિ-ચાલુ.

धृतराष्ट्र उवाच--अनीश्वरोयं पुरुषो भवाभवे सूत्रप्रोतादारुमयीव योषा ।
धात्रातुदिष्टस्य वशे कृतोयं तस्माद्वदत्वं श्रवणे धृतोहं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે-આ સર્વ લોકને વિધાતાએ ભાગ્યવશ સરજ્યા છે. સૂત્રમાં પરોવેલી કાષ્ઠની સ્ત્રીની પેઠે, પુરૂષ પણ ઐશ્વર્ય વા અનૈશ્વર્ય પ્રાપ્ત થવા વિષે પોતે સમર્થ નથી, વાસ્તે તું કહે તે ધૈર્યવાન થઇ હું સાંભળું. તે સાંભળી વિદુરે કહ્યું કે હે ભારત! [illegible]

સર્વે પુત્ર તત્કાળ પલાયન કરવા લાગ્યા. તે સમયે કુંતિપુત્ર ભીમસેન તમારા પુત્રના મોટા સૈન્યની પાછળ જવા લાગ્યો. અને હે રાજન્! તમારી તરફનાઓને સંગ્રામમાં ચોતરફથી વિંધવા લાગ્યો. હે મહારાજ! ભીમસેને મારવા માંડેલા તમારી તરફના ભીમસેનને મુકી ઉત્તમ અશ્વને જલદી હાંકતાં સંગ્રામમાંથી પલાયન કરવા લાગ્યા. એ રીતે મહા બળવાન પાંડુપુત્ર ભીમસેન સંગ્રામમાં તેમને જીતી સિંહનાદ, બાહુશબ્દ તથા અત્યંત મોટો એવો તલશબ્દ કરી રથ સૈન્યને ભય પમાડી, શ્રેષ્ઠ શ્રેષ્ઠ યોદ્ધાઓને હણી, રથિઓને અતિક્રમણ કરી દ્રોણસૈન્ય પાસે આવ્યો.

> भीषयित्वा रथानीकं हत्वा योधान् वरान् वरान् ।
> व्यतीत्य रथिनश्चापि द्रोणानीकमुपाद्रवत् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमसेनप्रवेशे भीमसेन पराक्रमे गुर्जरभाषायां सप्तविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२७ ॥

અધ્યાય ૧૨૮ મો. દ્રોણને હઠાવી ભીમનું વધવું.

संजय उवाच—समुत्तीर्णं रथानीकं पांडवं विहसन् रणे ।
विवारयिषुराचार्यः शरवर्षैरवाकिरत् ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! રથ સૈન્યને ઉલ્લંઘન કરી જતા પાંડુપુત્ર ભીમસેનને વારવાને ઇચ્છતા આચાર્યે તેની ઉપર બાણનો વરસાદ કર્યો. એટલે દ્રોણના ધનુષમાંથી નીકળેલા તે બાણ સમુદાયને જાણે પાન કરતો હોય નહિ તેની પેઠે તે, પોતાનું બળ દેખાડી ભાઇઓને મોહ કરતો તેમની સામે દોડ્યો. તેને સંગ્રામમાં તમારા પુત્રોએ પ્રેરણા કરેલા પરમ ધનુષ ધરનાર રાજાઓએ વેગેકરી ચોતરફથી ઘેરી લીધો. હે ભારત! તેઓએ કરી ચોતરફથી ઘેરાયલા ભીમસેને હસતો હોય નહિ તેની પેઠે સિંહની માફક શબ્દ કરી તેમની ઉપર અસંત ભયંકર પોતાની ગદા નાંખી. ઇન્દ્ર જેમ વજ્ર નાખે તેમ તેણે વેગેકરી નાંખેલી, શત્રુ પક્ષને નાશ કરનારી, મોટા શબ્દેકરી પૃથ્વીને પુરી દેતી હોય નહિ જાણે એવી તેજેકરી પ્રજ્વલિત તે ગદા તમારા સૈનિકોને મર્દન કરી તમારા પુત્રોને ભય પમાડતી હતી. તેજેકરી વિંટાયલી મોટા વેગવાળી પૃથ્વી વિષે પડતી એવી તે ગદાને જોઇ તમારી તરફના સર્વ યોદ્ધાઓ ભયંકર શબ્દ કરતાં ભાગવા લાગ્યા. તેમ હે મારિષ! અસહ્ય એવા તેના શબ્દને સાંભળીને પણ કેટલાક મનુષ્ય તથા રથમાંથી રથિઓ પડી જતા હતા. એવી રીતે હાથમાં છે ગદા જેને એવા ભીમસેને મારવા માંડેલા તમારી તરફના, વ્યાઘ્રને જોઇ જેમ મૃગ નાસે તેમ સંગ્રામમાં નાસવા લાગ્યા. એ રીતે કુંતિપુત્ર ભીમસેન સંગ્રામમાં કોઇથી સહન થાય નહિ એવા તે શત્રુઓને પક્ષિના રાજા ગરૂડની પેઠે વેગેકરી નસાડી સેનાને અતિક્રમણ કરતો હતો. હે મહારાજ! તે રીતે પરાક્રમ કરતા રથ યૂથપતિના પણ યૂથપતિ એવા ભીમસેન સામે આવી બાણરૂપી લહેરે તેને વારી પાંડવને ભય થાય તે રીતે દ્રોણાચાર્યે તત્કાળ મોટો શબ્દ કર્યો. તે સમયે હે મહારાજ! દ્રોણ તથા મહાત્મા ભીમસેનનું દેવાસુર સંગ્રામની જેને ઉપમા અપાય એવું અત્યંત મોટું ભયંકર યુદ્ધ થયું. તેમાં જ્યારે દ્રોણના ધનુષમાંથી નીકળેલાં તીક્ષ્ણ બાણોકરી સંગ્રામમાં

સેંકડો તથા હજારો યોદ્ધાઓ નાશ થવા લાગ્યા, ત્યારે પુરૂષમાં સિંહરૂપ પાંડુપુત્ર ભીમસેન વેગેકરી રથમાંથી નીચે ઉતરી પગે ચાલી દ્રોણુ સામે જઇ નેત્ર મીંચી ખભા ઉપર માથું ને છાતી ઉપર બે હાથ સ્થિર કરી મન, વાયુ તથા ગરૂડના વેગનો આશ્રય કરી ગોવૃષ જેમ લીલાથી વરસાદને ગ્રહણ કરે તેમ બાણવૃષ્ટિને પોતે ગ્રહણ કરતો હતો. હે મારિષ ! એ રીતે સંગ્રામમાં દ્રોણે મારવા માંડેલા મહા બળવાન ભીમસેને દ્રોણના રથને હાથથી ઉપાડી દૂર ફેંકી દીધો. એ રીતે ભીમસેને ફેંકેલા દ્રોણાચાર્ય બીજા રથમાં બેસી પાછા વ્યૂહદ્વાર પ્રત્યે ગયા. તે વખતે અતિ ક્રોધાયમાન થએલા ભીમસેને ભાગ્યો છે ઉત્સાહ જેનો એવા સામે આવતા ગુરૂને જોઇ વેગથી તેમની પાસે જઇ રથની ધુંસરી ગ્રહણ કરી તે રથ પણ દૂર ફેંકી દીધો. એ રીતે ભીમસેને લીલા માત્રમાં આઠ રથ ફેંકી દીધા. અને પાછો પોતે નિમિષ માત્રમાં પોતાના રથમાં બેઠેલો દેખાતો હતો. તેને વિસ્મયથી પ્રફુલ્લિત છે નેત્ર જેમનાં એવા તમારી તરફના યોદ્ધાઓ જોતા હતા. તે વખતે ભીમસેનનો સારથિ તેના રથને જલદી ચલાવતો હતો; તે સર્વને આશ્ચર્ય સરખું લાગતુ હતું. ત્યાર પછી મહા બળવાન ભીમસેન પોતાના રથમાં બેસી વેગેકરી તમારા પુત્રની સેના સામે દોડી વૃદ્ધિ પામેલો વાયુ જેમ વૃક્ષોને મર્દન કરે અને સમુદ્રનો વેગ જેમ પર્વતોને વિદારણ કરે તેમ સંગ્રામમાં ક્ષત્રિયોને મર્દન કરતો તથા સેનાને વિદારણ કરતો હાર્દિક્યે રક્ષણ કરેલા ભોજસૈન્ય પ્રત્યે જઇ વેગથી તેને મંથન કરી અતિ બળવાન, શૂરવીર તે તાળીના શબ્દથી સૈન્યોને ત્રાસ પમાડી સિંહ જેમ ગોવૃષને જીતે તેમ સર્વ સૈન્યને જીતતો હતો. હે મહારાજ ! પછી સાવધાન થયેલો પાંડુનંદન કુંતિપુત્ર ભીમસેન ભોજસૈન્યને, દરદોની સેનાને અને યુદ્ધમાં વિશારદ એવા બીજા મ્લેચ્છગણોને અતિક્રમણ કરી યુદ્ધ કરતા મહારથિ સાત્યકિને જોઇ અર્જુનને જોવાની છે કામના જેને એવો તે, વેગથી રથેકરી આગળ જવા લાગ્યો. એ રીતે પરાક્રમી પાંડુનંદન ભીમસેને સંગ્રામમાં તમારા યોદ્ધાઓને અતિક્રમણ કરી સૈંધવના વધ વાસ્તે યુદ્ધ કરતા મહારથિ અર્જુનને જોઇ હે મહારાજ ! પુરૂષમાં સિંહરૂપ તેણે વર્ષાઋતુમાં જેમ મેઘ ગર્જના કરે તેમ મોટી ગર્જના કરી. હે કૌરવ્ય ! ભીમસેનના શબ્દને સંગ્રામમા અર્જુને તથા વાસુદેવ ભગવાને શ્રવણ કરી તેને જોવાની છે ઇચ્છા જેમને એવા શૂરવીર તે બેઉએ પણ એકદમ વારવાર સામે શબ્દ કર્યો. અને અર્જુન તથા માધવ ભગવાન બે ગોવૃષની પેઠે મોટો શબ્દ કરતા તેની સામે આવવા લાગ્યા. તે સમયે હે મહારાજ ! ભીમસેન તથા ધનુષ ધરનાર અર્જુનનો શબ્દ માંભળી ધર્મપુત્ર યુધિષ્ઠિર પણ પ્રસન્નતાપૂર્વક શોકરહિત થઇ અર્જુનના જયને ઇચ્છતા મહાબાહુ, વિવેકી, ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ તે, વિચાર કરી પોતાને જે હૃદયમા હતુ તે મનેકરી કહેવા લાગ્યા કે, હે ભીમ ! અર્જુનના કુશળની ખબર તે આણી અને ગુરૂવચન પણ યથાર્થ પાળ્યું. હે પાંડવ ! જેમનો તું દ્વેષિ છે તેમનો યુદ્ધમાં જય હોયજ નહિ. સંગ્રામમાં સવ્યસાચી અર્જુન જીવે છે અને સત્યપરાક્રમવાળો શૂરવીર સાત્યકિ કુશળ છે, એ ઘણુ સારૂં થયું. તેમ વાસુદેવ તથા અર્જુનની ગર્જનાને હું સાંભળું છું; એ પણ સારૂં થયું. જેણે સંગ્રામમાં ઇંદ્રને જીતી અગ્નિને તૃપ્ત કીધો હતો, સંગ્રામમાં શત્રુને હણનાર તે અર્જુન જીવે છે એ ઘણું સારૂં થયું. જેના બાહુબળનો આશ્રય કરી આપણે સર્વે જીવતા છીએ ને શત્રુના સૈન્યને હણીએ, અર્જુન જીવતો છે તે પણ ઘણું સારૂં થયુ. જેણે દેવતાઓએ પણ દુઃખેકરી જીતી શકાય નહિ એવા નિવાતકવચ નામના દૈત્યોને એક ધનુષે કરી જીત્યા હતા તે અર્જુન જીવે છે એ ઘણુંજ સારૂં થયું. વિરાટના નગર વિષે ગાયો વાળવા આવેલા એકઠા થએલા સર્વ

કૌરવોને જેણે જીત્યા હતા તે અર્જુન જીવે છે એ ઘણુંજ સારૂં થયું. વળી મહા સંગ્રામમાં ચૌદ હજાર અસંખ્ય દૈત્યોને પોતાના બાહુબળે કરી જેણે માર્યા હતા તે અર્જુન જીવે છે એ ઘણું સારૂં થયું. દુર્યોધન વાસ્તે જેણે અસ્ત્રબળે કરી બળવાન ગંધર્વરાજને જીત્યો હતો તે અર્જુન જીવે છે તે સારૂં થયું. મુકુટવાળો, બળવાન, શ્વેત અશ્વવાળો અને શ્રીકૃષ્ણ છે સારથિ જેના તથા મને અત્યંત પ્રિય અર્જુન જીવે છે એ ઘણું સારૂં થયું. પુત્રના શોકથી સંતપ્ત, દુષ્કર કર્મ કરવા ઇચ્છતા તથા જયદ્રથના વધને ખોળતા જેણે તેના વધની પ્રતિજ્ઞા કરી છે તે અર્જુન સંગ્રામમાં સૈંધવને હણશે; અને વાસુદેવે રક્ષણ કરેલા, સૂર્યાસ્ત પહેલાં પ્રતિજ્ઞાના પારને પામેલા અર્જુનને હું ફરીને મળીશ. તેમ દુર્યોધનના હિતમાં તત્પર સૈંધવ રાજા અર્જુનના હાથથી મરણ પામી શત્રુઓને વખાણશેજ અને અર્જુને પાડેલા સૈંધવને જોઇ દુર્યોધનરાજા અમારી સાથે શાન્તિ કરશે. તેમજ સંગ્રામમાં ભીમસેને મારેલા પોતાના ભાઇઓને જોઇ મંદબુદ્ધિવાળો દુર્યોધન અમારે વિષે શાન્તિ કરશે. સંગ્રામમાં પૃથ્વીતલ વિષે પાડેલા બીજા મોટા યોદ્ધાઓને જોઇ મંદ દુર્યોધન પશ્ચાત્તાપને પ્રાપ્ત થશે. શું એક ભીષ્મે કરીનેજ આપણું વૈર જતું રહેશે ? અને બાકીનાઓની રક્ષા વાસ્તે દુર્યોધન આપણી સાથે સંધાન કરશે ? દયાએ કરી વ્યાપ્ત તે રાજા એ રીતે બહુ પ્રકારે ચિંતન કરે છે એટલામાં આ બાજુએ ભયંકર યુદ્ધ પ્રવર્ત્તમાન થતું હતું.

एवं बहुविधं तस्यरा ज्ञश्चिंतयतस्तदा ।
कृपयाभिपरीतस्य घोर युद्धमवर्तत ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमसेनप्रवेशे युधिष्ठिरहर्षे गुर्जरभाषायामष्टाविंशत्यधिकशततमोऽध्यायः ॥ १२८ ॥

અધ્યાય ૧૨૯ મો. ભીમને કર્ણ વચ્ચે યુદ્ધ.

धृतराष्ट्र उवाच—निनदंतं तथातं तु भीमसेनं महाबलं ।
मेघस्तनितनिर्घोषं के वीराः पर्यवारयन् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! મેઘની ગર્જના સરખા શબ્દવાળા શબ્દ કરતા મહારથિ ભીમસેનને કયા શૂરવીરોએ વારી રાખ્યો ? હે સંજય ! ક્રુદ્ધ થયેલા ભીમસેનની આગળ તથા મહાયુદ્ધ કરતા તેની સામે આવી ઉભો રહેનાર ત્રિલોકમાં કોઇ પણ પુરૂષને હું દેખતો નથી. જે ભીમસેન રથેકરી રથને, હસ્તિએ કરી હસ્તિને હણે તેની આગળ સંગ્રામમાં સાક્ષાત્ ઇન્દ્ર હોય તોપણ કેમ ઉભો રહે ? મારા પુત્રને મારવા ઇચ્છતા ક્રોધાયમાન થયેલા ભીમસેનની આગળ તે સમયે દુર્યોધનના હિતમાં યુક્ત એવા કોણ ઉભા રહ્યા ? તૃણની જેવાને ઉપમા અપાય એવા મારા પુત્રોને બાળવા ઇચ્છતા ભીમસેનરૂપી દાવાનળની આગળ રણસંગ્રામમાં કયા યોદ્ધાઓ ઉભા રહ્યા ? કાળ જેમ સર્વ પ્રજાનો નાશ કરે તેમ સંગ્રામમાં મારા પુત્રને હણતા ભીમસેનને જોઇ તેને કોણે વારી રાખ્યો ? તેમ મને જેવો ભય ભીમસેનથી છે તેવો અર્જુનથી નથી. શ્રીકૃષ્ણથી, ધૃષ્ટદ્યુમ્ન તથા સાત્યકિથી પણ નથી. વાસ્તે સંજય

યુગને બાળવા ઇચ્છતા પ્રદીપ્ત એવા ભીમરૂપ વન્હિને કયા શૂરવીરોએ વારી રાખ્યો ? તે તું મને કહે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તે રીતે શબ્દ કરતા મહા બળવાન ભીમસેનને જોઇ સારી રીતે યુદ્ધ કરવા ઇચ્છતા, સંગ્રામમાં પોતાનું બળ દેખાડતા, અત્યંત મોટું ધનુષ હલાવતા એવા બળવાન ક્રોધી કર્ણે ભયંકર શબ્દ કરતાં તેની સામે આવી વૃક્ષ જેમ વાયુના માર્ગને રોકે તેમ તેના માર્ગને રોક્યો. બળવાન, શૂરવીર ભીમસેને પણ જલદી પોતાની આગળ આવી ઉભેલા કર્ણને જોઇ ક્રોધે કરી શિલા વિષે તીક્ષ્ણ કરેલાં બાણ એની ઉપર નાંખ્યાં. કર્ણે પણ તેની ઉપર બાણ નાંખી આવતાં તેનાં બાણને ગ્રહણ કર્યાં. તે સમયે ભીમસેન તથા કર્ણના સમાગમ વિષે તે બેઉના તાલશબ્દને સાંભળી યત્ન કરતા રથિ તથા ઘોડેસ્વાર એવા સર્વ યોદ્ધાઓનાં શરીર જાણે કંપતાં હોય નહિ તેવાં થવા લાગ્યાં. અને રણભૂમિ વિષે ભીમસેનનો ઘોર શબ્દ સાંભળી શ્રેષ્ઠ ક્ષત્રિયો આકાશ તથા પૃથ્વીને એકતાને પ્રાપ્ત થયેલી માનવા લાગ્યા. વળી મહાત્મા પાંડવના ભયંકર શબ્દેકરી સંગ્રામમાં સર્વ યોદ્ધાઓના હાથમાંથી શસ્ત્ર તથા ધનુષ પૃથ્વી ઉપર પડી ગયાં. કેટલાકના તો પ્રાણ પણ જતા રહ્યા. તેમ ત્રાસ પામેલાં સર્વ વાહન ખેદયુક્ત મનવાળાં થઈ મળમૃત્રનો ત્યાગ કરવા લાગ્યાં. તે સમયે અત્યંત ઘણાંક ઘોર એવાં નિમિત્ત પણ થતાં હતા. ગૃધ્ર, કંક તથા બગલાઓએ કરી આકાશ વિંટાઇ ગયું હતું. હે રાજન્ ! ભયાનક એવા તે કર્ણ-ભીમના સમાગમ વિષે કર્ણે ભીમસેન ઉપર વીસ બાણ નાંખી તત્કાળ બીજા પાંચ બાણેકરી એના સારથિને વિંધ્યો. મોટા યશવાળા ભીમસેને પણ હાસ્ય કરી સંગ્રામમાં કર્ણ સામે દોડી તેની ઉપર જલદી ચોસઠ બાણ નાંખ્યાં. મોટા ધનુષવાળા કર્ણે વળી ચાર બાણ તેની ઉપર નાખ્યા હે રાજન ! પોતાનું હસ્તલાઘવ દેખાડતા ભીમસેને નતપર્વવાળા બાણેકરી તેના બાણને પ્રાપ્ત થયાની અગાઉજ અનેક પ્રકારે કાપી નાંખ્યાં. વળી કર્ણે અનેક બાણ સમુદાયથી તેને ઢાંકી દીધો. કર્ણે બહુ પ્રકારે આચ્છાદન કરેલા પાંડુપુત્ર મહારથિ ભીમસેને કર્ણના મુષ્ટિદેશમાં રહેલા ધનુષને કાપી નતપર્વવાળાં ઘણાંક બાણેકરી એને પણ વિંધ્યો. ભયંકર છે કર્મ જેનુ એવા મહારથિ સૂતપુત્ર કર્ણે બીજું ધનુષ લેઇ તેને સજ્જ કરી સંગ્રામમાં ભીમસેનને વિંધ્યો. અત્યંત ક્રુદ્ધ થયેલા ભીમસેને પણ નત છે પર્વ જેનાં એવાં ત્રણ બાણ વેગેકરી સૂતપુત્રના વક્ષઃસ્થળમાં માર્યાં. હે ભરતર્ષભ ! વક્ષઃસ્થળના મધ્યમાં રહેલાં તે ત્રણ બાણેકરી સૂતપુત્ર કર્ણ જેવો ત્રણ શિખરવાળો ઉંચો પર્વત શોભે તેમ શોભતો હતો. પરમ એવાં બાણેકરી વિંધાયેલા સૂતપુત્ર કર્ણનું, જેમ ધાતુને મૂકતા પર્વતમાંથી ગૈરિકાદિક ધાતુ સ્રવે તેમ રૂધિર સ્રવતું હતું. અત્યંત પ્રહારથી પીડાવાને લીધે કંઇક ચલાયમાન થયેલા તેણે કાનપર્યંત ધનુષ ખેચી બાણેકરી ભીમસેનને વિંધી વળી સેંકડો તથા હજારો બાણ તેની ઉપર નાંખ્યાં, દૃઢ ધનુષવાળા કર્ણે બાણવડે પીડિત કરેલા તે ભીમસેને ક્ષુરપ્ર નામના બાણથી તેના ધનુષની પ્રત્યંચા જલદી કાપી ભલ્લ નામનાં બાણથી એના સારથિને રથ ઉપરથી નીચે પાડી; મહારથિ તેણે એના ચાર ઘોડાઓને પણ પ્રાણરહિત કર્યા. હે વિશાંપતે ! તે સમયે હણાએલ અશ્વવાળા રથમાંથી કર્ણ નીચે કુદી જલદી વૃષસેનના રથમાં ચઢી બેઠો. તે વેળાએ પ્રતાપવાન ભીમસેને સંગ્રામમાં કર્ણને જીતી મેઘ સરખો મોટો શબ્દ કર્યો. તે શબ્દ સાંભળી ભીમસેને કર્ણને પરાજય પમાડ્યો એમ માની યુધિષ્ઠિર રાજા અત્યંત પ્રસન્ન થયા. તે સમયે પાંડવની સેના ચોતરફથી શંખનાદ કરવા લાગી. શત્રુસેનાનો શબ્દ સાંભળી તમારી તરફના પણ અત્યંત શબ્દ કરવા લાગ્યા. તે સમયે યુધિષ્ઠિર રાજાએ હર્ષેકરી શંખ તથા બાણના શબ્દ સહિત હર્ષ શબ્દેકરી સંકુલ એવી પોતાની સેનાને પ્રસન્ન કરી;

તે વેળાએ અર્જુન ગાંડિવનો શબ્દ તથા શ્રીકૃષ્ણ પોતાના શંખનો શબ્દ કરતા હતા. તથાપિ હે રાજન્ ! શબ્દ કરતા ભીમસેનનો દારૂણ એવો ધ્વનિ તે શબ્દને અંતર્ધાન કરી સર્વ સૈન્યમાં સંભળાતો હતો. ત્યાર પછી જુદાં જુદાં અસ્ત્ર તથા બાણેકરી કર્ણ મૃદુ ભાવથી અને પાંડુપુત્ર ભીમસેન દઢભાવથી પરસ્પર પ્રહાર કરતા હતા.

ततो व्यायच्छतामस्त्रैः पृथक् पृथगजिह्मगैः ।
मृदुपूर्वं तु राधेयो दृढपूर्वं तु पांडवः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमप्रवेशे कर्णपराजये गुर्जरभाषायामेकोनत्रिंशाधिकशततमोऽध्यायः ॥ १२९ ॥

અધ્યાય ૧૩૦ મો. દુર્યોધનને થયેલો પશ્ચાત્તાપ.

संजय उवाच—तस्मिन्विलुलिते सैन्ये सैंधवायार्जुने गते ।
सात्वते भीमसेने च पुत्रस्ते द्रोणमभ्ययात् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! સૈન્ય કંપાયમાન થયું અને અર્જુન, સાત્વત તથા ભીમસેન સૈંધવ પ્રત્યે ગયા, તે સમયે તમારો પુત્ર દુર્યોધન હજી આપણે ઘણું કામ છે એમ વિચારી એક રથેકરી ઉતાવળથી જલદી દ્રોણ પાસે ગયો. તે વેળાએ અત્યંત ઉતાવળયુક્ત મન તથા વાયુ સરખો વેગવાન તમારા પુત્રનો તે રથ, જલદી દ્રોણ તરફ દોડયો. ત્યાં આવી ક્રોધથી લાલ છે નેત્ર જેનાં એવો તમારો પુત્ર દુર્યોધન ઉતાવળથી આવી રીતે દ્રોણ પ્રત્યે વચન કહેવા લાગ્યો કે, પરાજય પામેલા નહિ તેમ ક્રોધથી વારી શકાય નહિ એવા મહારથિ અર્જુન, ભીમસેન તથા સાત્યકિ અત્યંત મોટાં એવાં સર્વ સૈન્યને જીતી સિંધુરાજની સમીપ પ્રાપ્ત થઈ ત્યાં પણ પરાજય પામેલા નહિ એવા તે સર્વ પ્રહાર કરે છે. હે માનદ ! કદી સંગ્રામમાં મહારથિ અર્જુન તમને અતિક્રમણ કરી શકે પણ ભીમસેન તથા સાત્યકિ તમને કેમ અતિક્રમણ કરી શક્યા ? તેમ થવું એ સમુદ્રના શોષણની પેઠે લોક વિષે અતિ આશ્ચર્ય સરખું લાગે છે. હે આચાર્ય ! સર્વ લોક તો આવી રીતે કહે છે કે સાત્વત, અર્જુન તથા ભીમસેન પણ જેને જીતી શકે નહિ, ધનુર્વેદના પારંગત તે સંગ્રામમાં આ વખતે કેમ જીતાય ? તેમ યોદ્ધાઓ પણ કહે છે કે દ્રોણનો પરાજય સંભવે નહિ. અને જ્યારે પુરૂષમાં સિંહરૂપ એવા તમોને એ ત્રણેય મહારથિઓ અતિક્રમણ કરી ગયા ત્યારે મંદ ભાગ્યવાળા મારો જરૂર સંગ્રામમાં નાશ નજીકમાં આવ્યો. હે માનદ ! એમ તો થયું પણ હવે આ કામ વિષે જે તમારે કરવું હોય તે કહો. જે થઈ ગયું તે તો થયુંજ. બાકીનો વિચાર કરો. હે દ્વિજ ! આ વખતે સિંધુરાજનું શું કરવું ? તે વિષે સારી રીતે વિચાર કરી જે કરવું હોય તે જલદી કરો. દુર્યોધનનાં વચન સાંભળી દ્રોણાચાર્ય કહે છે—હે તાત ! તું કહે છે તે વિષે ઘણું વિચારવાનું છે માટે તેમાં જે કરવાનું છે તે હું તને કહું છું તે સાંભળ. પાંડવોના ત્રણ મહારથિઓને ઉલ્લંઘન કર્યા તોપણ એમને જેટલો ભય પાછળ છે, તેટલોજ આગળ પણ છે. તેમાં પણ જ્યાં શ્રીકૃષ્ણ તથા અર્જુન છે ત્યાં વિશેષ ભય હું માનું છું માટે આગળ પાછળ ચોત-

રૂઢ સેના સ્થાપન કરી તે તો ઠીકજ છે તથાપિ હાલ તો સૈંધવનું રક્ષણ કરવું એજ મોટું કૃત્ય હું માનું છું. હે તાત ! ક્રોધાયમાન થયેલા અર્જુનથી આપણે તેની રક્ષા કરવી એ હાલ જરૂર છે અને ભયંકર એવા સાત્યકિ તથા ભીમસેન સૈંધવ પ્રત્યે ગયા પણ હે તાત ! પૂર્વે શકુનિની બુદ્ધિથી જે દ્યૂત રમ્યા હતા તેનું આ પરિણામ છે. તેમ તે દ્યૂતથી સભામાં જય કે પરાજય થયો નથી માટે અહિં યુદ્ધરૂપ દ્યૂત કરનારનો જય તથા પરાજય થશે. કૌરવની સભામાં શકુનિ, કોઇથી જીતાય નહિ એવા પાસાને માનતો હતો તે, દુરાસદ એવા બાણરૂપે કરી પરિણામને પ્રાપ્ત થયા; વાસ્તે હે વિશાંપતે ! સૈંધવને પણ તે રૂપ જાણજે. શત્રુ સાથે મોટા યુદ્ધરૂપ દ્યૂત પ્રવર્ત્તમાન થયું છે તેથી હે મહારાજ ! આ યુદ્ધરૂપ દ્યૂતમાં સર્વે યોદ્ધાઓ પોતાના જીવિતનો ત્યાગ કરી વિધિપુરઃસર સૈંધવની રક્ષા કરવા યોગ્ય છો. યુદ્ધરૂપ દ્યૂતમાં ગ્લહ માંડનાર આપણો જય કે પરાજય જરૂર કરી થનારજ છે. માટે જ્યાં મોટા ધનુષવાળા સાવધાન થયેલા યોદ્ધાઓ સૈંધવની રક્ષા કરે છે ત્યાં તું પોતે જલદી જઈ તે રક્ષણ કરનારની રક્ષા કર. અને હું તો અહિંજ રહીને બીજાઓને ત્યાં મોકલી પાંડવ તથા સૃંજય સહિત પંચાલોને રૂંધિ રાખીશ. એવી દ્રોણાચાર્યની આજ્ઞાનો સ્વીકાર કરી તત્કાળ દુર્યોધન ઉગ્ર કર્મ કરવા તૈયાર થઇ પાછળ ચાલનાર સહિત જલદી ત્યાં જવા લાગ્યો. તેટલામાં અર્જુનના ચક્રરક્ષક પાંચાલ્ય એવા યુધામન્યુ તથા ઉત્તમૌજા બહારથી સેના પ્રત્યે આવી અર્જુન પાસે જવા લાગ્યા. હે મહારાજ ! હે રાજન્ ! પૂર્વે જેમને યુદ્ધ કરવાની ઇચ્છાથી અર્જુન તમારા સૈન્યમાં પેઠા તે વેળાએ કૃતવર્માએ વારી રાખ્યા હતા તેમને પાર્શ્વભાગમાં સેનાને ભેદી તમારી સેના પ્રત્યે પ્રવિષ્ટ થતા દુર્યોધનને જોયા. તે વખતે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા બળવાન દુર્યોધનને ઉતાવળથી જતા તેમની સાથે ઉત્તમ યુદ્ધનો સમારંભ કર્યો. જેમાં ઉગામેલ ધનુષવાળા ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ મહારથિ એવા તે બેઉ દુર્યોધન સામે દોડ્યા. પછી યુધામન્યુએ ગૃધ્રનાં પીંછ બાંધેલાં ત્રીસ બાણેકરી દુર્યોધનને વિંધી બીજાં વીસથી એના સારથિને અને ચારેકરી એના ચાર અશ્વને પણ વિંધ્યા. તમારા પુત્ર દુર્યોધને પણ એક બાણેકરી યુધામન્યુનો ધ્વજ કાપી બીજા એકે કરી એનું ધનુષ કાપી ભલ્લ નામના બાણથી એના સારથિને રથ ઉપરથી નીચે પાડી તીક્ષ્ણ એવાં ચાર બાણેકરી એના ચાર ઘોડાઓને પણ વિંધ્યા. અત્યંત ક્રુદ્ધ થયેલા યુધામન્યુએ પણ ઉતાવળથી તમારા પુત્રના સ્તનના મધ્ય ભાગમાં ત્રીસ બાણ નાંખ્યાં. અત્યંત ક્રુદ્ધ થએલા ઉત્તમૌજાએ સુવર્ણથી શોભિતા બાણેકરી એના સારથિને વિંધી યમલોક પ્રત્યે મોકલી દીધો. હે રાજેન્દ્ર ! દુર્યોધને પણ પાંચાલ્ય એવા ઉત્તમૌજાના ચાર અશ્વને હણી પાછળ ચાલનાર સહિત એના સારથિને પણ હણ્યો. સંગ્રામમાં હણાયા છે અશ્વ તથા સારથિ જેનો એવો ઉત્તમૌજા પોતાના ભાઇ એવા યુધામન્યુના રથ પ્રત્યે જલદી ચઢી બેઠો. તે ભાઇના રથને પ્રાપ્ત થઇ ઉત્તમૌજાએ ઘણાંક બાણેકરી દુર્યોધનના અશ્વને માર્યા. તેથી તે રણભૂમિમાં પડી ગયો. તે સમયે યુધામન્યુએ શ્રેષ્ઠ બાણેકરી એનું ધનુષ અને ભાથો કાપી નાંખ્યો. હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવા રથમાંથી રાજા એવો તમારો પુત્ર નીચે ઉતરી હાથમાં ગદા ગ્રહણ કરી પાંચાલ્ય એવા તે બેઉ સામે દોડ્યો. ક્રોધાયમાન થયેલા આવતા તે કુરૂપતિને જોઈ યુધામન્યુ અને ઉત્તમૌજા પણ રથમાંથી નીચે ઉતરી પડ્યા. હે નૃપ ! તેટલામાં ગદાયુક્ત એવો અત્યંત ક્રુદ્ધ થયેલો તમારો પુત્ર દુર્યોધન સુવર્ણથી વિચિત્ર પ્રકારના તેના રથને ગદાથી ભાગી હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવો શત્રુને તપાવનાર, પોતે

મદ્રરાજના રથ પ્રત્યે જલદી ચઢી બેઠો; અને પંચાલોમાં મુખ્ય મહારથિ રાજપુત્ર એવા યુધામન્યુ તથા ઉત્તમૌજા બીજા રથમાં બેસી અર્જુન સામે જવા લાગ્યા.

पंचालानां ततोमुख्यौ राजपुत्रौ महारथौ ।
रथावन्यौ समारुह्य बीभत्सुमभिजग्मतुः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि दुर्योधनयुद्धे गुर्जरभाषायां त्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३० ॥

અધ્યાય ૧૩૧ મો. કર્ણનો પરાજય.

संजय उवाच—वर्तमाने महाराज संग्रामे लोमहर्षणे ।
व्याकुलेषु च सर्वेषु पीड्यमानेषु सर्वशः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! રૂંવાં ઉભાં કરનાર ચાલતા ઘોર સંગ્રામમાં વ્યાકુલ થઇ સર્વ પીડિત થવા લાગ્યા. તે સમયે હે ભરતર્ષભ ! રાધાપુત્ર કર્ણ વનમાં મદોન્મત્ત હસ્તિ સામે જેમ હસ્તિ દોડે તેમ ભીમસેન સાથે યુદ્ધ કરવા તેની સામે દોડ્યો. ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! મહા બળવાન એવા કર્ણ તથા ભીમસેન અર્જુનના રથ પાસે યુદ્ધ કરવા લાગ્યા. તે સંગ્રામ કેવો થયો ? તેમ પૂર્વે સંગ્રામમાં ભીમસેને કર્ણને જીત્યો હતો અને પાછો ફરીથી મહારથિ રાધાપુત્ર ભીમસેન સાથે યુદ્ધ કરવા કેમ ગયો ? તેમજ ભીમસેન પણ પૃથ્વીમાં અત્યંત શ્રેષ્ઠ, વિખ્યાત એવા મહારથિ સૂતપુત્ર કર્ણ સામે સંગ્રામમાં કેમ ગયો ? તેમ ધર્મરાજા યુધિષ્ઠિર પણ ભીષ્મ તથા દ્રોણને અતિક્રમણ કરી મહારથિ કર્ણ વિના બીજા કોઇથી ભયને પ્રાપ્ત થતા નહોતા. હે મહાબાહો ! તેમ જે મહાત્મા રાધેયના ભયથી નિરંતર તેના વીર્યને યાદ કરતા ધર્મરાજ ઘણાં વર્ષ સુધી તો સુખે કરી શયન કરતા ન હતા. વીર્યસંપન્ન, બ્રહ્મણ્ય, સંગ્રામમાં પાછા ન ફરનાર, યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ તે કર્ણ સાથે સંગ્રામમાં પાંડુપુત્ર ભીમસેને કેમ યુદ્ધ કર્યું ? મોટું છે બળ તથા પરાક્રમ જેમનું એવા શૂરવીર કર્ણ તથા ભીમસેને એક બીજા સમીપ પ્રાપ્ત થઇ કેમ યુદ્ધ કર્યું ? પૂર્વે કુંતિએ કર્ણ પાસે ભીમસેનનું ભાઇપણું દર્શાવેલું હતું તે કુંતિનાં વચન યાદ કરી દયાળુ એવા કર્ણે ભીમસેન સાથે કેમ યુદ્ધ કર્યું ? તેમજ શૂરવીર ભીમસેને પણ પૂર્વે તેણે કરેલા વૈરને યાદ કરી તેની સાથે સંગ્રામમાં યુદ્ધ કેમ કર્યું ? તેમ મારો પુત્ર દુર્યોધન સૂતપુત્ર ઉપર એવી આશા રાખે છે કે સંગ્રામમાં કર્ણ, સમસ્ત પાંડવોને જીતશે. સંગ્રામમાં મંદ એવા મારા પુત્રની જે વિષે જયની આશા છે તે કર્ણે ભયંકર કર્મવાળા ભીમસેન સાથે યુદ્ધ કેમ કર્યું ? જે કર્ણનો આશ્રય કરી મારા પુત્રોએ મહારથિ પાંડવો સાથે વૈર કર્યું સૂતપુત્ર સાથે તે ભીમસેને કેમ યુદ્ધ કર્યું ? તેમ સૂતપુત્ર કર્ણે કરેલા અનેક અપકારને સ્મરણ કરતા ભીમસેને તેની સાથે કેમ યુદ્ધ કર્યું ? જે પરાક્રમી સૂતપુત્રે એક રથેકરી સમગ્ર પૃથ્વીને જીતી હતી તેની સાથે ભીમે કેમ યુદ્ધ કર્યું ? જે સૂતપુત્ર કર્ણ કુંડળ તથા કવચ સહિત ઉત્પન્ન થયેલો છે તેની સાથે સંગ્રામમાં ભીમસેને કેમ યુદ્ધ કર્યું ? હે સંજય ! જે રીતે તેમનું યુદ્ધ થયું હોય તથા તેમાંથી જેનો જય થયો હોય તે કહેવું તું કુશળ છે વાસ્તે અને યથાર્થ કહે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ભીમસેન તો રથિમાં શ્રેષ્ઠ એવા રાધાપુત્રને છોડી દેઇ શૂરવીર એવા શ્રીકૃષ્ણ તથા અર્જુન જ્યાં હતા ત્યાં જવાની ઇચ્છા કરવા લાગ્યો. અર્જુન પ્રત્યે જતા તેની પાછળ જઇ રાધાપુત્ર કર્ણે ગૃધ્રનાં પીંછ બાધેલાં બાણેકરી જેમ મેઘ વૃષ્ટિએ કરી પર્વતને ઢાંકે તેમ તેને ઢાંકી દીધો. પછી પ્રફુલ્લિત કમળ સરખા હસતા મુખેકરી બળવાન એવા અધિરથ પુત્રે જતાં ભીમસેનને મોટેથી બોલાવી કહ્યું કે હે ભીમસેન! શત્રુઓ સાથે તારો સંગ્રામ સ્વપ્નમાં પણ હું જાણતો નહોતો. તે તું આ સમયે અર્જુનને જોવાની ઇચ્છાથી મને પૃષ્ટભાગ કેમ દેખાડે છે? હે પાંડુનંદન! કુંતિનો પુત્ર એવો તું તેને આમ કરવું યોગ્ય નથી. વાસ્તે મારી સન્મુખ ઉભો રહી મારી ઉપર બાણનો વરસાદ કર. એ રીતે કર્ણનું બોલવું ન સહન કરી શકતો ભીમસેન અર્ધમંડલાકારે પાછો ફરી સૂતપુત્ર સાથે યુદ્ધ કરવા લાગ્યો. પછી મોટા યશવાળા ભીમસેને દ્વંદ્વયુદ્ધમાં સાવધાન, સર્વ શાસ્ત્રમાં ચતુર, કવચ પહેરેલા કર્ણ ઉપર સરળ બાણનો વરસાદ કરી કલહનો અંત કરવા ઇચ્છતા મહા બળવાન, ક્રુદ્ધ થયેલા, શત્રુને તપાવનાર પાંડુપુત્ર તેણે કર્ણને મારવાની ઇચ્છાથી તેની પાછળ ચાલનારાઓને હણી તેની ઉપર પણ ઉગ્ર એવાં વિવિધ પ્રકારનાં બાણ નાંખ્યાં. મદોન્મત્ત હસ્તિ સરખી ગતિવાળાં તેના તે બાણ વરસાદને પરમાસ્ત્ર જાણનાર સૂતપુત્ર અસ્ત્રમાયાએ કરી ગળી ગયો. વિદ્યાએ કરી સારી રીતે પૂજાએલો, મોટા ધનુષવાળો, મહાબાહુ કર્ણ આચાર્યની પેઠે સંગ્રામમાં વિચરતો હતો. હે રાજન્! ભીમસેનને જાણે હસતો હોય નહિ તેની પેઠે ક્રોધથી યુદ્ધ કરતો કર્ણ, કુંતિપુત્ર ભીમસેન સમીપ ગયો. તે સમયે યુદ્ધ કરતા શૂરવીર ચોતરફથી જુવે તે રીતે કર્ણે કરેલા હાસ્યને સહન ન કરી શકતા બળવાન કુંતિપુત્ર ભીમસેને અંકુશે કરી જેમ મોટા હસ્તિને વિંધે, તેમ વત્સદંત નામના બાણેકરી સ્તનના મધ્ય ભાગમાં તેને વિંધી શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, સુવર્ણનાં પુંખવાળાં, સારી રીતે મૂકેલાં એકવીસ બાણેકરી વિચિત્ર પ્રકારનું કવચ ધારણ કરેલા તેને વિંધ્યો. કર્ણે સુવર્ણમય જાળથી ઢંકાયલા વાયુ સરખા વેગવાળા ભીમના અશ્વને પાંચ પાંચ બાણથી વિંધી એક નિમેષાર્દ્ધ માત્રમાં તેના રથ ઉપર હજારો બાણ નાંખ્યાં. હે મહારાજ! કર્ણના ધનુષમાંથી નીકળેલાં તે બાણેકરી રથ, ધ્વજ તથા સારથિ સહિત પાંડુપુત્ર ભીમસેન ઢંકાઇ ગયો. વળી ક્રોધ પામેલ કર્ણે ચોસઠ બાણથી એનું દઢ એવું કવચ વિંધી મર્મ ભેદનાર એવા નારાચ નામના બાણેકરી ભીમસેનને પણ હણ્યો. અસંભ્રાંત એવો મહાબાહુ ભીમસેન પણ વિચાર કરી તેની પાસે જઇ તેના ધનુષમાંથી નીકળેલાં સર્પ સરખાં બાણને ધારણ કરીને પણ સંગ્રામમાં વ્યથાને પ્રાપ્ત થતો ન હતો. તેમ પ્રતાપવાન ભીમસેને સંગ્રામમાં તીક્ષ્ણ એવાં ભલ્લ નામનાં બત્રીસ બાણેકરી કર્ણને વિંધ્યો. કર્ણે પણ યત્ન વગર સહેજ સૈંધવના વધને ઇચ્છતા મહાબાહુ ભીમસેનને બાણેકરી અત્યંત ઢાંકી દીધો. રાધાપુત્ર કર્ણ તો મૃદુતાથી ભીમસેન સાથે યુદ્ધ કરતો હતો અને ભીમસેન પૂર્વે તેના કરેલા વૈરને યાદ કરી ક્રોધપુરઃસર યુદ્ધ કરતો હતો. તે અપમાનને ન સહન કરી શકતા શત્રુને હણનાર ક્રોધી ભીમસેને જલદી તેની ઉપર બાણનો વરસાદ કર્યો. સંગ્રામમાં ભીમસેને નાંખેલાં તે બાણ શબ્દ કરતાં પક્ષિઓની પેઠે તે શૂરવીર વિષે ચોતરફથી પડતાં હતાં. સુવર્ણનાં પુંખવાળાં, તીક્ષ્ણ છે અગ્રભાગ જેમનો એવા ભીમસેનના ધનુષમાંથી નીકળેલાં તે બાણ શલભ નામનાં જંતુઓ જેમ અગ્નિને ઢાંકી દે તેમ રાધાપુત્ર કર્ણને આચ્છાદન કરી દેતાં હતાં. હે રાજન્! હે ભારત! ભીમસેનના બાણેકરી ચોતરફથી ઢંકાઇ ગયેલા રથિમાં શ્રેષ્ઠ કર્ણે ઉગ્ર એવી બાણવૃષ્ટિ ભીમસેન ઉપર કરી. સંગ્રામમાં શોભિતાં કર્ણનાં આવતાં તે બાણ અસંખ્ય

બાણોને ભીમસેને પ્રાપ્ત થયાની ભ્રાંતિજ થયું. ભલ્લ નામનાં બાણથી કાપી નાંખ્યાં, હે ભારત! વળી શત્રુને દમન કરનાર સૂર્યપુત્ર કર્ણે યુદ્ધમાં બાણના વરસાદથી ભીમસેનને ઢાંકી દીધો. તે સમયે હે ભારત! પોતાનાં પીંછાંથી વિંટાયેલા શીસોળીઆની પેઠે બાણોકરી ઢંકાઈ ગએલા અંગવાળા ભીમસેનને અમે જોતા હતા. એ રીતે સુવર્ણનાં પુંખવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, કર્ણના ધનુષમાંથી નીકળેલાં બાણને જેમ સૂર્ય પોતાનાં કિરણોને ધારણ કરે તેમ શૂરવીર ભીમસેન ધારણ કરતા હતા. તે સમયે રૂધિરે કરી વ્યાપ્ત છે સર્વ અંગ જેનું એવો ભીમસેન વસંતઋતુમાં વૃદ્ધિ પામેલાં પુષ્પયુક્ત જેમ અશોક વૃક્ષ શોભે તેમ શોભતો હતો. પછી ક્રોધથી ફાડયાં છે નેત્ર જેણે એવો મહાબાહુ ભીમસેન સંગ્રામમાં મહાબાહુ કર્ણના ચરિત્રને સહન કરી શક્યો નહિ. તેથી નારાચ નામનાં સર્પ સરખાં તીક્ષ્ણ એવાં પચ્ચીસ બાણ તેણે શ્વેત પર્વત ઉપર જેમ નાંખે તેમ તેની ઉપર નાંખ્યાં. વળી દેવ સરખી કાંતિવાળા પ્રતાપવાન તેણે છ તથા આઠ બાણથી સંગ્રામમાં શરીર ત્યાગ કરનાર સત્પુત્ર કર્ણને વિંધી હસતા હોય નહિ તેની પેઠે બીજા એક બાણેકરી જલદી એનું ધનુષ કાપી બીજાં બાણોએ કરી ચાર અશ્વ તથા સારથિને હણી સૂર્યકિરણ સરખા નારાચ નામના બાણેકરી તેને પણ વક્ષઃસ્થળમાં વિંધ્યો. ભીમસેનનાં નાંખેલાં બાણ, જેમ મેઘને ભેદી સૂર્યનાં કિરણો જાય તેમ કર્ણને ભેદી ધરણી પ્રત્યે ગયાં. કપાઇ ગયુ છે ધનુષ જેનું એવા ભીમસેનના બાણથી હણાએલો, પુરૂષમાં શ્રેષ્ઠ કર્ણ, મોટા વૈક્લવ્યને પ્રાપ્ત થઇ બીજા રથમાં બેસી ગયો.

स वैक्लव्यं महत्प्राप्य छिन्नधन्वा शराहतः ।
तथा पुरुषमानी स प्रत्यपायाद्रथांतरं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि कर्णपराजये गुर्जरभाषायामेकत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३१ ॥

અધ્યાય ૧૩૨ મો. ભીમ કર્ણ વચ્ચે સંગ્રામ.

धृतराष्ट्र उवाच—स्वयंशिष्यो महेशस्य भृगूत्तमधनुर्धरः ।
शिष्यत्वं प्राप्तवान् कर्णस्तस्य तुल्योऽस्त्रविद्यया ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! ભૃગુકુળમાં ઉત્તમ એવા ધનુષ ધરનાર પરશુરામ પોતે મહાદેવના શિષ્ય અને શિષ્યગણે કરી યુક્ત એવો, અસ્ત્રવિદ્યામાં તે સરખા તેના શિષ્ય કર્ણને કુંતિપુત્ર ભીમસેને લીલા માત્રમાં જીતી લીધો. હે સંજય! જે વિષે મારા પુત્રોને મોટી આશા હતી એવા ભીમથી વિમુખ થયેલા તેને જોઇ દુર્યોધને શું કર્યું? પરાક્રમે કરી વખાણ કરવા યોગ્ય મહા બળવાન ભીમસેને કેવી રીતે યુદ્ધ કર્યું? ત્યારપછી પ્રજ્વલિત અગ્નિ સરખા ભીમસેનને સંગ્રામમાં જોઇ કર્ણે શું કર્યું? સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! વિધિએ કલ્પેલા બીજા રથમાં બેસી વાયુએ વૃદ્ધિ પમાડેલા સમુદ્રની પેઠે કર્ણ પાછો ભીમસેન સામે આવ્યો. હે પ્રજાપતે! ક્રોધ પામેલા અધિરથ પુત્ર કર્ણને જોઇ તમારા પુત્રો, ભીમસેનને અગ્નિના મુખમાં હોમાયેલોજ છે એમ માનવા લાગ્યા. તેટલામાં રાધાપુત્ર કર્ણ ધનુષનો શબ્દ તથા તાળીઓ

એવો તત્કાળ કરી ભીમસેનના રથ સામે દોડ્યો. હે રાજન્ ! તે સમયે વળી ફરીથી અતિશય સૂર્યપુત્ર કર્ણ તથા મહાત્મા ભીમસેનનો ભયંકર એવો સમાગમ થયો. અત્યંત ક્રોધ પામેલા પરસ્પર વધને ઇચ્છતા એવા મહાબાહુ તે બેઉ, નેત્રેકરી જાણે એક બીજાને બાળતા હોય તેમ અન્યોન્ય સામે જોતા હતા. કોપેકરી લાલ નેત્રવાળા, સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતા, શત્રુને દમન કરનાર, વાઘની પેઠે અત્યંત વ્યાકુળ થયેલા, બાજપક્ષિની પેઠે શીઘ્ર ગતિ કરનારા, શરભ નામના મૃગની પેઠે અત્યંત ક્રુદ્ધ થયેલા શૂરવીર તે બેઉ પરસ્પર યુદ્ધ કરતા હતા. તે સમયે શત્રુને દમન કરનાર ભીમસેન અક્ષદ્યૂત વિષે, વનમાં, વિરાટના નગર વિષે જે દુઃખ પ્રાપ્ત થયું હતું તેને, અને તમારા પુત્રોએ સમૃદ્ધ એવા રત્ન તથા રાજ્યનું હરણ કર્યું હતું તે, તેમજ પુત્ર સહિત તમે નિરંતર તેને દુઃખ આપ્યાં હતાં ને પુત્ર સહિત નિરપરાધી કુંતિને તમો બાળી નાંખવા ઇચ્છતા હતા. દુરાત્માઓએ સભાના મધ્યમાં જે જે દ્રૌપદીને ક્લેશ પ્રાપ્ત કર્યો હતો, દુઃશાસને તેના કેશનું આકર્ષણ કર્યું હતું. હે ભારત ! તે વખતે કર્ણે જે જે કઠોર વચન કહ્યાં હતાં, વળી તેને કહ્યું હતું કે હવે તું બીજા પતિની ઇચ્છા કર, પાંડવ હવે તારા પતિ નથી, ષંઢતિલ સરખા એ તો નરકમાં પડ્યા છે, એ રીતે હે રાજન્ ! તમારી સમક્ષ દાસીભાવે કરી દ્રૌપદીને ભોગવવાની ઇચ્છાથી તમારા પુત્રોએ કઠણ વચન કહ્યાં હતાં, કાળિયાર મૃગનાં ચર્મ પહેરી વનમાં નિવાસ કર્યો હતો, તેમ તમારી સમીપ સભામાં કર્ણે જે કઠોર વચન કહ્યાં હતાં, તેમ પાંડવોને તૃણ તુલ્ય ગણી ક્રોધથી તમારો પુત્ર જે બોલ્યો હતો, એ રીતે જે જે બાળકપણાથી પોતાને દુઃખ થયાં હતાં તેનું ચિંતન કરી શત્રુને હણનાર ભરતકુળમાં સિંહરૂપ, શરીરનો ત્યાગ કરનાર ભીમસેને કોઇથી સહન થાય નહિ એવું સુવર્ણના પૃષ્ઠભાગવાળું મોટું ધનુષ સજ્જ કરી, તત્કાળ કર્ણ સામે આવી, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં પ્રકાશમાન બાણમય જાળેકરી સૂર્યનાં કિરણો ઢંકાઇ જાય તે રીતે કર્ણના રથને આચ્છાદન કરી દીધો. અધિરથ પુત્ર કર્ણે પણ હાસ્ય કરી શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં બાણેકરી જલદી ભીમસેનની તે બાણજાળને કાપી નાંખી. મહારથિ મહા બળવાન એવા મહાબાહુ અધિરથ પુત્ર તેણે તીક્ષ્ણ એવાં મોટાં નવ બાણેકરી ભીમસેનને વિંધ્યો. અંકુશેકરી જેમ હસ્તિને વારે તેમ કર્ણે બાણેકરી વારણ કરેલો અસભ્રાંત ભીમસેન, સૂતપુત્ર કર્ણ સામે દોડ્યો. વેગેકરી પોતા સામે આવતા પાંડવમાં શ્રેષ્ઠ ભીમસેનને જોઇ મદોન્મત્ત હસ્તિ હસ્તિ સામે જાય તેમ કર્ણ પણ તેની સામે જઇ સેંકડો ભેરી સરખા શબ્દવાળો પોતાનો શંખ વગાડી વૃદ્ધિ પામેલા સાગરની પેઠે હર્ષથી સૈન્યને ક્ષોભ પમાડ્યું. હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળથી સંકુલ ક્ષોભ પામેલા તે સૈન્યને જોઇ ભીમસેને કર્ણ પાસે જઇ બાણેકરી તેને આચ્છાદન કરી દીધો. કર્ણે પણ બાણેકરી પાંડુપુત્ર-તેને આચ્છાદન કરી કૃષ્ણવર્ણવાળા તેના અશ્વ સાથે પોતાના શ્વેત વર્ણવાળા અશ્વને સંગ્રામમાં મિશ્રિત કરી દીધા. એ રીતે મિશ્રિત થયેલા વાયુ સરખા વેગવાળા અશ્વને જોઇ તમારા પુત્રનું સૈન્ય હાહાકાર કરવા લાગ્યું. હે મહારાજ ! શ્વેત તથા કૃષ્ણવર્ણવાળા, મિશ્રિત થયેલા વાયુ સરખા વેગવાળા, તે અશ્વ, આકાશમાં જેમ મેઘ શોભે તેમ અત્યંત શોભતા હતા. અત્યંત ક્રોધ પામેલા, ક્રોધથી લાલ નેત્રવાળા, પરસ્પર યુદ્ધ કરતા કર્ણ તથા વૃકોદરને જોઇ તમારી તરફના મહારથિઓ સંત્રસ્ત થઇ કંપવા લાગ્યા. હે ભરતશ્રેષ્ઠ ! તે સમયે તે બેઉનો પ્રેતરાજના પુરની પેઠે દુઃખે કરી જોઇ શકાય નહિ એવો યમરાજના રાષ્ટ્ર સરખો ભયંકર સંગ્રામ થયો. તે આશ્ચર્યરૂપ યુદ્ધને સભાસદની પેઠે જોતા મહારથિઓ મહા સંગ્રામમાં અમુકનો જય થશે એમ જાણતા નહોતા. હે રાજન્ !

જ્ઞાન બોલતાં બૃહસ્પતિ પણ બુદ્ધિહીનપણું તથા અપમાન પામે છે. દાન આપવાથી તથા મધુર બોલવાથી જે પ્રિય થાય છે, તેને પ્રિય જાણવા નહીં, કારણ દાનાદિક બંધ કરવાથી તે જ અપ્રિય થાય છે. પણ જે વિચાર બળથી વા પાસેની સગાઇના બળથી પ્રિય હોય તેનેજ પ્રિય જાણવો. પોતાનો દ્વેષી સાધુ, બુદ્ધિમાન તથા પંડિત હોય, તોપણ પોતાને તેવો ભાસે નહીં, કારણ પોતાને પ્રિય હોય, ને તેમાં જો સારા ગુણ ન હોય તો ભાસે, પણ વૈરી વિષે સારા ગુણ સારો હોય, તોપણ પોતાને ન ભાસે. તેમજ પોતાના પ્રિયનાં કરેલાં કામ પણ સારાં લાગે, ને અપ્રિયનાં કરેલાં કામ ખરાબ લાગે. હે રાજન્! જે વખતે દુર્યોધન ઉત્પન્ન થયો તે વખતે મેં તમોને કહ્યું હતું કે, “ આ એક પુત્રનો ત્યાગ કરશો તો બાકીના પુત્રોની વૃદ્ધિ થશે, ને એ એકનો ત્યાગ નહીં કરો તો બધા પુત્રોનો નાશ થશે.” જેની વૃદ્ધિથી મોટો ક્ષય થાય, તેની વૃદ્ધિ પણ સારી માનવી નહીં, પણ જેના ક્ષયથી મોટી વૃદ્ધિ થાય તેનો ક્ષય પણ સારો માનવો. હે મહારાજ! જે ક્ષય વૃદ્ધિને આપે તે ક્ષય ન જાણવો, પણ જેને પ્રાપ્ત થવાથી ઘણાનો ક્ષય થાય, તે જ ક્ષય જાણવો. હે ધૃતરાષ્ટ્ર! કેટલાક ગુણે કરી સમૃદ્ધ હોય છે અને કેટલાક ધને કરી સમૃદ્ધ હોય છે, તેમાં ગુણે કરી સમૃદ્ધ હોય તે જ ઉત્તમ પુરૂષ ગણાય છે, વાસ્તે ધને કરી વૃદ્ધ પણ ગુણે કરી હીન એવા તમારા પુત્રોને મૂકી દો.

ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે વિદુર! પ્રાજ્ઞ પુરૂષોએ સંમત તથા પરિણામે જેનું હિતરૂપ છે એવું તું ભાષણ કરે છે, તથાપિ પુત્રને ત્યાગ કરવા હું સમર્થ થતો નથી, કારણ જેથી ધર્મ થાય તેથીજ જય થાય છે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી વળી વિદુરે કહ્યું કે, અત્યંત ગુણ સંપન્ન તથા વિનયવાન પુરૂષ કદી પણ પ્રાણિયોનો થોડો પણ નાશ સહન કરી શકતો નથી. જે પારકી નિંદા કરવામાં તત્પર, પારકાને દુઃખનો ઉદય થાય તેમાં પ્રીતિમાન, હંમેશ સાવધાન થઇ પરસ્પર વિરોધ કરવા વિષે યત્ન કરનાર, જેને જોવાથી પણ મોટો દોષ લાગે, જેની સાથે રહેવાથી મોટો ભય થાય, તેમ જેની સાથે ધન લેવા દેવાના વ્યવહારથી મોટો ભય ઉપજે, જેનો પારકાને ભેદ પમાડવાનો સ્વભાવ છે, કામી, નિર્લજ્જ, શઠ, “ આ પાપી છે ” એમ જગતમાં વિખ્યાત, સહવાસ કરવા લાયક નહીં તથા બીજા મોટા દોષે કરીને પણ જે યુક્ત હોય, તે પુરૂષોનો ત્યાગ કરવો. મિત્રતાનું કારણ નિવૃત્ત થાય એટલે નીચ વિષે રહેલી મિત્રતા નાશ પામે છે, મિત્રતાથી જે ફળ થતું હોય તે અને મિત્રતા સંબંધી સુખ પણ નાશ પામે છે અને ઉલટો નીચ મિત્ર મિત્રનો તિરસ્કાર કરવા તરફ યત્ન કરે તથા તેને ક્ષય પમાડવાનો આરંભ કરે છે. અજાણથી થોડો પણ તિરસ્કાર થયેથી મનમાં મોહું વૈર રાખી બેસે, ને શાંતિ ન પામે, તેવા ક્રૂર બુદ્ધિવાળા નીચ માણસની સોબત બુદ્ધિમાન પુરૂષોએ દૂરથી છોડી દેવી. જે પુરૂષ પોતાના દરિદ્ર, દીન તથા આતુર જ્ઞાતિભાને અનુગ્રહ કરે, તે પુત્ર, પશુ ઇત્યાદિ સમૃદ્ધિથી વૃદ્ધિ પામે, ને પરલોક વિષે કલ્યાણને પામે છે, માટે જે પુરૂષો પોતાનું કલ્યાણ ઇચ્છે, તેમણે પોતાના જ્ઞાતિભાઇઓને વધારવા, એમ કહેલું છે, વાસ્તે હે રાજેંદ્ર! તમે પણ સારી રીતે કુળની વૃદ્ધિ કરો, એમ કરવાથી કલ્યાણને પામશો. હે ભરતર્ષભ! જ્ઞાતિભાઇઓ ગુણવાન ન હોય, તોપણ તેઓની રક્ષા કરવી જોઇએ, ત્યારે પાંડવો તો બહુ ગુણવાન તથા તમારા પ્રસાદની ઇચ્છા રાખનારા છે, વાસ્તે તે શરણીઓ ઉપર પ્રસન્ન થાઓ. તેઓની વૃત્તિ ચાલે તેટલાં ગામ આપો. હે નરાધિપ! એમ કરવાથી લોકમાં

પુંખ-સહિત-વસ્ત્રવાળા અરસ્પર સિંચાવાથી મોટા અવાજવાળા તે બેઉના મોટા ધનુષ્યમાંથી સર્વ દિશાઓ ભરાઈ ગઈ હતી. શત્રુને હણનાર પરસ્પર તીક્ષ્ણ બાણોએ કરી આચ્છાદન કરતા અદ્ભુત પરાક્રમવાળા તે બેઉ બાણજાળે કરી આકાશને વિંટી દેતા હતા. તીક્ષ્ણ બાણોએ કરી પરસ્પર મારવાને ઇચ્છતા ઉત્તમ દેખાવવાળા મહારથિ તે બેઉ વૃષ્ટિમાન બે મેઘ સરખા દેખાતા હતા. હે પ્રભો! સુવર્ણથી સુશોભિત બાણ પરસ્પર નાંખતાં શત્રુને દમન કરનાર તે બેઉ બાણોએ કરી આકાશને પ્રકાશયુક્ત કરતા હતા. હે રાજન્! તે બેઉએ પરસ્પર મૂકેલાં, ગીધનાં પીંછ બાંધેલાં બાણ શરદ્ ઋતુમાં આકાશ વિષે મત્ત એવા સારસોની પંક્તિ શોભે તેમ શોભતાં હતાં. સૂતપુત્ર કર્ણ સાથે લડેલા શત્રુને દમન કરનાર ભીમસેનને જોઇ શ્રીકૃષ્ણ તથા અર્જુન ભીમસેન વિષે અતિ ભાર ધારતા હતા. તે યુદ્ધમાં કર્ણ તથા ભીમસેને મૂકેલાં બાણોએ કરી અત્યંત હણાયલા અશ્વ, નર તથા હસ્તિઓ બાણ સંપાતને અતિક્રમણ કરી સંગ્રામમાં પડતા હતા. હે રાજન્! હે ભરતર્ષભ! મનુષ્ય, અશ્વ તથા ગજનાં પ્રાણરહિત થઇ પડેલાં શરીરે કરી ક્ષણ માત્રમાં પૃથ્વી ઢંકાઇ ગઈ.

मनुष्याश्वगजानां च शरीरैर्गतजीवितैः ।
क्षणेन भूमिः संजज्ञे संवृता भरतर्षभ ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमकर्णयुद्धे गुर्जर-भाषायां द्वात्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३२ ॥

અધ્યાય ૧૩૩ મો. કર્ણને ભીમનું યુદ્ધ.

धृतराष्ट्र उवाच—अत्यद्भुतमहं मन्ये भीमसेनस्य विक्रमं ।
यत्कर्णं योधयामास समरे लघुविक्रमं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! જે ભીમસેને મોટા પરાક્રમવાળા કર્ણ સાથે સંગ્રામમાં યુદ્ધ કર્યું વાસ્તે તેના પરાક્રમને હું અતિ આશ્ચર્યરૂપ માનું છું. જે કર્ણ, યક્ષ, અસુર તથા મનુષ્ય સહિત સર્વ શસ્ત્ર ધરનાર એવા દેવતાઓને પણ યુદ્ધમાં વારી રાખે તે કર્ણ યુદ્ધમાં લક્ષ્મીએ કરી શોભિતા પાંડુપુત્ર ભીમસેનને કેમ તરી ગયો નહિ હે સંજય! તે મને કહે? અને જે આ પ્રાણદ્યૂત વિષે જરૂર જય કે પરાજય થવાનો છે એમ હું માનું છું એવા યુદ્ધરૂપ પ્રાણદ્યૂતમાં તે બેઉનું કેવી રીતે યુદ્ધ થયું તે પણ મને કહે; જે કર્ણને પામી સંગ્રામમાં મારો પુત્ર દુર્યોધન ગોવિંદ તથા સાત્યકિ સહિત પાંડવોને જીતવાનો ઉત્સાહ રાખે છે તે કર્ણને ભયંકર કર્મવાળા ભીમસેને વારંવાર જીતી લીધો, એ વાત સાંભળી મને જાણે મોહ પ્રાપ્ત થયો હોય નહિ તેમ થાય છે. હે સંજય! મારા પુત્રના અન્યાયે કરી કૌરવોનો નાશ થશે, એમ હું માનું છું; કારણ કે, મોટા ધનુષવાળા પાંડવોને કર્ણ જીતશે નહિ, કેમકે પાંડવો સાથે કર્ણે જે જે યુદ્ધ કર્યાં તે સર્વ યુદ્ધમાં પાંડવ કર્ણને જીત્યા છે. હે તાત! ઇન્દ્ર સહિત દેવતાઓ પણ પાંડવોને જીતી શકે એમ નથી. પણ મંદ બુદ્ધિવાળો મારો પુત્ર દુર્યોધન તે જાણતો નથી; તેમ બુદ્ધિ વિનાનો મારો પુત્ર દુર્યોધન, કુબેર જેવા મારા બુદ્ધિહીન પુત્રને જાણ

કરી વિષ ઉપર રહેલા મધને ઇચ્છનારની પેઠે પોતાના પ્રતાપને જાણતો નથી. જુગારમાં ચતુર એવો મારો પુત્ર છળેકરી મહાત્મા પાંડવોના રાજ્યને હરણ કરી હવે મેં તેમને જીતી જ લીધા છે એમ માની પાંડવોનું અપમાન કરે છે, તેમ પુત્રના સ્નેહને લીધે ખરાબ અંતઃકરણવાળા મેં પણ ધર્મથી ચાલનાર મહાત્મા પાંડવોને છેતર્યા. ભાઇઓ સહિત દીર્ઘ દૃષ્ટિવાળા યુધિષ્ઠિર શાંતિ કરવા ઇચ્છતા હતા તેમને આ અશક્ત છે એમ માની મારા પુત્રોએ તિરસ્કાર કર્યો. તેમ મહાબાહુ ભીમસેન પણ તે દુઃખ તથા આપણા કરેલા તિરસ્કાર મનમાં યાદ કરી કર્ણ સાથે યુદ્ધ કરે છે માટે હે સંજય! પરસ્પર વધને ઇચ્છતા યુદ્ધ કરવામાં શ્રેષ્ઠ એવા કર્ણ તથા ભીમ સંગ્રામમાં જે રીતે યુદ્ધ કરતા હોય તે સર્વ મને કહે? સંજય કહે છે—હે રાજન્! બે વનહસ્તિની પેઠે પરસ્પર વધને ઇચ્છતા કર્ણ તથા ભીમનો સંગ્રામ જેવી રીતે થયો તેવી રીતે હું કહું તે સાંભળો. હે રાજન! ક્રોધાયમાન થયેલા સૂર્યપુત્ર કર્ણે ક્રોધ પામેલા શત્રુને દમન કરનાર પરાક્રમી ભીમસેનને, મહા વેગવાન તીક્ષ્ણ અગ્રભાગવાળાં, સુવર્ણથી શોભિતાં ત્રીસ બાણેકરી વિંધ્યો. ભીમસેને પણ બાણ નાંખતાં તેનું ધનુષ તીક્ષ્ણ એવાં ત્રણ બાણથી કાપી ભલ્લ નામના બાણથી એના સારથિને રથ ઉપરથી પૃથ્વી ઉપર પાડી નાંખ્યો. તેને જોઇ ભીમસેનના વધને ઇચ્છતા મહા બળવાન, સૂર્યપુત્ર કર્ણે સુવર્ણ તથા વૈડૂર્ય મણિથી વિચિત્ર પ્રકારના દાંડાવાળી બીજી કાળશક્તિ સરખી મોટી શક્તિ ગ્રહણ કરી ઉંચે ઉગામી તેની પર નાંખી, જીવિતના અંતને કરનારી તે ઇન્દ્ર જેમ વજ્ર નાખે તેમ ભીમસેન ઉપર નાંખતાં મોટો શબ્દ કરવા લાગી. તે શબ્દ સાંભળી તમારા પુત્ર હર્ષિત થયા. કર્ણના હાથમાંથી મૂકાયલી સર્પ તથા અગ્નિ સરખી કાંતિવાળી તે શક્તિને આકાશમાંજ સાત બાણેકરી ભીમસેને કાપી નાંખી. છૂટા મૂકેલા સર્પ સરખી તે શક્તિને કાપી કર્ણના પ્રાણને જાણે ખોળતા હોય નહિ એવા ભીમસેને શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, યમદંડ સરખાં, સુવર્ણના પૂંખવાળાં, મયૂર પીંછ બાંધેલાં બાણ ક્રોધથી તેની ઉપર નાંખ્યાં. કર્ણે પણ સુવર્ણના પૃષ્ટભાગવાળું, કોઇથી સહન થાય નહિ એવું બીજું ધનુષ ગ્રહણ કરી તે મોટા ધનુષને ખેંચી ભીમસેન ઉપર બાણ નાંખ્યાં. તેમને પાંડુપુત્ર ભીમસેને નતપર્વવાળાં નવ બાણોવડે કાપી મોટો સિંહનાદ કર્યો. ઋતુમતિ ગાય વાસ્તે જેમ બળવાન એવા બે ગોવૃષ શબ્દ કરે તેમ પરસ્પર શબ્દ કરતા, માંસ વાસ્તે બે સિંહ જેમ પરસ્પર ગર્જના કરે તેમ ગર્જના કરતા, પરસ્પર મારવા ઇચ્છતાં એક બીજાને જેમ વૃષભ જુવે તેમ અન્યોન્ય સામે જોતા એવા તે બેઉ મોટા બે હસ્તિ જેમ એક બીજા સામે આવી દાંતના અગ્રભાગેકરી પરસ્પરને હણે તેમ કર્ણ પર્યંત ધનુષ ખેંચી સારી રીતે મૂકેલા બાણેકરી અન્યોન્ય હણતા હતા. હે મહારાજ! શસ્ત્રવૃષ્ટિએ કરી પરસ્પર બાળતા એક બીજા સામે જોતા, કોપથી ફાડેલાં છે નેત્ર જેમણે એવા, વારંવાર એક બીજાને તિરસ્કાર કરતા, હાસ્ય કરતા તથા શંખનો શબ્દ કરતા તે બેઉ પરસ્પર યુદ્ધ કરતા હતા. હે મારિષ! તેટલામાં ભીમસેને વળી તેના મુષ્ટિ દેશમાં રહેલા ધનુષને કાપી શંખ સરખા વર્ણવાળા તેના અશ્વને બાણેકરી યમલોક પ્રત્યે મોકલી સારથિને પણ રથમાં બેસવાના સ્થાનક ઉપરથી નીચે પાડી નાંખ્યો. તે સમયે હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવો કર્ણ દુસ્તર એવી ચિંતાને પ્રાપ્ત થયો, અને ભીમસેનની બાણજાળથી મોહિત થઇ કંઇ કર્તવ્યને પણ જાણતો નહોતો. એ રીતે કષ્ટને પ્રાપ્ત થયેલા કર્ણને જોઇ ક્રોધેકરી જાણે કંપતો હોય નહિ એવો દુર્યોધનરાજા પોતાના ભાઇ દુર્જયને કહેવા લાગ્યો કે હે દુર્જય! આ જો પાંડુપુત્ર ભીમસેન ગ્રાસરૂપ કર્ણને ગળે છે વાસ્તે તું ત્યાં સહાયે જા. તત્કાળ પુત્રના [illegible]

તેમ હણ, અને કર્ણ વિષે બળ ધારણ કર, એવાં દુર્યોધનનાં વચન સાંભળી 'ઠીક બહુ સારૂં' એમ તેને કહી તમારા પુત્ર દુર્જયે ઘણાંક બાણ નાંખતા ભીમસેન સામે દોડી નવ બાણ ભીમસેન ઉપર, આઠ તેના અશ્વ ઉપર, છએકરી સારથિને, ત્રણથી ધ્વજને, ને બીજાં સાતથી વળી તેને વિંધ્યો. અત્યંત ક્રોધાયમાન થયેલા ભીમસેને પણ બાણેકરી ભેદાયાં છે મર્મસ્થાન જેનાં એવા દુર્જયને અશ્વ તથા સારથિ સહિત યમલોક પ્રત્યે મોકલી દીધો. શણગારેલા સર્પની પેઠે પૃથ્વી વિષે ચેષ્ટા કરતા તે તમારા પુત્રને જોઇ નેત્રમાં આવ્યાં છે અશ્રુ જેને એવા પીડિત કર્ણે તેની પ્રદક્ષિણા કરી અને ભીમસેન તો અત્યંત વૈરી એવા તે કર્ણને ગર્વથી વિરથ કરી બાણગણ શતઘ્ની તથા શંકુથી તેને મારવા લાગ્યો. એ રીતે એના બાણથી ભેદાયો તો-પણ અતિરથિ એવા શત્રુને તપાવનાર કર્ણે ક્રુદ્ધરૂપ ભીમસેનનો સંગ્રામમાં ત્યાગ કર્યો નહિ.

समाचिनोद्बाणगणैः शतघ्नीभिश्च शङ्कुभिः ॥
तथाप्यतिरथः कर्णोभिषमाणोस्यसायकैः ।
न जहौ समरे भीमं क्रुद्धरूपं परंतपः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि कर्णभीमयुद्धे गुर्जरभाषायां त्रयस्त्रिंशद्धिकशततमोऽध्यायः ॥ १३३ ॥

અધ્યાય ૧૩૪ મો. કર્ણ પલાયન

संजय उवाच—सर्वथा विरथः कर्णः पुनर्भीममनिर्जितः ।
रथमन्यं समास्थाय पुनर्विव्याध पांडवं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! સર્વથી વિરથ અને ફરીથી ભીમે પરાજય પમાડેલો કર્ણ બીજા રથમાં બેસી પાછો પાંડુપુત્ર ભીમસેનને વિંધવા લાગ્યો. તે સમયે બે મોટા હસ્તિઓ એક બીજા સામે આવી દાંતના અગ્રભાગે કરી પરસ્પર હણે તેમ કાનપર્યંત ધનુષ ખેંચી મૂકેલાં બાણેકરી તે બેઉ અન્યોન્યને હણતા હતા. તેટલામાં કર્ણે બાણના સમુદાયથી ભીમસેનને ઢાંકી દેઇ મોટો શબ્દ કરી વળી વક્ષઃસ્થળમાં તેને વિંધ્યો. ભીમસેને દશ બાણેકરી તેને વિંધી વળી નતપર્વવાળાં સીત્તેર બાણથી વિંધ્યો. હે રાજન્! વળી ભીમસેને નવ બાણે કરી કર્ણને સ્તનના મધ્ય ભાગમાં વિંધી તીક્ષ્ણ એવા એક બાણેકરી એના ધ્વજને પણ વિંધી અંકુશે કરી જેમ મોટા હસ્તિને વિંધે અને ચાબુકે કરી જેમ અશ્વને મારે તેમ બીજાં ત્રેસઠ બાણથી તેને ઝપાટયો. હે મહારાજ! યશસ્વી એવા પાંડુપુત્ર ભીમસેને અત્યંત વિંધેલા ક્રોધથી લાલ નેત્રવાળા, શૂરવીર તેણે બે ગલોહાં ચાટી સર્વ કાયાને અવદારણ કરે એવું બાણ ઇન્દ્ર જેમ બળ નામના દૈત્ય ઉપર વજ્ર નાંખે તેમ ભીમસેન ઉપર નાંખ્યું. સંગ્રામમાં સૂતપુત્ર કર્ણના ધનુષમાંથી નીકળેલું વિચિત્ર પ્રકારના પુંખવાળું તે બાણ ભીમસેનને ભેદી પૃથ્વીને વિદારણ કરતું તેમાં ગયું, તેથી ક્રોધેકરી લાલ છે નેત્ર જેનાં એવા મહાબાહુ ભીમસેને ચાર હાથની મોટી, સુવર્ણથી શોભિતી, છ ખુણાવાળી, વજ્ર સરખી પોતાની ગદા વિચાર ન કરતાં એકદમ સૂતપુત્ર કર્ણ ઉપર નાંખી. તે ગદાએ કરી ભરતકુળમાં ઉત્પન્ન થયેલા સંકુલ એવા તેણે ઇન્દ્ર

જેમ વજ્રેકરી આસુરોને હણે તેમ અધિરથ પુત્ર કર્ણના તેના રથને વહન કરનાર મોટા અશ્વને હણી ક્ષુરપ્ર નામનાં બે બાણેકરી એના ધ્વજને કાપી બીજાં બાણોએકરી એના સારથિને પણ હણ્યો. હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવા પડી ગયેલા ધ્વજવાળા તે રથનો ત્યાગ કરી હે ભારત ! ખેદયુક્ત છે મન જેનું એવો કર્ણ ધનુષ સજ્જ કરી સામે ઉભો રહ્યો. તે સ્થાનકે રાધાપુત્ર કર્ણનું આશ્ચર્યરૂપ પરાક્રમ અમે જોયું તે એ જે વિરથ એવા રથિમાં શ્રેષ્ઠ તેણે શત્રુને વારી રાખ્યો. સંગ્રામના મધ્યમાં વિરથ એવા મનુષ્યમાં શ્રેષ્ઠ કર્ણને જોઇ દુર્યોધને દુર્મુખને કહ્યું કે, હે દુર્મુખ ! આ રાધાપુત્ર કર્ણને ભીમસેને વિરથ કર્યો, વાસ્તે નરશ્રેષ્ઠ એવા તે મહારથિને ઝટ રથ આણી આપ હે ભારત ! એવાં દુર્યોધનનાં વચન સાંભળી દુર્મુખ, બાણેકરી ભીમસેનને વારતો તત્કાળ કર્ણની પાસે ગયો. સંગ્રામમાં સૂતપુત્રની પાછળ ગયેલા દુર્મુખને જોઇ વાયુપુત્ર ભીમસેને પ્રસન્ન થઇ બે ગલોફાં ચાટી કર્ણને વારી રાખી પોતાનો રથ જલદી દુર્મુખ સામે ચલાવ્યો. તે જ વખતે હે મહારાજ ! સુંદર મુખવાળાં, નતપર્વવાળાં નવ બાણેકરી દુર્મુખને યમલોક પ્રત્યે મોકલી દીધો. ત્યારપછી તે જ રથપ્રત્યે બેઠેલો અધિરથ પુત્ર કર્ણ દેદીપ્યમાન સૂર્ય સરખો શોભતો હતો. પછી સૂર્યપુત્ર કર્ણ રણભૂમિમાં સૂતેલા, ભેદાયાં છે મર્મસ્થાન જેનાં, રૂધિરે કરી વ્યાપ્ત એવા દુર્મુખને જોઇ અશ્રુએ કરી પૂર્ણ છે નેત્ર જેનાં એવો તે બે ઘડી મોહાવિષ્ટ થઇ પ્રાણરહિત થઇ પડેલા તેને અતિક્રમણ સાથે પ્રદક્ષિણા કરી મોટો નિઃશ્વાસ મૂકી તે સમયે કંઇ પણ કર્તવ્યને જાણતો ન હતો. હે રાજન્ ! એ છીદ્ર જોઇ ભીમસેને ગૃધ્રનાં પીંછ બાંધેલાં નારાચ નામનાં ચૌદ બાણ કર્ણ ઉપર નાંખ્યાં. સુવર્ણનાં પુંખવાળાં બાણ મોટા પરાક્રમવાળા કર્ણના સુવર્ણથી વિચિત્ર પ્રકારનાં કવચને ભેદી હે મનુષ્યેંદ્ર ! ક્રોધાયમાન કાળે પ્રેરેલા સર્પની પેઠે રક્તભોજન કરનાર એવાં સૂતપુત્રના રૂધિરનું પાન કરી પૃથ્વી વિષે જતાં તે દશે દિશાઓમાં શોભતાં હતાં. ભીમસેનને રાધાપુત્ર કર્ણે સુવર્ણથી શોભિતાં અતિ ઉગ્ર એવાં નારાચ નામનાં ચૌદ બાણેકરી વિચાર ન કરતાં વિંધ્યો. કર્ણનાં નાંખેલાં ભયંકર તે બાણ ભીમસેનના ડાબા હાથને ભેદી ક્રૌંચપર્વત પ્રત્યે જેમ પક્ષિઓ પ્રવેશ કરે તેમ પૃથ્વી પ્રત્યે પ્રવેશ કરતાં, તે સૂર્ય અસ્ત થવા સમયે જેવાં તેનાં કિરણો શોભે તેમ શોભતાં હતાં. કર્ણે મર્મ ભેદનાર નારાચ નામના બાણેકરી ભેદેલો ભીમસેન પર્વત જેમ જળને સ્રવે તેમ રૂધિરને સ્રવતો હતો. ભીમસેને પણ ગરૂડ સરખા વેગવાળાં ત્રણ બાણેકરી સૂતપુત્રને વિંધી બીજાં સાતેકરી એના સારથિને પણ વિંધ્યો. હે મહારાજ ! ભીમના બાણેકરી હણાયલો વિહ્વળ એવો કર્ણ મહા ભયથી સંગ્રામનો ત્યાગ કરી વેગવાન, અશ્વેકરી ભાગવા લાગ્યો. અતિરથિ એવો ભીમસેન તો સુવર્ણથી શોભિતું ધનુષ ખેંચી પ્રજ્વલિત અગ્નિની પેઠે સંગ્રામમાં ઉભો રહ્યો.

प्राद्रवज्जवनैरश्वै रणंहित्वा महाभयात् ॥
भीमसेनस्तु विस्फार्यचापं हेमपरिष्कृतं ।
आहवेतिरथो तिष्ठज्ज्वलन्निव हुताशनः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमकर्णोपयाने दुर्मुखवधोनाम चतुर्स्त्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३४ ॥

અધ્યાય ૧૩૫ મો. દુર્મુખાદિનો વધ.

धृतराष्ट्र उवाच—दैवमेव परंमन्ये धिक्पौरुषमनर्थकं ।
यत्राधिरथिरायत्तो नातरत्पांडवं रणे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! જે માટે સાવધાન થયેલો કર્ણ સંગ્રામમાં પાંડુપુત્ર ભીમસેનને તરી ગયો નહિ વાસ્તે પૌરૂષ અનર્થક છે અને દૈવનેજ હું શ્રેષ્ઠ માનું છું. કર્ણ સંગ્રામમાં ગોવિંદ સહિત પાંડવોને જીતવાનો ઉત્સાહ રાખે છે અને હું પણ લોકમાં કર્ણ સમાન કોઇ પણ યોદ્ધાને જોતો નથી એમ વારંવાર દુર્યોધન કહેતો હતો તેથી મેં સાંભળ્યું હતું. તેમ હે સૂત ! પૂર્વે દુર્યોધને આ રીતે પણ મને કહ્યું હતું કે કર્ણ બળવાન, શૂરવીર, દૃઢ ધનુષવાળો ખેદરહિત છે માટે તેની સહાયતાવાળા મને સંગ્રામમાં દેવતાઓ પણ જીતી શકે નહિ. ત્યારે સત્વરહિત ખેદયુક્ત મનવાળા પાંડુપુત્ર તો કોણ માત્ર ? એમ મને વારંવાર કર્ણ વિષે કહ્યું હતું. કર્ણને નિર્વિષ સર્પની પેઠે પરાજય પામેલો તથા સંગ્રામમાંથી પલાયન કરેલો જોઇ દુર્યોધન શું કહેશે ? વળી મોહ પામેલા જેણે યુદ્ધમાં અવિશારદ એવા એકલા દુર્મુખને પતંગિયાની પેઠે અગ્નિમાં પ્રવેશ કરાવ્યો, પણ હે સંજય ! અશ્વત્થામા, મદ્રરાજ, કૃપાચાર્ય તથા કર્ણ એટલા એકઠા મળે તોપણ જરૂર ભીમસેન સામે ઉભા રહેવા સમર્થ થાય નહિ; તેમ મહા ઘોર એવા દશ હજાર હસ્તિની જેને ઉપમા અપાય એવા એના બળને તથા વાયુ સરખા તેજવાળા તેના ક્રૂર વ્યવસાયને જાણતા એવા તેઓ પણ કાળની જેને ઉપમા અપાય એવા ક્રૂર કર્મવાળા તેને શું કરવા કોપાવશે. એક મહાબાહુ કર્ણે પોતાના બાહુબળે કરી ગર્વિષ્ઠ એવા ભીમસેનનો અનાદર કરી તેની સાથે યુદ્ધ કર્યું, જેણે તે કર્ણને ઇન્દ્ર જેમ અસુરોને જીતે તેમ સંગ્રામમાં જીતી લીધો. પાંડુપુત્ર એવા ભીમસેનને કોઇપણ જીતવા સમર્થ છેજ નહિ. જે એકલો ભીમસેન ધનંજયને ખોળવા વાસ્તે દ્રોણને મંથન કરી મારી સેનાપ્રત્યે પેઠો તેને જીવવાને ઇચ્છનો કોણ સામે થાય ? હે સંજય ! હાથમાં ઉગામેલું છે વજ્ર જેણે એવા મહેન્દ્રની આગળ જેમ દાનવ ઉભા રહેવાનો ઉત્સાહ ન કરે તેમ ભીમસેન આગળ ઉભા રહેવાનો કોણ ઉત્સાહ કરે ? કદિ પ્રેતરાજના નગરમા જઇ મનુષ્ય પાછો આવે પણ સંગ્રામમાં ભીમસેનને પ્રાપ્ત થઇ પાછો આવે નહિ સક્રુદ્ધ થએલા ભીમસેન પ્રત્યે મોહાવિષ્ટ થઇ જે દોડે છે તે અલ્પ ચિત્તવાળા પતગ નામના જંતુ જેમ અગ્નિમાં પ્રવેશ કરે તેમ અગ્નિમાં પ્રવેશ કરે છે. તે દહાડે સભામાં કૌરવો સાંભળતાં મારા પુત્રોના વધ સંબંધી ભીમસેને તે ગર્વિષ્ઠોની આગળ ભાષણ કર્યું હતું, જરૂર તેને યાદ કરી પરાજય પામેલા કર્ણને જોઇ ભાઇ સહિત દુઃશાસન ભીમના ભયથી વિરામ પામશે.

હે સંજય ! દુર્બુદ્ધિવાળા દુર્યોધને સભામા વારવાર કહ્યું હતુ કે કર્ણ દુઃશાસન તથા હું યુદ્ધમાં પાંડવોને જીતીશું. દુર્યોધન ભીમસેને વિરથ કરેલા પરાજય પામેલા કર્ણને જોઇ શ્રીકૃષ્ણનાં સલાહનાં વચનનો અનાદર કરનાર મારો પુત્ર અત્યંત સંતપ્ત થશે. તેમજ સંગ્રામમાં ભીમસેને હણેલા કવચ યુક્ત પોતાના ભાઇઓને જોઇ મારો પુત્ર દુર્યોધન પોતે અપરાધી હોવાથી જરૂર અત્યંત સંતપ્ત થશે. ભયંકર આયુધવાળા ક્રોધ પામેલા સાક્ષાત્ કાળની પેઠે ઉભેલા શત્રુ એવા પાંડુપુત્ર ભીમસેન સામે પોતાના જીવિતને ઇચ્છતો કયો પુરૂષ જાય ? વડવામુખના મુખમાં રહેલો કદી મુકાય પણ ભીમસેનના મુખમાં પ્રાપ્ત થયેલો મુકાય નહિ,

એવી મારી મતિ છે. પાંડવ, પાંચાલ, કેશવ ભગવાન તથા સાત્યકિ એમણે સંગ્રામ કરેલો, તે આ કુળમાં જીવિતનું રક્ષણ કરવું જાણતા નથી. અને હે સૂત ! મારા પુત્રોનું જીવિત તો નાશ પામેલુંજ છે. સંજય કહે છે—હે કૌરવ્ય ! તમે જે સમયે મહા ભય પ્રાપ્ત થયો તે સંબંધી શોક કરો છો, તે તમેજ આ જગતના નાશનું મૂળ છો એમાં સંશય નથી. પોતેજ પુત્રોનાં વચન માની મોટું વૈર કરી નજીક મરણ આવેલો જેમ સારા પથ્ય ઔષધને ગ્રહણ કરે નહિ, તેમ મિત્ર આપ્ત વચન કહે તો તમો ગ્રહણ કરતા ન હતા. હે મહારાજ ! હે નરોત્તમ ! પોતેજ અત્યંત દુર્જર એવું કાળકૂટ વિષપાન કર્યું માટે આજ હવે તેના ફળને પ્રાપ્ત થાઓ. તે કુત્સિત સમયે યુદ્ધ કરતા મહા બળવાન યોદ્ધાઓ તમને કહું તથા જે રીતે યુદ્ધ પ્રવર્તમાન થયું તે પણ કહું તે સાંભળો. હે ભારત ! ભીમસેને પરાજય પમાડેલા કર્ણને જોઈ મોટા ધનુષવાળા સોદર્ય એવા દુર્મર્ષણ, દુઃસહ, દુર્મદ, દુર્ધર, તથા જય એ પાંચ ભાઈઓ જે તમારા પુત્ર છે તે સહન કરી શકયા નહિ; તેથી વિચિત્ર પ્રકારનાં કવચ પહેરેલા તેઓએ શત્રુ એવા ભીમસેન સામે દોડી ચોતરફથી મહાબાહુ એવા તેને ઘેરી લીધો. તીડ નામના જંતુના સમુદાયે કરી દિશાઓ જેમ ઢંકાઇ જાય તેમ બાણેકરી દિશાઓને ઢાંકી દેઇ સામે આવતા તે દેવ સરખા કુમારોને ભીમસેને હસતો હોય નહિ *તેની પેઠે તત્કાળ ગ્રહણ કર્યા. ભીમસેન સમીપ ગયેલા તમારા પુત્રોને જોઇ રાધાપુત્ર કર્ણ શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, સુવર્ણનાં પુંખવાળાં, તીક્ષ્ણ એવાં બાણ નાંખતો મહા બળવાન ભીમસેન સામે આવ્યો તમારા પુત્રોએ વારણ કરેલો ભીમસેન પણ જલદી તેની સામે ગયો, તેટલામાં કૌરવો ચોતરફથી કર્ણને વિંટી સન્નત છે પર્વ જેમનાં એવાં બાણ ભીમસેન ઉપર નાખવા લાગ્યા. હે રાજન્ ! તેટલામાં ભીમસેને પચ્ચીસ બાણેકરી અશ્વ તથા સારથિ સહિત ભયંકર ધનુષવાળા તે પુરૂષ શ્રેષ્ઠને યમલોક પ્રત્યે મોકલી દીધા. તેઓ સમયે પ્રાણરહિત તે, વિચિત્ર પ્રકારનાં પુષ્પ ધરનાર વાયુએ ભાગેલાં મોટાં વૃક્ષ જેમ પડે તેમ સારથિ સહિત રથ ઉપરથી નીચે પડયા. તે વખતે ભીમસેનનું અદ્ભુત એવું પરાક્રમ અમે જોયું. બાણેકરી અધિરથપુત્રને વારી રાખતાં તમારા પુત્રોને તેણે હણ્યા. હે મહારાજ ! ભીમસેને તીક્ષ્ણ બાણેકરી ચોતરફથી વારણ કરેલો સૂતપુત્ર કર્ણ ભીમસેન સામે જોતો હતો. તેમજ ક્રોધથી રકત છે નેત્ર જેનાં એવો ભીમસેન પણ મોટું ધનુષ સજ્જ કરી કર્ણ સામે જોતો હતો.

तं भीमसेनः संरंभात्क्रोधसंरक्त लोचनः ।
विस्फार्य सुमहच्चापं मुहुःकर्णमवैक्षत ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमसेनपराक्रमे दुर्मर्षणादिवधे पंचत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३५ ॥

અધ્યાય ૧૩૬ મો. ભીમનાં પરાક્રમો.

संजय उवाच—तवात्मजांस्तुपतितान् दृष्ट्वा कर्णः प्रतापवान् ।
क्रोधेन महताविष्टो निर्विण्णो भूत्सजीवितात् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે પડેલા તમારા પુત્રોને જોઇ મોટા ક્રોધથી

[illegible] અને પ્રજ્વલિત અગ્નિ સમાન . અતિરથ પુત્ર કર્ણ, જીવિત વિષે પણ નિરપેક્ષ થઇ પોતાની [illegible] પુત્રોને હણ્યા તેથી કર્યો છે અપરાધ જેણે એવો પોતાના [illegible] [illegible]; એટલામાં ક્રોધાયમાન થયેલા સંભ્રાંત એવા ભીમસેને પૂર્વનું વેર [illegible] તીક્ષ્ણ એવાં બાણ કર્ણ ઉપર નાંખ્યાં. રાધાપુત્ર કર્ણે પણ હસતો હોય નહિ તેમ [illegible] શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, સુવર્ણનાં પુંખવાળાં પાંચ બાણેકરી ભીમસેનને વિંધી વળી [illegible] શિલાથી વિંધ્યો. કર્ણે નાંખેલાં તે બાણને ન ગણકારતાં ભીમસેને નતપર્વવાળાં સો બાણેકરી રાધાપુત્રને વિંધી વળી બીજાં પાંચ બાણેકરી મર્મસ્થાનમાં વિંધી હે મારિષ ! બીજા [illegible] નામના બાણેકરી સૂતપુત્ર કર્ણનું ધનુષ કાપી નાંખ્યું. હે ભારત ! તે વખતે ખેદયુક્ત [illegible]-વાળા શત્રુને તપાવનાર કર્ણે બીજું ધનુષ ગ્રહણ કરી અનેક બાણવડે ભીમસેનને ઢાંકી દીધો, ભીમસેને તેના અશ્વ તથા સારથિને હણી મોટું હાસ્ય કરી બાણેકરી એનું ધનુષ [illegible] કાપી નાંખ્યું. હે મહારાજ ! સુવર્ણના પૃષ્ઠભાગવાળું મોટા શબ્દ યુક્ત તે નીચે પડી ગયું. તે સમયે મહારથિ કર્ણે રથમાંથી નીચે ઉતરી ગદા ગ્રહણકરી ક્રોધેકરી ભીમસેન ઉપર નાંખી. આવતી તે મોટી ગદાને જોઇ ભીમસેને સર્વ સૈન્ય જોતાં બાણેકરી તેને વારી રાખી પરાક્રમી પાંડુપુત્રે ઉતાવળથી સૂતપુત્રના વધની ઇચ્છાથી તેની ઉપર હજારો બાણ નાંખ્યાં. કર્ણે પણ તે મહા સંગ્રામમાં બાણેકરી તેના બાણને વારી રાખી બીજાં બાણોએકરી ભીમ-સેનનું કવચ ભેદી સર્વ સૈન્યં જોતાં નારાચ નામનાં પચ્ચીસ બાણ તેની ઉપર નાંખ્યાં. સંક્રુદ્ધ થયેલા મહાબાહુ ભીમસેને પણ નતપર્વવાળાં નવ બાણ સૂતપુત્ર ઉપર નાંખ્યાં. ભીમ-સેને નાંખેલાં તીક્ષ્ણ એવાં તે બાણ તેનું કવચ તથા દક્ષિણ બાહુને ભેદી સર્પ જેમ રાફડા પ્રત્યે જાય તેમ ધરણી પ્રત્યે ગયાં. એ રીતે ભીમસેનના ધનુષમાંથી નીકળેલા બાણના સમૂહે-કરી ઢંકાઇ ગયેલો કર્ણ વળી ભીમસેનથી વિમુખ થયો. કુંતિપુત્રના બાણથી ઢંકાઇ ગયેલા, વિમુખ થયેલા, પાયદળ એવા તે સૂતનંદનને જોઇ દુર્યોધને પોતાના ભાઇઓને કહ્યું કે સાવ-ધાન થઇ જલદી કર્ણના રથ પ્રત્યે જાઓ. એવાં આશ્ચર્યરૂપ ભાઇનાં વચન સાંભળી વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર ચિત્રોપચિત્ર, ચિત્રાક્ષ, ચારૂચિત્ર, શરાસન, ચિત્રાયુધ, તથા ચિત્રવર્મા એટલા તમારા પુત્ર યુદ્ધમાં પાંડુપુત્ર ભીમસેન ઉપર બાણ નાંખતાં તેની સામે ગયા. આવતા તેમને જોઇ મહારથિ ભીમસેને તત્કાળ એક એક બાણેકરી સંગ્રામમાં તમારા પુત્રોને પાડ્યા. ભીમસેને હણેલા તે, વાયુએ ભાગેલા વૃક્ષોની પેઠે પૃથ્વી ઉપર પડતા હતા. હે રાજન્ ! મહારથિ એવા હણાએલા તમારા પુત્રોને જોઇ અશ્રુએકરી પૂર્ણ છે મુખ જેનું એવા કર્ણે વિદુરનાં વચન યાદ કર્યાં. પછી પરાક્રમી કર્ણ ઉતાવળથી વિધિપુરઃસર કલ્પેલા બીજા રથમાં બેસી યુદ્ધમાં પાંડુપુત્ર ભીમસેન સામે આવ્યો. તે સમયે તે બેઉ જણ શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં, સુવર્ણના પુંખવાળાં, બાણેકરી એક બીજાને અન્યોન્ય ભેદી સૂર્યકિરણોએ પ્રકાશિત બે મેઘ શોભે તેવા શોભતા હતા. તેટલામાં ક્રોધાયમાન થયેલા પાંડુપુત્ર ભીમસેને તીક્ષ્ણ [illegible] નામનાં છત્રીસ બાણેકરી સૂતપુત્ર કર્ણનું કવચ ભેદ્યું. હે ભરતર્ષભ ! મહાબાહુ સૂતપુત્ર કર્ણે પણ નતપર્વવાળાં પચાસ બાણેકરી કુંતિપુત્ર ભીમસેનને વિંધ્યો. તે સમયે બાણોએ કરી છે [illegible] [illegible], તે બન્ને રક્તચંદને કરી લીંપાઇ ગયેલા હોય નહિ એવા રૂધિરેકરી વ્યાપ્ત તે બેઉ ઉદય પામેલા સૂર્ય ચંદ્ર [illegible] શોભતા હતા. તેમ બાણથી [illegible] [illegible] [illegible], [illegible] તે બેઉ રૂધિરથી વ્યાપ્ત એવાં અંગોકરી [illegible], જે સર્પ [illegible] [illegible] [illegible] [illegible] પરસ્પર દાઢેકરી અન્યોન્યને હણે તેમ યુદ્ધમાં બાણરૂપ શરવીર તે બેઉ [illegible]

પેઠે પરસ્પર ગર્જતા હતા. બે હસ્તિ જેમ દાંતના અગ્રભાગોકરી અન્યોન્ય ભેદે તેમ બાણોથી એક બીજાના શરીરને ભેદતા તે બેઉ અત્યંત શોભતા હતા. પરસ્પર શબ્દ કરતા, ક્રોધથી ધ્રોધ કરતા, રથેકરી નાના પ્રકારના મંડળાકાર કરતા રથિઓમાં ઉત્તમ, ગાય વાસ્તે બળવાન બે ગોધાની પેઠે પરસ્પર શબ્દ કરતા, સિંહની પેઠે પરાક્રમી, મહા બળવાન, પુરુષમાં સિંહરૂપ, પરસ્પર જોતા, ક્રોધથી સંરક્ત નેત્રવાળા. મહા પરાક્રમી તે બેઉ ઇન્દ્ર તથા બલિરાજાની પેઠે પરસ્પર યુદ્ધ કરતા હતા, તેટલામાં મહાબાહુ ભીમસેન બે હાથથી ધનુષને ખેંચી સંગ્રામમાં વિજળી સહિત મેઘ સરખો શોભતો હતો. પછી નેમિના શબ્દરૂપી કડાકાવાળા ધનુષરૂપી વિજળીયુક્ત ભીમસેનરૂપી મહા મેઘે, બાણરૂપી જળેકરી કર્ણરૂપી પર્વતને ઘેરી લીધો. હે ભારત! ત્યાર પછી વળી ભયંકર પરાક્રમવાળા પાંડુપુત્ર ભીમસેને સારી રીતે નાંખેલાં હજાર બાણોકરી કર્ણને ઢાંકી દીધો. તે વખતે તમારા પુત્રોએ ભીમસેનના પરાક્રમને જોયું, તે એ કે, સારાં પુંખવાળાં, ગૃધ્રનાં પીંછ બાંધેલાં બાણોકરી તેણે કર્ણને આચ્છાદાન કરી દીધો. એ રીતે સંગ્રામમાં ભીમસેન, અર્જુન, યશસ્વી, કેશવ ભગવાન, સાત્યકિ તથા બે ચક્ર રક્ષકને આનંદ આપતાં કર્ણ સાથે યુદ્ધ કરતો હતો. હે મહારાજ! ભીમસેનનું પરાક્રમ, તેનું બાહુબળ તથા ધૈર્ય જોઇ તમારા પુત્ર ખેદયુક્ત મનવાળા થયા.

विक्रमं भुजयोर्वीर्यं धैर्यं च विदितात्मनः ।
पुत्रास्तव महाराज दृष्ट्वा विमनसोभवन् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमयुद्धे गुर्जरभाषायां षट्त्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३६ ॥

ooo✻ooo

અધ્યાય ૧૩૭ મો. ભીમનું મહા ભીમ કર્મ.

संजय उवाच—भीमसेनस्य राधेयः श्रुत्वा ज्यातलनिःस्वनं ।
नामृष्यत यथामत्तो गजःप्रति गजस्वनं ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! રાધાપુત્ર કર્ણ ભીમસેનના પ્રત્યંચા તથા તલશબ્દને સાંભળી મદોન્મત્ત હસ્તિ જેમ સામેના હસ્તિનો શબ્દ સાંભળી તે સહન કરી શકે નહિ તેમ સહન કરી શક્યો નહિ; તેથી બે ઘડી સુધી ભીમસેન સમીપથી દૂર જઇ તેણે રણભૂમિમાં પાડેલા તમારા પુત્રોને જોઇ ખેદયુક્ત છે મન જેનું એવો તે વારંવાર ઉષ્ણ એવા મોટા નિઃશ્વાસ મૂકી પાછો પંડુપુત્ર ભીમસેન સામે આવ્યો. તામ્ર સરખાં નેત્રવાળો, ક્રોધથી મોટા સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતો, સૂર્ય જેમ કિરણોનો વિસ્તાર કરે તેમ ભીમસેન ઉપર બાણ નાંખતો કર્ણ શોભતો હતો. હે ભરતર્ષભ! સૂર્યનાં કિરણોએ કરી જેમ પર્વત ઢંકાય તેમ કર્ણના ધનુષમાંથી નીકળેલાં બાણોકરી ભીમસેન ઢંકાઇ ગયો. કર્ણના ધનુષમાંથી નીકળેલાં મયૂરપીંછ બાંધેલાં બાણ પક્ષીઓ જેમ નિવાસ કરવા સારૂ મોટાં વૃક્ષ ઉપર જાય તેમ ચોતરફથી મહા બળવાન ભીમસેન તરફ જતાં હતાં. કર્ણના ધનુષમાંથી નીકળેલાં તે તે ઠેકાણે જતાં સુવર્ણનાં પુંખવાળાં તે બાણ આકાશમાં પંક્તિરૂપે ઉડતા હંસ જેવા

શોભે તેવાં શોભતાં હતાં. હે રાજન્! અધિરથ પુત્ર કર્ણનાં બાણ તેની શોભતાંની લીધે ધનુષ, ધ્વજ, ઉપસ્કર, છત્ર, રથ, દંડ તથા ધુંસરી ઉપર ત્વરાથી પડતાં દેખાતાં હતાં. તેમ અધિરથ પુત્ર કર્ણ મોટા વેગથી આકાશને પુરી દેતાં, ગૃધ્રનાં પીંછ બાંધેલાં, સુવર્ણથી શોભિતાં બાણ નાંખતો હતો. એ રીતે કર્ણે સામે આવતા કાળ સરખા ભીમસેનને સંગ્રામમાં પ્રાણનો ત્યાગ કરી તીક્ષ્ણ બાણેકરી વિંધ્યો. સંગ્રામમાં તે કર્ણના અસહ્ય એવા વેગને જોઇ પરાક્રમી પાંડુપુત્ર ભીમસેને આવતા તેના મોટા બાણના ઓઘને વારી રાખ્યો. પછી પાંડુપુત્ર ભીમસેને અધિરથિની શરજાળને વિધી શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં બીજાં વીસ બાણેકરી કર્ણને પણ વિંધ્યો. હે ધૃતરાષ્ટ્ર! જે રીતે પૂર્વે કર્ણે બાણેકરી ભીમસેનને ઢાંકી દીધો હતો તે જ રીતે સંગ્રામમાં પાંડુપુત્ર ભીમસેને કર્ણને બાણોએકરી ઢાંકી દીધો. હે ભારત! યુદ્ધમાં ભીમસેનના પરાક્રમને જોઇને તમારા યોદ્ધાઓ અને ચારણો હર્ષ પામ્યા. ભૂરિશ્રવા, કૃપાચાર્ય, દ્રોણનો પુત્ર અશ્વત્થામા, મદ્રરાજ, જયદ્રથ, ઉત્તમૌજા, યુધામન્યુ, સાત્યકિ, શ્રીકૃષ્ણ ને અર્જુન એ કુરુકુળમાં શ્રેષ્ઠ એવા દશ મહારથિઓ હે રાજન્! 'સારૂં સારૂં' એ રીતે કહીને વેગેકરી સિંહનાદ કરવા લાગ્યા, તે રૂંવાં ઉભાં કરે એવો રણસંકુલ શબ્દ થયો ત્યારે હે રાજન્! તમારો પુત્ર દુર્યોધન ઉતાવળો થઇને પુત્ર સહિત એવા રાજાઓને અને વિશેષે કરીને સહોદર ભાઇઓને કહેવા લાગ્યો કે, તમારૂં કલ્યાણ થાઓ; અને ભીમસેન થકી કર્ણની રક્ષા કરવા માટે જાઓ; કેમકે પાસે ઉભેલા ભીમના ધનુષમાંથી નીકળેલાં બાણ રાધાપુત્ર કર્ણને વાગે છે માટે સુતપુત્ર કર્ણની રક્ષા કરવામાં જેઓનાં મોટાં ધનુષ છે એવા તમે યત્ન કરો. હે ભારત! દુર્યોધને આજ્ઞા કરેલા એવા સાત સહોદર ભાઇઓ ભીમસેન સમીપ જઇ ક્રોધાયમાન થઇ તેને વિંટી વળ્યા. અને જેમ વર્ષાઋતુમાં મેઘ જળની ધારાઓ વડે પર્વતને ઢાંકી દે તેમ બાણની વૃષ્ટિઓવડે કુંતિપુત્ર ભીમસેનને ઢાંકી દીધો. હે રાજન્! જેમ સાત ગ્રહો ચંદ્રને નડે તેમ સાત મહારથિઓ ક્રોધાયમાન થઇ પ્રજા સંહાર કરવામાં ભીમસેનને પીડા કરવા લાગ્યા. ત્યાર પછી હે રાજન્! કુંતિપુત્ર ભીમસેને દૃઢ મુઠી-વડે શોભિતા ધનુષને દબાવી શત્રુઓ સામે સૂર્ય કિરણો સરખાં પ્રકાશિત સાત બાણ સાંધી હે મહારાજ! પૂર્વે કરેલાં વેરને સંભારતો અને તમારા પુત્રના પ્રાણનો દેહથી નાશ કરનાર હોય નહિ જાણે એવા સમર્થ ભીમસેને તે યોદ્ધાઓ પ્રત્યે ફેક્યાં. હે ભારત! ભીમસેને નાંખેલાં સુવર્ણનાં અગ્રભાગવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં બાણો ભરતખંડમાં ઉત્પન્ન થયેલા તે યોદ્ધાઓને વિંધી આકાશ પ્રત્યે ગયાં. તે યોદ્ધાઓના હૃદયને ભેદી આકાશ પ્રત્યે ગયેલાં સુવર્ણથી શોભિતાં એવાં તે બાણ, હે મહારાજ! જેમ આકાશમાં ફરનારા ગરૂડ પક્ષિઓ શોભે તેમ શોભતા હતાં. હે રાજેંદ્ર! લોહીથી રંગાએલા જેના અગ્રભાગ છે એવાં સુવર્ણવડે શોભિતાં સાત બાણ તમારા પુત્રના રૂધિરનું પાન કરી આકાશ માર્ગે ગયાં. તેમજ બાણોએકરી જેનાં મર્મસ્થાન ભેદાયાં છે એવા તે યોદ્ધાઓ જેમ પર્વતનાં શિખર ઉપર ઉગેલાં મોટાં વૃક્ષ હસ્તિએ ભાગેલાં પૃથ્વી વિષે પડે તેમ રથોમાંથી પડતા હતા. શત્રુંજય, શત્રુસહ, ચિત્ર, ચિત્રાયુધ, દૃઢ, ચિત્રસેન, ને વિકર્ણ એ સાતને ભીમસેને નાશ કર્યા. તે સમયે હણેલા તમારા સર્વ પુત્રો મધ્યે પોતાને પ્રિય એવો જે વિકર્ણ તે પ્રત્યે પાંડુપુત્ર ભીમસેન આવી રીતે અત્યંત શોક કરે છે કે હે વિકર્ણ! સંગ્રામમાં મેં મારવાને પ્રતિજ્ઞા કરી હતી તેથી ખડ્ગવડે તને માર્યો અને પ્રતિજ્ઞા સાચવી. હે વીર! ક્ષાત્રધર્મને સંભારી તું યુદ્ધમાં ન જા, એમ કહ્યું તોપણ તું આવ્યો તેથી યુદ્ધમાં મેં તને માર્યો. કારણ કે યુદ્ધ ધર્મ કઠિન છે

ને તેમાં પણ રાજાને વિશેષેકરીને કઠિણ છે, તેમ જો કે આપણા હિતમાં પ્રીતિવાળા દેવતાના ગુરૂ બૃહસ્પતિની સમાન અગાધ બુદ્ધિવાળા તેજસ્વી ગંગાના પુત્ર એવા ભીષ્મ ન્યાયથી વા અન્યાયથી હણેલા પૃથ્વી પર સુતા છે; ને રણમાં પ્રાણરહિત થયા છે માટે યુદ્ધ છે એ ઘણું નિષ્ઠુર કર્મ છે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! મહાબાહુ પાંડુપુત્ર ભીમસેને રાધાના પુત્ર કર્ણના દેખતાં તે યોદ્ધાઓને મારી ભયંકર સિંહનાદ સરખો શબ્દ કર્યો. હે ભારત ! શૂરા ભીમસેનનો તે શબ્દ, ધર્મરાજ યુધિષ્ઠિરના જયને અને મોટા તે યુદ્ધને ગજવતો હોય નહિ જાણે તેવો લાગ્યો. તે વખતે ધનુર્ધારી ભીમસેનનો તે મહા નાદ સાંભળી બુદ્ધિમાન ધર્મરાજને પરમ પ્રીતિ ઉત્પન્ન થઇ. ત્યાર પછી હે રાજન્ ! પ્રસન્ન મનવાળા પાંડુના પુત્ર યુધિષ્ઠિરે ભાઇ ભીમસેનના સિંહનાદ સરખા શબ્દને વાદિત્રના મોટા શબ્દોએ કરી વધાવ્યો અને મહા હર્ષથી યુક્ત એવા ભીમસેન વિષે જેણે સંજ્ઞા કરેલ છે એવા સર્વ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા તે સંગ્રામમાં દ્રોણની સમીપ ગયા. હે મહારાજ ! તમારા એકત્રીસ પુત્રોને રણમાં પાડેલા અને હણેલા જોઇને દુર્યોધન, વિદુરે કહેલાં વચનને સંભારવા લાગ્યો કે, જે વિદુરનું કલ્યાણરૂપ વચન હતું તે આજ પ્રાપ્ત થયું. એ રીતે વિચારી તમારો પુત્ર કંઇ પણ ઉત્તર દેવા સમર્થ થયો નહી. દુષ્ટબુદ્ધિવાળો કર્ણ સહિત તમારો પુત્ર દ્યૂત રમવાના વખતમાં દ્રૌપદીને સભામાં લેઇ આવી જે બોલ્યો હતો તે થોડી બુદ્ધિવાળો કર્ણ સભામાં દ્રૌપદી પ્રત્યે પાંડવોની સમીપ હે રાજાઓમાં શ્રેષ્ઠ વિશાંપતે ! તમારા અને કૌરવોના સાંભળતાં—હે દ્રૌપદી ! પાંડવો, જેમાંથી ન નીકળાય એવા નરકમાં ગયા માટે બીજા પતિને વર—એ રીતે બોલ્યો હતો તેનુ આ ફળ મળ્યું. અને પાંડવોને કોપાયમાન કરવાને ઇચ્છતા તમારા પુત્રોએ મહાત્મા પાંડવોને પંઢતીલ આદિ જે કડણ વચનો સંભળાવ્યાં હતાં તે સંબંધી તેર વર્ષ રહેલા ક્રોધરૂપ અગ્નિને ઢાંકતો એવો પાંડુપુત્ર ભીમસેન તમારા પુત્રની સમીપ ગયો. હે ભરતશ્રેષ્ઠ ! બહુ વિલાપ કરતા એવા વિદુર તમારે વિષે જે શાંતિને પામ્યા ન હતા, પુત્ર સહિત તેના ફળોદયને ભોગવો. વૃદ્ધ, ધીર અને કાર્યના તત્વાર્થને જોનાર એવા તમો તેણે સુહૃદોનું કહ્યું ન કર્યું તેમાં ભાગ્યજ પરમ આશ્રય કરવા યોગ્ય છે. હે નરશ્રેષ્ઠ માટે હવે શોક ન કરો. કેમકે તમારોજ મોટો અન્યાય છે અને તમેજ મારા મત પ્રમાણે તો પુત્રોના નાશના કારણ છો. હે રાજેન્દ્ર ! વિકર્ણ અને પરાક્રમી એવો ચિત્રસેન હણાયો અને શ્રેષ્ઠ એવા તમારા પુત્રોના પુત્રો અને બીજા મહારથિઓ તથા ઘણાક યોદ્ધાઓ હે મહારાજ ! તમારા પુત્રો વગેરે ભીમસેનની દષ્ટિએ આવ્યા તે સર્વને ભીમસેને જલદી મારી નાંખ્યા. તમારે લીધે હજારોવાર પાંડુપુત્ર ભીમસેને અને કર્ણે મૂકેલાં બાણોવડે બળતી એવી સેનાને મેં જોઇ.

त्वत्कृतेह्यहमद्राक्षं दह्यमानां वरूथिनीं ।
सहस्रशः शरैः मुक्तैः पांडवेन वृषेण च ॥

इति श्री महाभारते द्रोणपर्वाणि जयद्रथवधपर्वाणि भीमयुद्धे गुर्जरभाषायां सप्तत्रिंशदधिकशततमोऽध्यायः ॥ ११७ ॥

તમારો ક્ષય થશે. હે તાત ! તમો વૃદ્ધ છો, તેથી તમારે પુત્રોને શિક્ષા કરવી જોઇએ, અને હું પણ તમારો હિતેચ્છુ, તમારા હિતની વાત કહું છું, એમ જાણો. હે ભરતર્ષભ ! કલ્યાણ ઇચ્છનાર પુરૂષે જાતિભા સાથે કદી પણ કલહ કરવો નહીં. જાતિભાઇઓએ એકઠા મળીને સુખ ભોગવવાં, એકઠા મળી જમવું, પરસ્પર વાતો કરવી, તથા પરસ્પર પ્રીતિ રાખવી, પણ કદી પરસ્પર કલહ કરવો નહીં. હે રાજેંદ્ર ! જાતીભાઓ અનુકૂળ થાય તો તારે, ને પ્રતિકૂળ થાય તો ડુબાડે, વાસ્તે તમે પાંડવો અનુકૂળ થાય તેવી રીતે તેમની સાથે સારી રીતે વર્તો, એટલે તેઓથી વિંટાયલા તમોને શત્રુ પણ પરાભવ કરી ન શકે. વિષ યુક્ત બાણ જેના હાથમાં છે એવા પારધિને પ્રાપ્ત થઇ મૃગ જેમ ખેદ પામે છે, તેમ શ્રીમંત જાતિભાને જોઇ ગરીબ જાતિભો ખેદ પામે, એટલે જો શ્રીમંત તેનું દુઃખ ન ટાળે તો, મૃગ મારવાથી થયેલા પાપને જેમ પારાધિ પામે, તેમ ગરીબ જાતિભાના ખેદજન્ય પાપને શ્રીમંત જાતિભા પામે છે. હે નરશ્રેષ્ઠ ! યુદ્ધ વિષે પાંડવો વા તમારા પુત્રો હણાશે, તે સાંભળી તમોને પશ્ચાત્તાપ થશે, વાસ્તે પ્રથમથી વિચાર કરો. ડહાપણવાળા માણસે, જીવિત અલ્પમાન છે એમ જાણી, જે કામ કરવાથી ઘરમાં ખાટલા પર બેસી સંતાપ રાખવો પડે, તે કામ પ્રથમથીજ કરવું નહીં, નીતિશાસ્ત્રના રચનારા શુક્રાચાર્ય વિના બધા પુરૂષ અન્યાય કરે છે, પણ નીતિશાસ્ત્ર જાણ્યા પછી બુદ્ધિમાન પુરૂષોએ અવશિષ્ટ રહેલો વખત નીતિથી નિર્ગમન કરવો. તેમજ હે નરેશ્વર ! તમારા પુત્ર દુર્યોધને પૂર્વે જે પાંડવો તરફ પાપ કર્યું છે, તે પાપ તમો કુળમાં વૃદ્ધ છો, વાસ્તે તમારે ટાળી નાંખવું જોઇએ. હે નરશ્રેષ્ઠ ! પાંડવોને સ્થાનક ઉપર બેસાડશો તો નિષ્પાપ થઇ લોક વિષે બુદ્ધિમાન પુરૂષોને પૂજા કરવા લાયક થશો. જે પુરૂષ ધીર પુરૂષોનાં વચન સાંભળી " આમાંથી કેવું ફળ થશે " તેનો વિચાર કરી, કાર્ય કરવાનો નિશ્ચય કરે છે, તે પુરૂષની ઘણા વખત સુધી ઉત્તમ કીર્તિ રહે છે. અત્યંત કુશળ પુરૂષોએ કહેલા જ્ઞાનને જે સમજે નહીં અથવા સમજી તે પ્રમાણે ચાલે નહીં તેને કહેલું ફોકટ છે. જે પુરૂષ આ કામમાંથી પાપરૂપ ફળનો ઉદય થશે, એમ જાણી કામનો આરંભ નથી કરતો, તે પુરૂષ વૃદ્ધિ પામે છે. જે પુરૂષ વિચાર્યા વગર નિરંતર પાપ કરે છે, તે દુષ્ટ બુદ્ધિવાળા પુરૂષને યમના દૂતો અત્યંત દુઃખરૂપ નરકમાં નાખે છે. મદિરા પાનથી થયેલી વિહ્વલતા, નિદ્રા, અજ્ઞાન, નેત્ર વક્ત્રાદિકના વિકારરૂપ પોતાનો આકાર, દુષ્ટ અમાત્યનો વિશ્વાસ તથા મૂર્ખ દૂતનો ભરોંસો, એ છ વિચાર બહાર પડી જવાનાં દ્વાર છે, વાસ્તે નિરંતર ધન વૃદ્ધિની ઇચ્છા રાખનાર રાજાએ એ હંમેશ સાચવી ઢાંકી રાખવાં. એમ કરવાથી ધર્મ, અર્થ તથા કામને સેવતો રાજા શત્રુનો અધિષ્ઠાતા થાય છે. શાસ્ત્ર જાણ્યા વગર અને વૃદ્ધોની સેવા કર્યા વગર બૃહસ્પતિ સરખાઓએ પણ ધર્માર્થ જાણવા સમર્થ થવાતું નથી. સમુદ્રમાં જે પડ્યું તે ગયું એમ જાણવું, એમ સાંભળવામાં ધ્યાન ન આપનાર આગળ કહેલું વાક્ય, બુદ્ધિ વગરના મનુષ્યે ભણેલું શાસ્ત્ર તથા અગ્નિ વગર હોમેલું દ્રવ્ય પણ ગયું એમ જાણવું. બુદ્ધિમાન પુરૂષોની બુદ્ધિથી પરીક્ષા કરી, તેમની યોગ્યતા વિચારી, સાંભળી વા જોઇને ખાત્રી કર્યા પછી તેમની સાથે મિત્રતા કરવી. વિનય અપકીર્તિને, પરાક્રમ અનર્થને, નિરંતર ક્ષમા ક્રોધને તથા સદાચરણ કુલક્ષણને હણે છે. હે રાજન્ ! વસ્ત્રાદિક ભોગ્ય સામગ્રી, જન્મ ઘર, આચાર, ભોજન તથા વસ્ત્રથી કુળની પરીક્ષા કરવી. પાસે પ્રાપ્ત થયેલી યોગ્ય વસ્તુની મુક્ત સંગ પુરૂષે પણ ના કહેવી નહિં, ત્યારે કામાતુરે તો કેમજ કહેવીજ? પ્રાજ્ઞ પુરૂષોએ સેવન કરેલો, વિદ્યાવાન, ધાર્મિક, પ્રિય દર્શનવાળા

અધ્યાય ૧૩૮ મો. ફરીને ભીમ સામે કર્ણ.

धृतराष्ट्र उवाच—महानपनयः सूतममैवात्र विशेषतः ।
स इदानीमनुप्राप्तो मन्ये संजय शोचितः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! શોક કરતો એવો જે હું તેનોજ વિશેષે કરીને મોટો અન્યાય છે તે હમણાં પ્રાપ્ત થયો. જે થઇ ગયું તે તો થઇ ગયું, એમ મારા મનમાં હતું પણ હે સંજય! હવે અહિં શું કાર્ય કરી શકું? જે રીતે એ મારા અન્યાયથી ઉત્પન્ન થયેલો એવો વીરોનો ક્ષય થયો તે હે સંજય! મને કહી સંભળાવ, કેમકે હું સાંભળવા માટે આતુર થઇ રહ્યો છું. સંજય કહે છે હે મહારાજ! પરાક્રમી મહા બળવાન એવા કર્ણ અને ભીમસેન વૃષ્ટિવાળા બે મેઘની પેઠે બાણોની વૃષ્ટિઓને મુકવા લાગ્યા. ભીમસેનના નામથી અંકિત થયેલાં સુવર્ણનાં પુંખવાળાં, અગ્રભાગવાળાં, શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં બાણો જીવિતનો નાશ કરતાં હોય નહિ જાણે તેમ કર્ણ પ્રત્યે જઇ પ્રવેશ કરતાં હતાં. તેમજ મોરપીંછ યુક્ત કર્ણે મુકેલાં બાણો વીર ભીમસેનને હજારોવાર ઢાંકી દેતાં હતાં. હે મહારાજ! તેઓનાં ચોતરફથી પડતાં એવાં બાણોવડે તે યુદ્ધમાં સૈન્યોનો મોટો સંક્ષોભ ઉત્પન્ન થયો. હે અરિંદમ! ભીમસેનના ધનુષમાંથી નીકળેલાં સર્પ સરખાં ભયંકર બાણોએ કરી સંગ્રામના મધ્ય ભાગમાં તમારૂં સૈન્ય કપાવા લાગ્યું. હે રાજન્! નીચે પડેલા એવા હસ્તિઓ અને નરો સહિત ઘણાક ઘોડાઓ તેણેકરી વિંટાયલી પૃથ્વી વાયુવડે ભાગી ગયેલાં વૃક્ષોયુક્ત જેમ દેખાય તેમ દેખાવા લાગી. સંગ્રામમાં ભીમસેનના ધનુષમાંથી નીકળેલાં બાણોએકરી હણાતા તમારા યોદ્ધાઓ 'આ શું?' એ રીતે કહેતા નાસવા લાગ્યા. ત્યારપછી સિંધુ તથા સૌવીર અને કૌરવોનું સૈન્ય, કર્ણ અને પાંડુપુત્ર ભીમસેનના મોટા વેગવાળાં બાણોએકરી નાસવા તથા આકુળવ્યાકુળ થવા લાગ્યું. જેના ઘોડા રથ અને હાથિઓ હણાએલા છે એવા હતભૂયિષ્ઠ તે શૂરાઓ ભીમ અને કર્ણને છોડી દેઇ ચારે દિશાઓ પ્રત્યે દોડવા લાગ્યા. નિશ્ચે કુંતિના પુત્રને માટેજ આપણને દેવતાઓ મોહ પમાડે છે, કારણ કે કર્ણ ને ભીમના બાણોએકરી આપણું સૈન્ય કપાય છે એવી રીતે કહેતા એવા ભયથી પીડિત તમારા સર્વ યોદ્ધાઓ બાણ પાતનો ત્યાગ કરી યુદ્ધ જોવાને ઇચ્છતા ઉભા રહ્યા. ત્યાર પછી રણાંગણ વિષે ઘોર રૂપવાળી, શૂરપુરૂષોને હર્ષ ઉત્પન્ન કરનારી, ભીરૂ નરોના ભયને વધારનારી, પ્રાણરહિત હાથી, ઘોડા ને મનુષ્યોના લોહીથી ઉત્પન્ન થએલી નદી વહેવા લાગી. મનુષ્ય, હાથી અને ઘોડાઓવડે વિંધાએલી, રથના નીચલા ભાગ સહિત એવા પતાકાઓવડે યુક્ત, હાથી, ઘોડા ને રથ સંબંધી આભૂષણવાળી, ચક્ર, અક્ષ ને કૂબર જેનાં ભાગી ગએલ છે એવા ભાગેલા રથોએ કરી, રૂપાના સરંજામે કરી, મહા શબ્દવાળા ધનુષોએ કરી, સુવર્ણનાં પુંખવાળાં બાણોએ કરી અને હજારો નારાચો વડે વિંટાએલી, કાંચળી રહિત એવા સર્પોએ કરી જેમ, તેમ કર્ણ અને પાંડુપુત્ર ભીમે મૂકેલાં પ્રાસ અને તોમરના સમૂહોએ કરી અને ફરસી તથા ખડ્ગોએ કરી યુક્ત, સુવર્ણમય ગદા, મુસળને પટ્ટિશોએ કરી, જુદા જુદા આકારવાળા ધ્વજોએ કરી શક્તિ, પરિઘ અને વિચિત્ર શતઘ્નીઓવડે વિંટાએલ એવી, તેમજ હે ભારત! સુવર્ણનાં બાજુબંધ ને હારોએકરી, કુંડળ તથા મુકુટોએ કરી, ભાગી ગયેલાં કડાંવડે ને વિંટીઓવડે કરી યુક્ત, ચુડામણિ, પાઘડી અને સુવર્ણ સૂત્રથી યુક્ત એવી, હે મારિષ! તેમજ બાજુબંધ સહિત બખ્તરોવડે કરી, હારોએ કરી અને નિષ્કવડે યુક્ત એવી, હે ભારત! છત્ર, ભાગી ગએલાં છત્ર, ચામર અને

વીંઝણાઓવડે પણ શુભ એવી, ઘાયલ થએલા હાથી, ઘોડા અને મનુષ્યોવડે સિંચાએલ લોહીથી, ખરડાએલાં બાણોવડે યુક્ત, તે તે ઠેકાણે તે તે જુદી જુદી જાતના ભાગી ગયેલા પક્ષીઓવડે યુક્ત એવી પૃથ્વી જેમ ગ્રહોવડે આકાશ શોભે તેમ શોભતી હતી. મનુષ્યોથી ન બને એવું તેઓનું અચિંત્ય અને અદ્ભુત કર્મ જોઇને ચારણ અને સિદ્ધ લોકોને વિસ્મય ઉત્પન્ન થતો હતો. જેને વાયુ સહાય છે એવા અગ્નિની ખડમાં ગતિ થાય તેમ યુદ્ધમાં ભીમ જેની સામે આવનાર છે એવા અધિરથ પુત્ર કર્ણનું ભયંકર ચાલવું થયું. હે નરાધિપ! નાશ થએલા છે ધ્વજ, રથ, ઘોડા, મનુષ્ય અને હસ્તિઓ જેમાં એવું સૈન્ય, સામસામા મળેલા બે હાથીઓ વડે કમળવન વિખરાય તેમ મેઘના સમૂહ સરખું થયું હતું; અને રણસંગ્રામમાં કર્ણ તથા ભીમસેને કરીને ઘણો વિમર્દ થતો હતો.

> गजाभ्यां संप्रयुक्ताभ्यामासत्पिद्मवनंयथा ॥
> मेघजालनिभं सैन्यमासीत्तत्रनराधिप ।
> विमर्दः कर्णभीमाभ्यांमासीच्च परमोरणे ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमकर्णयुद्धे गुर्जर-भाषायामष्टत्रिंशदधिकशततमोऽध्यायः ॥ १३८ ॥

અધ્યાય ૧૩૯ મો. ભીમ કર્ણનું ભીષણ યુદ્ધ.

સંજય ઉવાચ—ततः कर्णो महाराज भीमं विध्वात्रिभिः शरैः ।
मुमोच शरवर्षाणि विचित्राणि बहूनि च ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ! ત્યારપછી કર્ણે ત્રણ બાણોવડે ભીમસેનને વિંધી વિચિત્ર પ્રકારની ઘણી બાણવૃષ્ટિઓ કરી સૂતપુત્ર કર્ણે પ્રહાર કરેલો એવો મહાબાહુ પાંડુપુત્ર ભીમસેન, ભેદેલા પર્વતની પેઠે વ્યથા પામતો ન હતો. હે મારિષ! પછી સંગ્રામમાં પાયેલાં, તીક્ષ્ણ અને તેલથી ધોએલાં એવાં બાણેકરી કર્ણને કાનને વિષે તેણે અતિશે વિંધ્યો. હે મહારાજ! ભીમસેને કર્ણના સુવર્ણમય સુંદર મોટા કુંડળને આકાશથી જેમ પ્રકાશિત તારાને પાડે તેમ પૃથ્વી વિષે પાડયું. એ પછી હસતો હોય નહી તેમ કોપાયમાન ભીમસેને સૂતપુત્ર કર્ણને ઉત્કૃષ્ટ ભલ્લ નામનાં બાણેકરી સ્તનના મધ્યમાં વિંધ્યો. ફરીને યુદ્ધમાં હે ભારત! ત્વરાવાન મહાબાહુ ભીમસેને કાંચળી રહિત આશીવિષ સર્પ સરખાં દશ નારાચ નામનાં બાણો નાંખ્યાં. હે ભારત! ભીમસેને ફેંકેલાં તે બાણ જેમ સર્પ રાફડા પ્રત્યે પેસે તેમ સૂતપુત્ર કર્ણના લલાટને ભેદી પ્રવેશ કરતાં હતાં. ત્યાર પછી લલાટ વિષે રહેલાં બાણોએકરી સૂતપુત્ર કર્ણ જેમ પૂર્વે નીલકમળમય માળાને ધારણ કરવાથી શોભે તેમ શોભતો હતો. બળવાન પાંડુપુત્ર ભીમસેને અતિ વિંધેલો એવો કર્ણ રથના અગ્રભાગનો આશ્રય કરી નેત્ર મીંચી ગયો. મુહૂર્ત પછી રૂધિરથી ભિંજાએલું જેનું સર્વ અંગ છે એવો શત્રુને તપાવનાર કર્ણ ફરીને સંજ્ઞા પામ્યો, અને અત્યંત ક્રોધ કરવા લાગ્યો. ત્યારપછી દઢધન્વાએ પીડા કરેલો એવો ક્રોધાયમાન. મહા વેગવાળો કર્ણ, રણભૂમિ વિષે ભીમસેનના રથ પ્રત્યે વેગથી ગયો તે હે ભારત! હે રાજન્!

[illegible] કરવાર, ક્રોધ પામેલા બળવાન કર્ણે ગૃધ્રનાં પીંછાવાળાં સો બાણ ભીમસેન ઉપર નાંખ્યાં. ત્યારપછી સંગ્રામમાં પાંડુપુત્ર ભીમસેને કર્ણનો અનાદર કરી તેના બળનો વિચાર કર્યા વગર [illegible] એવી બાણની વૃષ્ટિઓ કરી. હે પરંતપ ! હે મહારાજ ! ત્યારપછી કુ[illegible] પાંડુપુત્રને છાતી વિષે ક્રોધ પામેલા કર્ણે નવ બાણોએકરી વિંધ્યો. મોટી દાઢવાળા બે સિંહ સરખા એવા નરશ્રેષ્ઠ તે બેઉ કર્ણ અને ભીમસેન, બે મેઘની પેઠે બાણવૃષ્ટિ કરતા હતા, અને સંગ્રામમાં તલશબ્દોએ કરી તથા બાણોના સમૂહોવડે પરસ્પર બીવરાવતા હતા. તેમજ સંગ્રામમાં કોપ પામેલા એવા તે એક બીજાનો પ્રતિકાર કરવા ઇચ્છતા હતા. હે ભારત ! ત્યારપછી પરવીરને હણનાર એવો મહાબાહુ ભીમસેન સૂતપુત્રના ધનુષને ક્ષુરપ્ર નામના બાણથી છેદીને શબ્દ કરવા લાગ્યો. તે ભીમસેને ભાગેલા ધનુષનો મહારથિ એવા સૂતપુત્ર કર્ણે ત્યાગ કરી અતિ વેગવાળું બીજું ભારે ધનુષ ધારણ કર્યું. નિમેષાર્ધ વખતમાં કર્ણના તે ધનુષને વૃકોદર એવા ભીમસેને કાપી નાંખ્યું. તેમજ ત્રીજું, ચોથું, પાંચમું, છઠું, સાતમું, આઠમું, નવમું, દશમું, અગિયારમુ, બારમું, તેરમુ, ચૌદમું, પંદરમું, સોળમું, સત્તરમું, અને અઢારમું પણ ધનુષ ભીમસેને કાપી નાંખ્યું. એવા રીતે કર્ણનાં ઘણાં ધનુષ્યોનો ભીમસેને નાશ કર્યો, ત્યારપછી નિમેષાર્ધ વખતમાં જેના હાથમાં ધનુષ રહેલું છે એવો કર્ણ ઉભો રહ્યો. તે વખતે તે કુરુસૌવીર ને સિંધુદેશના શૂરપુરુષોના સૈન્યનો નાશ દેખી પૃથ્વીને, કવચ, ધ્વજ અને શસ્ત્રોએ કરી વિંટાએલી જોઈ તથા સર્વ તરફ પ્રાણરહિત હાથી, ઘોડા તથા રથમાં રહેલા પુરુષોના દેહને દેખી સૂતપુત્ર કર્ણનું શરીર ક્રોધેકરી પ્રકાશિત થયું. તે સમયે રાધાપુત્ર કર્ણ સુવર્ણથી શોભિતા એવા મોટા ધનુષનો ટંકારવ કરી ભયંકર નેત્રવડે ભીમસેનને જોવા લાગ્યો. તે સમયે ક્રોધ પામેલો બાણોને ફેંકતો એવો સૂતપુત્ર કર્ણ શરદૃઋતુમાં મધ્યાંન્હના સૂર્ય જેવો શોભતો હતો.

હે રાજન્ ! કિરણોએ કરી શોભતા સૂર્યના શરીરની પેઠે અધિરથ પુત્ર કર્ણનું ક્ષત બાણોએકરી યુક્ત એવું શરીર ભયંકર થયું હતું. હાથવડે બાણોને ગ્રહણ કરતો, સાંધતો, ખેંચતો અને નાંખતો એવો કર્ણ તેનો રણમાં અંતરાય કોઇએ જોયો નહિ; ને હે મહીપાળ ! ડાબી અને જમણી તરફ બાણોને ફેંકતો એવો કર્ણ તેનું મંડલાકાર આયુધ અગ્નિચક્ર સરખું ભયંકર દેખાતું હતું. હે મહારાજ ! સુવર્ણ પુંખવાળાં, ઘણાં તીક્ષ્ણ કર્ણના ધનુષમાંથી નીકળતાં બાણો દિશાઓને તથા સૂર્યની કાંતિને ઢાંકી દેતાં હતાં. ત્યારપછી સુવર્ણનાં પુંખવાળાં, નમેલા છે જેના અગ્રભાગ એવાં ધનુષમાંથી નીકળેલાં બાણોનો સમૂહ આકાશ વિષે જુદા જુદા પ્રકારે દેખાયો. હે રાજન્ ! અધિરથ પુત્ર કર્ણના ધનુષમાંથી જે બાણો નીકળતાં હતાં તે આકાશમાં પંક્તિરૂપ થએલાં ક્રૌંચપક્ષિઓ સરખાં શોભતાં હતાં. ગૃધ્ર પક્ષિના પીંછાવાળાં, શિલાઓવડે તીક્ષ્ણ કરેલાં, સુવર્ણેકરી શોભિતાં, મહા વેગવાળાં, પ્રકાશિત એવાં જે બાણ કર્ણ નાંખતો હતો, તે ધનુષના બળેકરી ઉચાં થઇ વારંવાર ભીમસેનના રથ પ્રત્યે પડતાં હતાં: અને સુવર્ણેકરી શોભિત એવાં તે બાણો હજારોવાર આકાશમાં પ્રકાશ પામતાં હતાં. તેમજ કર્ણનાં ધનુષમાંથી પડતાં બાણ પતંગિયાના સમૂહો સરખાં શોભતાં હતાં. જેમ એક મોટો આકાશમાં રહેલો મેઘ જળધારાવડે કરી પર્વતને ઢાંકી દે તેમ ક્રોધ પામેલો બાણધારી કર્ણ બાણોની વૃષ્ટિવડે ભીમસેનને ઢાંકી દેતો હતો. હે ભારત ! તે સમયે ભીમના બળને, વીર્યને, પરાક્રમને અને નિશ્ચયને સૈનિકો સહિત તમારા પુત્રો જોતા હતા. સમુદ્રની પેઠે ઉછળતી ઉત્પન્ન થએલી તે બાણવૃષ્ટિને વિચાર્યા વગર ક્રોધ પામેલો ભીમસેન [illegible] જતો હતો. હે વિશાંપતે ! સુવર્ણના પૃષ્ઠભાગવાળું ભીમસેનનું મોટું ધનુષ જેમ [illegible]

ઇન્દ્રધનુષ હોય નહિ તેમ ખેંચાવાથી મંડલાકાર થએલું હતું. તે ધનુષ થકી બાણો આકાશને પૂર્ણ કરતાં હોય નહીં તેમ પ્રગટ થતાં હતાં. ભીમસેનના સુવર્ણનાં પુંખયુક્ત, નમેલા પર્વવાળાં બાણોની આકાશમાં ગયેલી પંક્તિ કાંચનની માળા સરખી શોભતી હતી, અને આકાશમાં ગએલાં કર્ણના બાણસમૂહો ભીમસેનના બાણોએ કરી હણાવાથી જુદા જુદા ભાગમાં ભાગી પડતા હતા તેમજ કર્ણના બાણસમૂહોવડે ભીમસેનનાં બાણો શિથિલ થઈ પડતાં હતાં. યુદ્ધમાં અગ્નિના તણખા સરખો જેનો સ્પર્શ છે એવાં સ્પષ્ટ ગતિમાન તથા સુવર્ણનાં પુંખવાળા તે બેઉના બાણસમૂહો વડે આકાશ અને પૃથ્વી ભરાઇ ગઇ હતી. તે વખતે સૂર્ય દેખાતો ન હતો તથા વાયુ વાતો ન હતો અને બાણસમૂહથી વિંટાએલા આકાશ વિષે કાંઇ પણ જણાતું ન હતું. એ રીતે સૂતપુત્ર કર્ણ જુદા જુદા પ્રકારનાં બાણોએકરી ભીમસેનને ઢાંકતો મહાત્મા એવા ભીમસેનના વીર્યનો અનાદર કરી સમીપ જતો હતો.

હે મારિષ ! તે સમયે કર્ણ અને ભીમસેનનાં મૂકેલાં બાણોના સમૂહો વાયુરૂપ જણાતા હતા, અને હે ભરતશ્રેષ્ઠ ! નરશ્રેષ્ઠ એવા તે બેઉનાં મળેલાં બાણોનો પરસ્પર ઘસારો થવાથી આકાશને વિષે અગ્નિ ઉત્પન્ન થતો હતો. તે સમયે કોપેલા કર્ણે શિલ્પશાસ્ત્રવેત્તાએ શોધેલાં સુવર્ણયુક્ત એવાં જે તીક્ષ્ણ બાણોને ભીમનો વધ કરવાની ઇચ્છાએ નાંખ્યાં હતાં તે બાણોને આકાશમાં ભીમસેને બાણવડે એકેકના ત્રણ ત્રણ કકડા કરી કાપી નાંખ્યાં અને તેણે સૂતપુત્ર કર્ણને ઉભો રહે એમ કહી વિશેષતા દર્શાવી. વળી ફરીને બાણ ભાગવાને ઇચ્છતા એવા, અગ્નિની પેઠે ક્રોધ પામેલા, અમર્ષવાળા, બળવાન, પાંડુપુત્ર—તેણે ઉગ્ર બાણોની વૃષ્ટિ કરી, તે વખતે તેઓના હાથના મોજાનો ચમચમાટ, મોટો તાલશબ્દ અને ભયંકર સિંહનાદ થતો હતો. તેમજ રથ, નેમિનો અને ભયંકર પ્રત્યંચાનો શબ્દ થતો હતો. હે રાજન્ ! પરસ્પર વધ કરવાને ઇચ્છતા એવા કર્ણ અને પાંડુપુત્ર ભીમસેનના પરાક્રમને જોવાને ઇચ્છતા એવા યોદ્ધાઓ યુદ્ધ થકી વિરામ પામતા હતા. દેવર્ષિ, સિદ્ધ અને ગાંધર્વો 'સારૂં સારૂં' એમ કહી વખાણતા હતા, તેમ વિદ્યાધરના સમૂહો પુષ્પવૃષ્ટિ કરતા હતા. ત્યાર પછી ક્રોધ પામેલો, દૃઢ, પરાક્રમવાળો. મહાબાહુ ભીમસેન અસ્ત્રોએકરી કર્ણના અસ્ત્રોને નિવારી બાણોવડે સૂતપુત્ર કર્ણને વિંધતો હતો. રણવિષે મહા બળવાન કર્ણે પણ ભીમસેનનાં બાણોને નિવારણ કરી સર્પની ઉપમાવાળાં નવ નારાચ નામનાં બાણો નાંખ્યાં, તે સૂતપુત્ર કર્ણનાં નારાચ બાણોને એટલાંજ બાણોએકરી ભીમસેને 'ઉભો રહે ઉભો રહે;' એમ કહી ભાગી નાખ્યાં. ત્યાર પછી શૂરો, મહાબાહુ ભીમસેન જેને ક્રુદ્ધ કાળની ઉપમા અપાય એવા યમદંડ સરખાં બાણને અધિરથ પુત્ર કર્ણ પ્રત્યે મુકતો હતો. હે રાજન્ ! સમીપ આવતાં એવાં પાંડુપુત્ર ભીમસેનનાં બાણને હસતો હોય નહિ તેમ પ્રતાપવાન રાધાપુત્ર કર્ણ ત્રણ બાણોવડે ભેદી નાંખતો હતો. તેમ ફરીને પાંડુપુત્ર ભીમસેન જે ઉગ્ર બાણવૃષ્ટિને મુકતો હતો તે સર્વ અસ્ત્રોને કર્ણ નિર્ભય પુરૂષની પેઠે ગ્રહણ કરતો હતો; તથા સંગ્રામમાં કોપ પામેલો તે, અસ્ત્ર માયાવડે અને નમેલા પર્વવાળાં બાણોએકરી, યુદ્ધ કરતો એવો જે ભીમસેન, તેના ભાથા, ધનુષની પ્રત્યંચા, અને ઘોડાની રેનો તથા જોતરાંઓને કાપી નાંખતો હતો. પછી તેના ઘોડાઓને મારી પાંચ બાણોકરી સારથિને વિંધ્યો. તે સમયે સારથિ જલદી ભાગી યુધામન્યુના રથ પ્રત્યે ગયો, કાળાગ્નિ સમાન કાંતિવાળો પ્રકાશમાન રાધાપુત્ર કર્ણ હસતો હોય નહિં તેમ ભીમસેનના ધ્વજને કાપી પતાકાને પાડી નાંખતો હતો. તે વખતે ધનુષ રહિત કોપાયમાન થએલા મહાબાહુ ભીમસેને શક્તિને ગ્રહણ

કરી, તારાઓને ધર્ણના રથ પ્રત્યે ફેંકી. મોટા ઘંટાઓવાળી સરખી, સુવર્ણેકરી શોભિતી, અગ્નિ જ્વાળા જેવી તે શક્તિને ભ્રમ પામેલા અધિરથ પુત્ર કર્ણે દશ બાણોએકરી કાપી નાંખી. ચિત્ર માર્ગે વિચિત્ર યુદ્ધ કરનાર, અસ્ત્રોને ફેંકનાર સતપુત્ર કર્ણનાં તીક્ષ્ણ બાણોએકરી દશ [illegible] તે શક્તિ કકડા થઇ પૃથ્વી ઉપર પડી. તે સમયે આગળ જય અથવા મૃત્યુમાંથી એકને ઇચ્છતો એવો કુંતિપુત્ર ભીમસેન, તેણે સુવર્ણથી શોભિતું મ્યાન સહિત ખડ્ગ લીધું. હે ભારત ! મ્યાનેકરી શોભિત ભીમસેનના ખડ્ગને હસતો હોય નહિ તેમ કોપયુક્ત એવો જે કર્ણ તેણે અતિશય ઉગ્ર એવાં ઘણાં બાણોએકરી કાપી નાંખ્યું. તે સમયે હે મહારાજ ! રથરહિત ક્રોધયુક્ત એવા ભીમસેને મ્યાનમાંથી ચર્મ રહિત કરેલા ખડ્ગને ખેંચી જલદી કર્ણના રથ પ્રત્યે નાંખ્યું. હે રાજેંદ્ર ! તે મોટું ખડ્ગ સૂતપુત્ર કર્ણના પ્રત્યંચા સહિત ધનુષને છેદી જેમ કોપેલો સર્પ આકાશમાંથી પૃથ્વી પર પડે તેમ પડ્યું. તે વખતે ક્રોધ પામેલા અધિરથ પુત્ર કર્ણે હસીને સંગ્રામમાં દૃઢ પ્રત્યંચાવાળા, અતિ વેગવાન, શત્રુને નાશ કરનારા બીજા ધનુષને ગ્રહણ કરી કુંતિપુત્ર ભીમને મારવાની ઇચ્છાથી હજારો સુવર્ણના પુંખવાળાં અત્યંત તીક્ષ્ણ બાણો ફેંક્યાં. હે મહારાજ ! કર્ણના ધનુષમાંથી નીકળેલાં બાણોએકરી હણાતો એવો બળવાન ભીમસેન, કર્ણના ચિત્તને દુઃખ ઉત્પન્ન કરતો આકાશમાર્ગે ગયો. સંગ્રામમાં વિજયને ઇચ્છનાર ભીમસેનના ચરિત્રને જોઈ રાધાપુત્ર કર્ણે સંતાઇને ભીમસેનને છેતર્યો. રથના ઉંચા ભાગમાં સંતાએલા અને ઇન્દ્રિયો જેની વ્યથિત થયેલી છે એવા કર્ણને જોઇ ભીમસેન તેના ધ્વજ સમીપ જઇ પૃથ્વીતલપર ઉભો રહ્યો. જેમ ગરૂડ સર્પને મારવા ન ઇચ્છે તેમ ધનુષ રહિત પોતાના ધર્મને પાળનાર એવા ભીમસેને રથપરી કર્ણને મારવાની ઇચ્છા ન કરી. તે ભીમના કર્મને કૌરવ અને સર્વ ચારણોએ વખાણ્યું. પોતાના રથને પાછળ રાખી યુદ્ધ માટે નિશ્ચય કરી રહેલો રાધાપુત્ર કર્ણ ત્યાર પછી સંગ્રામમાં યુદ્ધ સારૂ ઉમેદો એવો જે પાંડુપુત્ર ભીમસેન તે પ્રત્યે કોપથી ગયો. હે મહારાજ ! મહા બળવાન મળેલા નરશ્રેષ્ઠ કર્ણ અને ભીમસેન વર્ષાકાળમાં ગર્જના કરતા એવા મેઘની પેઠે સ્પર્દ્ધા કરતા હતા. સંગ્રામમાં અતિ કોપ પામેલા આમર્ષવાળા નરશ્રેષ્ઠ તે કર્ણ તથા ભીમનું દેવ તથા દાનવના સરખું યુદ્ધ થતું હતું. કર્ણે પીડા કરેલો, જેનાં શસ્ત્ર ક્ષીણ થયેલાં છે એવો આયુધ રહિત કુંતિપુત્ર ભીમસેન, અર્જુને હણેલા અને પાડેલા એવા પર્વતો સમાન હસ્તિઓને જોઇ રથમાર્ગનો નાશ કરવા માટે હસ્તિઓના સમૂહ પ્રત્યે થઇ રથોના સમૂહ પ્રત્યે ગયો. જીવતને ઇચ્છતો એવો પાંડુપુત્ર, રાધાપુત્ર કર્ણપ્રત્યે અભ્યહાર કરવા ન ગયો. એ પછી શત્રુના પૂરને જીતનારો કુંતિપુત્ર ભીમ, વ્યવસ્થા કરવાને ઇચ્છતા, અર્જુનનાં બાણોએ કરી ઘાયેલ થયેલા હાથિને ઉગામી, જેમ મહૌષધિયુક્ત પર્વતને હનુમાન ઉગામી ઉભો રહે તેમ ઉભો રહ્યો. એટલે ફરીને પણ ભીમસેનના હાથિને કર્ણે બાણોએકરી નાશ કર્યો. એ પછી પાંડુપુત્ર ભીમસેને હાથિનાં અંગોને કર્ણ તરફ ફેંક્યાં; તેમજ ચક્ર અને મરેલા ઘોડાઓને ફેંક્યા. ભૂતલને વિષે જે જે જોયું તે તે ક્રોધ પામેલા પાંડુપુત્ર ભીમે કર્ણ પ્રત્યે ફેંક્યું; ને જે જે ભીમે નાંખ્યું, તે સર્વ તીક્ષ્ણ બાણોએકરી કર્ણે કાપી નાંખ્યું. ભીમસેને પણ જેની મધ્યમાં અંગુઠો રહેલો છે એવી ભયંકર મુઠી ઉગામી સૂતપુત્ર કર્ણને મારવાની ઇચ્છા કરી. પણ અર્જુનનું સ્મરણ થવાથી શક્તિમાન છતાં પણ સમર્થ એવા પાંડુપુત્ર ભીમે અર્જુને કરેલી પ્રતિજ્ઞાને પાળવા સારૂ કર્ણને માર્યો નહિ. એવી રીતે વ્યાકુળ થયેલા, ભીમસેનને વારંવાર તીક્ષ્ણ બાણોએકરી [illegible] છે [illegible] એવો, સૂતપુત્ર કર્ણે કરી નાંખ્યો. તે સમયે કર્ણ કુંતિનાં વચનને

સંભારતો આયુધ રહિત એવા ભીમસેનને મારતો ન હતો, અને કર્ણ ભીમસેનની સમીપ જઇ ધનુષના અગ્ર ભાગેકરી તેનો સ્પર્શ કરતો હતો, તેથી ધનુષના સ્પર્શ માત્રે કરી ક્રોધ પામેલો ભીમ સર્પની પેઠે ફુંફાડા નાંખતો કર્ણના ધનુષને ખેંચીને કર્ણને મસ્તક વિષે પ્રહાર કરતો હતો. ભીમસેને પ્રહાર કરેલો ક્રોધથી જેનાં નેત્ર રાતાં થયેલાં છે એવો રાધાપુત્ર કર્ણ હસતો હોય નહિ તેમ, વારંવાર આ વાક્ય કહેવા લાગ્યો કે હે નામર્દ ! હે મૂઢ ! હે બહુ જમનાર ! હે અકૃતાસ્ત્ર ! હે બાળ ! હે સંગ્રામમાં ભયથી વિહ્વળ થનાર ! તું યુદ્ધ માં કર. હે દુષ્ટ બુદ્ધિવાળા પાંડુપુત્ર ભીમસેન ! જ્યાં બહુ પ્રકારનાં ભોજ્ય, ભક્ષ્ય અને પેય વસ્તુઓ હોય ત્યાંજ તું યોગ્ય છે; ક્યારે પણ યુદ્ધોમાં યોગ્ય નથી. હે ભીમ ! વ્રત અને નિયમો વિષે મૂળ, પુષ્પ ને ફળનો આહાર કરનાર એવો તું વન વિષે રહેવા યોગ્ય છે; પણ યુદ્ધ વિશારદ નથી. હે વૃકોદર ! ક્યાં યુદ્ધ અને ક્યાં મુનિપણું ? માટે વન પ્રત્યે જા. હે તાત ! વનવાસમાં પ્રીતિવાળો એવો તું યુદ્ધ કરવા યોગ્ય નથી. હે વૃકોદર ! ઘરમાં જમવા સારૂ ક્રોધથી રસોઇયા, ભૃત્યજન અને દાસોને ઉતાવળો થનો એવો તું પ્રહાર કરવા યોગ્ય છે. અથવા હે દુર્મતિવાળા ભીમ ! મુનિ થઇને ફળોને લે, અને વનમાં જા, તું યુદ્ધ વિશારદ નથી. હે વૃકોદર ! તું ફળ મૂળ ખાવામાં અને અતિથિ પૂજન કરવામાં શક્તિમાન છે. હું તને શસ્ત્રના ઉદ્યોગ વિષે યોગ્ય માનતો નથી.

એ રીતે હે વિશાંપતે ! કુમાર અવસ્થામાં જે જે અપ્રિય થયાં હતાં એવાં અતિ રૂક્ષ વચન તેને કહી સંભળાવ્યાં. એ પછી ત્યાં લીન થઇ રહ્યો એવો જે ભીમ, તેને ફરીને ધનુષવડે સ્પર્શ કરતો એવો કર્ણ હસતો હસતો વાક્ય કહેવા લાગ્યો કે હે મારિષ ! બીજે ઠેકાણે યુદ્ધ કરવું, પણ મારા સરખા સાથે યુદ્ધ ન કરવું. મારા સરખા એની સાથે યુદ્ધ કરનારાઓને આ થયું, એ અને બીજું પણ થાય છે: અથવા હે કુંતિપુત્ર ભીમ ! જ્યાં કૃષ્ણ અર્જુન છે, ત્યાં જા, તે તારી રક્ષા કરશે. કિંવા હે બાળક ! ઘેર જા, તારે યુદ્ધ કરીને શું કામ છે ? એ રીતે અતિ દારૂણ એવાં તે કર્ણનાં વચન સાંભળી સર્વના સાંભળતાં ભીમસેન કર્ણને હસીને વચન કહેવા લાગ્યો કે, હે દુષ્ટ ! તને વારંવાર જીતેલો છે માટે આત્મા વડે વૃથા શું બડબડાટ કરે છે ? લોકમાં જય તથા પરાજય તો પુરાતન પુરૂષોએ મહેંદ્રનો પણ જોયો છે. હે દુષ્ટ કુળથી ઉત્પન્ન થએલા ! મારી સાથે મલ્લયુદ્ધ કરતા મહા બળવાન મોટા શરીરવાળા કીચકને જેમ મે માર્યો, તેમ સર્વ રાજાઓના જોતાં તને મારીશ. એ રીતે ભીમના મતને જાણીને બુદ્ધિમાન પુરૂષોમાં શ્રેષ્ઠ એવો કર્ણ સર્વ ધનુર્ધારીઓના જોતાં રણથકી વિરામ પામ્યો. હે રાજન્ ! એવી રીતે કર્ણ ભીમસેનને રથ રહિત કરી વૃષ્ણિઓમાં શ્રેષ્ઠ એવા કૃષ્ણ તથા મહાત્મા કુંતિપુત્ર અર્જુન સમીપ તિરસ્કાર કર્યો. ત્યાર પછી હે રાજન્ ! કેશવ ભગવાને પ્રેરણા કરેલા એવા વાનરધ્વજ અર્જુને સૂતપુત્ર કર્ણ પ્રત્યે શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં બાણો નાંખ્યાં. કુંતિપુત્ર અર્જુનના હાથે કરી ફેંકાએલાં સુવર્ણે કરી શોભિત ગાંડિવ ધનુષમાંથી નીકળેલાં એવાં બાણો હંસ જેમ ક્રૌંચ રંધ્રમાં પ્રવેશ કરે તેમ કર્ણ પ્રત્યે પ્રવેશ કરતાં હતાં. ધનંજય એવા તે અર્જુને આવેશવાળા સર્પોના સરખાં ગાંડિવ નામના ધનુષમાંથી નીકળેલાં બાણોએકરી ભીમસેનથી કર્ણને દૂર કર્યો. એ રીતે ભીમે જેનું ધનુષ ભેદેલું છે એવો અને ધનંજય એવા અર્જુનના બાણોએકરી હણાએલો કર્ણ જલદી મોટા રથે કરીને ભીમસેનથી દૂર ગયો. નરશ્રેષ્ઠ એવો ભીમસેન પણ સાત્યકિના રથ ઉપર બેસી સંગ્રામમાં પોતાના ભાઇ પાંડુપુત્ર સવ્યસાચિ અર્જુન સમીપ ગયો. ત્યાર પછી

કર્ણને ફેંકદી ઉતાવળ કરતો એવો ધનંજય અર્જુન ક્રોધેકરી રાતાં થએલાં છે નેત્ર જેનાં, એવો યમ જેમ મૃત્યુને પ્રેરે, તેમ કર્ણ પ્રત્યે નારાચ નામનાં બાણ નાંખતો હતો. ગાંડિવ નામના ધનુષમાંથી નીકળેલાં તે બાણ આકાશ વિષે ઉત્તમ સર્પને ઇચ્છતો એવો ગરૂડ પડે, તેમ કર્ણ પ્રત્યે પડતાં હતાં. તે નારાચ નામના બાણને અંતરીક્ષમાંજ ધનંજયના ભયથી કર્ણને મુકાવવાને ઇચ્છતા એવા મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામાએ બાણેકરીને કાપી નાંખ્યાં. હે મહારાજ! તે પછી કોપ પામેલા અર્જુને 'હે અશ્વત્થામા! જઈશ નહિ, ઉભો રહે;' એમ કહી ચોસઠ બાણોએકરી દ્રોણપુત્ર અશ્વત્થામાને વિંધ્યો, એટલે ધનંજય અર્જુનના બાણોએકરી પીડાએલો દ્રોણપુત્ર અશ્વત્થામા ઉતાવળો ઉતાવળો મદોન્મત હસ્તિઓવડે વિંટાએલા તથા રથસંકુલ એવા સૈન્ય પ્રત્યે ગયો. ત્યાર પછી રણમાં શબ્દ કરતાં એવાં સુવર્ણનાં પૃષ્ઠભાગવાળાં ધનુષના શબ્દને, બળવાન ધનંજય ગાંડિવના શબ્દેકરીને પરાભવ કરતો હતો અને પાછળ આવતા એવા દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રત્યે જતો હતો. અતિશે દૂર નહિ એવા માર્ગની પેઠે રહેલાં સૈન્યને બાણોએકરી ત્રાસ પમાડતો એવો અર્જુન કંકપત્રવાળાં બાણોએકરી નરો, હાથી અને ઘોડાઓના દેહને ચીરી, સૈન્યનો નાશ કરતો હતો. એ રીતે હે ભરતશ્રેષ્ઠ! યત્નવાળા ઇન્દ્રના પુત્ર અર્જુન તેણે ઘોડા, હાથી અને મનુષ્યો સહિત એવું જે તે સૈન્ય, તેનો નાશ કરી નાંખ્યો.

कंकबर्हिणवासोभिर्बलंव्यधमदर्जुनः ॥
तद्बलं भरतश्रेष्ठ स वाजिद्विप मानवं।
पाकशासनिरायत्तः पार्थः समिजघ्नान्ह ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भीमकर्णयुद्धे गुर्जरभाषायामेकोनचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १३९ ॥

અધ્યાય ૧૪૦ મો. અલંબુષનો વધ.

धृतराष्ट्र उवाच—अहन्यह निमंदितं यश. पताते संजय।
हतामेवहवो योधामन्ये कालस्यपर्यय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! દિવસે દિવસ પ્રકાશ પામેલો એવો મારો યશ નાશ થાય છે ને મારા ઘણા યોદ્ધાઓ હણાયા છે માટે *કાળ વિપરીત છે એમ માનું છું. જ્યારથી દ્રોણપુત્ર અશ્વત્થામા અને કર્ણે રક્ષા કરેલાં ને દેવતાઓએ પણ પ્રવેશ ન કરી શકાય એવાં મારાં સૈન્ય પ્રત્યે, વૃદ્ધિ પામેલા વીર્યવાળા કૃષ્ણ અને ભીમ, શિનિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિ સાથે મહા પરાક્રમી અર્જુન પેઠો છે, ત્યારથી મારા અંતઃકરણને અગ્નિની પેઠે શોક બાળ્યા કરે છે. તેમ સિંધુદેશના રાજાઓ સહિત એવા જે ભૂમિપાળ રાજાઓ, તેને નાશ પામેલા જોતો નહિ છું, તેમ જોઉં છું. સિંધુદેશનો રાજા જયદ્રથ મુકુટધારી અર્જુનનું મોટું અપ્રિય કરી, તેના જોવામાં આવેલો એવો કેમ જીવિતને પામે અર્થાત્ ન પામે! હે સંજય! અનુમાનથી સિંધુદેશનો રાજા છે જ નહિ એમ જાણું છું; ફરીને તે યુદ્ધ જે પ્રમાણે થયું તે કહી.

તરફે કરી કહે. જે મોટી સેનાને વારંવાર ક્ષોભ પમાડી, કંપાવી, અને ક્ષોભ પામેલી [illegible] જેમ કમલિની પ્રત્યે પ્રવેશ કરે તેમ જે કૃષ્ણ સેના પ્રત્યે પેઠા તે વૃષ્ણિકુળમાં વીર [illegible] અર્જુન માટે યત્ન કરનો એવો જે સાત્યકિ તેનું યથાર્થ યુદ્ધ મને કહે, કેમકે હે સંજય ! તું કુશળ છે.

સંજય કહે છે—હે રાજન્ ! તેવી રીતે પુરૂષોમાં વીર એવા ભીમસેનને શૂર પુરૂષોનાં મધ્યમાં કર્ણે પીડા કરેલો જોઇને શિનિકુળમાં વીર એવો સાત્યકિ રથમાં બેસી તેની પાછળ ગયો. વર્ષાઋતુમાં ઈંદ્રધનુષ યુક્ત મેઘની પેઠે શબ્દ કરતો તથા ગ્રીષ્મઋતુમાં જેમ સૂર્ય શોભે તેમ શોભતો એવો સાત્યકિ દૃઢ ધનુષ્યે કરી શત્રુઓને મારતો તમારા પુત્રની સેનાને કંપાવતો હતો. હે ભારત ! સંગ્રામમાં રૂપા સરખા ચકચકિત ઘોડાઓવડે આવતો એવો નાદ કરતો અતિ શૂર, માધવકુળમાં શ્રેષ્ઠ એવો સાત્યકિ, તેને નિવારણ કરવા તમારા સર્વ મહારથિઓ સમર્થ થયા નહિ. તે સમયે માધવકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિને, અમર્ષે કરી પૂર્ણ નિવૃત્ત થયા વગર યુદ્ધ કરનારા, ધનુષને ધારણ કરનારા, સુવર્ણમય બખ્તરવાળા, રાજાઓમાં શ્રેષ્ઠ એવા અલંબુષે સમીપ જઇ રોક્યો. હે ભારત ! તે બેઉનું એવું યુદ્ધ થયું કે જેના સરખું કોઇપણ થયું ન હતું. સંગ્રામમાં શોભતા એવા તે બે સાત્યકિ અને અલંબુષ, તેને તમારા અને સામા પક્ષના સર્વ યોદ્ધાઓ જોતા હતા, તે સમયે રાજશ્રેષ્ઠ એવા અલંબુષે સાત્યકિને દશ બાણોએકરી વિંધ્યો. શિનિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિએ પણ સમીપ આવતાની અગાઉ તે બાણોના પોતાના બાણોએકરી કડકા કરી નાંખ્યા. ફરીને અલંબુષે અગ્નિ સરખાં તેજસ્વી, કાનપર્યંત ખેંચેલાં, પુંખપ્રહિત એવાં ત્રણ બાણોએ કરીને સાત્યકિને વિંધ્યો. તે બાણ દેહને વિંટાઇ રહેલા બખ્તરને ભેદી સાત્યકિના શરીરમાં પેઠાં. અગ્નિ ને વાયુ સરખા પ્રભાવવાળાં બાણોએકરી શરીરને ભેદી વળી તીક્ષ્ણ પ્રકાશવાળાં ચાર બાણોએ કરી તેના રૂપા સરખા શોભિતા ચાર ઘોડાઓને બલાત્કારથી મારી નાંખ્યા, એટલે એ રીતે તે અલંબુષે પ્રહાર કરેલો, બળવાન, કૃષ્ણ સરખા મહિમાવાળો શિનિનો પુત્ર એવો જે સાત્યકિ, તેણે ઉત્તમ વેગવાળાં ચાર બાણોએ કરી અલંબુષના ઘોડાઓને મારી નાંખ્યા. એ પછી કાળાગ્નિ સરખા ભાલાવડે અલંબુષના સારથિના મસ્તકને કાપી, કુંડળ સહિત એવા પૂર્ણ ચંદ્ર સરખા પ્રકાશિત ચળકતા મુખને દેહથી ભિન્ન કરી નાંખ્યું. સંગ્રામમાં મંથન કરનાર એવો યાદવોમાં શ્રેષ્ઠ, શૂરો સાત્યકિ, પાર્થિવ પુત્રનો પૌત્ર એવો તે જે અલંબુષ તેને મારી પછી હે રાજન્ ! તમારાં સૈન્યોને નિવારી અર્જુનને અનુસર્યો. અર્જુનને અનુસરતો તથા તેવી રીતે શત્રુઓના મધ્યમાં વર્તતો અને વારંવાર વાયુ જેમ મેઘના સમુહોને મટાડે તેમ કુરૂઓનાં સૈન્યોને નાશ કરતો એવો બળવાન વૃષ્ણિવીર સાત્યકિ, તેને જોઇને [illegible] સુંદર, નિયમમાં રાખેલા, [illegible], [illegible], બરફ અને હિમ સરખા પ્રકાશિત, સુવર્ણના સાજથી યુક્ત એવા સિંધુદેશના [illegible] [illegible] જ્યાં નરશ્રેષ્ઠ અર્જુન ઇચ્છતો ત્યાં ત્યાં લઇ જતા હતા. હે ભારત ! હે [illegible] તે વખતે તેની સાથે તમારા પુત્રો અને બીજા પણ ઉતાવળા એવા તમારા યોદ્ધાઓ [illegible] યોદ્ધાઓમાં મુખ્ય એવો જે તમારો પુત્ર દુઃશાસન તેને આગળ કરીને [illegible]. [illegible] યુદ્ધને સફળ કરનારા તે યોદ્ધાઓ સર્વ તરફથી શિનિપૌત્ર સાત્યકિને ઘેરી [illegible] [illegible] હતા. સાત્વતોમાં શ્રેષ્ઠ એવો શૂર સાત્યકિ પણ બાણોના સમુહવડે તે યોદ્ધાઓને [illegible] હતો. હે [illegible] ! શત્રુઓને મારનાર એવા શિનિના પૌત્ર સાત્યકિએ [illegible]

ભાગી ગયું તે યોદ્ધાઓને હણી, ધનુષને ઉંચું કરી દુઃશાસનના યોદ્ધાઓને મારી નાખી તે સમયે સંગ્રામ વિષે પુરૂષોમાં શ્રેષ્ઠ એવા તે સાત્યકિને જોઇને અર્જુન અને શ્રીકૃષ્ણ હર્ષ પામતા હતા.

निवार्यतां तूर्णममित्रघातीनसाशिनेः पत्रिभिरग्निकल्पैः ।
दुःशासनस्यानि अथानवाहानुधन्वबाणानसनमाक्रमीद ॥
ततोऽर्जुनो हर्षमवापसंख्ये कृष्णश्च दृष्ट्वा पुरुषप्रवीरं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि पर्वणि युयुधानप्रवेशे गुर्जरभाषायां चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४० ॥

અધ્યાય ૧૪૧ મો. સાત્યકિ અર્જુન સમાગમ.

संजय उवाच—तमुद्यतं महाबाहुं दुःशासनरथंप्रति ।
त्वरितं त्वरणीयेषु धनंजय जयैषिणं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! દુઃશાસનના રથ પ્રત્યે ઉદ્યમવાળો, શીઘ્ર કરવા યોગ્ય કાર્યોમાં ઉતાવળો અને ધનંજય થકી પણ જયને ઇચ્છનો, અનંત એવા સેનારૂપી સમુદ્ર પ્રત્યે પેઠેલો એવો મહાબાહુ સાત્યકિ, તેને સુવર્ણયુકત જેના ધ્વજ છે એવા ત્રિગર્ત દેશના મહા ધનુર્ધારિ યોદ્ધાઓએ રોક્યો અને કોપ પામેલા પરમ ધનુર્ધારી યોદ્ધાઓએ સાત્યકિને સમુહવડે ચોતરફથી નિવારણ કરી બાણના સમુહોની વૃષ્ટિ કરી. તે સમયે મહા રણમાં શોભતા શત્રુ એવા એ પાંચસો રાજપુત્રોને સત્ય પરાક્રમવાળા સાત્યકિએ જીત્યા. સ્થિર પાણીના સરખો, તેમ ખડ્ગ, શક્તિ અને ગદાઓવડે પૂર્ણ તથા તલશબ્દોએ કરી આકુળ એવો, જે સેનાનો મધ્ય ભાગ તે પ્રત્યે જઇને ત્યાં રણમાં આશ્ચર્યકારી સાત્યકિનું ચરિત્ર જોયું. પશ્ચિમ દિશામાં તેને જોઇને પૂર્વ દિશામાં જોયો. શીઘ્રતાથી ઉત્તર દિશામાં જોઇને દક્ષિણ દિશામાં જોયો; અને પૂર્વ દિશામાં જોએલાને ફરીથી પશ્ચિમ દિશામાં જોયો, તેમજ બીજી દિશાઓ પ્રત્યે જોયો. શૂરો સાત્યકિ સો રથ પ્રત્યે નૃત્ય કરતો હોય નહિ તેમ આચરણ કરતો હતો. સિંહ સરખી ગતિવાળા સાત્યકિનાં ચરિત્રને દેખી સંતાપ પામેલા ત્રિગર્તદેશના યોદ્ધાઓ પોતાના જનપ્રત્યે નિવૃત્ત થયા. પછી સંગ્રામમાં બીજા શૂરસેન દેશના શૂર યોદ્ધાઓ જેમ અંકુશે કરી મદોન્મત્ત હસ્તિને નિયમમાં રાખે તેમ બાણના સમૂહવડે નિવારણ કરતા હતા. તે વખતે ઉદાર ચિત્તવાળા સાત્યકિએ એક મુહૂર્ત તેઓની સાથે યુદ્ધ કર્યું. ત્યાર પછી અચિંત્ય જેનું બળ અને પરાક્રમ છે એવો સાત્યકિ કલિંગદેશના યોદ્ધાઓ સાથે યુદ્ધ કરવા લાગ્યો, અને દુઃખે કરી જેનો પાર ન આવે એવી કલિંગદેશના યોદ્ધાઓની સેનાને ઉલ્લંઘન કરી કુંતિપુત્ર અર્જુન પાસે [illegible] તરતો, થાકેલો પુરૂષ સ્થળ જોઇને જેમ તેમ પામ્યો. પુરૂષસિંહ સાત્યકિ [illegible] યુયુધાને આસનાવાસના કરી અને સમીપ આવેલા તેને દેખી [illegible] પુરૂષ [illegible] કહ્યું કે હે કુંતિપુત્ર અર્જુન! આ તને અનુસરનારો શિનિનો પૌત્ર સાત્યકિ [illegible] [illegible] તારા શિષ્ય અને સખા સાત્યકિએ સર્વ યોદ્ધાઓને તિરસ્કાર

કરી જીતી લીધા. હે કિરીટીન્ અર્જુન ! આ તારો પ્રાણપ્રિય સાત્યકિ કૌરવ યોદ્ધાઓને ઘોર ઉપદ્રવ કરી આવે છે. હે અર્જુન ! આ દ્રોણ, ભોજ તથા કૃતવર્માનો બાણોવડે તિરસ્કાર કરી સાત્યકિ આવે છે. હે અર્જુન ! ધર્મરાજના પ્રિયને ખોળનારો શૂરો કૃતાસ્ત્ર સાત્યકિ સારા સારા યોદ્ધાઓને મારીને આવે છે.

હે પાંડવ ! મહા બળવાન સાત્યકિ સૈન્યના મધ્યમાં અતિ દુઃખેકરી કરાય એવું કર્મ કરી તારાં દર્શનને ઇચ્છતો આવે છે. હે કુંતિપુત્ર ! યુદ્ધમાં દ્રોણાચાર્ય આદિ ઘણા મહારથિઓને એક રથેકરી યુદ્ધ કરાવી આ સાત્યકિ આવે છે. હે પૃથાપુત્ર ! ધર્મરાજે પ્રેરણા કરેલો આ સાત્યકિ પોતાના બાહુબળનો આશ્રય કરી સેનાને સંહારી સમીપ આવે છે. હે કુંતિપુત્ર અર્જુન ! કોઇ રીતે કૌરવોમાં જેની બરોબર યોદ્ધો નથી તે આ, યુદ્ધેકરી દુર્મદ સાત્યકિ આવે છે. હે પૃથાપુત્ર ! ગાયોના મધ્યમાંથી સિંહ છૂટે તેમ કુરૂઓનાં સૈન્યથી મૂકાએલો આ સાત્યકિ ઘણી સેનાઓનો નાશ કરી આવે છે. ત્યારપછી એ રીતે શ્રીકૃષ્ણ ભગવાનનાં વચન સાંભળી હર્ષ પામેલા કુંતિપુત્ર અર્જુને કેશવ ભગવાન પ્રત્યે કહ્યું કે હે મહાબાહો ! જે સાત્યકિ મારા સમીપ આવે છે તે મને પ્રિય નથી. હે કેશવ ! ધર્મરાજનું વૃત્તાંત હું જાણુનો નથી. સાત્વતકુળમાં થએલા સાત્યકિ રહિત તે, જીવે છે કે નથી જીવતા ? જે મહાબાહો ! આ સાત્યકિને,, પાર્થિવ એવા ધર્મરાજની રક્ષા કરવી યોગ્ય છે તેને હજી, હે કૃષ્ણ ! આ મને અનુસરવા કેમ આવે છે ? યુદ્ધમાં રાજા દ્રોણાચાર્ય પ્રત્યે ગયા છે ને હજી સિંધુદેશના રાજાને માર્યો નથી એટલામાં વળી આ ભૂરિશ્રવા શિનિના પૌત્ર સાત્યકિ પ્રત્યે આવે છે તે આ સિંધુદેશના રાજા જયદ્રથ અર્થે મારા પ્રત્યે ઘણો મોટો ભાર રહેલો જાણવો. રાજા અને સાત્યકિ મારે રક્ષા કરવા યોગ્ય છે અને જયદ્રથ હણવા યોગ્ય છે. સૂર્ય અસ્ત થાય છે અને આ મહાબાહુ થાકી ગયો છે તથા હમણાં થોડા બળવાળો થયો છે. હે માધવ ! એના ઘોડા અને સારથિ થાકી ગએલા છે ને હે કેશવ ! સહાય સહિત એવો ભૂરિશ્રવા થાકયો નથી; માટે શું આ સાત્યકિનું હમણાં આ સમાગમમાં ક્ષેમ થશે ? શું સત્ય પરાક્રમવાળો સાત્યકિ સાગરને તરી ગોષ્પદને પામી ખેદ તો નહિ પામે ? મહા બળવાન શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ અસ્ત્ર જાણનાર કૌરવોમાં મુખ્ય એવા મહાત્મા ભૂરિશ્રવા સાથે સમાગમ પામી, શું કલ્યાણવાન થશે ? હે કેશવ ! જે દ્રોણાચાર્ય નિરંતર આકાશમાં જનારો બાજ પક્ષિ જેમ માંસને ઇચ્છે છે, ધર્મરાજને ગ્રહણ કરવા ઇચ્છે છે, તે આચાર્યના ભયને મૂકી દેઇ જે ધર્મરાજાએ સાત્યકિને મોકલ્યો એ ધર્મરાજાનો અવળો ક્રમ છે એમ માનું છું, માટે રાજા કુશળ હશે કે નહિ ?

आचार्याद्भयमुत्सृज्य यः प्रेषयत सात्यकिं ॥
ग्रहणं धर्मराजस्य खगःश्येन इवामिषं ।
नीत्यमाशंसतेद्रोण: कच्चित्स्यात्कुशली नृप: ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकर्जुनदर्शने भूरिश्रवागमनेएकचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४१ ॥

શિયળવાન તથા રૂડી વાણીવાળા સંબંધી હોય, તેનું પ્રતિપાલન કરવું. કુલિન હોય વા અકુલિન હોય પણ જે મર્યાદાને ઉલ્લંઘન ન કરે, ધર્મની અપેક્ષા રાખે, સરલ તથા લજ્જાવાન હોય, તેને કુલિનથી પણ શ્રેષ્ઠ જાણવો. જેઓનાં જ્ઞાન, આચરણ તથા પ્રજ્ઞા, એ ત્રણે સરખાં હોય, તેઓની મિત્રાઇ કદી જીર્ણ થાય નહિ. બુદ્ધિમાને દુષ્ટ બુદ્ધિવાળા મૂર્ખનો તૃણથી ઢંકાઇ ગયેલા કૂવાની પેઠે ત્યાગ કરવો, કારણ તેને વિષે કરેલી મિત્રાઇ સ્થિર રહેતી નથી. ગર્વિષ્ઠ, મૂર્ખ, ક્રોધી સાહસિક તથા ધર્મ રહિત, એટલાઓની સાથે કદી પણ ડાહ્યા પુરૂષોએ મિત્રાઇ કરવી નહીં. કર્યો ઉપકારને જાણનાર, ધર્મિષ્ઠ, સત્યવાદી, ઉદાર, દૃઢ ભક્તિવાન, જિતેંદ્રિય, મર્યાદાથી ચાલનાર તથા કદી પણ ત્યાગ ન કરનાર હોય, તેની સાથે મિત્રતા કરવી. ઇંદ્રિયોને વિષય થકી નિવૃત્ત પમાડવી એ મૃત્યુથી પણ કઠિન છે, ને તેમને અત્યંત છુટી મૂકવાથી દેવતાઓને પણ દુઃખ થાય છે. સરલતા, પ્રાણી માત્રની ઇર્ષ્યા ન કરા', ક્ષમા, ધૈર્ય તથા મિત્રોનું અપમાન ન કરવું, એટલા ગુણ આયુષને દેનારા છે, એમ પંડિત પુરૂષો કહે છે. જે પુરૂષ દૃઢ બુદ્ધિનો આશ્રય કરી, નીતિમાન પુરૂષે અન્યાયથી નાશ પમાડેલા અર્થને પાછો સંપાદન કરવાને ઇચ્છે, તે જ ઉત્તમ પુરૂષ કહેવાય. ભવિષ્યમાં થનારા દુઃખને ટાળવાના ઉપાયને જે જાણે છે, તેમ દુઃખ વખતે દૃઢ નિશ્ચય રાખે છે, ને છેવટે શું કરવું તે પણ જાણે છે, તે પણ અર્થહીન નથી થતો. કર્મ, મન તથા વાણીનું હંમેશ સેવન કરે ને તેમાંજ લપટાઇ રહે તે વિચારવાન જાણવો. વિવેકી પુરૂષે હંમેશ કલ્યાણરૂપ કર્મનુંજ આચરણ કરવું. દધિ, દૂર્વા, ગાય ઇત્યાદિ મંગળ પદાર્થનો સ્પર્શ, સહાય, સામગ્રી, અધ્યયન, ઉદ્યમ, સરલતા તથા હંમેશ સત્પુરૂષોનું દર્શન, એટલાથી પુરૂષ સમૃદ્ધિ પામે છે. ઉદ્યોગ કરવાથી લાભ, કલ્યાણ તથા લક્ષ્મી મળે છે, તેમ મહત્તા મળી અનંત સુખને પ્રાપ્ત થવાય છે. હે તાત! સર્વ ઠેકાણે ક્ષમા રાખવી તેથી સમર્થને અત્યંત શોભા દેનાર તથા અત્યંત હિતકારક બીજું કંઈ પણ નથી. અશક્ત મનુષ્યે સર્વની ઉપર ક્ષમા રાખવી, શક્તિમાન પુરૂષે પણ ધર્મ સમજી ક્ષમા રાખવી, અને અર્થ તથા અનર્થ બેઉ જેને સમ છે એવા મધ્યમ પુરૂષને માટે પણ ક્ષમા હિતરૂપ છે. જે સુખ સેવવાથી ધર્મ તથા અર્થનો ક્ષય ન થાય, તે સુખ પોતાની ઇચ્છા પ્રમાણે સેવન કરવું, પણ “ એ સુખ મારે જોઇયેજ નહીં ” એવા મૂઢ વ્રતનું આચરણ કરવું નહિ. હમેશ દુઃખિત વૃત્તિવાળા, ગાફલ, નાસ્તિક, આળસુ, ઇંદ્રિયોને વશ તથા ઉત્સાહ રહિત, એટલાઓ વિષે લક્ષ્મી નિવાસ કરીને રહેતી નથી. કુબુદ્ધિવાળા પુરૂષો, સરલતા યુક્ત તથા સરલતાથી લજ્જાવાન પુરૂષને “ આ અશક્ત છે ” એમ માની ધર્ષણ કરે છે. અત્યંત નિષ્કપટ, અતિ દાતાર, અતિ શૂરવીર, અતિશય વ્રત કરનાર તથા “ હું બુદ્ધિમાન છું ” એવું માનનાર, પાસે લક્ષ્મી ભયથી નથી જતી. તેમ અત્યંત ગુણવાન વા અત્યંત ગુણ રહિત પુરૂષો પાસે પણ લક્ષ્મી રહેતી નથી કારણ તે ગુણની ઇચ્છા નથી રાખતી, ને ગુણ રહિતને જોઇને પણ રાજી નથી થતી; પણ ઉન્મત્ત થયેલી ગાયની પેઠે અંધ થયેલી તે કોઇ એક સ્થાન ઉપર સ્થિર રહેતી નથી. વેદ ભણવાનું ફળ અગ્નિહોત્ર કરવારૂપ, શાસ્ત્ર ભણવાનું શીલવૃત્ત પાળવારૂપ, સ્ત્રી પરણવાનું વિષય સુખ તથા પુત્ર પ્રાપ્તિરૂપ અને મળેલા ધનનું દાન કરવા તથા ભોગ ભોગવવારૂપ ફળ છે. જે પુરૂષ અધર્મથી સંપાદન કરેલા ધને કરી પરલોકના સાધનરૂપ યજ્ઞાદિ કર્મ કરે છે તે, મરણ પામ્યા પછી પરલોક વિષે, કરેલા સાધનનું ફળ નથી પામતો, કારણ સાધનનું ધન કુમાર્ગથી આવેલું હોય છે. વિકટ માર્ગમાં, વનમાં, દુઃખથી પણ જવાય નહીં એવા

અધ્યાય ૧૪૨ મો. સાત્યકિ ને યુયુધાન.

संजय उवाच—समापतंतं संप्रेक्ष्य सात्वतं युद्धदुर्मदं ।
क्रोधाद्भूरिश्रवा राजन्सहसा समुपाद्रवत् ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્! યુદ્ધમાં દુર્મદ એવા સાત્વતકુળમાં ઉત્પન્ન થએલા યુયુધાનને સમીપ આવતો જોઇને ક્રોધ થકી ભૂરિશ્રવા તેની સામે દોડ્યો અને હે મહારાજ! શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિને આવી રીતે કહેવા લાગ્યો કે, બહુ સારૂં થયું કે આજે તું સંગ્રામમાં મારી નજરે આવ્યો. હું ઘણા કાળથી ઇચ્છેલા મનોરથને આજ પામીશ. જો તું રણસંગ્રામનો ત્યાગ નહિ કરે તો તને જીવતો મુકીશ નહિ. હે દાશાર્હકુળમાં ઉત્પન્ન થએલા સાત્યકિ! આજે સંગ્રામમાં નિરંતર શૂરતું અભિમાન રાખનાર એવો જે તું તેને મારીને કુરૂદેશના રાજા દુર્યોધનને આનંદ પમાડીશ. આજે રણમાં સાથે રહેલા એવા કેશવ ભગવાન ને અર્જુન મારાં બાણોએ કરી દગ્ધ થએલ એવો જે તું, તેને પૃથ્વીતલમાં પડેલો જોશે. આજે જેણે તને અહિં મોકલેલો છે એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર તને મારાથી નાશ થએલો સાંભળીને તત્કાળ લજ્જાયુક્ત થશે. રૂધિરે કરી છંટાએલો અને મેં નાશ કરેલો એવો તું પૃથ્વી વિષે પડવાથી આજે કુંતિપુત્ર ધનંજય મારા પરાક્રમને જાણશે. જેમ પૂર્વે દેવ દૈત્યોના યુદ્ધમાં ઇન્દ્રને બલિરાજા સાથે સમાગમ કરવો ઇચ્છિત હતો તેમ તારી સાથે સમાગમ કરવો એ મને ઘણા કાળ થયા ઇચ્છિત હતો. હે સાત્વત! આજે તને ઘણું ભયંકર યુદ્ધ કરવા આપીશ ત્યારે તું તત્વથી મારા વીર્ય, બળ અને પરાક્રમને જાણીશ. જેમ યુદ્ધમાં રામચંદ્રના નાના ભાઈ લક્ષ્મણે હણેલો રાવણનો પુત્ર ઇન્દ્રજીત યમપુરીને પામ્યો હતો, તેમ આજે મારાથી નાશ પામેલો તું યમરાજાની નગરીને પામીશ. હે માધવ! આજે શ્રીકૃષ્ણ, કુંતિપુત્ર અર્જુન અને ધર્મરાજ યુધિષ્ઠિર મારાથી તારો નાશ થવાથી નિરૂત્સાહ થઇ નિઃસંશય રણનો ત્યાગ કરશે. હે માધવ! આજે તીક્ષ્ણ બાણોવડે તારો નાશ કરી જેઓને તેં રણમાં મારેલા છે તેઓની સ્ત્રિયોને આનંદ પમાડીશ. હે માધવ! જેમ સિંહની નજરમાં આવેલો ક્ષુદ્ર મૃગ ન જઈ શકે, તેમ મારી નજર તળે આવેલો તું મુક્ત નહિ થાય. હે રાજન્! તે પછી હસતો હોય નહિ તેમ યુયુધાને ભૂરિશ્રવાને ઉત્તર આપ્યો કે, હે કૌરવેય! મને સંગ્રામમાં ત્રાસ થતો નથી ને મને કેવળ વાણી માત્રે કરી કોઇ બીવરાવવાને સમર્થ નથી. જે મને સંગ્રામમાં આયુધ રહિત કરે, તે મારે. સંગ્રામમાં મને મારે તેવો કોઈ છે નહિ. વૃથા બહુ બોલવાથી શું? જે તેં કહ્યું તે કર્મે કરી આચરણ કરી બતાવ. શરદૃઋતુ સંબંધી મેઘની પેઠે તારૂં બોલવું નિષ્ફળ છે. હે વીર! તારૂં બોલવું સાંભળી મને હાસ્ય ઉત્પન્ન થાય છે. હે કૌરવ! આજે લોકમાં ઘણા કાળથી ઇચ્છિત એવું યુદ્ધ થાઓ. હે તાત! મોટા યુદ્ધને ઇચ્છ-નાર એવી મારી બુદ્ધિ ઉતાવળી થાય છે. હે પુરૂષોમાં અધમ! આજ તને માર્યા વગર હું પાછો નહિ વળું.

૧ એ રીતે એક બીજા વાણીવડે ઉહાપોહ કરતા અને મારવાને ઇચ્છતા, પરમ ક્રોધ પામેલા, મહા ધનુર્ધારી, મદોન્મત્ત અને રણમાં સ્પર્ધા કરતા એવા મળેલા નરશ્રેષ્ઠ ભૂરિશ્રવા ને યુયુધાન, જેમ ક્રોધ પામેલા મદોન્મત્ત એવા હસ્તિઓ હાથણી સારૂ લડે તેમ સંગ્રામમાં લડતા હતા અને શત્રુઓને નાશ કરનાર એવા ભૂરિશ્રવા ને સાત્યકિ મેઘની પેઠે પરસ્પર

ભયંકર બાણ વૃષ્ટિઓ કરતાં હતા. તે સમયે હે ભરતશ્રેષ્ઠ! આશ્ચર્યને [illegible] એવા સોમ- દત્તના પુત્ર ભૂરિશ્રવાએ શીઘ્ર જનારાં બાણોએકરી શિનિપૌત્ર સાત્યકિને ઢાંકી દેઈ તીક્ષ્ણ એવાં દશ બાણોએકરી તેને વિંધ્યો. વળી શિનિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિને [illegible] સોમદત્તના પુત્ર ભૂરિશ્રવાએ બીજાં પણ તીક્ષ્ણ બાણો ફેંક્યાં. હે પ્રિયાંપને! ભૂરિશ્રવાનાં તીક્ષ્ણ બાણોને પોતાને પ્રાપ્ત થયાની અગાઉ અંતરિક્ષને વિષેજ સાત્યકિએ નાશ કર્યાં. હે પ્રભો! ભૂરિશ્રવા ને સાત્યકિ જુદી જુદી પરસ્પર અસ્ત્રવૃષ્ટિઓ કરતા હતા. ઉત્તમ સમાંગવાળા કુરૂ અને વૃષ્ણિકુળના યશને વધારનાર એવા તેઓ, જેમ નખોએકરી સિંહો અને દાંતોએકરી મોટા હસ્તિઓ લડે તેમ રથ, શક્તિઓવડે તથા બાણોએકરી પરસ્પર લડતા હતા. શરીરને ભેદતા, લોહીને કાઢતા અને પ્રાણ ખોવારૂપ જુગટાં રમતા એવા તે બેઉ પરસ્પર સ્થિર થઇ લડતા હતા. એ રીતે ઉત્તમ કર્મવાળા કુરૂ અને વૃષ્ણિઓના યશને વધારનાર એવા ભૂરિશ્રવા ને સાત્યકિ યૂથના પતિ બે હસ્તિઓની પેઠે એક બીજા સામે યુદ્ધ કરતા હતા, અને થોડા વખતમાં બ્રહ્મલોકની આગળ કરેલા તથા પરમ સ્થાનને પામવાને ઇચ્છતા એવા તેઓ પરસ્પર ગર્જના કરતા હતા. તેમજ તમારા પુત્રોના જોતાં હર્ષ પામેલા પુરૂષોની પેઠે સાત્યકિ અને સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા એ બે, પરસ્પર બાણોની વૃષ્ટિ કરતા હતા. તે સમયે જેમ હાથણીના કારણથી યુદ્ધ કરતા એવા યૂથના પતિ હસ્તિઓને, તેમ યોદ્ધાઓના પતિ ને યુદ્ધ કરતા એવા તે બે ભૂરિશ્રવા ને સાત્યકિ, તેઓને મનુષ્યો જોતાં હતાં એક બીજાના ઘોડા- ઓને મારીને, ધનુષ્યોને કાપીને, રથ રહિત થએલા તે બેઉ ખડ્ગ યુદ્ધ કરવા માટે મહારણમાં સામસામા મળ્યા. પછી વિચિત્ર, સુંદર અને વિસ્તારવાળાં બળદનાં ચર્મને ગ્રહણ કરી તથા ખડ્ગને ઉઘાડાં કરી તેઓ સંગ્રામમાં ફરતા હતા. જુદા જુદા માર્ગ અને ભિન્ન ભિન્ન મંડળો પ્રત્યે ફરતા, શત્રુઓનો નાશ કરતા, ખડ્ગ સહિત એવા તથા વિચિત્ર બખ્તરવાળા અને નિષ્ક તથા બાજુબંધથી શોભિતા એવા તેઓ અત્યંત ક્રોધ પામી વારંવાર પરસ્પર પ્રહાર કરતા હતા. ભ્રાંત, ઉદ્ભ્રાંત, આવિદ્ધ, આપ્લુત, વિપ્લુત, સૃત, સંપાત, ને સમુદીર્ણ એવી ગતિઓને દેખાડના, યશસ્વી શત્રુઓનો નાશ કરતા એવા તે બેઉ પરસ્પર ખડ્ગોએકરી પ્રહાર કરતા હતા અને છિદ્રને શોધતા એવા શૂરા તે બેઉ વિચિત્ર રીતે ગતિ કરતા હતા. શિક્ષાને, શીઘ્રતાને, તથા સહેલાઇને દર્શાવતા યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા તે બેઉ યુદ્ધમાં ચાલતાં પરસ્પર શબ્દને કરતા હતા. હે રાજેંદ્ર! એ રીતે પરસ્પર લડીને શૂરા ભૂરિ- શ્રવા ને સાત્યકિએ સર્વ સૈન્યોના જોતાં મુહૂર્તવાર શ્વાસ લીધો. ફરીને હે નરાધિપ! સો ચંદ્રવાળાં વિચિત્ર ચર્મને ખડ્ગો વડે કાપીને પુરૂષોમાં શ્રેષ્ઠ એવા તે, બાહુ યુદ્ધ કરવા લાગ્યા. પહોળી છાતીવાળા, મોટી ભુજાવાળા અને યુદ્ધમાં કુશળ એવા તે બેઉ, બાહુવડે કરી લોઢાની ભોગળોએકરી લડવાને સામસામા સજ્જ થયા. હે રાજન્! તેઓના હાથનું વારવું, હાથનું ગ્રહણ કરવું, અને પરસ્પરનાં ગળાનું જે ગ્રહણ કરવું તેઓ શિક્ષા બળવાળાં હોવાથી સર્વ યોદ્ધાને હર્ષ પમાડતાં હતાં. તે વખતે હે રાજન્! યુદ્ધ કરતા એવા જે નર શ્રેષ્ઠ ભૂરિશ્રવા ને સાત્યકિના સંગ્રામમાં વજ્ર અને પર્વત સરખો ભયંકર મહા શબ્દ થતો હતો. જેમ [illegible] વડે હસ્તિઓ, શિંગડાંઓ વડે મોટા બળદ, તેમ બાહુ યોદ્ધા [illegible] [illegible] તાડન કરવાથી, પગના ખેંચવાથી, પગને ભેગા કરવાથી, [illegible] [illegible] પેઠે [illegible], પગના [illegible] બાંધવાથી, પૃથ્વી વિષે [illegible] કરવાથી, [illegible]

આપવું, ફેંકવું, પકડવું, ઊંચું કરવું, ને ફેરવું એ વડે કરી કુરૂ તથા સાત્વતકુળમાં શ્રેષ્ઠ એવા બંને મહાત્મા યુદ્ધ કરતા હતા.

હે ભારત! બત્રીસ સાધનવાળા જે યોદ્ધા છે તેઓને મહા બળવાન એવા તે બેઉ યુદ્ધ કૌશલ્ય દર્શાવતા હતા. જ્યારે સાત્વત એવો સાત્યકિ યુદ્ધ કરતો ક્ષીણ થયેલો આયુધરહિત થયો ત્યારે વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે, સર્વ ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ રણમાં યુદ્ધ કરતા એવા રથ રહિત આ સાત્યકિને જો. હે પાંડુપુત્ર અર્જુન! તારી પાછળ ભારતી સેનાને ભેદી તે પ્રત્યે પેઠેલો સાત્યકિ મહા પરાક્રમવાળા સર્વ કૌરવોએ યુદ્ધ કરેલું છે તેથી થાકેલો, સમીપ આવતો એવો જે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ સાત્યકિ તેને યુદ્ધની ઇચ્છા કરનાર સોમદત્ત પુત્ર પ્રાપ્ત થયો છે એ, હે અર્જુન! અયોગ્ય જેમ હોય તેમ છે. હે રાજન્! ત્યાર પછી યુદ્ધમાં દુર્મદ એવો કોપ પામેલો ભૂરિશ્રવા, સાત્યકિ પ્રત્યે જેમ મદોન્મત્ત હસ્તિ મત્ત થએલા હસ્તિને પ્રહાર કરે તેમ રથમાં બેઠેલા તે બેઉના યુદ્ધમાં, ક્રોધ પામેલા અને યોદ્ધાઓમાં મુખ્ય એવા કેશવ ભગવાન અને અર્જુનના જોતાં સંગ્રામમાં ઉદ્યમ કરી પ્રહાર કરતો હતો. તે સમયે મહાબાહુ શ્રીકૃષ્ણે અર્જુન પ્રત્યે કહ્યું કે, વૃષ્ણિ ને અંધકકુળમાં શ્રેષ્ઠ એવા જે સાત્યકિ, તેને સોમદત્તના પુત્ર ભૂરિશ્રવાને વશ થયેલો જો. હે અર્જુન! અત્યંત દુષ્કર કર્મ કરીને થાકી ગયેલો પૃથ્વી ઉપર રહેલો તારો શિષ્ય શૂર એવો સાત્યકિ તેનું હવે પાલન કર. હે પુરૂષોમાં શ્રેષ્ઠ સમર્થ એવા અર્જુન! તારે માટે શ્રેષ્ઠ આ સાત્યકિ યત્નને આચરણ કરનારા ભૂરિશ્રવાને વશ જેમ ન થાય તેમ જલદી કર. એ પછી પ્રસન્ન મનવાળો ધનંજય અર્જુન, વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે, હે શ્રીકૃષ્ણ! વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિની સાથે ક્રીડા કરતો એવો કુરૂશ્રેષ્ઠ ભૂરિશ્રવા તેને, જેમ વનમાં મોટા મત્ત હસ્તિ સાથે ક્રીડા કરતો સિંહોના યૂથનો પતિ હોય તેમ જૂઓ. સંજય કહે છે—હે ભરતશ્રેષ્ઠ! એ રીતે ધનંજય પાંડુના પુત્ર અર્જુનના કહેવાથી સૈન્યો મધ્યે મોટો હાહાકાર થયો. તે પછી ઉદ્યમ કરી મહાબાહુ ભૂરિશ્રવાએ સાત્યકિને પૃથ્વી ઉપર પાડ્યો. યુદ્ધમાં સાત્વતશ્રેષ્ઠ એવા સાત્યકિને ખેંચતો એવો કુરૂશ્રેષ્ઠ ભૂરિશ્રવા જેમ હાથીને ખેંચતો એવો સિંહ શોભે તેમ શોભતો હતો. તે વખતે સંગ્રામ વિષે મ્યાનમાંથી ખડ્ગ ખેંચીને તેણે સાત્યકિના કેશ ગ્રહણ કરી પગ વડે છાતીમાં તેને પ્રહાર કર્યો અને સાત્યકિની કાયા ઉપરથી કુંડળ સહિત મસ્તક કાપવાનો આરંભ કરવા લાગ્યો. તેટલામાં તો સાત્વત એવો સાત્યકિ પણ હે ભારત! કુંભારે દંડેકરી વિંધેલા ચક્રની પેઠે કેશ ગ્રહણ કરેલા ભૂરિશ્રવાના હાથ સહિત માથાને હલાવતો ત્વરા કરવા લાગ્યો. એ રીતે સંગ્રામમાં ચોતરફથી ખેંચતો એવો સાત્વત સાત્યકિ તેને જોઈને હે રાજન્! ફરીને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે હે મહાબાહો! વૃષ્ણિ ને અંધકકુળમાં શ્રેષ્ઠ તારો શિષ્ય ધનુષ ગ્રહણ કરવામાં તારી બરોબરી કરે એવો સાત્યકિ, તેને સોમદત્તના પુત્ર ભૂરિશ્રવાને વશ થએલો જો. જ્યાં રણમાં ભૂરિશ્રવા છે ત્યાં અસત્ય થવાનું છે, કારણ કે તે ભૂરિશ્રવા સત્ય પરાક્રમવાળા વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિથી વિશેષ છે. એ રીતે સંગ્રામમાં વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણનાં વચન સાંભળી પાંડુપુત્ર અર્જુન ભૂરિશ્રવાને મનેકરી વખાણવા લાગ્યો કે, સંગ્રામમાં ક્રીડા કરતો હોય તેમ સાત્વત શ્રેષ્ઠ સાત્યકિને ખેંચતો અને કુરૂકુળની કીર્ત્તિ વધારનાર એવો ભૂરિશ્રવા મને બહુ હર્ષ પમાડે છે, કેમકે વૃષ્ણિ વીરોમાં શ્રેષ્ઠ એવા સાત્યકિને જે મારતો નથી, અને અરણ્યમાં જેમ સિંહ મોટા હસ્તિને ખેંચે તેમ ખેંચે છે. હે રાજન્! એ રીતે કુંતિપુત્ર મહાબાહુ અર્જુને, મનમાં [illegible]

એવા ભૂરિશ્રવાને જોઈને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને કહ્યું કે સિંધુદેશના રાજામાં આસક્ત દષ્ટિવાળો હું આ માધવ એવા સાત્યકિને દેખતો નથી. આ ન કરાય એવું કર્મ હું યાદવ માટે કરું છું. એમ કહી પછી વસુદેવના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ તેમનાં વચનને સ્વીકારતા એવા પાંડવ અર્જુને ગાંડીવ ધનુષમાં ક્ષુરપ્ર નામનું અસ્ત્ર જોડયું. આકાશમાંથી પડેલા મોટા ઉલ્કાગ્નિની પેઠે કુંતિપુત્ર અર્જુનના બાહુથી છૂટેલા તે હથિયારે યજ્ઞશીલ એવા ભૂરિશ્રવાનો ખડ્ગ અને બાજુબંધ સહિત હાથ કાપી નાંખ્યો.

> पार्थबाहुविसृष्टः समहोल्कवनभस्युता ।
> सयज्ञयशशीलस्य सांगदंबाहुमच्छिनत् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भूरिश्रवोबाहुच्छेदे गुर्जरभाषायां द्विचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४२ ॥

અધ્યાય ૧૪૩ મો. ભૂરિશ્રવાનો વધ.

> संजय उवाच—सबाहुर्न्यपतद्भूमौ सखड्गः सशुभांगदः ।
> आदधज्जीवलोकस्य दुःखमद्भुतमुत्तमः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ખડ્ગ અને શુભ બાજુબંધ સહિત ઉત્તમ એવો તે બાહુ જીવલોકના અદ્ભુત દુઃખને ધારણ કરતો પૃથ્વી ઉપર પડ્યો. પ્રહાર કરશે એવો તે બાહુ ન દેખાતા એવા અર્જુને પ્રહાર કરવાથી પાંચ મુખવાળા સર્પની પેઠે તે પૃથ્વી પર પડ્યો. પછી કુરૂકુળમાં ઉત્પન્ન થએલો ભૂરિશ્રવા પોતાના આત્માને અર્જુને નિષ્ફળ કરેલો જોઇ સાત્યકિને મૂકી દઇ ક્રોધથી પાંડુપુત્ર અર્જુનને નિંદવા લાગ્યો, અને કહ્યું કે, હે કુંતિપુત્ર અર્જુન ! યુદ્ધમાં આસક્ત થએલો એવો જે હું, તેના ન જોતાં મારા બાહુને તેં કાપી નાંખ્યો તે અતિ ક્રૂર કર્મ કર્યું છે, પરંતુ યુદ્ધમાં મેં શું કર્મ કરતા બળવાન ભૂરિશ્રવાને માર્યો, તે વિષે ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાને શું કહી શકીશ ? હે કુંતિપુત્ર ! આ અસ્ત્ર તને મહાત્મા ઇન્દ્રે, રૂદ્રે અથવા દ્રોણાચાર્યે કિંવા કૃપાચાર્યે ઉપદેશ કરેલું છે ? નિશ્ચે તું જે લોકમાં બીજાઓથી અધિક અસ્ત્રધર્મને જાણનાર છે એવા તેં, યુદ્ધ કરતો એવો જે હું તેને કેમ પ્રહાર કર્યો ? મનસ્વી પુરૂષો ગાફલને, ભય પામેલાને, રથ રહિતને, યાચના કરનારને અને દુઃખમાં પડનારને પ્રહાર કરતા નથી. હે પાર્થ ! નીચ પુરૂષે આચરણ કરેલું, અસત્પુરૂષે સેવેલું, અતિ દુઃખે કરાય એવું આ પાપ કર્મ તેં કેમ આચરણ કર્યું ? હે ધનંજય ! આર્ય પુરૂષોએ સુખે કરવા યોગ્ય તો શ્રેષ્ઠ કર્મ કહેવાય છે અને ખરાબ કર્મ તો પૃથ્વીમાં સારા પુરૂષે અતિ દુઃખે કરી કરાય તેવું છે. હે નરશ્રેષ્ઠ ! જે જે સારા અથવા નઠારા પુરૂષોમાં જે જે શુભ અથવા અશુભ કર્મ વિષે લક્ષણ તે છે તત્કાળ તેઓના સ્વભાવને પામે છે, તેમ તારે વિષે પણ આ દેખાય છે. રાજાના વંશમાં થએલો તેમાં પણ વિશેષે કરી કુરૂકુળમાં થએલો, સારાં કર્મ અને વ્રત કરનાર એવો તું ક્ષત્રધર્મથી કેમ ખસ્યો ? વળી વૃષ્ણિકુળમાં થએલા સાત્યકિ માટે અતિ શુદ્ર કામ કર્યું ? નિશ્ચે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણનો તારે વિષે જે મત છે

તે યોગ્ય નથી. કૃષ્ણ જેના સખા છે, એવો જે પુરુષ ન હોય તે કોણ પ્રમાદ અને બીજા સાથે યુદ્ધ કરતા એવા પુરુષને આવું દુઃખ આપે? નીચ ક્લેશ કરનાર જેનાં કામ છે એવાં અને પ્રકૃતિએ કરીનેજ નિંદિત એવા વૃષ્ણિ અને અંધકકુળમાં જન્મેલા પુરુષો, હે કુંતિપુત્ર અર્જુન! તેં કેમ પ્રમાણરૂપ કર્યા? એ રીતે યુદ્ધમાં તેનાં વચન સાંભળી કુંતિપુત્ર અર્જુને ભૂરિશ્રવાને કહ્યું કે ક્ષય પામતો એવો પુરુષ બુદ્ધિને પણ ક્ષય યુક્ત કરે છે, એ સ્પષ્ટ છે. હે પ્રભો! જે તમે કહ્યું તે સઘળું વ્યર્થ છે, કેમકે ઋષિકેશ એવા શ્રીકૃષ્ણ અને પાંડુપુત્ર એવો જે હું, તેને તું જાણતો નિંદા કરે છે. સંગ્રામના ધર્મને જાણનાર, સર્વ શાસ્ત્રના પારને પામનાર, ને હું અધર્મને ન કરૂં એમ જાણતો એવો પણ તું મોહ પામે છે. પોતપોતાના ભાઈઓ, પિતાપુત્ર, સંબંધી, બાંધવ, વડવાઓ તથા મિત્રો સાથે બાહુનો આશ્રય કરી રહેલા જે ક્ષત્રિયજનો શત્રુઓ સાથે યુદ્ધ કરે છે તેઓ અતિ દુઃખેકરી ત્યાગ કરાય એવા પ્રાણને તજી અમારે માટે યુદ્ધ કરતો એવો અને સુખમાં સંબંધવાળો એવો જે મારો શિષ્ય સાત્યકિ તેને કેમ નાશ પામવા દે? હે રાજન્! સંગ્રામમાં યુદ્ધ દુર્મદ એવા જમણા હાથનો શું શોક કરે છે? હે રાજન્! રણભૂમિમાં ગયેલાએ આત્મા સાચવવા યોગ્ય નથી. હે નરાધિપ! જે માણસ જેને અર્થોમાં ઉપયોગી છે તે માણસની રક્ષા કરવી જોઈએ; માટે મોટા યુદ્ધમાં રક્ષા કરનારા યોદ્ધાઓએ રાજા હંમેશ રક્ષા કરવા યોગ્ય છે. મહા સંગ્રામમાં જો હું સાત્યકિનો વધ કરતો જોઉં તો તેના વિયોગે કરી અનર્થ થવાથી મને પાપ લાગે માટે જે મેં રક્ષા કરી તેથી મારે વિષે શું ક્રોધ પામે છે? હે રાજન્! બીજા સાથે મળેલો એવો હું તેની જે નિંદા કરે છે અને તરછોડે છે તેથી મારી બુદ્ધિને ભ્રમ થાય છે. કવચને હલાવનો પોતે રથ પ્રત્યે બેસતો ધનુષની પ્રત્યંચાને ખેંચતો અને શત્રુઓ સાથે યુદ્ધ કરતો એવો જે તું, તેનો આ રીતે રથ અને હસ્તિઓ વડે યુક્ત ઘોડા અને પાયદળવડે આકુલ તથા સિંહનાદે કરી ઉત્પન્ન થયેલો છે શબ્દ જેમાં એવો જે ગભીર સૈન્યરૂપ સાગર તેમાં પોતાના અને પારકાઓવડે મળેલાઓના સંગમ વિષે એકલો એવો જે સાત્યકિ, તેની સાથે કેમ સંગ્રામ થશે? ઘણાઓ સાથે યુદ્ધમાં મળી મહારથિઓને જીતી ગયેલા, જેના ઘોડા થાકી ગયા છે એવો, પ્રસન્ન મન રહિત અને શસ્ત્રોએ કરી પીડિત ને પોતાના વીર્યને વશ થયેલો એવો જે મહારથિ સાત્યકિ તેને જીતી કેમ અધિકપણું માને છે? જે ખડ્ગ વડે સંગ્રામ વિષે આનું મસ્તક કાપવા તું ઇચ્છે છે તે આ રીતે દુઃખ પામેલા સાત્યકિને કોણ સહન કરી શકશે? હે વીર! જે આત્માનું રક્ષણ તું નથી કરતો ત્યારે તારો જે આશ્રય કરે તે માણસ તો કેમજ કરી શકે? માટે તું પોતાનેજ નિંદ.

સંજય કહે છે—એવી રીતે સંગ્રામ વિષે મોટા યશવાળા, જેના ધ્વજમાં યૂપ છે એવો મહાબાહુ ભૂરિશ્રવા, યુયુધાનને છોડી દેહ મરણ સંબંધી અનશન વ્રતનો આરંભ કરવા લાગ્યો. પુણ્યના લક્ષણ યુક્ત બ્રહ્મલોક પ્રત્યે જવા ઇચ્છતા એવા ભૂરિશ્રવાએ જમણા હાથે બાણને પાથરી પછીથી પ્રાણને પ્રાણ વિષે હોમ્યા. સૂર્યમાં નેત્રને એકાગ્ર કરીને, જળમાં પ્રસન્ન મનને એકાગ્ર કરીને મોટા ઉપનિષદનું ધ્યાન કરતો યોગ યુક્ત એવો મુનિ થયો. તે સમયે સર્વ સેનામાં રહેલા યોદ્ધા કૃષ્ણ અને ધનંજયને નિંદતા અને પુરુષોમાં શ્રેષ્ઠ એવો જે ભૂરિશ્રવા તેને વખાણતા હતા. એ રીતે નિંદા કરતા એવા શ્રીકૃષ્ણ ને અર્જુન કહ્યું અપ્રિય બોલ્યા નહિ, તેમ પ્રશંસા કરતા એવો યૂપકેતન ભૂરિશ્રવા હર્ષ પણ પામ્યો નહિ. હે રાજન્! તે પ્રમાણે કહેતા એવા તમારા

પુત્રોને અને તેઓના કહેવાને તથા ભૂરિશ્રવાના કહેલાને મનેકરી સહન કરતો નથી એવો ક્રોધ પામેલા મનવાળો પાંડુપુત્ર અર્જુન તેઓની વાણીને સ્મરણ કરાવતો હોય નહિ શું તેમ નિંદાથી ખિન્ન થયેલો હોય તેવી રીતે કહેવા લાગ્યો કે સર્વ રાજાઓ મારા મહા વ્રતને જાણે છે કે, જે મારા બાણના વિષયને પ્રાપ્ત થાય તે મારો માણસ બીજાએ મારવાને શક્ય નથી. એ જોઇને યૂપ જેના ધ્વજમાં છે એવા હે ભૂરિશ્રવા ! તું મને નિંદવા યોગ્ય નથી. કારણ કે ધર્મને જાણ્યા વિના પરની નિંદા કરવી તે યોગ્ય નથી. જેણે શસ્ત્ર ગ્રહણ કરેલાં છે એવા યુદ્ધમાં વૃષ્ણિવીર સાત્યકિને મારવાને ઇચ્છતો એવો જે તું, તેનો બાહુ મેં કાપ્યો તે ધર્મ નિંદિત નથી. હે તાત ! જેણે શસ્ત્ર ત્યાગ કરેલાં છે એવો, રથ અને બખ્તર રહિત, બાળક જે અભિમન્યુ તેના વધને કયો ધાર્મિક પુરૂષ વખાણશે ? એ રીતે કુંતિપુત્ર અર્જુને કહ્યું એટલે ભૂરિશ્રવાએ મસ્તકે કરી પૃથ્વીનો સ્પર્શ કરી ડાબા હાથવડે જમણા હાથને અર્જુનની સમીપ ફેંક્યો, અને હે મહારાજ ! એવાં કુંતિપુત્ર અર્જુનનાં વચન સાંભળી અતિ કાંતિવાળો યૂપકેતુ એવો ભૂરિશ્રવા નીચું મુખ કરતો મુંગો રહ્યો. વળી અર્જુન કહેવા લાગ્યો કે જે પ્રીતિ મને ધર્મરાજમાં, બળવાન પુરૂષોના મધ્યમાં શ્રેષ્ઠ એવા ભીમસેન વિષે, નકુળમાં અને સહદેવમાં છે તે જ પ્રીતિ હે શલાગ્રજ ભૂરિશ્રવ ! તારે વિષે છે, માટે મેં તથા મહાત્મા શ્રીકૃષ્ણે આજ્ઞા કરેલો એવો તું જે રીતે શિબિરાજા અને ઉશીનર, પુણ્યકારી લોકપ્રત્યે ગયા તેમ જા. પછી વાસુદેવ શ્રીકૃષ્ણ બોલ્યા કે હે વિસ્તારવાળાં અગ્નિ હોત્રોવડે યજનાર ભૂરિશ્રવા ! બ્રહ્મા આદિ દેવ શ્રેષ્ઠોએ ઇચ્છેલા મારા નિર્મળ લોક છે તે પ્રત્યે શીઘ્ર જા; અને ગરૂડવડે જેનું સુંદર ચાલવું છે, એવો મારી તુલ્ય થા.

સંજય કહે છે—સોમદત્તના પુત્ર ભૂરિશ્રવાએ મુકી દીધેલો ઉભો થયેલ એવો શિનિ પૌત્ર સાત્યકિ, પાંડુપુત્ર અર્જુને પ્રહાર કરેલા, ઈશ્વરમાં આસક્ત થએલા, ઘણી દક્ષિણા દેનારા, નિષ્પાપ એવા મહાત્મા શલાગ્રજ ભૂરિશ્રવાને ખડ્ગ ગ્રહણ કરી મસ્તકને છેદવા તથા હણવા માટે ઇચ્છા કરવા લાગ્યો. જેની શુંઢ કપાઇ ગયેલી છે એવા હાથિની પેઠે ભુજા કપાએલા અને જેણે વ્રત ધારણ કર્યું છે એવા બેઠેલા ભૂરિશ્રવાને, સર્વ સૈન્યોના દેખતાં બોલાવી મહાત્મા શ્રીકૃષ્ણે, કુંતિપુત્ર અર્જુને ભીમસેને, ચક્રની રક્ષા કરનારાઓએ તથા અશ્વત્થામાએ, કૃપાચાર્યે, વૃષસેન એવા કર્ણે અને સિંધુદેશના રાજાએ નિવારણ કરતા, અતિ દુષ્ટ મનવાળા, નિંદા કરતા એવા સાત્યકિએ શબ્દ કરતા એવા સૈન્યોના મધ્યમાં માર્યો, ને અનશન વ્રત લઇ બેઠેલા, જેનો બાહુ અર્જુને કાપેલો છે એવા, કુરૂકુળમાં થએલા ભૂરિશ્રવાનું મસ્તક કાપી નાખ્યું. તે સમયે પ્રથમ અર્જુને હણેલા કુરૂકુળમાં ઉત્પન્ન થએલા એવા ભૂરિશ્રવાને સાત્યકિએ માર્યો તે કર્મેકરી સૈન્યોએ સાત્યકિને જરાએ વખાણ્યો નહિ. યુદ્ધમાં અનશન વ્રતને પામેલા, હણેલા, ઇન્દ્રની તુલ્ય એવા ભૂરિશ્રવાને જોઇને સિદ્ધચારણ મનુષ્યો વખાણવા લાગ્યા અને તેનાં કર્મોએકરી દેવતાઓ વિસ્મિત થયા તથા તમારા સૈનિકો અતિ ઘણા પક્ષવાદ કરવા લાગ્યા કે, વૃષ્ણિકુળમાં થએલા સાત્યકિનો અપરાધ નથી, ભાવિમાં હતું તેમ થયું; તે માટે તમારે ક્રોધ કરવો નહિ, કારણ કે ક્રોધ મનુષ્યોને ઘણો દુઃખરૂપ છે. વીર પુરૂષે મારવા યોગ્ય હતો એમાં વિચાર કરવો નહિ; કેમકે બ્રહ્માએજ સંગ્રામમાં સાત્યકિને હાથે એનું મૃત્યુ નિર્માણ કરેલું હશે. સાત્યકિ બોલ્યો કે 'ન હણવો ન હણવો' એ રીતે ધર્મ રૂપી કંચુક પ્રત્યે રહેલા હે અધર્મિ પુરૂષો ! મને ધર્મવાદવડે કહેતા હતા તે તમારો ધર્મ

જ્યારે તમોએ શસ્ત્ર રહિત એવા બાળક સુભદ્રાના પુત્રને મારી નાખ્યો ત્યારે ક્યાં ગયો હતો? મેં તો આ પ્રતિજ્ઞા કરી હતી કે જે કોઇ પણ નિંદાવડે સંગ્રામમાં જીવતો એવો જે હું, તેને પાડીને પગેકરી ક્રોધથી પ્રહાર કરશે તે શત્રુ જો કે મુનિવ્રતવાળો હોય તોપણ મારવો; માટે મારવા વિષે ચેષ્ટા કરતો ભુજારહિત એવો જે ભૂરિશ્રવા તેને માંસ દૃષ્ટિવાળા તમે મરેલો માનો છો એ તમારી બુદ્ધિનુંજ હલકાપણું છે. હે કુરૂશ્રેષ્ઠ પુરૂષો! એનો મેં નાશ કર્યો તે યોગ્ય છે. મને જોઇને પ્રતિજ્ઞાને પાળતા એવા કુંતિપુત્ર અર્જુને જે ખડ્ગથી આનો બાહુ કાપી નાંખ્યો તેણે કરીનેજ હું તો છેતરાયો છું. દૈવજ બધું કરે છે માટે જે થવાનું હતું તે થયું. આ વિમર્દમાં ભૂરિશ્રવા માર્યો ગયો એમાં શું અધર્મેકરી ચેષ્ટા થઇ? વળી વાલ્મીકિએ પણ આ શ્લોક પૂર્વે કહ્યો છે કે હે વાનર! પૃથ્વી વિષે સ્ત્રિયો ન મારવી એ રીતે જે તું કહે છે તે જો શત્રુઓને પીડા કરનારૂં થાય તો સદા વ્યવસાયવાળા મનુષ્યે સર્વકાળ કરવું. સંજય કહે છે-હે મહારાજ! એ રીતે સાત્યકિએ કહ્યું ત્યારે સર્વ કુરૂશ્રેષ્ઠ પુરૂષો કાંઇ પણ બોલ્યા નહિ, અને મનેકરી તેને વખાણવા લાગ્યા. મોટા યજ્ઞોમાં મંત્રોએ કરી પવિત્ર થયેલો, યશસ્વી, હજારો દાન કરનાર એવો જે ભૂરિશ્રવા તેના વધને અરણ્યમાં રહેલા મુનિના વધની પેઠે કોઇએ વખાણ્યો નહિ. વળી હવિર્ગૃહના મધ્ય ભાગમાં નાંખેલા યજ્ઞ સંબંધી ઘોડાનાં મસ્તક પેઠે વરદાન આપનારા શૂરવીર તે ભૂરિશ્રવાનું અતિ નીલકેશવાળું કબૂતરના નેત્ર સરખાં જેનાં રાતાં નેત્ર છે એવું મસ્તક કપાઇ પડયું. એ રીતે મહાયુદ્ધમાં શસ્ત્રે કરેલાં તેજવડે પવિત્ર થએલો, વરદાન દેનાર અને વરદાનને યોગ્ય એવો ભૂરિશ્રવા શ્રેષ્ઠ દેહને તજી ઉત્તમ ધર્મેકરી પૃથ્વી તથા આકાશને ભેદી ઉંચા લોક પ્રત્યે ગયો.

स तेजसास्त्रकृतेन पूतो महाहवे देहवरंविसृज्य ।
आक्रामदूर्ध्वंवरदोवरार्होव्यावृत्यधर्मेणपरेणरोदसी ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि भूरिश्रवोवधे गुर्जरभाषायां त्रिचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४३ ॥

અધ્યાય ૧૪૪ મો. સાત્યકિની જન્મ પ્રશંસા.

धृतराष्ट्र उवाच—अजितो द्रोण राधेय विकर्ण कृतवर्मभिः ।
तीर्णःसैन्यार्णवं वीरः प्रतिश्रुत्य युधिष्ठिरे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! દ્રોણાચાર્ય, રાધાપુત્ર કર્ણ, વિકર્ણ અને કૃતવર્માએ નહિ જીતેલો સંગ્રામમાં નિવારણ ન કરાય એવો, યુધિષ્ઠિર પાસે પ્રતિજ્ઞા કરી સૈન્યરૂપ સાગરને તરી ગએલો શૂર એવો જે સાત્યકિ, તેને કુરૂકુળમાં થયેલા ભૂરિશ્રવાએ બળથી ગ્રહણ કરી પૃથ્વી વિષે કેમ પાડયો? સંજય કહે છે—હે રાજન્! જેને વિષે તમને સંશય છે તે ભૂરિશ્રવા અને શૈનેય એવા સાત્યકિની જે રીતે પ્રથમ ઉત્પત્તિ થઇ હતી ત્યારે હવે સાંભળો. અત્રિનો પુત્ર સોમ થયો, સોમનો પુત્ર બુધ, બુધનો પુત્ર મહેંદ્રાભ અને તેનો પુત્ર પુરૂરવા થયો. પુરૂરવાનો આયુષ અને આયુષનો નહુષ પુત્ર થયો. નહુષનો દેવર્ષિઓએ સંમત એવો યયાતિ

ઉત્પન્ન થયો. યયાતિને તેની દેવયાની સ્ત્રી થકી જ્યેષ્ઠ એવો યદુ નામનો પુત્ર થયો. 'યદુના વંશમાં જે દેવમીઢ તેનો પુત્ર યાદવ થયો તેને ત્રૈલોક્યમાં મનાએલો એવો શૂર થયો ને એ શૂરને નર શ્રેષ્ઠ શૌરિ મહાયશવાળો વસુદેવ થયો. ધનુર્ધારિઓમાં શ્રેષ્ઠ તે શૂર રાજા યુદ્ધમાં કૃતવીર્યના પુત્ર સહસ્રાર્જુન સમાન થયો. હે નૃપ ! તેજ કુળમાં તે શૂર સરખા શૌર્યવાળો શિનિ થયો. એજ સમયમાં હે રાજન્ ! મહાત્મા દેવકની દીકરીના, જેમાં સર્વ ક્ષત્રિયોનો સમાગમ છે એવા સ્વયંવર વિષે શિનિએ વાસુદેવ સારૂ સર્વ પાર્થિવોને જીતી તત્કાળ દેવી એવાં દેવકીને રથ પ્રત્યે બેસાડ્યાં. હે નૃપ ! દેવકીને રથમાં બેઠેલાં જોઇને પુરૂષમાં શ્રેષ્ઠ એવો મહા તેજસ્વી શૂર સોમદત્ત શિનિને સહન કરી શક્યો નહિ. હે પુરૂષોમાં શ્રેષ્ઠ એવા રાજન્ ! અતિ બળવાન્ એવા તેઓનું મળેલું જુદી જુદી જાતનું આશ્ચર્યકારક બાહુયુદ્ધ અર્ધ દિવસ થયું. શિનિએ બળાત્કારથી સોમદત્તને પૃથ્વી વિષે પાડ્યો અને ખડગ ઉગામી ચોટલી ઝાલી પગવડે પ્રહાર કર્યો. વળી ચોતરફથી જોતા એવા રાજાઓના મધ્યમાં તેણે 'કૃપાએ કરી તું જીવતો રહે ' એમ કહી મુકી દીધો. હે મારિષ ! શિનિએ, અવસ્થાવાન કરેલો એવો સોમદત્ત ક્રોધને વશ થઇ મહાદેવને પ્રસન્ન કરવા લાગ્યો. પરંતુ તે સમયે પ્રસન્ન થએલા શ્રેષ્ઠ પુરૂષોના વરને આપનાર પ્રભુ એવા મહાદેવે તેને વરદાનવડે પ્રસન્ન કર્યો ને તે રાજાએ હે ભગવન્ ! 'જે પુત્ર સંગ્રામમાં હજારો રાજાના મધ્યમાં શિનિના પુત્રને પછાડી પગવડે પ્રહાર કરે તેવા પુત્રને હું ઇચ્છું છું ' એ રીતે વરદાન માગ્યું. હે પાર્થિવ ! સોમદત્તનું તે વચન સાંભળી 'એ પ્રમાણે હો ' એમ કહી ત્યાં મહાદેવ અંતર્ધાન થઇ ગયા. તે વરદાનેકરી સોમદત્ત ઘણી દક્ષિણા આપનાર એવા ભૂરિશ્રવા નામના પુત્રને પામ્યો ને તે ભૂરિશ્રવાએ સર્વ સૈન્યોના જોતાં શિનિના પુત્ર સાત્યકિને પાડ્યો તથા પગેકરી પ્રહાર કર્યો. હે રાજન્ ! જે તમે મને પૂછો છો તે મેં કહ્યું. રણભૂમિ વિષે મનુષ્યોમાં શ્રેષ્ઠ એવાઓએ સાત્વત એવો સાત્યકિ જીતી શકાય તેમ નથી. કેમકે નિશાન કરનારાઓ, ઘણીવાર વિચિત્ર યુદ્ધ કરનારાઓ, સંગ્રામમાં દેવદાનવ અને ગંધર્વોને વિસ્મય ન પામી જીતનાર, પોતાનાં શૌર્યવડે વિજય કરવામાં યુકત એવા એ યાદવો પરાધીન નથી. હે પ્રભો ! હે ભરત શ્રેષ્ઠ ! આ લોકમાં થઇ ગએલું થતું અને થનાર કશું પણ બળેકરી વૃષ્ણિઓની બરાબર દેખાતું નથી. સંગ્રામમાં વૃષ્ણિવીરોને દેવ, દૈત્ય, ગંધર્વ યક્ષ, ઉરગ અને રાક્ષસો પણ જીતનાર નથી ત્યારે માનવો તો શું જીતી શકે ? વળી જ્ઞાતિનું અપમાન નથી કરતા અને વૃદ્ધોની આજ્ઞામાં પ્રીતિવાળા, અહિંસક બ્રહ્મદ્રવ્ય, ગુરૂદ્રવ્ય અને જ્ઞાતિદ્રવ્યને ન રાખનાર તથા તેઓની જો રક્ષા કરનાર થાય તો કોઇ પણ આપત્તિમાં રક્ષા કરનાર થાય. વળી ધનવંત, મદરહિત, બ્રાહ્મણ વિષે આસ્તિક ને સત્યવાદિ છે, સમર્થનું અપમાન નથી કરતા અને દીન પુરૂષોનો ઉદ્ધાર કરે છે, તેમજ નિરંતર દેવતા વિષે તત્પર, જેઓની ઇન્દ્રિયો નિયમમાં છે એવા રક્ષા કરનારા અને બકવાદ ન કરનારાઓ છે તેણે કરીને વૃષ્ણિવીરોનો સમૂહ નાશ પામતો નથી. કોઇ પુરૂષ મેરુ પર્વતને ઉલંઘી જાય અથવા સમુદ્રને તરી જાય તોપણ હે નૃપ ! વૃષ્ણિકુળના વીરપુરૂષોના અંતનો સમાગમ પામી શકે નહીં. હે પ્રભો ! જેમાં તમને સંશય હતો એ સર્વ મેં કહ્યું, હે નરોમાં શ્રેષ્ઠ એવા કુરુરાજ ! તમારો મોટો અન્યાય છે.

न तु वृष्णिप्रवीराणां समेत्यांतं प्रजेश्वर ।
यत्ते संशयितं तत्र ते संशयः प्रभो ॥
कुरुराज नरश्रेष्ठ तव अपनयो महान् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि सात्यकिप्रशंसायां दुर्योधनभाषायां चतुश्चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४४ ॥

અધ્યાય ૧૪૫ મો. જયદ્રથના બચાવનું યુદ્ધ.

धृतराष्ट्र उवाच—तदवस्थे हते तस्मिन् भूरिश्रवसि कौरवे ।
यथा भूयो भवद्युद्धं तन्ममाचक्ष्व संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! તે અવસ્થાવાળો ભૂરિશ્રવા કૌરવ નાશ પામ્યો ત્યારપછી ફરીને જે યુદ્ધ થયું તે મને કહે. સંજય કહે છે—હે ભારત ! ભૂરિશ્રવા પરલોકમાં ગયો ત્યારે મહાબાહુ અર્જુને શ્રીકૃષ્ણને પ્રેરણા કરી કે હે કમળ સરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણ ! જયદ્રથ જો યુદ્ધ કરતો નાશ પામે તો જલદી સ્વર્ગ પ્રત્યે જાય તે જ તેનો ધર્મ છે. ભાગતો નાશ પામે તો નરકમાં પડે તે જ ધર્મ અને જો મારા ભયથી પોતાના દેશ પ્રત્યે જાય તો યશરૂપ શરીરનો જે નાશ તે જ તેનો ધર્મ છે. આ રીતના ત્રણ ધર્મોમાં જ્યાંસુધી પ્રથમ ધર્મ વિષે યુદ્ધમાં સામો ઉભો રહ્યો છે ત્યાંસુધી મારવાને યોગ્ય છે, માટે જ્યાં જયદ્રથ રાજા છે, ત્યાં જલદી ઘોડાઓને ચલાવો. હે પાપરહિત શ્રીકૃષ્ણ ! તમે મારી પ્રતિજ્ઞાને સફળ કરવા યોગ્ય છો; કારણ કે હે મહાબાહો ! ત્વરા કરતો એવો સૂર્ય અસ્ત પામે છે. હે પુરૂષોમાં શ્રેષ્ઠ ! આ મેં મોટું કામ આરંભેલું છે ને તે કાર્ય અટકાવવા જયદ્રથને કુરૂસેનાના મહારથિઓએ સાચવેલો છે તેથી હે કૃષ્ણ ! જેમ સૂર્ય અસ્ત પામે નહિ અને મારૂં વચન સત્ય થાય તેમ ઘોડાઓને ચલાવો; જેથી જયદ્રથને હું મારૂં. ત્યાર પછી ઘોડાઓનાં હૃદયને જાણનાર એવા મહાબાહુ શ્રીકૃષ્ણે જેને રૂપાની ઉપમા અપાય એવા ઘોડાઓને જયદ્રથના વધ સારૂ ચલાવ્યા. ઉંચે જનારા બાણોની પેઠે શીઘ્ર ગતિવાળા ઘોડાઓવડે આવતા અને સફળ જેનાં બાણ છે એવા અર્જુન પ્રત્યે, હે મહારાજ ! ઉતાવળા એવા સેનાના મુખ્ય પુરૂષો દુર્યોધન, વૃષસેન, કર્ણ, મદ્રદેશનો રાજા શલ્ય, અશ્વત્થામા, કૃપાચાર્ય અને પોતે સિંધુદેશનો રાજા જયદ્રથ ગયા. સમીપ રહેલા સિંધુદેશના રાજાને સામે આવી ક્રોધેકરી પ્રદીપ્ત થએલાં નેત્રોવડે બાળતો હોય નહિ તેમ અર્જુન જોવા લાગ્યો. ત્યાર પછી ત્વરાવાન રાજા દુર્યોધન જયદ્રથના વધ માટે જતા અર્જુનને જોઈ રાધાપુત્ર કર્ણને કહેવા લાગ્યો કે હે મહાત્મન્ સૂર્યપુત્ર કર્ણ ! આ યુદ્ધનો સમય છે તેમાં તારા આત્માનું બળ દર્શાવ અને જેમ સંગ્રામ વિષે અર્જુનથી જયદ્રથનો વધ ન કરાય તેમ કર. હે નરોમાં શૂર ! દિવસ થોડો બાકી રહ્યો છે એટલા સમયમાં આજે બાણના સમૂહોવડે શત્રુનો નાશ કર. હે નરોમાં અતિ વીર એવા કર્ણ ! દિવસ અસ્ત પામતાં જરૂર આપણો જય થશે. પછી સૂર્યના અસ્ત પ્રત્યે સિંધુદેશના રાજા જયદ્રથની રક્ષા કરવાથી જેની મિથ્યા પ્રતિજ્ઞા થએલી છે એવો કુંતિપુત્ર અર્જુન હુતદ્રવ્યને ભક્ષણ કરનાર એવા અગ્નિમાં જરૂર પ્રવેશ કરશે. એટલે હે માન આપનાર કર્ણ ! અર્જુન રહિત થએલી પૃથ્વી વિષે તેને અનુસરનાર એવા તેના ભાઇઓ મુહૂર્તવાર પણ જીવવા ઉત્સાહ નહિ કરે. પછી નાશ પામેલા પાંડુપુત્રોવડે ક્ષુદ્ર, શત્રુ રહિત થએલી, પર્વત, વન અને કાનનો સહિત આ તમામ પૃથ્વીને આપણે ભોગવીશું.

હે માનદ ! દૈવેકરી હણાએલા વિપરીત એવા રણભૂમિમાં કાર્ય અને અકાર્યને ન જાણનારા કુંતિપુત્ર અર્જુને પ્રતિજ્ઞા કરેલી છે. હે કર્ણ ! જયદ્રથના વધ પ્રત્યે મુકુટધારિ પાંડુપુત્ર અર્જુને આ પ્રતિજ્ઞા કરી છે તે નિશ્ચે પોતાના નાશ માટેજ છે. હે રાધાપુત્ર કર્ણ ! દુઃખેકરી ધારણ કરાય એવો તું જીવતો હોય ને અર્જુન સૂર્ય અસ્ત થયા વગર સિંધુદેશના રાજાને કેમ મારે ? મદ્રદેશના રાજા શલ્યે, મહાત્મા કૃપાચાર્યે સંગ્રામના અગ્ર ભાગમાં રક્ષા કરેલા જયદ્રથને ધનંજય કેમ મારે ? દ્રોણપુત્ર અશ્વત્થામાએ, મેં અને દુઃશાસને રક્ષા કરેલા સિંધુદેશના રાજા જયદ્રથને કાળે પ્રેરેલો એવો અર્જુન કેમ હણશે ? ઘણા શૂરાઓ યુદ્ધ કરે છે, દિવસ અસ્ત થવા આવ્યો છે, માટે હે માનદ કર્ણ ! કુંતિપુત્ર અર્જુન જયદ્રથને નહિજ મારે એમ હું માનું છું. હે કર્ણ ! તે મારા સહિત દ્રોણપુત્ર અશ્વત્થામા, મદ્રેશ, કૃપાચાર્ય અને બીજા શૂરવીર મહારથિઓ સહિત પરમ યત્ન કરી સંગ્રામ વિષે કુંતિપુત્ર અર્જુનની સાથે યુદ્ધ કર. હે મારિષ ! એ રીતે તમારા પુત્ર દુર્યોધને કહ્યું તે સાંભળી રાધાપુત્ર કર્ણ, કુરૂત્તમ એવા દુર્યોધન પ્રત્યે આ રીતે બોલ્યો કે હે માનદ દુર્યોધન ! દૃઢ નિશાનવાળા, શૂર, ધનુર્ધારી ભીમસેને સંગ્રામમાં ઘણીવાર બાણના સમૂહોવડે જેનું શરીર બાણે ભેદેલું છે એવો હું, રહેવું જોઇએ માટે હાલ યુદ્ધમાં રહ્યો છું. વળી મોટા બાણોએકરી સંતાપ પામેલો એવો જે હું, તેનું અંગ લેશ પણ ગતિ કરી શકતું નથી. તોપણ તારે અર્થે મારૂં જીવિત છે તેથી શક્તિ પ્રમાણે યુદ્ધ કરીશ. જે રીતે પાંડુપુત્રોમાં મુખ્ય સવ્યસાચી ધનંજય એવો અર્જુન, સિંધુદેશના રાજાને મારી શકશે તથા નાશ કરી શકશે નહિ, તેવી રીતે હું તીક્ષ્ણ બાણ નાંખી યુદ્ધ કરીશ. તેમ આજે સંગ્રામ વિષે સિંધુદેશના રાજા જયદ્રથ માટે ઘણો યત્ન કરીશ તોપણ જય થવો એતો દૈવાધિન વાત છે. હે મહારાજ ! આજે પોતાના પરાક્રમનો આશ્રય કરી રહેલો હું તારૂં પ્રિય થવા માટે અર્જુને સાથે યુદ્ધ કરીશ પણ જય થવો તે દૈવ ઉપર રહેલો છે. હે પુરૂષશ્રેષ્ઠ ! હે કુરૂશ્રેષ્ઠ ! તારા અર્થે આજે મારૂં અને કુંતિપુત્ર અર્જુન બેઉનું ભયંકર, રૂંવાંને ઉભાં કરે એવું જે યુદ્ધ તેને સર્વ સૈન્યો જોશે, પણ જય તો ભાગ્ય ઉપરજ રહેલો છે.

એ પ્રમાણે કર્ણને કૌરવ દુર્યોધન કહેતો હતો તે સમયે સંગ્રામમાં અર્જુન તીક્ષ્ણ બાણોવડે તમારી સેનાને હણતો હતો. રણભૂમિમાંથી પાછા ન વળનાર એવા જે શૂર પુરૂષો તેઓના ભોગળ સરખા અને હાથિની સુંઢ સરખા એવા બાહુને તીક્ષ્ણ બાણોએકરી કાપતો હતો. તેમજ મહાબાહુ અર્જુન તીક્ષ્ણ બાણોએકરી શત્રુનાં મસ્તકને કાપી નાખતો હતો. હસ્તિઓની શુંડ ને ઘોડાઓની ડોકને, રથનાં ચક્રને, લોહિછાંટ થએલાં અને જેણે પ્રાસ તથા તોમર નામનાં હથિઆર લીધેલાં છે એવા ઘોડેસ્વારોને ચોતરફથી બિભત્સુ એવો અર્જુન ક્ષુર નામનાં બાણોવડે એકેકને બે ત્રણ પ્રકારે કાપી નાંખતો હતો; અને સર્વ તરફથી ઘોડાઓને તથા મુખ્ય હસ્તિઓનો નાશ કરતો હતો. ધ્વજ, છત્ર, ધનુષ, ચામર અને મસ્તકને કાપતો એવો વૃદ્ધિ પામેલા બળતા અગ્નિની પેઠે તમારી સેનાનો નાશ કરતો એવો કુંતિપુત્ર અર્જુન તેણે થોડા વખતમાં પૃથ્વીને રૂધિરયુક્ત કરી મેલી. બળવાન દુર્ધર્ષ સત્યપરાક્રમવાળો અર્જુન તમારાં સૈન્યમાં જેમાં ઘણા યોદ્ધાઓ નાશ થયેલા છે એવું કરી સિંધુદેશના રાજા જયદ્રથ સામે આવી પહોંચ્યો હે ભરતશ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર ! તે વખતે ભીમસેન અને સાત્વત એવા સાત્યકિએ રક્ષા કરેલો અર્જુન પ્રકાશ પામેલા અગ્નિની પેઠે શોભતો હતો. એ રીતે રહેલો એવો જે પાંડુપુત્ર અર્જુન તેને વીર્યની સંપત્તિવડે તમારા પુરૂષ શ્રેષ્ઠ એવા મહા

[illegible], ઉદ્યમ આપદ વિષે, ક્ષમા વખતે તથા [illegible] હેમ તે ઠેકાણે [illegible] પુરુષોને ભય લાગતો નથી. [illegible], નિયમથી ખાવું, અનુરાગ, [illegible]. [illegible] તથા વિચાર કરીને કર્મનો સમારંભ કરવો, એટલાં વાનાં [illegible] મૂળ છે. [illegible] રૂપયૌવન બળ છે, વેદ જાણનારાઓનું વેદરૂપ, દુષ્ટ પુરુષોનું હિંસારૂપ, તથા [illegible] પુરુષોનું ક્ષમારૂપ બળ છે. જળ, મૂળ, દુગ્ધ, હવિષ, [illegible]ની આજ્ઞા, ગુરૂનું વચન [illegible], એ આઠ વ્રતનાં વ્રતને હણતાં નથી. જે પોતાને પ્રતિકૂળ હોય, તે [illegible] નહીં, એ ધર્મ [illegible] જાણવાથી [illegible] છે, તે ઇચ્છા પ્રમાણે [illegible] છે. ક્રોધને અક્રોધથી, અસાધુતાને સાધુતાથી, કૃપણને દાનથી તથા અનૃતને સત્યથી જીતવું. સ્ત્રી, ધૂર્ત, આળસુ, બીકણુ, ક્રૂર, અભિમાની, ચોર, કરેલા ઉપકારને ન [illegible] તથા નાસ્તિક, એટલાઓનો વિશ્વાસ કરવો નહીં. નિરંતર નમ્રતાથી વર્તનારો [illegible] વૃદ્ધની સેવા કરે છે તે પુરુષનાં કીર્તિ, આયુષ, યશ તથા બળ, એ ચાર વૃદ્ધિ પામે છે.

હે તાત! અતિ ક્લેશથી, ધર્મ છોડી દેવાથી તથા શત્રુની તાબેદારી કરવાથી જે [illegible] સિદ્ધ થાય, તે વિષે તમે મન માં કરો. વિદ્યા રહિત પુરુષ, પ્રજા વગરનું મૈથુન, આહાર વગરની પ્રજા, તથા રાજા વગરનો દેશ, એ ચારેય શોચ કરવા લાયક છે. ઘણો પંથ [illegible]વાથી મનુષ્યોને જરા અવસ્થા પ્રાપ્ત થાય છે; પર્વતોને વર્ષાદના જળથી, સ્ત્રિયોને પુરુષના વિયોગથી તથા મનને દુર્વચનથી જરા પ્રાપ્ત થાય છે. અભ્યાસ એ વેદનો મળ છે, વ્રત ન કરવું એ બ્રાહ્મણનો, બાહ્લિક નામના દેશો પૃથ્વીનો તથા જુઠું બોલવું એ પુરુષનો મળ છે. તેમ સતી સ્ત્રીને કોઇ બીજાની ઇચ્છા થવી, સ્ત્રિયોને બહાર ફરવું, સુવર્ણને રૂપું, રૂપાને કથિર, કથિરને સીસું અને સીસાને મેલ મળરૂપ છે. થોડું શયન કરવાથી નિદ્રા જીતાય, તેમ કામ રહિતપણાથી સ્ત્રિયો, પાસે લાકડાં ન હોવાથી અગ્નિ અને પાન કરવાના ત્યાગથી મદિરા જીતાય. જે દાન માનથી મિત્રને જીત્યો, તેમ યુદ્ધમાં શત્રુને તથા અન્નપાનાદિકે સ્ત્રી સ્ત્રિયોને જીત્યો, તેનું જીવિત સફળ જાણવું. હે ધૃતરાષ્ટ્ર! હજાર પતિ જીવે છે, તેમ સો[illegible]પતિ પણ જીવે છે, માટે ઘણી ઇચ્છા મૂકી દો; કારણ કોઇ રીતે ન જીવાય એમ નથી. પણ જો વિચારે નહીં, તો તે પૃથ્વીમાં જેટલું ધાન્ય, સુવર્ણ, પશુઓ તથા સ્ત્રિયો છે તે બધું એકને મળે તોપણ, તેને "હવે બહુ મળ્યું" એમ પરિપૂર્ણની બુદ્ધિ થાય નહીં: માટે વિચાર કરે તોજ મોહ પામે. હે રાજન્! તમોને પાંડવ તથા પોતાના પુત્રો વિષે જો સમાન દૃષ્ટિ હોય, તો ફરીથી હું તમોને કહું છું કે, બધાને વિષે સમાન રીતે વર્તો, [illegible] કે પાંડવોને પણ ઘટતો ભાગ આપો.

વિદુર કહે છે—સત્પુરુષોએ વખાણેલો જે પુરુષ નિરભિમાન થઇ પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરે છે તે સત્પુરુષ કહેવાય છે અને યશ પામે છે, ને પ્રસન્ન [illegible] તેને પરિપૂર્ણ [illegible] છે. જે પુરુષ [illegible] વિચાર કર્યા [illegible] [illegible]નો ત્યાગ કરે, તે દુઃખથી [illegible], [illegible] કરેલા સર્પની પેઠે [illegible] [illegible] [illegible] [illegible] પોતાના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] છે. [illegible] સેવા ન કરવી, [illegible]

ધનુર્ધારી યોદ્ધાઓ સહન કરી શક્યા નહિ અને સજ્જ થયેલા દુર્યોધન, કર્ણ, વૃષસેન, મદ્રરાજ, અશ્વત્થામા, કૃપાચાર્ય અને પોતે સિંધુદેશનો રાજા જયદ્રથ એ સર્વ સિંધુદેશના રાજાને માટે મુકુટધારી એવા અર્જુનને વિંટી વળ્યા. ધનુષની પ્રત્યંચાના તથા તલશબ્દોવડે રથોના માર્ગમાં નૃત્ય કરતો, સંગ્રામ વિષે કુશળ એવો વીર કુંતિપુત્ર અર્જુન તે પ્રત્યે જેમ ઉઘાડા મુખવાળો અંતક પ્રત્યે જાય તેમ યુદ્ધમાં કુશળ અને ભય રહિત સિંધુદેશના રાજા જયદ્રથને પૃષ્ઠભાગ ઉપર કરી અચ્યુત ભગવાન તથા અર્જુનને હણવા ઇચ્છતા એવા સર્વ યોદ્ધાઓ જતા હતા. તેમ સૂર્ય લોહિત થવાથી સૂર્યના અસ્તને ઇચ્છના એવા તેઓ હસ્તિઓની શુંડ સરખા હાથોવડે ધનુષને નમાવી સૂર્યકિરણોની કાંતિ સમાન કાંતિવાળા બાણને ફાલ્ગુન એવા અર્જુન પ્રત્યે નાખતા હતા. તે પછી નાંખેલાં અકેક બાણને યુદ્ધમાં દુર્મદ એવા મુકુટવાળા અર્જુને બે, ત્રણ અને આઠ પ્રકારથી છેદીને મહારથિઓને વિંધ્યા. પછી હે રાજન્! સિંહ પુચ્છ જેના ધ્વજમાં છે એવા પોતાના પરાક્રમને દેખાડતા શારદ્વતીના પુત્રે અર્જુનનું બાણ નિવારણ કર્યું અને દશ બાણવડે કુંતિપુત્ર અર્જુનને તથા સાત બાણોએકરી વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને વિંધી સિંધુદેશના રાજા જયદ્રથને સાચવતો રથમાર્ગો વચ્ચે ઉભો રહ્યો.

એ પછી ધનુષને શબ્દાયમાન કરતા અને બાણ નાખતા એવા કૌરવ શ્રેષ્ઠ સર્વ મહારથો એને મોટા રથ સમૂહવડે સર્વ તરફથી વિંટી વળ્યા અને તમારા પુત્રની આજ્ઞાવડે સિંધુદેશના રાજા જયદ્રથની રક્ષા કરવા લાગ્યા. તે સમયે શૂર વીર એવો કુંતિપુત્ર અર્જુને તેના બાહુનું બળ અને ગાંડિવ ધનુષનું અક્ષયપણું દેખાડયું. અર્જુને દ્રોણપુત્ર અને શારદ્વતીના પુત્રના અસ્ત્રને અસ્ત્રવડે નિવારી અકેક એવાં તે સર્વ બાણને દશ બાણવડે કાપી નાંખ્યાં. અર્જુનને દ્રોણપુત્ર અશ્વત્થામાએ પચ્ચીસ બાણે, વૃષસેને સાત બાણે, દુર્યોધને વીસ બાણે, અને કર્ણ તથા શલ્યે ત્રણ ત્રણ બાણવડે વિંધ્યો, અને વારવાર ગર્જના કરતા તથા ધનુષને કંપાવતા એવા તે યોદ્ધાઓએ સર્વ તરફથી ઘેરી લીધો. તેમ ચોતરફથી રથમંડલ ભેગું કરી દીધું. સૂર્યાસ્તને ઇચ્છના, ઉતાવળ કરતા, અર્જુનને પીડતા, અને મોટા ધનુષને કંપાવતા એવા તે મહારથિઓ અર્જુન પ્રત્યે બાણોએ કરી, પર્વત પ્રત્યે જળે કરી જેમ મેઘ વર્ષે તેમ વૃષ્ટિ કરતા હતા; અને હે રાજન્! તે વખતે ભોગળ સરખા જેના બાહુ છે એવા તે શૂરાઓ દિવ્ય અસ્ત્રોને દર્શાવતા ધનંજય એવા અર્જુનના શરીર પ્રત્યે પ્રહાર કરતા હતા. બળવાન્, દુરાધર્ષ, સત્ય પરાક્રમવાળો એવો અર્જુન પણ તમારા સૈન્યને જેમાં ઘણા ખરા યોદ્ધાઓ હણાએલા છે એવુ કરી સિંધુદેશના રાજા જયદ્રથ સામે આવી પહોંચ્યો. તેને સંગ્રામમાં બાણોએકરી કર્ણે રોકયો. હે ભારત! ભીમસેન અને સાત્વત એવા સાત્યકિના જોતાં કુંતિપુત્ર અર્જુને રણાંગણ વિષે કર્ણને દશ બાણવડે વિંધ્યો. હે મારિષ! સૂતપુત્ર કર્ણે તે સર્વ સૈન્યના જોતાં સાત્વતકુળમાં થયેલા મહાબાહુ સાત્યકિએ ત્રણ બાણેકરી વિંધ્યો. ભીમસેને ત્રણ બાણોએ અને કુંતિપુત્ર અર્જુને ફરીને સાત બાણવડે વિંધ્યો. મહારથિ કર્ણે તેઓને સાઠ સાઠ બાણોએ કરી વિંધ્યા. હે રાજન્! સૂતપુત્ર કર્ણનું તે યુદ્ધ ઘણાઓ સાથે થયું તેમાં હે મારિષ! અમે આશ્ચર્ય જોયું કે તે એકલો ક્રોધ પામેલો કર્ણ યુદ્ધમાં ત્રણેને વિંટી વળતો હતો. રણભૂમિમાં મહાબાહુ અર્જુને સૂર્યપુત્ર કર્ણને સો બાણે કરી સર્વ મર્મસ્થાનમાં પ્રહાર કર્યો. પછી રૂધિરવડે ભિંજાએલાં છે સર્વ અંગ જેનાં એવા પ્રતાપવાન શૂરા સૂતપુત્ર કર્ણે તેને પચાસ બાણે કરી વિંધ્યો. કર્ણની શીઘ્રતાને અર્જુન સહી શકયો નહિં, અને તે પછી બળવાન, શ્રેષ્ઠ કુંતિપુત્ર અર્જુને નવ બાણવડે કર્ણના ધનુષને કાપી તેને સ્તનના મધ્યભાગમાં

વિંધ્યો. એ પછી બીજું ધનુષ ગ્રહણ કરી પ્રતાપવાન એવા સૂતપુત્ર કર્ણે આઠસો બાણ વડે પાંડુપુત્ર અર્જુનને ઢાંકી દીધો. ઘણી એવી કર્ણના ધનુષથી થયેલી બાણવૃષ્ટિને કુંતિપુત્ર અર્જુને વાયુ જેમ પતંગિઆનો નાશ કરે તેમ બાણ વડે નાશ કરી; અને સંગ્રામ વિષે પોતાના હાથની શીઘ્રતાને દર્શાવતા એવા અર્જુને સર્વ યોદ્ધાઓના જોતાં બાણોએકરી કર્ણને ઢાંકી દીધો. સંગ્રામ વિષે ઉતાવળને વખતે કર્ણના વધ માટે ત્વરાવાન એવા ધનંજય અર્જુને સૂર્ય સમાન કાંતિવાળા બાણને નાખ્યું. તે સમીપ આવતા બાણને દ્રોણપુત્ર અશ્વત્થામાએ અર્ધચંદ્રાકાર તીક્ષ્ણ બાણેકરી કાપી નાંખ્યું. કપાએલું તે બાણ પૃથ્વી ઉપર પડ્યું. શત્રુને હણનારા કર્ણે પણ સામ સામું યુદ્ધ કરવાની ઇચ્છા વડે ઘણી શત સંખ્યાવાળાં બાણોએકરી અર્જુનને ઢાંકી દીધો. બળદની પેઠે શબ્દ કરતા નરશ્રેષ્ઠ એવા તે મહારથિઓ શીઘ્ર જનારાં બાણોએકરી આકાશને ઢાંકી દેતા હતા. બાણોના સમૂહો વડે ઢંકાએલા પરસ્પર પ્રહાર કરતા એવા તે, ‘ હે કર્ણ ! ઉભો રહે; હું કુંતિપુત્ર અર્જુન છું. ’ ‘ હે અર્જુન ! ઉભો રહે હું કર્ણ છું. ’ એ રીતે કહી તરછોડતા વાક્યરૂપ બાણોએકરી દુઃખ દેતા હતા. વળી શૂર એવા તે સંગ્રામ વિષે આશ્ચર્યકારક શીઘ્ર અને સુંદર એવું યુદ્ધ કરતા હતા. તે સમયે સંગ્રામમાં સિદ્ધ, ચારણ અને પન્નગોએ પ્રશંસા કરાતા એવા તે બે, સર્વ યોદ્ધાઓના સમાગમમાં જોવા યોગ્ય થયા. હે મહારાજ ' પરસ્પર વધ કરવાને ઇચ્છતા તે યુદ્ધ કરતા હતા ત્યારે હે રાજન્ ! દુર્યોધને તમારા યોદ્ધાઓને યત્નથી રાધાપુત્ર કર્ણની રક્ષા કરો, એમ કહ્યું કેમકે સંગ્રામમાં અર્જુનને હણ્યા વગર તે પાછો નહિ વળે, એ રીતે મને તેના પુત્ર વૃષસેને કહ્યું છે.

હે રાજન્ ! કર્ણના પરાક્રમને જોઇ કાન પર્યંત ખેંચી મૂકેલાં ચાર બાણોએકરી કર્ણના ચાર ઘોડાઓને, જેના ઘોડા શ્વેત છે એવા અર્જુને પ્રેતલોક પ્રત્યે પહોંચાડ્યા, અને કર્ણના સારથિને ભલ્લ બાણેકરી રથના નીડભાગથી પાડી નાખ્યો, તેમજ તમારા પુત્રના જોતાં બાણોએકરી કર્ણને ઢાંકી દીધો. સંગ્રામ વિષે બાણોના સમૂહ વડે ઢંકાતો જેના ઘોડા અને સારથિ હણાએલા છે એવો મોહ પામેલો કર્ણ કર્તવ્યને પામી શક્યો નહિ. હે મહારાજ ! તે રીતે કર્ણને રથ રહિત થયેલો જોઇ તેને રથ પ્રત્યે બેસાડી અશ્વત્થામા ફરીને અર્જુનને યુદ્ધ કરાવવા લાગ્યા. તે સમયે મદ્રદેશના રાજા શલ્યે ત્રીસ બાણવડે કુંતિપુત્ર અર્જુનને વિંધ્યો. શરદ્વતીના પુત્રે વીસ બાણોએકરી વસુદેવના પુત્ર કૃષ્ણને તથા બાર બાણોએકરી ધનંજયને પ્રહાર કર્યો. વળી હે મહારાજ ! ચાર બાણોએકરી સિંધુદેશના રાજા જયદ્રથે અને સાત બાણોએકરી વૃષસેને કૃષ્ણ અને પાંડુપુત્ર અર્જુનને વિંધ્યા. તેમજ કુંતિપુત્ર ધનંજયે ચોસઠ બાણેકરી દ્રોણાચાર્યના પુત્રને, સો બાણેકરી મદ્રરાજ એવા શલ્યને, દશ બાણેકરી સિંધુદેશના રાજા જયદ્રથને, ત્રણ બાણોએકરી વૃષસેનને તથા વીસ બાણેકરી શરદ્વતીના પુત્રને સામા વિંધ્યા. પછી વિંધીને કુંતિપુત્ર અર્જુને નાદ કર્યો, તે વખતે સવ્યસાચી અર્જુનની પ્રતિજ્ઞાના નાશને ઇચ્છતા મળેલા તમારા યોદ્ધાઓ જલદી ધનંજય એવા અર્જુન પ્રત્યે ધસી ગયા. એ પછી ધૃતરાષ્ટ્રના પુત્રોને ત્રાસ પમાડતા એવા અર્જુને સર્વ તરફથી વારૂણાસ્ત્ર પ્રગટ કર્યું, એટલે પાંડુપુત્ર તે અર્જુનની કૌરવો મહા મૂલ્યવાળા રથોવડે સામા ગયા અને બાણવૃષ્ટિઓ કરવા લાગ્યા. હે ભારત ! તે પછી સંકુલ અતિ મોહ કરનાર થયેલા તે યુદ્ધમાં યોદ્ધાઓને પામી કિરિટી રાજપુત્ર 'એવો અર્જુન મોહ પામ્યો નહિ અને બાણોના સમૂહોને નાંખવા લાગ્યો. રાજ્યને ઇચ્છનાર પ્રમાણુ ન કરી શકાય એવો સવ્યસાચી મહાત્મા અર્જુન બાર વર્ષ લગી થએલા કલેશોને સંભારતો અતિ

ધનુષથી મૂકેલાં બાણોએકરી દિશાઓને ઢાંકતો હતો અને ક્રોધ પામેલો કિરીટી અર્જુન, શિવે આપેલા પિંગલ વર્ણવાળી પ્રત્યંચા યુક્ત ધનુષ વડે શત્રુઓને મારતો હતો, તેથી અંતરીક્ષ જેમાં ઉંબાડિયાં પ્રકાશ પામેલાં છે એવું થયું અને પક્ષિયો મૃત શરીરે પૃથ્વીપર પડતાં હતાં. તે પછી ધનુષ વડે બાણ નાંખી, રણને જીતનાર, મહા યશસ્વી એવો મુકુટવાન અર્જુન, ઉત્તમ ઘોડા અને ઉત્તમ હસ્તિઓ વિષે ઘુર્ણાયમાન એવા કુરૂકુળના શૂર પુરૂષોને બાણોએકરી નાશ કરતો હતો. તે સમયે મોટી ગદાઓને, લોહમય એવી ભોગળોને, ખડ્ગોને તથા શક્તિઓને અને મોટાં શસ્ત્રોને ગ્રહણ કરી ભયંકર જેનું દર્શન છે એવા રાજાઓ તત્કાળ સંગ્રામમાં અર્જુન સામે દોડયા. તે વખતે અર્જુન યુગના અંતકાળ સંબંધી મેઘના સરખા શબ્દવાળું અને ઇન્દ્રધનુષ સરખું મોટું એવું જે ગાંડિવ ધનુષ તેને હાથવડે કરી ખેંચવા લાગ્યો. અને તમારા યોદ્ધાઓને અતિશે દહન કરતો યમરાષ્ટ્રને વધારતો હાસ્ય કરતો ચાલ્યો. તેમજ સંગ્રામમાં મહા ધનુર્ધારી શૂર એવો અર્જુન તીવ્ર એવા રથ અને હાથિયો સહિત એવા જે પાયદળના સમૂહ તેઓને, નાશ થએલાં છે સર્વ આયુધ અને જીવિત જેનું એવા તથા યમરાજાનાં રાષ્ટ્રને વધારનાર કરવા લાગ્યો.

स तानुदीर्णान्सरथान्सवारणान्पदातिसंघांश्च महाधनुर्धरः ॥
विपन्न सर्वायुधजीवितान् रणे चकार वीरो यमराष्ट्रवर्धनान् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां पंचचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४५ ॥

અધ્યાય ૧૪૬ મો. જયદ્રથનો વધ.

संजय उवाच—श्रुत्वा निनादं धनुषश्च तस्य विस्पष्टमुत्कृष्टमिवांतकस्य ।
शक्राशनिस्फोटसमं सुघोरं विकृष्यमाणस्य धनंजयेन ॥

સંજય કહે છે–હે નૃપ! કાળના મોટા અવાજ સરખો ઇંદ્રના વજ્રનું જે ફુટવું તે બરોબર ભયંકર તથા અતિ સ્પષ્ટ એવો જે ધનંજયે ખેંચેલો તે ગાંડિવ ધનુષનો શબ્દ તેને સાંભળીને તમારૂં ત્રાસેકરી ઉદ્વેગ પામેલું તથા ભ્રાંતિ પામેલું સૈન્ય, યુગાંતવાયુવડે ક્ષોભ પામેલું ચલિત મોજાંઓવડે યુક્ત તથા પ્રલય પામેલા છે મત્સ્ય અને મગર જેમાં એવા સાગરના સલિલ સરખું થયું. અને સંગ્રામ વિષે જોતો એવો કુંતિપુત્ર ધનંજય એક સમયે સર્વ દિશાઓમાં સર્વ અસ્ત્રોને દર્શાવતો ફરવા લાગ્યો. હે મહારાજ! અસ્ત્રોને શીઘ્રતાથી ગ્રહણ કરતો, સાંધતો, ખેંચતો, અને ફેંકતો એવો પાંડુપુત્ર અર્જુન તેને અમે દેખતા ન હતા. હે મહારાજ! તે પછી ક્રોધ પામેલા સર્વ ભરતભૂમિમાં મળેલા યોદ્ધાઓને ત્રાસ પમાડતા એવા મહાબાહુ અર્જુને અસાધ્ય એવા ઇન્દ્રાસ્ત્રને પ્રગટ કર્યું. તે અસ્ત્રથકી દિવ્ય અસ્ત્રોકરી મંત્રેલાં પ્રદીપ્ત એવાં અસંખ્ય બાણ ઉત્પન્ન થયાં. કાનપર્યંત ખેંચી નાંખેલાં અગ્નિ અને સૂર્ય કિરણ સરખાં તે બાણોએકરી અંતરિક્ષ ઉંબાડિયાંવડે વિંટાએલું હોય નહિ તેવું થઇ ગયું. થયું તે પછી ભીષ્મ પુરૂષોએ મને કરીને પણ સહન ન થાય એવા કૌરવોએ કરેલા શસ્ત્રરૂપ અંધ-

કારને દેહેશત પામતો હોય નહિ તેમ રહેલો એવો પાંડુપુત્ર અર્જુન—તેણે પરાક્રમે કરી દિવ્ય અસ્ત્રવડે મંત્રેલા બાણોએ કરી જેમ પ્રાતઃકાળમાં સૂર્ય રાત્રિ સંબંધી અંધકારને કિરણોએ કરી જલદી નાશ કરે તેમ નાશ કર્યો. તે પછી તો તમારાં સૈન્યને સમર્થ એવો અર્જુન દીપ્ત એવાં બાણરૂપી કિરણોએ કરી ઉનાળાનો સૂર્ય જેમ કિરણોએ કરી નાનાં સરોવરના પાણીનો નાશ કરે તેમ નાશ કરવા લાગ્યો. તે સમયે દિવ્ય અસ્ત્રને જાણનારા અર્જુને જે બાણરૂપી કિરણો નાખ્યાં તે જેમ સૂર્યનાં કિરણો લોકપ્રત્યે પડે તેમ શત્રુના સૈન્યપ્રત્યે પડચાં. એ પછી જે બીજાં તીવ્ર તેજવાળાં બાણ નાંખ્યાં તે તત્કાળ પ્રિયબંધુજન પેઠે શૂરાઓના હૃદયપ્રત્યે પેઠાં. સંગ્રામ વિષે આત્માને શૂર માનનારા તમારા યોદ્ધાઓ જે અર્જુન પ્રત્યે ગયા તે તે દીપ્ત અગ્નિને પામેલા પતંગિઆઓની પેઠે નાશ પામ્યા. એવી રીતે શત્રુઓના યશને તથા જીવિતને હરનો બળશાળી કુંતિપુત્ર અર્જુન દેહવાન એવા મૃત્યુની પેઠે સંગ્રામમાં ફરતો હતો. પાંડુપુત્ર અર્જુને કેટલાક પુરૂષોનાં મુકુટ સહિત વસ્ત્રોને, બાજુબંધ સહિત મોટા ભુજને તથા બે કુંડળ સહિત એવા કાનને બાણવડે કાપી નાંખ્યાં. તેમ હાથિ ઉપર બેઠેલા પુરૂષોના તોમર સહિત બાહુને, ઘોડેસ્વારોના પ્રાસ સહિત એવા બાહુને, પગે ચાલનારાઓના ચર્મ સહિત એવા બાહુને, રથમા બેઠેલાઓના ધનુષ સહિત એવા બાહુને અને નિયંતા પુરૂષોના પ્રતોદ નામનાં અસ્ત્ર સહિત મોટા બાહુને કાપી નાંખ્યા

તે સમયે પ્રદીપ્ત અને ઉગ્ર એવી બાણરૂપ જ્વાળાયુક્ત એવો ધનંજય તણખા સહિત ઉગ્ર જ્વાળાવાળા બળતા પ્રબળ અગ્નિની પેઠે શોભનો હતો. જેને દેવતાઓના રાજા ઇન્દ્રની ઉપમા અપાય, સર્વ શસ્ત્રધારિઓમાં શ્રેષ્ઠ, એકજ વખતે સર્વ દિશાઓમાં મોટાં અસ્ત્રોને ફેંકતો, રથમા બેઠેલો, પુરૂષોમા શ્રેષ્ઠ, દર્શન કરવા યોગ્ય, રથ માર્ગ વિષે નૃત્ય કરતો અને ધનુષની પ્રત્યંચા તથા તલશબ્દવાળો એવો અર્જુન તેને આકાશ વિષે તપતા મધ્યાન્હના સૂર્યની પેઠે યત્નવાળા એવા રાજાઓ પણ જોવાને સમર્થ થતા ન હતા. તે સમયે દીપ્ત અને ઉગ્ર બાણ ધારણ કરેલ એવો મુકુટવાન અર્જુન વર્ષાકાળમાં જળને ધારણ કરનારા ઇન્દ્ર ધનુષ સહિત એવા મોટા મેઘની પેઠે શોભનો હતો. તે સમયે જીષ્ણુ એવા અર્જુને પ્રવર્તાવેલાં તે અતિ દુસ્તર મહાભયંકર એવાં મહાઅસ્ત્રરૂપી પૂરમા શ્રેષ્ઠ યોદ્ધાઓ મગ્ન થવા લાગ્યા. કપાઈ ગએલા મુખવાળા દેહોવડે અને કપાઇ ગએલા બાહુવાળાં શરીરોવડે, પંઝા રહિત એવા હાથોવડે, આંગળીઓ રહિત કરેલા પંઝાઓવડે, કાપેલા છે શુંડના અગ્રભાગ જેના એવા, કાપેલા છે દાંત જેઓના એવા અને મદોન્મત્ત એવા હસ્તિઓવડે ડોક રહિત એવા ઘોડાઓવડે, કડકા કરેલા રથોવડે તેમજ કપાએલાં આંતરડાંવડે, કપાએલા પગવડે અને બીજા કપાએલા, સંધિવાળા, ચેષ્ટા રહિત અને કંપતા એવા હજારો અવયવોવડે, મૃત્યુના અંગે કરી શોભતું અને ભીરૂ મનુષ્યોના ભયને વધારનારૂં એવું મોટું કુંતિપુત્ર અર્જુનનું યુદ્ધ, તેને હે મહીપાળ ! અમે પૂર્વે પશુઓને નાશ કરતા એવા રૂદ્રનું ક્રીડા કરવાનું જે સ્થાન તેના સરખું જોતા હતા. ક્ષુર નામનાં બાણોએકરી નાશ કરાયેલી હસ્તિઓની શુંડવડે પૃથ્વી સર્પ સહિત હોય નહિ શું તેમ શોભતી હતી. અને કોઇ ઠેકાણે મુખરૂપી કમળેકરી યુક્ત એવી માળા સહિત હોય નહિ શું તેવી દેખાતી હતી. વળી તે તે સ્થાનકો વિષે વિચિત્ર પાઘડીઓ અને મુકુટોએ કરી તથા કડાં, બાજુબંધ અને કુંડળોએ કરી, સુવર્ણમય વિચિત્ર બખ્તરોએ કરી અને હાથિ ઘોડાઓના સાજેએ કરી વ્યાપ્ત, અનેક મુકુટોએકરી યુક્ત એવી વિચિત્ર પૃથ્વી નવી સ્ત્રીની પેઠે શોભતી હતી. મજ્જા ને મેદરૂપી ગારાવાળી લોહીના પ્રવાહરૂપી મોટાં

વાળા મર્મસ્થાનના અસ્થિઓવડે અગાધ એવી કેશરૂપી શેવાળવડે નીલ એવી, શિર અને બાહુરૂપી પાષાણના કાંઠાવાળી, કપાએલા ઉદરના અસ્થિઓવડે સાંકડી એવી, વિચિત્ર ધ્વજ અને પતાકાઓવડે યુક્ત એવી, છત્ર ને ધનુષરૂપ ઉર્મિના સમૂહવાળી, પ્રાણ રહિત મહા કાયા-વાળી, હાથિના દેહવડે સંકુલ એવી, રથરૂપ અસંખ્ય ચંદ્રયુક્ત એવી, ઘોડાના સમૂહરૂપ કિનારાવાળી, રથચક્ર, ધુંસરી, લાંગલદંડ, ચક્રાવયવ અને કૂબડાઓવડે અતિ દુર્ગમ એવી, પ્રાસ, ખડ્ગ શક્તિ, ફરશી અને બાણુરૂપી સર્પેકરી દુર્ગમ એવી, સૈન્યરૂપી છે કંક અને મોટા નક્ર જેમાં એવી, શિયાળરૂપી મગર યુક્ત એવી, ગીધરૂપી છે ઉગ્ર મોટા ગ્રાહ જેમાં એવી, શ્વાહડીના શબ્દોવડે ભયંકર એવી, નાચતાં એવાં પ્રેત ને પિશાચ આદિ ભૂતવડે યુક્ત એવી, હજારો પ્રાણ રહિત એવા યોદ્ધાઓનાં હજારો શરીર યુક્ત એવી, ઘણા ભયાનક રસ-વાળી અને ભયંકર એવી, વૈતરણીની પેઠે ભયંકર તથા ભીરૂ પુરૂષોના ભયને વધારનાર રૂધિરની નદીને અર્જુને ઉત્પન્ન કરી. તે વખતે રૂપવાન અંતકની પેઠે અર્જુનના પરાક્રમને જોઇને કૌરવોમાં પ્રથમ ન થએલો એવા ભય પ્રાપ્ત થયો. તે પછી રણાંગણવિષે પાંડુપુત્ર અર્જુન અસ્ત્રોવડે અસ્ત્રોને ગ્રહણ કરી ભયંકર કર્મ કરતો આત્માને ભયકર વરતાવવા લાગ્યો.

હે રાજન્! તે પછી અર્જુન શ્રેષ્ઠ રથોને ઉલ્લંઘન કરી ગયો, તે સમયે આકાશ વિષે મધ્યાન્હ સમયે રહેલા પ્રતાપવાન સૂર્યની પેઠે પાંડુપુત્ર અર્જુનને જોવાને સર્વ પ્રાણી સમર્થ થતાં ન હતાં. આકાશમાં હંસપંક્તિઓની પેઠે વિસ્તાર પામેલા મહાત્મા અર્જુનના ગાંડિ-વધનુષના બાણસમૂહોને સંગ્રામ વિષે અમે જોયા. અર્જુન અસ્ત્રોએ કરી સર્વ તરફથી અસ્ત્રોને વારીને ઉગ્ર કર્મ વિષે રહેલા આત્માને ભયકર દર્શાવતો, હે રાજન્! તે શ્રેષ્ઠ મહા-રથોને ઉલ્લંઘન કરતો હતો. જયદ્રથના વધની ઇચ્છાએ કરી શત્રુઓને નારાચ બાણોએ મોહ પમાડતો હોય નહિ તેમ સર્વ દિશાઓમા બાણને ફેંકતો તથા કૃષ્ણ જેના સારથિ છે એવો દર્શન કરવા યોગ્ય રથ સહિત એવો ધનંજય અર્જુન રણમાં ઘૂમતો હતો. તે સમયે શૂર એવા મહાત્મા અર્જુનનાં હજારો બાણ ફરતાં હોય નહિ તેમ હજારોવાર આકાશ વિષે રહેલાં દેખાતાં હતા. વળી તે સમયે મોટા ધનુષને ગ્રહણ કરતો અને બાણને સાંધતો તથા ફેંકતો એવો કુંતિપુત્ર અર્જુન—તેને અમે જોઇ શક્તા ન હતા; તેમજ હે રાજન્! સંગ્રામમાં સર્વ દિશાઓને તથા સર્વ રથિઓને જોઇ શકતા ન હતા. કદંબના પુષ્પ પેઠે ગણી કુંતિપુત્ર અર્જુન જયદ્રથ પ્રત્યે દોડયો અને નમેલ પર્વવાળાં ચોસઠ બાણોએકરી તેને વિંધ્યો. સિંધુદેશના રાજા જયદ્રથ સામે જતા પાંડુપુત્ર અર્જુનને જોઇ જયદ્રથના જીવિત વિષે નિરાશ થએલા શૂર યોદ્ધાઓ રણભૂમિથી નિવૃત્ત થયા. હે પ્રભો! ભયપીડિત શબ્દવાળા તે યુદ્ધમાં જે જે યોદ્ધો પાંડુપુત્ર અર્જુન પ્રત્યે જતો હતો તે તે યોદ્ધાના શરીર વિષે નાશ કર-નાર બાણ પડતાં હતાં. જીતનારાઓમાં શ્રેષ્ઠ એવો મહારથિ અર્જુન અગ્નિકિરણ સરખાં બાણોએકરી તમારાં સૈન્યને શિર રહિત કરતો હતો. હે રાજેંદ્ર! એ રીતે તે વખતે તમારા ચતુરંગ સૈન્યને વ્યાકુળ કરી કુંતિપુત્ર અર્જુન જયદ્રથ સમીપ દોડયો અને દ્રોણપુત્ર અશ્વત્થા-માને પચાસ બાણે તથા વૃષસેનને ત્રણ બાણેકરી અર્જુને વિંધ્યા. કૃપાચાર્યને કૃપા કરતા એવા કુંતિપુત્રે નવ બાણે વિંધ્યા. શલ્યને સોળ બાણે, કર્ણને બત્રીસ બાણે અને સિંધુદેશના રાજા જયદ્રથને ચોસઠ બાણે વિંધી, સિંહની પેઠે શબ્દ કર્યો. ગાંડિવધનુષધારિ અર્જુને તે રીતે વિંધેલો એવો સિંધુદેશનો રાજા જયદ્રથ અતિ ક્રોધાયમાન થઇ અંકુશે કરી પીડા એલા હાથિની પેઠે તે સહન કરી શક્યો નહિ. અને વરાહ જેનાં ધ્વજમાં છે એવા જયદ્રથે

તે જ વખતે ક્રોધ પામેલા, સર્પ સરખાં, શિલ્પશાસ્ત્રવેત્તાએ શોધેલાં, કાન પર્યંત ખેંચેલાં, ગૃધ્ર પિંછવાળાં, બાણને અર્જુનના રથ ઉપર ફેંક્યાં; અને ત્રણ નારાચ બાણવડે ગોવિંદ ભગવાનને વિંધી છ નારાચ બાણેકરી અર્જુનને, આઠ નારાચેકરી ઘોડાઓને અને એક બાણે-કરી ધ્વજને વિંધ્યો. સિંધુદેશના રાજા જયદ્રથે નાંખેલાં બાણોને તત્કાળ અર્જુને નાશ કરી, તે જ સમયે બે બાણવડે સિંધુદેશના રાજા જયદ્રથના સારથિના મસ્તકને કાયાથી ઉડાવી દીધું અને શોભિત ધ્વજને કાપી નાંખ્યો. ધનંજયના બાણેકરી હણાએલો અને જેની લાકડી કપા-એલી છે તથા અગ્નિજ્વાળાની ઉપમા અપાય એવો સિંધુદેશના રાજા જયદ્રથનો જે મોટો ધ્વજ સંબંધી વરાહ હતો તે નીચે પડ્યો.

હે રાજન્! તે સમયે શીઘ્ર સૂર્યાસ્ત સમય હોવાથી ઉતાવળા થતા એવા જનાર્દન શ્રીકૃષ્ણે પાંડુપુત્ર અર્જુનને કહ્યું કે હે કુંતિપુત્ર મહાબાહો અર્જુન! શૂર એવા છ મહારથિઓએ મધ્યમાં રાખેલો આ જીવિતની ઇચ્છા કરતો ભય પામેલો સિંધુ દેશનો રાજા જયદ્રથ ઉભો છે, માટે હે પુરૂષશ્રેષ્ઠ અર્જુન! રણભૂમિમાં આ છ મહારથિઓને જીત્યા સિવાય કપટ વગર સિંધુદેશનો રાજા જયદ્રથ મારી શકાય તેમ નથી. તેથી આ સમયે સૂર્યના અસ્ત પ્રત્યે એક એવો યોગ કરૂં છુ કે જેથી સિંધુદેશનો રાજા જયદ્રથ એકલો સૂર્ય અસ્ત થયો એમ સ્પષ્ટ દેખશે અને હે પ્રભો! જીવિતને ઇચ્છતો એવો દુરાચારવાન જયદ્રથ તારા નાશ સારૂ હર્ષ-કરી કોઇ રીતે પણ આત્માનુ રક્ષણ કરશે નહિ. હે કુરૂસત્તમ! તે લાગમાં તારે એને પ્રહાર કરવો અને સૂર્ય અસ્ત પામ્યો એમ જાણી ઉપેક્ષા કરવી નહીં. આ પ્રમાણે કહેનાર કેશવ ભગવાન પ્રત્યે અર્જુને કહ્યું કે તમે કહો છો તે પ્રમાણે થાઓ. તે પછી યોગી એવા અને યોગેકરી યુક્ત તથા યોગિઓના ઇશ્વર હરિ એવા શ્રીકૃષ્ણે સૂર્યના આચ્છાદન સારૂ અંધારૂં ઉત્પન્ન કર્યું. શ્રીકૃષ્ણે કરેલા અંધકારના થવાથી સૂર્ય અસ્ત પામ્યો એમ જાણી હે નરાધિપ! તમારા યોદ્ધાઓ કુંતિપુત્રના નાશ થવાના કારણથી હર્ષ પામ્યા; અને હે રાજન્! સંગ્રામમાં હર્ષ પામેલા તે સૈનિકો સૂર્યને મુખ ઉચાં કરી જોતા ન હતા. તે સમયે રાજા જયદ્રથ જોવા લાગ્યો, તે પછી સિંધુદેશનો રાજા જયદ્રથ જ્યારે સૂર્યને જોતો હતો ત્યારે ફરીને શ્રીકૃષ્ણે અર્જુનને આ વચન કહ્યું કે હે ભરતશ્રેષ્ઠ! તારાથી ભયને તજી સૂર્યને જોતા શૂર વીર સિંધુદેશના રાજા જયદ્રથને જો. હે મહાબાહો! દુરાત્મા એવા જયદ્રથનો નાશ કરવા સારૂ આ વખત છે માટે જલદી એનું મસ્તક કાપી નાંખ અને આત્માનું સાફલ્ય કર. એ રીતે કેશવ ભગવાનનાં વચન સાંભળી પ્રતાપવાન પાંડુપુત્ર અર્જુન, સૂર્ય અને અગ્નિ સરખાં બાણોવડે તમારાં સૈન્યને હણતો હતો. કૃપાચાર્યને વીસ બાણે, કર્ણને પચાસ બાણે તથા શલ્ય અને દુર્યોધનને છ છ બાણે અર્જુને તાડન કર્યાં. તેમજ વૃષસેનને આઠ બાણોએ કરી અને સિંધુ-દેશના રાજા જયદ્રથને સાઠ બાણેકરી પ્રહાર કર્યો. હે રાજન્! એ રીતે મહાબાહુ પાંડુપુત્ર અર્જુન તમારા યોદ્ધાઓને બાણવડે વિંધી નાંખી જયદ્રથ સમીપ દોડયો. ભક્ષણ કરનાર એવા અગ્નિની પેઠે સમીપ રહેલા અર્જુનને જોઇ જયદ્રથની રક્ષા કરનારા યોદ્ધાઓ ઘણા સંશય પામ્યા. હે મહારાજ! તે પછી સંગ્રામમાં જયને ઇચ્છતા એવા તમારા સર્વ યોદ્ધાઓ ઇન્દ્રના પુત્ર અર્જુન પ્રત્યે બાણવૃષ્ટિ કરવા લાગ્યા. તે સમયે ઘણી વાર બાણ સમૂહોવડે છાદન થતો અજીત એવો કુરૂનંદન કુંતિપુત્ર અર્જુન ક્રોધ પામ્યો. તે પછી હે પુરૂષશ્રેષ્ઠ! તમારાં સૈન્યને મારવાની ઇચ્છાએ કરી ઇંદ્રપુત્ર બળવાન અર્જુને ગાઢી બાણમય જાળ નાંખી. હે રાજન્! રણ-ભૂમિમાં શૂર એવા અર્જુનથી હણાતા ભય પામેલા તમારા યોદ્ધાઓ સિંધુદેશના રાજા જય-

દ્રથને તજી દેવા લાગ્યા ને તે બે પણ સામસામા દોડયા. તે સમયે કુંતિપુત્ર અર્જુનના આશ્ચર્યકારી પરાક્રમને અમે જોતા હતા. મહાયશવાળો અર્જુન જે પરાક્રમ કરતો હતો તેવું પરાક્રમ થએલું નથી અને થનાર પણ નથી. જેમ રૂદ્ર પશુઓને મારે તેમ અર્જુન હસ્તિઓને, હસ્તિ ઉપર બેસનારાઓને, ઘોડાઓને અને ઘોડેસ્વારોને તથા રથિઓને હણતો હતો. હે નરાધિપ! તે યુદ્ધમાં કુંતિપુત્ર અર્જુનના બાણેકરી ન હણાએલ, અંધકારે કરી ઢંકાએલા છે જેઓના યોદ્ધાઓ તે ઘોર મોહને પામતા હતા અને એક બીજાને ઓળખતા ન હતા. હે ભારત! કુંતિપુત્ર અર્જુને નાંખેલાં બાણોએકરી ભેદાએલાં છે મર્મસ્થાન જેનાં એવા તમારા સૈનિકો ભાગતા હતા, સ્ખલિત થતા હતા, પડતા હતા, ખેદ પામતા હતા અને ગ્લાનિ પામતા હતા. મહા ભયંકર પ્રજાના નાશ સરખું અતિ દારૂણ દુઃખેકરી પાર આવે એવું તે યુદ્ધ થવાથી, શોણિતના સ્ત્રવાથી અને વાયુના શીઘ્રપણાથી પૃથ્વીનું રજ લોહીવડે ભિંજાએલા ધરાતલ વિષે સમી જતું હતું. અને હે રાજન્! રણાગણ વિષે લોહીમાં રથનાં ચક્રો નાભિપર્યંત ડૂબી જતાં હતાં. તેમજ વેગવાન અર્જુને હણેલા માવત રહિત થએલા, કપાએલાં અંગવાળા અને પીડિત શબ્દ કરતા એવા તમારા યોદ્ધાઓના હસ્તિઓ પોતાનાં સૈન્યોને છુંદતા દોડાદોડ કરતા હતા. હે નરાધિપ! ઘોડેસ્વાર રહિત કરેલા ઘોડા અને પાયદળ ધનંજયના બાણોવડે હણાતા ભયથી દોડાદોડ કરતા હતા. તેમજ હે રાજન્! છૂટા જેઓના કેશ છે એવા કવચ રહિત અને ઘા વાગવાવડે લોહીને સ્ત્રવતા તથા ભય પામેલા મનુષ્યો રણભૂમિના અગ્રભાગને તજી પલાયન કરી જતા હતા, તે રણભૂમિ વિષે કેટલાક ઉરૂસ્તંભે ગ્રહણ કરેલા થતા હતા અને કેટલાક હણેલા હાથીઓના મધ્યમાં સંતાતા હતા.

એ રીતે હે રાજન્! તમારાં સૈન્યને નસાડી ધનંજય સિંધુદેશના રાજા જયદ્રથની રક્ષા કરનારાઓને ભયકર બાણોએકરી પ્રહાર કરતો હતો. પાંડુપુત્ર અર્જુને તીવ્ર બાણના સમૂહો વડે દ્રોણપુત્ર અશ્વત્થામા, તથા કૃપાચાર્યને ઢાંકી દીધા. હે રાજન્! શીઘ્ર અસ્ત્રો નાંખવાથી બાણને ગ્રહણ કરતો, સાધતો, ઊડાડતો અને મૂકતો એવો અર્જુન કોઇ રીતે સંગ્રામમાં જોવાતો ન હતો અને બાણને ફેંકતો એવો અર્જુન તેનું ધનુર્મંડળ તથા ચોતરફથી નીકળતાં એવાં બાણો જથાબંધ દેખાતાં હતાં. કર્ણ અને વૃષસેનનાં ધનુષને કાપીને ભલ્લબાણે કરી શલ્યના સારથિને રથના નીડ ભાગથી અર્જુને પાડી નાંખ્યો. જીતનારાઓમાં શ્રેષ્ઠ એવા કુરૂનંદન મહાબાહુ પાંડુપુત્ર અર્જુને બાણોએકરી ભાણેજ ને મામો એવા જે બે દ્રોણપુત્ર અશ્વત્થામા અને કૃપાચાર્ય તેઓને અતિશય પીડિત કરી એ રીતે તમારા મહારથિઓને વ્યાકુળ કરી ભયંકર અગ્નિ સરખું, ઇન્દ્રના વજ્ર સરખી કાંતિવાળું, દિવ્ય અસ્ત્રે કરી મંત્રેલું, સર્વ ભારને સહન કરનાર, અત્યંત ગંધ અને માલ્યેકરી અર્ચીત અને મોટું એવું એક બાણ તેને વજ્રાસ્ત્રની સાથે જોડી જલદી ગાંડિવ ધનુષમાં સાંધી ઉંચું ફેંકયું. અગ્નિ સરખાં તેજવાળું તે બાણ સાંધવાથી હે નૃપ! અંતરિક્ષમાં ભૂત સંબંધી મોટો શબ્દ થયો. તે સમયે ત્વરા કરતા એવા જનાર્દન શ્રીકૃષ્ણે ફરીને અર્જુનને કહ્યું કે હે ધનંજય! દુરાત્મા સિંધુદેશના રાજા જયદ્રથનું મસ્તક કાપી નાંખ, કેમકે સૂર્ય શ્રેષ્ઠ પર્વત પ્રત્યે અસ્ત પામવા ઇચ્છે છે. વળી જયદ્રથના વધ પ્રત્યે જે મારૂં વાક્ય છે તે સાંભળ. આ જગતમાં પ્રખ્યાત સિંધુદેશના રાજા જયદ્રથનો પિતા વૃદ્ધક્ષત્ર નામે છે, તે ઘણે કાળે શત્રુને મારનાર સિંધુદેશના રાજા જયદ્રથ નામના પુત્રને પામ્યો છે, ને તે રાજાને અદૃશ્ય તથા મેઘદુંદુભિ સરખા શબ્દવાળી આકાશવાણીએ કહ્યું છે કે, હે સમર્થ મનુષ્યેન્દ્ર! કુળ, શીલ અને દમ આદિ ગુણોએકરી સૂર્ય ચંદ્ર

વંશની સમાન ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ અને નિરંતર લોકમાં શૂરવીરોએ સત્કાર કરેલો એવો તમારો પુત્ર થશે, પણ સંગ્રામમાં યુદ્ધ કરતો એવો તે તમારો પુત્ર, તેના મસ્તકને પૃથ્વી વિષે ન જાણ્યાએલ એવો ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ ક્રોધ પામેલો શત્રુ કાપી નાંખશે. શત્રુને દમન કરનાર એવો સિંધુદેશનો રાજા વૃદ્ધક્ષત્ર સાંભળી ઘણી વાર વિચાર કરી પુત્રના સ્નેહે પ્રેરેલા સર્વ જ્ઞાતિજનોને કહેવા લાગ્યો કે પૃથ્વી વિષે મોટી રાજ્ય ધુંસરીને ધારણ કરનાર યુદ્ધ કરતો એવો જે મારો પુત્ર તેના મસ્તકને જે યુદ્ધમાં પાડશે તેનું મસ્તક પણ નિઃસંશય સો પ્રકારે કરી કપાઇ પડશે. એ રીતે જ્ઞાતિજનોને કહી રાજ્ય વિષે જયદ્રથને સ્થાપી પછી વૃદ્ધક્ષત્ર વન પ્રત્યે ગયો અને ઉગ્ર તપ કરવા લાગ્યો. હાલ તે આ તેજસ્વી વૃદ્ધક્ષત્ર સમંતપંચક નામના સ્થાનકથી બહાર ભયંકર તીવ્ર તપ તપે છે માટે હે શત્રુને હણનાર, વાનર જેના ધ્વજમાં છે એવા ભીમના નાના ભાઇ અર્જુન ! મહા યુદ્ધમાં જયદ્રથના કુંડળ સહિત એવા મસ્તકને ભયંકર અદ્‌ભુત કર્મવાળા દિવ્ય અસ્ત્રેકરી કાપીને વૃદ્ધક્ષત્રના ખોળા વિષે પાડ. હે ભારત ! તું જ્યારે આના મસ્તકને ભુતલ વિષે પાડીશ, ત્યારે નિશ્ચે તારૂં પણ મસ્તક સો પ્રકારે કરી કપાઇ પડશે, માટે હે કુરૂશ્રેષ્ઠ ! જે રીતે તપમાં રહેલો રાજા એ કર્મ ન જાણે તે રીતે દિવ્ય અસ્ત્રનો આશ્રય કરનાર તું કર. હે ઇન્દ્રપુત્ર અર્જુન ! સમસ્ત એવા ત્રણ લોકો વિષે પણ તારાથી અસાધ્ય અથવા ન કરી શકાય એવું કાંઇપણ છે નહિ. એ રીતનું શ્રીકૃષ્ણનું વચન સાંભળી ગલોફાંને હલાવતા એવા અર્જુને ઇન્દ્રના વજ્ર સરખો જેનો સ્પર્શ છે અને દિવ્ય મંત્રેકરી મંત્રેલું, સર્વ ભારને સહેનાર, નિરંતર ગંધમાલ્યે કરી અર્ચિત, સિંધુદેશના રાજા જયદ્રથના વધ માટે ધારણ કરેલું, એવું બાણ, તેને જલદી ફેંક્યું. તે ગાંડિવ ધનુષથી મૂકાએલું, બાજપક્ષિની પેઠે શીઘ્ર જનારૂં બાણ સિંધુદેશના પતિ જયદ્રથના મસ્તકને છેદીને આકાશમાર્ગ પ્રત્યે ગયું. પાંડુપુત્ર અર્જુને સિંધુદેશના રાજા જયદ્રથનું મસ્તક બાણોવડે શત્રુઓના ખેદ માટે અને મિત્રોના હર્ષ માટે ઉંચું ચલાવ્યું અને તે સમયે પાંડુપુત્ર અર્જુન બાણોના સમૂહોએ કરી તે છ મહારથિઓને યુદ્ધ કરાવતો રહ્યો.

હે ભારત ! તે પછી અમે ત્યાં ઘણું મોટું આશ્ચર્ય જોયું કે અર્જુને ઉડાવેલું મસ્તક સમંતપંચક નામના સ્થાનથી બહાર ફરતું હતું. હે મારિષ ! એજ સમયે તમારો સંબંધી તેજસ્વી એવો વૃદ્ધક્ષત્રરાજા સંધ્યાઉપાસના કરતો હતો. ઉપાસના કરતો એવો તપસ્વી વૃદ્ધક્ષત્રરાજા તેના ખોળા વિષે કાળા કેશવાળું કુંડળસહિત એવું સિંધુદેશના રાજા જયદ્રથનું મસ્તકપડતાં તેણે તે નીચે નાંખી દીધું. હે અરિંદમ ! વૃદ્ધક્ષેત્રરાજાને જાણવામાં ન આવેલું એવું તે, સુંદર કુંડળવાળું મસ્તક તેના ખોળામાં જઇ પડયું. હે ભારત ! કરેલાં છે પવિત્ર કર્મ જેણે એવા વૃદ્ધક્ષેત્રના ઉઠવાથી મસ્તક તત્કાળ ધરાતલ ઉપર પડયું, તે પછી હે અરિંદમ ! પુત્રનું મસ્તક ભૂતલપર પડવાથી તે રાજાનું મસ્તક સો કટકા થઇ પૃથ્વીપર પડયું. તે વખતે સર્વ સૈન્યો ઘણો વિસ્મય પામ્યાં, વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને તથા મહારથિ અર્જુનને વખાણવા લાગ્યાં. હે ભરતશ્રેષ્ઠ ! મુકુટવાન્ અર્જુને સિંધુદેશના રાજા જયદ્રથને માર્યા પછી વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે જે અંધારૂં કર્યું હતું, તે સંહાર કરી લીધું. હે નૃપશ્રેષ્ઠ રાજન્ ! પછી અનુસરનાર પુરૂષો સહિત તમારા પુત્રોએ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણની માયા હતી એમ જાણ્યું. હે રાજન્ ! એ રીતે ઘણા તેજવાળા કુંતિપુત્ર અર્જુને આઠ અક્ષૌહિણી સેનાને મારીને તમારા જમાઇ સિંધુદેશના રાજા જયદ્રથને માર્યો. હે નરાધિપ ! જયદ્રથને નાશ પામેલો જોઇ, તમારા પુત્રો દુઃખથી અશ્રુ પાડવા લાગ્યા અને જય માટે નિરાશ થયા. કુંતિપુત્ર અર્જુને જયદ્રથને નાશ

કર્યા પછી મહાબાહુ કેશવ ભગવાને તથા શત્રુને તપાવનાર અર્જુને શંખનાદ કર્યો અને હે ભારત! ભીમસેન, વૃષ્ણિઓમાં સિંહરૂપ એવો સાત્યકિ અને પરાક્રમી ઉત્તમૌજા સર્વ જુદા જુદા શંખો વગાડવા લાગ્યા. મોટો શંખનાદ સાંભળી ધર્મરાજા યુધિષ્ઠિરે સિંધુદેશના રાજા જયદ્રથને મહાત્મા અર્જુને માર્યો તે જાણ્યું. પછી વાદિત્રના ઘોષેકરી પોતાના યોદ્ધાઓને હર્ષ યુક્ત કર્યા. સંગ્રામવિષે યુદ્ધ કરવાની ઇચ્છાએ કરી ભરદ્વાજના પુત્ર દ્રોણ સમીપ ગયા. હે રાજન્! તે પછી સૂર્ય અસ્ત થવા સમયે સંગ્રામમાં દ્રોણાચાર્યનું રૂંવાં ઉભાં કરે એવું સોમક રાજાઓ સાથે યુદ્ધ થયું. હે રાજન્! સિંધુદેશનો રાજા જયદ્રથ મરાયાથી સર્વ મહારથિઓ દ્રોણાચાર્યને મારવાની ઇચ્છા કરીને યુદ્ધ કરતા હતા. સિંધુદેશના રાજા જયદ્રથને મારી જય પામીને જયથી મત્ત થએલા પાંડવો આણી તરફ દ્રોણાચાર્યને યુદ્ધ કરાવતા હતા. મહાબાહુ અર્જુન પણ સિંધુદેશના રાજા જયદ્રથને મારી તમારા શ્રેષ્ઠ મહારથિ યોદ્ધાઓને યુદ્ધ કરાવતો હતો. અંધકારને મટાડનાર ઉદય પામેલો સૂર્ય અંધકારને હરી લે, દેવતાઓના રાજા ઇંદ્ર દેવતાઓના શત્રુઓને હણે તેમ શૂર એવો કિરીટી અર્જુન પ્રથમ પ્રતિજ્ઞાને લઇ ચોતરફથી શત્રુઓને હણતો હતો.

स देवशत्रूनिव देवराजः किरीटमाली व्यधमत्समंतात् ।
यथा तमांस्यभ्युदितस्तमोघ्नः पूर्वप्रतिज्ञां समवाप्य वीरः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि जयद्रथवधे गुर्जर-भाषायां षट्चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४६ ॥

અધ્યાય ૧૪૭ મો. કર્ણ સાત્યકિ વચ્ચે ઘનઘોર યુદ્ધ.

धृतराष्ट्र उवाच—तस्मिन् विनिहते वीरे सैंधवे सव्यसाचिना ।
मामका यदकुर्वत तन्ममाचक्ष्व संजय ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય! અર્જુને સિંધુદેશના રાજા જયદ્રથને માર્યા પછી મારા યોદ્ધાઓએ શું કર્યું, તે મને કહે? સંજય કહે છે, હે ભારત! રણભૂમિમાં કુંતિપુત્ર અર્જુને હણેલા સિંધુદેશના રાજા જયદ્રથને જોઇ અમર્ષને વશ પામેલા શરદ્વતીપુત્ર કૃપાચાર્ય મોટી બાણવૃષ્ટિએ કરી પાંડુપુત્ર અર્જુનને ઢાંકવા લાગ્યા. હે રાજન્! દ્રોણપુત્ર અશ્વત્થામા પણ રથ પર ચઢી અર્જુન સામે દોડ્યા. રથિપુરૂષોમાં શ્રેષ્ઠ એવા તે બે મહારથિઓ અશ્વત્થામા ને કૃપાચાર્ય તીક્ષ્ણ બાણોએ કરી બેઉ તરફથી બાણવૃષ્ટિ કરવા લાગ્યા. તે રીતે અતિ મોટી બે તરફની બાણ વૃષ્ટિવડે પીડાતો રથિઓમાં ઉત્તમ મહાબાહુ અર્જુન પરમ પીડા પામવા લાગ્યો; તોપણ યુદ્ધમાં ગુરૂને અને ગુરૂના પુત્રને મારવાને ન ઇચ્છતો એવો કુંતિપુત્ર ધનંજય તે સમયે ગુરૂનું સન્માન કરતો હતો. દ્રોણપુત્ર અશ્વત્થામા અને શરદ્વતી પુત્ર કૃપાચાર્યનાં અસ્ત્રોને અસ્ત્રોવડે નિવારણ કરી તેઓ માટે મંદ વેગવાળા બાણને હણવાને ન ઇચ્છતો એવો અર્જુન નાંખતો હતો. કુંતિપુત્ર અર્જુને નાખેલાં બાણ તેઓને જોરથી વાગતાં ન હતાં, પણ બાણોના બહુપણાને લીધે તેઓ પરમ પીડા પામતા હતા. હે રાજન્! તે પછી કુંતિપુત્ર અર્જુનનાં બાણે કરી પીડાએલા કૃપાચાર્ય, સારથિને બેસવાને ઠેકાણે બેઠા અને મૂર્છા પામ્યા. ત્યારપછી

પીડિત અને વિહ્વળ કૃપાચાર્યને ' આ હણાએલા છે ' એમ જાણી સારથિ ત્યાંથી દૂર લેઇ ગયો. હે મહારાજ! યુદ્ધમાં શરદ્વતી પુત્ર કૃપાચાર્યના પરાજયથી અશ્વત્થામા પણ બીજા રથ પર ચઢી પાંડુપુત્ર અર્જુનથી દૂર જતા રહ્યા.

મહા ધનુર્ધારી અર્જુન શરદ્વતીના પુત્ર કૃપાચાર્યને બાણથી પીડાએલા અને મૂર્છા પામેલા જોઇને રથ વિષેજ કૃપાચાર્ય માટે વિલાપ કરવા લાગ્યા અને અશ્રુ પૂર્ણ જેનુંમુખ છે એવા દીન અર્જુને કહ્યું કે, આ સર્વ જાણનાર મહા બુદ્ધિમાન વિદુરે રાજાને કહ્યું હતું કે, કુળનો નાશ કરનારો પાપી દુર્યોધન ઉત્પન્ન થયો છે માટે કુળને વિષે નીચ એવા એને પરલોકમાં મોકલવો, એ સારૂં છે; કેમકે કુરૂના મુખ્ય પુરૂષોને તેનાથી મોટો ભય ઉત્પન્ન થશે. સત્યવાદી વિદુરનું વચન ફળ્યું. આજે હુ ગુરૂ એવા ભીષ્મપિતામહને બાણશય્યા ઉપર જોઉ છું માટે ધિક્ છે ક્ષત્રિયોના આચારને અને ધિક્ છે બળ તથા પરાક્રમને, મારા જેવો કોણ આચાર્ય એવા બ્રાહ્મણનો દ્રોહ કરે? ઋષિનો પુત્ર, મારો આચાર્ય અને દ્રોણાચાર્યનો પરમ સખા કૃપાચાર્ય મારા બાણોએકરી પીડિત થએલા રથના ઉપલા ભાગપર પડયો છે. પીડા કરવા ન ઇચ્છતો એવો હું તેણે બાણવડે અતિ પીડા પમાડેલા. રથના અગ્રભાગમા દુઃખ પામતા કૃપાચાર્ય મારા પ્રાણને પીડા કરતા હોય તેમ લાગે છે. પુત્રના શોકેકરી તાપ પામેલો બાણોવડે પીડાએલો અને ખરાબ અવસ્થાને પ્રાપ્ત થએલો એવો હું, ઘણા બાણોએકરી વારંવાર પ્રહાર કરેલા દ્રોણાચાર્ય, પુત્રના વધથી નિશ્ચે મને ઘણો શોક કરાવે છે. હે કૃષ્ણ! કૃપણ અને પોતાના રથમા ખેદ પામતા એવા તેમને જુઓ શ્રેષ્ઠ પુરૂષો આચાર્ય પાસેથી વિદ્યા ભણીને તેમના મનોરથોને પૂર્ણ કરનાર દેવપણાને પામે છે અને જે અધમ પુરૂષો ગુરૂઓથી વિદ્યા ગ્રહણ કરીને તેઓનેજ હણે છે, તે દુષ્ટ વૃત્તવાળા પુરૂષો નિઃસંશય નરકમાં પડે છે, રથમાં કૃપાચાર્યને પીડા કરતા મેં પણ આજે જે કર્મ કર્યું તે નરકમાં જવા માટે કર્યું; પૂર્વે અસ્ત્રને શિખવતાં કૃપાચાર્યે મને કહ્યુ હતુ કે, હે કુરૂકુળમા ઉત્પન્ન થએલા વીર અર્જુન! કોઇ રીતે પણ ગુરૂ વિષે પ્રહાર કરવા નહિ. તે મહાત્મા આચાર્યનું એજ વચન યુદ્ધમાં બાણવૃષ્ટિ કરતો એવા હું-તેણે પાળ્યું નહિ. માનવા યોગ્ય, ન ભાગતા એવા જે કૃપાચાર્ય તેમને હું નમું છું. હે વૃષ્ણિમાં ઉત્તમ કૃષ્ણ! હું આમને પ્રહાર કરૂં છું તે મને ધિક્કાર છે, આ પ્રમાણે કૃપાચાર્ય માટે અર્જુન પશ્ચાત્તાપ કરતો હતો, ત્યારે સિંધુદેશના રાજા જયદ્રથને હણાએલો જોઇ રાધાપુત્ર કર્ણ અર્જુન સામે દોડયો. અર્જુનના રથ પ્રત્યે વેગથી આવતા કર્ણને જોઇ તત્કાલ દ્રૌપદીના બે પુત્ર અને સાત્યકિ દોડયા. સમીપ આવતા રાધાપુત્ર કર્ણને જોઇ કુંતિપુત્ર મહારથિ અર્જુન હસીને દેવકીપુત્ર શ્રીકૃષ્ણ પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો કે, આ અધિરથ પુત્ર કર્ણ સાત્યકિના રથ પ્રત્યે જાય છે અને નિશ્ચે તે સંગ્રામવિષે ભૂરિશ્રવાને હણાએલો સહી શકશે નહિ. હે જનાર્દન! જ્યાં એ જાય છે ત્યાં ઘોડાઓને ચલાવો. જેથી આ કર્ણ, સાત્યકિને સોમદત્તના પુત્ર ભૂરિશ્રવાના માર્ગને ન રોકે. એ રીતે અર્જુને કહ્યું તેથી મહાબાહુ મહા તેજસ્વી, કેશવ ભગવાન વખતને યોગ્ય વચન બોલ્યા કે, હે પાંડવ અર્જુન! કર્ણને માટે આ મહાબાહુ સાત્વત શ્રેષ્ઠ સાત્યકિ એકલો બસ છે, અને જ્યારે દ્રૌપદીના પુત્રો સહિત છે, ત્યારે તો કર્ણને વારવા માટે સમર્થ હોય એમાં શું કહેવું. હે કુંતિપુત્ર અર્જુન! જ્યાં સુધી કર્ણ પાસે મોટાં ઉંબાડિયા સરખી પ્રકાશવાળી ઇંદ્ર સંબંધી શક્તિ છે, ત્યાં સુધી કર્ણ સાથે તારે યુદ્ધ થઇ શકે તેમ નથી. હે પરવીરને હણનાર, તારે સારૂજ એ મહા-

ઉતાવળ તથા વખાણ, એ ત્રણ વિદ્યાને નાશ કરનાર છે. આલસ્ય, મદ, અથવા મોહ, ચપળતા, વાતો કરવી, ઉદ્ધતપણું, અભિમાન તથા લુબ્ધતા, એ સાત વિદ્યાર્થીઓને દોષરૂપ છે. સુખની ઇચ્છા કરનારને વિદ્યા ક્યાંથી ને વિદ્યાર્થીને સુખ ક્યાંથી ? સુખની ઇચ્છાવાળાએ વિદ્યાનો ત્યાગ કરવો અને વિદ્યા ઇચ્છનારે સુખનો ત્યાગ કરવો. કાષ્ઠથી અગ્નિ તૃપ્ત થતો નથી, તેમ નદીઓથી સમુદ્ર, સર્વ પ્રાણિયોથી કાળ તથા પુરૂષોથી સ્ત્રી તૃપ્ત થતી નથી. હે રાજન્ ! આશા ધૈર્યને હણે છે, તેમ કાળ સમૃદ્ધિને, ક્રોધ લક્ષ્મીને કર્ષતા યશને, અરક્ષણ પશુને તથા કોપેલો બ્રાહ્મણ સમગ્ર દેશને હણે છે. હે ભારત ! બકરા, કાંસુ, રૂપું, મધ, વિષાદિકને આકર્ષણ કરનાર પક્ષી, વેદ ભણેલો બ્રાહ્મણ, વૃદ્ધ જ્ઞાતિઓ તથા ખેદ પામેલો કુલિન, એટલા હંમેશ તમારા ઘરમાં નિવાસ કરો. વળી બકરો, બળદ, ચંદન, વીણા, અરીસો, મધ, ઘૃત, લોહ, તામ્રપાત્ર, દક્ષિણાવર્ત શંખ, શાલગ્રામ તથા ગોરોચન, એટલા પદાર્થો, દેવ, બ્રાહ્મણ તથા અતિથિની પૂજા વાસ્તે હંમેશ ઘરમાં રાખવાં. હે તાત ! આ સર્વ પુણ્ય હેતુમાં ઉત્કૃષ્ટ એવું માંગલિક હું તમોને કહું છું જે, કામ, ભય, લોભ તથા જીવિત વાસ્તે ધર્મનો ત્યાગ ન કરવો, ધર્મ નિત્ય છે અને સુખ દુઃખ અનિત્ય છે, તેમ જીવ નિત્ય છે ને એનો હેતુ અવિદ્યા અનિત્ય છે, સુખ દુઃખ તથા અવિદ્યારૂપ અનિત્યને ત્યાગ કરી, નિત્યરૂપ ધર્મ તથા આત્માને વિષે નિષ્ઠા કરો ને સંતોષ પામો; કારણ સંતોષ જેવો બીજો લાભ નથી. હે તાત ! મહા બળવાન તથા મોટા પ્રભાવવાળા રાજાઓને સંભારો; જેઓ ધન ધાન્યથી ભરેલી પૃથ્વીને ભોગવી, રાજ્ય તથા વિપુલ ભોગને મૂકી કાળને વશ થયા. હે રાજન્ ! દુઃખથી પણ જેનું પોષણ કરેલું છે એવા મરણ પામેલા પુત્રને, મનુષ્યો ઉપાડી પોતાને ઘેરથી દૂર લઈ જાય છે, એને કેશ છુટા મૂકી દયા આવે તે રીતે રૂદન કરી, કાષ્ઠની પેઠે તેને ચિતામાં ફેંકી દે છે, પછી મરણ પામેલાનું ધન બીજા ભોગવે છે, ને તેના શરીરના ધાતુને અગ્નિ તથા પક્ષિયો ખાઇ જાય છે, પણ તે જીવ તો પુણ્ય તથા પાપ સહિત પરલોકમાં જાય છે. હે રાજન્ ! એ રીતે સગાં, જ્ઞાતિલા તથા પુત્રો, એ તો પુષ્પ તથા ફળ વગરનાં વૃક્ષોને મૂકી જેમ પક્ષિયો ઉડી જાય તેમ મરી ગયેલા દેહનો ત્યાગ કરી પાછાં વળે છે. અગ્નિમાં નાખેલા પુરૂષની પાછળ તેનું કરેલું કર્મ જાય છે, વાસ્તે પુરૂષે યત્નથી ધર્મનોજ સંચય કરવો. આ લોક ઉપર સ્વર્ગ છે, અને નીચે પાતાળમાં પણ ઇંદ્રિયોને મોહ કરનાર તમોગુણી પુરૂષોએ પ્રાપ્ય એવું અંધતામિસ્ર નરક છે, તે તમે જાણો. નરક તમોને સ્પર્શ મા કરો. હે રાજન્ ! આ મારૂં વચન જો તમે યથાર્થ જાણવાને સમર્થ થશો, તો જીવલોકમાં યશને પામશો, ને પરલોકમાં તમોને ભય નહીં થાય. હે ભારત ! જેમાં ધર્મરૂપી તીર્થ છે, બ્રહ્મથી જેનો ઉદય છે, ધૈર્ય રૂપી છે કાંઠા જેનો તથા દયારૂપી છે લહેર જેમાં, એવી જીવરૂપી નદી છે, તેમાં જે ન્હાય એટલે પોતાનું અત્યગાત્મરૂપ જાણે, તે પુણ્ય કર્મવાળો પવિત્ર થાય છે. પુણ્ય કર્મ એટલે નિરંતર નિર્લોભપણું જાણવું. હે રાજન્ ! કામ ક્રોધરૂપી જેમાં ઝુડ છે, તથા પાંચ ઇંદ્રિયોરૂપી જળ છે, એવી સંસારરૂપી નદીમાં ધૈર્યરૂપી નાવને ગ્રહણ કરી, જન્મરૂપી દુર્ગમ સ્થાનને તરી જાઓ; પ્રજ્ઞા, ધર્મ, વિદ્યા તથા અવસ્થાથી વૃદ્ધ એવા પોતાના બંધુની પૂજા કરી, તેને પ્રસન્ન કરીને, શું કરવા લાયક છે, એ રીતે જે પૂછે, તે પુરૂષ કદી પણ મોહ ન પામે." ધૈર્યથી શિશ્ન તથા જીહ્વા ઇંદ્રિના વેગને જીતવો, નેત્રથી જોઇને હાથે કરી વસ્તુ ગ્રહણ કરવી અને જોઇને પવિત્ર દેશમાં પગ મૂકવો. એ રીતે "પાણિપાદથી" મિત્રવડે રક્ષા કરવી." આ તથા મન

એની શક્તિની કર્ણે રક્ષા કરેલી છે માટે કર્ણ સાત્વત એવા સાત્યકિની સામે જતો હોય તો ભલે જાય. હે અર્જુન! દુરાત્મા એવા કર્ણના કાળને હું ત્યારેજ જાણીશ કે જ્યારે હું એને ભૂતલવિષે તીક્ષ્ણ બાણોએકરી પાડીશ.

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય! ભૂરિશ્રવા અને સિંધુદેશના રાજા જયદ્રથનો નાશ થયા પછી વૃષ્ણિકુળમાં થએલા સાત્યકિનો કર્ણ સાથે સમાગમ થયો, ત્યારે રથ રહિત એવો સાત્યકિ કીયા રથ પ્રત્યે બેઠો, તે અને દ્રુપદરાજાના પુત્ર ચક્રવ્યૂહની રક્ષા કરનારા કેમ થયા તે મને કહે? સંજય કહે છે–હે રાજન્! નિશ્ચે જે પ્રમાણે મહા સંગ્રામ વિષે થએલું છે તે પ્રમાણે હું તમને કહીશ, સ્થિર થઇ તેમનાં દુરાચરણને સાંભળો. હે પ્રભો! પ્રથમજ શ્રીકૃષ્ણના મનમાં આ રહેલું હતું કે સોમદત્તના પુત્ર ભૂરિશ્રવા સાથે સાત્યકિ પૂરો જીતવા યોગ્ય છે, કારણ કે તે જનાર્દન એવા મહા બલવાન શ્રીકૃષ્ણ ભૂત અને ભવિષ્યને જાણે છે, તેથી સારથિ દારૂકને બોલાવીને 'પ્રાતઃકાલમાં મારો રથ જોડી રાખજે' એમ સંદેશો કહ્યો. હે રાજન્! દેવ, ગંધર્વ, યક્ષ, ઉરગ, રાક્ષસ અને કોઈ પણ મનુષ્યે કૃષ્ણ–અર્જુનને જીતનાર નથી. બ્રહ્મા આદિ દેવ અને સિદ્ધો પણ તેને જાણે છે, તે એનો અતુલ મહિમા, અને જે રીતે તે યુદ્ધ થયું તે સાંભળો. સાત્યકિને રથ રહિત અને યુદ્ધમાં કર્ણને અભ્યુદય પામેલો જોઇ માધવ એવા શ્રીકૃષ્ણે ઉત્કૃષ્ટ સ્વરેકરી મોટા નાદવાળો શંખ ફૂંક્યો, એટલે શંખનો શબ્દ સાંભળી સંદેશાને જાણી દારૂક નામનો શ્રીકૃષ્ણનો સારથિ ગરૂડ યુક્ત ધ્વજવાળા રથને તેમને માટે લેઇ આવ્યો. પછી શિનિપૌત્ર સાત્યકિ, અગ્નિ અને સૂર્ય સરખો ઇચ્છા પ્રમાણે જનારા સુવર્ણનાં આભૂષણોએકરી શોભિત મહા વેગવાળા એવા શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ ને બલાહક એ નામના શ્રેષ્ઠ ઘોડાઓ જોડેલો, વિમાનની ઉપમા અપાય એવો દારૂક નામના સારથિ યુક્ત જે રથ, તે પ્રત્યે કેશવ એવા શ્રીકૃષ્ણની આજ્ઞા થવાથી બેસીને બહુ બાણને નાખતો રાધાપુત્ર કર્ણની સામે દોડ્યો. તે સમયે ચક્રની રક્ષા કરનાર યુધામન્યુ અને ઉત્તમૌજા પણ ધનંજય અર્જુનના રથને મૂકી રાધાપુત્ર કર્ણ સામે ગયા. હે મહારાજ! રાધાપુત્ર કર્ણ પણ બાણવૃષ્ટિને કરતો ક્રોધ પામેલો સંગ્રામ વિષે શૈનેય એવા સાત્યકિ સામે દોડ્યો. તે સરખું યુદ્ધ દેવતાઓનું, ગંધર્વોનું, અસુરોનું કે રાક્ષસોનું પૃથ્વી વિષે અથવા સ્વર્ગ વિષે પણ સાંભળ્યું નથી. હે મહારાજ! તેઓનું કર્મ જોઇ રથ, ઘોડા, મનુષ્ય અને હસ્તિઓ સહિત સૈન્ય વિરામ પામ્યું. મોહિત ચિત્તવાળા સર્વ મનુષ્યોથી ન બને એવા તે બે રાજાઓના યુદ્ધને સૌ જોવા લાગ્યા તેમજ હે રાજન્! ગત પ્રત્યાગત આવૃત્ત મંડલ અને સન્નિવર્તન એવી ગતિઓવડે કરી રથ વિષે રહેલા કાશ્યપેય દારૂક નામના સારથિના સારથિપણાને જોવા લાગ્યા. નભતલ વિષે રહેલા વિસ્મય પામેલા દેવ ગંધર્વ અને દાનવો પણ કર્ણ અને શિનિપૌત્ર સાત્યકિના યુદ્ધને જોવા અતિ સાવધાન થયા. હે મહારાજ! રણભૂમિમાં દેવ તુલ્ય કર્ણ અને યુયુધાન એવો સાત્યકિ, મિત્રો માટે પરાક્રમી, મત્ત અને યુદ્ધમાં સ્પર્દ્ધા કરતા હતા ને પરસ્પર બાણવૃષ્ટિઓવડે શિનિપૌત્ર સાત્યકિને કર્ણ પીડતો હતો. કુરૂકુળમાં થએલા ભૂરિશ્રવા અને જયદ્રથના નાશને સહન ન કરતો તથા શોકયુક્ત મોટા સર્પની પેઠે શ્વાસ લેતો એવો ક્રોધ પામેલો કર્ણ રણભૂમિમાં શિનિપૌત્ર સાત્યકિને નેત્રવડે બાળતો હોય નહિ તેમ વારંવાર સામે દોડતો હતો. હે શત્રુને દમનાર! કર્ણને ક્રોધ સહિત જોઇ સાત્યકિ પણ જેમ હસ્તિ પ્રત્યે સામો દોડીને હાથી લડે તેમ મોટી બાણવૃષ્ટિ વડે સામો જઇ યુદ્ધ કરતો હતો. અનુપમ પરાક્રમવાળા, નરશ્રેષ્ઠ, યુદ્ધમાં ક્રોધિત

તેઓ બળવાન વાઘની પેઠે એકબીજાને રણભૂમિમાં પરસ્પર ઘાયલ કરતા હતા. તે પછી શિનિનો પૌત્ર સાત્યકિ સર્વ પારસવ એવા બાણોએકરી કર્ણને વારંવાર સર્વ શરીર વિષે ભેદવા લાગ્યો. હે અરિંદમ ! કર્ણના સારથિને ભલ્લ નામના બાણેકરી રથના ઉંટડા ઉપરથી પાડી નાખ્યો. હે પુરૂષશ્રેષ્ઠ ! તીક્ષ્ણ બાણોએકરી ચાર શ્વેત ઘોડાને મારી નાખ્યા તથા ધ્વજ અને રથને સો પ્રકારે કાપી તમારા પુત્રના જોતાં કર્ણને તેણે રથ રહિત કર્યો. હે રાજન્ ! તે પછી વ્યાકુલ ચિત્તવાળા તમારા મહારથિઓ કર્ણપુત્ર વૃષસેન, મદ્રદેશનો અધિપતિ શલ્ય અને દ્રોણપુત્ર અશ્વત્થામા સર્વ તરફથી શિનિપૌત્ર સાત્યકિને વિંટાઇ વળ્યા. તે પછી ચોતરફથી આકુળ થએલું કાંઈ પણ જણાયું નહિ. તે રીતે સાત્યકિએ સૂતપુત્ર કર્ણને રથ રહિત કરવાથી હે રાજન્ ! તે સમયે સર્વ સૈન્યોમાં મોટો હાહાકાર ઉત્પન્ન થયો. હે રાજન ! સાત્વત એવા સાત્યકિએ બાણોવડે રથ રહિત કરેલા તથા બાલ્યાવસ્થાથી આરંભી તમારા પુત્રની મિત્રાઇને માનતો તથા રાજ્યને આપવાથી કરેલી પ્રતિજ્ઞાને પાળતો એવો કર્ણ પણ નિઃશ્વાસ નાખતો જલદી દુર્યોધનના રથપર ચઢી બેઠો. હે પાર્થિવ ! તે રીતે કર્ણને રથ રહિત કરી દુઃશાસન આદિ શૂર એવા તમારા પુત્રોને ભીમે અને કુંતિપુત્ર અર્જુને કરેલી પ્રતિજ્ઞાને પાળતો જીતેંદ્રિય સાત્યકિ પ્રહાર કરતો હતો. રથ રહિત અને વિહ્વલ કરતો પણ પ્રાણ રહિત કરતો ન હતો. ભીમસેને તમારા પુત્રોના વધની પ્રતિજ્ઞા કરેલી છે અને દ્યૂતમાં કુંતિપુત્ર અર્જુને કર્ણના વધની પ્રતિજ્ઞા કરેલી છે, તે સમયે કર્ણ છે મુખ્ય જેમાં એવા મોટા મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામા, કૃતવર્મા અને બીજા પણ મહારથિઓ સાત્યકિને હણવા માટે યત્ન કરતા હતા; તોપણ તેના વધવિષે સમર્થ થતા ન હતા. ઉત્તમ લોકને અને ધર્મરાજનું પ્રિય ઇચ્છતા સાત્યકિએ એક ધનુષવડે હજારો ઉત્તમ ક્ષત્રિયોને જીત્યા. શૌર્યમાં કૃષ્ણ અને અર્જુનની સમાન શત્રુઓને તપાવનાર સાત્યકિ તમારાં સર્વ સૈન્યોને હસતો હોય નહિ તેમ જીતતો હતો. હે નરશ્રેષ્ઠ ! લોકમાં કૃષ્ણ, કુંતિપુત્ર અર્જુન તથા શિનિપૌત્ર સાત્યકિ, એ ત્રણ ધનુર્ધરનારાઓ છે, ચોથો કોઇ નથી.

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય ! દારૂક સારથિવડે યુક્ત પોતાના બાહુબળે કરી ગર્વવાન સાત્યકિએ જીતવાને અશક્ય એવા વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણના રથ પ્રત્યે બેસી કર્ણને રથરહિત કર્યો. શત્રુઓને તપાવનાર એવો કર્ણ પછી બીજા રથ પ્રત્યે બેઠો કે નહિ એ સાંભળવાને ઇચ્છું છું અને સાત્યકિને અસહ્ય માનું છું માટે મને તે કહે. કારણ કે તું કહેવાને કુશળ છે. સંજય કહે છે–હે રાજન્ ! જેમ થયેલું છે તેમ બધું સાંભળો. હે વિશાંપતે ! મહા બુદ્ધિમાન દારૂકના નાના ભાઇએ કલ્પનાની વિધિવડે કલ્પેલા લોઢાના અને સોનાના પટ્ટોએ કરી બનાવેલો છે કૂબર જેનો, હજારો તારા વડે વ્યાપ્ત, સિંહ છે ધ્વજામાં જેની એવા પતાકાવાળો, સોનાનાં આભૂષણ અને સાજવાળા ઘોડાઓવડે યુક્ત, સર્વ શબ્દોને ઉલ્લંઘન કરી જનાર, દૃઢ, વિચિત્ર, કાંચને સજ્જ કરેલો, ચંદ્રમા સરખા ઘોડાઓમાં મુખ્ય એવા સિંધુ દેશના ઘોડા વડે યુક્ત, ઘંટાના સમૂહવડે આકુળ શબ્દવાળો, શક્તિ ને તોમરરૂપી વિજળીવાળો, બહુ શસ્ત્રના સામાનયુક્ત એવા યુદ્ધ સંબંધી દ્રવ્યોએકરીયુક્ત અને મેઘ સરખા ગંભીર શબ્દવાળો એવો જે રથ, તે પ્રત્યે જલદી બેસીને શિનિપૌત્ર સાત્યકિ તમારા સૈન્ય સમીપ દોડ્યો; અને દારૂક ઇચ્છા પ્રમાણે કેશવ એવા શ્રીકૃષ્ણની સમીપ ગયો. હે રાજન્ ! કર્ણને પણ કાંચનવડે ગોક્ષીર સરખા શ્વેત, વિચિત્ર, કાંચનવડે સજ્જ કરેલા અતિ વેગવાન એવા અને

ઘંટાઓથી યુક્ત સોનાના કમ્મર પટાવાળા ધ્વજે સહિત કલ્પેલ છે યંત્ર અને પતાકાઓ જેમાં અને સારો જેનો સારથિ છે તથા બહુ શસ્ત્રના સામાનવાળો એવો જે ઉત્તમ રથ તેને ભેટ કર્યો. કર્ણ પણ તે રથ પ્રત્યે બેસી શત્રુઓ સામે દોડયો. એ સર્વે જે તમે મને પૂછો છો તે મેં કહ્યું, ફરીને પણ તમારા અન્યાયથી થયેલા આ ક્ષયને સાંભળો. ભીમસેને તમારા એકત્રીસ પુત્રોને નિરંતર વિચિત્ર યુદ્ધ કરનાર એવા દુર્મુખને આગળ કરી નાશ કર્યો. હજારો શૂરાઓને સાત્વત એવા સાત્યકિએ તથા અર્જુને ભીષ્મપિતામહ અને ભગદત્તને આગળ હણ્યા. હે ભારત ! હે રાજન્ ! એ પ્રમાણે તમારા દુષ્ટ વિચારને લીધે આ ક્ષય થયો.

भीष्मप्रमुखतः कृत्वा भगदत्तं च भारत ॥
एवमेष क्षयो वृत्तो राजन्दुर्मंत्रिते तव ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि कर्णसात्यकियुद्धे गुर्जरभाषायां सप्तचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४७ ॥

અધ્યાય ૧૪૮ મો. અર્જુને કર્ણને મારેલાં વાગ્બાણ.

धृतराष्ट्र उवाच—तथा गतेषु शूरेषु तेषां मम च संजय ।
किं वै भीमस्तदाकार्षीस्तन्ममाचक्ष्व संजय ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય ! તે પ્રમાણે તેઓના અને મારા શૂરાઓના જવાથી તે સમયે ભીમે શું કર્યું તે હે સંજય મને કહે ? સંજય કહે છે–રથ રહિત થયેલો અને કર્ણના વાક્શલ્યે કરી પીડા પામેલો ભીમસેન અમર્પને વશ થઇ અર્જુન પ્રત્યે બોલ્યો કે, હે ધનંજય ! તારા જોતાં વારંવાર, હે નમુછીઆ ! હે મૂઢ ! હે ઉદર પોષણ કરનાર ! હે અકૃતાસ્ત્ર ! હે બાલ ! હે સંગ્રામમાં ભયે કરી વિહ્વળ ! તું યુદ્ધ કર માં, એ રીતે કર્ણે મને કહ્યું. હે ભારત ! એ રીતે કહેનારો પુરૂષ મારે વધ કરવા યોગ્ય છે. એ વ્રત હે મહાબાહો ! મેં તમારી સાથે કરેલું છે. હે કુંતિપુત્ર અર્જુન ! તે રીતે જેમ મારૂં વ્રત છે, તેમજ તમારૂં છે, એમાં સંશય નથી માટે હે નરશ્રેષ્ઠ ! તેના વધ સારૂ મારાં વચનને સંભાર, અને હે ધનંજય ! જેમ મારૂં તે વચન સત્ય થાય તેમ કર. ભીમનું તે વચન સાંભળ્યા પછી અમીત પરાક્રમવાળો અર્જુન સંગ્રામ વિષે કર્ણની સમીપ જઇ કહેવા લાગ્યો કે–હે કર્ણ ! હે કર્ણ ! હે વૃથા દૃષ્ટિવાળા, હે સૂતપુત્ર ! હે પોતાની સ્તુતિ કરનાર ! હે અધર્મબુદ્ધિવાળા ! જે તને હાલ હું કહું છું તે મારાથી સાંભળ. હે રાધાપુત્ર ! યુદ્ધમાં શૂર પુરૂષોનું બે પ્રકારનું કર્મ છે. એક જય અને બીજું પરાજય. વળી તે પણ યુદ્ધ કરતો એવો જે ઇન્દ્ર તેને પણ અનિત્ય છે. મરવાને ઇચ્છતો રથ રહિત થએલો ને વિકળ ઇન્દ્રિયવાળો એવો જે તું, તેને મારે મારવા યોગ્ય જાણી જીતીને સાત્યકિએ જીવતો મૂકી દીધો. તું પોતાની ઇચ્છાવડે રણભૂમિમાં યુદ્ધ કરતો એવો જે મહા બળવાન ભીમ તેને કોઇ રીતે રથ રહિત કરીને રૂક્ષ બોલે છે એ તારો મોટો અધર્મ છે અને તે દુર્જનનું આચરણ છે. નરશ્રેષ્ઠ એવા શૂરા સત્પુરૂષો શત્રુને જીતી બડબડાટ કરતા નથી અને દુર્વચન કહેતા નથી, તેમ કોઇને નિંદતા પણ નથી. હે સૂતપુત્ર ! તું તો સંમતિ વગરનું જ [illegible] એવું વિચાર્યા વિનાનું ચપલપણાથી જેટલું બોલે છે, તેથી ત્રુચ્છ જ્ઞાનવાળો જણાય છે.

યુદ્ધ કરતો પરાક્રમી, શૂર, આર્યનાં વ્રત વિષે પ્રીતિવાળો એવો જે ભીમ તેને સર્વ સૈન્યોના, કેશવ એવા શ્રીકૃષ્ણના અને મારા જોતાં જે અપ્રિય તેં કહ્યું તે તારૂં વચન સત્ય નથી. સંગ્રામમાં પાંડુપુત્ર ભીમસેને તને ઘણીવાર રથ રહિત કરેલો છે અને કહ્યું પણ તને કઠણ વાક્ય કહ્યું નથી, જેથી ભીમસેનને તેં બહુ કઠણ વચન સંભળાવ્યાં. મારા ન જોતાં તમે સુભદ્રાના પુત્રને હણ્યો, તેથી એ ગર્વનાં ફળને તત્કાળ પામ. હે દુષ્ટ બુદ્ધિવાળા! તેં જે તેનું ધનુષ કપ્યું તે પોતાના નાશ માટેજ, ને હે મૂઢ! તે માટેજ મારે ચાકર, પુત્ર અને બાંધવો સહિત તને મારવા પડશે સર્વ કૃત્યોને કરી લે. કેમકે તને મોટો ભય પ્રાપ્ત થયો છે. સંગ્રામ વિષે તારા જોતાં વૃષસેનને હું મારનાર છું, બુદ્ધિના મોહેકરી બીજા રાજાઓ પણ મારી સમીપ આવશે તે સર્વને મારીશ. સત્ય વચને કરી હું આયુધ લઉં છું. હે મૂઢ! બુદ્ધિ રહિત અને સંગ્રામ વિષે અતિ માનવાળો એવો જે તું—તેને નાશ પામેલો જોઈ મૂઢ એવો દુર્યોધન અતિ સંતાપ પામશે. અર્જુને કર્ણના પુત્રનો વધ કરવાની પ્રતિજ્ઞા કરવાથી તે સમયે રથિઓમાં પછી મોટો રણસંકુલ શબ્દ થયો.

એ પ્રમાણે મહાભયાનક આકુલ સંગ્રામ થતો હતો ત્યારે મંદ જેનાં કિરણ થયાં છે એવો સૂર્ય અસ્તાચલપ્રત્યે ગયો. હે રાજન્! તે પછી સંગ્રામના અગ્રભાગમાં રહેલા અને પ્રતિજ્ઞાને તરી ગયેલા અર્જુનને મળી ઋષિકેશ એવા શ્રીકૃષ્ણ અર્જુનને કહેવા લાગ્યા કે, હે અર્જુન! બહુ સારૂં થયું કે તેં મોટી પ્રતિજ્ઞા સિદ્ધ કરી અને બહુ ઠીક થયું કે તેં પુત્ર-સહિત પાપી વૃદ્ધક્ષત્રને માર્યો. હે ભારત અર્જુન! યુદ્ધમાં ધૃતરાષ્ટ્રના સૈન્યને પામીને દેવસેના પણ દુઃખ પામે એમાં કશો પણ વિચાર કરવો પડે તેમ નથી. હે પુરૂષશ્રેષ્ઠ! લોકને વિષે વિચાર કરતો એવો હું કોઇ ઠેકાણે તું સિવાય પુરૂષને નથી દેખતો, બળવાન કે જે આ સૈન્યની સાથે યુદ્ધ કરે. મોટા મહિમાવાળા તારી બરોબર અને અધિક એવા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યો-ધનના કારણથી ઘણા રાજાઓ મળેલા હતા. સજ્જ થયેલા ક્રોધ પામેલા તેઓ રણભૂમિમાં તને પામી પાછા જતા ન હતા. તારૂં શૌર્ય અને બળ—રૂદ્ર, ઇન્દ્ર અને કાળની ઉપમા અ-પાય એવું છે. શત્રુને તપાવનાર એવો તું એકલો આજે જેવાં પરાક્રમ કરતો હતો એવાં પરાક્રમને રણભૂમિમાં કરવા કોઇપણ શક્તિમાન નથી. આ પ્રમાણેજ સગાંવહાલાં સહિત દુરાત્મા કર્ણને માર્યા પછી જીતેલા છે શત્રુ જેણે અને હણાએલા છે શત્રુ જેના એવો જે તું—તેને ફરીને હું વધાવીશ. એ પ્રમાણે કહેતા શ્રીકૃષ્ણ પ્રત્યે અર્જુન બોલ્યો કે હે માધવ! તમારા અનુગ્રહથી દેવતાઓએ પણ દુઃખેકરી તરાય એવી પ્રતિજ્ઞાને હું તરી ગયો. હે કેશવ! જેઓના તમે નાથ છો તેઓનો જેમાં આશ્ચર્ય નથી તેવો જય છે. હે સમર્થ! હે વૃષ્ણિમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ! તમારા અનુગ્રહથી યુધિષ્ઠિર સમગ્ર પૃથ્વીને પામશે તે તમારોજ મહિમા અને તમારોજ વિજય છે. હે મધુસૂદન! તમારેજ નિરંતર વધાવવા યોગ્ય અમે છીએ, એ રીતે અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ઘોડાઓને ધીરે ધીરે ચલાવતા અર્જુનને ક્રૂર એવું મોટું યુદ્ધ દેખાડતા હતા.

શ્રીકૃષ્ણ કહે છે—હે અર્જુન! યુદ્ધમાં પ્રખ્યાત જયને અને મોટા યશને ઇચ્છતા શૂરા રાજાઓ તારાં બાણોએ હણાતા પૃથ્વી ઉપર શયન કરે છે, જેઓનાં શસ્ત્રો અને આભરણ પડી ગએલાં છે, જેઓના ઘોડા રથ અને હાથિઓ કપાએલા છે, જેઓનાં મર્મસ્થાન છિન્નભિન્ન થયાં છે એવા, પરમ વિહ્વળપણાને પામેલા સજીવ અને નિર્જીવ રાજાઓ ઘણી

કાંતિવડે યુક્ત છે, તેથી નિર્જીવ રાજાઓ પણ સજીવ રાજાઓ સરખા જણાય છે, તે રાજાઓનાં સુવર્ણ પુંખવાળા બાણોએકરી, જુદા જુદા પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્રોએકરી, વાહનોએકરી અને આયુધોએકરી ભરાએલી પૃથ્વીને જો. બખ્તર, ચર્મ, હાર, કુંડળસહિત મસ્તક પાઘડીઓ, મુકુટમાળાઓ ચૂડામણિ, વસ્ત્રો, કંઠસૂત્રો, બાજુબંધો, કાંતિવાળાં નિષ્ક નામનાં આભૂષણો અને વિચિત્ર એવાં બીજાં આભરણોથી પૃથ્વી શોભે છે. હે ભરતશ્રેષ્ઠ! રથના નીચલા ભાગ, ભાથા, પતાકા તથા ધ્વજ, ઉપસ્કર લાગલના દંડેકરી શોભિત એવા લાંગલ, કપાએલાં વિચિત્ર ચક્ર, બહુ પ્રકારના ચક્રના અવયવો, ધુંસરાં, જોતરાં, સુંદર મોરપિંછ, ધનુષ, સાયક, હાથિઓની ચિત્ર વિચિત્ર ઝુલ, આસનો, ભોગળ, અંકુશ, શક્તિઓ, ભિંદિપાલ, તૃણ, શૂલ, પ્રરશ્વધ, પ્રાસ, તોમર, કુંત, યષ્ટિ, શતઘ્ની, ભુશંડી, ખડ્ગ, પરશુ, મુસલ, મુદ્ગર, ગદા, કુણપ, સુવર્ણયુક્ત ચાબુક, ઘંટાઓ, જૂદી જૂદી જાતનાં હસ્તિઓનાં આભૂષણ, માળાઓ જૂદા જૂદા પ્રકારનાં આભરણ અને મહા મૂલ્યવાળાં જે વસ્ત્રો તેવડે પૃથ્વી જેમ ગ્રહોવડે શરદૃઋતુમાં આકાશ શોભે તેમ શોભે છે. પૃથ્વી ઉપર પૃથ્વીના કારણથી હણાએલા રાજાઓ પ્રિય એવી સ્ત્રીની પેઠે પૃથ્વીને અંગોવડે આલિંગન કરી સુતા છે. પર્વતનાં શિખરો સરખી કાંતિવાળા ઐરાવતની ઉપમા અપાય એવા અને શસ્ત્રના વાગવાથી કપાએલાં મુખોએકરી લોહીને સ્રવતા એવા આ તેઓને ગુફાઓના મુખોએકરી ગેરૂના પાણીને સ્રવતા પર્વતોની પેઠે બાણોએ હણાએલા જો. હે વીર! ઉભો રહે અને નમ્ર એવો તું પૃથ્વી ઉપર પડેલા સુવર્ણનાં આભૂષણોથી શોભતા ઘોડાઓને જો. હે સમર્થ કુંતિપુત્ર! ગંધર્વનગર તુલ્ય આકારવાળા જેઓના ધણી હણાએલા છે, જેઓના ધ્વજ, પતાકા અને ચક્રના અવયવો કપાએલા છે, જેઓનાં ચક્ર ગયેલાં છે, જેઓના સારથિ હણાએલા છે, તૂટી જેઓના કુબડા અને ધુંસરાં કપાએલાં છે, જેઓના લાંગલદંડ ભાગેલા છે, અને જેઓને વિમાનની ઉપમા અપાય એવા સુંદર રથોને જો. હે શૂર! હે મહાબાહુ અર્જુન! હણાએલા હજારો પાયદળને ચર્મધારી લોહીથી ભિંજાએલા સર્વ અંગવડે પૃથ્વીને આલિંગન કરી સુતેલા જો, વળી રજવડે છવાએલા છે કેશ જેમના એવા ધનુર્ધારી યોદ્ધાઓ તેઓને તારા બાણોએકરી ભેદાએલ દેહવાળા જો. હે નરશ્રેષ્ઠ અર્જુન! નાશ કરેલા હાથી રથ અને ઘોડાઓવડે સંકુલ, લોહી ચરબી ને માંસવડે વધેલો છે ગારો જેમાં એવું તથા નિશાચર, કુતરાં, વરૂ અને પિશાચને હર્ષ આપનારૂં, દુઃખેકરી જોવાય એવું જે પૃથ્વીતલ તેને જો. હે સમર્થ અર્જુન! રણાંગણ વિષે યશને વધારનાર એવું આ મોટું કર્મ તારેવિષે અને મહા સંગ્રામમાં દૈત્યદાનવોને હણનાર દેવમાં શ્રેષ્ઠ એવો જે ઈંદ્ર તેનેવિષે યોગ્યજ છે. સંજય કહે છે—એ રીતે રણભૂમિ અર્જુનને દર્શાવતા હર્ષ પામેલા પોતાના માણસોથી યુક્ત શ્રીકૃષ્ણ ભગવાન પાંચજન્ય નામના શંખને વગાડતા હતા. મુકુટવાન અર્જુનને પ્રત્યક્ષ શત્રુઓને બતાવતા શત્રુઓને હણનાર એવા જનાર્દન શ્રીકૃષ્ણ અજાતશત્રુ પાંડુપુત્ર યુધિષ્ઠિરને મળી જયદ્રથને હણ્યો તે નિવેદન કરવા લાગ્યા.

स दर्शयन्नेव किरीटिनेऽरिहा जनार्दनस्तामरि भूमिमंजसा ।
अजातशत्रुं समुपेत्य पाण्डवं निवेदयामास हतं जयद्रथं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि गुर्जरभाषायामनु-
वादे चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥ १४८ ॥

અધ્યાય ૧૪૯ મો. યુધિષ્ઠિરને જયાનંદ.

संजय उवाच—ततो राजानमभ्येत्य धर्मपुत्रं युधिष्ठिरं ।
ववंदे स प्रहृष्टात्मा हते पार्थेन सैंधवे ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! પછી કુંતિપુત્ર અર્જુને સિંધુદેશના રાજા જયદ્રથને મારવાથી પ્રસન્ન મનવાળા શ્રીકૃષ્ણ ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાને મળી તથા વંદન કરી બોલ્યા કે, હે નરસિંહ રાજેન્દ્ર! બહુ સારૂં થયું કે જેનો શત્રુ હણાએલો છે એવા તમને હું વધાવું છું. બહુ સારૂં થયું કે તમારો નાનો ભાઇ અર્જુન પ્રતિજ્ઞાને તરી ગયો. હે ભારત! શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહેતાં હર્ષ પામેલા શત્રુના પૂરને જીતનાર યુધિષ્ઠિરરાજા રથમાંથી ઉતરી આનંદના અશ્રુથી ભિંજાએલા શ્રીકૃષ્ણ અને અર્જુનને મળ્યા. કમળ સરખી કાંતિવાળા મુખને સ્વચ્છ કરી વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ પ્રત્યે અને અર્જુન પ્રત્યે બોલ્યા કે, હે કમળ તુલ્ય નેત્રવાળા શ્રીકૃષ્ણ! તમારાથી પ્રિય કહેણ સાંભળીને જેમ સમુદ્રને તરી જવા ઇચ્છા કરનારો પુરૂષ પાર પામે નહિ, તેમ હું હર્ષના અંતને પામતો નથી. બુદ્ધિમાન અર્જુને આ ઘણું આશ્ચર્ય કર્યું છે. બહુ સારૂં થયું કે સંગ્રામ વિષે મહારથિઓને ભારરહિત થએલા હું જોઉં છું. બહુ સારૂં થયું કે પાપી પુરૂષમાં અધમ એવો સિંધુ દેશનો રાજા મરાયો. હે કૃષ્ણ! હર્ષની વાત છે કે તમે રક્ષા કરેલા તથા પાપી જયદ્રથને મારનાર અર્જુને મારી મોટી પ્રીતિ સંપાદન કરી. હે ગોવિંદ! તોપણ અમને અતિ આશ્ચર્ય નથી, કેમકે જેઓના તમે આશ્રયરૂપ છો તેઓને ત્રણ લોકમાં કશું પણ દુઃખેકરી કરાય તેમ નથી. હે મધુદૈત્યનો નાશ કરનાર ગોવિંદ! સર્વ લોકના ગુરૂ એવા તમે જેઓના નાથ છો એવા અમે તમારા અનુગ્રહથી શત્રુઓને જીતીશું. હે શ્રીકૃષ્ણ! નિત્ય અમારા પ્રિય અને હિતને વિષે તમે તત્પર રહ્યા છો તેથી તમારો આશ્રય કરી અમોએ અસુરોના વધમાં ઇન્દ્રનો આશ્રય કરી દેવતાઓથી જેમ સંગ્રામવિષે શત્રુઓનો ઉદ્યમ કર્યો હતો તેમ કર્યો છે. હે જનાર્દન! દેવતાઓએ પણ આ કર્મ ન થઇ શકે તેવું છે, માટે તમારાં બુદ્ધિબળ ને વીર્યવડે અર્જુને પરાક્રમ કર્યું છે. હે કૃષ્ણ! બાલ્યાવસ્થાથી માંડી જ્યારથી મનુષ્યોથી ન કરાય એવાં દિવ્ય મોટાં કર્મને હું સાંભળતો આવ્યો છું ત્યારથી શત્રુઓને હણાએલા જાણતો આવ્યો છું. અને પૃથ્વીને પ્રાપ્ત થએલી જાણતો આવ્યો છું. હે શત્રુનો નાશ કરનાર કૃષ્ણ! તમારા અનુગ્રહથી થએલા પરાક્રમેકરી ઇંદ્ર હજારો દૈત્યોને મારી દેવતાના અધિપતિપણાને પામ્યો છે. હે ઋષિકેશ! તમારા અનુગ્રહથી પોતાના માર્ગ વિષે રહેલું સ્થાવર જંગમ જગત જપ અને હોમવિષે વર્તે છે. હે મહાબાહો! પૂર્વે આ જગત અંધકારમય એક સમુદ્રરૂપ હતું તે તમારા અનુગ્રહથી સ્પષ્ટ નામ રૂપપણાને પ્રાપ્ત થયું. હે ઋષિકેશ! સર્વ લોકના સૃષ્ટા પરમાત્મા નાશરહિત એવા તમે તેને જેઓ જૂએ છે તેઓ કદીએ મોહ પામતા નથી. પુરાણ પરમદેવ દેવતાઓના પણ દેવ સનાતન અને સુરગુરૂ એવા તમે તેને જેઓ પામ્યા છે તેઓ કદી મોહ પામતા નથી. હે ઋષિકેશ! આદ્યંત રહિત દેવલોકના કરનાર, વ્યયરહિત તમે તેને જે ભક્તો પ્રાપ્ત થાય છે તેઓ દુઃખોને તરી જાય છે. માયાથી પર, નિત્યસિદ્ધ સર્વ શરીરવિષે રહેલા બ્રહ્મા આદિ દેવતાઓની બુદ્ધિના પણ વિષયરૂપ નહિ એવું જે કાંઇ છે તે રૂપ તમે, તેને પામેલા પુરૂષ છે તેને પરમ સંપત્તિ પ્રાપ્ત થાય છે, જેને ચાર વેદ ગાય છે અને જે વેદોમાં ગવાય છે તે મહાત્માને પામી હું ઉત્તમ સંપત્તિને પામીશ. હે પરમેશ! હે પરેશ! હે તીર્યગીશ! હે નરેશ્વર! હે સર્વેશ્વર! હે ઇશ્વરેશ! હે પ્રભુ! હે પુરૂષોત્તમ! તમને હું નમસ્કાર કરું છું. હે

રૂદ્ર ! અને રાજાઓના ધર્મના પ્રભો ! હે માધવ ! હે સર્વના જન્મ અને નાશરૂપ ! હે સર્વાત્મન્ ! હે વિશાળ નેત્રવાળા ! શ્રીહરિ તમે વૃદ્ધિ પામો. જે ધનંજયના સખા છે, જે ધનંજયના હિતકારી છે અને જે ધનંજયની રક્ષા કરનાર છે, તેને મેળવી પુરૂષ સુખેથી વૃદ્ધિ પામે છે. હે પાપરહિત શ્રીકૃષ્ણ ! તમારાં ચરિતને જાણનાર પુરાણર્ષિ માર્કંડેય મુનિએ પૂર્વે તમારૂં માહાત્મ્ય અને સત્યપણું મને કહ્યું છે. અસિત દેવલ મહાતપસ્વી નારદ અને તમારા પિતામહ વ્યાસ તમને ઉત્તમ વિધિરૂપ કહે છે. તમે તેજ છો, તમે પરબ્રહ્મરૂપ છો, તમે સત્ય અને મોટું તપ છો, તમે શ્રેય, તમે ઉત્તમ યશ તથા જગતનું કારણ છો, તમે આ સર્વ સ્થાવર અને જંગમ એવું જગત સરજેલું છે, તે ફરીને પ્રાપ્ત થયેલા પ્રલયકાળમાં તમારા પ્રતિજ પ્રવેશ કરે છે. હે જગત્પતે ! વેદને જાણનાર મનુષ્યો તમને આદિ અંત રહિત દેવ, વિશ્વના ઈશ, ધાતા, અજ, અવ્યક્ત, ભૂતાત્મા, મહાત્મા, અનંત અને વિશ્વતોમુખ કરીને કહે છે. દેવતાઓ પણ ગુહ્ય, આદિ, દેવ, જગતના પતિ, નારાયણ, ઉત્તમદેવ, પરમાત્મા, ઇશ્વર, જ્ઞાનના કારણરૂપ, હરિ, વિષ્ણુ, મોક્ષ ઇચ્છનારાઓમે પરમ આશ્રયરૂપ, પર, પુરાણપુરૂષ, અને પુરાતન એવા જે બ્રહ્મ આદિ દેવ તેના મધ્યમાં શ્રેષ્ઠ એવા જે તમે તેને જાણતા નથી.

આ પ્રમાણે થયેલાં, થતાં અને થનાર એવા તમારા ગુણોની અને કર્મની આ લોકમાં તથા સ્વર્ગ લોકમાં પણ સંખ્યા નથી. સર્વ ગુણયુક્ત અમારા સ્નેહી એવા જે તમે તેનો આશ્રય અમોએ કર્યો છે, માટે ઈન્દ્રને દેવતાઓ જેમ રક્ષા કરવા યોગ્ય છે, તેમ તમારે અમે ચોતરફથી રક્ષા કરવા યોગ્ય છીએ. આ પ્રમાણે ધર્મરાજ યુધિષ્ઠિરનાં વચન સાંભળી મહા યશવાળા હરિ જનાર્દન શ્રીકૃષ્ણ યોગ્ય વચન બોલ્યા કે, હે પુરૂષશ્રેષ્ઠ યુધિષ્ઠિર ! તમે ઉગ્ર તપવડે, પરમ ધર્મવડે, સજ્જનતાથી અને સરલતાથી પાપી જયદ્રથને હણ્યો. તમારા ધ્યાનયુક્ત જીષ્ણુ અર્જુને હજારો યોદ્ધાઓને હણીને જયદ્રથને માર્યો. કુશલતામાં, બાહુબળમાં, અસંભ્રમવિષે, શીઘ્રતા વિષે અને સફલ બુદ્ધિપણાવિષે કોઇ ઠેકાણે પણ અર્જુન સમાન બીજો વીર નથી. હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર ! આ તમારા ભાઇ અર્જુને આજે રણભૂમિમાં સૈન્યનો નાશ કરી સિંધુ દેશના રાજાનું મસ્તક હરી લીધું. હે વિશાંપતે ! શ્રીકૃષ્ણના કહ્યા પછી પ્રભુ એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર જીતનાર સ્વભાવવાળા અર્જુનને મળી તેના મુખને લોહી આશ્વાસના કરવા લાગ્યા કે—હે અર્જુન ! તેં ઇંદ્ર સહિત સર્વ દેવતાઓએ પણ સહન ન થાય એવું અતિ મોટું અસહ્ય પરાક્રમ કર્યું. હે શત્રુને હણનાર અર્જુન ! ઠીક થયું કે તું પ્રતિજ્ઞાના ભારરહિત અને જેનો શત્રુ હણાએલો છે એવો થયો અને ઠીક થયું કે તેં જયદ્રથને હણી આ પ્રતિજ્ઞા સફળ કરી. એવી રીતે ગુડાકેશ અર્જુનને કહી મહા યશવાળા કુંતિપુત્ર ધર્મરાજ યુધિષ્ઠિરે પુણ્યગંધવાળા હાથે કરી અર્જુનને પૃષ્ઠભાગમાં સ્પર્શ કર્યો. એ પ્રમાણે તે વખતે મહાત્મા કેશવ ને પાંડવ એવા તે બે, શ્રીકૃષ્ણ તથા અર્જુન પૃથ્વીપતિ એવા યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યા કે હે શત્રુઓનો નાશ કરનાર ભારત યુધિષ્ઠિર ! તમારા કોપરૂપ અગ્નિવડે પાપી જયદ્રથ રાજા દગ્ધ થયો અને રણભૂમિમાં અતિ મોટું એવું ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું સૈન્ય ઉલ્લંઘન કરાયું. આજથી તમારા કોપથકી હણાએલા કૌરવો, હણાય છે, હણાયા છે. અને હણાશે. હે વીર યુધિષ્ઠિર ! ક્રોધ દૃષ્ટિવડે નાશ કરનાર તમોને કોપાવીને મિત્ર અને બંધુઓ સહિત દુષ્ટ બુદ્ધિવાળો દુર્યોધન સંગ્રામવિષે પ્રાણ ખોશે. પ્રથમ તમારા કોપવડે હણાએલા દેવતાઓએ અતિ દુઃખેકરી પ્રાણ નહિ એવા કૌરવોના પિતામહ ભીષ્મ, બાણની શય્યાને પ્રાપ્ત થઇ હમણાં શયન કરે છે. હે

પાંડુપુત્ર યુધિષ્ઠિર ! જેઓના વિષે તમે કોપાયમાન થયા છો તેઓ નિશ્ચે મૃત્યુને વશ પામનાર છે અને સંગ્રામ વિષે શત્રુઓને મારનાર એવા તેઓનો વિજય દુર્લભ છે. હે માનદ યુધિષ્ઠિર ! જેઓના વિષે તમે ક્રોધવાન થાઓ છો તેમનું રાજ્ય, પ્રાણ, લક્ષ્મી, પુત્ર અને જુદા જુદા પ્રકારનાં સુખો નાશ પામે છે. હે પરંતપ યુધિષ્ઠિર ! નિરંતર રાજધર્મમાં તત્પર એવા તમે ક્રોધ પામવાથી પુત્ર, પશુ અને બાંધવો સહિત કૌરવોને હું નાશ થયેલા માનું છું. એ રીતે અર્જુને કહ્યા પછી મહાબાહુ ભીમસેન અને મહારથિ સાત્યકિ શુર અને જ્યેષ્ઠ યુધિષ્ઠિરને અભિવંદન કરી બાણના ઘાવડે ઘાયલ થયેલા મહા ધનુર્ધારિ પાંચાલ દેશના રાજાવડે વિંટાએલા બે એ પૃથ્વી પર બેઠા. આગળ હાથ જોડી રહેલા શૂરા તેઓને જોઇને હર્ષ પામેલા કુંતિપુત્ર યુધિષ્ઠિર, ભીમ અને સાત્યકિને વખાણવા લાગ્યા કે, હે શૂર પુરૂષો ! બહુ સારૂં થયું કે તમને બેને દ્રોણરૂપી ગ્રાહવડે દુર્ધર્ષ અને હાર્દિક્યરૂપી મગરના સ્થાનરૂપ એવા સૈન્યરૂપી સાગરથી મુક્ત થએલા હું જોઉં છું. બહુ ઠીક થયું કે યુદ્ધમાં તમે પૃથ્વીપરના સર્વ રાજાઓને જીત્યા. હર્ષની વાત છે કે સંગ્રામમાં તમોને વિજયવાળા હું જોઉં છું. હર્ષની વાત છે કે મહા બલવાન દ્રોણ અને હાર્દિક્યને સંગ્રામ વિષે તમે જીત્યા. હે પુરૂષોમાં શ્રેષ્ઠ ! ઠીક થયું કે રણભૂમિમાં તમોએ બાણેકરી કર્ણને પરાભવ પમાડયો અને શલ્યને વિમુખ કર્યો. ઠીક થયું કે સંગ્રામમાંથી ફરી આવેલા રથિ પુરૂષોમાં શ્રેષ્ઠ અને યુદ્ધમાં નિપુણ તમને બેને કુશળ જોઉં છું. મારા વાક્યને પાળનાર શૂર, મારા મોટાપણાને પરમ આધીન એવા તમોને ઠીક થયું કે હું સૈન્યરૂપી સમુદ્રોથી તરેલા જોઉં છું. યુદ્ધને વખાણનાર શૂર અને યુદ્ધમાં પરાજય ન પામનાર એવા તમોને હું મારાં વાક્યની સમ રહેલા હર્ષથી અભિનંદું છું. હે રાજન્ ! એ રીતે કહી પાંડુપુત્ર યુધિષ્ઠિર પુરૂષોમાં શ્રેષ્ઠ એવા સાત્યકિ અને ભીમસેનને મળ્યા તથા હર્ષથી અશ્રુ પાડયાં. હે વિશાંપતે ! તે પછી રણભૂમિમાંનું હર્ષ પામેલું પાંડવોનું સર્વ સૈન્ય યુદ્ધ માટે મન કરવા લાગ્યું.

ततः प्रमुदितं सर्वं बलमासीद्विशांपते ।
पाण्डवानां रणे हृष्टं युद्धाय तु मनोदधे ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि युधिष्ठिरहर्षे गुर्जरभाषायामेकोनपञ्चाशदधिकशततमोऽध्यायः ॥ १४९ ॥

અધ્યાય ૧૫૦ મો. દુર્યોધનને થયેલો શોક.

संजय उवाच—सैन्धवे निहते राजन् पुत्रस्तव सुयोधनः ।
अश्रुपूर्णमुखो दीनो निरुत्साहो द्विषज्जये ॥

સંજય કહે છે— હે રાજન્ ! સિંધુદેશનો રાજા જયદ્રથ હણાયા પછી તમારો પુત્ર દુર્યોધન જેનું અશ્રુથી ભરેલું હતું મુખ એવો દીન અને શત્રુઓના જયથી નિરૂત્સાહ થયો, તથા દુષ્ટ મનવાળો, જેની દાઢ ભાગી ગએલી છે એવા સર્પની પેઠે નિઃશ્વાસ નાખતો, સર્વ લોકનો અપરાધનો કરનાર તમારો પુત્ર અતિ પીડા પામ્યો. યુદ્ધમાં જીષ્ણુ, એવા અર્જુને, ભીમ-

સેને અને આત્વત એવા સાત્યકિએ કરેલા પોતાના મોટા સૈન્યનો ભયંકર નાશ જોઇ, નિસ્તેજ, કૃશ, દીન અને અશ્રુવડે જેનાં નેત્ર ભિંજાએલાં છે એવો દુર્યોધન, અર્જુનની સમાન પૃથ્વીવિષે યોદ્ધો નથી, અને ક્રોધ પામેલા અર્જુનના યુદ્ધમાં ઉભા રહેવાને દ્રોણ, રાધાપુત્ર કર્ણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય પણ સમર્થ નથી, એ રીતે હે મારિષ! તે માનવા લાગ્યો. સંગ્રામવિષે કુંતિપુત્ર અર્જુને સર્વ મારા મહારથિઓને જીતી સિંધુદેશના રાજાને માર્યો, પણ કોઇએ તેને નિવાર્યો નહિ કૌરવોનું આ મોટું સૈન્ય સર્વ પ્રકારે હણાએલુંજ છે. સાક્ષાત્ ઇન્દ્ર પણ આની રક્ષા કરનાર નથી, વળી જેના આશ્રયે કરી મેં સંગ્રામમાં શસ્ત્રનો ઉદ્યમ કર્યો તે કર્ણ પણ યુદ્ધમાં જીતાયો અને જયદ્રથ મરાયો. જેના બળનો આશ્રય કરી શાંતિને માગતા એવા અચ્યુત શ્રીકૃષ્ણ તેમને હું તૃણતુલ્ય માનું છુ એમ કહેનાર કર્ણ યુદ્ધમાં જીતાયો. હે ભરતશ્રેષ્ઠ રાજન્! એ રીતે જેનું મન ગ્લાનિ પામેલું છે એવો સર્વલોકનો અપરાધી તમારો પુત્ર દુર્યોધન દ્રોણાચાર્યની પાસે ગયો અને પછી તે સર્વ કૌરવો પ્રત્યે મોટા નાશને, વિજય પામતા એવા શત્રુઓને તથા તલ્લીન થએલા એવા તમારા લોકોને આમ કહેવા લાગ્યો.

દુર્યોધન કહે છે—હે આચાર્ય! મૂર્ધાભિષિક્ત રાજાઓના મોટા નાશને જુઓ, મારા પિતામહ શૂર એવા ભીષ્મને આગળ કરી તેમને મારી પૂર્ણ મનવાળો આ વંચક શિખંડિ સર્વ પાંચાલ દેશના યોદ્ધાઓ સહિત સેનાના અગ્રભાગ પ્રત્યે વર્તે છે, દુર્ધર્ષ એવો તમારો બીજો શિષ્ય જયદ્રથ રાજા તેને પણ સાત અક્ષૌહિણી સેનાને હણીને વીર સવ્યસાચિ એવા અર્જુને હણ્યો. અમારા જયને ઇચ્છનાર ઉપકારી યમરાજાના સ્થાન પ્રત્યે ગએલા મિત્રોના અનૃણપણાને હવે કેમ પામી શકે? જે રાજાઓ મારે માટે પૃથ્વી ઇચ્છે છે, તેઓ પૃથ્વીના ઐશ્વર્યને તજી પૃથ્વી પર શયન કરે છે, તે હુ નિંદિત પુરૂષ, મિત્રોના આવા નાશને હજાર અશ્વમેધેકરીને પણ મારા આત્માને પવિત્ર કરવા ઉત્સાહ ધરતો નથી. લોભી પાપી તથા ધર્મને નાશ કરનાર એવો જે હું, તેના દુઃખે કરી જીવવાની ઇચ્છા કરનાર પુરૂષો યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. જેનું વ્રત નાશ પામેલું છે એવો મિત્રનો દ્રોહ કરનાર જે હું તેને પૃથ્વી કેમ માર્ગ દેવા સમર્થ નથી થતી? હું, રૂધિરવડે જેનું અંગ છંટાએલું છે એવા યુદ્ધમાં હણાએલા રાજાઓના મધ્યભાગમાં શયન કરી રહેલા ભીષ્મપિતામહની રક્ષા કરવા પણ સમર્થ થયો નહિ. મિત્રનો દ્રોહ કરનાર અનાર્ય પુરૂષ એવો હુ, તેને દુર્ધર્ષ એવા પરલોકને જીતનાર ભીષ્મપિતામહ મળી શું કહેશે? પ્રાણને કોરે મૂકી મારે માટે ઉદ્યમવાળા મહારથિ ભૂરિશ્રવાને સાત્યકિએ હણેલો જુઓ. તેમજ કાંબોજદેશના રાજાને, અલંબુષને તથા બીજા મિત્રોને હણાએલા જોતાં હવે મારે જીવવામાં શો અર્થ છે? મારે માટે ટટો કરનારા, પાછું મુખ ન કરનારા, મારા શત્રુઓને જીતવા અતિ શક્તિવડે યત્ન કરનાર જે શૂરાઓ હણાએલા છે, હે પરંતપ દ્રોણ! તેઓનાં ઋણને આજે તરી જઇ યમુના નદી પ્રત્યે તેઓને જળે કરી હું તૃપ્ત કરીશ. હે સર્વ શસ્ત્રધારિ પુરૂષોમાં ઉત્તમ! તમારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરૂં છુ અને ઇષ્ટાપૂર્તે કરી, બળેકરી અને પુત્રોએ કરી સમ ખાઇ કહું છું કે રણભૂમિમાં પાંડવો સહિત તે સર્વ પાંચાલ દેશના રાજાઓને મારી શાંતિ પામીશ અથવા મુકુટવાન એવા અર્જુને સંગ્રામમાં મારે માટે યુદ્ધકરતા જે પુરૂષોને હણેલા છે, તે શ્રેષ્ઠ પુરૂષો જ્યાં છે ત્યાં હું જઇશ અને તેમની સમાન લોકપણાને પામીશ. હે મહાબાહો દ્રોણ! આ સમયે કપટે ન વ્યાપેલા મારા સહાય પુરૂષો મને ઇચ્છતા નથી, જેવી રીતે પાંડુપુત્રોને કલ્યાણરૂપ માને છે તેવી રીતે અમને માનતા નથી. યુદ્ધમાં સત્યપ્રતિજ્ઞાવાળા પાંડુપુત્રવડે પોતાનું મૃત્યુ કહેલું છે તોપણ તમે અર્જુન તમારો શિષ્ય હોવાથી

ઉપેક્ષા કરો છો એથીજ જેઓ અમારા જયને ઇચ્છા કરનારા હતા તે સર્વ પુરૂષો હણાયા. હમણાં તો એક કર્ણનેજ અમારા જયને ઇચ્છનાર હું જોઉં છું. મૂઢબુદ્ધિવાળો પુરૂષ મિત્રને જાણ્યા વગર યથાર્થપણાએકરી અજાણ્યા મિત્રને મિત્રના જે કાર્યમાં જોડે છે તે કાર્ય તેનું નાશ પામે છે, તે સરખું ઉત્તમ મિત્રોએ, મોહથી ધનને ઇચ્છનો લોભી પાપી અને મંદ એવો જે હું, તેનું આ કાર્ય કરાયું. શૌર્યવાન એવો જયદ્રથ અને સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા હણાયો. તેમજ મારે માટે લડતા એવા અભીશાહ, શૂરસેન, શિબિ અને વસાતિરાજાઓ મુકુટવાન અર્જુનને હણ્યા માટે જ્યાં તે શ્રેષ્ઠ પુરૂષો છે ત્યાં હું આજ જઇશ. તે શ્રેષ્ઠ પુરૂષો વગર હવે મને જીવિત પ્રિય લાગતું નથી, તેથી પાંડુપુત્રોના આચાર્ય એવા તમે અમને આજ્ઞા આપો.

न हि मे जीवितेनार्थस्तानृते पुरुषर्षभान् ।
आचार्यः पाण्डुपुत्राणामनुजानातु नो भवान् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि दुर्योधनानुतापे गुर्जरभाषायां पञ्चाशदधिकशततमोऽध्यायः ॥ १५० ॥

અધ્યાય ૧૫૧ મો. દ્રોણ વાક્ય.

धृतराष्ट्र उवाच—सिंधुराजे हते तात समरे सव्यसाचिना ॥
तथैव भूरिश्रवसि किं किमासीद्द्रोणमनस्तदा ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે તાત સંજય! યુદ્ધમા અર્જુને સિંધુદેશના રાજા જયદ્રથને માર્યા પછી અને તેમજ ભૂરિશ્રવાને માર્યા પછી તે સમયે તમારૂં મન કેવું થયું હતું? તે અને કુરૂની સભામાં દુર્યોધને તે પ્રકારે કહેલા દ્રોણાચાર્યે પછી તેને શું કહ્યું, તે મને કહે. સંજય કહે છે—હે ભારત! સિંધુ દેશના રાજા જયદ્રથને, અને ભૂરિશ્રવાને હણાએલા જોઇ તમારા સૈન્યોનો મોટો વ્યથાવાળો શબ્દ થયો. તેઓ તમારા પુત્રના સર્વ વિચારને નિંદવા લાગ્યા, કે જે વિચારેકરી, હજારો શ્રેષ્ઠ ક્ષત્રિયો હણાયા. દ્રોણ તો તમારા પુત્રનાં વચનને સાંભળી દુઃખિત છે મન જેનું એવા મુહૂર્તવાર જેમ વિચાર કરે તેમ વિચાર કરી અતિ પીડા પામીને આમ બોલ્યા. દ્રોણ કહે છે—હે દુર્યોધન! અર્જુનને સંગ્રામ વિષે જીતવો છે અશક્ય છે એમ નિરંતર કહેનો એવો જે હું તેને વાગ્બાણેકરી આવી રીતે કેમ પ્રહાર કરે છે? મુકુટવાન એવા અર્જુને બળ રક્ષણ કરેલા શિખંડિએ જે ભીષ્મને કૌરવોના યુદ્ધમાં માર્યા, એટલા વડેજ અર્જુનનું બળ જાણવું પૂર્ણ છે. દેવ અને દાનવોએ યુદ્ધમાં ન હણાય એવા ભીષ્મને હણાએલા જોયા ત્યારેજ મેં જાણ્યું કે, આ સેના નથી. ત્રણ લોકવિષે પુરૂષોના મધ્યમાં જેને સર્વ શૂરરૂપ માનતા તે શૂર વીર એવા ભીષ્મ હણાયા પછી શું વિશેષ રહ્યું છે કે જેને સેવિએ? હે તાત દુર્યોધન! કુરૂઓની સભામાં શકુનિ જે પાસા નંખાવતો હતો, તે પાસા ન હતા પણ તમારા શત્રુઓને તપાવનારાં તીક્ષ્ણ બાણ હતાં, તેજ આ કુંતિપુત્રે નાખેલાં બાણ હે તાત દુર્યોધન! અમને પ્રહાર કરે છે, વિદુરે કહેલાં તમે તે અક્ષરૂપ બાણને જાણતા ન હતા. જય પામતા એવા પણ જે તમે તેના હિતમાટે જે અમાપણારી વાણીને કહેતા ધીર એવા મહાત્મા વિદુર તેની તમે તે વાણી

વર્ણોના સંધ્યારૂપ કર્મ કરી દેહથી રક્ષા કરવી. નિરંતર વખતસર સંધ્યાસ્નાનાદિક કર્મ કરનાર, નિરંતર યજ્ઞોપવીત સાચવનાર, નિરંતર વેદ ભણનાર, અત્યંત પાતકીનું અન્ન ત્યાગ કરનાર, સત્ય બોલનાર તથા ગુરૂનું કામ કરનાર બ્રાહ્મણ બ્રહ્મલોકમાં ભ્રષ્ટ થતો નથી. જે ક્ષત્રિય વેદભણી, અગ્નિહોત્રમાં હોમ દઇ, યજ્ઞોથી પરમેશ્વરનું આરાધન કરી તથા પ્રજાનું પાલન કરીને, પછી ગાય અથવા બ્રાહ્મણ વાસ્તે મરણ પામે, વા સંગ્રામ વિષે શસ્ત્રથી પવિત્ર અંતરાત્માવાળો હણાય, તે સ્વર્ગ પામે. જે વૈશ્ય વેદ ભણી, બ્રાહ્મણ, ક્ષત્રિય તથા આશ્રિતને વખતસર ધનનો વિભાગ કરી આપી, અગ્નિહોત્રના પવિત્ર ધૂમને સુંઘી મરણ પામે, તે સ્વર્ગમાં દિવ્ય સુખ ભોગવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈસ્ય વર્ણની ઘટતી રીતે ન્યાયથી સેવા કરી વ્યથા જેની ટળી ગઇ છે એવો શૂદ્ર નિષ્પાપ થઇ દેહ મૂકી સ્વર્ગ સુખ ભોગવે છે. હે રાજન્! આ ચાર વર્ણનો ધર્મ તમોને મેં કહ્યો, તેનો હેતુ એ કે પાંડુના પુત્ર યુધિષ્ઠિર ક્ષાત્ર ધર્મથી હીન થાય છે, માટે તેની તમો રાજધર્મ વિષે યોજના કરો. તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે, હે સૌમ્ય! તું નિરંતર મને શિક્ષા કરે છે તેમજ મારી મતિ પણ મને એજ સુઝાડે છે. પાંડવો પ્રત્યે તેં કરેલી મારી બુદ્ધિ, દુર્યોધનને પામી પાછી વિપરીત નિરર્થક થાય છે ને દૈવ બલિષ્ઠ છે માટે કોઇ પણ પ્રાણી દૈવ અતિક્રમણ કરવા સમર્થ થતું નથી.

नद्दिष्टमभ्यतिक्रांतुं शक्यं भूतेन केनचित् ।
दिष्टमेव ध्रुवं मन्ये पौरुषं तु निरर्थकं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायां चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥

અધ્યાય ૪૧ મો. સનત્સુજાત મુનિનું આહ્વાન.

धृतराष्ट्र उवाच—अनुक्तं यदि ते किंचिद्वाचाविदुर विद्यते ।
तन्मे शुश्रूषतो ब्रूहि विचित्राणि हि भाषसे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે વિદુર! જે કંઇ પણ વાણીથી તારે કહેવામાં રહી ગયું હોય, તો હું શ્રવણ કરવાને ઇચ્છું છું વાસ્તે કહે, કારણ તું વિચિત્ર પ્રકારનું ભાષણ કરે છે. તે સાંભળી વિદુરે કહ્યું કે, હે મહારાજ! જે પ્રાચીન, કુમાર, સનાતન તથા સર્વ બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ સનત્સુજાત મુનિ "મૃત્યુ નથી" એ રીતે કહે છે, તે યોગ કલાદિક, સમાદિક તથા હૃદયમાં રહેલા સર્વ ધર્મ તમોને કહેશે. તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે વિદુર! શું તે બધું તું નથી જાણતો જે તે મુનિ મને કહે? માટે જે કહેવું રહ્યું હોય તે તુંજ મને કહે. તે સાંભળી વિદુરે કહ્યું કે, સનત્સુજાત મુનિ જાણે છે તે બધું હું જાણું છું તથાપિ હું શૂદ્ર યોનિમાં ઉત્પન્ન થયો છું, તેથી હવે બીજું કહેવાનો ઉત્સાહ રાખતો નથી. બ્રાહ્મણની જાતિમાં ઉત્પન્ન થયેલો અત્યંત ગુહ્ય કહે, તોપણ દેવતાઓએ નિંદા કરવા લાયક નથી એટલા વાસ્તે તે કહેશે એમ હું તમોને કહું છું. તે સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે હે વિદુર! સનત્સુજાત મુનિ ક્યાં છે તે કહે, ને આ દેહથી મારે તેમની સાથે કેમ સમાગમ થાય. * વૈશંપાયન કહે છે—હે જનમેજય! ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી તીક્ષ્ણ વ્રતવાળા વિદુરે

સાંભળતા ન હતા, તેથી હે દુર્યોધન ! વિદુરના વાક્યના અપમાનથી તમારે શારૂ 'આ ભયંકર મોટું ક્રૂર કર્મ થાય છે, જે મૂઢ માણસ ખરા સ્નેહિના તેમજ લોકના હિતકારી વચનનું અપમાન કરી પોતાનો મત કરે છે, તે થોડા વખતમાં શોક કરવા યોગ્ય થાય છે. તમે પણ અમારા જોતાં ઉત્તમ કુળમાં થયેલા સર્વ ધર્મને અનુસરનાર સભામાં લઇ આવવાને યોગ્ય નહિ એવાં દ્રૌપદીને સભામાં લઇ આવી જે અધર્મ કરતા હતા, તે અધર્મનું આ મોટું ફળ હે દુર્યોધન ! પ્રાપ્ત થાય છે. જે દ્યૂતમાં પાંડુના પુત્રોને અયોગ્યપણાથી જીતી તમે તે સમયે અરણ્યમાં રૂરૂમૃગનાં ચર્મરૂપી જેનાં વસ્ત્ર છે એવા કરીને કાઢ્યા હતા, તેનુંજ આ ફળ પ્રાપ્ત થયું, જો આ ન થયું હોત તો પરલોકમાં તમે અધિક કલેશ પામત. નિરંતર પુત્રોની પેઠે ધર્મને આચરતા એવા પાંડવો તેઓનો લોકમા મારાથી અન્ય બ્રાહ્મણ એવો કયો માણુસ દ્રોહ કરે ? પાંડવોનો આ કોપ શકુનિ માથે તમે કુરૂની સભામાં ધૃતરાષ્ટ્રના સંમતથી વહોર્યો છે. દુઃશાસનેકરી સંયોગ પામેલો કર્ણવડે વૃદ્ધિ પામેલો એવો તે કોપ વિદુરના વાક્યનો અનાદર કરી તમે વારવાર તાજો કરાવ્યો. સિંધુદેશના રાજા જયદ્રથનો આશ્રય કરી યત્ન કરતા એવા સર્વ યોદ્ધા અર્જુનને વિંટી વળ્યા હતા, તે કેમ પરાભવ પામ્યા. તથા તમારા મધ્યમાં જયદ્રથ કેમ હણાયો ? હે કુરૂકુળમાં થએલા દુર્યોધન ! તમે કર્ણ, કૃપાચાર્ય, શલ્ય, અને અશ્વત્થામા જીવતા છતાં સિંધુદેશનો રાજા જયદ્રથ કેમ નાશ પામ્યો ? સિંધુદેશના રાજા જયદ્રથનું રક્ષણ કરવા માટે યુદ્ધ કરતા એવા સર્વ રાજાઓ તીવ્ર તેજને સેવે છે તેમ છતાં તમારા મધ્યમા જયદ્રથ કેમ હણાયો ? હે દુર્યોધન ! જયદ્રથ રાજા મારે વિષે અને તમારે વિષે અર્જુનથી રક્ષણ ઇચ્છતો હતો, અને અર્જુનથી રક્ષણ પામ્યો નહિ, તેથી હું કોઇ પણ આત્માના જીવિત સ્થાનને સ્થિર દેખતો નથી. શિખંડિને સહિત પંચાલ દેશના રાજાઓને હણ્યા વગર ધૃષ્ટદ્યુમ્નના પાપવિષે બુડતો હોય નહિ તેમ મારા આત્માને જોઉં છું, તે માટે હે ભારત દુર્યોધન ! તાપ પામતો એવો જે હું તેને સિંધુદેશના રાજા જયદ્રથનું રક્ષણ કરવા માટે તમે અશક્ત થઇને કેમ પ્રહાર કરો છો. કલેશ રહિત જેનું કર્મ છે એવા સત્ય પ્રતિજ્ઞાવાળા પાંડુપુત્રના સુવર્ણના ધ્વજને ન જોતો એવા યુદ્ધમાં કેમ ભીષ્મના જયને ઇચ્છે છે ? જ્યાં મહારથોના મધ્યમાં સિંધુદેશનો રાજા જયદ્રથ અને ભૂરિશ્રવા હણાયા ત્યાં શું શેષ રહ્યું માનો છો ? હે પૃથ્વીપતિ દુર્યોધન ! જો દુર્ધર્ષ એવા કૃપાચાર્ય જીવે છે, અને સિંધુદેશના રાજા જયદ્રથના માર્ગને પામ્યા નથી; તો તેમનેજ હું વખાણું છું. હે કૌરવ્ય દુર્યોધન ! તમારા નાના ભાઇ દુઃશાસનના જોતા જે ઠેકાણે દુઃખે કરી કરાય નહિ એવાં કર્મને કરતા એવા અને ઇન્દ્રસહિત એવા પણ દેવતાઓએ ન મારી શકાય તેવા ભીષ્મને હણાએલા જોયા ત્યારેજ હે નૃપ ! મેં આ પ્રમાણે વિચાર કર્યો હતો કે, પૃથ્વી તમારી નથી. હે ભારત દુર્યોધન ! આ પાંડવ અને સૃંજય રાજાઓનાં સૈન્ય મારા સામમાં ભેળાં થઇ આજ આવે છે. હે ભારત ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન ! સર્વ પંચાલ દેશના રાજાઓને હણ્યા સિવાય કવચ છોડીશ નહિ અને સંગ્રામવિષે તમારૂં હિત કરીશ. હે રાજન્ દુર્યોધન ! સંગ્રામ વિષે મારા પુત્ર અશ્વત્થામાને કહેજો કે જીવિતને રક્ષણ કરતા એવા તમે તેણે સોમક રાજાઓને છોડવા નહિ અને જે પિતાએ આજ્ઞા કરેલી છે તે વચનને પાળી તથા શમ, દમ, સત્ય અને આર્જવવિષે સ્થિરતા, ધર્મ, અર્થ અને કામવિષે કુશલ, ધર્મ તથા અર્થને પણ પીડા ન કરતા એવા ધર્મ જેમાં મુખ્ય છે એવાં કાર્યો કર જો. વારંવાર નેત્ર અને મનવડે વિપ્રોને

સંતોષ પમાડ અને શક્તિથી માન, અને તેઓનું અપ્રિય કર નહિ, કેમકે તેઓ અગ્નિની જ્વાલાની ઉપમા અપાય તેવા છે. હે શત્રુનો નાશ કરનાર રાજન્ દુર્યોધન ! તમે વાગ્બાણોથી પીડા કરેલો એવો આ હું મોટા યુદ્ધમાટે સૈન્યોપ્રત્યે પ્રવેશ કરું છું. હે દુર્યોધન ! જો તમે શક્તિમાન છો તો સૈન્યને પાળો. રાત્રિ વિષે પણ ક્રોધ પામેલા એવા કુરૂ અને સૃંજય રાજાઓ યુદ્ધ કરશે એવી રીતે કહી દ્રોણાચાર્ય, નક્ષત્રોનાં તેજને હરણ કરનાર સૂર્યની પેઠે ક્ષત્રિયોનાં તેજને હરણ કરતા પાંડવ અને સૃંજય રાજાઓ તરફ ગયા.

एवमुक्त्वा ततः प्रायाद् द्रोणः पांडव सृंजयान् ।
मूष्णन् क्षत्रिय तेजांसि नक्षत्राणामिवांशुमान् ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि द्रोणवाक्ये दुर्भा-भाषायामेकपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५१ ॥

અધ્યાય ૧૫૨ મો. દુર્યોધન કર્ણ મંત્રણા.

संजय उवाच—ततो दुर्योधनो राजा द्रोणेनैवं प्रचोदितः ॥
अमर्ष वशमापन्नो युधायैव मनोदधे ॥

સંજય કહે છે—ત્યાર પછી દ્રોણાચાર્યે એ પ્રમાણે કહેલો એવો દુર્યોધન ક્રોધને વશ યુદ્ધ માટે મન કરવા લાગ્યો અને તે સમયે તમારો પુત્ર દુર્યોધન વળી કર્ણને કહેવા-લાગ્યો કે જુઓ, કૃષ્ણ જેના સહાય છે એવા મુકુટવાન પાંડુપુત્ર અર્જુને દેવતાઓથી પણ અતિ દુઃખેકરી ભેદાય એવો જે આચાર્યે કરેલો વ્યૂહ, તેને ભેદીને મહાત્મા દ્રોણાચાર્યના તથા તમારા પ્રયત્ન છતાં મુખ્ય યોદ્ધાઓના જોતાં સિંધુદેશના રાજા જયદ્રથને માર્યો. હે રાધાપુત્ર કર્ણ ! સિંહે જેમ ક્ષુદ્ર મૃગ મારેલા હોય તેમ એક કુંતિપુત્ર અર્જુને યુદ્ધમાં પૃથ્વીવિષે ઉત્તમ એવા રાજાઓ માર્યા છે તે જુઓ. મેં અને મહાત્મા દ્રોણે પ્રયત્ન કર્યા છતાં ઇંદ્રપુત્ર અર્જુને મારૂં સૈન્ય થોડું અવશેષ રહેલું કર્યું. દ્રોણાચાર્યનો યત્ન છતાં યુદ્ધનો યત્ન કરતો એવો પણ અર્જુન અતિ દુઃખેકરી ભેદાય એવા વ્યૂહને કેમ ભેદે; તેમ વળી સિંધુદેશના રાજા જયદ્રથને મારી પ્રતિજ્ઞાના પારને પણ પામ્યો. હે રાધાપુત્ર કર્ણ ! યુદ્ધમાં કુંતિપુત્ર અર્જુને ઇંદ્ર સરખા પરાક્રમવાળા ઘણા રાજાઓને પૃથ્વી વિષે પાડેલા અને હણેલા જુઓ. હે શૂર કર્ણ ! યુદ્ધવિષે યત્ન કરતા પરાક્રમી એવા દ્રોણાચાર્યના ન ઇચ્છતાં પાંડુપુત્ર અર્જુન અતિ દુઃખેકરી ભેદાય એવા વ્યૂહને કેમ ભેદે ? હે શત્રુને હણનાર કર્ણ ! મહાત્મા દ્રોણાચાર્યને અર્જુન નિરંતર પ્રિય છે, તેથી યુદ્ધ વગરજ એને અવસર આપ્યો, હે પરંતપ ! મારામાં નિર્ગુણપણાને જોતા એવા દ્રોણાચાર્યે સિંધુદેશના રાજા જયદ્રથને અભય આપી તેને મારવાને મુકુટવાન એવા અર્જુનને સમય આપ્યો. જો પ્રથમ ઘર પ્રત્યે જવાને સિંધુદેશનારાજા જયદ્રથને આજ્ઞા આપી હોત તો મનુષ્યોનો ક્ષય ન થાત. હે સખા એવા કર્ણ ! દ્રોણથી અભય પામીને અનાર્ય એવો જે હું, તેણે જીવિતને ઇચ્છતા ઘર પ્રત્યે જતા એવા જયદ્રથને નહિ રોક્યો. દુરાત્મા [illegible] અર્જુનના જોતાં રણભૂમિમાં ભીમસેનને પામી આજે મારા ચિત્રસેન આદિ ભ્રાતાઓ નાશ પામ્યા.

કર્ણ કહે છે—આચાર્યને નિંદો માં, કેમકે એ બ્રાહ્મણ પોતાના જીવિતને ત્યાગકરી બળ પ્રમાણે અને ઉત્સાહ પ્રમાણે પોતાની શક્તિવડે યુદ્ધ કરે છે, અને શ્વેત વાહનવાન એવો અર્જુન આચાર્યને ઉલ્લંઘન કરી વ્યૂહ પ્રત્યે પેઠો, એમાં કોઇ રીતે પણ આચાર્યનો સૂક્ષ્મ એવો પણ દોષ લેવાય તેમ નથી. યુદ્ધમાં કુશલ, દક્ષ, યુવા, શૂર, કૃતાસ્ત્ર, શીઘ્ર પરાક્રમવાળો ન ભેદાય એવાં કવચેકરીયુક્ત બળવાન બાહુબળેકરી ગર્વવાળો એવો અર્જુન દિવ્યાસ્ત્રોવડેયુક્ત વાનરના ચિન્હવાળા કૃષ્ણે જેના અશ્વગ્રહણ કરેલા છે એવા રથપ્રત્યે બેસી તીક્ષ્ણ બાણોને વર્ષાવતો દ્રોણાચાર્ય સામે ગયો તે તેને યોગ્યજ છે. હે રાજન્ દુર્યોધન! આચાર્ય વૃદ્ધ છે તથા શીઘ્ર ગતિવિષે અસમર્થ છે, અને હે નરાધિપ! બાહુની કસરત કરવાવિષે અશક્ત છે, તેણેકરી એ પ્રમાણે શ્વેત જેના ઘોડા છે અને કૃષ્ણ જેના સારથિ છે એવો અર્જુન તેમને ઉલ્લંઘન કરી ગયો. આ કારણેકરી દ્રોણાચાર્યનો હું દોષ જોતો નથી. યુદ્ધમાં અસ્ત્રોને જાણનાર એવા દ્રોણાચાર્યથી ન જીતી શકાય એવા પાંડવોને માનું છું. તેથીજ એમને ઉલ્લંઘન કરી શ્વેતવાહન એવો અર્જુન વ્યૂહપ્રત્યે પેઠો. દૈવે આજ્ઞા કરેલો ભાવ કોઈ ઠેકાણે પણ ફરતો નથી એમ માનું છું, કેમકે હે દુર્યોધન! પરમ શક્તિવડે અમે યુદ્ધ કરતા હતા, તે છતાં અને રણાંગણમાં તમારા સહિત પરમ યત્ન કરવા છતાં પણ યુદ્ધમાં સિંધુદેશનો રાજા હણાયો, એમાં દૈવજ પરમ કારણ માનવા યોગ્ય છે, નિરંતર પરાક્રમેકરી કપટથી ચેષ્ટા કરનારા આપણા સર્વના પરાક્રમને નાશ કરી દૈવજ આપણને પરિભવ અપાવે છે. ભાગ્યરહિત પુરૂષ કોઈ ઠેકાણે પણ જે કર્મ કરે છે તે વારંવાર કરેલાં કર્મને પણ દૈવ નાશ કરે છે. ઉદ્યમવાળા મનુષ્યે જે કરવા યોગ્ય છે તે શંકા રહિત થઈ નિરંતર કરવું પણ સિદ્ધિ ભાગ્યવિષે રહી છે. હે ભારત દુર્યોધન! કપટેકરી અને વિષયોગવડે કુંતિપુત્રોને છેતર્યા તેમ લાક્ષાગૃહ વિષે બાળ્યા, અને જુગટામાં પરાજય પમાડ્યા તથા રાજનીતિનો આશ્રય કરી વનપ્રતિ મોકલ્યા. એ રીતે યત્ને કરી જે જે કર્યું તે તે દૈવે નાશ કર્યું તોપણ દૈવને હડાવી ઉત્સાહથી યત્ન કરી યુદ્ધ કરો કે જેથી યત્ન કરતા એવા જે તમે તેના અને તેઓના માર્ગેકરી દૈવ ચાલશે. હે કુરૂદ્વહ શૂર એવા દુર્યોધન! તેઓનું બુદ્ધિપૂર્વક કોઈ ઠેકાણે પણ સુકૃત દેખાતું નથી. તેમ તમારૂં બુદ્ધિસહિત દુષ્કૃત નથી. સર્વનાં સુકૃત તથા દુષ્કૃતનું દૈવ પ્રમાણ છે અને દૈવ પણ પેતાનુ કર્મ છે. તે પુરૂષો સુતા હોય તોપણ જાગે છે. તમારાં ઘણાં સૈન્યો અને ઘણા યોદ્ધાઓ હતા, તે પ્રમાણે પાંડુપુત્રોના ન હતા, તોપણ આ રીતે યુદ્ધ થયું અને તે થોડાઓએ બહુ અને પ્રહાર કરતા એવા જે તમે તેઓનો નાશ કર્યો, તે કર્મ દૈવનું માનું છું કે જેણે શરીરનું બળ નાશ પામ્યું. સંજય કહે છે—હે જનાધિપ ધૃતરાષ્ટ્ર! એ રીતે તે બહુ બોલતા હતા એટલામાં સંગ્રામવિષે પાંડવોનાં સૈન્યો દેખાયાં. હે રાજન્! ત્યાર પછી તમારા દુષ્ટ વિચારને લીધે મળેલા છે રથ અને હસ્તિઓ જેમાં એવું યુદ્ધ તમારા યોદ્ધાઓનું પાંડવો સાથે થવા લાગ્યું.

ततः प्रववृते युद्धं व्यतिषक्त रथद्विपं ।
तावकानां परैः सार्धं राजन् दुर्मंत्रिते तव ॥

इति श्री महाभारते द्रोणपर्वणि जयद्रथवधपर्वणि पुनर्युद्धारंभे गुर्जरभाषायां द्विपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५२ ॥

અધ્યાય ૧૫૩ મો. દુર્યોધને ક્રોધે કરેલું યુદ્ધ.

ઘટોત્કચવધપર્વ.

संजय उवाच—तदुदीर्णं गजानीकं बलं तव जनाधिप ।
पाण्डुसेनामतिक्रम्य योधयामास सर्वतः ॥

સંજય કહે છે—હે જનાધિપ ધૃતરાષ્ટ્ર ! તે વૃદ્ધિ પામેલું હાથિઓના સમૂહવાળું તમારૂં સૈન્ય પાંડુસેનાને ઉલ્લંઘન કરી સર્વ તરફથી યુદ્ધ કરવા લાગ્યું. પરસ્પર યુદ્ધ કરતા એવા પંચાલદેશના-રાજાઓ અને કૌરવો બીજા લોકસંબંધી મોટાં યમરાષ્ટ્ર પ્રત્યે જવા ઇચ્છાવાળા થયા. શૂરાઓ શૂરાઓની સાથે સમાગમ પામી બાણ, તોમર અને શક્તિઓવડે વિંધતા હતા. મોટા યુદ્ધમાં એક બીજાને યમરાજાના સ્થાન પ્રત્યે મોકલતા હતા. પરસ્પર મારતા એવા રથિપુરૂષોનું રથિપુરૂષો સાથે રૂધિરના વેહેવાથી ભયંકર એવું મોટું યુદ્ધ થતું હતું. હે મહારાજ ! મહોન્મત્ત અતિ ક્રોધ પામેલા હાથી સમાગમ પામી દાંતવડે એક બીજાને ચીરતા હતા. આકુલ-યુદ્ધમાં મોટા યશને ઇચ્છતા એવા ઘોડેસ્વારો પ્રાસ, શક્તિ અને ફરશિઓવડે ઘોડેસ્વારોને ભેદતા હતા. હે મહાબાહો ! નિરંતર પરાક્રમવિષે યત્નવાળા અને શસ્ત્ર જેઓના હાથમાં છે એવા હજારો પાયદળ પરસ્પર નાશ પામતા હતા. હે મારિષ ! ગોત્ર, નામ અને કુળના સાંભળવાથી અમે કૌરવોસહિત પંચાલ રાજાઓને જાણતા હતા. નિર્ભય પુરૂષોની પેઠે ફરતા એવા તે યોદ્ધાઓ યુદ્ધમાં બાણ, શક્તિ અને પરશુઓએકરી એક બીજાને પરલોકપ્રત્યે મોકલતા હતા. હે રાજન્! સૂર્યનો અસ્ત થવાથી જેમ દશ દિશાઓ શોભતી નથી, અને પ્રકાશ પણ જણાતો નથી, તેમ તે યોદ્ધાઓનાં મૂકેલાં બાણ દશે દિશાઓ પ્રત્યે ફેલાતાં હતાં. દિશાઓ તેથી શોભતી ન હતી. તથા પ્રકાશ પણ જણાતો ન હતો. હે ભારત મહારાજ ! તે રીતે પાંડવો યુદ્ધ કરતા હતા ત્યારે દુર્યોધન તેના સૈન્ય પ્રત્યે પેઠો.

સિંધુદેશના રાજા જયદ્રથના વધેકરી અતિ દુઃખ યુક્ત થએલા દુર્યોધને મરવું એવો વિચાર કરી શત્રુઓના સૈન્યપ્રત્યે પ્રવેશ કર્યો. રથના ઘોષેકરી પૃથ્વીને શબ્દાયમાન કરતો અને કંપાવતો હોય નહિ તેમ તમારો પુત્ર દુર્યોધન પાંડવોની સેના સાથે દ્વેષથી લડવા લાગ્યો. હે ભારત ! તેનાં અને તેઓનાં સર્વ સૈન્યોના અભાવને કરનારો મોટો ગાઢ નાશ થયો. મધ્યાન્હ સમયે કિરણોવડે તપતા સૂર્યને જેમ ન જોઇ શકાય તેમ બાણરૂપી કિરણોવડે સેનાના મધ્યભાગમાં તપતા એવા તમારા પુત્ર ભાઇ દુર્યોધનને યુદ્ધમાં જોવા માટે પાંડવો સમર્થ થતા ન હતા. પલાયન કરવામાં ઉત્સાહવાળા, શત્રુના જયવિષે નિરૂત્સાહ અને મહાત્મા ધનુર્ધારિ એવા તમારા પુત્ર દુર્યોધને, સાફ જેના અગ્રભાગ છે એવાં સુવર્ણના પુંખવાળાં બાણોએકરી વધ કરેલા એવા પંચાલદેશના યોદ્ધાઓ ચારેતરફ દોડતા હતા અને પીડા પામતા એવા પાંડવોના સૈનિકો જલદી નાશ પામતા હતા. હે વિશાંપતે ! તમારો પુત્ર રાજા દુર્યોધન જેવું રણભૂમિમાં કર્મ કરતો હતો, તેવું તમારા બીજા કોઇ યોદ્ધાઓએ કર્મ કર્યું નથી. જેમ હસ્તિએ પ્રફુલ્લિત કમળવાળી કમળની વેલ ખુંદાય તેમ રણભૂમિમાં તમારા પુત્ર દુર્યોધને પાંડવોની સેનાને હેરાન કરી. વાયુ અને સૂર્યવડે જેની શોભા નાશ પામી છે એવી તથા જળ જેનું સુકાયું છે એવી કમળની વેલ જેમ નષ્ટ થાય તેમ તમારા પુત્રનાં

તેજેકરી પાંડવોની સેના નષ્ટ થઈ. હે ભારત ! તમારા પુત્ર દુર્યોધનથી હણાતી એવી પાંડવોની સેનાને જોઇને જેઓમાં ભીમસેન અગ્રેસર છે એવા પંચાલદેશના યોદ્ધાઓ તેની સામે દોડ્યા. દુર્યોધને દશ બાણોએ, માદ્રીના પુત્ર નકુલ અને સહદેવને ત્રણ ત્રણ બાણોએ વિરાટ અને દ્રુપદ રાજાને છ બાણોએ શિખંડિને, સો બાણોએ ધૃષ્ટદ્યુમ્નને, સિત્તેર બાણોએ ધર્મપુત્ર યુધિષ્ઠિરને, સાત બાણોએ કેકય તથા ચેદિદેશના યોદ્ધાઓને તીક્ષ્ણ એવાં ઘણાં બાણોએ કરીને સાત્વત એવા સાત્યકિને પાંચ બાણોએ વિંધી, તથા દ્રુપદ પુત્રોને અને ઘટોત્કચને ત્રણ ત્રણ બાણવડે વિંધી સિંહની પેઠે નાદ કર્યો. ભયંકર રણભૂમિ વિષે હસ્તિઓ સહિત બીજા હજારો યોદ્ધાઓને ઉગ્ર બાણોએકરી, જેમ ક્રોધ પામેલો કાળ પ્રજાને મારી નાખે તેમ દુર્યોધને કાપી નાખ્યા. હે નરાધિપ ! તમારા વીર પુત્ર દુર્યોધનના બાણવડે યુદ્ધમાં નાશ થતી એવી પાંડવોની સેના ભાગવા લાગી. તે સમયે હે રાજન્ ! મહા સંગ્રામમાં સૂર્યની પેઠે તપતા કુરૂરાજ દુર્યોધનને જોવા માટે પાંડુપુત્રના સૈનિકો સમર્થ થતા ન હતા.

ત્યાર પછી કોપ પામેલા યુધિષ્ઠિર રાજા, કુરૂપતિ એવા તમારા વીર પુત્ર દુર્યોધનને મારવાની ઇચ્છાવડે સામે દોડ્યા, અને શત્રુનું દમન કરનાર કુરૂકુળમાં થયેલા પરાક્રમી તે બે દુર્યોધન અને યુધિષ્ઠિર સ્વાર્થ માટે યુદ્ધમાં સામસામા થઇ ગયા. તે પછી ક્રોધ પામેલા દુર્યોધને નમેલ પર્વવાળાં દશ બાણોએકરી, યુધિષ્ઠિરને વિંધ્યા અને તત્કાલ બીજા બાણેકરી ધ્વજ કાપી નાંખ્યો. હે નૃપ ! મહાત્મા એવા પાંડુપુત્ર રાજા યુધિષ્ઠિરને પ્રિય એવો જે ઇન્દ્રસેન સારથિ તેને લલાટભાગ વિષે ત્રણ બાણવડે વિંધ્યો અને ફરીને મહારથિ દુર્યોધને બીજા બાણવડે એના ધનુષને કાપી નાખ્યું તથા ચાર બાણોએકરી ચાર ઘોડાઓને પણ વિંધ્યા. ત્યાર, પછી ક્રોધ પામેલા યુધિષ્ઠિરે નિમેષ વખતમાં જેમ તેમ વેગવડે બીજાં ધનુષને ગ્રહણ કરી કૌરવ એવા દુર્યોધનને નિવાર્યો, અને હે મારિષ ! જ્યેષ્ઠ પાંડુપુત્ર યુધિષ્ઠિરે ભલ્લ નામનાં બે બાણવડે શત્રુઓને હણનો એવો જે દુર્યોધન, તેના સુવર્ણ પૃષ્ઠવાળા મોટા ધનુષને ત્રણ પ્રકારે કરી કાપી નાખ્યું. સારી રીતે નાખેલાં તીક્ષ્ણ દશ બાણોએ કરી તેને વિંધ્યો. સર્વ બાણ દુર્યોધનના મર્મને ભેદી પૃથ્વી પ્રત્યે પેઠાં. તે પછી ચોતરફથી વિંટાએલા યોદ્ધાઓ યુધિ-ષ્ઠિરને સર્વ તરફથી જેમ દેવતાઓ વૃત્રાસુરને હણવા સારૂ ઇન્દ્રને વિંટી વળ્યા હતા તેમ વિંટી વળ્યા. પછી હે મારિષ ! યુધિષ્ઠિર રાજા તમારા પુત્ર દુર્યોધનને હાય હણાયો છે એમ કહી તે તે પ્રત્યે સૂર્યકિરણ સરખી કાંતિવાળાં નિવારણ ન કરાય એવાં અત્યુગ્ર બાણને નાખવા લાગ્યા. કાન પર્યંત ખેંચી મૂકેલાં તે બાણવડે વિંધાએલ, મોહિત થએલી છે બુદ્ધિ જેની એવો કૌરવ દુર્યોધન રથના સારથિના બેસવાને સ્થાને બેઠો. હે રાજેંદ્ર ! ત્યાર પછી પંચાલ દેશના યોદ્ધા-ઓની હર્ષ પામેલી સેનાઓનો રાજા હણાયો, એવી રીતે ચોતરફ અતિ મોટો શબ્દ થયો, અને હે મારિષ ! તે સમયે ઉગ્ર એવો બાણશબ્દ સહિત મનુષ્યોનો શબ્દ સંભળાયો. તે પછી તુર્ત ત્યાં યુદ્ધ વિષે દ્રોણાચાર્ય દેખાયા અને હર્ષ પામેલો એવો દુર્યોધન પણ દૃઢ ધનુ-ષને લેઇ પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજાને 'ઉભો રહે, ઉભો રહે' એમ કહેતો સામે ગયો. ઉતા-વળા અને જયને ઇચ્છતા એવા પંચાલ યોદ્ધાઓ તેની સામે ગયા અને કુરૂશ્રેષ્ઠ એવા દુર્યો-ધનને ઇચ્છનાર દ્રોણાચાર્ય ચંડ વાયુવડે ચાલતાં વાદળોને મટાડતા એમ સૂર્યની પેઠે તેઓ સામે ગયા. હે રાજન્ ! ત્યાર પછી યુદ્ધ કરવાની ઇચ્છાવડે મળેલા એવા તમારા યોદ્ધા તથા સામેના યોદ્ધાઓનું મોટું યુદ્ધ થયું.

ततो राजन्महानासीत्संग्रामो भूरिवर्द्धनः ।
तावकानां परेषां च समेतानां युयुत्सया ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे दुर्योधन पराभवे गुर्जरभाषाया त्रिपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५३ ॥

અધ્યાય ૧૫૪ મો. રાત્રે ચાલેલું યુદ્ધ.

धृतराष्ट्र उवाच—यत्तदा माविशत्पाण्डूनाचार्यः कुपितोबली ।
उक्त्वा दुर्योधनंमन्दं मम शास्त्रातिगं सुतं ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—તે સમયે મારી આજ્ઞાને ઉલ્લંઘન કરનાર મંદ મારા પુત્ર દુર્યોધનને કહી કોપ પામેલા બળવાન દ્રોણાચાર્ય પાંડવોના યોદ્ધાઓ પ્રત્યે ગયા તે યોદ્ધાઓ પ્રત્યે જઇ ફરતા રથમાં બેઠેલા મહા ધનુર્ધારી એવા દ્રોણાચાર્યને પાંડવો કેવી રીતે વારવા લાગ્યા? મહા સંગ્રામમાં કોણ દ્રોણાચર્યના દક્ષિણ ચક્રને સાચવવા લાગ્યા અને બહુ શત્રુઓને હણતા એવા દ્રોણાચર્યના ઉત્તર ચક્રની કોણ રક્ષા કરવા લાગ્યા ‘ કયા શૂરા યોદ્ધાઓ શૂર એવા ગુરુ દ્રોણાચાર્યના પૃષ્ઠભાગ વિષે રહ્યા તથા કયા શત્રુઓ રથિ એવા દ્રોણાચાર્યના અગ્ર ભાગમાં વર્તવા લાગ્યા? હું માનું છું કે તેઓનો ઋતુ વગર અને સમય વગર શી રીતે સ્પર્શ કર્યો હશે, હું માનું છુ કે શિશિર ઋતુમાં ગાયો કંપે તેમ કંપતા હશે. મહા ધનુષ્માન પરાજય ન પામેલા જે દ્રોણાચાર્ય પંચાલ દેશના યોદ્ધાઓ પ્રત્યે ગયા હતા, રથ માર્ગો વિષે નૃત્ય કરતા સર્વ શસ્ત્રધારિઓમાં ઉત્તમ પંચાલ યોદ્ધાઓના સર્વ સૈન્યોનું દહન કરતા એવા રથિવર્ય ક્રોધ પામેલા દ્રોણાચાર્ય અગ્નિ જેમ મૃત્યુને પામે તેમ કેવી રીતે મૃત્યુ પામ્યા?

સંજય–સાયંકાલ વિષે સિંધુ દેશના રાજા જયદ્રથને મારીને કુંતિપુત્ર અર્જુન તથા મહા ધનુર્ધારિ સાત્યકિ રાજા યુધિષ્ઠિર સાથે મળીને દ્રોણ પ્રત્યે ગયા. તેમજ જલદી યુધિષ્ઠિર ને પાંડુપુત્ર ભીમસેન સજ્જ થઇ જૂદી જૂદી સેનાવડે દ્રોણ સામે દોડ્યા. બુદ્ધિમાન નકુળ અને દુઃખેકરી જીતાય એવો સહદેવ, સૈન્ય સહિત એવો ધૃષ્ટદ્યુમ્ન, તથા કેકયરાજાઓ સહિત એવો વિરાટ, એ સર્વ પણ ત્યાંજ ગયા. મોટી સેના સહિત એવા શાલ્વ દેશના યોદ્ધાઓ અને મત્સ્ય દેશના યોદ્ધાઓ પણ દ્રોણ પ્રત્યેજ ગયા. હે રાજન્! પંચાલ દેશના યોદ્ધાઓએ રક્ષા કરેલો ધૃષ્ટદ્યુમ્નનો પિતા દ્રુપદરાજા પણ દ્રોણ સામે ગયો. મહા ધનુર્ધારિ દ્રુપદરાજાના પુત્રો ને રાક્ષસ ઘટોત્કચ તે સર્વ સૈન્યો સહિત મહા કાંતિમાન દ્રોણ પ્રત્યેજ ગયા. તેમજ પ્રભદ્રક રાજાઓ અને પ્રહાર કરનારા છ હજાર પંચાલ દેશના યોદ્ધાઓ શિખંડિને આગળ કરી દ્રોણ સામે ગયા, તથા બીજા નરશ્રેષ્ઠ પાંડવોના મહારથિઓ પણ ભેગા થઇ દ્વિજશ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય સામે ગયા. હે ભરતશ્રેષ્ઠ! તે શૂરાઓ યુદ્ધ સારૂ ગયા ત્યારે ભીરૂ પુરૂષોના ભયને વધારનારી, યોદ્ધાઓને અશિવરૂપ એવી, રૌદ્ર, અંતકને પમાડનારી, હાથી, ઘોડા અને મનુષ્યોના પ્રાણને હરનારી ભયંકર રાત્રી શરૂ થઇ હતી.

હે રાજન્! તે ઘોર રાત્રિ વિષે ચોતરફ શબ્દ કરતી શિયાળીઓ જ્વાળા ક્વલ સહિત ભયંકર મુખોવડે ઘોર એવા ભયને નિવેદન કરતી હતી. ઘણા ભયને સૂચવતા એવા ઘૂક

દેખાતા હતા. તેમાં પણ અતિ દારૂણ એવા વિશેષેકરી કૌરવોની સેના વિષે દેખાતા હતા. હે રાજેંદ્ર! તે પછી સૈન્યો વિષે મોટો શબ્દ થયો. મોટા ભેરીઓના શબ્દવડે, મૃદંગના શબ્દ વડે, હસ્તિઓના બૃંહિત શબ્દોવડે, ઘોડાઓના હેષિત શબ્દોવડે અને ખરીઓના શબ્દના નિપાત (પછાડ)વડે ચોતરફથી સંકુલ શબ્દ થયો. ત્યાર પછી સંધ્યા સમય વિષે હે મહારાજ! દ્રોણ અને સૃંજય યોદ્ધાઓનું અતિ દારૂણ યુદ્ધ થયું, તે વખતે ચોતરફથી અંધકારેકરી વિંટાએલા લોક વિષે કાંઇ પણ જણાતું ન હતું. ચોતરફથી ઉત્પન્ન થતી રજવડે અને સૈન્યેકરીને મનુષ્ય, ઘોડા અને હસ્તિઓનું રૂધિર શમી જતું હતું. મોહેકરી યુક્ત એવા અમે ભૂમિના રજને દેખતા ન હતા, પર્વતમાં બળતું એવું જે વાંસનું વન તેનો જેમ ચટચટાટ શબ્દ થાય તેમ રાત્રિ વિષે પડતાં બાણોનો ચડચડાટ શબ્દ થતો હતો. મૃદંગ અને આનકના શબ્દોવડે ઝર્ઝર તથા પટહના શબ્દોવડે, ફેત્કાર શબ્દોવડે અને હેષિત શબ્દોવડે સર્વ રણ આકુલ થયેલું હતું. હે રાજન્! અંધકારે કરી વિંટાએલા જગત વિષે પોતાના તથા પારકા જણાતા ન હતા અને તે સર્વ રાત્રિના પ્રથમ ભાગમાં ઉન્મત્ત સરખું થયું હતું. એ પછી હે રાજેન્દ્ર! ભૂમિનું રજ રૂધિરવડે નાશ પામ્યું અને સુવર્ણનાં આભૂપણોએકરી તથા બખ્તરોએકરી અંધારૂં નાશ પામ્યું. હે ભરતવર્ય! તે પછી મણિ અને સુવર્ણેકરી શોભિત એવી તે ભારતીસેના રાત્રિ વિષે નક્ષત્ર સહિત આકાશ જેમ થએલું હોય તેમ થઇ હતી, શીયાળનાં ટોળાંવડે શબ્દવાળી, શક્તિ અને ધ્વજવડે આકુલ હસ્તિઓના શબ્દ સહિત સિંહનાદવડે મોટા શબ્દવાળી એવી જે તે સેના, તે વિષે મહેન્દ્રના વજ્ર શબ્દ સરખો જેનો શબ્દ છે એવો સર્વ દિશાઓમાં વ્યાપ્ત થતો રૂંવાટાંને હર્ષ કરતો રણસંકુલ એવો મોટો શબ્દ થયો. હે મહારાજ! અર્દ્ધરાત્રિ સમયે તે ભારતીસેના બાજુબંધ, કુંડળ, નિષ્ક અને અસ્ત્રોવડે શોભિત દેખાતી હતી. તે સમયે સુવર્ણેકરી શોભિત હસ્તિઓ તથા રથો રાત્રિ વિષે વિજળી સહિત મહા મેઘ જેમ દેખાય તેમ દેખાતા હતા, શોભિત પડતાં એવાં ઋષ્ટિ, શક્તિ, ગદા, બાણ, મુસળ, પ્રાસ ને પટ્ટિશ નામનાં હથિયારો અગ્નિઓ સરખાં દેખાતાં હતાં, જેમાં દુર્યોધનરૂપી પૂર્વવાયુ છે એવી, જેમાં રથ ને હાથિરૂપી બલાહક છે એવી, વાદિત્રના ઘોષવડે ગર્જનાવાળી, ધનુષરૂપી વિજળીઓ તથા ધ્વજવડે વિંટાએલ એવી, જેમાં દ્રોણ અને પાંડવરૂપી પર્જન્ય છે એવી, જેમાં ખડ્ગ શક્તિ અને ગદારૂપી વજ્ર છે એવી, બાણરૂપી ધારા અને અસ્ત્રરૂપી પવનવાળી, અતિ શીત અને ઉષ્ણેકરી સંકુલ, ઘોર, વિસ્મય પમાડનાર, ઉગ્ર, જીવિતને નાશ કરનાર, ન તરી શકાય એવી અને અતિ ભયવાળી એવી જે સેના તે પ્રત્યે યુદ્ધની ઇચ્છા કરનારા પુરૂષો પ્રવેશ કરતા હતા. તે રાત્રિના પ્રથમ પ્રહર વિષે ઘોર મોટા શબ્દોવડે નાદવાળું ભીરૂ પુરૂષોના ભયને વધારનારૂં તથા શૂર પુરૂષોના હર્ષને વધારનારૂં મહાઘોર અતિ દારૂણ રાત્રિયુદ્ધ થતું હતું. તે વખતે ક્રોધ પામેલા ભેગા થએલા એવા પાંડવ અને સૃંજય યોદ્ધાઓ દ્રોણ પ્રત્યે દોડયા. હે રાજન્! જે જે મહારથિઓ અગ્રભાગ વિષે વર્તતા હતા તે સર્વને વિમુખ કર્યા અને કેટલાકને યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યા. રાત્રિના પ્રદોષ સમયમાં એકલા દ્રોણાચાર્યે નારાચોવડે હજારો હાથિઓને, દશહજાર રથોને અને દશલાખ તથા અર્બુદ એવા પાયદળને, તથા ઘોડાઓના સમૂહોને નાશ કર્યા.

पद्मानि हयसंघानां प्रयुतान्यर्बुदानि च ।
द्रोणेनैकेन नाराचैर्निर्भिन्नानि निशामुखे ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे गूर्जर- भाषायां चतुःपञ्चाशदधिकशततमोऽध्यायः ॥ १५४ ॥

અધ્યાય ૧૫૫ મો. ભીમસેનનું પરાક્રમ.

धृतराष्ट्र उवाच तस्मिन्प्रविष्टे दुर्धर्षे सृंजयानमितौजसि ॥
अमृष्यमाणे संरब्धे कावोभूद्वेमतिस्तदा ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—ન માપી શકાય એવુ જેનું પરાક્રમ છે એવા દુર્ધર્ષ અને અમર્ષવાળા દ્રોણાચાર્ય સૃંજય યોદ્ધાઓ પ્રત્યે ગયા ત્યારે તમારી કેવી બુદ્ધિ થઇ? મારી આજ્ઞાને ઉલંઘન કરનાર એવા પુત્ર દુર્યોધનને તે રીતે કહી અમેયાત્મા એવા દ્રોણાચાર્ય જ્યારે તેઓ પ્રત્યે ગયા ત્યારે કુંતિપુત્રે શું કર્યું? સિંધુદેશના રાજા તથા શૂર વીર ભૂરિશ્રવાના હણવાથી જે મહાતેજસ્વી, પરાજય ન પામેલા દ્રોણાચાર્ય પંચાલ દેશના યોદ્ધાઓ પ્રત્યે ગયા ને દુર્ધર્ષ તથા શત્રુને તપાવનાર એવા શત્રુની સેના પ્રત્યે પેઠા ત્યારે દુર્યોધને ક્યાં કાર્યને સમયોચિત માન્યુ? કોણ વરદાન દેનાર શૂર અને બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્યને અનુસર્યા, કયા શૂરાઓ યુદ્ધ કરતા શૂર એવા જે દ્રોણાચાર્ય તેમની પાછળ ગયા અને કોણ રણભૂમિમાં શત્રુઓને હણતા એવા દ્રોણાચાર્યની આગળ વર્તવા લાગ્યા? હું શિશિર ઋતુમાં કંપતી એવી દુબળી ગાયોની પેઠે દ્રોણાચાર્યના બાણવડે પીડાએલા સર્વ પાંડવોને માનું છું. હે પ્રભો સંજય! મહા ધનુર્ધારી શત્રુઓને હણનાર પુરૂષોમાં ઉત્તમ એવા તે દ્રોણાચાર્ય પંચાલ યોદ્ધાઓ પ્રત્યે જઇ કેવી રીતે નાશ પામ્યા? રાત્રિ વિષે સર્વ યોદ્ધાઓ અને મહારથિઓના મળવાથી તથા જૂદાં જૂદાં સૈન્યોને ચલાયમાનપણું થવાથી તે સમયે તમારામાં કોણ કેવી બુદ્ધિવાળા થયા હતા? યુદ્ધમાં મારા જે યોદ્ધાઓને ઘાયલ થએલા પરાભવ પામેલા અને રથિઓને રથ રહિત કરેલા કહે છે, તે હચમચાટ કરતા પાંડવોવડે દુઃખિત ચિત્તવાળા અને ગાઢા અંધકારમાં મગ્ન થયેલા યોદ્ધાઓની તે સમયે કેવી બુદ્ધિ થઇ? પાંડવોને હર્ષ પામેલા, ઉન્નતિ પામેલા અને સંતોષ પામેલા તું કહે છે અને મારા યોદ્ધાઓને હર્ષ રહિત તથા ભગ્નથ એલા આ સમયે કહે છે, ત્યારે તે સમયે હે સંજય! એ યોદ્ધાઓનું અને પલાયન ન કરનાર એવા પાંડવોનું યુદ્ધ કૌરવો વિષે રાત્રિને સમયે કેવી રીતે પ્રકાશ થયું? સંજય કહે છે—હે રાજન્! તે અતિ દારૂણ રાત્રિયુધ્ધ થતું હતું ત્યારે સર્વ પાંડવો સોમક યોધ્ધાઓ સહિત દ્રોણાચાર્ય પ્રત્યે દોડ્યા. પછી દ્રોણાચાર્યે કેકય યોદ્ધાઓને તથા ધૃષ્ટદ્યુમ્નના સર્વ પુત્રોને શીઘ્ર જનારાં બાણોવડે પ્રેતલોક પ્રત્યે મોકલ્યા. હે ભારત રાજન્! જે મહારથિઓ દ્રોણાચાર્યની આગળ વર્તતા હતા તે સર્વને તેમણે પિતૃલોક પ્રત્યે મોકલ્યા, તે સમયે નાશ કરતા એવા જે મહારથિ ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્ય તે પ્રત્યે ક્રોધ પામેલો પ્રતાપવાન શિબિ રાજા ગયો. સમીપ આવતો એવો જે તે પાંડવોના મહારથિ તેને જોઇને સર્વ ફેરશીવાળાં તીક્ષ્ણ દશ બાણોએ કરી દ્રોણાચાર્યે વિંધ્યો. તેમને તીક્ષ્ણ બાણોએકરી શિબિ રાજાએ સામા વિંધ્યા અને ગર્વ કરીને એમના સારથિને ભલ્લ નામના બાણવડે મારી નાખ્યો. દ્રોણાચાર્યે તેના ઘોડાઓને તથા સારથિને હણી એ પછી મહાત્મા એવા શિબિ રાજાના મુકુટ સહિત એવા મસ્તકને કાયાથી ભિન્ન કરી નાખ્યું.

તે પછી દ્રોણાચાર્યના બીજા સારથિને જલદી દુર્યોધન લેઇ આવ્યો અને ફરીને તે સારથિએ જેના ઘોડા ઝાલ્યા છે એવા દ્રોણાચાર્ય શત્રુઓ સમીપ દોડ્યા. રણભૂમિમાં પ્રથમ પિતાનો વધ થવાથી ક્રોધ પામેલો કલિંગ દેશના રાજાનો પુત્ર, કલિંગ દેશના યોદ્ધાઓનાં સૈન્ય સહિત ભીમસેન સામો દોડ્યો. તેણે ભીમસેનને પાંચ બાણે વિંધી ફરીને સાત બાણવડે વિંધ્યો. શોક રહિત એવો જે ભીમસેન તેને ત્રણ બાણોએ પીડિત કર્યો અને એક બાણેકરી તેના ધ્વજને કાપી નાખ્યો. તે સમયે કલિંગ યોદ્ધાઓના તે શૂર રાજપુત્રને ક્રોધ પામેલા ભીમસેને રથમાંથી તેના રથ પ્રત્યે જઈ મૂઠીવડે હણ્યો. યુધ્ધમાં અતિ બળવાન પાંડુપુત્ર ભીમસેને મૂઠીએકરી હણેલો એવો જુવાન કલિંગ રાજપુત્ર તેનાં સર્વ અસ્થિ જૂદાં જૂદાં થઇ તત્કાલ નીચે પડ્યાં. હે પરંતપ ! ભીમસેનને કર્ણ અને એના ભાઇઓ સહન કરી ન શકયા તેથી તેઓ ભીમસેનને આશિવીષ એવા સર્પની ઉપમા અપાય એવાં નારાચ બાણોએકરી અતિ ક્રોધથી પ્રહાર કરવા લાગ્યા. પછી ભીમસેન શત્રુના રથને છોડી દેઇ ધ્રુવના રથ પ્રત્યે ગયો, અને વારંવાર બાણ નાખનો એવો જે ધ્રુવ તેને મૂઠીથી મારી નાંખ્યો. બળવાન પાંડુપુત્ર ભીમસેને તે પ્રમાણે હણેલો તે ધ્રુવ પૃથ્વીપર પડ્યો.

હે મહારાજ ! તેને હણી મહા બળવાન ભીમસેન જયરાતના રથને અટકાવી વારંવાર સિંહની પેઠે નાદ કરવા લાગ્યો. એ પછી જયરાતને જમણા હાથવડે પછાડી કર્ણના જોતાં નાશ પમાડ્યો, ને તનશબ્દ કર્યો. તે વખતે પાસે રહેલા કર્ણે પાંડુપુત્ર ભીમસેન પ્રત્યે સુવર્ણમય શક્તિ ફેંકી. તે પછી તેજ શક્તિને હસતા એવા દુર્ધર્ષ પાંડુપુત્ર ભીમસેને ગ્રહણ કરી અને સંગ્રામ વિષે કર્ણ સામે નાખી. સમીપ આવતી શક્તિને ગુપ્ત બાણોવડે શકુનિએ કાપી નાંખી. રણભૂમિમાં એ મોટું કર્મ કરી અદ્ભુત પરાક્રમવાળો ભીમસેન પોતાના રથ પ્રત્યે બેસી ફરીને તમારી સેના પ્રત્યે દોડ્યો. ક્રોધ પામેલા અંતકની પેઠે આવતો અને હણવાને ઇચ્છનો એવો તે મહાબાહુ ભીમસેન તેને હે વિશાંપતે ! મોટી બાણવૃષ્ટિએકરી ઢાંકતા એવા મહારથિ તમારા પુત્રો નિવારણ કરવા લાગ્યા. તે પછી સંગ્રામ વિષે હાસ્ય કરતો હોય નહિ તેમ રહ્યો એવો જે ભીમસેન તેણે દુર્મદના સારથિ અને ઘોડાઓને બાણોએકરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યા. ત્યાર પછી દુર્મદ દુષ્કર્ણના રથ પ્રત્યે ગયો, ને પછી એક રથ પ્રત્યે બેઠેલા શત્રુને તપાવનાર તે બે ભાઇઓ સંગ્રામના અગ્ર ભાગના મધ્યમાં જેમ બેઉ અંબુપતિના મિત્રો દૈત્યમાં શ્રેષ્ઠ એવા તારકાસુર પ્રત્યે દોડ્યા હતા, તેમ દોડ્યા. પછી તે દુર્મદ અને દુષ્કર્ણ તમારા પુત્રો એક રથમાં બેસી બળવાન ભીમસેનને બાણોવડે વિંધતા હતા. તે સમયે કર્ણના, દ્રોણાચાર્યના, દુર્યોધનના, કૃપાચાર્યના, સોમદત્તના અને બાલ્હીકના જોતાં શત્રુને દમનાર એવા પાંડુપુત્ર ભીમસેને શૂરા દુર્મદ તથા દુષ્કર્ણના તે રથને પગના પ્રહારે કરી પૃથ્વીપ્રત્યે પેસાડી દીધો, પછી બલવાન તથા શૂર એવા તમારા પુત્ર દુષ્કર્ણ અને દુર્મદને મૂઠીવડે પ્રહાર કરી ક્રોધ પામેલો તે ક્ચરવા લાગ્યો, ને શબ્દ કરવા લાગ્યો. હે નૃપ ! ત્યાર પછી હાહાકારવાળાં સૈન્યવિષે ભીમસેનને જોઇ રાજાઓ ભીમસેનના રૂપે કરી ધૃતરાષ્ટ્રના યોદ્ધાઓ વિષે આ રૂદ્ર યુદ્ધ કરે છે એમ કહેતા હતા. પછી હે ભારત ! એ પ્રમાણે કહી સંજ્ઞા રહિત એવા ઘોડાઓને દોડાવતા ભાગતા હતા અને બેઉ સાથે દોડી શકતા ન હતા. પછી રાત્રિના પ્રદોષ સમયે તમારાં સૈન્યને ઘણું રગદોળનારો જીતેલા રાજાઓએ વખાણ કરેલો મહા બળવાન કમળ સરખાં શોભિત નેત્રવાળો વૃકોદર ભીમ- સેન યુધિષ્ઠિર રાજાને વખાણવા લાગ્યો. તે પછી નકુળ, સહદેવ, દ્રુપદ, વિરાટ, કેકયરાજાઓ

અને યુધિષ્ઠિર ઘણો હર્ષ પામ્યા અને જેવી રીતે અંધકાસુરને હણવાથી મહાદેવને દેવતાઓ વખાણતા હતા તેવી રીતે વૃકોદર ભીમસેનને સઉ બહુ વખાણવા લાગ્યા. પછી વરૂણના પુત્રની ઉપમા અપાય એવા મહાત્મા ગુરૂ દ્રોણાચાર્યની સાથે ક્રોધયુક્ત રથ, પાયદળ અને હસ્તિઓ સહિત મોટું યુદ્ધ કરવાને ઇચ્છતા એવા તમારા પુત્રો વૃકોદર ભીમસેનને ચોતરફથી નિવારણ કરવા લાગ્યા. હે નૃપવર્ય ! ત્યાર પછી અંધકારરૂપી મેઘવડે જેમ ઢંકાએલ હોય તેમ તિમિર વડે ઢંકાએલા મહાભયવાળા પ્રદોષ સમય વિષે અતિ દારૂણ, વરૂના ટોળાંને તથા ગીધને હર્ષ પમાડનારૂં અને ભય આપનારૂં એવું મહાત્માઓનું અદ્દભુત યુદ્ધ થયું.

ततो भवत्तिमिरघनैरिवावृते महाभये भयदमतीव दारुणं ।
नीशामुखे वृकवलगृध्रमोदनं महात्मनां नृपवर युद्धमद्भुतं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे भीमपराक्रमे गुर्जरभाषायां पंचपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५५ ॥

અધ્યાય ૧૫૬ મો. અશ્વત્થામાનું પરાક્રમ.

संजय उवाच—प्रायोप्रविष्टे तु हते पुत्रे सात्यकिना तदा ।
सोमदत्तो भृशं क्रुद्धः सात्यकिं वाक्यमब्रवीत् ॥

સંજય કહે છે—જ્યારે સાત્યકિએ અનશન વ્રતવાળા પુત્રને હણ્યો ત્યારે અતિ ક્રોધ પામેલો સોમદત્ત સાત્યકિને કહેવા લાગ્યો કે, હે સાત્વત સાત્યકિ ! પૂર્વે મહાત્મા દેવતાઓએ ક્ષત્રિયોનો ધર્મ જોએલો છે તે ધર્મને તું તજી કેમ શત્રુના ધર્મ વિષે પ્રીતિવાળો થાય છે હે સાત્યકિ ! પરાઙ્મુખ, દીન અને જેણે શસ્ત્ર નાખી દીધેલાં છે એવા પુરૂષને ક્ષત્રિયોના ધર્મ વિષે પ્રીતિવાળો પ્રાજ્ઞપુરૂષ રણ ભૂમિમાં કેમ પ્રહાર કરે ? હે સાત્વત સાત્યકિ ! તેમાં પણ યુદ્ધમાં વૃષ્ણિઓના મધ્યમાં મહાબાહુ પ્રદ્યુમ્ન અને તું એ બેજ મહારથિઓ પ્રખ્યાત છો, માટે કુંતિપુત્ર અર્જુને જેનો હાથ કાપેલો છે એવા અનશન વ્રતવાળા પુરૂષ પ્રત્યે નરકપાતના કારણરૂપ એવું ઘાતકી કર્મ તેં કેમ કર્યું ? હે દુર્વૃત મૂઢ સાત્યકિ ! સંગ્રામમાં તે કર્મનાં ફળને પામ. આજે પરાક્રમ કરી બાણવડે તારૂં મસ્તક કાપીશ. હે વૃષ્ણિને અપમાન આપનાર સાત્વત સાત્યકિ ! પુત્રો, ઇષ્ટ અને સુકૃતવડે સમ ખાઉં છું કે આ આવતી રાત્રિપ્રત્યે આત્માને શૂર માનનાર કુંતિપુત્ર અર્જુને ન રક્ષા કરેલ એવો જે તું તેને જો પુત્ર અને નાના ભાઇ સહિત ન મારૂં તો હું ઘોર નરકમાં પડું. એવા રીતે કહી અતિ ક્રોધ પામેલો મહા બળવાન સોમદત્ત શંખનાદ તથા ઉંચે સ્વરેકરી સિંહનાદ કરવા લાગ્યો. પછી કમળપત્ર સરખાં સુંદર નેત્રવાળો સિંહ સરખી દાઢવાળો દુરાસદ સાત્યકિ અતિ ક્રોધવાન થઇ સોમદત્તને કહેવા લાગ્યો કે હે કુરૂકુળમાં થએલા સોમદત્ત ! તારી સાથે અથવા બીજા સાથે યુદ્ધ કરતો એવો જે હું તેને હૃદય વિષે કશો પણ ત્રાસ નથી. હે કૌરવ્ય ! જો કે સર્વ સૈન્યોએ રક્ષા કરેલો એવો તું મારી સાથે યુદ્ધ કરીશ તોપણ તારાથી મને કશું પણ દુઃખ થાય તેમ નથી. આ યુદ્ધ વિષે સારરૂપ અને અસત્પુરૂષોએ માનેલ એવાં વાક્યેકરી બીવરાવી શકાય એવો હું નથી. હે નરાધિપ સોમદત્ત ! જો મારી સાથે તને યુદ્ધ કરવાની ઇચ્છા છે, તો નિર્દય થઇ તીક્ષ્ણ બાણોએકરી

થઈ ગયો, ફક્ત તે વિદુરના મનનો અભિપ્રાય જાણી ત્યાં પધાર્યા. તેમને જોઈ મધુપર્કાદિ વિધિથી વિદુરે તેમનો સત્કાર કરી આસન આપ્યું. પછી વિસામો ખાઈ સુખે કરી બેઠેલા મુનિને વિદુરે કહ્યું કે હે ભગવન્! ધૃતરાષ્ટ્રના મનમાં કંઈ સંશય છે, જે મારાથી કહેવાને સમાઈ નથી શકાતું, માટે તમે એમને કહેવા લાયક છો. તે સાંભળી ધૃતરાષ્ટ્ર રાજા, સર્વ દુઃખને અતિક્રમણ કરે, લાભ, અલાભ, પ્રિય, દ્વેષ, જરા, મૃત્યુ, ભય, અસહિષ્ણુતા, ક્ષુધા, તૃષ્ણા,મદ, ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, અપ્રીતિ, તંદ્રા, ક્ષય, ઉદય તથા પાપ પુણ્ય, એ સર્વ ટળે.

विषहेत्ल्मवामर्षौ क्षुत्पिपासे मदोद्भवौ ।

अरतिश्चैव तंद्री च कामक्रोधौ क्षयोदयौ ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सनत्सुजातीयपर्वणि विदुरकृतसनत्सुजातप्रार्थने गुर्जरभाषायामेकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

અધ્યાય ૪૨ મો. સનત્સુજાતે કરેલો બોધ.

वैशंपायन उवाच—ततो राजा धृतराष्ट्रो मनीषी संपूज्य वाक्यं विदुरेरितं तत् ।
सनत्सुजातं रहिते महात्मा पप्रच्छ बुद्धिं परमां बुभूषन् ॥ ४१ ॥

વૈશંપાયન કહે છે—પછી બુદ્ધિમાન મહાત્મા ધૃતરાષ્ટ્ર રાજા, વિદુરે જે વાક્ય કહ્યું તેને વખાણીને, પરમ બુદ્ધિને પ્રાપ્ત થવાની ઇચ્છાથી એકાંત વિષે સનત્સુજાત ઋષિને પૂછવા લાગ્યા કે, હે સનત્સુજાત! "મૃત્યુ છે નહીં" એ રીતે તમારૂં બોલવું વિદુરાદિકના મુખ થકી હું સાંભળું છું. દેવ તથા અસુર, મૃત્યુ ટળવા વાસ્તે બ્રહ્મચર્ય વ્રતનું આચરણ કરે છે, માટે જો મૃત્યુ હોયજ નહીં તો તેની નિવૃત્તિ વાસ્તે તેઓનો યત્ન કેમ ઘટે? એ બે મતમાં કયો મત સત્ય છે તે તમે કહો. તે સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે, હે રાજન્! "બ્રહ્મચર્યરૂપ કર્મથી મૃત્યુ દૂર થાય છે," એક તો એ પક્ષ અને "વાસ્તવ મૃત્યુ છેજ નહીં" એ બીજો પક્ષ. તેમાં કયો પક્ષ સત્ય છે એમ તેં પૂછ્યું, વાસ્તે હું કહું તે સાંભળી તે બેઉ પક્ષમાં પરસ્પર વિરૂદ્ધપણું માં માન. હે ક્ષત્રિય! એકજ પુરૂષને અવસ્થા ભેદે કરી બેઉ પક્ષ ખરા છે એમ વિદ્વાન પુરૂષો માને છે: એટલે કે અવિદ્યાવસ્થા વિષે મોહથી મૃત્યુ થાય છે, અને જ્ઞાન થયેથી રજ્જુમાં સર્પની પેઠે કાલત્રયમાં પણ મૃત્યુ છેજ નહીં; તેથી હું તો અજ્ઞાનનેજ મૃત્યુ કહું છું, ને જ્ઞાનને મોક્ષનો હેતુ જાણું છું. અજ્ઞાનથીજ દેહાભિમાની પુરૂષો મૃત્યુ વશ થાય છે, અને જ્ઞાનથી શમ દમાદિ સાધન સંપન્ન પુરૂષો બ્રહ્મરૂપ થાય છે. અજ્ઞાનરૂપ મૃત્યુ વાઘની પેઠે જીવને ખાતો નથી, પણ સંસારરૂપી સંકટ વિષે પડે છે; પણ એનું સ્વરૂપ દેખાતું નથી, ફક્ત કાર્ય દેખાય છે. કેટલાક પુરૂષો યમને મૃત્યુ કહે છે, પણ યમ તો સારાં નરતાં કર્મ કરનારને ઘટતો દંડ દેનાર તથા પિતૃલોકમાં રાજ્ય કરનાર છે. તેની આજ્ઞાથી જીવોને ક્રોધ, પ્રમાદ તથા લોભરૂપ વિકારો ઉત્પન્ન થાય છે, તેથી અહંકારે કરી આડે રસ્તે ચાલનાર તથા વિષય ભોગમાં આસક્ત એવા કેટલાક જીવ આત્મયોગને નથી પામતા, પણ ક્રોધાદિકે કરી મોહ પામેલા આ લોક થકી મરણ પામી [illegible] જઈ વારંવાર નરકમાં પડે છે, ઇંદ્રિયો પણ તેઓની પાછળ જાય છે. એ મૃત્યુ [illegible]

મને પ્રહાર કર, અને હું તને પ્રહાર કરૂં છું. હે શૂર મહારાજ સોમદત્ત ! મહારથિ તારા પુત્ર ભૂરિશ્રવાને હણ્યો અને ભાઇનાં દુઃખેકરી કર્શિત એવા શલને પણ માર્યો. તેમજ આજે તને પણ પુત્ર અને બાંધવ સહિત મારીશ, માટે હમણાં રણભૂમિમાં યત્નવાળો થઇ ઉભો રહે, કેમકે તું મહારથિ કૌરવ છે. જે યુધિષ્ઠિર રાજા વિષે નિરંતર દાન, દમ, પવિત્રતા, અહિંસા, લજ્જા, ધૃતિ અને ક્ષમા એ સર્વ નાશ રહિત છે તે મૃદંગ ધ્વજવાળા યુધિષ્ઠિરનાં તેજેકરી પ્રથમ ક્ષ્યું અને શકુનિ સહિત હણાએલ એવો તું સંગ્રામ વિષે નાશ પામીશ. જો યુદ્ધ વિષે ક્રોધવાન એવો હું, પાપી એવો જે તું તેને પુત્રસહિત ન મારૂં તો કૃષ્ણના પદકમળના અને ઇષ્ટાપૂર્તના સમવાળો થાઉં. જો રણભૂમિને તજીને ભાગીશ તો તું મુક્ત થશે. એવી રીતે પરસ્પર કહી ક્રોધેકરી રાતાં જેનાં નેત્ર છે એવા પુરૂષોમાં શ્રેષ્ઠ તે બે શસ્ત્રપાત કરવા પ્રવૃત્ત થયા. પછી હજાર રથવડે અને દશ હજાર હાથિવડે દુર્યોધન તથા અતિ ક્રોધ પામેલો સર્વ શસ્ત્રધારી પુરૂષોમાં ઉત્તમ પુત્ર પૌત્ર અને ઇન્દ્ર સરખા પરાક્રમવાળા ભાઇયોવડે ચોતરફથી વિંટાએલો, મહાબાહુ વજ્ર સરખા શરીરવાળો યુવા એવો તમારો સાળો શકુનિ સોમદત્તને ચોતરફથી વિંટી વળી રક્ષા કરવા લાગ્યો અને બુદ્ધિમાન એવો જે શકુનિ તેનું એક લાખ ઘોડેસ્વાર સૈન્ય મહાધનુર્ધારી સોમદત્તને બચાવવા લાગ્યું. બળવાન પુરૂષોએ રક્ષા કરેલો એવો સોમદત્ત નમેલ પર્વવાળાં બાણોએકરી સાત્યકિને ઢાંકવા લાગ્યો. બાણોવડે ઢંકાતા સાત્યકિને જોઇ ક્રોધ પામેલો ધૃષ્ટદ્યુમ્ન મોટી સેનાને લઇ તેની સમીપ ગયો. હે રાજન ! ચંડ વાયુવડે ઉછળતા સમુદ્રોનો જેમ શબ્દ થાય તેમ પરસ્પર પ્રહાર કરતા એવા સૈન્યસમૂહોનો શબ્દ થતો હતો. સોમદત્તે સાત્વત એવા સાત્યકિને નવ બાણોએ વિંધ્યો, તેમ સાત્યકિએ નવ બાણોએકરી કુરૂશ્રેષ્ઠ સોમદત્તને વિંધ્યો. સંગ્રામ વિષે બળવાન દૃઢ ધનુર્ધારી સાત્યકિએ વિંધેલો સોમદત્ત રથના સારથિને બેસવાના સ્થાનકને પામી ચેતન રહિત થતાં વ્યાકુળ થએલો જાણી ઉતાવળો એવો સારથિ રણભૂમિથી દૂર લેઇ ગયો. પછી શૂર મહારથિ સોમદત્તને સંજ્ઞા રહિત અને સાત્યકિના બાણવડે પીડાએલો જાણી દ્રોણાચાર્ય યદુવીર સાત્યકિને હણવાની ઇચ્છાએકરી તે પ્રત્યે દોડયા. આવતા એવા દ્રોણાચાર્યને જોઇ યુધિષ્ઠિર છે અગ્રેસર જેમાં એવા યોદ્ધાઓ મહાત્મા યદુકુળમાં ઉત્તમ એવા સાત્યકિને બચાવવાની ઇચ્છાથી વિંટી વળ્યા. તે સમયે જેમ પૂર્વે ત્રૈલોક્યને જીતવાની ઇચ્છાવડે બલિરાજાનું દેવતાઓ સાથે યુદ્ધ થયું હતું, તેમ દ્રોણાચાર્યનું પાંડવો સાથે યુદ્ધ થયું. પછી મહા તેજસ્વી ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્ય બાણ સમૂહેકરી પાંડવનાં સૈન્યને ઢાંકવા લાગ્યા અને યુધિષ્ઠિરને વિંધવા લાગ્યા. સાત્યકિને દશ બાણોએ, ધૃષ્ટદ્યુમ્નને વિસ બાણોએ, ભીમસેનને નવ બાણોએ, નકુળને પાંચ બાણોએ, સહદેવને આઠ બાણોએ, શિખંડિને સો બાણોએ, દ્રુપદ રાજાના પુત્રોને પાંચ પાંચ બાણોએ, વિરાટ અને મત્સ્ય રાજાને આઠ બાણોએ, દ્રુપદ રાજાને દશ બાણોએ, યુધામન્યુને ત્રણ બાણોએ અને ઉત્તમૌજાને છ બાણોએ તથા બીજા સૈનિકોને પણ સંગ્રામ વિષે વિંધી, મહાબાહુ દ્રોણાચાર્ય યુધિષ્ઠિર સામે દોડયા.

હે રાજન્ ! દ્રોણાચાર્યથી વધ થતા પાંડુપુત્રના સૈનિકો ભયથી પીડિત શબ્દ સહિત એવી દશ દિશાઓ પ્રત્યે દોડતા હતા. દ્રોણાચાર્યે નસાડેલા તે સૈન્યને જોઇ જરાક જેને ક્રોધ ઉત્પન્ન થએલો છે એવા કુંતિપુત્ર યુધિષ્ઠિર તત્કાળ ગુરૂ દ્રોણાચાર્યની સમીપ ગયા. દ્રોણાચાર્ય સંગ્રામમાં દોડતા અર્જુનને જોઇ ફરીને યુધિષ્ઠિરના સૈન્ય પ્રત્યે ગયા. હે રાજન્ ! ત્યાર પછી ફરીને ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્યનું પાંડવો સાથે યુદ્ધ થયું. ચોતરફથી તમારા પુત્રોવડે વિં-

ક્રોધેલા દ્રોણાચાર્ય જેમ અગ્નિ રૂના સમૂહનો નાશ કરે તેમ પાંડવોના સૈન્યોનો નાશ કરતા હતા. હે રાજન્! તપતા સૂર્યની પેઠે અત્યંત શત્રુને તપાવતા દીપ્ત અગ્નિની સમાન કાંતિવાળાં બાણરૂપી જ્વાળા યુક્ત જેણે મંડલરૂપ ધનુષ ખેંચેલું છે એવા દ્રોણાચાર્યને જોઇ કોઇ પણ એમને વારવા સમર્થ થયો નહિ. જે જે પુરૂષ દ્રોણાચાર્યની સન્મુખ રહેતો હતો, તે તે પુરૂષનાં મસ્તકને છેદી દ્રોણાચાર્યનાં બાણો પૃથ્વી પ્રત્યે જતાં હતાં. એવી રીતે મહાત્મા દ્રોણાચાર્યથી વધ થતી પાંડવોની સેના સવ્યસાચિ અર્જુનના જોતાં ભયભિત થઇને નાઠી. હે ભારત! રાત્રિવિષે દ્રોણાચાર્યે ભંગાણ કરેલા સૈન્યને જોઇ જીષ્ણુ એવો અર્જુન ગોવિંદ એવા શ્રીકૃષ્ણ પ્રત્યે બોલ્યો કે દ્રોણના રથપ્રત્યે ચાલો. તેના કહ્યા પછી રૂપું, ગાયનું દૂધ, મોગરો અને ચંદ્રમા તેઓ સરખી કાંતિવાળા ઘોડાઓને દાશાર્હ એવા શ્રીકૃષ્ણે દ્રોણાચાર્યના રથ પ્રત્યે ચલાવ્યા. દ્રોણાચાર્ય પ્રત્યે જતા ફાલ્ગુન એવા અર્જુનને જોઇ ભીમસેન પણ પોતાના સારથિને આ વચન કહેવા લાગ્યો કે મને દ્રોણાચાર્ય તરફ લેઇ જા. વિશોક નામનો સારથિ પણ ભીમસેનનું વચન સાંભળી ઘોડાઓને સત્ય પ્રતિજ્ઞાવાળા અર્જુનની પાછળ લેઇ ગયો. હે ભરતસિંહ! દ્રોણના સૈન્ય સમીપ દોડતા સજ્જ થએલા તે બે ભાઇઓને જોઇ મહારથિ એવા પંચાલ, સૃંજય, મત્સ્ય, ચેદિ, કારૂષ, કોસલ અને કેકયદેશના યોદ્ધાઓ તેની પાછળ ગયા. હે રાજન્! તે પછી રૂંવાટાંને હર્ષ પમાડનાર એવું ઘોર યુદ્ધ થયું. દક્ષિણ તરફ અર્જુન અને ઉત્તર તરફ ભીમસેન રહી, તમારાં સૈન્યને મોટા બે રથ સમૂહોવડે મહણ કરવા લાગ્યા. પુરૂષોમાં ઉત્તમ એવા ભીમસેન અને ધનંજયને જોઇ હે રાજન્! ધૃષ્ટદ્યુમ્ન અને મહા બળવાન સાત્યકિ સામે ગયા. હે રાજન્! તે સમયે જેમ ચંડ વાયુવડે ઉછળતા સમુદ્રોનો શબ્દ થાય, તે પ્રમાણે પરસ્પર પ્રહાર કરનારા સૈન્ય સમૂહનો શબ્દ થતો હતો.

હે રાજન્! સંગ્રામ વિષે સોમદત્તના પુત્ર ભૂરિશ્રવાના વધથી ક્રોધાયમાન થયેલ દ્રોણપુત્ર અશ્વત્થામા સાત્યકિના વધ માટે નિશ્ચય કરી સાત્યકિ સમીપ દોડયા. શિનિપૌત્ર સાત્યકિના રથ સમીપ આવતા અશ્વત્થામાને જોઇ અતિક્રોધવાન એવો ભીમસેનનો પુત્ર ઘટોત્કચ પોતાના શત્રુ એવા અશ્વત્થામાને વારવા લાગ્યો. તીક્ષ્ણ લોહમય મહા ભયંકર રીંછના ચર્મના સામાનવાળા બાર હજાર હાથ પ્રમાણવાળો જેનો મધ્યભાગ અને અવકાશ છે એવા પડેલા યંત્ર અને કવચવાળા મોટા મેઘ સમૂહના શબ્દ સરખા શબ્દવાળા ઘોડા અને હાથિવડે યુક્ત નહીં પણ ધારણ કરનારા પિશાચોવડે યુક્ત એવા, જેની પાંખ અને પગ હાલે છે, જેનાં નેત્ર વિસ્તારવાળાં છે, જેની મોટી દાઢ છે એવા શબ્દ કરતા, મોટા ગીધ પક્ષિવડે અને ધ્વજાએકરી શોભતા, લોહીવડે ભિંજાએલા પતાકાવાળા, આંતરડાની પંક્તિરૂપ આભૂષણવાળા, આઠ ચક્રોવડે યુક્ત એવા પોહોળા મોટા રથ પ્રત્યે બેસી શલ ને મુદ્દગર ધારણ કરનારી, જેના હાથમાં શૈલ અને ઝાડ છે એવી, ઘોરરૂપવાળા રાક્ષસોની અક્ષૌહિણી સેના સાથે આવતો અને મોટા ધનુષને ઉગામતો એવો તે ઘટોત્કચ તેને જોઇ રાજાઓ અતિ વ્યથા પામ્યા. યુગાંતકાળ સમયમાં દંડ જેના હાથમાં છે એવા કાળની પેઠે હાથમાં દંડ ઝાલેલા અને પર્વતના શિખર સરખી કાંતિવાળા, ભયંકર રૂપવાળા, ભયને કરનારા, દાઢે કરી કરાલ અને ઉગ્ર જેનું મુખ છે, ખીલા સરખા જેના કાન છે, મોટી જેની દાઢી છે, ઉંચા જેના કેશ છે, ખરાબ જેનાં નેત્ર છે, દીપ્ત જેનું મુખ છે, નમતું જેનું પેટ છે, મોટાં છિદ્ર સરખું જેનું ગલદ્વાર છે, મુકુટેકરી જેના કેશ ઢંકાયા છે એવા ફાડેલા મુખવાળા, કાળની પેઠે સર્વ પ્રાણિઓને ભય કરનારા, દીપ્ત શત્રુઓ વિક્ષોભને કરનારા, જેણે મોટું ધનુષ ઉગામેલું છે એવા રાક્ષસેન્દ્ર ઘટોત્કચને, આવતો,

જોઈ જાણેકરી પીડિત એવી તમારા પુત્રની સેના વાયુવડે જેમાં ફરતી ભ્રમરીઓ છે એવી ઉંચા તરંગવાળી ગંગા ક્ષોભ પામે તેમ અતિ ક્ષોભ પામવા લાગી. ઘટોત્કચે કરેલા સિંહનાદેકરી ભય પામેલા હાથિઓ મૂત્ર સ્રવવા લાગ્યા અને મનુષ્યો અતિ ભય પામવા લાગ્યા. તે પછી ત્યાં સર્વ તરફથી સંધ્યાકાળ વિષે અધિક બળવાળા રાક્ષસોએ પૃથ્વી વિષે કરેલી ઘણી પાષાણની વૃષ્ટિ થઇ અને લોઢાનાં ચક્રો, ભુશંડિઓ, પ્રાસ, તોમર, શૂલ, શતઘ્નીઓ તથા પટ્ટિશો પડવા લાગ્યાં. તે ઉગ્ર ને અતિ રૌદ્ર રાત્રેયુદ્ધ જોઇ રાજાઓ, તમારા પુત્રો અને યોદ્ધા વ્યથા પામ્યા અને દિશાઓ પ્રત્યે દોડયા. તે સમયે અસ્ત્રબળેકરી વખાણવા યોગ્ય માની એવા એક દ્રોણપુત્ર અશ્વત્થામા વ્યથા પામ્યા નહિ અને બાણોએકરી ઘટોત્કચે રચેલી માયાને મટાડવા લાગ્યા. માયા નાશ થવાથી અમર્ષવાળો ઘટોત્કચ ઘોર બાણો નાંખવા લાગ્યો. તે અશ્વત્થામા પ્રત્યે પ્રવેશ કરવા લાગ્યાં. જેમ ક્રોધ યુક્ત સર્પો રાફડા પ્રત્યે વેગથી પેસે તેમ શીઘ્ર જનારાં સુવર્ણ પુંખવાળાં, શિલાઓવડે તીક્ષ્ણ કરેલાં રૂધિરવડે ભિંજાએલાં, બાણ શારદ્વતીના પુત્ર અશ્વત્થામાને ભેદીને પૃથ્વી પ્રત્યે પ્રવેશ કરતાં હતાં. અતિ ક્રોધ પામેલા પ્રતાપવાન ધનુર્ધારી અશ્વત્થામા ક્રોધ પામેલા ઘટોત્કચને દશ બાણેકરી ભેદવા લાગ્યા. દ્રોણપુત્ર અશ્વત્થામાએ મર્મસ્થાનકો વિષે અતિ વિંધેલા એવા અતિ વ્યથાવાળા ભીમસેનના પુત્ર ઘટોત્કચે લાખ આરાવાળા, બાળસૂર્ય સમાન કાંતિવાળા, મણિ અને હીરાથી શોભતા ક્ષુર જેના મધ્યમાં છે એવા ચક્રને ગ્રહણ કર્યું અને અશ્વત્થામા સામે હણવાની ઇચ્છાએકરી ફેંક્યું. મોટા વેગેકરી આવતા તે ચક્રને દ્રોણપુત્ર અશ્વત્થામાએ બાણોવડે ભાગી નાંખ્યું; અને ભાગ્યરહિત પુરૂષનો સંકલ્પ જેમ નિષ્ફળ જાય તેમ નિષ્ફળ એવું પૃથ્વી વિષે પડયું. ત્યારે તુર્ત ઘટોત્કચ ચક્રને પડેલું જોઇ જેમ રાહુ સૂર્યને ઢાંકી દે તેમ બાણોએકરી દ્રોણપુત્ર અશ્વત્થામાને ઢાંકવા લાગ્યો. પછી આવતા એવા દ્રોણપુત્ર અશ્વત્થામા તેને વાયુને જેમ પર્વત રોકે તેમ ભિન્ન એવા અંજનસમૂહની ઉપમા અપાય એવા શ્રીમાન ઘટોત્કચના પુત્ર અંજનપર્વે રોક્યા. ભીમસેનના પૌત્ર અંજનપર્વે બાણોએકરી ઢાંકેલા સંભ્રમ ન પામેલા અને રૂદ્ર, ઉપેન્દ્ર તથા ઇંદ્રતુલ્ય પરાક્રમવાળા અશ્વત્થામા મેઘે ધારાઓવડે ઢાંકેલો પર્વત જેમ શોભે તેમ શોભતા હતા. દ્રોણપુત્ર અશ્વત્થામાએ એક બાણેકરી અંજનપર્વના ધ્વજને કાપ્યો. બે બાણોવડે રથના બે હાંકનારાઓને કાપી નાખ્યા, ત્રણ બાણોએકરી ત્રિવેણુકને અને એક બાણેકરી ધનુષને કાપ્યું તથા ચાર બાણવડે ચાર ઘોડાઓને કાપી નાખ્યા, અને રથ રહિત એવો બળવાન અન્જનપર્વ તેના હાથથી ઉગામેલા સુવર્ણ બિંદુઓવડે વ્યાપ્ત એવા ખડ્ગને બે પ્રકારે કરી ભાગવા લાગ્યો.

હે રાજન્! હૈડિંબિસુત એવો અન્જનપર્વ તેણે ફેરવીને હેમાંગદવાળી જે ગદા નાખી, તેને દ્રોણપુત્ર અશ્વત્થામાએ ભાગી નાંખી અને તે પૃથ્વી ઉપર પડી. તે પછી અન્તરિક્ષ પ્રત્યે જઇ કાળ મેઘની પેઠે નાદ કરતો એવો રાક્ષક અંજનપર્વ આકાશમાંથી વૃક્ષોની વૃષ્ટિ કરતો હતો. તે પછી દ્રોણપુત્ર અશ્વત્થામાએ માયાધારી ઘટોત્કચના પુત્રને આકાશ વિષે સૂર્ય જેમ કિરણોએકરી મેઘને વિખેરી નાખે તેમ બાણોએકરી તેને અસ્તવ્યસ્ત કર્યો. અન્જનપર્વ આકાશમાંથી નીચે ઉતરી પાસે રહેલા સુવર્ણથી શોભિત રથવિષે બેઠો ત્યારે અતિ ઉગ્ર એવો તે જેમ શોભાયમાન અન્જનનો પર્વત દેખાય તેમ દેખાતો હતો, લોહમય જેવું કવચ છે એવા ભીમના પૌત્ર અન્જનપર્વને જેમ અન્ધકાસુરને મહાદેવે હણ્યો હતો તેમ દ્રોણપુત્ર અશ્વત્થામાએ હણ્યો. એ પછી મહાબળવાન પુત્રને અશ્વત્થામાએ હણ્યો તે જોઇ દ્રોણપુત્ર

અશ્વત્થામાની સમીપ આવી રોષથી પ્રજ્વલિત છે અંગ જેનું એવો અસંખ્યાત ઘટોત્કચ, વૃદ્ધિ પામેલા વનને બાળતા અગ્નિની પેઠે પાંડવોના સૈન્યને બાળતા એવા શૂર શારદ્વતીના પુત્ર અશ્વત્થામા પ્રત્યે બોલ્યો. ઘટોત્કચ કહે છે–'હે દ્રોણપુત્ર ! ઉભો રહે, ઉભો રહે,' મારાથી જીવતો નહિ જા. જેવી રીતે અગ્નિના પુત્રે ક્રૌંચને ભેદ્યો હતો તેવી રીતે આજ તને હણીશ. અશ્વત્થામા કહે છે–હે દેવતુલ્ય પરાક્રમવાળા વીર ! હિડિંબાના પુત્ર ઘટોત્કચ તું બીજાઓની સાથે યુદ્ધ કર; કેમકે પુત્રની સાથે પિતા બાઝવાને યોગ્ય નથી. હે હિડિંબાના પુત્ર ઘટોત્કચ ! તારે વિષે મને નિશ્ચે રોષ નથી, કારણ કે રોષવાળો માણસ આત્માને પણ નાશવાન કરે છે. સંજય કહે છે–એ વચન સાંભળી ક્રોધેકરી રાતાં જેનાં નેત્ર છે એવો પુત્રના શોકેકરી યુક્ત, કોપ પામેલો, ભીમસેનનો પુત્ર ઘટોત્કચ અશ્વત્થામા પ્રત્યે બોલ્યો કે હે દ્રોણપુત્ર! શું હું રણભૂમિ વિષે પામર પુરૂષની પેઠે ભય વિહ્વળ છું કે જે મને વાણીવડે ભય પમાડો છો, આ તમારૂં વચન અસત્ય છે. કેમકે કુરૂના મોટા કુળમાં ભીમસેનથી ઉત્પન્ન થયેલો સંગ્રામમાં પાછા ન વળનારા પાંડવોનો હુ પુત્ર છું અને રાક્ષસોનો અધિરાજ છું, હું બળમાં દશગ્રીવ એવા રાવણની બરોબર છું.

હે દ્રોણપુત્ર ! 'ઉભો રહે, ઉભો રહે' મારાથી જીવતો જઈશ નહિ. આજે રણાંગણ વિષે હું તારી યુદ્ધશ્રદ્ધાને મટાડીશ. એ રીતે કહી ક્રોધવડે જેની રાતિ આંખ થએલી છે એવો અતિ બળવાન રાક્ષસ ઘટોત્કચ ક્રોધ પામેલો સિંહ જેમ મોટા હાથી સામે દોડે તેમ દ્રોણપુત્ર અશ્વત્થામા સામે દોડયો. ઘટોત્કચ રથચક્ર પ્રમાણવાળાં બાણોએકરી રથિ પુરૂષોમાં ઉત્તમ એવા દ્રોણપુત્ર અશ્વત્થામાને મેઘ જેમ ધારાઓવડે વૃષ્ટિ કરે તેમ વૃષ્ટિ કરવા લાગ્યો. ન પ્રાપ્ત થયેલી તે બાણવૃષ્ટિને દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાએ નાશ કરી. તે પછી બીજું યુદ્ધ થતું હોય તેમ અંતરિક્ષમાં બાણોનું યુદ્ધ થયું. પછી તે સમયે અસ્ત્રોના ઘસાવાથી થએલા તણખાઓવડે સૈન્ય રાત્રિના પ્રથમ ભાગમાં નક્ષત્રોવડે જેમ વિચિત્ર આકાશ શોભે તેમ શોભતું હતું. રણવિષે અભિમાની એવા દ્રોણપુત્ર અશ્વત્થામાએ માયાને નાશ કરેલી જોઇ પછીથી ઘટોત્કચ અંતર્ધાન પામી ફરીને માયા કરવા લાગ્યો. તે વૃક્ષોવડે ગાઢ શિખરોએ-કરી અતિ ઉંચો શૂલ, પ્રાસ, ખડ્ગને મુસલરૂપી જળનાં ઝરણવાળો મોટો પર્વત થયો. આંજણના પર્વત સરખા તે મોડા પર્વતને જોઇને અને પડતા એવા ઘણા શસ્ત્રોના સમૂહોએ કરીને પણ દ્રોણપુત્ર અશ્વત્થામા વ્યથા પામ્યા નહિ, અને હસતા હોય નહિ તેમ દ્રોણ-પુત્ર અશ્વત્થામાએ વજ્રાસ્ત્ર ફેંક્યું. તે વજ્રાસ્ત્રેકરી તત્કાળ મોટો પર્વત નાશ પામ્યો. પછી તે રાક્ષસ આકાશ વિષે નીલ ઇન્દ્રધનુષસહિત એવો અતિ ઉગ્ર મેઘ બની પાષાણની વૃષ્ટિઓવડે રણભૂમિમાં દ્રોણપુત્ર અશ્વત્થામાને પીડવા લાગ્યો. એ પછી અસ્ત્ર જાણનારાઓમાં ઉત્તમ એવા દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાએ વાયવ્યાસ્ત્ર સાંધી ઉત્પન્ન થએલા નીલમેઘને નાશ પમાડયો ને તે દ્રોણપુત્ર અશ્વત્થામાએ બાણોની વૃષ્ટિવડે ચોતરફથી દિશાઓને ઢાંકી એક લાખ રથિને નાશ પમાડયા. ફરીને રથવડે આવતા મોટા ધનુષવાળા, અસંખ્યાત, બહુ રાક્ષસોવડે વિંટાએલા, સિંહ અને શાર્દૂલ સમાન તથા મત્તહસ્તિઓની સમાન ભયંકરપરાક્રમ-વાળા હાથિ ઉપર બેઠેલા, પુરૂષોવડે અને રથમાં બેઠેલા પુરૂષોવડે તેમજ ઘોડાની પીઠ ઉપર બેઠેલા પુરૂષોવડે પણ યુક્ત, વિકરાળ મુખ, મસ્તક અને ડોકવાળા હિડિંબાના બાંધવો સહિત એવા પૌલસ્ત્ય યાતુધાન ને ઇન્દ્ર તુલ્ય પરાક્રમવાળા રાક્ષસોએકરી યુક્ત તથા ભૂરાં ભૂરાં

કવચ, કમર અને આભૂષણને ધારણ કરનાર, મહા બળવાન, ભયંકર શબ્દવાળા, ક્રોધેકરી જેનાં નેત્રો ફાટેલાં છે એવા, યુદ્ધ વિષે તૈયાર થઈ રહેલા ને યુદ્ધમાં દુર્મદ એવા રાક્ષસોએ કરી યુક્ત ઘટોત્કચને જોઇ ખેદ પામેલા તમારા પુત્રપ્રત્યે દ્રોણપુત્ર અશ્વત્થામા બોલ્યા કે, હે દુર્યોધન ! ઉભો રહે. આજે તારે સંભ્રમ ન કરવો (ગભરાટ ન કરવો), કેમકે હું તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરૂં છું કે, આ શૂરા ભાઇઓ અને ઇન્દ્ર તુલ્ય પરાક્રમવાળા રાજાઓ સહિત તારા શત્રુઓને હું મારીશ ને તારો પરાજય નહિ થાય માટે સેનાની આશ્વાસના કર. દુર્યોધન કહે છે—હે ગૌતમિપુત્ર અશ્વત્થામા ! જે આ તમારૂં મોટું મન અને અમારે વિષે પરમ ભક્તિ છે એ જોઇ હું આશ્ચર્ય માનતો નથી કેમકે ગૌતમિના પુત્ર છો તેથી તમારે વિષે એ ઘટિતજ છે.

સંજય કહે છે—એ રીતે અશ્વત્થામાને કહ્યા પછી શકુનિ પ્રત્યે બોલ્યો કે, હે મામા ! તમે રણભૂમિમાં શોભનારા ઘોડાયુક્ત હજાર રથોવડે અને સાઠ હજાર બીજા રથોવડે અર્જુન પ્રત્યે જાઓ. કર્ણ, વૃષસેન, કૃપાચાર્ય, નીલરાજા, ઉત્તર દેશના રાજાઓ, શત્રુને અતિ તપાવનારો કૃતવર્મા, પુરૂમિત્ર, નિકુંભ, પરાક્રમવાળો કુંડભેદી પુરંજય, દૃઢરથ, પતાકી હેમકંપન, શલ્ય, આરૂણિ, ઇન્દ્રસેન, સંજય, જય, વિજય, કમલાક્ષ, પરાક્રમી જયવર્મા, અને સુદર્શન, એ સર્વ યોદ્ધાઓ અને સાઠ હજાર પાયદળ એ તમારી પાછળ આવશે. ત્યાં જઇ ભીમસેનને, નકુલને, સહદેવને તથા ધર્મરાજાને, અસુરોને જેમ ઇન્દ્રે માર્યા હતા તેમ મારો; કેમકે મારી જયની આશા તમારા વિષે રહી છે. હે મામા ! કાર્તિકસ્વામી જેમ દૈત્યોને મારે તેમ દ્રોણપુત્ર અશ્વત્થામાએ બાણોએકરી વિદારણ કરેલા અને અત્યંત ઘાયલ થએલા દેહવાળા કુંતિના પુત્રોને હણો. એવી રીતે તમારા પુત્ર દુર્યોધનનાં વચન સાંભળી સૌબલ શકુનિ તમારા પુત્રોને પ્રસન્ન કરવા ઇચ્છતો અને પાંડવોને બાળવાની ઇચ્છા કરતો તત્કાળ પાંડવો સમીપ ગયો. એ પછી સંગ્રામ વિષે દ્રોણપુત્ર અશ્વત્થામા અને રાક્ષસ ઘટોત્કચનું યુદ્ધરાત્રિવિષે જેમ દેવરાજ ઇન્દ્ર અને પ્રહ્લાદનું સંકુલ યુદ્ધ થાય તેમ થયું. તે સમયે ઘટોત્કચે ક્રોધ પામી ગૌતમિના પુત્ર અશ્વત્થામાને છાતિ વિષે વિષ અને અગ્નિની ઉપમા અપાય એવાં દૃઢબાણોએકરી પ્રહાર કર્યો. ભીમના પુત્ર ઘટોત્કચે નાખેલાં બાણોએકરી અત્યંત પ્રહાર પામેલા, રથના મધ્ય ભાગમાં બેઠેલા અશ્વત્થામા વાયુવડે હાલતા વૃક્ષની પેઠે ચલિત થયા. ફરીને ઘટોત્કચે હાથમાં રહેલાં બાણોએકરી મોટી કાંતિવાળા દ્રોણપુત્ર અશ્વત્થામાના હાથમાં રહેલા ધનુષને કાપી નાખ્યું. પછી દ્રોણપુત્ર અશ્વત્થામાએ મોટા, ભાર સહન કરનારા બીજા ધનુષને ગ્રહણ કરી, મેઘ જેમ પાણીની ધારાઓને વર્ષાવે તેમ તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરી. હે ભારત ! પછી શારદ્વતીના પુત્ર અશ્વત્થામા સુવર્ણ પુંખવાળાં, શત્રુઓને હણનાર અને આકાશમાં જનારાં બાણોને આકાશમાં જનારા ઘટોત્કચ રાક્ષસ પ્રત્યે નાખવા લાગ્યા. તે બાણોવડે પીડા પામતું પોહોળાં વક્ષઃસ્થળવાળા રાક્ષસોનું યુદ્ધ સિંહે આકુલ કરેલાં મત્તહાથિઓનાં ટોળાં સરખું શોભતું હતું. જેવી રીતે યુગના નાશ વખતે અગ્નિ પ્રાણિઓને બાળે, તેવી રીતે હે નૃપ ! બાણોએકરી ઘોડા, સારથિ, રથ અને હસ્તિઓ સહિત રાક્ષસોને હણી રાક્ષસોની અક્ષૌહિણી સેનાનું દહન કરી અશ્વત્થામા જેમ પૂર્વે ત્રિપુરને બાળી મહાદેવ શોભા પામ્યા હતા તેમ શોભતા હતા. વળી યુગના નાશ સમયે સર્વે પ્રાણીઓને બાળી તીવ્ર અગ્નિ શોભે તેમ જીતનારા પુરૂષોમાં શ્રેષ્ઠ એવા દ્રોણપુત્ર અશ્વત્થામા તમારા શત્રુઓને મારી શોભતા હતા. પછી ક્રોધ પામેલા ઘટોત્કચે ભયંકર કર્મ-વાળા રાક્ષસોની મોટી સેનાને દ્રોણપુત્ર અશ્વત્થામાને હણો, એમ કહી મોકલી. પછી ક્રોધ-

તાળની તે આજ્ઞાને ગ્રહણ કરી ઉજ્વળ દાઢવાળા, મોટાં મોઢાંવાળા, ભયંકર રૂપવાળા, ભયાનક ફાડેલાં મોઢાંવાળા, ભયંકર જીભવાળા, ક્રોધેકરી રાતાં નેત્રવાળા અને મોટા સિંહનાદવડે પૃથ્વીને ગજાવતા એવા રાક્ષસો દ્રોણપુત્ર અશ્વત્થામા સામે દોડ્યા અને જૂદા જૂદા પ્રહાર માટે જેઓનાં આયુધો છે એવા ભયંકર પરાક્રમવાળા, ક્રોધેકરી રાતાં નેત્રવાળા હજારો અને લાખો રાક્ષસો નિર્ભય થઇ શક્તિ, શતઘ્ની, પરીઘ, અશની, શૂલ, પટ્ટિશ, ખડ્ગ, ગદા, ભિંદીપાલ, મુસલ, પરશ્વધ, પ્રાસ, અસિ, તોમર, કણપ ને તીક્ષ્ણ, કંપન ને સ્થૂલ એવા ભુશંડી, અશ્મ, ગદા અને સ્થૂણવે તથા તીક્ષ્ણ લોઢાના મહા ભયંકર શત્રુઓને મારનારા મુદ્ગલોને સંગ્રામમાં દ્રોણપુત્ર અશ્વત્થામાના મસ્તકપર ફેંકવા લાગ્યા. દ્રોણપુત્ર અશ્વત્થામાના મસ્તકે પડતી તે અસ્ત્રવૃષ્ટિને જોઈ તમારા યોદ્ધાઓ વ્યથા પામ્યા પણ પરાક્રમી દ્રોણપુત્ર અશ્વત્થામાએ તો ભયંકર વૃદ્ધિ પામેલી તે વૃષ્ટિને વજ્ર સરખાં, શિલાઓવડે તીક્ષ્ણ કરેલાં બાણોએ કરી નાશ પમાડી. પછી તત્કાળ મોટા મનવાળા દ્રોણપુત્ર અશ્વત્થામા સુવર્ણ પુંખવાળાં બીજાં બાણોએકરી રાક્ષસોને હણવા લાગ્યા. તે વખતે દિવ્યાસ્ત્રોવડે મંત્રેલા તે બાણોએકરી પીડા પામેલું પોરોળાં વક્ષઃસ્થલવાળા રાક્ષસોનું યૂથ સિંહે આકુલ કરેલાં મદ મત્ત હાથિનાં ટોળાં સરખુ શોભતું હતું. દ્રોણપુત્ર અશ્વત્થામાએ પ્રહાર કરેલા, અતિ ક્રોધવાળા, મહાબળવાન સર્વ રાક્ષસો ક્રોધ પામી દ્રોણપુત્ર અશ્વત્થામાને હણવાની ઇચ્છા કરતા દોડતા હતા.

હે ભારત! તે વખતે દ્રોણપુત્ર અશ્વત્થામાએ સર્વ પ્રાણિઓ વિષે બીજા પુરૂષે ન કરી શકાય એવું આ આશ્ચર્ય દર્શાવ્યું કે જે મોટા અસ્ત્રોને જાણનાર એકલા દ્રોણપુત્ર અશ્વત્થામા રાક્ષસેન્દ્ર ઘટોત્કચના જોતાં જ્વલિત બાણોએકરી રાક્ષસોની સેનાને દહતા હતા. સંગ્રામમાં રાક્ષસેનાં સૈન્યને મારી તે દ્રોણપુત્ર અશ્વત્થામા જેમ યુગના નાશ વખતે સર્વ પ્રાણિઓને નાશ પમાડી સંવર્તક અગ્નિ શોભે તેમ શોભતા હતા. હે ભારત! પાંડવોના તે હજારો રાજા વિષે સર્પની ઉપમાવાળાં બાણોએકરી મોટાં સૈન્યોને બાળી ભસ્મ કરતા દ્રોણપુત્ર અશ્વત્થામાને રણભૂમિ વિષે શૂર, મહાબળવાન, રાક્ષસેન્દ્ર ઘટોત્કચ વિના કોઇ પણ માણસ જોવા સમર્થ થતો ન હતો. હે ભરતશ્રેષ્ઠ! ક્રોધવડે ઉચાં ચઢેલાં નેત્રવાળો તે રાક્ષસ ફરીને તાળી પાડી ઓઠ પીસી ક્રોધ પામતો પોતાના સારથિને કહેવા લાગ્યો કે, મને દ્રોણપુત્ર અશ્વત્થામા તરફ લેઇ જા. એમ કહી તે રાક્ષસ ઘોર રૂપવાળા, સારા પતાકાવાળા, શોભિત રથવડે અશ્વત્થામા પ્રત્યે ગયો અને ફરીને પણ દ્રોણપુત્ર અશ્વત્થામા સાથે સિંહની પેઠે મોટો નાદ કરી ભયંકર પરાક્રમવાળા, શત્રુને નાશ પમાડનારા તે રાક્ષસે, સંગ્રામ વિષે આઠ ઘંટાવાળા, મહા ભયંકર, દેવે નિર્માણ કરેલા વજ્રને દ્રોણપુત્ર અશ્વત્થામા ઉપર ફેંક્યું, તેને ઠેકડો મારી દ્રોણપુત્ર અશ્વત્થામાએ ગ્રહણ કર્યું અને પોતાના ધનુષને રથમાં રાખી, તે જ વજ્રને તે રાક્ષસ તરફ ફેંક્યું. તે સમયે તે રથથી ઉતરી ગયો અને મોટી કાંતિવાળું અતિ દારૂણ તે વજ્ર, ઘોડા, સારથિ ને ધ્વજ સહિત રથને ભસ્મ કરી પૃથ્વી પ્રત્યે પેસી ગયું. જે રથથી ઠેકડો મારી દ્રોણપુત્ર અશ્વત્થામાએ શંકરે નિર્માણ કરેલા ભયંકર વજ્રને ગ્રહણ કર્યું તે તેના કર્મને જોઇ સર્વ પ્રાણિઓ વખાણતા હતા. પછી હે નૃપ! ભીમસેનનો પુત્ર ઘટોત્કચ ધૃષ્ટદ્યુમ્નના રથ પ્રત્યે જઇ ઇન્દ્રના આયુધની ઉપમા અપાય એવા મોટા ભયંકર ધનુષને લઇ ફરીને દ્રોણપુત્ર અશ્વત્થામાની મોટી છાતી વિષે તીક્ષ્ણ બાણો નાંખવા લાગ્યો, તેમ અસંભ્રાંત એવો ધૃષ્ટદ્યુમ્ન પણ દ્રોણપુત્ર અશ્વત્થામાની છાતી વિષે સર્પની ઉપમા અપાય એવાં સુવર્ણ પુંખવાળાં બાણોને નાંખવા લાગ્યો. પછી દ્રોણપુત્ર અશ્વત્થામા તેઓ પ્રત્યે હજારો નારાચ બાણોને નાખતા

લાગ્યા. તેઓ બે પૈકી તેના બાણોને અગ્નિની જ્વાળા સરખાં બાણોએકરી નાશ પમાડવા લાગ્યા. હે ભરતવર્ય ! પુરૂષોમાં ઉત્તમ એવા તે બેનું અને દ્રોણપુત્ર અશ્વત્થામાનું યોદ્ધાઓની પ્રીતિને કરનારૂં અતિ તીવ્ર યુદ્ધ થયું; પછી હજાર રથ, સો હાથી અને છ હજાર ઘોડાઓ સહિત ભીમસેન તે દેશ પ્રત્યે આવ્યો. તે પછી અક્લિષ્ટ પરાક્રમવાળા ધર્માત્મા દ્રોણપુત્ર અશ્વ-ત્થામા ભીમના પુત્ર રાક્ષસ ઘટોત્કચની અને અનુચર સહિત એવા ધષ્ટદ્યુમ્નની સાથે યુદ્ધ કરતા હતા. તે સમયે હે ભારત ! દ્રોણપુત્ર અશ્વત્થામા સવ પ્રાણી વિષે બીજાએ કરવા અશક્ય એવા અતિ અદ્ભુત પરાક્રમને દેખાડતા હતા. નિમેષ માત્ર વખતમાં દ્રોણપુત્ર અશ્વત્થામાએ તીક્ષ્ણ બાણોએકરી ભીમસેન, હિડિંબાના પુત્ર ઘટોત્કચ, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ, ધર્મપુત્ર યુધિષ્ઠિર અર્જુન અને શ્રીકૃષ્ણના જોતાં ઘોડા, સારથિ, રથ અને હાથિઓ સહિત રાક્ષસોની અક્ષૌ-હિણી સેનાને નાશ પમાડી. તે વખતે સ્પષ્ટ ગતિવાળા નારાચ બાણોએકરી અત્યંત પ્રહાર કરેલા હાથિઓ શિખર સહિત પર્વતો પડે તેમ પૃથ્વીપર પડતા હતા. કાપેલી અને આખું-ડાર ત્રણીકાર ચલિત એવી હાથિની શુંડવડે વીંટાએલી પૃથ્વી જેમ ચાલતા સર્પોવડે શોભે તેમ શોભતી હતી. પડેલા સોનાના દંડ અને રાજાઓનાં છત્રોએકરી પૃથ્વી યુગના નાશ વખતે ઉદય પામેલા છે ચંદ્ર અને સૂર્ય જેમાં એવુ ગ્રહોવડે વિંટાએલું આકાશ શોભે તેમ શોભતી હતી. દ્રોણપુત્ર અશ્વત્થાઆએ, જેમાં મોટા ધ્વજરૂપી દેડકા છે, જેમાં ભેરીરૂપી મોટા કાચબા છે એવી, છત્રરૂપી હંસ પક્ષિઓની પંક્તિએ સેવન કરેલી, ફીણરૂપી ચામરની પંક્તિવાળી, જેમાં કંક ને ગીધ પક્ષિરૂપી મોટાં ઝુંડ છે એવી, અનેક આયુધરૂપી ઝષવડે આકુલ, મોટા હસ્તિઓ-રૂપી પાષાણવાળી, નાશ પામેલા ઘોડારૂપી મગરો વડે આકુલ, રથરૂપી ફેંકેલા મોટા ટેકરાવાળી, પતાકારૂપી સુંદર ઝાડવાળી, બાણરૂપા મીનવાળી, મહા ભયંકર જેમાં પ્રાસ, શક્તિ ને ઋષ્ટિરૂપી સર્પ છે, જેમાં મજ્જામાંસરૂપી ઘણો ગારો છે એવી, કેશરૂપી શેવાળવડે વિચિત્ર રંગવાળી, ભીરૂ પુરૂષોને મોહ પમાડનારી, મોટા હાથી, ઘોડા અને યોદ્ધાઓના શરીરનો નાશ થવાથી થએ-લા લોહીના પ્રવાહવડે અતિ ઘોર, યોદ્ધાઓના પીડિત શબ્દરૂપી ઘુઘવાટાવાળી, લોહિનાં મોજાં-વડે આકુલ, ચાર પગવાળા પ્રાણિઓવડે અતિ ભયકર એવી નદીને યમના રાષ્ટ્રરૂપી મોટા સમુદ્ર પ્રત્યે ચલાવી અને દ્રોણપુત્ર અશ્વત્થામા બાણોવડે રાક્ષસોને નાશ પમાડી હિડિંબાના પુત્ર ઘટોત્કચને પીડવા લાગ્યા. ફરીને પણ અતિ ક્રોધ પામેલા મહા બળવાન દ્રોણપુત્ર અશ્વ-ત્થામાએ કુંતિના પુત્રોને ધૃષ્ટદ્યુમ્ન અને ભીમસેન સહિત વિંધી સુરથ નામના દ્રુપદ રાજાના પુત્રને માર્યો સમર્થ એવા અશ્વત્થામાએ ફરીને રણભૂમિમાં દ્રુપદ રાજાના શત્રુંજય નામના પુત્રને, બલાનીકને, જયાનીકને અ જયાશ્વને પણ માર્યો પછી દ્રોણપુત્ર અશ્વત્થામાએ શ્રુતા-હ્વય રાજાને યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. બીજાં તીક્ષ્ણ, સારાં પુંખવાળાં બાણોએકરી સુવર્ણમય માળાવાળા ચંદ્રસેન રાજાને પૃષધ્ર રાજા સહિત માર્યો, અને હે મારિષ ! એ અશ્વ-ત્થામાએ દશ બાણવડે દશ એવા કુંતિભોજ રાજાના પુત્રોને નાશ પમાડ્યા. પછી અતિ ક્રોધ પામેલા અશ્વત્થામાએ સરખા સીધા ચાલનારા, યમના દંડની ઉપમા અપાય એવા, ઘોર મોટા બાણને કાન પર્યંત ખેંચેલાં ધનુષવડે ઘટોત્કચ પ્રત્યે તાકીને તત્કાળ ફેંક્યું. તે મોટું બાણ ઘટોત્કચ રાક્ષસના હૃદયને ભેદી હે પૃથ્વીપતે ! જલદી પુંખસહિત પૃથ્વી પ્રત્યે પેસી ગયું. તે વખતે હે રાજેંદ્ર ! પડેલા તે ઘટોત્કચને નાશ પામેલો જાણી મહારથિ ધૃષ્ટદ્યુમ્ન દ્રોણપુત્ર અશ્વત્થામાની સમીપથી ઉત્તમ રથ પ્રત્યે દૂર લઇ ગયો. હે નૃપ ! પછી પરાઙ્મુખ થએલા રાજાઓ જેમાં એવાં યુધિષ્ઠિરનાં સૈન્યોને હરાવી જય એવા દ્રોણપુત્ર અશ્વત્થામા નાદ કરતા

લાગ્યા; અને હે ભારત ! તમારા પુત્રોએ સર્વ પ્રાણિઓ વિષે તેને વખાર્યો. એ પછી ઘણા બાણવડે ભેદ પામેલા અને કપાએલા છે દેહ જેના એવા ઘાયલ થએલા, પડેલા અને નાશ પામેલા રાક્ષસોવડે ચોતરફથી પૃથ્વી, જેમ પર્વતોના શિખરોવડે દુઃખેકરી જવાય એવી થએલી હોય તેમ દુઃખેકરી જવાય એવી અને અતિ ભયંકર થઇ. પછી તે સમયે દ્રોણપુત્ર અશ્વત્થામાને સિદ્ધ, ગંધર્વ અને પિશાચોના સમૂહો, નાગ ગરૂડપક્ષિઓ, રાક્ષસોના સમૂહો, ભૂતના સમૂહો, અપ્સરાઓ અને દેવતાઓ વખાણવા લાગ્યા.

तं सिद्ध गन्धर्व पिशाचसंघा नागाः सुपर्णाः पितरो वयांसि ।
रक्षोगणा भूतगणाश्च द्रौणिमपूजयन्नप्सरसः सुराश्च ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे गुर्जर-भाषायां षट्पंचाशदधिकशततमोऽध्यायः ॥ १५६ ॥

અધ્યાય ૧૫૭ મો. રાત્રિયુદ્ધમાં દ્રોણ સામે ધર્મ.

संजय उवाच—द्रुपदस्यात्मजान् दृष्ट्वा कुन्तिभोजसुतांस्तथा ।
द्रोणपुत्रेण निहतान्राक्षसांश्च सहस्रशः

સંજય કહે છે—દ્રુપદ રાજાના પુત્રોને તથા કુંતિભોજ રાજાના પુત્રોને અને હજારો રાક્ષસોને દ્રોણપુત્ર અશ્વત્થામાએ નાશ પમાડેલા જોઈ, યુધિષ્ઠિર, ભીમસેન, પાર્ષત એવો ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ સજ્જ થએલા તેઓ યુદ્ધ માટે તૈયારી કરવા લાગ્યા. હે ભારત ! રણ-ભૂમિમાં ક્રોધ પામેલો સોમદત્ત ફરી સાત્યકિને જોઇ મોટી બાણવૃષ્ટિવડે ઢાંકવા લાગ્યો. તે પછી તમારા અને પરયોદ્ધાઓનુ ઘોર, અત્યંત ભય વધારનારૂં યુદ્ધ થયું. વિજયને ઇચ્છનારા સોમ-દત્તને સમીપ આવતો જોઇ સાત્વત એવા સાત્યકિને અર્થે ભીમસેને સુવર્ણ પુંખવાળાં, શિલા વડે તીક્ષ્ણ કરેલાં દશ બાણોએ વિંધ્યો. સોમદત્તે પણ તે શૂરને સો બાણવડે સામો વિંધ્યો. પછી ક્રોધ પામેલા સાત્યકિએ પુત્રની પીડાવડે અને વૃદ્ધના ગુણોવડે યુક્ત એવા સોમદત્તને જેમ નહુષ રાજાના પુત્ર યયાતિને વિંધે તેમ વજ્ર સરખું જેનુ પડવું છે એવાં તીક્ષ્ણ દશ બાણોએ વિંધ્યો. વળી ફરીને શક્તિવડે વિંધી સાત બાણોએ વિંધ્યો. પછી સાત્યકિ સારૂ ભીમસેને નવી, દૃઢ, ભયંકર ભોગળને સોમદત્તના મસ્તક ઉપર ફેંકી. તેમ સાત્વત એવા સાત્ય-કિએ પણ ક્રોધ પામી સોમદત્તની છાતી વિષે અગ્નિ સરખુ ઉત્તમ, સારા પિંછવાળું, તીક્ષ્ણ બાણ ફેંક્યું. યુદ્ધમાં એક વખતે ભયંકર તે ભોગળ અને બાણ શૂર સોમદત્તના શરીર વિષે પડ્યાં, તેથી મહારથિ તે પડયો. પછી પુત્ર વ્યાકુલ થયાથી બાહ્લિક સાત્યકિ પ્રત્યે જેમ વર્ષા-કાળમાં મેઘ વર્ષે તેમ બાણવૃષ્ટિ કરતો દોડયો. એ પછી ભીમસેને સાત્વત સાત્યકિ સારૂ મહા-ત્મા બાહ્લીકને પીડા પમાડી, સંગ્રામના અગ્રભાગમાં નવ બાણોવડે વિંધ્યો. ફરીને ક્રોધ પામેલા મહાબાહુ બાહ્લીકે જેમ ઇન્દ્ર વજ્ર નાંખે તેમ શક્તિને ભીમસેનની છાતી સામે નાખી. તે રીતે પ્રહાર કરેલો ભીમસેન કંપવા લાગ્યો અને મોહ પામ્યો, પછી બળવાન એવા ભીમસેને બાહ્લીક તરફ ગદા ફેંકી. પાંડુપુત્ર ભીમસેને નાખેલી તે ગદાએ બાહ્-લીકનું મસ્તક હરી લીધું, તેથી નાશ પામેલો બાહ્લીક વજ્રવડે હણેલ મોટા પર્વતની પેઠે

પૃથ્વીપર પડે તેમ પડયો. હે પુરૂષવર્ય ! તે શૂર બાહ્લીકના હણાવાથી દશરથના પુત્ર સરખા નાગદત્ત, દૃઢરથવાળા મહાબાહુ અયોભુજ, દૃઢ, સુહસ્ત, વિરજા, પ્રમાથી, ઉગ્ર અને અનુયાયી એ તમારા દશ પુત્રો ભીમસેનને પીડવા લાગ્યા. તેઓને જોઇ ભીમસેન ક્રોધ પામ્યો અને બાણને લેઈ એકએકને ખોળી મર્મસ્થાનકો વિષે પીડવા લાગ્યો. ભીમસેને વિંધેલા તેઓ જેમ ચંડવાયુવડે ભાંગેલા ઝાડ પર્વતના અગ્ર ભાગથી પૃથ્વીપર પડે તેમ નિર્બળ અને પ્રાણ રહિત થઇ રથમાંથી હેઠા પડયા. દશ નારાચ નામના બાણોવડે તમારા દશ પુત્રોને મારી, ભીમસેન કર્ણના પ્રિયપુત્ર વૃષસેન પ્રત્યે બાણવૃષ્ટિ કરવા લાગ્યો. પછી પ્રખ્યાત વૃકરથ નામે કર્ણના ભાઇએ ભીમસેનને નારાચ નામનાં બાણોએ પ્રહાર કર્યો ત્યારે બળવાન ભીમસેન તે તરફ દોડયો અને હે ભારત ! પછીથી શૂર ભીમસેને મહારથિ સાત તમારા સાળાઓને હણી નારાચ બાણોવડે શતચંદ્રને નાશ પમાડયો. મહારથિ શતચંદ્રને હણેલો, સહી ન શકતા એવા ગવાક્ષ, શરભ, વિભુ, સુભગ અને ભાનુદત્ત એ શૂરા પાંચ મહારથિ શકુનિના ભાઇઓ ભીમસેન સામા દોડી તીક્ષ્ણ બાણોવડે મારવા લાગ્યા. વૃષ્ટિના વેગવડે પર્વત તાડન કરાય તેમ નારાચવડે તાડન કરાતો એવો બળવાન ભીમસેન, તેણે પાંચ બાણોએકરી પાંચ અતિરથોને મારી નાખ્યા. તે શૂરાઓને નાશ પામેલા જોઇ મોટા રાજાઓ ચલિત થવા લાગ્યા. હે પાપરહિત ! પછી તમારા પુત્રોના અને દ્રોણાચાર્યના જોતાં ક્રોધ પામેલા યુધિષ્ઠિર તમારા સૈન્યને હણવા લાગ્યા અને યુદ્ધમાં ક્રોધ પામેલા યુધિષ્ઠિરે અંબષ્ઠ રાજાઓને, માલવ રાજાઓને તથા શૂર એવા ત્રિગર્ત અને શિબિરાજાઓને પણ મૃત્યુલોક પ્રત્યે મોકલ્યા; તેમ રાજા યુધિષ્ઠિરે અભીષાહ, શૂરસેન અને વસાતિક સહિત એવા બાહ્લીક યોદ્ધાઓને હણી પૃથ્વીને રૂધિરરૂપી ગારાવાળી કરી મૂકી. રાત્રિ યુદ્ધમાં યૌધેય, માલવ અને મદ્રક યોદ્ધાઓના સમૂહોને મૃત્યુલોક પ્રત્યે મોકલ્યા.

હે રાજન્ ! યુદ્ધમાં યુધિષ્ઠિરના રથ પ્રત્યે હણો, પ્રહાર કરો, ગ્રહણ કરો, વિંધો અને કાપો: એવી રીતે સંકુલ શબ્દ થતો હતો. તે વખતે સૈન્યોને નસાડતા યુધિષ્ઠિરને જોઇ, તમારા, પુત્ર દુર્યોધને પ્રેરેલા દ્રોણાચાર્ય યુધિષ્ઠિર પ્રત્યે બાણવૃષ્ટિ કરવા લાગ્યા, અને અતિ ક્રોધવાન થઇ દ્રોણાચાર્યે વાયવ્યાસ્ત્રે કરી કુંતિપુત્ર યુધિષ્ઠિરને વિંધ્યા. ધર્મરાજ યુધિષ્ઠિરે પણ તેમના દિવ્ય અસ્ત્રને અસ્ત્રેકરી કાપી નાખ્યું. તે અસ્ત્રના કપાવાથી અતિ કોપ પામેલા ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્યે પાંડુના પુત્ર યુધિષ્ઠિરને હણવાની ઇચ્છાથી તે વિષે વારૂણ, યામ્ય, આગ્નેય, ત્વાષ્ટ્ર અને સાવિત્ર અસ્ત્રોને ફેંક્યાં. ફેંકેલાં તે અસ્ત્રોને અને ફેંકાતાં બીજાં અસ્ત્રોને પણ દ્રોણાચાર્યથી ભય રહિત મહાબાહુ એવા ધર્મપુત્ર યુધિષ્ઠિરે અસ્ત્રોવડે નાશ પમાડયા. હે ભારત ! પ્રતિજ્ઞાને સત્ય કરવા ઇચ્છતા. ધર્મપુત્ર યુધિષ્ઠિરને હણવા ઇચ્છતા અને તમારા પુત્રના હિત વિષે પ્રીતિવાળા દ્રોણાચાર્યે ઐંદ્ર અને બ્રહ્માસ્ત્ર ઉત્પન્ન કર્યું. તેમજ હાથી અને સિંહની પેઠે ચાલનાર વિશાળ વક્ષ:સ્થળવાળા, મોટા અને રાતા નેત્રવાળા, ઘણા તેજવાળા કુરૂના પતિ યુધિષ્ઠિરે મહેન્દ્રાસ્ત્ર ઉત્પન્ન કર્યું અને તેણેકરી દ્રોણાચાર્યના ઐંદ્રાસ્ત્રને નાશ પમાડ્યું. પોતાનાં અસ્ત્રો હણાવાથી ક્રોધયુક્ત અને યુધિષ્ઠિરના વધને ઇચ્છતા એવા દ્રોણાચાર્યે બ્રહ્માસ્ત્ર નાંખ્યું. હે મહીપતે ! તેને લીધે થએલા ઘોર અંધકારેકરી વિંટાએલા જગતને અમે કશું પણ જાણતા નહિ અને સર્વ પ્રાણિઓ ઘણો ત્રાસ પામ્યાં. હે રાજેંદ્ર ! ઉદય પામેલા બ્રહ્માસ્ત્રને, જોઇ કુંતિપુત્ર યુધિષ્ઠિરે તે અસ્ત્રને બ્રહ્માસ્ત્રે કરીનેજ નિવાર્યું. પછી સૈનિકોના મુખ્ય પુરૂષો, મહાધનુષ્ય ધારી અને સર્વ યુદ્ધમાં કુશળ એવા દ્રોણાચાર્યને અને કુંતિપુત્ર યુધિષ્ઠિરને, વખાણવા

લાગ્યા. પછી દ્રોણાચાર્ય કુંતિપુત્ર અર્જુનને છોડી દેઇ ક્રોધેકરી જેનાં રાતાં નેત્ર થયાં છે એવા વાયવ્યાસ્ત્રેકરી દ્રુપદરાજાનીસેનાને નાશ પમાડવા લાગ્યા. હે ભારત ! દ્રોણાચાર્યથી હણાતા એવા પંચાલ દેશના યોદ્ધાઓ, ભીમસેનના અને મહાત્મા કુંતિપુત્ર અર્જુનના જોતાં ભયથી ભાગવા લાગ્યા. પછી તે સમયે મુકુટવાન અર્જુન અને ભીમસેન તત્કાલ મોટા રથોના બે સમૂહોવડે સૈન્યને લેઇ સમીપ આવ્યા. દક્ષિણ પડખા પ્રત્યે અર્જુન અને ઉત્તર પડખા પ્રત્યે ભીમસેન રહી તે બેઉ ભરદ્વાજ એવા દ્રોણાચાર્ય પ્રત્યે મોટી બાણ સમૂહોની વૃષ્ટિ કરવા લાગ્યા. હે મહારાજ ! કેકય, સૃંજય, મહા બળવાન પંચાલ અને સાત્વતો સહિત એવા મત્સ્ય દેશના યોદ્ધાઓ તેઓની પાછળ ગયા. પછી મુકુટવાન અર્જુનથી હણાતી એવી તે ભારતી સેના અંધકારેકરી અને નિદ્રાવડે વધારે નાશ પામી. હે મહારાજ ! તે સમયે દ્રોણાચાર્યે અને પોતે તમારા પુત્રે નિવારણ કરાતા એવા યોદ્ધાઓ નિવારી શકાયા નહિ.

द्रोणेन वार्यमाणास्ते स्वयं तव सुतेन च ।
ना शक्यन्त महाराज योधा वारयितुं तदा ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे द्रोणयुधिष्ठिरयुद्धे गुर्जरभाषायां सप्तपंचाशदधिकशततमोऽध्यायः ॥ १५७ ॥

અધ્યાય ૧૫૮ મો. કર્ણને કૃપાચાર્યે મારેલાં મહેણાં.

संजय उवाच—उदीर्यमाणं तद् दृष्ट्वा पाण्डवानां महाबलं ।
अविषह्यं च मन्वानः कर्णं दुर्योधनोऽब्रवीत् ॥

સંજય કહે છે—ઉદય પામતાં પાંડવોનાં મોટાં સૈન્યને સહન ન થાય એવું માનતો દુર્યોધન કર્ણ પ્રત્યે બોલ્યો કે, હે મિત્રવત્સલ કર્ણ ! મિત્રનો આ કાળ પ્રાપ્ત થયો છે માટે સંગ્રામ વિષે નિઃશ્વાસ નાખતા સર્પોની પેઠે ક્રોધ પામેલા પંચાલ, મત્સ્ય, કેકય અને મહારથિ પાંડવોવડે વિંટાએલા આપણા સર્વ મહારથિ યોદ્ધાઓનું રક્ષણ કરવા તત્પર થા. કેમકે આ હર્ષ પામેલા ઇન્દ્રની ઉપમા અપાય એવા જયશાલિ પાંડવો અને પંચાલ તથા રથિના સમૂહો નાદ કરે છે, કર્ણ બોલ્યો કે હે ભારત દુર્યોધન ! જો કે આ ઠેકાણે ઇન્દ્ર રક્ષા કરવાને આવશે તો તેને પણ તત્કાળ પરાજય પમાડી પાંડવને હણીશ. આશ્વાસના પામો સત્ય પ્રતિજ્ઞા કરૂં છું કે, સમાગમ પામેલા પંચાલ યોદ્ધાઓને અને પાંડુપુત્રોને મારીશ. હે પર્થિવ દુર્યોધન ! જેવી રીતે અગ્નિપુત્ર કાર્તિકસ્વામી ઇન્દ્રના જયને આપે તેમ હું તારા જયને આપીશ. મારે તારૂં પ્રિય કરવું તેને માટે તો હું જીવું છું. સર્વ કુંતિના પુત્રોમાં અર્જુન અતિ બળવાન છે તેની સમીપ હું નિષ્ફળ ન થનારી ઇન્દ્રે નિર્માણ કરેલી શક્તિને ફેંકીશ. હે માનદ દુર્યોધન ! તે વડે મહા ધનુર્ધારિ અર્જુનનો નાશ થવાથી તેના ભાઇઓ તમારે વશ થશે અથવા ફરીને વન પ્રત્યે જશે. હે કૌરવ્ય દુર્યોધન ! મારા જીવતાં તું કશા માટે ખેદ કર માં. કારણકે હું સંગ્રામ વિષે સર્વ પાંડવોને સાથે જીતીશ. અને મળેલા સમાગમ પામેલા પંચાલ, કેકય અને વૃષ્ણિ યોદ્ધાઓને બાણોના મેંઢા વરસાદે કરી તમને પૃથ્વી આપીશ. સંજય કહે છે—એવી રીતે કહેતા 'આવા સૂતપુત્ર કર્ણ પ્રત્યે શારદ્વત મહાબાહુ કૃપાચાર્ય હસતા હોય નહિ તેમ આ વચન બોલ્યા

[illegible]ને અત્યંત ભૂલી જવારૂપ અજ્ઞાનજ મૃત્યુ કહેવાય છે. ભોગને આપનાર કર્મનો [illegible] [illegible], કર્મના ફળના ભોગમાં આસક્ત પુરૂષો, ભોગની વાસનાથી પૂર્ણ દેહનો ત્યાગ કરી સ્વર્ગાદિ લોક પ્રત્યે જાય છે, પણ મૃત્યુને તરતા નથી; એટલે કે તેમનાથી દેહના નાશ [illegible] કરી મુક્ત નથી થવાતું; કારણ તેઓ બ્રહ્મની પ્રાપ્તિના સાધનભૂત અષ્ટાંગાદિ યોગ રહિત છે; માટે ભોગની ઇચ્છાએ કરી દેહાભિમાની થઇ ઉંચ નીચ અનેક યોનિ વિષે ફર્યા કરે છે. મનુષ્યને મિથ્યાભૂત શબ્દાદિ વિષયોમાં પ્રીતિ અને તે વાસ્તે સ્વાભાવિક પ્રવૃત્તિ, તે જ [illegible] મોહરૂપ છે. કારણ વિષયના સંગે કરી હણાયો છે અંતરાત્મા જેનો એવો પુરૂષ, વિષયોનું સ્મરણ કરી તે તે વિષયને સેવે છે, એટલે વિષય સેવવાનો હેતુ વિષયનું સ્મરણજ છે. પર-મેશ્વર વિષે વા સન્માર્ગમાં ચિત્તવૃત્તિ રાખી વિષયનું સ્મરણ ન થાય તે રીતે કરવું. પ્રથમ વિષયનું સ્મરણ, પછી તે તે વિષયને પામવાનો અભિલાષ, તે કોઇ નિમિત્તથી હણાયો તો ક્રોધ, એ રીતે ત્રણે, નથી જીતી ઇંદ્રિયો જેણે એવા મનુષ્યોને પ્રથમ હણે છે, પછી ક્રમે કરીને મોહયુક્ત કરે છે. જીત્યું છે ચિત્ત જેણે એવા ધીર પુરૂષે, આત્માનું ચિંતન કરતાં, પોતાની પાસે પ્રાપ્ત થયેલાં સ્ત્રીઆદિકને, રસ્તામાં પડેલા તૃણની પેઠે તુચ્છ જાણી તેમાં આસક્તિ ન રાખવી. એ રીતે જે વિદ્વાન થઇ કામને હણે, તે પુરૂષને અજ્ઞાનરૂપ મૃત્યુ યમની પેઠે ગળતું નથી; એટલે કે નિષ્કામને મૃત્યુ ભય નથી. વિષયની ઇચ્છા રાખનાર પુરૂષ મૃગ, હસ્તિ, પતંગ, ભ્રમર તથા મત્સ્ય, એ પાંચ શબ્દાદિ પાંચ વિષયોમાં આસક્તિ રાખવાથી મરણ પામે તેમ મરણ પામે છે, એટલે કે, મૃગ વાદ્ય સાંભળી, તે સુંદર વાદ્યના શબ્દમાં આસક્ત થઇ જઇ પારાધિને હાથે મરણ પામે છે, તેમ હસ્તિ બનાવટી હાથણીને જોઇ, તેને સ્પર્શ કરવાની ઇચ્છાથી પાસે જઈ મરણ પામે છે, પતંગ પણ દીપકને જોઇ તેના રૂપમાં આસક્ત થઇ પાસે જઇને નાશ પામે છે. ભ્રમર સૂર્યવિકાશી કમળમાં તેની સુંદર સુગંધની લાલસાથી બેસે છે ને કમળ સૂર્યાસ્ત સમયે બિડાઇ જાય છે ત્યારે વાયુ બંધ થવાથી, પોતે લાકડાં કોરવાને સમર્થ છતાં પણ, ગંધમાં ગાઢ આસક્તિને લીધે મરણ પામે છે; મત્સ્ય કાંટા ઉપર ચઢાવેલા માંસના સ્વાદને લીધે મરણ પામે છે. એ પાંચ જ્યારે એક એક વિષયમાં ગાઢ આસક્તિથી મરણ પામે છે, ત્યારે પાંચે વિષયને ઇચ્છનાર પુરૂષ વિષ-યની પાછળ નાશ પામે, એમાં શું આશ્ચર્ય ? જે પુરૂષ વિષયનો ત્યાગ કરે છે, તે સર્વ દુઃખને અતિક્રમણ કરી જાય છે. મનુષ્યો કામથી જ્ઞાન તથા વિવેક રહિત થઇ જાય છે, જેમ મદિરાપાન કરી મત્ત થયેલા પુરૂષો ખાડાવાળી જમીનમાં પડી જાય તેમ સુખ આપનારાં સ્ત્રીઆદિક પાછળ પડી પુરૂષ નરકમાં પડે છે. હે ક્ષત્રિય ! ક્રમે કરી જેનું ચિત્ત પરાભવને નથી પામ્યું તે પુરૂષને યમરાજ તૃણના વાઘની પેઠે શું કરી શકે ? કારણ તે પુરૂષ તો [illegible] કામના આવેગને નાશ કરતો સ્ત્રીઆદિકને ન ગણી તેમનું સ્મરણ પણ કરતો નથી. તથાપિ શરીરમાં જે આ મોહાવિશિષ્ટ અંતરાત્મા છે, તે જ ક્રોધ તથા લોભરૂપ મૃત્યુને ઉત્પન્ન કરે છે. એ રીતે ઉત્પન્ન થતા મૃત્યુને જાણી જે જ્ઞાન વિષે નિષ્ઠાવાન થાય, તે યમરાજથી બીતો નથી. વિષયને પામી મનુષ્ય જેમ મૃત્યુથી નાશ પામે તેમ જ્ઞાનીના જ્ઞાનરૂપ [illegible] ગયેલ મૃત્યુ પણ નાશ પામે છે. ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, અશ્વમેધાદિ કર્મે કરીને સ્વર્ગથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મળે છે, એમ વેદ જાણનારા બ્રાહ્મણો કહે છે; તે [illegible] [illegible] આપનાર છે, એમ પણ વેદમાં કહેલું છે. એ વાત જાણનાર પુરૂષ શું [illegible] * કર્મ ન કરે ! કારણ કર્મથી મોક્ષની સિદ્ધિ થતી હોય, ત્યારે જ્ઞાનનું શું પ્રયોજન ! [illegible]

છે, હે રાધાપુત્ર કર્ણ ! સારૂ સારૂ; વચને કરીને જો સિદ્ધિ થતી હોય તો તમારાથી નીચ એવો કુરુવર્ય દુર્યોધન નાથવાળા છે. હે કર્ણ ! કૌરવ એવા દુર્યોધનની સમીપ તમે ઘણી વાર બોલો છો, પણ તમારૂં કશું પરાક્રમ અને ફળ દેખાતું નથી. હે સૂતપુત્ર અભિમાની કર્ણ ! ઘણીવાર પાંડુના પુત્રોની સાથે તમારો સમાગમ જોયો છે. તે સર્વમાં પાંડુપુત્રોએ તમને જીતેલા છે. જ્યારે ગંધર્વોની સાથે યુદ્ધમાં ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધન બંધન પામ્યા હતા ત્યારે સૈન્યો યુદ્ધ કરતાં હતાં અને તમે આગળ એકલા પલાયન કરી ગયા હતા. વિરાટ નગરમાં પણ કુંતિપુત્રે યુદ્ધવિષે ભેગા થએલા સર્વ કૌરવોને અને નાનાભાઇ સહિત તમને જીત્યા હતા. રણાંગણ વિષે એક અર્જુનને પણ જીતવાને તમે સમર્થ નથી, ત્યારે કૃષ્ણસહિત સર્વ પાંડુપુત્રોને જીતવા કેમ ઉત્સાહ પામો છો ? હે સૂતપુત્ર કર્ણ ! બોલ્યા વગર યુદ્ધ કરો, બહુ શું બોલો છો ? કેમકે બોલ્યા વગર જે પરાક્રમ કરે તેજ સત્પુરૂષનું આચરણ છે. હે સૂતપુત્ર કર્ણ ! શરદ ઋતુના નિષ્ફળ મેઘની પેઠે ગર્જના કરી તમે નિષ્ફળ દેખાઓ છો, તે રાજા જાણતો નથી. હે રાધાપુત્ર ! જ્યાં સુધી કુંતિના પુત્ર અર્જુનને જોયો નથી, ત્યાં સુધી ગર્જના કરો. સમીપ કુંતિપુત્રને જોયા પછી તમારી ગર્જના થવી દુર્લભ છે. અર્જુનનાં બાણોને પામ્યા વગર તમે ગર્જના કરો છો. પણ કુંતિપુત્ર અર્જુનનાં બાણવડે વિંધાએલા એવા થશો ત્યારે તમારી ગર્જના દુર્લભ થશે. ક્ષત્રિયો બાહુવડે શૂરા છે, બ્રાહ્મણો વાણીવડે શૂરા છે, અર્જુન ધનુષવડે શૂર છે અને કર્ણ એવા તમે મનોરથોવડે શૂર છો. જેણે રૂદ્રને સંતોષ પમાડયા તે કુંતિપુત્ર અર્જુન પ્રત્યે કોણ ઘા કરી શકે તેમ છે ? એ પ્રમાણે તે સમયે શારદ્વત કૃપાચાર્યે કોપ પમાડેલો પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ એવો કર્ણ કૃપાચાર્ય પ્રત્યે બોલ્યો કે—જેમ વર્ષાઋતુ વિષે મેઘ ગર્જના કરે છે તેમ શૂરાઓ નિરંતર ગર્જના કરે છે, અને વર્ષાઋતુમાં વાવેલાં બીજની પેઠે તત્કાળ ફળ આપે છે. આ બાબતમાં તે તે બોલનારા અને યુદ્ધના ભારને ધરનારા શૂરપુરૂષોના દોષને હું રણભૂમિના અગ્ર ભાગમાં જોતો નથી. મોટા યોદ્ધો બોલે છે તે બાબતમાં જરૂર તેને દૈવ સહાયતા કરે છે, તેમ ઉદ્યમ જેનો સહાય છે એવો મનવડે ભારને વહનારો હું યુદ્ધમાં કૃષ્ણ અને સાત્યકિ સહિત પાંડુના પુત્રોને હણીશ. આજે જે ગર્જના કરૂં છું તેમાં હે બ્રાહ્મણ ! તમારૂં શું જાય છે ? શરદ ઋતુના મેઘની પેઠે શૂરાઓ વૃથા ગર્જના કરતા નથી, પંડિત પુરૂષો આત્માનું સામર્થ્ય જાણ્યા પછી ગર્જના કરે છે. માટે હે ગૌતમીપુત્ર કૃપાચાર્ય ! હું આજે રણભૂમિમાં સજ્જ થએલા કૃષ્ણ અને પાંડુપુત્ર અર્જુનને, મનવડે જીતવાને ઉત્સાહવાળો છું તેથી ગર્જના કરૂં છું. હે વિપ્ર કૃપાચાર્ય ! યુદ્ધમાં અનુચરો, કૃષ્ણ અને સાત્યકિસહિત પાંડુના પુત્રોને હણી દુર્યોધનને નિષ્કંટક પૃથ્વી આપુ છું, તે મારી આ ગર્જનાનું ફળ તમે હવે જુઓ.

કૃપાચાર્ય બોલ્યા—હે સૂતપુત્ર ! તમારા મનોરથના બોલ મારે ગ્રહણ કરવા યોગ્ય નથી. હે કર્ણ ! સદા કૃષ્ણ અને અર્જુનને તથા પાંડુપુત્ર ધર્મરાજને નિંદો છો પણ જ્યાં કૃષ્ણ અને અર્જુન છે ત્યાં જય નિશ્ચય છે, કેમકે સજ્જ થયેલા દેવ, ગંધર્વ, યક્ષ, મનુષ્ય, ઉરગ અને રાક્ષસોએ પણ રણભૂમિમાં ન જીતાય એવા કૃષ્ણ અને પાંડુપુત્ર અર્જુન છે. તેમજ બ્રાહ્મણો વિષે આસ્થાવાન, સત્ય બોલનાર, જિતેંદ્રિય, ગુરૂ અને દેવતાને પૂજનાર, નિરંતર ધર્મ વિષે પ્રીતિવાળા, વિશેષેકરી અસ્ત્રોમાં કુશળ, ધૈર્યવાન, અને કૃતજ્ઞ એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર છે. વળી એમના ભાઇઓ પણ સર્વ અસ્ત્રો વિષે કુશળ, ગુરૂ સેવામાં પ્રીતિવાળા, નિત્ય ધર્મવાળા અને યશસ્વી છે. સંબંધીઓ પણ તેઓમાં અતિ પ્રીતિવાળા,

ઇન્દ્રની બરાબર બળવાળા અને પ્રહાર કરનારાઓ છે. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, દુર્મુખ પુત્ર જનમેજય, ચંદ્રસેન, રૂદ્રસેન, કીર્તિધર્મા, ધ્રુવધર, સુચન્દ્ર, દામચન્દ્ર, સિંહચન્દ્ર, સુતેજન દ્રુપદ રાજાના પુત્રો, મોટાં અસ્રોને જાણનાર દ્રુપદરાજા, સજ્જ થયેલા નાના ભાઈસહિત એવો મત્સ્યરાજ, શતાનીક, સૂર્યદત્ત, શ્રુતાનીક, શ્રુતધ્વજ, બલાનીક, જયાનીક, જયાશ્વ, રથવાહન, ચંદ્રોદય, સમરથ, સુન્દર એવા વિરાટરાજાના ભાઇઓ, નકુલ, સહદેવ, તથા દ્રુપદના પુત્રો અને રાક્ષસ ઘટોત્કચ જેઓને અર્થે યુદ્ધ કરતા હોય તેઓનો નાશ થાયજ નહિ. પાંડુપુત્રના આ કહ્યા તે અને બીજાઓ પણ ઘણા યોદ્ધાના સમૂહ છે. વળી ભીમસેન અને અર્જુન, દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, રાક્ષસના સમૂહ, ભૂત, સર્પ અને હસ્તિઓ સહિત જગતને અસ્રના બળેકરી નિઃશેષ કરે તેમ છે, અને યુધિષ્ઠિર રાજા ભયંકર નેત્રવડે પૃથ્વીને બાળી દે તેમ છે, તથા જેઓને અર્થે અપ્રમેય બળવાન શ્રીકૃષ્ણ ભગવાન સજ્જ થયેલા છે તે શત્રુઓને યુદ્ધમાં જીતવા માટે હે સૂતપુત્ર કર્ણ! કેમ ઉત્સાહ પામો છો? અને તમે સગ્રામ વિષે નિત્ય શ્રીકૃષ્ણની સાથે યુદ્ધ કરવા ઉત્સાહ પામો છો એ તમારો મોટો અન્યાય છે. સંજય કહે છે,–હે ભરતવર્ય! એ પ્રમાણે કૃપાચાર્યનાં વચન સાંભળી હાસ્ય કરતો એવો કર્ણ તે સમયે ગુરૂ એવા શારદ્વત કૃપાચાર્યને કહેવા લાગ્યો કે–હે બ્રાહ્મણ! તમે પાંડવો પ્રત્યે જે વચન કહ્યું તે સત્ય કહ્યું. તમે કહ્યા એ અને બીજા પણ ઘણા ગુણો પાંડવોમાં છે, તેમ રણભૂમિમાં દૈત્ય, યક્ષ, ગંધર્વ, પિશાચ, ઉરગ ને રાક્ષસો સહિત તથા ઇન્દ્ર સહિત સર્વ દેવતાઓએ કુંતિના પુત્રો જીતી શકાય તેમ નથી તોપણ ઇન્દ્રે આપેલી શક્તિવડે કુંતિના પુત્રોને હું જીતીશ.

હે દ્વિજ કૃપાચાર્ય! ઇન્દ્રે આપેલી આ શક્તિ નિષ્ફળ ન જાય એવી છે. આ શક્તિવડે સંગ્રામમાં અર્જુનને હણીશ અને જ્યારે પાંડુપુત્ર અર્જુન હણાશે ત્યારે એના ભાઇઓ અર્જુનરહિત થઇ કોઇ રીતે પણ પૃથ્વીને ભોગવી શકશે નહિ, ને જ્યારે તે સર્વ નાશ પામશે ત્યારે હે કૃપાચાર્ય! આ સાગર સહિત પૃથ્વી યત્નવિના કૌરવોના પતિ દુર્યોધનના વંશમાં રહેશે. હે શારદ્વત કૃપાચાર્ય! સારા નીતિવાળા ઉપાયોવડે સર્વ અર્થ સિદ્ધ થાય છે એમાં સંશય નથી. એ અર્થને જાણ્યા પછી હું ગર્જના કરૂં છું. તમે બ્રાહ્મણ, વૃદ્ધ અને સંગ્રામ વિષે અશક્ત છો, તેમ કુંતિના પુત્રો વિષે સ્નેહવાળા છો તેણેકરી મોહથી મને નિંદો છો. હે દ્વિજ કૃપાચાર્ય! જો ફરી આ પ્રમાણે મને અપ્રિય વચન કહેશો તો તે જ વખતે હે દુર્મતે! ખડ્ગ ઉગામી તમારી જીભને કાપી નાખીશ, અને હે દુષ્ટમતિવાળા વિપ્ર કૃપાચાર્ય! કૌરવોનાં સર્વ સૈન્યોને બીવરાવતા એવા તમે જે પાંડવોને વખાણવા ઇચ્છો છો, પણ એ વિષે યથાર્થ કહેતો એવો જે હું તેનું વાક્ય સાંભળો. હે બ્રાહ્મણ! જ્યાં દુર્યોધન, દ્રોણાચાર્ય, શકુનિ, દુર્મુખ, જય, દુઃશાસન, વૃષસેન, મદ્રદેશનો રાજા શલ્ય, તમે તથા, સોમદત્ત, ભૂરિશ્રવા, દ્રોણપુત્ર અશ્વત્થામા, વિવિંશતિ એ સર્વ યુદ્ધકુશળ પુરૂષો સજ્જ થઇ રહ્યા હો ત્યાં એ પુરૂષોને ઇન્દ્રની સમાન બળવાળો પણ કયો વૈરિ માણસ જીતી શકે? શૂરા, અસ્રોમાં કુશળ, બળવાન, સ્વર્ગને ઇચ્છનારા, ધર્મને જાણનારા ને યુદ્ધમાં કુશળ એવા જે પુરૂષો, યુદ્ધમાં દેવતાઓને પણ નાશ પમાડે એવા છે,તે આ પાંડવોના વધને ઇચ્છનારા તથા પોતાના જયને ઇચ્છનારા પુરૂષો કુરૂકુળમાં થયેલા દુર્યોધન માટે સંગ્રામવિષે સજ્જ થઇ ઉભા રહેશે. હું અતિ બળવાળા પુરૂષોના પણ જયને તો દૈવાધીન માનું છું. હે પુરૂષોમાં અધમ કૃપાચાર્ય! જ્યાં સંગ્રામ વિષે મહાબાહુ ભીષ્મપિતામહ ઘણા બાણવડે વ્યાપ્ત થઇ સુતા છે અને વિકર્ણ; ચિત્રસેન,

બાલ્હીક, જયદ્રથ, ભૂરિશ્રવા, જય જલસંધ, સુદક્ષિણ, રથિઓમાં શ્રેષ્ઠ શલ અને વીર્યવાન ભગદત્ત એ અને દેવતાઓએ પણ અતિ દુઃખેકરી જીતાય એવા અતિ બળવાન બીજા રાજાઓને પાંડવોએ નાશ પમાડયા છે, ત્યાં દૈવયોગ વગર તમે બીજું શું માનો છો ? હે દ્વિજ કૃપાચાર્ય ! વળી નિરંતર જે દુર્યોધનના શત્રુઓને વખાણો છો તેઓના પણ હજારો શૂરાઓ હણાયા છે. પાંડવો સાથે કુરૂઓનાં સર્વ સૈન્યો ક્ષય પામે છે, એમાં કોઇ રીતે પણ હું પાંડવોના પરાક્રમને જોતો નથી. હે બ્રાહ્મણોમાં અધમ કૃપાચાર્ય ! તમે નિરંતર તેઓને બળવાન માનો છો, તેઓ સાથે સંગ્રામમાં યુદ્ધ કરવા હું શકિત પ્રમાણે દુર્યોધનના હિત માટે યત્ન કરીશ, પણ જય થવો એ ભાગ્યાધીન વાત

यस्तान्बलवतो नित्यं मन्यसे त्वं द्विजाधम ।
यतिष्येहं यथाशक्तियोद्धुंतैः सहसंयुगे ॥
दुर्योधन हितार्थाय जयो दैवे प्रतिष्ठितः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे कृपकर्णवाक्ये गुर्जरभाषाया मष्टांचाशदाधिकशततमोऽध्यायः ॥ १५८ ॥

અધ્યાય ૧૫૯ મો. કર્ણનો તિરસ્કાર.

संजय उवाच—तथा परुषितं दृष्ट्वा सूतपुत्रेण मातुलं ।
खड्ग मुद्यम्यवेगेन द्रौणिरभ्यपतद्द्रुतम् ॥

સંજય કહે છે—સૂતપુત્ર કર્ણે તેવી રીતે કઠણ વચન કહેલા મામાને જોઇ ખડ્ગ ઉગામી દ્રોણપુત્ર અશ્વત્થામા તતર દોડયા અને પરમ ક્રોધ પામેલો સિંહ જેમ મદોન્મત્ત હસ્તિ પ્રત્યે જાય તેમ દ્રોણપુત્ર અશ્વત્થામા કુરૂરાજ દુર્યોધનના જોતાં કર્ણ તરફ ગયા. અશ્વત્થામા કહે છે, હે નરોમાં અધમ અતિ દુષ્ટ બુદ્ધિવાળા કર્ણ ! જે અર્જુનના સત્ય ગુણોને કહેતા શૂર એવા મારા મામાને દ્વેષથી તમે તરછોડો છો અને શૌર્યવડે સર્વ લોકમાં ધનુર્ધારિને નિંદતા અતિ ગર્વેકરી યુક્ત એવા તમે આજે યુદ્ધમાં કોઇને ગણકારતા નથી તે જ્યારે તમને સંગ્રામમાં જીતી તમારા જોતાં ગાંડિવ ધનુર્ધારિ અર્જુને જયદ્રથને માર્યો ત્યારે તમારૂં બળ અને અસ્રો ક્યાં ગયાં હતાં. ? હે સૂતાધમ ! પૂર્વે જેણે સાક્ષાત્ મહાદેવ સાથે યુદ્ધ કર્યું હતું તેને જીતવા વૃથા ઇચ્છો છો, સર્વ શસ્રધારી પુરૂષોમાં ઉત્તમ કૃષ્ણ સહિત એવા બળવાન અર્જુનને જીતવા ઇંદ્ર સહિત એકઠા મળેલા દેવ અને દૈત્યો શક્તિમાન નથી, તે લોકમાં એક વીર અજીત એવા અર્જુનને જીતવા માટે હે દુષ્ટ બુદ્ધિવાળા સૂત કર્ણ ! તું આ રાજાઓ સહિત કોણ માત્ર છે ? હે અતિ દુષ્ટ બુદ્ધિવાળા નરોમાં અધમ એવા કર્ણ ! હમણાં ઉભો રહે, હે સુદુર્મતે ! આજે કાયા થકી તમારા મસ્તકને કાપું છું તે જોઇ લે. સંજય કહે છે કે—માર-વાને ઉદ્યમ કરતા અશ્વત્થામાને પોતે રાજા દુર્યોધને અને મનુષ્યોમાં ઉત્તમ મહા તેજસ્વી કૃપાચાર્યે નિવાર્યા. કર્ણ કહે છે, હે કુરૂશ્રેષ્ઠ દુર્યોધન ! આને છોડી દ્યો; અને દુર્મતિ બ્રાહ્મણોમાં અધમ, યુદ્ધને વખાણનારો શૂર આ ભલે મારા બળને જુએ. અશ્વત્થામા કહે

છે—હે અતિ દુષ્ટ બુદ્ધિવાળા સૂતપુત્ર કર્ણ ! અમે તને આ ક્ષમા કરીએ છીએ પણ તારા આ તારા ગર્વને અર્જુન મટાડશે. દુર્યોધન કહે છે—હે માનને આપનાર અશ્વત્થામા ! ક્ષમા કરવાને યોગ્ય છો માટે પ્રસન્ન થાઓ અને કોઇ રીતે પણ તમારે સૂતપુત્ર કર્ણ ઉપર કોપ કરવો નહિ, કારણ કે તમારે વિષે, કર્ણ વિષે, દ્રોણાચાર્ય વિષે, મદ્રરાજ એવા શલ્ય વિષે અને શકુનિ વિષે મેં કાર્ય આરંભેલું છે, માટે હે દ્વિજશ્રેષ્ઠ ! પ્રસન્ન થાઓ, હે બલવાન્ અશ્વત્થામન્ ! રાધાપુત્ર કર્ણની સાથે યુદ્ધ કરવા ઇચ્છતા અને ચોતરફથી બોલતા એવા આ સર્વ પાંડવો આવે છે માટે પ્રસન્ન થાઓ. સંજય કહે છે,–હે મહારાજ ! પછી રાજા દુર્યોધને મનાવેલા ક્રોધના વેગવડે યુક્ત મોટા મનવાળા દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રસન્ન થયા અને હે રાજેંદ્ર ! તે પછી અતિ મોટા મનવાળા સૌમ્ય સ્વભાવથી તત્કાળ જેને મૃદુતા પ્રાપ્ત થએલી છે એવા કૃપાચાર્ય પણ આ પ્રમાણે બોલ્યા. કૃપાચાર્ય કહે છે—હે અતિ દુષ્ટ મતિવાળા સૂત પુત્ર કર્ણ ! અમે આ તને ક્ષમા કરીએ છીએ, પણ તારા વધેલા ગર્વને અર્જુન નાશ પમાડશે. સંજય કહે છે–હે રાજન ! પછી પાંડવો અતિ યશસ્વી પંચાલ દેશના યોદ્ધાઓને ભેગા કરી ચોતરફથી કર્ણને તરછોડતા આવ્યા, રથિ પુરૂષોમાં શ્રેષ્ઠ પરાક્રમવાન અને દેવતાઓના સમૂહોવડે વિંટાએલો ઇન્દ્ર હોય તેમ ઉત્તમ કૌરવોવડે વિંટાએલો તેજસ્વી કર્ણ પણ પોતાના બાહુબળનો આશ્રય કરી તૈયાર થઇ ઉભો રહ્યો. હે મહારાજ ! પછી કર્ણનું સિંહ-નાદવડે શોભિત ભયંકર એવું પાંડવો સાથે યુદ્ધ થયુ. હે રાજન્ ! તે વખતે પાંડવો અને યશસ્વી પંચાલ યોદ્ધાઓ મહાબાહુ કર્ણને જોઇ આ કર્ણ, ક્યાં કર્ણ ! હે કર્ણ ઉભો રહે અને હે દુરાત્મન્ પુરૂષોધમ કર્ણ ! મહા રણભૂમિમાં અમારી સાથે યુદ્ધકર; એ રીતે મોટા શબ્દ કરવા લાગ્યા અને ક્રોધેકરી જેનાં રાતાં નેત્ર થયાં છે એવા બીજાઓ રાધાપુત્ર કર્ણને જોઇ આ ગર્વ પામેલા અલ્પ બુદ્ધિવાળા સૂતપુત્ર કર્ણને મારો; આના જીવવાવડે સર્વ ઉત્તમ રાજાઓને લાભ નથી તથા આ પાપી પુરૂષ કુંતિના પુત્રોનો અત્યંત વૈરી નિત્ય દુર્યો-ધનના મતમાં રહેલો અનર્થોનું મૂળ છે માટે આને હણો; એ પ્રમાણે કહેતા એવા ક્ષત્રિયો મોટી બાણવૃષ્ટિઓવડે તેને ઢાંકતા પાંડુપુત્ર અર્જુનની પ્રેરણાથી સૂતપુત્ર કર્ણના વધ માટે દોડ્યા. તે રીતે દોડતા તે સર્વ મહારથિઓને જોઇ સૂતપુત્ર કર્ણ વ્યથા ન પામ્યો, તેમ ત્રાસ ન પામ્યો. હે ભરતવર્ય ! સંહાર સમય સરખા ઉછળતા સૈન્યરૂપી સાગરને જોઇ, તમારા પુત્રોને પ્રસન્ન કરવા ઇચ્છતો સંગ્રામ વિષે પરાજય રહિત શીઘ્રકારી મહા બળવાન કર્ણ બાણના સમૂહોવડે તે સૈન્યને ચોતરફથી વારવા લાગ્યો. પછી ધનુષને હલાવતા એવા હજારો અને લાખો રાજાઓ તેને વારવા લાગ્યા અને દૈત્યોના સમૂહ જેમ ઇન્દ્રને યુદ્ધ કરાવે તેમ રાધાપુત્ર કર્ણને યુદ્ધ કરાવવા લાગ્યા.

હે પ્રભો ! રાજાઓની નાખેલી બાણવૃષ્ટિને કર્ણ બાણવૃષ્ટિવડે ચોતરફથી નાશ પમાડવા લાગ્યો. સામસામી એક ક્રિયાને કરતા એવા તે યોદ્ધાઓનું યુદ્ધ જેવી રીતે દેવ અને દૈત્યોના યુદ્ધમાં, દાનવો સાથે ઇન્દ્રનું યુદ્ધ થયું હતું તેવી રીતે યુદ્ધ થયું. ત્યાં અમે સૂતપુત્ર કર્ણના આશ્ચર્યકારી શીઘ્રપણાને જોયું કે જે એકલા કર્ણને યુદ્ધમાં સર્વ તરફથી યત્નવાળા રાજાઓ પાછી હઠાવી શકતા ન હતા. રાધાપુત્ર મહારથિ કર્ણ રાજાઓના બાણસમૂહોને નિવારી પોતાના નામાંકિત ભયંકર બાણોનો ધોંસરા વિષે, લાંગલદંડો વિષે, છત્ર, ધ્વજ અને ઘોડાઓ પર નાખતો હતો. તે પછી વ્યાકુળ થએલા કર્ણના બાણોવડે પીડા પામેલા રાજાઓ જેમ શીતવડે પીડા પામેલી

ઓ ભાગે તેમ જ્યાં ત્યાં ભાગતા હતા તેવી રીતેજ કર્ણથી નાશ પામતા ઘોડા, હાથી અને રથિના સમૂહોને અમે જોતા હતા. હે રાજન્! પાછા ન હઠનારા યોદ્ધાઓના પડી ગએલા, નાશ પામેલા, નાશ પામતા અને સર્વ તરફ ફેલાતાં મસ્તકોવડે અને બાહુઓવડે ચોતરફથી યુદ્ધ યમપુરીની ઉપમા અપાય એવું ભયંકર થયું હતું. પછી રાજા દુર્યોધને કર્ણના પરાક્રમને જોઇ અશ્વત્થામા પ્રત્યે આવી આવું વાક્ય કહ્યું કે, રણભૂમિમાં સજ્જ થએલો આ કર્ણ સર્વ રાજાઓ સાથે યુદ્ધ કરે છે તેથી કર્ણના બાણોવડે પીડા પામેલી અને ભાગતી આ સેનાને કાર્તિકસ્વામીએ નાશ કરેલી અસુરોની સેનાની પેઠે જુઓ. રણભૂમિમાં બુદ્ધિમાન કર્ણે જીતેલી આ સેનાને જોઇ, સૂતપુત્ર કર્ણને મારવાની ઇચ્છાવડે આ અર્જુન જાય છે, તે માટે જેવી રીતે આપણા જોતાં યુદ્ધમાં પાંડુપુત્ર અર્જુન, સૂતપુત્ર મહારથિ કર્ણને ન મારે તેવી રીને યુધ્ધકરો. રીતે દુર્યોધને કહ્યું ત્યાર પછી દ્રોણપુત્ર અશ્વત્થામા, કૃપાચાર્ય, શલ્ય ને મહારથિ હાર્દિક્યતે સર્વ સૂતપુત્ર કર્ણની રક્ષા કરવાની ઇચ્છાવડે દૈત્યોની સેના પ્રત્યે આવતા ઇંદ્રને જોઇ જેમ સુરલોક સામે જાય તેમ, કુંતિપુત્ર અર્જુનને આવતો જોઇ તેઓ સામે ગયા. હે રાજેંદ્ર! તે સમયે પંચાલ દેશના યોદ્ધાઓવડે વિંટાએલો અર્જુન પણ જેવી રીતે ઇંદ્ર વૃત્રાસુર સામે જાય તેવી રીતે કર્ણ પ્રત્યે ગયો. ધૃતરાષ્ટ્ર પૂછે છે કે—હે સૂત! કલ્પાંતક યમરાજાની ઉપમા અપાય એવા ક્રોધ પામેલા અર્જુનને જોઇ સૂર્યપુત્ર કર્ણ શું ઉત્તમ કાર્ય સિદ્ધ કરી શકયો? જે મહારથિ નિરંતર કુંતિપુત્ર અર્જુનની સાથે સ્પર્ધા કરે છે અને યુદ્ધમાં અતિ દારૂણ એવા અર્જુનને જીતવા ઇચ્છે છે.

હે સંજય! સૂર્યનો પુત્ર કર્ણ નિત્ય અત્યંત વૈરી એવા અર્જુનને તત્કાળ પ્રાપ્ત થએલો જોઈ શું ઉત્તમ કાર્ય સિદ્ધ કરી શકયો? સંજય કહે છે કે, પાંડુપુત્ર અર્જુનને આવતો જોઇ, હાથી સમીપ જેમ હાથિ જાય તેમ રણભૂમિમાં અવ્યાકુલ એવો કર્ણ ધનંજય પ્રત્યે ગયો. વેગેકરી સમીપ આવતા સૂર્યપુત્ર કર્ણને કુંતિપુત્ર અર્જુને સીધા જનારાં બાણોવડે ઢાંકી કાઢયો અને કર્ણે અર્જુનને ઢાંકી મૂકયો. પછી ફરીને પાંડુપુત્ર અર્જુને ઘણાં બાણોવડે કર્ણને ઢાંકયો ત્યારે અતિ ક્રોધ પામેલા કર્ણે ત્રણ બાણોવડે અર્જુનને વિંધ્યો. કર્ણની તે શીઘ્રતા જોઇ મહા બળવાન કુંતિપુત્ર અર્જુન સહન કરી શકયો નહિ અને સૂતપુત્ર કર્ણ પ્રત્યે શિલાઓવડે તીક્ષ્ણ કરેલાં સ્વચ્છ અગ્ર ભાગવાળાં સીધાં ચાલનારા ત્રણસો બાણને શત્રુને તપાવનારા અર્જુને નાખ્યાં તથા ક્રોધ પામેલા પરાક્રમી બળવાન અર્જુને હસીને જેમ તેમ કર્ણને જમણા હાથના અગ્ર ભાગ વિષે વિંધ્યો, તેથી બાણેકરી વિંધાએલા કર્ણના હાથથી ધનુષ પડી ગયું, ફરીને નિમેષાર્ધ વખતમાં ધનુષ ફેંકવામાં કુશળ પુરૂષની પેઠે બીજું ધનુષ લેઇ મહા બળવાન કર્ણે બાણોના સમૂહોવડે અર્જુનને ઢાંકી દીધો. હે ભારત! સૂતપુત્ર કર્ણે કરેલી તે બાણોની વૃષ્ટિને હસતો હોય નહિ તેમ, અર્જુને બાણવૃષ્ટિવડે નાશ પમાડી. હે પાર્થિવ ધૃતરાષ્ટ્ર! સામસામી એક ક્રિયા કરવાને ઇચ્છતા એવા મહા ધનુર્ધારી તે બેઉ સામસામા આવી બાણરૂપી વૃષ્ટિવડે ઢાંકતા હતા. જે પ્રમાણે હાથણીના કારણથી ક્રોધ પામેલા વનના બે હાથીઓનું યુદ્ધ થાય, તેમ રણભૂમિમાં અદ્ભુત એવું કર્ણ અને પાંડુપુત્ર અર્જુનનું તે મોટું યુદ્ધ થતું હતું. પછી મહા ધનુર્ધારી અર્જુને કર્ણનું પરાક્રમ જોઇ ઉતાવળથી કર્ણની મુઠીના ભાગમાં રહેલા ધનુષને કાપી નાંખ્યું અને ભાલાઓવડે ચાર ઘોડાને યમરાજાના સ્થાન પ્રત્યે મોકલી દીધા. તેમજ શત્રુને તપાવનારા અર્જુને સારથિના મસ્તકને કાયા પરથી પાડી નાખ્યું. આ પછી જેનું ધનુષ કપાએલું અને જેના ઘોડા અને સારથિ નાશ પામ્યા છે એવા કર્ણને

કુંતિપુત્ર પાંડવ અર્જુને ચાર બાણોવડે વિંધ્યો. બાણોવડે પીડા પામેલો નરોમાં ઉત્તમ એવો કર્ણ અર્જુનના બાણસમૂહોવડે યુક્ત એવા શલ્યની પેઠે જીવિતાર્થને ઇચ્છતો જલદી રથમાંથી કૂદી કૃપાચાર્યના રથ પર બેઠો. હે ભરતવર્ય ! રાધાપુત્ર કર્ણને અર્જુને જીતેલો જોઇ ધનંજયનાં બાણોવડે પીડા પામેલા તમારા યોદ્ધાઓ દશ દિશાઓ પ્રત્યે દોડવા લાગ્યા.

હે નૃપ ! તે યોદ્ધાઓને ભાગતા જોઇ રાજા દુર્યોધન પાછા વાળવા લાગ્યો અને આ વાક્ય બોલ્યો કે હે ક્ષત્રિયોમાં ઉત્તમ શૂરા પુરૂષો ! તમારા ભાગવાવડે ઘણું થયું માટે ઉભા રહો અને આ હું પોતે સંગ્રામ વિષે કુંતિપુત્ર અર્જુનનો વધ કરવા સારૂ જાઉં છું તથા હું પંચાલ અને સોમક યોદ્ધાઓ સહિત કુંતિના પુત્રોને મારીશ. જેમ યુગના નાશ વખતે કાળના પરાક્રમને જુએ તેમ રાજાઓ આજે ગાંડિવ ધનુષવાળા અર્જુનની સાથે યુદ્ધ કરતા મારા પરાક્રમને જોશે, આજે યુદ્ધમા પતંગિઆઓની પંક્તિની પેઠે ધનૂષથી છૂટતા મારા બાણસમૂહોને યોદ્ધાઓ જોશે. વર્ષા ઋતુમા મેઘની વૃષ્ટિને જેમ જુએ તેમ આજે યુદ્ધમાં બાણોને ફેંકનો ધનુર્ધારી એવો જે હું તેના બાણમય વૃષ્ટિને સૈનિકો જોશે, આજે રણભૂમિમાં નમેલ પર્વવાળાં બાણોએકરી કુંતિપુત્ર અર્જુનને જીતીશ. હે શૂરાઓ ! યુદ્ધમાં ઉભા રહો અને અર્જુનના ભયને તજો. જેવી રીતે મકરાલય (મગરોના રેહાણરૂપી) મોટો સાગર ભરતીને પામી તેને ન સહે તેવી રીતે અર્જુન મારા પરાક્રમને સહી શકશે નહિ એ પ્રમાણે કહી મોટા સૈન્યવડે વિંટાએલો દુઃખેકરી સહી શકાય એવો ક્રોધાયમાન રાતા નેત્રવાળો રાજા દુર્યોધન અર્જુન સામે ગયો, તે સમયે મહાબાહુ રાજાને જતો જોઇ શારદ્વત કૃપાચાર્ય આવી અશ્વત્થામા પ્રત્યે આ વાક્ય બોલ્યા કે, આ અમર્ષવાન ક્રોધવાળા મહાબાહુ રાજા દુર્યોધન પતંગિઆની વૃત્તિને ગ્રહી અર્જુન સામે યુદ્ધ કરવા ઇચ્છે છે. માટે હે પુરૂષોમા ઉત્તમ અશ્વત્થામા ! જ્યાંસુધી આપણા જોતાં કુંતિપુત્ર અર્જુન સાથે મળેલો રાજા પ્રાણ ન ખૂવે તેટલા વખતમાં કૌરવ એવા અર્જુનને નિવારી રાખો, અને જેટલા વખતમાં શૂર કુરૂકુળમા થએલો રાજા આજે યુદ્ધમાં અર્જુનના બાણ વિષયને ન પામે તેટલા વખતમાં તેને વારો. તેમ જેટલી વારમાં ભયંકર અને કાંચળી રહિત સર્પ સરખા બાણોવડે રાજાને અર્જુને ભસ્મ ન કરાય તેટલી વારમાં યુદ્ધથી તેને નિવારો. હે માનને આપનાર અશ્વત્થામા ! આપણે છીએ ને જો રાજા સહાય વગર યુદ્ધ સારૂ જાય તે અયોગ્ય હોય તેમ હું માનું છું. તેમજ જેવી રીતે સિંહની સાથે યુદ્ધ કરનારા હાથીનું જીવિત દુર્લભ મનાય તેવી રીતે મુકુટવાન કુંતિપુત્ર અર્જુનની સાથે યુદ્ધ કરનારા કુરૂકુળમા થએલા દુર્યોધનનું જીવિત હુ દુર્લભ માનું છું. મામા કૃપાચાર્યે એ પ્રમાણે કહેલા શસ્ત્રધારી પુરૂષોમાં ઉત્તમ એવા દ્રોણપુત્ર અશ્વત્થામા ત્વરાથી દુર્યોધન પ્રત્યે આ વાક્ય બોલ્યા. હે ગાંધારીપુત્ર કૌરવ્ય દુર્યોધન ! હું જીવું છું, ત્યાં સૂધી તમારા નિરંતર હિત ઇચ્છનાર એવો જે હું તેને તિરસ્કાર કરી તમે યુદ્ધ પ્રત્યે જવા યોગ્ય નથી. હે દુર્યોધન ! તમારે કુંતિપુત્ર અર્જુનના વિજય પ્રત્યે સંભ્રમ કરવો નહિ; કેમકે હું તેમને હઠાવીશ માટે તમે ઉભા રહો. દુર્યોધન કહે છે—હે દ્વિજોત્તમ આચાર્ય ! પાંડુના પુત્રોને પુત્રપેઠે રાખો છો પણ તમે નિરંતર તેઓ વિષે ઉપેક્ષા કરો છો તેમ મારા મંદભાગ્યપણાને લીધે કિંવા ધર્મ રાજાનાં પ્રિય માટે અથવા દ્રૌપદીનાં પ્રિય માટે તમારૂં પરાક્રમ મંદ થાય છે, તે હું જાણતો નથી ! લોભી એવો જે હું તેનેજ ધિક્કૂ છે કે જેને માટે સુખને યોગ્ય પરાજય રહિત એવા ધર્મ-રાધિરો પરમ દુઃખનેજ પામે છે. શસ્ત્ર જાણનારા પુરૂષોના મધ્યમાં મુખ્ય અને યુદ્ધમાં [illegible]-

દેવની સમાન શક્તિમાન એવો ગૌતમીનો પુત્ર ન હોય તેવો કોણ શત્રુને નાશ ન પમાડે? હે અશ્વત્થામા! તમે પ્રસન્ન થાઓ અને મારા અહિતકારી શત્રુઓને નાશ પમાડો, કેમકે તમારા અસ્ત્રવિષય વિષે રહેવા દેવ અને દાનવો પણ સમર્થ નથી. હે દ્રોણપુત્ર અશ્વત્થામા! અનુચરો સહિત પંચાલ અને સોમક યોદ્ધાઓને તમે નાશ પમાડો અને શેષ રહેલાઓને તમે રક્ષા કરેલા એવા અમેજ નાશ પમાડશું. હે વિપ્ર અશ્વત્થામા! આ યશસ્વી સોમક અને પંચાલ યોદ્ધાઓ મારા સૈન્ય વિષે ક્રોધ પામતા દાવાગ્નિની પેઠે ફરે છે તેઓને તથા કેકય રાજાઓને હે નરોમાં ઉત્તમ! નિવારો તેમને કેમકે આગળ મુકુટવાન અર્જુને રક્ષા પમાડેલા તેઓ સૈન્યને નિઃશેષ કરે છે, હે શત્રુને દમનાર અશ્વત્થામા! ત્વરાયુક્ત એવા તમે જલદી જાઓ કેમકે,હે મારિષ! પ્રથમ અથવા પછી એ તમારૂંજ કામ છે. હે મહાબાહો અશ્વત્થામન્! તમે પંચાલ યોદ્ધાઓના વધ સારૂ ઉત્પન્ન થયા છો, માટે ઉદ્યમ કરી સર્વ જગતને પંચાલ યોદ્ધાઓ રહિત કરશો. આ પ્રમાણે જે સિદ્ધ વાણી હું કહું છું તે તેમજ થશે, માટે હે પુરુષોમાં ઉત્તમ અશ્વત્થામા! અનુચરો સહિત પંચાલ યોદ્ધાઓને નાશ પમાડો. તમારા અસ્ત્ર આગળ ઇન્દ્ર સહિત એવા પણ દેવતાઓ રહેવા સમર્થ નથી, ત્યારે આ તમને સત્ય કહું છું કે પંચાલ સહિત એવા કુંતિના પુત્રો કોણ માત્ર છે? હે વીર અશ્વત્થામાન્! આ તમને સત્ય કહું છું કે તમારી સાથે સંગ્રામમાં સોમક યોદ્ધાઓ સહિત પાંડુના પુત્રો બળથી યુદ્ધ કરવા સમર્થ નથી. હે મહાબાહો અશ્વત્થામાન્! જાઓ જાઓ જેથી આપણો કાલ જાય નહિ; આ કુંતિપુત્ર અર્જુનનાં બાણોવડે પીડા પામતી સેના ભાગે છે. હે માન અપાનાર મહાબાહો અશ્વત્થામા! પાંડુપુત્ર અને પંચાલ યોદ્ધાઓના વધ વિષે તમે પોતાનાં દિવ્ય તેજવડે સમર્થ છો.

शक्तोह्यसि महाबाहो दिव्येन स्वेन तेजसा।
निग्रहे पाण्डुपुत्राणां पञ्चालानां च मानद ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे दुर्योधनवाक्ये गुर्जरभाषाया मेकोनषष्ट्यधिकशततमोऽध्यायः ॥ १५९ ॥

અધ્યાય ૧૬૦ મો. અશ્વત્થામાનો કોપ.

संजय उवाच—दुर्योधने नैव मुक्तो द्रौणि राहवदुर्मदः ।
चंक्रेऽरिवधेयत्नमिन्द्रो दैत्यवधे यथा ॥

સંજય કહે છે—દુર્યોધને એ પ્રમાણે કહેલા યુદ્ધમાં દુર્મદ એવા મહાબાહુ દ્રોણપુત્ર અશ્વત્થામા જેવી રીતે ઇન્દ્ર દૈત્યોના વધમા યત્ન કરે તેવી રીતે શત્રુઓના વધ વિષે યત્ન કરવા લાગ્યા. તથા તમારા પુત્ર પ્રત્યે આ વચન બોલ્યા કે, હે મહાબાહો કૌરવ કે, દુર્યોધન! જે પ્રમાણે તમે કહો છો તે પ્રમાણે જરૂર મને તથા મારા પિતાને પણ પાંડવો નિરંતર પ્રિય છે. હે તાત કુરૂદ્વહ દુર્યોધન! તેમજ અમે એ તેઓના પ્રિય છીએ, પણ યુદ્ધમાં નથી માટે શક્તિથી નિર્ભય પુરૂષની પેઠે પ્રાણને કોરે મૂકી યુદ્ધ કરીએ છીએ. હે નૃપોત્તમ દુર્યોધન! હું, કર્ણ, શલ્ય, કૃપાચાર્ય અને હાર્દિક્ય એટલાજ નિમેષ વખતમાં પાંડવોની સેનાને નાશ પમાડીએ · લોક

છીએ. હે કુરૂદ્વહ મહાબાહો દુર્યોધન ! જો અમે યુદ્ધમાં ન હોઇએ તો તેઓ માત્ર નિમેષાર્ધ વખતમાં કૌરવોની સેનાને નાશ પમાડે તેમ છે. હે ભારત દુર્યોધન ! પાંડવો પ્રત્યે શક્તિવડે યુદ્ધ કરતા એવા જે અમે તેનું અને અમ પ્રત્યે યુદ્ધ કરવા ઇચ્છનારા પાંડવોનું તેજ, તેજને પામી શમી જાય છે. હું તમને સત્ય કહું છું કે પાંડુ પુત્રોના જીવતાં બળથી પાંડવોની સેના જીતી શકે તેમ નથી. હે ભારત દુર્યોધન ! પોતાને માટે યુદ્ધ કરતા એવા તે સમર્થ પાંડુપુત્રો શા માટે તમારા સૈન્યોને જીતશે નહિ. હે રાજન્ કૌરવ દુર્યોધન ! તમે તો અતિ લોભી દગાબાજીને જાણનાર સર્વ વિષે શંકા કરનાર અભિમાની છો, તેથી અમારા પ્રત્યે શંકા કરો છો. હે રાજન્ દુર્યોધન ! તમે નિંદિત પાપાત્મા અને પાપી પુરૂષ છો, તેથી હે ક્ષુદ્ર પાપભાવવાળા તમે અમારા તથા બીજાઓ પ્રત્યે પણ શંકાઓ કરો છો. હે કુરૂપુત્ર દુર્યોધન ! આ હું તો તમારે અર્થે યત્ન કરી જેણે જીવિત કોરે મૂકેલું છે એવો થઇ તમારે માટે સંગ્રામ વિષે જાઉં છું. હે શત્રુને દમનાર દુર્યોધન ! તમારા પ્રિય માટે આજે હું સંગ્રામ પ્રત્યે જાઉં છું, અને પંચાલ, સોમક, કૈકેય તથા પાંડવ શત્રુઓ સાથે યુદ્ધ કરીશ, અને સારા સારા યોદ્ધાઓને જીતીશ. આજે જેમ સિંહવડે પીડા પામેલી ગાયો ચોતરફ ભાગે તેમ મારાં બાણવડે પીડા પામતા પંચાલ અને સોમક યોદ્ધાઓ ભાગશે. આજ રાજા ધર્મપુત્ર યુધિષ્ઠિર મારા પરાક્રમને જોઇ લોકને સોમક સહિત અશ્વત્થામામય માનશે, અને ધર્મપુત્ર યુધિષ્ઠિર વૈરાગ્ય પામશે. હે ભારત દુર્યોધન ! રણભૂમિમાં સોમક યોદ્ધાઓ સહિત પંચાલ યોદ્ધાઓને નાશ પામેલા જોઇ જેઓ યુદ્ધમાં મારા પ્રત્યે યુદ્ધ કરશે તેઓને હણીશ. હે શૂર દુર્યોધન ! જેઓ મારા બાહુના મધ્ય ભાગને પ્રાપ્ત થશે તેઓ મુક્ત નહિ થાય, એ પ્રમાણે મહાબાહુ અશ્વત્થામા તમારા પુત્ર દુર્યોધનને કહી સર્વ ધનુર્ધારિઓને ત્રાસ પમાડતા તમારા પુત્રોનું પ્રિય કરવા ઇચ્છતા એવા પ્રાણધારિ પુરૂષોમાં ઉત્તમ અશ્વત્થામા યુદ્ધ કરવા માટે ગયા. અને પછી ગૌતમીપુત્ર અશ્વત્થામા કૈકેય યોદ્ધાઓ સહિત પંચાલ યોદ્ધાઓને કહેવા લાગ્યા કે, હે મહારથિઓ ! સર્વ તમે આ મારા શરીર વિષે પ્રહાર કરો અને સ્થિર થએલા અસ્ત્રોની શીઘ્રતાને દર્શાવતા એવા યુદ્ધ કરો. હે મહારાજ ! એવી રીતે અશ્વત્થામાએ કહેલા યોદ્ધાઓ દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રત્યે જેવી રીતે મેઘ જળ પ્રત્યે વૃષ્ટિ કરે તેવી રીતે શસ્ત્ર વૃષ્ટિઓ કરવા લાગ્યા; તે બાણોને દ્રોણપુત્ર અશ્વત્થામાએ નાશ પમાડી પાંડુપુત્ર અને ધૃષ્ટદ્યુમ્નની સમીપ દશ શૂરાઓને મારી નાખ્યા. હે પ્રભો ! સંગ્રામમાં હણાતા એવા પંચાલ અને સોમક યોદ્ધાઓ રણભૂમિ વિષે દ્રોણપુત્ર અશ્વત્થામાને તજી દશ દિશાઓ પ્રત્યે દોડવા લાગ્યા.

હે મહારાજ ! શૂર એવા પંચાલ અને સોમક યોદ્ધાઓને સાથે દોડતા જોઇ ધૃષ્ટદ્યુમ્ન રણમાં દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રત્યે દોડયો અને પછી કાંચનવડે વિચિત્ર, મેઘતુલ્ય શબ્દવાળા, શૂરા, ન નિવૃત્ત થનારા સો રથિઓવડે વિંટાએલો પાંચાલ રાજાનો મહારથિપુત્ર ધૃષ્ટદ્યુમ્ન યોદ્ધાઓને હણેલા જોઇ દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રત્યે બોલ્યો કે, હે દુષ્ટ બુદ્ધિવાળા આચાર્યના પુત્ર ! બીજાઓના હણવાવડે તને શું થશે, માટે જો શૂર છે તો મારી સાથે યુદ્ધમાં સમાગમ પામ. હું તને હણીશ માટે હમણાં મારી આગળ ઉભો રહે. હે ભરતવર્ય ! એમ કહ્યા પછી પ્રતાપવાળા ધૃષ્ટદ્યુમ્ન મર્મને ભેદનારાં તીક્ષ્ણ બાણોવડે આચાર્યના પુત્ર અશ્વત્થામાને પ્રહાર કર્યો. જે રીતે મધને ઇચ્છનારા ઉત્તમ ભમરાઓ પુષ્પવાળા વૃક્ષ પ્રત્યે પ્રવેશ કરે તે રીતે ધૃષ્ટદ્યુમ્નનાં તે પંક્તિરૂપ કરેલાં તત્કાળ જનારાં રૂકમ પુંખવાળાં સારા અગ્ર ભાગવાળાં સર્વ કાયાને ભેદનારાં બાણ દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રત્યે પ્રવેશ કરવા લાગ્યાં. પગેકચરી હણાએલા સર્પની

[illegible] અતિ ચિડાયેલા અને અતિ ક્રોધ પામેલા માનવાળા અસંભ્રાંત અને આણે [illegible] [illegible] છે એવા દ્રોણપુત્ર અશ્વત્થામા બોલ્યા કે, હે ધૃષ્ટદ્યુમ્ન ! સ્થિર થઇ મુહૂર્ત વાર ઉભો રહે કે, [illegible] તને તીક્ષ્ણ બાણોવડે હું યમરાજના સ્થાન પ્રત્યે મોકલું. એ પ્રમાણે ધૃષ્ટદ્યુમ્નને કહી [illegible] શત્રુઓને મારનાર દ્રોણપુત્ર અશ્વત્થામા અસંકુશળ પુરૂષની પેઠે ચોતરફથી બાણોના સમૂહોવડે તેને ઢાંકવા લાગ્યા. તે સમયે યુદ્ધમાં દ્રોણપુત્ર અશ્વત્થામાથી પીડા પામતો યુદ્ધમાં દુર્મદ એવો પંચાલ રાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન વાણીવડે દ્રોણપુત્ર અશ્વત્થામાને પીડવા લાગ્યો. હે વિપ્ર! મારી પ્રતિજ્ઞાને તથા ઉત્પત્તિને તું જાણતો નથી. હે અતિ દુષ્ટ મતિવાળા ! દ્રોણાચાર્યને હણી મારે તને મારવો છે; તે માટે આજે યુધ્ધમાં દ્રોણાચાર્યના જીવતાં હું તને મારતો નથી. હે સુદુર્મતિ અશ્વત્થામન્ ! આ રાત્રિનું સવાર નહિ થયું હોય એટલામાં તો તારા પિતાને મારી પછીથી તને યુદ્ધમાં પ્રેતલોક પ્રત્યે મોકલીશ, એ મારા મનમાં રહેલું છે; માટે કુંતિના પાંચ પુત્રો સામે દ્વેષ છે અને કૌરવોપર ભક્તિ છે, તેને સ્થિર થઇ દર્શાવ: કેમકે મારાથી તું જીવતો નહિ જાય. જે બ્રાહ્મણ બ્રાહ્મણપણાને મૂકી દેઇ ક્ષત્રિયોના ધર્મ વિષે પ્રીતિવાળો છે તે પુરૂષોમાં અધમ જાણવો; તું તેને તેની પેઠે સર્વ લોકને હણવા યોગ્ય છે. એવી રીતે ધૃષ્ટદ્યુમ્ને કઠિણ વાક્ય કહેલા બ્રાહ્મણોમાં ઉત્તમ એવા અશ્વત્થામા તીવ્ર ક્રોધને પ્રાપ્ત કરી ગયા અને 'ઉભો રહે, ઉભો રહે' એ પ્રમાણે બોલ્યા તથા નેત્રોવડે બાળતા હોય નહિ તેમ ધૃષ્ટદ્યુમ્નને જોવા લાગ્યા અને સર્પની પેઠે નિઃશ્વાસ નાખતા બાણોવડે ઢાંકવા લાગ્યા. હે રાજશ્રેષ્ઠ ! દ્રોણપુત્ર અશ્વત્થામાએ યુધ્ધમાં બાણવડે આચ્છાદન કરેલો સર્વ પંચાલ સેનાઓવડે વિંટાએલો રથિ પુરૂષોમાં શ્રેષ્ઠ, મહાબાહુ ધૃષ્ટદ્યુમ્ન પોતાના પરાક્રમનો આશ્રય કરી કંપ્યો નહિ અને જૂદા જૂદા પ્રકારનાં બાણો અશ્વત્થામા ઉપર નાખવા લાગ્યો. ફરીને પ્રાણ દ્યૂતના બજારરૂપી રણભૂમિમા બાણોના સમૂહોવડે પરસ્પર પીડા પમાડતા અમર્ષવાળા, ચોતરફથી બાણવૃષ્ટિઓને કરતા, મહા ધનુર્ધારી તે બેઉ લડવા લાગ્યા. તે સમયે દ્રોણપુત્ર અશ્વત્થામા અને ધૃષ્ટદ્યુમ્નના ઘોર રૂપવાળા ભયાનક યુધ્ધને જોઇ સિદ્ધ, ચારણ અને ગંધર્વો વખાણવા લાગ્યા. આકાશ અને દિશાઓને બાણોના સમૂહોવડે પૂર્ણ કરતા [illegible] એવા તે બેઉ બાણોવડે મોટા અંધકારને કરી યુધ્ધ કરવા લાગ્યા. રણભૂમિમાં નૃત્ય કરતા હોય તેમ રહેલા, જેણે મંડળાકાર ધનુષ ખેંચેલું છે એવા, પરસ્પર વધ કરવામાં યત્નવાળા, સર્વ જંતુને ભયંકર, મહાબાહુ તેઓ આશ્ચર્યકારી શીઘ્ર અને સારૂ યુદ્ધ કરતા હતા. સંગ્રામ વિષે હજારો યોદ્ધાઓના મુખ્ય પુરૂષોથી વખાણ પામતા, રણમાં આગ્રહ સહિત એવા તે બેઉને જેમ વનના હાથિઓને વનમાં જોઇ હર્ષ થાય, તેમ બેઉ સેનાને વિષે ઘણો હર્ષ થતો હતો, તેમ સિંહનાદ સરખા શબ્દો થતા હતા. સૈનિકો હજારો અને લાખો શંખ તથા વાદિત્રો વગાડતા હતા. એ રીતે ભીરૂના ભયને વધારનારૂં તે સંકુલ યુદ્ધ થતું હતું, તે વખતે તેઓનું તુમુલ યુદ્ધ મુહૂર્તવાર સમાન રૂપવાળું થયું. પછી હે મહારાજ ! દ્રોણપુત્ર અશ્વત્થામાએ મહાત્મા ધૃષ્ટદ્યુમ્નના ધ્વજને, ધનુષને તથા છત્રને, બે પડખાના સારથિને, રથસારથિને, અને [illegible] ઘોડાઓને હણ્યા તથા રણભૂમિ વિષે દોડયા અને વળી માપી ન શકાય એવા પરાક્રમવાળા તેઓએ નમેલ પર્વવાળાં બાણોએ કરી હજારો ને લાખો પંચાલ યોદ્ધાઓને નસાડયા. હે [illegible] ! તે મહા પાંડવોની સેના યુદ્ધમાં ઇન્દ્રસરખું દ્રોણપુત્ર અશ્વત્થામાનું બેહુ [illegible] [illegible] [illegible] લાગી. [illegible] દ્રોણપુત્ર અશ્વત્થામાએ દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્નની [illegible]

મુકુટધારી એવા અર્જુનના જોતાં સો બાણોવડે પંચાલના સો યોદ્ધાઓને તથા તીક્ષ્ણ ત્રણ બાણોવડે ત્રણ મહારથિઓને નાશ પમાડયા અને જેઓ અતિ નિશ્ચય કરી રહેલા હતા તે પંચાલ યોદ્ધાઓને પણ નાશ પમાડયા. સંગ્રામ વિષે સૃંજય યોદ્ધાઓ સહિત વધ થતા તે પંચાલ યોદ્ધાઓ દ્રોણપુત્ર અશ્વત્થામાને તજી દેઈ, જેઓના રથ અને ધ્વજ જૂદા જૂદા થઈ ગયા છે, એવા થઇ જતા હતા. યુદ્ધમાં શત્રુઓને જીતી મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામા જેવી રીતે મેઘ ઘણો મોટો નાદ કરે તેમ અતિ મોટો નાદ કરતા હતા. અને જે પ્રમાણે યુગના નાશ વખતે સર્વ જંતુઓને ભસ્મ કરી અગ્નિ શોભે તે પ્રમાણે બહુ શૂરાઓને નાશ પમાડી તેઓ શોભતા હતા. તેમ જે રીતે શત્રુઓના સમૂહોને હણી, ઇન્દ્ર શોભે તે રીતે સંગ્રામ વિષે હજારો શત્રુઓના થોકને જીતી યુદ્ધમાં કૌરવોથી વખાણાતા પ્રતાપવાન તે બેઉ શોભતા હતા.

सम्पूज्यमानो युधिकौरवेयै र्निर्जित्य सङ्ख्येरिगणान्सहस्रशः ।
व्यरोचत द्रोणसुतः प्रतापवान् यथा सुरेन्द्रोरिगणान्निहत्य वै ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे अश्वत्थामा पराक्रमे गुर्जरभाषायां षष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६० ॥

અધ્યાય ૧૬૧ મો. સંમિશ્ર સંકુલ યુદ્ધ.

संजय उवाच—ततो युधिष्ठिरश्चैव भीमसेनश्च पाण्डवः ।
द्रोणपुत्रं महाराज समन्तात्पर्यवारयन् ॥

સંજય કહે છે—હે મહારાજ ! તે પછી યુધિષ્ઠિર અને પાંડુપુત્ર ભીમસેન, દ્રોણપુત્ર અશ્વત્થામાને વારવા લાગ્યા. પછી ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્યે યુક્ત એવો રાજા દુર્યોધન સંગ્રામ વિષે, પાંડવો સામે ગયો. તે પછી હે મહારાજ ! ભીરૂ પુરૂષોના ભયને વધારનારૂં ઘોરરૂપવાળું યુધ્ધ થયું. તે વખતે ક્રોધ પામેલા ભીમસેને અંબષ્ટ, માલવ, બંગ, શિબિ અને ત્રિગર્ત દેશના યોધ્ધાઓને પણ મૃત્યુલોક પ્રત્યે મોકલ્યા. તેમજ યુધ્ધમાં દુર્મદ એવા આભીષાહ અને શૂરસેન દેશના યોધ્ધાઓને હણી ભીમસેને પૃથ્વીને રૂધિરરૂપી ગારાવાળી કરી મૂકી. વળી હે રાજન્ ! મુકુટવાળા અર્જુને પર્વતમાં વસનારા યોધ્ધાઓને અને મદ્રક તથા માળવા દેશના યોધ્ધાઓને પણ મૃત્યુ લોકપ્રત્યે મોકલ્યા. તે સમયે શીઘ્ર ગતિવાળા અર્જુનનાં તીક્ષ્ણ બાણોએકરી દૃઢ પ્રહાર પામતા બે દાંતવાળા હસ્તિઓ જેવી રીતે બે શીખરવાળા પર્વતો પડે તેમ પૃથ્વીપર પડતા હતા. કપાએલી અને આણીકોર તેણીકોર ચેષ્ટા કરતી એવી હાથિઓની શુંઢવડે વિંટાએલી પૃથ્વી, જેવી રીતે ફરતા સર્પોવડે શોભે તેમ શોભતી હતી. અને પડેલાં સુવર્ણવડે વિચિત્ર એવાં રાજાઓનાં છત્રોએકરી જે પ્રમાણે યુગના નાશ વખતે સૂર્ય અને ચંદ્ર આદિ ગ્રહોવડે વિંટાએલું અંતરીક્ષ શોભે તે પ્રમાણે શોભતી હતી. વળી હે નિર્ભય પુરૂષો ! હણો, પ્રહાર કરો, વિંધો અને કાપો, એવી રીતે અર્જુનના રથ પ્રત્યે સંકુલ શબ્દ થતો હતો. તેમ સંગ્રામ વિષે પરમ ક્રોધ પામેલા દ્રોણાચાર્ય તો જેમ દુઃખેકરી નાશ પામે એવો મોટો વાયુ વાદળાંઓને નાશ પમાડે તેમ વાયવ્ય અસ્ત્રેકરી યોદ્ધાઓને નાશ પમાડતા હતા. તેથી દ્રોણાચાર્યથી નાશ પામતા પંચાલ યોદ્ધાઓ ભયથી ભીમસેન અને મહાત્મા કુંતિપુત્ર અર્જુનના જોતાં નાસતા હતા. પછી મુકુટવાન અર્જુન ને ભીમસેન તુર્ત મોટા રથસમૂહોવડે મોટાં સૈન્યને ઘેરી [illegible]

વચન સાંભળી, સનત્સુજાત ઋષિએ કહ્યું કે, એ રીતે સકામકર્મ કરનાર જ્ઞાની પુરૂષ સ્વર્ગ લોકમાં જાય છે, અને વેદો પણ ત્યાં ભોગ તથા મોક્ષનાં પ્રયોજન છે, એમ કહે છે, એ વાત ખરી, તથાપિ તે સકામ કર્મ કરનાર પુરૂષ પોતાના કર્મ પ્રમાણે ભોગ ભોગવી પાછો આલોકમાં અવતરે છે, તેને સત્યલોક મોક્ષ આપનારો નથી. નિષ્કામ કર્મ કરનાર જ્ઞાની પુરૂષ અહિંજ પરમપદને પામે છે; કદાચ કંઈ સત્યલોકના ભોગની ઇચ્છા હોય તો, તે સુષુમ્ના નાડી વડે કરી બીજા લોકના માર્ગોને મુકી સત્યલોકમાં જાય છે, ને પૂર્ણ જ્ઞાની થઇ પરમપદને પામે છે.

ધૃતરાષ્ટ્ર—તમે કહ્યું જે જીવ પરમપદને પામે છે, તેથી એવું સિદ્ધ થયું કે, પરમાત્માજ જીવપણાને પામે છે, કારણ જો એમ હોય તો અન્યને અન્યરૂપ થવું ઘટતું નથી. હવે તે પણ સંભવતું નથી, કારણ જન્મ તથા પરિણામ રહિત પરમાત્માને કોણ હુકમ કરનાર છે, કે જેના હુકમથી તે દુઃખાદિક ભોગવનાર જીવ થાય? કદી તમે એમ કહેશો કે, કોઇ હુકમ કરનાર બીજો માનશું, તો તે હુકમ કરનારને હુકમ કરનાર કોણ, પાછો તેને હુકમ કરનાર કોણ, એ રીતે અનવસ્થારૂપ દોષ આવશે. કદાચ એમ કહેશો કે, પરમાત્મા પોતેજ અનુક્રમથી આ સર્વ વિશ્વરૂપ પોતાની મેળેજ થાય છે, તો તે પણ સંભવતું નથી. કારણ "પ્રયોજન વિના મંદ બુદ્ધિવાળો પણ કોઇ કામમાં પ્રવર્ત્તે નહીં," એ ન્યાયથી આપ્તકામ પરમાત્માને તેમ થવા વિષે કંઈ પ્રયોજન નથી, માટે પોતાની મેળે પણ જગદ્રૂપ થવું સંભવે નહીં. તમે કહેશો કે લોકમાં ચોપાટ આદિની રમત મતલબ વગર પણ રમાય છે, તેમ પરમાત્માને પણ જગત્સૃષ્ટ્યાદિક લીલા માત્ર છે, તો તેપણ સંભવતું નથી; કારણ ચોપાટ આદિની રમત પણ સુખ વાસ્તે રમાય છે, ને પરમાત્માને કંઇ સુખની ઇચ્છા નથી, તેમ પોતાના આત્માને સંકટમાં પાડવાથી તેને કંઇ સુખ નથી, માટે પરમાત્માને પોતાની મેળે પણ સૃષ્ટિ વિષે પ્રવૃત્તિ સંભવતી નથી. હે વિદ્વાન્! આ બધું યથાર્થ તમે મને કહો. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે, જીવ તથા પરમાત્માનો ભેદ માનવામાં મોટો દોષ છે, કારણ યથાર્થ વિચારતાં તે બેઉનું ઐક્યજ ઘટે છે, માટે તેમનો ભેદ માનવો યોગ્ય નથી. અજ્ઞાનજ જેનો હેતુ છે એવાં સ્થૂલ સૂક્ષ્મ શરીરના સંબંધે કરી, ઘટાકાશ તથા જળ ચંદ્રાદિ ન્યાય પ્રમાણે પરમાત્માથી જીવો થાય છે. એ રીતે ઔપાધિક ભેદ થવાથી જળગત ચંદ્ર કંપવાથી જેમ મુખ્ય ચંદ્ર કંપે નહીં તથા ઘટાકાશ ચલિત થતાં જેમ મુખ્ય આકાશ ચલાયમાન થાય નહીં, તેમ પરમાત્માનું આધિક્ય ટળતું નથી. આ જગત દેખાય છે, તે સર્વ ઐશ્વર્ય સંપન્ન નિત્ય નિર્વિકાર પરમાત્માજ છે. તે માયાના યોગથી વિશ્વને રચે છે, પરમાત્મામાં જગતને ભાસમાન કરનારી શક્તિ રહેલી છે, એમ વેદ પણ માને છે. વન્હિની દાહકશક્તિની પેઠે તે શક્તિ તેનાથી જુદી નથી, તે વિષે પણ વેદ પ્રમાણ છે. સનત્સુજાતનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, મોક્ષ વાસ્તે કેટલાક પુરૂષો અગ્નિહોત્રાદિરૂપ સદ્ધર્મનું આચરણ કરતા નથી, ને કેવળ સંન્યાસ લે છે; ને કેટલાક ઉપાસના સહિત અગ્નિહોત્રાદિરૂપ ધર્મ કરે છે તે કેમ? અગ્નિહોત્રાદિરૂપ ધર્મ કરતાં જે ખામીરૂપ પાપ થાય છે, તે આચરેલા ધર્મને હણે છે કે તેથી પોતે હણાય છે? સનત્સુજાત ઋષિએ કહ્યું કે, મોક્ષ વાસ્તે સંન્યાસ તથા ઉપાસના સહિત નિષ્કામ અગ્નિહોત્રાદિરૂપ ધર્મ, એ બેઉ ઉપયોગી છે; અને સકામ ધર્મનું ફળ સ્વર્ગ વા નિષ્કામપણાથી કરે તો ચિત્તશુદ્ધિ અને પાપનું ફળ તો નરકજ છે. બ્રહ્મસ્વરૂપમાં સ્થિતિ વાસ્તે સંન્યાસ તથા ઉપાસના સહિત નિષ્કામ ધર્મ એ

જાતા. દક્ષિણ પડખે રહેલો અર્જુન અને ઉત્તર પડખે રહેલો ભીમસેન તે બેઉ મોટા બાણ-સમૂહોવડે ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્ય પ્રત્યે વૃષ્ટિ કરતા હતા. હે મહારાજ! તેઓની પાછળ મત્સ્ય અને સોમક યોદ્ધાઓ સહિત મહાબલવાન સૃંજય અને પંચાલ યોદ્ધાઓ જતા હતા. તેમજ હે રાજન્! તમારા પુત્ર દુર્યોધનના પ્રહાર કરનારા મહારથિઓ મોટી સેના સાથે દ્રોણા-ચાર્યના રથ પ્રત્યે જતા હતા. પછી મુકુટવાન અર્જુનથી હણાતી, તે ભારતી સેના અંધકાર અને નિદ્રાવડે ફરીને વધારે કપાતી હતી. હે મહારાજ! તે સમયે દ્રોણાચાર્યે અને પોતે તમારા પુત્ર દુર્યોધને નિવારાતા એવા પણ તે યોદ્ધાઓ નિવારી શકાતા ન હતા. પાંડુપુત્રના બાણોવડે કપાતી તે મોટી સેના અંધકારે વિંટાએલા જગત વિષે સર્વ તરફ દોડતી હતી. હે મહારાજ! તે સમયે ભયયુકત કેટલાક રાજાઓ ઘણા ઘોડાઓને તજી આમતેમ દોડતા હતા.

तमसा सम्वृते लोके व्यद्रवत्सर्वतोमुखी ।
उत्सृज्य शतशो वाहांस्तत्र केचिन्नराधिपाः ॥
प्राद्रवन्त महाराज भयाविष्टाः समन्ततः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे संकुल-युद्धे गुर्जरभाषायामेकषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६१ ॥

અધ્યાય ૧૬૨ મો. સાત્યકિ ને સોમદત્તનું યુદ્ધ.

संजय उवाच—सोमदत्तं तु सम्प्रेक्ष्य विधुन्वानं महद्धनुः
सात्यकिः प्राहयन्तारं सोमदत्ताय मां वह ॥

સંજય કહે છે—મોટાં ધનુષને હલાવતા સોમદત્તને જોઈ સાત્યકિ પોતાના સારથિને કહેવા લાગ્યો કે, મને સોમદત્ત સમીપ લઇ જા, કેમકે હે સૂત! રણભૂમિમાં મહા બળવાન શત્રુ સોમદત્તને માર્યા સિવાય હું યુધ્ધથી પાછો વળનાર નથી, એ મારૂં સત્ય વચન છે. એવી રીતે સાત્ય-કિના કહ્યા પછી સારથિ મન સરખા વેગવાળા, શંખ સરખા વર્ણવાળા સર્વ શબ્દોને ઉલંઘી જનારા સિંધુ દેશના ઘોડાઓને રણભૂમિ વિષે ચલાવવા લાગ્યો. મન અને વાયુ તુલ્ય વેગ-વાળા તે ઘોડાઓ જેવી રીતે પૂર્વે દૈત્યના વધ પ્રત્યે ઉદ્યમવાળા ઇંદ્રને ઘોડાઓ લઇ વહી ગયા હતા તેવી રીતે સાત્યકિને લેઇ ગયા. રણભૂમિમાં સમીપ આવતા વેગવાળા સાત્યકિને જોઇ વૃષ્ટિમાન મેઘની પેઠે બાણવૃષ્ટિ કરતો મહાબાહુ અસંભ્રાંત એવો સોમદત્ત સામો થયો અને મેઘ જેમ જળવૃષ્ટિવડે સૂર્યને ઢાંકે તેમ શિનિપૌત્ર સાત્યકિને બાણવૃષ્ટિવડે ઢાંકવા લાગ્યો. હે ભારતવર્ય! સંગ્રામમાં સાવધાન એવો સાત્યકિ બાણોના સમૂહોવડે ચોતરફથી કુરૂમાં ઉત્તમ એવા સોમદત્તને ઢાંકવા લાગ્યો. હે રાજન્! સોમદત્તે સાઠ બાણોવડે સાત્યકિને છાતી વિષે વિંધ્યો, અને સાત્યકિએ પણ સોમદત્તને તીક્ષ્ણ બાણોવડે વિંધ્યો. પરસ્પર બાણોવડે પ્રહાર કરેલાં શરીરોમાં ઉત્તમ તે બે જેવી રીતે વસંત ઋતુમાં સારાં પુષ્પવાળાં ફૂલેલાં કેસુડાનાં બે વૃક્ષ શોભે તેવી રીતે શોભતા હતા. જેઓનાં રૂધિરવડે છંટાએલાં સર્વ અંગ છે એવા કુરૂ અને વૃષ્ણિ-કુળની કીર્તિ વધારનારા સોમદત્ત અને સાત્યકિ પરસ્પર નેત્રોવડે બાળતા હોય નહિ તેમ

જોતા હતા. રણમંડળના ચાર્યો વિષે ફરતા શત્રુઓને નાશ પમાડનારા તેઓ વૃષ્ટિકાળના મેઘની પેઠે ઘોર રૂપવાળા થયા હતા. અને હે રાજેંદ્ર! બાણોવડે જેનાં શરીર ભેદ પામેલાં છે એવા બાણોવડે ઘાયલ થએલા તેઓ સર્વ શરીર વિષે ઘાયલ થએલા સસલા જેમ દેખાય તેમ દેખાતા હતા. તેમજ હે રાજન્! સુવર્ણ પુંખવાળાં બાણોવડે વ્યાપ્ત થએલા તે બેઉ જણે પ્રમાણે વર્ષાઋતુમાં પતંગિઆઓવડે વિંટાએલી વનસ્પતિ શોભે તે પ્રમાણે શોભતા હતા તથા તે બાણોવડે પ્રદીપ્ત જેનાં સર્વ અંગ છે એવા રણભૂમિ વિષે ક્રોધ પામેલા મહારથિ તે બેઉ જેવી રીતે ઉલ્કાઓવડે બે હસ્તિઓ દેખાય તેવી રીતે દેખાતા હતા. હે મહારાજ! પછી મહારથિ સોમદત્તે અર્ધચંદ્રવડે મધુકુળમાં થએલા સાત્યકિના મોટા ધનુષને કાપી નાખ્યું. એ પછી સાત્યકિને પચ્ચીસ બાણવડે પ્રહાર કર્યો અને ઉતાવળ કરવાને વખતે ઉતાવળ કરી ફરીને દશ બાણોવડે વિંધ્યો. પછી સાત્યકિએ અતિ વેગવાળું બીજું ધનુષ લેઇ પાંચ બાણોવડે તુર્ત સોમદત્તને વિંધ્યો, અને બીજાં ભલ્લ નામના બાણોવડે હે રાજન્! રણમાં હાસ્ય કરતો હોય નહિ તેમ રહેલા સાત્યકિએ બાલ્હિકના પુત્ર સોમદત્તની સેનાના ધ્વજને કાપી નાખ્યો. ધ્વજને નાશ પામેલો જોઇ સંભ્રાત ન થએલા એવા સોમદત્તે પચ્ચીસ બાણોવડે શિનિપૌત્ર સાત્યકિને વિંધ્યો. રણભૂમિમા ક્રોધ પામેલા સાત્યકિએ પણ ધનુર્ધારિ સોમદત્તના ધનુષને ભલ્લ અને ક્ષુરપ્ર નામનાં અસ્ત્રેકરી કાપી નાખ્યુ અને હે રાજન્! એ પછી સોમદત્તને જેવી રીતે પડી ગયેલી દાઢોવાળા હાથિને પ્રહાર કરે તેવી રીતે સુવર્ણ પુંખવાળાં તથા નમેલ પર્વવાળાં સો બાણેકરી બહુ પ્રકારે પ્રહાર કર્યો. પછી મહા બળવાન મહારથિ સોમદત્તે બીજા ધનુષને લેઇ બાણ વૃષ્ટિવડે સાત્યકિને ઢાંકી દીધો. રણભૂમિમાં ક્રોધ પામેલો સાત્યકિ સોમદત્તને વિંધતો હતો અને સોમદત્ત બાણોના સમૂહવડે સાત્યકિને પીડા પમાડતો હતો. સાત્વત એવા સાત્યકિને અર્થે ભીમસેને દશ બાણોએકરી બાલ્હિકના પુત્ર સોમદત્તને પ્રહાર કર્યો. પછી સંભ્રમ રહિત એવા સોમદત્તે પણ તીક્ષ્ણ બાણોએકરી ભીમસેનને પીડિત કર્યો. પછી ફરીને સાત્યકિના કાર્યને લીધે ભીમસેને નવી, દૃઢ, ભયંકર ભોગળને સોમદત્તની છાતી સામે નાખી. તે વેગવડે સમીપ આવતી ભયંકર દર્શનવાળી ભોગળને હસતો હોય નહિ તેમ ઉભો રહેલ એવો જે કૌરવ સોમદત્ત, તેણે સંગ્રામ વિષે બે પ્રકારેકરી કાપી નાખી. બે પ્રકારે કાપેલી તે મોટી લોઢાની ભોગળ જેવી રીતે વજ્રવડે કપાએલું પર્વતનું મોટું શિખર પડે તેમ પડી. હે રાજન્! સંગ્રામ વિષે સાત્યકિએ ભલ્લ બાણવડે સોમદત્તના ધનુષને તથા પાંચ બાણોવડે હાથના મોજાને કાપી નાખ્યા. પછી જલદી ચાર બાણોવડે તેના ઉત્તમ ઘોડાઓને પ્રેત રાજાની સમીપ મોકલ્યા અને હે ભારત! નરોમાં અને શિનિકુળમાં ઉત્તમ એવા સાત્યકિએ નમેલ પર્વવાળાં બાણેકરી સારથિના મસ્તકને કાયાથી છુટું કર્યું. પછી હે રાજન્! સાત્વત એવા સાત્યકિએ મહા ઘોર, સુવર્ણ પુંખવાળા, શિલાવડે તીક્ષ્ણ કરેલા બાણને જેવી રીતે બળતા અગ્નિને નાખે તેવી રીતે તેનીપર નાખ્યું.

હે સમર્થ ભારત! બળવાન શિનિપૌત્ર સાત્યકિએ નાંખેલાં ભયંકર બાણ તત્કાળ સોમદત્તની છાતી વિષે પડ્યાં. હે મહારાજ! સાત્યકિએ અતિ વિંધેલો મહારથિ મહાબાહુ સોમદત્ત નીચે પડી ગયો અને મૃત્યુ પામ્યો. તે સમયે સોમદત્તને મરણ પામેલો જોઇ મહારથિ પુરુષો મોટી બાણવૃષ્ટિવડે સાત્યકિને પીડા પમાડવા લાગ્યા. હે મહારાજ! બાણોવડે ઢંકાતા સાત્યકિને જોઇ યુધિષ્ઠિર અને પાંડવો સર્વ પ્રભદ્રક યોદ્ધાઓ સાથે તથા મોટી સેના સાથે દ્રોણાચાર્યના સૈન્ય સામે દોડ્યા. પછી ક્રોધ પામેલા યુધિષ્ઠિર ભારદ્વાજના પુત્ર દ્રોણાચાર્યના યોદ્ધાં

બાણોવડે તમારા યોદ્ધાઓનાં મોટાં સૈન્યને નસાડવા લાગ્યા. સૈન્યને નસાડતા યુધિષ્ઠિરને જોઇ ક્રોધે કરી જેનાં નેત્ર રાતાં થયાં છે એવા દ્રોણાચાર્ય વેગવડે યુધિષ્ઠિર સામે દોડ્યા, પછી અતિ તીક્ષ્ણ સાત બાણોએકરી કુંતિપુત્ર યુધિષ્ઠિરને વિંધ્યા. તેમ બહુ ક્રોધ પામેલા યુધિષ્ઠિરે પણ પાંચ બાણોવડે દ્રોણાચાર્યને સામા વિંધ્યા. અતિ વિંધેલા, ગલોફાં ચાટતા એવા મહાબાહુ દ્રોણાચાર્યે યુધિષ્ઠિરના ધ્વજ અને ધનુષને કાપી નાખ્યું. ત્વરાને વખતે ધનુષ અને રથ રહિત રાજાઓમાં ઉત્તમ એવા યુધિષ્ઠિરે વેગેકરી સંગ્રામ વિષે બીજા દૃઢ ધનુષને લીધું અને કુંતિપુત્ર યુધિષ્ઠિરે તે હજાર અસ્ત્રોવડે ઘોડા, સારથિ, ધ્વજ અને રથ સહિત દ્રોણાચાર્યને વિંધ્યા, તે આશ્ચર્ય સરખું થયું. પછી મુહૂર્તવાર વ્યથા પામેલા અને બાણના ઘાથી જરા પીડા પામેલા દ્રોણાચાર્ય રથના સારથિને બેસવાને સ્થાને બેઠા. હે ભરતશ્રેષ્ઠ! પછી મુહૂર્તવારમાં સંજ્ઞા પામી ઘણા ક્રોધેકરી યુક્ત એવા દ્રોણાચાર્યે બાણોમાં શ્રેષ્ઠ એવું વાયવ્ય અસ્ત્ર ફેંક્યું. હે ભારત! તે સમયે અસંભ્રાંત એવા બળવાન કુંતિપુત્ર યુધિષ્ઠિરે ધનુષને ખેંચી તે અસ્ત્રને અસ્ત્રવડે સ્થિર કર્યું અને પાંડુપુત્ર યુધિષ્ઠિરે બ્રાહ્મણ દ્રોણાચાર્યના મોટા ધનુષને કાપી નાંખ્યું. પછી ક્ષત્રિયોને નાશ પમાડનારા દ્રોણાચાર્યે બીજું ધનુષ લીધું. દ્રોણાચાર્યના ધનુષને કુરૂમાં ઉત્તમ એવા યુધિષ્ઠિરે તીક્ષ્ણ ભલ્લોવડે કાપી નાખ્યું. પછી વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ કુંતિપુત્ર યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યા કે હે ભરતશ્રેષ્ઠ મહાબાહો યુધિષ્ઠિર! હું તમને કહું છું તે સાંભળો. તમે યુદ્ધમાં દ્રોણાચાર્યથી વિરામ પામો. કેમકે દ્રોણાચાર્ય સંગ્રામ વિષે નિરંતર તમને પકડવા યત્ન કરે છે માટે તમારી સાથે દ્રોણાચાર્યના યુદ્ધને હું યોગ્ય માનતો નથી. જે માણસ એમના નાશ માટે ઉત્પન્ન કર્યો છે, તે માણસજ એમને મારશે માટે તમે ગુરૂ દ્રોણાચાર્યને તજીને જ્યાં દુર્યોધન રાજા છે ત્યાં જાઓ.

હે કુંતિપુત્ર યુધિષ્ઠિર! રાજા રાજાની સાથે યુદ્ધ કરવા યોગ્ય છે પણ રાજાથી ભિન્ન પુરૂષ સાથે રાજાએ યુદ્ધ ઇચ્છાતું નથી, માટે જ્યાં સુધી સહાય એવો જે હું તેણે સહિત અર્જુન અને રથિપુરૂષોમાં ઉત્તમ એવો ભીમસેન કૌરવો સાથે યુદ્ધ કરીએ છીએ ત્યાં સુધી હાથી, ઘોડા અને રથવડે વિંટાએલા તમે જ્યાં દુર્યોધન છે ત્યાં જાઓ. એ રીતે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ધર્મરાજ યુધિષ્ઠિર મુહૂર્તવાર વિચાર કર્યા પછી જ્યાં શત્રુઓને હણનારો ઉઘાડાં અને ફાડેલ મુખવાળા કાળની પેઠે તમારા યોદ્ધાઓને હણતો એવો ભીમ નિશ્ચય કરી રહ્યો છે તે દારૂણ યુદ્ધપ્રત્યે તુર્ત ગયા. જેવી રીતે વર્ષાઋતુમાં મેઘ દશ દિશાઓને શબ્દવાળી કરી મૂકે તેવી રીતે મોટા રથના શબ્દેકરી પૃથ્વીને ગજાવતાં પાંડુના પુત્ર યુધિષ્ઠિરે શત્રુઓને હણતા એવા ભીમસેનનું પડખું પકડયું. તેમ રાત્રિના પ્રદોષ સમયે દ્રોણાચાર્યે પણ પાંડુપુત્ર અને પંચાલ યોદ્ધાઓને પીડિત કર્યા.

भीमस्याभिघ्नतः शत्रून्पार्ष्णिजग्राह पाण्डवः ।
द्रोणोपि पाण्डुपंचालां व्यधमद्रजनीमुखे ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे गुर्जरभाषायां द्विषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६२ ॥

અધ્યાય ૧૬૩ મો. રાત્રિયુદ્ધમાં દીવાઓની ગોઠવણ.

संजय उवाच—वर्तमाने तथा युद्धे घोररूपे भयावहे ।
तमसा सम्वृते लोकरजसा च महीपते ॥

સંજય કહે છે—હે મહીપને! ઘોરરૂપવાળુ અને ભયંકર યુદ્ધ થતું હતું તથા અંધકારે અને રજવડે વિંટાએલા લોક જ્યારે થયા હતા ત્યારે રણભૂમિમાં રહેલા યોદ્ધાઓ પરસ્પર દેખાતા ન હતા પણ અનુમાન અને સંજ્ઞાવડે જેમાં મનુષ્ય, હાથી અને ઘોડાઓનો નાશ છે એવું પરમ રૂંવાં ઉભાં કરે એવું મોટું યુદ્ધ વૃદ્ધિ પામતું હતું, હે નૃપશ્રેષ્ઠ! દ્રોણાચાર્ય, કર્ણ, કૃપાચાર્ય વગેરે શૂરાઓ અને ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ એ શૂરાઓ પરસ્પર સૈન્યોને ક્ષોભ પમાડતા હતા; ચોતરફથી તે મહારથિઓએ નાશ પમાડેલાં સૈન્યો અંધકારવડે વિંટાએલા જગત વિષે ચોતરફ નાસતાં હતાં. હે મહારાજ! સંગ્રામ વિષે સર્વ તરફ નાસતા, ચેતના રહિત, દોડતા એવા યોદ્ધાઓ નાશ પામતા હતા અને હજારો મહારથિઓ યુદ્ધમાં પરસ્પર હણતા હતા. હે ભારત! તમારા પુત્ર દુર્યોધનના દુર્મંત્રિને લીધે ગાઢ અંધકારવિષે મોહ પામેલાં સર્વ સૈન્યો અને સેનાના રક્ષક પુરૂષો તે સમયે અંધકારવડે જગતના વિંટાવાથી રણભૂમિ વિષે ઘણો મોહ પામતા હતા. ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય! તે વખતે પાંડવોએ કલ્પિત કરેલા અને પાંડવોવડે જેઓનું બળ નાશ પામ્યું છે એવા ગાઢ અંધારામાં મગ્ન થએલા એવા જે તમે તેઓનું મન કેવું થયું હતું અને તેવી રીતે અંધકારવડે વિંટાએલા લોક વિષે તેઓનાં અને મારાં સૈન્યનો કેમ પ્રકાશ થતો હતો? સંજય કહે છે–પછી હણાવાથી જે શેષ રહ્યાં હતાં તે સર્વ સૈન્યો સેનાના રક્ષકોને પૂછ્યા પછી, વ્યૂહ કલ્પના કરવા લાગ્યાં. હે રાજન્! કૌરવોની સેનામાં આગળ દ્રોણાચાર્ય અને પાછળ શલ્ય, દ્રોણપુત્ર અશ્વત્થામા, કૃતવર્મા અને શકુનિ રહ્યા અને રાજા દુર્યોધન પોતે રાત્રિ વિષે સર્વ સૈન્યોને સાચવતો ચાલ્યો. પછી હે પાર્થિવ ધૃતરાષ્ટ્ર! દુર્યોધન શાંતિપૂર્વક સર્વ પાયદળ સમૂહોને કહેવા લાગ્યો કે તમે સર્વ ઉત્તમ આયુધોને મૂકી દેઇ હાથવડે પ્રકાશવાળા દિવાઓ અને મશાલ ગ્રહણ કરો. તે રીતે રાજાઓમાં શ્રેષ્ઠ એવા દુર્યોધને કહેલા હર્ષ પામેલા યોદ્ધાઓ દિવાઓ તથા મશાલ લેવા લાગ્યા, તેમજ સ્વર્ગ લોક વિષે રહેલા દેવર્ષિ ગંધર્વ અને સુરર્ષિના સમૂહો, વિદ્યાધરો, અપ્સરાઓના સમૂહો ને યક્ષ, ઉરગ અને કિન્નરો સહિત એવા નાગ હર્ષ પામતા દિવાઓ ગ્રહણ કરવા લાગ્યા. તેમ ચોતરફથી દિશાઓના દેવતાઓથી પણ પ્રકાશવાળા સુગંધી સહિત તેલવાળા દિવાઓ દેખાવા લાગ્યા. તેમાં પણ નારદ અને પર્વત આદિ ઋષિઓએ કૌરવ ને પાંડવો માટે સંબોધન કરાતા એવા વિશેષે કરી દેખાતા હતા. ફરીને વિભાગ પામેલી તે સેના રાત્રિ વિષે દીવાઓની કાંતિવડે, મહા ધનવાળાં આભરણોવડે ને દિવ્ય સંપત્તિવાળાં દીપ્ત અસ્ત્રોવડે શોભવા લાગી. એક એક રથ વિષે પાંચ પાંચ દિવાઓ, હાથી પર ત્રણ અને પ્રત્યેક ઘોડા વિષે એક મોટો દિવો એ રીતે પાંડવો અને કૌરવોએ ક્ષણ વારમાં સેનાને પ્રકાશ પમાડનારા સર્વ દિવાઓ તુર્ત પ્રકટ્યા. જે પ્રમાણે અંતરિક્ષમાં વિજળીઓવડે મેઘ દેખાય તેવી રીતે દીવીઓ અને તેલનાં પાત્ર જેઓના હાથમાં છે એવા પાયદળોએ સેનાઓ વિષે કરેલા પ્રકાશવાળા સર્વ દીવાઓ દેખાતા હતા.

હે રાજેંદ્ર! પછી પ્રકાશિત સેના વિષે અગ્નિ તુલ્ય ચોતરફ તપતા એવા સુવર્ણના કવચવાળા દ્રોણાચાર્ય જેવી રીતે મધ્ય દિવસને પ્રાપ્ત થએલાં કિરણોના સમૂહવાળા સૂર્ય

શાભે તેમ શાભતા હતા. તે સમયે યુદ્ધમાં સુવર્ણ, આભરણ નિષ્ક, શુદ્ધ ધનુષને પામેલાં શસ્ત્રો વિષે દીવાઓનાં પ્રતિબિંબ પડતાં હતાં. હે અજામીઢ ! ગદાઓ, શિક્ય, બાણો, સુંદર ભોગળો ને રથો વિષે રહેલી શક્તિઓ તે સર્વ પ્રતિબિંબનાં કિરણોએ કરી વારંવાર દિવાઓને ઉત્પન્ન કરતી હતી. હે રાજન્ ! તે સમયે ત્યાં પ્રહાર કરનારા યોદ્ધાઓનાં છત્ર, ચમ્મર, ખડ્ગ દીપ્ત એવી મોટી ઉલ્કાઓ અને હાલતી એવી સુવર્ણમાળાઓ અત્યંત શોભતી હતી. હે નૃપ ! તે શસ્ત્રોની કાંતિ અને દીવાઓની કાંતિવડે શોભતું સૈન્ય, તે સમયે આભરણોની પ્રભા-વડે પ્રકાશિત થવાથી ઘણુંજ પ્રકાશવાળું લાગતું. જે પ્રમાણે વર્ષાકાળમાં અંતરીક્ષ વિષે વિજળી શોભાને ઉત્પન્ન કરે તે પ્રમાણે ત્યાં પામેલાં, લોહીવડે ભીનાં થએલાં શસ્ત્રો અને શૂર પુરૂષોએ ધારણ કરેલાં કવચ દીપ્ત કાંતિને ઉત્પન્ન કરતાં હતાં. જે રીતે વાયુએ કંપા-વેલાં મોટાં કમળ શોભે તે રીતે તે સમયે ઘા વાગવાના વેગવડે કંપતા, હણાતા અને વેગવડે સમીપ આવતા પુરૂષોનાં મુખો શોભતાં હતાં. જે પ્રમાણે લાકડાંયુક્ત મોટું વન બળે ત્યારે સૂર્ય પણ નાશ પામે તે પ્રમાણે હે ભારત ! તે વખતે પ્રકાશ પામેલી, મહા ભયવાળી તથા ભયંકર રૂપવાળી તે સેના થઇ રહી. અમારાં તે સૈન્યને પ્રકાશ પામેલું જોઇ ત્વરાવાન્ એવા કુંતિપુત્રોએ પણ તે જ પ્રમાણે સર્વ સૈન્યો વિષે પાયદળોના સમૂહોને દીવાઓ કરવા પ્રેરણા કરી અને તેઓએ પણ દીવાઓ કર્યા, તથા મશાલો કરી. એકએક હાથીપર સાત સાત, એક એક રથવિષે દશ દશ, એક એક ઘોડા વિષે બે બે બીજાઓ પડખે તથા ધ્વજો વિષે અને જઘન ભાગ વિષે પણ દીવાઓ કર્યા; તેમજ સર્વ સેનાઓ વિષે પડખે પાછળ આગળ અને સર્વ તરફ દીવાઓ કર્યા, જેના હાથમાં દીવીઓ છે એવા મધ્ય ભાગમાં રહેલા પુરૂષો પાંડુપુત્રની સેનાને પ્રકાશિત કરતા હતા. તથા બેઉ સેના વિષે મધ્ય ભાગમાં જેઓના હાથ વિષે દીવીઓ રહેલી છે એવા પુરૂષો અતિ શોભતા હતા. સર્વ સૈન્યો વિષે હાથી, રથ અને ઘોડાઓના સમૂહોવડે મિશ્ર એવા દીવી રાખનારા પુરૂષો જેવી રીતે તમારી સેનાને પ્રકાશિત કરતા હતા, તે રીતે પ્રકાશ પામેલા તે સૈન્યોવડે તમારૂં સૈન્ય જેમ પ્રકાશ કરતા કિરણવાન સૂર્યગ્રહવડે અગ્નિ બળવાન થાય, તેમ બળવાળું થતું હતું. તે બેઉ સૈન્યોની કાંતિ પૃથ્વીને અને પ્રકાશિત અંતરીક્ષને તેમ સર્વ દિશાઓને ઉલ્લંઘન કરી વૃદ્ધિ પામતી હતી. હે રાજન્ ! તે પ્રકાશેકરી તમારૂં અને તેઓનું સૈન્ય ઘણુંજ પ્રકાશિત થયું હતું. તેમ સ્વર્ગમાં ગએલા તે પ્રકાશે દેવતાઓના સમૂહોને જાગૃત કર્યા તેથી ગંધર્વ, યક્ષ, અસુર અને સિદ્ધના સમૂહો સર્વ આવ્યા હતા તથા અપ્સરાઓ આવી હતી. દેવ અને ગંધર્વોવડે આકુલ તેમજ યક્ષ, અસુ-રેન્દ્ર અને અપ્સરાઓના સમૂહોવડે આકુલ અને નાશ પામેલા સ્વર્ગમાં જતા શૂર પુરૂષોવડે આકુલ એવું તે યુદ્ધ સ્વર્ગ સરખું થયું હતું. રથ ઘોડા અને હસ્તિઓવડે આકુલ, દીવાઓથી પ્રકાશિત, જેમાં ક્રોધવાળા યોદ્ધાઓ છે, જેમાં હણેલા તથા નાસી જતા ઘોડાઓ છે, જેમાં વ્યૂહ કરેલા રથ, ઘોડા અને હસ્તિ છે એવું તે મોટું સૈન્ય સુર અને અસુરના વ્યૂહ સમાન થયું હતું. જેમાં શક્તિઓના સમૂહોવડે આકુલ ચંડવાયુ છે, જેમાં મોટા રથિરૂપી વાદળ છે, જેમાં હાથી અને ઘોડાના શબ્દોરૂપી મેઘ ગર્જના છે, જેમાં શસ્ત્રોના સમૂહરૂપી વૃષ્ટિ છે, જેમાં રૂધીરરૂપી જળધારા છે એવું તે રથિ પુરૂષોરૂપ દુર્દિન રાત્રિ વિષે થયું હતું. હે નરેંદ્ર ! જેવી રીતે ગ્રીષ્મ કાળમાં મધ્ય દિવસ પ્રત્યે રહેલો સૂર્ય તાપ કરનાર થાય તેવી રીતે ઘણા અગ્નિ તુલ્ય કાંતિવાળા મહાત્મા બ્રાહ્મણોમાં મુખ્ય એવા દ્રોણાચાર્ય પાંડવોને સંતાપ પમાડનાર થયા હતા.

प्रज्वलितं तद्धिरामुखारं निशिप्रवृत्तं रथ दुर्दिनं तत् ।
तस्मिन्महाग्निप्रतिमो महात्मा सन्तापयन्पांडवानिप्रमुख्य: ॥
गच्छस्तिमिरमध्य गतो यथार्को वर्षात्यये तद्वद भूपरेन्द्र ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे दीपो-
द्योतने गुर्जरभाषायां त्रिषष्ट्यधिकशततमोऽध्यायः ॥ १६३ ॥

અધ્યાય ૧૬૪ મો. રાત્રિયુદ્ધમાં દુર્યોધનની આશા.

संजय उवाच—प्रकाशिते तदा लोके रजसातमसावृते ।
समाजग्मु रथो वीरा: परस्पर वधैषिण: ॥

સંજય કહે છે— હે રાજન્! તે સમયે રજવડે અને અંધકારવડે વિંટાએલા લોક પ્રકાશિત થવાથી પરસ્પર વધને ઇચ્છતા એવા શૂરપુરૂષો યુદ્ધમાં મળ્યા અને મળીને શસ્ત્ર, પ્રાસ અને ખડ્ગને ધરનારા, પરસ્પર જેણે અપરાધ કરેલો છે એવા યોદ્ધાઓ એક બીજાને જોવા લાગ્યા. હે ભારત! તે સમયે જે પ્રમાણે ગ્રહોવડે આકાશ શોભે તે પ્રમાણે ચોતરફ શોભતા હજારો દિવાઓવડે અને રત્નવ્યાપ્ત સુવર્ણ દંડવાળા અને સુગંધ તૈલવાળા એવા કાંતિવડે અધિક ઉજ્વલ જે દેવ તથા ગંધર્વોના દિવા આદિ પદાર્થો તેણેકરી ભૂમિ અત્યંત શોભતી હતી. તેમ લોકના પ્રલય વખતે દહન પામતી પૃથ્વી જેમ દેખાય તેમ પ્રકાશવાળાં હજારો ઉંબાડીઆંઓવડે પૃથ્વી દેખાતી હતી. જેવી રીતે વર્ષાકાળમાં પ્રદોષ વખતે પતંગીઆ-ઓવડે વિંટાએલાં વૃક્ષો શોભે તેવી રીતે ચોતરફથી તે દિવાઓવડે યુક્ત એવી સર્વ દિશાઓ શોભતી હતી. પછી શૂર પુરૂષો વિષે જૂદા જૂદા શૂરપુરૂષો યુદ્ધ કરવા સજ્જ થયા. હાથિઓ હાથિઓ સાથે, ઘોડેસ્વારો ઘોડેસ્વાર સાથે અને રથિપુરૂષો ઉત્તમ રથિઓ સાથે હર્ષયુક્ત સમાગમ પામ્યા. હે મહારાજ! તે રાત્રિના પ્રદોષ વખતે તમારા પુત્રના હુકમથી ચતુરંગ એવા સૈન્યનો મોટો નાશ થયો. પછી સર્વ રાજાઓને ન ગણકારતો ત્વરાયુક્ત એવો અર્જુન કૌરવોની સેનાને નાશ પમાડવા લાગ્યો. ધૃતરાષ્ટ્ર પૂછે છે—ક્રોધ પામેલો, આમર્ષવાન, દુર્ધર્ષ અર્જુન મારા પુત્રની સેના પ્રત્યે પેઠો ત્યારે તમારૂં મન કેવું થયું? અને પરને પીડા કરનાર સૈન્ય પ્રત્યે પેઠેલો અર્જુનવિષે સૈન્યો શું કરવા લાગ્યા? તેમ દુર્યોધને શું કૃત્ય સમયોચિત માન્યું? શત્રુને દમનારા કોણ યુદ્ધમાં અર્જુનની સામે ગયા? શ્વેત જેના ઘોડા છે એવો અર્જુન જ્યારે સેના પ્રત્યે પેઠો ત્યારે દ્રોણાચાર્યનું કોણ રક્ષણ કરવા લાગ્યા? કોણ દ્રોણાચાર્યના દક્ષિણચક્રને અને કોણ ઉત્તર ચક્રને સાચવતા હતા? શૂરાઓને હણતા એવા અર્જુનની પાછળ કીયા શૂરાઓ થયા અને શત્રુઓને હણતા એવા અર્જુનની આગળ રણભૂમિમાં કોણ થયા? મહા-ધનુર્ધારી, નરોમાં ઉત્તમ, બળવાન પરાજય રહિત એવા દ્રોણાચાર્ય રથ માર્ગોવિષે નૃત્ય કરતા હોય નહિ તેમ પંચાલ યોદ્ધાઓ પ્રત્યે ગયા હતા. ધૂમકેતુ તારાની પેઠે ક્રોધ પામેલા જે દ્રોણાચાર્યે પંચાલ યોદ્ધાઓના રથિ પુરૂષોના સમૂહોને દગ્ધ કર્યા હતા, તે કેવી રીતે મૃત્યુ પામ્યા? હે સૂત સંજય! જે પ્રમાણે શત્રુઓને અવ્યગ્ર પરાજય રહિત, હર્ષ પામેલા અને સંગ્રામ, વિષે ક્રિડ્ય પામેલા કહે છે, તે પ્રમાણે મારા યોદ્ધાઓને કહેતો નથી. મારા યોદ્ધાઓને તો હણેલા, કાપેલા, વિખરાઇ ગએલા કહે છે તથા યુદ્ધમાં રથિ પુરૂષોને રથ રહિત કરેલા કહે છે

સંજય કહે છે—હે મહારાજ ! રાત્રિ પ્રત્યે જેની યુદ્ધ કરવા ઇચ્છા છે એવા દ્રોણાચાર્યનો મત જાણી દુર્યોધન, વશ વર્તતા ભાઇઓને કહેવા લાગ્યો કે—હે કૌરવ ! કર્ણ, વૃષસેન, મદ્રરાજા શલ્ય, દુર્ધર્ષ અને દીર્ઘબાહુ ને જે અનુસરનારા નોકર છે તે સર્વ યત્નવાળા પરાક્રમી પુરૂષો દ્રોણાચાર્યનું પાછલા ભાગ વિષે રક્ષણ કરો. હાર્દિક્ય દક્ષિણચક્રને તથા ઉત્તરચક્રને શલ્ય સાચવે, ત્રિગર્ત દેશના હણાતાં જે બાકી રહેલા શૂરા મહારથિઓ હોય તે સર્વને તમારા પુત્રે આજ્ઞા કરી કે દ્રોણાચાર્ય ઘણા યત્નવાળા જેમ થયા છે તેમ પાંડવો પણ બહુ યત્નવાળા થયા છે, માટે રણભૂમિમાં શત્રુઓને હણતા એવા દ્રોણાચાર્યને તમે અતિ યત્નવાળા થઇ સાચવો. યુદ્ધમાં બળવાન ધનુર્ધારી પ્રતાપવાન દ્રોણાચાર્ય દેવતાઓને પણ જીતે ત્યારે યુદ્ધમાં સોમક યોદ્ધાઓ સહિત કુંતિપુત્રોને જીને એમાં શી નવાઇ. તમે સર્વ ઘણા યત્નવાળા ભેગા થએલા મહારથિઓ દ્રોણાચાર્યને પંચાલ રાજાના પુત્ર મહારથિ ધૃષ્ટદ્યુમ્નથી રક્ષણયુક્ત કરો; હું પાંડવોની સેનાઓ વિષે ધૃષ્ટદ્યુમ્ન વગર કોઇ પણ તેવા રાજાને નથી દેખતો, કે જે રાજા દ્રોણાચાર્ય સાથે યુદ્ધ કરે. તે માટે સર્વાત્મવડે ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્યનું રક્ષણ કરવું એમ હું માનું છું, કેમકે સારી રીતે રક્ષા કરેલા દ્રોણાચાર્ય પાંડવોને અને સોમક યોધ્ધાઓને મારે તેમ છે અને જ્યારે સેનાના અગ્ર ભાગમાં સર્વ સૃંજય યોધ્ધાઓ નાશ પામશે ત્યારે રણભૂમિમાં દ્રોણપુત્ર અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને મારશે એમાં સંશય નથી. તેમજ મહારથિ રાધાપુત્ર કર્ણ અર્જુનને હણશે અને દીક્ષાવાળો એવો હું પણ યુધ્ધમાં ભીમસેનને જીતીશ. શેષ રહેલા હીન તેજવાળા પાંડવોને બળાત્કારથી યોધ્ધાઓ જીતશે ને અમારો જય થોડા વખતમાં સ્પષ્ટ થશે. તે માટે સંગ્રામ વિષે મહારથિ દ્રોણાચાર્યને સાચવો. એ રીતે કહી હે ભરતશ્રેષ્ઠ ! તમારા પુત્ર દુર્યોધને તેજ પ્રમાણે સૈન્યને આજ્ઞા કરી. પછી હે ભરતશ્રેષ્ઠ ! રાત્રિવિષે દારૂણ અંધકારમાં બેઉ સેનાઓનુ પરસ્પર જીતવાની ઇચ્છાએ કરી ભયંકર યુધ્ધ પ્રવૃત્ત થયું. જૂદા જૂદા શસ્ત્રોના સમૂહોવડે અર્જુન કૌરવોનાં સૈન્યને અને કૌરવો અર્જુનને એ પ્રમાણે પરસ્પર પીડવા લાગ્યા. દ્રોણપુત્ર અશ્વત્થામાએ પાંચાલ રાજાને અને ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્યે સૃંજય યોધ્ધાઓને નમેલ પર્વવાળાં બાણોએકરી સંગ્રામ વિષે ઢાંકી દીધા. હે ભારત ! પરસ્પર હણતા એવા પાંડવ, પાંચાલ અને કૌરવ સૈન્યોનો તે વખતે ભયંકર નાશ થયો કે જેના જેવો અમે તથા પૂર્વજોએ પણ પ્રથમ દીઠો ન હશે, વળી જેવું યુધ્ધ સાંભળ્યું ન હતું, તેવું રૌદ્ર અને ભયાનક યુદ્ધ થયું.

आसीन्निशान्तको घोरो निघ्नतामितरेतरं ॥
नैवास्माभिस्तथा पूर्वैर्दृष्टपूर्वं तथाविधं ॥
श्रुतं चाप्यादृशं युद्धमासीद्रौद्रं भयानकं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे संकुलयुद्धे गुर्जरभाषायां चतुःषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६४ ॥

અધ્યાય ૧૬૫ મો. યુધિષ્ઠિરનું આખ્યાન.

संजय उवाच—वर्तमाने तथा रौद्रे रात्रियुद्धे विशांपते ।
सर्वभूतक्षयंकरे धर्मपुत्रो युधिष्ठिरः ॥

સંજય કહે છે—હે વિશાંપતે ! જ્યારે સર્વ પ્રાણિઓના નાશને કરનારૂં ભયંકર રાત્રિયુદ્ધ થતું હતું, ત્યારે ધર્મપુત્ર યુધિષ્ઠિરે પાંડવ, પંચાલ અને સોમક યોદ્ધાઓને કહ્યું કે દોડો અને દ્રોણાચાર્યનેજ હણવાની ઇચ્છાથી જાઓ. હે રાજન્ ! એવી રીતે રાજાના કહેવાથી પંચાલ તથા સૃંજય યોદ્ધાઓ ભયંકર શબ્દો કરતા દ્રોણાચાર્ય પ્રત્યેજ ગયા. ક્રોધવાળા તેઓ પણ સામી ગર્જના કરતા શક્તિ, ઉત્સાહ અને ધૈર્ય પ્રમાણે યુધ્ધમાં સામા થયા. દ્રોણાચાર્ય પ્રત્યે આવતા યુધિષ્ઠિર પ્રત્યે હાર્દિક્ય એવા કૃતવર્મા જેવી રીતે, મત્ત હસ્તિ પ્રત્યે હસ્તિ જાય તેવી રીતે ગયો. હે રાજન્ ! ચોતરફ બાણવૃષ્ટિઓને કરતા શિનિપૌત્ર સાત્યકિ પ્રત્યે સંગ્રામના અગ્ર ભાગ વિષે કૌરવ એવો ભૂરિશ્રવા યોધ્ધો ગયો. હે રાજન્ ! દ્રોણાચાર્યની સામે આવતા એવા મહારથિ પાંડુપુત્ર સહદેવને સૂર્યપુત્ર કર્ણે વાર્યો એ પછી જેણે મુખ ફાડેલું છે એવા કાળની પેઠે આવતા ભીમસેન પ્રત્યે જેમ મૃત્યુની સામો જાય તેમ રાજા દુર્યોધન પોતે સામે ગયો. હે રાજન્ ! સર્વ યુદ્ધમાં કુશળ તથા યોદ્ધાઓમાં શ્રેષ્ઠ એવા નકુળને સુબળનો પુત્ર શકુનિ ઉતાવળો થઇ વારવા લાગ્યો. હે રાજન્ ! એ પછી રથવડે આવતા રથિપુરૂષોમાં ઉત્તમ એવા શિખંડિને શારદ્વત કૃપાચાર્ય સંગ્રામ વિષે વારવા લાગ્યા. હે મહારાજ ! એ પછી મયૂર સરખા ઘોડાઓવડે આવતા યત્નવાળા પ્રતિવિંધ્ય રાજાને યત્નવાળો દુઃશાસન વારવા લાગ્યો. હે મહારાજ ! એ પછી હજારો માયા વિષે કુશળ એવા આવતા ભીમસેનના પુત્ર રાક્ષસ ઘટોત્કચને અશ્વત્થામા વારવા લાગ્યા. સંગ્રામ વિષે દ્રોણાચાર્યને મારવા ઇચ્છતા એવા મહારથિ દ્રુપદરાજાને સૈન્ય અને અનુચરો સહિત વૃષસેને વાર્યો. હે ભારત ! દ્રોણાચાર્યના નાશ સારૂ શીઘ્ર આવતા વિરાટ રાજાને અતિ ક્રોધ પામેલો મદ્ર દેશનો રાજા શલ્ય વારવા લાગ્યો. એ પછી રણભૂમિમાં વેગવાળા આવતા નકુળના પુત્ર શતાનીકને તત્કાળ ચિત્રસેન દ્રોણાચાર્યનું રક્ષણ કરવાની ઇચ્છાવડે બાણોએકરી રોકવા લાગ્યો. હે મહારાજ ! યોદ્ધાઓમાં શ્રેષ્ઠ દોડતા એવા મહારથિ અર્જુનને રાક્ષસેંદ્ર એવો અલંબુષ વારવા લાગ્યો. તેવી રીતે રણભૂમિમાં શત્રુઓને હણતા હર્ષિત રૂપવાળા મહા ધનુર્ધારી દ્રોણાચાર્યને પંચાલ રાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન વારવા લાગ્યો. હે રાજન્ ! તેવી રીતે બીજા પાંડુપુત્રોના આવેલા મહારથિઓને તમારા રથિપુરૂષો બળવડે વારવા લાગ્યા. મોટા યુદ્ધમાં હજારો અને લાખો માવતો માવતોની સાથે મળી પરસ્પર યુદ્ધ કરવા તથા નાશ પમાડવા લાગ્યા. હે રાજન્ ! અર્ધ રાત્રિ સમયે જેવી રીતે પક્ષવાળા પર્વતો દેખાય તેવી રીતે વેગવડે એક બીજાને નસાડતા ઘોડાઓ દેખાતા હતા.

હે મહારાજ ! જેઓના હાથમાં પ્રાસ, શક્તિ અને ઋષ્ટિ નામનાં હથિઆર છે એવા જૂદા જૂદા શબ્દ કરતા ઘોડેસ્વારો ઘોડેસ્વારો સાથે સમાગમ પામ્યા. તે યુધ્ધમાં ઘણાં મનુષ્યો ગદા, મુસળ અને જૂદા જૂદા પ્રકારનાં શસ્ત્રોવડે પરસ્પર સમાગમ પામતા. જે પ્રમાણે ઉછળતા સમુદ્રને કિનારો વારે તે પ્રમાણે ધર્મપુત્ર યુધિષ્ઠિરને હાર્દિક્ય પુત્ર કૃતવર્મા વારવા લાગ્યો. યુધિષ્ઠિરે કૃતવર્માને પાંચ બાણોવડે વિંધી ફરીને 'ઉભો રહે ઉભો રહે' એમ કહી વીસ બાણોવડે વિંધ્યો. હે મારિષ ! ક્રોધ પામેલા કૃતવર્માએ પણ ભલ્લ બાણોવડે ધનુષ કાપી નાખ્યું અને

યુધિષ્ઠિરને સાત બાણવડે વિંધ્યા. એ પછી મહારથિ ધર્મપુત્ર યુધિષ્ઠિરે દશ બાણોએકરી કૃતવર્માને બે બાહુવિષે અને છાતિવિષે પ્રહાર કર્યો. હે મારિષ! રણભૂમિમાં ધર્મપુત્ર યુધિષ્ઠિરે વિંધેલો માધવ એવો કૃતવર્મા કંપિત થયો અને રોષેકરી સાત બાણોવડે તેણે યુધિષ્ઠિરને પીડિત કર્યા. હે રાજન્! કુંતિપુત્ર યુધિષ્ઠિરે તેના ધનુષને અને હાથના મોજાને કાપી શિલાવડે તીક્ષ્ણ કરેલાં તથા સ્વભાવથીજ તીક્ષ્ણ એવાં પાંચ બાણો નાખ્યાં. તે બાણ જેવી રીતે સર્પ રાફડામાં પેસે તેવી રીતે સુવર્ણવડે વિચિત્ર એવા મહા ધનુવાળા કૃતવર્તાના કવચને ભેદી પછી પૃથ્વીને ભેદી તે પ્રત્યે પેસી ગયાં. નેત્રોના નિમેષ માત્ર વખતમાં બીજા ધનુષને લેઇ કૃતવર્માએ પાંડુપુત્ર યુધિષ્ઠિરને સાઠ બાણોએ અને તેના સારથિને નવ બાણોએ વિંધ્યો. હે ભરતશ્રેષ્ઠ! અમેયાત્મા પાંડુપુત્ર યુધિષ્ઠિરે સર્પ સરખી ઉત્તમ એવી શક્તિને, ધનુષને રથમાં રાખી કૃતવર્માની સામે ફેંકી. સુવર્ણવડે વિચિત્ર પાંડુપુત્ર યુધિષ્ઠિરે નાખેલી શક્તિ કૃતવર્માના દક્ષિણ બાહુને ભેદી પૃથ્વીતલ પ્રત્યે પેસી ગઇ. એજ વખતે ફરીને કુંતિપુત્ર યુધિષ્ઠિરે ધનુષને લેઇ નમેલ પર્વવાળાં બાણોવડે કૃતવર્માને ઢાંકી દીધો. તે પછી સંગ્રામમાં શૂર અને વૃષ્ણિઓના મધ્યમાં ઉત્તમ એવા રથિ કૃતવર્માએ નિમેષાર્ધ વખતમાં યુધિષ્ઠિરને ઘોડા, સારથિ અને રથ રહિત કર્યા. પછી જ્યેષ્ઠ પાંડુપુત્ર એવા યુધિષ્ઠિરે ખડ્ગચર્મને ગ્રહણ કર્યું. રાજા યુધિષ્ઠિરના ખડ્ગચર્મને પણ રણભૂમિમાં મધુકુળમાં થએલા કૃતવર્માએ તીક્ષ્ણ બાણોએકરી કાપી નાખ્યું. પછી યુધિષ્ઠિરે સુવર્ણ દંડવાળા દુઃખથી સહન થાય તેવા તોમરને લઇ સંગ્રામ વિષે શીઘ્ર કૃતવર્મા પ્રત્યે નાખ્યું. તે સમીપ આવતા ધર્મરાજ યુધિષ્ઠિરના હાથમાંથી નીકળેલા તોમરને તત્કાળ હસતો હોય નહિ તેમ રહેલ એવો જે ધનુર્ધારી કૃતવર્મા તેણે બે પ્રકારેકરી કાપી નાંખ્યો. પછી ધર્મપુત્ર પ્રત્યે યુધ્ધમાં સો બાણોવડે વૃષ્ટિ કરી અને ક્રોધ પામેલા કૃતવર્માએ તીક્ષ્ણ બાણોએકરી યુધિષ્ઠિરના બખ્તરને કાપી નાંખ્યું. કૃતવર્માના બાણોવડે ઢંકાયેલું એવું મહા ધનવાળું તે બખ્તર જેવી રીતે આકાશમાંથી તારાઓનો સમૂહ અસ્ત પામે તેવી રીતે રણભૂમિમાં વીખરાઇ ગયું. તે સમયે જેનું ધનુષ કપાએલું છે અને બખ્તર તુટી ગયેલું છે એવા બાણોવડે પીડા પામેલા રથ રહિત એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર જલદી રણભૂમિમાંથી દૂર જતા રહ્યા અને કૃતવર્મા ધર્માત્મા એવા યુધિષ્ઠિરને જીતી ફરીને મહાત્મા દ્રોણાચાર્યના ચક્રને રક્ષણયુક્ત કરવા લાગ્યો.

कृतवर्मा तु निर्जित्य धर्मात्मनं युधिष्ठिरं।
पुनर्द्रोणस्यं जुगुपे चक्रमेव महात्मनः॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे युधिष्ठिरापयानंनाम गुर्जरभाषायां पञ्चषष्ठ्यधिकशततमोऽध्यायः॥ १६५॥

અધ્યાય ૧૬૬ મો. ઘટોત્કચે કરેલું તુમુલ યુદ્ધ.

संजय उवाच—भूरिस्तु समरे राजन् शैनेयं रथिनांवरं।
आपतन्तमपारयत्प्राणा द्विपकुंजरं॥

સંજય કહે છે—હે રાજન્ ! સંગ્રામ વિષે ભૂરિરાજા તો રથિઓમાં ઉત્તમ એવા સમીપ આવતા શિનિપૌત્ર સાત્યકિને જે પ્રમાણે પ્રમાણુ થકી હસ્તિને નિષિદ્ધ કરે તેમ નિષિદ્ધ કરવા લાગ્યો. એ પછી ક્રોધ પામેલા સાત્યકિએ ભૂરિ યોદ્ધાને તીક્ષ્ણ એવાં પાંચ બાણોવડે હૃદય વિષે વિંધ્યો તેથી તેને લોહી સ્રવવા લાગ્યું. તેવી રીતેજ યુદ્ધમાં ભૂરિ નામના કૌરવે પણ સ્વભાવિક તીક્ષ્ણ અને તીક્ષ્ણ કરેલાં દશ બાણોએકરી યુદ્ધમાં દુર્મદ એવા શિનિપૌત્ર સાત્યકિને છાતી વિષે વિંધ્યો. હે મહારાજ ! ક્રોધેકરી જેઓનાં રકત નેત્ર થયાં છે એવા તે બેઉ ધનુષનો ટંકારવ કરી પરસ્પર બાણોએકરી પીડતા હતા. હે મહારાજ ! બાણુને નાખતા અને યમ તથા પ્રેતપતિ સમાન એવા ક્રોધ પામેલા તે બેઉની અતિ દારૂણ એવી શસ્ત્રવૃષ્ટિ થતી હતી. હે રાજન્ ! તે બેઉ પરસ્પર બાણોવડે આચ્છાદિત કરી રહ્યા હતા અને મુહૂર્તવાર તો તેઓનું યુદ્ધ જે પ્રમાણે તુલ્ય રૂપવાળું હોય તે પ્રમાણેજ ચાલું થયું. પણ પછી હે મહારાજ ! ક્રોધ પામેલા શિનિપૌત્ર સાત્યકિએ હસીને સંગ્રામ વિષે મહાત્મા ભૂરિકૌરવ્યનું ધનુષ કાપી નાખ્યું. એ પછી ભાગી પડેલા ધનુષવાળા એ ભૂરિકૌરવને ' ઉભો રહે ઉભો રહે ' એમ કહી તુરત સાત્યકિએ નવ એવાં તીક્ષ્ણ બાણોએકરી હૃદયમાં વિંધ્યો, બળવાન શત્રુએ અતિ વિંધેલો તે શત્રુને તપાવનાર એવો જે ભૂરિકૌરવ તેણે બીજું ધનુષ લેઇ સાત્વત એવા સાત્યકિને સામો વિંધ્યો. હે વિશાંપતે ! હસતો હોય નહિ તેમ રહેલો એવો જે ભૂરિ તેણે સાત્વત સાત્યકિને ત્રણ બાણવડે વિંધી અતિ તીક્ષ્ણ ભલ્લાસ્ત્રવડે ધનુષ કાપી નાખ્યું. હે મહારાજ ! જેનું ધનુષ કપાએલું છે એવા ક્રોધવ્યાપ્ત સાત્યકિએ મહાવેગવાળી શક્તિને ભૂરિકૌરવની છાતી વિષે ફેંકી. તે શક્તિએકરી ભેદ પામેલાં છે અંગ જેનાં એવો ભૂરિ જેવી રીતે ઇશ્વરેચ્છાવડે દીપ્ત કિરણવાળો મંગળનો તારો આકાશથી પડે તેવી રીતે ઉત્તમ રથથી હેઠે પડયો. તે શૂર એવા ભૂરિને હણાએલો જોઇ મહારથિ અશ્વત્થામા વેગેકરી યુદ્ધમાં શિનિપૌત્ર સાત્યકિ પ્રત્યે દોડયા. અને હે નરાધિપ ! જે પ્રમાણે મેઘ મેરૂ પર્વત પ્રત્યે જળવૃષ્ટિવડે વર્ષે તે પ્રમાણે બાણુસમૂહવડે વૃષ્ટિ કરવા લાગ્યા. હે રાજન્ ! શિનિપૌત્ર સાત્યકિના રથ પ્રત્યે આવતા ક્રોધવાળા અશ્વત્થામાને નાદ કરી મહારથિ ઘટોત્કચ કહેવા લાગ્યો કે, હે દ્રોણપુત્ર ! 'ઉભો રહે ઉભો રહે,' મારાથી જીવતો જઇશ નહિ, આ હું જેવી રીતે કાર્તિકસ્વામીએ મહિષાસુરને હણ્યો હતો તેવી રીતે તને હણીશ અને આજ હું રણાંગણ વિષે તારી યુદ્ધશ્રદ્ધાને મટાડીશ. એ પ્રમાણે કહી ક્રોધેકરી જેનાં રાતાં નેત્ર છે, એવો પરશૂરને મારનાર રાક્ષસ ઘટોત્કચ જે રીતે ક્રોધ પામેલો કેસરી સિંહ મોટા હાથી પ્રત્યે દોડે તેમ દ્રોણુપુત્ર અશ્વત્થામા પ્રત્યે દોડયો અને જેમ મેઘ ધારાવડે વર્ષે તેમ ઘટોત્કચ રથિ પુરૂષોમાં ઉત્તમ એવા દ્રોણુપુત્ર અશ્વત્થામા પ્રત્યે રથના અક્ષમાત્ર બાણોએકરી વૃષ્ટિ કરવા લાગ્યો. તે પ્રાપ્ત થયેલી બાણુવૃષ્ટિને સર્પની ઉપમા અપાય એવાં બાણોએકરી માની એવા દ્રોણુપુત્ર અશ્વત્થામાએ સંગ્રામ વિષે નાશ પમાડી ને પછી મર્મને ભેદનારાં, જલદી જનારાં, તીક્ષ્ણ સો બાણોએકરી શત્રુને દમનાર રાક્ષસેન્દ્ર ઘટોત્કચને વ્યાપ્ત કર્યો. હે મહારાજ ! રણભૂમિના અગ્ર ભાગમાં તેમણે બાણોએકરી વ્યાપ્ત કરેલો રાક્ષસ ઘટોત્કચ જેવી રીતે પીછાંઓવડે વ્યાપ્ત સાહુડી શોભે તેવી રીતે શોભતો હતો. પછી ક્રોધયુક્ત એવો પ્રતાપવાન ભીમસેનનો પુત્ર ઘટોત્કચ ઇન્દ્રના વજ્ર સરખાં ઉગ્ર એવાં બાણ ક્ષુરપ્ર, અર્ધચન્દ્ર, શિલીમુખ સહિત એવાં નારાચ, અને વરાહ, કર્ણ, નાલિક અને વિકર્ણ નામનાં હથિયારોવડે દ્રોણુપુત્ર અશ્વત્થામા પ્રત્યે ભીડવા લાગ્યો, તથા વૃષ્ટિ કરવા લાગ્યો. ઇન્દ્રના વજ્ર સમાન શબ્દવાળી, ઉપર પડતી, અતિ દુઃસહ

એક અચળ છે, તથાપિ જ્ઞાને કરી વિદ્વાન બ્રહ્મને પામે છે, અને ઉપાયના સહિત કર્મે કરી જો સકામ હોય તો દેવાદિકપણાને પામે ને દેહાભિમાની થઇ અભિમાનજન્ય પાપને મેળવે છે, માટે જ્ઞાનજ શ્રેષ્ઠ છે. પુણ્ય તથા પાપના સ્વર્ગનરકરૂપ નાશાત્મક ફળને પામી, ફરી ફરીથી પૂર્વ સંસ્કારે કરી જન્મ લઇ તે તે યોનિને ઉચિત કર્મ કરે છે, એ રીતે કર્મનું ફળ ભોગવી પાછો કર્મજ કરે છે, તેથી કર્મ પાશથી મુક્ત થતો નથી. યદ્યપિ એમ છે; તથાપિ નિષ્કામ ધર્મરૂપ કર્મે કરી વિદ્વાન પાપને દૂર કરે છે, અને મૂઢ તો કર્મના સ્વર્ગ પશ્વાદિરૂપ ફળને ઇચ્છે છે, માટે નિષ્કામ ધર્મજ બળવાન છે; અધર્મ નથી. એ હેતુ માટે નિષ્કામ ધર્માચરણ કરનારને પાપ નાશ થવાથી કાળે કરીને મોક્ષ મળે છે.

ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, પુણ્ય કર્મ કરનાર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય, એ દ્વિજોને યમ-નિયમાદિ ધર્મના ફળભૂત જે સનાતન લોક પ્રાપ્ત થાય છે, તેનો ક્રમ કહો? સ્વભાવિક નિષિદ્ધ કરેલાં કામ્ય કર્મને હું ઇચ્છતો નથી. તે સાંભળી સનત્સુજાત ઋષિયે કહ્યું કે, જેમ મલ્લાદિક બળવાન પુરૂષો બીજાના બળ સામે સ્પર્ધા કરે છે, તેમ યમનિયમાદિરૂપ વ્રત વિષે "હું બીજાઓથી અધિક યમનિયમાદિ સાધીશ." એમ સ્પર્ધા કરનાર દ્વિજ, સગુણ બ્રહ્મને જાણનાર યોગી થઇ આ દેહને મૂકી બ્રહ્મલોક વિષે જાય છે, ને પછી ત્યાં બ્રહ્માની સાથે મુક્તિ પામે છે. જે પુરૂષોને "હુંજ યજ્ઞાદિકનું સર્વથી ઉત્કૃષ્ટ રીતે અનુષ્ઠાન કરૂં" એવો આગ્રહ છે, તેઓને યજ્ઞાદિક જ્ઞાનેચ્છા હોય તો જ્ઞાનનુંજ સાધન થાય છે, નહી તો તેઓ આ શરીરથી મુક્ત થઇ ત્રિવિષ્ટપ સ્વર્ગ પ્રત્યે જાય છે. જે પુરૂષને દૃઢ જ્ઞાન થયું નથી ને સંસારમાં પણ આસક્તિ થોડી છે, તેણે વર્ણ, આશ્રમ તથા અવસ્થા, ઇત્યાદિના અભિમા-નથી બહિર્મુખ હોય તેને, તેમજ નિષ્કામપણાથી જે અંતરદૃષ્ટિવાળો હોય તેને પણ અત્યંત અનુસરવું નહિ; કારણ બહિર્મુખને અનુસરવાથી, પોતામાં કામ ક્રોધાદિ દુર્ગુણ આવે છે ને અંતરદૃષ્ટિવાળાને અનુસરવાથી નિષ્કામપણાને લીધે કર્મ કરતો ન હોય તો પોતાથી પણ કર્મ છુટી જાય, વાસ્તે તે બેઉ પાસેથી સાર હોય તે લેવો; એવા ધર્માચરણને વેદ જાણનાર બ્રાહ્મણો વખાણે છે. સંન્યાસિયોએ વર્ષાકાળમાં વૃદ્ધિ પામેલા તૃણની પેઠે જેના ઘરમાં અતિથિ વાસ્તે અન્નપાન ઘણું જોયામાં આવે, તેને ઘેર જઇ પોતાની પ્રાણયાત્રા કરવી, પણ જેને સંકોચ હોય એવા ક્ષીણ વૃત્તિવાળા ગૃહસ્થને ઘેર જઇ પીડા કરવી નહી, તેમ ક્ષુધાની બાધાથી પોતાના પ્રાણને પણ પીડા કરવી નહી, એટલે ઘણા અન્નપાનવાળાને ઘેર જઇ હંમેશ ભિક્ષા કરવી. જે ભય આપનાર દેશમાં રહીને પોતામાં સામર્થ્ય છતાં પણ, દેશના મનુષ્યોની વચમાં પોતાના આત્માને વિદ્યાદિ ગુણે કરી અધિક જણાવતો નથી, તે યોગી જગતમાં સર્વથી શ્રેષ્ઠ જાણવો. જે પારકો ઉત્કર્ષ જોઇ સંતાપ ન કરતો હોય, ને બ્રહ્મચારી તથા સંન્યાસીને જમાડ્યા પછી જમતો હોય, તેનું અન્ન સંન્યાસિયોએ જમવું, એમ સત્પુરૂષોનો મત છે. જેમ શ્વાન નિત્ય પોતાનું વમન કરેલું ખાય છે, તેમ પોતાનું પાંડિત્યાદિક પ્રકાશ કરી જે ભિક્ષાની ઇચ્છા કરે છે, તે સંન્યાસી પોતાના અકલ્યાણ વાસ્તે વમન કરી પાછું ખાનાર થાય છે. બ્રહ્મવેત્તા બ્રાહ્મણ પોતાની જ્ઞાતિના મધ્યમાં વસે છે, તોપણ "આ જાતિલાઓ મારી યોગચેષ્ટા માં જાણો" એમ ઇચ્છે છે, તેના લક્ષણને જાણનાર પંડિતો તેને બ્રહ્મનિષ્ઠ કહે છે. એ રીતે કહેલી યોગચેષ્ટા વિના ઉપાધિકૃત [illegible] રહિત, મૂર્તિ શરીરમાં રહેનાર, અનુમાનાદિક પ્રમાણોએ કરી અગમ્ય, વ્યાપક, સંગ રહિત અને સજાતીય વિજાતીય તથા સ્વગત ભેદ રહિત આત્માને જાણવા કોણ સમર્થ છે? યોગ-

પ્રહેનાર એવી તે અતુલ શસ્ત્રવૃષ્ટિને વ્યથા રહિત જેની ઇન્દ્રિયો છે એવા અતિ ક્રોધ પામેલા મહા તેજવાળા દ્રોણપુત્ર અશ્વત્થામાએ જેવી રીતે વાયુ મોટા મેઘને મટાડે તેવી રીતે દિવ્ય અસ્ત્રોવડે મંત્રેલાં ઘોર બાણોએકરી નાશ પમાડી. તે પછી હે મહારાજ ! બીજું યુદ્ધ થાય તેમ યોદ્ધાઓના હર્ષને વધારનારૂં ભયંકર રૂપવાળું અંતરિક્ષમાં બાણોનું યુદ્ધ થયું. પછી ચોતરફ અસ્ત્રોના ઘસારાવડે થએલા તણખાઓવડે રાત્રિના પ્રદોષ વખતે જે પ્રમાણે પતંગિઆઓવડે યુક્ત એવું આકાશ શોભે તે પ્રમાણે અંતરિક્ષ શોભતું હતું. દ્રોણપુત્ર અશ્વત્થામાએ બાણોના સમૂહોવડે સર્વ તરફથી દિશાઓને ઢાંકીને તમારા પુત્રોના પ્રિય માટે રાક્ષસ પ્રત્યે વૃષ્ટિ કરી પછી જે રીતે ઇન્દ્ર ને પ્રલ્હાદનું યુદ્ધ થયું હતું તે રીતે રણભૂમિમાં ગાઢ અર્દ્ધ રાત્રિ વિષે દ્રોણપુત્ર અશ્વત્થામાનું અને રાક્ષસ ઘટોત્કચનું યુદ્ધ થયું. પછી સંગ્રામ વિષે ક્રોધ પામેલાં ઘટોત્કચે દ્રોણપુત્ર અશ્વત્થામાને કાળાગ્નિ સરખાં દશ બાણોએકરી છાતી વિષે પ્રહાર કર્યો. રાક્ષસ ઘટોત્કચે મોટાં બાણોવડે વિંધેલા મહા બળવાન દ્રોણપુત્ર અશ્વત્થામા જેવી રીતે વાયુએ કંપાવેલું વૃક્ષ ચલાયમાન થાય તેવી રીતે ચલાયમાન થયા અને મોહ પામેલા ધ્વજ યષ્ટિનો આશ્રય કરી ગયા.

હે જનાધિપ ! તે સમયે તમારૂં સર્વ સૈન્ય હાહાકાર કરવા લાગ્યું અને હે વિશાંપતે ! સર્વ તમારા યોદ્ધાઓ અશ્વત્થામાને નાશ પામેલા માનવા લાગ્યા. સંગ્રામ વિષે તેવી અવસ્થાવાળા અશ્વત્થામાને જોઇ પંચાલ અને સૃંજય યોદ્ધાઓ સિંહનાદ કરવા લાગ્યા. પછી શત્રુને નાશ પમાડનારા મહા બળવાન અશ્વત્થામાએ સંજ્ઞા પામી ડાબા હાથવડે ધનુષને દબાવી કર્ણ પર્યંત ખેંચેલા ધનુષવડે ઘટોત્કચને તાકી તત્કાળ યમદંડની ઉપમા અપાય એવા ભયંકર ઉત્તમ બાણને નાંખ્યું. હે પૃથ્વીપતે ! ઉગ્ર એવું તે ઉત્તમ બાણ રાક્ષસના હૃદયને ભેદી પુંખ સહિત પૃથ્વીમાં પેસી ગયું. હે મહારાજ ! રણશાલી એવા દ્રોણપુત્ર અશ્વત્થામાએ અતિ વિંધેલો એવો તે રાક્ષસેંદ્ર ઘંટાત્કચ રથના સારથિને બેસવાને સ્થાને બેઠો. હિડિંબાના પુત્ર ઘટોત્કચને મોહ પામેલો જોઇ અસભ્રાંત તથા ત્વરાયુક્ત એવો સારથિ દ્રોણપુત્ર અશ્વત્થામાની સમીપથી રણાંગણથી દૂર લેઇ ગયો. તે રીતે સંગ્રામ વિષે રાક્ષસેંદ્ર ઘટોત્કચને વિંધી મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામા અતિ મોટો નાદ કરવા લાગ્યા. હે ભારત ! તમારા પુત્રોએ અને સર્વ યોદ્ધાઓએ વખાણેલા અશ્વત્થામા શરીરેકરી, જે પ્રમાણે મધ્યાન્હ સમયે સૂર્ય શોભે તે પ્રમાણે શોભતા હતા.

ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્યના રથ સમીપ યુદ્ધ કરતાં ભીમસેનને પોતે રાજા દુર્યોધન તીક્ષ્ણ બાણોએકરી વિંધવા લાગ્યો. હે મારિષ ! દુર્યોધનને ભીમસેને દશ બાણોવડે વિંધ્યો, તેમ દુર્યોધને પણ વીસ બાણેકરી ભીમસેનને સામો વિંધ્યો. રણાંગણ વિષે બાણોવડે ઢંકાએલા તે બે જે પ્રમાણે આકાશમાં મેઘના સમૂહવડે ઢંકાએલા ચંદ્ર અને સૂર્ય શોભે તે પ્રમાણે શોભતા હતા. એ પછી હે ભરતશ્રેષ્ઠ ! રાજા દુર્યોધને ભીમસેનને 'ઉભો રહે ઉભો રહે' એમ કહ્યું અને પાંચ બાણોએકરી વિંધ્યો. ભીમસેને દશ બાણોએકરી તેના ધનુષને અને ધ્વજને કાપી નમેલ પર્વવાળાં નવ બાણવડે કૌરવશ્રેષ્ઠ એવા દુર્યોધનને વિંધ્યો. તે પછી ક્રોધ પામેલા ભરતશ્રેષ્ઠ દુર્યોધને અતિ મોટા બીજા ધનુષને લેઇ રણના અગ્ર ભાગમાં સર્વ ધનુર્ધારિઓના જોતાં તીક્ષ્ણ બાણોએકરી ભીમસેનને પીડયો. દુર્યોધનના ધનુષથી નીકળતાં તે બાણોને ભીમસેને કાપી કૌરવ એવા દુર્યોધનને પચ્ચીસ બાણવડે અર્પિત કર્યો. હે મારિષ ! અતિ ક્રોધ પામેલા દુર્યોધને ક્ષુરપ્ર બાણથી ભીમસેનના ધનુષને કાપી દશ બાણોએકરી અર્પિત

વિંધ્યો. એ પછી તુરત બીજા ધનુષને લેઇ મહા બળવાન ભીમસેને રાજા દુર્યોધનને તીક્ષ્ણ એવાં સાત બાણવડે વિંધ્યો. હે મહારાજ! લઘુ હસ્તવાળા ધનુર્ધારિ પુરૂષની પેઠે ભીમસેનના ધનુષને પણ દુર્યોધને કાપી નાખ્યું. વળી તે પ્રમાણેજ મહોન્મત્ત જયશાલી એવા તમારા પુત્ર દુર્યોધને ભીમસેને લીધેલા ત્રીજા, ચોથા અને પાંચમા ધનુષને પણ કાપી નાંખ્યું. હે મહારાજ! ભીમસેન જે જે ધનુષ લેતો તે તે ધનુષને દુર્યોધન કાપી નાખતો હતો. તેવી રીતે વારંવાર ધનુષના કપાવાથી ભીમસેને સર્વ આકાશના સિમાડાને દીપ્ત કરતી હોયની નહિ તેમ રહેલી અગ્નિ તુલ્ય કાંતિવાળી એવી સુંદર શક્તિને જેવી રીતે મૃત્યુની બેનને અને એવી અગ્નિની જ્વાળાને ફેંકે તેવી રીતે ફેંકી. ન પ્રાપ્ત થએલી તે શક્તિને સર્વ લોકના તથા મહાત્મા ભીમસેનના જોતાં કૌરવ એવા દુર્યોધને બે પ્રકારે કરી કાપી નાખી. હે મહારાજ! તે પછી ભીમસેને ઘણી કાંતિવાળી મોટી ગદાને તાકી વેગેકરી દુર્યોધનના રથ ઉપર ફેંકી. તે વખતે તે મોટી ગદાએ તુરત સગ્રામ વિષે તમારા પુત્રના ઘોડાઓને, સારથિને અને પછી રથને નાશ પમાડયા, અને હે રાજેંદ્ર! તમારો પુત્ર દુર્યોધન ભીમસેનથી ભયવાન થઇ નાસીને બીજા મહાત્મા નદક રાજાના રથ ઉપર ચઢી ગયો. ત્યાર પછી ભીમસેન મહારથિ એવા તમારા પુત્ર દુર્યોધનને નાશ પામેલો માની રાત્રિ વિષે કૌરવોને તરછોડતો મોટો સિંહનાદ કરવા લાગ્યો અને પછી તે સર્વ ચોતરફ હાય હાય એવી રીતે હોકાર કરવા લાગ્યા. હે રાજન્! ત્રાસ પામેલા તે સર્વ યોદ્ધાઓના શબ્દને સાંભળી તથા મહાત્મા ભીમસેનના શબ્દને સાભળી રાજા યુધિષ્ઠિર દુર્યોધનને હણાએલો માની વેગે કરીને જ્યાં કુંતિપુત્ર વૃકોદર એવો ભીમસેન હતો ત્યાં આવ્યા ને હે વિશાંપતે! પંચાલ, કેકય, મત્સ્ય અને સૃંજય યોદ્ધાઓ પણ આવ્યા અને સર્વ ઉદ્યોગે કરી દ્રોણાચાર્ય પ્રત્યેજ યુદ્ધ કરવાની ઇચ્છાવડે ગયા. એ પછી ત્યાં ઘોર અંધકાર વિષે મગ્ન થએલા અને પરસ્પર પ્રહાર કરતા એવા યોદ્ધાઓના મધ્યમાં દ્રોણાચાર્યનું શત્રુઓ સાથે અતિ મોટું યુદ્ધ થયું.

तत्रासीत्सु महद्युद्धं द्रोणस्याथ परैः सह ।
घोरे तमसिमग्नानां निघ्नतामितरेतरं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे दुर्योधनापयाने गुर्जरभाषायां षट्षष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६६ ॥

અધ્યાય ૧૬૭ મો. અલંબુષનો પરાભવ.

संजय उवाच—सहदेव मथायान्तं द्रोणप्रेप्सु विशांपते ।
कर्णो वैकर्तनो युद्धे वारयामास भारत ॥

સંજય કહે છે—હે વિશાંપતે! હે ભારત! દ્રોણાચાર્યને પામવા ઇચ્છતા એવા સહદેવને આવતો જોઇ સૂર્યપુત્ર કર્ણ યુદ્ધમાં તેને વારવા લાગ્યો. સહદેવ રાધાપુત્ર કર્ણને નવ બાણોવડે વિંધી ફરીને નમેલ પર્વવાળાં દશ બાણોએકરી વિંધતો હતો, તે સહદેવને નમેલ પર્વવાળાં સો બાણોએકરી કર્ણે સામો વિંધ્યો અને શીઘ્ર ધનુષને કાપી નાખ્યું. તે પછી પ્રતાપવાન માદ્રીના પુત્ર સહદેવે બીજું ધનુષ લેઇ કર્ણને વીસ બાણવડે વિંધ્યો તે આશ્ચર્ય સરખું થયું.

બળવાન કર્ણે નમેલ પર્વવાળાં બાણોએકરી તેના ઘોડાઓને હણી સહદેવના સારથિને બાણ બાણેકરી તત્કાળ યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. રથ રહિત થએલા સહદેવે ખડ્ગ અને ઢાલને લીધી. સહદેવના ખડ્ગને પણ હાસ્ય કરતો હોય તેમ સામે રહેલ એવો જે કર્ણ તેણે બાણોવડે કાપી નાંખ્યું. એ પછી અતિ ક્રોધ પામેલા સહદેવે સુવર્ણવડે વિચિત્ર મહા ભયંકર એવી મોટી ગદાને સૂર્યપુત્ર કર્ણના રથ પ્રત્યે ફેંકી. સહદેવે ફેંકેલી જલદી સમીપ આવતી ગદાને કર્ણે બાણોએ સ્થિર કરી દીધી અને એને પૃથ્વી વિષે પાડી. ગદાને પાડેલી જોઇ ત્વરાયુક્ત એવા સહદેવે કર્ણ પ્રત્યે શક્તિને ફેંકી. તે શક્તિને પણ બાણોએ કરી કર્ણે કાપી નાખી, તે પછી હે મહારાજ ! સંભ્રમ રહિત જલદી ઉત્તમ રથમાંથી ઠેકડો મારી સહદેવે કર્ણને ઉભેલો જોઇ યુદ્ધમાં રથચક્રને ઝાલી અધિરથ પુત્ર કર્ણ પ્રત્યે નાખ્યું. કાળચક્રની પેઠે તે જલદી નાંખેલું ચક્ર સમીપ આવ્યું. તેને સૂતપુત્ર કર્ણે હજારો બાણવડે કાપી નાંખ્યું. મહાત્મા સૂતપુત્ર કર્ણે તે ચક્રને કાપી નાંખ્યું, ત્યારે સહદેવ કર્ણને તાકી લાગલદંડ, રાશ, જુદા જુદા પ્રકારનાં ઘોંસરાં, મરેલા હાથીનાં અંગ, ઘોડા અને મરેલા પુરૂષોને ફેંકયા. તેઓને કર્ણે બાણોવડે કાપી નાખ્યાં. તે સમયે બાણોએકરી નિવારાતો એવો માદ્રીપુત્ર સહદેવ આત્માને આયુધ રહિત થએલો જાણી રણભૂમિને તજવા લાગ્યો. હે ભરતર્ષભ ! હે વિશાંપતે ! મુહૂર્ત-વારમાં રાધાપુત્ર કર્ણ તે પ્રત્યે દોડી હસીને કહેવા લાગ્યો કે હે અધીર ! રણભૂમિમાં પોતાથી વિશેષ એવા રથિપુરૂષો સાથે યુદ્ધ ન કર. હે માદ્રીપુત્ર ! સમાન રથિઓ સાથે યુદ્ધ કર અને અમારાં વચન પ્રત્યે શંકા લાવ મા. એમ કહ્યા પછી સહદેવને ધનુષના અગ્ર ભાગવડે દુઃખી કરતો ફરીને વચન બોલ્યો કે-હે માદ્રીપુત્ર ! આ અર્જુન રણભૂમિમાં કુરૂઓની સાથે યુદ્ધ કરે છે, ત્યાં જલદી જા અથવા માનતો હોય તો ઘેર જા. એ પ્રમાણે તેને કહી રથિપુરૂષોમાં ઉત્તમ એવો કર્ણ રથવડે પાંચાલ અને પાંડવ સૈન્યો પ્રત્યે તેઓને જેમ બાળતો હોય તેવી રીતે ગયો.

હે રાજન્ ! સંગ્રામ વિષે શત્રુઓને હણનાર સત્ય પ્રતિજ્ઞા તથા મહા યશવાળા કર્ણે કુંતિના વચનને સંભારી વધને પ્રાપ્ત થએલા એવા પણ માદ્રીપુત્ર સહદેવને માર્યો નહીં. હે રાજન્ ! તે પછી નારાજ થયેલો બાણોવડે પીડિત તથા કર્ણનાં વાગ્બાણોએકરી તાપ પામેલો સહદેવ જીવિતથી થકી વૈરાગ્ય પામ્યો અને ત્વરાયુક્ત એવો મહારથિ તે મહાત્મા પાંચાલ્ય એવા જનમેજયના રથ પ્રત્યે બેઠો. દ્રોણાચાર્ય પ્રત્યે જલદી સેના સહિત આવેલા ધનુર્ધારિ વિરાટરાજાને મદ્ર દેશનો રાજા શલ્ય બાણોના સમૂહવડે ઢાંકવા લાગ્યો. હે રાજન્ ! પૂર્વે જેવું જંભાસુર અને ઇંદ્રનું યુદ્ધ થયું હતું તેવું બે ધનુર્ધારિઓનું રણભૂમિ વિષે યુદ્ધ થયું. હે મહારાજ ! ત્વરાવાન, એવા મદ્રરાજે જલદી સેનાના પતિ વિરાટરાજાને નમેલ પર્વવાળાં સો બાણોએકરી વિંધ્યો. હે રાજન્ ! તેને વિરાટ રાજાએ તીક્ષ્ણ એવાં નવ બાણોએ સામો વિંધ્યો. ફરીને પણ છોતેર બાણોએ વિંધી પછીથી સો બાણોએ વિંધ્યો. મદ્રદેશના અધિપતિ શલ્યે તેના ચાર રથના ઘોડાઓને હણી સંગ્રામ વિષે બે બાણવડે સારથિને અને ધ્વજને પાડયો. ઘોડા રહિત થએલા રથથી જલદી થેકડો મારી ધનુષને ટંકારવ કરતો અને તીક્ષ્ણ બાણોને ફેંકતો એવો મહારથિ વિરાટ રાજા ઉભો રહ્યો. પછી વાહન રહિત થએલા ભાઇ વિરાટ રાજાને જોઇ જલદી સર્વ લોકના જોતાં શતાનીક રથ સહિત તેની સમીપ આવ્યો. એ પછી શતાનીકને આવતો જોઇ મદ્રરાજ શલ્યે મહા સંગ્રામ વિષે ઘણાં બાણોએકરી હણ્યો, અને પછીથી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. તે શૂર શતાનીકના હણાવાથી રથિઓમાં શ્રેષ્ઠ

એવો વિરાટ રાજા તે જ ધ્વજપંક્તિવાળા રથ પ્રત્યે ચઢયો અને પછી તે ભમણા પરાક્રમવાળો એવો વિરાટરાજા ક્રોધથી નેત્ર ચઢાવી જલદી મદ્રરાજ શલ્યના રથને બાણોવડે ઢાંકવા લાગ્યો. પછી ક્રોધ પામેલા મદ્રાધિપ એવા શલ્યે નમેલ પર્વવાળા બાણેકરી સેનાના પતિ વિરાટરાજાને છાતી વિષે દૃઢ પ્રહાર કર્યો. હે મહારાજ ભરતર્ષભ! અતિ વિંધેલો વિરાટ રાજા રથના સારથિને બેસવાને ઠેકાણે બેઠો અને તીવ્ર મોહને પામ્યો. હે ભારત! સંગ્રામ વિષે બાણવડે ઘાયેલ થએલા વિરાટરાજાને સારથિ દૂર લેઇ ગયો, તે સમયે મોટી એવી તે સેના રાત્રિ વિષે સંગ્રામમાં શોભનાર એવા શલ્યે ઘણાં બાણોવડે વધ કરેલી એવી નાસવા લાગી. તે નાસી જતી સેનાને જોઇ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ અને ધનંજય અર્જુન એ બે હે રાજેન્દ્ર! જ્યાં શલ્ય ઉભો હતો ત્યાં ગયા. તે વખતે હે રાજન્! રાક્ષસેન્દ્ર અલંબુષ આઠ ચક્રવડેયુક્ત, ઘોડાઓ સરખાં જેઓનાં મુખ છે એવા ઘોર દર્શનવાળા પિશાચોવડે યુક્ત, લોહીવડે ભીંજાએલ પતાકાવાળા, રક્તમાલ્યવડે શોભિત, દૃઢ, લોહમય, ભયંકર રીંછનાં ચર્મવડે યુક્ત, ભયંકર વિચિત્ર પાંખવાળા અને મોટી આંખવાળા તથા શબ્દ કરતા મોટા ગીધેકરી શોભિત એવા ઉંચા દંડવાળા ધ્વજેકરીયુક્ત ઉત્તમ રથ પ્રત્યે બેસી તે એકિની સામો ગયો. તે સમયે હે રાજન્! તે રાક્ષસ ભિન્ન એવા અંજનના સમૂહની ઉપમા અપાય એવો શોભતો હતો. હે રાજન્! અર્જુનના મસ્તક વિષે હજારો બાણસમૂહોને વર્ષાવતા એવા તે રાક્ષસે જેવી રીતે મોટો પર્વત તોફાની વાયુને રોકે તેવી રીતે આવતા અર્જુનને રોક્યો. તે સમયે હે ભારત! અર્જુન અને રાક્ષસનું સર્વ જોનારાઓની પ્રીતિ વધારનારૂં તથા ગીધ, કાગડા, કાક, ઘુડ, અને કંક તથા શિયાળને હર્ષ પમાડનારૂં અતિ તીવ્ર એવું મોટું યુદ્ધ થયું. હે ભારત! અર્જુને તે રાક્ષસને સો બાણેકરી પ્રહાર કર્યો અને તીક્ષ્ણ એવાં નવ બાણવડે તેના ધ્વજને કાપી નાખ્યો. ત્રણ બાણોએકરી સારથિને, ત્રણ બાણોએકરીને ત્રિવિકણુને, એક બાણેકરીને ધનુષને તથા ચાર બાણોએકરી ચાર ઘોડાઓને કાપી નાખ્યા. ફરીને રાક્ષસે જે ધનુષને પ્રત્યંચા યુક્ત કર્યું, તેને પણ બે પ્રકારે કાપી નાખ્યું. રથ રહિત એવા એ રાક્ષસના ઉગામેલા ખડ્ગને પણ બે પ્રકારે કાપી નાખ્યું. પછી હે ભરતર્ષભ! કુંતિપુત્ર અર્જુને અતિ તીક્ષ્ણ એવાં ચાર બાણેકરી રાક્ષસેંદ્ર અલંબુષને વિંધ્યો અને વિંધેલો એવો તે ભયથી ભાગ્યો. હે રાજન્! તે અલંબુષને જીતી અર્જુન જલદી દ્રોણાચાર્યની સમીપ મનુષ્ય, હાથિ અને ઘોડાઓ વિષે બાણના સમૂહોને નાખવા લાગ્યો. તે સમયે હે મહારાજ! યશસ્વી પાંડુપુત્ર અર્જુનથી વધ પામતા સૈનિકો જેવી રીતે વાયુએ કંપાવેલાં વૃક્ષો પડે, તેવી રીતે પૃથ્વી ઉપર પડતા હતા. એ રીતે હે વિશાંપતે! મહાત્મા ફાલ્ગુન એવા અર્જુને તેઓનો નાશ કરવાથી તમારા પુત્રોનું સર્વ સૈન્ય નાસવા લાગ્યું.

तेषु त्रास्यमानेषु फाल्गुनेन महात्मना ।
संप्राद्रवद्बलं सर्वं पुत्राणां ते विशांपते ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे अलंबुषपराभवे गुर्जरभाषायां सप्तषष्ट्यधिकशततमोऽध्यायः ॥ १६७ ॥

અધ્યાય ૧૯૮ મો. શતાનીકનું પરાક્રમ.

**संजय उवाच—शतानीकंशरैस्तूर्णं निर्दहन्तं चमूं तव ।
चित्रसेनस्तवसुतो वारयामास भारत ॥**

સંજય કહે છે— હે ભારત ! તમારી સેનાને બાણવડે નિર્દહન કરતા શતાનીકને તમારો પુત્ર ચિત્રસેન જલદી વારવા લાગ્યો, તેમ નકુળનો પુત્ર શતાનીક પાંચ બાણોએકરી ચિત્રસેનને વિંધી, વારવા લાગ્યો. ચિત્રસેને પણ તીક્ષ્ણ એવાં દશ બાણોવડે તેને સામો વિંધ્યો. હે મહારાજ ! ફરીને યુદ્ધમાં ચિત્રસેને નવ તીક્ષ્ણ બાણોએકરી શતાનીકને છાતી વિષે વિંધ્યો,તેમ નકુળપુત્ર શતાનીકે નમેલ પર્વવાળાં બાણોએકરી ચિત્રસેનના શરીરપરના કવચને કાપી નાંખ્યું; તે જેમ આશ્ચર્ય હોય તેમ થયું. હે નૃપ! હે રાજેંદ્ર ! કવચ રહિત તમારો પુત્ર જે પ્રમાણે ત્યાગ કરવાને વખતે કાંચળીને તજી સર્પ શોભે તે પ્રમાણે અતિ શોભતો હતો. હે મહારાજ ! પછી સંગ્રામ વિષે યત્ન કરતા એવા ચિત્રસેનના ધનુષને તથા ધ્વજને નકુળના પુત્ર શતાનીકે કાપ્યો. હે મહારાજ ! સંગ્રામ વિષે જેનું ધનુષ કપાએલું છે એવા કવચ રહિત મહારથિ ચિત્રસેને શત્રુને વિદારનારા બીજા ધનુષને ગ્રહણ કર્યું અને તરત ભરત યોદ્ધાઓમાં મહારથિ એવા ક્રોધ પામેલા તેણે સંગ્રામ વિષે નવ બાણોએકરી નકુળના પુત્ર શતાનીકને વિંધ્યો. હે મારિષ ! એ પછી અતિ ક્રોધ પામેલા નરોમા ઉત્તમ એવા શતાનીકે ચિત્રસેનના ચાર ઘોડાઓને અને સારથિને હણ્યા. તે રથમાથી ઉતરી મહારથિ બળવાન ચિત્રસેને નકુળના પુત્ર શતાનીકને પચીસ બાણોવડે પીડયો. રણભૂમિમાં ભયંકર કર્મ કરતો એવો ચિત્રસેન તેના રત્નવડે શોભિત ધનુષને નકુળના પુત્ર શતાનીકે અર્ધચંદ્ર બાણેકરી કાપી નાખ્યું, ત્યારે ધનુષ, રથ, ઘોડા અને સારથિ એ સર્વ જેનાં નાશ પામેલાં છે એવો ચિત્રસેન જલદી મહાત્મા કૃતવર્માના રથ ઉપર ચઢી ગયો. તે સમયે દ્રોણાચાર્યને પામવા ઇચ્છતા સૈન્ય સહિત એવા મહારથિ દ્રુપદરાજા પ્રત્યે જલદી ઘણાં બાણવડે વૃષ્ટિ કરતો એવો વૃષસેન સામે ગયો. હે પાપરહિત ! સંગ્રામ વિષે મહારથિ કર્ણના પુત્ર વૃષસેનને દ્રુપદરાજાએ સાઠ બાણોએકરી બે બાહુ અને છાતી વિષે વિંધ્યો. અતિ ક્રોધ પામેલા વૃષસેને પણ ઘણાં તીક્ષ્ણ બાણવડે રથમાં બેઠેલા દ્રુપદ રાજાને હૃદય વિષે વિંધ્યો. હે મહારાજ ! રણભૂમિ વિષે જેઓનાં બાણો-વડે કંપિત અંગ છે એવાં બાણોવડે તે બે જે રીતે સિસોળીઆંવડે શાહુડી નામનાં બે જનાવર શોભે તે રીતે શોભતા હતા અને મોટા યુદ્ધમાં સુવર્ણ પુંખવાળાં પ્રસન્ન અગ્રભાગ-વાળાં બાણોએકરી જેનાં બખ્તર કપાયાં છે એવા રૂધિરના પ્રવાહવડે ભીંજાએલા તેઓ અત્યંત શોભતા હતા. જેમ વિચિત્ર બે કલ્પવૃક્ષ શોભે તથા પ્રફુલ્લિત એવાં બે કેસુડાનાં વૃક્ષ શોભે તેમ સુવર્ણ તુલ્ય કાંતિવાળા તે બે રણાંગણ વિષે શોભતા હતા. હે રાજન્ ! પછી વૃષસેને નવ બાણોએ દ્રુપદરાજાને વિંધી ફરીને સીત્તેર બાણોએ તથા બીજાં પણ ત્રણ ત્રણ બાણોએ વિંધ્યો.

હે મહારાજ ! તે વખતે હજારો બાણને ફેંકતો એવો કર્ણનો પુત્ર વૃષસેન જે પ્રમાણે વર્ષતો મેઘ શોભે તે પ્રમાણે શોભતો હતો, તે પછી ક્રોધ પામેલા દ્રુપદરાજાએ પાએલ એવાં તીક્ષ્ણ ભલ્લ બાણેકરી વૃષસેનના ધનુષને બે પ્રકારેકરી કાપી નાખ્યું. વૃષસેને પણ સુવર્ણબદ્ધ નવા દઢ ધનુષને લેઇ ભાથામાંથી નિર્મળ, પાયેલા એવા તીક્ષ્ણ દઢ ભલ્લ બાણને ખેંચી તેને ધનુષ વિષે જોડી દ્રુપદ રાજાને બરોબર તાકી કાન પર્યંત ખેંચી સર્વ સોમક યોદ્ધાઓને ત્રાસ

પમાડતાં નાખ્યું. તે બાણ તેના હૃદયને ભેદી પૃથ્વીતલ પ્રત્યે ગયું. તે વખતે વૃષસેનના બાણવડે પીડિત એવો દ્રુપદરાજા મોહ પામ્યો. તેને સારથિનાં ચેષ્ટિતને સંભારતો એવો સારથિ દૂર લેઇ ગયો. પછી હે રાજેંદ્ર! પંચાલ યોદ્ધાઓનો મહારથિ તે ઘાયલ થવાથી બાણોએકરી કપાએલાં તથા ભેદાયેલા છે કવચ જેનાં એવું દ્રુપદરાજાનું સૈન્ય તે સમયે હે રાજન્! ભયંકર અર્ધરાત્રિ થવાથી નાસવા લાગ્યું. હે મહારાજ! જેવી રીતે વાદળાં રહિત ગ્રહોવડે અંતરીક્ષ શોભે તેવી રીને દીવાઓવડે યુક્ત ચોતરફ પ્રકાશિત એવા તે યોદ્ધાઓવડે પૃથ્વી શોભતી હતી; તેમજ હે મહારાજ! પડી ગએલા બાજુબંધોવડે પૃથ્વી જે પ્રમાણે વર્ષાકાળમાં વિજળીઓ-વડે મેઘ શોભે તે પ્રમાણે દેખાતી હતી, પછી જે રીતે તારકાસુરના યુદ્ધમાં ઇન્દ્રના ભયેકરી ત્રાસ પામેલા દાનવો ભાગતા હતા તે રીતે કર્ણના પુત્ર વૃષસેનથી ત્રાસ પામેલા સોમક યોદ્ધાઓ આડાઅવળા દોડવા લાગ્યા. તે વખતે હે મહારાજ! તેણે પીડા પમાડેલા યુદ્ધમાં ભાગ્યા એવા સોમક યોદ્ધાઓ દિવાઓવડે વિશેષ શોભતા હતા, તેમ હે ભારત! સંગ્રામ વિષે તે યોદ્ધાઓને જીતી કર્ણપુત્ર વૃષસેન પણ જે પ્રમાણે મધ્ય દિવસને પ્રાપ્ત થએલો સૂર્ય શોભે તે પ્રમાણે શોભતો હતો, અને તે તમારા અને પારકા હજારો રાજા વિષે પ્રતાપવાન એકલોજ શોભી રહ્યો હતો. તે રણભૂમિમાં શૂર સોમક યોદ્ધાઓના મહારથિઓને જીતી જ્યાં યુધિષ્ઠિર રાજા હતા ત્યાં તે ત્વરાથી ગયો. એ પછી રણભૂમિમાં ક્રોધ પામેલા, શત્રુઓને નાશ પમાડતા પ્રતિવિંધ્ય યોદ્ધાની સામે તમારો પુત્ર મહારથિ દુઃશાસન ગયો. હે રાજન્! જેવી રીતે મેઘ રહિત આકાશ વિષે બુધ અને સૂર્યનો સમાગમ થાય, તેવી રીતે તે બેનો વિચિત્ર રૂપવાળો સમાગમ થયો. સંગ્રામ વિષે દુઃખે કરાય એવા કર્મને કરતા એવા પ્રતિવિંધ્યને કપાળ વિષે દુઃશાસને ત્રણ બાણોએકરી વિંધ્યો. બળવાન ધનુર્ધારી તમારા પુત્રે અતિ વિંધેલો મહાબાહુ પ્રતિવિંધ્ય જે રીતે શિખર સહિત પર્વત શોભે તે રીતે શોભતો હતો. સંગ્રામ વિષે દુઃશા-સનને મહારથિ પ્રતિવિંધ્યે નવ બાણવડે વિંધી ફરીને સાત બાણવડે વિંધ્યો. હે ભારત! તે સમયે તમારા પુત્ર દુઃશાસને દુષ્કર્મ કર્યું કે ઉગ્ર બાણોએકરી પ્રતિવિંધ્યના ઘોડાઓને પાડ્યા અને ભાલાવડે એના સારથિને તથા ધ્વજને પાડયો અને હે રાજન્! ધનુર્ધારી તે પ્રતિવિંધ્યના રથને તલ જેવડા કકડા કરી કાપી નાંખ્યો, તેમજ હે પ્રભો! ક્રોધ પામેલા દુઃશાસને નમેલ પર્વવાળાં બાણોએકરી ભાથા અને રશ્મિ સહિત પતાકાઓને તથા રથના ઘોડાને બાંધવાની રાશને તલ પ્રમાણે કાપી નાંખી. રથ રહિત થએલો ધનુષ જેના હાથમાં છે એવો ધર્માત્મા પ્રતિવિંધ્ય ઉભો રહી ઘણાં બાણોને નાખતો પછી તમારા પુત્રની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તમારા પુત્ર દુઃશાસને ક્ષુરપ્રેકરી તેના ધનુષને કાપ્યુ અને પછી કપાએલા ધનુષવાળા પ્રતિવિંધ્યને દશ બાણોએકરી પીડિત કર્યો. તે સમયે પ્રતિવિંધ્યને રથ રહિત જોઇ તેના મહારથિ ભાઇઓ સંગ્રામ વિષે મોટી સેના સાથે સમીપ આવ્યા. હે મહારાજ! પછી પ્રતાપી પ્રતિવિંધ્ય સુતસોમના રથ પ્રત્યે ચઢી ધનુષ લેઈ તમારા પુત્રને વિંધવા લાગ્યો, તે વખતે મોટી સેનાવડે વિંટાયલા તમારા સર્વ યોદ્ધાઓ સંગ્રામ વિષે તમારા પુત્ર દુઃશાસનને વિંટી વળી સમીપ વર્તવા લાગ્યા. હે ભારત! તે પછી ભયંકર અર્ધરાત્રિ સમયે તમારા અને તે યોદ્ધાઓનું યુદ્ધ યમરાજાનાં રાષ્ટ્રને વધારનારૂં પ્રવૃત્ત થયું.

ततः प्रववृते युद्धं तव तेषां च भारत।
निशीथे दारुणेकाले यमराष्ट्र विवर्धनं

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे शतानीकादियुद्धे गुर्जरभाषायामष्टषष्ठ्यधिकशततमोऽध्यायः ॥ १६८ ॥

અધ્યાય ૧૬૯ મો. નકુળનું વીરત્વ.

संजय उवाच—नकुलं रभसं युद्धे निघ्नन्तं वाहिनीं तव ।
अभ्ययात्सौबलः क्रुद्धस्तिष्ठ तिष्ठेति चाब्रवीत् ॥

સંજય કહે છે—યુદ્ધમાં વેગવાળા તમારી સેનાને હણુતા એવા નકુળ પ્રત્યે ક્રોધ પામેલો શકુનિ ગયો અને "ઉભો રહે, ઉભો રહે," એમ બોલ્યો. કરેલું છે વેર જેઓએ એવા પરસ્પર વધને ઇચ્છતા તે બેઉ પૂર્ણ વિસ્તાર કરી નાંખેલાં બાણોવડે એક બીજાને હણુતા હતા. હે રાજન્! જેવી રીતે નકુળ બાણુવૃષ્ટિ કરતો હતો તેવી રીતેજ શકુનિ શિક્ષાને દર્શાવતો બાણુવૃષ્ટિ કરતો હતો. હે મહારાજ! તે વખતે સંગ્રામ વિષે બાણોવડે વ્યાપ્ત એવા તે બે શૂરાઓ જે પ્રમાણે સિસોળીઆંવડે બે શાહુડી જનાવરો શોભે તે પ્રમાણે શોભતા હતા; તથા મોટા યુદ્ધમાં સુવર્ણ પુંખવાળાં સરખા અગ્ર ભાગવાળાં બાણોવડે જેનાં બખ્તર કપાએલાં છે એવા રૂધિરના વહેવાથી ભિંજાએલા તે બેઉ અતિ દીપતા હતા. તેમજ રણાંગણ વિષે સુવર્ણ તુલ્ય કાંતિવાળા તે બે જેવી રીતે વિચિત્ર એવાં બે કલ્પવૃક્ષ તથા પ્રફુલિત એવાં કિંશુકવૃક્ષ શોભે તેવી રીતે શોભતા હતા. હે મહારાજ! તે સમયે જે પ્રમાણે કંટકવડે બે શાલ્મલી વૃક્ષ શોભે તે પ્રમાણે સંગ્રામ વિષે બાણોવડે વ્યાપ્ત એવા તે બે શૂરાઓ શોભતા હતા. હે રાજન્! જેઓનાં નેત્ર ચઢ્યાં છે તથા ક્રોધેકરી રાતાં થયાં છે એવા તે બે પરસ્પર દહન કરતા હોય તેમ અતિ વક્ર નજર કરતા હતા. તમારો સાળો હસતો હોય નહિ તેમ અતિ ક્રોધવાન થઇ એક તીક્ષ્ણ બાણેકરી માદ્રીપુત્ર નકુળને હૃદય વિષે વિંધતો હતો, ધનુર્ધારી તમારા સાળા શકુનિએ અતિ વિંધેલો નકુળ રથના સારથિને ઠેકાણે બેઠો અને ઘણો મોહ પામ્યો. હે રાજન્! જેમ વર્ષાકાળમાં મેઘ ગર્જના કરે તેમ અત્યંત વૈરિ અને મત્ત એવા શત્રુને તે રીતે આવેલો જોઈ શકુનિ નાદ કરવા લાગ્યો. તે પછી સંજ્ઞા પામીને પાંડુપુત્ર નકુળ ફરીને જે પ્રમાણે ફાડેલ મુખવાળો કાળ ઉઠે તે પ્રમાણે શકુનિ સામે ગયો. હે ભરતર્ષભ! અતિ ક્રોધ પામેલા નકુળે શકુનિને સાઠ બાણવડે વિંધી ફરીને સો નારાચ બાણવડે હૃદય વિષે વિંધ્યો. એ પછી તે જ સમયે તેણે મુઠીના ભાગમાં રહેલા બાણુ સહિત તેના ધનુષને કાપી નાખ્યું અને જલદી ધ્વજને કાપી રથ ઉપરથી પૃથ્વીપર પાડી નાંખ્યો. પાંડુપુત્ર નકુળે સ્વભાવથીજ તીક્ષ્ણ અને તીક્ષ્ણ કરેલા પાયેલા એક બાણેકરી શકુનિના બે સાથળને ભેદી જે પ્રમાણે પાંખ સહિત બાજ પક્ષિને પાડે તે પ્રમાણે બાણેકરી તેને પાડ્યો. હે મહારાજ! નકુળે અતિ વિંધેલો તે શકુનિ રથના સારથિના સ્થાનકે બેઠો. હે અનઘ! જે પ્રમાણે કામી પુરૂષ કામિની સ્ત્રીનો આશ્રય કરે, તે પ્રમાણે કલેશ પામી ધ્વજનો આશ્રય કરી પડેલા સંજ્ઞા રહિત તમારા સાળા શકુનિને જોઇ સારથિ તરત સેનાના અગ્ર ભાગથી તેને દૂર લેઇ ગયો.

પછી કુંતિપુત્રો અને જે તેઓને અનુસરનારા સર્વ જય શબ્દ કરવા લાગ્યા. રણભૂમિ વિષે શત્રુને હણી શત્રુને તપાવનાર એવો ક્રોધવાન નકુળ સારથિ પ્રત્યે બોલ્યો કે મને દ્રોણાચા-

ર્યના સૈન્ય સમીપ લેઈ જા. હે રાજન્! માદ્રીપુત્ર નકુળના વચનને સાંભળી તેનો સારથિ જ્યાં દ્રોણાચાર્ય ઉભા હતા ત્યાં તે રથને લેઈ ગયો. હે વિશાંપતે! સંગ્રામ વિષે દ્રોણાચાર્યને પામવા ઇચ્છતા શિખંડી સામે યત્નવાન શારદ્વત એવા કૃપાચાર્ય વેગ સહિત ગયા. જલદી દ્રોણાચાર્યના સૈન્ય પ્રત્યે આવેલા શત્રુને દમન કરનાર એવા શારદ્વત કૃપાચાર્યને હસતો હોય નહિ તેમ શિખંડિ ભલ્લ નામનાં નવ બાણોવડે વિંધવા લાગ્યો. હે મહારાજ! તમારા પુત્રોનું પ્રિય કરનાર એવા કૃપાચાર્યે પાંચ બાણવડે તેને વિંધી ફરીને વીસ બાણોએ વિંધ્યો. તે બેનું ઘોર રૂપવાળું ભયાનક યુદ્ધ જેવી રીતે દેવ અને અસુરના યુદ્ધમાં શંબરાસુર અને ઇન્દ્રનું યુદ્ધ થયું હતું તેવી રીતે થયું. જે રીતે વર્ષાકાળમાં બે મેઘ આકાશને જળવૃષ્ટિ યુક્ત કરે તે રીતે સંગ્રામમાં દુર્મદ શૂર એવા તે બે મહારથિઓએ આકાશને બાણના સમૂહવડે વિંટાએલું કરી મૂક્યું. હે ભરતશ્રેષ્ઠ! સ્વભાવેકરી ઘોર રૂપવાળું તે યુદ્ધ હતું અને ફરીને તે સમયે અતિશય ભયંકર થયું તથા યુદ્ધશાલિ યોદ્ધાઓને ઘોર રૂપવાળી ભયાનક તે રાત્રિ કાળ રાત્રિ સરખી થઇ હતી. હે મહારાજ! શિખંડિએ શારદ્વત કૃપાચાર્યના પ્રત્યંચા અને બાણ સહિત એવા મોટા ધનુષને અર્ધચંદ્ર નામના શસ્ત્રેકરી કાપી નાખ્યું.

હે રાજન્! તે વખતે ક્રોધ પામેલા કૃપાચાર્યે દારૂણ એવી શક્તિને તેની ઉપર ફેંકી. સુવર્ણ દંડવાળી, નથી કુંઠિત થએલો અગ્ર ભાગ જેનો એવી, શિલ્પશાસ્ત્ર વેત્તાએ શોધેલી સમીપ આવતી તે શક્તિને શિખંડિએ ઘણાં બાણોએકરી કાપી નાંખી. મહા કાંતિવાળી દીપ્ત તે શક્તિ પૃથ્વીને શોભાવતી હેઠે પડી. હે મહારાજ! એ પછી રથિ પુરૂષોમાં ઉત્તમ એવા શારદ્વત કૃપાચાર્ય બીજું ધનુષ લેઈ તીક્ષ્ણ બાણોવડે શિખંડિને ઢાંકવા લાગ્યા. સંગ્રામ વિષે યશસ્વી એવા શારદ્વત કૃપાચાર્ય બાણોવડે આચ્છાદન કરેલો એવો રથિઓમાં ઉત્તમ શિખંડિ રથના સારથિના સ્થાનકે બેઠો. હે ભારત! યુદ્ધમાં ખેદ પામતા શિખંડિને જોઇ હણવાને ઇચ્છતા હોય તેમ શારદ્વત કૃપાચાર્ય બહુ બાણોએકરી પ્રહાર કરવા લાગ્યા. મહારથિ શિખંડિને રણભૂમિમાં પાછું મુખ કરનારો જોઇ ચોતરફથી સોમક અને પંચાલ યોદ્ધાઓ તેને વિંટી વળ્યા. તેવીજ રીતે તમારા પુત્રો મોટી સેના સહિત બ્રાહ્મણોમાં ઉત્તમ એવા કૃપાચાર્યને વિંટી વળ્યા. હે રાજન્! પછી પરસ્પર દોડતા એવા રથિ પુરૂષોનું યુદ્ધ થયું. હે વિશાંપતે! જે પ્રમાણે ગર્જના કરતા એવા મેઘનો શબ્દ થાય તે પ્રમાણે દોડતા એવા ઘોડેસ્વાર અને હાથી ઉપર બેસનારા યોદ્ધાઓનો સંકુલ શબ્દ થતો હતો. હે રાજન્! ચોતરફથી થતુંયુદ્ધ પરસ્પર ક્રૂર ભાસતું હતું અને હે મહારાજ! જેવી રીતે ભયવડે બીનેલી સ્ત્રી કંપે તે પ્રમાણે નાસનારા પાયદળોના પગના શબ્દોએ કરી પૃથ્વી કંપતી હતી. હે રાજન્! જેવી રીતે કાગડાઓ પતંગીઆઓને પકડે તેવી રીતે ઘણા રથિ પુરૂષો અતિ વેગવાળા રથ પ્રત્યે ચઢી ભાગતા એવા રથપતિઓને પકડતા હતા. હાથી ઉપર બેસનારાઓને મદ ઝરતા હાથી ઉપર બેસનારાઓ પકડતા હતા. હે ભારત! તેમજ યત્નવાળા મોટા હાથી ઉપર બેસનારાઓ મદ ઝરતા હાથી ઉપર બેસનારાઓને, ઘોડેસ્વાર ઘોડેસ્વારને અને પાયદળ પાયદળને પકડતા હતા અને રણભૂમિમાં પરસ્પર ક્રોધ પામેલા પુરૂષોને સમીપ જઈ ઉલ્લંઘન કરી જતા હતા. તે સમયે રાત્રિ વિષે દોડતાં, નાસતાં અને પાછા આવતાં એવાં સૈન્યોનો અતિ મોટો શબ્દ થતો હતો. હે ભરતશ્રેષ્ઠ મહારાજ! જે પ્રમાણે આકાશથી પડેલાં મોટાં ઉલ્કાઓ દેખાય તે પ્રમાણે રથ, હાથી અને ઘોડાઓ વિષે શોભતા દિવાઓ દેખાતા હતા. હે રાજન્!

રણભૂમિના અગ્ર ભાગમાં દીવાઓવડે શોભતી એવી તે રાત્રિ દિવસ સરખી થઇ હતી અને જે રીતે સૂર્યવડે લોકમાં વ્યાપેલું અંધારૂં નાશ પામે તે રીતે આણીકાર અને તેણીકાર પ્રકાશવાળા એવા દિવાઓવડે આકાશ અને પૃથ્વી પ્રત્યે વ્યાપ્ત એવું ઘોર અંધારૂં નષ્ટ થયું તથા રજ અને અંધકારેકરી વ્યાપ્ત દિશાઓ અને દિશાના ખુણાઓ કાંતિવડે ફરીને પ્રકાશ પામ્યા. તેમ તે દીવાઓવડે શોભિત એવી મહાત્મા પુરૂષોનાં અસ્ત્ર, કવચ અને મણિઓની કાંતિ અંતર્ધ્યાન પામી ગઇ. હે ભારત ! રાત્રિના પ્રદોષ વખતે કોલાહલ અને યુદ્ધ થતું હતું ત્યારે હું અહિં છું, એ રીતે કંઇ પણ યોદ્ધાઓ જાણતા ન હતા તથા હે ભરતશ્રેષ્ઠ ! યુદ્ધમાં મોહથી પિતા પુત્રને, પુત્ર પિતાને, સખા સખાને, મામો ભાણેજને, ભાણેજ મામાને, પોતે પોતાનાઓને અને પારકા પારકાઓને પરસ્પર હણતા હતા. એ રીતે નિર્મર્યાદ અને બીરૂ પુરૂષોને ભય ઉપજાવનારૂં યુદ્ધ રાત્રિ વિષે ચાલતું હતું.

स्वेस्वाम्रेरपरांश्चापि निघ्नुजरितरेतरं ।
निर्मर्यादमभूद्युद्धं रात्रौ भीरु भयानकं ॥

इति श्री महाभारते द्रोणपर्वाणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे संकुलयुद्धे गुर्जरभाषायामूनसप्तत्याधिकशततमोऽध्यायः ॥ १६९ ॥

અધ્યાય ૧૭૦ મો. દ્રોણ સામે ધૃષ્ટદ્યુમ્ન.

संजय उवाच—तस्मिन्स्तुतुमले युद्धे वर्तमाने भयावहे ।
धृष्टद्युम्नो महाराज द्रोणमेवाभ्यवर्त्तत ॥

સંજય કહે છે–હે મહારાજ ! તે ભયંકર અતિ રણસંકુલ યુદ્ધ થતું હતું ત્યારે ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્ય પ્રત્યેજ ગયો અને શ્રેષ્ઠ ધનુષને સાંધતો તથા વારંવાર પ્રત્યંચાને ખેંચતો એવો તે સુવર્ણવડે શોભિત એવા દ્રોણાચાર્યના રથ સમીપ દોડ્યો. હે મહારાજ ! એ પછી દ્રોણાચાર્યનો નાશ કરવાની ઇચ્છાવડે આવતા ધૃષ્ટદ્યુમ્નને જોઇ પાંડવો સહિત પંચાલ યોદ્ધાઓ ચોતરફથી વિંટી વળ્યા. તે રીતે ચોતરફથી વિટેલા આચાર્યમાં શ્રેષ્ઠ એવા દ્રોણને જોઇ યત્નવાળા એવા તમારા પુત્રો સંગ્રામ વિષે સર્વ તરફથી દ્રોણાચાર્યને રક્ષણયુક્ત કરવા લાગ્યા. તે પછી જે પ્રમાણે વાયુવડે ઉછળતા અને જેમાં જંતુઓ ક્ષોભ પામેલ છે એવા બે સાગર ભેગા થાય, તે પ્રમાણે રાત્રિના પ્રદોષ વખતે તે સૈન્યરૂપી બે સમુદ્ર સામસામા મળ્યા. હે મહારાજ ! પછી ધૃષ્ટદ્યુમ્ને જલદી પાંચ બાણોએકરી દ્રોણાચાર્યને હૃદય વિષે વિંધ્યા અને સિંહનાદ કર્યો. હે ભારત ! દ્રોણાચાર્યે પચ્ચીસ બાણવડે તેને વિંધી બીજા ભલ્લ બાણેકરી ધૃષ્ટદ્યુમ્નના મોટા શબ્દવાળા ધનુષને કાપી નાંખ્યું. હે ભરતર્ષભ ! દ્રોણાચાર્યે વિંધેલા ધૃષ્ટદ્યુમ્ને તત્કાળ ધનુષને મૂકી દીધું અને ઓઠ પીસી ક્રોધ પામેલા પ્રતાપવાન ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યનો નાશ કરવાની ઇચ્છાવડે, શ્રેષ્ઠ બીજું ધનુષ લીધું; અને હે મહારાજ ! શત્રુવીરને હણનાર એવા ધૃષ્ટદ્યુમ્ને વિચિત્ર એવા ધનુષને કાન પર્યંત ખેંચી દ્રોણાચાર્યના નાશને અર્થે ઘોર બાણને નાખ્યું. મોટા યુદ્ધમાં નાખેલું તે ભયંકર બાણ જેવી રીતે ઉદય પામેલા

સૂર્યને શોભાવે તે પ્રમાણે તે સૈન્યને શોભાવતું હતું. હે રાજન્ ! સંગ્રામ વિષે ભયંકર એવા તે બાણને જોઇ દેવ, ગંધર્વ અને મનુષ્યો દ્રોણાચાર્યનું કલ્યાણ થાઓ એ રીતે વચન બોલવા લાગ્યા. હે રાજન્ ! દ્રોણાચાર્યના રથ પ્રત્યે આવતા તે બાણને બાણ નાખવામાં કુશળ પુરૂષ જેવે કર્ણે દશ પ્રકારેકરી કાપી નાખ્યું. હે રાજન્ ! ધનુર્ધારી સૂતપુત્ર કર્ણે બહુ પ્રકારે કાપેલું તે બાણ જે પ્રમાણે વિષરહિત એવો સર્પ પડે તે પ્રમાણે જલદી નીચે પડ્યું. પછી કર્ણે દશ બાણોવડે ધૃષ્ટદ્યુમ્નને વિંધ્યો. પાંચ બાણોએ દ્રોણપુત્ર અશ્વત્થામાએ, સાત બાણોએ પોતે દ્રોણાચાર્યે, દશ બાણોએ શલ્યે ત્રણ બાણોએ દુઃશાસને, વીસ બાણોએ દુર્યોધને અને પાંચ બાણોએ શકુનિએ એ પ્રમાણે તે સર્વ મહારથિ પુરૂષોએ ત્વરાવડે ધૃષ્ટદ્યુમ્નને વિંધ્યો. હે રાજન્ ! મોટા સંગ્રામ વિષે ભયંકર સાત મહારથિ પુરૂષોએ વિંધેલા ધૃષ્ટદ્યુમ્ને સંભ્રમ વગર દ્રોણાચાર્યને, દ્રોણપુત્ર અશ્વત્થામાને, કર્ણને અને તમારા પુત્રને એ રીતે સર્વને ત્રણ ત્રણ બાણવડે સામા વિંધ્યા. ધનુર્ધારી ધૃષ્ટદ્યુમ્ને વિંધેલા તેઓમાંથી રથિઓમાં ઉત્તમ એવા એક એક જણાએ પાંચ પાંચ બાણોવડે ફરીને ધૃષ્ટદ્યુમ્નને સંગ્રામ વિષે વિંધ્યો. હે રાજન્ ! પછી અતિ ક્રોધ પામેલા દ્રુમસેને એક બાણેકરીને અને તુરત "ઉભો રહે, ઉભો રહે" એમ કહી ત્રણ બાણોવડે વિંધ્યો. યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ને પ્રાણના નાશને કરનારાં, શિલાઓવડે તીક્ષ્ણ કરેલાં, સુવર્ણ પુંખવાળાં, સીધાં જનારાં, સ્વભાવથી તીક્ષ્ણ એવાં ત્રણ બાણવડે સામો વિંધ્યો. વળી પરાક્રમવાન એવા ધૃષ્ટદ્યુમ્ને પછીથી બીજા ભલ્લ નામના બાણેકરી સુવર્ણ શોભિત કુંડળવાળા દ્રુમસેનના મસ્તકને કાયાથી ભિન્ન કરી નાંખ્યું. દાબેલા ઓઠવાળું તે મસ્તક જે રીતે મહાવાયુએ કંપાવેલું તાડનું પાકેલું ફળ પડે તે રીતે રણભૂમિપર પડ્યું. તે શૂર એવા ધૃષ્ટદ્યુમ્ને ફરીને યોદ્ધાઓને અતિ તીક્ષ્ણ બાણોવડે વિંધી વિચિત્ર યુદ્ધ કરનારા રાધાપુત્ર કર્ણના ધનુષને ભલ્લ બાણોવડે કાપી નાંખ્યું, જે પ્રમાણે મોટા સિંહ અતિ ઉગ્ર એવા પુંછડાના કાપને ન સહી શકે તે પ્રમાણે કર્ણે ધનુષના છેદનને સહ્યું નહિ. ક્રોધેકરી જેનાં નેત્ર રાતાં થયાં છે એવો શ્વાસ લેતો કર્ણ બીજા ધનુષને લેઇ બાણના સમૂહોવડે મહા બળવાન ધૃષ્ટદ્યુમ્નને ઢાંકતો તેના સામો દોડ્યો. કર્ણને ક્રોધ પામેલો જોઇ દુર્યોધન, દુઃશાસન, દ્રોણ, કર્ણ, શલ્ય અને શકુનિ વગેરે શૂરા છ મહારથિઓ પંચાલ રાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને હણવાની ઇચ્છાવડે ઉતાવળા ચોતરફથી વિંટી વળ્યા. તે વખતે તમારા યોદ્ધાઓમાં અતિ શૂર એવા છ પુરૂષોની આગળ રહેલા ધૃષ્ટદ્યુમ્નને મૃત્યુના મુખને પ્રાપ્ત થએલો એવો અમે માનવા લાગ્યા. તે જ સમયે બાણોને ફેંકતો દાશાર્હ એવો સાત્યકિ પરાક્રમી ધૃષ્ટદ્યુમ્નને આવી મળ્યો. સામે આવતા યુદ્ધમાં દુર્મદ એવા સાત્યકિને રાધાપુત્ર કર્ણે સીધાં જનારાં દશ બાણોએકરી વિંધ્યો હે મહારાજ ! તેને સર્વ શૂરાઓના જોતાં 'જવાના માં ઉભો રહે' એમ કહી સાત્યકિએ દશ બાણોવડે વિંધ્યો. હે રાજન ! જેવી રીતે બલિરાજા અને ઇંદ્રનો સમાગમ થયો હતો તેવી રીતે બલવાન સાત્યકિનો અને મહાત્મા કર્ણનો સમાગમ થયો. રથના ઘોષેકરી ક્ષત્રિયોને ત્રાસ પમાડતો ક્ષત્રિયોમાં ઉત્તમ એવો સાત્યકિ કમળ સરખાં નેત્રવાળા કર્ણને સામો વિંધતો હતો. હે મહારાજ ! ધનુષના શબ્દવડે પૃથ્વીને કંપાવતો બળવાન એવો સૂતપુત્ર કર્ણ સાત્યકિને સામું યુદ્ધ કરાવતો હતો. વિપાઠ-કર્ણિ, નારાચ, વત્સદંત અને ક્ષુર એવાં પણ હજારો હથિઆરોવડે કર્ણ શિનિપૌત્ર સાત્યકિને સામો વિંધતો હતો. તેવી રીતેજ યુદ્ધમાં વૃષ્ણિઓમાં ઉત્તમ એવો સાત્યકિ પણ યુદ્ધ કરતાં બાણોવડે કર્ણ પ્રત્યે વૃષ્ટિ કરતો હતો અને તેઓનું યુદ્ધ સમાન થતું હતું. હે મહારાજ !

ગર્વવાન મુનિને પણ વ્યસનથી [illegible] અપમાન થાય છે. તે પણ પોતાનો [illegible] હણે છે. દેહાદિથી વિલક્ષણ સચ્ચિદાનંદરૂપ આત્માને જે દેહાદિરૂપ માને છે, તે આત્માનો અપહરણ કરનાર ચોર છે. શ્રદ્ધાવાન, પરિગ્રહ ન કરનાર, તે માટેજ શિષ્ટ પુરુષોએ માનેલો, [illegible] રહિત અને પોતે શિષ્ટ છતાં પણ શિષ્ટપણાને પ્રકાશ નથી કરતો, તે પંડિત [illegible] જાણે અહર્નિશ જાણવો. જે પુરુષ ચક્ષુથી ગ્રહણ કરવા લાયક ધન તથા સ્ત્રીઆદિરૂપ વિષયમાં અનાસક્ત, તે શ્રોત્રે ગ્રહણ કરવા લાયક પરલોક સંપાદક ધર્મ તથા ઈશ્વરની ઉપાસના વિષે [illegible] હોય તેને કોઇનો ભય રહેતો નથી, કારણ તે બ્રહ્મસ્વરૂપ છે. યજ્ઞથી પ્રસન્ન થએલા દેવો યજમાનને દિવ્ય સ્ત્રી તથા અન્નપાનાદિ આપે છે. તે સમગ્ર દેવતાઓ જે પુરુષ જાણે, તે પણ બોલાવેલા બ્રાહ્મણ સરખો થતો નથી. કારણ તે પોતે દિવ્ય સ્ત્રી તથા અન્નપાનાદિક વાસ્તે યત્ન કરે છે, જે બંને અનિત્ય છે, જ્ઞાન તથા તેનું ફળ મોક્ષ નિત્ય છે માટે આત્મજ્ઞાન જેવું બીજું કંઇ પણ સારૂં સાધન નથી. જે પોતે માનના વાસ્તે યત્ન નથી કરતો, તો પણ લોકો એને માને છે, અને તેમ છતાં "હું માન્ય છું" એમ જે નથી માનતો, તે અપમાન થયેથી સંતાપ નથી પામતો, તેનેજ જ્ઞાની જાણવો. તે પુરુષ, જેમ નેત્રને પોતાના સ્વભાવથીજ મિંચાવું તથા ઉઘડવું છે, તેમ લોક પણ પોતાના સ્વભાવ પ્રમાણેજ વર્તે છે, માટે "વિદ્વાનો પોતાના સ્વભાવથીજ મને માને છે, મારે વિષે કંઇ યોગ્યતા નથી" એમ માને છે. જેઓ અધર્મમાં નિપુણ, માયા કરવામાં ચતુર, માનવા લાયકને અપમાન કરનાર તથા ન માનવા લાયકને માનનાર જે મૂઢ પુરુષો હોય, તેમની ઉપેક્ષા કરવી. માન તથા મૌન એ બેઉ હંમેશ સાથે રહેતાં નથી, કારણ માનને ઇચ્છનારાઓને દુઃખથી પણ શ્રેષ્ઠ પરલોક મળતો નથી, અને મૌન ધારણ કરનાર યોગીને દુઃખે કરી પણ આલોક સંપાદન થતો નથી. હે ક્ષત્રિય! ધન, કુટુંબ તથા ઐશ્વર્યરૂપ લક્ષ્મી માનરૂપી સુખને રહેવાનું ઠેકાણું છે, તથાપિ તે ચોર સરખી છે; કારણ પરલોકને નાશ કરનારી છે, યોગિયોને તો અત્યંત અનિષ્ટ કરનારી છે. બ્રાહ્મણોની વેદરૂપી લક્ષ્મી કલ્યાણરૂપ છે. પણ બુદ્ધિહીન પુરુષોને દુર્લભ છે. યથાર્થ ભાષણ, સરલતા, લોકમાં નિંદા થવાનો ભય, ઇંદ્રિયોનો નિગ્રહ, [illegible] બાહ્ય તથા આંતર શુદ્ધિરૂપ બે પ્રકારનું શૌચ તથા વેદશાસ્ત્રનું અધ્યયન, એ છ દુઃખથી સંરક્ષણ કરવા લાયક અને જુદી જુદી તરેહનાં માન તથા મોહનાં પ્રતિબંધક એવાં, [illegible] સુખ પામવાનાં દ્વાર છે.

द्वाराणि तस्येह वदन्ति संतो बहुप्रकाराणि दुराचराणि ।
सत्यार्जवे ह्रीर्दमशौचविद्या यथा न मोहप्रतिबोधनानि ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सनत्सुजातीयपर्वणि गुर्जरभाषायां द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥

અધ્યાય ૪૩ મો. ધૃતરાષ્ટ્રે પૂછેલો મુનિધર્મ.

धृतराष्ट्र उवाच—कस्यैष मौनः कतरन्नु मौनं प्रब्रूहि विद्वन्निह मौनभावम् ।
मौनेन विद्वानुत याति मौनं कथं मुने मौनमिहाचरन्ति ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે વિદ્વન્! હે મુને! મુનિનો ધર્મ [illegible]

તમારા યોદ્ધાઓ અને કવચવાન એવો કર્ણપુત્ર એ સર્વ ચોતરફથી તીક્ષ્ણ બાણોવડે સાત્યકિને જલદી વિંધતા હતા. હે વિભો ! અસ્ત્રોવડે તેઓનાં અને કર્ણનાં અસ્ત્રોને નિવારી ક્રોધ પામેલા સાત્યકિએ વૃષસેનને છાતી વિષે વિંધ્યો.

હે વિશાંપતે ! તેણે બાણે વિંધેલો મોહ પામેલો બળવાન વૃષસેન ધનુષને તજી રથ વિષે બેઠો. તે પછી મહારથિ વૃષસેનને મરેલો સમજી પુત્રના શોકવડે સંતાપ પામેલો કર્ણ સાત્યકિ પ્રત્યે પીડા કરતો હતો. કર્ણથી પીડાતો એવો મહારથિ સાત્યકિ વારંવાર ઉતાવળો થઇ કર્ણને બહુ બાણોએકરી વિંધતો હતો. સાત્વત એવા સાત્યકિએ દશ બાણોવડે કર્ણને તથા સાઠ બાણવડે વૃષસેનને વિંધી તે બેના હાથના મોજા સહિત ધનુષને કાપ્યાં. તેઓ બીજા બે શત્રુના ભયને કરનારા ધનુષને સજ્જ કરી ચોતરફથી તીક્ષ્ણ બાણવડે સાત્યકિને વિંધતા હતા. હે રાજન્! ઉત્તમ શૂરાઓનો જેમાં નાશ છે એવો તે સંગ્રામ થતો હતો ત્યારે ગાંડિવ ધનુષનો અતિ મોટો શબ્દ સાંભળ્યો. હે રાજન્ ! રથના ઘોંઘાટને અને ગાંડિવ ધનુષના શબ્દને સાંભળી સૂતપુત્ર કર્ણ દુર્યોધન પ્રત્યે આવું વચન બોલ્યો કે, આ સર્વ સેનાને અને નરોમાં ઉત્તમ એવા મુખ્ય યોદ્ધાઓને તથા પૌરવ યોદ્ધાઓને હણી ઉત્તમ ધનુષને કંપાવતો એવો મહા ધનુર્ધારી કુંતિપુત્ર અર્જુન જ્યાં જય પામે છે ત્યાં ગાંડિવ ધનુષનો મોટો શબ્દ અને શબ્દ કરતા ઇન્દ્ર સરખા રથનો શબ્દ સંભળાય છે. હે રાજન્ દુર્યોધન ! પાંડુપુત્ર અર્જુન પોતાને યોગ્ય એવું સ્પષ્ટ કર્મ કરે છે અને આ ભારતી સેના બહુ પ્રકારે કપાય છે. જે પ્રમાણે વાયુએ કંપાવેલો વાદળાંનો સમૂહ વિખરાઇ જાય તેમ આ સૈન્યો કોઇ ઠેકાણે ઉભાં રહેતાં નથી. જેવી રીતે સાગર વિષે નૌકા ભાગેલી હોય તેવી રીતે સવ્યસાચિ અર્જુનને પામી ભાગતા ગાંડિવ ધનુષથી નાખેલાં બાણોવડે વિંધેલા અનેક મુખ્ય યોદ્ધાઓનો મોટો શોર સંભળાય છે. હે રાજશાર્દૂલ ! આકાશ વિષે મેઘનો શબ્દ થાય તેમ અર્ધરાત્રિ વખતે અર્જુનના રથ પ્રત્યે થતા નગારાં સરખા શબ્દને સાંભળો અને હાહાકાર શબ્દોને તથા પુષ્કળ સિંહનાદને તેમ બહુ પ્રકારના અર્જુનના રથ પ્રત્યે થતા શબ્દોને પણ સાંભળો. આ આપણા મધ્યમાં રહેલો સાત્વતોમાં ઉત્તમ એવો સાત્યકિ જો અહિં મારા લક્ષને પ્રાપ્ત થાય તો સર્વ શત્રુઓને જીતીશું. આ પાંચાલ રાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્ય સાથે મળ્યો છે અને સર્વ તરફથી રથિઓમાં શ્રેષ્ઠ એવા શૂર યોદ્ધાઓએ વિંટેલો છે માટે હે મહારાજ ! જો સાત્યકિને અને પાર્ષત એવા ધૃષ્ટદ્યુમ્નને હણીએ તો નિઃસંશય આપણો જય થાય. હે મહારાજ ! સુભદ્રાના પુત્ર અભિમન્યુની પેઠે આ બે શૂર એવા મહારથિ સાત્યકિ અને ધૃષ્ટદ્યુમ્નને હણવા માટે યત્ન કરીએ. હે ભારત ! સવ્યસાચિ એવો અર્જુન કુરૂમાં ઉત્તમ એવા બહુ પુરૂષો સાથે સાત્યકિ આસક્ત થએલો જાણી અર્જુન સાત્યકિને ઘણા યોદ્ધાઓએ વિંટેલો ન જાણે તેટલા સમયમાં જ્યાં સાત્યકિ છે ત્યાં રથિઓમાં શ્રેષ્ઠ એવા ઘણા ઉત્તમ પુરૂષો જાય અને જેવી રીતે અર્જુન જાણે નહિ તેવી રીતે શૂરાઓ અત્યંત બાણો નાખવામાં ઉતાવળ કરે, અને હે મહારાજ ! જે રીતે અહિં આ માધવ એવો સાત્યકિ પરલોક પ્રત્યે જાય તેમ સારા પ્રયોગવાળી સુનીતિ કર. હે રાજન્ ! સંગ્રામ વિષે કર્ણના મત પ્રત્યે રહી તમારો પુત્ર દુર્યોધન, જે પ્રમાણે પૂર્વે ઇન્દ્ર, યશસ્વી એવા વિષ્ણુને કહેતો હતો, તે પ્રમાણે શકુનિને બોલ્યો કે પાછા ન હઠનારા દશ હજાર હાથિઓવડે અને દશ હજાર રથવડે યુક્ત એવા તમે જલદી અર્જુન સામે જાઓ. ઘણા પાયદળોવડે યુક્ત એવા દુઃશાસન દુર્વિષહ [illegible]

કુઅધર્મજ્ઞ એઓ તમારી પાછળ આવશે. હે મહાબાહો! માતુલ, કૃષ્ણ, અર્જુન, ધર્મરાજ એવા યુધિષ્ઠિર, નકુળ, સહદેવ અને ભીમસેનને હણો, કેમકે જેવી રીતે દેવતાઓની જયની આશા ઇન્દ્ર વિષે રહી હતી તેવી રીતે મારી જયાશા તમારા વિષે રહી છે. હે માતુલ (મામા)! જે પ્રમાણે કાર્તિકસ્વામી અસુરોને હણે તે પ્રમાણે કુંતિના પુત્રોને તમે હણો. હે વિભો! એવી રીતે તમારા પુત્રે કહેલો શકુનિ મોટી સેના સાથે તમારા પુત્રો સહિત તમારા પુત્ર દુર્યોધનના પ્રિય માટે પાંડુપુત્રોને ભસ્મ કરવા ઇચ્છતો કુતિપુત્રો સામે ગયો. હે રાજન્! શકુનિ પાંડવોની સેના પ્રત્યે ગયો ત્યારે તમારા યોદ્ધાઓનું શત્રુઓ સાથે પાછું યુદ્ધ પ્રવર્ત્યું અને મોટાં સૈન્યવડે યુક્ત યુદ્ધમાં ઘણાં બાણોને ફેંકતો એવો સૂતપુત્ર કર્ણ ત્વરા સહિત સાત્યકિ પ્રત્યે ગયો ને તેવી રીતેજ સર્વ પાર્થિવો સાત્યકિને ચોતરફથી વિંટી વળ્યા. પછી હે ભારત! જ્યારે ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્નના રથ પ્રત્યે જઇ યુદ્ધ કરવા લાગ્યા, ત્યારે દ્રોણાચાર્યનું શૂરા ધૃષ્ટદ્યુમ્ન અને પંચાલ યોદ્ધાઓ સાથે આશ્ચર્યકારક મોટું રાત્રિયુદ્ધ થયું.

भरद्वाजस्ततो गत्वा धृष्टद्युम्नरथंप्रति ।
महद्युद्धं तदासीत्तु द्रोणस्य निशि भारत ॥
धृष्टद्युम्नेनवीरेणपंचालैश्च सहाद्भुतं ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे संकुलयुद्धे गुर्जरभाषायां सप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७० ॥

અધ્યાય ૧૭૧ મો. રાત્રિયુદ્ધની ઘોરતા.

संजय उवाच—ततस्ते प्राद्रवन्सर्वे त्वरितायुद्ध दुर्मदाः ।
अमृष्यमाणाःसंरब्धा युयुधान रथं प्रति ॥

સંજય કહે છે—પછી યુદ્ધમાં દુર્મદ એવા અમર્ષવાળા ક્રોધ પામેલા યોદ્ધાઓ ત્વરા સહિત સાત્યકિના રથ સામે દોડયા. વળી હે રાજન્! સુવર્ણ અને રૂપાથી શોભિત એવા કલ્પેલા રથો વડે તથા ઘોડેસ્વાર અને હાથિસ્વાર યોદ્ધાઓવડે તેને તેઓ ચોતરફથી વિંટી વળ્યા.એ પછી સાત્યકિને સર્વ તરફથી કોષ્ટકરૂપ કરી સર્વ મહારથિઓ સિંહનાદ કરવા લાગ્યા અને સાત્યકિને તરછોડવા લાગ્યા. મધુકુળમાં થએલા સાત્યકિના વધને ઇચ્છતા એવા મહાશૂરા તેઓ ત્વરા સહિત સત્ય પરાક્રમવાળા સાત્યકિને તીક્ષ્ણ બાણોવડે આચ્છાદિત કરવા લાગ્યા. સમીપ આવતા યોદ્ધાઓને જોઇ પરશૂરાઓને હણનાર ઘણાં બાણોને ફેંકતો એવો મહાબાહુ શિનિપૌત્ર સાત્યકિ તુર્ત સામો ગયો અને તે સમયે શૂર મહા ધનુર્ધારી યુદ્ધમાં દુર્મદ એવા સાત્યકિએ નમેલ પર્વવાળાં ઉગ્ર બાણોવડે કેટલાક યોદ્ધાઓનાં માથાં કાપી નાખ્યાં. તેમ મધુકુળમાં થએલા તેણે ક્ષુરપ્ર બાણોવડે હાથિઓની શુંડ, ઘોડાઓની સ્થૂલ ગરદનોને અને તમારા યોદ્ધાઓના બાહુને પણ ઢાંકી દીધા. હે સમર્થ ભારત! જેવી રીતે અંતરિક્ષ નક્ષત્રોવડે પુરાએલું હોય તેવી રીતે પડેલાં ચામર અને શ્વેત છત્રોવડે પૃથ્વી પૂર્ણ થઇ. હે ભારત! યુદ્ધમાં સાત્યકિ સાથે યુદ્ધ કરતા યોદ્ધાઓનો જે પ્રમાણે શબ્દ કરતા પ્રેતોનો શબ્દ થાય તે પ્રમાણે આકુલ શબ્દ થયો. તે મોટા શબ્દવડે પૃથ્વી પૂરિત થઇ અને રાત્રિ તીવ્ર રૂપવાળી ભયંકર

હતો. શત્રુને હર્ષ પમાડનાર એવા અર્ધ રાત્રિ વખતે સાત્યકિનાં બાણોવડે [illegible] ભાગતાં સૈન્યને જોઈ તેમ મોટા શબ્દને સાંભળી રથિ પુરુષોના મધ્યમાં ઉત્તમ એવો તમારો પુત્ર દુર્યોધન, હે રાજન્ ! સારથિને વારંવાર કહેવા લાગ્યો કે જ્યાં આ શબ્દ થાય છે ત્યાં ઘોડાઓને ચલાવ. તેણે આમ કહેતાં સારથિ પછી તે ઉત્તમ ઘોડાઓને સાત્યકિના રથ પ્રત્યે લેઈ ગયો. પછી ક્રોધ પામેલો, દૃઢ ધનુષવાળો, યુદ્ધમાં કુશળ, જેણે શ્રાંતિ જીતેલ છે એવો વિચિત્ર યુદ્ધ કરનારો દુર્યોધન સાત્યકિ સામે દોડયો, તે સમયે માધવ એવા સાત્યકિએ પૂર્ણ ખેંચેલા કેતાં, શોણિતનું ભોજન કરનારાં દશ બાણોવડે દુર્યોધનને સામો વિંધ્યો. તે રીતે સાત્યકિથી પ્રથમજ બાણોવડે પીડા પમાડેલા, સહન ન કરતા દુર્યોધને દશ બાણોએકરી શિનિપૌત્ર સાત્યકિને સામો વિંધ્યો. હે ભરતર્ષભ ! તે પછી સર્વ પંચાલ અને ભરત યોદ્ધાઓનું દારુણ અને સંકુલ યુદ્ધ થયું. હે ભારત ! રણભૂમિમાં ક્રોધ પામેલા શિનિપૌત્ર સાત્યકિએ મહારથિ તમારા પુત્ર દુર્યોધનને એંશી બાણોવડે વક્ષઃસ્થળ વિષે વિંધ્યો. પછી સંગ્રામ વિષે એના ઘોડાઓને બાણોએકરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યા અને બાણેકરી જલદી સારથિને રથ ઉપરથી પાડયો. તે વખતે હે વિશાંપતે ! નાશ પામેલા ઘોડાવાળા રથ વિષે બેઠેલા તમારા પુત્રે શિનિપૌત્ર સાત્યકિના રથ પ્રત્યે તીક્ષ્ણ પચાસ બાણોને નાખ્યાં. હે રાજન્ ! યુદ્ધમાં તમારા પુત્રે નાખેલાં તે પચાસ બાણોને યુદ્ધકુશળ પુરુષપેઠે શિનિપૌત્ર સાત્યકિએ કાપી નાંખ્યાં. એ પછી યુદ્ધમાં વેગેકરી માધવ એવા સાત્યકિએ તમારા પુત્રના મુઠીના ભાગમાં રહેલા મોટા ધનુષને બીજા ભલ્લબાણેકરી કાપી નાંખ્યું. ત્યારે રથ અને ધનુષ રહિત થએલો સર્વ લોકનો પતિ અને સમર્થ એવો દુર્યોધન જલદી કૃતવર્માના શોભાયમાન રથ પ્રત્યે ચઢી ગયો. હે વિશાંપતે ! દુર્યોધન પરાભવ પામવાથી શિનિપૌત્ર સાત્યકિ મધ્ય રાત્રિ વખતે તમારી સેનાને બાણોવડે નસાડવા લાગ્યો. હે રાજન્ ! શકુનિ સર્વ તરફથી હજારો રથ, હાથી અને ઘોડાઓવડે અર્જુનને વિંટાઇ વળી જૂદા જૂદા પ્રકારવાળાં શસ્ત્રોવડે, વૃષ્ટિ કરતો હતો. અને અર્જુન પ્રત્યે સર્વ મોટાં અસ્ત્રોને નાંખતા અને કાળે પ્રેરેલા એવા તે ક્ષત્રિયો અર્જુન સાથે યુદ્ધ કરતા હતા, મહા બળવાન અર્જુન ઘણા ક્ષયને કરતો હજારો રથ, હસ્તિ અને ઘોડાઓને નિવારતો હતો. પછી તે સમયે સંગ્રામમાં સુબલાનો પુત્ર શકુનિ હસતો હોય તેમ અર્જુનને તીક્ષ્ણ બાણોવડે વિંધવા લાગ્યો ફરીને પણ તેણે મહારથિ અર્જુનને સો બાણવડે વિંધ્યો. હે ભારત ! તેને અર્જુને વીસ બાણવડે વિંધ્યો અને એ પછી બીજા મહા ધનુર્ધારી પુરુષોને ત્રણ ત્રણ બાણોવડે વિંધ્યા. હે રાજન્ ! યુદ્ધમાં બાણોના સમૂહોવડે તેઓને નિવારી જે રીતે જેના હાથમાં વજ્ર છે એવો ઈંદ્ર અસુરોને હણે તે રીતે ધનંજય એવો અર્જુન તમારા યોદ્ધાઓને હણતો હતો. હે મહીપાળ ! યુદ્ધમાં હસ્તિની શુંડની ઉપમા અપાય એવા કપાઈ પડેલા ભુજવડે યુક્ત એવી પૃથ્વી જે પ્રમાણે પાંચ મુખવાળા સર્પોવડે શોભે તે પ્રમાણે શોભતી હતી. તેમજ મુકુટ સહિત સુંદર નાસિકા અને કુંડળવાળા, દબાવેલા ઓઠવાળા, ઉંચાં ચઢેલાં નેત્રવાળા, નિષ્ક અને ચૂડામણિને ધરનારા અને ક્ષત્રિયોને પ્રિય કહેનાર તેઓનાં મસ્તકોવડે જેમ પૃથ્વીપર નાખેલાં કમળોએકરી પર્વતોવડે શોભે તેમ શોભતી હતી. ઉગ્ર પરાક્રમવાળા અર્જુને ઉગ્ર કર્મ કરી ફરીને નમેલા પર્વવાળાં પાંચ બાણોએકરી શકુનિને વિંધ્યો. તેવીજ રીતે ત્રણ બાણોવડે ઉલૂકને વિંધ્યો. તે સમયે વિંધેલા ઉલૂકે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને પ્રહાર કર્યો અને પૃથ્વીને જેમ પૂરતો હોય તેમ તે મોટો શબ્દ કરવા લાગ્યો. રણભૂમિમાં અર્જુને બાણોવડે શકુનિના ધનુષને કાપી નાંખી ચાર ઘોડાઓને યમ રાજાના સ્થાન પ્રતી મોકલ્યા.

હે ભરતર્ષભ ! તે રથમાંથી ઉતરી શકુનિ જલદી ઉલૂકના રથ ઉપર પ્રત્યે ચઢી ગયો. તે વખતે હે વિશાંપતે ! એક રથ પ્રત્યે ચઢેલા મહારથિ તે બે પિતા અને પુત્ર, જે પ્રમાણે પર્વત પ્રત્યે પાણીવડે બે મેઘ વર્ષે તે પ્રમાણે કુંતિપુત્ર અર્જુનપર બાણવૃષ્ટિ કરતા હતા. હે મહારાજ ! તે બેઉને પાંડુપુત્ર અર્જુન તીક્ષ્ણ બાણોવડે વિંધી તમારી સેનાને નસાડતો બાણોવડે હજારો યોદ્ધાને હણતો હતો. હે વિશાંપતે ! હે રાજન્ ! જે રીતે વાયુવડે વાદળાંઓ વિખરાઇ જાય તે પ્રમાણે ચોતરફ સૈન્યો વિચ્છિન્ન થતાં હતાં. હે ભરતશ્રેષ્ઠ ! તે સમયે રાત્રિ વિષે વધ થતું સૈન્ય સર્વ દિશાઓ પ્રત્યે જોતું ભયવડે પીડિત થઇ નાસતું હતું. સંગ્રામ વિષે કેટલાક ઘોડાઓને તજી જતા હતા અને કેટલાક સંભ્રાંત એવા તે દારૂણ અંધકાર વિષે ચોતરફ દોડતા હતા. હે ભરતર્ષભ ! સંગ્રામમાં તમારા યોદ્ધાઓને જીતી વસુદેવ એવા શ્રીકૃષ્ણ અને ધનંજય એવો અર્જુન, એ બેઉ હર્ષ પામતા શંખ વગાડવા લાગ્યા. હે મહારાજ ! ધૃષ્ટદ્યુમ્ને ત્રણ બાણવડે દ્રોણાચાર્યને વિંધી જલદી તીક્ષ્ણ બાણેકરી ધનુષની પ્રત્યંચાને કાપી નાખી. ક્ષત્રિયોને નાશ પમાડનારા શૂર એવા દ્રોણાચાર્યે તે ધહેષને પૃથ્વીપર રાખી અતિ વેગવાન અને બળવાન એવા ધનુષને લીધું. પછી દ્રોણાચાર્યે સાત બાણોવડે ધૃષ્ટદ્યુમ્નને વિંધી હે રાજન્ ! પાંચ બાણોએકરી સંગ્રામ વિષે તેના સારથિને વિંધ્યો. દ્રોણાચાર્યને જલદી બાણોવડે નિવારી મહારથિ ધૃષ્ટદ્યુમ્ન જેવી રીતે ઇન્દ્ર અસુરની સેનાને નાશ પમાડે તેવી રીતે કૌરવોની સેનાને હણવા લાગ્યો. હે મારિષ ! જ્યારે તે તમારા પુત્રનું સૈન્ય વધ પામવા લાગ્યું ત્યારે બેઉ સેનાઓના મધ્યમાં, જે રીતે યમ રાજાના પુર પ્રત્યે વૈતરણી નદી ચાલે તે રીતે ભયંકર રૂધિરના પ્રવાહ અને તરંગવાળી મનુષ્ય, ઘોડા અને હાથિઓંને વહેનારી નદી ચાલી. હે રાજન્ ! તે સમયે સૈન્યને નસાડી પ્રતાપવાન એવો ધૃષ્ટદ્યુમ્ન જે પ્રમાણે દેવતાઓના સમૂહોમાં તેજસ્વી ઇંદ્ર શોભે તે પ્રમાણે શોભતો હતો. એ પછી ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડિ મોટા શંખ વગાડતા હતા. તેમજ તમારા હજારો રથિઓને જીતી નકુળ, સહદેવ, સાત્યકિ અને પાંડુપુત્ર ભીમસેન વગેરે મહારથિઓ શંખ વગાડવા લાગ્યા. વળી હે વિશાંપતે ! તમારા પુત્ર દુર્યોધનના, કર્ણના અને શૂર એવા દ્રોણાચાર્ય તથા દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાના જોતાં રણભૂમિ વિષે મત્ત એવા જયશાલી પાંડવો સિંહનાદ કરવા લાગ્યા.

सिंहनाद रवांश्चक्रुः पांडवाजितकाशिनः ॥
पश्यतस्तवपुत्रस्य कर्णस्य चरणोत्कटाः ॥
तथा द्रोणस्य शूरस्य द्रौणेश्चैव विशांपते ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे संकुलयुद्धे गुर्जरभाषायामेकसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७१ ॥

અધ્યાય ૧૭૨ મો. દ્રોણ ને કર્ણે મચાવેલું યુદ્ધ.

संजय उवाच—विद्रुतं स्वबलं दृष्ट्वा वध्यमानं महात्मभिः ।
क्रोधेनमहताविष्टः पुत्रस्तव विशांपते ॥

સંજય કહે છે—હે વિશાંપતે ! મહાત્મા પુરૂષોથી વધ પામતા પોતાના સૈન્યને નાસી જતું જોઇ ઘણા ક્રોધ યુક્ત એવો તમારો પુત્ર અમર્ષને વશ થએલો વાક્યને જાણનાર દુર્યોધન તત્કાળ જીતનારા પુરૂષોમાં ઉત્તમ એવા દ્રોણાચાર્ય અને કર્ણની સમીપ જઇ કહેવા લાગ્યો કે ક્રોધ પામેલા તમોએ અહિં સંગ્રામ પ્રવર્તાવ્યો છે ને યુદ્ધમાં અર્જુને હણેલા સિંધુ દેશના રાજા જયદ્રથને તથા પાંડવોનાં સૈન્યે હણાતી એવી મારી સેનાને જોઇ તેઓના વિજય વિષે સમર્થ થઇને અશક્ત પુરૂષોની પેઠે જોયા કરો છો. જો તમોએ મને ત્યાગ કરવો યોગ્ય હોય તો હું બોલવા યોગ્ય નથી, પણ અમે બેઉ યુદ્ધમાં પાંડુપુત્રોને જીતીશું, એમ માનનારા તો તમેજ હતા તેથી સંગ્રામ કર્યો, નહિ તો ત્યારેજ હું તમારા અનુમતવાળું વચન સાંભળી આ જેમાં યોદ્ધાઓનો નાશ છે એવું કુંતિપુત્રો સાથે વૈર કરત નહિ. હે પુરૂષર્ષભો ! જો તમોએ ત્યાગ કરવા યોગ્ય હું ન હોઉં તો અતિ પરાક્રમવાળા તમે યોગ્ય પરાક્રમવડે યુદ્ધ કરો. પછી આ પ્રમાણે તમારા પુત્રે કહેલાં વચનરૂપી ચાબખાવડે પ્રેરાયેલા તે બે શૂરવીરો દબાએલા સર્પોની પેઠે સંગ્રામ પ્રવર્તાવવા લાગ્યા અને રણભૂમિમાં રથિ પુરૂષોના મધ્યમાં શ્રેષ્ઠ સર્વ લોકમાં ધનુર્ધારી એવા તે બે, શિનિપુત્ર સાત્યકિ જેમાં પ્રમુખ છે એવા કુંતિપુત્રો સમીપ દોડ્યા. તે સર્વ સૈન્યવડે યુક્ત ભેગા થએલા એવા કુંતિપુત્રો પણ શબ્દ કરતા એવા તે બે શૂરાઓની સમીપ વર્તવા લાગ્યા. એ પછી મહા ધનુર્ધારી દ્રોણાચાર્યે દશ બાણોએકરી શિનિકુળમાં ઉત્તમ એવા સાત્યકિને વિંધ્યો. તેમ ક્રોધ પામેલા સર્વ શસ્ત્રધારી પુરૂષોમાં ઉત્તમ એવા કર્ણે દશ બાણોએ, તમારા પુત્ર દુર્યોધને સાત બાણે, વૃષસેને દશ બાણે અને શકુનિએ સાત બાણે ત્વરા સહિત તેને વિંધ્યો. હે કૌરવ ! યુદ્ધમાં એ સર્વ શિનિપૌત્ર સાત્યકિને વિંધતા હતા અને સોમક યોદ્ધાઓ સંગ્રામ વિષે પાંડવની સેનાને હણતા એવા દ્રોણાચાર્યને જોઇ જલદી તે પ્રત્યે ચોતરફથી બાણવૃષ્ટિ કરતા હતા. હે વિશાંપતે ! તે સમયે જે પ્રમાણે સૂર્ય કિરણોએકરી ચોતરફથી અંધકારને હરી લે તે પ્રમાણે હે રાજન્ ! દ્રોણાચાર્ય બાણોવડે ક્ષત્રિયોના પ્રાણને હરતા હતા. હે વિશાંપતે ! તે વખતે દ્રોણાચાર્યથી વધ પામતા અને પરસ્પર બોલાવતા એવા પંચાલ યોદ્ધાઓનો સંકુલ શબ્દ સંભળાતો હતો. કેટલાક યોદ્ધાઓ પુત્રોને, કેટલાક પિતાઓને, કેટલાક ભાઇઓને, કેટલાક મામાઓને, ભાણેજોને, સમાન વયવાળાઓને તથા સંબધિ અને બાધવોને તજીને જીવિતને ઇચ્છતા જલદી નાસી જતા હતા. કેટલાક મોહ પામેલા મોહથી તેનીજ સામે અને કેટલાક યોદ્ધાઓ રણભૂમિમાં પરલોક પ્રત્યે જતા હતા. હે રાજન્ ! એ રીતે મહાત્મા દ્રોણાચાર્યથી પીડાતી એવી પાંડવોની સેના રાત્રિ વિષે ભીમસેન, અર્જુન, શ્રીકૃષ્ણ, નકુળ, સહદેવ, ધર્મપુત્ર અને ધૃષ્ટદ્યુમ્નના જોતાં હજારો ઉબાડીઆંને તજી પલાયન કરી જતી હતી તથા અંધકારવડે યુક્ત એવા જગત વિષે કશું પણ જણાતું ન હતું અને કૌરવોના પ્રરાક્રમે કરી શત્રુઓ નાસી જતા દેખાતા હતા.

હે રાજન્ ! ભાગતાં એવાં તે સૈન્યને પાછળથી ઘણાં બાણોને નાખતા એવા મહારથિ દ્રોણાચાર્ય અને કર્ણ હણતા હતા. જ્યારે સર્વ તરફથી પંચાલ યોદ્ધાઓ ભાગી ગયા અને ક્ષીણ થયા ત્યારે દીન મતવાળા જનાર્દન એવા કૃષ્ણ અર્જુન પ્રત્યે બોલ્યા કે—આ ભેળા મહા ધનુર્ધારી દ્રોણાચાર્ય અને કર્ણ બાણોએકરી ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિને તથા પંચાલ યોદ્ધાઓને હણે છે. તેમ હે કુંતિપુત્ર અર્જુન ! આ બેની ભયંકર બાણવૃષ્ટિએકરી આપણા મહારથિઓ ભાગી ગયા અને સેના વારવા જતાં પણ ઉભી રહેતી નથી. એ પ્રમાણે બેલતા

ક્હેતા પછી નાસી જતી પોતાની સેનાને જોઇ કેશવ અને અર્જુન કહેવા લાગ્યા કે હે પાંચાલના યોદ્ધાઓ! ત્રાસ પામેલા તમે ભાગો માં અને ભયને તજો. આ અમે બેઉ સર્વ સૈન્યોવડે તથા જેમાં સારી રીતે ઉંચાં આયુધ કર્યાં છે એવા વ્યૂહોવડે દ્રોણાચાર્યને અને સૂતપુત્ર કર્ણને પીડવા માટે યત્ન કરીએ છીએ. આ બળવાન, અસ્ત્રકુશલ, જયશાલી, તમારાં સૈન્યોએ ઉપેક્ષા કરેલા એવા બે શૂરાઓને આ રાત્રિ પ્રત્યે યોદ્ધાઓ નાશ પમાડો, એ રીતે તે બે કહેતા હતા તે સમયે જેનું ભયંકર કર્મ છે એવો મહા બળવાન વૃકોદર ભીમસેન ફરીને જલદી સેના પ્રત્યે આવ્યો. હે રાજન્! એ પછી ત્યાં આવતા વૃકોદરને જોઇ જનાર્દન એવા શ્રીકૃષ્ણ પાંડવોને હર્ષ પમાડતા હોય તે રીતે ફરીને કહેવા લાગ્યા કે આ રણભૂમિને વખાણનાર સોમક અને પાંડવ યોદ્ધાઓવડે યુક્ત એવો ભીમસેન વેગેકરી મહારથિ દ્રોણાચાર્ય અને કર્ણ સામે જાય છે માટે હે પાંડુપુત્ર અર્જુન! એ સહિત અને મહારથિ પંચાલ યોદ્ધાઓ સહિત સર્વ સૈન્યોની આશ્વાસના માટે યુદ્ધ કર. પછી તે બે પુરૂષોમાં ઉત્તમ એવા માધવ શ્રીકૃષ્ણ અને પાંડવ અર્જુન, દ્રોણાચાય અને કર્ણને પામી રણભૂમિના અગ્ર ભાગમાં ઉભા રહ્યા.

સંજય કહે છે.—તે વખતે ફરીને મોટું યુધિષ્ઠિરનું સૈન્ય પાછું વળ્યું અને પછી યુદ્ધમાં દ્રોણાચાર્ય અને કર્ણ શત્રુઓને પીડવા લાગ્યા. હે રાજન્! જે પ્રમાણે ચંદ્રના ઉદયવડે વૃદ્ધિ પામેલા બે સાગરોનું અથડાવું થાય તે પ્રમાણે રાત્રિ વિષે સંકુલ એવું તે મોટું યુદ્ધ થયું. તે પછી હાથમાંથી મશાલને મૂકી દેઇ તમારી સેના પાંડવો સાથે ઉન્મત્ત માણસની પેઠે યુદ્ધ કરવા લાગી. અત્યંત દારૂણ રજ અને અંધકારે વિંટેલા લોક વિષે કેવળ નામ અને ગોત્રવડે જયને ઇચ્છનારા પુરૂષો યુદ્ધ કરતા હતા. હે મહારાજ! યુદ્ધમાં જેવી રીતે સ્વયંવરમાં સંભળાય તેવી રીતે પ્રહાર કરતા એવા રાજાઓએ સંભળાતાં એવાં નામ સંભળાતાં હતાં. યુદ્ધ જલદી નિઃશબ્દ થતું હતું અને ફરીને ક્રોધ પામેલા તથા યુદ્ધ કરતા એવા જય પામતા પુરૂષોનો જય થાઓ, એ રીતે મોટો શબ્દ થતો હતો. હે કુરૂશ્રેષ્ઠ! જે જે ઠેકાણે દિવાઓ દેખાતા હતા તે તે ઠેકાણે તે શૂરા પુરૂષો પતંગિઆઓની પેઠે પડતા હતા. તેમ હે રાજેંદ્ર! તેવી રીતે સર્વ પાંડવો અને કૌરવો જ્યારે યુદ્ધ કરતા હતા ત્યારે મહા રાત્રિ અતિ ગાઢ થઇ હતી.

तथा संयुध्यमानानां विगाढासीन्महानिशा ।
पांडवानां च राजेंद्र कौरवाणां च सर्वशः ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे संकुलयुद्धे गुर्जरभाषायां द्विसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७२ ॥

અધ્યાય ૧૭૩ મો. ઘટોત્કચને કૃષ્ણે ઉત્તેજ્યો.

संजय उवाच—तत कर्णो रणे दृष्ट्वा पार्षतं परवीरहा ॥
आजघानोरसि शरैर्दशभिर्मर्मभेदिभिः ॥

સંજય કહે છે—ને પછી રણભૂમિ વિષે પરવીરને હણનારા કર્ણે ધૃષ્ટદ્યુમ્નને જોઇ મર્મને ભેદનારાં દશ બાણોએકરી છાતી વિષે તેને પ્રહાર કર્યો. હે આરિષ! હર્ષ પામેલા ધૃષ્ટદ્યુમ્ને

પણ તરત તેને દશ બાણોવડે વિંધ્યો અને 'ઉભો રહે ઉભો રહે' એમ કહ્યું. યુદ્ધમાં બળવાન મહારથિ એવા તે બેઉ એકબીજાને પૂર્ણ ખેંચેલા બાણોએ ઢાંકી પરસ્પર વિંધતા હતા. પછી સંગ્રામ વિષે કર્ણે પંચાલ યોદ્ધાઓમાં મુખ્ય એવા ધૃષ્ટદ્યુમ્નના સારથિને અને ચાર ઘોડાઓને વિંધ્યા અને તીક્ષ્ણ બાણોવડે એના ઉત્તમ ધનુષ્યને કાપ્યું તથા ભલ્લ બાણેકરી સારથિને રથના નીડ ભાગથી પાડી નાંખ્યો. તે સમયે જેના રથ, ઘોડા અને સારથિ નાશ પામેલા છે એવો ધૃષ્ટદ્યુમ્ન ઘોર પરિઘને લેઇ કર્ણના ઘોડાઓને મારવા લાગ્યો. પછી કર્ણે સર્પની ઉપમા આપાય એવાં બહુ બાણોવડે વિંધેલો ધૃષ્ટદ્યુમ્ન પગે ચાલીનેજ યુધિષ્ઠિરના સૈન્ય પાસે પહોંચ્યો અને હે મારિષ! કર્ણ તરફ જવાની ઇચ્છાવાળો, ધર્મપુત્રે વારેલો એવો તે સહદેવના રથપર ચઢયો. ઘણા મોટા તેજવાળો કર્ણ સિંહનાદવડે મિશ્ર એવા ધનુષના શબ્દ કરવા લાગ્યો અને ઉંચા સ્વરે કરી શંખ ફુંકવા લાગ્યો. યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્નને હારેલો જોઇ તે અમર્ષ વશ થએલા મહારથિ સોમક યોદ્ધાઓ સહિત પંચાલ યોદ્ધાઓ સૂતપુત્ર કર્ણના વધ માટે સર્વ અસ્ત્રોને લેઇ કર્ણને ઉદ્દેશી, મૃત્યુને નિવર્તન કરી તેની સામે ગયા. કર્ણના રથ વિષે પણ સારથિએ શંખ સમાન વર્ણવાળા, ઠીક વહન કરનારા, મહા વેગવાળા સિંધુ દેશના ઘોડાઓને જોડયા. તે વખતે પ્રાપ્ત થએલું છે નિશાન જેને એવો પ્રયત્નવાન રાધાપુત્ર કર્ણ જેવી રીતે મેઘ પર્વત પ્રત્યે વૃષ્ટિ કરે તેવી રીતે પંચાલ યોદ્ધાઓના મહારથિઓને પીડતો હતો. કર્ણે પીડા પમાડેલી પંચાલ યોદ્ધાઓની તે મોટી સેના ભય પામતી, જે પ્રમાણે સિંહે પીડા પમાડેલી મૃગલી નાસે તે પ્રમાણે નાઠી. પછી જલદી તે તે ઠેકાણે હાથી, ઘોડા અને રથોથી પડેલા મનુષ્યો દેખાયા. મોટા યુદ્ધ વિષે દોડતા યોદ્ધાના બે બાહુને અને કુંડળ સહિત એવાં મસ્તકને ક્ષુરપ્ર નામના હથિયારોવડે કાપી નાખ્યાં. હે વિશાંપતે! બીજા હાથી ઉપર બેઠેલા યોદ્ધાના બે સાથળને કાપ્યા અને હે મારિષ! ઘોડાના પૃષ્ટ ઉપર રહેલા અતિ મોટા યોદ્ધાના પણ સાથળને કાપી નાખ્યા. દોડતા એવા ઘણા મહારથિઓ સંગ્રામ વિષે પડેલાં પોતાનાં શરીરોને તથા વાહનોને પણ જાણતા ન હતા. યુદ્ધમાં સૃંજય યોદ્ધાઓ સહિત વધ થતા વીર પંચાલ યોદ્ધાઓ ખડના હાલવાથી પણ સૂતપુત્ર કર્ણને આવ્યો માનતા હતા. તેમ યુદ્ધમાં દોડતા ચેતના રહિત એવા પોતાના યોદ્ધાને પણ કર્ણ છે, એમ માનતા હતા, અને તેથી બીતા એવા તેઓ નાસતા હતા. હે ભારત! ભંગાણ પડેલાં અને નાસતાં તે સૈન્યોની પાછળ કર્ણ બાણોને નાખતો જલદી દોડતો હતો. મહાત્મા કર્ણે વધ કરેલા, પરસ્પર જોતા, અતિ મોહ પામેલા અને ચેતના રહિત એવા યોદ્ધાઓ ઉભા રહેવાને સમર્થ થતા ન હતા. હે રાજન્! કર્ણે અને દ્રોણાચાર્યે મોટાં બાણોવડે હણેલા એવા યોદ્ધાઓ સર્વ દિશાઓને જોતા નાસી જતા હતા. પછી યુધિષ્ઠિર રાજા પોતાના સૈન્યને નાસતું જોઇ જરા ખિન્ન મન કરી અર્જુન પ્રત્યે વાક્ય બોલ્યા કે હે કુંતિપુત્ર અર્જુન! દારૂણ અર્ધ રાત્રિ સમયે તપતા સૂર્યની પેઠે મહા ધનુર્ધારી, જેના હાથમાં ધનુષ છે એવા સામે ઉભા રહેલા કર્ણને જો, અનાથની પેઠે તું જેનો બંધુ છે એવા અને કર્ણનાં બાણોવડે નાસતા તથા બૂમ પાડતા યોદ્ધાઓનો આ શબ્દ વારંવાર સંભળાય છે. હે કુંતિપુત્ર! જે રીતે બાણોને સાંધતો અને ફેંકતો એવો આ કર્ણ તેના અંતરને જોતો નથી, તે રીતે તો નિશ્ચે કર્ણ આપણને નાશ પમાડશે. માટે હે ધનંજય! હવે પછી અહિં જે સમયોચિત કાર્ય દેખાતું હોય તે કર્ણના વધ [illegible] કર. હે મહારાજ! એ રીતે યુધિષ્ઠિરનાં વચન સાંભળી કુંતિપુત્ર અર્જુન શ્રીકૃષ્ણને [illegible] [illegible] કે, આ કુંતિપુત્ર રાજા યુધિષ્ઠિર [illegible] કર્ણના પરાક્રમથી [illegible] પામતા [illegible]

માટે આ રીતે જ્યારે વારંવાર કર્ણનું સૈન્ય ઉચિત કાળને પ્રાપ્ત થાય ત્યારે તમે શીઘ્ર જ્યાં નિશ્ચય કરો; કારણ કે સેના નાસે છે. હે મધુસૂદન કૃષ્ણ ! દ્રોણાચાર્યનાં બાણોવડે નાશ અને ભંગાણ પામતા તથા કર્ણે ત્રાસ પમાડેલા યોદ્ધાઓની સ્થિતિ રણમાં નથી. તેમજ તીક્ષ્ણ બાણોએ કરી નાસતા મહારથિઓ પ્રત્યે તીક્ષ્ણ બાણવડે વર્ષતા કર્ણને અભીત પુરૂષની પેઠે હું ફરતો જોઉં છું. હે વૃષ્ણિવર્ય કૃષ્ણ ! જે પ્રમાણે પગના સ્પર્શને સર્પ સહન ન કરે તે પ્રમાણે રણના અગ્ર ભાગમાં ફરતા આ કર્ણને હું પ્રત્યક્ષ સહન કરવા સમર્થ થઇશ નહિ. હે મધુસૂદન કૃષ્ણ ! તમે જ્યાં મહારથિ કર્ણ છે ત્યાં જલદી મને લઇ જાઓ. હું એને હણીશ અથવા એ મને હણશે.

શ્રીકૃષ્ણ કહે છે—હે કુંતિપુત્ર અર્જુન ! સંગ્રામ વિષે, મનુષ્યના પરાક્રમને ઉલ્લંઘી જનાર જેનું પરાક્રમ છે એવા નરોમાં ઉત્તમ કર્ણને જે પ્રમાણે દેવતાઓના રાજા ઇન્દ્રને જોઉં તે પ્રમાણે હું ફરતો જોઉં છું. હે પુરૂષવ્યાઘ્ર ધનંજય ! તારા વગર અને રાક્ષસ ઘટોત્કચના વગર યુદ્ધમાં આ કર્ણની સામે જનાર બીજો પુરૂષ નથી. હે મહાબાહો પાપરહિત અર્જુન ! જ્યાં સુધી સંગ્રામ વિષે તારે માટે મોટાં ઉલ્કાઓની પેઠે પ્રકાશવાળી ઇન્દ્રે આપેલી આ કર્ણની શક્તિ છે, અને સૂતપુત્ર કર્ણે યુદ્ધમાં રાખી છે, તથા આ શક્તિ ભયંકર રૂપને ધારણ કરે છે ત્યાં સુધી સૂતપુત્ર કર્ણ સાથે તારા સમાગમને હું સમયોચિત માનતો નથી, માટે મહા બળવાન ઘટોત્કચ, રાધાપુત્ર કર્ણની સામો જાય, કેમકે તે બળવાન ભીમસેનથી ઉત્પન્ન થયો છે, અને દેવતાની સમાન પરાક્રમવાળો છે. વળી તેને વિષે દિવ્ય રાક્ષસો સંબંધી અને અસુર સંબંધી અસ્ત્રો છે, તથા ઘટોત્કચ નિરંતર તમારા પ્રત્યે પ્રીતિવાળો અને હિત ઇચ્છનાર છે, માટે રણભૂમિમાં કર્ણને જીતશે, એ વિષે મને આ બાબતમાં સંશય નથી. આ પ્રમાણે કૃષ્ણે કહેતાં કમળ તુલ્ય નેત્રવાળા મહાબાહુ કુંતિપુત્ર અર્જુને તે રાક્ષસને બોલાવ્યો અને તરત તે પ્રગટ થયો. હે વિશાંપતે ! કવચ, બાણ, ખડ્ગ અને ધનુષ સહિત એવો તે કૃષ્ણને અને પાંડુપુત્ર ધનંજયને અભિવંદન કરી પછીથી કૃષ્ણ પ્રત્યે બોલ્યો—કે આ હું આવ્યો છું મને આજ્ઞા કરો. એવી રીતે તેના કહેવા પછી જે પ્રમાણે હસતા હોય તે પ્રમાણે શ્રીકૃષ્ણ મેઘ તુલ્ય જેનું મુખ અને કુંડળ દીપ્ત છે એવા હિડિંબાના પુત્ર ઘટોત્કચ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા.

હે પુત્ર ઘટોત્કચ ! જે તને કહું છું તે સમજ. આ તારો પરાક્રમનો વખત છે, બીજા કોઇનો પણ નથી; માટે તે તું બૂડતા એવા બંધુજનોને વહાણરૂપ થા. કેમકે તારી પાસે જૂદા જૂદા પ્રકારનાં બાણો અને રાક્ષસી માયા છે. હે હિડિંબાના પુત્ર ઘટોત્કચ ! જે પ્રમાણે ગોપાળે હંકારાતી ગાયો હોય, તે પ્રમાણે કર્ણે નસાડેલી પાંડવોની સેનાને જો. આ મહા ધનુર્ધારી, મતિમાન, દૃઢ પરાક્રમવાળો કર્ણ, પાંડવોનાં સૈન્યો વિષે ઉત્તમ ક્ષત્રિયોને હણે છે. દૃઢ ધનુર્ધારી પુરૂષો બાણવૃષ્ટિઓ કરે છે, તોપણ કર્ણનાં બાણોના તેજ વડે પીડાતા એવા ઉભા રહેવા શક્તિમાન થતા નથી. અર્ધ રાત્રિ વખતે સૂતપુત્ર કર્ણ બાણવૃષ્ટિવડે પીડેલા આ પાંચાલ યોદ્ધાઓ જે પ્રમાણે સિંહે પીડા કરેલા મૃગ નાસે તે પ્રમાણે નાસે છે. હે ભયંકર પરાક્રમવાળા ! આ પ્રમાણે યુદ્ધમાં વૃદ્ધિ પામેલા સૂતપુત્ર ગર્વ ઉતારવા કર્ણનો.તારા વગર બીજો કોઇ સમર્થ નથી. તેથી હે મહાબાહો ! અહિં પોતાના આત્માઓના તથા પિતૃઓના તેજને તથા આજ્ઞાને યોગ્ય એવું કર્મ કર. હે હિડિંબાના પુત્ર ! એટલામાં

માટે મનુષ્યો પુત્રોને ઇચ્છે છે ત્યારે પુત્ર કેમ દુઃખથી ન તારે ? તું પણ માંડવોને દુઃખમાંથી તાર. હે ઘટોત્કચ ! હિતકારી પુત્રો આ લોકથી તારશે અને પરલોકમાં તારશે એવા સ્વાર્થના હેતુથી પિતાઓ પુત્રોને ઇચ્છે છે. વાસ્તે હે ભીમપુત્ર ! સંગ્રામ વિષે નિરંતર યુદ્ધ કરતો એવો જે તું તેનું આ ઠેકાણે ભયંકર સૈન્ય અને દુઃખેકરી તરાય એવી માયાઓ છે માટે હે પરંતપ ! રાત્રિ વિષે કર્ણે ભંગાણ પાડેલા અને ધૃતરાષ્ટ્રના સૈન્યો વિષે મગ્ન થતા પાંડવોને તું બચાવ, કેમકે બળવાન, અતિ દુઃખેકરી સહન થાય એવા પરાક્રમ કરનારા રાક્ષસો રાત્રિ વિષે અત્યંત ઘણા પરાક્રમવાળા થાય છે. તેથી તું અર્ધ રાત્રિ વખતે રણભૂમિમાં મહા ધનુર્ધારી કર્ણને માર અને ધૃષ્ટદ્યુમ્ન જેની આગળ ચાલનાર છે એવા કુંતિપુત્રો દ્રોણાચાર્યને મારશે.

સંજય કહે છે—હે કૌરવ્ય ! કેશવ એવા કૃષ્ણનું વચન સાંભળી બીભત્સુ એવો અર્જુન પણ શત્રુને દમનાર રાક્ષસ ઘટોત્કચને કહેવા લાગ્યો કે, હે ઘટોત્કચ ! મારા સર્વ સૈન્યો વિષે તું અને સાત્યકિ મહાબાહુ મનાયા છો તેથી પાંડુપુત્ર ભીમસેન માટે તું જા અને રાત્રિ વિષે કર્ણની સાથે બે રથવાળું યુદ્ધ કર ને મહારથિ સાત્યકિ તારી પાછળ રક્ષા કરનારો થશે. જે પ્રમાણે પૂર્વે ઇન્દ્રે કાર્તિક સ્વામીસાથે મળી તારકાસુરને હણ્યો હતો તે પ્રમાણે સાત્યકિવડે સહાયવાન એવો તું રણભૂમિમાં શૂર કર્ણને હણ. ઘટોત્કચ કહે છે—હે ભારત ! હું એકજ કર્ણ, દ્રોણાચાર્ય અને મહાત્મા અસ્ત્ર કુશળ બીજા ક્ષત્રિયો માટે બસ છું. આજ રાત્રિ વિષે સૂતપુત્ર કર્ણને એવા યુદ્ધને આપીશ કે જે યુદ્ધને મનુષ્યો જ્યાં સુધી પૃથ્વી ધારણ કરશે ત્યાં સુધી સંભારશે. આ યુદ્ધ વિષે રાક્ષસના ધર્મ પ્રત્યે રહેલો એવો હું શૂરાઓને, ભય પામેલાઓને અને હાથ જોડનારાઓને પણ મૂકીશ નહિ; અને સર્વ યોદ્ધાઓને હણીશ. સંજય કહે છે—એવી રીતે કહી મહાબાહુ પરશૂરાઓને હણનારો હિડિંબાનો પુત્ર ઘટોત્કચ સંકુલ યુદ્ધમાં તમારા સૈન્યને બીવરાવતો કર્ણ સામે ધસ્યો. તેમ સમીપ આવતા એવા અતિ ક્રોધ પામેલા દીપ્તમુખ અને કેશવાળા ઘટોત્કચ પ્રત્યે હસતો એવો નરશ્રેષ્ઠ સૂતપુત્ર કર્ણ સામો થયો. હે રાજાઓમાં શ્રેષ્ઠ ! સંગ્રામ વિષે ગર્જના કરતા તે બે કર્ણ અને રાક્ષસનું યુદ્ધ જે પ્રમાણે ઇંદ્ર અને પ્રલ્હાદનું યુદ્ધ થયું હતું તે પ્રમાણે ભયંકર યુદ્ધ થયું.

तयोः समभवद्युद्धं कर्ण राक्षसयोर्मृधे ।
गर्जतो राजशार्दूल शक्र प्रह्लादयोरिव ॥

इति श्री महाभारते द्रोणपर्वणि घटोत्कचवधपर्वणि रात्रियुद्धे घटोत्कच प्रोत्साहने गुर्जरभाषायां त्रिसप्तत्यधिकशततमोऽध्यायः ॥ १७३ ॥

અધ્યાય ૧૭૪ મો. ઘટોત્કચ સામે અલંબુષ.

संजय उवाच—दृष्ट्वा घटोत्कचं राजन्सूतपुत्रं रथंप्रति ।
आयान्तं तु तथायुक्तं जिघांसुं कर्णमाहवे ॥

સંજય કહે છે—હે રાજન્ ! યુદ્ધમાં તે પ્રમાણે ઉદ્યમવાળા કર્ણને હણવાને ઇચ્છતા ઘટોત્કચને કર્ણના રથ સામે આવતો જોઇ તે સમયે તમારો પુત્ર દુર્યોધન દુઃશાસનને કહ્યું

સ્થાનોમાં, કષ્ટરૂપ આપદ વિષે, ભય વખતે તથા ઊભેલાં કાર્ય હોય તે ઠેકાણે પણ પ્રજ્ઞાવાન પુરુષોને ભય લાગતો નથી. ઉદ્યમ, નિયમથી ચાલવું, મનુષ્યાઈ, સાવધાનપણું, ધૈર્ય અને શક્તિ તથા વિચાર કરીને કાર્યનો સમારંભ કરવો, એટલાં વાનાં સમૃદ્ધિનું મૂળ છે. તપસ્વીનું તપશ્ચર્યારૂપ બળ છે, વેદ જાણનારાઓનું વેદરૂપ, દુષ્ટ પુરુષોનું હિંસારૂપ, તથા ગુણવાન પુરુષોનું ક્ષમારૂપ બળ છે. જળ, મૂળ, દુગ્ધ, હવિષ, બ્રાહ્મણની આજ્ઞા, ગુરુનું વચન તથા ઔષધ, એ આઠ વાનાં વ્રતને હણતાં નથી. જે પોતાને પ્રતિકૂળ હોય, તે આચરવું નહીં, એ ધર્મ શાસ્ત્ર જાણવાથી સમજાય છે, ને ઇચ્છા પ્રમાણે ચાલવાથી અધર્મમાં પ્રતીત છે. ક્રોધને અક્રોધથી, અસાધુતાને સાધુતાથી, કદર્યને દાનથી તથા અનૃતને સત્યથી જીતવું. સ્ત્રી, ધૂર્ત, આળસુ, બીકણ, ક્રૂર, અભિમાની, ચોર, કરેલા ઉપકારને ન જાણનાર તથા નાસ્તિક, એટલાઓનો વિશ્વાસ કરવો નહીં. નિરંતર નમ્રતાથી વર્તવાનો જેનો સ્વભાવ છે તથા જે વૃદ્ધની સેવા કરે છે તે પુરુષનાં કીર્તિ, આયુષ, યશ તથા બળ, એ ચાર વૃદ્ધિ પામે છે.

હે તાત! અતિ ક્લેશથી, ધર્મ છોડી દેવાથી તથા શત્રુની તાબેદારી કરવાથી જે અર્થો સિદ્ધ થાય, તે વિષે તમે મન માં કરો. વિદ્યા રહિત પુરુષ, પ્રજા વગરનું મૈથુન, આહાર વગરની પ્રજા, તથા રાજા વગરનો દેશ, એ ચારેય શોચ કરવા લાયક છે. ઘણો પંથ ફરવાથી મનુષ્યોને જરા અવસ્થા પ્રાપ્ત થાય છે; પર્વતોને વર્ષાદના જળથી, સ્ત્રિયોને પુરુષના વિયોગથી તથા મનને દુર્વચનથી જરા પ્રાપ્ત થાય છે. અભ્યાસ એ વેદનો મળ છે, વ્રત ન કરવું એ બ્રાહ્મણનો, બાહ્લિક નામના દેશો પૃથ્વીનો તથા જૂઠું બોલવું એ પુરુષનો મળ છે. તેમ સતી સ્ત્રીને કોઈ બીજાની ઇચ્છા થવી, સ્ત્રિયોને બહાર ફરવું, સુવર્ણને રૂપું, રૂપાને કથિર, કથિરને સીસું અને સીસાને મેલ મળરૂપ છે. થોડું શયન કરવાથી નિદ્રા જીતાય, તેમ કામ રહિતપણાથી સ્ત્રિયો, પાસે લાકડાં ન હોવાથી અગ્નિ અને પાન કરવાના ત્યાગથી મદિરા જીતાય. જે દાન માનથી મિત્રને જીત્યો, તેમ યુદ્ધમાં શત્રુને તથા અન્નપાનાદિકે કરી સ્ત્રિયોને જીત્યો, તેનું જીવિત સફળ જાણવું. હે ધૃતરાષ્ટ્ર! હજાર પતિ જીવે છે, તેમ સૈંકડો-પતિ પણ જીવે છે, માટે ઘણી ઇચ્છા મૂકી દ્યો; કારણ કોઈ રીતે ન જીવાય એમ નથી. પણ જો વિચારે નહીં, તો તે પૃથ્વીમાં જેટલું ધાન્ય, સુવર્ણ, પશુઓ તથા સ્ત્રિયો છે તે બધું એકને મળે તોપણ, તેને "હવે બહુ મળ્યું" એમ પરિપૂર્ણની બુદ્ધિ થાય નહીં: માટે વિચાર કરે તોજ મોહ પામે. હે રાજન્! તમોને પાંડવ તથા પોતાના પુત્રો વિષે જો સમાન દૃષ્ટિ હોય, તો ફરીથી હું તમોને કહું છું કે, બધાને વિષે સમાન રીતે વર્તો, એટલે કે પાંડવોને પણ ઘટતો ભાગ આપો.

વિદુર કહે છે—સત્પુરુષોએ વખાણેલો જે પુરુષ નિરભિમાન થઈ પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરે છે તે સત્પુરુષ કહેવાય છે અને યશ પામે છે, ને પ્રસન્ન થયેલા સત્પુરુષો તેને પરિપૂર્ણ સુખી કહે છે. જે પુરુષ પારકાઓએ ધિક્કાર કર્યા પહેલાંજ અધર્મયુક્ત એવા અર્થનો ત્યાગ કરે, તે દુઃખથી વિમુક્ત થઈ, જીર્ણ ત્વચા ત્યાગ કરેલા સર્પની પેઠે સુખે કરી શયન કરે છે. ખરાબ આચારથી પોતાનો જય કરવો, રાજા પાસે લોકોની ચાડી કરવી અને ગુરુ આદિક પોતાના વડીલ સામે ખોટી હુજત કરવી, એ ત્રણે બ્રહ્મહત્યા જેવાં પાપ જાણવાં. ઈર્ષ્યા મૃત્યુરૂપ અને અતિવાદ અલક્ષ્મીરૂપ છે. ગુરુની સેવા ન કરવી, ઉતાવળાં

ભારતાર્થપ્રકાશ.

अथ कर्णपर्व प्रारंभ.

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥ १ ॥

સર્વ પ્રાણીમાત્રમાં વ્યાપીને રહેનાર એવા નારાયણને, અને સર્વ નર કરતાં ઉત્તમ એવા નર નામે તપસ્વીને તથા શ્રીસરસ્વતી દેવીને, નમસ્કાર કરીને જે થકી સહુ કોઇનો જય થાય એવો ગ્રંથ કહીએ છીએ.

વૈશમ્પાયન ઉવાચ– ततो द्रोणे हते राजन्दुर्योधनमुखा नृपाः ।
भृशमुद्विग्नमनसो द्रोणपुत्रमुपागमन् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે રાજન્, દ્રોણાચાર્યના હણાવાથી અતિ ઉદ્વેગ પામેલા મનવાળા દુર્યોધન આદિ રાજાઓ દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રત્યે ગયા, અને મોહે કરી જેઓનું સામર્થ્ય નાશ પામેલું છે એવા દ્રોણાચાર્યની પાછળ શોક કરતા અને શોકે કરી પીડા પામેલા તેઓ શારદ્વતીના પુત્ર અશ્વત્થામાને સેવવા લાગ્યા તથા તે રાજાઓ મુહૂર્તવારમાં શાસ્ત્રે માનેલાં કારણો-વડે આશ્વાસના પામી રાત્રિના પ્રદોષ વખતે પોતાનાં સ્થાનકો પ્રત્યે ગયા. હે કૌરવ્ય, તે રાજાઓ તીવ્ર એવા થએલા અને થનાર ક્ષયનો વિચાર કરવાથી દુઃખ અને શોકયુક્ત એવા રહેવાનાં સ્થાનકો પ્રત્યે પણ સુખ પામતા ન હતા વિશેષે સૂતપુત્ર કર્ણ, રાજા દુર્યોધન, મહાબળવાન્ સુબલાપુત્ર શકુનિ અને દુઃશાસન તેઓ તે રાત્રિએ દુર્યોધનના સ્થાનક વિષે રહ્યા હતા અને જે પ્રથમ દ્રૌપદીને ક્લેશયુક્ત કરી હતી અને સભા પ્રત્યે આણી હતી તેને તથા પાંડવોના ક્લેશોને સંભારતા અને શોક કરતા એવા અત્યંત ઉદ્વેગ પામેલા ચિત્તવાળા થયા હતા. હે રાજન્, તે રીતે દ્યૂતવડે કરાવેલા તે ક્લેશોનો વિચાર કરતાંજ તેઓની સો વરસની ઉપમા અપાય એવી રાત્રિ દુઃખે કરી નીકળી ગઈ, ત્યાર પછી નિર્મળ પ્રભાત વખતે ભાગ્યની આજ્ઞામાં રહેલા તે સર્વ વેદવિધિયુક્ત કર્મવડે નિત્યકર્મ કરવા લાગ્યા; અને હે ભારત. નિત્ય કર્મ કરી સાવધાન થઇ યુદ્ધ માટે તૈયાર થવા આજ્ઞા કરવા લાગ્યા અને કર્ણને સેનાપતિ કરી, કરેલાં છે કૌતકમંગલ જેણે એવા કૌરવો, દધિપાત્ર, ઘૃત, અક્ષત, ગાય, ઘોડા, નિષ્ક અને મહામૂલ્યવાળાં વસ્ત્રોવડે શ્રેષ્ઠ બ્રાહ્મણોને પૂજીને સૂતમાગધ અને બંદિજનોએ જયના આશિર્વાદવડે સ્તુતિ કરાતા એવા બહાર નિકળ્યા. તેમજ હે રાજન્, જેઓએ પ્રાતઃકાળની ક્રિયા કરેલી છે એવા પાંડવો પણ યુદ્ધ માટે નિશ્ચય કરી જલદી સેનાનાં સ્થાનકથી બહાર નિકળ્યા. તે પછી પરસ્પર જયને ઇચ્છનાર એવા કુરૂ અને પાંડવોનું રૂવાડાંને હર્ષ પમાડનારૂં સંકુલ યુદ્ધ પ્રવર્ત્યું અને હે રાજન્, કર્ણ સેનાપતિ થયો ત્યારે તે કુરૂ અને પાંડવ સેનાનું બે દિવસ અદ્ભુત દર્શનવાળું યુદ્ધ થયું; તે પછી રણભૂમિમાં અતિ મોટા શત્રુઓના ક્ષયને કરી રહેલા કર્ણને કૌરવોના જોતાં અર્જુને નાશ પમાડયો. તે સમયે સંજયે કુરૂદેશના જંગલમાં જે વર્તણુક થઇ તે સર્વ જલદી હસ્તિનાપુર પ્રત્યે જઈ ધૃતરાષ્ટ્રને કહી. જનમેજય કહેછે—હે દ્વિજવર વૈશંપાયન, મહાત્મા

ગંગાના પુત્ર ભીષ્મપિતામહને અને દ્રોણાચાર્યને હણેલા સાંભળી જે વૃદ્ધ રાજા અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્ર પરમ પીડા પામ્યા હતા તે દુઃખિત એવા દુર્યોધનના હિતૈષિ કર્ણને હણેલો સાંભળી પ્રાણ કેમ ધારી શક્યા? જેનેવિષે પુત્રોના જયની આશાને કુરૂકુળમાં થયેલા રાજા ધૃતરાષ્ટ્ર માનતા હતા તે કર્ણના હણાવાથી પ્રાણને શી રીતે ધારી શક્યા? જે ઠેકાણે કર્ણને હણેલો સાંભળી રાજાએ જીવિતને ન તજ્યું તે ઠેકાણે દુઃખવિષે વર્તનાર એવા પણ મનુષ્યોનું જીવિત જવું અશક્ય છે. હે બ્રહ્મ, તેવી રીતેજ શાંતનુના પુત્ર વૃદ્ધ ભીષ્મપિતામહને, બાહલીકને, દ્રોણાચાર્યને, સોમદત્તને, ભૂરિશ્રવાને, તેમજ નાશ પામેલા બીજા સ્નેહિઓને, પુત્રોને અને પૌત્રોને સાંભળી રાજાએ જે પ્રાણ ન તજ્યા તેથી એમ માનું છું કે મરણ દુઃખવડે કરી શકાય તેમ છે, હે મહામુને દ્વિજ, એ સર્વ મને વિસ્તારવડે કહે; કારણ કે પૂર્વજોનાં મોટાં ચરિતને સાંભળનો એવો હું તૃપ્તિ પામનો નથી.

एतन्मे सर्वमाचक्ष्व विस्तरेण महामुने ।
न हि तृप्यामि पूर्वेषां शृण्वानश्चरितं महत् ॥

इति श्रीमहाभारते कर्णपर्वणि जनमेजय वाक्यंनाम प्रथमोऽध्यायः ॥ १ ॥

वैशम्पायन उवाच— हते कर्णे महाराज निशि गावल्गणिस्तदा ।
दीनो ययौ नागपुरमश्वैर्वातसमैर्जवे ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે મહારાજ, કર્ણને હણ્યો ત્યારે રાત્રિવિષે દીન એવો સંજય વેગમાં વાયુ સમાન એવા ઘોડાઓવડે હસ્તિનાપુર પ્રત્યે ગયો. અતિ ઉદ્વેગ પામેલો બુદ્ધિવાળો તે હસ્તિનાપુર પ્રત્યે જઈ જેથી બાંધવો ક્ષય પામેલા છે એવાં ધૃતરાષ્ટ્રનાં સ્થાન પ્રત્યે ગયો અને તેણે જેનું મોહવડે સામર્થ્ય નાશ પામેલું છે એવા રાજાને જોઈ હાથ જોડી રાજાના ચરણ પ્રત્યે મસ્તકવડે વંદન કર્યું; તથા ન્યાય પ્રમાણે રાજા ધૃતરાષ્ટ્રનું સન્માન કરી હાય કષ્ટ છે! એ રીતે કહી પછીથી તે કહેવા લાગ્યો કે,—હે પૃથ્વીના પતે ધૃતરાષ્ટ્ર, હું સંજય છું ને તમે કેમ સુખી છો? તથા પોતાના દોષોવડે આપત્તિને પામી આજ કેમ મોહ તો નથી પામતા? વિદુર, દ્રોણાચાર્ય. ગંગાપુત્ર ભીષ્મપિતામહ અને કેશવ ભગવાને જે હિતકારી વચનો કહ્યાં હતાં તે તમે ગ્રહણ કર્યાં નહતાં તે યાદ લાવીને તો શું વ્યથા નથી કરતા? સભાવિષે રામ, નારદ, અને કણ્વ આદિ ઋષિઓએ જે હિત કહ્યું હતું તેને ગ્રહણ નહોતું કર્યું તે યાદ લાવીને તો શું વ્યથા નથી કરતા? તમારાં હિતવિષે લાગેલા ભીષ્મ અને દ્રોણાચાર્ય આદિ પુરૂષોને યુદ્ધમાં શત્રુઓએ હણ્યા તેઓને સંભારીને તો કેમ વ્યથા નથી કરતા? એવી રીતે કહેતા હાથ જોડી ઉભેલા સૂતના પુત્ર સંજય પ્રત્યે રાજા અતિ મોટો નિઃશ્વાસ નાંખી દુઃખવડે પીડાએલા એવા આવું વચન બોલ્યા.—ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય, જ્યારે દિવ્ય અસ્ત્રવાળા મહાધનુર્ધારી શૂર એવા ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યને હણ્યા ત્યારે મારૂં ચિત્ત ઘણું વ્યથા પામ્યું. વસુથકી થયેલા તેજસ્વી એવા જે ભીષ્મપિતામહ દિવસે દિવસે કવચધારી દશહજાર રથિઓને હણતા હતા, જેને મહાયુદ્ધમાં પરશુરામે ઉત્તમ અસ્ત્ર આપ્યું હતું તથા જેને બાળપણામાં સાક્ષાત્ પરશુરામે ધનુર્વેદ શિખવવામાં સ્વીકાર્યાં

હતા તેને પાંડુપુત્રે રક્ષા કરેલા દ્રુપદરાજાના પુત્ર શિખંડિએ હણેલા સાંભળી મારૂં મન ઘણું વ્યથા પામ્યું. જેના અનુગ્રહથી કુંતિપુત્ર મહારથિ રાજપુત્ર પાંડવો તથા બીજા રાજાઓ મહારથિપણાને પામ્યા તે સત્યપ્રતિજ્ઞ મહાધનુર્ધારિ દ્રોણાચાર્યને યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ને હણેલા સાંભળી મારૂં મન ઘણું વ્યથિત થયું. જેઓની બરોબર પુરૂષ, લોકમાં ચાર પ્રકારના અસ્ત્રવિષે નથી; તે દ્રોણાચાર્ય અને ભીષ્મપિતામહને હણેલા સાંભળી મારૂં મન ઘણું વ્યથિત થયું. ત્રૈલોક્યમાં અસ્ત્ર જાણવામાં જેની સમાન બીજો પુરૂષ નથી ને દ્રોણાચાર્યને હણેલા સાંભળી મારા યોદ્ધાઓ શું કરતા હતા? જ્યારે સંશપ્તક યોદ્ધાઓના સૈન્યને મહાત્મા પાંડુપુત્ર ધનંજય—અર્જુને પરાક્રમ કરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યું અને બુદ્ધિમાન્ દ્રોણપુત્ર અશ્વત્થામાનું નારાયણાસ્ત્ર નાશ પામ્યું તથા સૈન્યો વિખરાઈ ગયાં ત્યારે મારા યોદ્ધાઓ શું કરતા હતા? હું તો દ્રોણાચાર્યના હણાવાથી સમુદ્રમાં જેઓની નૌકા ભાગી ગયેલી છે એવા બુડતા ને ચેષ્ટા કરતા પુરૂષોની પેઠે કૌરવોને શોકરૂપિ સાગરમાં બૂડેલા અને ભાગેલા માનું છું. હે સંજય, જ્યારે દુર્યોધનનું, ભોજપૂરના અધિપતિ કર્ણનું, કૃતવર્માનું, મદ્રરાજ શલ્યનું, દ્રોણપુત્ર અશ્વત્થામાનું, કૃપાચાર્યનું, શેષ રહેલા એવા મારા પુત્રનું અને બીજાઓનાં સૈન્યો ભાગ્યાં ત્યારે તેઓના મુખનો વર્ણ કેવો થયો હતો? એ સર્વ વાત જેમ થઈ હોય તેમ કહે. અને હે સંજય, પાંડવોના તથા મારા યોદ્ધાઓના પરાક્રમને કહે. સંજય કહે છે—હે સભ્ય, તમારા અપરાધથી કૌરવોવિષે જે વર્તણુક છે તે સાંભળીને વ્યથા કરો માં. કારણ કે ભાગ્યને લીધે સુખ દુઃખ મનુષ્ય પ્રત્યે થાય છે પણ કોઈ વિદ્વાન્ પુરૂષ તેઓની પ્રાપ્તિ અથવા અપ્રાપ્તિવિષે વ્યથા પામતો નથી. ધૃતરાષ્ટ્ર કહેછે—હે સંજય, મને કંઈ પણ અધિક વ્યથા થતી નથી અને જે થયું છે એ પૂર્વનું ભાગ્ય છે એમ માનું છું માટે ઇચ્છા પ્રમાણે કહે.

न व्यथाऽभ्यधिका काचिद्विद्यते मम संजय ।
दिष्टमेतत्पुरा मन्ये कथयस्व यथेच्छकं ॥

इति श्रीमहाभारते कर्णपर्वणि धृतराष्ट्रसंजयसम्वादे गुर्जरभाषायां द्वितीयोऽध्यायः॥२॥

संजय उवाच— हते द्रोणे महेष्वासे तव पुत्रा महारथाः ।
बभूवुरस्वस्थमुखा विषण्णा गतचेतसः ॥ १ ॥

સંજય કહે છે—હે વિશાંપતે. મહાધનુર્ધારિ દ્રોણાચાર્યના હણાવાથી મહારથિ શસ્ત્રધારિ એવા તમારા સર્વ પુત્રો દીનમુખવાળા ખેદ પામેલા અને ચેતનારહિત થયા, તથા નીચાં મુખ કરી જોતા એવા શોકે કરી પીડા પામેલા પરસ્પર બોલી શકતા ન હતા. હે ભારત, તેઓને દુઃખિત આકારવાળા જોઈ ત્રાસ પામેલાં તમારાં અનેક સૈન્યો ઉંચુજ જોયા કરતાં હતાં, અને હે રાજેંદ્ર, સર્વ તરફથી લોહિલુવાણુ એવાં તેઓનાં શસ્ત્રો યુદ્ધમાં દ્રોણાચાર્યને હણેલા જોઈ હાથના અગ્રભાગમાંથી પડી જતાં હતાં. હે ભારત મહારાજ, આકાશવિષે રહેલાં પડતાં નક્ષત્રોની પેઠે તે શસ્ત્ર પતનરૂપ મોટાં અરિષ્ટ થતાં દેખાતાં હતાં. હે મહારાજ, તેવી રીતે સ્થિર થઈ ઉભેલાં ઉદ્વેગયુકત ચિત્તવાળાં તમારાં સૈન્યને જોઈ રાજા દુર્યોધન કહેવા લાગ્યો કે તમારાં બાહુબળનો આશ્રય કરી મેં યુદ્ધમાં પાંડવોને બોલાવ્યા અને

આ યદ્ધ પ્રવર્ત્યું તે આ સૈન્ય દ્રોણાચાર્યના હણાવાથી ઉદ્વેગ પામેલું હોય તેમ જણાય છે; અને સંગ્રામવિષે યુદ્ધ કરતા એવા યોદ્ધાઓ સર્વ તરફ હણાય છે. વળી સંગ્રામમાં યુદ્ધ કરનારનો જય પણ થાય અને નાશ પણ થાય એમાં આશ્ચર્ય નથી, માટે તમે સર્વ તરફ યુદ્ધ કરો અને દિવ્ય અસ્ત્રોવડે યુદ્ધમાં ફરતા એવા મહાધનુર્ધારિ મહાબળવાન્ મહાત્મા સૂર્યપુત્ર કર્ણને જુઓ કે, જેના ત્રાસથી સદા મંદ એવો કુંતિપુત્ર અર્જુન જે રીતે સિંહથી ક્ષુદ્ર મૃગ ભાગે તે રીતે યુદ્ધમાં નિવૃત્ત થાય છે. જેણે દશહજાર હાથિ સરખાં બળવાળા મહાબળવાન્ ભીમસેનને મનુષ્યનાં યુધ્ધે કરીનેજ તે અવસ્થાને પમાડ્યો, તથા જેણે રણભૂમિવિષે ભયંકર શબ્દ કરનારા દિવ્ય અસ્ત્રોને જાણનારા શૂરા માયાવિ ઘટોત્કચને સફલ એવી શક્તિવડે હણ્યો. તે દુર્વાર પરાક્રમવાળા સત્યપ્રતિજ્ઞ બુદ્ધિમાન્ કર્ણનાં નાશ ન પમાડી શકાય એવાં બાહુનાં બળને આજ યુદ્ધમાં જોશો. વિષ્ણુ અને ઇન્દ્રના પરાક્રમની પેઠે દ્રોણપુત્ર અશ્વત્થામા અને રાધાપુત્ર કર્ણ એ બેના પરાક્રમને તે પાંડુ પુત્રો જુઓ. રણભૂમિવિષે સૈન્ય સહિત પાંડુ પુત્રોને હણવા માટે પરાક્રમવાન અને અસ્ત્રકુશલ એવા તમે બધાય પ્રત્યેક જણ સમર્થ છો ત્યારે મળેલા તેઓને હણવા શક્તિમાન હો એમાં શું કહેવું ! માટે આજ પરસ્પર પરાક્રમ દર્શાવો. સંજય કહે છે—હે પાપરહિત ધૃતરાષ્ટ્ર, એવી રીતે કહ્યા પછી તે સમયે ભાઇઓસહિત મહાબળવાન એવા તમારા પુત્ર દુર્યોધને કર્ણને સેનાપતિ કર્યો. હે રાજન, એ પછી સેનાપતિપણાને પામી મહારથિ રણમાં મદોન્મત્ત એવો કર્ણ ઊંચે સ્વરે સિંહનાદ કરી યુદ્ધ કરતો હતો. હે સભ્ય, તેણે સર્વ સૃંજય યોધ્ધા તથા પાંચાલ યોદ્ધાઓનો અને કેકય તથા વિદેહ યોદ્ધાઓનો ઘણો નાશ કર્યો, તેના ધનુષથી આગળ પુંખ ભાગોવિષે રહેલી, ભ્રમરની પંક્તિઓની પેઠે હજારો બાણોની ધારા પ્રકટ થતી હતી. એ રીતે પાંડવોના હજારો યોદ્ધાઓને હણી બળવાન્ એવા પાંડવ અને પાંચાલ યોદ્ધાઓને હણી બળવાન્ એવા પાંડવ અને પાંચાલ યોદ્ધાઓને પીડનાર તે કર્ણને અર્જુને હણ્યો.

स पीडयित्वा पाञ्चालान्पाण्डवांश्च तरस्विनः ।

हत्वा सहस्रशो योधानर्जुनेन निपातितः ॥

इति श्रीमहाभारते कर्णपर्वणि सञ्जयवाक्यंनाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

वैशम्पायन उवाच—एतच्छ्रुत्वा महाराज धृतराष्ट्रोऽम्बिकासुतः ।

शोकस्यान्तमपश्यन्वै हतं मत्वा सुयोधनं ॥ १ ॥

વૈશંપાયન કહેછે—હે મહારાજ, સંજયનું 'કર્ણને હણ્યો' એ વાકય સાંભળી અંબિકા પુત્ર ધૃતરાષ્ટ્ર શોકના પારને ન દેખતા એવા દુર્યોધનને હણેલો માનવા લાગ્યા. તથા વિહ્વલ અને ચેતનારહિત એવા જેવી રીતે હસ્તિ પૃથ્વી વિષે પડે તેવી રીતે પડયા. હે ભરત શ્રેષ્ઠ રાજાઓમાં શ્રેષ્ઠ વિહ્વલ એવા તે ધૃતરાષ્ટ્ર પૃથ્વીવિષે પડયા ત્યારે સ્ત્રીઓનો ઘણો પીડિત શબ્દ થયો અને તે શબ્દ સર્વ તરફથી સકલ પૃથ્વીને પૂરવા લાગ્યો. હે ભરત શ્રેષ્ઠ, મહાઘોર એવા શોકરૂપિ સમુદ્રમાં બુડેલી દુઃખ અને શોકે કરી પીડા પામેલી અને અત્યંત ઉદ્વેગ પામેલા ચિત્તવાળી ભરતકુળની સ્ત્રીઓ રુદન કરવા લાગી. અને ધૃતરાષ્ટ્રની સ્ત્રી ગાંધારી રાજાની સમીપ

આવી સંજ્ઞારહિત થઈ પૃથ્વીવિષે પડી; તથા અંતઃપુરની સ્ત્રીઓ પણ પડી. તે સમયે હે રાજન્, સંજય આતુર એવી તે સ્ત્રીઓને આશ્વાસના કરવા લાગ્યો, તોપણ અતિ ઘણીવાર મોહ પામેલી નેત્રથી અશ્રુને સ્ત્રવતી એવી આશ્વાસના કરેલી સ્ત્રીઓ જે પ્રમાણે ચોતરફથી વાયુએ કંપાવેલી કેળ હોય તે પ્રમાણે વારંવાર કંપતી હતી. તે સમયે સમર્થ એવા પ્રજ્ઞાચક્ષુ કૌરવરાજા ધૃતરાષ્ટ્રને વિદુર આશ્વાસના કરતા હતા તથા જળે કરીને સિંચન કરતા હતા. હે રાજેન્દ્ર, તે રાજા ધીરેથી સંજ્ઞા પામી નજીક રહેલી તે સ્ત્રીઓને દુઃખિત જાણી ઉન્મત્ત પુરૂષની પેઠે મુંગા રહ્યા. પછી હે વિશાંપતે, ઘણો વખત વિચાર કરી વારંવાર નિઃશ્વાસ નાંખી પોતાના પુત્રોને નિંદવા લાગ્યા, અને પાંડવોને અધિક માનવા લાગ્યા તથા પોતાની અને સુબલા પુત્ર શકુનિની બુદ્ધિને નિંદતા એવા ઘણી વખત વિચાર કરી વારંવાર કંપતા એવા રાજા ધૃતરાષ્ટ્ર ધૈર્યવડે મનને સ્થિર કરી ગાવલ્ગણિ એવા સૂત સંજયને પૃછવા લાગ્યા કે—હે સૂત સંજય, તેં જે વાક્ય કહ્યું તે મેં સાંભળ્યું. શું દુર્યોધન તો યમરાજાના સ્થાન પ્રત્યે નથી ગયો ? હે સંજય, નિરંતર જયને ઇચ્છનાર એવો મારો પુત્ર જયવિષે નિરાશ થાય છે તો, પણ સંક્ષેપે કહેલી આ વાતને ફરીને વિસ્તારવડે કહે. એ રીતે ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી હે જનમેજય રાજા, ધૃતરાષ્ટ્ર પ્રત્યે સંજય બોલ્યો કે હે રાજન, મહારથિ સૂર્યપુત્ર કર્ણ મહાધનુર્ધારિ શરીરને તજનારા સૂતપુત્ર એવા ભાઇઓ અને પુત્રસહિત નાશ પામ્યો તથા યશસ્વિ એવા પાંડુપુત્ર ભીમસેને યુદ્ધમાં દુઃશાસનને હણ્યો અને કોપથી તેના રૂધિરને પીધું.

भ्रातृभिश्च महेष्वासैः सूतपुत्रैस्तनुत्यजैः ।

दुःशासनश्च निहतः पाण्डवेन यशस्विना ॥

पीतं च रुधिरं कोपाद्भीमसेनेन संयुगे ।

इति श्रीमहाभारते कर्णपर्वणि धृतराष्ट्रशोकोनाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

वैशम्पायन उवाच—इतिश्रुत्वा महाराज धृतराष्ट्रोऽम्बिकासुतः ।

अब्रवीत्सञ्जयं सूतं शोकसंविग्नमानसः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે મહારાજ, એ રીતે સાંભળી શોકવડે જેનું મન ઉદ્વેગ પામેલું છે એવા અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્ર સૂતસંજયને કહેવા લાગ્યા કે—હે તાત, થોડો વખત જીવનાર એવા મારા પુત્રના અન્યાયે કરી સૂર્યપુત્ર કર્ણને હણેલો સાંભળી થયેલો શોક મારાં મર્મસ્થાનોને ભેદે છે, માટે દુઃખના પારને પામવા ઇચ્છતો એવો હું તેના સંશયને મટાડી અને કુરૂ તથા સૃંજય યોદ્ધાઓમાં કોણ જીવે છે અને કોણ મૂવા તે કહે, સંજય કહે છે. હે રાજન્, દુર્ધર્ષ પ્રતાપવાન્ દશ દિવસમાં પાંડવોના અર્બુદ યોદ્ધાઓને હણનાર એવા શાંતનુના પુત્ર ભીષ્મપિતામહને હણ્યા તેમજ પછી યુદ્ધમાં પાંચાલ યોદ્ધાઓના રથિસમૂહોને હણી દુર્ધર્ષ એવા સુવર્ણાત્મક રથવાળા મહાધનુર્ધારિ દ્રોણાચાર્યને માર્યા. મહાત્મા ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યે હણેલાં અને એથી શેષ રહેલાં એવાં અર્ધ સૈન્યને હણી સૂર્યપુત્ર કર્ણ નાશ પામ્યો અને પરલોક પ્રત્યે ગયો. હે મહારાજ, મહાબળવાન રાજપુત્ર વિંવિંશતિ હજારો આનર્ત દેશના યોદ્ધાઓને હણી રણભૂમિ વિષે હણાયો. તેમજ ક્ષત્રિયોના

વ્રતને અનુસરી વાહન આયુધ નાશ પામ્યાં તોપણ શત્રુઓની સમીપ ઉભો રહેલો શૂર એવે તમારો પુત્ર વિકર્ણ તેને, દુર્યોધને કરેલા ઘોરરૂપવાળા ઘણા કલેશોને અને પ્રતિજ્ઞાને સંભરતા એવા ભીમસેને હણ્યો. મહારથી અવંતીનગરના રાજપુત્ર બિંદ અને અનુબિ સેહેલાઈથી ન કરી શકાય તેવાં કર્મને કરી યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. હે રાજન્, શૂરતાં લીધે તમારી આજ્ઞામાં જે સિંધુરાષ્ટ્ર આદિ દશ રાષ્ટ્ર વશ રહ્યા છે અને જે રાજા રહ્યો હતે તે મહા બલવાન જયદ્રથ રાજાને અર્જુને તીક્ષ્ણ બાણોવડે અગીઆર અક્ષોહિણી સેનાં જીતીને હણ્યો. તેવી રીતેજ પિતાની આજ્ઞામાં વર્તનાર યુદ્ધમાં દુર્મદ એવા બળવા દુર્યોધનના પુત્રને સુભદ્રાના પુત્ર અભિમન્યુએ હણ્યો. તેમજ બાહુવડે શોભનાર રણભૂમિમ મત્ત એવા શૂર દુઃશાસનના પુત્રને વળી દ્રૌપદીના પુત્રે યમરાજાનાં સ્થાન પ્રત્યે મોકલ્યે સમુદ્રકાંઠે વસનારા કિરાતોના અધિપતિ દેવરાજ ઇન્દ્રના પ્રિયસખા બહુ પુરૂષોએ માનેલ નિરંતર ક્ષત્રિયોના ધર્મવિષે પ્રીતિવાળા ધર્માત્મા એવા ભગદત્તરાજાને પરાક્રમ કરી ધનંજ અર્જુને યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. તેમજ હે રાજન્, કૌરવોના ભાગિઆ મહાયશસ્ શૂર અને જેણે શસ્ત્રો તજેલાં છે એવા ભૂરિશ્રવાને યુદ્ધમાં સાત્યકિએ હણ્યો. ક્ષત્રિયોનામ ધુરંધર અને યુદ્ધમાં નિર્ભય પુરૂષની પેઠે ફરના એવા શ્રુતાયુ અને અંબષ્ઠને અર્જુને હણ્યા હે મહારાજ, સદા અમર્ષવાન્ અસ્ત્રોમાં કુશલ યુદ્ધમાં દુર્મદ એવા તમારા પુત્ર દુઃશાસનને ભીમસેને હણ્યો. હે રાજન, જેનું અદ્‌ભુત એવું અને ઘણી હજાર સંખ્યાવાળું હસ્તિઓનુ સૈન્ય હતું તે સુરક્ષિત રાજાને સંગ્રામ વિષે અર્જુને હણ્યો. ઘણા શત્રુઓને હણનાર એવ કોસલદેશના અધિપતિને સુભદ્રાના પુત્ર અભિમન્યુએ પરાક્રમ કરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. મહારથિ ભીમસેન સાથે ઘણીવાર યુદ્ધ કરનાર એવા તમારા પુત્ર ચિત્રસેનને ભીમસેને હણ્યો. પારકાઓનાં ભયને વધારનાર, શૂર તથા ખડ્ગ અને ચર્મને ધરનાર એવા શ્રીમાન મદ્રરાજાના પુત્રને સુભદ્રાના પુત્રે હણ્યો. યુદ્ધમાં કર્ણની તુલ્ય મહા તેજસ્વિ શીઘ્ર ગતિવાળ જેનાં અસ્ત્ર છે એવા દૃઢ પરાક્રમવાળા વૃષભસેનને કર્ણના જોતાં અભિમન્યુના વધને અને પોતાની પ્રતિજ્ઞાને પણ સાંભળી અર્જુને પરાક્રમ કરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો પાંડવો સાથે જે રાજા નિરંતર વૈર કરનાર હતો તે શ્રુતાયુને વૈરને સંભળાવી કુંતિપુત્ર અર્જુને હણ્યો. હે મારિષ રાજન, પરાક્રમિ મામાના દિકરા ભાઈ શલ્યપુત્ર એવા રૂકમરથીને યુધ્ધમાં સહદેવે હણ્યો. પરાક્રમ કરતા, બળવાન તથા અતિ શૌર્યવાન એવા વૃધ્ધ કેકય બૃહત્ક્ષત્ર અને રાજા ભગીરથ તે બેઉને હણ્યા. હે રાજન્, જેણે પ્રતિજ્ઞા કરેલી છે એવા મહા બળવાન ભગદત્તના પુત્રને યુધ્ધમાં બાજની પેઠે ફરના એવા નકુલે હણ્યો. તેમજ બહુ બળ અને પરાક્રમવાળા તમારા પિતામહ બાહ્‌લીકને બાહ્‌લીક યોધ્ધાઓ સહિત ભીમસેને હણ્યા. તેવીજ રીતે હે રાજન્, મહાબળવાન, મગધરાજ જરાસંધના પુત્ર જયત્સેનને યુધ્ધમાં મહાત્મા સુભદ્રાના પુત્રે હણ્યો. આત્માને શૂર માનનાર એવો મહારથિ તમારો પુત્ર દુર્મુખ અને દુઃસહ તે બેને ગદાવડે ભીમસેને હણ્યા. મહારથિ દુર્મર્ષણ દુર્વિષહ અને દુર્જય એ સહેલાઈથી ન થઈ શકે તેવાં કર્મને કરી યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. યુધ્ધમાં દુર્મદ એવા બે ભાઇઓ કલિંગ અને વૃષક દુષ્કર કર્મ કરી યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. તમારા સહાય એવા શૂર અતિ બળવાન વૃષવર્માને ભીમસેને પરાક્રમ કરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. તેવીજ રીતે દશ હજાર હાથિની બરોબર બળવાળા મહાન્ પૌરવરાજાને યુધ્ધમાં પાંડુપુત્ર અર્જુને હણ્યો. હે મહારાજ,

પ્રહાર કરનાર એવા બે હજાર વસાતિ યોધ્ધાઓને અને પરાક્રમિ એવા સર્વ શૂરસેન યોધ્ધાઓને યુધ્ધ વિષે હણ્યા. કવચધારિ પ્રહાર કરનાર રણમાં મદોન્મત્ત અભીષાહ અને કલિંગ સહિત એવા મહારથિ શિબિ યોધ્ધાઓને હણ્યા. ગોકુલમાં નિરંતર વૃધ્ધિ પામેલા યુધ્ધમાં અતિ કોપ કરનાર અને પાછા હઠનાર નહિ એવા શૂર ગોપાલ યોધ્ધાઓને અર્જુને હણ્યા. હજારો સંખ્યાવાળા જે સંશપ્તક યોધ્ધાઓના સમૂહ હતા તે સર્વ કુંતિપુત્ર અર્જુનને પામી યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. હે મહારાજ, તમારે માટે અતિ પરાક્રમિ એવા તમારા સળા વૃષક અને અચલ રાજાને અર્જુને હણ્યા. નામથી અને કર્મથી ઉગ્ર કર્મવાળા મહાધનુર્ધારિ મહાબાહુ શાલ્વ રાજાને ભીમસેને માર્યો. હે મહારાજ, મિત્રમાટે રણભૂમિમાં પરાક્રમ કરતા એવા ઓઘવાન્ અને બૃહંત એ બે મળેલા યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. તેમજ હે વિશાંપતે રાજન્, રથિઓમાં શ્રેષ્ઠ એવા ક્ષેમધૂર્તિને ભીમસેને ગદાવડે યુદ્ધમાં હણ્યો. તેવી રીતે હે રાજન, અતિ મોટા સંહારને કરનાર એવા મહાધનુર્ધારિ મહાબળવાન, જલસંધને સાત્યકિએ રણભૂમિવિષે હણ્યો. ગર્દભવડે સુંદર વાહનવાળા રાક્ષસેંદ્ર અલંબુષને ઘટોત્કચે પરાક્રમ કરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. સૂતપુત્ર અને રાધાપુત્ર એવા કર્ણને, મહારથિ એવા તેના ભાઇઓને અને સર્વ કેકય યોદ્ધાઓને અર્જુને હણ્યા. માલવ યોધ્ધા, મદ્રક યોધ્ધા, દ્રાવિડ યોધ્ધા, ઉગ્ર કર્મવાળા યોધ્ધાઓ લલિત્થ યોધ્ધાઓ ક્ષુદ્રક યોધ્ધાઓ, ઉશીનર યોધ્ધાઓ, માવિલ્લક યોદ્ધાઓ, તુંડિકેર યોદ્ધાઓ સાવિત્રી પુત્રક યોદ્ધાઓ અને પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, અને ઉત્તર દેશના રાજા તેઓને, પાયદળોના સમૂહોને, દશલાખ ઘોડાઓને, રથોના સમૂહોને અને ઉત્તમ હસ્તિઓને હણ્યા. હે સભ્ય રાજન્, ધ્વજ, આયુધ, કવચ, વસ્ત્ર અને આભૂષણ સહિત ઘણા વખતથી યત્ન કરનાર અને કુશલવડે વૃધ્ધિ પામેલા જેઓ હતા તેઓને યુધ્ધમાં કલેશરહિત જેનું કર્મ છે એવા કુંતિપુત્ર અર્જુને હણ્યા. તેમજ અતુલ બળવાળા જેઓ પરસ્પર વધને ઇચ્છતા હતા એઓ અને બીજા ઘણા સૈન્યસહિત એવા હજારો રાજાને હણ્યા. હે રાજન્, જે મને તમે પૂછોછો તે એવી રીતે કર્ણ અને અર્જુનના સમાગમમાં નાશ થયો; તથા જેવી રીતે ઇન્દ્રે વૃત્રાસુરને, રામચન્દ્રે રાવણને, નરકાસુરના શત્રુ એવા કૃષ્ણે નરકાસુર અને મુરને તથા ભાર્ગવ એવા પરશુરામે કૃતવીર્યના પુત્રસહસ્ત્રાર્જુનને હણ્યો હતો, જે રીતે કાર્તિક સ્વામીએ મહિષાસુરને અને રૂદ્રે અંધકાસુરને હણ્યો હતો તે પ્રમાણે અર્જુને રણભૂમિ વિષે ત્રૈલોક્યને મોહ પમાડનાર એવા ઘોર મોટાં યુધ્ધને કરનાર યુધ્ધમાં દુર્મદ, પ્રહાર કરનારાઓમાં ઉતમ. જેને વિષે તમારા પુત્રોના જયની આશા હતી અને જેથી વૈરનો આરંભ હતો તે શૂર કર્ણને જ્ઞાતિબાંધવ અને અમાત્ય સહિત બે રથના યુદ્ધમાં હણ્યો; અને હે રાજન્, પૂર્વે હિતને ઇચ્છનારા સગાઓએ કહેલા એવા તમે જેને જાણતા નહતા તેને પાંડુપુત્ર અર્જુન તરી ગયો તથા હે મહારાજ, તે આ, અતિ જેમાં ક્ષય થયેલો છે એવું દુ:ખ પ્રાપ્ત થયું; અને હે રાજન્, રાજ્યને ઇચ્છનારા પુત્રોના હિતને ઇચ્છનાર એવા તમે તેણે જે અહિત આચર્યાં હતાં તેનું તે ફળ આવી મળ્યું.

तदिदं समनुप्राप्तं व्यसनं सुमहात्ययं ॥
पुत्राणां राज्यकामानां त्वया राजन् हितैषिणा ।
अहितान्येव चीर्णानि तेषां ते फलमागतं ॥
इति श्रीमहाभारते कर्णपर्वणि सञ्जयवाक्ये पञ्चमोऽध्यायः ॥ ५ ॥

धृतराष्ट्र उवाच— आख्याता मामकास्तात निहता युधि पाण्डवैः ।
हतांश्च पाण्डवेयानां मामकैर्हि सञ्जय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે તાત સંજય, મારા યોધ્ધાઓને યુધ્ધમાં પાંડવોએ હણેલા કહ્યા અને હવે મારા યોદ્ધાઓએ હણેલા પાંડવ યોદ્ધાઓને કહે. સંજય કહે છે કે યુદ્ધમાં પરાક્રમિ મહાધૈર્યવાન અને મહાબળવાન એવા કુંતિ યોદ્ધાઓને અમાત્ય અને સગાવહાલાસહિત ગંગાપુત્ર ભીષ્મપિતામહે હણ્યા, શૂર એવા નારાયણ યોદ્ધા, બળભદ્ર યોદ્ધા, અને પાંડવો વિષે પ્રીતિવાળા એવા બીજા હજારો યોધ્ધાઓને યુધ્ધમાં શૂર એવા ભીષ્મપિતામહે માર્યા. યુદ્ધમાં શૂરપણાએ કરી અને બળેકરી અર્જુનની સમાન એવા સત્યજીતને સત્યપ્રતિજ્ઞાવાળા દ્રોણાચાર્યે સંગ્રામ વિષે હણ્યો. યુધ્ધમાં કુશલ એવા સર્વ પાંચાલ યોધ્ધાઓના મહાધનુર્ધારિ પુરૂષો દ્રોણાચાર્ય સાથે સમાગમ પામી યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. તેમજ મિત્રમાટે પરાક્રમ કરતા એવા વૃધ્ધ વિરાટ અને દ્રુપદરાજાને પુત્રોસહિત રણભૂમિવિષે દ્રોણાચાર્યે હણ્યા. હે વિભો, બાળક એવોજ જે યુધ્ધમાં અર્જુનની તુલ્ય હતો અને કેશવ ભગવાન તથા બળભદ્રે દુઃખે કરી સહન કરી શકાય એવો મહારથિઓમાં કુશળ. શત્રુઓના નાશને કરનાર જે અભિમન્યુ હતો. તે અર્જુનના પુત્રને એકલા મારવાને સમર્થ નહિ એવા મુખ્ય છ મહારથિઓએ વિંટી વળી ક્ષત્રિયના ધર્મમાં રહેલા એવા શૂર તે સુભદ્રાના પુત્રને રથરહિત કર્યો, અને હે મહારાજ, રણભૂમિમાં શત્રુઓને હણનાર એવા દુઃશાસનના પુત્રે હણ્યો. મોટી સેનાવડે યુક્ત અને મિત્ર માટે પરાક્રમ કરતો એવો શ્રીમાન્ અંબષ્ઠ રાજાનો પુત્ર રણભૂમિ વિષે દુર્યોધનના પુત્ર શૂર એવા લક્ષ્મણને પામી અતિ મોટો સંહાર કરી યમરાજાના સ્થાન પ્રત્યે ગયો. અતિ મોટો ધનુર્ધારી અસ્ત્રોમાં કુશલ અને યુધ્ધમાં દુર્મદ એવા બૃહંતને દુઃશાસને પરાક્રમ કરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. મિત્ર માટે પરાક્રમ કરતાં ને યુધ્ધમાં દુર્મદ એવા મણિમાન અને દંડધાર રાજાને દ્રોણાચાર્યે યુધ્ધમાં નાશ પમાડ્યા, મહારથિ ભોજરાજ અંશુમાનને સૈન્ય સહિત ભરદ્વાજ પુત્ર દ્રોણાચાર્યે પરાક્રમ કરી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. હે ભારત, પુત્ર સહીત સામુદ્ર અને ચિત્રસેનને સામુદ્રસેને બળથી યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. સમુદ્રતીર વસનારા નીલને અને બળવાન્ વ્યાઘ્રદત્તને અશ્વત્થામા અને યમરાજાના સ્થાન પ્રત્યે વિકર્ણે મોકલ્યા. ચિત્રયુદ્ધને કરનાર અને મહા સંહારને કરનાર એવા ચિત્રાયુધને વિકર્ણે ચિત્રમાર્ગવડે પરાક્રમ કરી યુદ્ધમાં હણ્યો. યુદ્ધમાં ભીમસેનની સમાન કૈકેય યોદ્ધાઓવડે વિંટાએલા એવા ભાઇને ભાઈ એવા કૈકેય રાજાએ પરાક્રમ કરી હણ્યો. ગદાવડે યુદ્ધ કરનાર પર્વતમાં રહેનાર પરાક્રમિ એવા જનમેજયને હે મહારાજ, તમારા પુત્ર દુર્મુખે માર્યો. હે રાજન્, બે ગ્રહોની પેઠે શોભતા એવા નરશ્રેષ્ઠ રોચમાન નામના બે ભાઈઓને એકજ વખતે દ્રોણાચાર્યે બાણોવડે સ્વર્ગ પ્રત્યે પ્રાપ્ત કર્યા.

વિશાંપતે, પરાક્રમિ તથા સામું યુદ્ધ કરનારા રાજાઓ દુષ્કર કર્મને કરી યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. અર્જુનના મામા પુરૂજીત અને કુંતિભોજને સંગ્રામવડે જીતેલા લોક પ્રત્યે દ્રોણાચાર્યના બાણોએ મોકલ્યા. બહુ એવા કાશીના યોધ્ધાઓએ વિંટાએલા કાશિરાજ અભિભૂને યુધ્ધમાં વસુદાનના પુત્રે દેહરહિત કર્યો. હજારો શત્રુઓને હણી પરાક્રમિ એવા અમિતોજા, યુધામન્યુ અને ઉત્તમૌજા એઓને અમારા યોધ્ધાઓએ હણ્યા. હે ભારત, પંચાલ દેશના રહેવાશી મોટા ધનુર્ધારિ મિત્રવર્મા અને ક્ષાત્રધર્માને દ્રોણાચાર્યે યમરાજાનારથાન પ્રત્યે મોકલ્યા. હે ભારત રાજન્, યોધ્ધાઓના પતિ શિખંડિના પુત્ર ક્ષત્રદેવને તમારા પૌત્ર લક્ષમણે હણ્યો. રણભૂમિવિષે અતિગતિ કરતા મહારથિ, મહાશૂર અને પિતાપુત્ર એવા સુચિત્ર અને ચિત્રવર્માને દ્રોણાચાર્યે હણ્યા. હે મહારાજ, વાર્ધક્ષેમિ આયુધોનો ક્ષય થવાથી પર્વના સમુદ્રની પેઠે પરમ શાંતિને પામ્યો. હે મહારાજ, યુધ્ધમાં કુશલ શસ્ત્રવાન્ અને શ્રેષ્ઠ એવા સેનાબિંદુના પુત્રને કૌરવોમાં ઉત્તમ એવા બાહ્લિકે માર્યો. હે મહારાજ, ચેદિયોધ્ધાઓમાં ઉત્તમરથિ એવો ધૃષ્ટકેતુ દુષ્કર કર્મ કરી યમરાજાના સ્થાનપ્રત્યે ગયો. તેમજ યુધ્ધમાં પાંડવોને અર્થે પરાક્રમિ અને સંહાર કરનાર એવા શૂર સત્યધૃતિને શત્રુઓએ યમરાજાના સ્થાનપ્રત્યે મોકલ્યો. યુધ્ધમાં સંહાર કરનાર એવા કુરૂશ્રેષ્ઠ સેનાબિંદુને અને શિશુપાલના પુત્ર રાજા સુકેતુને શત્રુઓને હણી સંગ્રામવિષે દ્રોણાચાર્યે હણ્યો. તેવી રીતે શૂર સત્યધૃતિ, બળવાન્ મદિરાશ્વ અને પરાક્રમિ એવો સૂર્યદત્ત દ્રોણાચાર્યના બાણોવડે નાશ પામ્યો. હે મહારાજ, યુધ્ધ કરતો એવો પરાક્રમિ શ્રેણિમાન સહેલાઇથી ન કરી શકાય તેવાં કર્મને કરી યમરાજાના સ્થાન પ્રત્યે ગયો. તેમજ હે રાજન્ ભીષ્મપિતામહે યુધ્ધમાં હણેલો પરાક્રમિ અને પરમ અસ્ત્રોને જાણનાર, પરશૂરને હણનાર એવો મગધદેશનો રાજા આજ પૃથ્વી ઉપર સુએ છે. અતિ મોટાં કર્મને કરનાર એવો વિરાટરાજાનો પુત્ર મહારથિ શંખ અને ઉત્તર એ બે યમરાજાના સ્થાન પ્રત્યે ગયા. સંગ્રામવિષે અતિસંહાર કરનાર એવા વસુદાનને ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્યે પરાક્રમ કરી યમરાજાના સ્થાનપ્રત્યે મોકલ્યો, જે મને તમે પૂછોછો એ અને બીજા ઘણા પાંડવોના મહારથિઓને દ્રોણાચાર્યે પરાક્રમ કરી હણ્યા.

एते चान्ये च बहवः पाण्डवानां महारथाः ।
हता द्रोणेन विक्रम्य यन्मां त्वं परिपृच्छसि ॥

इतिश्री महाभारते कर्णपर्वणि सञ्जयवाक्ये गुर्जरभाषायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

धृतराष्ट्र उवाच— मामकस्यास्य सैन्यस्य हतोत्सेकस्य सञ्जय ।
अवशेषं न पश्यामि ककुदे मृदिते सति ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછેછે—હે સંજય, ભીષ્મ, દ્રોણ, કર્ણરૂપે શ્રેષ્ટ પુરૂષોનો નાશ થવાથી શત્રુઓએ જેનો ગર્વ નહી હરી લીધો છે એવા મારા સૈન્યના શેષ રહેલા ભાગને હું દેખતો નથી. કુરૂઓમાં શ્રેષ્ઠ મહાધનુર્ધારિ શૂર એવા તે ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યને મારે માટે હણેલા સાંભળી હવે તુચ્છ જીવવામાં સાર નથી. જેના બે બાહુનું બળ દશહજાર હાથિની સમાન હતું તે યુદ્ધમાં શોભનારા, હણેલા રાધાપુત્ર કર્ણનો પણ શોક નથી કરતો એમ નથી. હે સંજય જેવી રીતે હણેલા એવા મારા ઉત્તમ સૈન્યને કહે તેવી રીતે ન હણેલાઓને પણ કહી સંભળાવ અને કોણ કોણ જીવે છે. તે પણ કહે, મારી બુદ્ધિ તો આ પ્રમાણે છે કે—તેં જે આ મરેલા પુરૂષોમાં કહ્યા તે અને જે જીવે છે તે પણ સર્વ મરેલા બરોબરજ છે. સંજય કહે છે—હે રાજન્,

બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્યે જે શરા વિષે ચિત્ર, શુભ્ર અને દિવ્ય અને કૃત્રિમ એવાં ચાર પ્રકારનાં મોટાં અસ્રો અર્પેલાં છે, તે સબળ યત્નવાળા, હલકા હાથવાળા, દઢ આયુધવાળા, દઢ મુઠીવાળા, દઢ બાણુવાળા, પરાક્રમવાન અને બળવાન એવા દ્રોણુ પુત્ર અશ્વત્થામા તમારે માટે યુધ્ધ કરવાની ઇચ્છાથી ઉભા છે. આનર્ત દેશમાં વસનારો મહારથી હર્દિકનો પુત્ર પોતે ભોજકુળમાં થએલો એવો અસ્ર કુશલ કૃતવર્મા તમારે માટે યુધ્ધ કરવાની ઇચ્છાથી નિશ્ચય કરી રહ્યો છે, જે અજાત શત્રુ એવા યુધિષ્ટિરની આગળ હું યુધ્ધમાં સૂત પુત્ર કર્ણના તેજનો વધ કરીશ એ રીતે પ્રતિજ્ઞા કરી પોતાની વાણીને તમારા પ્રત્યે સત્ય કરવાની ઇચ્છાથી ભાણેજ પાંડવોને તજી તમારા યોધ્ધાઓમાં પ્રથમ સેનામાં અગ્રણી, યુધ્ધમાં દુઃખેકરી કંપાવાય એવો દુર્ધર્ષ અને ઇંદ્રની સમાન બળવાન છે તે શલ્ય તમારે અર્થે યુધ્ધ કરવાને ઇચ્છતો એવો ઉભો છે. સીન્ધુ દેશના પર્વતના, નદીજ, કાંબોજ, અને વનાયુ દેશના કુલીન ઘોડાઓ અને પોતાનાં સૈન્યવડે યુકત એવો ગાંધાર દેશનો રાજા શકુનિ તમારે સારૂ જેને યુધ્ધ કરવાની ઇચ્છા છે તે ઉભો છે. હે રાજન્. શારદ્વત એવા ગૌતમના કુળમાં થએલા મહાબાહુ બહુ વિચિત્ર અસ્રોવડે યુદ્ધ કરનાર કૃપાચાર્ય ભારને સેહેનાર એવાં મોટાં વિચિત્ર ધનુષ્યને લઈ યુદ્ધ કરવાની ઇચ્છાથી ઉભા છે. હે કુરૂપ્રવીર, મહારથિ કેકયરાજનો પુત્ર સારા ઘોડાઓવડે જોડેલા અને પતાકાવાળા રથપ્રત્યે બેસી તમારે કાજે યુધ્ધ કરવા ઇચ્છતો એવો નિશ્ચય કરી રહેલો છે. હે નરેન્દ્ર, તેવી રીતે કુરૂઓમાં શ્રેષ્ઠ પુરૂમિત્ર એવો તમારો પુત્ર વાદળાં રહિત એવા આકાશ વિષે શોભતા સૂર્યની પેઠે અગ્નિ અને સૂર્ય સમાન વર્ણવાળો રથ પ્રત્યે બેસી યુદ્ધ કરવા નિશ્ચય કરી રહેલો છે. જેવી રીતે હસ્તિઓના ટોળાના મધ્યમાં રહેલો સિંહ શોભે તેવી રીતે શોભિત એવો દુર્યોધન સુવર્ણ શોભિત રથવડે સંગ્રામ વિષે યુધ્ધ કરવા નિશ્ચય કરી રહેલો છે, અને સુવર્ણવડે વિચિત્ર કવચવાળો, કમળતુલ્ય કાંતિવાળો અને પુરૂષોમાં શ્રેષ્ઠ એવો તે રાજાઓના મધ્યમાં જે રીતે થોડા ધુમાડાવાળો અગ્નિ અને વાદળના મધ્યમાં પ્રકાશિત એવો સૂર્ય શોભે તે રીતે શોભે છે. તેમ ખડ્ગ અને ચર્મ હાથમાં છે એવો તમારો પુત્ર સુષેણુ અને શૂરો સત્યસેન તે બે પ્રસન્ન મનથી ચિત્રસેનની સાથે સંગ્રામ વિષે યુધ્ધ કરવાની ઇચ્છાથી નિશ્ચય કરી રહેલા છે. હે ભારત, લજ્જાવાન્ એવો રાજપુત્ર ઉગ્રાયુધ્ધ, શીઘ્ર ભોજન કરનાર એવો સુદર્શ, જરાસંધનો પુત્ર, પ્રથમ એવો અદઢ, ચિત્રાયુદ્ધ, તવર્મા જય, શલ, સત્યવ્રત અને દુઃશલ એ નરોમાં ઉત્તમ એવા પુરૂષો યુદ્ધ કરવાની ઇચ્છાથી નિશ્ચય કરી ઉભા છે, કૈતવ્ય યોધ્ધાઓનો અધિપતિ રણભૂમિ વિષે શૂરના માનવાળો, શત્રુઓને હણુનાર, રથવાન ઘોડાયુકત અને હસ્તિ તથ પાયદળો વિષે ચાલનાર એવો રાજપુત્ર તમારે કાજે યુધ્ધ કરવાની ઇચ્છાથી ઉભો છે. હે નરેંદ્ર, એ પછી બીજા ઉતમ અસ્રવાળા ધનુર્ધારિ બે કર્ણરાજાના પુત્ર થોડા દૌર્યવાળા પુરૂષોએ ન ભેદાય એવા સૈન્ય રહિત તમારા અર્થે યુધ્ધ કરવાની ઇચ્છાથી નિકળી ઉભા છે. હે રાજન્, યોધ્ધામાં અતિ શૂર અને અતુલ બળવાળા મુખ્ય આ યોધ્ધાઓ તથા બીજા યોધ્ધાઓવડે કુરુરાજ દુર્યોધન નાગકુલના મધ્યમાં રહેલા મહેન્દ્રની પેઠે જય માટે નિશ્ચય કરી રહેલો છે ધૃતરાષ્ટ્ર કહે છે કે—બીજા સૈનિકો જે જીવતા છે તે યથાર્થ કહ્યા એ ઉપરથી આમ થશે એમ વાતના સંબંધથી સ્પષ્ટ જાણું છું. વૈશંપાયન કહે છે કે—તે સમયે એવી રીતે બોલતા એવા અંબીકાના પુત્ર ધૃતરાષ્ટ્ર મોટા શૂરાઓને હણેલા અને પોતાના સૈન્યને થોડું શેષ રહેલું સાંભળી અતિ મોહ પામ્યા અને

ઉતાવળ તથા વખાણ, એ ત્રણ વિદ્યાને નાશ કરનાર છે. આળસ્ય, મદ, અથવા મોહ; ચપળતા, વાતો કરવી, ઉદ્ધતપણું, અભિમાન તથા લુબ્ધતા, એ સાત વિદ્યાર્થીયોને દોષરૂપ છે. સુખની ઇચ્છા કરનારને વિદ્યા ક્યાંથી ને વિદ્યાર્થીને સુખ ક્યાંથી ? સુખની ઇચ્છાવાળાએ વિદ્યાનો ત્યાગ કરવો અને વિદ્યા ઇચ્છનારે સુખનો ત્યાગ કરવો. કાષ્ઠથી અગ્નિ તૃપ્ત થતો નથી, તેમ નદીયોથી સમુદ્ર, સર્વ પ્રાણિયોથી કાળ તથા પુરૂષોથી સ્ત્રી તૃપ્ત થતી નથી. હે રાજન્ ! આશા ધૈર્યને હણે છે, તેમ કાળ સમૃદ્ધિને, ક્રોધ લક્ષ્મીને કર્પણતા યશને, અરક્ષણ પશુને તથા કોપેલો બ્રાહ્મણ સમગ્ર દેશને હણે છે. હે ભારત ! બકરા, કાંસુ, રૂપું, મધ, વિષાદિકને આકર્ષણ કરનાર પક્ષી, વેદ ભણેલો બ્રાહ્મણ, વૃદ્ધ જાતિલો તથા ખેદ પામેલો કુલિન, એટલા હંમેશ તમારા ઘરમાં નિવાસ કરો. વળી બકરો, બળદ, ચંદન, વીણા, અરીસો, મધ, ઘૃત, લોહ, તામ્રપાત્ર, દક્ષિણાવર્તશંખ, શાલગ્રામ તથા ગોરોચન, એટલા પદાર્થો, દેવ, બ્રાહ્મણ તથા અતિથિની પૂજા વાસ્તે હંમેશ ઘરમાં રાખશો. હે તાત ! આ સર્વ પુણ્ય હેતુમાં ઉત્કૃષ્ટ એવું માંગલિક હું તમોને કહું છું જે, કામ, ભય, લોભ તથા જીવિત વાસ્તે ધર્મનો ત્યાગ ન કરવો, ધર્મ નિત્ય છે અને સુખ દુઃખ અનિત્ય છે, તેમ જીવ નિત્ય છે ને એનો હેતુ અવિદ્યા અનિત્ય છે, સુખ દુઃખ તથા અવિદ્યારૂપ અનિત્યને ત્યાગ કરી, નિત્યરૂપ ધર્મ તથા આત્માને વિષે નિષ્ઠા કરો ને સંતોષ પામો; કારણ સંતોષ જેવો બીજો લાભ નથી. હે તાત ! મહા બળવાન તથા મોટા પ્રભાવવાળા રાજાઓને સંભારો; જેઓ ધન ધાન્યથી ભરેલી પૃથ્વીને ભોગવી, રાજ્ય તથા ઘણાક ભોગને મૂકી કાળને વશ થયા. હે રાજન્ ! દુઃખથી પણ જેનું પોષણ કરેલું છે એવા મરણ પામેલા પુત્રને, મનુષ્યો ઉપાડી પોતાને ઘેરથી દૂર લઈ જાય છે, અને કેશ છુટા મૂકી દયા આવે તે રીતે રૂદન કરી, કાષ્ઠની પેઠે તેને ચિતામાં ફેંકી દે છે, પછી મરણ પામેલાનું ધન બીજા ભોગવે છે, ને તેના શરીરના ધાતુને અગ્નિ તથા પક્ષિયો ખાઇ જાય છે, પણ તે જીવ તો પુણ્ય તથા પાપ સહિત પરલોકમાં જાય છે. હે રાજન્ ! એ રીતે સગાં, જાતિલા તથા પુત્રો, એ તો પુષ્પ તથા ફળ વગરનાં વૃક્ષોને મૂકી જેમ પક્ષિયો ઉડી જાય તેમ મરી ગયેલા દેહનો ત્યાગ કરી પાછાં વળે છે. અગ્નિમાં નાખેલા પુરૂષની પાછળ તેનું કરેલું કર્મ જાય છે, વાસ્તે પુરૂષે યત્નથી ધર્મનોજ સંચય કરવો. આ લોક ઉપર સ્વર્ગ છે, અને નીચે પાતાળમાં પણ ઇંદ્રિયોને મોહ કરનાર તમોગુણી પુરૂષોએ પ્રાપ્ય એવું અંધતામિસ્ર નરક છે, તે તમે જાણો. નરક તમોને સ્પર્શ માં કરો. હે રાજન્ ! આ મારૂં વચન જો તમે યથાર્થ જાણવાને સમર્થ થશો, તો જીવલોકમાં યશને પામશો, ને પરલોકમાં તમોને ભય નહીં થાય. હે ભારત ! જેમાં ધર્મરૂપી તીર્થ છે, બ્રહ્મથી જેનો ઉદય છે, ધૈર્ય રૂપી છે કાંઠો જેનો તથા દયારૂપી છે લહેર જેમાં, એવી જીવરૂપી નદી છે, તેમાં જે ન્હાય એટલે પોતાનું અત્યગાત્મરૂપ જાણે, તે પુણ્ય કર્મવાળો પવિત્ર થાય છે. પુણ્ય કર્મ એટલે નિરંતર નિર્લોભપણું જાણવું. હે રાજન્ ! કામ ક્રોધરૂપી જેમાં ગ્રાહ છે, તથા પાંચ ઇંદ્રિયોરૂપી જળ છે, એવી સંસારરૂપી નદીમાં ધૈર્યરૂપી નાવને ગ્રહણ કરી, જન્મરૂપી દુર્ગમ સ્થાનને તરી જાઓ; પ્રજ્ઞા, ધર્મ, વિદ્યા તથા અવસ્થાથી વૃદ્ધ એવા પોતાના બંધુની પૂજા કરી, તેને પ્રણામ કરીને, શું કરવા લાયક છે, એ રીતે જે પૂછે, તે પુરૂષ કદી પણ મોહ ન પામે. ધૈર્યથી શિશ્ન તથા જીહ્વા ઉદરના વેગને જીતવો, નેત્રથી જોઇને હાથે કરી વસ્તુ ગ્રહણ કરવી અને એકાંતે પવિત્ર દેશમાં પગ મૂકવો. એ રીતે પાણિપાદની નેત્રવડે રક્ષા કરવી. મદ્ય તથા જુગાર-

શોકવડે જેની ઇંદ્રિઓ વ્યાકુળ છે એવા મોહ પામતાં બોલ્યા કે–હે તાત સંજય, મુહૂર્તવાર ઉભો રહે; કારણ કે અતિ મોટું અપ્રિય સાંભળી મારૂં મન વ્યાકુળ થયું છે, મોહ પામે છે અને હું અંગને ધારી શકતો નથી. એ રીતે વચન કહ્યા પછી અંબિકાના પુત્ર પૃથ્વીપતિ એવા તે ધૃતરાષ્ટ્ર જેનું ચિત્ત ભ્રમ પામેલું છે એવા થયા.

इत्येवमुक्त्वा वचनं धृतराष्ट्रोऽम्बिकासुतः ।
भ्रान्तचित्तस्ततः सोऽथ बभूव जगतीपतिः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि सञ्जयवाक्यं नाम गुर्जरभाषायां सप्तमोऽध्यायः॥७॥

जनमेजय उवाच–श्रुत्वा कर्णं हतं युद्धे पुत्रांश्चैव निपातितान् ।
नरेन्द्रः किञ्चिदाश्वस्तो द्विजश्रेष्ठ किमब्रवीत् ॥ १ ॥

જનમેજય પુછે છે—હે દ્વિજશ્રેષ્ઠ, જરા આશ્વાસના પામેલા રાજા ધૃતરાષ્ટ્ર યુદ્ધમાં કર્ણને હણેલો સાંભળી તથા પુત્રોને નાશ પામેલા સાંભળી શું બોલ્યા? અને તે સમયે પુત્રના અનિષ્ટથી થએલા અતિ મોટાં દુઃખને પામ્યા અને જે બોલ્યા તે હું પુછું છું માટે કહો. વૈશંપાયન કહે છે કે,—હે મહારાજ, નાશ ન થાય એવા અને પ્રાણીઓને મોહ પમાડનાર આશ્ચર્યકારિ ભયંકર કર્ણના નાશને સાંભળી રાજા ધૃતરાષ્ટ્ર બુધ્ધિવડે જેમ મેરૂ પર્વતના ડગવાને, જેમ મહા બુદ્ધિમાન્ શુક્રાચાર્યના અયોગ્ય એવા મોહને, જેમ શત્રુઓથી ભયંકર કર્મવાળા ઇન્દ્રના પરાજયને, જેમ આકાશમાથી મહા કાન્તિવાળા સૂર્યના પૃથ્વી વિષે પડવાને, જેમ ન ધારવામાં આવે એવા નાશરહિત પાણીવાળા સમુદ્રના શોષણને, જેમ આશ્ચર્યકારી એવા પૃથ્વી, આકાશ, દિશા અને જળના સર્વ નાશને અને જેમ પુણ્ય પાપ એ બે કર્મની નિષ્ફળતાને વિચારે તેમ યુધ્ધમા કર્ણના વધને વિચારી આ સૈન્ય રહેવાનું નથી, એ રીતે પૂર્ણ નિશ્ચય કરી આવી રીતે બીજા પ્રાણીઓનો પણ નાશ થવો જોઇએ. એવા કારણને લીધે હૃદયવિષે ધમાતા હોય તેમ શોકરૂપિ અગ્નિવડે બળતા જેના શિથિલ અંગ થયાં છે એવા નિઃશ્વાસ નાંખતા દીન અને અતિ દુઃખિત એવા અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્ર હાય હાય! એ રીતે બોલી વિલાપ કરવા લાગ્યા. ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય, સિંહ અને હસ્તિ સમાન ગતિવાળો, પોઠીઆની સમાન જેની કાંધ છે એવો, વિષ્ણુની ગતિ પેઠે પગનો અને શૂર એવો જે યુવાવસ્થાવાળો આધિરથ પુત્ર કર્ણ શત્રુ એવા ઇન્દ્રના પણ યુદ્ધમા જે પ્રમાણે સાંઢના યુદ્ધમા સાંઢ હઠે નહિ તે પ્રમાણે નિવૃત્ત થતો ન હતો. જેના પ્રત્યંચાના શબ્દે કરી અને તલ શબ્દે કરી તથા બાણવૃષ્ટિના શબ્દે કરી રથ, ઘોડા, મનુષ્ય અને હસ્તિઓ યુદ્ધમાં ઉભા રહેતા ન હતા અને જે મહાબાહુનો આશ્રય કરી શત્રુઓના જયની ઇચ્છાવડે દુર્યોધને મહારથિ પાંડુપુત્રો સાથે વૈર કર્યું તે રથિઓમાં શ્રેષ્ઠ, પુરૂષોમાં શ્રેષ્ઠ અને અસહ્ય પરાક્રમવાળા કર્ણને કુંતિપુત્ર અર્જુને યુદ્ધમાં હણી કેવી રીતે માર્યો. પોતાનાં બાહુબળે કરી ગર્વિષ્ઠ એવો જે, નિરંતર શ્રીકૃષ્ણને અર્જુનને અને સહિત એવા બીજા વૃષ્ણિઓને ગણકારતો ન હતો અને પરાજયરહિત મળેલા એવા શાર્ઙ્ગ ધનુષ્યવાળા શ્રીકૃષ્ણને, ગાંડિવ ધનુષ્યવાળા અર્જુનને યુદ્ધમાં હું એકલો દિવ્યરથમાંથી પાડીશ, એવી રીતે જે નિરંતર લોભવડે મોહ પામેલા રાજ્યને ઇચ્છનાર, આતુર ચિંતાવડે જેણે નીચું મુખ રાખેલું છે એવા મંદ દુર્યોધનને

હતો; રથિઓમાં ઉત્તમ દિવ્ય અસ્ત્રને જાણનાર મહાતેજસ્વી ઉત્તમ સેનાપતિ અને શૂર એવા જે રાધાપુત્ર કર્ણે દુર્યોધનની વૃદ્ધિ માટે સ્વભાવથી અતિ તીક્ષ્ણ અને તીક્ષ્ણ કરેલા કંકપત્રવાળા બાણોના સમૂહોવડે સર્વ કાંબોજ દેશના રાજા, કેકયસહિત અવંતિ દેશના રાજા ગાંધાર, મદ્રક, મત્સ્ય, ત્રિગર્ત, તંગણ, શક, પાંચાલ, વિદેહ, કુલિ, શિકા, કોસલ, સુહ્ય, અંગ ને બંગ દેશના રાજા નિશાદ, પુંડ્રચીરક, વત્સ, કલિંગ, તરલ, અશ્મક, અને હષિક રાજાઓને પણ યુદ્ધમાં જીતી પૂર્વે કર આપનારા કર્યા હતા; તે પરમઅસ્ત્રોને જાણનાર કર્ણને યુદ્ધમાં શૌર્યવડે શોભનાર અને શૂર એવા શત્રુ પાંડવોએ કેવી રીતે હણ્યો? જેવી રીતે દેવતાઓમાં જલવૃષ્ટિ કરે છે તેથી ઇંદ્રવૃષ કહેવાય છે અને મનુષ્યોમાં કર્ણ ધનની વૃષ્ટિ કરે છે માટે વૃષ કહેવાય છે પણ લોકમાં તે વગર ત્રિજા વૃષને અમે સાંભળ્યો નથી. જે રીતે ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા ઘોડો ઉત્તમ અને દેવતાઓમાં મહેંદ્ર ઉત્તમ છે, તે રીતે પ્રહાર કરનારા પુરૂષોમાં કર્ણ ઉત્તમ છે, પરાક્રમે કરી શોભનારા શૂર સમર્થ રાજાઓએ ન જીતેલો એવો જે દુર્યોધનની વૃદ્ધિ માટે સઘળી પૃથ્વીને જીતતો હતો અને જેને મળી સ્નેહવડે શાંતિ પામતો એવો મગધ દેશના રાજા જરાસંધ યાદવ અને કૌરવો વગર સર્વ ક્ષત્રિય રાજાઓને રોકતો હતો તે કર્ણને દ્વૈરથયુદ્ધમાં અર્જુને હણેલો સાંભળી, જે પ્રમાણે સમુદ્રમા ભાગેલી નૌકા બુડે તે પ્રમાણે હું શોકરૂપિ સમુદ્રમાં બુડ્યો છું. રથિઓમાં ઉત્તમ વૃષ એવા કર્ણને બે રથના યુદ્ધમાં હણેલો સાંભળી જે રીતે વહાણ રહિત એવો પુરૂષ જેમ સમુદ્રમાં બુડે તે રીતે શોકરૂપિ સમુદ્રમાં મગ્ન થયો છું. હે સંજય, આવાં દુઃખવડે પણ હું જ્યારે નાશ પામતો નથી ત્યારે મારા હૃદયને વજ્રથકી પણ અતિ દ્દઢ અને દુઃખે કરી ભેદાય એવું માનું છું. હે સૂત, જ્ઞાતિસંબંધિ અને મિત્રોના આ પરાભવને સાંભળી મારા વગર બીજો કયો પુરૂષ જીવિતને ન તજે? અર્થાત્ સર્વ તજે. હે સંજય, હું વિષને, અગ્નિમાં પડવાને અને પર્વતના અગ્રભાગથી પડવાને ઇચ્છું છું. કારણ કે શરીરને પીડનારાં દુઃખોને સહિ શકવા સમર્થ નહિ થાઉં.

को मदन्यः पुमाँल्लोके न जह्यात्सूत जीवितं ॥
विषमग्निं प्रपातं च पर्वताग्रादहं वृणे ।
' महाप्रस्थानगमनं जलं प्रायोपवेशनम् ' ।
न हि शक्ष्यामि दुःखानि सोढुं कष्टानि सञ्जय ॥

इतिश्री महाभारते कर्णपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायामष्टमोऽध्यायः ॥८॥

संजय उवाच—श्रिया कुलेन यशसा तपसा च श्रुतेन च ।
त्वामद्य सन्तो मन्यन्ते ययातिमिव नाहुषं ॥ १ ॥

સંજય કહે છે—હે પાર્થિવ, તમને આજ સત્પુરૂષો, લક્ષ્મી, કુલ, યશ, તપ, અને શાસ્ત્રે કરી નહુષના પુત્ર યયાતિરાજાની સમાન માને છે; અને શાસ્ત્ર જાણવામાં તમે મહર્ષિની ઉપમા આપવા એવા તથા કૃતકૃત્ય છો માટે આત્માને સ્થિર કરો અને ખેદ વિષે મન કરો માં. ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય, જે ઠેકાણે સાગના ઝાડ સરખો ઊંચો એવો કર્ણ યુધ્ધમાં નાશ પામ્યો તે ઠેકાણે ભાગ્યનેજ મુખ્ય અને પરાક્રમને વ્યર્થ તથા ધિક્કારવા યોગ્ય માનું છું. યુધિષ્ઠિરનાં સૈન્યને અને પાંચાલ યોદ્ધાઓના રથિસમૂહોને હણનાર મહારથિ એવો જે બાણ-

વૃષ્ટિવડે સર્વ દિશાઓને તપાવી જે રીતે ઇન્દ્રવજ્રને હાથમાં લેઈ દૈત્યોને મોહ પમાડે તે રીતે રણભૂમિ વિષે કુંતિપુત્રોને મોહ પમાડતો હતો, તે કર્ણ વાયુએ પાડેલા વૃક્ષની પેઠે કેવી રીતે નાશ થયેલો પૃથ્વીવિષે સુતો? સમુદ્રનો પાર જેમ દેખાતો નથી તેમ શોકનો પાર હું દેખતો નથી, અને મારી ચિંતા અતિ વધતી જાય છે તથા મરવાની ઇચ્છા પણ થાય છે. કર્ણના નાશને અને અર્જુનના જયને સાંભળી હું કર્ણના વધને અવિશ્વાસ કરવા યોગ્ય માનું છું. જરૂર મારૂં હૃદય વજ્રમય અને દુઃખે કરી ભેદાય એવું છે કે જે પુરૂષોમાં શ્રેષ્ઠ એવા કર્ણને હણેલો સાંભળી ફાટી જતું નથી; અને જરૂર મારૂં આયુષ્ દેવતાઓએ અતિ મોટું કરેલું છે કે જે આ ઠેકાણે હું કર્ણને હણેલો સાંભળી અતિ દુઃખસહિત જીવું છું. હે સંજય, સ્નેહીઓ રહિત એવો હું તેના આ જીવિતને ધિક્ છે. અને હે સંજય, આજ હું આ નિંદિત દશાને પામ્યો છું તથા સર્વ લોકોને શોક કરવા યોગ્ય એવો હું કૃપણ એવાં જીવિતને કેમ કાઢીશ. અને હે સૂતસંજય, હુંજ પૂર્વે સર્વ લોકના સત્કારવાળો થઇ પછીથી પારકાઓએ પરાભવ પમાડેલો કેવી રીતે જીવી શકીશ. હે સંજય, ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યના વધે કરી તથા મહાત્મા કર્ણના વધે કરી દુઃખ થકી પણ અતિ દુઃખ અને અનિષ્ટને પામ્યો છું. તથા યુદ્ધમાં સૂતપુત્ર કર્ણના હણાવાથી છેવટ શેષ રહેલું દેખતો નથી; કારણ કે તે મારા પુત્રોને પાર પામવાનાં સ્થાનકરૂપ હતો. યુદ્ધમાં બહુ બાણોને ફેંકનારો શૂર એવો કર્ણ નાશ પામ્યો તે પુરૂષોમાં શ્રેષ્ઠ એવા કર્ણ વગર મારા જીવવા વડે શું ફળ છે? અર્થાત્ કશું નથી. વજ્રના પડવા વડે કપાએલાં પર્વતનાં શિખરોની પેઠે અધિરથનો પુત્ર બાણોવડે પીડા પામતો એવો રથમાંથી પડયો અને જરૂર મત્તહસ્તિએ હણેલો હસ્તિ હોય તેમ તે લોહીથી પૃથ્વી પ્રત્યે શોભાને ઉત્પન્ન કરતો એવો શયન કરે છે, જે મારા પુત્રોના બળરૂપ હતો અને પાંડવોને જેનાથી ભય હતું તે ધનુર્ધારિ પુરૂષોની પ્રતિમારૂપ કર્ણને અર્જુને હણ્યો અને મિત્રોનાં અભયને આપનારો મહાધનુર્ધારી તે શૂરો ઈંદ્રે હણેલા મોટા પર્વતની પેઠે હણેલો પડયો છે. લુલા પુરૂષનું જેવું માર્ગવિષે જવું, દરિદ્ર પુરૂષની જેવી ઇચ્છા અને તૃષિત માણસને જેવાં જલનાં બિંદુઓ થાય તેવો દુર્યોધનનો અભિપ્રાય થાય છે; અર્થાત્ વ્યર્થ થાય છે. જે કામ કોઈ પ્રકારે ધારેલું હોય તે કોઇ પ્રકારે થાય છે, અહો દૈવ બળવાળું છે! અને કાળ દુઃખે કરી ઉલ્લંઘન કરી શકાય તેવો છે! હે સૂત, પલાયન કરતો, કૃપણ, દીન મનવાળો, દીન જેનું પરાક્રમ છે એવો મારો પુત્ર દુઃશાસન શું નાશ પામ્યો? હે તાત, શું તેણે યુદ્ધમાં દીનની પેઠે તો આચરણ નહોતું કર્યું? જેવી રીતે બીજા શ્રેષ્ઠ ક્ષત્રિયો નાશ પામ્યા તેવી રીતે શું શૂર એવો દુર્યોધન તો નાશ નથી પામ્યો? કે જેણે મૂઢપુરૂષ જેમ પથ્ય ઔષધનું ગ્રહણ ન કરે તેમ યુદ્ધ કર માં, એ રીતે સર્વદા યુધિષ્ઠિરનાં વચનને ગ્રહણ કર્યું નહી; અને બાણની શય્યામાં સુતેલા ઉત્તમ મહાત્મા ભીષ્મપિતામહે જ્યારે પાણી માગ્યું ત્યારે તે કુંતિપુત્રે પૃથ્વીતલને ભેદયું અને તેથી પાંડુપુત્રે પેદા કરેલી જલની ધારાને જોઈ મહાબાહુ તે ભીષ્મપિતામહ બોલ્યા કે હે તાત, પાંડવોની સાથે સલાહ કરો કે જે શાંતિથી . ચિત્તની સ્થિરતા થાય અને તમારૂં યુદ્ધ મારા અંત સુધી થાઓ તથા તમે ભાઇના ભાવે કરી પાંડવો સહિત પૃથ્વીને ભોગવો, એવી રીતનાં તેમનાં વચનને ન ગણતો એવો મારો પુત્ર હવે જરૂર શોક કરે છે. હે સંજય, દીર્ઘદૃષ્ટિવાળા ભીષ્મપિતામહનું તે આ વચન મળી આવ્યું અને હું જેના અમાત્ય અને પુત્ર નાશ પામેલા છે એવો થયો તથા હે સંજય, જેવી રીતે બાળકો પક્ષીને પ્રહાર કરતા એવા તેની બે પાંખોને તોડી હર્ષ પામેલા તજી દે છે અને પાંખ કપાયાથી તે

ચાલતું જેમ થતું નથી તેવી રીતે હું પણ શકુનિને લીધે દ્યૂતથી દુઃખને પ્રાપ્ત થયો છું અને પાંખ વગરના પક્ષિની પેઠે પક્ષરહિત થયો છું. તેમ ક્ષીણ, સર્વ અર્થ વડે હીન જ્ઞાતિને બંધુરહિત દીન અને શત્રુની આધિનતાને પામેલો કયી દિશા પ્રત્યે જઈ શકીશ? વૈશંપાયન કહે છે કે—એવી રીતે વિલાપ કરી બહુ દુઃખ પામેલા ધૃતરાષ્ટ્ર ફરીને શોકવડે વ્યાકુળ ચિત્ત થવાથી સંજય પ્રત્યે બોલ્યા. ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય, જે યુધ્ધમાં દુર્યોધનના કાર્ય માટે કેકય રાજાઓ સાથે અંબષ્ટ, ગાંધાર અને વિદેહ રાજાઓને જીતી સર્વ કાંબોજ દેશના રાજાઓને જીતતો હતો, સમર્થ એવો જે દુર્યોધનની વૃધ્ધિ માટે પૃથ્વીને જીતતો હતો તેને બાહુવડે શોભનારા શૂરા પાંડવોએ યુધ્ધમાં જીત્યો; તે મહાધનુર્ધારિ કર્ણને મુકુટવાન્ અર્જુને યુધ્ધમાં હણ્યો ત્યારે કયા શૂરાઓ ચોતરફ ઉભા રહ્યા હતા તે મને કહે. હે તાત, જે પ્રમાણે પ્રથમ તે શૂર ભીષ્મપિતામહને નાશ પામેલા કહ્યા હતા તે પ્રમાણે શું રણભૂમિમાં પાંડવોએ કર્ણને એકલો તો નથી માર્યો? હે સંજય, જેવી રીતે સર્વ શસ્ત્રધારિ પુરૂષોમાં ઉત્તમ અને જેની સામો યુધ્ધ કરનાર પુરૂષ નથી એવા ભીષ્મપિતામહને શિખંડિએ ઉત્તમ બાણોવડે પાડયા તેવી રીતે યુધ્ધમાં જેણે સર્વ આયુધ તજેલાં છે, યોગયુક્ત મહાધનુર્ધારિ અને બહુ બાણોવડે વ્યાપ્ત એવા દ્રોણાચાર્યને દ્રુપદ રાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને ખડ્ગ ખેંચી હણ્યા, એ બેઉને છિદ્ર જોઇ વિશેષ કપટેકરીને હણ્યા એ મેં ભીષ્મપિતામહ ને દ્રોણાચાર્યને હણેલા સાંભળ્યા. હું તને નિશ્ચય કરી સત્ય કહું છું કે સંગ્રામવિષે યુધ્ધ કરતા એવા ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યને પોતે વજ્રને ધરનાર ઇંદ્ર પણ ન્યાયેકરી ન મારી શકે અને યુધ્ધમાં ઘણાં દિવ્યઅસ્ત્રોને ફેંકતા શૂર અને ઇન્દ્રની ઉપમા અપાય એવા કર્ણને મૃત્યુ કેવી રીતે સ્પર્શિત કરે? જેને વિજળીતુલ્ય કાંતિવાળી, શત્રુઓને હણનારી સુવર્ણવડે શોભિત એવી દિવ્યશક્તિને એ કુંડળોને બદલે ઇંદ્રે આપી હતી, જેનો સર્પાકાર મુખવાળો, શત્રુઓને હણનાર, પિચ્છવાળો, સુવર્ણ શોભિત દિવ્યબાણ નાશ પામેલો ચંદનોવિષે સુતો હતો, જે ભીષ્મપિતામહને અને દ્રોણાચાર્ય આદિ શૂરા મહારથિઓને ગણકારતો ન હતો, જે જમદગ્નિના પુત્ર પરશુરામથકી મહા ઘોર એવા બ્રહ્માસ્ત્રને શિખ્યો હતો, જે મહાબાહુએ દ્રોણાચાર્ય આદિ યોધ્ધાઓને બાણોવડે પીડા પામેલા અને વિમુખ થએલા જોઇ સુભદ્રાના પુત્ર અભિમન્યુના ધનુષ્યને તીક્ષ્ણ બાણોવડે ભેદ્યું હતું, જે દશહજાર હસ્તિ સમાન બળવાળા અને વજ્રતુલ્ય વેગવાળા સાત્યકિને જલદી રથરહિત કરી પછીથી ભીમસેનને હસતો હતો, જેણે નમેલ પર્વવાળા બાણોએ કરી સહદેવને જીતી રથરહિત કરી કૃપાવડે અને ધર્મની ચિંતાવડે હણ્યો નહિ, જેણે હજારો માયાને કરનાર જયને ઇચ્છનાર રાક્ષસેંદ્ર ઘટોત્કચને ઇંદ્રની શક્તિવડે હણ્યો, એટલા દિવસ જેના યુધ્ધમાં ભય પામેલો અર્જુન બે રથવડે યુધ્ધ કરનાર શત્રુપ્રત્યે આવતો ન હતો તે શત્રુને મારનાર શૂર એવા કર્ણને રણભૂમિવિષે કુંતિપુત્ર અર્જુને કેવી રીતે હણ્યો? જે સંશપ્તક યોધ્ધાઓ નિરંતર અર્જુનને બોલાવતા હતા એ યોધ્ધાઓને હણી પછીથી હું રણભૂમિવિશે સૂર્યપુત્ર કર્ણને હણીશ એ રીતે મિષ કરી સૂતપુત્ર કર્ણને યુદ્ધમાં કુંતિપુત્ર અર્જુન વર્તતો તે પરશૂરને મારનારા શૂરા કર્ણને કુંતિપુત્ર અર્જુને કેવી રીતે હણ્યો? જો તેના રથનો ભંગ ન થયો હોય, જો તેનું ધનુષ્ ન ભાગ્યું હોય અને જો તેનાં અસ્ત્રો નાશ ન પામ્યાં હોય તો શત્રુઓ તેને કેમ હણે? અર્થાત્ ન હણે. રણભૂમિવિશે મોટા ધનુષ્યને કંપાવતો, ઘોરબાણોને અને યુદ્ધમાં દિવ્યઅસ્ત્રોને ફેંકતો તથા પુરૂષોમાં સિંહરૂપ એવો કર્ણ તેને જીતવા જેમ વેગવાળા સિંહને જીતવા સમર્થ ન થાય તેમ કોણ શક્તિમાન છે! અર્જુન પણ

ધનુષ્ કપાએલું હશે અથવા રથ પૃથ્વીપ્રત્યે પેસી ગયો હશે; કિંવા અસ્ત્રો ખુટી ગયાં હશે; જે રીતે કર્ણને નાશ પામેલો મને કહે છે તે રીતે તો નાશવિષે મેં કહ્યું; તે સિવાય બીજા કારણને જોતો નથી. જ્યાંસુધી અર્જુનને નહિ હણું ત્યાં સુધી પગ ઊઘાડા રાખીશ, એવી રીતે જે મહાત્માનું અતિઘોર વ્રત હતું, જેના યુદ્ધના ભયથી પુરૂષોમાં શ્રેષ્ઠ એવા ધર્મરાજ યુધિષ્ઠિર તેર વર્ષ હમેશાં નિદ્રા પામ્યાં ન હતા, જે મહાત્મા પરાક્રમિ પુરૂષના પરાક્રમનો આશ્રય કરી મારા પુત્રે પાંડવોની ભાર્યાને બળથી સભાપ્રત્યે આણી હતી, તેમાં પણ વળી સભાના મધ્યમાં પાંડવોના જોતાં કુરૂઓની સમીપ તું દાસની ભાર્યા થઇ છે એમ દ્રૌપદીને કહ્યું હતું અને હે વરને ઇચ્છનારી દ્રૌપદી! પંઢતીલની સમાન એવા સર્વ પાંડવો પતિ નથી. માટે પોતાનો સ્વામી બીજો કર, એવી રીતે પૂર્વે જેણે દ્રૌપદીને રોશે કરી રૂક્ષવાણી સભામાં સંભળાવી હતી, તે સુતપુત્ર કર્ણને શત્રુઓએ કેવી રીતે હણ્યો? હે દુર્યોધન, જો રણભૂમિવિશે વખાણવા યોગ્ય એવા ભીષ્મપિતામહ અને યુદ્ધમાં દુર્મદ એવા દ્રોણાચાર્ય પક્ષપાતથી કુંતિપુત્રોને હણશે નહિ તો હું તે સર્વને મારીશ; માટે તમારા મનનો સંતાપ નાશ પામો અને ધસેલા ચંદનવડે લિપ્ત એવાં મારાં બાણ જ્યારે છુટશે ત્યારે ગાંડિવ ધનુષ્ અને ક્ષય ન પમાડી શકાય એવા મોટા ભાથા શું કરશે? એ રીતે જે ગાંડિવ ધનુષ્યવડે ફેંકેલા બાણોના ઉગ્ર સ્પર્શને વિચાર્યા વગર તથા હે દ્રૌપદી! તું પતિરહિત છે એમ કહી કુંતિપુત્રોને જોતો હતો, તે પોઠીઆ સરખી કાંધવાળા કર્ણને અર્જુને કેવી રીતે માર્યો? હે સંજય, જેને પુત્ર અને શ્રીકૃષ્ણસહિત એવા કુંતિપુત્રોથી પોતાના બાહુબળનો આશ્રય કરી મુહૂર્તવાર પણ ભય ન હતું, તે કર્ણના વધને ઇંદ્ર સહિત એવા પણ દેવતાઓવડે હું માની શકતો નથી; ત્યારે હે તાત, પાછા ભગતા એવા પાંડવોવડે ન મનાય એમાં તો શું કહેવું. પ્રત્યંચાનો સ્પર્શ ન કરનાર અને હાથના મોજાને પણ ન લેનાર એવા અધિરથપુત્ર કર્ણની પાસે કયો પુરુષ ઉભો રહેવાને યોગ્ય છે? જો કે ચંદ્ર અને સૂર્યની પ્રભાના કિરણવડે હીન પૃથ્વી થાય તો પણ યુદ્ધમાં પલાયન ન કરનાર, પુરૂષોમાં શ્રેષ્ઠ એવા કર્ણનો વધ ન થાય. જેની સહાયતાવડે અને ભાઇ દુઃશાસનની સહાયતાવડે ખરાબ બુદ્ધિવાળા દુર્યોધને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણના તિરસ્કારને પસંદ કર્યો હતો તે પોઠીઆ સરખા કાંધવાળા કર્ણને અને દુઃશાસનને હણેલો જોઈ મારો પુત્ર શોક કરેછે એ નિઃસંશય છે; બે રથના યુધ્ધમાં કર્ણને હણેલો સાંભળી અને પાંડવોને જય પામતા જોઇ દુર્યોધન શું બોલ્યો? હું માનું છું કે યુધ્ધમાં દુર્મર્ષણ અને વૃષસેનને હણેલા જોઈ મહારથિઓને અને ભંગાણ પામેલાં સૈન્યને વધ કરાતું જોઇ તેમ વિમુખ થયેલા અને પલાયનમાં તત્પર એવા રાજાઓને તથા રથિઓને ભાગી ગયેલા જોઇ મારો પુત્ર શોક કરેછે, શિખામણ દેવા યોગ્ય નહિ, અભિમાની, દુષ્ટ બુદ્ધિવાળો અને જેણે ઇંદ્રિયો જીતી નથી એવો દુર્યોધન સૈન્યને ઉત્સાહરહિત જોઇ શું બોલ્યો? પોતે મોટું વૈર કર્યું તેને લીધે જેઓમાંથી ઘણા નાશ પામ્યા છે એ ॥ સ્નેહિજનોએ વારણ કરાતો એવો દુર્યોધન શું બોલ્યો? યુદ્ધમાં [illegible] હણેલો જોઈ અને ભીમસેને રૂધિર પિવા માંડ્યું તે જોઈ દુર્યોધન શું બોલ્યો? કર્ણ [illegible] હણશે એ રીતે સભામા ગાંધારરાજ શકુનિસહિત જે વચન બોલ્યો હતો તે કર્ણના [illegible] શું બોલ્યો? હે તાત, પૂર્વે જુગટાને કરી પાંડવોને છેતરી હર્ષ પામ્યો હતો તે [illegible] શકુનિ કર્ણના હણાવાથી શું બોલ્યો? સાત્વતોનામાં મહારથિ. મહાધનુર્ધારિ [illegible] કર્ણને હણેલો જોઈ શું બોલ્યો? ધનુર્વેદને કરવાને ઇચ્છતા બુદ્ધિમાન જે [illegible]

બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય સેવેછે તે યુવાન રૂપવડે સંપન્ન દર્શનીય અને મહાયશસ્વિ એવા અશ્વત્થામા, કર્ણ નાશ પામ્યો ત્યારે શું બોલ્યા? હે તાત સંજય, જે ધનુર્વેદમાં આચાર્ય અને રથિઓમાં શ્રેષ્ઠ છે તે શારદ્વત એવા કૃપાચાર્ય કર્ણ હણાયો ત્યારે શું બોલ્યા? મહાધનુર્ધારી સંગ્રામવિષે શોભનાર રથિઓમાં ઉત્તમ સારથિપણામાં અતિશૂર મદ્રયોદ્ધાઓનો અધિપતિ અને બળવાન્ એવો મહારાજ શલ્ય કર્ણને હણેલો જોઈ શું બોલ્યો? હે સંજય, સૂર્યપુત્ર કર્ણને હણેલો જોઈ રણભૂમિવિષે દુર્જય એવા યોદ્ધાઓ અને જે કોઇ રાજાઓ પૃથ્વીવિષે યુદ્ધ કરવા માટે આવ્યા હતા તે સર્વ કર્ણને નાશ પામેલો જોઇ શું વચનો કહેતા હતા? હે સંજય, રથિઓમાં અને નરોમાં શ્રેષ્ઠ એવા શૂર દ્રોણાચાર્ય નાશ પામ્યા ત્યારે ભાગપ્રમાણે કયા યોદ્ધાઓ સૈન્યોના અગ્રભાગપ્રત્યે હતા? હે સંજય, રથિઓમાં ઉત્તમ એવો શલ્ય સૂર્યપુત્ર કર્ણના સારથિપણાવિષે કેવી રીતે જોડાયો, તે મને કહે. યુદ્ધ કરતા એવા શૂર સૂતપુત્ર કર્ણના જમણા ચક્રને કોણ સાચવતા હતા, ડાબા ચક્રને કોણ પાળતા હતા અને પાછળ કોણ રક્ષણ કરતા હતા તથા કયા શૂરાઓ કર્ણને તજી જતા ન હતા અને કયા ક્ષુદ્રપુરૂષો તે સમયે નાસતા હતા ને કેવી રીતે મળેલા તમારાઓના મધ્યભાગમાં મહારથિ કર્ણને હણ્યો, અને જેવી રીતે મેઘ જલધારાઓને વર્ષે તેવી રીતે બાણવૃષ્ટિઓને કરતા મહારથિ અને પોતે શૂર એવા પાંડવો કેવી રીતે સામા આવ્યા? તથા હે સંજય, તે વખતે સર્પ સરખા મુખવાળો અને મોટા બાણોમાં શ્રેષ્ઠ એવો તે દિવ્યબાણ કેમ વ્યર્થ થયો, તે મને કહે. હે સંજય, શ્રેષ્ઠ પુરૂષનો નાશ થવાથી જેની ઉન્નતિ નાશ પામેલી છે એવા મારા સૈન્યના બાકી રહેલા ભાગને દેખતો નથી શૂર મોટા ધનુર્ધારિ અને મારે માટે જેણે જીવિત તજેલું છે એવા તે ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યને હણેલા સાંભળી જીવવાવડે મને શું ફળ છે? જેના બે બાહુનું બળ દશહજાર હસ્તિઓની સમાન હતુ, તે કર્ણને પાંડવોએ હણેલો સાંભળી ફરી ફરી સહન કરી શકતો નથી. હે સંજય, દ્રોણાચાર્યના હણાવાથી પાંડવોની સાથે નરોમાં શૂર એવા કૌરવોનું સંગ્રામવિષે જે આચરણ થયું હોય તે મને કહે અને જેવી રીતે કર્ણ કુંતિપુત્રો સાથે યુદ્ધ કરતો હતો તથા શત્રુઓને હણનાર એવો તે રણભૂમિ વિષે જે રીતે શાંત થયો તે કહે.

यथा कर्णश्च कौन्तेयैः सह युद्धमयोजयत् ।
तथा च द्विषतां हन्ता रणे शान्तस्तदुच्यतां ॥

इतिश्री महाभारते कर्णपर्वणि धृतराष्ट्रप्रश्ने गुर्जरभाषायां नवमोऽध्यायः ।.९॥

सञ्जय उवाच—हते द्रोणे महेष्वासे तस्मिन्नहनि भारत ।
कृते च मोघसङ्कल्पे द्रोणपुत्रे महारथे ॥ १ ॥

સંજય કહે છે—હે ભારત મહારાજ, તે દિવસે મહા ધનુર્ધારિ દ્રોણાચાર્ય હણાયા, મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામાને વ્યર્થ સંકલ્પવાળા કર્યા અને કૌરવોના સૈન્યરૂપિ સાગર જ્યારે નાસવા લાગ્યો ત્યારે યોદ્ધાઓ વડે વિંટાએલો એવો કુંતિપુત્ર પોતાનાં સૈન્ય અને વ્યૂહ કરી ઉભો રહ્યો. હે ભરતશ્રેષ્ઠ, તમારો પુત્ર તેને ઉભેલો જાણી તથા સૈન્યને ભાગી જતું જોઈ પરાક્રમે કરી નિવારવા લાગ્યો. અને હે ભારત, તે સમયે પોતાના સૈન્યને ઉભું રાખી પોતાના બાહુબળનો આશ્રય કરી રહેલા દુર્યોધને જય પામેલા, હર્ષયુક્ત અને યત્ન કરતા એવા શત્રુ પાં-

ઓની સાથે અતિ ઘણો વખત યુદ્ધ કરી સંધ્યાકાળને પામી અવહાર કરાવ્યો. સૈન્યોનો અવહાર કરી પોતાનાં સૈન્યનાં રહેવાનાં સ્થાન પ્રત્યે જઈ વખાણવા યોગ્ય આસ્તરણવાળા ઉત્તમ પલંગો ઉપર ઉત્તમ આસનો ઉપર અને સુખકારી શય્યા ઉપર દેવતાઓની પેઠે બેઠેલા કુરુઓ એક બીજા પ્રતિ હિતકારિ વિચાર કરવા લાગ્યા. તે સમયે રાજા દુર્યોધન પરમ સુંદર એવાં શાંતિનાં વચનવડે તે મહાધનુર્ધારિ પુરુષોને બોલાવી સમયોચિત કહેવા લાગ્યો કે—હે મતિમાન્ પુરુષોમાં શ્રેષ્ઠ રાજાઓ, આવી રીતે પ્રાપ્ત થએલા વખતમાં શું કાર્ય અતિ કરવા યોગ્ય છે અને શું તમારું મત છે તે સર્વ બોલો અને ઘણી વાર લગાડો માં. સંજય કહે છે કે—એવી રીતે રાજા દુર્યોધને કહ્યું ત્યારે સિંહાસનોવિષે બેઠેલા યુદ્ધને ઇચ્છનારા નરશ્રેષ્ઠ રાજા જૂદા જૂદા પ્રકારની ચેષ્ટા કરવા લાગ્યા. યુદ્ધમાં પ્રાણોને હોમવા ઇચ્છતા એવા તે રાજાઓના હૃદયના ભાવને અને બાળસૂર્યસમાન કાંતિવાળા મુખને જોઈ ધારણાવાળી બુદ્ધિવાળા આચાર્યના પુત્ર અશ્વત્થામાં વચન બોલ્યા કે અર્થને સાધનારા, પ્રીતિ, યુક્તિ, દક્ષપણું અને નીતિ એ ઉપાયો પંડિતોએ કહ્યા છે અને તે દૈવનો આશ્રય કરી રહેલા છે. જે આપણા મહારથિઓ લોકમાં શ્રેષ્ઠ દેવતાઓની સમાન નીતિમાન્ યોગવાળા દક્ષ અને પ્રીતિવાળા હતા તેઓ હણાયા, તોપણ આપણે જયપ્રત્યે નિરાશપણું કરવું નહિ. કારણ કે આ લોકમાં અતિનીતિવાળા સર્વ અર્થોવડે દૈવ પણ અનુકૂલ કરી શકાય છે; માટે હે ભારત, તે આપણે નરોમાં શ્રેષ્ઠ ને સર્વે ગુણોના સમૂહોવડે યુક્ત એવા કર્ણનાજ સેનાપતિપણાવડે અભિષેક કરશું; અને કર્ણને સેનાપતિ કરી શત્રુઓને હણશું, આ અતિ બળવાન્, શૂર, અસ્ત્રકુશળ, યુદ્ધમાં દુર્મદ, યમરાજાની પેઠે અસહ્ય અને રણભૂમિવિષે શત્રુઓને જીતવા શક્તિમાન્ છે. એ વચનને આચાર્ય પુત્ર અશ્વત્થામાથી સાંભળી હે રાજન્, તે વખતે તમારો પુત્ર કર્ણ પ્રત્યે બહુપણાવાળી આશા કરવા લાગ્યો; અને હે ભારત, ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યના હણાવાથી કર્ણ પાંડવોને જીતશે તે આશાને હૃદયમાં ધારી આશ્વાસના પામી એમનાં પ્રિય, પ્રીતિ અને સત્કારયુક્ત, સત્ય, આત્માના હિતને કરનાર અને શુભ એવાં તે વચનને સાંભળી પછીથી દુર્યોધન પ્રસન્ન થયો તથા પોતાના મનને સ્થિર કરી બાહુના બળનો આશ્રય કરી રહેલો તે દુર્યોધન હે મહારાજ, રાધાપુત્ર કર્ણ પ્રત્યે આ વચન બોલ્યો કે—હે મહાબાહો કર્ણ, તારા પરાક્રમને અને મારાવિષે પરમ સ્નેહને હું જાણું છું તોપણ તને હિતકારી વચન કહું છું તે સાંભળી ઇચ્છા પ્રમાણે હે વીર, જેમ તને ગમે તેમ કર. તું અતિ બુદ્ધિમાન્ છે. અને નિરંતર મારી પરમગતિરૂપ છે; માટે મારા મહારથિ સેનાપતિ ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય નાશ પામ્યા તેને લીધે તેનાથી અતિબળવાન્ એવો તું સેનાપતિ થા. હે રાધાપુત્ર, મહાધનુર્ધારિ શરા ને બે વૃદ્ધની અર્જુનવિષે પ્રીતિ હતી તોપણ તારાં વચનથી મેં તેમને માન્યા ન હતા. હે તાત, પિતામહપણાને જોઈ મહારણભૂમિ વિષે [illegible] પિતામહે પાંડુપુત્રોની રક્ષા કરી અને દશેય દિવસ તે શત્રુઓને તજી દીધાં તેથી. [illegible] શિખંડીને આગળ કરી અર્જુને ભીષ્મપિતામહને હણ્યા; અને હે પુરુષોમાં શ્રેષ્ઠ, તે [illegible]

ગૌરિ-કૃપાચાર્ય તથા બાણશય્યાને પામ્યા ત્યારે તમે કહ્યું તેને લીધે દ્રોણાચાર્ય અગ્રેસર થયા; તેમણે પણ શિષ્યપણાથી કુંતિપુત્રોની રક્ષા કરી એમ મારું મત છે અને તે વૃદ્ધને પણ ધૃષ્ટદ્યુમ્ને જલદી હણ્યા. હણેલા તે બે શ્રેષ્ઠ પુરૂષોએ પણ જેવું પરાક્રમ જાણેલું છે એવા હે કર્ણ, વિચાર કરતો એવો હું યુદ્ધમાં તારી સમાન બીજા યોદ્ધાને દેખતો નથી, તુંજ અમારા વિજય માટે સમર્થ છે, એમાં શક નથી અને તેમજ કરવાથી સદા હિત જણાય છે તેથી તમે ધુરંધરની પેઠે યુદ્ધમાં ભાર ધારણ કરવાને યોગ્ય છો માટે પોતે આત્માવડે આત્માનો સેનાપતિપણાવિષે અભિષેક કરો. જે રીતે દેવતાઓના સેનાપતિ નાશરહિત એવા કાર્તિકસ્વામિ છે તે રીતે જરૂર તું આ ધૃતરાષ્ટ્રની સેનાનો પતિ થા અને જે પ્રમાણે પૂર્વે ઇન્દ્ર દાનવોને હણતો હતો તે પ્રમાણે તું શત્રુઓના સમૂહોને નાશ પમાડ. હે પુરૂષોમાં શ્રેષ્ઠ, રણભૂમિવિષે તને ઉભેલો જોઈ મહારથિ પાંડવ અને પાંચાલ યોધ્ધાઓ જેમ વિષ્ણુને જોઈ દાનવો ભાગે તેમ ભાગી જશે; તેમાટે તું આ મોટી સેનાને ઉન્નતિ પમાડનાર થા. તું જ્યારે ઉભો રહિશ ત્યારે સહાયસહિત એવા પાંડવ, પાંચાલ અને સૃંજય યોધ્ધાઓ ભાગીજશે જેવી રીતે પોતાના તેજવડે તડકો કરતા એવા સૂર્ય ઉદય પામે છે ત્યારે તીવ્ર એવું અંધારૂં નાશ પામે છે તેવી રીતે તું શત્રુઓને સંતાપ. સંજય કહે છે—હે રાજન્, ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યના હણાવાથી કર્ણ પાંડવોને જીતશે, એવી રીતે તમારા પુત્રની જે બળવાન્ આશા થઈ હતી, તે આશાને હૃદયમાં ધારી કર્ણને આ રીતે કહેવા લાગ્યો કે—હે સૂતપુત્ર, તારી આગળ ઉભા રહિ કુંતિપુત્ર યુદ્ધ કરવા ઇચ્છતા નથી. કર્ણ કહે છે—હે મહારાજ, ગાંધારીના પુત્ર, મેં તારી સમીપ પૂર્વે કહ્યું હતું કે હું પુત્રો અને શ્રીકૃષ્ણસહિત એવા સર્વ પાંડવોને જીતીશ માટે સ્થિર થા. હું તારો સેનાપતિ થઇશ એમાં સંશય નથી અને પાંડવોને જીતેલા જાણ. સંજય કહે છે—હે મહારાજ, પછી એવી રીતે કર્ણનાં વચન સાંભળી રાજા દુર્યોધન જે પ્રમાણે ઇન્દ્ર દેવતાઓ સહિત ઊભો થાય તે પ્રમાણે કર્ણને સેનાપતિપણાવડે સત્કાર કરવા રાજાઓ સહિત ઉભો થયો અને પછીથી હે રાજન્, વિજયને ઇચ્છનારા દુર્યોધનઆદિ રાજાઓ જેવી રીતે પૂર્વે દેવતાઓ કાર્તિકસ્વામિપ્રત્યે અભિષેક કરતા હતા તેવી રીતે કર્ણપ્રત્યે વિધિયુક્ત કર્મે કરી મંત્રેલા સુવર્ણમય કલશ અને માટીના ઘડાઓવડે, જળથી પૂર્ણ એવાં હાથિદાંતનાં પાત્રોવડે, ગેંડા અને રોઝનાં શિંગડાંઓવડે તથા મણિ અને મોતીયુક્ત એવાં બીજાં પાત્રોવડે, તેમ પુણ્ય ગંધવાળાં ઔષધોવડે અભિષેક કરવા લાગ્યા. ઊંબરાના ઝાડનાં બનાવેલાં હિરાગળ વસ્ત્રવડે યુક્ત એવાં આસનવિષે સુખેકરી બેઠેલા અને શાસ્ત્રયુક્ત વિધિવડે અને સારી રીતે ભેગા કરેલા એવા સામાનવડે, ઉત્તમ આસનવિષે અભિષેક કરેલા મહાત્મા તે કર્ણને પ્રતિષ્ઠિત એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રલોકો સત્કાર કરતા હતા. હે રાજેંદ્ર, તેનો અભિષેક થયા પછી પરશત્રુને હણનાર એવા રાધાપુત્ર કર્ણે ઉત્તમ બ્રાહ્મણોને સોનામહોર, ગાયો અને ધનવડેકરી પ્રસન્ન કર્યા તથા બંદિજનો અને બ્રાહ્મણોએ પુરૂષોમાં શ્રેષ્ઠ એવા તે કર્ણને આવી રીતે કહ્યું કે—હે રાધાપુત્ર, મહાયુદ્ધમાં ગોવિંદ ભગવાન્ અને અનુચરોસહિત એવા પાંડવોને જીતો અને જેવી રીતે નિરંતર ઉદય પામતા એવા સૂર્ય ઉગ્ર કિરણોવડે અંધકારને મટાડે તેવી રીતે અમારા વિજય માટે પાંચાલ યોધ્ધાઓ સહિત એવા કુંતીપુત્રોને નાશ પમાડો. જે પ્રમાણે પ્રકાશિત એવા સૂર્યના કિરણો જોવામાં ઘૂવડો સમર્થ નથી તે પ્રમાણે છોડેલા બાણોને જોવામાં કેશવ ભગવાનસહિત એવા પાંડવો સમર્થ નથી; અને જે રીતે તે યુદ્ધમાં શત્રુને હણ કરનારા મહેંદ્રની આગળ ઉભા રહેવા દાનવો શક્તિમાન્

નથી તે રીતે તમારી આગળ ઉભા રહેવાને પાંચાલ યોધ્ધાઓસહિત એવા કુંતિપુત્રો શક્તિમાન નથી. હે રાજન્, એ રીતે અભિષેક કરેલો અતુલ કાંતિવાળો રાધાપુત્ર કર્ણ તેજવડે બીજો સૂર્ય હોય તેમ રૂપેકરી જૂદો પડી રહેતો હતો અને તે સમયે તમારો પુત્ર રાધાપુત્ર કર્ણને સેનાપતિપણાવિષે અભિષેક કરી કાળે પ્રેરિત એવો આત્માને કૃતાર્થ માનતો હતો અને કર્ણ પણ સેનાપતિપણાને પામી સૂર્યોદય પ્રત્યે યોગની આજ્ઞા કરતો હતો. તે સમયે હે ભારત, તમારા પુત્રોવડે યુક્ત એવો કર્ણ જેવી રીતે તારકામય એવા સંગ્રામવિષે દેવતાઓવડે કાર્તિકસ્વામિ શોભતા હતા તેવી રાતે તે શોભતો હતો.

तव पुत्रैर्वृतः कर्णः शुशुभे तत्र भारत ।
देवैरिव यथा स्कन्दः संग्रामे तारकामये ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णाभिषेके गुर्जरभाषायां दशमोऽध्यायः ॥ १० ॥

धृतराष्ट्र उवाच— सैनापत्यं तु सम्प्राप्य कर्णो वैकर्तनस्तदा ।
तथोक्तश्च स्वयं राज्ञा स्निग्धं भ्रातृसमं वचः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે કે—હે સંજય, તે સમયે પોતે રાજાએ તેવી રીતે સ્નેહવાળુ ભાઈની સમાન વચન કહેલો મહાપ્રાજ્ઞ સૂર્યપુત્ર કર્ણ સેનાપતિપણાને પામી સૂર્યોદય સમયે સેનાઓને શેની આજ્ઞા કરી શું કરતો હતો તે મને કહે. સંજય કહે છે—હે ભરતકુળમાં શ્રેષ્ઠ, કર્ણના મતને જાણીતા તમારા પુત્રો આનંદકારિ તૂર્યના શબ્દો જેમાં અગ્રેસર છે એવા યોગનો હુકમ કરવા લાગ્યા. હે મારિષ, મોટી એવી પાછલી રાત્રિવિષે તમારા સૈન્યનો ' યોગ યોગ' એવી રીતે તત્કાળ મોટો શબ્દ પ્રગટ ગયો; અને હે વિશાંપતે, સજ્જ થતા મુખ્ય હસ્તિઓ, રથ, રથિઓ, મનુષ્યો, ઘોડા અને પરસ્પર બોલતા તથા ઉતાવળ કરતા એવા યોદ્ધાઓને અતિ મોટો આકાશને સ્પર્શ કરનાર સંકુલ શબ્દ તે ટાણે થતો હતો. તે વખતે શ્વેત પતાકાવાળા બગલાની સમાન જેનો વર્ણ છે એવા ઘોડાયુકત હજારો ભાથાવડે પૂર્ણ, ગદા અને કવચ સહિત શતઘ્ની, કિંકિણી, શક્તિ, શૂલ, અને તોમરને ધરનાર ધનુષ્યવડેયુક્ત સૂર્યસમાન કાંતિવાળા અને જેની આગળ પતાકા છે એવા રથવડે, સુવર્ણપૃષ્ઠવાળાં ધનુષ્યવડે અને નાગકક્ષ કેતુવડેયુકત એવો સુવર્ણ-શોભિત શંખને વગાડતો અને સુવર્ણ શોભિત મોટા ધનુષ્યને હલાવતો સૂતપુત્ર કર્ણ દેખાયો, હે મારિષ, હે પુરૂષવ્યાઘ્ર, અંધકારને હરતા ઉદય પામતા સૂર્યની પેઠે દુરાસદ, રથિઓનામાં ઉત્તમ, મહાધનુર્ધારિ અને રથમાં બેઠેલા કર્ણને જોઇ કોઇ પણ કૌરવો, સમયે ભીષ્મપિતામહનાં, દ્રોણાચાર્યનાં કે બીજાઓનાં દુઃખને માનતા ન હતા. હે મારિષ, તે પછી શંખના શબ્દવડે યોદ્ધાઓને ઉતાવળ કરાવતો એવો કર્ણ કૌરવોનાં મોટાં સૈન્યને ખેંચી જતો હતો અને મહાધનુર્ધારિ શત્રુને તપાવનાર કર્ણ પાંડવોને જીતવાની ઇચ્છાવડે મકરવ્યૂહને રચી તેઓની સામે ગયો. હે રાજન, મકરવ્યૂહના ચાંચભાગ વિષે કર્ણ ઉભો રહ્યો, નેત્રભાગ વિષે શૂર શકુનિ અને મહારથિ ઉલૂક ઉભો રહ્યો, મસ્તકભાગવિષે દ્રોણપુત્ર અશ્વત્થામા ઉભા રહ્યા. ડોકના ભાગવિષે સર્વ સહોદર ભાઇઓ ઉભા રહ્યા. મધ્ય ભાગમાં મોટા સૈન્યવડે યુક્ત એવો રાજા દુર્યોધન ઉભો રહ્યો અને હે રાજેંદ્ર, ડાબાપગને ઠેકાણે નારાયણ યોદ્ધાઓના સૈન્યવડે અને યુદ્ધમાં દુર્મદ એવા ગોપાળ યોદ્ધાવડે યુક્ત એવો કૃતવર્મા ઉભો રહ્યો. જમણા પગ

રાજન્, જમણા પગને ઠેકાણે સત્યપરાક્રમવાળા કૃપાચાર્ય, ત્રિગર્ત અને મહાધનુર્ધારિ એવા દક્ષિણ દેશના યોદ્ધાઓ સહિત ઉભા રહ્યા. ડાબા પગના પાછળ ભાગમાં મદ્રદેશની મોટી સેના સાથે શલ્ય ઉભો રહ્યો. અને હે મહારાજ, જમણા પગના પાછળ ભાગમાં સત્યપ્રતિજ્ઞાવાળો સુષેણ હજાર રથિ અને ત્રણસો હસ્તિઓ સહિત ઉભો રહ્યા. તે સમયે પૂચ્છ ભાગમાં મોટી સેનાવડે યુક્ત મહાપરાક્રમવાળા અને ભાઈ એવા ચિત્ર અને ચિત્રસેન રાજા ઉભા રહ્યા. હે રાજેંદ્ર, તેવી રીતે જ્યારે રાજાઓમાં ઉત્તમ એવો કર્ણ ગયો ત્યારે અર્જુનને જોઇ ધર્મરાજ યુધિષ્ઠિર આ વચન બોલ્યા કે--હે મહાબાહો શૂર કુંતિપુત્ર, યુદ્ધમાં કર્ણે જેવી રીતે આ ધૃતરાષ્ટ્રની સેના મહારથિ શૂર પુરૂષોએ રક્ષા કરેલી રચી છે, તે જો આ ધૃતરાષ્ટ્રની મોટી ફોજ જેમાં અતિ શૂરપુરૂષો નાશ પામેલા છે અને તુચ્છ પુરૂષો શેષ રહેલા છે એવી મારા મનમાં તો તૃણતુલ્ય છે. એને વિષે એક મોટો ધનુર્ધારિ સૂતપુત્ર કર્ણ અતિ શોભે છે કે રથિઓનામાં ઉત્તમ એવો જે દેવ, દૈત્ય, ગંધર્વ, કિન્નર, મહોરગસહિત એવા સ્થાવર જંગમ ત્રણ લોકોએ જીતી શકાય તેમ નથી. હે મહાબાહો અર્જુન, તે કર્ણને હણ; તારો જય છે અને મારૂં બાર વર્ષનું દુઃખ નાશ થાય તેમ છે, માટે હે મહાબાહો, એવી રીતે જાણી જેમ ઇચ્છતો હો તેમ વ્યૂહ રચ. ભાઈનું એ વચન સાંભળી શ્વેતવાહન એવા પાંડવ અર્જુને અર્ધચંદ્રાકાર વ્યૂહ કરી તે સેનાની સામી રચના કરી. તે વ્યૂહના ડાબા પડખાવિષે ભીમસેન અને અને દક્ષિણ બાજુ વિષે મહાધનુર્ધારી ધૃષ્ટદ્યુમ્ન ઉભો રહ્યા. વ્યૂહના મધ્યમાં રાજા પાંડવ અને અર્જુન ઉભા રહ્યા. ધર્મરાજના પાછળ ભાગ વિષે નકુળ અને સહદેવ ઉભા રહ્યા. ચક્રની રક્ષા કરનાર પાંચાલ્ય એવા યુધામન્યુ અને ઉત્તમૌજા થયા, તે મુકુટવાન્ અર્જુને પાલન કરેલા એવા યુદ્ધમાં અર્જુનને તજતા ન હતા. હે ભારત, શેષ રહેલા શૂરા રાજાઓ સજ્જ થઇ ઉત્સાહ અને યત્ન પ્રમાણે વ્યૂહના યથાયોગ્ય ભાગ પ્રત્યે ઉભા રહ્યા. હે ભારત, એ રીતે એ મોટા વ્યૂહને રચી પાંડવો અને મહાધનુર્ધારિ એવા તમારા યોદ્ધાઓ યુદ્ધમાટેજ મન કરતા હતા. યુદ્ધમાં સૂતપુત્ર કર્ણે રચેલી તમારી સેનાને જોઇ તમારો પુત્ર દુર્યોધન ભાઇઓ સહિત પાંડવોને હણેલા માનતો હતો; અને તેમજ પાંડવોની સેનાને વ્યૂહવાળી જોઇ રાજા યુધિષ્ઠિર કર્ણસહિત તમારા પુત્રોને હણેલા માનતા હતા. તે સમયે ચોતરફ શંખ, ભેરી, પણવ, આનક, દુંદુભિ, ડિંડિમ અને ઝર્ઝર એવાં વાદિત્ર વાગતાં હતાં. હે રાજન્, બેઉ સેનાના મોટા શબ્દો થતા હતા અને જયને ઇચ્છનારા શૂરા પુરૂષોનો સિંહનાદ ઉત્પન્ન થતો હતો. હે જનાધિપ, ઘોડાઓના હેષિત શબ્દ, હસ્તિઓના બૃંહિત શબ્દ, અને ઉગ્ર એવા રથ નેમિના શબ્દો થતા હતા. હે ભારત, તે વખતે વ્યૂહની આગળ સજ્જ થએલા મહાધનુર્ધારિ કર્ણને જોઇ કોઇપણ માણસ દ્રોણાચાર્યના દુઃખને જાણતો ન હતો, અને હે મહારાજ હે રાજન્, હર્ષ પામેલા પુરૂષોવડે સંકુલ એવાં બેઉ સૈન્ય શક્તિવડે એક બીજાને હણવા માટે યુદ્ધ કરવાની ઇચ્છાથી ઉભાં હતાં. હે રાજેંદ્ર, તે ટાણે પરસ્પર જોઇને ઉભેલા યત્નવાળા અતિ ક્રોધ પામેલા એવા કર્ણ અને પાંડવ સેનાના મધ્ય ભાગમાં ફરતા હતા અને નૃત્ય કરતી એવી તે બે સેના એકબીજાને મળી તથા તેઓમાંના પક્ષ અને પ્રપક્ષ સાથે યુદ્ધ કરવાને ઇચ્છતા એવા તેઓ નિકળ્યા. તે પછી હે મહારાજ, એક બીજાને હણતા એવા નર, હસ્તિ ઘોડા અને રથિઓનું યુદ્ધ પ્રવર્ત્યું.

પ્રાણીના સંયમરૂપ કર્મે કરી દોષથી રક્ષા કરવી. નિરંતર વખતસર સંધ્યાસ્નાનાદિક કર્મ કરનાર, નિરંતર યજ્ઞોપવીત સાચવનાર, નિરંતર વેદ ભણનાર, અત્યંત પાતકીનું અન્ન ત્યાગ કરનાર, સત્ય બોલનાર તથા ગુરૂનું કામ કરનાર બ્રાહ્મણ બ્રહ્મલોકમાં ભ્રષ્ટ થતો નથી. જે ક્ષત્રિય વેદભણી, અગ્નિહોત્રમાં હોમ દઇ, યજ્ઞોથી પરમેશ્વરનું આરાધન કરી તથા પ્રજાનું પાલન કરીને, પછી ગાય અથવા બ્રાહ્મણ વાસ્તે મરણ પામે, વા સંગ્રામ વિષે શસ્ત્રથી પવિત્ર અંતરાત્માવાળો હણાય, તે સ્વર્ગ પામે. જે વૈશ્ય વેદ ભણી, બ્રાહ્મણ, ક્ષત્રિય તથા આશ્રિતને વખતસર ધનનો વિભાગ કરી આપી, અગ્નિહોત્રના પવિત્ર ધૂમને સુંઘી મરણ પામે, તે સ્વર્ગમાં દિવ્ય સુખ ભોગવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય વર્ણની ઘટતી રીતે ન્યાયથી સેવા કરી વ્યથા જેની ટળી ગઇ છે એવો શૂદ્ર નિષ્પાપ થઇ દેહ મૂકી સ્વર્ગ સુખ ભોગવે છે. હે રાજન્! આ ચાર વર્ણનો ધર્મ તમોને મેં કહ્યો, તેનો હેતુ એ કે પાંડુના પુત્ર યુધિષ્ઠિર ક્ષાત્ર ધર્મથી હીન થાય છે, માટે તેની તમો રાજધર્મ વિષે યોજના કરો. તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે, હે સૌમ્ય! તું નિરંતર મને શિક્ષા કરે છે તેમજ મારી મતિ પણ મને એજ સુઝાડે છે. પાંડવો પ્રત્યે તેં કરેલી મારી બુદ્ધિ, દુર્યોધનને પામી પાછી વિપરીત નિરર્થક થાય છે ને દૈવ બલિષ્ઠ છે માટે કોઇ પણ પ્રાણી દૈવ અતિક્રમણ કરવા સમર્થ થતું નથી.

नदिष्टमभ्यतिक्रांतुं शक्यं भूतेन केनचित् ।
दिष्टमेव ध्रुवं मन्ये पौरुषं तु निरर्थकं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुरवाक्ये गुर्जरभाषायां चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥

અધ્યાય ૪૧ મો. સનત્સુજાત મુનિનું આહ્વાન.

धृतराष्ट्र उवाच—अनुक्तं यदि ते किंचिद्वाचाविदुर विद्यते ।
तन्मे शुश्रूषतो ब्रूहि विचित्राणि हि भाषसे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે વિદુર! જો કંઇ પણ વાણીથી તારે કહેવામાં રહી ગયું હોય, તો હું શ્રવણ કરવાને ઇચ્છું છું વાસ્તે કહે, કારણ તું વિચિત્ર પ્રકારનું ભાષણ કરે છે. તે સાંભળી વિદુરે કહ્યું કે, હે મહારાજ! જે પ્રાચીન, કુમાર, સનાતન તથા સર્વ બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ સનત્સુજાત મુનિ "મૃત્યુ નથી" એ રીતે કહે છે, તે યોગ ક્ષમાદિક, શમાદિક તથા હૃદયમાં રહેલા સર્વ ધર્મ તમોને કહેશે. તે સાંભળી ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે વિદુર! શું તે બધું તું નથી જાણતો જે તે મુનિ મને કહે? માટે જે કહેવું રહ્યું હોય તે તુંજ મને કહે. તે સાંભળી વિદુરે કહ્યું કે, સનત્સુજાત મુનિ જાણે છે તે બધું હું જાણું છું તથાપિ હું શૂદ્ર યોનિમાં ઉત્પન્ન થયો છું, તેથી હવે બીજું કહેવાનો ઉત્સાહ રાખતો નથી. બ્રાહ્મણની જાતિમાં ઉત્પન્ન થયેલો અત્યંત ગુહ્ય કહે, તોપણ દેવતાઓએ નિંદા કરવા લાયક નથી થતો વાસ્તે તે કહેશે એમ હું તમોને કહું છું. તે સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે હે વિદુર! સનત્સુજાત મુનિ ક્યાં છે તે કહે, ને આ દેહથી મારે તેમની સાથે કેમ સમાગમ થાય. વૈશંપાયન કહે છે—હે જનમેજય! ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી તીક્ષ્ણ વ્રતવાળા ઋષિને વિદુરે

ततः प्रववृते युध्धं नरवारणवाजिनां ।
रथानां च महाराज अन्योन्यमभिनिघ्नताम् ॥
इतिश्री महाभारते कर्णपर्वणि व्यूहनिर्माणे गुर्जरभाषाया-
मेकादशोऽध्यायः ॥ ११ ॥

सञ्जय उवाच—ते सेनेऽन्योन्यमासाद्य प्रहृष्टाश्वनरद्विपे ।
हत्यौ सम्प्रजह्राते देवासुरचमूसमे ॥ १ ॥

સંજય કહે છે કે—જેમાં ઘોડા, નર અને હસ્તિ હર્ષ પામેલા છે એવી દેવ અને અસુરની સમાન કાંતિવાળી તે બે મોટી સેના પરસ્પર પ્રહાર કરતી હતી. તે વખતે ઉગ્રપરાક્રમવાળા પાયદળો, નર, રથ, ઘોડા અને હસ્તિઓસહિત દેહને અને પ્રાણને નાશ પમાડનારા એવા અત્યંત પ્રહારને કરતા હતા. પૂર્ણ ચંદ્ર અને સૂર્યની કાંતિવડે અને કમળના ગંધવડે તુલ્ય એવાં શ્રેષ્ઠ પુરૂષોનાં મસ્તકોવડે શ્રેષ્ઠ પુરૂષો પૃથ્વીને અંતરરણયુક્ત કરતા હતા. તેમજ યોદ્ધાઓ અર્ધચંદ્ર, ભલ્લ, ક્ષુરપ્ર, ખડ્ગ પટ્ટિશ અને ફરશીવડે યુદ્ધ કરનારાઓનાં મસ્તકોને કાપતા હતા. સ્થૂલ અને લાંબા બાહુવાળા પુરૂષોએ સ્થૂલ અને દીર્ઘબાહુવાળા પુરૂષોના પાડેલા બાહુ પૃથ્વીવિષે આયુદ્ધ અને બાજૂબંધ સહિત શોભતા હતા.અને પૃથ્વી જેવીરીતે ગરૂડેહણેલા પાંચમુખવાળા સર્પોવડે શોભે તેવી રીતે જેની આંગળીઓનાં તળીઆં રાતાં છે એવા ફરકતા તે હાથવડે શોભતી હતી. જ્યારે પુણ્ય ક્ષીણ થાય છે ત્યારે સ્વર્ગમાં વસનારાઓ વિમાનો થકી પડે છે તે પ્રમાણે શત્રુઓએ હણેલા શૂરા પુરૂષો હસ્તિ, રથ અને ઘોડાઓ થકી પડતા હતા. રણભૂમિવિષે અતિ શૂર પુરૂષોએ મોટી ગદાઓવડે, ભોગળોવડે અને મુસલવડે હણેલા હજારો બીજા યોદ્ધાઓ પૃથ્વી ઉપર પડતા હતા. પરમ સંકુલ એવાં તે યુદ્ધમાં રથિપુરૂષોએ રથિઓને, મત્તહસ્તિઓએ મત્તહસ્તિઓને તથા ઘોડેસ્વારોએ ઘોડેસ્વારોને હણ્યા. રથિપુરૂષોએ હણેલા મનુષ્યો, હસ્તિ ઉપર બેસનારાઓએ હણેલા રથિઓ, પાયદળોએ હણેલા ઘોડેસ્વારો અને ઘોડેસ્વારોએ હણેલા પાયદળો યુદ્ધમાં લાંબા થઈ સૂતા હતા. હસ્તિ ઉપર બેસનારાઓએ રથિ, ઘોડેસ્વાર અને પાયદળોને, રથિ ઘોડેસ્વાર અને હસ્તિ ઉપર-બેસનારાઓને, ઘોડેસ્વારોએ, રથિ પાયદળ અને હસ્તિ ઉપર બેસનારાઓને અને રથિઓએ પાયદળ તથા હસ્તિ ઉપર બેસનારાઓને હણ્યા. તેમજ પાયદળ, ઘોડેસ્વાર હસ્તિ ઉપર બેસનારા અને રથિપુરૂષોએ રથિ ઘોડેસ્વાર હસ્તિ ઉપર બેસનાર અને પાયદળોના હાથ, પગ, શસ્ત્ર અને રથોવડે ઘણો નાશ કર્યો. જ્યારે તેવી રીતે શૂર પુરૂષોએ હણેલું હતું અને હણાતું હતું ત્યારે ભીમસેન જેમાં અગ્રેસર છે એવા કુંતિપુત્રો અમારા પ્રત્યે આવ્યા અને ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, દ્રુપદ રાજાના પુત્રો, સાત્યકિ દ્રાવિડ સૈનિકોસહિત ચેકિતાન, મોટા વ્યૂહવડે યુક્ત એવા પાંડવ યોધ્ધા ને કેરલ યોધ્ધા સહિત એવા ચોલ યોધ્ધા સામા આવ્યા. તોપણ મોટી છાતીવાળા, લાંબા ભુજવાળા, ઉંચા, મોટાં નેત્રવાળા, આભૂષણવાળા, રાતા દાંતવાળા, મત્ત હસ્તિસમાન ગતિવાળા, જૂદા જૂદા રંગવાળાં વસ્ત્રે યુક્ત, સુગંધી ચૂર્ણવડે યુક્ત, જેઓએ ખડ્ગ બાંધેલા છે, અને જેઓના હાથમાં પાશ છે એવા હસ્તિઓને વારે એવા [illegible] અને સત્યવાળા યોધ્ધાઓ પરસ્પર તજતા ન હતા. હે રાજન્, ધનુષધારી જેઓના [illegible] [illegible] છે એવા મોટા કેશવાળા, પ્રિય બોલનારા પાયદળ, કેટલાક ઘોડેસ્વારો ઘોર રૂપ [illegible] [illegible]

ક્રમવાળા, કેટલાક શૂરાઓ ચેદી, પાંચાલ, કેકય, કારૂષ, કોશલ, કાંચ્ય અને માગધ યોધ્ધાઓ પણ દોડતા હતા. તેઓના શ્રેષ્ઠ એવા રથિઓ, ઘોડેસ્વાર હસ્તિઉપર બેસનારા અને ઉગ્ર પાયદળો, જૂદા જૂદા પ્રકારનાં વાદિત્ર ધરનારા પુરૂષો સાથે નૃત્ય કરતા હતા અને હર્ષ પામતા હતા. તે સૈન્યના મધ્ય ભાગમાં શ્રેષ્ઠ રથિઓવડે વિંટાએલા એવા હસ્તિઉપર બેઠેલો ભીમસેન તમારા યોધ્ધાઓ પ્રત્યે નજીક આવ્યો.તેનો અતિ ઉગ્ર વિધિ પ્રમાણે શણગારેલો હસ્તિઓમાં શ્રેષ્ઠ એવો તે હાથી જે રીતે ઉદય પામેલા સૂર્યવાળું ઉદયાચલના અગ્રભાગનું સ્થાનક શોભે તે રીતે શોભતો હતો. તેનું ઉત્તમ રત્નવડે શોભિત એવું ઉત્તમ લોઢાનું બખ્તર તારાવડે વ્યાપ્ત શરત્કાલના આકાશની તુલ્ય કાંતિવાળું શોભતું હતું. સુંદર મુકુટવાળો અતિ શોભિત અને તોમરવડે જેનો વ્યગ્ર હાથ છે એવો મધ્યાન્હના સૂર્ય સમાન કાંતિવાળો તે તેજવડે શત્રુઓને બાળતો હતો. અતિ પ્રસન્ન મનવાળા તે હાથિને દૂરથી જોઈ હસ્તિ ઉપર બેઠેલો પ્રસન્ન મનવાળો ક્ષેમધૂર્તિ બોલતો એવો સામો દોડયો. ઉગ્રરૂપવાળા તે યોધ્ધાઓનું યુધ્ધ ઉગ્રરૂપવાળ બે હસ્તિ અને વૃક્ષ-વાળા બે મોટા પર્વત સરખું એનીમેળે થતું હતું. જેના હસ્તિઓ આસક્ત થએલા છે એવા તે બે શૂરા બળપ્રમાણે સૂર્યના કિરણ સરખી કાંતિવાળા તોમરવડે એકબીજાને ભેદી પરસ્પર શબ્દ કરતા હતા હસ્તિઓવડે દૂર જઈ બે ધનુષ્ લેઇ મંડળાકારે ફરતા હતા અને પરસ્પર પ્રહાર કરતા હતા. ક્ષ્વેડિત શબ્દ, આસ્ફોટિત શબ્દ અને બાણશબ્દોવડે સર્વ તરફથી માણસોને હર્ષ પમાડતા એવા તે બે સિંહનાદ કરતા હતા. મહા બળવાન્ કુશલ, એવા તે બે વાયુ ડે જેના પતાકા ઉડેલા છે અને જેણે સુંઢ ઉંચી કરેલી છે એવા તે બે યુદ્ધ કરતા હતા. તે બેઉ એક બીજાનાં ધનુષ્ને કાપી પરસ્પર જળવડે વર્ષતા એવા મેઘની પેઠે શક્તિ અને તોમર વૃષ્ટિ કરતા હતા. તે વખતે ક્ષેમધૂર્તિએ તોમરવડે ભીમસેનને છાતિ વિષે વિંધી અતિ વેગવડે બીજા છ તોમરે કરી બૂમ પાડી બેઠો. અંગને આશ્રિત એવા તોમરોવડે ક્રોધે કરી જેનું દીપ્ત શરીર છે એવો તે ભીમસેન જે પ્રમાણે કાંતિમાન્ એવા સૂર્ય મેઘવડે શોભે તે પ્રમાણે શોભતો હતો. તે પછી યત્નવાન્ ભીમસેને સૂર્યના વર્ણસમાન કાંતિવાળા સ્પષ્ટ ગતિવાળા લોહરૂપ એવા તોમરને શત્રુપ્રત્યે ફેંક્યો. તે સમયે કુલૂતાધિપતિએ ધનુષ્ને નમાવી દશ બાણોવડે તોમરને ભેદી સાઠ બાણોવડે પાંડવ ભીમસેનને વીંધ્યો. એ પછી પાંડવ ભીમસેને મેઘની સમાન શબ્દવાળા ધનુષ્ને લેઈ શબ્દ કરી બાણોવડે શત્રુના હસ્તિને હણ્યો.યુદ્ધમાં ભીમસેને બાણસમુહોવડે પીડેલો એવો હસ્તિ ગ્રહણ કરાતો એવો પણ વાયુવડે ચાલતાં એવાં વાદળની પેઠે ઉભા રહેતો ન હતો. તે હસ્તિ પ્રત્યે ભયંકર એવો ભીમસેનનો મોટો હસ્તિ મહાવાયુએ પ્રેરિત એવા મેઘ પ્રત્યે મેઘ દોડે તેમ દોડયો. તે સમયે પ્રતાપવાન એવા ક્ષેમધર્તિએ પોતાના હસ્તિને નિવારિ સામે દોડેલા એવા ભીમસેનના હાથીને બાણોવડે વિંધ્યો અને ઠીક રીતે ફેંકેલા નમેલ પર્વવાળા ક્ષુરે કરી શત્રુના ધનુષ્ને ભેદી શત્રુના હસ્તિને પીડિત કર્યો. પછી રણભૂમિવિષે ક્રોધ પામેલા એવા ક્ષેમધૂર્તિએ ભીમસેનને વિંધ્યો અને નારાચોવડે એના હસ્તિને સર્વ મર્મસ્થાનોવિષે હણ્યો. હે ભારત, તે ભીમસેનનો મોટો હાથી પડયો અને હાથિના પડ્યા પહેલાં ભીમસેન ઠેકડો મારી પૃથ્વીપ્રત્યે ઊભો રહ્યો અને ભીમસેને પણ ગદાવડે હસ્તિને હણ્યો. નાશ પામેલા તે હાથિ-થકી ઉતરી ગયેલા અને આયુધ ઉગામી આવતા એવા ક્ષેમધૂર્તિને ભીમસેને ગદાવડે હણ્યો. અને વજ્રવડે હણેલા સિંહની પેઠે હણેલો એવો તે પ્રાણરહિતને ખડ્ગસહિત તે હસ્તિની પાસે પડેલ. હે ભરત કુળમાં શ્રેષ્ઠ, વજ્રવડે ભેદેલા પર્વતની પેઠે કુલૂત યોદ્ધાઓના યશને કરનારા

તે રાજાને હણેલા જોઈ વ્યથા પામેલી એવી તમારી સેના ભાગી.

वज्रप्रभग्नमचलं सिंहो वज्रहतो यथा ॥
तं हतं नृपतिं दृष्ट्वा करूशानां यशस्करं ।
प्राद्रवद्व्यथिता सेना त्वदीया भरतर्षभ ॥
इतिश्री महाभारते कर्णपर्वणि क्षेमधूर्तिवधे गुर्जरभाषायां
द्वादशोऽध्यायः ॥ १२ ॥

सञ्जय उवाच—ततः कर्णो महेष्वासः पाण्डवानामनीकिनीम् ।
जघान समरे शूरः शरैः सन्नतपर्वभिः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્, તે સમયે યુદ્ધમાં મહાધનુર્ધારી શૂર એવો કર્ણ નમેલ પર્વવાળા બાણોવડે પાંડવોની સેનાને વિંધતો હતો. તેમજ ક્રોધ પામેલા તે મહારથિ પાંડવો તમારા પુત્રની સેનાને કર્ણની આગળ વિંધતા હતા. હે રાજન્, કર્ણ પણ સંગ્રામવિષે શિલ્પવેત્તાએ શોધેલા સૂર્યકિરણ સમાન કાંતિવાળા નારાચવડે પાંડવોની સેનાને હણતો હતો. હે ભારત, તે વખતે કર્ણે નારાચોવડે પ્રહાર કરેલા હસ્તિઓ નાદ કરતા હતા. દુઃખ પામતા હતા, ગ્લાનિ પામતા હતા, અને દશદિશાઓ પ્રત્યે ભમતા હતા હે મારિષ, સૂતપુત્ર કર્ણે તે સૈન્યને હણવા માડ્યું ત્યારે જલદી મહારણવિષે નકુલ સૂતપુત્ર કર્ણ પ્રત્યે દોડ્યો. દુષ્કર કર્મને કરતા એવા દ્રોણપુત્ર અશ્વત્થામાને ભીમસેન વારવા લાગ્યો. અને કૈકેય એવા વિંદ ને અનુવિંદને સાત્યકિ વારવા લાગ્યો. આવતા એવા કૃતકર્માને રાજા ચિત્રસેન અને વિચિત્ર જેનો ધ્વજ તથા ધનુષ છે એવા ચિત્રને પ્રતિવિંધ્ય તેમ ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાને દુર્યોધન વારવા લાગ્યો. તેમ સંશપ્તક યોદ્ધાઓ પ્રત્યે ક્રોધ પામેલો અર્જુન દોડ્યો. ઉત્તમ શૂર પુરૂષોનો જેમાં નાશ છે એવા તે યુદ્ધમા ધૃષ્ટદ્યુમ્ન કૃપાચાર્ય જોડે સમાગમ પામ્યો અને અચ્યુત એવા કૃતવર્માને શિખંડી પ્રાપ્ત થયો હે મહારાજ, તેવી રીતે શ્રુતકીર્તિ શલ્યને અને પ્રતાપવાન્ માદ્રિપુત્ર સહદેવ તમારા પુત્ર દુઃશાસનને પામ્યો. હે ભારત, યુદ્ધમાં કૈકેય શોભિત એવી બાણવૃષ્ટિવડે, સાત્યકિને ઢાંકતો હતો અને સાત્યકિ કૈકેયને ઢાંકતો હતો. જેવી રીતે મોટા વનમાં હાથિ એ દાંતવડે સામા હાથિને મારે તેવી રીતે તે બે શૂરા ભાઈ સાત્યકિને હૃદયવિષે અતિ પ્રહાર કરતા હતા હે રાજન્, રણભૂમિવિષે બાણોવડે જેનાં કવચ ભેદ પામેલાં છે એવા તે બે ભાઇ સત્યકર્મવાળા સાત્યકિને બાણોવડે વિંધતા હતા. હે ભારત મહારાજ, હસતો અને બાણવૃષ્ટિવડે સર્વ તરફથી દિશાઓને ઢાંકતો એવો સાત્યકિ તે બેઉને વારતો હતો. શિનિપૌત્ર સાત્યકિએ બાણવૃષ્ટિઓવડે વારણ કરાતા એવા તે જલદી તે વખતે શિનિપૌત્ર સાત્યકિના રથને બાણોવડે ઢાંકવા લાગ્યા. એ પછી તે બેઉનાં વિચિત્ર એવાં ધનુષ્યને કાપી મહા યશસ્વિશૌરિ એવો સાત્યકિ તીક્ષ્ણ બાણોવડે યુદ્ધમાં તે બેઉને વારવા લાગ્યો. એ પછી બીજા વિચિત્ર બે ધનુષ્યને અને મોટા બાણોને લેઇ તે બે ભાઇ સાત્યકિને ઢાંકતા એવા શીઘ્ર અને સુંદર રીતે ફરતા હતા-તે બેઉએ નાંખેલા કંકપિચ્છવાળા અને સુવર્ણશોભિત એવા બાણો સર્વ દિશાઓને પ્રકાશિત કરી પડતા હતા. હે રાજન્, તે સેના મહા યુદ્ધમાં બાણોવડે અંધ-

કાર થયો હતો, અને તે મહારથીઓ એકબીજાનાં ધનુષને કાપી નાંખતા હતા. હે મહારાજ, તે ટાણે ક્રોધ પામેલા યુદ્ધમાં દુર્મદ એવા સાત્વત સાત્યકિએ યુદ્ધમાં બીજા ધનુષ્ને લેઈ પ્રત્યંચાયુકત કરી અતિ તીક્ષ્ણ એવા ક્ષુરપ્રનામના શસ્ત્રેકરી અનુવિંદના મસ્તકને હરી લીધું. અને હે રાજન્, કુંડળોવડે શોભિત મોટું એવું તેનું મસ્તક પડયું. તે સમયે જે રીતે પૂર્વે મહારણમાં હણેલા શંબરાસુરનું મસ્તક પડયું હતું તે રીતે સર્વ કૈકેય યોદ્ધાઓને શોક કરાવતું એવું જલદી પૃથ્વીને પામ્યું. તે ટાણે તે શૂરને હણેલો જોઈ મહારથિ એવો તેનો ભાઇ બીજા ધનુષ્ને પ્રત્યંચાયુકત કરી શિનિપૌત્ર સાત્યકિને વારવા લાગ્યો ને બલવાન્ એવા તેણે શિલાવડે તીક્ષ્ણ કરેલા સુવર્ણ પુંખવાળા સાઠ બાણોવડે સાત્યકિને વિંધી નાદ કર્યો; અને 'ઉભો રહે, ઉભો રહે' એ રીતે કહ્યું. તે સમયે કેકય યોદ્ધાઓનો મહારથી વિંદ તેણે હજારો બાણોવડે જેનાં ઘાયલ અંગ થયાં છે એવો સત્યપરાક્રમવાળો તે સાત્યકિ યુદ્ધમાં પુષ્પસહિત જેમ ખાખરાનું ઝાડ શોભે તેમ શોભતો હતો. મહાત્મા કૈકેયે યુદ્ધમાં વિંધેલો સાત્યકિ હસતો હોય તેમ પચીશ બાણોવડે કૈકેયને વિંધવા લાગ્યો. અને સંગ્રામવિષે રથિઓમાં ઉત્તમ એવા તે બેઉ એક બીજાનાં સુંદર ધનુષ્ને કાપી જલદી સારથિ અને ઘોડાઓને હણી રથરહિત થયેલા એવા રણભૂમિવિષે ખડ્ગના યુદ્ધ માટે મળ્યા. શતચંદ્રવડે યુકત એવાં ચર્મને લેઈ ઉત્તમ ખડ્ગને ધરનાર અને સુંદર ભૂજાવાળા એવા તે બે જેવી રીતે દેવ અને અસુરોના યુદ્ધમાં મહાબળવાન્ એવા જંભદૈત્ય અને ઇંદ્ર શોભતા હતા તેવી રીતે શોભી નીકળ્યા. પછી મહારણમાં મંડળાકાર ફરતા એવા તે બેઉ જલદી એકબીજા યુદ્ધમાં સમીપ મળ્યા, અને એકબીજાના વધ વિષે પરમ યત્ન કરવા લાગ્યા. તે ટાણે કૈકેયના ચર્મને સાત્વત એવા સાત્યકિએ બે પ્રકારે કરી કાપી નાંખ્યું. તેમજ કૈકેયરાજાએ સાત્યકિના ચર્મને કાપ્યું અને તારાના સમૂહ સરખાં ચિન્હોવડે યુકત એવા ચર્મને કાપી પાછું જવું અને સામું જવું એવાં મંડળ ફરવા લાગ્યો. મહાયુદ્ધમાં ઉત્તમ ખડ્ગને લઈ ફરતા એવા તે કૈકેયને વક્ર હાથે કરી ત્વરાયુકત એવા શિનિપૌત્ર સાત્યકિએ ભેદ્યો. તે વખત હે રાજન્, બે પ્રકારે ભેદ પામેલો મહાધનુર્ધારિ કૈકેયરાજા કવચસહિત જે પ્રમાણે વજ્રવડે હણેલો પર્વત પડે તે પ્રમાણે મોટી રણભૂમિવિષે પડયો. એ રીતે તેને હણી સંગ્રામવિષે શૂર રથિઓમાં શ્રેષ્ઠ અને પરંતપ એવો શિનિપૌત્ર સાત્યકિ જલદી યુધામન્યુના રથ પ્રત્યે ચડયો; અને વિધિ પ્રમાણે કલ્પેલા બીજા રથ પ્રત્યે બેશીને ફરીને સાત્યકિ કૈકેય યોદ્ધાઓનાં મોટાં સૈન્યને બાણોવડે વિંધવા લાગ્યો. તે ટાણે સાત્યકિથી સંગ્રામવિષે વધ થતી એવી કૈકેય યોદ્ધાઓની તે મોટી સેના રણભૂમિવિષે તે શત્રુને તજી દશ દિશાઓ પ્રત્યે દોડવા લાગી.

केकयानां महत्सैन्यं व्यधमत्सात्यकिः शरैः ॥
सा वध्यमाना समरे केकयानां महाचमूः ।
तमुत्सृज्य रणे शत्रुं प्रदुद्राव दिशो दश ॥

इतिश्री महाभारते कर्णपर्वणि विन्दाऽनुविन्दवधे गुर्जरभाषायां
त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

संजय उवाच–श्रुतकर्मा ततो राजंश्चित्रसेनं महीपतिम् ।
आजघ्ने समरे क्रुद्धः पंचाशद्भिः शिलीमुखैः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્, તે સમયે સંગ્રામ વિષે ક્રોધ પામેલો શ્રુતકર્મા ચિત્રસેન રાજાને પચાસ બાણોવડે વિંધતો હતો. હે રાજન્, તે શ્રુતકર્માને અભિસાર રાજાએ નમેલા પર્વવાળા નવ બાણોએ વિંધી પાંચ બાણોવડે સારથીને વિંધ્યો. તે ટાણે ક્રોધ પામેલા કૃતકર્માએ સેનાના અગ્રભાગવિષે અતિતીક્ષ્ણ નારાચેકરી ચિત્રસેનને મર્મના ભાગ વિશે પ્રહાર કર્યો. હે મહારાજ, તેણે નારાચવડે અતિ વિંધેલો શૂર એવો તે મૂર્છાને અને મોહને પામ્યો. એ વખતે એ શ્રુતકર્મારાજાને મહાયશસ્વિ એવા શ્રુતકીર્તિએ નવ બાણોવડે ઢાંકી દીધો. તે પછી સંજ્ઞા પામી મહારથી એવા ચિત્રસેને ભાલાવડે શ્રુતકર્માનું ધનુષ્ કાપ્યું અને સાત બાણોવડે તેને વિંધ્યો. તેણે બીજું વેગને મટાડનાર અને સુવર્ણશોભિત એવું ધનુષ્ લેઈ ચિત્રસેનને બાણરૂપી તરંગોવડે વિચિત્ર રૂપને ધરનારો કર્યો. તે સમયે બાણોવડે ચિત અને વિચિત્ર પુષ્પ ધારણ કરનાર યુવાન તથા અતિ શોભિત એવો તે જે રીતે ગાયોના સમૂહના મધ્યમાં સાંઢ શોભે તે રીતે શોભતો હતો. એ પછી શૂર એવા તે રાજાએ શ્રુતકર્માને છાતીવિશે નારાચ બાણે કરી ભેદ્યો. અને 'ઉભો રહે, ઉભો રહે' એ રીતે કહ્યું. તે સમયે નારાચ બાણેકરી યુદ્ધમાં ઘાયલ થયેલો એવો શ્રુતકર્મા પણ ગેરૂવડે ભીના એવા પર્વતની પેઠે રૂધિર સ્રવવા લાગ્યો; તે વખતે રૂધિરવડે જેનું અંગ ભીંજાએલું છે એવો અને રૂધિરવડે શોભિત એવો શૂર તે રાજા યુદ્ધમાં જે પ્રમાણે પુષ્પ સહિત પલાશવૃક્ષ શોભે તે પ્રમાણે શોભતો હતો. હે રાજન્, ત્યારપછી શત્રુએ પીડિત એવા ક્રોધ પામેલા શ્રુતકર્માએ શત્રુને વારનાર એવા શત્રુના ધનુષ્ને બે પ્રકારે કાપી નાંખ્યું. હે રાજન્, એ પછી જેનું ધનુષ્ કાપેલુ છે એવા એ રાજાને ત્રણસો નારાચવડે ઢાંકી દીધો અને શોભીત બાણોવડે સંગ્રામવિશે વિંધ્યો, ત્યાર પછી તીક્ષ્ણ અને તીક્ષ્ણ કરેલા બીજા ભલ્લ બાણે કરી તે મહાત્માના મસ્તકને મુકુટ સહિત હરી લીધું; તે ટાણે કાંતિવાળું એવું ચિત્રસેનનું તે મસ્તક જેવી રીતે ઇશ્વરેચ્છાવડે સ્વર્ગથકી પૃથ્વીતલ પ્રત્યે ચંદ્રમા પડે તેવી રીતે ભૂમિવિશે પડ્યું. હે મારિષ, તે રાજા ચિત્રસેનને હણેલો જોઈ તેના સૈનિકો વેગે કરી નાસવા લાગ્યા. તે વખતે ક્રોધ પામેલો એવો મહાધનુષ શ્રુતકર્મા જે પ્રમાણે અંતકાલે ક્રોધ પામેલા પ્રેતરાજ યમ સર્વ પ્રાણીઓ પ્રત્યે દોડે તે પ્રમાણે બાણો સહિત તે સૈન્ય પ્રત્યે દોડયો. યુદ્ધમાં ધનુર્ધારિ એવા તમારા પૌત્રે વધ કરાતા એવા તે યોદ્ધાઓ જે પ્રમાણે દવાગ્નિવડે બળતા એવા હસ્તિઓ ભાગે તે પ્રમાણે ઉતવાળથી દશ દિશાઓ પ્રત્યે દોડવા લાગ્યા. તેઓને નાસી જતા અને શત્રુના જય વિષે ઉત્સાહ રહિત જોઇ તીક્ષ્ણ બાણોવડે નસાડતો એવો શ્રુતકર્મા અત્યંત શોભતો હતો. તે સમયે પ્રતિવિંધ્યે પાંચ બાણોએ ચિત્રરાજાને વિંધી ત્રણ બાણોવડે સારથીને ભેદી એક બાણેકરી તેના ધ્વજને પણ કાપ્યો; તે પ્રતિવિંધ્યને ચિત્રરાજાએ સુવર્ણ પુંખવાળા કંકપક્ષિનાં પિચ્છવડે શોભિત અગ્રભાગવાળા તથા વેગવાળા એવા નવ ભલ્લબાણોવડે બાહુ અને છાતિવિષે પ્રહાર કર્યો. એ પછી હે ભારત, તે પ્રતિવિંધ્યે બાણોવડે તેના ધનુષ્ને કાપી તીક્ષ્ણ એવા પાંચ બાણોવડે એને વિંધ્યો. તે સ-

થાક કર્યો, વાસ્તે તે વિદુરના મનનો અભિપ્રાય જાણી ત્યાં પધાર્યા. તેમને જોઈ મધુપર્કાદિ વિધિથી વિદુરે તેમનો સત્કાર કરી આસન આપ્યું. પછી વિસામો ખાઇ સુખે કરી બેઠેલા મુનિને વિદુરે કહ્યું કે હે ભગવન્! ધૃતરાષ્ટ્રના મનમાં કંઇ સંશય છે, જે મારાથી કહેવાને સમર્થ નથી થવાતું, માટે તમે એમને કહેવા લાયક છો. તે સાંભળી ધૃતરાષ્ટ્ર રાજા, સર્વ દુઃખને અતિક્રમણ કરે, લાભ, અલાભ, પ્રિય, દ્વેષ, જરા, મૃત્યુ, ભય, અસહિષ્ણુતા, ક્ષુધા, તૃષ્ણા,મદ, ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, અપ્રીતિ, તંદ્રા, ક્ષય, ઉદય તથા પાપ પુણ્ય, એ સર્વ ટળે.

વિપ્રહેરન્મયામર્ષૌ ક્ષુત્પિપાસે મદોદ્ભવૌ ।
અરતિશ્ચૈવ તંદ્રી ચ કામક્રોધૌ ક્ષયોદયૌ ॥

ઇતિશ્રી મહાભારતે ઉદ્યોગપર્વણિ સનત્સુજાતીયપર્વણિ વિદુરકૃતસનત્સુજાતપ્રાર્થને ગુર્જરભાષાયામેકચત્વારિંશોઽધ્યાયઃ ॥ ૪૧ ॥

અધ્યાય ૪૨ મો. સનત્સુજાતે કરેલો બોધ.

વૈશંપાયન ઉવાચ—તતો રાજા ધૃતરાષ્ટ્રો મનીષી સંપૂજ્ય વાક્યં વિદુરેરિતં તત્ ।
સનત્સુજાતં રહિતે મહાત્મા પપ્રચ્છ બુદ્ધિં પરમાં બુભૂષન્ ॥ ૪૧ ॥

વૈશંપાયન કહે છે—પછી બુદ્ધિમાન મહાત્મા ધૃતરાષ્ટ્ર રાજા, વિદુરે જે વાક્ય કહ્યું તેને વખાણીને, પરમ બુદ્ધિને પ્રાપ્ત થવાની ઇચ્છાથી એકાંત વિષે સનત્સુજાત ઋષિને પૂછવા લાગ્યા કે, હે સનત્સુજાત! "મૃત્યુ છે નહીં" એ રીતે તમારૂં બોલવું વિદુરાદિકના મુખ થકી હું સાંભળું છું. દેવ તથા અસુર, મૃત્યુ ટળવા વાસ્તે બ્રહ્મચર્ય વ્રતનું આચરણ કરે છે, માટે જો મૃત્યુ હોયજ નહીં તો તેની નિવૃત્તિ વાસ્તે તેઓનો યત્ન કેમ ઘટે! એ બે મતમાં કયો મત સત્ય છે તે તમે કહો. તે સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે, હે રાજન્! "બ્રહ્મચર્યરૂપ કર્મથી મૃત્યુ દૂર થાય છે," એક તો એ પક્ષ અને "વાસ્તવ મૃત્યુ છેજ નહીં" એ બીજો પક્ષ, તેમાં કયો પક્ષ સત્ય છે એમ તેં પૂછ્યું, વાસ્તે હું કહું તે સાંભળી તે બેઉ પક્ષમાં પરસ્પર વિરૂદ્ધપણું માં માન. હે ક્ષત્રિય! એકજ પુરૂષને અવસ્થા ભેદે કરી બેઉ પક્ષ ખરા છે એમ વિદ્વાન પુરૂષો માને છે; એટલે કે અવિદ્યાવસ્થા વિષે મોહથી મૃત્યુ થાય છે, અને જ્ઞાન થયેથી રજ્જુમાં સર્પની પેઠે કાલત્રયમાં પણ મૃત્યુ છેજ નહીં; તેથી હું તો અજ્ઞાનનેજ મૃત્યુ કહું છું, ને જ્ઞાનને મોક્ષનો હેતુ જણાવું છું. અજ્ઞાનથીજ દેહાભિમાની પુરૂષો મૃત્યુ વશ થાય છે, અને જ્ઞાનથી શમ દમાદિ સાધન સંપન્ન પુરૂષો બ્રહ્મરૂપ થાય છે. અજ્ઞાનરૂપ મૃત્યુ વ્યાઘ્રની પેઠે જીવને ખાતો નથી, પણ સંસારરૂપી સંકટ વિષે પાડે છે; પણ એનું સ્વરૂપ દેખાતું નથી, ફક્ત કાર્ય દેખાય છે. કેટલાક પુરૂષો યમને મૃત્યુ કહે છે, પણ યમ તો સારાં નરતાં કર્મ કરનારને ઘટતો દંડ દેનાર તથા પિતૃલોકમાં રાજ્ય કરનાર દેવ છે. તેની આજ્ઞાથી જીવોને ક્રોધ, પ્રમાદ તથા લોભરૂપ વિકારો ઉત્પન્ન થાય છે, તેથી અહંકારે કરી આડે રસ્તે ચાલનાર તથા વિષય ભોગમાં આસક્ત એવા કોઇપણ જીવ આત્માને નથી પામતા, પણ ક્રોધાદિકે કરી મોહ પામેલા આ લોક થકી મરણ પામી પરલોકમાં જઇ વારંવાર નરકમાં પડે છે, ઇંદ્રિયો પણ તેમની પાછળ જાય છે. એ પ્રમાણે·

અર્જુન પ્રત્યે દોડયા. રથ, ઘોડા અને હસ્તિઓએ ધારણ કરેલા હણુવાને ઇચ્છતા અને જલદી જૂદા જૂદા પ્રકારવાળાં આયુધને ફેંકતા એવા પાયદળો દોડતા હતા. તે સમયે યોદ્ધારૂપિ મોટા મેઘે કરેલી આયુધરૂપિ મોટી વૃષ્ટિને અર્જુનરૂપિ વાયુ જલદી તીક્ષ્ણ બાણો-વડે નાશ પમાડતો હતો. પછી ઘોડા, પાયદળ, હસ્તિ અને રથસહિત એવા મહાશસ્ત્રોના સમૂહરૂપ જલાશયને જલદી તરવાને ઇચ્છતા એવા તે કુંતિપુત્ર અર્જુનને વસુદેવના પુત્ર કૃષ્ણુ કહેવા લાગ્યા કે–હે પાપરહિત એવા કુંતિપુત્ર અર્જુન, શું ક્રીડા કરે છે? આ સંશપ્તક યોદ્ધાઓને હણી પછી કર્ણના વધવિષે ઉતાવળો થા. તે સમયે શ્રીકૃષ્ણુને અર્જુને 'ઠીક' એમ કહી જે પ્રમાણે ઇંદ્ર દૈત્યોને હણે તે પ્રમાણે બળથી શસ્ત્રોવડે શેષ રહેલા સંશપ્તક યોદ્ધાઓને હણ્યા. તે ટાણે સાવધાન એવા પણ કોઇ પુરૂષોએ જલદી રણુભૂમિવિષે બાણુને લેતો, સાંધતો ને ફેંકતો એવો અર્જુન જોવાતો ન હતો, અને સૂર્યના કિરણુસરખા તેના શ્વેત એવા તે ઘોડાઓ જેવી રીતે હંસ સરોવર પ્રત્યે પેસે તેવી રીતે સેનાપ્રત્યે પેસતા હતા. એ ગોવિંદ ભગવાન્ આશ્ચર્ય માનવા લાગ્યા અને જ્યારે સંગ્રામભૂમિવિષે મનુષ્યોનો ક્ષય થતો હતો ત્યારે અર્જુનને જોતા એવા ગોવિંદ ભગવાન્ કહેવા લાગ્યા કે–હે ભારત કુંતિપુત્ર અર્જુન, દુર્યોધનને માટે પૃથ્વી વિષે રાજાઓનો મહાભયંકર એવો આ મોટો નાશ થાય છે. હે ભારત, મોટા ધનુર્ધારિયોનાં ધનુષવડે વિંધેલાં સુવર્ણપૃષ્ટવાળાં ધનુષને, આભૂ-ષણોને તથા ભાથાઓને જો. સુવર્ણમય પુંખવડે શોભિત નમેલપર્વવાળા બાણોને અને તૈલવડે તીક્ષ્ણ કરેલા નારાચને મૂકેલા સર્પોની પેઠે જો. હે ભારત, સર્વ તરફથી ફેંકેલા વિચિત્ર અને સુવર્ણવડે શોભિત એવા તોમરને તથા સુવર્ણ પૃષ્ઠવાળાં ધનુષવડે વિંધેલા ચર્મને જો. સુવર્ણયુક્ત એવા પ્રાસને, કનકવડે શોભિત એવી શક્તિઓને, સુવર્ણમય પટ્ટાઓવડે બાંધેલી મોટી ગદાઓને, સુવર્ણમય લાકડીઓને, સુવર્ણશોભિત પટ્ટિશોને, સુવ-ર્ણવડે વિચિત્ર એવા દંડાએકરી વિંધેલા પરશ્વધને, ભોગળોને, ભિંડિપાલને, ભુશુંડીઓને, કુણુપોને, પડેલા એવા અયસ્કંતને અને મોટાં એવાં મુસલને જો. જૂદા જૂદા પ્રકારવાળાં શસ્ત્રોને લેઇ જયને ઇચ્છનાર પ્રાણુરહિત એવા બળવાન યોદ્ધાઓ જીવતા હોય તેમ દેખાય છે. ગદાવડે હણેલા શરીરોવડે અને મુસલવડે જેનાં મસ્તક ભેદ પામેલાં છે એવા હજારો યોદ્ધાઓને હાથિ, ઘોડા અને રથોવડે ખુંદાતા જો. હે શત્રુને મારનારા, બાણુ શક્તિ, ઋષ્ટિ, તોમર, ખડગ, પટ્ટિશ, પ્રાસ, નખર અને લાગુળવડે બહુપ્રકારે કાપેલાં પ્રાણુરહિત અને લોહિના પ્રવાહવડે ભિજાએલાં એવાં મનુષ્ય હાથિ અને ઘોડાઓનાં શરીરોવડે રણુભૂમિ વિંટાએલી છે. હે ભારત, ચંદનના લેપવાળા બાહુબંધસહિત એવા બાહુવડે, તલત્ર અને કેયુરસહિત એવાં સુંદર આભૂષણુવડે, અંગુલિત્રાણુસહિત વિંધેલા એવા શોભિત હાથવડે, હાથિની સુંઢની ઉપમા અપાય એવા કાપેલા સાથળવડે, બળવાન્ રાજાઓના બાંધેલા એવા ઉત્તમ ચૂડામણિવડે અને કુંડળસહિત એવાં મસ્તકોવડે પૃથ્વી શોભે છે. બહુપ્રકારે ભાગેલા ધુંસરીઓવાળા શોભિત રથોને, બહુપ્રકારે લોહીના સમૂહવડે ભિંજાએલા ઘોડાઓને, અનુક-ર્ષને, ભાથાઓને, પતાકાને, જૂદા જૂદા પ્રકારવાળા ધ્વજને, યોદ્ધાઓના મોટા શંખને, શ્વેત એવાં ચામરને, પર્વતની ઉપમા અપાય એવા નાશ પામેલી જીહ્વાવાળા સુતેલા હસ્તિ-ઓને, વિચિત્ર એવી વૈજયંતી માળાઓને, હણેલા એવા હસ્તિવડે યુદ્ધાઓને, હસ્તિઓની ઝુલને, સંયુક્ત એવા અનેક કાંબળાઓને, રૂપવડે વિચિત્ર અને ચિતરેલા એવા કાપેલા કુથોને, પડતા એવા હસ્તિઓએ બહુ પ્રકારે ભેદેલી અને ઘૂર્ણિત એવી ઘંટાઓને,

પૃથ્વીવિષે પડેલા એવા વૈદૂર્યમણિના દંડને, અને અંકુશને, ઘોડાઓના ઘોંસરાના અગ્રભાગને, રત્ન જડીત બખ્તરોને, ઘોડેસ્વારના ધ્વજના અગ્રભાગમાં વિંધેલા સુવર્ણ શોભિત કુથને, વિચિત્ર મણિવડે રંગબેરંગિ સુવર્ણ શોભિત એવા ઘોડા ઉપર રાખવાના બીછાનાને, પૃથ્વીવિષે પડેલાં એવાં રંકુમૃગનાં ચર્મને, રાજાઓના ચૂડામણિને, વિચિત્ર એવી સુવર્ણમાળાને, ધનુષ વડે વિંધેલા છત્રને, ચામરને, અને વિંઝણાને જો. ચંદ્ર અને નક્ષત્ર સમાન કાંતિવાળાં સુંદર કુંડળવાળાં શોભિત શ્મશ્રુયુક્ત અને પૂર્ણ ચંદ્ર સરખાં મુખવડે વ્યાપ્ત એવી પૃથ્વીને જો. કુમુદ. ઉત્પલ અને કમળના સમૂહોવડે પ્રફુલ્લ એવાં સરોવરની પેઠે કુમુદ અને ઉત્પલ સરખાં રાજાઓનાં મુખવડે યુક્ત એવી પૃથ્વીને જો. તારાઓના સમૂહોવડે વિચિત્ર અને નિર્મલ ચંદ્રમાની કાંતિવાળા આકાશની તુલ્ય એવી આ સેનાને નક્ષત્રોના સમૂહવાળા શરત્કાલની પેઠે જો. હે અર્જુન, મહાયુદ્ધમાં તેં જે આ કર્મ કર્યું તેનેજ અને સ્વર્ગ વિષે યુદ્ધમાં દેવરાજ ઇન્દ્રનેજ યોગ્ય છે, આવી રીતે તે યુદ્ધભૂમિને મુકુટવાન્ અર્જુનને દર્શાવતા એવા શ્રીકૃષ્ણ ચાલતાંજ દુર્યોધનનાં સૈન્ય વિષે મોટા શબ્દને, શંખ અને દુંદુભિના ઘોષને, ભેરી અને પવણના શબ્દને. રથ, ઘોડા અને હસ્તિઓના નાદને તથા દારૂણ એવા શસ્ત્રોના શબ્દોને સાંભળવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણ વાયુ તુલ્ય વેગવાળા ઘોડાઓવડે તેનાં સૈન્ય પ્રત્યે પેશી પાંડ્યરાજાએ પીડેલાં તમારાં સૈન્યને જોઇ વિસ્મય પામ્યા; કારણકે યુદ્ધમાં બાણ ફેંકવામાં શ્રેષ્ઠ એવો તે જૂદા જૂદા પ્રકારવાળા બાણોવડે જે રીતે પ્રાણરહિત પુરૂષોને અંતક મારે તે રીતે શત્રુઓના સમૂહોને હણતો હતો, અને પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ એવો તે પાંડ્યરાજા તીક્ષ્ણ બાણોવડે હાથિ, ઘોડા અને મનુષ્યોનાં શરીરોને ભેદી દેહને પ્રાણરહિત એવા પ્રાણિઓને પાડતો હતો તથા શત્રુઓવિષે અતિશૂર એવા બાણોવડે અસ્ત્રોને અને જૂદા જૂદા પ્રકારવાળાં શસ્ત્રોને કાપી તે શત્રુઓને જે રીતે ઇન્દ્ર દૈત્યોને હણે તે રીતે હણતો હતો.

भित्वा प्रहरतां श्रेष्ठो विदेहासूनपातयत् ।
शत्रुप्रवीरैरस्त्राणि नाशशाणिसायकैः ॥
छित्वा तानवधीच्छत्रून्पाण्ड्यः शक्रइवासुरान् ।

इतिश्री महाभारते कर्णपर्वणि सङ्कुलयुद्धे गुर्ज्जरभाषायामेकोनविंशोऽध्यायः॥१९॥

અધ્યાય ૨૦ મો.—પાંડ્ય વધ.

धृतराष्ट्रउवाच—प्रोक्तस्त्वयापूर्वमेव प्रवीरो लोकविश्रुतः ॥
न त्वस्य कर्मसङ्ग्रामेत्वया संजयकीर्तितम् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય, તેં પેહેલાંજ અતિ શૂર અને લોકમાં પ્રખ્યાત એવા તે રાજાને કહ્યો છે પણ સંગ્રામ વિષે એનું કર્મ નથી કહ્યું માટે હમણાં અતિશૂર એવા તે રાજાના પરાક્રમને, શિખાને, સામર્થ્યને, શૂરતાને, પ્રમાણને અને ગર્વને કહે. સંજય કહે છે કે, તમે જે ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, દ્રોણપુત્ર અશ્વત્થામા, કર્ણ અર્જુન અને જનાર્દન ભગવાન્‌ને સમાપ્ત વિદ્યાવાળા અને ધનુષમાં શ્રેષ્ઠ એવા રથિ માનો છો, એ સર્વ મહારથિઓને જે શૂરતાવડે તરછોડતો હતો અને કોઇપણ રાજાને પોતાની

બરોબર માનતો ન હતો અને જે દ્રોણાચાર્ય અને ભીષ્મ પિતામહવડે પોતાની તુલ્યતાને સાંખી શકતો ન હતો, તથા વસુદેવના પુત્ર કૃષ્ણ અને અર્જુનથી ઓછાપણાને પોતાવિષે ઇચ્છતો ન હતો, તે રાજાઓમાં શ્રેષ્ઠ અને સર્વ શસ્ત્રધારિ વિષે ઉત્તમ એવો પાંડય જે રીતે પરાભવ પામેલો કાળ હણે તે રીતે કર્ણના સૈન્યને હણતો હતો. ઘણા રથ અને ઘોડાવાળું ને શ્રેષ્ઠ પાયદળવડે સંકુલ એવું તે સૈન્ય પાંડયરાજાએ બળથી હણેલું એવું કુંભારનાં ચક્રની પેઠે ભમતું હતું અને પાંડયરાજા જે પ્રમાણે વાયુ વાદળાને વિખેરી નાંખે તે પ્રમાણે સારી રીતે ફેંકેલા બાણોવડે યોદ્ધાઓને જેઓનાં આયુધ અને હસ્તિઓ વિંધેલા છે, ને જેઓના ઘોડા, સારથિ, ધ્વજ અને રથ નાશ પામેલા છે એવા કરતો હતો, અને જેવી રીતે ઇન્દ્ર વજ્રવડે પર્વતોને હણે તેવી રીતે હસ્તિયોને, પતાકા, આયુધ અને ધ્વજ રહિત એવા હસ્તિ ઉપર બેસનારાઓને અને તેના સહાયકોને હણતો હતો તથા શક્તિ, પ્રાસ અને ભાથા સહિત એવા ઘોડે સ્વારોને, ઘોડાને પણ તેમ પુલિંદ, ખસ, બાલ્હીક, નિષાદ, આંધ્રક, અને કુંતલ યોદ્ધાઓને, દક્ષિણ દેશના યોદ્ધાઓને અને સંગ્રામ વિષે કઠણ તથા શૂર એવા ભોજ યોદ્ધાઓને બાણોવડે શસ્ત્ર અને કવચરહિત કરી પ્રાણ રહિત કરતો હતો. યુદ્ધમાં ચાર અંગવાળાં સૈન્યને બાણોવડે હણતા અને સંભ્રમ રહિત એવા પાંડયને જોઇ તે સમયે અસંભ્રાંત એવા દ્રોણપુત્ર અશ્વત્થામા તે પ્રત્યે ગયા. પછી પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ એવા અશ્વત્થામા ભય રહિત એવા એ રાજાને અભીત પુરૂષોની પેઠે મધુર વચનથી બોલાવી હાસ્યપૂર્વક બોલાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે–હે કમલ તુલ્ય નેત્રવાળા, ચતુર સંબંધિઓવડે પ્રખ્યાત, વજ્રતુલ્ય દેહની કાંતિવાળા અને પ્રખ્યાત બળ તથા પરાક્રમવાળા રાજા, મોટા હાથવડે મુઠીમાં રહેલી છે મોટી પ્રત્યંચા જેની એવા મોટા ધનુષને કંપાવતો એવો તું અતિ શોભે છે અને મોટા મેઘની પેઠે મહાવેગ-વાળી બાણરૂપિ વૃષ્ટિઓવડે શત્રુઓ પ્રત્યે વર્ષતો એવા જે તુ તેની સામો શૂર એવા મારા વગર બીજા યોદ્ધાને યુદ્ધમાં હું જોતો નથી. જેવી રીતે અરણ્યમાં મૃગના સમૂહોને ભય રહિત અને ભયંકર બળવાળો સિંહ મારે તેવી રીતે ભય રહિત અને ભયંકર બળવાળો તું એકલો ઘણા એવા રથ, હાથિ પાયદળ અને ઘોડાઓને હણે છે. હે પાર્થિવ, મોટા રથના ઘોષવડે પૃથ્વીને અને આકાશને ગજાવતો એવો તું જે પ્રમાણે વર્ષાકાલના અંત વખતમાં ધાન્યને નાશ પમાડનાર શબ્દ કરતો એવો મેઘ શોભે તે પ્રમાણે શોભે છે. માટે ભાથાથકી સર્પની ઉપમા અપાય તેવા તીક્ષ્ણ બાણોને લેતો એવો તું જે રીતે ત્ર્યંબક એવા મહા-દેવની સાથે અંધકાસુર યુદ્ધ કરતો હતો તે રીતે મારા એકલાની સાથેજ યુદ્ધ કર, એવા રીતે કહેલા અને પ્રહાર કર એમ કહી તાડન કરેલા તેણે ‘ ઠીક ’ એમ કહી બાણવડે દ્રોણપુત્ર અશ્વત્થામાને વિંધ્યા અને આચાર્યમાં શ્રેષ્ઠ એવા દ્રોણપુત્ર અશ્વત્થામાએ હાસ્ય કરી મર્મ ભેદનાર અતિઉગ્ર અને અગ્નિની જ્વાલાની ઉપમા અપાય એવા બાણોવડે પાંડય-રાજા પ્રત્યે પ્રહાર કર્યો અને વળી ફરીથી અશ્વત્થામાએ બીજા અતિ તીક્ષ્ણ મર્મને ભેદનાર અને મસ્તક સહિત શત્રુને દૂર પાડનાર એવી દશમી અતિકૃષ્ટા નામની બાણની ગતિવડે જોડેલા નારાચોને ફેંક્યા. તે બાણોને તીક્ષ્ણ એવા નવ બાણોવડે પાંડયરાજાએ કાપી નાખ્યા અને ચાર બાણોવડે જલદી ઘોડાઓને પીડયા, અને તેઓ પ્રાણ રહિત થયા એ પછી પાંડયરાજાએ સૂર્ય સરખા તેજસ્વિ દ્રોણપુત્ર અશ્વત્થામાના તે બાણોને તીક્ષ્ણ બાણોવડે કાપી મોટી એવી ધનુષની પ્રત્યંચાને કાપી. એ પછી શત્રુને હણનારા બ્રાહ્મણ

એવા તે દ્રોણુ પુત્ર અશ્વત્થામાએ દિવ્ય ધનુષને પ્રત્યંચાયુક્ત કરી તથા જલદી મનુષ્યોએ રથવિષે જોડેલા બીજા ઉત્તમ ઘોડાઓને જોઇ હજારો બાણુ ફેંક્યા અને આકાશને તથા દિશાઓને બાણુવડે બાધવાળી કરી મૂકી. તે સમયે બાણુ ફેંકતા એવા મહાત્મા દ્રોણુપુત્ર અશ્વત્થામાના તે સર્વ બાણુને ક્ષય રહિત જાણુતા એવા પણ પુરૂષોમાં શ્રેષ્ઠ પાંડયરાજાએ નાશ પમાડયા. પ્રયત્ને કરી દ્રોણુપુત્ર અશ્વત્થામાના ફેંકેલા બાણોને શત્રુએ કાપી રણભૂમિ વિષે તેમના ચક્રની રક્ષા કરનાર બે પુરૂષોને તીક્ષ્ણુ બાણોવડે હણ્યા. હે મારિષ, એ પછી શત્રુની શીઘ્રતાને જોઇ જેણે મંડળાકાર ધનુષ કરેલું છે એવા દ્રોણુપુત્ર અશ્વત્થામા જેમ પર્જન્ય મેઘવૃષ્ટિને કરે તેમ બાણોને ફેંકવા લાગ્યા અને જે આયુધોને આઠ બળદ-યુક્ત એવાં આઠ ગાડાં ઉપાડતાં હતાં તે આયુધોને દ્રોણુપુત્ર અશ્વત્થામાએ દિવસના આઠમા ભાગમાં ફેંકી દીધાં. તે સમયે અંતકની પેઠે ક્રોધ પામેલા અને અંતકની ઉપમા અપાય એવા તેમને જે જે જોતા હતા તે તે ઘણું કરી સંજ્ઞા રહિત થતા હતા. જેવી રીતે વર્ષાકાલમાં મેઘ પર્વત અને વૃક્ષ સહિત એવી પૃથ્વી પ્રત્યે જલ વૃષ્ટિવડે વર્ષે તેવી રીતે આચાર્ય પુત્ર અશ્વત્થામા બાણુ વૃષ્ટિવડે તે સેના પ્રત્યે વર્ષતા હતા અને દ્રોણુપુત્ર અશ્વત્થામારૂપિ મેઘે કરેલી અતિ દુઃસહ એવી તે બાણ વૃષ્ટિને હર્ષે કરી પાંડયરૂપિ વાયુ વાયવ્ય અસ્ત્રેકરી નાશ પમાડતો હતો. નાશ કરતા એવા તે રાજાના ચંદન અને અગુરૂ-વડે શોભિત તથા ચંદનની તુલ્ય એવા ધ્વજને કાપી ચાર ઘોડાઓને દ્રોણુપુત્રે હણ્યા. એક બાણુવડે સારથિને હણી અર્ધચંદ્રેકરી મહામેઘ સમાન શબ્દવાળા ધનુષને કાપી રથના તલ તલ જેવડા કડકા કરી નાખ્યા અને અસ્ત્રોવડે અસ્ત્રોને વારી તથા સર્વ આયુ-ધોને કાપી પ્રાપ્ત થયેલા એવા પણ શત્રુને દ્રોણુપુત્ર અશ્વત્થામાએ યુદ્ધની ઇચ્છાવડે હણ્યો નહિ. એ વખતે કર્ણ હસ્તિઓનાં સૈન્ય પ્રત્યે દોડયો અને તે પાંડવોનાં મોટાં સૈન્યને નસાડવા લાગ્યો. અને હે ભારત, રથિઓને રથ રહિત, હાથિ ઉપર બેઠેલાને હાથિ રહિત અને ઘોડે સ્વારોને ઘોડા રહિત કરવા લાગ્યો તથા નમેલ પર્વવાળા ઘણા બાણોવડે હસ્તિઓને પીડવા લાગ્યો. એ સમયે મહા ધનુર્ધારી દ્રોણુપુત્ર અશ્વત્થામાએ શત્રુને હણુનાર અને રથિઓમાં શ્રેષ્ઠ એવા પાંડયને રથ રહિત કર્યો અને યુદ્ધની ઇચ્છાવડે હણ્યો નહિ. તે ટાણે દ્રોણુપુત્ર અશ્વત્થામાના બાણુવડે ઘાયલ અને જેનો ધણી નાશ પામેલો છે એવો સારી રીતે શણુગારેલો ત્વરાયુક્ત બળવાન્ અને સામા શબ્દવિષે જતો એવો ઉત્તમ હસ્તિ સામા હાથિ પ્રત્યે ગર્જના કરી વેગવડે તે રાજા પ્રત્યે દોડયો. તે હસ્તિઓમાં ઉત્તમ અને પર્વતનાં શિખર સરખા હાથિ પ્રત્યે હાથિના યુદ્ધમાં કુશલ એવો પાંડયરાજા ઉતાવળો જે પ્રમાણે પર્વતનાં શિખર પ્રત્યે શબ્દ કરતો એવો સિંહ ચડી જાય તે પ્રમાણે ચડી ગયો. અને હસ્તિને પીડતા એવા તે મલયાચલના અધિપતિ પાંડયરાજાએ બળવડે અસ્ત્ર નાખ-વામાં ઉત્તમ યત્ન અને ક્રોધવડે જલદી સૂર્યના કિરણુ સરખા તેજવાળા તોમરને ગુરૂપુત્ર અશ્વત્થામા પ્રત્યે ફેંક્યો અને શ્રેષ્ટમણિ, ઉત્તમ હીરા તથા સુવર્ણવડે અને સુવસ્ત્ર, પુષ્પ ને મોતિવડે શોભિત એવા દ્રોણુપુત્રના મસ્તકના ભૂષણુરૂપ એવા મુકુટને કાપી નાખ્યો, તે ટાણે સૂર્ય ચન્દ્ર તથા અગ્નિની સમાન કાંતિવાળો અને તોમરના પડવાથી ચૂર્ણિત એવો તે મુકુટ જે રીતે મહેંદ્રનાં વજ્રેકરી કપાએલા મોટા શબ્દવાળું પર્વતનું શિખર પડે તે રીતે ધરતીતલે પડયો. તે વખતે પગવડે હણેલા નાગપતિની પેઠે અશ્વત્થામા અતિ ક્રોધવડે પ્રકાશવા લાગ્યા અને તેમણે કાલદંડ સરખા શત્રુને પીડા કરનાર ચૌદ બાણોને

લીધા. પછી પાંચ બાણોવડે હાથિના પગ અને સુંઢના અગ્ર ભાગને, ત્રણ બાણોવડે રાજાના બાહુને અને મસ્તકને કાપ્યું તથા છ બાણોવડે ઉત્તમ કાંતિવાળા મહારથિ છે એવા પાંડય રાજાના અનુચરોને તેમણે માર્યા, તે વખતે અતિ લાંબા અને ગોળ, સુંદર ચન્દનવડે છાંટેલા સુવર્ણ. મોતી, મણિ અને હીરાનાં આભૂષણવાળા રાજાના પૃથ્વિ વિષે પડેલા તે બે ભુજ જેવી રીતે ગરૂડે હણેલા બે સર્પ ચેષ્ટા કરે તેવા રીતે ચેષ્ટા કરતા હતા (સાર—હાલતા હતા અથવા પગ હાથ હલાવતા હતા) અને પૂર્ણ ચન્દ્રમાની સમાન કાંતિવાળું, રોષવડે લાલ નેત્ર સહિત ઉંચી નાસિકાવાળું અને કુંડલ સહિત એવું તે મસ્તક પૃથ્વી વિષે પણ જે રીતે બે વિશાખા નક્ષત્રોના મધ્યમાં રહેલા ચન્દ્રમા શોભે તે રીતે શોભતું હતું. એવી રીતે યુદ્ધ કરતા એવા કુશલ અશ્વત્થામાએ બાણોવડે તે હાથિને ત્રણ બાણોવડે કુશલ રાજાને છ ભાગવાળો કર્યો અને જે પ્રમાણે દશ હવિષ્કા ઇષ્ટિમાં પિષ્ટપિંડના દશ ભાગ કરાય છે તે પ્રમાણે પાંચ ઉત્તમ બાણોવડે તે હાથિને દશ ભાગવાળો કર્યો અને જેમ સ્વધાને (પ્રેત શરીરરૂપિ હવિને) પામી પછીથી પિતૃપ્રિય એવો સ્મશાનનો અગ્નિ જલના પ્રવાહથી શાંત થાય છે તેમ તે પાંડયરાજા કટકે કટકા એવા ઘણા ઘોડા, મનુષ્ય અને હસ્તિઓને રાક્ષસોને ભોજનરૂપ આપી શાંત થયો. પછી સમામ વિદ્યાવાળા તથા જેણે સમાપ્તકર્મ કરેલું છે એવા ગુરૂના પુત્ર અશ્વત્થામાને પામી તમારો પુત્ર રાજા દુર્યોધન સુહૃદજનો સહિત જે પ્રમાણે બલિરાજાને જીત્યો ત્યારે વિષ્ણુને દેવતાનો અધિપતિ એવો ઇંદ્ર પૂજતો હતો તે પ્રમાણે હર્ષવડે અતિ વખાણવા લાગ્યો.

समाप्तविद्यं तु गुरोःसुतं नृपःसमाप्तकर्माणमुपेत्य ते सुतः ।
सुहृद्वृतोऽत्यर्थमपूजयन्मुदा जितेबलौ विष्णुमिवामरेश्वरः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि पाण्ड्यवधे गुर्जरभाषायां विंशोऽध्यायः ॥२०॥

અધ્યાય ૨૧ મો.—યુધિષ્ઠિરને સહાય.

धृतराष्ट्र उवाच—पाण्डये हते किमकरोदर्जुनो युधि सञ्जय ।
एकवीरेण कर्णेन द्रावितेषु परेषु च ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય, યુદ્ધમાં પાંડય રાજા હણાયો અને એક શૂર એવા કર્ણે શત્રુઓને નસાડયા ત્યારે સમાપ્તિવિદ્યાવાળો (ધનુર્વેદને જાણનાર) યોગ્ય શૂર અને મહાત્મા શંકરે સર્વ પ્રાણિઓવિષે 'તું નહિ જીતી શકાય એવો થઇશ' એ રીતે આજ્ઞા કરેલો તે પાંડુપુત્ર અર્જુન શું કરવા લાગ્યો ? હે સંજય, શત્રુઓને હણનાર એવા તે ધનંજય અર્જુનથી મોટું તીવ્ર ભય છે માટે તે સમયે તે કુંતિપુત્ર અર્જુન જે કરતો હતો તે મને કહે. સંજય કહે છે—પાંડયરાજા હણાયો ત્યારે ત્વરાવાળા એવા શ્રીકૃષ્ણ અર્જુન પ્રત્યે હિતકારી વચન બોલ્યા કે—હું યુધિષ્ઠિર રાજાને દેખતો નથી અને પાંડવયોદ્ધાઓને ભાગેલા જોઉં છું, ફરીને નિવૃત્ત થએલા કુંતિપુત્રોને મોટું એવું શત્રુઓનું સૈન્ય ભાગ્યું અને અશ્વત્થામાના સંકલ્પથી કર્ણે સંજય યોદ્ધાઓને હણ્યા તથા ઘોડા, રથ અને હસ્તિઓનો ઘણો નાશ કર્યો. એ રીતે શૂર એવા વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે મુકુટવાન્ અર્જુનને સર્વ

શરીરને અત્યંત ભૂલી જવારૂપ અજ્ઞાનજ મૃત્યુ કહેવાય છે. ભોગને આપનાર કર્મનો બોધ થવાથી, કર્મના ફળના ભોગમાં આસક્ત પુરૂષો, ભોગની વાસનાથી પૂર્વ દેહનો ત્યાગ કરી સ્વર્ગાદિ લોક પ્રત્યે જાય છે, પણ મૃત્યુને તરતા નથી; એટલે કે તેમનાથી દેહના નાશ થકી કરી મુક્ત નથી થવાતું; કારણ તેઓ બ્રહ્મની પ્રાપ્તિના સાધનભૂત અષ્ટાંગાદિ યોગ રહિત છે; માટે ભોગની ઇચ્છાએ કરી દેહાભિમાની થઇ ઉંચ નીચ અનેક યોનિ વિષે ફર્યા કરે છે. મનુષ્યને મિથ્યાભૂત શબ્દાદિ વિષયોમાં પ્રીતિ અને તે વાસ્તે સ્વભાવિક પ્રવૃત્તિ, તે જ ઇંદ્રિયોને મોહરૂપ છે. કારણ વિષયના સંગે કરી હણાયો છે અંતરાત્મા જેનો એવો પુરૂષ, વિષયોનું સ્મરણ કરી તે તે વિષયને સેવે છે, એટલે વિષય સેવવાનો હેતુ વિષયનું સ્મરણજ છે. પરમેશ્વર વિષે વા સન્માર્ગમાં ચિત્તવૃત્તિ રાખી વિષયનું સ્મરણ ન થાય તે રીતે કરવું. પ્રથમ વિષયનું સ્મરણ, પછી તે તે વિષયને પામવાનો અભિલાષ, તે કોઇ નિમિત્તથી હણાયો તો ક્રોધ, એ રીતે ત્રણે, નથી જીતી ઇંદ્રિયો જેણે એવા મનુષ્યોને પ્રથમ હણે છે, પછી ક્રમે કરીને મોહયુક્ત કરે છે. જીત્યું છે ચિત્ત જેણે એવા ધીર પુરૂષે, આત્માનું ચિંતન કરતાં, પોતાની પાસે પ્રાપ્ત થયેલાં સ્ત્રિઆદિકને, રસ્તામાં પડેલા તૃણની પેઠે તુચ્છ જાણી તેમાં આસક્તિ ન રાખવી. એ રીતે જે વિદ્વાન થઇ કામને હણે, તે પુરૂષને અજ્ઞાનરૂપ મૃત્યુ યમની પેઠે ગળતું નથી; એટલે કે નિષ્કામને મૃત્યુ ભય નથી. વિષયની ઇચ્છા રાખનાર પુરૂષ મૃગ, હસ્તિ, પતંગ, ભ્રમર તથા મત્સ્ય, એ પાંચ શબ્દાદિ પાંચ વિષયોમાં આસક્તિ રાખવાથી મરણ પામે તેમ મરણ પામે છે, એટલે કે, મૃગ વાદ્ય સાંભળી, તે સુંદર વાદ્યના શબ્દમાં આસક્ત થઇ જઇ પારાધિને હાથે મરણ પામે છે, તેમ હસ્તિ બનાવટી હાથણીને જોઇ, તેને સ્પર્શ કરવાની ઇચ્છાથી પાસે જઈ મરણ પામે છે, પતંગ પણ દીપકને જોઇ તેના રૂપમાં આસક્ત થઇ પાસે જઇને નાશ પામે છે. ભ્રમર સૂર્યવિકાશી કમળમાં તેની સુંદર સુગંધની લાલસાથી બેસે છે ને કમળ સૂર્યાસ્ત સમયે બિડાઇ જાય છે ત્યારે વાયુ બંધ થવાથી, પોતે લાકડાં કોરવાને સમર્થ છતાં પણ, ગંધમાં ગાઢ આસક્તિને લીધે મરણ પામે છે; મત્સ્ય કાંટા ઉપર ચઢાવેલા માંસના સ્વાદને લીધે મરણ પામે છે. એ પાંચ જ્યારે એક એક વિષયમાં ગાઢ આસક્તિથી મરણ પામે છે, ત્યારે પાંચે વિષયને ઇચ્છનાર પુરૂષ વિષયની પાછળ નાશ પામે, એમાં શું આશ્ચર્ય ? જે પુરૂષ વિષયનો ત્યાગ કરે છે, તે સર્વ દુઃખને અતિક્રમણ કરી જાય છે. મનુષ્યો કામથી જ્ઞાન તથા વિવેક રહિત થઇ જાય છે, જેમ મદિરાપાન કરી મત્ત થયેલા પુરૂષો ખાડાવાળી જમીનમાં પડી જાય તેમ સુખ આપનારાં સ્ત્રિઆદિક પાછળ પડી પુરૂષ નરકમાં પડે છે. હે ક્ષત્રિય ! કામે કરી જેનું ચિત્ત પરાભવને નથી પામ્યું તે પુરૂષને યમરાજા તૃણના વાઘની પેઠે શું કરી શકે ? કારણ તે પુરૂષ તો ઉલટો કામના આયુષને નાશ કરતો સ્ત્રિઆદિકને ન ગણી તેમનું સ્મરણ પણ કરતો નથી. તમારા શરીરમાં જે આ મોહાવિશિષ્ટ અંતરાત્મા છે, તે જ ક્રોધ તથા લોભરૂપ મૃત્યુને ઉત્પન્ન કરે છે. એ રીતે ઉત્પન્ન થતા મૃત્યુને જાણી જે જ્ઞાન વિષે નિષ્ઠાવાન થાય, તે યમરાજાથી બીતો નથી. વિષયને પામી મનુષ્ય જેમ મૃત્યુથી નાશ પામે તેમ જ્ઞાનીના જ્ઞાનરૂપ વિષયમાં ગયેલ મૃત્યુ પણ નાશ પામે છે. ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, અશ્વમેધાદિ કર્મે કરીને સ્વર્ગથી ઉત્તમ અને બ્રહ્મલોકાદિ જેવાં નિત્ય એવો સત્યલોક મળે છે, એમ વેદ જાણનારા બ્રાહ્મણો કહે છે તે લોક મોક્ષને આપનાર છે, એમ પણ વેદમાં કહેલું છે. એ વાત જાણનાર પુરૂષ શું કરવા કર્મ ન કરે ? કારણ કર્મથી મોક્ષની સિદ્ધિ થતી હોય, ત્યારે જ્ઞાનનું શું પ્રયોજન ? સનત્સુજાતે

કહી સંભળાવ્યું. એ વચન સાંભળી તથા ભાઇનાં ઘોર એવાં મોટા ભયને જોઇ હે હૃષીકેશ, કૃષ્ણ, જલદી ઘોડાને ચલાવો, એ રીતે પાંડુપુત્ર અર્જુન બોલ્યો. પછી હૃષીકેશ (ઇન્દ્રિયોના નિયંતા) એવા કૃષ્ણ, નથી સામો યુદ્ધ કરનાર જેની એવા રથવડે શત્રુઓ પ્રત્યે ગયા અને તે સમયે ફરીને સમાગમ થયો તથા ફરીને નિર્ભય અને સૂતપુત્ર કર્ણ જેઓમાં પ્રથમ છે એવા કૌરવ અને ભીમસેન જેઓમાં આદિ છે એવા કુંતિપુત્ર પાંડવો મળ્યા. ત્યારપછી હે રાજાઓમાં શ્રેષ્ઠ, ફરીને કર્ણનું અને પાંડવોનું યમરાજાના રાષ્ટ્રને વધારનારૂં યુદ્ધ થયું. યોદ્ધાઓ પરસ્પર હણવાની ઇચ્છાવડે ધનુષ્‌ને, બાણને, ખડ્‌ગને, પટ્ટિશને, તોમરને, મુસલને, ભુશુંડીને શક્તિને, ઋષ્ટિસહિત એવી ફરશિને, ગદાને, પ્રાસને, તીક્ષ્ણ એવા કુંતને, ભિંદિપાલને મોટા અંકુશને લઇ જલદી ચોતરફથી સામા જતા હતા અને બાણ, પ્રત્યંચાને તલ શબ્દોવડે સ્વર્ગને, દિશાઓને, દિશાઓના ખુણાને અને આકાશને તથા નેમિના ઘોષવડે પૃથ્વીને ગજાવતા એવા તેઓ શત્રુઓ પ્રત્યે જતા હતા અને તે મોટા શબ્દવડે હર્ષ પામેલા અને મહાઘોર એવા કલહના અંતને તરી જવા ઇચ્છતા એવા શૂરાઓ, શૂરાઓ સાથે યુદ્ધ કરતા હતા. પ્રત્યંચા, તલત્ર અને ધનુષનો શબ્દ ને નાદ કરતા એવા હસ્તિઓનો, પડતા એવા પાયદળ તથા મનુષ્યોનો મોટો શબ્દ થતો હતો. તે વખતે ગર્જના કરતા એવા શૂરાઓના જૂદા જૂદા પ્રકારવાળા તલશબ્દોને સાંભળી સૈનિકો અતિ ત્રાસ પામતા હતા, પડતા હતા અને ગ્લાનિ પામતા હતા, નાદ કરતા અને શસ્ત્રવૃષ્ટિને કરતા એવા તેઓમાંના બહુ શત્રુઓને બાણોવડે શૂર એવો અધિરથપુત્ર કર્ણ હણતો હતો. જ્યારે પાંચ પાંચાલ શૂરાઓને અને પંદર એવા ઘોડા તથા સારથિને ધ્વજસહિત રથિઓને કર્ણે બાણોવડે યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યા ત્યારે યુદ્ધમાં પાંડવોના મહાબળવાન્ શીઘ્ર અસ્ત્રવાળા મુખ્ય યોદ્ધાઓ જલદી આવી ચોતરફથી કર્ણને વિંટી વળ્યા. તે સમયે કર્ણ જે પ્રમાણે યૂથપતિ હસ્તી પક્ષીઓવડે યુક્ત એવી કમલિની પ્રત્યે (કમલનીવેલ) પ્રવેશ કરે તે પ્રમાણે બાણવૃષ્ટિવડે કંપાવતો એવો શત્રુઓની સેનાપ્રત્યે પેઠો અને શત્રુઓના મધ્યભાગ પ્રત્યે જઇ ધનુષને કંપાવતો એવો રાધાપુત્ર કર્ણ તીક્ષ્ણ બાણોવડે કાપી પાડતો હતો અને શરીરનાં ભેદ પામેલાં એવાં ચર્મ અને કવચ પૃથ્વી વિષે પડતાં હતાં અને તે કર્ણના બીજા બાણના સ્પર્શને યોદ્ધા સહી શકતા ન હતા. જેવી રીતે ચાબખાવડે ઘોડાને મારે તેવી રીતે કર્ણ ધનુષની પ્રત્યંચાથી પડેલા અને કવચ, દેહને તથા પ્રાણને હરનાર એવા બાણવડે તલત્રોને હણતો હતો અને જેમ સિંહ મૃગોના સમૂહોને હણે તેમ કર્ણ વેગવડે બાણને પ્રાપ્ત થએલા પાંડુ સંજય અને પાંચાલ યોદ્ધાઓને હણતો હતો. હે મારિષ, તે સમયે પાંચાલ દ્રુપદ રાજાના પુત્રો, નકુલ અને સહદેવ એ સર્વ ભેગા થએલા કર્ણ પ્રત્યે ગયા. જ્યારે તે કુરૂ પાંચાલ અને પાંડવ યોદ્ધાઓ યત્ન કરવા લાગ્યા ત્યારે યોદ્ધાઓ રણભૂમિ વિષે પ્રાણને તજી એક બીજાને હણતા હતા. વળી હે મારિષ, અતિ સજ્જ થએલા કવચવાન્ શિરસ્રાણનાં આભૂષણસહિત મહાબળવાન શબ્દ કરતા અને દોડતા એવા બીજા યોદ્ધાઓ ઉગામેલા કાળદંડની પેઠે ગદા, મુસલ ને ભોગળો સહિત અત્યંત સામાસામા દોડતા હતા. તે સમે એકબીજાને હણતા હતા અને પરસ્પર તાડિત એવા મસ્તક માંસ પિંડ નેત્ર અને આયુધરહિત થઇ રૂધિર ને શરીરવડે સ્રવતા એવા નીચે પડતા હતા. કેટલાક શ્રેષ્ઠ યોદ્ધાઓ દાડિમ સરખા દાંતવડે પૂર્ણ અને રૂધિરસહિત

એવા મુખવડે જીવતા હોય તેમ શસ્ત્રસહિત ઉભા હતા. કેટલાક ક્રોધ પામેલા કર્ણરૂપિ મહાસમુદ્ર વિષે ફરશિઓવડે પીડાતા હતા, પટ્ટિશ અને ખડ્ગવડે છેદાતા હતા, શક્તિઓવડે ભેદતા હતા, ભિંદિપાલને ફેંકતા હતા, નખવડે ચીરતા હતા, અને પ્રાસ તથા તોમરોવડે હણતા હતા. તેમ પરસ્પર હણેલા પ્રાણરહિત અને રૂધિરવડે છંટાએલા ચિકણા લોહિને સવતા એવા જે પ્રમાણે કાપેલાં ચંદનનાં વૃક્ષ પડે તે પ્રમાણે પડતા હતા. રથિઓએ હણેલા હજારો રથિઓ; હસ્તિરથોએ હણેલા હજારો હાથિસ્વારો, નરોએ હણેલા હજારો નરો અને ઘોડેસ્વારોએ હણેલા હજારો ઘોડેસ્વારો; નરોએ હજારો નરો અને ઘોડેસ્વારોએ હણેલા હજારો ઘોડેસ્વારો પડતા હતા. ધ્વજ, મસ્તક, છત્ર, હાથિઓની સુંઢ અને મનુષ્યોના ભુજ, ક્ષુર, ભલ્લ અને અર્ધચંદ્રવડે કાપેલા પૃથ્વીતલ વિષે પડતા હતા. યુદ્ધમાં ઘોડેસ્વારોએ હણેલા એવા શૂરાઓ અને જેઓની સુંઢ કાપેલી છે એવા હિસ્તઓ મનુષ્યોને, હસ્તિ ઉપર બેસનારાઓને અને રથિઓસહિત એવા ઘોડેસ્વારોને છુંદતા હતા. પાયદળોએ સમીપ આવી હણેલા પતાકા અને ધ્વજસહિત એવા હસ્તિઓ પર્વતની પેઠે પડતા હતા. તેમ હણેલા રથિઓ અને સર્વ તરફથી હણેલા, હણાતા અને પડેલા ત્વરાવાળા એવા ઘોડેસ્વારોને પાયદળો હણતા હતા. અને ઘોડેસ્વારોએ હણેલા પાયદળોના સમૂહો યુદ્ધમાં પડતા હતા. તથા મહાયુદ્ધમાં હણેલાઓનાં મુખ અને શરીર છુંદેલાં કમળ અને કરમાએલી માળાસરખાં દેખાતાં હતાં. હે નૃપ, અત્યંત સુંદર એવાં હાથિ, ઘોડા અને મનુષ્યોનાં રૂપ મેલાં વસ્ત્રોની પેઠે દુર્દશતાને પામ્યાં હતાં.

रूपाण्यत्यर्थकान्तानि द्विरदाश्वनृणांनृप !
समुन्नानीववस्त्राणिययुर्दुर्दशतांपरां ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्ज्जरभाषायामेक विंशोऽध्यायः॥२१॥

અધ્યાય ૨૨ મો. યુધિષ્ઠિરને મદદ.

संजयउवाच—हस्तिभिस्तुमहामात्रास्तवपुत्रेणचोदिताः ।
धृष्टद्युम्नंजिघांसन्तः क्रुद्धाः पार्षतमभ्ययुः ॥१॥

સંજય કહે છે—તમારા પુત્રે પ્રેરણા કરેલા ક્રોધ પામેલા માવતો દ્રુપદરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્ન પ્રત્યે હણવાને ઇચ્છતા એવા ગયા તેવખતે હે ભારત, પૂર્વદિશાના યોદ્ધા દક્ષિણદેશના યોદ્ધા, શ્રેષ્ઠ એવા હાથિવડે યુદ્ધ કરનારાઓ, અંગદેશના યોદ્ધા, બંગદેશના યોદ્ધા, પુંડ્, માગધ, તામ્રલિપ્તક, મેકલ, મદ્ર, દશાર્ણ, નિષધદેશના યોદ્ધા અને હાથીના યુદ્ધમાં કુશલ એવા તેઓ સર્વ યુદ્ધમાં વૃષ્ટિમાન્ મેઘની પેઠે પાંચાલ યોદ્ધાઓનાં સૈન્ય પ્રત્યે બાણ, તોમર અને નારાચની વૃષ્ટિ કરવા લાગ્યા. પાની, અંગુઠા અને અંકુશવડે અતિ પ્રેરેલા અને હણવાને ઇચ્છતા એવા તે હસ્તિઓ પ્રત્યે દ્રુપદરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન બાણ અને નારાચની વૃષ્ટિ કરવા લાગ્યો. તે સમે હે ભારત, તે ફેંકેલા દશ છ અને આઠ બાણોવડે એક, એક, પર્વત સરખા હસ્તિઓને વિંધતો હતો. મેઘવડે ઢંકાતા સૂર્યની પેઠે હસ્તિઓવડે ઢંકાતા ધૃષ્ટદ્યુમ્ન પ્રત્યે તીક્ષ્ણ આયુધવાળા નાદ કરતા એવા પાંડુ અને પાંચાલ યોદ્ધાઓ ગયા અને તે હસ્તિઓ પ્રત્યે બાણવૃષ્ટિ કરતા

અને શૂરાઓનાં તાલ નામનાં વાદ્યવડે પ્રેરિત એવા પ્રત્યંચારૂપી વીણાના શબ્દ અને તલ શબ્દોવડે વીરપુરૂષનાં નૃત્ય કરતા એવા નકુલ તથા સહદેવ દ્રુપદના પુત્રો, પ્રભદ્રક યોદ્ધા, સાત્યકિ, શિખંડી અને પરાક્રમી ચેકિતાન વગેરે શૂરાઓ જે પ્રમાણે મેઘ, જલવડે પર્વતો પ્રત્યે વૃષ્ટિ કરે તે પ્રમાણે ચારે તરફથી બાણવૃષ્ટિ કરતા હતા અને મ્લેચ્છોએ પ્રેરેલા એવા તે હસ્તિઓ નરોને, ઘોડાને અને રથોને પણ સુંઢવડે ફેંકી અતિ ક્રોધથી કચરતા હતા. તેમ દાંતના અગ્રભાગોવડે પછાડતા હતા અને પછાડીને ભેદતા હતા. વળી કેટલાક દાંતને વળગેલા ભયને ઉપજાવનાર નરો નીચે પડતા હતા અને ઉઠી નાસતા હતા. પછી સમીપ રહેલા અંગદેશના હસ્તિને સાત્યકિએ ઉગ્રવેગવાળા નારાચે કરી મર્મસ્થાનોમાં ભેદી પાડ્યો. તે સમયે તે હાથિયકી ઉતરી પડવાને ઇચ્છતા અને જેણે શરીરની રક્ષા કરી છે એવા તે હસ્તિઉપર બેસનાર યોદ્ધાની છાતિને સાત્યકિએ નારાચવડે ભેદી અને તે પૃથ્વીવિષે પડયો. સમીપ આવતા એવા પુંડ યોદ્ધાના ચલિત પર્વત સરખા હસ્તિને સહદેવે પ્રયત્નવડે ફેંકેલા ત્રણ નારાચો-વડે હણ્યો અને તેને પતાકા, સારથિ, કવચ, ધ્વજ અને જીવિતરહિત કરી ફરીને સહદેવ અંગયોદ્ધા પ્રત્યે ગયો. પછી સહદેવને વારી નકુળે અંગદેશના યોદ્ધાને સો બાણોવડે અને તેના હાથિને ત્રણ નારાચોવડે પીડયો. પછી નકુલ પ્રત્યે અંગ યોદ્ધાએ સૂર્યના કિરણ સરખા શોભિત એવા આઠસો તોમર નાખ્યા; તેમાંના એક એકને નકુલે ત્રણ ત્રણ પ્રકારે કાપી નાખ્યા. તેમ પાંડુપુત્ર નકુલે અર્ધચંદ્રવડે તેના મસ્તકને કાપ્યું અને તેજ હાથી સહિત હણેલો એવો તે અંગદેશનો મલેચ્છ પડયો. એ પછી હસ્તિઓની શિક્ષામાં કુશળ એવા અંગદેશના રાજાના પુત્રના હણાવાથી ક્રોધ પામેલા એવા હાથિ ઉપર બેઠેલા અંગ યોદ્ધાઓ હસ્તિઓ સહિત નકુલ પ્રત્યે ગયા. તેમજ હાલતા પતાકાવાળા, સુંદર મુખવાળા સુવર્ણમય હાથિને બાંધવાની ચર્મરજ્જુ અને કવચયુક્ત એવા શોભિત હસ્તિઓવડે જેમ પર્વતો પ્રત્યે મેઘ જાય તેમ હણવાને ઇચ્છતા અને બાણ તથા તોમરોની વૃષ્ટિ કરતા એવા મેકલ, ઉત્કલ, કાલિંગ, નિષધ અને તામ્રલિપ્તક યોદ્ધાઓ ગયા. તે વખતે તેઓએ ઢંકાતા એવા નકુલને મેઘવડે ઢંકાયેલા સૂર્યની પેઠે જોઈ અતિ ક્રોધ પામેલાં એવા પાંડવ, પાંચાલ અને સોમકયોદ્ધાઓ ચોતરફથી દોડયા. પછી હસ્તિ ઉપર બેઠેલા યોદ્ધાઓ સાથે હજારો તોમરોને અને બાણવૃષ્ટિઓને ફેંકતા એવા રથિઓનું યુદ્ધ થયું અને નારા-ચોવડે અતિ વિંધેલા હસ્તિઓનાં કુંભસ્થલ ભેદ પામ્યાં. જૂદાં જૂદાં મર્મસ્થાન ભેદાયાં અને દાંત ભાગી પડ્યા. તે હસ્તિઓમાંના આઠ મોટા હસ્તિઓને અતિ તીક્ષ્ણ ચોસઠ બાણોવડે સહદેવે હણ્યા અને તે તુર્ત ઉપર બેસનારા સ્વારસહિત નીચે પડયા. કુળને હર્ષ પમાડનાર એવો નકુલ શીઘ્ર ગતિવાળા નારાચોવડે પ્રયત્નથી, ઉત્તમ ધનુષને નમાવી હસ્તિ-ઓને હણવા લાગ્યો. પછી પાંચાલ ધૃષ્ટદ્યુમ્ન શનિપુત્ર સાત્યકિ, દ્રુપદરાજાના પુત્રો, પ્રભદ્રક યોદ્ધાઓ અને શિખંડી બાણવૃષ્ટિ કરવા લાગ્યા. તેસમે પાંડુ યોદ્ધઓરૂપિ મેઘે બાણ-રૂપિ વૃષ્ટિઓવડે હણેલા પર્વતોની પેઠે પડયા. એવી રીતે તમારા હસ્તિઓને હણી પાંડુના રથિ અને હસ્તિ ઉપર બેસનારા યોદ્ધાઓ ભેદ પામેલા કાંઠાંવાળી નદીની પેઠે ભાગેલી તમારી સેનાને જોવા લાગ્યા અને પાંડુપુત્રના સૈનિકો તમારી સેનાને કંપાવી તથા ક્ષોભ પમાડી ફરીને કર્ણ પ્રત્યે દોડયા.

तांतेसेनांसमालोड्यपाण्डुपुत्रस्य सैनिकाः ।
विक्षोभयित्वाचपुनः कर्णसमभिदुद्रुवुः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि सङ्कुलयुद्धे गुर्जरभाषायां द्वाविंशोऽध्यायः॥२२॥

અધ્યાય ૨૩ મો. સહદેવ ને દુઃશાસન.

संजय उवाच—सहदेवंतथाक्रुद्धंदहन्तंतववाहिनीं ।
दुःशासनोमहाराजभ्राताभ्रातरमभ्ययात् ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ, તેવી રીતે ક્રોધ પામેલા અને તમારી સેનાને બાળતા એવા ભાઇ સહદેવ પ્રત્યે ભાઇ એવો દુઃશાસન ગયો. તે સમયે મહાયુદ્ધમા મળેલા તે બેઉને જોઇ મહારથિઓ સિંહનાદ સરખા શબ્દો કરવા લાગ્યા અને વસ્રોને કંપાવવા લાગ્યા. હે ભારત, ત્યારપછી ક્રોધ પામેલા, ધનુર્ધારિ એવા તમારા પુત્રે બળવાન્ પાંડુપુત્રને ત્રણ બાણોવડે છાતિવિષે પ્રહાર કર્યો. પછી હે રાજન્, સહદેવે નારાચવડે તમારા પુત્રને વિંધી ફરીને સીત્તર બાણોવડે વિંધ્યો અને ત્રણ બાણોવડે સારથિને વિંધ્યો. હે રાજન્ તે સમયે મહા યુદ્ધમાં દુઃશાસને ધનુષને કાપી સહદેવને છાતિવિષે અને તાતેર બાણોવડ બાહુ વિષે વિંધ્યો. પછી અતિ ક્રોધ પામેલા સહદેવે ખડ્ગને લેઈ તાણીને જલદી તમારા પુત્રના રથપ્રત્યે ફેંકયો. તે મોટા ખડ્ગ તેના બાણ અને પ્રત્યંચાસહિત એવા ધનુષને કાપી જેવી રીતે આકાશથી સપ પડેલો હોય તેની રીતે પૃથ્વીવિષે પડ્યા, એ પછી બીજા ધનુષને લેઈ પ્રતાપવાન એવા સહદેવે નાશ કરનાર એવા બાણને દુઃશાસન તરફ નાખ્યો તે સમયે સમીપ આવતા અને યમના દંડ સરખી જેની કાંતિ છે એવા તે બાણને તીક્ષ્ણ ધારવાળા ખડ્ગે કરી કૌરવ એવા દુઃશાસને કાપી નાખ્યો. પછી યુદ્ધમાં ત્વરાયુક્ત બળવાન્ એવા તેણે તીક્ષ્ણ ખડ્ગને ખેંચી ફેકયો અને બીજા ધનુષ્યને લેઇ બાણને લીધો ત્યારે સમીપ આવતા એવા તે ખડ્ગને જલદી તીક્ષ્ણ બાણોવડે હસતા હોય તેમ યુદ્ધમાં ઉભેલા સહદેવે પાડયો. હે ભારત, તે વખતે મહારણમાં તમારા પુત્રે ચોસઠ બાણો સહદેવના રથપ્રત્યે ફેંક્યા. હે રાજન્, સગ્રામ વિષે વેગે કરી પડતા એવા તે ઘણા બાણોને એકેકને પાંચ પાંચ બાણોવડે સહદેવે કાપી નાખ્યા વળી તમારા પુત્ર નાખેલા બાણોને નિવારી પછીથી યુદ્ધમાં તે પ્રત્યે અતિ ઘણા બાણો ફેંક્યા. તે એક એક બાણોને ત્રણ ત્રણ બાણોવડે કાપી પૃથ્વીને ભેદતો એવો તમારો પુત્ર પણ અતિ મોટા નાદ કરવા લાગ્યો. પછી હે રાજન્ દુઃશાસને રણભૂમિ વિષે પાં૰ પુત્રને વિંધી નવ બાણોવડે માદ્રીપુત્રના સારથિને વિંધ્યો. તે સમયે હે મહારાજ, ક્રોધ પામેલા પ્રતાપવાન્ સહદેવે મૃત્યુ, કાળ અને અંતકની ઉપમા અપાય એવા ઘોર બાણને લીધે અને તેણે બળ પ્રમાણે ધનુષને ખેંચી તમારા પુત્ર પ્રત્યે ફેંકયો. હે રાજન્, તે બાણ તેને તથા વેગવડ મોટા કવચને ભેદી જે પ્રમાણે સર્પ રાફડા પ્રત્યે પેસે તે પ્રમાણે ધરણીપ્રત્યે પેસી ગયો. તે સમે હે રાજન્, મહારથિ એવો તમારો પુત્ર મોહ પામ્યો. મોહ પામેલા તમારા પુત્રને જોઇ ઉતાવળે અતિ ત્રાસ પામેલો અને તીક્ષ્ણ બાણોવડે શત્રુઓથી પ્રહાર પામતો એવો સારથિ રથને દૂર લેઇ ગયો. તે સમયે રણભૂમિ વિષે તે કુરૂકુળમાં જન્મેલા દુઃશાસનને હરાવી પાંડુપુત્ર સહદેવ દુર્યોધનના

સૈન્યને જોઈ તેને ચોફેરથી હણવા લાગ્યા. તે વખતે હે ભારત રાજન્, જેમ કીડીઓના રહેઠાણને ક્રોધવડે માણસ કચરે તેમ તેમણે તે કૌરવોની સેનાને મર્દી નાખી.

पिपिलकपुटंराजन् यथा मृद्गन्नरोरुषा ।
तथासाकौरवीसेनामृदिता तेन भारत ॥

इतिश्री महाभारते कर्णपर्वणि सहदेवदुःशासनयुद्धे गुर्जरभाषायां त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥

અધ્યાય. ૨૪ મો. કર્ણે જંગ મચાવ્યો.

संजय उवाच—नकुलं रभसं युद्धेद्रावयन्तं वरूथिनीं ।
कर्णो वैकर्तनो राजन्वारयामास वैरुषा ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્ ! યુદ્ધમાં તમારી સેનાને નસાડતા અને વેગવાન્ એવા નકુલને સૂર્યપુત્ર કર્ણ ક્રોધે કરી વારવા લાગ્યો. તે સમયે હસતો એવો નકુલ કર્ણ પ્રત્યે આ વચન બોલ્યો કે. ઘણાંની વાત છે જે દેવતાઓએ મને ઘણે વખતે શાંત નેત્રવડે જોયો. હે પાપરૂપ. રણભૂમિ વિષે તું, નેત્રના વિષયને પ્રાપ્ત થયેલો એવો હું તેને જો. તું જ અનર્થોનું, વૈરનું અને કલહનું મૂળ છે. અને તારા દોષથી કુરૂઓ એક બીજાને પામી ક્ષીણ થયા છે, માટે આજ યુદ્ધમાં તને હણી કૃતકૃત્ય અને જ્વરરહિત થઇશ. એવી રીતે તેનાં વચન સાંભળી સૂતપુત્ર કર્ણ રાજાને અને વિશેષે કરી ધનુર્ધારીની સમાન એવા નકુલ પ્રત્યે બોલ્યો કે—સૂર, મને પ્રહાર કર; અમે તારા પરાક્રમને જોઇએ. હે શૂર, રણભૂમિ વિષે કર્મ કરી પછી બોલવા યોગ્ય છે. હે તાત, યુદ્ધમાં બોલ્યા વગર શૂરાઓ શક્તિથી યુદ્ધ કરે છે, માટે મારી સાથે શક્તિવડે યુદ્ધ કર; જેથી તારા ગર્વનેજ હણું. એ રીતે કહી સૂતપુત્ર કર્ણે પાંડુપુત્ર પ્રત્યે પ્રહાર કર્યો અને સંગ્રામ વિષે એને તોતેર બાણોવડે વિંધ્યો, હે ભારત, તે સમયે તેણે વિંધેલા નકુલે સર્પ સરખા એશી બાણોવડે તેને વિંધ્યો મોટા ધનુર્ધાર એવા કર્ણે સુવર્ણપુંખવાળા, શિલાવડે તીક્ષ્ણ કરેલા ત્રિશ બાણો વડે તેના ધનુષને કાપી પાંડુપુત્રને વિંધ્યો. તે બાણો તેના કવચને ભેદી સંગ્રામ વિષે શોણિતને પીવા લાગ્યા અને આશીવિષસર્પની પેઠે પૃથ્વીને ભેદી તેમાં પેઠા. એ પછી સુવર્ણ પૃષ્ઠવાળાં અને દુઃસહ એવાં બીજાં ધનુષને લેઇ નકુલે શીત્તેર બાણોવડે કર્ણને અને ત્રણ બાણોવડે સારથિને વિંધ્યો. હે મહારાજ, વળી ક્રોધ પામેલા શત્રુને હણનાર એવા તેણે અતિ તીક્ષ્ણ એવાં ક્ષુરપ્રેકરી કર્ણના ધનુષને કાપ્યું. અને જેનું ધનુષ કાપેલું છે એવા સર્વ લોકોમાં મહારથિ તેને હસતા એવા શૂર નકુલે ત્રણસો બાણવડે વિંધ્યો. તે વખતે હે મારિષ, કર્ણને પાંડુપુત્ર નકુલે પીડેલો જોઇ દેવતાઓ સહિત રથિઓ ઘણા વિસ્મય પામ્યા. એ પછી સૂર્યપુત્ર કર્ણે બીજું ધનુષ લેઈ નકુલને પાંચ બાણોવડે બાહુ અને કંઠના સાંધાના ભાગ વિષે વિંધ્યો. એ સમયે તે ભાગ વિષે રહેલા બાણોવડે માદ્રીપુત્ર નકુલે જે રીતે ભુવન વિષે કાંતિને કરતા એવા સૂર્ય શોભે તે રીતે શોભતો હતો. હે મારિષ, તે પછી નકુલે ત્રણ બાણોવડે કર્ણને વિંધી ફરીને એના ધનુષના અગ્રભાગને કાપ્યો. તેણે

યુદ્ધમાં અતિ વેગવાળું બીજું ધનુષ લેઇ પછીથી બાણોવડે ચોતરફથી નકુલની દિશાને (નકુલે પકડેલી દિશાને) ઢાંકી દીધી. તે સમયે કર્ણના ધનુષથી પડેલા બાણોવડે જલદી ઢંકાતો એવો તે મહારથિ તુર્ત બાણોવડે બાણોને કાપવા લાગ્યો. તે વખતે આકાશ વિષે વિસ્તાર પામેલો બાણમય સમૂહ જે પ્રમાણે ઉડતા એવા પતંગિઆઓવડે આકાશ દેખાય તે પ્રમાણે દેખાયો; અને હે વિશાંપતે, ફેંકેલા તે હજારો બાણોવડે ઢંકાએલું અંતરિક્ષ જેમ પતંગિઆના સમૂહોવડે ઢંકાએલું હોય તેમ થયું. વારંવાર પડતા અને સુવર્ણવડે વિકારવાળા એવા તે પંક્તિરૂપ કરેલા બાણો પંક્તિરૂપ કરેલા ક્રૌંચપક્ષિઓ સરખા શોભતા હતા. તે વખતે બાણ સમૂહોવડે આકાશ વિંટાવાને લીધે અને સૂર્યના ઢંકાવાને લીધે કોઈ પણ આકાશ વિષે જનારો જીવ પૃથ્વી વિષે આવતો ન હતો. તે સમયે ચોતરફથી બાણ-સમૂહોવડે માર્ગના રૂંધાવાથી તે બે મહાત્મા ઉદય પામેલા બે કાળસૂર્ય હોય તેમ શોભતા હતા; અને હે રાજેન્દ્ર, કર્ણના ધનુષથી પડેલા બાણોવડે વધ થતા, વેદનાવડે પીડિત એવા સોમક યોદ્ધાઓ અતિ પીડિત થવાથી ભાગી જતા હતા, તેમજ હે રાજન્, નકુલ-ના બાણોવડે હણાતી એવી તમારી સેના વાયુએ પ્રેરેલા મેઘની પેઠે વિખરાઇ જતી હતી. પછી તે બેઉના દિવ્ય એવા મહાબાણોવડે હણાતી તે બેઉ સેના બાણના પડવાથી દૂર જઇને બધું જોવા ઉભી રહી. કર્ણ અને પાંડુપુત્રના બાણોવડે તે લોક દૂર ગયા તેથી મહાત્મા તે બેઉ બાણવૃષ્ટિઓવડે એક બીજાને વિંધવા લાગ્યા. સૈન્યના અગ્રભાગ વિષે દિવ્યશસ્ત્રોને દર્શાવતા ને જલદી બાણોવડે ઢાંકતા એવા તે એક બીજાના વધને ઇચ્છતા હતા. તે વખતે જેવી રીતે નકુલે ફેંકેલા કંકપક્ષિના પિચ્છવાળા બાણો સૂતપુત્ર કર્ણને ઢાંકી આકાશ વિષે જતા હતા તેવી રીતેજ મહાસંગ્રામ વિષે સૂતપુત્ર કર્ણે ફેંકેલા બાણો પાંડુપુત્રને ઢાંકી આકાશ વિષે સ્થિર થતા હતા. હે રાજન્, બાણોરૂપી ઘર વિષે પેઠેલા તે બેઉ મેઘવડે ઢંકાતા એવા સૂર્ય અને ચંદ્રમાની પેઠે કોઇએ પણ જોવાતા ન હતા. તે સમયે રણભૂમિ વિષે કર્ણે અતિઘોર રૂપ ધરી ચોતરફથી બાણવૃષ્ટિઓવડે પાંડુપુત્રને ઢાંકી દીધો. હે મહારાજ, સૂતપુત્રે અતિ ઢાંકેલો તે પાંડુપુત્ર જે પ્રમાણે મેઘવડે ઢંકાએલો સૂર્ય વ્યથા ન પામે તે પ્રમાણે વ્યથા ન પામ્યો. પછી હે મારિષ રાજન્, હાસ્ય કરી સંગ્રામ વિષે અધિરથ પુત્ર કર્ણ હજારો અને લાખો બાણો ફેંકવા લાગ્યો. તે મહાત્માના બાણોવડે સર્વ એકછાયાવાળું થયું અને પડતા એવા ઉત્તમ બાણોવડે વાદળની છાયા હોય તેમ થયુ. હે મહારા-જ, હસતા હોય તેમ રહેલા કર્ણે મહાત્મા નકુલના ધનુષને કાપી રથના અગ્રભાગ થીમારથિને પાડયો. અને હે ભારત, પછીથી તુર્ત એમના ચાર ઘોડાઓને તીક્ષ્ણ એવા ચાર બાણો-વડે યમરાજાના સ્થાનપ્રત્યે મોકલ્યા. હે મારિષ, એ પછી એમના તે દિવ્ય રથના બાણો-વડે તલ તલ જેવડા કડકા કરી નાખ્યા. વળી પતાકાને, ચક્રની રક્ષા કરનારાને, ગદાને, ખડગને, શતચંદ્રને, તેના ચર્મને અને સર્વ સાધનોને નાશ પમાડયાં. તે સમયે હે વિશાં-પતે, ઘોડાં, રથ અને કવચ રહિત એવો નકુલ જલદી રથમાંથી ઉતરી ભૂંગળને લેઇ ઉભો રહ્યો. હે રાજન્, તેની ઉગામેલી મહાભયંકર ભોગળને સૂતપુત્ર કર્ણે અતિ તીક્ષ્ણ ધારવાળા બાણોવડે હણી. પછી એમને આયુધ રહિત જાણી નમેલ પર્વવાળા બાણોવડે કર્ણ પ્રહાર કરવા લાગ્યો પણ અતિ પીડતો નહતો. તે સમયે હે રાજન્, અસ્ત્રકુશલ અને અતિ બળવાન્ એવા કર્ણથી યુદ્ધમાં પ્રહાર પામતો અને આકુળ વ્યાકુળ જેની ઇંદ્રિયો છે એવો નકુળ જલદી ભાગ્યો. એટલે હે ભારત રાજન્, તે પ્રત્યે દોડી વારંવાર

હસતા એવા રાધાપુત્ર કર્ણે એમના કંઠવિષે પ્રત્યંચા સહિત ધનુષ ફેંક્યું. તે સમયે તે કંઠ વિષે આસક્ત જે મોટું ધનુષ હતું તેણે કરી તે જે પ્રમાણે પરિવેષને પામેલા આકાશ વિષે ચંદ્રમા હોય અને શ્યામ તથા ઇંદ્ર ધનુષવડે શોભિત મેઘ હોય તેમ શોભતા હતા. તે વખત કર્ણ તે પ્રત્યે બોલ્યો કે, હે પાંડવ, પ્રથમ તું વ્યર્થ બોલેલો છે—હવે ફરીને હર્ષ પામેલો વારંવાર પ્રહાર પામતો એવો બોલ, હે તાત, બળવાન્ કુરૂઓ સાથે યુદ્ધ કર; તથા હે પાંડવ માદ્રીપુત્ર, લજ્જામાં, અને લજ્જામાં ઘેર જા, અથવા જ્યાં શ્રીકૃષ્ણ અને અર્જુન છે ત્યાં જા. હે મહારાજ, હે રાજન્, તે સમયે એ પ્રમાણે તેને કહી અને વધને પ્રાપ્ત થએલા એવા પણ તેને શૂર અને ધર્મને જાણનાર એવા કર્ણે કુંતિના વચનને સંભારી છોડી દીધો. પછી હે રાજન્, ધનુર્ધારિ એવા કર્ણે મૂકી દીધેલો પાંડુ પુત્ર નકુલ લજ્જા પામતો હોય તેમ યુધિષ્ઠિરના રથ પ્રત્યે ગયો અને સૂતપુત્ર કર્ણે તાપ પમાડેલો નિઃશ્વાસ નાખતો અને ઘડામાં રહેલા સર્પની પેઠે દુઃખવડે સંતાપ પામેલો એવો રથ પ્રત્યે પણ બેઠો. પછીથી ત્વરાયુક્ત એવો કર્ણ પણ તેને જીતી પંચાલ યોદ્ધાઓ પ્રત્યે મોટા પતાકાવાળા અને ચંદ્ર સમાન વર્ણવાળા જેના ઘોડા છે એવા રથવડે ગયો. હે વિશાંપતે, તે તે સમયે પાંડવ યોદ્ધાઓનો, પંચાલ યોદ્ધાઓના રથિ સમૂહો પ્રત્યે જતા સેનાપતિ કર્ણને જોઇ મોટો પીડિત શબ્દ થયો. પછી હે મહારાજ, ત્યાં સમર્થ એવો સૂતપુત્ર કર્ણ જેમ સૂર્ય મધ્યાન્હને પામવાથી ચક્ર ફરે તેમ ફરતો એવો સંહાર કરવા લાગ્યો. હે મારિષ, અમે કેટલાક ભાગી ગયેલા ચક્રવાળા, કપાએલા ધ્વજ અને પતાકાવાળા, હણેલા ઘોડાવાળા, હણેલા સારથિવાળા અને જેના અવયવ ભાગી ગએલા છે એવા રથોવડે હરણ કરાતા પંચાલ યોદ્ધાઓના રથિ સમૂહોને દેખતા હતા. તે તે ઠેકાણે રથિ અને હસ્તિ ઉપર બેસનારા યોદ્ધાઓ સંભ્રમ પામેલા ફરતા હતા અને જે રીતે મહાવનમાં દાવાગ્નિવડે બળેલાં જેનાં અંગ છે એવી ગાયો થાય તે રીતે થયા હતા. મહાત્મા કર્ણથી હણાતા, ભિન્ન, કુંભ સ્થલનાં લોહિવડે ભિંજાએલા અને જેઓની સુંઢ કાપેલી છે એવા હસ્તિઓ તથા કેટલાક છિન્ન થએલા શરીરવાળા અને છિન્ન થયેલો પુચ્છનો અગ્રભાગ જેનો એવા ઉત્તમ હસ્તિઓ છિન્ન થએલાં વાદળાંઓની પેઠે પડતા હતા. કેટલાક નારાચ, બાણ અને તોમરોવડે ત્રાસ પામેલા જે પ્રમાણે પતંગિયાં અગ્નિ પ્રત્યે જાય તે પ્રમાણે તેની સન્મુખજ જતા હતા. કેટલાક જળને સ્રવનારા પર્વતો હોય તેમ શરીરોવડે રૂધિરને સ્રવતા એવા મોટા હસ્તિઓ શબ્દ કરતા દેખાતા હતા, ઉરત્રાણ રહિત, કેશવાળનાં બંધન રહિત, રૂપાનાં, કાંસ્યનાં, અને સુવર્ણનાં આભૂષણ રહિત ચોકડાં ચામર કુથા પડેલા એવા ભાથા અને યુદ્ધમાં શોભનાર, ભણેલા શૂર ઘોડેસ્વારો રહિત એવા ઘોડાઓને અને ને સમયે ભમતા એવા ઉત્તમ ઘોડાઓને અમે જોતા હતા. હે ભારત, કંચુક અને ઉષ્ણી ધારણ કરનારા ઘોડેસ્વારોને પ્રાસ. ખડ્ગ, અને ઋષ્ટિઓ રહિત જોતા હતા. તેમજ હે ભારત, હણેલા વધ કરેલા અને કંપતા એવા હાથીરૂપિ સેનાનાં અંગ અને અવયહીન એવા હાથિ ઉપર બેસનારાઓને તે તે ઠેકાણે જોતા હતા. હે ભારત, રથિઓના હણાવાથી વેગવાન્ ઘોડાઓવડે યુક્ત અને જલદી ભમતા એવા સુવર્ણ શોભિત રથોને જોતા હતા. હે ભારત, કેટલાકને ભાગી પડેલા અક્ષ અને કૂબડાવાળા, કેટલાકને ભાગી ગએલા ચક્રવાળા, કેટલાકને પતાકા ને ધ્વજ રહિત, તેમ જેઓના લાંગલદંડ અને બંધુર ભાગેલાં છે એવા રથોને જોતા હતા. હે વિશાંપતે, તે વખતે હણેલા એણીકાર તેણીકાર ભાગતા

રથિઓને અને તીક્ષ્ણ એવા સૂતપુત્ર કર્ણના બાણોવડે હણાતા એવા રથિઓને જોતા હતા, તેમજ શસ્ત્ર રહિત એવા કેટલાકને અને શસ્ત્ર રહિત એવા ઘણા હણાએલાને જોતા હતા. મોતીના સમૂહવડે ઢંકાયેલા, સુંદર ઘંટાઓવડે શોભિત, અને જૂદા જૂદા વર્ણોવડે વિચિત્ર એવા પતાકાઓવડે શણગારેલા હસ્તિઓને સર્વ તરફથી દોડતા જોતા હતા. તેમજ સર્વ તરફથી કર્ણના ધનુષથી પડેલા બાણોવડે છિન્ન થએલા કેટલાક યોદ્ધાઓનાં મસ્તકોને, બાહુને અને સાથળોને જોતા હતા. કર્ણના બાણોવડે હણાતા અને તીક્ષ્ણ બાણોવડે યુદ્ધ કરતા એવા યોદ્ધાઓનો અતિ ભયંકર સમાગમ થયો હતો. સંગ્રામ વિષે સૂત પુત્ર કર્ણથી વધ પામતા એવા તે સૃંજય યોદ્ધાઓ જે રીતે પતંગિઆ અગ્નિ પ્રત્યે જાય તે રીતે તેની સમીપ જતા હતા, અને તે તે ઠેકાણે સૈન્યોને બાળતા એવા તે મહારથિ કર્ણને ક્ષત્રિયો જે પ્રમાણે તીવ્ર એવા યુગના નાશ વખતના અગ્નિને તજે તે પ્રમાણે તજી દેતા હતા. હણેલાઓમાંથી શેષ રહેલા જે શૂરા પંચાલ યોદ્ધાઓના મહારથિઓ હતા અને જેઓનાં કવચ અને ધ્વજ પડી ગયા છે એવા તે ભંગાણ પામેલા નાસતા હતા. તેમની પાછળ બાણોવડે વિખેરતો એવો તેજસ્વી, મહાબળવાન્ સૂતપુત્ર કર્ણ દોડતો હતો અને બાણોવડે તેઓને જેવી રીતે મધ્ય દિવસને પામેલા અંધકારને મટાડનાર સૂર્ય કિરણોવડે પ્રાણીઓને તાપ પમાડે તેવી રીતે તપાવતો હતો.

> अभ्यधावत तेजस्वी विशीर्ण कवचध्वजान ।
> तापयामासतान्बाणैः सूतपुत्रोमहाबलः ॥
> मध्यं दिनमनुप्राप्तो भूतानो बतमोनुदः ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि कर्णयुद्धे गुर्जरभाषायां चतुर्विंशोऽध्यायः ॥२४॥

અધ્યાય ૨૫ મો—શકુનિએ માંડેલું યુદ્ધ.

> संजय उवाच—युयुत्सुं तवपुत्रस्य द्रावयन्तं बलंमहत् ।
> उलूकोन्यपतत्तूर्णं तिष्ठेति चाब्रवीत् ॥ १ ॥

સંજય કહે છે કે—તમારા પુત્રનાં મોટા સૈન્યને નસાડતા એવા યુયુત્સુ પ્રત્યે જલદી ઉલૂક ગયો અને ' ઉભો રહે ઉભો રહે; ' એમ કહેવા લાગ્યો. તે વખતે હે રાજન્, યુયુત્સુએ મહાબળવાન્ એવા ઉલૂકને વજ્રવડે લગાવે તેમ તીક્ષ્ણ ધારવાળા બાણે કરી લગાવ્યો. પછી તમારા પુત્રના સંગ્રામવિષે રહેલા ક્રોધ પામેલા ઉલૂકે ક્ષુરપ્રવડે ધનુષ કાપી બાણવડે પ્રહાર કર્યો. તે ભાગેલા ધનુષને તજી જેનાં લાલ નેત્ર થયાં છે એવા યુયુત્સુએ અતિ વેગવાન્ બહુ મોટા બીજા ધનુષને લીધું. પછી હે ભારત, કુલમાં શ્રેષ્ઠ, સાઠ બાણો વડે શકુનિના પુત્ર ઉલૂકને વિંધ્યો, ત્રણ બાણોવડે સારથિને અને ફરીને તેને વિંધ્યો, ઉલૂકે સુવર્ણ શોભિત વીસ બાણોવડે તેને વિંધી પછીથી ક્રોધ પામી સંગ્રામ વિષે એમના સુવર્ણમય ધ્વજને કાપ્યો. તે સામે હે રાજન્, જેની લાકડી ભાગી પડેલી છે એવો અતિ મોટો પડતો એવો તે સુવર્ણમય ધ્વજ યુયુત્સુની સન્મુખ પડયો. પછી ધ્વજને કાપેલો જોઇ ક્રોધ વ્યાપ્ત એવા યુયુત્સુએ પાંચ બાણોવડે ઉલૂકને છાતિ વિષે પ્રહાર કર્યો. હે

મારિષ, યુદ્ધમાં ઉલૂકે તૈલવડે તીક્ષ્ણ કરેલા ભલ્લવડે યુયુત્સુના સારથિનું મસ્તક છેદ્યું. તે સમયે હે ભરત કુલમાં શ્રેષ્ઠ, છેદેલું તે યુયુત્સુના સારથિનું મસ્તક જે રીતે વિચિત્ર એવું તારાનું સ્વરૂપ ખરી પડે તે રીતે પૃથ્વીતલ વિષે પડ્યું. પછી ચાર ઘોડાઓને હણ્યા અને પાંચ બાણોવડે તેને વિંધ્યો તથા બળવાન્ ઉલૂકે અતિ વિંધેલો તે યુયુત્સુ બીજા રથ પ્રત્યે ગયો. પછી હે રાજન્, રણભૂમિ વિષે તેને જીતી ત્વરાવાન્ એવો ઉલૂક, પાંચાલ અને સૃંજય યોદ્ધાઓને તીક્ષ્ણ બાણોવડે હણવા લાગ્યો. હે મહારાજ, તે વખતે સંભ્રમ રહિત એવા તમારા પુત્ર શ્રુતકર્માએ નિમેષાર્ધ વખતમાં શતાનિકને ઘોડા, સારથિ અને રથ રહિત કર્યો; એટલે હે મારિષ, જેના ઘોડા નાશ પામેલા છે એવા રથમાં રહેલા ક્રોધ પામેલા મહારથિ શતાનિકે તમારા પુત્રની સમીપ ગદા ફેંકી. તે ગદા હે ભારત, રથને અને સારથિ સહિત ઘોડાઓને ભસ્મ કરી પૃથ્વીને ચીરતી હોય તેમ જલદી ધરણી પ્રત્યે પડી. એ રીતે રથ રહિત થએલા શૂરા કુરૂઓની કીર્તિને વધારનારા, એક બીજાને જોતા એવા તે બેઉ યુદ્ધથકી દૂર ગયા અને સંભ્રમ પામેલો એવો તમારો પુત્ર, વિવિંશુના રથ પ્રત્યે બેઠો તથા ત્વરાયુક્ત એવો શતાનિક પણ પ્રતિવિંધ્યના રથ પ્રત્યે ગયો. વળી ક્રોધ પામેલો શકુની તીક્ષ્ણ બાણોવડે સુતસોમને વિંધી મેઘ વૃષ્ટિએ કરી જે પ્રમાણે પર્વતને કંપાવે તે પ્રમાણે કંપાવતો હતો. તેમ હે ભારત, પિતાના અત્યંત વૈરી એવા તે શકુનિને જોઇ સુતસોમ પણ હજારો બાણોવડે ઢાંકવા લાગ્યો તે બાણોને જલદી બીજા બાણોવડે શીઘ્ર અસ્ત્રવાળો ચિત્રયુદ્ધ કરનાર અને સંગ્રામ વિષે બાણોને તીક્ષ્ણ બાણોવડે વારી અતિ ક્રોધથી તેણે ત્રણ બાણોવડે સુતસોમને પ્રહાર કર્યો. તેમ હે મહારાજ, તમારા સાળાએ બાણોવડે તેના ઘોડાને, ધ્વજને અને સારથિને તલતલ જેવડા કડકા કરી હણ્યો. તે સમયે મનુષ્યો સોરબકોર કરવા લાગ્યા, અને હે મારિષ, જેના ઘોડા હણેલા છે, ધ્વજ કાપેલા છે, અને રથ ભાગેલા છે, એવો ધનુર્ધારી તે ઉત્તમ ધનુષ્યને લેઇ ભૂમિવિષે ઉભો રહ્યો અને શિલાવડે તીક્ષ્ણ કરેલા સુવર્ણ પુંખવાળા બાણોને ફેંકવા તથા યુદ્ધમાં તમારા સાળાના રથને ઢાંકવા લાગ્યો. તે વખતે પતંગિઆના સમૂહોની પેઠે રથ સમીપ આવતા એવા તે બાણસમૂહોને જોઇ સુબલાપુત્ર શકુનિ વ્યથા પામતો ન હતો અને મહાયશસ્વી તે તેના બાણોને બાણ સમૂહોવડે હણતો હતો. તે સમયે સુતસોમનાં મનાય નહિ તેવા તે કર્મને જોઇ યોદ્ધાઓ અને આકાશવિષે રહેલા દેવતાઓ પણ પ્રસન્ન થતા હતા કે, જે એકલો રથમાં બેઠેલા શકુનિસાથે યુદ્ધ કરતો હતો. હે રાજન્, તેના ધનુષને અને ભાથાઓને તીક્ષ્ણ મહાવેગવાળા તથા નમેલ પર્વવાળા ભલ્લોવડે હણતો હતો. વળી જેનું ધનુષ છિન્ન થએલું છે અને રથ ભાગેલો છે એવો તે, વૈદૂર્ય અને કમળના વર્ણસરખી શોભાવાળા તથા હાથીના દાંત સરખી જેની મુઠ છે એવા ખડ્ગને ઉગામી નાદ કરતો હતો. બુદ્ધિમાન્ એવા સુતસોમના ફેરવાતા, નિર્મલ વસ્ત્રસરખાં તેજવાળા ખડ્ગને કાળના દંડની ઉપમા અપાય એવો માનતો હતો. હે મહારાજ, શિક્ષા અને બળવડે યુક્ત એવો તે ખડ્ગ લેઇ જલદી ચૌદ મંડળો પ્રત્યે ફરતો હતો અને યુદ્ધમાં ભ્રાંત, ઉદ્ભ્રાંત, આવિદ્ધ, આપ્લુત, વિપ્લુત, સૃત, સંપાત અને સમુદીર્ણ એવાં અનુકૂલ અને પ્રતિકૂલ ભેદવડે બમણાં થવાથી ચૌદ પ્રકારના મંડળોને દર્શાવતો હતો. પછી પરાક્રમી સુબલાપુત્ર શકુનિ તેની સમીપ બાણ ફેંકવા લાગ્યો. તે નજીક આવતા બાણોને જલદી સુતસોમ મોટા ખડ્ગવડે કાપતો હતો. હે મહારાજ, ત્યારપછી ક્રોધ પામેલા, પરવીરને હણનારા, સુબલાપુત્ર શકુનિએ સર્પની

ઉપમા અપાય એવા બાણોને સુતસોમ પ્રત્યે ફેંક્યા. તે બાણોને શિક્ષા અને બળવડે શીઘ્રતાને દર્શાવતા અને ગરૂડની તુલ્ય પરાક્રમવાળા એવા સુતસોમે ખડગવડે કાપ્યા. તે વખતે હે રાજન્, મંડલ અને આવર્તન પ્રત્યે ફરતા એવા તે સુતસોમના અતિ કાંતિવાળા ખડ્ગને શકુંનિએ અતિ તીક્ષ્ણ એવા ક્ષુરપ્રવડે કાપ્યો અને કાપેલો એવો તે મોટો ખડ્ગ જલદી ભૂમિ વિષે પડ્યો. તે સમે હે ભારત, સુંદર મુઠવાળા તે ખડ્ગનો અર્ધભાગ એના હાથમાં રહી ગયો, તેને કાપેલો જાણી છ પગલા હઠી મહારથિ સુતસોમે શેષ રહેલા ખડગને ફેંક્યો તે રણભૂમિ વિષે મહાત્માના પ્રત્યંચાસહિત હિરાવડે શોભિત એવા ધનુષને કાપી જલદી ધરતી પ્રત્યે પડ્યો. પછી સુતસોમ શ્રુતકીર્તિના મોટા રથ પ્રત્યે ગયો. તેમ સુબલાપુત્ર શકુનિ પણ ઘોર અને અતિદુઃખે કરી જીતાય એવા બીજા ધનુષને લેઇ ઘણા શત્રુ સમૂહોને હણતો પાંડવોનાં સૈન્ય પ્રત્યે ગયો. હે વિશાંપતે, તે સમયે સંગ્રામ વિષે સુબલાપુત્ર શકુનિને નિર્ભય પુરૂષની પેઠે ફરતો જોઇ પાંડવ યોદ્ધાઓનો મોટો નાદ થતો હતો. તેમ તે મહાત્માએ નસાડેલાં મત્ત તથા શસ્ત્રવાળાં એવાં તે મોટાં સૈન્યો દેખાતાં હતાં. હે રાજન્, જેવી રીતે દેવરાજ ઇન્દ્ર દૈત્યોની સેનાને હણતો હતો તેવી રીતેજ સુબલાપુંત્ર પાડવોની સેનાને નાશ પમાડતો હતો.

द्राव्यमाणाम्यदृश्यंतसौबलेन महात्मना ।
यथादैत्यचमूं राजन् देवराजोममर्दह ॥
तथैव पाण्डवींसेनांसौबले योव्यनाशयत् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि सौबलयुद्धेगुर्जरभाषायां पञ्चविंशोऽध्यायः ॥२५॥

અધ્યાય ૨૬ મો ભયંકર યુદ્ધ.

संजय उवाच—धृष्टद्युम्नं कृपो राजन् वारयामास संयुगे ।
यथा द्रष्ट्वा वने सिंहं शरभो वारयेद्युधि ॥

સંજય કહે છે—હે રાજન સંગ્રામવિષે કૃપાચાર્ય ધૃષ્ટદ્યુમ્નને જે રીતે વનમાં શરભ, સિંહને જોઇ યુદ્ધમાં વારવા લાગે તે રીતે વારવા લાગ્યા. હે ભારત, અતિ બળવાન્ એવા તે ગૌતમ કૃપાચાર્યે વારેલો એવો ધૃષ્ટદ્યુમ્ન તે વખતે પગલાંથી પગલું પણ, ચાલવા શક્તિમાન્ ન હતો. પછી ધૃષ્ટદ્યુમના રથપ્રત્યે ગૌતમ કૃપાચાર્યના રથને જોઇ સર્વ પ્રાણીઓ ત્રાસ પામવા લાગ્યા અને ક્ષયને પ્રાપ્ત થએલો માનવા લાગ્યા. તે સમયે ઉદાસ થએલા રથિઓ અને ઘોડેસ્વારો કહેવા લાગ્યા કે દ્રોણાચાર્યના નાશથી જરૂર મનુષ્યોમાં ઉતમ, મહા તેજસ્વી, દિવ્યઅસ્ત્રોને જાણનાર અને ઉદાર બુદ્ધિવાળા શારદ્વત કૃપાચાર્ય ક્રોધ પામેલા છે માટે આજ ગૌતમ એવા કૃપાચાર્યથી ધૃષ્ટદ્યુમ્નનું કલ્યાણ થશે ? આ સઘળી સેના મોટા ભયથી મૂકાશે ? અને આ બાહ્મણ આવેલા એવા સર્વ આપણને મારશે તો નહિ કે ? અંતકના સરખું જેવું આજ તેનું ભારે રૂપ દેખાય છે તેથી તો જણાય છે કે આજ તે ભરદ્વાજના પુત્રના પુત્ર દ્રોણાચાર્યના માર્ગને પામશે. વળી હે મહારાજ, કૃપાચાર્ય હલકા હાથવાળા, નિરંતર યુદ્ધમાં વિજયવાન્, અસ્ત્રવાન, પરાક્રમવડે યુક્ત અને ક્રોધયુક્ત છે તેથી આજ મહાયુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ન વિમુખ જણાય છે; એવી રીતે જૂદા જૂદા પ્રકારવાળી વાણી

પ્રશ્ન સાંભળી, સનત્સુજાત ઋષિએ કહ્યું કે, એ રીતે સકામકર્મ કરનાર જ્ઞાની પુરૂષ સત્ય લોકમાં જાય છે, અને વેદો પણ ત્યાં ભોગ તથા મોક્ષનાં પ્રયોજન છે, એમ કહે છે, એ વાત ખરી, તથાપિ તે સકામ કર્મ કરનાર પુરૂષ પોતાના કર્મ પ્રમાણે ભોગ ભોગવી પાછો આલોકમાં અવતરે છે, તેને સત્યલોક મોક્ષ આપનારો નથી. નિષ્કામ કર્મ કરનાર જ્ઞાની પુરૂષ અહિંજ પરમપદને પામે છે; કદાચ કંઈ સત્યલોકના ભોગની ઇચ્છા હોય તો, તે સુષુમ્ના નાડી વડે કરી બીજા લોકના માર્ગોને મુકી સત્યલોકમાં જાય છે, ને પૂર્ણ જ્ઞાની થઇ પરમપદને પામે છે.

ધૃતરાષ્ટ્ર–તમે કહ્યું જે જીવ પરમપદને પામે છે, તેથી એવું સિદ્ધ થયું કે, પરમાત્માજ જીવપણાને પામે છે, કારણ જો એમ હોય તો અન્યને અન્યરૂપ થવું ઘટતું નથી. હવે તે પણ સંભવતું નથી, કારણ જન્મ તથા પરિણામ રહિત પરમાત્માને કોણ હુકમ કરનાર છે, કે જેના હુકમથી તે દુઃખાદિક ભોગવનાર જીવ થાય? કદી તમે એમ કહેશો કે, કોઇ હુકમ કરનાર બીજો માનશું, તો તે હુકમ કરનારને હુકમ કરનાર કોણ, પાછો તેને હુકમ કરનાર કોણ, એ રીતે અનવસ્થારૂપ દોષ આવશે. કદાચ એમ કહેશો કે, પરમાત્મા પોતેજ અનુક્રમથી આ સવ વિશ્વરૂપ પોતાની મેળેજ થાય છે, તો તે પણ સંભવતું નથી. કારણ "પ્રયોજન વિના મંદ બુદ્ધિવાળો પણ કોઇ કામમાં પ્રવર્તે નહીં," એ ન્યાયથી આપ્તકામ પરમાત્માને તેમ થવા વિષે કંઈ પ્રયોજન નથી, માટે પોતાની મેળે પણ જગદ્રૂપ થવું સંભવે નહીં. તમે કહેશો કે લોકમાં ચોપાટ આદિની રમત મતલબ વગર પણ રમાય છે, તેમ પરમાત્માને પણ જગત્સૃષ્ટયાદિક લીલા માત્ર છે, તો તેપણ સંભવતુ નથી; કારણ ચોપાટ આદિની રમત પણ સુખ વાસ્તે રમાય છે, ને પરમાત્માને કંઇ સુખની ઇચ્છા નથી, તેમ પોતાના આત્માને સંકટમાં પાડવાથી તેને કંઇ સુખ નથી, માટે પરમાત્માને પોતાની મેળે પણ સૃષ્ટિ વિષે પ્રવૃત્તિ સંભવતી નથી. હે વિદ્વાન્! આ બધું યથાર્થ તમે મને કહો. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે, જીવ તથા પરમાત્માનો ભેદ માનવામાં મોટો દોષ છે, કારણ યથાર્થ વિચારતાં તે બેઉનું ઐક્યજ ઘટે છે, માટે તેમનો ભેદ માનવો યોગ્ય નથી. અજ્ઞાનજ જેનો હેતુ છે એવાં સ્થૂલ સૂક્ષ્મ શરીરના સંબંધે કરી, ઘટાકાશ તથા જળ ચંદ્રાદિ ન્યાય પ્રમાણે પરમાત્માથી જીવો થાય છે. એ રીતે ઔપાધિક ભેદ હોવાથી જળગત ચંદ્ર કંપવાથી જેમ મુખ્ય ચંદ્ર કંપે નહીં તથા ઘટાકાશ ચલિત થતાં જેમ મુખ્ય આકાશ ચલાયમાન થાય નહીં, તેમ પરમાત્માનું આધિક્ય ટળતું નથી. આ જગત દેખાય છે, તે સર્વ ઐશ્વર્ય સંપન્ન નિત્ય નિર્વિકાર પરમાત્માજ છે. તે માયાના યોગથી વિશ્વને રચે છે, પરમાત્મામાં જગતને ભાસમાન કરનારી શક્તિ રહેલી છે, એમ વેદ પણ માને છે. વન્હિની દાહકશક્તિની પેઠે તે શક્તિ તેનાથી જુદી નથી, તે વિષે પણ વેદ પ્રમાણ છે. સનત્સુજાતનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, મોક્ષ વાસ્તે કેટલાક પુરૂષો અગ્નિહોત્રાદિરૂપ સદ્ધર્મનું આચરણ કરતા નથી, ને કેવળ સંન્યાસ લે છે; ને કેટલાક ઉપાસના સહિત અગ્નિહોત્રાદિરૂપ ધર્મ કરે છે તે કેમ? અગ્નિહોત્રાદિરૂપ ધર્મ કરતાં જે ખામીરૂપ પાપ થાય છે, તે આચરેલા ધર્મને હણે છે કે તેથી પોતે હણાય છે? સનત્સુજાત ઋષિયે કહ્યું કે, મોક્ષ વાસ્તે સંન્યાસ તથા ઉપાસના સહિત નિષ્કામ અગ્નિહોત્રાદિરૂપ ધર્મ, એ સહુ ઉપયોગી છે; અને સકામ ધર્મનું ફળ સ્વર્ગ વા નિષ્કામપણાથી કરે તો ચિત્તશુદ્ધિ અને પાપનું ફળ તો નરકજ છે. આત્મસ્વરૂપમાં સ્થિતિ વાસ્તે સંન્યાસ તથા ઉપાસના સહિત નિષ્કામ કર્મ એ-

તમારા યોદ્ધાઓની પારકાંઓ સાથે તે બેઉના તે સમાગમ વિષે સંભળાતી હતી. હે નૃપ, ત્યારપછી અતિ નિઃશ્વાસ નાખી શારદ્વત એવા કૃપાચાર્ય ક્રોધથી ચેષ્ટારહિત એવા ધૃષ્ટદ્યુમ્નને સર્વ મર્મસ્થાનો વિષે પીડવા લાગ્યા. તે વખતે યુદ્ધમાં મહાત્મા ગૌતમ એવા કૃપાચાર્યથી પ્રહાર પામતો તથા ઘણા મોહવડે યુક્ત એવો ધૃષ્ટદ્યુમ્ન કર્તવ્યને જાણી શકતો ન હતો. તે સમયે તેનો સારથિ તે પ્રત્યે બોલ્યો કે—હે ધૃષ્ટદ્યુમ્ન, શું તમારૂં ક્ષેમ છે કે ? યુદ્ધમાં તમારે આવું દુઃખ મેં કોઇ ઠેકાણે જોયું નથી; દૈવયોગથી મર્મને ભેદનારા તમારા બાણો પડતા નથી; અને બ્રાહ્મણોમાં મુખ્ય એવા કૃપાચાર્યે સર્વ તરફથી મર્મસ્થાનોને ધરી ફેંકેલા છે માટે જેમ સમુદ્રથી નદીના વેગને નિવૃત્ત કરાય તેમ જલદી રથને પાછો વાળું છું અને બ્રાહ્મણને ન હણવા યોગ્ય માનું છું કે જેણે કરી તમારૂં પરાક્રમ નાશ પામ્યું. હે રાજન્, તે પછી ધૃષ્ટદ્યુમ્ન ધીરેથી વચન બોલ્યો કે—હે તાત સારથે, મારૂં મન મોહ પામે છે, શરીરમાં પરસેવો પેદા થાય છે, અને મને રૂંવેરૂંવે હર્ષ તથા શરીરમાં કંપ થાય છે, માટે હે સારથે, બ્રાહ્મણને તજવો એવો તું જ્યાં અર્જુન છે ત્યાં ધીરેથી ચાલ; કારણ કે સંગ્રામ વિષે અર્જુનને અથવા ભીમસેનને પામી આજ ક્ષેમ થશે. એ પ્રમાણે આ મારી નિશ્ચયવાળી બુદ્ધિ છે. ત્યારપછી હે મહારાજ, ઘોડાને ઉતાવળ કરાવતો એવો સારથિ જ્યાં તમારા સૈનિકો સાથે મહાધનુર્ધારી ભીમસેન યુદ્ધ કરતો હતો ત્યાં ગયો. હે મારિષ, તે સમયે ધૃષ્ટદ્યુમ્નના રથને નાઠેલો જોઇ હજારો બાણોને ફેંકતા એવા ગૌતમ કૃપાચાર્ય પાછળ ગયા અને શત્રુને પામનાર એવા તે વારંવાર શંખ વગાડવા લાગ્યા તથા જે પ્રમાણે મહેંદ્ર નમુચિ દૈત્યને ત્રાસ પમાડતો હતો તે પ્રમાણે ધૃષ્ટદ્યુમ્નને ત્રાસ પમાડવા લાગ્યા. યુદ્ધમાં ભીષ્મપિતામહના મૃત્યુરૂપ અને દુઃખે સહન થાય એવા શિખંડિને તો વારંવાર હસતો હોય તેમ કૃતવર્મા વારવા લાગ્યો અને હર્દિક યોદ્ધાઓના મહારથિ કૃતવર્માને પામી શિખંડી પણ તેને કંઠ અને બાહુના મધ્યભાગમાં તીક્ષ્ણ એવા પાંચ ભલ્લબાણોવડે પ્રહાર કરવા લાગ્યો. તેમ હે રાજન્, ક્રોધ પામેલા હસતા એવા મહારથિ કૃતવર્માએ સાઠ બાણોવડે તેને ભેદી એક બાણવડે ધનુષ કાપ્યું. એ પછી બળવાન્ દ્રુપદ રાજાનો પુત્ર શિખંડી બીજા ધનુષને લેઈ ક્રોધથી 'ઉભો રહે ઉભો રહે' એ રીતે હાર્દિક્ય એવા કૃતવર્માને કહેવા લાગ્યો. તે સમયે હે રાજેંદ્ર, એમની સમીપ સુવર્ણ પુંખવાળા અતિતીક્ષ્ણ એવા નેવું બાણને ફેંક્યા તે એમના કવચને પામી પડયા. તે બાણોને વ્યર્થ ગએલા અને પૃથ્વી વિષે પડેલા જાણી શિખંડિએ અતી તીક્ષ્ણ ક્ષુરપ્રવડે તેના ધનુષને અત્યંત છેદ્યું. તે સમે જેનું ધનુષ કાપેલું છે એવા એ કૃતવર્માને બાહુ અને છાતિ વિષે જેવી રીતે શિંગડાંરહિત એવા વૃષભને પીડે તેવી રીતે એંશી બાણોવડે વિંધ્યા. બાણોવડે ઘા વાગવાથી ઘાયલ થએલા અને ક્રોધ પામેલા કૃતવર્મા જે પ્રમાણે ઘડાના અગ્રભાગથી પાણીને કાઢે તે પ્રમાણે શરીરવડે રૂધિર સ્રવવા લાગ્યા. તે સમયે હે રાજન્, રૂધિરવડે ભિંજાએલા એવા કૃતવર્મા જે રીતે જળવૃષ્ટિવડે ભીંજાએલો એવો ગેરૂનો પર્વત શોભે તે રીતે શોભતા હતા. એ પછી સમર્થ એવા તેમણે બાણ અને પ્રત્યંચાસહિત ધનુષને લેઇ બાણસમૂહોવડે શિખંડિને ગરદનના ભાગ વિષે વિંધ્યો. તે વખતે ગરદનના ભાગ વિષે રહેલા બાણોવડે શિખંડી જેમ શાખા અને મોટી શાખાઓવેડે પોહોળો એવો અતિ મોટો વૃક્ષ શોભે તેમ શોભવા લાગ્યો. એ રીતે તે બે એકબીજાને અતિશે વિંધી. રૂધિરવડે ભિંજાએલા, જે પ્રમાણે એકબીજાનાં શિંગડાંવડે ઘાયલ થએલા બે વૃષભ શોભે તે પ્રમાણે શોભતા હતા અને એક

બીજાના વધ વિષે યત્ન કરતા એવા તે બે મહારથિઓ રથવડે તે સમયે હજારો મંડળો પ્રત્યે ફરતા હતા. પછી હે મહારાજ, રણભૂમિ વિષે કૃતવર્માએ સુવર્ણ પુંખવાળા શિલાવડે તીક્ષ્ણ કરેલા અને મજબૂત એવા સીતેર બાણોવડે દ્રુપદ રાજાના પુત્ર શિખંડિને વિંધ્યો. તેમ સંગ્રામ વિષે ત્વરાયુક્ત અને પ્રહાર કરનારાઓમાં ઉત્તમ એવા ભોજકૃતવર્માએ જીવિતના અંતને કરનારા ઘોરબાણને એ શિખંડીની સમીપ ફેંક્યો. તે બાણવડે ઘાયલ થએલો એવો શિખંડી હે રાજન્, જલદી મૂર્છા પામ્યો અને મોહયુક્ત એવો તુર્ત ધ્વજની લાકડીનો આશ્રય કરી ગયો. પછી રથિઓમાં ઉત્તમ, કૃતવર્માના બાણોવડે સંતાપ પામેલા અને વારંવાર નિઃશ્વાસ નાખતા એવા તેને સારથિ જલદી રણભૂમિથી દૂર લેઇ ગયો. અને હે પ્રભો, તે સમયે શૂર એવો દ્રુપદ રાજાનો પુત્ર શિખંડી પરાજય પામ્યો તેથી ચોતરફથી વધ કરાતી એવી પાંડવોની સેના ભાગી.

हार्दिक्यशरसन्ततं निःश्वसन्तं पुनः पुनः ।
पराजिते ततः शूरेद्रुपदस्यात्मजे प्रभो ॥
व्यद्रवत्पाण्डवीसेनाव्यधमाना समंततः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां षड्विंशोऽध्यायः ॥२६॥

અધ્યાય ૨૭ મો સંશપ્તકોનું યુદ્ધ.

संजयउवाच—श्वेताश्वोथमहाराजव्यधमत्तावकंबलं ।
यथा वायुः समासाद्य तूलराशिं समन्ततः ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ, જેના શ્વેત ઘોડા છે એવો અર્જુન તમારાં સૈન્યને સર્વ તરફથી જેવી રીતે વાયુ રૂને પામી તેને નાશ પમાડે તેવી રીતે નાશ પમાડતો હતો. અર્જુન પ્રત્યે હે ભારત, ત્રિગર્ત કૌરવોસહિત એવા શિબિ, શાલ્વ, સંશપ્તક, મોટું એવું નારાયણ યોદ્ધાઓનું સૈન્ય, સત્યસેન, ચંદ્રદેવ, મિત્રદેવ, સુતંજય, સૌશ્રુતિ એવો ચિત્રસેન, મિત્રવર્મા અને સંગ્રામવિષે ભાઈ તથા મહા ધનુર્ધારિ અને અસ્ત્રકુશલ એવા પુત્રોવડે યુક્ત એવો ત્રિગર્ત રાજા એ સર્વ સામા ગયા અને યુદ્ધમાં અર્જુન પ્રત્યે બાણવૃષ્ટિ કરવા લાગ્યા તથા ઘણા બાણોને ફેંકવા લાગ્યા. તેમ જે રીતે પાણીનો પ્રવાહ સમુદ્રપ્રત્યે જાય તે રીતે જલદી અર્જુનની પાસે વર્તવા લાગ્યા. તે વખતે હજારો અને લાખો યોદ્ધાઓ અર્જુનને પામી જેમ ગરૂડને જોઇ સર્પ નાશ પામે તેમ નાશ પામતા હતા. તે સમયે હે મહારાજ, રણસંગ્રામ વિષે હણાતા એવા તેઓ જે પ્રમાણે હણાતા એવા પતંગિઆ અગ્નિને ન તજે તે પ્રમાણે પાંડુપુત્ર અર્જુનને તજતા ન હતા. પછી યુદ્ધમાં સત્યસેને ત્રણ બાણોવડે પાંડુપુત્ર અર્જુનને વિંધ્યો. મિત્રદેવે ત્રેસઠ બાણોવડે, ચંદ્રસેને સાત બાણોવડે, મિત્રવર્માએ તોતેર બાણોવડે, સૌશ્રુતિએ સાત બાણોવડે, શત્રુંજયે વિશ બાણોવડે અને સુશર્માએ નવ બાણોવડે વિંધ્યો. એ રીતે બહુ યોદ્ધાઓએ યુદ્ધમાં વિંધેલો અર્જુન તે રાજાઓને સામો વિંધવા લાગ્યો. તેણે સાત બાણોવડે સૌશ્રુતિને, ત્રણ બાણોવડે સત્યસેનને, વિશ બાણોવડે શત્રુંજયને, આઠ બાણોવડે ચંદ્રદેવને, સો બાણોવડે મિત્રદેવને, ત્રણ બાણો-

વડે શ્રુતસેનને, નવ બાણોવડે મિત્રવર્માને, અને આઠ બાણોવડે સુશર્માને વિંધી તથા તેજ વખતે શિલાવડે તીક્ષ્ણ કરેલા બાણોવડે શત્રુંજય રાજાને હણી સાશ્રુતિના મસ્તકને મસ્તકબંધન સોત કાયાથી પાડ્યું અને ઉતાવળથી બાણોવડે ચંદ્રદેવને યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યો. હે મહારાજ, યત્ન કરતા એવા બીજા મહારથિઓને પ્રત્યેકને પાંચ પાંચ બાણોવડે વાર્યા. વળી રણભૂમિવિષે ક્રોધ પામેલા સત્યસેને કૃષ્ણને ધારી મોટા તોમરને ફેંક્યો અને સિંહનાદ કર્યો. તે સમયે લોહમય અને સુવર્ણ દંડવાળો તે તોમર મહાત્મા માધવ ભગવાનના જમણા ભુજને ભેદી પૃથ્વી ઉપર પડ્યો; અને હે વિશાંપતે, મહારણમાં તોમરવડે વિંધેલા એવા મહાત્મા શ્રીકૃષ્ણના હાથમાંથી ચાબખો અને રાશ પડી ગઈ. પછી વસુદેવના પુત્ર કૃષ્ણને ભેદ પામેલા અંગવાળા જોઈ કુંતિપુત્ર અર્જુન તીવ્ર ક્રોધ પામ્યો અને કૃષ્ણપ્રત્યે આ વચન બોલ્યો કે—હે સમર્થ મહાબાહો, ઘોડાઓને સત્યસેન પ્રત્યે લેઇ જાઓ, જેથી પ્રથમ એમને તીક્ષ્ણ બાણોવડે યમરાજાના સ્થાન પ્રત્યે મોકલું. પછી અર્જુનનાં એ વચન સાંભળી શ્રીકૃષ્ણે પ્રથમ પ્રમાણે બીજા ચાબખાને અને રાશને લેઇ ઘોડાઓને સત્યસેનના રથપ્રત્યે ચલાવ્યા અને વિશ્વકસેન ભગવાનને ભેદ પામેલા જોઇ કુંતિપુત્ર મહારથિ અર્જુને તીક્ષ્ણ બાણોવડે સત્યસેનને વારી પછીથી અતિ તીક્ષ્ણ ભલ્લોવડે તે રાજાના કુંડળ શોભિત એવા મોટા મસ્તકને કાયાથી કાપ્યું અને કાપી તીક્ષ્ણ બાણોવડે બીજી સેનાવિષે મિત્રવર્માપ્રત્યે ફેંક્યું અને તેને તથા તેના સારથિને તીક્ષ્ણ વત્સદંત બાણવડે હણ્યો. હે મારિષ, પછીથી બળવાન્ અને ક્રોધ પામેલો એવો તે ફરીને હજારો બાણોવડે હજારો અને લાખો એવા સંશપ્તક યોદ્ધાઓને પાડવા લાગ્યો, ત્યારપછી હે રાજન્, મહારથિ એવા તેણે રજતપુંખવાળા ક્ષુરપ્રેકરી મહાત્મા મિત્રસેનના મસ્તકને કાપ્યું અને અતિ ક્રોધ પામી સુશર્માને બાહુ અને કંઠના મધ્યભાગવિષે હણ્યો. તે વખતે ક્રોધ પામેલા અને દશદિશાઓને ગજાવતા એવા સર્વ સંશપ્તક યોદ્ધાઓ અર્જુનને વિંટી વળી શસ્ત્રસમૂહોવડે પીડવા લાગ્યા. તે વખતે પીડા પામેલા, ઇન્દ્રતુલ્ય પરાક્રમવાળા, અમેય આત્માવાળા, અને મહારથિ એવા અર્જુને ઐન્દ્રઅસ્ત્ર પ્રકટ કર્યું; તેમાંથી હે વિશાંપતે, હજારો બાણો ઉત્પન્ન થયા. વળી હે મારિષ, સંગ્રામવિષે કપાતા ધ્વજનો, ધનુષ્નો, પતાકાસહિત એવા રથોનો, ભાથાઓનો, ધોસારાઓસહિત અક્ષોનો, ચક્રોનો, રાશનો, કૂબડાઓનો, વરૂથોનો, બાણોનો, પડતા એવા ઘોડાઓનો, ઋષ્ટિઓસહિત પ્રાસોનો, ગદાઓનો, શક્તિ, તોમર અને પટ્ટિશોસહિત ભોગળોનો, ચક્રો સહિત શતઘ્નીઓનો, સાથળોસહિત ભુજોનો, કંઠસૂત્ર અને બાહુબંધોનો, કેયૂરોનો, તેમ હે મારિષ, હારોનો, નિષ્કોનો, કવચનો, હે ભારત, છત્રોનો, વિંઝણાઓનો અને મુકુટોસહિત મસ્તકનો, મોટો શબ્દ તે તે ઠેકાણે સંભળાતો હતો. તે સમયે હે વિશાંપતે, પૃથ્વીવિષે પડેલાં કુંડળોસહિત સુંદર નેત્રવાળાં ને પૂર્ણ ચંદ્રસરખાં મસ્તકો જે પ્રમાણે આકાશવિષે તારાઓનો સમૂહ શોભે તે પ્રમાણે શોભતાં હતાં અને સુંદર માળાવાળાં અને ચંદનવડે છંટાએલાં એવાં વસ્ત્ર તથા હણેલાઓનાં શરીર દેખાતાં હતાં; અને ઘોર એવું તે યુદ્ધ ગંધર્વના નગરની બરોબર આકારવાળું થયું હતું. હણેલા રાજપુત્રો અને મહાબળવાન્ ક્ષત્રિયોવડે પડેલા હસ્તિઓ અને ઘોડાઓવડે પૃથ્વી સંગ્રામવિષે જે પ્રમાણે પડેલા પર્વતોવડે થાય તે પ્રમાણે અગમ્ય રૂપવાળી થઈ હતી; ને તે સમયે મહાત્મા પાંડુપુત્રનો ચક્રમાર્ગ રહ્યો ન હતો. હે મારિષ, ભલ્લબાણોવડે ઘણા હસ્તિ અને ઘોડાઓના સમૂહને હણતા એવા અર્જુનનાં રથચક્રો જેવી રીતે સ્વાર્થીના હણા-

વાથી પોતાના અનુચરો ખેદ પામે તેવી રીતે ગારાને લીધે ખુંપી જતાં હતાં અને તે સંગ્રામવિષે ફરતા એવા અર્જુનનાં, લોહિરૂપિ કાદવવિષે ખુંપી જતાં રથનાં ચક્રોને મન અને વાયુની સમાન વેગવાળા જોડેલા ઘોડાઓ અતિ ઘણા શ્રમેકરી ખેંચી જતા હતા. હે ભારત, ધનુર્ધારિ પાંડુપુત્ર અર્જુનથી વધ પામતું એવું તે સર્વ સૈન્ય ઘણુંકરી વિમુખ રહેતું ન હતું અને તે સમયે સંગ્રામવિષે જીષ્ણુ એવો કુંતિપુત્ર અર્જુન ઘણા એવા તે સંશપ્તક યોદ્ધાઓના સમૂહોને જીતી જે રીતે ધૂમરહિત પ્રકાશિત એવો અગ્નિ શોભે તે રીતે શોભતો હતો.

प्रायशो विमुखं सर्वं नावतिष्ठत भारत ।
तान्जित्वासमरे जिष्णुः संशप्तकगणान् बहून् ॥
विरराज तदापार्थोविधूमाग्निरिवज्वलन् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संशप्तकयुद्धे गुर्जरभाषायां सप्तविंशोऽध्यायः ॥ २७ ॥

અધ્યાય ૨૮ મો સંકુલ યુદ્ધ.

संजयउवाच—युधिष्ठिरं महाराज विसृजन्तं शरान्बहून् ।
स्वयं दुर्योधनो राजाप्रत्यगृह्णादभीतवत् ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ, ઘણા બાણોને ફેકતા એવા યુધિષ્ઠિરને પોતે રાજા દુર્યોધન ગ્રહણ કરવા ગયો ત્યારે સમીપ આવતા એવા મહારથિ તમારા પુત્રને જલદી ધર્મરાજા વિંધી, 'ઉભો રહે ઉભો રહે' એ રીતે કહેવા લાગ્યા. તેણે પણ તીક્ષ્ણ એવા નવ બાણોવડે યુધિષ્ઠિરને વિંધ્યા અને અતિ ક્રોધથી ભલ્લબાણવડે એમના સારથિને પણ પ્રહાર કર્યો. તે સમયે હે રાજન્, યુધિષ્ઠિરે સુવર્ણ પુંખવાળા શિલાવડે તીક્ષ્ણ કરેલા તેર બાણોને દુર્યોધન પ્રત્યે ફેંક્યા અને મહારથિ એવા તેમણે ચાર બાણોવડે ચાર ઘોડાઓને હણી પાંચમા બાણવડે સારથિના મસ્તકને કાયાથી ઉડાડી દીધું. છઠ્ઠા બાણવડે રાજાના ધ્વજને, સાતમાવડે ધનુષ્યને અને આઠમા બાણવડે ખડ્ગને ભૂતલવિષે પાડયું. વળી પાંચ બાણોવડે રાજા દુર્યોધનને ફરીને પણ અતિ પીડવા લાગ્યા. તે સમયે જેના ઘોડાને હણેલા છે એવા તે રથમાંથી ઉતરી ઘણા દુઃખને પામેલો એવો તમારો પુત્ર ભૂમિવિષેજ ઉભો રહ્યો. તે સમયે રાજાને દુઃખ પામેલો જોઈ રક્ષા કરવા ઇચ્છતા એવા કર્ણ, દ્રોણપુત્ર અશ્વત્થામા, અને કૃપાચાર્ય આદિ યોદ્ધા સમીપ આવ્યા અને એ પછી સર્વે પાંડુપુત્રો યુધિષ્ઠિરને વિંટી વળ્યા. હે રાજન્, સંગ્રામવિષે ત્યારપછી પાછું યુદ્ધ થવા લાગ્યું અને મહાયુદ્ધમાં હજારો તુર્ય વાગવા લાગ્યાં. હે મહીપતે, કિલકિલ શબ્દો પ્રકટ થયા. હે મહારાજ, સંગ્રામવિષે જે ઠેકાણે પાંચાલ યોદ્ધાઓ કૌરવો સાથે મળતા હતા તે ઠેકાણે નરો નરો સાથે, હાથી ઉપર બેસનારા ઉત્તમ હસ્તિઉપર બેસનારાઓ સાથે, રથિઓ રથિઓ સાથે અને ઘોડેસ્વારો ઘોડેસ્વાર સાથે સમાગમ પામતા હતા; તથા સંગ્રામવિષે જૂદા જૂદા પ્રકારવાળાં, અચિંત્ય, શસ્ત્રવાળાં, અને ઉત્તમ એવાં જોડાંઓ જોવાયોગ્ય થયાં હતાં. તેમ યુદ્ધમાં મહાવેગવાળા, પરસ્પર વધને ઇચ્છનાર એવા સર્વ શૂરાઓ ચિત્ર, શીઘ્ર, અને સુંદર યુદ્ધ કરતા હતા અને યુદ્ધમાં યોદ્ધાનાં વ્રતને અનુસરનારા તેઓ એક બીજાને હણતા હતા. કોઈ રીતે પણ પાછળ યુદ્ધ કરતા ન હતા. હે રાજન્, તે યુદ્ધ મુદ્દ-

ર્ત્વાર તો મધુર દર્શનવાળું થયું પણ પછીથી ઉન્મત્ત માણસની પેઠે મર્યાદારહિત થઈ ગયું. રથિઓ હસ્તિસ્વારને પામી તીક્ષ્ણ બાણોવડે કાપી કાળપ્રત્યે મોકલવા લાગ્યા. તેમ રણભૂમિવિષે તે તે વખતે તે તે ઠેકાણે બહુ બાણોને ફેંકતા એવા હસ્તિસ્વારો ઘોડેસ્વારોને પામી અતિ ઉગ્ર રીતે હણતા હતા. વળી તે તે ઠેકાણેથી ચડી આવતા એવા ઘણા ઘોડે-સ્વારો ઉત્તમ ઘોડેસ્વારોને વિંટી વળી તલ શબ્દસરખા શબ્દો કરતા હતા. તે સમયે ઘોડે-સ્વારો દોડતા એવા ઘોડેસ્વારોને અને મોટા હસ્તિસ્વારોને પડખેથી અને પાછળથી હણતા હતા. હે રાજન્, મદોન્મત્ત એવા કેટલાક હસ્તિઓ ઘણા ઘોડાઓને ભગાડી દંતોશલવડે હણતા હતા, અને કેટલાક અતિશે કચરતા હતા. કેટલાક ક્રોધેકરી દંતોશલવડે ઘોડેસ્વાર-સહિત એવા ઘોડાઓને હણતા હતા. અતિ બળવાન્ એવા કેટલાય વેગથી ઝાલી પછાડતા હતા. તેમ પાયદળોએ સર્વ તરફથી મર્મસ્થાનકોવિષે પ્રહાર કરેલા હસ્તિઓ ઘોર એવો પીડિતસ્વર કરતા હતા અને દશ દિશાઓ પ્રત્યે દોડતા હતા. મહાયુદ્ધમાં જલદી આભૂષણને તજી ભાગેલા યોદ્ધાઓનાં વિચિત્ર આભરણોને જયમાં કારણરૂપ માનતા એવા મોટા હસ્તિ-વાળા યોદ્ધાઓ હસ્તિઓને નમાવી તેઓને લેઇ લેતા હતા; તથા ભેદી નાખતા હતા. તેમ તે ઠેકાણે આસક્ત થએલા હસ્તિસ્વારોને વિંટાઈ વળી મહાવેગવાળા અને બળવડે મત્ત એવાં તે પાયદળો હણતાં હતાં. તે વખતે મહાયુદ્ધમાં હસ્તિઓએ સુંઢવડે અંતરિક્ષપ્રત્યે ફેંકેલા પડતા એવા કેટલાક અતિ શિક્ષિત એવા દંતોશલના અગ્રભાગોવડે વિંધાઈ જતા. કેટલાકને જલદી પકડી હસ્તિઓએ દંતોશલવડેજ હણ્યા. વળી હે મહારાજ, કેટલાકને બીજી સેના પ્રત્યે જઇ મોટા હસ્તિઓએ શરીરને ખુંદી વારંવાર પછાડીને નાશ પમાડ્યા. કેટલાકને યુદ્ધમાં વીંઝણાઓની પેઠે ફેરવીને હણ્યા અને કેટલાક હસ્તિસ્વારોના અગ્રેસરોને હણ્યા. હે વિશાંપતે, રણાંગણવિષે તે તે ઠેકાણે યોદ્ધાઓનાં શરીરો વિદ્ધ થએલાં હતાં. તેમજ કેટલાક હસ્તિઓને બે દાંતના મધ્યમાં કુંભસ્થલમાં અને દાંતના માંસવિષે પ્રાસ, તોમર અને શક્તિઓવડે હણ્યા હતા. કેટલાક હસ્તિઓ પકડીને પડખે રહેલા, અતિ દારૂણ એવા રથિ અને ઘોડેસ્વારોવડે ભેદાવાથી પૃથ્વીવિષે પડતા હતા. તેમ તે મહાયુદ્ધમાં ઘોડાસહિત એવા ઘોડેસ્વારો વેગવડે તોમરેકરી ચર્મસહિત એવા પાયદળને પૃથ્વીવિષે રગદોળતા હતા. તેમજ હે વિશાંપતે. તે તે ઠેકાણે કેટલાક કવચસહિત એવા રથિઓને પામી પકડીને હસ્તિ-સ્વારો હણતા હતા. હે મારિષ, ઘોરરૂપવાળા તે ભયાનક યુદ્ધમાં નારાચોવડે હણેલા મહા-બળવાન્ હસ્તિઓ જેપ્રમાણે વજ્રવડે ભેદેલું પર્વતનું શિખર પડે તે પ્રમાણે પડતા હતા. યુદ્ધમાં યોદ્ધાઓ યોદ્ધાઓને પામી મુઠીઓવડે હણતા હતા અને એક બીજાના કેશને પકડી પછાડતા હતા તથા ખેંચતા હતા, કેટલાક ભુજને ઉગામી શત્રુને પૃથ્વીતલવિષે પાડી પગવડે છાતિને દાબી તરફડતા એવા શત્રુનાં મસ્તકને હરતા હતા. હે રાજન્, કોઇ યોદ્ધો આ-વતા એવા શત્રુના મસ્તકને ખડ્ગવડે હરતો હતો. તેમજ કોઈ જીવતા એવા શત્રુના શરીર વિષે શસ્ત્રને પેસારતો હતો. હે ભારત. તે સમયે મોટું મુષ્ટિ યુદ્ધ, તેમ ઉગ્ર એવું કેશગ્રહ-વાળું અને ભયંકર એવું બાહુયુદ્ધ થતું હતું, તથા સંગ્રામવિષે આસક્ત થએલા યોદ્ધાના પ્રાણોને બીજાએ ન જાણેલો એવો બીજો યોદ્ધો અનેક પ્રકારે જૂદાં જૂદાં શસ્ત્રોવડે હરતો હતો. જ્યારે એવી રીતે યોદ્ધાઓ આસક્ત થયા હતા અને સંકુલ યુદ્ધ થતું હતું ત્યારે હજારો અને લાખો ધડ ઉત્પન્ન થયાં હતાં અને રૂધિરવડે ભિંજાતાં એવાં શસ્ત્રો અને કવચ જે રીતે મહારંગવડે રંગેલાં વસ્ત્ર શોભે તે રીતે શોભતાં હતાં. એવી રીતે દારૂણ,

શસ્ત્રોવડે સંકુલ અને ઉછળતી એવી ગંગાનદીની માફક એ મોટું યુદ્ધ શબ્દવડે જગતને પૂરતું હતું. હે રાજન્, તે વખતે પોતાના કે પારકા જણાતા ન હતા તથા બાણોવડે આતુર અને જયને ઇચ્છનાર એવા યોદ્ધાઓ લડવું એવો નિશ્ચય કરી યુદ્ધ કરતા હતા. હે મહારાજ, પોતાના પોતાનાને અને સમાગમ પામેલા પારકાઓને હણતા હતા. વળી બેઉ સેનાના શૂરાઓવડે યુદ્ધ વ્યાકુલ થયું હતું. હે મહારાજ, ભાગેલા રથોવડે, નાશ પમાડેલા હસ્તિઓવડે, પડેલા ઘોડાઓવડે અને હણેલા નરોવડે તે સમયે પૃથ્વી ક્ષણવારમાં અગમ્ય રૂપવાળી (જેનું રૂપ જણાય નહીં એવી) અને હે મહીપાળ, ક્ષણવારમાં લોહિના પ્રવાહને ચલાવનારી થઈ હતી. કારણ કે પંચાલ યોદ્ધાને કર્ણ, ત્રિગર્ત યોદ્ધાઓને ધનંજય અર્જુન અને સર્વ તરફથી હસ્તિઓના સૈન્યને તથા કુરૂઓને ભીમસેન હણતો હતો. હે રાજન્, સૂર્ય અપરાન્હને (બીજા પ્રહરને) પામ્યા ત્યારે એ રીતે ઘણા યશને ઇચ્છતા એવા યોદ્ધાઓનો કુરૂ અને પાંડવની સેનાવિષે ક્ષય થયો.

भीमसेनः कुरून्राजन्हस्त्यनीकं चसर्वशः
एवमेषक्षयोवृत्तः कुरुपाण्डवसैन्ययोः
अपरान्हेगतेसूर्येकांक्षतांविपुलंयशः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायामष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯ મો. સંકુલ યુદ્ધ.

धृतराष्ट्र उवाच—अतितीव्राणिदुःखानिदुःसहानिबहूनिच ।
त्वत्तोहंसञ्जयाश्रौषंपुत्राणांचैवसंक्षयं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય, તારાથકી મેં અતિતીવ્ર અને દુઃસહ એવાં દુઃખ તથા પુત્રોનો નાશ સાંભળ્યો અને જે પ્રમાણે તું કહે છે તથા જે પ્રમાણે યુદ્ધ થતું હતું તે પ્રમાણે તો હે સૂત, કારવો રહેવાના નથી, એ રીતે મારી નિશ્ચયવાળી બુદ્ધિ છે. હે સંજય, તે સમયે દુર્યોધનને મહારથિ ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે રથરહિત કેવી રીતે દુઃખી કર્યો, તથા તેમને રાજા દુર્યોધને શું કર્યું અને અપરાન્હ વખતે રોમહર્ષણ એવું તે યુદ્ધ કેવી રીતે થયું તે મને તું તત્ત્વથી કહે; કારણ કે તું કુશલ છે. સંજય કહે છે-હે વિશાંપતે, જ્યારે સૈન્યો યુદ્ધમાં આસક્ત થયાં અને જૂદા જૂદા ભાગમાં હણાવા લાગ્યાં ત્યારે વિષયુક્ત એવા સર્પની પેઠે ઘણા ક્રોધવડે યુક્ત એવો તમારો પુત્ર દુર્યોધન બીજા રથપ્રત્યે બેસી ધર્મરાજા યુધિષ્ઠિરને જોઈ ત્વરાવાન એવો સારથિ પ્રત્યે બોલ્યો કે—હે સારથે, ચાલ ચાલ અને જલદી જ્યાં કવચવાન્ પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજા ધારણ કરેલાં છત્રવડે શોભે છે ત્યાં મને પહોંચાડ. હે ભારત, રાજાએ પ્રેરણા કરેલો તે સારથિ ઉત્તમ એવા રાજાના રથને યુદ્ધમાં યુધિષ્ઠિરસમીપ લેઈ ગયો. તે સમે મદ ઝરતા હાથિની પેઠે ક્રોધ પામેલા યુધિષ્ઠિર સારથિને કહેવા લાગ્યા કે—જ્યાં દુર્યોધન છે ત્યાં ચાલ. પછી રથિઓમાં શ્રેષ્ઠ એવા શૂરા તે બે ભાઇ સમાગમ પામ્યા અને યુદ્ધમાં મળીને ક્રોધ પામેલા. યુદ્ધમાં દુર્મદ મહાધનુર્ધારિ અને મહાશૂર એવા તેઓ પરસ્પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. ત્યાર પછી હે મારિષ, રાજા દુર્યોધને શિલાવડે તીક્ષ્ણ કરેલા ભલ્લે કરી સંગ્રામ વિષે યુધિષ્ઠિરના ધનુષને કાપ્યું. તે અપમાન અતિ

ક્રોધ પામેલા યુધિષ્ઠિર સહી શક્યા નહિ અને કાપેલા ધનુષ્યને તજી જેનાં ક્રોધવડે નેત્ર લાલ થયાં છે એવા ધર્મપુત્ર યુધિષ્ઠિરે બીજું ધનુષ્ય લેઇ સેનાના અગ્રભાગમાં દુર્યોધનના ધ્વજને અને ધનુષ્યને કાપ્યું. તે પછી દુર્યોધને બીજું ધનુષ્ય લેઇ યુધિષ્ઠિરને વિંધ્યા. એ રીતે અતિ ક્રોધ પામેલા તે બેઉ એકબીજા પ્રત્યે શસ્ત્રવૃષ્ટિ કરવા લાગ્યા; અને પરસ્પર જીતવાની ઇચ્છાવડે સિંહની પેઠે ક્રોધ પામેલા અને વૃષભની પેઠે શબ્દ કરતા એવા તે રણભૂમિ વિષે એકબીજા પ્રત્યે પ્રહાર કરવા લાગ્યા. તેમ છિદ્રને શોધતા એવા તે બે મહારથિ આમતેમ ફરવા લાગ્યા. તે સમયે હે મહારાજ! પૂર્ણ ખેંચી ફેંકેલા બાણોવડે વ્રણવાળા તે બેઉ પુષ્પવાળા બે પલાશ વૃક્ષ સરખા શોભવા લાગ્યા. ત્યારપછી હે રાજન્! વારંવાર સિંહનાદ કરતા એવા તે મહાયુદ્ધમાં તલશબ્દોને, ધનુષ્યના શબ્દોને તથા શંખના ઉત્તમ શબ્દોને કરવા લાગ્યા. હે મહારાજ! તે બેઉ રાજા એક બીજાને અત્યંત પીડવા લાગ્યા. પછી ક્રોધ પામેલા રાજા યુધિષ્ઠિરે વજ્રની તુલ્ય વેગવાળા દુઃખે કરી સહન કરાય એવા ત્રણ બાણોવડે તમારા પુત્રને છાતીવિષે પ્રહાર કર્યો. તેમ તેને તરતજ તમારા પુત્ર રાજા દુર્યોધને સુવર્ણ પુંખવાળા શિલાવડે તીક્ષ્ણ કરેલા સ્વભાવથી તીક્ષ્ણ એવા પાંચ બાણોવડે તેમને વિંધ્યા. પછી તેજ વખતે હે ભારત! રાજા દુર્યોધને સર્વને હણનારી મોટા ગંધારીઆ સરખી, તીક્ષ્ણ એવી શક્તિને ફેંકી. સમીપ આવતી એવી તે શક્તિને જલદી ધર્મરાજાએ તીક્ષ્ણ એવા ત્રણ બાણોવડે કાપી અને તુર્ત પાંચ બાણોવડે તેને વિંધ્યો. પછી તે સમયે સુવર્ણ દંડવાળા મોટા શબ્દવાળી અને અગ્નિ સરખી એવી તે શક્તિ પડી અને પડતાં એવાં મોટાં ભંભાડીઆ સરખી શોભી. હે વિશાંપતે! શક્તિને હણેલી જોઈ તમારા પુત્રે તીક્ષ્ણ એવા નવ ભલ્લબાણોવડે યુધિષ્ઠિરને વિંધ્યા. બળવાન્ શત્રુએ અતિ વિંધેલા શત્રુને તપાવનાર એવા તેમણે દુર્યોધનને ધારી બાણને લીધો અને ત્વરા સહિત મહાબળવાન્ એવા તેમણે તે બાણને ધનુષ્યના મધ્ય ભાગમાં સાંધ્યો. તે પછી હે મહારાજ! ક્રોધ પામેલા અને પરાક્રમી એવા યુધિષ્ઠિરે ફેંક્યો. તે બાણ મહારથિ તમારા પુત્ર રાજા દુર્યોધનને પામી મોહ પમાડી પૃથ્વીને ભેદી પડ્યો. તે સમયે ક્રોધ પામેલો વેગવાન અને કલહના અંતને, ઇચ્છતો એવો દુર્યોધન ધર્મરાજ પ્રત્યે દોડ્યો; તેને દંડ જેના હાથમાં છે એવા કાળની પેઠે ઉગામેલી ગદાવાળો જોઈ ધર્મરાજે દીપ્ત અને મહાવેગવાળી મોટી શક્તિને તમારા પુત્ર તરફ જે પ્રમાણે બળના મોટા ભંભાડીઆને ફેંકે તે પ્રમાણે ફેંકી. તે વખતે કવચને ભેદી તે શક્તિએ છાતી વિષે વિંધેલો રથમાં બેઠેલો ને અતિ ઉદ્વેગ પામેલું જેનું હૃદય છે એવો તે પડ્યો. અને મોહ પામ્યો. તે સમે પ્રતિજ્ઞાને સંભારતા એવા ભીમસેને યુધિષ્ઠિરને કહ્યું કે, તમારે આ વધ કરવા યોગ્ય નથી. એ રીતે તેનાં વચન સાંભળી રાજા નિવૃત્ત થયા. તે વખતે ત્વરાથી દુઃખરૂપી સમુદ્રમાં બુડેલો એવો તમારો પુત્ર દુર્યોધન રાજાપ્રત્યે આવ્યો અને ભીમસેન પણ આવી મોટી ગદા લેઇ વેગવડે યુદ્ધમાં કૃતવર્મા પ્રત્યે દોડ્યો. એવી રીતે હે મહારાજ! યુદ્ધમાં જયને ઇચ્છનારા તમારા યોદ્ધાઓનું પારકાએ સાથે અપરાન્હ વખતે યુદ્ધ થયું.

एवं तद्भवद्युद्धं त्वदीयानां परैः सह ।
अपराह्णे महाराज कांक्षतां विजयं युधि ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायामेकोनत्रिंशोऽध्यायः ॥२९॥

અધ્યાય ૩૦ મો-કર્ણનો પહેલો દિવસ.

संजय उवाच—ततः कर्णं पुरस्कृत्य त्वदीया युद्धदुर्मदाः ।
पुनरावृत्य संग्रामं चक्रुर्देवासुरोपमम् ॥ १ ॥

સંજય કહે છે—તે પછી યુદ્ધમાં દુર્મદ એવા તમારા યોદ્ધાઓ કર્ણને આગળ કરી ફરી જ વીંટી વળી દેવ અને અસુરના યુદ્ધની ઉપમા અપાય એવું યુદ્ધ કરવા લાગ્યા. હાથી, નર, રથ, ઘોડા અને શંખના શબ્દોવડે તથા જૂદા જૂદા પ્રકારવાળા શસ્ત્રપાતોવડે હર્ષ પામેલા, કોપ પામેલા અને સમીપ રહેલા એવા માવત, રથિઓ, પાયદળ અને ઘોડે-સ્વારો એકબીજાને હણવા લાગ્યા. મહાયુદ્ધમાં ઉત્તમ પુરૂષોએ તીક્ષ્ણ એવી ફરશી, ખડ્ગ અને પટ્ટીશોવડે તથા અનેક પ્રકારવાળા બાણોવડે હાથી ઉપર બેસનારાઓને, રથિઓને અને ઘોડેસ્વારોને હણ્યા. તથા વાહન ઉપર બેસનારાઓએ પુરૂષોને હણ્યા. તે સમે કમળ, સૂર્ય ને ચંદ્રમા સરખા જેના શ્વેત દાંત છે, સુંદર મુખ, નેત્ર અને નાસિકા છે તથા શોભિત મુકુટ અને કુંડળ છે એવા પુરૂષોના મસ્તકોવડે પથરાએલી પૃથ્વી શોભતી હતી. હજારો હાથી, નરો અને ઘોડાએ ભોગળ, મુસલ, શક્તિ ને તોમરોવડે હજારો નખર, ભુશંડી અને ગદાઓવડે હણાયા. તે સમયે લોહીની નદીના પ્રવાહો ચાલ્યા અને જેના રથ, નરો, ઘોડાઓ તથા હસ્તિઓ નાશ પામેલા છે અને ભયંકર જેનો દેખાવ છે એવું તીવ્ર નખવાળા શત્રુઓએ હણેલું તે સૈન્ય જે પ્રમાણે પ્રજાના નાશ વખતે પિતૃપતિ યમ-રાજનું રાષ્ટ્ર શોભે તે પ્રમાણે શોભતું હતું. એ પછી રણભૂમિવિષે કુરૂઓમાં શ્રેષ્ઠ એવા તમારા સૈનિક રાજાઓ અને દેવતાના પુત્ર સરખા એવા તમારા પુત્રો મોટાં સૈન્યોને આ-ગળ કરી સાત્યકિ પ્રત્યે ગયા. તે વખત અતિ રૂધિરવડે ભયંકર ઉત્તમ પુરૂષો, ઘોડા, રથ અને હસ્તિઓવડે આકુલ જેનો ક્ષારસમુદ્રના શબ્દ સરખો શબ્દ ઉત્પન્ન થયેલો છે એવું અને અસુર તથા દેવનાં સૈન્ય સરખી કાંતિવાળું તે સૈન્ય શોભતું હતું. પછી યુદ્ધમાં સુરપતિ ઇન્દ્રની સમાન સૂર્યપુત્ર કર્ણ વિષ્ણુની ઉપમા અપાય એવા શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિપ્રત્યે સૂર્યના કિરણ-સમાન કાંતિવાળા બાણોવડે પ્રહાર કરવા લાગ્યા. તે સમયે રથ, ઘોડા અને સારથિ સહિત તથા પુરૂષોમાં ઉત્તમ એવા તેને પણ શિનિકુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિ ત્વરાથી જૂદા જૂદા પ્રકારવાળા સર્પ તથા વિષની સમાન કાંતિવાળા બાણોવડે ઢાંકવા લાગ્યા. તે વખતે શિનિ-કુળમાં શ્રેષ્ઠ એવા સાત્યકિના બાણોવડે પીડિત, રથિઓમાં શ્રેષ્ઠ એવા કર્ણપ્રત્યે અતિરથ એવા તમારા સ્નેહીઓ જલદી હાથી, રથ, ઘોડા અને પાયદળો સહિત ગયા. તે સમયે અતિ ઉતાવળા દ્રુપદપુત્ર આદિ શત્રુઓએ નસાડેલું એવું સમુદ્રતુલ્ય તે સૈન્ય ભાગ્યું; તેમાં પુરૂષ, રથ, ઘોડા અને હસ્તિઓનો ઘણો નાશ થયો. એ પછી જેઓએ આન્હિકકર્મ કરેલું છે અને શત્રુના વધનો નિશ્ચય કરેલો છે એવા પુરૂષોમાં ઉત્તમ અર્જુન અને કેશવ ભગવાન વિધિપ્રમાણે પ્રભુ એવા શંકરને પૂજી જલદી તમારા સૈન્યપ્રત્યે ગયા. તે સમયે અર્જુન વિષે મનવાળા શત્રુઓ મેઘના શબ્દ સરખા શબ્દવાળા, જેના પવનવડે પતાકા અને ધ્વજ કંપિત છે તથા ધોળા ઘોડાઓ છે એવા સમીપ આવતા અર્જુનના રથને જોવા લાગ્યા. પછી રથવિષે નૃત્ય કરનારની પેઠે રહેલા અર્જુને ગાંડિવ ધનુષનો ટંકાર કરી આકાશને અને દિશાઓના ખુણાને બાણોવડે બાણવાળી કરી; અને તે સમયે જે પ્રમાણે વાયુ વાદળાંઓને નાશ પમાડે તે પ્રમાણે અર્જુન બાણોવડે વિમાનસરખા,

આયુધ, ધ્વજ અને સારથિસહિત એવા રથોને હણવા લાગ્યો. વળી તેણે બાણોવડે હસ્તિઓને, માવતોને, વૈજયંતી માળા, આયુધ અને ધ્વજોને, ઘોડેસ્વારોને, ઘોડાઓને, અને પાયદળોને યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યા. જ્યારે અંતકની પેઠે ક્રોધ પામેલા નિવારણ ન કરાય એવા તે મહારથિ પ્રત્યે સીધા જનારા બાણોવડે હણતો એવો એકલો દુર્યોધન ગયો, ત્યારે તેના ધનુષને, સારથિને, ઘોડાને અને ધ્વજને અર્જુને સાત બાણોવડે હણી એક બાણવડે છત્રને ભાગ્યું અને પ્રાણને હરનારા નવમા બાણને સાંધી દુર્યોધન પ્રત્યે ફેંક્યો. તે ઉત્તમ બાણને દ્રોણપુત્ર અશ્વત્થામાએ સાત કડકા કરી કાપી નાખ્યો. પછી પાંડુપુત્ર અર્જુને બાણોવડે દ્રોણપુત્ર અશ્વત્થામાના ધનુષ્‌ને કાપી રથના ઘોડાઓને હણી કૃપાચાર્યના પણ અતિ ઉગ્ર એવા ધનુષ્‌ને કાપ્યું અને તેજ સમયે કૃતવર્માના ધનુષ્‌ને અને ધ્વજને કાપી ઘોડાઓને હણ્યા તથા દુઃશાસનના ધનુષ્‌ને કાપી તે, રાધાપુત્ર કર્ણ પ્રત્યે ગયો. એ પછી ત્વરાવાન્ કર્ણે સાત્યકિને તજી દેઈ ત્રણ બાણોવડે અર્જુનને વિંધી ફરીને વિશ બાણોવડે કૃષ્ણને અને કુંતિપુત્ર અર્જુનને વિંધ્યા, તે વખતે રણભૂમિવિષે બહુ બાણોને ફેંકતા, શત્રુઓને હણતા અને ક્રોધ પામેલા એવા કર્ણને જેમ ઇંદ્રને ગ્લાનિ ન થાય તેમ ગ્લાનિ થઈ નહિ. એ પછી સાત્યાકિએ આવી તીક્ષ્ણ અને ઉગ્ર એવા નવાણું બાણવડે કર્ણને વિંધી ફરીને સો બાણોવડે વિંધ્યો. ત્યાર પછી પાંડવોના સર્વ અતિરથી નરો કર્ણને પીડવા લાગ્યા અને યુધામન્યુ, શિખંડી, દ્રુપદ રાજાના પુત્રો, પ્રભદ્રક યોદ્ધાઓ, ઉત્તમોજા, યુયુત્સુ, નકુલ સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન, ચેદિ, કારૂષ, મત્સ્ય અને કેકય યોદ્ધાઓનું જે સૈન્ય હતું તે, બળવાન્ એવો ચેકિતાન અને સારાં વ્રતવાળા એવા ધર્મરાજ યુધિષ્ઠિર એ સર્વ રથ, ઘોડા અને હસ્તિઓવડે તથા ઉગ્ર પરાક્રમવાળા પાયદળોવડે રણભૂમિ વિષે કર્ણને ઘેરી લઈ જૂદાં જૂદાં શસ્ત્રોવડે ઢાંકવા લાગ્યા. તે સમયે ઉગ્ર વાણીવડે બોલતા એવા તેઓ જે કર્ણના વધવિષે તત્પર થઇને શસ્ત્રવૃષ્ટિને તીક્ષ્ણ બાણોવડે અસ્ત્રનાં બળે કરી બહુ પ્રકારે કાપા કર્ણ જે રીતે ઝાડને ભાગી વાયુ ખસેડી નાખે તે રીતે દૂર કરતો હતો. વળી ક્રોધ પામેલો કર્ણ રથિઓને, માવતોસહિત એવા હસ્તિઓને, ઘોડેસ્વારોસહિત એવા ઘોડાઓને અને પાયદળોને હણતો દેખાતો હતો; તથા કર્ણના અસ્ત્રના તેજવડે વધ પામતું અને શસ્ત્ર, વાહન; દેહ તથા પ્રાણરહિત થએલું એવું પાંડવોનું સૈન્ય ઘણું કરી વિમુખ થયું હતું. પછી હસતો એવો અર્જુન અસ્ત્રવડે કર્ણનાં અસ્ત્રને હણી બાણવૃષ્ટિઓવડે દિશાને, આકાશને અને ભૂમિને ઢાંકવા લાગ્યો. તેના કેટલાક બાણો મુસળ અને ભોગળની પેઠે પડવા લાગ્યા. કેટલાક શતઘ્નીઓની (જંજીરાઓની) પેઠે પડવા લાગ્યા. કેટલાક ઉગ્રવજ્રની પેઠે પડવા લાગ્યા. તે બાણોવડે હણાતું પાયદળ, ઘોડા રથ અને હસ્તિઓસહિત એવું તે સૈન્ય નેત્ર મીંચી અતિશે ભમવા લાગ્યું. અને નાદ કરવા લાગ્યું. તથા તે સમયે બાણોવડે હણાતા અને પીડિત એવા ઘોડેસ્વારો, નરો અને માવતો મરણનો નિશ્ચય કરી યુદ્ધ કરતા હતા અને તે વખતે ભય પામવાથી દોડતા હતા. એ રીતે જ્યારે જયને ઇચ્છતા એવા તમારા યોદ્ધાઓ યુદ્ધમાં આસક્ત થયા હતા ત્યારે સૂર્ય અસ્તાચલને પામી તે પ્રત્યે પેઠા. પછી હે મહારાજ! અંધકારવડે તથા વિશેષે કરી રજવડે સારૂં વા નઠારૂં કશું પણ જોઈ શકતા ન હતા. તેમ હે ભારત! રાત્રિયુદ્ધ થવાની બીકવાળા તે મહાધનુર્ધારિઓ સર્વ યોદ્ધાઓ સહિત તે સમયે પલાયન કરી જવા લાગ્યા. હે રાજન્! જ્યારે કૌરવો જતા રહ્યા ત્યારે દિવસ અસ્ત પામવાને લીધે જયને પામી પ્રસન્ન

મનવાળા એવા કુંતિપુત્રો પોતાના સૈન્યના સ્થાન પ્રત્યે ગયા અને તે શૂરાઓએ અવહાર કર્યો. તે સમે વિવિધ એવા વાદિત્રના શબ્દોવડે અને ગર્જના સહિત એવા સિંહનાદવડે શત્રુઓને હસતા અને શ્રીકૃષ્ણ તથા અર્જુનને વખાણતા એવા તે સર્વ સૈનિક રાજાઓ પાંડવો વિષે આશીર્વચન કહેતા હતા. અવહાર કર્યા પછી પ્રસન્ન થએલા પાંડવો અને રાજાઓ રાત્રિ વિષે પોતાના રહેઠાણ પ્રત્યે જઈ રહ્યા અને તે વખતે સમુદાયથી રાક્ષસ, પિશાચ અને અરણ્યનાં પશુઓ ઘોર તથા રૂદ્રની ક્રીડાનાં સ્થાન સરખી રણભૂમિ પ્રત્યે ગયાં.

> ततो रक्षः पिशाचाश्च श्वापदाश्चैव संघशः ।
> जग्मुरायोधनं घोरं रुद्रस्याक्रीडसन्निभं ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि प्रथमे युद्धदिवसे गुर्जरभाषायां त्रिंशोऽध्यायः ॥३०॥

અધ્યાય ૩૧ મો–કર્ણની બડાશ.

> धृतराष्ट्र उवाच—स्वमच्छन्देन नः सर्वानवधीद्व्यक्तमर्जुनः ।
> न ह्यस्य समरे मुच्येदन्तकोप्याततायिनः ॥१॥

ધૃતરાષ્ટ્ર કહે છે કે—અર્જુન પોતાના ઇચ્છાવડે સ્પષ્ટ આપણાઓને હણતો હતો એવા એ શસ્ત્રધારી અર્જુનથી સંગ્રામવિષે કોઇપણ મુક્ત થાય તેમ ન હતું, કેમકે કુંતિપુત્ર એકલા અર્જુને સુભદ્રાને હરી હતી, એકલાએ અગ્નિને તૃપ્ત કર્યો હતો, એકલાએ આ પૃથ્વીને જીતી રાજાઓને કર આપનારા કર્યા હતા, એકલાએ દિવ્ય ધનુષ્યવડે નિવાત કવચોને હણ્યા હતા. એકલાએ કિરાતના રૂપવડે રહેલા શિવ સાથે યુદ્ધ કર્યું હતું, એકલાએ ઘોષયાત્રામાં દુર્યોધન આદિ ભરતોની રક્ષા કરી હતી, એકલાએ શિવને પ્રસન્ન કર્યા હતા અને તેણે એકલાએ ઉગ્ર એવાં અસ્ત્રનાં તેજવડે સર્વ રાજાઓને જીત્યા હતા. હે સૂત ! આ પ્રમાણે છે તોપણ આપણા યોદ્ધા નિંદવા યોગ્ય નથી પણ પ્રશંસા કરવા યોગ્ય છે. તેમ દુર્યોધન પણ નિંદવા યોગ્ય નથી; કારણ કે તેવા શત્રુને પામી પ્રસિદ્ધ થયા છે. માટે તે સમયે તેઓ જે કરતા હતા અને દુર્યોધન જે કરતો હતો તે કહે. સંજય કહે છે કે–લગાવેલા, કાપેલા અવયવોવાળા, વાહનો થકી હેઠે પડેલા, કવચ, આયુધ અને વાહનરહિત, દીન સ્વરવાળા દુઃખ પામતા, માની, અને શત્રુઓએ જીતેલા કૌરવો ખરી પડેલી દાઢવાળા નાશ પામેલા વિષવાળા, પગવડે દાબેલા સર્પો હોય તેમ સેનાના રેઠાણમાં રહી ફરીને વિચાર કરવા લાગ્યા. તે સમયે સર્પની પેઠે શ્વાસ લેતો અને ક્રોધ પામેલો એવો કર્ણ હાથવડે હાથને દાબી તમારા પુત્ર પ્રત્યે જોઈ બોલ્યો કે અર્જુન બલવાન્, દૃઢ, કુશલ, અને ધૈર્યવાન્ છે. વળી એને શ્રીકૃષ્ણ પણ કાળને અનુસરનો બોધ કરે છે તેણે કરીને અને જલદી શસ્ત્રોને તજી દીધાં તેણે કરી અમે આજ છેતરાયા પણ હે મહીપતે ! કાલ, હું તેના સર્વ સંકલ્પને હણીશ. એ પ્રકારે કહેલા તે દુર્યોધને ‘ ઠીક ’ એમ કહી રાજાઓને આજ્ઞા કરી અને આજ્ઞા કરેલા તે સર્વ રાજાઓ પોતાનાં રેઠાણ પ્રત્યે ગયા. પછી તે રાત્રિ પ્રત્યે સુખે કરી રહેલા, હર્ષ પામેલા તેઓ બીજે દિવસે યુદ્ધ સારૂ નિકળ્યા અને બૃહસ્પતિ તથા કુરૂઓમાં મુખ્ય એવા ધર્મરાજે શુક્રાચાર્યના મત પ્રમાણે પ્રયત્નથી કરેલા, દુઃખે કરી જીતાય એવા વ્યૂહને જોવા લાગ્યા. પછી તે સમયે

એક અબળ છે, તથાપિ જ્ઞાને કરી વિદ્વાન બ્રહ્મને પામે છે, અને ઉપાસના સહિત કર્મે કરી જો સકામ હોય તો દેવાદિકપણાને પામે ને દેહાભિમાની થઇ અભિમાનજન્ય પાપને ભોગવે છે, માટે જ્ઞાનજ શ્રેષ્ઠ છે. પુણ્ય તથા પાપના સ્વર્ગનરકરૂપ નાશાત્મક ફળને પામી, જીવ ફરીથી પૂર્વ સંસ્કારે કરી જન્મ લઇ તે તે યોનિને ઉચિત કર્મ કરે છે. એ રીતે કર્મનું ફળ ભોગવી પાછો કર્મજ કરે છે, તેથી કર્મ પાશથી મુક્ત થતો નથી. યદ્યપિ એમ છે, તથાપિ નિષ્કામ ધર્મરૂપ કર્મે કરી વિદ્વાન પાપને દૂર કરે છે, અને મૂઢ તો કર્મના સ્વર્ગ પશ્વાદિરૂપ ફળને ઇચ્છે છે, માટે નિષ્કામ ધર્મજ બળવાન છે; અધર્મ નથી. એ હેતુ માટે નિષ્કામ ધર્માચરણ કરનારને પાપ નાશ થવાથી કાળે કરી? મોક્ષ મળે છે.

ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, પુણ્ય કર્મ કરનાર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય, એ દ્વિજોને યમનિયમાદિ ધર્મના ફળભૂત જે સનાતન લોક પ્રાપ્ત થાય છે, તેનો ક્રમ કહો? સ્વભાવિક નિષિદ્ધ કરેલાં કામ્ય કર્મને હું ઇચ્છતો નથી. તે સાંભળી સનત્સુજાત ઋષિયે કહ્યું કે, જેમ મલ્લાદિક બળવાન પુરૂષો બીજાના બળ સામે સ્પર્ધા કરે છે, તેમ યમનિયમાદિરૂપ વ્રત વિષે "હું બીજાઓથી અધિક યમનિયમાદિ સાધીશ." એમ સ્પર્ધા કરનાર દ્વિજ, સગુણ બ્રહ્મને જાણનાર યોગી થઇ આ દેહને મૂકી બ્રહ્મલોક વિષે જાય છે, ને પછી ત્યાં બ્રહ્માની સાથે મુક્તિ પામે છે. જે પુરૂષોને "હુંજ યજ્ઞાદિકનું સર્વથી ઉત્કૃષ્ટ રીતે અનુષ્ઠાન કરૂં" એવો આગ્રહ છે, તેઓને યજ્ઞાદિક જ્ઞાનેચ્છા હોય તો જ્ઞાનનુંજ સાધન થાય છે, નહી તો તેઓ આ શરીરથી મુક્ત થઇ ત્રિવિષ્ટપ સ્વર્ગ પ્રત્યે જાય છે. જે પુરૂષને દૃઢ જ્ઞાન થયું નથી ને સંસારમાં પણ આસક્તિ થોડી છે, તેણે વર્ણ, આશ્રમ તથા અવસ્થા, ઇત્યાદિના અભિમાનથી બહિર્મુખ હોય તેને, તેમજ નિષ્કામપણાથી જે અંતરદૃષ્ટિવાળો હોય તેને પણ અત્યંત અનુસરવું નહિ; કારણ બહિર્મુખને અનુસરવાથી, પોતામાં કામ ક્રોધાદિ દુર્ગુણ આવે છે ને અંતરદૃષ્ટિવાળાને અનુસરવાથી નિષ્કામપણાને લીધે કર્મ કરતો ન હોય તો પોતાથી પણ કર્મ છુટી જાય, વાસ્તે તે બેઉ પાસેથી સાર હોય તે લેવો; એવા ધર્માચરણને વેદ જાણનાર બ્રાહ્મણો વખાણે છે. સંન્યાસિયોએ વર્ષાકાળમાં વૃદ્ધિ પામેલા તૃણની પેઠે જેના ઘરમાં અતિથિ વાસ્તે અન્નપાન ઘણું જોયામાં આવે, તેને ઘેર જઇ પોતાની પ્રાણયાત્રા કરવી, પણ જેને સંકોચ હોય એવા ક્ષીણ વૃત્તિવાળા ગૃહસ્થને ઘેર જઇ પીડા કરવી નહી, તેમ ક્ષુધાની બાધાથી પોતાના પ્રાણને પણ પીડા કરવી નહી, એટલે ઘણા અન્નપાનવાળાને ઘેર જઇ હંમેશ ભિક્ષા કરવી. જે ભય આપનાર દેશમાં રહીને પોતામાં સામર્થ્ય છતાં પણ, દેશના મનુષ્યોની વચમાં પોતાના આત્માને વિદ્યાદિ ગુણે કરી અધિક જણાવતો નથી, તે યોગી જગતમાં સર્વથી શ્રેષ્ઠ જાણવો. જે પારકા ઉત્કર્ષ જોઇ સંતાપ ન કરતો હોય, ને બ્રહ્મચારી તથા સંન્યાસીને જમાડ્યા પછી જમતો હોય, તેનું અન્ન સંન્યાસિયોએ જમવું, એમ સત્પુરૂષોનો મત છે. જેમ શ્વાન નિત્ય પોતાનું વમન કરેલું ખાય છે, તેમ પોતાનું પાંડિત્યાદિક પ્રકાશ કરી જે ભિક્ષાની ઇચ્છા કરે છે, તે સંન્યાસી પોતાના અકલ્યાણ વાસ્તે વમન કરી પાછું ખાનાર થાય છે. બ્રહ્મવેત્તા બ્રાહ્મણ પોતાની જ્ઞાતિના મધ્યમાં વસે છે, તોપણ "આ જાતિલાઓ મારી યોગચેષ્ટા માં જાણો" એમ ઇચ્છે છે, તેના લક્ષણને જાણનાર પંડિતો તેને બ્રહ્મનિષ્ઠ કહે છે. એ રીતે કહેલી યોગચેષ્ટા વિના ઉપાધિકૃત અવયવ રહિત, પ્રતિ શરીરમાં રહેનાર, અનુમાનાદિક પ્રમાણોએ કરી અગમ્ય, વ્યાપક, સંગ રહિત અને સજાતીય વિજાતીય તથા સ્વગત ભેદ રહિત આત્માને જાણવા કોણ સમર્થ છે? કોઈ યોગ-

પરશુરને હણનાર એવા દુર્યોધને વૃષભ સરખી કાંધવાળા કર્ણને યાદ કર્યો અને યુદ્ધમાં ઇન્દ્ર સમાન, બળમાં મરૂદ્ગણ સમાન અને શૌર્યમાં કૃતવીર્યના પુત્ર સહસ્રાર્જુનની સમાન એવા કર્ણ પ્રત્યે રાજાનું મન ગયું. તેમ સૈન્યોનું મન જે પ્રમાણે પ્રાણસંકટ વખતે બંધુ પ્રત્યે જાય તે પ્રમાણે મહાધનુર્ધારિ સૂતપુત્ર કર્ણ પ્રત્યેજ ગયું. ધૃતરાષ્ટ્ર કહે છે કે— હે સૂત! જ્યારે અવહાર કર્યો અને તમારૂં મન સૂર્યપુત્ર કર્ણ પ્રત્યે ગયું તથા મંદ એવા તમે જે પ્રમાણે શીતવડે પીડિત માણસ સૂર્યને જુવે તે પ્રમાણે જોવા લાગ્યા ત્યારે દુર્યોધન શું કરતો હતો અને ફરીને જ્યારે યુધ્ધ પ્રવૃત્ત થયું ત્યારે હે સંજય! તે કેવી રીતે યુદ્ધ કરતો હતો ? વળી તે વખતે સર્વ પાંડવો સૂતપુત્ર કર્ણ પ્રત્યે કેવી રીતે યુદ્ધ કરતા હતા ? મહાબાહુ કર્ણ એકલો સંજય યોદ્ધાઓ સહિત એવા કુંતિપુત્રોને જીતે એમ છે. કારણ કે યુદ્ધમાં એના ભુજનું બળ ઇન્દ્ર અને વિષ્ણુની બરોબર છે. વળી તે મહાત્માનાં ઘોર શસ્ત્રો છે અને ઘોર પરાક્રમ છે; માટે જે કર્ણનો આશ્રય કરી રાજા દુર્યોધન યુદ્ધમાં મત્ત છે તે મહારથિ કર્ણ તે સમયે દુર્યોધનને પાંડુપુત્રે અતિ પીડેલો અને પાંડુપુત્રોને પરાક્રમ કરતા જોઇ શું કરવા લાગ્યો ? અહો ! મંદ દુર્યોધન સંગ્રામ વિષે કર્ણનો આશ્રય કરી ફરીને પુત્ર અને કેશવ ભગવાન્ સહિત એવા કુંતિપુત્રોને જીતવા ઉત્સાહ પામે છે અહો ખેદકારી મોટું દુઃખ છે કે, જે ઠેકાણે રણભૂમિ વિષે બળવાન્ એવો કર્ણ પણ પાંડુપુત્રોને ન તરી ગયો; માટે દૈવજ પરમ આશ્રય કરવા યોગ્ય છે. અહો દ્યૂતનું અઘોર પરિણામ હાલ વર્તે છે, તેથી અહો સંજય, દુર્યોધને કરેલાં તીવ્ર ઘોર, અને શલ્યરૂપ થએલાં એવાં મારે ઘણાં દુઃખો સહન કરવાં પડશે. હે તાત ! દ્યુતના વખતમાં રાજા દુર્યોધન સુબલાપુત્ર શકુનિને નીતિવાન્ છે એ રીતે માનતો હતો અને જે નિરંતર વેગવાન્ કર્ણ છે તેનેજ અનુસરતો હતો, જેને લીધે હે સંજય ! આવી રીતે થતાં મોટાં યુદ્ધોમાં નિરંતર મારા પુત્રોનેજ હણેલા અને જીતેલા સાંભળું છું. યુદ્ધમાં કોઈ પણ પાંડવોને નિવારનાર નથી અને તેઓ જેમ સ્ત્રીઓના મધ્યમાં પેસે તેમ સેના પ્રત્યે પેસે છે માટે દૈવ છે તે અતિ બળવાન્ છે. સંજય કહે છે—હે રાજન્ ! ધર્મિષ્ઠ એવાં પૂર્વનાં નિમિત્ત વિચારો. વળી માણસ જે ગયેલાં કાર્યને પાછળથી વિચારે છે તે કાર્ય એમનું થતું નથી અને ચિંતાવડે વિનાશ પામે છે. તેમ હે રાજન્ ! જ્ઞાનવાન એવા તમે પણ પ્રાપ્ત અને અપ્રાપ્ત વસ્તુનો વિચાર કર્યો નહિ તેથી તમારૂં રાજ લાભ-રૂપી અતિ દુર્બલ થયું. હે વિશાંપતે ! ‘ યુદ્ધ કરો માં ’ એ રીતે પાંડવોએ બહુ પ્રકારે તમને કહેલું હતું તો પણ મોહથી તમે તેઓનાં વચનોનું ગ્રહણ કરતા ન હતા અને તમે પાંડવો વિષે ઘોર પાપ કર્મ આચરેલાં છે, ને તમારે માટે ઘોર એવો રાજાઓનો અને મનુષ્યોનો ક્ષય થાય છે. હે અચ્યુત ભરતશ્રેષ્ઠ ! જે કાર્ય હતું તે તો ગયું માટે શોક કરો માં અને જે પ્રમાણે ઘોર ઘાતકી કમ થયું તે સર્વ સાંભળો. જ્યારે સવાર થયું ત્યારે મહાબાહુ કર્ણ રાજા દુર્યોધન પ્રત્યે ગયો અને મળ્યા પછી બોલ્યો. કર્ણ કહે છે—હે હે ભારત રાજન્ ! મારા અને કુંતિપુત્રના કાર્યોના બહુપણાથી મારો અને અર્જુનનો સમાગમ થયો ન હતો. હે રાજન્ , આજ હું યશસ્વી એવા પાંડવ અર્જુનની સાથે મળીશ અને તે શૂરને હણીશ અથવા તે, મને હણશે. હે વિશાંપતે ! યથામતિ આ મારૂં વાક્ય સાંભળો કે રણભૂમિ વિષે, હું, કુંતિપુત્ર અર્જુનને હણ્યા સિવાય આવીશ નહિ અને જેમાં મોટા શૂરાઓ નાશ પામેલા છે એવા આ સૈન્ય વિષે જ્યારે હું યુદ્ધમાં એકલો રહિશ

ત્યારે ઇન્દ્રની શક્તિ રહિત એવા મારા પ્રત્યે કુંતિપુત્ર અર્જુન આવશે. તે સમયે હે જનેશ્વર ! જે શ્રેય કરનારૂં છે તે તમે સમજો. મારાં અને અર્જુનનાં આયુધોનું જોર બરાબર છે, પણ શત્રુને ભેદવામાં, શીઘ્રતામાં કુશળતામાં અને અસ્ત્રોને પાડવા સવ્યસાચી અર્જુન મારી સમાન નથી. તેમ હે ભારત ! શરીરના બળમાં, શૌર્યમાં, અસ્ત્રોના વિજ્ઞાનમાં, પરાક્રમમાં અને નિશાનનો સંબંધ જાણવામાં સવ્યસાચી અર્જુન મારી તુલ્ય નથી. હે રાજન્ સર્વ આયુધોમાં શ્રેષ્ઠ વિજય નામનું પ્રસિદ્ધ ધનુષ્ છે કે જેને ઇન્દ્રને માટે પ્રિય કરવાની ઇચ્છાવડે વિશ્વકર્માએ રચેલું છે, જેણેકરી ઇન્દ્રે દૈત્યોના સમૂહોને જીતેલા છે અને જેના શબ્દવડે દૈત્યોની દશદિશાઓ અતિ મોહ પામે છે, અતિ મનાયેલું દિવ્ય અને મોટું એવું તે ધનુષ્ ઇન્દ્રે પરશુરામને આપ્યું હતું અને તેણે તે ઉત્તમ ધનુષ્ મને આપેલું છે, તે ધનુષ્વડે જીતનારાઓમાં ઉત્તમ એવા મહાબાહુ અર્જુનપ્રત્યે જેવી રીતે સંગ્રામવિષે આવેલા દૈત્યોપ્રત્યે ઇન્દ્ર યુદ્ધ કરે તેવી રીતે હું યુદ્ધ કરીશ. પરશુરામે આપેલું ઘોર એવું તે ધનુષ્ ગાંડિવ ધનુષથી અધિક છે જે ધનુષ્વડે પરશુરામે પૃથ્વીને એકવીશ વાર જીતી હતી. આ ધનુષ્નાં દિવ્યકર્મો પરશુરામે કહેલાં છે અને મને તે ધનુષ્ આપેલું છે, તેણે કરી પાંડવ સાથે યુદ્ધ કરીશ તથા હે દુર્યોધન ! આજ હું સંગ્રામવિષે જીતનારાઓમાં ઉત્તમ એવા અર્જુનને બાંધવોસહિત હણી તમને આનંદ પમાડીશ; અને હે પાર્થિવ ! આજ જેવિષે શૂરાઓ નાશ પામેલા છે એવી પર્વત, નવદ્વીપ અને સાગરસહિત પૃથ્વી તમારા પુત્ર અને પૌત્રો વિષે રહેનારી થશે. જેવી રીતે શુભધર્મવિષે પ્રીતિવાળા અને જીતેલા મનવાળા પુરૂષને મોક્ષ અશક્ય નથી, તેવી રીતે વિશેષે કરી તમારૂં પ્રિય કરવા માટે આજ મેં કશું પણ ન કરી શકાય તેવું નથી; કેમકે યુદ્ધમાં, જે રીતે અગ્નિને સહન કરવા વૃક્ષ સમર્થ ન હોય તે રીતે મને સહન કરવા અર્જુન શક્તિમાન્ નથી. તોપણ જેણે કરી અર્જુનથી હું ન્યૂન છું તે મારે અવશ્ય કહેવું જોઇએ. તેના ધનુષ્ની પ્રત્યચા દિવ્ય છે તથા મોટા ભાથા ક્ષય ન પમાડી શકાય તેવા છે, અને તેના સારથિ ગોવિંદ ભગવાન્ છે, તેનું યુદ્ધમાં, અજીત એવું શ્રેષ્ઠ દિવ્ય ગાંડિવ ધનુષ્ છે અને મારૂં પણ ઉત્તમ એવું દિવ્ય મોટું વિજય ધનુષ્ છે. હે પાર્થિવ ! તે વિષયમાં તે ધનુષ્વડે કુંતિપુત્ર અર્જુનથી અધિક છું અને જેણે કરી શૂર એવો પાંડવ અધિક છે તે પણ મારાથી વાકેફગાર થાઓ. અર્જુનના સારથિ સર્વ લોકે નમસ્કાર કરેલા શ્રીકૃષ્ણ છે, અગ્નિએ આપેલો, દિવ્ય, સુવર્ણવડે શોભિત અને સર્વ તરફથી કાપી ન શકાય એવો રથ છે, મનસરખા વેગવાળા ઘોડાઓ છે, દિવ્ય અને કાંતિવાન્ ધ્વજ છે, તથા વિસ્મયને ઉત્પન્ન કરનાર વાનર છે અને જગતના સ્રજનાર એવા શ્રીકૃષ્ણ તે રથની રક્ષા કરે છે. આ વસ્તુઓવડે હીન એવો પણ હું પાંડવની સાથે યુદ્ધ કરવા ઇચ્છું છું. માટે આ, સંગ્રામવિષે શોભનારો શલ્ય શ્રીકૃષ્ણની સમાન છે તેથી તે, જો મારૂં સારથિપણું કરે, તો, જરૂર તમારો જય થાય. હે રાજેંદ્ર ! માટે બીજાઓએ સુખે કરી સારથિ ન કરાય એવો શલ્ય મારો સારથિ થાય. ગીધનાં પિચ્છવાળા મારા નારાચોને ગાડાંઓ ઉપાડે અને ઉત્તમ ઘોડાઓવડે જોડેલા મુખ્ય રથો નિરંતર મારી પાછળજ આવે તો હે ભરતશ્રેષ્ઠ ! એમ કરવાથી પણ હું ગુણોવડે કુંતિપુત્ર અર્જુનથી અધિક થઇશ અને શલ્ય પણ શ્રીકૃષ્ણથી અધિક થશે. જે જેવી રીતે પરથરને હણનાર શ્રીકૃષ્ણ ઘોડાની વિદ્યા જાણે છે તેવી રીતે મહારથિ શલ્ય પણ અશ્વવિદ્યાને જાણે છે અને બાહુબળમાં મદ્રરાજ શલ્યની બરોબર કોઇપણ નથી. તેમ અસ્ત્રમાં

કોઈ પણ ધનુર્ધારી મારી બરોબર નથી તથા હયજ્ઞાનમાં (ઘોડાની વિદ્યામાં) કોઈ પણ શલ્યની સમાન છે નહિ. તેથી તે, આજ મારો રથિ કૃષ્ણથી અધિક થશે. આ પ્રમાણે 'કરવાથી હે કુરૂશ્રેષ્ઠ! રથમાં રહેલો હું ગુણોવડે અર્જુનથી અધિક થાઉં' તેમ છું અને યુદ્ધમાં અર્જુનને જીતું તેમ છું. હે મહારાજ! ઇન્દ્રસહિત એવા પણ દેવતાઓ સામા આવવા શક્તિમાન્ થશે નહિ માટે આ કાર્ય તમવડે કરવા ઇચ્છું છું. હે પરંતપ! મારો આ મનોરથ સિદ્ધ કરો અને તમારો આ કાળ જાઓ માં; આ રીતે કરવાથી સર્વ કાર્ય મનોરથો સહિત સિદ્ધ થશે અને હે ભારત! જે હું કરીશ તે તું તે સમયે સંગ્રામવિષે દેખીશ. હે રાજન્! જરૂર યુદ્ધમાં આવેલા પાંડવોને સર્વ પ્રકારે જીતીશ. સંગ્રામવિષે સુર અને અસુર પણ મારી સામે આવવા શક્તિમાન્ છે નહિ ત્યારે મનુષ્યથી ઉત્પન્ન થએલા પાંડવો કોણ માત્ર છે? સંજય કહે છે કે-સંગ્રામવિષે શોભનારા કર્ણે એવી રીતે કહેલો પ્રસન્ન થએલા મનવાળો તમારો પુત્ર રાધાપુત્ર કર્ણને વખાણી પછીથી બોલ્યો. દુર્યોધન કહે છે-હે કર્ણ! જે પ્રમાણે તમે માનો છો એ પ્રમાણેજ હું કરીશ અને ભાથા તથા ઘોડાઓસહિત રથો તમારી પાછળ આવશે. તેમ હે કર્ણ! ગીધના પિચ્છવાળા તમારા નારાચબાણોને ગાડાંઓ ઉપાડશે અને અમે તથા સર્વ રાજાઓ તમારી પાછળ આવશું. સંજય કહે છે-હે મહારાજ! પ્રતાપવાન્ એવો તમારો પુત્ર રાજા દુર્યોધન એ રીતે કહી મદ્રરાજ શલ્ય પ્રત્યે જઇ આ વચન બોલ્યો.

एवमुक्त्वा महाराज तव पुत्रः प्रतापवान् ।
अभिगम्याब्रवीद्राजा मद्रराजमिदं वचः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णदुर्योधनसम्वादे गुर्जरभाषाया-
मेकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥

અધ્યાય ૩૨ મો-દુર્યોધનની શલ્યને વિનંતિ.

संजय उवाच—पुत्रस्तव महाराज मद्रराजं महारथं ।
विनयेनोपसङ्गम्य प्रणयाद्वाक्यमब्रवीत् ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ! તમારો પુત્ર દુર્યોધન મદ્રરાજ શલ્યને વિનયવડે મળી સ્નેહથી વાક્ય બોલ્યો કે હે સત્યવ્રતવાળા, હે મહાભાગ! હે શત્રુના તાપને વધારનાર, હે રણભૂમિવિષે શૂર! હે પરસૈન્યને ભય ઉત્પન્ન કરનાર! અને હે વક્તા પુરૂષોમાં ઉત્તમ! કર્ણ કહેતો હતો ત્યારે તમે સાંભળતા હતા કે જેથી હું પોતે ઉત્તમ રાજાઓના મધ્યમાં તમારા પ્રત્યે માગણી કરૂં છું. અને હે અપ્રતિવીર્ય! શત્રુના પક્ષને ક્ષય પમાડનાર મદ્રરાજ, આજ હું મસ્તકવડે નમન કરી કહું છું કે કુંતિપુત્રોના નાશ માટે અને મારા હિત માટે સ્નેહથી સારથિપણાને કરવા યોગ્ય છો. હે રથિઓનામાં શ્રેષ્ઠ! તું સારથિ થઇશ તેથી રાધાપુત્ર કર્ણ મારા શત્રુઓને જીતશે; કારણ કે હે મહાભાગ! યુદ્ધમાં શ્રીકૃષ્ણના જેવો તું, તે વગર બીજો કર્ણનો સારથિ થાય તેમ નથી; માટે જેવી રીતે બ્રહ્મા મહેશ્વરની રક્ષા કરે તેવી રીતે તું સર્વ પ્રકારે કરી કર્ણની રક્ષા કર. અને જે પ્રમાણે સર્વ પ્રકારની આપત્તિઓ વિષે શ્રીકૃષ્ણ પાંડવ અર્જુનની રક્ષા કરે છે તે પ્રમાણે હે મદ્રેશ્વર! આજ તું રાધાપુત્ર કર્ણની રક્ષા કર. હે પૃથ્વીને પાળનાર! ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ,

તમે, બળવાન્ એવો ભોજ, સુબલાપુત્ર શકુનિ, દ્રોણપુત્ર અશ્વત્થામા અને હું, આ પ્રમાણે આપણું સૈન્ય છે અને નવપ્રકારે કરી વિભાગ કરેલું છે તેમાં મહાત્મા ભિષ્મપિતામહ અને દ્રોણાચાર્યનો ભાગ નથી, તે બેઉએ તે બે ભાગને ઓળંગી શત્રુઓને હણ્યા અને વૃદ્ધ તથા મહા ધનુર્ધારિ એવા તે બેઉને યુદ્ધમાં શત્રુઓએ કપટવડે માર્યા અને તેઓ સુખે કરી ન કરાય તેવાં કર્મને કરી સ્વર્ગ પ્રત્યે ગયા. હે પાપરહિત! તેવી રીતે યુદ્ધમાં બીજા આપણા ઘણા શ્રેષ્ઠ પુરૂષોને હણ્યા અને તેઓ રણભૂમિવિષે શક્તિપ્રમાણે પુષ્કળ ચેષ્ટા કરી પ્રાણ તજી સ્વર્ગપ્રત્યે ગયા; તેથી હે નરાધિપ! આ મારૂં સૈન્ય જેથી ઘણાખરા યોદ્ધા નાશ પામેલા છે એવું થયુ છે અને પ્રથમ થોડા એવા પણ કુંતિપુત્રોએ હણેલું હતું ત્યારે હાલ તો શું કહેવું? હે પાર્થિવ! બળવાન્ મહાત્મા, અને સત્યપરાક્રમવાળા એવા કુંતિપુત્રો જે રીતે મારા શેષ રહેલાં સૈન્યને ન હણે તે રીતે કર. હે સમર્થ! યુદ્ધમાં પાંડવોએ જેના શત્રુઓને હણેલા છે એવું આ સૈન્ય છે અને આપણાં પ્રિય અને હિતવિષે પ્રીતિમાન્ એવો એક મહાબાહુ કર્ણ છે તથા હે પુરૂષોમાં શ્રેષ્ઠ શલ્ય! સર્વ લોકોમાં મહારથિ એવા તમે છો. સંગ્રામવિષે કર્ણ આજ અર્જુનની સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે અને હે નરાધિપ મદ્રરાજ! તેને વિષે મોટી જયની આશા રહેલી છે તથા તેનો પૃથ્વીવિષે ઉત્તમ એવો કોઇ પણ સારથિ નથી. માટે જેવી રીતે યુદ્ધમાં કુંતિપુત્ર અર્જુનના ઉત્તમ સારથિ શ્રીકૃષ્ણ છે તેવી રીતે તમે પણ કર્ણના સારથિ થાઓ; અને હે પાર્થિવ! રણભૂમિવિષે શ્રીકૃષ્ણવડે યુક્ત અને તેમણે રક્ષા કરેલો એવો કુંતિપુત્ર અર્જુન જે કર્મ કરે છે તે તમારી પ્રત્યક્ષજ છે. પ્રથમ યુદ્ધમાં આ પ્રમાણે અર્જુન શત્રુ એવા આપણને હણતો હતો અને હાલ પણ કૃષ્ણસહિત એવા અર્જુનનુ પરાક્રમ છે તથા કૃષ્ણસહિત એવો અર્જુન દિવસે દિવસે યુદ્ધમાં ધૃતરાષ્ટ્રની મોટી સેનાને નસાડતો દેખાય છે માટે હે મહાકાંતિવાળા મદ્રરાજ! તમારો અને કર્ણનો ભાગ શેષ રહ્યો છે તે ભાગને આજ કર્ણસહિત એવા તમે એક વખતે નાશ પમાડો અને જે પ્રમાણે અરૂણસહિત એવા સૂર્ય અંધકારને મટાડે છે તે પ્રમાણે કર્ણસહિત એવા તમે મહાયુદ્ધમાં અર્જુનને હણો તથા તે, ઉદય પામેલા સૂર્યરૂપ અને બાલસૂર્યની સમાન કાંતિવાળા એવા કર્ણ અને શલ્યને રણભૂમિવિષે જોઈ મહારથિઓ ભાગો અને હે મારિષ! જેવી રીતે સૂર્ય તથા અરૂણને જોઈ અંધકાર નાશ પામેછે તેવી રીતે પંચાલ અને સૃંજય યોદ્ધાઓ સહિત એવા કુંતિપુત્રો નાશ પામો. કર્ણ રથિઓમાં શ્રેષ્ઠ છે અને તમે સારથિઓમાં શ્રેષ્ઠ છો તેથી લોકમાં તમારા બેઉના જેવો સયોગ થયો પણ નથી અને થવો પણ નથી. જેવી રીતે સર્વ અવસ્થાઓમાં વૃષ્ણિઓમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ, પાંડવ અર્જુનની રક્ષા કરે છે તેવી રીતે રણભૂમિવિષે તમે સૂર્યપુત્ર કર્ણની રક્ષા કરો. હે મહિપતે! તમારારૂપી સારથિવડે એ, રણભૂમિ વિષે ઇંદ્રસહિત એવા પણ દેવતાઓએ ન સહી શકાય તેવો થશે ત્યાં પાંડવોએ ન સહેવાય એ તો ફરીને શું જ કહેવું? માટે મારાં વચન પ્રત્યે શંકા કરો મા. સંજય કહે છે કે દુર્યોધનનું વચન સાંભળી ક્રોધયુક્ત ભ્રકુટીને ચડાવી વારંવાર હાથ હલાવતો, મહા ભુજવાળો અને કુલ ઐશ્વર્ય શ્રુત અને બળવડે મત્ત એવો શલ્ય ક્રોધવડે રાતાં એવાં મોટાં નેત્રોને ચડાવી આવું વચન બોલ્યો. શલ્ય કહે છે—હે ગાંધારીના પુત્ર દુર્યોધન! જરૂર તમે મારૂં અપમાન કરો છો અને શંકા પામો છો કે જેથી મને સારથિપણું કર, એ રીતે કહો છો અને મારાથી કર્ણને અધિક માની બોલો છો પણ હું

યુદ્ધમાં રાધાપુત્ર કર્ણને જરાએ મારી બરોબર ગણુતો નથી; માટે હે પૃથ્વીને પાલનાર ! મને વધારે ભાગ બતાવો કે તે મોટા ભાગને યુદ્ધમાં જીતી હું જે પ્રમાણે આવ્યો હતો તે પ્રમાણે જાઉં. અથવા હે કુરૂનંદન ! હું એકલોજ યુદ્ધ કરીશ અને આજ સંગ્રામ વિષે શત્રુઓને બાળતો એવો હું તેના પરાક્રમને તમે જુઓ. હે કૌરવ્ય ! મારા સરખો પુરૂષ તમારા કરેલા અપમાનને હૃદયમાં રાખી વર્તે એ પ્રમાણે તમે મારા પ્રત્યે શંકા લાવો માં. યુદ્ધમાં તમારે કોઈ પણ પ્રકારે મારો અનાદર કરવો નહિ; કારણ કે વજ્ર સરખા સ્થૂલ એવા મારા બે ભુજને જુઓ. વિચિત્ર એવા મારા ધનુષને અને સર્પની ઉપમા અપાય એવા બાણોને જુઓ. વાયુ સરખા વેગવાળા સારા ઘોડાઓવડે કલ્પેલા મારા રથને જુઓ, અને હે ગાંધારીના પુત્ર ! સુવર્ણના પટ્ટવડે શોભિત એવી ગદાને જુઓ, હે પાર્થિવ ! હું પોતાના તેજવડે સઘળી પૃથ્વીને ચીરવી હોય તો ચીરૂં, પર્વતોને પાડું અને સમુદ્રોને શોષ પમાડું; માટે એ પ્રકારે શત્રુનો નિગ્રહ કરવામાં સમર્થ એવો હું તેને આપ, શા માટે રણ ભૂમિ વિષે નીચ એવા અતિરથ પુત્ર કર્ણના સારથિપણા વિષે જોડો છો. હે રાજેંદ્ર ! જરૂર હું શ્રેષ્ઠ થઈ અતિ પાપી પુરૂષના દાસપણાને પામવા ઉત્સાહ પામતો નથી અને તમે મને નીચ વિષે આજ્ઞા કરવા યોગ્ય નથી; કારણ કે જે માણસ પ્રીતવડે વશ રહેલા શ્રેષ્ઠ પુરૂષને અતિ પાપી પુરૂષના વશમાં કરે ને તે પાપ ઉત્તરોત્તર થાય છે. વળી બ્રહ્માએ બ્રાહ્મણોને મુખથી ઉત્પન્ન કર્યા છે, ક્ષત્રિયોને બાહુથી વૈસ્યને ઉરૂથી, (સાથળની) અને શૂદ્રોને પગથી ઉત્પન્ન કર્યા છે; એ પ્રમાણે શ્રુતિ છે અને પછી ચાર વર્ણના પરસ્પર સંયોગથી તેઓ થકી યોગ્ય વર્ણનો સંકર થવાથી થએલા વિશેષ વર્ણો થયા છે. ચાર વર્ણોમાં પૃથ્વી વિષે બ્રહ્માએ રક્ષા કરનારા સંગ્રહ કરનારા અને દાતાર એવા ક્ષત્રિયોને કહેલા છે. લોકના અનુગ્રહ માટે યાજન, અધ્યાપન અને શુદ્ધ એવા પ્રતિગ્રહોવડે યુક્ત બ્રાહ્મણોને સ્થાપેલા છે. કૃષિ, પશુઓનું પાલન અને દાન એ કર્મ વૈસ્યનાં ઠરાવેલાં છે અને ધર્મથી બ્રાહ્મણો, ક્ષત્રિય અને વૈસ્યની પરિચર્યા (ચાકરી) કરનારા શૂદ્રોને કહેલા છે. તેમ બ્રાહ્મણ અને ક્ષત્રિયોની સેવા કરનારા સૂતને કહેલા છે માટે ક્ષત્રિય કોઇ રીતે પણ સૂતનું સાંભળે નહિ. વળી હું તો મૂર્દ્ધાભિષિક્ત રાજર્ષિઓના કુળમાં થએલો રાજા અને બંદિ લોકોને સ્તુતિ કરવા યોગ્ય તથા સેવવા યોગ્ય પ્રખ્યાત થએલો મહારથિ છું; માટે શત્રુઓને હણનાર તે હું એવો આ સંગ્રામ વિષે સૂતપુત્ર કર્ણના સારથિપણાને કરવા ઉત્સાહ પામતો નથી અને અપમાનને પામી હું કોઇ રીતે પણ યુદ્ધ કરીશ નહિ; તેથી હે ગાંધારીના પુત્ર દુર્યોધન ! તમને પૂછું છું કે આજ હું જરૂર ઘેર જઇશ સંજય કહે છે—હે મહારાજ ! એ પ્રકારે કહી સંગ્રામ વિષે શોભનાર એવો શલ્ય ઉભો થઇ જલદી રાજાઓના મધ્યમાંથી ક્રોધ સહિત ચાલતો થયો, ત્યારે તમારા પુત્રે સ્નેહથી અને બહુ માનથી તેને ઝાલી શાંતિવડે સર્વ અર્થને કરનાર એવું મધુરવાક્ય કહ્યું કે—હે જનેશ્વર શલ્ય ! જે પ્રમાણે તમે જાણો છો એ પ્રમાણે નિઃસંશય છે પણ મારો કોઈ પણ એક અભિપ્રાય છે તે સમજો. હે પાર્થિવ ! કર્ણ તમારાથી અધિક નથી અને હું તમારા પ્રત્યે શંકા લાવતો નથી; કારણ કે રાજા મદ્રેશ્વર તે કામ કરે નહિ કે જે ખોટું થાય. વળી પૂર્વજ એવા ઉત્તમ પુરૂષો તમને ‘આર્તાયનિ’ કહે છે તે સત્યજ છે અને તમારાથી ખોટું ના થાય તે માટેજ તમને ‘આર્તાયનિ’ કહે છે એમ મારા જાણવામાં આવે છે. હે માનદ ! યુદ્ધમાં જેથી તમે શત્રુઓના શલ્યરૂપ થાઓ

છો તેથી પૃથ્વીતલ વિષે તમારૂં શલ્ય એ રીતે નામ કહેવાય છે. હે ભૂરિ દક્ષિણ, (ઘણી દક્ષિણા આપનાર ! હે ધર્મજ્ઞ, પૂર્વે જે તમે કહેલું છે એ. અને જે જે મારે માટે કહેવાય છે તેજ કરો, તમારાથી રાધાપુત્ર કર્ણ અને હું પણ બળવાન નથી માટે આ યુદ્ધમાં હું તમને ઉત્તમ ઘોડાઓના નિયંતા કરવા ઇચ્છું છું. અને હે શલ્ય ! ગુણોવડે કર્ણને ધનંજય અર્જુનથી વિશેષ માનું છું તથા તમને વસુદેવના પુત્ર શ્રી કૃષ્ણથી અધિક માનું છું અને આ લોક પણ એ પ્રમાણે માને છે. હે નરોમાં શ્રેષ્ઠ ! કર્ણ જરૂર અસ્ત્રોવડે કુંતિપુત્ર અર્જુનથી અધિક છે. તેમ તમે શ્રી કૃષ્ણથી અશ્વવિદ્યામાં અને બળમાં અધિક છો. હે મદ્રરાજેશ્વરાત્મજ ! જેવી રીતે મહા મનવાળા વાસુદેવ એવા શ્રી કૃષ્ણ અશ્વવિદ્યાને જાણે છે તેવી રીતે તમે તેમનાથી બમણી જાણો છો. શલ્ય કહે છે—હે ગાંધારી પુત્ર કૌરવ્ય ! જેથી તમે મને દેવકીપુત્ર કૃષ્ણથી વધારે કહો છો તેથી તમારે વિષે પ્રીતિમાન થયો છું અને હે શૂર ! આ હું જે પ્રમાણે તમે માનો છો તે પ્રમાણે પાંડવોમાં શ્રેષ્ઠ એવા અર્જુન સાથે યુદ્ધ કરનાર યશસ્વી એવા રાધાપુત્ર કર્ણના સારથિપણાને કરૂં છું; પણ હે વીર ! મારો કોઇપણ સૂર્યપુત્ર કર્ણ પ્રત્યે કરાર છે કે ઇચ્છા પ્રમાણે એની સમીપ વાણી કહું. સંજય કહે છે—હે ભરતશ્રેષ્ઠ ! ભરત કુળમાં થએલા રાજન ! તમારો પુત્ર દુર્યોધન તેમજ 'ઠીક' એમ કહી કર્ણ જોડે મદ્રરાજનું મન કહેવા લાગ્યો.

तथेति राजन् पुत्रस्ते सहकर्णेन भारत ।
अब्रवीन्मद्रराजस्य मतंभरतसत्तम ॥

इतिश्री महाभारते कर्णपर्वणि दुर्योधनानुनये गुर्जरभाषायां द्वात्रिंशोऽध्यायः ॥३२॥

અધ્યાય ૩૩ મો. ત્રિપુરાખ્યાન.

दुर्योधन उवाचः—भूयएव तु मद्रेश यत्तेवक्ष्यामि तच्छृणु ।
यथा पुरावृत्तमिदं युद्धेदेवासुरे विभो ॥ १ ॥

દુર્યોધન કહે છે—હે વિભો મદ્રેશ ! ફરીને પણ જે તમને કહું છું તે અને જેવી રીતે પૂર્વે દેવ અને અસુરના યુદ્ધમાં વર્તણુક થઇ છે એ સાંભળો. હે રાજર્ષિઓમાં શ્રેષ્ઠ ! માર્કંડેય મહર્ષિએ પિતાની પાસે મને જે કહ્યું છે તે સમગ્રપણાવડે હું કહું છું તે સમજો, અને આ વિષે તમારે મનવડે વિચાર કરવો નહિ. હે રાજન ! દેવ ને અસુરોનો પરસ્પર જીતવાની ઇચ્છાવડે પ્રથમ તારકાસુરરૂપી જેમાં રોગ છે એવો સંગ્રામ થયો હતો. અને ત્યારે દેવતાઓએ દૈત્યોને જીત્યા હતા; એ રીતે અમારૂં સાંભળેલું છે અને હે પાર્થિવ ! જ્યારે દેવતાઓ જીતાયા ત્યારે તારાક્ષ, કમલાક્ષ, અને વિદ્યુન્માલી એવા ત્રણ તારકાસુરના પુત્રો ઉગ્રતપ પ્રત્યે રહી નિયમ વિષે રહેલા એવા પોતાના દેહને તપવડે કૃશ (દુબળો) કરતા હતા. હે શત્રુઓને તપાવનાર, દમે કરી (મંત્રાદિકોના જપવડે), તપેકરી, નિયમે કરી અને સમાધિએ કરી પ્રસન્ન થએલા, વરદાનને આપનાર એવા પિતામહ બ્રહ્માએ તેઓને વરદાન આપ્યું અને હે રાજન ! સહિત એવા તેઓએ સર્વ લોકના પિતામહ એવા બ્રહ્મા પ્રત્યે નિરંતર સર્વ પ્રાણીઓનું અવધ્યપણું માગ્યું. તે સમયે તેઓ પ્રત્યે સર્વ લોકના પ્રભુ, ઇશ્વર અને દેવ બોલ્યા કે—હે દૈત્યો ! તમોને સર્વવિષે અમરપણું નથી

માટે એથી નિવૃત્ત થાઓ અને જેવું ગમતું હોય તેવું બીજું વરદાન માગો. તે સમયે હે રાજન! સંહિત એવા તેઓ ઘણીવાર વિચારી સર્વ લોકના ઈશ્વર, પ્રભુ એવા બ્રહ્મા પ્રત્યે પ્રણામ કરી આ વચન બોલ્યા કે—હે દેવ પિતામહ! અમને વરદાન આપો કે આ લોકમાં તમારા અનુગ્રહવડે યુક્ત એવા અમે ત્રણ પુરને રચી આ પૃથ્વી પ્રત્યે ફરીએ અને પછી હજાર વર્ષે એક બીજાને મળીએ અને હે અનઘ! હે ભગવાન! આ પુર (શેહેરો) એકપણાને પામે તથા જ્યારે ભેગાં એવાં આ શેહેરોને ઉત્તમ એવો દેવ એક બાણવડે હણે ત્યારે તે અમારો મૃત્યુરૂપ થાય. ' એ પ્રમાણે થાઓ ' એમ કહી દેવ એવા બ્રહ્મા સ્વર્ગ પ્રત્યે ગયા. પછી વરદાન મળવાથી પ્રસન્ન એવા તેઓ પરસ્પર વિચાર કરી ત્રણ પુર રચવા માટે વિશ્વકર્મા [સર્વ કર્મ કરનાર] અજર અને દૈત્ય તથા દાનવોએ માનેલા એવા મય નામના મહાસુર પ્રત્યે માગણી કરી. ત્યારપછી બુદ્ધિમાન મયાસુરે પોતાનાં તપવડે એક સુવર્ણનું, એક રૂપાનું અને એક દૃઢ લોહનું એ પ્રમાણે ત્રણ શેહેર કર્યાં. તેમાં હે પૃથ્વીને પાલનાર! સુવર્ણનું પુર સ્વર્ગ વિષે થયું, રૂપાનું અંતરિક્ષ વિષે થયું, અને આજ્ઞાને વશ એવું લોઢાનું પૃથ્વી વિષે થયું અને એકેક પુર ચારસો ગાઉ લંબાઈ અને પહોળાઈવડે તુલ્ય, ઘર અને અગાશીઓવડે યુક્ત, ઘણા કોટ અને તોરણવાળું, શ્રેષ્ઠ ઘરોવડે ગાઢું, બાધ રહિત, મોટા માર્ગવાળું અને જૂદા જૂદા પ્રકારવાળા મેહેલ અને દ્વારવડે શોભિત એવું થયું. તથા હે રાજન! તે પુરો વિષે જૂદા જૂદા રાજાઓ હતા અને વિચિત્ર એવું સુવર્ણનું પુર મહાત્મા તારકાક્ષનું, રૂપાનું કમલાક્ષનું અને લોઢાનું વિદ્યુન્માલિનું હતું અને તે ત્રણ દૈત્ય રાજાઓ અસ્રોનાં તેજવડે ત્રણ લોકોને દબાવી રહ્યા હતા અને વળી પ્રસિદ્ધ પ્રજાપતિ કોણ છે? એ રીતે કેહેતા હતા અને પૂર્વે દેવતાઓએ તિરસ્કાર કરેલા, માંસભક્ષિ, અતિ મત્ત, અને મોટાં ઐશ્વર્યને ઇચ્છતા એવા દશલાખ, કરોડ અને અબજ દૈત્યો, દાનવોમાં મુખ્ય, જેની સામો શૂરો નથી, એવાં તે ત્રણ દૈત્યોનાં દુઃખે કરી જવાય તેવાં ત્રિપુર પ્રત્યે આશ્રય કરતા હતા; અને ફરીને મયાસુર એ સર્વની યોજના કરતો હતો તથા તેનો આશ્રય કરી તે સર્વ દૈત્યો સર્વ ઠેકાણે નિર્ભય વર્તતા હતા; અને ત્રિપુરનો (ત્રણપુરનો) આશ્રય કરનાર જે દૈત્ય જે જે મનોરથને મનવડે ચિંતવતો હતો તે તે મનોરથને તે સમયે મયાસુર માયાવડે તે દૈત્યમાટે સિદ્ધ કરતો હતો. વળી પ્રખ્યાત, શૂર અને મહાબલવાન એવો તારકાક્ષનો પુત્ર હરિ પરમ તપ તપતો હતો કે જેણે કરી પિતામહ એવા બ્રહ્મા પ્રસન્ન થયા અને પ્રસન્ન એવા દેવબ્રહ્માપ્રત્યે તેણે માગ્યું કે અમારા પુરવિષે તેવી વાપી (વાવ્ય) થાઓ કે શસ્ત્રોવડે હણેલા જેને વિષે ફેંકેલા (ફેંકવાથી) અતિશે બલવાન્ થાય. આવી રીતે, તે શૂર એવો તારકાક્ષનો પુત્ર હરિ વરદાનને પામી હે પ્રભો! ત્યાં મરેલાઓને જીવાડનાર એવી તે, વાવને ઉત્પન્ન કરી અને તે વાવવિષે જે રૂપ અને જે વેષે કરી યુક્ત એવા મરેલા દૈત્યને ફેંકતા તે તેવાજ રૂપ અને વેષસહિત ઉત્પન્ન થતો હતો. એ રીતે તે વાવ્યને પામી મોટાં તપવડે સિદ્ધ અને દેવતાઓનાં ભયને વધારનાર એવા તેઓ ફરીને તે સર્વ લોકોને પીડતા હતા, અને હે રાજન! ક્યારે પણ યુદ્ધમાં તેઓનો ક્ષય થતો ન હતો. ત્યાર પછી લોભ અને મોહવડે પરાભવ પામેલા, મૂઢ, લાજ રહિત રહેલા અને સ્થાપિત એવાં તે સર્વ, અતિ લોભ કરવા લાગ્યા અને વરદાનવડે અભિમાની એવા તે બળસહિત એવા દેવતાઓને તે તે ઠેકાણે નસાડી પોતાની ઇચ્છાવડે ત્યાં ત્યાં ફરવા લાગ્યા અને દુરાચારી, મર્યાદારહિત એવા દાનવોએ દેવતાઓનાં

પ્રિય એવા સર્વ ઉદ્યાનોને, ઋષિઓના પુણ્યકારી અને રમ્ય એવા આશ્રમોને તથા દેશોને નાશ પમાડ્યા, અને જ્યારે લોક પીડાવા લાગ્યા ત્યારે દેવતાઓવડે વિંટાએલો એવો ઇન્દ્ર ચોતરફથી વજ્રપાતવડે પુરપ્રત્યે યુદ્ધ કરવા લાગ્યો અને હે નરાધિપ! જ્યારે ઇન્દ્ર ધાતા બ્રહ્માએ ઇચ્છાવડે આપેલા અભેદ્ય એવાં (નભેદાય એવાં) પુરોને ભેદવા શક્તિમાન્ ન થયો ત્યારે ભય પામેલો એવો સુરપતિ ઇન્દ્ર તે પુરોને ત્યજી પછીથી હે અરિંદમ! તેજ દેવતાઓ સાથે દૈત્યોએ કરેલા તિરસ્કારને કેહેવા માટે પિતામહ એવા બ્રહ્માપ્રત્યે ગયો અને તે પિતામહ ભગવાન્ એવા બ્રહ્માપ્રત્યે મસ્તકવડે પ્રણામ કરી સર્વ તત્વને કહી વધના ઉપાયને પૂછવા લાગ્યો; ત્યારે તે સાંભળી દેવ એવા ભગવાન્ બ્રહ્મા દેવતાઓપ્રત્યે આ વચન બોલ્યા કે–જે તમારું અવળું કરનાર છે તે મારો પણ અપરાધ કરે છે. વળી જરૂર સર્વ અસુર દેવતાઓના દ્વેષિ અને દુરાત્મા છે કે જેઓ નિરંતર અપરાધ કરે છે અને તમોને પીડે છે. જો કે હું સર્વ પ્રાણિઓને તુલ્યજ છું એમાં સંશય નથી તોપણ અધર્મિકોને મારવા એ રીતે મારી વર્તણુક કહેલી છે. વળી દુર્ગ એવાં તે પુર એકબાણ-વડે ભેદાય એમ છે અને શિવ શિવાય એકબાણવડે તે પુરોને ભેદવા કોઇ સમર્થ નથી. માટે હે દેવતાઓ! તમે ઈશ્વર એવા શિવપ્રત્યે જયશીલ ને અક્લિષ્ટકારિ (ક્લેશનું કર્મ ન કરનાર) યોદ્ધાને માગો અને તે યોદ્ધો તે દૈત્યોને હણશે. એ રીતે તેમનું વચન સાંભળી ઇન્દ્ર છે આગળ ચાલનાર જેઓમાં એવા દેવતાઓ બ્રહ્માને આગળ કરી વૃષાંક એવા શંક-રને શરણે ગયા અને તપના નિયમ પ્રત્યે રહી નિત્ય એવાં બ્રહ્મનું ધ્યાન કરતા અને ધર્મજ્ઞ એવા તેઓ ઋષિઓ સહિત સર્વ આત્માવડે શિવને પ્રાપ્ત થયા અને ભયવિષે અભયને આપનાર અને સર્વના આત્મારૂપ એવા મહાત્માપ્રત્યે ઉગ્રવાણીવડે સ્તુતિ કરવા લાગ્યા. હે નૃપ! જે પરમાત્મવડે સર્વ વ્યાપેલું છે, જે જૂદા પ્રકારવાળા તપના ભેદોવડે મનના યોગને (સર્વ વૃત્તિઓના રોકવાને) જાણે છે, જે આત્માનાં સાંખ્યને (જડ પદાર્થના વર્ગથી જૂદા રહેલા પરમાત્માનું જ્ઞાન) જાણે છે અને મન હમેશાં જેને વશ છે તે, તેજના સમૂહરૂપ, પાર્વતીના પતિ, લોકમાં જેની સમાન બીજો નથી એવા નિષ્પાપ, ભગવાન્ શંકરને તેઓએ જોયા અને તેઓ એક એવા ભગવાનને જૂદાં જૂદાં રૂપવાળા કલ્પવા લાગ્યા અને પછીથી મહાત્મા એવા મહાદેવ વિષે આત્માને ઘટે એવા એકબીજાનાં રૂપને અતિ વિસ્મય પામેલા એવા સર્વ જોવા લાગ્યા અને સર્વ પ્રાણિમય, ઉત્પત્તિ રહિત અને જગતના પતિ એવા તેમને જોઈ દેવતાઓ બ્રહ્મા અને ઋષિઓ શિરવડે પૃથ્વીને પ્રાપ્ત થયા (અર્થાત્ દંડવત્ કરવા લાગ્યા.) તેઓતો સ્વાગત વાક્યવડે સત્કાર કરી ઉભા રહી હસતા એવા ભગવાન્ શંકર 'કહો કહો' એ રીતે કેહેવા લાગ્યા; ત્યારે શંકરે આજ્ઞા કરેલા અને તેથી સ્વસ્થ ચિત્તવાળા એવા તેઓ સ્તુતિ કરવા લાગ્યા કે—હે પ્રભો! દેવના અધિદેવ, ધનુર્ધારિ, વનમાલિ, (વનમાળા ધારણ કરનાર) દક્ષ પ્રજાપતિના યજ્ઞને હણનાર, પ્રજાના પતિઓએ સેવન કરેલા, સ્તુતિ કરવા યોગ્ય, સ્તુતિ કરાતા, શંભુ વિલોહિત, રૂદ્ર, નીલકંઠ (કાળો જેનો કંઠ છે એવા) શૂલિ [શૂલને ધરનાર], સહસ્ત્ર, મૃગ સમાન નેત્ર-વાળા, શ્રેષ્ઠ આયુધોવડે યુદ્ધ કરનાર, પૂજ્ય, શુદ્ધ, ક્ષયરૂપ, હિંસ્ર, દુઃખેકરી વારણ થાય એવા, કાથ, બ્રહ્મરૂપ, બ્રહ્મચારી, ઇશાન, અપ્રમેય (માપી ન શકાય એવા) નિયંતા, ચર્મરૂપિ વસ્ત્રવાળા, તપ વિષે પ્રીતિવાળા, પિંગ, વ્રતવાન્, કૃત્તિવાસા (ચર્મ વસ્ત્રધારી), કાર્તિક સ્વામિના પિતા, ત્રણ નેત્રવાળા, શ્રેષ્ઠ આયુધોને ધરનાર, શરણાગત લોકોની પીડાને

હરનાર, બ્રહ્મના દ્વેષિઓના સમૂહને હણનાર, વનસ્પતિઓના પતિ, નરોના પતિ, ગાયોના પતિ, યજ્ઞોના પતિ, સૈન્યસહિત, ત્ર્યંબક, અને અમિત તેજવાળા એવા તમારા પ્રત્યે વારંવાર નમસ્કાર કરીએ છીએ; માટે હે દેવ ! મન, વાણી અને કર્મવડે તમને પામેલા એવા અમોને મનોરથવડે પૂર્ણ કરો, પછી પ્રસન્ન થએલા એવા ભગવાન્ શંકરે સ્વાગતવડે અભિનંદન કરી કહ્યું કે-તમારો ત્રાસ નાશ પામો અને કહો કે તમારૂં હું શું પ્રિય કરૂં ?

तत: प्रसन्नो भगवान्स्वागतेनाभिनंद्य च ।
प्रोवाचव्येतुवस्त्रासोब्रूताकिं करवाणि वः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि त्रिपुराख्याने गुर्जरभाषायां त्रयस्त्रिंशोऽध्यायः ॥३३॥

અધ્યાય ૩૪ મો. ત્રિપુર વધોપાખ્યાન.

दुर्योधन उवाच—पितृदेवर्षिसङ्घेभ्योऽभये दत्ते महात्मना ।
सत्कृत्य शङ्करं प्राह ब्रह्मालोकहितं वचः ॥ १ ॥

દુર્યોધન કહે છે કે-મહાત્મા શિવે પિતૃદેવ અને ઋષિઓના સમૂહોને અભય આપ્યું ત્યારે બ્રહ્મા શંકરનો સત્કાર કરી લોકહિતકારિ વચન કેહેવા લાગ્યા કે-હે દેવેશ ! આ પ્રજાપતિનાં પદવિષે રહેલો એવો હું તેણે દાનવોને મોટું વરદાન આપ્યું અને હે ભૂતભવિષ્યના ઇશ, તમારા વગર જેઓએ મર્યાદા તજી છે એવા તેઓને સંહારવા બીજો યોગ્ય નથી અને તમે તેઓના વધવિષે પ્રતિકૂલ શત્રુ છો માટે હે દેવેશ ! હે શંકર, શરણાંગત અને પ્રાર્થના કરતા એવા દેવતાઓના અનુગ્રહને કરો અને દાનવોને હણો. હે માનદ ! (માન આપનાર) તમારા અનુગ્રહથી સર્વ જગત્ સુખેથી વૃદ્ધિ પામે છે અને હે લોકેશ ! તમે શરણ પામવા યોગ્ય છો, માટે આ અમે શરણ આવ્યા છીએ. શિવ કહે છે કે-સર્વ તમારા શત્રુઓને હણવા એ રીતે મારૂં મત છે પણ હું એકલો હણવા ઉત્સાહ પામતો નથી; માટે મારાં અર્ધ તેજવડે યુક્ત એવા મળવાથી અતિ બળવાન્ આ સર્વ તમે યુદ્ધમાં તેઓને જીતો. દેવતાઓ કહે છે કે-જેટલું અમારૂં તેજોબળ છે તેથી તેઓનું યુદ્ધમાં બમણું છે એ રીતે અમે માનીએ છીએ; કારણ કે અમે તેઓનું તેજ અને બળ જોયું છે. શ્રીભગવાન્ કહે છે કે-જેઓ તમારા વિષે અપરાધિ છે તે સર્વ પાપિઓ વધ કરવા યોગ્ય છે, માટે મારાં અર્ધ તેજોબળે કરી સર્વ શત્રુઓને હણો. દેવતાઓ કહે છે-હે મહેશ્વર ! તમારાં અર્ધ તેજને અમે ધરિ રાખવા (ધારણ કરવા) સમર્થ નથી. માટે અમારાં સર્વનાં અર્ધ બળેકરી તમેજ શત્રુઓને હણો. શ્રીભગવાન કહે છે કે જો મારા બળને ધરવા તમારી કાંઇ પણ શક્તિ ન હોય તો તમારાં અર્ધ તેજવડે વૃદ્ધિ પામેલો એવો હું તેઓને હણીશ. તે કહ્યા પછી હે રાજાઓમાં શ્રેષ્ઠ ! તે દેવતાઓએ 'ઠીક' એમ કહેલા દેવના ઇશ્વર એવા શંકર સર્વના અર્ધ તેજને લેઇ તેજવડે અધિક થયા અને બળવડે કરી તે દેવ સર્વથી અતિ બલવાન્ થયાઃ ત્યારપછી માંડી શંકર મહાદેવ એ રીતે વિખ્યાત છે. પછી મહાદેવ બોલ્યા કે હે દેવતાઓ ! હું ધનુર્બાણ ધારણ કરી રથવડે યુદ્ધમાં તમારા તે શત્રુઓને હણીશ માટે આ તમે મારા રથને, ધનુષને તથા બાણને તેટલો વખત જોયા કરો કે જેટલા વખતમાં આજ તેઓને પૃથ્વીતલ વિષે પાડું. દેવતાઓ કહે છે કે-હે દેવેશ્વર ! ત્રૈલોક્યનાં જે જે

સ્થાનોમએથી સર્વ મૂર્તિઓને એકઠી કરી અતિ કાંતિવાળા અને વિશ્વકર્માએ કરેલા તથા બુદ્ધિવડે અપૂર્વ છે એમ કહેલા શુભ એવા તમારા રથને કલ્પશું (બનાવશું). આ પ્રમાણે કહ્યા પછી તે શ્રેષ્ઠ દેવતાઓ રથને કલ્પવા લાગ્યા અને તે રથના બાણરૂપ એવા વિષ્ણુને, સોમને અને અગ્નિને કલ્પ્યા, હે ત્રિશાંપતે! એ બાણના શૃંગરૂપ અગ્નિ થયા, ભલ્લ (શલ્ય) રૂપ સોમ થયા અને તે ઉત્તમ બાણવિષે કુડ્મલરૂપ (અગ્રભાગ) વિષ્ણુ થયા અને તે સમયે વિશાળ એવાં શેહેરોના સમૂહવાળી પર્વત, વન અને દ્વીપસંહત, પ્રાણિઓને ધારણ કરનાર એવાં દેવી પૃથ્વીને રથરૂપ કરી, મંદરપર્વત તે રથનાં અક્ષરૂપ (ચક્રાધાર દંડ) થયો. તેની જંઘારૂપ (અક્ષોનો જેને આધાર છે એવું લાકડું) મહાનદી ગંગા થઈ. દિશા અને દિશાઓના ખુણા રથના પરિવારરૂપ થયા. નક્ષત્રો રથની ઇષારૂપ થયાં. સત્યયુગ રથના યુગ (ધોંસરાં) રૂપ થયો. વાસુકિ નાગ રથના કૂબર (ડુબડા) રૂપ થયો. ભુજંગમાં ઉત્તમ એવો શેષનાગ રથનાં અપસ્કર (પાછલનાં લાકડાં) રૂપ થયો. શ્રેષ્ઠ એવા દેવતાઓએ હિમાલય અને વિંધ્યાચલને ચક્રરૂપ કર્યા તથા ઉદયાચલ અને અસ્તાચલને ચક્રના આધારરૂપ કર્યા. દાનવોના સ્થાનરૂપ ઉત્તમ એવા સમુદ્રને રથના અક્ષ (બાંધવાના પાશનો સમૂહ) રૂપ બનાવ્યો. તેમ સપ્તર્ષિઓનું મંડલ રથના પરિષ્કારરૂપ (ચક્રની જેથી રક્ષા થાય એ આદિ વસ્તુ) થયું. ગંગા, સરસ્વતી, સિંધુનદી અને આકાશ એ રથની ધોંસરીના ભાગરૂપ થયાં. સર્વજલ અને સર્વ નદીઓ રથના ઉપસ્કર (બાંધવા આદિની સામગ્રી) રૂપ થઇ. દિવસ, રાત્રિ, કલા, કાષ્ઠા અને ઋતુઓ અનુકર્ષ (રથની નીચેનું કાષ્ટ) રૂપ થયાં. પ્રકાશિત એવા ગ્રહો અને તારાઓ વરૂથ (રથગુપ્તિ) રૂપ થયા. સંયુક્ત એવા ધર્મ, અર્થ અને કામને ત્રિવેણુરૂપ, ઔષધિઓને બંધુર (રથતલ્પ) રૂપ, વેલ અને પુષ્પ તથા ફળને પામનાર એવા વૃક્ષોને ઘંટારૂપ અને સૂર્ય તથા ચંદ્રમાને ઉત્તમ રથનાં ઉત્તમ ચક્રરૂપ કરી તેને વિષે રાત્રિ અને દિવસને શુભ એવા પૂર્વ અને અપર પક્ષરૂપ કર્યા. ધૃતરાષ્ટ આદિ દશ એવા નાગપતિઓને રથની ઇષારૂપ (લાગલદંડ) કર્યા. નિઃશ્વાસ (ફુંફાડા) નાખતા એવા મોટા સર્પોને જોતરાંરૂપ કર્યા. સ્વર્ગને બીજા યુગ (ધોંસરા) રૂપ કર્યો. સંવર્તક નામના મેઘ સમૂહોને યુગના (ધોંસરાના) ચર્મરૂપ કર્યા. કાલ, પૃષ્ટ, નહુષ, કર્કોટક, ધનંજય અને બીજા નાગ, ઘોડાઓના વાળના (કેશના) બંધનરૂપ થયા. દિશા, દિશાઓના ખુણા, સંધ્યા, ધૃતિ, મેધા, સ્થિતિ અને સન્નતિને રથના ઘોડાઓની રાશરૂપ કરી. ગ્રહ, નક્ષત્ર અને તારાઓવડે વિચિત્ર એવાં નભસ્તલને (આકાશને) ચર્મરૂપ કર્યું. સુરા, જલ, પ્રેત, અને વિત્તના (ધનના) પતિ એવા લોકેશ્વરોને ઘોડારૂપ કર્યા. ચતુર્દશી યુક્ત એવી અમાસને અને પડવા યુક્ત એવી પુનમને ઘોડાનાં જોતરાંરૂપ કરી. અમાવાસ્યા આદિ તિથીના અધિષ્ટાતા પિતૃઆદિને કંટકરૂપ કર્યા. તેને વિષે ધર્મ, સત્ય, તપ અને અર્થને રાશરૂપ કર્યા. મન, રથના આધારની જગ્યારૂપ થયું. સરસ્વતી ચાલવાનાં માર્ગ (શેરી) રૂપ થઇ. જૂદા જૂદા પ્રકારવાળા વર્ણોરૂપિ પવનવડે કંપિત એવા વિચિત્ર પતાકાઓ થયા. વિજળી અને ઇન્દ્રધનુષવડે ચાયેલા દીપ્ત એવા રથને પ્રકાશિત કરતો એવો વષટ્કાર ચાબખારૂપ થયો. ગાયત્રી અગ્ર ભાગનાં બંધનરૂપ થઇ. પૂર્વે મહાત્મા શંકરના યજ્ઞમાં સંવત્સરરૂપિ ધનુષ કર્યું હતું તે ધનુષ થયું. સાવિત્રી, મોટા શબ્દવાળી પ્રત્યંચારૂપ થઇ. મહામૂલ્યવાળું, રત્નવડે શોભિત, ભેદી ન શકાય એવું, રજ રહિત અને કાળચક્રથી બહિષ્કૃત (કાળચક્રથી બાધ ન થાય) એવું દિવ્ય કવચ કર્યું. શોભિત એવો કનક પર્વત મેરૂ

કીર્તિવાન મૂર્તિમાને પણ સ્વપ્રકાશથી ભાસમાન થાય છે. તે પણ પોતાનો આત્માને જાણે છે. દેહાદિથી વિલક્ષણ સચ્ચિદાનંદરૂપ આત્માને જે દેહાદિરૂપ માને છે, તે આત્માનું અપહરણ કરનાર ચોર છે. શ્રમહીન, પરિગ્રહ ન કરનાર, તે માટેજ શિષ્ટ પુરુષોએ માનેલો; ઉપાધિ રહિત અને પોતે શિષ્ટ છતાં પણ શિષ્ટપણાને પ્રકાશ નથી કરતો, તે પંડિત બ્રાહ્મણ મુનિ બ્રહ્મનિષ્ઠ જાણવો. જે પુરુષ ચક્ષુથી ગ્રહણ કરવા લાયક ધન તથા સ્ત્રીઆદિરૂપ વિષયમાં અનાસક્ત, ને શ્રોત્રે ગ્રહણ કરવા લાયક પરલોક સંપાદક ધર્મ તથા ઇશ્વરની ઉપાસના વિષેજ આસક્ત હોય તેને કોઇનો ભય રહેતો નથી, કારણ તે બ્રહ્મસ્વરૂપ છે. યજ્ઞથી પ્રસન્ન થયેલા દેવો યજમાનને દિવ્ય સ્ત્રી તથા અન્નપાનાદિ આપે છે, તે સમગ્ર દેવતાઓ જે પુરુષ જાણે, તે પણ બ્રહ્મવેત્તા બ્રાહ્મણ સરખો થતો નથી. કારણ તે પોતે દિવ્ય સ્ત્રી તથા અન્નપાનાદિક વાસ્તે યત્ન કરે છે, જે બંને અનિત્ય છે, જ્ઞાન તથા તેનું ફળ મોક્ષ નિત્ય છે માટે બ્રહ્મજ્ઞાન જેવું બીજું કંઇ પણ સારૂં સાધન નથી. જે પોતે માનવા વાસ્તે યત્ન નથી કરતો, લો પણ લોકો જેને માને છે, અને તેમ છતાં "હું માન્ય છું" એમ જે નથી માનતો, ને અપમાન થયેથી સંતાપ નથી પામતો, તેનેજ જ્ઞાની જાણવો. તે પુરુષ, જેમ નેત્રને પોતાના સ્વભાવથીજ મિચાવું તથા ઉઘડવું છે, તેમ લોક પણ પોતાના સ્વભાવ પ્રમાણેજ વર્તે છે, માટે "વિદ્વાનો પોતાના સ્વભાવથીજ મને માને છે, મારે વિષે કંઇ યોગ્યતા નથી" એમ માને છે. તેણે અધર્મમાં નિપુણ, માયા કરવામાં ચતુર, માનવા લાયકને અપમાન કરનાર તથા ન માનવા લાયકને માનનાર જે મૂઢ પુરુષો હોય, તેમની ઉપેક્ષા કરવી. માન તથા મૌન એ બેઉ હંમેશ સાથે રહેતાં નથી, કારણ માનને ઇચ્છનારાઓને દુઃખથી પણ રૂડો પરલોક મળતો નથી, અને મૌન ધારણ કરનાર યોગીને દુઃખે કરી પણ આલોક સંપાદન થતો નથી. હે ક્ષત્રિય! ધન, કુટુંબ તથા ઐશ્વર્યરૂપ લક્ષ્મી માનરૂપી સુખને રહેવાનું ઠેકાણું છે, તથાપિ તે ચોર સરખી છે; કારણ પરલોકને નાશ કરનારી છે, યોગિયોને તો અત્યંત અનિષ્ટ કરનારી છે. બ્રાહ્મણોની વેદરૂપી લક્ષ્મી કલ્યાણરૂપ છે. પણ બુદ્ધિહીન પુરૂષોને દુર્લભ છે. યથાર્થ ભાષણ, સરલતા, લોકમાં નિંદા થવાનો ભય, ઇંદ્રિયોનો નિગ્રહ, શરીરની બાહ્ય તથા આંતર શુદ્ધિરૂપ બે પ્રકારનું શૌચ તથા વેદશાસ્ત્રનું અધ્યયન, એ છ દુઃખથી સંરક્ષણ કરવા લાયક અને જુદી જુદી તરેહનાં માન તથા મોહનાં પ્રતિબંધક એવાં, બ્રહ્મ સુખ પામવાનાં દ્વાર છે.

द्वाराणि तस्येह वदन्ति संतो बहुप्रकाराणि दुराचराणि।
सत्यार्जवे ह्रीर्दमशौचविद्या यथा न मोहप्रतिबोधनानि ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सनत्सुजातीयपर्वणि गुर्जरभाषायां द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥

અધ્યાય ૪૩ મો. ધૃતરાષ્ટ્રે પૂછેલો મુનિધર્મ.

धृतराष्ट्र उवाच—कस्यैष मौनः कतरन्नु मौनं प्रब्रूहि विद्वन्निह मौनभावम्।
मौनेन विद्वानुत याति मौनं कथं मुने मौनमिहाचरन्ति ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે વિદ્વન્! હે મુને! મુનિનો ધર્મ [illegible]

ધ્વજની લાકડીરૂપ થયો. વિજળીઓવડે શોભિત એવા મેઘ પતાકારૂપ થયા; અને તે જેવી રીતે ઋત્વિજો (હોમનારાઓ) ના મધ્ય ભાગમાં રહેલા અગ્નિ શોભે તે પ્રમાણે શોભતા હતા. હે મારિષ ! કલ્પેલા તે રથને જોઇ દેવતાઓ વિસ્મિત થયા અને એક ઠેકાણે રહેલા સર્વ લોકના તેજને જોઇ જોડેલા એવા રથને દેવતાઓ મહાત્મા શંકર પ્રત્યે નિવેદન કરવા લાગ્યા. હે મનુષ્યોમાં શ્રેષ્ઠ મહારાજ ! એવી રીતે જ્યારે દેવતાઓએ શત્રુઓને નાશ પમાડનાર અને રથોમાં શ્રેષ્ઠ એવા તે રથને રચ્યો ત્યારે શંકરે પોતાનાં મુખ્ય આયુધોને રથ વિષે રાખ્યાં. આકાશને ધ્વજની લાકડીરૂપ કરી વૃષભ ધ્વજપણાવડે સ્થાપન કર્યો. સર્વ દિશા તરફ ઉગામેલા એવા બ્રહ્મદંડ, કાલદંડ, રૂદ્રદંડ અને જ્વર એ રથના પાર્શ્વગોપ (પડખાના રક્ષા કરનારા) થયા. એ પછી અથર્વા અને આંગિરસ એ બે મહાત્મા શંકરના ચક્રરક્ષક થયા. ઋગવેદ, સામવેદ અને પુરાણ એ અગ્રેસર થયાં. ઇતિહાસ અને યજુર્વેદ પૃષ્ઠરક્ષક થયાં. દિવ્ય એવી વાણી અને વિદ્યા ચોતરફથી પડખે ફરનારી થઇ. હે રાજેંદ્ર ! સ્તોત્ર આદિ વષટકાર અને ઓંકાર એ અગ્ર ભાગ વિષે અતિ શોભા કરનાર થયા. હે રાજન ! છ ઋતુઓવડે વિચિત્ર એવા સંવત્સરને ધનુષરૂપ કરી પોતાની છાયારૂપ સાવિત્રીને રણભૂમિ વિષે અક્ષય એવી ધનુષની પ્રત્યંચારૂપ કરી. ભગવાન્ એવા રૂદ્ર કાલરૂપ છે અને સંવત્સરરૂપી તેનું ધનુષ છે માટે ધનુષની અજર એવી કાલ રાત્રિરૂપિ પ્રત્યંચા કરી. વિષ્ણુ, અગ્નિ અને ચંદ્રમારૂપી બાણ કર્યો, કે જે અગ્નિ, સોમ અને વિષ્ણુરૂપ સકલ જગત છે અને તેઓવડે પ્રિય લાગે છે. તેમ અમિત તેજવાળા ભગવાન શંકરના વિષ્ણુ છે તે આત્મારૂપ છે માટે મહાદેવનાં ધનુષની પ્રત્યચાના સ્પર્શને તેઓ સહિ શકતા ન હતા. તે બાણુ વિષે ઇશ્વર એવા શંકરે તીક્ષ્ણ સંકલ્પવાળા, અસહ્ય, અતિ દુસ્સહ ભૃગુ તથા અંગિરાના ક્રોધથી થએલા એવા ક્રોધરૂપિ અગ્નિને નાખ્યો; તે સમયે નીલલોહિત, ધૂમ્ર, ચર્મ વસ્ત્રધારિ, ભયંકર, દશહજાર સૂર્યની સમાન, તેજરૂપિ જ્વાલાવડે યુક્ત, પ્રકાશિત, દુઃખેકરી મારી શકાય તેવાઓને પણ મારનાર, જીતનાર, બ્રહ્માના દ્વેષિઓને હણનાર, હર, નિરંતર ધર્મ અને અધર્મનો આશ્રય કરનારાઓને પાલનાર અને મારનાર અને ભયંકર બળવાળા, ભયંકર રૂપવાળા, મન સરખા વેગવાળા અને આત્માના ગુણરૂપ એવા તેઓવડે યુક્ત તે શંકર અતિ શોભતા હતા. હે રાજન ! તેમના અંગનો આશ્રય કરી આ સ્થાવર અને જંગમ એવું સર્વ જગત રહ્યું છે. તે કવચવાન, ધનુર્ધારી એવા શંકર અદ્ભુત દર્શનવાળા જોડેલા તે રથને જોઇ તથા સોમ, વિષ્ણુ અને અગ્નિથી થએલા એવા તે દિવ્ય બાણુને લેઈ જ્યારે શોભવા લાગ્યા, ત્યારે હે સમર્થ રાજન ! દેવતાઓએ, દેવતાઓમાં શ્રેષ્ઠ એવા વાયુને પુણ્ય ગંધને ધરનાર કર્યો. પછી હે રાજન ! તે રથ પ્રત્યે બેસતા, દેવતાઓને પણ ત્રાસ પમાડનાર અને યત્નવાન્ એવા મહાન્ તે પૃથ્વીને કંપાવતા હોય તેમ રથ ઉપર ચડયા. તે વખતે તે રથ પ્રત્યે બેસવાને ઇચ્છતા એવા દેવના ઇશ્વર શંકર પ્રત્યે મહર્ષિઓ, ગંધર્વો, દેવસમૂહો તથા અપ્સરાઓના સમુદાય સ્તુતિ કરવા લાગ્યા. એ રીતે બ્રહ્મર્ષિઓએ, બંદિજનોએ તથા નૃત્ય કરતા એવા અપ્સરાઓના સમૂહોએ સ્તુતિ કરાતા અને વંદન કરાતા, શોભતા, વરદાનને આપનાર, ખડ્ગવાન, બાણવાન, અને ધનુર્ધારી એવા તે મહાદેવ હસતા હોય તેમ દેવતાઓને કહેવા લાગ્યા કે—સારથિ કોણ થશે ? તે પ્રત્યે દેવતાઓ બોલ્યા કે—હે દેવેશ ! જે પ્રત્યે તમે આજ્ઞા કરશો તે તમારો સારથિ થશે; એમાં સંશય નથી. ફરીને તેઓ પ્રત્યે દેવ બોલ્યા

શિવ બોલ્યા કે—મારાથકી જે અતિ શ્રેષ્ઠ હોય તેને તમે પોતે વિચારી મારો સારથિ કરો અને વાર લગાડો માં. એ મહાત્માએ કહેલાં વાકયને સાંભળી દેવતાઓ તે પછી પિતામહ એવા બ્રહ્મા પ્રત્યે જઇ તથા પ્રસન્ન કરી આ વચન બોલ્યા કે–હે દેવ ! જે પ્રમાણે દેવતાઓના શત્રુના વધ માટે તમે કહેલું હતું તે પ્રમાણે અમે કર્યું અને વૃષ જેના ધ્વજમાં છે એવા શિવ અમને પ્રસન્ન થયા તથા અમોએ વિચિત્ર આયુધોવડે યુક્ત એવો રથ રચ્યો પણ તે ઉત્તમ રથનો સારથિ કોણ થાય ? તે સારથિને અમે જાણતા નથી; માટે હે દેવતાઓમાં શ્રેષ્ઠ, કોઇને પણ સારથિ કરો. અને હે વિભો, હે દેવ ! અમારી તે વાણીને સફલ કરવા યોગ્ય છો; કારણકે હે ભગવન ! પૂર્વે તમે અમારા વિષે આ પ્રમાણે કહ્યું હતું કે–તમારૂં હિત કરીશ; માટે તે કરવા યોગ્ય છો વળિ હે દેવ ! તે શ્રેષ્ઠ રથ દુઃખેકરી ધારણ કરી શકાય તેવો, શત્રુઓને નસાડનાર અને યુક્ત કરેલો છે. તથા એ રથ વિષે ઉગ્રમવાન અને દાનવોને ભય પમાડનાર એવા પિનાકપાણિ મહાદેવને યોદ્ધા કરેલા છે. તેમજ વેદરૂપિ ચાર ઉત્તમ ઘોડાઓ છે, પર્વત સહિત એવી પૃથ્વીરૂપ લોહકાષ્ટ આદિનાં ઢાંકણવાળો મહાત્મા શંકરનો રથ છે યુદ્ધ કરનારા મહાદેવ છે. પણ સારથિ જાણવામાં નથી તેથી હે દેવ ! તેનો સારથિ સર્વ એ પદાર્થોથકી અધિક એવો ઇચ્છિત છે અને તેને બેસવા યોગ્ય રથ, ઘોડા, યોદ્ધા તથા શસ્ત્ર સહિત એવાં કવચ અને ધનુષ છે. હે પિતામહ ! અમે તે વિષયમાં તમારા વગર બીજા સારથિને જોતા નથી; કારણ કે–હે પ્રભો ! તમે સર્વ ગુણોવડે યુક્ત અને દેવતાઓથકી અધિક છો માટે તે તમે જલદી રથપ્રત્યે બેશી ઉત્તમ ઘોડાઓને દેવતાઓના જય માટે અને દૈત્યોના વધ માટે નિયમમાં રાખો. એ રીતે તે દેવતાઓ ત્રણ લોકોના ઇશ્વર એવા પિતામહ બ્રહ્માને મસ્તકવડે વંદન કરી સારથિપણામાટે પ્રસન્ન કરતા હતા. એમ અમારૂં સાંભળેલું છે. બ્રહ્મા કહે છે–હે દેવતાઓ ! તમે જે કહ્યું એ વિષયમાં કાંઇપણ ખોટું વચન છે નહિં અને આ હું યુદ્ધ કરતા એવા શંકરના ઘોડાઓને નિયમમાં રાખીશ. આ રીતે બ્રહ્માએ કહ્યું ત્યારપછી દેવતાઓએ દેવલોકને સૃજનાર એવા તે ભગવાન બ્રહ્માને મહાત્મા એવા શંકરના સારથિપણાવિષે કલ્પ્યા; અને જ્યારે લોકપૂજીત એવા તે જલદી રથ વિષે ચડયા ત્યારે વાયુસમાન વેગવાળા તે ઘોડાઓ મસ્તકવડે પૃથ્વી પ્રત્યે નમ્યા. પછી પોતાનાં તેજવડે પ્રકાશિત એવા દેવ ભગવાન બ્રહ્માએ રાશ અને ચાબખાને પકડયો; તે સમયે શૂરોમાં શ્રેષ્ઠ એવા ભગવાન બ્રહ્માએ વાયુ સમાન વેગવાળા તે ઘોડાઓને ઉડાડી મહાદેવને કહ્યું કે–બેસો; ત્યારે ધનુષવડે શત્રુઓને કંપાવતા એવા શંકર, વિષ્ણુ, સોમ અને અગ્નિથી થએલા એવા બાણને લેઇ રથ પ્રત્યે ચડયા. તે સમે ચડેલા એવા તે દેવતાઓના ઇશ પ્રત્યે મહર્ષિઓ, ગંધર્વો, દેવ સમૂહો અને અપ્સરાઓના સમૂહો સ્તુતિ કરવા લાગ્યા. પછી વરદાનને આપનાર, ખડગવાળા, બાણવાળા, ધનુષવાળા, પોતાનાં તેજવડે ત્રણ લોકોને દીપાવતા અને શોભતા એવા તે શિવ રથ વિષે બેઠા; અને ફરીને દેવ એવા તે, ઇન્દ્રઆદિ દેવતાઓ પ્રત્યે બોલ્યા કે—નહિ હણે, એ પ્રમાણે તમારે કોઈ રીતે પણ શોક ન કરવો અને અસુરોને આ બાણવડે હણેલા છે એમજ સમજો દેવતાઓ ‘ સત્ય છે ’ એમ કહી શત્રુઓ હણાયા, એ રીતે કહેવા લાગ્યા અને પ્રભુ ભગવાને જે કહ્યું તે વચન ખોટું હોય નહિ, એ રીતે વિચારી દેવતાઓ અત્યંત સંતોષ પામ્યા. પછી હે રાજન ! સર્વ દેવતાઓના સમૂહોવડે યુક્ત, દેવતાઓના ઇશ પોતાના પરિષદોએ અને નૃત્ય કરતા, દુઃખેકરી સહન

આય, એવા ચોતરફ દોડતા, માંસભક્ષી, અને એક બીજાને તરછોડતા એવા બીજાઓવડે યુક્ત, મહાયશસ્વી એવા મહાદેવ ચાલ્યા, કે જેની ઉપમાજ કંઇ નથી. તે સમયે હે. મહાભાગ ! તપસ્વી અને મહાગુણવાન એવા ઋષિઓ, મનુષ્યો, અને દેવતાઓ સર્વ તરફથી મહાદેવની આશા કરતા હતા. હે નરોમાં શ્રેષ્ઠ ! એવી રીતે જ્યારે લોકોના અભયને કરનાર એવા દેવતાઓના ઇશ્વર શંકર ચાલ્યા ત્યારે સર્વ જગત અને દેવતાઓ પ્રસન્ન થયા. હે રાજન ! તે સમયે ઘણાં સ્તોત્રોવડે દેવેશ એવા શિવ પ્રત્યે સ્તુતિ કરતા એવા ઋષિઓ વારંવાર મહાદેવના તેજને વધારતા હતા; તથા એમના પ્રયાણ વખતે હજારો લાખો અને અર્બુદ એવા ગંધર્વો જૂદા જૂદા પ્રકારવાળાં વાદ્ય વગાડતા હતા. પછી રથ પ્રત્યે બેઠેલા એવા વરદાનને આપનારા શિવ અસુરોપ્રત્યે ગયા ત્યારે 'સારૂં સારૂં' એ રીતે કહી હસતા એવા દેવેશ મહાદેવ બોલ્યા કે—હે દેવ ! જ્યાં દૈત્યો છે ત્યાં આલસ્યરહિત થઇ ઘોડાઓને પ્રેરો અને આજ રણભૂમિવિષે શત્રુઓને હણતો એવો હું તેના બાહુ બળને જુઓ. પછી હે રાજન ! બ્રહ્માએ મન અને વાયુસમાન વેગવાળા ઘોડાઓને પ્રેર્યા કે જેણે કરી આકાશનું પાન કરતા હોય તેમ રહેલા અને લોકમાં પૂજીત એવા તે ઘોડાઓવડે ભગવાન જલદી દેવતાઓના જય માટે ગયા. શંકર રથપ્રત્યે બેસી ત્રિપુરની સન્મુખ ચાલ્યા ત્યારે દિશાઓને શબ્દવડે પૂરતો એવો અતિ મોટો વૃષભ નાદ કરવા લાગ્યો. એ વૃષભના ભયંકર એવા મોટા નાદને સાંભળી તે સમયે કેટલાક તારકાસુરના દૈત્યો વિનાશ પામ્યા, અને કેટલાક તે સમયે યુદ્ધમાટે સામા ઉભા રહ્યા. પછી હે મહારાજ ! શૂલધારી એવા શિવ ક્રોધયુક્ત થયા અને સર્વ પ્રાણીઓ ત્રાસ પામ્યા તથા ત્રૈલોક્ય અને પૃથ્વી કંપવા લાગ્યાં. તેમજ જ્યારે બાણને સાંધવા લાગ્યા ત્યારે ઘોર નિમિત્ત થવા લાગ્યાં. તે સમયે સોમ, અગ્નિ, વિષ્ણુ, બ્રહ્મા અને રૂદ્રના ક્ષોભવડે તથા ધનુષના ક્ષોભથકી તે રથ અતિશય ધ્રૂજવા લાગ્યો. ત્યારે બાણના અગ્ર ભાગથી નીકળી વિષ્ણુએ વૃષનું રૂપ ધરી તે મોટા રથને કાઢયો. જ્યારે રથ ઘુમાવા માંડયો અને શત્રુઓ નાદ કરવા લાગ્યા ત્યારે મહાબળવાન એવા ભગવાને સંભ્રમથી નાદ કર્યો અને હે માનદ ! તે સમયે વૃષભના મસ્તકવિષે અને ઘોડાની પીઠ ઉપર રહેલા એવા તે ભગવાન રૂદ્ર દાનવોના પુરને જોવા લાગ્યા. પછી હે નરોમાં શ્રેષ્ઠ ! વૃષભના મસ્તકવિષે અને ઘોડાની પીઠવિષે રહેલા એવા શિવે તે સમયે ઘોડાના સ્તનને કાપ્યા અને વૃષભની ખરીઓને બે પ્રકારે કાપી. ત્યાંથી આરંભી વૃષભની બે ભાગવાળી ખરીઓ થઇ. તેમ હે રાજન ! ત્યાંથી માંડી અદ્ભુત કર્મવાળા બળવાન રૂદ્રે પીડેલા ઘોડાઓને સ્તન થતા નથી. પછી શંકર ધનુષને પ્રત્યંચાયુક્ત કરી બાણ સાંધી તથા પાશુપતાસ્ત્રવડે જોડી ત્રિપુરને સંહારવા લાગ્યા. હે મહારાજ ! જ્યારે ધનુષ લેઇ રૂદ્ર ઉભા રહ્યા તે સમયે કાળેકરી તે ત્રણ પુર એકપણાને પામ્યાં. અને જ્યારે તે ત્રિપુર એકભાવને પામ્યાં ત્યારે મહાત્મા એવા દેવતાઓને ઘણો હર્ષ થયો. પછી દેવસમૂહો, સર્વ સિદ્ધ, અને મહર્ષિઓ ઘણો હર્ષ પામ્યા. પછી દેવસમૂહો, સર્વ સિદ્ધ, અને મહર્ષિઓ મહેશ્વર એવા શંકરપ્રત્યે સ્તુતિ કરવા લાગ્યા અને 'જય પામો' એ રીતે વાણી બોલવા લાગ્યા. તે સમયે અસુરોને હણતા, અસહ્ય તેજવાળા અને ન કહેવાય એવું ઉગ્ર જેનું શરીર છે એવા મહાદેવની આગળ ત્રિપુર પ્રકટ થયું. તે સમયે લોકેશ્વર એવા તે ભગવાને દિવ્ય ધનુષને ખેંચી ત્રૈલોક્યના સારરૂપ એવા તે બાણને ત્રિપુર પ્રત્યે ફેંકયો. હે મહારાજ ! જ્યારે તે ઉત્તમ બાણ ફેંકયો ત્યારે પડતા એવાં પુરોનો મોટો પીડિત શબ્દ પૃથ્વીવિષે થયો અને [illegible] તે

અસુરોના સમૂહોને બાળી પશ્ચિમ સમુદ્રમાં ફેંકી દીધા. એવી રીતે ત્રિપુરને અને સર્વ દાનવોને બાળ્યા પછી ક્રોધ પાંમેલા એવા ત્રૈલોક્યના મહેશ્વરે પોતાના ક્રોધથી ઉત્પન્ન થએલા અગ્નિને 'હાં હાં' એ રીતે કહીને વાર્યો; અને ત્રિનેત્ર એવા શંકરે તેને કહ્યું કે લોકોને ભસ્મ કર માં. પછી દેવતાઓ લોક અને મહર્ષિઓ શાંત થયા, તે સમયે અપ્રતિમ બળવાળા શિવ પ્રત્યે દેવો ઉત્તમ વાણીવડે સ્તુતિ કરવા લાગ્યા તથા ભગવાને આજ્ઞા કરેલા, પ્રયત્નવડે સિદ્ધ કામવાળા અને બ્રહ્મા જેમાં મુખ્ય છે એવા સર્વ દેવતાઓ જે પ્રમાણે આવ્યા હતા તે પ્રમાણે પાછા ગયા. એવી રીતે દેવ, લોકને સ્રજનાર દેવ, અને અસુરના સમૂહોના અધ્યક્ષ એવા તે મહેશ્વર ભગવાને લોકોનું કલ્યાણ કર્યું, માટે જેવી રીતે તે સમયે લોકને સ્રજનાર, પિતામહ, નાશરહિત અને ઉત્તમ એવા ભગવાન બ્રહ્માએ રૂદ્રનું સારથિપણું કર્યું હતું. જેવી રીતે તે રૂદ્રના સારથિ જેમ પિતામહ હતા તેમ તમે પણ જલદી આ, મહાત્મા રાધાપુત્ર કર્ણના ઘોડાઓને નિયમમાં રાખો. હે રાજશાર્દૂલ ! જરૂર તમે શ્રીકૃષ્ણ અને કર્ણ અને અર્જુનથી વિશેષેકરી ચડીઆતા છો, એમાં વિચાર કરવો પડે તેમ નથી. વળી યુદ્ધમાં આ કર્ણ રૂદ્રની સમાન છે તથા તમે સન્માર્ગવિષે બ્રહ્માની સમાન છો, માટે મારા શત્રુઓને તે અસુરોની પેઠે જીતવા તમે શક્તિમાન છો. હે શલ્ય ! જેવી રીતે આજે કર્ણ શ્વેત ઘોડાવાળા અને કૃષ્ણ જેના સારથિ છે એવા અર્જુનને રગદોળી હણે, તેવી રીતે જલદી કરો. હે મદ્રેશ ! આજ તમારે વિષે રાજ્યની આશા તથા જીવિતની આશા તથા કર્ણની સહાયતાવડે કરાવેલો એવો વિજય છે. તેમ તમારા વિષે કર્ણ, રાજ્ય અને અમે રહ્યા છીએ તથા સંગ્રામવિષે વિજય રહ્યો છે. માટે આજ ઉત્તમ ઘોડાઓને નિયમમાં રાખો અને ફરીને મારાથી આ બીજા પણ ઇતિહાસને સમજો કે, ધર્મ જાણનાર બ્રાહ્મણે જે મારા પિતાની સમીપ કહ્યું હતું. હે શલ્ય ! હેતુકાર્યાર્થવડે યુક્ત અને વિચિત્ર એવાં આ વચનને સાંભળી પુરો નિશ્ચય કરી સારથિપણું કર, અને આ વિષે વિચાર કર માં. ભાર્ગવ કુળમાં મહા યશસ્વી જમદગ્નિ ઉત્પન્ન થયા હતા અને તેમના પુત્ર, તેજ અને ગુણોવડે યુક્ત રામ એવા નામથી વિખ્યાત હતા. તે પ્રસન્ન મનવાળા, નિયમવાળા અને જીતેંદ્રિય એવા પરશુરામ અસ્ત્ર વિદ્યા મેળવવા તીવ્ર તપ કરી શંકરને પ્રસન્ન કરવા ગયા હતા. તેમની ભક્તિવડે તથા પ્રશમવડે મહાદેવ પ્રસન્ન થયા અને એમના હૃદયમાં રહેલા ભાવને જાણી શંકરે દર્શન આપ્યું. મહેશ્વર કહે છે—હે રામ ! તારૂં કલ્યાણ થાઓ. હું તને પ્રસન્ન થયો છું અને મેં તારૂં ઇચ્છિત જાણ્યું છે માટે આત્માને પવિત્ર કર. તું સર્વ ઇચ્છિત પામશે. હે ભાર્ગવ ! જ્યારે તું પવિત્ર થશે ત્યારે તને અસ્ત્રો આપીશ, કે જે અસ્ત્રો અયોગ્ય અને અસમર્થને બાળે છે. એવી રીતે દેવતાઓના દેવ શૂલી એવા શંકરે વર આપેલ મસ્તકવડે નમેલા એવા રામ મહાત્મા પ્રભુ પ્રત્યે બોલ્યા કે, જો દેવેશ એવા તમે અસ્ત્ર ધારણ કરવામાં મને યોગ્ય માનતા હો તો, સેવા કરવા ઇચ્છતા એવા મને તે આપવા માટે યોગ્ય છો. દુર્યોધન કહે છે કે ત્યાર પછી તેમણે તપે કરી, દમે કરી, નિયમેકરી, હોમ અને મંત્રયુક્ત એવી પૂજા, ઉપહાર અને બલિદાનવડે ઘણાં વર્ષો સુધી શિવની આરાધના કરી, ત્યારે પ્રસન્ન એવા મહાદેવે મહાત્મા ભાર્ગવ એવા રામના ઘણા ગુણોને દેવી પાર્વતી આગળ કહ્યા કે, આ રામ મારે વિષે નિરંતર ભક્તિવાળા અને દઢ વ્રતવાળા છે. હે અરિસૂદન ! એવી રીતે પ્રસન્ન એવા પ્રભુ શિવ બહુ વાર તેના ગુણોને દેવતા અને પિતૃની સમક્ષ કહેવા લાગ્યા. એજ કાળમાં દૈત્યો અતિ બળવાન થયા. મોહઆદિવડે તેઓ દેવ-

તાઓને પીડવા લાગ્યા, ત્યારે ભેગા થઈ દેવતાઓ તેઓને હણવાનો નિશ્ચય કરી શત્રુઓના નાશ માટે યત્ન કરવા લાગ્યા. જ્યારે તેઓને જીતવા શક્તિમાન થયા નહિ ત્યારે દેવતાઓ મહેશ્વર એવા પાર્વતીના પતિ પ્રત્યે જઈ ભક્તિવડે તેમને પ્રસન્ન કરવા લાગ્યા. 'શત્રુ સમૂહોને હણો' એ રીતે બોલ્યા. પછી શંકરે દેવતાઓના શત્રુના ક્ષયની પ્રતિજ્ઞા કરી ભાર્ગવ એવા પરશુરામને બોલાવી કહ્યું કે હે ભાર્ગવ! સર્વ સમાગમ પામેલા એવા દેવતાઓના શત્રુઓને લોકના હિતની ઇચ્છા માટે અને મારી પ્રીતિ સારૂ હણ. એવી રીતે તેમનાં વચન સાંભળી વરદાનને આપનાર અને પ્રભુ એવા શંકર પ્રત્યે રામ બોલ્યા કે–હે દેવેશ! યુદ્ધમાં અસ્ત્રકુશલ નહિ એવો હું, તેની અસ્ત્રકુશલ અને યુદ્ધમાં દુર્મદ એવા સર્વ દાનવોને હણવાની શક્તિ ક્યાં? મહેશ્વર કહે છે કે–મેં આજ્ઞા આપેલો એવો તું જા અને શત્રુઓને જીતી ઘણા ગુણોને પ્રાપ્ત થા. શંકરનાં વચન સાંભળી સર્વ ગ્રહણ કરેલું છે સ્વસ્ત્યયન× જેણે એવા રામ દાનવો પ્રત્યે ગયા અને મહા ગર્વ અને બળયુક્ત એવા દેવતાઓના શત્રુઓ પ્રત્યે બોલ્યા કે–હે યુદ્ધના મદવડે મત્ત દૈત્યો! મને દેવતાઓના દેવે તમોને જીતવા મોકલેલો છે માટે હે મહાસુરો! મને યુદ્ધ આપો. આ પ્રમાણે ભાર્ગવ એવા રામે કહ્યું તેથી દૈત્યો યુદ્ધ કરવા લાગ્યા અને સંગ્રામ વિષે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ, અને જમદગ્નિના પુત્ર એવા તે રામ વજ્ર અને અશનિ જેવા સ્પર્શવાળા પ્રહારોવડે દાનવોએ જેનું શરીર ઘાયલ કરેલું છે એવા પણ દૈત્યોને હણી શિવે સ્પર્શ કરેલા એવા તરત વ્રણરહિત થયા. વળી તે કર્મવડે ભગવાન મહાદેવ પ્રસન્ન થયા. મહાત્મા ભાર્ગવ રામને ઘણા પ્રકારનાં વરદાન આપ્યાં. પ્રીતિયુક્ત દેવના દેવ શંકરે કહ્યું કે–હે ભૃગુનંદન! શસ્ત્રો પડવાથી તમારા શરીરવિષે જે પીડા થઈ તે પીડાવડે તમારૂં માનુષ કર્મ નાશ પામ્યું અને ઇચ્છિત પ્રમાણે મારી પાસેથી દિવ્ય વસ્ત્રોને ગ્રહણ કરો. દુર્યોધન કહે છે કે તે પછી સમસ્ત અસ્ત્રોને અને મનવડે ઇચ્છિત, બહુ પ્રકારનાં વરદાનોને પામી, મસ્તકવડે શિવને નમી તથા દેવેશ એવા શિવથકી આજ્ઞા પામી મહા તપસ્વી એવા તે પોતાના સ્થાનકે ગયા. એવી રીતે પૂર્વે ઋષિએ આ વાત કહી હતી. હે પુરૂષોમાં શ્રેષ્ઠ! ભાર્ગવ એવા પરશુરામે પણ અતિ પ્રસન્ન એવા અંતઃકરણવડે મહાત્મા એવા કર્ણને દિવ્ય ધનુર્વેદ આપ્યો હતો. હે પાર્થિવ! જો કર્ણને આપવામાં કાંઈ પણ પાપ થતું હત તો ભૃગુનંદન એવા પરશુરામ એમને દિવ્ય અસ્ત્રો જરૂર આપત નહિ. હું કર્ણને સૂતના કુળમાં થએલો કોઈ રીતે પણ માનતો નથી અને ક્ષત્રિયોના કુળવિષે થએલો દેવપુત્ર માનું છું. છિદ્ર ન જણાય તે સારૂ કોઈએ ત્યાગ કરેલો હશે એ રીતે મારૂં મત છે. હે શલ્ય! સર્વથા આ કર્ણ સૂતના કુળથી ઉત્પન્ન થએલો નથી; કારણ કે કુંડળ અને કવચસહિત, દીર્ઘબાહુવાળા, મહારથી અને સૂર્યસરખા એવા વ્યાઘ્રને મૃગલી કેમ જણી શકે? જે પ્રમાણે મોટા હાથીની સુંઢની ઉપમા અપાય એવા સ્થૂલ આના બે ભુજ તથા સર્વ શત્રુઓને નાશ પમાડે એવું વિશાલ વક્ષઃસ્થલ જુઓ. હે રાજેંદ્ર! એ કોઇ પણ હલકો પુરૂષ નથી પણ સૂર્યપુત્ર, મહાત્મા, પરશુરામનો શિષ્ય, પ્રતાપવાન અને ઉત્તમ એવો કર્ણ છે.

महात्माह्येष राजेन्द्र रामशिष्यः प्रतापवान् ।

इतिश्री महाभारते कर्णपर्वणि त्रिपुरवधोपाख्याने गुर्जरभाषायां चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४ ॥

× પ્રયાણ વખતના ક્રિયા.

અધ્યાય ૩૫ મો. શલ્યને સારથિ બનાવ્યો.

दुर्योधन उवाच—एवं स भगवान् देव सर्वलोकपितामहः ।
सारथ्यमकरोत्तत्र ब्रह्मारुद्रोऽभवद्रथी ॥ १ ॥

દુર્યોધન કહે છે—એવી રીતે તે સમયે દેવ અને સર્વ લોકોના પિતામહ એવા ભગવાન બ્રહ્માએ સારથિપણું કર્યું હતું અને રૂદ્ર રથી થયા હતા. હે પુરૂષોમાં ઉત્તમ! હે શૂર! રથિથકી રથનો સારથિ ચડીઆતો ગણવા યોગ્ય છે માટે તમે યુદ્ધમાં ઘોડાઓને નિયમમાં રાખો. અર્થાત્ સારથિ થાઓ. જેવી રીતે ત્રિપુરના યુદ્ધમાં દેવતાઓના સમૂહોએ યત્નથી પિતામહ એવા બ્રહ્માને સારથિપણા માટે ઇચ્છ્યા હતા તેવી રીતે અમે કર્ણથી અધિક એવા તમને યત્નથી ઇચ્છેલા છે. હે મહાકાંતિવાળા મહારાજ! જેવી રીતે દેવતાઓએ સારથિપણા માટે શિવથી અધિક એવા પિતામહ બ્રહ્માને પસંદ કર્યા હતા અને તેમણે રૂદ્રના ઘોડાઓને નિયમમાં રાખ્યા હતા, તેમ તમે પણ યુદ્ધમાં રાધાપુત્ર કર્ણના ઘોડાને નિયમમાં રાખો. શલ્ય કહે છે—હે નરશ્રેષ્ઠ! જે પ્રમાણે પ્રપિતામહ બ્રહ્માએ મહાદેવનું સારથિપણું કર્યું હતું અને જે રીતે એક બાણવડે અસુરોને હણ્યા હતા, એ મનુષ્યોથી ન બને એવું દિવ્ય આખ્યાન ઘણીવાર શ્રેષ્ઠપુરૂષ એવા શ્રીકૃષ્ણે અર્જુનને કહેલું મેં પણ સાંભળ્યું છે અને પૂર્વે જે રીતે ત્રિપુરના યુદ્ધમાં ભગવાન એવા બ્રહ્મા સારથિ થયા તે વાત શ્રીકૃષ્ણને પણ વિદિત છે. શ્રીકૃષ્ણ ભવિષ્ય અને ભૂતને જાણે છે. હે ભારત! એજ અર્થને જાણી જે પ્રમાણે સ્વયંભૂ બ્રહ્મા રૂદ્રના સારથિ થયા હતા તે પ્રમાણે શ્રીકૃષ્ણ કુંતિપુત્ર અર્જુનના સારથિપણાને પામ્યા, અને જો કોઈ રીતે પણ સૂતપુત્ર કર્ણ કુંતિપુત્ર અર્જુનને હણશે તો કુંતિપુત્ર અર્જુનને હણેલો જોઇ કેશવ ભગવાન યુદ્ધ કરશે તથા શંખ ચક્ર અને ગદા જેના હાથમાં છે એવા તે તમારી સેનાને બાળશે અને જ્યારે વૃષ્ણિઓમાં શ્રેષ્ઠ એવા તે કોપ પામશે ત્યારે આ સૈન્યવિષે તમારો કોઇ પણ રાજા ઉભો રહેશે નહિ. સંજય કહે છે કે એવી રીતે બોલતા તે મદ્રરાજ શલ્યપ્રત્યે, શત્રુને દમનાર, મહાબાહુ અને દીન આત્માવાળો તમારો પુત્ર દુર્યોધન બોલ્યો કે હે મહાબાહો! સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ અને સર્વ શાસ્ત્રાર્થના પારને પામેલા સૂર્યપુત્ર કર્ણને તમે રણભૂમિમાં અપમાન પમાડો મા. જેના ભયંકર અને મોટા પ્રત્યંચાના ઘોષ તથા તલશબ્દને સાંભળી પાંડવોનાં સૈન્યો દશદિશાએ દોડે છે. હે મહાબાહો! હજારો માયા કરતા માયાપુરસ્કૃત ઘટોત્કચને એક રાત્રિમાં હણ્યો તે તમે જાણો છો. વળી એટલા દિવસ સુધી મોટા ભયવડે યુક્ત એવો અર્જુન સામા સૈન્યમાં કોઇ રીતે પણ ઉભો રહેતો નહતો. હે રાજન! જેણે બળવાન એવા ભીમસેનને ધનુષના અગ્રભાગવડે પ્રેર્યો હતો તથા સંજ્ઞાવડે મૂઢ અને ઉદરભર કહ્યો હતો, તેમ જેણે મોટી રણભૂમિપર શૂર એવા માદ્રીપુત્ર નકુળ તથા સહદેવને જીતી કોઈ પણ કારણને લીધે માર્યા ન હતા અને હે મારિષ! જેણે યુદ્ધમાં વૃષ્ણિઓમાં અતિશૂર અને સાત્વતોમાં ઉત્તમ તથા શૂર એવા સાત્યકિને જીતી બળથી રથરહિત કર્યો હતો. તેમ સંગ્રામમાં હાસ્ય કરતા એવા જેણે સૃંજય યોદ્ધાઓને અને ધૃષ્ટદ્યુમ્ન જેમાં અગ્રેસર છે એવા બીજા સર્વ પંચાલ યોદ્ધાઓને વારંવાર જીત્યા હતા તથા યુદ્ધમાં ક્રોધ પામેલો એવો જે વજ્ર જેના હાથમાં છે એવા ઇન્દ્રને પણ મારે, તે મહારથિ કર્ણને યુદ્ધમાં પાંડવો કેમ જીતશે? વળી હે શત્રુઓને હણનાર નૃપ! શૂર એવા તમે, સર્વ અસ્ત્રોને

જાણનાર અને સર્વ વિદ્યા તથા અસ્ત્રોના પારને પામેલા છો અને પૃથ્વીમાં બાહુબળવડે કોઈ પણ તમારી બરોબર નથી. શત્રુઓને તમે શલ્યરૂપ અને પરાક્રમમાં સહન ન થાઓ એવા છો તેથી તમે શલ્ય નામે કહેવાઓ છો. હે રાજન ! તમારાં બાહુબળને યોદ્ધાઓ કે સાત્વતો સહી શકતા નથી અને શું શ્રીકૃષ્ણ તમારા બાહુબળથી બળવડે અધિક છે ? વળી જે રીતે અર્જુનના હણાવાથી શ્રીકૃષ્ણ સૈન્યને ધારણ કરવા યોગ્ય છે તેમ કર્ણનો નાશ થવાથી તમો મોટા સૈન્યને ધારણ કરવા યોગ્ય છો. હે મારિષ ! યુદ્ધમાં વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ કેમ સૈન્યને વારશે તથા તમે શામાટે સૈન્યને હણશો નહિ ? હે મારિષ ! તમારે માટે યુદ્ધમાં હું શૂર મારા ભાઇઓની અને પૃથ્વીને પાલનારા રાજાઓની પદવીને પામવા ઇચ્છું છું. શલ્ય કહે છે કે હે માનદ ! હે ગાંધારીનાપુત્ર ! સૈન્યની આગળ તમે મને દેવકીપુત્ર શ્રીકૃષ્ણથી વધારે કહો છો તેથી હું તમારીપર પ્રીતિમાન છું અને હે શૂર ! આ હું જે પ્રમાણે તમે ધારો તે પ્રમાણે પાંડવોમાં ઉત્તમ એવા અર્જુનની સાથે યુદ્ધ કરતા એવા યશસ્વી, રાધાપુત્ર કર્ણનું સારથિપણું કરવા તૈયાર છું. પણ હે શૂર ! સૂર્યપુત્ર કર્ણને કોઇ પણ મારો ઠરાવ છે કે ઇચ્છાપ્રમાણે હું એમની સમીપ બોલીશ. સંજય કહે છે કે હે રાજન ! તમારો પુત્ર કર્ણ સાથે સર્વ ક્ષત્રિયોની પાસે મદ્રરાજ શલ્યને 'ઠીક' એમ કહેવા લાગ્યો અને તે સમયે શલ્યે સારથિપણાની પ્રાપ્તિથી આશ્વાસના કરેલો એવો દુર્યોધન હર્ષસહિત કર્ણને મળ્યો અને ફરી ફરીને કર્ણને ખૂબ વખાણનો તે બોલ્યો કે હે કર્ણ ! રણભૂમિવિષે જે રીતે મહેંદ્ર સર્વ દાનવોને હણે તે રીતે કુંતિપુત્રોને હણો. પછી કર્ણ, શલ્યે ઘોડાઓને નિયમમાં રાખવા કબૂલ કર્યું તેથી પ્રસન્ન મનથી ફરીને દુર્યોધન પ્રત્યે બોલ્યો કે હે રાજન ! મદ્રરાજ શલ્ય અતિપ્રસન્ન મનરહિત બોલે છે માટે ફરીને એમને મધુર વાણીવડે સમજાવો. મહા બુદ્ધિમાન, સર્વ અસ્ત્રોમાં કુશલ અને બળવાન એવો રાજા દુર્યોધન મેઘ સમ ગંભીર વાણીવડે મોટા સ્વરથી પૃથ્વીને ગજાવતો હોય તેમ, પૃથ્વીને પાલનાર મદ્રરાજ શલ્યને કહેવા લાગ્યો કે હે પુરૂષોમાં શ્રેષ્ઠ શલ્ય ! કર્ણ આજ અર્જુનની સાથે યુદ્ધ કરવા ધારે છે માટે યુદ્ધમાં તેના ઘોડાઓને તમે નિયમમાં રાખો. હે રાજન ! કર્ણ બીજા સર્વેને ટાળી અર્જુનને હણવા ઇચ્છે છે માટે તેના ઘોડાઓની રાશ ગ્રહણ કરવા માટે વારંવાર હું તમને વિનંતિ કરૂં છું તેથી જેવી રીતે રાશને ઝાલનાર ઉત્તમ એવા શ્રીકૃષ્ણ કુંતિપુત્ર અર્જુનના સહાયક છે તેવી રીતે તમે પણ સર્વ તરફથી રાધાપુત્ર કર્ણના સહાયક થાઓ. સંજય કહે છે કે પછી પ્રસન્ન થયેલો મદ્રાધિપતિ શલ્ય, શત્રુઓને હણનાર તમારા પુત્ર દુર્યોધનને ફરી બોલ્યો કે—હે રાજન ! હે પ્રિય છે જેનું દર્શન એવા ગાંધારીના પુત્ર ! જો તમે આ પ્રમાણે માનો છો તો જે કાંઈ તમારૂં પ્રિય હશે તે સર્વ હું કરીશ અને હે શત્રુઓને તપાવનાર ભરતશ્રેષ્ઠ ! જે કોઇ પણ કર્મવિષે હું યોગ્ય હોઉં તે કર્મવિષે સંપૂર્ણ અંતઃકરણવડે મને જોડો હું તે કરીશ. પણ હિતની ઇચ્છાથી હું કર્ણપ્રત્યે અપ્રિય જે કહું તે સર્વ તમારે અને કર્ણે ક્ષમા કરવું. કર્ણ કહે છે કે, હે મદ્રરાજ ! જે રીતે શંકરનાં હિતવિષે યોગ્ય એવા બ્રહ્મા અને કુંતિપુત્ર અર્જુનનાં હિતવિષે યુક્ત એવા કેશવ ભગવાન છે તે રીતે નિરંતર અમારાં હિતવિષે જોડાયલા તમે રહો. શલ્ય કહે છે કે હે કર્ણ ! આત્માની નિંદા, આત્માની પૂજા, પરનિંદા અને પરની સ્તુતિ એ ચાર પ્રકારવાળું આચરણ આર્ય પુરૂષોએ આચરેલું નથી તોપણ પોતાની સ્તુતિયુક્ત જે તમારા જાણવામાટે હું કહું છું તે યથાર્થ સમજો. હે પ્રભો ! માતલીની પેઠે હું અ-

પ્રમાદથી પ્રયોગથી તથા જ્ઞાન, વિદ્યા અને ચિકિત્સનથી ઇંદ્રના સારથિપણાવિષે યોગ્ય છું, માટે હે પાપરહિત સૂતપુત્ર કર્ણ ! સંગ્રામવિષે કુંતિપુત્ર અર્જુન સાથે તું સુખેથી યુદ્ધ કર ! હું તારા ઘોડાઓને ચલાવીશ માટે જ્વરરહિત થા.

> ततः पार्थेन संग्रामे युध्यमानस्य तेऽनघ ।
> वाहयिष्यामि तुरगान् विज्वरो भव सूतज ॥

इतिश्री महाभारते कर्णपर्वणि शल्यसारथ्यं स्वीकारे गुर्जरभाषायांपंचत्रिंशोऽध्यायः ॥३५॥

અધ્યાય ૩૬ મો. કર્ણ ને શલ્યનો સંવાદ.

दुर्योधन उवाच—अयं ते कर्णसारथ्यं मद्रराजः करिष्यतिः ।
कृष्णादप्यधिकोयन्तादेवेशस्येव मातलिः ॥१॥

દુર્યોધન કહે—હે કર્ણ ! જેવી રીતે દેવેશ એવા ઇન્દ્રનો સારથિ માતલિ છે તેવી રીતે કૃષ્ણથી પણ અધિક એવો આ મદ્રરાજ શલ્ય તમારૂં સારથિપણું કરશે અને જે પ્રમાણે ઇન્દ્રના ઘોડાઓવડે યુક્ત એવા રથને માતલિ ચલાવે છે તે પ્રમાણે તમારા રથના ઘોડાઓના નિયંતા શલ્યરાજ થશે. જ્યારે યોદ્ધા એવા તમે રથમાં બેસશો અને મદ્રરાજ શલ્ય સારથિ થશે ત્યારે જરૂર શ્રેષ્ઠ એવો રથ યુદ્ધમાં કુંતિપુત્રોને આજ પરાભવ પમાડશે. સંજય કહે છે કે, હે રાજન ! તે પછી જ્યારે પ્રાતઃકાલ થયો અને યુદ્ધ પ્રાપ્ત થયું ત્યારે દુર્યોધન બળવાન એવા મદ્રરાજ શલ્યને ફરીને કહેવા લાગ્યો કે હે મદ્રરાજ ! સંગ્રામ વિષે કર્ણના ઉત્તમ ઘોડાઓને નિયમમાં રાખો અને તમે રક્ષા કરેલો એવો રાધાપુત્ર અર્જુનને જીતશે. હે ભારત ! એ રીતે શલ્ય રથ ઉપર બેસી 'ઠીક' એમ બોલ્યો અને જ્યારે તે સારથિ થયો ત્યારે પ્રસન્ન મનવાળો કર્ણ ત્વરાથી તેની પ્રત્યે બોલ્યો કે હે સૂત ! મારે સારૂં તુ આના રથને તૈયાર કર. પછી સારથિએ 'જય પામો' એ રીતે કહી જીતનાર, શુભ, ગંધર્વના નગરની ઉપમા અપાય એવા અને વિધિ પ્રમાણે કલ્પેલા ઉત્તમ રથને તૈયાર કર્યો. તે સમે પ્રથમજ બ્રહ્મને જાણનાર એવા પુરોહિતે સંપાદન કરેલા તે રથનું રથિઓમાં શ્રેષ્ઠ એવા કર્ણે વિધિ પ્રમાણે અર્ચન કરી યત્નથી પ્રદક્ષિણા કરી. સૂર્યની સ્તુતિ કરી મદ્રરાજ શલ્યને 'તમે બેસો' એમ કહ્યું ત્યાર પછી દુર્ધર્ષ એવા કર્ણના શ્રેષ્ઠ રથ પર મહા તેજસ્વી શલ્ય જે પ્રમાણે પર્વતપર સિંહ ચડે તેમ ચડયો. તે સમયે વિજળી યુક્ત મેઘ જેવા શલ્યે આશ્રય કરેલા ઉત્તમ રથને જોઇ કર્ણ તે ઉપર સવાર થયો. એક રથમાં બેઠેલા સૂર્ય તથા અગ્નિ સમાન કાંતિવાળા તે બેઉ જે રીતે અંતરિક્ષમાં મેઘ સહિત સૂર્ય અને અગ્નિ શોભતા હોય તે રીતે તથા ઋત્વિક સભાસદોએ યજ્ઞમાં સ્તુતિ કરાતા ઇન્દ્ર અને અગ્નિની પેઠે સ્તુતિ કરતા તે શૂર અતિશય શોભી રહ્યા. વળી શલ્યે જેના ઘોડાઓને પકડેલા છે એવા શ્રેષ્ઠ રથ વિષે બેઠેલો અને ઘોર એવા ધનુષને શબ્દાયમાન કરતો બાણરૂપી કિરણવાળો પુરૂષમાં શ્રેષ્ઠ કર્ણ મંડલવાળા સૂર્ય સમાન તેમજ મંદરાચલ વિષે રહેલા સૂર્ય પેઠે અતિ શોભી રહ્યો. યુદ્ધમાં તે સમયે યુદ્ધ સારૂ રથમાં બેઠેલા, મહાબાહુ અને

અમિત તેજવાળા રાધાપુત્ર કર્ણને દુર્યોધન કહેવા લાગ્યો કે હે શૂરવીર અધિરથ પુત્ર ! યુદ્ધમાં દુષ્કર એવા દ્રોણાચાર્ય તથા ભીષ્મપિતામહે ન કરેલાં એવાં કર્મને સર્વ ધનુર્ધારીઓ જોતાં કર; અને હે રાધાપુત્ર ! મારા મનમાં રહેલું હતું કે, મહારથી ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય જરૂર અર્જુન અને ભીમસેનને હણશે પણ તેઓએ જે કર્યું નહિ તે કર્મ તું મહાયુદ્ધમાં જે પ્રમાણે વજ્રધારી ઇન્દ્ર હોય તેમ કર અને ધર્મરાજને પકડ. હે રાધાપુત્ર ! અર્જુનને, ભીમસેનને અને માદ્રી પુત્ર નકુલ સહદેવને નાશ પમાડ તથા પાંડુપુત્રોનાં સર્વ સૈન્યોને ભસ્મ કરી નાખ. પછી વાગતાં હજારો તુર્ય અને દશ હજાર ભેરીઓ આકાશમાં થતા મેઘ શબ્દની પેઠે ગાજવા લાગ્યાં. દુર્યોધનનાં વાક્યને સ્વીકારી રથમાં બેઠેલો રથિઓમાં શ્રેષ્ઠ એવો રાધાપુત્ર કર્ણ યુદ્ધમાં કુશલ એવા શલ્ય પ્રત્યે બોલ્યો કે હે મહાબાહો ! જ્યાં સુધી અર્જુનને, ભીમસેનને, નકુલ સહદેવને અને રાજા યુધિષ્ઠિરને હું હણું ત્યાંસુધી તમે ઘોડાઓને ચલાવો. હે શલ્ય ! આજ હજારો અને લાખો કંકપિચ્છને ફેંકનાર મારા બાણના વેગને અર્જુન જુઓ. હે શલ્ય ! આજ હું પાંડવોના નાશ માટે અને દુર્યોધનના જય સારૂ સંગ્રામમાં અતિ તીક્ષ્ણ બાણો ફેંકીશ. શલ્ય કહે છે કે હે સૂતપુત્ર ! ' જેઓ ઇન્દ્રના પણ ભયને વધારે તે, સર્વ અસ્ત્રોને જાણનાર, મહાધનુર્ધારી મહા બળવાન, પાછા ફરનાર નહિ તેવા મહાભાગ, જીતી શકાય નહિ એવા અને સત્ય પરાક્રમવાળા પાંડવોનું તું કેમ અપમાન કરે છે ? હે રાધાપુત્ર ! જ્યારે વજ્રના કાટકા જેવો ગાંડિવ ધનુષનો ટંકાર યુદ્ધમાં તું સાંભળીશ ત્યારે આ પ્રમાણે બોલીશ નહિ. જ્યારે સંગ્રામવિષે ભીમસેને પાડેલા દાંતવાળા હસ્તિઓનાં સૈન્યને હણેલું જોઇશ ત્યારે તું આ પ્રમાણે બોલીશ નહિ. જ્યારે યુદ્ધમાં ધર્મરાજાને અને તીક્ષ્ણ બાણોવડે આકાશ વિષે મેઘની છાયા પ્રમાણે છાયા કરતા એવા નકુલ સહદેવને તથા બાણ ફેંકતા, શત્રુઓને હણતા, હલકા હાથવાળા, અને દુઃસહ એવા બીજા રાજાઓને જોઇશ ત્યારે પણ તું આ રીતે બોલીશ નહિ. સંજય કહે છે કે મદ્રરાજ શલ્યે કહેલાં વાક્યને ગણકાર્યા વગર કર્ણે બળવાન એવા મદ્રરાજ શલ્યને ' ચલાવો ' એ રીતે કહેવા લાગ્યો.

अनादृत्य तु तद्वाक्यं मद्रराजेन भाषितं ।
याहीत्येवाब्रवीत्कर्णो मद्रराजतरस्विनम् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्यसम्वादे गुर्ज्जरभाषायां षट्त्रिंशोऽध्यायः॥३६॥

અધ્યાય ૩૭ મો. કર્ણ ને શલ્યનો સંવાદ (ચાલુ)

संजय उवाच—दृष्ट्वा कर्णमहेष्वासं युयुत्सुं समवस्थितं ।
चुक्रुशुः कुरवः सर्वेहृष्टरूपाः समततः ॥१॥

સંજય કહે છે કે યુદ્ધ કરવા ઇચ્છતા, ઉભા રહેલા મહાધનુર્ધારી કર્ણને જોઇ હર્ષિતરૂપવાળા સર્વ કૌરવો ચોતરફથી સોરબકોર કરવા લાગ્યા. પછી દુંદુભિના શબ્દવડે, અને વિવિધ બળવાન પુરૂષોની ગર્જનાવડે તમારા યોદ્ધાઓ મૃત્યુને નિવૃત્ત કરી યુદ્ધ માટે નિકળ્યા. હે રાજન ! પછી જ્યારે કર્ણ ચાલ્યો અને યોદ્ધાઓ હર્ષ પામ્યા ત્યારે પૃથ્વી ચલિત થવા લાગી અને અતિ ઘોર શબ્દ કરવા લાગી. સૂર્યથી આરંભી સાત મોટા ગ્રહો

યુદ્ધ માટે નિષ્ફળેલા દેખાવા લાગ્યા. ઉલ્કાપાત અને દિશાઓના દાહ થવા લાગ્યા. શુષ્ક અશનિ પડવા લાગી. વાયુ ભયંકર વાવા લાગ્યા. તે સમયે મોટા ભયને જણાવતા એવા મૃગ અને પક્ષિઓ ઘણીવાર તમારી સેનાની જમણી તરફ જવા લાગ્યા. પ્રખ્યાત કર્ણના ઘોડાઓ પૃથ્વી ઉપર પડવા લાગ્યા, ભયાનક એવી અસ્થિની વૃષ્ટિ અંતરિક્ષથી થવા લાગી, અસ્રો જ્વલિત થવા લાગ્યાં, ધ્વજો કંપવા લાગ્યા, અને વાહનો આંસુ નિગાળવા લાગ્યાં. હે વિશાંપતે ! એ અને બીજા પણ અતિ દારૂણ ઉત્પાત કૌરવોના નાશ માટે થયા, તોપણ દૈવવડે મોહ પામેલા સર્વેએ તે ઉત્પાતોને ગણકાર્યા નહિ અને રાજાઓ સૂતપુત્ર કર્ણ 'જય પામો' એ રીતે કહેવા લાગ્યા. તેઓ કૌરવો પાંડવોને જીતેલા માનવા લાગ્યા. હે નૃપ ! રથમાં બેઠેલો, પરશૂરાઓને મારનાર, પ્રકાશ પામનો, સૂર્ય અને અગ્નિની સમાન કાંતિવાળો અને રથિઓમાં શ્રેષ્ઠ એવો સૂર્યપુત્ર કર્ણ, ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યને અતિ બળવાન જાણી તથા કુંતિપુત્ર અર્જુનનાં અતિશય કર્મને વિચારી માન અને ગર્વે કરી બળતો અને ક્રોધવડે દીપ્ત હોય તેમ નિઃશ્વાસ લેતો શલ્યને કહેવા લાગ્યો કે-રથમાં બેઠેલો અને આયુધવાળો એવો હું વજ્ર જેના હાથમાં છે એવા ક્રોધ પામેલા ઈન્દ્રથી પણ બીતો નથી અને ભીષ્મ આદિ યોદ્ધાને પડેલા જોઇ મને અસ્થિરપણું તજે છે. જો કે મહેંદ્ર અને વિષ્ણુની સમાન અનિંદિત શ્રેષ્ઠ એવા રથ, ઘોડા અને હસ્તિઓને હણનાર અને ન વધ્ય કરાય તેવા શત્રુઓએ એમણે માર્યા તોપણ આજ રણભૂમિવિષે મને ભય નથી હે કૌરવો ! યુદ્ધમાં અતિ બળવાન એવા રાજાઓને શત્રુઓએ સારથિ, હસ્તિઓ અને રથસહિત હણેલા જોઇ મોટા અસ્ત્રોને જાણનાર, બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા ગુરૂ દ્રોણાચાર્યે રણભૂમિ વિષે સર્વ શત્રુઓને કેમ માર્યા નહિ ? એ રીતે દ્રોણાચાર્યને યાદ કરતો એવો આ હું સત્ય કહું છું તે સમજો. રણભૂમિવિષે આવેલા, મૃત્યુ સરખા ઉગ્રરૂપવાળા અર્જુનને મારા વગર બીજો સહી શકે નહિ. દ્રોણાચાર્યમાં પ્રસન્નતા, બળ, વૃતિ, મોટાં અસ્ત્રો અને નમ્રતા હતી તે મહાત્મા જ્યારે મૃત્યુ વશ થયા ત્યારે હવે સર્વ બીજાઓને મૃત્યુ જેની સમીપ છે એવા હું માનું છું અને આ લોકવિષે વિચાર કરતો એવો હું કર્મના દૈવયોગથી જરૂર કાંઇ પણ જાણી શકતો નથી. કાલ સૂર્યોદય વખતે સંશયરહિત એવો કોઇ પણ પુરૂષ હમણાં 'કાલ હું જીવતો રહીશ' એવો નિશ્ચય રાખી શકશે નહિં. જરૂર અસ્ત્રો, બળ પરાક્રમ, ક્રિયા, સુનીતિ, અને ઉત્તમ એવાં આયુધો મનુષ્યના સુખ સારૂ વર્તવા સમર્થ નથી કે જેથી યુદ્ધમાં ગુરૂને શત્રુઓએ હણ્યા. અગ્નિ અને સૂર્યની સમાન તેજવાળા, પરાક્રમે વિષ્ણુ અને ઇન્દ્રની ઉપમા અપાય એવા તથા નિરંતર નીતિવિષે બૃહસ્પતિ અને શુક્રાચાર્યની બરાબર દ્રોણાચાર્યને દુઃસહ એવું તે અસ્ત્ર પાળવા પ્રાપ્ત ન થયું અને જ્યારે બોલાવતાં અને રૂદન કરતાં છે સ્ત્રી તથા બાળકો જેનાં એવા ધૃતરાષ્ટ્રના પુત્રોનું પરાક્રમ પરાભવ પામ્યું ત્યારે મારાવડે તે મરાશે એમ હું જાણું છું માટે હે શલ્ય ! શત્રુઓના સૈન્યપ્રત્યે ચાલો કે જે ઠેકાણે સત્ય પ્રતિજ્ઞાવાળા રાજા યુધિષ્ઠિર ઉભા હોય. ભીમસેન, અર્જુન, વસુદેવનાપુત્ર શ્રીકૃષ્ણ, સાત્યકિ, સૃંજય યોદ્ધાઓ અને નકુળસહદેવ હોય. હે મદ્રપતે ! તે યોદ્ધાઓને મારા વગર બીજો કોણ સહન કરે ? માટે જલદી રણભૂમિવિષે પંચાલ, પાંડવ અને સૃંજય યોદ્ધાઓ તરફ ચાલો. યુદ્ધમાં હું તેઓને હણીશ અથવા દ્રોણાચાર્યના માર્ગવડે યમરાજાના પ્રત્યે જઇશ. હે શલ્ય ! જરૂર હું તે શૂરાઓના મધ્યમાં જઇશ એમ તમે જાણો. મિત્રનો દ્રોહ મેં સહન કરી શકાય એમ નથી, તેથી હું પ્રાણ તજી દ્રોણાચા-

મયે હે મહારાજ, તેણે દુઃખેકરી સહન થાય એવી સુવર્ણમય ઘંટાવાળી અને અગ્નિની જવાળા હોય તેમ ભયંકર એવી શકિતને તમારા પુત્ર પ્રત્યે ફેંકી. તે ટાણે મોટા ઊંબાડીઆની ઉપમા અપાય એવી તે શકિતને સમીપ આવેલી જોઇ હસતો હોય તેમ રહેલા પ્રતિવિંધ્યે બે પ્રકારે કરી કાપી નાંખી. પ્રતિવિંધ્યના તીક્ષ્ણ બાણોએ બે પ્રકારે કાપેલી તે શક્તિ જે રીતે યુગના નાશ વખતે સર્વ પ્રાણીને ત્રાસ પમાડતું એવું વજ્ર પડે તે રીતે પડી. તે શક્તિને હણેલી જોઇ ચિત્રે બહુ સુવર્ણવડે શોભિત મોટી ગદા લેઈ પ્રતિવિંધ્ય પ્રત્યે ફેંકી. તે ગદાએ મહારણભૂમિવિષે તેના ઘોડાને અને સારથીને હણ્યો તથા વેગેકરી રથને ભેદી તે પૃથ્વીને પ્રાપ્ત થઇ. એજ વખતે હે ભારત, રથમાંથી ઉતરી સુવર્ણ દંડવાળી શોભિત શક્તિને પ્રતિવિંધ્યે ચિત્ર પ્રત્યે ફેંકી. હે રાજન્, સમીપ આવતી એવી તે શકિતને મોટા મનવાળા એવા ચિત્રરાજાએ પકડી અને પછીથી તેનેજ પ્રતિવિંધ્યની નજીક ફેંકી. મહાકાંતિવાળી તે રણભૂમિવિષે શૂર એવા પ્રતિવિંધ્યને પામી તેના જમણા હાથને ભેદી પૃથ્વીતલવિષે પડી અને પડેલી એવી તે વજ્રની પેઠે તે દેશને શોભાવતી હતી. હે રાજન્, તે પછી ક્રોધ પામેલા પ્રતિવિંધ્યે ચિત્રના વધની ઇચ્છાવડે સુવર્ણ શોભિત એવા તોમરને ફેંકયો. તે તોમર તેના કવચને અને હૃદયને ભેદી જલદી જે પ્રમાણે મોટો સર્પ રાફડા પ્રત્યે પેસે તે પ્રમાણે પૃથ્વી પ્રત્યે પેઠો. અને તે સમયે તોમરવડે નાશ પામેલો એવો તે રાજા ભોગળ સરખા જાડા અને મોટા એવા બાહુને લાંબા કરી પડયો, ચિત્રને હણેલો જોઈ રણભૂમિવિષે શોભનાર એવા તમારા યોદ્ધાઓ ચોતરફથી વેગવડે પ્રતિવિંધ્ય પ્રત્યે દોડયા અને જૂદા જૂદા પ્રકારવાળા બાણોને અને ઘુઘરીઓવાળી શતઘ્નીઓને ફેંકતા એવા તેઓ તે પ્રતિવિંધ્યને જે પ્રમાણે સૂર્યને મેઘના સમૂહો ઢાંકે તે પ્રમાણે ઢાંકી દેતા હતા. તેઓને યુદ્ધમાં બાણોના સમૂહવડે વિંધી મહાબાહુ એવો પ્રતિવિંધ્ય જે રીતે વજ્ર હાથમાં લેઈ અસુરોની સેનાને ઇંદ્ર ભગાડે તે રીતે તમારી સેનાને નસાડતો હતો. હે નૃપ, સંગ્રામવિષે પાંડવોએ વધ કરાતા તે તમારા યોદ્ધાઓ વાયુવડે વિખરાઇ ગએલાં વાદળાંઓની પેઠે જલદી વિખરાઇ જવા લાગ્યા. જ્યારે ચોતરફથી વધ કરાતું એવું તે સૈન્ય નાસતું હતું ત્યારે એક દ્રોણપુત્ર અશ્વત્થામા જલદી મહાબળવાન્ ભીમસેન પ્રત્યે ગયા. ત્યાર પછી જલદી તે બેઉનો સમાગમ જે રીતે દેવ અને અસુરોના યુદ્ધમાં વૃત્રાસુર અને ઇંદ્રનો સમાગમ થયો હતો તે રીતે ભયંકર થયો.

ततः समागमो घोरो बभूव सहसा तयोः ।
यथा दैवासुरे युध्धे वृत्र वासवयोरिव ॥
इति श्रीमहाभारते कर्णपर्वणि चित्रवधे गुर्जरभाषायां
चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

संजय उवाच—भीमसेनं ततो द्रौणी राजन्विव्याध पत्रिभिः ।
परया त्वरया युक्तो दर्शय न्नंस्त्रलाघवम् ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્, તે સમયે ઘણી ત્વરાવડેયુક્ત એવા દ્રોણપુત્ર અશ્વત્થામા અસ્ત્રોની શીઘ્રતાને દર્શાવતા એવા ભીમસેનને બાણોવડે વિંધતા હતા. એ પછી ફરીને મમંત

એવા અશ્વત્થામાએ હલકા હાથવાળા પુરૂષની પેઠે તીક્ષ્ણ એવા નેવું બાણોવડે અને સર્વ મર્મસ્થાનોવિષે વિંધ્યો, તે વખતે હે રાજન, સંગ્રામવિષે દ્રોણપુત્ર અશ્વત્થામાએ તીક્ષ્ણ બાણોવડે વ્યાપ્ત કરેલો એવો ભીમસેન કિરણવાન્ સૂર્યના સરખો શોભતો હતો. ત્યારપછી પાંડુપુત્ર ભીમસેને સારી રીતે ફેંકેલા એવા હજાર બાણવડે દ્રોણપુત્ર અશ્વત્થામાને ઢાંકી દેઇ સિંહનાદ કર્યો. હે રાજન્, તે વખતે યુદ્ધમાં હસતા હોય તેમ દ્રોણપુત્ર અશ્વત્થામાએ બાણોવડે ભીમસેનના બાણોને નિવારી તેને લલાટ વિષે પ્રહાર કર્યો, તે સમયે હે નૃપ, જે રીતે વનવિષે મત્ત એવો ગેંડો લલાટવિષે રહેલા શિંગડાને ધારણ કરે છે તે રીતે પાંડુપુત્ર ભીમસેને લલાટવિષે રહેલા બાણને ધારણ કર્યો. પછી રણભૂમિવિષે યત્ન કરતા એવા દ્રોણપુત્ર અશ્વત્થામાને હસતો હોય તેમ રહેલા અને પરાક્રમિ એવા ભીમસેને ત્રણ બાણવડે લલાટવિષે વિંધ્યા. તે વખતે લલાટવિષે રહેલાં બાણોવડે બ્રાહ્મણ એવા તે જે પ્રમાણે વર્ષાકાળમાં ભિંજાએલો એવો પર્વતોમાં ઉત્તમ ત્રિશંગપર્વત શોભે તે પ્રમાણે શોભતાં હતા. તે પછી દ્રોણપુત્ર અશ્વત્થામા હજારો બાણોવડે પાંડુપુત્ર ભીમસેનને પીડતા હતા પણ જે રીતે વાયુ પર્વતને ન કંપાવી શકે તે રીતે કંપાવી શકતા ન હતા. તેવીજ રીતે યુદ્ધમાં હર્ષ પામેલો પાંડુપુત્ર ભીમસેન દ્રોણપુત્ર અશ્વત્થામાને જે રીતે પાણીનો પ્રવાહ પર્વતને ન કંપાવી શકે તે રીતે હજારો બાણોવડે કંપાવી શકતો ન હતો. એક બીજાને ઘોર બાણોવડે ઢાંકતા ઉત્તમ રથમાં બેઠેલા શૂર અને બળવડે મત્ત તથા ઉત્તમ બાણોવડે પરસ્પર સંતાપ કરતા એવા તે બે મહારથિઓ જેવી રીતે લોકના ક્ષયને કરનાર અને પોતાના કિરણોવડે પરસ્પર તપાવતા એવા દીપ્ત બે સૂર્ય શોભે તેવી રીતે શોભતા હતા; અને તે સમયે મહારણભૂમિવિષે એક બીજાના નિવારણમાં અને અસ્ત્રોને ભાગવાવિષે નિર્ભય પુરૂષની પેઠે બાણોના સમૂહોવડે યત્ન કરતા હતા અને નરોમાં ઉત્તમ બાણરૂપિ દાઢવાળા દુઃખેકરી સહન થાય એવા ધનુષરૂપિ મુખવાળા અને ભયંકર એવા તે બેઉ વ્યાઘ્રની પેઠે સંગ્રામવિષે ફરતા હતા. બાણોના સમૂહોવડે ચોતરફથી તે બેઉ મેઘસમૂહોવડે ઢંકાએલા સૂર્ય અને ચંદ્રમાની પેઠે અદૃશ્ય થઇ ગયા અને પાછા મુહૂર્તવારમાં શત્રને દમનાર એવા તે મેઘસમૂહોવડે મુક્ત થયેલા મંગળ અને બુધ ગ્રહની પેઠે શોભી નિકળ્યા. એવી રીતે અતિ દારૂણ એવો તે સંગ્રામ થતો હતો ત્યારે અશ્વત્થામાએ ભીમસેનને જમણી બાજુ તરફ કર્યો; હે રાજન્, શત્રુના તે જયના લક્ષણને પર્વત પ્રત્યે ધારાઓવડે વર્ષતા એવા મેઘની પેઠે ઉગ્ર એવા હજારો બાણોવડે વૃષ્ટિ કરનાર એવો ભીમસેન સહિ શકયો નહિ; અને પાંડવ એવા તેણે પણ અશ્વત્થામાને સામા જમણી તરફ કર્યા. પુરૂષોમાં સિંહરૂપ એવા તે બેઉનું યુદ્ધ મંડળોના વિભાગોવિષે અને ગત તથા પ્રત્યાગતવિષે સંકુલ થતું હતું. જૂદા જૂદા પ્રકારવાળા માર્ગો પ્રત્યે અને મંડલસ્થાન પ્રત્યે ફરીને તેઓ પૂર્ણ વિસ્તારી ફેંકેલા બાણોવડે પરસ્પર પ્રહાર કરતા હતા; અને એક બીજાના વધ વિષે પરમ યત્ન કરતા હતા. તથા યુદ્ધમાં એકબીજાને રથરહિત કરવાને ઇચ્છતા હતા. તે ટાણે મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામાએ મોટાં અસ્ત્રો પ્રગટ કર્યાં, તે અસ્ત્રોને તે અસ્ત્રોવડેજ પાંડુપુત્ર ભીમસેને કાપી નાંખ્યાં. તે પછી હે મહારાજ, જેવી રીતે ઘોર એવું પ્રજાના સંહાર સમયે ગ્રહોનું યુદ્ધ થાય તેવી રીતે અસ્ત્ર યુદ્ધ થયું. હે ભારત, તેઓએ ફેંકેલા તમારા સૈન્યની ચોતરફ સર્વ દિશાઓને પ્રકાશિત કરતા એવા તે બાણો સામસામા મળ્યા. અને બાણસમૂહોવડે વિંટાએલું એવું અંતરિક્ષ ભયંકર થયું. હે ભારત નૃપ, જે રીતે પ્રજા-

ઓના નાશ વખતે ઉલ્કાપાતવડે યુક્ત એવું યુદ્ધ હોય તેમ તે થયું. અને બાણોના ઘસારાથી ત્યાં અગ્નિ ઉત્પન્ન થયો કે જે તણખાસહિત અને દીપ્ત જ્વાળાયુક્ત એવો બેઉ સેનાને બાળતો હતો. તે સમયે હે સમર્થ મહારાજ, આવેલા એવા સિદ્ધ આવું વચન કહેતા હતા કે, સર્વ યુદ્ધોના મધ્યમાં આ મોટું યુદ્ધ છે અને આ યુદ્ધની સોળમી કળાને પણ સર્વ યુદ્ધો યોગ્ય નથી; તથા ફરીને કયારે પણ આવું યુદ્ધ થશે નહિ. અહો! બેઉ બ્રાહ્મણ અને ક્ષત્રિય જ્ઞાને કરી સંપન્ન છે તથા શૌર્યવડે પણ બેઉ સંપન્ન અને ઉગ્ર પરાક્રમવાળા છે. અહો! ભીમસેન તો ભયંકર બળવાળો છે અને એમની અસ્ત્રોમાં કુશળતા જણાય છે, અહો! એ બેઉનું અતિ પરાક્રમ અને સુંદરતા આશ્ચર્યકારક છે તથા યુદ્ધમાં કાળ અંતકને યમની ઉપમા અપાય એવા આ બે ઉભા છે; ને જેવી રીતે બે રૂદ્ર, બે સૂર્ય અથવા બે યમ ઉત્પન્ન થયા હોય તેવી રીતે ઘોર રૂપવાળા પુરૂષોમાં શ્રેષ્ઠ એવા બેઉ રણભૂમિવિષે રહ્યા છે. એવી રીતે સિધ્ધોની વારંવાર વાણી સંભળાતી હતી અને મળેલા દેવતાઓનો સિંહનાદ થતો હતો તથા રણભૂમિવિષે તે બેઉનાં અચિંત્ય અને અદ્દભૂત એવાં કર્મને જોઈ સિધ્ધ અને ચારણોના સમૂહોને વિસ્મય થતો હતો. તેમ તે સમયે દેવતાઓ સિધ્ધ અને મહર્ષિઓ હે મહાબાહો દ્રોણપુત્ર સારૂં, હે મહાબાહો ભીમસેન સારૂં, એ રીતે કહેતા હતા; અને હે રાજન્, પરસ્પર જેઓએ અપરાધ કરેલો છે એવા યુદ્ધમાં શૂરા તે બેઉ ક્રોધથી નેત્રને ચડાવી એકબીજાને જોતા હતા અને ક્રોધવડે રાતાં નેત્રવાળા ક્રોધથકી જેના હોઠ ફરકતા છે, ક્રોધથકી જેણે દાંત પીશેલા છે અને તેમજ હોઠ પીશેલા છે એવા બાણરૂપિ જલધારાવાળા અને શસ્ત્રરૂપિ વિજળીવડે પ્રકાશિત એવા મહારથિ તે બે એક બીજાને બાણવૃષ્ટિવડે ઢાંકતા હતા અને મહારણવિષે એકબીજાના ધ્વજ અને સારથિને વિંધી એકબીજાના ઘોડાઓને ભેદી પરસ્પર ભેદતા હતા. હે મહારાજ, મોટાં યુદ્ધમાં ક્રોધ પામેલા બેઉ બાણોને લેઇ જલદી એકબીજાના વધની ઈચ્છાવડે ફેંકતા હતા. હે મહારાજ, સેનાના અગ્રભાગમાં શોભિત દુઃખેકરી સહન થાય એવા અને વજ્ર સમાન વેગવાળા તે બે બાણ તેઓને પામી વાગ્યા; અને એક બીજાના વેગથી બાણોવડે અતિ ઘાયલ થએલા મહાબળવાન્ તે બેઉ તે સમયે તેઓના રથના સારથિના સ્થાનવિષે પડ્યા; અને હે રાજન્, ત્યાર પછી દ્રોણપુત્ર અશ્વત્થામાને ચેતનારહિત જાણી તેનો સારથિ સર્વ સૈન્યના જોતાં રણભૂમિથી દૂર લેઈ ગયો; અને હે રાજન, તેવીરીતેજ વારંવાર વિહ્વલ થતા એવા શત્રુને તપાવનાર પાંડુપુત્ર ભીમસેનને સેનાવિષે તેનો સારથિ રથવડે દૂર લેઈ ગયો.

तथैव पाण्डवं राजन् विह्वलंतं मुहुर्मुहुः ।
अपोवाह रथेनाजौसारथिः शत्रुतापनम् ॥

इति श्रीमहाभारते कर्णपर्वणि अश्वत्थामभीमसेनयोर्युद्धे गुर्जरभाषायां
पंचदशोऽध्यायः ॥ १५ ॥

धृतराष्ट्र उवाच—यथा संशप्तकैः सार्धमर्जुनस्याभवद्रणः ।
अन्येषां च महीपानां पाण्डवैस्तद्ब्रवीहि मे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે કે—હે સંજય, જેવી રીતે તે સંશપ્તક યોદ્ધાઓ સાથે અર્જુનનું યુદ્ધ થયું અને બીજા રાજાઓનું પાંડવો સાથે યુદ્ધ થયું તે મને કહે. તેમ અશ્વત્થામા અને

અર્જુનનું યુદ્ધ અને બીજા રાજાઓનું પાંડવો સાથે યુદ્ધ થયું હોય તે મને કહે. સંજય કહે છે—હે રાજન, શત્રુઓ સાથે શૂર પુરૂષોના દેહને અને પાપને અંત હરનાર એવા સંગ્રામને જે પ્રમાણે થએલો છે તે પ્રમાણે કહું છું તે સાંભળો. શત્રુઓને હણનાર એવો અર્જુન સમુદ્ર સરખાં સંશપ્તક યોદ્ધાઓનાં સૈન્યપ્રત્યે પેસી જેવી રીતે મહાવાયુ સમુદ્રપ્રત્યે પેસી તેને ક્ષોભ પમાડે તેવી રીતે તે ક્ષોભ પમાડતો હતો. ધનંજય એવા અર્જુને તીક્ષ્ણ ભલ્લોવડે શૂરાઓનાં પૂર્ણ ચંદ્રસમાન કાંતિયુક્ત મુખવાળાં અને સુંદર નેત્ર, ભમર અને દાંતવાળાં મસ્તકોને કાપી જલદી નાશરહિત એવાં કમળવડે જેમ પૃથ્વીને ઢાંકે તેમ ઢાંકી દીધી; અને યુદ્ધમાં અર્જુને ગોળાકાર લાંબા પુષ્પ ચંદન અને અગરૂવડે શોભિત આયુધ અને હાથના મોજાસહિત અને પાંચ મુખવાળા સર્પસરખા એવા શત્રુઓના બાહુને ક્ષુર નામના હથિઆરોવડે કાપ્યા. પાંડવ અર્જુને ઘોડાઓને, રથિઓને, સારથિઓને, ધ્વજોને, ધનુષોને, બાણોને અને રત્નસહિત એવા હાથોને ઘણીવાર કાપ્યા તથા હે રાજન, યુદ્ધમાં અર્જુને રથોને, હસ્તિઓને અને ઘોડેસ્વારસહિત એવા ઘોડાઓને હજારો બાણોવડે યમરાજાના સ્થાન પ્રત્યે મોકલ્યા. ક્રોધ પામેલા ને પ્રહાર કરતા એવા તે અર્જુન પ્રત્યે જે રીતે હાથણી માટે હસ્તિ પ્રત્યે મદોન્મત્ત હસ્તિઓ દોડે તે રીતે દોડી અતિ ક્રોધ પામેલા અને સાંઢની પેઠે શબ્દ કરતા એવા તે અતિ શૂર પુરૂષો જે પ્રમાણે સાંઢ શીંગડાંઓવડે પ્રહાર કરે તે પ્રમાણે બાણોવડે પ્રહાર કરતા હતા અને તેનું તથા તે યોદ્ધાઓનું યુદ્ધ જે રીતે ત્રૈલોક્ય વિજયવિષે દૈત્યોનું વજ્રવાન્ ઇંદ્રસાથે યુદ્ધ થયું હતું તે રીતે રૂવાડાંને હર્ષ પમાડનારૂં થતું હતું અને તે અર્જુન ચોતરફથી અસ્ત્રોવડે શત્રુઓનાં અસ્ત્રોને વારી તુર્ત બહુ બાણોવડે વિંધી પ્રાણને હરતો હતો. તેમ કાપેલા છે ત્રિવેણુ ચક્ર અને અક્ષ જેના, જેના સારથિસહિત યોદ્ધાઓ નાશ પામેલા છે. જેનાં આયુધ અને ભાથા નાશ પામેલા છે, જેના ધ્વજ નાશ પામેલા છે, જેની બંધનરજ્જુ અને રશ્મિઓ નાશ પામેલી છે, એવા રથ, ગુપ્તિ અને કૂબરરહિત, જેનું ધોસરૂં અને રથ તલ્પસ્થાન કપાએલા છે અને જેનું અક્ષમંડળ નાશ પામેલું છે એવા રથોને જે રીતે મોટાં વાદળાંઓને વાયુ વીખેરી નાંખે તે રીતે કટકા કરતો અને વિસ્મય પમાડતો એવો અર્જુન જોવા યોગ્ય, શત્રુઓના ભયને વધારનાર અને હજાર મહારથિની બરોબર એવાં કર્મને કરતો હતો, અને સિદ્ધ તથા દેવર્ષિના સમૂહો ને ચારણો પ્રસન્ન થતા હતા. દેવતાઓનાં દુંદુભિ વાગતાં હતાં; અને કેશવ ભગવાન્ તથા અર્જુનના મસ્તકવિષે પુષ્પ વૃષ્ટિ પડતી હતી. વળી આકાશવાણી પણ થઇ કે જે નિરંતર ચંદ્ર, અગ્નિ, વાયુ ને સૂર્યની કાંતિ, દીપ્તિ, બળ, અને દ્યુતિને ધારણ કરે છે તે આ બે એક રથમાં બેઠેલા શૂરા કેશવ અને અર્જુન બ્રહ્મા અને શિવની પેઠે જીતી શકાય નહિ તેવા છે; અને સર્વ પ્રાણિઓમાં ઉત્તમ એવા શૂર આ બે નરનારાયણરૂપ છે. હે ભારત, આવી રીતે આ મોટું આશ્ચર્ય જોઈ તથા સાંભળી અતિ યત્નવાન્ એવા અશ્વત્થામા રણભૂમિવિષે શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રત્યે દોડ્યા. પછી શત્રુઓને હણનારા જેના અગ્રભાગ છે એવા બાણોને ફેંકનાર પાંડવ અર્જુન પ્રત્યે હસતા હોય તેમ દ્રોણપુત્ર અશ્વત્થામા બાણસહિત એવા હાથવડે બોલાવી કહેવા લાગ્યા કે—હે વીર, આ ઠેકાણે પ્રાપ્ત થએલા મને જો. પૂજ્ય અતિથિ માનતા હો તો આજ સંપૂર્ણ મનવડે મને યુદ્ધવિષે અતિથિપણાને આપો. એવી રીતે આચાર્યપુત્ર અશ્વત્થામાએ યુદ્ધની ઇચ્છાવડે બોલાવેલો અર્જુન આત્માને બહુ માનવા

લાગ્યો અને શ્રીકૃષ્ણ પ્રત્યે આવી રીતે બોલ્યો કે—હે માધવ, મારે સંશપ્તક યોદ્ધાઓને મારવા છે અને દ્રોણપુત્ર અશ્વત્થામા મને યુદ્ધસારૂ બોલાવે છે માટે આ ઠેકાણે જે પ્રથમ કરવા યોગ્ય હોય તે કહો. અને જો માનતા હો તો આતિથ્યકર્મના સત્કાર માટે આજ્ઞા આપો. આ પ્રમાણે અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાન વિધિવડે બોલાવેલા જયશાલી કુંતિપુત્ર અર્જુનને જે પ્રમાણે વાયુ ઇન્દ્રને યજ્ઞ પ્રત્યે લેઇ જાય તે પ્રમાણે દ્રોણપુત્ર અશ્વત્થામાની સમીપ લેઈ ગયા અને એકમનવાળા તે દ્રોણપુત્રને બોલાવી કેશવ ભગવાન્ કહેવા લાગ્યા કે,—હે અશ્વત્થામન્, સ્થિર થઈ જલદી પ્રહાર કરો અને સહન કરો; કારણ કે સ્વામિના શરીરને સેવવા માટે ઉપજીવિજનોનો આજ વખત છે. બ્રાહ્મણોનો સૂક્ષ્મ વિવાદ હોય છે અને ક્ષત્રિયોના જય તથા પરાજય સ્થૂલ હોય છે; માટે દિવ્ય એવા કુંતિપુત્ર અર્જુનના જે સત્કારને મોહથી ઇચ્છો છો તેને પામવા ઇચ્છા હોય તો સ્થિર થઈ આજ પાંડવ અર્જુન પ્રત્યે યુદ્ધ કરો. એ રીતે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે કહેલા બ્રાહ્મણોમાં ઉત્તમ એવા અશ્વત્થામાએ ‘ તેમજ કરીશ ’ એમ કહી સાઠ નારાચ બાણોવડે કેશવ ભગવાનને, અને ત્રણ નારાચવડે અર્જુનને વિંધ્યો. અતિક્રોધ પામેલા અર્જુને ત્રણ બાણોવડે તેમના ધનુષ્યને કાપી નાંખ્યું. પછી દ્રોણપુત્ર અશ્વત્થામાએ વળી અતિઘોર એવું બીજું ધનુષ્ લીધું અને તેને નિમેષ વખતમાં સજ્જ કરી અર્જુન અને કેશવ ભગવાનને વિંધ્યા. તેમાં વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને તીક્ષ્ણ એવા ત્રણ બાણોવડે અને પાંડવ અર્જુનને હજાર બાણોવડે વિંધ્યો; વળી તે સમયે યુદ્ધમાં અર્જુનને સ્થિર કરી તેમણે હજારો લાખો અને અર્બુદ બાણ ઉત્પન્ન કર્યાં; હે મારિષ, યોગના બળવાળા એવા અશ્વત્થામાના ભાથાથી, ધનુષ્યથી, પ્રત્યંચાથી, બાહુથી, કરથી, છાતીથી, મુખ, નાસિકા અને નેત્રથી, કાનથી મસ્તકથી અંગમાંથી, રૂવાડાંથી, અને કવચથી, રથ તથા ધ્વજથી, બાણો પડવા લાગ્યા. અને મોટા એવા બાણસમૂહવડે માધવ અને પાંડવ એવા શ્રીકૃષ્ણ ને અર્જુનને વિંધી હર્ષ પામેલા એવા તે મોટા મેઘના શબ્દ સરખો નાદ કરવા લાગ્યા. તેમના તે શબ્દને સાંભળી પાંડુપુત્ર અર્જુન અચ્યુત ભગવાન પ્રત્યે બોલ્યો કે,—હે માધવ, ગુરૂના પુત્ર અશ્વત્થામાનું મારા પ્રત્યે દુરાત્માપણું જુઓ કે આપણને બેને બાણરૂપિ ઘરવિષે પેસારી વંધ પામેલા માને છે. આ હું છું તે શિક્ષા અને બળવડે તેમના સંકલ્પને હણું છું. એમ કહી હે ભરતશ્રેષ્ઠ, ફેંકેલા તેમના એક એક બાણને જેવી રીતે ઝાકળને વાયુ મટાડે, તેવી રીતે ત્રણ ત્રણ કટકા કરી કાપી નાંખ્યા. પછી ફરીને પાંડુપુત્ર અર્જુને ઉગ્રબાણોએ કરી ઘોડા, સારથિ, રથ અને હસ્તિઓ સહિત એવા સંશપ્તક યોદ્ધાઓને તથા ધ્વજ અને પાયદળોના સમૂહોને વિંધ્યા. તે ઠેકાણેજ તે વખતે જે જે રૂપવાળા જે જે મનુષ્યો જોતા હતા તે તે મનુષ્યો તે સમયે આત્માવડે આત્માને બાણોવડે વ્યાપ્ત થએલા માનતા હતા. અને ગાંડિવધનુષ્યવડે ફેંકેલા જૂદા જૂદા રૂપવાળા તે બાણ રણભૂમિવિષે એક ગાઉ દૂર રહેલા એવા પણ હસ્તિઓ અને પુરૂષોને હણતા હતા. જેવી રીતે વનમાં ફરશિઓવડે કાપેલા અતિ મોટા વૃક્ષ પડે તેવી રીતે મદ ઝરતા હસ્તિઓની સુંઢ ભાલાઓવડે કપાવાથી પડતી હતી; અને પછીથી પર્વતોની પેઠે પોતા ઉપર બેસનાર નરોસહિત તે હસ્તિઓ જે પ્રમાણે વજ્રવાન્ ઇન્દ્રના વજ્રે કરી ભેદ પામેલા એવા પર્વતના સમૂહ પડે તે પ્રમાણે પડતા હતા. ગંધર્વના નગરસમાન આકારવાળા સારી રીતે કલ્પેલા શિક્ષિત વેગવાળા ઘોડાઓવડે જોડેલા રથોમાં બેઠેલા એવા શત્રુઓ પ્રત્યે ધનંજય અર્જુન બાણવૃષ્ટિ કરતો હતો અને બાણોવડે તેમને હણતો હતો. તેમજ અતિ શણગારેલા એવા

ઘોડેસ્વારોને અને પાયદળોને નાશ પમાડતો હતો. અર્જુનરૂપિ યુગના નાશ સમયનો સૂર્ય દુઃખેકરી શોષ પામે તેવા સંશપ્તક યોદ્ધારૂપિ સમુદ્રને તીક્ષ્ણ એવા બાણરૂપિ કિરણોવડે શોષ પમાડતો હતો. ફરીને ઉતાવળો એવો અર્જુન દ્રોણપુત્ર અશ્વત્થામાને વજ્રસરખા અને મહાવેગવાળા એવા નારાચ બાણોવડે જે પ્રમાણે વજ્રવાન્ એવો ઈન્દ્ર પર્વતને ભેદે તે પ્રમાણે ભેદતો હતો. ઘોડા અને સારથિસહિત એવા તે અર્જુન પ્રત્યે ક્રોધ પામેલા અને યુદ્ધ કરવાને ઇચ્છનાર એવા આચાર્યપુત્ર અશ્વત્થામા બાણોવડે યુદ્ધ કરવા આવ્યા અને ફેંકેલા તેમના બાણોને કુંતિપુત્ર અર્જુને કાપ્યા. તે પછી અતિ ક્રોધ પામેલા એવા અશ્વત્થામાએ પાંડુપુત્ર અર્જુન વિષે જે રીતે ગૃહપ્રત્યે આવેલા યોગ્ય અતિથિ પ્રત્યે નિવેદન કરે તે રીતે અસ્ત્રો ફેંક્યા. એ પછી સંશપ્તક યોદ્ધાઓને તજી પાંડુપુત્ર અર્જુન જેવી રીતે દાન કરનાર પુરૂષ પંક્તિવિષે ન રહેલા અર્થિઓને તજી પંક્તિવિષે બેઠેલા અર્થિપ્રત્યે જાય તેવી રીતે દ્રોણપુત્ર અશ્વત્થામા પ્રત્યે ગયો.

अथ संशप्तकांस्त्यक्त्वा पाण्डवो द्रौणिमभ्ययात् ।
अपाङ्क्तयानिव त्यक्त्वा दाता पाङ्क्तयमार्थिनं ॥

इति श्रीमहाभारते कर्णपर्वणि अश्वत्थामार्जुनसम्वादे गुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

सञ्जय उवाच—ततः समभवद्युद्धं शुक्राङ्गिरसवर्चसोः ।
नक्षत्रमभितो व्योम्नि शुक्रांगिरसयोरिव ॥ १ ॥

સંજય કહે છે—તે સમયે શુક્ર અને બૃહસ્પતિની સમાન તેજવાળા તે બેઉનું યુદ્ધ જે પ્રમાણે નક્ષત્રોની સમીપ શુક્ર અને બૃહસ્પતિનું યુદ્ધ થાય તે પ્રમાણે થયું. જેવી રીતે વક્ર ચાલનારા બેઉ ગ્રહ લોકોના ત્રાસને કરનાર થાય તેવી રીતે દીપ્ત એવા બાણરૂપી કિરણોવડે એક બીજાને સંતાપતા એવા તેઓ લોકના ત્રાસને કરનાર થયા, તે પછી અર્જુને નારાચવડે અશ્વત્થામાને ભમરના મધ્યમાં અત્યંત વિંધ્યા. તેણે કરી તે દ્રોણપુત્ર અશ્વત્થામા જે રીતે ઉંચા કિરણવાળા સૂર્ય શોભતા હોય તે રીતે શોભતા હતા. તેમ તેમના હજારો બાણવડે પીડિત એવા શ્રીકૃષ્ણ અને અર્જુન પણ જેમ પોતાના કિરણસમૂહવડે દીપ્ત એવા યુગના નાશ સમયના બે સૂર્ય શોભે તેમ શોભતા હતા. ત્યારપછી વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણનો પરાભવ થવાથી અર્જુને સર્વ તરફ ધારવાળા અસ્ત્રને ફેંક્યું અને દ્રોણપુત્ર અશ્વત્થામાને વજ્ર, અગ્નિ, અને યમના દંડ સરખા બાણોવડે વિંધ્યા. જે બાણોવડે ઘાયલ થએલો એવો કાળ પણ વ્યથા પામે તેવા તીવ્રવેગવાળા સારી રીતે ફેંકેલા બાણોવડે ભયંકર કર્મવાળા અને અતિ તેજસ્વિ એવા તે અશ્વત્થામાએ કેશવ ભગવાન્ અને અર્જુનને મર્મસ્થાનોવિષે વિંધ્યા. એ રીતે યત્ન કરતા એવા દ્રોણપુત્ર અશ્વત્થામાના બાણોને તેથી બમણા અને સુંદર પુંખવાળા બાણોવડે નિવારી તથા એક શૂર એવા તેમને ઘોડા, સારથિ અને ધ્વજસહિત ઢાંકી દેઇ અર્જુન સંશપ્તક યોદ્ધાઓનાં સૈન્ય પ્રત્યે ગયો; અને તે સારી રીતે જોડેલા બાણોવડે શત્રુઓનાં ધનુષ્યને, બાણોને, ભાથાઓને, ધનુષની પ્રત્યંચાઓને, હાથને, ભુજને, હાથમાં રહેલાં શસ્ત્રને, છત્રોને, ધ્વજને, ઘો-

કાઓને, રથના લાંગલ દંડને, વસ્ત્રોને, માળાઓને, આભૂષણોને, ચર્મને, બખ્તરોને, અને મનોહર તથા સુંદર એવાં વિમુખ ન થઇ ઉભેલા સર્વ શત્રુઓનાં મસ્તકોને કાપવા લાગ્યો. તે વખતે તેણે ફેંકેલા અનેક બાણોવડે યત્ન કરનાર શૂરનરોએ બેસવાનાં સ્થાનરૂપ કરેલા સારી રીતે સજ્જ કરેલા એવા રથ, ઘોડા અને હસ્તિઓ નાશ પામવા લાગ્યા, અને તે બાણો સાથેજ રાજાઓ પડવા લાગ્યા. કમળ તથા સૂર્ય અને પૂર્ણ ચંદ્રસમાન મુખવાળાં મુકુટમાળા અને આભૂષણવડે ઉજ્વલ એવાં મનુષ્યોનાં મસ્તકો ભલ્લ, અર્ધચન્દ્ર અને ક્ષુરવડે કાપેલાં પૃથ્વીવિષે તે ટાણે પડતાં હતાં. તે સમયે હણવાને ઇચ્છતા એવા શૂરા કલિંગ, બંગ, અંગ, અને નિષાદ યોદ્ધાઓ દૈત્યના હસ્તિ સરખી કાંતિવાળા હસ્તિઓવડે પાંડુપુત્ર અર્જુન પ્રત્યે દોડયા. કુંતિપુત્ર અર્જુને તે હસ્તિઓની સુંઢને, માવતને, કવચને, ચર્મને, ધ્વજને અને પતાકાઓને કાપ્યા. તે વખતે જે રીતે વજ્રવડે હણેલાં એવાં પર્વતોનાં શિખરો પડે તે રીતે પડયા. તેઓ નાશ પામ્યા ત્યારે મુકુટવાન્ અર્જુન જે રીતે વાયુ મોટા વાદળાના સમૂહોવડે ઉદય પામતા સૂર્યને ઢાંકી દે તે રીતે ગુરૂના પુત્ર અશ્વત્થામાને ઉદય પામેલા સૂર્યની સમાન વર્ણવાળા બાણોવડે ઢાંકવા લાગ્યો. તે સમયે દ્રોણપુત્ર અશ્વત્થામાએ તીક્ષ્ણ બાણોવડે અર્જુનના બાણોને કાપી તથા અર્જુન અને વસુદેવપુત્ર કૃષ્ણને ઢાંકી દેઇ જે પ્રમાણે આકાશમાં મેઘ સૂર્ય અને ચન્દ્રને ઢાંકી વર્ષાકાળમાં નાદ કરે તે પ્રમાણે નાદ કર્યો. તે ટાણે તે શસ્ત્રોવડે પીડિત એવા અર્જુને જલદી નજીક જઈ સુંદર પુંખવાળા બાણોવડે બાણરૂપિ અંધકારને મટાડી તે અશ્વત્થામાને અને તમારા બીજા સર્વ યોદ્ધાઓને વિંધ્યા. રથવિષે બાણોને લેતો, સાંધતો અને ફેંકતો એવો અર્જુન દેખાતો ન હતો અને મનુષ્યો, રથોને, હસ્તિઓને, ઘોડાઓને અને પાયદળોને ભેદેલા દેહવાળા અને નાશ પામેલા દેખતા હતા. તે વખતે ઉતાવળા એવા દ્રોણપુત્ર અશ્વત્થામાએ જે રીતે એક બાણને ફેંકે તે રીતે દશ એવા ઉત્તમ નારાચબાણોને સાંધી ફેંકયા. તેઓમાંના પાંચ અર્જુનને લાગ્યા અને સુંદરપુંખવાળા પાંચ અચ્યુત ભગવાન્ને વાગ્યા. તે બાણેવડે ઘાયલ થએલા લોહિને સ્રવતા એવા મનુષ્યોમાં મુખ્ય કુબેર અને ઇન્દ્ર સરખા તે બે સમાપ્ત વિદ્યાવાળા અશ્વત્થામાવડે તેવી રીતે પરાભવ પામ્યા કે રણભૂમિવિષે બીજાઓ તેઓને નાશ પામેલા માનવા લાગ્યા. એ સમયે દશાર્હકુળના નાથ એવા શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે-પ્રમાદ શું કરે છે? આ યોદ્ધાને માર; કારણ કે ઉપેક્ષા કરેલો આ જેવી રીતે ક્રિયારહિત વ્યાધિ દુઃખને કરનાર થાય તે રીતે કષ્ટરૂપ થશે ને દોષને કરશે. એ રીતે શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન 'તેમ કરૂં છું' એ રીતે અચ્યુત ભગવાનને કહી પ્રમાદ રહિત એવો પ્રયત્નથી દ્રોણપુત્ર અશ્વત્થામાને બાણોવડે પીડવા લાગ્યો. પછીથી કોપ પામેલા એવા તેણે યુદ્ધમાં દ્રોણપુત્ર અશ્વત્થામાને ચંદનના લેપયુક્ત ઉત્તમ એવા ભુજપ્રત્યે, છાતિપ્રત્યે, મસ્તકપ્રત્યે, તેમજ નિરૂપમ એવા સાથળ પ્રત્યે, ગાંડિવધનુષ્યથી ફેંકેલા કર્ણરહિત એવા બાણોવડે ભેદ્યા. તે બાણો જોતરાંઓને કાપી, ઘોડાઓને વાગ્યા અને ઘોડાઓ તે અશ્વત્થામાને રણભૂમિથી અતિ દૂર લેઇ ગયા. વાયુસમાન વેગવાળા તે ઘોડાઓએ લેઇ જવાએલા અને દૃઢ કુંતિપુત્ર અર્જુનના બાણોવડે પરાભવ પામેલા તે બુદ્ધિમાન્ અશ્વત્થામા વિચાર કરી ફરીને આવી કુંતિપુત્ર અર્જુન સાથે યુદ્ધ કરવા ઇચ્છતા ન હતા અને અંગિરાના કુળમાં થએલા પુરૂષોમાં શ્રેષ્ઠ એવા તે દ્રોણપુત્ર અશ્વત્થામા વૃષ્ણિવીર શ્રી-

કૃષ્ણ અને અર્જુનવિષે જયને નિશ્ચયથી જાણી ઘોડાઓને નિયમમાં રાખી આશ્વાસના કરી રથ, ઘોડા અને મનુષ્યવડે ગાઢ એવા કર્ણના સૈન્યમાં પેઠા. જેવી રીતે મંત્ર ઔષધ અને ક્રિયાના યોગે દેહથી વ્યાધિને હરાય તેવી રીતે વિરૂદ્ધકારી અશ્વત્થામા ઘોડાઓવડે રણભૂમિથી હરણ કરાયાં, તેથી કેશવ ભગવાન અને અર્જુન વાયુવડે ફરકતા પતાકાવાળા અને પ્રવાહ તુલ્ય નાદવાળા રથે કરી સંશપ્તક યોદ્ધાઓ સમીપ ગયા.

संशप्तकानभिमुखौ प्रयातौ केशवार्जुनौ ।
वातोद्धुतपताकेन स्पन्दनेनौघवादिना ॥

इतिश्री महाभारते कर्णपर्वणि अश्वत्थामपराजये गुर्जरभाषायां सप्तदशोध्यायः ॥१७॥

અધ્યાય ૧૮ મો—દંડધારનો વધ.

संजयउवाच—अथोत्तरेण पाण्डूनां सेनायां ध्वनिरुत्थितः ।
रथनागाश्वपत्तिनां दण्डधारेण वध्यताम् ॥१॥

સંજય કહે છે કે—એ પછી સેનાવિષે દંડધાર યોદ્ધાથી વધ પામતા એવા રથ, હસ્તિ, ઘોડા અને પાયદળોનો શબ્દ ઉત્તર તરફથી ઉત્પન્ન થયો. તે સમયે રથને પાછો વાળી ગરૂડ અને વાયુ જેવા વેગવાળા ઘોડાઓને ચલાવતા એવા કેશવ ભગવાન અર્જુન પ્રત્યે બોલ્યા કે મગધદેશનો રાજા નાશ કરનાર હસ્તિવડે અતિ પરાક્રમી અને શિક્ષા તથા બળવડે ભગદત્તની બરાબર છે માટે પ્રથમ એને હણી પછીથી સંશપ્તક યોદ્ધાઓને હણજે. એ રીતે વાક્યના અંત વખતમાંજ કુંતિપુત્ર અર્જુનને દંડધાર રાજાના સમીપ લેઇ ગયા. તે સમયે જે રીતે ગ્રહોવિષે કેશરહિત એવો કેતુ નામનો ગ્રહ સહન ન થાય એવો મગધદેશના યોદ્ધાઓમાં શ્રેષ્ઠ એવો તે, શત્રુઓની સેનાને જે પ્રમાણે વિસ્તારવાન્ એવો દારૂણ ગ્રહ કેતુ સકળ પૃથ્વીને પીડે તે પ્રમાણે પીડવા લાગ્યો. ગજાસુર જેવા મોટા મેઘના શબ્દ જેવા શબ્દવાળા શત્રુઓને હણનારા સારી રીતે સજ્જ કરેલા હસ્તિઉપર બેઠેલો એવો તે બાણોવડે હજારો રથ, ઘોડા અને હસ્તિઓના સમૂહોને તથા મનુષ્યોને હણતો હતો. કાળચક્રની પેઠે તેનો હસ્તિઓમાં ઉત્તમ એવો હસ્તિ પગવડે રથોને દબાવી છુંદી નાખતો હતો. સુંઢવડે ઘોડાઓને તથા સારથિસહિત યોદ્ધાઓને હણતો હતો. પગવડે હસ્તિઓને હણતો હતો, તેમ જે રીતે શબ્દવાન્ એવા સ્થૂલ નળને હણે તે રીતે તે રાજા બળવાન્ હસ્તિઓમાં ઉત્તમ એવા હસ્તિવડે દૃઢ લોઢાનાં બખ્તરોવડે શોભિત એવા મનુષ્યોને અને પાયદળોસહિત ઘોડાઓને પણ નાશ પમાડતો હતો. એ સમયે પ્રત્યંચા તલ અને નેમિના શબ્દયુક્ત, મૃદંગ ભેરી ને બહુ શંખના શબ્દવાળા તથા હજારો રથ, ઘોડા અને હસ્તિઓવડે સંકુલ એવા તે સૈન્યના ભાગમાં અર્જુન ઉત્તમ હસ્તિ સામે ગયો. તે સમયે દંડધારે બાર ઉત્તમ બાણોવડે અર્જુનને અને સોળ બાણોવડે ભગવાનને વિંધ્યા તથા ત્રણ ત્રણ બાણોવડે ઘોડાઓને વિંધી પછીથી નાદ કર્યો અને તે વારંવાર હાસ્ય કરવા લાગ્યો. તે વખતે કુંતિ પુત્ર અર્જુને એ રાજાના પ્રત્યંચા અને બાણસહિત એવા ધનુષને, શોભિત એવા ધ્વજને અને પછીથી સહાયતા કરનાર એવા સારથિને ભાલાવડે હણ્યો. તે વખતે પર્વત અને વજ્રનો અધિપતિ એવો તે રાજા કોપ્યો અને પછીથી અર્જુનને મદ ઝરનાર

અને વાયુ સમાન વેગવાળા મત્ત હસ્તિવડે અત્યંત ક્ષોભ પમાડવાને ઇચ્છતા એવા તેણે તોમરવડે જનાર્દન ભગવાનને અને અર્જુનને પ્રહાર કર્યો. એ પછી પાંડુપુત્ર અર્જુને એના હાથિની સુંઢ સરખા બે બાહુને અને પૂર્ણચંદ્ર સરખા મુખવાળા મસ્તકને ત્રણ ક્ષુરશસ્ત્રોવડે સાથેજ કાપી નાખ્યું. તે વખતે પછીથી અનેક બાણોવડે હસ્તિને વિંધ્યો. સુવર્ણ શોભિત એવા કુંતિપુત્ર અર્જુનના બાણોવડે વ્યાપ્ત એવો તે સુવર્ણમય કવચવાળો હસ્તિ જે રીતે રાત્રિવિષે દવાગ્નિવડે પ્રકાશિત છે ઔષધ અને વૃક્ષ જેમાં એવો પર્વત શોભે તે રીતે શોભતો હતો. વેદનાવડે પીડિત મેઘનાદ સરખા શબ્દવાળો ફરતો, ભાગતો અને મધ્યમાં પડતો એવો તે દોડયો અને જે પ્રમાણે વજ્રવડે કાપેલા પર્વત પડે તે પ્રમાણે પીડિત એવો માવતસહિત પડયો. રણભૂમિવિષે ભાઇના હણાવાથી દંડધાર રાજા હિમ સરખા શુભ સુવર્ણમય માળાવાળા અને હિમાચળનાં શિખરની ઉપમા અપાય એવા હસ્તિવડે હણવાને ઇચ્છતો એવો શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રત્યે ગયો; અને તેણે સૂર્યના કિરણ સમાન કાંતિવાળા તીક્ષ્ણ ત્રણ તોમરવડે જનાર્દન ભગવાનને અને પાંચ તોમરવડે અર્જુનને વિંધી બીજાઓને શબ્દ કરાવી નાદ કર્યો. તે સમયે પાંડુપુત્ર અર્જુને એમના બે બાહુને કાપ્યા. ક્ષુરવડે કાપેલા સુંદર બાહુબંધવાળા, ચંદનવડે શોભિત અને તોમરસહિત એવા, હસ્તિથકી સાથે પડતા તે બે બાહુ જે પ્રમાણે પર્વતનાં શિખરથી પડતા એવા સુંદર બે મોટા સર્પ શોભે તે પ્રમાણે શોભતા હતા. તેવી રીતે મુકુટવાન્ અર્જુને અર્ધચંદ્રવડે હણેલું એવું દંડનું મસ્તક હસ્તિથકી પૃથ્વિવિષે પડયું અને લોહિવડે ભિંજાએલો પડતો એવો તે જેવી રીતે અસ્તાચલથકી પશ્ચિમદિશાપ્રત્યે જતા એવા સૂર્ય શોભે તેવી રીતે શોભતો હતો. એ પછી કુંતિપુત્ર અર્જુને સૂર્યના કિરણસરખા શોભિત એવા ઉત્તમ બાણવડે શુભ્ર ઉત્તમ વાદળ સરખા હસ્તિને ભેદ્યો. તે ટાણે નાદ કરતો એવો તે હસ્તિ જે રીતે વજ્રવડે હણેલું હિમાચલનું શિખર પડે તે રીતે પડયો. ત્યારપછી યુદ્ધમાં અર્જુને તે સરખા ઉત્તમ હસ્તિઓ ઉપર બેસનારા અને જીતવાને ઇચ્છનારા બીજા યોદ્ધાઓને જે પ્રમાણે તે બે હાથિઉપર બેઠેલાઓને કર્યા તેવી રીતેજ કર્યા. તે સમયે અતિ મોટું એવું શત્રુનું સૈન્ય નાઠું અને યુદ્ધમાં પરસ્પર હણનાર એવા સમુદાયથી મળેલા એકબીજા પ્રત્યે પડતા હતા અને બહુ બોલનાર એવા પુરૂષો, હસ્તિ, રથ અને ઘોડાઓ પડયા તથા નાશ પામ્યા. એ સમયે પોતાના સૈનિકો અર્જુનને વિંટી વળી જે રીતે દેવતાઓના સમૂહ ઇન્દ્રને વિંટી વળી કહે તે રીતે કહેવા લાગ્યા કે હે શૂર, જે પ્રમાણે મરણથી પ્રજા ભય પામે તે પ્રમાણે અમે જેનાથી ભય પામતા હતા તે શત્રુને તમે હણ્યો તે સારૂં કર્યું. હે શત્રુને હણનાર, જો આવી રીતે બળવાન્ શત્રુઓએ પીડેલા આ લોકને ભયથી નહિ બચાવો તો જેવી રીતે આ શત્રુઓના હણાવાથી આપણને હર્ષ થાય છે તેવી રીતે શત્રુઓને હર્ષ થશે. એ રીતે હોય તેમ ફરીને પણ સ્નેહિજનોએ કહેલી વાણીને સાંભળી પ્રસન્ન મનવાળો અર્જુન પછીથી તેમનો સત્કાર કરી ફરીને સંશપ્તક યોદ્ધાએના સમૂહને હણવા ગયો.

इतीव भूयश्च सुहृद्भिरीडिता निशम्य वाच: सुमनास्ततोऽर्जुन: ।
यथानुरूपं प्रतिपूज्य तं जनं जघान संशप्तकसङ्घहा पुन: ॥

इतिश्री महाभारते कर्णपर्वणि दण्डवधे गुर्जरभाषायामष्टादशोऽध्याय: ॥१८॥

અધ્યાય ૧૯ મો—સંકુલ યુદ્ધ.

संजयउवाच—प्रत्यागत्य पुनर्जिष्णुर्जघ्नेसंशप्तकान् बहुन् ।
वक्रातिवक्रगमनादङ्गारक इव ग्रहः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્, જે રીતે વક્રમાં પણ વક્ર એવા ચાલવાથી મંગલ નામનો ગ્રહ પીડા કરે તે રીતે ફરીને બહુ એવા સંશપ્તક યોદ્ધાઓ પ્રત્યે આવી જીષ્ણુ એવો અર્જુન પીડા કરતો હતો. હે ભારત, કુંતિપુત્ર અર્જુનના બાણોવડે હણાએલા એવા નર, ઘોડા, રથ અને હસ્તિઓ ચલિત થતા હતા, ભમતા હતા, નાશ પામતા હતા, પડતા હતા અને મ્લાનિ પામતા હતા. સંગ્રામવિષે પાંડુપુત્ર અર્જુન ભલ્લ, ક્ષુર, અર્ધચન્દ્ર અને વત્સદંત એવાં શસ્ત્રોવડે સામા યુદ્ધ કરનાર શત્રુઓના શૂરપુરૂષોના ઘોડાઓને, રથઉપર બેઠેલા સારથિઓને, ધ્વજને, ધનુષ્યને, બાણને, હાથને, હાથમાં રહેલા શસ્ત્રને, બાહુને અને મસ્તકોને કાપતો હતો. જે રીતે ગાયને માટે વૃષભ વૃષભ પ્રત્યે જાય તે રીતે હજારો અને લાખો શૂરાઓ અર્જુન પ્રત્યે જતા હતા, અને જેવું પૂર્વે ત્રૈલોક્યના વિજયવિષે દૈત્યોનું વજ્રવાન્ ઇન્દ્રસાથે યુદ્ધ થયું હતું, તેવું તે યોદ્ધાઓનું અને તે અર્જુનનું રૂવાડાંને હર્ષ પમાડનારૂં યુદ્ધ થયું. જ્યારે તે અર્જુનને ઉગ્રાયુધે દંદશૂક સર્પની પેઠે ત્રણ બાણોવડે વિંધ્યો અને અર્જુને તેનું મસ્તક કાયાથી હરિ લીધું ત્યારે ક્રોધ પામેલા તેઓ જૂદાં જૂદાં શસ્ત્રોવડે અર્જુનપ્રત્યે જે પ્રમાણે ગ્રીષ્મકાળમાં વાયુએ પ્રેરેલા મેઘ હિમાચલ પ્રત્યે વૃષ્ટિ કરે તે પ્રમાણે વૃષ્ટિ કરતા હતા. અને અર્જુન સારી રીતે ફેંકેલા બાણોવડે સર્વ તરફથી શત્રુઓનાં અસ્ત્રોને નિવારી ઘણા એવા સર્વ શત્રુઓને હણતો હતો અને તે સમયે અર્જુન બાણોવડે જેના ત્રિવેણુના સમૂહ કાપેલા છે, જેના ઘોડા હણેલા છે, જેની રાશ, ચક્ર અને અક્ષ કાપેલા છે, જેનું અનુકર્ષ (નીચેનું લાકડું) નાશ પામેલું છે અને જેનો નાશ પામેલો સર્વ સામાન છે એવા રથોને તથા જેના હાથમાંથી ભાથા પડી ગએલા છે અને જેનું ચક્ર, રથ અને ધ્વજ ગએલા છે એવા પડખાના સારથિઓને કરતો હતો. તે વખતે ભાગી પડેલા ઉત્તમ એવા તે રથો જે રીતે અગ્નિ, વાયુ અને પાણીવડે નાશ પામેલાં ધનવાન્ પુરૂષોનાં ઘર શોભે તે રીતે શોભતા હતા અને વજ્ર તથા અશનિ સરખા બાણોવડે જેના મર્મ ભેદી નાખેલા છે એવા હસ્તિઓ જે પ્રમાણે વજ્રપાતરૂપિ અગ્નિલાગતાં ઘર પડે તે પ્રમાણે પડતા હતા. અર્જુને તાડન કરેલા એવા ઘણા ઘોડાઓ, ઘોડેસ્વાર સહિત જિહ્વા અને આંતરડાંરહિત ક્ષીણ થએલા, રૂધિરવડે ભિંજાએલા અને અતિ દુઃખે કરી જોવાય તેવા પૃથ્વિવિષે પડતા હતા. હે મારિષ, સવ્યસાચિ અર્જુને નારાચવડે વિંધેલા નર, ઘોડા અને હસ્તિઓ ભમતા હતા, ઠેસો ખાતા હતા, પડતા હતા, નંદ કરતા હતા અને ગ્લાનિ પામતા હતા. જે પ્રમાણે પૂર્વે મહેંદ્ર દાનવોને મારતો હતો તે પ્રમાણે કુંતિપુત્ર અર્જુન શિલાવડે તીક્ષ્ણ કરેલા વજ્ર, અશનિ અને વિષની ઉપમા અપાય એવા અનેક બાણોવડે યોદ્ધાઓને મારતો હતો અને મહામૂલ્યવાળાં જેનાં કવચ અને આભૂષણ છે, જેનાં જૂદાં જૂદાં રૂપવાળાં અસ્ત્ર અને આયુધ છે એવા કુંતિપુત્ર અર્જુને હણેલા શૂર યોદ્ધાઓ રથ અને ધ્વજસહિત પડતા હતા. વિદ્વાન્ અને સંબંધી જનોવિષે પ્રખ્યાત પુણ્યકર્મવાળા અને શરીરોવડે પૃથ્વીને પામેલા જીતાએલા એવા યોદ્ધાઓ ઉત્તમ કર્મોવડે સ્વર્ગપ્રત્યે જતા હતા. એ પછી જેને ક્રોધ ઉત્પન્ન થયેલો છે એવા જૂદા જૂદા દેશના અધિપતિ રાજાઓ તથા સૈન્યસહિત તમારા યોદ્ધાઓ રથિઓમાં ઉત્તમ એવા

એને શું ? મૌનનું લક્ષણ શું ? શું વિદ્વાન પુરૂષ મૌને કરી મૌન પદને પામે છે ? તેઓ કેવી રીતે મૌનને આચરે છે તે સર્વ કહો ? ધૃતરાષ્ટ્રના પાંચ પ્રશ્નો સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે, હે રાજન્! મનવાણી જેને પહોંચ્યાં નથી એવા પરમેશ્વરના પદની પ્રાપ્તિ થવી, એ પ્રયોજન વાસ્તે મુનિનો ધર્મ છે. વાગાદિક બાહ્ય ઇંદ્રિયોનો તથા મનનો નિગ્રહ કરવો એ મૌન જાણવું: તેણે કરી બાહ્ય તથા આભ્યંતર પ્રપંચનું ભાન ટળી જવું, એ મૌનનું લક્ષણ. અને તે અજ્ઞાનરૂપ મૌને કરી વિદ્વાન પુરૂષ, મનવાણીથી અગોચર એવા મૌન પદને પામે છે અને પ્રણવ એટલે ઓંકાર દ્વારા મન વાણીથી અગોચર વસ્તુને જુવે છે,- એ તેમનું મૌનાચરણ સમજવું. સનત્સુજાતનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, જે પુરૂષ ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદને જાણે, ને પુરૂષ પાપ કરે તો તેથી લેપાય કે ન લેપાય ? એવાં ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે, ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ, એ ત્રણે વેદો વાણી તથા મનને નિગ્રહ કરવામાં અસમર્થ એવા પાપ કરનાર પુરૂષને પાપ કર્મથી રક્ષા કરતાં નથી, એ હું તને સત્ય કહું છું. વેદો પણ કાપટ્યથી વર્તનાર કપટી પુરૂષને પાપથી તારતા નથી, કારણ પાંખો આવતાં પક્ષિયો જેમ માળાનો ત્યાગ કરે તેમ તેઓ પણ અંતકાળે તે પુરૂષનો ત્યાગ કરે છે. ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, હે વિચક્ષણ! જ્યારે ધર્મ વિના બીજું કંઇ પુરૂષોને તારવા સમર્થ થતું નથી, ત્યારે "ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદે કરી પવિત્ર બ્રાહ્મણ બ્રહ્મલોક પ્રત્યે જાય છે, ને વેદ જાણનાર બ્રાહ્મણો વિષે સર્વ દેવતાઓ રહ્યા છે," ઇત્યાદિ બ્રાહ્મણના માહાત્મ્યને વર્ણવનાં વાક્યો અનાદિ કાળથી શું કરવા પ્રવર્તમાન છે ? સનત્સુજાતે કહ્યું કે, હે મહાનુભાવ! જે પરમાત્માના નિઃશ્વસિતપણાએ કરી વેદોનું માહાત્મ્ય છે, તેનાજ વિશેષ નામ રૂપાદિએ કરી આ જગત ભાસે છે; ને વેદો પણ સમગ્ર વિશ્વને દેખાડી "એ બ્રહ્મજ છે" એમ કહે છે. બ્રહ્મ વિશ્વથી વિલક્ષણ છે, એમ પણ કહે છે. વેદો ભગવાનથી ઉત્પન્ન થયા માટે માન્ય છે. તેમાં કહેલા માર્ગ પ્રમાણે અનુષ્ઠાન ન કરી જે ભગવાનને જાણતો નથી, તેનું વેદાધ્યયન નિષ્ફળ છે. બ્રહ્મને પામવા વાસ્તેજ કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ અને ધ્યાન ધારણાદિરૂપ તથા યાગાદિક કહેલાં છે, કારણ તપ તથા યાગાદિકે કરી પુણ્યની ઉત્પત્તિ ને પાપનો નાશ થાય છે. પુરૂષ નિષ્પાપ થઈ જ્ઞાને કરી, બ્રહ્માકાર થયેલી ચિત્ત વૃત્તિએ કરી પ્રકાશ થયું છે આત્મતત્વ જેનું, એવો થાય છે, જે લાભથી બીજો ઉત્તમ લાભ નથી એવા પરમ પુરૂષાર્થરૂપ આત્માને પામે છે. આત્મજ્ઞાનથી હીન પુરૂષ તો ઇંદ્રિયગણને પ્રિય એવા વિષય સુખને ઇચ્છતો, આલોકમાં કરેલાં સર્વ પુણ્ય પાપને સાથે લઈ પરલોકમાં જાય, સ્વર્ગ તથા નરક વિષે સુખ વા દુઃખ ભોગવી પાછો આ લોક પ્રત્યે આવે છે ને તેને તપનું ફળ પણ પરલોકમાં મળે છે. અવશ્ય કર્તવ્ય તપ વિષે નિષ્ઠાવાન વિદ્વાન બ્રાહ્મણોને તો આ લોકજ ફળ દેનાર થાય છે, એટલે કે તેમને જ્ઞાનનું ફળ તુરતજ જોવામાં આવે છે. ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે હે સનત્સુજાત! એકજ તપ સમૃદ્ધ, અસમૃદ્ધ તથા કેવળ કેમ કહેવાય ? તે જે રીતે હું સમજું તે રીતે કહો. સનત્સુજાતે કહ્યું કે, તપ એકજ છે, તથાપિ તે કામ રહિત તથા શ્રદ્ધાયુક્ત હોય તો મોક્ષનું સાધન હોવાથી કેવળ કહેવાય છે, તે જ શ્રદ્ધાદિ યુક્ત હોય ને સકામ હોય તો સમૃદ્ધ કહેવાય છે. કેવળ [illegible] વાસ્તેજ હોય તો અસમૃદ્ધ કહેવાય છે. હે ક્ષત્રિય! આ ભોગ્ય પદાર્થ સર્વ તપે કરીને [illegible] છે, અને વિદ્વાનો તપે કરીનેજ પરમ તત્વને તથા મોક્ષને પામે છે. સનત્સુજાતનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, હે સનત્સુજાત! કલ્મષ રહિત તપ [illegible]

ર્યને અનુસરીશ-દ્રોણની પાછળ જઈશ. હે વિદ્વન ! મૃત્યુએ સત્કાર કરેલા પ્રાજ્ઞ અને મૂઢ પુરૂષના જીવિતના અંત વખતે પણ મૃત્યુની નિવૃત્તિ નથી. ભાગ્ય પણ નિવૃત્ત કરી શકાય તેમ નથી, માટે કુંતિપુત્રો તરફ ચાલો. વળી સર્વદા મને કલ્યાણકારી વર્તણુકવાળા રાજા વૈચિત્રવીર્યના પુત્ર હતા. તેમના અર્થની સિદ્ધિમાટે હું પ્રિય એવા ભોગને અને દુસ્ત્યજ એવા જીવિતને તજું છું. પરશુરામે વ્યાઘ્રના ચર્મવાળો, નિઃશબ્દ અક્ષરવાળો, સુવર્ણના ત્રિકોશવાળો, રૂપાના ત્રિવેણુવાળો અને ઉત્તમ ઘોડાઓવડે યુક્ત એવો આ ઉત્તમ રથ મને આપ્યો છે. હે શલ્ય ! વિચિત્ર એવા ધનુષને, ધ્વજોને, ગદાઓને, ઉગ્ર આકારવાળા બાણોને, દીપ્ત એવા ખડ્ગને, ઉત્તમ આયુધને અને શુભ્ર તથા શબ્દયુક્ત એવા ઉગ્ર શંખને જોઇ પતાકાવાળા, વજ્રપાત જેવા શબ્દવાળા, શ્વેત ઘોડાઓવડે યુક્ત, સુંદર ભાથાવડે શોભિત અને રથોમાં શ્રેષ્ઠ એવા આ રથપર ચઢી રણભૂમિવિષે બળથી હું અર્જુનને હણીશ. જો સંગ્રામવિષે પાંડુપુત્રની સર્વને હરનાર અને કદીએ ચૂકે નહિ એવો મૃત્યુ રક્ષા કરશે તોપણ રણમાં હું તેને હણીશ; ભીષ્મપિતામહ જેની આગળ છે એવો યમરાજાપ્રત્યે જઇશ. બહુ કહેવાવડે શું ? પણ જો આ મહાયુદ્ધમાં એક વખત ગણસહિત યમ, વરૂણ, કુબેર અને ઇન્દ્ર એ સર્વ પાંડુપુત્ર અર્જુનને રક્ષવાની ઇચ્છા કરનાર થાય તોપણ આજ તેઓ સહિત હું જીતી શકું. સંજય કહે છે કે એ રીતે યુદ્ધના વેગવાળો કર્ણ કહેતો હતો તે તેનાં વચન સાંભળી બળવાન એવો મદ્રરાજ શલ્ય હસ્યો અને અપમાન કરી નિષેધક ઉત્તર આપવા લાગ્યો. શલ્ય કહે છે કે હે કર્ણ ! બકવાદથી વિરામ પામ, વિરામ પામ. અતિ વેગથી તું અતિશે બોલે છે. ક્યાં નરોમાં ઉત્તમ એવો ધનંજય અર્જુન અને ક્યાં પુરૂષોમાં અધમ એવો તું ? દેવતાના રાજા ઇન્દ્રે રક્ષા કરેલા, સ્વર્ગ સમ, વિષ્ણુએ પાળેલા, યાદવના સ્થાનને બલાત્કારથી ડોલાવી અર્જુન વગર કયો પુરૂષ પુરૂષમાં ઉત્તમ એવા શ્રીકૃષ્ણની નાની બહેન સુભદ્રાને હરી શકે ? ત્રિભુવનના પતિ અને ઇશ્વરના ઇશ્વર એવા શિવને આ લોકમાં મૃગના વધનો જેમાં કલહ છે એવા યુદ્ધમાં સુરપતિ ઇન્દ્રની સમાન બળવાળા અર્જુન વગર કયો પુરૂષ બોલાવી શકે ? ગરૂડ, પિશાચ, યક્ષ અને રાક્ષસો સહિત અસુર, સુર અને મોટા સર્પોને અગ્નિના ગૌરવથી બાણોવડે જીત્યા હતા અને પોતાના ઇચ્છિત હવિ અર્જુને આપ્યું હતું તે તું યાદ કર. કૌરવોમાં યુદ્ધ કરનાર અર્જુને સૂર્ય સમ ઉત્તમ બાણોવડે ઘણા શત્રુઓને હણી પકડેલા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને છોડવ્યો હતો તે તને સાંભરે છે ? જ્યારે તું પણ પ્રથમ પલાયન કરી ગયો હતો ત્યારે પાંડવોએ ગંધર્વોને જીતી કલહ જેઓને પ્રિય છે એવા ધૃતરાષ્ટ્રના પુત્રોને છોડાવ્યા હતા તે તને સાંભરે છે ? જ્યારે ફરીને પુરૂષોમાં ઉત્તમ એવા અર્જુને વૃદ્ધિ પામેલું છે સૈન્ય અને વાહનો જેનાં એવા તમોને દ્રોણાચાર્ય, ગુરૂપુત્ર અશ્વત્થામા અને ભીષ્મ પિતામહ સહિત જીત્યા હતા ત્યારે તેં અર્જુનને કેમ જીત્યો ન હતો ? વળી હે સૂતપુત્ર કર્ણ ! ફરીને તારા નાશ માટે આ બીજું મોટું યુદ્ધ હાલ પ્રાપ્ત થયું છે. જો યુદ્ધમાં તું શત્રુના ભયથી ભાગીશ નહિ તો આજ જરૂર નાશ પામવાનો છે. સંજય કહે છે કે જ્યારે એવી રીતે પ્રસન્ન મનવાળો મદ્રદેશનો પતિ શલ્ય બહુ કઠણ વચન બોલતો હતો અને શત્રુઓની સ્તુતિ કરતો હતો ત્યારે અતિ રોષ પામેલા, શત્રુઓને તપાવનાર કુરૂની સેનાનો પતિ કર્ણ મદ્રદેશપતિ શલ્ય પ્રત્યે આ રીતે બોલ્યો. કર્ણ કહે છે કે બકવાદ શું કરે છે ! મારૂં અને તેનું મોટું યુદ્ધ વારંવાર થાઓ અને જો તે આ યુદ્ધમાં મને જીતે તો આ તારી અતિ

બકવાદ ભલે થાઓ. સંજય કહે છે કે મદ્રરાજે ' એમ થાઓ ' એવું કહી ઉત્તર આપ્યો નહિં. પછી કર્ણ યુદ્ધની ઇચ્છાવડે એને ' હે શલ્ય ! રથ ચલાવો, ' એ રીતે કહેવા લાગ્યો. તે સમયે સંગ્રામમાં શ્વેત જેના ઘોડા છે અને શલ્ય સારથિ છે એવો શત્રુઓને, જે રીતે અંધકારને સૂર્ય નાશ પમાડે તે રીતે નાશ પમાડનારો રથ તે શત્રુઓ સામે લઇ ગયો. પછી વ્યાઘ્રનાં ચર્મવાળા અને શ્વેત ઘોડાઓવડે યુક્ત એવા રથવડે ગએલો પ્રીતિમાન કર્ણ પાંડવોની સેનાને જોઈ ત્વરાવડે અર્જુનને આમ પૂછવા લાગ્યો.

ततः प्रायात्प्रातिमान्वैरथेन व्याघ्रेणश्वेतयुजाथकर्णः ।
सचालोक्य ध्वजिनीं पाण्डवानां धनंजयं त्वरयापर्यपृच्छत ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्यसम्वादे गुर्जरभाषायां
सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥

અધ્યાય ૩૮ મો. કર્ણના ગર્વી બોલ.

संजय उवाच—प्रयाणे च ततः कर्णो हर्षन्वाहिनीं तव ।
एकैकं समरे दृष्ट्वा पाण्डवान्पर्यपृच्छत ॥१॥

સંજય કહે છે કે—પ્રયાણ કરતી તમારી સેનાને હર્ષ પમાડનો કર્ણ યુદ્ધમાં એકેક પાંડવોને પૂછવા લાગ્યો કે, જે આજ મને મહાત્મા શ્વેતવાહનવાળા અર્જુનને દેખાડે તેને ઇચ્છા કરે તે ધન હું આપીશ. જો તે ન માને તો ફરીને કહું છું કે, મને અર્જુનને દેખાડે તેને રત્નોવડે પરિપૂર્ણ એવાં ગાડાં આપું. અર્જુનને દર્શાવનારો પુરૂષ તે પણ ન માને તો સો ગાયો આપું. જો તે ન માને તો એક કાંસાના દોહનપાત્રને તથા સો ઉત્તમ ગાય આપું તેમજ અર્જુનને દેખાડનારા પુરૂષને શ્વેત એવા ખચ્ચરયુક્ત રથ આપું. જે અર્જુનને દેખાડે તેને કાજળ સરખા કાળા કેશવાળા ખચ્ચરો યુક્ત રથને આપું અને જો અર્જુનને દર્શાવનારો પુરૂષ તે ન માને તો ફરીને બીજો સુવર્ણમય રથ આપું. તેમજ એમને પછી-થી શણગારેલી, શ્યામ, નિષ્ક જેઓના કંઠમાં છે એવી, અને ગીત તથા વાદ્યમાં કુશળ એવી સો સ્ત્રીઓ આપું. જો તે પણ અર્જુનને દેખાડનાર માણસ ન માને તો સો હાથી, સો ગામ, ઉત્તમ સુવર્ણના સો રથ, પુષ્ટિવડે અને ગુણોવડે યુક્ત, સારા દાંતવાળા રથને ઉપાડવા સમર્થ, અને સુશિક્ષિત દશ હજાર ઉત્તમ ઘોડાઓ તથા સુવર્ણના શિંગડાંવાળી અને વાછડા સહિત ચારસો ગાયો આપું છું. તે એ કે અર્જુનને દેખાડનાર અને દર્શાવનાર પુરૂષ તે પણ ન માને તો બીજું વરદાન આપું. સુવર્ણના આભૂષણવડે યુક્ત ને સુંદર મણિવાળાં આભરણવાળા એવા પાંચસો ઘોડા આપું. કેળવેલા બીજા અઢાર ઘોડા આપું, તેમ શુભ્ર સુવર્ણમય અને શણગારેલા તથા ઉત્તમ એવા કાંબોજ દેશના ઘોડા-ઓવડે યુક્ત એવા રથ આપું કે જે માણસ મને અર્જુનની ખબર આપે. જો તે પણ અર્જુનને દર્શાવનારો પુરૂષ ન માને તો જૂદા જૂદા પ્રકારનાં સુવર્ણનાં આભૂષણોવડે વ્યાપ્ત, સુવર્ણની માળાવાળા, કચ્છદેશમાં ઉત્પન્ન થએલા અને હસ્તિના શિક્ષકોએ કેળવેલા છસો હાથીરૂપ બીજું વરદાન આપું. જો અર્જુનને દેખાડનારો નર તે પણ ન માને તો તેને બીજું વરદાન આપું છું, અતિશય વૃદ્ધિ પામેલા, ધનવડેયુક્ત, જેની પાસે સુંદર જળ છે

એવા સર્વ તરફથી ભયરહિત અને રાજાએ ભોગવ્યા એવા ચૌદ વૈશ્યોનાં ગામ આપું. વળી જે મને અર્જુન દેખાડે તેને યુવાવસ્થાવાળી અને નિષ્ક નામનું ભૂષણ જેના કંઠમાં છે એવી મગધદેશની ચૌદસો દાસીઓ આપું. જો અર્જુનને દર્શાવનારો પુરૂષ તે પણ ન માને તો બીજો વર, કે જે તે માણસ પોતે ઇચ્છે તે આપું. પુત્રોને, સ્ત્રીઓને, વિહાર કરવાનાં સ્થાનકોને અને જે બીજુ મારૂં ધન છે તે તથા જે જે મનવડે ઇચ્છે તે તે તેને આપું. જે મને અર્જુન અને કેશવ ભગવાન દેખાડે તેને હું શ્રીકૃષ્ણ અને અર્જુનને સાથે હણી તે બેઉનાં ધન આપું. આ વાણી વારંવાર યુદ્ધમાં ઉચ્ચારતો એવો કર્ણ સાગરથી થએલા સુસ્વરવાળા ઉત્તમ શંખને વગાડવા લાગ્યો. હે મહારાજ ! સૂતપુત્ર કર્ણની તે વાણી સાંભળી દુર્યોધન અનુચરો સહિત હર્ષિત થયો અને તે વખતે દુંદુભિનો ઘોષ, સર્વ તરફથી મૃદંગનો અવાજ, સિંહનાદ અને વાદિત્રસહિત હસ્તિઓનો શબ્દ થઈ રહ્યો, હે પુરૂષોમાં શ્રેષ્ઠ રાજન ! તે રાત્રે સૈન્યોમાં હર્ષ પામેલા યોદ્ધાઓનો શબ્દ થયો. પછી હર્ષ પામેલા સૈન્યમાં જતા અને સોરબકોર કરતા શત્રુઓને હણનારા મહારથી રાધાપુત્ર કર્ણને મદ્રરાજ શલ્ય આ પ્રમાણે કહેવા લાગ્યો.

तथा प्रहृष्टेसैन्ये तु प्लवमानं महारथं ।
विघात्यमानं च तदाराधेयमरिकर्षणम् ॥ १ ॥
मद्रराजः प्रहस्येदं वचनं प्रत्यभाषत ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णावलेपे गुर्जरभाषायामष्टत्रिंशोऽध्यायः ॥ ३८ ॥

અધ્યાય ૩૯ મો. શલ્યે મારેલાં મહેણાં.

शल्य उवाच—मा सुतपुत्र दानेन सौवर्णं हस्तिषड्गवं ।
प्रयच्छ पुरुषायाद्य द्रक्ष्यसि त्वं धनंजयम् ॥ १ ॥

શલ્ય કહે છે—હે સૂતપુત્ર કર્ણ ! જેના હાથી સરખા છ બળદ છે એવા સુવર્ણમય રથને દાનમાં આપ મા. તું આજ ધનંજય અર્જુનને જોશે. મૂઢ પુરૂષની પેઠે તું શા માટે એ ધન વૃથા તજે છે. અયોગ્ય પુરૂષને આપવામાં જે દોષો રહ્યા છે તે દોષો મોહથી તું જાણતો નથી, હે સૂત ! જે તું ઘણું ધન આપે છે તે ધનવડે જરૂર તું બહુ પ્રકારના યજ્ઞોવડે યજન કરવા શક્તિમાન છે માટે યજ્ઞોવડે યજન કર, તું ન ઇચ્છવા યોગ્ય ઇચ્છે છે. તારા તેવા સ્નેહીઓ નથી કે જેઓ અગ્નિમાં પડતા એવા તને નિવારે, તું કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય જાણતો નથી. નિઃસંશય કાળવડે તું પક્વ થયો છે, તારો કાળ આવ્યો છે, નહિ તો જીવવાને ઇચ્છનારો કયો પુરૂષ બહુ અનર્થ કરે અને ન બોલવા જેવું બોલે ! જેવું કંઠવિષે શિલા બાંધી હાથવડે સમુદ્રને તરવું, અને જેવું પર્વતના અગ્ર ભાગથી પડવું તેવું આ તારૂં ભાષણું છે. જો તું કલ્યાણને ઇચ્છતો હોય તો વ્યૂહવાળાં સૈન્યોએ રક્ષા કરેલો અને સર્વ યોદ્ધાઓસહિત તું અર્જુન સાથે યુદ્ધ કર, આ તને ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનના હિત માટે કહું છું. હિંસાવાસ્તે નથી કહેતો માટે જો તને જીવવાની ઇચ્છા હોય તો આ પ્રકારે મેં કહ્યું તે માન. કર્ણ કહે છે કે પોતાના બાહુબળનો આશ્રય કરી રણમાં હું અર્જુનને મળવા માગું છું તું તો આગળ મિત્રરૂપ અને પાછળ શત્રુરૂપ થઈને

મને ભય પમાડવા ઇચ્છે છે. આ અભિપ્રાયથી મને કોઈપણ નિવૃત્ત કરે તેમ નથી. જ્યારે ઈન્દ્ર પણ વજ્રને ઉગામી મને કોઇ પણ રીતે નિવૃત્ત કરે તેમ નથી ત્યારે મનુષ્ય કોણ-માત્ર ? સંજય કહે છે કે એ રીતે કર્ણના વાક્યની સમાપ્તિ થતાં તેને અત્યંત કોપ પમાડવા ઇચ્છતો મદ્રરાજ શલ્ય ફરીને ઉત્તરરૂપ વચન બોલ્યો કે, જ્યારે કુશળ એવા અર્જુનના વેગવડે યુક્ત, પ્રત્યંચાવડે પ્રેરેલા અને ફેંકેલા તીક્ષ્ણ અગ્રભાગવાળા કંકપત્રયુક્ત બાણો તને વાગશે ત્યારે અર્જુનના સમાગમથી તું તાપ પામીશ. હે સૂતપુત્ર ! જ્યારે દિવ્ય ધનુષ લેઇ સેનાને તપાવતો અર્જુન તીક્ષ્ણ બાણોવડે તને વિંધશે ત્યારે તું તાપ પામીશ. જેવી રીતે માના ખોળામાં સુતેલો બાળક ચંદ્રને ખેંચી લેવા ઇચ્છે તેની પેઠે તું મોહથી રથમાં બેઠેલો, શોભતા એવા અર્જુનને આજ જીતવા ઈચ્છે છે. હે કર્ણ ! જે તું આજ અર્જુનની સાથે યુદ્ધ કરવા ઈચ્છે છે તે તું અતિ તીક્ષ્ણ ધારવાળા ત્રિશૂળનો આશ્રય કરી અતિ તીક્ષ્ણ ધારની ઉપમા અપાય એવા કર્મવડે આવી બડાશ મારે છે. હે સૂતપુત્ર ! જે રીતે ક્રોધ પામેલા મોટા કેસરી સિંહને મૂઢ અને વેગવાન એવો નાનો ક્ષુદ્રમૃગ બોલાવે તે રીતે આજ તારૂં અર્જુનને બોલાવવું થાય છે. હે સૂતપુત્ર ! જે પ્રમાણે વનમાં માંસવડે તૃપ્ત એવો શિયાળ મહાબળવાન કેસરીસિંહને બોલાવે તે પ્રમાણે તું રાજપુત્ર અર્જુનને બોલાવે છે. કુંતિપુત્ર અર્જુનને મળી નાશ પામનારો થા માં. હે કર્ણ ! જેમ લાંબા દાંતવાળા અને મદ ઝરતા ગંડસ્થળવાળું જેનું મુખ છે એવા મોટા હાથીને સસલો બોલાવે તેમ તુ કુંતિપુત્ર અર્જુનને બોલાવે છે. વળી તુ જે કુંતિપુત્ર અર્જુન પ્રત્યે યુદ્ધ કરવા ઈચ્છે છે તે તું બાળકપણાથી રાફડામાં રહેલા, મહા વિષવાળા અને પૂર્ણ કોપવાળા એવા કાળા સર્પને કાષ્ટવડે છંછેડે છે. હે કર્ણ ! જે રીતે ક્રોધ પામેલા કેસરીસિંહને ઓલંગવા શિયાળ શબ્દ કરે તેમ મૂઢ એવો તું નરોમાં સિંહરૂપ પાંડુપુત્ર અર્જુન માટે કઠોર વચન બોલે છે. હે કર્ણ ! જે પ્રમાણે પક્ષિઓમાં શ્રેષ્ઠ અને વેગવાન વિનતાના પુત્ર ગરૂડને નાશ માટે સર્પ બોલાવે તે પ્રમાણે તું કુંતિપુત્ર અર્જુનને બોલાવે છે. સર્વ જળના ભંડારરૂપ મગરોવડે યુક્ત અને ચંદ્રોદય વખતે વૃદ્ધિ પામતા સમુદ્રને વહાણ રહિત છતાં તું તરવા ઈચ્છે છે. હે કર્ણ ! દુંદુભિ સમ ડોકવાળા, તીક્ષ્ણ શિંગડાવાળા અને પ્રહાર કરનાર એવા બળદને વાછડો બોલાવે તે રીતે દુંદુભિના શબ્દ સમ કંઠવાળા, તીક્ષ્ણ બાણવાળા અને પ્રહાર કરનાર એવા કુંતિપુત્ર અર્જુનને બાળકતુલ્ય એવો તું યુદ્ધ માટે બોલાવે છે. જેમ મહાઘોર એવા મહામેઘ પ્રત્યે દેડકો સામો શબ્દ કરે તેમ કામનારૂપી જળને આપનાર, મનુષ્યોમાં મેઘરૂપ એવા અર્જુનપ્રત્યે તું મિથ્યા બોલ બોલે છે. હે કર્ણ ! જેવી રીતે પોતાને ઠેકાણે રહેલો એવો શ્વાન વનમાં રહેલા સિંહને ભસે તેવી રીતે તું નરોમાં શ્રેષ્ઠ એવા અર્જુનપ્રત્યે ભસે છે. હે રાધાપુત્ર કર્ણ ! જે રીતે વનમાં સસલાઓવડે યુક્ત એવો શિયાળ જ્યાં સુધી સિંહરૂપ માને છે તે રીતે નરોમાં શ્રેષ્ઠ અને શત્રુઓને દમનાર એવા અર્જુનને ન દેખતો એવો તું પોતાને સિંહરૂપ માનવા ઇચ્છે છે. જ્યાં સુધી તું સૂર્ય અને ચંદ્રમાની પેઠે એકરથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુનને નથી દેખતો ત્યાંસુધી આત્માને વ્યાઘ્રરૂપ માને છે. હે કર્ણ ! જ્યાં લગી મહાયુદ્ધમાં તું ગાંડિવ ધનુષના શબ્દને સાંભળતો નથી ત્યાં લગીજ જેમ ઈચ્છે તેમ તું બોલે છે, રથના શબ્દ તથા ધનુષના શબ્દોવડે દશદિશાઓને ગજાવતા અર્જુનને જ્યારે તું જોઈશ ત્યારે જેમ શબ્દ કરતા એવા શાર્દૂલને જોઈ ગર્દભ ગભરાય તેમ તું ગભરાઇ જઈશ. હે મૂઢ ! તું નિરંતર શિયાળરૂપ છે અને અર્જુન સર્વદા સિંહરૂપ

છે, કારણ કે તું ઘરનો દ્વેષ કરે છે તેથી ગર્દભ જેવો લાગે છે. બળાબળમાં ઉંદર અને બિલાડો તથા કૂતરો અને વાઘ, શિયાળ અને સિંહ, સસલો અને હસ્તિ, ખોટું અને સાચું તથા જેની રીતે વિષ અને અમૃત છે તેવી રીતે કુંતિપુત્ર અર્જુન અને તું બેઉ પોતાના કર્મોવડે પ્રખ્યાત છો.

यथानृतं च सत्यं च यथाचापि विषामृते ।
तथात्वमपि पार्थश्च प्रख्यातावात्मकर्मभिः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्याधिक्षेपे गुर्जरभाषायामेकोनचत्वारिंशोऽध्यायः ॥ ३९ ॥

અધ્યાય ૪૦ મો. મદ્રવાસીઓની નિંદા.

संजय उवाच—अधिक्षितस्तुराधेयःशल्येनामिततेजसा ।
शल्यमाह सुसंक्रुधो वाक्शल्यमवधारयन् ॥ १ ॥

સંજય કહે છે કે—અમિત તેજવાળા શલ્યે ઝાટકેલો રાધાપુત્ર કર્ણ શલ્યને વાણીરૂપી બાણોવડે અતિ ક્રોધથી આ પ્રમાણે કહેવા લાગ્યો. કર્ણ કહે છે કે, હે શલ્ય! ગુણવાન પુરૂષોના ગુણોને ગુણવાન જાણે છે, ગુણરહિત જાણતો નથી. હે શલ્ય! તું તો ગુણોવડે હીન એવો ગુણ અવગુણ શું જાણી શકે? હે શલ્ય! મહાત્મા અર્જુનનાં મોટાં અસ્ત્રોને, ક્રોધને, બળને, ધનુષને, બાણોને અને પરાક્રમને હું જાણું છું. તેમ હે શલ્ય! પૃથ્વીપાલ રાજાઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણના માહાત્મ્યને જે રીતે હુ જાણું છું તે રીતે તું જાણતો નથી. હે શલ્ય! એ પ્રમાણે પોતાનાં બળને અને પાંડવ અર્જુનનાં બળને જાણતો એવો હું યુદ્ધ માટે ગાંડિવધારી અર્જુનને બોલાવું છું. હે શલ્ય! સારા પુખવાળો, લોહી જમનાર, એક ભાથાવિષે રહેનાર, પીંછવાળો, અતિ તીક્ષ્ણ અને શોભિત એવો આ બાણ છે કે જે સર્પમય, વિષમય, ઉગ્ર, નર, ઘોડા અને હસ્તિઓના સમૂહને હણનાર, ઘોરરૂપવાળો, મહા ભયંકર, કવચ તથા અસ્થિને ભેદનાર બાણ ઘણા વર્ષ ચંદનનાં ચૂર્ણોવિષે રહેલો છે તે બાણે ક્રોધ પામેલો એવો હું મહા પર્વત મેરૂને ભેદું, તે બાણ કયારે પણ હું અર્જુન અને દેવકી પુત્ર શ્રીકૃષ્ણ શિવાય બીજાપર ફેંકું નહિ. હું સત્ય કહું છું તે પણ વળી તું સાંભળ. હે શલ્ય! અતિ ક્રોધ પામેલો એવો હું તે બાણવડે વસુદેવના પુત્ર કૃષ્ણ અને ધનંજય અર્જુન સાથે યુદ્ધ કરીશ કારણ કે તે કર્મ મને યોગ્ય છે અને સર્વ વૃષ્ણિકુળના શૂરાઓની લક્ષ્મી શ્રીકૃષ્ણ પાસે છે તથા સર્વ પાંડુપુત્રોનો જય અર્જુનાવલંબી છે. હે શલ્ય! બેઉને મળી કોણ નિવૃત્ત થવા યોગ્ય છે? તે આ બે રથવિષે ભેગા બેઠેલા પુરૂષોમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ અને અર્જુન મારા પ્રત્યે આવનાર છે માટે મારા શુભ જન્મને જો. વળી ફોઇ અને મામાના દીકરા ભાઈ અને પરાજય રહિત તથા સૂત્રમાં પરોવેલા બે મણિની પેઠે ભેગા એવા તે બેઉને મેં મારેલા જોજે. હે શલ્ય! અર્જુન પાસે ગાંડિવ ધનુષ છે અને કૃષ્ણ પાસે ચક્ર છે. ગરૂડ અને વાનર જેમના ધ્વજમાં છે બીકણને ભય ઉપજાવનાર છે અને તું તો દુષ્ટ સ્વભાવવાળો, મૂઢ, મહાયુદ્ધમાં કુશલ નહિ એવો અને ભયવડે

કંપનાર છે તેથી ત્રાસથી બહુ અનર્થકારી બોલ બોલે છે. હે ખરાબ દેશમાં ઉત્પન્ન થએલા શલ્ય ! કોઈ પણ કારણે તેં વખાણેલા તે બેઉને સંગ્રામવિષે આજ હણી બાંધવો સહિત તને મારીશ, હે પાપી દેશમાં થએલા, હે દુષ્ટ બુદ્ધિવાળા ! હે ક્ષુદ્ર અને હે ક્ષત્રિયોમાં નીચ ! સ્નેહી થઇ શત્રુરૂપ એવો તું શ્રીકૃષ્ણ અને અર્જુનવડે મને કેમ ભય પમાડે છે. કાં તો બેઉ આજ મને હણશે અથવા હું તેઓને હણીશ. પોતાના બળને જાણતો એવો હું શ્રીકૃષ્ણ અને અર્જુનથી બીતો નથી. હે શલ્ય ! તું હવે મૌન રહે. હું એકલો વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ જેવા હજારને અને અર્જુન જેવા હજારને મારીશ. હે શલ્ય ! જેમ અધ્યયન કરતો હોય તેમ તું ઘણું કરીને ક્રીડાસારૂ ગએલી સ્ત્રીઓ વૃદ્ધ અને બાળક જનો જે વાર્તાઓ કહે છે તે વાત સાંભળ. હે મૂઢ ! દુરાત્મા એવા મદ્રદેશના પુરૂષોની જે વાત પૂર્વે બ્રાહ્મણોએ રાજા પાસે કહી છે તે પ્રમાણે એક મનવાળો એવો તું સાંભળ, સહન કર અને ઉત્તર દે. મદ્રદેશનો પુરૂષ નિરંતર મિત્રનો દ્રોહી છે જે એમના પ્રત્યે દ્વેષ કરે છે તે મદ્રદેશનો છે, માટે ક્ષુદ્ર જેનાં વાક્ય છે એવા અને નરોમાં અધમ એવા મદ્રકવિષે સંગ કરવો યોગ્ય નથી. મદ્રક નિરંતર દુરાત્મા હોય છે, મદ્રક સર્વદા ખોટું બોલનાર હોય છે અને નમ્ર હોતો નથી તથા મરણ સુધી જેટલું દુરાત્માપણું હોય તેટલું મદ્રકોવિષે હોય છે એમ અમે સાંભળેલું છે. પિતા, પુત્ર, માતા, સાસુ, સસરો, મામો, જમાઇ, દીકરી અને પૌત્ર એ તથા બીજા બાંધવો, મિત્રો અને અતિથિઓ એ સર્વ જ્ઞાની અજ્ઞાની પુરૂષો, સ્ત્રીઓ સાથે અને સ્ત્રીઓ પુરૂષો સાથે પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે. સાથવા સાથે મત્સ્ય ભક્ષણ કરનારા અજાણ એવા મદ્રદેશના પુરૂષોના ઘરમાં ગોમાંસ સહિત મદ્યને પીને સોરબકોર કરે છે અને હસે છે, તેમ સંબંધ વગરનું ગાયન કરે છે. ઇચ્છા પ્રમાણે વર્તે છે અને પરસ્પર ઇચ્છા પ્રમાણે બકવાદ કરે છે. તેઓમાં ધર્મ કેવી રીતે વર્તે ? ગર્વવાળા અને પ્રખ્યાત જેઓનાં અશુભ કર્મ છે એવા મદ્રક પુરૂષોવિષે વેર પણ કરવું નહિ અને મદ્રક પુરૂષની સાથે સ્નેહ પણ કરવો નહિ, કારણકે મદ્રક પુરૂષનો સ્નેહ ટકતો નથી અને મદ્રક સદા મળરૂપ છે. મદ્ર અને ગાંધાર દેશવિષે પવિત્રપણું નાશ પામ્યું છે માટે જેમાં રાજા યજન કરાવનાર છે એવાં યજનકર્મવિષે જે રીતે આપેલું હવિ નાશ પામે છે તથા જે રીતે શૂદ્રને સંસ્કાર કરનારો બ્રાહ્મણ પરાભવ પામે છે અને બ્રાહ્મણના દ્વેષીઓ નિરંતર આ લોકમાં પરાભવ પામે છે તે રીતે મદ્રદેશના નરો સાથે સંગતિ કરનાર પુરૂષ નાશ પામે છે. મદ્રકોવિષે મેળાપ રહેતો નથી, "હે વિંછી ! સાચું હોય તો તારૂં વિષ નાશ પામો," એ રીતે અથર્વવેદના મંત્રવડે મેં, વિંછીએ ડસેલા અને વિષના વેગવડે દુઃખ પામેલા પુરૂષની શાંતિ કરેલી છે, વાસ્તે ડાહ્યા પુરૂષો પણ ઔષધ કરે છે. એવી રીતે જાણનાર હે શલ્ય ! આ સમે તું ચૂપ રહે અને વળી સાંભળ. મદ્યવડે મોહ પામેલી જે સ્ત્રીઓ લુગડાને ફેંકી દેઇ નાચે છે તથા ઇચ્છા પ્રમાણે સ્વામી કરનારીઓ છે. તેઓનો પુત્ર મદ્રક એવો તું ધર્મ કહેવા યોગ્ય નથી, જે સ્ત્રીઓ ઊંટ અને ગધેડાંની પેઠે ઉભી ઉભી મળમૂત્ર કરે છે એવી ધર્મભ્રષ્ટ અને લાજરહિત સ્ત્રીઓનો પુત્ર એવો તું ધર્મ કહેવાને યોગ્ય છે ? સુવીરક કોઇ માગે તો મદ્રિકા બે કેડના ભાગ વાંકા કરે છે અને દેવા ઇચ્છા કરતી નથી ને દારૂણ વચન બોલે છે કે મારી પાસે કોઇ પણ મને પ્રિય એવાં સુવીરકને માગો માં; કેમકે હું પુત્રને આપું, પતિને આપું, પણ સુવીરકને આપું નહિ. વળી ગૌરવર્ણવાળી, મોટી લાજરહિત કંબલને ધારણ કરનાર, બહુ જમનારીઓ અને પવિત્રપણા રહિત એવી પ્રાયે કરીને મદ્રદેશની સ્ત્રીઓ છે; એમ અમે

સાંભળ્યું છે. નખના અગ્રભાગથી માંડી શિખાના અગ્ર ભાગપર્યંત નિંદા કરવા યોગ્ય કુકર્મોવિષે મેં અથવા બીજાઓએ કહી શકાય એવું ઘણું છે. પાપીદેશમાં ઉત્પન્ન થએલા અને ધર્મથી અજાણ્યુ એવા મદ્રક, સિંધુ, સૌવીર અને મ્લેચ્છો, તે ધર્મમાં શું સમજે ? ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ અમે સાંભળેલો છે કે સત્પુરૂષોએ વખાણેલો ક્ષત્રિય યુદ્ધમાં શયન કરે છે, માટે સ્વર્ગને ઇચ્છતો એવો હું ધર્મનો નાશ કરીશ નહિ. હું સંગ્રામમાં જીવિતને તજીશ. બુદ્ધિમાન એવા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનો હું પ્રિય મિત્ર છું અને મારા પ્રાણ છે તે તથા દ્રવ્ય તેને માટે છે. હે પાપીદેશમાં જન્મેલા શલ્ય ! તું અમારેવિષે શત્રુની પેઠે વર્તે છે તે ઉપરથી સ્પષ્ટ છે કે તને પણ પાંડવોએ ફોડેલો છે. નાસ્તિક પુરૂષોએ ધર્મજ્ઞ પુરૂષને વિમુખ નથી કરાતો તેવી રીતે તારા સરખા હજારો પુરૂષોએ પણ હું સંગ્રામથી વિમુખ થાઉં તેમ નથી. ગ્રીષ્મકાળે પીડિત એવા ચાતકની પેઠે વિલાપ કર અને શોક પામ. ક્ષત્રિયનાં ઉગ્ર વ્રતવિષે રહેલો હું બીવરાવી શકાઉં તેમ નથી. પરશુરામે સંગ્રામમાં પાછા ન હઠનાર અને શરીરને તજનાર એવા શ્રેષ્ઠ પુરૂષોની જે ગતિ કહી છે તેને હું સંભારૂં છું, મને ધૃતરાષ્ટ્રના પુત્રોની રક્ષા માટે અને શત્રુઓના નાશ માટે ઉદ્યમવાળો તથા પુરૂરવાના ઉત્તમ આચરણ પ્રત્યે રહેલો જાણ. હે મદ્રક ! મારૂં આ પ્રમાણે મત છે કે ત્રણ લોકમાં હું પ્રાણીને નથી દેખતો કે, જે મને આ સગ્રામથી વારી રાખે. આ પ્રમાણે જાણનાર હે શલ્ય ! તું મુગો રહે. ભયથી બહુ શું બોલ્યા કરે છે ? તને હણ્યા વગર રાક્ષસોને ભક્ષ માટે આપીશું નહિ. હે મદ્રકોમાં અધમ એવા શલ્ય ! મિત્ર અને ધૃતરાષ્ટ્ર એ બેઉનાં કાર્યની વાટ જોવાવડે અને નિંદા તથા ક્ષમાવડે એમ ત્રણ કારણોવડે તું જીવે છે. હે મદ્રરાજ ! ફરીને જો આવું વાક્ય બોલીશ તો વજ્ર જેવી ગદાવડે તારૂં માથું ભાગી નાખીશ. હે કુદેશજ શલ્ય ! આજ અહિં કાં તો આ તારૂં કહેલું સાંભળનારો થઈશ અથવા જોનારો થઇશ. કાં તો શ્રીકૃષ્ણ અને અર્જુન કર્ણને મારશે, અને કાંતો કર્ણ તે બેઉને મારશે. એ રીતે કહી હે વિશાંપતે ! કર્ણ મદ્રરાજ શલ્યને ફરીને પણ 'ચાલવ ચાલવ.' એ રીતે સંભ્રમ રહિત થઈ કહેવા લાગ્યો.

कर्णवाजघ्नतुः कृष्णौकर्णां वा निजघानतौ ।
एवमुक्त्वा तु राधेयःपुनरेव विशांपते ।
अब्रवीन्मद्रराजानं याहियाहीत्य सम्भ्रमं ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णमद्राधिपसम्वादे गुर्ज्जरभाषायां चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥

અધ્યાય ૪૧ મો. ચઢાઉ કાગડો ને હંસની કથા.

संजय उवाच—मारिषाधिरथेः श्रुत्वा वाचो युद्धाभिनन्दिनः ।
शल्यो ब्रवीत्पुनः कर्णं निदर्शनमिदं वचः ॥ १ ॥

સંજય કહે છે—હે મારિષ ! યુદ્ધ માટે આનંદવાન એવા અધિરથ પુત્ર કર્ણની વાણી સાંભળી શલ્ય ફરીને દૃષ્ટાંતરૂપ આવાં વચન કર્ણ પ્રત્યે બોલ્યો. હે કર્ણ ! હું સંગ્રામવિષે પાછા ન વળનાર મૂર્ધાભિષિક્ત તથા યજન કરનારા રાજાઓના વંશમાં જન્મેલો

છું તથા પોતે ધર્મપરાયણ છું અને તું તો જે પ્રમાણે મદ્યવડે મત્ત થએલો હોય તેમ જણાય છે, માટે આજ પ્રમાદયુક્ત એવા તારા પ્રત્યે સ્નેહીપણાવડે ચિકિત્સા કરૂં છું. હે કર્ણ! આ એક ગર્વી કાગડાના ઉપાખ્યાનને સાંભળ. હે નીચકુળમાં જન્મેલા! સાંભળીને પછી ઇચ્છા પ્રમાણે કરજે. હે મહાબાહો કર્ણ! જે કારણવડે નિરપરાધી એવા મને તું હણવા ઇચ્છે છે પણ હું કાંઈ પણ મારાવિષે તારો અપરાધ જોતો નથી માટે હિતાહિતને જાણનાર, વિશેષે કરી રથમાં બેઠેલો અને રાજાને હિતૈષી એવો હું તેણે અવસ્ય કહેવાનું છે. સમ અને વિષમ, રથિનું બળાબળ, રથિસહિત ઘોડાઓનો શ્રમ અને ખેદ, આયુધોનું જ્ઞાન, મૃગ અને પક્ષિઓનો શબ્દ, બાણોનો ભાર અને અતિભાર તથા નિવારણનો ઉપાય, અસ્ત્રોનો યોગ, યુદ્ધ અને શકુન અપશકુન, એ સર્વ આ રથનો સારથિ એવો હું તેને જાણવાનું છે માટે હે કર્ણ! ફરીને આ દૃષ્ટાંતરૂપ કથા કહું તે સાંભળ.

સમુદ્ર કાંઠે બહુ ધન ધાન્યવાળો, યજન કરનાર દાનપતિ, ક્ષમાવાન, પોતાનાં કર્મવિષે વર્તનાર, પવિત્ર, બહુ પુત્રવાળો, છોકરાં જેને પ્રિય છે એવો અને સર્વ પ્રાણીવિષે દયાળુ એવો વૈશ્ય બહુ ધર્મવાળા રાજાના રાષ્ટ્રવિષે નિર્ભય રીતે વસતો હતો. તેના યશસ્વી ઘણા બાળકુમાર પુત્રોનું ઉચ્છિષ્ટ ભોજન કરનારો એક કાગડો હતો. તેને વૈશ્યના પુત્રો નિરંતર માંસ, રાંધેલા ચોખા, દહિં, પાણી, દૂધ, મધ અને ઘી નાંખતા હતા. એ રીતે કુમાર એવા વૈશ્યના પુત્રોના ઉચ્છિષ્ટવડે પોષણ પામેલો ગર્વી કાગડો બીજા પક્ષિઓને તરછોડવા લાગ્યો. પછી કોઇ એક સમયે સમુદ્ર કાંઠે અતિ ગતિવાળા અને ચાલવામાં ગરૂડની બરાબર તથા માનસરોવરમાં ફરનાર એવા હંસો આવ્યા. હંસોને જોઈ હર્ષિત ચિત્તવાળા એવા વૈશ્યના કુમાર, કાગડાને કહેવા લાગ્યા કે, હે વિહંગમ! તું બીજા પક્ષિઓથી અધિક છે. આ રીતે અલ્પ બુદ્ધિવાળા તે સર્વ બાળકોથી ઠગાતો એવો કાગડો મૂર્ખાઇથી અને ગર્વથી સાચું માનવા લાગ્યો. ઉચ્છિષ્ટવડે ગર્વિત એવો તે કાગડો આ સર્વમાં કયો શ્રેષ્ઠ અંગવાળો છે એવું જાણવાની ઇચ્છાથી હંસો પાસે જઇ, દૂર ગતિવાળા તે હંસોને દુષ્ટ બુદ્ધિવડે ‘આપણે બે ઉડીએ’ એ રીતે કહેવા લાગ્યો. ત્યારે બહુ બોલનાર કાગડાનાં વચનને સાંભળી જેઓ ત્યાં આવ્યા હતા તે હંસ હસવા લાગ્યા. બળવાન, તથા પક્ષિઓમાં ઉત્તમ એવા તે માનસ સરોવરમાં ફરનારા હંસપક્ષિઓ કાગડા પ્રત્યે આમ બોલ્યા. હંસ કહે છે—હે દુષ્ટબુદ્ધિવાળા કાગડા! માનસ સરોવરવિષે અમે વસીએ છીએ અને આ પૃથ્વીઉપર ફરીએ છીએ તથા હમેશ પક્ષિઓમાં બહુ ઉડ્ડન માટે અમે વખાણાએલા છીએ. તું કાગડો થઇ બળવાન, માનસ તલાવવિષે વસનાર અને દૂર જનાર એવા હંસને ઉડવાસારૂ કેમ બોલાવે છે? તું અમારી સાથે કેમ ઉડી શકીશ તે કહે? આ રીતે હંસોએ કહ્યું ત્યાર પછી જાતિની હલકાઇથી પોતાના ગુણોને વખાણનાર એવો મૂઢ કાગડો વારંવાર હંસના વચનને તરછોડી આમ બોલ્યો. કાગડો કહે છે-હું ચારસો ગાઉ સૂધી વિચિત્ર અને વિવિધ એવી સો ગતિ કરીશ એમાં સંશય નથી. હવે પોતાની ગતિઓ ગણાવે છે. ઊંચું ઉડવું, નીચું ઉડવું, સર્વતરફ ઉડવું, ધીરેથી ઉડવું, સુંદર ઉડવું, વાંકુ ઉડવું, મક્ષની પેઠે ઊંચું થઇને ઊંચું જવું, સર્વતરફ ઉડી ઉડીને જવું, પાછળ ઉડી જવું, સ્વર્ગવિષે ઉડી જવું, સામું ઉડી જવું, પવિત્ર ઉત્તમ ગતિપ્રત્યે ઉડી જવું, નિશ્ચલ ઉડવું, પ્રચંડ ઉડવું, ઉતરતાં ઉડવું, વિચિત્ર ઉડવું, પ્રથમ ચોતરફ ફરીને ઉડવું, પહેલાં સર્વ તરફ ફરી ઊંચે ઉડવું, એક ગતિમાં બીજી ગતિ કરી ઉડવું, ક્ષણવારમાં સાથે થઇને જૂદું પડી ઉડવું,

નીચી ઊંચી ગતિના ભેદથી ઉડવું, સંકલ્પ કરી પાંખોવડે ઉડવું, જવું આવવું અને પાછું વળવું, આ વગેરે ઘણી ગતિઓ તમારા જોતાં આજ હું કરીશ, ત્યારે તમે મારૂં બળ જાણશો. હું તમારાઓમાંથી એકની સાથે આકાશપ્રત્યે ઉડીશ, માટે હે હંસપક્ષિઓ ! હું ઉડું છું માટે આ તમે નિશ્ચય કરી ન્યાય પ્રમાણે કહો કે આ ગતિઓવડે તમે નિરાશ્રય એવાં અંતરિક્ષમાં ઉડવા મારી સાથે કયી ગતિવડે સામેલ થશો ? આ રીતે કાગડાએ કહ્યું ત્યારે હે કર્ણ ! એક હંસ હસીને બોલ્યો, તે સાંભળ. હંસ કહે છે—હે કાગડા ! તું તો જરૂર સો પ્રકારે ઉડીશ પણ હું તો એકજ ગતિ જે સર્વ પક્ષિઓ જાણે છે, તે વડે ઉડીશ અને બીજી કોઈ પણ ગતિએ નહિ ઉડું. કાગડો બોલ્યો કે હે હંસ ! તું જે ગતિવડે ઉડવા ધારતો હોય તે ગતિવડે ઉડ, એમ કહું છું. તે સમયે જેઓ ત્યાં આવ્યા હતા તે હસવા લાગ્યા કે, આ હંસ કેમ સો ગતિવાળા કાગડાને એક ગતિવડે જીતશે. આ બળવાન તથા શીઘ્ર-ગતિવાળો કાગડો તો સો પ્રકારની ગતિવડે હંસને જરૂર જીતશે. તે પછી તે બેઉ હંસ અને કાગડો સ્પર્ધામાટે ઉડયા. વિસ્મય પમાડવા ઇચ્છતો એવો એક ગતિવાળો માન સરોવરમાં વસનારો હંસ અને સો ગતિવડે વિસ્મય પમાડવા ઇચ્છતો અને પોતાની ક્રિયાને જણાવતો એવો કાગડો પણ ઉડયો. એ વખતે કાગડાની વારંવાર વિચિત્ર ચાલ જોઈ હર્ષ પામેલા કાગડાઓ મોટા સ્વરોવડે બોલવા લાગ્યા. વિવિધ શબ્દ કરતા તથા જયને ઇચ્છતા એવા હંસ હસવા લાગ્યા. અપ્રિય બોલતા કાગડા વારંવાર ઉડી ઉડીને વૃક્ષ ઉ રથી સ્થલ ઉપર અને સ્થલ ઉપરથી ઉડી વૃક્ષ ઉપર જવા લાગ્યા. હે મારિષ ! હંસ તો મૃદુ એવી એક ગતિવડે ઉડતો, આરંભમાં મંદ જણાયો, એ સમયે કાગડાઓ તે હંસપ્રત્યે અપમાન કરી બોલ્યા કે, હંસ ઉડયો પણ હારે છે. તે વચન સાંભળી હંસ પશ્ચિમ દિશાપ્રત્યે વેગવડે સમુદ્રની તરફ ઉંચે ઉડયો. શ્રમયુક્ત અને બેસવા માટે દ્વીપ તથા વૃક્ષો ન દેખતાં ચેતનારહિત કાગડાને ભય લાગ્યો. થાકી ગએલો એવો હું આ સમુદ્રમાં કયાં જાઉં. હે કર્ણ ! ઘણા જીવોનાં સ્થાનકરૂપ, હજારો મોટા જંતુવડે શોભિત અને સહન ન થાય એવો સમુદ્ર આકાશથી પણ મોટો છે અને ગંભીરપણાથી દિશાઓરૂપી આવરણવાળું જેનું જળ છે એવા સમુદ્રથી બીજું કશું મોટું નથી. હે કર્ણ ! જળ ઉપર દૂર જવાથી કાગડો સમુદ્રને અધિક માને એમાં શું કહેવું ? હંસ પણ દૂર જઈ મુહૂર્ત પછી તે કાગડા તરફ જોઇ દયાળુપણાથી બહુ દૂર ન ગયો. કેટલેક દૂર જઈ માનસવાસી હંસ, કાગડો મારાથી કેટલે છેટે આવે છે ? તે જોવા લાગ્યો. પછી થાકી ગએલો કાગડો હંસ પાસે આવ્યો ત્યારે નિર્બળ કાગડાને જોઇ સત્ પુરૂષના વ્રતને સંભારતો અને બૂડતા એવા કાગડાને કાઢવા ઇચ્છતો હંસ બોલ્યો. હંસ કહે છે—હે કાગડા ! તું આ તારી છાની રાખેલી ગતિ અમને કહેતો નહતો પણ હવે તું ઉડે છે અને વારંવાર પાંખ તથા ચાંચવડે જળનો સ્પર્શ કરે છે તે પ્રખ્યાત તારી કયી ગતિ છે ? હે કાગડા ! કેટલામી ગતિવિષે તું હાલ ઉડે છે તે કહે ? 'જલદી આવ જલદી આવ' હે કાગડા ! હું તને ઉગારૂં. શલ્ય કહે છે કે, હે કર્ણ ! તે સમયે હંસે જોએલો અને પાંખ તથા ચાંચવડે જળનો સ્પર્શ કરતો, પાણીના પારને ન દેખતો, પડતો, શ્રમિત અને પડવાના વેગવડે દુઃખી થતો કાગડો હંસપ્રત્યે બોલ્યો કે, હે હંસ ! 'કા, કા,' એ રીતે શબ્દ કરનારા અમે કાગડા ભૂમિપર ફરીએ છીએ તે કોણ માત્ર ! હું મરી જઈશ માટે કૃપા કરી મને કિનારે લઈ જા. એ રીતે કહી ખૂબ થાકેલો, પાંખવડે અને ચાંચવડે પાણીનો સ્પર્શ કરતો કાગડો મહા સમુદ્રમાં પડયો. સમુદ્રના જળમાં પડેલા

દીનચિત્તવાળા અને મરણ પામતા એવા તે કાગડાને જોઈ હંસ બોલ્યો કે હે કાગડા! પોતાને વખાણતો એવો તું સો ગતિવડે હું ઉડું છું એમ કહેતો હતો તે સંભાર. તું એક સો ગતિવડે ઉડનારો મારાથી અધિક એવો આવી રીતે થાકી જઇ મહાસમુદ્રમાં કેમ પડયો? દુઃખ પામતો કાગડો ઉપર રહેલા હંસને જોઇ તેને પ્રસન્ન કરવા માટે બોલ્યો કે હે હંસ! ઉચ્છિષ્ટવડે અહંકારી એવો હું બહુ કાગડાઓને અને બીજાં પક્ષિઓને અપમાન પમાડી પોતાને ગરૂડની બરોબર માનતો હતો. પણ હે સમર્થ હંસ! હવે તો હું તારે શરણે પડયો છું. મને બેટને કાંઠે લેઈ જા. કલ્યાણવાન એવા તુંથી જ બચીશ, હવે હું કોઇને પણ અપમાન નહિ પમાડું માટે મને આપત્તિથી ઉગાર. એવી રીતે બોલતા, દીન, વિલાપ કરતા, નિશ્ચેતન, કા, કા, કા, કા, એ રીતે શબ્દ કરતા, મહા સમુદ્રમાં બુડતા, જળવડે ભીંજાએલા અને અતિ દુઃખે કરી જોવાય એવા તે કાગડાને હંસે ઉપાડી લઈ પીઠ ઉપર બેસાર્યો. ચેતના રહિત તે કાગડાને લઇ હંસ જે ઠેકાણેથી સ્પર્દ્ધા માટે પ્રથમ બેઉ ઉડયા હતા ત્યાં આવ્યો. તે પક્ષિને ત્યાં રાખી ફરી આશ્વાસના કરી મનની પેઠે જલદી ચાલનાર એવો હંસ પોતે ધારેલા દેશ પ્રત્યે ગયો. એવી રીતે ઉચ્છિષ્ટવડે પોષણ પામેલો એવો તે કાગડો હંસથી પરાજય પામ્યો અને મોટા બળને અને પરાક્રમને તજી શાંતિ પામ્યો. હે કર્ણ! પૂર્વે જે રીતે વૈશ્યના કુળમાં ઉચ્છિષ્ટ ભોજન કરનારા કાગડે અભિમાન કર્યું હતું એ રીતે તને ધૃતરાષ્ટ્રના પુત્રોએ ઉચ્છિષ્ટવડે વધારેલો છે એમાં સંશય નથી. હે કર્ણ! તું સમાન પુરૂષોને અને અધિક પુરૂષોને સર્વને અપમાન આપે છે. વળી પૂર્વે દ્રોણાચાર્ય, દ્રોણપુત્ર અશ્વત્થામા અને કૃપાચાર્યે, ભીષ્મ પિતામહે તથા બીજા કૌરવોએ રક્ષા કરેલો એવો તું વિરાટ નગરમાં અર્જુનને કેમ મારી શક્યો ન હતો? શિયાળને જેમ સિંહ જીતે, તેમ જુદા જુદા એવા સર્વને મુકુટવાન અર્જુને જીત્યા હતા, ત્યારે તારૂં બળ ક્યાં ગયું હતું? સંગ્રામમાં ભાઇને અર્જુને હણેલો જોઇ શૂરા કૌરવો જોતાં તું પ્રથમજ નાઠો હતો. હે કર્ણ! દ્વૈતવનમાં ગંધર્વોએ પીડેલો એવો તું સર્વ કુરૂઓને તજી પ્રથમ ભાગ્યો હતો. હે કર્ણ! રણભૂમિપર ચિત્રસેન આદિ ગંધર્વોને હણી અર્જુને દુર્યોધનને સ્ત્રીસહિત મુક્ત કર્યો હતો. હે કર્ણ! કુંતિપુત્ર અર્જુનનો અને કેશવ ભગવાનનો પુરાતન એવો મહિમા રાજાઓની સભામાં રામે કહ્યો હતો. સભામાં પૃથ્વીપાલ રાજાઓની સમીપ શ્રીકૃષ્ણ અને અર્જુનને દ્રોણાચાર્ય અને ભીષ્મ પિતામહ અવધ્ય કહેતા, તે તેઓનાં વચનને તું નિરંતર સાંભળતો. જે રીતે સર્વ પ્રાણીઓથી બ્રાહ્મણ વિશેષ છે તે રીતે અર્જુન તારાથી અધિક છે તે તેને કેટલું કહું. આ વખતે તું ઉત્તમ રથમાં બેઠેલા એવા વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને તથા કુંતિપુત્ર અર્જુનને જોઇશ. જે પ્રમાણે કાગડાએ બુદ્ધિમાં રહી હંસનો આશ્રય કર્યો, તે પ્રમાણે શ્રીકૃષ્ણ અને અર્જુનનો આશ્રય કર. હે કર્ણ! જ્યારે યુદ્ધમાં પરાક્રમી એવા વસુદેવના પુત્ર કૃષ્ણ અને ધનંજય એવા અર્જુનને એકરથમાં બેઠેલા તું જોઇશ ત્યારે આમ બોલીશ નહિ કુંતિપુત્ર અર્જુન હજારો બાણોવડે તારો ગર્વ ઉતારશે ત્યારે તું પોતાની અને અર્જુનની વચ્ચે અંતર દેખીશ. જે રીતે પતંગિઓ સૂર્ય અને ચંદ્રમાને અપમાન આપે તે રીતે નરોમાં ઉત્તમ એવા જે દેવ, અસુર, મનુષ્યોમાં વિખ્યાત છે તે બેઉને તું મૂર્ખાઇથી અપમાન આપ મા. સૂર્ય અને ચદ્રમા પ્રખ્યાત છે તેમ અર્જુન અને કેશવ ભગવાન મનુષ્યોમાં વિખ્યાત છે અને તું તો પતંગીઆની બરોબર છે. આવી રીતે જાણતા એવા હે કર્ણ! પુરૂષોમાં શ્રેષ્ઠ મહાત્મા અચ્યુત શ્રીકૃષ્ણ તથા અર્જુનને અપમાન આપ મા અને પોતાની પ્રશંસા કરતો હવે મુંગો રહે.

વિષે સાંભળ્યું છે, વાસ્તે તપનું કલ્મષ શું તે કહો ! જે કલ્મષ રહિત તપે કરી હું અમૃત-પણાને પામું. તે સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે હે રાજન્ ! કામ ક્રોધ, લોભ, મોહ, અસંતોષ, નિર્દયપણું, પારકા ગુણ વિષે દોષારોપ, માન, શોક, ઇચ્છા, પારકા ઉત્કર્ષની અસહનતા તથા પારકાઓની નિંદા, એ બાર દોષ તપના કલ્મષરૂપ છે, માટે સર્વ મનુષ્યોએ ત્યાગ કરવા. કારણ હે મનુજાધિપ ! જેમ પારાધિ મૃગને મારવા વાસ્તે તેમના છિદ્રની ઇચ્છા રાખી છુપાઇ બેઠેલો હોય છે, તેમજ તે દોષોમાંથી એક એક દોષ પણ મનુષ્યોનાં છિદ્રની વાટ જોઈ રહે છે ને વખત આવ્યે મનુષ્યને નાશ કરવા સમર્થ થાય છે. ત્યારે ઘણા દોષ ભેગા હોય તો તો મનુષ્યને મારવાને સમર્થ થાય તેમાં શું કહેવું ! પારકા ગુણનો તિરસ્કાર કરી પોતાના ગુણનો ઉત્કર્ષ કહેનાર, યત્ને કરી પરસ્ત્રિઆદિકના ભોગની ઇચ્છા કરનાર, ઘણા ગર્વથી પરનો તિરસ્કાર કરનાર, કારણ વિના હંમેશ ક્રોધ કરનાર, નથી મિત્રાદિકપણું સ્થિર જેનું, પોતે સમર્થ છતાં પોતાની સ્ત્રિઆદિકનું પાલન ન કરનાર, "સ્ત્રી-સંગાદિકજ પુરૂષાર્થ છે" એમ બુદ્ધિથી માની ખોટી રીતે ચાલનાર, અત્યંત ગર્વિષ્ઠ, દાન દીધા પછી "મારૂં ધન નષ્ટ થયું" એવો સંતાપ કરનાર, મરણ આવ્યે પણ ધનના ખર-ચને સહન ન કરનાર, પૂર્વે થઇ ગયેલા રાજાઓ કરતાં પ્રજા પાસેથી અધિક વેરો લેનાર, પારકાનો પરાભવ જોઇ રાજી થનાર તથા પરણેલી સ્ત્રિયો વિષે દ્વેષ કરનાર, એ તેર દુર્ગુણ તપના કલ્મષરૂપ છે. જેમને, આલોક તથા પરલોક વિષે મહા સંકટ નજીક આવ્યેથી પણ જે ત્રાસ પામે નહીં, તે ધારણ કરે છે. વર્ણાશ્રમ માટે કહેલો સંધ્યોપાસનાદિ ધર્મ હિંસા વગર બીજે ઠેકાણે યથાર્થ ભાષણ, જિહ્વા ઉપસ્થ ઇત્યાદિ ઇંદ્રિયોનો નિગ્રહ, કૃચ્છ્ર ચાંદ્રાય-ણાદિક વ્રત, પારકા ગુણને સહન કરવાપણું, લજ્જા, ક્રોધનું નિમિત્ત થયેથી પણ ક્રોધ ન કરવો, પારકા ગુણ વિષે દોષ ન જોવો, જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ, દાન, અત્યંત આપદ વિષે પણ વ્રતાદિકનો ત્યાગ ન કરવો તથા અર્થ સહિત વેદનું અધ્યયન. એ બાર વ્રત બ્રહ્મની પ્રાપ્તિને ઇચ્છનાર પુરૂષને કહ્યાં છે, મન્વાદિકના શાસ્ત્રમાં એજ તપના ગુણ છે, એમ કહ્યું છે. જે પુરૂષ એ બાર ગુણ સંપન્ન થાય, તે આ સર્વ પૃથ્વીને શિક્ષા કરે, વા તેઓમાંથી ત્રણ, બે તથા એક ગુણે કરીને પણ જે યુક્ત થાય, તેને દૈવી સંપત્તિવાળો જાણવો. જિતેં-દ્રિયપણું, કર્મનું ઇશ્વર વિષે અર્પણ તથા તત્ત્વનું અનુસંધાન, એ ગુણોમાં અમૃત રહ્યું છે, તથાપિ એ ગુણો સત્યતા રહિત હોય તો ફળતા નથી, એમ વિદ્વાન બ્રાહ્મણો કહે છે. વૈદિક કર્મમાં અશ્રદ્ધા વા આલસ્યાદિ અને ઉપવાસ તથા વ્રતાદિકમાં ક્ષુધા વા જિહ્વાનું ચંચળપણું, જુઠું બોલવું, પારકી ઇર્ષ્યા કરવી, સ્ત્રીની ઇચ્છા, ધન સંપાદન કરવા વાસ્તે ઘણો યત્ન, ધનાદિકની ઇચ્છા, ક્રોધ, શોક, તૃષ્ણા, લોભ, પિશુનતા, મત્સર, પ્રાણીની હિંસા, અતિદુઃખીપણું, સત્કર્મમાં અપ્રીતિ, કરવાનું કામ ભૂલી જવું, અતિવાદ કરવો તથા પોતા વિષે મહત્વબુદ્ધિ, એ અઢાર દોષથી જે મુક્ત થાય, તેને સત્પુરૂષો દાંત કહે છે, એ રીતે અઢાર દમના દોષ છે, ને મદના ગુણ છે. હે રાજેંદ્ર ! લક્ષ્મી તથા વિદ્યાને પામી ગર્વ કરવો નહીં, પણ નિરંતર વૈરાગ્યથી યજ્ઞાદિક કર્મ કરવાં, તથા તળાવ કુવા ઇત્યાદિ કરાવવાં. જે કરવાથી દ્વૈતરૂપ દુઃખ ટળી જાય તથા જેને અનિર્વચનીય કહે છે, તે કામનો ત્યાગ અત્યંત દુષ્કર છે. પદાર્થોને ત્યાગ કરવાથી નિષ્કામપણું આવે છે, તે ભોગવવાથી આવતું નથી, કામનાએ કરી ઉપભોગ ન કરવાથી જે નિષ્કામપણું આવે છે, તે કામનાથી ભોગવવાવડે આવતું નથી. પુરૂષે કરેલા ઉદ્યમનું ફળ ન મળે તો દુઃખ થવું, ને દુઃખથી મનને વ્યાધિ

एवं विद्वन् मावमंस्थाः सूतपुत्राच्युतार्जुनौ ।
नृसिंहौ तौ महात्मानौ जोषमास्व विकत्थने ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्यसम्वादे हंसकाकीयोपाख्याने गुर्ज्जरभाषाया-
मेकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

અધ્યાય ૪૨ મો. કર્ણ ને શલ્યને મહેણામહેણી.

संजय उवाच—मद्राधिपस्याधिरथिर्महात्मा वचो निशम्याप्रियमप्रतीतः ।
उवाच शल्यं विदितं ममैतद्यथाविधावर्जुनवासुदेवौ ॥१॥

સંજય કહે છે—મદ્રદેશના અધિપતિ શલ્યનું અપ્રિય કથન સાંભળી અપ્રસન્ન અધિરથ પુત્ર મહાત્મા કર્ણ, શલ્ય પ્રત્યે બોલ્યો કે અર્જુન અને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ કેવા છે, તે હું જાણું છું. હે શલ્ય! અર્જુનના રથને હાંકતા શ્રીકૃષ્ણના અને પાંડવ અર્જુનના બળને તથા મોટાં અસ્ત્રોને હું યથાર્થ જાણું છું અને તું તો તે જાણતો પણ નથી. શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા તે બેઉ શ્રીકૃષ્ણ અને અર્જુન સાથે નિર્ભય થઇ હું યુદ્ધ કરીશ, પણ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા પરશુરામથી થએલો શાપ મને અધિક સંતાપે છે. હે શલ્ય! પૂર્વે પરશુરામ પાસે દિવ્ય અસ્ત્રો સંપાદન કરવા ઇચ્છતો એવો હું, બ્રાહ્મણના વેષે ગયો હતો. ત્યાં પણ અર્જુનના હિતને ઇચ્છનાર દેવરાજ ઇન્દ્રે કીડાનું રૂપ ધારણ કરી મારી સાથળમાં પ્રવેશ કરી હરકત કરી હતી. આ પ્રમાણે પૂર્વે જ્યારે ગુરૂ પરશુરામ મારા ખોળામાં માથું રાખી સુતા હતા ત્યારે તે કીડાએ મારી સાથળ કોરી મારા શરીરમાંથી લોહીની ધાર ચાલવાની હતી, તોપણ હું ગુરૂના ભયથી ચલિત થયો નહતો. પરશુરામ તેથી જાગી ઉઠયા અને મને ધૈર્યયુક્ત જોઇ બોલ્યા કે જરૂર તું બ્રાહ્મણ નથી, માટે સત્ય કહે કે કોણ છે? હે શલ્ય! મેં તેમને યથાર્થ કહ્યું. પછી મને સૂત જાણી રોષથી જેનું ચિત્ત વ્યાપ્ત છે એવા મહા તપસ્વી પરશુરામે શાપ દીધો કે કપટને લીધે આ અસ્ત્ર તને પ્રાપ્ત થયું માટે પોતાની પ્રતિજ્ઞાના વખતમાં તને કામ લાગશે નહિ અને મૃત્યુ શિવાય બીજે વખતે લાગશે, કારણ કે વેદ છે તે વેદના અધિકારરહિત પુરૂષવિષે સ્થિર રહેતો નથી. હે શલ્ય! અતિ ભયંકર અને સંકુલ એવા આ સંગ્રામમાં હાલ તે અસ્ત્ર મને યાદ નથી. વળી આ પ્રકર્ષ સર્વને હરનાર અને અતિ ભયંકર એવો સંગ્રામ ભરતકુળના પુરૂષોમાં પ્રાપ્ત થયો છે તે બળવાન એવો સંગ્રામ હું માનું છું કે, ક્ષત્રિયોમાંના શૂરાઓનો નાશ કરનાર છે. હે શલ્ય! ઉગ્ર ધનુષવાળા, શ્રેષ્ઠ, બળવાન, ભયંકર, અસહ્ય પરાક્રમવાળા, અને સત્ય પ્રતિજ્ઞાવાળા એવા પાંડુપુત્ર અર્જુનને હું યુદ્ધમાં મૃત્યુની આગળ મોકલીશ અને પરશુરામથી બીજું અસ્ત્ર અહિ બાણ નામનું મને મળ્યું છે કે જેણે કરી આજ યુદ્ધમાં હું શત્રુના સમૂહોને હણીશ તથા પ્રતાપવાન બળવાન અસ્ત્રમાં કુશળ, ઉગ્ર ધનુષવાળા, અમિત બળવાળા, ક્રૂર, શૂર, ભયંકર, શત્રુઓને સહન કરનાર અર્જુનને સંગ્રામમાં હું નાશ પમાડીશ. જેવી રીતે વેગવાન અને અમાપ સમુદ્ર ઘણી પ્રજાઓને નાશ પમાડવી હોય ત્યારે વેગ કરે છે છતાં કિનારો તેને ધારણ કરે છે તેવી રીતે ઘણા મર્મને ભેદનાર, શૂરને હણનાર અને સારા પિચ્છવાળાં બાણોને સાંધતા અને ફેંકતા એવા અર્જુન સાથે જ્યારે આજ હું યુદ્ધ કરીશ ત્યારે લોકમાં પ્રત્યંચા ખેંચનારા પુરૂષોમાં ઉત્તમ, સૈન્યવડે અતિ બળવાન, મોટાં અસ્ત્ર

વાળા, સમુદ્ર જેવા, દુઃખે મળાય એવા, ઉગ્ર, બાણોના સમૂહવાળા, અને રાજાઓને હણતા એવા અર્જુનને કિનારાની પેઠે હું બાણોવડે રોકીશ. જેની સમાન બીજા ધનુર્ધારીને હું જોતો નથી અને જે યુદ્ધમાં સુર અને અસુરોને જીતે એવો છે તેની સાથે આજ અતિઘોર એવું મારૂં યુદ્ધ તું જોજે. અતિમાની અને યુદ્ધની ઇચ્છાવાળો એવો પાંડુપુત્ર અર્જુન મારી સાથે દિવ્ય અસ્ત્રોવડે લડશે અને યુદ્ધમાં તેનાં અસ્ત્રોને બાણોમાં ઉત્તમ એવા અસ્ત્રોવડે હું નાશ પાડીશ. જે રીતે અંધકારને મટાડનારા સૂર્યને મેઘ ઢાંકી દે તે રીતે સૂર્યજેવા પ્રકાશિત, સર્વ દિશાઓ પ્રત્યે પ્રતાપ ફેલાવતા અને ઉગ્ર એવા અર્જુનને બાણોવડે હું ઢાંકીશ. જે પ્રમાણે બળતા અગ્નિને મેઘ સમાવી દે, તે પ્રમાણે આ લોકને બાળતા અને તેજસ્વી એવા કુંતિપુત્ર અર્જુનને યુદ્ધમાં હું બાણવૃષ્ટિવડે શાંત કરીશ. દુઃખેકરી સહન થાય, ન પ્રમાણ કરી શકાય, અને અતિ તીક્ષ્ણ જેની દાઢ છે એવા સર્પની પેઠે ક્રોધે કરી દીપ્ત અગ્નિ જેવા તેજવાળા અને મોટા શત્રુરૂપ કુંતિપુત્ર અર્જુનને ભલ્લ બાણોવડે હું શમાવીશ. પ્રભંજન એવા વાયુને પર્વત સહન કરે તે રીતે વધ કરનાર, બળવાન, પ્રહાર કરનાર, અને ઉગ્ર એવા અર્જુનને હું સહન કરીશ ક્રોધ પામેલા, સહન ન કરનાર, રથના માર્ગોમાં કુશળ, શક્તિમાન, ધુરંધર, નિરંતર યુદ્ધમાં અતિશૂર અને લોકમાં સર્વ ધનુર્ધારીઓમાં ઉત્તમ એવા અર્જુનને યુદ્ધમાં હું સહન કરીશ. યુદ્ધમાં જેની બરોબર બીજા ધનુર્ધારી માણસને હું માનતો નથી, અને જેણે આ સર્વ પૃથ્વીને જીતી છે તે અર્જુન સાથે યુદ્ધમાં ઉભો રહી હું યુદ્ધ કરીશ. જે અર્જુને ખાંડવપ્રસ્થમાં દેવતા સહિત સર્વ પ્રાણીઓને બાળ્યાં હતાં તેની સાથે જીવિતને નહિ સાચવનાર એવો મારા વગર બીજો કોણ યુદ્ધ કરવા ઇચ્છે ? જે, માની, અસ્ત્રકુશલ, હલકા હાથવાળો, દિવ્યઅસ્ત્રો જાણનાર, જેના શ્વેત ઘોડાઓ છે એવો અને વધ કરનાર અતિરથ એવા અર્જુનના મસ્તકને આજ હું તીક્ષ્ણ બાણોવડે પાડીશ. હે શલ્ય ! રણભૂમિમાં મૃત્યુ અથવા જયને આગળ કરી હું અર્જુન સાથે યુદ્ધ કરીશ; કારણ કે, બીજો કોઇ તેવો માણસ નથી, કે જે એક રથે ઇન્દ્રજેવા પાંડુપુત્ર અર્જુન સાથે યુદ્ધ કરે. આ રીતે યુદ્ધમાં હર્ષ પામેલો એવો હું ક્ષત્રિયોની સભામાં અર્જુનના પરાક્રમને વર્ણવું છું પણ અતિ મૂઢ ચિત્તવાળો અને મૂર્ખ એવો તું અર્જુનના પરાક્રમને જાણતો નથી. જે પુરૂષ. અપ્રિય, નિષ્ઠુર અને નિંદા કરનાર હોય તે ક્ષમાવાનને સહન કરતો નથી. હે પાપીકર્મવાળા શલ્ય ! મૂઢની પેઠે મને ભય પમાડવા તું પાંડવ માટે જે સારૂં બોલે છે, તે પ્રસંગવશાત હું સહન કરૂં છું પણ તારા જેવા હજારોને મારૂં એવો છું. જે ઠેકાણે નમ્રતા કરવી જોઇએ તે ઠેકાણે તું વક્ર (વાંકી) બુદ્ધિવાળો અને મિત્રનો દ્રોહ કરનાર છે તેથી મેં તારો તિરસ્કાર કર્યો છે. સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે એમ તારે જાણવું. આ કાળ અતિ દારૂણ છે જેથી દુર્યોધન યુદ્ધ કરવા આવ્યો છે, છતાં હું તો એના અર્થની સિદ્ધિને ઇચ્છું છું. તું તો માને છે કે આ ઠેકાણે આપણું સખાપણું નથી. મિત્ર તો તેને કહેવો કે જે સ્નેહ કરે, આનંદ કરે, પ્રસન્ન કરે, રક્ષા કરે, માન દે, અથવા હિત કરે અને મિત્રના સુખવડે સર્વદા હર્ષ પામે. તું મિત્ર નથી. મારામાં આ સર્વ છે, તે રાજા દુર્યોધન જાણે છે. વળી શત્રુ તેને કહેવો કે, જે નાશ પમાડે, પ્રહાર કરે, હલકો કરે, હિંસા કરે, શ્વાસોશ્વાસ લેવરાવે, પીડા કરે, અને બહુ પ્રકારે દુઃખ દે. ઘણું કરી આ બધું તારામાં રહેલું છે. હું તો માત્ર દુર્યોધન સારૂ, તારા પ્રિય માટે, પોતાના યશ કાજે, અને ઇશ્વરની પ્રીતિવાસ્તે યત્નથી પાંડુપુત્ર અર્જુન

અને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરીશ. મારૂં તે કર્મ તું જોજે. આજ મારાં ઉત્તમ એવાં બ્રહ્માસ્ત્ર, દિવ્યાસ્ત્ર, અને માનુષાસ્ત્ર જોજે. અતિ મત્ત હાથી મત્ત હસ્તિ સામે જાય તેમ હું ઉગ્ર પરાક્રમવાળા અર્જુન સામે જઈશ અને મનવડે પણ ન જીતાય એવા મોટા બ્રહ્માસ્ત્રને જય સારૂ કુંતિપુત્ર અર્જુન ઉપર ફેંકીશ. તે અસ્ત્રે કરી શત્રુ મુક્ત નહિ થાય પણ જો આજ યુદ્ધમાં મારા રથનું ચક્ર વિષમ ઠેકાણે નહિ પડે તો હે શલ્ય! એમ સમજ કે, દંડ જેના હાથમાં છે એવા યમથી, પાશવાન વરૂણથી, ગદાયુક્ત એવા કુબેરથી, વજ્ર-સહિત દેવરાજ ઇન્દ્રથી અને બીજા કોઈ પણ શસ્ત્રધારી શત્રુથી હું ભય પામીશ નહિ. મને કુંતિપુત્ર અર્જુનથી અને જનાર્દન એવા શ્રીકૃષ્ણથી પણ ભય નથી રણભૂમિપર મારૂં યુદ્ધ થશે. હે નૃપ! કોઇ વખતે હું અસ્ત્રના કારણ માટે અને વિજય માટે વનમાં ફરતો ભયંકર ઘોર રૂપવાળા બાણોને ફેંકતો હતો તેવામાં મેં ગફલતથી અજાણતાં પરશુરામની હોમધેનુના વનમાં ચરતા વાછડાને બાણવડે હણ્યો, ત્યારે હે શલ્ય! મને બ્રાહ્મણ એવા પરશુરામે કહ્યું કે તેં ગફલતથી હોમધેનુના વાછડાને માર્યું તેથી સંગ્રામમાં તું જ્યારે ઘણો ભય પામીશ ત્યારે તારા રથનું ચક્ર ખાડામાં પડશે. આ રીતે તેમણે કહ્યું હતું તેથી તે બળવાન બ્રાહ્મણના કહેવાથી હું ભય પામું છું. હે મદ્રરાજ શલ્ય! બ્રાહ્મણો સુખદુઃખના નિયંતા કહેવાય છે તેથી મેં તે બ્રાહ્મણને હજાર ગાયો અને છમો બળદ આપ્યા તોપણ તેની પ્રસન્નતાને પામ્યો નહિ. વળી લાંબા દાંતવાળા સાતસો હાથી તથા ઘણી દાસીઓ અને દાસ મેં તેને અર્પણ કર્યા તોપણ બ્રાહ્મણોમાં મુખ્ય એવા તે મારી ઉપર પ્રસન્ન થયા નહિ. ધોળા વાછડાવાળી ચૌદહજાર ગાયો આપી પણ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા તેમનો હું અનુગ્રહ પામ્યો નહિ. ઇચ્છિત પદાર્થોવડે સમૃદ્ધિવાળા ઘરને તથા જે કાંઈ મારૂં ધન છે તે સર્વ એમને સત્કારથી આપવા માંડયું ત્યારે તેમણે તે લીધું નહિ અને પ્રયત્નથી પ્રાર્થના કરતા અને અપરાધી એવા મને કહ્યું કે, હે સૂત! જે મેં કહ્યું તે તેમજ સમ-જવું, અન્યથા થશે નહિ, કારણ કે ખોટું વચન પ્રજાને નાશ પમાડે છે તેથી હું તે પાપને પામું, માટે ધર્મના રક્ષણ સારૂં હું ખોટું બોલવા ઇચ્છતો નથી. તું બ્રાહ્મણની ગતિને નાશ પમાડ મા. તેં પ્રાયશ્ચિત્ત કર્યું તોપણ મારૂં વચન ખોટું ઠરે તેમ નથી માટે પ્રાર્થના કરતો બંધ થા. આ રીતે તિરસ્કાર પમાડેલા એવા મેં સ્નેહથી તને સત્ય કહ્યું છે કે તું નિંદા કરનારો છે માટે હવે મુંગો રહે અને બીજું સાંભળ.

इत्यतत्ते मया प्रोक्तं क्षिप्तेनापि सुहृत्तया ।
जानामि त्वं विक्षिपन्तं जोषमास्वोत्तरं शृणु ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्यसम्वादे गुर्जरभाषायां द्विचत्वारिं-शोऽध्यायः ॥ ४२ ॥

અધ્યાય ૪૩ મો. કર્ણ ને શલ્ય વચ્ચે સંવાદ.

संजय उवाच—ततः पुनर्महाराज मद्रराजमरिन्दमः ।
अभ्यभाषत राधेयः सन्निवार्योत्तरं वचः ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ! પછી ફરીતે શત્રુને દમનાર એવો રાધાપુત્ર કર્ણ બોલ્યો કે હે શલ્ય! તું દૃષ્ટાંત રૂપે મારા પ્રત્યે જે બોલ્યો તેથી યુદ્ધમાં હું ભય પામું તેવો

નથી. જો કે, ઇન્દ્ર સહિત સર્વ દેવતાઓ મારી સાથે યુદ્ધ કરે તોપણ મને ભય નથી, ત્યારે કેશવ ભગવાન સહિત કુંતિપુત્ર અર્જુનથી હું બીઉં નહિ એમાં શું? વાણીવડે કોઈ રીતે પણ તું મને બીવરાવવા સમર્થ નથી. રણભૂમિમાં બીજાને તું બીવરાવે મને નહિ. હે દુષ્ટ બુદ્ધિવાળા મદ્રક! તું જે કઠિન વચન મને કહે છે તે નીચ પુરૂષનું બળ છે. વળી મારા ગુણોને કહેવા અશક્ત એવો તું બહુ બોલે છે, પણ હે મદ્રક! આ લોકમાં કર્ણ ભય સારૂ ઉત્પન્ન નથી થયો. હું પરાક્રમ માટે તથા પોતાના યશ માટે ઉત્પન્ન થયેલો છું. હે શલ્ય! સખા ભાવથી, સ્નેહથી અને મિત્રભાવથી એમ ત્રણ કારણોથી હાલ તું જીવે છે. હે શલ્ય! ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું અતિ મોટું કાર્ય કરવાનું છે અને તે મારાપર અવલંબી રહેલું છે તેથી તું જીવે છે. વળી અપ્રિય સહન કરવું, એ રીતે પ્રથમ તેં ઠરાવ પણ કરાવેલો છે તેથી તુ જીવે છે. શલ્ય જેવા હજાર વગર હું શત્રુઓને જીતું, પણ મિત્રનો દ્રોહ થાય, એ મોટું પાપ છે એમ જાણી તને જવા દેઉં છું.

ऋते शल्यसहस्रेण विजयेयमहं परान् ।
मित्रद्रोहस्तु पापीयानिति जीवसि साम्प्रतम् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्यसंवादे गुर्जरभाषायां त्रिचत्वारिंशो ऽध्यायः ॥ ४३ ॥

અધ્યાય ૪૪ મો. આરટ્ટાદિ દેશની નિંદા.

शल्य उवाच—ननु प्रलापाः कर्णैतेयान्ब्रवीषीपरान्प्रति ।
ऋते कर्णसहस्रेण शक्या जेतुंपरे युधि ॥ १ ॥

શલ્ય કહે છે—હે કર્ણ! શત્રુઓ માટે તું જે બોલે છે તે નિરર્થક છે. યુદ્ધમાં હજાર કર્ણ વગર શત્રુઓ જીતી શકાય એમ છે. સંજય કહે છે કે, તે રીને કઠિન વચન કહેતા અને અપ્રિય જેનું દર્શન છે એવા મદ્રદેશના અધિપતિ શલ્યને તે સમયે ફરીને કર્ણ બમણા કઠિન વચન કહેવા લાગ્યો. કર્ણ કહે છે કે હે શલ્ય! ધૃતરાષ્ટ્રની પાસે કહેવાતુ જે મેં સાંભળેલું છે તે હૂં તને કહું છું તે એકાગ્ર થઇને સાંભળ. ધૃતરાષ્ટ્રના સ્થાનકમાં બ્રાહ્મણો જૂદા પ્રકારવાળા વિચિત્ર દેશોને તથા રાજાઓના પૂર્વ વૃત્તાંતોને એકવાર કહેતા હતા. તેમાં કોઇ એક વૃદ્ધ શ્રેષ્ઠ બ્રાહ્મણ પૂર્વના વૃત્તાંતવાળી કથા કહેવા લાગ્યો. વાહિક દેશને તથા મદ્રદેશોને અવખોડતાં તે બોલ્યો કે હિમાચળથી, ગંગાનદીથી, સરસ્વતી નદીથી, યમુના નદીથી, અને કુરૂક્ષેત્રથી બહારના દેશમાં રહેલા અને ઝેલમ, બીયા, રવિ, ચિનાબ અને સતલજ, એ પાંચ નદીઓ અને છઠ્ઠી સિંધુની વચ્ચે રહેલા કેટલાક દેશો છે, તે ધર્મહીન અને અપવિત્ર દેશોને તથા વાહિક દેશોને સારા માણસે તજવા. હે શલ્ય! ત્યાં ગોવર્ધન નામે એક વડ છે, સુભદ્ર એવું બજાર છે અને તે રાજકુળના દ્વારરૂપે પ્રસિદ્ધ છે. હું કુમારાવસ્થાથી માંડી યાદ કરૂં છું અને પૂર્વે હું અતિ ગૂઢ કાર્ય માટે વાહિક દેશમાં રહ્યો પણ હતો. ત્યાંના સહવાસને લીધે ત્યાંનો આચારવિચાર મારા જાણવામાં આવેલો છે; જ્યાં શાકલ નામનું પ્રસિદ્ધ નગર છે, આપગા એવી પ્રસિદ્ધ નદી છે અને જર્તિકા એવી રીતે પ્રસિદ્ધ જ્યાં વાહિક લોકો રહે છે તે લોકોનું આચરણ અતિ નિંદ્ય છે. તે દેશમાં દુઃશીલ અને શેકેલા જવ તથા ગૌડ઼ાસવનું પાન કરનાર અને લસણ સાથે ગોમાંસને ખા-

નાર, તેમ પુંડા, માંસ, અને યવનાન્નને ખાનાર લોક રહે છે. તેઓ ગાય છે અને નાચ કર્યા કરે છે. વળી મત્ત, નાગી અને માળા પહેરનારી તથા ચંદનનો લેપ કરનારી, બંધનરહિત અને ઇચ્છા પ્રમાણે ચાલનારી ત્યાં સર્વ સ્ત્રીઓ છે. તેઓ ગધેડા અને ઊંટના શબ્દ જેવાં જૂદાં જૂદાં ખરાબ ગીતોવડે નગરમાં, ઘરમાં, ગઢમાં અને શહેર બહાર પરસ્પર વિનોદનાં વચનો બોલ્યા કરે છે. પર્વણીના દિવસોમાં પણ બંધન રહિત મદોન્મત્ત અને નીચ એવી તે સ્ત્રીઓ બીભત્સ એવી એક બીજાને ગાળો દે છે અને નાચ્યા કરે છે. મદોન્મત્ત વાહિક દેશની દુષ્ટ સ્ત્રીઓની વચ્ચે પૂર્વે એક કુરૂજાંગલ દેશમાં વસનારો માણસ પ્રસન્ન હોવાથી આવી રીતે ગાતો હતો કે, શ્વેત વર્ણવાળી અને સૂક્ષ્મ કંબલવસ્ત્રને પહેરનારી સ્ત્રી, જરૂર વાહિક એવો હું તેને કુરૂજાંગલ દેશમાં યાદ કરતી સુતી હશે, માટે હું શતદ્રુ નદીને અને સુંદર એવી ઇરાવતી નદીને તરીને તે દેશમાં જઈશ. સ્થૂલ શંખવાળી જેના મનશીલ જેવા ઉજ્વળ કટાક્ષ છે એવી ગૌરવર્ણવાળી, ત્રણ ઊંચા ભાગમાં જેને કાજળ છે એવી, કંબલ અને ચર્મયુક્ત, પ્રિયદર્શનવાળી અને વાચાળ એવી તે સ્ત્રીઓને જોઈશ. મૃદંગ, આનક અને મર્દલના શબ્દ સહિત, અમે ગધેડા, ઊંટ અને ખચ્ચર ઉપર બેસી સુખેકરી ત્યાં જઇશું. સુખકારી માર્ગમાં શમી, પીલું અને કરીર વૃક્ષોનાં વનોમાં દહિંયુક્ત પુડાને અને સાથવાના લાડુઓને ખાતાં બળવાન થઇ માર્ગે જનારા ઘણા વટેમાર્ગુ લોકોનાં વસ્ત્ર હરી લેઇ પ્રહાર કરીશું. આવા સ્વભાવવાળા નીચ અને દુરાત્મા એવા વાહિકદેશના પુરૂષ સાથે મુહૂર્તવાર પણ ચેતનાવાળો કયો માણસ વસે ? આવા વ્યર્થ આચારવાળી વાહિકદેશના પુરૂષો છે ને તેઓનાં પાપ અને પુણ્યના છઠ્ઠા ભાગને હરનારો તુ રાજા છે. આ રીતે કહી ફરીને તે બ્રાહ્મણ અવિનયવાળા વાહિક નરો માટે જે કહ્યું હતુ તે પણ સાંભળ. તે દેશમાં નિરંતર કૃષ્ણપક્ષની ચૌદશને દિવસે મોટા એવા શાકલ નગરમાં રાત્રિએ દુંદુભિ વગાડી રાક્ષસી આ રીતે ગાય છે. ક્યારે વૃષભના વધની પર્વણીને દિવસે ગાવા યોગ્ય એવી ગીતિઓને ગૌડ એવા સુરાસવને પીને તથા બળદના માંસથી તૃપ્ત થએલી અને ડુંગળીના ગંડુષયુક્ત એવા ઘણા ઘેટા ને વરાહના, કુકડાના, બળદના, ગધેડાના અને ઊંટના માસને ખાતી એવી હુ શણગરાઇને ગૌરવર્ણવાળી મોટી સ્ત્રીઓ સાથે ગાન કરીશ. મદ્યવડે મત્ત થએલા શાકલપુરના રહેવાસી બાળ અને વૃદ્ધ સહિત જુઠું બોલતા એવા પુરૂષો આવી રીતે ગાય છે. જે માણુસો ઘેટાના માંસને નથી ખાતા તેઓનો જન્મ વ્યર્થ છે. હે શલ્ય ! આ રીતે સમજ કે, તે પુરૂષોમાં ધર્મ કેવી રીતે રહે ? કુરૂઓની સભામાં બીજા બ્રાહ્મણે પણ અમને કહ્યુ હતું કે, જે ઠેકાણે પીલુનાં વન છે અને શતદ્રુ વિપાશા, ઐરાવતી, ચંદ્રભાગા, વિતરતા અને છઠ્ઠી સિંધુનદી છે તે, હિમાચલથી બહાર રહેલા ને જેમાંથી ધર્મ નષ્ટ થયો છે એવા પ્રસિદ્ધ આરટ્ટ દેશમાં સારા માણુસે જવું નહિ, કારણ કે, સંસ્કારહીન અને અયજ્વા એવા દસમ દેશના પુરૂષોના અને નષ્ટ જેનો ધર્મ થયો છે એવા વાહિક દેશના પુરૂષોનાં આપેલાં દાનને દેવતાઓ, પિતૃઓ અને બ્રાહ્મણો સ્વીકારતા નથી. એમ રીતે શ્રુતિ કહે છે. સત્પુરૂષોની સભામાં વિદ્વાન બ્રાહ્મણે વળી કહ્યું હતું કે, નિર્લજ્જ વાહિક દેશના પુરૂષો સાથવા અને મદ્યવડે યુક્ત કૂતરાએ ચાટેલા લાકડાના પાત્રમાં અને માટીના વાસણોમાં જમે છે. ઘેટાના, ઊંટના અને ગધેડાના દૂધને પીએ છે; અને તેઓના દૂધવડે બનાવેલા પદાર્થો ખાય છે. આ રીતે નીચ કર્મ કરનાર પુત્રના સંકરવાળી અને સર્વ અન્ન તથા દૂધને જમનાર આરટ્ટ અને વાહિક નામથી પ્રસિદ્ધ જે લોકો છે, તેઓને વિદ્વાન

માણસે તજવા. હે શલ્ય ! કુરૂઓની સભામાં બીજા બ્રાહ્મણે પણ કહ્યું હતું તે ફરીને તને કહું છું, સાંભળ. હે શલ્ય ! યુગંધર નામના શહેરમાંથી પાણી પીઇને અચ્યુત સ્થળ નામના નગરમાં ભોજન કરીને અને ભૂતિલય નામના જલાશયમાં સ્નાન કરી મનુષ્ય કેમ સ્વર્ગમાં જાય ? અર્થાત્ ન જાય. જે ઠેકાણે ઉપર કહેલી પાંચ નદીઓ પર્વતમાંથી નીકળી વહે છે તે આરટ્ટ અને વાહિક એ રીતે પ્રસિદ્ધ દેશ છે, તે દેશમાં આર્ય પુરૂષે બે દિવસ પણ રહેવું નહિ; કારણ કે વિપાશા નદીને કાઠે વહિ અને હીક એવે નામે બે પિશાચ રહેતા હતા. તેઓનાં જે છોકરાં તે વાહિક છે. એ સૃષ્ટિ પ્રજાપતિની નથી. આ પ્રમાણે હીનયોનિથી ઉત્પન્ન થએલા તેઓ વિવિધ ધર્મને કેવી રીતે જાણે ? વળી દુષ્ટ ધર્મવાળા, કારસ્કર, માહિષક, કાલિંગ, કેરલ, કર્કોટક અને વીરક દેશોને પણ સારા પુરૂષે તજવા. આ રીતે તીર્થમાં ફરનારા અને એક રાત ઘરમાં રહેનારા બ્રાહ્મણને કોઈ પણ મોટાં સાંબેલાં જેવી મેખળાવાળી, રાક્ષસીએ કહ્યું હતું આરટ્ટદેશ અને વાહિક દેશનું જલ ખરાબ સમજવું કે જ્યાં કાળ જેવા ક્રૂર નીચ બ્રાહ્મણો વસે છે. વળી તે બ્રાહ્મણોના જાણવામાં વેદ યજ્ઞ અને યજન છે નહિ. અનીતિવાળી સ્ત્રીઓથી જન્મેલા હોવાથી નીચ એવા તે પુરૂષોના અન્નને દેવતાઓ લેતા નથી. પ્રસ્થલ, મદ્ર, ગાંધાર, આરટ્ટ, વસાતિ, સિંધુ, ખશ અને સૌવીર એ નામથી પ્રખ્યાત દેશના લોકો ઘણું કરી અતિ નિંદ્ય છે.

प्रस्थलमद्रगान्धारा आरट्टा नामतः खशाः ।
वसाति सिंधुसौवीरा इति प्रायोति कुत्सिताः ॥

इतिश्री महाभारते कर्णपर्वाणिकर्णशल्यसम्वादे गुर्जरभाषायां चतुश्चत्वारिंशो ऽध्यायः ॥ ४४ ॥

અધ્યાય ૪૫ મો. કેટલાક દેશોની નિંદા.

कर्ण उवाच—हन्त शल्य विजानीहि हन्त भूये ब्रवीमि ते ।
उच्यमानं मया सम्यक् त्वमेकाग्रमनाः शृणु ॥ १ ॥

કર્ણ કહે છે—હે શલ્ય ! ફરીને હું તને કહું તે તું એકાગ્ર મને સાંભળ. પૂર્વે કોઇએક બ્રાહ્મણ અમારે ઘેર અતિથિ આવ્યો હતો. તેણે ત્યાંના આચાર જોઇ અપ્રસન્ન થઇ આવું વચન અમને કહ્યું હતું. હું ઘણો વખત એકલો હિમાચલના શિખર ઉપર રહ્યો હતો અને મેં જૂદા જૂદા ધર્મવાળા ઘણા દેશો જોયા છે. એ સર્વ દેશની પ્રજાઓ વેદના પારને પામનારા પુરૂષોએ જે ધર્મ કહ્યો છે તે કોઈ પણ ધર્મથી વિરૂદ્ધ નથી, પણ હે મહારાજ ! પૂર્વે જૂદા જૂદા ધર્મવાળા દેશોપ્રત્યે ફરતો એવો હું વાહિક દેશમાં ગયો ત્યાં આવું સાંભળ્યું કે આ દેશમાં પ્રથમ બ્રાહ્મણ થઇને પછી ક્ષત્રિય થાય છે, પછી વૈશ્ય થાય છે, શૂદ્ર થાય છે અને પછી નાપિક થાય છે, ત્યાર પછી ફરીને બ્રાહ્મણ થાય છે. બ્રાહ્મણ થઈ ત્યાંજ ફરીને દાસ થાય છે. તેમજ એક કુળમાં સેળભેળ ક્રિયાવાળા અને ઇચ્છા પ્રમાણે આચરણ કરનારા બ્રાહ્મણો થાય છે; તથા ગાંધાર, મદ્રક અને વાહિક પુરૂષો અલ્પ ચિત્તવાળા હોય છે. આ રીતે આખી પૃથ્વી પ્રત્યે ફરી મેં વાહિક દેશમાં ધર્મનો સંકર કરનારૂં વિપરીતપણું સાંભળ્યું છે. હે શલ્ય ! બીજા બ્રાહ્મણે પણ વાહિકોની નિંદા કરી હતી તે ફરીને તને કહું છું. પૂર્વે ચોર પુરૂષોએ આરટ્ટ દેશમાંથી કોઇ એક સતીને હરી આણી.

અધર્મથી તેને ભોગવી ત્યારે તેણે એવો શાપ આપ્યો હતો કે બાલ અને બંધુ વાળી એવી મને તમે અધર્મવડે ભોગવો છો માટે તમારા કુળની સ્ત્રીઓ વ્યભિચારિણી થશે. હે નરોમાં અધમ પુરૂષો ! આ દોષથી તમે મુકાશો નહિ. તે માટે તેઓના ભાગને લેનાર ભાણેજ હોય છે પણ પુત્રો નથી હોતા. મહાભાગ એવા પંચાલ સહિત કુરૂ, શાલ્વ, મત્સ્ય, નૈમિષ સહિત કોસળ, કાશ પૌંડ્ર, કાલિંગ, માગધ, અને ચેદિદેશના પુરૂષો સત્ય ધર્મને જાણે છે. જૂદા જૂદા દેશોમાં વાહિક દેશની નીતિવિના સત્પુરૂષો અને અસત્પુરૂષો છે વાહિક દેશમાં તો અસત્પુરૂષોજ છે. કુટિલ એવા પંચનદ દેશ અને મદ્રદેશ શિવાય મત્સ્ય દેશથી માંડી કુરૂ અને પાંચાલ પુરૂષો તથા નૈમિષથી આરંભી વિશિષ્ટ ચેદિદેશના પુરૂષો જૂના ધર્મમાં વર્તે છે. હે રાજન ! ધર્મની કથામાં ફરીને જડની પેઠે મુગો રહે, કારણ કે તું તે લોકના પુણ્ય અને પાપના છઠ્ઠા ભાગને હરનારો તેમનો રાજા છે; અથવા તેઓની રક્ષા ન કરવાથી તું પાપને ભોગવનારો છે; કારણ કે પ્રજાની રક્ષા કરનારો રાજા પુણ્ય ફળ ભોગવે છે અને તું તો રક્ષા નથી કરતો તેથી પાપને ભોગવનારો જ છે. પૂર્વે સર્વ દેશોના સત્ય ધર્મની પ્રશંસા થતી હતી, ત્યારે પિતામહ એવા બ્રહ્માએ પાંચનદ દેશના ધર્મને ‘ ધિક્ છે ’ એમ કહ્યું હતું. સત્યયુગમાં બ્રહ્માએ પણ સંસ્કાર હીન અને અશુભ કર્મ કરનાર એવા દસ દેશના અને વાહિક દેશના ધર્મને નિંદ્યો હતો. વાહિક એવો તુ શું બોલે છે ? આ રીતે પાંચનદ દેશના ધર્મને બ્રહ્માએ નિંદ્યો હતો તેમ પોતાના ધર્મવિષે રહેલા વર્ણોમાં પણ બ્રહ્માએ તેઓને વખાણ્યા ન હતા. હે શલ્ય ! ફરીને તને કહું તે સાંભળ. પૂર્વે એક તળાવમાં બૂડતો એવો કલ્માષપાદ નામનો રાક્ષસ બોલ્યો હતો કે ભિક્ષા એ ક્ષત્રિયોનો મળ છે, અવ્રત ન કરવું એ બ્રાહ્મણોનો મળ છે, વાહિક પુરૂષો પૃથ્વીનો મળ છે અને મદ્રદેશની સ્ત્રિયો એ સ્ત્રિયોના મળરૂપ છે. બૂડતા એવા એ રાક્ષસને કોઈ કોઈ એક રાજાએ પૂછ્યું હતું અને તેણે કહ્યું હતું, તે હવે સાંભળ. મનુષ્યોના મળ રૂપ મ્લેચ્છ છે. મ્લેચ્છના મળ રૂપ તેલ વેચનારા છે, તેલ વેચનારાના મળ રૂપ ષંઢ છે; ષંઢના મળ રૂપ રાજાના પુરોહિત ને યજન કરાવનારા છે અને રાજાના પુરોહિત અને યજન કરાવનારા અને મદ્રો જે મળ છે, તું જો અમને ન છોડી દે તો તારા મળ રૂપ થાય. વળી આ રીતે સિદ્ધ એવું તે વચનનું ઉત્તર રાક્ષસોએ પીડેલા અને ઝેરવડે દુઃખ પામેલા પુરૂષોમાં રાક્ષસોને નાશ પમાડનારા પુરૂષો ઔષધ રૂપ કહેલા છે. પાંચાલ પુરૂષો વેદના સમૂહને માને છે, કૌરવો ધર્મયુક્ત કર્મને માને છે, મત્સ્ય દેશના નરો સત્યને માને છે અને શૂરસેન દેશના લોકો યજ્ઞને માને છે. પૂર્વ દેશના પુરૂષો દાસ છે, દક્ષિણ દેશના પુરૂષો ધર્મના દ્રોહી, વાહિક પુરૂષો ચોર છે અને સુરાષ્ટ્ર દેશના પુરૂષો વર્ણસંકર છે. આરટ્ટ દેશના પુરૂષોનો, કૃતઘ્નપણું, પરધનનું હરણ, મદ્યપાન, ગુરૂ સ્ત્રીનો અવમર્દ, વાણીનું પારૂષ્ય ગોવધ, બહાર રાત્રિચર્યા અને પારકાના વસ્ત્રોનો ઉપભોગ એ ધર્મ છે, તે તેઓ પ્રત્યે અધર્મ નથી ? માટે પંચનદ દેશના લોકોને ધિક્કાર છે. ફક્ત ધર્મને પાંચાલ લોકથી માંડી કુરૂ, નૈમિષ અને મત્સ્ય દેશના પુરૂષો જાણે છે અને વૃદ્ધ એવા ઉત્તર દેશના પુરૂષો અને મગધ દેશના પુરૂષો શિખવેલા ધર્મને અનુસરે છે. અર્થાત્ આરટ્ટ દેશના લોક જાણતા નથી અને બીજાને માનતા નથી. પૂર્વ દિશાનો આશ્રય કરી અગ્નિ આદિ દેવતાઓ રહ્યા છે. શુભ કર્મવાળા યમરાજ-સહિત પિતૃઓએ દક્ષિણ દિશાની રક્ષા કરેલી છે. દેવતાઓને પાળતો એવો બળવાન વરૂણ પ્રતીચી દિશાને બ્રાહ્મણો સહિત ભગવાન એવા સોમ પાળે છે. રાક્ષસ અને પિશાચો પર્વતોમાં શ્રેષ્ઠ એવા

હિમાચળને પાળે છે. ગુહ્યકો ગંધમાદન પર્વતને પાળે છે. હે મહારાજ! નિશ્ચલ એવા જનાર્દન વિષ્ણુ સર્વ પ્રાણીઓને પાળે છે. મગધ દેશના પુરૂષો હૃદયના અભિપ્રાયને જાણુનારા હોય છે. તે લોકો અને કોસલ દેશના લોકો જોવાવડે જાણુનારા છે. કુરૂ અને પાંચાલ દેશના લોક અર્ધ કહ્યામાં જાણી જનારા છે. શાલ્વ દેશના લોકો બધું કહ્યાથી સમજનારા છે. પર્વતવાસી લોકો જે રીતે શિબિલોકો દુઃખે કરી સમજાવાય તે રીતે દુઃખસાધ્ય છે. હે રાજન! યવન લોકો બધું જાણુનાર અને વિશેષે કરી શૂરા છે. મ્લેચ્છ લોકો પોતાના ધર્મના સંકેતમાં નિશ્ચયવાળા છે. અને બીજાઓ કહેલા હિતને જાણુતા નથી તથા વાહિક અને વાહિક દેશના પુરૂષો હિતને કહેનારા પુરૂષપર ગુસ્સે થાય છે. કોઇ પણુ મદ્રક પુરૂષો અવળા નથી એમ નથી. હે શલ્ય! મદ્રક એવો છે માટે ઉત્તર આપવા યોગ્ય નથી. પૃથ્વીમાં સર્વ દેશોના મળ રૂપ મદ્રક છે. જે લોકોનો મદ્યપાન, બાળહત્યા, અને પારકાના ધનનું હરણુ, એ ધર્મ છે તેઓ પ્રત્યે શું અધર્મ નથી? આરટ્ટ દેશમાં થએલા પંચનદ લોકોને ધિક્કાર હો. આ રીતે છે માટે મુગો રહે અને પ્રતિકૂળપણું છોડી દે, તેને પ્રથમ હણ્યા શિવાય હું કેશવ ભગવાન અને અર્જુનને હણું તે ઠીક નહિ. શલ્ય કહે છે—હે કર્ણુ! જેઓનો તું અધિપતિ છે તે અંગદેશમાં આતુર માણુસોનો ત્યાગ અને પોતાની સ્ત્રી તથા પુત્રનો વિક્રય થાય છે. પૂર્વે ભીષ્મ પિતામહે રથી અને અતિરથીની સંખ્યા વિષે તને જે કહ્યું હતું તે પોતાના દોષોને જાણી ક્રોધ રહિત થા. ક્રોધ કર મા. હે કર્ણુ! સર્વ ઠેકાણે બ્રાહ્મણો છે, સર્વ ઠેકાણે ક્ષત્રિયો છે, તેમજ વૈશ્ય, શૂદ્ર અને સુંદર વ્રતવાળી સતીઓ છે. દેશ દેશમાં એક બીજાને પાળતા પુરૂષોની સાથે ઉપહાસ વડે ક્રીડા કરે છે. સર્વ લોક હમેશાં પારકી નિંદાવિષે નિપુણુ હોય છે અને પોતાની નિંદાને જાણુતા નથી. સર્વ ઠેકાણે પોતપોતાના ધર્મને અનુસરનારા રાજાઓ છે અને દુષ્ટ મનુષ્યોને દંડે છે તથા સર્વ ઠેકાણે ધાર્મિકો પણુ હોય છે. હે કર્ણુ! દેશની સમાનતાથી સર્વલોક પાપને સેવતા નથી. જેવા પોતપોતાના સ્વભાવવડે મનુષ્યો છે તેવા દેવતાઓ પણુ નથી. સંજય કહે છે કે, તે પછી રાજા દુર્યોધને કર્ણુ અને શલ્યને વાર્યા તેમાં રાધાપુત્ર કર્ણુને મિત્રાઇના ભાવથી વાર્યો અને શલ્યને હાથ જોડી વાર્યો, ત્યારે હે મારિષ! દુર્યોધને નિવારેલો એવો કર્ણુ પણુ ઉત્તર આપ્યો નહિ, અને શલ્ય પણુ શત્રુઓ સન્મુખ થયો. તે સમયે ફરીને રાધાપુત્ર કર્ણુ 'ચાલ' એ રીતે શલ્યને કહેવા લાગ્યો.

ततो निवारितः कर्णो धार्तराष्ट्रेण मारिष ।
कर्णोपि नोत्तरं प्राह शल्योप्यभिमुखः परान् ॥
ततः प्रहस्य राधेयः पुनर्याहीत्यनोदयत् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्यसंवादे गुर्जरभाषायां पञ्चचत्वारिंशोऽध्यायः ॥ ४५ ॥

અધ્યાય ૪૬ મો. કર્ણુ ને શલ્યનો સંવાદ.

संजय उवाच—ततः परानीकभिदं व्यूहमप्रतिमं कृतं ।
समीक्ष्य कर्णः पार्थानां धृष्टद्युम्नाभिरक्षितं ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ત્યારપછી પારકા સૈન્યને સહન કરનાર, બીજા વ્યૂહને

જેની ઉપમા અપાય નહિ એવી રીતે રચેલા અને ધૃષ્ટદ્યુમ્ને રક્ષણ કરેલા પાંડવના બ્યૂહને જોઈ, હે ભરતર્ષભ ! મોટા તેજવાળો શત્રુને તપાવનાર, યુદ્ધમાં ચતુર કર્ણે, રથનો શબ્દ, સિંહનાદ તથા વાદિત્રોના શબ્દેકરી પૃથ્વીને કંપાવતો હોય તેમ ક્રોધથી કંપતો હોય તેમ પોતાના સૈન્યમાં આવી તેની ઘટતી રીતે સામી વ્યૂહ રચના કરી. ઇંદ્ર જેમ આસુરી સેનાને હણે, તેમજ તેણે જમણી બાજુએ સૈન્યનો ઘાણ કાઢવા માંડયો. ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! ભીમસેને રક્ષણ કરેલા અને ધૃષ્ટદ્યુમ્ન જે મુખ્ય જેમાં તથા દેવતાઓ પણ જેમને જીતી શકે નહિ એવા મોટા ધનુષવાળા સર્વ પાંડવ સામે રાધાપુત્ર કર્ણે વ્યૂહ રચના કેમ કરી શકયો ? તે વખતે મારા સૈન્યની બાજુથી રક્ષણ કરનાર તથા તેમની રક્ષા કરનાર કોણ હતા ! અને પોતપોતાના વિભાગ પ્રમાણે કેવી રીતે ઉભા હતા; તેમ પાંડવોએ પણ મારા પુત્રો સામે કેમ વ્યૂહ રચના કરી ? અત્યંત દારૂણ એવું યુદ્ધ કેવી રીતે પ્રવર્તમાન થયું તથા કર્ણ, યુધિષ્ઠિર સામે ગયો તે વખતે અર્જુન કયાં હતો ? કેમકે પૂર્વે ખાંડવવનમાં જે એકલા અર્જુને સર્વ પ્રાણીઓનો નાશ કર્યો હતો તે અર્જુન પાસે છતાં યુધિષ્ઠિર સામે જવા કોણ સમર્થ થાય ? તથા રાધાપુત્ર કર્ણ વિના જીવિતને ઇચ્છનાર તેની સામે જવા કોણ સમર્થ થાય અને વળી યુદ્ધ પણ બીજો કોણ કરે ! સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! વ્યૂહની રચના, અને અર્જુન જે રીતે ગયો તથા પોતાના રાજાને વિંટી જે રીતે સંગ્રામ થયો તે સર્વ હું કહું તે તમો સાંભળો. હે રાજન ! શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય, વેગવાન માગધ રાજાઓ તથા સાત્વત કૃતવર્મા દક્ષિણ પક્ષનો આશ્રય કરી ઉભેલા હતા. તેમના વિપક્ષમાં નિર્મળ સાંગ ધારણ કરેલા ઘોડેસ્વારો સહિત શકુનિ તથા મહારથી ઉલૂક તમારા સૈન્યનું રક્ષણ કરતા હતા. શ્રીકૃષ્ણ તથા અર્જુનને મારવા ઇચ્છતા યુદ્ધમાં ચતુર સંશપ્તક નામના ગણ ભય રહિત કંધારના રાજાઓ, પિશાચની પેઠે દુઃખે કરી જોઈ શકાય નહીં તથા જીતી શકાય નહીં એવા તીડ નામના જંતુ સમુદાય જેવા તમારા પુત્રો સહિત પાર્વતીય રાજાઓ ડાબી બાજુ, સંગ્રામમાંથી પાછા ફરે નહિં એવા ચોત્રીશ હજાર રથોની રક્ષા કરતા હતા. સંગ્રામમાં મહાબળવાન કેશવ ભગવાન તથા અર્જુનને યુદ્ધ કરવા બોલાવતા એવા અશ્વ, પાયદળ તથા રથ સહિત કંબોજ, યવન તથા શક, સૂતપુત્ર કર્ણની આજ્ઞાથી તેમનું રક્ષણ કરતા હતા. સેનાના મુખના મધ્યમાં વિચિત્ર પ્રકારનું કવચ, બાજુબંધ તથા માળા પહેરેલો, શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ, શૂરવીર કર્ણ, રક્ષણ કરતા સજ્જ થએલા પુત્રો સહિત સેનાનું આકર્ષણ તથા સેનામુખનું પાલન કરતો શોભતો હતો. સૂર્ય તથા અગ્નિ જેવી કાંતિવાળો, પિંગલ નેત્રવાળો, પ્રિય છે દર્શન જેનું એવો મોટા હાસ્તના સ્કંધ ઉપર બેઠેલો મહાબાહુ દુઃશાસન સૈન્ય સહિત બ્યૂહના પૃષ્ઠ ભાગમાં શોભતો હતો. હે મહારાજ ! વિચિત્ર પ્રકારનાં છે અસ્ત્ર તથા કવચ જેમનાં એવા ભાઈઓએ ચોતરફથી રક્ષણ કરેલો દુર્યોધનરાજા, એકઠા મળેલા મદ્ર તથા કેકયોએ કરી દેવતાઓએ કરી ઈન્દ્ર શોભે તેમ શોભતો હતો. અશ્વત્થામા તથા કૌરવોમાં અત્યંત શૂરવીર એવા મહારથિઓ અને શૂરવીર મ્લેચ્છો સહિત નિરંતર મદોન્મત્ત હસ્તિઓ, વરસતા મેઘની પેઠે તે રથસૈન્યની પાછળ જતા હતા. તે વખતે ઘોડેસ્વાર સહિત હસ્તિઓ ધ્વજ પતાકા તથા પ્રજ્વલિત આયુધે કરી જેમ દ્રુમવાન પર્વતો શોભે તેમ તેઓ શોભતા હતા. પટ્ટા તથા ખડગ ધારણ કરનારા, સંગ્રામમાંથી પાછા ન ફરે એવાં પાયદળ તથા હસ્તિઓના પાદરક્ષક અને હજારો શૂરવીર ત્યાં

ઉભા હતા. શત્રુઓને ભય આપનાર વિદ્વાન નાયકે રચેલો અત્યંત શણગારેલા ઘોડેસ્વાર, રથ તથા હસ્તિઓએ કરી નૃત્ય કરતો હોય એવો દેવાસુર સેનાની ઉપમા આપવા લાયક બાર્હસ્પત્ય નામનો વ્યૂહ તેમણે રચ્યો હતો. તે વ્યૂહના પક્ષ તથા વિપક્ષમાંથી યુદ્ધને ઇચ્છતા એવા શૂરવીર અને હસ્તિ, અશ્વ, રથ તથા માતંગ, વર્ષાઋતુમાં જેમ મેઘ પડે તેમ પડતા હતા. યુધિષ્ઠિર રાજા સેનાના મુખવિષે ઉભેલા કર્ણને જોઇ શત્રુને હણનાર તથા એક વીર એવા બળવાન અર્જુનને કહેવા લાગ્યા કે હે અર્જુન! શત્રુના સૈન્યને શોભાવનાર તથા પ્રપક્ષે કરી યુક્ત એવા કર્ણે રચેલા મોટા વ્યૂહને જો. શત્રુના મોટા બળને જોઇ આપણને જે રીતે તે પરાભવ ન કરે તે રીતે રચના કર. યુધિષ્ઠિરનાં વચન સાંભળી હાથ જોડી અર્જુને તેમને કહ્યું કે હે નૃપ! જે રીતે આપ કહો છો તે રીતે સૌ થશે અન્યથા થશે નહિ. હે ભારત! પ્રધાનનો જે વધ તેજ એનો વિનાશ, એવું હું કરીશ. અર્જુનનાં વચન સાંભળી યુધિષ્ઠિર તેને કહેવા લાગ્યા કે રાધાપુત્ર કર્ણ સાથે તું, દુર્યોધન સાથે ભીમસેન, વૃષસેન સાથે નકુલ, શકુનિ સાથે સહદેવ, દુઃશાસન સાથે શતાનિક હાર્દિક્ય સાથે શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ, દ્રોણપુત્ર સાથે ધૃષ્ટદ્યુમ્ન યુદ્ધ કરે અને હું પોતે કૃપાચાર્ય સાથે યુદ્ધ કરીશ. બાકી રહેલા ધૃતરાષ્ટ્રના પુત્રો સાથે શિખંડિ સહિત દ્રૌપદીના પુત્રો યુદ્ધ કરશે. એ રીતે આપણા મુખ્ય યોદ્ધાઓ દુર્મદ શત્રુઓને હણો. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ધર્મરાજાનાં એવાં વચન સાંભળી 'ઠીક તેમ કરીશ' એમ કહી પોતાના સૈન્યને આજ્ઞા કરી અર્જુન સેનાના મુખ આગળ ગયો. પૂર્વે બ્રાહ્મણ તથા ચંદ્રરૂપ વિશ્વનો નેતા. એવો અગ્નિ પોતાના આત્માનો ચાર અશ્વ રૂપ વ્યૂહ કરી અર્જુનના રથને વહન કરે છે, પ્રથમ ઉત્પન્ન થએલા તે અશ્વને દેવ તથા બ્રાહ્મણો જાણે છે, તેમજ તે ઘોડા જોડેલો રથ, પૂર્વે બ્રહ્મા, શિવ, ઇંદ્ર તથા વરૂણને ક્રમેકરી વહન કરતો હતો, તે આદિ રથમાં બેસી કેશવ તથા અર્જુન ફરે છે. હે ધૃતરાષ્ટ્ર! અતિ અદ્ભુત છે દર્શન જેનું એવા તે રથને જોઇ શલ્યરાજા યુદ્ધમાં દુર્મદ એવા અધિરથ પુત્ર કર્ણને વળી ફરીને કહેવા લાગ્યો કે—હે કર્ણ! કર્મના વિપાકની પેઠે સર્વ સૈન્યથી પણ દુઃખે કરી વારી શકાય નહીં અને કૃષ્ણ છે સારથિ જેના એવો શ્વેત અશ્વવાળો તે આ રથ આવ્યો અને તું જેને પૂછતો હતો તે કુંતિપુત્ર અર્જુન પણ શત્રુને હણતો આ તારી સામે આવ્યો, કેમકે જેવો મેઘનો શબ્દ હોય તેવો ભયંકર મોટો શબ્દ સંભળાય છે. ઉડતી રજ આકાશને મલિન કરે છે, તેમજ હે કર્ણ! ચક્રના પાટાથી પીડાતી પૃથ્વી કંપાયમાન થાય છે, મહાત્મા વાસુદેવ તથા અર્જુન આજ તને મારશે, એમાં સંશય નહીં. તારી સેનાને ચોતરફથી મહા વાયુ વાય છે. માંસ ભક્ષી અનેક પ્રાણીઓ પોકારે છે. મૃગો ભયંકર શબ્દ કરે છે. હે કર્ણ! મહા ઘોર, ભયને આપનાર, તથા રૂવાં ઉભાં કરનાર મેઘ જેવા સૂર્યને વિંટી ઉભેલા કેતુઓ દેખાય છે તેમ નાના પ્રકારના મૃગનાં યૂથ તથા બળવાન મદોન્મત્ત સિંહ ચોતરફથી સૂર્યને જુવે છે તે તું જો. એકઠા મળેલા ભયંકર એવા હજારો કંકય તથા ગૃધ્રપક્ષિઓ એક બીજા સામે બોલે છે તેમને જો. હે કર્ણ! તારા મોટા રથમાં રસેલા શ્રેષ્ઠ ચામર બળે છે, રથ ઉપરનો ધ્વજ કંપે છે, આકાશમાં રહેલા ગરૂડપક્ષિની પેઠે કુદતા જોવા લાયક કંપતા આપણા આ અશ્વને જો. હે કર્ણ! આવાં નિમિત્ત જોતાં જરૂર સેંકડો તથા હજારો રાજાઓ નાશ પામી પૃથ્વીનો આશ્રય કરી તેમાં શયન કરશે. હે રાધેય! રૂવાં ઉભાં કરનાર ભયંકર શંખોનો, આનક નામના વાદ્યનો તથા મૃદંગોનો ભયંકર શબ્દ ચોતરફથી સંભળાય છે. મહાત્મા પુરૂષોના

ધાણુ ન પમાડવી. પોતે દ્રવ્યવાન હોય તો દયાદાન ઇત્યાદિ ગુણોએ કરી યુક્ત રહેવું, કીર્તિ તથા ધન ઇત્યાદિનો નાશ થાય તોપણ કદી વ્યથા ન પામવી; તેમ ઈષ્ટ, મિત્ર, પુત્ર તથા સ્ત્રીઓ પાસે કદી યાચના કરવી નહીં, યાચના કરનાર યોગ્ય પુરૂષને દેવું. આ આચરણે કરી અપ્રમાદ થાય છે. સત્ય, ઇશ્વરની મૂર્તિનું ધ્યાન, જે કરવાથી બધું ભાસે અને જે કરવાથી કંઇ ન ભાસે એવી બે પ્રકારની સમાધિ, તર્ક, વૈરાગ્ય, ચોરી કરવી નહીં, બ્રહ્મચર્ય પાળવું તથા સંગ્રહ ન કરવો, એ આઠ ગુણ અપ્રમાદના છે. ચક્ષુ, શ્રોત્ર, ત્વચા, ઘ્રાણ, જિહ્વા તથા છઠ્ઠા મનને પોતપોતાના વિષયમાં પ્રીતિ તથા દ્વેષથી ઉત્પન્ન થયેલા છ પ્રમાદ, પ્રિય વસ્તુના નાશથી થયેલ શોકાદિજન્ય પ્રમાદ તથા પુત્રાદિકની ઇચ્છાવાળાને ઇચ્છા પૂરી ન થવાથી ક્લેશરૂપ પ્રમાદ, એ આઠ પ્રકારના પ્રમાદથી જે મુક્ત થાય તે સુખી થાય છે. હે રાજેંદ્ર! સત્ય વિષે છે ચિત્ત જેનું એવો તું થા, કારણ તેના વિષે ઉત્તમ લોક રહેલો છે; હમણાંજ દમ, ત્યાગ તથા અપ્રમાદ, એ ગુણો કહ્યા તે પણ સત્ય વિના શોભતા નથી, કારણ સત્ય વિષે અમૃત રહેલું છે. દોષ નિવૃત્ત કરીને તપ તથા વ્રતનું આચરણ કરવું, કારણ બ્રહ્માએ પણ એજ રીતે કર્યું હતું, સત્પુરૂષોનું પણ એજ વ્રત છે. આવા દોષથી રહિત અને ગુણથી યુક્ત થવું, એજ તપ કહેવાય છે. હે રાજેંદ્ર! જે તેં પૂછ્યું, તે મેં જન્મ, મૃત્યુ, જરા તથા પાપને ટાળનાર તત્વનું કથાનક સંક્ષેપથી તને કહ્યું.

ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, ઇતિહાસ તથા પુરાણ સહિત ચાર વેદ, "જગદ્રૂપ થઇને બ્રહ્મત્વથી અત્યંત અધિક છે એમ કહે છે. કેટલાક શરીરરૂપ પુરૂષ, ગાયત્ર્યાદિક છંદરૂપ પુરૂષ વેદરૂપ પુરૂષ તથા મહાપુરૂષ, એ રીતે ચાર પુરૂષ માને છે. કેટલાક ક્ષર, અક્ષર તથા ઉત્તમ એ રીતે ત્રણ પુરૂષ કહે છે, કેટલાક મૂર્ત અને અમૂર્ત એ બેઉ જાણવા લાયક છે એમ પણ કહે છે. કેટલાક બ્રહ્મજ વેદ્ય છે, એમ કહે છે, અને કેટલાક અદ્વૈત બ્રહ્મનેજ માને છે. એ છમાં બ્રહ્મવેત્તા કોણ તે કહો? ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે હે રાજેંદ્ર! સત્યરૂપ બ્રહ્મની પ્રાપ્તિ વાસ્તે તેના અજ્ઞાનથીજ ઉપાસના કરવા લાયક ઘણીક અનાત્મ વસ્તુ કલ્પેલી છે, કારણ સત્યરૂપ બ્રહ્મને તો કોઇકજ જાણે છે, એ રીતે જાણવા લાયક બ્રહ્મને જાણ્યા વગર જે પોતાને પ્રાજ્ઞ માને છે તે વિષય સુખના લોભથી યજ્ઞદાનાદિ કર્મ કરવામાં પ્રવર્તે છે. એ પ્રમાણે પરમ પદથી ભ્રષ્ટ થયેલાઓને તુચ્છ આનંદવાળા વિષયોનો અભિલાષ થાય છે. તેઓ વેદના વચન ઉપર વિશ્વાસ રાખી સ્વર્ગની ઇચ્છા વાસ્તે જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ કરે છે. તેમાં કોઇ પુરૂષ દેવતા ધ્યાનાદિરૂપ માનસ યજ્ઞ કરે છે, કોઇ વાણીથી બ્રહ્મયજ્ઞનો જપાદિરૂપ યજ્ઞ કરે છે, ને કોઇ કર્મથી પ્રસિદ્ધ જ્યોતિષ્ટોમાદિક યજ્ઞ કરે છે, પણ સત્ય છે સંકલ્પ જેનો એવો બ્રહ્મવેત્તા પુરૂષ તો બ્રહ્મલોકનો અધિષ્ઠાતા થાય છે. આત્મજ્ઞાન રહિત સંકલ્પવાળા પુરૂષ દીક્ષિત વ્રતનું આચરણ કરે છે, પણ તે કર્મનું ફળ નાશાત્મક છે, માટે સત્પુરૂષોને તો બ્રહ્મજ્ઞાનજ શ્રેષ્ઠ છે. જ્ઞાનનું શોક તથા મોહની નિવૃત્તિરૂપ ફળ પ્રત્યક્ષ છે, અને તપ પરલોક વિષે ફળ દેનાર છે. હે ક્ષત્રિય! ઘણું ભણનાર બ્રાહ્મણને બહુ પાઠી જાણવો, માટે કેવળ અધ્યયન કરનારનેજ બ્રહ્મનિષ્ઠ માં માન, પણ જે સત્ય પરમાત્માથી હું જુદો નથી એમ જાણે, એટલે સ્વસ્વરૂપનિષ્ઠ રહે, તેનેજ બ્રહ્મનિષ્ઠ જાણવો. હે રાજેંદ્ર! ઉપનિષદમાં પ્રસિદ્ધ અથર્વા મહા મુનિએ મહર્ષિઓના સમુદાયમાં ઉપનિષદ ભાગને છંદ કહ્યા છે, તે જ છંદ નિશ્ચય જાણવા, કારણ તેથી પાપ કર્મ ટળે છે. જે પુરૂષો

વિવિધ પ્રકારના બાણુ તથા પ્રત્યંચાના શબ્દ, તેમજ મનુષ્ય, હસ્તિઓના વિવિધ પ્રકારના શબ્દને સાંભળ. હે કર્ણ ! સોનારૂપાનાં વરક ચઢાવેલાં વસ્ત્રોના રંગારાએ નિર્માણ કરેલા નાના પ્રકારના છે વર્ણ જેમના, વાયુએ કંપાવેલા સુવર્ણના વર્ણ, તારા તથા ચંદ્રના ચિન્હવાળા ધુધરીથી શોભિતા પતાકાઓ મેઘવિષે વિજળીઓ શોભે તેમ અર્જુનના રથ પર શોભે છે. હે કર્ણ ! વાયુએ પ્રેરણા કરેલા ધ્વજ, દેવતાઓના વિમાનમાં શોભે તેમ ખણુખણાટ કરતા અર્જુનના રથવિષે શોભે છે. પતાકા સહિત આ રથો મહાત્મા પાંચાલોના, પરાજય પામેલો નહીં તથા હનુમાન છે ધ્વજામાં જેની એવા રથ તેને-ભય પમાડવા કુંતિપુત્ર અર્જુનને લઈ આવે છે. જેના ધ્વજાગ્રવિષે ચોતરફથી જોવાલાયક દ્વેષિયોના પાપને વધારનાર ભયંકર વાનર દેખાય છે. તેમજ હે કર્ણ ! બુદ્ધિમાન કૃષ્ણનું આ ચક્ર, ગદા, શાંર્ગધનુષ તથા શંખ દેખાય છે, શ્રીકૃષ્ણનો કૌસ્તુભમણિ અત્યંત શોભે છે. શાંર્ગધનુષ તથા ગદા છે હાથમાં જેના એવા અતિ પરાક્રમી વાસુદેવ ભગવાન વાયુ જેવા વેગવાળા શ્વેત અશ્વોને વહન કરતા આપણી સમીપ આવે છે. અર્જુને ખેંચેલું ગાંડિવ ધનુષ શબ્દ કરે છે, અને હસ્ત લાઘવીથી તેણે મૂકેલા આ તીક્ષ્ણ બાણ આપણુને હણે છે. હે રાજન ! સંગ્રામમાંથી પલાયન ન કરતા શૂરવીરોનાં વિશાળ લાંબાં તથા તામ્ર જેવાં છે નેત્ર જેમાં એવાં પૂર્ણચંદ્ર સમાન મુખવાળાં મસ્તકોએ કરી રણભૂમિ વ્યાપ્ત થાય છે સુંદર ભોગળ જેવો છે આકાર જેમનો, પવિત્ર ગંધથી લેપન કરેલા ઉગામેલા આયુધવાળા શૂરવીરોના હાથ તેના બાણથી રણભૂમિમાં પડે છે. નાશ પામ્યાં છે નેત્ર તથા જિહ્વા જેમનાં એવા સ્વાર સહિત તેણે પાડેલા તથા પાડવા માંડેલા ઘોડાઓ ક્ષીણ થઇ પૃથ્વીપર શયન કરે છે. પર્વતના શિખર જેવાં છે રૂપ જેમનાં એવા અર્જુને છિન્નભિન્ન કરેલા હસ્તિઓ જેમ પર્વતો નાસે તેમ નાસે છે. હણાયા છે નર તથા બેસનાર જેમના એવા ગંધર્વનગર સમાન રથો સ્વર્ગવાસીઓના પવિત્ર વિમાનોની પેઠે નીચે પડે છે. નાના પ્રકારનાં હજારો મૃગનાં યૂથને જેમ કેસરી સિંહ આકુલ કરે તેમ અર્જુને અત્યંત આકુલ કરેલા આપણા સૈન્યને જો. સામે દોડ્યા આવતા આ શૂરવીર પાંડવો સામે હણાતા એવા તમારી તરફના રાજાઓ હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળોને જો. વાદળથી જેમ સૂર્ય ઢંકાઈ જાય તેમ બાણથી ઢંકાએલો અર્જુન દેખાતો નથી પણ એના સુંદર ધ્વજનો અગ્રભાગ દૂરથી સામે જ દેખાય છે અને પ્રત્યંચાનો શબ્દ સંભળાય છે. હે કર્ણ ! શ્વેત અશ્વવાળા, કૃષ્ણ છે સારથિ જેના સંગ્રામમાં શત્રુઓને હણતા શૂરવીર અર્જુનને હમણાં તું દેખીશ. હે કર્ણ ! પુરૂષમાં સિંહ રૂપ, લાલ નેત્રવાળા, શત્રુને તપાવનાર, એકરથમાં બેઠેલા વાસુદેવ તથા અર્જુનને હમણાં તું જોઇશ. શ્રીકૃષ્ણ જેના સારથિ અને ગાંડિવ જેનું ધનુષ છે, એવા અર્જુનને તું હણીશ તો અમારો રાજા થઈશ. સંશપ્તકગણે સંગ્રામ વાસ્તે બોલાવેલો તેથી તેમનીજ સન્મુખ પ્રાપ્ત થએલો બળવાન અર્જુન, એજ દ્વેષિયોનો નાશ કરે છે. એ રીતે બોલતા મદ્રદેશના અધિપતિ શલ્યને અતિ ક્રોધથી કર્ણે કહ્યું કે, હે શલ્ય ! ક્રુદ્ધ થએલા સંશપ્તકોએ ચોતરફથી વિંટેલો અર્જુન, મેઘથી સૂર્ય ઢંકાય તેમ બાણથી ઢંકાવાને લીધે દેખાતો નથી. યુદ્ધથી જેનો અંત છે એવા અર્જુન રૂપી સાગરમાં ડૂબેલા કર્ણનાં એવાં વચન સાંભળી શલ્ય તેને કહેવા લાગ્યો કે—જળે કરી વરૂણને કોણ હણે, કાષ્ટથી અગ્નિને કોણ નાશ કરે, વાયુને કોણ રોકે, તથા મહા સમુદ્રનું કોણ પાન કરી શકે ! માટે અર્જુન સાથે સંગ્રામમાં વિગ્રહ કરવો તે હું દુઃશક્ય માનું છું. યુદ્ધમાં ઇન્દ્ર સહિત દેવ તથા અસુરો પણ એને

જીતવા સમર્થ થઇ શકે તેમ નથી. વાણીથી ગમે તેમ કહી તું પરિતોષ લે છે પણ યુદ્ધ કરી તેને જીતવા તારાથી સમર્થ થવાશે નહિ, કોઈ બીજો મનોરથ કર. બે હાથેકરી જે પૃથ્વીનો ઉદ્ધાર કરે, ક્રોધાયમાન થઇ જે પ્રજાને બાળે અને જે સ્વર્ગમાંથી દેવતાઓને પાડે, તે સંગ્રામમાં અર્જુનને જીતે. તેમજ બીજા મેરૂ પર્વતની પેઠે ઉભેલા, શોભતા, અતિઉત્કૃષ્ટ કર્મ કરનાર કુંતિપુત્ર મહાબાહુ શૂરવીર ભીમસેનને લડતો જો. ક્રોધયુક્ત નિરંતર સજ્જ થએલો ઘણા કાળ સુધી કરેલા વૈરને યાદ કરતો જયને ઇચ્છતો પરાક્રમી ભીમસેન યુદ્ધવિષે ઉભેલો છે. શત્રુઓથી પરાભવ પામનાર નહિ અનેપરપુર જેતા એવા ધર્મરાજ યુધિષ્ઠિરને જો. પુરૂષમાં સિંહ રૂપ અશ્વિનીકુમાર જેવા યુદ્ધમાં દુર્જય બે ભાઇયો આ નકુલ તથા સહદેવ સંગ્રામવિષે ઉભા છે તે જો. યુદ્ધમાં અર્જુન જેવા, યુદ્ધની કામનાવાળા પાંચ પર્વતની પેઠે ઉભેલા આ પાંચ દ્રૌપદીના પુત્ર, ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવા સમૃદ્ધ સત્યથી જય પામનાર અત્યંત પરાક્રમી આ દ્રુપદપુત્ર સંગ્રામમાં શોભે છે. ઇન્દ્રની પેઠે અસહ્ય, યાદવોમાં શ્રેષ્ઠ, યુદ્ધ કરવા ઇચ્છતો ક્રુદ્ધ થએલા કાળ સરખો આ સાત્યકિ આપણી સામે આવે છે તે જો. પુરૂષમાં સિંહ રૂપ એવા તે બેઉ જણ એ રીતે પરસ્પર સંવાદ કરે છે એટલામાં તે બેઉ સેના ગંગા તથા યમુનાની પેઠે ભેટાભેટ થઇ ગઈ.

> इति संवदतोरेव तयोः पुरुषसिंहयोः ।
> ते सेने समसज्जेत गंगायमुनावद्भृशं ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णशल्यसम्वादे गुर्जरभाषायां षट्चत्वारिंशो ऽध्यायः ॥ ४६ ॥

અધ્યાય ૪૭ મો. સંકુલ યુદ્ધ.

> धृतराष्ट्र उवाच—तथा व्यूढेष्वनीकेषु संसक्तेषु च संजय ।
> संशप्तकान्कथं पार्थो गतः कर्णश्च पांडवान् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! વ્યૂહરચના કરી ઉભેલાં સૈન્ય પરસ્પર મળી ગયા પછી અર્જુન સંશપ્તક તરફ કેમ ગયો અને કર્ણ, પાંડવો સામે કેમ ગયો તે તું કુશલ છે વાસ્તે વિસ્તારથી મને કહે, કારણ કે સંગ્રામમાં શૂરવીરોનાં પરાક્રમ સાંભળતાં હું તૃપ્ત થતો નથી. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! સામે ઉભેલાં, શત્રુનાં મોટાં સૈન્યનો તિરસ્કાર કરી તમારા પુત્રના ખરાબ વિચારને લીધે અર્જુને પોતાના સૈન્યની વ્યૂહરચના કરી તે સમયે, ઘોડે સ્વાર, હસ્તિ, પાયદળ તથા રથેકરી સંકુલ, ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવું વ્યૂહરચના કરેલું મોટું સૈન્ય શોભતું હતું પક્ષી સમ વર્ણવાળા છે અશ્વ જેના, ચન્દ્ર તથા સૂર્યસમ કાંતિવાળો ધનુષ ધારણ કરેલો ધૃષ્ટદ્યુમ્ન શરીરવાન કાળ શોભે તેમ શોભતો હતો. પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્નને દિવ્ય કવચ તથા આયુધ ધારણ કરેલા સિંહ સરખા પરાક્રમવાળા યુદ્ધ કરવા ઇચ્છતા, પ્રદીપ્ત છે શરીર જેનાં એવા દ્રૌપદીના પુત્ર પાછળ ચાલનાર સહિત તારાગણ જેમ ચન્દ્રની રક્ષા કરે તેમ તેની રક્ષા કરતા હતા. ત્યાર પછી સૈન્યો વ્યૂહરચના કરીને ઉભાં. તે સમયે, સંગ્રામમાં સંશપ્તકોને જોઈ ક્રુદ્ધ થએલો અર્જુન, ગાંડિવ નામનું પોતાનું ધનુષ ખેંચી તેમની સામે દોડયો. જય માટે કરેલો છે સંકલ્પ જેમણે એવા તેના વધને ઇચ્છતા સંશપ્તક મૃત્યુભય મૂકી અર્જુન સામે દોડ્યા. નર તથા અશ્વના સમૂહે કરી વ્યાપ્ત અને મત્ત

એવા નાગ તથા રથીકરી આકુલ, પાયદળ તથા શૂરવીરોના ઓઘવાળું સંશપ્તકોનું સૈન્ય તેજ વખતે અર્જુનને પીડવા લાગ્યું. અર્જુનનો તેમની સાથે અતિ ભયંકર સંગ્રામ થયો, જેવો નિવાતકવચ સાથે આગળ થયો હતો. અર્જુને રથ, અશ્વ, ધ્વજ, હસ્તિ, સંગ્રામમાં ઉભેલા પાયદળ, ધનુષ, ખડગ ચક્ર, પરશુ, આયુધ સહિત ઉગામેલા બાહુ, વિવિધ પ્રકારના આયુધ તથા શત્રુઓનાં હજારો મસ્તક કાપી નાંખ્યાં. પાતાળના તલ જેવા તે સૈન્ય રૂપી મોટા આવર્તમાં ડુબેલા રથને માની સંશપ્તકો પણ શબ્દ કરવા લાગ્યા. અર્જુન પણ શત્રુઓને હણી ક્રુદ્ધ થએલા રૂદ્ર જેમ પશુને હણે તેમ ઉત્તર, દક્ષિણ તથા પાછળથી તેમને હણવા લાગ્યો. હે મારિષ! તે વખતે ચેદિ, પંચાલ તથા સૃંજયોનો તમારા તરફનાઓ સાથે અત્યંત દારૂણ એવો સંગ્રામ થયો. કૃપાચાર્ય, કૃતવર્મા, તથા સુબલપુત્ર શકુનિ રથ-સૈન્યને પ્રહાર કરનાર પ્રસન્ન છે સેના જેમની એવા સજ્જ થએલા તમારી તરફના યુદ્ધ-દુર્મદ યોદ્ધાઓ, કોસલ, કાશ્ય, મત્સ્ય, કારૂષ, કેકય, તથા શૂરવીરોમાં શ્રેષ્ઠ શૂરસેનો સાથે યુદ્ધ કરવા લાગ્યા. એ રીતે ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રમાં શૂરવીર એવા તેમનું દેહપાપ તથા પ્રાણનો નાશ કરે એવું સ્વર્ગ તથા યશને વધારનારૂં મોટું ધર્મયુદ્ધ ચાલ્યું. હે ભરત-ર્ષભ! તે સમયે કુરૂકુળમાં અત્યંત શૂરવીર યોદ્ધાઓ તથા મદ્રદેશના મહારથિઓ રક્ષણ કરેલા ભાઇઓ સહિત કુરૂકુળમાં શૂરવીર દુર્યોધન રાજા, પાંડવ, પંચાલ, ચેદિ તથા સાત્યકિ સાથે યુદ્ધ કરતા અને વળી કર્ણનું રક્ષણ કરતા હતા. કર્ણ પણ, તીક્ષ્ણ બાણેકરી પાંડવની મોટી સેનાને હણી શ્રેષ્ઠ રથિઓને મર્દન કરી યુધિ-ષ્ઠિરને પીડતો હતો. એ રીતે કર્ણ, વસ્ત્ર, આયુધ, દેહ તથા પ્રાણ વગરના હજારો શત્રુ-ઓને સ્વર્ગમાં મોકલી પોતાના સૈન્યને હર્ષ પમાડતો હતો. હે મારિષ! એ રીતે ગજ, વાજિ તથા નરનો છે ક્ષય જેમાં એવા કૌરવ તથા સૃંજયોનો દેવાસુર સંગ્રામ જેવો ભયંકર સંગ્રામ થવા માંડયો.

एवं मारिष संग्रामो नरवाजिगजक्षयः।
कुरूणां सृंजयानां च देवासुर समो भवत् ॥

इतिश्री महाभारतेकर्णपर्वणिसंकुलयुद्धेगुर्जरभाषायां सप्तचत्वारिंशोऽध्यायः ॥४७॥

અધ્યાય ૪૮ મો. સંકુલ યુદ્ધ—(ચાલુ).

धृतराष्ट्र उवाच—यत्त अविरथपार्थानां सैन्यं कुर्वन् जनक्षयं।
कर्णो राजानमभ्येत्यतन्ममाचक्ष्व संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય! પાંડવના સૈન્યમાં પ્રવેશ કરી, રાજા પાસે જઇ કર્ણ મનુષ્યોનો ક્ષય કરવા લાગ્યો, તે સમયે પાંડવ તરફના ક્યા શૂરવીરોએ તેને વારી રાખ્યો. સંજય કહે છે કે હે ધૃતરાષ્ટ્ર! અનેક મને પીડિત કરી અધિરથ પુત્ર કર્ણ, યુધિષ્ઠિરને પીડતો હતો. ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવા યુદ્ધ કરવા ઉભેલા પાંડવોને જોઇ, સૂર્યપુત્ર કર્ણ, તરતજ શત્રુને આકર્ષણ કરનારા પંચાલો સામે દોડયો. ઉતાવળથી સામે દોડી આવતા તેને જોઇ, જયશીલ પાંચાલો હંસો જેમ મહા સમુદ્ર તરફ જાય તેમ તે મહાત્મા સામે જવા લાગ્યા. તે વેળાએ બેઉ બાજુથી હૃદયને આનંદ આપનાર હજારો શંખનો શબ્દ, દારૂણ એવો ભેરીનો શબ્દ, હસ્તિ, અશ્વ તથા રથનો શબ્દ, તેમજ દારૂણ એવો શસ્ત્ર-

રોનો સિંહનાદ થતો હતો. નાના પ્રકારના બાણ પણ પડતા હતા. પર્વત, દ્રુમ, તથા અર્ણવ સહિત પૃથ્વી, વાયુ અને અંબુદ સહિત આકાશ, સૂર્ય, ચંદ્ર, ગ્રહ તથા નક્ષત્ર સહિત સ્વર્ગ એ બધાં વિઘૂર્ણિત થઈ જતાં હતાં. પ્રાણીયો પણ તે શબ્દને ભૂત છે એમ જાણી વિસ્મય પામવા લાગ્યાં. જે થોડા પ્રાણવાળાં પ્રાણીઓ હતાં તે તો એ શબ્દ સાંભળી મરણને પ્રાપ્ત થયાં. તે સમયે અત્યંત ક્રોધાયમાન થએલો કર્ણ, અસ્ત્રને તૈયાર કરી ઈન્દ્ર જેમ આસુરી સેનાને હણે તેમ પાંડવની સેનાને હણવા લાગ્યો. એ રીતે બાણને મૂકતા કર્ણે, પાંડવ સૈન્યમાં પ્રવેશ કરી અત્યંત શ્રેષ્ઠ એવા સત્યોતેર પ્રભદ્રકોને હણી, સુંદર પુંખવાળા બીજા પચ્ચીશ બાણે કરી પચ્ચીસ પંચાલોને મારી શૂરવીર એવો રથિમાં શ્રેષ્ઠ સુવર્ણના પુંખવાળા પર કાયાને વિદારણ કરનાર નારાચ નામના બાણેકરી સેંકડો તથા હજારો ચેદિઓને હણવા લાગ્યો. હે મહારાજ! તે રીતે સંગ્રામમાં પરાક્રમ કરતા તેને પંચાલોના રથ સમુદાયે ઘેરી લીધો. હે ભારત! શ્રેષ્ઠ એવા સૂર્યપુત્ર કર્ણે દુઃસહ એવા પાંચ બાણ સાંધી ભાનુદેવ, ચિત્રસેન, સેનાબિંદુ, તપન, તથા શૂરસેન નામના પાંચ પાંચાલોને સંગ્રામમાં હણ્યા. કર્ણે બાણોએ કરી શૂરવીર પંચાલોને હણવા માંડયા તે સમયે પંચાલોના મહા સંગ્રામમાં મોટો હાહાકાર થવા લાગ્યો. હે મહારાજ! વળી પંચાલોમાંના દસ રથિઓએ કર્ણને ઘેરી લીધો તે સમે તેમને પણ તેજ વખતે બાણોએ કરી કર્ણે હણ્યા. હે મારિષ! દુઃખે કરી કોઈથી જીતી શકાય નહીં એવા કર્ણના પુત્ર સુષેણ તથા સત્યસેન નામના તેના ચક્રરક્ષક, પ્રાણનો ત્યાગ કરી સંગ્રામમાં યુદ્ધ કરવા લાગ્યા. વૃષસેન નામનો મહારથિ પોતે પાછળથી તેની રક્ષા કરતો હતો. ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, દ્રૌપદીના પુત્રો, ભીમસેન, જનમેજય, શિખંડી, અસંત શૂરવીર પ્રભદ્રકો, ચેદિ, કેકય, પંચાલ, નકુલ, સહદેવ, તથા મત્સ્ય, એટલા હણવાને ઇચ્છતા પાંડવ તરફના મહારથિ યોદ્ધાઓ, પ્રહાર કરનાર રાધાપુત્ર કર્ણ ઉપર વર્ષાઋતુમાં જેમ મેઘ પર્વત ઉપર વર્ષાદ નાખે તેમ વિવિધ પ્રકારનાં શસ્ત્ર તથા બાણ ધારાઓનો વર્ષાદ કરવા લાગ્યા. હે રાજન! તે સમયે પિતાના રક્ષણને ઇચ્છતા પ્રહાર કરનાર કર્ણ પુત્રો તથા તમારી તરફના બીજા શૂરવીરો પાંડવ તરફના તે શૂરવીરોને વારતા હતા. તે વેળાએ સુષેણ નામનો કર્ણપુત્ર, ભલ્લ બાણેકરી ભીમસેનનું ધનુષ કાપી બીજા સાત બાણથી હૃદયમાં તેને વિંધી ગર્જના કરવા લાગ્યો. ભયંકર પરાક્રમવાળા ભીમસેને પણ, અત્યંત દૃઢ એવું બીજું ધનુષ લેઈ તેને સજ્જ કરી સુષેણનું ધનુષ કાપી જાણે નૃત્ય કરતો હોય તેમ બીજા દશ બાણેકરી ક્રોધથી એને વિંધી તીક્ષ્ણ એવા તોતેર બાણથી કર્ણને વિંધી બીજા દશ બાણથી અશ્વ, સારથિ, આયુધ તથા ધ્વજ સહિત ભાનુસેન નામના કર્ણપુત્રને તેના સંબંધિઓ જોતાં મારી નાખ્યો. તે સમયે ક્ષુરપ્ર નામના બાણથી કપાયલું ચંદ્ર જેવું તેનું મુખ, નાળથી ભ્રષ્ટ થએલા કમળની પેઠે સુંદર છે દર્શન જેનું એવું દેખાતું હતું. એ રીતે કર્ણના પુત્રને હણી ભીમસેને તમારી તરફનાઓને પીડિત કરી કૃપાચાર્ય તથા હાર્દિક્યનાં ધનુષ કાપી તેમને પણ દુઃખી કર્યા. ત્રણ બાણથી દુઃશાસનને તથા લોહમય છ બાણથી શકુનિને વિંધી ઉલૂક તથા પતત્રિને વિરથ કરી સુષેણને 'અરે તું હણાયો છે' એમ કહી બાણ માર્યો. ભીમસેનના બાણને કાપી કર્ણે ત્રણ બાણથી એને વિંધ્યો. તે સમયે વળી ભીમસેને પાયેલો એવો બીજો બાણ લઈ સુષેણ ઉપર નાખ્યો. તેને પણ કર્ણે કાપી નાખ્યો. પુત્રના રક્ષણને ઇચ્છતા કર્ણે ક્રૂર એવા તોતેર બાણેકરી ભીમસેનને મારવાની ઇચ્છાથી ખૂબ વિંધ્યો. સુષેણે ભાર સહન કરે એવું ઉત્તમ ધનુષ લઈ પાંચ બાણેકરી તરત નકુલને બે બાહુ તથા

વક્ષસ્થળમાં વિંધ્યો. બળવાન એવા નકુલે પણ ભાર સહન કરનાર દઢ એવા વીશ બાણેકરી તેને વિંધી સાને ભય ઉત્પન્ન થાય, તે રીતે સિંહનાદ કર્યો. હે મહારાજ ! મહારથિ સુષેણે પણ દસ બાણથી તેને વિંધી ક્ષુરપ્ર નામના બાણથી જલદી એનું ધનુષ કાપી નાખ્યું. તે સમયે ક્રોધથી મૂર્છિત થયેલા નકુલે બીજું ધનુષ ગ્રહણ કરી સંગ્રામના મધ્યમાં નવ બાણે કરી સુષેણને વારી રાખ્યો. શૂરવીરને હણનાર નકુલે હે રાજન ! બાણેકરી દિશાઓને ઢાંકી દેઇ એના સારથિને હણી તેમજ ત્રણ બાણથી સુષેણને વિંધી બીજા ભલ્લ નામના ત્રણ બાણેકરી એના અત્યંત દઢ એવા ધનુષના ત્રણ કડકા કરી નાંખ્યા. ક્રોધથી મૂર્છિત એવા સુષેણે પણ બીજું ધનુષ લેઈ સાઠ બાણથી નકુલને વિંધી, સાતથી સહદેવને વિંધ્યો. પરસ્પરના વધવાસ્તે બાણે કરીને હણતા બેઉ તરફના યોદ્ધાઓનું દેવાસુર સંગ્રામ જેવું અત્યંત ભયંકર યુદ્ધ થયું. સાત્યકિએ ત્રણ બાણે કરી વૃષસેનના સારથિને હણી ભલ્લ નામના બાણથી ધનુષ કાપી સાત બાણથી ઘોડાઓને મારી, એક બાણે ધ્વજાને મંથન કરી બીજા ત્રણ બાણે કરી હૃદયમાં તેને વિંધ્યો. પોતાના રથવિષે ગ્લાનિ યુક્ત થઇ પડી ગએલો મુહુર્તમાત્ર પછી તે પાછો ઉભો થઇ સાત્યકિને મારવાની ઇચ્છાથી હાથમાં ખડ્ગ તથા ઢાલ લઇ તેની સામે ધસ્યો. સામે આવતા વૃષસેનનાં ખડગ તથા ઢાલને સાત્યકિએ વારાહકર્ણ નામે દશ બાણે કરી પાડી નાંખ્યાં. તે સમયે દુઃશાસન, આયુધ તથા રથ વગરનો તેને જોઈ પોતાના રથમાં બેસાડી દુઃખથી આતુર એવા તેને રણભૂમિમાંથી બહાર લેઇ ગયો. હે વિ-શાંપતે ! મહારથી વૃષસેન બીજા રથમાં બેસી તોતેર બાણે દ્રૌપદીના પુત્રોને, પાંચે કરી સાત્યકિને, ચોસઠથી ભીમસેનને, પાંચથી સહદેવને, ત્રીસથી નકુલને, સાતે શતાનિકને, દશથી શિખંડિને તથા સો બાણથી ધર્મરાજને વિંધી,. મોટા ધનુષવાળો તે કર્ણપુત્ર જયને ઇચ્છતા અત્યંત શૂરવીર પાંડવ તરફના બીજા યોદ્ધાઓને પીડવા લાગ્યો. યુદ્ધમાં કોઇથી સહન થઇ શકે નહિ એવો તે કર્ણના પૃષ્ટભાગની રક્ષા કરવા લાગ્યો. શિનિકુળમાં ઉત્પન્ન થએલા સાત્યકિએ લોહમય નવા નવ બાણે દુઃશાસનને સારથિ, રથ તથા અશ્વ વગરનો કરી બીજા ત્રણ બાણ તેના લલાટમાં માર્યા. દુઃશાસન પણ વિધિથી રચેલા બીજા રથમાં બેસી કર્ણના સૈન્યપ્રત્યે આવી ફરીથી પાંડવો સાથે યુદ્ધ કરવા લાગ્યો. ધૃષ્ટદ્યુમ્ને દશથી, દ્રૌપદીના પુત્રોએ તેરથી, સાત્યકિએ સાતથી, ભીમસેને ચોસઠથી, સહદેવે સાતે નકુળે ત્રીશે શતાનિકે સાતે શિખંડિએ દશે તથા શૂરવીર એવા ધર્મરાજાએ સો બાણે કરી કર્ણને વિંધ્યો. તે સમયે હે રાજેંદ્ર ! એટલા એ અને અત્યંત શૂરવીર જયને ઇચ્છનાર પાંડવ તરફના બીજા યોદ્ધાઓ પણ મોટા ધનુષવાળા સૂતપુત્ર કર્ણને પીડવા લાગ્યા. રથમાં બેસી વિચરતા શત્રુને દમન કરનાર શૂરવીર સૂતપુત્ર કર્ણે દશ દશ બાણે કરી તે સર્વને વિંધ્યા. હે મહાભાગ ! તે સમયે મહાત્મા કર્ણનું અસ્ત્રવીર્ય તથા લાઘવ અમે જોયું, તે આશ્ચર્યકારક હતું. તે વખતે કર્ણને બાણ ગ્રહણ કરતાં, સાંધતાં તથા ક્રોધથી મૂકતાં અમે જોતા ન હતા. પણ કેવળ તેના બાણથી હણાયલા શત્રુનેજ જોતા હતા. કર્ણના નાખેલા તીક્ષ્ણ બાણે કરી સ્વર્ગ, આકાશ, પૃથ્વી તથા દિશાઓ પૂરાઈ જતી હતી, તે સ્થાનકમાંનું લાલ વાદળથી વીં-ટાયલા આકારવાળું આકાશ પણ શોભતું હતું. ધનુષ છે હાથમાં જેના એવો પ્રતાપવાન રાધાપુત્ર કર્ણ, જાણે નૃત્ય કરતો હોય નહિ તેની પેઠે જે પોતાને વિંધતા હતા તેઓને ત્રણગણા બાણે કરી વિંધતો હતો. વળી કર્ણ હજાર બાણથી એ સર્વને વિંધી ગર્જના કરવા લાગ્યો. તે વખતે અશ્વ, સારથિ તથા રથસહિત તેના બાણથી ઢંકાઇ ગએલા હે

તેને અવકાશ આપવા લાગ્યા. તે સમે શત્રુને આકર્ષણ કરનાર રાધાપુત્ર કર્ણ બાણના વર્ષાદથી મોટા ધનુષવાળા તેમને મંથન કરી કોઇથી બાધ કરી શકાય નહિ એવા હસ્તિસૈન્ય પ્રત્યે તીક્ષ્ણ બાણોએ સંગ્રામમાંથી પાછા હઠે નહિ એવા ચેદિઓના ત્રણસો રથિઓને હણી યુધિષ્ઠિર સામે જવા લાગ્યો. હે રાજન ! તે સમયે પાંડવ તથા સાત્યકિ સહિત શિખંડિ રાધાપુત્ર કર્ણથી રાજાની રક્ષા કરવા વાસ્તે ચોતરફથી તેને વીંટી લેતા હતા. તેમજ મોટા ધનુષવાળા સાવધાન થએલા તમારી તરફના સર્વ શૂરવીર, સંગ્રામમાં દુઃખેકરી કોઇથી વારી શકાય નહિ એવા કર્ણની ચોતરફથી રક્ષા કરતા હતા. હે વિશાંપતે ! તે વેળાએ ગર્જના કરતા શૂરવીરોના સિંહનાદ તથા નાના પ્રકારનાં વાજિંત્રોના શબ્દ થતા હતા. પછી યુધિષ્ઠિર છે મુખ્ય જેમાં એવા પાંડવ અને કર્ણ છે મુખ્ય જેમાં એવા બન્ને કૌરવ પાંડવ ભયરહિત થઇ પરસ્પર એક બીજાની સામે થવા લાગ્યા.

ततः पुनः समाजग्मुरभीताः कुरुपांडवाः ।
युधिष्ठिरमुखाः पार्था सूतपुत्रमुखा वयं ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां अष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥

અધ્યાય ૪૯ મો. કર્ણ ને યુધિષ્ઠિર.

संजय उवाच—विदार्य कर्णस्तांसेनां युधिष्ठिरमथाद्रवत् ।
रथहस्त्यश्वपात्तीनां सहस्रैः परिवारितः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! રથ, હસ્તિ, અશ્વ તથા હજારો પાયદળથી વિંટાયલો કર્ણ, તે સેનાને વિદારણ કરી યુધિષ્ઠિર સામે દોડ્યો તે વેગાએ શત્રુઓએ નાખેલા નાના પ્રકારના હજારો આયુધને કાપી, સેંકડો બાણથી ભયરહિત થઇ શત્રુઓને પણ વિંધી સૂતપુત્રે એમના મસ્તક, બાહુ તથા સાથળ કાપી નાંખ્યા. એ રીતે તેણે હણેલા રણભૂમિમાં પડતા તેમજ ઘવાયેલા બીજા સંગ્રામમાંથી ભાગવા લાગ્યા. વળી સાત્યકિએ પ્રેરેલા પાયદળ એવા દ્રાવિડ તથા નિષાદ રાજાઓ, સંગ્રામમાં કર્ણને મારવાની ઇચ્છાથી તેની સામે દોડ્યા. કર્ણના બાણે કરી બાહુ તથા સંગ્રામમાં પહેરવાની ટોપી વગરના થએલા, નાશ પામેલા તે, શાગનું વન જેમ પડે તેમ એકજ વખતે યુદ્ધ ભૂમિમાં પડ્યા. એ રીતે સંગ્રામમાં કર્ણે હણેલા હજારો યોદ્ધાઓ યશે કરી દિશાઓને પૂરતા પૃથ્વીપર પડ્યા, તે સમયે સંગ્રામમાં ક્રોધાયમાન થએલા કાળની પેઠે વિચરતા સૂર્યપુત્ર કર્ણને મંત્ર તથા ઔષધ જેમ વ્યાધિને રૂંધે તેમ પાંડવ અને પંચાલોએ રૂંધ્યો. કર્ણ, તેમને મર્દન કરી, મંત્ર ઔષધિ તથા ક્રિયા વગરનો અતિ ઉલ્બણ વ્યાધિ જેમ જોર કરે તેમ જોરથી યુધિષ્ઠિર સામે દોડ્યો. તે સમયે રાજાના રક્ષણને ઇચ્છતા પાંડવ, પંચાલ તથા કેકયોએ રૂંધેલો તે, મૃત્યુ જેમ બ્રહ્મવેત્તાઓને અતિક્રમણ કરી શકે નહિં તેમ તેમને અતિક્રમણ કરી શક્યો નહિં. તે વેળાએ ક્રોધથી અત્યંત લાલ છે નેત્ર જેનાં એવા યુધિષ્ઠિર રાજા શત્રુના શૂરવીરને હણનાર પોતા તરફના યોદ્ધાઓએ નિવારણ કરેલા અને પાસે ઉભેલા કર્ણપ્રત્યે કહેવા લાગ્યા કે, હે કર્ણ ! હે વૃથા દૃષ્ટિવાળા ! હે સૂતપુત્ર ! મારાં વચન સાંભળ. સંગ્રામવિષે

તું નિરંતર વેગવાન અર્જુન સાથે સ્પર્ધા કરે છે, તેમજ દુર્યોધનના પક્ષમાં રહી હમેશ અમને બાધ કરે છે માટે જે તારૂં બળ, પરાક્રમ તથા પાંડવપર જે દ્વેષ હોય તે બધું મોટાં પૌરૂષનો આશ્રય કરી આજ દેખાડ. આજ મોટા સંગ્રામમાં તારી યુદ્ધ કરવાની શ્રદ્ધાને હું દૂર કરીશ. હે મહારાજ ! એમ કહી પાંડુપુત્ર યુધિષ્ઠિરે સુવર્ણના પુંખવાળા લોહમય દશ બાણે કરી કર્ણને વિંધ્યો. હે ભારત ! મોટા ધનુષવાળા શત્રુને દમન કરનાર સૂતપુત્ર કર્ણે પણ હસતો હોય નહિં તેની પેઠે વત્સદંત નામના બાણે કરી યુધિષ્ઠિરને વિંધ્યા. હે મારિષ ! સૂતપુત્ર કર્ણે વિંધેલા યુધિષ્ટિર તેનો તિરસ્કાર કરી હુતદ્રવ્યે કરી જેમ અગ્નિ પ્રજ્વલિત થાય તેમ ક્રોધથી જવાલાયમાન થયા. તે વેળાએ ક્રોધની જ્વાળાએ વ્યાપ્ત એવો રાજાનો દેહ, સર્વ બ્રહ્માંડને બાળવા ઇચ્છતા પ્રલય સમયના અગ્નિના બીજા દેહ સરખો દેખાતો હતો. યુધિષ્ઠિર રાજાએ સુવર્ણથી શોભતું મોટું ધનુષ સજ્જ કરી તે પ્રત્યે પર્વતને પણ વિદારણ કરે એવો તીક્ષ્ણ યમદંડ જેવો મોટો ઉત્કૃષ્ટ બાણ સાંધી સૂતપુત્ર કર્ણને મારવાની ઈચ્છાથી તેની ઉપર નાંખ્યો. એ રીતે વેગવાન રાજાએ મૂકેલો વજ્ર જેવો શબ્દ કરતો તે બાણ, મહારથી કર્ણના ડાબા પડખામાં આવી વાગ્યો. તે પ્રહારથી પીડિત થએલો વિખરાઇ ગયું છે શરીર જેનું એવો મહાબાહુ કર્ણ, મૂર્ચ્છિત થઇ ધનુષનો ત્યાગ કરી પ્રાણ રહિતની પેઠે તરત બેભાન થઇ રથમાં પડયો. શલ્યની સન્મુખ તે મૂર્ચ્છામાં પડી ગયો. તો પણ રાજાએ અર્જુનના હિતની ઇચ્છાએ ફરીથી તેની ઉપર ઘા કર્યો નહિ. અવસ્થાને પ્રાપ્ત થએલા કર્ણને જોઇ વિવર્ણ થઇ ગયાં છે મુખ જેનાં એવું દુર્યોધનનું મોટું સૈન્ય હાહાકાર કરવા લાગ્યુ. હે મહારાજ ! રાજાનું પરાક્રમ જોઇ પાંડવની સેનામાં સિંહનાદ, ક્રીડા તથા કિલકિલ શબ્દ થવા લાગ્યા. મોટા પરાક્રમવાળા રાધાપુત્ર કર્ણે, થોડા વખતમાં સંજ્ઞા પામી રાજાનો નાશ કરવાનો મનમાં વિચાર કરી, સુવર્ણથી શોભતું જય અપનાર મોટું ધનુષ લેઇ ઘણા બળવાળા તીક્ષ્ણ બાણ પાંડુ-પુત્ર યુધિષ્ઠિર ઉપર નાખ્યા. તે સમયે સંગ્રામમાં ધર્મરાજ યુધિષ્ઠિરના રથની પાસે બેઉ બાજુ ચંદ્રમાની બે પડખે જેમ બે પુનર્વસુ નક્ષત્ર શોભે તેમ યોદ્ધાઓ શોભતા હતા. મહાત્મા રાજાના ચક્રરક્ષક તથા અત્યંત શૂરવીર પાંચાલ, ચંદ્રદેવ અને દંડધારને ક્ષુર નામના બે બાણેકરી કર્ણે હણ્યા. ફરીથી યુધિષ્ઠિરે પણ ત્રીશ બાણથી કર્ણને વિંધી, સુષેણ તથા સત્યસેનને ત્રણ ત્રણ બાણે કરી હણ્યા. વળી નેવુંથી શલ્યને, તોતેરથી કર્ણને વિંધી તેનું રક્ષણ કરનાર સુષેણ તથા સત્યસેનને ત્રણ ત્રણ બાણે કરી વિંધ્યા. તે જોઈ અધિરથપુત્ર કર્ણે હાસ્ય કરી ધનુષને હલાવી ભલ્લનામના બાણથી રાજાને ભેદી બીજા સાઠ બાણે વિંધી મોટો શબ્દ કર્યો. એટલામાં તેને સહન ન કરી શકતા પાંડવ તરફના અત્યંત શૂરવીર યોદ્ધાઓ, યુધિષ્ઠરના રક્ષણવાસ્તે કર્ણ સામે દોડી બાણેકરી તેને પીડવા લાગ્યા. તેમજ શૂરવીર સાત્યકિ, ચેકિતાન, યુયુત્સુ, પાંડ્ય, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, દ્રૌપદીના પુત્રો, પ્રભદ્રકો, નકુલ તથા સહદેવ, ભીમસેન, શિશુપાળનો પુત્ર, કારૂષ, બાકી રહેલા મત્સ્ય, કેકય, કાશી તથા કોસલ એટલા તે, વસુષેણને મારવા લાગ્યા. પાંચાલ એવો જનમેજય, વારાહકર્ણ, નારાચ, નાલીક, વત્સદંત, વિપાઠ, ક્ષુરપ્ર અને ચટકામુખ નામના તીક્ષ્ણ બાણ તથા ઉગ્ર એવાં નાના પ્રકારનાં બીજાં શસ્ત્રોએ કરી કર્ણને વિંધી રથ, હસ્તિ, અશ્વ તથા ઘોડેસ્વાર સહિત તેને મારવાની ઇચ્છાથી ચોતરફથી ઘેરી વળ્યા. એ રીતે શ્રેષ્ઠ પાંડવોએ ચોતરફથી ઘેરાયેલા કર્ણે બ્રહ્માસ્ત્ર સાંધ્યું, તેના બાણોએ દિશાઓ પૂરાઈ ગઇ. તે વખતે બાણરૂપી મોટી

જ્વાલાવાળો, વીર્યરૂપી છે ઉષ્મા જેની એવો સંગ્રામમાં વિચરતો કર્ણરૂપ અગ્નિ પાંડવરૂપી વનને બાળવા લાગ્યો. પછી મોટું છે ધનુષ તથા મન જેનું એવા કર્ણે મોટાં અસ્ત્ર સાંધી તથા હાસ્ય કરી યુધિષ્ઠિરનું ધનુષ કાપી, વળી નિમિષ માત્રમાં નત છે પર્વ જેનાં એવા નેવું બાણ સાંધી યુધિષ્ઠિરરાજાનું કવચ ભેદ્યું. સુવર્ણથી શોભતું અને રત્નથી વિચિત્ર પ્રકારનું તે, વિદ્યુત્સહિત સૂર્યના કિરણોથી મળેલું વાયુએ હણેલ વાદળ હોય તેમ શોભતું હતું. વળી યુધિષ્ઠિરના અંગમાંથી ભ્રષ્ટ થએલું વિચિત્ર પ્રકારનાં રત્નેકરી અલંકૃત તે કવચ રાતે વાદળવગરનું આકાશ શોભે તેમ શોભતું હતું. કર્ણના બાણથી કપાયું છે કવચ જેનું એવા રૂધિરથી વ્યાપ્ત યુધિષ્ઠિરે લોહમય શક્તિ અધિરથપુત્ર કર્ણઉપર નાખી. આકાશને પ્રજ્વલિત કરતી તે શક્તિને સાત બાણે કરી કર્ણે કાપી નાખી. એ રીતે મોટા ધનુષવાળા બાણોએ કરી કપાયલી તે પૃથ્વીપર પડતી હતી એટલામાં યુધિષ્ઠિરે કર્ણના બે બાહુ, લલાટ તથા હૃદયમાં ચાર ભાલાનો પ્રહાર કરી હર્ષથી મોટો શબ્દ કર્યો. શરીરમાં વ્યાપ્ત થયું છે રૂધિર જેને એવા સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ મૂકતા ક્રોધાયમાન કર્ણે, ભલ્લનામના બાણથી યુધિષ્ઠિરનો ધ્વજ કાપી ત્રણ બાણથી તેમને વીંધી, બે ભાથા કાપી રથના તિલતિલ જેવડા કડકા કરી નાખ્યા. કાળા છે વાળ જેમના એવા દાંતસરખા વર્ણવાળા ઘોડાઓ યુધિષ્ઠિરને વહન કરતા હતા. ઘોડા જોડેલા રથમાં બેસી કર્ણની સામે ઉભા રહેવાને અસમર્થ ખેદયુક્ત છે મન જેનું અને હણાયા છે પાર્શ્વવર્તી તથા સારથિ જેમના એવા યુધિષ્ઠિર ત્યાંથી જવા લાગ્યા. રાધાપુત્ર કર્ણે તેમની સામે દોડી, વજ્ર, છત્ર, અંકુશ, મત્સ્ય, ધ્વજ, કૂર્મ તથા અંબુજાદિક લક્ષણે કરી યુક્ત અને શ્વેત પોતાના હાથથી આત્માને પવિત્ર કરવા સારૂ પાંડુનંદન યુધિષ્ઠિરને ખભે સ્પર્શ કરી બલાત્કારથી તેમને પકડી લેવાની ઇચ્છા કરી. એટલામાં કુંતિના વાક્યનું સ્મરણ થયું. શલ્યે તેને કહ્યું કે હે કર્ણ! ઉત્તમ એવા રાજાને તું પકડ માં, કેમકે પકડાતાં વાંત તે, તને હણી મને પણ ભસ્મ કરી નાખશે. હે રાજન! તે સમયે પાંડુપુત્ર યુધિષ્ઠિરને જાણે નિંદતો હોય નહિ તેમ હાસ્ય કરી સૂર્યપુત્ર કર્ણ બોલ્યો કે—હે યુધિષ્ઠિર! પ્રસિદ્ધ કુળમાં ઉત્પન્ન થઇ ક્ષત્રધર્મમાં રહેલો તું ભય પામી પ્રાણના રક્ષણવાસ્તે કેમ સંગ્રામનો ત્યાગ કરે છે? તું વેદાધ્યયન તથા યજ્ઞના કર્મરૂપ બ્રાહ્મણના બળવિષે જોડાયલો છે પણ ક્ષત્રધર્મમાં કુશલ નથી. હે કુંતિપુત્ર! તું યુદ્ધ કર માં અને શૂરવીરો સામે આવ પણ માં; તેમ શૂરવીરોપ્રત્યે અપ્રિય વચન પણ બોલ માં. મહા સંગ્રામમાં જા માં, તેમજ હે મારિષ! બીજા સામે બોલવું પણ મારા સરખા સાથે સંગ્રામમાં ભાષણ કરવું નહિ કારણકે, યુદ્ધમાં મારા જેવા સાથે ભાષણ કરીશ તો આપત તથા બીજા પણ ફળને પ્રાપ્ત થઇશ. હે કુંતિના પુત્ર! જ્યાં કેશવ તથા અર્જુન છે ત્યાં જા. હે રાજન! સંગ્રામમાં ક્યારે પણ કર્ણ તને મારનાર નથી એમ કહી યુધિષ્ઠિરને છોડી દેઇ મહા બળવાન કર્ણ, ઇન્દ્ર જેમ આસુરી સેનાને હણે તેમ પાંડવની સેનાને હણવા લાગ્યો. હે રાજન! તે વખતે યુધિષ્ઠિર રાજા લજાતા હોય તેમ સંગ્રામમાંથી બહાર નિકળવા લાગ્યા. કોઇ દિવસ સંગ્રામમાંથી ખસે નહિ એવા રાજાને એ રીતે જતા જોઇ ચેદિ, પાંડવ, પંચાલ, મહારથી સાત્યકિ, શૂરવીર એવા દ્રૌપદીના પુત્ર, તથા પાંડુપુત્ર નકુલ અને સહદેવ, એ સર્વ તેમની પાછળ જવા લાગ્યા. એવી રીતે વિમુખ થએલા યુધિષ્ઠિરના સૈન્યને જોઇ અત્યંત પ્રસન્ન થએલો શૂરવીર કર્ણ, કૌરવ સહિત, તેમની પાછળ જવા લાગ્યો, તે વેળાએ કૌરવના સૈન્યમાં ભેરી, શંખ, મૃદંગ તથા ધનુષનો શબ્દ અને શૂરવીરોના સિંહનાદ થવા

લાગ્યા. હે કૌરવ ! હે મહારાજ ! ધર્મરાજ યુધિષ્ઠિર પણ રથમાં બેસી દાનશીલ એવા કર્ણનું પરાક્રમ તથા તેણે નાશ પમાડેલા પોતાના સૈન્યને જોઇ પોતા તરફના યોદ્ધાઓ પ્રત્યે ક્રોધથી આવી રીતે કહેવા લાગ્યા કે, શું બેઠા છો ? આમને મારો. રાજાની આજ્ઞા સાંભળી પાંડવોમાંના ભીમસેન છે મુખ્ય જેમાં એવા સર્વ મહારથિઓ તમારા પુત્રો સામે દોડ્યા. તે સમયે હે ભારત ! રથ, હસ્તિ અશ્વ, પાયદળ, શસ્ત્ર તથા યોદ્ધાઓનો તે તે ઠેકાણેથી ભયંકર શબ્દ થતો હતો. અનેક ભાથાઓથી 'પ્રહાર કરો, સન્મુખ દોડો,' એ રીતે બોલતા શૂરવીર યોદ્ધાઓ તે મહા સંગ્રામમાં એક બીજાને હણવા લાગ્યા. એ રીતે પરસ્પર હણાતા શ્રેષ્ઠ પુરૂષોના નાખેલા બાણની વૃષ્ટિએ કરી આકાશમાં અભ્રચ્છાયા જેવી છાયા થઇ ગઇ. ત્રાસ પામ્યા છે પતાકા, ધ્વજ, છત્ર, અશ્વ, સારથિ તથા આયુધ જેમનાં એવા અંગ તથા અવયવ રહિત ક્ષીણ થએલા રાજાઓ પૃથ્વી ઉપર પડતા હતા. પર્વતોના અગ્રભાગમાંથી પડતા શિખરોની પેઠે અને વજ્રથી ભેદાયલા પર્વતોની પેઠે હણાયલા માવત સહિત હસ્તિઓ રણભૂમિપર પડતા હતા. છિન્નભિન્ન તથા અવળાં થઈ ગયાં છે વસ્ત્ર, અલંકાર તથા ભૂષણ જેમનાં, સ્વાર સહિત હણાયા છે શૂરવીર જેમના એવા હજારો ઘોડાઓ તથા કપાઇ ગયાં છે આયુધ જેમનાં એવા રથિઓએ હણેલા વિરથ એવા હજારો પાયદળના સંઘ તે મોટા યુદ્ધવિષે પડતા હતા. તે વેળાએ વિશાળ અને દીર્ઘ તથા તામ્ર જેવાં છે નેત્ર જેમાં એવાં કમળ તથા ચંદ્ર સમાન મુખવાળાં શૂરવીરોનાં મસ્તકોએ કરી ચોતરફથી રણભૂમિ ઢંકાઈ ગઇ હતી. તે સમયે રણભૂમિમાં જેવો શબ્દ થતો હતો તેવોજ આકાશમાં પણ વિમાનારૂઢ અપ્સરાના સંઘોએ કરેલો ગીત તથા વાદિત્રોનો શબ્દ થતો હતો. શૂરવીરોએ હણેલા સન્મુખ આવી હણાયેલા સેંકડો તથા હજારો શૂરવીરોને અપ્સરાઓના ગણ વિમાનમાં બેસાડી બેસાડી સ્વર્ગમાં લઇ જતા હતા. તે મોટું આશ્ચર્ય પ્રત્યક્ષ જોઈ અત્યંત પ્રસન્ન છે મન જેમનું એવા શૂરવીર, સ્વર્ગને પામવાની ઇચ્છાથી એક બીજાને પરસ્પર હણતા હતા. સંગ્રામમાં રથિઓ રથિઓ સાથે, પાયદળ પાયદળ સાથે, હસ્તિઓ હસ્તિઓ સાથે અને ઘોડાઓ ઘોડાઓ સાથે વિચિત્ર પ્રકારનું યુદ્ધ કરતા હતા. હસ્તિ, અશ્વ તથા નરનો છે ક્ષય જેમાં એવા સંગ્રામમાં સૈન્યની રજ ઉડવાથી પોતાના પોતાનાઓને અને પારકા પારકાઓને હણતા હતા, તે વેળાએ કચાકચિ, દંતાદંતિ, નખાનખિ તથા દેહપાપ અને પ્રાણને નાશ કરે એવું મુષ્ટિયુદ્ધ પણ થતું હતું. નર, અશ્વ તથા હસ્તિના દેહમાંથી પડેલા રૂધિરની મનુષ્યના દેહને વહન કરનારી મહા ભયંકર, માંસરૂપી છે ગારો જેમાં, ભીરૂ પુરૂષને ભય આપનારી રક્તની નદી પ્રવર્તમાન થઈ હતી. કેટલાક જયને ઇચ્છનારા પુરૂષ તે નદીના અપાર એવા પારને પામતા હતા અને હે ભરતર્ષભ ! કેટલાક તો ઊંચી જગાએ કૂદી કેટલેક ઠેકાણે માંહી ડૂબી પાછા નીકળી તેને તરી જતા હતા. વળી રૂધિરથી લીંપાઇ ગયેલા અંગવાળા, અને લાલ થઈ ગયાં છે કવચ, આયુધ તથા વસ્ત્ર જેમનાં એવા કેટલાક તે નદીમાં સ્નાન તથા પાન કરતા ગ્લાનિ પામતા હતા. તેમજ બહુધા હણવા માંડેલા તથા હણાયલા રથ, અશ્વ, નર, હસ્તિ, આયુધ, આભરણ, વસ્ત્ર, કવચ, તે સ્થાનકની પૃથ્વી, આકાશ તથા દિશાઓ એ સર્વને લાલ વર્ણવાળાં અમે જોતા હતા. હે ભારત ! ગતિ કરતા તે રૂધિરનો શબ્દ, ગંધ સ્પર્શ ને રસ એવા રૂપે કરી સૈન્યને ખેદ ઉત્પન્ન કરતો હતો. એ રીતે હણાયલા સૈન્યને જોઇ ભીમસેન તથા સાત્યકિ છે મુખ્ય જેમાં એવા પાંડવ તરફના યોદ્ધાઓ ફરી

તમારા પુત્રના સૈન્ય સામે દોડયા. તે સમયે હે રાજન! સામે આવતા તે યોદ્ધાઓના સહન થઇ શકે નહિ એવા વેગને જોઇ વિખરાઇ ગયેલા નર, અશ્વ, રથ, અને હસ્તિએ કરી સંકુલ તથા નાશ પામ્યાં છે કવચ આયુધ અને ધનુષ જેમનાં એવું વિમુખ થએલું પાંડવોએ ચોતરફથી પીડા પમાડેલું તમારા પુત્રોનું મોટું સૈન્ય, અરણ્યમાં સિંહે પીડિત કરેલું હસ્તિ વૃંદ ભાગે તેમ ભાગવા લાગ્યું.

व्यद्रवत्तावकं सैन्यं लोड्यमानं समेततः ।
सिंहार्दितमिवारण्ये यथा गजकुलं तथा ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि संकुलयुद्धे गुर्जरभाषायां ऊनपंचाशतमोऽध्यायः ॥ ४८ ॥

અધ્યાય ૫૦ મો. ભીમે કર્ણને મૂર્ચ્છિત કર્યો.

संजय उवाच—तानभिद्रवतो दृष्ट्वा पांडवास्तावकं बलं ।
दुर्योधनो महाराज वारयामास सर्वशः ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે ભરતર્ષભ! તમારા સૈન્ય સામે આવતા પાંડવોને જોઇ દુર્યોધને ચોતરફથી તેમને વારી રાખી સૈન્ય તથા યોદ્ધાઓને ઉભા રાખ્યા. તોપણ તેઓ પાછા ફર્યા નહિ. તે સમયે પક્ષ, પ્રપક્ષ તથા સુબલાપુત્ર શકુનિ અને શસ્ત્ર સહિત બીજા કારવ, સંગ્રામમાં ભીમસેન સામે દોડ્યા. કર્ણે પણ દોડ્યા જતા રાજા સહિત ધૃતરાષ્ટ્રના પુત્રોને જોઇ શલ્યને કહ્યું કે ભીમસેનના રથ તરફ ચાલ. કર્ણનાં વચન સાંભળી મદ્રદેશના અધિપતિ શલ્યે હંસ જેવા વર્ણવાળા ઉત્તમ ઘોડાઓને જ્યાં ભીમસેન હતો ત્યાં હાંક્યા. હે મહારાજ! સંગ્રામમાં શોભતા શલ્યે પ્રેરણા કરેલા અશ્વ, ભીમસેનના રથ પ્રત્યે પહોંચ્યા. હે ભરતર્ષભ! સામે આવતા કર્ણને જોઇ ક્રોધયુક્ત ભીમસેને કર્ણનો નાશ કરવાની મતિ કરી. શૂરવીર સાત્યકિ તથા પાર્ષત એવા ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે હે પાર્ષત! કોઇ રીતે મારા જોતાં મોટા સંશયથી મુક્ત થએલા મહાત્મા યુધિષ્ઠિર રાજાની તમે રક્ષા કરો, કેમકે દુર્યોધનનું પ્રિય કરવા સારુ દુર્બુદ્ધિવાળા રાધાપુત્ર કર્ણે, મેં આગળ કરેલા રાજાના સર્વ પરિકર જનને હણ્યા છે, માટે સંગ્રામમાં આજ અત્યંત દુઃખના અંતને હું પામીશ અથવા તે મને મારશે, એ હું સત્ય કહું છું તમારે શિર રાખેલા રાજાના રક્ષણ માટે તમે સર્વ, સંતાપ રહિત થઇ યત્ન કરજો. એમ કહી મહાબાહુ ભીમસેન, મોટા સિંહનાદ કરી સર્વ દિશાઓને શબ્દાયમાન કરતો અધિરથ પુત્ર કર્ણ સામે ગયો. યુદ્ધથી આનંદ આપનાર ભીમસેનને જોઇ સમર્થ એવા મદ્રદેશના અધિપતિ શલ્યે સૂતપુત્ર કર્ણને કહ્યું કે, હે કર્ણ! ઘણા કાલથી એકઠા થયેલા ક્રોધને તારાપર જરૂર કરીને મૂકવાની કામનાવાળા અત્યંત ક્રોધાયમાન થએલા મહાબાહુ પાંડુપુત્ર ભીમસેનને જો હે કર્ણ! અભિમન્યુ તથા રાક્ષસ ઘટોત્કચ હણાયો તે વેળાએ પણ આવું રૂપ પૂર્વે મેં જોયું ન હતું. પ્રલય સમયના અગ્નિ જેવું રૂપ ધારણ કરનાર ક્રોધથી સમસ્ત ત્રૈલોક્યને નિવારણ કરવામાં સમર્થ થઇ શકે એવો એ સમર્થ છે. સંજય કહે છે—હે નૃપ! મદ્રદેશના અધિપતિ શલ્યે રાધાપુત્ર કર્ણને આમ કહ્યું તેટલામાં ક્રોધેકરી પ્રદીપ્ત ભીમસેન સૂર્યપુત્ર કર્ણ સામો આવી ઉભો રહ્યો. તે સમયે યુદ્ધમાં આનંદ પામનાર સામે આવી ઉભેલા ભીમસેનને જોઇ રાધાપુત્ર કર્ણ હસતો હોય

શબ્દથી તથા અર્થથી વેદને જાણેલા છે, પણ ઉપનિષદ્ પ્રતિપાદ્ય પુરૂષને જાણતા નથી, તે છંદને જાણનારા કહેવાય નહી. હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! સત્ય પરમાત્માને વિષે વેદો સ્વતંત્રતાથી પ્રવર્તે છે, ને તે પરમાત્માને જાણવાથી પુરૂષો છંદ જાણનારા કહેવાય છે, તેઓમે જાણેલું જાય શ્રેષ્ઠ પુરૂષો બ્રહ્મને પામે છે. હે રાજન્ ! કોઇપણ વેદોના રહસ્યને જાણનારો છે નહી, કરી ચિત્ત શુદ્ધિદ્વારા કોઇકજ જાણી શકે છે. વેદોને જે જાણે તે સર્વ જાણવા લાયક વસ્તુને જાણે નહી, પણ જે સત્ય પરમાત્મા વિષે સ્થિત છે તે જાણવા યોગ્ય સર્વ વસ્તુને જાણે છે. પ્રત્યક્ષાદિ પ્રમાણોને જાણે તે પ્રમેય વસ્તુને પણ જાણે છે, પણ તે પ્રમાણો જડ હોવાથી પ્રમેય વસ્તુને જાણતા નથી. ત્યાં કોઇ કહેશે કે--મન વાણીથી અગોચર પરમાત્મા કેમ જણાય તો અહંબ્રહ્માસ્મિ ઇત્યાદિ શાબ્દ પ્રમાણે કરી પરમાત્મા જણાય છે, તેને જાણનારજ વેદ જાણનાર કહેવાય છે. પ્રતિપદના ચંદ્રની કળા જોવા વાસ્તે વૃક્ષની શાખાનું ગ્રહણ કરાય છે, તેમ પરમ પુરૂષાર્થરૂપ પરમાત્માને જાણવા વાસ્તેજ વેદોનો સ્વીકાર કરાય છે, એમ સત્પુરૂષો માને છે. પરમાત્માને જણાવવા વાસ્તે જે યથાર્થ વ્યાખ્યાન કરી જાણે, યુક્તિથી સમજાવવામાં કુશળ હોય, પોતે સંશય રહિત ને બીજાના સર્વ સંશય દૂર કરે, તે બ્રહ્મવેત્તા બ્રાહ્મણને ગુરૂ કરવો, એમ હું જાણું છું. આત્માને ખોળવાનું સ્થાન પૂર્વ કે દક્ષિણ દિશા નથી, તેમ એ દિશાઓમાં નથી એમ પણ નહી, તથાપિ તેનું સ્થાન હૃદયમાં ખોળવું. તેને પોતાપણાએ માનેલા પંચકોશમાં કોઇ રીતે શોધવો, તેને વેદમાં ન શોધનાર તપસ્વી પુરૂષ પણ તપે કરીને જુવે છે. વાગાદિક બાહ્યેંદ્રિયને નિયમમાં રાખી, મનને બીજા આધાર રહિત કરી, પરમેશ્વરની ઉપાસના કરવી એમ કહેલું છે. વાસ્તે હે રાજન્ ! વેદમાં વિખ્યાત મનવાણીથી અગોચર બ્રહ્મને અંતરમાં જો. ધ્યાન માત્રથી કંઇ મુનિ કહેવાય નહી, તેમ સંન્યાસ માત્રથી પણ મુનિપણું ગણાય નહી, પણ જે પોતાના આત્માનું સ્વરૂપ જાણે તે જ શ્રેષ્ઠ મુનિ કહેવાય. સર્વ અર્થને પ્રગટ કરનાર હોવાથી જ્ઞાની વૈય્યાકરણ કહેવાય છે, ને બ્રહ્મજ નામરૂપાદિકે કરી ભાસે છે. જે પુરૂષ બ્રહ્મને પ્રત્યક્ષ જોનાર થાય છે, તે લોકમાં સર્વદર્શી કહેવાય છે. એ રીતે પરમાત્મા વિષે જેની સ્થિતિ છે, તે બ્રહ્મવેત્તા બ્રાહ્મણ સર્વજ્ઞ થાય છે. હે ક્ષત્રિય ! મેં પૂર્વે કહેલા ધર્માદિ વિષે રહેલો પુરૂષ વેદમાં કહેલા ક્રમે કરી બ્રહ્મને જુવે છે, એ વાત હું તમને મારી બુદ્ધિને અનુસારે કહું છું.

धर्मादिषु स्थितोऽप्येवं क्षत्रियब्रह्म पश्यति ।
वेदानां चानुपूर्व्येण एतद्बुद्ध्या ब्रवीमि ते ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सनत्सुजातपर्वणि सनत्सुजातवाक्ये गुर्जरभाषायां त्रिचत्वारिंशोऽध्यायः ॥ ४३ ॥

અધ્યાય ૪૪ મો. બ્રહ્મ સંબંધી જ્ઞાન.

धृतराष्ट्र उवाच—सनत्सुजातयामिमां परां त्वं ब्राह्मीं वाचं वदसे विश्वरूपां ।
परांहि कामेन सुदुर्लभां कथां प्रब्रूहि मे वाक्यमिदं कुमार ॥१॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સનત્સુજાત ! હે કુમાર ! આ અત્યુત્કૃષ્ટ બ્રહ્મની પ્રાપ્તિ કરાવનારી, અને જે જાણનારને બીજું કંઇ અવશેષ જાણવાનું રહે નહી એવી નિષ્કામ વાર્તા કહિત—

નહિ તેની પેઠે શલ્યને કહેવા લાગ્યો કે હે મદ્રદેશના રાજા! હે સમર્થ! ભીમસેન માટે જે વચન આજ તેં મને કહ્યું તે સત્ય છે, એમાં સંશય નથી. હું સર્વ રીતે એના પરાક્રમને જાણું છું. શૂરવીર, ક્રોધી, શરીરવિષે અપેક્ષારહિત, પ્રાણ તથા બળેકરી અધિક એવા વિરાટ નગરમાં અજ્ઞાતવાસ વસતા એણે દ્રૌપદીના પ્રિયઅર્થે કેવળ પોતાના બાહુના આશ્રયથી ગૂઢભાવનો આશ્રય કરી ગણુસહિત કીચકને કચરી નાંખ્યો હતો. ક્રોધથી મૂર્ચ્છિત, ઉગામેલા દંડવાળો કાળજેવા સંગ્રામના મસ્તકાવષે સન્નદ્ધ થએલો સામે આવેલા કાળસાથે પણ યુદ્ધ કરવા જાય એમાં સંશય નહિ, તથાપિ મારે તો ઘણા કાળથી આ મનોરથ અભિલ-ષિત છે જે કાં તો અર્જુનને સંગ્રામમાં હું મારૂં અથવા કાંતો મને તે મારે. ભીમસેનના સમાગમથી તેને હું હણું વા વિરથ કરૂં તે જોઇ અર્જુન મારી સામે આવે તો મારૂં સારૂં થાય. એ વિષે જે યોગ્ય તું માનતો હોય તે જલદી કર. ઘણા તેજવાળા રાધાપુત્ર કર્ણનાં એવાં વચન સાંભળી શલ્યે કહ્યું કે—હે મહાબાહો! મહા બળવાન ભીમસેન સામે જઇ તેને પરાભવ પમાડી પછી તું અર્જુનને મેળવીશ. ઘણા કાળથી હૃદ્ગત એવો તારો અભિ-લષિત કામ પરિપૂર્ણ થશે એ હું તને સત્ય કહું છું. એવાં શલ્યનાં વચન સાંભળી વળી કર્ણે તેને કહ્યું કે સંગ્રામમાં હું અર્જુનને હણીશ, વા તે મને હણશે માટે યુદ્ધમાં મન રાખી જ્યાં ભીમસેન છે ત્યાં ચાલ. સંજય કહે છે કે હે વિશાંપતે! કર્ણનાં વચન સાંભળી જ્યાં મોટા ધનુષવાળો ભીમસેન, સેનાને નસાડતો હતો ત્યાં શલ્ય કર્ણનો રથ લઇ ગયો. તે સમયે હે રાજેંદ્ર! ભીમસેન તથા કર્ણ મળતાં તીરી તથા ભેરીના મોટા શબ્દ થયા. તે વેળાએ અત્યંત ક્રુદ્ધ થએલો બળવાન ભીમસેન ક્રોધથી સહન થાય નહિ એવા તેના સૈન્યને નિર્મલ તીક્ષ્ણ નારાચ નામના બાણે કરી નસાડવા લાગ્યો. હે વિશાંપતે! હે મહારાજ! કર્ણ તથા પાંડુપુત્ર ભીમસેનના તે સંગ્રામમાં ઘોર છે રૂપ જેનું એવો ભયંકર સન્નિપાત થઈ રહ્યો. હે રાજેંદ્ર! ત્યાર પછી મુહૂર્ત માત્રમાં પાંડુપુત્ર ભીમસેન કર્ણ સામે દોડ્યો. સામે આવતા તેને જોઇ સૂર્યપુત્ર કર્ણે અત્યંત ક્રોધથી નારાચ નામના બાણે કરી છાતીમાં તેને વિંધ્યો. વળી ઘણા બળવાળા તેણે તેની ઉપર બાણનો વર્ષાદ કર્યો. એ રીતે સૂતપુત્ર કર્ણે વિંધેલા ભીમસેને બાણોથી કર્ણને ઢાંકી દેઈ નત છે પર્વ જેનાં એવા નવ બાણે કરી વળી તેને વિંધ્યો. કર્ણે પણ બાણોએ કરી ભીમસેનના ધનુષના મધ્યભાગમાંથી બે કડકા કરી નાંખ્યા. ધનુષવાળા એને પણ સર્વ આવરણ ભેદનાર અત્યંત તીક્ષ્ણ નારાચ નામના બાણે કરી છાતીમાં વિંધ્યો. હે રાજન! મર્મજ્ઞ એવા ભીમસેને પણ બીજું ધનુષ ગ્રહણ કરી સૂતપુત્ર કર્ણને તીક્ષ્ણ બાણોએ કરી મર્મ સ્થાનમાં વિંધી પૃથ્વીને કંપાવતો હોય તેમ અત્યંત મોટો શબ્દ કર્યો. કર્ણે મદોન્મત્ત હસ્તિને જેમ ઊંબાડીઆથી ભેદે તેમ મદો-ત્કટ એવા ભીમસેનને નારાચ નામના વીશ બાણે ભેદ્યો, તે વેળાએ કર્ણના બાણથી ભેદાયાં છે અંગ જેનાં એવા અમર્ષથી તામ્રા જેવા નેત્રવાળાને ક્રોધથી મૂર્ચ્છિત થએલા પાંડુપુત્ર ભીમસેને, સૂતપુત્ર કર્ણને મારવાની ઇચ્છાથી ધનુષપર મોટા વેગવાળો ભાર સહન કરનાર તથા પર્વતને પણ ભેદનાર એવો ઉત્તમ બાણ સાંધી કાનપર્યંત પણછ ખેંચી કર્ણ ઉપર મૂક્યો. બળવાને મૂકેલા સણસણાટ શબ્દવાળા તે બાણે, વજ્ર જેમ પર્વતને વિદારણ કરે તેમ કર્ણને વિદારણ કર્યો. હે કુરૂદ્વહ! એ રીતે ભીમસેને હણેલો સેનાપતિ સૂતપુત્ર કર્ણ, બેભાન થઇ રથ ઉપર બેસવાના સ્થાનક પાસે પડી ગયો. મદ્રનો અધિપતિ શલ્ય. સંજ્ઞા રહિત થએલા સૂતપુત્ર કર્ણને જોઈ સંગ્રામવિષે શોભતા તેને બહાર લેઇ ગયો કે

રીતે કર્ણ પરાજય પામ્યો તેને જોઇ ઇન્દ્રે જેમ પૂર્વે દૈત્યોને નસાડયા હતા તેમ ભીમસેન તમારા પુત્રોની મોટી સેનાને નસાડવા લાગ્યો.

ततः पराजिते कर्णे धार्तराष्ट्रीं महाचमूं ।
व्यद्रावद्भीमसेनो यथेंद्रो दानवान् पुरा ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णापयाने गुर्जरभाषायां पंचाशत्तमोऽध्यायः ॥ ५० ॥

અધ્યાય ૫૧ મો. ભીમનો ભયંકર સંહાર.

धृतराष्ट्र उवाच—सुदुष्करमिदं कर्मकृतं भीमेन संजय ।
येन कर्णो महाबाहुरथोपस्थे निपातितः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! ભીમસેને મહાબાહુ કર્ણને રથમાં બેસવાના સ્થાનક ઉપર મૂર્ચ્છિત કર્યો તે દુષ્કર કર્મ કર્યું, કેમકે વારંવાર દુર્યોધન મને આવી રીતે કહેતો હતો કે એકલો કર્ણ, સંજય સહિત પાંડવોને હણશે. સંગ્રામમાં ભીમસેને પરાજય પમાડેલા રાધાપુત્ર કર્ણને જોઈ દુર્યોધને શું કર્યું તે મને કહે ? સંજય કહે છે કે, હે મહારાજ ! તે મહા સંગ્રામમાં વિમુખ થએલા રાધાપુત્ર કર્ણને જોઈ તમારા પુત્ર દુર્યોધને પોતાના ભાઇઓને કહ્યું કે હે બંધુઓ ! તમારૂ કલ્યાણ થાઓ અને તમે ભીમસેનના ભયે અગાધ એવા દુઃખસમુદ્રમાં ડૂબતા રાધાપુત્ર કર્ણની સત્વર તેની પાસે જઇ રક્ષા કરો. તેની આજ્ઞાનો સ્વીકાર કરી ભીમસેનને મારવાની છે ઇચ્છા જેમને એવા ક્રુદ્ધ થએલા શ્રુતર્વા, દુર્ધર, ક્રાથ, વિવિત્સુ, વિકટ, સમ, નિષંગી, કવચી, પાશી, નંદ, ઉપનંદ, દુષ્પ્રધર્ષ, સુબાહુ, વાતવેગ, સુવર્ચા, ધનુર્ગ્રાહ, દુર્મદ, જલસંધ, શલ તથા સહ, મહા બળવાન પરાક્રમી રથિઓએ વિંટાયલા પતંગ નામના જંતુઓ જેમ અગ્નિ સામે જાય તેમ ભીમસેન સામે જઈ ચોતરફથી તેને ઘેરી નાના પ્રકારના બાણ મૂકવા લાગ્યા. એ રીતે તેઓએ પીડિત કરેલા મહા બળવાન ભીમસેને, સામે આવતા તમારા પુત્રો તરફના સો રથિઓને હણ્યા. ક્રોધ પામેલા તેણે ભલ્લ નામના બાણે વિવિત્સુનું નાક કાપી નાંખ્યું. તે સમયે કુંડળ તથા સંગ્રામમાં પેરવાની ટોપી સહિત પૂર્ણ ચંદ્ર જેવું તે મસ્તક પૃથ્વી-ઉપર પડયું. હે પ્રભો ! હણાયેલા વિવિત્સુને જોઇ તેના સર્વ ભાઇઓ, ભયંકર છે પરાક્રમ જેનું એવા ભીમસેન સામે દોડયા, એટલામાં ભયંકર પરાક્રમવાળા ભીમસેને બીજા ભલ્લ નામના બે બાણોએ મહા સંગ્રામમાં વિકટ તથા સહ નામના તમારા બે પુત્રોના પ્રાણ લીધા. તે સમયે દેવપુત્રની જેમને ઉપમા અપાય એવા તે બેઉ વાયુએ હણેલા બે વૃક્ષ જેમ ભૂમિપર પડે તેમ પૃથ્વીપર પડયા. ભીમસેને ઉતાવળે અત્યંત તીક્ષ્ણ એવા નારાચ નામના બાણેકરી ક્રાથ નામના તમારા પુત્રને પણ યમલોક પ્રત્યે મોકલી દીધો. તે વખતે હણાયેલો તે પૃથ્વીપર પડયો. હે મહારાજ ! એ રીતે ધનુષ ધરનાર શૂરવીર તમારા પુત્ર હણાવા લાગ્યા તે જોઈ તમારા સૈન્યમાં તીવ્ર હાહાકાર થઇ રહ્યો. સૈન્યમાં ભંગાણ પડવાથી મહા બળવાન ભીમ-

સેને નંદ તથા ઉપનંદ નામના તમારા પુત્રોને પણ યમના દ્વાર પ્રત્યે મોકલી દીધા. તે વેળાએ કાળ, અંતક તથા યમની જેને ઉપમા અપાય એવા ભીમસેનને સંગ્રામમાં જોઈ ભયભીત થએલા અને વિહ્વળ એવા તમારા બાકીના પુત્રો ત્યાંથી પલાયન કરી ગયા. હણાયલા તમારા પુત્રોને જોઇ અત્યંત ખેદયુક્ત છે મન જેનું એવા સૂતપુત્ર કર્ણે હંસ જેવા વર્ણ-વાળા ઘોડાઓને જ્યાં પાંડુપુત્ર ભીમસેન હતો તે બાજુએ ચલાવરાવ્યા. હે મહારાજ ! મદ્રરાજે ચલાવેલા તે અશ્વો વેગે કરી ભીમસેનના રથ પાસે કર્ણને લઇ ગયા. હે મહારાજ ! હે વિશાંપતે ! કર્ણ તથા પાંડુપુત્ર ભીમસેનના સંગ્રામમાં રૌદ્ર એવો મહા ભયંકર સન્નિપાત થયો. હે મહારાજ ! સામ સામે આવેલા તે બેઉ મહારથિઓને જોઇ 'આજ આ યુદ્ધ કેવી રીતનું થશે' એમ મારી બુદ્ધિમાં ભ્રમ થયો. એટલામાં તો હે મહારાજ ! સંગ્રામમાં શ્લાઘા કરવા લાયક ભીમસેને તમારા પુત્રોની સંમુખ બાણોએ કરી કર્ણને આચ્છાદન કરી દીધો. પરમાસ્ત્ર જાણનાર અત્યંત ક્રુદ્ધ થએલા કર્ણે પણ, સન્નત છે પર્વ જેમનાં એવા ભલ્લ નામના લોહમય નવ બાણે કરી ભીમસેનને વિંધ્યો. કર્ણે વિંધેલા ભયંકર પરાક્રમ-વાળા મહાબાહુ ભીમસેને, કાનપર્યંત ધનુષ ખેંચી, સાત બાણે કરી કર્ણને વિંધ્યો. હે મહારાજ ! પછી સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ લેતા કર્ણે મોટા બાણના વર્ષાદથી પાંડુપુત્ર ભીમ-સેનને ઢાંકી દીધો. મહા બળવાન ભીમસેને પણ સર્વ કૌરવો જોતાં બાણના સમુદાયથી તેને આચ્છાદન કરી મોટો શબ્દ કર્યો. અત્યંત ક્રુદ્ધ થએલા કર્ણે દૃઢ એવું ધનુષ લઇ, ગૃધ્રના પીછ બાંધેલા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા દશ બાણ ભીમસેન ઉપર નાંખી, તે બાણુથી તેને વિંધી, તીક્ષ્ણ એવા ભલ્લ નામના બાણથી તેનું ધનુષ પણ કાપી નાખ્યું. તે વેળાએ અતિ બળવાન મહાબાહુ ભીમસેને પણ સુવર્ણમય પટ્ટથી શોભતું બીજા મૃત્યુદંડ જેવું ભયંકર ભાલું લઇ જોરથી કર્ણ ઉપર ફેંકી મોટો શબ્દ કર્યો. વજ્ર જેવા શબ્દવાળા સામે આવતા તે ભાલાને સર્પ જેવાં બાણે કરી કર્ણે બહુ પ્રકારથી કાપી નાખ્યું. તે સમયે ભીમસેને અત્યંત દૃઢ એવું ધનુષ ગ્રહણ કરી બાણોથી શત્રુ સૈન્યને પીડિત કરનાર કર્ણને આચ્છાદન કરી દીધો. ત્યાર પછી પરસ્પર વધને ઇચ્છતા કર્ણ તથા ભીમસેનનું વિષ્ણુ તથા ઇન્દ્રના જેવું ભયંકર યુદ્ધ થયું. હે મહારાજ ! કર્ણે દૃઢ ધનુષ કાનના મૂળ પર્યંત ખેંચી ત્રણ બાણે ભીમસેનને વિંધ્યો. કર્ણે વિંધેલા મોટા ધનુષવાળા બળવાનમાં શ્રેષ્ઠ ભીમસેને કર્ણની કાયાને વિદારણ કરે એવો ભયંકર બાણ લઇ જોરથી તેની ઉપર નાંખ્યો. તે બાણ તેનું કવચ તથા કાયા ભેદી સર્પ જેમ રાફડામાં પેસે તેમ ધરણીમાં પેસી ગયો. અતિ પ્રહારે કરી વ્યથિત થએલો કર્ણ, જાણે વિહ્વલ થતો હોય નહિ તેમ પૃથ્વીનો કંપ થવાથી જેમ પર્વત ચલાયમાન થાય તેમ રથમાં અતિ ચલાયમાન થયો. હે મહારાજ ! તે વેળાએ રોષ તથા આમર્ષ યુક્ત કર્ણે નારાચ નામના ધણાક બાણ ભીમસેન ઉપર નાંખી એક બાણથી તેના ધ્વજા કાપી ભલ્લ નામના બીજા બાણથી એના સારથિને પણ મૃત્યુલોક પ્રત્યે મોકલી દેઇ, ગતિ કરનાર બાણથી તત્કાળ એનું ધનુષ કાપી, હે રાજેંદ્ર ! અતિ કષ્ટ થાય નહિ તે રીતે જાણે હસતો હોય નહિ તેમ ભયંકર કર્મવાળા ભીમસેનને વિરથ કર્યો. હે ભરતશ્રેષ્ઠ ! અનિલની જેને ઉપમા અપાય એવો વિરથ થએલો મહાબાહુ ભીમસેન, જાણે હસતો હોય નહિ તેમ હાથમાં ગદા લઇ ઉત્તમ રથમાંથી નીચે કૂદી, વેગથી તમારા સૈન્યમાં જઈ વરસતા મેઘને જેમ વાયુ નસાડે તેમ નસાડવા લાગ્યો. તે વેળાએ ઉગ્ર છે રૂપ જેનું એવા શત્રુને તપાવનાર બળવાન ભીમસેને, તત્કાળ હળ જેવા દાંતવાળા પ્રહાર

કરનાર સાતસો હાથીને વિંધ્યા. મર્મજ્ઞ એવા તેણે દંતાવરણ, નેત્ર, કુંભસ્થલ, ગંડસ્થલ, અને બીજાં પણ મર્મસ્થાનને વિષે તે હસ્તિઓને વિંધ્યા, તેથી ભય પામેલા તે નાસભાગ કરવા લાગ્યા. તે સમયે મોટા માવત લોકોએ પાછા ફેરવેલા એવા તેમણે મેઘો જેમ સૂર્યને વિંટી લે તેમ ભીમસેનને વિંટી લીધો. તે સમે પૃથ્વીપર ઉભેલા ભીમસેને, ઇન્દ્ર જેમ વજ્રે કરી પર્વતોને હણે તેમ ગદાએ કરી માવત, આયુધ તથા ધ્વજા સહિત સાતસો હસ્તિઓને હણ્યા. ત્યાર પછી શત્રુને દમન કરનાર કુંતિપુત્રે સુબલપુત્ર શકુનિના અતિ બળવાન એવા બાવન હસ્તિઓને સંગ્રામમાં પછાડી તમારી સેનાને તપાવતાં, સેંકડો રથ તથા સેંકડો સૈનિકોને હણ્યા. મહાત્મા ભીમસેને તથા ઉપરથી સૂર્યે તપાવેલું તમારૂં સૈન્ય, અગ્નિમાં ચર્મ સંકોચ પામે તેમ સંકોચ પામવા લાગ્યું. તે વેળાએ હે ભરતર્ષભ! ભીમથી અત્યંત ત્રાસ પામેલા તમારી તરફના યોદ્ધાઓ સંગ્રામમાં ભીમસેનને છોડી દેઇ દશે દિશાઓ પ્રત્યે ભાગવા લાગ્યા. તે સમયે શબ્દ કરતા ચર્મનાં દૃઢ કવચ પહેરેલા, પાંચસો રથિઓ, બાણના સમુદાયે કરી ચોતરફથી ભીમસેનને હણતા તેની સામે દોડયા. પતાકા, ધ્વજ તથા આયુધ સહિત પાંચસો શૂરવીરોને ભીમસેને વિષ્ણુ જેમ અસુરોને હણે તેમ ગદાએ કરીને હણ્યા. ત્યાર પછી શક્તિ, દંડ તથા ભાલા છે હાથમાં જેમના એવા શકુનિએ મોકલેલા, શૂરવીરોએ માનવા લાયક ત્રણ હજાર ઘોડેસ્વાર, ભીમસેન સામે દોડયા. હે ભારત! તેમને જોઇ વિવિધ પ્રકારના માર્ગો પ્રત્યે વિચરતા શત્રુને હણનાર ભીમસેને વેગથી સામે જઇ ગદાએ કરી અશ્વ સહિત તેમને પણ હણ્યા. તે સમયે હે ભારત! પાષાણોથી હણેલા વૃક્ષોનો જેવો શબ્દ થાય તેવો ભીમસેને તાડન કરાતા તેમનો શબ્દ થતો હતો. એ રીતે ક્રુદ્ધ થએલો ભીમસેન, સુબલપુત્ર શકુનિના ત્રણ હજાર ઉત્તમ અશ્વોને હણી, બીજા રથમાં બેસી રાધાપુત્ર કર્ણ સામે દોડયો. હે રાજન! મહારથિ કર્ણ પણ સંગ્રામમાં શત્રુને દમન કરનાર ધર્મપુત્ર યુધિષ્ઠિરને, બાણથી આચ્છાદન કરી એના સારથિને પાડી, ગૃધ્રના પીછ બાંધેલા સરળ બાણ તેની ઉપર નાખતો તેના રથ સામે દોડયો. રાજા સામે દોડતા તેને જોઈ બાણથી પૃથ્વીને વિંટી દઇ વાયુપુત્ર ભીમસેને ક્રોધથી બાણના સમુદાયે કરી કર્ણને ઢાંકી દીધો. તે વેળાએ ત્યાંથી નિવૃત્ત થએલા શત્રુને પીડનાર રાધાપુત્ર કર્ણે પણ તીક્ષ્ણ બાણોએ કરી ભીમસેનને આચ્છાદન કરી દીધો. હે ભારત! ભીમસેનના રથે કરી વ્યગ્ર એવા કર્ણને ઘણા બળવાળા સાત્યકિએ, તેને પડખે ઉભા રહીને પકડી લેવાનો યત્ન કર્યો. એ રીતે સાત્યકિના બાણે કર્ણ અત્યંત પીડિત થયો તોપણ તેની સાથે આવી ઉભો રહ્યો. પરસ્પર પ્રદિપ્ત એવા બાણને ફેંકતા સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ એક બીજા સામે નજીક આવેલા તે બેઉ શૂરવીર અત્યંત શોભતા હતા. હે રાજેન્દ્ર! ભયંકર છે દર્શન જેનું એવો તે બેઉએ આકાશમાં નાંખેલો બાણ સમુદાય, ક્રૌંચપક્ષિના પૃષ્ટ સરખો અરૂણ વર્ણ દેખાતો હતો. હે રાજન! તે વેળાએ મૂકેલા હજારો બાણે તે તથા અમે કોઇ પણ સૂર્યની પ્રભા દિશાઓને તથા વિદિશાઓને જોઈ શકતા ન હતા. કર્ણ તથા પાંડુપુત્ર ભીમસેનના બાણના ઓઘે કરી મધ્યાન્હ સમયના તપતા સૂર્યની સર્વ પ્રભા હણાઇ ગઇ હતી. શકુનિ, કૃતવર્મા, અશ્વત્થામા, અધિરથ પુત્ર કર્ણ તથા કૃપાચાર્યને પાંડવો સાથે સંસક્ત થએલા જોઇ વળી કૌરવો પાછા ફર્યા. તે વેળાએ, હે વિશાંપતે! વૃષ્ટિએ કરી વૃદ્ધિ પામેલા સાગરોનો જેવો ભયંકર શબ્દ થાય તેવો ધસી આવતા કૌરવોનો તીવ્ર શબ્દ થતો હતો. સંગ્રામમાં પરસ્પર અત્યંત મળી ગયેલી તે બેઉ સેના એક બીજાને જોઇ મોટા

હર્ષયુક્ત થતી હતી. મધ્યાન્હના સૂર્ય થયા તે સમયે, જેવું યુદ્ધ પ્રવર્તમાન થયું તેવું પૂર્વે કદી અમે જોયું ન હતું અને સાંભળ્યું પણ ન હતું. જેમાં સૈન્યનો ઓઘ, સામેના સૈન્યના ઓઘને જોઈ જળનો ઓઘ જેમ સાગર પ્રત્યે જાય તેમ વેગે કરી આગળ જતો હતો. પરસ્પર મળેલા બાણુના ઓઘનો ગર્જના કરતા સમુદ્રોનો જેવો મોટો શબ્દ થાય તેવો અત્યંત મોટો શબ્દ થતો હતો. વેગવતી એવી તે બેઉ સેના પરસ્પર સામસામે આવી બે નદીઓ જેમ એકઠી મળી જાય તેમ એક થઇ ગઇ. હે વિશાંપતે ! ત્યાર પછી ભયંકર છે રૂપ જેનું એવું યુદ્ધ પ્રવર્તમાન થયું. જેમાં અત્યંત મોટા યશને ઇચ્છતા તથા ગર્જના કરતા કૌરવ તથા પાંડવોની પોતાના નામનો ઉદ્દેશ કરી રહેલી વિવિધ પ્રકારની અવિછિન્ન વાણી સંભળાતી હતી. પિતા, માતા, કર્મ તથા શીલથી જે જે હીનપણું હોય તે તેઓ પરસ્પર યુદ્ધમાં સંભળાવતા હતા. એવી રીતે પરસ્પર તિરસ્કાર કરતા તે શૂરવીરોને જોઇ હે રાજન ! આમાં હવે બાકી જીવિત નથી, એમ મારી મતિ થઈ. તેમજ ઘણા તેજવાળા ક્રુદ્ધ થએલા તેમનાં શરીર જોઇ મને તીવ્ર એવું ભય ઉત્પન્ન થયું, જે 'આ શું થશે.' એટલામાં તો હે રાજન ! પરસ્પર તીક્ષ્ણ બાણે કરી હણતા એવા મહારથ કૌરવ તથા પાંડવ એકબીજાનો નાશ કરવા લાગ્યા.

तलस्ते पांडवा राजन् कौरवाश्च महारथाः ।
ततक्षुः सायकैस्तीक्ष्णैर्निघ्नंतो हि परस्परं ॥

इतिश्री महाभारते कर्णपर्वणिसंकुलयुद्धेगुजरभाषायामेकपंचाशत्तमोऽध्यायः ॥५१॥

અધ્યાય પર મો. મહા ઘોર સંગ્રામ.

संजय उवाच—क्षत्रियास्ते महाराज परस्परवधैषिणः ।
अन्योन्यं समरे जघ्नुः कृतवैराः परस्परम् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ ! હે મહારાજ ! પરસ્પર કર્યું છે વેર જેમણે તથા પરસ્પર વધને ઇચ્છતા તે ક્ષત્રિયો, સંગ્રામ વચ્ચે એક બીજાને મારતા હતા. હે મહારાજ ! રથ, હય, નર તથા હસ્તિના ઓઘ, પરસ્પર મળી ગયા હતા. અત્યંત દારૂણ એવા તે સંગ્રામમાં શૂરવીરોના હાથથી–ફેંકાતા, ગદા, ભાલાં, કણપ નામનાં બીજી જાતનાં ભાલાં, સાંગ, ગોફણ તથા અગ્ન્યાસ્ત્રના સંતાપને અમે જોતા હતા. તીડ નામના જંતુઓની પેઠે બાણુની વૃષ્ટિ ચોતરફથી થતી હતી. હસ્તિઓ હસ્તિઓને, ઘોડાઓ ઘોડાઓને રથિઓ રથિઓને, તથા પાયદળો પાયદળોને એક બીજાને વિંધતા હતા. હે નૃપ ! પાયદળો, અશ્વસમુદાયને તથા રથ અને હસ્તિઓને, રથિઓ, હસ્તિ તથા અશ્વોને, હસ્તિઓ પાયદળ, અશ્વ તથા રથને, મર્દન કરતા હતા. તે વેળાએ પરસ્પર આક્રોશ કરતા તથા વધ કરતા શૂરવીરોનું પશુઓનો નાશ થાય તેમ ભયંકર યુદ્ધ થયું. હે ભારત ! તે સમયે રૂધિરે કરી વ્યાપ્ત રણુભૂમિ વર્ષાઋતુમાં ઇન્દ્રગોપ નામના જંતુગણે સંકીર્ણ થયેલી પૃથ્વીની પેઠે શોભતી હતી. રંગ ચઢાવેલાં વસ્ત્ર ધારણ કરનારી યુવતી સ્ત્રી જેવી શોભે તેમ માંસ તથા શોણિતે કરી વિચિત્ર પ્રકારની હોય તેમજ સુવર્ણમયી હોય તેમ પૃથ્વી શોભતી હતી. પૃથ્વીપર પડેલાં મસ્તક, સાથળ સહિત બાહુ, કુંડલ, ભૂષણ, કંઠાભરણ, શૂરવીરોનાં ધનુષ સહિત શરીર, ઢાલ તથા પતાકા સર્વત્ર દેખતાં હતાં. હે નૃપ ! હસ્તિઓ, બીજા હસ્તિઓ સામે

જઇ દાંતેકરી તેમને પીડતા હતા. તે વેળા દાંતેકરી પીડિત થએલા અને રૂધિરે કરી અભિસિક્ત છે અંગ જેમનાં એવા તે હસ્તિઓ, ગૈરિકધાતુનાં ઝરે છે ઝરણાં જેમાંથી એવા ધાતુથી મંડિત પર્વત સમ શોભતા હતા. ઘોડેસ્વારોએ મૂકેલા ને શરીરમાં ચોંટી રહેલા ઘણાક ભાલાંઓને તે હસ્તિઓ સુંઢે કરી ખેંચતા હતા, તેમજ બીજા હસ્તિઓ ભાગી નાખતા હતા. હે રાજન્ ! નારાચ નામના બાણોએ ભેદાયાં છે કવચ જેમનાં એવા કેટલાક ઉત્તમ હસ્તિઓ, હિમાગમે વાદળ રહિત પર્વતો શોભે તેમ શોભતા હતા. હે ભારત ! સુવર્ણના પુંખવાળા બાણો વિચિત્ર પ્રકારના કેટલાક ઉત્તમ હસ્તિઓ, ઊંબાડીઆથી પ્રદીપ્ત છે અગ્રભાગ જેનો એવા પર્વત શોભે તેમ શોભતા હતા. હસ્તિઓએ હણેલા ઉત્તમ પર્વતની જેમને ઉપમા અપાય એવા કેટલાક હસ્તિઓ, સંગ્રામમાં નાશ પામતા હતા. શલ્ય તથા વ્રણેકરી પીડિત કેટલાએક હસ્તિઓ પક્ષવાળા પર્વત જેમ નાસે તેમ નાસતા હતા. નિરૂપમ છે કુંભસ્થળ જેમનાં એવા કેટલાક હસ્તિઓ, સંગ્રામમાં પડતા હતા. ભયંકર શબ્દ કરતા બીજા કેટલાક સિંહની પેઠે શબ્દ કરતા હતા. હે રાજન ! ઘણાક હસ્તિઓ ત્યાં ભમતા હતા. કેટલાક હસ્તિઓ ચીસો પાડતા હતા. બાણોએ કરી હણાયલા સુવર્ણના કવચથી શોભિતા અશ્વ, ખેદ પામી ગ્લાનિયુક્ત થતા હતા તથા દશે દિશાઓમાં ભમતા હતા. બાણ તથા ભાલાઓથી તાડન કરેલા બીજા કેટલાક અશ્વ, લોટતા ને ચેષ્ટા કરતા હતા, તથા અનેક પ્રકારના ભાવ કરતા હતા. હે મારિષ ! કેટલાક હણાયલા સૈનિક રૂદન કરતા હતા. બીજા કેટલાક પોતાના બાંધવ, પિતૃ, પિતામહ તથા દોડતા એવા બીજાઓને જોઇ વિખ્યાત એવાં તેમનાં ગોત્ર તથા નામની પરસ્પર પ્રશંસા કરતા હતા. હે મહારાજ ! સુવર્ણથી શોભતા કપાઇ ગએલા તે શૂરવીરના હસ્ત, પગે અથડાયા કરતા હતા તેમજ બીજા કેટલાક આમતેમ પડેલા હતા. હજારો સ્ફુરાયમાન થતા હતા, બીજા કેટલાક સંગ્રામમાં પાંચ મુખવાળા સર્પની પેઠે વેગ કરતા હતા. હે વિશાંપતે ! સર્પના શરીર જેવા ચંદનથી લીપેલા રૂધિરે કરીને આર્દ્ર ભુજ, સુવર્ણના ધ્વજ શોભે તેમ શોભતા હતા. ઘોર એવા તે સંકુલ યુદ્ધમાં પરસ્પર ન જાણતા એવા તે યોદ્ધાઓ, ચોતરફથી એક બીજાને હણતા અને યુદ્ધ કરતા હતા, શસ્ત્રના સંતાપથી સંકુલ અને પૃથ્વીની ઉડતી રજે કરી વ્યાપ્ત એવા સંગ્રામમાં અંધાકારને લીધે કયા પોતાના તથા કોણ પારકા તે પણ જણાતું ન હતું. એ રીતનું ઘોર છે રૂપ જેનું એવું ભયાનક યુદ્ધ થયું. રૂધિર રૂપી ઉદકવાળી, મસ્તકરૂપી પાષાણથી ઢંકાઇ ગયેલી, કેશરૂપી શેવાળે આચ્છાદિત, અસ્થિરૂપ મત્સ્યથી સંકીર્ણ, ધનુષ, બાણ તથા ગદારૂપી છે હોડિઓ જેમાં, માંસ તથા રૂધીરરૂપી ગારાવાળી, ભયંકર છે રૂપ જેનું, અત્યંત દારૂણ એવી મોટી લોહીની નદીઓ ચાલતી હતી. ભીરૂને ત્રાસ આપનારી અને શૂરવીરોનો હર્ષ વધારનારી ભયંકર રૂપવાળી તે નદીઓ કાયરને યમલોક પમાડતી હતી. અવગાહન કરનારને ડુબાડતી હતી તથા ક્ષત્રિયોને શૌર્ય ઉત્પન્ન કરતી હતી. હે નરવ્યાઘ્ર ! તે સમયે તે સ્થાનકે શબ્દ કરતાં માંસ ખાનારાંનું પ્રેતરાજાના પુરની જેને ઉપમા અપાય એવું ઘોર યુદ્ધ થયું. ગણી શકાય નહિ એવાં માથાં વગરનાં ધડ ચોતરફ ઉછળતાં હતાં. માંસ તથા રૂધિરે કરી અત્યંત તૃપ્ત એવા ભૂતગણ, નૃત્ય કરતા હતા. તેજ રીતે શોણિત તથા વસાનું પાન કરી મેદ, મજ્જા તથા વસાએ કરી મત્ત, માંસે કરી તૃપ્ત થએલા કાક, ગૃધ્ર તથા બક, ચોતરફ દોડતા દેખાતા હતા. હે રાજન ! સંગ્રામમાં શૂરવીરો, અત્યંત દુસ્ત્યજ એવા ભયનો ત્યાગ કરી યોધ-

વ્રતવડે વિખ્યાત એવા નિર્ભય થઇ ક્ષત્રિય કર્મ કરતાં હતા. બાણ તથા શક્તિએ કરી સંકીર્ણ, તથા માંસ ખાનાર ભૂતાદિકે કરી સંકુલ એવા તે મહાસંગ્રામમાં પોતાના શૌર્યને પ્રખ્યાત કરતા શૂરવીર વિચરતા હતા. હે વિભો ! હે ભારત ! સંગ્રામમાં વિચરતા શૂરવીર પોતાનાં તથા પોતાના પિતાનાં નામ અને ગોત્ર એક બીજાને કહી સંભળાવતા હતા. હે વિશાંપતે ! પોતાનાં નામ તથા ગોત્ર સંભળાવતા એવા ધનુષ્યધારી યોદ્ધાઓ શક્તિ, ભાલા તથા પટાએ કરી એક બીજાને મર્દન કરતા હતા. ભયંકર છે રૂપ જેનું એવા તેઓ અત્યંત દારૂણ યુદ્ધમાં સમુદ્રના મધ્યમાં ભેદાયલું જેમ નાવ ભટકે તેમ કૌરવની સેનામાં ભટકતા અને ખેદ પામતા હતા.

वर्तमाने तथा युद्धे घोररूपे सुदारुणे ।

व्यषीदत्कौरवीसेनाभिन्ना नौरिव सागरे ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां द्विपंचाशत्तमोऽध्यायः॥५२॥

અધ્યાય ૫૩ મો. અર્જુને કરેલું મહાયુદ્ધ.

संजय उवाच—वर्तमाने तथा युद्धे क्षत्रियाणां निमज्जने ।

गांडीवस्य महाघोषः श्रूयते युधि मारिष ॥१॥

સંજય કહે છે-હે મારિષ ! ક્ષત્રિયોનું છે ડુબવું જેમાં એવા તે યુદ્ધમાં ગાંડીવ ધનુષનો મોટો શબ્દ સંભળાતો હતો. જેમાં પાંડુપુત્ર અર્જુન, સંશપ્તક, કોસલ તથા નારાયણ, શત્રુ સૈન્યનો નાશ કરતા હતા. સંગ્રામમાં જયને ઇચ્છનાર, અત્યંત ક્રોધાવિષ્ટ થએલા સંશપ્તકો પણ, અર્જુનના મસ્તકપર ચોતરફથી બાણની વૃષ્ટિ કરવા લાગ્યા. આવતી તે બાણવૃષ્ટિને સમર્થ અર્જુન વેગથી ધારણ કરી, શ્રેષ્ઠ રથિઓને હણતાં રથસૈન્ય સામે જઈ, ગૃધ્રના પીછ બાંધેલા અને શિલા ઉપર તીક્ષ્ણ કરેલા બાણનો વર્ષાદ કરતાં, શ્રેષ્ઠ આયુધવાળા સુશર્મા સામે ગયો. રથિમાં શ્રેષ્ઠ તેણે પણ આવતી અર્જુનની બાણવૃષ્ટિ ઉપર બાણનો વર્ષાદ વરસાવ્યો. સંશપ્તકો પણ અર્જુન ઉપર બાણ નાખવા લાગ્યા. ત્યાર પછી સુશર્માએ દશ બાણથી અર્જુનને વિંધી ત્રણ બાણેકરી જનાર્દન ભગવાનને દક્ષિણ ભુજપર ઘા કરી, હે મારિષ ! ભલ્લ નામના બાણેકરી ધ્વજને પાડી નાંખ્યો. તે વેળાએ હે રાજન ! ધ્વજવિષે રહેલો વિશ્વકર્માનો રચેલો શ્રેષ્ઠ વાનર, અત્યંત મોટો શબ્દ કરતો ગર્જના કરવા લાગ્યો. તે સાંભળી અત્યંત ત્રાસ પામેલી તમારા પુત્રની સેના, ભય પામી ચેષ્ટા રહિત થઇ ગઇ. હે નૃપ ! તે સમયે ચેષ્ટારહિત થઇ ઉભેલી તમારી સેના, નાના પ્રકારના પુષ્પે કરી સંકીર્ણ એવું ચૈત્રરથ નામનું કુબેરનું વન શોભે તેમ શોભતી હતી. હે કુરુસત્તમ ! ફરીને સંજ્ઞા પામેલા તમારી તરફના યોદ્ધાઓ, મેઘ જેમ પર્વત ઉપર જળનો વર્ષાદ કરે તેમ અર્જુન ઉપર બાણનો વર્ષાદ કરવા લાગ્યા. ક્રોધાવિષ્ટ થએલા તે સર્વ યોદ્ધાઓ, તીક્ષ્ણ બાણે કરી હણવા માંડયા તો પણ પાંડુપુત્ર અર્જુનના મોટા રથને ચોતરફથી ઘેરી લઇ તેના રથનાં અશ્વ, ચક્ર તથા ધોંસરીને ચોતરફથી ખેંચવા લાગ્યા. એ રીતે હજારો યોદ્ધાઓ, તેના રથને નિગ્રહ કરી બળથી સિંહનાદ કરતા હતા. કેટલાક યોદ્ધાઓએ કેશવ ભગવાનના મોટા ભુજ ઝાલી ખેંચવા માંડયા, વળી બીજા યોદ્ધાઓએ રથમાં બેઠેલા અર્જુનને પકડવા માંડયો. એટલામાં કેશવ ભગવાને રણસંગ્રામના મોખરે પોતાના બે હાથ

હલાવી દુષ્ટ હસ્તિ જેમ પોતાના માવતોને પાડે તેમ સર્વ યોદ્ધાઓને નીચે પાડી નાંખ્યા. તે વખતે, મહારથિઓથી ઘેરાવાને લીધે ક્રુધ થએલા અર્જુને, તેમણે નિગ્રહ કરેલા રથને તથા તેમની સામે દોડતા કેશવ ભગવાનને જોઇ રથ ઉપર ધસી આવેલા તે પાયદળોને નાચે પાડી નાંખ્યા. તેમજ બીજા નજીક ઉભેલા યોદ્ધાઓને સમીપથી યુદ્ધ કરવાના બાણોએ ઢાંકી દેઈ કેશવ ભગવાનને આવા રીતે કહ્યું કે, હે કૃષ્ણ ! હે મહાબાહો ! દારૂણ કર્મ કરનાર મેં મારવા માંડેલા હજારો સંશપ્તક ગણુને જુઓ. હે યદુપુંગવ ! આ ઘોર એવા રથબંધનને સહન કરનાર મારા વિના બીજો કોઇ પણ પુરૂષ પૃથ્વીમાં નથી. એટલાં વચન કૃષ્ણને કહી પોતાનો દેવદત્ત નામનો શંખ તેણે વગાડયો. શ્રીકૃષ્ણે પણ જાણે દ્યાવા-પૃથ્વીને પૂરી દેતા હોય નહીં, તેમ પોતાનો પાંચજન્ય શંખ વગાડયો. હે મહારાજ ! તે શંખના શબ્દને સાંભળી અત્યંત ત્રાસ પામેલી સંશપ્તક ગણુની સેના, ચલાયમાન થઇ, તેટલામાં હે મહારાજ! સામાવાળાના શૂરવીરને હણુનાર પાંડુપુત્ર અર્જુને, વારંવાર સર્પાસ્ત્ર નાખી તેમના પગ બંધ કરી લીધા. હે રાજન ! મહાત્મા પાંડવે પાદબંધે બાંધેલા તે, કાલમીઢ પાષાણુમય હોય નહીં તેમ ચેષ્ટા રહિત થઇ ગયા. તે વેળાએ પાંડુનંદન અર્જુને પૂર્વે તારકાસુરનો વધ થયો ત્યારે ઇન્દ્રે જેમ દૈત્યોને હણ્યા હતા તેમ ચેષ્ટારહિત એવા તે યોદ્ધાઓને હણ્યા. એ રીતે અર્જુને હણવા માંડેલા તે, તે ઉત્તમ રથને છોડી દેઈ સર્વ આયુધ મૂકવા તૈયાર થયા. હે નૃપ ! પાદબંધે બંધાએલા તે, ચેષ્ટા કરવા સમર્થ થયા નહીં તેથી કરીનેજ સન્નત છે પર્વ જેમનાં એવા બાણેકરી અર્જુને તેમને હણ્યા. અર્જુને પાદબંધ કરવાથી સર્વ યોદ્ધાઓ સર્પોએ કરી વિંટાયલા હોય તેવા થઇ ગયા. પછી હે રાજેન્દ્ર ! બંધાયલા તેમને તથા અર્જુને ગ્રહણ કરેલી સેનાને જોઈ મહારથિ સુશર્માએ સૌપર્ણાસ્ત્ર પ્રકટ કર્યું. તેમાંથી નિકળેલા ગરૂડપક્ષિઓ સર્પોનું ભક્ષણ કરવા લાગ્યા. તેમને જોઇને સર્પ ત્યાંથી નાસવા માંડ્યા. હે વિશાંપતે ! તે સમયે પાદબંધથી મુક્ત થએલું સંશપ્તક સૈન્ય, મેઘના વૃંદથી મુક્ત થએલો, પ્રજાને તપાવતો સૂર્ય શોભે તેમ શોભતું હતું. એવી રીતે મૂકાયલા તે યોદ્ધાઓ, હે મારિષ ! અર્જુનના રથ પ્રત્યે બાણ તથા શસ્ત્રસંઘ મૂકવા લાગ્યા. તે વખતે સામાવાળાને હણુનાર ઇન્દ્રપુત્ર અર્જુને બાણુના વર્ષાદથી પોતા સામે આવતી તે મહા અસ્ત્રમયા વૃષ્ટિને હડાવી યોદ્ધાઓને હણ્યા, તેટલામાં હે રાજન ! સુશર્માએ, નત છે પર્વ જેનું એવા બાણુથી અર્જુનને હૃદયમાં અને બીજા ત્રણ બાણે કરી બીજે અંગે વિંધ્યો. અત્યંત વિંધાયલો તે, વ્યથિત થઇ રથમાં બેસવાના સ્થાનની પાસે પડી ગયો. તે સમયે ‘ અર્જુન હણાયો, અર્જુન હણાયો ’ એ રીતે ઉંચે સ્વરે સર્વ લોકો પોકાર કરવા લાગ્યા કેટલાક શંખના, ભેરીના તથા નાના પ્રકારના વાદ્યના શબ્દ સાથે શૂરવીરોના સિંહનાદ થવા લાગ્યા. કૃષ્ણ છે સારથિ જેના એવા શ્વેત અશ્વવાળા ઘણા બળવાળા અર્જુને સંજ્ઞા પામી તરત ઐંદ્રાસ્ત્ર પ્રકટ કર્યું. હે મારિષ ! તેમાંથી ઉત્પન્ન થએલા અને તમારી સેનાને હણતા એવા હજારો બાણ, સર્વ દિશાઓમાં દેખાવા માંડ્યાં. એ રીતે શસ્ત્રેકરી હણાયા છે સેંકડો તથા હજારો અશ્વ ને રથ જેમાં એવું, તમારૂં સૈન્ય હણાવા લાગ્યું તે જોઇ સંશપ્તક ગણોને તથા ગોપાલોને પણ મોટું ભય પ્રાપ્ત થયું. કોઇ પણ પુરૂષ તે વખતે અર્જુનને વિંધે તેવો નહતો. શૂરવીરો જોતાં તમારૂં સૈન્ય હણાતું હતું. પરાક્રમ કરવામાં ચેષ્ટા રહિત ને હણાતા સૈન્યને જોઇ દશ હજાર યોદ્ધાઓને હણી સંગ્રામના મધ્યમાં પાંડુપુત્ર અર્જુન, હે મહારાજ ! ધૂમ વગરનો પ્રજ્વલિત અગ્નિ

શાભે તેમ શાભતા હતા. હે ભારત! ચૌદ હજાર બાકી રહેલા યોદ્ધાઓ, દશ હજાર રથ, અને ત્રણ હજાર હસ્તિઓ, જે જીવંત રહેલા હતા તે સંશપ્તકોએ જય કરવો અને કાંતો મરવું, પણ પાછા વળવું નહિ, એવો નિશ્ચય કરી, વળી ફરીથી અર્જુનને ઘેરી લીધો. હે વિશાંપતે! તે વેળાએ તમારી તરફના યોદ્ધાઓને બળવાન પાંડુપુત્ર અર્જુન સાથે મોટું યુદ્ધ થયું.

तत्र युद्धं महच्चासीत्तावकानां विशांपते ।
शूरेण बलिना सार्द्धं पांडवेन किरीटिना ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि संकुलयुद्धे गुर्जरभाषायां त्रिपंचाशतमोऽध्यायः ॥ ५३ ॥

અધ્યાય ૫૪ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच—कृतवर्मा कृपो द्रौणिः सूतपुत्रश्च मारिष ।
उलूकः सौबलश्चैव राजा च सहसोदरैः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મારિષ! કૃતવર્મા, કૃપાચાર્ય, અશ્વત્થામા, સૂતપુત્ર કર્ણ, ઉલૂક, સુબલપુત્ર શકુનિ તથા ભાઇઓ સહિત દુર્યોધન રાજા એટલા શૂરવીરોએ, પાંડુપુત્રના ભયથી પીડિત થએલી અને ખેદ પામતી પોતાની સેનાને જોઇ સમુદ્રના મધ્યમાં ભાગેલા નાવનો જેમ ઉદ્ધાર કરવામાં આવે તેમ ઉદ્ધાર કર્યો. હે ભારત! ત્યાર પછી શૂર પુરૂષોને હર્ષ વધારનાર અને ભીરૂઓને ભય ઉત્પન્ન કરનાર મુહુર્ત પર્યંત ભયંકર યુદ્ધ થયું. કૃપાચાર્યે મૂકેલી બાણવૃષ્ટિએ, તીડના સમુદાયની પેઠે સૃંજયોને આચ્છાદન કરી દીધા. ક્રોધાયમાન થએલા શિખંડિએ, બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ગૌતમ સામે આવી ચોતરફથી તેમની ઉપર બાણનો વર્ષાદ કર્યો. મહાસ્ત્ર જાણનાર કૃપાચાર્યે પણ પોતા સામે આવતી તે બાણવૃષ્ટિને હણી દશ બાણે ક્રોધથી શિખંડીને વિંધ્યો. કંપિત થએલા શિખંડિએ પણ સંગ્રામના મધ્યમાં ગૃધ્રના પીછ બાંધેલા સાત બાણે ક્રોધિત થએલા કૃપાચાર્યને વિંધ્યા. પછી તીક્ષ્ણ બાણે અત્યંત વિંધાયલા બ્રાહ્મણ મહારથિ કૃપાચાર્યે નાશ પામ્યા છે અશ્વ, સારથિ તથા રથ જેના એવા શિખંડિને ખૂબ પીડયો. મહારથિ શિખંડિ, હણાયા છે અશ્વ જેના એવા વાહન ઉપરથી નીચે કૂદી હાથમાં ઢાલ તથા ખડ્ગ ગ્રહણ કરી બ્રાહ્મણ કૃપાચાર્ય સામે ગયો. તેને સામે આવતો જોઇ સન્નત છે પર્વ જેનાં એવા બાણેકરી કૃપાચાર્યે તેને આચ્છાદન કરી દીધો. તે સમયે હે રાજન! અમે આશ્ચર્ય જોયું, જે ડૂબેલા પાષાણની પેઠે શિખંડિ ચેષ્ટા રહિત થઇ સંગ્રામમાં ઉભો રહ્યો. હે નૃપોત્તમ! કૃપાચાર્યે આચ્છાદન કરેલા શિખંડિને જોઇ મહારથિ ધૃષ્ટદ્યુમ્ન ઉતાવળેથી કૃપાચાર્ય સામે આવ્યા. શરદ્વાનના પુત્ર કૃપાચાર્યના રથ તરફ જતા ધૃષ્ટદ્યુમ્નને વેગે કરી મહારથિ કૃતવર્માએ રોકયો. તેમજ કૃપાચાર્યના રથતરફ પુત્ર તથા સૈન્ય સહિત આવતા યુધિષ્ઠિર રાજાને અશ્વત્થામાએ વારી રાખ્યા. ઉતાવળથી આવતા મહારથિ નકુળ તથા સહદેવને તમારા પુત્રે બાણના વર્ષાદથી રોકી રાખ્યા. હે ભારત! ભીમસેન, કરૂષ તથા સૃંજય સહિત કૈકયને યુદ્ધના મધ્યમાં સૂર્યપુત્ર કર્ણે રોકી રાખ્યા. હે મારિષે! શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે, જાણે શિખંડિને બાળવાને ઇચ્છતા હોય નહિ તેમ સુવર્ણથી શોભતા બાણ ચોતરફથી તેની ઉપર નાખ્યા. તે બાણોને

વારંવાર ખડ્ગને ફેરવતા શિખંડિએ કાપી નાંખ્યા. હે ભારત ! ગૌતમ કૃપાચાર્યે, સેંકડો ચંદ્રાકૃતિ ઢાલને બાણેકરી વિંધી નાખી. તે સમયે મનુષ્ય મોટેથી જય પોકારવા લાગ્યા. હે મહારાજ ! તે સમયે ઢાલ વગરનો અને ખડ્ગ છે હાથમાં જેના એવો આતુર શિખંડિ, મૃત્યુના મોઢામાં સપડાય તેમ કૃપાચાર્યથી સપડાઇ ભાગવા લાગ્યો. કૃપાચાર્યના બાણોએ ગળેલા અને ક્લેશ પામતા શિખંડિને જોઇ, મોટું જેનું બળ છે એવો ચિત્રકેતુનો પુત્ર સુકેતુ, તરત તીક્ષ્ણ ધણાક બાણ કૃપાચાર્ય ઉપર નાખતો તેમના રથ સામે આવી ઉભો રહ્યો. તોપણ હે રાજસત્તમ ! ઉત્તમ વ્રતી બ્રાહ્મણને યુદ્ધમાં ઉશ્કેરાયેલા જોઇ શિખંડિ સંગ્રામમાંથી તરત બહાર જતો રહ્યો. સુકેતુએ તો હે રાજન ! નવ બાણથી ગૌતમને વિંધી વળી બીજા સિત્તેરથી ફરીને વિંધી, ત્રણ બાણે, બાણ સહિત ધનુષને કાપી બીજા એક બાણથી સારથિને મર્મસ્થાનમાં અત્યંત પીડિત કર્યો. ક્રુદ્ધ થએલા ગૌતમે, બીજું નવું દૃઢ ધનુષ ગ્રહણ કરી ત્રીસ બાણે કરી સુકેતુને મર્મસ્થાનવિષે વિંધ્યો. વિહ્વલ છે અંગ જેનાં એવો તે, ઉત્તમ રથમાં ભૂમિનો કંપ થવાથી અત્યંત કંપિત થએલો વૃક્ષ જેમ ચલાયમાન થાય તેમ ચલાયમાન થયો. તે સમયે ગૌતમે ચલાયમાન કરેલા તેની કાયા ઉપરથી જ્વલિત છે કુંડળ જેનાં એવું, પાઘડી તથા સંગ્રામમાં પેરવાની ટોપી સહિત મોટું મસ્તક ક્ષુરપ્ર નામના બાણે કરી પાડી નાખ્યું. તે વેળાએ બાજપક્ષિએ હરણ કરેલા માંસની પેઠે તે પૃથ્વીપર પડયું. ત્યાર પછી એની કાયા પણ પડી. હે મહારાજ ! તે હણાવાથી ત્રાસ પામેલા આગળ ચાલનારા સંગ્રામમાં ગૌતમનો ત્યાગ કરી દશે દિશાઓ પ્રત્યે નાસવા લાગ્યા. હે ભારત ! સંગ્રામના મધ્યમાં મહારથિ કૃતવર્માએ, ધૃષ્ટદ્યુમ્નને વારી 'અરે ઉભો રહે,' એમ તેને કહ્યું. તે સમયે હે નૃપ ! તે બેઉનું, માંસ વાસ્તે ક્રુદ્ધ થએલા બે બાજ પક્ષિઓનું યુદ્ધ થાય તેવું ભયંકર યુદ્ધ થયું. જેમાં ધૃષ્ટદ્યુમ્ને, હૃદિકના પુત્ર હાર્દિક્યને નવ બાણે કરી ક્રોધથી વક્ષસ્થળમાં પાડિત કર્યો. સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્ને અત્યંત હણેલા કૃતવર્માએ બાણે કરી રથ તથા અશ્વ સહિત ધૃષ્ટદ્યુમ્નને આચ્છાદન કરી દીધો. તે વેળાએ હે રાજન ! રથ સહિત બાણે કરી ઢંકાઇ ગયેલો ધૃષ્ટદ્યુમ્ન, જળધારાઓ મૂકનાર મેઘોએ કરી ઢંકાઇ ગએલો સૂર્ય દેખાય તેવો દેખાતો હતો. હે રાજન ! સુવર્ણથી શોભિતા બાણોએ કરી બાણ ગણને નાશ પમાડી, થયા છે વ્રણ જેને એવો ધૃષ્ટદ્યુમ્ન, સંગ્રામમાં શોભતો હતો. ક્રુદ્ધ થએલા સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને, અત્યંત દારૂણ એવી બાણની વૃષ્ટિ કૃતવર્મા પાસે જઇ તેની ઉપર કરી. પોતા સામે આવતી અત્યંત દારૂણ બાણવૃષ્ટિને કૃતવર્માએ અનેક હજાર બાણે વારી રાખી. કોઇથી સહન થાય નહિ એવી પોતાની બાણવૃષ્ટિને કૃતવર્માએ નિવારણ કરી તે જોઇ કૃતવર્મા પાસે જઇ તેમને વારી રાખી, તીક્ષ્ણ છે ધાર જેની એવા ભલ્લ નામના બાણે એમના સારથિને વેગથી યમલોકમાં મોકલી દીધો. તે સમયે હણાયલો તે રથ ઉપરથી નીચે પડયો. એવી રીતે બળવાન ધૃષ્ટદ્યુમ્ન, મોટા બળવાળા શત્રુને જીતી, તરત બાણે કરી સંગ્રામમાં કૌરવોને વારવા લાગ્યો. તમારી તરફના યોદ્ધાઓ, સિંહનાદ કરી ધૃષ્ટદ્યુમ્ન સામે દોડ્યા ત્યાર પછી મોટું યુદ્ધ પ્રવર્તમાન થયું.

ततस्ते तावकायोधा धृष्टद्युम्नमुपाद्रवन् ।
सिंहनादरवं कृत्वा ततो युद्धमवर्तत ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां चतुष्पंचाशत्तमोऽध्यायः ॥ ५४ ॥

અત્યંત દુર્લભ તથા કહેવા લાયક ઉપનિષદરૂપી વાણીને તમે જાણો છો, તે મને સારી રીતે સમજાવો. આ મારૂં વાક્ય તમોને પ્રાર્થનારૂપ છે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સનત્સુજાત ઋષિએ કહ્યું કે, તું પ્રસન્ન થતો હોય નહીં તેની પેઠે પૂછે છે, પણ બ્રહ્મવિદ્યા તો ઉતાવળથી પ્રાપ્ત થાય એવી નથી, કારણ બુદ્ધિમાં મનનો લય થવાથી રૂંધાઇ છે સર્વ વૃત્તિઓ જેમાં એવી અવસ્થાને વિદ્યા કહે છે. તે બ્રહ્મચર્યથી પ્રાપ્ત થાય છે. ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, સનાતન એવી બ્રહ્મવિદ્યા બ્રહ્મચર્યથી પ્રાપ્ત થાય છે, એમ તમે કહો છો, પણ તેતો કર્મની પેઠે આરંભ કરવા લાયક નથી કે જેથી પ્રાપ્ત થાય; કારણ તે નિત્યસિદ્ધ છે, તેથી જાણતી વખતે પણ આત્માને વિષે રહે છે, તેને તમે બ્રહ્મચર્યથી પ્રાપ્ત થાય છે એમ કેમ કહો છો ! સનત્સુજાતે કહ્યું કે, બુદ્ધિ તથા બ્રહ્મચર્યથી સિદ્ધ, જેને પામીને જ્ઞાની મર્ત્યલોકનો ત્યાગ કરે છે અને જે ગુરૂ તથા વૃદ્ધને વિષે નિત્ય રહેલી છે, તે પ્રાચીન બ્રહ્મવિદ્યા હું તમોને કહું છું. બ્રહ્મવિદ્યા યદ્યપિ નિત્ય છે, તોપણ પરોક્ષ છે, તેને અપરોક્ષ કરવા વાસ્તે બ્રહ્મચર્યાદિ સાધનો છે. સનત્સુજાતનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે હે બ્રહ્મન્ ! વિદ્વાને મહેનત વગર બ્રહ્મચર્યથી જાણવાને સમર્થ થવાય છે, તે બ્રહ્મચર્ય કેમ પળાય ! સનત્સુજાત ઋષિએ કહ્યું કે, જે પુરૂષો આચાર્ય પાસે રહી નિષ્કપટ સેવાથી તેના અંતરંગપણાને પામી બ્રહ્મચર્ય પાળે છે, તે આ લોકમાંજ શાસ્ત્ર કરનારા આચાર્યો થઇ, આ દેહને મૂકી પરમ પદને પામે છે. કામને જીતનાર જે સત્વગુણી પુરૂષો બ્રહ્મનિષ્ઠાને પામવા સારૂ સુખ દુઃખાદિક દ્વંદ્વને સહન કરે છે, તે જેમ મુંજ નામના તૃણમાંથી તેની વચ્ચેની સળી જુદી કરાય તેમ દેહથી આત્માને જુદો કરે છે. હે ભારત ! શરીરને માતા તથા પિતા એ બેઉ જેમ જન્મ આપે છે, તેમજ આચાર્યથી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થવારૂપ બીજો જન્મ થાય છે, જે અજર તથા અમરરૂપ છે. જે આચાર્ય બ્રાહ્મણાદિક વર્ણોને ચોતરફ આત્મા દેખાડી તેનો ઉપદેશ કરી મોક્ષ આપે છે તે આચાર્યને તેના કરેલા ઉપકારને જાણનાર પુરૂષે માતા પિતા જાણી, કદી પણ દ્રોહ ન કરવો. બ્રહ્મચારીએ સ્નાનાદિકથી બાહ્ય શુદ્ધિ, ને ગુરૂ વિષે ભાવથી અંતઃશુદ્ધિ રાખવી, ગુરૂ સેવા વિષે સાવધાન રહેવું, નિરંતર તેને પ્રણામ કરવા, વેદાધ્યયન કરવું, માન ધરવું નહી એટલે કે ગુરૂ હલકું કામ બતાવે તો તે પણ કરવું તથા ક્રોધ કરવો નહી, બ્રહ્મચર્યનો આ પ્રથમ પાદ જાણવો. સાયંકાળ તથા પ્રાતઃકાળે ભિક્ષા માગી આવી પોતાના જીવિતની રક્ષા કરીને, ગુરૂ પાસે જે વિદ્યાભ્યાસ કરવો તે પણ બ્રહ્મચર્યનો પ્રથમ પાદ જાણવો. મન, વાણી, કર્મ, પ્રાણ તથા ધન ઇત્યાદિકે કરી પોતાને વિદ્યા ઉપદેશ કરનાર આચાર્યનું પ્રિય કરે, તે બ્રહ્મચર્યનો બીજો પાદ કહેવાય છે. જેવી ગુરૂ વિષે વૃત્તિ હોય તેવીજ તેની સ્ત્રી તથા પુત્ર વિષે પણ હંમેશ રાખવી, એ પણ બ્રહ્મચર્યનો બીજો પાદ કહેવાય છે. આચાર્યે પોતાનો ઉપકાર કર્યો છે તેનું પ્રયોજન દુઃખની નિવૃત્તિ અને આનંદની પ્રાપ્તિરૂપ છે, એમ જાણી " મને ગુરૂએ વધાર્યો " એવું માનવું, એ બ્રહ્મચર્યનો ત્રીજો પાદ જાણવો. ગુરૂ પાસે વિદ્યા શીખી તેને ગુરૂ દક્ષિણા આપ્યા વગર પ્રવાસ ન કરવો, ને ગુરૂને " હું ધન આપું છું " એમ મનમાં ન લાવવું, તેમ તે રીતે મોઢેથી ભાષણ પણ ન કરવું, એ બ્રહ્મચર્યનો ચતુર્થ પાદ જાણવો. એ રીતે બ્રહ્મચર્યના ચાર પાદ કહ્યા, હવે તે ચતુષ્પાદ બ્રહ્મચર્યે કરી પામવા લાયક ચતુષ્પદી વિદ્યા કહું છું. બ્રહ્મચારી વિદ્યાનો એક પાદ ગુરૂ પાસેથી, બીજો પાદ પોતાની ધારણાવતી બુદ્ધિથી, ત્રીજો પાદ બુદ્ધિના પરિ-—પાકથી અને ચોથો પાદ પોતાની સાથે ભણનાર બ્રહ્મચારિયો સાથે વિચાર કરવાથી મેળવ

સેને નંદ તથા ઉપનંદ નામના તમારા પુત્રોને પણ યમના દ્વાર પ્રત્યે મોકલી દીધા. તે વેળાએ કાળ, અંતક તથા યમની જેને ઉપમા અપાય એવા ભીમસેનને સંગ્રામમાં જોઈ ભયભીત થએલા અને વિહ્વળ એવા તમારા બાકીના પુત્રો ત્યાંથી પલાયન કરી ગયા. હણાયલા તમારા પુત્રોને જોઇ અત્યંત ખેદયુક્ત છે મન જેનું એવા સૂતપુત્ર કર્ણે હંસ જેવા વર્ણવાળા ઘોડાઓને જ્યાં પાંડુપુત્ર ભીમસેન હતો તે બાજુએ ચલાવરાવ્યા. હે મહારાજ! મદ્રરાજે ચલાવેલા તે અશ્વો વેગે કરી ભીમસેનના રથ પાસે કર્ણને લઇ ગયા. હે મહારાજ! હે વિશાંપતે! કર્ણ તથા પાંડુપુત્ર ભીમસેનના સંગ્રામમાં રૌદ્ર એવો મહા ભયંકર સન્નિપાત થયો. હે મહારાજ! સામ સામે આવેલા તે બેઉ મહારથિઓને જોઇ 'આજ આ યુદ્ધ કેવી રીતનું થશે' એમ મારી બુદ્ધિમાં ભ્રમ થયો. એટલામાં તો હે મહારાજ! સંગ્રામમાં શ્લાઘા કરવા લાયક ભીમસેને તમારા પુત્રોની સંમુખ બાણોએ કરી કર્ણને આચ્છાદન કરી દીધો. પરમાસ્ત્ર જાણનાર અત્યંત ક્રુદ્ધ થએલા કર્ણે પણ, સન્નત છે પર્વ જેમનાં એવા ભલ્લ નામના લોહમય નવ બાણે કરી ભીમસેનને વિંધ્યો. કર્ણે વિંધેલા ભયંકર પરાક્રમવાળા મહાબાહુ ભીમસેને, કાનપર્યંત ધનુષ ખેંચી, સાત બાણે કરી કર્ણને વિંધ્યો. હે મહારાજ! પછી સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ લેતા કર્ણે મોટા બાણના વર્ષાદથી પાંડુપુત્ર ભીમસેનને ઢાંકી દીધો. મહા બળવાન ભીમસેને પણ સર્વ કૌરવો જોતાં બાણના સમુદાયથી તેને આચ્છાદન કરી મોટો શબ્દ કર્યો. અત્યંત ક્રુદ્ધ થએલા કર્ણે દૃઢ એવું ધનુષ લઇ, ગૃધ્રના પીંછ બાંધેલા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા દશ બાણ ભીમસેન ઉપર નાંખી, તે બાણથી તેને વિંધી, તીક્ષ્ણ એવા ભલ્લ નામના બાણથી તેનું ધનુષ પણ કાપી નાખ્યું. તે વેળાએ અતિ બળવાન મહાબાહુ ભીમસેને પણ સુવર્ણમય પટ્ટથી શોભતું બીજા મૃત્યુદંડ જેવું ભયંકર ભાલું લઇ જોરથી કર્ણ ઉપર ફેંકી મોટો શબ્દ કર્યો. વજ્ર જેવા શબ્દવાળા સામે આવતા તે ભાલાને સર્પ જેવા બાણે કરી કર્ણે બહુ પ્રકારથી કાપી નાખ્યું. તે સમયે ભીમસેને અત્યંત દૃઢ એવું ધનુષ ગ્રહણ કરી બાણોથી શત્રુ સૈન્યને પીડિત કરનાર કર્ણને આચ્છાદન કરી દીધો. ત્યાર પછી પરસ્પર વધને ઇચ્છતા કર્ણ તથા ભીમસેનનું વિષ્ણુ તથા ઇન્દ્રના જેવું ભયંકર યુદ્ધ થયું હે મહારાજ! કર્ણે દૃઢ ધનુષ કાનના મૂળ પર્યંત ખેંચી ત્રણ બાણે ભીમસેનને વિંધ્યો. કર્ણે વિંધેલા મોટા ધનુષવાળા બળવાનમાં શ્રેષ્ઠ ભીમસેને કર્ણની કાયાને વિદારણ કરે એવો ભયંકર બાણ લઇ જોરથી તેની ઉપર નાંખ્યો. તે બાણ તેનું કવચ તથા કાયા ભેદી સર્પ જેમ રાફડામાં પેસે તેમ ધરણીમાં પેસી ગયો. અતિ પ્રહારે કરી વ્યથિત થએલો કર્ણ, જાણે વિહ્વલ થતો હોય નહિ તેમ પૃથ્વીનો કંપ થવાથી જેમ પર્વત ચલાયમાન થાય તેમ રથમાં અતિ ચલાયમાન થયો. હે મહારાજ! તે વેળાએ રોષ તથા આમર્ષ યુક્ત કર્ણે નારાચ નામના ઘણાક બાણ ભીમસેન ઉપર નાંખી એક બાણથી તેના ધ્વજા કાપી ભલ્લ નામના બીજા બાણથી એના સારથિને પણ મૃત્યુલોક પ્રત્યે મોકલી દેઇ, ગતિ કરનાર બાણથી તત્કાળ એનું ધનુષ કાપી, હે રાજેંદ્ર! અતિ કષ્ટ થાય નહિ તે રીતે જાણે હસતો હોય નહિ તેમ ભયંકર કર્મવાળા ભીમસેનને વિરથ કર્યો. હે ભરતશ્રેષ્ઠ! અનિલની જેને ઉપમા અપાય એવો વિરથ થએલો મહાબાહુ ભીમસેન, જાણે હસતો હોય નહિ તેમ હાથમાં ગદા લઇ ઉત્તમ રથમાંથી નીચે કૂદી, વેગથી તમારા સૈન્યમાં જઈ વરસતા મેઘને જેમ વાયુ નસાડે તેમ નસાડવા લાગ્યો. તે વેળાએ ઉગ્ર [illegible] રૂપ જેવું એવા શત્રુને તપાવનાર બળવાન ભીમસેને, તત્કાળ હળ જેવા દાંતવાળા મ્હારૂ

કરનાર સાતસો હાથીને વિંધ્યા. મર્મજ્ઞ એવા તેણે દંતાવરણ, નેત્ર, કુંભસ્થલ, ગંડસ્થલ, અને બીજાં પણ મર્મસ્થાનને વિષે તે હસ્તિઓને વિંધ્યા, તેથી ભય પામેલા તે નાસભાગ કરવા લાગ્યા. તે સમયે મોટા માવત લોકોએ પાછા ફેરવેલા એવા તેમણે મેઘો જેમ સૂર્યને વિંટી લે તેમ ભીમસેનને વિંટી લીધો. તે સમે પૃથ્વીપર ઉભેલા ભીમસેને, ઈન્દ્ર જેમ વજ્રે કરી પર્વતોને હણે તેમ ગદાએ કરી માવત, આયુધ તથા ધ્વજા સહિત સાતસો હસ્તિઓને હણ્યા. ત્યાર પછી શત્રુને દમન કરનાર કુંતિપુત્રે સુબલપુત્ર શકુનિના અતિ બળવાન એવા બાવન હસ્તિઓને સંગ્રામમાં પછાડી તમારી સેનાને તપાવતાં, સેંકડો રથ તથા સેંકડો સૈનિકોને હણ્યા. મહાત્મા ભીમસેને તથા ઉપરથી સૂર્યે તપાવેલું તમારૂં સૈન્ય, અગ્નિમાં ચર્મ સંકોચ પામે તેમ સંકોચ પામવા લાગ્યું. તે વેળાએ હે ભરતર્ષભ! ભીમથી અત્યંત ત્રાસ પામેલા તમારી તરફના યોદ્ધાઓ સંગ્રામમાં ભીમસેનને છોડી દેઇ દશે દિશાઓ પ્રત્યે ભાગવા લાગ્યા. તે સમયે શબ્દ કરતા ચર્મનાં દૃઢ કવચ પહેરેલા, પાંચસો રથિઓ, બાણના સમુદાયે કરી ચોતરફથી ભીમસેનને હણતા તેની સામે દોડ્યા. પતાકા, ધ્વજ તથા આયુધ સહિત પાંચસો શૂરવીરોને ભીમસેને વિષ્ણુ જેમ અસુરોને હણે તેમ ગદાએ કરીને હણ્યા. ત્યાર પછી શક્તિ, દંડ તથા ભાલા છે હાથમાં જેમના એવા શકુનિએ મોકલેલા, શૂરવીરોએ માનવા લાયક ત્રણ હજાર ઘોડેસ્વાર, ભીમસેન સામે દોડ્યા. હે ભારત! તેમને જોઇ વિવિધ પ્રકારના માર્ગો પ્રત્યે વિચરતા શત્રુને હણનાર ભીમસેને વેગથી સામે જઇ ગદાએ કરી અશ્વ સહિત તેમને પણ હણ્યા. તે સમયે હે ભારત! પાષાણોથી હણેલા વૃક્ષોનો જેવો શબ્દ થાય તેવો ભીમસેને તાડન કરાતા તેમનો શબ્દ થતો હતો. એ રીતે ક્રુદ્ધ થએલો ભીમસેન, સુબલપુત્ર શકુનિના ત્રણ હજાર ઉત્તમ અશ્વોને હણી, બીજા રથમાં બેસી રાધાપુત્ર કર્ણ સામે દોડ્યો. હે રાજન! મહારથિ કર્ણ પણ સંગ્રામમાં શત્રુને દમન કરનાર ધર્મપુત્ર યુધિષ્ઠિરને, બાણથી આચ્છાદન કરી એના સારથિને પાડી, ગૃધ્રના પીંછ બાંધેલા સરળ બાણ તેની ઉપર નાખતો તેના રથ સામે દોડ્યો. રાજા સામે દોડતા તેને જોઈ બાણથી પૃથ્વીને વિંટી દઇ વાયુપુત્ર ભીમસેને ક્રોધથી બાણના સમુદાયે કરી કર્ણને ઢાંકી દીધો. તે વેળાએ ત્યાંથી નિવૃત્ત થએલા શત્રુને પીડનાર રાધાપુત્ર કર્ણે પણ તીક્ષ્ણ બાણોએ કરી ભીમસેનને આચ્છાદન કરી દીધો. હે ભારત! ભીમસેનના રથે કરી વ્યગ્ર એવા કર્ણને ઘણા બળવાળા સાત્યકિએ, તેને પડખે ઉભા રહીને પકડી લેવાનો યત્ન કર્યો. એ રીતે સાત્યકિના બાણે કર્ણ અત્યંત પીડિત થયો તોપણ તેની સાથે આવી ઉભો રહ્યો. પરસ્પર પ્રદિપ્ત એવા બાણને ફેંકતા સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ એક બીજા સામે નજીક આવેલા તે બેઉ શૂરવીર અત્યંત શોભતા હતા. હે રાજેન્દ્ર! ભયંકર છે દર્શન જેનું એવો તે બેઉએ આકાશમાં નાંખેલો બાણ સમુદાય, ક્રૌંચપક્ષિના પૃષ્ટ સરખો અરૂણ વર્ણ દેખાતો હતો. હે રાજન! તે વેળાએ મૂકેલા હજારો બાણે તે તથા અમે કોઇ પણ સૂર્યની પ્રભા દિશાઓને તથા વિદિશાઓને જોઈ શકતા ન હતા. કર્ણ તથા પાંડુપુત્ર ભીમસેનના બાણના ઓઘે કરી મધ્યાન્હ સમયના તપતા સૂર્યની સર્વ પ્રભા હણાઇ ગઇ હતી. શકુનિ, કૃતવર્મા, અશ્વત્થામા, અધિરથ પુત્ર કર્ણ તથા કૃપાચાર્યને પાંડવો સાથે સંસક્ત થએલા જોઇ વળી કૌરવો પાછા ફર્યા. તે વેળાએ, હે વિશાંપતે! વૃષ્ટિએ કરી વૃદ્ધિ પામેલા સાગરોનો જેવો ભયંકર શબ્દ થાય તેવો ધસી આવતા કૌરવોનો તીવ્ર શબ્દ થતો હતો. સંગ્રામમાં પરસ્પર અત્યંત મળી ગયેલી તે બેઉ સેના એક બીજાને જોઇ મોટા

હર્ષયુક્ત થતી હતી. મધ્યાન્હના સૂર્ય થયા તે સમયે, જેવું યુદ્ધ પ્રવર્તમાન થયું તેવું પૂર્વે કદી અમે જોયું ન હતું અને સાંભળ્યું પણ ન હતું. જેમાં સૈન્યનો ઓઘ, સામેના સૈન્યના ઓઘને જોઈ જળનો ઓઘ જેમ સાગર પ્રત્યે જાય તેમ વેગે કરી આગળ જતો હતો. પરસ્પર મળેલા બાણુના ઓઘનો ગર્જના કરતા સમુદ્રોનો જેવો મોટો શબ્દ થાય તેવો અત્યંત મોટો શબ્દ થતો હતો. વેગવતી એવી તે બેઉ સેના પરસ્પર સામસામે આવી બે નદીઓ જેમ એકઠી મળી જાય તેમ એક થઈ ગઈ. હે વિશાંપતે! ત્યાર પછી ભયંકર છે રૂપ જેનું એવું યુદ્ધ પ્રવર્તમાન થયું. જેમાં અત્યંત મોટા યશને ઇચ્છતા તથા ગર્જના કરતા કૌરવ તથા પાંડવોની પોતાના નામનો ઉદ્દેશ કરી રહેલી વિવિધ પ્રકારની અવિછિન્ન વાણી સંભળાતી હતી. પિતા, માતા, કર્મ તથા શીલથી જે જે હીનપણું હોય તે તેઓ પરસ્પર યુદ્ધમાં સંભળાવતા હતા. એવી રીતે પરસ્પર તિરસ્કાર કરતા તે શૂરવીરોને જોઇ હે રાજન! આમાં હવે બાકી જીવિત નથી, એમ મારી મતિ થઈ. તેમજ ઘણા તેજવાળા ક્રુદ્ધ થએલા તેમનાં શરીર જોઇ મને તીવ્ર એવું ભય ઉત્પન્ન થયું, જે 'આ શું થશે.' એટલામાં તો હે રાજન! પરસ્પર તીક્ષ્ણ બાણે કરી હણુતા એવા મહારથ કૌરવ તથા પાંડવ એકબીજાનો નાશ કરવા લાગ્યા.

ततस्ते पांडवा राजन् कौरवाश्च महारथाः ।
ततक्षुः सायकैस्तीक्ष्णैर्निघ्नंतो हि परस्परं ॥

इतिश्री महाभारते कर्णपर्वणिसंकुलयुद्धेगुजरभाषायामेकपंचाशत्तमोऽध्यायः ॥५१॥

અધ્યાય ૫૨ મો. મહા ઘોર સંગ્રામ.

संजय उवाच—क्षत्रियास्ते महाराज परस्परवधैषिणः ।
अन्योन्यं समरे जघ्नुः कृतवैराः परस्परम् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ! હે મહારાજ! પરસ્પર કર્યું છે વેર જેમણે તથા પરસ્પર વધને ઇચ્છતા તે ક્ષત્રિયો, સંગ્રામ વચ્ચે એક બીજાને મારતા હતા. હે મહારાજ! રથ, હય, નર તથા હસ્તિના ઓઘ, પરસ્પર મળી ગયા હતા. અત્યંત દારૂણ એવા તે સંગ્રામમાં શૂરવીરોના હાથથી-ફેંકાતા, ગદા, ભાલાં, કણપ નામનાં બીજી જાતનાં ભાલાં, સાંગ, ગોફણ તથા અગ્ન્યાસ્ત્રના સંતાપને અમે જોતા હતા. તીડ નામના જંતુઓની પેઠે બાણુની વૃષ્ટિ ચોતરફથી થતી હતી. હસ્તિઓ હસ્તિઓને, ઘોડાઓ ઘોડાઓને રથિઓ રથિઓને, તથા પાયદળો પાયદળોને એક બીજાને વિંધતા હતા. હે નૃપ! પાયદળો, અશ્વસમુદાયને તથા રથ અને હસ્તિઓને, રથિઓ, હસ્તિ તથા અશ્વોને, હસ્તિઓ પાયદળ, અશ્વ તથા રથને, મર્દન કરતા હતા. તે વેળાએ પરસ્પર આક્રોશ કરતા તથા વધ કરતા શૂરવીરોનું પશુઓનો નાશ થાય તેમ ભયંકર યુદ્ધ થયું. હે ભારત! તે સમયે રૂધિરે કરી વ્યાપ્ત રણભૂમિ વર્ષાઋતુમાં ઇન્દ્રગોપ નામના જંતુમણે સંકીર્ણ થયેલી પૃથ્વીની પેઠે શોભતી હતી. રંગ ચઢાવેલાં વસ્ત્ર ધારણ કરનારી યુવતી સ્ત્રી જેવી શોભે તેમ માંસ તથા શોણિતે કરી વિચિત્ર પ્રકારની હોય તેમજ સુવર્ણમયી હોય તેમ પૃથ્વી શોભતી હતી. પૃથ્વીપર પડેલાં મસ્તક, સાથળ સહિત બાહુ, કુંડલ, ભૂષણ, કંઠાભરણ, શૂરવીરોનાં ધનુષ સહિત શરીર, ધ્વજ તથા પતાકા સર્વત્ર દેખાતાં હતાં. હે નૃપ! હસ્તિઓ, બીજા હસ્તિઓ સાથે

જય દાંતેકરી તેમને પીડતા હતા. તે વેળા દાંતેકરી પીડિત થએલા અને રૂધિરે કરી અભિષિક્ત છે અંગ જેમનાં એવા તે હસ્તિઓ, ગૈરિકધાતુનાં ઝરે છે ઝરણાં જેમાંથી એવા ધાતુથી મંડિત પર્વત સમ શોભતા હતા. ઘોડેસ્વારોએ મૂકેલાં ને શરીરમાં ચોંટી રહેલાં ઘણાંક ભાલાંઓને તે હસ્તિઓ સુંઢે કરી ખેંચતા હતા, તેમજ બીજા હસ્તિઓ ભાગી નાખતા હતા. હે રાજન્ ! નારાચ નામના બાણોએ ભેદાયાં છે કવચ જેમનાં એવા કેટલાક ઉત્તમ હસ્તિઓ, હિમાગમે વાદળ રહિત પર્વતો શોભે તેમ શોભતા હતા. હે ભારત ! સુવર્ણના પુંખવાળા બાણો વિચિત્ર પ્રકારના કેટલાક ઉત્તમ હસ્તિઓ, ઊંબાડીઆથી પ્રદીપ્ત છે અગ્રભાગ જેનો એવા પર્વત શોભે તેમ શોભતા હતા. હસ્તિઓએ હણેલા ઉત્તમ પર્વતની જેમને ઉપમા અપાય એવા કેટલાક હસ્તિઓ, સંગ્રામમાં નાશ પામતા હતા. શલ્ય તથા મણેકરી પીડિત કેટલાએક હસ્તિઓ પક્ષવાળા પર્વત જેમ નાસે તેમ નાસતા હતા. નિરૂપમ છે કુંભસ્થળ જેમનાં એવા કેટલાક હસ્તિઓ, સંગ્રામમાં પડતા હતા. ભયંકર શબ્દ કરતા બીજા કેટલાક સિંહની પેઠે શબ્દ કરતા હતા. હે રાજન! ઘણાક હસ્તિઓ ત્યાં ભમતા હતા. કેટલાક હસ્તિઓ ચીસો પાડતા હતા. બાણોએ કરી હણાયલા સુવર્ણના કવચથી શોભિતા અશ્વ, ખેદ પામી ગ્લાનિયુક્ત થતા હતા તથા દશે દિશાઓમાં ભમતા હતા. બાણ તથા ભાલાઓથી તાડન કરેલા બીજા કેટલાક અશ્વ, લોટતા ને ચેષ્ટા કરતા હતા, તથા અનેક પ્રકારના ભાવ કરતા હતા. હે મારિષ ! કેટલાક હણાયલા સૈનિક રૂદન કરતા હતા. બીજા કેટલાક પોતાના બાંધવ, પિતૃ, પિતામહ તથા દોડતા એવા બીજાઓને જોઇ વિખ્યાત એવાં તેમનાં ગોત્ર તથા નામની પરસ્પર પ્રશંસા કરતા હતા. હે મહારાજ ! સુવર્ણથી શોભતા કપાઇ ગએલા તે શૂરવીરના હસ્ત, પગે અથડાયા કરતા હતા તેમજ બીજા કેટલાક આમનેમ પડેલા હતા. હજારો સ્ફુરાયમાન થતા હતા, બીજા કેટલાક સંગ્રામમાં પાંચ મુખવાળા સર્પની પેઠે વેગ કરતા હતા. હે વિશાંપતે ! સર્પના શરીર જેવા ચંદનથી લીપેલા રૂધિરે કરીને આર્દ્ર ભુજ, સુવર્ણના ધ્વજ શોભે તેમ શોભતા હતા. ઘોર એવા તે સંકુલ યુદ્ધમાં પરસ્પર ન જાણતા એવા તે યોદ્ધાઓ, ચોતરફથી એક બીજાને હણતા અને યુદ્ધ કરતા હતા, શસ્ત્રના સંતાપથી સંકુલ અને પૃથ્વીની ઉડતી રજે કરી વ્યાપ્ત એવા સંગ્રામમાં અંધાકારને લીધે કયા પોતાના તથા કોણ પારકા તે પણ જણાતું ન હતું. એ રીતનું ઘોર છે રૂપ જેનું એવું ભયાનક યુદ્ધ થયું. રૂધિર રૂપી ઉદકવાળી, મસ્તકરૂપી પાષાણથી ઢંકાઇ ગયેલી, કેશરૂપી શેવાળે આચ્છાદિત, અસ્થિરૂપ મત્સ્યથી સંકીર્ણ, ધનુષ, બાણ તથા ગદારૂપી છે હોડિઓ જેમાં, માંસ તથા રૂધીરરૂપી ગારાવાળી, ભયંકર છે રૂપ જેનું, અત્યંત દારૂણ એવી મોટી લોહીની નદીઓ ચાલતી હતી. બીરૂને ત્રાસ આપનારી અને શૂરવીરોનો હર્ષ વધારનારી ભયંકર રૂપવાળી તે નદીઓ કાયરને યમલોક પમાડતી હતી. અવગાહન કરનારને ડુબાડતી હતી તથા ક્ષત્રિયોને શૌર્ય ઉત્પન્ન કરતી હતી. હે નરવ્યાઘ્ર ! તે સમયે તે સ્થાનકે શબ્દ કરતાં માંસ ખાનારાનું પ્રેતરાજાના પુરની જેને ઉપમા અપાય એવું ઘોર યુદ્ધ થયું. ગણી શકાય નહિ એવાં માથાં વગરનાં ધડ ચોતરફ ઉછળતાં હતાં. માંસ તથા રૂધિરે કરી અત્યંત હૃષ્ટ એવા ભૂતગણ, નૃત્ય કરતા હતા. તેજ રીતે શોણિત તથા વસાનું પાન કરી મેદ, મજ્જા તથા વસાએ કરી મત્ત, માંસે કરી તૃપ્ત થએલા કાક, ગૃધ્ર તથા બક, ચોતરફ દોડતા દેખાતા હતા. હે રાજન ! સંગ્રામમાં શૂરવીરો, અત્યંત દુસ્ત્યજ એવા ભયનો ત્યાગ કરી યોધ-

વ્રતવડે વિખ્યાત એવા નિર્ભય થઇ ક્ષત્રિય કર્મ કરતા હતા. બાણ તથા શક્તિએ કરી સંકીર્ણ, તથા માંસ ખાનાર ભૂતાદિકે કરી સંકુલ એવા તે મહાસંગ્રામમાં પોતાના શૌર્યને પ્રખ્યાત કરતા શૂરવીર વિચરતા હતા. હે વિભો ! હે ભારત ! સંગ્રામમાં વિચરતા શૂરવીર પોતાનાં તથા પોતાના પિતાનાં નામ અને ગોત્ર એક બીજાને કહી સંભળાવતા હતા. હે વિશાંપતે ! પોતાનાં નામ તથા ગોત્ર સંભળાવતા એવા ધનુષ્ક યોદ્ધાઓ શક્તિ, ભાલા તથા પટાએ કરી એક બીજાને મર્દન કરતા હતા. ભયંકર છે રૂપ જેનું એવા તેઓ અત્યંત દારૂણ યુદ્ધમાં સમુદ્રના મધ્યમાં ભેદાયલું જેમ નાવ ભટકે તેમ કૌરવની સેનામાં ભટકતા અને ખેદ પામતા હતા.

वर्तमाने तथा युद्धे घोररूपे सुदारुणे ।

व्यषीदत्कौरवीसेनाभिन्ना नौरिव सागरे ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां द्विपंचाशत्तमोऽध्यायः॥५२॥

અધ્યાય ૫૩ મો. અર્જુને કરેલું મહાયુદ્ધ.

संजय उवाच—वर्तमाने तथा युद्धे क्षत्रियाणां निमज्जने ।

गांडीवस्य महाघोषः श्रूयते युधि मारिष ॥१॥

સંજય કહે છે–હે મારિષ ! ક્ષત્રિયોનું છે ડૂબવું જેમાં એવા તે યુદ્ધમાં ગાંડીવ ધનુષનો મોટો શબ્દ સંભળાતો હતો. જેમાં પાંડુપુત્ર અર્જુન, સંશપ્તક, કોસલ તથા નારાયણ, શત્રુ સૈન્યનો નાશ કરતા હતા. સંગ્રામમાં જયને ઇચ્છનાર, અત્યંત ક્રોધાવિષ્ટ થએલા સંશપ્તકો પણ, અર્જુનના મસ્તકપર ચોતરફથી બાણની વૃષ્ટિ કરવા લાગ્યા. આવતી તે બાણવૃષ્ટિને સમર્થ અર્જુન વેગથી ધારણ કરી, શ્રેષ્ઠ રથિઓને હણતાં રથસૈન્ય સામે જઈ, ગૃધ્રના પીંછ બાંધેલા અને શિલા ઉપર તીક્ષ્ણ કરેલા બાણનો વર્ષાદ કરતાં, શ્રેષ્ઠ આયુધવાળા સુશર્મા સામે ગયો. રથિમાં શ્રેષ્ઠ તેણે પણ આવતી અર્જુનની બાણવૃષ્ટિ ઉપર બાણનો વર્ષાદ વરસાવ્યો. સંશપ્તકો પણ અર્જુન ઉપર બાણ નાખવા લાગ્યા. ત્યાર પછી સુશર્માએ દશ બાણથી અર્જુનને વિંધી ત્રણ બાણેકરી જનાર્દન ભગવાનને દક્ષિણ ભુજપર ઘા કરી, હે મારિષ ! ભલ્લ નામના બાણેકરી ધ્વજને પાડી નાંખ્યો. તે વેળાએ હે રાજન ! ધ્વજાવિષે રહેલો વિશ્વકર્માનો રચેલો શ્રેષ્ઠ વાનર, અત્યંત મોટો શબ્દ કરતો ગર્જના કરવા લાગ્યો. તે સાંભળી અત્યંત ત્રાસ પામેલી તમારા પુત્રની સેના, ભય પામી ચેષ્ટા રહિત થઇ ગઇ. હે નૃપ ! તે સમયે ચેષ્ટારહિત થઇ ઉભેલી તમારી સેના, નાના પ્રકારના પુષ્પે કરી સંકીર્ણ એવું ચૈત્રરથ નામનું કુબેરનું વન શોભે તેમ શોભતી હતી. હે કુરુસત્તમ ! ફરીને સંજ્ઞા પામેલા તમારી તરફના યોદ્ધાઓ, મેઘ જેમ પર્વત ઉપર જળનો વર્ષાદ કરે તેમ અર્જુન ઉપર બાણનો વર્ષાદ કરવા લાગ્યા. ક્રોધાવિષ્ટ થએલા તે સર્વ યોદ્ધાઓ, તીક્ષ્ણ બાણે કરી હણવા માંડ્યા તો પણ પાંડુપુત્ર અર્જુનના મોટા રથને ચોતરફથી ઘેરી લઇ તેના રથના અશ્વ, ચક્ર તથા ધોંસરીને ચોતરફથી ખેંચવા લાગ્યા. એ રીતે હજારો યોદ્ધાઓ, તેના રથને નિગ્રહ કરી બળથી સિંહનાદ કરતા હતા. કેટલાક યોદ્ધાઓએ કેશવ ભગવાનના મોટા ભુજ ઝાલી ખેંચવા માંડ્યાં. વળી બીજા યોદ્ધાઓએ રથમાં બેઠેલા અર્જુનને પકડવા માંડ્યો. એટલામાં કેશવ ભગવાને રણસંગ્રામના મોખરે પોતાના બે હાથ

હલાવી દુષ્ટ હસ્તિ જેમ પોતાના માવતોને પાડે તેમ સર્વ યોદ્ધાઓને નીચે પાડી નાંખ્યા. તે વખતે, મહારથિઓથી ઘેરાવાને લીધે ક્રુધ થએલા અર્જુને, તેમણે નિગ્રહ કરેલા રથને તથા તેમની સામે દોડતા કેશવ ભગવાનને જોઇ રથ ઉપર ધસી આવેલાં તે પાયદળોને નાચે પાડી નાંખ્યાં. તેમજ બીજા નજીક ઉભેલા યોદ્ધાઓને સમીપથી યુદ્ધ કરવાના બાણોએ ઢાંકી દેઈ કેશવ ભગવાનને આવા રીતે કહ્યું કે, હે કૃષ્ણ ! હે મહાબાહો ! દારૂણ કર્મ કરનાર મેં મારવા માંડેલા હજારો સંશપ્તક ગણને જુઓ. હે યદુપુંગવ ! આ ઘોર એવા રથબંધનને સહન કરનાર મારા વિના બીજો કોઇ પણ પુરૂષ પૃથ્વીમાં નથી. એટલાં વચન કૃષ્ણને કહી પોતાનો દેવદત્ત નામનો શંખ તેણે વગાડયો. શ્રીકૃષ્ણે પણ જાણે દ્યાવા-પૃથ્વીને પૂરી દેતા હોય નહીં, તેમ પોતાનો પાંચજન્ય શંખ વગાડયો. હે મહારાજ ! તે શંખના શબ્દને સાંભળી અત્યંત ત્રાસ પામેલી સંશપ્તક ગણની સેના, ચલાયમાન થઇ, તેટલામાં હે મહારાજ! સામાવાળાના શૂરવીરને હણનાર પાંડુપુત્ર અર્જુને, વારંવાર સર્પાસ્ત્ર નાખી તેમના પગ બંધ કરી લીધા. હે રાજન ! મહાત્મા પાંડવે પાદબંધે બાંધેલા તે, કાલમીઢ પાષાણમય હોય નહીં તેમ ચેષ્ટા રહિત થઇ ગયા. તે વેળાએ પાંડુનંદન અર્જુને પૂર્વે તારકાસુરનો વધ થયો ત્યારે ઇન્દ્રે જેમ દૈત્યોને હણ્યા હતા તેમ ચેષ્ટારહિત એવા તે યોદ્ધાઓને હણ્યા. એ રીતે અર્જુને હણવા માંડેલા તે, તે [illegible] છોડી દેઈ સર્વ આયુધ મૂકવા તૈયાર થયા. હે નૃપ ! પાદબંધે બંધાએલા તે, ચેષ્ટા કરવા સમર્થ થયા નહીં તેથી ફરીનેજ સન્નત છે પર્વ જેમનાં એવા બાણેકરી અર્જુને તેમને હણ્યા. અર્જુને પાદબંધ કરવાથી સર્વ યોદ્ધાઓ સર્પોએ કરી વિંટાયલા હોય તેવા થઇ ગયા. પછી હે રાજેન્દ્ર ! બંધાયલા તેમને તથા અર્જુને ગ્રહણ કરેલી સેનાને જોઈ મહારથિ સુશર્માએ સૌપર્ણાસ્ત્ર પ્રકટ કર્યું. તેમાંથી નિકળેલા ગરૂડપક્ષિઓ સર્પોનું ભક્ષણ કરવા લાગ્યા. તેમને જોઇને સર્પ ત્યાંથી નાસવા માંડ્યા. હે વિશાંપતે ! તે સમયે પાદબંધથી મુક્ત થએલું સંશપ્તક સૈન્ય, મેઘના વૃંદથી મુક્ત થએલો, પ્રજાને તપાવતો સૂર્ય શોભે તેમ શોભતું હતું. એવી રીતે મૂકાયલા તે યોદ્ધાઓ, હે મારિષ ! અર્જુનના રથ પ્રત્યે બાણ તથા શસ્ત્રસંઘ મૂકવા લાગ્યા. તે વખતે સામાવાળાને હણનાર ઇન્દ્રપુત્ર અર્જુને બાણના વર્ષાદથી પોતા સામે આવતી તે મહા અસ્ત્રમય વૃષ્ટિને હઠાવી યોદ્ધાઓને હણ્યા, તેટલામાં હે રાજન ! સુશર્માએ, નત છે પર્વ જેનું એવા બાણથી અર્જુનને હૃદયમાં અને બીજા ત્રણ બાણે કરી બીજે અંગે વિંધ્યો. અત્યંત વિંધાયલો તે, વ્યથિત થઇ રથમાં બેસવાના સ્થાનની પાસે પડી ગયો. તે સમયે 'અર્જુન હણાયો, અર્જુન હણાયો' એ રીતે ઉંચે સ્વરે સર્વ લોકો પોકાર કરવા લાગ્યા કેટલાક શંખના, ભેરીના તથા નાના પ્રકારના વાદ્યના શબ્દ સાથે શૂરવીરોના સિંહનાદ થવા લાગ્યા. કૃષ્ણ છે સારથિ જેના એવા શ્વેત અશ્વવાળા ઘણા બળવાળા અર્જુને સંજ્ઞા પામી તરત ઐંદ્રાસ્ત્ર પ્રકટ કર્યું. હે મારિષ ! તેમાંથી ઉત્પન્ન થએલા અને તમારી સેનાને હણતા એવા હજારો બાણ, સર્વ દિશાઓમાં દેખાવા માંડ્યાં. એ રીતે શસ્ત્રેકરી હણાયા છે સેંકડો તથા હજારો અશ્વ ને રથ જેમાં એવું તમારૂં સૈન્ય હણાવા લાગ્યું તે જોઇ સંશપ્તક ગણોને તથા ગોપાલોને પણ મોટું ભય પ્રાપ્ત થયું. કોઇ પણ પુરૂષ તે વખતે અર્જુનની વિંધે તેવો નહતો. શૂરવીરો જોતાં તમારૂં સૈન્ય હણાતું હતું. પરાક્રમ કરવામાં ચેષ્ટા રહિત ને હણાતા સૈન્યને જોઇ દશ હજાર યોદ્ધાઓને હણી સંગ્રામના મુખમાં પાંડુપુત્ર અર્જુન, હે મહારાજ ! ધૂમ વગરનો પ્રજ્વલિત અગ્નિ

શોભે તેમ શોભતો હતો. હે ભારત! ચૌદ હજાર બાકી રહેલા યોદ્ધાઓ, દશ હજાર રથ, અને ત્રણ હજાર હસ્તિઓ, જે જીવંત રહેલા હતા તે સંશપ્તકોએ જય કરવો અને કાંતો મરવું, પણ પાછા વળવું નહિ, એવો નિશ્ચય કરી, વળી ફરીથી અર્જુનને ઘેરી લીધો. હે વિશાંપતે! તે વેળાએ તમારી તરફના યોદ્ધાઓને બળવાન પાંડુપુત્ર અર્જુન સાથે મોટું યુદ્ધ થયું.

तत्र युद्धं महच्चासीत्तावकानां विशांपते ।
शूरेण बलिना सार्द्धं पांडवेन किरीटिना ॥

इतिश्री महाभारते कंर्णपर्वाणि संकुलयुद्धे गुर्जरभाषायां त्रिपंचाशतमोऽध्यायः ॥ ५३ ॥

અધ્યાય ૫૪ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच—कृतवर्मा कृपो द्रौणिः सूतपुत्रश्च मारिष ।
उलूकः सौबलश्चैव राजा च सहसोदरैः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મારિષ! કૃતવર્મા, કૃપાચાર્ય, અશ્વત્થામા, સૂતપુત્ર કર્ણ, ઉલૂક, સુબલપુત્ર શકુનિ તથા ભાઇઓ સહિત દુર્યોધન રાજા એટલા શૂરવીરોએ, પાંડુપુત્રના ભયથી પીડિત થએલી અને ખેદ પામતી પોતાની સેનાને જોઇ સમુદ્રના મધ્યમાં ભાગેલા નાવનો જેમ ઉદ્ધાર કરવામાં આવે તેમ ઉદ્ધાર કર્યો. હે ભારત! ત્યાર પછી શૂર પુરૂષોને હર્ષ વધારનાર અને બીરૂઓને ભય ઉત્પન્ન કરનાર મુહુર્ત પર્યંત ભયંકર યુદ્ધ થયું. કૃપાચાર્યે મૂકેલી બાણવૃષ્ટિએ, તીડના સમુદાયની પેઠે સૃંજયોને આચ્છાદન કરી દીધા. ક્રોધાયમાન થએલા શિખંડિએ, બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ગૌતમ સામે આવી ચોતરફથી તેમની ઉપર બાણનો વર્ષાદ કર્યો. મહાસ્ત્ર જાણનાર કૃપાચાર્યે પણ પોતા સામે આવતી તે બાણવૃષ્ટિને હણી દશ બાણે ક્રોધથી શિખંડીને વિંધ્યો. કંપિત થએલા શિખંડિએ પણ સંગ્રામના મધ્યમાં ગૃધ્રના પીછ બાંધેલા સાત બાણે ક્રોધિત થએલા કૃપાચાર્યને વિંધ્યા. પછી તીક્ષ્ણ બાણે અત્યંત વિંધાયલા બ્રાહ્મણ મહારથિ કૃપાચાર્યે નાશ પામ્યા છે અશ્વ. સારથિ તથા રથ જેના એવા શિખંડિને ખૂબ પીડયો. મહારથિ શિખંડિ, હણાયા છે અશ્વ જેના એવા વાહન ઉપરથી નીચે કૂદી હાથમાં ઢાલ તથા ખડ્ગ ગ્રહણ કરી બ્રાહ્મણ કૃપાચાર્ય સામે ગયો. તેને સામે આવતો જોઇ સનત છે પર્વ જેનાં એવા બાણેકરી કૃપાચાર્યે તેને આચ્છાદન કરી દીધો. તે સમયે હે રાજન! અમે આશ્ચર્ય જોયું, જે ડૂબેલા પાષાણની પેઠે શિખંડિ ચેષ્ટા રહિત થઇ સંગ્રામમાં ઉભો રહ્યો. હે નૃપોત્તમ! કૃપાચાર્યે આચ્છાદન કરેલા શિખંડિને જોઇ મહારથિ ધૃષ્ટદ્યુમ્ન ઉતાવળેથી કૃપાચાર્ય સામે આવ્યા. શરદ્વાનના પુત્ર કૃપાચાર્યના રથ તરફ જતા ધૃષ્ટદ્યુમ્નને વેગે કરી મહારથિ કૃતવર્માએ રોક્યો. તેમજ કૃપાચાર્યના રથતરફ પુત્ર તથા સૈન્ય સહિત આવતા યુધિષ્ઠિર રાજાને અશ્વત્થામાએ વારી રાખ્યા. ઉતાવળથી આવતા મહારથિ નકુળ તથા સહદેવને તમારા પુત્રે બાણના વર્ષાદથી રોકી રાખ્યા. હે ભારત! ભીમસેન, કરૂષ તથા સંજય સહિત કેકયને યુદ્ધના મધ્યમાં સૂર્યપુત્ર કર્ણે રોકી રાખ્યા. હે મારિષ! શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે, જાણે શિખંડિને બાળવાને ઇચ્છતા હોય નહિ તેમ સુવર્ણથી શોભતા બાણ ચોતરફથી તેની ઉપર નાખ્યા. તે બાણોને

વારંવાર ખડ્ગને ફેરવતા શિખંડિએ કાપી નાંખ્યા. હે ભારત ! ગૌતમ કૃપાચાર્યે, સેંકડો ચંદ્રાકૃતિ ઢાલને બાણેકરી વિંધી નાખી. તે સમયે મનુષ્ય મોટેથી જય પોકારવા લાગ્યા. હે મહારાજ ! તે સમયે ઢાલ વગરનો અને ખડ્ગ છે હાથમાં જેના એવો આતુર શિખંડિ, મૃત્યુના મોઢામાં સપડાય તેમ કૃપાચાર્યથી સપડાઇ ભાગવા લાગ્યો. કૃપાચાયના બાણોએ ગભેલા અને કલેશ પામતા શિખંડિને જોઇ, મોટું જેનું બળ છે એવો ચિત્રકેતુનો પુત્ર સુકેતુ, તરત તીક્ષ્ણ ઘણાક બાણ કૃપાચાર્ય ઉપર નાખતો તેમના રથ સામે આવી ઉભો રહ્યો. તોપણ હે રાજસત્તમ ! ઉત્તમ વ્રતી બ્રાહ્મણને યુદ્ધમાં ઉશ્કેરાયેલા જોઇ શિખંડિ સંગ્રામમાંથી તરત બહાર જતો રહ્યો. સુકેતુએ તો હે રાજન ! નવ બાણથી ગૌતમને વિંધી વળી બીજા સિત્તેરથી ફરીને વિંધી, ત્રણ બાણે, બાણ સહિત ધનુષને કાપી બીજા એક બાણથી સારથિને મર્મસ્થાનમાં અત્યંત પીડિત કર્યો. ક્રુદ્ધ થએલા ગૌતમે, બીજું નવું દઢ ધનુષ ગ્રહણ કરી ત્રીસ બાણે કરી સુકેતુને મર્મસ્થાનવિષે વિંધ્યો. વિહ્વલ છે અંગ જેનાં એવો તે, ઉત્તમ રથમાં ભૂમિનો કંપ થવાથી અત્યંત કંપિત થએલો વૃક્ષ જેમ ચલાયમાન થાય તેમ ચલાયમાન થયો. તે સમયે ગૌતમે ચલાયમાન કરેલા તેની કાયા ઉપરથી જ્વલિત છે કુંડળ જેનાં એવું, પાઘડી તથા સંગ્રામમાં પેરવાની ટોપી સહિત મોટું મસ્તક ક્ષુરપ્ર નામના બાણે કરી પાડી નાખ્યું. તે વેળાએ બાજપક્ષિએ હરણ કરેલા માંસની પેઠે તે પૃથ્વીપર પડયું. ત્યાર પછી એની કાયા પણ પડી. હે મહારાજ ! તે હણાવાથી ત્રાસ પામેલા આગળ ચાલનારા સંગ્રામમાં ગૌતમનો ત્યાગ કરી દશે દિશાઓ પ્રત્યે નાસવા લાગ્યા. હે ભારત ! સંગ્રામના મધ્યમાં મહારથિ કૃતવર્માએ, ધૃષ્ટદ્યુમ્નને વારી 'અરે ઉભો રહે,' એમ તેને કહ્યું. તે સમયે હે નૃપ ! તે બેઉનું, માંસ વાસ્તે ક્રુદ્ધ થએલા બે બાજ પક્ષિઓનું યુદ્ધ થાય તેવું ભયંકર યુદ્ધ થયું. જેમાં ધૃષ્ટદ્યુમ્ને, હૃદિકના પુત્ર હાર્દિક્યને નવ બાણે કરી ક્રોધથી વક્ષસ્થળમાં પાડિત કર્યો. સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્ને અત્યંત હણેલા કૃતવર્માએ બાણે કરી રથ તથા અશ્વ સહિત ધૃષ્ટદ્યુમ્નને આચ્છાદન કરી દીધો. તે વેળાએ હે રાજન ! રથ સહિત બાણે કરી ઢંકાઇ ગયેલો ધૃષ્ટદ્યુમ્ન, જળધારાઓ મૂકનાર મેઘોએ કરી ઢંકાઇ ગએલો સૂર્ય દેખાય તેવો દેખાતો હતો. હે રાજન ! સુવર્ણથી શોભિતા બાણોએ કરી બાણ ગણને નાશ પમાડી, થયા છે વ્રણ જેને એવો ધૃષ્ટદ્યુમ્ન, સંગ્રામમાં શોભતો હતો. ક્રુદ્ધ થએલા સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને, અત્યંત દારૂણ એવી બાણની વૃષ્ટિ કૃતવર્મા પાસે જઇ તેની ઉપર કરી. પોતા સામે આવતી અત્યંત દારૂણ બાણવૃષ્ટિને કૃતવર્માએ અનેક હજાર બાણે વારી રાખી. કોઇથી સહન થાય નહિ એવી પોતાની બાણવૃષ્ટિને કૃતવર્માએ નિવારણ કરી તે જોઇ કૃતવર્મા પાસે જઇ તેમને વારી રાખી, તીક્ષ્ણ છે ધાર જેની એવા ભલ્લ નામના બાણે એમના સારથિને વેગથી યમલોકમાં મોકલી દીધો. તે સમયે હણાયલો તે રથ ઉપરથી નીચે પડયો. એવી રીતે બળવાન ધૃષ્ટદ્યુમ્ન, મોટા બળવાળા શત્રુને જીતી, તરત બાણે કરી સંગ્રામમાં કૌરવોને વારવા લાગ્યો. તમારી તરફના યોદ્ધાઓ, સિંહનાદ કરી ધૃષ્ટદ્યુમ્ન સામે દોડ્યા ત્યાર પછી મોટું યુદ્ધ પ્રવર્તમાન થયું.

ततस्ते तावकायोधा धृष्टद्युम्नमुपाद्रवन् ।
सिंहनादरवं कृत्वा ततो युद्धमवर्तत ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां चतुर्णवतितमोऽध्यायः ॥ ९४ ॥

અધ્યાય ૫૫ મો. અશ્વત્થામાનું પરાક્રમ.

સંજય ઉવાચ—દ્રૌણિર્યુધિષ્ઠિરં દૃષ્ટ્વા શૈનેયેનાભિરક્ષિતં ।
દ્રૌપદેયૈસ્તથાશૂરૈરભ્યવર્તતહૃષ્ટવત્ ॥ ૧ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! શિનિકુળમાં ઉત્પન્ન થએલા સાત્યકિએ તથા શૂરવીર દ્રૌપદીના પુત્રોએ રક્ષણ કરેલા યુધિષ્ઠિરને જોઈ સુવર્ણના પુંખવાળા અને શિલા ઉપર તીક્ષ્ણ કરેલા ભયંકર બાણ ફેંકતા તથા ધનુર્વિદ્યામાં કુશળની પેઠે વિવિધ પ્રકારના માર્ગ તથા શિક્ષાઓને દેખાડતા, મહાઅસ્ત્ર જાણનાર અશ્વત્થામાએ દિવ્યાસ્ત્રે કરી અભિમંત્રણ કરેલા બાણોએ યુધિષ્ઠિરને આંતરી બધું આકાશ પૂરી દીધું. તે વેળાએ અશ્વત્થામાના બાણથી ઢંકાઇ ગએલા મોટા રણ સંગ્રામની વચ્ચે કંઇ જણાતું ન હતું. તેમજ સુવર્ણથી શોભિતા આકાશમાં રહેલા બાણ સમુદાયો જાણે આકાશમાં ચંદરવા બાંધ્યા હોય તેવા લાગતા હતા. હે રાજન ! પ્રકાશમાન એવા બાણે કરી ઢંકાઇ ગયેલું આકાશ અભ્રચ્છાયા જેવું લાગતું હતું. તે બાણથી રૂંધાયલા નભસ્તળવિષે અમે આશ્ચર્ય જોતા હતા, જે અંતરિક્ષમાં જનાર કોઈ પણ પ્રાણી નીચે પડતું ન હતું. તે વેળાએ સાત્યકિ, પાંડુપુત્ર ધર્મરાજ તથા બીજાં સૈન્ય પણ કંઈ પરાક્રમ કરી શકતાં ન હતાં. હે રાજન ! દ્રોણપુત્રનું ચાતુર્ય જોઇ મહારથિઓ વિસ્મય પામતા હતા. તે સર્વ રાજાઓ તપતા સૂર્ય સામે જેમ કોઇ જોઇ શકે નહિ, તેમ તેની સામું જોવા સમર્થ થતા ન હતા. એ રીતે સૈન્યને તેણે મારવા માંડયું તે જોઇ મહારથિ દ્રૌપદીના પુત્ર, સાત્યકિ, ધર્મરાજ, તથા પાંચાલ રાજાઓ એટલા જણ એકઠા મળી, ઘોર મૃત્યુ ભયનો ત્યાગ કરી અશ્વત્થામા સામે દોડયા. સાત્યકિએ સત્તાવિશ બાણથી અશ્વત્થામાને વિંધી, વળી સુવર્ણથી શોભિતા નારાચ નામના સાત બાણેકરી ફરી વિંધ્યા. યુધિષ્ઠિરે તોતેરથી, પ્રતિવિંધ્યે સાતથી, શ્રુતકર્માએ ત્રણથી, શ્રુતકીર્તિએ સાતથી, સુતસોમે નવેકરી, શતાનિકે સાતથી તથા બીજા ઘણાક શૂરવીરોએ ચોતરફથી તેમને વિંધ્યા. ક્રોધાયમાન થએલા સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતા તેમણે પચ્ચીશથી સાત્યકિને, નવથી શ્રુતકીર્તિને, પાંચે સુતસોમને, આઠથી શ્રુતકર્માને, ત્રણે પ્રતિવિંધ્યને, નવથી શતાનિકને, પાંચથી ધર્મપુત્રને તથા બીજા શૂરવીરોને બે બે બાણથી વિંધી તીક્ષ્ણ બાણોએ કરી શ્રુતકીર્તિનું ધનુષ કાપી નાખ્યુ. તે સમયે મહારથિ શ્રુતકીર્તિએ બીજું ધનુષ લઇ ત્રણ બાણથી અશ્વત્થામાને તીક્ષ્ણ બાણોએ કરી વિંધ્યા. હે મારિષ ! અશ્વત્થામાએ બાણના વર્ષાદે કરી ચોતરફથી તેના સૈન્યને આચ્છાદન કરી દીધું. વળી ઘણા બળવાળા અશ્વત્થામાએ હાસ્ય કરી ધર્મરાજનું ધનુષ કાપી, ત્રણ બાણથી તેમને વિંધ્યા. ત્યાર પછી ધર્મપુત્ર યુધિષ્ઠિરે પણ બીજું મોટું ધનુષ ગ્રહણ કરી, સિત્તેર બાણોથી અશ્વત્થામાને બે બાહુ તથા વક્ષસ્થળમાં વિંધ્યા. તેજ સમયે ક્રોધાયમાન થએલા સાત્યકિએ, તીક્ષ્ણ એવા અર્ધચંદ્રાકૃતિ બાણેકરી સંગ્રામમાં પ્રહાર કરતા અશ્વત્થામાનું ધનુષ કાપી મોટો શબ્દ કર્યો. શક્તિમાનમાં શ્રેષ્ઠ કપાઇ ગએલા ધનુષવાળા અશ્વત્થામાએ પણ શક્તિએ કરી ઉતાવળે સાત્યકિના રથ ઉપરથી તેના સારથિને નીચે પાડયો. વળી હે ભારત ! પ્રતાપવાન દ્રોણપુત્રે બીજું ધનુષ ગ્રહણ કરી બાણના વર્ષાદથી સાત્યકિને આચ્છાદન કરી દીધો. હે ભારત ! તે વેળાએ સારથિ વગરના સંગ્રામમાં દોડેલા તેના રથના અશ્વ, તે તે ઠેકાણે દોડતા દેખાતા હતા. યુધિષ્ઠિર જે મુખ્ય જેમાં એવા યોદ્ધાઓ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા અશ્વત્થામા ઉપર

વેગે કરી તીક્ષ્ણ બાણોનો વર્ષાદ કરતા હતા. ક્રોધાયમાન છે રૂપ જેમનું એવા પોતા સામે આવતા તેમને જોઇ શત્રુને તપાવનાર દ્રોણપુત્ર અશ્વત્થામા, હાસ્ય કરી મહા સંગ્રામમાં તેમને વારી રાખી સેંકડો બાણરૂપી જ્વાળાવાળા મહારથિ તે, વન વચ્ચે અગ્નિ જેમ શુષ્ક ઘાસને બાળે તેમ પાંડવની સેનારૂપી સુકા ઘાસને બાળવા લાગ્યા. હે ભરતશ્રેષ્ઠ ! તે વેળાએ દ્રોણપુત્રે અત્યંત તપાવેલું પાંડુપુત્રનું સૈન્ય, મત્સ્યે કરી નદીનું મુખ જેમ ક્ષોભ પામે તેમ ક્ષોભ પામવા લાગ્યું. હે મહારાજ ! દ્રોણપુત્રના એવા પરાક્રમને જોઇ સર્વ યોદ્ધાઓ, દ્રોણપુત્રે સર્વ પાંડવોને હણેલા છે એમ માનવા લાગ્યા. એટલામાં દ્રોણના શિષ્ય મહારથિ યુધિષ્ઠિર રાજા, રોષ તથા અસહનતાથી દ્રોણપુત્ર અશ્વત્થામાને કહેવા લાગ્યા કે, હે પુરૂષમાં સિંહરૂપ ! જે માટે તું આજ મને મારવા ઇચ્છે છે તેથી તને અમારા ઉપર પ્રીતિ નથી અને કૃતજ્ઞતા પણ તારેવિષે નથી; અને બ્રાહ્મણનો તો એ ધર્મ છે જે તપ, દાન તથા અધ્યયન કરવું, ને ક્ષત્રિયોનો ધર્મ એ છે જે તેણે ધનુષ ચલાવવું. પણ તે કર્મ કરતાં તું 'હું બ્રાહ્મણ છું' એમ કહે છે, વાસ્તે હે મહાબાહો ! તારા દેખતાં હું કૌરવોને જીતીશ. જરૂર તું બ્રાહ્મણ છે માટે સંગ્રામમાં કર્મ કર. એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી યુક્ત એવાં તત્ત્વનું ચિંતન કરી અશ્વત્થામાએ કંઈ પણ ઉત્તર ન આપતાં ક્રોધાયમાન થએલો કાળ જેમ પ્રજાને આચ્છાદન કરે તેમ બાણના વર્ષાદે કરી પાંડુપુત્ર યુધિષ્ઠિરને આચ્છાદન કરી દીધા. હે મારિષ ! એ રીતે દ્રોણપુત્રે આચ્છાદન કરેલા યુધિષ્ઠિર રાજા, તત્કાળ મોટી સેનાનો ત્યાગ કરી બહાર ગયા. ધર્મપુત્ર યુધિષ્ઠિર ગયાં ભાજી ઉદાર છે ચિત્ત જેનું એવો દ્રોણપુત્ર પાછો વળ્યો. હે રાજન ! એવી રીતે યુધિષ્ઠિર રાજા, તે મહા સંગ્રામમાં અશ્વત્થામાને છોડી દેઈ ક્રૂરકર્મ કરવાવાસ્તે તમારા સૈન્ય પ્રત્યે ગયા.

ततो युधिष्ठिरो राजंस्त्यक्त्वौ द्रौणिं महाहवे ।
प्रययौ तावकं सैन्यं युक्तः क्रूरायकर्मणे ॥

इतिश्री महाभारते कर्णपर्वणि पार्थापयाने गुर्जरभाषायां पंचपंचाशत्तमोऽध्यायः ॥ ५५ ॥

અધ્યાય ૫૬ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच—भीमसेनं च पांचाल्यं चेदिकेकयसंवृतं ।
वैकर्तनः स्वयं रुध्वा वारयामास सायकैः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ભીમસેન તથા ચેદિ અને કેકયથી વિંટાયલા પાંચાલ્યને સૂર્યપુત્ર કર્ણ, બાણોએકરી વારવા લાગ્યો. પછી કર્ણે, ભીમસેન દેખતાં, ચેદિ, કારૂષ તથા મહારથિ સંજયોને હણ્યા. ભીમસેન રથિમાં અત્યંત શ્રેષ્ઠ એવા કર્ણને છોડી દેઇ પ્રજ્વલિત એવો અગ્નિ જેમ સુકા ઘાસને બાળે તેમ કૌરવના સૈન્યને બાળતો બીજી તરફ ગયો. સૂતપુત્ર કર્ણે સંગ્રામ વચ્ચે પાંચાલ, કેકય તથા મોટા ધનુષવાળા હજારો સૃંજયોને હણ્યા. મહારથિ અર્જુન, ભીમસેન, તથા કર્ણ, એ ત્રણ, સંશપ્તક ગણ, કૌરવ તથા પંચાલોનો ક્ષય કરતા હતા. અગ્નિની જેમને ઉપમા અપાય એવા તે ત્રણ શૂરવીરોએ, બાળવા માંડેલા ક્ષત્રિયો હે રાજન ! તમારા ખરાબ વિચારને લીધે સંગ્રામમાં નાશ પામતા હતા,

ક્ષેપ. એ રીતે ગુરૂ પાસે ભણનાર બ્રહ્મચારીએ ચતુષ્પદી વિદ્યા સંપાદન કરવી. જે બ્રહ્મચર્યનું પૂર્વે કહેલા બાર ધર્માદિકરૂપ સ્વરૂપ છે, અને આસન પ્રાણાયામાદિકરૂપ અંગો છે તથા સારા ગુરૂના ઉપદેશથી નિરંતર યોગમાં તત્પર રહેવારૂપ બળ છે, બ્રહ્મચર્ય વેદનો અર્થ જાણવાથી ફળે છે. એ રીતે પૂર્વે કહ્યા પ્રમાણે બ્રહ્મચર્ય પાળનાર જે પુરૂષ અભિમાન મૂકી સંપાદન કરેલું ધન ગુરૂને આપે, તે ઘણા ગુણવાળી સત્પુરૂષની યોગ્યતાને પામે, ને તેને ગુરૂના પુત્ર વિષે પણ એવીજ વૃત્તિ રહે. બ્રહ્મચર્ય વ્રત પાળનાર પુરૂષ પછી ગૃહસ્થ થઇ, ચોતરફથી વૃદ્ધિ પામી, ઘણાક પુત્રવાળો થઇ પ્રતિષ્ઠા પામે છે. વળી તે દશેય દિશાઓ પ્રત્યે જ્યાં જાય ત્યાં ઘણાક ધનને પામે, અને તેને જોઇ બીજા પણ બ્રહ્મચર્ય વ્રતનું આચરણ કરે. એ રીતે બ્રહ્મચર્યથી દેવતાઓ દેવપણાને પામે છે, મોટા ભાગ્યવાળા બુદ્ધિમાન્ ઋષિયો બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે; ગંધર્વ તથા અપ્સરાઓના રૂપને પામે છે, ને સૂર્ય પણ જલદી ઉદય થાય છે. જેમ મનુષ્યો પારદની ગુટિકારૂપ ચિંતામણિને પામી મનમાં ધારેલા અર્થને પામે તેમ દેવાદિક પણ બ્રહ્મચર્યને પામી ઇચ્છેલા અર્થને પામે છે. હે રાજન્! એ રીતે ચતુષ્પાદ બ્રહ્મચર્યને ધારણ કરે, તે તપે કરી શરીરને પવિત્ર કરી, રાગદ્વેષ રહિત થઇ અંતકાળે મૃત્યુને જીતે છે. હે ક્ષત્રિય! અવિદ્વાન તો કર્મે કરી નાશાત્મક લોકો પ્રત્યે જાય છે, ને વિદ્વાન તો બ્રહ્મને પામે છે. સર્વને માટે જ્ઞાન વિના બીજો કોઇપણ માર્ગ મોક્ષ વાસ્તે છેજ નહીં. સનત્સુજાતનાં વચન સાંભળી વળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે, જે વિદ્વાન હૃદયમાં બ્રહ્મનું રૂપ જૂવે છે, તેને ધોળું, રાતું, અંજન સરખું કાળું તથા ધુસરૂં જોવામાં આવે છે, માટે તે કેવા રૂપવાળું અવિનાશી બ્રહ્મ છે તે કહો? તે સાંભળી સનત્સુજાતે કહ્યું કે, તમારા કહેવા પ્રમાણે હૃદયમાં બ્રહ્મનું રૂપ ભાસે છે, તે પૃથ્વી, અંતરિક્ષ, સમુદ્ર, જળ, તારા વિદ્યુત્ તથા મેઘમાં પણ નથી, તેમ વાયુ, દેવતા, ચંદ્ર તથા સૂર્ય વિષે પણ દેખાતું નથી. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદમાં રથંતર તથા બાર્હદ્રથ નામના સામવેદના ભેદ વિષે તથા મહા વ્રત નામના યજ્ઞ વિષે પણ નથી દેખાતું, એટલે કે વૈદિક કર્મ કરવાથી પણ દેખાતું નથી. જેનો પાર આવે નહીં એવું અવિદ્યા થકી પર, સંધ્યાની પેઠે સાવધાનપણાથી ગ્રહણ કરવા લાયક, અત્યંત સૂક્ષ્મ, પર્વતથી મોટું, પ્રલયને અંતે કાળ પણ જેને વિષે લીન થાય છે એવું, અધિષ્ઠાનરૂપ, નિર્વિકાર, પ્રકાશરૂપ, અત્યંત મોટું રમણીય, જેથી પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે ને જેને વિષે લય પામે છે એવું, દ્વૈત રહિત, આકાશથી મોટું, ઉદ્યુક્ત, પરમ વ્યાપક, કવિયો જેને વાણીથીજ વિકારરૂપ કહે છે સ્વરૂપથી નથી કહેતા, તથા જેને વિષે સર્વ જગત રહેલું છે એવું બ્રહ્મનું રૂપ જે જાણે તે મુક્તિ પામે છે.

अनामयं तन्महदुद्यतं यशो वाचो विकारं कवयो वदंति ।
यस्मिन् जगत्सर्वमिदं प्रतिष्ठितं येतद्विदुरमृतास्ते भवंति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सनत्सुजातपर्वणि सनत्सुजातवाक्ये गुर्जरभाषायां चतुश्चत्वारिंशोऽध्यायः ॥ ४४ ॥

અધ્યાય ૪૫ મો. સનત્સુજાતનો ઉપદેશ.

सनत्सुजात उवाच—शोकः क्रोधश्च लोभश्च कामो मानः परासुता ।
ईर्ष्यामोहो विधित्साच कृपाऽसूया जुगुप्सुता ॥ १ ॥

તેટલામાં હે ભરતશ્રેષ્ઠ ! ક્રોધાયમાન થએલા દુર્યોધને, નવ બાણુથી નકુળને, તથા એના ચાર ઘોડાઓને વિંધી ઘણા બળવાળા તમારા પુત્રે વળી હે જનાધિપ ! ક્ષુર નામના બાણે કરી સહદેવનો સુવર્ણમય ધ્વજ કાપી નાખ્યો. ક્રોધાયમાન થએલા નકુળે, સાતથી અને સહદેવે પાંચ બાણે કરી સંગ્રામના મધ્યમાં તમારા પુત્રને વિંધ્યો. અત્યંત ક્રોધાયમાન થએલા તમારા પુત્રે પણ, ભરતકુળમાં શ્રેષ્ઠ સર્વ ધનુષ ધરનારમાં ઉત્તમ એવા તે બેઉને પાંચ પાંચ બાણે કરી વક્ષસ્થળમાં વિંધી, બીજા ભલ્લ નામના બે બાણે કરી તેમનાં ધનુપ કાપી વળી એકવીસ બાણુથી તે બેઉને વિંધ્યા. તે સમયે શૂરવીર એવા તે બેઉ ઇન્દ્રધનુષ સરખાં સુંદર શ્રેષ્ઠ ધનુષ લઇ યુદ્ધમાં દેવપુત્ર સમ શોભતા હતા. વેગવાન તે બેઉ ભાઇએ બે મોટા મેઘ જેમ પર્વત ઉપર વર્ષાદ કરે તેમ ઘોર એવા બાણુનો દુર્યોધન ઉપર વર્ષાદ કર્યો. હે મહારાજ ! ક્રોધાયમાન થએલા મહારથિ તમારા પુત્રે, મોટા ધનુષવાળા તે બેઉ પાંડુપુત્રને બાણેકરી વારી રાખ્યા. તે વેળાએ હે ભારત ! દુર્યોધનનું ધનુપ મંડળાકાર દેખાતું હતું. ચોતરફથી નિકળતા અને સૂર્યના કિરણોની પેઠે સર્વ દિશાઓને આચ્છાદન કરતા બાણુજ માત્ર દેખાતા હતા. દુર્યોધનના બાણુથી ઢંકાઇ ગયેલું નભસ્તલ બાણુમય થઇ ગયું તે સમયે, નકુળ અને સહદેવ પણ કાળ, અંતક તથા યમ સરખા એના રૂપને જોતા હતા. તેમ બીજા મહારથિઓ પણ તમારા પુત્રના પરાક્રમને જોઈ માદ્રિપુત્ર નકુળ સહદેવ, કાળની સમીપે પ્રાપ્ત થયા હોય એમ માનતા હતા. હે રાજન ! એટલામાં મહારથિ પાંડવના સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને, જે સ્થાનકે રાજા દુર્યોધન હતો તે સ્થાનકે આવી, શૂરવીર એવા મહારથિ માદ્રિપુત્રનું અતિક્રમણ કરી બાણુથી તમારા પુત્રને વારી રાખ્યો. અસહનશીલ પણ બળવાળા તમારા પુત્રે, હાસ્ય કરી, પચ્ચિશ બાણુથી પાંચાલ્ય ધૃષ્ટદ્યુમ્નને વિંધી, વળી બીજા પાંસઠથી વધારે પીડિત કરી અત્યંત તીક્ષ્ણ એવા ક્ષુરપ્ર નામના બાણુથી એનું ધનુપ તથા હાથના મોજા કાપી નાખ્યા. તે સમયે શત્રુને તપાવનાર પાંચાલ ધૃષ્ટદ્યુમ્ન, કપાઈ ગએલા ધનુષનો ત્યાગ કરી ભાર સહન કરે એવું બીજું નવું ધનુપ લઇ વેગે કરી, જાણે પ્રજ્વલિત થતો હોય તેમ ક્રોધને લીધે રૂધિર જેવાં નેત્રવાળો વ્રણયુક્ત છે શરીર જેનું એવો, મોટું ધનુષ ધરનાર ધૃષ્ટદ્યુમ્ન, સંગ્રામ વચ્ચે શોભતો હતો. પછી ધૃષ્ટદ્યુમ્ને શ્વાસોચ્છ્વાસો કરતા સર્પ જેવા નારાચ નામે પંદર બાણુ દુર્યોધનને મારવાની ઇચ્છાથી તેની ઉપર નાખ્યા. ગૃધ્રના પીછ બાંધેલા, શિલા ઉપર તીક્ષ્ણ કરેલા તે સુવર્ણથી શોભિતા રાજાના કવચને ભેદી વેગથી પૃથ્વીમાં પેસી ગયા. તે સમે હે મહારાજ ! ધૃષ્ટદ્યુમ્નના બાણે કરી અત્યંત વિંધાયલો તમારો પુત્ર, વસંત સમયમાં પ્રફુલ્લિત થએલો ખાખરો શોભે તેમ શોભતો હતો. પછી નારાચના પ્રહારે કરી છિન્નભિન્ન થઈ ગયું છે કવચ જેનું એવા જર્જરભૂત થએલા તમારા પુત્રે, ક્રોધથી ભલ્લ નામના બાણેકરી ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ કાપી નાંખ્યું. કપાઇ ગએલા ધનુષવાળા તેની ઉપર ઉતાવળે ભ્રકુટીના મધ્યવિષે દશ બાણુ માર્યા. કારીગરે સજેલા તે બાણુ, મકરંદને ઇચ્છતા ભ્રમર જેમ કમળને શોભાવે, તેમ તેના મુખને શોભાવવા લાગ્યા. ઉદાર મનવાળા ધૃષ્ટદ્યુમ્ને, કપાઈ ગએલા ધનુષનો ત્યાગ કરી, વેગથી બીજું ધનુષ લેઇ તેમાં ભલ્લ નામના સોળ બાણુ સાંધી દુર્યોધનના અશ્વને હણી, બીજા પાંચથી સારથિને પાડી, બીજા એક ભલ્લ બાણુથી સુવર્ણથી શોભિતા એના ધનુપને કાપી, તેમજ વળી બીજા દશ બાણુથી તમારા પુત્રનાં ઉપસ્કર સહિત રથ, છત્ર, શક્તિ, ખડ્ગ, ગદા, ધ્વજ, સુવર્ણનો બાજુબંધ, તથા મણિમય ધ્વજમાં ચિતરેલો સુંદર હસ્તિ એ સર્વ ચિહ્ન-

નને છિન્નભિન્ન કરી નાંખ્યાં. તે વેળાએ સર્વ રાજાઓ, ભાગી ગએલા દુર્યોધનના ધ્વજને જોતા હતા. હે ભરતર્ષભ ! એ રીતે ભેદાયાં છે કવચ તથા આયુધ જેનાં એવા વિરથ થએલા દુર્યોધનની તેના સહોદર ભાઇઓ ચોતરફથી રક્ષા કરવા આવી લાગ્યા. હે રાજન ! તે સમયે દંડધાર રાજા, તેને રથમાં લેઇ લઇ ધૃષ્ટદ્યુમ્ન જોતાં નિર્ભયતાથી દૂર લેઇ ગયો. રાજાના રક્ષણને ઇચ્છતો મહા બળવાન કર્ણ, સાત્યકિને જીતી ઉગ્ર ધનુષવાળા દ્રોણને હણ-નાર ધૃષ્ટદ્યુમ્ન સામે સંગ્રામમાં આવી ઉભો રહ્યો. તેની પાછળ, હસ્તિની પાછળ બે દાંતે કરી તેને ખેદ પમાડતો બીજો હસ્તિ આવે તેમ શિનિકુળમાં ઉત્પન્ન થએલો સાત્યકિ બાણેકરી તેને વ્યથા કરતો તરત ત્યાં આવી પહોંચ્યો. તે સમયે કર્ણ તથા ધૃષ્ટદ્યુમ્નના મધ્યમાં બેઉ તરફના યોદ્ધાઓનો મોટો સંગ્રામ થયો. પાંડવ તથા આપણી તરફનો કોઇ પણ યોદ્ધો યુદ્ધથી વિમુખ થનો દેખાતો ન હતો. પછી કર્ણ પાંચાલો તરફ ગયો. હે રાજન ! તે ક્ષણે મધ્યાન્હ વેળાએ બેઉ તરફથી ગજ, વાજિ તથા મનુષ્યનો મોટો ક્ષય થયો. તે ક્ષય કરનાર યુદ્ધમાં હે મહારાજ ! જીતવાને ઇચ્છતા પાંચાલ ઉતાવળે પક્ષિઓ જેમ વૃક્ષ તરફ દોડે તેમ કર્ણ સામે દોડવા લાગ્યા. તે રીતે યત્ન કરતા મુખ્ય વ્યાઘ્રકેતુ સુશર્મા, ચિત્ર, ચિત્રાયુધ, જય, શુક્ર, રોચમાન, તથા દુર્જય સિંહસેન એટલા યોદ્ધાઓને બાણના ઓઘે કરી બાળતો હોય તેમ ક્રોધાયમાન થએલો કર્ણ, તેમની સામે જઇ ઉભો રહ્યો. તે સમયે શૂરવીર તેમણે પોતા સામે બાણ ફેંકતા તથા સંગ્રામમાં શોભિતા ક્રુદ્ધ થએલા કર્ણને રથ.માર્ગે ચોતરફથી વિંટી લીધો. હે મહારાજ ! હે મનુજેન્દ્ર ! બળવાન સૂતપુત્ર કર્ણે, યુદ્ધ કરતા એવા તે આઠ યોદ્ધાઓને દૂરથીજ તીક્ષ્ણ આઠ બાણથી પીડિત કરી, યુદ્ધમાં ચતુર એવા બીજા પણ હજારો યોદ્ધાઓને હણ્યા. અત્યંત ક્રુદ્ધ થએલા રાધાપુત્રે જિષ્ણુ, જિષ્ણુકર્મા, દેવાદિ, ભદ્ર, દંડ, ચિત્રાયુદ્ધ, હરિ, સિંહકેતુ, રોચમાન, તથા મહા-રથિ શલભ, એટલા ચેદિઓના મહારથિઓને હણ્યા. તે સમયે તેમના પ્રાણને ગ્રહણ કરતા અધિરથ પુત્ર કર્ણનું શરીર રૂધિરે કરી અભ્યુક્ષિત છે અંગ જેનું એવા રૂદ્રના મોટા શરીર સરખું દેખાતુ હતું. હે ભારત ! તે યુદ્ધમાં કર્ણે બાણથી તાડન કરેલા ભયભીત હસ્તિઓ, સર્વને આકુલ વ્યાકુળ કરતા ચોતરફ દોડતા હતા. કર્ણે બાણે કરી તાડન કરેલા કેટલાક હસ્તિઓ, વિવિધ પ્રકારના શબ્દ કરતા, વજ્રથી ભેદાયેલા પર્વત જેમ પૃથ્વી પર પડે તેમ નીચે પડતા હતા. અધિરથ પુત્ર કર્ણના માર્ગવિષે ચોતરફથી પડતા હસ્તિ, અશ્વ, મનુષ્ય તથા રથોએ કરી રણભૂમિ ઢંકાઇ જતી હતી. હે રાજન ! સૂતપુત્ર કર્ણે રણસંગ્રામની વચ્ચે હસ્તિ, હય, રથ, તથા મનુષ્યોનો નાશ થાય તે રીતે જેવું કર્મ કર્યું તેવું કર્મ ભીષ્મે, દ્રોણાચાર્યે તથા તમારી તરફના બીજા યોદ્ધાઓએ કર્યું ન હતું. મૃગોની વચ્ચે નિર્ભયપણાથી વિચરતો સિંહ હોય તેમ પાંચાલોની વચ્ચે કર્ણ નિર્ભયની પેઠે વિચરતો હતો. જેમ સિંહ, ત્રાસ પામેલા મૃગના ગણોને દિશાઓમાં દોડાવે, તેમ કર્ણ પાંચાલોના મોટા રથ સમુદાયોને દિશાઓમાં નસાડતો હતો. વળી જેમ સિંહના મુખને પ્રાપ્ત થઇ મૃગ જીવે નહિ તેમ કર્ણને પ્રાપ્ત થઇ મહારથિઓ જીવતા ન હતા. હે ભારત ! વનમાં અગ્નિને પ્રાપ્ત થઇ જેમ મનુષ્ય બળે, તેમ કર્ણ રૂપી અગ્નિએ કરી. સૃંજયો બળતા હતા. હે ભારત ! કર્ણે, ચેદિ, કૈકય તથા પાંચાલોવિષે પોતાનું નામ સંભળાવી શૂર પુરૂષોએ સંમત એવા ઘણાક યોદ્ધા-ઓને હણ્યા. હે રાજન ! કર્ણનું પરાક્રમ જોઈ મારી મતિ એમ થઈ કે, અધિરથપુત્ર કર્ણથી એક પણ પાંચાલ જીવતો રહેશે નહિ. એ રીતે સૂતપુત્ર કર્ણ, સંગ્રામમાં વારંવાર

પાંચાલોને હણવા લાગ્યો, તેને જોઈ અત્યંત ક્રોધાયમાન થએલા ધર્મરાજ યુધિષ્ઠિર ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીના પુત્રો તેની સામે દોડયા. તેમજ શત્રુને મારનાર એવા તેને પાંડવ તરફના બીજા પણ સેંકડો યોદ્ધાઓએ ચોતરફથી ઘેરી લીધો. શિખંડિ, સહદેવ, નકુળ, નકુળનો પુત્ર, જનમેજય, સાત્યકિ, પ્રભદ્રક તથા ધૃષ્ટદ્યુમ્ન એટલા જણ તથા પરાક્રમવાળા બીજા યોદ્ધાઓ, અગ્રણી થઇ બાણ તથા અસ્ત્ર ફેંકતા કર્ણની સામે જવા લાગ્યા. સંગ્રામમાં સામે આવતા તે ચેદિ, પાંચાલ તથા પાંડવ સામે એકલો કર્ણ, ગરૂડ જેમ સર્પો સામે દોડે તેમ દોડયો. હે વિશાંપતે! તે સમયે કર્ણનું તેમની સાથે દેવદાનવના જેવું મોટું યુદ્ધ થયું. જેમાં અવ્યગ્ર એવો એકલો કર્ણ, સૂર્ય જેમ ગાઢ અંધકારને હણે તેમ બાણના ઓઘને વર્ષાવતો એકઠા મળી આવેલા મોટા ધનુષવાળા તે સર્વને હણવા લાગ્યો. ભીમસેન તો પાંડવ સાથે સંસક્ત થએલા રાધાપુત્ર કર્ણને જોઇ ક્રોધથી યમદંડ જેવા બાણેકરી ચોતરફથી વાહ્લિક, કેકય, મત્સ્ય, વાસાત્ય, મદ્ર તથા સૈંધવોને હણવા લાગ્યો. તે સમયે સંગ્રામમાં એકલો યુદ્ધ કરતો મોટા ધનુષવાળો તે, અત્યંત શોભતો હતો. યુદ્ધમાં નારાચ નામના બાણેકરી ભીમસેને તાડન કરેલા, હણાયા છે માવત જેમના એવા સંગ્રામમાં પડતા હસ્તિઓ, પૃથ્વીને કંપાવતા હતા. હણાયા છે સ્વાર જેમના એવા અશ્વ, રૂધિરનું વમન કરતા યુદ્ધમાં શયન કરતા હતા. ભીમસેનના બાણથી હણાયલા પ્રાણ રહિત પાયદળો પણ યુદ્ધમાં શયન કરતાં હતાં. તેમજ પાડી નાખેલાં છે આયુદ્ધ જેમનાં એવા ભીમસેનથી ખિન્ન થએલા અને ક્ષતયુક્ત છે અંગ જેમનાં એવા, પ્રાણ રહિત હજારો રથિઓ, સંગ્રામ ભૂમિમાં પડતા દેખાતા હતા, એ રીતે ભીમસેનના બાણે કરી છિન્નભિન્ન થએલા રથિઓ, ઘોડેસ્વાર, સૂત, પાયદળ, અશ્વ તથા હસ્તિઓએ કરી રણભૂમિ ઢંકાઇ ગઇ હતી. તે મહા સંગ્રામમાં ભીમસેનના ભયથી પીડિત, ઉત્સાહ વગરનું અને વ્રણયુક્ત છે શરીર જેમનાં એવું ચેષ્ટા વગરનું દીન થએલું દુર્યોધનનું સર્વ સૈન્ય, જાણે તેણે સ્તંભન કરી દીધું હોય નહિ, તેવું થઇ રહ્યું. હે નૃપ! પ્રસન્ન છે સલિલ જેમાં એવો સાગર જેમ સ્થિર થઇ રહ્યો હોય તેમ તમારૂં સૈન્ય નિશ્ચલ થઇ રહ્યું હતું. હે ભરતશ્રેષ્ઠ! મન્યુવીર્ય તથા બળેકરી યુક્ત, ગર્વથી યુદ્ધ કરનાર તમારા પુત્રનું સૈન્ય કાંતિ રહિત તથા પરસ્પર યુદ્ધ કરવાથી રૂધિરે કરી આર્દ્ર થઇ જવા લાગ્યું. તે સમયે પાંડવની સેનાને નસાડતો ક્રોધાયમાન થએલો સૂતપુત્ર કર્ણ, તથા કૌરવોને નસાડતો ભીમસેન, એ બેઉ સંગ્રામના મધ્ય ભાગમાં શોભતા હતા. અદ્ભુત છે દર્શન જેનું એવા ભયંકર સંગ્રામમાં ઘણાક સંશપ્તક ગણને હણી જય કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુને વાસુદેવ ભગવાનને કહ્યું કે, હે જનાર્દન! યુદ્ધ કરતું એવું આ સૈન્ય ભાગવા લાગ્યું અને મૃગો જેમ સિંહના શબ્દની સામે જઇ શકે નહિ તેમ મારા બાણના પારને નહિ પામતા ગણ સહિત સંશપ્તકોના આ મહારથિઓ પણ નાસતા જાય છે ને મહા સંગ્રામમાં સૃંજયોનું મોટું સૈન્ય વિદીર્ણ થાય છે. હર્ષે કરી સૈન્યના મધ્યમાં વિચરતા બુદ્ધિમાન કર્ણનો આ હસ્તિ કક્ષવાળો ધ્વજ દેખાય છે. તેમ બીજા મહારથિઓ સંગ્રામમાં કર્ણને જીતવા સમર્થ થઇ શકે તેમ નથી. વળી કર્ણના પરાક્રમને તમે જાણો છો માટે હે કૃષ્ણ! જે સ્થાનકે મહારથિ કર્ણ. આપણા સૈન્યને નસાડે છે, ત્યાં આપણા રથને લેઇ ચાલો, એમ કરવું મને રૂચે છે, પછી આપને રૂચે તે ખરૂં. એવાં અર્જુનનાં વચન સાંભળી હસતા હોય નહિ તેમ ગોવિંદ ભગવાને કહ્યું કે, હે પાંડુપુત્ર અર્જુન! તું કૌરવોને હણ એમ તેને કહ્યું તે પછી તેમણે પ્રેરણા કરેલા અર્જુનના [illegible]

નારા હંસ જેવા શ્વેત વર્ણવાળા અશ્વ, તમારા મોટા સૈન્ય તરફ ચાલ્યા. કેશવ ભગવાને પ્રેરણા કરેલા સુવર્ણના આભૂષણવાળા તમારા સૈન્યમાં પેસતા શ્વેત અશ્વે કરી તમારૂં સૈન્ય ચાર દિશાઓ પ્રત્યે ભેદ પામ્યું. મેઘની ગર્જના જેવો જેનો શબ્દ છે એવો તથા હનુમાન છે ધ્વજામાં જેની એવો ચલાયમાન પતાકાવાળો રથ, વિમાન જેમ સ્વર્ગમાં પેસે—જાય તેમ તે સમયે સેનાને વિદારણ કરી અંદર પ્રવિષ્ટ થએલા ક્રોધાયમાન, અસહનતાથી રક્ત છે નેત્ર જેમનાં એવા મોટી કાંતિવાળા, યુદ્ધમાં ચતુર, પુરૂષમાં સિંહરૂપ, તલશબ્દે કરી મોટા વનમાં બે હસ્તિઓ રૂષ્ટ થાય તેમ રૂષ્ટ થએલા બોલવવાથી રણમાર્ગ પ્રત્યે આવેલા વેગવાન એવા કેશવ તથા અર્જુન રણસંગ્રામના મધ્યભાગમાં, યજન કરનારાઓએ વિધિએ કરી યજ્ઞમાં સાદ કરેલા બે અશ્વિનીકુમાર જેમ શોભે તેમ શોભતા હતા. અર્જુન, રથ, સૈન્ય તથા અશ્વસમુદાય પ્રત્યે જઇ સેનાની વચ્ચે પાશ છે હાથમાં જેના એવો, કાળ શોભે તેમ શોભતો હતો. હે ભારત ! તમારી સેનામાં પરાક્રમ કરતા તેને જેઇ વળી તમારા પુત્રે સંશપ્તક ગણોને તેની સામે જવાની પ્રેરણા કરી. તેજ વખતે હજાર રથ, ત્રણસો હાથી, ચૌદ હજાર અશ્વ તથા પ્રાદત અને લબ્ધ છે લક્ષ જેમને એવા ધનુષ ધરનાર બે લક્ષ શૂરવીર પાયદળ સહિત મહારથિઓ એવા બાણના વર્ષાદે કરી ચોતરફથી કુંતિપુત્ર અર્જુનને આચ્છાદન કરતા તેની સામે દોડયા. સંગ્રામમાં બાણેકરી ઢંકાઇ ગએલો પોતાના આત્માને ભયંકર રૂપ દેખાડનો હતો. સંશપ્તક ગણને હણતો, પારકા સૈન્યને પીડિત કરનાર અર્જુન હાથમાં છે પાશ જેને એવા અંતકની પેઠે અત્યંત દર્શનીય છે રૂપ જેનું એવો દેખાતો હતો. પછી અર્જુને નાખેલા સુવર્ણથી શોભિતા વીજળી સરખી કાંતિવાળા એકબીજાને લાગેલા બાણે કરી આકાશ ઢંકાઈ ગયું હતું. હે પ્રભો ! તેમજ અર્જુનના હાથે મૂકાયલા ઘણા બાણથી મોટા સર્પથી જેમ વન ઢંકાઇ જાય તેમ બધું ઢંકાઇ ગયું. એવી રીતે તે મહા બળવાન પાંડુપુત્ર અર્જુન, સુવર્ણના પુંખવાળા અને પ્રસન્ન છે અગ્રભાગ જેમના એવા સન્નત પર્વવાળા બાણ સર્વ દિશાઓમાં નાખતો હતો. તે વેળાએ અર્જુનના તલનો શબ્દ સાંભળી સર્વ મનુષ્ય, પૃથ્વી, આકાશ, દિશાઓ, સર્વ સમુદ્ર તથા પર્વતો પણ ફાટશે, એમ આ જાણતા હતા. તેટલામાં વળી મહારથિ કુંતિપુત્ર અર્જુન, દશ હજાર સંશપ્તક રાજાઓને હણી પ્રત્યક્ષ તેમની સામે ગયો. એ રીતે અર્જુન, કાંબોજે રક્ષણ કરેલા સૈન્યને પ્રત્યક્ષ પ્રાપ્ત થઇ બાણેકરી ઇન્દ્ર જેમ દાનવોનું મંથન કરે, તેમ તેમનું મંથન કરવા લાગ્યો, તે કેવી રીતે કે ભલ્લ નામના બાણેકરી તત્કાળ હાથમાં ઉઘાડાં શસ્ત્ર લેઇ ઉભેલા શત્રુઓનાં શસ્ત્રપાણિ બાહુ તથા મસ્તકોને પણ કાપવા લાગ્યો. કપાઇ ગયાં છે અંગ તથા અવયવ જેમના એવા આયુધ રહિત તે, ચોતરફથી લાગેલા વાયુએકરી સારી રીતે ભાગેલા ઘણી શાખાવાળા વૃક્ષ પડે તેમ પૃથ્વીપર પડતા હતા. હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળોના સમૂહોને હણતા અર્જુન ઉપર સુદક્ષિણના નાનાભાઇ કાંબોજે બાણનો વર્ષાદ કર્યો. એ રીતે બાણ ફેંકતા તેના અર્ધ ચંદ્રાકૃતિ બે બાણેકરી ભોગળ જેવા બે બાહુ તથા ક્ષુરપ્ર નામના બાણેકરી પૂર્ણ ચન્દ્ર જેવું છે મુખ જેમાં એવું મસ્તક કાપી નાંખ્યું. તે વખતે, રૂધિરને સ્રવતો તે, વજ્રેકરી અવદારણ કરેલું મનશીલના પર્વતનું શિખર પડે તેમ વાહન ઉપરથી નીચે પડયો. સુવર્ણના સ્તંભ જેવા અને ભેદાયલા સુવર્ણના પર્વતની જેને ઉપમા આપી શકાય, અત્યંત પ્રિય દેખાવવાળા અને કમળપત્ર જેવાં છે નેત્ર જેમનાં એવા હણાયલા ઉચ્ચ શરીરવાળા સુદક્ષિણના નાનાભાઈ કાંબોજને સર્વ મનુષ્ય જોતાં હતાં. પછી વળી યુદ્ધ કરનાર યોદ્ધાઓની

જેમાં નાના પ્રકારની અવસ્થા થઇ હતી એવું અત્યંત આશ્ચર્યરૂપ ભયંકર યુદ્ધ થયું, જેમાં એક બાણેકરી હણાયલા માટે રૂધિરયુક્ત એવા અશ્વ, કાંબોજ, યવન તથા શકે કરી હે વિશાંપતે! બધું રક્ત થઇ ગયું હતું. તેમજ હણાયા છે અશ્વ તથા સારથિ જેમના એવા રથ, હણાએલા સ્વારવાળા અશ્વ, હણાએલા માવતવાળા હસ્તિ, તેમજ હણાયલા છે હસ્તિ જેમના એવા માવતો વગેરે સર્વ, હે મહારાજ ! એકબીજાને મારવાથી ભયંકર એવો મનુષ્યનો ક્ષય થયો. તે પક્ષ તથા પ્રપક્ષને પણ અર્જુને હણ્યો, તે જોઇ જય કરનારાઓમાં શ્રેષ્ઠ એવા અર્જુન પ્રત્યે સુવર્ણથી શોભિતાં મોટાં ધનુષને હલાવતા અને સૂર્ય જેમ કિરણોને ગ્રહણ કરે તેમ ભયંકર બાણને ગ્રહણ કરતા અંતકાળે કિંકરને દંડધારણ કરનાર યમરાજા જેમ ક્રોધ કરે તેમ ક્રોધ તથા અસહનતાથી ફાડયું છે મુખ જેણે એવાં નેત્રવાળા બળવાન અશ્વત્થામાએ સામે આવી ઉગ્ર બાણનો વર્ષાદ વરસાવ્યો. હે મહારાજ! અશ્વત્થામાના મૂકેલા ચોતરફથી આવતા તે બાણેકરી રથમાં બેઠેલા કૃષ્ણ તથા અર્જુન બેઉ ઢંકાઇ ગયા. તેટલામાં વળી પ્રતાપવાન અશ્વત્થામાએ તીક્ષ્ણ એવા સેંકડો બાણેકરી માધવ તથા અર્જુનને ચેષ્ટા રહિત કર્યા. એ રીતે ચરાચરનું રક્ષણ કરનાર એવા તે બેઉને બાણેકરી ઢંકાઇ ગએલા જોઇ સ્થાવર જંગમાત્મક સર્વ જગત હાહાકાર કરવા લાગ્યું. સિદ્ધ તથા ચારણના સમુદાય પણ, હવે લોકનું કલ્યાણ કેમ થશે, એમ ચિંતન કરવા લાગ્યા. તે સમયે હે રાજન ! શ્રીકૃષ્ણ તથા અર્જુનને આચ્છાદન કરતા અશ્વત્થામાનું સંગ્રામમાં જેવું પરાક્રમ મેં જોયું તેવુ પૂર્વે કયારે પણ જોયું ન હતું. તેમજ હે રાજન ! શત્રુઓને ત્રાસ પમાડનાર અશ્વત્થામાના ધનુષનો સિંહના શબ્દ જેવો શબ્દ, વારંવાર હું સાંભળતો હતો. યુદ્ધના મધ્યમાં વિચરતા તથા ડાબી અને જમણી બાજુ બાણ ફેંકતા એવા તેની પ્રત્યંચા મેઘના મધ્યમાં રહેલી શોભિતી વિજળી સરખી દીસતી હતી. તે વેળાએ બાણ ફેંકનાર દૃઢ હસ્તવાળો પાંડુપુત્ર અર્જુન, અત્યંત મોહને પ્રાપ્ત થઇ દ્રોણપુત્રને જોઇ મોટા યશવાળો તે, પોતાનું પરાક્રમ હણાયું એમ માનતો હતો. એ રીતે વર્તતા તે મોટા સંગ્રામમાં અશ્વત્થામા તથા અર્જુનનું શરીર દુઃખેકરીને પણ દેખાય નહિ તેવું થઇ ગયું હતું. હે રાજેન્દ્ર ! એ રીતે મહા બળવાન દ્રોણપુત્ર વૃદ્ધિને પ્રાપ્ત થયા અને કુંતિપુત્ર હીનબળ થયો તેને જોઇ પ્રાપ્ત થયો છે રોષ જેમને એવા શ્રીકૃષ્ણે, રોષથી વારંવાર નિઃશ્વાસ મૂકતા ચક્ષુથી જાણે બાળતા હોય નહિ તેની પેઠે સંગ્રામમાં વારંવાર અશ્વત્થામા તથા અર્જુન પ્રત્યે જોઇ ક્રોધથી પ્રણય સહિત જે રીતે કહેવાય તે રીતે અર્જુન પ્રત્યે કહેવા લાગ્યા કે હે પાર્થ ! હે ભારત ! આજ દ્રોણપુત્ર અશ્વત્થામા તારાથી અતિશય થઇ જાય છે એ તારી સામે અતિ આશ્ચર્ય દેખું છું. હે અર્જુન ! તારૂ પરાક્રમ તથા ભુજનું બળ પૂર્વના જેવું છે. તેમજ તારા હાથમાં ગાંડીવ ધનુષ છે, રથમાં તું છે, તારા બાહુ કુશળ છે, તારી મુષ્ટિ શિથિલ થઇ નથી કેમકે દ્રૌણિને સંગ્રામમાં વૃદ્ધિ પામેલો હું જોઉ છું. વાસ્તે હે પાર્થ ! ગુરૂનો પુત્ર છે એમ જાણી એને માન આપતો તું ઉપેક્ષા માં કર. કારણ કે આ સમય ઉપેક્ષા કરવાનો નથી. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ભલ્લ નામના ચૌદ બાણ ગ્રહણ કરી ઉતાવળને વખતે ત્વરાથી અર્જુને અશ્વત્થામાનું ધનુષ, ધ્વજ, છત્ર, પતાકા, રથ, શક્તિ તથા ગદાને પણ કાપી વત્સદંત નામના બાણેકરી હાંસડીમાં અત્યંત વિંધ્યા. હે મહારાજ ! તે અત્યંત મૂર્ચ્છાને પ્રાપ્ત થઈ ધ્વજના દાંડાનો આશ્રય કરી બેસી ગયા. તે સમયે અર્જુનના બાણથી અત્યંત પીડાએલા સંજ્ઞા રહિત તેમને તેમના રક્ષણ વાસ્તે

સંગ્રામમાંથી સારથિ બહાર લેઈ ગયો. એજ સમયે શૂરવીર એવા તેં મારા પુત્રના જોતાં શત્રુને તપાવનાર અર્જુને, સેંકડો તથા હજારો યોદ્ધાઓને હણ્યા. હે રાજન ! તમારા અશુભ વિચારને લીધે તમારાઓનો પારકાસહિત ભયંકર તથા ક્રૂર એવો આ ક્ષય પ્રવર્તમાન થયો. તે સંગ્રામમાં કુંતિપુત્ર અર્જુન, સંશપ્તકોને ભીમસેન, કૌરવોને તથા વસુષેણ પાંચાલોને ક્ષણમાં હણતા હતા. હે રાજન ! શ્રેષ્ઠ શૂરવીરનો છે ક્ષય જેમાં એવા તે રીતે વર્તતા ભયંકર સંગ્રામમાં અગણિત એવાં માથા વિનાનાં ધડ, ચોતરફથી ઉભાં થઇ દોડતાં હતાં. સંગ્રામમાં પ્રહારથી થયેલી છે વેદના જેને એવા યુધિષ્ઠિર રાજા પણ હે ભરતસત્તમ ! ક્રોશમાત્ર અપક્રમણ કરી ઉભા હતા.

युधिष्ठिरोपि संग्रामे प्रहारैर्गाढवेदनः ।
क्रोशमात्रमपक्रम्य तस्थौ भरतसत्तम ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां षट्पंचाशत्तमोऽध्यायः॥५६।

અધ્યાય ૫૭ મો. અશ્વત્થામાએ કરેલી પ્રતિજ્ઞા.

संजय उवाच—दुर्योधनस्ततः कर्णमुपेत्य भरतर्षभ ।
अब्रवीन्मद्रराजं च तथैवान्यांश्च पार्थिवान् ॥ १ ॥

સંજય કહે છે—હે ભરતર્ષભ ! તેટલામાં દુર્યોધન રાજા, કર્ણ પાસે આવી તેને, શલ્યને તથા બીજા રાજાઓને આમ કહેવા લાગો કે, કપાટ વગરનું આ સ્વર્ગનું દ્વાર આપણને યદૃચ્છાએ કરી સંપ્રાપ્ત થયું છે. આવા યુદ્ધને હે કર્ણ ! સુખી એવા ક્ષત્રિયોજ પ્રાપ્ત થાય છે. હે રાધાપુત્ર કર્ણ ! પોતાના જેવા શૂરવીર ક્ષત્રિયો સાથે યુદ્ધ કરનાર શૂરવીરોનું ઈષ્ટ થાય છે તે આ આપણને પ્રાપ્ત થયું છે, કાંતો યુદ્ધમાં પાંડવોને હણી સમૃદ્ધ એવી પૃથ્વીને પ્રાપ્ત થાઓ વા પારકાઓથી યુદ્ધમાં હણાઇ વીરલોકને પ્રાપ્ત થાઓ. દુર્યોધનનાં વચન સાંભળી પ્રસન્ન થએલા શ્રેષ્ઠ ક્ષત્રિયો સિંહનાદ કરતા ચોતરફથી વાદિત્ર વગાડવા લાગ્યા. દુર્યોધનનું સૈન્ય અત્યંત હર્ષિત થયું. તેને જોઇ તમારી તરફના યોદ્ધાઓને હર્ષ કરાવતા અશ્વત્થામા આવી રીતે વચન કહેવા લાગ્યા. હે રાજાઓ ! સર્વ સૈન્યોની સમક્ષ અને તમે પણ બધા જુઓ છો તે રીતે, મૂકેલાં છે શસ્ત્ર જેણે એવા, મારા પિતાને ધૃષ્ટદ્યુમ્ને પકડ્યા, તે ક્રોધથી, તથા મિત્રતાસ્તે હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું, તે મારાં વાક્ય તમે સાંભળો. ધૃષ્ટદ્યુમ્નને માર્યા વગર હું કવચ નહિ ઉતારૂં, એ મારી પ્રતિજ્ઞા જો અસત્ય થાય તો હું સ્વર્ગને પ્રાપ્ત ન થાઉં. તેમ સંગ્રામમાં અર્જુન, ભીમસેન વા જે યોદ્ધો ધૃષ્ટદ્યુમ્નની રક્ષા કરશે તેને પણ બાણે કરી હું મારીશ. તેણે આમ કહ્યું તે સાંભળી તમારી તરફની સર્વ સેના એકઠી મળી પાંડવો સામે દોડી. પાંડવો પણ કૌરવો સામે દોડ્યા. હે રાજન ! રથના યૂથને પાળનાર એવા કૌરવ તથા સૃંજયોની આગળ અતિ ભયંકર છે રૂપ જેનું, એવો મનુષ્યનો ક્ષય કરનાર તે સન્નિપાત જેવો કાળ તથા પ્રલય શરૂ થયો. એ રીતે યુદ્ધમાં સંહાર પ્રવર્તમાન થયો, તે સમયે અત્યંત શૂરવીર પુરુષોને જોવાની જેમને ઇચ્છા છે એવાં, દેવતા સહિત સર્વ પ્રાણિયો એકઠાં થયાં. અત્યંત પ્રસન્ન થએલી અપ્સરાઓ વિવિધ પ્રકારનાં દિવ્ય માલતીનાં પુષ્પ, દિવ્ય ગંધ, તથા વિવિધ પ્રકારનાં રત્નોને, પોતાના કર્મને ઉજ્વળ કરનાર સંગ્રામમાં પડેલા શૂરવીર ઉપર

વર્ષાદ કરતી હતી. વિવિધ પ્રકારના ગંધને સેવન કરી સુગંધ યુક્ત થએલો વાયુ, પુણ્ય એવા સર્વ યોદ્ધાઓને સેવન કરતો હતો. તે વખતે એવી રીતે સુગંધિ વાયુએ સેવન કરેલા યોદ્ધાઓ પરસ્પર એક બીજાને મારી ધરણી પર પડતા હતા. નક્ષત્રના સમુદાયથી વિચિત્ર પ્રકારનું આકાશ શોભે તેમ, દિવ્ય એવાં માલતીનાં પુષ્પ, સુવર્ણના પુંખવાળા વિચિત્ર પ્રકારના બાણ, અને પડેલા શ્રેષ્ઠ યોદ્ધાઓએ કરી વિચિત્ર પ્રકારની પૃથ્વી શોભતી હતી. અંતરિક્ષમાંથી થતા સાધુવાદ, તથા વાજિત્રના શબ્દે કરી અત્યંત શબ્દાયમાન એવા પ્રત્યંચા તથા નેમિના શબ્દે કરી વિચિત્ર પ્રકારનો અતિ આકુલ એવો તે સંપ્રહાર ચાલતો હતો.

ततोंतरिक्षादपि साधुवादैर्वादित्रघोषैः समुदीर्यमाणः ।
ज्याघोषनेमिस्वननादचित्रसमाकुलः सोभवत्संप्रहारः ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि अश्वत्थामप्रतिज्ञायां गुर्जरभाषायां सप्तपंचाशत्तमोऽध्यायः ॥ ५७ ॥

અધ્યાય ૫૮ મો. રણભુમિમાં રોળ.

संजय उवाच-एवमेषमहानासीत्संग्रामः पृथिवीक्षिताम् ।
क्रुद्धेऽर्जुने तथाकर्णे भीमसेने च पांडवे ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! અર્જુન, કર્ણ તથા પાંડુપુત્ર ભીમસેન, એ ત્રણે ક્રોધાયમાન થવાથી રાજાઓ વચ્ચે મોટો સંગ્રામ થયો. હે રાજન ! દ્રોણપુત્રને પરાજય પમાડી બીજા મહારથિઓને જીતી અર્જુને વાસુદેવ ભગવાનને કહ્યું કે હે મહાબાહો ! હે કૃષ્ણ ! નાસતી એવી પાંડવની સેના તથા સંગ્રામમાં મહારથિઓને પીડિત કરતા કર્ણને જુવો. હે દાશાર્હ ! ધર્મરાજ એવા યુધિષ્ઠિરને પણ હુ દેખતો નથી. હે યદુશ્રેષ્ઠ ! ધર્મરાજનો ધ્વજ પણ દેખાતો નથી અને હે જનાર્દન ! દિવસનો પણ ત્રીજો ભાગ બાકી અવશેષ રહ્યો છે, ને ધૃતરાષ્ટ્રના પુત્રોમાંથી કોઇ પણ સંગ્રામમાં મારી સાથે યુદ્ધ કરતો નથી, માટે મારૂં પ્રિય કરવા જ્યાં યુધિષ્ઠિર હોય ત્યાં રથને લેઈ જાઓ. હે વાર્ષ્ણેય ! નાના ભાઇઓ સહિત ધર્મપુત્ર યુધિષ્ઠિરને યુદ્ધમા કુશળ જોઇશ ત્યાર પછીજ ફરીથી સંગ્રામમાં શત્રુઓ સાથે હું યુદ્ધ કરીશ. અર્જુનનાં એવાં વચન સાંભળી હરિ એવા શ્રી ભગવાન, જ્યાં યુધિષ્ઠિર રાજા તથા મહારથિ સૃંજય, તમારી તરફનાઓ સાથે મૃત્યુભય છોડી યુદ્ધ કરતા હતા ત્યાં રથ લઇ ગયા. તે સમયે ગોવિંદ ભગવાન, મનુષ્યોનો છે ક્ષય જેમાં એવી, રણભૂમિને જોઇ અર્જુનને કહેવા લાગ્યા કે હે પાર્થ ! દુર્યોધન વાસ્તે મહા ભયંકર એવો પૃથ્વીપર રાજાઓનો મોટો ક્ષય થાય છે તે તું જો. હે ભારત ! મરણ પામેલા શૂરવીર ધનુર્ધારીઓનાં સુવર્ણના પૃષ્ઠભાગવાળાં તૂટેલાં ધનુષ, તથા અમૂલ્ય ભાથાઓને પડેલા જો, સુવર્ણમય છે પુંખ જેમના એવા સુનત પર્વવાળા બાણ, છૂટા મૂકેલા સર્પ સરખા, તેલથી ધોએલા નારાચ નામના બાણ, હાથીના દાંતની મુઠવાળા સુવર્ણથી શોભિતા ખડ્ગ, સુવર્ણ છે ગર્ભમાં જેમને એવાં તૂટેલાં કવચ, સુવર્ણથી શોભિતી સાંગો, સુવર્ણના પટ્ટાવાળી શક્તિઓ, સુવર્ણમય પટ્ટ બાંધેલી મોટી ગદાઓ, સુવર્ણમય તરવાર, સુવર્ણના

ભૂષણયુક્ત પટા, સુવર્ણથી વિચિત્ર પ્રકારના છે દાંડા જેમાં એવા, ભાગેલા પરશુ, લોહમય બરછિઓ, મોટાં મુસલ, વિચિત્ર પ્રકારની તોપ તથા રણભૂમિપર પડેલા મોટા ભાલાઓને જો. ભાગેલા ચક્ર, ગુરજ, નાના પ્રકારના શસ્ત્ર ગ્રહણ કરી જયને ઇચ્છનાર વેગવાન પ્રાણરહિત પડેલા પુરૂષો જાણે જીવતા હોય નહિ તેવા દેખાય છે. ગદાએ કરી મંથન થયાં છે શરીર જેમનાં એવા, મુસલેકરી ભેદાએલા મસ્તકવાળા, અને ગજ, વાજિ તથા રથેકરી ખુંદાયલા હજારો યોદ્ધાઓને જો. હે શત્રુને હણનાર! બાણ, શક્તિ, તરવાર, પટા, ઘોર એવા લોહના ભાલા, લોહની બરછિઓ તથા ફરશિઓએ કરી કપાયલા મનુષ્ય, અશ્વ તથા હસ્તિના રૂધિરથી વ્યાપ્ત એવાં પ્રાણરહિત ઘણાંક શરીરોએ કરી રણભુમિ છવાઇ ગઇ છે. તેજ રીતે રણભૂમિમા પડેલા ચંદનથી લીંપાયલા, સુવર્ણથી શોભિતા તલાં તથા આંગળીના મોજા સહિત બાજુબંધ પહેરેલા બાહુ, હસ્તિની સૂંઢની જેમને ઉપમા અપાય એવા કપાઇ ગએલા વેગવાન પુરૂષોના સાથળ, બાંધ્યા છે શ્રેષ્ઠ ચૂડામણિ જેમાં એવા, કુંડળસહિત વેગવાન વૃષભ સરખાં નેત્રવાળા પુરૂષોનાં મસ્તક, રૂધિરથી લીપાયલા ધડેકરી, હે ભરતશ્રેષ્ઠ! શાંત છે જ્વાળા જેની એવા અગ્નિએકરી વેદી શોભે તેમ રણભૂમિ શોભે છે. સુવર્ણની ઘુઘરીઓવાળા અનેક તરેહથી ભાગી ગયેલા રથ તથા બાણથી હણાયલા અને બહાર નીકળી ગયાં છે આંતરડાં જેમનાં એવા, અશ્વને તુ જો. રથ નીચેના ભાગ, બાણ મૂકવાના ભાથા, પતાકા, વિવિધ પ્રકારના ધ્વજ, રથિપુરૂષોના મોટા શંખ, શ્વેત છે વર્ણ જેમનો એવા ચામર, નીકળી ગઇ છે જિહ્વા જેમની એવા સંગ્રામમાં સુતેલા પર્વત સરખા હાસ્તઓ, વિચિત્ર પ્રકારના વાવટા, હણાયલા હસ્તિ તથા અશ્વ, હસ્તિઓની ઝુલ મૃગચર્મ, ધાબળા, ચિરાઇ ગએલી સુવર્ણથી વિચિત્ર પ્રકારની ઝુલો તથા અંકુશ, પડેલા એવા મોટા હસ્તિઓએ કરી બહુ પ્રકારથી ભેદાએલા ઘંટાઓ, વૈદૂર્યમણિના છે દાંડા જેમના એવા પૃથ્વીવિષે પડેલા સુંદર અંકુશ, ઘોડેસ્વારોના હસ્તાગ્ર ભાગવિષે રહેલા સુવર્ણથી શોભિતા ચાબુક, નાના પ્રકારના મણિથી વિચિત્ર પ્રકારના સુવર્ણથી શોભિતા ઘોડાઓના સાજ તથા રંકુમૃગના રૂવાંની ઝુલો, સુવર્ણની માળાઓથી શોભિતા પૃથ્વીવિષે પડેલા વિચિત્ર પ્રકારના રાજાઓના મરતકમણિ, ભાગેલા ચામર, વ્યજન તથા પડેલાં છત્ર, તથા ચંદ્ર અને નક્ષત્ર જેવી શોભાવાળાં, સુંદર કુંડળ યુક્ત, શ્મશ્રુથી શોભિતાં શૂરવીરોના મુખેકરી ઢંકાઇ ગએલી રૂધિરના ગારાવાળી પૃથ્વીને જો. ચોતરફથી શબ્દ કરતા શસ્ત્ર મૂકેલા ઘણાકોએ સેવન કરેલા જીવતા પડેલા બીજાઓને પણ જો. વારંવાર રૂદન કરતા, જાતિલાઓ સહિત પડેલા બીજા પ્રાણરહિત યોદ્ધાઓને ઢાંકી દેઇ જયને ઇચ્છનાર, અત્યંત ક્રોધાવિષ્ટ થએલા વેગવાન યોદ્ધાઓ, પાછા યુદ્ધ કરવા જાય છે, પડેલા શૂરવીર જાતિલાઓએ ઉદકની યાચના કરેલા બીજા કેટલાક યોદ્ધાઓ, તે તે ઠેકાણે દોડે છે તેમને જો. હે અર્જુન! જળવાસ્તે ગયેલા કેટલાક પ્રાણ રહિત થઇ ગયા, તેમને બેભાન જોઇ બીજા શૂરવીર પાછા વળ્યા. કેટલાક જળનો ત્યાગ કરી પરસ્પર આક્રોશ કરતા દોડે છે. હે મારિષ! જળનું પાન કરી મરણ પામેલા તથા જળનું પાન કરતા બીજાઓને જો. બાંધવ છે પ્રિય જેમને એવા બીજા કેટલાક, પ્રિય બાંધવોનો ત્યાગ કરી તે તે સ્થાનકે મહા સંગ્રામમાં પ્રાણરહિત થઇ પડેલા દેખાય છે. હે નરશ્રેષ્ઠ! ડશેલા છે ઓષ્ટપુટ જેમણે એવા ભ્રકુટીથી કુટિલ વક્ત્રેકરી ચોતરફથી જોનારાઓને જો. એ રીતે અર્જુનપ્રત્યે કહેતા શ્રીકૃષ્ણ, મહા સંગ્રામમાં જ્યાં યુધિષ્ઠિર રાજા હતા ત્યાં જવા લાગ્યા. અર્જુન રાજાના દર્શનવાસ્તે

ગોવિંદ ભગવાનને વારંવાર 'ત્યાં ચાલો ત્યાં ચાલો' એમ પ્રેરણા કરવા લાગ્યો. તે સમયે ભગવાન, રણભૂમિ અર્જુનને દેખાડી ધીરેથી બોલ્યા કે–હે પાંડવ! રાજા સમીપે જતા પાર્થિવોને જો. મહા જોરથી લાગતા પ્રજ્વલિત અગ્નિસમાન કર્ણને જો. મોટા ધનુષવાળો ભીમસેન, સંગ્રામમાંથી પાછો ફર્યો. પાંચાલ, સૃંજય તથા પાંડવોમાં મુખ્ય એવા ધૃષ્ટદ્યુમ્નાદિક પણ તેની પાછળ પાછા વળ્યા. એ રીતે ફરીથી પાછા વળેલા પાંડવોને જોઈ મોટું એવું શત્રુનું સૈન્ય નાસવા લાગ્યું. હે અર્જુન! વેગે કરી ઇન્દ્ર જેવા પરાક્રમવાળો અને અંતકની જેને ઉપમા અપાય એવો કર્ણ, નાસતા કૌરવોને રોકે છે. હે કૌરવ! શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ અશ્વત્થામા જાય છે. સંગ્રામમાં દોડયા જતા તેની પાછળ મહારથિ ધૃષ્ટદ્યુમ્ન જાય છે, તે સંગ્રામમાં હણાયલા સૃંજયોને તું જો. એ રીતે અત્યંત દુર્ધર્ષ, એવા વાસુદેવે બધું અર્જુનને કહ્યું. હે રાજન! મૃત્યુના ભયથી રહિત એવી બેઉ સેનામાં મોટા સિંહનાદ સાથે મહા ભયંકર સંગ્રામ થવા લાગ્યો હે પૃથ્વીપતે! હે રાજન! એ રીતે તમારા દુષ્ટ વિચારને લીધે તમારા તથા પારકાઓનો પૃથ્વી ઉપર ક્ષય પ્રવર્તમાન થયો.

एवमेव क्षये वृत्तः पृथिव्यां पृथिवीपते ।
तावकानां परेषां च राजन् दुर्मंत्रिते तव ॥

इतिश्री महाभारते कर्णपर्वणि वासुदेववाक्ये गुर्जरभाषायामष्टपंचाशत्तमोऽध्यायः ॥ ५८ ॥

અધ્યાય ૫૯ મો. ધૃષ્ટદ્યુમ્ન ને દ્રૌણિ.

संजय उवाच—ततः पुनः समाजग्मुरभीताः कुरुसृंजयाः ।
युधिष्ठिरमुखाः पार्थाः सूतपुत्रमुखावयम् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ત્યારપછી ભયરહિત કૌરવ તથા સૃંજય ફરીથી પાછા આવ્યા. યુધિષ્ઠિર છે મુખ્ય જેમાં, એવા પાંડવ અને કર્ણ તથા પાંડવોનો રૂવાં ઉભાં કરનાર અને યમના દેશને વધારનાર ભયંકર સંગ્રામ પ્રવર્તમાન થયો. હે ભારત! રૂધિરના ઉદકવાળા ભયંકર સંગ્રામમાં શૂરવીર એવા સંશપ્તક કંઇક અવશેષ રહ્યા હતા તેમને જોઇ હે મહારાજ! સર્વ રાજાઓ સહિત ધૃષ્ટદ્યુમ્ન, તથા મહારથિ પાંડવ કર્ણની સામે દોડયા. જયની ઇચ્છાવાળા પ્રસન્નતાથી સંગ્રામમાં સામે આવતા તેમને એકલા કર્ણે જળના ઓઘને જેમ પર્વત ધારણ કરે તેમ ધરી રાખ્યા. મહારથિઓ કર્ણને પ્રાપ્ત થઇ વારીના ઓઘ પર્વતને પ્રાપ્ત થઇ જેમ સર્વ દિશાઓમાં વિશીર્ણ થાય તેમ વિખરાઈ ગયા. તે સમયે હે મહારાજ! ધૃષ્ટદ્યુમ્ન તથા કર્ણનો રૂવાં ઉભાં કરનાર સંગ્રામ થયો. જેમાં જયને આપનાર એવા શ્રેષ્ઠ ધનુષને હલાવતા મહારથિ ધૃષ્ટદ્યુમ્ને, સન્નત છે પર્વ જેનું, એવા બાણે કરી રાધાપુત્રને તાડન કરી સંગ્રામના મધ્યમાં 'અરે ઉભો રહે ઉભો રહે' એમ કહ્યું. અત્યંત ક્રોધાયમાન થએલા કર્ણે પણ, પૃષતગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ તથા સર્પ જેવા તેના બાણને કાપી નવ બાણે તેને તાડન કર્યો. હે અનઘ! કર્ણના નાખેલા તે બાણ, સુવર્ણથી શોભિતા તેના કવચને ભેદી રૂધિરયુક્ત થએલા વર્ષાઋતુમાં ઇન્દ્રગોપ નામના જંતુઓ શોભે તેમ શોભતા હતા. કપાઇ ગએલા ધનુષનો ત્યાગ કરી મહારથિ ધૃષ્ટદ્યુમ્ને, બીજું ધનુષ, તથા સર્પ જેવા બાણ ગ્રહણ કરી સન્નત છે પર્વ જેમનાં એવા

સિત્તેર બાણેકરી કર્ણને વિંધ્યો. તેમજ હે રાજન ! કર્ણે પણ શત્રુને તપાવનાર ધૃષ્ટદ્યુમ્નને તેના બાણેકરી આચ્છાદન કરી દીધો. મોટા ધનુષવાળા દ્રોણાચાર્યના શત્રુ ધૃષ્ટદ્યુમ્ને તીક્ષ્ણ બાણેકરી કર્ણને વિંધ્યો, તે સમયે હે મહારાજ ! અત્યંત ક્રોધાયમાન થએલા કર્ણે, સુવર્ણથી શોભિતો કાળદંડ સરખો બાણ ધૃષ્ટદ્યુમ્ન ઉપર નાખ્યો. હે વિશાંપતે ! આવતા તે ભયંકર રૂપવાળા બાણને ધનુર્વિદ્યામાં કુશળ સાત્યકિએ તત્કાળ કાપી નાખ્યો. હે વિશાંપતે ! સાત્યકિએ બાણેકરી હણેલા તે બાણને જોઇ, કર્ણે, બાણના વર્ષાદે કરી ચોતરફથી સાત્યકિને વારી રાખી, નારાચ નામના સાત બાણથી એને વિંધ્યો. શિનિકુળમાં ઉત્પન્ન થએલા સાત્યકિએ પણ સુવર્ણથી શોભિતા બાણેકરી તેને વિંધ્યો. પછી હે મહારાજ ! ચક્ષુ તથા શ્રોત્રને ભય કરનાર એવું વિચિત્ર પ્રકારનું ચોમેરથી જોવા લાયક એવું ઘનઘોર યુદ્ધ થયું. હે નૃપ ! સંગ્રામમાં કર્ણ તથા સાત્યકિના તે કર્મને જોઇ સર્વ પ્રાણીયોનાં રૂવાં ઉભાં થઇ ગયાં. એટલામાં પરપુર જીતનાર અને સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્નને જોઇ દ્રોણ જેમ પ્રયત્ન કરતા હતા તેમ દ્રોણપુત્ર અશ્વત્થામાએ શત્રુના પરાક્રમ તથા પ્રાણનો નાશ કરનાર, શત્રુને દમન કરનાર અત્યંત મોટા બળવાળા ધૃષ્ટદ્યુમ્ન સામે આવી અત્યંત ક્રોધથી તેને કહ્યું કે હે બ્રહ્મહત્યારા ! 'ઉભો રહે ઉભો રહે' આજ મારી પાસેથી તું જીવતો નહિ જાય, એમ કહી અત્યંત શૂરવીર એવા તેને, ભયંકર છે રૂપ જેનું એવા, અત્યંત ચકચકિત કરેલા તીક્ષ્ણ બાણેકરી આચ્છાદન કરી દીધો. સંગ્રામમાં પરાક્રમ કરતા અશ્વત્થામાને જોઇ, નથી અત્યંત પ્રસન્ન મન જેનું એવા, પારકા શૂરવીરને હણનાર ધૃષ્ટદ્યુમ્ન, તેને મૃત્યુ માની શસ્ત્રે કરી પોતાના આત્માને અવધ્ય જાણી પ્રલય સમયે કાળ જેમ કાળપ્રત્યે દોડે તેમ અશ્વત્થામા સામે દોડયો. શૂરવીર અશ્વત્થામા પણ હે રાજેંદ્ર ! ક્રોધથી નિઃશ્વાસ નાખતા તેની સામે દોડયા. તે વેળાએ તે બેઉ, એક બીજાને જોઇ અત્યંત ક્રોધને પ્રાપ્ત થયા. ત્યાર પછી હે મહારાજ ! હે વિશાંપતે ! પ્રતાપવાન દ્રોણપુત્ર, પોતાની સમીપ ઉભેલા ધૃષ્ટદ્યુમ્નને આવી રીતે કહેવા લાગ્યા. હે પંચાલોમાં અધમ ! હે મૂઢ ! પૂર્વે દ્રોણને હણનાર એવા તેં જે પાપકર્મ કર્યું છે, તે તારૂં કુશળ ન થાય તે રીતે તને તપાવશે. સંગ્રામમાં અર્જુને જેની રક્ષા નથી કરી એવો તું, જો સામે ઉભો રહીશ ને જો નાશી નહિ જાય તો આજ હું તને મૃત્યુ પાસે મોકલી દેઇશ. અશ્વત્થામાનાં એવાં વચન સાંભળી પ્રતાપવાન્ ધૃષ્ટદ્યુમ્ને તેને કહ્યું કે સંગ્રામમાં યત્ન કરતા તારા પિતાને જેણે પ્રત્યુત્તર આપ્યું, તેજ, આ મારો ખડગ, તને પણ પ્રત્યુત્તર આપશે, અને જ્યારે હું બ્રાહ્મણ છું એમ કહેનાર દ્રોણને મેં હણ્યો, ત્યારે આ વખતે યુદ્ધમાં તને પરાક્રમથી કેમ નહિ હણું ? હે મહારાજ ! એમ કહી ક્રોધાયમાન થએલા સેનાપતિએ અત્યંત તીક્ષ્ણ બાણેકરી અશ્વત્થામાને વિંધ્યા, તેથી અત્યંત ક્રુદ્ધ થએલા અશ્વત્થામાએ, સન્નત છે પર્વ જેમના એવા બાણોએ કરી ધૃષ્ટદ્યુમ્નની દિશાઓને આચ્છાદન કરી દીધી. તે વેળાએ હે મહારાજ ! બાણેકરી આચ્છાદન થવાથી, અંતરિક્ષ, દિશાઓ તથા હજારો યોદ્ધાઓ પણ ચોતરફ દેખાતા ન હતા. તેમજ હે રાજન ! ધૃષ્ટદ્યુમ્ને પણ, સંગ્રામમાં શોભિતા અશ્વત્થામાને બાણેકરી સૂતપુત્ર કર્ણ જોતાં આચ્છાદન કરી દીધા. હે મહારાજ ! સારા દેખાવવાળા એકલા રાધાપુત્ર કર્ણે પાંડવ સહિત પંચાલ, દ્રૌપદિના પુત્ર, યુધામન્યુ તથા મહારથિ સાત્યકિને વારી રાખ્યો. ધૃષ્ટદ્યુમ્ને સંગ્રામમાં અશ્વત્થામાનું ધનુષ કાપી નાખ્યું. તે સમયે વેગવાન અશ્વત્થામાએ, તે ભયંકર સંગ્રામમાં ધનુષનો ત્યાગ કરી બીજું ધનુષ લેઇ સર્પ જેવા બાણ તેમાં સાંધી, હે

સનત્સુજાત કહે છે—હે રાજેંદ્ર! કામ, ક્રોધ, લોભ, મોહ,માન, ઇર્ષ્યા તંદ્રા, અસંતોષ, સ્નેહ, શોક, અસૂયા તથા નિંદા, એ બાર મોટા દોષ મનુષ્યના પ્રાણને નાશ કરનારા છે; તેઓમાંથી એક એકપણ જો મનુષ્યમાં હોય છે તો તે મૂઢ બુદ્ધિવાળો થઇ પાપ કર્મનો આરંભ કરે છે. ઘણી ઇચ્છાવાળો નિર્દય કઠોર વાણીવાળો ઘણું બોલનાર ક્રોધી તથા મનથી પોતાની બડાઇ મારનાર, એ ક્રૂર બુદ્ધિવાળા છ જણ અર્થને પામી પણ સારૂં માનતા નથી. પોતાને ભોગવવાની ઇચ્છાથી કુટુંબમાં વિષમી રીતે ચાલનાર, અતિમાની, કંઇપણ આપીને પુલાઇ જનાર, લોભી, દરિદ્ર, પોતાનાં વખાણ કરનાર તથા હંમેશ પોતાની સ્ત્રીનો દ્વેષ કરનાર, એ સાત પાપ બુદ્ધિવાળા ક્રૂર જાણવા. ધર્મ, સત્ય, તપ, ઇંદ્રિયોનો નિગ્રહ, પારકો ઉત્કર્ષ દેખી રાજી થવું, લજ્જા, સહનતા, પારકા ગુણ વિષે દોષારોપ ન કરવો, શક્તિ પ્રમાણે દાન કરવું, શાસ્ત્રાધ્યયન કરવું, ધૈર્ય તથા ક્ષમા, એ બાર બ્રાહ્મણનાં વ્રત જાણવાં. એ બારથી જે બ્રાહ્મણ ભ્રષ્ટ ન થાય તે સર્વ પૃથ્વીનો શિક્ષક થાય. એટલા વ્રતમાંથી ત્રણ બે વા એક વ્રતે કરીને પણ જે યુક્ત હોય, તેણે પણ પોતાનું કંઇ ન કર્યું એમ ન જાણવું. જેમને વિષે અમૃત રહ્યું છે એવાં, ઇંદ્રિયોનો નિગ્રહ, ત્યાગ તથા અપ્રમાદરૂપ મોટાં વ્રત જ્ઞાન સંપન્ન બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણોનાં છે. પારકા દોષનું ખોટું વા ખરૂં પણ કથન બ્રહ્મનિષ્ઠ પુરૂષને કરવું યોગ્ય નથી, કારણ તેમ કરવાથી મનુષ્યો નરકમાં જાય છે. લોક દ્વેષ કરે એવું પરસ્ત્રી ગમનાદિ કર્મ, કોઇ ધર્માદિકનું આચરણ કરતું હોય તેમાં વિઘ્ન કરવું, પારકા ગુણ વિષે દોષારોપ કરવો, અસત્ય ભાષણ કરવું, કામ, ક્રોધ, પરવશપણું, પારકી નિંદા કરવી, રાજદ્વારાદિકમાં પારકી ચાડી કરવી, દ્રવ્યનો નાશ, વૈર, પારકો ઉત્કર્ષ સહન ન કરવો, પ્રાણાંત પીડા, અદેખાઇ, હર્ષ, મર્યાદા છોડી બોલવું, શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી, ઇત્યાદિ વિવેક રહિતપણું તથા નિરંતર પારકો દ્રોહ કરવો, એ અઢાર દોષ મદથી થાય છે; વાસ્તે પ્રાજ્ઞ પુરૂષે સત્પુરૂષોએ નિંદા કરવા લાયક મદ ઉત્પન્ન કરનાર મદિરાદિકને આપત્કાળ વિષે પીવી નહીં. શત્રુ સાથે મિત્રતા રાખવામાં છ ગુણ રહ્યા છે, તે એ કે, પોતાનું પ્રિય થયેથી મિત્ર પ્રસન્ન થાય અને અપ્રિય થયેથી વ્યથા પામે, કોઇ વખતે ઘણા વખત સુધી પોતા પાસે રાખેલી ન દેવાની ચીજ હોય તે પણ માગવાથી આપી દે, તેમ પ્રિય પુત્ર, વૈભવ તથા પોતાની કન્યા પણ વખતે આપે, તેમ કોઇ વખતે દુર્બળ મિત્રને ધન આપેલું હોય તોપણ "મેં આનો ઉપકાર કર્યો છે," એમ જાણી તેના ઘરમાં નિરંતર બેસી રહે નહીં, ને પોતાનું સંપાદન કરેલું ધન ભોગવે પણ ચાલતાં મિત્રાદિકનું ભેગું કરેલું ભોગવે નહીં. કોઇ વખતે પોતાનું કલ્યાણ પણ મિત્ર વાસ્તે નાશ પમાડે. સાત્વિક બુદ્ધિવાળા ગુણવાન તથા દ્રવ્યવાન ગૃહસ્થે પાંચ વિષયથી પાંચ ઇંદ્રિયોને નિવૃત્ત કરવારૂપ તપ કરવું. એ તપ યદ્યપિ ઘણું છે, તોપણ તીવ્ર વૈરાગ્ય ન હોવાથી ધૈર્ય જેને નથી, તથા "હું બ્રહ્મલોકના ભોગ ભોગવીશ" એમ જેને સંકલ્પ ઉઠે છે, તેને કેવળ ઉર્ધ્વગતિ આપનારૂં થાય છે, પણ જ્ઞાનની પેઠે આ લોકમાંજ કૃતાર્થ કરતું નથી જે સત્ય સંકલ્પથી યજ્ઞ વૃદ્ધિ પામે છે, તે સંકલ્પ ધારણ કરવાથી, શ્રેષ્ઠ પુરૂષનો યજ્ઞ મને કરીને, મધ્યમનો બ્રહ્મયજ્ઞ જપાદિરૂપ વાણીથી અને પ્રાકૃતનો ઘૃત, પશુ તથા પુરોડાશ જેમાં મુખ્ય છે એવા કર્મથી થાય છે. સગુણ બ્રહ્મની ઉપાસના કરનાર સત્ય સંકલ્પવાળા પુરૂષથી, સંકલ્પ રહિત નિર્ગુણ બ્રહ્મનો ઉપાસક અધિક છે, કારણ બ્રહ્મનિષ્ઠને સંકલ્પ રહિતપણું શ્રેષ્ઠ કહ્યું છે. વળી બીજું પણ હું કહું તે સાંભળ—આ બ્રહ્મજ્ઞાન ગુરૂએ શિષ્યોને ભણાવવું, કારણ બ્રહ્મની પ્રાપ્તિ વાસ્તે ઘણુંજ

રાજેંદ્ર! ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ, શક્તિ, ગદા, ધ્વજ, અશ્વ, સારથિ તથા રથને નિમેષ માત્રમાં બાણે કરી વિંધ્યાં. તે વખતે કપાઇ ગયું છે ધનુષ અને હણાયા છે અશ્વ તથા સારથિ જેનો, એવા વિરથ થએલા ધૃષ્ટદ્યુમ્ને, મોટો ખડ્ગ તથા સૂર્યના ચિન્હવાળી પોતાની ઢાલ ગ્રહણ કરી. હે રાજેંદ્ર! શૂરવીર, દૃઢ આયુધવાળા, અને બાણ ફેંકનાર મહારથિ અશ્વત્થામાએ, સંગ્રામમાં ભલ્લ નામના બાણે કરી તે ખડ્ગ કાપી નાખ્યો. હે ભરતશ્રેષ્ઠ! જ્યારે શૂરવીર એવા મહારથિ અશ્વત્થામા, હણાએલા અશ્વ તથા કપાઈ ગએલા ધનુષવાળા, બાણથી બહુ પ્રકારે વિંધાયલા અસ્ત્રથી કપાઇ ગયાં છે અંગ જેનાં એવા, વિરથ થએલા ધૃષ્ટદ્યુમ્નને યત્ન કરતાં પણ બાણેકરી નાશ કરવા સમર્થ થયા નહિ ત્યારે ધનુષનો ત્યાગ કરી સત્વર ધૃષ્ટદ્યુમ્નની પાછળ દોડયા. તેની પાછળ જતા તે મહાત્માનો વેગ, ઉત્તમ સર્પને મારવાની ઇચ્છાથી તેની પાછળ દોડતા ગરૂડના જેવો હતો. એટલા વખતમાં માધવ ભગવાન અર્જુન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા. હે પાર્થ! અશ્વત્થામા, ધૃષ્ટદ્યુમ્નને મારવા સારૂ યત્ન કરે છે તે તું જો; નહિ તો એને જરૂર મારશે એમાં સંશય નહિ. હે શત્રુને નાશ કરનાર! હે મહાબાહો! જેમ મૃત્યુના મુખમાં જાય તેમ અશ્વત્થામાના મુખમાં ગયેલા ધૃષ્ટદ્યુમ્નને મુકાવ, એમ કહી હે મહારાજ! પ્રતાપવાન વાસુદેવ ભગવાન જ્યાં અશ્વત્થામા ઉભા હતા ત્યાં ઘોડાઓને લઇ ગયા. કેશવ ભગવાને પ્રેરણા કરેલા ચંદ્ર જેવા તે અશ્વ, આકાશનું જાણે પાન કરતા હોય તેમ અશ્વત્થામાના રથ પાસે ગયા. હે રાજન! તે સમયે મહા બળવાન અશ્વત્થામા પોતાની સામે આવતા મહા પરાક્રમી શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઇ ધૃષ્ટદ્યુમ્નના વધવિષે યત્ન કરવા લાગ્યા. હે નરેશ્વર! અશ્વત્થામાએ આકર્ષણ કરેલા ધૃષ્ટદ્યુમ્નને જોઇ મહા બળવાન અર્જુને, અશ્વત્થામા ઉપર બાણ નાખ્યા. સુવર્ણથી શોભિતા ગાંડીવ ધનુષથી મૂકાયલા તે બાણ, અશ્વત્થામાને પ્રાપ્ત થઇ સર્પો જેમ રાફડા પ્રત્યે પ્રવેશ કરે તેમ તેમના શરીરમાં પ્રવિષ્ટ થયા. ભયંકર એવા તે બાણે કરી વિધાયલા, પ્રતાપવાન શૂરવીર દ્રોણપુત્રે, સંગ્રામના મધ્યમાં ઘણા પરાક્રમવાળા પાંચાલ્યને છોડી દેઇ રથમાં બેસી શ્રેષ્ઠ ધનુષ ગ્રહણ કરી, બાણથી અર્જુનને વિંધ્યો. હે જનાધિપ! એટલામાં શૂરવીર એવો સહદેવ, શત્રુને તપાવનાર ધૃષ્ટદ્યુમ્નને સંગ્રામમાંથી બહાર લેઇ ગયો. અર્જુને પણ હે મહારાજ! બાણે કરી અશ્વત્થામાને વિંધ્યા. અત્યંત ક્રોધાયમાન થએલા અર્જુને બીજો કાળદંડ સરખો નારાચ નામનો બાણ, દ્રોણપુત્ર અશ્વત્થામા ઉપર નાખ્યો. મોટી કાંતિવાળો તે, બ્રાહ્મણના અંસ દેશવિષે—ખભા ઉપર પડયો. તે બાણના વેગથી હે મહારાજ! સંગ્રામમાં વિહ્વલ થયેલા તે, રથમાં બેસવાના સ્થાનક પાસે બેસી જઇ અત્યંત વિકળતાને પ્રાપ્ત થયા. તે વેળાએ હે મહારાજ! સંગ્રામમાં ક્રોધાયમાન થએલા તથા અર્જુન સાથે દ્વંદ્વયુદ્ધ કરવા ઇચ્છતા કર્ણે, વારંવાર અર્જુન સામું જોતાં વિજયને આપે એવું ધનુષ ગ્રહણ કર્યું. વિહ્વળ થએલા દ્રોણપુત્રને જોઇ તેમનો સારથિ, રણમાંથી તેમને બહાર લેઇ ગયો. હે મહારાજ! જયશીલ એવા પાંચાલોએ મૂકાવેલા, પોકાર કરતા ધૃષ્ટદ્યુમ્નને તથા પીડિત થએલા દ્રોણપુત્રને જોઇ દિવ્ય એવાં હજારો વાદિત્ર વાગવા લાગ્યાં. સંગ્રામમાં તે આશ્ચર્ય જોઈ શૂરવીરો સિંહનાદ કરવા લાગ્યા. હે રાજન! એવી રીતે અર્જુને વાસુદેવ ભગવાનને કહ્યું કે હે કૃષ્ણ! સંશપ્તકો પ્રત્યે રથને લેઈ જાઓ, કારણ એ કાર્ય મારૂં મોટું છે. પાંડુપુત્ર અર્જુનનું બોલવું સાંભળી દાશાર્હ ભગવાન મન તથા વાયુ સમાન વેગવાળા, અને મોટા છે પતાકા જેના એવા, રથે કરી ત્યાંથી આગળ ચાલ્યા.

तत: प्रयातो दाशार्हः श्रुत्वा पांडवभाषितं ।
रथेनातिपतावेन मनो मारुतरंहसा ॥

इतिश्री महाभारते कर्णपर्वणि द्रौण्यपयाने गुर्जरभाषायामूनषष्टितमो ऽध्यायः ॥ ५९ ॥

અધ્યાય ૬૦ મો. કૃષ્ણાર્જુન સંવાદ.

संजय उवाच—एतस्मिन्नंतरे कृष्णः पार्थं वचनमब्रवीत् ।
दर्शयन्निवकौंतेयं धर्मराज युधिष्ठिरम् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એટલામાં શ્રીકૃષ્ણ ભગવાન, કુંતિપુત્ર ધર્મરાજ યુધિષ્ઠિરને જાણે દેખાડતા હોય તેમ અર્જુનને કહેવા લાગ્યા કે, હે પાંડુપુત્ર ! મોટાં ધનુપ તથા બળવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર જેની પાછળ પડેલા છે એવા આ વડીલ યુધિષ્ઠિર, અને તે મહાત્માની રક્ષા કરવા સારૂ સજ્જ થએલા યુદ્ધમાં દુર્મદ એવા, મહા બળવાન પાંચાલો તેની પાછળ જાય છે, તે જો. હે પુરૂષમાં સિંહરૂપ ! હે પાર્થ ! સર્પ જેવો જેમનો સ્પર્શ છે, સર્વ યુદ્ધમાં વિશારદ એવા ભાઈઓ તથા રથસૈન્ય સહિત રાજાને મારવા ઇચ્છતો સર્વ લોકનો રાજા કવચ પહેરેલો બળવાન દુર્યોધન, રાજાની પાછળ દોડે છે. તેજ રીતે હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળ સહિત, રાજાને મારવા ઇચ્છતા એવા તમારી તરફના આ યોદ્ધાઓ, જેમ અર્થિજન, દાન દેનાર એવા ઉત્તમ પુરૂષ પ્રત્યે જાય તેમ યુધિષ્ઠિર પ્રત્યે જાય છે. અમૃતને લેઇ જવા ઇચ્છતા દૈત્યોને જેમ ઇન્દ્ર તથા અગ્નિએ વારંવાર રૂંધ્યા હતા, તેમ યુધિષ્ઠિરને લેઈ જવા ઇચ્છતા, તે યોદ્ધાઓને સાત્યકિ તથા ભીમસેને રોકયા તો પણ ઉભેલા છે તેમને જો. વળી મોટા ધનુપવાળા બળવાન મહારથિઓ, સિંહનાદ સાથે શંખ વગાડતા તથા ધનુષ હલાવતા, ઘણાક હોવાને લીધે વર્ષાઋતુમાં જળના ઓઘ જેમ સમુદ્ર પ્રત્યે જાય તેમ પાછા પાંડુપુત્ર યુધિષ્ઠિર તરફ જાય છે. દુર્યોધનને વશ થએલા કુંતિપુત્ર યુધિષ્ઠિરને મૃત્યુના મુખમાં પડેલા તથા અગ્નિમાં હોમેલા હોય એવા હું માનું છું. હે પાંડવ ! દુર્યોધનનું જેવું સૈન્ય છે તે પ્રમાણે તો એના બાણવિષયને સંગ્રામમાં પ્રાપ્ત થએલો ઇન્દ્ર હોય તો પણ જીવતો જાય નહિ. અત્યંત કોધાયમાન થએલા કાળની પેઠે બાણના ઓઘને ફેંકતા, શૂરવીર દુર્યોધનના વેગને સંગ્રામમાં કોણ સહન કરી શકે ? શૂરવીર દુર્યોધન, અશ્વત્થામા કૃપાચાર્ય તથા કર્ણના બાણનો વેગ, પર્વતોને પણ નાશ કરે. કર્ણે તો યુદ્ધમાં વિશારદ, લાઘવીથી બાણ નાખનાર, બળવાન તથા શત્રુને તપાવનાર એવા સુકૃતિ રાજાને વિમુખ કર્યા હતા. બળવાન ધૃતરાષ્ટ્રના પુત્રો સહિત રાધાપુત્ર કર્ણ, પાંડવમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરને પીડવાને સમર્થ છે. તેમ એ તથા બીજા મહારથિઓ સાથે યુદ્ધ કરતા સ્વાધિન મનવાળાનો દુર્યોધનાદિકે પરાજય કર્યો તેનું કારણ એ કે, ભરતકુળમાં શ્રેષ્ઠ તે રાજા, ઉપવાસથી અત્યંત કૃશ ને ક્ષમા રૂપ બ્રાહ્મબળમાં રહેલા નિષ્ઠુરતા રૂપ ક્ષાત્રબળમાં સમર્થ નથી; માટે શત્રુને તપાવનાર પાંડુપુત્ર યુધિષ્ઠિર કર્ણ સામે ઉભા રહેશે તો સંશયને પ્રાપ્ત થઇ, હે પાર્થ ! જીવશે નહિ એમ હું માનું છું. આ સમયે કોપી એવો શત્રુને દમન કરનાર ભીમસેન, જયશીલ એવા ધૃતરાષ્ટ્રના પુત્રોએ વારંવાર કરેલા સિંહનાદ તથા શંખના શબ્દોને સહન કરે છે. કર્ણ મહા બળવાન એવા ધૃતરાષ્ટ્રના પુત્રોને 'અરે પાંડુપુત્ર યુધિષ્ઠિરને

હણો' એ રીતે પ્રેરણા કરે છે, તેથી તે મહારથિઓ ઈન્દ્રજાળમય ગાંધર્વાસ્ત્ર, પાશુપત, તથા બીજા શસ્ત્રજાળે કરી રાજાને આચ્છાદન કરે છે. હે ભારત ! ચિકિત્સકોએ સેવવા લાયક એવા રાજાને આતુર કરી દીધા છે, માટે ઉતાવળ કરવા વખતે ઉતાવળા થઇ સર્વ શસ્ત્રધરનારાઓમાં શ્રેષ્ઠ એવા પાંડવ સહિત બળવાન પાંચાલો પાતાળમાં ડૂબતા હોય નહિ તેમ રાજાને ગ્રહણ કરવા સારૂ તેમની પાછળ દોડે છે. હે ભારત ! નકુળ, સહદેવ, સાત્યકિ શિખંડી ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, શતાનિક, સર્વ પંચાલ તથા સર્વ ચેદિઓ જોતાં કર્ણે હણેલો રાજાનો ધ્વજ દેખાતો નથી. હે પાર્થ ! કર્ણ હસ્તિ જેમ કમલિનીનો નાશ કરે તેમ બાણેકરી પાંડવની સેનાનો નાશ કરે છે. હે પાર્થ ! હે પાંડુનંદન ! તમારી તરફના રથિઓ તથા મહારથિઓ કેવી રીતે નાસી જાય છે તે જો. હે ભારત ! કર્ણે બાણથી હણેલા હસ્તિઓ, પીડિત શબ્દ કરતા દશે દિશાઓમાં દોડે છે, હે પાર્થ ! શત્રુને નાશ કરનાર કર્ણે, ચોતરફ નસાડેલા રથોનાં વૃંદ તે તે સ્થાનકે દોડે છે. હે ધ્વજાવાળાઓમાં શ્રેષ્ઠ ! તે તે સ્થાનકે વિચરતા હસ્તિની ઝુલ તથા સૂતપુત્ર કર્ણના રથમાં રહેલા તેના ધ્વજને જો. રાધાપુત્ર કર્ણ, સેંકડો બાણ ફેંકતો તથા તારી સેનાને હણતો ભીમસેનના રથ તરફ દોડયો આવે છે. મહા સંગ્રામમાં ઇન્દ્રે હણેલા દૈત્યો જેમ નાસે તેમ કર્ણે નસાડેલા તેથી સંગ્રામમાં દોડયા જતા એવા મહારથિ પંચાલોને તું જો. કર્ણ, સંગ્રામમાં પંચાલ, પાંડવ તથા સૃંજયોને જીતી તારે વાસ્તે સર્વ દિશાઓ તરફ જૂવે છે, હે પાર્થ ! સંગ્રામમાં શ્રેષ્ઠ ધનુષને આકર્ષણ કરતો કર્ણ, શત્રુને જીતી દેવ સમુદાયથી વિંટાયલો ઇન્દ્ર શોભે તેમ શોભે છે. કૌરવ તરફના યોદ્ધાઓ, કર્ણના પરાક્રમને જોઇ સંગ્રામમાં પાંડવ તથા સૃંજયોને ચોતરફથી ત્રાસ પમાડતા મોટા સિંહનાદ કરે છે. તેમજ રાધાપુત્ર કર્ણ પણ મહા સંગ્રામમાં સર્વાત્મપણાથી પાંડવોને ત્રાસ પમાડી સર્વ સૈન્યને કહે છે કે હે કૌરવો ! દોડો, સત્વર દોડો, તમારૂં કલ્યાણ થાઓ અને યુદ્ધમાં કોઈપણ સૃંજય તમારી પાસેથી જીવતો ન જાય તે રીતે સાવધાન થઈ લડો. અમે તમારી પાછળ આવીએ છીએ. એમ કહી કર્ણ બાણ ફેંકતો તેમની પાછળ ગયો. હે પાર્થ ! ચંદ્રેકરી જે રીતે ઉદયપર્વત શોભે તે રીતે સંગ્રામમાં શ્વેત છત્રેકરી શોભિતા કર્ણને તું જો. હે ભારત ! પણ શોભિતો કર્ણ, કટાક્ષેકરી તારી સામું જુવે છે, વાસ્તે હે મહાબાહો ! ઉત્તમ વેગનો આશ્રય કરી જરૂર તે આવશે. મોટા ધનુષને હલાવતા તથા સર્પ સરખા બાણને ફેંકતા આને તું જો. હે શત્રુને તપાવનાર ! હે પાર્થ ! તારા વાનરયુક્ત ધ્વજને જોઇ તારી સાથે યુદ્ધની પ્રાર્થના કરતો કર્ણ, પાછો વળી પોતાના વધ વાસ્તે તીડ નામનો જંતુ જેમ અગ્નિ સામે આવે તેમ તારા સામે આવે છે. હે ભારત ! રથસૈન્ય સહિત જતા એકલા કર્ણને જોઇ તેને રક્ષણ કરવાની ઇચ્છાથી યોદ્ધાઓથી વિંટાએલો દુર્યોધન પાછો ફરે છે. યશ, રાજ્ય તથા ઉત્તમ સુખને ઇચ્છતો એવો તું યત્ને કરી આ સર્વ યોદ્ધાઓ સહિત એ દુષ્ટાત્માને હણ. હે પાર્થ ! દેવાસુર સંગ્રામમાં દેવ તથા દાનવનું જેવું યુદ્ધ થયું હતું તેવું વિખ્યાત તથા પરાક્રમી એવા તમારા બેઉનું યુદ્ધ થવાથી હે પાર્થ ! સર્વ કૌરવ તારા પરાક્રમને જુઓ. હે ભરતર્ષભ ! અતિ ક્રોધાવિષ્ટ થએલા તને તથા કર્ણને જોઇ ક્રોધાયમાન થએલો દુર્યોધન આમાંથી શું થશે, તે કંઈ જાણતો ન હતો. હે ભરતર્ષભ ! હું સ્વાધીન છું એમ જાણી અને ધર્માત્મા યુધિષ્ઠિર વિષે કર્યો છે અપરાધ જેણે એવો, રાધાપુત્ર કર્ણ છે, એમ જાણી હે કુંતિપુત્ર ! યુદ્ધમાં આર્દ્રમતિ કરી સમય પ્રાપ્ત થયો છે. એમ વિચારી રણના

યૂથને પાળનાર કર્ણ સામે જા. તીક્ષ્ણ તેજવાળા બળવાન યોદ્ધાઓના પાંચસો રથ, પાંચ હજાર હસ્તિ, તેથી બમણા અશ્વ, તથા દશ લક્ષ પાયદળ, એ સર્વ એકઠાં મળી આવે છે, પરસ્પર રક્ષણ કરેલું તે સૈન્ય, તારી સામે આવે છે વાસ્તે દ્રોણપુત્રને આગળ કરી સત્વર તેને માર. હે ભરતર્ષભ ! લોકમાં વિખ્યાત એવા બળવાન રથસૈન્યને નાશ પમાડી ઉત્તમ વેગનો આશ્રય કરી મોટા ધનુષવાળા સૂતપુત્રને તારૂં રૂપ દેખાડતાં તું તેની સામે જા. હે શત્રુને તપાવનાર ! અત્યંત ક્રોધાયમાન થએલો કર્ણ પંચાલોની સામે દોડે છે, કેમકે, ધૃષ્ટદ્યુમ્નના રથની પાસે એનો ધ્વજ દેખાય છે, વાસ્તે પંચાલો તરફ આવે છે, એમ હું માનું છું. હે ભરતર્ષભ ! હે પાર્થ ! આ એનું કર્મ તારૂં પ્રિય સૂચવે છે; કારણ કે જો આ શોભિતા ધર્મપુત્ર યુધિષ્ઠિર કુશળતાથી વર્તે છે. સૃંજયનું સૈન્ય તથા સાત્યકિ સહિત મહાબાહુ ભીમસેન સેનામુખ તરફ પાછા ફરી આવ્યા. હે કૌંતેય ! સંગ્રામમાં ભીમ-સેન તથા મહાત્મા પંચાલ, તીક્ષ્ણ બાણે કૌરવોને હણે છે. હે ભરતર્ષભ ! વ્રણમાંથી રૂધિર જેને સ્ત્રવે છે એવી, પકવધાન્ય સંપન્ન પૃથ્વી સરખી, ભીમસેને બાણથી હણેલી, કૃપણ છે દર્શન જેનું એવી, વિમુખ થએલી દુર્યોધનની સેના વેગથી દોડી જાય છે. હે કુંતિપુત્ર ! ક્રોધે ભરાયેલા સર્પ સરખા સેનાને નસાડતા પાછા ફરેલા યુદ્ધના પતિ ભીમસેનને તું જો. હે અર્જુન ! પીત, રક્ત કાળા, તથા અત્યંત શ્વેત વર્ણના તારા ચંદ્ર અને સૂર્યના ચિન્હથી શોભિતા પતાકા તથા છત્રો ચોતરફ પડે છે. તેમજ સુવર્ણ અને રૌપ્યથી શોભિતા તેજસ્વી નાના પ્રકારના ધ્વજ તથા હસ્તિ, ઘોડાઓ પણ ચોતરફ પડે છે. સંગ્રામમાંથી પલાયન કરનાર નહિ એવા શૂરવીર પંચાલોએ નાના પ્રકારના બાણોએ કરી હણેલા પ્રાણ રહિત રથિઓ, રથોમાંથી નીચે પડે છે. હે ધનંજય ! મનુષ્ય વગરના ગજ અશ્વ તથા રથોને તું જો. પુરૂષમાં સિંહરૂપ એવા વેગવાન પંચાલ ભીમસેનના બળના આશ્રયથી ધૃતરાષ્ટ્રના પુત્રોની પાછળ દોડી તેમનું મર્દન કરે છે. હે શત્રુને દમન કરનાર ! કોઇથી સહન થાય નહીં એવા પંચાલો, સંગ્રામમાં પ્રાણનો ત્યાગ કરી સામા સૈન્યને મર્દન કરતા સિંહનાદ સાથે શંખ વગાડે છે. સંગ્રામના મધ્યમાં બાણેકરી પારકાઓને મર્દન કરતા તથા તેમની સામે દોડતા પંચાલ રાજાઓ, પરાક્રમથી ક્રોધાયમાન થએલા સિંહ જેમ હસ્તિઓને હણે, તેમ દુર્યોધન તરફના યોદ્ધાઓને હણે છે. વળી નિરાયુધ એવા પંચાલ આ-યુધ સહિત શત્રુઓનું શસ્ત્ર ગ્રહણ કરી અમોઘ અસ્ત્રવાળા તે તેજ શસ્ત્રેકરી તેમને હણે છે અને જય શબ્દ કરે છે; એમના માહાત્મ્યને તો તું જો. શત્રુઓનાં મસ્તક તથા બાહુ સંગ્રામના મધ્યમાં પડે છે. રથ, હસ્તિ તથા અશ્વ ઉપર બેઠેલા સર્વ શૂર-વીરો યશ ઇચ્છે છે. માનસ સરોવરથી આવી વેગવાન હંસો જેમ ગંગાને ક્ષોભ પમાડે, તેમ પંચાલોએ ચોતરફથી દુર્યોધનની સેનાને ક્ષોભ પમાડી તેથી પંચાલોને નિવારણ કરવા સારૂ બળિવર્દોને વારી રાખવા સારૂ બીજા વૃષભ જેમ પરાક્રમ કરે તેમ કૃપ કર્ણાદિ શૂરવીર અત્યંત પરાક્રમ કરવા લાગ્યા છે. ભીમના અસ્ત્રેકરી અત્યંત ભગ્ન થએલા દુર્યોધન તર-ફના શત્રુ એવા, હજારો મહારથિઓને ધૃષ્ટદ્યુમ્નાદિક શૂરવીરો હણે છે. શત્રુવડે પરાભવ પામેલા પંચાલોને જોઇ શબ્દ કરતો ભય રહિત વાયુપુત્ર ભીમસેન, શત્રુપક્ષનો નાશ કરી બાણ ફેંકે છે, તેથી જો દુર્યોધનની મોટી સેના અત્યંત ખેદયુક્ત થાય છે. ભીમસેનના ભયથી પીડિત થએલા, ત્રાસ પામેલા રથને જો. ભીમસેને નારાચ નામના બાણેકરી ભેદેલા

હસ્તિઓ ઇન્દ્રે વજ્રેકરી હણેલા પર્વતના શિખર જેમ નીચે પડે તેમ નીચે પડે છે. સન્નત છે પર્વ જેનાં એવા, ભીમસેનના બાણેકરી વિંધાયલા મોટા હસ્તિઓ, પોતાના સૈન્યને મર્દન કરતા દોડે છે. હે અર્જુન ! સંગ્રામમાં શબ્દ કરતા જયશીલ ભીમસેનના અતિ દુઃસહ એવા સિંહનાદને શ્રવણ કર. ક્રોધાયમાન થએલો નિષાદ રાજા, હાથમાં દંડ ગ્રહણ કરેલા કાળની પેઠે ભાલાએકરી પાંડુપુત્ર ભીમસેનને મારવાની ઇચ્છાથી મોટા હસ્તિ ઉપર બેસી તેની સામે આવે છે. ગર્જના કરતા નિષાદના ભાલાસહિત બે હાથ ભીમસેને કાપી, અગ્નિ તથા સૂર્ય સરખા તીક્ષ્ણ નારાચ નામના દશ બાણેકરી એને પણ હણ્યો. એ રીતે એને હણી, વળી નીલમેઘ સરખા મોટા માવત લોકોએ અધિષ્ઠિત, પ્રહાર કરનાર બીજા હસ્તિઓને શક્તિ તથા ભાલાના સમુદાયથી હણતા આવતા ભીમસેનને જો. હે પાર્થ ! તારા મોટા ભાઇ ભીમસેને તીક્ષ્ણ બાણેકરી ઓગણ પચાસ હસ્તિઓને હણી ધ્વજા સહિત તેમની પતાકાઓ પણ કાપી નાખી છે. નારાચ નામના દશ દશ બાણોએકરી એક એક હસ્તિને હણ્યો છે. હે ભરતર્ષભ ! ઇન્દ્ર સરખો પરાક્રમી ક્રોધાયમાન થએલો ભીમસેન સંગ્રામમાં પાછો આવવાથી ધૃતરાષ્ટ્ર તરફનાઓનો સિંહનાદ પણ તેવો સંભળાતો નથી. ક્રોધાયમાન થએલા પુરૂષમાં સિંહરૂપ ભીમસેને એકઠી મળેલી દુર્યોધનની ત્રણ અક્ષૌહિણી સેનાને વારી રાખી, તે સમયે મધ્યાહ્નના સૂર્ય સામે જેમ કોઇ દુર્બળ ચક્ષુવાળા જોઇ શકે નહિ તેમ ભીમસેન સામે જોવા પણ કોઇ રાજાઓ સમર્થ થતા નહતા. સિંહથી ત્રાસ પામેલા મૃગ જેમ સુખ પામે નહિ તેમ ભીમસેનના બાણથી ત્રાસ પામેલા યોદ્ધાઓ પણ સુખને પ્રાપ્ત થતા ન હતા. સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર ! મહાબાહુ અર્જુન, વાસુદેવ ભગવાનનું એવું બોલવું સાંભળી ભીમસેને કરેલું, અતિ દુષ્કર કર્મ જોઇ, પોતે પણ તીક્ષ્ણ બાણેકરી શ્રેષ્ટ એવા શત્રુઓને હણવા લાગ્યો. હે પ્રભો ! સંગ્રામમાં અર્જુને હણવા માંડેલા મહા બળવાન સંશપ્તકગણ, ભયભીત થઇ દશે દિશાઓમાં નાસતા ઇન્દ્રના અતિથિપણાને પ્રાપ્ત થઇ શોક રહિત થતા હતા. એ રીતે પુરૂષમાં સિંહરૂપ અર્જુને સન્નત છે પર્વ જેનાં એવા બાણેકરી દુર્યોધનની ચતુરંગિણી સેનાને હણી.

पार्थश्च पुरुषव्याघ्रः शरैः सन्नतपर्वभिः ।
जघान धार्तराष्ट्रस्य चतुर्विधबलांचमूं ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कृष्णार्जुनसंवादे गुर्जरभाषायां षष्ठितमोऽध्यायः ॥ ६० ॥

અધ્યાય ૬૧ મો. સંકુલ યુદ્ધ.

धृतराष्ट्र उवाच—निवृत्ते भीमसेने च पांडवे च युधिष्ठिरे ।
वध्यमाने बले चापि मामके पांडुसृंजयैः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! પાંડુપુત્ર ભીમસેન તથા યુધિષ્ઠિર પાછા ફરી આવ્યા અને પાંડવ તથા સૃંજય, મારાં સૈન્યને હણવા લાગ્યા તેથી નિરાનંદ એવું મારૂં સૈન્ય વારંવાર નાસવા લાગ્યું તેને જોઇ કૌરવોએ શું કર્યું તે તું મને કહે ! સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન ! ક્રોધથી રક્ત છે નેત્ર જેનાં એવો, પ્રતાપવાન સૂતપુત્ર કર્ણ, પાં-

બાહુ ભીમસેનને જોઈ તેની પાછળ દોડયો. પછી હે રાજન ! ભીમસેનથી વિમુખ થએલા તમારા સૈન્યને જોઈ મોટા યત્નેકરી બળવાન એવા તેણે સૈન્યને રોક્યું. એ રીતે મહાબાહુ કર્ણ, તમારા પુત્રની સેનાને રોકી યુદ્ધમાં દુર્મદ એવા પાંડવ સામે ગયો. પાંડવ તરફના મહારથિઓ પણ શ્રેષ્ઠ ધનુષ હલાવતા તથા બાણથી સ્પર્ધા કરતા રાધાપુત્ર કર્ણ સામે આવ્યા. એ યોદ્ધાઓનાં નામ કહું તે સાંભળો. પુરૂષમાં સિંહરૂપ, અત્યંત ક્રોધાયમાન થએલા અને ચોતરફથી તમારી સેનાને હણવા ઇચ્છતા જયશીલ એવા ભીમસેન, સાત્યકિ, શિખંડી, જનમેજય, બળવાન ધૃષ્ટદ્યુમ્ન, તથા સર્વ પ્રભદ્રક તમારી સેના સામે દોડયા. તે સમયે હે પુરૂષમાં સિંહરૂપ ! રથ, હસ્તિ, તથા અશ્વેકરી વ્યાપ્ત અને પાયદળ તથા ધ્વજાએકરી સંકુલ એવું સૈન્ય અદ્‌ભુત દેખાવવાળું થયું. શિખંડી કર્ણ સામે, ધૃષ્ટદ્યુમ્ન મોટી સેનાથી વિંટાયલા તમારાપુત્ર દુઃશાસન સામે, નકુલ વૃષસેન સામે, યુધિષ્ઠિર ચિત્રસેન સામે તથા સહદેવ, ઉલૂક સામે ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. સાત્યકિ શકુનિ સાથે, દ્રૌપદીના પુત્રો કૌરવો સાથે, સાવધાન થએલા મહારથિ દ્રોણપુત્ર અર્જુન સાથે, અને ગૌતમ, મોટા ધનુષવાળા યુધામન્યુ સાથે સંગ્રામમાં યુદ્ધ કરવા તેની સામે ગયલા બળવાન કૃતવર્મા, ઉત્તમૌજા સામે દોડયો. હે મારિષ ! મહાબાહુ એવા એકલા ભીમસેને સૈન્ય સહિત તમારા સર્વ પુત્ર તથા કૌરવોને વારી રાખ્યા. હે મહારાજ ! નિર્ભયની પેઠે સંગ્રામમાં વિચરતા કર્ણને, ભીષ્મને હણનાર શિખંડીએ બાણેકરી વારી રાખ્યો. એ રીતે રોષથી સ્ફુરાયમાન છે અધર જેના એવા કર્ણે, ત્રણ બાણેકરી શિખંડીને ભ્રકુટીના મધ્યવિષે ઘા કર્યો. તે ત્રણ બાણને ધારણ કરનાર શિખંડી, ત્રણ શિખરેકરી રૂપાનો પર્વત શોભે તેમ શોભતો હતો. અત્યંત વિંધાયલા મોટા ધનુષવાળા તેણે પણ સંગ્રામના મધ્યમાં તીક્ષ્ણ એવા નેવું બાણેકરી કર્ણને વિંધ્યો. મહારથિ કર્ણે, ત્રણ બાણેકરી તેના અશ્વ તથા સારથિને હણી ક્ષુરપ્ર નામના બાણથી એના ધ્વજને પાડયો, તેથી અત્યંત ક્રોધાયમાન થએલા શત્રુને તપાવનાર મહારથિ શિખંડીએ હણાયા છે અશ્વ જેના એવા, રથમાંથી નીચે કૂદી કર્ણની ઉપર શક્તિ નાંખી. હે ભારત ! કર્ણે પણ સંગ્રામમાં ત્રણ બાણેકરી શક્તિને છેદન કરી તીક્ષ્ણ એવા નવ બાણેકરી શિખંડીને વિંધ્યો. તે સમયે કર્ણના ધનુષ્યમાંથી છૂટેલા બાણને છોડી દેઇ પુરૂષમાં ઉત્તમ એવો અત્યંત ક્ષત થએલો શિખંડી, સંગ્રામમાંથી બહાર જતો રહ્યો, તેટલામાં હે મહારાજ ! મહા બળવાન કર્ણ, વાયુ જેમ રૂના ઢગલા પ્રત્યે જઈ તેનો નાશ કરે, તેમ પાંડવના સૈન્યનો નાશ કરવા લાગ્યો. હે મહારાજ ! તમારા પુત્રે પીડિત કરેલા ધૃષ્ટદ્યુમ્ને ત્રણ બાણેકરી દુઃશાસનને સ્તનના મધ્યભાગમાં વિંધ્યો. હે મારિષ ! દુઃશાસને, સુવર્ણના પુંખવાળા, નમ્ર છે પર્વ જેનું એવા ભલ્લ નામના બાણેકરી તેના ડાબા બાહુને વિંધ્યો. હે ભારત ! એ રીતે વિંધાયલા ક્રોધી ધૃષ્ટદ્યુમ્ને, અત્યંત ક્રોધથી ઘોર એવો બાણ દુઃશાસન ઉપર નાખ્યો. હે વિશાંપતે ! ધૃષ્ટદ્યુમ્ને નાખેલા મોટા વેગવાળા તે બાણને તમારા પુત્રે, ત્રણ બાણેકરી કાપી નાખ્યો. સુવર્ણથી શોભિતા ભલ્લ નામના સત્તર બાણ, ધૃષ્ટદ્યુમ્નના બે બાહુ તથા વક્ષસ્થળ ઉપર નાખ્યા. હે મારિષ ! તેથી ક્રોધાયમાન થએલા પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્ને અત્યંત તીક્ષ્ણ એવા ક્ષુરપ્ર નામના બાણથી એનું ધનુષ્ કાપી નાખ્યું; તે જોઇ બધા મનુષ્ય, મોટા સ્વરથી પોકાર કરવા લાગ્યા. તે સમયે તમારા પુત્રે હસતો હોય નહિ તેમ બીજું ધનુષ ગ્રહણ કરી બાણ સમુદાયે કરી ચોતરફથી ધૃષ્ટદ્યુમ્નને

હાંકી દીધો. અત્યંત મહાત્મા એવા તમારા પુત્રના પરાક્રમને જોઇ સંગ્રામમાંના યોદ્ધાઓ, સિદ્ધ તથા અપ્સરાઓના ગણ, એ સર્વ વિસ્મય પામતાં હતાં. સિંહ જેમ મોટા હસ્તિને રૂંધે તેમ દુઃશાસને રૂંધેલા મહા બળવાન ધૃષ્ટદ્યુમ્નને અમે જોતા ન હતા. એટલામાં હે પાંડુપૂર્વજ ! રથ, હસ્તિ તથા અશ્વ સહિત પંચાલોએ સેનાપતિના રક્ષણ વાસ્તે તમારા પુત્રને રૂંધ્યો. પછી હે પરંતપ ! તમારી તરફનાઓને સામાવાળા સાથે પ્રાણીયોને ભય કરનાર એવું ઘોર યુદ્ધ પ્રવર્તમાન થયું, જેમાં પિતાની સમીપ ઉભેલા વૃષસેને, લોહમય પાંચ બાણથી નકુળને ભેદી, બીજા ત્રણથી તેને માર્યો. શૂરવીર નકુળે હસતો હોય નહિં તેમ અત્યંત તીક્ષ્ણ એવા નારાચ નામના બાણેકરી વૃષસેનને હૃદયમાં વિંધ્યો. હે શત્રુકર્ષણ ! બળવાન શત્રુએ અત્યંત વિંધેલા તેણે, વિશ બાણેકરી શત્રુને વિંધ્યો. તેણે પાછો પાંચ બાણથી તેને વિંધ્યો. ત્યાર પછી પુરૂષમાં શ્રેષ્ઠ એવા તે બેઉ, હજારો બાણેકરી એકબીજાને આચ્છાદન કરવા લાગ્યા. તે સમયે દુર્યોધનની સેનામાં ભંગાણ પડયું. હે વિશાંપતે ! નાસવા લાગેલી દુર્યોધનની સેનાને જોઇ સૂતપત્ર કર્ણ, પાછળ જઇ બળથી તેને વારવા લાગ્યો. એવી રીતે નિવૃત્ત થએલા કર્ણને જોઇ નકુળ, કૌરવો પ્રત્યે ગયો. કર્ણપુત્ર તો હે મારિષ ! સંગ્રામમાં નકુળને છોડી દેઇ કર્ણના ચક્રની રક્ષા કરવા લાગ્યો. પ્રતાપવાન સહદેવે, સંગ્રામમાં ક્રોધાયમાન થએલા ઉલૂકને વારી રાખી તેના ચાર અશ્વને હણી, એના સારથિને યમલોક પ્રત્યે મોકલી દીધો. હે વિશાંપતે ! પિતાને આનંદ આપનાર ઉલૂક હણાએલા અશ્વવાળા તે વાહનમાંથી નીચે કૂદી જલદી ત્રિગર્તોના સૈન્યપ્રત્યે ગયો. સાત્યકિએ તીક્ષ્ણ એવા વીશ બાણેકરી શકુનિને વિંધી, હસતો હોય નહિ તેમ ભલ્લ નામના બીજા એક બાણેકરી એનો ધ્વજ કાપી નાખ્યો. હે રાજન ! ક્રોધાયમાન થએલા પ્રતાપવાન સુબલ પુત્ર શકુનિએ સાત્યકિનું કવચ વિદારણ કરી સુવર્ણમય તેનો ધ્વજ કાપી નાંખ્યો. વળી સાત્યકિએ, તીક્ષ્ણ બાણથી એને વિંધી હે મહારાજ ! ત્રણ બાણ એના સારથિ ઉપર નાખી, સત્વર બીજા બાણે કરી એના ઘોડાઓને યમલોક પ્રત્યે મોકલી દીધા. તે સમયે હે ભરતર્ષભ ! શકુનિ, નીચે કૂદી મહાત્મા ઉલૂકના રથ ઉપર ચઢી બેઠો. એ રીતે યુદ્ધશાલી એવા સાત્યકિથી તે દૂર ખશી ગયો. હે રાજન ! તે સમયે સાત્યકિ, વેગેકરી તમારી સેના સામે દોડયો. તમારી સેનામાં ભંગાણ પડયું અને હે વિશાંપતે ! સાત્યકિના બાણેકરી ઢંકાઇ ગએલું તમારૂં સૈન્ય દશે દિશાઓમાં ભાગતાં પ્રાણ રહિતની પેઠે ભૂમિપર પડવા લાગ્યું. વળી તમારા પુત્રે ભીમસેનને વારી રાખ્યો. ભીમસેને પણ મુહૂર્ત માત્રમાં લોકોના ઇશ્વર એવા, તમારા પુત્રને અશ્વ, સારથિ, રથ તથા ધ્વજ રહિત કર્યો. તેને જોઇ લોકો ખૂશી થવા લાગ્યા. તમારો પુત્ર, ભીમસેન સામેથી દૂર નાશી ગયો અને સર્વ કૌરવોનું સૈન્ય, ભીમસેન સામે દોડયું. તે સમયે ભીમસેનને હણવા ઇચ્છતા તેમનો મોટો શબ્દ થતો હતો. યુધામન્યુએ કૃપાચાર્યને વિંધી એનું ધનુષ કાપી નાખ્યું. શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ કૃપાચાર્યે, બીજું ધનુષ ગ્રહણ કરી યુધામન્યુનો ધ્વજ, સારથિ તથા છત્રને પણ પૃથ્વીપર પાડી નાખ્યાં. તે વેળાએ મહારથિ યુધામન્યુ, રથેકરી સંગ્રામથી દૂર નાશી ગયો. ઉત્તમૌજાએ ભયંકર પરાક્રમ તથા રૂપવાળા હાર્દિક્યને મેઘ જેમ વૃષ્ટિએ કરી પર્વતને આચ્છાદન કરે તેમ બાણ વૃષ્ટિએ કરી આચ્છાદન કરી દીધો. તે સમયે હે પરંતપ ! હે વિશાંપતે ! મેં પૂર્વે ક્યારે પણ જેવું જોયું ન હતું તેવું મોટું મહા ભયંકર યુદ્ધ પ્રવર્ત્યું.

માન થયું. જે સંગ્રામમાં હે રાજન ! કૃતવર્માએ, ઉત્તમૌજાને તત્કાળ હૃદયમાં વિંધ્યો. રથમાં બેસવાના સ્થાનકની પાસે તે બેશી ગયો. તેને જોઇ તેનો સારથિ રથિમાં શ્રેષ્ઠ એવા તેને સંગ્રામમાંથી બાજુએ લેઇ ગયો. કૌરવનું સર્વ સૈન્ય, ભીમસેન સામે દોડયું. તેમજ દુઃશાસન તથા સુબલનો પુત્ર શકુનિ પણ મોટા હસ્તિસૈન્યે કરી પાંડુપુત્ર ભીમસેનને ઘેરી લેઇ ક્ષુદ્રક નામના બાણથી તેને મારવા લાગ્યો. ભીમસેન પણ સેંકડો બાણથી ક્રોધી દુર્યો-ધનને વિમુખ કરી વેગથી હસ્તિ સૈન્ય સામે દોડયો. પછી અત્યંત ક્રોધાયમાન થએલો ભીમસેન, પોતાની સામે આવતા હસ્તિ સૈન્યને જોઈ તેની સામે દિવ્ય અસ્ત્ર નાખી ઇન્દ્ર જેમ વજ્રકરી અસુરોને હણે તેમ હસ્તિઓને હણવા લાગ્યો. એ રીતે સંગ્રામમાં હસ્તિઓને હણતા ભીમસેને તીડ નામના જંતુએ કરી જેમ વૃક્ષ ઢંકાઇ જાય તેમ બાણના ઓઘેકરી આકાશને આચ્છાદન કરી દીધું. ત્યાર પછી ભીમસેન, વાયુ જેમ મેઘ સમુદાયને હણે તેમ વેગેકરી એકઠા મળેલા હજારો હસ્તિયૂથને હણવા માંડયું. સુવર્ણની જાળીથી ઢંકાઇ ગએલા મણિની જાળેકરી હસ્તિઓ, વિજળીવાળા મેઘ શોભે તેમ અત્યંત શોભતા હતા. ભીમસેને હણવા માંડેલા તે હસ્તિઓ કેટલાક નાસતા હતા અને ભેદાયાં છે હૃદય જેમનાં એવા કેટલાક, પૃથ્વીવિષે પડતા હતા. પડેલા તથા પડતા સુવર્ણથી શોભિતા હસ્તિ-ઓએ કરી રણભૂમિ વિશીર્ણ થએલા પર્વતોએકરી શોભે તેમ શોભતી હતી. રત્નનાં આભરણ પહેરેલા પ્રદીપ્ત કાંતિવાળા પડેલા માવતોએકરી રણભૂમિ, ક્ષીણ છે પુણ્ય જેનું એવા ગ્રહેકરી શોભે તેમ શોભતી હતી. ભીમસેનના બાણથી હણાયલા, ભેદાયાં છે કુંભસ્થળ તથા શૂંઢ જેમની એવા સેંકડો હસ્તિઓ સંગ્રામમાં દોડતા હતા. રૂધિરનું વમન કરતા ભયથી પીડિત પર્વતની જેમને ઉપમા અપાય એવા બાણથી વિંધાયલા અંગવાળા, ધાતુએ કરી વિચિત્ર પ્રકારના પર્વતો હોય નહિ એવા કેટલાક હસ્તિઓ, દોડતા હતા. તે વેળાએ ધનુષ ખેંચતા ભીમસેનના અગરચંદન ચોપડેલા મોટા સર્પ સરખા બે ભુજને હું જોતો હતો. તેની પ્રત્યંચા તથા મોજાના વજ્ર સરખા શબ્દને સાંભળી વિષ્ટા તથા મૂત્રને મૂકતા એવા હસ્તિઓ આમ તેમ નાશી જતા હતા. હે રાજન ! બુદ્ધિમાન એવા એકલા ભીમસેનનું તે કર્મ, સર્વ ભૂતને હણતા રૂદ્ર જેવું હતું.

भीमसेनस्य तत्कर्म राजन्नेकस्य धीमतः ।
निघ्नतः सर्वभूतानि रुद्रस्येव च निर्बभौ ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां एकषष्ठितमो ऽध्यायः ॥ ६१ ॥

અધ્યાય ૬૨ મો. સંકુલ યુદ્ધ (ચાલુ).

संजय उवाच—ततः श्वेताश्वसंयुक्ते नारायणसमाहिते ।
तिष्ठन्रथवरे श्रीमान्नर्जुनः समपद्यत ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એટલામાં શ્વેત અશ્વ જોડેલા અને નારાયણ ભગવાને સાવધાન કરેલા શ્રેષ્ઠ રથમાં બેઠેલો અર્જુન ત્યાં આવી પહોંચ્યો. હે નૃપતિશ્રેષ્ઠ ! એ રીતે સંગ્રામમાં તમારા સૈન્ય તરફ આવેલો અર્જુન, ઘણા અશ્વવાળા તમારા સૈન્યને વાયુ જેમ મહા સમુદ્રને ક્ષોભ પમાડે તેમ ક્ષોભ પમાડવા લાગ્યો. અર્દ્ધ સૈન્યથી વિંટાયલા ક્રોધા-

યમાન એવા તમારા પુત્ર દુર્યોધનને પ્રમત્ત થએલા અર્જુન સામે આવી, સામે આવતા. ક્રોધાયમાન થએલા યુધિષ્ઠિર રાજાને વારી રાખી ક્ષુરપ્ર નામના તોતેર બાણુથી પાંડુપુત્રને વિંધ્યો. અત્યંત ક્રોધાયમાન થએલા કુંતિપુત્ર યુધિષ્ઠિરે તમારા પુત્ર ઉપર ભલ્લ નામના ત્રીસ બાણુ નાખ્યા. તે સમયે કૌરવ તરફના યોદ્ધાઓ યુધિષ્ઠિરને મારવાની ઇચ્છાથી તેમની સામે દોડ્યા. તે રીતે દુષ્ટભાવવાળા શત્રુઓને જાણી એકઠા મળેલા મહારથિ એવા નકુળ, સહદેવ તથા પાર્ષત એવો ધૃષ્ટદ્યુમ્ન અક્ષૌહિણી સેના સાથે બીજા યોદ્ધાઓ, કુંતિપુત્ર યુધિષ્ઠિરનું રક્ષણ કરવા સારૂ દોડીને ત્યાં આવ્યા. સંગ્રામમાં તમારી તરફના મહારથિઓને મર્દન કરતો ભીમસેન શત્રુઓથી વિંટાએલા રાજાની રક્ષા વાસ્તે ત્યાં આવી પહોંચ્યો. મોટા ધનુષવાળા આવેલા તે સર્વને હે નૃપ ! સૂર્યપુત્ર કર્ણે, મોટા બાણુના વર્ષાદથી વારી રાખ્યા. બાણુના ઓઘને ફેંકતા તથા ભાલા નાખતા યોદ્ધાઓ યત્ન કરવા છતાં પણુ રાધાપુત્ર કર્ણ સામે જોવા સમર્થ થતા ન હતા. સર્વ શસ્ત્ર તથા અસ્ત્રના પારને પામેલા રાધાપુત્ર કર્ણે મોટા ધનુષવાળા તે સર્વને મોટા બાણુના વર્ષાદથી વારી રાખ્યા. પ્રતાપવાન સહદેવે, નજીક આવી અસ્ત્રને પ્રેરણા કરી વીશ બાણેકરી દુર્યોધનને વિંધ્યો. તે સમયે સહદેવે વિંધેલો પર્વત જેવો તે રાજા અત્યંત ભેદાયલો રૂધિરથી વ્યાપ્ત જેમ હસ્તિ શોભે તેમ શોભતો હતો. પછી અત્યંત ચકચકિત બાણોએકરી અત્યંત વિંધાયલા તમારા પુત્રને જોઇ અત્યંત ક્રોધાયમાન થએલા રથિમાં શ્રેષ્ઠ રાધાપુત્ર કર્ણે, સામે દોડી શીઘ્રાસ્ત્રનો પ્રયોગ કરી તેથી યુધિષ્ઠિરના સૈન્યને તથા ધૃષ્ટદ્યુમ્નને હણ્યા. હે રાજન ! એવી રીતે મહાત્માએ હણવા માંડેલું સૂતપુત્રના બાણુથી પીડિત થએલું યુધિષ્ઠિરનું સૈન્ય, તત્કાળ ભાગવા લાગ્યું. સૂતપુત્રના ધનુષમાંથી નીકળેલા ચોતરફ પડતા વિવિધ પ્રકારના બાણ, અગ્રભાગેકરી પાછળના ભાગને હણુતા હતા. હે મહારાજ ! અંતરિક્ષમાં પડતા બાણુના ઓઘના સંઘર્ષેકરી અગ્નિ ઉત્પન્ન થતો હતો. એવી રીતે કર્ણ, તીડ નામના જંતુઓની પેઠે દશે દિશાઓમાં વિચરતા શત્રુના શરીરમાં ગએલા બાણેકરી વેગથી શત્રુઓને હણુતો હતો. તે સમયે પરમાસ્ત્રને દેખાડતા કર્ણના રક્તચંદન ચોપડેલા મણિજડીત્ર સુવર્ણના આભરણુથી શોભિતા બાહુ હાલતા દેખાતા હતા. બાણેકરી સર્વ દિશાઓમાં ત્રાસ પમાડતા કર્ણે, ધર્મરાજ યુધિષ્ઠિરને અત્યંત પીડિત કર્યા. હે મહારાજ ! ક્રોધાયમાન થએલા ધર્મપુત્ર યુધિષ્ઠિરે, તીક્ષ્ણ એવા પચાસ બાણુ કર્ણ ઉપર નાખ્યા. હે મારિષ ! એવી રીતે વિવિધ પ્રકારના ગૃધ્રના પીછ બાંધેલા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા બાણુ, અનેક પ્રકારના ભલ્લ બાણુ, શક્તિ, તરવાર તથા મુસલેકરી ધર્મપુત્ર યુધિષ્ઠિર તમારા સૈન્યને મારવા લાગ્યા. તે વેળાએ બાણેકરી અંધકાર થઇ ગયો અને મહા ભયંકર છે દેખાવ જેનો એવું યુદ્ધ થયું. તે જોઇ તમારા સૈન્યમાં મોટો હાહાકાર થયો. હે ભરતર્ષભ ! જે જે સ્થાનકે તમારા સૈન્યમાં ધર્મરાજ યુધિષ્ઠિર દુષ્ટદ્રષ્ટિથી જૂવે તે તે સ્થાનકે તમારૂ સૈન્ય વિખરાવા લાગ્યું હતું. રોષેકરી સ્ફુરાયમાન છે મુખ જેનું એવો અસહનશીલ અત્યંત ક્રોધાયમાન થએલો મહા બળવાન કર્ણ પણ, નારાચ, અર્દ્ધચન્દ્ર અને વત્સદંત બાણે કરી ધર્મરાજ યુધિષ્ઠિરને પીડિત કરતો તેમની સામે દોડવા લાગ્યો. યુધિષ્ઠિરે પણ સુવર્ણના પુંખવાળા તીક્ષ્ણ કરેલા સો બાણુ તેની ઉપર નાખ્યા. કર્ણે, હસતો હોય નહિ તેમ ગૃધના પીછ બાંધેલા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા ભલ્લ નામના ત્રણ બાણેકરી પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજાને વક્ષસ્થળમાં વિંધ્યા. અત્યંત પીડાયલા ધર્મરાજ યુધિષ્ઠિરે રથમાં બેસવાના સ્થાનકની પાસે બેશી જઇ પોતાના સારથિને "મારે

જા ' એ રીતે પ્રેરણા કરી. તે સમયે રાજા સહિત તમારી તરફના સર્વ યોદ્ધાઓ 'રાજાને ગ્રહણ કરો, રાજાને ગ્રહણ કરો' એ રીતે આક્રોશ કરતા ચોતરફથી તેમની સામે દોડવા લાગ્યા. તે સમયે હે રાજન્! પંચાલ સહિત પ્રહાર કરનાર સત્તરસો કેકય યોદ્ધાઓએ તમારી તરફના તે યોદ્ધાઓને વારી રાખ્યા. મનુષ્યનો છે ક્ષય જેમાં એવા અત્યંત ભયંકર રૂપે વર્તતા તે યુદ્ધમાં મહા બળવાન દુર્યોધન તથા ભીમસેન પરસ્પર સામસામે આવ્યા.

तस्मिन् तुमुले युद्धे वर्तमाने जनक्षये ।
दुर्योधनश्च भीमश्च समेयातौ महाबलौ ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां द्विषष्ठितमोऽध्यायः॥६२॥

અધ્યાય ૬૩ મો. યુધિષ્ઠિરનું પલાયન.

संजय उवाच—कर्णोपि शरजालेन केकयानां महारथान् ।
व्यधमत्परमेष्वासानग्रतः पर्यवस्थितान् ॥ १ ॥

સંજય કહે છે—કર્ણ પણ બાણના સમુદાયથી પોતાની આગળ ઉભેલા મોટા ધનુષવાળા કેકયોમાંના મહારથિઓને હણવા લાગ્યો. તે સમયે રાધાપુત્ર કર્ણનું નિવારણ કરવા યત્ન કરતા તેઓમાંથી પાંચસો રથિઓને કર્ણે યમલોક પ્રત્યે મોકલી દીધા. ત્યાર પછી કર્ણના બાણે કરી અત્યંત પીડિત થએલા તે યોદ્ધાઓ કોઇથી સહન કરી શકાય નહિ એવા પરાક્રમવાળા રાધાપુત્રને જોઇ ભીમસેન પાસે જવા લાગ્યા. બાણ સમુદાયે કરી અનેક તરેહથી રથસૈન્યને વિદારણ કરી એક રથવડે કર્ણ યુધિષ્ઠિર સામે દોડયો. સેનાના નિવાસ સ્થાન પ્રત્યે જતા, બાણે કરી ક્ષત થએલા, નકુળ તથા સહદેવના મધ્યમાં રહેલા, ખેદયુક્ત ચિત્તવાળા ધીરેથી યુધિષ્ઠિરને જતા જોઇ દુર્યોધનના હિતવાસ્તે સૂતપુત્ર કર્ણે, તીક્ષ્ણ એવા ત્રણ બાણેકરી તેમને વિંધ્યા. તેમજ રાજાએ પણ રાધાપુત્રને સ્તનના મધ્યમાં વિંધી ત્રણ બાણથી એના સારથિને અને ચાર બાણથી એના ચાર અશ્વને વિંધ્યા. શત્રુને તપાવનાર રાજાના ચક્રરક્ષક એવા માદ્રીપુત્ર નકુળ સહદેવે પણ ' અરે રાજાને હણ નહીં ' એમ કહી કર્ણ સામે દોડી રાધાપુત્ર ઉપર બેઉએ અત્યંત યત્નથી જૂદા જૂદા બાણનો વર્ષાદ કર્યો. પ્રતાપવાન એવા સૂતપુત્ર કર્ણે પણ શત્રુને દમન કરનાર મહાત્મા એવા તે બેઉને તીક્ષ્ણ ધારવાળા ભલ્લ નામના બે બાણથી વિંધ્યા; અને હસતો હોય નહિ તેમ મોટા ધનુષવાળા તેણે કાળા છે વાળ જેમના, દાંત સમ વર્ણ અને મન જેવા વેગવાળા યુધિષ્ઠિરના ઉત્તમ અશ્વને હણી બીજા ભલ્લ નામના બાણથી સંગ્રામમાં પહેરવાની તેમની ટોપી પણ મસ્તક ઉપરથી પાડી નાખી. પ્રતાપવાન સૂતપુત્રે નકુળના અશ્વને હણી બુદ્ધિમાન એવા માદ્રીપુત્રનું ધનુષ કાપી નાખ્યું. તે વેળાએ હણાયા છે અશ્વ તથા રથ જેમના એવા ક્ષતયુક્ત શરીરવાળા પાંડુપુત્ર સહદેવના રથપ્રત્યે ચઢી બેઠા. તે સમયે વિરથ થએલા તે બેઉને જોઇ પારકા શૂરવીરને હણનાર માતુલ એવો મદ્રદેશનો રાજા શલ્ય, દયાવડે રાધાપુત્ર કર્ણને આવી રીતે કહેવા લાગ્યો કે, અત્યંત કોપાયમાન થએલો તું આ સમે ફાલ્ગુન એવા અર્જુન સાથે યુદ્ધ કર. શું કરવા ધર્મરાજ સાથે યુદ્ધ કરે છે ! કેમકે તે તો ક્ષીણ છે, શસ્ત્ર અસ્ત્ર તથા કવચ જેમનાં ક્ષીણ થએલ છે એવા બાણ તથા ભાથાવાળા અને થાકી ગયા છે સારથિ

ઉપયોગી છે, એ વિના બીજાં શાસ્ત્ર તો કેવળ વાણીના વિકારરૂપ છે, એમ વિદ્વાનો કહે છે. બ્રહ્મ વિષે આ સર્વ રહ્યું છે, ને તેને જે જાણે, તે બ્રહ્મરૂપ થાય છે. હે રાજન્! અવિદ્વાન પુરૂષ સારાં કર્મ, હોમ તથા યજ્ઞે કરીને પણ મોક્ષ અને અંતઃકાળે આનંદ પામતો નથી. માટે વિદ્વાન યોગી પુરૂષે એકાંત વિષે મૌન વ્રત ધારણ કરી પરમેશ્વરની ઉપાસના કરવી, મને કરીને પણ વ્યાપારાંતરનો ત્યાગ કરવો, અને સ્તુતિ તથા નિંદાથી હર્ષ તથા ક્રોધ કરવો નહીં. હે વિદ્વન્! હે ક્ષત્રિય! એ રીતે વેદ વિષે કહેલા ક્રમે કરી આચરનાર પુરૂષ અહીંજ બ્રહ્મને જોઇ બ્રહ્મને પામે છે માટે વિનાશ જેનું ફળ છે એવાં કર્મથી અનંત ફળવાળી બ્રહ્મવિદ્યા શ્રેષ્ઠ છે, એમ જાણી જ્ઞાન વાસ્તેજ તારે યત્ન કરવો, એ હું તને કહું છું.

अत्रैव तिष्ठन् क्षत्रिय ब्रह्माविशति पश्यति ।
वेदेषु चानुपूर्व्येण एतद्विद्वन्ब्रवीमि ते ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सनत्सुजातपर्वणि संनत्सुजातवाक्ये गुर्जरभाषायां पंचचत्वारिंशोऽध्यायः ॥ ४५ ॥

અધ્યાય ૪૬ મો. ધૃતરાષ્ટ્રને બ્રહ્મોપદેશ.

सनत्सुजात उवाच—यत्तच्छुक्रं महज्ज्योति दीप्यमानं महद्यशः ।
तद्वै देवा उपासते तस्मात्सूर्यो विराजते ॥
योगिनस्तं प्रपश्यति भगवंतं सनातनं ॥ १ ॥

સનત્સુજાત કહે છે—જે બીજની પેઠે વિશ્વની ઉત્પત્યાદિકનું મૂલ કારણ સર્વ ચેષ્ટાને પ્રવર્તાવનાર, આનંદરૂપ, વૃત્તિરૂપ ઉપાધી શૂન્ય, જ્ઞાનસ્વરૂપ તથા પ્રકાશમાન છે, દેવતાઓ જેની ઉપાસના કરે છે અને સૂર્ય જે વડે તેજસ્વી થઇ તપે છે, તે સર્વ ઐશ્વર્ય સંપન્ન સનાતન પરમાત્માને યોગી પુરૂષો સારી રીતે જુએ છે. જે આનંદરૂપ પરમાત્માના પ્રતિબિંબને પામી અવ્યાકૃત માયા જગજન્માદિ કાર્યમાં સમર્થ થાય છે, ને જેથી વૃદ્ધિ પામે છે, તે જ આનંદરૂપ સ્વયંપ્રકાશ વસ્તુ સૂર્યાદિકના મધ્યમાં રહી પ્રકાશે છે, ને તેમને પણ બળ આપે છે. એકરસ બ્રહ્મના મધ્યમાં રહેલા પંચ મહાભૂત થકી ઉત્પન્ન થયેલ શરીરોના હૃદયાકાશમાં જીવ તથા ઇશ્વર બેઉ રહેલા છે, જે સુષુપ્તિમાં જીવ તથા પ્રલય વિષે ઇશ્વર એમ ક્રમે કરી તંદ્રાવાન થાય છે; તે બેઉ થકી જૂદો તંદ્રા રહિત, સૂર્યનો પણ સૂર્ય, સર્વના અધિષ્ઠાન ભૂત તથા અપરિછિન્ન જ્ઞાનરૂપ પરમાત્મા તે બેઉને અને પૃથ્વી તથા આકાશને ધારણ કરે છે. એ રીતે શુદ્ધ પરમાત્મા જીવ, ઇશ્વર, પૃથ્વી, આકાશ, દિશાઓ તથા સમગ્ર જગતને ધારણ કરે છે. દિશાઓ નદીઓ તથા મોટા સમુદ્રો પણ તેથીજ ઉત્પન્ન થાય છે. વળી ભોગવ્યા વગર નથી ટળતાં કર્મ જેનાં એવા નાશાત્મક શરીરરૂપી રથના વશ કરેલા ઇંદ્રિયોરૂપી ઘોડા, તે રથમાં બેસનાર જીવને, ચક્રની પેઠે પ્રાચીન કર્મથી રથને ચલાવી સર્વ વિકાર શૂન્ય અલૌકિક પરમાત્મા પ્રત્યે હૃદયાકાશમાં લઇ જાય છે; એટલે કે સ્વાધીન કરેલા ઇંદ્રિયો રૂપી ઘોડા જીવને પરમાત્મારૂપ કરે છે. એ પરમાત્માના રૂપની લોકમાં કોઇની પણ ઉપમા આપી શકાય નહીં, તેમ એને ચક્ષુએ કરી કોઇ દેખે પણ નહિ પણ જે પુરૂષો મનનો નિગ્રહ કરી એને હૃદયમાં જાણે, તે મુક્તિ પામે છે. અધિષ્ઠાન બ્રહ્મ વિષે આ

તથા વાહન જેમનાં એવા શત્રુના અસ્ત્રથી ઢંકાઇ ગએલા છે વાસ્તે તેમની સાથે યુદ્ધ કરીશ તો હે રાધેય ! અર્જુનને પ્રાપ્ત થઇશ તે સમયે તે તારૂ હાસ્ય કરશે. એ રીતે સંગ્રામના મધ્યમાં મદ્રરાજે કહ્યું તોપણ અત્યંત ક્રોધાવિષ્ટ થએલા કર્ણે હાસ્ય કરી તીક્ષ્ણ કરેલા બાણેકરી યુધિષ્ઠિર તથા નકુળ સહદેવને તાડન કરી તેમને સંગ્રામથી નસાડવા માંડયા. વળી અત્યંત હાસ્ય કરી શલ્યરાજા યુધિષ્ઠિરનો વધ કરવાનો યત્ન કરતા રથમાં બેઠેલા ક્રોધાવિષ્ટ કર્ણ પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો કે-હે રાધેય ! જે કામ કરવાવાસ્તે દુર્યોધન હમેશ તને માને છે તે અર્જુનને તું માર. યુધિષ્ઠિરને મારવાથી તને શું મોટાઇ મળે એમ છે ? સાંભળ-કૃષ્ણ તથા અર્જુનના વાગતા શંખનો આ મોટો શબ્દ સંભળાય છે. તેમજ વર્ષાઋતુમાં જેવો મેઘનો શબ્દ સંભળાય તેવો આ તેના ધનુષનો શબ્દ સંભળાય છે. હે કર્ણ ! અર્જુન બાણના વર્ષાદથી ઉદાર રથિઓને હણતો આપણી સર્વ સેનાને હણે છે. એને જો. જે શૂરવીરના યુધામન્યુ તથા ઉત્તમૌજા તો પૃષ્ઠરક્ષક છે અને શૂરવીર એવો સાત્યકિ, એના ઉત્તર ચક્રની તથા ધૃષ્ટદ્યુમ્ન, એના દક્ષિણ ચક્રની રક્ષા કરે છે. તેમજ ભીમસેન દુર્યોધન રાજા સાથે યુદ્ધ કરે છે, વાસ્તે હે રાધેય ! આપણા સર્વના જોતાં જે રીતે ભીમસેન તેને ન હણે અને આપણો રાજા જે રીતે મૂકાય તે રીતે કર. સંગ્રામમાં શોભિતા ભીમસેને ગળેલા રાજાને જો કદી તને પ્રાપ્ત થઇ મૂકાય તો અતિ આશ્ચર્ય જેવું થાય. પરમ સંશયને પ્રાપ્ત થએલા એની રક્ષા કર. માદ્રીપુત્ર નકુળ સહદેવ તથા યુધિષ્ઠિર રાજાને હણવાથી શું ? એવાં શલ્યનાં વચન સાંભળી હે પૃથ્વીપતે ! રાધાપુત્ર કર્ણ, મહા સંગ્રામમાં ભીમસેને આંતરેલા દુર્યોધનને જોઈ રાજાના રક્ષણને ઇચ્છતો તથા ઘણું કરી શલ્યના વાક્યે પ્રેરણા કરેલો પરાક્રમી તે યુધિષ્ઠિર રાજા તથા માદ્રીપુત્ર નકુળ સહદેવને છોડી દેઇ મદ્રરાજે પ્રેરણા કરેલા જાણે આકાશમાં જતા હોય નહીં તેવા અશ્વેકરી તમારા પુત્રની રક્ષા કરવા સારૂ તેની સામે દોડયો. હે મારિષ ! કર્ણ ગયા પછી પાંડુપુત્ર એવા કૌંતેય યુધિષ્ઠિર તથા સહદેવ વેગવાન અશ્વે કરી સંગ્રામમાંથી બહાર ગયા. એ રીતે જાણે લજાતા હોય નહિ તેની પેઠે બાણે કરી ક્ષતયુક્ત યુધિષ્ઠિર રાજા નકુળ સહદેવ સહિત સેનાના નિવાસસ્થાનને પ્રાપ્ત થઇ રથમાંથી નીચે ઉતરી સુંદર શયનમાં સુતા. કર્યો છે શલ્યનો ઉદ્ધાર જેમણે એવા અત્યંત હૃદયમાં વાગેલા શલ્યથી પીડિત થએલા યુધિષ્ઠિર રાજાએ મહારથિ એવા ભાઇઓ માદ્રીપુત્ર નકુળ સહદેવને કહ્યું કે હે પાંડુપુત્રો ! ભીમસેનના સૈન્ય પ્રત્યે સત્વર જાઓ, કેમકે મેઘની પેઠે શબ્દ કરતો તે યુદ્ધ કરે છે. યુધિષ્ઠિરનાં એવાં વચન સાંભળી રથિમાં શ્રેષ્ઠ નકુળ, બીજા રથમાં બેશી તેમજ તેજસ્વી એવો સહદેવ પણ રથમાં બેશી શત્રુને આકર્ષણ કરનાર પરાક્રમી બેઉ ભાઇઓ, ઉત્તમ વેગવાળા ઘોડાએ કરી જ્યાં ભીમસેન હતો ત્યાં સૈન્ય સહિત જઇ ઉભા રહ્યા.

तुरगैरग्र्यरंहोभिर्यात्वा भीमस्य शुष्मिणौ ।
अनीकैः सहितौ तत्र भ्रातरौ समवस्थितौ ॥

इतिश्री महाभारते कर्णपर्वणि धर्मापयाने गुर्जरभाषायां त्रिषष्टितमोऽध्यायः ॥ ६३ ॥

અધ્યાય ૬૪ મો. યુધિષ્ઠિર માટે શોધંશોધા.

संजय उवाच—द्रौणिस्तु रथवंशेन महता परिवारितः ।
अपतत्सहसाराजन् यत्र पार्थो व्यवस्थितः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! મોટા રથ સમુદાયથી વિંટાયલા અશ્વત્થામા તો હે રાજન ! જ્યાં અર્જુન ઉભો હતો ત્યાં એકદમ આવ્યા. શ્રીકૃષ્ણની છે સહાયતા જેને એવા શૂરવીર અર્જુને કિનારો જેમ સમુદ્રને રોકે તેમ તત્કાળ તેમને રોકી રાખ્યા. હે મહારાજ ! ક્રોધાયમાન થએલા પ્રતાપવાન દ્રોણપુત્રે અર્જુન તથા વાસુદેવ ભગવાનને બાણેકરી આચ્છાદન કરી દીધા. આચ્છાદન થએલા શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઇ કારવોના મહારથિઓ, પરમ વિસ્મયને પ્રાપ્ત થઇ જોતા હતા, એટલામાં અર્જુને હસતો હોય નહિ તેમ દિવ્યઅસ્ત્ર સાંધ્યું. હે ભારત ! તે અસ્ત્રને પણ બ્રાહ્મણ એવા અશ્વત્થામાએ વારી રાખ્યું. એવી રીતે પાંડુપુત્ર અર્જુન, તેનો નાશ કરવાની ઇચ્છાથી જે જે અસ્ત્ર નાખતો હતો તે તે અસ્ત્રને મોટા ધનુષવાળો દ્રોણપુત્ર નાશ કરતો હતો. એ પ્રમાણે વર્તતા મહા ભયંકર એવા તે અસ્ત્રયુદ્ધમાં ફાડેલા મુખવાળો જાણે કાળ હોય નહિ એવા અશ્વત્થામાને અમે જોતા હતા. અશ્વત્થામાએ બાણથી દિશા તથા વિદિશાઓને આચ્છાદન કરી ત્રણ બાણે કરી વાસુદેવ ભગવાનને દક્ષિણ ભુજવિષે વિંધ્યા. અર્જુને પણ તે મહાત્માના સર્વ અશ્વને હણી રૂધિરના ઓઘની છે નદી જેમાં એવી રણભૂમિ કરી મૂકી. પછી મહા ભયંકર ઘોર એવી નદી પ્રવર્તમાન કરી તે વેળાએ અર્જુનના ધનુષમાંથી નિકળેલા બાણેકરી હણાયલા અશ્વત્થામા તરફ રથ સહિત સર્વ રથિઓને લોકો જોતા હતા. અશ્વત્થામા તથા અર્જુનના એ રીતે વર્તતા વ્યાકુળ એવા દારૂણ યુદ્ધમાં મર્યાદા વગર યુદ્ધ કરતા યોદ્ધાઓ એકબીજાની પાછળ દોડતા હતા તેમજ હણાયા છે અશ્વ તથા સારથિ જેમના એવા રથ, સ્વાર વગરના અશ્વ, માવતવિનાના હસ્તિઓ તથા હણાયા છે હસ્તિ જેમના એવા મોટા માવત પણ ચોતરફ દોડતા હતા. હે રાજન ! એવી રીતે સંગ્રામમાં ઘોર એવો મનુષ્યોનો ક્ષય થઇ રહ્યો હતો. અર્જુનના ધનુષમાંથી નિકળેલા બાણેકરી હણાયલા રથિઓ સંગ્રામમાં પડતા હતા. તેમજ ચોકડા વગરના કેટલાક અશ્વ, તે તે સ્થાનકે દોડતા હતા. સંગ્રામમાં શોભિતા અર્જુનનું તે કર્મ જોઇ પરાક્રમી અશ્વત્થામાએ જય કરનારાઓમાં શ્રેષ્ઠ એવા અર્જુન પાસે આવી સુવર્ણથી શોભિતું મોટું ધનુષ ખેંચી ચોતરફથી તીક્ષ્ણ એવા બાણ અર્જુન ઉપર નાખવા માંડયા. હે મહારાજ ! અશ્વત્થામાએ, ધનુષ ખેંચી બાણે કરી નિર્દયની પેઠે અર્જુનને વક્ષસ્થળમાં અત્યંત વિંધ્યો. હે ભારત ! દ્રોણપુત્રે અત્યંત વિંધેલા ગાંડીવ ધનુષ ધરનાર ઉદાર બુદ્ધિવાળા અર્જુને, બાણેકરી હઠાત્કારથી અશ્વત્થામાને ઢાંકી દેઇ એમનું ધનુષ કાપી નાખ્યું. કપાઈ ગયું છે ધનુષ જેનું એવા દ્રોણપુત્રે વજ્ર જેવો છે સ્પર્શ જેનો એવું ભાલું ગ્રહણ કરી અર્જુન ઉપર નાખ્યું. હે રાજન ! સુવર્ણથી શોભતા સામે આવતા તે. ભાલાને હસતો હોય નહિ તેમ અર્જુને તત્કાળ કાપી નાખ્યું. અર્જુનના બાણથી કપાયલું તે ભાલું વજ્રથી હણાયલો, કપાઇ ગએલો પર્વત પડે તેમ પૃથ્વીપર પડયું. હે મહારાજ ! ક્રોધાયમાન થએલા મહારથિ દ્રોણપુત્રે, અર્જુન ઉપર વેગે કરી ઐંદ્રાસ્ત્ર નાખ્યું. હે રાજન ! તેના નાખેલા ઇંદ્રજાળ સરખા વિસ્તીર્ણ એવા તે અસ્ત્રને જોઇ વેગવાન એવા અર્જુને ગાંડીવ ધનુષ ગ્રહણ કરી તેમાં મહેંદ્ર જોડેલા . એ અસ્ત્રને સાંધી ઐંદ્રજાળને હરણ કરી લીધું.

એ રીતે ઇન્દ્રજાળને વિસ્તારણ કરી અર્જુને ક્ષણમાત્રમાં અશ્વત્થામાના રથને આચ્છાદિત કરી દીધો. અર્જુનના બાણથી પરાભવ પામેલા અશ્વત્થામાએ પણ તેની સામે આવી પાંડવની બાણવૃષ્ટિને વહન કરી પોતાનું નામ પ્રકાશ કરી સો બાણથી તત્કાળ શ્રીકૃષ્ણને અને ક્ષુરપ્ર નામના ત્રણસો બાણથી અર્જુનને વિંધ્યો. અર્જુને સો બાણેકરી ગુરૂપુત્ર અશ્વત્થામાને મર્મસ્થાનમાં ભેદી તમારી તરફના યોદ્ધાઓ દેખતાં એના અશ્વ, સારથિ, ધનુષ તથા પ્રત્યંચા ઉપર બાણ નાખી પારકા શૂરવીરને હણનાર પાંડુપુત્રે, અશ્વત્થામાને મર્મસ્થાનમાં વિંધી, ભલ્લ નામના બાણેકરી એના સારથિને રથ ઉપરથી નીચે પાડી નાખ્યો. તે સમયે દ્રૌણિએ ઘોડાઓને પકડી રાખી બાણેકરી શ્રીકૃષ્ણ તથા અર્જુનને આચ્છાદન કરી દીધા, તે વેળાએ અશ્વત્થામાના પરાક્રમને અમે જોતા હતા. ઘોડાઓને પકડી રાખવા છતાં અર્જુન સાથે યુદ્ધ પણ કરતા હતા. હે રાજન ! એમના એ કર્મને સંગ્રામમાં રહેલા સર્વ યોદ્ધાઓ વખાણતા હતા. વળી જયશાલી અર્જુને હાસ્ય કરી દ્રોણપુત્રના અશ્વની રાશને ક્ષુરપ્ર નામના બાણથી કાપી નાખી. તે વેળાએ બાણના વેગથી અત્યંત પીડિત થએલા તે અશ્વ નાસવા લાગ્યા. હે ભારત ! તમારા સૈન્યમાં ભયંકર શબ્દ થતો હતો. જયને ઇચ્છતા પાંડવો તો જય પામી ચોતરફથી તીક્ષ્ણ બાણ મૂકતા તમારા સૈન્ય ઉપર પડતા હતા. શૂરવીર જયશીલ પાંડવોએ ચોતરફથી વારંવાર પીડવા માંડેલી તમારા પુત્રની મોટી સેના હે મહારાજ ! વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર તમારા પુત્ર, શકુનિ, તથા કર્ણ એ સર્વ જોતાં તમારા પુત્રોએ વારણ કરી તો પણ સંગ્રામમાં ઉભી રહી નહિ. ત્યાર પછી હે મહારાજ ! ભયભીત થએલું તમારા પુત્રોનું મોટું સૈન્ય, ચોતરફ પલાયન કરતા યોદ્ધાઓએ કરી વ્યાકુળ થયું. તે સમયે 'અરે ઉભા રહો ઉભા રહો' એ રીતે સૂત પુત્ર કર્ણે કહ્યું પણ, મહાત્મા પાંડવોએ હણવા માંડેલી તમારી સેના ઉભી રહી નહિ. હે મહારાજ ! જયશીલ પાંડવોએ ચોતરફ નસાડેલા આક્રોશ કરતા પોતાના સૈન્યને જોઈ દુર્યોધન રાજા સ્નેહથી જાણે કહેતો હોય તેમ, કર્ણ પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો. હે કર્ણ ! હે મહાબાહો ! તું વિદ્યમાન છતાં પંચાલોએ અત્યંત પીડિત કરેલી અને ત્રાસથી પલાયન કરવામાં તત્પર આપણી મોટી સેનાને જો. હે શત્રુને દમન કરનાર ! એ જાણી જે કરવું યોગ્ય લાગે તે કર. હે પુરૂષોત્તમ ! હે શૂરવીર ! પાંડવોએ નસાડેલા હજારો યોદ્ધાઓ સંગ્રામમાં તને પોકારે છે. દુર્યોધનનાં વચન સાંભળી રાધા પુત્ર કર્ણ, હસતો હોય તેમ મદ્રરાજ પ્રત્યે આવી રીતે વાક્ય કહેવા લાગ્યો. હે જનેશ્વર ! મારા ભુજ તથા અસ્ત્રના બળને તું જો, આજજ સંગ્રામમાં પાંડવ સહિત સર્વ પંચાલોને હું હણું છું. હે નરવ્યાઘ્ર ! મંગલ થાય તે રીતે અશ્વને ચલાવ ને થશે પણ તેમજ, એમાં સંશય નથી. હે મહારાજ ! એમ કહી, પ્રતાપવાન મહા બળવાન શૂરવીર સૂતપુત્ર કર્ણે એવું તથા પુરાતન એવું વિજય નામનું ધનુષ ગ્રહણ કરી તેને સજ્જ કરી સત્ય તથા શપથથી યોદ્ધાઓને વારી રાખી ભાર્ગવાસ્ત્રનો પ્રયોગ કર્યો. હે રાજન ! તેમાંથી મહા સંગ્રામમાં હજારો, લાખો, અર્બુદ તથા કરોડો તીક્ષ્ણ એવા બાણો નિકળ્યા. ગૃધ્રના પીંછ વાળા પ્રજ્વલિત એવા તે ભયંકર બાણોએ કરી પાંડવોની સેના ઢંકાઇ ગઇ, તેથી કંઈ પણ જણાતું નહતું. હે વિશાંપતે ! બળવાન ભાર્ગવાસ્ત્રે કરી પીડિત થએલા પંચાલોના મધ્યમાં મોટો હાહાકાર થતો હતો. હે રાજન ! ચોતરફ પડતાં એવા હજારો હાથી, અશ્વ, રથ, તથા મનુષ્યોએ કરી પૃથ્વી કંપવા લાગી. ચોતરફ હણાતા તેઓએ કરી

મોટું એવું પાંડવોનું સર્વ સૈન્ય પણ વ્યાકુલ થઈ ગયું. હે નરવ્યાઘ્ર ! યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ શત્રુને તપાવનાર તથા શત્રુઓને બાળતો એકલો કર્ણ તે વખતે ધૂમાડા વગરના અગ્નિની સમ શોભતો હતો. એ રીતે કર્ણે હણવા માડેલા ચેદિ સહિત પંચાલો, વનનો દાહ થવાથી જેમ હસ્તિઓ મોહ પામે તેમ મોહ પામતા હતા. હે નરવ્યાઘ્ર ! વ્યાઘ્રોની પેઠે ઉત્તમ નર વીરો પોકાર કરતા હતા. રણસંગ્રામમાં બીનેલા આક્રોશ કરતા ત્રાસ પામેલા ચોતરફ દોડતા તેઓનો સર્વ બાજુથી નદીનું પૂર આવવાથી જેવો પ્રાણિઓનો પીડિત શબ્દ થાય તેવો મોટો આર્ત શબ્દ થતો હતો. હે મારિષ ! સૂતપુત્રે એ રીતે હણવા માંડેલા તેમને જોઈ પશ્વાદિક યોનિને પ્રાપ્ત થએલા સર્વ પ્રાણિઓ અત્યંત ત્રાસ પામવા લાગ્યા. સંગ્રામમાં સૂતપુત્ર કર્ણે, હણવા માંડેલા સૃંજય, યમરાજના પુરમાં પીડિત થએલા પ્રાણીઓ જેમ યમરાજને બોલાવે તેમ વાસુદેવ તથા અર્જુનને વારંવાર પોકાર કરી બોલાવતા હતા. કર્ણના બાણેકરી હણાતા તેમના શબ્દને સાંભળી તથા તેણે યોજેલા મહા ઘોર એવા ભાર્ગવાસ્ત્રને જોઈ કુંતિપુત્ર અર્જુન, વાસુદેવ ભગવાન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો. હે કૃષ્ણ ! હે મહાબાહો ! ભાર્ગવાસ્ત્રના પરાક્રમને જુઓ. એ અસ્ત્રને સંગ્રામમાં કોઈ રીતે પણ હણવા સમર્થ થવાય તેમ નથી. હે કૃષ્ણ ! મહા સંગ્રામમાં ક્રુધ થએલા દારૂણ કર્મ કરતા પરાક્રમ કરવામાં કાળ સરખા સૂતપુત્ર કર્ણને જુઓ, નિરંતર અશ્વને પ્રેરણા કરતો તે વારંવાર મારી સામું જુએ છે, વાસ્તે સંગ્રામમાં કર્ણને લક્ષ કરી પલાયન કરવા સારૂ હું તેને નથી જોતો, કેમકે પલાયન નિષિદ્ધ છે અને જીવતો પુરૂષ સંગ્રામમાં જય કે પરાજયને પ્રાપ્ત થાય પણ ઋષીકેશી મારેલાનો તો ભંગજ થાય. એનો જય ક્યાંથી થાય ! એવાં અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણે, શત્રુને દમન કરનાર મતિમાનમાં શ્રેષ્ઠ એવા અર્જુનને વખતને યોગ્ય આવી રીતનું વચન કહ્યું. હે પાર્થ ! કર્ણે કુંતિપુત્ર યુધિષ્ઠિરને અત્યંત ક્ષતયુક્ત કરેલા છે તેમને જો. તેમની આશ્વાસના કરી પછી તું કર્ણને હણ. હે વિશાંપતે ! એમ કહી શ્રમ દૂર કરી યુદ્ધમાં કર્ણને ગ્રહણ કરાવવા સારૂ યુધિષ્ઠિરને જોવા પ્રચ્છતા ભગવાન, તેમની પાસે જવા લાગ્યા. તેમજ અર્જુન પણ કેશવ ભગવાનની આજ્ઞાએ કરી સંગ્રામમાંથી બાણથી પીડિત થએલા રાજાને જોવા સારૂ ગયો. ધર્મરાજને જોવાની ઇચ્છાથી જતા કુંતિપુત્ર અર્જુને સૈન્ય જોયું પણ તેમાં મોટા ભાઇ યુધિષ્ઠિરને જોયા નહિ. હે ભારત ! કુંતિપુત્ર અર્જુન, દ્રોણ પુત્ર સાથે યુદ્ધ કરી સંગ્રામમાં ઇન્દ્રે પણ દુઃખે કરી સહન થાય નહિ એવા ગુરૂના પુત્રને પરાજય પમાડી યુધિષ્ઠિરને જોવા સારૂ નિકળ્યો.

> युद्धं कृत्वा तु कौंतेयो द्रोणपुत्रेण भारत ।
> दुःसहं वज्रिणा संख्ये पराजित्यगुरोः सुतम् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि धर्मराजशोधने गुर्जरभाषायां चतुषष्ठितमोऽध्यायः ॥ ६४ ॥

અધ્યાય ૬૫ મો. અર્જુન રાજાની તપાસે.

संजय उवाच—द्रौणिं पराजित्य ततोग्रधन्वा कृत्वा महादुष्करं शूरकर्म ।
आलोकयामास ततः स्वसैन्यं धनंजयः शत्रुभिरप्रधर्ष्यम् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! વિસ્તીર્ણ તથા ઉગ્ર છે ધનુષ જેનું અને શત્રુઓ સહન કરી શકે નહીં એવા અર્જુન, અશ્વત્થામાને પરાજય પમાડી દુઃખેકરી કોઇથી બની શકે નહીં એવું મોટું શૂર કર્મ કરી પોતાના સૈન્યને જોવા લાગ્યો. સેના મુખ વિષે ઉભેલા યુદ્ધ ન કરતા એવા શૂરવીરોને હર્ષ પમાડતા અને પૂર્વ પ્રહારે કરી મંથન થએલા રથ સહિત ઉભેલા અનેક યોદ્ધાઓની પ્રશંસા કરતા મહાત્મા શૂરવીર અર્જુને અજમીઢ વંશમાં ઉત્પન્ન થએલા પોતાના મોટા ભાઇ યુધિષ્ઠિરને સૈન્યમાં ન જોવાથી વેગે કરી ભીમસેન પાસે આવી રાજાની પ્રવૃત્તિ જાણવા સારૂ તેને કહ્યું કે, હે ભીમ ! રાજા ક્યાં છે ? અર્જુનનાં વચન સાંભળી ભીમસેને કહ્યું કે કર્ણના બાણેકરી સંતપ્ત છે અંગ જેનું એવા ધર્મ પુત્ર યુધિષ્ઠિર રાજા, સંગ્રામથી બહાર ગયા છે. ભીમસેનનાં વચન સાંભળી અર્જુને કહ્યું કે કર્ણના બાણેકરી અત્યંત વિંધાયલા રાજા સેનાના નિવાસ સ્થાન પ્રત્યે ગયા છે, વાસ્તે તમે સત્વર અત્યંત શ્રેષ્ઠ એવા રાજાની પ્રવૃત્તિ વાસ્તે અહીંથી ત્યાં ચાલો. અતિ વેગવાન એવા રાજાને તીક્ષ્ણ બાણના પ્રહારથી કર્ણે વિંધ્યા હતા. તેઃ પણ જયની વાટ જોતા તે, જ્યાં સુધી દ્રોણ હણાયા ત્યાં સુધી સંગ્રામમાં ઉભા રહ્યા હતા. મોટા પ્રભાવ-વાળા પાંડવમાં મુખ્ય એવા તેમને આજ સંગ્રામમાં કર્ણે સંશયને પ્રાપ્ત કર્યા વાસ્તે હે ભીમસેન ! શત્રુગણને રૂંધી હું ઉભો રહીશ અને તેમનું કુશળ જાણવા સારૂ તમે ત્યાં જાઓ. એવાં અર્જુનનાં વચન સાંભળી ભીમસેને કહ્યું કે હે અર્જુન ! હે મહાનુભાવ, હું જો જઇશ તો શૂરવીર એવા શત્રુઓ, સંગ્રામથી ' આ બીન્યો ' એમ મને કહેશે વાસ્તે ભરત કુળમાં શ્રેષ્ઠ એવા રાજાની પ્રવૃત્તિને તુંજ જોઇ આવ. ભીમસેનનાં વચન સાંભળી અર્જુને ભીમસેનને કહ્યું કે હે ભીમસેન ! સંશપ્તક નામના સામા સૈન્યમાં મારા શત્રુઓ ઉભેલા છે એમને માર્યા વગર શત્રુ સમુદાયના સ્થાનકથી જવાને મેં કેમ સમર્થ થવાય ? અર્જુનનું કહેવું સાંભળી વળી ભીમસેને કહ્યું કે હે કુરૂપ્રવીર ! હે ધનંજય ! હું પોતાના પરાક્રમનો આશ્રય કરી સંગ્રામમાંથી કેમ જાઉં ? હું સર્વ સંશપ્તક સાથે યુદ્ધ કરીશ અને તમે ત્યાં જાઓ. અસહ્ય એવા સંશપ્તક સૈન્યને એકલો હું ધારણ કરી રાખીશ. ભીમસે-નનાં વચન શત્રુના મધ્યમાં સાંભળી ધણુંક છે બળ જેનું એવા મહાત્મા અર્જુન, સત્ય પરાક્રમવાળા ભાઈનાં તેજ સત્ય વચન અપ્રમેય એવા નારાયણ પ્રત્યે કહી કુરૂશ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરને જોવા જવાને ઇચ્છતા અર્જુન, વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ એવા ભગવાન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ઋષીકેશ ! હે કેશવ ! અજાતશત્રુ એવા યુધિષ્ઠિર રાજાને હું જોવા ઇચ્છું છું, વાસ્તે આ સૈન્યરૂપ સમુદ્રને છોડી દેઇ શિબિર પ્રત્યે ઘોડાઓને લેઇ જાઓ. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી સર્વ દાશાર્હમાં મુખ્ય એવા ભાગવાને ઘોડાઓને પ્રેરણા કરી ભીમસેનને આવી રીતે કહ્યું કે હે ભીમસેન ! તમારા કર્મ વિષે કંઈ આ-શ્ચર્ય જાણવું નહિ, માટે હું જાઉં છું અને અર્જુનના શત્રુ સમુદાયને તમે મારો. ભીમ-સેનને આમ કહી ઋષીકેશ ભગવાન જ્યાં યુધિષ્ઠિર રાજા હતા ત્યાં ગરૂડની જેમને ઉપમા અપાય એવા અશ્વેકરી અતિ ત્વરાથી ગયા. એ રીતે શત્રુના સૈન્ય પ્રત્યે શત્રુને દમન કરનાર ભીમસેનને સ્થાપન કરી યુદ્ધ વાસ્તે એને આજ્ઞા કરી પુરૂષમાં શ્રેષ્ઠ એવા તે બેઉએ, ત્યાં જઇ સુતેલા રાજાને મળી રથમાંથી નીચે ઉતરી ધર્મરાજાના ચરણમાં પ્રણામ કર્યા. પછી પુરૂષમાં સિંહરૂપ અને પુરૂષમાં શ્રેષ્ઠ એવા તે રાજાને ક્ષેમકુશળ જોઇ અશ્વિ-નીકુમાર જેમ ઇન્દ્રની પાસે જાય તેમ કૃષ્ણ તથા અર્જુન બેઉ, હર્ષેકરી તેમની પાસે

ગયા. રાજાએ પણ જંભ નામના મોટા અસુરને હણ્યો તે સમયે સૂર્યે જેમ અશ્વિની-કુમારનાં અને ગુરૂએ જેમ ઇન્દ્ર તથા વિષ્ણુનાં વખાણ કર્યાં હતાં તેમ તે બેઉનાં વખાણ કર્યાં. પછી કર્ણ હણાયો એમ માનતા શત્રુને તપાવનાર પ્રસન્ન થએલા ધર્મરાજ યુધિષ્ઠિર હર્ષથી ગદ્‌ગદ્ કંઠે બોલવા લાગ્યા. હે ધૃતરાષ્ટ્ર ! પોતાની પાસે આવેલા વિસ્તીર્ણ અને લાલ છે નેત્ર જેમનાં એવા બાણેકરી ખચીત અંગવાળા, રૂધિરેકરી પ્રદિગ્ધ, સેનાના અગ્રભા-ગમાં રહેનાર તથા શૂરવીર એવા અને મોટું છે બળ જેમનું એવા એકઠા મળી આવેલા કેશવ તથા અર્જુનને જોઇ ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને અધિરથ પુત્ર કર્ણને હણ્યો છે, એમ તે માનવા લાગ્યા. હે ભરતર્ષભ ! તે બેઉનાં વખાણ કરતા કુંતિપુત્ર યુધિષ્ઠિર પરમ મનોહર સામથી હાસ્યપૂર્વક શત્રુને હણનાર અર્જુનને તેનો સત્કાર કરતાં આવી રીતે કહેવા લાગ્યા.

तावभ्यनंदत् कौंतेयः साम्नापरमवल्गुना ।
स्मितपूर्वममित्रघ्नं पूजयन् भरतर्षभ ॥

इतिश्री महाभारते कर्णपर्वणि युधिष्ठिरप्रतिकृष्णार्जुगमने गुर्जरभाषायां पंच-षष्ठित्तमोऽध्यायः ॥ ६५ ॥

અધ્યાય ૬૬ મો. યુધિષ્ઠિરનો હર્ષોદ્‌ગાર.

युधिष्ठिर उवाच—स्वागतं देवकीमातः स्वागतं ते धनंजय: ।
प्रियं मे दर्शनं गाढं युवयोरच्युतार्जुनौ ॥ १ ॥

યુધિષ્ઠિર કહે છે—હે દેવકી પુત્ર ! અને હે ધનંજય ! તમે ભલે આવ્યા. હે અચ્યુતા-ર્જુનૌ ! તમારૂં દર્શન મને અત્યંત પ્રિય છે. ક્ષત વગરના શુભ એવા તમોએ મહારથિ કર્ણને હણ્યો, એ ઘણું સારૂં થયું. યુદ્ધમાં સર્પ જેવા સર્વ શસ્ત્રમાં ચતુર, ધૃતરાષ્ટ્રના પુત્રોમાં આગળ ચાલનાર, તે સર્વના સુખના કવચરૂપ વૃષસેન તથા સુષેણે રક્ષણ કરેલા મહા પરા-ક્રમી રામવડે અસ્ત્રમાં કોઇથી જીતી શકાય નહિ એવા, સર્વ લોકમાં અગ્રણી, રથિ લોકમાં વિખ્યાત, ધૃતરાષ્ટ્રના પુત્રોનું રક્ષણ કરનાર, સેનાના અગ્રભાગમાં ચાલનાર, પારકાં સૈન્યોને હણનાર, અમિત્રગણને મર્દન કરનાર, દુર્યોધનના હિતમાં યુક્ત, આપણને દુઃખ આપવા સારૂ કેહુકત થએલ, મહા યુદ્ધમાં ઇન્દ્ર સહિત દેવતાઓથી પણ સહન થઇ શકે નહિ એવા, તેજ તથા બળેકરી અગ્નિ તથા વાયુ સરખા, પાતાળની પેઠે ગંભીર સંબંધિઓને આનંદ વધારનાર, તથા મારા મિત્રોના કાળરૂપ કર્ણને મહા સંગ્રામમાં હણી, અસુરને જીતી બે દેવ આવે તેમ તમો પ્રાપ્ત થયા, તે ઘણું સારૂં થયું. હે અચ્યુતાર્જુનૌ ! સર્વ પ્રજાને હણવા ઇચ્છતા કાળની પેઠે તેણે આજ, દીન એવા મારી સાથે ઘોર યુદ્ધ કર્યું. તેણે મારો ધ્વજ કાપી નાખ્યો, તેમજ પાછળ ચાલનાર તથા સારથિને હણ્યા, સાત્યકિ જોતાં હણાયાં છે વાહન જેનાં એવો હું થઇ ગયો, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ શૂરવીર શિખંડી તથા સર્વ દ્રૌપદેય અને પંચાલો પણ ચોતરફથી જોતા હતા. તે સમયે મહા પરાક્રમી કર્ણ, ઘણાક શત્રુગણને જીતી હે મહાબાહો ! મહા સંગ્રામમાં યત્નથી મને પણ જીતી યુદ્ધમાં મારી પાસે આવી કેટલાક કઠોર વચન બોલ્યો. હે રણવીર ! હે ધનંજય ! તે તે સ્થાનોે મને

પરાભવ પમાડયો તોપણ હું જે જીવું છું તે ભીમસેનના પ્રભાવથી એમાં સંશય નહિ. ઘણું કહ્યાથી શું ! એનાં વચન અને કર્મને હું સંભારૂં છું તો સહન થતાં નથી. હે ધનંજય ! ભયભીત થએલો હું તેરવર્ષ પર્યંત રાત્રિએ નિદ્રા કે દિવસે સુખ ક્યારે પણ પ્રાપ્ત થએલો ન હતો. હે ધનંજય ! તેના દ્વેષે કરીને હું બળું છું. પોતાનું મરણ નજીક આવ્યું ત્યારે મુખ તથા કાનથી પાન કરનારા વાધ્રીણસ નામના મેષની પેઠે હું પલાયન કરી ગયો. તેમ યુદ્ધમાં કર્ણને જીતવા કેમ સમર્થ થઈશું, એમ હું ચિંતન કરતો હતો તેનો આ વખત આવ્યો છે. હે કૌંતેય ! જાગ્રત તથા સ્વપ્નની સંધિમાં રહેલો હું સદાય તે તે ઠેકાણે કર્ણને જોઉં છું અને હે ધનંજય ! કર્ણથી બીનેલો હું જ્યાં જ્યાં જોઉં છું ત્યાં ત્યાં આગળ કર્ણનેજ જોઉં છું, એ રીતે જગતને કર્ણરૂપજ દેખું છું. મને સંગ્રામમાં પલાયન કરાવનાર એવા તે શૂરવીરે હે પાર્થ ! સંગ્રામમાં મને જીતી અશ્વ તથા રથ સહિત જીવતો છોડી દીધો. એવી રીતે સંગ્રામમાં શોભિના કર્ણે ક્ષતયુક્ત કરેલા મને જીવિત તથા રાજ્યનો હવે શું અર્થ છે ? જે સંકટ પૂર્વે યુદ્ધમાં ભીષ્મથી, કૃપાચાર્યથી તથા દ્રોણથી પણ મને પ્રાપ્ત થયું ન હતું તે મહારથિ સૂતપુત્રથી આજ પ્રાપ્ત થયું. તે હું હે કૌંતેય ! જે રીતે કુશલ થાય તે રીતે આજ તને પૂછું છું; વાસ્તે જે રીતે કર્ણને તેં હણ્યો હોય તે બધું મને કહે ? યુદ્ધમાં ઇન્દ્ર સમાન બળવાળો, પરાક્રમ કરવામાં યમતુલ્ય, અસ્ત્રમાં પરશુરામ સમાન, યુદ્ધમાં વિશારદ, મહારથિપણાથી વિખ્યાત, ધનુષ ધરનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ, સર્વમાં એકજ પુરૂષ, પુત્ર સહિત ધૃતરાષ્ટ્ર પૂજિત, તારે વાસ્તેજ ઉદ્યુક્ત થએલો તેમ હે અર્જુન ! ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન, સર્વ યોદ્ધાઓમાં કર્ણને સદાય તારો મૃત્યુ માનતો હતો, તેને હે પુરૂષવ્યાઘ્ર ! હે કૌંતેય ! તેં કેવી રીતે હણ્યો તે મને કહે ? હે પુરૂષશાર્દૂલ ! યુદ્ધ કરતા કર્ણનું મસ્તક, તેના સંબંધિઓ જોતાં સિંહ જેમ રૂરૂ નામના મૃગનું મસ્તક હરણ કરે તેમ તેં હરણ કર્યું તે બધું મને કહે ? સૂતપુત્ર કર્ણ, તારી ઇચ્છા રાખી દિશા તથા વિદિશાઓને શોધતો હતો. સંગ્રામમાં હસ્તિરૂપ આપણી જીવિકાને હણવા ઇચ્છતો એવો અને ગૃધ્રના પીંછ બાંધેલા તીક્ષ્ણ બાણેકરી તમે હણેલો દુરાત્મા તે, શું રણભૂમિ-વિષે સૂતો છે ? ચોતરફથી તારેવાસ્તે દોડતો, દુર્યોધને વખાણેલો તેથી ગર્વિષ્ટ, શૂરવીર એવા તેને હણી તેં આજ મારૂં પ્રિય કર્યું વળી જે મોટી સૂંઢવાળા ગજ તથા અશ્વયુક્ત એવા સોનાના રથરૂપી વર તારે વાસ્તે એટલે તારા નાશ વાસ્તે પારકાઓને આપવા ઇચ્છતો અને પાપરૂપ એવો જે સદા તારી સાથે સ્પર્ધા કરતો હતો, તે કર્ણને હે તાત ! યુદ્ધમાં તેં હણ્યો. જે ' હું શૂરવીર છું ' એવા મદેકરી મત્ત કૌરવની સભામાં બકનાર, અને દુર્યોધનને અત્યંત પ્રિય પાપી કર્ણને આજ તેં હણ્યો. તારા ધનુષમાંથી નિકળેલા એવા રૂધિરથી લીપાયલા બાણેકરી અત્યંત ભેદાયાં છે ગાત્ર જેનાં એવો પાપરૂપ તે રણભૂમિમાં સૂતો એટલે ધૃતરાષ્ટ્રના પુત્રના બે બાહુ ભાગ્યા. ગર્વથી ભરેલો જે, રાજાઓના મધ્યમાં દુર્યોધનને હર્ષ કરતાં ' હું અર્જુનને હણીશ ' એ રીતે મોહથી સદા પોતાની શ્લાઘા કરતો હતો તેનું તે વચન મિથ્યા થયું. જ્યાં સુધી અર્જુન બેઠો છે ત્યાં સુધી હું ક્યારે પગ ધોવરાવીશ નહિ, એવું હે શક્રસૂનો ! એ અલ્પ બુદ્ધિવાળાનું વ્રત હતું, તે કર્ણને આજ તેં હણ્યો. દુષ્ટબુદ્ધિવાળા કર્ણે સભાવિષે કુરૂવીરના મધ્યમાં હીન છે સત્વ જેમનું પતિત તથા અત્યંત દુર્બળ એવા પાંડવોને 'હે દ્રૌપદિ ! શું તું છોડી દેતી નથી ?' એ રીતે કહ્યું હતું. વળી જે કર્ણે તારે વાસ્તે પ્રતિજ્ઞા કરી હતી જે ' કૃષ્ણસહિત અર્જુનને મારીશ ન્યાં

હું અહિ આવું નહિ,' બાણથી ભેદાયાં છે ગાત્ર જેનાં એવો પાપ બુદ્ધિવાળો, તે રણભૂમિમાં સૂતો છે? જે સમાગમવિષે આવી અવસ્થાને હું પ્રાપ્ત થયો, સૃંજય તથા કૌરવોનો તે સંગ્રામ તારા જાણવામાં આવ્યો, અને તે દુરાત્માને આજ તેં હણ્યો. હે સવ્યસાચિન્! અત્યંત મંદબુદ્ધિવાળા તેનું તેં ગાંડીવમાંથી મુકાયલા પ્રજ્વલિત બાણોએ કરી યુદ્ધમાં પ્રકાશમાન એવું કુંડલ સહિત મસ્તક કાયા ઉપરથી કાપ્યું. હે શૂરવીર! કર્ણના બાણેકરી અત્યંત વિંધાયલા મેં કર્ણના વધવાસ્તે તારૂં ધ્યાન કર્યું હતું. તે મારૂં ધ્યાન કર્ણને પાડવાવડે આજ તેં સફળ કર્યું. ગર્વથી ભરેલો દુર્યોધન, કર્ણના આશ્રયે કરી આપણી સામે જોરથી જુવે છે. એ દુર્યોધનના તે આશ્રયને પરાક્રમ કરી તેં ભાગ્યો. જે કર્ણે પૂર્વે સભાના મધ્યમાં કૌરવની સમક્ષ આપણને 'આ પંઢતિલ છે' એમ કહ્યું હતું, અસહનશીલ એવા તે દુર્મતિ સૂતપુત્ર કર્ણને સંગ્રામવિષે તેં હણ્યો. દુરાત્મા સૂતપુત્ર કર્ણે પૂર્વે શકુનિએ દ્યૂતવિષે જીતેલી દ્રૌપદીને ઉદ્દેશી કહ્યું હતું, જે 'તમે એ યાજ્ઞસેનીને અહિં સભામાં લેઇ આવો' તે પાપીને આજ સંગ્રામમાં તેં હણ્યો. હે મહાત્મન! જે સમયે ભીષ્મે તેને અર્દ્ધરથિની સંખ્યામાં ગણ્યો તે વેળાએ અલ્પ બુદ્ધિવાળા જેણે પૃથ્વીવિષે શસ્ત્ર ધારણ કરનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ એવા પિતામહનો તિરસ્કાર કર્યો હતો, અધિરથ પુત્ર એવા કર્ણને આજ તેં હણ્યો. હે ફાલ્ગુન! અમર્ષથી ઉત્પન્ન થએલો નિંદા તથા છેતરવારૂપી વાયુએ વૃદ્ધિ પમાડેલા એવા સદા મારા હૃદયમાં રહેલા અગ્નિને 'આજ મેં કર્ણને હણ્યો' એવી રીતે મને કહીને તું અત્યંત શાંત કરે છે, તેં સૂતપુત્ર કર્ણને કેવી રીતે હણ્યો? એ દુર્લભ વાર્તા આજ મને કહે? હે અત્યંત શૂરવીર! વૃત્રાસુરને હણવાથી ઇન્દ્ર જેમ રૂડાં ભાગ્યવાળો થયો તેમ કર્ણ હણવાથી તું પણ થા. એવી રીતે હમેશ હું તારૂં ધ્યાન કરૂં છું.

ब्रवीहि मे दुर्लभमेतदद्यकथं त्वया निहतः सूतपुत्रः ।
अनुध्याये त्वां सततं प्रवीरवृत्रेहते सौभगवानिवेंद्रः ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि युधिष्ठिरवाक्ये गुर्जरभाषायां षट्षष्ठितमोऽध्याय: ॥ ६६ ॥

અધ્યાય ૬૭ મો. કર્ણને હણવા અર્જુને માગેલી આશિષ.

संजय उवाच—तद्धर्मशीलस्य वचो निशम्य राज्ञः क्रुद्धस्यातिरथो महात्मा ।
उवाच दुर्द्धर्षमदीनसत्वं युधिष्ठिरंजिष्णुरनंतवीर्यः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! અનંત પરાક્રમવાળા અતિરથિ અને મહાત્મા અર્જુન, ક્રોધાયમાન થએલા ધર્મશીલ એવા રાજાનાં વચન સાંભળી કોઇથી સહન થાય નહિ એવા ઘણીક બુદ્ધિવાળા યુધિષ્ઠિર પ્રત્યે કહેવા લાગ્યા કે હે રાજન! આજ સંશપ્તક ગણ સાથે હું યુદ્ધ કરતો હતો એટલામાં કૌરવના સૈન્યોમાં સેનાના અગ્રભાગવિષે વર્તનાર અશ્વત્થામા, સર્પસરખા બાણ ફેંકતા મારી સામે આવી ઉભા. તે સમયે મેઘ જેવા શબ્દવાળા મારા રથને જોઈ બધી સેના મને વિંટીને ઉભી રહી હતી. તેઓમાંથી પાંચસોને હણી હે પાર્થિવાર્ય! હું અશ્વત્થામા સામે ગયો. હે મહારાજ! હે નરેંદ્ર! સાવધાન એવો તે, મને

પ્રાપ્ત થઇ શ્રેષ્ઠહસ્તિ જેમ સિંહ સામે આવે તેમ મારી સામે આવી મેં હણવા માંડેલા રથિ કૌરવોનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરવા લાગ્યો. હે ભારત! દુઃખે કરીને કોઇથી કંપાવી શકાય નહિ એવા કૌરવોમાં અત્યંત શ્રેષ્ઠ આચાર્યપુત્રે અગ્નિ સરખા અતિ તીક્ષ્ણ બાણો- એકરી જનાર્દન ભગવાન સહિત મને પીડિત કર્યો. એ રીતે મારી સાથે યુદ્ધ કરતા તેના આઠ બળદ જોડેલા આઠ ગાડાં તો, સેંકડો છે સંખ્યા જેમની એવા બાણને વહન કરતાં હતાં. તેણે નાખેલા બાણને વાયુ જેમ વાદળના સમુદાયને વિખેરી નાંખે તેમ બાણેકરી મેં વિખેરી નાંખ્યો. ત્યાર પછી વર્ષાઋતુમાં કાળો મેઘ જેમ વર્ષે તેમ અશ્વત્થામાએ શિક્ષા તથા અસ્ત્રબળના પ્રયત્નેકરી કાનપર્યંત ધનુષ ખેંચી અનેક બાણ સમુદાયનો વરસાદ કર્યો. તે સમયે સંગ્રામમાં વર્તતા દ્રોણપુત્ર, વામ તથા દક્ષિણમાંથી કયા હાથે કરી બાણ ગ્રહણ કરે છે, કયા હાથથી ફેંકે છે તે કંઇ પણ અમે જાણતા ન હતા. દ્રોણપુત્રનું વિસ્તૃત એવું ધનુષ મંડળાકારજ દેખાતું હતું. દ્રોણપુત્રે તીક્ષ્ણ પાંચ બાણથી મને તથા બીજા પાંચ બાણેકરી વાસુદેવ ભગવાનને વિંધ્યા. મેં પણ નિમિષ માત્રમાં વજ્ર સરખા ત્રીશ બાણેકરી તેને પીડિત કર્યો. તે વેળાએ મારા મૂકેલા બાણે પીડિત કરેલો તે ક્ષણમાત્રમાં શ્વવિત્ નામના જંતુ સરખું છે રૂપ જેનું એવો થઇ ગયો. સર્વ ગાત્રમાંથી ઝરે છે રૂધિર જેને એવો તે, મેં પરાભવ પમાડેલા રૂધિરેકરી વ્યાપ્ત શ્રેષ્ઠ સૈનિકોને જોઇ કર્ણના રથસૈન્ય તરફ ગયો. પારકાઓને મંથન કરનાર કર્ણ પણ, ત્રાસ પામ્યા છે યોદ્ધાઓ જેમાં એવા, નાસવા લાગેલા અશ્વ તથા હસ્તિવાળા, પરાભવ પામેલા પોતાના સૈન્યને જોઈ મુખ્ય એવા પચાસ રથિ સહિત મારી સામે આવ્યો. તેમને નાશ પમાડી કર્ણને છોડી દેઇ તમને જોવા સારૂ હું અહીં આવ્યો છું. હે રાજન! સર્વ પંચાલ, કર્ણને જોઇ કેસરીસિંહને જોઇ જેમ બલીવર્દો ઉદ્વિગ્ન થાય તેમ ઉદ્વિગ્નતાને પ્રાપ્ત થાય છે. પ્રભદ્રકો પણ મોઢાં ફાડેલા કાળને પ્રાપ્ત થઇ જેમ માણસ ખેદયુક્ત થાય તેમ કર્ણને પ્રાપ્ત થઇ ખેદયુક્ત થયા છે. તેમાંથી નજીક આવેલા સાતસો રથિઓને કર્ણે યમલોક પ્રત્યે મોકલી દીધા. તોપણ હે રાજન! સૂતપુત્ર કર્ણે જ્યાં સુધી આપણને જોયા ન હતા, ત્યાં સુધી તેનું મન ગ્લાનિયુક્ત થયું નહિ. તેણે ડશેલા તથા પૂર્વે અશ્વત્થામાએ ક્ષત કરેલા તમને સાંભળી, હે અચિંત્યકર્મન! હે રાજન! ક્રૂર કર્ણ પાસેથી નાશી જવાનોજ વખત હતો એમ હું માનું છું, કેમકે પૂર્વે યુદ્ધમાં હે પાંડવ! વિચિત્ર પ્રકારના રૂપવાળું કર્ણનું અસ્ત્ર મેં જોયું છે. સૃંજયોમાંથી આજ મહા- રથિ કર્ણને સહન કરી શકે તેવો બીજો કોઇ યોદ્ધો નથી. હે રાજન! સૈનેય એવો સાત્યકિ, તથા ધૃષ્ટદ્યુમ્ન એ બેઉ મારા ચક્રરક્ષક છે. શૂરવીર એવા યુધામન્યુ તથા ઉત્તમૌજા મારા પૃષ્ઠરક્ષક છે, વાસ્તે હે નરેંદ્ર! વૃત્રાસુર સાથે ઇન્દ્ર યુદ્ધ કરે તેમ રથિઓમાં અત્યંત શ્રેષ્ઠ, દ્વેષિના સૈન્યમાં વર્તતા દુસ્તર એવા સૂતપુત્ર સાથે ત્યાં જઈ જો આ સંગ્રામમાં દેખાશે તો હું યુધ્ધ કરીશ. માટે આજ ત્યાં આવો, અને સૂત પુત્ર સાથે યુદ્ધ કરતા મને મારા જય વાસ્તે જુઓ. મોટા ઋષભના મુખને પ્રાપ્ત થયા હોય તેમ પ્રભદ્રકો કર્ણ સામે દોડે છે. હે ભારત! તેમજ છ હજાર રાજપુત્રો સ્વર્ગ લોક વાસ્તે સંગ્રામમાં યુદ્ધ વાસ્તે કર્ણની નજીક આવેલા છે. હે રાજન! હે રાજસિંહ! આજ યુદ્ધ કરતા કર્ણને હઠાત્કારથી બાંધવ સહિત જો ન હણું તો પ્રતિજ્ઞા કરી ન પાળનારની જે ગતિ થાય છે તે ગતિને હું પ્રાપ્ત થાઉ. હું તમને આમંત્રણ કરૂં છું માટે મને આશિર્વાદ આપો અને કહો કે, ' સંગ્રામમાં તારો જય થશે. પૂર્વે ધૃતરાષ્ટ્રના પુત્રો ભીમસેનને ગળતા હતા વાસ્તે, હે નરેંદ્ર! આજ હું સૈન્ય સહિત સૂતપુત્ર કર્ણને હણી સર્વ શત્રુગણોનો નાશ કરીશ.

आमंत्रये त्वां ब्रूहि जयं रणे मे पुरा भीमं धार्तराष्ट्राश्च ते ।
सौतिं हनिष्यामि नरेन्द्रसिंह सैन्यं तथा शत्रुगणांश्च सर्वान् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि अर्जुनवाक्ये गुर्जरभाषायां सप्तषष्ठितमोऽध्यायः ॥ ६७ ॥

અધ્યાય ૬૮ મો. યુધિષ્ઠિરને ચઢેલો ક્રોધ.

संजय उवाच—श्रुत्वा कर्णकल्पमुदारवीर्यं क्रुद्धः पार्थः फाल्गुनस्यामितेजाः
धनंजयं वाक्यमुवाच चेदं युधिष्ठिरः कर्णशराभितप्तः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ઉદાર છે વીર્ય જેનું એવા સમર્થ કર્ણને જીવતો સાંભળી અર્જુન ઉપર ક્રોધાયમાન થએલા કર્ણના બાણથી સંતપ્ત યુધિષ્ઠિર, અર્જુન પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યા કે, હે તાત ! કર્ણે તિરસ્કાર કરેલી તારી સેના નાસવા લાગી, તેમ તું પણ કર્ણને હણવા સમર્થ થયો નહિ, તેથી સંગ્રામમાં ભીમનો ત્યાગ કરી અહિં આવતો રહ્યો, એ સારૂં કર્યું નહિ. હે પાર્થ ! પૃથાના ગર્ભે જન્મી તેં આ કામ સારૂં ન કર્યું, કેમકે સૂતપુત્રને મારવા સમર્થ થયો નહિ એટલે સંગ્રામમાં ભીમસેનનો ત્યાગ કરી અહિં આવ્યો. દ્વૈતવનમાં તેં આવી રીતે વાક્ય કહ્યું હતું. એકરથે કરી હું કર્ણને હણીશ, એ હું સત્ય કહું છું; તેમ છતાં તેને છોડી દેઇ તેથી બીનેલો ભીમસેનનો ત્યાગ કરી તું કેમ આવતો રહ્યો ? દ્વૈતવનમાં હે નૃપ ! કર્ણ સાથે યુદ્ધ કરવા હું સમર્થ નહિ થાઉં એમ કદી તેં કહ્યું હતે, તો હે પાર્થ ! વખતને લગતું જેવું કૃત્ય અમારે કરવું ઘટત તે પ્રમાણે અમે કરત. હે વીર ! એનો હું વધ કરીશ એમ મારી આગળ પ્રતિજ્ઞા કરી તે પ્રમાણે તેં કર્યું નહિ અને શત્રુના મધ્યમાં અમને લેઇ આવી સ્થંડિલમાં નાંખી શું કરવા પીસે છે ? હે રાજપુત્ર ! તારે વિષે અમે ઘણી આશા રાખી રહ્યા હતા. અર્જુનવડે આપણે ઇષ્ટ એવા ઘણા કલ્યાણને પ્રાપ્ત થઇશું, તે બધી આશા જેમ ફલાર્થિઓ એવી વેલો અતિ પુષ્પવાન થઈ ફળ વગરની થાય તેમ વિફળ થઇ, જેમ મત્સ્યવેધ કરવાનો કાંટો માંસથી ઢંકાએલો હોય અને વિષ જેમ ખાવાના પદાર્થથી ઢંકાયલું હોય તેમ રાજ્યને ઇચ્છતા અને રાજ્યની આશા આપી રાજ્યના વિનાશ રૂપ અનર્થ તેં પ્રાપ્ત કરાવ્યો. હે ધનંજય ! જેમ વર્ષાદની વાટ જોઇ રહ્યા હઇયે અને વખત આવ્યે તે વર્ષે નહિ ને ઉગવાની આશાથી વાવેલું બીજ વખત આવ્યે બરોબર ઉગે નહિ તેમ અમે પણ તેર વર્ષ સુધી આશાએ કરી તારી પાછળ જીવ્યા, તે અમને સર્વને આજ આખર વખતે તું નિરાશ કરે છે. મંદ બુદ્ધિવાળા તું સાત દિવસનો થયો ત્યારે આકાશવાણીએ કુંતિને કહ્યું હતું કે ઇન્દ્ર જેવા પરાક્રમવાળો આ પુત્ર ઉત્પન્ન થએલો છે, તે શૂરવીર એવા શત્રુને જીતશે. ઘણા પરાક્રમવાળો તારો પુત્ર. ખાંડવવનમાં દેવ સમુદાયને તથા સર્વ પ્રાણીઓને જીતશે, તારો પુત્ર મદ્ર, કલિંગ તથા કેકયને જીતશે. અને તારો પુત્ર, રાજાઓના મધ્યમાં કૌરવોને હણશે. આથી શ્રેષ્ઠ બીજો કોઇ ધનુર્ધનાર થશે નહિ. કોઈ પણ પ્રાણી કયારે પણ આને જીતશે નહિ. અધીન છે સર્વ વિદ્યા જેને એવો આ ઇચ્છા કરશે તો સર્વ પ્રાણિઓને પોતાને વશ કરશે. કાંતિએકરી ચંદ્ર, વેગેકરી વાયુ, સ્થૈર્યેકરી મેરૂ, ક્ષમાએકરી પૃથ્વી,

શિવાદિક બાર સમુદાય જેમાં છે એવી, નિરંતર વહેનાર તથા સૂર્યાદિક દેવતાઓએ રક્ષણ કરેલી અવિદ્યારૂપી નદીનું જે જીવો પાન કરે છે, તે અવિદ્યાના ફળરૂપ પુત્ર પશ્વાદિકની ઈચ્છા વાસ્તે, ભયંકર નદીમાં વારંવાર ડુબકાં ખાધા કરે છે. ચોતરફ ફરવાનો જેનો સ્વભાવ છે, એવો જીવ ચંદ્રલોકમાં જઇ ત્યાં કર્મનું ફળ ભોગવી, પાછો ઐહિક ભોગની વાસનાએ કરી આલોકમાં આવે છે, પણ વસ્તુતાથી તો એજ અંતર્યામીરૂપે સર્વ ભૂત વિષે રહે છે, વૈદિક માર્ગનો પ્રવર્તક પણ તે જ છે. નથી પાંખો જેને એવા ચિદાત્મા, હરણ કરવામાં છે શીલ જેમનું એવાં સ્ત્રી પુત્રાદિકરૂપી પાંદડાવાળા અવિદ્યારૂપી વૃક્ષને મેળવી પ્રાણરૂપી પાંખોવાળા થઈને, વાસના પ્રમાણે અનેક યોનિયોમાં ફરે છે. વ્યાપક ચૈતન્યના પ્રતિબિંબ રૂપી જીવો જુદા જુદા થાય છે, ને પ્રાણાદિક પણ તેથી ઉપજે છે. જ્યારે પ્રાણાદિકની ઉપાધિ દૂર થાય, છે ત્યારે જીવેશ્વરના ભેદ નિમિત્ત ઉપાધિના અભાવથી પૂર્ણ બ્રહ્મજ અવશેષ રહે છે, પરમાત્માથી પંચ મહાભૂત ઉત્પન્ન થાય છે, ને પાછાં તેમાંજ લય પામે છે. અગ્નિ, ચંદ્ર તથા પ્રાણ પણ તેથી ઉત્પન્ન થઇ તેમાંજ લય પામે છે. આ સર્વ તેથીજ ઉત્પન્ન થયું છે, ને તેને હું વાણીથી કહેવાને સમર્થ થતો નથી. યોગી પુરૂષ યોગશાસ્ત્ર વિષે કહેલા ક્રમે કરી અપાન વાયુને ઉંચો લાવી તેની પ્રાણ સાથે એકતા કરે છે, ને પ્રાણને મનમાં તથા મનને બુદ્ધિમાં લીન કરી, બુદ્ધિને પરમાત્મા વિષે લય કરે છે. પરમાત્માથી જુદો પડેલો જીવ, વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞ, એ ત્રણ પાદમાં લાગેલો રહે છે. પણ જો તુરીય નામના ચોથા પાદનો સ્વીકાર કરે તો, તેને મૃત્યુ આવતું નથી. તેમ મોક્ષ પણ નથી. હૃદય કમળમાં ધ્યાન કરવાનું સ્થાન અંગુષ્ઠ માત્ર છે, જેમાં રહેવાથી અંગુષ્ઠ માત્ર કહેવાતો અંતર્યામી પુરૂષ પાંચ પ્રાણ, મન, બુદ્ધિ તથા દશ ઇંદ્રિયો રૂપી લિંગ શરીરના સંબંધથી, આલોક તથા પરલોકમાં જાય છે. જે નિયમમાં રાખનાર, સ્તુતિ કરવા લાયક, સમર્થ તથા પ્રકાશમાન છે, તોપણ મૂઢ પુરૂષો જેને જોતા નથી, તે સર્વ ઐશ્વર્ય સંપન્ન પરમાત્માને યોગિયો સારી રીતે જુવે છે. કેટલાક મનુષ્યો શમદમાદિ સાધન હીન હોય છે, તથા કેટલાક તે સાધન સંપન્ન હોય છે, તથાપિ તેઓમાં બ્રહ્મ તો એક સરખો નિર્વિકારજ રહે છે. જ્ઞાનિમાં શું વિશેષ? એમ પૂછીશ તો જ્ઞાની પુરૂષો પરમ દશાને પ્રાપ્ત થાય છે, પણ સાધન હીન અજ્ઞાનીઓ થતા નથી. વિદ્વાન પુરૂષો બ્રહ્મવિદ્યા મેળવી આત્મ તથા અનાત્મ વસ્તુને જાણે છે, તેણે નહીં હોમેલું અગ્નિહોત્ર પણ હોમ્યું એમજ જાણવું. તારી વાણી "હું દાસ છું" એવી લઘુતા-હલકાઈ પામો નહિ. કારણ ધીર પુરૂષો પ્રજ્ઞાન રૂપ બ્રહ્મને પામે છે, ને યોગી પુરૂષો સનાતન પરમાત્માને સારી રીતે જુવે છે. મનવાણીથી અગોચર, જગજ્જન્માદિ કર્તા, નિર્વિકાર તથા યોગથીજ જાણવા લાયક પરમાત્મા જીવને પોતા વિષે સંહરણ કરે છે, તેને જે જાણે, તે પરમ પુરૂષાર્થરૂપ મોક્ષ પામે. અનંત પાંખોવડે ઉડી દૂર જનાર તથા મન સરખા વેગવાળાની પેઠે યોગી પુરૂષ હૃદયમાં પરમાત્માનું ધ્યાન કરવાથી દૂર રહેલા પદાર્થને જુવે છે. પરમાત્માનું રૂપ દૃષ્ટિગોચર થતું નથી, તથાપિ તેને કેવળ શુદ્ધ ચિત્તવાળા પુરૂષો જુવે છે. હવે ચિત્ત શુદ્ધિ થઇ કેમ જણાય તે કહું છું. જ્યારે પુરૂષ પોતે સર્વે પ્રાણીનો હિતેચ્છુ તથા મનનો નિગ્રહ કરવામાં તત્પર થાય. તેમ પ્રિય વસ્તુનો નાશ થયેથી મને કરી તપાયમાન થાય નહીં, ત્યારે તેણે જાણવું કે ચિત્ત શુદ્ધિ થઇ છે અને વિક્ષેપકારક ગૃહાદિકનો ત્યાગ કરવો ને સંન્યાસી થઇ અમૃતરૂપ થવું. પાખંડરૂપ મતને માનનાર શક્તિના ઉપાસક પુરૂષો

તેજેકરી સૂર્ય, લક્ષ્મીએકરી કુબેર, શૌર્યેકરી ઇન્દ્ર, તથા બળેકરી વિષ્ણુસમાન એવો હે કુંતિ ! આ તારો પુત્ર, અદિતિથકી ઉત્પન્ન થએલા વિષ્ણુની પેઠે શત્રુને હણશે. પોતાનાઓના જય વાસ્તે અને દ્વેષિઓના વધ વાસ્તે વિખ્યાત ઘણા પરાક્રમવાળો તથા કુળતંતુનો કર્તા હે કુંતિ ! આ તારો પુત્ર થશે. એ રીતે શતશૃંગ પર્વતના શિખર ઉપર તપસ્વિઓ સાંભળે તે રીતે કુંતિને આકાશ વાણીએ કહ્યું હતું પણ એ પ્રમાણે થયું નહિ; માટે જરૂર દેવતાઓ પણ જુઠું બોલે છે. સર્વદા તારી પ્રશંસા કરતા અત્યંત શ્રેષ્ઠ એવા બીજા ઋષિઓની વાણી સાંભળીને પણ દુર્યોધન પાસે નમ્રતા ન કરી અને કર્ણંતા ભયથી તુ પીડિત છે, તે પણ જાણ્યું નાહ. પૂર્વે દુર્યોધને તો કહ્યું હતું કે સંગ્રામમાં મહા બળવાન કર્ણની સામે અર્જુન ઉભો રહી શકશે નહીં પણ મૂર્ખતાથી તે વાત મારા જાણવામાં આવી નહિ, તેથી આ સમે હું અત્યંત તપાયમાન થાઉ છું. શત્રુ વર્ગના મધ્યમાં હું નરક વિષે પ્રવિષ્ટ થયો. પણ તેજ સમયે ક્યારે પણ સૂતપુત્ર સાથે હું યુદ્ધ નહિ કરૂં, એમ તેં મને કહ્યું હોત તો સુહૃદ એવા સૃંજય તથા કેકયને સંગ્રામમાં હું બોલાવતે જ નહિ. તેં પ્રથમ ન કહ્યું માટે હવે કર્ણના વિગ્રહ વિષે શું કાર્ય કરવા મારાથી સમર્થ થવાય. દુર્યોધન રાજાને તથા મારી સાથે યુદ્ધ કરવા મળેલા બીજાઓને પણ આ વખતે મારાથી શું કરી શકાય, માટે હે કૃષ્ણ ! મારા જીવિતને ધિક્કાર હો, કેમકે સૂતપુત્રને હું વશ થયો. હે પાર્થ ! આજ મહારથિમાં અત્યંત શ્રેષ્ઠ અને રથિમાં ઉત્તમ એવો તારો પુત્ર અભિમન્યુ જો જીવતો હોત તો કૌરવ, સંબંધિઓ તથા યુદ્ધ કરવા એકઠા મળેલા બીજા યોદ્ધાઓના મધ્યમાં કર્ણને મારત અને સંગ્રામમાં હું પરાભવને પ્રાપ્ત થાત નહિ. સંગ્રામમાં ઘટોત્કચ જીવતો હત તો પણ હું વિમુખ થાત નહિ, પણ જરૂર પૂર્વે કરેલા અભાગ્યરૂપ મારાં પાપ બળવાન નહિ તો તે જીવતા કેમ ન હોય ? તને તૃણ તુલ્ય માની દુરાત્મા એવા સૂર્યપુત્ર કર્ણે જે રીતે કોઇ અશક્ત તથા બાંધવ વગરનાનો તિરસ્કાર કરે તેમ મારો તિરસ્કાર કર્યો. પણ હે પાર્થ ! આપતને પ્રાપ્ત થએલા આપતથી કોણ મૂકાવે. બાંધવ પણ તેજ અને સ્નેહયુક્ત સંબંધી પણ તેજ, પ્રાચીન એવા મુનિઓ પણ તેમ કહે છે અને સત્પુરૂષો તેજ ધર્મનું આચરણ કરે છે. હે પાર્થ ! નથી શબ્દ કરતા એવા આ રાજના ત્વષ્ટાના ખડ્ગને તથા તાલમાત્ર એવાં આ ગાંડીવ ધનુષને ગ્રહણ કરી કેશવ ભગવાને વહન કરેલો તુ કર્ણથી બીહીને કેમ ભાગી આવ્યો ? તારૂં ધનુષ કેશવ ભગવાનને તેં આપ્યું હોત સંગ્રામમાં કેશવનો સારથિ તું થયો હોત તો કેશવ ભગવાન ઉગ્ર એવા કર્ણને વજ્ર ધરનાર ઇન્દ્ર જેમ વૃત્રને હણે તેમ હણત. નહિ તો સંગ્રામમાં વિચરતા રાધા પુત્રને બાધ કરવા તું સમર્થ ન હોઉ તો તારાથી અસ્ત્ર વિદ્યામાં જે અધિક હોય એવા બીજા પુરૂષને તારૂં ગાંડીવ ધનુષ આપ; એટલે હે પાંડવેય ! પુત્ર તથા દારે કરી હીન, સુખથી ભ્રષ્ટ થએલ, રાજ્યના નાશથી પાપીઓએ સેવેલા, અગાધ નરકમાં પડેલા અમને ફરીથી લોક જૂવે નહિ. હે દુરાત્મન ! કાં તો તું કુંતિના ગર્ભમાંથી કષ્ટરૂપ પાંચમે માસે પડી ગયો હોત વા તેના ગર્ભમાં તું આવ્યો જ ન હોત તો સારૂં પણ હે રાજપુત્ર ! સંગ્રામમાંથી ભાગવું એ કાંઇ સારૂ નહિ. તારા બાહુ વીર્યને, અસંખ્યેય બાણગણને, ધ્વજને, હનુમાનને તથા અગ્નિદત્ત એવા તારા રથને ધિક્કાર છે.

धिग्गांडीवं धिक्चतेबाहुवीर्यमसंख्यबाणान् बाणगणांश्च धिक्ते ।
धिक्केतुं केसरिणःसुतस्य कृष्णादत्तं च रथं च धिक्ते ॥

इतिश्री महाभारते कर्णपर्वणि युधिष्ठिर क्रोधवाक्ये गुर्जरभाषायां अष्टषष्ठितमोऽध्यायः ॥ ६८ ॥

અધ્યાય ૬૯ મો. અર્જુને કરેલો ક્રોધ.

संजय उवाच—युधिष्ठिरेणैवमुक्तः कौंतेयः श्वेतवाहनः ।
असिंजग्राहसंक्रुद्धो जिघांसुर्भरतर्षभम् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે યુધિષ્ઠિરે કહ્યું એટલે શ્વેત વાહનવાળા કુંતિપુત્ર અર્જુને, સંક્રુદ્ધ થઇ ભરતકુલનાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરને મારવાની ઇચ્છાથી ખડ્ગ લીધું. તેના કોપને જોઇ ચિત્તને જાણનાર કેશવ ભગવાન તેને કહેવા લાગ્યા કે હે પાર્થ! ખડ્ગ ગ્રહણ કરવાથી શું ? કેમકે હે ધનંજય ! યુદ્ધ કરવાનું તો હાલ તારે કંઇ છે નહિ, અને ધૃતરાષ્ટ્રના પુત્રોને તો તેં તથા બુદ્ધિમાન ભીમસેને ગળી લીધા છે. હે કૌંતેય ! રાજાને જોવા સારૂ સંગ્રામ છોડી દેઇ તું અહી આવ્યો તે યુધિષ્ઠિર રાજાને તેં કુશળ જોયા, સિંહ સરખા પરાક્રમવાળા રાજસિંહને જોઈ હર્ષનો સમય પ્રાપ્ત થયો તે સમે મોહથી આ શું કરે છે ? હે કૌંતેય ! તારે વધ કરવા લાયક હું તે હોય એમ જોતો નથી. શું કરવા પ્રહાર કરવા ઇચ્છે છે વા શું તારા ચિત્તને વિભ્રમ થયો છે ? હે કુંતિપુત્ર ! હે અદ્ભુત વિક્રમ ! મોટા ખડ્ગને ઉતાવળથી તું શું કરવા ગ્રહણ કરે છે તે હું તને પૂછું છું, આ શું તને ઇષ્ટ છે ? શ્રી કૃષ્ણે પૂછ્યું ત્યારે ક્રોધાયમાન થએલો સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ લેતો અર્જુન, યુધિષ્ઠિર સામે જોઈ ગોવિંદ ભગવાનને આવી રીતે કહેવા લાગ્યો. બીજાને ગાંડીવ આપ એમ જે મને કહે, તેનું મસ્તક હું છેદું, એવું મારૂં ગુપ્તવ્રત છે. હે અમિત પરાક્રમવાળા ! હે ગોવિંદ ! આ રાજાએ તમારી સમક્ષ મને કહ્યું તે હું સહન કરી શકતો નથી, વાસ્તે ક્ષાત્ર ધર્મથી બીરૂ એવા ધર્મ રાજાને હું હણીશ. હે યદુનંદન ! મનુષ્યમાં શ્રેષ્ઠ એવા આ રાજાને હણી મારી પ્રતિજ્ઞા હું પાળીશ, એ માટે મેં ખડ્ગ ગ્રહણ કર્યો છે. હે જનાર્દન ! હું યુધિષ્ઠિરને હણી સત્યના અનૃણપણાને પ્રાપ્ત થઈ શોક તથા જ્વર રહિત થઇશ. હે તાત ! આ સમય ઉપસ્થિત થતાં શું કરવું તમે યોગ્ય માનો છો તે કહો ? કેમકે આ જગત્નું ગતાગત સર્વ તમે જાણો છો, વાસ્તે જે રીતે તમે મને કહેશો તે રીતે તે હું કરીશ. સંજય કહે છે હે ધૃતરાષ્ટ્ર ! 'તને ધિક્કાર છે તને ધિક્કાર છે' એમ અર્જુનને કહી ગોવિંદ ભગવાન બોલ્યા કે હે પુરૂષવ્યાઘ્ર ! હે પાર્થ ! ક્રોધ ન કરવાને વખતે તેં ક્રોધ કર્યો તેથી મારા જાણવામાં આવ્યું છે કે તેં વૃદ્ધોને સેવ્યા નથી. હે પાંડવ ! હે ધનંજય ! ધર્મથી બીરૂ અને અપંડિત એવા તેં જે રીતે કર્યું તે રીતે ધર્મના વિભાગને જાણનાર જે, ન કરવા લાયક કર્મનો સંયોગ કરવા સારૂ યોગ્ય હોય તો પણ નિષિદ્ધ છે ક્રિયા જેમની એવા કર્મનો સંયોગ જે કરે તેને પુરૂષમાં અધમ જાણવો. સેવન કરવાથી જે ધર્મ બતાવે સંક્ષેપ તથા વિસ્તાર જાણનાર તેઓના નિશ્ચયને તું જાણતો નથી. કાર્ય તથા અકાર્યનો નિશ્ચય કરવા વિષે નિશ્ચય જાણનાર નહિ એવો પુરૂષ, હે પાર્થ ! પરવશ થઇ મૂઢ એવો તું જેમ મોહ પામે છે, તેમ તે પણ મોહ પામે. 'આ કરવા યોગ્ય છે કે તે કરવા અયોગ્ય છે' એ અધ્યયન કર્યા વગર ક્યારે પણ જણાતું નથી, શાસ્ત્રે કરી બધું જણાય છે, તે તો તું જાણતો નથી. હે

પાર્થ ! ધર્મને જાણનાર તું જે ધર્મનું રક્ષણ કરે છે તે અજ્ઞાનથી એટલે કે, અધર્મનેજ ધર્મરૂપ માને છે; કેમકે ધાર્મિક એવો તું, પ્રાણિનો વધ, દોષ આપનાર છે એટલું જાણતો નથી. હે તાત ! પ્રાણિઓનો વધ ન કરવો એ સર્વથી શ્રેષ્ઠ છે એવો મારો મત છે, માટે કદી અનૃત રૂપ વાણી કદી બોલવી પણ ક્યારેય હિંસા કરવી નહિ. હે નરશ્રેષ્ઠ ! તે તું ધર્મમાં કોવિદ એવા મોટા ભાઇ વળી રાજાને બીજા પ્રાકૃત પુરૂષની પેઠે કેમ હણવા તૈયાર થયો. તેમ હે માનદ ! યુદ્ધ ન કરનાર, શત્રુ નહિ, વિમુખ, ભાગતા, શરણે આવેલા, સંગ્રામમાં હાથ જોડનાર,તથા પ્રમત્તના વધને સત્પુરૂષો વખાણતા નથી તે બધું તારા ગુરૂ વિષે રહ્યું છે. હે પાર્થ ! બાલક એવા તેં કદી પૂર્વે એ રીતે વ્રત કર્યું, તે સારૂ મૂર્ખપણાથી અધર્મયુક્ત કર્મ કરવાનો નિશ્ચય કરે છે. તે તું, હે પાર્થ ! દુરત્યય એવી ધર્મની સૂક્ષ્મ ગતિ જાણ્યા વગર શું કરવા ગુરૂને મારવાની ઇચ્છાથી દોડે છે. હે પાંડવ ! હે ધનંજય ! ભીષ્મ, પાંડુ પુત્ર યુધિષ્ઠિર અને ક્ષત્તા એવા વિદુર તથા યશસ્વિની કુંતિ, જે તને કહે તે તારે સત્યજ જાણવું. એમાં આ ધર્મનું રહસ્ય તત્ત્વે કરી હું કહું છું તે સાંભળ. સાધુ પુરૂષ સત્યજ બોલે છે; કેમકે સત્યથી બીજું શ્રેષ્ઠ નથી પણ યથાર્થપણાથી તે સત્ય અત્યંત દુર્જ્ઞેય છે એમ જાણ, એટલે કે કોઇ ઠેકાણે સત્ય પણ અધર્મ વાસ્તે થાય છે. જે ઠેકાણે જુઠું બોલવું સત્ય રૂપ છે તે સ્થાનકે સત્ય બોલવા લાયક છે તથાપિ બોલવું નહિ. જ્યાં સત્ય, અનૃત રૂપ છે તે ઠેકાણે અનૃત બોલવા લાયક નથી તથાપિ બોલવું. વિવાહકાલે, રતિસંપ્રયોગને વિષે, કોઇના પ્રાણ જતા હોય તે સમયે, સર્વ ધન જતું હોય તે વેળાએ, તથા બ્રાહ્મણ વાસ્તે અનૃત બોલવું; કેમકે એ પાંચ ઠેકાણે અનૃત બોલવું પાપ રહિત છે એમ ધર્મજ્ઞ પુરૂષો કહે છે. તેમજ કોઇનું સર્વસ્વ જતું હોય તે સમયે પણ તેના સર્વસ્વના બચાવ વાસ્તે અનૃત બોલવું, કારણ તે અનૃત સત્ય રૂપ છે અને સત્ય બોલવાથી સર્વસ્વ જતુ હોય તો તે સત્ય અનૃત રૂપ છે. જો હમેશ સત્ય બોલતો હોય તેણે પણ કોઇ ઠેકાણે સત્ય ન બોલવું જોઇએ પણ બધે ઠેકાણે મારે તો સત્યજ બોલવું જોઇએ, એમ જાણીને જે બોલે, તેને અજ્ઞ જાણવો અને સત્ય શું તથા અનૃત શું, એનો જે નિશ્ચય કરે તે ધર્મવેત્તા કહેવાય, કોઇ ઠેકાણે કૃતપ્રજ્ઞ એવો અતિ દારૂણ પુરૂષ હોય તોપણ બલાક નામનો વ્યાધ જેમ અંધાના વધથી મોટા પુણ્યને પ્રાપ્ત થયો, તેમ મોટા પુણ્યને પ્રાપ્ત થાય, એમાં શું આશ્ચર્ય, અને ધર્મની કામનાવાળો મૂઢ એવો મૂર્ખ નદીઓના તટ વિષે રહેલો કૌશિક બ્રાહ્મણ જેમ મોટા પાપને પ્રાપ્ત થયો તેમ મોટા પાપને પ્રાપ્ત થાય તેમાં શું આશ્ચર્ય ? એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુને પુછ્યું કે ! હે ભગવન જે રીતે હું સમજું તે રીતે બલાકનું તથા નદીઓના તટ વિષે રહેલા કૌશિક બ્રાહ્મણનું ચરિત્ર મને કહો. અર્જુનનાં વચન સાંભળી વાસુદેવ ભગવાન નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

બલાકવ્યાધને કૌશિકની કથા.

હે ભારત ! પૂર્વે કોઇની ઇર્ષ્યા ન કરનાર, સત્ય વાણીવાળો તથા સ્વધર્મમાં તત્પર એવો બલાક નામે એક વ્યાધ હતો; તે પોતાના પુત્ર તથા સ્ત્રીના નિર્વાહ વાસ્તે મૃગોને હણતો હતો, કંઇ ઇચ્છાથી હણતો ન હતો, તેથી વૃદ્ધ એવાં માતાપિતા તથા આશ્રિત એવાં બીજાનું પણ પોષણ કરતો હતો. કોઇ વખતે મૃગને ઇચ્છતા તેણે ક્યારે [illegible]

પ્રાપ્ત ન થવાથી ઘ્રાણ રૂપી ચક્ષુવાળા જલપાન કરતા ચાર પગવાળા શ્વાપદ પશુને જોઈ પૂર્વે જોએલા નહિ એવા તે પ્રાણિને હણ્યું. અંધ એવા તે પશુને હણવાથી તેજ સમય આકાશમાંથી પુષ્પનો વર્ષાદ થયો, અપ્સરાઓના ગીત સાથે મનોહર વાદ્ય વાગવા લાગ્યાં અને તે મૃગ વ્યાધને વાસ્તે સ્વર્ગમાંથી વિમાન આવી ઉભું રહ્યું. તે તેણે મારેલું પ્રાણિ, સર્વ ભૂતના અભાવ વાસ્તે તપશ્ચર્યા કરી બ્રહ્મા પાસેથી વરને પ્રાપ્ત થયું હતું તેથી બ્રહ્માએ તેને વર આપ્યો પણ અંધ કર્યો. એ રીતે સર્વ ભૂતના અભાવનો કર્યો છે નિશ્ચય જેણે એવા તે પ્રાણીને હણી બલાક નામનો તે વ્યાધ, સ્વર્ગમાં ગયો. એ રીતે ધર્મ અત્યંત દુર્વિજ્ઞેય છે. અને તપસીમાં શ્રેષ્ઠ બહુશ્રુત એવો કૌશિક નામનો બ્રાહ્મણ પણ, નદીઓના સમાગમ પાસે ગ્રામની સમીપે વસતો હતો તેને નિરંતર ' મારે સત્ય બોલવું ' એવું વ્રત હતું, તેથી હે ધનંજય ! સત્યવાદી તરીકે તે વિખ્યાત થયો હતો. કોઈ વખતે તેના નિવાસ સ્થાન પાસેના વનમાં ચોરના ભયથી કેટલાક વટેમાર્ગુ પેઠા તેથી ક્રોધાયમાન થ- એલા ચોર લોકો યત્નથી તેમને ખોળવા આવ્યા ચોરોએ સત્યવાદી તે કૌશિક બ્રાહ્મણને કહ્યું કે હે ભગવન ! ઘણાક માણુસો કયે માર્ગે ગયા તે તમે જાણતા હોતો ખરેખર અમને કહો ? એવી રીતે તેમને પૂછ્યું તે વેળાએ કૌશિક બ્રાહ્મણે તેમને આવી રીતે સત્ય વચન કહ્યું કે—ઘણાક વૃક્ષ લતા તથા ગુલ્મવાળા આ વન પ્રત્યે તેઓ ગયા છે, એમ તે ચોરોને યથાર્થ કહી બતાવ્યું. તેથી ક્રૂર ચોરોએ ત્યાં જઈ તેમને ઠાર મારી નાખ્યા એમ સાંભળ્યું છે અને સૂક્ષ્મ ધર્મમાં કોવિદ એવો તે કૌશિક, વાગ્દુરૂક્ત રૂપી મોટા અધર્મે કરી કષ્ટરૂપ એવા નરકને પ્રાપ્ત થયો. તેમજ ધર્મના વિભાગને જાણનાર નહિ, અલ્પશ્રુત મૂઢ, વૃદ્ધોને સંદેહ પૂછ્યા વગર નરક દુઃખને પ્રાપ્ત થાય છે. હવે લક્ષણનો ઉદ્દેશ કહું તે સાંભળ. ધર્મનું જ્ઞાન દુષ્કર છે, વાસ્તે કોઈ વખતે ક્રમે કરીને ધર્મના સ્વરૂપનો નિશ્ચય થાય છે. વેદે કહ્યો તે ધર્મ, એ રીતે કેટલાક કહે છે તેને હું દૂષણ આપતો નથી પણ તે પ્રમાણે બધું કરી શકાતું નથી; અનુમાનથી પણ કોઈ ઠેકાણે ધર્મ જણાય છે. ધર્મ માટે ઉત્તમ ભાષણ તથા વેદશાસ્ત્રાદિ, પ્રાણીઓની ઉત્પત્તિ તથા વૃદ્ધિ વાસ્તે કરેલું છે. અહિંસા સંયુ- ક્ત હોય, તે ધર્મ એ નિશ્ચય છે. હિંસા કરનારાઓ હિંસા ન કરે તે સારૂ ધર્મનું પ્રવચન કર્યું છે. 'ધારણ કરે તેથી ધર્મ' એ રીતે કહે છે એટલે કે ધર્મ પ્રજાને ધારણ કરે છે. ધારણ સંયુક્ત તે ધર્મ, એ રીતે નિશ્ચય છે. કોઈ પ્રકારે કોઈ પણ પ્રાણિને સંતોષ કરવો, તેજ ઈશ્વર પૂજન ઇત્યાદિ વાક્યના અવષ્ટંભ રૂપ ન્યાયે કરી અન્યોન્ય સુખના હેતુપણાથી પારદાર્યાદિક પણ ધર્મ છે, એમ કહેનારા ધર્મના અપહારને ઇચ્છે છે, એટલે તે, વેદનો શબ્દ ન હોવાથી વેદવિરૂદ્ધ એવા ધર્મને તથા બાહ્ય એવા મોક્ષને ઇચ્છે છે, તેમની સાથે સંવાદ કરવો નહિ. કેમકે તે ભાષણ કરવા લાયક નથી એટલે કે વેદમાં વિરોધ ન આવે તે રીતે જે બીજા માણુસને સુખ કરનાર હોય તે ધર્મ જાણવો. કોઈએ ચોરી કરી હોય તેનું આપણને જ્ઞાન હોય અને બીજાઓને સંશય હોય તો, આપણે મૌનનોજ આશ્રય કરવો. તે પણ તેનું કામ સિદ્ધ ન થતું હોય તો તે સમયે અનૃત બોલવું, તે પણ અવિચારિત સત્ય જાણવું. જે કંઈ કામ મનમાં ઉદ્દેશી વ્રત કરી વ્રતને બીજા પ્રકારે કરી ઉપાદન કરે તે દાંભિક થઈ વ્રતના ફળને પ્રાપ્ત થાય નહિ, એ રીતે બુદ્ધિમાન પુરૂષો કહે છે. કોઈના પ્રાણનો નાશ થતો હોય, વિવાહ હોય, સર્વ જ્ઞાતિનો વધ થતો હોય; તથા જ્યાં હાસ્ય પ્રસંગ આવતો હોય એટલે ઠેકાણે અનૃત બોલવું પણ સત્યરૂપ છે. જેઓ સાથે ચોરા

સંબંધથી સર્વ જીવને પણ જે મુક્ત થાય તેને ધર્મ તત્વાર્થદર્શિ પુરુષો અધર્મ કહેતા નથી, તેમની પાસે અનૃત બોલવું એ શ્રેયરૂપ તથા અવિચારિત સત્ય જાણવું. સામર્થ્યવાને કોઇ રીતે પણ ચોરોને ધન આપવું નહિ, કેમકે પાપીઓને આપેલું ધન, દાતાને નરક પમાડે છે. અનૃત બોલીને પણ અનૃતભાગી થવું નહિ. આ લક્ષણનો ઉદ્દેશ જે રીતે વિધિ, જે રીતે ધર્મ તથા જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે હિતને ઇચ્છનાર એવા મેં તને યથાર્થ રીતે કહ્યો. હે પાર્થ ! યુધિષ્ઠિર જો વધ્ય હોય તો કહે.' શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન બોલ્યો કે—મહા પ્રાજ્ઞ તથા મહા મતિમાન જે રીતે કહે અને જે રીતે અમારૂં હિત થાય તેવું આ તમારૂં વચન છે. હે કૃષ્ણ ! તમો અમારે માતૃ સમાન તથા પિતૃ સમાન પણ છો, અને અમારી પરમ ગતિ તથા અમારો પરમ આશ્રય તમો છો. ત્રણે લોકમાં ક્યારે પણ તમને કંઇ અવિદિત નથી માટે પરમ ધર્મ તમો જાણો છો અને તમારાં વાક્ય સાંભળી હું પણ પાંડુપુત્ર ધર્મરાજ યુધિષ્ઠિરને અવધ્ય માનું છું. મારા સંકલ્પ વિષે રાજાનો વધ ન થાય અને મારી પ્રતિજ્ઞાનું રક્ષણ થાય તેવું કંઇ મને કહો. આ અને બીજું પણ મારા હૃદયમાં કંઇ કેહેવાનું અભિપ્રેત છે, તે કહું છું સાંભળો. હે દાશાર્હ ! હે કેશવ ! મનુષ્યોમાં જે કોઇ 'હે પાર્થ ! તારાથી અસ્ત્રે કરી તથા પરાક્રમથી શ્રેષ્ઠ હોય એવા બીજાને તું ગાંડીવ ધનુષ આપ' એ રીતે કહે તેને હઠાત્કારથી હું મારી નાખું, એવું મારૂં વ્રત છે તે તમે જાણો છો અને તું બહુ ભોજન કરનાર છે એમ કહે તેને ભીમસેન મારી નાખે, એવું તેનું વ્રત છે. હે વૃષ્ણિવીર ! તે રીતે તમારી સમક્ષ 'તું બીજાને ધનુષ આપ' એમ રાજાએ મને કહ્યું માટે તેમને જો હણું તો જીવ લોકમાં અલ્પ માત્ર કાળ હું પણ રહું નહિ. વધનું પ્રાયશ્ચિત કરી તે પાપથી મુક્ત થાઉં, તો પણ રાજાનો વધને યાદ કરી ભ્રષ્ટ છે પરાક્રમ જેનું એવો બેભાન થયેલો હું ક્ષણમાત્ર તે વિના જીવું નહિ. હે ધર્મભૃતાં-વરિષ્ઠ ! જે રીતે લોકની બુદ્ધિમાં મારી પ્રતિજ્ઞા સત્ય થાય અને જે રીતે પાંડુપુત્ર યુધિષ્ઠિર તથા હું બેઉ જીવીએ, હે કૃષ્ણ ! તેવી બુદ્ધિ તમો મને આપો. અર્જુનનાં વચન સાંભળી વાસુદેવ ભગવાન બોલ્યા કે હે વીર ! થાકી ગએલા, ક્ષત યુક્ત છે શરીર જેમનું, દુઃખી, સંગ્રામમાં સૂતપુત્ર કર્ણે તીક્ષ્ણ બાણ સંબંધી તાડન કરેલા યુધિષ્ઠિરે આ વખતે રોષ યુક્ત જે રીતે થાય તે રીતે અયુક્તરૂપ વચન તને કહ્યું. આને કોપાવશું નહિ તો સંગ્રા-મમાં કર્ણને નહિ હણે, એ અભિપ્રાયથી પણ તને એવું અયુક્ત વચન રાજાએ કહ્યું. હે પાર્થ ! આ પાંડુપુત્ર યુધિષ્ઠિર લોકમાં પાપરૂપ કર્ણને તારા વિના બીજો કોઇ સહન કરી શકે તેમ નથી એમ જાણતા હતા, તેથી અત્યંત રુષ્ટ થએલા રાજાએ પ્રત્યક્ષ એ રીતે તને કઠોર વચન કહ્યાં. તેમ નિત્ય ઉદ્યુક્ત, હમેશ અપ્રસન્ન, એવા કર્ણને સરતરૂપ કરી આજ યુદ્ધરૂપી દ્યૂત પ્રવર્તમાન થયું છે, આજ જો તે હણાય તો કૌરવ જીતેલાજ છે, ધર્મપુત્ર રાજાની એવી બુદ્ધિ હતી તેથી તેમણે તને એમ કહ્યું. ધર્મપુત્ર રાજા વધને યોગ્ય નથી. હે અર્જુન ! તારે પ્રતિજ્ઞા પાલન કરવી માટે જીવતે છતે જે રીતે આ રાજા મૃત તુલ્ય થાય તે તને કહું તે સાંભળ. જીવલોકમાં માન આપવા લાયક પુરુષ જ્યારે માનને પ્રાપ્ત થાય ત્યારે તે જીવે છે, એમ જાણવું. તેજ પુરુષ જ્યારે મોટા અપમાનને પ્રાપ્ત થાય ત્યારે જીવતાં મૂવો કહેવાય છે. રાજાને પણ તેં ભીમસેને તથા નકુળસહદેવે સદા અતિ માન આપેલું છે તેમનું કળાથી તું અપમાન કર. હે પાર્થ ! પૂજ્ય એવા યુધિષ્ઠિરને તું રીતે તું કહે. હે ભારત ! વડિલને તેં એ રીતે કહ્યું એટલે તે વધ્યાજ થયો !

કૌંતેય ! હે કુરૂદ્વહ ! ધર્મરાજ યુધિષ્ઠિરવિષે એ રીતે તું આચરણ કર, જે રીતે પૂજ્યના અપમાન રૂપ અધર્મયુક્ત સંયોગને તું કર. અથર્વાંગિરસની શ્રુતિઓમાં ઉત્તમ એવી આ શ્રુતિ છે, વાસ્તે પોતાના કલ્યાણની કામનાવાળા પુરૂષોએ વિચાર કર્યા વગરજ, એ પ્રમાણે કરવું. સમર્થ એવા વડીલને એ રીતે કેહેવું એ શસ્ત્રપાત વગરનો એનો વધ થયો, એમ કહેલું છે. ધર્મજ્ઞ એવો તું ધર્મરાજને જે મેં કહ્યું તે કેહે. હે પાંડવ ! ધર્મરાજ, એ રીતે તારૂ અયુક્ત બોલવું સાંભળી આણે મને હણ્યો એમ જાણશે. પછી એમના ચરણમાં અભિવંદન કરી સાંત્વના કરી વિષમતાનો પરિહાર થાય તે રીતે તેમને કેહેજે. હે પાર્થ ! પ્રાજ્ઞ એવા તારા ભાઇ ધર્મરાજા, અધર્મને જોઇને પણ ક્યારે કોપ નહિ કરે અને અનૃત તથા ભ્રાતૃવધથી મુક્ત થએલો તું પણ પ્રસન્ન થઇ સૂતપુત્ર કર્ણને હણીશ.

भ्राताप्राज्ञस्तव कोपं नजातुकुर्याद्राजा धर्ममवेक्ष्य चापि ।

मुक्तोऽनृताद्भ्रातृवधाच्च पार्थ हृष्टः कर्णं त्वं जहि सूतपुत्रं ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कृष्णार्जुनसंवादे गुर्जरभाषायां ऊनसप्ततितमोऽध्यायः ॥ ६९ ॥

અધ્યાય ૭૦ મો. અર્જુને ધર્મને મારેલાં મહેણાં.

संजय उवाच—इत्येवमुक्तस्तुजनार्दनेन पार्थः प्रशस्याथ सुहृद्वचस्तत् ।
ततोऽब्रवीदर्जुनो धर्मराजमनुक्तपूर्वंपरुषं प्रसह्य ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે જનાર્દન ભગવાને જેને કહ્યું છે એવો અર્જુન, હિતેચ્છુક એવા ભગવાનનાં તે વચનની પ્રશંસા કરી ધર્મરાજ પ્રત્યે હઠાત્કારથી પૂર્વે કહેલું નહિ એવું કઠોર વચન કેહેવા લાગ્યો કે, હે રાજન ! સંગ્રામથી કોશ માત્ર દૂર તું ઉભો રહે છે વાસ્તે તારે તો કંઇ વચન બોલવુંજ નહીં. કદી કરવા ચાહાય તો ભીમસેન મારી નિંદા કરવા યોગ્ય છે. સર્વ લોકમાં અત્યંત શૂરવીર એવા યોદ્ધાઓ સાથે તે યુદ્ધ કરે છે. શૂરવીર એવો જે, સંગ્રામવિષે વખતસર શત્રુઓને અત્યંત પીડિત કરી શૂરવીર રાજાઓને હણી, ઉત્તમ રથિઓ, મુખ્ય હસ્તિ, શ્રેષ્ઠ ઘોડેસ્વાર તથા અસંખ્ય શૂરવીર પાયદળોને હણી તેમજ સહસ્રાવધિક હસ્તિઓને હણી ભયંકર સિંહનાદ કરે છે. વળી કુબેર તથા કાળની જેને ઉપમા અપાય એવો સિંહ જેમ મૃગોને હણે તેમ દશ હજાર કાંબોજ તથા પાર્વતીય રાજાઓને સંગ્રામમાં હણી ક્યારે પણ હઠતો નથી. અને અત્યંત દુષ્કર કર્મ કરે છે. કોઇ વખતે રથમાંથી નીચે કૂદી હાથમાં ગદા લેઈ અશ્વ, રથ તથા હસ્તિઓને હણે છે. શ્રેષ્ઠ ખડ્ગથી વાજિરથ અશ્વ તથા કુંજરને તેમજ રથ વગેરે જે આવ્યું તેણે શત્રુઓને મારે છે. ઇન્દ્ર જેવાં પરાક્રમવાળો મહા બળવાન ભીમ શત્રુઓને મર્દન કરી પગ તથા હાથે કરી હણે છે. શત્રુઓની સેનાને હઠાત્કારથી હણનાર ભીમસેન મારી નિંદા કરવા યોગ્ય છે પણ સંબંધિઓ જેની રક્ષા કરે છે એવો જે તું, તે મારી નિંદા કરવા યોગ્ય નથી. એકલો ભીમસેન, મહારથિઓ, શ્રેષ્ઠહસ્તિ, અશ્વ, તથા મુખ્ય પાયદળોને અત્યંત મંથન કરી ધૃતરાષ્ટ્ર તરફના યોદ્ધાઓમાં મગ્ન રહે છે, શત્રુને દમન કરનાર ભીમસેન મારો તિરસ્કાર કરવા યોગ્ય છે, વળી ભીમસેન, નીલ મેઘની જેમને ઉપમા અપાય એવા સહાય મદવાળા કલિંગ, બંગ, અંગ, નિષાદ તથા માગધ ઇત્યાદિ

અનેક શત્રુ ગણુને હણે છે, શત્રુને દમન કરનાર તે મને નિંદે, વખત સર તૈયાર કરેલા રથમાં બેસી બાણે કરી પૂર્ણ છે મુષ્ટિ જેની એવો ધનુષને હલાવતો મેઘ જેમ જળધારા વરસાવે તેમ બાણુનો વર્ષાદ કરે છે. વળી જેણે આજ સંગ્રામમાં આઠસો હસ્તિઓને બાણોવડે તેરને કુંભસ્થલ, કરાગ્ર તથા સુંઢને છેદી હણ્યા. શત્રુને હણુતા તે, મને ક્રૂર વચન કહેવા યોગ્ય છે. અત્યંત શ્રેષ્ઠ એવા બ્રાહ્મણોને વાણીવિષે બળ રહ્યું છે, એમ વિદ્વાન્ પુરૂષો કહે છે. હે ભારત ! તું વાણીના બળવાળો તથા નિષ્ઠુર પણ છે, તેથી જેમ હું નિર્બલ છું તેમ આ પણ નિર્બલ છે એમ તું મને જાણે છે, તે હું તારૂં ઇષ્ટ કરવા સારૂ સ્ત્રી, પુત્ર, જીવિત તથા આત્માવડે યત્ન કરૂં છું અને તું મને આ રીતે વાણીરૂપી બાણેકરી હણે છે વાસ્તે તારાથી કંઇ પણ સુખને અમે પામનાર નથી. હે ભારત ! દ્રૌપદીની શય્યામાં બેઠેલો તું મારો તિરસ્કાર કર માં, કેમકે હું તો તારે વાસ્તે મહારથિઓને હણું છું. તેની તું શંકા રાખે છે વાસ્તે નિષ્ઠુર છે, અને તારાથી અમને કંઇપણુ સુખ થયું હોય એમ હું જાણતો નથી. હે નરદેવ ! સત્ય છે પ્રતિજ્ઞા જેમની એવા ભીષ્મે તારૂં પ્રિય કરવા સારૂ સંગ્રામવિષે પોતાનું મૃત્યુ પોતે કહ્યું. તે પ્રમાણે મેં રક્ષણ કરેલા દ્રુપદપુત્ર શૂરવીર શિખંડીએ એ મહાત્માને હણ્યા, તથાપિ તારા રાજ્યને હું વખાણુતો નથી. અહિત કરનાર એવા પાસા રમવામાં તું આસક્ત છે વળી તું કેવો છે કે અનાર્ય પુરૂષોએ સેવન કરેલા પાપ રૂપ કર્મને પોતે કરી અમવડે શત્રુને તરવા ઇચ્છે છે. પાસા રમવામાં ધર્મને બાધ કરનાર એવા ઘણાક દોષ રહ્યા છે. સહદેવે કહેલા જે તેં સાંભળ્યા પણ છે તો પણ અસત્પુરૂષોએ સેવન કરેલા તેમને તું ત્યાગ કરવા ઇચ્છતો નથી તેથી બધા નરકમાં પડ્યા છીએ. હે પાંડવ ! તું પાસેથી રમવામાં પ્રવર્તમાન થઇ પોતે દુઃખ ઉત્પન્ન કરી આ વખતે તીવ્ર એવી વાણી અમને સંભળાવે છે માટે તારાથી કંઇ પણ સુખને અમે પ્રાપ્ત થઇએ એમ નથી. કૌરવોનો દોષ તથા વધ થાય છે અને અમે હણેલા શત્રુઓની સેના છિન્નભિન્ન થએલા ગાત્રેકરી શબ્દ કરતી પૃથ્વિતલવિષે શયન કરે છે, તે નૃશંસ એવું કર્મ પણ તેંજ કરેલું છે. પૂર્વ દિશાના રાજાઓ હણાયા, અને અમારી તરફના તથા તેમની બાજુના યોદ્ધાઓએ યુદ્ધમાં કોઇથી બની શકે નહિ તેવું કર્મ કર્યું તે બધું તારા કર્મથી થયું. હે નરેંદ્ર ! ક્રીડા કરનાર તું, રાજ્યનો નાશ પણ તારે વાસ્તે અને અમને દુઃખ પણ તારાથીજ પ્રાપ્ત થયું તો પણ આ વખતે ઉલટા અલ્પ ભાગ્યવાળા તમે ક્રૂર એવા વાણીરૂપી ચાબખાથી અમને વ્યથા પમાડી કોપાવો છો. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! સ્થિર બુદ્ધિવાળો અધર્મથી ભીરૂ એવા અર્જુને, કઠોર વાણી મોટા ભાઇ યુધિષ્ઠિરને સંભળાવી. એ રીતે કંઇ પાપ કરી ખેદ યુક્ત છે મન જેનું એવો પોતે થયો. પશ્ચાત્તાપને પ્રાપ્ત થએલા ઇન્દ્રપુત્ર અર્જુને નિઃશ્વાસ મૂકી મ્યાનમાંથી તલવાર કાઢી. તે સમયે શ્રીકૃષ્ણ ભગવાને આવી રીતે વચન કહ્યું કે આ શું શું ? વળી આકાશ સમાન ખડગને તું કોશ રહિત શું કરવા કરે છે ? તેનું પ્રત્યુત્તર વચન તું મને કહે એટલે તને અર્થસિદ્ધિ થવા વાસ્તે પાછો હું કહું. પુરૂષોત્તમ ભગવાનનાં વચન સાંભળી અત્યંત દુઃખિત એવા અર્જુને કેશવ ભગવાન પ્રત્યે કહ્યું કે, હે કેશવ ! જે શરીરે કરી મેં હઠાત્કારથી અહિતનું આચરણ કર્યું. તે મારા પોતાના શરીરને હું હણીશ. અર્જુનનાં વચન સાંભળી ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ ભગવાને અર્જુનને કહ્યું કે, હે પાર્થ ! આ રાજાને તું એ રીતે વચન કહી ઘોર એવા મોહને પ્રાપ્ત થઈ, હે શત્રુને હણનાર ! પોતાના આત્માને

હણવા, ઇચ્છે છે ? એવી રીતે સત્પુરૂષોએ કહી કરેલું નથી. હે નૃપવીર ! મારો ધર્મ જયી એ રીતે કહી બીતો એવો તું ધર્માત્મા મોટા ભાઇને ખડગે કરી જો હણત તો શું ઉત્તર આપત, અને તારૂં કેમ થાત ? હે પાર્થ ! સૂક્ષ્મ એવો ધર્મ વિશેષે કરી અસત્પુરૂષોએ દુઃખે કરીને પણ જાણી શકાય તેવો નથી, તે હું તને કહું તે સાંભળ. જો તું સમજત નહિ ને મોટા ભાઇનો વધ કરી પછી પોતે પોતાને હણી ઘોર એવાં નરકને પ્રાપ્ત થતે, પણ તેની જેમ નિંદા કરી તેમ હાલ તારા પોતાના ગુણની તું પ્રશંસા કર; એટલે હે પાર્થ ! હણાયેલો છે આત્મા જેનો એવો તું થઇશ. પોતાનાં વખાણ કરવાં એ પોતાની હત્યા અને પારકાને તિરસ્કાર કરવા, એ તેની હત્યા એમ શાસ્ત્રમાં કહેલું છે. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી હે કૃષ્ણ ! 'ઠીક તેમ થાઓ' એમ કહી શ્રીકૃષ્ણનાં વચનને વખાણી ધનુષ નમાવી ધનંજય એવો અર્જુન, ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરને, હે રાજન ! 'સાંભળો' એમ કહી કેહેવા લાગ્યો કે–હે નરદેવ ! પિનાક ધનુષ ધરનાર જે–શંકર તેમણે અનુમત એવો મહાત્મા હું ક્ષણ માત્રમાં સચરાચર એવા જગતને હણું. તેમજ હે રાજન મેં દિક્પાળ સહિત સર્વ દિશાઓને જીતી તમારે વશ કરી હતી, સમાપ્ત છે દક્ષિણા જેની એવો રાજસૂયયજ્ઞ તથા દિવ્ય એવી સભા પણ મારા પરાક્રમથી તમે સંપાદન કરી, તીક્ષ્ણ એવા સજ્જ કરેલું વિસ્તૃત એવું બાણ સહિત ધનુષ મારાજ હાથમાં રહે છે. રથ તથા ધ્વજના ચિન્હ સહિત મારા ચરણ છે. યુદ્ધમાં ગએલા મારા સરખાને બીજો કોઈ જીતી પણ શકે નહિ. ઉત્તર, પશ્ચિમ, પૂર્વ તથા દક્ષિણ દિશાના સંબંધી રાજાઓને પણ મેં હણ્યા. સંશપ્તકોમાંથી પણ બાકી થોડા અવશેષ રહેલા છે એવી રીતે અર્દ્ધ સૈન્ય તો મેં હણ્યું. હે રાજન ! દેવસેના જેવો જેનો પ્રકાશ છે એવી મેં હણેલી ભારતી સેના રણભૂમિમાં સૂતી છે. આ હું અસ્ત્ર જાણનારાઓને અસ્ત્રે કરી હણું એ રીતે લોકોને હું ભસ્મ કરૂં. હે કૃષ્ણ ! ભયંકર એવા જૈત્ર રથમાં બેસી સૂતપુત્ર કર્ણને હણવા જલદી આપણે જઇએ, આજ બાણે કરી સંગ્રામમાં કર્ણને મારીશ વાસ્તે આ રાજા આજ સારી રીતે સુખી થાઓ. એ રીતે કહી અર્જુને, ધર્મ ધરનારાઓમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરને કહ્યું કે, આજ સૂતમાતા કુંતિ, હું વગરની વા તે પુત્ર વગરની થશે, એ હું સત્ય કહું છું. સંગ્રામમાં આજ કર્ણને માર્યા વગર હું કવચ નહીં છોડું. સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે પૃથાપુત્ર અર્જુન, ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરને કહી, શસ્ત્ર મૂકી, ધનુષ છોડી દેઇ જલદીથી કોશમાં ખડ્ગ નાખી નમ્ર છે મસ્તક જેનું એવો અર્જુન, બે હાથ જોડી લજ્જાથી યુધિષ્ઠિરને કેહેવા લાગ્યો કે–હે રાજન ! મેં જે કહ્યું તે ક્ષમા કરો અને પ્રસન્ન થાઓ. શું કરવા કહ્યું તે વખતસર તમે જાણશો, તમને હું નમસ્કાર કરૂં છું. શત્રુને પણ સહન કરે એવા રાજાને એ રીતે પ્રસન્ન કરી પાસે ઉભેલો અત્યંત શૂરવીર અર્જુન, વળી બોલ્યો કે, આ કામને હવે ઢીલ નહિ લાગે, આ કામ જલદીથી થશે, હાલ હું સંગ્રામમાં કર્ણ પ્રત્યે જાઉં છું. હું સંગ્રામથી ભીમને મુકાવા અને સર્વાત્મપણાએ કરી સૂતપુત્રને હણવા જાઉં છું. હે રાજન ! તમારા પ્રિય વાસ્તે મારૂં જીવિત છે, એ હું સત્ય કહું છું, તે તમો જાણો. સંગ્રામમાં જવા ઇચ્છતો પ્રદીપ્ત તેજવાળો અર્જુન, યુધિષ્ઠિરના ચરણને ગ્રહણ કરી પછી ઉભો થયો, પાંડુપુત્ર એવા ધર્મરાજા પણ એ રીતે પૂર્વે કહેલાં અર્જુનનાં કઠોર વાક્ય સાંભળી, શયનમાંથી ઉઠ્યા અને દુઃખ યુક્ત ચિત્તવાળા આવી રીતે અર્જુનને કેહેવા લાગ્યા કે, હે પાર્થ ! મેં [illegible] કર્મ કર્યું તેથી

અત્યંત ભયંકર એવું દુઃખ તમને પ્રાપ્ત થયું વાસ્તે આજ કુળનો અંતક, "અધર્મ પુરૂષ, પાપરૂપ, પાપ તથા દુઃખે કરી યુક્ત, મૂઢ બુદ્ધિવાળો, આલસ્યવાન તથા બીકણ એવો જે હું તેનું મસ્તક તું કાપી નાખ; કારણ કે, વૃદ્ધનું અપમાન કરનાર તથા પુરૂષ એવા તને, રૂક્ષ એવા મને અનુસરવાથી શું ફળ ? કંઇ નહિ. પાપરૂપ એવો હું તો હાલજ વન પ્રત્યે જાઉં છું અને મારા વગરનો તું પછી સુખે કરી તારી વર્તણુક કર. મહાત્મા ભીમસેન રાજા થવા યોગ્ય છે માટે કિલબ એવા મારે રાજ્યે કરી શું કૃત્ય છે ? તેમ ક્રોધ યુક્ત એવા તેં કહેલાં પરૂષ વચન પણ વળી ફરીથી હું સહન કરવા સમર્થ નથી. હે વીર ! ભીમસેન રાજા થાઓ, કેમકે તેં અપમાન કરેલા મારે હવે જીવિતવડે શું કાર્ય છે ! એટલાં વચન કહી યુધિષ્ઠિર રાજા, શયનને છોડી દેઇ તત્કાલ ઉભા થઇ મોટા વન પ્રત્યે જવા તૈયાર થયા. તે સમયે વાસુદેવ ભગવાન પ્રણામ કરી તેમને આવી રીતે કહેવા લાગ્યા કે, હે રાજન ! સત્ય પ્રતિજ્ઞાવાળા ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનની ગાંડીવ પ્રત્યે વિખ્યાત એવી જે પ્રતિજ્ઞા છે એ તમે પણ જાણો છો. લોકમાં એને જે 'ગાંડીવ બીજાને આપ' એમ કહે, તે પુરૂષ એને વધ્ય થાય એવું તમે એને કહ્યું, વાસ્તે તે સત્ય પ્રતિજ્ઞાને રક્ષણ કરતા અર્જુને, હે મહીપતે ! મારી ઇચ્છાથી આ તમારો અવમાન કર્યો. ગુરૂજનોનો અવમાન છે તેજ તેમનો વધ છે, એ રીતે શાસ્ત્રમાં કહેલું છે. હે મહાબાહો ! તમે સત્યના રક્ષણ પ્રત્યે મારા તથા અર્જુનના બેઉના અતિક્રમણને ક્ષમા કરજો. હે મહારાજ ! અમે બેઉ તમારે શરણે આવ્યા છીએ, માટે હે રાજન ! પ્રણત તથા યાચના કરતા મારા અતિક્રમને ક્ષમા કરવા યોગ્ય છો. આજ રણભૂમિ પાપરૂપ રાધાપુત્રના રૂધિરનું પાન કરશે એવી હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું, વાસ્તે આજ સૂતપુત્ર હણાયો છે, એમ તમે જાણો. જેના વધને તમો ઇચ્છો છો એનું જીવત ગયું છે એમ જાણો. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ધર્મરાજ યુધિષ્ઠિર, સંભ્રમ થાય તે રીતે પોતાને પ્રણત થએલા ઋષીકેશ ભગવાનને ઉભા કરી બે હાથ જોડી આવી રીતે વચન કહેવા લાગ્યા કે, હે ગોવિંદ ! હે માધવ ! જે રીતે તમે કહો છો, તે રીતેજ મારો અતિક્રમ કર્યો છે. હે ભગવાન ! મને સારી રીતે ન્યાયથી તમે સમજાવ્યો તથા તાર્યો. હે અચ્યુત ! આજ ઘોર એવા વ્યસનથી તમે અમને મૂકાવ્યા. આજ તમ રૂપી પ્રભુને પ્રાપ્ત થઈ અજ્ઞાનથી મોહિત એવા અમે બેઉ ઘોર એવા દુઃખરૂપી સાગરથી પાર ઉતરી ગયા. હે અચ્યુત ! તમારી બુદ્ધિરૂપ નાવને પ્રાપ્ત થઇ અમાત્ય સહિત અમે દુઃખ તથા શોક રૂપ સમુદ્રને પેલે પાર ઉતરી ગયા, વાસ્તે તમવડે અમે સનાથજ છીએ.

त्वा बुद्धिप्लवमासाद्य दुःखशोकार्णवाद्वयम्
समुत्तीर्णाः सहामात्याः सनाथाः स्मस्त्वयाच्युत ॥

इतिश्री महाभारते कर्णपर्वणि युधिष्ठिर समाश्वासने गुर्जरभाषायां सप्ततितमोऽध्यायः ॥ ७० ॥

અધ્યાય ૭૧ મો. ધર્મના મનનું સમાધાન.

संजय उवाच—धर्मराजस्य तच्छ्रुत्वा प्रीतियुक्तं वचस्ततः ।
पार्थं प्रोवाच धर्मात्मा गोविन्दो यदुनन्दनः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ધર્મરાજનાં પ્રીતિ યુક્ત વચન સાંભળી યાદવ કુળને આનંદ આપનાર ધર્માત્મા ગોવિંદ ભગવાન અર્જુન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા. ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ ધર્મયુક્ત કુરૂશ્રેષ્ઠ એવા રાજાને હવે પ્રસન્ન કર. ભક્તિએ કરી રાજાને પ્રસન્ન કર. યુધિષ્ઠિર પ્રસન્ન થાય એટલે યુદ્ધ કરવા સારૂ સૂત પુત્રના રથ પ્રત્યે આપણે જઇએ. હે માનદ ! આજ સંગ્રામમાં તીક્ષ્ણ બાણે કરી કર્ણને હણી, ધર્મરાજને તું ઘણો હર્ષ ઉત્પન્ન કર. હે મહાબાહો ! આ સમયે મારા મત પ્રમાણે એ કરવું પ્રાપ્ત છે, કેમકે એમ કરવાથી તારૂં બધું કાર્ય સિદ્ધ થશે. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી હે મહારાજ ! લજ્જા યુક્ત અર્જુન, મસ્તકવડે ધર્મરાજના ચરણમાં પ્રણામ કરી ભરતકુળમાં શ્રેષ્ઠ એવા તેમને 'તમો પ્રસન્ન થાઓ' એમ વારંવાર કહેવા લાગ્યો. હે રાજન ! ધર્મને ઇચ્છતા બીરૂ એવા મેં જે કહ્યું તે ક્ષમા કરજો. હે ભરતર્ષભ ! એ રીતે પોતાના ચરણમાં પડેલા, રૂદન કરતા શત્રુને હણનાર એવા પોતાના ભાઇ અર્જુનને જોઇ તેને ઉભો કરી ધર્મરાજ યુધિષ્ઠિર, સ્નેહથી તેને મળી પોતે પણ રોવા લાગ્યા. અત્યંત મોટી કાંતિવાળા તે બેઉ ભાઇ, ઘણા વખત સુધી રૂદન કરી પછી પ્રીતિમાન થયા. ત્યાર પછી પાંડુ પુત્ર યુધિષ્ઠિર, અર્જુનને મળી પ્રેમથી તેનું મસ્તક સુંઘી પરમ પ્રીતિ યુક્ત ધર્મરાજ, વારંવાર વિસ્મયને પ્રાપ્ત થઇ મોટા ધનુષવાળા અર્જુન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે મહાબાહો ! હે મહેષ્વાસ ! કર્ણે બાણે કરી સર્વ સૈન્ય જોતાં સંગ્રામમાં યત્ન કરવા છતાં મારૂં કવચ, ધ્વજ, ધનુષ, શક્તિ, અશ્વ તથા બાણ કાપી નાંખ્યાં. હે ફાલ્ગુન ! હું સંગ્રામમાં તેનું કર્મ જોઇ અત્યંત ખેદ પામું છું. તે દુઃખને લીધે મારૂં જીવિત પણ મને પ્રિય લાગતું નથી, માટે આજ જો તું શૂરવીર એવા તેને સંગ્રામમાં મારીશ નહિ તો મારા પ્રાણ હું ત્યાગ કરીશ; કારણ એ દુઃખથી મારે જીવવાનો હવે શું અર્થ છે ? યુધિષ્ઠિરનાં વચન સાંભળી હે ભરતર્ષભ ! અર્જુન બોલ્યો કે હે રાજન ! હે મહીપતે ! તમારા પ્રસાદથી તમારા, ભીમસેનના તથા નકુલ સહદેવના સમ ખાઇ કહું છું કે આજ હું હણાયો તોપણ સંગ્રામમાં કર્ણને હણીશ. પૃથ્વીતલ ઉપર પડીશ પણ એને હણીશ એ સત્ય કહી, હું આયુધ ગ્રહણ કરૂં છું રાજાને આમ કહી અર્જુને માધવ ભગવાન પ્રત્યે આવી રીતે વચન કહ્યું કે, હે કૃષ્ણ ! આજ સંગ્રામમાં કર્ણને હણીશ એમાં સંશય નહિ. તમારી બુદ્ધિવડે દુરાત્માનો વધ થશે. હે રાજસત્તમ ! એવાં અર્જુનનાં વચન સાંભળી કેશવ ભગવાને અર્જુન પ્રત્યે કહ્યું કે, હે ભરતશ્રેષ્ઠ ! મહા બળવાન કર્ણને હણવા તું સમર્થ છે. હે મહારથ ! હે સત્તમ ! મારા મનમાં પણ નિરંતર એજ કામના રહ્યા કરે છે જે તું કર્ણને સંગ્રામમાં મારીશ. અર્જુનને આમ કહી વળી મતિમાન એવા ભગવાન, ધર્મનંદન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે યુધિષ્ઠિર ! આજ તમે અર્જુનને સાંત્વન કરવા તથા દુરાત્મા કર્ણના વધ વાસ્તે તેને આજ્ઞા કરવા યોગ્ય છો. હે પાંડુનંદન ! હું અને અર્જુન, કર્ણના બાણથી પીડિત થએલા તમને સાંભળી તમારી પ્રવૃત્તિ જાણવા સારૂ અહીં આવ્યા છીએ. હે રાજન ! તમે અહત છો એ ઘણું સારૂં થયું. તેમજ પકડાયા નહિ તે પણ ઘણું સારૂં થયું. હવે હે અનઘ ! અર્જુનને સાંત્વના કરો. જય વાસ્તે આજ્ઞા આપો. શ્રી કૃષ્ણનાં વચન સાંભળી યુધિષ્ઠિર રાજા, અર્જુન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હે પાર્થ ! હે પાંડવ ! આવ આવ મને ભેટ, મારા હિતરૂપ જે મને કહેવું હતું તે તેં કહ્યું અને મેં ક્ષમા કર્યું. હે પાર્થ ! હે ધનંજય ! હું તને આજ્ઞા આપું છું, કે જા કર્ણને માર અને

પોતાના ગુરુની શિક્ષાએ કરી, વા પોતાની વર્તણુકથી સર્પો જેમ પારકાઓને ઉદ્વેગ કરી તેમના બિલાદિકમાં જઈ પોતાના આત્માને છુપાવે છે, તેમ મદ્ય, માંસ, તથા પરસ્ત્રી સેવનાદિક પ્રાપ્ત કરી દંભથી પોતાને છુપાવે છે. તેમની પાસે રહેવાથી મૂઢ પુરૂષ મોહ પામે છે, કારણ સન્માર્ગ રસ્તે ચાલનારને તેઓ નરકમાં પાડવા વાસ્તે ભમાવે છે. પૂર્વે કહેલા સંન્યાસિયોએ પણ ભગવાનની પ્રાપ્તિ વાસ્તે સારી રીતે પરીક્ષા કરેલા સત્પુરૂષો સાથે મૈત્રી કરવી. "હું કદી પણ દેહાદિકનાં સુખ, દુઃખ, જરા તથા મરણાદિ ધર્મવાળો નથી, તેમજ જન્મ મરણ તથા મોક્ષ પણ મારે નથી, કારણ એ સર્વ મારે વિષે કલ્પિત છે," એમ જીવન્મુક્ત પુરૂષો જાણે છે. સાધુ વા અસાધુ કર્મ બ્રહ્મને બાધ કરતાં નથી એવા બ્રહ્મને જાણનારા મોક્ષ પામે છે; તેઓને પારકાએ કહેલાં નિંદાનાં વચનો સંતાપ આપતાં નથી, તેમ "મેં અધ્યયન કર્યું નહી તથા હોમ પણ કર્યો નહી." એ રીતે તેમના મનને ખેદ થતો નથી. જે પ્રજ્ઞાને ધીર પુરૂષો પામે, તે પ્રજ્ઞા તેમને બ્રહ્મવિદ્યાથી તરત પ્રાપ્ત થાય છે. એ રીતે જે પુરૂષ ગુરૂ ઉપદેશથી સર્વ ભૂત વિષે આત્માને દેખે, તેને ક્રિયાદિક તથા કર્માદિક વિષે બીજા પુરૂષો જોડાય, તેથી શું શોચ થાય? અર્થાત્ ન થાય; પણ તે ક્રિયાદિકમાં જોડાયલા પુરૂષોને શોચ થાય. જેમ ચોતરફ જળથી ભરેલા મોટા જળાશયમાં તૃષાથી પીડાયલા પુરૂષને, જેટલા જળે કરી સ્નાનપાનાદિકની સિદ્ધિ થાય, તેટલાએ કરીનેજ તે કૃતાર્થ થાય છે, તેમ સઘળા વેદ વિષે પણ ધ્યાન કરનાર જ્ઞાની પુરૂષને પોતાની ઇષ્ટ સિદ્ધિ થાય તેટલુંજ ગ્રહણ કરવું, કારણ વૃથા ગ્રંથનો ભાર વહેવો યોગ્ય નથી. એટલે કે પુરૂષે વેદમાંથી પોતાને ઉપયોગી હોય એટલું સારમાત્ર ગુરૂના વાક્યથી ગ્રહણ કરી યોગે કરી કૃતાર્થ થવું. અંગુષ્ઠમાત્ર, વ્યાપક, જન્માદિ શૂન્ય, જગતને નિયમસર રાખવામાં હંમેશ ઉદ્યુક્ત, રાત્રિ દિવસ વિચરનાર તથા તંદ્રારહિત પરમાત્મા હૃદયમાં રહ્યા છે, તોપણ દેખાતા નથી; તથાપિ અધિકારી વિદ્વાન પુરૂષ તેને જાણી બ્રહ્મરૂપ થાય છે. બ્રહ્મભાવ જેને અપરોક્ષ થયો છે, તે સર્વાત્મરૂપ થઈ કહે છે કે, "માતા, પિતા, પુત્ર તથા વૃદ્ધપિતામહ હું છું. સર્વનો આત્મા હું છું તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપ પણ હુંજ છું, મારા આત્માને વિષે તમે રહ્યા છો, તેમ મારા તમે નથી, ને તમારો હું નથી; મારૂં અધિષ્ઠાન આત્માજ છે, મારા જન્મનો પણ આત્માજ છે. હું અજન્મા છું, ને કાર્યને વિષે પટમાં તંતુઓની પેઠે ઓતપ્રોત રહેલો છું, સર્વ અધિષ્ઠાનવાળો તથા રાત્રિ દિવસ વિચરનાર તંદ્રા રહિત હું છું, માટે મનેજ હેતુ સર્વ પ્રાણીનો અંતરાત્મા, સર્વેશ્વર તથા સર્વ કર્તા જાણી વિદ્વાન બ્રહ્મ સંપન્ન થાય છે." પરમાત્મા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, દિવ્ય, જ્ઞાનરૂપી મનવાળો, સર્વ પ્રાણી વિષે અંતર્યામીરૂપે કરી રહેનાર સર્વ પ્રાણિયોનો પિતા, અને સર્વ શરીર વિષે હૃદયકમળમાં રહેલો છે એમ બ્રાહ્મણો જાણે છે.

अणोरणीयान्सुमनाः सर्वभूतेषु जागर्ति ।

पितरं सर्वभूतेषु पुष्करे निहितं विदुः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि सनत्सुजातपर्वणि [illegible]

षट्चत्वारिंशोऽध्यायः ॥ ४६ ॥

મેં તને દારૂણ વચન કહ્યાં છે તે નિમિત્ત ક્રોધ કરીશ નહિ. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર! હે મારિષ ! એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી મસ્તકથી પ્રણામ કરી અર્જુને, એ ભાઈના મોટા ભાઈના ચરણ ગ્રહણ કર્યા. તે સમયે યુધિષ્ઠિર રાજા, એ રીતે પીડિત થઇ પોતાના ચરણમાં પડેલા અર્જુનને ઉભો કરી મસ્તક સુંઘી વળી આવી રીતે બોલ્યા કે, હે ધનંજય! હે મહાબાહો ! તેં આ સમયે મને અત્યંત માન આપ્યું છે, વાસ્તે ફરીથી એ રીતે મહાત્મ્ય તથા વિજયને તું નિરંતર પ્રાપ્ત કર. યુધિષ્ઠિરનાં વચન સાંભળી કુંતિપુત્ર અર્જુન કહેવા લાગ્યો કે આજ બળે કરી ગર્વિષ્ટ પાપકર્મવાળા રાધાપુત્ર કર્ણને પરિવાર સહિત હું નાશ પમાડીશ. જેણે ધનુષ નમાવી બાણેકરી તમને પીડિત કર્યા, આજ કર્ણ તે કર્મના દારૂણ એવા ફળને પ્રાપ્ત થશે. હે મહીપતે ! આજ કર્ણને મારી તમને પ્રસન્ન કરવા સારૂ યુદ્ધમાંથી તમારી પાસે હું આવીશ, એ તમને હું સત્ય કહું છું, હે જગતીપતે ! આજ કર્ણને માર્યા વગર રણમાંથી પાછો નહિ વળું. તમારા ચરણનો સ્પર્શ કરી હું સત્ય કહું છું. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે કહેતા અર્જુન પ્રત્યે સુંદર છે મનં જેનું એવા યુધિષ્ઠિર અત્યંત મોટું આવી રીતનું વચન કેહેવા લાગ્યા કે અક્ષય એવું યશ, અભિષ્ટ જીવિત, સદા જય, પરાક્રમ, તથા તારા શત્રુઓનો ક્ષય થાઓ. તું વૃદ્ધિને પ્રાપ્ત થા. દેવતાઓ પણ તારી વૃદ્ધિ કરો અને જે રીતે હું ઇચ્છુ છું તે રીતે તારૂં શુભ થાઓ. સંગ્રામમાં જઇ પોતાની વૃદ્ધિ વાસ્તે ઇન્દ્રે જેમ વૃત્રાસુરને હણ્યો હતો તેમ તું કર્ણને હણ.

प्रयाहि वृद्धिं च दिशंतु देवता यथाहमिच्छामि तथास्तु तत्तथा ।
प्रयाहि शीघ्रं जहि कर्णमाहवे पुरंदरो वृत्रमिवात्मवृद्धये ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि अर्जुनप्रतिज्ञायां गुर्जरभाषायां एकसप्ततितमोऽध्यायः ॥ ७१ ॥

અધ્યાય ૭૨ મો. શ્રીકૃષ્ણે અર્જુનને ઉશ્કેર્યો.

संजय उवाच—प्रसाद्य धर्मराजानं प्रहृष्टेनांतरात्मना ।
पार्थः प्रोवाच गोविंदं सूतपुत्रवधोद्यतः ॥ १ ॥

સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! ધર્મરાજને પ્રસન્ન કરી અત્યંત પ્રસન્ન છે અંતરાત્મા જેનો એવા સૂતપુત્રના વધવિષે ઉદ્યુક્ત થએલા અર્જુને, ગોવિંદ ભગવાનને કહ્યું કે હે ગોવિંદ ! મારો રથ તૈયાર કરો ! ઉત્તમ અશ્વ જોડો, મારા મોટા રથમાં સર્વ આયુધ તૈયાર કરો. ઉત્તમ અશ્વ અને રથના ઉપકરણ સહિત સજ્જ થઇ જલદી આવો. હે ગોવિંદ! સૂતપુત્ર કર્ણને મારવાની ઇચ્છાથી મારો રથ રણમાં લઇ જાઓ. હે મહારાજ ! મહાત્મા અર્જુનનાં વચન સાંભળી શ્રીકૃષ્ણે દારૂક નામના પોતાના સારથિને કહ્યું કે ધનુષ ધરનારાઓમાં શ્રેષ્ઠ એવા અર્જુને જે રીતે કહ્યું તે પ્રમાણે કર. હે રાજસત્તમ ! એ રીતે શ્રીકૃષ્ણે જેને આજ્ઞા કરી છે એવા દારૂકે, વ્યાઘ્રના ચર્મથી મઢેલો શત્રુને તપાવનાર એવો રથ જોડી સજ્જ કર્યો અને મહાત્મા પાંડવની આગળ આણ્યો. મહાત્મા દારૂકે [illegible] કરેલા રથને જોઇ ધર્મરાજને પૂછી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી કલ્યાણને [illegible] નાર સુમંગલ રૂપ એવા તે ઉત્તમ રથમાં અર્જુન આરૂઢ થયો. તે સમયે મહાપ્રાજ્ઞ ધર્મરાજ યુધિષ્ઠિરે તેને આશિર્વાદ આપ્યો. પછી તેણે કર્ણના રથ સામે [illegible]

ભારત ! કર્ણના રથ સામે આવતા મોટા ધનુષવાળા તેને જોઇ સર્વ પ્રાણીઓ, 'મહાત્મા પાંડવે કર્ણને હણ્યો' એમજ માનવા લાગ્યાં. તે વેળાએ હે રાજન ! સર્વ દિશાઓ ચોતરફથી નિર્મળ થઈ. હે જનેશ્વર ! ચાષ, શતપુત્ર તથા ક્રૌંચ નામનાં પક્ષિઓ પાંડુપુત્ર અર્જુનને જમણાં થયાં. પુરૂષવાચક જેમનું નામ છે એવા યુદ્ધમાં અર્જુનને ઉતાવળ કરાવતા પ્રસન્ન રૂપવાળા ઘણાક પક્ષિઓ સુંદર એવી કલ્યાણ રૂપ વાણી બોલતા હતા. હે વિશાંપતે ! ભયંકર એવા કંક, ગૃધ્ર, બક, શ્યેન તથા કાકપક્ષિઓ માંસ વાસ્તે તેની આગળ જતા હતા. એ રીતે કર્ણના વધ માટે અર્જુનને થએલા ધન્ય રૂપ નિમિત્તને પ્રાણીઓ વખાણતા હતા. શત્રુ સૈન્યનો નાશ થશે, એમ પણ કહેતા હતા. એ રીતે કર્ણના રથ પ્રત્યે જતા અર્જુનને મોટો સ્વેદ ઉત્પન્ન થયો અને 'આ કેમ થશે' એમ મોટી ચિંતા ઉત્પન્ન થઇ. તે સમયે ચિંતાએ કરી વ્યાપ્ત એવા કર્ણના રથપ્રત્યે જતા ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનને જોઇ મધુસૂદન ભગવાન કહેવા લાગ્યા કે-હે ગાંડીવધન્વન ! ધનુષે કરી સંગ્રામમાં જેમને તેં જીત્યા તેમને જીતનાર આ લોકમાં તારા વિના બીજો કોઇ નથી. ઇન્દ્ર સમ પરાક્રમવાળા ઘણાક શૂરવીર મેં જોયા, તે પણ સંગ્રામવિષે શૂરવીર એવા તને પ્રાપ્ત થઈ પરમ ગતિને પ્રાપ્ત થયા. હે મારિષ ! દ્રોણ, ભીષ્મ, ભગદત્ત, અવંતિપુરીના વિંદ તથા અનુવિંદ, કાંબોજ એવો સુદક્ષિણ, મહા પરાક્રમી શ્રુતાયુષ તથા અચ્યુતાયુ સામે જઈ તારા સરખો ન હોય તે કોણ કુશલ રહે ? હે અર્જુન ! તારાં દિવ્ય એવાં અસ્ત્ર છે; તેમજ લાઘવ, બળ, યુદ્ધવિષે સંમોહરાહિત્ય, વિજ્ઞાન સંબંધી ઉન્નતિ, લક્ષવિષે વેધપાત તથા યોગ, એ બધા ગુણ તારે વિષે રહ્યા છે, વાસ્તે તું ચરાચર પ્રાણી તથા ગંધર્વ સહિત દેવને પણ હણે એમાં સંશય નહિ. હે પાર્થ ! પૃથ્વીવિષે સંગ્રામમાં યુદ્ધ કરનાર પુરૂષ પણ તારા સરખો બીજો છે નહિ. યુદ્ધમાં દુર્મદ એવા ધનુષ ગ્રહણ કરનાર જે કેટલાક છે તેઓમાંથી દેવતા સુધી હું જોઉં છું તો તારા જેવાને જોતો નથી અને સાંભળતો પણ નથી. બ્રહ્માએ પ્રજા સરજી અને ગાંડીવ નામનું મોટું ધનુષ પણ સરજ્યું. હે પાર્થ ! જેણે કરી તું યુદ્ધ કરે છે, વાસ્તે તારા જેવો બીજો કોઇ પણ યોદ્ધો નથી. તથાપિ હે પાંડવ ! મારે તો અવશ્ય કરીને તારૂં જે હિત હોય તે કહેવું જોઇએ, માટે કહું તે સાંભળ. હે મહાબાહો ! સંગ્રામમાં શોભિતા કર્ણને તુચ્છ ગણી તેનો તારે તિરસ્કાર કરવો નહિ, કેમકે બળવાન, મદોન્મત્ત, અસ્ત્ર શિખેલ, બાણ ફેંકવામાં કુશલ, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર તથા દેશકાલને જાણનાર એવો મહારથિ કર્ણ છે. હે પાંડવ ! આ વખતે ઘણું કહ્યાથી શું ? સંક્ષેપથી કંઇ કહું તે સાંભળ. મહારથિ કર્ણને તારા જેવો વા તારાથી પણ વિશિષ્ટ હું માનું છું. અત્યંત યત્ને કરી મહા સંગ્રામમાં તારે તેને મારવો. તેજે કરી અગ્નિ જેવો વેગમાં વાયુ સરખો, ક્રોધ વખતે કાળની જેને ઉપમા અપાય એવો, સિંહ સરખો પરાક્રમી, બળવાન, આજાન બાહુ હોવાને લીધે અષ્ટરત્નિ પરિમિત, મહાબાહુ, સ્થૂલ તથા મોટી છાતીવાળો, દુઃખેકરી કોઈથી જીતી શકાય નહિ એવો અભિમાની, શૂર, અત્યંત વીર, પ્રિય દેખાવવાળો, યોદ્ધાઓના સર્વ ગુણેકરી યુક્ત, મિત્રોને અભય કરનાર, નિરંતર પાંડવોનો દ્વેષી, દુર્યોધનના હિતમાં તત્પર, તથા તારા વિના ઇન્દ્ર સહિત સર્વ દેવતાઓએ પણ અવધ્ય એવી મારી મતિ છે. આજ તે સૂતપુત્ર કર્ણને તું હણ. માંસ તથા શોણિતને ધારણ કરનાર સાવધાન થએલા દેવ, તથા યુદ્ધ કરવા ઇચ્છતા બીજા સર્વ યોદ્ધાઓ રથમાં બેઠેલા જેને જીતવા સમર્થ થઈ શકે તેમ નથી. પાપબુદ્ધિવાળા, ક્રૂર, પાંડવોવિષે નિરંતર દુષ્ટ છે પ્રજ્ઞા જેની

એવા, તેમાં પાંડવ સાથે વિરોધ કરવામાં હીન છે સ્વાર્થ જેનો એવા દુરાત્મા કર્ણને હણી આજ તું નિશ્ચિતાર્થ થા. નથી કોઇ જીતનારો જેને એવા રથિમાં શ્રેષ્ઠ સૂતપુત્રને આજ કાળને વશ કરી ધર્મરાજને પ્રીતિ ઉત્પન્ન કર, હે પાર્થ ! સુર તથા અસુર દુઃખેકરીને પણ વારી શકે નહિ 'એવા તારા પરાક્રમને હું યથાર્થ જાણું છું. 'દુરાત્મા સૂતપુત્ર પણ સદા પાંડુપુત્રોનું અપમાન કરે છે. હે ધનંજય ! જેવડે પાપરૂપ દુર્યોધન, પોતાને શૂરવીર માને છે, પાપના મૂળરૂપ સૂત પુત્રને આજ તું હણ. હે ધનંજય ! ખડ્ગરૂપી જિહ્વા, ધનુષરૂપી મુખ, તથા બાણરૂપી દાઢવાળા, વેગવાન, મદોન્મત્ત પુરૂષસિંહ કર્ણને આજ હણ. જા હું તને આજ્ઞા આપું છું, વાસ્તે વીર્ય તથા બળે કરી કેશરી જેમ હસ્તિને મારે તેમ સંગ્રામમાં શૂરવીર એવા કર્ણને હણ. હે પાર્થ ! જેના પરાક્રમે કરી દુર્યોધન તારા પરાક્રમનો તિરસ્કાર કરે છે, તે સૂર્યપુત્ર કર્ણને આજ સંગ્રામમાં તું હણ.

यस्य वीर्येण वीर्यं ते धार्तराष्ट्रोवमन्यते ।
तमद्य पार्थ संग्रामे कर्णवैकर्तनं जहि ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कृष्णार्जुनसंवादे गुर्जरभाषायां द्विसप्ततितमोऽध्यायः ॥ ७२ ॥

અધ્યાય ૭૩ મો. આજ તું કર્ણને માર.

संजय उवाच—ततः पुनरमेयात्मा केशवोर्जुनमब्रवीत् ।
कृतसंकल्पमायांतं वधे कर्णस्य भारत ॥ १ ॥

સંજય કહે છે—હે ભારત ! હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી અપ્રમેય છે બુદ્ધિ જેમની એવા કેશવ ભગવાન, કર્ણના વધનો કર્યો છે સંકલ્પ જેણે એવા અર્જુનને કહેવા લાગ્યા કે, હે ભારત ! મનુષ્ય, હસ્તિ તથા અશ્વોના પ્રવર્તમાન થયેલા અતિ ઘોર વિનાશને આજ સત્તર દિવસ થયા, તેમાં હે વિશાંપતે ! પારકાઓ સહિત તમારી તરફનાઓની મોટી સેના પરસ્પર સંગ્રામને પ્રાપ્ત થઇ માત્ર થોડીજ અવશેષ રહી છે. હે પાર્થ ! ઘણાક છે અશ્વ તથા હસ્તિ જેમને, એવા કૌરવો પણ શત્રુ એવા તને પ્રાપ્ત થઈ રણ સંગ્રામને મોખરે વિનષ્ટ થયા. આ તારી તરફના રાજાઓ, સંજય, તથા પાંડવ આવેલા છે, તે પણ સંગ્રામમાં દુર્ધર્ષ એવા તને પ્રાપ્ત થઈ ઉભેલા છે. તેં રક્ષણ કરેલા શત્રુને હણનાર પંચાલ, પાંડવ, મત્સ્ય તથા ચેદિ સહિત કારૂષોએ શત્રુનો ક્ષય કર્યો. હે તાત ! તેં રક્ષણ કરેલા મહારથિ પાંડવો વિના યુદ્ધમાં કૌરવોને જીતવા બીજો કોઇ સમર્થ નથી. તું એકલો સાથે દેવતા, અસુર તથા મનુષ્ય સહિત ત્રણ લોકને સંગ્રામમાં જીતવા સમર્થ છે, ત્યારે કૌરવ બળ તારી આગળ કોણ માત્ર ? હે પુરૂષશાર્દૂલ ! ઇન્દ્રની જેને ઉપમા અપાય એવા ભગદત્ત રાજાને જીતવા તારા વિના બીજો કોણ સમર્થ થાય ? તેમજ હે અનઘ ! તેં રક્ષણ કરેલી આ મોટી સેનાને સર્વ રાજાઓ, ચક્ષુએ કરી જોવા પણ સમર્થ થતા ન હતા, તેમજ હે પાર્થ ! સંગ્રામમાં હમેશ તેં રક્ષણ કરેલા ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડિએ ભીષ્મ તથા દ્રોણને પાડ્યા. હે પાર્થ ! ઇન્દ્રતુલ્ય છે પરાક્રમ જેમનું અને ભારતોમાં મહારથિ એવા ભીષ્મ, દ્રોણને જીતવા પણ બીજો કોણ સમર્થ થાય ? હે પુરૂષવ્યાઘ્ર ! શાંતનુ પુત્ર ભીષ્મ,

દ્રોણ, કર્ણ, કૃપાચાર્ય, અશ્વત્થામા ભૂરિશ્રવા, કૃતવર્મા, સિંધુ દેશનો જયદ્રથ, મદ્રરાજા તથા દુર્યોધન સંગ્રામમાંથી પાછા ન ફરનાર, અસ્ત્ર શીખેલા, શૂરવીર, અક્ષૌહિણીના પતિ, યુદ્ધમાં દુર્મદ, ઉગ્ર એવા, એકઠા મળેલા સર્વને જીતવા તારા વિના બીજો કોણ પુરૂષ સમર્થ થાય? હે ભારત! વિદીર્ણ થયા છે અશ્વ, રથ તથા હસ્તિઓ જેમાં એવી ઘણીક ટુકડીઓ ક્ષીણ થઈ, ઉગ્ર એવા નાના દેશના યોદ્ધાઓ ક્ષીણ થયા; તેમજ હે ભારત! અસહનશીલ એવા ક્ષત્રિયો, ગોવાંસ, દાસમીય, વસાતિ, પ્રાચ્ય, વાટધાન, અભિમાની એવા ભોજ, તથા ઘણાક છે અશ્વ, અને ગજ જેમાં એવા સર્વ ક્ષત્રિયોની સેના તારી તથા ભીમસેન સામે આવી નિર્ધન (મરણ) થઈ. તેમજ ભયંકર છે કર્મ જેમનું એવા ઉગ્ર, તુષાર, યવન, ખશ, દાર્વાભિસાર, દરદ, શક, માઠર, તંગણ, ઓડ્રક, પુલિંદ, કિરાત, ઉગ્ર પરાક્રમવાળા પાર્વતીય, મ્લેચ્છ, સાગર તથા સજલ દેશમાં રહેનાર ક્રોધી, યુદ્ધમાં સમર્થ બળવાન દંડ છે હાથમાં જેમના, એવા દુર્યોધન વાસ્તે કૌરવ સહિત અત્યંત ક્રોધાયમાન થએલા યોદ્ધાઓને જીતવા તારા વિના બીજો કોણ સમર્થ થાય? વૃદ્ધિ પામેલા વ્યૂહરચનાથી ઉભેલા દુર્યોધનના મોટા સૈન્યને જો, તું રક્ષણ કરનાર ન હોત તો કોણ તેની સામે જાત? હે વિભો! સાગરની પેઠે ક્ષોભ પામેલું રત્નથી વિંટાયલું તે સૈન્ય, તે રક્ષણ કરેલા ક્રોધાયમાન એવા શત્રુઓએ હણ્યું. મગધ દેશના અધિપતિ મહા બળવાન જયત્સેનને પણ સંગ્રામમાં અભિમન્યુએ હણ્યો તેને આજ સાત દિવસ થયા ત્યાર પછી તે રાજાના પરિકર ભૂત એવા ભયંકર કર્મવાળા દશ હજાર હાથીને ભીમસેને ગદાએ કરીને હણ્યા.-તે પછી વળી ભીમસેને બળથકી બીજા પણ સેંકડો હસ્તિ તથા રથને હણ્યા.-હે પાંડવ! એ રીતે પ્રવર્તમાન થએલા મહા ભયંકર સંગ્રામમાં અશ્વ, હસ્તિ તથા રથ સહિત કૌરવો ભીમસેનને તથા તને પ્રાપ્ત થઈ આલોકમાંથી પરલોકમાં ગયા. તેમજ હે પાર્થ! પાંડવોએ સેનામુખને હણ્યું તે વેળાએ હે મારિષ! પરમાસ્ત્ર જાણનાર ભીષ્મે ઉગ્ર એવા બાણ સમુદાય નાખી ચેદિ કાશી પંચાલ, કરૂષ મત્સ્ય તથા કેકયોને આચ્છાદન કરી નિર્ધનને પ્રાપ્ત કર્યા. તેના ધનુષમાંથી નિકળેલા પારકા દેહને વિદારણ કરનાર સુવર્ણ પુંખવાળા બાણેકરી આકાશ પૂર્ણ થયું. જે એક એક મુષ્ટિએ કરી હજારો રથિઓને હણે એવા સમર્થ હતા તેમણે એકઠા મળેલા મહા બળવાન લક્ષાવધિ પુરૂષ તથા હસ્તિઓને હણ્યા. તેઓ પણ દશમી ગતિથી જઈ અશ્વ, રથ તથા હસ્તિઓને હણતા હતા. એ રીતે તેમણે દુષ્ટ એવી ગતિને છોડી દેઈ સંગ્રામમાં બાણ છોડ્યાં. તારા સૈન્યને હણતા ભીષ્મે યુદ્ધમાં રૂદ્ર તથા ઉપેંદ્ર સરખું પોતાનું રૂપ દેખાડી દશ દિવસ પર્યંત રથમાં બેસવાનાં સ્થાનક શૂન્ય કરી હસ્તિ તથા અશ્વને હણ્યા. ચેદિ, પાંચાલ, કેકય તથા બીજા રાજાઓને હણતા પાંડવની સેનાઓને નાશ કરતા હતા. એ રીતે વહાણ વગરના સમુદ્રમાં ડુબતા મંદબુદ્ધિવાળા દુર્યોધનનો ઉદ્ધાર કરવા ઇચ્છતા તે, રથ, અશ્વ તથા હસ્તિએ કરી સંકુલ એવી પાંડવી સેનાને બાળતા હતા.

તેરીતે સંગ્રામમાં વિચરતા તપતા સૂર્ય સરખા જયશીલ એવા તેને શ્રેષ્ઠ આયુધ છે હાથમાં જેમના એવા કરોડો પાયદળ, સંજય તથા બીજા રાજાઓ જોવા પણ સમર્થ થતા ન હતા. જે ભીષ્મ, મોટા એવા સર્વ ઉદ્યમે કરી પાંડવ સામે દોડી સંગ્રામમાં પાંડવ તથા સંજયોને પણ નસાડી એકજ પોતે સંગ્રામના મુખમાં વીરપણાને પ્રાપ્ત થયા. મોટા વ્રતવાળા પુરૂષમાં સિંહ રૂપ એવા તેની સામે જઈ શિખંડિએ રક્ષણ કરેલા તમોને સન્તાપ છે ... એવા ... બાણે કરી હણ્યા. ... પ્રાપ્ત થઈ

જેમ વૃત્રાસુર તેમ પુરૂષમાં સિંહરૂપ એવા તને પ્રાપ્ત થઇ પડેલા પિતામહ બાણશય્યામાં સુતા છે. કાળની જેને ઉપમા અપાય એવા ઉગ્ર મહારથિ દ્રોણ પણ પાંચ દિન સુધી [illegible] એવી વ્યૂહ રચના કરી શત્રુની સેનાને દમી મહારથિઓને પાડી સંગ્રામમાં જયદ્રથની રક્ષા કરી રાત્રિ યુદ્ધવિષે પ્રજાને તથા બાણથી યોદ્ધાઓને બાળી શૂરવીર એવા પ્રતાપવાન ધૃષ્ટદ્યુમ્નને પ્રાપ્ત થઈ પરમ ગતિને પ્રાપ્ત થયા. તે સમયે કર્ણ છે મુખ્ય જેમાં એવા યોદ્ધાઓને તું વારી ન રાખત તો સંગ્રામમાં દ્રોણનો નાશ ન થાત. હે ધનંજય ! દુર્યોધનનું સર્વ સૈન્ય તે વખતે તેં વારી રાખ્યું ત્યારે યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યને હણ્યા. હે પાર્થ ! જયદ્રથના વધ સમે જેવું કર્મ તેં કર્યું હતું એવું કર્મ તારા વિના બીજો કોઈ ક્ષત્રિય યુદ્ધમાં કદાપિ કરી શકે નહિ. રાજાઓ પણ જે સિંધુ રાજાના વધને આશ્ચર્ય રૂપ જાણતા હતા તે સિંધુ રાજાની તેં મોટી સેનાને વારી રાખી તથા શૂરવીર એવા રાજાઓને હણી અસ્ત્ર બળના તેજે કરી હણ્યો. હે પાર્થ ! હે ભારત ! તારે માટે તે કંઈ આશ્ચર્ય નથી; કારણ કે તું મહારથિ છે. હે ભારત ! ક્ષણ માત્રમાં સર્વને ભસ્મ કરવા સમર્થ એવા તને પ્રાપ્ત થઇ એક દિવસ પર્યંત સ્થાયી રહેલા ક્ષત્રિય સૈન્યને હું અત્યંત બળવાન જાણું છું. હે પાર્થ ! જ્યારથી ભીષ્મ તથા દ્રોણ હણાયા ત્યારથીજ હણાય છે સર્વસ્વ રૂપ શૂરવીર જેમાં એવી વિખરાએલા શ્રેષ્ઠ યોદ્ધા તથા હણાએલા વાજી, રથ અને હસ્તિવાળી ભયંકર દુર્યોધનની સેના સૂર્ય, ચન્દ્ર તથા નક્ષત્ર વગર જેવું આકાશ દિસે તેવી દીસે છે. હે ભયંકર પરાક્રમવાળા ! પૂર્વે જેમ ઇન્દ્રના પરાક્રમે કરી આસુરી સેના હણાઇ હતી તેમ તારા પરાક્રમે કરી આ સેના પણ હણાયલી જ છે, તેમ હણાતાં બાકી રહેલાઓમાંથી અશ્વત્થામા, કૃતવર્મા, કર્ણ, શલ્ય, તથા કૃપાચાર્ય, એ પાંચ મહારથિઓ રહ્યા છે, તેમને આજ હણી, હે નરવ્યાઘ્ર ! હણાયા છે શત્રુ જેના એવો તુ દ્વીપ, શહેર, આકાશ, જળ, પાતાળ, પર્વત તથા મહાવન સહિત પૃથ્વી યુધિષ્ઠિરને આપ. પૂર્વે દૈત્ય તથા દાનવોને હણી વિષ્ણુ ભગવાનને આ પૃથ્વી મળી હતી તેમ આજં અમિત છે પરાક્રમ તથા શોભા જેની એવા યુધિષ્ઠિર રાજા, આ પૃથ્વીને પ્રાપ્ત થાઓ. ભગવાને જેમ પૃથ્વી ઇન્દ્રને આપી હતી તેમ આ સમયે તુ રાજાને આપ. વિષ્ણુએ દાનવોને હણ્યા તેથી દેવતાઓ જેમ પ્રસન્ન થયા હતા, તેમ આજ તુ શત્રુઓને માર, તે વડે પંચાલો પ્રસન્ન થાઓ, અથવા મનુષ્યમાં શ્રેષ્ઠ એવા દ્રોણને તું ગુરૂ માનતો હોઉ તેથી અશ્વત્થામા ઉપર દયા હોય અને આચાર્યપણાની ગુરૂતાને લીધે કૃપાચાર્ય વિષે પણ તેમ હોય, તેમજ અત્યંત આદર આપેલા માતૃ બાંધવ એવા બંધુને માનતો હોય તો કૃતવર્મા પાસે જઇ તેને પણ યમલોક મોકલતો નહિં; ન માયા ભાઇ એવા મદ્રદેશના અધિપતિ શલ્યને પ્રાપ્ત થઈ હે અરવિંદાક્ષ ! દયાવાન એવો તું તેને મારવા ના ઇચ્છતો હોય તો પણ પાંડવો પ્રત્યે અત્યંત પાપ મતિવાળા ક્ષુદ્ર એવા કર્ણને તો હે નરશ્રેષ્ઠ ! અત્યંત તીક્ષ્ણ એવા બાણે કરી આજ તું હણ. એ તારે કર્મ સુકૃત રૂપ છે એમાં કંઇ પણ વિચાર કરવા જેવું નથી. અમે પણ એ કામ કરવાની આજ્ઞા આપીએ છીએ, વાસ્તે એમાં કંઇ પણ દોષ નથી. હે અનઘ ! માતા સહિત તમને લાક્ષા ગૃહ વિષે બાળી દેવામાં તથા તમારી સાથે દ્યૂત રમાડનાર જે હતો, દુર્યોધન નિરંતર પોતાના રક્ષણને કર્ણથીજ શોધે છે. અત્યંત ક્રોધાયમાન થએલો તે, મન નિગ્રહ [illegible] આરંભ કરતો હતો તે પણ, તેનેજ લીધે. હે માનદ ! સંગ્રામમાં સર્વ પાંડવોને [illegible] જીતશે, એમાં સંશય નહિ, દુર્યોધન આમ માને છે. કેશવ હે કૌન્તેય ! [illegible]

છતાં પણ તારી સાથે દુર્યોધને જે વિગ્રહ કર્યો તે પણ કર્ણના આશ્રયને લીધે જ કર્યો છે. સામા આવેલા પાંડવોને તથા દાશાર્હ એવા મહારથિ વાસુદેવને હું જીતીશ, એમ કર્ણ નિરંતર કહે છે, તેમ કહી અત્યંત દુર્મતિવાળાં દુરાત્મા દુર્યોધનને ઉત્સાહ આપી સંગ્રામમાં ગર્જના કરે છે માટે કર્ણને આજ તું હણ. તમારી તરફ દુર્યોધને જે પાપ કર્મ કર્યું તે પાપ મતિવાળા દુષ્ટાત્મા કર્ણને આભારી છે. વૃષભ જેવા નેત્રવાળા, પુરૂષમાં શ્રેષ્ઠ શૂરવીર દ્રોણ, દ્રૌણી તથા કૃપાચાર્યને આકર્ષણ કરતા હસ્તિઓને મનુષ્ય વગરના, મહારથિઓને રથ વિનાના, સ્વાર વગર અશ્વને, આયુધ તથા જીવિત વિનાના પાયદળોને કરતા સ્કંધવાળા કૌરવ તથા વૃષ્ણિ કુળના યશને વધારનાર, સૈન્યોને દમતા મહા રથિઓ રણમાં પાડતા મનુષ્ય, અશ્વ તથા હસ્તિઓને યમ લોક પ્રત્યે પોચાડતા બાણે કરી સૈન્યને જાણે બાળતા હોય નહીં, એવા દેખાતા શૂરવીર સુભદ્રા પુત્રને દુર્યોધન તરફના ક્રૂર એવા છ મહારથિઓએ હણ્યો, તે મેં જોયું. તે સ્મરણ કરૂં છું ત્યારે હે સખે ! મારૂં શરીર બળે છે. તારા શપથ ખાઇ એમ કહું છું. હે પ્રભો ! તે વેળાએ એ દુષ્ટાત્મા કર્ણે દ્રોહ કર્યો હતો. સંગ્રામમાં અભિમન્યુની આગળ ઉભો રહેવામાં અસમર્થ, તેના બાણથી બેહાયલો, સંજ્ઞા રહિત, રૂધિરે કરી વ્યાપ્ત, શ્વાસોચ્છ્વાસ કરતો, ક્રોધે કરી સંદીપ્ત, વિમુખ થએલો, બાણથી પીડિત, સંગ્રામમાં ભાગી જવાનો કર્યો છે ઉત્સાહ જેણે એવો જીવિત વિષે નિરાશ થએલો, મહારથિ, થયો છે શ્રમ જેને એવો અત્યંત વિહ્વલ થએલો કર્ણ, સંગ્રામ વિષે ઉભો હતો. તેટલામાં કાળને લગતું દ્રોણનું ક્રૂર વચન સાંભળી, કર્ણે અભિમન્યુનું ધનુષ કાપી નાખ્યું. ત્યાર પછી તેણે, છિન્ન છે આયુધ જેનું એવા તેને પાપિષ્ટ બુદ્ધિવાળા પાંચ મહારથિઓએ બાણની વૃષ્ટિથી હણ્યો. તે હણાયો તે જોઇ બધાઓને દુઃખ પ્રાપ્ત થયું અને દુષ્ટાત્મા એવો કર્ણ તથા દુર્યોધન એ બે હાસ્ય કરવા લાગ્યા. કૌરવ તથા પાંડવની સમક્ષ સભામાં ક્રૂરની પેઠે કર્ણે દ્રૌપદીને કઠોર વચન કહ્યાં હતાં, જે ' હે કૃષ્ણે ! પાંડવો નષ્ટ થયા અને શાશ્વત એવા નરકને પ્રાપ્ત થયા, વાસ્તે હે પૃથુશ્રોણિ ! હે મૃદુભાષિણિ ! બીજા પતિને વર; આ તું ધૃતરાષ્ટ્રની દાસી થઇ. વાંકાં છે કમળ જેવાં નેત્ર જેનાં એવી તું તેના ઘરમાં પ્રવેશ કર. હે કૃષ્ણે ! કોઇ રીતે પણ તારા પતિ હવે સમર્થ થાય એમ નથી. હે શોભને ! હે પાંચાલિ ! દાસ ભાર્યા એવી તું પોતે હવે દાસી થા. આજ પૃથ્વીને વિષે રાજા તો એક દુર્યોધનજ છે. બીજા બધા રાજાઓ એથી પોતાનું યોગ્ય ક્ષેમ ઇચ્છનાર છે. હે ભદ્રે ! સંઘાથે નાશ થએલા પાંડવોને જો, આ તો ષંઢતિલ છે, વાસ્તે હવે તો નોકરની પેઠે કુરૂ કુળમાં ઉત્પન્ન થએલા રાજા દુર્યોધનની ઉપાસના કર. હે ભારત ! અધર્મને અનુસરનાર, પરમ દુર્મતિવાળો પાપરૂપ કર્ણ, તારા સાંભળતાં એ રીતે પાપરૂપ વચન કહેતો હતો. આજ સુવર્ણથી શોભિતા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા જીવિતને હણનાર તારા નાખેલા બાણ પાપરૂપ એવા તેનાં તે વાક્યને શમાવો. દુષ્ટાત્મા એવા કર્ણે, બીજાં પણ જે પાપ તારે વિષે કર્યાં છે તેને તથા એના જીવિતને આજ તારા બાણ શમાવો. ગાંડીવમાંથી નીકળેલા શરીરને સ્પર્શ કરનાર ઘોર એવા તારા બાણને પ્રાપ્ત થઇ દુષ્ટાત્મા કર્ણ પડો. દ્રોણ તથા ભીષ્મના વચનને યાદ કર. સુવર્ણના પુંખવાળા, શત્રુને હણનાર, વીજળી જેવી કાંતિવાળા તેં નાખેલા બાણ, તેના મર્મસ્થાનને ભેદી તેનું રૂધિર પાન કરો, તારા ધનુષ્યથી મુક્ત થયેલા, મોટા વેગવાળા ઉગ્ર એવા તારા મોટા બાણ આજ કર્ણના મર્મસ્થાનને ભેદી તેને યમલોક પ્રત્યે મોકલો. આ તારા બાણથી પીડાયેલા ભેદ-

યુક્ત મનવાળા હાહાકાર કરતા દીન એવા રાજાઓ, રથમાંથી પડતા કર્ણને જુઓ. આજ રણ સંગ્રામમાં, હણાયાં છે આયુધ જેનાં, એવા રણભૂમિ વિષે સુતેલા કર્ણને દીન એવા બાંધવો જુઓ. આજ બાણથી મંથન કરેલો હસ્તિના ગળાની દોરીના ચિન્હવાળો તેનો રથ અને ધ્વજ કંપાયમાન થઇ પૃથ્વી વિષે પડો. વળી સેંકડો બાણથી છિન્નભિન્ન કરેલા સુવર્ણથી શોભિત અને હણાયા છે યોદ્ધા તથા અશ્વ જેના એવા રથને છોડી દેઇ ભયને પામેલો શલ્ય પલાયન કરો. સૂતપુત્ર જોતાં તેના પુત્રને પ્રતિજ્ઞાને વારણ કરવા સારૂ બાણથી હણો. હણાયલા પ્રિય પુત્રને જોઇ દુર્બુદ્ધિવાળો કર્ણ, દ્રોણ, ભીષ્મ તથા દુર્યોધનના વચનને યાદ કરો. ત્યાર પછી તેં હણેલા અધિરથ પુત્ર કર્ણને જોઇ શત્રુ એવો દુર્યોધન, જીવિત તથા રાજ્યવિષે નિરાશ થાઓ. હે ભરતશ્રેષ્ઠ ! કર્ણે તીક્ષ્ણ બાણેકરી હણેલા પાંચાલ, પાંડવોને ઉદ્ધાર કરવાની ઇચ્છાથી દોડે છે. તેમજ પંચાલ, દ્રોપદીના પુત્ર, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, ધૃષ્ટદ્યુમ્નના પુત્ર, નકુળપુત્ર શતાનિક, નકુલ, સહદેવ, દુર્મુખ, જનમેજય, સુધર્મા તથા સાત્યકિ, એ સર્વ કર્ણથી બીએ છે. હે પરંતપ ! કર્ણે હણવા માંડેલા, તું છે બંધુ જેમનો એવા પંચાલોનો સંગ્રામમાં ભયંકર એવો આ શબ્દ સંભળાય છે. મોટા ધનુષવાળા પંચાલ, મહા સંગ્રામમાં મૃત્યુને ગણે નહિ, ભયભીત થઈ કોઇ રીતે પણ વિમુખ થાય નહિ, કારણ કે જે એકલાએ બાણના ઓઘેકરી પાંડવની સેનાને વિંટી લીધી હતી તે ભીષ્મને પ્રાપ્ત થઇ નાઠા ન હતા તે આજ કેમ નાસવા લાગે ? તેમજ જે એકલા દિવસે દિવસે સર્વ પંચાલોનો નાશ કરતા હતા, અને જે શૂરવીર સર્વ પંચાલોના રથ સમુદાયવિષે કાળની પેઠે વિચરતા હતા. સર્વ ધનુષ્માનના ગુરૂ અસ્ત્રાગ્નિને પ્રજ્વલિત કર્તા પોતાના બળેકરી સેનાને બાળતા કોઇથી સહન થાય નહિ એવા શત્રુરૂપ દ્રોણને પ્રાપ્ત થઇને પણ મિત્રવત્સલ એવા જે સંગ્રામમાં શત્રુને જીતવા સારૂ, નિરંતર હર્ષિત રહેતા હતા તે પંચાલ ક્યારે પણ અધિરથ પુત્ર કર્ણથી વિમુખ થાય નહિ. વેગવાન પંચાલોના પ્રાણને શૂરવીર કર્ણ બાણેકરી અગ્નિ જેમ પતંગ નામના જંતુઓના પ્રાણ ગ્રહણ કરે, તેમ ગ્રહણ કરે છે. હે ભરતશ્રેષ્ઠ ! યુદ્ધ કરનારાઓએ નસાડેલા પંચાલ નાઠા જાય છે. કર્ણે નસાડેલા તેમને જો. તે રીતે સન્મુખ ચાલનાર, મિત્ર વાસ્તે ત્યાગ કર્યું છે જીવિત જેમણે એવા શૂરવીર સેંકડોને રાધાપુત્ર કર્ણ હણે છે. હે ભારત ! મોટા ધનુષવાળા, નાવ વગરના અગાધ એવા કર્ણરૂપી અર્ણવમાં ડુબતા પંચાલોને નાવરૂપ થઇ તું રક્ષણ કરવા યોગ્ય છે. ઋષિમાં અત્યંત શ્રેષ્ઠ એવા ભૃગુકુળમાં ઉત્પન્ન થએલા પરશુરામથી જે અસ્ત્ર કર્ણને પ્રાપ્ત થયું છે તેનું આ રૂપ દેખાય છે. સર્વ સૈન્યને તપાવનાર, ભયંકર રૂપવાળું અત્યંત દારૂણ, મોટી સેનાને વિંટી લેઇ પોતાના તેજથી તે પ્રજ્વલિત દેખાય છે. સંગ્રામમાં કર્ણના ધનુષમાંથી નિકળેલા આ બાણ ભમરોના સમુદાયની પેઠે વિચરે છે અને તમારી તરફનાઓને તપાવે છે. હે ભારત ! આ પંચાલો, અનાત્મ પુરૂષોએ દુર્નિવાર્ય એવા કર્ણના અસ્ત્રને પ્રાપ્ત થઇ સર્વ દિશાઓમાં દોડે છે તે પાપી તરફથી વિંટાયલો દૃઢ ક્રોધવાળો ભીમસેન, સૃંજયો સાથે કર્ણને યુદ્ધ કરાવી તીક્ષ્ણ બાણેકરી તેને પીડે છે. હે ભારત ! તોપણ દેહપ્રત્યે પ્રાપ્ત થએલ ઉપેક્ષિત એવો રોગ જેમ દેહને હણે તેમ ઉપેક્ષા કરેલો કર્ણ, પાંડવ, સૃંજય તથા પંચાલોને હણે છે. યુધિષ્ઠિરના સૈન્યમાં રાધાપુત્ર કર્ણને પ્રાપ્ત થઇ કુશલ ઘેર જાય એવો તારાવિના બીજો [illegible] જોતો નથી. વાસ્તે હે નરર્ષભ ! આજ તીક્ષ્ણ બાણેકરી પ્રતિજ્ઞા [illegible]
તું કીર્તિને પ્રાપ્ત થા. હે પુરુષસિંહ ! [illegible]

બીજો કોઈ નથી, એ હું તને સત્ય કહું છું. હે નરોત્તમ! હે પાર્થ! મહારથિ કર્ણને હણવારૂપી મોટું કર્મ કરી કૃતાર્થ એવો ફલ સહિત તું સુખી થા.

एतत्कृत्वा महत्कर्म हत्वा कर्णमहारथं ।
कृतार्थः सफलः पार्थ सुखीभव नरोत्तम ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कृष्णवाक्ये गुर्ज्जरभाषायां त्रिसप्ततितमोऽध्यायः ॥ ७३ ॥

અધ્યાય ૭૪ મો. અર્જુનને ચઢેલો ઉત્સાહ.

संजय उवाच—सकेशवस्य बीभत्सुः श्रुत्वा भारत भाषितं ।
विशोकः संप्रहृष्टश्च क्षणेन समपद्यत ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે ભારત! કેશવ ભગવાનનું બોલવું સાંભળી ક્ષણ માત્રમાં શોકરહિત તથા અત્યંત પ્રસન્ન થઇ તત્કાલ પ્રત્યંચાનો સ્પર્શ કરી ગાંડીવ ધનુષ ખેંચી કર્ણના વિનાશ વાસ્તે અર્જુન તેને લક્ષ કરી કેશવ ભગવાન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો. લોકમાં ભૂત ભવિષ્યના કર્તા તમે મને આજ પ્રસન્ન થયા, વાસ્તે હે ગોવિંદ! હે નાથ! જરૂર મારો જય થશે. હે કૃષ્ણ! તમે જેને સહાય છો એવો હું, સામે આવેલા ત્રણ લોકને પણ પરલોક પમાડું ત્યારે મહા સંગ્રામમાં કર્ણને પાડું તેમાં શું આશ્ચર્ય! હે જનાર્દન! ભાગતી એવી પંચાલોની સેનાને તથા નિર્ભયની પેઠે સંગ્રામમાં વિચરતા કર્ણને હું જોઉં છું. હે વાર્ષ્ણેય! હે કૃષ્ણ! ઇન્દ્ર જેમ વજ્રને નાખે તેમ કર્ણે સજેલા ચોતરફ પ્રજ્વલિત એવા ભાર્ગવાસ્ત્રને પણ હું જોઉં છું. જે સંગ્રામવિષે મેં હણેલા કર્ણને જ્યાં સુધી પૃથ્વી પ્રાણીઓને ધારણ કરશે ત્યાં સુધી લોકો યાદ કરે, એવો આ સંગ્રામ થશે. હે કૃષ્ણ! આજ ગાંડીવ ધનુષમાંથી મારે હાથે મૂકેલા શત્રુનો ક્ષય કરનાર બાણ, કર્ણને મૃત્યુ લોક પ્રત્યે મોકલશે. આજ ધૃતરાષ્ટ્ર રાજાએ જે બુદ્ધિએ કરી રાજ્યને લાયક નહિ એવા દુર્યોધનને રાજ્ય ઉપર અભિષેક કર્યો, તે માટે પોતાની બુદ્ધિનો તે તિરસ્કાર કરશે. હે મહાબાહો! આજ ધૃતરાષ્ટ્ર રાજા રાજ્યસુખ, લક્ષ્મી, દેશ, નગર તથા પુત્રોથી વિમુક્ત થશે. હે કૃષ્ણ! જે રાજા, ગુણવાનનો દ્વેષ કરે અને ગુણ વગરનાને નિરંતર ભજે તે, જલદીથી ક્ષય પામે છે, હે જનાર્દન! જેમ કોઇ એક પુરૂષ મોટા આંબાના વનને કાપી, તેના ફળને જોઇ અત્યંત દુઃખી થાય, તેમ ગુણવાનનો તિરસ્કાર કરનાર પણ પાછળથી દુઃખી થાય છે. સતપુત્ર કર્ણને હું હણીશ એટલે ધૃતરાષ્ટ્રરાજા નિરાશ થશે. હે કૃષ્ણ! આજ હું કર્ણને હણીશ, એટલે દુર્યોધન રાજા, રાજ્ય તથા જીવિતથી નિરાશ થશે, એ હું તમોને સત્ય કહું છું. આજ બાણેકરી મેં હણેલા કર્ણને જોઈ ધૃતરાષ્ટ્ર રાજા, તમે શાંતિ વાસ્તે વિષ્ટિ કરવા ગયા હતા તે વખતના તમારા વાક્યને યાદ કરશે. હે કૃષ્ણ! આજ આ સુબલ પુત્ર શકુનિ, બાણને શર, ગાંડીવને દ્યૂત, અને રથપ્રત્યે રહેલા મંડલને સોગટી મૂકવાનું વસ્ત્ર જાણો. હે ગોવિંદ! આજ હું તીક્ષ્ણ બાણેકરી કર્ણને હણી કુંતિપુત્ર યુધિષ્ઠિરના ઘણા દિવસના ઉજાગરા ટાળીશ. સૂતપુત્રને હું હણીશ તેથી અત્યંત પ્રસન્ન છે મન જેનું એવા હર્ષિત થએલા કુંતિપુત્ર ધર્મરાજ સુખને પ્રાપ્ત થાઓ. આજ હું, હે

કેશવ ! કર્ણના જીવિતને ભ્રંશ કરનાર, કોઇથી સહન થાય નહિ એવો અપ્રતિમ બાણ નાખીશ. દુરાત્મા કર્ણે મારા વધવિષે આવી રીતનું તો વ્રત ગ્રહણ કરેલું છે કે, જ્યાં સુધી હું અર્જુનને નહિ હણું, ત્યાં સુધી પગ ધોવરાવીશ નહિ. હે મધુસૂદન ! મહા પાપરૂપ એવા તેનું તે વ્રત ફોગટ કરી, સન્નત છે પર્વ જેનાં એવા બાણેકરી રથમાંથી તેની કાયાને હું નીચે પાડીશ. સંગ્રામમાં આવેલો કર્ણ, પૃથ્વીવિષે મારાવિના બીજો કોઇ પુરૂષ છે, એમ માનતો નથી, તે સૂતપુત્રનું રૂધિર આજ પૃથ્વી પાન કરશે, પોતાના ગુણનાં વખાણ કરતાં ધૃતરાષ્ટ્રના મતમાં રહેલા સૂતપુત્ર કર્ણે, દ્રૌપદીને કહ્યું હતું કે, તું પતિ વગરની છે, તે વચનોને સર્પની પેઠે ક્રોધે ભરાયેલા તીક્ષ્ણ એવા મારા બાણ ખોટાં પડશે અને તેના રૂધિરનું પાન કરશે. હસ્ત લાઘવીથી મેં મૂકેલા વીજળી સરખી કાંતિવાળા ગાંડીવમાંથી નીકળેલા નારાચ નામના બાણ કર્ણને પરમ ગતિ આપશે. સભાના મધ્યમાં પાંડવોને તુચ્છ ગણી પાંચાલી પ્રત્યે જે ક્રૂર વચન તેણે કહ્યાં છે તે યાદ કરી, આજ રાધાપુત્ર તપાયમાન થશે. દુરાત્મા એવો સૂતપુત્ર વૈકર્તન કર્ણ હણાવાથી, જે ત્યાં ષંઢતિલ હતાં તે આજ ખરા તિલ થશે. પોતાના ગુણને વખાણતા કર્ણે ધૃતરાષ્ટ્રના પુત્રોને કહ્યું હતું કે પાંડવોથકી હું તમારી રક્ષા કરીશ, એવી રીતના તેના ભાષણને તીક્ષ્ણ એવા મારા ભયંકર બાણ, અનૃત કરશે. વળી જેણે કહ્યું હતું કે પુત્ર સહિત સર્વ પાંડવોને હું હણીશ, અને તેમનો સર્વ ઉદ્યોગ સમાપ્તિને પ્રાપ્ત થશે, તે કર્ણને સર્વ ધનુષ ધરનાર જોતાં યુદ્ધમાં આજ હું હણીશ. જેના પરાક્રમનો આશ્રય કરી મોટા મનવાળો દુરાત્મા ગાંધારીપુત્ર દુર્યોધન, નિરંતર આપણું અપમાન કરે છે તે કર્ણને આજ સંગ્રામમાં હણી યુધિષ્ઠિરને હું સંતુષ્ટ કરીશ. નાના પ્રકારના બાણ મૂકી શત્રુઓને ત્રાસ પમાડી કર્ણ પર્યંત ધનુષ ખેંચી યમદેશને વધારનાર બાણેકરી પાડેલા એવા રથ તથા કુંજરે કરી પૃથ્વીને શોભાવીશ. મોટા સંગ્રામમાં આજ હું સંપન્ન, યુદ્ધમાં દુર્મદ એવા ભયંકર કર્ણને બાણેકરી મારીશ. હે કૃષ્ણ ! આજ કર્ણને હણવાથી ભયભીત થએલા રાજાઓ સહિત દુર્યોધન તરફના યોદ્ધાઓ, સિંહથી ત્રાસ પામેલા મૃગ નાસી જાય તેમ દિશાઓમાં નાસી જશે. આજ સંગ્રામમાં પુત્ર તથા આપ્તજન સહિત કર્ણને મેં હણવાથી દુર્યોધન રાજા પોતાના આત્માનો શોચ કરશે. હે કૃષ્ણ ! આજ હણાયલા કર્ણને જોઇ અત્યંત અસહનશીલ દુર્યોધન, મને સર્વ ધનુષ ધરનારમાં અત્યંત શ્રેષ્ઠ જાણો. આજ પુત્ર, અમાત્ય, તથા ભૃત્ય સહિત ધૃતરાષ્ટ્ર રાજાને રાજ્યવિષે હું નિરાશ કરીશ. હે કેશવ ! આજ બાણેકરી કપાઇ ગએલ કર્ણના અંગપ્રત્યંગ માંસ ખાનાર બીજાં જૂદાં જૂદાં પ્રાણીઓ વિચરશે. હે મધુસૂદન ! કૃષ્ણ ! આજ સર્વ ધનુષ ધરનાર જોતાં રાધાપુત્ર કર્ણનું મસ્તક હું કાપી નાખીશ. હે મધુસૂદન ! સંગ્રામમાં તીક્ષ્ણ એવા વિપાઠ તથા ક્ષુર નામના બાણેકરી દુરાત્મા એવા રાધાપુત્રનાં ગાત્ર હું કાપી નાખીશ, આજ શૂરવીર એવા યુધિષ્ઠિર રાજા, મોટા કષ્ટને તથા ઘણા કાળથી પોતાવિષે ધારણ કરેલા માનસ સંતાપને ત્યાગ કરશે. હે કેશવ ! આજ હું બાંધવ સહિત રાધાપુત્રને હણી ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાને પ્રસન્ન કરીશ. હે કૃષ્ણ ! આજ હું યુદ્ધમાં સર્પ તથા વિષની જેને ઉપમા અપાય એવા અગ્નિ સરખા બાણે કરી કૃપણ એવા કર્ણની પાછળ ચાલનારાઓને હણીશ. હે ગોવિંદ ! સુવર્ણનાં છે કવચ જેમનાં એવા મણિમય કુંડળ પહેરેલા રાજાઓવડે પૃથ્વીને ભરી દેઇશ. હે મધુસૂદન ! અભિમન્યુના સર્વ શત્રુનાં ગાત્ર તથા મસ્તકોને તીક્ષ્ણ બાણે કરી હું મંથન કરીશ. હે કેશવ ! આજ દુર્યોધન તરફની

પૃથ્વી હું ભાઇને આપીશ, અથવા અર્જુન વગરની પૃથ્વી પ્રત્યે તમે વિચરશો. હે કૃષ્ણ! આજ હું ધનુષ ધરનાર, તેમ કૌરવો બાણ તથા ગાંડીવ ધનુષના ઋણ રહિત થઇશું. હે કૃષ્ણ! આજ હું સંગ્રામમાં ઇંદ્ર જેમ શંબરાસુરને હણે તેમ કર્ણને હણી, તેર વર્ષ પર્યંત વેઠેલાં દુઃખમાંથી મુક્ત થઇશ. આજ યુદ્ધમાં કર્ણને હણવાથી યુદ્ધમાં મિત્રના કાર્યને ઇચ્છતા સોમકોના મહારથિઓ, કાર્ય કર્યું એમ માનો. આજ કર્ણ હણાવાથી મને તથા સાત્યકિને પણ આનંદ થાઓ. જયાધિક એવો હું હણાવાથી સાત્યકિને કેમ પ્રીતિ થાય? વાસ્તે હું સંગ્રામમાં મહારથિ કર્ણને તથા એના પુત્રને હણી ભીમ, નકુલ, સહદેવ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા પંચાલોને પણ પ્રીતિ ઉત્પન્ન કરીશ. આજ સંગ્રામમાં કર્ણને હણી હું અનૃણીપણાને પ્રાપ્ત થઇશ. આજ સંગ્રામમાં કારવો સાથે યુદ્ધ કરતા કર્ણને હણતાં અસહનશીલ અર્જુનને સંગ્રામમાં બધા જુઓ. હે માધવ! વળી તમારી પાસે મારી સ્તુતિ હું કહું તે સાંભળો. લોક વિષે ધનુર્વેદમાં મારા જેવો કોઇ છે નહિ, ને પરાક્રમવિષે પણ મારા સમાન કોઇ વીર નથી મારા સરખો બીજો ક્ષમાવાન્ પણ કોઇ નથી. તેમ ક્રોધ વિષે પણ મારા સરખો કોઇ નથી. ધનુષ્યમાન્ એવો હું, અસુર, સુર તથા એકઠા મળેલાં સર્વ પ્રાણીને પોતાના બાહુબલથી પરાભવ પમાડું, વાસ્તે ઉત્તમથી પણ ઉત્તમ મારૂ પૌરૂપ છે, એમ તમો જાણો. બાણરૂપી છે જ્વાલા જેની એવો ગાંડીવેકરી એકલો હું, સર્વ કૌરવ તથા બાહ્લિકોને હણી વસંત ઋતુમાં શુષ્ક તૃણના સમાજવિષે ગએલો અગ્નિ જેમ તેને બાળી નાંખે, તેમ હું પણ હઠાત્કારથી ગણ સહિત તેમને બાળી નાખીશ. મારા હસ્તવિષે આ બાણ તથા વિસ્તૃત એવું બાણ સહિત દિવ્ય ધનુષ લખેલું છે. મારા બેઉ પાદ, રથ તથા ધ્વજના ચિન્હ સહિત છે તેથી યુદ્ધમાં ગએલા મારા સરખાને કોઇ પણ જીતે નહિ. પૃથ્વીવિષે એક વીર, શત્રુને હણનાર તથા રૂધિર જેવા રક્તનેત્રવાળો અર્જુન, એ રીતે કહી ભીમને મૂકાવા સારૂ અને કાયા ઉપરથી કર્ણનું મસ્તક નીચે પાડવા સારૂ સંગ્રામ વિષે ગયો.

इत्येवमुक्त्वार्जुन एकवीरः क्षिप्ररिपुघ्नः क्षतजोपमाक्षः ।
भीमं मुमुक्षुः समरे प्रयातः कर्णस्य कायाच्च शिरोजिहीर्षुः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि अर्जुनवाक्ये गुर्जरभाषायां चतुःसप्ततितमो ऽध्यायः ॥ ७४ ॥

અધ્યાય ૭૫ મો. કર્ણાર્જુન સમાગમ.

धृतराष्ट्र उवाच—समागमे पांडवसृंजयानां महाभये मामकानामगाधे ।
धनंजये तातरणाययाते कर्णेन तद्युद्धमथोत्र कीदृक् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! હે તાત! પાંડવસહિત સૃંજય તથા મારી તરફનાઓના મહા ભયંકર એવા અગાધ સમાગમ વખતે સંગ્રામવિષે અર્જુન આવવાથી કર્ણ સાથે કેવું યુદ્ધ થયું તે મને કહે? સંજય કહે છે-મોટી છે ધ્વજાઓ જેમની, સમૃદ્ધિવાળાં અને ઢોલના શબ્દ છે મુખ્ય જેમાં એવાં, આવેલાં તેમનાં સૈન્ય વર્ષાઋતુમાં મેઘના ગણ જેમ ગર્જના કરે તેમ શબ્દકરી ગર્જના કરવા લાગ્યાં. મોટા હસ્તિરૂપી વાદળથી આકુળ,

અધ્યાય ૪૭ મો. સંજયદ્વારા આવેલો સંદેશ.

વૈશંપાયન ઉવાચ—એવં સનત્સુજાતેન વિદુરેણ ચ ધીમતા ।
સાર્ધં કથયતો રાજ્ઞઃ સાવ્યતીયાય શર્વરી ॥ ૧ ॥

વૈશંપાયન કહે છે—એ રીતે બુદ્ધિમાન વિદુર તથા સનત્સુજાતે રાજાને વાતો કરાવતાં તે રાત્રિ વ્યતીત થઇ ગઇ. હવે હસ્તિનાપુરમાં આવેલા સર્વ રાજાઓ, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, શલ્ય, કૃતવર્મા, જયદ્રથ, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્ત, બાહ્લિક, મહાપ્રાજ્ઞ વિદુર તથા મહારથિ યુયુત્સુ, ઇત્યાદિ સર્વ ધૃતરાષ્ટ્રને આગળ કરી, દુઃશાસન, ચિત્રસેન, શકુનિ, દુર્મુખ, દુઃસહ, કર્ણ, ઉલૂક તથા વિવિંશતિ, ઇત્યાદિ દુર્યોધનને આગળ કરી, સંજયને જોવાની ઇચ્છાથી તથા ધર્માર્થયુક્ત પાંડવોનાં વચન સાંભળવાની ઇચ્છા વાસ્તે, ચૂનાથી સ્વચ્છ કરેલી, સુવર્ણમય આંગણાંથી શોભિતી, ચંદ્ર સરખી કાંતિવાળી તથા જેમાં સુગંધિ ચંદનનું જળ છાંટેલું છે, સુવર્ણ જડિત કાષ્ઠનાં આસનો મૂકેલાં છે અને રત્ન જડિત છેડાવાળા ગાલીચા બીછાવેલા છે, એવી સુંદર વિસ્તીર્ણ સભા પ્રત્યે, જેમ ઇંદ્રની સભામાં દેવતાઓ આવે, તેમ સૌ આવ્યા. તે સભા, ગદા જેમના હાથમાં છે, એવા શૂરવીરોએ કરી, જેમ સિંહોથી પર્વતની ગુફા શોભે, તેમ શોભતી હતી. હે ભારત! મોટા ધનુષ તથા પરાક્રમવાળા અને સૂર્ય સરખા તેજસ્વી તે બધા વિચિત્ર પ્રકારનાં આસનો ઉપર બેઠા; એટલામાં દ્વારપાળે આવીને કહ્યું કે, જે દૂત આપણે પાંડવો પાસે મોકલ્યો હતો, તે આ સિંધુ દેશના ઘોડા જોડેલા રથમાં બેસી જલદી આવે છે. એટલામાં તો કુંડળ પહેરેલો સંજય રથમાંથી ઉતરી, મહાત્મા રાજાઓથી ભરેલી સભામાં આવ્યો, અને કહેવા લાગ્યો કે, હે કૌરવો! હું પાંડવો પાસે જઈ આવ્યો. તેમણે સર્વ કૌરવોને અવસ્થા પ્રમાણે સમાચાર કહ્યા છે, તેમાં વૃદ્ધોને પ્રણામ કહ્યા છે, ને યુવાન તથા વયસ્યને સત્કાર પૂર્વક યથાયોગ્ય કહાવ્યા છે. હે રાજાઓ! જે રીતે ધૃતરાષ્ટ્રે મને પૂર્વે કહ્યું હતુ, તે પ્રમાણે અહિંથી જઇ મેં પાંડવોને કહ્યું હતું.

યથાહં ધૃતરાષ્ટ્રેણ શિષ્ટઃ પૂર્વમિતો ગતઃ ।
અબ્રુવં પાંડવાન્ ગત્વા તન્નિબોધત પાર્થિવાઃ

ઇતિશ્રી મહાભારતે ઉદ્યોગપર્વણિ યાનસંધિપર્વણિ, સંજયપ્રત્યાગમને દુર્યોધનસભાયાં સપ્તચત્વારિંશોઽધ્યાયઃ ॥ ૪૭ ॥

અધ્યાય ૪૮ મો. સંજયે કહેલો-પાંડવોનો સંદેશ.

ધૃતરાષ્ટ્ર ઉવાચ—પૃચ્છામિ ત્વાં સંજય રાજમધ્યે કિમબ્રવીદ્વાક્યમદીનસત્ત્વઃ ।
ધનંજયસ્તાત યુધાંપ્રણેતા દુરાત્મનાં જીવિતચ્છિન્મહાત્મા ॥ ૧ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે તાત! હે સંજય! રાજાઓના મધ્યમાં ઘણાક બળવાળા, યુદ્ધ કરનારાઓને નિયમમાં રાખનાર, યુધિષ્ઠિરના અનુમત પ્રમાણે ચાલનાર તથા દુષ્ટ બુદ્ધિવાળાઓના જીવિતને છેદનાર મહાત્મા અર્જુને શ્રીકૃષ્ણની સમક્ષ શું કહ્યું? તે હું માગું છું. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, યુધિષ્ઠિરના મત પ્રમાણે ચાલનાર તથા યુદ્ધ

અસ્રરૂપી જળવાળું, વાહિત્ર, રથના પાટા તથા મોજાના શબ્દયુક્ત સુવર્ણથી શોભિતા વિચિત્ર પ્રકારના આયુધરૂપ, વિજળીથી શોભિતું, બાણ, ખડગ, નારાચ તથા મોટાં અસ્ત્ર રૂપી છે ધારા જેમાં, ભયંકર વેગવાળું રૂધિરના ઓઘને વહેનાર, ખડગેકરી આકુલ, ક્ષત્રિયોના જીવનો ઘાત કરનાર, ઋતુ વગરનું પ્રજાના સંહારરૂપ તે અનિષ્ટ વર્ષણ થયું, જેમાં એકઠા મળેલા અનેક રથિઓ એક રથને વીંટી લેઈ તેને મૃત્યુદ્વાર મોકલતા હતા. તેમજ કોઇ વખતે એક રથિ એક રથિને, કોઇ ઠેકાણે એક રથિ, મુખ્ય એવા અનેક રથિઓને મૃત્યુલોકપ્રત્યે મોકલતો હતો. તેમજ કોઇ એક એક રથિ, સારથિ તથા અશ્વસહિત રથને મૃત્યુ વશ કરતો હતો. કોઇક યોદ્ધા, એક હસ્તિએકરી ઘણાક રથ તથા ઘણાક અશ્વોને મૃત્યુ વશ પમાડતો હતો. તેમજ અર્જુને પણ બાણના ઓઘેકરી સારથિ તથા અશ્વસહિત રથ, હસ્તિઓ અશ્વ, ઘોડેસ્વાર તથા પાયદળ સમુદાય ઈત્યાદિ સર્વ શત્રુઓને મૃત્યુવશ કર્યા. ત્યાર પછી સંગ્રામમાં કૃપાચાર્ય તથા શિખંડી પરસ્પર સામે આવ્યા, સાત્યકિ દુર્યોધન સામે ગયો. શ્રુત દ્રોણપુત્ર સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેમજ યુધામન્યુ ચિત્રસેન સામે આવ્યો. સૃંજય એવો રથિ ઉત્તમૌજા, આવેલા કર્ણપુત્ર સુષેણ સામે બાઝ્યો. ક્ષુધાએ કરી આર્ત એવો સિંહ જેમ મોટા વૃષભ સામે દોડે તેમ સહદેવ ગાંધારરાજ શકુનિ સામે દોડયો. યુવાવસ્થાવાન એવા કર્ણ પુત્ર વૃષસેન ઉપર બાણના ઓઘ નાખ્યા, તેમજ શૂરવીર એવા કર્ણપુત્રે પણ પંચાલીથકી ઉત્પન્ન થએલા નકુલ પુત્ર શતાનિક ઉપર અનેક તરેહથી બાણોનો વર્ષાદ કર્યો. રથિમાં શ્રેષ્ઠ એવો વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર માદ્રીપુત્ર નકુળ, કૃતવર્મા સામે ગયો. પંચાલોનો અધિપતિ–સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન સૈન્યથી વિંટાયલા કર્ણ સામે ગયો. હે ભારત ! દુઃશાસન, તથા સંશપ્તકોની સમૃદ્ધ એવી ભારતીસેના, અસહ્ય છે વેગ જેનો એવા શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ ભીમસેન સામે ગઇ. એટલામાં શૂરવીર એવા ઉત્તમૌજાએ હઠાત્કારથી કર્ણના પુત્રને હણી તેનું મસ્તક કાપી નાખ્યું. તે સમયે શબ્દેકરી આકાશ તથા પૃથ્વીને શબ્દાયમાન કરતું તે પૃથ્વી ઉપર પડયું. તે રીતે પૃથ્વીપર પડેલા સુષેણના મસ્તકને જોઇ પીડિત છે રૂપ જેનું એવા કર્ણે સારી ધારવાળા તીક્ષ્ણ કરેલા બાણોએ કરી ક્રોધથી ઉત્તમૌજાના અશ્વ, રથ તથા ધ્વજને કાપી નાખ્યો. ઉત્તમૌજાએ પણ તીક્ષ્ણ બાણેકરી કર્ણને વિંધી ભાસ્વર એવા ખડગથી કૃપાચાર્યના પાછળથી રક્ષા કરનારાઓને હણી પોતે શિખંડિના રથ ઉપર ચઢી બેઠો. તે વખતે વિરથ એવા કૃપાચાર્યને જોઇ રથમાં બેઠેલા શિખંડિએ બાણેકરી તેને મારવાની ઇચ્છા ન કરી. તે વખતે અશ્વત્થામાએ તેને વારી રાખી ગારામા ખૂંચેલી ગાયનો જેમ ઉદ્ધાર કરે તેમ કૃપાચાર્યના રથનો ઉદ્ધાર કર્યો. તે સમયે સુવર્ણનું કવચ પહેરેલા, વાયુ પુત્ર ભીમસેન, તીક્ષ્ણ બાણેકરી તમારા પુત્રોના સૈન્યને ગ્રીષ્મઋતુના મધ્યાન્હનો સૂર્ય જેમ તપાવે તેમ અત્યંત તપાવતા હતા.

हिरण्यवर्माणि शितैः पृषत्कैस्तवात्मजानामनिलात्मजोऽसौ ।
अतापयत्सैन्यमतीवभीमः कालेशुचौ मध्यगतो यथार्कः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलद्वंद्वयुद्धे गुर्ज्जरभाषायामेकोनाशीतितमोऽध्यायः ॥ ७९ ॥

———:०:———

અધ્યાય ૭૬ મો. ભીમ અને વિશોક સંવાદ.

**संजय उवाच—अथ त्विदानींतुमुले विमर्दे द्विषद्भिरेकोबहुभिः समावृतः ।
महारणे सारथिमित्युवाच भीमश्चमूं वाहयधार्तराष्ट्री ॥१॥**

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી ઘણાક દ્વેષિઓએ વિંટાયલા એકલા ભીમસેને મહા સંગ્રામવિષે પોતાના સારથિને આવી રીતે કહ્યું કે હે સારથે ! આ વખતે મહા ભયંકર એવા વિમર્દવિષે તું દુર્યોધનની સેનાને વહન કર. હે સારથે ! તું વાહનવડે વેગથી ત્યાં જા, એટલે ધૃતરાષ્ટ્રના પુત્રોને હું યમલોકપ્રત્યે મોકલી દેઉં. એ રીતે ભીમસેન જવાને ઇચ્છતા હતા એટલામાં તમારા પુત્રના સૈન્ય પ્રત્યે તેનો રથ જઇ પહોંચ્યો. હસ્તિ, રથ, અશ્વ, તથા પાયદળસહિત બીજા કૌરવો ચોતરફથી તેની સામે આવી ઉદાર વેગવાળા ભીમસેનના ઉત્તમ રથને બાણ ગણેકરી હણવા લાગ્યા. મહાત્મા ભીમસેને સુવર્ણના પુંખવાળા બાણેકરી આવતા તે બાણોને કાપી નાખ્યા. એ રીતે ભીમસેનના બાણેકરી બે તથા ત્રણ પ્રકારે કપાયલા સુવર્ણના પુંખવાળા તે બાણ પૃથ્વીપર પડતા હતા. હે રાજન ! હે નરેંદ્ર ! શ્રેષ્ઠ રાજાઓના મધ્યમાં ભીમસેને ચોતરફથી હણેલા હસ્તિ, રથ, અશ્વ, તથા જુવાન પુરૂષોનો વજ્રેકરી હણેલા પર્વતોનો જેવો શબ્દ થાય તેવો ભયંકર શબ્દ થતો હતો. એ રીતે ભીમસેનના શ્રેષ્ઠ બાણોએ કરી નાશ પામવા લાગેલા તે મુખ્ય રાજાઓએ સંગ્રામના મધ્યમાં ફળ વાસ્તે પક્ષિઓ જેમ વૃક્ષને વિંટી લે, તેમ ચોતરફથી ભીમસેનને વિંટી લીધો. એવી રીતે આવેલા તમારા સૈન્યને જોઇ અનંત છે વેગ જેનો એવા ભીમસેને અંતકાળે પ્રાણીઓને બાળવા ઇચ્છતો ક્ષય કરનાર દંડ ગ્રહણ કરેલો કાળ જેમ પોતાનો વેગ કરે તેમ વેગ કરવા લાગ્યો. તે વેગાએ વખતસર પ્રજાને હરણ કરતા, મોઢાં ફાડેલા કાળના વેગને જેમ કોઇ સહન કરી શકે નહિ તેમ સંગ્રામમાં અતિવેગવાળા તેના વેગને તમારી તરફના યોદ્ધાઓ ધારણ કરવા સમર્થ થઇ શક્યા નહિ. હે ભારત ! મહાત્મા ભીમસેને બાળવા માંડેલું ભારતોનું સૈન્ય, ભયભીત થઇ મોટા વાયુએકરી જેમ અભ્રગણ વિખરાઇ જાય તેમ દિશાઓ પ્રત્યે નાસવા લાગ્યું. પ્રસન્ન થયેલ બુદ્ધિમાન બળિષ્ટ ભીમસેને વળી સારથિ પ્રત્યે કહ્યું કે હે સૂત ! એકઠા મળી આવતા એવા રથ તથા ધ્વજોને ક્યા પારકા અને ક્યા પોતાના તે તું જાણ; કેમકે યુદ્ધ કરતો હું કંઇપણ જાણતો નથી, માટે બાણેકરી પોતાના સૈન્યને આચ્છાદન ન કરૂં. હે વિશોક ! ચોતરફ રહેલા શત્રુઓને જોઈ મારો રથ, ધ્વજના અગ્રભાગને અત્યંત હલાવે છે, અને રાજા આતુર છે તો પણ હજી અર્જુન આવતો નથી તેથી હે સૂત ! હું અતિ દુઃખને પ્રાપ્ત થયો છું. તેમજ હે સારથે ! મને છોડી દેઈ ધર્મરાજ, શત્રુના મધ્યમાં ગયા એ પણ ખોટું થયું, કેમકે આજ એ જીવતા છે કે નહિ તે પણ હું જાણતો નથી; તેમ અર્જુન પણ જીવતા છે કે નહિ તે હું જાણતો નથી એ મને આજ અતિદુઃખ છે. પરમ વિખ્યાત એવો હું ભયંકર ને બળવાન શત્રુના સૈન્યનો નાશ કરીશ. એકઠા મળેલા એ સૈન્યને સંગ્રામના મધ્યમાં હણી આજ તારા સહિત હું પ્રસન્ન થઇશ. હે સૂત ! બાણોના ભાથા જોઇ તેઓમાંથી મારા રથમાં શું બાકી રહ્યું છે, કેવી જાતિ રહી છે, કેટલું તેનું પ્રમાણ છે એ બધું જાણી મારી આગળ નિવેદન કર. ભીમસેનનાં વચન સાંભળી વિશોક નામના સારથિએ કહ્યું કે હે વીર ! માર્ગણ નામના છ [illegible], ક્ષુર [illegible] નામના, [illegible] સંખ્યાક બાણ છે, અને હે વીર !

એકહજાર નારાચ બાણ તથા ત્રણ હજાર પ્રદર નામના બાણ છે. હે પાંડવેશ ! છ બળદ જોડેલું ગાડું જેને વહન કરી શકતું નથી એટલાં હજી બાકી આયુદ્ધ છે, એ બાણનાં હજારો બાણ ભલે નાખ. ખડ્ગરૂપી તારૂં બાહુ બળ પણ છે. તેમ ગુરજ, મુદ્ગલો શક્તિ તથા ભાલાઓ પણ છે; વાસ્તે આયુધોનો ક્ષય થશે એમ તમારે ભય રાખવો નહિ. એવાં સારથિનાં વચન સાંભળી ભીમસેન બોલ્યો કે હે સૂત ! આજ ભીમસેનના મોકલેલા, ઉચ્છેદ કરનાર સારા વેગવાળા બાણેકરી ઢંકાઇ ગયેલા, નથી દેખાતો સૂર્ય જેમાં એવા મૃત્યુલોકમાં પૂર્વે થયેલ નહિ એવા ભયંકર રૂપ આ રાજાઓના સંગ્રામને તું જો. હે સૂત ! સંગ્રામના મધ્યમાં રહેલો ભીમસેન તેમાં હણ્યો વા કૌરવોને જીત્યો, એવું કુમાર પર્યંત રાજાઓને એ પ્રસંગ આજ વિદિત થશે. સંગ્રામમાં સર્વ કૌરવ નિકળી પડો અને હું પણ એકલો સંગ્રામમાં સામે જાઉં તેથી કુમારપર્યંત લોક મારૂં કીર્તન કરો. પણ કતિ એકલો હું તે સર્વને પાડીશ વા તે સર્વ ભીમસેનને વ્યથાયુક્ત કરશે. જે સર્વને શિક્ષા કરનાર છે તે દેવ કેવળ મારા ઉત્તમ કર્મને સાધો. એટલે કે યજ્ઞમાં બોલાવેલા ઇન્દ્ર જેમ જલદી આવે તેમ શસ્ત્રધારી એવા અર્જુન આજ અહિં આવો. હે સૂત ! વિદીર્ણ થતી આ ભારતીસેનાને તું જો. આ રાજાઓ શું કરવા દોડે છે. પુરૂષમાં મુખ્ય એવા બુદ્ધિમાન અર્જુન, બાણેકરી જરૂર જલદીથી આ સૈન્યને આચ્છાદન કરે છે. હે વિશોક ! હે સૂત ! સંગ્રામમાં પડતા ધ્વજ, દોડતા હસ્તિ, અશ્વ તથા પાયદળસંઘ, વિખરાયલા રથ, શર તથા શક્તિએ કરી તાડન કરેલા આ રથિઓને પણ જો. અર્જુનના વજ્ર સરખા વેગવાળા સુવર્ણ સરખા મયૂરપિચ્છ બાંધેલા બાણે અત્યંત હણેલી તથા નિરંતર ગળેલી આ કૌરવી સેના તેઓથી પૂરાઈ ગઇ છે. આ રથ, અશ્વ, તથા હસ્તિઓ પાયદળના સમુદાયને અતિ મર્દન કરતા દોડે છે. તેમજ મોહ પામેલા સર્વ કૌરવો પણ દાહથી બીનેલા હસ્તિઓ જેમ ભાગે તેમ હાહાકાર કરતા ભાગે છે. હે વિશોક ! હસ્તિઓ મોટા શબ્દ કરે છે. એવાં ભીમસેનનાં વચન સાંભળી વિશોક નામનો સારથિ બોલ્યો કે—હે ભીમ ! ક્રોધાયમાન થએલા અર્જુને આકર્ષણ કરેલા ગાંડીવના વિસ્ફારિત એવા આ અતિ ભયંકર શબ્દને સાંભળો. આજ તમારા કાન શું બેરા થઇ ગયા છે. હે પાંડવ ! બધાં કામ પૂર્ણ થયાં, કેમકે હસ્તિ સૈન્યમાં આ વાનર દેખાય છે. વળી નીલ મેઘમાંથી જેમ વીજળી સ્ફુરાયમાન થાય તેમ સ્ફુરાયમાન થતી ધનુષની પ્રત્યંચાને જુઓ. અર્જુનની ધ્વજાના અગ્રભાગવિષે રહેલો વાનર વિમર્દવિષે શત્રુસંઘને ત્રાસ પમાડતો ચોતરફ જુવે છે. હું પોતે પણ તેની સામે જોઇ બીથી બીજા છું. અતિ દિવ્ય એવું વિચિત્ર પ્રકારનું અર્જુનનું આ કિરીટ શોભે છે. તેમજ કિરીટવિષે રહેલો સૂર્ય સરખી કાંતિવાળો આ દિવ્ય મણિ પણ શોભે છે. પાર્શ્વભાગવિષે રહેલો શ્વેત વાદળ સરખી કાંતિવાળો સુંદર છે શબ્દ જેનો એવા દેવદત્ત નામના ભયંકર શંખનાદ સાંભળો. ચાબુક છે હાથમાં જેને એવા સેનાને વહન કરનાર જનાર્દન ભગવાનના પાર્શ્વે સરખી કાંતિવાળા પાસે રહેલા કેશવના યશને વધારનાર, યાદવોએ સદા પૂજિત એવા ચક્રને જુઓ. હે વીર ! અર્જુને ક્ષુર નામના બાણેકરી કાપેલા સરળ વૃક્ષની જેમને [illegible] અપાય એવા મોટા હસ્તિઓના સહરૂપી હાથ, પૃથ્વિવિષે પડે છે. તેમજ વજ્રેકરીને [illegible] જાણે પર્વત હોય નહિ એવા અર્જુને બાણેકરી હણેલા ઘોડેસ્વાર સહિત હસ્તિઓ પણ પૃથ્વિવિષે પડે છે. તેમજ હે કૌંતેય ! ચન્દ્રમા સરખા વર્ણવાળા [illegible] શ્રીકૃષ્ણના પાંચજન્યને, વક્ષસ્થળમાં રહેલા [illegible]

યંતી માળા દેખાય છે, માટે જરૂર રથિમાં મુખ્ય એવા અર્જુન શત્રુ સૈન્યને નસાડતા શ્વેત બાદળ સરખા વર્ણવાળા શ્રીકૃષ્ણે પ્રેરણા કરેલા અમૂલ્ય એવા અશ્વેકરી આવે છે. મહા-વાયુ જેમ મોટા વનને વિદારણ કરે તેમ ઇન્દ્રના જેવાં તેજવાળા તમારા નાના ભાઇએ બાણેકરી વિદારણ કરેલા રથ, અશ્વ, તથા પાયદળના ગણોને જુવો, આ તેઓ પડે છે. સંગ્રા-મમાં અશ્વ તથા સારથિ સહિત અર્જુને હણેલા આ ચારસો રથને જુવો. તેમજ મોટા બાણોએ કરી તેણે હણેલા સાતસો હસ્તિ, અનેક પાયદળ, ઘોડેસ્વાર તથા રથોને પણ જુવો. બળવાન્ એવો આ અર્જુન, કૌરવોને હણતો ચિત્રગ્રહની પેઠે તમારી પાસે આવે છે માટે હવે પરિપૂર્ણ છે કામ જેનું એવા તમે થયા છો અને તમારા શત્રુઓ હણાયા છે. વાસ્તે તમારૂ બળ તથા આયુષ્ય ઘણાક કાળસુધી વૃદ્ધિને પામો. એવાં વિશોક સારથિનાં વચન સાંભળી ભીમસેને કહ્યું કે–હે વિશોક ! હે સારથે ! તેં જે અર્જુન આવે છે એમ મારી આગળ નિવેદન કર્યું એ પ્રિયાખ્યાનથી તારી ઉપર અત્યંત પ્રસન્ન થએલો હું તને શ્રેષ્ઠ એવાં ચૌદ ગ્રામ, સો દાસી, તથા વીશ રથ આપું છું.

ददामि ते ग्रामवरांश्चतुर्दशप्रियाख्यानेसारथे सुप्रसन्नः ।
दासीशतं चापिरथांश्च विंशतिं यदर्जुनं वेदयसे विशोकः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि भीमसेनविशोकसंवादे गुर्जरभाषायां षट्सप्ततितमोऽध्यायः ॥ ७६ ॥

અધ્યાય ૭૭ મો. અર્જુને ચલાવેલો સંહાર.

संजय उवाच—श्रुत्वा तु रथनिर्घोषं सिंहनादं च संयुगे ।
अर्जुनः प्राहगोविंदं शीघ्रं नोदयवाजिनः ॥ १ ॥

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર ! સંગ્રામવિષે થતા રથના શબ્દને તથા સિંહ નાદને સાંભળી અર્જુને ગોવિંદ ભગવાનને કહ્યું કે, જલદીથી ઘોડાઓને ચલાવો. અર્જુનનાં વચન સાંભળી ગોવિંદ ભગવાને અર્જુનને કહ્યું કે આ હું જ્યાં ભીમસેન ઉભો છે ત્યાં અતિ-જલદીથી જાઉં છું, જંભાસુરને મારવાની ઇચ્છાથી હાથમાં વજ્ર લેઇ પોતાના જયવાસ્તે ઇન્દ્ર જેમ આવે તેમ હિમ તથા શંખ સરખા વર્ણવાળા અને સુવર્ણમુક્તા તથા મણિની જાળથી શણગારેલા અશ્વેકરી આવતા અર્જુનને જોઇ ક્રોધાયમાન થએલા શ્રેષ્ઠપુરૂષ અને રથ, અશ્વ, હસ્તિ તથા પાયદળના સમુદાય, બાણ, રથના પાટા તથા ખરીના શબ્દેકરી પૃથ્વી તથા દિશાઓને શબ્દાયમાન કરતા તેની સામે આવ્યા. તે સમયે હે મારિષ ! જય કરનારાઓમાં શ્રેષ્ઠ દેવ એવા વિષ્ણુને ત્રિલોકી વાસ્તે અસુરો સાથે જેવું યુદ્ધ થાય તેવું તેમનું તથા અર્જુનનું દેહ પ્રાણ તથા પાપને ક્ષય કરનાર મહાયુદ્ધ થયું. તેઓએ નાના પ્રકારનાં જે જે આયુધ નાખ્યાં તે તે આયુધને કાપી એકલા અર્જુને ક્ષુર, અર્દ્ધચન્દ્ર, તથા ભલ્લ નામના તીક્ષ્ણ બાણેકરી તેમનાં મસ્તક, બાહુ, છત્ર, વાલવ્યજન, ધ્વજ, અશ્વ, રથ, પાય-દળગણ તથા હસ્તિઓને પણ છિન્નભિન્ન કરી નાખ્યા; તેથી વાયુએ છિન્નભિન્ન કરેલાં વન જેમ પડે તેમ તેઓ ઘણા કરી પૃથ્વી ઉપર પડવા લાગ્યા. અર્જુને સુવર્ણના પુંખવાળા બાણોથી સુવર્ણની જાળથી શોભિતા [illegible] યોદ્ધાઓએ [illegible] હસ્તિઓ

પ્રજ્વલિત પર્વત શોભે તેમ શોભતા હતા. એવી રીતે ધનંજય એવો અર્જુન, ઇન્દ્રના વજ્ર જેવા ઉત્તમ બાણેકરી હસ્તિ, અશ્વ, તથા રથને વિદારણ કરી, પૂર્વે બળ નામના દૈત્યને મારવા જેમ ઇન્દ્ર ગયા હતા તેમ કર્ણને મારવાની ઇચ્છાથી જલદી ત્યાં જવા લાગ્યો. એવી રીતે શત્રુને દમન કરનાર પુરૂષમાં સિંહરૂપ મહાબાહુ અર્જુન, મગર જેમ સાગર પ્રત્યે પ્રવેશ કરે તેમ તમારા સૈન્યપ્રત્યે પ્રવિષ્ટ થયો. તેને જોઇ હે રાજન ! પ્રસન્ન થએલા તમારી તરફના યોદ્ધાઓ, રથ, પાયદળ, ગજ, અશ્વ તથા ઘણાક ઘોડેસ્વાર વગેરે પાંડુપુત્ર સામે દોડયા. અર્જુન પ્રત્યે આવતા તેમનો, ક્ષોભ પામેલા સમુદ્રના સરખો મોટો શબ્દ થનો હતો. એ રીતે મહારથિઓ પુરૂષમાં સિંહરૂપ એવા તેની સામે વ્યાઘ્રોની પેઠે સંગ્રામમાં પ્રાણ ભયનો ત્યાગ કરી દોડવા લાગ્યા. બાણનો વર્ષાદ વરસાવતા પોતાના સામે આવતા તેમના સૈન્યને અર્જુને મહાવાયુ જેમ વાદળનો નાશ કરે તેમ નાશ કરવા માંડયું. મોટા ધનુષવાળા પ્રહાર કરનાર તેઓ પણ એકઠા મળી રથ સમુદાયથી અર્જુનને વિંટી તીક્ષ્ણ બાણે કરી તેને વિંધવા લાગ્યા. એટલામાં અર્જુને હજારો રથ, હસ્તિ, અને અશ્વોને બાણે કરી યમલોક પ્રત્યે મોકલી દીધા. અર્જુનના ધનુષમાંથી નીકળેલા બાણે કરી હણાયલા મહારથિઓ ભય પામી આમનેમ ભાગવા લાગ્યા. તેઓમાંથી યત્ન કરતા શરીર એવા ચારસો મહારથિઓને અર્જુને તીક્ષ્ણ બાણે કરી યમલોક પ્રત્યે મોકલી દીધા. એ રીતે સંગ્રામમાં અર્જુને નાના પ્રકારના તીક્ષ્ણ એવા બાણથી હણવા માંડેલા તે, અર્જુનને છોડી દેઇ દશે દિશાઓ પ્રત્યે નાસવા લાગ્યા. સેનામુખ વિષે નાશી જતા તેઓનો, પર્વતને પ્રાપ્ત થઇ વિદીર્ણ થતા મોટા ઓઘવાળા સમુદ્રનો જેવો શબ્દ થાય તેવો મોટો શબ્દ થતો હતો. હે મારિષ ! એ રીતે પાર્થ એવો અર્જુન, બાણેકરી તે સેનાને અત્યંત વિંધી, નસાડી પોતાની સામેના સૈન્ય પ્રત્યે જવા લાગ્યો, શત્રુઓની સન્મુખ જતા એવા તેનો પૂર્વે સર્પ વાસ્તે જતા ગરૂડનો જેવો શબ્દ થતો હતો તેવો મોટો શબ્દ થતો હતો, તે શબ્દને સાંભળી અર્જુનના દર્શનની છે લાલસા જેને એવા મહા બળવાન ભીમસેન, અત્યંત પ્રસન્ન થયા. હે મહારાજ ! પ્રતાપવાન ! ભીમસેન અર્જુનને આવતો સાંભળી પ્રાણનો ત્યાગ કરી તમારી સેનાને મર્દન કરવા લાગ્યો. વાયુ સરખા પરાક્રમવાળો પ્રતાપવાન વાયુપુત્ર ભીમસેન, સંગ્રામમાં વાયુની પેઠે વેગથી વિચરતો હતો. હે રાજન ! હે વિશાંપતે ! હે મહારાજ ! તેણે પીડિત કરેલી તમારી સેના સાગર વિષે ભેદ પામેલું નાવ જેમ ભ્રષ્ટ થાય તેમ ભ્રષ્ટ થવા લાગી. તે સમયે પોતાની હસ્ત લાઘવી દેખાડતાં ભીમસેન, તે સેનાને યમલોક પ્રત્યે મોકલવા સારૂ ઉગ્ર બાણે કરી તેનો નાશ કરવા લાગ્યો. હે ભારત ! ભીમસેનનું અતિમાનુષ બળ જોઇ જેમ લોકો ભમે તેમ સંગ્રામમાં યોદ્ધાઓ ભ્રમણ કરવા લાગ્યા. હે ભારત ! ભીમસેને તે પીડિત કરેલા ભયંકર બળવાળા સૈનિકોને જોઇ દુર્યોધન રાજા મોટા ધનુષવાળા પોતાના સૈનિકો પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યો કે, બધા એકઠા થઇ ભીમસેનને હણો, કેમકે તેને હણ્યાથી પાંડવનું સર્વ સૈન્ય હણાયુંજ છે એમ હું માનું છું. તમારા પુત્રની તે આજ્ઞાનો સ્વીકાર કરી સૈનિકોએ બાણના વર્ષાદે કરી ચોતરફથી ભીમસેનને આચ્છાદન કરી દીધો. પછી ઘણા હસ્તિઓ, જયને ઇચ્છનાર પુરૂષ, તથા રથમાં બેઠેલા રથિઓએ ચોતરફથી ભીમસેનને વિંટી લીધો. હે રાજન ! શૂરવીરોએ કરી ચોતરફથી વિંટાયલો ચન્દ્રમા શોભે તેમ તે શોભતો હતો. પોતાના મંડળ સહિત પરિપૂર્ણ ચન્દ્ર શોભે તેવો દર્શનીય ભીમસેન સંગ્રામમાં

શોભતો હતો. તે સમયે ભીમસેનને મારવાની જેને ઇચ્છા છે એવા ક્રોધથી લાલ નેત્રવાળા તમારી તરફના સર્વ રાજાઓએ તેની ઉપર બાણની વૃષ્ટિ કરી. તે મોટી સેનાને સનત છે પર્વ જેનાં એવા બાણથી વિદારણ કરી ભીમસેન, મત્સ્ય જેમ જાળમાંથી બાહાર નીકળે તેમ સંગ્રામમાંથી બાહાર નીકળ્યો. તેટલામાં ભીમસેને પાછા ન ફરે એવા દશ હજાર હસ્તિ, બે લાખ ને બસે પાયદળ, પાંચ હજાર અશ્વ તથા સો રથને હણી રૂધિરને વેહેનારી રૂધિરરૂપ જળવાળી, રથરૂપી છે આવર્ત જેમાં, હસ્તિરૂપી ગ્રાહેકરી સંકુલ, નર, મીન તથા અશ્વરૂપ છે નક્ર જેમાં, કેશરૂપી શેવાળવાળી શાદ્વલ, કપાઇ ગએલ હાથરૂપી સર્પવાળી, ઘણાક રત્નને અપહરણ કરનારી, સાથળરૂપી ગ્રાહવાળી, મજ્જારૂપી છે ગારો જેમાં, મસ્તકરૂપ પાષાણથી વિંટાયલી, ધનુષરૂપી કસ નામના તૃણવાળી, બાણરૂપી ક્યારાવાળી, ગદા, તથા ભાલારૂપી સ્થાનવાળી, છત્ર તથા ધ્વજરૂપી હંસથી શોભિતી, શ્રેષ્ઠ પાઘડીરૂપી છે ફીણ જેમાં, હારરૂપી કમળે કરી યુક્ત, પૃથ્વિની રજરૂપી લેહેરની માળાવાળી, બીરૂ પુરૂષોને દુસ્તર ચક્રરૂપી ઘુમરીવાળી, ભયંકર, યોધારૂપ ગ્રાહવાળી, પિતૃ લોક પ્રત્યે વહન કરતી એવી નદી ક્ષણ માત્રમાં પ્રવર્તમાન કરી. જેમ ઉગ્ર એવી વૈતરણી, નથી કર્યા પુણ્ય જેમણે એવા પુરૂષોને દુસ્તર છે તેમ સાધારણ પુરૂષોને દુસ્તર, તથા બીરૂ-પુરૂષોને ભય કરનાર એવી આ પણ નદી છે. એ રીતે રથિમાં શ્રેષ્ઠ એવો પાંડુપુત્ર ભીમસેન જ્યાં જ્યાં પ્રવેશ કરતો હતો ત્યાં ત્યાં સેંકડો તથા હજારો યોદ્ધાઓને હણતો હતો. એ રીતે સંગ્રામમાં ભીમસેને કરેલા કર્મ ને જોઇ, હે મહારાજ ! દુર્યોધને શકુનિ પ્રત્યે આવી રીતે કહ્યું કે હે માતુલ ! સંગ્રામમાં મહા બળવાન ભીમસેનને તમે જીતો, કેમકે તેને જીતવાથી પાંડવના મોટા સૈન્યને જીત્યું એમ હું માનું છું. એવાં દુર્યોધનનાં વચન સાંભળી હે મહારાજ ! ભાઇયોથી વિંટાયલો પ્રતાપવાન સુબલ પુત્ર શકુનિ, મોટા સંગ્રામ વાસ્તે ભીમ સામે જવા લાગ્યો. શૂરવીર એવા શકુનિએ ભયંકર પરાક્રમવાળા બળવાન ભીમસેન સામે જઇ કિનારો જેમ સમુદ્રને રોકે તેમ તેને વારી રાખ્યો. એ રીતે તીક્ષ્ણ બાણે કરી વારણ કરેલો ભીમસેન, તેની સામે ઉભો રહ્યો, એટલામાં હે રાજેન્દ્ર ! શકુનિએ તેના ડાબા પડખાના મધ્યભાગમાં સુવર્ણના પુંખવાળા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા નારાચ નામના બાણ માર્યા. ભયંકર એવા ગૃધ્ર તથા મયૂરપિચ્છ બાંધેલા તે, મહાત્મા પાંડુપુત્રનાં કવચને ભેદી ત્યાંજ રહ્યા. એ રીતે સંગ્રામમાં અતિ વિંધાયલા ભીમસેને હે ભારત ! ક્રોધે કરી સુવર્ણથી શોભિતો બાણ, સુબલપુત્ર શકુનિ ઉપર નાંખ્યો. સામે આવતા તે ભયંકર બાણના, શત્રુને તપાવનાર મહા બળવાન શકુનિએ સાત કટકા કરી નાખ્યા. હે વિશાંપતે ! તે બાણ પૃથ્વિપર પડ્યો તેને જોઇ ક્રોધાયમાન થએલા ભીમસેને હસતો હોય નહિ તેમ ભલ્લ નામના બાણે કરી સુબલપુત્ર શકુનિનું ધનુષ કાપી નાખ્યું. કપાઇ ગએલા ધનુષનો ત્યાગ કરી પ્રતાપવાન સુબળપુત્ર શકુનિએ વેગથી બીજું ધનુષ ગ્રહણ કરી તે પર ભલ્લ નામના સોળ બાણ સાંધી, સનત છે પર્વ જેનાં એવા બેથી સારથિને તથા સાતથી ભીમસેનને વિંધી એકથી ધ્વજાને તથા બેથી છત્રને છેદી ચારથી ચાર વાહનને વિંધ્યા, તેથી હે મહારાજ ! ક્રોધાયમાન થએલા પ્રતાપવાન ભીમસેને, સંગ્રામના મધ્યમાં સુવર્ણના દંડવાળી લોહમયી શક્તિ નાખી ભીમસેનના હાથમાંથી છૂટેલી સર્પની જીભ જેવી ચંચલ તે મહાત્મા શકુનિની આગળ સંગ્રામમાં આવી પડી. સુવર્ણથી શોભિતી તે શક્તિને ગ્રહણ કરી, હે વિશાંપતે ! ક્રુદ્ધ છે રૂપ જેનું એવા શકુનિએ ભીમસેન ઉપર તે પાછી નાખી. તે

ક્તિ, મહાત્મા પાંડુપુત્ર ભીમસેનના ડાબા હાથ ઉપર ઘા કરી આકાશમાંથી ભ્રષ્ટ થએલી વીજળી પડે તેમ પૃથ્વી ઉપર પડી. તે સમયે હે મહારાજ ! તમારી તરફના જેમણે એવા યોદ્ધાઓ ચોતરફથી પોકાર કરવા લાગ્યા. સિંહનાદને સહન ન કરતાં મહા બળવાન ભીમસેને બીજું ધનુષ ગ્રહણ કરી તેને સજ્જ કરી ઉતાવળથી મુહૂર્ત માત્રમાં પોતાના આત્માનો ત્યાગ કરી બાણવડે શકુનિના સૈન્યને આચ્છાદન કરી, હે વિશાંપતે ! તેના ચાર અશ્વ તથા સારથિને હણી પરાક્રમી એવા તેણે ઉતાવળથી ભલ્લ નામના બાણે કરી એના ધ્વજને પણ કાપી નાખ્યો. ક્રોધથી રક્ત છે નેત્ર જેનાં એવો પુરૂષમાં ઉત્તમ શકુનિ, હણાયા છે અશ્વ જેના એવા રથને છોડી દેઈ ધનુષની પ્રત્યંચા ખેંચી ચારે તરફથી ભીમસેન ઉપર અનેક પ્રકારના બાણ નાખવા લાગ્યો. પ્રતાપવાન ભીમસેને પણ વેગે કરી તેને હણી તીક્ષ્ણ બાણે કરી ક્રોધથી એનું ધનુષ કાપી, એને પણ વિંધી નાંખ્યો. બળવાન શત્રુએ અત્યંત વિંધેલો શત્રુને આકર્ષણ કરનાર તે રાજા, બાકી કંઈક જેના પ્રાણ છે એવો થઇ પૃથ્વીપર પડ્યો. હે વિશાંપતે ! એ રીતે વિહ્વલ થએલા તેને જાણી તમારો પુત્ર, રથમાં બેસાડી તેને ભીમસેન જોતાં સંગ્રામમાંથી બાહાર લઇ ગયો. રથમાં બેઠેલા પુરૂષમાં સિંહરૂપ એવા ભીમસેનને જોઇ ઉત્પન્ન થયું છે મોટું ભય જેમને એવા, તમારી તરફના યોદ્ધાઓ, વિમુખ થઇ ભયથી દિશાઓ પ્રત્યે નાસવા લાગ્યા. હે રાજન ! એ રીતે ધનુષ ધારનાર ભીમસેને સુબળ પુત્રને જીત્યો તેને જોઇ મોટા ભયે કરી આવિષ્ટ એવો તમારો પુત્ર દુર્યોધન, વેગવાન અશ્વે કરી તે વિષે સાપેક્ષ એવો પોતે સંગ્રામની બાહાર માતુલ પામે ગયો. હે ભારત ! વિમુખ થએલા રાજાને જોઇ દ્વંદ્વયુદ્ધને મુકી સૈન્ય બધાં ચોતરફ ભાગવા લાગ્યાં. વિમુખ થએલા ભાગતા એવા દુર્યોધન તરફના તે સર્વ સૈનિકોને જોઇ ભીમસેન, સેંકડો બાણ ફેંકતો વેગથી તેની સામે દોડ્યો. એ રીતે ભીમસેને હણવા માંડેલા વિમુખ થએલા દુર્યોધન તરફના યોદ્ધાઓ, કર્ણને પ્રાપ્ત થઇ ચોતરફથી તેની પાસે ઉભા. તે વેળાએ હે રાજન ! ભેદ પામેલી છે નાકા જેમની એવા ખલાસીઓ જેમ દ્વીપને પ્રાપ્ત થઇ નિવૃત્તિને પામે, તેમ મહા બળવાન મહા પરાક્રમી તે તેમને દ્વીપરૂપ થયો. હે પુરૂષર્ષભ ! કર્ણને પ્રાપ્ત થઇ તમારી તરફના યોદ્ધાઓ, નિવૃત્તિને પ્રાપ્ત થયા. પછી હે રાજન ! પરસ્પર આશ્વાસન અપાયેલા અત્યંત પ્રસન્ન થઇ ઉભેલા તે, મૃત્યુભય મુકી યુદ્ધ કરવા લાગ્યા.

समाश्वस्ताः स्थिता राजन् संप्रहृष्टाः परस्परम् ।
समाजग्मुश्च युद्धाय मृत्युं कृत्वा निवर्तनं ॥

इतिश्री महाभारते कर्णपर्वणि शकुनिपराजये गुर्जरभाषायां सप्तसप्ततितमोऽध्यायः ॥ ७७ ॥

અધ્યાય ૭૮ મો. કર્ણનું પરાક્રમ.

धृतराष्ट्र उवाच—ततो भग्नेषु सैन्येषु भीमसेनेन संयुगे ।
दुर्योधनोऽब्रवीत्किन्नु सौबलो वापि संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! સંગ્રામમાં ભીમસેનવડે સૈન્યો ભંગાણું પામ્યું

પછી દુર્યોધને, સુબલ પુત્ર શકુનિએ જય કરનારાઓમાં શ્રેષ્ઠ એવા કર્ણે, મારા યોદ્ધાઓએ કૃપાચાર્યે, કૃતવર્માએ, અશ્વત્થામાએ તથા દુઃશાસને શું કર્યું ? પાંડવેય એવા ભીમસેનના પરાક્રમને અતિ આશ્ચર્યરૂપ હું માનું છું, કેમકે તેણે એકલાએ સંગ્રામમાં મારી તરફના સર્વ યોદ્ધાઓ સાથે યુદ્ધ કર્યું. હે સંજય ! શત્રુનો નાશ કરનાર રાધાપુત્ર કર્ણે પ્રતિજ્ઞા પ્રમાણે કર્યું અને મારી તરફના યોદ્ધા તથા સર્વ કૌરવોના સુખની રક્ષા કરનાર પ્રતિજ્ઞા તથા જીવિતાશા છે, તેમ અમિત પરાક્રમવાળા કુંતિપુત્ર ભીમસેને ભંગાણ પાડેલા સૈન્યને જોઇ અધિરથ પુત્ર રાધેય એવા કર્ણે, દુર્ધર્ષ એવા મારા પુત્રોએ તથા મહારથિ રાજાઓએ શું કર્યું એ બધું મને કહે ? સંજય કહે છે કે, હે મહારાજ ! અપરાન્હસમે પ્રતાપવાન સૂત-પુત્ર કર્ણે, ભીમસેન જોતાં સર્વ સોમકોને હણ્યા. ભીમસેને પણ દુર્યોધનના મોટા સૈન્યને નાશ કર્યું. તે સમયે બુદ્ધિમાન ભીમસેને નસાડેલા પોતાના સૈન્યને જોઇ કર્ણે શલ્ય પ્રત્યે કહ્યું કે મને પંચાલો સામે લઇ જાઓ, એવાં કર્ણનાં વચન સાંભળી મહા બળવાન મદ્ર-રાજ શલ્યે મોટા વેગવાળા શ્વેત અશ્વને ચોદી, પંચાલ તરફ ચલાવ્યા. એ રીતે પારકા સૈન્યને પીડનાર શલ્ય, મોટા સૈન્યમાં પ્રવેશ કરી પ્રસન્ન થએલો જ્યાં જ્યાં જવાની ઇચ્છા કરે ત્યાં ત્યાં ઘોડાઓને ચલાવતો હતો. હે વિશાંપતે ! વ્યાઘ્રના ચર્મથી મઢેલા મેઘ જેવા રથને જોઇ પાંડવ તથા પંચાલ ત્રાસ પામતા હતા. મહાસંગ્રામમાં વિદીર્ણ થતા પર્વતના શબ્દ જેવો તથા મેઘના શબ્દ સમાન તે રથનો શબ્દ ગર્જતો હતો. ત્યાર પછી કર્ણ પર્યંત ખેંચેલા ધનુષમાંથી નીકળેલા તીક્ષ્ણ એવા સેંકડો બાણેકરી કર્ણ, પાંડવ સૈન્યમાંથી સેંકડો તથા હજારોને હણવા લાગ્યો. સંગ્રામમાં ભયંકર કર્મ કરતાં પરાજય પામેલા નહિ એવા કર્ણને પાંડવ તરફના મોટા ધનુષવાળા મહારથિ એવા શિખંડિ, ભીમસેન, પૃષતગો-ત્રમાં ઉત્પન્ન થએલો ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ, દ્રૌપદીના પુત્ર તથા સાત્યકિ, એટલાઓએ બાણના વર્ષાદથી તેને મારવાની ઇચ્છાથી વિંટી લીધો. તેમાં શૂરવીર તથા પુરૂષમાં ઉત્તમ એવા સાત્યકિએ તીક્ષ્ણ એવા વીશ બાણથી કર્ણને જત્રુદેશમાં એટલે હાંસડીમાં વિંધ્યો. શિખંડિએ પાંચથી, ધૃષ્ટદ્યુમ્ને સાતથી, દ્રૌપદીના પુત્રોએ ચોસઠથી, સહદેવે સાતથી, નકુલે સોથી તથા મહા બળવાન ભીમસેને નત છે પર્વ જેનાં એવા નેવું બાણેકરી રાધાપુત્ર કર્ણને જત્રુદેશમાં વિંધ્યો. મહા બળવાન અધિરથપુત્ર કર્ણે પણ હાસ્યકરી ઉત્તમ ધનુષ સજ્જ કરી તેમાં તીક્ષ્ણ બાણ સાંધી પાંચ પાંચ બાણેકરી તેમને વિંધી પીડિત કર્યા. હે ભરતર્ષભ ! સાત્યકિનું ધનુષ તથા ધ્વજ કાપી નવ બાણેકરી સ્તનના મધ્ય ભાગમાં તેને વિંધ્યો, ત્યાર પછી હે મારિષ ! ક્રોધાયમાન થએલા કર્ણે ત્રીશ બાણેકરી ભીમસેનને વિંધી ભલ્લ નામના બાણેકરી સહદેવનો ધ્વજ કાપી શત્રુને તપાવનાર ત્રણ બાણેકરી એના સાર-થિને હણ્યો, અને હે ભરતર્ષભ ! દ્રૌપદીના પુત્રોને વિરથ કર્યા. તે બધું કર્મ તેણે નિમેષ માત્રમાં કર્યું, તે આશ્ચર્ય જેવું હતું એ રીતે મહા બળવાન કર્ણ, સનત છે પર્વ જેનાં એવા બાણેકરી તે સર્વને વિમુખકરી ચેદીઓના મહારથિ તથા શૂરવીર એવા પંચાલોને હણવા લાગ્યો. હે વિશાંપતે ! સંગ્રામમાં કર્ણે હણવા માંડેલા ચેદિ તથા મત્સ્ય, એક કર્ણ સામે દોડી તેની ઉપરજ બાણના સમુદાય નાખવા લાગ્યા. મહારથિ સૂતપુત્ર કર્ણ, તીક્ષ્ણ બા-ણેકરી તેમને હણવા લાગ્યો હે વિશાંપતે ! એ રીતે સંગ્રામમાં કર્ણે હણવા માંડેલા ચેદિ તથા મત્સ્ય, બળવાન સિંહથી ત્રાસ પામેલા મૃગ જેમ ભાગે તેમ સંગ્રામમાંથી ભાગવા લાગ્યા. હે ભારત ! તે સમયે અતિ આશ્ચર્યરૂપ એવું જે કર્મ મેં જોયું, જે પ્રતાપવાન એવા

એકલા શૂરવીર કર્ણે શક્તિ પ્રમાણે યત્ન કરતા શૂરવીર, ધનુષ ધરનાર યુદ્ધ કરતા પાંડવ તરફના યોદ્ધાઓને બાણેકરી વારી રાખ્યા. હે ભારત ! મહાત્મા કર્ણના બાધવે કરી ચારણ સહિત સિદ્ધ તથા સર્વ દેવતાઓ સંતુષ્ટ થયા. મોટા ધનુષવાળા દુર્યોધન તરફના યોદ્ધાઓ સર્વ ધનુષ ધરનારાઓમાં શ્રેષ્ઠ એવા રથિમાં ઉત્તમ કર્ણને વખાણવા લાગ્યા. હે મહારાજ ! એ રીતે અધિરથ પુત્ર કર્ણ, નિદાઘમાં વૃદ્ધિ પામેલો પ્રજ્વલિત મોટો અગ્નિ, જેમ શુષ્ક તૃણના સમાજને બાળે તેમ શત્રુની સેનાને બાળતો હતો. કર્ણે હણવા માંડેલા પાંડવ તરફના યોદ્ધાઓ, મહારથિ કર્ણને જોવાથી ભયભીત થઇ સંગ્રામમાં તે તે ઠેકાણે નાસવા લાગ્યા. કર્ણના શ્રેષ્ઠ ધનુષમાંથી નિકળેલા તીક્ષ્ણ બાણેકરી હણાતા પંચાલોના મધ્યમાં મોટો પીડિત શબ્દ થતો હતો. તે શબ્દેકરી પાંડવોની મોટી સેના ત્રાસ પામી અને શત્રુઓ પણ સંગ્રામમાં યુદ્ધ કરનાર એક કર્ણનેજ જોવા લાગ્યા. તે વેળાએ શત્રુને આ-કર્ષણ કરનાર રાધાપુત્ર કર્ણે વળી એક આશ્ચર્ય કર્યું જે સર્વ પાંડવ, એની સામે જોવા પણ સમર્થ થતા ન હતા. જેમ પાણીનો ઓઘ શ્રેષ્ઠ પર્વતને પ્રાપ્ત થઈ વિદીર્ણ થાય તેમ પાંડવનું સૈન્ય કર્ણને પ્રાપ્ત થઇ વિદીર્ણ થતું હતું. હે રાજન ! મહાબાહુ કર્ણ પણ, પ્રજ્વ-લિત એવા ધુમાડા વગરના અગ્નિની પેઠે પાંડવની સેનાને બાળતો સંગ્રામવિષે ઉભો હતો. હે રાજન ! તે મહા સંગ્રામમાં યોદ્ધાઓના વ્રતને આચરતા શૂરવીર કર્ણે શૂરવીરોનાં મસ્તક, કુંડળ સહિત કાન, બાહુ, હાથીદાંતના જેનાં મ્યાન છે એવા ખડગ, ધ્વજ, શક્તિ, હસ્તિ, અશ્વ, વિવિધ પ્રકારના રથ, પતાકા, વ્યજન, રથના આરા, ધોંસરી, ચોકડાં તથા વિવિધ પ્રકારનાં ચક્ર, કરલાઘવીથી કાપી નાખ્યાં. હે ભારત ! તે સ્થાનકે કર્ણે હણેલા ગજ તથા વાજિએકરી માંસ તથા રૂધિરનો છે ગારો જેમાં એવી તે પૃથ્વી અગમ્ય થઇ પડી. હણાયલા અશ્વ, પાયદળ, રથ તથા કુંજરેકરી સમવિષમ સ્થાન પણ કંઇ જણાતું ન હતું. કર્ણનું અસ્ત્ર પ્રકાશ થવાથી ઘોર એવા બાણેકરી અંધકાર થયો તેને લીધે પોતાના તથા પારકાઓના યોદ્ધાઓ, પરસ્પર ઓળખાતા ન હતા. હે મહારાજ ! રાધાપુત્રના ધનુષમાંથી નિકળેલા સુવર્ણથી શોભિતા બાણેકરી પાંડવોના મહારથિઓ ઢંકાઇ ગયા. પાંડવ તરફના યત્ન કરતા મહારથિ યોદ્ધાઓ, રાધાપુત્ર કર્ણને જોઇ વારંવાર પાછા હઠી જતા વનમાં ક્રોધ પામેલો સિંહ જેમ મૃગના સઘોને નસાડે તેમ કર્ણ, શત્રુ એવા રથિમાં શ્રેષ્ઠ પંચા-લોને નસાડતો હતો. એ રીતે અત્યંત મોટા યશવાળો કર્ણ, યોદ્ધાઓને ત્રાસ પમાડતો વૃક જેમ પશુગણને નસાડે તેમ તે સૈન્યને નસાડતો હતો. એ રીતે વિમુખ થએલી પાંડવની સેનાને જોઇ મોટા ધનુષવાળા દુર્યોધન તરફના યોદ્ધાઓ, જયના શબ્દ કરતા હતા. હે રાજેન્દ્ર ! પરમ હર્ષવાળો એવો દુર્યોધન પણ સંતુષ્ટ થઇ ચોતરફ નાનાપ્રકારનાં વાદ્ય વગ-ડાવતો હતો તે સમયે ભંગાણ પાડેલા પુરૂષમાં ઉત્તમ મોટા ધનુષવાળા પંચાલો પણ મૃત્યુ ભય મુકી શૂરવીર એવા કર્ણ સામે લડવા લાગ્યા. પાછા ફરી આવેલા તે અનેક શૂરવીરોને પુરૂષમાં શ્રેષ્ઠ શત્રુને તપાવનાર રાધાપુત્ર કર્ણે હણ્યા. મહા સંગ્રામમાં હે ભારત ! કર્ણે, બાણેકરી ક્રોધથી રથિ એવા વીશ પંચાલ તથા સેંકડો ચેદિઓને હણ્યા. હે ભા-રત ! રથમાં બેસવાના સ્થાનક તથા અશ્વના પૃષ્ટને શૂન્ય કરી તેમજ મનુષ્ય વગરના હસ્ત-સ્કંધ તથા સંગ્રામમાંથી નાસી જતા એવા પાયદળોને કરી મધ્યાન્હના સૂર્યની પેઠે દુર્નિ-રીક્ષ્ય, શત્રુને તપાવનાર, કાળ તથા અંતક સરખા શરીરવાળો શૂરવીર સૂતપુત્ર, સંગ્રામના મધ્યમાં શોભતો હતો. હે મહારાજ ! એ રીતે શત્રુઓને નાશ કરનાર મોટા ધનુષવાળા

કર્ણ મનુષ્ય, અશ્વ, રથ તથા હસ્તિઓને હણી ઉભો રહ્યો. જેમ મહા બળવાન કાળ, ભૂતગણને હણી ઉભો રહે તેમ મહારથિ એકલો કર્ણ, સોમકોને હણી સંગ્રામમાં ઉભો રહ્યો. તે વેળાએ અમે પંચાલોનું આશ્ચર્યરૂપ પરાક્રમ જોયું, જે કર્ણે હણવા માંડ્યા તો પણ તેને છોડી સંગ્રામમાંથી નાસી ગયા નહિ. રાજા, દુઃશાસન, કૃપાચાર્ય, અશ્વત્થામા, કૃતવર્મા, તથા મહા બળવાન શકુનિ એ બધા તમારી તરફના યોદ્ધાઓએ પણ પાંડવોની સેનાપ્રત્યે સેંકડો તથા હજારો યોદ્ધાઓને હણ્યા. હે રાજેન્દ્ર ! ક્રોધ પામેલા, સત્ય પરાક્રમવાળા કર્ણના પુત્ર, બેઉ ભાઇ પાંડવના સૈન્યને ચોતરફથી મારવા લાગ્યા. તે સમયે મહા ક્રૂર એવું ભયંકર યુદ્ધ થયું. જેમાં શૂરવીર પાંડવ, ધૃષ્ટદ્યુમ્ન. શિખંડી તથા અત્યંત ક્રોધાયમાન થએલા દ્રૌપદીના પુત્ર, એ સર્વ તમારા સૈન્યને હણતા હતા. એ રીતે તે તે બાજુથી પાંડવોનો આ ક્ષય પ્રવર્તમાન થયો. તેમજ મહા બળવાન ભીમસેનને પ્રાપ્ત થઇ તમારી તરફનાઓનો પણ સંગ્રામમાં ક્ષય પ્રવર્તમાન થયો.

> एवमेव क्षयो वृत्तः पांडवानांततस्ततः ।
> तावकानामपि रणे भीमं प्राप्य महाबलं ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां अष्टसप्ततितमो ऽध्यायः ॥ ७८ ॥

અધ્યાય ૭૯ મો. અર્જુનનું કર્ણ સામે જવું.

संजय उवाच—अर्जुनस्तु महाराज हत्वा सैन्यं चतुर्विधं ।
सूतपुत्रं च संक्रुद्धं दृष्ट्वा चैव महारणे ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! અર્જુન તો ચાર પ્રકારના સૈન્યને હણી મહા સંગ્રામમાં અત્યંત ક્રોધાયમાન થએલા સૂતપુત્રને જોઇ પારકા શૂરવીરને હણનાર કુંતીપુત્ર એવા અર્જુન, રૂધિરના પાણીવાળી, માંસ, મજ્જા તથા અસ્થિરૂપી છે ગારો જેમાં એવી મનુષ્યના મસ્તકરૂપી પાષાણોકરી યુક્ત, હસ્તિ તથા અમાપ છે કિનારો જેનો એવી શૂરવીરના અસ્થિ સમુદાયથી સંકીર્ણ, કાક તથા ગૃધ્રના શબ્દવાળી, છત્રરૂપી હંસેકરી યુક્ત એવી શૂરવીરરૂપી વૃક્ષને અપહરણ કરનારી, હારરૂપી કમળથી શોભિતી, શ્રેષ્ઠ પાઘડીરૂપી ફીણવાળી, ધનુષ બાણ તથા ધ્વજારૂપી મત્સ્યવાળી, ઢાલ તથા કવચરૂપ આવર્તવાળી, રથરૂપી નાવથી સંકુલ, જયને ઇચ્છનારાઓએ સારી રીતે તરી શકાય એવી તથા બીરૂ પુરૂષોને અત્યંત દુસ્તર એવી નદીને પ્રવર્તમાન કરી, વાસુદેવ ભગવાનપ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો કે હે કૃષ્ણ ! સંગ્રામમાં આ સૂતપુત્રનો ધ્વજ દેખાય છે, આ ભીમસેનાદિક, મહારથિ સાથે યુદ્ધ કરે છેઃ હે જનાર્દન ! કર્ણથી ત્રાસ પામેલા પંચાલો આ પતેમ નાસી જાય છે. શ્વેત છત્ર છે મસ્તક ઉપર જેને એવો દુર્યોધન રાજા, કર્ણે ભંગાણ પાડેલા પંચાલોને નસાડતો અત્યંત શોભે છે. તેમજ કૃપાચાર્ય, કૃતવર્મા, મહારથિ અશ્વત્થામા કર્ણે રક્ષણ કરેલા એવો રાજાની રક્ષા કરે છે. આપણે ન હણેલા તે સોમકોને હણશે. હે કૃષ્ણ ! અશ્વની રાશીના સંચાર કરવામાં ચતુર એવો રથના હાંકવાના સ્થાનવિષે બેઠેલો [illegible] સૂતપુત્ર રથને ચલાવ કરતો અત્યંત શોભે છે. આ જવાની હવે મારી બુદ્ધિ

કરવાની ઇચ્છા રાખનાર મહાત્મા અર્જુને, દુર્યોધનને સંભળાવવા માટે કેશવ ભગવાન સાંભળતાં જે વચન કહ્યાં છે, તે હું કહું છું. બાહુબળને જાણનાર, ધૈર્યવાન તથા યુદ્ધની ઇચ્છા રાખનાર અર્જુને શ્રીકૃષ્ણની સમક્ષ મને કહ્યું કે, સમગ્ર કૌરવોના મધ્યમાં તથા મંદ બુદ્ધિવાળો, કાળ જેને નજીક આવેલો છે, અતિ મૂઢ, મારી સાથે હંમેશ યુદ્ધ કરવાને ઇચ્છનાર, દુર્ભાષણ કરનાર તથા દુરાત્મા સૂતપુત્ર કર્ણ અને અમારી સાથે યુદ્ધ કરવા વાસ્તે બોલાવેલા બધા રાજાઓ પણ સાંભળે તે રીતે, મારૂં કહેલું સમગ્ર વચન અમાત્ય સહિત ધૃતરાષ્ટ્ર રાજાને કહેજે. એ પ્રમાણે અર્જુને સભામાં જે સમર્થ વાણી કહી, તેને, હાથમાં વજ્ર ધરનાર ઇંદ્રની વાણીને જેમ સમગ્ર દેવતાઓ શ્રવણ કરવાને ઇચ્છે, તેમ પાંડવ તથા સૃંજયો સાંભળતા હતા. ગાંડીવ ધનુષ ધારણ કરનાર, રાતાં કમળ સરખાં નેત્રવાળા તથા યુદ્ધ કરવાને ઇચ્છતા અર્જુને કહ્યું છે કે, અજમીઢ વંશમાં ઉત્પન્ન થયેલા યુધિષ્ઠિર રાજાનું રાજ્ય જો દુર્યોધન નહીં આપે તો, ધૃતરાષ્ટ્રના પુત્રોએ જે પૂર્વે પાપ કર્મ કર્યું છે, તેનું ફળ, જે હજી ભોગવ્યું નથી, તે ભોગવશે. એટલે કે કૌરવોને ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ સાક્ષાત વાસુદેવ શ્રીકૃષ્ણ, સાત્યકિ યાદવ, ધારણ કર્યું છે આયુધ જેણે એવા પ્રદ્યુમ્ન તથા શિખંડિ ઇત્યાદિ સાથે તથા પારકા અપકારને મનમાં લાવવા માત્રથી જે પૃથ્વી તથા સ્વર્ગને બાળી નાખે એવા ઇંદ્ર સરખા યુધિષ્ઠિર રાજા સાથે પણ યુદ્ધ થશે, માટે તેમ થવું જો ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન સારૂં માનતો હોય તો ભલે, કારણ તેથી પાંડવોને તો સમગ્ર રાજ્ય મળશે વાસ્તે કહેજે કે રાજ્યાર્દ્ધ માં આપ, ને માનતો હો તો યુદ્ધજ કર. ધર્માચરણ કરનાર યુધિષ્ઠિર રાજા વનમાં જઈ દુઃખરૂપ નિવાસને પ્રાપ્ત થયા માટે દુર્યોધન પણ પ્રાણ રહિત થઇ અત્યંત દુઃખ તથા અનર્થરૂપ વર્ત્તનાર દુષ્ટ બુદ્ધિવાળો દુર્યોધન જે લોકોને પાળે છે, તેમને લજ્જા, જ્ઞાન, તપ, દમ, શૌર્ય તથા ધર્મના રક્ષણથી મળેલા ધને કરી યુક્ત પાંડવો વિષે પ્રીતિમાન કર. નમ્રતા, સરલતા, તપશ્ચર્યા તથા ઇંદ્રિયોનો નિગ્રહ, ઇત્યાદિ ગુણ સંપન્ન, ધર્મ રક્ષણ કરનાર તથા સત્યવાદી, એવા અમારા બળવાન રાજાને તેઓએ કેટલાક જુગ કર્યા તથા દુર્વચનો સંભળાવ્યાં, અને ઘણી વખત કલેશ પમાડયો, તોપણ તે સહનજ કરે છે, હવે જ્યારે તે તીક્ષ્ણ વ્રતવાળા મોટા પાંડવ યુધિષ્ઠિર ક્રોધાવિષ્ટ થઇ ઘણા વખતથી નિયમમાં રાખેલો અત્યંત ભયંકર ક્રોધ કૌરવો વિષે ત્યાગ કરશે, ત્યારે દુર્યોધન " મેં યુદ્ધ ક્યાંથી કર્યું ? " એ રીતે તપાયમાન થશે. ઉષ્ણકાળમાં પ્રથમ ધુમાડાવાળો અગ્નિ કંઇક જ્વલાયમાન થઇ, પછી સારી રીતે વૃદ્ધિ પામીને જેમ સુકા ઘાસને બાળી નાખે, તેમ ક્રોધથી પ્રદીપ્ત યુધિષ્ઠિર દુર્યોધનની સેનાને જોવા માત્રથીજ બાળી નાખશે: જ્યારે હાથમાં છે ગદા જેને એવા ભયંકર વેગવાળા, ક્રોધાક્રાંત, ક્રોધરૂપી વિષને વમન કરતાં રથમાં બેઠેલા, સેનાના અગ્રભાગમાં આવેલા, કવચ ધારણ કરનાર, પારકા શૂરવીરોને હણનાર, સંગ્રામમાં આવેશથી પોતાના તથા પારકાની પણ જેને ખબર રહેતી નથી એવા, સેનાને હણનાર તથા કાળ સરખા ભીમસેનને જોશે, ત્યારે અતિમાની દુર્યોધન અમારાં વચન યાદ કરી, " મેં યુદ્ધ શા માટે કર્યું ! " એમ સંતાપ પામશે. વળી જ્યારે પર્વતના શિખર સરખા, ભેદાયા છે કુંભસ્થળ જેના એવા તથા રૂધિરનું વમન કરતા હસ્તિયોને ભીમસેનથી મરાયલા જોશે, ત્યારે " મેં યુદ્ધ ક્યાંથી કર્યું ? " એ રીતે પશ્ચાત્તાપ કરશે ! જેમ મોટો સિંહ બળદોના ટોળામાં આવી તેમને મારે, તેમ હાથમાં ગદા છે એવો ભયંકર રૂપવાળો ભીમસેન જ્યારે ધૃતરાષ્ટ્રના પુત્રો આવી આવી તેમને મારશે, ત્યારે દુર્યોધન સંતપ્ત થશે. તેમ મોટા જેમાં ભય છે એવા સંગ્રામમાં

ઉત્પન્ન થઈ છે, વાસ્તે એ ઠેકાણે મોટા રથને તમો લેઇ જાઓ; સંગ્રામમાં કર્ણને માર્યા વગર ક્યારે પણ હું પાછો વળીશ નહિ, તેમ કર્યાવગર હે જનાર્દન! રાધાપુત્ર કર્ણ, પાંચાલ તથા મહારથિ સૃંજયોને આપણા જોતાં નિઃશેષ કરશે. એવાં અર્જુનનાં વચન સાંભળી કેશવ ભગવાન [illegible] મોટા ધનુષવાળા કર્ણની સાથે દ્વંદ્વયુદ્ધ સારૂ તમારી સેના પ્રત્યે ગયા. એ રીતે મહાબાહુ એવા ભગવાન પાંડવની આજ્ઞાથી ચોતરફથી પાંડવના સૈન્યને આશ્વાસના આપતા ગયા. તે સમયે હે મારિષ! સંગ્રામના મધ્યમાં ઇન્દ્રના વજ્રજેવો તથા મેઘના ઓઘ સરખો અર્જુનના રથનો શબ્દ ગર્જવા લાગ્યો. એ રીતે અપ્રમેય છે બળ જેનું એવા સત્ય પરાક્રમવાળા પાંડુપુત્ર અર્જુન, રથના શબ્દેકરી તમારી સેનાને જીતતા સમીપે આવવા લાગ્યા. તે સમયે શ્રીકૃષ્ણ છે સારથિ જેના એવા ધોળા અશ્વવાળા અર્જુનને તથા મહાત્માના ધ્વજને જોઈ મદ્રરાજ શલ્ય આવી રીતે કર્ણપ્રત્યે કેહેવા લાગ્યો. હે કર્ણ! સંગ્રામમાં જેને તું પૂછતો હતો તે શ્રીકૃષ્ણ છે સારથિ જેના એવો શ્વેત અશ્વવાળો અર્જુન, શત્રુઓને હણતો આપ આવે છે, ગાંડીવ ધનુષને હાથમાં લેઈ આ કુંતિપુત્ર અર્જુન ઉભો છે, આજ તેને હણીશ તો જ આપણું શ્રેય થશે. હે કર્ણ! ચન્દ્ર તથા તારાનાં છે ચિન્હ જેમાં એવી કિંકિણીયુક્ત અર્જુનની આ પતાકા તથા ધનુષની પ્રત્યંચા આકાશમાં વીજળી શોભે તેમ શોભે છે. પાંડુપુત્ર અર્જુનના ધ્વજાગ્ર ભાગવિષે રહેલો શત્રુવીરોને ભય વધારનાર ભયંકર વાનર, ચોતરફ જોતો દેખાય છે. હે પ્રભો! અશ્વને વહન કરવા શ્રીકૃષ્ણનું આ ચક્ર, ગદા, શંખ તથા શાર્ઙ્ગ નામનું ધનુષ પાંડવના રથમાં દેખાય છે. અર્જુને ખેંચેલું ગાંડીવ ધનુષ શબ્દ કરે છે, અને બાણ નાંખવામાં ચતુર એવા તેણે મૂકેલા તીક્ષ્ણ બાણો શત્રુઓને હણે છે. વિશાલ અને દીર્ઘ એવાં તામ્ર સરખાં લાલ છે નેત્ર જેમાં એવા પૂર્ણ ચન્દ્ર સમાન મુખવાળા સંગ્રામમાં પલાયન કરનાર નહિ એવા રાજાઓના મસ્તકોએ કરી આ પૃથ્વી ભરાઇ ગઇ છે. પવિત્ર ગંધનો લેપ કરેલાં સાલાં જેવાં રણશૂરોના આયુધ સહિત આ ભુજ સંગ્રામમાં પડે છે. તેમજ હણાઇ છે જીભ તથા નેત્ર જેમનાં એવા સ્વાર સહિત પડેલા તથા પાડવા માંડેલા ઘોડાઓ, ક્ષીણ થઇ પૃથ્વીપર પડે છે. અર્જુને ભેદેલા છે કુંભસ્થલ જેમનાં એવા પર્વતનાં શિખર સમાન હિમાલયના આ હસ્તિઓ, જેમ પર્વતો પડે તેમ પૃથ્વીપર પડે છે. ગંધર્વનગર સમાન છે આકાર જેમનો એવા આ રાજાઓ, પુણ્યને અંતે વિમાનમાંથી દેવ પડે તેમ પૃથ્વી ઉપર પડે છે. એ રીતે કેસરી સિંહ જેમ હજારો મૃગના યૂથને વ્યાકુલ કરે તેમ અર્જુને પર સૈન્યને અત્યંત આકુલ કર્યું. હે કર્ણ! હે રાધેય! શ્રેષ્ઠ રથિઓને હણતો એવો અર્જુન, [illegible] તને પ્રાપ્ત થવાના ઇચ્છાથી તારી સામે આવે છે માટે તું પણ તેની સામે જા. [illegible] શત્રુઓને હણતા અર્જુનના ભયથી આ દુર્યોધનની સેના ચોતરફ વિદીર્ણ થાય છે. ઉત્સાહયુક્ત એવા એના શરીરને જોઇ હું એમ માનું છું કે સર્વ સૈન્યને છોડી દેઇ અર્જુન તારે વાસ્તે ઉતાવળ કરે છે. ભીમસેનને તેં પીડિત કર્યો તેથી ક્રોધે કરી પ્રદીપ્ત એવો અર્જુન, તારાવિના બીજા કોઇ સાથે યુદ્ધ કરવા ઉભો નહિ રેહે. તેં અત્યંત ક્ષતવિક્ષત કરેલા તથા વિરથ કરેલા ધર્મરાજને જોઇ અને પીડિત થએલા શિખંડિ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પુત્ર, યુધામન્યુ, ઉત્તમૌજ તથા નકુલ, સહદેવ, એ ભાઇઓને પણ જોઇ સર્વ રાજાઓને હણવાની છે ઇચ્છા જેને એવો ક્રોધથી રક્ત નેત્રવાળો, શત્રુને તપાવનાર, [illegible] અર્જુન, [illegible] તત્કાળ સૈન્યોને છોડી દેઇ જલદી તારી સામે આવે [illegible] હે કર્ણ!

તું પણ એની સામે જા, કેમકે લોકમાં, ભરતીને જેમ કિનારો રોકે તેમ ક્રોધાયમાન થએલા અર્જુનને વારે એવો તારા વિના બીજો કોઇ ધનુષ ધરનાર હું જોતો નથી. તેમ પાછળથી વા પડખેથી રક્ષણ કરનાર પણ હું જોતો નથી. પોતે એકલોજ તારી સામે આવે છે. એના આત્માનું સાફલ્ય તો જો. સંગ્રામમાં શ્રીકૃષ્ણ તથા અર્જુનને વિંધવા તુજ સમર્થ છે, તેમ એ ભાર તારી ઉપરજ છે વાસ્તે હે રાધેય! તું અર્જુન સામે જા. તું ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા તથા કૃપાચાર્ય સરખો છે, વાસ્તે મહા સંગ્રામમાં આવતા અર્જુનને નિવારણ કર. હે કર્ણ! ડસવા આવતા સર્પને, ગર્જના કરતા બેલને અને વનમાં રહેલા વાઘને હણે તેમ તું અર્જુનને હણ. અર્જુનના ભયથી નિરપેક્ષ થએલા મહારથિ એવા આ દુર્યોધન તરફના રાજાઓ સંગ્રામમાં નાઠા જાય છે. હે સૂતનંદન! સંગ્રામમાં નાશી જતા તેમના ભયને હણનાર તારાવિના બીજો કોઇ શૂરવીર એવો નથી કે જે એમને પાછા વાળે. હે પુરૂષવ્યાઘ્ર! તારાથી શરણને ઇચ્છતા આ સર્વ કૌરવ, દ્વીપરૂપ એવા તારો આશ્રય કરી સંગ્રામમાં ઉભેલા છે. હે રાધેય! તેં વૈદેહ, અંબષ્ઠ, કાંબોજ, નગ્નજિત તથા ગાંધારોને જે ધારણાએ કરી સંગ્રામમાં જીત્યા હતા તેજ ધારણાએ કરી પાંડુપુત્ર અર્જુન સામે તું જા. હે મહાબાહો! મોટા પૌરૂષનો આશ્રય કરી અર્જુનવડે પ્રસન્ન એવા વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થએલા વાસુદેવ પ્રત્યે જા. એવાં શલ્યનાં વચન સાંભળી કર્ણ કેહેવા લાગ્યો કે—હે શલ્ય! હે મહાબાહો! મારી પ્રકૃતિ પ્રમાણે તું બોલે છે માટે હાલ તું મને સંમત ભાસે છે વાસ્તે અર્જુનથી તું ભય માં કર અને આજ મારા બાહુ બળને તથા મારાં બળને જો. એકલો હું પાંડવોની મોટી સેનાને હણીશ. શ્રીકૃષ્ણ તથા અર્જુનને હણીશ એ હું તને સત્ય કહું છું. યુદ્ધમાં શૂરવીર એવા તે બેઉને હણ્યા વગર ક્યારે પણ હું પાછો નહિ વળું. અથવા તેમણે હણેલો હું રણભૂમિમાં શયન કરીશ. સંગ્રામવિષે રહેલાઓને જય અનિત્ય છે. આજ તેમને હણી વા તેમણે હણેલો હું કૃતાર્થ થઇશ. એવાં કર્ણનાં વચન સાંભળી શલ્યે કહ્યું કે હે કર્ણ! રથિમાં અત્યંત શૂરવીર એવા અર્જુનને સંગ્રામમાં કોઇથી જીતી શકાય નહિ એવો છે એમ મહારથિ પુરૂષો કહે છે. જ્યારે તે એકલો પણ સંગ્રામવિષે અજય્ય છે ત્યારે શ્રીકૃષ્ણે રક્ષણ કરેલો તે અજય્ય હોય તેમાં શું કેહેવું? વાસ્તે આ લોકવિષે એને જીતવાને કોણ ઉત્સાહ કરે? એવાં શલ્યનાં વચન સાંભળી કર્ણ કેહેવા લાગ્યો કે, મેં જેટલા સાંભળ્યા છે તેમાં એ સરખો લોકમાં રથિમાં ઉત્તમ બીજો કોઇ પણ નથી; એવા સમર્થ અર્જુન સાથે મહા સંગ્રામમાં હું યુદ્ધ કરીશ, મારા પૌરૂષને તું જો. અત્યંત શૂરવીર એવો રાજપુત્ર અર્જુન, શ્વેત અશ્વેકરી સંગ્રામમાં વિચરે છે. તે કાં તો આજ મને મારશે અથવા કાંતો પોતે મરશે, જે રાજપુત્રના હાથ, કંપરહિત બાણ નાખવાથી થયા છે પણ જેમાં સ્વેદ વગરના તથા મોટા છે, તે પાંડવેય સરખો દૃઢ આયુધવાળો જલદી બાણ ફેંકનાર તથા કૃતિમાન કોઈ પણ યોદ્ધો નથી કે જે, એકની પેઠે અનેક બાણને ગ્રહણ કરી તત્કાળ રથ પ્રત્યે બીજા બાણની યોજના કરે છે. સફળ એવા તે યોજના કરેલા બાણ, કોશમાત્ર જઇ પડે છે, તેની સમાન પૃથ્વીમાં બીજો કયો યોદ્ધો છે? કૃષ્ણ છે જેની સાથે એવો અતિરથિ તથા વેગવાન અર્જુન, ખાંડવવનમાં અગ્નિને સંતુષ્ટ કરી ગાંડીવ ધનુષને પ્રાપ્ત થયો અને મહાત્મા શ્રીકૃષ્ણ ચક્રને પ્રાપ્ત થયા હતા. વળી ત્યાં ઘણા બળવાળા મહાબાહુ તે, અગ્નિથી શ્વેત અશ્વયુક્ત સુંદર શબ્દવાળો ઉગ્ર રથ, દિવ્ય જેનાં રૂપ છે એવા અક્ષય બે ભાથા, તથા દિવ્ય શસ્ત્રને પણ પ્રાપ્ત થયા હતા. તેમજ ઇન્દ્રલોકમાં જઇ ઘણા

બ્રહ્મ આગ્નેય એવાં જૂદાં જૂદાં મહાસ્ત્ર આપ્યાં, તેણે કરી મનુષ્યમાં સિંહરૂપ જેણે એકઠા મળેલા કાલકેય નામના અસુરોને સંગ્રામમાં હણ્યા. વિરાટના નગરમાં પણ જેણે એકઠા મળેલા અમને સર્વને એકરથેકરી જીતી ગાયનું ધણ પાછું વાળી સંગ્રામ વચ્ચે મહારથિઓનાં વસ્ત્ર ગ્રહણ કર્યાં હતાં. હે શલ્ય ! પરાક્રમ તથા ગુણેકરી સંપન્ન શ્રીકૃષ્ણ છે બીજા જેની સાથે એવા રાજાઓમાં તથા સર્વ લોકમાં શ્રેષ્ઠ તેને સંગ્રામવિષે બોલાવતાં હું પોતે સાહસ સમજું છું. એકઠા મળેલા સર્વ લોકોએ હજારો વર્ષેકરી જેના ગુણ કહેવા સમર્થ થઈ શકાતું નથી, બીજાને જેની ઉપમા અપાય નહિ એવા અનંત પરાક્રમવાળા નારાયણરૂપ કેશવ ભગવાન એની રક્ષા કરે છે. શંખ, ચક્ર તથા ખડ્ગ છે હાથમાં જેને એવા મહાત્મા વસુદેવપુત્ર વિષ્ણુ તથા અર્જુન એકરથમાં બેઠેલા છે. બેઉને જોઈ મને ભય સાથે સાધ્વસ ઉત્પન્ન થાય છે, ધનુષ ધરનારમાં સર્વથી અધિક અર્જુન, અને ચક્રયુદ્ધમાં સર્વથી અધિક નારાયણ એવા પરાક્રમી પાંડવ તથા વાસુદેવ છે. પોતાને સ્થાનકેથી હિમાલય ચલાયમાન થાય પણ તેઓ ચલાયમાત્ર થાય એવા નથી. હે શલ્ય ! શૂરવીર, બળવાન દૃઢ આયુધવાળા, મહારથિ, સહનશક્તિ સંપન્ન સમર્થ અર્જુન તથા વાસુદેવ બેઉ સામે મારાવિના બીજો કયો પુરૂષ જાય ? હે મદ્રેશ ! મારો તથા પાંડુપુત્ર અર્જુનનો પરસ્પર યુદ્ધમાં જે મનોરથ છે તેથી અતુલ્યરૂપ એવું અતિ આશ્ચર્યરૂપ યુદ્ધ જલદી થશે, તેકંઈ ઘણા કાળ સુધી ચાલવાનું નથી માટે આજ શ્રીકૃષ્ણ તથા અર્જુન બેઉને યુદ્ધમાં હું પાડીશ અને કાંતો તેઓ મને હણશે. એમ શલ્યને કહી શત્રુને હણનાર કર્ણ, મેઘની પેઠે ઊંચે સ્વરે ગર્જના કરી તમારા પુત્રે પાસે આવી વખાણ કરેલા કર્ણે કુરૂકુળમાં અત્યંત શૂરવીર એવા અર્જુન પ્રત્યે આવી પોતાની તરફના મહાબાહુ એવા કૃપાચાર્ય, ભોજ, નાના ભાઈ સહિત ગાંધારપતિ શકુનિ, ગુરૂના પુત્ર અશ્વત્થામા, પોતાના નાના ભાઈ, પાયદળ, હસ્તિ ઉપર બેસનાર તથા ઘોડેસ્વારોને કહ્યું કે, હે રાજાઓ ! તમે અત્યંત ક્ષત કરેલા શ્રીકૃષ્ણ તથા અર્જુન બેઉને જે રીતે સુખેકરી આજ હું મારૂં તે રીતે તેમને રૂંધો, સામે દોડો અને શ્રમેકરી ચોતરફથી તેમને હણો. એવાં કર્ણનાં વચન સાંભળી કર્ણની આજ્ઞા માનનાર અત્યંત શૂરવીર મહારથિ અર્જુનને હણવા ઇચ્છતા તેઓ ' ઠીક બહુ સારૂ તેમ કરીએ છીએ ' એમ તેને કહી ઉતાવળથી અર્જુન સામે આવી યુદ્ધવિષે બાણેકરી તેને હણવા લાગ્યા. તો પણ ઘણા જળવાળો મહાસમુદ્ર જેમ નદી તથા નદને ગળી જાય તેમ અર્જુન, તેમને ગળવા લાગ્યો. તે સમયે ઉત્તમ બાણ સાંધતાં તથા મૂકતા પણ અર્જુનની ચાલાકીને લીધે શત્રુઓને તે જોવામાં આવતું ન હતું. તેના અસ્ત્ર તથા બાણેકરી હણાયલા મનુષ્ય, અશ્વ તથા હસ્તિઓ રણભૂમિવિષે પડતા હતા. તે વેળાએ બાણરૂપી જ્વાળાવાળા, ગાંડીવરૂપી છે સુંદર મંડળ જેનું એવા પ્રલય સમયના સૂર્ય સરખા તેજવાળા અર્જુનને, વ્યાધિયુક્ત ચક્ષુવાળા જન, જેમ સૂર્ય સામે જોઈ શકે નહિ તેમ કૌરવો સામું જોવા પણ સમર્થ થતા નહતા. મહારથિઓએ નાખેલા ઉત્તમ બાણને બાણના સમૂહથી કાપી હાસ્યકરી ગાંડીવ ધનુષનું વિસ્તીર્ણ એવું પૂર્ણ મંડળ થાય તે રીતે ફરીથી બાણનું સંધાનકરી તેમને હણ્યા. હે પાર્થિવેંદ્ર ! અષાઢ તથા જ્યેષ્ઠના મધ્યમાં ગએલો સૂર્ય જેમ કિરણેકરી જગતના ઓઘને હરે, તેમ અર્જુન સામે આવતા બાણના ગણને નસાડી તમારી સેનાને બાળે છે. તેને જોઈ કૃપાચાર્ય, ભોજ, તમારો પુત્ર તથા મહારથિ અશ્વત્થામા એ સર્વે યોદ્ધાઓ, મેઘ જેમ પર્વત ઉપર જળનો વર્ષાદ કરે તેમ બાણનો વર્ષાદ કરતા

તેની સામે દોડ્યા. તે મહા સંગ્રામમાં હણવાને ઇચ્છતા શત્રુઓએ નાખેલા ઉત્તમ બાણને કુશળ એવા પાંડુપુત્ર અર્જુને, બાણથી યત્નેકરી કાપી ત્રણ બાણેકરી વક્ષસ્થળમાં તેમને વિંધ્યા. તે વેળાએ બાણરૂપી છે ઉગ્ર કિરણો જેનાં એવો ગાંડીવરૂપી વિસ્તીર્ણ પૂર્ણ મંડળવાળો શત્રુઓને તપાવતો અર્જુનરૂપ સૂર્ય, આષાઢ તથા જ્યેષ્ઠના મધ્યમાં ગએલો પરિધવાન સૂર્ય શોભે તેમ શોભતો હતો. દ્રોણ પુત્ર અશ્વત્થામાએ શ્રેષ્ઠ એવા દશ બાણથી અર્જુનને અને ત્રણથી અચ્યુત ભગવાનને વિંધી બીજા ચારથી એના ચાર અશ્વને ભેદી ધ્વજાવિષે રહેલા વાનર ઉપર શ્રેષ્ઠ એવા નારાચ નામના બાણ નાખ્યાં. તોપણ અર્જુને સ્ફુરાયમાન એવા ગ્રહણ કરેલા તેના ધનુષને ત્રણ બાણથી વિંધી ક્ષુર નામના બાણથી સારથિનું મસ્તક છેદી ચાર અશ્વને ભેદી વળી ત્રણ બાણેકરી અશ્વત્થામાના રથ ઉપરથી તેનો ધ્વજ પાડી નાખ્યો. ક્રોધેકરી પરિપૂર્ણ એવા તેણે મણિ, વજ્ર, તથા સુવર્ણથી શોભિતું તક્ષકના શરીર સરખી કાંતિવાળું અમૂલ્ય એવું બીજું ધનુષ પર્વતના તટ ઉપરથી જેમ શ્રેષ્ઠ સર્પને ગ્રહણ કરે તેમ ગ્રહણ કર્યું. ત્યાર પછી ગુણેકરી અધિક એવો તે, હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવા રથમાં બેસવાને સ્થાનકે ભાથા તથા મ્યાનમાંથી આયુધને બહાર કાઢી ધનુષની પ્રત્યંચા ચઢાવી અજિત તથા પુરૂષમાં ઉત્તમ એવા શ્રીકૃષ્ણ અને અર્જુનને નજીકથી વિંધી પીડિત કરવા લાગ્યો. તેજ સમયે કૃપાચાર્ય, ભોજ તથા તમારો પુત્ર મહારથિ, એ સંગ્રામના મસ્તકવિષે ઉભેલા તેમણે મેઘ જેમ સૂર્યને આચ્છાદન કરે તેમ અનેક બાણેકરી પાંડવમાં શ્રેષ્ઠ એવા અર્જુનને આચ્છાદન કરી દીધો. સહસ્રાર્જુન જેવા પરાક્રમવાળા અર્જુને પણ, પૂર્વે ઇન્દ્રે જેમ બલિરાજાના ધનુષાદિકને ભાગ્યાં હતાં તેમ બાણેકરી પાડયાં છે આયુધ તથા મર્દન કર્યો છે ધ્વજ જેનો એવા કૃપાચાર્યને પૂર્વે જેવા ભીષ્મને કર્યા હતા તેવા હજારો બાણથી વિદ્ધ કરી, બાણેકરી શબ્દ કરતા તમારા પુત્રનો ધ્વજ તથા ધનુષ કાપી સુંદર એવા કૃતવર્માના અશ્વને હણી પ્રતાપવાન એવા તેણે તેના ધ્વજને પણ કાપી નાખ્યો. એવી રીતે ઉતાવળ કરતા એવા તેણે, અશ્વ સારથિ, ધનુષ, ધ્વજ, હસ્તિ, અશ્વ, તથા રથોને હણી વિસ્તીર્ણ એવા અત્યંત મોટા બળવાળા તમારાં સૈન્યને પાણી જેમ બાંધેલી પાળને વિદારણ કરે તેમ વિદારણ કર્યું. તેટલામાં કેશવ ભગવાને તત્કાળ અર્જુનના રથેકરી આતુર એવા શત્રુઓને જમણી બાજુ ફેરવ્યા. પછી વૃત્રાસુરને મારનાર ઇન્દ્ર જાય તેમ જલદીથી જતા અર્જુનને જોઈ યુદ્ધ કરવા ઇચ્છતા બીજા શત્રુઓ, સારી રીતે યોજના કરેલા સુંદર ધ્વજયુક્ત રથેકરી તેની પાછળ દોડવા લાગ્યા. મહારથિ એવા શિખંડિ, સાત્યકિ તથા નકુલ અને સહદેવ સામે આવી અર્જુનની સન્મુખ આવતા શત્રુઓને વારી રાખી તીક્ષ્ણ બાણથી તેમને વિદારણ કરતા અત્યંત ભયંકર શબ્દ કરવા લાગ્યા. ત્યાર પછી કોપાયમાન થએલા શ્રેષ્ઠ કૌરવ, તથા સૃંજય પૂર્વે દેવાસુર સંગ્રામમાં દેવ તથા અસુર જેમ પરસ્પર હણતા તેમ તીક્ષ્ણ બાણેકરી એક બીજાને હણવા લાગ્યા. એ રીતે જયને ઇચ્છતા સ્વર્ગપ્રત્યે જવાના ઉત્સાહવાળા હસ્તિ, અશ્વ, તથા રથ ઉપર બેઠેલા યોદ્ધાઓ પરસ્પર સામે આવી ઊંચે સ્વરેકરી સિંહનાદ કરતા સારી રીતે મૂકેલા બાણેકરી એકબીજાને વ્યથાયુક્ત કરતા હતા. હે પાર્થિવ! તે મહા સંગ્રામમાં મહાત્મા એવા શ્રેષ્ઠ યોદ્ધાઓએ પરસ્પર નાખેલા બાણેકરી અંધકાર થવાથી ચાર દિશા વિદિશાઓ તથા સૂર્યની પ્રભા પણ ઢંકાઈ ગઈ.

शरांधकारे तु महात्मभिः कृते महामृधे योधवरैः परस्परं ।
चतुर्दिशो वै विदिशश्च पार्थिव प्रभा च सूर्यस्य तमो वृताभवत् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां एकोनाशीति-तमोऽध्यायः ॥ ७९ ॥

અધ્યાય ૮૦ મો. કૌરવોમાં નાશભાગ.

संजय उवाच—राजन् कुरूणां प्रवरैर्बलैर्भीममभिद्रुतं ।
मज्जंतमिव कौंतेयमुज्जिहीर्षुर्धनंजयः ॥ १ ॥

સંજય કહે છે—હે રાજન્! કૌરવોના બળવાન એવા શ્રેષ્ઠ યોદ્ધાઓએ ઘેરેલા જાણે ડુબતા હોય નહિ એવા કુંતિપુત્ર ભીમસેનનો ઉદ્ધાર કરવા ઇચ્છતા અર્જુને હે ભારત! બાણેકરી કર્ણની સેનાને મર્દન કરી પારકા શૂરવીરોને મૃત્યુલોકપ્રત્યે મોકલી દીધા. તેણે નાખેલો બાણ સમુદાય વિભાગથી આકાશનો આશ્રય કરી દેખતો હતો અને બીજા યોદ્ધાઓ તમારી સેનાને હણતો હતા, એવી રીતે પક્ષિસંઘનો છે સંચાર જેનેવિષે એવા આકાશને બાણથી પૂરી દેઇ મહાબાહુ અર્જુન કૌરવોનો અતંક થયો. ત્યાર પછી અર્જુન, ભલ્લ, ક્ષુરપ્ર તથા નિર્મળ એવા નારાચ નામના બાણેકરી શત્રુઓનાં શરીર ભેદી તેમનાં મસ્તકો કાપવા લાગ્યો. તે સમયે છેદાયાં છે શરીર જેમનાં, કવચ રહિત, મસ્તક વગરના ચોતરફ પાડેલા તથા પડતા યોદ્ધાઓએ કરી તેમજ અર્જુનના બાણેકરી ઘાયેલ થએલા અંગેકરી હીન કંઇક ચલાયમાન એવા અશ્વ, રથ તથા હસ્તિઓએકરી હે રાજન! દુઃખે-કરી પણ જોઈ શકાય નહિ એવી અત્યંત દુર્ગમ તથા ભયંકર રણભૂમિ, મહારાદ્ર વૈતરણી સરખી થઇ ગઈ. રથના દંડ, ચક્ર, આરા, ભાલાં યુદ્ધ કરનારના અશ્વ રહિત તથા અશ્વ સહિત સારથિ વગરના તથા સારથિવાળા પડેલા રથેકરીને પણ રણભૂમિ સંકીર્ણ થઇ ગઇ. તેમજ સુવર્ણ સમાન વર્ણવાળા કવચ પહેરેલા સુવર્ણના ભૂષણવાળા યોદ્ધાઓએ આરો-હણ કરેલા કવચ પહેરેલા નિરંતર મદ ઝરતા અને ક્રૂર એવા મોટા માવત લોકોએ પાની તથા અંકુશોએકરી પ્રેરણા કરેલા કોધયુક્ત એવા ભદ્ર નામના ચારસો હસ્તિ અર્જુનના શ્રેષ્ઠ બાણથી હણાઇ રણભૂમિવિષે મોટા પર્વતનાં નાશ પામેલાં સમૃદ્ધ એવાં શિખર પડે તેમ પડયા. રણમાં અર્જુનના બાણથી હણાયલા શ્રેષ્ઠ હસ્તિઓએકરી રણભૂમિ સંકીર્ણ થઇ તે વેળાએ વાદળોને ભેદતો સૂર્ય જેમ ગતિ કરે તેમ મેઘસરખા મદ ઝરતા હસ્તિઓને ભેદતો અર્જુનનો રથ ગતિ કરતો હતો. એ રીતે અર્જુને હણેલા હસ્તિ, મનુષ્ય, અશ્વ, બહુધા ભેદ પામેલા રથ તથા શસ્ત્ર, યંત્ર અને કવચ વગરના ભાગેલા આયુધવાળા યુદ્ધમાં ચતુર એવા પ્રાણ રહિત યોદ્ધાઓવડે રણભૂમિનો માર્ગ સંકીર્ણ થયો. વળી અર્જુને અત્યંત મોટું ભયંકર શબ્દવાળું પોતાનું ગાંડીવ ધનુષ લેઇ તેનો ટંકાર કર્યો. આકાશમાં જેવો કડાકો થાય તેવો ભયંકર વજ્ર સરખો તેનો શબ્દ થયો. તે સાંભળી અર્જુનના બાણથી હણાયલી તમારી સેના, સમુદ્રવિષે મોટા વાયુથી હણાયલી મોટી નૌકા જેમ ચિરાઈ જાય તેમ ચિરાઈ થઇ ગઇ. ગાંડીવ ધનુષમાંથી નાખેલા આઘાત [illegible] તથા [illegible] [illegible] અનેક પ્રકારના બાણ, તમારા સૈન્યને બાળવા લાગ્યા, [illegible] પર્વતવિષે [illegible]

પ્રજ્વલિત થયેલું વાંસનું વન બળે તેમ સ્ફુરાયમાન એવા અર્જુનના બાણેકરી તમારૂં મોટું સૈન્ય બળવા લાગ્યું એ રીતે અર્જુનના બાણથી હણાયલું તમારૂં સૈન્ય, વનવિષે દાવાનળથી ત્રાસ પામેલા મૃગગણ ભાગે તેમ સર્વ દિશાઓમાં ભયથી ભાગવા લાગ્યું. એ રીતે અર્જુને બાળવા માડેલા કૌરવ, તે રીતે વર્તતા સંગ્રામવિષે મહાબાહુ ભીમસેનને છોડી દઇ પાછા વળ્યા. ઉદ્વિગ્ન થએલું કૌરવસૈન્ય રણમાંથી વિમુખ થયું. આવી રીતે કૌરવો વિષે પડેલા ભંગાણને જોઇ પરાજય પામેલો નહિ એવો અર્જુન, ભીમસેન પાસે જઇ સન્મુખ ઉભો રહી ભીમસેનને મળી તેની સાથે વિચાર કરવા લાગ્યો. શલ્યરહિત તથા અરૂજ એવા યુધિષ્ઠિર છે એમ એને કહી તેની આજ્ઞા લેઇ રથના શબ્દેકરી આકાશ તથા પૃથ્વીને શબ્દાયમાન કરતો ત્યાંથી આગળ જવા લાગ્યો. દુઃશાસનની નાના યોદ્ધાઓમાં શ્રેષ્ઠ શૂરવીર એવા વિસ્તીર્ણ ધનુષવાળા તમારા દશ પુત્ર, નૃત્ય કરતા હોય નહિ તેમ ઊંબાડીઆએ કરી હસ્તિને પીડે તેમ મોટાં બાણેકરી તેને પીડવા લાગ્યા. તે સમયે મધુસૂદન એવા ભગવાને રથેકરી તેમને દક્ષિણ બાજુએ હઠાવ્યા. અર્જુને જલદી તેમને યમલોકપ્રત્યે યોજના કરેલાજ છે એમ માનતા હતા. શૂરવીર એવા તે, પરાઙ્મુખ થયો છે રથ જેનો એવા અર્જુન સામે દોડયા. સામે આવતા તેમના ધ્વજ, અશ્વ તથા બાણ અર્જુને નારાચ તથા અર્દ્ધચન્દ્ર બાણેકરી તોડી નાખ્યા. ત્યાર પછી બીજા ભલ્લ નામના દશ બાણેકરી એમનાં મસ્તક પણ પાડી નાંખ્યાં. રોષથી અત્યંત રક્ત છે નેત્ર જેમાં એવા કરેલા ઓષ્ઠવાળાં ભૂતળવિષે પડેલાં તે ઘણાંક કમળ હોય તેવાં તે શોભતાં હતાં. એ રીતે શત્રુને હણનાર અર્જુન, મોટા વેગવાળા સુવર્ણના છે પુંખ જેના એવા ભલ્લ નામના દશ બાણેકરી સુવર્ણના બાજુબંધ પેહેરેલા દશ કૌરવોને હણી ત્યાંથી આગળ જવા લાગ્યો.

तान्हत्वा भल्लैर्महावेगैर्दशभिर्दशकौरवान् ।
रुक्मांगदान्रुक्मपुंखैर्वेहरघा प्रायादमित्रहा ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि संकुलयुद्धे गुर्जरभाषायां अष्टशी-
तितमोऽध्याय ॥ ८० ॥

અધ્યાય ૮૧ મો કર્ણ અર્જુનનું યુદ્ધ.

संजय उवाच—तंप्रयातमहावेगैरश्वैः कपिवरध्वजं ।
युद्धायाभ्यद्रवन वीराः कुरुणां नवतीरथाः ॥ १ ॥

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર ! હનુમાન છે ધ્વજામાં જેની એવા વેગવાન અશ્વે કરી જતા અર્જુન સામે કૌરવોમાંના શૂરવીર એવા નેવું રથિઓ યુદ્ધ કરવા સારૂ દોડયા. એવી રીતે પુરૂષમાં સિંહરૂપ સંશપ્તકોએ પારલૌકિક એવા ઘોર સોગન ખાઈ પુરૂષમાં સિંહરૂપ અર્જુનને સંગ્રામમાં ચોતરફથી વિંટી લીધો. શ્રીકૃષ્ણ ભગવાને તો સુવર્ણના છે ભૂષણ જેમનાં એવા મોતિની જાળથી ઢંકાયલા મોટા વેગવાળા શ્વેત અશ્વને કર્ણના રથ સામે ચલાવ્યા. કર્ણના રથપ્રત્યે જતા શત્રુને હણનાર અર્જુનને બાણના વર્ષાદથી હણતા શંસ એવા સંશપ્તકો પણ સામે આવ્યા. ઉતાવળથી આવતા તે સર્વ નેવું શૂરવીરને સારથિ, ધનુષ તથા ધ્વજસહિત અર્જુને તીક્ષ્ણ બાણેકરી હણ્યા. નાના પ્રકારના બાણેકરી અર્જુને હણેલા તે,

પુણ્ય ક્ષીણ થવાથી સ્વર્ગમાંથી વિમાનસહિત સિદ્ધ પડે તેમ પૃથ્વી ઉપર પડયા. પછી રથ, હસ્તિ તથા અશ્વસહિત નિર્ભય એવા કૌરવો અર્જુન સામે આવી ઉભા રહ્યા. તે સમે ઘણાક છે મનુષ્ય, અશ્વ તથા શ્રેષ્ઠ હસ્તિ જેમાં એવું તમારા પુત્રોનું મોટું સૈન્ય અર્જુનને રોકવા લાગ્યું. મોટા ધનુષવાળા કૌરવોએ પણ શક્તિ, તરવાર, ભાલા,ગુરજ, ગદા, ખડગ તથા બાણોએકરી કુરુનંદન એવા અર્જુનને આચ્છાદન કરી દીધો. પાંડુપુત્ર અર્જુને પણ અંતરિક્ષમાં રહેલી વિસ્તૃત એવી શરવૃષ્ટિને બાણેકરી સૂર્ય જેમ કિરણોએ કરી અંધકારને હણે તેમ હણી. તે સમયે તમારા પુત્રની આજ્ઞાથી ત્યાં ઉભેલા મ્લેચ્છ, મદોન્મત્ત એવા તેરસો હસ્તિવડે પાર્શ્વભાગથી કર્ણિ, નાલીક, નારાચ, ભાલા, ગુરંજ, શક્તિ, મુસલ તથા ગોફણે કરી રથમાં બેઠેલા અર્જુનને પીડવા લાગ્યા. હાથીની સૂંઢે કરી મોકલેલી અતુલ એવી તે શરવૃષ્ટિને અર્જુને તીક્ષ્ણ એવા ભલ્લ તથા અર્દ્ધચન્દ્રાકૃતિ બાણે કરી કાપી નાખી નાના પ્રકારના ઉત્તમ બાણેકરી પતાકા, ધ્વજ તથા માવતસહિત તે બધા હસ્તિઓને વજ્રે કરી જેમ પર્વતોને હણે તેમ તેણે હણ્યા. સુવર્ણના પુંખવાળા બાણેકરી પીડિત થએલા તથા હણાયલા સુવર્ણની માળા પેહેરેલા મોટા હસ્તિઓ, અગ્નિની જ્વાળા સહિત પર્વતો પડે તેમ રણભૂમિમાં પડતા હતા. ત્યાર પછી હે વિશાંપતે ! શબ્દ કરતાં એવાં મનુષ્ય, ગજ તથા વાજિઓના મધ્યમાં ગાંડીવનો મોટો શબ્દ થતો હતો. હે રાજન ! હણાયલા હસ્તિઓ પણ ચોતરફ દોડતા હતા. હણાયા છે સ્વાર જેમના એવા અશ્વ પણ દશે દિશાઓમાં દોડતા હતા. હે મહારાજ ! રથિ તથા અશ્વેકરી હીન એવા ગંધર્વનગર સમાન હજારો રથ દેખાતા હતા. હે મહારાજ ! અર્જુનના અહીં તહીં બાણથી હણાયલા દોડતા ઘોડેસ્વાર પણ તે તે સ્થાનકે દેખાતા હતા. તે વેળાએ પાંડુપુત્ર અર્જુનનું બાહુબળ શોભતું હતું અને ઘોડેસ્વાર હસ્તિઓ તથા રથિઓને સંગ્રામમાં તે એકલો પોતે જીતતો હતો, ત્યાર પછી હે ભરતર્ષભ ! ત્રણ જેનાં અંગ છે એવા મોટા સૈન્યથી વિંટાયલા અર્જુનને જોઇ ભીમસેન, હણાતાં બાકી રહેલા તમારી તરફના કેટલાક રથિઓને છોડી દેઇ વેગેકરી અર્જુનના રથ પ્રત્યે દોડી આવ્યો. એ રીતે અર્જુનને જોઈ ભીમસેન જ્યારે પોતાના ભાઇ પ્રત્યે આવ્યો ત્યારે ઘણાક જેમાંથી હણાયા છે એવું આતુર તે સૈન્ય નાસવા લાગ્યું. એ રીતે ભીમસેન તે મહા સંગ્રામમાં આવી અર્જુનથી હણાતાં બાકી રહેલા મહા બળવાન્ અશ્વને હાથમાં ગદા લેઈ ભીમ હણવા લાગ્યો. એ રીતે ભીમસેને, કાળરાત્રિ સરખી અતિ ઉગ્ર, નર, અશ્વ, તથા હસ્તિનું છે ભોજન જેને, કિલ્લા મહેલ તથા શહેરના દ્વારને વિદારણ કરનારી અતિ દારૂણ એવી પોતાની ગદાને મનુષ્ય હસ્તિ તથા અશ્વ પર નાખી. હે મારીષ ! હણાયલા ઘણાક અશ્વ, ઘોડેસ્વાર, તથા લોહનાં કવચ પહેરેલા મનુષ્ય, એક પછી એક રણભૂમિમાં પડતા હતા. એ રીતે ભીમસેનની ગદાથી હણાયલા, દાંતેકરી પૃથ્વીને ડસતા, રુધિરેકરી વ્યાપ્ત, ભાગી ગયાં છે મસ્તક અસ્થિ તથા ચરણ જેમનાં એવાં કેટલાક પ્રાણીઓ માંસ ખાનાર પ્રાણીગણનાં ભોજન થયાં. રૂધિર, માંસ તથા વસાએકરી તૃપ્તિને પ્રાપ્ત થએલી ગદા, અસ્થિનું પણ જાણે ભોજન કરતી હોય તેમ કાલરાત્રી સરખી દુઃખેકરીને જોઈ શકાતી ન હતી. એ રીતે અત્યંત ક્રોધાયમાન થએલો ભીમસેન, દશ હજાર અશ્વ તથા ઘણાક પાયદળોને હણી હાથમાં ગદા લેઈ અહીં તહીં દોડવા લાગ્યો. હે ભારત ! [illegible] ગદા જેને એવા ભીમસેનને જોઇ તમારી તરફના યોદ્ધાઓ, [illegible] છે, [illegible] એવો યમરાજ પ્રાપ્ત થયો હોય એમ તેને માનતા હતા. અત્યંત [illegible]

પાંડુનંદન ભીમસેને મદોન્મત્ત હસ્તિની પેઠે મધરમચ્છ જેમ સાગરમાં પ્રવેશ કરે તેમ હસ્તિસૈન્ય પ્રત્યે પ્રવેશ કરી મોટી ગદા હાથમાં લેઈ ક્ષણમાત્રમાં ક્રોધથી હસ્તિસૈન્યને યમલોક પ્રત્યે મોકલી દીધું. કંટક, માથે બેસનાર તથા પતાકા સહિત એવા મદોન્મત્ત હસ્તિઓને પક્ષ સહિત પર્વતો પડે તેમ પડતા અમે જોતા હતા. એ રીતે મહા બળવાન્ ભીમસેન, હસ્તિસૈન્યને હણી પાછો પોતાના રથમાં બેશી પાછળથી અર્જુન પાસે આવ્યો. બહુધા વિમુખ થએલું ઉત્સાહ વગરનું પ્રાયઃ શસ્ત્રથી વિંટાયલું સામું સૈન્ય વિલંબ કરી ઉભું રહ્યું. વિલંબ કરી ઉભેલા અપ્રગલ્ભ એવા તે સૈન્યને જોઇ અર્જુને પ્રાણને તપાવે એવા બાણે કરી તેને આચ્છાદન કરી દીધું. યુદ્ધમાં ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને બાણ સમુદાયથી વિંધેલા નર, અશ્વ, રથ તથા હસ્તિઓ, તંતુએ કરી કદંબવૃક્ષ શોભે તેમ શોભતા હતા. હે નૃપ ! નર, અશ્વ તથા હસ્તિઓના પ્રાણ હરે એવા અર્જુનના બાણેકરી હણાતા કૌરવોનો મોટો આર્તસ્વર થતો હતો. તે વખતે અત્યંત ત્રાસ પામેલું સૈન્ય પરસ્પર લીન થતું, હાહાકાર કરતું હતું. તમારૂં સૈન્ય, અલાતચક્રની પેઠે ભમતું હતું. અત્યંત મોટા બળવાળા પાંડવો સાથે કૌરવોનું એવુ તો યુદ્ધ થયું કે, જેમાં રથ, ઘોડેસ્વાર, અશ્વ તથા ગજ, કોઈપણ ભેદાયા વગર રહ્યો નહી. બાણેકરી છેદાયાં છે કવચ જેનાં એવું રૂધિરથી વ્યાપ્ત પ્રદીપ્ત સૈન્ય પ્રફુલ્લિત એવા અશોકના વન જેવું દીસતું હતું. પરાક્રમી અર્જુનને જોઇ સર્વ કૌરવો કર્ણના જીવિતવિષે નિરાશ થયા. અર્જુને જીતેલા સંગ્રામમાં અતિશય ક્રુદ્ધ એવા અર્જુનના બાણસંપાતને માની નિવૃત્ત થઈ સંગ્રામમાં કર્ણને છોડી દેઇ ભયથી દિશાઓ પ્રત્યે દોડી તેને આક્રોશ કરવા લાગ્યા. ભીમસેનાદિક પાંડવ તરફના યોદ્ધાઓને હર્ષ પમાડતો અર્જુન, સેંકડો બાણ ફેંકતો તેની સામે દોડયો. તમારા પુત્રો તો હે મહારાજ ! કર્ણના રથ પ્રત્યે ગયા. તે સમયે અગાધ જળમાં ડૂબતા તેમને કર્ણ દ્વીપ રૂપ થયો. હે મહારાજ ! ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનના ભયથી કૌરવો વિષરહિત એવા સર્પોની પેઠે કર્ણની પાસે લીન થઈ ગયા. હે મારિષ ! મૃત્યુથી બીનેલા કર્મવાન સર્વ પ્રાણીઓ જેમ ધર્મનોજ આશ્રય કરે તેમ હે નરાધિપ ! મહાત્મા પાંડવના ત્રાસથી તમારા પુત્રોએ મોટા ધનુષવાળા કર્ણનો આશ્રય કર્યો. તે સમયે રૂધિરે કરી વ્યાપ્ત વિષમસ્થાન પ્રત્યે ઉભેલા બાણથી આતુર એવા કૌરવોને ભય રહિત એવો કર્ણ, અરે તમો બીયો માં, મારી પાસે આવો, એમ કહી અર્જુને ભંગાણ પાડેલા તમારા સૈન્યને જોઇ ધનુષની પ્રત્યંચા ખેંચી શત્રુને મારવાની ઇચ્છાથી સંગ્રામના મધ્યમાં ઉભો રહ્યો. સંગ્રામમાંથી નાશી જતા કૌરવોને જોઇ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ શ્વાસોચ્છ્વાસ કરતો કર્ણ, વિચાર કરી અર્જુનનો વધ કરવો, એમ મનમાં ધારી મોટું ધનુષ સજ્જ કરી અર્જુન જોતાં વળી પાંચાલો તરફ દોડયો. તેને જોઇ રૂધિર સરખાં લાલ નેત્રવાળા રાજાઓએ ક્ષણ માત્રમાં મેઘ જેમ પર્વત ઉપર વર્ષાદ કરે તેમ બાણના ઓઘનો કર્ણ ઉપર વર્ષાદ કર્યો. હે મારિષ ! હે પ્રાણધારીશ્વર ! એટલામાં કર્ણે મૂકેલા હજારો બાણોવડે પંચાલો પ્રાણરહિત થઇ ગયા. હે મહામતે ! મિત્રવાસ્તે મિત્રનું રૂડું ઇચ્છનાર સતપુત્ર કર્ણે હણેલા પચાલોનો મોટો શબ્દ થતો હતો.

तत्र शब्दो महानासीत्पंचालानां महामते ।
वध्यतां सूतपुत्रेण मित्रार्थे मित्रगृद्धिना ॥

इतिश्री महाभारते कर्णपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां एकाशीतितमो ऽध्यायः ॥ ८१ ॥

અધ્યાય ૮૨ મો. દુઃશાસન અને ભીમ.

संजय उवाच—ततः कर्णकुरुषु प्रद्रुतेषु बहुध्वजिनाश्वेतहयेन राजन् ।
पांचालपुत्रान् व्यधमत् सूतपुत्रो महेषुभिर्वात इवाभ्रसंघान् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! પછી કવચ પહેરેલા શ્વેત અશ્વવાળા અર્જુને કૌરવોને નસાડયા તેને જોઇ સૂતપુત્ર કર્ણે, મોટા બાણેકરી વાયુ જેમ વાદળ સમુદાયને નસાડે તેમ પાંચાલ પુત્રોને હણ્યા. વળી સૂતપુત્ર કર્ણે, જનમેજયના અશ્વને હણી અંજલિક નામના બાણથી એના સારથિને રથમાંથી નીચે પાડી, શતાનિક તથા સુતસોમ ઉપર ભલ્લ નામના બાણ નાખી એનું ધનુષ કાપી છ બાણથી ધૃષ્ટદ્યુમ્નને ભેદી વેગથી એના અશ્વને હણી, તેમજ સાત્યકિના અશ્વને પાડયો. વિશોક નામના કૈકેય પુત્રને હણ્યો. એ રીતે કર્ણે હણેલા કુમારને જોઇ ઉગ્ર છે કર્મ જેનાં એવા કૈકયના સેનાપતિએ તેની પાછળ દોડી ધનુષ ખેંચી ઉગ્ર વેગવાળા બાણેકરી કર્ણના પુત્ર પ્રસેનને હણ્યો. કર્ણે પણ અત્યંત હાસ્યકરી અર્દ્ધચંદ્ર નામના ત્રણ બાણેકરી તેના બે બાહુ તથા મસ્તક કાપી નાખ્યું. પ્રાણરહિત એવો તે, ફરશીએકરી કાપેલો સાગનો વૃક્ષ પડે તેમ રથ ઉપરથી પૃથ્વીપર પડયો. કર્ણપુત્ર પ્રસેને જાણે નૃત્ય કરતો હોય તેની પેઠે હણાયા છે અશ્વ જેના એવા શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિને તીક્ષ્ણ બાણે આચ્છાદાન કરી તેના બાણથી હણાયલો પોતે પૃથ્વીવિષે પડયો. પુત્ર હણાવાથી ક્રોધેકરી વ્યાપ્ત છે ચિત્ત જેનું એવા શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિને હણવા ઇચ્છતા કર્ણે, અરે હે શૈનેય ! તું હણાયો છે, એમ કહી શત્રુને હણે એવો બાણ તેની ઉપર નાખ્યો. એના તે બાણને શિખંડિએ ત્રણ બાણથી કાપી બીજા ત્રણ બાણથી કર્ણને પણ વ્યથિત કર્યો. અધિરથપુત્ર મહાત્મા ઉગ્ર એવા કર્ણે ક્ષુર નામના બે બાણથી શિખંડિનુ ધનુષ તથા ધ્વજ કાપી બીજા છ બાણથી શિખંડિને વિંધી ધૃષ્ટદ્યુમ્નના પુત્રનું મસ્તક કાપી અત્યંત તીક્ષ્ણ બાણેકરી સુતસોમને વિંધ્યો. અતિ ભયંકર એવા આર્ત સ્વરવાળા સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્નનો પુત્ર હણાયો તેને જોઇ હે રાજસિંહ ! શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું કે–હે પાર્થ ! કર્ણ, પંચાલ વગરનું સૈન્ય કરે છે, વાસ્તે તું. ત્યાં જા અને તેને હણ. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી રથના યૂથપતિ કર્ણે હણેલા તેમના ભયથી રક્ષણને ઇચ્છતા પુરૂષમાં અત્યંત શૂરવીર મહાબાહુ અર્જુન, હાસ્ય કરી તત્કાળ રથે કરી અધિરથપુત્ર કર્ણ સામે ગયા. ત્યાં જઇ ઉગ્ર છે શબ્દ જેનો એવું ધનુષ ખેંચી પ્રત્યંચાથી મોજાઓને હણી પ્રત્યંચાનો શબ્દ કરી એકદમ ઘણા બાણ નાખવાથી અંધકાર કરી હસ્તિ, અશ્વ, રથ તથા ધ્વજાઓને હણવા લાગ્યા. પ્રત્યંચાના શબ્દનો પ્રતિધ્વનિ આકાશમાં વ્યાપ્ત થઇ ગયો તેથી ત્યાં રહેલાં પક્ષિઓ, પર્વતોની ગુહામાં જતાં રહ્યાં. એ રીતે બાણ નાખવાથી મંડળરૂપ થએલી પ્રત્યંચાએકરી શોભિતો અર્જુન રૌદ્ર મુહુર્તમાં કર્ણ સામે ગયો. પાંડુપુત્રનું પાછળથી રક્ષણ કરનાર એકવીર ભીમસેન, રથેકરી તેની પાછળ ગયો. એ રીતે શત્રુઓએ કરી વિંટાએલા તે બેઉ રાજપુત્ર, રથેકરી ઉતાવળથી કર્ણ સામે ગયા એટલામાં અત્યંત મોટા એવા સૂતપુત્ર કર્ણે સોમકોને સારી રીતે મહણ કરી તેમની સાથે યુદ્ધ કરી ઘણાક રથ અશ્વ તથા હસ્તિઓને હણી બાણેકરી દિશાઓને આચ્છાદન કરી દીધી. રથિઓમાં અત્યંત શૂરવીર, ક્રોધાયમાન એવા ઉત્તમૌજા, જનમેજય, યુધામન્યુ, શિખંડિ તથા પાર્ષદ અત્યંત મોટા શબ્દ કરતા એવા પાંચ પંચાલ યોદ્ધા મળી કર્ણ સામે દોડી બાણથી સેને ભેદી સૂતપુત્ર તેને ધૈર્યથી, કર્યો છે આત્મા વશ જેણે

એવા પુરૂષને જેમ શબ્દાદિક પાંચ વિષય પાડવા સમર્થ થાય નહિ તેમ રથમાંથી—નીચે પાડવા સમર્થ થયા નહિ. કર્ણે બાણેકરી તેમનાં ધનુષ, ધ્વજ, અશ્વ, સારથિ તથા પતાકાઓને કાપી બીજા પાંચ બાણથી પાંચ પંચાલોને હણી સિંહની પેઠે મોટો શબ્દ કર્યો. તે સમયે બાણ ફેંકતા, શત્રુઓને હણતા અને પ્રત્યંચા તથા બાણ છે હાથમાં જેના એવા કર્ણના ધનુષના શબ્દેકરી પર્વત તથા વૃક્ષ સહિત પૃથ્વી વિશીર્ણ થશે એમ માની બધાં મનુષ્ય, અતિશય ખેદ પામતાં હતાં. ઇન્દ્રધનુષની જેને ઉપમા અપાય એવાં ધનુષેકરી બાણ મુકતો સંગ્રામના મધ્યમાં રહેલો અધિરથપુત્ર કર્ણ પ્રદીપ્ત છે કિરણમંડળ જેનું એવો પરિધિમાન સૂર્ય શોભે તેમ શોભતો હતો. કર્ણે બારથી શિખંડિને, તીક્ષ્ણ એવા છથી ઉત્તમોજાને, ત્રણેકરી યુધામન્યુને, અને ત્રણ ત્રણ બાણથી સોમક તથા પાર્ષત પુત્રને વિંધ્યા. હે મારિષ ! મહા સંગ્રામમાં સૂતપુત્રે પરાજય પમાડેલા શત્રુને આનંદ આપનાર પાંચ મહારથિઓ, આત્મવેત્તા પુરૂષે પરાજય પમાડેલા પાંચ વિષય જેમ તેની પાસે નિરૂદ્યમ થઇ ઉભા રહે, તેમ નિરૂદ્યમ થઇ ઉભા રહ્યા. ભાગ્યું છે નાવ જેમનું એવા સમુદ્રવિષે ડુબતા વ્યાપારિઓને જેમ ખલાસિઓ, નાવેકરી સમુદ્રમાંથી ઉદ્ધાર કરે, તેમ કર્ણરૂપી સાગરમાં ડુબતા પોતાના માતુલોને સારીરીતે અનાવેલા રથેકરી દ્રૌપદીપુત્રોએ તેમાંથી ઉદ્ધાર્યા. ત્યાર પછી શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિએ તીક્ષ્ણ બાણેકરી કર્ણે નાખેલા ઘણાક બાણને હણી લોહમય એવા તીક્ષ્ણ બાણથી તેને વિદારણ કરી આઠ બાણથી તમારા મોટા પુત્રને વિંધ્યો. કૃપાચાર્યે, ભોજે, તમારા પુત્રે તથા પોતે મહારથિ કર્ણે પણ, તીક્ષ્ણ બાણે કરી તેને તાડન કર્યો. યાદવમાં ઉત્તમ એવા તે પણ દિક્પાળો સાથે જેમ દૈત્યપતિ યુદ્ધ કરે, તેમ તેઓ સાથે યુદ્ધ કરવા માંડયું. અત્યંત વિસ્તૃત ઘણાક બાણ છોડતાં શબ્દ કરતાં ધનુષેકરી, સાત્યકિ, શરદઋતુના સૂર્યની પેઠે અતિદુર્ધર્ષ થયો.

તેટલામાં શત્રુને તપાવનાર પંચાલોમાંના મહારથિ પાંચ જણા સારી રીતે કવચ પેહેરી પાછા રથમાં બેશી ત્યાં આવી શત્રુને નિગ્રહ કરવા લાગ્યા. ઓગણપચાસ વાયુ જેમ ઇન્દ્રની રક્ષા કરે તેમ શિનિકુળમાં અત્યંત શૂરવીર એવા સાત્યકિની બીજા રક્ષા કરવા લાગ્યા. ત્યાર પછી પૂર્વે દેવતાઓનું અસુરો સાથે યુદ્ધ થયું હતું તેવું તમારા શત્રુઓનું તમારા સૈનિકો સાથે રથ, અશ્વ, તથા હસ્તિને નાશ કરનારૂં અતિ દારૂણ યુદ્ધ થયું. જેમાં નાના પ્રકારના શસ્ત્રેકરી વિંટાયલા રથ, હસ્તિ, અશ્વ તથા પાયદળ પરસ્પર હણવાથી પડી જતા હતા, પીડિત થઇ શબ્દ કરતા હતા અને કેટલાક પ્રાણ રહિત થઇ પડતા હતા. તે રીતે સંગ્રામમાં આવેલા ભીમસેન પ્રત્યે નિર્ભય એવો રાજાથી નાનો ભાઇ તમારો પુત્ર દુઃશાસન, બાણ ફેંકતો આવ્યો. ભીમસેન ઉતાવળથી મોટા મૃગપ્રત્યે જેમ સિંહ દોડે તેમ તેની સામે દોડયો. તે વેળાએ પરસ્પર અભિનિવિષ્ટ છે રોષ જેમને એવા અને પ્રાણનું પણ કરી દ્યૂત ક્રીડા કરતા વિકરાળ એવા તે બેઉનું શંબરાસુર અને ઇન્દ્રનું યુદ્ધ થયું હતું તેવું અતિશય દારૂણ યુદ્ધ થયું. જેમાં કામદેવમાં આસક્ત છે ચિત્ત જેમનું એવા એકઠા મદ ઝરતા બે મોટા હસ્તિઓ, હાથિણી વાસ્તે પરસ્પરને હણે તેમ તે બેઉ શરીરને પીડા કરે એવા અત્યંત અકુંઠિત બાણેકરી પૃથ્વી વાસ્તે એકબીજાને હણતા હતા. ભીમસેને ઉતાવળથી ક્ષુર નામના બે બાણેકરી તમારા પુત્રનું ધનુષ તથા ધ્વજ કાપી એક બાણથી એના લલાટને ભેદી સારથિનું મસ્તક કાયા ઉપરથી હરણ કર્યું. રાજપુત્ર દુઃશાસને પણ બીજું ધનુષ ગ્રહણ કરી પોતે ઘોડાઓની રાશ ગ્રહણ કરી બાર બાણથી ભીમસેનને ભેદી તેના ઉપર

જ્યારે અસ્ત્રવિદ્યામાં કુશળ, ભયરહિત, સમાગમ માત્રમાં શત્રુના સૈન્યને મર્દન કરનાર, એક ક્ષણ રથ ફેરવવા માત્રથી જેને બીજાની ઉપમા અપાય નહી એવા તથા અનેક રથિયો અને આમળોને ગદાથી નાશ પમાડનાર શૂરવીર ભીમસેન, પાછળથી વેગે કરી હાથિયોને અગ્રભાગ કરતાં, જેમ ફરશીએ કરી વનને કાપે, તેમ દુર્યોધનના સૈન્યને કાપશે, ત્યારે દુર્યોધન યુદ્ધથી તપાયમાન થશે. વળી જ્યારે અગ્નિએ બાળેલા તૃણમય ઘરવાળા ગામની પેઠે તથા વિજળીએ બાળેલા પાકેલ ધાન્યની પેઠે હણાયા છે શૂરવીરો જેમાં, ભયથી પીડાયલા, સંગ્રામમાંથી વિમુખ થયેલા તથા નથી રહ્યા મોટા યોદ્ધાઓ જેમાં, એવા નસાડી મૂકેલા પોતાના મોટાં સૈન્યને ભીમસેનના શસ્ત્રની જ્વાળાથી બળેલું જોશે, ત્યારે " મેં યુદ્ધ શા માટે કર્યું ? " એમ દુર્યોધન પશ્ચાત્તાપ કરશે ! વિચિત્ર પ્રકારનું યુદ્ધ કરનાર તથા રથિયોમાં અગ્રણી નકુળ જ્યારે યુદ્ધ કરવાની ચાતુરીથી શત્રુનાં મસ્તકોના ઢગલા કરી યોદ્ધાઓનો ચૂરો કરશે, તથા સુખ ભોગવવા લાયક ઘણા વખત પર્યંત વનમાં દુઃખરૂપ શય્યામાં સૂતો હતો, તે સંભારી જ્યારે ક્રોધે ભરાયલા સર્પની પેઠે ક્રોધનું વમન કરશે, ત્યારે દુર્યોધન પશ્ચાત્તાપ પામશે ! વળી હે સંજય ! જીવિતની આશા જેણે મૂકી દીધી છે, એવા યુદ્ધ કરવા બોલાવેલા રાજાઓને, યુધિષ્ઠિરની આજ્ઞાથી શ્વેત રથોમાં બેસી સૈન્ય સામા દોડતા જ્યારે દુર્યોધન જોશે, ત્યારે સંતાપ કરશે. બાળક ઉંમર છતાંપણ નથી જણાતું બાળકપણું જેને, અસ્ત્રવિદ્યા શીખેલા તથા પ્રાણ ત્યાગ કરી કૌરવો પ્રત્યે દોડતા શૂરવીર દ્રૌપદીના પાંચ પુત્રોને જ્યારે દુર્યોધન જોશે, ત્યારે યુદ્ધ કરવાથી સંતાપ પામશે. અનુકૂળ છે ગતિ જેની, શબ્દ રહિત છે પૈડાં જેનાં તથા સુવર્ણ રેખાની જેને ઉપમા અપાય એવા, શીખવેલા ઘોડા જોડેલા રથમાં બેસી, લજ્જાવાન , નિપુણ, સત્યવાદી મહા બળવાન તથા સર્વ ધર્મ સંયુક્ત સહદેવ નાના પ્રકારનાં મંડળોથી સર્વ દિશાઓમાં ફરતો શકુનિ પાસે જઇ શત્રુઓને મારશે, ત્યારે દુર્યોધન યુદ્ધથી તપાયમાન થશે. વળી જ્યારે મોટા બળવાળા શૂરવીર અસ્ત્રવિદ્યા શીખેલા, રથ યુદ્ધમાં ચતુર તથા ભયંકર વિષવાળા સર્પો સરખા, દ્રુપદના પુત્રોને આવતા જોશે ત્યારે દુર્યોધન " મેં યુદ્ધ ક્યાંથી કર્યું ! " એમ પશ્ચાત્તાપ કરશે. જ્યારે પારકા શૂરવીરને હણનાર શ્રીકૃષ્ણ સરખો અસ્ત્રવિદ્યા શીખેલો તથા મેઘની પેઠે શત્રુ પ્રત્યે બાણનો વર્ષાદ કરનાર અભિમન્યુ પરાભવ કરશે, ત્યારે તથા બાળક છતાં યુવાન સરખું છે પરાક્રમ જેનું, ને શત્રુના સૈન્ય પ્રત્યે કાળની પેઠે સામા આવનાર ઈંદ્ર સરખા અભિમન્યુને દુર્યોધન જોશે, ત્યારે યુદ્ધ કરવા માટે સંતાપ કરશે. વળી જ્યારે સિંહ સરખા પરાક્રમવાળા, યુદ્ધ કરવામાં ચતુર જલદીથી બાણ ફેંકનાર તથા યુવાવસ્થાવાળા પ્રભદ્રકો સૈન્ય સહિત ધૃતરાષ્ટ્રના પુત્રોને ફેંકવા માંડશે, ત્યારે દુર્યોધન સંતાપ કરશે. તેમ જુદી જુદી ભૂમિમાં ઉભેલા, વૃદ્ધ તથા મહારથિ દ્રુપદ અને વિરાટ રાજા જ્યારે સૈન્ય સહિત ધૃતરાષ્ટ્રના પુત્રોને જોશે, ત્યારે દુર્યોધન તપાયમાન થશે ! જ્યારે અસ્ત્રવિદ્યામાં કુશળ તથા રથમાં બેઠેલા દ્રુપદ રાજા ક્રોધાવિષ્ટ થઇ, યુવાન પુરૂષોનાં મસ્તકો, ધનુષમાંથી નિકળેલાં બાણે કરી કાપશે, તેમ પારકા શૂરવીરને હણનાર વિરાટ રાજા પણ જ્યારે સુંદર રૂપવાળા મત્સ્યદેશના યોદ્ધાઓ સહિત શત્રુની સેનાને મર્દન કરતાં અંદર પ્રવેશ કરશે, ત્યારે દુર્યોધન, " મેં યુદ્ધ ક્યાંથી કર્યું ! " એ રીતે તપાયમાન થશે. વળી જ્યારે પાંડવ વાસ્તે રથમાં બેસી કવચ ધારણ કરી, સેનાના અગ્રભાગમાં ઉભેલા મત્સ્ય દેશનું રાજ્ય કરનાર ઉત્તમ રૂપવાળા વિરાટના મોટા પુત્રને દુર્યોધન દેખશે, ત્યારે તપાયમાન થશે. જ્યારે કૌરવોમાં અત્યંત શૂરવીર તથા અતિ [illegible]

આંસુનો વર્ષાદ કર્યો. પછી તમારા પુત્ર દુઃશાસને સૂર્યના કિરણ સરખી કાંતિવાળો, સુવર્ણ, વજ્ર, તથા ઉત્તમ રત્નથી શોભિત મહેન્દ્રના વજ્રપાત સરખો દુઃસહ. તથા ભીમના અંગને વિદારણ કરવામાં સમર્થ એવો બાણ મૂક્યો. તે બાણે ચિરાયું છે અંગ જેનું એવો, શ્રેષ્ઠ રથને આશ્રયે રહેલો ભીમસેન, ચિખરાયું છે શરીર જેનું એવો થઇ બે હાથ લાંબા કરી પ્રાણ રહિતની પેઠે રથમાં પડી ગયો, પણ તરત પાછો સંજ્ઞા પ્રાપ્ત થતાં ઘોર શબ્દ કરવા લાગ્યો.

सतेन निर्भिन्नतनुर्वृकोदरो निपपाततः स्रस्ततनुर्गतासुवत् ।
प्रसार्य बाहुरथवर्यणाश्रितः पुनः ससंज्ञामुपलभ्य चानदत् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि दुःशासनभीमसेनयुद्धे गुर्जरभाषायां द्व्यशीतितमोऽध्यायः॥ ८२ ॥

અધ્યાય ૮૩ મો. દુઃશાસન રુધિરપાન.

संजय उवाच—स चकरोदुष्करं राजपुत्रो दुःशासनस्तुमुलंयुद्धयमानः ।
चिच्छेदभीमस्य धनुः शरेणे षड्भांशरैः सारथिमप्यविध्यत् ॥ १ ॥

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર! ભયંકર યુદ્ધ કરતા રાજપુત્ર દુઃશાસને કોઇથી ન બને એવું દુષ્કર કર્મ કર્યું. એક બાણેકરી ભીમનું ધનુષ કાપી સાઠ બાણેકરી એના સારથિને પણ વિંધ્યો. ત્યારપછી મહાત્મા એવા વેગવાન તે રાજપુત્રે ઘોર કર્મ કરી નવ બાણથી ભીમસેનને વિંધી વળી સત્વર શ્રેષ્ઠ એવા ઘણાક બાણથી ભીમસેનને માર્યો. કોપાયમાન થએલા વેગવાન ભીમસેને ઉગ્ર એવી શક્તિ, તમારા પુત્ર ઉપર નાંખી. પોતા સામે આવતી પ્રજ્વલિત ઉંબાડિઆ સરખી ઘોર શક્તિને જોઇ મહાત્મા તમારા પુત્રે તત્કાળ કર્ણ પર્યંત ધનુષ ખેંચી મૂકેલા દશ બાણેકરી તેને કાપી નાંખી. એ રીતે તમારા પુત્રે કરેલાં અત્યંત દુષ્કર કર્મને જોઇ પ્રસન્ન થએલા સર્વ યોદ્ધાઓ તેનાં વખાણ કરવા લાગ્યા. વળી તમારા પુત્રે બાણેકરી ભીમસેનને અત્યંત વિંધ્યો. ક્રોધાયમાન થએલા ભીમસેને તમારા પુત્ર સામે જોઇ ક્રોધથી વળી અત્યંત પ્રજ્વલિત થઇ તમારા પુત્રને કહ્યું કે, હે શૂરવીર! આજે તેં મને વિંધ્યો છે પણ હાલ તારી ઉપર ગદાના પ્રહાર થાય તેને સહન કરજે. એમ ઉચ્ચ સ્વરથી કોપાયમાન થએલા તેણે તેના વધ વાસ્તે ભયંકર ગદા ગ્રહણ કરી. વળી તેને કહ્યું કે, હે દુરાત્મન્! આજ હું સંગ્રામની વચ્ચે તારૂં રૂધિર પાન કરીશ. એવાં ભીમસેનનાં વચન સાંભળી તમારા પુત્રે ઉગ્ર એવી મૃત્યુરૂપ શક્તિ વેગથી તેની ઉપર નાંખી. ક્રોધે કરી વ્યાપ્ત છે મૂર્તિ જેની એવા ભીમસેને ફેરવી અત્યંત ભયંકર એવી ગદા તેની ઉપર નાંખી. તે ગદા તેની શક્તિને તત્કાળ નાશ કરી તમારા પુત્રના મસ્તકવિષે જઇ વાગી. તે વખતે મદ ઝરતા હસ્તિની પેઠે ઝરે છે શરીરમાંથી રૂધિર જેને એવા ભીમસેને તે ભયંકર સંગ્રામમાં તે રીતે ગદા નાખી હઠાત્કારથી દશ ધનુષ છેટા તેને ફેંકી દીધો. એ રીતે વેગવાળી તે ગદાથી હણાયું છે મસ્તક જેનું એવો અને વિખરાઈ ગયાં છે કવચ, આભરણ, વસ્ત્ર તથા માળા જેની એવો અત્યંત વેદનાથી આતુર ચેષ્ટા કરતો દુઃશાસન નીચે પડી ગયો. તેની પડતી એવી તે ગદાએકરી સારથિ સહિત એના ઘોડા હણાયા અને રથનું પણ ચૂર્ણ થઇ ગયું. હે નરેંદ્ર! એવી અવસ્થાને પ્રાપ્ત થએલા દુઃશાસનને જોઇ પ્રસન્ન થએલા સર્વ

પાંડવ તથા પંચાલ, સિંહનાદ કરવા લાગ્યા. હે આજમીઢ ! એ રીતે તેને પાડી ભીમસેન હર્ષેકરી દિશાઓને શબ્દાયમાન કરતો ગર્જના કરવા લાગ્યો. શબ્દેકરી પાસે ઉભેલા સર્વ યોદ્ધાઓ, મૂર્ચ્છાકુલ થઇ પડી ગયા. અચિંત્ય છે કર્મ જેનાં એવો વેગવાન મહાબાહુ ભીમસેન પણ, મુખ્ય તથા અત્યંત બલિષ્ટ યોદ્ધાઓવડે પ્રવર્તમાન થએલા તે મોટા ભયંકર સંગ્રામમાં દુઃશાસનને જોઈ વેગેકરી વાહન ઉપરથી નીચે ઉતરી દુઃશાસન સામે દોડી પૂર્વે સભા મધ્યમાં તેણે કરેલા દ્રૌપદીના કેશ ગ્રહણ તથા ભર્તૃપરાંમુખ, નિરપરાધી રજસ્વલા દેવી એવી દ્રૌપદીનો તેણે કરેલો વસ્ત્રાપહાર, આદિ લેઇ તમારા પુત્રોએ શત્રુપણું કરી જે જે દુઃખ આપ્યાં હતાં તે યાદ કરી, ઘી હોમવાથી જેમ અગ્નિ પ્રજ્વલિત થાય તેમ ક્રોધથી પ્રજ્વલિત થઇ કર્ણ દુર્યોધન, કૃપાચાર્ય, અશ્વત્થામા તથા કૃતવર્મા એટલા યોદ્ધાઓને કહેવા લાગ્યો કે, આજ પાપરૂપ દુઃશાસનને હું હણું છું માટે તમે સર્વ યોદ્ધાઓ એની રક્ષા કરો. એમ કહી તત્કાળ તેને હણવાની જેને કામના છે એવા વેગવાન બલિષ્ટ એકવીર ભીમસેને, સામે દોડી દુર્યોધન તથા કર્ણની સમક્ષ કેસરીસિંહ જેમ મોટા હસ્તિનો નિગ્રહ કરે તેમ દુઃશાસનને નિગ્રહ કરી રથમાંથી નીચે ખેંચી પાડ્યો. દુઃશાસન ઉપર તીક્ષ્ણ ધારવાળો ખડગ ઉગામી કંપાયમાન એવા તેના કંઠવિષે પગ મૂકી કહ્યું કે સભામાં પ્રસન્ન થઇ કર્ણ તથા દુર્યોધન સહિત ' આ તો બિચારા ગાય સરખા છે ' એમ તું કહેતો હતો માટે પ્રસન્ન થઇને આ વખતે પણ કહે, અને હે દુરાત્મન્ ! રાજસૂયયજ્ઞના અવભૃથસ્નાન વિષે પવિત્ર થયેલા દ્રૌપદીના કેશ તેં કયા હાથેકરી આકર્ષણ કર્યા હતા તે કહે ? ભીમસેન તને આમ પૂછે છે. ભયંકર એવાં ભીમસેનનાં તે વચન સાંભળી, દુઃશાસન ભીમસેન સામે જોઇ, કંઇક હાસ્ય કરી ભીમસેનને પ્રજ્વલિત કરી તેની સામે નેત્ર કાઢી કૌરવ તથા સોમકો સાંભળતાં ક્રોધથી આવી રીતે સ્પષ્ટ કહેવા લાગ્યો કે–હે ભીમ ! પીનસ્તનને મર્દન કરનાર, હજારો ગાયોનાં દાન આપનાર તથા ક્ષત્રિયોનો નાશ કરનાર એવા હસ્તિની સૂંઢ સરખા આ હાથેકરી મેં મુખ્ય કૌરવો, તમે, તથા બીજા સભાસદો જોતાં દ્રૌપદીના કેશ આકર્ષણ કર્યા હતા. એ રીતે બોલતા દુઃશાસનનાં તે વચન સાંભળી, ભીમસેને, બે હાથેકરી બળથી તેને પકડી વક્ષસ્થળને પીડિત કરી બીજા યોદ્ધાઓ સામે મોટેથી સિંહનાદ કરી શત્રુનો તિરસ્કાર કરી મહા બળવાન ભીમે ક્રોધથી કહ્યું કે, આજ આ દુઃશાસન નાશ પામ્યો છે બાહુ જેનો એવો થશે; વાસ્તે જેને બળ હોય તે, જીવિતનો ત્યાગ કરતા દુઃશાસનની રક્ષા કરો. આમ કહી ક્રોધાયમાન થએલા મહાત્મા ભીમસેને હાથેકરી તેનો હાથ શરીરમાંથી ખેચી કાઢી વજ્ર સરખા તે હાથેકરીનેજ શૂરવીરોના મધ્યમાં દુઃશાસને હણ્યો. પછી હે રાજન્ ! પૃથ્વીવિષે પડેલા તેનું વક્ષસ્થળ ભેદી કંઇક ઉષ્ણ એવા તેના રૂધિરનું પાન કરી વળી તેને પાછો પાડી ખડગેકરી તમારા પુત્રના મસ્તકને કાપી મતિમાન ભીમસેન, પોતાની પ્રતિજ્ઞા સત્ય કરવા સારૂ કંઇક ઉષ્ણ એવા એના રૂધિરનું પાન કરી તેનો વારંવાર સ્વાદ ચાખી ક્રોધથી એની સામું જોઈ આવી રીતે કહેવા લાગ્યો કે, માતુસ્તન્ય, મધ, ઘી, સારી રીતે બનાવેલા દ્રાક્ષારસ, દિવ્ય એવાં જળનો રસ, મંથન કરેલું દહી તથા દૂધના રસ, અને લોકમાં બીજા જે પીવાના પદાર્થ તથા અમૃત સરખા રસ છે તે સર્વથી આ લોહીનો રસ મને અધિક મિષ્ટ લાગે છે. વળી ક્રોધે કરી વ્યાપ્ત છે ચિત્ત જેનું એવો, ઉગ્ર કર્મ કરનાર ભીમસેન પ્રાણ જવા સરખા દુઃશાસનને જોઈ રૂડા સ્વરથી હાસ્ય કરી કહેવા લાગ્યો કે, શું કરૂં જે મૃત્યુએ

તારી રક્ષા કરી છે. એમ બોલતાં ફરીથી તેના હૃદયના રૂધિરનો સ્વાદ ચાખતા ભીમસેનને તે સમયે જેઓ દેખતા હતા તેઓ પણ ભયથી વ્યથિત થઇ નીચે પડી ગયા. જે મનુષ્ય, વ્યથિત થયા નહિ તેમના હાથમાંથી ધનુષ અને શસ્ત્ર પડી ગયાં. ભયે કરી બેઠેલા સ્વરથી ચીશો પાડતા નેત્ર વિંચેલા ચોતરફથી યોદ્ધાઓ દેખાતા હતા. તેમજ બાકીના સર્વ મનુષ્ય દુઃશાસનના રુધિરનું પાન કરતા ભીમસેનને ચોતરફથી જોઇ તેના ભયથી 'આ મનુષ્ય નથી,' એમ બોલતા ત્યાંથી પલાયન કરી જતા હતા. ચિત્રસેન સહિત ભયથી પીડિત થએલા બીજા કેટલાક માણસ, ભીમસેને તેવું વિકરાળ રૂપ કર્યું તથા દુઃશાસનનું રૂધિરપાન કર્યું તે જોઇ 'ભીમસેન રાક્ષસ છે' એમ કહેતા ત્યાંથી નાસી જવા લાગ્યા. એ રીતે નાસી જતા ચિત્રસેનને જોઇ નિર્ભય તથા સૈન્યસહિત એવા રાજપુત્ર યુધામન્યુએ સામે આવી મૂકેલા તીક્ષ્ણ એવા સાત બાણે કરી એને વિંધ્યો. પાછું ફેરવ્યું છે શરીર જેણે એવા જીભ કાઢતા મોટા સર્પની પેઠે પાછા વળી બહાર કાઢવા ઇચ્છતા ચિત્રસેને ત્રણ બાણથી યુધામન્યુને વિંધી છ બાણેકરી એના સારથિને પણ વિંધ્યો, તેટલામાં શૂરવીર એવા યુધામન્યુએ, અત્યંત તીક્ષ્ણ છે અગ્રભાગ જેનો એવા સારા પુંખવાળા કર્ણપર્યંત ધનુષ ખેંચી મુકેલા બાણેકરી તેનું મસ્તક કાપી નાખ્યું. એ રીતે પોતાનો ભાઇ ચિત્રસેન હણાયો તે જોઈ ક્રોધાયમાન થએલો કર્ણ, પોતાનું પૌરૂષ દેખાડતો પાંડવના સૈન્યને નસાડવા લાગ્યો, તે સમે ઘણુંક છે બળ જેનું એવો નકુળ તેની સામે ગયો, ભીમસેન ઉગ્ર છે શબ્દ જેનો તથા લોકમાં શૂરવીર એવો યોદ્ધાઓ સાંભળે તે રીતે, આવી રીતનું વચન કહેવા લાગ્યો કે 'હે પુરૂષાધમ! આ હું કંઠમાંથી તારૂં રૂધિરપાન કરૂં છું માટે પૂર્વે સભામાં જેમ પ્રસન્ન થઇ 'આ ગાય સરખા છે, આ ગાય છે' એમ કહેતો હતો તેમ આ સમે સંતુષ્ટ થઇ તેમ કહે કે, 'આ ગાય છે આ ગાય છે' એમ કહી તમે જે અમારી સામે નાચતા હતા તે પ્રત્યે આ સમે 'આ ગાય છે આ ગાય છે' એમ કહી અમે નૃત્ય કરીએ છીએ. તેમ પ્રમાણ કોટીમાં શયન, કાળકૂટવિષનું ભોજન, કાળા સર્પોનું ડસવું, લાક્ષાગૃહ વિષે દાહ, વિરાટના ઘરવિષે જે પૃથક્, પૃથક્ અમને કલેશ થયો અને શકુનિ, દુર્યોધન તથા રાધાપુત્રના ખરાબ વિચારથી જે જે દુઃખનો અમે અનુભવ કર્યો તે બધાનો હેતુ તુંજ છે. એ રીતે પુત્ર સહિત ધૃતરાષ્ટ્રના દુરાત્માપણાથી એટલા દુઃખને અમે જાણીએ છીએ, પણ ક્યારે સુખને તો જાણતાજ નથી. હે રાજન! હે મહારાજ! એટલાં વચન કહી જયને પ્રાપ્ત થએલો રૂધિરેકરી વ્યાપ્ત, સ્ત્રવે છે મુખમાંથી લોહી જેને એવો અત્યંત ક્રોધાયમાન થએલો વેગવાન ભીમસેન, હાસ્યકરી કેશવ તથા અર્જુન પ્રત્યે ફરીથી વળી કહેવા લાગ્યો કે—હે વીરો! દુઃશાસન નિમિત્ત સભામાં મેં જે પ્રતિજ્ઞા કરી હતી તે આજ પૂર્ણ કરી. તેમજ બીજા દુર્યોધનરૂપી યજ્ઞપશુને હણી પગેકરી કૌરવોની સમક્ષ તે દુરાત્માના મસ્તકનું મર્દન કરી અહીંજ હું એને પણ મારીશ, પછી પરમ શાંતિને પ્રાપ્ત થઇશ. એટલાં વચન કહી રૂધિરેકરી આર્દ્ર છે શરીર જેનું એવા સંતુષ્ટ થએલા અતિ બળવાન મહાત્મા ભીમસેને, વૃત્રને હણી જેમ ઇન્દ્રે શબ્દ કર્યો હતો તેમ મોટેથી ભયંકર શબ્દ કર્યો.

एतावदुक्त्वा वचनं प्रहृष्टो ननाद चोच्चैरुधिरार्द्रगात्रः;
ननर्त चैवातिबलो महात्मा वृत्रं निहत्येव सहस्रनेत्रः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि दुःशासनवधे गुर्जरभाषायां एकाशीतितमो ऽध्यायः ॥ ८१ ॥

અધ્યાય ૮૪ મો. નકુલનો પરાજય.

संजय उवाच—दुःशासने तु निहते तव पुत्रामहारथाः।
महाक्राधविषा वीराः समरेषुपलायिनः ॥ १ ॥

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે ભીમસેને દુશાસનને હણ્યો તે વખતે મહા ક્રોધરૂપી છે વિષ જેમને એવા સંગ્રામમાં પલાયન કરનાર શૂરવીર, મહા પરાક્રમી, નિષંગી, કવચી, પાશી, દંડધાર, ધનુર્ધર, અલોલુપ, સહ, પંઢ, વાતવેગ તથા સુવર્ચા છે નામ જેમનાં એવા ભાઇના દુઃખથી દુર્બળ થએલ, તમારા દશ પુત્રોએ એકઠા મળી ત્યાં આવી બાણેકરી મહાબાહુ ભીમસેનને આચ્છદન કરી દીધો. એ રીતે મહારથિઓએ ચોતરફથી વારી રાખેલો ક્રોધરૂપી અગ્નિએકરી રક્ત નેત્રવાળો ક્રોધાયમાન થએલો ભીમસેન, જાણે બીજો કાળ હોય તેવો શોભતો હતો. ભરતકુળમાં ઉત્પન્ન થએલા સુવર્ણના બાજુબંધથી શોભિતા તમારા દશ પુત્રને. ભીમસેને, સુવર્ણના પુંખવાળા મહા વેગવાન ભલ્લ નામના દશ બાણેકરી યમલોક પ્રત્યે મોકલી દીધા. શૂરવીર એવા તમારા દશપુત્ર હણાયા તેને જોઇ ભીમસેનના ભયથી પીડિત થએલું તમારૂં સૈન્ય, સૂતપુત્ર જોતાં રણમાંથી નાસવા લાગ્યું. તે વખતે હે મહારાજ! પ્રજાવિષે કાળનું જેવું પરાક્રમ હોય તેવા ભીમસેનના પરાક્રમને જોઇ કર્ણને પણ મહાભય પ્રાપ્ત થયું. તે વેળાએ આકારથી તેના મનના ભાવને જાણનાર સંગ્રામમાં શોભિતો શલ્ય શત્રુને દમન કરનાર કર્ણ પ્રત્યે વખતને લગતું આવી રીતનું વચન કહેવા લાગ્યો કે, હે રાધેય! તું વ્યથા કર મા, કેમકે એમ કરવું તને ઘટતું નથી. મહાત્મા ભીમસેને દુઃશાસનનું રૂધિર પાન કર્યું તે જોઈ ભાઇના દુઃખથી કૃશ થએલો દુર્યોધન સંમૂઢ થઇ ગયો છે. ભીમસેનના ભયથી પીડિત થએલા રાજાઓ, આમ તેમ ઓાઠાં શોધે છે. અને કૃપાચાર્ય આદિ લઇને યોદ્ધાઓ તથા હણાતાં બાકી રહેલા સહોદર, ચોતરફથી દુર્યોધનને વિંટી ઉભેલા છે, તેથી લબ્ધ છે લક્ષ જેમણે એવા શૂરવીર અર્જુનાદિક પાંડવ, યુદ્ધ વાસ્ને તારીજ સન્મુખ આવી ઉભેલા છે, વાસ્તે હે પુરૂષમાં સિંહરૂપ! પૌરૂષવિષે રહેલો તું ક્ષત્રધર્મને આગળ કરી અર્જુન સામે જા. તેમ હે મહાબાહો! દુર્યોધને સર્વ ભાર પણ તારી પર મૂકેલો છે, તેને શક્તિ તથા બળ પ્રમાણે વહન કર. તેમ કરતાં જય થયો તો ઘણીક કીર્તિ થશે અને પરાજય થયો તો સ્વર્ગની પ્રાપ્તિ થશે. હે રાધેય! તું મોહને પ્રાપ્ત થયો તેથી અત્યંત ક્રુદ્ધ થએલો તારો પુત્ર વૃષસેન, પાંડવ સામે દોડે છે વાસ્તે તું યુદ્ધવિષે ત્વરા કર. અમિત તેજવાળા શલ્યના એવાં વચન સાભળી કર્ણે, હૃદયવિષે યુદ્ધ કરવાનો આવશ્યક એવો સ્થિર ભાવ કર્યો. તેટલામાં તો ક્રોધાયમાન થએલો વૃષસેન, ગ્રહણ કર્યો છે દંડ જેણે એવા કાળની પેઠે હાથમાં ગદા ગ્રહણ કરેલા તમારી તરફના યોદ્ધાઓ સાથે યુદ્ધ કરતા પોતાની સામે ઉભેલા પાંડુપુત્ર ભીમસેનના જોવામાં આવ્યો. પણ અત્યંત શૂરવીર નકુળ, ક્રોધથી સંરૂષ્ટ એવા વૃષસેનને બાણેકરી વ્યથાયુક્ત કરતો તેની સામે દોડયો. ત્યાર પછી શૂરવીર નકુળે ક્ષુર નામના બાણેકરી કર્ણપુત્રનો ધ્વજ તથા સ્ફાટિક મણિથી વિચિત્ર પ્રકારના તેના કવચને ભેદી ભલ્લ બાણથી સુવર્ણેકરી વિચિત્ર પ્રકારના તેના ધનુષને કાપી નાખ્યું. આથી ધીખેલા કર્ણપુત્ર વૃષસેને પણ તત્કાલ બીજું ધનુષ ગ્રહણ કરી પાંડુપુત્ર નકુળને વિંધી તેની ઉપર દિવ્ય અસ્ત્રનો વર્ષાદ કર્યો.

હે રાજન ! કર્ણનો પુત્ર બાણુ વાગવાથી, ક્રોધથી, પોતાની કાંતિએકરી તથા અસ્ત્ર મુકવાથી વૃદ્ધિ પામેલો અગ્નિ જેમ ઘીની આહુતિએકરી પ્રજ્વલિત થાય તેમ અત્યંત પ્રજ્વલિત થયો. પછી હે રાજન ! કર્ણપુત્ર વૃષસેને ઉત્તમાસ્ત્રેકરી સુવર્ણની જાળથી શોભિતા, ઉત્તમ ગતિવાળા, વનાયુ દેશોમાં ઉત્પન્ન થએલા શ્વેત વર્ણવાળા નકુળના સર્વ અશ્વને નીચે પાડયા. નકુળ પણ, હણાયા છે અશ્વ જેના એવા વાહનમાંથી નીચે ઉતરી નિર્મળ એવા સુવર્ણનાં ચન્દ્રાકૃતિ છે ચિન્હ જેમાં એવી ઢાલ તથા આકાશ જેવો નિર્મળ ખડગ ગ્રહણ કરી તેને હલાવતો પક્ષિની પેઠે વિચરતો હતો. અંતરિક્ષમાં ફરતા વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર નકુળે ખડગેકરી રથ અશ્વ તથા હસ્તિઓને છિન્નભિન્ન કર્યા. તે વખતે અશ્વયજ્ઞમાં શમિતાએ હણેલાં પશુ પડે તેમ તે પૃથ્વીપર પડયો. એ રીતે જયને ઇચ્છતા એકલા નકુળે સંગ્રામમાં ઉત્તમ ચંદનેકરી લિપ્ત છે અંગ જેમનાં એવા યુદ્ધમાં ચતુર નાના દેશમાંથી આવેલા, સત્ય પ્રતિજ્ઞાવાળા બે હજાર યોદ્ધાઓને પાડયા. તે સમયે આવતા નકુળસામે આવી કર્ણપુત્ર એવા વૃષસેને, મહા ભયવિષે ભાઇ એવા ભીમસેને રક્ષણ કરેલા ભયંકર કર્મ કરતા, નર, અશ્વ, હસ્તિ તથા અનેક રથને વિંધતા સંગ્રામમાં ક્રીડા કરતા શૂરવીર નકુળને અઢાર બાણેકરી વિંધ્યો. હે રાજન ! મહા સંગ્રામમાં ક્રોધાયમાન થએલા વૃષસેને અત્યંત વિંધેલા, વેગવાન, મનુષ્યમાં શૂરવીર કર્ણપુત્રને મારવાની ઇચ્છાથી સંગ્રામમાં દોડતા પાંડુપુત્ર નકુળે પાંખો વિસ્તારી માંસના લોભથી આવતા બાજપક્ષીની પેઠે સંગ્રામમાં સામે આવતા કર્ણપુત્ર ઉપર બાણનો વર્ષાદ કર્યો. વૃષસેને પણ, ઉદાર છે પરાક્રમ જેનું એવા નકુળ ઉપર તીક્ષ્ણ એવા બાણ નાખ્યા. સામે આવતા બાણ સમુદાયને ફોગટ કરવા ઇચ્છતો નકુળ, વિચિત્ર પ્રકારના માર્ગોપ્રત્યે વિચરતો હતો. હે નરેન્દ્ર ! એ રીતે સંગ્રામમાં ખડગેકરી વિચરતા નકુળની હજારો તારાનાં જેમાં ચિન્હ છે જેમાં એવી વિચિત્ર પ્રકારની ઢાલને મોટા બાણથી વિંધી, તીક્ષ્ણ ધારવાળા, ઉતારેલા, મ્યાન વગરના, ઉગ્ર મોટા ભારને સહન કરનાર, દૂષીના શરીરનો અંત કરનાર, અત્યંત ઘોર, સર્પ સમ ઉગ્ર રૂપવાળા લોહમય તેના તે ખડગને ભાગી શત્રુને હણનાર વૃષસેને ઉત્તમ વેગવાળા તીક્ષ્ણ બાણેકરી તેને પણ સ્તનના મધ્યમાં વિંધ્યો. હે રાજન્ ! કર્ણપુત્રના બાણેકરી સંતપ્ત, હણાયા છે અશ્વ જેના એવો મહાત્મા માદ્રીપુત્ર નકુળ, સંગ્રામના મધ્યમાં બીજા પુરુષોએ દુષ્કર અને આર્ય પુરૂષોએ સેવેલું એવું કર્મ કરી ઉતાવળથી ભીમસેનના રથ પાસે જઇ અર્જુન દેખે તેમ સિંહ જેમ પર્વતના અગ્ર ભાગ ઉપર ચઢે તેમ રથ ઉપર ચઢી બેઠો. કોપાયમાન થએલા શૂરવાર મહાત્મા વૃષસેને એક રથમાં એકઠા બેઠેલા તે મહારથિ પાંડવો ઉપર જાણે તમને ભેદનો હોય નહિ તેની પેઠે ઘણાક બાણનો વર્ષાદ કર્યો. તેમ જ્યારે પાંડુપુત્ર નકુળનો રથ લાગ્યો અને વૃષસેનના બાણેકરી તેનો ખડગ પણ કપાયો તે સમય કૌરવામાં અત્યંત શૂરવીર એવા બીજાઓ પણ એકઠા મળી પાછા આવી બાણના વર્ષાદકરી હણવા લાગ્યા. તેમજ વૃષસેન ઉપર ક્રોધાયમાન થએલા સારી રીતે હોમેલા બે અગ્નિ જાણે હોય નહિ એવા પાંડુપુત્ર ભીમ તથા અર્જુન બેઉ ભાઇઓ એકઠા મળેલા કૌરવો ઉપર અત્યંત ઘોર એવી બાણવૃષ્ટિ કરવા લાગ્યા. તેટલામાં વાયુપુત્ર ભીમસેને અર્જુનને કહ્યું કે, વૃષસેને પીડેલા નકુળને જો, ને આ સામે કર્ણપુત્ર આપણને બાધ કરે છે વાસ્તે તું કર્ણપુત્ર સામે જા. ભીમસેનનાં વચન સાંભળી અર્જુન તેના રથ તરફ ગયો. પોતાની પાસ આવેલા શૂરવીરને જોઇ નકુળે તેને કહ્યું કે, વૃષસેનને તમે હણો. સંગ્રામના

મધ્યમાં નાનાભાઇ એવા નકુળે પ્રત્યક્ષ એ રીતે જેને કહ્યું છે એવા ઉંચી આકૃતિવાળા અર્જુનનો, હનુમાન છે ધ્વજામાં જેની એવો, કેશવ ભગવાને ગ્રહણ કરેલો રથ વૃષસેન તરફ ચાલ્યો.

इत्येवमुक्तः सहसाकिरीटी भ्रात्रा समक्षं नकुले संख्ये ।
कपिध्वजं केशवसंग्रहीत प्रैषीदुदग्रो वृषसेनायवाहम् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि वृषसेनयुद्धे नकुलपराजये गुर्जरभाषायां चतुरशीतितमोऽध्यायः ॥ ८४ ॥

અધ્યાય ૮૫ મો. કર્ણપુત્ર વૃષસેનનો વધ.

संजय उवाच ·नकुलमथविदित्वाछिन्नबाणासनासि ।
विरथमरिशरार्तंकर्णपुत्रास्त्रभग्नं ॥
पवनधुतपताकाह्रादिनोवल्गिताश्वा ।
वरपुरुषनियुक्तास्तेरथैः शीघ्रमीयुः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! કપાઇ ગયા છે બાણ તથા ધનુષ જેના એવા વિરથ થએલા શત્રુના બાણુથી પીડિત તથા કર્ણપુત્રના અસ્ત્રથી ભગ્ન થએલા નકુળને જોઈ વાયુએ હલાવ્યા છે પતાકા જેમના, સિંહનાદ કરતા, ચંચલ અશ્વવાળા શ્રેષ્ઠ પુરૂષે પ્રેરણા કરેલા સાત્યકિ છે છઠ્ઠો જેમાં એવા પાંચ દ્રુપદપુત્ર તથા શત્રુઓને સહન કરે એવા શસ્ત્ર ગ્રહણ કરેલા પાંચ દ્રૌપદીપુત્ર પાંડવ તરફના, એ અગિયાર યોદ્ધાઓ, સર્પજેવા બાણેકરી તમારી તરફના હસ્તિ, રથ, મનુષ્ય તથા ઘોડાઓનો નાશ કરતા રથેકરી ત્યાં આવી પહોંચ્યા. હે નૃપ! રથિમાં શ્રેષ્ઠ એવા કૃપાચાર્ય, હાર્દિક્ય, અશ્વત્થામા, દુર્યોધન, ઉલુક, વૃક, ક્રાથ તથા દેવાવૃદ્ધ એટલા તમારી તરફના મોટા ધનુષવાળા યોદ્ધાઓ, હસ્તિ તથા મેઘ સરખા શબ્દવાળા રથેકરી જલદીથી તેમની સામે આવ્યા. ત્યાર પછી હે નૃપવર! પાંડવ તરફના અગિયાર શૂરવીરોને શ્રેષ્ઠ બાણેકરી તાડન કરતા તમારી તરફના રથિમાં શૂરવીર એવા યોદ્ધાઓએ તેમને રૂંધ્યા. તે સમયે નવા મેઘ સરખા તથા પર્વતના શિખરની જેમને ઉપમા અપાય એવા ભયંકર વેગવાળા હસ્તિઓએ કરી પાંડવ તરફથી કુલિંદ રાજાઓ તેમની સામે ગયા. સારી રીતે શીખવેલા હિમાલય સંબંધી, મદેકરી ઉત્કટ, યુદ્ધની કામનાવાળા યુદ્ધમાં કુશળ એવા શૂરવીરોએ આરોહણ કરેલા સુવર્ણની જાળથી શોભિતા હસ્તિઓ, આકાશમાં વિદ્યુત્સહિત મેઘ શોભે તેમ શોભતા હતા. કુલિંદપુત્રે લોહમય એવા દશ બાણે કરી સારથિ તથા અશ્વસહિત કૃપાચાર્યને અત્યંત પીડિત કર્યા. કૃપાચાર્યે પણ બાણેકરી તેને હણ્યો તેથી હસ્તિસહિત તે પૃથ્વીપર પડ્યો. તેને જોઇ તેના નાના ભાઇએ સૂર્યના કિરણોની જેને ઉપમા અપાય, એવા લોહમય ભાલાઓએ કરી તેના રથને વિક્ષોભ પમાડી શબ્દ કર્યો. એટલામાં ગાંધારપતિ શકુનિએ શબ્દ કરતા એનું મસ્તક કાપી નાખ્યું. એ રીતે કુલિંદ હણાયા તેને જોઇ અત્યંત ગર્વિષ્ઠ છે રૂપ જેમનાં એવા તમારી તરફના હાથમાં ધનુષ ગ્રહણ કરેલા મહારથિઓ, શંખ વગાડતા શત્રુ સામે જવા લાગ્યા. ત્યાર પછી વળી કૌરવોને પાંડવ તથા સંજય સાથે, બાણ, ખડ્ગ, શક્તિ, તરવાર તથા ફરશીએ કરી, નર,

અશ્વ તથા હસ્તિના પ્રાણને હરે એવું અતિ આકુલ દારૂણ યુદ્ધ થયું. જેમાં દિશાઓમાંથી આવતા ઉગ્ર વાયુએ કરી પરસ્પર અથડાતા વિજળી તથા કડાકા સહિત મેઘ જેમ પડે તેમ પરસ્પર હણાયાથી રથ, અશ્વ, હસ્તિ તથા પાયદળ પૃથ્વીવિષે પડતાં હતાં. ત્યારપછી સેંકડો સૈન્યમાં સંમત એવા મોટા હસ્તિ, રથ તથા પાયદળના ઘણાક ગણને ભોજે હણ્યા. કૃતવર્માના બાણથી હણાયલા તે, ક્ષણમાત્રમાં પૃથ્વીવિષે પડતા હતા. તેમજ સર્વ આયુધ, યોદ્ધાઓ તથા ધ્વજસહિત અશ્વત્થામાએ હણેલા ત્રણ મોટા હસ્તિઓ પ્રાણરહિત થઇ વજ્રે હણેલા મોટા પર્વત પડે તેમ પૃથ્વીવિષે પડતા હતા. તેટલામાં કુલિંદ રાજાના, નાનાથી પણ નાના ભાઇએ શ્રેષ્ઠ બાણેકરી તમારા પુત્રને સ્તનના મધ્યભાગમાં તાડન કર્યો. તમારા પુત્રે પણ તીક્ષ્ણ બાણેકરી તેના શરીરને વિંધી હસ્તિને પૃથ્વીપર પાડ્યો. હે મહારાજ! ચાતુર્માસ્યમાં મહેન્દ્રના વજ્રથી હણાયલો ગૈરિકધાતુનો પર્વત જેમ જળ મુકે તેમ તમારા પુત્રના બાણથી હણાયલો તે ચોતરફથી ઝરે છે ઘણુંક રૂધિર જેને એવો હસ્તિરાજ, રાજપુત્ર સહિત નીચે પડ્યો. કુલિંદપુત્રે મોકલેલા બીજા હસ્તિએ, સારથિ, અશ્વ તથા રથ સહિત ક્રાથને પછાડ્યો. ત્યાર પછી, ક્રાથના બાણે અભિઘાત કરેલો પોતાના સ્વામી સહિત તે, વજ્રે હણેલો પર્વત પડે તેમ નીચે પડ્યો. તે વખતે હસ્તિ ઉપર બેઠેલા પાર્વતીય રાજાએ બાણેકરીને હણેલો દુર્જય એવો રથિ ક્રાથ, અશ્વ, સારથિ, ધનુષ તથા ધ્વજસહિત, મહાવાયુએ હણેલો મોટો વૃક્ષ પડે તેમ પડ્યો. વૃકે, હસ્તિ ઉપર બેઠેલા તે ગિરિરાજવાસિ રાજાને બાર બાણેકરી વિંધ્યો. તે મોટા હસ્તિએ, જલદીથી વૃકને અશ્વ તથા રથસહિત, ચાર પગેકરી પછાડી કચર્યો. તેમજ બભ્રુસુતના બાણેકરી અત્યંત હણાયલો તે ગજરાજ પોતાના નિયંતા સહિત નીચે પડ્યો. સહદેવ પુત્રે હણેલો પીડિત એવો તે દેવાવૃદ્ધપુત્ર પણ પડ્યો તે વેળાએ કુલિંદપુત્ર, દાંતેકરી શબ્દ કરનાર તથા શ્રેષ્ઠ યોદ્ધાઓને પાડનાર એવા હસ્તિએકરી શકુનિને મારવા વેગેકરી તેને પીડિત કરતો જવા લાગ્યો. તેટલામાં તો ગાંધારપતિ શકુનિએ એનું મસ્તક કાપી નાખ્યું. શતાનીકે હણેલા તમારી તરફના મોટા હસ્તિઓ, અશ્વ તથા રથ તથા પાયદળના ગણ, ગરૂડે હણેલા સર્પ પડે તેમ પરવશ થઇ પૃથ્વીવિષે પડ્યા. તેટલામાં કુલિંગપુત્રે તીક્ષ્ણ એવા ઘણાક બાણેકરી હાસ્ય પુરઃસર નકુલપુત્રને વિંધ્યો. નકુલપુત્રે પણ ક્રોધથી ક્ષુર નામના બાણેકરી કમળ સરખું છે મુખ જેમાં એવું એનું મસ્તક કાપી નાખ્યું. તે સમે કર્ણપુત્રે, લોહમય ત્રણ બાણથી શતાનીકને, ત્રણેકરી અર્જુનને, ત્રણથી ભીમસેનને, તથા સાતેકરી નકુળને વિંધી, બાર બાણેકરી જનાર્દન ભગવાનને પણ વિંધ્યા. મનુષ્યને અતિક્રમણ કરે એવા એના તે કર્મને જોઇ પ્રસન્ન થએલા કૌરવ, તેનાં વખાણ કરવા લાગ્યા. જે અર્જુનના પરાક્રમને જાણતા હતા તે તો આ, અગ્નિમાં હોમાયો એમ માનતા હતા. તેટલામાં પારકા શૂરવીરને હણનાર અત્યંત શૂરવીર અર્જુન, લોકના મધ્યમાં હણાયા છે અશ્વ જેના એવા માદ્રીપુત્ર નકુળને તથા અત્યંત ક્ષત થએલા શ્રીકૃષ્ણને જોઇ કર્ણની પાસે ઉભેલા વૃષસેન સામે દોડ્યા. મહા સંગ્રામમાં હજારો બાણ ધારણ કરનાર સામે આવતા ઉગ્ર એવા તે મહારથિ નરવીરને જોઈ કર્ણનો પુત્ર, પૂર્વે નમુચિ નામનો દૈત્ય મહેંદ્ર સામે આવ્યો હતો તેમ તેની સામે આવ્યો. ત્યાર પછી અત્યંત મોટો જેનો પ્રભાવ છે એવો તીક્ષ્ણ બાણેકરી અર્જુનને વિંધી ઇંદ્રને વિંધી જેમ નમુચિ દૈત્યે સિંહનાદ કર્યો હતો તેમ સિંહનાદ કર્યો. વળી ઉગ્ર બાણેકરી અર્જુનને પ્રબાહાગ્રના મૂળ વિષે વિંધી, નવ બાણથી શ્રીકૃષ્ણને પીડિત કરી વળી દશ બાણેકરી અર્જુનને ઘાયલ કર્યો.

પૂર્વે જે વૃષસેનના નાખેલા બાણેકરી હણાયા તેમજ વળી તેના બાણુથી હણાવાને લીધે કષ્ટક ક્રોધને પ્રાપ્ત થએલા શ્વેત અશ્વવાળા અર્જુને કર્ણપુત્રનો વધ કરવાનું મન પર લીધું. ત્યાર પછી રણસંગ્રામના મસ્તકવિષે અર્જુનને લલાટવિષે ત્રણ શાખા થાય તે રીતે ક્રોધથી ભ્રુકુટી ચઢાવી કર્ણસુતના વધવાસ્તે તૈયાર થએલા તે મહાત્માએ બાણ મૂકયા. રક્ત છે નેત્ર જેનાં એવા શત્રુને હણનાર અર્જુન, અત્યંત હાસ્ય કરી દુર્યોધન તથા અશ્વત્થામા છે મુખ્ય જેમાં એવા સર્વ યોદ્ધાઓની સમક્ષ કર્ણપ્રત્યે કહેવા લાગ્યા કે–હે કર્ણ ! તું જોતાં સંગ્રામના મધ્યમાં ઉગ્ર એવા વૃષસેનને આજ હું તીક્ષ્ણ બાણેકરી યમલોક પ્રત્યે પોચાડીશ. તમે બધાએ મળી હું જેની પાસે ન હતો એવા રથમા બેઠેલા એકલા મારા પુત્રને હણ્યો એટલી તમારામાં ન્યૂનતા છે એમ લોક કહે છે પણ હું તો તમારી સમક્ષ ઉગ્ર એવા વૃષસેનને હણીશ, માટે સામર્થ્ય હોય તો રથમાં બેઠેલા તમો કર્ણપુત્રની રક્ષા કરો. ત્યારપછી સંગ્રામના મધ્યમાં અર્જુન એવો હું અત્યંત મૂઢ એવા તને પણ હણીશ. કેમકે થએલા આ કલહના મૂળરૂપ અને દુર્યોધનના આશ્રયથી થયો છે ગર્વ જેને એવા તને આજ હું હઠાત્કારથી સંગ્રામમાં હણીશ અને જેના અન્યાયથી આ મોટો ક્ષય પ્રવર્તમાન થયો છે એવા અધમ પુરૂષ દુર્યોધનને ભીમસેન હણશે એમ કહી ધનુષ હાથમાં લેઇ વૃષસેનને લક્ષ્ય કરી મહાત્મા એવા તેણે હાસ્ય કરી કર્ણપુત્રના વધવાસ્તે તેમાં બાણ સાંધી શંકારહિત જે રીતે થાય તે રીતે દશ બાણથી મર્મસ્થાનવિષે અને વિંધી તીક્ષ્ણ એવા ક્ષુર નામના ચાર બાણેકરી એનું ધનુષ, બે ભુજ તથા મસ્તક કાપી નાખ્યું. તે વખતે અર્જુનના બાણથી હણાયલો બાહુ તથા મસ્તક વગરનો તે, પુષ્પિત એવો વાયુએ પ્રેરેલો સાગનો શ્રેષ્ઠ વૃક્ષ જેમ પર્વતના શિખર ઉપરથી પડે તેમ રથ ઉપરથી પૃથ્વીપર પડયો. બાણેકરી હણાએલા રથમાંથી નીચે પડતા પુત્રને જોઇ બાણ ફેંકનાર, પુત્ર વધેકરી સંતપ્ત સૂતપુત્ર કર્ણ, ક્રોધથી અર્જુનના રથ સામે જવા લાગ્યો. પછી અર્જુને સંગ્રામમાં હણેલા પુત્રને પ્રત્યક્ષ જોઈ અત્યંત ક્રોધને પ્રાપ્ત થએલો મહાત્મા કર્ણ, તત્કાલ શ્રીકૃષ્ણ તથા અર્જુન સામે દોડયો.

ततः समक्षं स्वसुतं विलोक्य कर्णो हतंश्वेतहयेन संख्ये ।
संरंभमागम्य परंमहात्मा कृष्णार्जुनौ सहसैवाभ्यधावत् ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि वृषसेनवधे गुर्जरभाषायां पंचाशीतितमोऽध्यायः ॥ ८५ ॥

અધ્યાય ૮૬ મો—કર્ણને ઉપજેલો ક્રોધ.

संजय उवाच—तमायांतमभिप्रेक्ष्य वेलोद्धतमिवार्णवः ।
गर्जंतं सुमहाकायं दुर्निवार्यं सुरैरपि ॥ २ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! મર્યાદા મૂકી કિનારા ઉપર આવતા સમુદ્ર સરખા, અત્યંત મોટી કાયાવાળા દેવતાઓથી પણ દુઃખેકરી વારી શકાય નહિ એવા ગર્જના કરતા કર્ણને આવતો જોઇ પુરૂષમાં કંઇ હશાઈ એવા બળવાન, હાસ્ય કરી અર્જુનને કહેવા લાગ્યા

કે, હે ધનંજય ! જેની સાથે તારે યુદ્ધ કરવું છે તે કર્ણનો શ્વેત અશ્વવાળો, શલ્ય જે સારથિ જેનો એવો આ રથ આપણી સામે આવે છે. હે પાંડવ ! શ્વેત અશ્વ તથા રાધાપુત્ર સહિત નાના પ્રકારના પતાકાઓકરી શોભિત ઘુઘરીઓની જાળની માળાવાળા આકાશમાં રહેલા વિમાન સરખા કર્ણના રથને જો. આકાશને ઉલ્લેખ કરતો હોય નહીં એવા ઇન્દ્રધનુષ જેવા હસ્તિના ચિન્હવાળા મહાત્મા કર્ણના ધ્વજને જો, તેમજ ધારા સંપાતને મુકતા મેઘની પેઠે શરધારા મૂકતા દુર્યોધનનું પ્રિય ઇચ્છતા આપણી સામે આવતા કર્ણને જો. રથના અગ્રભાગવિષે બેઠેલા મદ્રેશ્વર રાજા, ઘણા પરાક્રમવાળા રાધાપુત્રના અશ્વને નિયમમાં રાખે છે. હે પાંડવ ! દુંદુભિનો શબ્દ, દારૂણ એવો શંખનો શબ્દ તથા ચોતરફ થતા વિવિધ પ્રકારના સિંહનાદને સાંભળ. મોટા શબ્દોને અંતર્ધાન કરી થતા વિવિધ પ્રકારની રણવાદ્યને સાંભળ. મોટા શબ્દોને અંતર્ધાન કરી થતા તીવ્ર ઘોરવાળા કર્ણે અત્યંત ખેંચેલા ધનુષના શબ્દને સાંભળ. મહાવનમાં ક્રોધાયમાન થએલા કેસરીને જોઇ જેમ મૃગ ભયભીત થાય તેમ ગણુ સહિત પંચાલોના મહારથિઓ કર્ણને જોઇ અસંતભયને પ્રાપ્ત થાય છે. હે કૌંતેય ! સર્વ યત્નેકરી તું સૂતપુત્ર કર્ણને હણવા યોગ્ય છે. તારા વિના બીજો નર કર્ણના બાણને સહન કરવાનો ઉત્સાહ કરે નહિ, એટલુંજ નહિ, પણ દેવ, અસુર, ગંધર્વ તથા સચરાચર એવા ત્રણ લોકને પણ સંગ્રામમાં જીતવા તું સમર્થ છે તે હું સારી રીતે જાણું છું. ભીમ, ઉગ્ર, સર્વ તથા કપર્દિ એવા ત્રણ નેત્રવાળા જે સમર્થ મહાદેવને જોવા પણ બીજા સમર્થ થાય નહિ ત્યારે તેની સાથે યુદ્ધ કરવાને તો ક્યાંથીજ સમર્થ થાય. સર્વ ભૂતનું કલ્યાણ કરનાર સ્થાણુ એવા તે સાક્ષાત મહાદેવને તેં યુદ્ધવડે પ્રસન્ન કર્યા હતા. તેમ દેવતાઓએ પણ તને વરદાન આપેલાં છે માટે હે પાર્થ ! હે મહાબાહો ! દેવના દેવ એવા તે મહાદેવના પ્રસાદે કરી ઇન્દ્રે જેમ, નમુચિ દૈત્યને માર્યો હતો તેમ તું કર્ણને માર. હે પાર્થ ! સદા તારૂં કલ્યાણ થાઓ અને યુદ્ધમાં જયને પ્રાપ્ત થા. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન કહેવા લાગ્યો કે—હે કૃષ્ણ ! મારો અવશ્ય કરીને જયજ થશે એમાં સંશય નથી; કેમકે હે મધુસૂદન ! સર્વ લોકના ગુરૂ એવા તમો મારી ઉપર સંતુષ્ટ થયા છો. હે ઋષીકેશ ! હે મહારથ ! મારા રથના ઘોડાઓને ચલાવો. અર્જુન એવો હું સંગ્રામમાં કર્ણને માર્યા વગર પાછો નહિ વળું. હે ગોવિંદ ! આજ મારા બાણે શકલીકૃત એવા હણાયલા કર્ણને જોજો, વા તેણે બાણેકરી હણેલા મને જોજો, જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી લોકો જેનું કીર્તન કરશે એવું ત્રણ લોકને મોહ કરનાર આ ઘોર યુદ્ધ નજીક આવ્યું છે. ક્લેશનો નાશ કરનાર શ્રીકૃષ્ણ પ્રત્યે એ રીતે કહેતા અર્જુન, હસ્તિ જેમ હસ્તિ સામે જાય તેમ રથે કરી તત્કાળ તેની સામે જવા લાગ્યા. વળી હે અરિંદમ ! તેજસ્વી એવા અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે હે ઋષીકેશ ! આ વખત જાય છે વાસ્તે અશ્વને ચલાવો. એ રીતે મહાત્મા પાંડવે જેને કહ્યું છે એવા ભગવાને 'તારો જય થાઓ' એમ પાંડુપુત્ર અર્જુનને આશિષ આપી મન જેવા વેગવાળા અશ્વને ચલાવ્યા. ત્યારે મનસરખા વેગવાળો પાંડુપુત્રનો રથ ક્ષણમાત્રમાં કર્ણના રથ આગળ જઇ ઉભો.

जयेन संपूज्य सपांडवं तदा प्रचोदयामास हयान् मनोजवान् ।
सपांडुपुत्रस्य रथो मनोजवःक्षणेन कर्णस्य रथाग्रतोऽभवत् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णार्जुनद्वैरथे वासुदेववाक्ये गुर्जरभाषायां षडशीतितमोऽध्यायः ॥ ८६ ॥

અધ્યાયન ૮૭ મો.—કર્ણાર્જુન સંગ્રામ.

संजय उवाच—वृषसेनं हतंदृष्ट्वा शोकामर्षसमन्वितः ।
पुत्रशोकोद्भवंवारि नेत्राभ्यां समवासृजत् ॥

સંજય કહે —હે ધૃતરાષ્ટ્ર ! હણાએલા વૃષસેનને જોઈ શોક તથા અમર્ષયુક્ત કર્ણ, પુત્રના શોકથી ઉત્પન્ન થએલું અશ્રુ નેત્રમાંથી મુકતો હતો. ત્યારપછી ક્રોધેકરી તામ્ર જેવાં છે નેત્ર જેનાં એવો તેજસ્વી કર્ણ, યુદ્ધવાસ્તે અર્જુનને બોલાવી શત્રુ એવા તેની સન્મુખ ગયો. તે સમયે વ્યાઘ્રના ચર્મથી મઢેલા એકઠા મળી ગએલા, ઉગેલા બે સૂર્ય હોય નહિ એવા સૂર્યસમાન તે બેઉના રથને લોકો જોતા હતા. તે બેઉ રથમાં બેઠેલા, શત્રુને મર્દન કરનાર શ્વેત અશ્વવાળા મહાત્મા બેઉ આકાશમાં રહેલા ચંદ્ર તથા સૂર્ય શોભે તેમ શોભતા હતા. હે મારિષ ! ઇન્દ્ર તથા બળિરાજાની પેઠે ત્રિલોકીનો વિજય કરવામાં સાવધાન એવા તે બેઉને જોઇ સર્વ સૈન્ય, વિસ્મય પામતાં હતાં. તેમજ રથ, પ્રત્યંચા તથા બાણના શબ્દ અને સિંહનાદેકરી પરસ્પર સામે દોડતા તે રથને તથા એક બીજામાં મળી ગએલા હસ્તિના ચિન્હવાળા કર્ણના અને વાનરના ચિન્હવાળા અર્જુનના ધ્વજને પણ જોઈ રાજાઓને વિસ્મય થતો હતો. હે રાજન ! એક બીજાની પાસે આવેલા તે રથને જોઈ રાજાઓ, સિંહનાદ તથા પુષ્કળ સાધુવાદ બોલતા હતા. એ રીતે દ્વંદ્વયુદ્ધ કરવા ઉદ્યુક્ત થએલા તે બેઉને જોઇ હજારો યોદ્ધાઓ, બાહુના શબ્દ તથા વસ્ત્રનું અવધૂનન કરતા હતા. કર્ણને હર્ષ ઉપજાવવા ઇચ્છતા કૌરવ, ચોતરફથી વાદિત્ર સાથે શંખના શબ્દ કરતા હતા. તેમજ અર્જુનને હર્ષ કરવા ઇચ્છતા સર્વ પાંડવો પણ તુરી તથા શંખના શબ્દે કરી સર્વ દિશાઓને શબ્દાયમાન કરતા હતા. કર્ણ તથા અર્જુનના સમાગમવિષે સિંહનાદ, પરસ્પર શસ્ત્ર વાગવાથી થએલા શબ્દ, મોટેથી બોલવું તથા શૂરવીરના બાહુ શબ્દે કરી ચોતરફથી બધું અત્યંત ભયંકર લાગતું હતું. પુરૂષમાં સિંહરૂપ એવા રથમાં બેઠેલા, રથિમાં કીર્ત્ત, ગ્રહણ કર્યાં છે મોટાં ધનુષ જેમણે એવા, બાણ, શક્તિ તથા ધ્વજે કરી યુક્ત કવચ, પહેરેલા, બાંધ્યાં છે ખડગ જેમણે એવા શ્વેત અશ્વવાળા, શંખેકરી શોભિતા, શ્રેષ્ઠ ભાથા સંપન્ન, સુંદર દેખાવવાળા, રક્તચંદનેકરી લિપ્ત છે અંગ જેમનાં, મદસહિત ચઢાવેલાં ધનુષ તથા વિદ્યુત જેવા ધ્વજે કરી યુક્ત, શસ્ત્રસંપત્તિથી યુદ્ધ કરનાર, ચામર તથા વ્યજને કરી યુક્ત, શ્વેતછત્રેકરી ઉપશોભિત, કૃષ્ણ તથા શલ્ય જેમાં છે એવા રથેકરીયુક્ત, સમ રૂપવાળા, મહારથિ, સિંહસરખા છે સ્કંધ જેમના, દીર્ઘ બાહુવાળા, લાલ છે નેત્ર જેમનાં, સુવર્ણની માળા પહેરેલા, માંસલ છે છાતી જેમની એવા મહા બળવાન, અન્યોન્ય જયની આકાંક્ષાવાળા, ગોષ્ટવિષે રહેલા, ગોવૃષભની પેઠે પરસ્પર દોડતા, મદ ઝરતા હસ્તિ જેવા, પરસ્પર અત્યંત ક્રોધાવિષ્ટ, પર્વત સમાન અચલ, સર્પનાં બચ્ચાં સરખા, યમ, કાલ તથા અંતકની જેને ઉપમા અપાય, ઇંદ્ર તથા વૃત્રાસુરની પેઠે પરસ્પર ક્રોધાયમાન થએલા, સૂર્ય તથા ચંદ્રસરખી કાંતિવાળા, પ્રલય વાસ્તે ઉદય થએલા ક્રુદ્ધ એવા મહા ગ્રહ સરખા, દેવગર્ભસમાન, દેવતાના સરખું છે બળ જેમનું એવા દેવ સમાન રૂપવાળા, યદૃચ્છાએ કરી આવેલા જાણે સૂર્ય અને ચંદ્રમા હોય તેવા, બળવાન, સંગ્રામમાં મદોન્મત્ત, નાનાપ્રકારનાં શસ્ત્ર ધારણ કરેલા, પુરૂષમાં સિંહરૂપ એવા સિંહનીપેઠે ઉભેલા તે બેઉને જોઇ હે વિશાંપતે ! તમારી તરફનાઓને પરમ હર્ષ થયો. સર્વ પ્રાણીઓને બેઉમાંથી કોનો જય થશે તેવિષે

શાંતનુના પુત્ર ભીષ્મને સંગ્રામમાં શિખંડિ હણશે, ત્યારે અમારા શત્રુઓ કોઈ જીવતા નહીં રહે એ હું સત્ય માનું છું. જ્યારે રથિયોને ખોળતો શિખંડિ દિવ્ય ઘોડાવાળા રથે કરી રથવાળા યોધને વિશેષતો ભીષ્મની તરફ જશે, ત્યારે દુર્યોધન સંતાપ પામશે. જે બુદ્ધિમાન દ્રોણાચાર્ય પાસે ગુહ્ય અસ્ત્રવિદ્યા શીખેલા છે તે ધૃષ્ટદ્યુમ્નને જ્યારે સૈન્ય વિષે સંજયના પક્ષનાં આગળી થઈને ઉભેલો ધૃતરાષ્ટ્રનો પુત્ર જોશે, ત્યારે બહુજ તપાયમાન થશે. વળી જ્યારે સંગ્રામમાં અપ્રમેય બળવાળો શત્રુને સહન કરનાર, લજ્જાવાન, બુદ્ધિમાન, લક્ષ્મીવાન, સોમકોમાં શ્રેષ્ઠ તથા સેનાનો પતિ બાણથી ધૃતરાષ્ટ્રના પુત્રોને ભેદતો દ્રોણાચાર્ય આગળ જશે, ત્યારે દુર્યોધન તપાયમાન થશે. યાદવોમાં સિંહરૂપ, આલોક વિષે યુદ્ધમાં બીજાની જેને ઉપમા આપાય નહીં એવા, શિનિ રાજાના પૌત્ર મહાબળવાન, ભય રહિત અસ્ત્ર શીખેલા, મોટી છાતી તથા હાથવાળા, દૃઢ ધનુષવાળા, આશ્ચર્યરૂપ કર્મ કરનાર સારી રીતે શીખેલા અને જેમનો અગ્રણી થાય તેમને પણ બીજા શત્રુઓ કદી સહન કરી શકે નહીં, એવા મહાત્મા સાત્યકિને અમે યુદ્ધમાં સહાયતા કરવા સારૂ વર્યા છીયે. વળી જ્યારે શિનિકુળનો અધિપતિ મારી આજ્ઞાથી બાણોનો વર્ષાદ કરતો શત્રુ સૈન્યના મુખ્ય યોદ્ધાઓને ઢાંકી દેશે ત્યારે દુર્યોધન તપાયમાન થશે. જ્યારે ધૈર્ય રાખી યુદ્ધ કરશે, ત્યારે સિંહની ગંધને પામી જેમ બળદો ચોતરફ ભ્રમણ કરે, તેમ એને જોઇ શત્રુઓ ચોતરફ ભ્રમણ કરશે. જે પરાક્રમ કરી જલદીથી બાણ ફેંકતો પર્વતોને ભેદે તથા સર્વ લોકનો પણ સંહાર કરે, ને આકાશમાં રહેલા સૂર્યની પેઠે શોભે, તે સાત્યકિ શ્રીકૃષ્ણમાં જેટલા ગુણ છે, તે સર્વ ગુણે કરી યુક્ત છે, તેથી ધોળા ઘોડા જોડેલા સુવર્ણમય સાત્યકિના રથને યુદ્ધમાં જ્યારે મંદબુદ્ધિવાળો દુર્યોધન જોશે, ત્યારે તપાયમાન થશે. સુવર્ણ તથા મણિના જેવો જેનો પ્રકાશ છે, શ્વેત ઘોડા જોડેલ, હનુમાન છે ધ્વજાને વિષે જેની તથા કેશવ ભગવાન જેમાં વિરાજમાન છે, એવા મારા ઉગ્ર રથને જોઇને નથી કર્યા પુણ્ય જેને એવો મંદ બુદ્ધિ દુર્યોધન તપાયમાન થશે. જ્યારે મહા સંગ્રામમાં મેં ખેંચેલા ગાંડીવની પ્રત્યંચાના તથા હાથમાં પહેરેલા ચર્મનાં મોજાં ઘસાવાથી થયેલા, વજ્રપાત સરખા મોટા ઉગ્ર શબ્દને સાંભળશે, તથા રણના અંધકારમાં બાણના વર્ષાદે કરી અંધકાર થવાથી ગાયોના સમુદાયની પેઠે પોતાનાં સૈન્યને નાસતાં જોશે, ત્યારે ખરાબ છે સહાયતા જેને એવો દુર્બુદ્ધિવાળો મૂઢ ધૃતરાષ્ટ્રનો પુત્ર યુદ્ધ વિષે તપાયમાન થશે. વળી જ્યારે મેઘમાંથી નિકળેલાં અત્યંત ભયંકર વિજળીના તણખા સરખાં, ભયંકર રૂપવાળાં, હજારોને મારનાર, સંગ્રામ વિષે શત્રુઓનાં અસ્થિ તથા મર્મસ્થાન ભેદનાર, સુંદર છે પાછળના ભાગ જેના, ગાંડીવમાંથી નિકળેલાં, તીક્ષ્ણ છે અગ્ર ભાગ જેના તથા ઘોડા, હાથી અને કવચ પહેરનારાઓને નાશ કરનાર બાણના સમુદાયોને સામે આવતાં જોશે, તથા મારાં બાણોથી વિંધાઇ પાછા હઠેલા અને આડા વિંધાઇ ભાગી પડેલા પોતાના સૈનિકોનાં બાણોને જોશે, ત્યારે મંદ બુદ્ધિવાળો દુર્યોધન "મેં યુદ્ધ ક્યાંથી કર્યું!" એમ સંતાપ કરશે. જ્યારે વૃક્ષોના અગ્રભાગમાંથી પક્ષિયો જેમ ફળોને પાડે, તેમ મારા હાથમાંથી નિકળેલાં મોટાં બાણો જુવાન પુરૂષોનાં મસ્તકોનો ઢગલો કરશે, તથા રથમાંથી આવતા હાથી વા ઘોડા ઉપરથી બાણોએ હણી મેં નીચે પાડેલા મોટા યોદ્ધાઓને ધૃતરાષ્ટ્રનો પુત્ર જોશે ત્યારે તપાયમાન થશે. જ્યારે શત્રુના અસ્ત્ર માર્ગને પ્રાપ્ત થયા વગરજ નાશ પામતાં, અને ભયથી યુદ્ધમાં કર્મ ન કરતા યોદ્ધાઓને દુર્યોધન ચોતરફ જોશે, અને મોઢું ફાડેલા મૃત્યુની

સંશય ઉત્પન્ન થયો. પુરૂષમાં સિંહરૂપ, શ્રેષ્ઠ આયુધ ધરનાર, સંગ્રામવિષે કર્યો છે શ્રમ જેમણે એવા બાહુના શબ્દે કરી નભસ્તલને શબ્દાયમાન કરતા, પૌરૂષ તથા બળેકરી વિખ્યાત છે કર્મ જેમનાં, યુદ્ધ કરવામાં શંબરાસુર તથા ઇંદ્ર સરખા, સહસ્રાર્જુન તથા રામચંદ્ર જેવા, પરાક્રમમાં વિષ્ણુ સમાન, યુદ્ધ કરવામાં મહાદેવ સરખા, શ્વેત અશ્વવાળા, શ્રેષ્ઠ રથને વહન કરનાર, અત્યંત શ્રેષ્ઠ છે સારથિ જેમના તથા શોભિના મહારથિ એવા કર્ણ તથા અર્જુનને જોઇ સિદ્ધ તથા ચારણના સંઘોને વિસ્મય ઉત્પન્ન થયો. હે ભરતર્ષભ ! સૈન્ય સહિત તમારા પુત્રોએ સંગ્રામમાં શોભિના મહાત્મા કર્ણને વિંટી લીધો. તેમજ ધૃષ્ટદ્યુમ્ન છે પુરોગમ જેમાં એવા પ્રસન્ન થએલા પાંડવોએ યુદ્ધમાં બીજાને જેની ઉપમા અપાય નહિ એવા મહાત્મા અર્જુનને વિંટી લીધો હે વિશાંપતે ! તમારાઓને સંગ્રામમાં કર્ણ પણ રૂપ થયો, અને પાંડવોને અર્જુન પણ રૂપ થયો. તે જોવાવાળા સભ્ય થયા. તે યુદ્ધરૂપ દ્યૂતવિષે પણ મુકનાર યુદ્ધરૂપ ક્રીડા કરનારાઓનો જય કે પરાજય અવશ્ય થવાનોજ. રણસંગ્રામને મોખરે ઉભેલા અમો તથા પંડવોના મધ્યમાં તે બેઉએ જય તથા પરાજય વાસ્તે દ્યૂતનો આરંભ કર્યો. હે મહારાજ ! યુદ્ધશાલી પરસ્પર અત્યંત ક્રોધાયમાન થએલા, પરસ્પર વધને ઇચ્છતા, ઇંદ્ર તથા વૃત્રાસુરની પેઠે એક બીજાને હણવા ઇચ્છતા, બે પુચ્છડીઆ તારાની પેઠે ભયકર રૂપવાળા તે બેઉને જોઇ હે ભરતર્ષભ ! આકાશમાં રહેલા પ્રાણીઓને કર્ણ તથા અર્જુનવિષે પરસ્પર જેમાં ભેદ છે એવા આક્ષેપસહિત વિવાદ થતા હતા. હે મારિષ ! સર્વ લોક પરસ્પર ભિન્ન એવા આક્ષેપને સાંભળતા પણ હતા. દેવદાનવ, ગંધર્વ, પિશાચ, ઉરગ તથા રાક્ષસ, કર્ણ તથા અર્જુનના સમાગમવિષે પ્રતિપક્ષને ગ્રહણ કરતા હતા. તેમાં હા .આકાશ માતાની પેઠે કર્ણના પક્ષમાં થઇ અને માતાપેઠે જયને ઇચ્છતી પૃથ્વી અર્જુનના પક્ષમાં રહી. પર્વતો, સાગર, સજલનદીઓ, વૃક્ષ તથા ઔષધિઓ પરસ્પર આશ્રય કરી આવા રહ્યાં હતાં. હે પરંતપ ! શ્રેષ્ઠ છે રૂપ જેમનાં એવા અસુર, યાતુધાન તથા ગુહ્યક, એ ચોતરફથી કર્ણને પ્રાપ્ત થતા હતા. મુનિઓ, ચારણ, સિદ્ધ, વૈનતેય, પક્ષિઓ રત્નનિધિયો, આખ્યાન છે પાંચમું જેમાં એવા ઉપવેદ, ઉપનિષદ, રહસ્ય તથા સંગ્રહસહિત સર્વ વેદ, વાસુકિ, ચિત્રસેન તક્ષક સહિત, સર્વ સર્પ વંશસહિત કાદ્રવેય, તથા વિષવાન નાગો, હે મહારાજ ! એ સર્વ અર્જુનના પક્ષમાં થયા હતા. ઐરાવત, સૌરભેય, તથા વૈશાલેય એવા ભોગીસર્પ આ બધા પણ અર્જુનની તરફ થયા. ક્ષુદ્રસર્પ કર્ણ તરફ થયા. હે રાજન ! ઇહામૃગ, વ્યાલમૃગ તથા માંગલ્ય એવા પશુ તથા પક્ષિઓ એ સર્વ અર્જુનના વિજયવિષે અભિસરણ કરનારાં થયાં. વસુઓ, મરૂત, સાધ્ય, રૂદ્ર, વિશ્વદેવ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, સોમ, પવન તથા દશે દિશાઓ, એ બધાં અર્જુનના પક્ષવિષે રહ્યાં હતાં અને દ્વાદશ સૂર્ય કર્ણ તરફ થયા હતા. હે મહારાજ ! વૈશ્ય, શૂદ્ર, સૂત તથા જે જે સંકર જાતિઓ હતી તે સર્વ ચોતરફથી રાધાપુત્રને ભજતી હતી. ગણ તથા પગની પાછળ ચાલનાર સહિત પિતૃઓ યુક્ત દેવતાઓ, યમરાજા, કુબેર, વરૂણ, બ્રાહ્મણ, ક્ષત્રિય તથા દક્ષિણાસહિત યજ્ઞ, એ સર્વ અર્જુનનો આશ્રય કરી રહ્યા હતા. પ્રેત, પિશાચ; માંસ ખાનાર પશુ તથા પક્ષિઓ જલજંતુસહિત રાક્ષસ, કુતરા તથા શિયાળ, એ સર્વ કર્ણ તરફ થયાં હતાં. દેવર્ષિ તથા રાજર્ષિના ગણ પાંડવ તરફ હતા. તેમજ હે રાજન ! તુંબરૂ પ્રમુખ ગંધર્વ પણ અર્જુનના પક્ષમાં હતા. પ્રાધેય, મૌનેય, ગંધર્વ તથા અપ્સરાઓના ગણ, ઇહામૃગ, પક્ષિગણ અને

હસ્તિ, અશ્વ, રથ તથા પાયદળોએ વહન કરેલા મતિમાન એવા કેટલાક તથા વાયુ અને મેઘે વહન કરેલા કેટલાક ગંધર્વાદિક પણ કર્ણ તથા અર્જુનના સમાગમને જોવાની ઇચ્છાથી ત્યાં આવ્યા હતા. દાનવ, નાગ, યક્ષ, પક્ષિઓ, વેદને જાણનાર મહર્ષિયો, સ્વધાને ખાનાર પિતૃઓ, નાના પ્રકારના રૂપ તથા બળેકરી સંયુક્ત તપ વિદ્યા તથા ઔષધિઓ, હે મહારાજ! અંતરિક્ષવિષે શબ્દ કરતાં ઉભાં હતાં. તે વખતે ત્યાં બ્રહ્મર્ષિ તથા પ્રજાપતિ સહિત બ્રહ્મા, તથા પોતાના વાહન ઉપર બેઠેલા મહાદેવ પણ તે દિવ્ય એવા દેશપ્રત્યે પધાર્યા. એ રીતે બધા આવી ઉભા છે તેટલામાં, પાસે ઉભેલા એવા મહાત્મા કર્ણ તથા અર્જુનને જોઈ 'અર્જુન, કર્ણને જીતો' એમ ઇન્દ્રે કહ્યું. કર્ણ, અર્જુનને જીતો એમ સૂર્યે કહ્યું કે અર્જુનને હણી મારો પુત્ર કર્ણ, સંગ્રામમાં જય પામો. ઇન્દ્રે કહ્યું કે કર્ણને હણી આજ મારો પુત્ર અર્જુન, જયને પ્રાપ્ત થાઓ. એ રીતે પક્ષમાં રહેલા દેવતાઓમાં સિંહરૂપ એવા તે સૂર્ય તથા ઇન્દ્રનો વિવાદ થયો. હે ભારત! એ રીતે દેવ તથા અસુરોમાં બે પક્ષ થયા. ત્યારપછી એકઠા મળેલા મહાત્મા એવા તે કર્ણ તથા અર્જુનને જોઇ દેવર્ષિ તથા ચારણ સહિત ત્રણ લોક, કંપવા લાગ્યા. સર્વ દેવતાઓના ગણ તથા સર્વ ભૂત, અર્જુન તરફ થયાં, અસુર કર્ણની બાજુએ થયા. રથના યૂથને પાળનાર, કૌરવ તથા પાંડવમાં શૂરવીર એવા કર્ણ તથા અર્જુનના પક્ષને જોઇ દેવતાઓએ પ્રજાપતિ એવા સ્વયંભુ બ્રહ્માપ્રત્યે કહ્યું કે હે દેવ! કૌરવ તથા પાંડવના યોદ્ધા એવા એ બેઉમાંથી વિજયી કોણ થશે, કાંતો મનુષ્યમાં સિંહરૂપ એવા એ બેઉનો વિજય થાઓ. હે સ્વયંભો! કર્ણ તથા અર્જુનના વિવાદે કરી સર્વ જગત્ સંશયિત થઇ ગયું છે માટે હે પ્રભો! એમાંથી કોનો વિજય થશે તે અમને સત્ય કહો. હે સ્વયંભો! એ બેઉનો વિજય સમાન થાઓ એવું વાક્ય તમો કહો. પછી તે વાત સાંભળી મતિમાન શ્રેષ્ઠ એવા ઇન્દ્રે દેવના ઈશ એવા પિતામહને પ્રણામ કરી આ રીતે તેમની પાસે વિજ્ઞપ્તિ કરી કે પૂર્વે ભગવાન એવા તમે કહ્યું છે કે, કૃષ્ણ તથા અર્જુનનો અવસ્ય જય થશે તે તેમ થાઓ. હે ભગવ'ન! મને પ્રસન્ન થાઓ, તમને હું નમસ્કાર કરૂં છું. અર્જુનનાં વચન સાંભળી બ્રહ્મા તથા મહાદેવજી બેઉ મળી ઇન્દ્રપ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હે ત્રિદશેશ્વર! અવશ્ય કરીને મહાત્મા એવા આ અર્જુનનોજ જય થશે, કેમ કે જે અર્જુને ખાંડવવનવિષે અગ્નિને તૃપ્ત કર્યો હતો. તેમ હે શક્ર! સ્વર્ગપ્રત્યે આવી તેણે તારી સહાય કરી હતી. કર્ણ તો દાનવનો પક્ષ કરનાર છે વાસ્તે એનો પરાજય કરવો, એમ કરવાથી નિશ્ચય દેવતાઓનું કાર્ય થશે. હે ઇન્દ્ર! પોતાનું કાર્ય સર્વને મુખ્ય છે. તેમ મહાત્મા એવો અર્જુન હમેશ સત્યધર્મમાં તત્પર છે માટે તેનો જય થાય તેમાં કંઇ સંશય નહિ, જે અર્જુને ભગવાન એવા મહાત્મા વૃષભધ્વજને પણ સંતુષ્ટ કર્યા હતા, હે શતલોચન! તેનો જય કેમ ન થાય? વળી ભગવાન, શૂરવીર, અસ્ત્ર શીખેલા, તપરૂપી છે ધન જેને એવા જગતના પ્રભુ વિષ્ણુ શ્રીકૃષ્ણ, પોતે જેનું સારથ્ય કરે છે અને મોટા તેજવાળા સર્વ ગુણસંપન્ન અર્જુને પણ સમગ્ર ધનુર્વેદ ધારણ કરેલો છે માટે એનો જય થાય એ દેવકાર્ય સમજવું. તેમ પાંડવો નિરંતર વનવાસાદિ દુઃખેકરી અત્યંત ક્લેશ પામે છે ને પુરૂષમાં શ્રેષ્ઠ, તપેકરી સંપન્ન અર્જુન પણ તેમને પૂરા પડી શકે તેમ છે. તેમ માહાત્મ્યને લીધે જે, અર્થનો વિપર્યય થનો હોય તો દૈવ વિહિતને પણ અતિક્રમણ કરે, અને તે જો અતિક્રમણ કરે તો જરૂર કરી લોકનો અભાવ થઈ જાય. કૃષ્ણ તથા અર્જુન કોપાયમાન થાય તો કદી પણ લોકની મર્યાદા રહે નહિ,

કેમકે શત્રુને તપાવનાર, પુરૂષમાં શ્રેષ્ઠ, ઋષિમાં અતિશ્રેષ્ઠ એ બેઉ, કોઇથી નિયમમાં રાખી શકાય નહિ એવા જગતના સૃષ્ટા તથા નિયંતા સાક્ષાત્ નરનારાયણ છે, તેથી એ મહાત્માઓ જેવો દેવ તથા મનુષ્યમાં કોઇ પણ પુરૂષ નથી, તો પણ દેવર્ષિ તથા ચારણસહિત ત્રણે લોકને તે અનુસરે છે વાસ્તે સર્વ દેવગણ સર્વ પ્રાણીઓ તથા સમગ્ર જગત પણ એમના પ્રભાવેકરી વર્તે છે. પુરૂષમાં શ્રેષ્ઠ શૂરવીર એવો સૂર્યપુત્ર કર્ણ પણ દ્રોણ તથા ભીષ્મ સહિત વસુનો લોક, વાયુનો લોક તથા નાગલોક ઇત્યાદિ મુખ્ય લોકને પ્રાપ્ત થાઓ, પણ વિજય તો કૃષ્ણ તથા અર્જુનનો થાઓ. દેવનાદેવ એવા બ્રહ્મા તથા મહાદેવજીએ એ રીતે જેને કહ્યું છે એવો ઇન્દ્ર, સર્વ પ્રાણીને અભિમુખ કરી કહેવા લાગ્યો કે, ભગવાન એવા બ્રહ્મા તથા મહાદેવજીએ જગતનું જે હિત કહ્યું તે તમે સાંભળ્યું તે તેમજ થશે, અન્યથા નહિ થાય; માટે સંતાપરહિત થઇ તમો ઉભા રહો. હે મારિષ! ઇન્દ્રનાં વચન સાંભળી સર્વ પ્રાણીઓ, વિસ્મય પામી હર્ષિત થએલાં એવાં તેનાં વખાણ સાથે સુગંધી પુષ્પનો વર્ષાદ કરવા લાગ્યાં, અને દેવતાઓ નાનાપ્રકારનાં દેવવાદ્ય વગાડવા લાગ્યા. તે વખતે મનુષ્યમાં સિંહરૂપ એવા તે બેઉના દ્વંદ્વ યુદ્ધને જોવા ઇચ્છતા એવા દેવ, દાનવ તથા સર્વ ગંધર્વ પણ ત્યાં ઉભા રહ્યા હતા. હે રાજન! અત્યંત પ્રસન્ન એવા કર્ણ તથા અર્જુન, જે રથમાં બેઠા હતા, શ્વેત અશ્વવાળા જોડેલા મહાત્માના તે દિવ્ય રથ પણ સજ્જ થઈ ઉભેલા હતા. તે સમયે ત્યાં આવેલા લોકમાં શૂરવીર એવા પુરૂષોએ જૂદા જૂદા શંખ વગાડ્યા. તેમજ શૂરવીર એવા વાસુદેવ, અર્જુન અને કર્ણ તથા શલ્ય પણ શંખ વગાડવા લાગ્યા. તે વેળાએ પરસ્પર સ્પર્દ્ધા કરતા એવા તે બેઉનું પૂર્વે ઇન્દ્ર તથા શંબરાસુરનું જેવું યુદ્ધ થયું હતું તેવું ભીરૂપુરૂષોને ત્રાસ કરનાર ઉગ્ર યુદ્ધ થયું. જેમાં રથવિષે રહેલા નિર્મળ એવા તે બેઉના ધ્વજ, જગતના ક્ષય વખતે આકાશમાં ઉદય થએલા રાહુ તથા કેતુ જેવા શોભતા હતા. તેમાં સર્પ સરખી, ઉત્તમ રત્ન જડેલી દૃઢ એવી હસ્તિના ચિન્હવાળી કર્ણની ધ્વજા ઇન્દ્રધનુષ્ય સમ શોભતી હતી. કાંતિએ કરી દુર્નિરીક્ષ્ય સૂર્યની પેઠે દંષ્ટ્રાએકરી ભયંકર અર્જુનના ધ્વજવિષે રહેલો હનુમાન્ પણ મુખ ફાડેલા કાળ સમ શોભતો હતો. અર્જુનના ધ્વજ વિષે રહેલો વેગવાન્ વાનર, યુદ્ધાભિલાષી થઇ પોતાને સ્થાનકેથી કર્ણના ધ્વજ પ્રત્યે જઇ હસ્તિના ચિન્હવાળી તે ધ્વજાને નખ તથા દાંતેકરી ગરૂડ જેમ સર્પને હણે તેમ હણવા લાગ્યો. ઘુઘરીયુક્ત આભરણવાળી, કાળપાશની જેને ઉપમા અપાય એવી લોહમયી હસ્તિના ચિન્હવાળી કર્ણની ધ્વજા પણ અત્યંત ક્રોધથી તે વાનર સામે ફરકી. એ રીતે તે બેઉનું અત્યંત ઘોર એવું દ્વંદ્વયુદ્ધરૂપી દ્યૂત થયું. તે સમયે પૂર્વે બેઉની ધ્વજાઓ યુદ્ધ કરતી હતી. ત્યારપછી પરસ્પર સ્પર્દ્ધા કરતા ઘોડાઓ, ઘોડાઓ સામે હણહણાટી કરતા હતા. કમળસરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણે, નેત્રરૂપી બાણેકરી શલ્યને વિંધ્યો. તેમજ શલ્યે પુંડરીકાક્ષ એવા ભગવાન સામે જોયું, તેમાં વાસુદેવ ભગવાને નેત્રરૂપી બાણેકરી શલ્યને જીત્યો. કુંતિપુત્ર અર્જુને દૃષ્ટિએકરી કર્ણને જીત્યો. તેટલામાં સૂતપુત્ર કર્ણે હાસ્યકરી શલ્યને સંબોધનથી બોલાવી કહ્યું કે—હે શલ્ય! આજ સંગ્રામમાં અર્જુન, કદાપિ મને હણે તો પછી તું શું કરીશ તે સત્ય કહે! કર્ણનાં એવાં વચન સાંભળી શલ્યે તેને કહ્યું કે—હે કર્ણ! શ્વેત છે અશ્વ જેના એવો અર્જુન, સંગ્રામમાં આજ કદી તને હણે તો હું એક રથેકરી માધવ તથા પાંડુપુત્ર અર્જુનને મારી નાંખું. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર! એજ રીતે અર્જુને ગોવિંદ એવા ભગવાનને કહ્યું. તે સાંભળી હાસ્યકરી શ્રીકૃષ્ણભગવાને અર્જુન-

નને સત્ય વચન કહ્યું કે—સૂર્ય પોતાને સ્થાનકેથી પડે, મહાસમુદ્ર સુકાય અને અગ્નિ કદી શીતતાને પ્રાપ્ત થાય તોપણ હે ધનંજય ! કર્ણ તને હણી શકે નહિ. અને કદી તું પરાભવને પ્રાપ્ત થાય તો લોક બધાં ઊંધાં વળી જાય ને હું પણ બે બાહુએ કરીને સંગ્રામમાં કર્ણ તથા શલ્યને હણું. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી હનુમાન છે ધ્વજાવિષે જેની એવો અર્જુન, હાસ્યકરી અક્લિષ્ટ છે કર્મ જેનાં એવા શ્રીકૃષ્ણપ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો. હે જનાર્દન ! કર્ણ તથા શલ્ય બેઉ થઈને મને પૂરા પડી શકે નહિ. હે કૃષ્ણ ! આજ, સંગ્રામમાં પતાકા, ધ્વજ, શલ્ય, રથ, અશ્વ, છત્ર, કવચ, શક્તિ, બાણ તથા ધનુષસહિત, બાણેકરી મેં છિન્ન કરેલા કર્ણને તમે જોશો. આજજ અરણ્યમાં હસ્તિ જેમ વૃક્ષને ચૂર્ણ કરે તેમ રથ, અશ્વ, શક્તિ, કવચ તથા આયુધસહિત મેં ચૂર્ણ કરેલો હોય નહિ જાણે એવા કર્ણને તમે જોશો. આજ રાધાપુત્ર કર્ણની સ્ત્રિયોને વૈધવ્ય પાસે આવ્યું છે. હે માધવ ! આજ અવશ્ય કર્ણની સ્ત્રિઓએ સ્વપ્નમાં અનિષ્ટ જોયાં હશે. આજજ જરૂર કરીને કર્ણની સ્ત્રિયોને તમે વિધવા જોશો. સભામાં આવેલી દ્રૌપદીને જોઈ, નથી દીર્ઘદૃષ્ટિ જેની એવો મૂઢ કર્ણ અમારૂં ઉપહાસ્ય કરી વારંવાર તિરસ્કાર કરતો હતો, એ રીતે પૂર્વે જેણે કર્યું છે તે હું યાદ કરૂં છું ત્યાં મારો ક્રોધ શમતો નથી. હે ગોવિંદ ! આજ મદોન્મત્ત હસ્તિ જેમ પુષ્પિત વૃક્ષને મંથન કરે તેમ મેં મથન કરેલા કર્ણને તમે જોશો. હે મધુસૂદન ! હે વાર્ષ્ણેય ! આજ કર્ણને પાડ્યા પછી અરે તમે ઘણું સારૂં કીધું એવી લોકોની મધુર વાણી તમો સાંભળશો. હે જનાર્દન ! આજ અત્યંત પ્રહૃષ્ટ થએલા તમે અભિમન્યુની માને તથા પિતાની બેહેન એવી કુંતિને સાંત્વના કરશો. તેમજ આજ હે માધવ ! અશ્રુ છે મુખવિષે જેને એવી દ્રૌપદીને તથા પાંડુપુત્ર ધર્મરાજાને અમૃત સરખી વાણીએ કરી તમો સાંત્વના કરશો.

अद्यवाष्पमुखीं कृष्णां सांत्वयिष्यसि माधव ।
वाग्भिश्चामृतकल्पाभिर्धर्मराजं च पांडवं ।।

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णार्जुनसमागमे द्वैरथे गुर्ज्जरभाषायां सप्तशीतितमोऽध्याय. ॥ ८७ ॥

અધ્યાય ૮૮ મો. અશ્વત્થામાએ આપેલી સલાહ

संजय उवाच—तद्देवनागासुरसिद्धयक्षैर्गंधर्वयक्षोप्सरसां च संघैः ।
ब्रह्मर्षिराजर्षिसुपर्णजुष्टं बभौ वियद्विस्मयनीयरूपम् ।।१।।

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર ! બ્રહ્મર્ષિ, રાજર્ષિ, તથા સુપર્ણે સેવન કરેલું નાગ, અસુર, સિદ્ધ, યક્ષ, ગંધર્વ, રાક્ષસ તથા અપ્સરાઓના સમુદાયે કરી વિસ્મય કરવા લાયક છે રૂપ જેનું એવું આકાશ, શોભતું હતું. વાદિત્ર, ગીત, સ્તુતિ, નૃત્ય તથા હાસ્યેકરી યુક્ત મનોહર શબ્દેકરી શબ્દાયમાન, વિસ્મય કરવા લાયક છે રૂપ જેનું એવા તે આકાશને સર્વ મનુષ્ય તથા આકાશમાં રહેલા દેવતાઓ પણ જોતા હતા. ત્યાર પછી અત્યંત હર્ષ પામેલા કૌરવ તથા પાંડવના યોદ્ધાઓ વાદિત્ર, શંખશબ્દ, તથા સિંહનાદેકરી પૃથ્વી તથા દિશાઓને શબ્દાયમાન કરતા સર્વ દ્વેષીઓને હણવા લાગ્યા. તે વખતે નર, અશ્વ, માતંગ તથા રથ,

કરી આકુળ, શર, ખડગ, શક્તિ અને તરવારના પડવાથી દુસ્સહ શરવીરોએ સેવન કરેલું, હણાયેલ દેહે સંકુલ એવું લાલ વર્ણવાળું રણાંગણ, ચોતરફથી શોભતું હતું. એ રીતે દેવતાઓનું અસુર સાથે જેવું યુદ્ધ થયું હતું તેવુંજ કૌરવ તથા પાંડવોનું ભયંકર યુદ્ધ થયું. એ રીતે અતિ દારૂણ તથા ભયંકર એવું યુદ્ધ પ્રવર્તમાન થવાથી અર્જુન તથા કર્ણના એકઠા મળેલા તીક્ષ્ણ બાણેકરી દિશાઓ તથા સૈન્ય વિંટાઇ ગયાં, અંધકાર થવાને લીધે તમારા તથા પારકાઓ, કંઇ પણ દેખાતા ન હતા. ભયંકર સંગ્રામમાં ભયેકરી આતુર એવા યોદ્ધાઓ, રથિમાં શ્રેષ્ઠ એવા કર્ણ તથા અર્જુનનો આશ્રય કરતા હતા. ત્યાર પછી તે બેઉ, પૂર્વ તથા પશ્ચિમના વાયુની પેઠે પરસ્પર અસ્ત્રેકરી અસ્ત્રને નાશ કરતા હતા, ચોતરફ આશ્ચર્ય જેવું યુદ્ધ થતું હતું. બાણુથી થએલા વિસ્તૃત એવા તે મોટા અંધકારવિષે ઉદય થએલા ચંદ્ર તથા સૂર્ય શોભે તેમ તે બેઉ, અત્યંત શોભતા હતા. અરે સંગ્રામમાંથી કોઇએ અભિસરણ કરવું નહિ એ રીતે પ્રેરણા કરેલા પારકા તથા તમારી તરફના યોદ્ધાઓ, દેવ તથા અસુર જેમ શંબરાસુર તથા ઈંદ્રને ચોતરફથી ઘેરે તેમ તે બે મહારથિઓને ચોતરફથી વિંટી લઇ ઉભા હતા. નરમાં ઉત્તમ એવા પુરૂષર્ષભ તે બેઉ મૃદંગ, ભેરી, પણવ, આનક તથા શરવીરોના સિંહનાદ સાથે પોતે પણ શબ્દ કરતા હતા, તે સમયે મેઘના શબ્દેકરી ચંદ્ર તથા સૂર્ય શોભે તેમ તે બેઉ શોભતા હતા. વળી મોટા ધનુષમંડળના મધ્યમાં રહેલા, સુંદર કાંતિવાળા, હજારો બાણુરૂપી કિરણો વાળા સચરાચર જગત્‌ને બાળવા ઇચ્છતા પ્રળય સમયના સૂર્ય હોય એવા સંગ્રામમાં દુઃસહ, કોઇથી જીતી શકાય નહિ એવા, શત્રુને કાળરૂપ, હણવા ઇચ્છતા, યુદ્ધ કરવામાં કુશલ, ભયરહિત, કર્ણ તથા પાંડવ, મહા સંગ્રામમાં, મહેંદ્ર તથા જંભાસુર જેમ એકબીજા સામે આવે તેમ પરસ્પર સામે આવ્યા. હે નૃપ! પરસ્પર મોટાં અસ્ત્ર મૂકતા, મોટા ધનુષ ધરનાર, મહારથિ તે બેઉ ભયંકર બાણેકરી પરસ્પરના ઘણાક એવા નર, અશ્વ તથા હસ્તિઓને હણતા હતા. એ રીતે નરમાં ઉત્તમ એવા તે બેઉએ પીડિત કરેલા કૌરવ પાંડવના આશ્રિત એવા નર, હસ્તિ, અશ્વ, પાયદળ તથા રથસહિત, વનમાં સિંહે હણેલા વનવાસી પશુઓ નાશી જાય, તેમ દશે દિશાએ પ્રત્યે નાશી જવા લાગ્યા. તે સમયે દુર્યોધન, ભોજ, શકુનિ, શારદ્વત, પુત્રસહિત કૃપાચાર્ય મહારથિ એવા તમારા તરફના પાંચ યોદ્ધાઓએ, શરીરને પીડા કરે એવા બાણેકરી અર્જુન તથા અચ્યુત ભગવાનને તાડન કર્યા. અર્જુને પણ બાણેકરી તેમનાં ધનુષ, ભાથા, ધ્વજ, અશ્વ, રથ તથા સારથિઓને એકદમ મથન કરી બીજાઓને ચોતરફથી મંથન કરી ઉત્તમ એવા બાર બાણેકરી સૂતપુત્ર કર્ણને વિંધ્યો. સો રથ, સો હસ્તિ, હાથમાં શસ્ત્રવાળા બીજા યોદ્ધાઓ, હણવાને ઇચ્છતા ઘોડેસ્વાર એવા શક, તુષાર, શ્રેષ્ઠ કાંબોજસહિત યવન અર્જુનની સામે દોડ્યા. અર્જુને પણ ક્ષુર નામના બાણેકરી હાથમાં રહેલાં બાણુસહિત તેમનાં શ્રેષ્ઠ આયુધ કાપી વળી મસ્તક કાપી નાંખવાથી તે પૃથ્વીપર પડ્યા. અશ્વ, હસ્તિ તથા રથેકરી યુદ્ધ કરનાર શત્રુગણને પણ રણભૂમિપર પાડ્યા તે જોઇ પ્રસન્ન થએલા દેવતાઓએ આકાશમાં દેવ તુરીના શબ્દ સાથે 'સાધુ સાધુ' એ રીતે કહ્યું. ઉત્તમ એવા પુષ્પની વૃષ્ટિ સાથે પવને પ્રેરણા કરેલો સુંદર સુગંધિ પુષ્પનો ગંધ પણ આવતો હતો, દેવ તથા મનુષ્ય છે સાક્ષિ જેના એવા તે આશ્ચર્યરૂપ યુદ્ધને જોઇ પ્રાણીયો વિસ્મયને પ્રાપ્ત થતા હતા. એક છે નિશ્ચય જેમને એવા તમારો પુત્ર દુર્યોધન તથા સૂતપુત્ર કર્ણ, વ્યથા તથા વિસ્મયને પણ પ્રાપ્ત થયા ન

હતા. તેટલામાં દ્રોણપુત્ર અશ્વત્થામા તમારા પુત્રનો હાથ પોતાના હાથમાં પકડી સાંત્વન કરતા તેને આવી રીતે કહેવા લાગ્યા કે—હે દુર્યોધન ! પ્રસન્ન થા પાંડવ સાથે સલાહ કર. વિરોધે કરી હવે ઘણું થયું કલહને ધિક્કાર પડો. જે વિગ્રહ કરવાથી મહાસ્ત્ર જાણનાર બ્રહ્મ સરખા ગુરૂહણાયા તેમજ ભીષ્માદિક મહારથિઓ હણાયા અને હું તથા મારા માતુલ કૃપાચાર્ય તો અવધ્ય છીએ માટે પાંડવ સહિત ઘણાક કાળસુધી રાજ્ય કર. મેં વારી શકાતા અર્જુન પણ શાંત થશે. તેમ જનાર્દન એવા ભગવાન તો વિરોધને ઇચ્છતાજ નથી ને યુધિષ્ઠર, સદા પ્રાણીયોના હિતમાં તત્પર છે તથા વૃકોદર અને નકુળ સહદેવ તેમને વશ છે માટે તેમને તે, શાંત કરશે. એ રીતે તું પાંડવ સાથે સલાહ કર ને તારી ઇચ્છાએ કરી પ્રજા કલ્યાણને પ્રાપ્ત થાઓ. શેષ એવા પોતાના શહેર પ્રત્યે જાઓ, સૈન્ય યુદ્ધથી નિવૃત્ત થાઓ. હે નરાધિપ ! આ મારાં વચન સાંભળ નહિ તો યુદ્ધમાં શત્રુઓએ હણેલો તું જરૂર સંતપ્ત થઇશ. કિરીટમાળી એવા એ એકલા અર્જુને જે આ કર્યું તે જગત્ સહિત તેં જોયું. જે રીતે ઇન્દ્ર, યમરાજા, બ્રહ્મા તથા ભગવાન એવા કુબેર પણ ન કરી શકે તે આ અર્જુન કરે છે માટે એઓથી પણ અર્જુન ગુણેકરી મોટો છે તથાપિ હું કહીશ તો મારાં સમગ્ર વચનને અતિક્રમણ કરશે નહીં. તેમ હમેશ તને અનુસરી ચાલશે; વાસ્તે હે રાજેન્દ્ર ! પ્રસન્ન થા અને શાંતિને પ્રાપ્ત થા; મારૂ પણ તારાવિષે પરમ એવું માન છે માટે પરમ મિત્રતાથી હું તને કહું છું. તું જો આ કામવિષે સસ્નેહ થઇશ તો કર્ણને પણ હું વારીશ. વિચક્ષણ પુરૂષો ચાર પ્રકારના મિત્ર કહે છે. તેમાં એક તો સહજ મિત્ર, બીજો પ્રીતિએ કરીને, ત્રીજો ધનેકરી સંપાદન કરેલો અને ચોથો પ્રતાપથી; એ બધું તારે પાંડવવિષે છે. હે વીર ! સ્વભાવથીજ તે તારા બાંધવ છે. વળી હે પ્રભો ! સામથી પ્રાપ્ત થા. તું પ્રસન્ન થઇ જો મિત્રતાને પ્રાપ્ત કરીશ તો જગતનું અતુલ એવું હિત તેં કર્યું એમ કહેવાશે. એ રીતે સ્નેહી એવા અશ્વત્થામાએ હિતનું વચન કહ્યું તે સાંભળી વિચાર કરી નિઃશ્વાસ મૂકી ખેદયુક્ત છે મન જેનું એવા દુર્યોધને કહ્યું કે—હે સખે ! જે રીતે તું કહે છે તે તેમજ તથાપિ હું પણ એક વિજ્ઞપ્તિ કરૂં છું તે મારૂં વચન સાંભળ. સિંહની પેઠે દુઃશાસનને બળાત્કારથી મારી, દુર્બુદ્ધિવાળા આ ભીમસેને કહ્યું જે હણાયા પછી પણ દુર્યોધનના મસ્તક ઉપર હું લાત મારીશ એ વચન મારા હૃદયમાં સાલે છે તે તેં પણ સાંભળેલું છે વાસ્તે શાંતિ કેમ થાય; તેમ ઉગ્ર એવો વાયુ જેમ મહાગિરી મેરૂને સહન ન કરે એમ અર્જુન કર્ણને સહન કરી શકશે નહિ. કુંતિના પુત્ર એવા તે, ઘણાક એવા બળાત્કારથી મેં કીધેલા વૈરને યાદ કરી મારે વિષે વિશ્વાસ પણ નહિ કરે. હે ગુરુપુત્ર ! હે અચ્યુત ! કર્ણને સંગ્રામથી તું વિરામને પ્રાપ્ત થા એમ કેહેવા તું યોગ્ય નથી, કારણ આજ અર્જુન મોટા શ્રમેકરીયુક્ત છે એટલે થાકી ગયો છે, વાસ્તે આ કર્ણ બળાત્કારથી તેને હણશે. એરીતે તેને કહી વારંવાર સમજાવી તમારા પુત્રે " અરે સાવધાન થાઓ, બાણ છે હાથમાં જેના એવા તમો મારા શત્રુ સામે દોડો, શું ચૂપ થઇ રહ્યા છો, " એ રીતે પોતાના સૈનિકોને આજ્ઞા કરી.

तमेवमुक्त्वाऽजनुनीय चासकृत् तवात्मजः स्वाननुशास्ति सैनिकान् ।
समाहिताभिद्रवताहिताम्मम सबाणहस्ताः किमुजोषमास्त ॥

इतिश्री महाभारते कर्णपर्वणि अश्वत्थामवाक्ये गुर्जरभाषायां अष्टाशीतितमोऽध्यायः ॥ ८८ ॥

અધ્યાય ૮૯ મો. કર્ણાર્જુનનો સંગ્રામ.

सञ्जय उवाच—तौ शंखभेरीनिनदे समृद्धे समीयतुः श्वेतहयौ नराग्र्यौ ।
वैकर्तनः सूतपुत्रोऽर्जुनश्च दुर्मन्त्रिते तवपुत्रस्य राजन् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! શંખ તથા ભેરીના છે શબ્દ જેમાં એવા સમૃદ્ધ સૈન્યમાં શ્વેત છે અશ્વ જેમના એવા મનુષ્યમાં શ્રેષ્ઠ સૂતપુત્ર કર્ણ તથા અર્જુન, તમારા પુત્રના ખરાબ વિચારને લીધે લડવા લાગ્યા. અત્યંત વૃદ્ધિ પામેલા છે દાંત જેમના એવા મદ ઝરતા હિમાલયના બે હસ્તિઓ જેમ હાથણી વાસ્તે લડે તેમ ઉગ્ર છે વીર્ય જેમનાં એવા શૂરવીર અર્જુન તથા કર્ણ પૃથ્વી વાસ્તે સંગ્રામ મધ્યે લડવા લાગ્યા. મેઘ સામે જેમ બીજો મોટો મેઘ આવે અને યદૃચ્છાએ કરી પર્વત સામે જેમ પર્વત આવે તેમ ધનુષ, પ્રત્યંચા તથા રથના પાટાના શબ્દેકરી બાણવૃષ્ટિને વરસાવતા તે બેઉ, એક-બીજાની સામે આવ્યા. પ્રકર્ષેકરી વૃદ્ધિ પામ્યાં છે શિખર, વૃક્ષ વીરૂધ તથા ઓષધિ જેમાં અને મોટાં પડે છે ઝરણાં જેમાંથી એવા ચલાયમાન થએલા બે અચળ પર્વત હોય નહિ તેની પેઠે સ્રવે છે શરીરમાંથી રૂધિર જેમને એવા મહા બળવાન તે બેઉ, મોટા અસ્રોએ કરી એકબીજાને હણતા હતા. બાણેકરી ભેદાયાં છે અંગ, સારથિ તથા વાહન જેમનાં એવા તે બેઉનો પૂર્વે ઇન્દ્ર તથા બળિરાજા વચ્ચે જેવો સન્નિપાત થયો હતો તેવો બીજા-ઓએ દુઃખેકરી સહન થાય નહિ એવો ભયંકર રૂધિરરૂપી જળવાળો મોટો સન્નિપાત થયો. ઘણાંક છે પદ્મ, ઉત્પલ. મત્સ્ય તથા કચ્છપ જેમાં એવા પરિગણેકરી વિંટાયલા વાયુએ વધારેલ અત્યંત પાસે રહેલા બે હ્રદ હોય નહિ તેમ ધ્વજાયુક્ત તે બેઉના રથ, એકબીજાની સામે આવ્યા. ત્યાર પછી મહેંદ્ર સરખા પરાક્રમવાળા તથા મહેંદ્રની જેને ઉપમા અપાય એવા મહારથિ તે બેઉ, મહેન્દ્રના વજ્ર સરખા બાણેકરી મહેન્દ્ર તથા વૃત્રાસુર જેમ એક-બીજાને હણે તેમ પરસ્પર હણવા લાગ્યા. એ રીતે પ્રવર્તમાન થએલા અર્જુન તથા કર્ણના સંગ્રામને જોઇ વિચિત્ર પ્રકારનાં છે કવચ, આભરણ, વસ્ત્ર તથા આયુધ જેમનાં એવા હસ્તિ, પાયદળ, અશ્વ તથા રથસહિત વિસ્મયનીય રૂપવાળાં સુંદર બેઉ સૈન્ય તથા આકા-શમાં રહેલાં પ્રાણીઓ પણ કંપવા લાગ્યાં. યુદ્ધ જોવા ઇચ્છતા સિંહનાદ કરતા તથા પ્રસન્ન થએલા કેટલાક પુરૂષોએ વસ્ત્રસહિત છે અંગુલી જેમાં એવા હાથ ઊંચા કર્યા; અને જ્યારે મદોન્મત્ત હસ્તિ જેમ હસ્તિ સામે દોડે તેમ અર્જુન, કર્ણને મારવાની ઇચ્છાથી તેની સામે દોડ્યો ત્યારે તેને જોઇ આગળ ચાલનારા સોમક બોલ્યા કે, હે અર્જુન ! કર્ણને હણ અને એના મસ્તકને તથા ધૃતરાષ્ટ્રના પુત્રની રાજ્ય શ્રદ્ધાનું છેદન કર, એમાં વખત ન લગાડ. એ રીતે અર્જુનને મોટા સ્વરથી કહેવા લાગ્યા. અમારી તરફના ઘણાક યોદ્ધાઓ પણ, હે કર્ણ ! અત્યંત તીક્ષ્ણ બાણેકરી અર્જુનને હણ અને પાંડવ, પાછા ઘણા કાળસુધી વન મધ્યે જાય, વાસ્તે એની સામે તું જા, જા, એમ કર્ણને કહેવા લાગ્યા. તે સમયે પ્રથમથી કર્ણે મોટા એવા દશ બાણેકરી અર્જુનને વિંધ્યો. અર્જુને પણ હાસ્ય કરી તીક્ષ્ણ છે અગ્રભાગ જેના એવા દશ બાણેકરી બગલના મધ્યમાં તેને વિંધ્યો. એ રીતે હૃષ્ટ થએલા સૂતપુત્ર કર્ણ તથા અર્જુન, સુંદર પુંખવાળા બાણેકરી પરસ્પર હણતા હતા. અતિ ભયંકર ઘા થાય તે રીતે એક બીજાને ભેદતા હતા તથા એકબીજાની સામે જોતા હતા. ઉગ્ર બળવાળા અર્જુને બે ભુજ તથા ગાંડીવને ખેંચી નારાચ, નાલીક,

વરાહ કર્ણ, ક્ષુર સાંજલિક તથા અર્દ્ધચન્દ્ર નામના બાણ નાખ્યા. હે રાજન્ ! ચોતરફ ફેલાઇ ગએલા અર્જુનના બાણ, સાયંકાળ વખતે નીચું જેનું મુખ છે એવા પક્ષિગણ જેમ સ્થાનક વાસ્તે વૃક્ષમાં પ્રવેશ કરે તેમ કર્ણના રથપ્રત્યે પ્રવિષ્ટ થયા. જીત્યા છે શત્રુ જેણે એવો અર્જુન ભ્રકુટીના કટાક્ષ સહિત જે જે બાણ કર્ણ પર નાખતો હતો તે તે બાણને સૂતપુત્ર કર્ણ, બાણેકરી ભાગી નાંખતો હતો. મહેન્દ્ર પુત્ર અર્જુને શત્રુને વિંધે એવું આગ્નેયાસ્ત્ર મૂક્યું. તે આગ્નેયાસ્ત્રનો દેહ પૃથ્વી અંતરિક્ષ, દિશાઓ તથા સૂર્ય માર્ગને વિંધી પ્રદીપ્ત થયો. તે વખતે પ્રજ્વલિત થયાં છે વસ્ત્ર જેમનાં એવાં બળેલાં વસ્ત્રવાળા સર્વ યોદ્ધાઓ, નાસવા લાગ્યા. વનમાં બળતાં વાંસનાં વનનો જેવો શબ્દ થાય તેવો મહા ભયંકર શબ્દ થયો. ઉત્સુકત થએલા અગ્ન્યાસ્ત્રને જોઇ તેની શાંતિવાસ્તે પ્રતાપવાન સૂતપુત્ર કર્ણે વારૂણાસ્ત્ર નાખ્યું તેથી તે અગ્નિ શાંત થઇ ગયો. તેમાંથી નીકળેલા વેગવાન મેઘના ઓઘેકરી સર્વ દિશાઓ અંધકારથી છવાઇ ગઈ. એ રીતે અતિ વેગથી ઉત્પન્ન થએલા મેઘથી પ્રચંડ અગ્નિ પણ શાંત થઇ ગયો. પર્વત સરખું છે તિમિર જેનું એવા મેઘના ઓઘેકરી સર્વ દિશાઓ તથા આકાશ ગણુ વ્યાપ્ત થઇ ગયાં. અંધકારે કરી કંઇ પણ દેખાતું ન હતું. શત્રુઓએ અસહ્ય એવા અર્જુને, વાયવ્યાસ્ત્રેકરી કર્ણ તરફથી આવતા તે સમસ્ત મેઘ સંઘને ટાળી દેઇ ગાંડીવ, પ્રત્યંચા તથા બાણને અભિમંત્રણ કરી ઇન્દ્રને પ્રિય એવું અતિ પ્રભાવવાળું વજ્રાસ્ત્ર પ્રકટ કર્યું. તેના પ્રભાવથી ગાંડીવમાંથી પ્રગટ થએલા અત્યંત તીક્ષ્ણ વજ્ર સરખા વેગવાળા, મોટો છે પ્રભાવ જેમનો એવા ગૃધ્રના પીછ બાંધેલા સુંદર વેગવાળા તથા ચકચકિત એવા ક્ષુર, પ્રાંજલિક, અર્દ્ધચન્દ્ર, નાલીક તથા નારાચ અને વરાહ કર્ણ નામના હજારો બાણ, કર્ણ પર આવી તેના સર્વ શરીર, અશ્વ, ધનુષ, ચક્ર તથા ધ્વજને ભેદી ગરૂડથી ત્રાસ પામેલા સર્પની પેઠે પૃથ્વીમાં પ્રવિષ્ટ થયા. તે સમયે બાણેકરી વિંધાયલું છે અંગ જેનું એવા રૂધિરેકરી આર્દ્ર શરીરવાળા ક્રોધથી નેત્ર ફાડેલા મહેન્દ્ર સરખાં કર્મવાળા મહાત્મા કર્ણે, દૃઢ છે પ્રત્યંચા જેની એવું સમુદ્ર જેવા ઘોર શબ્દવાળું પોતાનું ધનુષ ખેંચી ભાર્ગવાસ્ત્ર પ્રકટ કરી અસહનશીલ એવા તેણે ગાંડીવમાંથી મૂકાયલા અર્જુનના બાણસંઘને છેદી, અસ્ત્રેકરી તેના અસ્ત્રને છેદી સંગ્રામમાં રહેલા રથ, હસ્તિ તથા પાયદળને હણી ભાર્ગવાસ્ત્રના પ્રતાપથી વળી ક્રોધાવિષ્ટ એવા વેગવાન સૂતપુત્રે, શિલા ઉપર તીક્ષ્ણ કરેલા, સુવર્ણના પુંખવાળા સારી રીતે મૂકેલા બાણેકરી બલાત્કારથી પંચાલોમાં શ્રેષ્ઠ એવા યોદ્ધાઓને વિંધ્યા. હે રાજન્ ! સંગ્રામના મધ્યમાં કર્ણે, બાણના ઓઘેકરી પીડિત કરેલા ક્રોધાવિષ્ટ એવા પંચાલ તથા સૈનિકોએ પણ એકઠા મળી તીક્ષ્ણ બાણેકરી ચોતરફથી સૂતપુત્ર કર્ણને વિંધ્યો. સૂતપુત્ર કર્ણે પણ બાણેકરી પંચાલોના રથ, હસ્તિ તથા અશ્વસમુદાયને હણી હર્ષ કરી બાણ સમુદાયથી તેમને વિંધી પીડિત કર્યા. કર્ણના બાણેકરી ભેદાયા છે દેહ જેમના એવા શબ્દ કરતા તે, મહાવનમાં ક્રોધાયમાન થએલા સિંહે ભેદેલાં હાસ્તનાં યૂથ પડે તેમ પ્રાણ રહિત થઈ પૃથ્વીવિષે પડતા હતા. હે રાજન્ ! એ રીતે શૂરવીર એવા કર્ણે, પંચાલોમાં અત્યંત શ્રેષ્ઠ એવા સમગ્ર યોદ્ધાઓને બલાત્કારથી હણી આકાશમાં ઉગ્ર છે કિરણો જેનાં એવો સૂર્ય શોભે તેમ પોતે શોભવા લાગ્યો. તે વખતે હે કૌરવેન્દ્ર ! તમારી તરફના યોદ્ધાઓ કર્ણનો જય થયો એમ માની પરમ હર્ષને પ્રાપ્ત થઈ સિંહનાદ કરવા લાગ્યા. બાકી રહેલા બીજા સર્વ મનુષ્ય, કર્ણે કૃષ્ણ તથા અર્જુનને હણ્યા એમ માનતા હતા. પારકાઓથી સહન થાય નહિ એવા મહારથિ કર્ણના તે પ્રતાપને

જોઇ તેમજ સંગ્રામના મધ્યમાં કર્ણે અર્જુનના અસ્ત્રને હણ્યું તે જોઇ ક્રોધથી સંદીપ્ત છે નેત્ર જેનાં એવા ક્રોધાવિષ્ટ અસહનશીલ વાયુપુત્ર ભીમસેને, હાથેકરી હાથને પીશી, શ્વાસોચ્છ્વાસ કરી સત્ય પ્રતિજ્ઞાવાળા અર્જુનને આ પ્રમાણે કહેવા માંડ્યું કે, હે જિષ્ણો ! ત્યાગ કર્યો છે ધર્મ જેણે એવા પાપરૂપ આ સૂતપુત્ર કર્ણે, આજ સંગ્રામમાં પંચાલોમાં મુખ્ય એવા અનેક યોદ્ધાઓને તારી સમક્ષ કેમ હણ્યા ? હે કિરીટિન ! પૂર્વે દેવ તથા કાલકેય નામના દૈત્યોએ અજિત સાક્ષાત્ સ્થાણુ એવા મહાદેવજીના હસ્ત સ્પર્શને પ્રાપ્ત થએલા એવા તને પ્રથમ પણ સૂતપુત્રે દશ બાણેકરી કેમ વિંધ્યો ? તેમ તેં નાખેલા બાણસંઘને તે ગળી ગયો. આજ એ મને આશ્ચર્ય લાગે છે, વાસ્તે હે સવ્યસાચિન્ ! દ્રૌપદીને જે કલેશ થયો હતો તેને તથા ભયરહિત, પાપબુદ્ધિવાળા દુરાત્મા એવા આ સૂતપુત્ર કર્ણે આપણને ઉદ્દેશી કહ્યું હતું કે 'આ ષંઢતિલ છે' ઇત્યાદિ અત્યંત તીક્ષ્ણ એવી તેની રૂક્ષવાણી, એ સર્વને યાદ કરી કર્ણને આજેજ યુદ્ધમાં હણ. હે કિરીટિન ! શું કરવા ઉપેક્ષા કરે છે ? આજ આ વખત ઉપેક્ષા કરવા લાયક નથી. ખાંડવવનવિષે જે ધૃતિએકરી અગ્નિને ત્રાસ આપી સર્વ પ્રાણીઓને તું જીત્યો હતો તેજ ધારણાએકરી સૂતપુત્રને હણ, અને હું પણ ગદાએકરી દુર્યોધનને હણીશ. એ રીતે કર્ણે હણેલા રથિ તથા બાણને જોઇ વાસુદેવ ભગવાન પણ અર્જુનને કહેવા લાગ્યા કે હે કિરીટિન્ ! સર્વનો છે સંપાત જેમાં એવા આ યુદ્ધમાં કર્ણે અસ્ત્રેકરી તારા અસ્ત્રને મર્દન કર્યું એ શું ? હે શૂરવીર ! શું મોહ પામે છે અને હણતો નથી. જો અત્યંત પ્રસન્ન થએલા આ કૌરવ કર્ણને આગળ કરી શબ્દ કરે છે. કર્ણે અસ્ત્રેકરી તારા અસ્ત્રને પાડ્યું તે પણ સર્વ જાણે છે, વાસ્તે જે ધૃતિએકરી તામસાસ્ત્ર હણ્યું અને યુગયુગનેવિષે ઘોર એવા રાક્ષસોને હણ્યા તેમજ સંગ્રામોવિષે દંભોદ્ભવ તથા બીજા અસુરોને હણ્યા, તે ધૃતિએકરી આજ તું કર્ણને હણ. સજાયાની ધાર સરખી છે નેમિ જેની એવા મેં ત્યાગ કરેલા સુદર્શન ચક્રેકરી ઇન્દ્રે શત્રુ એવા નમુચિનું મસ્તક જેમ વજ્રે કાપ્યું હતું તેમ તું પણ બલાત્કારથી આજ શત્રુના મસ્તકને કાપ. હે વીર ! કિરાતનું જેણે રૂપ ધારણ કર્યું હતું એવા મહાત્મા ભગવાન મહાદેવજીને તેં ધૃતિએકરી પ્રસન્ન કર્યા હતા તે ધૃતિને પાછો તું ગ્રહણ કર. પરિવાર સહિત સૂતપુત્રને હણી, હણાયા છે શત્રુસંઘ જેમાંથી એવી સમુદ્રની મેખળાવાળી, શહેર તથા ગ્રામવાળી સમૃદ્ધ પૃથ્વી હે પાર્થ ! યુધિષ્ઠિર રાજાને દેઈ અતુલ એવા યશને પ્રાપ્ત થા.

એ રીતે ભીમ તથા જનાર્દન ભગવાને જેને પ્રેરણા કરી છે એવા અતિ બળવાન્ મહાત્મા અર્જુને, તેણે આપેલા સર્વ ક્લેશ યાદ કરી પોતા સામે જોઇ પોતાનું એટલે નરનું અને નારાયણનું પૃથ્વીમાં આવવાનું પ્રયોજન પૃથ્વીનો ભાર ઉતારવો, એ છે, તે સંભારી કેશવ ભગવાનને કહ્યું કે, આ હું સૂતપુત્રના વધવાસ્તે તથા લોકના કલ્યાણસારૂ ઉગ્ર એવા મહાસ્ત્રને પ્રકટ કરૂં છું. તમે, દેવતાઓ, બ્રહ્મા, મહાદેવ તથા વેદને જાણનાર સર્વ મને આજ્ઞા આપો. એમ દેવ એવા શ્રીકૃષ્ણને કહી અમિત છે બુદ્ધિ જેની એવા અર્જુને બ્રહ્માને નમસ્કાર કરી મનથી વિધેય, અસહ્ય ઉત્તમ એવું બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું. મેઘ જળધારા મૂકે તેમ ઘણાક બાણ મૂકી એના અસ્ત્રને હણી કર્ણ શોભવા લાગ્યો સંગ્રામના મધ્યમાં અર્જુનના તે અસ્ત્રને કર્ણે હણ્યું તે જોઇ ક્રોધેકરી પ્રદીપ્ત, અસહનશીલ એવા મહા બળવાન ભીમસેને સત્ય પ્રતિજ્ઞાવાળા અર્જુનને કહ્યું કે, મનેકરી વિધેય પરમ એવા બ્રહ્મ નામના મહાસ્ત્રને પણ તું જાણનાર છે એમ લોકો કહે છે, વાસ્તે હે સવ્યસાચિન્ ! તે હણાયું તો શું થયું, વળી બીજાની યોજના કર, એમ ભીમસેને જેને કહ્યું છે એવા અર્જુને

બીજાની યોજના કરી, તે વખતે ગાંડીવમાંથી છૂટાયલા સર્પ સરખા ઉગ્ર, સૂર્યનાં કિરણોની જેમને ઉપમા અપાય એવા પ્રજ્વલિત બાણેકરી ઘણા તેજવાળા અર્જુને સર્વ દિશા તથા વિદિશાઓને ઢાંકી દીધી. એ રીતે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુને સુવર્ણના પુંખવાળા પ્રલય સમયના અગ્નિ તથા સૂર્યકિરણ સરખા હજારો બાણોએકરી ક્ષણમાત્રમાં કર્ણનો રથ છવાઈ ગયો. વળી તેમાંથી ત્રિશૂલ, ફરશિઓ, ચક્ર તથા અતિ ભયંકર એવા નારાચ નામના સેંકડો બાણ નિકળ્યા. તેણેકરી યોદ્ધાઓ ચોતરફથી હણાવા લાગ્યા. તે સંગ્રામના મધ્યમાં કપાઇ ગએલું કોઇ યોદ્ધાનું મસ્તક બીજાની કાયાઉપર થઇ નીચે પડ્યું, ભયેકરી તે પણ તત્કાળ પૃથ્વીવિષે પડયો. એક પડેલાને જોઈ વળી બીજો પ્રનષ્ટ થયો. બીજા યોદ્ધાનો કપાયલો હાથીની સૂંઢ સરખો ખડગ સહિત બાહુ રણભૂમિવિષે પડયો. તેમજ બીજાનો ક્ષુરબાણથી કપાયલો કવચ સહિત ડાબો હાથ ધરણીવિષે પડયો. એ રીતે કિરીટમાલી એવા અર્જુને શરીરનો અંત કરનાર એવા અત્યંત ભયંકર બાણેકરી સર્વ મુખ્ય યોદ્ધાઓ સહિત દુર્યો-ધનના સમગ્ર સૈન્યનો વિધ્વંસ કર્યો. તેમજ સૂર્યપુત્ર કર્ણે પણ સંગ્રામના મધ્યમાં હજારો બાણ નાખ્યા. શબ્દાયમાન એવા તે, મેઘે મૂકેલી જળધારાની પેઠે અર્જુન સામે આવ્યા. વળી મોટો છે પ્રભાવ જેનો એવા ભયંકર બળવાળા કર્ણે કૃષ્ણ, અર્જુન તથા ભીમસેનને ત્રણત્રણ બાણથી હણી મોટા સ્વરે ભયંકર શબ્દ કર્યો. કર્ણના બાણથી હણાયલા અર્જુને પણ તે રીતે વિંધાએલા ભીમસેન તથા જનાર્દન ભગવાનને જોઇ અસહનતાથી અઢાર બાણ નાખી એકથી ધ્વજને, ચારેકરી શલ્યને અને ત્રણ બાણથી કર્ણને વિંધી દશથી સુવર્ણનું કવચ પહેરેલા સભાપતિને હણ્યો. તે વખતે હણાયાં છે મસ્તક, બાહુ, અશ્વ, સારથિ ધનુષ તથા ધ્વજ જેનો એવો તે રાજપુત્ર, ફરશિએકરી કાપેલો સાગનો વૃક્ષ પડે તેમ રથ ઉપરથી નીચે પડયો. એટલામાં વળી અર્જુને, ત્રણ, આઠ, બે, ચાર તથા દશ બાણેકરી કર્ણને વિંધી યોદ્ધાઓસહિત ચારસો હસ્તિ, આઠસો રથ, સ્વાર સહિત હજારો ઘોડા અને શૂરવીર એવા અઢાર હજાર પાયદળને હણી, રથ, સારથિ તથા ધ્વજસહિત કર્ણને પણ ક્ષણવાર અદૃશ્ય કર્યો. એ રીતે અર્જુને હણવા માંડેલા કૌરવોએ હે કર્ણ ! અર્જુન બાણેકરી સમગ્ર કૌરવોને હણે છે વાસ્તે તું બાણ મૂક અને અર્જુનને વિંધ, એ રીતે મો-ટેથી આક્રોશ કરી ચોતરફથી બોલવા માંડયું. એવી રીતે કૌરવોએ જેને પ્રેરણા કરી છે એવા કર્ણે, સર્વ યત્નેકરી એકદમ ઘણાક બાણ મૂકયા. મર્મને છેદનારા તે બાણ પાંડવ તથા પાંચાલગણને હણી તેમનું રૂધિરપાન કરવા લાગ્યા. સર્વ ધનુષ ધરનારાઓમાં મહા-બળવાન, સર્વ શત્રુઓને સહન કરનાર તથા અજીત એવા ઉત્તમ તે બેઉ, ઉગ્ર એવાં શત્રુનાં સૈન્યને પરસ્પર હણતા હતા. તેટલામાં હિતેચ્છુક એવા શ્રેષ્ઠ વૈદ્યોએ મંત્ર તથા ઔષધિએકરી શલ્યરહિત તથા નિરામય કરેલા સુવર્ણના કવચથી શોભિતા યુધિષ્ઠિર રાજા, તે યુદ્ધને જોવાની ઇચ્છાથી ત્યાં પધાર્યા. એ રીતે શલ્યરહિત થઇ યુદ્ધવિષે પધારેલા ધર્મ-રાજને જોઇ, રાહુથી મુક્ત થઇ ઉદય પામેલા પરિપૂર્ણ નિર્મળ ચંદ્રને જોઇ સર્વ લોકને આનંદ થાય તેમ સર્વ પ્રાણીઓ આનંદને પ્રાપ્ત થયાં. મુખ્ય એવા શૂરવીરમાં શ્રેષ્ઠ, શત્રુને હણનાર એવા કર્ણ તથા અર્જુનને જોઇ તેમના યુદ્ધને જોવાની જેને ઇચ્છા છે એવા આકાશમાં રહેલા તથા પૃથ્વિવિષે રહેલા સર્વ પ્રેક્ષકો ઉભરાઈ જતા હતા. તે સમયે શ્રેષ્ઠ બાણે કરી પરસ્પર હણતા એવા અર્જુન તથા કર્ણના ધનુષ, પ્રત્યંચા તથા તલત્રો સારી રીતે ખેંચાય છે બાણ જેમાંથી એવો ભયંકર સંનિપાત થતો હતો. એટલામાં સારી રીતે ફેંકા

પેઠે અપ્રતિહત છે બાણની ધારા જેની એવો હું પ્રજ્વલિત બાણોના વર્ષાદથી પાંચાળ તથા કૌરવોના સમુદાયને દૂર કરીશ, ત્યારે તે અત્યંત તપાયમાન થશે. જ્યારે દુર્યોધન, સર્વ દિશાઓમાં ફેલાયલ રથવડે રજથી વ્યાકુળ થઈ રથાદિકમાંથી પડી, ગાંડીવથી નાશ પામેલું તથા અત્યંત મૂઢ થઇ ગયેલું પોતાનું સૈન્ય જોશે, ત્યારે જરૂર પશ્ચાત્તાપ કરશે. વળી જ્યારે બાણથી ત્રાસયમાન થતું, કપાઇ ગયાં છે શરીર જેનાં, સંજ્ઞા રહિત, હણાયા છે અશ્વ, મુખ્ય શૂરવીર રાજાઓ તથા હસ્તિઓ જેમાં, તૃષાથી પીડાયલું, થાકી ગયેલું, થાકેલાં છે વાહન જેમાં, દુઃખિત શબ્દ જેમાં સંભળાય છે, શત્રુઓથી હણાયલું, વિખરાઇ ગયા છે કેશ, અસ્થિ તથા કપાળના સમુદાય જેમાં, ધર્મીક હિંસાયુક્ત તથા સ્વર્ગ વા રાજ્ય વાસ્તે છે નિશ્ચય જેનો, એવું પોતાનું સર્વ સૈન્ય દેખશે, ત્યારે મંદ બુદ્ધિવાળો દુર્યોધન સંતાપ કરશે. વળી જ્યારે રથમાં મને, વાસુદેવ ભગવાનને, ગાંડિવ ધનુષ્યને, પાંચજન્ય નામના દિવ્ય શંખને, દેવદત્ત નામના શંખને, ઘોડાઓને તથા અક્ષય ભાથાઓને જોશે, તથા એકઠા મળેલા ઘોરરૂપ ધૃતરાષ્ટ્રના પુત્રોને નાશ કરવા અને તે પછી ધર્મ પ્રધાન કાળને પ્રવર્તાવવા ઇચ્છતો હું અગ્નિની પેઠે કૌરવોને બાળી નાખીશ, ત્યારે પુત્ર સહિત ધૃતરાષ્ટ્ર રાજા તપાયમાન થશે. જ્યારે ક્રોધને વશ તથા અલ્પબુદ્ધિવાળો દુર્યોધન ઐશ્વર્યથી ભ્રષ્ટ થશે તથા ભાઇઓ, સૈન્ય અને સેવકો સહિત પોતે પણ હણાશે, ત્યારે ગર્વ રહિત થઇ પશ્ચાત્તાપ કરશે તે બધું કામ અવશ્ય બનવાનું છે, કારણ કોઇ વખતે સવારના પહોરમાં હું સંધ્યા વંદન તથા આચમન કરી બેઠો હતો, એટલામાં એક બ્રાહ્મણે આવીને મને મનોહર વચન કહ્યું હતું કે, "હે પાર્થ! હે સવ્યસાચિન્! કષ્ટથી ન બને એવું કર્મ તારે કરવાનું છે, એટલે શત્રુઓ સાથે યુદ્ધ કરવું પડશે, વાસ્તે તું કહે તે તને સહાય આપું. કહે તો યુદ્ધમાં વજ્ર જેના હાથમાં છે એવા ઇંદ્ર કે વાસુદેવ ભગવાન તારી રક્ષા કરે." એવાં તેનાં વચન સાંભળી, હું તે વખતેજ વાસુદેવ ભગવાનને યુદ્ધમાં સહાય થવા માટે વર્યો હતો.

શ્રીકૃષ્ણ, ઘોરરૂપ ધૃતરાષ્ટ્રના પુત્રને મારવા વાસ્તે મને પ્રાપ્ત થયા, માટે હું દેવતાઓએ સહાયતા કરી છે એમ માનું છું. શ્રીકૃષ્ણ ભગવાન યુદ્ધ કર્યા વગર મને કરી જે પુરૂષના જયને ઇચ્છે, તેનો જય થાય છે, તેમજ ઇંદ્ર સહિત દેવતાઓ શત્રુ હોય તોપણ તેમને અતિક્રમણ કરે છે, ત્યારે મનુષ્યને જીતવામાં શી ચિંતા! જે પુરૂષ યુદ્ધે કરી અત્યંત શૂરવીર તથા તેજસ્વી વાસુદેવ શ્રીકૃષ્ણને જીતવાને ઇચ્છે, તે બે હાથે કરી, નથી પ્રમાણ જેનું એવા મહા સમુદ્રને ઉલ્લંઘન કરી જવા ઇચ્છે છે. જેમ કોઈ હાથના તળાંથી અત્યંત મોટા કૈલાસ પર્વતને ભેદવા ઇચ્છે, તો તેનોજ હાથ નખ સહિત તુટી પડે, પણ પર્વતને કંઇ કરી શકે નહી, તેમ વાસુદેવ ભગવાનને જીતવાને ઇચ્છે, તે પોતેજ નાશ પામે, પણ તેમને કાંઇ કરી શકે નહી. વળી યુદ્ધે કરી વાસુદેવ ભગવાનને જીતવા ઇચ્છવું, તે વૃદ્ધિ પામેલા અગ્નિને બે હાથે કરીને શમાવા, ચંદ્ર તથા સૂર્યને ઉભા રાખવા અને હઠાત્કારથી દેવતાઓનું અમૃત હરણ કરવા જેવું કઠિન છે. શ્રીકૃષ્ણ સંગ્રામમાં ભોજવંશી રાજાઓનો તિરસ્કાર કરી, હઠાત્કારથી યશસ્વિની રૂક્મિણી નામની સ્ત્રીને પરણ્યા, જેને વિષે મહાત્મા પ્રદ્યુમ્ન નામે પુત્ર ઉત્પન્ન થયો, તેજ શ્રીકૃષ્ણે કંધાર દેશના રાજાઓને વેગથી બંધન કરી, નગ્નજિત રાજાના સમગ્ર પુત્રોને જીતી, તેઓએ બાંધેલા, સુદર્શન રાજાને હઠાત્કારથી છોડાવ્યો; તેજ ભગવાને કપાટ્વક્ષસ્થળમાં લાત મારીને પાંડ્ય રાજાને હણ્યો, વળી કલિંગ દેશના રાજાઓને મર્દન કર્યા; અને તેણે બાળેલી વારાણસીપુરી ઘણાં વર્ષ પર્યંત રાજા વગરની રહેલી

આ તે રીતે અતિશય ખેંચેલી અર્જુનના ધનુષની પ્રત્યંચા તત્કાળ તૂટી ગઇ; તે છિદ્ર જોઇ તેજ ક્ષણે સૂતપુત્ર કર્ણે, પાંડુપુત્ર અર્જુન ઉપર ક્ષુદ્રક નામના સો બાણ નાખી છૂટા મૂકેલા સર્પ સરખા, તેલથી ધોએલા પક્ષિના પીંછ બાંધેલા સાઠ બાણેકરી તેને વિંધ્યો. અને વળી વાસુદેવને ઘાયલ કર્યા. સૂર્યપુત્રે આઠ બાણથી અર્જુનને વિંધી, હજારો શ્રેષ્ઠ બાણથી ભીમસેનને મર્મસ્થાનમાં ભેદી સોમકોને પાડતાં કૃષ્ણ, અર્જુન, તેના નાનાભાઇ તથા તેના ધ્વજને પણ વિંધ્યો, તેમણે પણ બાણેકરી આકાશમાં મેઘના સંઘ જેમ સૂર્યને આચ્છાદન કરે તેમ કર્ણને આચ્છાદન કરી દીધો. અસ્ત્ર શીખેલા સૂતપુત્ર કર્ણે પણ, સામે આવતા તેમને અનેક બાણથી રોકી તેમણે નાખેલાં સર્વ અસ્ત્રને હણી, તેમના રથ, અશ્વ, તથા હસ્તિઓને માર્યા. હે રાજન્! બાણેકરી શ્રેષ્ઠ સૈનિકોને પીડિત કર્યા. કર્ણના બાણેકરી ભેદાયા છે દેહ જેમના છે એવા મુખ્ય સૈનિકો ક્રોધાયમાન થએલા ભયંકર બળવાળા સિંહે ભેદેલા છે દેહ જેમના એવા શ્વાનના યૂથમાં રહેલા મોટા બળવાળા શ્વાન જેમ પ્રાણરહિત થઇ પડે તેમ પ્રાણરહિત થઇ ભૂમિતળવિષે પડતા હતા. કર્ણ તથા અર્જુને બાણેકરી સૈનિકો હણાતા હતા એટલામાં બળવાન કર્ણે સારી રીતે મૂકેલા બાણેકરી બલાત્કારથી હણેલા પંચાલોના શરીરમાંથી રૂધિર ઝરવા લાગ્યું. કર્ણનો મોટો જય થયો એમ તમારી તરફના યોદ્ધાઓ તલાના શબ્દ સાથે સિંહનાદ કરવા લાગ્યા. મહા ભયંકર એવા વિમર્દવિષે શ્રીકૃષ્ણ તથા અર્જુનને કર્ણે વશ કર્યા એમ તે બધા માનવા લાગ્યા. તે વેળાએ કર્ણના બાણથી ક્ષત થયું છે અંગ જેનું એવા અત્યંત ક્રોધાયમાન થએલા અર્જુને ધનુષની પ્રત્યંચા નમાવી કર્ણના નાખેલા બાણને હણી કૌરવોને પ્રતિઘ્રહ કરી હાથના મોજાવિષે પ્રત્યંચાને હણી તત્કાળ બાણથી અંધકાર કરી હઠાત્કારથી બાણેકરી કર્ણ, શલ્ય તથા સર્વ કૌરવોને વિંધ્યા. તે વખતે મહાશેકરી કર્યો છે અંધકાર જેમાં એવા આકાશમાં પક્ષીઓ પણ ભમતા ન હતા. તે વખતે આકાશમાં રહેલા પ્રાણી સમુદાયે પ્રેરણા કરેલો દિવ્ય એવો સુગંધિ વાયુ વહાતો હતો. વળી અર્જુને હાસ્યકરી દશ બાણેકરી શલ્યને કવચ વિષે અત્યંત વિંધી, સારી રીતે મૂકેલા બાર બાણથી કર્ણને વિંધ્યો. અર્જુનના ધનુષના વેગથી મૂકાએલા ઉગ્ર વેગવાળા બાણેકરી અત્યંત હણાયલો, ભેદાયાં છે ગાત્ર જેનાં એવો રૂધિરેકરી વ્યાપ્ત છે અંગ તથા વિસ્તૃત બાણવાળો કર્ણ, રૌદ્ર મુહુર્તને વિષે શ્મશાનના મધ્યમાં ક્રીડા કરતા રૂધિરાર્દ્ર શરીરવાળા રૂદ્ર શોભે તેમ શોભતો હતો. ત્યારપછી અધિરથ પુત્ર કર્ણે દેવતાની જેને ઉપમા અપાય એવા અર્જુનને ત્રણ બાણથી ભેદી પ્રજ્વલિત સર્પસરખા પાંચ બાણ અચ્યુત ભગવાનને મારવાની ઇચ્છાથી નાખ્યા. ઉત્તમ વેગવાળા કર્ણથી વિમુખ પ્રતીયમાન, સારી રીતે મૂકેલા, સુવર્ણથી વિચિત્ર પ્રકારના તે બાણ, પુરૂષોત્તમ એવા ભગવાનનું કવચ ભેદી રૂધિરમાં સ્નાન કરી વેગથી પૃથ્વીમાં પેસી ગયા. તે પાંચ બાણના, 'ભલ્લ નામના દશ બાણેકરી અર્જુને ત્રણ ત્રણ કકડા કરી નાખ્યા. એ રીતે અર્જુનના અસ્ત્રેકરી તક્ષકના પુત્રના પક્ષના તે મોટા સર્પ પૃથ્વીવિષે પડતા હતા. એ રીતે કર્ણના ભુજમાંથી નિકળેલા સર્પનો જેમાં આવેશ છે એવા બાણેકરી છિન્ન થયું છે અંગ જેનું એવા શ્રીકૃષ્ણને જોઇ શુષ્ક વૃક્ષના વનને બાળતો એવો અગ્નિ જેમ પ્રજ્વલિત થાય તેમ અર્જુન ક્રોધેકરી પ્રજ્વલિત થયો. ક્રોધથી પ્રજ્વલિત થએલા તેણે કાનપર્યંત ધનુષ ખેંચી મૂકેલા, શરીરનો અંત કરનાર એવા પ્રજ્વલિત બાણેકરી કર્ણને મર્મસ્થાને વિંધ્યો. તે વખતે દુઃખથી ચલાયમાન થયો તથાપિ દૈવયોગેકરી ધૈર્યયુક્ત બુદ્ધિવાળો થઇ ઊભો રહ્યો. એ રીતે અર્જુન ક્રોધાયમાન થયો તે સમયે

તેના બાણુ સમુદાયથી દિશા, વિદિશાઓ, સૂર્યની પ્રભા, તથા કર્ણનો રથ, હે રાજન્! બધું અદૃશ્ય થઇ ગયું. અંધકારના સમુદાયથી આકાશ ભરાઇ ગયું. ત્યારપછી વળી કૌરવોમાં શ્રેષ્ઠ પૃથ્વીવિષે એકવીર અર્જુને, કર્ણના ચક્રરક્ષક, પાદરક્ષક આગળ ચાલનારા, પાછળથી રક્ષા કરનાર દુર્યોધનના અનુમત, ઉદ્યુક્ત થએલા રથસહિત સારભૂત કૌરવોમાં પ્રવીર એવા સર્વ મળી બે હજાર યોદ્ધાઓને, રથ, અશ્વ તથા સારથિરહિત કરી ક્ષણમાત્રમાં મારી હઠાવ્યા. તે જોઇ તમારા પુત્ર તથા બાકીના કૌરવ, કર્ણને છોડી દેઇ બાણુથી ક્ષત થએલા પોતાને પોકારતા દીકરાઓને બાપ અને બાપને દીકરાઓ મૂકી આમતેમ પલાયન કરવા લાગ્યા. હે ભારત ! ભયેકરી અવદીર્ણ એવા કૌરવોએ હીન એવો કર્ણ, દિશાઓને અત્યંત શૂન્ય જોઇ વ્યથાને પ્રાપ્ત ન થતાં પ્રહૃષ્ટ થઇ અર્જુન સામે દોડયો.

स सर्वत प्रद्रुतदिशो विशून्या भयावदीर्णैः कुरुभिर्विहीनः ॥
न विव्यथे भारत तत्र कर्णः प्रहृष्ट एवार्जुनमभ्यधावत् ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णार्जुनद्वैरथे गुर्जरभाषायां उननवतितमोऽध्यायः ॥ ८९ ॥

અધ્યાય ૯૦ મો. કર્ણ અર્જુનનું ભયંકર યુદ્ધ.

संजय उवाच—ततः प्रयाताः शरपातमात्रमवस्थिताः कुरवोभिग्नसेनाः ।
विद्युत्प्रभाशं ददृशुः समंताद्धनंजयास्त्रसमुदीर्यमाणं ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર ! ત્યાંથી પલાયન કરેલા, ભેદાઇ છે સેના જેમની એવી બાણુનો પાત થયો તેટલે માત્ર દૂર ઉભેલા કૌરવ, સારી રીતે વખાણેલા વીજળી સરખા પ્રકાશવાળા અર્જુનના ધનુષને ચોતરફથી જોતા હતા. તે વખતે મહા વિમર્દમાં ક્રોધાયમાન થએલા અર્જુને કર્ણના વધ વાસ્તે મૂકેલા આકાશમાં ગએલા કૌરવોને બાળતા અર્જુનાસ્ત્રને મહાત્મા કર્ણે, દૃઢ છે પ્રત્યંચા જેની એવા અમોઘ ધનુષને ખેંચી પરશુરામ પાસેથી મળેલા શત્રુને નાશ કરનાર મોટા મહિમાવાળા અથર્વણ મંત્રેકરી અભિમંત્રણ કરેલા સુવર્ણના પુંખવાળા અત્યંત ઘોર એવા તીક્ષ્ણ બાણુથી મર્દન કરી નાશ કર્યું. હે રાજન્! ત્યાર પછી એકબીજા સામે આવતા અર્જુન તથા અધિરથપુત્ર કર્ણનો ઉગ્ર એવા દાંતના અભિઘાતેકરી બે હસ્તિઓનો સમાગમ થાય તેવો બાણેકરી અત્યંત મોટો વિમર્દ થયો. હે રાજન્! અસ્ત્રસંઘાતથી વિંટાએલું આકાશ ચોતરફથી અત્યંત ભયંકર થયું હતું, તેને કર્ણ તથા અર્જુને બાણુ વૃષ્ટિના સંધાનથી અંતર રહિત કરી દીધું. તે સમયે મોટી બાણુમય જાળને જોતા સર્વ કૌરવ તથા સોમક, બાણુથી થયેલા ભયંકર અંધકારમાં બીજા કોઇ પણ પ્રાણીને દેખતા ન હતા. હે રાજન્! નિરંતર બાણુ સાંધતા, અનેક બાણુ ફેંકતા ધનુષ ધરનાર તે બેઉ, શીખેલા વિવિધ પ્રકારના અસ્ત્રે કરી યુદ્ધવિષે વિચિત્ર પ્રકારના માર્ગ દેખાડતા હતા. એ રીતે સંગ્રામના મધ્યમાં યુદ્ધ કરતા તે બેઉમાંથી કોઇ વખતે સૂતપુત્ર કર્ણ, અધિક થતો હતો. કોઇ વખતે વીર્ય, અંત્રબળ તથા પૌરૂષેકરી અર્જુન અધિક થતો હતો. બીજાઓએ દુઃખેકરી સહન થાય નહિ એવા પરસ્પરના છિદ્રને જોતા તે બેઉના ભયંકર સંપ્રહારને જોઇ સર્વ યોદ્ધાઓ વિસ્મયને પ્રાપ્ત થતા હતા. તેમજ હે નરેંદ્ર ! અંતરિક્ષમાં રહેલા પ્રાણીઓ પણ, હે કર્ણ ! સાધુ, હે અર્જુન ! સાધુ, એ રીતે તે બેઉની

પ્રશંસા કરતા હતા. તે પ્રશંસારૂપ વાણી આકાશવિષે ચોતરફથી સંભળાતી હતી. હે રાજન ! રથ, અશ્વ તથા હસ્તિએકરી થએલા અભિઘાતને લીધે દબાયું છે ભૂતલ જેમાં એવા તે વિમર્દવિષે, ખાંડવવનના દાહથી મૂકાયલો ક્રોધથી પૃથ્વીતળવિષે પ્રવિષ્ટ થએલો, થયું છે અર્જુન સાથે વૈર જેને પાતાળ વિષે સુતેલો અશ્વસેન નામનો નાગ, કર્ણ તથા અર્જુનના વિમર્દને ઉર્ધ્વ છે ગતિ જેની એવો પૃથ્વીઉપર આવી, દુરાત્મા અર્જુનનું વૈર લેવાનો આ વખત છે, એમ મનમાં વિચાર કરી બાણનું રૂપ લેઇ કર્ણના ભાથામાં પ્રવિષ્ટ થયો. અર્જુન તો અસ્ત્ર સંઘાતેકરી સમાકુળ વિસ્તૃત કિરણોવાળો શસ્ત્રપ્રકાશ જેમાં છે એવા તે યુદ્ધમાં બાણ સમુદાયની વૃષ્ટિએકરી આકાશને અંતર રહિત કરતો હતો. તે વખતે એકબાજુ જાળમય મોટા વિમર્દને જોતા કૌરવ તથા સોમક બાણથી થએલા અત્યંત ભયંકર એવા તે અંધકારવિષે આકાશમાં ઉડતા કોઇ પણ પ્રાણીને જોતા ન હતા. પુરૂષમાં સિંહરૂપ, સર્વ લોકમાં ધનુષ ધરનાર, સંગ્રામમાં ત્યાગ કર્યો છે પ્રાણ જેમણે એવા શૂરવીર, યુદ્ધજન્ય શ્રમને પ્રાપ્ત થએલા, તિરસ્કાર દૃષ્ટિથી એક બીજા સામે જોતા, ચંદનના જળેકરી સિંચન કરેલા, આકાશમાં રહેલા અપ્સરાગણોએ દિવ્ય એવા વાલવ્યજનથી પવન કરેલા અને ઇન્દ્ર તથા સૂર્યે હસ્ત કમળેકરી પ્રમાર્જન કરેલાં છે મુખ જેમનાં એવા તે પરસ્પર યુદ્ધ કરતા હતા, જ્યારે કર્ણ પાર્થથી વિશેષ થયો નહિ ત્યારે અર્જુનને, બાણથી અત્યંત સંતપ્ત અને બાણે કરી ક્ષત થયાં છે અંગ જેનાં એવા કર્ણે અર્જુનને મારવાનું મન કર્યું. પછી અર્જુનનું મસ્તક હણવાની છે ઇચ્છા જેને એવા ઉત્તમ તેજવાળા કર્ણે, શત્રુને હણનાર, સારી રીતે સંચય કરેલો સર્પ સરખા મુખવાળો, પ્રજ્વલિત, ભયંકર, સન્નત, ઉગ્ર થએલા અર્જુન વાસ્તેજ ઘણા કાળથી રક્ષણ કરેલ, સદા પૂજન કરેલો, ચંદનના ચુર્ણમાં રાખેલો, સોનાના ભાથામાં રહેલો, મોટી જ્વાળાવાળો, પ્રદીપ્ત, ઐરાવતના વંશમાં છે સંભવ જેનો એવો બાણ અર્જુન સામે સાંધ્યો. તેટલામાં દિશાઓ તથા આકાશ પ્રજ્વલિત થયાં, ભયંકર એવાં સેંકડો ઉબાડીઆં પડવા લાગ્યાં, નાગબાણ કર્ણે ધનુષમાં સાંધ્યો તે વખતે ઇન્દ્રસહિત લોકપાલ દેવતાઓ હાહાકાર કરવા લાગ્યા. તે બાણવિષે યોગબળેકરી પ્રવિષ્ટ થએલા નાગને સૂતપુત્ર કર્ણ જાણતો હતો, તે રીતે વિખરાયાં છે ગાત્ર જેનાં એવો ઇન્દ્ર વિહ્વલ થયો, જીત્યો છે આત્મા જેણે એવા શ્રેષ્ઠ ભાવવાળા કમળયોનિ બ્રહ્માએ દેવતાના પતિ ઇન્દ્રને કહ્યું કે, તું વ્યથા કર માં, તારા પુત્રનો જય થશે. તે વેળાએ મહાત્મા એવા મદ્રરાજાએ સાંધ્યો છે ઉગ્ર બાણ જેણે એવા કર્ણને કહ્યું કે હે કર્ણ ! આ બાણ શત્રુની ગ્રીવાને પ્રાપ્ત નહિ થાય માટે બરાબર જોઇ મસ્તકને હણે એવો બાણ સાંધ, એવાં મદ્રેશનાં વચન સાંભળી ક્રોધથી અત્યંત રાતાં છે નેત્ર જેનાં એવા વેગવાન કર્ણે, તેને કહ્યું કે, હે શલ્ય ! કર્ણ બે વાર બાણને ધારણ કરે નહિ કેમકે મારા જેવા કપટ યુદ્ધ કરનાર થતા નથી. એ રીતે કહી ઘણા વર્ષથી પૂજન કરેલો તે બાણ યત્નથી મૂકી, 'હે અર્જુન ! તું હણાયો છે,' એમ તિરસ્કાર કરી મોટી વાણીથી તેને કહ્યું. કર્ણના હાથમાંથી મૂકાયલો અગ્નિ તથા સૂર્યની જેને ઉપમા અપાય એવો, અત્યંત ઘોર, પ્રત્યંચાથી ચ્યુત થએલો કર્ણના ધનુષમાંથી મૂકાયલો આકાશમાં ગએલો તે બાણ, પ્રજ્વલિત થયો. યુદ્ધમાં ઉતાવળથી આવતા પ્રદીપ્ત બાણને જોઇ માધવ એવા ભગવાને ત્વરાથી લીલામાત્રમાં પોતાના ચરણથી [illegible] સ્થાને પોલી–એટલે જોરથી દાબી કંઇક પૃથ્વીમાં પેસાડી દીધો. તે વખતે '[illegible]

ળથી ઢંકિલા, ચંદ્રનાં કિરણ સરખા વર્ણવાળા અર્જુનના રથના ઘોડા પૃથ્વીપ્રત્યે ગોઠણભર થઇ ગયા. તે સમયે આકાશમાં મધુસુદન એવા ભગવાનની પ્રશંસાગર્ભિત અત્યંત મોટો શબ્દ થયો. તેમજ તેજ વખતે દિવ્ય વાણી, દિવ્ય પુષ્પની વૃષ્ટિ તથા સિંહનાદ થવા લાગ્યા. એ રીતે મધુસૂદન ભગવાનના પ્રયત્નને લીધે રથ પૃથ્વીમાં મગ્ન થવાથી તે બાણે, બુદ્ધિમાન અર્જુનના ઇન્દ્રે આપેલા અસંત દૃઢ એવા મુકુટને હણ્યો. એ રીતે સૂતપુત્ર કર્ણે, પૃથ્વી, આકાશ, સ્વર્ગ તથા અજ્બના સંસર્ગ, ઉત્તમ યત્ન તથા ક્રોધથી બાણેકરી મસ્તક ઉપરથી હણ્યો. સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ સરખી કાંતિવાળા, સુવર્ણ, મુક્તા તથા મણિએ-કરી શોભિત, સમર્થ એવા બ્રહ્માએ તપેકરી યત્નથી ઇન્દ્ર વાસ્તે પોતે રચેલો અમૂલ્ય રૂપ-વાન દ્વેષીઓને ભય કરનાર, ધારણ કરનારને અત્યંત સુખ દેનાર સુગંધિયુક્ત, નિવાત કવચાદિક દૈત્યોને હણવા ઇચ્છતા અર્જુનને પ્રસન્ન થએલા ઇન્દ્રે પોતે આપેલો, અને દેવ-તાઓમાં ઉત્તમ એવા મહાદેવ, વરૂણ, ઇન્દ્ર તથા કુબેરે પિનાક, પાશ, વજ્ર તથા ઉત્તમ બાણેકરીને પણ પીડિત કરવા સમર્થ થવાય નહિ એવો મુકુટ નાગબાણેકરી કર્ણે હઠાત્કા-રથી હણ્યો. દુષ્ટ છે ભાવ જેના એવા અસત્ય પ્રતિજ્ઞાવાળા વેગવાન તે નાગે અત્યંત આશ્ચર્યરૂપ સુવર્ણથી વિચિત્ર પ્રકારનો અર્જુનનો મુકુટ તેના મસ્તક ઉપરથી હણ્યો. સુવ-ર્ણની જાળથી વિસ્તૃત, તેના ઉત્તમ બાણે મંથન કરેલો વિષાગ્નિએ કરી પ્રદીપ્ત જ્વાળાયુક્ત, અર્જુનને પ્રિય એવો તે ઉત્તમ કિરીટ અર્જુનના ઉત્તમાંગ ઉપરથી શબ્દ થાય તે રીતે રક્ત છે મંડળ જેનું એવો સૂર્ય જેમ અસ્તાચળ ઉપરથી પડે તેમ પૃથ્વી પર પડ્યો. થયાં છે અંકુર તથા પુષ્પ જેમાં એવા વૃક્ષવાળા પર્વતના શિખરને જેમ મહેન્દ્રનો વજ્ર હણે તેમ ઘણાક રત્નથી શોભિતા મુકુટને નાગે અર્જુનના મસ્તક ઉપરથી બલાત્કારે હરણ કર્યો. ઉગ્ર એવા વાયુએ બલાત્કારથી વિઘૂર્ણિત કરેલાં પૃથ્વી, આકાશ, સ્વર્ગ તથા સમુ-દ્રનો જેવો શબ્દ થાય તેવો ભુવનવિષે મોટો શબ્દ થયો, તે સાંભળી ઉત્પાતનો જેમણે નિશ્ચય કર્યો છે એવાં મનુષ્ય, વ્યથિત થઇ પડી જતાં હતાં. તે વેળાએ ઉચું છે શિખર જેનું એવો નીલપર્વત હોય નહિ તેમ યુવાવસ્થાવાળો વ્યથારહિત શ્યામ અર્જુન, શ્વેત વસ્ત્રેકરી કેશને બાંધી લેઇ મુકુટવિના પણ શિરાગત એવી સૂર્યકિરણોએ અસંત પ્રકાશિત ઉદયપર્વત શોભે તેમ શોભવા લાગ્યો. એ રીતે કર્ણે મોકલેલી પુત્રને બચાવવાથી સુંદર મુખવાળી ખાંડવવનના દાહ વખતે અર્જુને હણેલી સર્પિણીએ, ઇષુભાવને પ્રાપ્ત થએલા પોતે નિર્માણ કરેલા પોતારૂપ પુત્રથી ભગવાને રથને નીચે દાબવાથી આશની રાશ પકડી. ગયું છે મસ્તક જેનું એવા નિરતિશય તેજ તથા બળવાળા અર્જુનને જોઇ તેનો ઇન્દ્રના ભૂષણરૂપ બ્રહ્માએ સારી રીતે રચેલો સૂર્ય સરખી કાંતિવાળો મુકુટજ હરણ કર્યો. એ રીતે હરણ કરી ફરીથી પોતાને હણવા આવતા તે સર્પને મર્દન કર્યો પણ તેથી તે પોતે મૃત્યુવશ થયો નહિ. કર્ણના ભુજમાંથી છૂટેલો, અગ્નિ તથા સૂર્યની જેને ઉપમા અપાય એવો, અમૂલ્ય, મોટા સર્પરૂપ, અર્જુન સાથે કર્યું છે વેર જેણે એવો તે બાણ, મુકુટને હણી ત્યાંથી પાછો વળ્યો. એ રીતે તે બાણ, સુવર્ણથી વિચિત્ર પ્રકારના અર્જુનના કિરી-ટને આકર્ષણ કરી પાછો કર્ણના ભાથાપ્રત્યે જવાની ઇચ્છાથી ત્યાં ગયો. કર્ણે તેને જોયો, તેથી કર્ણને તેણે કહ્યું કે—હે કર્ણ ! તે બરાબર ધ્યાન રાખ્યા વગર મને મુકયો તેથી મેં અર્જુનનું મસ્તક હરણ કર્યું નહિ. હવે બરાબર જોઇ તું સંગ્રામમાં જલદી મને મુકજે એટલે તારા તથા મારા શત્રુ એવા અર્જુનને હું હણું. એવાં તેનાં વચન સાંભળી કર્ણે

કર્ણે તેને કહ્યું કે, ઉગ્ર છે રૂપ જેનું એવો તું કોણ છે? ત્યારે નાગે કહ્યું કે—હે કર્ણ! મારી માનો અર્જુને વધ કર્યો હતો તેથી ઉત્પન્ન થયું છે વૈર જેને એવા અર્જુનના ઉપર ક્રોધવાળા મને તું જાણ, માટે એનું રક્ષણ કરનાર વજ્રધર પોતે ઇન્દ્ર હશે તથાપિ તે યમરાજાના ઘર પ્રત્યે જશે. એવાં તેનાં વચન સાંભળી કર્ણે તેને કહ્યું કે—હે નાગ! કર્ણ યુદ્ધ વિષે પારકાના બળનો આશ્રય કરી જયને ઇચ્છતો નથી. તેમ હે નાગ! સો અર્જુનને મારું પણ બીજી વાર એના એ બાણને સાંધું નહિ, એમ કહી વળી અત્યંત શ્રેષ્ઠ એવા સૂર્યપુત્ર કર્ણે સંગ્રામના મધ્યમાં તેને કહ્યું કે, હે વ્યાલ! અસ્ત્રનો સંસર્ગ, ઉત્તમ યત્ન તથા ક્રોધેકરી હું અર્જુનને હણીશ. તું સુખેથી જા. એ રીતે યુદ્ધના મધ્યમાં કર્ણે જેને કહ્યું છે એવો નાગરાજ તેનાં વાક્ય સહન કરી શક્યો નહિ તેથી ક્રોધેકરી, હે રાજન! અર્જુનને મારવાની જેને ઇચ્છા છે એવો તે, ઉગ્ર એવું પોતાનું સ્વરૂપ ધારણ કરી અર્જુનના વધ વાસ્તે પોતે જવા લાગ્યો. કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું કે કર્યું છે તારી સાથે વૈર જેણે એવા મોટા સર્પને સંગ્રામમાં તું હણ. એ રીતે મધુસૂદન ભગવાને જેને કહ્યું છે, એવા શત્રુના પરાક્રમને નહિ સહન કરનાર ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, જે પોતાની મેળે મારી પાસે ગરૂડના મુખમાં આવે છે એવો આ કયો નાગ છે? શ્રીકૃષ્ણે કહ્યું કે, ખાંડવવનમાં અગ્નિને તૃપ્ત કરતા એવા, ધનુષ ધરનાર તેં, પોતાના પુત્રને મુખમાં લેઇ આકાશ માર્ગે જતી એની માને એકજ બાણે મારી હતી તે વખતે માએ રક્ષણ કર્યો છે દેહ જેનો એવો આકાશમાં નાશી ગએલો તે, તે વખતનું વેર યાદ કરી નિશ્ચય પોતાના વધ વાસ્તે તારી પ્રાર્થના કરે છે. આકાશમાં પડતા પ્રજ્વલિત ઉંબાડિયાં સરખા સામે આવતા આ સર્પને તું જો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ક્રોધથી પાછો ફરી અર્જુને, સુંદર છે ધાર જેની એવા તીક્ષ્ણ છ બાણેકરી પક્ષિની પેઠે આકાશમાં ઉડતા તે નાગને છેદ્યો. તે વખતે છિન્ન થયું છે અંગ જેનું એવો તે પૃથ્વિ વિષે પડ્યો. હે પાર્થિવ! એ રીતે અર્જુને તે નાગને નષ્ટ કર્યો તે જોઇ પુરૂષોત્તમ એવા પોતે સમર્થ શ્રીકૃષ્ણે અગ્રભાગથી પૃથ્વિમાં ખૂંચેલા રથને બે હાથેકરી તત્કાળ બહાર કાઢ્યો. તેજ મુહૂર્ત વિષે આડી દૃષ્ટિ કરતા એવા પુરૂષમાં અત્યંત શૂરવીર કર્ણે મયૂરપીચ્છરૂપી છે પક્ષ જેમના એવા શિલા ઉપર તીક્ષ્ણ કરેલા દશ બાણેકરી અર્જુનને વિંધ્યો. અર્જુને પણ સારી રીતે મૂકેલા વરાહ કર્ણ નામના તીક્ષ્ણ એવા બાર બાણેકરી તેને વિંધી કર્ણપર્યંત ધનુષ ખેંચી સર્પ સરખા વેગવાળો નારાચ બાણ નાખ્યો. સારી રીતે મૂકેલો ચિત્રરૂપી કવચવાળો તે શ્રેષ્ઠ બાણ કર્ણને વિદારણ કરી તેના પ્રાણને જાણે નાશ કરતો હોય નહિ તેની પેઠે તેનું રૂધિરપાન કરી રૂધિરે કરી લીંપાયા છે પક્ષ જેના એવો તે, પૃથ્વી વિષે પ્રવિષ્ટ થયો. લાકડીથી હણેલો મોટો સર્પ જેમ કોપાયમાન થાય તેમ અર્જુનનો બાણ વાગવાથી કોપાયમાન થએલા બાણ ફેંકનાર કર્ણે, મોટા વિષવાળો સર્પ જેમ ઉત્તમ વિષ નાખે તેમ ઉત્તમ બાણ નાખી બારથી જનાર્દન ભગવાનને તથા નવાણું બાણથી અર્જુનને ભેદી વળી ઘોર એવા બાણથી પાંડુપુત્ર અર્જુનને વિદારણ કરી, મોટા સિંહનાદ સાથે હાસ્ય કર્યું. એના તે હર્ષને ન સહન કરી શકતા ઇન્દ્ર જેવા પરાક્રમવાળા મર્મ જાણનાર પાંડુપુત્ર અર્જુને, સો બાણવડે પરાક્રમેકરી ઇન્દ્રે જેમ બળને વિંધ્યો હતો તેમ એનાં મર્મસ્થાન ભેદ્યાં. ત્યાર પછી અર્જુને યમના દંડ જેવાં તેવું બાણ કર્ણ ઉપર નાખ્યાં, તે બાણેકરી [illegible]

શરીર જેનું એવો કર્ણ, વજ્રે વિદારણ કરેલો પર્વત વ્યથિત થાય તેમ વ્યથાયુક્ત થયો. અર્જુને બાણેકરી વિંધેલો, ઉત્તમ મણિ તથા સુવર્ણથી શોભિતો, એના એવા મસ્તકના ભૂષણરૂપ મુકુટ તથા ઉત્તમ કુંડળ પણ પૃથ્વીપર પાડયાં. તેમજ વળી પાંડુપુત્ર અર્જુને શ્રેષ્ઠ શિલ્પિઓએ ઘણાકાળે નિર્માણ તથા પ્રયત્નથી કરેલું અમૂલ્ય તથા પ્રકાશમાન એવું એનું ઉત્તમ કવચ બાણેકરી ક્ષણમાત્રમાં બહુ પ્રકારે નાશ કર્યું. ત્યાર પછી વળી કોપાયમાન થએલા અર્જુને, કવચ રહિત એવા તેને તીક્ષ્ણ એવા ઉત્તમ ચાર બાણેકરી ફરીને વિંધ્યો. શત્રુએ અત્યંત તાડન કરેલો તે; પિત્ત, કફ તથા વાતજ્વરે કરી એટલે ત્રિદોષ જ્વરે કરી આતુર એવો પુરૂષ જેમ વ્યથાયુક્ત થાય, તેમ અત્યંત વ્યથિત થયો. એટલામાં વળી અર્જુને ઉતાવળથી મોટા ધનુષમંડળમાંથી નિકળેલા, ક્રિયા, પ્રયત્ન તથા બળેકરી મોકલેલા તીક્ષ્ણ એવા ઘણાક ઉત્તમ બાણેકરી કર્ણને મર્મસ્થાનમાં ભેદ્યો. એ રીતે અર્જુને, તીક્ષ્ણ છે અગ્રભાગ જેમના એવા ઉગ્ર વેગવાળા વિવિધ પ્રકારના બાણેકરી અત્યંત ઘાએલ કરેલો રૂધિર સ્રવતો કર્ણ, ગૈરિક ધાતુએ કરી રક્ત એવો ઉપર રહેલા લાલ પથરાઓમાંથી રક્ત પાણી ઝરતો પર્વત શોભે તેમ શોભતો હતો. ત્યાર પછી વળી અર્જુને, સુવર્ણના પુંખ-વાળા, યમ તથા અગ્નિના દંડ સરખા, અત્યંત દૃઢ લોહમય એવા નવા સરલ બાણે કરી કર્ણને કાર્તિકસ્વામિએ જેમ ક્રૌંચપર્વતને વિંધ્યો હતો તેમ સ્તનના મધ્ય ભાગમાં વિંધ્યો. અર્જુનના તીક્ષ્ણ બાણથી હણાવાને લીધે વિશીર્ણ થઇ ગઇ છે મુષ્ટિ જેની એવો, પડી જતો, રથમાં બેઠેલો સૂતપુત્ર કર્ણ ભાથો તથા ઇન્દ્ર જેવા ધનુષનો ત્યાગ કરી મોહ પામી ગયો. એ રીતે તેને વ્યસન પ્રાપ્ત થયું તે જોઇ, પુરૂષના વ્રત વિષે રહેલા આર્ય એવા અર્જુને તેને મારવાની ઇચ્છા ન કરી. તે સમયે ઇન્દ્રના નાના ભાઈ એવા ભગવાન સંભ્રમ થકી અર્જુનને કહેવા લાગ્યા કે હે પાંડવ ! શું પ્રમાદ કરે છે ? કેમકે વિપશ્ચિત એવા પુરૂષ નિરંતર શત્રુઓ દુર્બલ થયા હોય તો પણ તેમને હણવામાં ક્ષણમાત્ર પણ વાટ જોતા નથી. પંડિત એવો પુરૂષ, વિશેષે કરીને દુઃખવિષે શત્રુઓને હણી ધર્મ તથા યશને પ્રાપ્ત થાય છે. તું પણ સદા તારા શત્રુ એવા એકવીર કર્ણને અભિમર્દન કરવાની ઉતાવળ કર, અને જ્યાં સૂધી હજી તે, સમર્થ થયો નથી તેની અગાઉ ઇન્દ્ર જેમ નમુચિ દૈત્યને હણે તેમ એને હણ. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી 'ઠીક તમારા કહેવા પ્રમાણે કરૂં છું,' એમ જનાર્દન ભગવાનને કહી સર્વ કૌરવોમાં ઉત્તમ એવા અર્જુને, ઉત્તમ બાણેકરી પૂર્વે ઇન્દ્રે જેમ બળિરાજાને વિંધ્યો હતો તેમ કર્ણને વિંધ્યો. એ રીતે અર્જુને સર્વ પ્રયત્નથી વત્સદંત નામના સુવર્ણના પુંખવાળા બાણેકરી અશ્વ તથા રથ સહિત કર્ણને વિંધી, સર્વ દિશાઓને આચ્છાદન કરી દીધી. એવી રીતે અર્જુનના નાખેલા વત્સદંત નામના બાણે કરી વિંધાયલો વિસ્તીર્ણ તથા માંસલ છે વક્ષસ્થળ જેનું એવો અધિરથપુત્ર કર્ણ, સારી રીતે પુષ્પ આવેલો અશોક, પલાશ તથા શાલ્મલી વૃક્ષ, તેમજ ચોતરફથી ચંદનના વનેકરી પર્વત શોભે તેમ શોભતો હતો. હે વિશાંપતે ! સંગ્રામના મધ્યમાં કર્ણ, શરીરવિષે અર્જુને સમર્પણ કરેલા ઘણાક બાણેકરી, વૃક્ષેકરી યુક્ત છે શિખર તથા ગુહા જેની એવો કણેરના વૃક્ષવાળો મોટો પર્વત શોભે તેમ શોભતો હતો. વળી અનેક પ્રકારના બાણસંઘને મૂકતો બાણ સમુદાયનાં કિરણોએ કરી વ્યાપ્ત કર્ણ, લાલ છે કિરણમંડળ જેનું એવો અસ્તાચળ સંમુખ થએલો રક્તવર્ણવાળો સૂર્ય શોભે તેમ શોભતો હતો. એ રીતે કર્ણના હાથમાંથી મૂકાયલા મોટા સર્પ જેવા દેદીપ્યમાન બાણને, અર્જુનના બાહુમાંથી મૂકાયલા તીક્ષ્ણ બાણ-

આગવાળા બાણ, વિધ્વંસ કરી દિશાઓ પ્રત્યે પ્રાપ્ત થતા હતા. ત્યાર પછી વળી કોપાયમાન થએલા સર્પ સરખા બાણ મુકતા કર્ણે ધૈર્યનો અવલંબ કરી દશ બાણથી અર્જુનને તથા કોપાયમાન થએલા સર્પ સરખા છ બાણેકરી શ્રીકૃષ્ણને વિંધ્યા. તે વખતે મહામતિ અર્જુન અત્યંત ઉગ્ર છે શબ્દ જેનો એવો સર્પવિષ તથા અગ્નિ સરખો, મહાસ્ત્રથી અભિમંત્રણ કરેલા લોહમય ભયંકર મોટા બાણ, મહા સંગ્રામમાં કર્ણ ઉપર નાખવાનું જેને મન છે એવો થયો. એટલામાં હે નૃપ! કર્ણના વધની સૂચના કરતા અદૃશ્ય એવા કાલે કર્ણનો વધ સમય આવ્યો ત્યારે બ્રાહ્મણના પ્રકોપથી એના રથના વામચક્રને પૃથ્વી ગળશે અને મહાત્મા ભાર્ગવે આપેલું અસ્ત્ર પણ એના મનમાંથી પ્રનષ્ટ થશે, એવી રીતે કહ્યું. હે નરેંદ્ર! બ્રાહ્મણમાં અત્યંત શ્રેષ્ઠ એવા પરશુરામના શાપથી રથ ઘૂર્ણિત થવા લાગ્યો. તેમજ ચક્ર પણ પૃથ્વીમાં પેસવા લાગ્યું. તેને જોઇ સૂતપુત્ર કર્ણ સંગ્રામના મધ્યમાં વિહ્વળ થયો. વેદિ સહિત ગ્રામ સમીપે રહેલો પુષ્પિત એવો ગ્રામસૂચક મોટો વૃક્ષ ઘુર્ણાયમાન થાય તેમ બ્રાહ્મણના શાપથી રથ ઘુર્ણાયમાન થયો, રામ પાસેથી પ્રાપ્ત થએલું અસ્ત્ર નકામ થઈ ગયું. ઘોર એવો સર્પ મુખવાળો બાણ પણ અર્જુને કાપી નાખ્યો, તેથી ખેદયુક્ત થએલો દુઃખને સહન કરી શકતો કર્ણ, બે હાથ હલાવી ધર્મની નિંદા કરતો કહેવા લાગ્યો કે, ધર્મ છે પ્રધાન જેને એવા ધર્મિષ્ઠ પુરૂષને અવશ્ય ધર્મ, રક્ષા કરે છે એમ ધર્મને જાણનાર પુરૂષો નિરંતર કહે છે, પણ તેમ દેખાતું નથી અને ઉલટો ધર્મ તો પોતાના ભક્તને હણે છે, પાળતો નથી. જો કે અમે યથાશાસ્ત્ર શક્તિને અનુસારે નિરંતર ધર્મ પાળવાનો યત્ન કરીએ છીએ, તોપણ ઉલટું અમને દુઃખ પ્રાપ્ત થાય છે તેથી હું એમ માનું છું કે, ધર્મ નિરંતર રક્ષણ કરતો નથી. તે આમ કહેતો હતો તેટલામાં વળી અર્જુનના બાણપાતથી ચલાયમાન થએલો તે નીચે પડી ગયો. અશ્વ તથા સારથિના મર્મમાં બાણ વાગવાથી ક્રિયા કરવામાં શિથિલ એવો કર્ણ વળી વારંવાર ધર્મને નિંદવા લાગ્યો. પછી કર્ણે, સંગ્રામના મધ્યમાં અત્યંત ભયંકર એવા ત્રણ બાણેકરી શ્રીકૃષ્ણને તથા સાત બાણેકરી અર્જુનને હાથે ઘા કર્યા. અર્જુને પણ અગ્નિની જેમને ઉપમા અપાય એવા ઇન્દ્રના વજ્ર સરખા તીક્ષ્ણ વેગવાળા ભયંકર એવા સત્તર બાણ નાખ્યા. ભયંકર વેગવાળા તે, કર્ણને ભેદી પૃથ્વિતળ પર પડ્યા. તે બાણના અભિઘાતથી કંપિત છે આત્મા જેનો એવા કર્ણે શક્તિથી ચેષ્ટા દેખાડી બળેકરી પોતાના આત્માને સ્તંભન કરી બ્રહ્માસ્ત્ર નાખ્યું. શત્રુને તપાવનાર અર્જુને પણ, ગાંડીવ, પ્રત્યંચા તથા બાણને અભિમંત્રણ કરી ઐંદ્રાસ્ત્ર સાંધી ઇન્દ્ર જેમ જળનો વર્ષાદ કરે તેમ બાણનો વર્ષાદ કર્યો. તે સમયે અર્જુનના રથમાંથી નિકળેલા મહા પરાક્રમી તેજોમય એવા બાણ, કર્ણના રથ પાસે આવવા લાગ્યા. અર્જુનના બાણને મહારથિ કર્ણે ભાગી નાખ્યા. તે અસ્ત્રને કર્ણે નાશ કર્યું તેને જોઈ વૃષ્ણિવીર શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે હે પાર્થ! રાધાપુત્ર કર્ણ તારા બાણને ગળે છે વાસ્તે શ્રેષ્ઠ એવાં અસ્ત્રનો પ્રયોગ કર. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુને અતિ ઉગ્ર એવાં બ્રહ્માસ્ત્રને અભિમંત્રણ પુરઃસર યોજના કરી બાણથી કર્ણને આચ્છાદન કરી વધારે બાણ નાખ્યાં. કર્ણે ચકચકિત એવા તીક્ષ્ણ બાણે કરી અર્જુનની પ્રત્યંચા કાપી નાખી. એ રીતે બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠામી, નવમી, દશમી, તથા અગિઆરમી, પણ કાપી નાખી. અર્જુને સેંકડો પ્રત્યંચા સાંધી પણ કર્ણના જાણવામાં આવ્યું નહિ. ત્યાર પછી પાંડુપુત્ર અર્જુને વળી બીજી પ્રત્યંચા લેઇ ધનુષમાં સાંધી અભિ-

મંત્રણુ કરી સર્પ સરખા દેદીપ્યમાન એવા બાણુ કર્ણ ઉપર નાખ્યા, સંગ્રામના મધ્યમાં અર્જુનની પ્રત્યંચાનું છેદન તથા પાછું સાંધવું એ અતિ શીઘ્રતાથી થવાને લીધે કર્ણના જાણુવામાં ન આવ્યું એ અતિ આશ્ચર્ય સરખું થયું. એ રીતે અધિરથપુત્ર કર્ણ, અસ્રેકરી અર્જુનના અસ્રને વારણુ કરી પોતાનું પરાક્રમ દેખાડતો તથા બાણેકરી સામે હણુતો અર્જુનથી અધિક પરાક્રમ કરતો હતો. કર્ણના અસ્રેકરી પીડિત થએલા અર્જુનને જોઇ શ્રીકૃષ્ણે વારંવાર અસ્ર લેઇ કર્ણપ્રત્યે મોકલ, એમ તેને કહ્યું. તે સાંભળી અગ્નિ સરખા, ઘોર, સર્પ તથા વિષની જેને ઉપમા અપાય એવા કાળમીઢ પાણા સરખા દિવ્ય બાણુને અભિમંત્રણુ કરી રૌદ્રાસ્ર સાંધી તેને ફેંકવાની છે ઇચ્છા જેને એવો અર્જુન તત્પર થયો. તેટલામાં તો હે નૃપ ! રાધાપુત્ર કર્ણના રથનું ચક્ર પૃથ્વીએ ગળ્યું. તે જોઇ ઉદ્યુક્ત થએલો રાધાપુત્ર કર્ણ, તત્કાળ રથમાંથી નીચે ઉતરી બે હાથથી ચક્રને પકડી પૃથ્વીમાંથી તેને ઊંચું કરવા લાગ્યો. તે વખતે ગળ્યું છે ચક્ર જેણે એવી પર્વત, વન તથા કાનન સહિત સપ્ત દ્વીપવતી પૃથ્વીમાંથી કર્ણે ચાર વાર ઊંચું કીધું પણુ ચક્ર તેમાંથી નીકળ્યું નહિ. ક્રોધથી નેત્રમાં આવ્યાં છે અશ્રુ જેને એવો રાધાપુત્ર કર્ણ, અત્યંત ક્રોધયુક્ત એવા અર્જુનને જોઇ આવી રીતે કહેવા લાગ્યો કે, હે પાર્થ ! હે પાર્થ ! હે મોટાધનુષવાળા ! પૃથ્વીએ ગળેલા આ ચક્રને જ્યાં સુધી પૃથ્વીતળમાંથી હું ઉદ્ધાર કરૂં ત્યાં સુધી મુહૂર્ત માત્ર થોભી જા. હે પરાક્રમી પાર્થ ! દૈવ ઇચ્છાથી પૃથ્વીએ ગળેલા મારા આ સવ્ય ચક્રને જોઇ કુત્સિત પુરૂષોએ કરવા લાયક એવાં આ વખતનાં બાણુ સંધાનને તું છોડી દે. હે કૌંતેય ! રણુકર્મમાં તું વિખ્યાત તથા વિશિષ્ટ છે માટે કુત્સિત પુરૂષોએ આચરિત એવા માર્ગે ઉભો રહેવા યોગ્ય નથી. હે પાંડુપુત્ર ! તું તો અત્યંત શ્રેષ્ઠ એવું કર્મ કરવા યોગ્ય છે. હે અર્જુન ! કેશ છુટી ગએલ, વિમુખ, બ્રાહ્મણુ, હાથ જોડનાર, શરણાગત, અસ્ર છોડી દેનાર, યાચના કરનાર, બાણુરહિત, ભ્રષ્ટ થયું છે કવચ જેનું એવા, અને ભ્રષ્ટ તથા ભગ્ન થયું છે આયુધ જેનું એવા યોદ્ધ ઉપર સાધુવ્રત વિષે રહેલા શૂરવીર શસ્ર નાખતા નથી, તેમાં પણુ તું તો હે પાંડવ ! લોકમાં અત્યંત શૂર, સાધુવ્રતવાળો, યુદ્ધ ધર્મને જાણુનાર, વેદાંતવિષે સ્નાત, અવભૃથ સ્નાન કરેલ, દિવ્યાસ્ર જાણુનાર, અપરિમેય છે આત્મા જેનો એવો અને યુદ્ધમાં સહસ્રાર્જુન સરખો છે, વાસ્તે હે મહાભુજ ! જ્યાં સુધી પૃથ્વીએ ગળેલા આ ચક્રનો હું ઉદ્ધાર કરૂં ત્યાં સુધી રથમાં બેઠેલો તું પૃથ્વીપર ઉભેલા વિકળ એવા મને હણુવા યોગ્ય નથી. હે પાંડવેય ! વાસુદેવ ભગવાન તથા તારાથી હું કંઇ બ્હીતો નથી. પણુ હે પાંડવ ! તું ક્ષત્રિયનો પુત્ર તથા મોટા કુળને વધારનાર છે, વાસ્તે હું, બે ઘડી ક્ષમા કર એમ તને કહું છું.

त्वं हि क्षत्रियदायादो महाकुलविवर्द्धनः ।
अतस्त्वामब्रवीम्येष मुहूर्तं क्षमपांडव ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कर्णरथचक्रग्रसने गुर्जरभाषायां नवतितमो ऽध्यायः ॥ ९० ॥

અધ્યાય ૯૧ મો. કર્ણનો વધ.

संजय उवाच—समवर्तीद्वासुदेवो रथस्थो राधेय दिष्ट्यास्मरसीह धर्मं।
प्रायेण नीचाव्यसनेषु मग्ना निंदंति दैवं कुकृतं न तु स्वं॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે વખતે રથમાં બેઠેલા વાસુદેવ ભગવાન, રાધાપુત્ર કર્ણને કહેવા લાગ્યા કે હે રાધેય! આ વખતે તું ધર્મને યાદ કરે છે, એ ઘણું સારૂં છે, કેમકે બહુધા નીચ પુરૂષો, જ્યારે દુઃખમાં ડૂબે ત્યારે દૈવને નિંદે છે પણ પોતાના કુત્સિત કર્મને નિંદતા નથી. હે કર્ણ! જે વખતે એક વસ્ત્ર જેણે પહેર્યું છે એવી દ્રૌપદીને તેં, દુર્યોધને, દુઃશાસને તથા સુબલપુત્ર શકુનિએ સભામાં આણી તે સમયે તને ધર્મ કેમ ભાસમાન થયો નહિ? અને જ્યારે સભામાં પાસે રમી જાણે નહિ એવા યુધિષ્ઠિર રાજાને કપટ પાસાને જાણનાર એવા શકુનિએ જીત્યા ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો? તેમજ હે કર્ણ! વનવાસનાં તેર વર્ષ વ્યતીત થયા પછી પણ, તું રાજ્ય આપતો ન હતો ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો? જ્યારે તારા મતને અનુસરવાથી રાજાએ ભીમસેનને સર્પનો દંશ તથા વિષયુક્ત ભોજન કરાવ્યું તે વેળાએ તારો ધર્મ ક્યાં ગયો હતો? તેમજ હે રાધેય! વારણાવત શહેરમાં લાખના ઘરમાં સુતેલા પાંડવોને તું બાળી દેતો હતો તે વખતે તારો ધર્મ ક્યાં ગયો હતો? વળી હે કર્ણ! દુઃશાસનને વશ થએલી રજસ્વલા દ્રૌપદીને સભામાં તું હસતો હતો ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો? હે રાધેય! પૂર્વે દુષ્ટોએ ક્લેશ પમાડેલી નિરપરાધી દ્રાપદીને ઉભો રહી તું જોતો હતો તે વેળાએ તારો ધર્મ ક્યાં ગયો હતો? હે રાધેય! હસ્તિ સરખી ગતિવાળી દ્રૌપદીને તું કહેતો હતો કે હે કૃષ્ણે! પાંડવો તો નષ્ટ થયા અને શાશ્વત એવા નરકને પ્રાપ્ત થયા, માટે તું બીજા પતિને વર, એમ બોલતો તું પાસે ઉભો રહી હસતો હતો તે વખતે તારો ધર્મ ક્યાં ગયો હતો? જ્યારે હે કર્ણ! શકુનિનો આશ્રય કરી રાજ્યલુબ્ધ એવો તું ફરીથી પાંડવોને બોલાવતો હતો ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો! જ્યારે યુદ્ધમાં બાળક એવા અભિમન્યુને ઘેરી લેઇ ઘણાક મહારથીઓ હણતા હતા તે સમયે તારો ધર્મ ક્યાં ગયો હતો? જ્યારે આ ધર્મ તે વખતે તો સર્વથા ન હતો ત્યારે આ વખતે ફોગટ ડાહ્યું ભાષણ કરવાથી શું, માટે હે સૂત! આ વખતે ચહાય તેવાં ધર્મયુક્ત વચન તું બોલે તથાપિ અહિંથી તું જીવતો જવાનો નથી. નળરાજાને પુષ્કરે પાસેકરી જીત્યો હતો પણ પાછો પોતાના પરાક્રમથી તે, યશ તથા રાજ્યને પ્રાપ્ત થયો હતો. તેમજ પરિવૃત્ત છે લોભ જેમને એવા સર્વ યોદ્ધાઓ તથા સોમક સહિત પાંડવો પણ, અત્યંત વૃદ્ધિ પામેલા શત્રુઓને સંગ્રામમાં હણી પોતાના બાહુબળથી રાજ્ય લેશે. હમેશ ધર્મે રક્ષણ કરેલા પુરૂષમાં સિંહરૂપ એવા શૂરવીરોએ હણેલા ધૃતરાષ્ટ્રના પુત્ર નાશ પામશે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે ભારત! એ રીતે વાસુદેવ ભગવાને જેને કહ્યું છે એવો લજ્જાએકરી નમ્ર, નથી દીધું ભગવાનને કંઈ પણ ઉત્તર જેણે એવો ક્રોધથી સ્ફુરાયમાન હોઠવાળો મોટા વેગવાળો તથા પરાક્રમવાન કર્ણ, ધનુષ ઉચકી અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યો. વાસુદેવ ભગવાને પુરૂષમાં શ્રેષ્ઠ એવા અર્જુનને કહ્યું કે હે મહાબળ! દિવ્યાસ્ત્રે કરી આને મારી પાડ. દેવ એવા ભગવાને જેને આમ કહ્યું છે એવો અર્જુન, તેણે આપેલા દુઃખને સ્મરણ કરી ઘોર એવા ક્રોધને પ્રાપ્ત થયો. હે રાજન! [illegible]

થએલા અર્જુનના સર્વ પ્રવાહમાંથી સર્વ ઇન્દ્રિયોમાંથી તેજની જ્વાળાઓ પ્રગટ થઇ તે આશ્ચર્ય સરખું થયું. તે જોઈ કર્ણે, બ્રહ્માસ્ત્રના પ્રયોગથી અર્જુન ઉપર બાણવૃષ્ટિથી તેને છાયો પણ પાંડુપુત્રે અસ્ત્રેકરી અસ્ત્રને વારી રાખ્યું. ત્યાર પછી વળી કુંતીપુત્ર અર્જુને કર્ણનો ઉદ્દેશ કરી અગ્નિને પ્રિય એવું બીજું અસ્ત્ર મૂક્યું, તે, તેજેકરી પ્રજ્વલિત થયું. કર્ણે વારૂણાસ્ત્રેકરી તે અગ્નિને સમાવી મેઘેકરી અંધકારથી દુર્દિન સરખી સર્વ દિશાઓને કરી. અસંભ્રાંત એવા પરાક્રમી પાંડુપુત્ર અર્જુને પણ વાયવ્યાસ્ત્રેકરી કર્ણની સમક્ષ મેઘને નસાડી દીધા. પછી સૂતપુત્ર કર્ણે પાંડુપુત્ર અર્જુનને મારવાની ઇચ્છાથી પ્રજ્વલિત અગ્નિ સરખો મહા ભયંકર બાણ ગ્રહણ કર્યો. હે રાજન! પૂજિત એવો તે બાણ ધનુષમાં સાંધ્યો તે વખતે પર્વત, વન તથા કાનન સહિત પૃથ્વી ચલાયમાન થઇ, કાંકરાસહિત વાયુ વાવા લાગ્યો, દિશાઓ રજેકરી ભરાઇ ગઇ. હે ભારત ! આકાશમાં રહેલા દેવતાઓ હાહાકાર કરવા લાગ્યા. હે મારિષ ! સૂતપુત્રે સાંધેલા તે બાણને જોઇ દીન છે ચિત્ત જેનું એવા પાંડવ પણ પરમ વિષાદને પ્રાપ્ત થયા. કર્ણના ભુજમાંથી પ્રમુક્ત થએલો, ઇન્દ્રના વજ્ર સરખો, તીક્ષ્ણ અગ્રભાગવાળો તે બાણ, અર્જુનના વક્ષસ્થળને પ્રાપ્ત થઇ શ્રેષ્ઠ સર્પ જેમ રાફડામાં પેસે તેમ તેમાં પ્રવિષ્ટ થયો. એ રીતે સંગ્રામના મધ્યમાં અત્યંત વિંધાયલો, શિથિલ થયું છે હાથમાંથી ગાંડીવ જેને એવો ઘુર્ણાયમાન થએલો શત્રુને મર્દન કરનાર અર્જુન, પૃથ્વીનો કંપ થવાથી જેમ ઉત્તમ પર્વત ચલાયમાન થાય તેમ ચલાયમાન થયો. એ અવકાશ પામી પૃથ્વીએ ગળેલા ચક્રને ઉદ્ધાર કરવાની જેને ઇચ્છા છે એવો મહારથિ કર્ણ રથમાંથી નીચે ઉતરી બે હાથથી ચક્રને પકડી પોતે મહા બળિષ્ઠ છે તો પણ દૈવ ઇચ્છાથી તેનો ઉદ્ધાર કરવા સમર્થ થયો નહિ. એટલામાં તો પ્રાપ્ત થઇ છે સંજ્ઞા જેને એવા મહાત્મા અર્જુને યમદંડ સરખો અંજલિક નામનો બાણ ગ્રહણ કર્યો. તે વખતે વાસુદેવે પણ અર્જુનને કહ્યું કે જ્યાં સુધી કર્ણ રથમાં આરૂઢ થયો નથી તેટલામાં બાણેકરી શત્રુ એવા એનું મસ્તક કાપી નાખ. ભગવાનનાં વચનનો સ્વીકાર કરી અર્જુને, પ્રજ્વલિત એવો બાણ ગ્રહણ કરી, ગળ્યું છે પૃથ્વીએ ચક્ર જેનું એવા મહારથિ કર્ણની નિર્મળ સૂર્ય સરખા વર્ણ વાળી ધ્વજકક્ષાને હણી. ત્યાર પછી વળી અર્જુને, હસ્તિકક્ષાએકરી અત્યંત શ્રેષ્ઠ, સુવર્ણ, મુક્તા તથા મણિજડિત છે પૃષ્ઠભાગ જેનો, અતિશય જ્ઞાનવાન એવા શિલ્પિઓએ મળીને કરેલ, સુંદર રૂપવાળો, સુવર્ણથી વિચિત્ર પ્રકારનો, તમારા સૈન્યને નિરંતર જયાસ્પદ રૂપ, શત્રુઓને ત્રાસ કરનાર, સ્તુતિ કરવા લાયક છે રૂપ જેનું, વિખ્યાત, કાંતિએકરી અગ્નિ, સૂર્ય તથા ચન્દ્ર સરખો, હોમાએલ અગ્નિ સરખી છે કાંતિ જેની એવી શોભાએકરી પ્રજ્વલિત મહારથિ કર્ણના ધ્વજને સુવર્ણના પુંખ વાળા, અતિ તીક્ષ્ણ એવા ક્ષુરપ્ર નામના બાણેકરી મંથન કર્યો. તે વખતે તે કેતુ સાથે યશ, દર્પ, સર્વ પ્રિયકાર્ય, તથા કૌરવોનાં હૃદય પણ પડી ગયાં. તમારા સૈન્યમાં મોટો હાહાકાર શબ્દ પણ થનો હતો. હે ભારત ! જલદી બાણ ફેંકનાર, કુરૂકુળમાં અત્યંત શૂરવીર એવા અર્જુને, સંગ્રામના મધ્યમાં કાપીને તત્કાળ પાડેલા કર્ણના ધ્વજને જોઈ તમારી તરફના સર્વ યોદ્ધાઓએ કર્ણના જયની આશા છોડી દીધી. ત્યાર પછી ઉતાવળ કરતા અત્યંત પ્રસન્ન થએલા અર્જુને કર્ણના વધવાસ્તે, મહેંદ્રના વજ્ર, અગ્નિ તથા યમદંડ સરખો, સૂર્યનું ઉગ્ર કિરણ હોય નહીં એવો, મર્મસ્થાન છેદનાર, રૂધિર તથા માંસથી લીંપાએલો, અગ્નિ તથા સૂર્ય સરખો, અમૂલ્ય, નર, અશ્વ તથા હસ્તિના પ્રાણ હરનાર, ત્રણ હાથ, શાંતિ,

ઉજડ રહી. વળી જેમ જંભાસુર પર્વતને ફેંકી તેના પડવાથી પોતે નાશ પામ્યો, તેમ બીજા જેને જીતી શકે નહી, એવો એકલવ્ય નામે ભીલનો રાજા, શ્રીકૃષ્ણ પાસે તેમને મારવા માટે આવ્યો, પણ ઉલટો પોતે પ્રાણ રહિત થઈ સૂતો, તે જ શ્રીકૃષ્ણ ભગવાને બળદેવ સહિત, વૃષ્ણિ તથા અંધકના મધ્યમાં સભા વિષે બેઠેલા અત્યંત દુષ્ટબુદ્ધિવાળા ઉગ્રસેનના પુત્ર કંસને પાડી, ઉગ્રસેનને રાજ્ય આપ્યું. તેમણે સૌભ નામના વિમાનમાં બેસી આકાશમાં રહેલા માયાવી શાલ્વરાજાને યુદ્ધ કરાવ્યું, અને તેણે નાખેલા સાંગના આયુધને, દક્ષની પેઠે બે હાથે કરી ગ્રહણ કર્યું; જેને બીજો સાધારણ કયો મનુષ્ય ગ્રહણ કરી શકે તેમ છે? વળી ક્રોધથી સહન થાય નહી એવું, ભયંકર તથા દુઃખથી પણ જેમાં જવાય નહી એવું અસુરોનું પ્રાગ્જ્યોતિષ નામે શહેર હતું, અને જેમાં મહા બળવાન ભૂમિનો પુત્ર નરકાસુર રહેતો હતો, તે દેવતાઓની માતા અદિતિનાં સુંદર મણિમય કુંડળ હરણ કરી ગયો હતો. ઈંદ્ર સહિત દેવતાઓ તેની પાસે આવ્યા, પણ મરણથી બીન્યા તેથી યુદ્ધમાં તેને જીતવા સમર્થ થયા નહી. મનમાં દુઃખ પામી તેઓએ કેશવ ભગવાનનું પરાક્રમ, બળ તથા ક્રોધથી પાછું વળે નહી એવું અસ્ત્ર જાણી, ચોરોને મારવા વિષે તેમની સ્વાભાવિક પ્રીતિ છે એમ વિચારી, ચોરરૂપ નરકાસુરને મારવા વાસ્તે તેમની પ્રાર્થના કરી કે, હે મહારાજ! નરકાસુરને મારી અદિતિનાં કુંડળ લાવી આપો તે સાંભળી એવાં કામ કરવામાં સામર્થ્યવાન વાસુદેવ ભગવાને તેઓની પ્રાર્થના અંગીકાર કરી, અને છ હજાર રાક્ષસોને મારી, લોહમય પાશલાઓને કાપી, મુર દૈત્યને હણી, ઓઘ નામના રાક્ષસને મારી નરકાસુરના શહેરમાં પ્રવેશ કર્યો. તે મહા બળવાન નરકાસુર સાથે શ્રીકૃષ્ણને મોટું યુદ્ધ થયું, જેમાં વાયુએ મંથન કરેલું કણેરનું વૃક્ષ જેમ સૂવે, તેમ શ્રીકૃષ્ણે નાશ પમારેલો તે પ્રાણ રહિત થઇ સૂતો. એ રીતે જેના પ્રભાવની બીજાને ઉપમા અપાય નહી એવા લક્ષ્મી તથા યશથી પરિપૂર્ણ વિદ્વાન શ્રીકૃષ્ણ મુર દૈત્ય તથા ભૂમિના પુત્ર નરકાસુરને મારી અદિતિનાં કુંડળ લઇ પાછા આવ્યા. પ્રસન્ન થઇ દેવતાઓએ તેમને વરદાન આપ્યું કે, તમને યુદ્ધ કરવા વખતે મહેનત પડશે નહી, આકાશ તથા જળ વિષે પણ તમારી ગતિ થશે, તથા શસ્ત્રો તમારા શરીરને સ્પર્શ કરશે નહી. એ રીતે તે વરદાનનું કથન માત્રજ જાણવું, કારણ શ્રીકૃષ્ણ તો હંમેશ પૂર્ણ કામ છે, ને તેમના અપ્રમેય સ્વરૂપ વિષે ગુણરૂપી સંપત પણ હંમેશ રહેલી છે. ક્રોધથી સહન થાય નહી એવા તથા અનંત પરાક્રમવાળા વ્યાપક શ્રીકૃષ્ણને દુષ્ટ દુર્યોધન જીતવાની ઇચ્છા રાખે છે, અને હંમેશ બાંધવાનો પણ યત્ન કરે છે, તોપણ અમારે લીધેજ શ્રીકૃષ્ણ સહન કરે છે. વળી દુર્યોધન, મને તથા શ્રીકૃષ્ણને પરસ્પર હઠાત્કારથી "કલહ કરાવીશ," અને શ્રીકૃષ્ણને પાંડવો વિષે "આ મારા છે" એ રીતે જે મમત્વ છે, તે પણ "હું ટાળવા સમર્થ છું," એમ માને છે, પણ તેતો કુરુક્ષેત્રમાં જઇ યુદ્ધને પામ્યા પછી જાણશે.

શાંતનુના પુત્ર ભીષ્મ, પુત્ર સહિત દ્રોણાચાર્ય તથા જેના સરખો બીજો કોઇ યોદ્ધો નથી, એવા કૃપાચાર્યને નમસ્કાર કરી રાજ્ય વાસ્તે હું યુદ્ધ કરીશ. પાપ બુદ્ધિવાળો દુર્યોધન પાંડવો સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે, તેને તો ઘટતું મરણ પ્રાપ્ત થશે, એમ હું માનું છું. જેમાં પાપ છે એવા દ્યૂત વિષે ક્રૂર બુદ્ધિવાળા કૌરવોએ, રાજપુત્ર પાંડવોને જીતી બાર વર્ષ વનમાં મોકલ્યા, ત્યારે તેઓએ કષ્ટરૂપ અરણ્યવાસ તથા એક વર્ષ અજ્ઞાતવાસ પણ કર્યો. તે જીવતા પાંડવોને તિરસ્કાર કરી, સ્થાનક ઉપર બેઠેલા ધૃતરાષ્ટ્રના પુત્રો સુખથી કેમ જીવશે. યુદ્ધમાં

છ પીંછ બાંધેલો, ઉગ્ર વેગવાળો, ઇન્દ્રના વજ્ર સરખો પરાક્રમવાળો, પ્રલય સમયે મુખ ફાડેલા અગ્નિ સરખો, અતિ ભયંકર, મહાદેવના પિનાક ધનુષ તથા વિષ્ણુના ચક્ર સરખો ભયંકર, પ્રાણીયોનો નાશ કરનાર, દેવતાઓથી પણ દુઃખેકરી નિવારણ થઇ શકે નહીં એવો હમેશ સારી રીતે પૂજન કરેલો દેવ તથા અસુરનો જય કરનાર અંજલિક નામનો મોટો બાણ ભાથામાંથી ગ્રહણ કર્યો. યુદ્ધવિષે અર્જુને ગ્રહણ કરેલા તે બાણને જોઈ સ્થાવર જંગમ એવું સર્વ જગત ચલાયમાન થયું. ઉગામેલા તે મોટા બાણને જોઇ જગતનું કલ્યાણ થાઓ, એ રીતે ઋષિઓ પણ પોકાર કરવા લાગ્યા. એટલામાં ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને મોટા અસ્ત્રથી અભિમંત્રણ કરી ગાંડીવ ધનુષ ખેંચી તત્કાળ અપ્રમેય એવા તે બાણની ધનુષમાં યોજના કરી અને કહેવા લાગ્યા કે, મેં જો તપશ્ચર્યા કરી હોય, ગુરુજનને સંતુષ્ટ કર્યા હોય, તથા સુહ્રજનોનું ઇષ્ટ એવું વાક્ય શ્રવણ કર્યું હોય તો એ સત્યથી મહાસ્ત્રથી અભિમંત્રણ કરી મોકલેલો દુષ્ટ હૃદયવાળાઓના શરીર તથા પ્રાણ હરનાર, આ મોટો બાણ ઉર્જિત એવા મારા શત્રુ કર્ણને હણો, એમ કહેતા અર્જુને યુદ્ધમાં મૃત્યુએ પણ અસહ્ય, પ્રદીપ્ત એવી અથર્વાંગિરસ મંત્રેકરી અભિમંત્રણ કરેલી ઊગ્ર એવી કૃત્યા હોય નહીં એવો ઘોર બાણ, કર્ણના વધવાસ્તે મૂક્યો. એવી રીતે બાણ મૂકી અત્યંત પ્રસન્ન, શસ્ત્ર ગ્રહણ કરેલા તથા કર્ણને હણવા ઇચ્છતા બળવાન એવા તેણે, આ મેં મૂકેલો સૂર્ય તથા ચંદ્ર સરખા પ્રભાવવાળો બાણ, મારા જયને વહન કરનાર થાઓ, અને કર્ણને યમલોકપ્રત્યે મોકલો. એમ કહી સૂર્ય સરખા પ્રભાવવાળા, દિશાઓ તથા આકાશને પ્રજ્વલિત કરતા વિજયને વહન કરનાર એવા તે શ્રેષ્ઠ બાણેકરી મહેંદ્ર જેમ વજ્રેકરી વૃત્રાસુરનું મસ્તક કાપે તેમ કર્ણનું મસ્તક કાપી નાંખ્યું. હે રાજન ! એ રીતે મહેંદ્ર પુત્ર એવા અર્જુને, મહાસ્ત્રેકરી અભિમંત્રણ કરેલા અંજલિક નામના ઉત્તમ બાણેકરી અપરાન્હ વખતે સૂર્યપુત્ર કર્ણનું મસ્તક કાપ્યું. અંજલિક બાણેકરી કપાયલું તે મસ્તક પડયા પછી એની કાયા પણ પડી ગઇ. ઉદય થતા સૂર્ય સરખા તેજવાળું, શરદૃઋતુના આકાશના મધ્યમાં ગએલા સૂર્યની જેને ઉપમા અપાય એવું કર્ણનું મસ્તક, સેનાના મુખવિષે રક્ત છે મંડળ જેનું એવો સૂર્ય જેમ અસ્તાચળ ઉપરથી પડે તેમ રણભૂમિમાં પડયું. ઘણા દિવસથી જેનો સંગ છે એવા મોટી સમૃદ્ધિવાળાં ઘરને તેનો સ્વામી જેમ પરમ કષ્ટેકરી ત્યાગ કરે તેમ રણભૂમિમાં પડેલા કર્ણના મસ્તકે પણ, સુખને ઉચિત તથા અત્યંત સુરૂપ એવા ઉદાર કર્મવાળા કર્ણના દેહને પરમ કષ્ટે કરી ત્યાગ કર્યો. સ્રવે છે રૂધિર જેમાંથી, બાણથી ભેદાયલું, પ્રાણરહિત સુંદર કાંતિવાળા કર્ણનું ઉચ્છિન્ન એવું શરીર પણ, ઝરે છે ગૈરિકધાતુ સંબંધી લાલ ઝરણાં જેમાંથી એવું વજ્રથી હણાયલું પર્વતનું મોટું શિખર પડે તેમ પૃથ્વીપર પડયું. એ રીતે સંગ્રામમાં પડેલા કર્ણના દેહમાંથી નિકળેલું તેજ આકાશમાં ફેલાઇ સૂર્ય પ્રત્યે પ્રવિષ્ટ થયું. તે આશ્ચર્યને સર્વ મનુષ્ય તથા યોદ્ધાઓ જોતા હતા. એ રીતે અર્જુને પાડેલા કર્ણને જોઇ પાંડવ, મોટા સ્વરથી શંખ વગાડવા લાગ્યા. તેમજ હૃષ્ટ થએલા શ્રીકૃષ્ણ, અર્જુન તથા નકુળ અને સહદેવ પણ, શંખ વગાડવા લાગ્યા. પૃથ્વીમાં સુતેલા કર્ણને જોઇ સૈન્ય સહિત સોમકો પણ સિંહનાદ કરવા લાગ્યા. હે નરેન્દ્ર ! અત્યંત પ્રસન્ન થએલા તૂરી વગાડતા બીજા યોદ્ધાઓ વસ્ત્ર તથા પોતાના હાથ હલાવતા અર્જુનની પ્રશંસા કરતા તેની પાસે આવ્યા. બળેકરી સંયુક્ત બીજા યોદ્ધાઓ, એકબીજાને પરસ્પર મળી નૃત્ય તથા સિંહનાદ કરતા અર્જુનના બાણથી હણાઇ પૃથ્વીપર પડેલા કર્ણને

જોઇ નાના પ્રકારનાં વાક્ય કહેવા લાગ્યા. મહાવાયુએ અપવિદ્ધ કરેલો પર્વત, યજ્ઞના અવસાનવિષે અત્યંત શાંત થએલો અગ્નિ તથા અસ્તગત એવા સૂર્યનું બિંબ શોભે તેમ કપાયલું કર્ણનું મસ્તક શોભતું હતું. બાણેકરી વિંધાયું છે સર્વ અંગ જેનું એવો, રૂધિરના ઓઘેકરી વ્યાપ્ત કર્ણનો દેહ પોતાનાં કિરણોએકરી સૂર્ય શોભે તેમ શોભતો હતો. એ રીતે કર્ણરૂપી સૂર્ય, પ્રદીપ્ત એવા બાણરૂપી કિરણોએકરી શત્રુની સેનાને તપાવી બળવાન એવા અર્જુનરૂપી કાળેકરી અસ્તને પ્રાપ્ત થયો. અસ્તાચલ પ્રત્યે જતો સૂર્ય જેમ પોતાની કાંતિને ગ્રહણ કરી જાય તેમ તે બાણ કર્ણના જીવિતને ગ્રહણ કરી ગયો. હે મારિષ ! સંગ્રામના મધ્યમાં અપરાન્હ વખતે છે મરણદિન જેનો એવા સૂતપુત્ર કર્ણનું અંજલિક નામના બાણથી કપાયલું મસ્તક શરીર સહિત રણમાં પડયું. શત્રુ એવા કર્ણનું મસ્તક સૈન્યની ઉપર થઇ અર્જુનના બાણે શરીર રહિત કર્યું. બાણેકરી વિંધાયલું છે અંગ જેનું રૂધિરેકરી લીંપાએલા શરીરવાળા પૃથ્વીવિષે પડેલા શૂરવીર કર્ણને જોઇ કપાયો છે ધ્વજ જેનો એવા રથેકરી મદ્રદેશનો રાજા શલ્ય, ત્યાંથી નાઠો. તેમજ કર્ણ હણાયો તે જોઇ ભયથી પીડિત એવા અત્યંત વિંધાયલા સર્વ કૌરવ પણ, શરીરેકરી પ્રજ્વલિત એવા મોટા અર્જુનના ધ્વજને વારંવાર જોતા ત્યાંથી નાસવા લાગ્યા. ઇન્દ્ર સરખાં છે કર્મ જેનાં એવા કર્ણનું કમળ જેવા સુંદર મુખવાળું મસ્તક સાયંકાળે સૂર્ય પડે તેમ પૃથ્વી ઉપર પડયું.

सहस्रनेत्रप्रतिमानकर्मणः सहस्रपत्रप्रतिमाननं शुभं ।
सहस्ररश्मिर्दिनसंक्षये यथा तथा पतत्कर्णशिरो वसुंधरा ॥

इतिश्री महाभारते कर्णपर्वाणि कर्णवधेएकनवतितमोऽध्यायः ॥९१॥

અધ્યાય ૯૨ મો. સૌ ખિન્ન થયા.

संजय उवाच—शल्यस्तु कर्णार्जुनयोर्विमर्दे बलानिदृष्ट्वामृदितानि बाणैः ।
ययौ हते चाधिरथौपदानुगे रथेन संछिन्न परिच्छदेन ॥ १ ॥

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર ! શલ્ય તો કર્ણ તથા અર્જુનના વિમર્દ વિષે બાણેકરી મર્દન થએલા સૈન્યને જોઇ પગથી વિચરનાર અધિરથપુત્ર કર્ણ હણાયો ત્યાર પછી હણાય છે ઉપસ્કર જેના એવા રથેકરી પોને દૂર ખમી ગયો. દુર્યોધન પણ, હણાયો છે સૂતપુત્ર કર્ણ જેમાંથી એવાં પાડેલાં રથ, અશ્વ તથા હસ્તિવાળા સૈન્યને જોઇ અશ્રુએકરી ભરાયાં છે નેત્ર જેનાં એવો આર્તરૂપવાળો દીન થઇ વારંવાર નિઃશ્વાસ મુકવા લાગ્યો. યદચ્છાએકરી ભૂપર રહેલો સૂર્ય હોય નહિ એવા બાણેકરી વ્યાપ્ત, રૂધિરથી લીંપાએલા અંગવાળા પડેલા શૂરવીર કર્ણને જોવાની ઇચ્છાથી તેને વિંટીને ઉભેલા પારકા તથા તમારી તરફના યોદ્ધાઓમાંથી કેટલાક પ્રહૃષ્ટ, કેટલાક ભયભીત, કેટલાક ખેદયુક્ત, કેટલાક વિસ્મીત તથા બીજા શોકેકરી હણાયા હોય નહિ તેવા થઇ ગયા. એ રીતે જેવી જેમની પ્રકૃતિ હતી તેવા થયા. વિંધાયાં છે કવચ, આભરણ, વસ્ત્ર તથા આયુધ જેનાં એવા અર્જુને હણેલા મોટા તેજવાળા કર્ણને જોઇ, નિર્જન વનમાં હણાયો છે વૃષભ જેમાંથી એવાં [illegible] ટોળાં જેમ નાસે તેમ કૌરવો નાસવા લાગ્યા. તે વખતે ભયંકર [illegible] [illegible] તથા કૌરવોને ત્રાસ પમાડતો ભીમસેન, [illegible]

તથા નૃત્ય કરતો હતો. એ રીતે સૂતપુત્ર કર્ણ હણાયો તે વેળાએ હે રાજન ! સોમક તથા સૃંજયો પણ શંખ વગાડવા લાગ્યા. પ્રસન્ન છે રૂપ જેમનાં એવા સર્વ ક્ષત્રિયો પરસ્પર ભળતા હતા. હે રાજન ! પુરૂષમાં શ્રેષ્ઠ એવા અર્જુન, મોટા વિમર્દ કરી, કેસરી જેમ હસ્તિને હણે તેમ કર્ણને હણી પોતાની પ્રતિજ્ઞા પાળી વેરના અંતને પ્રાપ્ત થયા. અત્યંત મૂઢ છે ચિત્ત જેનું એવો મદ્ર દેશનો અધિપતિ શલ્ય પણ, હણાયો છે ધ્વજ જેનો એવા રથેકરી તરત દુર્યોધનની પાસે આવી, નેત્રમાં છે અશ્રુ જેને એવો તે, દુઃખથી આવી રીતે કહેવા લાગ્યો કે, વિશીર્ણ થયા છે હસ્તિ, અશ્વ, રથ તથા શૂરવીર જેમાં એવું યમના દેશ સરખું તારૂં સૈન્ય, પર્વતનાં શિખર સરખા મોટા નર, અશ્વે તથા હસ્તિઓએ પરસ્પર પ્રાપ્ત થઈ હણ્યું. હે ભારત ! કર્ણ તથા અર્જુનનું યુદ્ધ જેવું થયું એવું યુદ્ધ કોઈપણ થયું ન હતું. જેમાં કર્ણે સામે પ્રાપ્ત થઇ શ્રીકૃષ્ણ, અર્જુન તથા સર્વ શત્રુઓને સંતાપ્યા હતા તો પણ તારી અર્થ સિદ્ધિને કરનારા સર્વ શૂરવીરોને બલાત્કારે શત્રુઓએ હણ્યા. માટે અવશ્ય કરી દૈવ, અર્જુનને વશ રહીને પ્રવર્તતું હોય તેમ લાગે છે; કેમકે આપણું તેટલું બળ છતાં પણ તે, પાંડવનું રક્ષણ કરેછે અને આપણને હણે છે. જો કે હે નૃપવર ! કુબેર, યમ, તથા ઇન્દ્ર સરખો છે પ્રભાવ જેમનો, અત્યંત વીર, વીર્ય, શૌર્ય, બળ તથા તેજ ઇત્યાદિ વિવિધ પ્રકારના તે તે ગુણ સમુદાયે કરી યુક્ત, અવધ્ય, સમર્થ તથા તારા અર્થની છે કામના જેમને એવા રાજાઓને પણ યુદ્ધમાં પાંડવોએ હણ્યા, તો પણ હે ભારત ! તેમનો તું શોચ કર માં; કેમકે, આપણું પ્રારબ્ધજ તેવું છે માટે ધૈર્ય રાખ. યુદ્ધ કરનારની સદા સિદ્ધિ હોતી નથી. એવાં મદ્રપતિનાં વચન સાંભળી અને પોતે કરેલી અનીતિને મનથી યાદ કરી દીન છે મન જેનું એવો આર્તરૂપવાળો બેભાન થએલો દુર્યોધન વારંવાર નિઃશ્વાસ નાખવા લાગ્યો.

एतद्वचो मद्रपतेर्निशम्य स्वेचाप्यनीते मनसा निरीक्ष्य ।
दुर्योधनो दीनमना विसंज्ञः पुनः पुनर्न्यश्वसदार्तरूपः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि गुर्ज्जरभाषायां द्विनवतितमोऽध्यायः॥ ९२ ॥

અધ્યાય ૯૩ મો. કૌરવ સૈન્યમાં ભંગાણ ને ભય.

धृतराष्ट्र उवाच—तस्मिंस्तु कर्णार्जुनयोर्विमर्दे दग्धस्य रौद्रेहनि विद्रुतस्य ।
बभूव रूपं कुरुसृंजयानां बलस्य बाणोन्मथितस्य कीदृक् ॥१॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! કર્ણ તથા અર્જુનના વિમર્દમાં ભયંકર દિવસે દગ્ધ, ભંગાણ પડેલા તથા બાણેકરી ઉન્મથિત એવા કૌરવ તથા સૃંજયના સૈન્યનું રૂપ કેવું થયું હતું. સંજય કહે છે, હે રાજન ! સંગ્રામમાં હસ્તિ, અશ્વ તથા મનુષ્યના દેહનો ઘોર એવો મહાક્ષય જે રીતે પ્રવર્તમાન થયો, તે રીતે હું કહું, તે સાવધાન થઇને આપ સાંભળો. હે રાજન ! જ્યારે કર્ણ હણાયો ત્યારે અર્જુને સિંહનાદ કર્યો. તેને સાંભળી તમારા પુત્રોને મોટો ભય પ્રાપ્ત થયો. તે વખતે તમારી તરફના યોદ્ધાને સૈન્યનું સંધાન કરવામાં તથા પરાક્રમ કરવાની પણ બુદ્ધિ થઇ નહિ. અગાધ એવા ક્ષોભ પામેલા અપાર [illegible] ભેદાયું છે નાવ જેનું એવા પારને ઇચ્છતા વ્યાપારીઓને જેમ મોહ થાય, તેમ [illegible] દ્વીપ [illegible] કૌરવોને કોઈ પણ [illegible] પામી ન શકી. હે રાજન ! [illegible]

આથી અનાથ થએલા શસ્ત્રેકરી ક્ષતયુક્ત થયાં છે અંગ જેમનાં એવા ત્રાસ પામેલા કૌરવ, સિંહે પીડિત કરેલા મૃગ જેમ નાથને ઇચ્છે તેમ નાથને ઇચ્છતા હતા. ભાગ્યાં છે શીંગડાં જેમનાં એવા વૃષભ, અને ભાગી છે દાઢ જેમની એવા સર્પની પેઠે અર્જુને જીતેલા અમે સાયંકાળે સંગ્રામમાંથી પાછા બહાર ગયા. હે રાજન! સૂતપુત્ર હણાયા પછી તીક્ષ્ણ બાણેકરી વિંધાયલા અને હણાયા છે શરીર જેમના એવા તમારા પુત્ર ભયથી નાશી જવા લાગ્યા. તે વખતે હણાયાં છે શસ્ત્ર તથા કવચ જેમનાં, કયી દિશાપ્રત્યે અમે જઇએ છીએ એમ ન જાણનાર, ભયથી પીડિત, પરસ્પર મર્દન કરતા અને ભીમસેન જરૂર મારી સામે આવે છે કે અર્જુન મારીજ સામે આવે છે, એમ માની લઇ આક્રોશ કરતા એવા તે, સંભ્રમથી પડી જતા હતા. ગ્લાનિને પ્રાપ્ત થતા હતા. કેટલાક ઘોડાઉપર, કેટલાક હસ્તિ ઉપર, તથા કેટલાક રથઉપર બેશી વેગથી જતા, તે ભયને લીધે પાયદળોને હણતા હતા. કેટલાક હસ્તિઓએ રથિઓને, મહારથિઓએ ઘોડેસ્વારને અને ભયથી પીડિત એવા પલાયન કરતા અશ્વસમુદાયે કેટલાક પાયદળોને હણ્યાં. હે રાજન! સર્પ તથા તસ્કરે કરી સંકીર્ણ એવા વનમાં પોતાના સથવારાથી જૂદા પડેલા વટેમાર્ગુ જેમ મહા કલેશયુક્ત થાય તેમ સૂતપુત્ર કર્ણ હણાવાથી તમારી તરફના યોદ્ધાઓ કલેશયુક્ત થતા હતા. માવત વગરના હસ્તિ, તથા હાથ વગરના પુરૂષની પેઠે કંઈ પણ પરાક્રમ કરવામાં અસમર્થ એવા ભયથી પીડિત તમારી તરફના સર્વ યોદ્ધાઓ, લોકને અર્જુનમય જોતા હતા. એવી રીતે ભીમસેનના ભયથી પીડિત થએલા નાશી જતા એવા પોતાની તરફના સર્વ યોદ્ધાઓને જોઇ દુર્યોધન, હાહાકાર કરી પોતાના સારથિપ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો કે, ધનુષ છે હાથમાં જેના એવા સંગ્રામમાં ઉભેલા મને, અર્જુન અતિક્રમણ કરી શકે તેમ નથી માટે સર્વ સૈન્યોની પાછળ ધીરેધીરે ઘોડાઓને ચલાવ, અને મહાસમુદ્ર જેમ કિનારાને અતિક્રમણ કરી શકે નહિ, તેમ તે મને અતિક્રમણ કરવા સમર્થ થાય તેમ નથી, માટે યુદ્ધ કરતા એવા કુંતિપુત્રને હું હણીશ એમાં સંશય નથી. તેમજ આજ ગોવિંદ સહિત અર્જુનને, માની એવા ભીમસેનને તથા બીજા પણ શિષ્ટ એવા શત્રુઓને હણું ત્યારે હું કર્ણના અનૃણિપણાને પ્રાપ્ત થાઉં. શૂર તથા આર્ય સરખાં દુર્યોધનનાં વચન સાંભળી તેના સારથિએ સુવર્ણના છે ઉપસ્કર જેમને એવા અશ્વને ધીરેથી ચલાવ્યા. તે વખતે હે મારિષ! રથ, અશ્વ તથા હસ્તિએકરી હીન એવા તમારી તરફના પચ્ચીશ હજાર યોદ્ધાઓ યુદ્ધ કરવા ઉભા રહ્યા. તેમને, સંક્રુદ્ધ થએલો ભીમસેન તથા પાર્ષત એવો ધૃષ્ટદ્યુમ્ન, ચતુરંગ સૈન્યથી વિંટી લેઇ બાણેકરી હણવા લાગ્યા. તે વખતે તમારી તરફના તે યોદ્ધાઓ, પણ સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમસેન સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે યુદ્ધમાં બીજા કેટલાક તમારી તરફના યોદ્ધાઓ, ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્નનું નામ લેઇ તેમની સાથે લડતા હતા. પોતાના બાહુબળનો જેને આશ્રય છે એવો ધર્માપેક્ષી ભીમસેન રથમાં બેઠેલો હું પૃથ્વીવિષે ઉભેલા તેમને કેમ હણું, એમ જાણી તત્કાળ રથમાંથી નીચે ઉતરી સુવર્ણથી શોભતી મોટી ગદા ગ્રહણ કરી સંગ્રામમાં સામે ઉભેલા તમારી તરફના યોદ્ધાઓ સાથે યુદ્ધ કરવા લાગ્યો. કુંતિપુત્ર કાળની પેઠે સર્વને હણવા લાગ્યો, પાયદળો પણ પ્રિય એવા પોતાના જીવિતનો ત્યાગ કરી પતંગ નામના જંતુઓ જેમ અગ્નિ સામે દોડે તેમ સંગ્રામમાં ભીમસેન સામે દોડતા હતા. અત્યંત ક્રોધાવિષ્ટ એવા યુદ્ધમાં દુર્મદ ભીમસેનને પ્રાપ્ત થઇ કાળને જોઇ જેમ પ્રાણીસમુદાય નાશ પામે તેમ નાશ પામવા લાગ્યા. એ રીતે ગદા છે હાથમાં જેને એવો મહા

પરાક્રમવાળો મહા બળવાન ભીમસેન ધૃષ્ટદ્યુમ્નને આગળકરી તમારી તરફનાં પચ્ચીસ હજાર યોદ્ધાઓરૂપી મોટા પુરૂષ સૈન્યને હણી બાજપક્ષીની પેઠે સંગ્રામના મધ્યમાં વિચરતો હતો. પરાક્રમી અર્જુન, રથસૈન્ય સામે ગયો. પ્રસન્ન થએલા માદ્રીપુત્ર નકુળ સહદેવ તથા મહારથિ સાત્યકિ, એ ત્રણ વેગેકરી દુર્યોધનના સૈન્ય સામે દોડી તીક્ષ્ણ બાણેકરી તેના ઘણાક ઘોડેસ્વારોને હણવા લાગ્યા, તે સમયે પરસ્પરનું મોટું યુદ્ધ થયું. હે પ્રભો ! અર્જુન પણ તમારા રથ સૈન્ય સામે આવી ત્રણ લોકમાં વિખ્યાત એવું ગાંડીવ ધનુષ ખેંચી યુદ્ધ કરવાને ઉદ્યુક્ત થયા. તે વેળાએ કૃષ્ણ છે સારથિ જેના એવા શ્વેત અશ્વવાળા રથને તથા યુદ્ધ કરનાર અર્જુનને જોઇ તમારી તરફના યોદ્ધાઓ, ભયથી નાસવા લાગ્યા. એ રીતે ભાગી ગયા છે રથિઓ જેમના એવા બાણથી વિંધાયલા પચ્ચીસ હજાર યોદ્ધ કાળને પ્રાપ્ત થયા. એવી રીતે પાંચાલરાજનો પુત્ર ઉદાર મનવાળો પુરૂષમાં સિંહરૂપ મહારથિ ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેનને આગળ કરી તેમને હણી તત્કાળ સામે દેખાયો. મેહું ધનુષ ધરનાર શત્રુગણને તપાવનાર કોવિદાર વૃક્ષના ચિન્હવાળી છે ધ્વજા જેની એવા પારાવત સરખા વર્ણના અશ્વવાળા ધૃષ્ટદ્યુમ્નને સંગ્રામમાં જોઈ તમારી તરફના યોદ્ધાઓ ભયથી કંપવા લાગ્યા. સાત્યકિ સહિત યશસ્વી એવા માદ્રીપુત્ર નકુળ સહદેવ, જલદી અસ્ત્ર નાખનાર ગાંધારરાજ શકુનિ સામે જઇ એકદમ દેખાયા. હે મારિષ ! ચેકિતાન, શિખંડી તથા દ્રૌપદીના પુત્ર તમારા મોટા સૈન્યને હણી શંખ વગાડવા લાગ્યા. પાંડવ તરફના સર્વ યોદ્ધાઓ, નાશી જતા વિમુખ થએલા તમારી તરફના યોદ્ધાઓને જોઇને અત્યંત ક્રોધાયમાન થએલા વૃષભને જીતીને પણ વૃષભ જેમ તેની પાછળ દોડે તેમ પાછળ દોડવા લાગ્યા. હે નૃપ ! પરાક્રમી એવો બળવાન પાંડુપુત્ર અર્જુન, અવશેષ રહેલી તમારી સેનાને જોઇ ક્રોધયુક્ત થઇ, ત્રણ લોકમાં વિખ્યાત એવું ગાંડીવ ધનુષ ખેંચી તત્કાળ ઘણાક બાણ તેની ઉપર નાખવા લાગ્યો. તે બાણથી થએલા અંધકારને લીધે પૃથ્વીપર કંઇપણ દેખાતું ન હતું. હે વિશાંપતે ! હે મહારાજ ! તમારી તરફના સર્વ યોદ્ધાઓ, ભયથી નાસવા લાગ્યા. એ રીતે સૈન્યમાં ભંગાણ પડયું તેને જોઇ કુરૂરાજ એવા તમારા પુત્ર દુર્યોધને, સામે આવતા પોતાના શત્રુસામે દોડી હે ભરતશ્રેષ્ઠ ! પૂર્વે બળિરાજાએ જેમ દેવતાઓને બોલાવ્યા હતા તેમ યુદ્ધ વાસ્તે સર્વ પાંડવોને બોલાવ્યા. તે વખતે નાના પ્રકારના શસ્ત્ર ધારણ કરેલા વારંવાર તમારા પુત્રને તિરસ્કાર કરતા ક્રોધાયમાન થએલા એકઠા મળેલા તે, સિંહનાદ કરતા તમારા પુત્ર સામે આવ્યા. અસંભ્રાંત એવા ક્રોધાયમાન થએલા દુર્યોધને પણ તે સંગ્રામમાં તીક્ષ્ણ બાણેકરી ચોતરફથી પાંડવ તરફના સેંકડો તથા હજારો યોદ્ધાઓને હણ્યા. તે વખતે તમારા પુત્રના અદ્‌ભુત એવા પરાક્રમને અમે જોતા હતા. એકલો પોતે એકઠા મળેલા સર્વ પાંડવ સાથે યુદ્ધ કરતો હતો. તેટલામાં હે રાજેન્દ્ર ! મહાત્મા એવો તમારો પુત્ર દુર્યોધન, દુઃખિત એવા પોતાના સૈન્યને જોઇ સૈન્યને ઉભું રાખી યોદ્ધાઓને હર્ષ પમાડતાં આવી રીતે કહેવા લાગ્યો કે, હે યોદ્ધાઓ ! ભયથી પીડિત એવા તમો શું કરવા નાસો છો ? કેમકે જ્યાં જઇ પાંડવથી મૂકાશો એવા કોઈ પણ દેશને હું જોતો નથી માટે તમારા નાસવાથી શું ? તેમ એમનું પણ સૈન્ય હવે થોડું બાકી રહ્યું છે અને શ્રીકૃષ્ણ તથા અર્જુન પણ અત્યંત ક્ષત થએલા છે તેથી આજ્જ તે સર્વને હું હણીશ, જરૂર આપણો જય થશે. એમ છતાં પણ તમે ભાગશો તો કર્યો છે અપરાધ જેમણે એવા તમોને પાછળ આવીને [illegible] પાંડવ હણશે [illegible] સામે આવીનેજ સંગ્રામમાં મૃત્યુ [illegible] છે માટે [illegible]

કરો. હે ક્ષત્રિયો ! જેટલા તમે સંગ્રામમાં આવેલા છો તે બધા હું કહું તે સાંભળો— સંગ્રામમાં મરણ પામેલો દુઃખને જાણે પણ નહિ અને મરણ પામ્યા પછી અનંત સુખને પામે છે માટે તમે ક્ષાત્રધર્મને અનુસરી યુદ્ધ કરો. અંતક એવો યમરાજા કોઇ દિવસે પણ માર્યા વગર તો રહેનાર છે જ નહિ, વાસ્તે ક્ષત્રિયનું જેને વ્રત છે એવો મારા સરખો કોણ યુદ્ધ ન કરે ? એકલું કહેવા છતાં પણ તમો ભાગશો તો ક્રોધાયમાન થએલા દ્વેષી એવા ભીમસેનને વશ થશો માટે વૃદ્ધોએ આચરિત એવા ધર્મને ત્યાગ કરવા તમો લાયક નથી. હે કૌરવો ! ક્ષત્રિયને પલાયન કરવાથી બીજો કોઈ પણ વધારે પાપિષ્ટ અધર્મ નથી અને યુદ્ધ ધર્મથી કલ્યાણરૂપ સ્વર્ગનો બીજો માર્ગ નથી. વાસ્તે હે યોદ્ધાઓ ! સંગ્રામમાં હણાશો તોપણ તત્કાળ ઉત્તમ લોકને પ્રાપ્ત થશો. સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર ! આ રીતે તમારા પુત્રે કહ્યું તો પણ અત્યંત ક્ષત થએલા સૈનિકો, તેનાં વાક્ય ન સાંભળતાં ચોતરફથી દિશાઓપ્રત્યે નાસવા લાગ્યા.

एवं ब्रुवति पुत्रे ते सैनिकाभृशविक्षताः ।
अनवेक्ष्यैव तद्वाक्यं प्राद्रवन् सर्वतोदिशः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि कौरवसैन्यपलायने गुर्ज्जरभाषायां त्रिनवतितमो ऽध्यायः ॥ ९३ ॥

અધ્યાય ૯૪ મો. રણભૂમી વર્ણન.

संजय उवाच—दृष्ट्वा तु सैन्यं परिवृत्यमानं पुत्रेण ते मद्रपतिस्तदानीं ।
संत्रस्तरूपः परिमूढचेता दुर्योधनं वाक्यमिदं बभाषे ॥१॥

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર ! તમારા પુત્રે ફેરવવા માંડેલા સૈન્યને જોઇ મૂઢ થઇ ગયું છે ચિત્ત જેનું એવો સંત્રસ્ત રૂપવાળો મદ્રપતિ શલ્ય, દુર્યોધન પાસે આ આવી રીતે કહેવા લાગ્યો કે, નર, અશ્વ, હસ્તિ તથા સેંકડો શરીરોએકરી સંપૂર્ણ એવા આ ઉગ્ર યુદ્ધને જો. જેમાં ભેદાયા છે પાષાણ મોટા, વૃક્ષ તથા ઔષધિ જેમાં એવા વજ્રથી હણાયલા ઉત્તમ પર્વત જાણે હોય નહિ એવા, એક વાર ભેદાયલા બાણે કરી ભેદાયા છે દેહ જેમના, અત્યંત વિહ્વલ પ્રાણરહિત થઈ પડેલા અને વિંધાયા છે ઘંટા, અંકુશ, તોમર તથા ધ્વજ જેમના એવા હસ્તિઓ, બાણથી ભેદાયલા શ્વાસોચ્છ્વાસ કરતા, પીડિત, રૂધિરનું વમન કરતા પૃથ્વીને દશન કરતા રૂધિરના ઓઘેકરી વ્યાપ્ત સુવર્ણનાં ઉપસ્કરથી શોભિતા, પડેલા અશ્વ, તેમજ નાશ થયાં છે કવચ, આયુધ, ઢાલ તથા ખડગ જેમનાં એવા દીનની પેઠે શબ્દ કરતા પ્રાણસહિત તથા પ્રાણરહિત એવા શરીર, એ રીતે હણાયલા ગજ, અશ્વ, યોદ્ધાઓ તથા મર્દન કરેલા રથેકરી રણભૂમિ, વૈતરણી જેવી લાગે છે. વળી અર્જુનના બાણથી હણાયલા, છેદ્યાં છે સૂંઢ તથા શરીર જેમનાં, વીખરાએલા દાંતવાળા રૂધિરનું વમન કરતા દયા આવે તેવો શબ્દ કરનાર, કંપાયમાન પૃથ્વિવિષે પડેલા હસ્તિઓ, કપાયાં છે ચક્ર, દાંડા તથા ધોંસરી જેમની, સુવર્ણની જાળથી વિસ્તૃત, સારથિ સહિત અત્યંત હણાયલા અને અતિશય વીંધાયા છે ભાથા પતાકા તથા ધ્વજ જેમના એવા મેઘસરખા રથના ઓઘ, તેમજ હસ્તિ, રથ તથા અશ્વ ઉપર બેશી યુદ્ધ કરનાર, સન્મુખ આવી હણાયલા, વીર

રાયાં છે કવચ, આભરણુ, વસ્ત્ર તથા આયુધ જેમનાં એવા, પ્રશાંત અગ્નિ સરખા બાણુના પ્રહારથી હણાયલા એવા સંગ્રામના મધ્યમાં પતિત હજારો મહા બળવાન યોદ્ધાઓએકરી, રણભૂમિ અત્યંત પ્રદીપ્તિમાન એવા ગ્રહોએ કરી રાત્રિએ આકાશ શોભે તેમ શોભતી હતી. એ રીતે કર્ણ તથા અર્જુનના બાણેકરી હણાયાં છે શરીર જેમનાં એવા સંજ્ઞારહિત શ્વાસોશ્વાસ કરતા કૌરવ તથા સૃંજયોમાંના શૂરવીરોએકરી, રણભૂમિ શોભતી હતી. કર્ણ તથા અર્જુનના બાહુમાંથી મૂકાયલા બાણુ તો, હસ્તિ, અશ્વ, તથા મનુષ્યના દેહને વિદારણુ કરી તેમના પ્રાણુનો નાશ કરી તત્કાળ ચોતરફથી નમ્ર એવા મોટા સર્પ જેમ પોતાના નિવાસપ્રત્યે જાય તેમ પૃથ્વીપ્રત્યે જતા હતા હે નરેન્દ્ર ! સંગ્રામમાં અર્જુન તથા કર્ણના બાણેકરી હણાયલા એવા મનુષ્ય, અશ્વ, હસ્તિ તથા રથેકરી રણભૂમિ અગમ્યરૂપ થઈ હતી. શ્રેષ્ઠ બાણે મથન કરેલા, અત્યંત દૃઢ યોદ્ધાઓ, શસ્ત્ર, શ્રેષ્ઠ આયુધ તથા ધ્વજસહિત, વીખરાયાં છે જોતર જેમનાં, કપાઈ ગયાં છે બંધન, ચક્ર, આરા, યુગ તથા ઉપસ્કરરહિત, હણાયો છે નીચેનો ભાગ જેનો, ભાથા તથા બંધનરહિત, ભાગ્યા છે નીડ જેમના એવા મણિ તથા સુવર્ણથી શોભિતા રથોવડે શરદ્ઋતુનાં વાદળાંએકરી જેમ આકાશ વિંટાય તેમ રણભૂમિ ભરાઈ ગઈ છે. વેગવાન અશ્વ જેમને જોડેલા છે એવા સ્વામિ વગરના રાજાઓના રથ તથા હસ્તિ અને અશ્વના સમુદાયવડે જલદીથી જતા એવા કેટલાક યોદ્ધાઓ રણમાં ચૂર્ણ થઈ ગયા. સુવર્ણના પટા, ભાલાં, ફરશિઓ, તીક્ષ્ણ એવાં ત્રિશૂળ, મોટાં મુસળ, મુદ્‍ગરો, કોશરહિત નિર્મળ ચકચકિત પણ રૂધિરવાળા પ્રાસ-ખડગ, સુવર્ણમય લાકડીઓ, છત્ર, વાળાના વ્યજન, કપાઈ ગએલા શંખ, તુટી ગએલી વિચિત્ર પ્રકારની માળાઓ, હસ્તિની ઝુલ્યો, પતાકા, વસ્ત્ર, શુભ્ર મુકુટ, કિરીટ માળા, પ્રવાલ તથા મૌક્તિકના ચંચળ એવા હાર, કંઠાભરણુ, મણિ, રત્ન તથા મૌક્તિકનાં નાનાપ્રકારનાં મંગળરૂપ ભૂષણુ અને અત્યંત સુખને ઉચિત એવાં શૂરવીરોનાં શરીર તથા ચંદ્ર સરખાં છે મુખ જેમાં એવાં તેમનાં મસ્તકો પણ રણમાં પડતાં હતાં. એ રીતે શૂરવીર એવા પુરૂષો દેહ, ભોગ, પોતાનો પરિવાર તથા મનોહર એવાં સુખને છોડી દેઈ મોટી સ્વધર્મનિષ્ઠાને પ્રાપ્ત થઈ લોકમાં યશનો વિસ્તાર કરી પરલોક પ્રત્યે ગયા. હે રાજન ! હે માનદ ! હે દુર્યોધન ! તું પાછો વળી તંબુપ્રત્યે જા અને સૈનિકો પણ પોતપોતાને સ્થાનકે જાઓ. કેમકે હે પ્રભો ! આ સૂર્ય પણ અસ્ત થવા આવ્યો અને વળી હે નરેન્દ્ર ! પાછો આ કાર્યવિષે તુંજ કારણુ છે. શોકેકરી વ્યાપ્ત છે ચિત્ત જેનું એવો શલ્ય, હા કર્ણ ! એ રીતે કહેતો નેત્ર વિષે અશ્રુ ભરેલા સંજ્ઞા વગરના અત્યંત પીડિત એવા દુર્યોધનને એ રીતે કહી બોલતો રહી ગયો. તેમજ દ્રોણપુત્ર છે મુખ્ય જેમાં એવા બીજા સર્વ રાજાઓ પણ [illegible] પ્રજ્વલિત એવા અર્જુનના મોટા ધ્વજને વારંવાર જોતાં દુર્યોધનની આશ્વાસના કરતા પોત પોતાને ઉતારે જવા લાગ્યા. અતિ વિરાજમાન એવા રૌદ્ર મુહૂર્તવિષે રક્ત વસ્ત્ર [illegible] તથા સુવર્ણના યોગથી પ્રકાશમાન એવી સર્વ ગમ્ય નારી હોય નહિ જાણે એવી મનુષ્ય, અશ્વ, તથા હસ્તિના શરીરમાંથી ઉત્પન્ન થએલા રૂધિરે સિંચન કરેલી રૂધિરેકરી [illegible] ગએલાં રૂપવાળી પૃથ્વીને જોઈ કર્ણના વધેકરી દુઃખિત એવા દેવલોકને પ્રાપ્ત [illegible] તેવા થએલા કારણ રક્ત થએલા સૂર્યને જોઈ હા કર્ણ હા કર્ણ ! એ રીતે કહેતા પોતપોતાને ઉતારાપ્રત્યે ગયા. તે સમયે ગાંડીવ ધનુષમાંથી મૂકાયલા સુવર્ણના પુંખવાળા, [illegible] તીક્ષ્ણ [illegible], રૂધિરેકરી વ્યાપ્ત પક્ષવાળા બાણેકરી વિંધાયું છે અંગ જેનું એવો [illegible]

સુતેલો કર્ણ હણાયો છે તો પણ કિરણોની માળાવાળો સૂર્ય શોભે તેમ શોભતો હતો. તે સમયે ભક્ત ઉપર છે દયા જેને એવા ભગવાન સૂર્ય, રૂધિરેકરી વ્યાપ્ત એવા કર્ણના દેહને કિરણોથી સ્પર્શ કરી તેના રૂધિરેકરી રક્ત છે રૂપ જેનું એવા તે સ્નાન કરવાની ઇચ્છાથી સમુદ્ર પર ગયા, એમ ચિંતન કરીનેજ જાણે સુરર્ષિના સંઘ પોતાના સ્થાનકપ્રત્યે જવા લાગ્યા. બીજાં સર્વ પણ સુખેકરી સ્વર્ગ તરફ જતાં હતાં. બાકીનાં બીજાં મનુષ્યો પણ, શૂરવીરોમાં મુખ્ય એવા અર્જુન તથા કર્ણના પ્રાણીઓને આશ્ચર્યરૂપ યુદ્ધને જોઇ વિસ્મિત થઇ તેની પ્રશંસા કરતા પોતપોતાને સ્થાનકે જતા હતા. એવી રીતે બાણેકરી કપાયું છે કવચ જેનું એવો, રૂધિરેકરી ભીંજાએલા વસ્ત્રવાળો રાધાપુત્ર કર્ણ, પ્રાણરહિત થયો તો પણ તેને લક્ષ્મી મુકતી ન હતી. તપાયમાન સુવર્ણ સમાન કાંતિવાળા, અગ્નિ તથા સૂર્ય સમાન તેજવાળા કર્ણને જાણે જીવતોજ હોય નહિ, એમ સર્વ પ્રાણી માનતાં હતાં. હે મહારાજ! વનના સિંહને જોઇ જેમ બીજાં વનપશુ ત્રાસ પામે તેમ સંગ્રામવિષે હણાયેલા કર્ણને જોઇને સર્વ યોદ્ધાઓ ત્રાસ પામતા હતા. પુરૂષમાં સિંહરૂપ એવો તે, હણાયો તો પણ જીવતો હોય તેવો દેખાતો હતો, કેમકે હણાયલા તે મહાત્માના શરીરમાં કંઈ પણ વિકૃતિ થઈ ન હતી. સુંદર વેશ ધરનાર, સુંદર મુકુટયુક્ત મસ્તકવાળા સૂતપુત્ર કર્ણનું મુખ, પૂર્ણ ચન્દ્ર સમાન રહ્યું હતું. હે રાજન્! તપાવેલા સુવર્ણના બાજુબંધ પહેરેલો નાના પ્રકારના આભરણથી શોભિતો પ્રાણ વગરનો સંગ્રામમાં સૂતેલો સૂર્યપુત્ર કર્ણ, સૂતેલા અંકુરવાન વૃક્ષ જેવો લાગતો હતો. હે પુરૂષવ્યાઘ્ર! સુવર્ણ જેવા અંગવાળો પ્રજ્વલિત અગ્નિ સરખો કર્ણ અર્જુનના બાણરૂપી જળેકરી શાંત થયેલો અગ્નિ જેમ જળને પ્રાપ્ત થઇ શાંત થાય તેમ સંગ્રામમાં કર્ણરૂપી અગ્નિ, અર્જુનરૂપી મેઘને પ્રાપ્ત થઇ શાંત થયો. ઉત્તમ યુદ્ધથી પૃથ્વીવિષે પોતાનો યશ સંપાદન કરી, બાણવૃષ્ટિથી દશે દિશાઓને તપાવી પુત્રસહિત કર્ણ સંગ્રામમાં અર્જુનના તેજેકરી શાંત થયો. તેમજ અસ્ત્રના તેજેકરી પાંડવ તથા સર્વ પંચાલોને તપાવી, બાણના વર્ષાદથી શત્રુસેનાને તપાવી શ્રીમાન્ સૂર્યની પેઠે સર્વ જગતને સંતપ્ત કરી વાહન તથા પુત્રસહિત સૂર્યપુત્ર કર્ણ હણાયો. અર્થીજનોએ યાચના કરેલો જે, 'આપું છું' એમ બોલનાર પણ નહિ, એમ તો ક્યારે કહેનારજ નહીં તેમ જે મહાત્માનું સર્વ ધન બ્રાહ્મણોને આધીન હતું અને જેણે યાચના કરનાર બ્રાહ્મણોને પોતાનું જીવિત પણ અદેય હતું નહિ એવો અર્થિરૂપ પક્ષિસંઘનો કલ્પવૃક્ષ સત્ક્રિયોને પ્રિય એવો મહારથિ દાતા કર્ણ, દ્વંદ્વયુદ્ધમાં અર્જુનના બાણથી નિર્દગ્ધ થઇ પરમ ગતિને પ્રાપ્ત થયો. હે રાજન્! જેનો આશ્રય કરી તમારા પુત્ર દુર્યોધને પાંડવ સાથે વેર કર્યું હતું તે કર્ણ, તમારા પુત્રોની જયાશા, સુખ તથા રક્ષણ ભેગું લેઈ સ્વર્ગપ્રત્યે ગયો. પરાક્રમી કર્ણ હણાયો તે વખતે નદીઓના વેગ બંધ થઇ ગયા. દિવાકર એવા સવિતાનારાયણ અસ્તને પ્રાપ્ત થયા. અગ્નિ તથા સૂર્ય જેવા વર્ણવાળો ગ્રહકેતુ, વાંકો ઉગ્યો. બુધ પણ ક્રમ છોડી દેઇ આડો ઉગ્યો. આકાશમાં પ્રતિધ્વનિ થાય એવો પૃથ્વીનો શબ્દ થયો અત્યંત ઘોર એવા કઠોર વાયુ વાવા લાગ્યા. સધૂમ્ર એવી દિશાઓ પ્રજ્વલિત થઇ. મહા સમુદ્ર શબ્દ કરતા ક્ષોભ પામી ગયા. વન સહિત પર્વત કંપવા લાગ્યા. સર્વ ભૂતગણ વ્યથિત થયા. હે વિશાંપતે! બૃહસ્પતિ, રોહિણીને વિંટી ચંદ્ર તથા સૂર્ય સરખા પ્રકાશવાળો દેખાવા લાગ્યો. વિદિશાઓ પણ પ્રજ્વલિત થઇ. આકાશ, અંધકારથી છવાઇ ગયું. પૃથ્વી ચલાયમાન થઇ. અગ્નિ સરખો જેનો પ્રકાશ છે એવી ઉલ્કાઓ પડવા લાગી. નિશાચર

એવાં પ્રાણીઓ પ્રહૃષ્ટ થયાં. જે વખતે અર્જુને ક્ષુર નામના બાણેકરી ચન્દ્રસમ છે મુખ જેમાં એવું કર્ણનું મસ્તક પાડયું ત્યારે અંતરિક્ષમાં તત્કાળ દેવતાઓએ કરેલો હાહાકાર શબ્દ થયો. હે રાજન્ ! દેવ, ગંધર્વ તથા મનુષ્યોએ પૂજિત એવા શત્રુરૂપ કર્ણને સંગ્રામમાં હણી અર્જુન પરમ એવી કાંતિએકરી પૂર્વે વૃત્રાસુર વધવિષે ઇન્દ્ર શોભતો હતો તેમ શોભવા લાગ્યો. તે વખતે મેઘવૃંદના શબ્દવાળા, શરદૃઋતુના મધ્યાન્હના સૂર્ય જેવી કાંતિવાળા, પતાકાયુક્ત, ભયંકર શબ્દવાળો છે ધ્વજ જેનો એવા અપ્રતિમ વેગવાળા મહેન્દ્રના વાહન સરખા, હિમ, ચંદ્ર, શંખ તથા સ્ફટિક સરખી કાંતિવાળા રથે કરી, મહેન્દ્ર સરખું છે પરાક્રમ, પ્રતિમ તથા પૌરૂષ જેમનું એવા, સુવર્ણ મુક્તામણી, વજ્ર તથા વિદ્રુમમણિએકરી શણગારેલા, ભયરહિત, નરમાં ઉત્તમ કેશવ તથા અર્જુન, રણાજિરવિષે અગ્નિ તથા સૂર્ય જેવા શોભે તથા એક વાહનમાં બેઠેલા વિષ્ણુ અને ઇન્દ્ર શોભે તેમ શોભતા હતા. એ રીતે મનુષ્યમાં શ્રેષ્ઠ, ઘણા પ્રભાવવાળા, શત્રુઓના મનને અવધારણ કરનાર શ્રીકૃષ્ણ તથા અર્જુન, ધનુષની પ્રત્યંચા, મોજા તથા બાણના શબ્દથી બળાત્કારેકરી શત્રુઓને કાંતિરહિત કરી ઉત્તમ બાણેકરી કૌરવોને ઢાંકી દેઇ પ્રસન્ન થએલા તે બેઉ, સુવર્ણથી હિમસમ શ્વેત, મોટા શબ્દવાળા પોતાના ઉત્તમ શંખ હાથમાં ગ્રહણ કરી એક કાલાવચ્છિન્ન વગાડવા લાગ્યા. વાગતા એવા પાંચજન્ય તથા દેવદત્ત નામના શંખના શબ્દેકરી પૃથ્વી, આકાશ તથા દિશાઓ પ્રતિધ્વનિત થઇ. હે રાજસત્તમ ! માધવ તથા અર્જુનના શંખ શબ્દેકરી કૌરવો ત્રાસ પામતા હતા. એવી રીતે શંખના શબ્દેકરી વન, પર્વત, નદીઓ તથા ગુહાઓને શબ્દાયમાન કરતા અને તમારા પુત્રની સેનાને ત્રાસ પમાડતા, શ્રેષ્ઠ એવા તે બેઉ યુધિષ્ઠિરને આનંદ પમાડતા હતા. હે ભારત ! શ્રીકૃષ્ણ તથા અર્જુનના શંખશબ્દને સાંભળીને કૌરવો મદ્રાધિપતિ શલ્યને તથા ભારતોના પતિ એવા દુર્યોધનને છોડી દેઈ વેગથી આમતેમ નાસવા લાગ્યા, તે સમયે એકઠા મળેલાં પ્રાણીઓ તે મહા સંગ્રામમાં અભ્યુદય થએલા બે સૂર્ય સરખા અત્યંત શોભતા એવા અર્જુન તથા જનાર્દન ભગવાનને વખાણતાં હતા. કર્ણના બાણેકરી વ્યાપ્ત છે શરીર જેમનાં, શત્રુઓને તપાવનાર એવા શ્રીકૃષ્ણ તથા અર્જુન, સંગ્રામના મધ્યમાં, અંધકારને હણી ઉદય થએલા કિરણોની માળાવાળા નિર્મળ એવા ચન્દ્ર તથા સૂર્ય, આકાશમાં શોભે તેમ શોભતા હતા. તે બાણગણનો ત્યાગ કરી સંબંધિઓથી વિંટાયલા, અપ્રતિમાન પરાક્રમવાળા ઇશ્વર એવા તે બેઉ, આવાહન કરેલા વિષ્ણુ તથા ઇન્દ્ર જેમ સભામાં પ્રવેશ કરે તેમ પોતાના શિબિરપ્રત્યે પ્રવિષ્ટ થયા. દેવ ગંધર્વ મનુષ્ય, ચારણ, મહર્ષિ, યક્ષ, તથા મોટા સર્પોએ 'તમારો જય થાઓ ! તમારો જય થાઓ '! એ રીતે સત્કાર કરી ઘટતી રીતે પૂજા કરેલા, ગુણેકરી વંખાણાયેલા સુહૃદ્ગણ સહિત તે બેઉ, કર્ણને હણી બળ નામના દૈત્યને હણી ઇન્દ્ર તથા વિષ્ણુ પ્રસન્ન થયા હતા તેમ પ્રસન્ન થયા.

> यथानुरूपं प्रतिपूजितावुभौ प्रशस्य मानौरवकृतैर्गुणौघैः ।
> ननंदतुस्तौ ससुहृद्गणौ तदाबलं नियम्येव सुरेशकेशवौ ॥

इतिश्री महाभारते कर्णपर्वणि रणभूमिवर्णननाम गुर्जरभाषायां चतुर्नवतितमो अध्यायः ॥ ९४ ॥

અધ્યાય ૯૫ મો. છાવણીમાં પાછા ફર્યા.

संजय उवाच—हतेवैकर्तने राजन् कुरवो भयपीडिता ।
वीक्षमाणादिशः सर्वाः पर्यायेतुः सहस्रशः ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! સૂર્યપુત્ર કર્ણ હણાયો તેને જોઇ ભયથી પીડિત થએલા હજારો કૌરવ, જોતા જોતા સર્વ દિશાઓ તરફ નાસવા લાગ્યા. પરમ સંગ્રામવિષે શત્રુઓએ હણેલા કર્ણને જોઈ ક્ષત થયાં છે અંગ જેમનાં એવા ભય પામેલા તમારી તરફના બીજા યોદ્ધાઓ પણ દિશાઓપ્રત્યે જતા હતા. એટલામાં અત્યંત દુઃખિત એવા ઉદ્વિગ્ન થએલા તમારી તરફના સર્વ યોદ્ધાઓ દુર્યોધને વાર્યા તોપણ ચોતરફથી અવહાર કરવા લાગ્યા. તેમનો તે મત જાણી હે નૃપ ! તમારા પુત્ર દુર્યોધને પણ શલ્યના અનુમતથી અવહાર કર્યો. હે ભારત ! તમારી તરફના રથિઓએકરી વિંટાયલો તથા બાકી રહેલા કેટલાક યોદ્ધાઓ સહિત કૃતવર્મા પણ પોતાના શિબિર પ્રત્યે હાંક્યો. હણાયલા કર્ણને જોઇ હજારો ગાંધારોથી વિંટાયલો શકુનિ પોતાના શિબિર તરફ ગયો. તેમજ હે રાજન્ ! મોટા મેઘસમાન હસ્તિ સૈન્ય લઇ કૃપાચાર્ય પણ પોતાના ઉતારા તરફ ગયા. ત્યાર પછી શૂરવીર એવો અશ્વત્થામા પણ પાંડવનો જય જોઇ વારંવાર નિઃશ્વાસ મૂકી પોતાના શિબિરે ગયો. હે રાજન્ ! બાકી રહેલાં મોટાં સંશપ્તક સૈન્યસહિત ભયથી પીડાયલો સુશર્મા પણ જોતો જોતો ઉતારે ગયો. હણાયા છે સર્વસ્વરૂપને બાંધવ જેના એવો અત્યંત ખેદયુક્ત મનવાળો શોકાવિષ્ટ દુર્યોધન પણ વિચાર કરતો પોતાને ઉતારે ગયો. રથિમાં શ્રેષ્ઠ શલ્ય, કપાયો છે ધ્વજ જેનો એવા રથેકરી દશે દિશાઓને જોતો પોતાના શિબિરપ્રત્યે ગયો. ભયેકરી ત્રાસ પામેલા લજ્જાયુક્ત, ભાન વગરના ઘણાક ભારતોના મહારથિઓ નાસવા લાગ્યા. પડેલા કર્ણને જોઇ ખરે છે રૂધિર જેના શરીરમાંથી એવા કંપાયમાન આતુર એવા ઉદ્વિગ્ન થએલા સર્વ કૌરવ, રણમાંથી નાસવા લાગ્યા. હે કુરૂસત્તમ ! કેટલાક કર્ણને અને કેટલાક અર્જુનને વખાણતા ભય પામેલા મહારથિ કૌરવ, આમતેમ જતા હતા. તમારી તરફના હજારો યોદ્ધાઓમાંથી તે મહા સંગ્રામમાં કોઇપણ પુરૂષ યુદ્ધ કરવા મન કરતો ન હતો. હે મહારાજ ! કર્ણ હણાયા પછી કૌરવો, જીવિત, રાજ્ય, સ્ત્રી તથા ધન વિષે નિરાશ થયા. તેમને દુઃખ તથા શોકયુક્ત એવા સમર્થ તમારાપુત્રે, મોટા યત્નથી લેઇ આવી છાવણીમાં પ્રવેશ કરવાનું મન કર્યું. હે વિશાંપતે ! હે રાજન ! મહારથિ એવા તે યોદ્ધાઓ, તેની આજ્ઞાને મસ્તક ઉપર ચઢાવી વિવર્ણ છે મુખ જેમનું એવા તે, પોતપોતાના શિબિરમાં ગયા.

तस्याज्ञां शिरसा योधाः परिगृह्य विशांपते ॥
विवर्णवदना राजन् न्यविशंत महारथाः ॥

इतिश्री महाभारते कर्णपर्वणि शिबिरप्रयाणे गुर्जरभाषायां पंचनवतितमोऽध्यायः ॥ ९५ ॥

અમોને, ઇંદ્ર જેમાં મુખ્ય છે એવા દેવતાઓની સહાયતાથી પણ જો કૌરવો જીતે, તો એમ જાણવું કે, ધર્મથી અધર્મ કરવો સારો છે, ને સારૂં કર્મ કરવું નિષ્ફળ છે. પરાક્રમથીજ જો જય થતો હશે અથવા અમને દુર્યોધન તુચ્છ જાણતો હશે, તો તો હું પરિવાર સહિત તેને વાસુદેવની સહાયતાથી મારવાની આશા રાખું છું. અને જો ઉત્તમ વા અધમ કર્મ ફળ દેનારાં હશે, તોપણ તેનોજ પરાજય થશે. કારણ યુધિષ્ઠિર વિષે તો ઉત્તમ કર્મ અને તેને વિષે પાપ કર્મ રહ્યાં છે. હે કૌરવો ! હવે તો હું પ્રત્યક્ષ કહું છું કે, જો દુર્યોધન યુદ્ધ કરશે, તો ધૃતરાષ્ટ્રના પુત્રો નાશ પામશે. કૌરવો જીવતા રહેશે તો યુદ્ધ વગર રહેશે, પણ યુદ્ધ થયું તો તો કોઇપણ અવશેષ રહેશે નહીં. હું કર્ણ સહિત ધૃતરાષ્ટ્રના પુત્રોને હણી કૌરવોના સમગ્ર રાજ્યને જીતીશ, માટે તમારે જે કરવું હોય તે કરી લ્યો, ને ઇષ્ટ સ્ત્રિયો તથા પોતાના જે ભોગ હોય તેને પણ ભોગવી લ્યો કારણ કુલીન, શીલવાન, ઘણાં શાસ્ત્ર ભણેલા વૃદ્ધ બ્રાહ્મણો તથા કયી રાશિનું કયું નક્ષત્ર છે ઇત્યાદિ કાળનો નિશ્ચય કરનાર, સારૂં નરતું દૈવાધીન ભવિષ્ય કહેનારા, પ્રશ્ન જોનારા મુહૂર્ત જોનારા, તથા સારાં નરતાં ફળ કહેવા વાસ્તે કયું નક્ષત્ર કયા ગ્રહે કરી વિદ્ધ છે એમ વિચારનારા પણ, કૌરવો તથા સૃંજયોનો ક્ષય અને પાંડવોનો જય થશે, એમ નિવેદન કરે છે. પોતાનો અર્થ જાણે સિદ્ધજ થયો હોય નહીં તેમ વર્તનાર યુધિષ્ઠિર રાજા અમારો જય છે એમ માને છે. દિવ્ય દૃષ્ટિથી ભૂત ભવિષ્યને જોનાર તથા યાદવમાં સિંહરૂપ જનાર્દન શ્રીકૃષ્ણ પણ અમારો જય કહે છે. તેમ હું પોતે પણ યોગદૃષ્ટિથી સાવધાન થઇ જોઉં છું તો અમારો જયજ દેખું છું. મારી પૂર્વે અભ્યાસ કરેલી યોગદૃષ્ટિ હજી કાયમ છે એટલે જો યુદ્ધ થશે તો ધૃતરાષ્ટ્રના પુત્રો છેજ નહીં એમ જાણવું. મારૂં ગાંડીવ ધનુષ ઉપાડયા વગર તણાય છે, ધનુષની પ્રત્યંચા ખેંચ્યા વગર કંપે છે, ને મારાં બાણો ભાથાના મુખમાંથી બહાર નિકળી વારંવાર જવાને તૈયાર થાય છે. વળી જેમ સર્પ પોતાની જીર્ણ ત્વચાનો ત્યાગ કરી બહાર નિકળે, તેમ પ્રસન્ન એવું મારૂં ખડ્ગ પણ જાણે મ્યાનમાંથી બહાર નિકળે છે. જાણે ધ્વજામાંથી "અર્જુન ! તારો રથ ક્યારે જોડાશે ?" એમ ભયંકર વાણી થાય છે. શિયાળિયાં રાત્રમાં શબ્દો કરે છે, આકાશમાંથી રાક્ષસો પડે છે, ને મૃગ, કાગડા, ગૃધ્ર, બગલા તથા નાહાર, ઇત્યાદિક કોલાહલ કરે છે અને પીળી પાંખુવાળા હંસો, શ્વેત ઘોડા જોડેલા રથને જોઇ પછવાડે ઉડે છે માટે હું એમ જાણું છું કે, યુદ્ધ કરનાર સર્વ રાજાઓને બાણના વર્ષાદથી હું એકલો પરલોકમાં મોકલીશ. નાના પ્રકારના અસ્ત્ર માર્ગોને ગ્રહણ કરતો હું, ઉષ્ણકાળમાં વધેલો અગ્નિ વનને બાળે, તેમ સ્થૂણાકર્ણ, પાશુપતાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર તથા ઇંદ્રે મને બીજાં જે અસ્ત્ર આપેલાં છે, તે સર્વ ગ્રહણ કરી [illegible] [illegible] પ્રજાને મારવા વાસ્તે બાણો મૂકીશ, ત્યારે પ્રજાને બાળી નાંખીશ. તેમાં જ્યારે કોઇપણ અવશેષ રહેશે નહીં, ત્યારે હું શાંતિને પામીશ. એ મારા મનનો સ્થિર અભિપ્રાય છે. હે કૌરવો ! વળી અર્જુને કહ્યું છે કે જે પાંડવો એકઠા મળેલા ઇંદ્રાદિક દેવને ત્રાસ પમાડે, [illegible] [illegible] [illegible] તેમની સાથે દુર્યોધન અહંકારથી કલહ ઇચ્છે છે, માટે એનો મોહ જુઓ. [illegible] [illegible] શંતનુના પુત્ર વૃદ્ધ ભીષ્મ, કૃપાચાર્ય, પુત્ર સહિત દ્રોણાચાર્ય તથા બુદ્ધિમાન [illegible] [illegible] સર્વ જે રીતે કહે તેમ કરો, ને સર્વ કૌરવો આયુષ્માન થાઓ.

અધ્યાય ૯૬ મો. પાંડવોને થયેલો આનંદ.

संजय उवाच—तथा निपातिते कर्णे परसैन्ये च विद्रुते ।
आश्लिष्य पार्थं दाशार्हो हर्षाद्वचनमब्रवीत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! કર્ણને પાડયો અને પારકું સૈન્ય નાઠું તે વખતે દાશાર્હ એવા ભગવાન અર્જુનને મળી હર્ષથી આવી રીતે વચન કહેવા લાગ્યા કે—હે ધનંજય ! ઇન્દ્રે વૃત્રાસુરને હણ્યો અને તેં કર્ણને હણ્યો. કર્ણ તથા વૃત્રના ઘોર વધને મનુષ્ય હમેશ યાદ કરશે. ઘણા તેજવાળા ઇન્દ્રે સંગ્રામમાં વજ્રેકરી વૃત્રાસુરને હણ્યો અને તેં તો ધનુષમાંથી નિકળેલા તીક્ષ્ણ બાણેકરી કર્ણને હણ્યો. હે કૌંતેય ! તારા યશને વધારનાર લોકમાં વિખ્યાત એવું આ તારૂં પરાક્રમ બુદ્ધિમાન એવા કુરૂરાજ યુધિષ્ઠિર આગળ આપણે નિવેદન કરીએ. ઘણા કાળથી ઇચ્છા કરેલા કર્ણના વધને ધર્મરાજા આગળ નિવેદન કરી તું તેઓના અનૃણીપણાનો પ્રાપ્ત થઇશ. કર્ણ તથા તારા બેઉના વર્તતા મોટા યુદ્ધને જોવા સારૂ પૂર્વે ધર્મનંદન યુધિષ્ઠિર આવ્યા હતા, પણ અત્યંત વિંધાવા તેથી સંગ્રામમાં ઉભા રહી શકયા નહિ માટે પુરૂષમાં શ્રેષ્ઠ તે, શિબિરપ્રત્યે જઇ બેઠેલા છે, વાસ્તે તેમને નિવેદન કરવા આપણે ત્યાં જઇએ. ઠીક તેમ કરીએ એમ અર્જુને જેને કહ્યું છે એવા અગ્રય યાદવમાં શ્રેષ્ઠ કેશવ ભગવાને, અર્જુનના રથને પાછો ફેરવી સૈનિકોને આવી રીતે કહ્યું કે હે સૈનિકો ! શત્રુ સામા સાવધાન થઇ ઉભા રહેજો. તમારૂં કલ્યાણ થાઓ, એમ સૈનિકોને કહી ધૃષ્ટદ્યુમ્ન, યુધામન્યુ નકુળ, સહદેવ, ભીમસેન તથા સાત્યકિપ્રત્યે ગોવિંદ એવા ભગવાને આવી રીતે કહ્યું કે, જયાં સુધી અર્જુને કર્ણને હણ્યો એ વાત રાજા આગળ નિવેદન કરીએ ત્યાં સુધી તમારે સાવધાન થઇ ઉભા રહેવું, ઠીક તમે જાઓ, અમે તેમ કરીશું, એ રીતે શૂરવીરોએ આજ્ઞા આપેલા ગોવિંદ ભગવાને અર્જુનને લેઈ રાજાના ઉતારાપ્રત્યે જઇ યુધિષ્ઠિરને જોયા. પછી ઉત્તમ એવી સુવર્ણની શય્યામાં સુતેલા રાજસિંહ એવા યુધિષ્ઠિરને જોઇ પ્રસન્ન થએલા તે બેઉએ તેમના ચરણ ગ્રહણ કર્યા. યુધિષ્ઠિર પણ તે બેઉના પ્રહર્ષને જોઇ રાધાપુત્ર કર્ણ હણાયો એમ માની, આવ્યાં છે નેત્રમાં હર્ષાશ્રુ જેને એવા શત્રુને દમન કરનાર મહાબાહુ વાસુદેવ તથા અર્જુન બેઉને પ્રેમે કરી મળ્યા. ત્યારપછી અર્જુનસહિત યાદવ શ્રેષ્ઠ વાસુદેવ ભગવાને, કર્ણના વધરૂપ બનેલું વૃત્તાંત યથાર્થ કહી કંઇક હાસ્યકરી હાથ જોડી, હણાયા છે શત્રુ જેના એવા યુધિષ્ઠિરને કહ્યું કે—હે રાજન્ ! ગાંડીવ ધનુષ ધરનાર અર્જુન, ભીમસેન, પાંડુપુત્ર નકુળ સહદેવ તથા તમે સર્વ કુશળ છો એ ઘણું સારૂં થયું. હે વીર ! રૂંવા ઉભાં કરનાર આ ક્ષયરૂપ સંગ્રામથી તમો સર્વ મૂકાયા એ પણ ઘણું સારૂં થયું. હવે હે પાંડવ ! બાકી જે કરવાનાં કાર્ય હોય તે જલદી કરો. હે રાજેન્દ્ર ! સૂતપુત્ર મહારથિ કર્ણ હણાયો અને તમે, હે ભારત ! જય તથા વૃદ્ધિને પામ્યા એ ઘણું સારૂં થયું. પુરૂષમાં અધમ એવા જેણે જુગારમાં જીતેલી દ્રૌપદીનું હાસ્ય કર્યું હતું તે સૂતપુત્ર કર્ણના રૂધિરનું આજ પૃથ્વી પાન કરે છે. હે કુરૂપુંગવ ! હે પુરૂષવ્યાઘ્ર ! બાણેકરી પૂર્ણ છે અંગ જેનું એવો તમારો આજન્મ શત્રુ કર્ણ રણભૂમિમાં સુતો છે, ઘણા બાણથી ભેદાયલા તેને તમે જૂઓ. હે મહાબાહો ! હણાયા છે શત્રુ જેમાંથી એવી આ પૃથ્વીને તમે ભોગવો અને સાવધાન થઇ અમારીસહિત પુષ્કળ ભોગ ભોગવો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! મહાત્મા કેશવ એવા ભગવાનનાં વચન સાંભળી પ્રસન્ન છે આત્મા જેનો એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર, દાશાર્હ એવા ભગવાન પ્રત્યે આવી રીતે કેહેવા લાગ્યા કે હે મહાબાહો ! હે દેવકીનંદ ! સારથિ એવા તમવડે અર્જુને યત્નથી કર્ણને હણ્યો, એ કંઇ તમારેવિષે આશ્ચર્ય નથી. હે મહાબાહો ! તમારી બુદ્ધિના પ્રસાદથી કર્ણ હણાયો એ કંઇ આશ્ચર્ય નથી. ત્યાર પછી વળી ધર્મભૃત્ એવા યુધિષ્ઠિર રાજા, બાજુબંધ સહિત દક્ષિણ બાહુ પકડી કેશવ તથા અર્જુન, બેઉને કેહેવા લાગ્યા કે ધર્માત્મા, મહાત્મા, પુરાણ, ઋષિમાં અત્યંત શ્રેષ્ઠ એવા આ બેઉ નરનારાયણ દેવ છે, એમ નારદે મને કહ્યું હતું. તેમજ તત્ત્વવેત્તા મેધાવી એવા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી પણ ઉત્તમ એવી એ કથા વારંવાર મને કેહેતા હતા. હે કૃષ્ણ ! તમારા પ્રસાદેકરી પાંડુપુત્ર અર્જુન, શત્રુઓની સામે જઇ જયને પ્રાપ્ત થયો, પણ કદી વિમુખ થયો નહિ. યુદ્ધમાં તમે અર્જુનના સારથિપણાને પ્રાપ્ત થયા તેથી અમારો જયજ થવાનો, અમારો પરાજય થાયજ નહિ. હે ગોવિંદ ! ભીષ્મ, દ્રોણ, કર્ણ, મહાત્મા ગૌતમ એવા કૃપાચાર્ય, બીજા પણ ઘણાક શૂરવીર, અને તેમની પાછળ ચાલનાર સર્વને તેમજ કર્ણને પણ તમારી બુદ્ધિએકરીને અમે હણ્યા. એમ કહી પુરૂષમાં સિંહરૂપ, મહાબાહુ ધર્મરાજ, મનસમ છે વેગ જેમનો એવા કાળા વાળવાળા શ્વેત અશ્વ જોડેલા સુવર્ણથી શોભિતા રથમાં બેસી પોતાના સૈન્યસહિત શૂરવીર એવા શ્રીકૃષ્ણ તથા અર્જુન સાથે વિચાર કરી સંગ્રામ જોવા સારૂ નિકળ્યા. પછી ત્યાં જઇ ધર્મરાજ એવા તે, સુગંધિ તેલથી સિંચન કરેલી સોનાની હજારો દીવિઓએ કર્યો છે પ્રકાશ જેનો એવા અને ચોતરફથી કેસરેકરી વિંટાયલા કદંબપુષ્પની પેઠે સેંકડો બાણથી વિંધાયલા રણભુમિમાં સુનેલા, પુરૂષમાં શ્રેષ્ઠ, ભેદાએલા કવચવાળા પુત્રસહિત હણાયલા કર્ણને વારંવાર જોઇ ઉત્પન્ન થયો છે અત્યંત વિશ્વાસ જેને એવા યુધિષ્ઠિર રાજા પુરૂષમાં સિંહરૂપ એવા માધવ તથા પાંડુપુત્ર અર્જુનની પ્રશંસા કરતાં કેહેવા લાગ્યા કે—હે ગોવિંદ ! હે નાથ ! શૂરવીર તથા વિદ્વાન્ એવા તમોએ પરિપાલન કરેલો હું ભાઇઓ સહિત આજ પૃથ્વીવિષે રાજા થયો છું. હે પુરૂષર્ષભ ! પુરૂષમાં સિંહરૂપ અતિમાની એવો રાધાપુત્ર કર્ણ હણાયો એમ સાંભળી આજ, દુરાત્મા એવો ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન જીવિત તથા રાજ્યવિષે નિરાશ થશે અને તમારા પ્રસાદથી અમે કૃતાર્થ થયા. હે ગોવિંદ ! તમો જયને પ્રાપ્ત થાઓછો એ ઘણું સારૂ છે. શત્રુ કર્ણને પાડ્યો એ પણ ઘણું સારૂં કર્યું. પાંડુરાજાનો પુત્ર એવો ગાંડિવ ધનુષ ધરનાર અર્જુન વિજયી થયો એપણ અત્યંત સારૂં થયું. હે મહાભુજ ! તમારા પ્રસાદથી જાગરણે કરી અત્યંત દુઃખરૂપ એવાં તેર વર્ષ અમે તરી ગયા અને આજ રાત્રિએ સુખેકરી શયન કરશું. એ રીતે ધર્મરાજ યુધિષ્ઠિરે જનાર્દન ભગવાન તથા પાંડવમાં શ્રેષ્ઠ એવા અર્જુનની પ્રશંસા કરી. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! અર્જુનના બાણેકરી પુત્રસહિત હણાયલા કર્ણને જોઇ ધર્મરાજ યુધિષ્ઠિર રાજા, 'આ ફરી જન્મ થયો' એમ પોતાને માનવા લાગ્યા. હે મહારાજ ! સૂતપુત્ર કર્ણ હણાયો તેને જોઇ હર્ષયુક્ત એવા મહારથિ નકુલ સહદેવ પાંડુપુત્ર ભીમસેન, વૃષ્ણિમાં શ્રેષ્ઠ એવો સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ પાંડવ પાંચાલ તથા સંજય, કુંતિપુત્ર એવા યુધિષ્ઠિર રાજા પાસે આવી તેમને હર્ષ કરાવતાં અર્જુનનાં વખાણ કરવા લાગ્યા. લુબ્ધ છે લક્ષ્ય જેમને, યુદ્ધમાં ચતુર, પ્રહાર કરનાર જયશીલ એવા તે યોદ્ધાઓ ધર્માત્મા એવા યુધિષ્ઠિર રાજાને પ્રસન્નકરી સ્તુતિયુક્ત વાણીથી શત્રુને તપાવનાર શ્રીકૃષ્ણ તથા અર્જુનની સ્તુતિ કરતાં હર્ષયુક્ત થઇ

પોતપોતાના શિબિરપ્રત્યે ગયા. હે રાજન! તમારા ખરાબ વિચારથી એ રીતે રૂવાં ઉભાં કરનાર આ અત્યંત મોટો ક્ષય પ્રવર્ત્તમાન થયો, માટે શું કરવા તમે શોચ કરો છો!

વૈશંપાયન કહે છે—હે રાજન! સંજયના મુખથી એવાં અપ્રિય વચનં સાંભળી અંબિકાપુત્ર ધૃતરાષ્ટ્ર રાજા, ચેષ્ટારહિત થઇ કપાયું છે મૂળ જેનું એવો વૃક્ષ નીચે પડે તેમ પૃથ્વીપર પડી ગયા. દીર્ઘ દૃષ્ટિવાળી દેવી ગાંધારી પણ પડી ગઈ અને અનેક પ્રકારના આલાપેકરી કર્ણના મરણનો શોચ કરવા લાગી. તેને તથા ધૃતરાષ્ટ્રને વિદુર તથા સંજય, ગ્રહણ કરી રાખી આશ્વાસના કરવા લાગ્યા. તેમ જ કુરૂકુળની સ્ત્રિઓએ ગાંધારીને ઉઠાડી અને મોહથી પીડિત, ચિંતા તથા શોકેકરી વ્યાપ્ત છે આત્મા જેનો, એવા મોટા તપવાળો નષ્ટચિત્ત થએલો ધૃતરાષ્ટ્ર રાજા, ભવિતવ્ય તથા દૈવ બળવાન્ છે, એમ માની પરમ પીડાનો આશ્રય કરનાર પોતેજ આશ્વાસના લઇ બેશી રહ્યો. મહાત્મા એવા અર્જુન તથા કર્ણના આ મહાયુદ્ધરૂપી યજ્ઞનો જે પાઠ કરે વા શ્રવણ કરે તે, સારી રીતે કરેલા યજ્ઞના ફળને પામે. યજ્ઞ, સનાતન એવા વિષ્ણુ ભગવાનરૂપ છે એમ અગ્નિ વાયુ, ચન્દ્ર તથા સૂર્ય પણ કહે છે. માટે ઈર્ષ્યારહિત થઇ જે આ યજ્ઞને સાંભળે વા પાઠ કરે તે સર્વ લોકનો અનુચર હોય, તોપણ સુખી થાય. જે મનુષ્યો ભક્તિથી સર્વદા પવિત્ર એવી આ શ્રેષ્ઠ સંહિતાનો પાઠ કરે તે ધન, ધાન્ય તથા યશેકરી આનંદને પામે, એમાં કંઇ પણ સંશય નથી, માટે ઇર્ષ્યારહિત થઈ જે પુરૂષ સદા આ સંહિતાને સાંભળે તે સર્વ સુખને પામે, અને વિષ્ણુ બ્રહ્મા, તથા ભગવાન એવા મહાદેવજી તે ઉત્તમ નરને પ્રસન્ન થાય. આ સંહિતાને બ્રાહ્મણ શ્રવણ કરે તો તે વેદજ્ઞ થાય, ક્ષત્રિય શ્રવણ કરે તો સંગ્રામમાં તેનું બળ વધે અને જય થાય, વૈશ્ય શ્રવણ કરે તો તે ધનવાન થાય, શુદ્રો શ્રવણ કરે તો તે નીરોગી થાય, આ સંહિતાવિષે સનાતન એવા ભગવાન વિષ્ણુનું કીર્તન કરાય છે માટે આનું શ્રવણ કરનાર પુરૂષ, સર્વ કામનાને પામે અને સુખી થાય. એ રીતે તે મહામુનિનું પ્રમાણ એવું વચન છે. વત્સસહિત કપિલા ગાયનું એક વર્ષ પર્યંત જે નિત્ય દાન આપે તેને જે પુણ્ય થાય તેટલું કર્ણપર્વના શ્રવણથી પુણ્ય થાય.

कपिलानां सवत्सानां वर्षमेकं निरंतरं ।
यो दद्यात् सुकृतं तत्स्याच्छ्रवणात्कर्णपर्वणः ॥

इतिश्री महाभारते शतसाहस्र्यां संहितायां वैयासक्यां कर्णपर्वणि युधिष्ठिरहर्षे गुर्जरभाषायां षण्णवतितमोऽध्यायः ॥ ९६ ॥

સમાપ્ત.

ॐ

श्रीमद् वेदव्यास प्रणीत महाभारतनां

शल्यपर्व,

सौप्तिकपर्व, तथा स्त्रीपर्व.

શ. રા. ભાઈશંકર નાનાભાઈ સોલીસીટરની સાહાય્યથી

સ્વ૦ રા. રા. મણિશંકર મહાનંદ ભટ્ટે

પ્રસિદ્ધ કરેલું ભાષાંતર.

छपावी प्रसिद्ध कर्ता

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની તરફથી

નરહરિરામ માધવરામ ત્રિપાઠી.

સ્થલઃ કાલબાદેવીરોડ, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબાઈ.

સંવત. ૧૯૮૦ સને ૧૯૨૩

આવૃત્તિ ૪ થી. પ્રત ૧૦૦૦

કીંમત રૂ. ૩—૦—૦

અમદાવાદ-શાહપુર જનમાળી વાંકાની પોળમાં પટેલ હરિભાઇ દલપતરામે
પોતાના " ગ્રન્થોદય " પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.

અનુક્રમણિકા.

सौप्तिक पर्व.

स्त्रीपर्व.

ॐ

श्रीमन्महाभारत.

शल्य पर्व.

અધ્યાય ૧ લો. પુત્રોના નાશથી ધૃતરાષ્ટ્રને થયેલો શોક.

जनमेजय उवाच—एवं निपतिते कर्णे समरे सव्यसाचिना ।
अल्पावशिष्टाः कुरवः किमकुर्वत वै द्विज ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે દ્વિજ! સંગ્રામમા અર્જુને કર્ણને પાડયા પછી બાકી રહેલા કારવોએ પછી શુ કર્યું. તેમજ સમય જાણુનાર પાંડવોના સૈન્યનો ઉત્કર્ષ જોઇ કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા દુર્યોધન રાજાએ શુ કર્યું? તે હુ શ્રવણ કરવા ઇચ્છુ છું, માટે હે દ્વિજોત્તમ! તમે મને કહો. પૂર્વજોનું ચરિત્ર સાંભળતાં હું તૃપ્ત થતો નથી. વૈશંપાયન કહે છે—હે રાજન્! કર્ણ હણાવાથી શોક સમુદ્રમાં ડૂબેલો ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન નિરાશ થઇ, 'હા કર્ણ! હા કર્ણ!' એ રીતે વારંવાર શોચ કરતો, હણાતાં બાકી રહેલા રાજાઓ સહિત કષ્ટથી પોતાના તંબુ ઉપર ગયો. રાજાઓએ શાસ્ત્રથી નિશ્ચય કરેલા હેતુવડે આશ્વાસન આપ્યું તોપણ સૂત-પુત્ર કર્ણના વધને યાદ કરતો તે ખિન્નજ રહ્યો. પછી દુર્યોધન રાજા, દૈવ તથા ભવિતવ્યને બળવાન માની સંગ્રામ કરવાનો નિશ્ચય કરી વિધિપુરઃસર શલ્યને સેનાપતિ કરી, હણાતાં બાકી રહેલા રાજાઓ સહિત વળી યુદ્ધ કરવા નીકળ્યો. તે સમયે હે ભરતશ્રેષ્ઠ! કૌરવ તથા પાંડવની સેનાનું દેવાસુર સંગ્રામની જેને ઉપમા અપાય એવું અત્યંત ભયંકર ને મોટું યુદ્ધ થયું. હે મહારાજ! શલ્યરાજા, ઘણાકનો નાશ કરી મધ્યાન્હ સમયે સૈન્યસહિત ધર્મરાજાના હાથથી હણાયો. ત્યાર પછી હણાયા છે બંધુ જેના એવો દુર્યોધન રણાંગણથી અપસરણ કરી શત્રુના ભયને લીધે ઘોર એવા હ્રદમાં પ્રવિષ્ટ થયો. હ્રદમાંથી દુર્યોધનને ભીમસેને યુદ્ધ વાસ્તે બોલાવી તે દિવસના અપરાન્હ વખતે માર્યો. મોટા ધનુષવાળો તે પણ હણાયો. તેને જોઇ હે રાજેંદ્ર! હણાતાં બાકી રહેલા ત્રણ રથિઓએ રાત્રિ વિષે ક્રોધેકરી પંચાલ તથા સોમકોને હણ્યા. તે રાત્રિનું વૃત્તાંત જોયા પછી દુઃખ તથા શોકે કરીને યુક્ત, દીન એવો દુઃખિત સંજય, બીજે દિવસે પૂર્વાન્હ સમયે તંબુથી પુરી પ્રત્યે આવવા લાગ્યો. પછી કંપતો એવો દુઃખિત સંજય, પુરી પ્રત્યે પ્રવેશ કરી હાથ ઉંચા રાખી રાજાના ઘર પ્રત્યે જઇ અતિ દુઃખિત, હે રાજન્! મહાત્મા રાજાના મરણથી અમે નાશ પામ્યા છીએ, એમ કહી રોવા લાગ્યો. વળી કહેવા લાગ્યો કે, વિધિજ બળવાન છે, પૌરૂષ નિર્થક છે, એમાં સંશય નહિ. નહિ તો ઇન્દ્ર સરખા બળવાળા આપણા સર્વ યોદ્ધાઓને પાંડવો કેમ હણત? એમ

કહી વળી રોવા લાગ્યો. કલેશયુક્ત તેને જોઇ અત્યંત ઉદ્વિગ્ન થએલાં શહેરનાં સર્વ મનુષ્યો છોકરાઓ સહિત હા રાજન્ ! એ રીતે વિસ્વરે તે ઠેકાણે રોવા લાગ્યાં. રાજા હણાયો એમ સાંભળી પીડિત સ્વર કરવા લાગ્યાં. શોકે કરી અત્યંત પીડિત થએલા, નષ્ટ થયું છે ચિત્ત જેમનું એવા, ઉન્મત્ત સરખા શ્રેષ્ઠ પુરૂષો પણ દોડતા દેખાતા હતા. હે જનમેજય ! હે ભરતર્ષભ ! વિહ્વલ એવો સંજય, રાજાના ઘરમાં પ્રવિષ્ટ થઇ. પુત્ર વધૂ, ગાંધારી, વિદુર, સંબંધી જન તથા હિતેચ્છુ એવા પોતાના જ્ઞાતિલાઓથી વિંટાઇને બેઠેલા નિષ્પાપ અને કર્ણનું નિધન સાંભળ્યા પછી તેજ અર્થનુ ધ્યાન કરતા પ્રજ્ઞાચક્ષુ રાજશ્રેષ્ઠ પોતાના ઇશ્વર ધૃતરાષ્ટ્રને જોઈ અત્યંત ખેદયુક્ત મનવાળો તે, રૂદન કરતાં સંદિગ્ધ વાણીથી બોલ્યો કે—હે નરવ્યાઘ્ર ! હે ભરતર્ષભ ! હું, સંજય, તમને નમન કરૂં છું અને હે મહારાજ ! હે પુરૂષ વ્યાઘ્ર ! મદ્રાધિપતિ શલ્ય હણાયો તેમજ સુબલપુત્ર શકુનિ અને દૃઢ પરાક્રમવાળો કપટી એવો ઉલુક પણ હણાયો. હે મહારાજ ! હે નૃપ ! સર્વ સંશપ્તક, શકેસહિત કાંબોજ, મ્લેચ્છ, પાર્વતીય યવન, પૂર્વદિશાના, દક્ષિણદિશાના, ઉત્તરદિશાના તથા પશ્ચિમદિશાના સર્વ રાજાઓ તથા રાજપુત્રો પણ રણમાં પડ્યા. તેમજ હે રાજન્ ! પાડુપુત્ર ભીમસેને કહ્યા પ્રમાણે હણેલો તેથી ભાગ્યો છે સાથળનો ઉપલો ભાગ જેનો એવો દુર્યોધન ધૂળથી વ્યાપ્ત અંગવાળો થઇ રણભૂમિમાં સુતો છે. હે મહારાજ ! ધૃષ્ટદ્યુમ્ન, પરાજય પામેલો નહિ એવો શિખંડી, ઉત્તમૌજા, યુધામન્યુ, પ્રભદ્રક, પંચાલ તથા ચેદિઓ હણાયા તેમજ તમારા સર્વ પુત્રો, દ્રૌપદીના પુત્ર, અને પ્રતાપવાન એવો શૂરવીર કર્ણ પુત્ર વૃષસેન પણ હણાયો. સર્વ નર, ગજ, રથિઓ તથા અશ્વ યુદ્ધ વિષે હણાયા. હે પ્રભો ! તમારાઓનુ શિબિર કંઇક જેમાં અવશેષ છે એવું થઇ રહ્યું છે. હે રાજન્ ! કાળે મોહ પમાડેલા કૌરવ પાંડવના સૈન્યે પરસ્પર સામા થઇ સ્ત્રિયો જેમાં અવશેષ છે એવું જગતને કર્યુ. હે મહારાજ ! પાંડવ તરફના સાત અને તમારી તરફના ત્રણ અવશિષ્ટ રહ્યા છે તે સાંભળો. પાંચ ભાઈ પાંડવ, વાસુદેવ અને સાત્યકિ, એ સાત, તેમજ કૃપાચાર્ય, કૃતવર્મા અને જય કરનારાઓમાં શ્રેષ્ઠ અશ્વત્થામા, એ ત્રણ તમારી તરફના બાકી રહ્યા છે. હે જનેશ્વર ! એકઠી મળેલી સર્વ અક્ષૌહિણીમાંથી એટલા બાકી રહ્યા અને બીજા સર્વ નિધન પામ્યા. હે ભરતર્ષભ ! હે ભારત ! એવી રીતે દુર્યોધન તથા કૌરવને આગળ કરી કાળે સર્વ જગતને હર્યું છે.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! સંજયનાં એવાં ક્રૂર વચન સાંભળી ધૃતરાષ્ટ્રરાજા, પ્રાણરહિતની પેઠે પૃથ્વિતલપર પડી ગયા. તેને જોઇ શોક તથા દુઃખથી કૃશ થએલા મોટા યશવાળા વિદુર પણ પડી ગયા. તેમજ હે નૃપશ્રેષ્ઠ ! ગાંધારી તથા સર્વ કૌરવોની સ્ત્રિયો પણ તત્કાળ પૃથ્વિપર પડી ગઇ. એ રીતે બધું રાજમડળ પટવિષે ચીતરેલાની પેઠે સંજ્ઞા રહિત થઇ પૃથ્વિપર પડી ગયું. પછી થોડે વખતે પુત્રના વ્યસનથી કર્શિત એવો અત્યંત દુઃખી ધૃતરાષ્ટ્રરાજા, ધીરેથી પ્રાણને પ્રાપ્ત થઇ સંજ્ઞા પામેલો સર્વ દિશાઓ પ્રત્યે જોઇ વિદુરને કહેવા લાગ્યો કે, હે વિદ્વન ! હે મહાપ્રાજ્ઞ ! હે ભરતર્ષભ ! હત પુત્રોકરી હીન અને અનાથ એવો તું મારી ગતિ છે. એમ કહી વળી સંજ્ઞા રહિત થઇ પડી ગયો. તે રીતે પડેલા તેને જોઇ જે કોઇ એના બાંધવ હતા તે, શીતલ જલના સિંચન સાથે વ્યજનથી પવન કરવા લાગ્યા. તે પછી ઘણે કાળે સૌએ આશ્વાસના જેણી કરી છે એવો પુત્રના વ્યસનથી કર્શિત અને કુંભમાં નાખેલા સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતો ધૃતરાષ્ટ્રરાજા દુઃખી થયો.

वृद्धोभीष्मः शांतनवः कृपश्च द्रोणः सपुत्रो विदुरश्च धीमान् ।
एते सर्वे यद्वदंते तदस्तु आयुष्मंतः कुरवः संतु सर्वे ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वण्यर्जुनवाक्यनिवेदने गुर्जरभाषायामष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥

અધ્યાય ૪૯ મો. નરનારાયણનો અવતાર.

वैशंपायन उवाच—समवेतेषु सर्वेषु तेषु राजसु भारत ।
दुर्योधनमिदं वाक्यं भीष्मः शांतनवो ब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે એકઠા મળી એટલા રાજાઓ બેઠેલા છે, તેમના મધ્યમાં શંતનુના પુત્ર ભીષ્મ, દુર્યોધન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, કોઇ વખતે બૃહસ્પતિ તથા શુક્રાચાર્ય બ્રહ્મા પાસે બેઠા હતા, તેટલામાં મહેંદ્ર સહિત સર્વ વાયુ, અગ્નિ સહિત વસુ દેવતાઓ, આદિત્ય, સાધ્ય, સપ્તર્ષિયો, વિશ્વાવસુ ગંધર્વ તથા સુંદર અપ્સરાઓના ગણ, એ સર્વ દેવતાઓ ત્યાં આવી લોકના પિતામહ તથા વિશ્વના ઇશ બ્રહ્માને નમસ્કાર કરી ચોતરફ વિંટાઇને બેઠા. જાણે તેઓના મન તથા તેજને ગ્રહણ કરી લેતા હોય નહી, તેની પેઠે પુરાણદેવ નરનારાયણ ઋષિ બ્રહ્માને અતિક્રમણ કરીને ગયા. તેમને જોઇ બૃહસ્પતિએ બ્રહ્માને પૂછ્યું કે, હે દેવ ! હે પિતામહ ! તમારૂં ઉપસ્થાન કરતા નથી એવા આ બેઉ જણ કોણ છે તે અમને કહો ? બૃહસ્પતિનાં વચન સાંભળી બ્રહ્માએ કહ્યું કે, જે દ્યાવાપૃથ્વીને પ્રકાશ કરનાર તપસ્વી મહા બળવાન, સમગ્ર જગતમાં વ્યાપ્ત થઇ રહેલા, જગતથી જુદા તથા પ્રકાશમાન છે, તે નરનારાયણ ભગવાન મનુષ્ય લોકથી બ્રહ્મલોકમાં આવેલા છે. પોતાના તપે કરી શોભિતા, મોટા બળ તથા પરાક્રમવાળા, મહા પ્રાજ્ઞ, શત્રુને તપાવનાર, બે સ્વરૂપથી શોભિતા અને અસુરોના નાશ વાસ્તે દેવ તથા ગંધર્વોએ પૂજા કરેલા છે, તે કર્મે કરી લોકને આનંદ આપે છે.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! બ્રહ્માનાં વચન સાંભળી, બૃહસ્પતિ પ્રમુખ સર્વ દેવગણ સહિત ઇંદ્ર, જ્યાં તે બેઉ જણા તપશ્ચર્યા કરતા હતા ત્યાં ગયા અને દેવાસુર યુદ્ધમાં દેવતાઓને ભય લાગ્યો માટે તે મહાત્માઓની સ્તુતિ કરી, જેથી પ્રસન્ન થઇ તેમણે ઇંદ્રને વર માગવાનું કહ્યું, ત્યારે ઇંદ્રે કહ્યું કે, અમારી સહાયતા કરો. તે સાંભળી નરનારાયણે કહ્યું કે, તું ઇચ્છે છે તે અમે કરશું. પછી તેઓ સહિત ઇંદ્ર દૈત્ય તથા દાનવોને જીત્યો. હે દુર્યોધન ! તે જ શત્રુને તપાવનાર નરરૂપ અર્જુને સંગ્રામમાં શત્રુને હણી, પૌલોમ તથા કાલખંજ નામના હજારો દૈત્યને માર્યા, અને ચલાયમાન રથમાં બેસી સંગ્રામમાં ભાલે કરી જંભાસુરનું મસ્તક કાપી નાખ્યું. તેણેજ સમુદ્રને પેલે પાર હિરણ્યપુરને પીડા પમાડી, ને યુદ્ધસંગ્રામમાં નિવાત કવચ નામના સાઠ હજાર દૈત્યોને જીત્યા હતા, તે જ પારકા શત્રુને જીતનાર મહાબાહુ નરરૂપ અર્જુને, ઇંદ્ર સહિત દેવતાઓને જીતી ખાંડવ વનમાં અગ્નિને તૃપ્ત કર્યો હતો. નારાયણરૂપ શ્રીકૃષ્ણે ઘણાક શત્રુઓને માર્યા છે એ રીતે તે મહાપરાક્રમી અને મહર્ષિ નરનારાયણ ભગવાન શ્રીકૃષ્ણ તથા અર્જુનરૂપે અહિં આવ્યા છે. તે બેઉ પ્રાચીન દેવ છે એમ શ્રુતિમાં પણ લખ્યું છે માટે ઇંદ્રાદિક દેવ તથા અસુરોએ જીતી શકાય "નહિ"

આતુર થએલા રાજાને જોઇ સંજય પણ રૂદન કરવા લાગ્યો. તેમજ સર્વ સ્ત્રીઓ તથા યશસ્વિની એવાં ગાંધારી રૂદન કરવા લાગ્યાં. ઘણે વખતે હે નરશ્રેષ્ઠ ! વારંવાર મોહ પામતા ધૃતરાષ્ટ્રરાજાએ વિદુરને આવી રીતે કહ્યું, મારૂં મન અત્યંત ભ્રમયુક્ત થાય છે, સર્વ સ્ત્રિયો, યશસ્વિની ગાંધારી તથા મારા આ સર્વ સંબંધિઓ જાઓ. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી હે ભરતર્ષભ ! વારંવાર કંપાયમાન થતા વિદુરે ધીરેથી તે સ્ત્રિયોને ત્યાંથી વિસર્જન કરી. હે ભરતસત્તમ ! સર્વ સ્ત્રિયો તથા સર્વ સંબંધિ, રાજાને આતુર જોઇ ત્યાંથી બહાર નિકળ્યાં. ત્યાર પછી હે પરંતપ ! અત્યંત આતુર વારંવાર શ્વાસોચ્છ્વાસ કરતા દીન, રૂદન કરતા, અને પ્રાપ્ત થઇ છે સંજ્ઞા જેને એવા રાજા સામે જોઇ, હાથ જોડી સંજય તથા વિદુર, મધુર વચને આ પ્રમાણે આશ્વાસના કરવા લાગ્યા.

प्रांजलिर्निःश्वसंतं च तं नरेंद्रं मुहुर्मुहुः ।
समाश्वासय तक्षत्ता वचसामधुरेण च ॥

इतिश्री महाभारते शल्यपर्वणि धृतराष्ट्र प्रमोहे गुर्जरभाषायां प्रथमो ऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો. ધૃતરાષ્ટ્ર વિલાપન.

वैशंपायन उवाच—विसृष्टास्वथ नारीषु धृतराष्ट्रोंबिकासुतः ।
विललाप महाराज दुःखादुःखांतरं गतः ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે મહારાજ ! સ્ત્રિઓ ગયા પછી દુઃખથી બીજા દુઃખને પ્રાપ્ત થએલા અંબિકાપુત્ર ધૃતરાષ્ટ્રરાજા વિલાપ કરવા લાગ્યા પછી વારંવાર બે હાથ હલાવતા તે, હે મહારાજ ! હૃદયને ધીરે ધીરે સ્વસ્થ કરતા નિઃશ્વાસ મૂકી મનમાં જરા વિચાર કરી સંજય પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સંજય ! આ તો મહા દુઃખ, જે પાંડવોને કુશળ તથા કાયમ છે શરીર જેમનાં એવા તારાથી સાંભળું છું અને મારા પુત્ર હણાયા એમ સાંભળું છું, તોપણ મારૂં હૃદય, હજાર પ્રકારે વિદીર્ણ થતું નથી. ખરેખર મારૂં હૃદય વજ્ર સરખું અત્યંત દૃઢ છે એમાં સંશય નહિ. હે સંજય ! હણાયલા તે સર્વ પુત્રોની અવસ્થા તથા બાલક્રીડાને જ્યાં હું યાદ કરૂં છું ત્યાં મારૂં મન અત્યંત વિદીર્ણ થઇ જાય છે. હે અનઘ ! મારે નેત્ર ન હોવાથી એમના રૂપનું દર્શન મને હતું નહિ તોપણ એમને વિષે પુત્રસ્નેહકૃત પ્રીતિ ધારી, બાલભાવને અતિક્રમણ કરી યૌવન તથા મધ્ય અવસ્થાને પ્રાપ્ત થએલા તેમને સાંભળી હું પ્રસન્ન થતો હતો. આજ હણાયું છે ઐશ્વર્ય તથા પરાક્રમ જેમનું એવા હણાયલા તેમને સાંભળી પુત્રની આધિએ કરી વ્યાપ્ત એવો હું શાંતિ પામતો નથી. હે પુત્ર ! હે રાજેંદ્ર ! હે મહાબાહો ! અનાથ એવા તમે મારી પાસે આવો, આવો, કેમકે તમારા વગરનો હું કઇ ગતિને પ્રાપ્ત થઇશ ? હે તાત ! આપણે વારતે આવેલા સજ્જનોને છોડી દઇ પ્રાકૃત એવા કુત્સિત્ રાજાની પેઠે સંગ્રામ વિષે હણાએલો તું કેમ પૃથ્વી વિષે સુતો છે ? હે વીર ! હે મહારાજ ! જ્ઞાતિ તથા સંબંધીઓની ગતિરૂપ થઇ બંધુ તથા વૃદ્ધ એવા મને છોડી દેઇ તું ક્યાં જાય છે ? હે રાજન્ ! તે તારી કૃપા, તે તારી પ્રીતિ અને તારૂં માનીપણું

છતે પણ પરાજય પમાડેલો નહિ એવો તને સંગ્રામ વિષે પાંડવોએ કેમ હણ્યો ? હે વીર ! ઉભા થએલા મને હે તાત ! હે તાત ! હે મહારાજ ! હે લોકનાથ ! એ રીતે હમેશ વારંવાર કોણ કહેશે ? હે પુત્રક ! સ્નેહે કરી કિલન્ન છે નેત્ર જેનાં એવો તું મને કંઠ વિષે આલિંગન કરી હે કૌરવ્ય ! આજ્ઞા કરો એમ કહેતો હતો તે તારાં સુંદર વચન વળી મને સંભળાવ, તેમ હે પુત્રક ! જેમ આ બધી પૃથ્વી યુધિષ્ઠિરની છે તેમ મારી શું નથી ? એવી રીતનાં પણ તારાં વચન હું સાંભળતો હતો તે વચન ફરીથી તું બોલ. હે સંજય ! યુદ્ધના આરંભ વિષે મારા પુત્રે મને કહ્યું હતું કે હે રાજેંદ્ર ! હે રાજસત્તમ ! ભગદત્ત, કૃપાચાર્ય, આવંત્ય, જયદ્રથ, ભૂરિશ્રવા, સોમદત્ત, મહારાજ બાહ્લિક, અશ્વત્થામા, ભોજ, મહા બળવાન માગધ, બૃહદ્બલ, કાશીપતિ, સુબલપુત્ર, શકુનિ, બીજા સેંકડો હજારો મ્લેચ્છ, યવન સહિત શક, સુદક્ષિણ કાંબોજ, ત્રિગર્તનો અધિપતિ, પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય, શ્રુતાયુ, અચ્યુતાયુ, પરાક્રમી શતાયુ, જલસંધ, ઋષ્યશૃંગપુત્ર રાક્ષસ અલાયુધ, મહાબાહુ અલંબુષ, તથા મહારથિ સુબાહુ એટલા અને બીજા પણ ઘણાક રાજાઓ મારે વાસ્તે પ્રાણ તથા ધનનો ત્યાગ કરી ઉત્સુક થયા છે, તેમના મધ્યમાં ભાઇઓ સહિત ઉભેલો હું સર્વ પંચાલ તથા પાંડવો સાથે યુદ્ધ કરીશ અને અત્યંત ક્રોધાયમાન થએલો હું, ચેદિ, દ્રૌપદીના પુત્ર, સાત્યકિ, કુંતિભોજ તથા રાક્ષસ ઘટોત્કચ એ બધાઓને નિવારણ કરવાને સમર્થ થઇશ. એ બધાં શૂરવીરો સહિત હું સમર્થ થાઉં તેમાં શું કહેવું ? અથવા તેઓ કદી યુદ્ધ કરશે તો એકઠા મળેલા તે મારી તરફના યોદ્ધાઓ તેમને સંગ્રામ વિષે હણશે, તેમ પાંડવોને તો મારી સાથે રહેલો એકલો કર્ણ, હણશે એટલે શૂરવીર એવા રાજાઓ મારી આજ્ઞાને અનુસરશે. તેમને નિયમમાં રાખનાર મહા બલવાન વાસુદેવ શસ્ત્ર ધારણ કરશે નહિ, કારણ તેમણે મને એમ કહેલું છે. હે સંજય ! એવી રીતનાં ઘણાંક વચન તેણે મારી પાસે કહ્યાં હતાં તેથી તેની શક્તિ જોતાં તો હું એમ જાણતો હતો કે સંગ્રામમાં પાંડવો હણાયા છે, તેમ છતે ઉલટા તે મહારથિઓના મધ્યમાં રહેલા મારાજ પુત્ર હણાયા તેનું કારણ ભાગ્ય વિના બીજું શું હોય ! લોકનાથ એવા પ્રતાપવાન ભીષ્મ શિખંડીને પ્રાપ્ત થઇ શિયાળને પ્રાપ્ત થઇ જેમ સિંહ હણાય તેમ હણાયા. તેનું કારણ પણ ભાગ્ય વિના બીજું શું ? ભાગ્યજ. તેજ રીતે સર્વ શસ્ત્ર તથા અસ્ત્રમાં પારંગત એવા બ્રાહ્મણ દ્રોણાચાર્યને તથા દિવ્યાસ્ત્ર જાણનાર મહાબળવાન કર્ણને પણ સંગ્રામમાં પાંડવોએ હણ્યો, તેનું કારણ આપણાં ભાગ્યજ. ભૂરિશ્રવા, સોમદત્ત, બાહ્લિક, હસ્તિયુદ્ધમાં વિશારદ ભગદત્ત, જયદ્રથ, સુદક્ષિણ, જલસંધ, પૌરવ, શ્રુતાયુ, અચ્યુતાયુ તથા સર્વ શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ મહા બળવાન પાંડવને સંગ્રામમાં પાંડવોએ હણ્યો તેનું કારણ ભાગ્ય વિના બીજું શું ? તેમજ બૃહદ્બલ, મહા બલવાન માગધ, વિક્રાંત એવો ઉગ્રાયુધ, આવંત્ય, ત્રૈગર્તરાજા, સંશપ્તક, અલંબુષ, અલાયુધ રાક્ષસ, ઋષ્યશૃંગપુત્ર, નારાયણ નામના યુદ્ધદુર્મદ એવા ગોપાલ તથા ઘણાક હજાર મ્લેચ્છો પણ હણાયા તેનું કારણ ભાગ્યજ. મહાબલવાન એવો કપટી શૂરવીર શકુનિ પણ સૈન્ય સહિત હણાયો તેનું ભાગ્ય વિના બીજું શું કારણ ? એ અને બીજા પણ યુદ્ધદુર્મદ એવા અસ્ત્ર શીખેલ હાથમાં છે ભાલા જેમને એવા શૂરવીર રાજાઓ તથા રાજપુત્રો હણાયા તેનું કારણ ભાગ્ય વિના બીજું શું. યુદ્ધમાં દુર્મદપણું શીખેલા મહેન્દ્ર સરખા પરાક્રમવાળા નાના દેશમાંથી આવેલા મોટાં ધનુષવાળા શૂરવીર ક્ષત્રિયો પણ હણાયા તેનું કારણ ભાગ્ય વિના બીજું શું.

તેમજ હે સંજય ! મારા પુત્ર મહા બળવાન પૌત્ર વયસ્ય તથા ભાઇઓ પણ હણાયા માટે તેનું કારણ આપણાં ભાગ્યજ. પુરૂષ, જરૂર ભાગ્ય સહિતજ ઉત્પન્ન થાય છે, તેમાં જે, ઉત્તમ ભાગ્યયુક્ત હોય તેજ કલ્યાણને પ્રાપ્ત થાય છે એમાં સંશય નહીં. હે સંજય ! પુત્ર સહિત હુ તેવા ઉત્તમ ભાગ્ય ન હોવાથી કલ્યાણને કેમ પ્રાપ્ત થાઉં !

હવે શત્રુ વશ થએલો વૃદ્ધ હું, કેવી રીતે વર્તીશ. હે પ્રભો ! વનવાસ વગર બીજે સ્થાનકે હું શ્રેય માનતો નથી મટે બંધુ વગરનો હુ, જ્ઞાતિનો ક્ષય થવાથી વન પ્રત્યે જઇશ. હાલ વનમાં ગયા વિના આ અવસ્થાને પ્રાપ્ત થએલા પક્ષ વગરના મારે બીજું શ્રેય નથી. હે સંજય ! યુદ્ધમા દુર્યોધન હણાયો, શલ્ય પડ્યો, તેમજ દુઃશાસન, વિવિંશ, તથા મહા બલિષ્ઠ વિકર્ણ પણ સગ્રામ વિષે હણાયો. સગ્રામમાં જેણે મારા સોય પુત્રને હણ્યા ! એમ વારંવાર તેજ બોલ્યા કરતા ભીમસેનની કઠોર વાણીને દુઃખ તથા શોકે કરી સતપ્ત એવો હું સાંભળી શકીશ નહીં.

વૈશંપાયન કહે છે—હે રાજન્ ! એ રીતે સંતપ્ત થએલા હણાયા છે બાંધવ જેમના એવા વારંવાર દુઃખ પામતા, પુત્ર સંબંધી આધિએકરી અભિદ્રુત, ભરતકુળમાં શ્રેષ્ઠ અંબિકા પુત્ર ધૃતરાષ્ટ્ર, ઘણા વખત સુધી વિલાપ કરી ઉષ્ણ એવો મોટો નિશ્વાસ મૂકી પરાભવનું ચિંતન કરી દુઃખથી વળી ગવલ્ગપુત્ર સંજયને પૂછવા લાગ્યો કે હે સંજય ! ભીષ્મ, દ્રોણ તથા સૂતપુત્ર કર્ણ હણાયો એ વૃત્તાંત સાંભળ્યા પછી મારી તરફનાઓએ નિયમમાં રાખનાર એવો સેનાપતિ કોને કર્યો ! હું તો જ્યાં સાંભળું છું ત્યાં એમજ સાંભળું છું જે, મારી તરફના યુદ્ધમાં જેને જેને સેનાપતિ કરે છે, તેને તેને પાંડવો થોડા વખતમાં હણે છે. જુવો તમે બધા જોતાં રણસંગ્રામમા અર્જુને ભીષ્મને હણ્યા. એજ રીતે સર્વ જોતાંજ દ્રોણને હણ્યા. તેજ રીતે રાજાઓ સહિત તમે સર્વ જોતા અર્જુને, પ્રતાપવાન એવા સૂતપુત્ર કર્ણને હણ્યો. મને તો મહાત્મા વિદુરે પૂર્વેજ કહ્યું હતું જે દુર્યોધનના અપરાધે કરી આ પ્રજા નાશ પામશે. તેના વચન સાંભળી આ ઠીક કહે છે, એમ જાણે છે પણ કેટલાક મૂઢોએ તેમ કર્યું નહિ, પણ મૂઢ એવા મને તેણે જે કહ્યું હતું તે સત્યવાદિનું વચન પ્રાપ્ત થયું. હવે હણાયું છે ચિત્ત જેનું એવા મેં પણ પૂર્વે તેનું કહ્યું કર્યું નહીં તે અન્યાયનું ફળ હે ગવલ્ગ-પુત્ર સંજય ! વળી તું મને કહે. કર્ણ પડયા પછી સેનાપતિ કોણ થયો, અને અર્જુન તથા વાસુદેવ સામે કયો રથિ ગયો ! સંગ્રામમાં યુદ્ધ કરવાની છે ઇચ્છા જેને એવા શૂરવીર મદ્ર-રાજના દક્ષિણ ચક્રની કોણ રક્ષા કરતા હતા ! પાછળથી કોણ રક્ષા કરતા હતા ? હે સંજય ! એકઠા મળેલા તમારા મધ્યમાં મહારથિ મદ્રરાજને પાંડવોએ કેમ હણ્યો ને મારા પુત્રને પણ કેમ હણ્યો એ બધો ભરતોનો મહાક્ષય યથાર્થ મને કહે. સગ્રામમાં મારા પુત્ર દુર્યોધનને કેવી રીતે હણ્યો, તે પણ કહે. પાછળ ચાલનારાઓ સહિત સર્વ પંચાલ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા દ્રૌપદીના પાંચ પુત્ર, જે રીતે હણાયા હોય અને પાચ પાંડવ તથા મધુકુળમાં ઉત્પન્ન થએલા શ્રીકૃષ્ણ તથા સાત્યકિ જે રીતે મૂકાયા હોય તેમજ આપણી તરફના કૃપાચાર્ય, કૃતવર્મા તથા દ્રોણપુત્ર અશ્વત્થામા એ કેવી રીતે મૂકાયા. એ બધું જેમ થયું હોય તેમ યુદ્ધ પ્રવર્તમાન થયું હોય જે તે બધું હું સાંભળવાને ઇચ્છું છું. હે સંજય ! તું કુશળ છે વાસ્તે કહે.

यथया वादतो चैव युद्धं वृत्तं च सौंजय ।
अखिलं श्रोतुमिच्छामि कुशलोऽसि संजय ॥

इति श्रीमहाभारते शल्यपर्वणि धृतराष्ट्रविलापे गुर्जरभाषायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો. કૌરવ સૈન્યમાં ભંગાણ.

संजय उवाच—शृणु राजन्नवहितो यथा वृत्तो महान् क्षयः ।
कुरूणांपाण्डवानां च समासाद्य परस्परम् ॥ १ ॥

સંજય કહે છે,—હે રાજન્! પરસ્પર પ્રાપ્ત થઈ કૌરવ તથા પાંડવોનો જે રીતે મોટો ક્ષય પ્રવર્તમાન થયો તે હું તમને કહું તે સાવધાન થઇ સાંભળો. મહાત્મા પાંડુપુત્ર અર્જુને સૂતપુત્ર કર્ણને હણ્યો ત્યાર પછી વારવાર હણેલાં સૈન્ય પાછાં ચોતરફ ભાગવા લાગ્યાં. મનુષ્યના દેહનો ક્ષય કરનાર ભયંકર સંગ્રામ વિષે અર્જુને સિંહનાદ કર્યો ત્યારે હે રાજન્! તમારા પુત્રોને મોટો ભય પ્રાપ્ત થયો. તમારી તરફના કોઇ પણ યોદ્ધાને પાછાં સૈન્ય સાંધવા વિષે તથા પરાક્રમ કરવામાં બુદ્ધિ થતી ન હતી. અગાધ તથા અપાર જળમાં ભાગ્યું છે નાવ જેમનું એવા વાની હોડી વગરના પારને ઇચ્છતા વ્યાપારીઓ જેમ મુંઝાય તેમ અર્જુને દ્વિપ રૂપ કર્ણને હણવાથી તમારી તરફના સર્વ મુંઝાઇ ગયા હતા. હે રાજન્! એ રીતે સૂતપુત્ર હણાયો તે બાણેકરી ક્ષત થએલા ત્રાસયુક્ત હૃદયવાળા સિંહથી પીડિત થએલા મૃગ, ભાગેલાં શીંગડાંવાળા વૃષ, તથા દાઢવગરના સર્પ સરખા અનાથ એવા નાથને ઇચ્છતા અર્જુને પરાજય પમાડેલા અમે સાયંકાલ વખતે તંબુપર ગયા. હે રાજન! હણાયા છે શૂરવીર જેઓના તીક્ષ્ણ બાણેકરી ક્ષત થએલા, વિધ્વસ્ત કવચવાળા, નથી સુઝતી દિશાઓ જેમને એવા, બેભાન થએલા તમારા પુત્ર પણ ત્યાંથી પાછા ફર્યા. તેમાં કેટલાક તો પરસ્પર એકબીજાને હણતા, ભયથી દિશાઓ પ્રત્યે જોતા અને જરૂર ભીમસેન તથા અર્જુન મારીજ સામે આવે છે, એમ માનતા રસ્તે પડી જતાં ગ્લાનિ પામતા હતા. બીજા કેટલાક વેગવાળા મહારથિઓ ઘોડા ઉપર, કેટલાક હસ્તિ ઉપર તથા કેટલાક રથમાં બેસી ભયથી પાયદળોને હણતા હતા. તે વેળાએ વેગથી ચાલતા હસ્તિઓએ કરી રથો ભાગી ગયા. મોટા રથોના વેગે કરી ઘોડેસ્વાર નષ્ટ થયા. તેમજ અત્યંત હણાયા હે રાજન! સૂતપુત્ર કર્ણ હણાયો તે સમયે તમારી તરફના યોદ્ધાઓ, સર્પ તથા તસ્કરેકરી સંકીર્ણ એવા વનમાં પોતાના સથવારાથી જુદા પડેલા પુરૂષ જેવા દુઃખિત થાય તેમ દુઃખિત થયા. હણાયા છે માવત જેમના એવા હસ્તિઓ ઉપર બેસનાર કપાઇ ગએલા હાથવાળા, ભયથી પીડિત થએલા બીજા કેટલાક, સર્વ લોકને અર્જુનમય દેખવા લાગ્યા. ભીમસેનના ભયથી પીડિત થએલા, નાસી જતા તે સર્વને જોઈ દુર્યોધન હાહાકાર કરી પોતાના સારથિ પ્રત્યે બોલ્યો કે હાથમાં ધનુષ્ય લેઇ સંગ્રામ વિષે યુદ્ધ કરવા ઉભેલા મને અર્જુન, અતિક્રમણ કરશે નહિ વાસ્તે પાછળની બાજુએ જલદી તું પાસ અશ્વને ચલાવ; કેમકે સંગ્રામમાં યુદ્ધ કરતા મને કુંતિપુત્ર અર્જુન, મહાર્ણવ જેમ કિનારાને અતિક્રમણ કરે નહિ, તેમ અતિક્રમણ કરવાનો પણ ઉત્સાહ નહિ કરે. આજ શ્રીકૃષ્ણ સહિત અર્જુનને, માની એવા ભીમસેનને તથા શિષ્ટ એવા શત્રુઓને હણી કર્ણના અનૃણીપણાને હું પ્રાપ્ત થાઇશ. કુરુરાજ એવા દુર્યોધનનાં શૂર તથા આર્ય સરખાં વચન સાંભળી તેના સારથીએ સુવર્ણના આભરણથી શોભિત અશ્વોને ધીરે ધીરે આગળ ચલા-

ગ્યા; એટલામાં હે મારિષ ! ગજ અશ્વ તથા રથેકરી હીન એવા પચ્ચીસ હજાર પાયદળ, ધારેથી પાંડવના સૈન્ય સામે દોડયા. તેમને સંક્રુદ્ધ થએલા ભીમસેન, તથા પૃષતગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્ને ચતુરંગ સૈન્યથી તિરસ્કાર કરી બાણથી હણવા માંડયા. પાયદળો પણ ધૃષ્ટદ્યુમ્ન સહિત ભીમસેન સાથે યુદ્ધ કરતાં હતાં. તે સમયે બીજા કેટલાક યોદ્ધાઓ, ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્નનું નામ ગ્રહણ કરતા તેમની સાથે યુદ્ધ કરતા હતા. ઉભેલા તેમને જોઈ રથમાં બેઠેલા ધર્માપેક્ષી ભીમસેન જલદી રથમાંથી નીચે ઉતરી સુવર્ણથી શોભતી મોટી ગદા હાથમાં લઇ પોતાના ભુજબળનો છે આશ્રય જેને એવા દંડપાણિ કાળની પેઠે તમારી તરફના સર્વ સૈન્યને હણવા લાગ્યા. ત્યાગ કર્યો છે જીવિત તથા બાંધવ જેમણે એવા સજ્જ થએલા પાયદળો પણ સંગ્રામમાં પતંગ નામના જંતુઓ જેમ અગ્નિ સામે દોડે તેમ ભીમસેન સામે દોડવા લાગ્યા. યુદ્ધમાં દુર્મદ એવા અત્યંત ક્રોધાયમાન થએલા ભીમસેનને જોઇ, ભૂતસમુદાય જેમ કાળને જોઇ શબ્દ કરે તેમ તત્કાલ શબ્દ કરવા લાગ્યા. તે સમયે સત્ય પરાક્રમવાળા બાજપક્ષીની પેઠે સંગ્રામમાં વિચરતા મહા બળવાન ભીમસેન, ખડ્ગ તથા ગદાએકરી પચ્ચીસ હજારની જેની સંખ્યા છે એવા પુરૂષસૈન્યને હણી ધૃષ્ટદ્યુમ્નને આગળ કરી સંગ્રામના મધ્યમાં પાછો ઉભો રહ્યો. પરાક્રમી અર્જુન, રથ સૈન્ય આગળ ગયા; તેમજ માદ્રીપુત્ર નકુલ સહદેવ તથા મહાબળવાન સાત્યકિ પ્રસન્ન થએલા એ, દુર્યોધનના સૈન્યને હણતાં વેગેકરી શકુનિ સામે જઇ તીક્ષ્ણ બાણેકરી તેના ઘણાક ઘોડેસ્વારને હણી તેની પાછળ દોડયા. યુદ્ધ પ્રવર્ત્તમાન થયું તેમાં હે રાજન ! અર્જુન ત્રણ લોકમાં વિખ્યાત એવું ગાંડીવધનુષ સજ્જ કરી રથસૈન્ય સામે જવા લાગ્યા. કૃષ્ણ છે સારથિ જેના એવા, શ્વેત અશ્વવાળા રથને તથા યોદ્ધા એવા અર્જુનને જોઇ તમારી તરફનાં સૈન્ય ભયથી ભાગવા લાગ્યાં. વળી હણાયા છે રથ તથા અશ્વ જેમના એવા બાણેકરી વ્યાપ્ત પચ્ચીસ હજાર પાયદળ, પાર્થ સામે દોડયા. પુરૂષસૈન્યને પંચાલોમાં મહારથિ, મોટું ધનુષ ધારનાર, શત્રુગણને મર્દન કરનાર પંચાલ રાજનો પુત્ર મોટા યશવાળો ધૃષ્ટદ્યુમ્ન ભીમસેનને આગળ કરી સંગ્રામમાં ઉભો રહ્યો તે વેળાએ પારાવત સરખા વર્ણવાળા અશ્વ જેના રથમાં જોડેલા છે એવા શ્રેષ્ઠ કોવિદાર વૃક્ષના ચિન્હવાળી ધ્વજાયુક્ત ધૃષ્ટદ્યુમ્નને જોઇ તમારી તરફના સૌ ભયથી નાસવા લાગ્યા. યશસ્વી એવા સાત્યકિસહિત માદ્રિપુત્ર નકુલ, સહદેવ, બાણ ફેંકનાર ગાંધારરાજ શકુનિને અનુસરી સામે ઉભા રહ્યા. હે મારિષ ! ચેકિતાન, શિખંડિ તથા દ્રૌપદીના પુત્ર, તમારા મોટા સૈન્યને હણી શંખ વગાડવા લાગ્યા. પછી તે સર્વ નાસી જતા એવા વિમુખ થએલા તમારાઓને જોઇ બલિવર્દોને જીતી જેમ બીજા બલિવર્દ હણતા હણતા તેમની સામે દોડે તેમ સામે દોડયા. હે નૃપ ! પાંડુપુત્ર અર્જુને પણ બાકી રહેલી તમારા પુત્રની સેનાને જોઇ તેની ઉપર બાણનો વર્ષાદ કર્યો. બાણમય થએલા પૃથ્વિતલવિષે અંધકાર થવાથી અને ઉડતી રજેકરી કંઇ પણ દેખાતું નહતું એવા ભયંકર વખતને જોઇ હે મહારાજ ! તમારી તરફના યોદ્ધાઓ, સર્વ દિશાઓ પ્રત્યે ભાગવા લાગ્યા. એ રીતે સર્વ સૈન્યમાં ભંગાણ પડયું તે જોઇ કુરૂરાજ દુર્યોધને પોતાનાં તથા પારકાં સૈન્ય સામે દોડી યુદ્ધ વારતે સર્વ પાંડવોને પૂર્વે બલિરાજાએ જેમ દેવતાઓને બોલાવ્યા હતા તેમ બોલાવ્યા. એકઠા મળેલા ક્રોધાયમાન થએલા પાંડવો પણ નાના પ્રકારનાં શસ્ત્ર નાખતા તથા ગર્જના કરતા એનો વારંવાર તિરસ્કાર કરતા સામે ગયા. અસંભ્રાંત એવા દુર્યોધને પણ શત્રુઓને બાણેકરી વિંધ્યા. તે વખતે તમારા પુત્રનું અદ્ભુત એવું પૌરૂષ અમે જોયું, જે સર્વ પાંડવો મળીને પણ એને અતિક્રમણ કરવા સમર્થ થયા

નહિ. તેટલામાં તમારો પુત્ર દુર્યોધન અતિ દૂર ગએલાં નહિ અને પલાયન કરવામાં છે બુદ્ધિ જેની એવા અત્યંત ક્ષત થએલાં પોતાનાં સૈન્યને જોઇ તેને ઉભું રાખી તે યોદ્ધાઓને જાણે હર્ષ પમાડતો હોય નહિ તેની પેઠે કહેવા લાગ્યો કે—હે યોદ્ધાઓ! પૃથ્વી તથા પર્વતવિષે જ્યાં જવાથી તમે હણાવ નહિ એવા કોઇ પણ દેશને હું જોતો નથી, માટે તમારા ભાગવાથી શું ફળ છે? તેમનું સૈન્ય થોડું રહ્યું છે અને કૃષ્ણ તથા અર્જુન અત્યંત ક્ષત થએલા છે માટે જો આપણે સર્વ સંગ્રામ વિષે ઉભા રહીએ તો જરૂર આપણો વિજય થાય. કર્યો છે અપરાધ જેમણે એવા તમોને પાછળ આવી પાંડવો હણશે માટે આપણે તો સંગ્રામમાં મરવું એજ પરમ શ્રેય છે. ક્ષત્રિય ધર્મે કરી યુદ્ધ કરનારને સાંગ્રામિક મૃત્યુ સુખરૂપ છે કારણ કે સંગ્રામમાં મરણ પામેલો દુઃખને જાણે નહિ અને મુવા પછી અનંત સુખને ભોગવે છે, માટે હે ક્ષત્રિયો! તમો અહિં સંગ્રામમાં આવેલા છો તે બધા મારાં વચન સાંભળો. ભાગશો તો દ્વેષિ એવા ભીમસેનને વશ થશો, વાસ્તે પિતામહોએ આચરણ કરેલા ધર્મને ત્યાગ કરવો નહિ. ક્ષત્રિયને પલાયન કરવાથી બીજું કંઇ પાપકર્મ નથી. હે કૌરવો! યુદ્ધધર્મથી કલ્યાણરૂપ સ્વર્ગનો માર્ગ સહેલ થાય છે. ઘણાક કાલે સંપાદન કરેલા લોકને યુદ્ધથી ક્ષત્રિયો તત્કાલ પામે છે. દુર્યોધન રાજાનાં વચન સાંભળી રાજ્યને ન સહન કરી શકતા, પરાક્રમ વિષે કર્યું છે ચિત્ત જેમણે એવા મહારથિઓ વળી પાછા પાંડવ સામે આવ્યા. તે વખતે તમારા તથા પારકાઓનું દેવાસુર સંગ્રામની જેને ઉપમા અપાય એવું અત્યંત દારુણ યુદ્ધ પ્રવર્તમાન થયું. તેમાં હે મહારાજ! યુધિષ્ઠિર છે મુખ્ય જેમાં એવા પાંડવો પ્રત્યે તમારો પુત્ર દુર્યોધન સર્વ સૈન્ય સહિત દોડયો.

युधिष्ठिरपुरोगांश्च सर्वसैन्येन पांडवान् ।
अन्वधावन् महाराज पुत्रो दुर्योधनस्तव ॥

इति श्रीमहाभारते शल्यपर्वणि कौरवसैन्यापलायने गुर्जरभाषायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો. કૃપાચાર્યની સંધિસુલેહ.

संजय उवाच—पतितान् रथनीडांश्च रथांश्चापि महात्मनां ।
रणे च निहतान् नागान् दृष्ट्वा पत्तींश्च मारिष ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મારિષ! પડેલા રથના નીડ, મહાત્માઓના રથ, સંગ્રામમાં હણાયલા હસ્તિ તથા પાયદળોને જોઇ તેમજ અપ્રખ્યાતિને પ્રાપ્ત થએલા સેંકડો તથા હજારો રાજાઓના, રૂદ્રની ક્રીડા સરખા ઘોર સંગ્રામને જોઇ શોકે કરી હણાયું છે ચિત્ત જેનું એવો તમારો પુત્ર વિમુખ થયો અને અર્જુનના પરાક્રમને જોઇ દુઃખને પ્રાપ્ત થએલાં સૈન્ય પણ અત્યંત ઉદ્વિગ્ન થયાં તથા વિચાર કરવા લાગ્યાં. મંથન થતાં સૈન્યોનો ઉગ્ર શબ્દ તથા સંગ્રામમાં ક્ષત થએલા રાજાઓનો મનસુબો જાણી હે રાજન્! કૃપાવિષ્ટ થએલા, વય તથા શીલયુક્ત, વાક્ય બોલવામાં વિશારદ, તેજસ્વી કૃપાચાર્ય, દુર્યોધન રાજા પાસે જઇ ક્રોધવશ થઇ આવી રીતે કહેવા લાગ્યા કે, હે મહારાજ! હે કૌરવ! હે દુર્યોધન! હે બાલક!

આજે હું કહું તે તું સાંભળ; અને સાંભળ્યા પછી તને રૂચે તો તે પ્રમાણે કર. હે રાજેંદ્ર! યુદ્ધધર્મથી બીજો કલ્યાણરૂપ માર્ગ કોઈ નથી તેથી તેનો આશ્રય કરી ક્ષત્રિયો યુદ્ધ કરે છે. હે ક્ષત્રિયર્ષભ! ક્ષાત્રવૃત્તિથી જીવનારાઓ, પુત્ર પિતાને, ભાઇ ભાઇને, પિતા પુત્રને, ભાણેજ મામાને અને સંબંધી તથા બાંધવ, એક બીજાને પરસ્પર હણે છે. ક્ષત્રિયને સામે પગલે મરવું એ પરમ ધર્મ છે અને પલાયન કરવું એ અધર્મ છે; તેથીજ જીવિતાર્થી એવા ક્ષત્રિયો ઘોર એવી જીવિકાને પ્રાપ્ત કરે છે. કંઇ થોડું તારા હિતનું વચન કહું તે સાંભળ. હે અનઘ! ભીષ્મ, દ્રોણ, મહારથિ કર્ણ, જયદ્રથ, તારા ભાઇઓ તથા તારો પુત્ર લક્ષ્મણ હણાયો, માટે હવે કોણ તેવો બાકી રહ્યો છે કે જેનો આપણે આશ્રય કરીએ. જેમના ઉપર ભાર મૂકી આપણે રાજ્ય વિષે મતિ કરીએ, શૂરવીર એવા તે તો સંગ્રામ વિષે પોતાના શરીરનો ત્યાગ કરી બ્રહ્મવેત્તાઓની ગતિને પ્રાપ્ત થયા. ગુણવાન એવા મહારથિઓ વગર આપણે, ઘણા રાજાઓને મરાવી કૃપણની પેઠે વરતીશું અને દેવતાઓ પણ જેને સહન કરી શકે નહિ તેવો પરાજય પામેલો નહિ ને શ્રીકૃષ્ણ જેને નિયમમાં રાખનાર છે એવા મહાબાહુ અર્જુન તો બધા જીવતા હતા ત્યારે પણ ઇન્દ્રના ધનુષ સરખું તથા ઇન્દ્રધ્વજ સમાન ઉંચા વાનર ધ્વજને પ્રાપ્ત થઈ મોટી સેનાઓને ચલાયમાન કરતો હતો, વાસ્તે હવે હાલ તો ભીમસેનના સિંહનાદથી, પાંચજન્યના શબ્દે કરી તથા ગાંડીવના ઘોષથી આપણું મન મઢ થઇ જશે. સુવર્ણથી વિચિત્ર પ્રકારનું અર્જુને વારવાર ખેંચેલું ઉખાડિયા સરખું મોટું ગાંડીવ ધનુષ મેઘ વિષે વિજળી દેખાય તેમ સર્વ દિશાઓમાં દેખાતું હતું. વાયુ જેમ મેઘને વહન કરે તેમ શ્રીકૃષ્ણે ચલાવેલા ચંદ્રપ્રકાશ સરખી કાંતિવાળા વેગ સંપન્ન રથવિષે જોડાયલા આકાશને જાણે પાન કરતા હોય એવા સુવર્ણથી વિચિત્ર પ્રકારના અંગવાળા શ્વેત અશ્વવાળો રથ સંગ્રામવિષે અર્જુનને વહન કરે છે. અસ્ત્ર સાંધવામાં વિશારદ એવો અર્જુન પણ, હે રાજન્! તારા સૈન્યને વૃદ્ધિ પામેલો અગ્નિ જેમ શિશિરઋતુમાં શુષ્ક તૃણને બાળે તેમ બાળી મૂકે છે. તારા સૈન્યને વહન કરતા, મહેન્દ્ર સરખી કાંતિવાળા તારી સેનાને ક્ષોભ પમાડતા, રાજાઓને ત્રાસ આપતા ધનુષના શબ્દેકરી યોદ્ધાઓને નસાડતા ચાર દાંતવાળા હસ્તિ સરખા, નલિનીને મર્દન કરતા કુંજર જેવા તથા મૃગપક્ષીને નસાડતા સિંહ સરખા અર્જુનને વારંવાર અમે જોઇએ છીએ. એ રીતે સર્વ લોકમાં મોટા ધનુષવાળા સર્વ ધનુષ ધરનારાઓમાં શ્રેષ્ઠ, કવચવાળા શ્રીકૃષ્ણ તથા અર્જુન લોકના મધ્યમાં વિચરે છે.

હે ભારત! સંગ્રામમાં હણાતા એવા રાજાઓના અતિ ઘોર એવા આ સંગ્રામને આજ સત્તર દિવસ થયા. તેમાં વાયુ જેમ શરદઋતુના વાદળસમુદાયને હણે તેમ પાંડવોએ હણેલાં તમારાં સૈન્ય ચોતરફથી વિખરાતાં જાય છે. મહા સમુદ્રમાં વાયુએ ડગાવેલા નાવની પેઠે હણાયલી તમારી સેનાને હે મહારાજ! અર્જુન કંપાયમાન કરે છે. હે રાજન્! બાણગોચર પ્રાપ્ત થએલા જયદ્રથને જોઇ તમારા સંબંધી ભાઇઓ, સહાય, માતુલ તથા સર્વ જોતાં જેણે હણ્યો હતો. ચાલનાર સહિત દ્રોણ, હું તું, હાર્દિક્ય, તથા ભાઇઓ સહિત તારો ભાઇ દુઃશાસન એ આપણે બધા ક્યાં અને અર્જુન ક્યાં? હવે તેવો કોણ રહ્યો છે કે જેનો આપણે આશ્રય કરીએ. પાંડુપુત્ર અર્જુનને જીતે એવો આપણામાં કયો પુરૂષ છે! મહાત્માના વિવિધ પ્રકારના દિવ્ય અસ્ત્ર, તથા ગાંડીવનો શબ્દ અમારા ધૈર્યને હરે છે. નષ્ટ થયો છે ચંદ્ર જેમાં એવી રાત્રિ જેવી હણાયેલા નાયકવાળી આ સેના હસ્તિએ ભાંગ્યા છે તટ જેના એવી

સેનાવિષે મહાબાહુ શ્વેતવાહન અર્જુન, શુષ્ક તૃણમાં પ્રજ્વલિત અગ્નિની પેઠે ઇચ્છા પ્રમાણે વિચરશે. તેમ સાત્યકિ તથા ભીમસેન એ એનો જે વેગ છે તે તો સર્વ પર્વતોને વિદારણ કરે તથા સાગરોને પણ શોષણ કરે એમાં સંશય નહિ. તેમ હે વિશાંપતે! સભાના મધ્યમાં ભીમસેને જે વાક્ય કહ્યાં હતાં, તે બધાં તેણે સફળ કર્યાં અને ફરીથી વળી કરશે. ગાંડીવ છે ધનુષ જેનું એવા અર્જુને કર્ણસન્મુખ ઉભા રહી કોઇથી સહન થાય નહિ એવાં પાંડવોએ રક્ષણ કરેલાં વ્યૂહ રચનાથી ઉભેલાં પોતાના સૈન્યનું રક્ષણ કર્યું હતું. વળી તમે સાધુ એવા પાંડવો સામે જેટલાં જેટલાં નરતાં કામ વિના કારણ કીધાં તેનું આ ફળ તમને પ્રાપ્ત થયું. હે ભરતર્ષભ! પોતા વાસ્તે યત્નેકરી સર્વ લોકનો સંહાર કર્યો, અને હે તાત! તારો આત્મા પણ સંશયિત છે. હે દુર્યોધન! આત્મા સર્વનું પાત્ર છે વાસ્તે આત્માની તું રક્ષા કર. હે તાત! પાત્ર ભંગ થવાથી તેમાં રહેલું સર્વ વેરાઇ જાય છે. હીન થએલાએ તથા સમબળ વાળાએ શત્રુ સાથે સંધિ કરવી અને વૃદ્ધિ પામેલાએ વિગ્રહ કરવો એવી બૃહસ્પતિની નીતિ છે. આપણે પાંડુપુત્ર થકી બળ તથા શક્તિએકરી હીન છીએ માટે હે [illegible]! પાંડવો સાથે આપણે સંધિ કરવી યોગ્ય છે, એમ હું માનું છું. જે પુરુષ, શ્રેયને જાણતો નથી તે શ્રેય તથા રાજ્યથી ભ્રષ્ટ થાય છે, અને કલ્યાણને પ્રાપ્ત થતો નથી. હે રાજન્! રાજાને પ્રણિપત્ય કરી કદી રાજ્યને પ્રાપ્ત થઇએ તો શ્રેય થાય, પણ પરાભવને પ્રાપ્ત થએલાને મૂઢતાથી શ્રેય થાય નહિ. ધૃતરાષ્ટ્રના વાક્યથી તથા ગોવિંદના વચનેકરી કૃપાશીલ એવો યુધિષ્ઠિર, રાજ્ય ઉપર તને યોજશે. પરાજય પામેલા નહિ એવા યુધિષ્ઠિર રાજાને, અર્જુનને તથા ભીમસેનને હૃષીકેશ એવા ભગવાન જે વચન કહે તે વચન પ્રમાણે કર. શ્રીકૃષ્ણ, એવા ભગવાન કૌરવ એવા ધૃતરાષ્ટ્રના વચનને અતિક્રમણ કરશે નહિ. શ્રીકૃષ્ણનાં વચનને પાંડુપુત્ર યુધિષ્ઠિર, ઉલ્લંઘન કરશે નહિ એમ હું માનું છું. એમ કરવું એ હું કલ્યાણરૂપ માનું છું પણ પાંડવ સાથે વિગ્રહ કરવો એ હું કલ્યાણરૂપ માનતો નથી. આ રીતે જે હું તને કહું છું તે કંઇ કૃપણતાથી તથા પ્રાણના રક્ષણ વાસ્તે કહેતો નથી. હે રાજન્! તારા હિત વાસ્તે તને કહું છું માટે તેમ નહિ કરે તો મુવા પછી યાદ કરીશ. એ રીતે કહી વૃદ્ધ એવા શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય વિલાપ કરી ઉષ્ણ એવો મોટો નિઃશ્વાસ મૂકી શોચ કરતા મોહને પ્રાપ્ત થયા.

इति वृद्धो विलप्यैतत्कृपः शारद्वतो वचः ।
दीर्घमुष्णं च निःश्वस्य शुशोच च मुमोह च ॥

इति श्री महाभारते शल्यपर्वणि कृपवाक्ये गुर्जरभाषायां चतुर्थोऽध्यायः ॥४॥

અધ્યાય ૫ મો. દુર્યોધન-સંધિ અશક્ય છે.

संजय उवाच—एवमुक्तस्ततो राजा गौतमेन तपस्विना ।
निःश्वस्य दीर्घमुष्णं च तूष्णीमासीद्विशांपते ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે વિશાંપતે! એવી રીતે તપસ્વી એવા ગૌતમે જેને કહ્યું હતું એવો દુર્યોધન રાજા, ઉષ્ણ એવો મોટો નિઃશ્વાસ મુકી તૂષ્ણીભાવને પ્રાપ્ત થયો.

પછી બે ઘડી વિચાર કરી ઉદાર મનવાળો શત્રુને તપાવનાર ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન, શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યો કે, જે કંઈ હિતેચ્છુક એવા સંબંધીએ કહેવું જોઇએ તે બધું તમે મને સંભળાવ્યું. પ્રાણનો ત્યાગ કરી યુદ્ધ કરતા એવા તમે બધું કર્યું, પણ, સૈન્યોના મધ્યમાં જઇ અત્યંત તેજસ્વી એવા મહારથિ પાંડવો સાથે યુદ્ધ કરતા તમને લોકોએ જોયા. હિતેચ્છુક એવા તમે જે વાક્ય મને સંભળાવ્યું તે બધું તમારૂં કારણ સહિત હિતરૂપ બોલવું, નજીક મરણ આવેલાને જેમ ઉત્તમ ઔષધ રૂચે નહિ તેમ મને રૂચતું નથી, કેમકે હે વિપ્રર્ષિ ! હે મહાબાહો ! યુધિષ્ઠિર રાજાને આપણે અક્ષદ્યૂતમાં જીતી રાજ્ય રહિત કર્યા તે હાલ આપણો વિશ્વાસ કેમ કરે ? ફરીથી મારાં વાક્ય ઉપર શ્રદ્ધા કેમ કરે ? હે બ્રહ્મન્ ! પાંડવના હિતમાં પ્રીતિમાન એવા શ્રીકૃષ્ણ, તેમના દૂત થઇ વિષ્ટિ કરવા આવ્યા હતા, ઋષીકેશ એવા ભગવાનની પણ મેં મશ્કરી કરી હતી, એવી રીતે અવિચારી કર્મ થયાં છે તે મારાં વચનને કેમ માન્ય કરે ? સભામાં પ્રાપ્ત થએલી દ્રૌપદીએ જે વિલાપ કર્યો હતો તથા રાજ્ય હરણ કર્યું હતું તે બધું શ્રીકૃષ્ણ કેમ ભૂલી જાય ? અન્યોઅન્ય જેને આશ્રય છે એવા શ્રીકૃષ્ણ તથા અર્જુન, એ બેઉ એક જેના પ્રાણ છે એવા છે, માટે હે પ્રભો ! પૂર્વે જે સાંભળ્યું હતું તે હું આજ જોઉં છું. પોતાનો ભાણેજ અભિમન્યુ હણાયો, એ સાંભળી કેશવ સુખેકરી શયન કરતા નથી એવો આપણે તેનો અપરાધ કર્યો છે તે કેમ ક્ષમા કરે ! અર્જુન પણ અભિમન્યુનો વિનાશ થયા પછી સુખ પામતા નથી, તે યાચના કરવાથી પણ મારા હિતનો કેમ યત્ન કરે ? મધ્યમ એવા તીક્ષ્ણ મહા બળવાન પાંડુપુત્ર ભીમસેને તો ઉગ્ર પ્રતિજ્ઞા કરેલી છે માટે તે તો નમેજ નહિ. બાંધ્યાં છે ખડગ તથા કવચ જેમણે એવા આપણને વૈરી જાણનાર શરીર નકુલ સહદેવ પણ યમની જેને ઉપમા અપાય એવા છે. તેમજ હે દ્વિજસત્તમ ! મારી સાથે કર્યું છે વેર જેમણે એવા ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડી પણ મારા હિત વિષે યત્ન કરે નહિ. દુઃશાસને સર્વ લોક જોતાં સભામાં એકવસ્ત્ર જેણે ધારણ કર્યું હતું એવી રજસ્વલા દ્રૌપદીને વસ્ત્રરહિત કરી દીનની પેઠે ક્લેશયુક્ત કરી હતી તે હજી આજ દિવસ સુધી પાંડવો યાદ કરે છે, માટે શત્રુઓને તપાવનાર તે, હવે સંગ્રામથી નિવૃત્ત થાય નહિ. તેમ ક્લેશને પ્રાપ્ત થએલી દુઃખિત દ્રૌપદી પણ મારા નાશ વાસ્તે અને પોતાના સ્વામીઓના અર્થની સિદ્ધિ થવા સારૂ વેર ટળે ત્યાં સુધી નિરંતર સ્થંડિલમાં શયન કરી ઉગ્ર એવું તપ કરે છે. વાસુદેવ ભગવાનની બહેન સુભદ્રા પણ માન તથા દર્પને છોડી દઇ પ્રેષ્ય સરખી થઇ સદા દ્રૌપદીની સેવા કરે છે, એ રીતે બધું દૃઢ થઈ ગયું છે, તે હવે નિવૃત્ત થાય નહિ. મારે પણ અભિમન્યુ જેવાને હણી હવે તેની સાથે સંધિ કરવા કેમ જવું ? રાજા એવો હું સમુદ્ર પર્યંત એવી આ પૃથ્વીને ભોગવી પાંડવોના પ્રસાદે કરી કેમ રાજ્ય ભોગવું ? રાજાઓની ઉપર સૂર્યની પેઠે પ્રજ્વલિત થઇ હવે દાસની પેઠે યુધિષ્ઠિરની પાછળ કેમ ફરૂં ? પોતે ભોગ ભોગવી બીજાઓને પુષ્કળ ભોગ આપી આ વખતે કૃપણોની સાથે કૃપણની જીવિકાથી કેમ વરતું ? કંઇ તમારા વાક્યને હું નિંદતો નથી, તમે તો પ્રેમથી મારા હિતનાંજ વાક્ય કહો છો પણ આ વખતે હવે સંધિ કરવી એ કોઇ રીતે મારા માનવામાં આવતું નથી.

હે શત્રુને તપાવનાર ! સારી રીતે યુદ્ધ કરી કંઇક સારી યુક્તિ કરવી એમ મારા વિચારમાં આવે છે વાસ્તે આ વખત સારી રીતે યુદ્ધ કરવાનો છે પણ કંઇ નાહિમ્મત થવાનો નથી. મેં એટલા વખતમાં બધું કરી લીધું છે તે કહું, તે સાંભળો. મોટા યજ્ઞોવડે મેં યજન

કર્યું છે, બ્રાહ્મણોને દક્ષિણા આપી છે, સર્વ કામ સારી રીતે ભોગવેલાં છે, વેદ અધ્યયન કર્યાં છે, શત્રુઓનાં મસ્તક ઉપર રહ્યો છું, તેમ હે તાત! સેવકજનોનું સારી રીતે પોષણ કર્યું છે, દીનજનનો ઉદ્ધાર કર્યો છે, પારકા દેશને હું જીત્યો છું, પોતાના દેશનું પાલન કર્યું છે, વિવિધ પ્રકારના ભોગ ભોગવ્યા છે, ત્રિવર્ગને મેં સેવ્યા છે, પિતૃના ઋણથી હું મુક્ત થયો છું, તેમજ ક્ષાત્રધર્મનું ઋણ પણ મારી ઉપરથી ઉતરી ગયું છે; માટે હે દ્વિજશ્રેષ્ઠ! પાંડવો પ્રત્યે એવાં દીન વચન કહેવાનો મને ઉત્સાહ નથી, તેમ સુખ કંઇ અચળ છે નહિ માટે દેશ તથા યશ કરીને પણ શું? આ લોકમાં કીર્તિનો વિસ્તાર કરવો તે તો યુધ્ધે કરીનેજ થાય, બીજા પ્રકારે થાય નહિ. ક્ષત્રિયને ઘરવિષે મરવું એ નિંદિત છે; કેમકે ઘરવિષે શય્યામાં મરણ, એ મોટો અધર્મ છે, માટે જે, મોટા યજ્ઞ કરી અરણ્યમાં જઇ શરીરનો ત્યાગ કરે, વા સંગ્રામમાં શરીરનો ત્યાગ કરે તે ક્ષત્રિય, મહિમાને પ્રાપ્ત થાય છે. આર્ત એવો જરાગ્રસ્ત ક્ષત્રિય, કૃપણની પેઠે વિલાપ કરતો રૂદન કરતાં જ્ઞાતિલાઓના મધ્યમાં મરણ પામે તેને પુરૂષ જાણવો નહીં. હે દ્વિજશ્રેષ્ઠ! હું પણ ઉત્તમ યુદ્ધ કરી વિવિધ પ્રકારના ભોગનો ત્યાગ કરી પરમ ગતિને પ્રાપ્ત થએલાઓની સલોકતાને પ્રાપ્ત થઇશ. આર્યવૃત્તવાળા, સંગ્રામમાં પાછા ન ફરનાર, શૂરવીર, બુદ્ધિમાન, સત્ય પ્રતિજ્ઞાવાળા, યજ્ઞેકરી યજન કરનાર, શસ્ત્ર તથા અવભૃથસ્નાનેકરી પવિત્ર એવા સર્વનો સ્વર્ગમાં નિવાસ થાય છે. યુદ્ધવિષે મરનારને અપ્સરાઓના ગણ સેવે છે 'આ ક્યારે સ્વર્ગમાં આવશે,' અને દેવતાઓની સભામાં પૂજાયેલા, અપ્સરાઓથી વીંટાએ સ્વર્ગમાં હર્ષ પામતા પુરૂષોને પિતૃઓ જુએ છે. અમે પણ સંગ્રામમાંથી પાછા ન ફરનાર એવા શૂરવીર પુરૂષોએ ગમ્ય દેવમાર્ગ પ્રત્યે જઇશું. મારે વાસ્તે વૃદ્ધ એવા પિતામહ ભીષ્મ, બુદ્ધિમાન દ્રોણાચાર્ય, જયદ્રથ, કર્ણ તથા દુઃશાસન સર્વ યુદ્ધમાં પ્રાણનો ત્યાગ કરી ઉત્તમ માર્ગ પ્રત્યે ગયા તેમ મારે વાસ્તે એકઠા થએલા શૂરવીર, યથોક્ત યજ્ઞેકરી યજન કરનાર ઉત્તમાસ્ત્ર જાણનાર બાણેકરી ક્ષત થયાં છે અંગ જેમનાં એવા ઘણાક રાજાઓ, સંગ્રામમાં પ્રાણનો ત્યાગ કરી ઇન્દ્રલોકમાં જઇ રહ્યા છે, માટે મારે વાસ્તે હણાયલા તે શૂરવીરોના કૃત્યને યાદ કરી તે મારા ઋણથી મુક્ત થવા સારૂ રાજ્યમાં મન ન રાખતાં હું સારી રીતે યુદ્ધ કરીશ. વયસ્ય, ભાઇઓ, તથા પિતામહાદિકને સંગ્રામમાં ઘાત કરાવી હવે જો મારા જીવિતનું હું રક્ષણ કરૂં તો જરૂર લોક મને નિંદે. બંધુ તથા મિત્રોએ કરી હીન એવો હું આ જગતને આવો પરાભવ કરી પાંડવને પ્રણામ કરી રાજ્ય કરૂં તે કેવું? વાસ્તે હું સારી રીતે યુદ્ધ કરી સ્વર્ગને પ્રાપ્ત થઇશ.

એ રીતે દુર્યોધને કહ્યું તે સાંભળી સર્વ ક્ષત્રિયો 'સાધુ સાધુ' એમ તેની પ્રશંસા કરી પરાજયનો શોચ ન કરતાં પરાક્રમ કરવા કરેલો છે નિશ્ચય જેમણે એવા તે સર્વ, યુદ્ધ કરવામાં કર્યો છે નિશ્ચય જેમણે એવા લડવાને તત્પર થયા. પછી યુદ્ધ કરવાનો છે ઉત્સાહ જેમને એવા સર્વ કૌરવોએ, વાંહનોની આશ્વાસના કરી કંઇક બે યોજન છેટે અતિ સુંદર એવા વૃક્ષ રહિત ઉંચા હિમવાનના શિખર પ્રત્યે અરૂણા સરસ્વતીને પ્રાપ્ત થઇ તેમાં સ્નાન કરી તેના જળનું પાન કર્યું. હે રાજન્! તમારા પુત્રે આપ્યો છે ઉત્સાહ જેમને એવા કાળે પ્રેરણા કરેલા તે સર્વ ક્ષત્રિયો, પરસ્પર એક બીજાના આત્માના રક્ષણની સરત કરી રણ સંગ્રામમાં પાછા આવ્યા.

पर्यवस्थाप्य चात्मानमन्योन्येन पुनस्तदा ।
सर्वे राजन्न्यवर्तन्त क्षत्रियाः कालचोदिताः ॥

એવા તે બંને દેવ, મનુષ્ય લોકમાં પધાર્યા છે એમ જાણો. કૃષ્ણ સાક્ષાત નારાયણ છે, ને અર્જુન નર છે; એકજ ચૈતન્ય બે રૂપે કરી રહ્યું છે. નરનારાયણ ભગવાન તપકર્માદિરૂપ કર્મ કરી અક્ષય તથા ધ્રુવ લોકો પ્રત્યે પણ વ્યાપ્ત થઇ રહ્યા છે અને યુદ્ધ વખતે વારંવાર તે તે ઠેકાણે પ્રગટ થાય છે, માટે તેઓને યુદ્ધજ કર્તવ્ય છે, એમ વેદ જાણનાર નારદજીએ બધા યાદવો સાંભળતાં કહ્યું છે. હે તાત! હે દુર્યોધન! જ્યારે શંખ, ચક્ર તથા ગદા ધારણ કરનાર મહાત્મા કેશવ ભગવાનને, તથા નાના પ્રકારનાં અસ્ત્ર ધારણ કરનાર ભયંકર ધનુષ-વાળા સનાતન અર્જુનને એક રથમાં બેઠેલા જોઇશ, ત્યારે મારાં વચન તું યાદ કરીશ. આ કૌરવોનો ક્ષયજ નજીક આવ્યો દેખાય છે, કેમકે તારી બુદ્ધિ ધર્મ તથા અર્થ રહિત થઇ ગઇ છે. હે ભરતર્ષભ! મારાં વચન ગ્રહણ નહીં કરે તો ઘણાક નાશ પામ્યાના સમાચાર સાંભળીશ, કારણ સર્વ કૌરવોએ તારાજ મત પ્રમાણે ચાલવું પડશે, ને તું તો પરશુરામે શાપ દીધેલા તથા હલકી જાતવાળા સૂતપુત્ર કર્ણના, સુબલ રાજાના પુત્ર શકુનિના તથા ક્ષુદ્ર બુદ્ધિવાળા પાપરૂપ તારા ભાઇ દુઃશાસનના વચનનેજ તત્વરૂપ માને છે. ભીષ્મનાં વચન સાંભળી કર્ણે કહ્યું કે—હે પિતામહ! તમે મને કહો છો, તે કહેવું લાયક નથી કારણ હું ક્ષત્રિય ધર્મ વિષે રહ્યો છું, ને સ્વધર્મથી ચલાયમાન થયો નથી. મારામાં એવું શું દુર્વૃત્ત છે, જે તમે મને નિંદો છો? મારૂં કંઇપણ પાપ ધૃતરાષ્ટ્રના પુત્રો જાણતા નથી, તેમ કંઇ દુર્યોધનનું હું નરતું પણ નથી કરતો. હું સંગ્રામમાં સર્વ પાંડવોને નિશ્ચય મારીશ પણ ખરો, કારણ તેમ કર્યા વિના પૂર્વે વિરોધ કરેલા મારા જેવા સત્પુરૂષો શાંતિ કેમ પામે? ધૃતરાષ્ટ્ર રાજાનું તથા રાજ્ય કરનાર દુર્યોધનનું પણ મારે પ્રિય કરવુંજ જોઇએ.

વૈશંપાયન કહે છે–હે જનમેજય! કર્ણનાં વચન સાંભળી શંતનુના પુત્ર ભીષ્મ ફરીથી ધૃતરાષ્ટ્રને આવી રીતે કહેવા લાગ્યા કે, હે રાજન્! આ કર્ણ "હું પાંડવોને મારીશ" એમ કહી ફુલાય છે, તે મહાત્મા પાંડવોનો તો સોળમો અંશ પણ નથી અને તારા દુષ્ટ બુદ્ધિવાળા પુત્રોને જે આ અન્યાયરૂપ કર્મ નજીક આવશે, તે પણ આ દુષ્ટ સૂતપુત્ર કર્ણ-નુંજ કર્મ જાણ. વળી તારા મંદબુદ્ધિવાળા પુત્ર દુર્યોધને, શત્રુને દમન કરનાર શૂરવીર દેવ-પુત્ર પાંડવોનો તિરસ્કાર કર્યો, તે પણ એની સોબતથીજ, પણ તે એક એક પાંડવે જે રીતે પૂર્વે દુષ્કર કર્મ કર્યા છે, તેવું એણે શું કર્યું છે? જ્યારે અર્જુને વિરાટ નગરમાં એના પ્રિય ભાઇને પરાક્રમથી માર્યો ત્યારે પણ એણે શું કર્યું? જે વખતે એકઠા મળેલા સર્વ કૌરવો પ્રત્યે આવી તેમને મંથન કરી અર્જુને વસ્ત્ર ઉતારી લીધાં, તે વખતે શું આ કર્ણ પરદેશ ગયો હતો? તેમજ ઘોષયાત્રામાં ગંધર્વો જ્યારે તારા પુત્ર દુર્યોધનને લઇ જતા હતા, ત્યારે આ સૂતપુત્ર કર્ણ ક્યાં ગયો હતો? જે આ વખતે બળદની પેઠે પોકારે છે. ભીમસેન, મહાત્મા અર્જુન, નકુળ, તથા સહદેવે એકઠા મળી ગંધર્વોને પરાજય પમાડ્યા. હે ભરતર્ષભ! ધર્માર્થ લોપ કરનાર તથા પોતાનાં વખાણ કરનાર કર્ણનાં બધાં વચન મિથ્યા છે. ભીષ્મનાં વચન સાંભળી ઉદાર મનવાળા દ્રોણાચાર્યે સભાના મધ્યમાં સત્કારપૂર્વક ધૃતરાષ્ટ્ર પાસે આવી કહ્યું કે, હે ભરતસિંહ! હે નૃપ! તમે આ કેવળ અર્થને ઇચ્છનાર કર્ણાદિકનાં વચન પ્રમાણે ચાલવા યોગ્ય નથી, પણ જે રીતે ભીષ્મ કહે છે તે રીતે કરો. યુદ્ધની પૂર્વેજ પાંડવો સાથે સંધિ કરવું, એ હું સારૂં માનું છું, કારણ ત્રિલોકમાં અર્જુન સરખો બીજો કોઇ પણ ધનુષ્ય ધરનારો નથી. સંજયે જે રીતે અર્જુનનાં વચન નિવેદન કર્યા, તે જ પ્રમાણે અર્જુન

इतिश्री महाभारते शल्यपर्वणि दुर्योधनवाक्ये गुर्जरभाषायां पंचमो ऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો. શલ્ય અને દુર્યોધન સંવાદ.

संजय उवाच—अथ हैमवते प्रस्थे स्थित्वा युद्धाभिनंदिनः ।
सर्व एव महायोद्धास्तत्र तत्र समागताः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે તે સ્થાનકેથી આવેલા યુદ્ધથી આનંદ પામનાર મોટા યોદ્ધાઓ, હિમવાનના શિખર ઉપર ચઢી. શલ્ય, ચિત્રસેન, મહારથિ શકુનિ, અશ્વત્થામા, કૃપાચાર્ય, સાત્વત એવા કૃતવર્મા, સુષેણ, અરિષ્ટસેન, પરાક્રમી ધૃતસેન, તથા જયત્સેન, એટલા રાજાઓ, રાત્રિ ત્યાં રહ્યા; કેમકે શૂરવીર કર્ણ હણાયા પછી જયશીલ એવા પાંડવોએ ત્રાસ પમાડેલા તમારા પુત્ર, હિમવાન પર્વત વિના બીજે સુખ પામતા ન હતા. સંગ્રામવિષે કર્યો છે યત્ન જેમણે એવા બધા એકઠા મળી હે રાજન! વિધિપુરઃસર દુર્યોધનનો સત્કાર કરી શલ્ય સાંભળે તે રીતે દુર્યોધન રાજા પ્રત્યે કહેવા લાગ્યા કે, હે રાજન! જેણે રક્ષણ કરેલા અમે સંગ્રામવિષે શત્રુઓને જીતીએ એવો કોઈ પણ સેનાપતિ આપણા શત્રુ સાથે યુદ્ધ કરવાં યોગ્ય છે. એવાં તેમનાં વચન સાંભળી તમારા પુત્ર દુર્યોધન રાજાએ રથમાં બેસી રથિમાં અત્યંત શ્રેષ્ઠ, યુદ્ધના પ્રભાવને જાણનાર, યુદ્ધમાં કાળ સરખા, સુંદર અંગવાળા, ઢંકાએલું છે મસ્તક જેનું, શંખ સરખી ગ્રીવાવાળા, પ્રિય બોલનાર, કમળપત્ર સરખાં નેત્રવાળા, વ્યાઘ્ર સરખાં મુખથી શોભિતા, મેરૂસરખા ગૌરવવાળા સ્કંધ, નેત્ર, ગતિ તથા સ્વરેકરી મહાદેવના વૃષ સરખા, પુષ્ટ તથા મળેલા વિસ્તીર્ણ છે ભુજ જેના એવા, અત્યંત વીસ્તીર્ણ એવા શ્રેષ્ઠ વક્ષસ્થલ-વાળા, બળ તથા વેગવિષે સૂર્ય તથા વાયુ સરખા, બુદ્ધિએ કરી શુક્રસરખા, કાંતિરૂપ તથા મુખેકરી ચંદ્ર સરખા, સુવર્ણ સરખી કાયાવાળા, મળી ગએલી છે સંધિ જેની, સારી રીતે વૃત્તાકાર છે ઉરૂ, કટી તથા જંઘા જેની, સુંદર છે પાદ, આંગળી તથા નખ જેના એવા, ગુણને વારંવાર યાદ કરી વિધાતાએ યત્નથી નિર્માણ કરેલા, સર્વ લક્ષણ સંપન્ન, નિપુણ શ્રુતિના સમુદ્ર, વેગેકરી શત્રુઓને જીતનાર, શત્રુઓએ બળથકી જીતી શકાય નહિ એવા, અને દશ અંગ તથા ચાર પાદવાળા ધનુર્વેદને તત્વથી જાણનાર તેમજ આખ્યાન છે પાંચમું જેમાં એવા અંગ સહિત ચાર વેદને સારી રીતે સમજનાર, મહા તપસ્વી ઉગ્ર વ્રતેકરી મહાદેવનું આરાધન કરી અયોનિજા એવી કૃપીને વિષે અયોનિજ એવા દ્રોણથી ઉત્પન્ન થએલા, પૃથ્વીપર જેના રૂપ તથા કર્મની બીજાને ઉપમા અપાય નહિ એવા, સર્વ વિદ્યા પારંગત, ગુણોના સમુદ્ર તથા અનિંદિત એવા અશ્વત્થામા પાસે આવી કહ્યું કે, ગુરૂપુત્ર એવા તમે અમારી સર્વની પરમ ગતિરૂપ છો માટે જેને અગ્રણી કરી એકઠા મળેલા આપણે યુદ્ધમાં પાંડવોને જીતીએ એવો સેનાપતિ કોને કરવો, તે કહો એટલે આપણે તેમ કરીએ. દુર્યોધનનાં વચન સાંભળી અશ્વત્થામાએ કહ્યું કે, શલ્યરાજા, કુળ, રૂપ, તેજ, યશ તથા લક્ષ્મી ઇત્યાદિ સર્વ ગુણેકરી સંયુક્ત છે વાસ્તે આપણા સેનાપતિ થાઓ, કેમકે કરેલા ઉપકારને જાણનાર સ્વામિ કાર્તિકસ્વામી સરખો, મોટી સેનાવાળો જે પોતાના ભાણેજનો ત્યાગ કરી આપણી તરફ

આવ્યો છે તે હે નૃપસત્તમ ! દેવતાઓએ જેમ કાર્તિકસ્વામીને સેનાપતિ કર્યા હતા. તેમ એ રાજાને સેનાપતિ કરી આપણે જય મેળવવા સમર્થ થઈશું. આ રીતે દ્રોણપુત્ર અશ્વત્થામાએ કહ્યું તે સાંભળી ત્યાં ઉભેલા સર્વ રાજાઓ. શલ્યને વીટી લેઇ 'જય જય' એ રીતે શબ્દ કરવા લાગ્યા તથા યુદ્ધવિષે મતિ કરી પરમ આવેશને પ્રાપ્ત થયા.

દુર્યોધનરાજા, શ્રેષ્ઠ રથમાં બેઠેલા સંગ્રામમાં દ્રોણ તથા ભીષ્મ સરખા શલ્યરાજાને હાથ જોડી કહેવા લાગ્યો કે, હે મિત્રવત્સલ ! જેમાં મિત્ર તથા અમિત્રની બુધજનો પરીક્ષા કરે છે એવો આ મિત્રધર્મનો વખત પ્રાપ્ત થયો છે વાસ્તે શૂરવીર એવા તમે મારી સેનાના મુખવિષે સર્વને નિયમમાં રાખનાર થાઓ. તમે સંગ્રામ કરવા જશો કે મંદ ચિત્તવાળા પાંડવ તથા અમાત્યસહિત પંચાલો નિરૂદ્યમ થઇ જશે. દુર્યોધનનાં એવાં વચન સાંભળી મર્મ જાણનાર મદ્રદેશના અધિપતિ શલ્યરાજાએ, સર્વ રાજાઓની સામે દુર્યોધનને કહ્યું કે—હે રાજન ! મને જે રીતે તું કરવા માગતો હોય તે તારૂં કામ કહે; કેમકે મારા પ્રાણ, રાજ્ય ને ધન એ સર્વ તારે વાસ્તેજ છે. શલ્યનાં વચન સાંભળી દુર્યોધને તેને કહ્યું કે, હે માતુલ ! અતુલ એવા તમને હું સેનાપતિપણાવિષે યોજું છું માટે તમે મારા સેનાપતિ થઇ, હે યુદ્ધશ્રેષ્ઠ ! સંગ્રામમાં કાર્તિકસ્વામીએ જેમ દેવતાઓની રક્ષા કરી હતી, હે રાજેંદ્ર ! દેવતાઓના સેનાપતિનો અભિષેક જેમ કાર્તિકસ્વામીને થયો હતો તેમ અમારા સેનાપતિનો અભિષેક જેને થયો છે એવા તમે હે વીર ! મહેંદ્ર જેમ દૈત્યોને હણે તેમ સંગ્રામવિષે શત્રુઓને હણો.

अभिषिच्य स्वराजेंद्र देवानामिव पावकिः ।
जहि शत्रून् रणे वीर महेंद्रो दानवानिव ॥

इतिश्री महाभारते शल्यपर्वणि शल्यदुर्योधनसंवादे गुर्जरभाषायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો. શલ્યનું સેનાધિપત્ય.

संजय उवाच—तच्छ्रुत्वाथ वचो राज्ञो मद्रराजः प्रतापवान् ।
दुर्योधनं तदा राजन् वाक्यमेतदुवाच ह ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! દુર્યોધનનાં એવાં વચન સાંભળી, પ્રતાપવાન એવો મદ્રરાજ શલ્ય, દુર્યોધન રાજા પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો. હે રાજન ! હે વાક્ય જાણનારાઓમાં શ્રેષ્ઠ ! હે મહાબાહો ! હે દુર્યોધન ! હું કહું તે સાંભળ. રથમાં બેઠેલા આ શ્રીકૃષ્ણ તથા અર્જુનને તું રથિમાં શ્રેષ્ઠ માને છે પણ બાહુબળવિષે તે બેઉ કોઇ રીતે પણ મારા બરોબરીઆ થઇ શકે નહિ. અત્યંત ક્રોધાયમાન થએલો હું અસુર, સુર તથા મનુષ્ય સહિત ઉદ્યુક્ત થએલી સર્વ પૃથ્વી પ્રત્યે પણ સંગ્રામવિષે યુદ્ધ કરૂં ત્યારે પાંડવો સાથે યુદ્ધ કરૂં તેમાં શું ? સંગ્રામમાં સામે આવેલા પાંડવ તથા સોમકોને હું જીતીશ અને તારી સેનાનો નાયક થઈશ, એમાં સંશય નહિ. વ્યૂહ પણ એવો કરીશ કે જેને શત્રુઓ તારી શકે નહિ હે દુર્યોધન ! આ સત્ય હું એ વાતને અત્ર કહું છું એમાં પણ સંશય નહિ.

શલ્યનાં વચન સાંભળીને હે ભરતસત્તમ! હે વિશાંપતે! ક્લિષ્ટ છે રૂપ જેનું એવા દુર્યોધનરાજાએ શાસ્ત્રદૃષ્ટ એવા વિધિએ કરી સેનાના મધ્યમાં મદ્રાધિપતિ શલ્યને સેનાધિપતિનો અભિષેક કર્યો. તે વખતે હે ભારત! તમારા સૈન્યમાં મોટા સિંહનાદ સાથે વાજિંત્ર વાગવા લાગ્યાં. અને ત્યાં બોલાવેલા મહારથિ મદ્રકો સંગ્રામમાં શોભિતા મદ્રરાજની સ્તુતિ ગાવા લાગ્યા. હે રાજન! તારો જય થાઓ અને તું ચિરંજીવ રહે અને સામે આવેલા શત્રુઓને તું હણ ને તારા બાહુબળનો આશ્રય કરી હણાયા છે દ્વેષી જેમના એવા મહાબળવાન ધૃતરાષ્ટ્રના પુત્ર, સમગ્ર પૃથ્વીને ભોગવો તું તો સંગ્રામવિષે સુર, અસુર તથા મનુષ્યસહિત સર્વને જીતવા સમર્થ છે ત્યારે મર્ત્યધર્મ એવા સંજય તથા સોમકોને જીતે તેમાં શું આશ્ચર્ય? એ રીતે જેનો સત્કાર થયો છે એવો બળવાન મદ્રનો અધિપતિ શલ્ય, સાધારણ પુરૂષોએ દુષ્પ્રાપ્ય એવા હર્ષને પ્રાપ્ત થઈ કહેવા લાગ્યો કે, હે રાજન! આજ હું સંગ્રામમાં પાંડવસહિત સર્વ પંચાલોને હણીશ, વા તેમણે હણેલો હું સ્વર્ગને પ્રાપ્ત કરીશ. આજ નિર્ભયની પેઠે સંગ્રામમાં વિચરતા મને લોકો જુવો. સર્વ પાંડવ, વાસુદેવ, સાત્યકિ, પંચાલ, ચેદિઓ, દ્રૌપદીના પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, તથા સર્વ પ્રભદ્રક મારાં પરાક્રમ, મોટું ધનુષ બળ, લાઘવ અસ્ત્રવીર્ય તથા મારા ભુજબળને જુઓ. ચારણસહિત સિદ્ધ, તથા પાંડવો મારા બાહુબળને તથા મારી અસ્ત્રસંપત્તિને જુઓ મારાં પરાક્રમને જોઇ પાંડવોના મહારથિઓ, તેના પ્રતીકારમાં તત્પર થઇ ઇચ્છા પ્રમાણે વિવિધ પ્રકારની ક્રિયા કરો. પાંડવોના સૈન્યને નસાડીશ. હે કૌરવ્ય! તારા પ્રિય વાસ્તે દ્રોણ, ભીષ્મ તથા સૂતપુત્ર કર્ણથી પણ અતિશય યુદ્ધ કરતો હું સંગ્રામમાં વિચરીશ.

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! હે ભારત! હે માનદ! તમારા સૈન્યમાં શલ્યને અભિષેક થયા પછી તમારી તરફના યોદ્ધાઓ, કર્ણ સંબંધી કંઇ પણ દુઃખ માનતા ન હતા. તમારા સૈનિકો પ્રસન્ન મનવાળા થઇ મદ્રરાજને વશ થએલા પાંડવ હણાયા છે એમ માનતા હતા. હે ભરતર્ષભ! એ રીતે પ્રહર્ષને પ્રાપ્ત થએલી પ્રસન્ન ચિત્તવાળી તમારી સેના પછી તે રાત્રિ સુખેકરી સુઇ રહી.

તમારા સૈન્યના તે શબ્દને સાંભળી યુધિષ્ઠિરરાજા પણ સર્વ ક્ષત્રિય જોતાં વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થએલા વાસુદેવ ભગવાન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હે માધવ! ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધને, સર્વ સૈન્યમાં શ્રેષ્ઠ એવા મોટા ધનુષવાળા મદ્રરાજ શલ્યને સેનાધિપતિ કર્યો એ વાત જાણી હે માધવ! તમારે જે કરવા યોગ્ય હોય તે કરો; કેમકે અમને તો નિયમમાં રાખનાર તથા રક્ષણ કરનાર તમે છો, એટલે જે કરવું ઘટે તે કહો. એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળી વાસુદેવ ભગવાન કહેવા લાગ્યા કે–હે મહારાજ! હે ભારત! મદ્રાધિપતિને હું ઓળખું છું. એ મહાત્મા મદ્રરાજ પરાક્રમી, મોટાં તેજવાળો, કુશળ, વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, લાઘવયુક્ત અને યુદ્ધવિષે ભીષ્મ, દ્રોણ તથા કર્ણ સરખા વા તેઓથી પણ અધિક છે એમ હું માનું છું. હે ભારત! હે જનાધિપ! હું વિચાર કરૂં છું કે યુદ્ધ કરતા એવા તેની સામે યુદ્ધ કરનાર કોઇ પણ યોદ્ધાને હું જોતો નથી. હે ભારત! શિખંડિ, અર્જુન, ભીમ, સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્નથી પણ બળેકરી તે અધિક છે. વખત આવ્યે સિંહ તથા હસ્તિસમ પરાક્રમવાળો નિર્ભય એવો મદ્રરાજ ક્રોધાયમાન થએલો કાળ જેમ પ્રજાવિષે વિચરે તેમ વિચરશે. વાસ્તે હે પુરૂષવ્યાઘ્ર! તેની સામે સંગ્રામમાં યુદ્ધ કરનાર સિંહ સરખા પરાક્રમવાળા તમવિના બીજા

યોદ્ધાને હું જોતો નથી. હે કુરુનંદન ! સમગ્ર દેવલોકમાં ક્રોધાયમાન થએલા મદ્રરાજને હણે એવો તમારા વિના બીજો કોઈ છે નહિ, માટે હિવસે યુદ્ધ કરી તમારાં સૈન્યને શોક પમાડનાર શલ્યને ઇન્દ્રે જેમ શંબરાસુરને હણ્યો તેમ તમે એને હણશો. દુર્યોધને સત્કાર કરેલો શૂરવીર એવો એ અજેય છે, તેને યુદ્ધમાં તમે હણો એટલે અવશ્ય તમારો જય થઇ ચૂકયો એમાં સંશય નહિ; ને તેને હણ્યો એટલે દુર્યોધનનું મોટું એવું સર્વ સૈન્ય હણાયું. એ મારાં વચન સાંભળી હે મહારાજ ! હે પાર્થ ! હે મહાબાહો ! મહારથિ એવા મદ્રરાજ સામે જઇ ઇન્દ્રે જેમ નમુચિને હણ્યો હતો તેમ તેને હણો. આ મારો મામો છે એમ જાણી એની ઉપર દયા ન કરતાં ક્ષાત્રધર્મનો આશ્રય કરી મદ્રરાજને હણો. હે રાજન્ ! કર્ણરૂપી પ્રવાળથી છે સંભવ જેનો એવા દ્રોણ તથા ભીષ્મરૂપ સમુદ્રને તરી જઇ ગણસહિત તમે, શલ્યરૂપી ગોષ્પદને પ્રાપ્ત થઇ તેમાં ડુબો નહીં અને જે તમારા તપનું બળ, તથા જે તમારું ક્ષાત્રબળ છે તે બધું દેખાડો અને સંગ્રામમાં મહારથિ એવા એ રાજાને હણો. બળવાન તથા પારકા શૂરવીરને હણનાર કેશવ એવા ભગવાન, એ રીતે વચન કહી પાંડવોએ જેની પૂજા કરી છે એવા તે, સાયંકાળ વખતે શિબિર પ્રત્યે ગયા. ધર્મપુત્ર યુધિષ્ઠિર પણ સર્વ ભાઇઓ, પંચાલ તથા સોમકોને છોડી શલ્યરહિત હસ્તિની પેઠે પોતે શયન કરી ગયા. કર્ણના નિધનથી પ્રસન્ન થએલા મોટાં ધનુષવાળા સર્વ પાંચાલ તથા પાંડવો પણ તે રાત્રિવિષે [illegible] સુતા. હે મારિષ ! સૂતપુત્ર નિધન થવાથી જયને પ્રાપ્ત થઇ શાંત થયો [illegible] પાર પામેલું મોટા ધનુષવાળું ઘણાક મહારથિયુક્ત પાંડવોનું સૈન્ય હર્ષિત થયું.

બભૂવ પાંડવેયાનાં સૈન્યં ચ મુદિતં નૃપ ।
સૂતપુત્રસ્ય નિધને જયં લબ્ધ્વા ચ મારિષ ॥

इतिश्री महाभारते शल्यपर्वणि शैल्यसेनापत्याभिषेके गुर्जरभाषायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

અધ્યાય ૮ મો. વ્યૂહ નિર્માણ.

संजय उवाच—व्यतीतायां रजन्यां तु राजादुर्योधनस्तदा ।
अब्रवीत्तावकान् सर्वान् सन्नह्यंतां महारथाः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! તે રાત્રિ વ્યતીત થયા પછી દુર્યોધનરાજાએ તમારી તરફના સર્વ યોદ્ધાઓને કહ્યું કે, હે મહારથિઓ ! તમે તૈયાર થાઓ. રાજાનો મત જાણી સેના તૈયાર થઇ અને ચોતરફ દોડતા યોદ્ધાઓ રથોને જોડવા લાગ્યા. હસ્તિ તથા પાયદળ તૈયાર થયાં, ને બીજા હજારો યોદ્ધાઓ રથોને આસ્તરણયુક્ત કરવા લાગ્યા. તે વખતે હે વિશાંપતે ! સજ્જ થએલાં સૈન્ય તથા યોદ્ધાઓનાં સંગ્રામ વાસ્તે વાદિત્રો વાગવા લાગ્યાં. હે ભારત ! એ રીતે સેનામાં બાકી રહેલાં સર્વ સૈન્ય, મૃત્યુભયને છોડી પ્રસ્થિત થએલાં દેખાતાં હતાં. તમારી તરફના મહારથિઓ પણ સર્વ સૈન્યનો વિભાગ કરી પોતપોતાની ટુકડીવિષે ઉભા રહ્યા હતા. તેઓમાં કૃપાચાર્ય, કૃતવર્મા, અશ્વત્થામા, શલ્ય, સુબલપુત્ર, શકુનિ તથા બીજા બીજા રાજાઓએ સર્વ સૈનિકો, તમારા પુત્ર સાથે મળી આપસમાંથી કોઇએ પણ એકલાએ

જૂદા પડી પાંડવ સાથે યુદ્ધ કરવું નહિ અને કદી જે કોઈ એકલો યુદ્ધ કરે યા યુદ્ધ કરનારની રક્ષા કરે તે, પાંચ પાતક તથા પાંચ ઉપપાતકે કરી યુક્ત થાય, વાસ્તે પરસ્પર રક્ષણ કરતાં એકઠા મળી યુદ્ધ કરવું એવા સોગન ખાઈ સર્વ મહારથિઓ, મદ્રરાજ શલ્યને આગળ કરી શત્રુઓની સામે ધસ્યા. હે રાજન્! પાંડવો પણ મહા સંગ્રામમાં સૈન્યની વ્યૂહરચના કરી યુદ્ધ કરવાને ઇચ્છતા ચોતરફથી કૌરવો સામે આવ્યા ને હે ભરતશ્રેષ્ઠ ! ક્ષોભ પામેલા સમુદ્ર સરખા શબ્દવાળું, વૃદ્ધિ પામેલા સમુદ્ર સરખો છે આકાર જેનો એવું, ઘણા રથ તથા હસ્તિઓવાળું સૈન્ય પણ સામે ધસ્યું. ધૃતરાષ્ટ્ર પૂછે છે, હે સંજય! દ્રોણ, ભીષ્મ તથા રાધાપુત્ર કર્ણનું પડવું તો મેં સાંભળ્યું, પણ ધર્મરાજાએ સંગ્રામમાં શલ્યને કેવી રીતે હણ્યો, અને ભીમસેને મહાબાહુ મારા પુત્રને કેવી રીતે હણ્યો, એ વાત ફરી વિસ્તારથી મને કહે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે રાજન્! મનુષ્ય, હસ્તિ તથા અશ્વનો જેમાં ક્ષય થતો એવો સંગ્રામ હું કહું તે તમે સાંભળો. હે રાજન્! હે મારિષ! ભીષ્મ તથા દ્રોણ હણાયા અને સૂતપુત્ર કર્ણ પડયો તોપણ શલ્ય, સર્વ પાંડવોને જીતશે એમ તમારા પુત્રોને આશા બંધાઇ, કેમકે આશા બળવાન છે, તે કદી ટળતી નથી. આશા હૃદયમાં ધારી મહારથિ મદ્રરાજની આશ્વાસના કરી સંગ્રામમાં તેનો આશ્રય કરી તમારા પુત્ર પોતાને સનાથ માનવા લાગ્યા. કર્ણ હણાયો તે જોઇ પાંડવોએ સિંહનાદ કર્યો તે વખતે તમારા પુત્રોને મોટો ભય પ્રાપ્ત થયો હતો. પ્રતાપવાન મદ્રરાજ, તમારી તરફના યોદ્ધાઓની આશ્વાસના કરી સમૃદ્ધિમાન એવો સર્વતોભદ્ર નામનો વ્યૂહ રચી ભારને સહન કરનાર અત્યંત વેગવાન ધનુષને હલાવતો મહારથિ, સિંધુદેશના અશ્વ જેને જોડેલા હતા એવા ઉત્તમ રથમાં બેસી પાંડવો સામે યુદ્ધ કરવા ચાલ્યો. તે પ્રયાણ સમયે રથમાં બેઠેલો તેનો સારથિ રથને શોભાવતો હતો. રથેકરી યુક્ત શત્રુને આકર્ષણ કરનાર, તમારા પુત્રના ભયને ટાળનાર કવચ પહેરેલો શૂરવીર મદ્રરાજ, મદ્રક તથા દુર્જય એવા કર્ણપુત્ર સહિત વ્યૂહના મુખ ઉપર ઉભેલો હતો. તેની ડાબી બાજુ ત્રિગર્તોએ વિંટાયલો કૃતવર્મા ઉભો હતો. શક તથા યવનસહિત ગૌતમ, દક્ષિણ તરફ ઉભા હતા. કાંબોજેકરી યુક્ત અશ્વત્થામા પાછળથી રક્ષા કરતા હતા. કૌરવોએ રક્ષણ કરેલો દુર્યોધન, મધ્ય ભાગમાં ઉભો હતો. મોટા અશ્વસૈન્યેકરી વીંટાયલો મહારથિ કૈતવ્ય શકુનિ પણ પાંડવ સામે જવા લાગ્યો. શત્રુને દમન કરનાર મોટા ધનુષવાળા પાંડવો પણ સૈન્યની વ્યૂહ રચના કરી ત્રણ પ્રકારે જૂદા પડી, હે મહારાજ! તમારાં સૈન્ય સામે દોડયા. તેમાં ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, તથા મહારથિ સાત્યકિ એ ત્રણ શલ્યની સેનાને હણવા સંગ્રામમાં તેની સામે ગયા. હે ભરતકુળમાં શ્રેષ્ઠ! પોતાના સૈન્યથી વીંટાયલા યુધિષ્ઠિરરાજા, શલ્યને હણવા સારુ તેની સામે ચાલ્યા. શત્રુના સૈન્યને હણનાર વેગવાન અર્જુન, મોટાં ધનુષવાળો હાર્દિક્ય તથા સંશપ્તક ગણ સામે દોડયા. ભીમસેન તથા યુદ્ધમાં શત્રુઓને હણવા ઇચ્છતા મહારથિ સોમકો, કૃપાચાર્ય સામે દોડયા, સૈન્યસહિત માદ્રિપુત્રો નકુલ તથા સહદેવ, સૈન્યયુક્ત એવા શકુનિ તથા મહારથિ ઉલૂક સામે જઇ ઉભા રહ્યા. વિવિધ પ્રકારનાં આયુધ છે હાથમાં જેના એવા તમારી તરફના અત્યંત ક્રોધાયમાન થએલા હજારો યોદ્ધાઓ, પાંડવો સામે દોડયા.

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! મોટાં ધનુષવાળા ભીષ્મ, દ્રોણ તથા મહારથિ કર્ણ પણ હણાયો અને અત્યંત ક્રોધાયમાન થએલા કૌરવ તથા પરાક્રમી પાંડવો હણાતાં બાકી રહ્યાં તે આપણાઓનું તથા પારકાઓનું સૈન્ય, બાકી કેટલું અવશેષ રહ્યું હતું? સંજય કહે છે,

હે ધૃતરાષ્ટ્ર! હે રાજન્! અમે તથા પારકાઓ જે રીતે યુદ્ધ વાસ્તે ઊભા રહ્યા હતા અને સંગ્રામમાં જેટલું સૈન્ય બાકી રહ્યું હતું તે હું કહું છું, સાંભળો. હે ભરતર્ષભ! અગિયાર હજાર રથ, દશ હજાર ને સાતસો હસ્તિ, બે લાખ અશ્વ, તથા ત્રણ કરોડ પાયદળ એટલું તમારૂં સૈન્ય બાકી હતું. છ હજાર રથ, છ હજાર હસ્તિ, દશ હજાર અશ્વ, તથા કરોડ પાયદળ, એટલું પાંડવોનું સૈન્ય બાકી રહ્યું હતુ. હે ભરતર્ષભ! એટલા યુદ્ધ વાસ્તે સમુદાયમાં આવેલા હતા. હે રાજેંદ્ર! એ રીતે વિભાગ કરી મદ્રરાજને વશ થઇ રહેલા અત્યંત ક્રોધાવિષ્ટ, જયને ઇચ્છનાર પાંડવ સામે જવા લાગ્યા; તેમજ જયશીલ એવા શૂરવીર પાંડવો, તથા નૃપવ્યાઘ્ર એવા મહારથી પંચાલો તમારી તરફનાઓની સામે આવ્યા. હે પ્રભો! પરસ્પર વધને ઇચ્છતા નરમાં વ્યાઘ્રરૂપ સૈન્યસમુદાય સહિત, પૂર્વ સંધ્યા વખતે એક બીજા સાથે આવ્યા, ત્યાર પછી પરસ્પર હણતા એવા તમારા તથા પારકાઓનું ઘોરરૂપ એવું ભયંકર યુદ્ધ પ્રવર્તમાન થયું.

ततः प्रववृते युद्धं घोररूपं भयानकं ।
तावकानां परेषां च निघ्नतामितरेतरं ॥

इति श्री महाभारते शल्यपर्वणि व्यूहनिर्माणे गुर्जरभाषायां अष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો. શલ્યે કરેલો યુદ્ધારંભ.

संजय उवाच—ततः प्रववृते युद्धं कुरूणां भयवर्द्धनं ।
सृंजयैः सहराजेंद्र घोरंदेवासुरोपमं ॥ १ ॥

સંજય કહે છે,—હે ધૃતરાષ્ટ્ર! હે રાજેંદ્ર!, પછી કૌરવો ને સૃંજયો સામે દેવાસુર સંગ્રામની જેને ઉપમા અપાય એવું ભય વધારનાર ઘોર યુદ્ધ પ્રવર્તમાન થયું. ક્રોધાયમાન થએલા નર, રથ, હસ્તિના સમુદાય તથા સેંકડો ઘોડેસ્વાર પરસ્પર સામે આવ્યા. ભયંકર છે રૂપ જેમનું એવા હસ્તિઓનો મોટો શબ્દ, વર્ષાઋતુમાં નભસ્તલવિષે મેઘનો શબ્દ સંભળાય તેમ સંભળાતો હતો. અહંકારી ઉત્કટ એવા હસ્તિઓએ હણેલા કેટલાક રથિઓ, રથસહિત રણભૂમિમાં પડતા હતા અને તેમણે નસાડેલા શૂરવીર પુરૂષો આમ તેમ નાસી જતા હતા. હે ભારત! શીખેલા કેટલાક રથિઓ, અશ્વસમુદાય તથા તેમના પાદરક્ષકોને બાણેકરી યમલોક પ્રત્યે મોકલતા હતા. શીખેલા કેટલાક ઘોડેસ્વાર, હે રાજન્! સંગ્રામમાં વિચરતા મહારથિઓને વીંટી લેઇ ભાલા, શક્તિ તથા તલવારોએ કરી તેમને મારતા હતા. ધનુષ ધરનાર કેટલાક પુરૂષો, મહારથિઓને વીંટી લેઇ એકને ઘણાક મળી યમધામ પ્રત્યે મોકલતા હતા. બીજા કેટલાક મહારથિઓ, હસ્તિ તથા શ્રેષ્ઠરથિઓને વીંટી લેઇ છેટેથી યુદ્ધ કરનાર મહારથિને હણતા હતા. તેમજ હે મહારાજ! કેટલાક હસ્તિ ઉપર બેસનાર પુરૂષો, ઘણાક બાણ નાંખતાં ક્રોધાયમાન થએલા રથિને ચોતરફથી વીંટી લેઇ તેને હણતા હતા. હે ભારત! કેટલાક તો હસ્તિ, હસ્તિ સામે અને રથિ, રથિ સામે દોડી, શક્તિ, ભાલા તથા બાણેકરી પરસ્પર હણતા હતા. પાયદળોને

મર્દન કરેલા એવા કેટલાક રથ, હસ્તિ તથા ઘોડાઓ, અત્યંત આકુળ થાય તે રીતે સંગ્રામમાં દેખાતા હતા. હિમવાન પર્વતના શિખર ઉપર જાણે પૃથ્વીનું પાન કરતા હોય નહિ એમ હંસો દોડે તેમ ચામરેકરી શોભિતા અશ્વ ચોતરફ દોડતા હતા. હે વિશાંપતે! અશ્વની ખરીઓએ કરી વિચિત્ર પ્રકારની પૃથ્વી, નખેકરી ક્ષત વિક્ષત થએલી સ્ત્રી શોભે તેમ શોભતી હતી. તે અશ્વની ખરીના શબ્દ રથચક્રના પાટાના અવાજ, પાયદળોના સિંહનાદ, હસ્તિઓના બૃંહિત, વાદિત્રોનો ઘોષ, તથા શંખના શબ્દોએકરી વજ્રપાતના શબ્દેકરી પૃથ્વી શબ્દાયમાન થતી હતી. તે વખતે શબ્દ કરતા ધનુષ, દેદીપ્યમાન એવાં શસ્ત્રના સમુદાય તથા કવચોની પ્રભાએ કરી બીજું કંઇ પણ દેખાતું ન હતું. કપાએલા હાથિની સુંઢ સરખા ઘણાક શરીરોના બાહુ, દારૂણ એવા વેગેકરી ચેષ્ટા કરતા તેમજ હે મહારાજ! પૃથ્વીતળવિષે પડતાં શરીરોનાં મસ્તકોનો તાલવૃક્ષ ઉપરથી પડતા તાલફળોના શબ્દ જેવો શબ્દ સંભળાતો હતો. રૂધિરેકરી આર્દ્ર એવા શરીરોનાં મસ્તકોએકરી રણભૂમિ સુવર્ણ સરખા કમળોએકરી શોભે તેમ શોભતી હતી. તેમજ હે રાજન્! ઉઘાડાં છે નેત્ર જેમાં એવાં નિર્જીવ સારી રીતે ક્ષત થએલાં મસ્તકોએકરી રણભૂમિ પુંડરીક નામના કમળોએકરી શોભે તેમ શોભતી હતી. હે રાજેંદ્ર! ચંદનેકરી લીંપેલા અમૂલ્ય બાજુબંધસહિત બાહુઓએ કરી રણભૂમિ મોટા ઇન્દ્રધ્વજેકરી શોભે તેમ શોભતી હતી મહાસંગ્રામમાં હાથીની શુંઢની જેમને ઉપમા અપાય એવા કપાઇ ગયેલા રાજાઓના સાથળેકરી રણાંગણ ભરાઈ ગયું હતું. તે વખતે સેંકડો માથાં વિનાના મનુષ્યના શરીરેકરી સંકીર્ણ અને છત્ર તથા ચામરે સંકુલ સેનાવન, પુષ્પયુક્ત વન શોભે તેમ શોભતું હતું. રણભૂમિવિષે હે મહારાજ! રૂધિરેકરી વ્યાપ્ત છે અંગ જેમનાં એવા નિર્ભયની પેઠે વિચરતા યોદ્ધાઓ, પુષ્પિત એવા ખાખરાના વૃક્ષસરખા દેખાતા હતા બાણ તથા ભાલાએકરી પીડિત એવા તે તે ઠેકાણે પડતા હસ્તિઓ પણ સંગ્રામ વિષે કપાઈ ગએલા વાદળાસરખા દેખાતા હતા. હે મહારાજ! મહાત્મા પુરૂષોએ હણવા માંડેલું હસ્તિસૈન્ય સર્વ દિશાઓ પ્રત્યે વાયુએ નસાડેલા મેઘ જેમ જૂદા પડી નાસી જાય તેમ નાસી જતું હતું. ચોતરફ રણભૂમિવિષે પડેલા મેઘ સરખા હસ્તિઓ યુગના ક્ષય વખતે વજ્રથી હણાયેલા પર્વત શોભે તેમ શોભતા હતા. રણભૂમિમાં તે તે સ્થાનકે પર્વત સરખા સ્વાર સહિત પડેલા અશ્વ સમુદાય જ્યાં ત્યાં દેખાતા હતા. ભયંકર રણભૂમિ વિષે પરલોક પ્રત્યે વહેનારી, રૂધિરના જળવાળી, રથચક્રરૂપી આવર્તથી શોભિતી, ધ્વજરૂપી વૃક્ષ તથા અસ્થિરૂપી છે કાંકરા જેમાં, હાથરૂપી નક્ર નામના ભયંકર જંતુ સહિત, હસ્તિરૂપી પર્વત અને સ્કંધરૂપ પાષાણવાળી મેદ તથા મજ્જારૂપ કર્દમથી સંકુલ, છત્રરૂપી હંસ તથા ગદારૂપી નાની હોડીવાળી, કવચ તથા શરીરોની પાઘડીઓએ કરી ઢંકાયલી, પતાકારૂપી સુંદર વૃક્ષથી શોભિતી, ચક્રરૂપી ચક્રવર્તીઓએ સેવન કરેલી, ત્રિવેણુરૂપી દંડથી વિંટાયલી, શૂરપુરૂષોને હર્ષ ઉત્પન્ન કરનારી અને ભીરૂને ભય વધારનારી એવી કૌરવ તથા સૃંજયેકરી સંકુલ નદી પ્રવર્તમાન થઇ હતી. પરલોક વાસ્તે વહન કરતી અતિ ભયંકર એવી તે નદીને હાથમાં છે ભાલા જેમને એવા શૂરવીર, વાહનરૂપી નૌકાએકરી તરી જતા હતા. હે વિશાંપતે! એ રીતે દેવાસુર સંગ્રામની એને ઉપમા અપાય એવાં ચતુરંગ સૈન્યનો ક્ષય કરનાર નિર્મર્યાદ તથા ભયંકર યુદ્ધમાં તે તે સ્થાનકે કેટલાક પોતાનાં બાંધવોને આક્રોશ કરતાં જોતા તોપણ તેથી પીડાયલા પાછા ફરતા ન હતા, નિર્મર્યાદ તથા ભયંકર યુદ્ધમાં અર્જુન તથા ભીમસેન, શત્રુઓને મોહિત કરતા હતા હે

નરાધિપ! તેમણે હણવા માંડેલી મોટી સેના મદવશ થએલી સ્ત્રી જેમ તે તે સ્થાનકે મોહ પામે તેમ મોહ પામતી હતી. એવી રીતે ભીમસેન તથા અર્જુન, તમારી સેનાને મોહ પ-માડી પોતાના શંખ વગાડી સિંહનાદ કરતા હતા. તે મોટા શબ્દને સાંભળી ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડી ધર્મરાજને આગળ કરી મદ્રરાજ સામે દોડયા. હે વિશાપતે! અમે ભયંકરરૂપવાળું આશ્ચર્ય જોયું; જે શલ્ય સાથે મળેલા યોદ્ધાઓ, પોતાના વિભાગ પ્રમાણે યુદ્ધ કરતા હતા. હે પરંતપ! અસ્ત્ર શીખેલા યુદ્ધમાં દુર્મદ, જયને ઇચ્છતા, વેગવાન ત્વરાયુક્ત એવા માદ્રીપુત્ર નકુલ સહદેવ સામે આવ્યા, તે સમયે હે ભરતર્ષભ! જયશીલ એવા પાંડવોએ બહુ પ્રકારે બાણેકરી હણેલું તમારૂં સૈન્ય પાછું વળ્યું. એ રીતે હે મહારાજ! પાંડવોએ બાણવૃષ્ટિએ કરી હણવા માંડેલી તમારી સેના તમારા પુત્રો જોતાં દિશાઓ તરફ નાસવા લાગી હે ભારત! નસાડેલા યોદ્ધાઓનો મોટો હાહાકાર થયો અને મહાત્માઓનો 'અરે ઉભો રહે ઉભો રહે' એ રીતે શબ્દ થવા માંડયો. હે ભરતર્ષભ! પરસ્પર જયને ઇચ્છતા ક્ષત્રિયોના એવા ભયંકર સંગ્રામમાં પાંડવોએ નસાડેલા તમારા સૈનિકો, યુદ્ધરૂપે પ્રિયપુત્રોને, ભાઇઓને, પિતા-મહોને, માતુલને, ભાગિનેયને તથા પોતાના વયસ્યોને પણ છોડી દઇ નાસવા લાગ્યા. હે ભરતર્ષભ! એવી રીતે પોતાના રક્ષણનો કર્યો છે ઉત્સાહ જેમણે એવા તમારી તરફના યોદ્ધાઓ, અશ્વ, તથા હસ્તિઓને ઉતાવળા કરતા ચોતરફ નાસી જવા લાગ્યા.

हयान् द्विपान् त्वरयंतो योधाजग्मुः समंततः ।
आत्मत्राणकृतोत्साहास्तावका भरतर्षभ ॥

इति श्री महाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां नवमो ऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦ મો. નકુલ ને ચિત્રસેનનું યુદ્ધ.

संजय उवाच—तंप्रभग्नं बलं दृष्ट्वा मद्रराजः प्रतापवान् ।
उवाच सारथिं तूर्णं चोदयाश्वान् महाजवान् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એ રીતે ભગાણુ પડેલા સૈન્યને જોઇ પ્રતાપવાન મદ્રરાજાએ, પોતાના સારથિને કહ્યું કે, મહાવેગવાળા મારા અશ્વને જલદી ચલાવી હે સારથે! વિરાજમાન છે શ્વેતછત્ર જેમને એવા પાંડુપુત્ર યુધિષ્ઠિરરાજા જ્યાં ઉભા છે ત્યાં રથ લઇ જા. અને મારૂં બળ જો. આજ પાર્થ એતો તે, યુદ્ધમાં મારી સામે ઉભો રહેવા સમર્થ નથી. મદ્રરાજનાં વચન સાંભળી તેનો સારથિ, જ્યાં સત્ય પ્રતિજ્ઞાવાળા ધર્મપુત્ર યુધિષ્ઠિર ઉભા હતા ત્યાં ગયો. પાંડવોનું મોટું સૈન્ય પણ તત્કાલ તે સ્થાનકે આવ્યું. ક્ષોભ પામેલા સમુદ્રને જેમ કિનારો રોકે તેમ એકલા શલ્યે તેને રોકી રાખ્યું. હે મારિષ! પાંડવોના સૈન્યનો ઓઘ, શલ્યને પ્રાપ્ત થઇ સિંધુનો વેગ જેમ પર્વતને પ્રાપ્ત થઇ ઉભો રહે તેમ ઉભો રહ્યો. સંગ્રા-મમાં યુદ્ધ વાસ્તે ઉભેલા મદ્રરાજને જોઇ કૌરવો પણ મૃત્યુ ભયને છોડી દઇ પાછા વળી ત્યાં ઉભા રહ્યા. હે રાજન્! પાછા વળેલા પોતાના વિભાગ પ્રમાણે વ્યૂહ રચનાથી ઉભા રહ્યા. તે

પછી રૂધિરરૂપી છે ઉદક જેમાં એવો મહા ભયંકર સંગ્રામ પ્રવર્તમાન થયો. તેમાં યુદ્ધ વિષે દુર્મદ એવો નકુલ ચિત્રસેન નામના કર્ણપુત્ર સામે ગયો. વિચિત્ર પ્રકારના ધનુષ ધરેલા દક્ષિણ તથા ઉત્તરમાં વસનારા બે મેઘ જાણે હોય નહિ એવા તે બેઉ પરસ્પર પ્રાપ્ત થઇ સંગ્રામના મધ્યમાં બાણરૂપી જલેકરી એકબીજાને સિંચન કરતા હતા. તે સમયે અસ્ત્ર શીખેલા, બળવાન, રથચર્યામાં વિશારદ પરસ્પર વધ કરવાવિષે યત્નવાન એકબીજાનાં છિદ્ર ખોળવામાં તત્પર એવા તે બેઉમાંથી એકેયનું કંઇપણ છિદ્ર હું દેખતો ન હતો. તેટલામાં ચિત્રસેને પાએલા તીક્ષ્ણ ભલ્લ નામના બાણેકરી હે મહારાજ! નકુલના મુષ્ટિદેશવિષે રહેલું તેનું ધનુષ કાપી નાખ્યું. કપાઇ ગએલા ધનુષવાળાઓને અસંભ્રાંત એવા તેણે શિલા ઉપર તીક્ષ્ણ કરેલા સુવર્ણના પુંખવાળા ત્રણ બાણેકરી લલાટ વિષે વિંધી, તીક્ષ્ણ બાણોએકરી એના અશ્વને પણ યમલોક પ્રત્યે મોકલી દીધા. ત્રણ ત્રણ બાણેકરી એના ધ્વજ તથા સારથિને પાડયા. હે રાજન્! શત્રુના ભુજમાંથી મૂકાયલા લલાટવિષે રહેલા ત્રણ બાણેકરી નકુલ, ત્રણ શિખરવાળો પર્વત શોભે તેમ શોભવા લાગ્યો. પછી કપાયું છે ધનુષ જેનું એવો વિરથ થએલો શૂરવીર ખડ્ગ તથા ઢાલ ગ્રહણ કરી પર્વતના અગ્ર ભાગમાંથી કેસરી ઉતરે તેમ રથમાંથી નીચે ઉતરી ચિત્રસેન સામે ગયો. એ રીતે પગે કરી પોતા સામે આવતા તેની ઉપર ચિત્રસેને બાણનો વર્ષાદ કર્યો. તેને વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર, જીત્યો છે શ્રમ જેણે એવા ઘણા પરાક્રમવાળા મહાબાહુ નકુલે ઢાલથી બચાવ કરતાં ચિત્રસેનના રથ આગળ જઇ સર્વ સૈન્ય જોતાં રથમાં ચઢી જઇ સુંદર નાસિકા અને વિસ્તીર્ણ નેત્રવાળું કુંડળ તથા ભૃકુટી સહિત ચિત્રસેનનું મસ્તક કાયા ઉપરથી પાડી નાંખ્યું. સૂર્ય સરખી કાંતિવાળો રથમાં બેસવાને ઠેકાણે તે પડી ગયો. એ રીતે નાશ પામેલા ચિત્રસેનને જોઇ પાંડવ તરફના મહારથિઓ સાધુવાદ સાથે પુષ્કળ સિંહનાદ કરવા લાગ્યા. હે રાજન્! એ રીતે નકુલે હણેલા ભાઇને જોઇ પાંડુપુત્રને હણવાની જેમને ઇચ્છા છે એવા સુષેણ તથા સત્યસેન નામે મહારથિ કર્ણપુત્ર, વિવિધ પ્રકારના બાણ મૂકતા મહાવનમાં હસ્તિ સામે બે વાઘ દોડે તેમ રથિમાં શ્રેષ્ઠ એવા પાંડુપુત્ર નકુલ સામે દોડયા. બે મેઘ જેમ જળ વરસાવે તેમ ઘણાક બાણનો વર્ષાદ કરતા તીક્ષ્ણ બાણો મૂકતા મહારથિ સામે દોડયા. તે વખતે ચોતરફથી બાણે કરી વિંધાયલો શૂરવીર વેગવાન પાંડુપુત્ર નકુલ જાણે અત્યંત પ્રસન્ન થતો હોય નહિ તેમ બીજું ધનુષ લેઇ રથમા બેશી ક્રોધાયમાન છે રૂપ જેનું એવા કાળની પેઠે સંગ્રામના મધ્યમાં ઉભો રહ્યો. તે સમયે હે રાજન્! હે વિશાંપતે! કર્ણના પુત્ર તે બે ભાઇઓ, સન્નત છે પર્વ જેનાં એવાં બાણેકરી પાંડુપુત્ર નકુલના રથના કટકા કરવા તૈયાર થયા. પાંડુપુત્ર નકુલે હાસ્ય કરી તીક્ષ્ણ એવાં ચાર બાણેકરી સત્યસેનના ચાર ઘોડાઓને હણી, હે રાજેંદ્ર! શિલા ઉપર તીક્ષ્ણ કરેલો સુવર્ણના પાંખવાળો બીજો નારાચ નામનો બાણ સાંધી સત્યસેનનું ધનુષ કાપી નાંખ્યું. ધનુષને છોડી દઇ બીજું ધનુષ ગ્રહણ કરી બીજા રથમાં બેશી સત્યસેન તથા સુષેણ, નકુલ સામે દોડયા. અસંભ્રાંત એવા તે બેઉને હે મહારાજ! પ્રતાપવાન માદ્રીપુત્ર નકુલે બે બે બાણેકરી વિંધ્યા, તેથી ક્રોધાયમાન થયેલા મહારથિ સુષેણે અત્યંત હાસ્ય કરી ક્ષુરપ્ર નામના બાણેકરી નકુળનું ધનુષ કાપી નાંખ્યું. ક્રોધે કરી મૂર્છિત નકુલે બીજું ધનુષ ગ્રહણ કરી પાંચ બાણથી સુષેણને વિંધી એકેકરી એના ધ્વજને કાપી વેગથી સત્યસેનનું ધનુષ તથા તેના હાથના મોજા કાપી નાંખ્યા. તે જોઇ સૌ મોટેથી પોકારવા લાગ્યા. સત્યસેને પણ વેગને હણનાર, ભારના સાધનરૂપ બીજું ધનુષ ગ્રહણ કરી ચોતરફથી

બાણેકરી પાંડુનંદન નકુળને આચ્છાદાન કરી દીધો. શૂરવીરને હણનાર નકુળે, બાણને આક- ર્ષી સત્યસેન તથા સુષેણને બે બે બાણેકરી વિંધ્યા. તે બેઉએ નકુળને જૂદા જૂદા બાણથી વિંધી, હે રાજેંદ્ર ! તીક્ષ્ણ બાણોએકરી સારથિને પણ વ્યથિત કર્યો. બાણ નાંખવામાં ચતુર એવા પ્રતાપવાન સત્યસેને જૂદાં જૂદાં બે બાણેકરી નકુળના રથનો દંડ તથા એનું ધનુષ ફરીને કાપી નાંખ્યું. રથમાં બેઠેલા અતિરથ એવા નકુળે સુવર્ણના દાંડવાળી, અકુંઠિત છે અગ્રભાગ જેનો એવી તેલથી સાફ કરેલી અત્યંત નિર્મળ, જીભ કાઢતી મોટાં વિષવાળી નાગકન્યા સરખી શક્તિ ગ્રહણ કરી સત્યસેન ઉપર નાંખી તેથી શત પ્રકારે ભેદાયુ છે હૃદય જેનું એવો પ્રાણરહિત અલ્પ ચેતનવાળો, તે રથ ઉપરથી પૃથ્વી પર પડી ગયો.

એ રીતે હણાયલા ભાઇને જોઇ ક્રોધેકરી મૂર્ચ્છિત એવા કર્ણપુત્ર સુષેણે, પાંડુનંદન નકુળ ઉપર બાણનો વર્ષાદ કરી ચાર બાણેકરી એનાં ચાર વાહનને હણી પાંચથી ધ્વજને છેદી બીજા ત્રણ બાણેકરી સારથિને હણી મોટો સિંહનાદ કર્યો. વિરથ થએલા મહારથિ નકુળને જોઇ સંગ્રામમાં પિતાના રક્ષણને ઇચ્છતો દ્રૌપદીપુત્ર સુતસોમ, તેની સામે દોડ્યો. તેટલામાં નકુળ, સુતસોમના તે રથમા અધિરોહણ ભરતકુળમાં શ્રેષ્ઠ એવો પર્વત ઉપર રહેલો કેસરી શોભે તેમ શોભતો હતો. પાંડુનંદન નકુળ, બીજું ધનુષ લેઇ સુષેણ સાથે યુદ્ધ કરવા લાગ્યો. પરસ્પર સામા થઇ એક બીજા ઉપર બાણનો વર્ષાદ કરતા મહારથિ એવા તે બેઉ પરસ્પર વધ કરવાનો યત્ન કરતા હતા, તેટલામાં ક્રોધાયમાન થએલા સુષેણે તીક્ષ્ણ ત્રણ બાણેકરી પાંડુપુત્ર નકુળને વીંધી સુતસોમને પણ વીસ બાણેકરી બે બાહુ તથા વક્ષસ્થળમાં વીંધ્યો. કોપાયમાન થએલા શૂરવીરને હણનાર પરાક્રમી નકુળે હે મહારાજ ! બાણેકરી તેની સર્વ દિશાઓને આચ્છાદન કરી અત્યંત ચકચકિત, તીક્ષ્ણ અગ્રભાગવાળું અત્યંત વેગવાન્ અર્દ્ધ- ચંદ્રાકૃતિ બાણ ગ્રહણ કરી કર્ણપુત્ર ઉપર નાંખ્યું તેથી તેનું મસ્તક, સર્વ સૈન્ય જોતાં કાયા ઉપરથી નીચે પડી ગયું, હે રાજન ! મહાત્મા નકુલે હણેલા તે નદીના વેગથી હણા- યલો તીર ઉપર ઉત્પન્ન થએલું મોટું વૃક્ષ પડે તેમ નીચે પડ્યો. હે ભરતર્ષભ ! એવી રીતે નકુલે કરેલા કર્ણપુત્રના વધને તથા તેના પરાક્રમને જોઇ તમારી સેના નાસવા લાગી. હે મહારાજ શત્રુને દમન કરનાર પ્રતાપવાન શૂરવીર સેનાપતિ મદ્રરાજ, સેનાને પાછી સ્થાપન કરી તેનું પાલન કરતો નિર્ભય થઇ અત્યંત સિંહનાદ તથા દારૂણ એવો ધનુષનો શબ્દ કરી સંગ્રામના મધ્યમાં ઉભો રહ્યો. હે રાજન્ ! એ રીતે દૃઢ છે ધનુષ જેનું એવા મદ્રરાજે સં- ગ્રામમાં રક્ષણ કરેલા તમારી તરફના યોદ્ધાઓ, વ્યથારહિત થઇ, ચોતરફથી સેના પ્રત્યે આવી યુદ્ધની છે કામના જેમને એવા મોટી સેનાવાળા મોટા ધનુષવાળા મદ્રરાજને ચોતરફથી વિંટી લેઇ સંગ્રામના મધ્યમાં ઉભા રહ્યા. તેટલામાં સાત્યકિ, ભીમસેન, માદ્રીપુત્ર નકુલ અને સહદેવ એ સર્વ શૂરવીર, શત્રુને દમન કરનાર લજ્જાવાન એવા યુધિષ્ઠિરને આગળ કરી તેને વિંટી લેઇ સિંહનાદ તથા તીવ્ર એવા બાણ અને શંખના શબ્દ સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરતા હતા. તેમજ અત્યંત ક્રોધાયમાન થએલા તમારી તરફના સર્વ યોદ્ધાઓ મહા- ધિપતિ શલ્યને ચોતરફથી વિંટી લેઇ વળી યુદ્ધ કરવા તૈયાર થયા. તે સમયે હે રાજન્ ! છોડી દીધો છે મૃત્યુભય જેમણે તથા ભયરહિત એવા તમારા તથા પારકાઓનો પૂર્વે થએ- લા દેવાસુર સંગ્રામની જેને ઉપમા અપાય એવો યમના દેશને વધારનાર ભયંકર સંગ્રામ પ્રવર્તમાન થયો. હે રાજન્ ! કપિધ્વજ એવા અર્જુન સંગ્રામમાં સંશપ્તકોને હણી કૌરવની

કહેતા, તે હું સારી રીતે જાણું છું, માટે યુદ્ધનો આગ્રહ મૂકી દ્યો. હે જનમેજય! એ પ્રમાણે સભામાં દ્રોણ તથા ભીષ્મે જે યથાર્થ વચન કહ્યાં, તેનો અનાદર કરી ધૃતરાષ્ટ્ર રાજા સંજય પ્રત્યે પાંડવોનું વૃત્તાંત પૂછવા લાગ્યા. ભીષ્મ તથા દ્રોણને ધૃતરાષ્ટ્ર રાજાએ સારી રીતે જવાબ આપ્યો નહીં, માટે સર્વ કૌરવોએ જીવિતની આશા મૂકી.

तदैव कुरवः सर्वे निराशाजीविते भवन्
भीष्मद्रोणौ यदा राजा न सम्यगनुभाषते ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि भीष्मद्रोणवाक्ये कुमैरभाषायामूनपंचाशत्तोऽध्यायः ॥ ४९ ॥

અધ્યાય ૫૦ મો. યુધિષ્ઠિરને મળેલી મદદ.

धृतराष्ट्र उवाच—किमसौ पांडवो राजा धर्मपुत्रोऽभ्यभाषत ।
श्रुत्वेह बहुलाः सेनाः प्रीत्यर्थं न समागताः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! અમારી પ્રીતિ વાસ્તે અહિં આવેલી ઘણીક સેનાઓને જાણી ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાએ શું કર્યું? યુદ્ધ કરવાને ઇચ્છતાં તે શું વિચાર કરે છે? ભાઇઓ તથા દીકરાઓની વચ્ચે તેની આજ્ઞાને ઇચ્છતો કયો પુરૂષ તેના મુખ સામું જોઇ રહે છે? છળકરી મંદ બુદ્ધિવાળાઓએ કોપાવેલા, ધર્માચરણ કરનાર તથા ધર્મજ્ઞ એવા તેને, "યુદ્ધથી શાંતિ પામો" એમ કહી કોણ વારે છે તે સર્વ મને કહે! ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે હે ધૃતરાષ્ટ્ર! ચારે પાંડવો સહિત પંચાળ રાજાઓ યુધિષ્ઠિરના મુખ સામું જોઈ રહે છે, સર્વને કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજા હુકમ કરે છે અને તે સર્વ રાજાઓ તથા રથિયોના સમૂહો તેમની પાસે આવતાં આનંદ પામે છે. વળી આકાશમાંથી ઉદય થતા સૂર્યની પેઠે પ્રદીપ્ત તેજવાળા કુંતિપુત્ર યુધિષ્ઠિરને જોઇ, બીજા રાજાઓ અત્યંત હર્ષ પામે છે. ગાયો તથા બકરીને પાળનારા પર્યંત સર્વ યુધિષ્ઠિરને જોઇ આનંદ પામે છે. કેકય તથા મત્સ્ય, રાજાઓ પણ ખુશી થાય છે. ક્રીડા કરતી બ્રાહ્મણોની, રાજાઓની તથા વૈશ્યોની કન્યાઓ પણ યુદ્ધ વિષે તૈયાર થના યુધિષ્ઠિરને જોવા આવે છે. સંજયનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્રે પૂછ્યું કે હે સંજય! પાંડવો જે અમારી સામે યુદ્ધ કરવા તૈયાર થાય છે, તે શું ધૃષ્ટદ્યુમ્ન કે સોમકોના બળથી કે કોના બળથી? જેના બળથી થતા હોય તે કહે! વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે કૌરવોની સભામાં ધૃતરાષ્ટ્રે પૂછ્યું, ત્યારે સંજય વારંવાર લાંબા નિસાસા મૂકી, જાણે અત્યંત ચિંતાગ્રસ્ત થયો હોય નહીં તેની પેઠે, દૈવયોગથી વગર કારણે મૂર્છિત થઇ ગયો. તે સમયે ત્યાં રાજસભામાં ધૃતરાષ્ટ્રને વિદુર કહેવા લાગ્યા કે, હે મહારાજ! આ સંજય તો પૃથ્વી વિષે મૂર્છા ખાઇ અચેતન થઇ પડી ગયો જેથી કંઇપણ બોલી શકતો નથી. વિદુરનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્ર રાજાએ કહ્યું કે, યુદ્ધમાં તથા સભામાં કુંતિના પુત્રોને એ જોઇ આવ્યો, તેથી જરૂર એનું મન અત્યંત ઉદ્વિગ્ન થયું. વૈશંપાયન કહે છે—હે જનમેજય એટલામાં તો સંજય સંજ્ઞા પામી, સાવધાન થઇ કૌરવોની સભામાં ધૃતરાષ્ટ્ર પાસે આવી રીતે કહેવા લાગ્યો કે, હે રાજેંદ્ર! મેં મહારથિ યુધિષ્ઠિરને વિરાટને ઘેર નિવાસ કરવાથી દુર્બળ થઇ ગયેલા જોયા પણ હે મહારાજ! જેવા બાબતી

સેના સામે દોડયા. તેમજ ધૃષ્ટદ્યુમ્ન છે અગ્રણી જેમાં એવા સર્વ પાંડવો તીક્ષ્ણ એવા બાણ મૂકતા, તે સેના સામે દોડયા. એ રીતે સામે આવતા પાંડવોએ નાખેલા તીક્ષ્ણ બાણોએકરી પૂર્ણ થએલાં મોહાવિષ્ટ સૈન્યો, દિશા તથા વિદિશાઓને પણ જાણતાં નહતાં. હે કૌરવ્ય! હણાયો છે શૂરવીર જેમાંથી એવી ચોતરફથી વારી રાખેલી તમારી સેનાને એ રીતે મહાબલિ પાંડુપુત્ર હણતા હતા. તેમજ તમારા પુત્રો પણ બાણેકરી પાંડવ સૈન્યના સેંકડો તથા હજારો યોદ્ધાઓને મારતા હતા. એવી રીતે પરસ્પર હણાતી અત્યંત સંતપ્ત થએલી તે બેઉ સેના વર્ષાઋતુમાં પરસ્પર સામે આવેલી બે નદીઓની પેઠે વ્યાકુળ થતી હતી. હે રાજેન્દ્ર! તે રીતે પ્રવર્તતા મોટા સંગ્રામમાં તમારી તરફનાઓને તથા પાંડવોને તીવ્ર એવું મોટું ભય થતું હતું.

आविवेश ततस्तीव्रं तावकानां महद्भयं ।
पांडवानां च राजेंद्र तथाभूते महाहवे ॥

इति श्री महाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧ મો. ભીમ ને શલ્ય વચ્ચે યુદ્ધ.

संजय उवाच—तस्मिन् विलुलिते सैन्ये वध्यमाने परस्परं ।
द्रवमाणेषु योधेषु विद्रवत्सु च दंतिषु ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! પરસ્પર હણાતાં સૈન્ય આમ તેમ નાસવા લાગ્યાં તેમ યોદ્ધાઓ તથા હસ્તિઓ પણ નાસવા લાગ્યા. શબ્દ કરતાં પાયદળોના મોટા સંગ્રામમાં બહુધા અશ્વ પણ નષ્ટ થયા. સર્વ દેહિનો સંહાર કરનાર યુદ્ધમાં ચતુરને હર્ષ આપનાર અને ભીરૂઓને ભય વધારનાર નાના પ્રકારના શસ્ત્રવાળા મળી ગયા છે રથ તથા હસ્તિઓ જેમાં એવા પ્રાણના પણવાળા યમના દેશને વધારનાર ઘોરરૂપ સંગ્રામરૂપી દ્યૂતને પરસ્પર વધને ઇચ્છતા યોદ્ધાઓ વહન કરવા લાગ્યા, તે સમયે પાંડવ, તીક્ષ્ણ બાણોએ તમારા સૈન્યને હણવા લાગ્યા, તેમજ તમારી તરફના યોદ્ધાઓ પાંડવ સૈન્યને હણવા લાગ્યા. એ રીતે પૂર્વાહ્ણ સમયે ભાસ્કરના ઉદય વખતે, ભીરૂપુરૂષને ભય વધારનાર પ્રવર્તમાન થએલા તે યુદ્ધમાં હે રાજન્! મહાત્માએ રક્ષણ કરેલા લબ્ધ છે લક્ષ જેમને એવા સામેવાળાઓ મૃત્યુભય છોડી દઇ તમારા સૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. એવી રીતે મદોન્મત્ત, લબ્ધ છે લક્ષ જેમને એવા પ્રહાર કરનાર બળવાન પાંડવોએ હે કૌરવ્ય! ખેદ પમાડેલી તમારી સેના અગ્નિએકરી જેમ મૃગલી આકુલ થાય તેમ આકુલ થઇ કીચડવિષે ખૂંચેલી દુર્બલ ગાય જેમ ખેદ પામે તેમ ખેદ પામતી સેનાને જોઈ તેનો ઉદ્ધાર કરવાની જેને ઇચ્છા છે એવો અત્યંત ક્રોધાયમાન થએલો મદ્રરાજ શલ્ય, ઉત્તમ ધનુષ ગ્રહણ કરી સંગ્રામવિષે ઉપાડેલાં શસ્ત્રવાળા પાંડવો સામે દોડયો. હે ભૂપાળ! સંગ્રામ વિષે જયશીલ એવા પાંડવો મદ્રરાજને પ્રાપ્ત થઇ તીક્ષ્ણ બાણોકરી તેને હણવા લાગ્યા. મહારથિ એવો મદ્રરાજ તીક્ષ્ણ એવાં સેંકડો બાણોકરી, ધર્મરાજ જોતાં તેની સેનાને પીડિત કરવા લાગ્યો. તેટલામાં અશુભસૂચક એવા વિવિધ પ્રકારનાં

અનેક નિમિત્ત થવા લાગ્યાં. શબ્દ કરતી પૃથિવી, પર્વતસહિત ચલાયમાન થવા લાગી. દંડ તથા ત્રિશૂળ સહિત પ્રદીપ્ત અગ્રભાગવાળાં વિદીર્યમાન એવાં ઉલ્કાઓ, રવિમંડળને સ્પર્શ કરી આકાશમાંથી પૃથ્વીપ્રત્યે પડતાં હતાં, તેમજ હે વિશાંપતે! મૃગ મહિષ તથા પક્ષિઓ, તમારી સેનાને અપસવ્ય કરતાં હતાં. સર્વ પૃથ્વીના રાજા એવા પાંડવોમાં યુધિષ્ઠિરને, શુક્ર, ભૌમ, તથા બુધ સપ્તમસ્થાનવિષે બળને વહન કરનારા હતા. શસ્ત્રના અગ્રભાગવિષે ઉત્પન્ન થએલી જ્વાળા નેત્રનો સ્પર્શ કરી પૃથ્વીવિષે પડતી હતી. કાગડા તથા ઉલૂક, મસ્તક તથા ધ્વજવિષે લીન થતા હતા. ત્યાર પછી વળી હે રાજન્! અતિ ઉગ્ર એવું યુદ્ધ થયું તેમાં કૌરવોનાં સર્વ સૈન્ય, એકઠાં મળી, પાંડવની સેના સામે આવ્યાં અને વર્ષાદ કરતા ઇન્દ્રની પેઠે બાણનો વર્ષાદ કરતો એવો શલ્ય ધર્માત્મા એવા કુંતિપુત્ર યુધિષ્ઠિર ઉપર બાણનો વર્ષાદ કરતો રહ્યો. ત્યાર પછી વીર મહા બળવાન એવા શલ્યરાજાએ, સુવર્ણના પુંખવાળા શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં દશ દશ બાણેકરી ભીમસેનને, સર્વ દ્રૌપદી પુત્ર, માદ્રીપુત્ર નકુલ, સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ તથા શિખંડીને પણ વિંધી વર્ષાઋતુમાં ઇન્દ્ર જેમ વર્ષાદ કરે તેમ વારી રાખ્યા, તેથી પડી ગએલા તથા પડતા એવા હજારો પ્રભદ્રક તથા સોમક દેખાતા હતા. ભમરોના તથા શલભ નામના જંતુઓના સમુદાયની પેઠે અગણિત એવા શલ્યના બાણ મેઘમાંથી જેમ વિજળીઓ પડે તેમ પૃથ્વીપર પડતા હતા. તેમણે કરી પીડિત થએલા હસ્તિ, અશ્વ, પાયદળ તથા રથિઓ, શબ્દ કરતા સંગ્રામવિષે પડતા હતા. એ રીતે ક્રોધ તથા પૌરૂષેકરી આવિષ્ટ હોય નહિ એવા મેઘ સરખો શબ્દ કરતો કાળ સરખો મહા બળવાન મદ્રરાજ, સંગ્રામના મધ્યમાં શત્રુઓને આચ્છાદન કરી દેતો હતો.

એવી રીતે શલ્યે હણવા માંડેલી પાંડવોની સેના અજાતશત્રુ એવા કુંતિપુત્ર યુધિષ્ઠિરને પ્રાપ્ત થઇ, તોપણ બાણ નાખવામાં ચતુર એવા શલ્યે, તે સેનાને પીડિત કરતાં યુધિષ્ઠિર ઉપર પણ બાણનો વર્ષાદ કર્યો. ક્રોધાયમાન થએલા યુધિષ્ઠિર રાજાએ પણ, પાયદળ તથા અશ્વ સહિત પોતા સામે આવતા તેને તીક્ષ્ણ બાણોએકરી મોટા હસ્તિને જેમ અંકુશેકરી વારે તેમ વારી રાખ્યો. તે સમયે શલ્ય રાજાએ સર્પની જેને ઉપમા અપાય એવું ઘોર બાણ, યુધિષ્ઠિર ઉપર નાંખ્યું, વેગવાન એવો તે મહાત્મા એવા ધર્મરાજને ભેદી પૃથ્વી પ્રત્યે પડ્યું, તેથી ક્રોધાયમાન થએલા ભીમસેને સાતથી. સહદેવે પાંચથી, તથા નકુલે દશેકરી, શત્રુને હણનાર શૂરવીર એવા શલ્યને વિંધ્યો. તેમજ દ્રૌપદી પુત્રોએ પણ મેઘ જેમ પર્વત ઉપર જળનો વર્ષાદ કરે તેમ તેની ઉપર બાણનો વર્ષાદ કર્યો. એ રીતે ચોતરફથી પાંડવોએ વારવા માંડેલા શલ્યને જોઇ, ક્રોધાયમાન થએલા કૃતવર્મા, કૃપાચાર્ય, મહા પરાક્રમી ઉલૂક, સુબલપુત્ર શકુનિ, મહા બલિષ્ટ અશ્વત્થામા તથા તમારા પુત્ર સર્વ, ધીરેથી ત્યાં આવી સંગ્રામમાં શલ્યની રક્ષા, કરવા લાગ્યા. ક્રોધાયમાન થએલા કૃતવર્માએ ત્રણ બાણથી ભીમસેનને વિંધી ક્રુદ્ધરૂપ એવા તેની ઉપર વળી મોટો બાણનો વર્ષાદ કરી, બાણવૃષ્ટિથી ધૃષ્ટદ્યુમ્નને પણ પીડિત કર્યો. શકુનિ દ્રૌપદીના પુત્ર સામે ગયો, અશ્વત્થામા, નકુલ સહદેવ સામે ગયો, બળવાન એવા ઉગ્ર તેજવાળા યુદ્ધ કરનારમાં શ્રેષ્ઠ દુર્યોધને, કેશવ તથા અર્જુન સામે જઇ બાણેકરી તેમને પીડ્યા. હે વિશાંપતે! એ રીતે તમારાઓનાં પાંડવોની સાથે તે તે ઠેકાણે ઘોરરૂપ એવાં વિચિત્ર પ્રકારનાં સેંકડો દ્વંદ્વ થયાં હતાં. તેટલામાં ભોજે, રીંછ સરખા વર્ણવાળા ભીમસેનના ઘોડાઓને હણ્યા. તે સમયે પાંડુનંદન ભીમસેન હણાયા છે અશ્વ જેના એવા રથમાંથી નીચે

ઉતરી કાળ જેમ દંડને ઉગામે તેમ હાથમાં ગદા લેઇ યુદ્ધ કરવા લાગ્યા. મદ્રરાજ શલ્યે, સહદેવ જોતાં જોતાંજ તેના અશ્વને હણ્યા. ક્રોપાયમાન થએલા સહદેવે પછી ખડ્ગેકરી શલ્યના પુત્રને હણ્યો. આચાર્ય એવા અસંભ્રાંત ગૌતમ, યત્નેકરી વળી અતિ યત્નવાન્ એવા અસંભ્રાંત ધૃષ્ટદ્યુમ્ન સાથેયુદ્ધ કરવા લાગ્યા. અત્યંત ક્રોધાયમાન થએલા નહિ એવા આચાર્યપુત્ર અશ્વત્થામાએ હસતા હોય નહિ તેની પેઠે શૂરવીર એવા દ્રૌપદીના પુત્રોને એક એકને દશ દશ બાણે કરી વિંધી ભીમસેનના અશ્વને હણ્યો. તે વખતે હણાયા છે અશ્વ જેના એવા પાંડુનંદન ભીમસેને રથ-માંથી ઉતરી ક્રોધાયમાન થએલા મહા બળવાન કાળ જેમ દંડ ઉગામે તેમ હાથમાં ગદા ગ્રહણ કરી કૃતવર્માના ઘોડા તથા રથને મારી નાંખ્યા. કૃતવર્મા, રથમાંથી નીચે ઉતરી બાજુએ નાસી ગયો.

સંક્રુદ્ધ થએલા શલ્યે સોમક તથા પાંડવોને હણી તીક્ષ્ણ બાણેકરી યુધિષ્ઠિરને પીડિત કર્યા. ક્રોધાયમાન થએલા પરાક્રમી ભીમસેને, દાંતે કરી ઓઠને ડશી તેના નાશ વાસ્તે યમ-દંડસરખી, ઉદ્યુક્ત થએલી કાળરાત્રિની જેને ઉપમા અપાય એવી, હસ્તિ, અશ્વ તથા મનુ-ષ્યના દેહના અંતને કરનારી સુવર્ણમય વસ્ત્રથી ઢંકાયલી, પ્રજ્વલિત ઉલ્કાઓ સરખી કંઠી-આમાં રહેલી સર્પિણીની પેઠે અતિ ઉગ્ર, વજ્ર સરખી, લોહમયી ચંદન તથા અગરચંદન ચોપડેલી, ઇચ્છિત એવી પ્રમદાસરખી, વસા તથા મેદેકરી લીંપાયેલા અંગવાળી, યમરાજની જીભ સરખી, સુંદર ઘંટાના સેંકડો શબ્દવાળી, ઇન્દ્રના વજ્ર સરખી, છુટી મુકેલી સર્પિણી સરખા આકારવાળી, હસ્તિ મદેકરી જાણે સ્પર્શ કરેલી હોય તેવી સર્વ ભૂતને ત્રાસ આપનારી પોતાના સૈન્યને હર્ષ વધારનારી, મનુષ્ય લોકમાં વિખ્યાત, પર્વતના શિખરને વિદારણ કર-નારી અને જે ગદાવડે ઘણાકે વાર્યો તો પણ મહા બળવાન શબ્દ કરતા ભીમસેને કૈલાસ-ભવનવિષે મહાદેવના સખા એવા કુબેરને દ્રૌપદીનું પ્રિય કરવા સારૂ યુદ્ધ વાસ્તે બોલાવ્યા હતા ને તેમના ઘર વિષે રહેતામદોન્મત્ત એવા અત્યંત ગુહ્યકોને હણ્યા હતા તે વજ્રમયી તથા રત્નના ઓઘેકરી વિચિત્ર પ્રકારના વર્ણવાળી વજ્ર સરખી ગૌરવ એવી ગદા ઉગામી યુદ્ધમાં કુશળ એવા મહાબાહુ શલ્ય સામે દોડી દારૂણ શબ્દવાળી ગદાએકરી મોટા વેગવાળા શલ્યના ચાર અશ્વને હણ્યા. ક્રોધાયમાન થએલા શૂરવીર એવા શલ્યે શબ્દેકરી અતિ સ્થૂલ એવા તેના વક્ષસ્થળમાં ભાલું માર્યું તેથી તેનું કવચ ભેદાયું, એટલામાં તો અસંભ્રાંત એવા ભીમ-સેને તેજ ભાલું લેઇ મદ્રરાજના સારથિને હૃદયવિષે માર્યું તેથી ભેદાયું છે કવચ જેનું એવો ત્રાસયુક્ત મનવાળો રૂધિરનું વમન કરી પૃથ્વીપર પડી ગયો. દીન એવો તેમજ કરેલાં કર્મનો બદલો મળ્યો એમ જાણી વિસ્મયયુક્ત છે મન જેનું એવો મદ્રરાજ ત્યાંથી દૂર જતો રહ્યો. ધર્માત્મા એવો ભીમસેન ગદાનો આશ્રય કરી શત્રુની વાટ જોઇ ઉભો રહ્યો. સંગ્રામવિષે અક્લિષ્ટ છે કર્મ જેનાં એવા ભીમસેનના ઘોર કર્મને જોઇ હર્ષિત મનવાળા પાંડવ, તેની પ્રશંસા કરવા લાગ્યા.

> तथाः सुमनसः पार्थाभीमसेनमपूजयन् ।
> ते दृष्ट्वा कर्मसंग्रामे घोरमक्लिष्टकर्मणः ॥

इतिश्री महाभारते शल्यपर्वणि भीमसेनशल्ययुद्धे गुर्जरभाषायां मेका-दशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો. ભીમનું ભયંકર યુદ્ધ.

**संजय उवाच—पतितं प्रेक्ष्य यंतारं शल्यः सर्वायसीं गदां ।
आदाय तरसा राजंस्तस्थौ गिरिरिवाचलः ॥ १ ॥**

સંજય કહે છે-હે ધૃતરાષ્ટ્ર! હે રાજન્! સારથિ પડયો તેને જોઇ શલ્ય, વેગેકરી લોહમયી ગદાને ગ્રહણ કરી અચળ પર્વતની પેઠે સંગ્રામમાં ઉભો રહ્યો. પ્રદીપ્ત એવા કાળાગ્નિ સરખા, પાશ છે હાથમાં જેના એવો જાણે કાળ હોય નહિ એવો, શિખરવાળા કૈલાસ પર્વત જેવા વજ્રથી શોભિતા ઇન્દ્ર સરખા ત્રિશૂલ ધરેલા રૂદ્રની જેને ઉપમા અપાય એવો, વન વિષે રહેલા મદોન્મત્ત હસ્તિ સરખા, સામે ઉભેલાને જોઇ મોટી ગદા ગ્રહણ કરી ભીમસેન વેગેકરી તેની સામે દોડયો. શંખના શબ્દ, તથા હજારો તૂરીના શબ્દ સાથે શૂરવીરોના હર્ષને વધારનાર સિંહનાદ થતા હતા, યોદ્ધાઓમાં મોટા હસ્તિ સરખા તે બેઉને ચોતરફથી જોતા એવા તમારા તથા પારકા યોદ્ધાઓ, સારી રીતે તેમની પ્રશંસા કરતા હતા. સંગ્રામમાં ભીમસેનના વેગને મદ્રાધિપતિ વિના તથા યદુનંદન એવા રામ વિના બીજો સહન કરવા સમર્થ હતો નહિ. તેમજ મહાત્મા એવા મદ્રાધિપતિની ગદાના વેગને પણ ભીમસેન વિના બીજો યોદ્ધો સહન કરવા સમર્થ હતો નહિ. બે વૃષની પેઠે પરસ્પર શબ્દ કરતા, ગદા છે હાથમાં જેમના એવા મદ્રરાજ તથા વૃકોદર બેઉ નાના પ્રકારનાં મંડળ બાંધી તેમ વિચરતા હતા. એ રીતે ગદાએ કર્યો છે વિહાર જેમાં એવા મંડલાવર્ત માર્ગ વિષે પુરૂષમાં સિંહરૂપ એવા તે બેઉનું નિર્વિશેષ યુદ્ધ થયું. તેમાં તપાવેલા સુવર્ણમય દીપ્તિમાન્ અગ્નિની જ્વાળા સરખી વસ્ત્રથી બાંધેલી શલ્યની ગદા શોભતી હતી. મંડળાકારે માર્ગ પ્રત્યે વિચરતા મહાત્મા ભીમસેનની વીજળી સહિત મેઘ જેવી ગદા શોભતી હતી. હે રાજન્! મદ્રરાજે પોતાની ગદાએકરી તાડન કરેલી ભીમસેનની ગદા બળતી હોય નહિ જાણે તેની પેઠે આકાશવિષે અગ્નિની જ્વાળા ઉત્પન્ન કરતી હતી. તેમજ ભીમસેને પોતાની ગદાએકરી તાડન કરેલી શલ્યની ગદામાંથી આકાશ વિષે અંગારાનો વર્ષાદ થતો હતો, દાંતેકરી બે મોટા હસ્તિઓ, શીંગડાએ કરી બે મોટા બળદ તથા ચાબખાએ કરી કોઇ બે ઘોદ્ધાઓ પરસ્પરને હણે તેમ ભીમસેન તથા શલ્ય બેઉ ગદાના અગ્રભાગેકરી પરસ્પર એક બીજાને હણતા હતા. પછી ક્ષણમાત્રમાં ગદાએકરી હણાયાં છે શરીર જેમનાં એવા રૂધિરથી વ્યાપ્ત શરીરવાળા તે બેઉ પુષ્પિત એવા બે ખાખરાના વૃક્ષની પેઠે અત્યંત જોવા લાયક છે મૂર્તિઓ જેમની એવા થઇ રહ્યા. ડાબી તથા જમણી બાજુ મદ્રરાજની ગદાએકરી હણાયલા મહાબાહુ ભીમસેન, અચળ પર્વતની પેઠે ચલાયમાન થતા નહતા. તેમજ હે રાજન્! ભીમસેનની ગદાના વેગેકરી વારંવાર તાડન કરેલો શલ્ય હસ્તિવડે જેમ મોટા પર્વત વ્યથા ન પામે તેમ વ્યથાને પામતો નહતો. પુરૂષમાં સિંહરૂપ એવા તેમની ગદાપાતનો શબ્દ, સર્વ દિશાઓમાં બે વજ્રના શબ્દ સરખો સંભળતો હતો. ઉંચી કરી છે મોટી ગદા જેમણે એવા મહા પરાક્રમી તે બેઉ, નિવૃત્તિ પામી પાછા વ્યવધાન જેમાં છે એવા માર્ગ વિષે રહી નાના પ્રકારના મંડળ પ્રત્યે વિચરતા હતા. પછી અતિ માનુષ છે કર્મ જેમનાં એવા તે બેઉ આઠ પગલાં પરસ્પર સામે આવી ઉગામેલા લોહદંડેકરી પરસ્પર આઘાત કરવા લાગ્યા નાના પ્રકારના મંડળ પ્રત્યે વિચરતા તથા પરસ્પર હણતા ગદા યુદ્ધમાં ચતુર એવા તે બેઉ, ક્રિયાવિશેષપણું દેખાડતા હતા. શિખરવાળા બે પર્વત જાણે હોય

નંદ તેની પેઠે પરસ્પર ઘોર એવી ગદા ઉગામી નાના પ્રકારનાં મંડળ પ્રત્યે વિચરતા પરસ્પર એકબીજાને હણતા હતા. ક્રિયા કૌશલ્ય દાખવતા તેઓ રણભૂમિવિષે અચળ પર્વત સરખા, ક્રોધેકરી પરસ્પર નાંખેલી ગદાએકરી બેઉ બાજુ હણાયલા નરવીર હાહાકાર કરવા લાગ્યા. અત્યંત મર્મસ્થાનવિષે હણાયલા તે બંને સારી રીતે વિહ્વળ થઇ ગયા. પછી કૃપાચાર્ય મદ્રાધિપતિ શલ્યને પોતાના રથમાં બેસારી સંગ્રામમાંથી બાહાર લઈ ગયા. તેટલામાં વિહ્વલ એવા ભીમસેન, નિમિષ માત્રમાં મદોન્મત્તની પેઠે પાછા ઉભા થઇ હાથમાં ગદા લેઈ મદ્રાધિપતિને બોલાવવા લાગ્યા.

તે વખતે નાના પ્રકારના અસ્ત્ર ધારણ કરેલા દુર્યોધન છે મુખ્ય જેમાં એવા તમારી તરફના યોદ્ધાઓ, હાથ ઉંચા કરી શસ્ત્ર ઉગામી, નાના પ્રકારનાં વાદિત્ર સાથે સિંહનાદ કરતા યુદ્ધ વાસ્તે પાંડવની સેના સામે દોડયા. તેમનું સૈન્ય જોઈ પાંડવો સિંહનાદ કરતા તેમની સામે દોડયા. એ રીતે સામસામે જતા યોદ્ધાઓમાંથી ચેકિતાનને તમારા પુત્રે, મોટી સાંગેકરી હૃદયમાં અત્યંત વિંધ્યો. તમારા પુત્રે વિંધેલો રૂધિરના ઓઘેકરી વ્યાપ્ત એવો તે અત્યંત મોહિત થઇ રથમાં બેસવાને ઠેકાણે પડી ગયો. એ રીતે ચેકિતાન હણાયો તેને જોઇ જયશીલ તથા દર્શનીય છે મૂર્તિ જેમની એવા મહારથિ પાંડવો જૂદા જૂદા બાણનો વર્ષાદ કરતા તમારી સેનામાં વિચરતા હતા. તે સમયે કૃપાચાર્ય, કૃતવર્મા, તથા સુબલ પુત્ર મહારથિ શકુનિ એ સર્વ યોદ્ધાઓ, મદ્રરાજને આગળ કરી ધર્મરાજ સાથે યુદ્ધ કરવા લાગ્યા. હે મહારાજ! ભારદ્વાજને હણનાર ઘણાક વીર્ય તથા પરાક્રમવાળા ધૃષ્ટદ્યુમ્ન સાથે દુર્યોધન, યુદ્ધ કરવા લાગ્યો. હે રાજન્! તમારા પુત્રે પ્રેરણા કરેલા, વિજયનો કર્યો છે સંકલ્પ જેમણે, એવા સંગ્રામમાં જીવિતનો ત્યાગ કરનાર અશ્વત્થામા છે મુખ્ય જેમાં એવા ત્રણ હજાર યોદ્ધાઓ. અર્જુન સાથે યુદ્ધ કરતા હતા. બાકી હે રાજન્! તમારી તરફના યોદ્ધાઓ, હંસ જેમ મોટા તળાવમાં પ્રવેશ કરે તેમ પાંડવના સૈન્યમાં પ્રવિષ્ટ થયા. પછી પરસ્પર વધને ઇચ્છતા તેમનું અન્યોન્ય વધસંયુક્ત, પરસ્પર પ્રીતિ વધારનાર મહા ઘોર યુદ્ધ થયું. હે રાજન! શ્રેષ્ઠ નરવીરનો જેમાં ક્ષય છે એવા પ્રવર્તમાન થએલા સંગ્રામ વિષે વાયુએ પ્રેરણા કરેલી ઘોર એવી રજ ઉડતી હતી, તેને લીધે પાંડવોના નામનાં કીર્તનના શ્રવણેકરી અમે પરસ્પરને ઓળખતા હતા. યોદ્ધાઓ પણ નિર્ભયની પેઠે યુદ્ધ કરતા હતા. પછી ઉડેલી રજ. હે પુરૂષવ્યાઘ્ર! રૂધિરવડે શાંત થઇ ગઇ. તે રીતે પ્રવર્તમાન થએલા ભયાનક એવા ઘોરરૂપ સંગ્રામવિષે તમારા તથા સામેના યોદ્ધાઓમાંથી કોઇ પણ યોદ્ધો વિમુખ થતો ન હતો, અને યુદ્ધમાં જયની પ્રાર્થના કરતા બ્રહ્મલોક જવાને તત્પર, સ્વર્ગમાં આસક્ત છે મન જેનું એવા પરસ્પર શબ્દ કરતા અન્યોન્ય પ્રહાર ઇચ્છતા, નાના પ્રકારનાં શસ્ત્ર મૂકતા, સ્વામિના કાર્યનો છે નિશ્ચય જેમને એવા મહારથિઓ પરસ્પર યુદ્ધ કરતા હતા. તે સમયે હે રાજન્! તમારા તથા તેમના સૈન્યમાં અરે હણો, વિંધો, ગ્રહણ કરો, પ્રહાર કરો, કાપો, એવી વાણી સંભળાતી હતી. તેટલામાં હે મહારાજ! હણવાની છે કામના જેને એવા શલ્યે, ધર્મપુત્ર એવાં મહારથિ યુધિષ્ઠિરને તીક્ષ્ણ બાણેકરી વિંધ્યા. મર્મને જાણનાર એવા યુધિષ્ઠિરે હે મહારાજ! મર્મને ઉદ્દેશી હસતા હોય નહીં તેની પેઠે નારાચ નામનાં ચૌદ બાણ તેની ઉપર નાંખ્યાં હણવાની છે ઇચ્છા જેને એવા મહા બળવાન સંક્રુદ્ધ થએલા શલ્યે બાણેકરી પાંડુપુત્ર યુધિષ્ઠિરને વારી કંકનાં પિંછ બાંધેલાં બીજાં ઘણાંક બાણેકરી તેમને વિંધી. વળી હે મહારાજ! સઘળા જો

જેના એવાં બાણેકરી સર્વ સૈન્ય જોતાં યુધિષ્ઠિરને હણ્યા. મોટા યશવાળા સંક્રુદ્ધ થએલા મહારથિ ધર્મરાજાએ ગૃધ્રના તથા મયૂર પિંછ બાંધેલા તીક્ષ્ણ બાણેકરી મદ્રરાજને વિંધી બીજા સિત્તેરથી ચંદ્રસેનને, નવ બાણેકરી સૂતને અને ચોસઠથી દ્રુમસેનને હણ્યો. એ રીતે મહાત્મા પાંડવે ચક્રરક્ષકને હણ્યા તે જોઇ હે રાજન્! શલ્યે પચ્ચીસ ચેદીઓને હણી પચ્ચીસથી સાત્યકિને, પાંચેકરી ભીમસેનને તથા તીક્ષ્ણ એવા સો બાણે કરી માદ્રીપુત્ર નકુળ તથા સહદેવને વિંધ્યા. હે રાજસત્તમ! સંગ્રામમાં એવી રીતે વિચરતા તેની ઉપર કુંતીપુત્ર યુધિષ્ઠિરે સર્પ સરખાં તીક્ષ્ણ એવાં બાણ નાંખી ભલ્લ નામના બાણેકરી પોતાની સંમુખ ઉભેલા એના ધ્વજને રથ ઉપરથી પાડ્યો. એવી રીતે મહાત્મા પાંડુપુત્રે કાપેલા તે હણેલા પર્વતના શિખરની પેઠે પડતા તેના ધ્વજને અમે જોતા હતા. પડેલા ધ્વજને તથા પોતા સામે ઉભેલા પાંડુપુત્ર યુધિષ્ઠિરને જોઈ ક્ષત્રિયમાં શ્રેષ્ઠ, ઘણા બળવાળો સંક્રુદ્ધ થએલો મદ્રરાજ શલ્ય વૃષ્ટિમાન મેઘની પેઠે ક્ષત્રિયો ઉપર બાણુની વૃષ્ટિ કરી, સાત્યકિ, ભીમસેન તથા માદ્રીપુત્ર નકુળ સહદેવ એઓમાંથી એક એકને પાંચ પાંચ બાણુથી વિંધી યુધિષ્ઠિરને પીડવા લાગ્યો. તે સમયે હે મહારાજ! પાંડુપુત્ર યુધિષ્ઠિરના વક્ષસ્થળ વિષે વૃદ્ધિ પામેલા મેઘજળ સરખા વિસ્તૃત એવા બાણુમય જલને અમે જોતા હતા, ત્યાર પછી વળી ક્રોધાયમાન થએલા મહારથિ શલ્યે સન્નત છે પર્વ જેમનાં એવાં બાણેકરી તેની દિશા તથા વિદિશાઓને આચ્છાદન કરી દીધી. શલ્યના બાણુ પુરેકરી અદ્દભુત પરાક્રમવાળા યુધિષ્ઠિર રાજા, ઇન્દ્રવડે જેમ જંભાસુર પીડિત થયો હતો તેમ પીડિત થયા.

ततो युधिष्ठिरो राजा बाणजालेन पीडितः ।
बभूवाद्भुतविक्रांतो जंभो वृत्रहणा यथा ॥

इतिश्री महाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો. સેનાપતિ શલ્યનું પરાક્રમ.

संजय उवाच—पीडिते धर्मराजे तु मद्रराजेन मारिष ।
सात्यकिर्भीमसेनश्च माद्रीपुत्रौ च पांडवौ ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મારિષ! મદ્રરાજાએ ધર્મરાજાને પીડિત કર્યા ત્યારે સાત્યકિ, ભીમસેન તથા માદ્રીપુત્ર નકુલ અને સહદેવ સંગ્રામના મધ્યમાં રથેકરી શલ્યને વીંટી લેઇ તેને પીડિત કરવા લાગ્યા. ઘણાક મહારથિઓએ પીડિત કરેલા તે, એકને જોઈ મોટો સાધુનાદ થયો. અત્યંત હર્ષિત થયેલા ને એકઠા મળેલા મુનિઓ પણ આ તો આશ્ચર્ય જેવું થયું એમ કહેવા લાગ્યા; તેટલામાં ભીમસેને પરાક્રમ કરવામાં શલ્યરૂપ એવા શલ્યને એક અને સાત બાણુથી વિંધ્યો. સાત્યકિએ ધર્મપુત્રની રક્ષાવાસ્તે મદ્રેશ્વરને સો બાણુથી પીડિત કરી સિંહનાદ કર્યો, નકુલ તથા સહદેવે પાંચ પાંચ બાણુથી એને વીંધી વળી સાત બાણે કરી એને વિંધ્યો. એવી રીતે મહારથિઓએ પીડિત કરેલા મહાવીર સાવધાન એવા શલ્યે, તેઓને ક્રમ-

નાર, ભાર સાધન એવું ઘોર ધનુષ ખેંચી, હે મારિષ ! પચ્ચીસેકરી સાત્યકિને, સીતેરથી ભીમસેનને, સાત બાણુથી નકુલને વીંધી, ભલ્લ બાણેકરી ધનુષ ધરનાર સહદેવનું બાણ સહિત ધનુષ કાપી નાંખ્યું. વળી બીજા એકત્રીસ બાણેકરી એને વિંધ્યો અત્યંત સંક્રુદ્ધ થએલા સહદેવે સંગ્રામમાં બીજું ધનુષ ગ્રહણ કરી સર્પ સરખા જેમના આકાર હતા તે એવા પ્રજ્વલિત અગ્નિ સરખા પાંચ બાણુથી ઘણા તેજવાળા શલ્યને વિંધી, સન્નત છે પર્વ જેનું એવા બાણે કરી એના સારથિને વિંધી વળી બીજા ત્રણ બાણેકરી વિંધ્યો. ભીમસેને સીતેરથી, સાત્યકિએ નવથી તથા ધર્મરાજાએ સાઠ બાણેકરી શલ્યને વિંધ્યો. હે મહારાજ ! એ રીતે તે મહારથિઓએ વિંધેલા શલ્યના શરીરમાંથી પર્વત ઉપરથી ગૈરિકધાતુમિશ્ર ઝરણ ઝરે તેમ રૂધિર સ્રવવા લાગ્યું. મહારથિ એવા તેણે મોટાં ધનુષવાળા સર્વને. વેગેકરી પાંચ પાંચ બાણુથી વિંધી, બીજા ભલ્લ નામના બાણેકરી ધર્મપુત્ર યુધિષ્ઠિરનું પ્રત્યંચા સહિત ધનુષ કાપી નાંખ્યું. ધર્મપુત્ર યુધિષ્ઠિરે બીજું ધનુષ ગ્રહણ કરી અશ્વ, સારથિ, ધ્વજ તથા રથ સહિત શલ્યને બાણેકરી આચ્છાદિત કરી દીધો. સંગ્રામમાં ધર્મપુત્રના બાણેકરી ઢંકાઇ ગએલા તેણે તીક્ષ્ણ એવાં દશ બાણેકરી યુધિષ્ઠિરને વિંધ્યા. એ રીતે ધર્મપુત્ર યુધિષ્ઠિર બાણુથી પીડિત થયા તે જોઇ ક્રોધાયમાન થએલા સાત્યકિએ મદ્રના અધિપતિ શૂરવીર શલ્યને પાંચ બાણેકરી વિંધ્યો. શલ્યે પણ ક્ષુરપ્ર નામના બાણુથી સાત્યકિનું મોટું ધનુષ કાપી, ભીમસેન છે મુખ્ય જેમાં એવા યોદ્ધાઓને ત્રણ ત્રણ બાણેકરી તાડન કર્યા. હે મહારાજ ! ક્રોધાયમાન થએલા સત્ય પરાક્રમવાળા સાત્યકિએ સુવર્ણનો દાંડો જેને હતો એવું અમૂલ્ય ભાલું તેની ઉપર નાંખ્યું. ભીમસેને, સર્પ સરખું નારાચ નામનું પ્રજ્વલિત બાણ, નકુલે શક્તિ, સહદેવે સુંદર ગદા તથા શલ્યને મારવાની જેને ઇચ્છા છે એવા ધર્મરાજે શતઘ્ની તેની ઉપર નાંખી. એ પાંચના હાથમાંથી મૂકાયલા સામે આવતા આયુધને મદ્રદેશના અધિપતિ શલ્યે શસ્ત્રસમુદાયે કરી વારી રાખ્યાં. સાત્યકિએ નાંખેલા ભાલાને પ્રતાપવાન એવા બાણ નાંખવામાં ચતુર શલ્યે, ભલ્લ નામના બાણુથી કાપી નાંખ્યું. ભીમસેને નાંખેલા સુવર્ણથી શોભિતા બાણના ભલ્લ નામના બાણેકરી બે કટકા કરી નાંખ્યા. નકુલે નાંખેલી ભય આપનારી સુવર્ણના દાંડવાળી શક્તિના તથા સહદેવે નાંખેલી ગદાને બાણુના ઓઘથી અટકાવી. હે ભારત ! ધર્મરાજે નાંખેલી શતઘ્નીને પણ પાંડવો જોતાં બે બાણુથી કાપી નાંખી પોતે સિંહનાદ કર્યો. સંગ્રામમાં થએલો શત્રુનો વિજય સહન થતો નહિ એવા શિનિકુળમાં ઉત્પન્ન થએલા ક્રોધ મૂર્ચ્છિત સાત્યકિએ, બે બાણેકરી મદ્રેશ્વરને વિંધી, બીજા ત્રણેકરી એના સારથિને વિંધ્યો. તે વખતે હે રાજન્ ! અત્યંત સંક્રુદ્ધ થએલા શલ્યે સંગ્રામના મધ્યમાં અંકુશેકરી જેમ મોટા હસ્તિઓને વિંધે તેમ તે સર્વને દશ બાણેકરી વિંધ્યા. સંગ્રામમાં મદ્રરાજાએ વારી રાખેલા શત્રુને નાશ કરનાર મહારથિઓ, તેથી સંમુખ ઉભા રહેવા સમર્થ થતા ન હતા.

દુર્યોધન રાજા, શલ્યનું પરાક્રમ જોઇ પાંડવ, પંચાલ તથા સૃંજય હણાયાજ છે એમ માનવા લાગ્યો. તેટલામાં હે રાજન્ ! મહાબાહુ પ્રતાપવાન ભીમસેન, મનથી પ્રાણનો ત્યાગ કરી મદ્રાધિપ સાથે યુદ્ધ કરવા આવ્યો. નકુલ, સહદેવ તથા મહારથિ સાત્યકિ એ સર્વ યોદ્ધાઓ શલ્યને વીંટી લેઇ ચોતરફથી તેની ઉપર બાણ નાંખવા લાગ્યા, પાંડવ તરફના શ્રેષ્ઠ ધનુષવાળા એ ચાર મહારથિઓએ વીંટાયલો પ્રતાપવાન મદ્રરાજ, તેઓની સાથે યુદ્ધ કરતો હતો. તેટલામાં ધર્મપુત્ર યુધિષ્ઠિરે મહા સંગ્રામમાં ક્ષુરપ્ર નામના બાણુથી મદ્રરાજના ચક્ર-

રક્ષકને હણ્યો. શૂરવીર એવો મહારથિ ચક્રરક્ષક હણાયો તે જોઇ બળવાન એવા તેણે પાંડવોના સૈનિકોને બાણેકરી આચ્છાદન કરી દીધા. શલ્યના બાણેકરી ઢંકાઇ ગએલા પોતાના સૈનિકોને જોઇ ધર્મપુત્ર યુધિષ્ઠિર વિચાર કરવા લાગ્યા કે માધવનું વચન પાળવા કેમ મારાથી સમર્થ થવાશે ? ક્રોધાયમાન થએલો તે મારા સૈન્યનો તો ક્ષય નહિ કરે ? એમ વિચાર કરતા હતા તેટલામાં તો હે રાજન્ ! હે પાંડુપૂર્વજ, રથ, હસ્તિ તથા અશ્વ સહિત પાંડવો ચોતરફથી મદ્રરાજને બાણવૃષ્ટિથી પીડતા તેની સામે આવી ઉભા રહ્યા. નાના પ્રકારના શસ્ત્રના ઓઘે-કરી ધરણીક એવી ઉત્પન્ન થએલી શરવૃષ્ટિને વાયુ જેમ મોટા વાદળને હણે તેમ મદ્રરાજાએ હણી. ત્યારપછી સુવર્ણના પુંખવાળી શલ્યે નાંખેલી આકાશમાં સણસણાટ કરતી તીડ સરખી શરવૃષ્ટિ થવા લાગી. રણસંગ્રામમાં મદ્રરાજાએ નાંખેલાં બાણ, શલભ નામના જંતુ સમુદાય સરખાં દેખાતાં હતાં. હે જનાધિપ ! મદ્રરાજના ધનુષમાંથી નીકળેલા સુવર્ણથી શોભિતા બાણેકરી સઘળું છવાઇ ગયું હતું. મહા સંગ્રામમાં બાણેકરી મોટો અંધકાર થયો તેને લીધે, અમારૂં તથા પાડવોનુ કંઇ પણ દેખાતુ ન હતું. બળવાન મદ્રરાજાએ, લાઘવથી નાંખેલી બાણવૃષ્ટિએ ચલાયમાન કરેલા પાંડવના સૈન્યરૂપી સમુદ્રને જોઇ દેવ, ગંધર્વ, તથા મનુષ્ય, પરમ વિસ્મયને પ્રાપ્ત થયા. હે મારિષ ! મદ્રરાજ સાવધાન એવા સર્વને બાણથી આચ્છાદન કરી ધર્મરાજને પણ ઢાંકી દેઇ સિંહની પેઠે વારંવાર શબ્દ કરતો હતો. સંગ્રામમાં મદ્રરાજા-એ બાણે કરી આચ્છાદન કરેલા પાંડવોના મહારથિઓ, યુદ્ધ વિષે મોટા મહારથિ સામે જવા સમર્થ થતા ન હતા. ધર્મરાજ તથા ભીમસેન છે મુખ્ય જેમાં એવા રથિઓ, સંગ્રામમાં શોભતા શૂરવીર શલ્યને સંગ્રામમાં છોડી દેતા ન હતા.

धर्मराड्‍ पुरोगास्तु भीमसेन मुखारथाः।
नजहुः समरे शूरं शल्यमाहवशोभिनं ॥

इतिश्री महाभारते शल्यपर्वणि शल्ययुद्धेगुर्जरभाषायां त्रयोदशो-ऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો. ભયંકર યુદ્ધારંભ.

संजय उवाच—मर्जुनो द्रौणिना विद्धो युद्धे बहुभिरायसैः ।
तस्य चानुचरैः शूरैस्त्रिगर्तानां महारथैः ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર ! યુદ્ધ વિષે દ્રોણ પુત્ર અશ્વત્થામાએ તથા તેના અનુચર એવા શૂરવીર ત્રિગર્તોના મહારથિઓએ લોહમય ઘણાક બાણેકરી અર્જુનને વિંધ્યો. ધનંજય એવા અર્જુને સંગ્રામના મધ્યમાં ત્રણ બાણેકરી અશ્વત્થામાને વિંધી તેમજ મોટા ધનુષવાળા બીજાઓને બે બાણથી વિંધી; હે મહારાજ ! તેમની ઉપર બાણનો વર્ષાદ કર્યો. હે ભરતર્ષભ ! બાણેકરી કંટકિત એવા તીક્ષ્ણ બાણેકરી તાડન કરેલા અર્જુનને પ્રાપ્ત થઇ તેને છોડી દેતા ન હતા. દ્રોણપુત્ર છે મુખ્ય જેમાં એવા મહારથિઓ, રથ સમુદાયેકરી અર્જુનને વીંટી લેઇ સંગ્રામમાં યુદ્ધ કરતા હતા. તેમણે નાંખેલા, હે રાજન્ ! સુવર્ણથી શોભતા બાણ, ત્વરાએ કરી અર્જુનના રથમાં બેસવાના સ્થાનકમાં પડતા હતા. બાણેકરી શરીરમાં જે અંગ જેઓનાં

એવા સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ, મોટાં ધનુષવાળા શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોઇ યુદ્ધમાં દુર્મદ એવા યોદ્ધા, અત્યંત પ્રસન્ન થતા હતા. કૂબડા, રથના ચક્ર, ઇષા, જોતર, ધોંસરી; અને રથની નીચેનું લાકડું એ સર્વ બાણુમય થઇ ગયું. હે રાજન્! ચોતરફ રહેલા વિચિત્ર પ્રકારનાં પુંખવાળા તીક્ષ્ણ બાણોકરી અર્જુનનો રથ પણ, સેંકડો ઉલ્કાઓએ કરી અત્યંત પ્રદીપ્ત એવા પૃથ્વીતલ વિષે રહેલું વિમાન શોભે તેમ શોભતો હતો. હે રાજન્! તે વખતે તમારી તરફના યોદ્ધાઓએ અર્જુન સામે જેવું કર્મ કર્યું તેવું પૂર્વે કોઇએ કરેલું અમે દીઠું નથી, અને સાંભળ્યું પણ નથી. ત્યાર પછી અર્જુને હે મહારાજ! મેઘ જેમ પર્વત ઉપર જળનો વર્ષાદ કરે તેમ તમારી સેના ઉપર બાણુનો વર્ષાદ કર્યો. એ રીતે સંગ્રામમાં અર્જુનના નામેકરી અંકિત એવા બાણોવડે હણાયલા યુદ્ધને જોતા તે બધું પાર્થમય માનતા હતા. તગતગ થતા બાણુરૂપી તણખાઓ અને ધનુષના શબ્દરૂપી વાયુએ વૃદ્ધિ પમાડેલો અર્જુનરૂપી અગ્નિ, તમારા સૈન્યરૂપી ઇન્ધનને બાળતો હતો. હે ભારત! પડતા એવા ચક્ર, ધોંસરીઓ, ભાથા, પતાકા, રથ સહિત ધ્વજ, ઇષા નામનું રથનું કાષ્ઠ, રથની નીચેનું કાષ્ઠ, ત્રિવેણું, આરા, જોતર, ચાબખા, તથા પડતાં એવાં કુંડળ તથા પાઘડી સહિત મસ્તક, બાહુ, સ્કંધ, ચક્ર, વ્યજન તથા મુકુટના રાશિયો, રથમાર્ગ વિષે, દેખાતા હતા. હે વિશાંપતે! ક્રોધાયમાન થએલા અર્જુનના રથમાર્ગવિષે, હે ભરતશ્રેષ્ઠ! માંસ તથા રૂધિરનો છે ગારો જેમાં, એવું બીરૂ પુરૂષોને ત્રાસ ઉત્પન્ન કરનારૂં, અને શૂરપુરૂષોને હર્ષ વધારનારૂં રૂદ્રના ક્રીડાસ્થાન સરખું અગમ્ય છે રૂપ જેનું એવી પૃથ્વી થઇ. શત્રુને તપાવનાર અર્જુન, સંગ્રામ વિષે સૈન્ય સહિત બે હજાર રથિઓને હણી પ્રજ્વલિત ભગવાન અગ્નિ ચરાચર જગતને બાળી જેમ ધૂમરહિત દેખાય તેમ હે રાજન્! ધનંજય એવા અર્જુન વિધૂમ દેખાતા હતા. સંગ્રામ વિષે પાંડુપુત્ર અર્જુનનું એવું પરાક્રમ જોઇ અશ્વત્થામાએ મોટા છે પતાકા જેમાં એવા રથેકરી પાંડુપુત્ર અર્જુનને વારી રાખ્યો. પુરૂષમાં વ્યાઘ્રરૂપ, ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ, પરસ્પર વધને ઇચ્છતા તે બેઉ પરસ્પર એકબીજા સામે થયા. હે મહારાજ! હે ભરતર્ષભ! તે બેઉની વર્ષાઋતુમાં બે મેઘની વૃષ્ટિ થાય તેવી અતિ દારૂણ બાણ વૃષ્ટિ થતી હતી. અન્યોઅન્ય છે સ્પર્દ્ધા જેમને એવા તે બેઉ, સન્નત છે પર્વ જેમનાં એવા બાણેકરી બે વૃષભ જેમ શીંગડાએકરી પરસ્પર હણે તેમ એકબીજાને હણતા હતા. એ રીતે હે મહારાજ! તે બેઉનું ઘણાક કાળ સુધી જાણે સરખું હોય નહિ એવું યુદ્ધ થતું હતું, તેમાં ઘોર એવો શસ્ત્રનો સમાગમ થતો હતો, તેટલામાં હે ભારત! અશ્વત્થામાએ સુવર્ણના છે પુંખ જેમના એવા અત્યંત ચકચકિત બાર બાણેકરી અર્જુનને અને દશ બાણથી વાસુદેવ ભગવાનને વિંધ્યા. શત્રુને તપાવનાર અર્જુન મોટા હર્ષથી ગાંડીવ ધનુષ સજ્જ કરી મહા સંગ્રામમાં મુહૂર્તપર્યંત ગુરૂપુત્રને માન આપી, અશ્વ, સારથિ તથા રથ વગરના તેને કરી વળી મૃદુતાથી એમને વારંવાર તાડન કરવા લાગ્યા. હણાયા છે અશ્વ જેના એવા રથમાં બેઠેલા દ્રોણપુત્રે ભાલાંની જેને ઉપમા અપાય એવું લોહમય મુસળ, પાંડુપુત્ર અર્જુન ઉપર નાંખ્યું. સુવર્ણના પાટાથી શોભતા પોતા સામે આવતા મુસળને શત્રુને નાશ કરનાર શૂરવીર અર્જુને સાત પ્રકારે છેદન કર્યું. કપાયલા મુસળને જોઇ યુદ્ધમાં વિશારદ પરમ ક્રુદ્ધ જોઇ અશ્વત્થામાએ પર્વતના શિખરની જેને ઉપમા અપાય એવું ઘોર ભાથું ગ્રહણ કરી અર્જુન ઉપર નાંખ્યું. ક્રોધાયમાન કાળ સરખા તે ભાથાને જોઇ પાંડુપુત્ર અર્જુને ઉતાવળથી ઉત્તમ એવાં પાંચ બાણેકરી તેને હણ્યું. હે મહા-

રાજા ! અર્જુનના બાણેકરી કપાયલું તે બાહું રાજાઓના મનને જાણે વિદારણ કરતું હોય નહિ તેની પેઠે પૃથ્વીપર પડયુ. પછી ભલ્લ નામના બીજા ત્રણ બાણથી ૫ કુરુશ્રેષ્ઠ અર્જુને દ્રોણપુત્ર અશ્વત્થામાને વિંધ્યા. એ રીતે બળવાન એવા મહાત્મા અર્જુને અત્યંત વિધિએ મૌક્ષ વિષે રહેલો તે, કંપાયમાન થયો નહિ. હે રાજન્ ! ભારદ્વાજ એવા તેણે સર્વ ક્ષત્રિય જોતાં મહારથિ એવા સુરથે સર્વ ભાર સહન કરે એવું દૃઢ ધનુષ ખેંચી સંગ્રામમાં મેઘ સરખા શબ્દવાળા રથેકરી અશ્વત્થામા સામે દોડી અગ્નિ તથા સર્પ સરખા બાણેકરી એને વિંધ્યો. દંડેકરી હણેલા સર્પની પેઠે કોપાયમાન થએલા અશ્વત્થામાએ ત્રણ શિખા દેખાય એવી ભ્રકુટી કરી, ચલોફાં ચાટી સામે આવતા ક્રોધાયમાન થએલા મહારથિ સુરથને જોઇ ધનુષની પ્રત્યંચા ખેંચી યમદંડની જેને ઉપમા અપાય એવું તીક્ષ્ણ નારાચ નામનું બાણ તેની ઉપર નાંખ્યું. અતિ વેગથી ઇન્દ્રના વજ્ર સરખુ તે, તેનુ હૃદય ભેદી પૃથ્વીતલને વિદારણ કરતુ તેમાં પ્રવેશ થયુ. અશ્વત્થામાએ નારાચ નામના બાણેકરી હણેલો તે, વજ્રેકરી વીદીર્ણ થતા પર્વતનુ શિખર જેમ પડે તેમ પૃથ્વી વિષે પડયો. તે શૂરવીર હણાયો ત્યાર પછી સંગ્રામમાં દુર્મદ, રથિમાં શ્રેષ્ઠ પ્રતાપવાન સજ્જ થયેલો દ્રોણપુત્ર, તેજ રથમાં આરોહણ કરી, હે મહારાજ ! સંશપ્તક ગણ સહિત, અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે સમયે મધ્યાન્હના સૂર્ય વખતે, અર્જુનને પારકાઓ સાથે યમદેશને વધારનાર એવું મોટું યુદ્ધ પ્રવર્તમાન થયુ. તે વેળાએ તેમનું પરાક્રમ જોઇ અમે આશ્ચર્ય પામતા હતા જે શૂરવીરો સાથે એકલો અર્જુન એક કાલાવચ્છિન્ન યુદ્ધ કરતો હતો. પૂર્વે ઇન્દ્રને મોટી દૈત્યસેના સાથે જેવો વિમર્દ થયો હતો તેવો એકલા અર્જુનને ઘણાક સાથે અત્યંત મોટો વિમર્દ થયો.

विमर्दः सुमहानासीदेकस्य बहुभिः सह ।
शतक्रतोर्यथापूर्वं महत्या दैत्यसेनया ॥

इति श्री महाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच—दुर्योधनो महाराज धृष्टद्युम्नश्च पार्षतः ।
चक्रतुः सुमहद्युद्धं शरशक्तिसमाकुलं ॥

સંજય કહે છે-હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! દુર્યોધન, તથા પૃષતના વંશમાં ઉત્પન્ન થએલો ધૃષ્ટદ્યુમ્ન, બાણ તથા શક્તિઓકરી અતિ આકુલ એવું અત્યંત મોટું યુદ્ધ કરતા હતા. હે રાજન્ ! વર્ષાઋતુમાં ચોતરફથી મેઘ જેવી જલધારાઓ વરસાવે તેવી તે બેઉના બાણની પરસ્પર હજારો ધારાઓ થતી હતી. યુદ્ધ વિષે દુર્યોધન રાજાએ પાંચ બાણેકરી ધૃષ્ટદ્યુમ્નને વિંધી, વળી બીજા સાત બાણેકરી ઉગ્રબાણવાળા દ્રોણને હણનાર એવા તેને વિંધ્યો, દૃઢ પરાક્રમવાળા બળવાન ધૃષ્ટદ્યુમ્ને સીત્તેર બાણેકરી દુર્યોધનને પીડિત કર્યો. પીડિત થએલા રાજાને જોઇ, હે ભરતર્ષભ ! તેના ભાઇઓએ મોટી સેના સહિત ધૃષ્ટદ્યુમ્નને વીંટી લીધો. અતિરથિઓએ કરી ચોતરફથી અત્યંત વીંટાયલો શૂરવીર ધૃષ્ટદ્યુમ્ન, અસ્ત્રવાળા દેખાડતો, સં-

તેઓ યુદ્ધ કરવા તૈયાર થયા છે, તે કહું તે સાંભળો. શૂરવીર ધૃષ્ટદ્યુમ્નના: બળથી અને ધર્મ આચરણ કરનારામાં શ્રેષ્ઠ, મહાત્મા તથા ક્રોધ, ભય, લોભ, મત્સર તથા નાસ્તિકપણાથી પણ કદી સત્ય નહીં મૂકનાર અને ધર્મ વિષે પ્રમાણ ધર્મરાજ યુધિષ્ઠિર વડે પાંડવો તમારી સામે યુદ્ધ કરવા તૈયાર થયા છે. વળી જેના બાહુબળની પૃથ્વીમાં બીજા કોઈને પણ ઉપમા આપી શકાય નહીં, એવા ગદા ધારણ કરનાર ભીમસેને, કાશી, અંગ, મગધ તથા કલિંગ, એટલા દેશોને જીતી સર્વ રાજાઓને વશ કર્યા હતા, તથા જેના પરાક્રમથી વારણાવતમાં ચાર પાંડવો તથા કુંતી લાખના ઘરમાંથી બહાર નિકળ્યાં અને પુરૂષને ખાનાર હિડિંબ રાક્ષસથી બચ્યાં, જેણે દ્રૌપદીની, સિંધુ દેશનો રાજા જયદ્રથ હરણ કરી ગયો ત્યારે રક્ષા કરી હતી, તેને રાજી કરવા વાસ્તે વિષમ તથા ભયંકર ગંધમાદન પર્વતમાં જઈ, ક્રોધવશ નામના રાક્ષસ ગણોને માર્યા હતા, તથા જેના બે હાથમાં દશ હજાર હાથીના જેટલું બળ છે, તે ભીમસેનના બળે કરી પાંડવો તમારી સામે યુદ્ધ કરવા તૈયાર થયા છે. તેમ જે અર્જુને પૂર્વે શ્રીકૃષ્ણની સહાયતાથી અગ્નિને સંતુષ્ટ કરવા સારૂ યુદ્ધમાં સામા આવેલા ઇંદ્રને જીત્યો હતો, તથા જેણે ત્રિશૂલ ધારણ કરનાર, દેવના દેવ તથા પાર્વતીના પતિ સાક્ષાત મહાદેવજીને યુદ્ધમાં સંતુષ્ટ કર્યાં હતા, તેમ જેણે સર્વ લોકપાળ દેવતાઓ વશ કર્યા હતા, તે ધનુષ ધારણ કરનાર અર્જુન વડે પાંડવો તમારી સાથે યુદ્ધ કરવા તૈયાર થયા છે. વળી જેમ મ્લેચ્છ ગણોથી યુક્ત આથમણી દિશાને વશ કરી હતી, તે વિચિત્ર પ્રકારનું યુદ્ધ કરનાર મનોહર રૂપવાળા ધનુષ ધારણ કરનાર તથા અતિ શૂરવીર માદ્રીના પુત્ર નકુળે કરી પાંડવ તમારી સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે. જેણે કાશી, અંગ, મગધ તથા કલિંગ, ઇત્યાદિ દેશોને યુદ્ધ કરી જીત્યા, તથા જેના પરાક્રમ સરખા પરાક્રમવાળા, અશ્વત્થામા, ધૃષ્ટકેતુ, રૂકમી તથા પ્રદ્યુમ્ન એ ચાર પુરૂષો પૃથ્વીમાં છે, તે માદ્રીને આનંદ આપનાર તથા મનુષ્યમાં શૂરવીર નાના સહદેવથી પાંડવો તમારી સામે યુદ્ધ કરવા તૈયાર થયા છે. વળી પૂર્વે કાશી-રાજની કન્યાએ મરણ પામી, બીજે જન્મે ભીષ્મને મારવાની ઇચ્છાથી, ઘોર તપ કરી દ્રુપદ રાજાને ત્યાં જન્મ લીધો છે તે કન્યા થઇ પણ તેમાંથી દૈવ ઇચ્છાએ પાછો પુરૂષ થયો. તે સ્ત્રી પુરૂષ બેઉના ગુણને જાણનાર, કલિંગ રાજાઓ સાથે યુદ્ધ કરવા ગયેલ, ભીષ્મના વધ માટે યત્ને પુરૂષ કરેલ, અસ્ત્ર શીખેલ, યુદ્ધમાં દુર્મદ, મોટા ધનુષવાળા તથા ભયંકરરૂપ શિખંડિવડે કરી પાંડવો યુદ્ધમાં તમારી સામે ઉભા રહેવા તૈયાર છે, તેમ મોટા ધનુષવાળા, કવચ પહેરેલા તથા શૂરવીર કેકય નામના પાંચ રાજપુત્રો પાંડવોના પક્ષમાં છે, તેથી તેઓ તમારી સામે યુદ્ધ કરવા તૈયાર થયા છે. વળી મહાબાહુ, જલદી હથિયાર ફેંકનાર, ધૈર્યવાન, સત્ય પરાક્રમવાળા તથા યાદવોમાં શૂરવીર સાત્યકિ સાથે તમારે સંગ્રામ થશે એટલે તે પણ પાંડવોની તરફ છે, જેથી તેઓ તમારી સાથે યુદ્ધ કરવા તૈયાર થયા છે. મહાત્મા પાંડવોને જે વખતસર આશ્રયભૂત થયા હતા, તે વિરાટ સાથે પણ તમારે સંગ્રામ થશે; એટલે તે પણ તેમના પક્ષમાં છે. એવી મહારથિ કાશીરાજ પણ પાંડવોનો મોટો યોદ્ધો છે, તેથી તેઓ તમારી સાથે યુદ્ધ કરવા સજ્જ થયા છે. સંગ્રામમાં દુઃખે કરી જેઓને કોઇ જીતી શકે નહીં એવા તથા સર્પ સરખા ભયંકર મહાત્મા દ્રૌપદીના બાળક પુત્રો-વડે પાંડવો તમારી સામે યુદ્ધ કરવા ઇચ્છે છે. વળી જે પરાક્રમ વિષે શ્રીકૃષ્ણ સરખો તથા ઇંદ્રિયોને નિગ્રહમાં રાખવા વિષે યુધિષ્ઠિર સરખો છે, તે અભિમન્યુવડે પાંડવો તમારી સામે યુદ્ધ કરવા તૈયાર થયા છે. પરાક્રમ વિષે બીજા કોઇને જેની ઉપમા આપાય નહીં એવો,

શસ્ત્ર વિષે વિચરતો હતો. પ્રબલ યુક્ત એવો શિખંડિ, ધનુષ ધારનાર કૃતવર્મા તથા મહર્ષિ ગૌતમ સાથે યુદ્ધ કરતો હતો, ત્યાં હે વિશાંપતે! પ્રાણનો ત્યાગ કરનાર યોદ્ધાઓ પ્રાણનું છે પણ જેમાં એવા યુદ્ધરૂપી દ્યુતવિષે ઘોરરૂપ એવું મોટું યુદ્ધ પ્રવર્તમાન થયું હતું. સર્વ દિશાઓ પ્રત્યે બાણની વૃષ્ટિ કરતો શલ્ય, સાત્યકિ તથા ભીમસેન સહિત પાંડવોને પીડિત કરવા લાગ્યો. યમ સરખું જે પરાક્રમ જેનું એવા સાત્યકિ તથા ભીમસેન પણ હે રાજેંદ્ર! વીર્ય તથા અસ્ત્રબળેકરી ઘોર યુદ્ધ કરતા હતા. મહા સંગ્રામમાં કેટલાક મહારથિઓ શલ્યના બાણેકરી છિન્નભિન્ન થએલા પાંડવોના રક્ષકને જોતા ન હતા. એ રીતે ધર્મરાજ અત્યંત પીડિત થયા તે જોઇ માદ્રીપુત્ર શૂરવીર નકુલે હાસ્ય કરી શૂરવીર એવા શલ્યને બાણથી આચ્છાદન કરી બીજા દશ બાણેકરી સ્તનના મધ્યમાં તેને વિંધ્યો. એ રીતે મહાત્મા એવા ભાણેજ નકુલે લોહમય શરાણીએ સજેલા સુવર્ણના પુંખવાળા, શિલા ઉપર ઘસેલા, ધનુષ યંત્રમાંથી મૂકેલા બાણેકરી પીડિત થએલો શલ્ય, નત છે પર્વ જેના એવા બાણેકરી સામો નકુલને પીડવા લાગ્યો. યુધિષ્ઠિર રાજા, ભીમસેન, સાત્યકિ તથા માદ્રીપુત્ર સહદેવ એ સર્વ એકઠા મળી મદ્રરાજ સામે દોડયા. રથના શબ્દેકરી દિશા તથા વિદિશાઓને શબ્દાયમાન કરતા અને પૃથ્વીને કંપાવતા પોતાની સામે આવતા શત્રુને જીતનાર સેનાપતિ મદ્રેશ્વરે, તેમને રોકી રાખી, ત્રણથી યુધિષ્ઠિરને, પાંચે ભીમસેનને, સો બાણથી સાત્યકિને તથા ત્રણ બાણેકરી સહદેવને વિંધી હે મારિષ! ક્ષુરપ્ર નામના બાણેકરી મહાત્મા નકુલનું બાણ સહિત ધનુષ કાપી નાખ્યુ. એ રીતે શલ્યના બાણેકરી કપાઇ ગએલું ધનુષ તરત વિશીર્ણ થઇ ગયું. મહારથિ એવા માદ્રીપુત્ર નકુલે બીજું ધનુષ લઈ બાણથી મદ્રરાજના રથને પૂરી દીધો. હે મારિષ! યુધિષ્ઠિર તથા સહદેવે પણ દશ દશ બાણેકરી વક્ષસ્થળમા એને વિંધ્યો. ભીમસેને પણ મદ્રરાજ સામે દોડી સાઠ બાણે કરી તેને હણ્યો. તેમજ સાત્યકિએ પણ ગૃધ્રનાં પિંછ બાંધેલા દશ બાણેકરી સામો તેને વિંધ્યો. ક્રોધાયમાન થએલા મદ્રરાજાએ નવ બાણથી સાત્યકિને વિંધી, નત છે પર્વ જેનાં એવા તીક્ષ્ણ સીત્તેર બાણેકરી ફરીથી વિંધી મુષ્ટિમાં રહેલું બાણ સહિત એનું ધનુષ કાપી, ચાર ઘોડાઓને પણ મૃત્યુલોક પ્રત્યે મોકલી દીધા. એ રીતે સાત્યકિને વિરથ કરી મહારથિ મદ્રરાજાએ વળી સો બાણેકરી ચોતરફથી એને હણી, હે કૌરવ્ય! અત્યંત ક્રોધાયમાન એવા પાંડુપુત્ર નકુલ સહદેવને, પાંડુપુત્ર ભીમસેનને, તથા યુધિષ્ઠિરને દશ દશ બાણેકરી વિંધ્યા. તે વખતે મદ્રરાજના અદ્‌ભુત એવા પૌરૂષને અમે જોતા હતા, કે જે એકઠા મળેલા પાંડવો પણ એની સામે ઉભા રહી શકતા ન હતા. સત્ય પરાક્રમવાળો સાત્યકિ, બીજા રથમાં બેસી મદ્રરાજાથી પીડિત એવા પાંડવોને જોઇ બલિષ્ટ એવો તે વેગેકરી મદ્રાધિપતિ સામે દોડયો. આવતા તેના રથને જોઇ સંગ્રામમાં શોભિતો શલ્ય, રથેકરી મદોન્મત્ત હસ્તિ સામે જાય તેમ તેની સામે ગયો. તે સમયે શૂરવીર સાત્યકિનો તથા મદ્રાધિપતિનો, પૂર્વે શંબરાસુર તથા ઇન્દ્રનો સન્નિપાત થયો હતો તેવો અદ્‌ભુત દેખાવવાળો ભયંકર સન્નિપાત થયો. સાત્યકિએ સામે ઉભેલા મદ્રરાજને જોઈ દશ બાણથી તેને વિંધી 'અરે ઉભો રહે, ઉભો રહે,' એમ કહ્યું. અત્યંત વિંધેલા મદ્રરાજે પણ વિચિત્ર પ્રકારના પુંખવાળા તીક્ષ્ણ બાણેકરી સાત્યકિને વિંધ્યો. મોટા ધનુષવાળા પાંડવોએ સાત્યકિની સામે આવેલા મદ્રરાજને તેના વધની ઇચ્છાથી રથેકરી વીંટી લીધો. ત્યાર પછી સિંહની પેઠે શબ્દ કરતા શૂરવીર યોદ્ધાઓનો, રૂધિરનું જેમાં [illegible] એવો ભયંકર પરામર્દ થયો. હે મહારાજ! સંગ્રામમાં માંસને ઇચ્છતા સિંહની પેઠે શબ્દ કરતા તેમનો પરસ્પર બાણવિક્ષેપ થતો હતો. તેમના હજારો બાણના સમૂહેકરી રણભૂમિ ઢંકાઇ

ગઇ અને આકાશ પણ તત્કાલ બાણમૂન થઇ ગયું. એવી રીતે મહાત્માએ મૂકેલા બાણોની આગમ્ભામાની હેઠે સૂર્ય ઢંકાઇ ગયો. એ રીતે ચોતરફ બાણોકરી અંધકાર થયો હતો. હે રાજન્! તે વેળાએ છુટા મૂકેલા સર્પ સરખા ધનુષમાંથી મૂકાયલા સુવર્ણના પુંખવાળા પ્રકાશમાન બાણોકરી દિશાઓ શોભતી હતી. શત્રુને નિ:સહ્ય એવા શલ્યે પરમ આશ્ચર્ય કર્યું, તે શરીર એકલો પોતે ઘણાક સાથે યુદ્ધ કરતો હતો. મદ્રરાજના હાથમાંથી મૂકાયલા ગૃધ્રનાં પિંછ તથા મયૂર પિંછ બાંધેલા પડતા ઘોર એવા બાણોકરી રણભૂમિ પુરાઇ જતી હતી. હે રાજન્! તે મહા સંગ્રામમાં પૂર્વે અસુરના સંક્ષય સમયે ઇન્દ્રનો રથ જેમ વિચરતો હતો, તેમ વિચરતા શલ્યના રથને અમે જોતા હતા.

तत्र शल्यरथं राजन् विचरंतं महाहवे ।
अपश्याम यथापूर्वं शक्रस्यासुरसंक्षये ॥

इति श्रीमहाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां पंचदशो-ऽध्यायः॥ १५ ॥

અધ્યાય ૧૬ મો. શલ્ય ને યુધિષ્ઠિર વચ્ચે સંગ્રામ.

संजय उवाच—ततः सैन्यास्तवविभो मद्रराजपुरस्कृताः ।
पुनरभ्यद्रवन् पार्थान् वेगेन महता रणे ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! પછી મદ્રરાજ છે મુખ્ય જેમાં એવા તમારા સૈનિકો મોટા વેગેકરી પાછા પાંડવો સામે દોડયા. રણમાં ઉત્કટ એવા, દોડતા, પીડિત થએલા તમારી તરફના સર્વ યોદ્ધાઓએ ક્ષણ માત્રમાં ઘણા હોવાથી પાંડવોને વ્યાકુલ કર્યા. એ રીતે સંગ્રામમાં તમારાઓએ હણવા માંડેલા પાંડવ, શ્રીકૃષ્ણ તથા અર્જુન જોતાં ભીમસેને વારવા માંડયા તોપણ ઉભા રહ્યા નહીં. ક્રોધાયમાન થએલા અર્જુને પાછળ ચાલનાર કૃપાચાર્ય તથા કૃતવર્મા ઉપર ઘણાંક બાણ નાંખ્યાં. સહદેવે સૈન્ય સહિત શકુનિ ઉપર બાણ નાંખ્યાં. નકુલે પડખે ઉભા રહી મદ્રરાજને જોયો. દ્રૌપદીના પુત્રોએ ઘણાક રાજાઓને વારી રાખ્યા. દ્રોણપુત્ર અશ્વત્થામાને પાંચાલ એવા શિખંડિએ વારી રાખ્યો. ગદા છે હાથમાં જેના એવા ભીમને શિખંડિએ વારી રાખ્યો. ગદા છે હાથમાં જેના એવા ભીમસેને, શલ્યને સામે આવતાં અટકાવ્યો. સૈન્ય સહિત શલ્યને કુંતીપુત્ર યુધિષ્ઠિરે પણ વારી રાખ્યો. ત્યાર પછી સંગ્રામમાં પાછા ન ફરનાર એવા તમારા તથા સામાવાળાઓનું તે તે ઠેકાણે સૈન્ય મળી ગયું. તેમાં શલ્યનું અતિ મોટું કર્મ અમે જોતા હતા, તે એકલો પોતે પાંડવોનાં સર્વ સૈન્ય સાથે યુદ્ધ કરતો હતો. તે વખતે ચંદ્રમાની પાસે શનિશ્ચર નામનો ગ્રહ દેખાય તેમ યુધિષ્ઠિરની સામે શલ્ય ગ્રહ દેખાતો હતો. એ રીતે મદ્રરાજ શલ્ય, સર્પ સરખા બાણથી રાજાને પીડી બાણનો વર્ષાદ કરતો ભીમસેન સામે દોડયો, એવું તેનું લાઘવ તથા કૃતાસ્ત્રતા જોઇ પારકાં તથા તમારાં સૈન્ય, તેનાં વખાણ કરતાં હતાં. એ રીતે શલ્યે પીડિત કરેલા અત્યંત ક્ષત થએલા પાંડવ, યુધિષ્ઠિર આક્રોશ કરતા તો પણ સંગ્રામ છોડી નાસવા લાગ્યા. એવી રીતે મદ્રરાજે સૈન્યને હણવા માંડયાં તે જોઇ ક્રોધા-

વશ થએલા પંડુપુત્ર ધર્મરાજ યુધિષ્ઠિર, પૌરૂષનો આશ્રય કરી "મારો જય થાઓ વા વધ થાઓ" એમ કરી છે બુદ્ધિ જેણે એવા મહારથિ તે, મદ્રરાજને તાડન કરી પોતાના સર્વ ભાઇઓ તથા માધવ એવા શ્રીકૃષ્ણને બોલાવી કહેવા લાગ્યા કે, ભીષ્મ, દ્રોણ, કર્ણ તથા પરાક્રમી એવા બીજા રાજાઓ પણ કૌરવ વાસ્તે સંગ્રામમાં નિધનને પ્રાપ્ત થયા. તેમાં પોતાના ભાગ તથા ઉત્સાહ પ્રમાણે તમે પૌરૂષ બતાવ્યું છે. હવે મારો ભાગ એવો આ મહારથિ એક શલ્ય બાકી રહ્યો છે માટે હું યુદ્ધવડે આજ મદ્રાધિપને જીતવાનો ઉત્સાહ કરૂં છું. મારા મનનું જે અભિપ્રેત છે તે સર્વ તમારી આગળ હું કહું છું. શૂરવીર તથા ઇન્દ્રે પણ જીતાય નહિ એવો સંગ્રામમાં શૂર પુરૂષોને સંમત, માન લાયક,. સત્ય પ્રતિજ્ઞાવાળા, મારા ચક્રરક્ષક માદ્રવતી પુત્ર નકુલ સહદેવ, યુદ્ધમાં ક્ષાત્રધર્મથી પોતાના મામા સાથે સારી રીતે મારે વાસ્તે યુદ્ધ કરે છે. પછી સંગ્રામમાં મને શલ્ય હણો વા તેને હું હણું, જે થાય તે ખરૂં. હે લોકવીરો! આ મારી પ્રતિજ્ઞા સત્ય છે એમ તમે જાણો. હે પાર્થિવો! આજ હું ક્ષાત્ર ધર્મેકરી પોતાના ભાગનું અભિસંધાન કરી જય વા પરાજય વાસ્તે માતુલ સાથે યુદ્ધ કરીશ. સર્વ પ્રકારનાં અસ્ત્ર શસ્ત્ર, તથા સર્વ ઉપકરણ, સાથે રથની યોજના કરનારા, શાસ્ત્ર પ્રમાણે રથ વિષે જલદી યોજના કરો. શિનિકુળમાં ઉત્પન્ન થએલો સાત્યકિ, દક્ષિણ ચક્રનું, અને ધૃષ્ટદ્યુમ્ન ઉત્તર ચક્રનું રક્ષણ કરો. ધનંજય એવો અર્જુન, મારી પાછળથી રક્ષા કરો તથા શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ ભીમસેન મારી આગળ થાઓ. એમ થવાથી હું મહા સંગ્રામમા શલ્યથી અધિક થઇશ. રાજાનાં વચન સાંભળી તેમના પ્રિયને ઇચ્છનાર તેઓએ તેજ પ્રમાણે કર્યું. સૈન્યોને, પંચાલોને, સોમકોને તથા વિશેષેકરી મત્સ્યોને પણ અત્યંત હર્ષ થતો હતો, રાજા તે પ્રતિજ્ઞા કરી મદ્રેશ સામે ગયા તે વખતે પંચાલો, સેંકડો શંખ તથા ભેરી નામના યુદ્ધવાદ્યને વગાડના સિંહનાદ કરવા લાગ્યા. કુરૂકુળમાં શ્રેષ્ઠ, અત્યંત ક્રોધાયમાન થએલા તે, હર્ષથી ઉત્પન્ન થએલા મોટા શબ્દેકરી, હસ્તિઓની ઘંટાના શબ્દથી તથા શંખના અને તૂરીના મોટા શબ્દેકરી પૃથ્વીને શબ્દાયમાન કરતા, વેગવાન એવા મદ્રરાજ સામે દોડયા. તેમને ઘણાક મોટા મેઘને જેમ અસ્તાચલ તથા ઉદયાચલ રોકાણ કરે તેમ તમારા પુત્રે તથા વીર્યવાન મદ્રરાજે રોકી રાખ્યા. સંગ્રામમાં વખાણવા લાયક શલ્યે શત્રુને દમન કરનાર ધર્મરાજા ઉપર ઇન્દ્રે જેમ શંબરાસુર ઉપર બાણનો વર્ષાદ કર્યો હતો તેવો બાણનો વર્ષાદ કર્યો તેમજ કુરૂરાજ એવા ઉદાર મનવાળા યુધિષ્ઠિરે પણ સુંદર ધનુષ ગ્રહણ કરી વિવિધ પ્રકારના દ્રોણના ઉપદેશ દેખાડતાં લઘુતાથી સારી રીતે તેની ઉપર વિચિત્ર પ્રકારનાં બાણનો વર્ષાદ કર્યો. એ રીતે સંગ્રામમાં વિચરતા, એના છિદ્રને કોઇ પણ જોતો ન હતો. માંસને ઇચ્છતા બે સિંહ જેમ પરસ્પર એક બીજાને હણે તેમ તે બેઉ વિવિધ પ્રકારનાં બાણેકરી પરસ્પર હણતા હતા. ભીમસેન તો યુદ્ધમાં ચતુર એવા તમારા પુત્ર સાથે યુદ્ધ કરતો હતો. તેમજ પાંચાલ, સાત્યકિ તથા માદ્રીપુત્ર નકુલ સહદેવ, શકુનિ છે મુખ્ય જેમાં એવા શૂરવીરોને ચોતરફથી સંતાપતા હતા. હે રાજન્! તમારા ખરાબ વિચારને લીધે જય ઇચ્છતા એવા તમારા તથા પાંડવોનું વળી ભયંકર એવું યુદ્ધ થયું. દુર્યોધને તો નત છે પર્વ જેનું એવા બાણેકરી સંગ્રામવિષે સુવર્ણથી શોભિતો ભીમસેનનો ધ્વજ કાપી નાખ્યો. તે વખતે સુંદર ઘુઘરીઓની ઓળી સહિત કરી મનોહર છે દર્શન જેનું એવો તે, ભીમસેન જોતાં સંગ્રામવિષે પડયો. ત્યારપછી વળી તમારા પુત્રે મોટા હસ્તિની સૂંઢની જેને ઉપમા અપાય એવું એનું ધનુષ. તીક્ષ્ણ છે ધાર

જેની એવા ક્ષુરપ્ર નામના બાણુથી કાપી નાંખ્યું. કપાયું છે ધનુષ જેનું એવા તેજસ્વી તેણે પણ પરાક્રમ દેખાડી રથશક્તિએ કરી તમારા પુત્રને વક્ષસ્થળમાં ભેદ્યો. રથમાં બેસવાને કે-કાણે તે પડી ગયો. એ રીતે મોહને પ્રાપ્ત થયો એટલામાં વળી ભીમસેને ક્ષુરપ્ર નામના બાણે-કરી તેના સારથિનું મસ્તક કાપી નાંખ્યું. હે રાજન્! હે ભારત! હણાયો છે સારથિ જેનો એવા તેના અશ્વ, રથને ગ્રહણ કરી દિશાઓ પ્રત્યે ભાગવા લાગ્યા. હાહાકાર કરતા સૌ તે વેળાએ મહારથિ દ્રોણપુત્ર, કૃપાચાર્ય તથા કૃતવર્મા તમારા પુત્રના રક્ષણ વાસ્તે તેની સામે દોડયા. એ રીતે સૈન્યમાં ભગાણ પડયું તેથી તેની પાછળ ચાલનારા ત્રાસ પામવા લાગ્યા. તેમને ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને ધનુષ ખેંચી બાણેકરી હણ્યા. મન સરખા વેગવાળા અને દાંત સરખા શ્વેત વર્ણવાળા અશ્વો પોતે પ્રેરણા કરતા અસહનશીલ એવા યુધિષ્ઠિર તો મદ્રાધિપતિ સામે દોડયા. તે સમયે કુંતિપુત્ર યુધિષ્ઠિરવિષે અમે મોટું આશ્ચર્ય જોયું. ફાડયાં છે નેત્ર જેણે અને ક્રોધેકરી કંપાયમાન કુંતિપુત્ર ક્રોધે ભરાઇ તીક્ષ્ણ બાણેકરી સેંકડો તથા હ-જારો યોદ્ધાઓને હણતા હતા. મોટા એવા પાંડુપુત્ર તે, જે જે સેના સામે જતા હતા તે તે સેનાને બાણેકરી હે રાજન્! ઉત્તમ વજ્રેકરી જેમ પર્વતને પાડે તેમ પાડતા હતા. અશ્વ, સારથિ, ધ્વજ તથા રથસહિત ઘણાક રથિઓને પાડતા બળવાન તે, પવન જેમ મેઘ પ્રત્યે ક્રીડા કરે તેમ સંગ્રામમાં ક્રીડા કરતા હતા. તેમજ સંગ્રામના મધ્યમાં ક્રોધાયમાન થયેલા રૂદ્ર જેમ પશુને હણે તેમ યુધિષ્ઠિર રાજાએ સ્વાર સહિત ઘોડા તથા હજારો પાયદળોને હણી ચોતરફ બાણુના વર્ષાદેકરી સંગ્રામને શૂન્ય કરી મદ્રેશ સામે દોડી 'અરે હે શલ્ય! ઉભો રહે' એમ તેને કહ્યું. સંગ્રામમાં ભયંકર કર્મવાળા તેમનું તે ચરિત્ર જોઇ તમારી તરફના સર્વ યોદ્ધાઓ ત્રાસ પામ્યા પણ શલ્ય એમની સામે દોડયો. પરસ્પર અત્યંત ક્રોધાયમાન તથા એકબીજાને તિરસ્કાર કરતા તે બેઉ શંખ વગાડી પરસ્પરને બોલાવી સામેસામા આવ્યા. તે સમયે શલ્યે બાણુના વર્ષાદથી પાંડુપુત્ર યુધિષ્ઠિરને પીડિત કર્યા. તેમજ કુંતિપુત્ર યુધિષ્ઠિરે પણ તેની ઉપર બાણુનો વર્ષાદ વરસાવ્યો. તે વખતે હે રાજન્! ગૃધ્રનાં પીંછ બાંધેલા બાણેકરી ખચિત છે અંગ જેમનાં એવા રૂધિરયુક્ત શરીરવાળા ઉત્સાહથી દુર્મદ, દેદીપ્યમાન, શૂર-વીર મહાત્મા એવા મદ્રરાજ તથા યુધિષ્ઠિર, વસંતઋતુમા પુષ્પિત એવાં બે ખાખરાનાં વૃક્ષ શોભે તેમ શોભતા હતા. તેમનું યુદ્ધ જોઇ સર્વ સૈન્યોને, તેઓમાંથી કોનો જય થશે એમ નિશ્ચય થતો ન હતો. તેમજ હે ભારત! મદ્રાધિપતિને હણી યુધિષ્ઠિર, પૃથ્વી ભોગવશે, વા પાંડુપુત્ર યુધિષ્ઠિરને હણી શલ્ય, દુર્યોધનને પૃથ્વી અપાવશે એ રીતે યોદ્ધાઓને નિશ્ચય થતો નહતો. યુદ્ધ કરતા ધર્મરાજને બધું પ્રદક્ષિણ થતું હતું, એટલામાં શલ્યે યુધિષ્ઠિર ઉપર સો બાણુ નાંખી, તીક્ષ્ણ છે અગ્રભાગ જેનો એવા બાણેકરી એનું ધનુષ કાપી નાખ્યું. યુધિષ્ઠિરે બીજું ધનુષ ગ્રહણ કરી ત્રણુસો બાણુથી શલ્યને વિંધી, ક્ષુરપ્ર નામના બાણુથી એનું ધનુષ પણ કાપી, નત છે પર્વ જેનાં એવા બાણેકરી એના ચાર અશ્વને હણી, તીક્ષ્ણ અગ્રભાગવાળા બે બાણેકરી એની પડખેથી રક્ષા કરનાર સારથિને હણી, દીપ્યમાન તથા પાએલ એવા ભલ્લ નામના તીક્ષ્ણ બાણેકરી એના ધ્વજને પાડયો. હે અરિંદમ! દુર્યોધનનું સૈન્ય ભાગવા લાગ્યું, તે રીતે વિરથ કરેલા મદ્રાધિપતિને જોઇ દ્રોણપુત્ર અશ્વત્થામા ત્યાં આવી સત્વર એને પોતાના રથમાં બેસાડી ત્યાંથી નાસી ગયો. ત્યારપછી બે ઘડીને સુમારે તે બેઉ પ્રત્યે જઇ યુધિષ્ઠિર સિંહનાદ કરવા લાગ્યા. તે સાંભળી મદ્રપતિ શલ્ય, વિધિપુરઃસર કલ્પેલા મોટા મેઘ સરખા શબ્દવાળા, સાજ

છે યંત્ર તથા ઉપકરણ જેમાં તથા દ્વેષિઓનાં રૂંવાં ઉભાં કરનાર એવા બીજા શુભ્ર રથમાં આરૂઢ થયા.

विधिवत् कल्पितं शुभ्रं महांबुदनिनादितं ।
सज्जयंत्रोपकरणं द्विषतोलोमहर्षणं ॥

इति श्री महाभारते शल्यपर्वणि शल्ययुधिष्ठिरयुद्धे गुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો. શલ્યનો વધ.

संजय उवाच—अथान्यद्धनुरादाय बलवान् वेगवत्तरं ।
युधिष्ठिरं मद्रपतिर्भित्वा सिंह इवानदन् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ત્યાર પછી બળવાન એવા મદ્રપતિએ અત્યંત વેગવાન એવું બીજું ધનુષ ગ્રહણ કરી યુધિષ્ઠિરને ભેદી સિંહના જેવો શબ્દ કરી ઘણા બળવાળા ક્ષત્રિયમાં શ્રેષ્ઠ તેણે, વૃષ્ટિમાન્ પર્વતની પેઠે ક્ષત્રિય એવા યુધિષ્ઠિર ઉપર બાણનો વર્ષાદ કરી દશ બાણે સાત્યકિને, ત્રણથી ભીમસેનને, તથા ત્રણે કરી સહદેવને વિંધી, યુધિષ્ઠિરને પીડિત કરી, અશ્વ તથા રથના કૂબડા સહિત મોટા ધનુષવાળા બીજા તે તે યોદ્ધાઓને પણ ઉલ્કા-ડિયાંઓએ કરી જેમ હસ્તિઓને પીડે તેમ બાણથી પીડિત કરી, કુંજર તથા તે ઉપર બેસનાર, અશ્વ તથા અશ્વથી જનાર તથા રથિ સહિત રથને હણી રથિમાં શ્રેષ્ઠ એવા તેણે વેગે-કરી આયુધ સહિત શૂરવીરોના બાહુ તથા રથમાં બેસવાના સ્થાનકોને છેદી કુશ નામના દર્ભેકરી જેમ વેદી ઢંકાય તેમ યોદ્ધાઓએકરી રણભૂમિને ઢાંકી દીધી. તે રીતે શત્રુ સૈન્યને હણતા કાળ સરખા તેને અત્યંત ક્રોધાયમાન થયેલા પાંડવ, પચાલ તથા સોમકોએ વીંટી લીધો. ભીમસેન, સાત્યકિ તથા પુરૂષમાં અત્યંત શૂરવીર માદ્રીપુત્ર નકુલ સહદેવ, ભયંકર છે સૈન્ય જેનું એવા રાજા સહિત આવેલા તેને જોઇ પરસ્પર હુંકારે બોલાવતા હતા. ત્યાર-પછી હે નરેંદ્ર! પુરૂષમાં શ્રેષ્ઠ એવા શૂરવીર તેમણે યુદ્ધ કરનારમાં શ્રેષ્ઠ એવા રાજાને પાસેજ સંગ્રામમાં વારી રાખી ઉગ્ર વેગવાળા બાણેકરી એને હણવા માંડયો. તેમજ ભીમસેન, માદ્રી-પુત્ર નકુલ સહદેવ તથા માધવ ભગવાને સારી રીતે રક્ષણ કરેલા ધર્મપુત્ર યુધિષ્ઠિરે પણ ઉગ્ર વેગવાળા બાણેકરી મદ્રાધિપતિને સ્તનના મધ્યમાં હણ્યો. રણસંગ્રામમાં એ રીતે યુધિષ્ઠિરના બાણેકરી પીડિત થયેલા મદ્રાધિપતિને જોઈ તમારી તરફના અત્યંત શ્રેષ્ઠ એવા ધનુષ્ય અત્યંત સજ્જ થયેલા રથિઓએ દુર્યોધનના અનુમત પ્રમાણે આગળથી તેને વીંટી લીધો. એટલામાં મદ્રરાજાએ સત્વર સાત બાણેકરી યુધિષ્ઠિરને વિંધ્યા તેમજ ભયંકર એવા તે સંગ્રામમાં હે રાજન્! મહાત્મા એવા યુધિષ્ઠિરે નવ બાણેકરી તેને વિંધ્યો. મહારથિ એવા મદ્રાધિપતિ તથા યુધિષ્ઠિરરાજા કાન પર્યંત ધનુષ ખેંચી મૂકેલા તથા તેલથી સાફ કરેલા બાણેકરી એકબીજાને આચ્છાદન કરતા હતા, અને પરસ્પરનાં છિદ્ર જોતા, મહા બળવાન શત્રુથી સહન થાય નહિ એવા, રાજામાં ઉત્તમ એવા મહારથિ તે બેઉ બાણેકરી એકબીજાને અત્યંત હણતા હતા.

એવી રીતે બાણુ જાલ કરી પરસ્પર વર્ષાદ કરતા શૂરવીર એવા મદ્રપતિ તથા પાંડુપુત્ર યુધિષ્ઠિરની ધનુષની પ્રત્યંચા તથા તલનો વજ્ર સરખો મોટો શબ્દ થતો હતો. મોટા વનમાં માંસને ઇચ્છતાં વાઘનાં બે બચ્ચાં હોય નહીં તેવા, ઉત્પન્ન થયો છે દર્પ જેમને એવા તે બેઉ, દાંતવાળા મોટા બે હસ્તિઓ જેમ એકબીજાને હણે તેમ પરસ્પર હણતા સંગ્રામમાં વિચરતા હતા. મહાત્મા એવા મદ્રાધિપતિએ, ભયંકર બળવાળા અતિ વેગવાન શૂરવીર એવા યુધિષ્ઠિર રાજાને બલાત્કારથી સૂર્ય તથા અગ્નિ સરખી કાંતિવાળાં બાણેકરી હૃદયમાં વિંધ્યા. મદ્રાધિપતિના બાણેકરી અત્યંત વિંધાયલા કૌરવોમાં શ્રેષ્ઠ મહાત્મા યુધિષ્ઠિર પણ હે રાજન્ ! સારી રીતે યોજના કરેલા બાણેકરી મદ્રાધિપતિને હણી હર્ષને પ્રાપ્ત થયા પછી બે ઘડીએ પ્રાપ્ત થઇ છે સંજ્ઞા જેને એવા ઇન્દ્ર સરખા પ્રભાવવાળા ક્રોધથી લાલ નેત્ર થએલા મદ્રપતિ રાજાએ સત્વર સો બાણેકરી યુધિષ્ઠિરને હણ્યા. ઉતાવળા થએલા મહાત્મા ધર્મપુત્રે પણ ક્રોધથી નવ બાણેકરી શલ્યનું સુવર્ણમય કવચ તથા વક્ષસ્થળ ભેદી વળી બીજા છ બાણેકરી તેને હણ્યો. શ્રેષ્ઠ એવું ધનુષ ખેચી બાણ નાંખતા એવા મદ્રાધિપતિએ પણ બે બાણેકરી કુરૂકુળમાં શ્રેષ્ઠ એવા રાજાનું ધનુષ કાપી નાંખ્યું. મહાત્મા એવા ધર્મપુત્ર યુધિષ્ઠિરે પણ અત્યંત ઘોર એવું બીજું નવું ધનુષ ગ્રહણ કરી, તીક્ષ્ણ છે અગ્રભાગ જેના એવા બાણેકરી મહેન્દ્ર, જેમ નમુચિ દૈત્યને વિંધે તેમ ચોતરફથી શલ્યને વિંધ્યો. મહાત્મા શલ્યે પણ નવ બાણેકરી ભીમસેન તથા યુધિષ્ઠિર રાજાના સુંદર એવા સુવર્ણના કવચને ભેદી તેમના બાહુને વિદારણ કર્યાં. અગ્નિ તથા સૂર્યસરખા તેજવાળા બીજા ક્ષુરપ્ર નામના બાણેકરી રાજાનું ધનુષ પણ મંથન કર્યું. કૃપાચાર્યે છ બાણેકરી તેના સારથિને હણ્યો, તેથી તે, સન્મુખ પડ્યો અને મહાત્મા મદ્રાધિપતિએ પણ ચાર બાણેકરી યુધિષ્ઠિરના વાહનને હણી ધર્મપુત્ર એવા તે રાજાના યોદ્ધાઓનો ક્ષય કરવા માંડ્યો. આમ ધર્મપુત્રને પીડ્યા તે જોઇ મહાત્મા ભીમસેને વેગવાન એવા બાણેકરી મદ્રાધિપતિનું ધનુષ કાપી બીજા બે બાણથી તેને અત્યંત વિંધી, ક્રોધાયમાન થએલા સર્વ ધનુષ ધરનારમાં અગ્રણી એવા તેણે બીજા બાણથી દૃઢ સંધિવાળો છે મધ્યભાગ જેનો એવી કાયા ઉપરથી એના સારથિનું મસ્તક કાપી ચાર અશ્વને પણ હણી, સંગ્રામમાં એકલા વિચરતા અતિ વેગવાન એવા તેની ઉપર સેંકડો બાણ નાંખ્યાં. તેમજ માદ્રીપુત્ર સહદેવે પણ નાંખ્યાં. તે બાણેકરી મોહ પામેલા શલ્યને જોઇ ભીમસેને બાણેકરી એનું કવચ કાપી નાંખ્યું. ભીમસેને કાપ્યું છે કવચ જેનું એવો તે મહાત્મા મદ્રાધિપતિ, હજારો તારાસરખાં છે ચિન્હ જેમાં એવી ઢાલ તથા ખડગ ધારણ કરી રથમાંથી નીચે ઉતરી નકુલના રથના દંડને ભાગી ભયંકર બળવાળો તે, કુંતિપુત્ર યુધિષ્ઠિર સામે દોડ્યો. એ રીતે સંગ્રામમાં કુદતા ક્રોધાયમાન થએલા કાળ સરખા તે રાજાને, ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પુત્ર, શિખંડિ તથા સાત્યકિ ઇત્યાદિ યોદ્ધાઓએ ચોતરફથી તત્કાલ વિંટી લીધો. એટલામાં મહાત્મા ભીમસેન, નવ બાણથી અપ્રતિમ એવી એની ઢાલને કાપી મુષ્ટિમાં રહેલા ખડગને પણ ભલ્લનામના બાણથી ભાગી નાંખી પ્રસન્ન થએલો તે, તમારા સૈન્યના મધ્યમાં શબ્દ કરવા લાગ્યો. ભીમસેનનું તે કર્મ જોઇ પ્રસન્ન થએલા પાંડવ તરફના અત્યંત શ્રેષ્ઠ એવા રથિઓના ઓઘ અત્યંત હાસ્યકારી સિંહનાદ સાથે ચંદ્ર સરખા શંખ વગાડવા લાગ્યા. તે ભયંકર શબ્દેકરી ક્રોધથી સહન થાય નહિ એવું, રુધિરથી વ્યાપ્ત છે અંગ જેનું એવું, ખેદયુક્ત, કઈ દિશામાં જઇએ ભીએ એમ જેને જ્ઞાન નથી એવું, બેભાન થએલું તમારું સૈન્ય અત્યંત સંતપ્ત થયું. તેમજ પાંડવ તરફના

મુખ્ય યોદ્ધાઓએ ભયંકર અગ્રભાગવાળાં બાણેકરી હણેલો મદ્રરાજ તત્કાલ વેગેકરી સિંહ જેમ મૃગ વાસ્તે જાય તેમ યુધિષ્ઠિરની સંમુખ ગયો. હણાયા છે અશ્વ તથા સારથિ જેના, ક્રોધેકરી પ્રદીપ્ત, અગ્નિ સરખા પ્રકાશવાળા રથમાં બેઠેલા મહાત્મા શલ્યનું તે યુદ્ધરૂપ કર્મ તથા હવે બાકી રહેલા પોતાના ભાગને જોઇ બળ સહિત શત્રુ સામે દોડી ગોવિંદ ભગવાનનાં વચનને સંભારી શલ્યના વધનું મન કરી તત્કાળ ફાડયાં છે નેત્ર જેણે એવા ક્રુદ્ધ યશોધા યુધિષ્ઠિરે મણિ તથા સુવર્ણનો દાંડો છે જેનો એવી સુવર્ણ સરખા પ્રકાશવાળી શક્તિ ગ્રહણ કરી ક્રોધથી મદ્રાધિપતિ સામે જોયું. હે નરદેવ! હે રાજન્! પવિત્ર છે આત્મા જેનો એવા પાપરહિત રાજાએ ક્રોધેકરી નિરીક્ષણ કરેલો મદ્રરાજ, જે ભસ્મ થઈ ગયો નહિ એ મને આશ્ચર્ય લાગે છે. ત્યારપછી કૌરવોમાં અત્યંત શ્રેષ્ઠ મહાત્મા એવા તે રાજાએ સુંદર છે ઉગ્ર દાંડો જેનો, ઉત્તમ મણિએ કરી ઉજ્વલિત તથા પ્રદીપ્ત એવી શક્તિ અત્યંત વેગેકરી મદ્રાધિપતિ ઉપર નાંખી. બળેકરી નાંખેલી પ્રદીપ્ત અગ્નિના તણખા જેમાંથી ઉડે છે એવી તથા યુગાંત વિષે આકાશમાંથી પડતા મોટા ઊંબાડિયા સરખી શક્તિને એકઠા મળેલા સર્વ કૌરવો જોતા હતા. કાળરાત્રિની પેઠે ઉગ્રરૂપવાળી પાશ જેના હાથમાં છે એવી યમરાજાની ધાત્રી સરખી, બ્રહ્મદંડની ઉપમા લાયક, અમોઘ, સાવધાન થએલા ધર્મરાજાએ યુદ્ધમાં નાંખેલી, પાંડુપુત્રોએ પ્રયત્નવડે ગંધ, માળા, ઉત્તમ આસન, પાન તથા ભોજનેકરી પૂજન કરેલી, પ્રલય સમયના અગ્નિની જેને ઉપમા અપાય એવી, પ્રજ્વલિત, અથર્વાંગિરસી અભિચારિક કૃત્યા સરખી ઉગ્ર, મહાદેવ વાસ્તે ત્વષ્ટાએ નિર્માણ કરેલી, શત્રુના પ્રાણ તથા દેહને ભક્ષણ કરનારી, ભૂમિ તથા અંતરીક્ષ આદિ લેઇ જલાશયમાં રહેનાર પ્રાણિઓને પણ હણવા સમર્થ, ઘંટા તથા પતાકા યુક્ત, મણિ તથા વજ્રનું છે નાળચું જેનું, વૈદૂર્યમણિએકરી વિચિત્ર પ્રકારની, સુવર્ણના દાંડાવાળી, ત્વષ્ટાએ પ્રયત્નથી નિયમેકરી રચેલી, બ્રહ્મદ્વેષિઓનો અંત કરનારી, અમોઘ બળ તથા પ્રયત્નેકરી અધિરૂઢ છે વેગ જેનો એવી ઘોર, મંત્રે અભિમંત્રણ કરી મદ્રાધિપતિના નાશ વાસ્તે સારે માર્ગે મોકલેલી, 'અરે હે પાપરૂપ તું હણાયો છે' એમ કહી રૂદ્રે જેમ અંધકાસુર પ્રત્યે તેનો અંત કરે એવું બાણ નાંખ્યું હતું તેમ અત્યંત દઢ એવો બાહુ પ્રસારણ કરી ક્રોધે કરીને જાણે નૃત્ય કરતા હોય નહીં એવા યુધિષ્ઠિરે નાંખેલી, અપ્રતિવાર્ય છે વીર્ય જેનું એવી સર્વ શક્તિએકરી નાંખેલી સારી રીતે અગ્નિ પ્રત્યે હોમેલી ઘીની ધારા સરખી તે સુંદર શક્તિ મોટા શબ્દ કરતા શલ્યનાં મર્મસ્થાન વિદારણ કરી શલ્ય રાજાના વિપુલ એવા યશને બાળતી શુભ્ર તથા વિશાળ એવા તેના વક્ષસ્થળને ભેદી કોઇ સ્થાનકે નથી હણાતી ગતિ જેની એવી તે, જળની પેઠે સુપ્રવેશ એવી પૃથ્વીમાં પેસી ગઇ.

તે વખતે નાસા, અક્ષિ, કાન તથા મુખમાંથી નિકળેલા અને વ્રણથી ઉત્પન્ન થએલા રૂધિરેકરી સંસિક્ત છે શરીર જેનું એવો મદ્રરાજા કાર્તિકસ્વામિએ હણેલા મોટા ક્રૌંચ નામના પર્વત સરખો દીસતો હતો. યુધિષ્ઠિરે છેદ્યુ છે કવચ જેનું એવો રથમાંથી પૃથ્વીપર પડેલો મહેન્દ્રના વાહનની જેને ઉપમા અપાય એવો વજ્રે હણેલા પર્વતના શિખર સરખો મદ્રરાજ, બે બાહુ પ્રસારણ કરી યમરાજની સંમુખ પૃથ્વીને વિષે ઊંચો એવો ઇન્દ્રધ્વજ પડે તેમ પડયો. એ રીતે ભેદાયાં છે સર્વ અંગ જેનાં, રૂધિરેકરી આપ્ત અને પૃથ્વીએ પ્રેમેકરી જાણે પ્રાપ્ત થયો હોય નહીં એવો, પ્રિય એવી કાંતા સહિત તેના વક્ષસ્થળવિષે પડેલો જાણે તેનો કાંત હોય નહીં તેની પેઠે દેખાતો હતો. પ્રિય એવી કાંતાની પેઠે વસુમતીને ઘણાક કાળ

સુખી ભોગવી સમર્થ એવો તે, સર્વ અંગે કરી વસુમતીને આશ્લેષ કરી જાણે સારી રીતે ઉંઘી રહ્યો હોય નહિ તેવો દેખાતો હતો. ધર્માત્મા એવા ધર્મપુત્રે ધર્મયુદ્ધમાં હણેલો મદ્રરાજ, યજ્ઞવિષે સારી રીતે હોમ કર્યો છે જેમાં એવો અત્યંત શાંત થએલો સ્વિષ્ટાગ્નિ શોભે તેમ શોભતો હતો. શક્તિએ કરી ભેદાયું છે હૃદય જેનું એવા વિંધાએલા આયુધ તથા ધ્વજવાળા સારી રીતે શાંત થએલા મદ્રેશને પણ લક્ષ્મી, મૂકતી ન હતી. તેટલામાં વળી યુધિષ્ઠિર, ઇન્દ્ર ધનુષ સરખું ધનુષ ગ્રહણ કરી સંગ્રામમાં ગરૂડ જેમ સર્પોને હણે તેમ દ્વેષિઓને હણવા લાગ્યા. એ રીતે અત્યંત તીક્ષ્ણ એવા ભલ્લ બાણેકરી શત્રુઓના દેહને ક્ષણ માત્રમાં નાશ કરતો હતો. ત્યારપછી યુધિષ્ઠિરના બાણ સમુદાયેકરી વિંટાએલા, મિચ્યાં છે નેત્ર જેમણે એવા, અત્યંત અર્દિત, ક્ષય પામતા, હણાયું છે આયુધ તથા જીવિત જેમનું એવા તમારા સૈનિકોના શરીરમાંથી રૂધિર સ્રવતું હતુ. એવી રીતે શલ્ય પડયા પછી સર્વ ગુણેકરી ભાઇ સરખા યુવાવસ્થાવાળો યુદ્ધદુર્મદ નરશ્રેષ્ઠ, રથિ મદ્રરાજના નાના ભાઇએ, ઉતાવળથી પાંડવ સામે જઇ હણાયલા ભાઇની સેવા કરવા ઇચ્છતા તેણે ઘણાક નારાચ નામના બાણથી તેને વિંધ્યો. ધર્મરાજે પણ ઉતાવળ કરતા હોય નહીં તેની પેઠે છ બાણથી તેને વિંધ્યો. ક્ષુરપ્ર નામના બે બાણથી એનું ધનુષ તથા ધ્વજ છેદી દીપ્યમાન તથા અત્યંત દૃઢ એવા તીક્ષ્ણ ભલ્લ નામના બાણેકરી સમુખ વરતતા એનું મસ્તક કાપી નાંખ્યું.

રથમાંથી કુંડળ સહિત તે પડતું દેખાતું હતું. પુણ્ય ક્ષયને પ્રાપ્ત થઇ સ્વર્ગમાંથી ભ્રષ્ટ થએલો પડે તેમ કપાઇ ગયુ છે મસ્તક જેમાંથી એવું શરીર, રથમાંથી નીચે પડયુ. રૂધિરેકરી અવસિક્ત છે અંગ જેનાં એવા તે શરીરને જોઇ તમારૂં સૈન્ય, ભાગવા લાગ્યું. વિચિત્ર પ્રકારનું છે કવચ જેનું એવો મદ્રરાજનો નાનો ભાઇ હણાયો, તેને જોઇ કૌરવો, હાહાકાર કરતા ભાગવા લાગ્યા. તેમજ ત્યાગ કર્યું છે જીવિત જેણે એવા તમારી તરફના બીજા યોદ્ધાઓ પણ પાંડવના ભયથી નાસી જવા લાગ્યા. તે રીતે ભાગતા કૌરવો ઉપર હે ભરતર્ષભ! બાણનો વરસાદ કરતો સાત્યકિ, તેમની સામે આવી ઉભો રહ્યો. એ રીતે સામે આવતા દુઃખે કરી સહન થાય નહીં એવા મોટા ધનુષવાળા દુરાસદ તેને હે રાજન્! જલદી હાર્દિક્યે નિર્ભયની પેઠે રોકી રાખ્યો. વૃષ્ણિકુલમાં ઉત્પન્ન થએલા, શ્રેષ્ઠ અશ્વવાળા સિંહની પેઠે બળે કરી ઉત્કટ, સૂર્ય સરખી કાંતિવાળા મહાત્મા એવા હાર્દિક્ય તથા સાત્યકિ નિર્મળ આભાસવાળા બાણેકરી પરસ્પર આચ્છાદન કરતા હતા. તે વેળાએ વૃષ્ણિસિંહ એવા તે બેઉના આકાશમાં ગયેલા પતંગ જંતુની પેઠે ધનુષમાર્ગે બળથી નાખેલા બાણને અમે જોતા હતા. તેટલામાં હાર્દિક્યે દશ બાણથી સાત્યકિને વિંધી, ત્રણ બાણેકરી એના અશ્વને હણી, નત છે પર્વ જેનું એવા એકેકરી એનું ધનુષ પણ કાપી નાંખ્યું. સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિએ કપાઇ ગએલા ધનુષનો ત્યાગ કરી, અત્યંત વેગવાન એવું બીજું ધનુષ ગ્રહણ કરી દશ બાણથી હાર્દિક્યને સ્તનના મધ્ય ભાગમા વિંધી તે પછી સારી રીતે મૂકેલા ભલ્લ નામના બાણેકરી રથના યુગ તથા ઇષા નામના દંડને કાપી તેના અશ્વને હણી પાછળથી રક્ષા કરનાર તથા સારથિને પણ હણ્યા. એ રીતે વિરથ થએલા તેને જોઇ હે પ્રભો! પરાક્રમી એવા શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય, સત્વર રથમાં બેસાડી તેને એક બાજુ લેઇ ગયા. હે રાજન્! એવી રીતે મદ્રરાજને હણ્યો અને કૃતવર્માને વિરથ કર્યો તેને જોઈ દુર્યોધનનું હણાતાં બાકી રહેલું સર્વ સૈન્ય, રણથી વિમુખ થયું. સૈન્યથી ઉડેલી રજને લીધે બીજાઓ

તે જાણતા ન હતા. હે પુરૂષર્ષભ ! એક મુહૂર્ત પછી વિવિધ પ્રકારના રૂધિર આંવકરી ઉડેલી રજ પ્રશાંત થઇ; ત્યાર પછી વિમુખ થએલા સૈન્યને તે જોતા હતા, તે વખતે દુર્યોધને પણ પોતાની પાસેથી નાસવા લાગેલા પોતાના સૈન્યને જોઇ વેગેકરી આવતા સર્વ પાંડવોને પોતે એકલે વારી રાખ્યા, તેમજ પૃષતગોત્રમાં ઉત્પન્ન થએલા ધૃષ્ટદ્યુમ્નને તથા દુરાધર્ષ એવા આનર્તને તીક્ષ્ણ બાણે કરી વારી રાખ્યા. મનુષ્યો આવતા મૃત્યુ સામે જાય નહિ તેમ તેની સામે બીજા કોઇ જતા ન હતા. તેટલામાં હાર્દિક્ય પણ બીજા રથમાં બેસી પાછો આવ્યો. ઉતાવળા થતા મહારથિ યુધિષ્ઠિર રાજાએ, ચાર બાણેકરી કૃતવર્માના અશ્વને ઘણી સારી રીતે પાએલાં ભલ્લ નામનાં છ બાણેકરી ગૌતમને પણ વિંધ્યા. એટલામાં અશ્વત્થામા, રાજાએ અશ્વ હણી વિરથ કરેલા હાર્દિક્યને પોતાના રથેકરી યુધિષ્ઠિર પાસેથી દૂર લેઇ ગયા. ત્યાર પછી શરદ્વાન પુત્ર કૃપાચાર્યે, છ બાણથી યુધિષ્ઠિરને વિંધો, તીક્ષ્ણ એવાં આઠ બાણેકરી તેમના અશ્વને વિંધ્યો. હે રાજન્ ! હે ભારત ! પુત્ર સહિત તમારા ખરાબ વિચારથી હે મહારાજ ! એ રીતે આ યુદ્ધ નામ માત્ર અવશેષ રહ્યું. મોટું ધનુષ ધરનાર મદ્રેશ શલ્યને કુરૂપુંગવ એવા યુધિષ્ઠિરે સંગ્રામના મધ્યમાં હણ્યો તે જોઇ અત્યંત પ્રસન્ન થએલા અને એકઠા મળેલા પાંડવો, શંખ વગાડવા લાગ્યા. સંગ્રામ વિષે પૂર્વે વૃત્રાસુરનો વધ થયો ત્યારે જેમ ઇન્દ્રને વખાણતા હતા તેમ યુધિષ્ઠિરની સૌ પ્રશંસા કરતા હતા. એકઠા મળેલા તેઓ પૃથ્વીને શબ્દાયમાન કરતા નાનાપ્રકારનાં વાદ્યના શબ્દ કરતા હતા.

युधिष्ठिरं च प्रशशंसुराजौ: पुराकृतवृत्रवधे यथेंद्रं ।
चक्रुश्च नानाविधवाद्यशब्दान्निनादयतो वसुधां समेता ॥

इतिश्री महाभारते शल्यपर्वणि शल्यवधे गुर्जरभाषायां सप्तदशो-ऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮ મો. સંકુલ યુદ્ધ.

संजय उवाच—शल्येथ निहते राजन् मद्रराजपदानुगाः ।
रथाः सप्तशतावीरा निर्ययुर्महतो बलात् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! શલ્ય હણાયો તે જોઇ મદ્રરાજની પાછળ ચાલનાર શૂરવીર એવા સાતસો રથિઓ, મોટા સૈન્યમાંથી બહાર નીકળ્યા. છત્ર જેને માથે ધર્યું છે અને ચામર જેને થાય છે એવા પર્વત સરખા હસ્તિ ઉપર બેઠેલા દુર્યોધને "અરે તમારે જવું નહિ, અરે તમારે જવું નહિ" એ રીતે મદ્રજનોને વાર્યા. દુર્યોધને વારંવાર વારણ કરેલા, યુદ્ધ વિષે ધર્યું છે મન જેમણે એવા શૂરવીરો પાંડવના સૈન્યમાં પ્રવિષ્ટ થઇ ધનુષનો શબ્દકરી યુધિષ્ઠિરને હણવા માટે પાંડવ સાથે યુદ્ધ કરવા લાગ્યા. શલ્ય હણાયો અને મદ્રરાજનું પ્રિય ઇચ્છનાર મદ્રકોના મહારથિઓએ ધર્મપુત્રને પીડિત કર્યો, એ વાત સાંભળી મહારથિ અર્જુન ગાંડીવ ધનુષનો શબ્દ કરી રથના ઘોષેકરી સર્વ દિશાઓને પૂરતો ત્યાં આવીને ઉભો રહ્યો. તેમજ ભીમસેન માદ્રીપુત્ર નકુળ સહદેવ, પુરૂષમાં સિંહરૂપ સાત્યકિ, દ્રૌપદી પુત્ર, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, તથા સોમક સહિત પાંચાળો, યુધિષ્ઠિરના રક્ષણને ઇચ્છતા સર્વ યોદ્ધાઓએ ચોતરફ

રફથી તેમને વિંટી લીધા. ચોતરફથી વિંટાયેલા પુરુષમાં શ્રેષ્ઠ પાંડવો, મગરમચ્છ જેમ સમુદ્રને ક્ષોભ પમાડે તેમ સેનાને ક્ષોભ પમાડી, વાયુ જેમ વૃક્ષોને કંપાવે તેમ તમારી તરફના યોદ્ધાઓને કંપાવતા હતા. ત્યાર પછી પૂર્વના વાયુએ કરી મહાનદી ગંગા જેમ ક્ષોભ પામે તેમ પાંડવોની સેના ક્ષોભ પામી. એ રીતે ઘણાક મહાત્મા મહારથિઓ મોટી સેનાને ક્ષોભ પમાડી, 'યુધિષ્ઠિર રાજા ક્યાં છે, અને શૂરવીર એવા એના' કોઈ ભાઈઓ અહિં કેમ દેખાતા નથી?' એમ પૂછવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, દ્રૌપદીના પુત્ર, મહાપરાક્રમી પંચાળ, તથા મહારથિ શિખંડિ વગેરે સર્વ મહારથિ યોદ્ધાઓ, એ રીતે બોલનાર મદ્રરાજની પાછળ ચાલનાર શૂરવીરોને હણવા લાગ્યા. મંથન થયાં છે ચક્ર જેનાં એવા રથવાળા તમારી તરફના યોદ્ધાઓ, સંગ્રામમાં દેખાતા હતા. હે રાજન્ ! હે ભારત ! તમારી તરફના યોદ્ધાઓ, યુદ્ધવિષે પાંડવોને જોઇ તમારા પુત્રે વાર્યા તોપણ વેગથી ભાગવા લાગ્યા. શૂરવીરને સાંત્વના પુરઃસર દુર્યોધને વાર્યા તોપણ કેટલાક મહા રથિઓએ તેની આજ્ઞા પ્રમાણે કર્યું નહિ. તે સમયે વચન બોલવામાં સમર્થ એવો ગાંધાર રાજનો પુત્ર શકુનિ, હે મહારાજ ! દુર્યોધન પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યો કે, આપણા જોતાં મદ્રોનું સૈન્ય હણાય છે, સંગ્રામમાં તમે ઉભેલા છતાં તેઓ મરાય એ કંઇ યુક્ત નહિ, વાસ્તે સર્વેએ એકઠા મળી યુદ્ધ કરવું એવા હું શપથ કરૂં છું. હે નૃપ ! તમે પણ હણતા એવા શત્રુઓને કેમ સહન કરો છો ? શકુનિનાં વચન સાંભળી દુર્યોધને તેને કહ્યું કે, મેં પૂર્વે વાર્યા તોપણ તેમણે મારાં વચન પ્રમાણે કર્યું નહિ, અને પાંડવોની સેનામાં હઠથી ગયા તેથી એ સર્વ હણાયા. દુર્યોધનનાં વચન સાંભળી શકુનિએ તેને કહ્યું કે, અસહનશીલ એવા શૂરવીર સંગ્રામમાં સ્વામિની આજ્ઞા માને નહિ તોપણ એની ઉપર ક્રોધ કરવો નહિ, કેમકે આ વખત ઉપેક્ષા કરવાનો નથી; માટે વાજી, રથ તથા કુંજર સહિત આપણે સર્વ, એકઠા મળી મોટા ધનુષ્યવાળા મદ્રરાજની પાછળ ચાલનારાઓની રક્ષા કરવા સારૂ જઇએ. હે નૃપ ! ત્યાં જઈ મોટા યત્નથી આપણે પરસ્પરનું રક્ષણ કરીએ. એમ વિચાર કરી, સર્વે જ્યાં સૈનિકો હતા ત્યાં ગયા.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! શકુનિએ જેને આમ કહ્યું હતું એવો મોટા સૈન્યથી વિંટાયલો રાજા, સિંહનાદેકરી પૃથ્વીને કંપાવતો હોય નહિ તેની પેઠે જવા લાગ્યો. તે વખતે હે ભારત ! 'હણો, વિંધો, ગ્રહણ કરો, પ્રહાર કરો, કાપો,' એવો ભયંકર શબ્દ, તમારા સૈન્યમાં થતો હતો. પાંડવો તો સંગ્રામવિષે મદ્રરાજની પાછળ ચાલનાર મદ્રકોને જોઇ મધ્યમ ટુકડી પ્રત્યે રહી તેમની સામે જઇ ઉભા. હે વિશાંપતે ! પછી શૂરવર એવા તેમણે હસ્તાહસ્તિ યુદ્ધ કરી હણેલા મદ્રરાજની પાછળ ચાલનાર યોદ્ધાઓ સંગ્રામમાં હણાયા દેખાતા હતા. એ રીતે આવી ગયા તોય વેગવાન મદ્ર હણાયા. તે વખતે પ્રસન્ન થએલા એકઠા મળેલા શત્રુઓ કિલકિલા શબ્દ કરતા હતા. સંગ્રામના મધ્યમાં ઉભાં થએલાં માથાં વિનાનાં ધડ ચોતરફ દેખાતાં હતાં. આદિત્ય મંડળના મધ્યમાં થઇ મોટું ઉંબાડિયું પડતું હતું, ભાગેલા રથ, યુગ, આરા તથા પડેલા અશ્વેકરી રણભૂમિ ઢંકાઇ ગઈ હતી. હે મહારાજ ! રણાંગણમાં વાતાયમાન છે તુરંગ જેના એવા યોદ્ધાઓ તે તે ઠેકાણે દેખાતા હતા. રણસંગ્રામમાં હણાયાં છે ચક્ર જેનાં એવા રથને કેટલાક ઘોડાઓ વહન કરતા હતા. કેટલાક ઘોડાઓ, અર્ધા રથને ગ્રહણ કરી કરી દિશાઓમાં ભમતા હતા. ચોખડા સહિત કેટલાક ઘોડાઓ તે તે ઠેકાણે ભમતા દેખાતા હતા. પુણ્યનો ક્ષય થવાથી સ્વર્ગમાંથી સિદ્ધ દેવતાઓ પડતા હોય તેની પેઠે કેટલાક યોદ્ધાઓ

મોટા પક્ષવાળો, દુઃસહ, સંગ્રામ વિષે ક્રોધ કરનાર તથા ચેદિ દેશનો રાજા મહારથિ શિશુપાળનો પુત્ર ધૃષ્ટકેતુ અક્ષૌહિણી સહિત પાંડવો તરફ છે, તેથી તેઓ તમારી સામે યુદ્ધ કરવા હોંશ રાખે છે. વળી જેમ દેવતાઓનો આશ્રય ઇંદ્ર છે, તેમ પાંડવોનો આશ્રય વાસુદેવ ભગવાન હોવાથી તેઓ તમારી સામે યુદ્ધ કરવા તૈયાર થયા છે. ભરતર્ષભ ! ચેદિપતિનો શરભ નામે ભાઈ કરકર્ષણ નામના બીજા ભાઇ સહિત તેમની તરફ થયો છે, તેથી તેઓ તમારી સામે યુદ્ધ કરવા ઇચ્છે છે. વળી રથમાં બેસી યુદ્ધ કરવામાં શૂરવીર, જરાસંધના પુત્ર સહદેવ તથા જયત્સેન પાંડવો વાસ્તે તૈયાર થઇ ઉભેલા છે, તથા મોટી સેનાથી વિંટાયલા મહા તેજસ્વી દ્રુપદરાજા પણ તેમના વાસ્તે જીવિતનો ત્યાગ કરી યુદ્ધ માટે સાવધાન થઇ ઉભેલા છે. એટલા એ ને બીજાઓ પણ પૂર્વ તથા ઉત્તરના રાજાઓ પાંડવોની તરફ છે, જેમના આશ્રયથી ધર્મરાજ યુધિષ્ઠિર યુદ્ધ વાસ્તે તૈયાર થઈ રહ્યા છે

एते चान्ये च बहवः प्राच्योदीच्या महीक्षितः ।
शतशो यानुपाश्रित्य धर्मराजो व्यवस्थितः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजयवाक्ये गुर्जरभाषायां पंचाशत्तमोऽध्यायः ॥ ५० ॥

અધ્યાય ૫૧ મો. ધૃતરાષ્ટ્રને લાગેલો ભીમનો ભય.

धृतराष्ट्र उवाच—सर्वे एते महोत्साहा ये त्वया परिकीर्तिताः ।
एकतस्त्वेव ते सर्वे समेता भीम एकतः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે–હે સંજય ! તેં જે મોટા ઉત્સાહવાળા રાજાઓ કહ્યા, તે બધા ભેગા થયેલા એક બાજુ એકલો ભીમસેન તેમની બરોબર છે; માટે હે તાત ! વ્યાઘ્રથી જેમ મોટા મૃગને ભય થાય, તેમ ભીમસેન થકી મને ભય થાય છે. સિંહથી બીજો પશુ જેમ બીહે તેમ ભીમસેનથી હું બીહું છું, ઉના નિઃશ્વાસ નાખી રાત્રિ આખી જાગું છું કારણ મારા સૈન્યમાં ઇંદ્ર સરખા તેજવાળા મહાબાહુ ભીમસેનને યુદ્ધમાં સહન કરી શકે એવો કોઇ યોદ્ધો નથી. તે દૃઢ વૈરવાળો ક્રોધી વૃથા હાસ્ય ન કરનાર, ઉન્મત્ત, આડી નજરે જોનાર, મોટા શબ્દવાળો તથા મહાબાહુ કુંતિનો પુત્ર ભીમસેન મંદ બુદ્ધિવાળા મારા પુત્રોનો યુદ્ધે કરી જરૂર નાશ કરશે. કારણ કૌરવોમાં શ્રેષ્ઠ, હાથમાં દંડ લઇ આવેલા કાળ સરખા, અને આઠ ખુણાવાળી લોઢાની, ભયંકર, સુવર્ણથી શોભિતી તથા બ્રહ્મદંડની પેઠે અનિવાર્ય ગદાને આગ્રહથી ગ્રહણ કરી સામા આવેલા ભીમસેનને હું દેખું છું. જેમ સિંહ મૃગોના યુથમાં બળવાન થઈ ફરે, તેમ મારા પુત્રોની વચમાં બળવાન થઇ ભીમસેન ફરશે. તે ક્રૂર પરાક્રમવાળો, ઘણું જમનાર તથા વેગવાન, અને બાળકપણામાં એકલો મારા સર્વ પુત્રો વિષે આડો ચાલતો હતો, તેને યાદ કરૂં છું ત્યારે મારૂં હૃદય કંપે છે. બાળકપણામાં પણ જે દુર્યોધનાદિક મારા પુત્રોને, હસ્તિ જેમ મર્દન કરે, તેમ ક્રીડા કરતાં મર્દન કરતો, તેના પરાક્રમથીજ મારા પુત્રો હંમેશ ક્લેશ યુક્ત રહેતા. પરસ્પર ભેદ થવાનો હેતુ પણ ભયંકર પરાક્રમવાળો ભીમસેનજ છે. હું સંગ્રામમાં હાથી, ઘોડા તથા પાયદળના સૈન્યોને ગળી જતા તથા ક્રોધથી મૂર્છિત થયેલા ભીમસેનને આગળ [illegible]

રૂપો રથમાંથી નીચે પડતા દેખાતા હતા. એ રીતે શૂરવીર એવા મદ્રરાજની પાછળ ચાલનારા હણાયા ત્યારપછી સામે આવતા અમને જોઇ જયને ઇચ્છતા, પ્રહાર કરનાર, લબ્ધ છે લક્ષ જેમણે એવા મહારથિ પાંડવો વેગેકરી અમારી સામે આવી વળી અમને મળી શંખના શબ્દ સાથે બાણુના શબ્દ કરી, ધનુષને હલાવતા મોટા સિંહનાદ કરવા લાગ્યા. તે વખતે હણાયેલા એવા મોટા મદ્રરાજના સૈન્યને તથા સંગ્રામમાં પાડેલા શૂરવીર મદ્રરાજને જોઇ વિમુખ થએલું દુર્યોધનનું સર્વ સૈન્ય, હે મહારાજ! દઢ ધનુષવાળા જયશીલ પાંડવોએ હણવા માંડેલું તથા ભમાવેલું અને સંભ્રાત થએલું દિશાઓ પ્રત્યે નાસી જવા લાગ્યું.

वध्यमानं महाराज पांडवैर्जितकाशिभिः ।
दिशो भेजेथ संभ्रांतं भ्रामितं दृढधन्विभिः ॥

इतिश्री महाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां अष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો. સંકુલ યુદ્ધ. [ચાલુ]

संजय उवाच—पातिते युधि दुर्धर्षे मद्रराजे महारथे ।
तावकास्तवपुत्राश्च प्रायशो विमुखाभवन् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! યુદ્ધમાં દુર્ધર્ષ એવા મહારથિ મદ્રરાજને રણમાં પાડ્યો તે જોઇ તમારી તરફના યોદ્ધાઓ તથા તમારા પુત્ર, બહુ દુઃખી થયા. તે વેળાએ અગાધ સમુદ્રમાં ભાગ્યું છે નાવ જેમનું એવા હોડી વગરના પારને ઇચ્છતા વ્યાપારિઓ સિંહથી પીડાયલા મૃગોની પેઠ, ભાગી ગયાં છે શીંગડાં જેમનાં એવા વૃષભ તથા વીખરાઇ ગયા છે દાંત જેમના એવા હસ્તિઓ, ત્રાસ પામે તેમ મહાત્મા યુધિષ્ઠિરે શૂરવીર મદ્રરાજને હણ્યા પછી બાણુથી ક્ષત થએલા નાથને ઇચ્છતા અનાથ એવા શત્રુએ જીતેલા ત્રાસ પામેલા અમે, મધ્યાન્હ સમયે સંગ્રામમાંથી પાછા વળ્યા. તે સમયે હે રાજન્! સૈન્યનું સંધાન કરવામાં તથા પરાક્રમ કરવા વિષે ફરીથી કોઇ પણ યોદ્ધાની મતિ થતી ન હતી. હે ભારત! ભીષ્મ, દ્રોણુ તથા સૂતપુત્ર કર્ણુ હણાયો તે વખતે હે વિશાંપતે! તમારા યોદ્ધાઓને જે દુઃખ તથા જે ભય થયો તે ભય તથા તે શોક શલ્ય હણાયાથી અમને પણ ન થયો. મહારથિ શલ્ય હણાયો ત્યાર પછી, જયવિષે નિરાશ, હણાયા છે શૂરવીર જેમના એવા, તીક્ષ્ણ બાણેકરી હણવા લાગ્યા તમારી તરફના યોદ્ધાઓ, ભયથી આમતેમ નાસવા લાગ્યા તેમાં કેટલાક ઘોડા ઉપર, કેટલાક હસ્તિ ઉપર તથા કેટલાક મહારથિઓ વેગથી રથ ઉપર ચઢી ભાગવા લાગ્યા અંકુશ તથા અંગુઠાથી ચલાવેલા પ્રહાર કરનાર, પર્વત સરખા રૂપવાળા બે હજાર હસ્તિઓ ભાગવા લાગ્યા. હે ભરતશ્રેષ્ઠ! એ રીતે તમારા યોદ્ધાઓ, સંગ્રામ છોડી દઇ દિશાઓ તરફ ભાગતા હતા. દોડતા, શ્વાસોચ્છ્વાસ કરતા, બાણુથી હણાયલા, હણાયો છે ઉત્સાહ જેમનો એવા પરાજય પામેલા યોદ્ધાઓને અમે જોતા હતા. જય ઇચ્છતા એવા પાંડવ તથા પંચાલ સામે આવતા હતા, ને બાણુશબ્દ સર્વે થએલા પુષ્કળ સિંહનાદ તથા દારૂણુ એવા શૂરવીરોના શંખના શબ્દ થતા હતા. એવી રીતે ભયથી સંત્રસ્ત થએલા તથા ભંગાણુ પડેલા કૌરવના સૈન્ય જોઇ, પાંડવ સહિત પાંચાલ પરસ્પર

ભાષણ કરતા હતા કે આજ સત્ય ધૃતિવાળા યુધિષ્ઠિર, હણાયા છે શત્રુ જેના એવા થયા. આજ દુર્યોધન, પ્રદીપ્ત એવી રાજલક્ષ્મીથી હીન થયો. આજ ધૃતરાષ્ટ્ર રાજા, પુત્ર હણાયે એમ સાંભળી વિહ્વળ થઇ પૃથ્વીવિષે પડેલા દુ:ખને પ્રાપ્ત થાઓ. આજ પાપ કરનાર દુર્બુદ્ધિવાળો તે, કુંતિપુત્ર યુધિષ્ઠિરને સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ જાણો. આજ દુર્મેધાવાળો રે પોતાના આત્માની નિંદા કરી હિતનાં વચન કહેતા એવા વિદુરનાં સત્ય વચનને યાદ કરો; આજથી યુધિષ્ઠિરના ચાકરની પેઠે આચરતો તે, પાંડવને જે દુ:ખ પ્રાપ્ત થયું હતું તે જાણો. આજ મહીપતિ એવો તે શ્રીકૃષ્ણના માહાત્મ્યને જાણો, તેમજ આજ સંગ્રામમાં ઘોર એવા અર્જુનના ધનુષ્ઘોષને પણ સાંભળો. ઇન્દ્ર જેમ અસુરના સૈન્યને હણે તેમ યુદ્ધમાં દુર્યોધન હણાયાથી આજ ધૃતરાષ્ટ્રરાજા, મહાત્મા ભીમસેનના સર્વ અસ્ત્રબળને, બાહુબળને તથા ઘોર એવા શરીરબળને પણ જાણશે. દુ:શાસનના વત્ર વધને ભીમસેને જે કર્મ કર્યું છે તે કર્મ આલોકમાં મહાબળવાન ભીમસેન વિના બીજો કોઇપણ કરનાર નથી આજ દેવતાઓએ પણ દુ:સહ એવા મદ્રરાજને હણાયો સાંભળી ધૃતરાષ્ટ્ર રાજા, મોટા શૂરવીરો સાથે શૂરવીર એવો સુબલપુત્ર શકુનિ હણાયો. એમ સાંભળી સંગ્રામમાં માદ્રીપુત્ર નકુલ સહદેવ, અતિદુ:સહ છે એમ સમજશે. જેમના યોદ્ધા અર્જુન, સાત્યકિ, ભીમસેન, પૃષત્‌ગોત્રમાં ઉત્પન્ન થએલો ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પાંચ પુત્ર, માદ્રીપુત્ર નકુલસહદેવ, મોટા ધનુષવાળો શિખંડિ, તથા યુધિષ્ઠિરરાજા છે, તેમનો જય કેમ ન થાય, તેમજ જેમના નાથ પણ જગતના નાથ એવા જનાર્દન શ્રીકૃષ્ણ છે અને ધર્મનો જેમને આશ્રય છે તેમનો જય કેમ ન થાય? ભીષ્મ, દ્રોણ, કર્ણ, મદ્રરાજા તથા શૂરવીર એવા બીજા પણ સેકડો તથા હજારો રાજાઓને સંગ્રામ વિષે જીતવા સમર્થ પાર્થ જેવા બંધુવગર યુધિષ્ઠિર વિના બીજો કોણ સમર્થ થાય? કેમકે સદાય સત્ય તથા યશના નિધિ એવા ઋષીકેશ ભગવાન જેના નાથ છે, એ રીતે પરસ્પર બોલતા મોટા હર્ષયુક્ત સંઋષ્ઠ થઇ ભાગ્યા એવા તમારા યોદ્ધાઓની પાછળ દોડતા હતા. તેમાં પરાક્રમી અર્જુન, રથસૈન્ય સામે દોડયા. માદ્રીપુત્ર નકુળ સહદેવ તથા સાત્યકિ શકુનિ સામે ગયા ભીમસેનના ભયથી પીડિત ભાગતા એવા તે સર્વને જોઇ, દુર્યોધનરાજા, વિજય વાસ્તે પોતાના સારથિ પ્રત્યે કહેવા લાગ્યો કે, હાથમાં ધનુપ લેઇ ઉભેલા મને અર્જુન અતિક્રમણ કરે નહિ વાસ્તે સર્વ સૈન્યની પાછળ મારા અશ્વને ચલાવ, કેમકે પાછળથી યુદ્ધ કરતા મને કુંતિપુત્ર મહોદધિ જેમ કિનારાને અતિક્રમણ કરે નહિ તેમ અતિક્રમણ કરવાનો ઉત્સાહ કરશે નહિ. હે સૂત! પાંડવોએ નસાડેલાં મોટાં સૈન્યને જોઇ ચોતરફથી ઉડતી સૈન્ય સબંધી આ રજને જો, તેમજ ભય કરનાર એવા ઘણાક સિંહનાદને સાંભળ. વળી હે સૂત! ધીરેથી અશ્વને ચલાવી પાછળથી રક્ષા કર. સંગ્રામમાં હું ઉભો રહી પાંડવને રોકીશ એટલે પરાક્રમથી મારૂં સૈન્ય પાછું આવશે. તમારા પુત્રનાં શૂર તથા આર્યસરખાં વચન સાંભળી સારથિએ સુવર્ણની જાળમાં ઢંકાઇ ગએલા અશ્વને ધીરે ધીરે આગળ ચલાવ્યા. ગજ, અશ્વ તથા રથેકરી હીન, ત્યાગ કર્યો છે આત્મા જેમણે એવા, નાના દેશમાં ઉત્પન્ન થએલા, નાના નગરમાં નિવાસ કરનારા, મોટા યશની પ્રાર્થના કરતા એકવીશ હજાર પાયદળ યોદ્ધાઓ યુદ્ધ વાસ્તે ઉભા રહ્યા. સંઋષ્ટ થઇ આવતા એવા તેમનો પરસ્પર ભયાનક ઘોરરૂપ અતિ મોટો સંમર્દ થયો. હે રાજન્! ભીમસેને તથા પર્ષત એવા ધૃષ્ટદ્યુમ્ને ચતુરંગ સૈન્યેકરી નાના દેશમાં રહેનારા યોદ્ધાઓને વારી રાખ્યા તેમજ વીરલોકપ્રત્યે જવાને ઇચ્છતા યુદ્ધમાં દુર્મદ અત્યંત ક્રોધાયમાન થએલા બીજા પાયદળો સિંહ

નાદ સાથે બાહુશબ્દકરી ભીમસેનને ઘેરી તેનીજ સામે ઉભા રહ્યા. એ રીતે કરી બીજી વાત ન કરતાં તમારી તરફના યોદ્ધાઓ ચોતરફથી ભીમસેનને ઘેરી તેને હણવા લાગ્યા. સંગ્રામમાં તેમણે હણવા માંડેલા પદાતિગણથી વિંટાયેલો તે, મૈનાકપર્વતની પેઠે સ્થાનકથી ચળાયમાન થયો નહિ હે મહારાજ. પાંડવના મોટા રથને નિગ્રહ કરવા પ્રવર્તમાન થએલા ક્રોધાયમાન એવા તે, બીજા યોદ્ધાઓને પણ વારવા લાગ્યા. ચોતરફ ઉભેલા તે પાયદળોને જોઇ ક્રોધાયમાન થએલો પુરૂષમાં શ્રેષ્ઠ ભીમસેન રથમાંથી નીચે ઉતરી, સુવર્ણથી શોભતી મોટી ગદાને ગ્રહણ કરી હાથમાં દંડ લેઇ ઉભેલા કાળની પેઠે તમારી તરફના યોદ્ધાઓને હણવા લાગ્યો. રથ તથા અશ્વેકરી હીન એવા તે એકવીશ હજાર પાયદળરૂપ પુરૂષ સૈન્યને હણી સત્ય છે પરાક્રમ જેનું એવો ભીમસેન, ધૃષ્ટદ્યુમ્નને આગળ કરી વળી બીજે સ્થાનકે જઇ દેખાતો હતો. એ રીતે ભીમસેને હણેલા રૂધિરેકરી વ્યાપ્ત છે અંગ જેમનાં એવા, રણભૂમિવિષે સુતેલા, વીર પુરુષો વાયુએ કરી ભાંગેલાં અત્યંત પુષ્પિત એવા કર્ણિકારના વૃક્ષ શોભે તેમ શોભતા હતા નાનાપ્રકારના શસ્ત્રયુક્ત, નાના પ્રકારના કુંડળ ધરનારા. નાનાપ્રકારની જાતિથી ઉત્પન્ન થએલા, નાનાપ્રકારનાં દેશમાંથી આવેલા પાયદળો ત્યાં હણાયાં. પતાકા તથા ધ્વજેકરી ઢંકાઇ ગએલું, ભયને વહેનાર, નાશ પામેલું ઘોરરૂપ એવું પાયદળોનું મોટું રૌદ્રસૈન્ય ત્યાં હતું. યુધિષ્ઠિર છે મુખ્ય જેમાં એવા સૈન્યસહિત પાંડવ તરફના મહારથિઓ, મહાત્મા એવા તમારા પુત્ર દુર્યોધન સામે દોડ્યા. તે સર્વ પાંડવ તરફના યોદ્ધાઓ મોટાં છે ધનુષ જેમનાં એવા વિમુખ થએલા તમારી તરફનાઓને જોઇને તમારા પુત્રને કિનારો જેમ સમુદ્રને અતિક્રમણ કરે નહિ તેમ અતિક્રમણ કરતા ન હતા. તમારા પુત્રનું અદ્‌ભુત એવું તે પૌરૂષ અમે જોતા હતા, જે એકલા એને એકઠા મળેલા પાંડવો પણ અતિક્રમણ કરવા સમર્થ થતા ન હતા અતિ દૂર ગએલાં નહિ તથાપિ પલાયન કરવાવિષે કરી છે બુદ્ધિ જેમણે એવાં અત્યંત ક્ષત થએલાં પોતાનાં સૈન્યને દુર્યોધન રાજા આવી રીતે કહેવા લાગ્યો કે, જ્યાં ગએલા તમને પાંડવો હણે નહિ એવા પૃથ્વી તથા પર્વતવિષે કોઇપણ દેશને હું જોતો નથી. એમનું સૈન્ય પણ થોડું બાકી રહ્યું છે અને શ્રીકૃષ્ણ તથા અર્જુન પણ અત્યંત ક્ષત થએલા છે, માટે જો આપણે બધા ઉભા રહિએ તો જરૂર આપણો જય થાય. નહિ તો ભેદ પામી ભાગેલા તમને, કર્યું છે વિપ્રિય જેમનું એવા પાંડવ, પાછળ આવી હણશે, માટે સંગ્રામમાં મરવું એ આપણું કલ્યાણ છે. હે ક્ષત્રિયો ! જેટલા તમે અહિં આવ્યા છો, તે બધા મારાં વચન સાંભળો. જ્યારે શૂર તથા ભીરૂને પણ કાળ મારે છે ત્યારે ક્ષત્રિય એવો મૂઢપુરૂષ કોણ હોય કે જે યુદ્ધ ન કરે, માટે ક્રોધાયમાન થએલા ભીમસેનની આગળ ઉભું રહેવું એજ આપણું શ્રેય છે; કેમકે ક્ષાત્ર ધર્મેકરી યુદ્ધ કરનારને સાંગ્રામિક મૃત્યુ સુખરૂપ છે, ઘરવિષે રહેનાર મનુષ્યોને પણ મરવું તો છેજ, ને ક્ષાત્રધર્મેકરી યુદ્ધ કરનારને આ સનાતન મૃત્યુતો છેજ પણ સંગ્રામમાં યુદ્ધ કરનારા શત્રુને હણે તો આલોકવિષે સુખ ભોગવે, અને હણાયલા મુવા પછી મોટાં ફળને પ્રાપ્ત થાય. હે કૌરવો ! યુદ્ધધર્મથી ઉત્તમ બીજો કોઇપણ સ્વર્ગનો માર્ગ નથી, કેમકે થોડા વખતમાં યુદ્ધ વિષે હણાયલો ઉત્તમ લોકને પામે છે. દુર્યોધનનાં વચન સાંભળી તેનાં વખાણ કરી રાજાઓ ઉપાડ્યાં શસ્ત્ર ધરેલા પાંડવો સામે પાછા આવ્યા. તેમને આવતા જોઈ વ્યૂહરચના કરેલા, પ્રહાર કરનાર જયને ઇચ્છતા અત્યંત ક્રોધાયમાન થયેલા પાંડવો, તેમની સામે આવ્યા. પરાક્રમી અર્જુન સંગ્રામમાં ત્રણ લોકવિષે વિખ્યાત એવું ગાંડીવ ધનુષ ખેંચતાં રથેકરી સામે આવ્યો.

માદ્રીપુત્ર નકુલ સહદેવ તથા મહા બળવાન સાત્યકિ, શકુનિ પ્રત્યે આવ્યા. એ રીતે સાથમાં એવા હૃષ્ટ થએલા તે બધા તમારા સૈન્ય સામે વેગે કરી આવ્યા.

माद्रीपुत्रो च शकुनिं सात्यकिश्च महाबलः ।
जवेनाभ्यपतन् हृष्टायस्तावतावैकं बलं ॥

इति श्री महाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां एकोनविंशो-ऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો. શાલ્વનો વધ.

संजय उवाच—सन्निवृत्ते जनौघे तु शाल्वोम्लेच्छगणाधिपः ।
अभ्यवर्ततसंक्रुद्धः पांडवानां महद्बलम् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવી રીતે મનુષ્યના ઓઘ સારી રીતે નિવૃત થયા પછી, સંક્રુદ્ધ થએલો મ્લેચ્છગણનો અધિપતિ શાલ્વ, પાંડવોના મોટા સૈન્ય સામે આવી ઉભો રહ્યો. રાજાઓમાં શ્રેષ્ઠ એવો તે, મદ્રકુળમાં ઉત્પન્ન થયેલો, દુર્યોધને નિરંતર સારી રીતે સત્કાર કરેલો શાસ્ત્રનો નિશ્ચય જાણનારાઓએ સારી રીતે કલ્પેલા સંગ્રામમાં વહન કરવાલાયક, શત્રુગણને મર્દન કરનાર, ઐરાવત સરખા મદોન્મત, પર્વતસરખા મદ ઝરતા અત્યંત મોટા હસ્તિઉપર બેસી પ્રાતઃકાળે ઉદય પર્વતઉપર રહેલા સૂર્યસમ શોભતો તે, શ્રેષ્ઠ હસ્તિએકરી હે રાજન્! એકઠા મળેલા પાંડવો સામે આવ્યો ત્યાર પછી, મહેન્દ્રનાં વજ્રસરખા વેગવાન અત્યંત ઘોર ને તીક્ષ્ણ બાણેકરી વિદારણ કરતા તથા મહાસંગ્રામમાં બાણ ફેંકી યોદ્ધાઓને યમલોક પ્રત્યે મોકલતા, એના છિદ્રને પૂર્વે અંગવત ઉપર બેઠેલા વજ્ર ધરનાર ઇન્દ્રના છિદ્રને પ્રથમ સેનાના વિમર્દમાં જેમ દૈત્ય તથા દેવતાઓ દેખતા ન હતા તેમ પોતાના તથા પારકાઓ જાણતા ન હતા. પાંડવ, સોમક તથા સૃંજય, હજારો સ્થાનકે વિચરતા મહેન્દ્રના હસ્તિસરખા એક હસ્તિને ચોતરફ જોતા હતા. તે સમયે નસાડેલું મૃગસરખું પારકાઓનું સૈન્ય પરસ્પર મર્દન થવાથી સંગ્રામમાં એક સ્થાનકે ઉભુ રહી શકતું ન હતું. એ રીતે શાલ્વરાજાએ તત્કાળ નસાડેલી હસ્તિના વેગને પાર ન પામતી પાંડવોની મોટી સેના ચારે દિશાઓમાં દોડવા લાગી. સેનાને દોડતી જોઈ તમારી તરફના મુખ્ય એવા સર્વ યોદ્ધાઓ, તે રાજાનાં વખાણ કરતા ચંદ્રસરખા શંખને વગાડવા લાગ્યા. શંખના શબ્દ સાથે થતા કૌરવોના હર્ષયુક્ત શબ્દને સાંભળી તે સહન ન કરી શકતો એવો પાંડવ તથા સૃંજયનો સેનાપતિ મહાત્મા પાંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્ન. ઉતાવળે પોતાના જય વાસ્તે, શત્રુના સમાગમ વખતે જંભાસુર, જેમ ઇન્દ્રના ઐરાવત હસ્તિ સામે ગયો હતો તેમ તે હસ્તિ સામે ગયો. યુદ્ધવિષે સામે આવતા પંચાલ પુત્રને જોઇ રાજામાં સિંહરૂપ શાલ્વે, દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્નના વધ વાસ્તે હસ્તિને તેની સામે ચલાવ્યો. ધૃષ્ટદ્યુમ્ને પણ પોતા સામે આવતા હસ્તિને સરાણિએ સજેલા પ્રજ્વલિત ઉગ્ર વેગવાળા અગ્નિસરખા નારાચ નામના ત્રણ બાણેકરી વિંધી વળી મહાત્મા એવા તેણે, તે હસ્તિના કુંભસ્થળવિષે નારાચ નામનાં બીજાં પાંચસો બાણ માર્યાં. વિંધાયલો તે મોટો હસ્તિ, સંગ્રામમાંથી પાછો ફરી

નાસવા લાગ્યો. એ રીતે વિંધાયલા હસ્તિને શાલ્વરાજાએ ચાબુક તથા અંકુશથી પાછો વાળી પંચાલ રાજાના રથ ઉપર ચલાવ્યો. પોતાના રથ ઉપર આવતા તે હસ્તિને જોઇ ભયેકરી વિહ્વળ છે અંગ જેનું એવો શૂરવીર ધૃષ્ટદ્યુમ્ન, વેગેકરી રથમાંથી નીચે ઉતરી હાથમાં ગદા લેઇ સામે ઉભો રહ્યો. તેટલામાં તો તે મોટા હસ્તિએ અશ્વ તથા સારથિસહિત સુવર્ણથી શોભિતાં છે અંગ જેનાં એવા તે રથને મર્દન કરી સૂંઢથી ઉંચો ઉપાડી મોટો શબ્દ કરતાં પૃથ્વીપર પછાડ્યો. તે શ્રેષ્ઠ હસ્તિએકરી પીડિત થએલા પંચાલરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને જોઇ તત્કાળ ભીમ, શિખંડિ તથા સાત્યકિ, આદિ યોદ્ધાએ વેગેકરી તેની સામે દોડી, બાણેકરી સામે આવતા તે હસ્તિના વેગને રોક્યો. મહારથિ એવા તેમણે સંગ્રામમાં વાર્યો તોપણ તે હસ્તિ ચલાયમાન થયો નહિ અને તેની ઉપર બેઠેલા શાલ્વરાજાએ તો સૂર્ય, જેમ પોતાના કિરણ સમુદાયનો ચોતરફ વિસ્તાર કરે તેમ ચોમેર બાણનો વર્ષાદ કર્યો. તે બાણેકરી હણાયલા રથિઓ, આમતેમ નાસવા લાગ્યા. શાલ્વના કર્મને જોઇ પાંચાલપુત્ર તથા સૃંજય, હાહાકાર શબ્દ કરતા તે હસ્તિને રૂંધવા લાગ્યા, એટલામાં શૂરવીર એવો પંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્ન, પર્વતના શિખર સરખી ગદા ગ્રહણ કરી હે ભારત ! શત્રુનો ઘાત કરનાર શૂરવીર એવો તે, વેગેકરી હસ્તિ સામે ગયો. સામે જઇ વેગવાન એવા પંચાલરાજાના પુત્રે, મેઘ સરખા પ્રકાશવાળા પર્વત સરખા મદ ઝરતા તે હસ્તિને ગદા ઉગામી અત્યંત હણ્યો. ભેદાયું છે મોટું કુંભસ્થળ જેનું એવો પર્વત સરખો તે હસ્તિ, શબ્દ કરી મુખમાંથી રૂધિરનું વમન કરતો પૃથ્વીના કંપથી ચલાયમાન થએલો પર્વત જેમ પડે પતેમ પૃથ્વી વિષે પડ્યો. એ હસ્તિને પાડ્યો અને તમારા પુત્રનું સૈન્ય હાહાકાર કરવા લાગ્યું, તેટલામાં શિનિકુળમાં અત્યંત શ્રેષ્ઠ એવા સાત્યકિએ તીક્ષ્ણ એવા ભલ્લ નામના બાણેકરી શાલ્વનું મસ્તક કાપી નાંખ્યું. યુદ્ધમાં સાત્વત એવા સાત્યકિએ હણ્યું છે ઉત્તમાંગ જેનું એવો તે, હસ્તિરાજ સહિત ઇન્દ્રે મોકલેલા વજ્રેકરી હણાયલું અત્યંત મોટું પર્વતનું શિખર પડે તેમ પૃથ્વી ઉપર પડ્યું.

> हृतोत्तमाङ्गो युधि सात्वतेन पपात भूमौ सहनागराजः ।
> यथाद्रिशृंगं सुमहत्प्रणुन्नं वज्रेण देवाधिपचोदितेन ॥

इतिश्री महाभारते शल्यपर्वाणि शाल्ववधे गुर्जरभाषायां विंशतितमोऽध्यायः ॥ २० ॥

અધ્યાય ૨૧ મો. સાત્યકિને કૃતવર્માનું યુદ્ધ.

> संजय उवाच—तस्मिंस्तु निहते शूरे शाल्वे समितिशोभने ।
> तवा मज्यद्बलं वेगाद्वातेनेव महाद्रुमः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! સંગ્રામને શોભાવનાર શૂરવીર એવો શાલ્વ હણાયો તેને જોઇ વાયુએકરી મોટું વૃક્ષ ભાગે તેમ વેગે કરી તમારૂં સૈન્ય ભાગવા લાગ્યું. ભાગવા માંડેલા તે સૈન્યને જોઇ મહા બળવાન તથા મહારથિ એવા શૂરવીર કૃતવર્માએ શત્રુના સૈન્યને વારી રાખ્યું. હે રાજન્ ! પર્વતની પેઠે, સ્થિર થઇ ઉભેલા બાણેકરી વ્યાપ્ત છે શરીર જેનું એવા કૃતવર્માને જોઇ તમારી તરફના શૂરવીર પાછા વળી આવ્યા. ત્યાર પછી હે મહારાજ ! ધૃ-

દ્યુમ્ન છોડી દઇ પાછા આવેલા કૌરવોનું પાંડવ સાથે યુદ્ધ પ્રવર્તમાન થયું. તેમાં સહ્યાત એવા કૃતવર્માનું પારકાઓ સાથે આશ્ચર્યરૂપ યુદ્ધ થયું, જે એકલા તેણે દુરાસદ એવી પાંડવની સેનાને વારી રાખી. એવી રીતે તેણે દુષ્કર કર્મ કર્યું તે જોઇ પરસ્પર સંબંધી એવા પ્રહૃષ્ટ થએલા તેમનો સ્વર્ગને સ્પર્શ કરે એવો મોટો સિંહનાદ થયો. તે શબ્દે કરી ત્રાસ પામેલા પંચાલોને જોઇ હે ભરતર્ષભ! મહાબાહુ એવા સાત્યકિએ ત્યાં આવી મહા બળવાન એવા ક્ષેમમૂર્તિ રાજાને મળી તીક્ષ્ણ એવાં સાત બાણેકરી એને યમલોક પ્રત્યે મોકલી દીધો. તીક્ષ્ણ એવા બાણ નાખતા તથા સામે આવતા એવા મહાબાહુ સાત્યકિને જોઇ વેગેકરી બુદ્ધિમાન એવો હાર્દિકય તેની સામે ગયો. તે સમયે રથિમાં શ્રેષ્ઠ, ધનુષ ધરનાર, શ્રેષ્ઠ એવાં શસ્ત્ર ધારણ કરેલા મહા પરાક્રમી સાત્વત એવા તે બેઉ, પરસ્પર સામસામે લડતા હતા. તે બેઉના એવા ઘોર સમાગમ વિષે પંચાલ સહિત પાંડવ તથા યોદ્ધાઓ એવા બીજા રાજાઓ પણ પ્રેક્ષક થયા. વૃષ્ણિ તથા અંધકકુળમાં મહારથિ એવા તે બેઉ, પ્રહૃષ્ટ થએલા બે મોટા હસ્તિની પેઠે નારાચ તથા વત્સદંત નામના બાણેકરી અન્યોન્ય હણતા હતા એ રીતે વિવિધ પ્રકારના માર્ગ પ્રત્યે વિચરતા હાર્દિકય તથા સાત્યકિ, પરસ્પર બાણવૃષ્ટિએકરી વારંવાર અંતર્ધાન થતા હતા. ધનુષનો વેગ તથા બળથી મૂકેલા પતંગ નામના જંતુની પેઠે આકાશમાં વિચરતા વૃષ્ણિકુળમાં સિંહ એવા તે બેઉના બાણને અમે જોતા હતા. તેટલામાં સત્ય છે કર્મ જેનાં એવા સાત્યકિને આગળ વધી કૃતવર્માએ તીક્ષ્ણ એવા ચાર બાણેકરી ચાર ઘોડાઓને વિંધ્યા. અંકુશેકરી પીડિત કરેલા હસ્તિની પેઠે, સંક્રુદ્ધ થએલા મહાબાહુ સાત્યકિએ ઉત્કૃષ્ટ એવા આઠ બાણેકરી કૃતવર્માને વિંધ્યો. કૃતવર્માએ પણ શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં કર્ણપર્યંત ધનુષ્ય ખેંચી મૂકેલાં ત્રણ બાણેકરી સાત્યકિને હણી બીજા એક બાણેકરી એનું ધનુષ કાપી નાંખ્યું. કપાઇ ગએલા શ્રેષ્ઠ ધનુષનો ત્યાગ કરી શિનિકુળમાં શ્રેષ્ઠ સર્વ ધનુષ ધરનારમાં ઉત્તમ, મહા બળવાન તથા મહા પરાક્રમી એવા સાત્યકિએ વેગેકરી બાણ સહિત બીજું ધનુષ ગ્રહણ કરી કૃતવર્માએ કરેલા ધનુષ્યચ્છેદનને ન સહન કરી શકતા કંપિત થએલા અતિરથ એવા તેણે કૃતવર્મા સામે જઇ અત્યંત તીક્ષ્ણ દશ બાણેકરી તેના સારથિ, અશ્વ તથા ધ્વજને હણ્યો. હે રાજન્! મોટા ધનુષવાળા મહારથિ કૃતવર્માએ હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવા સુવર્ણથી શોભિતા રથને જોઇ મોટા ક્રોધથી આવિષ્ટ થએલા તેણે ત્રિશૂલ ઉગામી હે મારિષ! હાથના વેગેકરી શિનિકુળમાં શ્રેષ્ઠ એવા તેની ઉપર તેને હણવાની ઇચ્છાથી ત્રિશૂલ નાંખ્યું. તે સાત્વત એવા સાત્યકિએ તીક્ષ્ણ બાણથી ભેદી માધવ એવા કૃતવર્માને જાણે મોહ પમાડતો હોય નહિ તેની પેઠે ચૂર્ણિત કરી નાખ્યું. બીજા ભલ્લ નામના બાણેકરી એને હૃદય વિષે તાડન કર્યો. એ રીતે સાત્યકિએ હણ્યા છે અશ્વ તથા સારથિ જેના એવો કૃતવર્મા પૃથ્વીપર પડયો. તેને જોઇ સર્વ સૈન્યને મોટો ભય ઉત્પન્ન થયો અને તમારા પુત્રને પણ અત્યંત ખેદ ઉત્પન્ન થયો. શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિને હણવા ઇચ્છતા કૃપાચાર્ય ત્યાં સામે આવી સર્વ ધનુષ ધરનાર જોતાં મહાબાહુ એવા કૃતવર્માને પોતાના રથમાં બેસાડી સંગ્રામમાંથી દૂર લઇ ગયા, દુર્યોધનનું બધું સૈન્ય પાછું વિમુખ થયું. તેને સૈન્યથી ઉડતી રજેકરી વિંટાયલા બીજાઓ તો જાણતા પણ ન હતા. હે રાજન્! તમારી તરફના તો એક દુર્યોધન રાજા વગર બધા નાસવા લાગ્યા. દુર્યોધન રાજાએ એકલે પોતાની પાસે થઇ ભાગતા એવા પોતાના સૈન્યને જોઇને વેગથી તેની સામે જઇ બધાઓને વારી રાખી દુરાધર્ષ એવા

સંગ્રામ ચ્યએલા તેણે, સર્વ પાંડવ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, દ્રૌપદીના પુત્રો, પંચાલ, કેકય, સોમક તથા સૃંજયો ઉપર તીક્ષ્ણ એવાં ઘણાં બાણ નાંખી સાવધાન એવો મહા બળવાન તમારો પુત્ર સંગ્રામમાં ઉભો રહ્યો. એ રીતે દુર્યોધન રાજા, યજ્ઞ વિષે મંત્ર કરી પુનિત એવો પ્રકાશમાન મોટો અગ્નિ જેમ ચોતરફ ફેલાય તેમ સંગ્રામમાં ચોતરફ દેખાતો હતો. સંગ્રામ વિષે બીજા શત્રુઓ. મનુષ્યો જેમ મૃત્યુ સામે ન જાય, તેમ તેની સામે જતા ન હતા, એટલામાં બીજા રથવિષે બેસી હાર્દિક્ય પણ ત્યાં ગયો.

तं परेनाभ्यवर्ततमर्त्या मृत्युमिवाहवे ।
अथान्यं रथमास्थाय हार्दिक्यः समपद्यत ॥

इतिश्री महाभारते शल्यपर्वणि सात्यकिकृतवर्मयुद्धे गुर्जरभाषाया मेक-विंशोऽध्यायः ॥ २१ ॥

અધ્યાય ૨૨ મો. સંકુલ યુદ્ધારંભ.

संजय उवाच—पुत्रस्तु ते महाराज रथस्थो रथिनांवरः ।
दुरुत्सहो बभौ युद्धे यथा रुद्रः प्रतापवान् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! રથમાં બેઠેલો રથિમાં શ્રેષ્ઠ દુરૂત્સહ અને પ્રતાપવાન્ તમારો પુત્ર યુદ્ધવિષે રૂદ્ર સમ શોભતો હતો. તેના હજારો બાણેકરી રણભૂમિ ઢંકાઇ ગઇ હતી, ને મેઘ જેમ ધારાએકરી પર્વતપર સિંચન કરે તેમ તેણે બાણધારાઓથી શત્રુને સિંચન કર્યા. તે વખતે પાંડવના સૈન્યરૂપ સમુદ્રમાં તેના બાણેકરી ક્ષત થએલો નહિ હોય એવો કોઈ પણ પુરૂષ, અશ્વ, ગજ, તથા રથ રહ્યા નહિ. હે વિશાંપતે ! હે ભારત ! સંગ્રામવિષે જે જે યોદ્ધાને હું જોતો હતો તે તે યોદ્ધાને તમારા પુત્રના બાણેકરી વિંધાયલોજ જોતો હતો. સૈન્યમાંથી ઉડેલી રજેકરી ઢંકાઇ ગએલી પૃથ્વી દેખાતી પણ ન હતી તેમજ મહાત્માના બાણેકરીને ઢંકાયલી રણભૂમિ દેખાતી ન હતી. હે પૃથ્વીપતે ! બાણ ફેંકનાર ધનુષધારી દુર્યોધને બાણભૂત કરેલી પૃથ્વીને અમે જોતા હતા. તે સમય તમારા તથા શત્રુના હજારો યોદ્ધાઓ એકઠા થયા હતા, તેમાં દુર્યોધનજ પુરૂષ છે. એમ મારી મતિ થતી હતી. હે ભારત ! તમારા પુત્રના અદ્ભુત પરાક્રમને અમે જોતા હતા. તે એકલાની સામે એકઠા મળેલા પાંડવો ઉભા રહી શકતા ન હતા, એટલામાં તો તમારા પુત્રે હે ભરતર્ષભ ! સોએ કરી યુધિષ્ઠિરને, સીત્તેરથી ભીમસેનને, પાંચેકરી સહદેવને, ચોરાસીથી નકુલને, પાંચથી ધૃષ્ટદ્યુમ્નને, સાતે દ્રૌપદીના પુત્રોને તથા ત્રણ બાણેકરી સાત્યકીને વિંધી, હે મારિષ ! ભલ્લ નામના બાણેકરી સહદેવનું ધનુષ પણ કાપી નાંખ્યું. કપાઇ ગએલા ધનુષનો ત્યાગ કરી પ્રતાપવાન માદ્રીપુત્રે બીજું મોટું ધનુષ ગ્રહણ કરી સંગ્રામમા દશ બાણે દુર્યોધનને વિંધ્યો. શૂરવીર એવા મોટા ધનુષવાળા નકુલે પણ ઘોરરૂપ એવાં નવ બાણથી તેને વિંધી સિંહનાદ કર્યો. સાત્યકિએ, નત છે પર્વ જેનું એવા બાણથી તેને વિંધ્યો. તેમજ દ્રૌપદી પુત્રોએ તોંતેર, ધર્મરાજાએ પાંચ, તથા ભીમસેને એંશી બાણ રાજા ઉપર નાંખ્યાં. એ રીતે મહાત્મા પુરૂષોએ ચોતરફથી બાણ સમુદાયે ઢાંકી

ઉપર નાખ્યું છે એવો તે, હે મહારાજ ! સર્વ સૈન્ય જોતાં ત્યાંથી ભાગાયમાન થયો નહિ. તે વખતે તેનાં સર્વ ભૂતને અતિક્રમણ કરે એવા લાઘવ, સૌષ્ઠવ તથા વીર્યને સર્વ મનુષ્ય જોતા હતા. હે રાજેન્દ્ર ! તેના થોડા પણ છિદ્રને ન જોતા એવા, કવચવાળા તમારી તરફના યોદ્ધાઓએ રાજાને વિંટી લીધો. યોદ્ધાઓનો, વર્ષાઋતુમાં ક્ષોભ પામેલા સમુદ્રનો શબ્દ થાય તેવો ભયંકર શબ્દ થતો હતો. મોટાં ધનુષવાળા તે યોદ્ધાઓ, પરાજય પામેલા નહિ એવા રાજા પાસે જઇ ઉઘાડાં શસ્ત્ર લેઇ ઉભેલા પાંડવોની સામે દોડયા. તે સમયે સંગ્રામમાં ક્રોધાયમાન થએલા દ્રોણપુત્રે ચોતરફ મૂકેલાં નાના પ્રકારનાં બાણે કરી ભીમસેનને વારી રાખ્યો. હે ભારત ! હે મહારાજ ! તે સમયે ક્રૂર છે કર્મ જેમનાં, દુઃસહ કરેલાનો પરસ્પર બદલો લેવા ઇચ્છતા, સર્વ દિશાઓને ત્રાસ પમાડતા, પ્રત્યંચા ખેચવાથી કઠિન થયેલી છે હાથની ત્વચા જેમની એવા તે બેઉ ઘોરરૂપ યુદ્ધ કરતા હતા. શૂરવીરો સંગ્રામમાં દિશા તથા વિદિશાઓને પણ જાણતા ન હતા, તેટલામાં હે વિભો ! સર્વ સૈન્યને કોપાવતા શૂરવીર સુબલપુત્ર શકુનિએ, યુધિષ્ઠિરને પીડિત કરી તેમના ચાર અશ્વને હણી બળથી મોટો સિંહનાદ કર્યો. અન-ન્તરમાં તો પ્રતાપવાન સહદેવ, પરાજય પામેલા નહિ એવા શૂરવીર રાજાને પોતાના રથમાં બેસાડી બીજે સ્થળે લેઇ ગયો. તેજ સમે બીજા રથમાં બેસી સર્વ ધનુષ ધરનારમાં શ્રેષ્ઠ એવા ધર્મપુત્ર યુધિષ્ઠિરે નવ બાણથી શકુનિને વિંધી વળી બીજાં પાંચથી ફરીને વિંધી મોટો સિંહનાદ કર્યો. હે મારિષ ! જોનારાઓને પ્રીતિ ઉત્પન્ન કરનાર, સિદ્ધ તથા ચારણે સેવેલું એવું વિચિત્ર પ્રકારનું ભયંકર યુદ્ધ ત્યાં થયું, તેમાં ઘણા બળવાળા ઉલૂકે યુદ્ધમાં દુર્મદ એવા મોટા ધનુષવાળા નકુલ ઉપર ચોતરફથી બાણનો વર્ષાદ કર્યો. તેમજ શૂરવીર નકુલે પણ શકુનિ પુત્રને મોટા બાણના વર્ષાદે કરી ચોતરફથી વારી રાખ્યો. કરેલાનો પરસ્પર બદલો આપવા ઇચ્છતા શૂરવીર નકુલ પુત્ર એવા મહારથિ તે બેઉ, યુદ્ધ કરતાં પરસ્પર એક બીજા સામે જોતા હતા. હે રાજન્ ! કૃતવર્મા સાથે યુદ્ધ કરતો શિનિકુળમાં ઉત્પન્ન થએલો સાત્યકિ બલિ રાજા સાથે યુદ્ધ કરતો ઇન્દ્ર શોભે તેમ સંગ્રામમાં શોભતો હતો. બળવાન ધૃષ્ટદ્યુમ્ન પણ સંગ્રામમાં પરમાયુધ ગ્રહણ કરી સર્વ ધનુષ ધરનાર જોતાં રાજા સાથે યુદ્ધ કરતો હતો. હે ભરતર્ષભ ! તે બેઉનું મદ ઝરતા શ્રેષ્ઠ મદોન્મત્ત બે હસ્તિઓનું જેમ પરસ્પર યુદ્ધ થાય તેમ યુદ્ધ થતું હતું. ક્રોધા-યમાન થએલા શૂરવીર ગૌતમે, મહા બળવાન દ્રૌપદી પુત્રોને સન્નત છે પર્વ જેમનાં એવાં ઘણાંક બાણેકરી વિંધ્યો. તે સમયે તેમની સાથે જીવનું જેવું ઇન્દ્રિયો સાથે યુદ્ધ થાય તેવું નિર્મર્યાદ અવાર્ય અને ઘોરતમ યુદ્ધ થયું. તેમાં ઇન્દ્રિયો જેમ દેહાભિમાની જીવને પીડે તેમ દ્રૌપદીપુત્ર તેને પીડવા લાગ્યા. અત્યંત ક્રોધાયમાન થએલો ગૌતમ પણ સંગ્રામમાં તેમની સાથે યુદ્ધ કરતો હતો. હે ભારત ! હે વિભો ! એ રીતે તેનું તેમની સાથે, દેહિઓનું જેવું ઇન્દ્રિયો સાથે યુદ્ધ થાય તેવું વારંવાર વિચિત્ર પ્રકારનું યુદ્ધ થતું હતું. નર નર સાથે, હસ્તિઓ હસ્તિ સાથે, અશ્વ અશ્વ સાથે, તથા રથિઓ રથિઓ સાથે યુદ્ધ કરતા હતા. હે વિશાંપતે ! વળી એવું ઘોરરૂપ સંકુલ યુદ્ધ થયું તે વખતે હે મહારાજ ! "આ વિચિત્ર ઘોર તથા રૌદ્ર યુદ્ધ" છે એવી જોનારની વાણી જે રીતે સંભળાય તેમ ઘોરરૂપ ઘણાંક યુદ્ધ થતાં હતાં. શત્રુને હનન કરનાર તે બેઉ તરફના યોદ્ધાઓ, મહા સંગ્રામમાં એક બીજાને પ્રાપ્ત થઇ સિંહનાદ કરતા પરસ્પર હણતા હતા. તેમના વાહનથી ઉત્પન્ન થએલી તીવ્ર રજ, ચોતરફ દેખાતી હતી. એ રીતે દોડતા ઘોડેસ્વાર, રથના ઝપાટા, તથા હસ્તિઓના લાંબા નિઃશ્વાસથી ઉત્પન્ન થએલી

સંગ્રામભૂમિના વાદળ સરખી રજ, છેવટ સૂર્યના માર્ગ તરફ જતી હતી. તે રજે કરી ઢંકાઇ ગએલો સૂર્ય પણ કાંતિરહિત થઇ ગયો હતો. તેમજ રણભૂમિ તથા મહારથિ શૂરવીરો પણ ઢંકાઇ ગયા હતા. વળી બે ઘડી મુહૂર્ત પછી વીર પુરૂષોના રૂધિરેકરી સિક્ત એવી રણભૂમિ ઉડેલી તીવ્ર રજ શાંત થઇ ગઇ. ત્યાર પછી વળી હું તે મધ્યાન્હ વખતે અત્યંત દારૂણ એવાં વિચિત્ર પ્રકારનાં દ્વંદ્વયુદ્ધ જોતો હતો. હે રાજેન્દ્ર! શૂરવીરોના કવચોની ઉજ્વલ એવી કાંતિઓ, ચોતરફ દેખાતી હતી, ને પર્વત વિષે બળતા મોટા વાંસના વનનો શબ્દ થાય તેવો સંગ્રામમાં પડતા બાણનો ભયંકર શબ્દ થતો હતો.

शद्बश्च तुमुलः संख्ये शराणां पततामभूत् ।
महावेणुवनस्येव दह्यमानस्य पर्वते ॥

इति श्रीमहाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां द्वाविंशो-ऽध्यायः ॥ २२ ॥

અધ્યાય ૨૩ મો. ભયંકર રણસંગ્રામ.

संजय उवाच—वर्तमाने तदा युद्धे घोररूपे भयानके ।
अभज्यत बलं तत्र तव पुत्रस्य पांडवैः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે રીતે પ્રવર્તમાન થએલા ઘોરતરને ભયંકર યુદ્ધમાં પાંડવથી ત્રાસ પામેલું તમારા પુત્રનું સૈન્ય આમતેમ નાસવા લાગ્યું. મહારથિઓને મોટા યત્નથી વારી રાખી તમારો પુત્ર, પાંડવની સેના સાથે યુદ્ધ કરવા લાગ્યો, એટલામાં તમારા પુત્રના જયને ઇચ્છનારા યોદ્ધાઓ, તત્કાલ પાછા આવ્યા. ત્યાર પછી તમારા તથા સામાવાળાનું દેવાસુર સંગ્રામની જેને ઉપમા અપાય એવું અતિ દારૂણ યુદ્ધ આરંભાયું તમારા તથા સામાના સૈન્યમાં કોઇ પણ યોદ્ધો વિમુખ થતો નહતો. માત્ર સંજ્ઞાથીજ યોદ્ધાઓ પરસ્પર યુદ્ધ કરતા હતા, તેથી યોદ્ધાઓનો મોટો ક્ષય થતો હતો. રાજા સહિત ધૃતરાષ્ટ્રના પુત્રોને સંગ્રામમાં જીતવા ઇચ્છતા મોટા ક્રોધ યુક્ત યુધિષ્ઠિર રાજાએ, સુવર્ણના પુંખવાળાં શિલા ઉપર તીક્ષ્ણ કરેલાં ત્રણ બાણેકરી શરદ્વાનપુત્ર કૃપાચાર્યને વીંધી, નારાચ નામનાં ચાર બાણેકરી કૃતવર્માના અશ્વને હણ્યા. તે સમે અશ્વત્થામા, યશસ્વી એવા કૃતવર્માને પોતાના રથમા બેસાડી બાજુપર લેઇ ગયા. પછી કૃપાચાર્યે આઠ બાણેકરી યુધિષ્ઠિરને વીંધ્યા, એટલામાં દુર્યોધન રાજાએ જ્યાં ધર્મપુત્ર યુધિષ્ઠિર ઉભા હતા ત્યાં સાતસો રથ મોકલ્યા. રથિઓએકરી યુક્ત મન તથા વાયુ સરખા વેગવાળા તે રથસંગ્રામમાં યુધિષ્ઠિરના રથ સામે દોડ્યા. હે મહારાજ! રથિએ એ ચોતરફથી યુધિષ્ઠિર રાજાને વીંટી લેઇ મેઘ જેમ સૂર્યને અદૃશ્ય કરે તેમ બાણેકરી તેમને અદૃશ્ય કર્યા. કૌરવ તરફના યોદ્ધાઓએ એ રીતે કરેલા ધર્મરાજને જોઇ તે સહન ન કરી શક્યા એવા અત્યંત ક્રોધાયમાન થએલા શિખંડિ આદિ રથિઓ, ઘુઘરીયુક્ત જાલથી વીંટાયલા શ્રેષ્ઠ અશ્વયુક્ત રથે કરી કુંતિપુત્ર યુધિષ્ઠિરનું રક્ષણ કરતા ત્યાં આવ્યા. ત્યાર પછી પાંડવ તથા કૌરવોનો [illegible] [illegible] રૂધિરના [illegible] ભયંકર સંગ્રામ પ્રવર્તમાન થયો પંચાલ સહિત પાંડવ, [illegible] એવા કૌરવોના સાતસો રથિઓને હણી, વળી તેમને વારવા લાગ્યા. તે વેળાએ પાંડવોએ

તમારા પુત્ર સાથે મોટું યુદ્ધ થયું, તેવું યુદ્ધ અમે દીઠું તેમ સાંભળ્યું પણ નથી. એવી રીતે ચોતરફથી, નિર્મર્યાદ યુદ્ધ પ્રવર્તમાન થયું, તમારા તથા શત્રુ તરફના યોદ્ધાઓ હણાયા લાગ્યા; તેમજ યોદ્ધાઓના સિંહનાદ ઉત્તમ શંખના શબ્દ જેમાં થઇ રહ્યા છે એવા પ્રવર્તમાન થએલા તે યુદ્ધમાં, છેદાયાં છે મર્મસ્થાન જેમનાં એવા જયને ઇચ્છના યોદ્ધાઓ, ચોતરફ દોડતા હતા પૃથ્વી વિષે શોકનો છે સંભવ જેમાંથી એવા, ચોતરફથી સંહારવાળા, પૃથ્વીક ઉત્તમ સ્ત્રીઓના સીમંતનું ઉદ્ધરણ છે જેમા એવા, અતિ દારૂણ નિર્મર્યાદ તે મહાસંગ્રામમાં નાશસૂચક એવા અતિદારૂણ ઉત્પાત થતા હતા. શબ્દ કરતી પર્વત તથા વનસહિત પૃથ્વી ચલાયમાન થતી હતી. દંડ તથા ઉત્સુક સહિત ચોતરફ વિસ્તાર પામતી ઉલ્કાઓ, રવિમંડલને ઘેરતી આકાશમાંથી પૃથ્વી વિષે પડતી હતી. કાંકરાનો છે વર્ષાદ જેમાં એવા વાયુ ચોતરફથી વાતા હતા. હસ્તિઓ નેત્રમાંથી અશ્રુ મૂકતાં અત્યંત કંપાયમાન થતા હતા. અત્યંત દારૂણ ને ભયંકર એવા એ ઉત્પાતોનો અનાદર કરી સ્વર્ગપ્રત્યે જવાને ઇચ્છના અત્યંત સાવધાન થએલા વ્યથા રહિત ક્ષત્રિયો, પવિત્ર એવા રમણીય કુરૂક્ષેત્રમાં યુદ્ધમાં એકતાર થઇ રહ્યા હતા. ગાંધારરાજના પુત્ર શકુનિએ પોતાની તરફના યોદ્ધાઓને કહ્યું કે, તમે આગળ યુદ્ધ કરો ને હું પાછળથી પાંડવોને હણું, એવાં તેના વચન સાંભળી અમે આગળ જતા હતા, તેટલામાં પ્રસન્ન થએલા વેગવાન એવા મદ્રદેશના યોદ્ધાઓ કિલકિલ શબ્દ કરવા લાગ્યા. તેમજ લબ્ધ છે લક્ષ્ય જેમને એવા, ક્રોધથી સહન થાય નહિ એવા ધનુષ હલાવતા શત્રુઓ અમને મળી અમારી ઉપર બાણનો વર્ષાદ કરવા લાગ્યા. એ રીતે હણવા માંડેલા મદ્રરાજના સૈન્યને જોઇ, દુર્યોધનનું સૈન્ય વિમુખ થયું. બળવાન ગાંધાર રાજાએ તે સમે આવી રીતે વાક્ય કહ્યું કે—હે અધર્મને જાણનારાઓ ! યુદ્ધ કરો, ભાગવાથી તમને શું ફળ છે ? હે ભરતર્ષભ ! એવાં તેનાં વચન સાંભળી વિશાળ ભાલાથી યુદ્ધ કરનાર દશહજાર ઘોડેસ્વારનો નાયક પોતાનું સૈન્ય ક્ષય થવા છતાં તે બળથી પોતે પણ પરાક્રમ કરી પાછળથી પાંડવના સૈન્યને તીક્ષ્ણ બાણેકરી હણવા લાગ્યો. વાયુએ હણેલાં વાદળાંની પેઠે તેણે હણવા માંડેલું પાંડવનું અત્યંત મોટું સૈન્ય આમતેમ ભાગવા લાગ્યું. એવી રીતે રણથી નાસતા પોતાના સૈન્યને જોઇ, અવ્યગ્ર એવા યુધિષ્ઠિર રાજા મહા બળવાન સહદેવ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પાંડવ ! કવચવાળો આ સુબલપુત્ર, આપણા પાછલા ભાગને પીડિત કરી સૈન્યનો નાશ કરે છે. દુર્બુદ્ધિવાળા એને જો. દ્રાપદી પુત્રોસહિત ત્યાં જઇ સુબલપુત્ર શકુનિને હણ, અને હે અનઘ ! પંચાલ સહિત હું રથસૈન્યનો નાશ કરીશ. સર્વ અશ્વ તથા સર્વ હસ્તિઓને સંગાથે લેઇ ત્રણ હજાર પાયદળોથી વીંટાયલો તું શકુનિને હણ. એવાં યુધિષ્ઠિરનાં વચનથી, હાથમાં છે ધનુષ જેના એવા શરવીરોએ આરૂઢ સાતસો હસ્તિ, પાંચ હજાર અશ્વ લઇ પરાક્રમી સહદેવ, ત્રણ હજાર પાયદળ તથા દ્રૌપદીપુત્ર, ચોતરફથી સંગ્રામમાં યુદ્ધ દુર્મદ એવા શકુનિ સામે દોડયા. જયને ઇચ્છનાર પ્રતાપવાન સુબલપુત્ર શકુનિ પણ, હે રાજન્ ! પાંડવોને અતિક્રમણ કરી પાછળથી તેમની સેનાને હણવા લાગ્યો. તેમજ અત્યંત ક્રોધાયમાન થએલા ઘોડેસ્વાર સાથે વેગવાન રથ લઇને શકુનિના સૈન્ય પ્રત્યે સહદેવ પ્રવિષ્ટ થયો. એવી રીતે શકુનિના મોટા સૈન્ય પ્રત્યે ઉભેલા શરવીર ઘોડેસ્વાર સંગ્રામના મધ્યમાં બાણનો વર્ષાદ કરતા હતા. હે રાજન્ ! તમારા ખરાબ વિચારથી ઉત્પન્ન થએલ છે ગદા તથા ભાલા જેમાં એવા શરવીર પુરૂષોએ સેવન કરેલું મોટું યુદ્ધ પ્રવર્તમાન થયું. પ્રત્યંચાના શબ્દ જેમાં વિરામ પામ્યા છે તથા રથિઓ જેમાં પ્રેક્ષક થયા છે એવા તે

દેખું છું. અસ્ત્રવિદ્યામાં દ્રોણ તથા અર્જુન સરખા, વેગ વિષે વાયુ સમાન તથા ક્રોધ વિષે મહેશ્વરની જેને ઉપમા અપાય એવા ભીમસેનને સંગ્રામમાં કોણ હણી શકશે? હે સંજય! શત્રુને મારનાર મનસ્વી ભીમસેને, પૂર્વે જે વખતે મહા બળવાન યક્ષ તથા રાક્ષસોને માર્યા હતા, તે જ વખતે મારા સર્વ પુત્રોને ન માર્યા, એજ હું તો અતિ લાભ માનું છું. હે સૂત! બાળક હતો ત્યારે પણ મારે વશ રહેતો નહીં, તો હવે તેના વેગને રણ સંગ્રામમાં સાધારણ મનુષ્ય કેમ સહન કરી શકે? આ વખતે તો મારા દુષ્ટ પુત્રોએ કલેશ પમાડેલો છે, તેથી તે કઠોર વાણી વાળો, અતિ ક્રોધી, આડી નજરે જોનાર, ક્રોધયુક્ત ભ્રકુટિવાળો તથા નાશ પામે પણ નમે નહીં એવો ભીમસેન કેમ શાંતિ પામે? જે સરખો, બીજો કોઈ બળવાન નથી, ગૌર છે વર્ણ જેનો, તાલ વૃક્ષની પેઠે ઉંચો, અર્જુનથી પણ કદમાં અધિક, વેગે કરી ઘોડાને તથા બળે કરી હાથીને અતિક્રમણ કરનાર, ધીરે બોલનાર, મત્ત છે નેત્ર જેનાં, બળવાન, ક્રૂર પરાક્રમવાળો તથા ભયંકર પાંડવ ભીમસેન લોહદંડથી રથ, હસ્તિ, ઘોડા તથા મનુષ્યોને પણ હણશે, એમ મેં વ્યાસજીના મુખ થકી પૂર્વે સાંભળેલું છે. પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ, ક્રોધી, ઉલટાં કામ કરનાર તથા પૂર્વે મેં અપમાન કરેલો ભીમસેન, જ્યારે સરખી, જાડી, સુંદર પડખાંવાળી, સુવર્ણથી શોભિતી હજારોને મારનારી તથા મોટા શબ્દવાળી પોતાની લોહમય ગદાને સંગ્રામમાં ફેંકશે, ત્યારે તેને મારા પુત્રો કેમ સહન કરી શકશે? જેમ કોઈ, પાર વિનાના, વહાણ ન ચાલે એવી અગાધ લહેરોથી ભયંકર તથા દુઃખથી અંદર જઈ શકાય નહીં એવા સમુદ્રને તરી જવાને ઈચ્છે, તેમજ પાર વિનાના, કોઈથી ઉલ્લંઘન થાય નહીં એવા, અગાધ બાણોથી ભયંકર તથા દુઃખથી જેની પાસે જઈ શકાય નહીં એવા, ભીમસેનરૂપી સમુદ્રને મારા મંદબુદ્ધિવાળા પુત્રો તરવાને ઈચ્છે છે! "અમે પંડિત છીયે" એમ માનનાર તથા બાલકબુદ્ધિવાળા મારા પુત્રો, હું બોલાવું છું પણ સાંભળતા નથી; અને વિષમને મધ જાણી પીવાને ઇચ્છે છે, તથા સિંહ સાથે જેમ હસ્તિયો યુદ્ધ કરવા ઇચ્છે, તેમ મનુષ્યના સરખી આકૃતિવાળા સાક્ષાત કાળરૂપ ભીમસેન સાથે યુદ્ધ કરવાને ઇચ્છે છે, તે વિધાતાએ તેમને છેતર્યા એમાં સંશય નહીં. "નીચે પડશે તો પૃથ્વીને ફાડી નાખશે," એવી શંકાથી રાખેલી, ચાર હાથ લાંબી છ ખૂણાથી શોભિતી, ઘણાંક પરાક્રમવાળી તથા દુઃખરૂપ છે સ્પર્શ જેનો એવી ભીમસેને નાખેલી ગદાને મારા પુત્રો કેમ સહન કરી શકશે? ગદાને ચોતરફ ભમાવતો, હસ્તિયોનાં મસ્તકોને ભેદતો, બે હોઠના બાજુના ભાગને વારંવાર ચાટતો, ફુંફાડા મારતો, હાથી સામે કૂદતો, ભયંકર શબ્દ કરતો, હાથી સામે ગર્જના કરતો તથા રથમાર્ગમાં જઈ શ્રેષ્ઠ યોદ્ધાઓને હણતો ભીમસેન પ્રજ્વલિત અગ્નિની પેઠે મારી પ્રજાને બાળી નાખશે ને રથનો માર્ગ કરતાં જાણે નાચતો હોય નહીં તેની પેઠે હાથમાં ગદા લઈ મારી સેનાનો નાશ કરશે. જેમ મદ ઝરતો હસ્તિ ફુલથી શોભતાં વૃક્ષોને ભાંગતો વનમાં પ્રવેશ કરે, તેમ પુરૂષમાં સિંહરૂપ ભીમસેન રથમાં બેસનાર, ઘોડેસ્વાર, સારથિ, ઘોડા તથા ધ્વજાઓનો નાશ કરતો મારા પુત્રોની સેનામાં પ્રવેશ કરશે! હે સંજય! પાણીવાળી જગ્યામાં કાંઠા ઉપર રહેલાં વિવિધ પ્રકારનાં વૃક્ષોને જેમ ગંગાનો વેગ ભાંગી નાખે; તેમ મારા પુત્રોની સેનાને ભીમસેન ભાંગી નાખશે! હે સૂત! મારા પુત્રો, નોકરો તથા અમારી તરફ આવેલા બીજા રાજાઓ પણ, ભીમસેનના ભયથી પીડિત થઈ નિશ્ચય દિશાઓ તરફ નાસી જશે. મગધ દેશના બળવાન તથા બુદ્ધિમાન જરાસંધ રાજાએ સઘળી પૃથ્વી પોતાને વશ કરી રાખી હતી, ને જેને કેવળ ભીષ્મના પ્રતાપથી કૌરવો તથા યુક્તિથી

યુદ્ધમાં પોતાના તથા પારકાઓમાંથી કોઇનો વિશેષ દેખાતો ન હતો. તે વખતે હે આર્તાર્જ્ઞ ! શરપુરૂષના બાહુમાંથી મૂકાયલી સાંગોના ઉપરા ઉપરી થતા સરખા સંપાત કૌરવ તથા પાંડવો જોતા હતા. હે વિશાંપતે ! તે મહાસંગ્રામમાં તે તે સ્થાનકે પડતી એવી નિર્મળ તરવારોએ કરી વીંટાઇ ગએલું આકાશ અત્યંત શોભતુ હતુ. હે ભરતસત્તમ ! હે રાજન્ ! ચોતરફથી પડતા ભાલાઓનું રૂપ, આકાશ વિષે ઉડતાં તીડ નામના જંતુના ટોળા જેવું દીસતું હતું. વીંધાયા છે સ્વાર જેમના એવા રૂધિરે કરી વ્યાપ્ત સર્વ અંગવાળા સેંકડો તથા હજારો અશ્વ, રણભૂમિ વિષે પડતા હતા. પરસ્પર પીસાવલા, ચોતરફથી ક્ષત થએલા કેટલાક અશ્વ, પરસ્પર પ્રાપ્ત થઇ મુખે કરી રૂધિરનું વમન કરતા દેખતા હતા. તેટલામા સૈન્યથી ઉડેલી રજે કરી વીંટાયલા સૈન્યમા ઘોર એવા અંધકાર ઉત્પન્ન થયો. હે અરિંદમ ! તે સ્થાનકેથી નાસી જતા અશ્વ તથા મનુષ્યોને હું જોતો હતો. એક બીજાના કેશ ગ્રહણ કરેલા ઘણાક રૂધિરનુ વમન કરતા પૃથ્વી ઉપર પડેલા બીજા કેટલાક પુરુષો, ચેષ્ટા કરવા પણ સમર્થ થતા ન હતા. અશ્વના પૃષ્ટ ઉપરથી એક બીજાને આકર્ષણ કરતા મહા બળવાન કેટલાક યોદ્ધાઓ, મલ્લની પેઠે એક બીજાને મળી પરસ્પર હણતા હતા પ્રાણ રહિત એવા કેટલાએક યોદ્ધાઓને ખેંચી જતા ઘોડાઓ, તે તે ઠેકાણે દોડતા હતા. તેમજ જીતવાની છે ઇચ્છા જેમને એવા શૂરવીરો પૃથ્વીપર પડેલા ઘણાક પુરૂષ, તે તે સ્થાનકે દેખતા હતા. રૂધિરે કરી વ્યાપ્ત, કપાઇ ગયા છે હાથ જેમના, અને ખેંચાઇ ગયા છે કેશ જેમના એવા સેંકડો તથા હજારો યોદ્ધાથી વીંટાયલી પૃથ્વી દેખાતી હતી. તે સમયે સ્વાર સહિત હણાયલા અશ્વે કરી વીંટાયલા પૃથ્વીતલ પર કોઇ પણ અશ્વ, દૂર જવા સમર્થ થતો ન હતો. રૂધિરે કરી વ્યાપ્ત છે કવચ જેમનાં, શસ્ત્ર ગ્રહણ કરેલા, ઉઘાડાં આયુધવાળા, ઘોર એવા નાના પ્રકારના શસ્ત્રેકરી પરસ્પર વધને ઇચ્છતા, અત્યંત પાસે ઉભેલા, હણાયા છે ઘણાક સૈનિકો જેમના એવા સૈનક સહિત સુબળપુત્ર શકુનિ, સંગ્રામ વિષે યુદ્ધ કરી, હે વિશાંપતે ! બાકી રહેલા છ હજાર અશ્વસહિત ત્યાંથી દૂર જતો રહ્યો. તેમજ રૂધિરે કરી વ્યાપ્ત થયાં છે વાહન જેના એવું પાંડવોનું સૈન્ય પણ બાકી રહેલા છ હજાર અશ્વસહિત ત્યાંથી દૂર ગયુ. તે સમે રૂધિરેકરી વ્યાપ્ત શરીરવાળા અને અત્યંત નજીકના તે સંગ્રામમાં ત્યાગ કર્યું છે જીવિત જેમણે એવા પાંડવ તરફના ઘોડેસ્વાર કહેવા લાગ્યા કે, રથિઓ સાથે અમે યુદ્ધ કરવા સમર્થ થતા નથી, ત્યારે મોટા હસ્તિઓ સાથે તો ક્યાંથીજ થઇએ ? માટે રથિપ્રત્યે રથિઓ જાઓ, અને હસ્તિઓ, હસ્તિ સામે જાઓ, એટલે પોતાના સૈન્ય વચ્ચે ઉભેલો સુબલપુત્ર શકુનિ યુદ્ધમાં ફરીથી આવશે નહિ, તેટલામાં તો દ્રૌપદીના પુત્ર, તથા મદોન્મત્ત એવા મોટા હસ્તિઓ, જ્યાં પાંચાલ્ય એવો મહારથિ ધૃષ્ટદ્યુમ્ન હતો ત્યાં ગયા. તેમજ હે કૌરવ ! રજનો વર્ષાદ ઉત્પન્ન થયો તેને જોઇ એકલો સહદેવ પણ જ્યાં યુધિષ્ઠિર રાજા હતા ત્યાં ગયો. એવી રીતે તે બધાં ગયા, તે સમયે વળી ક્રોધાયમાન થયેલો સુબળપુત્ર શકુનિ, ધૃષ્ટદ્યુમ્નની સેનાને પડખેથી હણવા લાગ્યો, ત્યારે પણ વળી પરસ્પર વધને ઇચ્છતા એવા તમારા તથા પારકાઓનો પ્રાણનો જેમાં ત્યાગ થતો હતો એવો સંગ્રામ પ્રવર્તમાન થયો. શૂરવીરના સમાગમ વિષે હે રાજન્ ! પરસ્પર નિરીક્ષણ કરતા એવા સેંકડો તથા હજારો યોદ્ધાઓ સંગ્રામ વિષે પડતા હતા. લોકના ભયંકર સંક્ષયવાળા તે સંગ્રામમાં, તલવારથી કપાઇ નીચે પડતાં મસ્તકોનો, પૃથ્વી વિષે પડતાં તાલફલોના જેવો મોટો શબ્દ થતો હતો.

હે વિશાંપતે! શસ્ત્રથી કપાઇ ગએલાં પૃથ્વી ઉપર પડતાં શરીરોનો, આયુધ સહિત પડતા બાહુનો તથા સાથળોનો રૂવાં ઉભા કરે એવો અત્યંત મોટો કડકડાટ શબ્દ થતો હતો. તીક્ષ્ણ શસ્ત્રેકરી ભાઇઓ, પુત્ર તથા મિત્રોને પરસ્પર હણતા યોદ્ધાઓ માંસ વાસ્તે જેમ પક્ષિઓ લડે તેમ રણમાં લડતા હતા. પરસ્પર અત્યંત ક્રોધાયમાન થએલા હજારો યોદ્ધાઓ એકબીજાને મળી 'હું પૂર્વે, હું પૂર્વે' એમ કરી પરસ્પર હણતા હતા. સંઘાતને લીધે આસનથી ભ્રષ્ટ થએલા પ્રાણરહિત સ્વાર સહિત સેંકડો તથા હજારો અશ્વ પણ રણભૂમિપર પડતા હતા. હે રાજન્! તમારા ખરાબ વિચારને લીધે સ્ફુરાયમાન પરસ્પર પીસાયલા ઉતાવળે ચાલનાર અશ્વોનો, શબ્દ કરતો કવચ પહેરેલા મનુષ્યોનો, તથા પરનાં મર્મસ્થાન ભેદતાં શક્તિ, તલવાર તથા ભાલાંઓનો એકઠો મળેલો ભયંકર શબ્દ થતો હતો. દારૂણ સંગ્રામમાં પરાભવ પામેલા અત્યંત ક્રોધાયમાન, થાકી ગયાં છે વાહન જેમનાં એવા, તીક્ષ્ણ શસ્ત્રેકરી ક્ષત થએલા એવા, તૃષાથી પીડિત થએલા તમારી તરફના યોદ્ધાઓ સામે ઉભા હતા. રૂધિરના ગંધેકરી મત્ત, બેભાન થએલા ઘણાક યોદ્ધાઓ, એકબીજા સામે પ્રાપ્ત થએલા, પોતાના તથા પરના યોદ્ધાઓને હણતા હતા હે રાજન્! જયને ઇચ્છતા બાણવૃષ્ટિથી વીંટાયલા ઘણાક ક્ષત્રિયો પ્રાણરહિત થઇ પૃથ્વીવિષે પડતા હતા. વૃક, ગૃધ્ર તથા શિયાળિયાંઓને આનંદ આપનાર દિવસ વિષે તમારા પુત્રના જોતાં ઘોર એવા સૈન્યનો ક્ષય થતો હતો હે વિશાંપતે! તે વખતે નર તથા અશ્વની કાયાએ કરી ઢકાઇ ગએલી, રૂધિરરૂપી ઉદકે કરી વિચિત્ર દેખાતી એવી, ભીરૂ પુરૂષોને ભય વધારનારી રણભૂમિ થઇ રહી હતી. હે ભારત! તરવાર, પટ્ટ તથા ત્રિશૂલેકરી પરસ્પર હણતા તમારા તથા સામાના યોદ્ધાઓ સંગ્રામમાંથી નિવૃત્ત થતા ન હતા. બળ તથા શક્તિ પ્રમાણે પરસ્પર પ્રહાર કરતા વણેકરી યુક્ત બીજા યોદ્ધાઓ પણ રૂધિરનું વમન કરી પૃથ્વીપર પડતા હતા. ભયંકર એવી રણભૂમિમાં એક હાથેકરી ઉગામેલું છે ખડ્ગ જેણે એવા બીજા હાથમાં કેશવાળાં મસ્તકને બેડાળ એવાં ધડ ચોતરફ દેખાતાં હતાં. હે નરાધિપ! તે રીતે ઉઠેલા ઘણાક ધડના રૂધિર ગંધેકરી યોદ્ધાઓ, મોહને પ્રાપ્ત થતા હતા. ત્યારપછી યુદ્ધ ઘોર મંદ થયો તેને જોઇ સુબલપુત્ર શકુનિ, બાકી રહેલા થોડા અશ્વસહિત, પાંડવના મોટાં સૈન્ય સામે આવી ઉભો. જયને ઇચ્છતા ઉગામેલાં આયુધવાળા ઘોડેસ્વાર ક્રોધ કરી ચોતરફથી એને તિરસ્કાર કરી નાના પ્રકારનાં શસ્ત્રથી હણવા લાગ્યા. ચોતરફથી દોડયા આવતા તેમને જોઇ તમારી તરફના રથ, અશ્વ, પાયદળ તથા હસ્તિઓ, પાંડવો સામે દોડયા. ક્ષીણ થયાં છે શસ્ત્ર જેમનાં એવા કેટલાક શૂરવીર પાયદળો, પાટુ તથા મુષ્ટિએ કરી પરસ્પર હણી સંગ્રામમાં પડતા હતા. પુણ્યનો ક્ષય થવાથી સ્વર્ગમાંથી ભ્રષ્ટ થએલા સિદ્ધ, જેમ વિમાનમાંથી પડે તેમ રથિઓ, રથ ઉપરથી અને હસ્તિ ઉપર બેસનાર, તે ઉપરથી નીચે પડતા હતા. એ રીતે બીજા કેટલાક યોદ્ધાઓ, મહા સંગ્રામમાં સાવધાન થઇ પિતા, ભાઇ, વયસ્ય તથા પુત્ર સામે પણ પરસ્પર લડતા હતા. હે ભરતસત્તમ! એ રીતે વર્તતા અતિ દારૂણ એવા સંગ્રામમાં પ્રાસ, ખડ્ગ તથા બાણેકરી સંકુલ એવું મર્યાદા રહિત યુદ્ધ ચાલતું હતું.

एवमासीदमर्यादं युद्धं भरतसत्तम ।
प्रासासिबाणकलिलं वर्तमाने सुदारुणे ॥

इति श्रीमहाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां त्रयोविंशो-ऽध्यायः॥ २३ ॥

અધ્યાય ૨૪ મો. દુર્યોધનનું અશાંત વેર.

संजय उवाच—तस्मिन् शब्दे मृदौ जाते पांडवैर्निहते बले।
अश्वैः सप्तशतैः शिष्टैरुपावर्तत सौबलः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે શબ્દ મૃદુ થયો અને પાંડવોએ સૈન્યને હણ્યુ તે સામે સુબલપુત્ર શકુનિએ બાકી રહેલા સાતસો અશ્વ સહિત પાછા વળી જલદી સેના પ્રત્યે જઇ, 'હે શત્રુને દમન કરનાર યોદ્ધાઓ! સંહૃષ્ટ થઇ તમો વારંવાર યુદ્ધ કરો' એવી રીતે તેમને કહી ક્ષત્રિયોને પૂછ્યું કે મહા બળવાન રાજા ક્યાં છે? શકુનિનાં એવાં વચન સાંભળી હે ભરતર્ષભ! તેમણે કહ્યુ કે, જ્યાં પૂર્ણ ચન્દ્ર સરખી કાંતિવાળું અત્યંત મોટું છત્ર દેખાય છે, અને જ્યાં કવચ પહેરેલા રથિઓ ઉભા છે તથા જ્યાં મેઘના શબ્દની જેને ઉપમા અપાય એવો ભયંકર મોટો શબ્દ થઇ રહ્યો છે, કૌરવ્ય એવા મહા બળવાન રાજા ત્યાં ઉભો છે વસ્તે હે રાજન્! જલદી ત્યાં જાઓ એટલે તે કૌરવરાજને તુ દેખીશ. એવી રીતે યોદ્ધાઓને જેણે કહ્યું છે એવો સુબલપુત્ર શકુનિ, હે નરાધિપ! જ્યા સંગ્રામમાં વિચિત્ર પ્રકારથી યુદ્ધ કરનાર શૂરવીરોએ કરી ચોતરફથી વીટાયલો તમારો પુત્ર હતો ત્યાં જઇ, રથસૈન્યના મધ્યમાં ઉભેલા દુર્યોધનને જોઇ તમારી તરફના સર્વ રથિઓને હર્ષ પમાડતો તથા કર્યુ છે કાર્ય જેણે એવો પોતાના આત્માને માનતો હૃષ્ટરૂપવાળો શકુનિ, દુર્યોધન રાજા પ્રત્યે આવી રીતે વીરવચન કહેવા લાગ્યો. હે રાજન્! સર્વ અશ્વને મેં જીતી લીધા છે અને રથસૈન્યને તું હણ. કેમકે જીવિતનો ત્યાગ કર્યા વગર સંગ્રામમાં યુધિષ્ઠિરને જીતવા સમર્થ થવાય નહિ. પ્રાણનો ત્યાગ કરી પાંડવે પાલન કરેલા રથસૈન્યને હણી હસ્તિઓને તથા બીજા પાયદળોને પણ મારી નાંખ. એવાં તેનાં વચન સાભળી જયને ઇચ્છતા હૃષ્ટ થએલા તમારી તરફના યોદ્ધાઓ, વેગેકરી પાંડવની સેના સામે દોડી ખુલ્લા રાખ્યા છે મુખ જેમણે એવા હાથમાં ધનુષ ગ્રહણ કરેલા સર્વ યોદ્ધાઓ, ધનુષ હલાવતાં સિંહનાદ કરવા લાગ્યા. હે વિશાંપતે! પ્રત્યંચા તથા તલાંનો અને સારી રીતે મૂકેલા બાણનો અતિ દારૂણ એવો શબ્દ ઉત્પન્ન થતો હતો. ઉગા-મેલાં છે ધનુષ જેમણે એવા વેગેકરી સમીપ આવેલા તેમને જોઇ કુંતિપુત્ર અર્જુન, દેવકીપુત્ર ભગવાનને કહેવા લાગ્યા કે અસભ્રાંત એવા તમે અશ્વને ચલાવી આ સૈન્યરૂપી સમુદ્ર પ્રત્યે પ્રવેશ કરો, કેમકે આજ તીક્ષ્ણ બાણેકરી, હુ શત્રુઓનો અંત આણીશ. હે જનાર્દન! પર-સ્પર પ્રાપ્ત થઇ વર્તતા મોટા યુદ્ધને આજ અઢાર દિવસ થયા એટલામાં નથી અંત જેનો એવી આ મહાત્માની સેના યુદ્ધ કરી આજસુધી ક્ષયને પામ થવા આવી છે. વિપરીત દૈવને તો તમે જુવો. હે માધવ! હે અચ્યુત! સમુદ્ર સરખું દુર્યોધનનું સૈન્ય, આપણને પ્રાપ્ત થઇ ગોષ્પદની જેને ઉપમા અપાય એવું તુચ્છ થઇ ગયું. હે માધવ! ભીષ્મ હણાયા તે વખતેજ જો તેણે સંધી કરી હત તો સર્વનું કલ્યાણ થાત, તથાપિ સુબાલિશ એવા મૂઢ દુર્યોધને તેમ કર્યું નહિં; તેમજ હે માધવ! ભીષ્મે તેના હિતરૂપ જે સત્યવાક્ય કહ્યાં તે પ્રમાણે પણ બુદ્ધિ રહિત એવા દુર્યોધને કર્યું નહિં: ને તે અતિશય મોટા એવા ભીષ્મ પ્રથમ

ત્યાર પછી પણ યુદ્ધ પ્રવર્તમાન થયું તેનું કારણ હું જાણતો નથી. મુખ્યાભિલાષ એવા ધૃતરાષ્ટ્ર પુત્રોને હું મૂઢ માનું છુ. શંતનુના પુત્ર પડયા તે પછી પણ પાછા યુદ્ધમાં પ્રવર્ત-માન થયા. બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણ હણાયા, બાકી રહેલા આ સૈન્ય વિષે પુરૂષમાં સિંહરૂપ એવો, પુત્ર સહિત રાધાપુત્ર કર્ણ પડયો વિકર્ણ મરાયો તોપણ તારૂં વૈર શાંત થયું નહિ. હે જનાર્દન ! શૂરવીર શ્રુતાયુધ, પૌરવ જલસંધ, રાજા શતાયુધ, ભૂરિશ્રવા, શલ્ય, શાલ્વ, શૂરવીર આવંત્ય, જયદ્રથ, અલાયુધ, રાક્ષસ બાહ્લિક, સોમદત્ત, શૂરવીર ભગદત્ત, અત્યંત દારૂણ એવો કાંબોજ, તથા દુઃશાસન ઇત્યાદિ સર્વ હણાયા તે પણ તેના વૈરની શાંતિ થઈ નહિ. હે કૃષ્ણ ! જૂદા જૂદા બળવાન શૂરવીરમાં માંડલિક રાજાઓ હણાયા, તેમજ મોહથી વા લોભથી ભીમસેને અક્ષૌહિણીના પતિને પાડયા, તેમને જોઇને એનું વૈર શાંત થયું નહિ, માટે રાજાના કુળમાં ઉત્પન્ન થએલો તેમાં વિશેષેકરી કોરવ વંશીય એવા દુર્યોધન વિના બીજો કોણ નિર્થક મોટું વૈર ન કરે. ગુણ, બળ તથા શોર્યકરી શત્રુઓને પોતાથી અધિક જાણીને હિતહિતને જાણનાર અમૂઢ એવો પ્રાજ્ઞ પુરૂષ, કોણ યુદ્ધ કરે. જેને પાંડવ સાથે સલાહ કરવાનાં તમે હિતરૂપ વચન કહ્યાં હતાં તેમ કરવાનું પણ મન થયું નહિ તે દુર્યોધન, બીજાનું કેમ સાંભળે ? જેણે શાંતિ વાસ્તે યત્ન કરતા શંતનુ પુત્ર ભીષ્મ, શૂરવીર દ્રોણાચાર્ય તથા વિદુરને પણ ના કહી હતી, તેનું હવે આજ શું ઓષધ થાય ? તેમજ જેણે હે જનાર્દન ! મૂર્ખપણાથી વૃદ્ધ એવા પિતાનાં તથા હિતૈષિણી એવી માતાનાં હિતરૂપ વચન પણ માન્ય કર્યા નહતાં તેને કોનાં વચન રૂચે ? હે જનાર્દન ! દુર્યોધન અવશ્ય કુળનો નાશ કરવા વાસ્તેજ ઉત્પન્ન થયો છે એમાં સંશય નહિ; કેમકે એની નીતિ તથા ચેષ્ટા તેવીજ દેખાય છે હે અચ્યુત ! મારી મતિ પણ એવીજ હતી કે આ, આપણને રાજ્ય નહિ આપે અને મહાત્મા વિદુરે પણ ઘણી વાર મને કહ્યું હતું કે જીવતો દુર્યોધન તને ભાગ નહિ આપે, ને જ્યાં સૂધી એના પ્રાણ રહેશે ત્યાં સૂધી દુર્મતિવાળો તે, નિષ્પાપ એવા તમારે વિષે પાપ કર્યા કરશે. વાસ્તે યુદ્ધ વિના બીજી રીતે તમે અને વિદુર નિરંતર મને કહેતા હતા વળી બીજાું જે કંઈ તે મહાત્મા વિદુરે મને કહ્યું હતું તે સર્વ આજ હું તે દુરાત્માનો નિશ્ચય જોઇ ખરૂં માનું છું. કાળના મુખવિષે રહે-લા દુર્બુદ્ધિવાળાએ પરશુરામનાં યથાર્થ પથ્યરૂપ વચન સાંભળી તેનો પણ અનાદર કર્યો હતો અને તેનો જન્મ થયો તે વખતે પણ ઘણાક સિદ્ધ પુરૂષોએ કહ્યું હતું કે આ દુરાત્માને પ્રાપ્ત થઇ ક્ષત્રિયો નાશ પામશે. હે જનાર્દન ! સિદ્ધ પુરૂષોના કહેવા પ્રમાણેજ ક્ષત્રિયો દુર્યોધન વાસ્તે નાશ પામ્યા. હે માધવ ! હું આજ સંગ્રામમાં સર્વ યોદ્ધાઓને હણીશ. અને યો-દ્ધાઓ હણાયા પછી શિબિર શૂન્ય થશે ત્યારે પોતાના વધ વાસ્તે તેને આપણી સાથે સંગ્રામ રૂચશે. હે માધવ ! હે વાર્ષ્ણેય ! વિદુરના વાકયથી તથા આ દુરાત્માની ચેષ્ટાએકરી મારી બુદ્ધિથી પણ હું વિચાર કરૂં છું, અને અનુમાને કરી મને એવું ભાસે છે કે તેના અંતરનું વૈર આજ સમાપ્ત થશે માટે હે વીર ! હે મહાબાહો ! સંગ્રામમાં જ્યાં સૂધી તીક્ષ્ણ બાણેકરી દુર્યોધનને તથા એની સેનાને હણું ત્યાં સૂધી તેની સેના તરફ મને લઇ જાઓ. હે માધવ ! આજ દુર્યોધન જોતાં દુર્બળ એવા એ સૈન્યને હણી હું ધર્મરાજનું કલ્યાણ કરીશ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે અર્જુને જેને કહ્યું છે એવા હાથમાં ચાબુક વાળા નિર્ભય શ્રીકૃષ્ણ, બળે કરી શત્રુઓના સૈન્યસમુદાયમાં પ્રવિષ્ટ થઇ ભાલા તથા ખડ્ગરૂપ શર નામના તૃણેકરી ઘોર, શક્તિ રૂપી કંટકે કરી સંકુલ, રથ તથા હસ્તિ રૂપ છે મોટા વૃક્ષો

જેમાં, અશ્વ તથા પાયદળ રૂપ લતાએ કરી સંકીર્ણ વન જેવા માર્ગે ગદા તથા પરિઘને વહન કરતા મોટા યશવાળા ગોવિંદ ભગવાન, સુંદર પતાકાવાળા રથે કરી ત્યાં વિચરતા હતા. હે રાજન્ ! સંગ્રામમાં અર્જુનને વહન કરતા શ્રીકૃષ્ણે પ્રેરણા કરેલા શ્વેત અશ્વ, સર્વ દિશાઓમાં દેખાતા હતા. એ રીતે મેઘ જેમ જલધારાઓ વરસાવે તેમ તીક્ષ્ણ એવાં સેંકડો બાણને મૂકતા શત્રુને તપાવનાર અર્જુન, રથે કરી સંગ્રામમાં આવ્યા તે સમે અર્જુને બાણેકરી કાપેલાં નતપર્વ એવાં શત્રુના બાણોનો મોટો શબ્દ ઉત્પન્ન થતો હતો, ઇન્દ્રના વજ્ર સરખા સ્પર્શવાળા ગાંડીવમાંથી મૂકાયલા અર્જુનના બાણના ઓઘ, શત્રુઓના કવચને ભેદી પૃથ્વીપર પડતા હતા. હે વિશાંપતે ! અર્જુનનાં શબ્દ કરતાં બાણ, નર, હસ્તિ તથા અશ્વને હણી પતંગ નામના જંતુની પેઠે સંગ્રામમાં પડતાં હતાં. ગાંડીવમાંથી નીકળેલા બાણેકરી બધું ઢંકાઇ ગયું તેથી સંગ્રામમાં દિશા તથા વિદિશાઓ પણ જણાતી ન હતી. સુવર્ણના પુંખવાળા તૈલેકરી ધૌત, શરાણિઆએ સજેલાં પાંડવના નામથી અંકિત બાણેકરી સર્વ જગત પૂર્ણ થઇ ગયું. અગ્નિ જેમ હસ્તિઓને બાળવા માંડે તેમ અર્જુને બાળવા માંડેલા તથા તીક્ષ્ણ બાણેકરી હણેલા તે, અર્જુનને છોડતા ન હતા. બાણ તથા ધનુષ ધરેલા પ્રજ્વલિત સૂર્યસરખા અર્જુન, પ્રજ્વલિત એવો અગ્નિ જેમ સુકા ઘાસના સમુદાયને બાળે તેમ યોદ્ધાઓને બાળતા હતા. જેમ વનના પાળનારાઓએ વનના અંતમાં મૂકેલો સુંદર શબ્દવાળો અત્યંત વૃદ્ધિ પામેલો પ્રતાપી અગ્નિ, સુકા ઘાસ, લતા સમુદાય તથા ઘણાંક વૃક્ષને બાળે, તેમ નારાચ ગણેકરી પ્રતાપી, બાણરૂપી જ્વાળાવાળો, તીક્ષ્ણ છે તેજ જેનું એવો અસહનશીલ વેગવાળો અર્જુન, તમારા પુત્રની સર્વ સેનાને બાળતો હતો. સુવર્ણની પુંખવાળાં સારી રીતે મૂકેલાં પ્રાણ હરનારાં બાણ, શત્રુ સૈન્યમાં જઇ તેમનાં મર્મસ્થાન ભેદતાં હતાં; તેથી નર, અશ્વ તથા પરમ એવા હસ્તિ વિષે પણ તેને બીજું બાણ મૂકવું પડતું ન હતું. અનેક તરેહનાં છે રૂપ તથા આકૃતિ જેમની એવા બાણેકરી મોટા રથસૈન્યમાં પ્રવિષ્ટ થઇ એકલા અર્જુન, વજ્રપાણિ એવો ઇન્દ્ર જેમ દૈત્યોને હણે તેમ તમારા પુત્રની સેનાને હણતો હતો.

अनेकरूपाकृतिभिर्हि बाणैर्महारथानीकमनुप्रविश्य ।
स एव एकस्तव पुत्रस्य सेनां जघान दैत्यानिव वज्रपाणिः ॥

इति श्री महाभारते शल्यपर्वणि संकुलयुद्धे गुर्जरभाषायां चतुर्विंशो-ऽध्यायः ॥ २४ ॥

અધ્યાય ૨૫ મો. દુર્યોધનનું પલાયન.

संजय उवाच—पश्यतां यतमानानां शूराणामनिवर्तिनां ।
संकल्पमकरोन्मोघं गांडीवेन धनंजयः ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! સંગ્રામમાંથી પાછા ન ફરનાર યત્ન કરતા શૂરવીરોનો અર્જુને, ગાંડીવ ધનુષેકરી સંકલ્પ ફોકટ કર્યો. જલધારાને મૂકતો મેઘ જેમ આકાશમાં દેખાય તેમ ઇન્દ્રનાં વજ્ર સરખાં સ્પર્શવાળાં કોઇથી સહન થાય નહિ એવાં મહા તીક્ષ્ણ બાણ મૂકતો અર્જુન, સંગ્રામમાં દેખાતો હતો. એ રીતે અર્જુને હણવા માંડેલું સૈન્ય હે ભરતશ્રેષ્ઠ ! તમારા પુત્રના જોતાં સંગ્રામમાંથી નાસવા લાગ્યું. કેટલાક તો પિતા, ભાઇ તથા વયસ્યોને

છોડી દેઇ નાસવા લાગ્યા. હે વિશાંપતે! કેટલાક તો હણાયા છે અશ્વ, સારથિ તથા ધ્વજા જેઓના એવા અને બીજા ભાગ્યા છે આરા, ધોંસરી, ચક્ર અને ઈષ નામનું રથાંગ જેઓનું એવા થયા. કેટલાકનાં બાણ ક્ષીણ થઇ ગયાં, કેટલાક બાણથી પીડિત થએલા અજ્ઞાન જેવા કેટલાક એકદમ ભાગવા લાગ્યા. હણાયા છે ઘણાક બાંધવ જેમના એવા કેટલાક પુત્રોને લેઇ આક્રોશ કરતા હતા. બીજા કેટલાક, હે નરવ્યાઘ્ર! પિતાને, સહાયને, બાંધવને તથા સંબંધિઓને છોડી દેઇ તે તે ઠેકાણે નાસી જતા હતા. અત્યંત વિંધાવાથી મોહ પામી ગએલા ઘણાક મહારથિઓ શ્વાસોચ્છ્વાસ કરતા દેખાતા હતાં. તેમને રથમાં બેસાડી બે ઘડી આશ્વાસના કરી થાકી ગએલા તૃષ્ણારહિત બીજા યોદ્ધાઓ, વળી યુદ્ધ વાસ્તે જતા હતા. તમારા પુત્રની આજ્ઞાને માનનારા યુદ્ધમાં દુર્મદ એવા કેટલાક યોદ્ધાઓ તેમને છોડી દેઇ વળી યુદ્ધ વાસ્તે જતા હતા. બીજા કેટલાક જળપાન કરી વાહનની આશ્વાસના કરી કવચ પેહેરી યુદ્ધ કરવા સાવધાન થયા. કેટલાક યોદ્ધાઓ તો, ભાઇઓને આશ્વાસના કરી તેમને ત્યાં તંબુમાં નાખીને, યુદ્ધ વાસ્તે તૈયાર થયા. તેમજ બીજા કેટલાક યોદ્ધાઓ પુત્ર તથા પિતાને તંબુમાં છોડી દેઇ યુદ્ધ વાસ્તે સજ્જ થયા. કેટલાક મુખ્ય યોદ્ધાઓ, રથને તૈયાર કરી પાંડવના સૈન્ય પ્રત્યે જઈ યુદ્ધ કરવા લાગ્યા. ઘુઘરીઓની જાલેકરી ઢંકાઇ ગએલા શૂરવીર, ત્રૈલોક્યનો વિજય કરવા સજ્જ થએલા દૈતેય તથા દાનવ જેવા શોભે તેવા શોભતા હતા. કેટલાક શૂરવીરો તો સુવર્ણથી શોભિતા રથેકરી તત્કાળ પાંડવના સૈન્ય વિષે આવી ધૃષ્ટદ્યુમ્ન સાથે યુદ્ધ કરવા લાગ્યા. પાંચાલ્ય એવો ધૃષ્ટદ્યુમ્ન, મહારથિ શિખંડિ, તથા નકુલપુત્ર શતાનીક આદિ સર્વ, રથસૈન્ય સાથે યુદ્ધ કરતા હતા. વળી મોટા સૈન્યથી વીંટાયલો સંક્રુદ્ધ એવો પાંચાલ્ય, તમારાઓની સામે દોડી તેમને હણવા ઉદ્યુક્ત થયો. હે જનાધિપ! ધનુષ્ય ધરનાર તમારા પુત્રે સામે આવતા પાંચાલ્ય ઉપર અનેક બાણ નાખી શરાણીયાએ સજેલાં નારાચ, અર્દ્ધનારાચ તથા વત્સદંત નામનાં ઘણાંક બાણેકરી એના ચાર અશ્વને હણી બે બાહુ તથા વક્ષઃસ્થળમાં ઘણાંક બાણ માર્યાં. અંકુશે કરી પીડિત એવો હસ્તિ હોય તેમ અત્યંત વીંધાયલા મોટા ધનુષવાળા તેણે પણ બાણેકરી તેના ચાર અશ્વને યમલોક પ્રત્યે મોકલી ભલ્લ નામના બાણેકરી સારથિનું મસ્તક કાયા ઉપરથી નીચે પાડી નાખ્યું. તે વખતે હણાયો છે રથ જેનો એવો શત્રુને દમન કરનાર દુર્યોધન રાજા, ઘોડાના પૃષ્ટ ઉપર આરોહણ કરી થોડેક દૂર સંગ્રામમાંથી દૂર જઇ મહા બળવાન એવો તમારો પુત્ર, હણાયું છે પરાક્રમ જેનું એવા પોતાના સૈન્યને જોઇ સુબલપુત્ર શકુનિ હતો ત્યાં ગયો. એ રીતે રથિઓ ભાગ્યા તે સમયે ત્રણ હજાર મોટા હસ્તિઓએ, રથિ એવા સર્વ પાંડવોને ચારેતરફથી વીંટી લીધા. હે ભારત! હે મહારાજ! સંગ્રામના મધ્યમાં હસ્તિસૈન્યથી વીંટાયલા તે પાંચ, મેઘેકરી વીંટાયલા ગ્રહ શોભે તેમ શોભતા હતા. હે મહારાજ! એટલામાં કૃષ્ણ છે સારથિ જેના એવા લબ્ધલક્ષ મહાબાહુ અર્જુન રથે કરી બહાર નિકળી પર્વત સરખા હસ્તિઓએ કરી ચોતરફથી વીંટાયલા તીક્ષ્ણ તથા નિર્મળ એવા નારાચ નામના બાણેકરી હસ્તિસૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધ ભૂમિમાં અર્જુને એક બાણે કરી હણેલા ભૂમિપર પડતા મોટા હસ્તિઓને અમે જોતા હતા. મહોન્મત્ત હસ્તિની જેમ ઉત્કટ અપાર એવો બળવાન ભીમસેન રથમાંથી નીચે ઉતરી હાથમાં મોટી ગદા લેઇ દંડ છે હાથમાં જેના એવા કાળની પેઠે સામે આવી ઉભો રહ્યો. પાંડવોમાં મહારથિ એવા ઉગામેલા ગદાયુક્ત હસ્તવાળા તેને જોઇ તમારી તરફના સૈનિક, ત્રાસ પામી વિષ્ટા તથા મૂત્રને સ્રવવા લાગ્યા. આખું સૈન્ય ઉદ્વિગ્ન થયું. પછી ભીમસેને ગદાએ કરી જેઓ છે કુંભસ્થળ

[illegible], [illegible]કરી યુક્ત, પર્વતના જેમને ઉપમા આપાય એવા દોડતા જતા હસ્તિઓને [illegible] જોતા હતા. ભીમસેનની ગદાએ કરી હણાયલા હસ્તિઓ, સંગ્રામમાંથી આમતેમ નાસી જતા હતા. કેટલાક પીડિત સ્વર કરી કપાઇ ગઇ છે પાંખો જેમની એવા પર્વત જેમ પડે તેમ પૃથ્વી ઉપર પડતા હતા. ભેદાયાં છે કુંભસ્થળ જેમનાં એવા અહિં ત્યાં દોડતા તથા પડતા [illegible] હસ્તિઓને જોઇ તમારા સૈનિકો ત્રાસ પામવા લાગ્યા. સંક્રુદ્ધ થએલા યુધિષ્ઠિર, તથા માદ્રી પુત્ર નકુલ સહદેવ પણ ગૃધ્રનાં પિંછ બાંધેલાં તીક્ષ્ણ બાણેકરી તેમને યમલોક પ્રત્યે મોકલવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન તો દુર્યોધનરાજાને પરાજય પમાડી અશ્વના પૃષ્ઠના આશ્રયે તમારો પુત્ર સં-ગ્રામમાંથી દૂર ગયા પછી હસ્તિઓએ કરી વીંટાયલા સર્વ પાંડવોને જોઇ તેની સામે દોડી હણવાને ઇચ્છતો પંચાલ રાજાનો પુત્ર હસ્તિઓ સામે જવા લાગ્યો. રથસૈન્ય વિષે શત્રુને દમન કરનાર એવા દુર્યોધનને ન જોવાથી થયો છે ભય જેમને એવા અશ્વત્થામા, કૃપાચાર્ય, તથા સાત્વત એવો કૃતવર્મા વર્તતા મનુષ્યના ક્ષયવિષે રાજાને ન જોવાથી તમારા પુત્રને હણવા માગતા એવા તે મહારથિઓ, વિવર્ણ છે મુખ જેમનાં એવા થઇ ક્ષત્રિયોને પૂછવા લાગ્યા કે, આ રણમાંથી દુર્યોધન રાજા કયાં ગયા ? તેમનાં વચન સાંભળી કેટલાકે કહ્યું કે, સારથિ હણાવાથી દુરૂત્સહ એવા પાંચાલ રાજના સૈન્યને છોડી દેઇ જ્યાં સુબલપુત્ર શકુનિ હતો ત્યાં રાજા પોતે ગયા. અત્યંત ક્ષત થએલા, હણાય છે વાહન જેમનાં તથા જેમના બાણેકરી વ્યથિતથએલા ક્ષત્રિયો અતિસ્પષ્ટ નહિ એવું કહેવા લાગ્યા કે, દુર્યોધનનું તમારે શું પ્રયોજન છે ! કયાંય પણ તે જીવતો હશે તો સહજ દેખાશે, વાસ્તે એકઠા મળી યુદ્ધ કરો, રાજા તમારૂં શું કરશે ? આ સર્વ પાંડવ, હસ્તિઓને હણી જાય છે, વાસ્તે જેથી આપણે વીંટાયા છીએ તે સર્વ સૈન્યને હણીએ. એવાં તેમનાં વચન સાંભળી મહા બળવાન અશ્વત્થામા, દુરૂત્સહ એવા પંચાલ રાજના તે સૈન્યને ભેદી જ્યાં સુબલપુત્ર શકુનિ હતો ત્યાં ગયો. તેમજ દૃઢ ધનુષવાળા શૂરવીર કૃપાચાર્ય તથા કૃતવર્મા પણ ત્યાં ગયા. તેવામાં હે રાજન્ ! ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવા પાંડવો પણ તમારી તરફનાઓને હણતા ત્યાં આવ્યા. પ્રસન્નતાથી આવતા તે મહાર-થિઓને જોઇ તમારી તરફના શૂરવીર, જીવિત વિષે નિરાશ થયા. તેમજ બહુધા તમારૂં સૈન્ય પણ વિવર્ણ મુખવાળું થઇ ગયું. ક્ષીણ થયાં છે આયુધ જેમનાં એવા તેમને જોઈ હે રાજન્ ! અંગરહિત એવા સૈન્યસહિત પોતાના જીવિતનો ત્યાગ કરી અશ્વત્થામા આદિ લેઇ ચાર અને પાંચમો હું, જ્યાં કૃપાચાર્ય હતા ત્યાં ઉભો રહી પાંચાલના સૈન્ય સાથે યુદ્ધ કરતો હતો. પછી અર્જુનના બાણેકરી પીડિત તથા તેણે જીતી લીધેલા એવા અમે પાંચેય સંગ્રામમાંથી એક તરફ નાસી ગયા. તે મહા રૌદ્ર એવા ધૃષ્ટદ્યુમ્ન સાથે તે સમયે મોટો સંગ્રામ થયો નહિ. તે સામે આવતા મહારથિ સાત્યકિને મેં જોયો, તેટલામાં તો શૂરવીર એવો તે, ચારસો રથસહિત સંગ્રામમાં મારી સામે દોડયો. થાકી ગયાં છે વાહન જેનાં એવા ધૃષ્ટદ્યુમ્નથી કોઈ રીતે હું મૂકાયો, પણ પાછો દુષ્કૃતિ જેમ નરકમા પડે તેમ માધવ એવા સાત્યકિના સૈન્યમાં પડયો. તે વખતે ત્યાં બે ઘડીપર્યંત અતિદારૂણ એવું ભયંકર યુદ્ધ થયું. તેમાં મહાબાહુ સાત્યકિએ, મારા પરિકર જનને હણી મૂર્છા પામી પૃથ્વી વિષે પડેલા મને ગ્રહણ કર્યો. તે પછી બે ઘડીને અંતરે ભીમસેનની ગદાથી અને અર્જુનના નારાચ બાણેકરી પીડાયલા પર્વત સરખા મોટા હસ્તિઓકરી પાંડવોને જવાનો માર્ગ અતિ સંકુચિત થઇ ગયો. તે વખતે મોટા હસ્તિઓને ખેંચી દૂર નાંખતા મહા બળવાન ભીમસેને પાંડવોના રથ જવા વાસ્તે માર્ગ કર્યો. હે રાજન્ !

રથસૈન્યમાં શત્રુને દમન કરનાર દુર્યોધનને ન જોતા એવા અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા, મહારથિ તમારા પુત્રને, સંગ્રામમાં ખોળતા હતા. વર્તમાન એવા તે જનક્ષયવિષે રાજાના અદર્શનથી ઉદ્વિગ્ન થએલા પાંચાલ્યને છોડી દઈ જ્યાં સુબલપુત્ર શકુનિ હતો ત્યાં ગયા.

परित्यज्य च पांचाल्यं प्रयाता यत्र सौबलः ।
राज्ञो दर्शनसंविग्ना वर्तमाने जनक्षये ॥

इति श्री महाभारते शल्यपर्वणि दुर्योधनापय ने गुर्जरभाषायां पंचविंशोऽध्यायः ॥ २५ ॥

અધ્યાય ૨૬ મો. ધૃતરાષ્ટ્ર પુત્રોનો નિપાત.

संजय उवाच—गजानीकेहते तस्मिन् पांडुपुत्रेण भारत ।
वध्यमाने बले चैव भीमसेनेन संयुगे ॥ १ ॥

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! હે ભારત! સંગ્રામમાં પાંડુપુત્ર ભીમસેને ગજસૈન્યને હણ્યું તે સમે હાથમાં દંડ લેઇ પ્રાણ હરનાર કુપિત કાળ હોય નહિ તેની પેઠે સંગ્રામમાં વિચરતા શત્રુને દમન કરનાર ભીમસેનને જોઇ કૌરવ્ય એવા તમારા પુત્ર દુર્યોધનને ક્યાંય ન જોતા એવા હણતાં બાકી રહેલા દુર્મર્ષણ, શ્રુતાંત, જૈત્ર, ભૂરિબલ, રવિ, જયત્સેન, સુજાત, શત્રુને હણનાર દુર્વિષહ, દુર્વિમોચન, દુષ્પ્રધર્ષ, અને મહાબાહુ શ્રુતર્વા, યુદ્ધમાં વિશારદ એવા સર્વ સોદર્ય તમારા પુત્ર, એકઠા મળી ભીમસેન સામે દોડી ચોતરફથી તેને ઘેરવા લાગ્યા. હે મહારાજ! ભીમસેને પણ ફરીથી પોતાના રથમાં બેસી તમારા પુત્રોના મર્મસ્થાન વિષે તીક્ષ્ણ બાણ માર્યાં. મહા સંગ્રામમાં ભીમસેનના બાણેકરી વ્યાપ્ત એવા તમારા પુત્ર ચતુષ્પથમાંથી જેમ લોકો, હસ્તિને મળે તેમ ભીમસેનને મળ્યા. ક્રોધાયમાન થએલા ભીમસેને ક્ષુરપ્ર નામના બાણથી મથન કરી, દુર્મર્ષણ નામના તમારા પુત્રનું મસ્તક, તત્કાલ પૃથ્વી ઉપર પાડી નાંખ્યું. ત્યાર પછી વળી મહારથિ ભીમસેને, સર્વ આવરણ ભેદનાર ભલ્લ નામના બીજા બાણેકરી તમારા પુત્ર શ્રુતાંતને પણ હણ્યો. વળી હસતો હોય તેમ શત્રુને દમન કરનાર તેણે, નારાચ નામના બાણેકરી તમારા પુત્ર જયત્સેનને વીંધી, રથમાં બેસવાના સ્થાનક ઉપરથી નીચે પાડયો. રથ ઉપરથી પૃથ્વીપર પડી તે મરણ પામ્યો. ક્રોધાયમાન થએલા શ્રુતર્વા નામના તમારા પુત્રે હે મારિષ! ગૃધ્રનાં પિંછ બાંધેલાં નતપર્વ સો બાણેકરી ભીમસેનને વીંધ્યો, તેથી ક્રોધાયમાન થએલા ભીમસેને સંગ્રામમાં જૈત્ર, ભૂરિબળ, તથા રવિ નામના તમારા ત્રણ પુત્રને વિષ તથા અગ્નિ સરખાં ત્રણ બાણેકરી વીંધ્યા. ભીમસેને વીંધેલા તે મહારથિ વસંત ઋતુમાં પુષ્પયુક્ત ખાખરાના વૃક્ષની પેઠે રથમાંથી પૃથ્વીપર પડયા. ત્યાર પછી શત્રુને તપાવનાર તેણે તીક્ષ્ણ એવા ભલ્લ નામના બીજા બાણેકરી દુર્વિમોચન નામના તમારા પુત્રને હણી યમલોક પ્રત્યે મોકલી દીધો. ભીમસેને હણેલો રથિઓમાં શ્રેષ્ઠ તે, વાયુએ ભાગેલા પર્વતના શિખર ઉપરથી વૃક્ષ પડે તેમ પોતાના રથમાંથી પૃથ્વીપર પડયો. ત્યાર પછી વળી સેના મુખ વિષે તેણે, દુષ્પ્રધર્ષ તથા સુજાત નામના તમારા બે પુત્રને એક એકને બે બે બાણેકરી હણ્યા. તે વખતે ભીમસેનના બાણેકરી વીંધાયાં છે અંગ જેમનાં એવા રથિઓમાં

શ્રેષ્ઠ તે બેઉ; રણભૂમિપર પડ્યા. તે પડ્યા તેમને જોઇ સંગ્રામમાં પોતા સામે આવતા દુર્વિ-ષહ નામના તમારા પુત્રને જોઇ ભીમસેને, ભલ્લ નામના બાણેકરી તેને પણ પાડ્યો. હણાયલો તે ધનુષ ધરનાર જોતાં વાહન ઉપરથી પૃથ્વીપર પડ્યો. આ રીતે સંગ્રામમાં એકલા ભીમ-સેને ઘણાક ભાઇઓને હણ્યા. તેમને જોઇ ક્રોધવશ થએલા શ્રુતવર્માએ સુવર્ણથી શોભિતું મોટું ધનુષ લઇ ભીમસેન સામે દોડી, વિષ તથા અગ્નિ સરખાં ઘણાંક બાણ તેની ઉપર નાંખી મહા સંગ્રામમાં પાંડુપુત્ર એવા તેનું ધનુષ કાપી, કપાઇ ગએલા ધનુષવાળા એની ઉપર વળી વીસ બાણ નાંખ્યાં તે વખતે મહા બળવાન ભીમસેને બીજું ધનુષ ગ્રહણ કરી તમારા પુત્ર ઉપર ઘણાંક બાણ નાંખી 'અરે ઉભો રહે ઉભો રહે, એમ તેને કહ્યું. તે વખતે તે બેઉનું પૂર્વે જંભાસુર તથા ઇન્દ્રનું યુદ્ધ થયું હતું તેવું વિચિત્ર ભયંકર યુદ્ધ થયું. તે બેઉનાં મૂકેલાં યમદંડ સરખાં તીક્ષ્ણ બાણેકરી સર્વ પૃથ્વી, આકાશ, દિશા તથા વિદિશાઓ ઢંકાઇ ગઇ. સંક્રુદ્ધ થએલા શ્રુતવર્માએ ધનુષ ગ્રહણ કરી ઘણાંક બાણ ભીમસેનના બે બાહુ તથા વક્ષસ્થ-ળમાં માર્યાં. હે મહારાજ ! ધનુષ ધરનાર તમારા પુત્રે અત્યંત વીંધેલા પર્વ વિષે મહા સમુદ્ર ક્ષોભ પામે તેમ ક્ષુભિત થઇ ક્રોધાવિષ્ટ એવા તેણે બાણેકરી તમારા પુત્રના સારથિને તથા એના ચાર અશ્વને યમલોક પ્રત્યે મોકલી વિરથ એવા તેને જોઇ હસ્તલાઘવી દેખાડતા ગૃધ્રનાં પિંછ બાંધેલાં ઘણાંક બાણ તેની ઉપર નાંખ્યાં. હે રાજન્ ! તે સમે વિરથ એવા શ્રુતવર્મા-એ ખડ્ગ તથા ઢાલ ગ્રહણ કર્યાં. ખડ્ગ તથા સેંકડો ચંદ્રાકૃતિ ચિન્હવાળી ઢાલ, એ ગ્રહણ કરતો હતો એટલામાં તો પાંડુપુત્ર ભીમસેને, ક્ષુરપ્ર નામના બાણેકરી કાયા ઉપરથી એનું મસ્તક નીચે પાડી નાંખ્યું. મહાત્મા ભીમસેને ક્ષુરપ્ર નામના બાણેકરી કાપ્યું છે ઉતમાંગ જેનું એવા શ્રુતવર્માની કાયા પૃથ્વીને શબ્દાયમાન કરતી નીચે પડી. તે શૂરવીર પડ્યો તે જોઇ ભયે કરી મોહિત એવા તમારી તરફના યોધ યુદ્ધ કરવાની ઇચ્છાથી ભીમસેન સામે દોડ્યા. હણાતાં બાકી રહેલા સૈન્ય સમુદ્રથી પોતા સામે આવતા કવચવાળા તેમને પ્રતાપવાન ભીમસેને વારી રાખ્યા. તેમણે પણ ચોતરફથી ભીમસેનને વીંટી લીધો. એવી રીતે વીંટાયલા ભીમસેને, તીક્ષ્ણ બાણેકરી તમારી તરફના સર્વ યોદ્ધાઓને, ઇંદ્ર જેમ અસુરોને પીડે તેમ પીડિત કર્યા. ત્યાર પછી ભીમસેને, પડદા સહિત મોટા પાંચસો રથને હણી યુદ્ધમાં સાતસો જેટલી જેની સંખ્યા છે એવા હસ્તિસૈન્યને હણ્યું. પછી પાંડુપુત્ર ઉત્કૃષ્ટ બાણેકરી લક્ષ પાયદળ તથા આ-ઠસો અશ્વને હણી સંગ્રામમાં શોભતો હતો. હે પ્રભો ! એવી રીતે કુંતીપુત્ર ભીમસેન, યુદ્ધ વિષે તમારા પુત્રને હણી પોતાના આત્માને કૃતાર્થ તથા પોતાના જન્મને સફળ માનવા લાગ્યો. હે નરાધિપ ! તે રીતે યુદ્ધ કરતા અને તમારાઓને હણતા જેની સામું જોવા પણ તમારા સૈનિકો ઉત્સાહ કરતા ન હતા; એવો પરાક્રમી પાંડુપુત્ર ભીમસેન, સર્વ કૌરવોને નસાડી તેમની પાછળ ચાલનારાઓને હણી મોટા હસ્તિઓને ત્રાસ પમાડતો બે હાથેકરી શબ્દ કરતો હતો. હે મહારાજ ! હે વિશાંપતે ! હણાયા છે ઘણાક યોદ્ધાઓ જેમાંથી એવી કંઇ અવશેષ રહેલી તમારી સેના દીન થઇ પડી.

हतभूयिष्ठयोधा तु तव सेना विशांपते ।
किंचिच्छेषा महाराज कृपणं समपद्यत ॥

इति श्री महाभारते शल्यपर्वणि एकादशधार्तराष्ट्रवधे गुर्जरभाषायां षड्विंशोऽध्यायः ॥ २६ ॥

અધ્યાય ૨૭ મો. સુશર્માનો વધ.

संजय उवाच—दुर्योधनो महाराज सुदर्शश्चापि ते सुतः ।
हतशेषौ तदा संख्ये वाजिमध्ये व्यवस्थितौ ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર. હે મહારાજ! દુર્યોધન તથા સુદર્શન નામનો તમારો પુત્ર, હણાતાં બાકી રહેલા હોવાથી સંગ્રામ વિષે વાજિ વચ્ચે ઉભા હતા. વાજિના મધ્યમાં ઉભેલા દુર્યોધનને જોઇ દેવકીપુત્ર કૃષ્ણ, કુંતિપુત્ર અર્જુનને કહેવા લાગ્યા કે, ઘણાક શત્રુઓ હણાયા, જ્ઞાતિયોનું પરિપાલન કર્યું. ને શિનિકુળમાં શ્રેષ્ઠ સાત્યકિ પણ સંજયને ગ્રહણ કરી, નિવૃત્ત થયો. તેમ હે ભારત! પાછળ ચાલનાર સહિત ધૃતરાષ્ટ્રના પુત્રો સાથે યુદ્ધ કરી નકુળ તથા સહદેવ થાકી ગયા છે. કૃપાચાર્ય, કૃતવર્મા, તથા મહારથિ અશ્વત્થામા, એ ત્રણ યોદ્ધાઓ પણ દુર્યોધનને છોડી દઇ ઉભા છે. દુર્યોધનના સૈન્યને હણી સર્વ પ્રભદ્રક સહિત, પરમ શોભાયુક્ત એવો આ પાંચાલ્ય, ઉભો છે. હે પાર્થ! મસ્તક ઉપર જેને છત્ર ધર્યું છે એવો વારંવાર નિરીક્ષણ કરતો દુર્યોધન રાજા, સર્વ સૈન્યની વ્યૂહ રચના કરી સંગ્રામના મધ્યમાં ઉભો છે, એને તીક્ષ્ણ બાણથી હણી તું કૃતકૃત્ય થઇશ. હે શત્રુને દમન કરનાર, હણાયેલા હસ્તિસૈન્યને તથા પ્રાપ્ત થએલા તને જોઇ જ્યાં સુધી આ યોદ્ધાઓ નાઠા નથી ત્યાં સુધી દુર્યોધનને હણ. કોઇપણ દૂત, પાંચાલ્ય પ્રત્યે જઇ અહિં આવો એમ તેને કહે, તે વિના હે તાત! થાકી ગયું છે સૈન્ય જેનું એવો અપરાધી બચશે નહિ. ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન સંગ્રામમાં તારા સર્વ સૈન્યને હણીને પાંડુપુત્રને જીતેલાજ છે એમ માની મોટું રૂપ ધારણ કરે છે. પણ તે હાલ, પાંડવોએ પીડિત કરેલા તથા હણેલા પોતાંના સૈન્યને જોઇ અવશ્ય, સંગ્રામમાં પોતાના વધ વાસ્તે આવશે. શ્રીકૃષ્ણનાં વચન સાંભળી અર્જુન, આવી રીતે કહેવા લાગ્યો. હે માધવ! ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રને ભીમસેને હણ્યા અને આ બે બાકીના ઉભેલા છે તે પણ હે કૃષ્ણ! આજ નાશ પામશે અને ભીષ્મ, દ્રોણ, સૂર્યપુત્ર કર્ણ, મદ્રરાજ શલ્ય, તથા જયદ્રથ, એ સર્વ હણાયા ને સુબલપુત્ર શકુનિના પણ બાકીના પાંચસો અશ્વ રણમાં રહ્યા છે. હે જનાર્દન! રથ તો બાકી બસો અવશેષ રહ્યા છે. દોઢસો હસ્તિ તથા ત્રણ હજાર પાયદળ બાકી રહ્યાં છે. તેમજ અશ્વત્થામા, કૃપાચાર્ય, ત્રિગર્તનો અધિપતિ, ઉલુક, શકુનિ તથા સાત્વત એવો કૃતવર્મા, હે માધવ! દુર્યોધનનું બાકી એટલું સૈન્ય અવશેષ રહ્યું છે. તેમ પૃથ્વી વિષે કાળ થકી કોઇનો પણ જરૂર મોક્ષ છેજ નહિ, એ રીતે સૈન્ય હણાવાથી ઉભેલા દુર્યોધનને જુવો. આજના દિવસમાં મહારાજ યુધિષ્ઠિર, હણાયા છે શત્રુ જેના એવા થશે. હે કૃષ્ણ! મહોત્કટ એવા સંગ્રામનો ત્યાગ નહિ કરે તેમાંથી તો કોઇને હું મૂકીશ નહિ, કદી મનુષ્ય નહિ ને દેવ હશે તોપણ તે સર્વને હું હણીશ. આજ અત્યંત ક્રુદ્ધ થએલો હું યુદ્ધમાં તીક્ષ્ણ બાણે કરી ગાંધાર એવા શકુનિને હણી રાજાના ઘણા વખતના ઉજાગરા ટાળીશ. દુરાચારી સુબલપુત્ર શકુનિએ છળે કરી દ્યૂત વિષે સભામાં જે રત્ન હરણ કર્યા છે તે આજ હું પાછાં લઇશ. આજ યુદ્ધમાં પાંડવોએ હણેલા પતિ તથા પુત્રને સાંભળી નાગપુરમાં તે સર્વ સ્ત્રીયો રૂદન કરશે. હે કૃષ્ણ! આજ સર્વ કર્મ સમાપ્ત થશે. આજ દુર્યોધન રાજા હે કૃષ્ણ! સંગ્રામ વિષે ભયને લીધે મારી પાસેથી જો નાસી જાય તો પ્રદીપ્ત એવી રાજ્યલક્ષ્મી તથા પ્રાણનો ત્યાગ કરશે. હે અરિંદમ! હે વાર્ષ્ણેય! બાલબુદ્ધિવાળા ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધનને મેં હણ્યોજ છે, એમ તમે જાણો; કેમકે, આ વાજિવૃંદ મારી પ્રત્યંચા તથા તલના [illegible]

પાંડવો દૈવ બળે કરી વશ થયા ન હતા, તે મહા પરાક્રમી જરાસંધને તેના અંતઃપુરમાં જઈ, વાસુદેવ ભગવાનની સહાયતાથી આયુધ રહિત ભીમસેને વેગથી મારી નાંખ્યો: માટે તેનાથી બીજો કોણ અધિક બળવાન છે ? ઘણા કાળથી ભેગા કરેલા વિષને સર્પ જેમ મૂકે, તેમ કાળથી ભેગા કરેલા ક્રોધરૂપી વિષને જ્યારે ગદાથી શોભિતો ભીમસેન મારા પુત્રો વિષે મૂકશે, ત્યારે વજ્ર ધારણ કરનાર ઇંદ્ર જેમ દૈત્યોનો નાશ કરે તેમ તેઓને નાશ પમાડશે ! કોઇથી સહન થાય નહીં તેમ વારી પણ શકાય નહીં એવો, તીવ્ર વેગ તથા પરાક્રમવાળો અને લાલ નેત્રથી ભયંકર ભીમસેન જાણે મારી સામે આવતો હોય નહીં તેમ હું દેખું છું. વળી ભીમ ગદા તથા ધનુષ ધારણ કર્યા વગર, રથમાં બેઠા વિના તથા કવચ પહેર્યા વિના કેવળ બે હાથથી યુદ્ધ કરતો હોય તોપણ તેના સામે કોણ ઉભો રહે ? બુદ્ધિમાન ભીમસેનના પરાક્રમને જેમ હું જાણું છું, તેમ પુરૂષમાં શ્રેષ્ઠ ભીષ્મ, દ્રોણ તથા શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય પણ જાણે છે, તોપણ આર્ય પુરૂષોની વર્તણુકને જાણનાર તેઓ પોતાના નાશ વાસ્તે મારા પુત્રોની સેનાના અગ્રભાગમાં ઉભા રહેશે. મારા પુત્રો તથા ભીમસેનના પાત્ર અને દ્રોણ તથા કૃપાચાર્યના શિષ્ય છે, તેથી જો કે એમને બધા સમાન છે, તથાપિ હે સંજય ! અમારા આશ્રયથી તેઓએ દાન તથા યજ્ઞાદિક સારાં કર્મ કર્યા હશે, તેના બદલામાં એ મોટા ધનુષવાળા ત્રણે વૃદ્ધ, સ્વર્ગમાર્ગની ઇચ્છા રાખી રાજાઓના યશને પાળતાં, મહા યુદ્ધમાં પોતાના પ્રાણ ત્યાગ કરશે પણ હું તો દૈવનેજ સર્વથી અધિક બળવાન માનું છું, કારણ પાંડવોનો જય નજરે દેખું છું, તોપણ મારા પુત્રોને યુદ્ધથી વારતો નથી. શસ્ત્રને ગ્રહણ કરનાર તથા ક્ષાત્રધર્મને ઇચ્છતા ક્ષત્રિયને યુદ્ધ વિષે મરવું ઉત્તમ કહ્યું છે, તથાપિ પાંડવો સામે આ યુદ્ધ કરવા ઇચ્છે છે, તે બધાઓનો હું શોક કરૂં છું; કારણ પૂર્વે ઉંચે સ્વરે પોકારીને વિદુરે કહ્યું હતું, તે જ આ ભય આવીને ઉભો રહ્યો છે. હે સંજય ! દુઃખને ટાળનારૂં જ્ઞાન કહેવાય છે, પણ એ હું નથી માનતો, કારણ અતિદુઃખ જ્ઞાનથી પણ ટળી શકતું નથી. હે સૂત ! જીવન્મુક્ત પુરૂષો પણ, લોકસંગ્રહાર્થ લોક રીતિને જોઇ, કુટુંબના સુખે કરી અને દુઃખે કરી દુઃખિત થાય છે, ત્યારે પુત્રો, પૌત્ર, રાજ્ય, સ્ત્રી તથા બંધુઓને વિષે અનેક રીતે આસક્તિવાનને મોહ ન થાય એ શું ! આ મોટા યુદ્ધમાં કોનો જય ને કોનો નાશ થશે, એ વિષે હું વિચાર કરૂં છું તો કૌરવોનો નાશ તથા પાંડવોનો જય દેખું છું. કૌરવોને મોટું દુઃખ થશે, એવું દુષ્ટાદિ પાપરૂપ કર્મ, ઐશ્વર્યને ઇચ્છનાર મંદબુદ્ધિવાળા દુર્યોધને લોભથી કર્યું. એ હંમેશ ચલિતમાન કાળનો વિપરીત ધર્મ છે, જેને વશ થયેલા મનુષ્યોએ ચક્ર વિષે રહેલી નેમિની પેઠે ભાગ્યે સમર્થ થવાતું નથી, માટે હે સંજય ! હું શું કરૂં ? કેમ કરૂં ? ક્યાં જાઉં ? આ મંદ બુદ્ધિવાળા કૌરવો કાળને વશ થઈ નાશ પામશે. હે તાત ! મારા સોએ પુત્રોને નાશ પામશે, ત્યારે પરાધીન થયેલો હું સ્ત્રિયોનો ભયંકર શબ્દ સાંભળીશ તેથી મારૂં મરણ કોણ જાણે કેવી રીતે થશે. જેમ ઉષ્ણકાળમાં વધેલો અગ્નિ વાયુની પ્રેરણાથી સૂકા તૃણના ઢગલાને બાળે તેમ અર્જુનની સાથે મળી હાથમાં ગદા છે એવા પાંડુનો પુત્ર ભીમસેન કૌરવોનો નાશ કરશે.

यथा निदाघे ज्वलनः समिद्धो दहेत्कक्षं वायुना चोद्यमानः ।
गदाहस्तः पांडवो वै तथैव हंता मदीयानवशिष्टोऽपि सैव ॥

સહન કરવા અસમર્થ છે. જ્યાં સુધી એને હું હણું ત્યાં સુધી ત્યાં જઇ તમે ઉભા રહો, એ રીતે મનસ્વી એવા પાંડુપુત્ર અર્જુને કહ્યું એટલે દાશાર્હ ભગવાને, હે રાજન્! દુર્યોધનના સૈન્યપ્રત્યે ઘોડાઓને ચલાવ્યા. એ રીતે દુર્યોધનના સૈન્યને જોઇ ભીમસેન, અર્જુન તથા સહદેવ સજ્જ થયેલા મહારથિ એવા એ ત્રણેય યોદ્ધાઓ, દુર્યોધનને હણવાની ઇચ્છાથી સિંહનાદ કરતા ત્યાં ગયા. વેગે કરી ઉગામેલાં છે ધનુષ જેમણે એવા, એકઠા મળેલા તે સર્વને જોઇ સુબળપુત્ર શકુનિ, યુદ્ધમાં ઉઘાડાં શસ્ત્ર ધરેલા પાંડવો સામે દોડયો. સુદર્શન નામનો તમારો પુત્ર, ભીમસેન સામે દોડયો. સુશર્મા તથા શકુનિ, અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યા. હે જનાધિપ! અશ્વ ઉપર બેઠેલા તમારા પુત્રે સહદેવ સામે જઇ યત્ને કરી પ્રાસ નામનું શસ્ત્ર હાથમાં લઇ સહદેવના મસ્તક વિષે પ્રહાર કર્યો. એ રીતે તમારા પુત્રે તાડન કરેલા રૂધિરથી વ્યાપ્ત છે અંગ જેનાં એવો સર્પની પેઠે શ્વાસોચ્છ્‌વાસ કરતો તે રથમાં બેસવાને સ્થાનકે ઢળી પડયો. હે વિશાંપતે! ત્યાર પછી સંજ્ઞા જેને પ્રાપ્ત થઇ છે, એવા સંક્રુદ્ધ થએલા સહદેવે તીક્ષ્ણ બાણે કરી દુર્યોધનને વિંધ્યો. તેટલામાં કુંતિપુત્ર અર્જુન, અશ્વના પૃષ્ઠ ઉપર બેઠેલા શૂરવીરનાં મસ્તકો કાપી, ઘણાંક બાણથી તે સૈન્યને વિંધી, સર્વ અશ્વને પાડી, ત્રિગર્તોના રથ પ્રત્યે ગયો. તેને જોઇ એકઠા મળેલા ત્રિગર્તોના મહારથિઓએ અર્જુન તથા વાસુદેવ ભગવાન ઉપર બાણનો વર્ષાદ કર્યો. હે વિભો! મોટા યશવાળા પાંડુનંદન અર્જુને, સત્યકર્માને તિરસ્કાર કરી ક્ષુરપ્ર નામના બાણથી એના રથના ઇષ નામના રથકાષ્ઠને કાપી શિલાઉપર તીક્ષ્ણ કરેલા ક્ષુરપ્ર નામના બીજા બાણેકરી કુંડળથી શોભિતા તેના મસ્તકને કાપી નાંખ્યું. ત્યાર પછી વળી તેણે, વનમાં ભૂખ્યો એવો સિંહ જેમ મૃગને ગ્રહણ કરે તેમ યોદ્ધાઓ જોતાં સત્યેષુને ગ્રહણ કરી તેને હણી, વળી ત્રણ બાણેકરી સુશર્માને વીંધી સુવર્ણથી શોભિતા તે સર્વ રથને હણી, હે રાજન્! હે ભરતર્ષભ! ઉતાવળ કરતાં અર્જુને ઘણા કાળથી ભેગું કરેલું તીક્ષ્ણ એવું ક્રોધરૂપી વિષ પ્રસ્થલાધિપતિ પ્રત્યે મૂકવા સારૂ સો બાણેકરી એના અશ્વ ઉપર પ્રહાર કરી યમદંડ સરખું બીજું બાણ ગ્રહણ કરી, હસતા હોય નહિ તેની પેઠે સુશર્માને ઉદ્દેશી નાંખ્યો. ક્રોધથી પ્રદીપ્ત એવા ધનુષ ધરનાર તેણે નાંખેલા તે બાણે સુશર્માને પ્રાપ્ત થઇ તેનું હૃદય ભેદ્યું તેથી હે મહારાજ! સર્વ પાંડવોને આનંદ કરનો તથા તમારી તરફનાઓને વ્યથા પમાડનો પ્રાણરહિત તે પૃથ્વીતલ વિષે પડતો હતો. એ રીતે તે સંગ્રામમાં સુશર્માને હણી મહારથિ એવા એના પુત્રોને પણ યમલોક પ્રત્યે મોકલી તીક્ષ્ણ બાણેકરી સર્વ પાછળ ચાલનારાઓને હણી, મહારથિ તે, હણાતાં બાકી રહેલી દુર્યોધનની સેના સામે ગયો. હે જનાધિપ! સંગ્રામમાં કોપાયમાન થએલા ભીમસેને, સુદર્શન નામના તમારા પુત્રને હસતા હોય નહિ તેની પેઠે બાણથી અદશ્ય કરી અત્યંત તીક્ષ્ણ એવા ક્ષુરપ્ર નામના બાણેકરી કાયા ઉપરથી તેનું મસ્તક નીચે પાડી નાખ્યું. હણાયલો તે, પૃથ્વી પર પડયો. શૂરવીર એવો તે હણાયા પછી તેની પાછળ ચાલનારાઓએ વિવિધ પ્રકારના બાણે કરી સંગ્રામમાં ભીમસેનને વીંટી ઉભો. હે ભરતર્ષભ! ભીમસેને પણ ઇન્દ્રના વજ્ર સરખાં સ્પર્શવાળાં તીક્ષ્ણ બાણ ચોતરફથી તમારા સૈન્ય ઉપર નાંખી ક્ષણમાત્રમાં તેને હણ્યું. તે સૈન્ય હણાયાથી મહારથિ એવા સેનાના અધ્યક્ષ ભીમસેનને પ્રાપ્ત થઇ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. પાંડુપુત્ર ભીમસેન પણ તે સર્વની ઉપર ઘોર એવાં બાણ નાંખવા લાગ્યા. તેમજ હે રાજન્! તમારી તરફનાઓએ પણ મહારથિ પાંડવોના બાણના વર્ષાદે કરી ઘેરા-

રફથી વારી રાખ્યા. યુદ્ધ કરવા ઇચ્છતા તમારા તથા પારકાઓનું સર્વ સૈન્ય એ રીતે વ્યાકુળ થયું હતું. હે રાજન્! બેઉ સેના વિષે બાંધવોનો શોચ કરતા પરસ્પર હણાયલા યોદ્ધાઓ સંગ્રામમાં પડતા હતા.

तत्र योधास्तदापेतु: परस्परसमाहता: ।
उभयो: सेनयो राजन् सशोचंत: स्म बांधवान् ॥

इतिश्री महाभारते शल्यपर्वणि सुशर्मवधे गुर्जरभाषायां सप्तविंशो-ऽध्याय: ॥ २७ ॥

અધ્યાય ૨૮ મો. શકુનિનો વધ.

संजय उवाच—तस्मिन् प्रवृत्ते संग्रामे गजवाजिनरक्षये ।
शकुनि: सौबलो राजन् सहदेवं समभ्ययात् ॥

સંજય કહે છે—ધૃતરાષ્ટ્ર! ગજ, વાજિ તથા મનુષ્યનો જેમાં ક્ષય થતો હતો એવા પ્રવર્તમાન થએલા તે સંગ્રામમાં હે રાજન્! સુબલપુત્ર શકુનિ સહદેવ સામે આવ્યો. સામે આવતા તેની ઉપર પ્રતાપવાન સહદેવે પતંગ નામના જંતુ હોય નહિ એવાં ઘણાંક બાણ નાંખ્યાં. મહા સંગ્રામના મધ્યમાં ઉલૂકે દશ બાણેકરી ભીમસેનને વીંધ્યો. તેમજ શકુનિએ પણ હે મહારાજ! ત્રણ બાણથી ભીમસેનને વીંધી નેવું બાણ સહદેવ ઉપર નાંખ્યાં. એ રીતે હે રાજન્! તે શૂરવીરો સંગ્રામમાં પરસ્પર પ્રાપ્ત થઇ ગૃધ્રનાં પિંછ બાંધેલાં સુવર્ણનાં પુંખ-વાળાં શિલા ઉપર ઘસેલાં, કાન પર્યંત ધનુષ ખેંચી મૂકેલાં તીક્ષ્ણ બાણેકરી એક બીજાને વીં-ધાતા હતા. હે વિશાંપતે! તેમના ધનુષ તથા ભુજમાંથી મૂકાયલી તે બાણવૃષ્ટિ, મેઘની ધારાઓની પેઠે સર્વ દિશાઓને આચ્છાદન કરતી હતી, એટલામાં હે ભારત! મહા બળવાન પાંડવો તથા કૌરવો પરસ્પર નાશ કરતા સંગ્રામમાં વિચરતા હતા. હે ભારત! તે બેઉનાં સેંકડો બાણેકરી તમારૂં સૈન્ય, ઢંકાઇ ગયું હતું, તે તે ઠેકાણે આકાશ પણ અંધકારયુક્ત હોય તેવું થઇ રહ્યું હતું. હે વિશાંપતે! રણભૂમિવિષે પડેલા ઘણાક હણાયલાને ખેંચતા બાણથી ઢંકા-યલા ચોતરફ દોડતા અશ્વેકરી માર્ગ ભરાઇ ગયો હતો. હે મારિષ! સ્વાર સહિત હણાયલા અશ્વના કવચ, કપાઇ ગયેલા ભાલા, તલવાર, શક્તિ, સાંગ તથા ફરશીઓએકરી રણભૂમિ જેમ પુષ્પેકરી ઢંકાય તેમ ઢંકાઇ ગઇ હતી. મહા સંગ્રામમાં યોદ્ધાઓ પરસ્પર પ્રાપ્ત થઇ ક્રોધથી પરસ્પર હણતા સંગ્રામમાં વિચરતા હતા. ઉઘાડાં છે નેત્ર જેમનાં એવા, ક્રોધથી ઓઠ કરડેલા કમળના કિંજલ્ક સરખા મુખવાળા કુંડળ સહિત, મસ્તકે કરીને પણ રણભૂમિ ઢંકાઇ ગઇ હતી, તેમજ હે મહારાજ! બાજુબંધ તથા મોજાથી શોભિતા ખડ્ગ, સાંગ તથા ફરશી સહિત મોટા હસ્તિની સુંઢ સરખા કપાઇ ગએલા શૂરવીરોના બાહુ તથા ઊભા થઇ નૃત્ય કરતાં કેટલાંક માથા વગરનાં ધડેકરી ઘોર એવી પૃથ્વી માંસ ખાનાર પક્ષિઓએ કરી ઢંકાઇ ગઇ હતી. પ્રહારને લીધે અવશેષ થોડું સૈન્ય રહ્યું તે વખતે પ્રહૃષ્ટ થએલા પાંડવો મહા સંગ્રામમાં કૌરવ તરફના યોદ્ધાઓને યમલોક પ્રત્યે મોકલતા હતા. તેટલામાં તો પ્રતાપવાન એવા શૂરવીર સુબલપુત્ર શકુનિએ સાંગવડે સહદેવના મસ્તક વિષે પ્રહાર કર્યો.

હે મહારાજ ! વિમુખ થએલો તે રથમાં બેસવાને દેવાને બેસી ગયો, તેવી અવસ્થાએ આવી પહોંચેલા સહદેવને જોઈ પ્રતાપવાન સંક્રુદ્ધ થએલા ભીમસેને હે ભારત ! સર્વ સૈન્યને વારી રાખી, સેંકડો તથા હજારો નારાચ નામના બાણુથી તેને ભેદી શત્રુને દમન કરનાર મોટો સિંહનાદ કર્યો. તે સાંભળી ભયભીત થએલા શકુનિ પાછળ ચાલનાર સર્વ યોદ્ધાઓ અશ્વ તથા હસ્તિ સહિત તત્કાળ નાસવા લાગ્યા. યોદ્ધાને નાસતા જોઈ દુર્યોધન રાજાએ તેમને કહ્યું કે, હે અધર્મજ્ઞો ! પાછા વળો અને યુદ્ધ કરો. તમારા નાસવાથી શું ? યુદ્ધમાં જે ધીરવીર, પીઠ ન દેખાડતાં પોતાના પ્રાણનો ત્યાગ કરે છે તે આ ઉત્તમ લોકને પામે છે માટે આ ઉત્તમ મરણને છોડી દેઇ શું કરવા ભાગો છો, જ્યાં મૃત્યુ નથી એવું કોઇ પણ સ્થાન જગતમાં નથી, વાસ્તે યુદ્ધ કરો. દુર્યોધનનાં વચન સાંભળી શકુનિ પાછળ ચાલનાર યોદ્ધાઓ મૃત્યુભય છોડી દઇ પાંડવ સામે દોડયા. હે રાજેંદ્ર ! દોડતા એવા તેમણે અતિ દારૂણ એવો શબ્દ કર્યો, ક્ષોભ પામેલા સમુદ્ર સરખા તે પણ ચોતરફથી ક્ષુભિત થયા. પોતાની સામે આવેલા શકુનિની પાછળ ચાલનારાઓને જોઇ હે મહારાજ ! વિજયમાં ઉદ્યુક્ત થએલા પાંડવો પણ તેમની સામે આવ્યા. એટલામાં વળી સ્વસ્થ થએલા દુર્ધર્ષ એવા સહદેવે દશ બાણુથી શકુનિને વિંધી ત્રણ બાણુથી તેના અશ્વને હણી હસતો હોય નહિ જાણે તેની પેઠે એનું ધનુષ પણ બે બાણે કરી કાપી નાંખ્યું. યુદ્ધમાં દુર્મદ એવા શકુનિએ બીજું ધનુષ ગ્રહણ કરી સાઠ બાણુથી નકુળને વીંધી સાત બાણે ભીમસેનને વીંધ્યો. એટલામાં, હે મહારાજ ! પિતાના રક્ષણને ઇચ્છતા ઉલૂક પણ સાત બાણુથી ભીમસેનને વીંધી, સીત્તેર બાણે કરી સહદેવને વીંધ્યો. મહા સંગ્રામમાં ભીમસેને નવ બાણુથી તેને તથા ચોસઠથી શકુનિને વીંધી તેના પાર્શ્વવર્તિઓને પણ ત્રણ ત્રણ બાણે કરી વીંધ્યા. એ રીતે સંગ્રામમા ભીમસેને, તૈલેકરી તીક્ષ્ણ કરેલા નારાચ બાણુથી હણેલા ક્રુદ્ધ થયેલા તેમણે બાણુવૃષ્ટિએ કરી સહદેવને, વિદ્યુત સહિત મેઘ જેમ જલધારાએ કરી પર્વતને આચ્છાદન કરે તેમ આચ્છાદન કરી દીધો; તેટલામાં તો પ્રતાપવાન એવા શૂરવીર સહદેવે ભલ્લ બાણેકરી પોતા સામે આવતા ઉલૂકનું મસ્તક કાપી નાખ્યું. એવી રીતે સહદેવે પાડેલો રૂધિરેકરી વ્યાપ્ત સર્વ અંગવાળો પાંડવોને આનંદ આપતો રથમાંથી પૃથ્વી ઉપર પડયો. હે ભારત ! હણાએલા પુત્રને જોઈ અશ્રુએ કરી પૂર્ણ છે નેત્ર જેનાં એવા શ્વાસોશ્વાસ કરતા શકુનિએ વિદુરનાં વચન યાદ કરી બે ઘડી મનમાં વિચાર કરી સહદેવ પાસે જઇ, ત્રણ બાણુથી તેને વીંધ્યો. પ્રતાપવાન સહદેવે પણ બાણ સમુદાયે કરી શકુનિએ મૂકેલા બાણુને કાપી એનું ધનુષ કાપી નાંખ્યું. હે રાજેંદ્ર ! કપાયું છે ધનુષ જેનું એવા સુબલપુત્ર શકુનિએ ખડ્ગ ગ્રહણ કરી સહદેવ ઉપર નાંખ્યું. હે વિશાંપતે ! સહદેવે પણ હસતો હોય નહિ તેની પેઠે પોતા સામે આવતા ઘોરરૂપ એવા શકુનિના ખડ્ગને બે પ્રકારે કાપી નાંખ્યું. તે રીતે કપાયલા ખડ્ગને જોઇ શકુનિએ મોટી ગદા ગ્રહણ કરી સહદેવ ઉપર નાંખી, તે પણ નિષ્ફળ ગઇ. ત્યાર પછી વળી સંક્રુદ્ધ થએલા સુબલપુત્ર શકુનિએ ઉદ્યુક્ત થએલી કાળરાત્રી સરખી મહાઘોર એવી શક્તિ ગ્રહણ કરી પાંડુપુત્ર સહદેવ ઉપર નાંખી. પોતા સામે આવતી તેને તત્કાળ સુવર્ણથી શોભિતા બાણેકરી, સહદેવે હસતો હોય નહિ તેની પેઠે ત્રણ પ્રકારે છેદી. ત્રણ પ્રકારે કપાયલી સુવર્ણથી શોભિતી ને વીખરાએલી પ્રદીપ્ત એવી વિજળી આકાશમાંથી જેમ પડે તેમ તે પૃથ્વી ઉપર પડી એવી રીતે હણાયલી શક્તિને તથા ભયથી પીડિત થએલા સુબલપુત્ર શકુનિને જોઈ થયું છે ભાન જેમને એવા શકુનિ સહિત

તમારી તરફના સર્વ યોદ્ધાઓ રણમાંથી નાસવા લાગ્યા. જયશીલ એવા પાંડવોએ ઘોષ પ્રકાશ કર્યો. તે સાંભળી તમારી તરફના સર્વ યોદ્ધાઓ, બહુધા કરી વિમુખ થયા. વિમુખ થએલા તેમને જોઇ પ્રતાપવાન માદ્રીપુત્રે હજારો બાણેકરી તેમને વારી રાખ્યા. ત્યાર પછી સહદેવે, પુષ્ટ જેમના અશ્વ છે એવા, ગાંધારકોએ રક્ષણ કરેલા, જયને ઇચ્છતા, સંગ્રામમાં આવતા શકુનિને પ્રાપ્ત થઇ, પોતાનો ભાગ છે એવુ યાદ કરી સુવર્ણના જેવાં અંગ છે જેનાં એવા રથે કરી તેની સામે જઇ બળવાન એવું અત્યંત મોટું ધનુષ ખેંચી સુબલપુત્ર શકુનિ સામે દોડી હે નૃપ! બાકી રહેલા શકુનિને ગૃધ્રનાં પિંછવાળાં તથા શીલા ઉપર તીક્ષ્ણ કરેલાં બાણોથી અંકુશે કરી જેમ મોટા હસ્તિને હણે તેમ તેને હણી મેધાવી એવો તે આગળ થએલા વિગ્રહને જાણે યાદ કરાવતો હોય નહિં તેની પેઠે કહેવા લાગ્યો કે, હે દુર્મતે! ક્ષાત્ર ધર્મવિષે સ્થિર થઇ યુદ્ધ કર અને પુરૂષ થા. હે મૂઢ! સભાતળ વિષે પાસાએ કરી ક્રીડા તું કરતાં રાજી થતો હતો, તે તારાં કર્મનાં ફળને આજ ભોગવ. પૂર્વે તારી તરફના અમારૂં હાસ્ય કરતા હતા તે દુરાત્મા એવા સર્વેજણ હણાયા, હવે તો કુળમાં અંગારારૂપ એવો દુર્યોધન તથા એનો મામો તું એ બે અવશેષ રહ્યા છો. તેમાંથી તારૂં મસ્તક તો આજ હું ક્ષુપ્ર નામના બાણેકરી જેમ લાકડીએકરી વૃક્ષથી ફળ પાડે તેમ પાડીશ, એમ કહી, હે મહારાજ! સંક્રુદ્ધ થએલા રણમાં સિંહરૂપ અતિ દુર્ધર્ષ યોદ્ધાઓનો પતિ મહા બળવાન સહદેવ, વેગેકરી તેની સામે જઈ ક્રોધે કરીને જાણે પ્રજ્વલિત થતો હોય નહિ તેની પેઠે મોટું બળવાન ધનુષ ખેંચી દશ બાણોથી શકુનિને અને ચારથી એના અશ્વને વીંધી, તેમજ છત્ર, ધ્વજ તથા ધનુષ પણ કાપી સિંહની પેઠે મોટો શબ્દ કરવા લાગ્યો. વળી હે મહારાજ! ક્રોધાયમાન થયેલાં પ્રતાપવાન સહદેવે, મર્મસ્થાનમાં વિંધાયલા શકુનિ ઉપર દુરાસદ એવી બાણવૃષ્ટિ કરી; તેથી ક્રોધાયમાન થયેલો સુબલપુત્ર માદ્રીપુત્ર સહદેવને મારવાની ઇચ્છાથી સુવર્ણથી શોભિતી સાંગ ગ્રહણ કરી એકલો તેની સામે ગયો. તે સમે સંગ્રામના મધ્યમાં માદ્રીપુત્ર સહદેવે ઉદ્યુક્ત થએલી તેની સાંગને તથા વૃત્તાકાર એવા તેના બે ભુજને પણ ભલ્લ નામનાં ત્રણ બાણે કરી એક સપાટે કાપી વેગે કરી મોટેથી સિંહનાદ કર્યો. વળી બાણ ફેંકનાર એવા અત્યંત સાવધાન થએલા તેણે સુવર્ણના પુંખવાળા, સર્વ આવરણ ભેદનાર, દૃઢ, લોહમય, ભલ્લ બાણેકરી શરીર ઉપરથી એના મસ્તકને કાપી નાંખ્યું. એ રીતે સુવર્ણથી શોભિતા સૂર્ય સરખાં સહદેવના બાણેકરી હણાયું છે ઉત્તમાંગ જેનું એવો સુબલપુત્ર શકુનિ, પૃથ્વી ઉપર પડયો. એ રીતે કોપાયમાન થએલા પાંડુપુત્રે સુવર્ણના પુંખવાળા, વેગવાન, શિલા ઉપર તીક્ષ્ણ કરેલા બાણે કૌરવના અન્યાયના મૂળભૂત એવા શકુનિનું મસ્તક કાપી નાંખ્યું. હે પાર્થિવ! શૂરવીર એવા તેણે પ્રથમ સુવૃત્ત એવા તેના ભુજ કાપી પછી વહેતા રૂધિરે કરી વ્યાપ્ત ઘોર એવું તેનું ધડ ઉત્તમ રથમાંથી નીચે પડ્યું, તે વખતે હણાયું છે ઉત્તમાંગ જેનું એવા રૂધિરાર્દ્ર શરીરવાળા પૃથ્વી વિષે સૂતેલા શકુનિને જોઇ ભયથી નષ્ટ થયું છે સત્વ જેમનું એવા શસ્ત્ર ગ્રહણ કરેલા તમારી તરફના યોદ્ધાઓ, દિશાઓ પ્રત્યે ભાગવા લાગ્યા. તેમજ સુકાયાં છે મુખ જેમનાં, સંજ્ઞારહિત ગાંડીવના શબ્દે કરી હણાયલા, ભયથી પીડિત અને ભાગ્યા છે રથ, અશ્વ તથા હસ્તિ જેમના એવા બીજા યોદ્ધાઓ, તથા દુર્યોધન સહિત પાયદળો પણ નાસી ગયાં. હે ભારત! એ રીતે રથમાંથી શકુનિને પાડી અતિ હૃષ્ટ થએલા, સૈનિકોને હર્ષ કરતા, હર્ષે કરી યુક્ત, કેશવસહિત પાંડવ તરફના યોદ્ધાઓ, શંખ વગાડવા લાગ્યા અને સંગ્રામવિષે રહેલા યોદ્ધાઓને હ-

ધ સર્વ [illegible] પણ તેનાં વખાણ સાથે તેને કહેવા લાગ્યા કે, હે વીર! [illegible] પુત્ર સહિત મહાત્મા શકુનિને સંગ્રામમાં તેં હણ્યો તે ઘણુંજ સારૂં થયું.

ते चापि सर्वे प्रतिपूजयंते हृष्टा ब्रुवाणाः सहदेवमाजौ ।
दिष्ट्या हतो नैकृतिको महात्मा सहात्मजो वीर रणे त्वयेति ॥

इति श्री महाभारते शल्यपर्वणि शकुन्युलूकवधे गुर्जरभाषायामष्टाविंशतितमोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯ મો. દુર્યોધનનું પાણીમાં પેસીજવું.

હ્રદપ્રવેશપર્વ.

संजय उवाच—ततः क्रुद्ध महाराज सौबलस्य पदानुगाः ।
त्यक्त्वा जीवितमाक्रंदे पांडवान् पर्यवारयन् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મહારાજ! ક્રોધાયમાન થએલા શકુનિની પાછળ ચાલનારાઓએ તે ભયંકર યુદ્ધ વિષે જીવિતનો ત્યાગ કરી ચોતરફથી પાંડવોને વીંટી લીધા. તેમને તેજસ્વી એવા અર્જુને તથા સહદેવનો જય કરવામાં ધીર, ક્રોધાયમાન થએલા સર્પ સરખા ભીમસેને ગ્રહણ કરી રાખ્યા. શક્તિ, તલવાર ને સાંગેકરી સહદેવને હણવા ઇચ્છતા તેમનો સંકલ્પ અર્જુને ગાંડીવ ધનુષથી ફોગટ કર્યો. ચોતરફ દોડતા યોદ્ધાઓનાં આયુદ્ધ સહિત બાહુ મસ્તક, તથા અશ્વોને અર્જુને ભલ્લ બાણુથી કાપી નાંખ્યાં. એ રીતે સંગ્રામમાં વિચરતા લોકવીર અર્જુને હણેલા પ્રાણુરહિત અશ્વ, પૃથ્વીપર પડતા હતા, તે વખતે દુર્યોધન રાજાએ પોતાના સૈન્યનો સારી રીતે ક્ષય થવા લાગ્યો તે જોઇ હણાતાં બાકી રહેલા ઘણા રથિઓ, કુંજર, અશ્વ તથા પાયદળોને ચોતરફથી બોલાવી એકઠાકરી ક્રોધથી તેમને આવી રીતે કહ્યું. સુહૃદગણુ સહિત સર્વ પાંડવોને તથા સૈન્ય સહિત પાંચાલ્યને હણી પાછા વળી આવો એવાં તેનાં વચનને યુદ્ધમાં દુર્મદ એવા તે, મસ્તક ઉપર ગ્રહણ કરી તમારા પુત્રના હુકમથી સંગ્રામમાં પાંડવ સામે ગયા. પોતા સામે આવતા મહા સંગ્રામમાં હણાતાં બાકી રહેલા તેમની ઉપર પાંડવોએ સર્પ સરખાં બાણુ નાંખ્યાં. હે ભરતશ્રેષ્ઠ! તે પછી મુહૂર્ત માત્રમાં મહાત્મા પાંડવોએ હણવા માંડેલું તે સૈન્ય, કોઇ પણ રક્ષકને પ્રાપ્ત થયું નહિ. દોડતા અશ્વને લીધે સૈન્યથી ઉડતી રજેકરી નથી જણાતી દિશા તથા વિદિશા એવા ભયંકર સંગ્રામમાં કવચ પહેરેલું તે સૈન્ય ભયથી એક સ્થાનકે ઉભું રહી શકતું ન હતું; એટલામાં તો હે ભારત! પાંડવના સૈન્યમાંથી બહાર નીકળી, ઘણાક પુરૂષોએ મુહૂર્ત માત્રમાં તમારી તરફના ઘણાક યોદ્ધાઓને હણ્યા. હે ભારત! તમારૂં સૈન્ય થોડું અવશેષ રહ્યું. હે પ્રભો! હે ભારત! યુદ્ધ વિષે પાંડવ તથા સૃંજયોએ, એકઠી મળેલી તમારા પુત્રની અગિયાર અક્ષૌહિણી સેનાને હણી. હે રાજન્! મહાત્મા એવા તમારી તરફના હજારો રાજાઓ હતા તેમાં અત્યંત ક્ષત થએલો એક દુર્યોધન [illegible] સૈન્ય, વાહન તથા સર્વ યોદ્ધાઓએ કરી હીન, [illegible] કરી ચોતરફ [illegible] દુર્યોધને પણ સર્વ દિશાઓ પ્રત્યે પૃથ્વીને [illegible] ચોતરફથી હર્ષિત [illegible]

શબ્દ કરતા સિંહ એવા પાંડવોને પણ જોઇ તે મહાત્માઓના બાણુ શબ્દ સાથે થતા સિંહ નાદને સાંભળી ત્યાંથી નાસી જવાનું મન કર્યું. ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય ! મારૂં સૈન્ય હણાયું અને નથી કોઇ બાકી જેમાં એવા સૈન્યને રહેવાનું સ્થાન શિબિર થયું તે વખતે પાંડવના સૈન્યમાં બાકી શું અવશેષ રહ્યું હતું ? હે સંજય ! તું કુશળ છે માટે મને કહે, પૃથ્વીપતિ એવા એકલા મંદ બુદ્ધિવાળા મારા પુત્ર દુર્યોધને પણ સૈન્યનો ક્ષય જોઇ શું કર્યું તે મને કહે ! સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! બે હજાર રથ, સાતસો હસ્તિ, પાંચ હજાર અશ્વ, તથા દશ હજાર પાયદળ પાંડવોનું બાકી એટલું સૈન્ય અવશેષ રહ્યું હતું. જેને ગ્રહણ કરી યુદ્ધ વિષે ધૃષ્ટદ્યુમ્ન ઉભો હતો. હે ભરતશ્રેષ્ઠ ! પછી સંગ્રામમાં કોઇ સહાયને ન જોતો એવો રથિમાં શ્રેષ્ઠ એકલો દુર્યોધન રાજા, શબ્દ કરતા શત્રુઓને તથા પોતાના અલ્પ સૈન્યના ક્ષયને જોઇ હે મહારાજ ! એકાદશ અક્ષૌહિણીનો પતિ તેજસ્વી એવો પૃથ્વીપતિ હણાયલા પોતાના અશ્વનો ત્યાગ કરી હાથમાં ગદા લેઇ ત્યાંથી થોડે દૂર પગે ચલીને જલનો હ્રદ હતો તે પ્રત્યે ગયો. ત્યાં જઇ બુદ્ધિમાન એવા ધર્મશીલ વિદૂરનાં વચન યાદ કર્યાં. મહા પ્રાજ્ઞ એવા વિદુરે જરૂર આ પૂર્વે જોયું હતું તેમ ક્ષત્રિયોનો નાશ પણ જોયો હતો; કેમકે તે મહાત્માએ તો પૂર્વેજ આ સૌ કહ્યું હતું. એ રીતે ચિંતન કરતો દુઃખેકરી સંતપ્ત હૃદયવાળો રાજા, તે હ્રદપ્રત્યે પ્રવેશ કરવા તૈયાર થયો. હે રાજન્ ! ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવા સંક્રુદ્ધ થએલા પાંડવો તો તમારાં સૈન્ય સામે દોડયા. તે વખતે અર્જુન ગાંડીવ ધનુષેકરી શક્તિ, તલવાર તથા ભાલાં છે હાથમાં જેમના એવા શબ્દ કરતા તમારી તરફના યોદ્ધાઓનો સંકલ્પ ફોગટ કરી તીક્ષ્ણ બાણેકરી અમાત્ય તથા બંધુ સહિત તેમને હણી શ્વેત છે અશ્વ જેના એવા રથમાં બેઠેલો અત્યંત શોભતો હતો. હે રાજન્ ! અશ્વ, રથ તથા કુંજર સહિત સુબલપુત્ર શકુનિ હણાયા પછી કપાએલા મહાવનની પેઠે તમારૂં સૈન્ય નામ શેષથઇ ગયું. તેમ હે રાજન ! લક્ષાવધિ જેમાં યોદ્ધાઓ છે એવા દુર્યોધનના સૈન્યમાં દ્રોણપુત્ર અશ્વત્થામા, શૂરવીર કૃતવર્મા, ને કૃપાચાર્ય તથા તમારા પુત્ર દુર્યોધન વિના બીજો કોઇ જીવતો મહારથિ દેખાતો ન હતો. સાત્યકિએ ગ્રહણ કરેલા મને જોઇ હાસ્ય કરી ધૃષ્ટદ્યુમ્ને તેને કહ્યું કે, ગ્રહણ કરેલા જીવતા આનો આપણે કંઇ પણ અર્થ નથી, ધૃષ્ટદ્યુમ્નનાં વચન સાંભળી શિનિકુળમાં ઉત્પન્ન થએલો મહારથિ સાત્યકિ, તીક્ષ્ણ એવું ખડ્ગ ઉગામી મને હણવા ઉદ્યુક્ત થયો. તે સમે તેની પાસે આવી મહાપ્રાજ્ઞ દ્વૈપાયન વ્યાસજીએ તેને કહ્યું કે, સંજયને જીવતો મુકી દે, કોઇ રીતે એને હણવો નહિ. વ્યાસનાં વચન સાંભળી જોડયા છે હાથ જેણે એવા સાત્યકિએ મને છોડી દેઇ કહ્યું કે, હે સંજય ! કલ્યાણ થાય તે રીતે તું કર. એ રીતે કહી તેણે આજ્ઞા આપેલો કવચ વગરનો રૂધિરાર્દ્ર શરીરવાળો નિરાયુધ હું સાયંકાલ વખતે જે માર્ગેથી નગર પ્રત્યે જતો હતો, ત્યાં હે રાજન્ ! યુદ્ધસ્થાનથી કોશમાત્ર દૂર અપક્રમણ કરી હાથમાં ગદા લઇ ઉભેલા અત્યંત ક્ષત થએલા એકલા દુર્યોધનને મેં જોયો. તે સમે અશ્રુએકરી પૂર્ણ છે નેત્ર જેનાં એવો તે, મારી સામું જોઇ શક્યો નહિ, તેથી દીનની પેઠે ઉભેલા મને જોઇ ચકિત થઇ ગયો. તેમજ શોક કરતા એકલા તેને જોઇ અતિ દુઃખેકરી વ્યાપ્ત એવો હું પણ બે ઘડી સુધી તેની સાથે બોલવા સમર્થ થયો નહિ. મને સાત્યકિએ ગ્રહણ કર્યો હતો ને દ્વૈપાયન વ્યાસજીના પ્રસાદથી જીવતો મુકયો, એ સર્વ વૃત્તાંત મેં એને કહ્યું, તે સાંભળી મુહૂર્ત પર્યંત જાણે ધ્યાન કરતો હોય નહિ તેમ તે મૌન થઇ સાંભળી રહ્યો. પછી ધીરેથી ચેતનાને પ્રાપ્ત થઇ તેણે પોતાના સૈન્યની

તથા સર્વ સૈન્યના સમાચાર મને પૂછ્યા. પ્રત્યક્ષદર્શિ એવા મેં તેને સર્વ વૃત્તાંત કહ્યું. કે તારા ભાઈઓ સર્વ હણાયા અને સૈન્ય પણ બધું નષ્ટ થયું છે, બાકી તમારી તરફના ત્રણ રથિઓ અવશિષ્ટ રહ્યા છે. હે નરાધિપ ! વળી કહ્યું કે જે પ્રસ્થાન વખતે કૃષ્ણ દ્વૈપાયન એવા વ્યાસજીએ પણ જેમ કહ્યું હતું તે રીતે સર્વ થયું. તે બધું વૃત્તાંત સાંભળી, મોટો નિઃશ્વાસ મૂકી, વારંવાર મારી સામે જોઈ પોતાના હાથથી મને સ્પર્શ કરી તમારા પુત્ર દુર્યોધને મને કહ્યું કે, હે સંજય ! આ સંગ્રામમાં તારા વિના બીજો કોઈ જીવતો નથી; તેમ બીજા કોઈ સહાયને પણ હું જોતો નથી. હા ને પાંડવ સહાય સહિત છે તે ભલે હો.

હે સંજય ! પ્રજ્ઞાચક્ષુ એવા ધૃતરાષ્ટ્ર રાજાને તું જઈને કહેજે કે તમારા સંબંધિ, પુત્ર, તથા ભાઈઓએ કરી હીન એવો તમારો પુત્ર દુર્યોધન, હ્રદમાં પ્રવિષ્ટ થયો છે, કેમકે પાંડવોએ રાજ્ય હરણ કરી લીધું એટલે હવે મારા જેવો કોણ જીવે ? એ બધું સંભળાવીને કહેજે કે મહા સંગ્રામમાંથી મુકાયલો અત્યંત ક્ષત થએલો તમારો પુત્ર જલના હ્રદમાં જીવતો છે. હે મહારાજ ! એમ મને કહી માયાએ કરી તે જળને સ્તંભન કરી મહા હ્રદમાં પ્રવિષ્ટ થયો. દુર્યોધન હ્રદમાં પ્રવિષ્ટ થયા પછી હું ત્યાંથી ચાલ્યો, તેટલામાં શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય, રથિમાં શ્રેષ્ઠ દ્રોણપુત્ર અશ્વત્થામા તથા ભોજ એવા કૃતવર્મા થાકી ગયાં છે વાહન જેમનાં, બાણથી ક્ષત થએલા એકઠા મળેલા એ ત્રણ રથિઓને ત્યાં મેં જોયા. તેમણે પણ મને જોઈ ઘોડાઓને મારી તરફ ચલાવી મારી પાસે આવી મને કહ્યું કે, હે સંજય ! તું જીવતો છે એ ઘણું સારૂ થયું, એમ કહી તેમણે તમારા પુત્રના સમાચાર પૂછ્યા. હે સંજય ! આપણો દુર્યોધન રાજા શું જીવે છે ? એવાં તેમનાં વચન સાંભળી મેં તેમને કહ્યું કે દુર્યોધન રાજા કુશળ છે અને તેણે જે મને કહ્યું હતું તે પણ બધું મેં તેમને કહ્યું: જે હ્રદમાં દુર્યોધન રાજા પ્રવિષ્ટ થયો હતો તે પણ બતાવ્યો. હે રાજન્ ! તે મારાં વચન સાંભળી, વિપુલ એવા હ્રદને જોઈ અશ્વત્થામા તો, દયા આવે તે રીતે શોચ કરવા લાગ્યા કે અહો ધિક્કાર છે કે જીવતા આપણને તે રાજા જાણતો નથી, નહિ તો તેણે સહિત આપણે તો પારકાઓ સાથે યુદ્ધ કરવા પૂરા પડીએ. એ રીતે મહારથિઓ તે ઘણા વખત સુધી ત્યાં વિલાપ કરી સંગ્રામ વિષે રથિમાં શ્રેષ્ઠ એવા પાંડવોને જોઈ કૃપાચાર્યના સુંદર રથમાં મને બેસાડી હણાતાં બાકી રહેલા તે ત્રણ રથિઓ, સાયંકાળ વખતે સેનાના નિવેશસ્થાન પ્રત્યે આવ્યા. ત્યાં ત્રાસ પામેલી સર્વ ટુકડીઓ, તમારા પુત્રના ક્ષયને સાંભળી, પોકાર કરવા લાગી.

પછી હેમહારાજ ! સ્ત્રિયોનું રક્ષણ કરનાર વૃદ્ધ પુરૂષો, રાજસ્ત્રિયોને લેઈ નગર તરફ જવા લાગ્યા. તે વખતે સૈન્યનો ક્ષય સાંભળી આક્રોશ કરતી તથા ચોતરફથી રૂદન કરતી સ્ત્રિયોનો મોટો શબ્દ સંભળાતો હતો. હે રાજન્ ! હે વિશાંપતે ! ટીટોડીની પેઠે શબ્દે કરી પૃથ્વીતળને ગાજાયમાન કરતી, નખ તથા હાથે કરી મસ્તકને હણતી, કેશ ખેંચતી, વક્ષસ્થળ કુટતી આર્તસ્વરે કરી તે તે ઠેકાણે શોચ કરતી અને હાહાકાર કરતી સ્ત્રીઓ રૂદન કરતી હતી. તેટલામાં અશ્રુ છે કંઠમાં જેમના એવા અત્યંત આતુર થએલા દુર્યોધનના અમાત્ય પણ રાજસ્ત્રિયોને લઈ નગર પ્રત્યે જતા હતા. તેમજ ચાબુક છે હાથમાં જેમના એવા સ્ત્રિયોના રક્ષક દ્વારપાળ પણ સુંદર આસ્તરણવાળી શય્યાઓને ગ્રહણ કરી નગર પ્રત્યે જતા હતા. વળી બીજા કેટલાક, ખચ્ચરીયુક્ત એવા રથમાં બેસી પોતપોતાની સ્ત્રિઓને લઈ નગર પ્રત્યે જતા હતા. હે મહારાજ ! જે સ્ત્રિઓને પૂર્વે ઘર વિષે સૂર્ય પણ જોઈ ન શકતો, તે સ્ત્રિયોને આ સર્વે નગરજનો

જતી મનુષ્યો જોતા હતા. હે ભરતશ્રેષ્ઠ ! હણાયા છે સ્વજન તથા બાંધવ જેમના એવી સૌકુમાર્યયુક્ત તે સ્ત્રિયો, રંડાઇ દુઃખી થઇ નગર પ્રત્યે જતી હતી. તેમજ ભીમસેનના ભયથી પીડિત સંભ્રાંત એવા ગોપાલ તથા અવિપાલ આદિ લઇ મનુષ્યો પણ નગર તરફ દોડતા જતા હતા. એ રીતે પાંડવ થકી થયો છે તીવ્ર ભય જેમને એવા તે સર્વ આમતેમ જોતા નગર પ્રત્યે દોડયા જતા હતા. એ રીતે પ્રવર્તમાન થએલા અતિ દારૂણ એવા પલાયનને જોઇ શોક કરી સંમૂઢ થયેલો યુયુત્સુ, વખતને લગતો વિચાર કરવા લાગ્યો કે, ભયંકર પરાક્રમવાળા પાંડવોએ સંગ્રામમાં અગિયાર અક્ષૌહિણીના પતિ એવા દુર્યોધનને જીત્યો અને એના ભાઇઓને પણ નાશ પમાડયા. તેમ ભીષ્મ તથા દ્રોણ છે મુખ્ય જેમાં એવા કૌરવોને પણ હણ્યા. કેવળ હું એકલો ભાગ્યયોગથી યદૃચ્છાએ કરી બચ્યો. સર્વ શિબિરવાસી ચોતરફ નાસી ગયા. તેમજ હણાયા છે નાથ તથા પરાક્રમ જેમનાં, પૂર્વે જોએલા નહિ એવા દુઃખે કરી પીડિત, ભયેકરી વ્યાકુલ છે નેત્ર જેમનાં, ત્રાસ પામેલા મૃગોની પેઠે દશે દિશાઓમાં નિરીક્ષણ કરતા જન, તે તે ઠેકાણે પલાયન કરે છે, અને દુર્યોધનના બાકી રહેલા જે કોઇ સચિવ રહ્યા છે, તે પણ રાજસ્ત્રિયોને લેઇ નગર પ્રત્યે જાય છે; માટે મારે તેમની સાથે યુધિષ્ઠિર તથા ભીમસેનની આજ્ઞા લેઇ નગરમાં પ્રવેશ કરવો યોગ્ય છે, એમ માની મહાબાહુ એવા તેણે પોતાનું અભિપ્રેત, તે બેઉને નિવેદન કર્યું. પ્રસન્ન થએલા, નિરંતર દયાળુ, એવા મહાબાહુ રાજાએ વૈશ્યાપુત્રને ભેટી તેને જવાની આજ્ઞા આપી. તે સમયે રથમાં બેસી જલદીથી અશ્વને ચલાવતો તથા રાજસ્ત્રિયોને પણ નગર પ્રત્યે પહોંચડાવતો, અશ્રુ છે નેત્રમાં જેને એવો તે યુયુત્સુ, સૂર્યાસ્ત વખતે હસ્તિનાપુર પ્રત્યે તેઓ સહિત પ્રવિષ્ટ થયો.

તે વેળાએ તેણે, રાજાની પાસેથી બાહાર નિકળતા શોકેકરી હણાયું છે ચિત્ત જેનું, અશ્રુયુક્ત નેત્રવાળા મહાપ્રાજ્ઞ એવા વિદુરને જોયા. સત્યધૃતિવાળા વિદુરે પણ પોતાની આગળ નમ્ર થઇ ઉભેલા તેને કહ્યું કે, હે પુત્ર ! આ પ્રવર્તમાન થએલા કૌરવના ક્ષય વિષે તું જીવે છે એ ઘણું સારૂં થયું પણ રાજાના પ્રવેશ વિના તું અગાઉથી કેમ અહિં આવ્યો એનું કારણ બધું તું વિસ્તારે કરી મારી આગળ નિવેદન કર. વિદુરનાં વચન સાંભળી યુયુત્સુ તેમને કહેવા લાગ્યો કે, જ્ઞાતિ, સુત તથા બાંધવ સહિત શકુનિ હણાયા પછી હણાયો છે શેષ રહેલો પરિવાર જેનો એવો દુર્યોધન રાજા, પોતાના અશ્વનો ત્યાગ કરી ભયને લીધે ત્યાંથી પૂર્વાભિમુખ નાસી ગયો છે. એ રીતે સૈન્યના નિવેશસ્થાનથી રાજા ગયા પછી ભયેકરી વ્યાકુળ એવું સર્વ નગર પ્રત્યે નાસવા લાગ્યું. તે વખતે અધ્યક્ષ લોકો, રાજા તથા એના ભાઇઓની સ્ત્રિયોને ચોતરફથી વાહન વિષે બેસાડી ભયથી ભાગવા લાગ્યા. હું પણ કેશવ સહિત રાજાની આજ્ઞા લેઇ દોડી જતા લોકોનું રક્ષણ કરતો હસ્તિનાપુર આવ્યો છું. વૈશ્યાપુત્ર યુયુત્સુએ કહેલાં એ વચન સાંભળી વખત સમજી તેણે યોગ્ય કર્યું એમ જાણી સર્વ ધર્મ જાણનાર અમેય છે આત્મા જેનો એવા વિદુર યુયુત્સુને વખાણી કહેવા લાગ્યા કે, ભરતોનો ક્ષય થયો તેને જોઇ વખતને યોગ્ય એવું આ બધું બોલતા તેં દયાળુપણાથી કુળના ધર્મનું રક્ષણ કર્યું. સંવર્તને પ્રજા જેમ જૂવે તેમ શૂરવીરોનો જેમાં ક્ષય છે એવા આ સંગ્રામમાંથી પુરપ્રત્યે આવેલા તને અમે જોઇએ છીએ એ ઘણું સારૂં થયું. હે પુત્ર ! નથી દીર્ઘ દૃષ્ટિ જેની એવા બહુ પ્રકારે યાચના કરેલા, દૈવે કરી હણાયું છે ચિત્ત જેનું દુઃખેકરી પીડિત એવા અંધરાજાની લાકડીને સર્વથા તું એકલો ધારણ કરીશ. થાકી ગએલો તું આજ અહિં વિસામો લઇ કાલ યુધિષ્ઠિર પાસે જજે. આવાં વચન તેને કહી અશ્રુ છે નેત્રમાં જેને એવા વિદુર, યુયુત્સુ

ઘરને પ્રાપ્ત થઇ શહેર તથા દેશના મનુષ્યોએ દુઃખથી અત્યંત હાહાકાર શબ્દ કરેલા, નિરા નંદ, હજારો છે જાળીઓ જેમાંથી એવા, જલાશયની પેઠે શોભા રહિત શૂન્યરૂપ એવા તે ઘરમાં પ્રવેશ કરી અત્યંત દુઃખી થયા. હે રાજન્! સર્વ ધર્મ જાણનાર વિદુર વિક્લ એવા અંતઃ કરણવડે નગરમાં પ્રવેશ કરી ધીરે ધીરે નિઃશ્વાસ મૂકતા હતા. પોતાનાઓએ વંદન કરેલા યુયુત્સુએ તે રાત્રિ પોતાને ઘેર નિવાસ કર્યો, તોપણ ભરતોને પરસ્પર થએલા તીવ્ર ક્ષયને ચિંતન કરતા અત્યંત દુઃખિત એવા તેમને પણ સુખ પ્રાપ્ત થયું નહિ.

युयुत्सुरपि तां रात्रिं स्वगृहे न्यवसत्तदा ।
वंद्यमानः स्वकैश्चापि नाभ्यनंदत्सुदुःखितः ।
चिंतयानः क्षयं तीव्रमभरतानां परस्परं ॥

इति श्री महाभारते शल्यपर्वणि ह्रदप्रवेशपर्वणि गुर्जरभाषायामेकोनत्रिंशो-ऽध्यायः ॥ २९ ॥

અધ્યાય ૩૦ મો. દુર્યોધનને ઉત્તેજના.

ગદાયુદ્ધપર્વ.

धृतराष्ट्र उवाच—हतेषु सर्वसैन्येषु पांडुपुत्रैरणाजिरे ।
मम सैन्यावशिष्टास्ते किमकुर्वत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે,—હે સંજય! રણાંગણ વિષે પાંડુપુત્રોએ સર્વ સૈન્ય હણ્યા પછી મારા સૈન્યમાં બાકી રહેલા તેમણે શું કર્યું? તે વખતે કૃતવર્મા, કૃપાચાર્ય, પરાક્રમી દ્રોણપુત્ર તથા મંદબુદ્ધિવાળા દુર્યોધને શું કર્યું? સંજય કહે છે—મહાત્મા ક્ષત્રિયોની સ્ત્રિયો નાસી ગઇ તથા શિબિર શૂન્ય થયાં તે વખતે અત્યંત ઉદ્વિગ્ન એવા તે ત્રણ રથિયો, જયને પ્રાપ્ત થએલા પાંડવોનો શબ્દ સાંભળી શિબિરને શૂન્ય જોઇ તે સ્થાન જેમને રુચતું નથી એવા રાજાને ઇચ્છતા સાયંકાળ વખતે તે હ્રદ ઉપર ગયા. હે રાજન્! દુર્યોધનને વધ કરવાની ઇચ્છાથી હૃષ્ટ એવા ભાઇઓ સહિત યુધિષ્ઠિર રાજા તો, તેટલામાં વિચરતા હતા. તેમજ જયને ઇચ્છતા સંક્રુદ્ધ થએલા તમારા પુત્રને યત્નથી ખોળતા પાંડવ તરફના બીજા યોદ્ધાઓ પણ દુર્યોધન રાજાને ત્યાં શોધતા હતા; કેમકે તે તો હાથમાં ગદા લેઇ તીવ્ર વેગેકરી ત્યાંથી અપક્રમણ કરી માયાએ કરી જળનું સ્તંભન કરી પાણીમાં પેસી ગયો હતો. કોઇ રીતે જ્યારે પ્રાપ્ત ન થયો રાજા તેમને ત્યારે અત્યંત થાકી ગયેલા વાહનવાળા પાંડવ, પોતાના શિબિર પ્રત્યે જઇ બેઠા. ત્યાર પછી કૃપાચાર્ય, અશ્વત્થામા, તથા સાત્વત એવો કૃતવર્મા, તમારી તરફના ત્રણ યોદ્ધાઓ જે હ્રદને પ્રાપ્ત થઇ દુર્યોધન રાજા સુતો હતો ત્યાં ધીરેથી જઇ જળમાં સુતેલા તે દુર્ધર્ષ એવા રાજા પ્રત્યે કહેવા લાગ્યા કે, હે રાજન્! ઉભો થા ને અમારી સાથે જઇ યુધિષ્ઠિર સાથે યુદ્ધ કર. કાં તો જયને પ્રાપ્ત થઇ પૃથ્વીને ભોગવ ને કાં તો યુદ્ધમાં મરણ પામી સ્વર્ગને પ્રાપ્ત થા. હે દુર્યોધન! હે વિશાંપતે! તેમનું પણ સર્વ સૈન્ય હણાયું છે, અને [illegible] બાકી રહેલા સૈનિકોને [illegible] છે તેથી અમે રક્ષણ કરેલા તારા વેગને સહન કરવા [illegible]

સમર્થ થઈ શકે તેમ નથી વાસ્તે ઉભો થા. તેમનાં વચન સાંભળી દુર્યોધન રાજાએ તેમને કહ્યું કે પુરૂષનો જેમાં ક્ષય છે એવા કૌરવ પાંડવના સંમર્દથી મૂકાયલા પુરૂષમાં શ્રેષ્ઠ એવા તમને હું જીવતા જોઉં છું એ ઘણું સારૂં થયું. વિશ્રામ જેમણે કર્યો છે એવા અને હર્ષિત થએલા આપણે જીતીશું પણ ખરા તથાપિ હાલ તમો પણ થાકી ગયા છો, તેમ અમે પણ અત્યંત ક્ષત થએલા છીએ, અને તેમનું સૈન્ય અતિ બલિષ્ઠ છે તેથી આ વખતે યુદ્ધ મને રૂચતું નથી. હે શૂર વીરો! તમારૂં આ મોટું મન છે તથા અમારે વિષે પરમ ભક્તિ છે એ કંઈ આશ્ચર્યથી તોપણ પરાક્રમ કરવાનો આ વખત નથી માટે એક રાત્રિ આજ અહીં વિસામો ખાઈ તમસહિત હું કાલ શત્રુઓ સાથે યુદ્ધ કરીશ એમાં સંશય નહિ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એવાં દુર્યોધન રાજાનાં વચન સાંભળી યુદ્ધમાં દુર્મદ એવા તે રાજા પ્રત્યે અશ્વત્થામાએ કહ્યું કે હે રાજન્! ઉભો થા. તારૂં કલ્યાણ થાઓ ને આપણે શત્રુને જીતીશું. હે રાજન્! ઇષ્ટાપૂર્ત, દાન, સત્ય તથા જપેકરી હું સોગન ખાઉં છું કે આજ હું સોમકોને હણીશ. આજની રાત્રિમાં જો શત્રુઓને હું હણું નહિ તો સજ્જનને ઉચિત એવા યજ્ઞાદિજન્ય પુણ્યના ફળને હું પ્રાપ્ત થાઉં નહિ. હે જનાધિપ! હે વિભો! આ મારાં વચન સાંભળ. હું તને સત્ય કહું છું કે સર્વ પંચાલને હણ્યા વગર હું કવચ ઉતારીશ નહિ. એ રીતે અશ્વત્થામાદિક યોદ્ધાઓ રાજા સાથે ભાષણ કરે છે એટલામાં ભીમસેનને માટે માંસના બોજાને ઉઠાવનાર, માંસનો ભાર ઉપાડવાથી થાકી ગએલા પારધિઓ, યદૃચ્છાએકરી જલ વાસ્તે તે સ્થાનકે આવ્યા. તેમણે તે કૃપાદિક યોદ્ધાઓનાં તથા દુર્યોધનનાં એકાંત વિષે કહેલાં સર્વ વચન સાંભળ્યાં ને યુદ્ધને ઇચ્છતા મોટાં ધનુષવાળા તે સર્વેએ નથી યુદ્ધની ઇચ્છા જેને એવા દુર્યોધનને યુદ્ધ કરવાનો અત્યંત આગ્રહ કર્યો. એ રીતે નથી યુદ્ધમાં મન જેનું એવા જળમાં સંતાયેલા રાજાનો તથા કૌરવોના મહારથિઓનો સંવાદ સાંભળી વ્યાધોએ જાણ્યું કે આ હ્રદના જળમાં દુર્યોધન સંતાયેલો છે, પૂર્વે દુર્યોધનને ખોળતાં પાંડુપુત્ર ભીમસેને તે વ્યાધોને દુર્યોધનની ખબર પૂછી હતી તે વ્યાધ, યદૃચ્છાએકરી ત્યાં આવી ચડ્યા. પછી હે રાજન્! તે મૃગવ્યાધ, પાંડુપુત્રનું ભાષિત યાદ કરી ધીરેથી પરસ્પર કહેવા લાગ્યા કે, અહીં દુર્યોધન રાજા, છુપી રીતે જલમાં રહેલો છે તે વૃત્તાંત બુદ્ધિમાન એવા ભીમસેનને કહેવા સારૂ જ્યાં યુધિષ્ઠિર રાજા છે ત્યાં આપણે સર્વ જઇએ, કેમકે તે વાર્તા સાંભળી પ્રસન્ન થએલો ભીમસેન, આપણને ઘણુંક ધન આપશે. પરિક્લિષ્ટ એવા શુષ્ક માંસે-કરી આપણને શું મોટું ફળ છે? એમ કહી ધનની જેમને ઇચ્છા છે એવા અત્યંત પ્રહૃષ્ટ થએલા વ્યાધ, માંસના બોજા ઉઠાવી પાંડવના શિબિર પ્રત્યે ગયા. તેટલામાં તો સંગ્રામમાં દુર્યોધનને ન જોતા તે પાપીના કપટના પારને ઇચ્છતા પ્રહાર કરનાર લબ્ધલક્ષ એવા પાંડવોએ પણ તે રણાજિર વિષે દુર્યોધનને ખોળવા ચોતરફ જાસુસો મોકલ્યા હતા, તેમણે એકઠા મળી ત્યાં આવી ધર્મરાજને કહ્યું કે—દુર્યોધન રાજા ક્યાંય દેખાતો નથી માટે નષ્ટ થએલો છે હે ભરતર્ષભ! જાસુસોનાં વચન સાંભળી તીવ્ર ચિંતાને પ્રાપ્ત થએલા યુધિષ્ઠિર રાજા નિશ્વાસ મૂકતા હતા. એ રીતે હે ભરતર્ષભ! પાંડવો દીન થઈ બેઠેલા હતા તેટલામાં હે વિભો! ઉતાવળા થએલા લુબ્ધકોએ તે સ્થાનકથી પાંડવોના શિબિર પ્રત્યે આવી તરતજ ભીમસેન જોતાં અંદર પ્રવિષ્ટ થઈ મહા બળવાન એવા પાંડુપુત્ર ભીમસેનની પાસે જઈ જે જોયું હતું તથા સાંભળ્યું હતું તે સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળી હે રાજન્! શત્રુને વ-ખાણનાર ભીમસેને, તેમને ઘણુંક ધન આપી તે બધું ધર્મરાજાને નિવેદન કર્યું. હે રાજાધિરાજ!

इति श्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि धृतराष्ट्रवाक्ये [illegible]ऽध्यायः ॥ ५१ ॥

અધ્યાય ૫૨ મો. અર્જુનનું અદ્વિતીય બળ.

धृतराष्ट्र उवाच—यस्य वै नानृता वाचः कदाचिदनुशुश्रुम ।
त्रैलोक्यमपि तस्य स्याद्योद्धा यस्य धनंजयः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—જેણે અસત્ય ભાષણ કર્યું એમ કદી પણ સંભળાતું નથી, એવો અર્જુન જેનો યોદ્ધો છે, તેને ત્રૈલોક્યનું રાજ્ય મળે ત્યારે બીજું મળે એમાં તો શું કહેવું! હું [illegible] વિચાર કરું છું કે યુદ્ધમાં ગાંડિવ ધનુષ ધારણ કરનાર અર્જુન પ્રત્યે કોઇ રથમાં બેસી સામો જાય એવો યોદ્ધો દેખાતો નથી. કારણ [illegible]ને છેદનાર કર્ણિ તથા [illegible] નામનાં બાણોને ફેંકનાર અર્જુનની સામે જનાર તેની સમોવડીયો કોઇ નથી. મનુષ્યમાં શ્રેષ્ઠ, શૂરવીર, અસ્ત્રવિદ્યા શીખેલા, બળવાનમાં શ્રેષ્ઠ તથા સંગ્રામ વિષે પરાજય પામેલા નહીં એવા દ્રોણ તથા કર્ણ જ્યારે અર્જુનની સામા જશે, ત્યારે તેમાં કોનો જય થશે, એમ લોકોને મોટો સંશય થવાનો. મને તો એમ નિશ્ચયજ છે કે મારા પુત્રોનો જય થશેજ નહીં, કારણ કર્ણ દયાળુ છે તેમ પરશુરામના શાપથી તેને વખતસર વિદ્યાની સ્ફૂર્તિ પણ થશે નહીં, દ્રોણ ગુરૂ વૃદ્ધ છે, ને દૃઢ ધનુષવાળો અર્જુન તો ગ્લાનિ રહિત, સમર્થ તથા બળવાન છે. તેમ છતાં પણ યુદ્ધ કરનાર સર્વ યોદ્ધાઓ અસ્ત્ર શીખેલા, શૂરવીર તથા મોટા યશને પ્રાપ્ત થયેલા છે, તેથી પોતાના ઐશ્વર્યનો ત્યાગ કરી મરણ પામશે, પણ જીતવાની [illegible] મૂકશે નહીં. જરૂર બને તરફનું મોટું યુદ્ધ તો થશે પણ પાંડવોનો પરાજય નહીં થાય. [illegible] શાંતિ પણ દ્રોણ, કર્ણ, તથા અર્જુનનો વધ થયેથી થાય, પણ અર્જુનને મારનાર તેમ જીતનાર કોઇ છેજ નહીં. મારા મંદબુદ્ધિવાળા પુત્રો પ્રત્યે થયેલો તેનો ક્રોધ પણ, [illegible] કરી તેમને માર્યા વગર શાંત નહિ થાય. વળી અર્જુન વગર બીજા યોદ્ધાઓ પણ [illegible] જાણે છે, તથાપિ તેમનો કોઇ વખતે જય અને કોઇ વખતે પરાજય થાય છે. અર્જુનનો તો સર્વ ઠેકાણે જયજ સંભળાય છે. જે અર્જુને તેત્રીસ વર્ષની પૂર્વે પણ સર્વ દેવતાઓને [illegible] ખાંડવ વનમાં અગ્નિને તૃપ્ત કર્યો હતો, એવી રીતે સર્વ ઠેકાણે તેનો જય [illegible] સાંભળવામાં આવેલો છે. વળી શીલ તથા વૃત્તે કરી તેના સરખા ઋષિકેશ ભગવાનનો [illegible] [illegible] પ્રાપ્ત છે, તેનો ઇંદ્રની પેઠે જય થાય તેમાં કંઇ આશ્ચર્ય નથી. શ્રીકૃષ્ણ તથા અર્જુન સજ્જ થઇ એક રથમાં બેસશે, ને ગાંડીવ ધનુષને સજ્જ કરશે. એ રીતે ત્રણે તેજ એક વખતે એકઠાં થઇ વૃદ્ધિ પામશે, એમ અમે સાંભળીએ છીએ. અમારે તો તેવું ધનુષ નથી, તેમ એવો યોદ્ધો તથા સારથિ પણ નથી એ બધું દુર્યોધનને વશ [illegible] [illegible] બુદ્ધિવાળા લોકો જાણતા નથી. હે સંજય! પ્રદીપ્ત થઇ મસ્તક ઉપર પડેલું [illegible] [illegible] અવશેષ રાખે, પણ અર્જુને ફેંકેલાં બાણ તો કંઇપણ અવશેષ રાખેજ નહીં. [illegible] જે વખતે બાણોને ફેંકતો, સર્વને નાશ પમાડતો અને બાણના વર્ષાદે કરી [illegible] [illegible] [illegible] કોઇ નહીં એવો જણાશે, તે વખતે ગાંડીવમાંથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેજ સંગ્રામ વિષે મારા પુત્રોને નાશ પમાડશે. [illegible] [illegible] [illegible]

એ વાસ્તે તમે સંતપ્ત થયા હતા, એ દુર્યોધન રાજાની મારા લુબ્ધકો ખબર લેઇ આવ્યા એ હ્રદના જળને સ્તંભન કરી તેમાં એ સુતેલો છે. હે વિશાંપતે! ભીમસેનનું પ્રિય એવું વચન સાંભળી ભાઇઓ સહિત પ્રસન્ન થએલા કુંતિપુત્ર યુધિષ્ઠિર રાજા, મોટા ધનુષવાળો તે જળનાં હ્રદમાં પ્રવિષ્ટ થયો છે એ વાત જાણી જનાર્દન ભગવાનને આગળ કરી જલદી ત્યાંથી ગયા. તેટલામાં હે વિશાંપતે! પ્રહૃષ્ટ થએલા પાંડવ તથા પંચાલોનો ચોતરફથી કિલકિલ શબ્દ થવા લાગ્યો. હે રાજન્! હે ભરતર્ષભ! ઉતાવળા થએલા બીજા ક્ષત્રિયો પણ સિંહનાદ સરખા શબ્દ કરતા દ્વૈપાયન નામના તે હ્રદ પ્રત્યે જતા હતા. પ્રસન્ન પાંડવો અને સોમક, પાપી દુર્યોધનને જાણ્યો તથા જોયો. એમ વારંવાર પોકારવા લાગ્યા. હે પૃથ્વીપતે! જલદી ત્યાં જતા વેગવાન એવા તે રથોનો સ્વર્ગને સ્પર્શ કરે એવો મોટો ભયંકર શબ્દ થતો હતો. દુર્યોધન તરફ જતા યુધિષ્ઠિરના રક્ષણને ઇચ્છતા થાકી ગએલા વાહનવાળા અર્જુન, ભીમસેન, માદ્રીપુત્ર નકુલ સહદેવ, પાંચાલ્ય ધૃષ્ટદ્યુમ્ન, પરાજય પામેલો નહિ એવો શિખંડિ, ઉત્તમૌજા, યુધામન્યુ, મહારથિ સાત્યકિ, બાકી રહેલા પંચાલ દ્રૌપદીપુત્ર, સર્વ અશ્વ, હસ્તિઓ, તથા સેંકડો પાયદળ, એ સર્વ જલદીથી એમની પાછળ આવ્યા. તેમને જ્યાં શીત નિર્મળ જળવાળા બીજા સમુદ્ર સરખા ઘોર એવા દ્વૈપાયન હ્રદમાં, હાથમાં છે ગદા જેને એવો દુર્યોધન રાજા દુઃખેકરી કોઇ મનુષ્યના જોવામાં આવે નહિ તે રીતે માયાએકરી જળનું સ્તંભન કરી જળની અંદર અતિ અદ્ભુત વિધિથી દૈવ ઇચ્છાવડે સુતેલો હતો. પ્રતાપવાન ધર્મરાજા ત્યાં આવ્યા. જળની અંદર વસતા દુર્યોધન રાજાએ પણ મેઘના શબ્દ સરખો ભયંકર શબ્દ સાંભળ્યો. હે રાજેંદ્ર! હે મહારાજ! તે હ્રદ પ્રત્યે ભાઇઓ સહિત યુધિષ્ઠિર રાજા મોટા શંખના શબ્દ તથા રથના પાટાના શબ્દેકરી પૃથ્વીને કંપાવતા તમારા પુત્રના વધ વાસ્તે આવ્યા તે વખતે યુધિષ્ઠિરના સૈન્યનો શબ્દ સાંભળી મહારથિ એવા કૃતવર્મા, કૃપાચાર્ય તથા અશ્વત્થામાએ દુર્યોધન રાજાને આવી રીતે કહ્યું કે—જયશીલ એવા આ પાંડવો સંહૃષ્ટ થઇ આવે છે, માટે તું આજ્ઞા આપે તો અમે અહીંથી દૂર નાસી જઇએ. વેગવાન એવા તેમનું વચન સાંભળી 'ઠીક તેમ કરો' એમ તેમને કહી માયાએ કરી હ્રદનું સ્તંભન કરી પોતે ત્યાં બેસી રહ્યો હે મહારાજ! અત્યંત શોકમાં તપ્ત કૃપાચાર્યાદિક રથિઓ, રાજાની આજ્ઞા લેઇ ત્યાંથી દૂર જઇ વટવૃક્ષને જોઇ અત્યંત થાકી ગએલા હોવાથી ત્યાં પ્રવેશ કરી અરે મહા બળવાન ધૃતરાષ્ટ્રનો પુત્ર, જળનું સ્તંભન કરી તેમાં સુતેલો છે, ને યુદ્ધને ઇચ્છતા પાંડવો પણ તે દેશ પ્રત્યે આવી ઉભા છે, પણ કેમ યુદ્ધ થશે ને કેમ રાજા દેખાશે, તેમ પાંડવો પણ કેવી રીતે દુર્યોધનને પ્રાપ્ત થશે, એમ ચિંતન કરતા કૃપાદિક રથિઓ હે રાજન્! રથમાંથી ઘોડાઓને છોડી ત્યાં વિરમ્યા. યથા.

इत्येव चिंतमानास्तु रथेभ्योश्वान्विमुच्यते।
तत्रासांचक्रिरे राजन् कृपप्रभृतयोरथाः॥

इति श्री महाभारते शल्यपर्वणि गदापर्वांतर्गत कृपशोके गुर्जरभाषायां त्रिंशोऽध्यायः॥ ३०॥

અધ્યાય ૩૧ મો. ધર્મ-દુર્યોધન સંવાદ.

संजय उवाच—ततस्तेष्वपयातेषु रथेषु त्रिषु पांडवः।
तेह्रदंप्रत्यपद्यंत यत्र दुर्योधनो भवत् ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે ત્રણેય રથિઓ દૂર ગયા પછી પાંડવો જ્યાં દુર્યોધન હતો તે હ્રદની પાસે ગયા. હે કુરૂશ્રેષ્ઠ! દુર્યોધને સ્તંભન કરેલા દ્વૈપાયન હ્રદ પાસે જઈ સંલિલાશયને જોઇ, કુરૂનંદન એવા યુધિષ્ઠિર રાજા વાસુદેવ ભગવાન પ્રત્યે આમ કહેવા લાગ્યા. દુર્યોધને જળ વિષે યોજના કરેલી આ માયાને જુઓ. જળનું સ્તંભન કરી તેમાં સુતેલા આને મનુષ્યથી ભય નથી, કેમકે કપટને જાણુનારો કપટે કરી દૈવી માયાવડે જળની અંદર સુતેલો છે. સંગ્રામમાં સાક્ષાત્ ઇન્દ્ર આવી કદી એની સહાયતા કરે તોપણ મારી પાસેથી એ જીવતો જવાનો નથી. હે માધવ! યુદ્ધમાં હણાયલા એને લોકો આજ જોશે. યુધિષ્ઠિરનાં વચન સાંભળી વાસુદેવ ભગવાન કહેવા લાગ્યા કે, હે ભારત! હે યુધિષ્ઠિર! માયાવી એવા દુર્યોધનની આ માયાને માયાવડે તું હણ, કેમકે માયાવી માયાએ કરી વધ્ય છે એ હું તને સત્ય કહું છું, વાસ્તે હે ભારતશ્રેષ્ઠ! શત્રુંની ક્રિયાને યોગ્ય એવા ઘણાક ઉપાયે કરી જળવિષે માયાની યોજના કરી માયાત્મા દુર્યોધનને હણો. ઇન્દ્રે પણ શત્રુની ક્રિયાને યોગ્ય એવા ઉપાયે કરી દૈત્ય તથા દાનવને હણ્યા હતા. મહાત્મા વામન ભગવાને યોગ્ય એવા ઘણાક ઉપાયે કરી બલિરાજાને બાંધ્યો હતો. મહા અસુર હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુને ભગવાને ઘટતા ઉપાયે કરીને જ નાશ કર્યાં હતા. તેમજ હે રાજન્! ઇંદ્રે વૃત્રાસુરને પણ ક્રિયાએ કરીને જ હણ્યો હતો. હે રાજન્! રામચંદ્રજીએ પરિવાર તથા પાછળ ચાલનાર સહિત પૌલસ્ત્ય પુત્ર રાવણ નામના રાક્ષસને કપટે જ હણ્યો હતો. તમે પણ ક્રિયાવડે માયા યોગનો આશ્રય કરી કાર્ય સાધો. હે રાજન્! પૂર્વે મેં પણ શત્રુની ક્રિયાને યોગ્ય એવા ઉપાયે કરી પુરાતન એવા તારકાસુર તથા મહાદૈત્ય વિપ્રચિત્તીને હણ્યા હતા. વાતાપિ, ઇલ્વલ, ત્રિશિરા તથા સુંદ અને ઉપસુંદ નામના અસુરોને પણ ક્રિયાએ કરીને જ માર્યાં હતા. હે વિભો! ઇંદ્ર સ્વર્ગને શત્રુની ક્રિયાનેજ યોગ્ય એવા ઉપાયે કરીને ભોગવે છે. હે યુધિષ્ઠિર! હે રાજન્! ક્રિયા બળવતી છે, બીજું કંઇ નથી. દૈત્ય, દાનવ, રાક્ષસ તથા રાજાઓને પણ ક્રિયાવડેજ હણેલા છે, વાસ્તે હે રાજન્! તમે પણ કપટ ક્રિયાને આચરો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મહારાજ! એવી રીતે વાસુદેવ ભગવાને જેને કહ્યું હતું એવા તીક્ષ્ણ વ્રતવાળા કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજા, હસતા હોય નહિ તેમ જળમાં રહેલા મહા બળવાન તમારા પુત્ર પ્રત્યે કહેવા લાગ્યા કે—હે વિશાંપતે! હે સુયોધન! સર્વ ક્ષત્રિયો તથા પોતાના કુળને મરાવી જળ વિષે તેં શું કરવા વાસ કર્યો છે? હે રાજન્! હે સુયોધન! પોતાના જીવિતને ઇચ્છતો તું આજ જળાશયમાં પ્રવિષ્ટ થયો છે, એ કંઇ તને યોગ્ય નથી, વાસ્તે ઉભો થા, અને અમારી સાથે યુદ્ધ કર. હે રાજન્! તું જળને સ્તંભન કરી ભયથી તેમાં શું બેઠો છે! તે તારો ગર્વ તથા તે તારૂં માન ક્યાં ગયાં? સર્વ મનુષ્ય, સભા વિષે શૂર એમ તને કહે છે, પણ જળમાં સુતેલા તારા તે શૌર્યને હું વ્યર્થ માનું છું. હે રાજન્! ઉભો થા, અને યુદ્ધ કર; કારણ કુલોદ્ભવ એવો તું ક્ષત્રિય છે, તેમાં પણ વિશેષે કરી કૌરવ છે, માટે તારા કુળ તથા જન્મને સંભાળ. કૌરવના વંશમાં પોતાના જન્મને વખાણ

હણેલો એવો તું બાપને પીંછે જળમાં પ્રવેશ કરી કેમ બેઠો છે? યુદ્ધ છોડીદેવું ને રાજ્ય તજી દેવું, તેમ સ્વર્ગમાં પણ સ્થિતિ નહિ, એ કંઇ ક્ષત્રિયનો સનાતન ધર્મ નથી. તેમ હે રાજન્! સંગ્રામમાંથી પલાયન કરવું, એ પણ અનાર્યજુષ્ટ તથા અસ્વર્ગ્ય છે. યુદ્ધમાં પાર પામ્યા વગર જીવવાની છે ઇચ્છા જેને એવો તું પડેલા એવા યોદ્ધાઓને જોઇ પુત્ર, ભાઇઓ, પિતા, સંબંધી, વયસ્ય, માતુલ તથા બાંધવોને મરાવી, હે તાત! આ વખતે હૃદમાં કેમ પેઠો છે? હે ભારત! હે દુર્બુદ્ધિવાળા! સર્વ લોક સાંભળતાં 'હું શૂરવીર છું' એમ વૃથા તું બોલતો માટે તું શૂર નથી, મિથ્યાભિમાની છે. શૂરવીરો, શત્રુઓને જોઈ પલાયન કરતા નથી. હે શૂર! તું કયી વૃત્તિએ કરી સંગ્રામનો ત્યાગ કરે છે તે મને કહે. હે સુયોધન! તું ઉભો થા ને ભય છોડી દઇ યુદ્ધ કર. કર્ણ તથા સુબલપુત્ર શકુનિનો આશ્રય કરી દેવની પેઠે સંમોહથી તારા આત્માને તું જાણતો પણ ન હતો, એ મોટું પાપ કર્યું. હે ભારત! હવે યુદ્ધ કર. તારા સરખાને મોહથી પલાયન કરવું ન ઘટે! તેમ હે સુયોધન! તારૂં પૌરૂષ, તારૂં માન, તારી વિક્રાંતતા, તથા તારી કૃતાસ્ત્રતા, ક્યાં ગયાં? શા માટે તું જલાશયમાં સુતો છે? હે ભારત! ક્ષાત્રધર્મે કરી ઉભો થઇ યુદ્ધ કરી કાં તો અમને પરાજય પમાડી પૃથ્વીને ભોગવ, અને કાં તો અમે હણેલો તું પૃથ્વી વિષે શયન કર. હે મહારથિ! મહાત્મા એવા વિધાતાએ આ તારો પરમ ધર્મ સરજ્યો છે તેને યથાર્થ પાળી તું રાજા થા. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે મહારાજ! એ રીતે બુદ્ધિમાન્ ધર્મપુત્રે જેને કહ્યું હતું એવા, જળમાં રહેલા તમારા પુત્રે જવાબ આપતાં કહ્યું કે, હે ભારત! હે મહારાજ! પ્રાણીને ભય થાય એ કંઇ આશ્ચર્ય નથી, પણ હું કંઇ પ્રાણના ભયથી અહિં ભાગી આવ્યો નથી. આ તો કેવળ, જ્યારે હણાયા છે પાર્શ્વવર્તિ તથા સારથિ જેના એવો ભાથા ને રથ વગરનો, ગણ રહિત એકલો હું અહિં આવી પેઠો છું, કંઇ પ્રાણ બચાવા વાસ્તે, ભય સારૂ કે ખેદને લીધે જળમાં પેઠો નથી, કેવળ શ્રમની શાંતિ વાસ્તે હું અહિં રહેલો છું. હે કૌંતેય! તું તથા તારી પાછળ ચાલનારાઓ, આવી રીતે કહો વા ન કહો, તોપણ હું ઉઠી તમારી સર્વની સાથે સંગ્રામમાં યુદ્ધ કરીશ. હે ધૃતરાષ્ટ્ર! તમારા પુત્રનાં વચન સાંભળી યુધિષ્ઠિરે તેને કહ્યું કે, હે સુયોધન! અમે તો સર્વ એમ જાણીએ છીએ પણ ઘણા વખતથી તને ખોળીએ છીએ માટે હવે ઉભો થા અને યુદ્ધ કર. કાં તો પાંડવોને હણી સમૃદ્ધ એવા રાજ્યને પ્રાપ્ત થા અથવા તો સંગ્રામમાં અમે હણેલો તું વીરલોકને પ્રાપ્ત થા. યુધિષ્ઠિરનાં વચન સાંભળી દુર્યોધન બોલ્યો કે, હે કુરૂનંદન! હે જનેશ્વર! જે વાસ્તે કૌરવોના રાજ્યને હું ઇચ્છતો હતો, તે આ મારા સર્વ ભાઇઓ હણાયા, માટે હવે હણાયા છે શ્રેષ્ઠ ક્ષત્રિયો જેમાંથી એવી વિધવા સ્ત્રી સરખી ક્ષીણરત્ન થએલી પૃથ્વીને ભોગવવાનો હું ઉત્સાહ રાખતો નથી. હજી પણ હે યુધિષ્ઠિર! હે ભરતર્ષભ! પાંડવ તથા પંચાલના ઉત્સાહને ભાગી તને જીતવાની ઇચ્છા રાખું છું; પણ હવે યુદ્ધ કરવાનું કંઇ પણ પ્રયોજન હું માનતો નથી, કેમકે હે રાજન્! દ્રોણ, કર્ણ તથા પિતામહ પણ હણાયાં માટે હવે પૃથ્વી કેવળ તારી થાઓ, કારણ સહાય વગરનો રાજા, રાજ્ય કરવાને ઇચ્છે નહિ. સંબંધિઓ, પુત્ર, ભાઇઓ તથા પિતૃઓને તમે મરણ શરણ કરી દીધા એટલે રાજ સિવે મારા સરખો શા માટે હીનભાગ્ય જીવે? હે ભારત! હું જીવતો રહ્યો તોપણ હણાયો છે પક્ષ જેનો એવા મને રાજ્ય વિષે પ્રીતિ નથી, વાસ્તે મૃગચર્મ ધારણ કરી હું વનમાં જઇશ. હે રાજન્! હણાયા છે ઘણાક બાંધવ જેમાં એવી હણાએલ અશ્વ તથા કુંજરવાળી આ પૃથ્વી

તારી છે, વાસ્તે સંતાપરહિત થઇ એને ભોગવ. હે વિભો! મનુષ્ય જન્મરૂપ મને ઉચિત નથી હવે સ્પૃહા નથી, વાસ્તે મૃગચર્મ ધારણ કરી હું તો વનમાંજ જઇશ. હે રાજેંદ્ર! ક્ષીણ થઇ છે વૃત્તિ જેની એવો પુરૂષ જેમ સુખને ભોગવે તેમ હણાયા છે યોદ્ધા તથા નષ્ટ થયાં છે રત્ન જેમાંથી એવી, હણાએલ છે સ્વામિ જેના એવી પૃથ્વીને હવે તું જ ભોગવ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! જળમાં રહેલા તમારા પુત્ર દુર્યોધનનાં કરૂણાયુક્ત વચન સાંભળી મોટા યશવાળા યુધિષ્ઠિર, તેને કહેવા લાગ્યા કે, હે રાજન્! હે તાત! જળમાં રહેલો તું પંડિતના સરખો પ્રલાપ-ભાષણ કર માં: કારણ પક્ષિના બોલવા સરખું તારૂં બોલવું મને રૂચતું નથી. હે સુયોધન! કદી તું પૃથ્વી આપવા સમર્થ હોય તોપણ તારી આપેલી પૃથ્વીને ભોગવવા હું ઇચ્છતો નથી. હે રાજન્! તે આપેલી આ પૃથ્વીને અધર્મેકરી હું ગ્રહણ કરૂં નહીં. હે રાજન્! ક્ષત્રિયને પ્રતિગ્રહ કરવો એ કંઇ ધર્મ કહ્યો નથી. તેં આપેલી સમગ્ર પૃથ્વીને હું ઇચ્છતો નથી, યુદ્ધમાં તને જીતી હું તે ભોગવીશ. અનીશ્વર એવો તું પૃથ્વી દેવાને કેમ ઇચ્છે છે? હે રાજન્! જ્યારે તું પૃથ્વી આપે છે ત્યારે આપણા કુળના કલ્યાણ વાસ્તે ધર્મથી અમે યાચના કરતા હતા તે વખતે કેમ ન આપી? હે રાજન્! વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થએલા મહા બળવાન શ્રીકૃષ્ણને ના પાડી મને તું હવે શું આપે છે. આ તે શું તારા ચિત્તને વિભ્રમ થયો છે? હે કૌરવનંદન! સમર્થ એવો કયો રાજા, પૃથ્વી દેવાની ઇચ્છા કરે? તું કાંઇ પૃથ્વી દેવા સમર્થ નથી, કેમકે બલાત્કારેકરી ગ્રહણ કરી લેવા સમર્થ નથી ત્યારે આપવાને કેમ ઇચ્છે છે? હે વિશાંપતે! સમર્થ હોઉ તો સંગ્રામમાં મને જીતી પૃથ્વીનું પાલન કર. પૂર્વે સોયના અગ્રભાગ જેટલી પૃથ્વી મને દેતો ન હતો તે તું આ પૃથ્વી કેમ છોડી દે છે? તું પૂર્વે સોયના અગ્રભાગ જેટલી પણ પૃથ્વીને મૂકતો ન હતો તે તું પૃથ્વીનો કેમ આજ ત્યાગ કરે છે? એ રીતે પ્રથમ ઐશ્વર્યને પામી પૃથ્વીને ભોગવી પછી મૂઢ એવો કયો શત્રુને પૃથ્વી આપવાનો નિશ્ચય કરે? વિમૂઢ એવો તું તો કેવળ મૂર્ખતાથી સમજ વગરનું બોલે છે. પૃથ્વી દેવાની કામના કરે છે, પણ જીવિતે કરીને રહિત થઇશ, માટે તું અમને પરાજય પમાડી પૃથ્વીને ભોગવ, અથવા અમે હણેલો તું ઉત્તમ એવા લોકને પ્રાપ્ત થા. હે રાજન્! આપણે બે જીવીએ છીએ, ત્યાં સુધી સર્વ પ્રાણીને આપણા વિજય વિષે જરૂર સંશય રહેશે. હે દુર્બુદ્ધ! તારૂં જીવિત મારા હાથમાં છે, તેથી મારી ઇચ્છા હોય તો હું તને જીવાડું, પણ તું જીવવા યોગ્ય નથી, કેમકે તેં અમને બાળી નાખવાનો યત્ન કર્યો હતો. જળમાં પ્રવેશ કરાવી ઝેરી સર્પ કરડાવ્યા હતા, રાજ્ય હરણ કરી અમને છેતર્યા હતા, તથા દ્રૌપદીને સભામાં ખેંચી અપ્રિય વચન સંભળાવ્યાં હતાં. આટલાં કારણને લીધે હે પાપિ! તારૂં જીવિત છે નહિ, વાસ્તે 'ઉભો થા, ઉભો થા,' યુદ્ધ કર, યુદ્ધ કરવાથી શ્રેય થશે. હે જનાધિપ! બહાર આવ. એ રીતે શૂરવીરો તે તે ઠેકાણે જયયુક્ત એવી વિવિધ પ્રકારની વાણી બોલતા હતા.

एवं तु विविधावाचो जययुक्ताः पुनः पुनः।
कीर्तयंति स्म ते वीरा स्तत्र तत्र जनाधिप ॥

इतिश्री महाभारते शल्यांतर्गतगदापर्वणि सुयोधनयुधिष्ठिरसंवादे गुर्जरभाषायामेकत्रिंशोऽध्यायः ३१ ॥

અધ્યાય ૩૨ મો. દુર્યોધન લડવા નીકળ્યો.

धृतराष्ट्र उवाच—एवं स तर्ज्यमानस्तु मम पुत्रो महीपतिः।
प्रकृत्या मन्युमान् वीरः कथमासीत् परंतपः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! એ રીતે યુધિષ્ઠિરે તિરસ્કાર કરેલો, શૂરવીર, સ્વભાવે કરીને મન્યુમાન્, શત્રુને તપાવનાર મારો પુત્ર, કેવી રીતે વરત્યો. તેણે પૂર્વે કોઇ રીતે તિરસ્કાર સાંભળ્યો ન હતો, કારણ કે રાજપણાએ કરી તે સર્વ લોકને માન્ય હતો. વળી પોતાના છત્રની છાયા તથા સૂર્યની કાંતિ પણ અભિમાનીપણાને લીધે ખેદ વારને જ એને થતી. તે એવી વાણીને કેમ સહન કરે ? હે સંજય ! તારી નજરે મ્લેચ્છ તથા વનસહિત આ પૃથ્વી જેના પ્રસાદથી બીજા ભોગવતા હતા. વિશેષે કરી પાંડુપુત્રે તિરસ્કાર કરેલા પોતાના ભૃત્યોએ કરી હીન નિર્જન સ્થાનમાં રહેલા તેણે, જયયુક્ત એવી યુધિષ્ઠિરની કટુ વાણી વારંવાર સાંભળી પાંડવોને શું કહ્યું, તે મને કહે. ?

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! ભાઇઓ સહિત યુધિષ્ઠિર રાજાએ તિરસ્કાર કરેલો જળમાં રહેલો વિષમસ્થ એવો તમારો પુત્ર દુર્યોધન રાજા, વારંવાર ઉષ્ણ એવા મોટા નિશ્વાસ મૂકી વારંવાર બે હાથ હલાવી યુદ્ધ વાસ્તે કર્યું છે મન જેણે એવો તે યુધિષ્ઠિર રાજા પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો કે, હે પાંડવો ! તમે સર્વ સંબંધી, રથ તથા વાહન સહિત છો, ને લડીને થાકી ગએલો, હણાયાં છે વાહન જેનાં એવો, વિરથ થએલો, શસ્ત્ર વગરનો પગપાળો એકલો હું, રથે કરી યુક્ત શસ્ત્ર ગ્રહણ કરેલા ઘણાક સાથે યુદ્ધ કરવાનો કેમ ઉત્સાહ કરૂં ! હે યુધિષ્ઠિર ! તમે એક એક જણ મારી સાથે યુદ્ધ કરો, કેમકે ઘણાક શૂરવીરો સાથે એકને યુદ્ધ કરવું એ કંઇ ન્યાય નહિ. તેમ વિશેષે કરી કવચ રહિત, થાકી ગએલા આપત્તિને પ્રાપ્ત થએલા, અત્યંત ક્ષત થયું છે અંગ જેનું એવા થાકી ગએલ વાહન તથા સૈનિક રહિત હું છું. તેમ છતાં પણ હે રાજન્ ! તમો થકી, ભીમસેનથી, અર્જુનથી કે વાસુદેવ ભગવાનથી પણ મને ભય નથી. તેમજ પાંચાલ, નકુલ, સહદેવ, સાત્યકિ તથા બીજા જે તમારા સૈનિકો છે તેથી પણ મને ભય નથી. યુદ્ધ વિષે ઉભેલો એકલો હું ક્રોધે કરી સર્વને વારી રાખીશ. હે જનાધિપ ! રૂડા મનુષ્યોની ધર્મમૂલક એવી કીર્તિ હોય છે માટે હું પણ ધર્મ તથા કીર્તિનું પાલન કરતાં કહું છું કે, હું બહાર આવી સંગ્રામમાં સર્વની સાથે યુદ્ધ કરીશ. સંવત્સર જેમ ઋતુઓ પ્રત્યે અનુગમન કરે તેમ રથ તથા અશ્વસહિત આવેલા તમને સર્વને અનુગમન કરી, અશસ્ત્ર તથા વિરથ છું તોપણ રાત્રિના ક્ષય વખતે સૂર્ય જેમ તેજેકરી સર્વ નક્ષત્રનો નાશ કરે તેમ તેજેકરી તમસર્વનો નાશ કરીશ હે પાંડવો ! તમે સ્થિર થાઓ. આજ ભાઇઓ સહિત તમને હણી યશસ્વી એવા ક્ષત્રિયો, બાહ્લિક, દ્રોણ, ભીષ્મ, મહાત્મા કર્ણ, શૂરવીર જયદ્રથ, ભગદત્ત, મદ્રરાજ શલ્ય, ભૂરિશ્રવા, સુબલપુત્ર શકુનિ, મિત્રો, સંબંધિઓ તથા બાંધવો સઘળાને હું ફેડીશ પ્રાપ્ત થઇશ. આમ કહી તમારો પુત્ર દુર્યોધન રાજા, બોલતાં રહી ગયો. દુર્યોધનનાં વચન સાંભળી યુધિષ્ઠિર રાજા કહેવા લાગ્યા કે, હે સુયોધન ! તું પણ ક્ષાત્રધર્મને જાણે છે એ ઘણું સારૂં. હે મહાભુજ ! યુદ્ધ કરવાની તારી બુદ્ધિ છે એ પણ ઘણું સારૂં. હે કૌરવ ! તું શૂરવીર છે તથા સંગ્રામને જાણે છે એ પણ ઘણું સારૂં છે, ને તું એકલો અમારી સર્વની સાથે સંગ્રામમાં યુદ્ધ કરવા ઇચ્છે છે માટે તારે સંમત એવું આયુધ અમારા

કરી મિકલો તું એકની સાથે સમાગમ કરી યુદ્ધ કર, અમે સર્વ પ્રેક્ષકરૂપ થઇ ઉભા રહીશું. હે વીર ! વળી ફરીથી પણ તારો ઇષ્ટ એવો કામ હું તને આપું છું. એકને હણી તું રાજ્યને પ્રાપ્ત થા અને કાંતો હણાયેલો સ્વર્ગ પ્રત્યે જા.

યુધિષ્ઠિરનાં વચન સાંભળી દુર્યોધન રાજા, કહેવા લાગ્યો કે, તેમ તમારી ઇચ્છા હોય તો તમારી તરફનો એક શૂરવીર યુદ્ધ વાસ્તે મને આપો, ને આયુધોમાંથી તો તમારા સંમતથી હું ગદાને પસંદ કરૂં છું. તેમજ તમારામાંથી પણ જે એક, મને એકને યુદ્ધમાં શક્ય માનતો હોય પેદલ એવો તે સંગ્રામમાં ગદાએ કરી મારી સાથે યુદ્ધ કરે. વિચિત્ર પ્રકારનાં રથયુદ્ધ તો ક્ષણે ક્ષણે થયાં પણ આજ અદ્દ્ભુત એવું મોટું ગદાયુદ્ધ થાઓ. મનુષ્યો, અશ્વોની પણ ફેરવણી કરવાને ઇચ્છે છે ત્યારે તમારા અનુમતથી યુદ્ધનો પર્યાય થાઓ. હે મહાબાહો ! ગદાએ કરી નાના ભાઇ સહિત તમને, પંચાલોને, સૃંજયોને તથા બીજા જે તમારા સૈનિક છે તેમને હું જીતીશ. હે યુધિષ્ઠિર ! ઇન્દ્રથી પણ મને સંભ્રમ નથી. દુર્યોધનનાં વચન સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે સુયોધન ! ઉભો થા, ને એકલો એવો બળવાન તું મારી એકલાની સાથે મળી ગદાએ કરી યુદ્ધ કર. પુરૂષ થા, અને અત્યંત સાવધાન થઇ યુદ્ધ કર, કદી તારો આશ્રય ઇન્દ્ર હશે તો પણ આજ તારૂં જીવિત છે નહિ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! યુધિષ્ઠિરનાં વચન સહન થયાં નહીં તેથી પુરૂષમાં સિંહરૂપ, જળની અંદર રહેલો, છિદ્રમાં રહેલા મોટા સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતો વાણીરૂપ ચાબુકથી વારંવાર ખેદ પમાડેલો, ઉત્તમ અશ્વ જેમ ચાબુકને સહન કરે નહિ તેમ યુધિષ્ઠિરનાં વચનને સહન ન કરી શકતો, પરાક્રમી તમારો પુત્ર, સુવર્ણથી શોભતી કાલમીદ પાષાણ જેવી મોટી ગદા વેગથી ગ્રહણ કરી સ્તંભન કરેલા જળને ભેદી તેને ક્ષોભ પમાડી, ગદાને ખભા ઉપર મૂકી શ્વાસોચ્છ્વાસ કરતા મોટા સર્પની પેઠે જળની અંદરથી મહા બળવાન બુદ્ધિમાન તમારો પુત્ર, સૂર્યની પેઠે જળમાંથી બહાર નીકળ્યો. હે જનાધિપ ! શિખરવાળા પર્વત સરખા પ્રજા ઉપર સંક્રુદ્ધ થએલા ત્રિશૂલપાણિ જાણે મહાદેવ હોય તેવો, વજ્ર છે હાથમાં જેના એવા ઇન્દ્ર જેવો હાથમાં ગદા ગ્રહણ કરેલા શત્રુને દમન કરનાર મહાબાહુને જોઈ સર્વ પ્રાણીઓ, દંડપાણિ કાળ સરખો તેને માનતા હતા. જળમાંથી ઉઠેલા તેને જોઈ પ્રસન્ન થએલા પંચાલ તથા પાંડવો પરસ્પર તાળી દેતા હતા, તે જોઇ તેમણે મારો અવહાસ કર્યો એમ માની પાંડવોને બાળવા ઇચ્છતો હોય તેમ ક્રોધે કરી નેત્ર ફાડી ડસ્યા છે દાંતેકરી ઓઠ જેણે એવા તમારા પુત્ર દુર્યોધને ત્રણ છે શિખા જેમાં એવી ભ્રકુટી કરી કેશવ સહિત પાંડવોને કહ્યું કે, હે પાંડવો ! પંચાલ સહિત તમો, સંગ્રામમાં મારાથી નાશ પામી યમલોક પ્રત્યે જઇ આ અવહાસના ફળને ભોગવો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! જળમાંથી ઉભો થએલો રૂધિરાર્દ્ર શરીરવાળો તમારો પુત્ર દુર્યોધન, હાથમાં ગદા લઇ ઉભો રહ્યો તે વખતે રૂધિરેકરી લિપ્ત એવા તેનું જળે કરી ભીનું સવતું શરીર, ઝરણાં ઝરતા પર્વત જેવું લાગતું હતું. ઉગામી છે ગદા જેણે એવા તે શૂરવીરને પાંડવો, નોકર ઉપર ઉગામેલો છે હાથ જેમણે એવા યમ સમ માનતા હતા. તે વખતે મોટા બળિવર્દની પેઠે હર્ષથી શબ્દ કરતો, મેઘ જેવા શબ્દવાળો, પરાક્રમી તમારો પુત્ર હાથમાં ગદા લેઇ યુદ્ધ વિષે પાંડવોને બોલાવવા લાગ્યો. હે યુધિષ્ઠિર ! તમે એક એક જણ મારી સામે આવતા જાઓ, કેમકે એકલા શૂરવીરને યુદ્ધમાં ઘણાક સાથે યુદ્ધ કરવું એ ન્યાય નથી. તમને કહું છું [illegible] એવો, [illegible] કરી [illegible]

[illegible] શરીરત્યાગ, હણાયાં છે વાહન તથા સૈનિક જેનાં એવો હું એકલો છું; તોપણ તમારે સર્વે એ મારી સાથે અવશ્ય યુદ્ધ કરવું, તથાપિ કેવી રીતે કરવું યોગ્ય ને કેવી રીતે નહિ તે તમે જાણો છો. દુર્યોધનનાં વચન સાંભળી યુધિષ્ઠિરરાજા, કહેવા લાગ્યા કે, હે સુયોધન ! જ્યારે ઘણાક મહારથિઓએ એકઠા મળી અભિમન્યુને હણ્યો તે વખતે તારી આ બુદ્ધિ ક્યાં ગઈ હતી ? એમ જણાય છે કે, ક્ષાત્રધર્મ, અતિ ક્રૂર, નિરપેક્ષ તથા અતિ નિર્દય છે એમ જો ન હોય તો ધર્મને જાણનાર, શૂરવીર, સંગ્રામમાં શરીરનો ત્યાગ કરનાર તમે સર્વ એકઠા મળી એકલા અભિમન્યુને કેમ હણ્યો ? ન્યાયેકરી યુદ્ધ કરનારને પરમ એવા ઇન્દ્રલોકની ગતિ કહેલી છે, ને ઘણાકે મળી એકને મારવો નહિ એ જો ધર્મજ હોત તો તારા અનુમત પ્રમાણે ઘણાક થઈ એકલા અભિમન્યુને કેમ મારત ? દુનિયામાં લોકની એવી રીતેજ વર્તણુક છે કે સર્વ જંતુ, કષ્ટ વેળાએ ધર્મ સંબંધી વિચાર કરે છે, સ્થાનક ઉપર રહેલો હોય ત્યાં સુધી પરલોકનાં દ્વાર બંધ જુવે છે. તે તો ઠીકજ છે પણ હે ભારત ! હે વીર ! કવચ ધારણ કર, કેશ બાંધ, અને બીજું પણ જે તારે હોય નહિ તે ગ્રહણ કર. હે વીર ! વળી ફરીથી આ એક કામ તને હું આપું છું જે પાંચ પાંડવોમાંથી જેની સાથે તું યુદ્ધ કરવાની ઇચ્છા કરતો હોય તેને હણી તું રાજા થા, વા તેણે હણેલો તું સ્વર્ગને પ્રાપ્ત થા. બાકી હે વીર ! યુદ્ધમાં જીવિત વિના બીજું તારૂં શું પ્રિય અમે કરીએ ?

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! યુધિષ્ઠિરનાં વચન સાંભળી સુવર્ણનું કવચ તથા સુવર્ણમય શિરસ્ત્રાણ જેણે ધારણ કરેલું છે એવો તમારો પુત્ર સુવર્ણનો પર્વત શોભે તેમ શોભતો હતો. પછી સંગ્રામને મોખરે સજ્જ થએલો તમારો પુત્ર દુર્યોધન, હાથમાં ગદા લઈ સર્વ પાંડવોને કહેવા લાગ્યો કે, તમે સર્વ ભાઈઓમાંથી એક ગદાવડે મારી સાથે યુદ્ધ કરો. હે ભરતર્ષભ ! કહો તો સહદેવ સાથે યુદ્ધ કરૂં અને કહો તો ભીમસેન સાથે, નકુલ સાથે, અર્જુન સાથે વા કહો તો તમારી સાથે યુદ્ધ કરૂં. હે પુરૂષવ્યાઘ્ર ! સંગ્રામને પ્રાપ્ત થઈ રણાજિરમાં હું જીતીશ, ને સુવર્ણનો પટ્ટ બાંધેલી ગદાવડે અત્યંત દુર્ગમ એવા વૈરના અંતને આજ હું પ્રાપ્ત થઈશ. ગદાયુદ્ધ વિષે હું વિચારૂં છું તો મારા સરખો કોઈ છે નહિ, માટે તમને સર્વને ગદાવડે હું હણીશ. ન્યાયેકરી બધા એકઠા થઈ આવે તો મારી સાથે યુદ્ધ કરવા કોઈ સમર્થ થાય નહિ. પોતાની મેળે, એ રીતે ગર્વે કરી ઉદ્ધત એવું વચન બોલવું એ કંઈ યોગ્ય નહિ, પણ તમારી આગળ એ વચન હું સફળ કરીશ. આ મુહૂર્ત વિષે મારૂં વચન મિથ્યા વા સત્ય થશે, તથાપિ જેને આજ મારી સાથે યુદ્ધ કરવું હોય તે, ગદા ગ્રહણ કરો.

अस्मिन् मुहूर्ते सत्यं वा मिथ्या वै तद्भविष्यति ।
गृह्णातु च गदां यो वै योत्स्यतेद्य मयासह ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि युधिष्ठिरदुर्योधन संवादे गुर्जरभाषायां द्वात्रिंशोऽध्यायः॥ ३२ ॥

અધ્યાય ૩૩ મો. ભીમ દુર્યોધન સંવાદ.

संजय उवाच—एवं दुर्योधने राजन् गर्जमाने मुहुर्मुहुः ।
युधिष्ठिरस्य संक्रुद्धो वासुदेवोऽब्रवीदिदं ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે રાજન્! એ રીતે દુર્યોધને વારંવાર [illegible] માંડી તે વખતે ક્રોધાયમાન થએલા વાસુદેવ ભગવાન યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યા કે, હે યુધિષ્ઠિર! કદી દુર્યોધન યુદ્ધમાં તમને, અર્જુનને, નકુલને અથવા સહદેવને જીતે તો, પણ હે રાજન્! દુર્યોધન સામે આ સાહસ તમે શું કહ્યું? અમારામાંથી એકને પણ સંગ્રામમાં તું હણે તો કૌરવ રાજા થાય પણ ગદા છે હાથમાં જેના એવા દુર્યોધનની આગળ સંગ્રામમાં તમને કોઇને પણ હું સમર્થ માનતો નથી. એણે હે રાજન્! લોહમય પુરૂષ વિષે ભીમસેનને હણવાની ઇચ્છાથી તેર વર્ષ પર્યંત મહાયુદ્ધ વિષે અભ્યાસ કર્યો છે, માટે હે ભરતર્ષભ! અમ-પણાથી કેમ કાર્ય થશે? હે નૃપોત્તમ! દયાને લીધે આ તો તમે સાહસ કર્યું, કારણ સંગ્રા-મમાં પાર્થ એવા ભીમસેન વગર તેની સાથે યુદ્ધ કરે એવો બીજો કોઇ યોદ્ધો હું જોતો નથી, તેમ છે, તથાપિ તેણે પણ અતિશ્રમ કરેલો નથી. હે વિશાંપતે! પૂર્વે તમારે તથા શકુ-નિને જેવું દ્યૂત રમાયું હતું તેવું આ પણ વિષમ એવું દ્યૂતજ તમે આરંભ્યું છે. હે રાજન્! ભીમસેન બળવાન તથા સમર્થ છે પણ ક્રિયામાં અધિક કુશળ દુર્યોધન, માટે બળવાન તથા કૃતિમાં કૃતિ વિશેષ કહેવાય. હે રાજન્! આ શત્રુને તમે સમમાર્ગ વિષે નિવિષ્ટ કર્યો, ને પોતાના આત્માને વિષમ માર્ગ વિષે નાંખ્યો, અમને પણ કષ્ટને પ્રાપ્ત કર્યા. સર્વ શત્રુને જીતી કષ્ટથી પ્રાપ્ત થએલા એક શત્રુ સાથે સંગ્રામ વિષે આવો વિષમ કરાર કરી પ્રાપ્ત થએલા રાજ્યને કોણ હારી જાય? સંગ્રામમાં હાથમાં ગદા લઇ ઉભેલા દુર્યોધનને જીતવા સમર્થ એવા કોઇ દેવતાઓને પણ આ લોકમાં હું જોતો નથી. તેમ તમે, ભીમ-સેન, નકુલ, સહદેવ કે અર્જુન એઓમાંથી પણ ન્યાયવડે કૃતિ એવા દુર્યોધનરાજાને જીતવા સમર્થ થઇ શકો તેમ નથી. હે ભારત! તમે ગદાથી યુદ્ધ કરી અમારામાંથી એકને સંગ્રામમાં જીતી રાજા થાઓ, એમ શત્રુને કેમ કહો છો? મને તો તે શત્રુ સાથે ન્યાયથી યુદ્ધ કરતા ભીમસેનના જય વિષેપણ સંશય રહે છે, કારણ, દુર્યોધન મહા બળવાન તથા ક્રિયાકુશળ છે. તમારૂં આવું ચરિત જોઇ મને લાગે છે કે જરૂર કરીને પાંડુ તથા કુંતિની આ સંતતિ, અત્યંત વનવાસ વાસ્તે તથા ભિક્ષા માગવા વાસ્તેજ વિધાતાએ સરજી છે, રાજ્ય ભોગવવા સરજી નથી.

શ્રીકૃષ્ણનાં વચન સાંભળી ભીમસેન કહેવા લાગ્યો કે, હે યદુનંદન! હે મધુસૂદન! તમે કંઇ ખેદ ન કરો, આજ અત્યંત દુર્ગમ એવા વૈરના અંતને હું પ્રાપ્ત થઇશ. હું સંગ્રામમાં દુર્યોધનને હણીશ એમાં સંશય નહી. હે કૃષ્ણ! જરૂર ધર્મરાજનો વિજય દેખાય છે, કેમકે આ મારી ગદા એનાથી અર્ધા અધિક ગુણે કરી ગુરૂતર છે, દુર્યોધનની નથી માટે હે માધવ! તમે વ્યથા કરો માં, હું ગદાએ કરી એની સાથે યુદ્ધ કરવાનો ઉત્સાહ ધરૂં છું. હે જનાર્દન! તમે સર્વ મને જોજો. હે કૃષ્ણ! યુદ્ધમાં નાના પ્રકારનાં શસ્ત્ર ધરનાર દેવસહિત ત્રણલોક સાથે હું યુદ્ધ કરૂં ત્યારે આજ દુર્યોધન સાથે કરૂં તેમાં શું આશ્ચર્ય? સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર! તે રીતે ભાષણ કરતા ભીમસેનને વખાણી પ્રસન્ન થએલા વાસુદેવ ભગવાન બોલ્યા કે, હે મહાબાહો! તારો આશ્રય કરી હણાયા છે શત્રુ જેના એવા ધર્મરાજ યુધિષ્ઠિર, પ્રદીપ્ત એવી પોતાની લક્ષ્મીને પ્રાપ્ત થયા એમાં સંશય નહિ. હે પાંડુનંદન! તેં ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રને સંગ્રામમાં હણ્યા. તેમજ રાજાઓ, રાજપુત્ર, તથા હસ્તિઓને પણ પાડયા. કાલિંગ, માગધ, પ્રાચ્ય, ગાંધાર તથા કૌરવો પણ તને પ્રાપ્ત થઇ [illegible] યુદ્ધમાં હણાયા માટે હે કૌંતેય! સંગ્રામમાં દુર્યોધનને હણી, સમુદ્ર પર્યંત પૃથ્વી વિષ્ણુએ જેમ

[illegible] હતી તેમ તું ધર્મરાજાને આપ. તને પ્રાપ્ત થઈ પાપરૂપ એવો દુર્યોધન નાશ પામશે. હું એના સાથળ પાસેના ભાગને ભાગી પ્રતિજ્ઞાનું પરિપાલન કરીશ. તથાપિ હે પાર્થ ! નિરંતર યુદ્ધમાં સમર્થ, ક્રિયા કુશળ, તથા બળવાન એવા દુર્યોધન સાથે યત્નથી યુદ્ધ કરવું. સાત્યકિ સહિત ધર્મરાજ છે મુખ્ય જેમાં એવા પાંડવેય તથા પાંચાલો પાંડુપુત્ર ભીમસેનનાં વખાણ કરવા લાગ્યા. ભયંકર બળવાળા ભીમસેન, સૃંજય સહિત બેઠેલા તપતા સૂર્ય સરખા યુધિષ્ઠિરને કહેવા લાગ્યા કે, સંગ્રામમાં શત્રુ સાથે હું મળી યુદ્ધ કરવાનો ઉત્સાહ કરૂં છું, કેમકે પુરૂષમાં અધમ એવો આ સંગ્રામમાં મને જીતવા સમર્થ નહિ થાય. આજ હૃદયમાં રહેલો અત્યંત ક્રોધ, અર્જુને ખાંડવ વન વિષે જેમ અગ્નિ મૂક્યો હતો તેમ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન વિષે હું મૂકીશ. હે રાજન્! હે પાંડવ! આજ ગદાએ કરી આ પાપીને હણી તમારા હૃદગત શલ્યનો હું ઉદ્ધાર કરીશ, તમે સુખી થાઓ. આજ હે અનઘ! કીર્તિમયી માળા હું તમને પહેરાવીશ. આજ દુર્યોધન રાજા, પ્રાણ, લક્ષ્મી તથા રાજ્યને મૂકશે. આજ ધૃતરાષ્ટ્ર રાજા મેં હણેલા પુત્રને સાંભળી શકુનિને બુદ્ધિથી ઉત્પન્ન થએલાં અશુભ કર્મને યાદ કરશે. એમ કહી ભરતકુળમાં શ્રેષ્ઠ એવો પરાક્રમી ભીમસેન, ગદા ઉગામી ઇન્દ્ર જેમ વૃત્રાસુરને બોલાવે તેમ શત્રુને બોલાવતો, સંગ્રામના મધ્યમાં ઉભો રહ્યો. તેના બોલાવવાને ન સહન કરી શકતો પરાક્રમી તમારો પુત્ર તત્કાલ મદોન્મત્ત હસ્તિ જેમ મદોન્મત્ત હસ્તિ સામે આવે તેમ તેની સામે આવી ઉભો રહ્યો. હાથમાં ગદા લેઇ યુદ્ધ વાસ્તે ઉભેલા શિખરવાળા કૈલાસ પર્વત સરખા તમારા પુત્રને સર્વ પાંડવો જોતા હતા પોતાના યૂથ વગરનો હસ્તિ હોય નહિ એવા મહા બળવાન એકલા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને પ્રાપ્ત થઇ પાંડવો પ્રસન્ન થયા. તે વખતે સિંહની પેઠે સંગ્રામમાં ઉભેલા દુર્યોધનને પણ સંભ્રમ, ભય, ગ્લાનિ તથા વ્યથા થતી ન હતી. શિખરવાન કૈલાસ હોય નહિ એવા ઉગામેલી ગદાવાળા દુર્યોધનને જોઈ હે રાજન્! ભીમસેન બોલ્યો કે—તેં તથા ધૃતરાષ્ટ્રે અમારા વિષે જે દુષ્કૃત કર્યું છે અને જે વારણાવત વિષે કર્મ થયું હતું તે યાદ કર. તેમ રજસ્વલા એવી દ્રૌપદીને સભાના મધ્યમાં ક્લેશ પમાડી હતી, ને શકુનિની બુદ્ધિના નિશ્ચયથી રાજાને દ્યૂતવિષે જીત્યા હતા. હે દુષ્ટાત્મન! બીજાં પણ જે પાપ નિરપરાધી એવા પાંડવો પ્રતિ તેં કર્યાં છે તે કર્મના મોટા ફળને જો. તારે માટે હણાયલા મોટાં યશવાળા, ભરતકુળમાં શ્રેષ્ઠ અમારા સર્વના પિતામહ ગંગાપુત્ર ભીષ્મ બાણશય્યામાં સુતેલા છે; તેમ દ્રોણ, કર્ણ તથા પ્રતાપવાન શલ્ય પણ હણાયો. વૈરનો આદિ કર્તા શકુનિ પણ સંગ્રામમાં હણાયો. તારા ભાઇઓ તથા સૈનિક સહિત શૂરવીર તારા પુત્રો પણ હણાયા. સંગ્રામમાં પાછા ન પડે એવા શૂરવીર રાજાઓ હણાયા. એ સર્વ અને બીજા પણ ઘણાક શ્રેષ્ઠ ક્ષત્રિયો હણાયા. હે નૃપ! આજ સંગ્રામ વિષે તારો ગર્વ, વિપુલ એવી રાજ્યાશા તથા પાંડવ પ્રતિ જે દુષ્કૃત કર્મ તેં કર્યું છે તે સર્વ હું નાશ કરીશ. ભીમસેનનાં વચન સાંભળી દુર્યોધન કહેવા લાગ્યો કે, હે વૃકોદર! ઘણું બકવાથી શું? તું મારી સાથે યુદ્ધ કર. આજ તારી યુદ્ધશ્રદ્ધાને હું હણીશ. હે પાપરૂપ! હિમવાનના શિખર સરખી મોટી ગદા ગ્રહણ કરી ગદાયુદ્ધ વિષે ઉભેલા મને તું જોતો નથી! હે પાપરૂપ! ન્યાયથી યુદ્ધ કરતા ગદા ગ્રહણ કરેલા મને હણવાનો ઇન્દ્ર પણ સમર્થ નથી. હે કૌંતેય! શરદૃઋતુના જળ વગરના વાદળાની પેઠે વૃથા શા માટે ગર્જના કરે છે. તારૂં બળ હોય તે આજ યુદ્ધ વિષે દેખાડ. દુર્યોધનનાં વચન સાંભળી જીતવાને ઇચ્છતા એવા સૃંજય સહિત સર્વ પાંચાલો, તેનાં વખાણ કરવાં લાગ્યા. તેમજ હે રાજન્! બીજા મનુષ્યો પણ ઉન્મત્ત હસ્તિ સરખા દુર્યોધન રાજાને તાળીના શબ્દે કરી વળી હર્ષ ઉપજાવવા લાગ્યા.

તે વખતે કુંજર તથા અશ્વ, વારંવાર શબ્દ કરતા હતા અને જયને ઇચ્છતા પાંડવોનાં શસ્ત્ર અત્યંત પ્રદીપ્ત થતાં હતાં.

बृंहंति कुंजरास्तत्र हया हेषंति चासकृत् ।
शस्त्राणि संप्रदीप्यंते पांडवानां जयैषिणां ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि भीमसेनदुर्योधनसंवादे गुर्जरभाषायां त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥

અધ્યાય ૩૪ મો. બળરામનું આગમન.

संजय उवाच—तस्मिन्युद्धे महाराज सुसंवृत्ते सुदारुणे ।
उपविष्टेषु सर्वेषु पांडवेषु महात्मसु ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! અત્યંત દારૂણ એવું તે યુદ્ધ પ્રવર્તમાન થયું અને મહાત્મા એવા સર્વ પાંડવ ઉપવિષ્ટ થયા એટલામાં હે રાજન્ ! તાલધ્વજ એવા હલાયુદ્ધ રામ, પ્રવર્તમાન થએલા તે બેઉ શિષ્યના યુદ્ધને જોવા ત્યાં આવ્યા. તે જોઇ અત્યંત પ્રસન્ન થયેલા કેશવ સહિત પાંડવોએ સામે જઇ તેમના ચરણનો સ્પર્શ કરી વિધિવત પૂજા કરી, આવી રીતે કહ્યું કે, હે રામ ! યુદ્ધ વિષે શિષ્યોની કુશળતાને જુઓ. તેમનાં વચન સાંભળી પાંડવો સહિત કૃષ્ણને તથા હાથમાં ગદા લઇ સંગ્રામ વિષે ઉભેલા કૌરવ્ય એવા દુર્યોધનને જોઇ બળરામે કહ્યું કે, હે માધવ ! હું યાત્રા વાસ્તે નિકળ્યો તેને આજ બેતાળીશ દિવસ થયા, પુષ્યને દિવસે હું ગયો હતો તે પાછો ફરીથી શ્રવણ આવ્યું, ત્યારે શિષ્યોનું ગદાયુદ્ધ જોવા સારૂ આવ્યો. હાથમાં છે ગદા જેમને એવા યુદ્ધ ભૂમિ પ્રત્યે ઉભેલા દુર્યોધન તથા ભીમસેન બેઉ રણભૂમિ વિષે શોભતા હતા. યુધિષ્ઠિર રાજાએ હલાયુદ્ધ એવા બળદેવજીને મળી 'તમે ભલે પધાર્યા' એમ સત્કાર કરી ઘટતી રીતે કુશળ પ્રશ્ન પૂછ્યો. યશસ્વી એવા પ્રસન્ન થએલા શ્રીકૃષ્ણ તથા અર્જુન પણ હલાયુદ્ધ બળદેવજીને અભિવાદન કરી પ્રેમથી મળ્યા. શૂરવીર એવા માદ્રીપુત્ર નકુલ, સહદેવ તથા દ્રૌપદીના પાંચ પુત્રો પણ હે રાજન્ ! મહા બળવાન એવા રોહિણી પુત્રને અભિવાદન કરી ઉભા રહ્યા. તેમજ હે જનાધિપ ! ઉગામી છે ગદા જેણે એવા બળવાન ભીમસેન તથા તમારા પુત્ર દુર્યોધને પણ બળદેવજીની પૂજા કરી. એ રીતે તે સર્વ રાજાઓએ ચોતરફથી 'તમે ભલે પધાર્યા,' એમ સત્કાર કરી મહાત્મા એવા રોહિણી પુત્રની પૂજા કરી કહ્યું કે, હે રામ ! તમે યુદ્ધને જુવો. રામે પણ સંજય સહિત પાંડવોને તથા ઘણાક પરાક્રમવાળા સર્વ રાજાઓને મળી કુશળ પ્રશ્ન પૂછ્યો. તેમજ તેને કુશળતા પૂછી હલધર એવા બળરામે મહાત્મા એવા સર્વ ક્ષત્રિયોનો સત્કાર કરી અવસ્થાને યોગ્ય એવું તેમની સાથે કુશળ સંબંધી ભાષણ કરી જનાર્દન તથા સાત્યકિને પ્રેમથી મળી બેઉનાં મસ્તક સુંઘી તેમને કુશળતા પૂછી. હે રાજન્ ! તે બેઉએ હર્ષયુક્ત એવા ઇન્દ્ર તથા ઉપેંદ્ર જેમ દેવતાઓના ઇશ એવા બ્રહ્માની પૂજા કરે તેમ શૂર એવા બળરામની વિધિથી પૂજા કરી. હે ભારત ! ધર્મપુત્ર યુધિષ્ઠિરે શત્રુને દમન કરનાર રોહિણી પુત્ર બળરામને કહ્યું કે, હે રામ ! ભાઇઓના આ મોટા યુદ્ધને તમે જુવો. યુધિષ્ઠિરનાં વચન સાંભળી મહારથિઓએ પૂજા

ક્ષીણ થતાં પામતી મારા પુત્રોની સેના અનેક પ્રકારની પીડા પામશે, એમ મને ભાસે છે. વળી વાયુએ વધારેલો મોટી જ્વાળાવાળો અગ્નિ જેમ શુષ્ક ઘાસના ઢગલાને બાળી નાખે, તેમ ક્રોધે ભરાયેલો અર્જુન મારા પુત્રોને બાળી નાંખશે. વળી જ્યારે ઉઘાડું શસ્ત્ર જેના હાથમાં છે એવો અર્જુન સંગ્રામમાં તીક્ષ્ણ બાણોના સમુદાયને, વિધાતાએ મોકલેલા કાળની પેઠે ફેંકશે, ત્યારે બહુ અસહ્ય લાગશે, અને હું જ્યારે ઘરમાં બેઠાં વારંવાર સંગ્રામમાં કૌરવોનાં ભંગાણ, ભેદ તથા નાશ, ઇત્યાદિ પ્રકારોને સાંભળીશ, ત્યારે જાણીશ કે રણસંગ્રામના અગ્રભાગમાં તેમનો ક્ષય નજીક આવ્યો છે. ·

यदाहमीक्ष्णं सुबहून्प्रकारान् श्रोतास्मि तानावसथे कुरूणां ।
तेषां समंताच तथा रणाग्रे क्षयः किलायं भरतानुपैति ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायां द्विपंचाशत्तमोऽध्यायः ॥ ५२ ॥

અધ્યાય ૫૩ મો. ધૃતરાષ્ટ્રનો બળાપો.

धृतराष्ट्र उवाच—यथैव पांडवाः सर्वे पराक्रांताजिगीषवः
तथैवाभिसरास्तेषां त्यक्तात्मानोजयेधृताः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—જીતવાની ઇચ્છાવાળા પાંડવો પોતે જેવા પરાક્રમી છે, તેવાજ આત્માનો ત્યાગ કરી જયને ઇચ્છનાર તેમના યોદ્ધાઓ પણ છે. હે વત્સ ! તું પણ પાંચાળ, કેકય, મત્સ્ય તથા માગધ, ઇત્યાદિ મારા શત્રુરૂપ રાજાઓને પરાક્રમી કહે છે. વળી ઇચ્છા કરે તો ઇંદ્ર સહિત આ સર્વ લોકને પણ વશ કરનાર, જગતને સૃજનાર તથા બળવાન શ્રીકૃષ્ણ પણ પાંડવોના જય વાસ્તે તૈયાર થઇ રહ્યા છે. જે થોડા વખતમાં અર્જુન પાસેથી સમસ્ત અસ્ત્રવિદ્યા શિખેલો તથા શિનિકુળમાં ઉત્પન્ન થયેલો છે, તે સાત્યકિ પણ બીજની પેઠે બાણોને નાંખતો સંગ્રામના મધ્યમાં ઉભો રહેશે, અને પરમ અસ્ત્રને જાણનાર, ક્રૂર કર્મવાળો તથા મહારથિ પાંચાળ દેશનો રાજા ધૃષ્ટદ્યુમ્ન મારા પુત્રોને સૈન્યમાં લડાઇ કરશે. હે તાત ! યુધિષ્ઠિરના ક્રોધથી, અર્જુનના પરાક્રમથી, અને ભીમસેન, નકુળ તથા સહદેવથી મને ભય થાય છે. હે સંજય ! મનુષ્યમાં શ્રેષ્ઠ પાંડવોએ સૈન્યના મધ્યમાં વિસ્તારેલી માયાજાળને, મારા પુત્રો કેમ ઉલ્લંઘન કરી શકશે ? દર્શન કરવા લાયક, બુદ્ધિમાન, લક્ષ્મીવાન, બ્રહ્મતેજ યુક્ત, નિર્મળ હૃદયવાળા, ઘણા મિત્ર તથા અમાત્યવાળા, યુદ્ધ કરવામાં ઉદ્યોગી પુરુષોએ કરી સંપન્ન, ભાઇઓ સસરાઓ તથા શરવીર મહારથિઓએ યુક્ત, ધૈર્યવાન, કરેલા વિચારને ગુપ્ત રાખનાર, ક્રૂરતા રહિત, દાન કરનાર, લજ્જાવાન, સત્ય પરાક્રમવાળા, બહુશ્રુત, કરેલા ઉપકારને જાણનાર, વૃદ્ધની સેવા કરનાર, જિતેંદ્રિય, પુરુષમાં સિંહરૂપ તથા સર્વ ગુણ સંપન્ન ધર્માત્મા પાંડવરૂપી અનિવાર્ય અગ્નિમાં, બળતા અગ્નિમાં પતંગિયાની પેઠે, મરવાને ઇચ્છતો કયો પુરુષ પડે ? ઢંકાઇ રહેલા અગ્નિ સરખા રાજાને મેં કપટથી છેતર્યો, વાસ્તે હવે તે મારા મંદ બુદ્ધિવાળા પુત્રોનો યુદ્ધમાં નાશ કરશે. હે કૌરવો ! હું પાંડવો સાથે યુદ્ધ ન કરવું સારૂં માનું છું, કારણ યુદ્ધ કરવાથી સમગ્ર કુળનો ખચિત નાશ થશે, એમ મારી બુદ્ધિ: આ મારો વિચાર મને યથાર્થ લાગે છે, કારણ તેથી મારૂં મન શાંતિ પામે છે:

કરેલાં અત્યંત પ્રસન્ન કેશવ ભગવાનના મોટાભાઇ મહાબાહુ બળરામ, તેમના મધ્યમાં પ્રવિષ્ટ થયા, તે સમયે નીલવસ્ત્ર ધારણ કરેલા, શ્વેત કાંતિવાળા રાજાઓના મધ્યમાં રહેલા તે આકાશ વિષે નક્ષત્રગણે કરી વીંટાયલો ચંદ્ર શોભે તેમ શોભતા હતા. હે રાજન્! ત્યારપછી તમારા પુત્ર એવા તે બેઉનો વૈરનો અંત કરનાર રૂવાં ઉભાં કરે એવો ભયંકર સન્નિપાત થવા માંડ્યો.

ततस्तयोः संनिपातस्तुमुलो लोमहर्षणः ।
आसीदंतकरो राजन् वैरस्य तव पुत्रयोः ॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि बलदेवागमने गुर्जरभाषायां चतुःत्रिंशोऽध्यायः ॥ ३४ ॥

અધ્યાય ૩૫ મો. બળરામનું આગમન.

जनमेजय उवाच—पूर्वमेव यदा रामस्तस्मिन्युद्ध उपस्थिते ।
आमंत्र्य केशवं यातो वृष्णिभिः सहितः प्रभुः ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન! પૂર્વેજ જ્યારે તે યુદ્ધ ઉપસ્થિત થયું, ત્યારે સમર્થ એવા રામ, કેશવ ભગવાનની રજા લેઇ યાદવસહિત યાત્રાએ ગયા, તે વખતે હે કેશવ! દુર્યોધન તથા પાંડવોમાંથી હું કોઇની પણ સહાયતા નહિ કરૂં ને જેમ આવ્યો છું, તેમ જાઉં છું, એમ શ્રીકૃષ્ણને કહી ક્ષત્રિયને નિબર્હણ કરનાર બલરામ ગયા હતા, તેમનું ફરીથી ત્યાં આવવું કેમ થયું? તે તમે મને કહો? હે બ્રહ્મન્! હે સત્તમ! તમે કુશળ છો વાસ્તે ત્યાં આવી રામેં યુદ્ધ કેમ જોયું તે બધું વૃત્તાંત વિસ્તારથી મને કહો.

વૈશંપાયન કહે છે—હે મહાબાહો! ઉપપ્લવ્ય શહેરમાં મહાત્મા પાંડવો રહ્યા પછી તેમણે શાંતિ થવા સારૂ તથા સર્વ દેહિના હિત વાસ્તે મધુસૂદન ભગવાનને ધૃતરાષ્ટ્રની પાસે મોકલ્યા, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને હસ્તિનાપુર પ્રત્યે જઇ ધૃતરાષ્ટ્રને મળી સભાના મધ્યમાં વિશેષે કરી હિતરૂપ એવાં સત્ય વચન કહ્યાં, પણ જે રીતે તેમણે કહ્યું તે પ્રમાણે રાજાએ કર્યું નહિ. પુરૂષમાં અત્યંત શ્રેષ્ઠ એવા મહાબાહુ શ્રીકૃષ્ણ ભગવાને ઉપપ્લવ્ય શહેરમાં પાછા આવી પાંડવોને આવી રીતે કહ્યું કે, કાળે પ્રેરણા કરેલા કૌરવોએ મારા વચનને માન્ય કર્યું નહિ માટે હે પાંડવેય! હું સહિત તમો સંગ્રામ કરવા નિકળો. ત્યાર પછી સૈન્યના વિભાગ થયા તેને જોઇ ઉદાર મનવાળા, બળવાનમાં શ્રેષ્ઠ રોહિણી પુત્ર બલરામે પોતાના ભાઇ એવા શ્રીકૃષ્ણને કહ્યું કે, હે મહાબાહો! હે મધુસૂદન! કૌરવોની પણ તમે સહાયતા કરો. એવાં બલરામનાં વચન શ્રીકૃષ્ણે માન્ય કર્યાં નહિ તેથી ક્રોધે કરી વ્યાપ્ત છે આત્મા જેનો એવા યશવાળા યદુનંદન હલધર બલરામ, સર્વ યાદવસહિત અનુરાધા નક્ષત્રને દિવસે તીર્થયાત્રા કરવા સારૂ સરસ્વતીના તટ તરફ પધાર્યા. શત્રુને દમન કરનાર એવા કૃતવર્માએ દુર્યોધનનો આશ્રય કર્યો, અને સાત્યકિ સહિત વાસુદેવે પાંડવનો આશ્રય કર્યો: એવી રીતે શૂરવીર એવા રોહિણી પુત્ર બલરામ ગયા પછી પુષ્ય નક્ષત્રમાં મધુસૂદન ભગવાન પાંડવોને આગળ કરી કૌરવ સામે ગયા. રસ્તામાં જતાં બલરામે તો પોતાના ચાકરોને કહ્યું કે તીર્થયાત્રા વાસ્તે

સર્વ સામગ્રી તથા સર્વ ઉપકરણ દ્વારકા જઈ જલદી લેઇ આવો; તેમજ અગ્નિ, [illegible] કરાવનારા બ્રાહ્મણ, સુવર્ણ, રજત, ગાયો, વસ્ત્ર, અશ્વ, હસ્તિ, રથ, ખર, ઉષ્ટ્ર, વાહન તથા બીજાં પણ સર્વ ઉપસ્કર તીર્થ વાસ્તે જલદી લઇ આવો. જલદી ચાલનારા તમે સરસ્વતીના પ્રવાહ સામે જઇ, ઋત્વિજ તથા બીજા પણ શ્રેષ્ઠ એવા સેંકડો બ્રાહ્મણને આ મંત્રો એ રીતે ચાકરોને આજ્ઞા કરી મહા બળવાન બળદેવ, કૌરવોના નાશ સમયે ઋત્વિજ સંબંધી બીજા શ્રેષ્ઠ બ્રાહ્મણ, રથ, ગજ, અશ્વ, ચાકર, બળદ, ખર તથા ઉંટ જોડેલા વાહન સહિત સરસ્વતીના તટ તરફ તીર્થયાત્રા કરવા સારૂ ગયા: ત્યાં થાકેલા તથા ગ્લાનિયુક્ત શરીરવાળાં વિપુલ આયુષ્યવાળા બાળકો વાસ્તે તથા અર્થિઓના સત્કાર સારૂ દેશ દેશ વિષે દેવા લાયક એવાં વિવિધ પ્રકારનાં દાન, તૈયાર કર્યાં હતાં. હે ભારત ! જે દેશમાં જે જે ચીજની મનુષ્યો ઇચ્છા કરે તે તે વસ્તુ તૈયાર કરાવી રાખી હતી, અને ભૂખ્યાંઓ વાસ્તે ચોતરફ અન્ન પણ તૈયાર કરાવી રાખ્યાં હતાં. હે નૃપ ! જે જે બ્રાહ્મણો જે જે ખાવાની ઇચ્છા કરે તે તે બ્રાહ્મણને તે તે વસ્તુ બલરામના ચાકરો પહોંચાડતા હતા. હે રાજન્ ! રોહિણી પુત્ર બલરામની આજ્ઞાથી તે તે સ્થાનકે રહેલા તેમના અનુચર, તે તે ઠેકાણે ચોફેર ભક્ષ્ય તથા પેય વસ્તુના મોટા ઢગલા કરતા હતા. તેમજ સુખને ઇચ્છતા બ્રાહ્મણોની પૂજા વાસ્તે અમૂલ્ય એવાં વસ્ત્ર તથા બિછાનાં તે તે સ્થાનકે તૈયાર કરી રાખ્યાં હતાં. બ્રાહ્મણ તથા ક્ષત્રિયને જે જે સ્વાદુ લાગે તે તે બધું તૈયાર કરેલું તે તે ઠેકાણે દેખાતું હતું. એ રીતે સર્વ મનુષ્ય જે રીતે સુખે ફરી રહે તથા બેસે તે તે રીતે જનારા સારૂ વાહન અને તૃષિત વાસ્તે પીવાના પદાર્થ તૈયાર રાખ્યા હતા. હે ભરતર્ષભ ! ભૂખ વાસ્તે સ્વાદિષ્ઠ એવાં અન્ન, વસ્ત્ર તથા આભરણ ત્યાં બલરામના અનુચર લેઇ આવતા હતા. હે રાજન્ ! હે વીર ! તે વખતે ત્યાં જતાં સર્વ મનુષ્યોને સ્વર્ગની જેને ઉપમા અપાય એવો માર્ગ સુખાવહ થયો. નિરંતર હર્ષિત જનેકરી યુક્ત, સુંદર છે ભક્ષ્ય જેમાં એવો શુભેકરી યુક્ત બજારહાટ, વેચવા લાયક પદાર્થ, નાના પ્રકારનાં સેંકડો મનુષ્યોએ કરી વીંટાયલો, નાના પ્રકારનાં દ્રુમ તથા લતાએ કરી યુક્ત, તથા નાનાં રત્નેકરી શોભિત એવો તે માર્ગ હતો. હે રાજન્ ! પછી નિયમ વિષે રહ્યો છે આત્મા જેનો એવા યદુકુળમાં અત્યંત શૂરવીર મહાત્મા બલરામ, સરસ્વતીના તટ વિષે રહેલાં પવિત્ર એવાં તીર્થો વિષે શ્રેષ્ઠ બ્રાહ્મણોને કેટલુંક ધન, યજ્ઞ સંબંધી દક્ષિણા સુંદર વસ્ત્ર ઓઢાડેલી, સુવર્ણના શૃંગવાળી દુઝણી હજારો ગાયો, નાના પ્રકારના દેશમાં ઉત્પન્ન થએલા અશ્વ, વાહન, સુંદર એવા દાસ, રત્ન, મુક્તામણિ, વિદ્રુમ, અત્યંત શુદ્ધ એવું સુવર્ણ, રૂપું, લોહ તથા તામ્રમય પાત્ર, ઇત્યાદિ દાન આપી, અપ્રતિમ છે પ્રભાવ જેનો એવા ઉદારવૃત્તિવાળા રામ, શ્રેષ્ઠ તીર્થો વિષે ઘણુંક ધન આપી ક્રમેકરી કુરૂક્ષેત્ર પાછા પધાર્યા.

જનમેજય પૂછે છે—હે બ્રહ્મન્ ! હે વૈશંપાયન ! હે બે પગવાળાઓમાં શ્રેષ્ઠ ! હે બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ ! સરસ્વતીના તટ ઉપરના તે તીર્થોના ગુણનિયમની ઉત્પત્તિ, ફલ, તથા તીર્થયાત્રાની વિધિ એ બધું સાંભળવાનો મને ઉત્સાહ છે વાસ્તે ક્રમેકરી કહો.

વૈશંપાયન કહે છે—હે રાજેન્દ્ર ! તીર્થોનું ફળ, તેના ગુણ તથા ઉત્પત્તિ જેમાં છે એવું પવિત્ર આખ્યાન હું કહું તે સમગ્ર તું સાંભળ. હે મહારાજ ! હે નરેન્દ્ર ! પૂર્વે, યદુકુળમાં શૂરવીર એવા બલરામ, ઋત્વિજ, સંબંધિ તથા બ્રાહ્મણના ગણસહિત જ્યાં ક્ષય રોગેકરી ક્લેશ પામતા ચન્દ્રમાએ સ્નાન કરી શાપથી મુક્ત થઇ ફરીથી તેજને પ્રાપ્ત કરી સર્વ જગ-

તને આશ્વાસન કર્યું હતું, તેથી પ્રભાસ જેનું નામ છે એવા પૃથ્વી વિષે વિખ્યાત શ્રેષ્ઠ તીર્થ પ્રત્યે ગયા. હે મહામુને ! ભગવાન એવા ચન્દ્રમાને શાથી ક્ષયરોગ થયો હતો ? અને તે શ્રેષ્ઠ ચન્દ્રમાએ શુ કરવા સ્નાન કર્યું ? તથા તીર્થમાં સ્નાન કરી પાછો તે કેમ પુષ્ટ થયો ? એ બધું વૃત્તાંત વિસ્તારે કરી મને કહો ? હે તાત ! હે વિશાંપતે ! દક્ષને સત્યાવીસ કન્યા ઉત્પન્ન થઇ, તે સર્વ કન્યાઓ દક્ષે ચન્દ્રમાને આપી. શુભ કર્મવાળા ચન્દ્રની તે સ્ત્રિયો નક્ષત્ર યોગમાં તત્પર એવી તેમની સખ્યા વાસ્તે થઇઓ. જેમના રૂપની બીજી સ્ત્રિયોને પૃથ્વી વિષે ઉપમા અપાય નહિ એવી વિશાલ નેત્રવાળી તે સ્ત્રિયોમાં રૂપસંપત્તિએ કરી રોહિણી સર્વથી અધિક હતી. ભગવાન એવો ચન્દ્ર તેને વિષે અધિક પ્રીતિ કરતો હતો. મનોહરતાને લીધે નિરંતર તેનેજ ભોગવતો હતો, તેથી હે રાજેન્દ્ર ! ચન્દ્ર, રોહિણીના ઘર વિષેજ રહેતો હતો તેથી કોપાયમાન થએલા નક્ષત્ર છે નામ જેમનું એવી સાવધાન થએલી મહાત્મા ચન્દ્રની સર્વ સ્ત્રિયો, પોતાના પિતા એવા પ્રજાપતિ પાસે જઇ કહેવા લાગી કે, ચન્દ્રમા અમારાં ઘર વિષે વસતો નથી ને સદા રોહિણીને ભજે છે માટે હે પ્રજેશ્વર ! તપશ્ચરણમાં તત્પર તથા નિયત છે આહાર જેમનો એવી અમે સર્વ એકઠી થઇ તમારી પાસે નિવાસ કરીશું. કન્યાઓનાં વચન સાંભળી દક્ષે ચંદ્રમાને કહ્યું કે, ભાર્યાઓ વિષે તુ સમાનપણાથી વરત અને મોટો અધર્મ તને સ્પર્શ ન કરો. ચન્દ્રને આમ કહી પોતાની સર્વ કન્યાઓને પણ દક્ષે કહ્યું કે, ચન્દ્રમાની સમીપે તમે જાઓ, કેમકે મારી આજ્ઞાથી હવે ચન્દ્રમા તમારા સર્વને વિષે સમાનપણાથી વરતશે. એમ કહી દક્ષે મોકલેલી તે કન્યાઓ, ચન્દ્રના ઘર પ્રત્યે ગઇ. તોપણ હે મહીપતે ! ભગવાન એવો ચન્દ્રમા પાછો ફરીથી પણ વારંવાર પ્રસન્ન થઇ રોહિણીના ઘર પ્રત્યેજ નિવાસ કરવા લાગ્યો. ત્યારે વળી સર્વ સ્ત્રિયોએ એકઠી થઇ પિતાને કહ્યું કે તમારા શુશ્રૂષણમાં યુક્ત એવી અમે, તમારી પાસે નિવાસ કરીશું, કારણ તમારાં વચનને માન્ય કરી ચન્દ્રમા અમારા ઘર વિષે રહેતો નથી. તેમનાં તે વચન સાંભળી વળી દક્ષે ચન્દ્રમાને કહ્યું કે, હે પ્રકાશ કરનાર ! હે ચન્દ્ર ! ભાર્યાઓ વિષે સમાનપણાથી વરત, કેમકે તને શાપ દેઉં નહિ તેમ થાઓ. એવાં દક્ષનાં વચનનો પણ અનાદર કરી ભગવાન ચંદ્ર રોહિણી સાથેજ વસતો હતો, તેથી વળી કોપાયમાન થએલી બીજી કન્યાઓ પિતા પાસે જઇ મસ્તકથી તેને પ્રણામ કરી કહેવા લાગી કે ચંદ્રમા અમારા ઘર વિષે વસતો નથી માટે અમે તમારે શરણે આવ્યાં છીએ; કેમકે ભગવાન ચંદ્રમા રોહિણીના ઘર વિષે સદા વસે છે અને તમારા વચનને ગણતો નથી એટલે અમારે વિષે સ્નેહ કરતો નથી. જે રીતે ચન્દ્રમા, અમારા ઘર વિષે આવે તે રીતે અમારી સર્વની તમે રક્ષા કરો. કન્યાઓનાં વચન સાંભળી હે પૃથ્વીપતે ! ક્રોધાયમાન થએલા ભગવાન દક્ષે રોષથી ક્ષયરોગને ઉત્પન્ન કર્યો. ચન્દ્રમાને તે પ્રાપ્ત થયો. ક્ષયરોગે કરી પરાભવ પામ્યો છે આત્મા જેનો એવો ચન્દ્ર દિવસે દિવસ ક્ષય પામવા લાગ્યો. હે રાજન્ ! એ રીતે ક્ષયરોગને પ્રાપ્ત થએલા ચન્દ્રે રોગથી મુક્ત થવા સારૂ વિવિધ પ્રકારની ઇષ્ટિથી યજન કરી ઘણો યત્ન કર્યો, તોપણ શાપથી મુક્ત થયો નહિ અને ક્ષયને પ્રાપ્ત થયો. એવી રીતે ચન્દ્ર ક્ષીણ થવાથી ઓષધીઓ પણ થોડી થઇ ગઇ. રસવગરની નિસ્વાદ તથા પરાક્રમે કરીને પણ હીન થઇ ગઇ, ઔષધિનો ક્ષય થવાથી પ્રાણિઓનો પણ સારી રીતે ક્ષય થવા લાગ્યો. ચન્દ્ર ક્ષીણ થવાથી સર્વ પ્રજા પણ કૃશ થઇ ગઇ. તે વખતે દેવતાઓએ ત્યાં આવી ચન્દ્રને કહ્યું કે, તારૂં રૂપ આવું કેમ થયું ? આ શું ! પ્રકાશ કેમ નથી કરતો ? તને આ મોટો ભય થયો છે તેનું સર્વ કારણ તું અમને કહે ! તારાં વચન સાંભળી અમે તારા ભયની નિવૃત્તિ વાસ્તે

ઉપાય કરીશું. દેવતાઓના વચન સાંભળી ચન્દ્રે તે સર્વ પ્રત્યે શાપનું લક્ષણ તથા પેતાને ક્ષયરોગ કેવી રીતે લાગુ થયો તે સર્વ વૃત્તાંત કહી બતાવ્યું, તે સાંભળી દેવતાઓએ દક્ષ પાસે જઇ કહ્યું કે, હે ભગવન્! ચન્દ્ર ઉપર પ્રસન્ન થઇ તેને આ શાપથી નિવૃત્ત કરો, કેમકે આ ક્ષીણ થએલો ચન્દ્ર, બાકી કંઇ અવશેષ રહેલો દેખાય છે. હે દેવેશ! એને ક્ષય થવાથી પ્રજા પણ ક્ષયને પ્રાપ્ત થઈ છે. તેમજ લતાઓ ઓષધિ અને વિવિધ પ્રકારનાં બીજ પણ ક્ષયને પ્રાપ્ત થયાં છે. તેમનો ક્ષય થવાથી અમારો પણ ક્ષય થાય ત્યારે અમવિના પછી જગત્ પણ શું? એમ જાણી હે લોકગુરો! તમે ચન્દ્ર ઉપર પ્રસન્ન થવા યોગ્ય છો. દેવતાઓનાં વચન સાંભળી દક્ષપ્રજાપતિએ દેવપ્રત્યે આવી રીતે કહ્યું કે, એ મારૂં વચન બીજા કોઇ પ્રકારે તો ટાળવા સમર્થ થઇ શકાય તેમ નથી, પણ હે મોટા ભાગ્યવાળા! હે દેવતાઓ! કોઇ કારણથી તે નિવૃત્ત થશે, માટે હે દેવતાઓ! હું કહું તે સાંભળો. ચન્દ્રમા, સર્વ ભાર્યાવિષે નિરંતર સમાનપણાથી વરતાં, ને સરસ્વતીના શ્રેષ્ઠ તીર્થવિષે સ્નાન કરતાં પાછો વૃદ્ધિને પામશે, એ મારાં વચન સત્ય છે. પણ આવી રીતની વ્યવસ્થા થશે કે અરધો માસ, ચન્દ્રમા નિરંતર ક્ષયને પ્રાપ્ત થશે અને અરધો માસ સદા વૃદ્ધિ પામશે, એ મારાં વચન સત્ય છે. માટે પશ્ચિમ સમુદ્ર પ્રત્યે જઇ સરસ્વતી તથા સમુદ્રના સંગમવિષે દેવના ઇશ ભગવાનનું, આરાધન કરી ચંદ્રમા, કાંતિ પ્રાપ્ત કરશે. ઋષિની આજ્ઞાથી ચંદ્રમા, સરસ્વતીના તટવિષે પ્રભાસ નામના તીર્થ ઉપર ગયો, ત્યાં જઈ અમાવાસ્યાને દિવસે સરસ્વતીવિષે, સ્નાન કરી મોટી કાંતિવાળો ચંદ્ર, શીતાંશુપણાને પ્રાપ્ત થઈ લોકને પ્રકાશ કરવા લાગ્યો. હે રાજેંદ્ર! સર્વ દેવતાઓ પુણ્ય સ્થળ પ્રભાસને પ્રાપ્ત થઇ ત્યાંથી ચંદ્રસહિત દક્ષપાસે ગયા. તે વખતે દક્ષ પ્રજાપતિએ સર્વ દેવતાઓને વિસર્જન કરી પ્રસન્નતાથી ચંદ્રને આવી રીતે કહ્યું કે, હે પુત્ર! સ્રિઓ તથા બ્રાહ્મણોનો કદી તિરસ્કાર કરીશ માં. નિયોયુક્ત થઇ જા ને મારી આજ્ઞા પ્રમાણે વર્ત. પ્રજાપતિની આજ્ઞાને માથે ચઢાવી હે મહારાજ! ચંદ્રમા પોતાના ઘર પ્રત્યે ગયો, અને પ્રજા પણ પૂર્વે જેવી હતી તેવી પ્રસન્ન થઇ રહી. હે મહારાજ! જે રીતે ચંદ્રમાને શાપ થયો હતો તે બધું આ રીતે મેં તને કહી સંભળાવ્યું બતાવ્યું. તીર્થોમાં મોટું એવું પ્રભાસ તીર્થ કેમ થયું, તે પણ કહ્યું. ઉત્તમ એવા પ્રભાસ નામના તીર્થમાંચંદ્રમા અમાવાસ્યાને દિવસે સ્નાન કરી શોભનો વૃદ્ધિગત થાય છે, તીર્થમાં સ્નાન કરી ચંદ્રમા પરમ પ્રભાને પ્રાપ્ત થયો, તેથી હે ભૂમિપ! એ તીર્થને પ્રભાસ એ રીતે લોકો કહે છે. ત્યાર પછી ચમસોદ્ભેદ તીર્થ પ્રત્યે અચ્યુત એવા બલરામ ગયા. ત્યાં વિશિષ્ટ અને વિવિધ પ્રકારનાં દાન આપી એક રાત્રિ રહી વિધિથી સ્નાન કરી કેશવ ભગવાનના મોટા ભાઇ હલાયુધ બલરામ, આદિ તથા કલ્યાણરૂપ ઉદપાન નામના તીર્થ પ્રત્યે ગયા. હે જનમેજય! હે રાજેંદ્ર! સરસ્વતી નદી નષ્ટ-સુકાઇ ગયાં છે તોપણ તે પ્રદેશની અને વનસ્પતિની સ્નિગ્ધતા ઉપરથી સિદ્ધો વૃદ્ધ ઋષિઓ વગેરે તે અહિં વહેતાં હતાં એમ જાણે છે.

स्निग्धत्वादोषधीनां च भूमेश्च जनमेजय ।
जानंति सिद्धा राजेंद्र नष्टामपि सरस्वतीम् ॥

इति श्री महाभारते शल्यपर्वांतरगत गदापर्वणि बलदेवतीर्थयात्रायां प्रभासोत्पत्तिकथने गुर्जरभाषायां पंचत्रिंशोऽध्यायः ॥ ३५ ॥

અધ્યાય ૩૬ મો. ત્રિતે કરેલો કૂપયજ્ઞ.

वैशंपायन उवाच—तस्मान्नदीगतं चापि उदपानं यशस्विनः ।
त्रितस्य च महाराज जगामाथ हलायुधः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! હે મહારાજ! ત્યાંથી યશસ્વી એવા ત્રિતનાં નદીગત ઉદપાન તીર્થ પ્રત્યે હલાયુધ ગયા ત્યાં જઇ ઘણું દ્રવ્ય આપી બ્રાહ્મણોનો સત્કાર કરી તીર્થ આચમન કરી મુસલાયુદ્ધ પ્રસન્ન થયા. અત્યંત તપસ્વી એવો ત્રિત ધર્મ વિષે તત્પર થયો હતો તથા કૂપ વિષે વસતા મહાત્મા તેણે ત્યાં સોમપાન કર્યું હતું, ત્યાં એને છોડી દઇ, એના ભાઇઓ ગૃહ પ્રત્યે ગયા હતા તેથી બ્રાહ્મણમાં અત્યંત શ્રેષ્ઠ એવા તેણે ભાઇઓને શાપ દીધો હતો. જનમેજય પૂછે છે, હે બ્રહ્મન્! ઉદપાન તીર્થ કેમ થયું, તપસ્વી એવો તે કૂપ વિષે કેમ પડયો, ભાઇઓએ એનો ત્યાગ કેમ કર્યો, કૂપ વિષે એને છોડી દઇ ભાઇઓ ગૃહ પ્રત્યે કેમ ગયા, તેણે યાગ કેમ કર્યો તથા સોમપાન કેવી રીતે કર્યું? હે બ્રહ્મન્! એ બધું મારે સાંભળવા યોગ્ય છે, એમ માનતા હોય તો મને કહો.

વૈશંપાયન કહે છે-હે રાજન્! પૂર્વ યુગને વિષે સૂર્ય સરખી કાંતિવાળા, પ્રજાપતિ જેવા પ્રજાવાન, તપે કરી બ્રહ્મલોક જીતેલા બ્રહ્મવાદી એવા એકત, દ્વિત તથા ત્રિત, એવે નામે ત્રણ મુનિ ભાઇઓ હતા. તેમનું તપ, નિયમ તથા યમ જોઇ ધર્મતત્પર એવા તેમના પિતા ગૌતમ હમેશ પ્રસન્ન રહેતા હતા. પછી ઘણે વખતે ભગવાન ગૌતમ પોતાને યોગ્ય સ્થાન પ્રત્યે ગયા. ત્યારપછી હે રાજન્! મહાત્માને યજન કરવા લાયક જે રાજાઓ હતા તે સર્વ તેના પૂત્રોને પૂજતા હતા. તેઓમાંથી હે રાજન્! કર્મ તથા અધ્યયને કરી ત્રિત નામનો મુનિ, પોતાના પિતા સમ શ્રેષ્ઠ થયો, તેથી પુણ્ય લક્ષણવાળા, મોટા ભાગ્યવાળા સર્વ મુનિઓ ત્રિતને જે રીતે એના પિતાને પૂજતા હતા તે રીતે પૂજવા લાગ્યા. હે રાજન્! કોઇ વખતે એકત તથા દ્વિત નામના બે ભાઇઓને યજ્ઞ તથા ધન વાસ્તે ચિંતા થઇ. તે વેળાએ તેમણે એવો વિચાર કર્યો કે આપણે ત્રિતને ગ્રહણ કરી યજન કરવા લાયક સર્વ રાજાદિક પાસે જઇ ત્યાંથી પશુને માગી લાવી પ્રસન્ન થઇ મોટા ફળવાળા યજ્ઞને પ્રાપ્ત થઇ સોમપાન કરીએ. હે રાજન્! ત્યારપછી ત્રણેય ભાઇઓ એકઠા થઇ પશુ માટે યાજ્ય એવા સર્વ રાજાદિક પાસે ફરી તેમને યજન કરાવી યાજ્ય કર્મે કરી વિધાનથી ઘણાંક પશુ માગી લાવી તે ત્રણેય મહર્ષિયો, પૂર્વ દિશા તરફ ગયા. તેઓમાંથી પ્રસન્ન થએલો ત્રિત પશુની આગળ ચાલ્યો જતો હતો અને એકત તથા દ્વિત, ગાયો હાંકી પાછળથી ચાલ્યા આવતા હતા એટલામાં ઘણાંક પશુને જોઇ પાછળ ચાલનાર તેમને વિચાર થયો કે ત્રિતવિના આપણા બેની ગાયો કેરી રીતે થાય? એ રીતે એકત તથા દ્વિત બે ભાઇએ પરસ્પર મનસુબો કર્યો. ત્રિત યજ્ઞવિષે કુશળ છે તથા વેદવિષે નિપુણ છે માટે તે તો બીજી ઘણીક ગાયો પ્રાપ્ત કરશે માટે આપણે બેઉ એકઠા મળી ગાયોને હાંકી જતા રહીએ, આપણા વગરનો ત્રિત પોતાની ઇચ્છામાં આવે ત્યાં જાઓ. આમ વિચાર કરી એકત તથા દ્વિત ગાયોની પાછળ ચાલ્યા, રાત્રિવિષે માર્ગમાં તેમને વૃક નામનો હિંસક પશુ સામે મળ્યો. તેને જોઈ નાસવા લાગેલો ત્રિત, સરસ્વતીના તટ ઉપર સર્વ ભૂતને ભય કરનાર અત્યંત ઘોર અગાધ એવો મોટો કૂવો હતો તેમાં પડી ગયો. તે વેળાએ મુનિમાં અત્યંત શ્રેષ્ઠ, કૂપવિષે રહેલા ત્રિતે હે મહારાજ! પીડિત શબ્દ કર્યો, તે સાંભળી 'ત્રિત કૂવામાં પડયો' એમ બે

વ્યું તોપણ એકત તથા દ્વિત નામના તેના બે ભાઇઓ, વૃકના ભયથી તથા પશુના લોભથી તેને ત્યાં છોડી દઇ જતા રહ્યા. તે વખતે હે રાજન્! લતાઓ, તૃણ તથા ધુળે કરી વીંટાયલા કૂપ વિષે પડેલા પશુના લોભી એવા ભાઇઓએ ત્યાગ કરેલા મહા તપસ્વી, દુષ્કૃતિ જેમ નરકમાં પડે તેમ કૂપ વિષે પડેલા પોતાના આત્માને જોઇ નથી કર્યું સોમપાન જેણે એવા મૃત્યુ ભયથી બીનેલા તેણે બુદ્ધિએકરી વિચાર કર્યો કે અહીં રહેલા મેં સોમપાન કેવી રીતે કરવું. એમ નિશ્ચય કરી મહા તપસ્વી તેણે કૂપ વિષે યદૃચ્છાએકરી લંબમાન એવી લતાને જોઇ રજથી છવાએલા તે કૂપ વિષે જળ ઉત્પન્ન કરી અગ્નિનો સંકલ્પ કરી ' હું અગ્નિહોત્ર કરતા છું ' એમ પોતાને માની લતા-વેલાને આ સોમ છે, એવો સંકલ્પ કરી ઋક્, યજુ તથા સામના મંત્રોને મને કરી ચિંતન કર્યા. પછી કાંકરા વિષે સોમવલ્લીનો રસ કાઢવાના પથરાઉપર વટણા થાય છે તેની કલ્પના કરી, તેઓથી સોમના રસની ભાવના કરી જળ વિષે આ જળ છે, એવી કલ્પના કરી દેવતાઓના ભાગ માની સોમનો રસ કાઢી મોટો શબ્દ કર્યો. બ્રહ્મવાદીઓએ કહ્યા પ્રમાણે કરેલા તે યજ્ઞમાંથી વળી ફરીથી ત્રિતે કરેલો શબ્દ સ્વર્ગ પ્રત્યે ગયો. એ રીતે મહાત્મા ત્રિતનો મોટો યજ્ઞ પ્રવર્તમાન થવાથી બધું સ્વર્ગ ઉદ્વિગ્ન થવા લાગ્યું. ઉદ્વિગ્નતાનું કારણ કોઇના જાણવામાં આવ્યું નહિ. ત્યારે અત્યંત ભયંકર એવો ત્રિતનો શબ્દ સાંભળી દેવતાઓના પુરોહિત બૃહસ્પતિએ સર્વ દેવતાઓને કહ્યું કે, હે દેવતાઓ! ત્રિતનો યજ્ઞ પ્રવર્તમાન થયો છે ત્યાં આપણે જઇએ, કેમકે ક્રોધાયમાન થએલો મહા તપસ્વી તે તો બીજા દેવતાઓને પણ ઉત્પન્ન કરે. બૃહસ્પતિનાં વચન સાંભળી એકઠા મળેલા સર્વ દેવતાઓ, જ્યાં ત્રિતનો યજ્ઞ પ્રવર્તમાન થયો હતો ત્યાં ગયા. કૂપ વિષે ત્રિત હતો ત્યાં બધા દેવતાઓ જઇ પરમ શોભાએ કરી યુક્ત યજ્ઞ કર્મ વિષે દીક્ષિત એવા મોટા ભાગ્યવાળા મહાત્માને જોઇ કહેવા લાગ્યા કે, ભાગાર્થી એવા અમે દેવતાઓ આવ્યા છીએ. દેવતાઓનાં વચન સાંભળી ત્રિતે તેમને કહ્યું કે હે દેવતાઓ! આ ભયંકર કૂપ વિષે મગ્ન થએલા નષ્ટ ચિત્તવાળા મને જુઓ. એમ કહી હે મહારાજ! તેમને વિધિપુરઃસર મંત્રયુક્ત ભાગ આપ્યા. એ રીતે વિધિ પ્રમાણે મળેલા ભાગને લઇ પ્રસન્ન છે આત્મા જેમનો એવા દેવતાઓએ ત્રિતને કહ્યું કે તારી ઇચ્છામાં આવે એવો તું વર માગ. પછી તેણે માગ્યું કે, મને અહિંથી તમે રક્ષણ કરવા યોગ્ય છો અને જે આ કુવામાં આચમન કરે તે, સોમપાન કરનારની ગતિને પામે, એવો વર હું માગું છું. માગણી કરતા માત્રમાં જ લહેરવાળી સરસ્વતી કૂવામાંથી ઉંચી નીકળી, તેણે બહાર કાઢેલો ત્રિત દેવતાઓનું પૂજન કરતો બહાર આવી બેઠો અને 'ઠીક તેમ થશે' એમ કહી દેવતાઓ જેમ આવ્યા હતા તેમ પાછા ગયા, અને પ્રસન્ન થએલો ત્રિત પણ પોતાના ઘર પ્રત્યે ગયો. પછી ઋષિ એવા તે બે ભાઇઓને પ્રાપ્ત થઇ ક્રોધાયમાન થએલા મહા તપસ્વી ત્રિતે શાપ દેતાં કહ્યું કે, પશુના લોભી એવા તમે મને કૂવામાં છોડી દઈ જતા રહ્યા એ પાપકર્મેકરી મારા શાપથી ભયંકર દાઢવાળા ચોતરફ વિચરનાર વરૂ થશો. તમારી પ્રજા પણ વાનર વિશેષ રીંછ તથા વાનર થશે. હે વિશાંપતે! એવી રીતે સત્યવાદિના બોલવાથી ક્ષણ માત્રમાં તેવી આકૃતિવાળા તે બની ગયા. એ તીર્થમાં ઘણા પરાક્રમવાળા હલાયુધ બલરામ જળનો સ્પર્શ કરી વિવિધ પ્રકારનાં દાન આપી બ્રાહ્મણોનું પૂજન કરી ઉદપાનને જોઇ નદીગત એવાં તે તીર્થની વારંવાર પ્રશંસા કરતા ઉદાર મનવાળા પાછા કુરુક્ષેત્રમાં આવ્યા.

उदपानं च तद्वीक्ष्य प्रशस्य च पुनः पुनः।
नदीगतमदीनात्मा प्राप्तो विनशनं तदा॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि बलदेव तीर्थयात्रायां त्रिताख्याने गुर्जरभाषायां षट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥

અધ્યાય ૩૭ મો. બળરામનું આગમન.

वैशंपायन उवाच—ततो विनशनं राजन् जगामाथ हलायुधः।
शूद्राभीरान् प्रतिद्वेषाद्यत्र नष्टा सरस्वती ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હે રાજન્ ! ત્યાંથી હલાયુધ બલરામ, જ્યાં શૂદ્ર તથા આભીર પરના દ્વેષથી સરસ્વતી નષ્ટ થઇ હતી તે કુરૂક્ષેત્ર પ્રત્યે ગયા. એ રીતે [1]સરસ્વતીનો નાશ થવાથી ઋષિયો નિરંતર જેને વિનશન એ રીતે કહે છે, તે સરસ્વતી વિષે પણ મહા બળવાન બલદેવજી સ્નાન કરી સરસ્વતીના શ્રેષ્ઠ તટવિષે રહેલા સુભૂમિક નામના તીર્થ પ્રત્યે ગયા. જ્યાં સાવધાન એવી સુંદર નિર્મળ મુખવાળી અપ્સરાઓ, વિમળ ક્રીડા કરતી હતી, અને માસ માસ પ્રત્યે ગંધર્વ સહિત દેવતાઓ પણ બ્રાહ્મણોએ સેવેલા તે પવિત્ર તીર્થ પ્રત્યે જતા હતા. હે રાજન્ ! એ રીતે એકઠા મળેલા દેવતાઓ તથા પિતૃઓ ત્યાં હર્ષ પામતા હતા. દિવ્ય અને પવિત્ર પુષ્પનો ત્યાં વર્ષાદ થતો હતો, કેમકે હે રાજન્ ! તે અપ્સરાઓની સુંદર એવી ક્રીડાભૂમિ હતી, તેથી દેવતાઓ તથા અપ્સરાઓના ગણુ ત્યાં દેખાતા હતા. સુભૂમિક નામે વિખ્યાત સરસ્વતી તટવિષે રહેલાં તે તીર્થમાં માધવ બલરામ, સ્નાન કરી વગેરે બ્રાહ્મણોને ધન આપી, દિવ્ય એવાં વાદિત્રોનો શબ્દ સાંભળી દેવ, ગંધર્વ યક્ષ તથા રાક્ષસોની વિપુલ છાયાઓ જોઇ ત્યાંથી જ્યાં વિશ્વાવસુ છે મુખ્ય જેમાં એવા તપોયુક્ત ગંધર્વ, અત્યંત મનો-હર એવું નૃત્ય, વાદિત્ર તથા ગાન કરે છે એવા ગંધર્વતીર્થમાં આવી બ્રાહ્મણોને વિવિધ પ્રકારનું ધન, બકરાં, ઘેટાં, ગાયો, ખર, ઊંટ, સુવર્ણ તથા રૂપુ આપી, તેમને ભોજન કરાવી અમૂલ્ય ધન આપી સર્વ કામના પૂર્ણ કરી, સર્વજન જેની સ્તુતિ કરે છે એવા બ્રાહ્મણો સહિત શત્રુને દમન કરનાર એક કુંડલી મહાબાહુ બલરામ, ગંધર્વ તીર્થથી જ્યાં તપે કરી ભાવિત છે આત્મા જેનો એવા મહાત્મા વૃદ્ધ ગર્ગે કાલજ્ઞાનની ગતિ, ગ્રહણ, ક્ષત્રાદિકનું પાછું ફરવું, દારૂણ તથા શુભ ઉત્પાત ઇત્યાદિ સર્વ જાણ્યું હતું અને જ્યાં સુદૃઢ વ્રતવાળા ઋષિઓ કાલજ્ઞાન વાસ્તે મહાભાગ ગર્ગની, નિરંતર સેવા કરતા હતા, તેથી ગર્ગસ્રોત્ એવું જેનું નામ

---

1 ગંગા, યમુના અને સરસ્વતી, એમ ત્રણ નદીઓનું માહાત્મ્ય પુરાણ સાહિત્યમાં સ્થળે સ્થળ ગવાયું છે. આ ત્રણમાં સરસ્વતીનું માહાત્મ્ય બહુ છે અને તે ગંગા યમુનાની પશ્ચિમે હતી તથા રજપૂતાના સમુદ્રને મળતી હતી. મહાભારતના વખત પહેલાંજ તે લોપ થઇ હતી. એના વહેણે પાથરેલા પાર્થિવે કુરૂક્ષેત્ર અને મધ્ય દેશની જમીન બનેલી છે. ગંગા યમુનાની તરીએ પૂર્વ તરફનો સમુદ્ર પુરાઇને બિહાર ને પશ્ચિમ બંગાળનો પ્રદેશ બનેલો છે. લોપ થયેલી સરસ્વતી પછી ઠેકઠેકાઈ દેખાઇ છે.

છે એવા મહાતીર્થમાં જઈ હે મહારાજ ! શ્વેત છે ચંદન જેને એવા બલરામ, વિધિએકરી ભાવિત છે આત્મા જેમનો એવા મુનિઓને ધન આપી નાના પ્રકારનાં ભક્ષ્ય બ્રાહ્મણોને દઈ મોટો છે યશ જેનો એવા નીલવસ્ત્રવાળા બલરામ, જ્યાં મેરૂ પર્વત સરખો ઊંચો શ્વેત પર્વત સમાન, ઋષિસંઘ જેનું સેવન કરે છે, એવા સરસ્વતીના તટ વિષે ઉત્પન્ન થએલું શંખ નામનું વૃક્ષ છે અને યક્ષ, વિદ્યાધર, ઘણા પરાક્રમી રાક્ષસ, પિશાચ, તથા ઘણા પરાક્રમવાળા હજારો સિદ્ધ, એ સર્વ બીજા ભોજનનો ત્યાગ કરી વ્રત તથા નિયમથી વખતો વખતે ફળને ખાતા હતા. મનુષ્ય ન જૂવે તે રીતે દેવાદિક ત્યાં વિચરતા હતા. હે નરવ્યાઘ્ર ! એવી રીતે તે વનસ્પતિવાળો પ્રદેશ વિખ્યાત હતો. ત્યાં સરસ્વતીના તીર વિષે રહેલા શંખતીર્થ પ્રત્યે આવી યાદવ-કુળમાં સિંહ રૂપ એવા બળરામ ત્યાં દુઝણી ગાયો તથા તામ્ર તથા લોહનાં પાત્ર, વિવિધ પ્રકારનાં વસ્ત્ર બ્રાહ્મણોને આપી તેમની પૂજા કરી. તપસ્વિઓએ પૂજા કરેલા હલાયુધ બલ-રામ, ત્યાંથી હે રાજન્ ! પવિત્ર એવા દ્વૈતવન પ્રત્યે આવ્યા. ત્યાં જઈ ધર્માત્મા બલરામ, નાના પ્રકારના વેષ ધરનાર મુનિઓને જોઇ જળમાં સ્નાન કરી બ્રાહ્મણોની પૂજા કરી પુષ્કળ ભોગ તેમને આપી, હે રાજન્ ! મોટા યશવાળા મહાત્મા બળરામ, સરસ્વતીની દક્ષિણ બાજુ થોડે દૂર જઇ જ્યાં મોટી કાંતિવાળા પન્નગરાજ વાસુકિનું નિવાસસ્થાન છે, ને નિરંતર ચૌદ હજાર ઋષિઓ જ્યાં નિવાસ કરી રહ્યા છે તથા દેવતાઓ જ્યાં આવી વિધિપુરઃસર સર્વ પન્નગના રાજા એવા વાસુકિને અભિષેક કરતા હતા. હે પૌરવ ! સર્પ સંબંધી ભય તો જ્યાં છેજ નહિ એવા ઘણાક પન્નગથી વીંટાયલા નાગધન્વા નામના તીર્થપ્રત્યે જઇ અચ્યુત એવા બલરામ, વિધિએ કરી બ્રાહ્મણોને રત્નસંચય આપી ત્યાંથી જ્યાં પગલે પગલે વિખ્યાત એવાં સેંકડો તથા હજારો તીર્થ છે એવી પૂર્વ દિશા જોઇ ઋષિઓના કહેવા પ્રમાણે ઉપવાસ તથા નિયમ પુરઃસર તે તીર્થમાં સ્નાન કરી દાન આપી તીર્થનિવાસી મુનિઓને પ્રણામ કરી તે-મણે બતાવ્યો છે માર્ગ જેમને એવા બલરામ નૈમિષેય ઋષિઓની ઇષ્ટસિદ્ધિ માટે વાયુએ ફેંકેલી વૃષ્ટિ જેમ પાછી વળે તેમ પ્રાઙ્મુખી થઇ પાછા પશ્ચિમમાં સરસ્વતી જ્યાં વળી હતી ત્યાં ગયા. હે રાજન્ ! શ્વેત છે અનુલેપન જેને એવા હાંગલી બલરામ નિવૃત્ત થએલી તે શ્રેષ્ઠ નદીને જોઇ વિસ્મિત થયા.

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન ! હે અધ્વર્યુસત્તમ ! હે બ્રહ્મન્ ! શું કરવા સરસ્વતી નિવૃત્ત થઇ ? પૂર્વાભિમુખ થઇને યદુનંદન એવા બલરામ શા કારણને લીધે વિસ્મિત થયા તથા શ્રેષ્ઠ નદી સરસ્વતી ક્યા હેતુથી નિવૃત્ત થઇ ? એ બધું વ્યાખ્યાન હું સાંભળવાને ઇચ્છું છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હે રાજન્ ! પૂર્વે સત્યયુગ વિષે નિમિષેય, તપસ્વિઓ, પ્રવર્તમાન થએલા દ્વાદશ વર્ષના યજ્ઞ વિષે બેઠેલા હતા, ત્યાં હે રાજન્ ! મોટા ભાગ્યવાળા બીજા પણ કેટલાક ઋષિઓ આવી રહ્યા હતા. એ દ્વાદશ વર્ષનો સત્ર યજ્ઞ વિધિ પ્રમાણે નિવૃત્ત થયો ત્યારે તીર્થ માટે ઘણાક ઋષિઓ ત્યાં આવ્યા. હે વિશાંપતે ! સરસ્વતીના દક્ષિણ તટપર મુનિઓ ઘણા હોવાથી તે તટપર રહેલાં તીર્થ નગર જેવાં લાગતાં હતાં. હે નર-વ્યાઘ્ર ! નૈમિષારણ્યથી આરંભી સંમતપંચક તીર્થ સુધી શ્રેષ્ઠ બ્રાહ્મણ, તીર્થના લોભેકરી નદીના તીરપર બેઠેલા હતા. ભાવિત છે આત્મા જેમનો એવા હોમ કરતા મુનિઓના મોટી ઘોષ સ્વાધ્યાયે કરી દિશાઓ ગાજી રહી હતી. મહાત્માઓના કરેલા દીપ્યમાન અગ્નિ-હોત્રોએ કરી ચોતરફથી સરસ્વતી શોભતી હતી. હે મહારાજ ! વાલખિલ્ય ઋષિઓ, પાષાણ

કુટીને ખાનાર તપસ્વિઓ, કેટલાક દાંતથીજ કુટીને ખાનાર, સાંખ્ય શાસ્ત્રનું ચિંતન કરનાર, વાયુ ભક્ષણ કરી રહેનાર, જળનો આહાર કરનાર, પાંદડાં ખાઇ રહેનાર, કેટલાક સ્થંડિલ ઉપર સુનાર, નાના નિયમે કરી યુક્ત મુનિયો સરસ્વતી સમીપ વસતા હતા. દેવતાઓ જેમ ગંગાને શોભાવે તેમ સરસ્વતીને શોભાવતા સત્રે કરી યજન કરનાર મોટા વ્રતવાળા સેંકડો ઋષિઓ ત્યાં રહેતા હતા તથાપિ તે સ્થાનકે નિવાસનો અવકાશ ન જોતાં યજ્ઞસૂત્રથી તીર્થનું નિર્માણ કરી અગ્નિહોત્રની હોમ સાથે વિવિધ પ્રકારની ક્રિયા કરવા લાગ્યા. એ રીતે ચિંતાયુક્ત તથા સરસ્વતીના જળ લાભ વિષે નિરાશ તે ઋષિ સંઘાતને સરસ્વતીએ પોતાનું રૂપ દેખાડ્યું. એ રીતે પવિત્ર તપવાળા ઋષિઓ ઉપર દયા કરી, હે જનમેજય! તેમને વાસ્તે પૂર્વમાં પાછી વળી પોતાના નિવાસ સ્થાનભૂત કેટલાંક તીર્થ વિશેષ કરી પાછી પોતે પશ્ચિમમુખી થઇ વહેવા લાગી. હે રાજન્! તેમનું આવવું સફળ કરી પાછી હું જાઉં, એવો વિચાર કરી મહાનદી સરસ્વતીએ મોટું આશ્ચર્યનું કામ કર્યું. હે રાજન્! એ રીતે થએલું તે તીર્થ નૈમિષેય કહેવાયું. હે કુરૂશ્રેષ્ઠ! કુરૂક્ષેત્રમાં તું પણ મોટી ક્રિયા કર. હે રાજન્! ત્યાં ઘણાંક તીર્થ તથા નિવૃત્ત થએલી સરસ્વતીને જોઇ મહાત્મા રામને વિસ્મય થયો ત્યાં પણ યદુનંદન રામ, વિધિવત્ સ્નાન કરી બ્રાહ્મણોને વિવિધ પ્રકારનાં પાત્ર તથા ધન આપી વિવિધ પ્રકારનાં ભક્ષ્ય તથા ભોજ્ય દેઈ બ્રાહ્મણોએ પૂજા કરેલા હલાયુધ બળરામ, ત્યાંથી નાના પ્રકારના પક્ષિગણે કરી યુક્ત, બોરડી, ઇંગોરાં, કાયફળનાં ઝાડ, પીપરનાં વૃક્ષ, પીપળા, બેહેડાંનાં [illegible], કંકોલ, ખાખરા, કેરડા, પીલું એટલાં એ ને બાકી પણ સરસ્વતીના તટ વિષે રહેલાં વિવિધ પ્રકારનાં કરૂષક નામનાં ફળ, બિલ્વ, આમ્ર, તિવરના સમુદાય તથા પારિજાત નામનાં [illegible] કરી શોભિત, ઘણાક કદળીના વનવાળું, દૃષ્ટિને આનંદ આપનાર, મનોહર વાયુ, અંબુભક્ષ તથા પાંદડાં ખાનાર, દાંતથી કુટીને ખાનાર, પાણાથી કુટીનેજ ખાનાર, એવા ઘણાક વનમાં રહેનાર મુનિઓથી વીટાયલા સ્વાધ્યાયના શબ્દે કરી શબ્દાયમાન, સેંકડો મૃગના યુથેકરી આકુળ ધર્મમાં તત્પર એવાં અસંખ્ય મનુષ્યોએ અત્યંત સેવન કરેલા અને જ્યાં સિદ્ધ એવા મંકણક મુનિ તપશ્ચર્યા કરતા હતા એવા સરસ્વતીના તીર્થમાં શ્રેષ્ઠ સપ્ત સારસ્વત નામના તીર્થમાં આવ્યા.

सप्तसारस्वतं तीर्थमाजगाम हलायुधः ।
यत्र मंकणकः सिद्धस्तपस्तेपे महामुनिः ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायां सप्तत्रिंशोऽध्यायः॥ ३७॥

અધ્યાય ૩૮ મો. સારસ્વતોપાખ્યાન.

जनमेजय उवाच—सप्तसारस्वतं कस्मात् कश्च मंकणको मुनिः ।
कथं सिद्ध स भगवान् कश्चास्य नियमो भवत् ॥१॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન! એ તીર્થ સપ્તસારસ્વત કેમ કહેવાયું! મંકણક મુનિ કોણ હતા ને ભગવાન એવા તે કેમ સિદ્ધ થયા તથા એને કેવો નિયમ હતો.

જોત્તમ ! કોના વંશમાં તે ઉત્પન્ન થયા હતા તથા શું તેણે અધ્યયન કર્યું હતું એ બધું વિધિથી હું સાંભળવા ઇચ્છું છું. વૈશંપાયન કહે છે—હે રાજન્ ! જેણેકરી આ જગત્ વ્યાપ્ત છે એવી સાત સરસ્વતી છે. સરસ્વતીને બળવાન એવા તપસ્વીઓએ તે તે સ્થાનકે બોલાવેલી છે. તે સાત સરસ્વતીનાં સુપ્રભા, કાંચનાક્ષી, વિશાલા, મનોરમા, ઓઘવતી, સુરેણુ તથા વિમલોદકા એવી રીતનાં સાત નામ છે. તેમાંથી હે રાજન્ ! મોટા એવા પિતામહના યજ્ઞ વિષે વિસ્તૃત એવા યજ્ઞવાટમાં અત્યંત સિદ્ધ બ્રાહ્મણો વિરાજમાન હતા. યજ્ઞવિધિ જોઇ નિર્મલ પુણ્યાહ ઘોષ તથા વેદોના શબ્દ સાભળી દેવતાઓ વ્યગ્ર થઈ ગયા હતા. એ રીતે હે મહારાજ ! દીક્ષિત એવા પ્રપિતામહ બ્રહ્મા, સર્વ કામે કરી સમૃદ્ધ યજ્ઞે કરી યજન કરતા હતા તેથી ધર્માર્થમાં કુશલ બ્રાહ્મણોએ મને કરી ચિતન કરેલા અર્થ, તેમને પ્રાપ્ત થતા હતા. મહાયજ્ઞમાં ગંધર્વ ગાન કરતા હતા, અપ્સરાઓના ગણ નૃત્ય કરતા હતા, દિવ્ય વિચિત્ર પ્રકારનાં વાદિત્ર વાગતાં હતાં. યજ્ઞની સંપત્તિ જોઇ સંતુષ્ટ થએલ દેવતાઓ પણ પરમ વિસ્મયને પ્રાપ્ત થયા, ત્યારે મનુષ્યો તો વિસ્મય પામે એમાં શું કહેવું ? પુષ્કરતીર્થમાં રહેલા બ્રહ્માના એવી રીતે વરતતા તે યજ્ઞમાં મહારાજ, ઋષિઓ આવી રીતે કહેવા લાગ્યા કે, આ યજ્ઞ મોટા ગુણવાળો નથી, કેમકે અહીં નદીમાં શ્રેષ્ઠ એવી સરસ્વતી દેખાતી નથી. ઋષિઓનાં વચન સાંભળી પ્રસન્ન થએલા યજન કરતા ભગવાન પિતામહે સરસ્વતીને યાદ કરી, એ રીતે તેણે બોલાવેલી સુપ્રભા નામની સરસ્વતી હે રાજેંદ્ર ! ત્યાં પ્રકટ થઇ. એ રીતે બ્રહ્માને માન આપતી ઉતાવળે આવેલી સરસ્વતીને જોઇ પ્રસન્ન થએલા મુનિયો તે યજ્ઞને ઘણો ગુણવાન માનવા લાગ્યા. નદીમાં શ્રેષ્ઠ સરસ્વતી પુષ્કરતીર્થ વિષે પિતામહ માટે તથા બુદ્ધિમાન ઋષિઓની પ્રીતિ માટે ઉત્પન્ન થઇ. હે જનેશ્વર ! નૈમિષારણ્ય વિષે આવી બેઠેલા સ્વાધ્યાય જાણનાર વેદ વિષે વિચિત્ર પ્રકારની કથાઓ કરતા સત્રયાજી મુનિઓએ સરસ્વતીનું સ્મરણ કર્યું ત્યારે સત્રયાજી મુનિઓની સહાયતા કરવા સારૂ નદીમાં શ્રેષ્ઠ, પવિત્ર કાંચનાક્ષી નામે સરસ્વતી નૈમિષારણ્યમાં આવી. ગય દેશમાં યજમાન એવા ગય રાજાના મોટા યજ્ઞમાં તીક્ષ્ણ વ્રતવાળા ઋષિઓએ બોલાવેલી નદીમાં શ્રેષ્ઠ એવી વિશાલા નામની સરસ્વતી હિમવાન પર્વતની પાસેથી ત્યાં આવી. તેજ રીતે ચોતરફથી સમૃદ્ધિ અને મુનિનું મંડળ જેમાં છે એવા પવિત્ર ઉત્તર કોશલ ભાગમાં હે રાજન્ ! યજમાન ઉદ્દાલકના યજ્ઞમાં તેણે પૂર્વેજ ધ્યાન કરેલી નદીમાં શ્રેષ્ઠ મનોરમા જેનું નામ છે એવી વલ્કલ તથા અજીન વસ્ત્ર પહેરેલા મુનિઓએ પૂજન કરેલી સરસ્વતી મુનિઓ માટે તે દેશ પ્રત્યે આવી. રાજર્ષિએ સેવિત પવિત્ર ઋષભદ્વીપમાં યજમાન મહાત્મા કુરૂના કુરૂક્ષેત્રમાં હે રાજેંદ્ર ! મહાત્મા વસિષ્ઠે આહ્વાન કરેલી દિવ્ય જળવાળી ઓઘવતી નામની નદીમાં શ્રેષ્ઠ સરસ્વતી કુરૂક્ષેત્રમાં આવી. ગંગાદ્વાર વિષે યજન કરતા દક્ષે બોલાવેલી સુરેણુ નામની સરસ્વતી ત્યાં આવી. વળી પવિત્ર હિમાચલ વિષે ફરીથી યજન કરતા બ્રહ્માએ બોલાવેલી વિમલોદકા નામની સરસ્વતી ત્યાં આવી. એ રીતે આવેલી તે સાતેય સરસ્વતી તીર્થ વિષે એકઠી થઇ તેથી એ તીર્થ પૃથ્વી વિષે 'સપ્તસારસ્વત' નામે વિખ્યાત થયું. એ રીતે હે રાજન્ ! સાતેય સરસ્વતી નામથી તને કહી. તેમજ પવિત્ર એવું સપ્તસારસ્વત તીર્થ પણ કહ્યું. હવે હે રાજન્ ! નદીમાં સ્નાન કરતા કુમાર અવસ્થાથી બ્રહ્મચારી એવા મંકણકની મોટી ક્રીડા કહું તે સાંભળ. યદચ્છાએ કરી તે જળમાં સ્નાન કરતી સુંદર કટાક્ષવાળી દિશારૂપી વસ્ત્ર ધારણ કરેલી અનિંદિત એવી સ્ત્રીને જોઈ હે મહારાજ ! તેનું વીર્ય

અમોને પણ યુદ્ધ ન કરવું ઇષ્ટ હોય તો એ વિષે હું યત્ન કરૂં. જે મનેજ, [illegible] આપણાં [illegible] કરવામાં અધર્મ છે એમ જાણી પોતાને નિંદે છે, તે યુધિષ્ઠિર આપણને [illegible] પામતા જાણી આપણી ઉપેક્ષા કરશે નહીં.

न तु नः क्लिश्यमानानामुपेक्षेत युधिष्ठिरः।
जुगुप्सति ह्यधर्मेण मामेवोदिश्य कारणं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायां त्रिपंचाशत्तमोऽध्यायः ॥ ५३ ॥

અધ્યાય ૫૪ મો. સંજયે મારેલાં મહેણાં.

संजय उवाच—एवमेतन्महाराज यथा वदसि भारत।
युद्धे विनाशः क्षत्रस्य गांडीवेन प्रदृश्यते ॥ १ ॥

સંજય કહે છે—હે મહારાજ! હે ભારત! તમે કહો છો તેજ પ્રમાણે ગાંડીવ ધનુષથી યુદ્ધમાં ક્ષત્રિયનો મને પણ નાશ દેખાય છે, તોપણ તમે યુદ્ધથી નિવૃત્ત થાઓ એમ હું ધારતો નથી; કારણ પંડિત જેવા તમે અર્જુનના પરાક્રમને જાણવા છતાં પણ પુત્ર વશ છો, તેમ હમેશ પાંડવોનો પ્રથમથી અપરાધ કરનાર તથા તેમનો તિરસ્કાર કરનાર પણ તમેજ છો. હવે પાછો સંધિ કરવાનો આ વખત છે એમ જાણવું નહીં. તમે એમ ધારતા હશો કે "હું એમનો પિતા છું, તેથી કહીશ તો હજી પાછી સંધિ થશે," પણ તેમ થવાનું નથી, કારણ જે પોતાના છોકરાઓનું સાવધાન થઇ નિરંતર હિત કરે, તે જ સારો સગો વા પિતા કહેવાય, પણ ઉલટો દ્રોહ કરનાર પિતા કે સારો સંબંધિ કહેવાય નહીં. હે મહારાજ! તમે દ્યૂત વખતે પરાજય પામેલા પાંડવોને જોઇ "આ અમોએ જીત્યું, આ અમોને મળ્યું," એમ જાણી બાળકની પેઠે ખુશી થતા હતા. જે વખતે તમારા પુત્ર પાંડવો પ્રત્યે કઠોર વચન બોલતા હતા, તે વખતે તેમની તમોએ ઉપેક્ષા કરી, અને મનમાં એમ જાણ્યું કે, "મારા પુત્ર સમગ્ર રાજ્ય જીતે છે. પણ "આમાંથી આપણો નાશ થશે" એમ વિચાર્યું નહીં. હે મહારાજ! તમારા પિતાનું રાજ્ય તો કુરૂ તથા જાંગલ દેશ સુધી હતું, બાકી સમગ્ર પૃથ્વી તો શૂરવીર પાંડવોએ પોતાના બાહુબળથી જીતી તમોને આપી છે; પણ તમે તો "આ બધું અમેજ કર્યું છે," એમ માનો છો. હે રાજસત્તમ! જે વખતે તમારા પુત્રોને ગંધર્વો લઇ જતા હતા, તે વખતે વહાણ વિના સમુદ્રમાં પડનારને જેમ બચવાની આશા ન હોય, તેમ તેમને જીવતા રહેવાની આશા ન હતી, પણ પાંડવો તેઓને બચાવી પાછા લઈ આવ્યા હતા. જે વખતે તીક્ષ્ણ બાણોના સમુહને અર્જુન વર્ષાવશે તે વખતે સમુદ્રો પણ સુકાઇ જશે, ત્યારે મનુષ્યો નાશ પામે તેમાં શું! બાણ ફેંકનારાઓમાં અર્જુન, ધનુષ માત્રમાં ગાંડિવ, સર્વ પ્રાણિયોમાં કેશવ [illegible], આયુધ માત્રમાં સુદર્શન તથા ધ્વજા માત્રમાં વાનરની ધ્વજા સર્વથી શ્રેષ્ઠ છે. શ્વેત ઘોડા જોડેલા રથમાં બેઠેલો અર્જુન કાળચક્રની પેઠે ઘણાક યોદ્ધાઓને મારી નાંખશે, માટે હવે હે રાજન! હે ભરતર્ષભ! સમગ્ર પૃથ્વી યુધિષ્ઠિરનીજ છે, અને જેના ભીમ તથા અર્જુન જેવા યોદ્ધા છે, એજ રાજા પણ તે જ છે. હે મહારાજ! જ્યારે ભીમસેન [illegible]

સરસ્વતી વિષે પડી ગયું, તે વીર્ય મહા તપસ્વી એવા તેણે કળશમાં ગ્રહણ કર્યું. કળશમાં રહેલું તે સાત પ્રકારે વિભાગને પ્રાપ્ત થયું, તેમાંથી વાયુવેગ, વાયુબળ, વાયુહા, વાયુમંડળ, વાયુજ્વાલ, વાયુરેતા, તથા વીર્યવાન વાયુચક્ર, એવાં જેનાં નામ છે, એવા સાત ઋષિઓ વાયુના ગણુ ઓગણુપચાસ વાયુના કારણુભૂત થયા. હે રાજન્! પૃથ્વી વિષે અત્યંત આશ્ચર્યરૂપ એવું ત્રણુ લોકમાં વિખ્યાત મહર્ષિનું આશ્ચર્યરૂપ આ ચરિત્ર જેવું છે તેવું કહું તે સાંભળ. હે રાજન્! પૂર્વે સિદ્ધ એવા મંકણુક ઋષિ, કુશના અગ્રભાગેકરી હાથ વિષે ક્ષત યુક્ત થયો એટલે ક્ષત થએલા તેના હાથમાંથી શાકનો રસ, સ્રવવા લાગ્યો, એ રીતે અમે સાંભળ્યું છે, એ રીતે સ્રવતા શાકના રસને જોઇ હવે હું સિદ્ધ થયો એમ જાણી હર્ષાવિષ્ટ થએલો તે, નૃત્ય કરવા લાગ્યો. હે વીર! તેના તેજે કરી મોહિત સ્થાવર જંગમાત્મક સર્વ જગત ડોલવા લાગ્યું. તે જોઇ હે નરાધિપ! બ્રહ્માદિક દેવતા તથા તપોધન ઋષિઓએ તેને માટે મહાદેવજીને વિજ્ઞાપ્ત કરી કે હે દેવ! જે રીતે આ ઋષિ, નૃત્ય ન કરે તે રીતે તમે કરવાને યોગ્ય છો એવાં દેવ તથા ઋષિઓનાં વચન સાંભળી મહાદેવજીએ અત્યંત હર્ષાવિષ્ટ એવા મુનિને જોઇ દેવતાઓના હિત માટે તે મુનિ પ્રત્યે આવી રીતે કહ્યું કે હે બ્રાહ્મણુ! હે ધર્મજ્ઞ! શું કરવા તું નૃત્ય કરે છે? હે મુને! હે દ્વિજસત્તમ! ધર્મપથ વિષે રહેલા તપસ્વી તને આ અધિક હર્ષનું સ્થાન શું કરવા છે, મહાદેવનાં વચન સાંભળી તે ઋષિએ કહ્યું કે, હે બ્રહ્મન્! હે વિભો! મારા હાથમાંથી શાકનો રસ સ્રવે છે તે શું તમે જોતા નથી. જેને જોઇ મોટા હર્ષે કરી હું નૃત્ય કરૂં છું. એવાં તેનાં વચન સાંભળી સારી રીતે હાસ્ય કરી રાગેકરી મોહિત એવા તે મુનિ પ્રત્યે મહાદેવે કહ્યું કે, હે વિપ્ર! હું કંઇ એ જોઇ વિસ્મયને પામતો નથી. મને તું જો. એવી રીતે તે શ્રેષ્ઠ એવા મુનિને કહી બુદ્ધિમાન્ મહાદેવે હે રાજેંદ્ર! આંગળીના અગ્રભાગેકરી અંગુષ્ટને તાડન કર્યો. તે વખતે તે ક્ષત થયેલા અંગુષ્ટમાંથી હિમ સરખી ભસ્મ નીકળી, તે જોઇ લજ્જિત થએલો તે મુનિ, મહાદેવને પ્રણામ કરી આ મહાદેવ છે એમ માની વિસ્મિત થઇ આવી રીતે કહેવા લાગ્યો કે, રૂદ્ર દેવથી બીજાને અત્યંત શ્રેષ્ઠ કે મોટો હું માનતો નથી ને શસ્ત્ર ધરનાર એવા તેમજ સુરાસુર તથા જગતની ગતિરૂપ છો અને આ વિશ્વ પણુ તમે સ્રજ્યું છે, એમ બુદ્ધિમાન પુરૂષો કહે છે. તેમ પાછું યુગક્ષય વિષે સર્વ તમારે વિષેજ પ્રતિષ્ઠ થાય છે. દેવતાઓ પણુ તમને જાણુવા સમર્થ થઇ શકે તેમ નથી ત્યારે હું તો ક્યાંથીજ જાણું? જગત વિષે જે જે પદાર્થ રહ્યા છે, તે સર્વ તમારે વિષે દેખાય છે. હે અનઘ! બ્રહ્માદિક દેવતાઓ પણુ વર દેનારા તમારૂં સેવન કરે છે. દેવતાનો કર્તા તથા કરાવનાર સર્વ તમેજ છો. સર્વ દેવતાઓ તમારા પ્રસાદથી નિર્ભય થઇ હર્ષને પ્રાપ્ત થાય છે. એવી રીતે મહાદેવજીની સ્તુતિ કરી તે ઋષિએ મહાદેવજીને પ્રણામ કરી કહ્યું કે, હે દેવ! જે મેં ચપલતાથી ગર્વાદિક કર્યું માટે મારૂં તપ ક્ષીણુ ન થાય, તે સારૂ તમને પ્રસન્ન કરૂં છું. ઋષિનાં વચન સાંભળી પ્રસન્ન થએલા મહાદેવજીએ ઋષિને કહ્યું કે, હે વિપ્ર! મારા પ્રસાદથી તારૂં તપ સહસ્ર પ્રકારથી વૃદ્ધિ પામો. આ આશ્રમમાં તારી સાથે સદા હું નિવાસ કરીશ, તેમ આ સપ્તસારસ્વત તીર્થ વિષે જે મારી પૂજા કરશે તેને આલોક તથા પરલોકમાં કંઇ પણુ દુર્લભ રહેશે નહિ. સારસ્વત લોકને પ્રાપ્ત થશે. ઘણુા તેજવાળા મંકણુકનું આ ચરિત્ર મેં તને કહ્યું તે મંકણુક, સુકન્યા વિષે માતરિશ્વાથી ઉત્પન્ન થયો હતો.

एतन्मंकणकस्यापि चरितं भूरि तेजसः ।
स हि पुत्रः सुकन्यायामुत्पन्नो मातरिश्वना ॥

ઇતિ શ્રી મહાભારતે શલ્યપર્વાંતરગત ગદાપર્વણિ બલદેવતીર્થયાત્રાયાં સારસ્વતોપાખ્યાને ગુર્જરભાષાયામષ્ટાત્રિંશોઽધ્યાયઃ ॥ ૩૮ ॥

અધ્યાય ૩૯ મો. બળરામનો યાત્રા પ્રવાસ.

વૈશંપાયન ઉવાચ—ઉષિત્વા તત્ર રામસ્તુ સંપૂજ્યાશ્રમવાસિનઃ ।
તથા મંકણકે પ્રીતિં શુભાંચક્રે હલાયુધઃ ॥ ૧ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હલાયુધ રામ, ત્યાં નિવાસ કરી, આશ્રમવાસી મુનિઓની પૂજા કરી, તેમજ મંકણક ઋષિપર શુભ એવી પ્રીતિ કરી, બ્રાહ્મણોને દાન આપી, રાત્રિ પ્રત્યે ઉપોષણ કરી મુનિસંઘે પૂજા કરેલા લાંગલી રામ, સવારમાં ઉઠી, સર્વ મુનિઓની આજ્ઞા લેઇ જળનો સ્પર્શ કરી ત્યાંથી ચાલ્યા. હે રાજન્ ! હે મહારાજ ! જ્યાં રામે ફેંકેલા રાક્ષસના મોટા મસ્તકેકરી ગ્રસ્ત છે જંઘા જેની એવા મહોદર મહા મુનિ મુક્ત થયા હતા, તેથી કપાલમોચન જેનું નામ છે ત્યાં તે ગયા. પૂર્વે તપશ્ચર્યા કરી મહાત્મા શુક્ર, સમગ્ર નીતિને ત્યાં શીખ્યા હતા. તેમ જ્યાં રહી દૈત્ય દાનવના વિગ્રહ વિષે પણ વિચાર કરતા હતા એવાં ઔશનસ નામના ઉત્તમ તીર્થ પ્રત્યે પ્રાપ્ત થઇ બલરામે મહાત્મા બ્રાહ્મણોને વિધિ પુરઃસર વિત્ત આપ્યું. જનમેજય પૂછે છે—હે બ્રહ્મન્ ! કપાલમોચન તે કેમ થયું, મહામુનિ તેથી કેમ મુક્ત થયા, અને તે મસ્તક શા કારણથી તેને લાગી રહ્યું ? વૈશંપાયન કહે છે, હે રાજશાર્દૂલ ! પૂર્વે દંડકારણ્યમાં વસતા રાક્ષસોને મારતા મહાત્મા રામે, તીક્ષ્ણ ધારવાળા ક્ષુર નામના બાણેકરી જન સ્થાનમાં દુરાત્મા રાક્ષસનું મસ્તક કાપ્યું. હે રાજન્ ! મહા વનમાં ઉંચું ઉડી તે, વનમાં વિચરતા મહોદરની જંઘાપર જઇ પડયું. એ રીતે જંઘાને લાગેલા તે મસ્તકેકરી મહાપ્રાજ્ઞ મહોદર ઋષિ, તીર્થ તથા આશ્રમો પ્રત્યે જવા અસમર્થ થયો. દુર્ગંધયુક્ત અને સ્રવતા એવા તે મસ્તકેકરી વેદનાથી પીડિત થએલો તે મહા મુનિ, પૃથ્વીપર જેટલાં તીર્થ હતાં તે સર્વે પ્રત્યે ગયો એ રીતે અમે સાંભળ્યું છે. મહા તપસ્વી તે સર્વ નદીઓ તથા સમુદ્રો પ્રત્યે જઇ ભાવિત છે આત્મા જેમના એવા ઋષિઓ આગળ સર્વ વૃત્તાંત કહેવા લાગ્યો. પૃથ્વીપર ફરી સર્વ તીર્થ નાહ્યો, તોપણ તે લાગેલા મસ્તકથી મુક્તિને પ્રાપ્ત થયો નહિ; પણ તીર્થો વિષે શ્રેષ્ઠ બ્રાહ્મણ તથા મુનિઓના મુખથી ઔશનસ તીર્થ સર્વ પાપને શમન કરનાર તથા સિદ્ધિક્ષેત્ર છે. સરસ્વતીના તીર્થનો મહિમા જેણે સાંભળ્યો છે એવો તે બ્રાહ્મણ, ઔશનસ તીર્થ પ્રત્યે જઈ તે તીર્થમાં સ્નાન કરવા લાગ્યો, તેટલામાં તો તે મસ્તક, તેના ચરણને છોડી દઇ જલની અંદર પડી ગયું. મસ્તકથી મુકાયેલો તે બ્રાહ્મણ સુખને પ્રાપ્ત થયો. હે વિભો ! જળની અંદર ગએલું તે મસ્તક પણ અદર્શનને પ્રાપ્ત થયું. હે રાજન્ ! મસ્તકથી મુક્ત થએલા પાપરહિત, પવિત્ર છે મન જેનું એવા કૃતકૃત્ય થએલા મહોદર નામના ઋષિ પોતાના આશ્રમ પ્રત્યે ગયા. એ રીતે મસ્તકથી મુક્ત થએલા મહા તપસ્વી તેણે પવિત્ર એવા પોતાના આશ્રમ પ્રત્યે જઇ ભાવિત છે આત્મા જેનો એવા ઋષિઓને તે સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. હે માનદ ! તેનાં વચન સાંભળી ઋષિઓએ કપાલમોચન એવું તે તીર્થનું નામ પાડ્યું. મહોદર નામના ઋષિ પણ ફરીથી અત્યંત શ્રેષ્ઠ તીર્થ પ્રત્યે જઇ અત્યંત વિપુલ તેનું જળપાન કરી સિદ્ધિને પ્રાપ્ત થયા. મધુક

દાન આપી બ્રાહ્મણોની પૂજા કરી વૃષ્ણિ કુળમાં અત્યંત શ્રેષ્ઠ બલરામ, ત્યાંથી હે ભારત! જ્યાં આર્ષ્ટિષેણ ઋષિએ ઘોર તપ કર્યું હતું અને મહા મુનિ વિશ્વામિત્ર પણ જ્યાં બ્રાહ્મણ્યને પ્રાપ્ત થયા હતા, સર્વ કામેકરી સમૃદ્ધ, બ્રાહ્મણ તથા મુનિઓએ સર્વદા સેવિત રૂષંગુના આશ્રમ પ્રત્યે ગયા. ત્યાંથી હે રાજેંદ્ર! બ્રાહ્મણોએ વિંટાએલા શ્રીમાન હલધર, રૂષંગુએ જ્યાં શરીર ત્યાગ કર્યું હતું ત્યાં ગયા. હે ભારત! રૂષંગુ નામે નિરંતર તપશ્ચર્યા કરનાર વૃદ્ધ બ્રાહ્મણ હતો, દેહનો ત્યાગ કરવા પર કર્યું છે મન જેણે એવા મહા તપસ્વી તેણે અનેક પ્રકારે મનમાં વિચાર કરી સર્વ પુત્રોને બોલાવી કહ્યું કે, હે પુત્રો! મને પૃથુદક નામના તીર્થ પ્રત્યે લઇ જાઓ. પિતાનાં વચન સાંભળી તપોધન પુત્રો, તપરૂપી ધનવાળા પિતાને અત્યંત વૃદ્ધ જાણી સરસ્વતીના તટપર તે પૃથુદક તીર્થપર લઇ ગયા. પુત્રોએ સેંકડો તીર્થયુક્ત, વિપ્રસંઘે સેવન કરેલી સરસ્વતીપર આણેલા મહા તપસ્વી વિધીથી તીર્થમાં સ્નાન કરી તીર્થના ગુણ જાણી અત્યંત પ્રસન્ન થએલા ઋષિમાં શ્રેષ્ઠ તેણે હે પુરૂષવ્યાઘ્ર! પોતાની સેવા કરતા સર્વ પુત્રને કહ્યું કે, સરસ્વતીના ઉત્તર તીર વિષે આ પૃથુદક તીર્થમાં જપ વિષે તત્પર થઇ જે પોતાનું શરીર ત્યાગ કરશે, તે અક્ષય સ્વર્ગને પ્રાપ્ત થશે. તે તીર્થ વિષે વિપ્રવત્સલ ધર્માત્મા હલાયુધ બલરામે પણ સ્નાન કરી આચમન લઇ બ્રાહ્મણોને ઘણુંક દાન આપ્યાં. જ્યાં સ્નાન કરી લોક પિતામહ બ્રહ્માજીએ લોકને સરજ્યા હતા, જ્યાં હે કૌરવ્ય! ઋષિમાં અત્યંત શ્રેષ્ઠ તીક્ષ્ણ વ્રતવાળા, આર્ષ્ટિષેણ ઋષિ મોટા તપે કરી બ્રાહ્મણ્યને પ્રાપ્ત થયા હતા. તેમજ રાજર્ષિ સિંધુ દ્વીપ મહા તપસ્વી દેવાપિ તથા મુનિ વિશ્વામિત્ર પણ જ્યાં બ્રાહ્મણ્યને પ્રાપ્ત થયા હતા, ત્યાં મહા તપસ્વી ઉગ્ર તેજવાળા બળવાન તથા પ્રતાપવાન ભગવાન બળભદ્ર આવ્યા.

> महा तपस्वी भगवानुग्रतेजा महातपाः ।
> तत्राजगाम बलवान् बलभद्र प्रतापवान् ॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायामेकोनचत्वारिंशोऽध्यायः ३९॥

અધ્યાય ૪૦ મો. વિશ્વામિત્રની કથા.

> जनमेजय उवाच—कथमार्ष्टिषेणो भगवान् विपुलं तप्तवांस्तपः
> सिंधुद्वीपः कथंचापि ब्राह्मण्यं लब्धवांस्तदा ॥

જનમેજય પૂછે છે—હે બ્રહ્મન્! ભગવાન આર્ષ્ટિષેણ ઋષિએ કેવી રીતે મોટું તપ કર્યું? અને સિંધુદ્વીપ, કેવી રીતે બ્રાહ્મણ્યને પ્રાપ્ત થયો? તેમજ હે સત્તમ! દેવાપિ તથા વિશ્વામિત્ર ત્યાં કેવી રીતે બ્રાહ્મણ્યને પ્રાપ્ત થયા? હે ભગવાન્! એ સાંભળવાનો મને ઉત્સાહ છે, માટે એ સર્વ મને કહો. વૈશંપાયન કહે છે—હે રાજન્! પૂર્વે સત્યયુગ વિષે નિરંતર અધ્યયનમાં જેની પ્રીતિ છે એવો આર્ષ્ટિષેણ બ્રાહ્મણ નિરંતર ગુરૂકુળ વિષે વસતો હતો. હે વિશાંપતે! હે રાજન! એ રીતે નિરંતર ગુરૂકુળ વિષે વસતો છતાં પણ તેમાં વિદ્યા તથા વેદ સમાપ્ત થયાં નહીં. ભણવા વિષે વૈરાગ્ય પામેલો તે, મોટી તપશ્ચર્યા કરી વિદ્યા તથા વેદના

વેદ પ્રાપ્ત કરી વિદ્યા તથા વેદયુક્ત એવો તે, ઋષિમાં અત્યંત શ્રેષ્ઠ સિદ્ધ થયો. સિદ્ધ થએલા મહા તપસ્વી તેણે તીર્થ વિષે ત્રણ વર દીધા, જે આજથી મહા નદીના તીર્થ વિષે જે મનુષ્ય, સ્નાન કરશે તે અશ્વમેધના ફળને પ્રાપ્ત થશે. આજથી આ સ્થાનકે સર્પનો ભય થશે નહીં. અહિં રહેનાર થોડા વખતમાં મોટા ફળને પ્રાપ્ત થશે એમ કહી સિદ્ધ થએલા પ્રતાપવાન, ભગવાન આર્ષ્ટિષેણ સ્વર્ગે ગયા. હે મહારાજ! પ્રતાપવાન સિંધુદ્વીપ, તથા દેવાપિ, મોટા બ્રાહ્મણ્યપણાને પ્રાપ્ત થયા હતા. તેમજ નિરંતર તપશ્ચર્યા કરનાર જિતેંદ્રિય એવા વિશ્વામિત્ર પણ સારી રીતે તપેલા તપેકરી બ્રહ્મપણાને પ્રાપ્ત થયા હતા. હે રાજન્! ગાધિ નામે વિખ્યાત એક ક્ષત્રિય હતો. પ્રતાપવાન, વિશ્વામિત્ર નામે તેનો પુત્ર થયો. તે પછી ઘણે વખને મહાતપસ્વી તથા મહાયોગી ગાધિરાજાએ વિશ્વામિત્રને રાજ્યાભિષેક કરી પોતાનો દેહ ત્યાગ કર્યો. તે સમયે નમ્ર થએલી પ્રજા ગાધિરાજાને કહેવા લાગી કે, હે મહાપ્રાજ્ઞ! તમારે દેહ ત્યાગ કરવો નહિ, તમે ભયથી અમારી રક્ષા કરો. પ્રજાનાં વચન સાંભળી ગાધિરાજાએ તેમને કહ્યું કે મારો પુત્ર, સમગ્ર જગતનું રક્ષણ કરનાર થશે. પ્રજાને આમ કહી ગાધિરાજા, વિશ્વામિત્રને રાજ્ય ઉપર બેસાડી સ્વર્ગે ગયો. પછી વિશ્વામિત્ર રાજા થયો. તે વિશ્વામિત્ર યત્ન કરવા છતાં પણ પૃથ્વીનું રક્ષણ કરવા સમર્થ થયો નહિ. વિશ્વામિત્ર રાજા રાક્ષસોથી થએલા મોટા ભયને સાંભળી ચતુરંગ સૈન્યસહિત પોતાના નગરમાંથી બહાર નીકળ્યો. કેટલેક દૂર માર્ગે જઇ વસિષ્ઠના આશ્રમ પાસે ઉભો. ત્યાં તેના સૈનિકોએ ઘણાક અન્યાય કર્યા. તેટલામાં ભગવાન વસિષ્ઠ, આશ્રમમાં આવ્યા, આશ્રમમાં આવી આશ્રમ સંબંધી ભાગેલા સર્વ મોટા વનને જોઇ કોપાયમાન થએલા મુનિમાં અત્યંત શ્રેષ્ઠ વસિષ્ઠ 'અરે ઘણાક ભીલને ઉત્પન્ન કર, એમ પોતાની ગાયને કહ્યું.' વસિષ્ઠનાં વચન સાભળી ધેનુએ ઘોર છે દર્શન જેમનું એવા પુરૂષો ઉત્પન્ન કર્યા. ઉત્પન્ન થએલા પુરૂષો, વિશ્વામિત્રના સૈન્ય સામે જઇ ચોતરફથી મારવા લાગ્યા. ભાગવા લાગેલા પોતાના સૈન્યને જોઇ ગાધિપુત્ર વિશ્વામિત્રે તપનેજ શ્રેષ્ઠ માની તપ કરવાની ધારણા કરી. પછી હે રાજન્! સાવધાન થએલા વિશ્વામિત્રે સરસ્વતીના શ્રેષ્ઠ તીર્થ વિષે નિયમ તથા ઉપવાસે કરી પોતાના દેહને કષ્ટ આપતાં જળાહાર, વાયુભક્ષણ, પર્ણાહાર તથા સ્થંડિલ ઉપર શયન અને બીજા પણ જૂદા જૂદા નિયમ ધારણ કર્યા. ઉગ્ર તપ કરતાં દેવતાઓએ વારંવાર વિઘ્ન નાંખ્યાં, પણ એમની બુદ્ધિ નિયમથી બાહાર ગઇ નહિ. પરમ યત્નેકરી બહુ પ્રકારનું તપ કરી તેજેકરી સૂર્યના સરખો છે આકાર જેનો એવો ગાધિપુત્ર સફળ થયો. તપેકરી યુક્ત વિશ્વામિત્રને જોઇ મોટા તેજવાળા પિતામહ બ્રહ્માજીએ એને 'વર માગ' એમ કહ્યું. હે રાજન્! વિશ્વામિત્રે 'હું બ્રાહ્મણ થાઉં' એવો વર માગ્યો. 'ઠીક બહુ સારૂ તેમ થાઓ' એ રીતે સર્વ લોકના પિતામહ બ્રહ્માજીએ કહ્યું. મોટા યશવાળો તે, ઉગ્ર તપે કરી બ્રાહ્મણપણાને પ્રાપ્ત થઈ, કર્યો છે મનોરથ પૂર્ણ જેણે દેવતાની ઉપમા આપવા લાયક વિશ્વામિત્ર, સમગ્ર પૃથ્વી પ્રત્યે વિચરતો હતો. શ્રેષ્ઠ તીર્થ વિષે હર્ષિત થએલા બલરામ, હે રાજન્! વિવિધ પ્રકારનું ધન, દુઝણી ગાયો, વાહન, શય્યા, વસ્ત્ર તથા અલંકાર, બ્રાહ્મણોને આપી ભક્ષ્ય તથા સુંદર પાન કરાવી બ્રાહ્મણોની પૂજા કરી, ત્યાંથી જ્યાં બકદાલ્ભ્યે તીવ્ર તપ કર્યું હતું એવા બકદાલ્ભ્યના આશ્રમે ગયા.

ययौ राजंस्ततो रामो बकस्याश्रममंतिकात् ।
यत्र तेपेतपस्तीव्रं दाल्भ्यो बक इतिश्रुतिः ॥

इति श्री महाभारते शल्यपर्वणि गदापर्वान्तर्गत बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायां चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥

અધ્યાય ૪૧ મો. બકદાલ્ભ્ય તીર્થ.

वैशंपायन उवाच—ब्रह्मयोनेरवाकीर्णं जगाम यदुनंदनः ।
यत्र दाल्भ्यो बको राजन्नाश्रमस्थोमहातपाः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે રાજન્! પછી બ્રાહ્મણ્યોત્પાદક તે તીર્થથી યદુનંદન બલરામ, જ્યાં મહા તપસ્વી બકદાલ્ભ્ય ઋષિ રહેતા એવા અવાકીર્ણ નામના તીર્થ પ્રત્યે ગયા જ્યાં વ્યભિચાર કરવાથી શત્રુને નીચે પાડી શકાય તેથી અવાકીર્ણ જેનું નામ છે એવા તીર્થ વિષે ક્રોધેકરી આવિષ્ટ પ્રતાપવાન ધર્માત્મા બકદાલ્ભ્ય, ઘોર તપે કરી વૈચિત્રવીર્ય ધૃતરાષ્ટ્રના દેશને હોમતા હતા, તેનું કારણ હું તને કહું તે સાંભળ. પૂર્વે નૈમિષીય ઋષિઓનો દ્વાદશ વર્ષનો સત્ર નિવૃત્ત થયો એટલામાં પંચાલ રાજાનો વિશ્વજિત્ યજ્ઞ પણ સમાપ્ત થયો, તે સાંભળી મનસ્વી ઋષિઓએ તેની પાસે જઇ દક્ષિણા વાસ્તે બલયુક્ત તથા નીરોગી એવા એકવીસ તરૂણ વાછડાની યાચના કરી, તે વખતે બકદાલ્ભ્ય ઋષિએ બીજા ઋષિઓને કહ્યું કે, આ પશુનો તમે સર્વ ભાગ પાડી લ્યો, હું તો આ પશુને છોડી દઇ કોઇ બીજા અતિ શ્રેષ્ઠ રાજા પાસે જઇ બીજાં પશુ માગી લઇશ. હે રાજન્! ઋષિઓને આમ કહી બ્રાહ્મણમાં ઉત્તમ પ્રતાપવાન બકદાલ્ભ્યે, ધૃતરાષ્ટ્ર રાજા પાસે જઇ પશુની યાચના કરી. તે વખતે રાજામાં અત્યંત શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્રે યદચ્છાએ કરી રોગાદિકથી મરી ગએલા પશુને જોઇ ક્રોધથી ઋષિને કહ્યું કે—હે બ્રાહ્મણમાં અધમ! પશુને ઇચ્છતો હોય તો આ મરેલા પશુને લઇ જા. તેનાં વચન સાંભળી ધર્મજ્ઞ ઋષિએ મનમાં વિચાર કર્યો કે અરે સભાના મધ્યમાં આણે અતિ ક્રૂર વચન મને કહ્યાં. એ ઘડી વિચાર કરી રોષાવિષ્ટ એવા તે ઉત્તમ બ્રાહ્મણે ધૃતરાષ્ટ્રનો નાશ કરવા તરફ મતિ કરી. મરી ગયેલા પશુને લઇ કીર્ણ નામના સરસ્વતીના તીર્થ વિષે અગ્નિ પ્રજ્વલિત કરી પશુ માંસેકરી ધૃતરાષ્ટ્ર રાજાના દેશને હોમવા માંડયો. હે મહારાજ! એ રીતે મહા તપસ્વી બકદાલ્ભ્ય, પરમ નિયમે કરી તેજ માંસે ધૃતરાષ્ટ્રના દેશને હોમવા લાગ્યો. હે પાર્થિવ! એ રીતે અતિ દારૂણ સત્ર, વિધિથી પ્રવર્તમાન થયો કે થોડા વખતમાં ધૃતરાષ્ટ્રનો દેશ, ક્ષય થવા લાગ્યો. હે વિભો! કુહાડીએ કરી કાપવા માંડેલું અનંત એવું વન, જેમ ક્ષીણ થાય તેમ ધૃતરાષ્ટ્ર રાજાનું રાજ્ય, ક્ષીણ થવા લાગ્યું. એ રીતે આપદ્ગ્રસ્ત તથા ચેનરહિત થએલા પોતાના દેશને જોઇ ખેદયુક્ત છે મન જેનું એવો ધૃતરાષ્ટ્ર રાજા, વિચાર કરવા લાગ્યો. બ્રાહ્મણ સહિત પોતે, આપદથી દેશની મુક્તિ વાસ્તે યત્ન કરવા લાગ્યો. તો પણ તેનું કલ્યાણ થયું નહીં અને દેશનો ક્ષય થવા લાગ્યો. તે જોઇ જ્યારે તે રાજા, તથા બ્રાહ્મણો ખેદયુક્ત થયા, ને કોઇ રીતે પણ જ્યારે દેશને આપદ્થી મુક્ત કરવા સમર્થ થયા નહિ, ત્યારે હે જનમેજય! પ્રશ્ન જાણનાર બ્રાહ્મણને પૂછ્યું પ્રશ્ન જોઇ તેણે કહ્યું કે, પશુની યાચના વખતે તમે તિરસ્કાર કરેલા બકદાલ્ભ્ય મુનિ, માંસે કરી તમારા દેશને હોમે છે, તેથી હે ધૃતરાષ્ટ્ર! દેશનો મોટો ક્ષય થયો છે એ તેના તપનો પ્રભાવ છે. બકદાલ્ભ્ય મુનિ, સર-

સ્વતીના તટ પર હોમ કરે છે, તેમને પ્રસન્ન કરો. પ્રાશ્નિકનાં વચન સાંભળી ધૃતરાષ્ટ્ર રાજા, સરસ્વતી ઉપર જઇ હે ભરતર્ષભ! મસ્તકથી બકદાલ્ભ્યને પ્રણામ કરી બે હાથ જોડી તેને કહેવા લાગ્યા કે, હે ભગવન્! તમને હું પ્રસન્ન કરૂં છું; મૂર્ખતાથી હણાયું છે ચિત્ત જેનું એવા લોભી તથા દીન જન—મારો અપરાધ આપ ક્ષમા કરો. હે નાથ! મારી ગતિ તમે છો, માટે મારી ઉપર પ્રસન્ન થવા યોગ્ય છો. તે રીતે વિજ્ઞપ્તિ કરતા અને શોકે કરી હણાયું છે ચિત્ત જેનું એવા તેને જોઈ, દયાને લીધે તેણે તેના દેશને આપદથી મુક્ત કીધો. એવી રીતે પ્રસન્ન થએલા ઋષિએ તેની ઉપરના ક્રોધને છોડી દઇ તેના દેશના મોક્ષ માટે વળી આહુતિ આપી. એ રીતે તેના દેશને આપદથી મુક્ત કરી તેની પાસેથી ઘણાંક પશુ લઇ પ્રસન્ન છે આત્મા જેનો એવા તે બકદાલ્ભ્ય ઋષિ, પાછા નૈમિષારણ્યમાં ગયા. સ્વસ્થ છે ચિત્ત જેનું એવો, ઉદાર મનવાળો ધર્માત્મા ધૃતરાષ્ટ્ર પણ હે રાજન્! મોટી સમૃદ્ધિ યુક્ત એવા પોતાના નગરમાં ગયો. હે મહારાજ! ઉદાર બુદ્ધિવાળા બૃહસ્પતિ પણ અસુરોના નાશ વાસ્તે અને દેવતાઓની વૃદ્ધિ વાસ્તે માંસે કરી ઇષ્ટિ હોમ કરતા તેથી અસુરનો ક્ષય થયો હતો અને સંગ્રામ વિષે જયશીલ એવા દેવતાઓ તેમને નસાડતા હતા, તે તીર્થ વિષે પણ હે મહારાજ! મોટા યશવાળા બલરામ, બ્રાહ્મણોને અશ્વ, કુંજર, ખચરીઓ જોડેલા રથ, અમૂલ્ય રત્ન, ધન, તથા પુષ્કળ ધાન્ય, વિધિથી આપી હે પૃથ્વીપતે! જ્યાં નાહુષ મહાત્મા યયાતિના યજ્ઞમાં સરસ્વતી ઘી તથા દૂધને સ્રવતી હતી, એવા યયાતિતીર્થ પ્રત્યે ગયા. ત્યાં પુરૂષમાં સિંહરૂપ યયાતિ રાજા, યજન કરી હર્ષથી ઉત્તમ લોક પામ્યો હતો. વળી જ્યાં પોતાવિષે નિરંતર ભક્તિ કરી યજન કરતા સમર્થ યયાતિ રાજાનું પરમ ઉદારપણું જોઇ પ્રસન્ન થએલી નદીમાં શ્રેષ્ઠ સરસ્વતી, તે યજ્ઞ વિષે બોલાવેલા તથા બેઠેલા બ્રાહ્મણો, જે જે કામના કરે, તે તે કામના પૂરી પાડી ગ્રહાદિક શયનાદિક ખટરસ ભોજન, તથા નાના પ્રકારનું દાન પણ પોતે આપતી હતી. રાજાએ આ ઉત્તમ દાન આપણને આપ્યું એમ માની વિપ્રો પ્રસન્ન થઇ રાજાને આશીર્વાદ દઇ સ્તુતિ કરતા હતા. તેમજ દેવતાઓ, ગંધર્વ તથા મનુષ્યો પણ તે યજ્ઞસંપત્તિને જોઇ વિસ્મયને પામતા હતા. ત્યાંથી, તાલ છે ધ્વજ વિષે જેની એવા ધર્મના ધ્વજરૂપ, વશ છે આત્મા જેનો એવા, નિરંતર દાન કરનાર, જીત્યો છે આત્મા જેણે એવા સ્થિર મનવાળા મહાત્મા બલરામ, ભયંકર વેગવાળા વસિષ્ઠાપવાહ નામના તીર્થમાં આવ્યા.

ततस्तालकेतुर्महाधर्मकेतुर्महात्मा कृतात्मा महादाननित्यः ।
वसिष्ठापवाहं महाभीमवेगं धृतात्माजितात्मा समभ्याजगाम ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायामेकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

અધ્યાય ૪૨ મો. વસિષ્ઠ વિશ્વામિત્રનો ઝગડો.

**जनमेजय उवाच—वसिष्ठस्यापवाहो सौभीमवेगः कथं नु ह्युः ।
किमर्थं च सरिच्छ्रेष्ठा तमृषिं प्रत्यवाहयत् ॥ १ ॥**

જનમેજય પૂછે છે—વસિષ્ઠનું અપવાહ નામે તે તીર્થ ભયંકર વેગવાળું કેમ થયું અને નદીમાં શ્રેષ્ઠ એવી સરસ્વતીએ ઋષિમાં શ્રેષ્ઠ એવા તેને શું કરવા વાહન કર્યા, અને વૈર કેમ થયું તેનું કારણ શું? હે મહાપ્રાજ્ઞ! હે પ્રભો! તમે કહો છો તેથી હું તૃપ્ત થતો નથી, એ બધું મને કહો? વૈશંપાયન કહે છે–હે ભારત! હે રાજન્! વિશ્વામિત્ર તથા વિપ્રર્ષિ વસિષ્ઠને તપની સ્પર્ધાને લીધે પરસ્પર અત્યંત મોટું વૈર થયું. હે રાજન્! સ્થાણુ તીર્થ વિષે, વસિષ્ઠનો મોટો આશ્રમ હતો. તેની પૂર્વ બાજુને પડખે બુદ્ધિમાન વિશ્વામિત્રનો આશ્રમ હતો. હે મહારાજ! જ્યાં સ્થાણુ મહાદેવજીએ પરમ તપ કર્યું હતું. જ્યાં મહાદેવજીનું ઘોર કર્મ બુદ્ધિમાન પુરૂષો વર્ણવે છે. જ્યાં ભગવાન સ્થાણુ મહાદેવજીએ યજન તથા સરસ્વતીનું પૂજન કરી, હે પ્રભો! તે તીર્થનું સ્થાણુતીર્થ એવું નામ પાડ્યું હતું. હે નરાધિપ! તે તીર્થ વિષે દેવતાઓએ, અસુરોને હણનાર કાર્તિકસ્વામિને સેનાધિપતિપણાનો અભિષેક કર્યો હતો. તે સારસ્વત તીર્થ વિષે મહા મુનિ વિશ્વામિત્રે ઉગ્ર તપેકરી વસિષ્ઠને ચલાયમાન કર્યા હતા, તે હું કહું તે સાંભળ. હે ભારત! તપોધન એવા વિશ્વામિત્ર તથા વસિષ્ઠ બેઉ, દિવસે દિવસ તપ સંબંધિ તીવ્ર સ્પર્ધા કરતા હતા, તેમાં અધિક છે સંતાપ જેને એવા મહામુનિ વિશ્વામિત્ર, વસિષ્ઠનું તેજ જોઈ ચિંતાને પ્રાપ્ત થયા હતા. હે ભારત! નિરંતર ધર્મમાં તત્પર એવા તેમની બુદ્ધિ એવી થઇ કે સરસ્વતી, તપ કરનારાઓમાં શ્રેષ્ઠ તપોધન વસિષ્ઠને વેગેકરી મારી પાસે લઇ આવે તો એ અહિં આવેલા દ્વિજશ્રેષ્ઠને હું હણું. આવો નિશ્ચય કરી ક્રોધથી સંરક્ત છે લોચન જેનાં એવા, ભગવાન મહામુનિ વિશ્વામિત્રે નદીમાં શ્રેષ્ઠ સરસ્વતીને યાદ કરી. મુનિએ ધ્યાન કરેલી તે, આકુળતાને પ્રાપ્ત થઇ. મહા પરાક્રમી એવા એમની પાસે જઇ હાથ જેણે જોડ્યા છે એવી વિવર્ણ થએલી, કંપની સરસ્વતીએ હણાયા છે પુત્રી અને પુત્ર જેના એવી સ્ત્રીની પેઠે અત્યંત દુઃખિત થઇ મુનિવર વિશ્વામિત્રને કહ્યું કે, 'હું શું કરૂં તે તમે કહો?' સરસ્વતીનાં વચન સાંભળી ક્રોધાયમાન થએલા મુનિ વિશ્વામિત્રે તેને કહ્યુ કે, જલદી વસિષ્ઠને તાણી આણ, એટલે આજ હું એને હણું. વિશ્વામિત્રનાં વચન સાંભળી વાયુએ હણેલી લતાની પેઠે વ્યથાયુક્ત થએલી કમળ સરખાં નેત્રવાળી ભયભીત થએલી સરસ્વતી બે હાથ જોડી અત્યંત કંપવા લાગી. રૂપવાળી તે મહા નદીને જોઇ વળી વિશ્વામિત્રે તેને કહ્યું કે, વિચાર ન કરતાં વસિષ્ઠને તું મારી પાસે લઇ આવ, તેમનાં વચન સાંભળી, પાપ કરવાની તેની ઇચ્છા જાણી પૃથ્વી વિષે અપ્રતિમ વસિષ્ઠના પ્રભાવને જાણતી એવી તે નદીમાં શ્રેષ્ઠ હોવાથી, બુદ્ધિમાન વિશ્વામિત્રે જે કહ્યું હતું તે વસિષ્ઠ પાસે જઇ કહી દીધું. પછી બેઉના શાપથી બ્હીતી એવી વારંવાર કંપાયમાન થતી ઋષિએ અત્યંત ત્રાસ પમાડેલી તે, મોટા શાપનું ચિંતન કરી વ્યથાયુક્ત થઇ. હે રાજન્! વિવર્ણ, કૃશ તથા ચિંતાયુક્ત થએલી તેને જોઇ મનુષ્યમાં શ્રેષ્ઠ ધર્માત્મા વસિષ્ઠે તેને કહ્યું કે, હે નદીમાં શ્રેષ્ઠ! જલદી જનારી તું મને વહન કર અને તારા આત્માની રક્ષા કર, કેમકે નહિ કરે તો વિશ્વામિત્ર તને શાપ દેશે; માટે કંઇ પણ વિચાર ન કરતાં તું મને વહન કર. કૃપાશીલ એવા વસિષ્ઠનાં વચન સાંભળી હે કૌરવ્ય! તે નદીએ વિચાર કર્યો કે શું કરવાથી સુકૃત થાય. તેને આવી રીતની ચિંતા થઇ કે વસિષ્ઠે દયા કરી

માટે તેમનું હિત મારે કરવું એવો વિચાર કરી હે રાજન્! પોતાના તટ વિષે જપ કરતા ઋષિમાં અત્યંત શ્રેષ્ઠ વસિષ્ઠને અને હોમ કરતા વિશ્વામિત્રને જોઇ "આ છિદ્ર છે" એમ મનમાં વિચાર કરી તેણે પોતાના વેગેકરી પોતાના તટનો અપહાર કર્યો, તેથી વસિષ્ઠ ઋષિ વહન થયા. તે વખતે હે રાજન્! નદીમાં વહેતા તે આવી રીતે સરસ્વતીની સ્તુતિ કરવા લાગ્યા.

હે સરસ્વતિ! પિતામહ રૂપી તળાવમાંથી તું પ્રવૃત્ત થઇ છે, ને ઉત્તમ એવા તારા જળેકરી આ જગત વ્યાપ્ત છે. હે દેવિ! આકાશમાં રહેલી તુંજ મેઘ વિષે જળને સર્જે છે. જેટલું જળ જે તે બધું તુંજ છે, તારાથીજ અમે ધ્યાન કરીએ છીએ. પુષ્ટિ, દ્યુતિ, કીર્તિ, સિદ્ધિ, બુદ્ધિ, ઉમાવાણી તથા સ્વાહા પણ તુંજ છે. આ જગત્ બધું તારે અધીન છે. સર્વ ભૂતવિષે વૈખરી આદિ લઇ ચાર પ્રકારે તું વસે છે. હે રાજન્! એ રીતે મહર્ષિએ સ્તુતિ કરેલી સરસ્વતીએ, વેગે કરી વસિષ્ઠને વિશ્વામિત્રના આશ્રમ પ્રત્યે લઈ જઇ વિશ્વામિત્રને નિવેદન કર્યો. એ રીતે સરસ્વતીએ આણેલા વસિષ્ઠને જોઇ ક્રોધયુક્ત એવા વિશ્વામિત્ર, વસિષ્ઠનો અંત કરે એવું શસ્ત્ર ખોળવા લાગ્યા. તે વિશ્વામિત્રને જોઇ બ્રહ્મહત્યાથી ભયભીત થએલી સાવધાન એવી સરસ્વતી પણ પૂર્વ દિશા પ્રત્યે વસિષ્ઠને વહન કરી ગઇ. એ રીતે બેઉનાં વચન પાળતી તે, વિશ્વામિત્રને છેતરી એ રીતે ચાલી ગઇ. એવી રીતે વહન કરેલા તે ઋષિસત્તમ વસિષ્ઠને જોઇ અસહનશીલ એવા દુઃખથી અત્યંત ક્રોધાયમાન થએલા વિશ્વામિત્રે સરસ્વતીને કહ્યું કે, હે સરિચ્છ્રેષ્ઠે! જે માટે તું મને છેતરી પાછી ગઇ, તે વાસ્તે હે કલ્યાણિ! મુખ્ય રાક્ષસોને સંમત એવા રૂધિરને વહન કર. એવી રીતે બુદ્ધિમાન વિશ્વામિત્રે શાપ દીધેલી વર્ષ પર્યંત રૂધિરે કરી મિશ્ર એવા જળને વહન કરતી હતી. તે સમયે ઋષિઓ, દેવતાઓ, ગંધર્વ તથા અપ્સરાઓ, સરસ્વતીને જોઇ અત્યંત દુઃખિત થતાં હતાં. હે જનાધિપ! એ રીતે લોક વિષે વસિષ્ઠાપવાહ વિખ્યાત થયો, ને નદીમાં શ્રેષ્ઠ સરસ્વતી પણ પછી પોતાના માર્ગ પ્રત્યે આવી.

> एवं वसिष्ठापवाहो लोके ख्यातो जनाधिप ।
> आगच्छच्च पुनर्मार्गं स्वमेवसरितांवरा ॥

इति श्री महाभारते शल्यपर्वान्तर्गत गदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायां द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥

અધ્યાય ૪૩ મો. ઇન્દ્રનું નિષ્પાપ થવું.

> वैशंपायन उवाच—सा शप्ता तेन क्रुद्धेन विश्वामित्रेण धीमता ।
> तस्मिंस्तीर्थवरे शुभ्रे शोणितं समुपावहत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! સ્વચ્છ એવા તે શ્રેષ્ઠ તીર્થવિષે ક્રોધાયમાન થએલા બુદ્ધિમાન વિશ્વામિત્રે શાપ દીધેલી સરસ્વતી રૂધિરને વહન કરતી હતી. હે ભારત! હે રાજન્! પછી ત્યાં આવી રૂધિરનું પાન કરતા સર્વ રાક્ષસ સુખેકરી ત્યાં રહેતા હતા. રૂધિરેકરી અત્યંત તૃપ્ત એવા જ્વરરહિત થએલા સુખી રાક્ષસો દેવતાઓની પેઠે નૃત્ય તથા હાસ્ય કરતા હતા.

હે મહીપતે ! ત્યાર પછી કોઇ વખતે તપસ્વી ઋષિઓ તીર્થયાત્રા કરવા સારૂ સરસ્વતી પર આવ્યા. મુનિમાં શ્રેષ્ઠ તે, તે સર્વ તીર્થવિષે સ્નાન કરી પરમ પ્રીતિને પામી તપ કરવામાં લોભી એવા વિશારદ તે, રૂધિર વહન કરનાર એવાં તીર્થ પ્રત્યે ગયા. એ રીતે મોટા ભાગ્યવાળા દારૂણ એવાં તીર્થપ્રત્યે આવ્યા રૂધિરે કરી યુક્ત ઘણા રાક્ષસો જેનું પાન કરે છે એવા સરસ્વતીના જળને જોઇ હે રાજન્ ! રાક્ષસોને જોઇ તીક્ષ્ણ વ્રતવાળા મુનિઓએ સરસ્વતીના રક્ષણ માટે પરમ યત્ન કર્યો. વ્રતવાળા મહાભાગ તે સર્વેએ એકઠા મળી સરસ્વતીને બોલાવી આવી રીતનું વચન કહ્યું કે—હે કલ્યાણિ ! તારો આ હૃદ શું કરવા આ રીતે આકુળતાને પ્રાપ્ત થયો છે, તેનુ કારણ તું કહે; એટલે તે સાંભળી અમે વિચાર કરીએ. તેમનાં આ વચન સાંભળી અત્યંત કંપતી એવી તેણે તે સઘળું વૃત્તાંત તેમને કહી બતાવ્યું. એ રીતે દુઃખિત એવી તેને જોઇ તપરૂપી છે ધન જેમને એવા તેમણે સરસ્વતીને કહ્યું કે, હે અનઘે ! તારા દુઃખનું કારણ તથા શાપ અમે સાંભળ્યો માટે જે કરવું હશે તે તપસ્વીઓ કરશે. નદીમાં શ્રેષ્ઠ સરસ્વતીને આમ કહી મુનિઓ, પરસ્પર કહેવા લાગ્યા કે, આપણે સર્વ, શાપથી સરસ્વતીને મૂકાવીએ. એમ કહી હે રાજન્ ! બ્રાહ્મણોને, તપ, નિયમ, ઉપવાસ વિવિધ પ્રકારના નિયમ તથા કષ્ટરૂપ વ્રતેકરી જગતના પતિ પશુભર્તા મહાદેવનું આરાધન કરી સરસ્વતીને શાપથી મુક્ત કરી. મુનિઓના પ્રભાવે કરી પ્રસન્ન છે જળ જેમાં એવી સરસ્વતી પાછી પૂર્વના જેવી પ્રકૃતિસ્થ થઈ. શાપથી મુક્ત થએલી તે, પૂર્વના સરખી શોભતી હતી. મુનિઓએ સરસ્વતીના જળને જોઇ, ક્ષુધાથી પીડિત થએલા રાક્ષસ, કૃપાયુક્ત એવા તે સર્વ મુનિઓને શરણે જઇ હાથ જોડી તેમને કહેવા લાગ્યા કે, શાશ્વત ધર્મથી હીન અમે ક્ષુધિત છીએ પણ કંઇ ઇચ્છા કરતા નથી, કેમકે અમે પાપ કરનાર છીએ. કારણ તમારા અપ્રસાદથી તથા દુષ્કૃત કર્મથી અમારૂં પાપ વૃદ્ધિ પામે છે એટલે અમે બ્રહ્મરાક્ષસ થઇએ. વૈશ્ય, શુદ્ર તથા ક્ષત્રિયોમાંથી જે બ્રાહ્મણનો દ્વેષ કરે તે રાક્ષસ થાય. તેમજ આચાર્ય, ઋત્વિજ, ગુરૂ, વૃદ્ધજન તથા પ્રાણિઓનું અપમાન કરે તે આ લોકમાં રાક્ષસ થાય છે. હે દ્વિજસત્તમ ! તમે સર્વ લોકને તારવા સમર્થ છો વાસ્તે અમને તારો. રાક્ષસોનાં એવાં વચન સાંભળી તેમની મુક્તિ વાસ્તે મુનિઓએ મહાનદીની સ્તુતિ કરી સાવધાન મનથી કહ્યું કે, ક્ષત, કીટયુક્ત, ઉચ્છિષ્ટ, કેશવાળું, રૂક્ષ, રૂદન કરતાં અશ્રુવાળું થયેલું એટલાંએ મળેલું અન્ન, રાક્ષસોનો ભાગ છે એમ જાણી સદા વિદ્વાન પુરૂષોએ યત્નથી ત્યાગ કરવો. એ રીતે નિષિદ્ધ કરેલું અન્ન જે ખાય તે, રાક્ષસાન્ન ખાય છે એમ કહી તપરૂપી છે ધન જેમને એવા તે ઋષિઓએ તીર્થ શોધી રાક્ષસોની મુક્તિ વાસ્તે નદીની પ્રાર્થના કરી. હે પુરૂષર્ષભ ! નદીમાં શ્રેષ્ઠ એવી સરસ્વતીએ પણ મહર્ષિઓનો મત જાણી અરૂણા નામનું પોતાનું સ્વરૂપ ત્યાં આણ્યું. રાક્ષસો તેમાં સ્નાન કરી પોતાનાં શરીરોનો ત્યાગ કરી સ્વર્ગે ગયા. એ વાત જાણી શતક્રતુ એવો દેવરાજ ઇંદ્ર પણ તે તીર્થમાં સ્નાન કરી પાપથી મુક્ત થયો.

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન ! ભગવાન ઇંદ્ર શાથી બ્રહ્મહત્યાને પ્રાપ્ત થયો હતો, અને તે તીર્થમાં સ્નાન કરી કેવી રીતે નિષ્પાપ થયો ? વૈશંપાયન કહે છે—હે જનેશ્વર ! એ વૃત્તાંત જેવી રીતે બનેલું છે તે, ને નમુચિ સાથે કરેલો ઠરાવ ઇંદ્રે પૂર્વે તોડયો હતો તે હું કહું છું. ઇન્દ્રથી ભય પામેલો નમુચિ, સૂર્યનાં કિરણો પ્રત્યે જતો રહ્યો. ઇન્દ્રે તેની સાથે મિત્રાચાર પુર્ણ કરી આવી રીતે સોગન ખાધા કે, હે અસુર શ્રેષ્ઠ ! હે સખે ! આર્દ્ર તથા શુષ્ક ચિજોથી

કે રાત્રિએ પણ હું તને હણીશ નહીં, સત્યથી હું સોગન ખાઉં છું. એ રીતે સોગન ખાઇ સમર્થ ઇન્દ્રે, હે રાજન્! જળના ફીણથી નમુચિનું મસ્તક કાપી નાખ્યું. કપાઈ ગએલું નમુચિનું મસ્તક હે મિત્રનો હણનાર! હે પાપરૂપ! એમ કહેતું ઇન્દ્રની પાછળ દોડયું. સંતપ્ત થએલા તેણે એ વૃત્તાંત બ્રહ્મા આગળ કહ્યું. તે સાંભળી લોકગુરૂ બ્રહ્માએ તેને કહ્યું કે અરૂણા વિષે યથાવિધિ યજન કરી હે દેવેન્દ્ર! પાપને હરનાર તે તીર્થ વિષે સ્નાન કર; કેમકે હે શક્ર! અરૂણા સરસ્વતીને મુનિઓએ પવિત્ર જળવાળી કરી છે. પૂર્વે સરસ્વતીનું ગમન અહીં છાનું હતું પણ ઋષિઓએ પ્રાર્થના કર્યા પછી જળે કરી અરૂણા દેવી સાથે તે મળી ગઇ છે, સરસ્વતી તથા અરૂણાનો આ સંગમ મહા પવિત્ર છે, વાસ્તે હે દેવેન્દ્ર! અહિં તું યજન કરી અનેક દાન આપ, અને આમાં સ્નાન કર, કેમકે એમ કરવાથી ઘોર પાતકથી મુકત થઇશ. બ્રહ્માનાં વચન સાંભળી હે જનમેજય! સરસ્વતીના તીર્થ વિષે યજન કરી તેમાં તેણે સ્નાન કર્યું. બ્રહ્મહત્યારૂપી પાપથી મુકત થએલો, પ્રસન્ન મનવાળો ઇન્દ્ર પછી સ્વર્ગે ગયો. નમુચિનું મસ્તક હે ભારત! ત્યાંજ સ્નાન કરી અક્ષય તથા ઇચ્છિત ફળ આપનારા લોકને પ્રાપ્ત થયું.

વૈશંપાયન કહે છે—તે તીર્થ વિષે પરમાર્થ વાસ્તે છે કર્મ જેનાં એવા મહાત્મા બલરામ, સ્નાન કરી વિવિધ પ્રકારનાં દાન આપી ધર્મને પ્રાપ્ત થઇ મોટા સોમતીર્થ તરફ ગયા. જ્યાં પૂર્વે હે પાર્થિવેન્દ્ર! સાક્ષાત્ ચંદ્રમાએ વિધિપુરઃસર રાજસૂય કર્યો હતો. યજ્ઞ વિષે બ્રાહ્મણમાં મુખ્ય બુદ્ધિમાન એવા મહાત્મા અત્રિઋષિ હોતા થયા હતા. યજ્ઞને અંતે દાનવ, તથા રાક્ષસોને દેવતાઓ સાથે અત્યંત તીવ્ર તથા અત્યંત મોટું એવું તારકાખ્ય યુદ્ધ થયું હતું. કાર્તિક સ્વામિએ તારકાસુરને હણ્યો હતો. જ્યાં દૈત્યનો અંત કરતા મહાસેન કાર્તિકસ્વામિ દેવતાઓના સેનાપતિપણાને પ્રાપ્ત થયા હતા. કાર્તિકેય જે સાક્ષાત્ કુમાર છે તે, પિપળના મોટા વૃક્ષની નીચે સદા ત્યાં નિવાસ કરી રહ્યા હતા.

सेनापत्यं लब्धवान् देवतानां महासेनो यत्र दैत्यांतकर्ता ।
साक्षाच्चैवं न्यवसत्कार्तिकेयः सदा कुमारो यत्र स प्लक्षराजः ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतमाहात्म्ये गुर्जरभाषायां त्रिचत्वारिंशोऽध्यायः ॥ ४३ ॥

અધ્યાય ૪૪ મો. કુમારનો દેવસેનાભિષેક.

जनमेजय उवाच—सरस्वत्याः प्रभावोयमुक्तस्ते द्विजसत्तम ।
कुमारस्याभिषेकं तु ब्रह्मन् व्याख्यातुमर्हसि ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે દ્વિજસત્તમ! હે બ્રહ્મન્! સરસ્વતીનો આ પ્રભાવ તમે કહ્યો. હવે કુમારનો દેવસેના પદાભિષેક કહેવા તમે યોગ્ય છો. હે વદતાંવર! જે દેશમાં જે વખતે ભગવાન સમર્થ સ્કંદને વિધિએ કરી જેમણે અભિષેક કર્યો હોય તથા સ્કંદે મોટું એવું દૈત્યોનું કંદન જે રીતે કર્યું હોય તે સર્વ સાંભળવાની ઇચ્છા છે વાસ્તે મને કહો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! કુરવંશને યોગ્ય એવું આ વૃત્ત સાંભળવાનું તને કૌતુક છે તેથી તારી વાણી મને

[illegible], સાટે બધું જાણતી હોય નહીં એવી તમારી સેનાને જોઈ દુર્યોધન આદિ [illegible] તેને અનુસરનાર રાજાઓ ભય પામી કંપી ઉઠશે, પણ જય નહીં પામે. મેં જ્યાર [illegible] પાંચાળ, કેકય શાલ્વેય તથા શૂરસેન, ઇત્યાદિ દેશના સર્વ, રાજાઓ, બુદ્ધિમાન અર્જુનના પરાક્રમને જાણે છે, તેથી તેઓ તરફ ગયા છે અને [illegible] તમને નિંદે છે. તમારો સત્કાર નથી કરતા ને તેની ભક્તિથી હંમેશ તમારા પુત્રો સાથે વિરોધ પણ કરે છે. તમારે તો [illegible] લાયક નહીં તથા ધર્મ યુક્ત પાંડવોને જેણે પ્રપંચ કામે કલેશ પમાડ્યા, અને હમણાં પણ જે તેમનો દ્વેષ કરે છે, તે પાપરૂપ તમારા પુત્ર દુર્યોધનને સર્વ ઉપાયે કરીને તેને અનુસરતા પુરૂષોએ સહિત નિયમમાં રાખવો જોઇયે. હવે શોક શું કામ કરો છો. મેં તથા બુદ્ધિમાન વિદુરે તો દ્યૂત વખતે પણ તમોને વાર્યા હતા. હે રાજેંદ્ર ! હે ભારત ! જે આ બધું પાંડવો પ્રત્યે તમોએ કહ્યું, તે બધું વૃથાજ છે, કારણ તમે તેમ કરવા હવે અસમર્થ છો.

> यादिदं ते विकपितं पांडवान् प्रतिभारत ।
> अनीशेनैव राजेंद्र सर्वमेतन्निरर्थकम् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजयवाक्ये दुर्योधनभाषायां चतुःपंचाशत्तमोऽध्यायः ॥ ५४ ॥

અધ્યાય ૫૫ મો. દુર્યોધને બતાવેલી દૃઢતા.

दुर्योधन उवाच—नभेतव्यं महाराज नशोच्या भवता वयम् ।
समर्थाःस्म परान्जेतुं बलिनः समरे विभो ॥ १ ॥

દુર્યોધન કહે છે–હે મહારાજ ! હે સમર્થ ! તમારે બ્હીવું નહીં કારણ અમે બળવાન છીએ. જ્યારે વનમાં મોકલેલા પાંડવો પ્રત્યે ઇંદ્રપ્રસ્થની સમીપ કામ્યકવનમાં પારકા દેશને મર્દન કરનાર મધુસૂદન ભગવાન મોટા સૈન્ય સહિત આવ્યા હતા, તે જ વખતે કેકય રાજાઓ, ધૃષ્ટકેતુ, દ્રુપદગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન અને બીજા પણ તેમને અનુસરતા કેટલાક [illegible] રાજાઓ ત્યાં આવ્યા હતા. હે ભારત ! શ્રીકૃષ્ણ હતા મુખ્ય જેમાં એવા તે બધા રાજાઓએ એકઠા મળી, મૃગચર્મ પહેરી બેઠેલા યુધિષ્ઠિર રાજાની પાસે બેસી કૌરવ સહિત અમારી નિંદા કરી, તથા પરિવાર સહિત તમારા નાશને ઇચ્છીને, "રાજ્ય પાછું આપવું જોઈયે" એવી રીતે મસલત કરી હતી. તે વાત સાંભળી તરતજ જ્ઞાતિ ક્ષયના ભયથી બ્હીને મેં ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્યને કહ્યું કે, ઠરાવેલા વખત ઉપર પાંડવો યુદ્ધ કરવા આવશે એમ મને લાગે છે, કારણ વાસુદેવ ભગવાન આપણા સર્વનો નાશ ઇચ્છે છે. વિદુર શિવાય આપણ બધાને મારવા એમ તેમનો વિચાર છે, પણ તેઓ ધૃતરાષ્ટ્ર કુરુકુળમાં શ્રેષ્ઠ ધર્મજ્ઞ છે, માટે તેમને મારવા નહીં, એમ કહે છે એટલે કે એને મારી [illegible] કરશે, તથા યુધિષ્ઠિરને ચક્રવર્તિ રાજા બનાવવો એવી જનાર્દન ભગવાનની ઇચ્છા છે, માટે આપણે શું કરવું ? તેમને નમી દેવું, ભાગી જવું, વા તેમની સાથે યુદ્ધ [illegible] [illegible] કે, યુદ્ધ કરવું, તો આ વખતે યુધિષ્ઠિરને જય છે, તેમ આપણા દેશના [illegible] [illegible] આપણા ઉપર પ્રીતિ નથી, તથા મિત્રો પણ આપણી ઉપર [illegible] છે, [illegible]

હર્ષ ઉત્પન્ન કરે છે, માટે હે નરાધિપ! કુમારનો અભિષેક તથા તે મહાત્માનો પ્રભાવ શ્રવણ કરવા ઇચ્છતા તને હું કહું છું. પૂર્વે માહેશ્વરનું વીર્ય અગ્નિ વિષે પડી ગયું, તે વીર્યને ભગવાન સર્વભક્ષી અગ્નિ બાળવા સમર્થ થયો નહિ, તેથી કરી દીપ્તિમાન એવો હવ્યવાહન અગ્નિ અતિ તેજસ્વી થયો, તોપણ તેજોમય એવા તે ગર્ભને ધારણ કરી શક્યો નહિ, તેથી બ્રહ્માની આજ્ઞાએ કરી સમર્થ એવા અગ્નિએ સૂર્ય સમ તેજવાળો તે દિવ્ય ગર્ભ ગંગા વિષે નાંખ્યો. તે ગર્ભને ધારણ કરવા અશક્ત ગંગાએ પણ દેવતાઓએ પૂજિત રમ્ય એવા હિમવાન પર્વત વિષે નાંખ્યો. અગ્નિનો પુત્ર એવો તે, લોકને વીંટી ત્યાં વૃદ્ધિ પામ્યો. તૃણના સમૂહ વિષે પડેલા અગ્નિ સરખા આકારવાળા અનલના પુત્ર સમર્થ તથા મહાત્મા એવા તે ગર્ભને જોઇ પુત્રનો છે અર્થ જેમને એવી સર્વ કૃત્તિકાઓ, 'આ મારો છે' એ રીતે કહેવા લાગી. સ્તનમાં દૂધ જેમને આવેલું છે એવી તે માતાઓના ભાવને જાણી તે ભગવાન ગર્ભે છ મુખેકરી તેમના સ્તનનું પાન કર્યું. બાળક એવા તેમના પ્રભાવને જોઇ પરમ વિસ્મય પામેલી કૃત્તિકાઓ દિવ્ય શરીર ધારી થઇ. હે કુરૂસત્તમ! ગંગાએ ને ગર્ભ, પર્વતના મસ્તક ઉપર લઇ જઇ મૂક્યો ત્યાં તે સર્વ પર્વત સુવર્ણનો થઇ ગયો. પછી વૃદ્ધિ પામતા તે ગર્ભેકરી પૃથ્વી પણ રંજિત થઇ. બીજા પાસેના સર્વ પર્વતો પણ કાંચનાકાર થઇ ગયા. મહા યોગબળે કરી યુક્ત અત્યંત પરાક્રમી તે કુમાર પણ પૂર્વે ગાંગેય કહેવાતા હતા, પછી કાર્તિકેય કહેવાયા. હે રાજેન્દ્ર! શમ, તપ તથા વીર્યેકરી સંયુક્ત ચંદ્ર સરખું પ્રિય છે દર્શન જેનું એવા તે કુમાર, વૃદ્ધિને પ્રાપ્ત થયા. દિવ્ય એવા સુવર્ણના પર્વત વિષે ગંધર્વ તથા મુનિઓએ સ્તુતિ કરેલા શોભાયુક્ત તે, તૃણના સમૂહ ઉપર શયન કરતા હતા. ત્યાં દિવ્ય વાદિત્ર તથા નૃત્ય જાણનાર સુંદર દેખાવવાળી હજારો દેવકન્યાઓ તે કુમારની સ્તુતિ કરતી તેમની પાસે નાચતી હતી. નદીમાં શ્રેષ્ઠ એવી ગંગા પણ એમની પાસે આવી રહેતી હતી. ઉત્તમ રૂપ ધારણ કરેલી પૃથ્વી પોષણ કરતી હતી. જાતકર્માદિ ક્રિયા બૃહસ્પતિએ કરી તેમ ચાર મૂર્તિ જેણે ધારણ કરી છે એવો સાક્ષાત્ વેદ પણ હાથ જોડી તેમની પાસે આવી ઉભો રહ્યો. તેજ રીતે ચતુષ્પાદ ધનુર્વેદ, અસ્ત્રસહિત શસ્ત્ર, ગ્રામ, તથા સાક્ષાત્ વાણી પણ એમની પાસે આવી ઉભાં રહ્યાં. કુમારે સેકડો ભૂતસંઘથી વિંટાયલા પાર્વતી સહિત પરાક્રમી એવા દેવના દેવ ઉમાપતિને જોયા. વિકૃતાવિકૃત આકારવાળા, વિકૃત છે આભરણ તથા ધ્વજ જેમને એવા વ્યાઘ્ર, સિંહ, રીંછ, બિડાલ, વૃષદંશ નામના બિડાલ તથા મગરમચ્છ સરખા મુખવાળા, કેટલાક ગજ તથા ઊંટ સરખાં મુખવાળા, બીજા કેટલાક ઘુવડ સરખાં મુખવાળા, તથા ગૃધ્ર તથા શિયાળ સરખો છે દેખાવ જેમનો એવા ક્રૌંચ, પારાવત તથા રંકુમૃગ સરખા મુખવાળા, શાહુડી, શલ્યક, ઘો, બકરાં, મેંઢા તથા ગાયો સરખાં મુખને ધારણ કરેલા, કેટલાક પરમ અદ્ભુત છે દર્શન જેમનું એવા તે ભૂતસંઘના સમુદાય, ત્યાં મહાદેવજી પાસે ઉભેલા હતા. હે વિશાંપતે! તેમાં કેટલાક શૈલ તથા મેઘ સરખા ચક્રગદાદિક આયુધવાળા, કેટલાક અંજનના ઢગલા સરખા, કેટલાક શ્વેતાચલ સરખી કાંતિવાળા હતા. તેમજ સાત માતૃગણ, સાધ્ય, વિશ્વેદેવ, મરૂત્, વસુ, પિતૃઓ, રૂદ્ર, આદિત્ય, સિદ્ધ, ભુજંગ, દાનવ, ખગ, ભગવાન એવા પુત્ર સહિત સ્વયંભૂ બ્રહ્મા, વિષ્ણુ, તથા ઇન્દ્ર સર્વ, અચ્યુત એવા શ્રેષ્ઠ કુમારને જોવા સારૂ ત્યાં આવ્યા. નારદ છે પ્રમુખ જેમાં એવા અતિશ્રેષ્ઠ દેવ, ગંધર્વ, બૃહસ્પતિ છે પુરોગમ જેમાં એવા દેવર્ષિઓ, સિદ્ધ, પિતૃઓ, જગતમાં શ્રેષ્ઠ દેવના દેવ એવા તેઓ સર્વ ત્યાં આવ્યા. યામ તથા ધામ નામના દેવતાઓ પણ ચોતરફથી ત્યાં આવ્યા. મહા યોગબળે કરી સંયુક્ત

ભગવાન બાળક કુમાર પણ ત્રિશૂળ છે હાથમાં જેના એવા દેવતાઓના ઇશ પિનાકિ શંકરની પાસે આવવા લાગ્યા. તેમને જોઇ એકદમ શિવને, શૈલપુત્રી પાર્વતીને, ગંગાને તથા અગ્નિને આવી રીતે મનમાં થયું કે આ બાળક ગૌરવથી પ્રથમ કોની પાસે આવશે, 'આ જાણે મારી પાસે અને આ જાણે મારી પાસે આવશે' એમ તે સર્વના મનમાં થયું. ચારેનો અભિપ્રાય જાણી કુમારે વિવિધ પ્રકારનાં શરીર ઉત્પન્ન કર્યાં. એ રીતે ભગવાન કુમાર, ક્ષણમાત્રમાં ચતુર્મૂર્તિ થયા. પછી શાખ, વિશાખ તથા નૈગમેય નામની ત્રણ મૂર્તિઓ છે પાછળ જેને એવા અદ્ભુત દેખાવવાળા સ્કંદ, જ્યાં રૂદ્ર હતા ત્યાં ગયા. વિશાખ, પાર્વતી પાસે, ભગવાન એવો વાયુમૂર્તિ શાખ, અગ્નિ પાસે, ને અગ્નિ સરખી કાંતિવાળો નૈગમેય નામે કુમાર, ગંગા પાસે ગયો. એ રીતે પ્રકાશમાન તતા દેહ જેમના એવા સમાન રૂપવાળા અવ્યગ્ર એવા તે ચારે કુમાર, તેમની પાસે ગયા, તે આશ્ચર્ય સરખું થયું. તે વખતે રૂવાં ઉભાં કરે એવું મોટું આશ્ચર્ય જોઇ દેવ, દાનવ તથા રાક્ષસોમાં મોટો હાહાકાર થયો. તે સમયે રૂદ્ર, દેવી પાર્વતી, અગ્નિ તથા ગંગા, એ સર્વેએ એકઠા મળી જગતના પતિ પિતામહ બ્રહ્માને ઘટતી રીતે પ્રણામ કરી, હે રાજપુંગવ! હે રાજન્! કાર્તિકેયના પ્રિયની ઇચ્છાથી આવી રીતે કહ્યું કે, હે દેવેશ! હે ભગવન્! અમારા પ્રિય વાસ્તે આ બાળકને ઇચ્છિત આધિપત્ય દેવા તમો યોગ્ય છો. તેમનાં વચન સાંભળી ભગવાન તથા બુદ્ધિમાન સર્વ લોકના પિતામહ બ્રહ્માએ મનમાં વિચાર્યું કે આને હું શું આપું? પછી વિચાર કરી ઐશ્વર્ય માટે આ સમર્થ છે એમ માની, મહામતિ બ્રહ્માએ, દેવ, ગંધર્વ, રાક્ષસ, ભૂત, યક્ષ, વિહંગ તથા પન્નગોનું સર્વ ઐશ્વર્ય મહાત્માના સમુદાયની મધ્યમાં તેને સ્વાધીન કરવાનું કહ્યું. ત્યાર પછી હે ભારત! દેવતાઓના કલ્યાણ વિષે મતિવાળા બ્રહ્માએ બે ઘડી વિચાર કરી સર્વ ભૂતનું સેનાપતિપણું કુમારને આપ્યું. સર્વ દેવ સમુદાયોમાં વિખ્યાત જે રાજાઓ હતા તે સર્વને સર્વ ભૂતના પિતામહ બ્રહ્માએ કુમારને તાબે રહેવાનો હુકમ કરી દીધો. બ્રહ્મા છે મુખ્ય જેમાં એવા દેવતાઓ, એકઠા મળી ત્યાંથી કુમારને લઇ અભિષેક કરવા વાસ્તે શૈલેંદ્ર ઉપર ગયા. સમંતપંચક વિષે જ્યાં ત્રણ લોકમાં વિખ્યાત, નદીમાં શ્રેષ્ઠ, પવિત્ર હૈમવતી સરસ્વતી હતી તેના સર્વ ગુણયુક્ત પવિત્ર તીર વિષે સંપૂર્ણ છે મન જેમનું એવા તે સર્વ દેવ અને ગંધર્વાદિક ગુણો વિરાજમાન થયા.

तत्र तीरे सरस्वत्याः पुण्ये सर्वगुणान्विते।
निषेदुर्देवगंधर्वाः सर्वे संपूर्णमानसाः॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि कुमाराभिषेकोपक्रमे कुर्म-रगाथायां चतुश्चत्वारिंशोऽध्यायः॥४४॥

અધ્યાય ૪૫ મો. દેવસેનાની સ્કંદ.

वैशंपायन उवाच—ततोभिषेकसंभारान् सर्वान् संभृत्यशास्त्रतः।
बृहस्पतिः समिद्धेऽग्नौ जुहावाग्निं यथाविधि॥ १॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ત્યાર પછી શાસ્ત્ર પ્રમાણે અભિષેકનો સર્વ સંભાર

ગ્રહણ કરી બૃહસ્પતિએ વૃદ્ધિ પામેલા અગ્નિ વિષે યથાવિધિ હોમ કર્યો. તે પછી હિમવાને દીધેલા શ્રેષ્ઠમણિથી શોભિત, દિવ્ય રત્નજડિત પરમાસન ઉપર બેઠેલા કુમારને સર્વ મંગલરૂપ સંભાર સહિત મંત્રયુક્ત એવું અભિષેચનિક દ્રવ્ય ગ્રહણ કરી, મહા પરાક્રમી ઇન્દ્ર, વિષ્ણુ, સૂર્ય, ચંદ્રમા, ધાતા, વિધાતા, વાયુ, અગ્નિ, પૂષા, અર્યમા, અંશ, વિવસ્વાન્, મિત્ર તથા વરૂણ સહિત બુદ્ધિમાન રૂદ્ર, વસુ, આદિત્ય, અશ્વિનીકુમાર, વિશ્વેદેવા, મરૂદ્ગણ, સાધ્ય, પિતૃઓ, ગંધર્વ, અપ્સરાઓ, યક્ષ, રાક્ષસ, પન્નગ, અસંખ્યાત, દેવર્ષિ, બ્રહ્મર્ષિ, વાનપ્રસ્થ, વાલખિલ્ય, વાયુનો આહાર કરનાર, કિરણો પીનાર, ભૃગુઓ, અંગિરાઓ, મહાત્મા યતિઓ, સર્પ, વિદ્યાધર, તથા પવિત્ર એવા યોગસિદ્ધે કરી વીંટાયલા પિતામહ, પુલસ્ત્ય, તપસ્વી પુલહ, અંગિરા, કશ્યપ, અત્રિ, મરીચિ, ભૃગુ, ક્રતુ, હર, પ્રચેતા, મનુ, દક્ષ, ઋતુઓ, ગ્રહ, તારામંડલ, મૂર્તિમતિ નદીઓ, સનાતન વેદ, સમુદ્ર, વિવિધ પ્રકારનાં તીર્થ, પૃથ્વી, દ્યૌ, દિશાઓ, વૃક્ષો, દેવમાતા અદિતિ, હ્રીં શ્રી, સ્વાહા, સરસ્વતી, ઉમા, શચી, સિનીવાળી, અનુમતી, કુહુ, રાકા, ધિષણા, દેવતાઓની બીજી સ્ત્રિયો, હિમવાન, વિંધ્ય, અનેક શૃંગવાન મેરૂ, અનુચર સહિત ઐરાવત, કલા, કાષ્ઠા, માસ, અર્ધમાસ, ઋતુઓ, રાત્રિ, દિવસ, શ્રેષ્ઠ અશ્વ ઉચ્ચૈઃશ્રવા, નાગરાજ વાસુકિ, અરૂણ, ગરૂડ, ઓષધિસહિત વૃક્ષ, ભગવાન તથા દેવ એવો ધર્મ કાલયમ, મૃત્યુ, યમના અનુચર, બાકીપણ ઘણા હોવાથી ન કહેલા વિવિધ પ્રકારના દેવતાઓના ગણ તે તે સ્થાનકેથી કુમારને અભિષેક કરવા સારૂ આવ્યા. હે રાજન્! તે સર્વ દેવતાઓ અભિષેક કરવાનું પાત્ર, મંગલ દ્રવ્ય, તથા સરસ્વતીનું દિવ્ય પવિત્ર જળ ભરેલા દિવ્ય સંભાર યુક્ત સુવર્ણના કળશે કરી જળપતિ વરૂણને જેમ પૂર્વે અભિષેક કર્યો હતો, તેમ અસુરને ભય કરનાર મહાત્મા સેનાપતિ કુમારને પ્રસન્નતાથી અભિષેક કરતા હતા. સર્વ લોકના પિતામહ બ્રહ્માજી, તેજસ્વી કશ્યપ તથા લોકમાં વિખ્યાત બીજા પણ લોક કુમારને અભિષેક કરતા હતા. તે વખતે પ્રસન્ન થએલા બ્રહ્માએ, કુમારને બળવાન વાયુ સરખા વેગવાળા, ઇચ્છા પ્રમાણે પરાક્રમ કરનાર, નંદિસેન, લોહિતાક્ષ, સંમત ઘંટાકર્ણ તથા કુમુદમાલી નામના સિદ્ધ ચાર પાર્ષદ આપ્યા. હે રાજેન્દ્ર! સમર્થ તેજસ્વી રૂદ્રે, સેંકડો માયા ધરનાર ઇચ્છિત પરાક્રમ તથા બળ સંયુક્ત તથા દૈત્યોને નિબર્હણ કરનાર એવો મોટો પાર્ષદ, કાર્તિકસ્વામિને આપ્યો. સંક્રુદ્ધ થએલા પાર્ષદે દેવાસુર યુદ્ધમાં બે હાથે કરી ભયંકર કર્મવાળા ચૌદ પ્રયુત દૈત્યોને હણ્યા, તેમજ દેવતાઓએ દૈત્યોને ક્ષય કરનારી વિષ્ણુરૂપિણી નૈઋત્યે કરી સંકુલ એવી અજય સેના આપી. તે સમયે ઇન્દ્ર સહિત સર્વ દેવતાઓ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, મુનિઓ તથા પિતૃઓ, જય જય એવો શબ્દ કરતા હતા. ત્યાર પછી યમ રાજાએ મોટું પરાક્રમ તથા કાંતિવાળા કાળની જેમને ઉપમા અપાય એવા ઉન્માથ તથા પ્રમાથ નામના બે અનુચર આપ્યા. પ્રસન્ન થએલા પ્રતાપવાન સૂર્યે સુભ્રાજ તથા ભાસ્વર નામના પોતાની પાછળ ચાલનાર બે અનુચર હતા તે કાર્તિકેયને આપ્યા. ચંદ્રમાએ કૈલાસના શિખર સરખા શ્વેત ચંદન તથા શ્વેત માલતીની માળાવાળા મણિ તથા સુમણિ નામના બે અનુચર કુમારને સોંપ્યા. તેજ રીતે હુતાશને પણ પારકા સૈન્યને મંથન કરનાર જ્વાળાજીહ્વ તથા જ્યોતિ નામે શૂરવીર બે અનુચર પોતાના પુત્રને આપ્યા. અંશે પણ પરિઘ, વટ, અત્યંત બળવાન ભીમ, વીર્ય સંમત તથા પ્રચંડ દહતિ તથા દહન, એ પાંચ અનુચર બુદ્ધિમાન સ્કંદને દીધા. શૂરવીરને હણનાર ઇન્દ્રે વજ્ર તથા દંડ ધરનાર ઉત્ક્રોશ તથા પંચક નામના બે અનુ-

ચર, અનલપુત્ર કુમારને આપ્યા. તે બેઉએ સંગ્રામમાં મહેંદ્રના ઘણાક શત્રુઓને હણ્યા. તેમજ મોટા યશવાળા વિષ્ણુએ ચક્ર, વિક્રમક, તથા મહા બળવાન સંક્રમ નામના ત્રણ અનુચર સ્કંદને આપ્યા. પ્રસન્ન થએલા વૈદ્યમાં શ્રેષ્ઠ એવા અશ્વિનીકુમારોએ સર્વ વિદ્યા વિશારદ વર્ધન તથા નંદન નામના બે અનુચર, સ્કંદને આપ્યા. મોટા યશવાળા ધાતાએ, કુંદ, કુસુમ, કુમુદ, ડંબર; તથા આડંબર નામના પાંચ અનુચર મહાત્મા સ્કંદને દીધા. ત્વષ્ટાએ બળે કરી ઉત્કટ, મેઘ સરખા ચક્રવાળા ચક્ર તથા અનુચક્ર નામના મહા માયાવી બળવાન બે અનુચર સ્કંદને આપ્યા. સમર્થ મિત્રે, તપ તથા વિદ્યા ધરનાર સુવ્રત તથા સત્યસંધ નામના બે અનુચર; વળી વિધાતાએ, સુંદર દેખાવવાળા, વર આપનાર, ત્રણ લોકમાં વિખ્યાત સુવ્રત તથા શુભ કર્મ નામના બે અનુચર; હે ભારત ! પૂષાએ પાણીતક તથા કાલિક નામના મહા માયાવી બે પાર્ષિદ; હે ભરતસત્તમ ! વાયુએ, મોટાં છે વક્ત્ર જેમનાં એવા બળવાળા બલ તથા અતિબલ નામનાં બે પાર્ષિદ કાર્તિકેયને આપ્યા. સત્ય પ્રતિજ્ઞાવાળા વરૂણે મત્સ્ય સરખાં છે મુખ જેમનાં એવા મહા બળવાન યમ તથા અતિયમ નામના બે અનુચર; હે રાજન્ ! હિમવાને મહાત્મા સુવર્ચસ્ તથા અતિવર્ચસ્ નામના બે અનુચર, અગ્નિપુત્ર સ્કંદને આપ્યા. હે ભારત ! મેરૂએ મહાત્મા કાંચન તથા મેઘમાલી નામના બે અનુચર; મહાત્મા મેરૂએ વળી બીજીવાર મોટું છે બળ તથા પરાક્રમ જેમાં એવા સ્થિર તથા અતિસ્થિર નામના બે અનુચર, તેમજ વિંધ્યાચળે મોટા પાષાણથી યુદ્ધ કરનાર ઉચ્છૃંગ તથા અતિશૃંગ નામના બે પાર્ષદ અગ્નિપુત્ર એવા કુમારને આપ્યા. સમુદ્રે ગદા ધરનાર સંગ્રહ તથા વિગ્રહ નામના બે પાર્ષદ, શુભ છે દર્શન જેનું એવી પાર્વતીએ ઉન્માદ, શંકુકર્ણ તથા પુષ્પદંત નામના ત્રણ અનુચર; હે પુરૂષવ્યાઘ્ર ! પન્નગેશ્વર વાસુકિએ જય તથા મહાજય નામના બે સર્પ સાધ્ય, રૂદ્ર, વસુઓ, પિતૃઓ, સાગર, નદીઓ, તથા મહા બલવાન પર્વતોએ, શૂળ તથા પટા ધારણ કરનાર, દિવ્યશસ્ત્ર યુક્ત નાના વેષથી શોભિતા એવા સેનાગણના અધ્યક્ષ કાર્તિકેયને અનુચરો અને સહાયકો આપ્યા. એમના તથા બીજા પણ જે સ્કંદના વિવિધ પ્રકારના આયુધ સંપન્ન તથા વિચિત્ર પ્રકારના આભરણવાળા સૈનિક છે તેમનાં નામ હું કહું તે સાંભળો. શંકુકર્ણ, નિકુંભ, પદ્મ, કુમુદ, અનંત, દ્વાદશભુજ, કૃષ્ણ, અપકૃષ્ણક, ઘ્રાણશ્રવા, કપિસ્કંધ, કાંચનાક્ષ, જલંધમ, અક્ષ, સંતર્જન, કુનદીક. તમોતકૃત, એકાક્ષ, દ્વાદશાક્ષ, એકજટ, પ્રભુ, સહસ્રબાહુ, વિકટ, વ્યાઘ્રાક્ષ, ક્ષિતિકંપન, પુણ્યનામા, સુનામા, સૂચક, પ્રિયદર્શન, પરિશ્રુત, કોકનદ, પ્રિયમાલ્યાનુલેપન, અજોદર, ગજશિરા, સ્કંધાક્ષ, શતલોચન, જ્વાલાજિવ્હ, કરાલાક્ષ, શિતિકેશ, જટી, હરી, પરિશ્રુત, કોકનદ, કૃષ્ણકેશ, જટાધર, ચતુર્દંષ્ટ્રા, ઉષ્ટ્રજિવ્હ, મેઘનાદ, પૃથુશ્રવા, વિદ્યુતાક્ષ, ધનુર્વક્ત્ર, જાઠર, મારૂતાશન, ઉદારાક્ષ, રથાક્ષ, વજ્રનાભ, વસુપ્રભ, સમુદ્રવેગ, શૈલકંપિ, વૃષ, મેષ, પ્રવાહ, નંદ, ઉપનંદક, ધૂમ્ર, શ્વેત, કલિંગ, સિદ્ધાર્થ, વરદ, પ્રિયક, નંદ, પ્રતાપવાન ગોનદ, આનંદ, પ્રમોદ, સ્વસ્તિક, ધ્રુવક, ક્ષેમવાહ, સુવાહ, સિદ્ધપાત્ર, ગોવ્રજ, મહાપારિષ દેવેશ્વર એવો કનકાપીડ, ગાયન, હસન, બાણ, વીર્યવાન ખડ્ગ, વૈતાલી, અતિતાળી, કથક, વાતિક, હંસજ, પંકદિગ્ધાંગ, સમુદ્રોન્માદન, રણોત્કટ, પ્રહાસ, શ્વેતસિદ્ધ, નંદન, કાળકંઠ, પ્રભાસ, કુંભાંડકોદર, કાળકક્ષ, સિત, ભૂતમથન, યજ્ઞવાહ, સુવાહ, દેવયાજી, સોમપ, મોટા તેજવાળો મજ્જાન, ક્રથ, ક્રાથ, તુહર, તુહાર, વીર્યવાન ચિત્રદેવ, મધુર, સુપ્રસાદ, મહા બળવાન કિરિટી, વત્સલ, મધુવર્ણ, કલશોદર, ધર્મદ, મન્મથકર, પરાક્રમી સુચિવક્ત્ર, શ્વેતવક્ત્ર, સુવક્ત્ર,

આરૂવતક, પાંડુર, દંડબાહુ, સુબાહુ, રજ, કોકિલક, અચલ, બાળકનો પણ પ્રભુ એવો કનકાક્ષ, સંચારક, કોકનદ, ગૃધ્રપત્ર, જંબુક, લોહજવતક, જવન, કુંભ સરખા મુખવાળો કુંભક, સ્વર્ણ-ગ્રીવ, કૃષ્ણૌજા, હંસ સરખા મુખવાળો ચંદ્રભ, પાણિકૂર્ચા શબુક, પંચવતક, શિક્ષક, ચાષવતક, જંબુક, શાકૂવતક, કુંજળ, તેમાં બ્રહ્માના આપેલા પાર્ષદ, યોગયુક્ત, હંમેશ બ્રાહ્મણ છે પ્રિય જેમને એવા મહાત્મા હતા.

હે જનમેજય! એ રીતે યૌવનસ્થ, બાળ તથા વૃદ્ધ એવા હજારો પાર્ષદ, કુમાર પાસે આવી ઉભેલા હતા. તેમાં નાના પ્રકારના મુખવાળા જે હતા એ હું કહું તે સાંભળો. કૂર્મ, કુક્કુટ, સસલા તથા ઉલૂક સરખાં મુખવાળા, બીજા કેટલાક ખર, ઉષ્ટ્ર, તથા વરાહ સરખાં વદનવાળા, બીજા કેટલાક માર્જાર સરખાં મુખવાળા, કેટલાક લાંબાં મુખવાળા, બીજા કેટલાક નકુલ, ઉલૂક તથા કાક સરખાં મુખવાળા, તેમજ કેટલાક ઊંદર, નોળીઆ તથા મયૂર સરખાં મુખવાળા, કેટલાક મત્સ્ય, મેષ, અજા, અવિ તથા મહિષસમાન મુખવાળા, કેટલાક રીંછ તથા સિંહ સરખા મુખવાળા, કેટલાક ભયંકર નક્ર તથા ગજ સરખા મુખવાળા, કેટલાક ગરૂડ કંક તથા વૃકસરખાં મુખવાળા, તેમજ ગો, ખર, ઉષ્ટ્ર, તથા વૃષદંશ સરખાં મુખવાળા, કેટલાક અતિ કઠીણ છે પાદ તથા અંગ જેમનાં એવા તારા સરખાં નેત્રવાળા, કેટલાક પારાવત તથા વૃષ સરખા મુખવાળા, બીજા કેટલાક કોકિલ શ્યેન તથા તેતર સરખાં મુખવાળા કેટલાક કર-ચલા સરખાં મુખવાળા, નિર્મળ વસ્ત્ર ધરનાર કેટલાક સર્પ, શૂળ સરખાં તીક્ષ્ણ વક્રવાળા, કેટ-લાક સુંદર મુખથી શોભિતા, કેટલાક સર્પ સરખાં ચીર વસ્ત્ર ધરનાર, ગાયના સરખી નાસા તથા વદને કરી યુક્ત, મોટું પેટ અને દુર્બળ અંગવાળા, ને કેટલાક સ્થૂલ અંગ તથા દુર્બળ ઉદરવાળા, કેટલાક નાની ગ્રીવા અને મોટા કર્ણવાળા, નાના પ્રકારનાં સર્પનાં ભૂષણ ધરેલા હસ્તિચર્મ તથા કલિઆર મૃગનાં ચર્મરૂપી વસ્ત્રવાળા, હે મહારાજ! સ્કંધ તથા ઉદરને વિષે છે મુખ જેમને એવા કેટલાક, પૃષ્ટ ભાગમાં દાઢી વિષે તથા જંઘા વિષે છે મુખ જેમને એવા કેટલાક હતા. પડખાંને વિષે છે મુખ જેમને એવા તથા અનેક સ્થાનકે છે મુખ જેમને એવા પણ ઘણા હતા. તેમજ કેટલાક કીટ તથા પતંગ સરખાં મુખવાળા ગણેશ્વર હતા. કેટલાક નાના પ્રકારના સર્પ સરખાં મુખવાળા, ઘણાક બાહુ તથા શિરોધર-વાળા, નાના પ્રકારનાં વૃક્ષ છે હાથમાં જેમને એવા કેટલાક, બીજા કેટલાક કટિવિષે છે શીર્ષ જેમને એવા હતા. સર્પની ફણા સરખા મુખવાળા, નાના પ્રકારના દુર્ગસ્થાન વિષે રહેનાર ચીર વસ્ત્રેકરી વીંટાયલા શરીરવાળા, નાના પ્રકારના સુવર્ણથી શોભિતા વસ્ત્રવાળા, નાના પ્રકા-રના વેષ ધરનાર, નાના પ્રકારની માળા તથા અનુલેપન ધરનારા, નાના પ્રકારનાં વસ્ત્ર ધારણ કરનાર, ચર્મનાં વસ્ત્ર પહેરેલા, મસ્તકવિષે પાઘડી તથા મુકુટ ધારણ કરેલા, સુંદર ગ્રીવાથી શોભિતા, રૂડા તેજવાળા, કિરીટ ધરેલા, પાંચ શિખાવાળા તથા સુવર્ણ સરખા છે કેશ જેમના એવા પણ કેટલાક હતા. કેટલાક ત્રણ શિખાવાળા, બે શિખાવાળા તથા કેટલાક સાત શિખા-વાળા, કેટલાક ઝુલફાવાળા, કેટલાક મુકુટ ધરેલા, કેટલાક મુંડ તથા કેટલાક જટિલ હતા. બીજા કેટલાક વિચિત્ર પ્રકારની માળા ધરેલા, કેટલાક રોમયુક્ત મુખવાળા, નિરંતર વિગ્રહ-માંજ જેને પ્રીતિ છે એવા, શ્રેષ્ઠ દેવતાઓએ પણ અજેય, કૃષ્ણવર્ણવાળા, નિર્માંસ છે મુખ જેમનું, લાંબા પૃષ્ઠ ભાગવાળા, સૂક્ષ્મ ઉદરયુક્ત કેટલાક હતા. કેટલાક સ્થૂલ પૃષ્ટ ભાગવાળા, કેટલાક નાના પૃષ્ઠવાળા, લંબાયમાન છે ઉદર જેનું તથા ઇન્દ્રિય જેમની, કેટલાક નાના

હાથવાળા, કેટલાક નાના શરીરવાળા ઠીંગણા હતા. કેટલાક લુલા, નાની જંઘાવાળા, હસ્તિ-સરખા છે કર્ણ તથા ગ્રીવા જેમની એવા, કેટલાક હસ્તિ, કૂર્મ તથા વરૂ સરખી નાસાવાળા, કેટલાક મોટો છે ઉચ્છ્વાસ જેમનો એવા; દીર્ઘ જંઘાવાળા, નીચા મુખવાળા વિકરાળ હતાં. હે રાજન્! કેટલાક મોટી દાઢ, નાની દાઢ, તથા ચાર દાઢવાળા બીજા હજારો ભયંકર એવા હસ્તિ સરખા હતા. હે ભારત! કેટલાક જૂદા જૂદા શરીરવાળા, દીપ્તિમાન, સારી રીતે શણ-ગારેલા, પીળાં છે નેત્ર જેમનાં એવા શંકુ સરખા કાનવાળા તથા રક્ત નાસિકવાળા હતા. કેટ-લાક વિસ્તીર્ણ દાઢવાળા મહાદંષ્ટ્ર, મોટા ઓઠ તથા નીલ કેશે કરી યુક્ત નાના પ્રકારના છે પાદ, ઓષ્ટ તથા દંષ્ટ્રા જેમની, નાના પ્રકારના હાથ તથા ગ્રીવાવાળા, નાના પ્રકારના ચર્મથી ઢંકાયલા, નાના પ્રકારની ભાષા બોલનાર, દેશ ભાષામાં કુશળ એવા સમર્થ, કેટલાક પરસ્પર ભાષણ કરતા હતા. મોટી છે ગ્રીવા, નખ, પાદ, મસ્તક તથાં ભુજ જેમનાં એવાં પીળાં નેત્ર તથા નીલકંઠવાળા, લાંબા કાને કરી યુક્ત, વૃક સરખા ઉદરવાળા, કેટલાક અંજન સરખા શ્વેત નેત્રવાળા, લાલ ગ્રીવાએકરી યુક્ત, પીળાં નેત્રવાળા, કેટલાક વિચિત્ર પ્રકારના વર્ણવાળા, ચા-મરના ભૂષણ સરખા ગુલાબી વર્ણેકરી યુક્ત, નાના પ્રકારના વર્ણવાળા, કેટલાક સરખાં વર્ણ-વાળા, કેટલાક મયૂર સરખી કાંતિવાળા, પ્રસન્ન થએલા કેટલાક મોટા પાર્ષદો કુમાર પાસે આવી ઉભા હતા. હે રાજન્! વળી એમનાં આયુધ હું કહું તે સાંભળો. પરિષદોએ બાકી રહેલાં આયુધોનો પરિગ્રહ કર્યો તે કહુંછું. ઉગામ્યો છે હાથમાં પાશ જેમણે એવા મોઢાં ફાડેલા ખર સરખાં મુખવાળા, પાછળ નેત્રવાળા, નીલકંઠે કરી શોભિત ભાલાં છે હાથમાં જેમના, કેટલાક શતઘ્ની, ચક્ર, મુસળ, ખડ્ગ તથા દંડ છે હાથમાં જેમને, તેમજ ગદા, ભુશંડિ તથા ગુરંજ છે હાથમાં જેમના એવા ભયંકર વિવિધ આયુધવાળા મોટાં વેગવાળા મહા બળ-વાન મહાત્મા તે મહા પરિષદો કુમારના અભિષેકને જોઇ પ્રસન્ન થએલા ઘંટાની જાળે-કરી બાંધેલાં છે અંગ જેમનાં એવા મહા પરાક્રમી રણપ્રિય નૃત્ય કરવા લાગ્યા. તેમજ ઘણાક બીજા પણ પાર્ષદો હે નૃપ! યશસ્વી એવા મહાત્મા કાર્તિકસ્વામિની પાસે આવી ઉભા રહ્યા. એ રીતે દેવતાઓએ આજ્ઞા આપેલા અનિલની જેમને ઉપમા અપાય એવા દિવ્ય, અંતરીક્ષ તથા પૃથ્વીમાં રહેનારા પાર્ષદો, સ્કંદના અનુચર થઇ રહ્યા, હજારો, લાખો તથા અર્બુદ છે સંખ્યા જેમની એવા પાર્ષદ, અભિષેક કરેલા મહાત્મા કુમારને વીંટી ઉભા રહ્યા.

तादृशानां स सहस्राणि प्रयुतान्यर्बुदानि च ।
अभिषिक्तं महात्मानं परिवार्योपतस्थिरे ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि स्कंदाभिषेके गुर्जर-भाषायां पंचचत्वारिंशोऽध्यायः ॥ ४५ ॥

અધ્યાય ૪૬ મો. કુમારની માતાઓ.

वैशंपायन उवाच—शृणु मातृगणान् राजन् कुमारानुचरानिमान् ।
कीर्त्यमानान् मया वीर सपत्नगणसूदनान् ॥१॥

વૈશંપાયન કહે છે—હે રાજન્! હે વીર! શત્રુગણને નાશ કરનાર કુમારના અનુચર મેં

કીર્તન કરેલા સ્કંદના માતૃગણને સાંભળ. હે ભારત ! યશસ્વિની તથા કલ્યાણરૂપિણી એવી માતૃઓએ કરી વિભાગથી ત્રણ લોક વ્યાપ્ત છે તે માતૃઓનાં નામ હું તને કહું તે તું સાંભળ. પ્રભાવતી, વિશાલાક્ષી, પાલિતા, ગોસ્તની, શ્રીમતી, બહુલા, બહુપુત્રિકા, જળમાં ઉત્પન્ન થએલી, ગોપાલી, બૃહંદ્દ્બાલિકા, જયાવતી, માલતિકા, ધ્રુવરત્ના, અભયંકરી, વસુદામા, દામા, વિશોકા, નંદિની, એકચુડા, મહાચુડા, ચક્રનેમિ, ઉત્તેજની જયત્સેના, કમલાક્ષી, શોભના, શત્રુંજયા, ક્રોધના, શલભી, ખરી, માધવી, શુભવક્ત્રા તીર્થસેનિ, ગીતપ્રિયા, કલ્યાણી, રૂદ્રરોમા, મિતાશના, મેઘસ્વના, ભોગવતી, શુભ્રઃકનકાવતી, અલાતાક્ષી, વીર્યવતી, વિદ્યુજિહ્વા, પદ્માવતી, સુનક્ષત્રા, કંદરા, બહુયોજના, સંતાનિકા, કમલા, મહાબલા, સુદામા, બહુદામા, સુપ્રભા, યશસ્વિની, નૃત્યપ્રિયા, શતોલૂખલમેખલા, શતઘંટા, શતનંદા, ભગનંદા, ભાવિની, વપુષ્મતી, ચંદ્રશીતા, ભદ્રકાળી, રૂક્ષા, અંબિકા, વિષ્કુટિકા, વામા, ચત્વરવાસિની, સુમંગલા, સ્વસ્તિમતી, બુદ્ધિકામા, જયપ્રિયા, ધનદા, સુપ્રસાદા, ભવદા, જલેશ્વરી, એડી, ભેડી, સમેડી, વૈતાલજનની, કંડુતિ; કાલિકા, દેવમિત્રા, વસુશ્રીઃ, કોટરા, ચિત્રસેના, અચલા, કુકકુટિકા, શંખલિકા, તેમજ હે નૃપ ! શકુનિકા, કુંડારિકા, કૌકુલિકા, કુંભિકા, શતોદરી, ઉત્ક્રાથિની, જલેલા, મહાવેગા, કંકણા, મનોજવા, કંટકિની, પ્રઘસા, પૂતના, કેશયંત્રી, ત્રુટિ, વામા, ક્રોશના, તડિત્પ્રભા, મંદોદરી, મુંડી, મેઘવાહિની, સુભગા, લિંબની, લબા, તામ્રચુડા, વિકાશિની, ઉર્ધ્વવેણી, ધરા, પિંગાક્ષી, લોહમેખલા, પૃથુવસ્ત્રા, મધુલિકા, મધુકુંભા, પક્ષાલિકા, મત્કુલિકા, જરાયુ, જર્જરાનના, ખ્યાતા, દહદહા, ધમધમા, ખંડખંડા, પૂષણા, મણિકુટ્ટિકા, અમોઘા, લંબપયોધરા, વેણુવીણાધરા, શશોલૂકમૂખી, કૃષ્ણા, ખરજંઘા, મહાજવા, શિશુમારમુખી, શ્વેતા, વિભીષણા, જટાલિકા, કામચરી, દીર્ઘજિહ્વા, બલોત્કટા, કાલેહિકા, વામનિકા, મુકુટા, લોહિતાક્ષી, મહાકાયા, હરિપિંડા, એકત્વચા, સુકુસુમા, કૃષ્ણકર્ણી, ક્ષુરકર્ણી, ચતુષ્કર્ણી, કર્ણપ્રાવરણા, ચતુષ્પથનિકેતા, ગોકર્ણી, મહિષાનના, ખરકર્ણી, મહાકર્ણી, ભેરીસ્વનમહાસ્વના, શંખકુંભશ્રવા, ભગદા, ગણા, સુગણા, ભીતિ, કામદા, ચતુષ્પથરતા, ભૂતિતીર્થાન્યગોચરી, પશુદા, વિત્તદા, સુખદા, મહાયશા, પયોદા, ગોમહિષદા, સુવિશાલા, પ્રતિષ્ઠા, સુપ્રતિષ્ઠા, રોચમાના, સુરોચના, નૌકર્ણી, મુખકર્ણી, વિશિરા, મંથિનિ, એકચંદ્રા, મેઘકર્ણા, મેઘમાલા, વિરોચના, હે ભરતર્ષભ ! એટલી અને બીજી પણ નાના રૂપવાળી હજારો માતાઓ કાર્તિકેય કુમારની પાછળ ચાલનાર હતી. તેમાં કેટલીક લાંબા નખવાળી મોટા દાંતવાળી તથા લાંબા મુખવાળી હતી; કેટલીએક બળવાન મધુર વદનારી યૌવનસ્થ, સારી રીતે શણગારેલી માહાત્મ્યે કરી સંયુક્ત તથા ઇચ્છામાં આવે એવાં રૂપ ધરનારી હતી. હે ભરતર્ષભ ! કેટલીએક નિર્માંસ શરીરવાળી શ્વેત છે વર્ણ જેમનો એવી કેટલીક સુવર્ણ સરખી કાયાવાળી, કેટલીક કૃષ્ણ મેઘ સરખી, કેટલીક ધુમ્ર વર્ણવાળી, બીજી કેટલીક પીંગળ વર્ણવાળી, મોટા છે ભોગ જેમના, દીર્ઘકેશી, શ્વેત વસ્ત્ર ધરેલી, ઊંચી વેણી ધરનારી, પીળા ડોળા તથા લંબાયમાન મેખળા યુક્ત, લાંબાં છે ઉદર, કર્ણ તથા પયોધર જેમનાં એવી હતી. બીજી કેટલીક તામ્ર સરખાં નેત્ર તથા વર્ણવાળી, કેટલીક નીલ છે નેત્ર જેમનાં, એવી વર દેનાર નિરંતર પ્રમુદિત તથા ઇચ્છા પ્રમાણે વિચરનારી હતી. કેટલીએક યમની, રૂદ્રની, સોમની, કુબેરની, વરૂણની, મહેંદ્રની, અગ્નિની, વાયુની, કુમારની, બ્રહ્માની, વિષ્ણુની, સૂર્યની, તથા વરાહની, રૂપેકરી અપ્સરા તુલ્ય, વાક્યે કરી કોકિલ સરખી, સમૃદ્ધિએ કરી કુબેરની ઉપમા લાયક, યુદ્ધ વિષે પરાક્રમ કરવામાં ઇન્દ્ર સરખી, દીપ્તિએ કરી વન્હિ સમાન, સેનામાં વાયુ તુલ્ય, અચિંત્ય છે બળ, વીર્ય તથા પરાક્રમ જેમનું, વિગ્રહ વિષે નિરંતર શત્રુને ત્રાસ

આપનાર, ઇચ્છા પ્રમાણે રૂપ ધરનાર, મહાબલિષ્ઠ, વૃક્ષ, ચકલાવિષે, રાજમાર્ગ, ગુફા, સ્મશાન, શૈલ તથા ઝરણાં વિષે છે નિવાસ જેમનો, નાના પ્રકારનાં આભરણ ધરનારી, નાના પ્રકારનાં છે માલતીનાં પુષ્પ ધરેલાં તથા વસ્ત્ર પહેરેલાં, નાના પ્રકારના વિચિત્ર વેષવાળી તથા નાના પ્રકારની છે ભાષા જેમની એવી હતી. બીજા શત્રુને પણ ભય કરનાર ઘણાક ગણ, ઇન્દ્રના સંમતિથી મહાત્મા કુમારની પાછળ ગયા. ત્યાર પછી ભગવાન એવા પાકશાસન ઇન્દ્રે હે રાજશાર્દૂલ ! દૈત્યોના નાશ વાસ્તે પોતાનું શક્તિરૂપી અસ્ત્ર કુમારને આપ્યું. તેમજ ઇન્દ્રે મોટા શબ્દવાળી, મોટી છે ઘંટા જેમાં, પ્રકાશમાન શ્વેત પ્રભાવવાળી, અરૂણાદિત્ય સરખો છે વર્ણ જેનો એવી, પતાકા પણ આપી. પશુપતિએ પણ નાના પ્રકારનાં છે શસ્ત્ર જેમાં એવી તપ, વીર્ય તથા બળેકરી યુક્ત, કોઇથી જીતી શકાય નહિ, પોતાના ગણેકરી યુક્ત, અને રૂદ્ર સરખાં જેમનાં બળ છે એવાં ત્રણ અયુત યોદ્ધાઓ યુક્ત સંગ્રામમાંથી પાછી હઠનાર નહિ, ઉગ્ર, ધનંજય નામની સર્વ ભૂતની મોટી સેના કુમારને સોંપી. વિષ્ણુએ, બળ વધારનારી વૈજયંતી માળા આપી. ઉમાએ સૂર્ય સરખી કાંતવાળાં નિર્મળ એવાં બે વસ્ત્ર આપ્યાં. ગંગાએ અમૃતોદ્‌ભવ એવું ઉત્તમ દિવ્ય કમંડલ આપ્યું. બૃહસ્પતિએ પ્રીતિથી દંડ આપ્યો. ગરૂડે વિ-ચિત્ર પ્રકારનાં પીંછવાળો મયૂર આપ્યો. અરૂણે ચરણાયુધ કુકડો આપ્યો. વરૂણ રાજાએ બળ તથા વીર્યયુક્ત નાગ આપ્યો. સમર્થ બ્રહ્માએ બ્રહ્મણ્ય કાલિઆર મૃગનું ચર્મ આપ્યું, તેમજ લોક ભગવાન, એવા બ્રહ્માએ સંગ્રામ વિષે જય આપ્યો. એ રીતે સ્કંદ કુમાર દેવગણના સેનાપતિપણાને પ્રાપ્ત થઇ પ્રજ્વલિત જ્વાલા યુક્ત બીજો અગ્નિ શોભે તેવા શોભતા હતા. ત્યાર પછી પારિષદ તથા માતાઓએ કરી સંયુકત કુમાર દેવતાઓને આનંદ આપતા દૈત્યનો નાશ કરવા વાસ્તે ગયા.

તે વેળાએ ઘંટા સહિત ઉંચો છે ધ્વજ જેમાં, ભેરી, શંખ તથા મુરજ નામના વાદ્ય-સહિત, આયુધ તથા પતાકાવાળી સેના નક્ષત્ર મંડલે કરી શરદૃઋતુવિષે આકાશ શોભે તેમ શોભતી હતી. તે સમયે દેવતાઓના સમુદાય, તથા અવ્યગ્ર એવા નાના પ્રકારના ભૂતગણ, ભેરી તથા પુષ્કળ શંખ, પટહ, ઝર્ઝર, કકચ, ગોવિશાણિક, આડંબર, ગોમુખ, તથા મોટા શબ્દવાળા ડિંડિમ નામનાં યુદ્ધવાદ્ય સૌ કો વગાડતા હતા. ઇન્દ્ર સહિત દેવતાઓ કુમારની સ્તુતિ કરતા હતા. દેવ, ગંધર્વ, ગાન કરતા હતા, અને અપ્સરાઓના ગણ નૃત્ય કરતા હતા. તેથી પ્રસન્ન થએલા મહાસેન કુમારે દેવતાઓને વરદાન આપ્યું કે તમારો વધ કરવા ઇચ્છતા શત્રુઓને સંગ્રામમાં હું હણીશ. દેવતાઓમાં અત્યંત શ્રેષ્ઠ એવા કુમારથી વરને પ્રાપ્ત થઇ પ્રસન્ન છે આત્મા જેમના એવા દેવતાઓ શત્રુઓ હણાયાજ છે એમ માનતા હતા. એ રીતે વર આપ્યો તે વખતે સર્વ ભૂત સંઘના હર્ષથી ઉઠેલા શબ્દેકરી ત્રણ લોક પૂરાઇ ગયા, મોટી સેનાએ કરી વીંટાયલા મહાસેન કુમાર યુદ્ધમાં દૈત્યોનો વધ કરવા સારૂ અને દેવતાઓની રક્ષા સારૂ યુદ્ધ કરવા નિકળ્યા. હે નરાધિપ ! વ્યવસાય, જય, ધર્મ, સિદ્ધિ, લક્ષ્મી, ધૃતિ તથા સ્મૃતિ એટલાં વાનાં મહાસેનના સૈન્યમાં આગળથીજ સામેલ થયાં. એ રીતે દેવ, ગુહ, શૂલ તથા મુદ્‌ગર છે હાથમાં જેના એવી, જ્વલિત એવાં ઊંબાડિયાં ધારણ કરેલી, વિચિત્ર પ્રકારનાં છે આભરણ તથા કવચ જેમાં ગદા, મુસલ, નારાચ, શક્તિ તથા તોમર છે હાથમાં જેના, મદોન્મત્ત સિંહ સરખા શબ્દ કરતી ભયંકર સેના સહિત તે શત્રુ સામે ગયા. તેને જોઇ ભયે કરી ઉદ્વિગ્ન એવા સર્વ દૈત્ય, રાક્ષસ તથા દાનવ ચોતરફથી સર્વ દિશાઓ પ્રત્યે નાસવા

લાગ્યા. વિવિધ પ્રકારનાં આયુધ છે હાથમાં જેમના એવા દેવતાઓ તેમની સાથે દોડ્યા, ને તેજ તથા બળે કરી યુક્ત એવા ક્રોધાયમાન થએલા ભગવાન સ્કંદે તેમને જોઇ ભયંકર એવું શક્તિરૂપી અસ્ત્ર વારંવાર નાંખતાં હવિવિષે અગ્નિ જેમ વૃદ્ધિ પામે તેમ પોતાનું તેજ ધારણ કર્યું. હે મહારાજ! એ રીતે અમિત તેજવાળા સ્કંદે અભ્યાસ કરેલા શક્તિરૂપી અસ્ત્રમાંથી ઉલ્કા સરખી મોટી જ્વાળાઓ પૃથ્વીતલ વિષે પડવા લાગી. તેમજ હે નૃપ! દિશાઓને શબ્દાયમાન કરતા અંતપ્રળના વખત સરખા અત્યંત ભયંકર વજ્રપાત સરખા શબ્દ પૃથ્વીવિષે થવા લાગ્યા. હે ભરતર્ષભ! અનલ પુત્ર સ્કંદની નાખેલી ભયંકર એવી શક્તિમાંથી કરોડો શક્તિઓ નીકળવા લાગી. પ્રસન્ન થયેલા સમર્થ ભગવાન મહાસેને મોટું છે બળ તથા પરાક્રમ જેનું એવા શૂરવીર લક્ષ દૈત્યોએ વીંટાયલા તારકાસુરને હણ્યો. તેમજ સંગ્રામમાં આઠ પદ્મ સંખ્યાંક દૈત્યોએ વીંટાયલા મહિષ નામના દૈત્યને કરોડ દૈત્યથી વીંટાયલા ત્રિપાદ દૈત્યને તથા વિવિધ પ્રકારનાં આયુદ્ધ છે હાથમાં જેના અને દશ નિખર્વ અનુચરથી વીંટાયલા હ્રદોદર નામના દૈત્યને સમર્થ મહાસેને હણ્યો. તે વખતે હે રાજન્! હર્ષેકરી યુક્ત એવા કુમારના અનુચર, મોટા શબ્દેકરી દશે દિશાઓને પૂરતા નૃત્ય કરવા લાગ્યા. હે રાજેંદ્ર! મહાસેને નાખેલા શક્ત્યસ્ત્રની ચોતરફ પસરેલી બગાસાં ખાતી હોય નહિ એવી જ્વાળાઓએ કરી જગત્ ત્રાસ પામવા લાગ્યું. હજારો દૈત્ય દગ્ધ થયા, તેમજ કેટલાક સ્કંદના નાદે કરી, કેટલાક પતાકાના હાલવાથી, કેટલાક ઘંટાના શબ્દથી ત્રાસ પામેલા તથા કેટલાક શસ્ત્રથી હણાયલા દૈત્યો ગતાયુષ થઇ પૃથ્વી પર પડતા હતા. એ રીતે શૂરવીર એવા બળવાન કાર્તિકસ્વામિએ સંગ્રામમાં ઉઘાડાં શસ્ત્ર ધરેલા અનેક દૈત્યોને હણ્યા ને બાણ એવે નામે મહા બળવાન બલિનો પુત્ર દૈત્ય, ક્રૌંચ પર્વતનો આશ્રય કરી દેવસંઘોને બાધ કરતો હતો, તે જાણી ઉદાર બુદ્ધિવાળા મહાસેન, દેવશત્રુ એવા તેની પાસે ગયા. બાણ નામનો દૈત્ય, કાર્તિકેયના ભયથી ક્રૌંચ પર્વતને શરણે ગયો. ત્યાં જઇ મોટો છે ક્રોધ જેનો એવા ભગવાન કાર્તિકેયે અગ્નિએ આપેલી શક્તિએ કરી, ક્રૌંચ પક્ષિના શબ્દેકરી શબ્દાયમાન ક્રૌંચ પર્વતને ભેદ્યો. સાગ વૃક્ષની મોટી શાખાઓએ કરી સંકુલ, ત્રાસ પામ્યા છે વાનર તથા વારણ જેમાં, ઉડે છે ઉદ્‌ભ્રાંત એવાં પક્ષિઓ જેમાંથી, પડતા સર્પવાળો, નાસતા એવા ગોલાંગુલ તથા રીંછના સમુદાયે શબ્દાયમાન કરેલો, મૃગના શબ્દોએકરી ધ્વનિત કર્યાં છે બીજાં વન જેણે, તેમજ પડતા તથા દોડતા એવા શરભ તથા સિંહે કરી શોચ્ય એવી દશાને પ્રાપ્ત થયો છે તો પણ તે પર્વત જાણે શોભતો હોય નહિ તેવો દેખાતો હતો. તેના શિખરમાં નિવાસ કરનાર વિદ્યાધર તથા કિન્નર પણ શક્તિનું પડવું તથા તેના શબ્દેકરી ઉદ્વિગ્ન થઇ નાસતા હતા. તે સમયે પ્રદીપ્ત એવા શ્રેષ્ઠ પર્વતમાંથી વિચિત્ર પ્રકારનાં છે. આભરણ તથા માળાઓ જેમની એવા સેંકડો તથા હજારો દૈત્ય નિકળ્યા. તેમને સંગ્રામમાં કુમારના અનુચરોએ બળાત્કારથી હણ્યા, ક્રોધાયમાન થએલા એવા ભગવાન મહાસેને દેવપતિ ઇન્દ્રે જેમ વૃત્રાસુરને હણ્યો હતો તેમ તત્કાળ અનુજ સહિત દૈત્યેંદ્ર પુત્રને હણ્યો, એ રીતે શત્રુને હણનાર મહા બળવાન કાર્તિકેય, પોતાના આત્માને એક પ્રકારનો તથા બહુ પ્રકારનો કરી શક્તિથી ક્રૌંચ પર્વતને ભેદ્યો. તે વખતે સંગ્રામમાં તેણે નાંખેલી શક્તિ, વારંવાર પોતાનું કામ કરી પાછી તેના હાથમાં આવતી હતી. મોટા પ્રભાવવાળા કાર્તિકેયે શૌર્યથી દ્વિગુણિત એવા તેજે, યશે તથા શોભાએકરી ક્રૌંચ પર્વતને ભેદી સેંકડો દૈત્યોને હણ્યા. દેવતાઓએ [illegible] કરેલા ભગવાન એવા તે દેવ, દૈત્યોને હણી પરમ હર્ષને પ્રાપ્ત થયા. હે રાજન્! [illegible]

શંખ વગાડતા હતા. સેંકડો તથા હજારો દેવતાઓની સ્ત્રીઓ, તે દેવ ઉપર અનુત્તમ એવી પુષ્પની વૃષ્ટિ કરતી હતી. વળી દિવ્ય એવા ગંધને ગ્રહણ કરી પવિત્ર વાયુ વાતો હતો. ધર્મ તથા યજન કરનાર મહર્ષિઓ સ્તુતિ કરતા હતા. કેટલાક એમને જોઇ સનત્કુમારથી નાના 'આ બ્રહ્મપુત્ર છે' એમ નિશ્ચય કરતા હતા. કેટલાક 'આ મહેશ્વર પુત્ર છે' એમ કહેતા હતા. કેટલાક 'અગ્નિના પુત્ર છે.' કેટલાક 'ઉમાના,' કેટલાક 'કૃતિકાના' તથા કેટલાક 'ગંગાના પુત્ર છે' એમ કહેતા હતા. તેમજ યોગિના ઇશ્વર એવા મહા બળવાન તે દેવને એક પ્રકારના, બે પ્રકારના, ચાર પ્રકારના, સેંકડો પ્રકારના તથા હજારો પ્રકારના લોકો માનતા હતા. હે રાજન્! કાર્તિકેયનું અભિષેચન મેં તને કહ્યું. હવે સરસ્વતિના શ્રેષ્ઠ તીર્થની પવિત્રતા કહું તે સાંભળો. હે મહારાજ! કુમારે દૈત્યોને હણ્યા તેથી અત્યંત શ્રેષ્ઠ એવું તે તીર્થ બીજા સ્વર્ગ જેવું થયું. પછી સમર્થ એવા ત્યાં રહેલા અગ્નિપુત્રે નૈઋતાદિક દેવોને જૂદાં જૂદાં ઐશ્વર્ય આપી મુખ્ય નૈઋતોને ત્રૈલોક્ય આપ્યું. એ રીતે હે મહારાજ! તીર્થોવિષે દેવતાઓએ દૈત્યકુળના અંતક એવા ભગવાન કુમારને દેવસેનાપતિનો અભિષેક કર્યો. હે ભરતર્ષભ! જ્યાં પૂર્વે દેવતાઓના ગણે વરૂણને જળના પતિપદે અભિષેક કર્યો હતો, એવા તૈજસ નામે શ્રેષ્ઠ તીર્થને વિષે હાંગલી એવા બળરામ સ્નાન કરી કાર્તિક સ્વામિની પૂજા કરી બ્રાહ્મણોને સુવર્ણ વસ્ત્ર તથા આભરણ આપી એક રાત ત્યાં રહી મધુકુળમાં ઉત્પન્ન થએલા તે શ્રેષ્ઠ તીર્થની પૂજા કરી જળનો સ્પર્શ કરી અત્યંત પ્રસન્ન થયા. જે તું મને પૂછતો હતો તે જે રીતે આવેલા દેવતાઓએ ભગવાન સ્કંદને અભિષેક કર્યો એ સર્વ કથા મેં તને કહી.

एतत्ते सर्वमाख्यातं यन्मां त्वं परिपृच्छसि ।
यथाभिषिक्तो भगवान स्कंदोदेवैः समागतैः ॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने तारकवधे गुर्जरभाषायां षट्चत्वारिंशोऽध्यायः ॥ ४६ ॥

અધ્યાય ૪૭ મો. બળરામ યાત્રાવર્ણન.

जनमेजय उवाच—अत्यद्भुतमिदं ब्रह्मन् श्रुतवानस्मि तत्त्वतः ।
अभिषेकं कुमारस्य विस्तरेण यथाविधिः ॥१॥

જનમેજય પૂછે છે—હે બ્રહ્મન્! યથાવિધિ કુમારના અભિષેકરૂપ આ અતિ આશ્ચર્યરૂપ આખ્યાન વિસ્તારથી મેં સાંભળ્યું. તે સાંભળી હે તપોધન! મારાં રૂવાં ઉભા થયાં, મારૂં મન પ્રસન્ન થયું અને મારા આત્માને પણ હું પવિત્ર માનું છું. કુમારનો અભિષેક તથા દૈત્યોનો વધ સાંભળી મને પરમ હર્ષ થયો. વળી મને સાંભળવાનો મોટો ઉત્સાહ છે વાસ્તે હે સત્તમ! હે મહાપ્રાજ્ઞ! આ તીર્થનેવિષે જળના પતિ એવા વરૂણને સુર તથા અસુરોએ કેમ અભિષેક કર્યો હતો તે વૃત્તાંત મને કહો.' વૈશંપાયન કહે છે—હે રાજન્! પૂર્વ કલ્પમાં આદિ કૃતયુગવિષે યથાવિધિ બનેલું આ આશ્ચર્યરૂપ ચરિત્ર હું તને કહું તે સાભળ. એક સમયે

[illegible] આપણા સંબંધી તથા સર્વ રાજાઓએ પણ આપણને ધિક્કારેલા છે; [illegible] નથી લેવાનું તો વંશનો ક્ષય નહીં થાય, ને સંધિ થશે." પણ તેમ કરવું મને રુચતું નથી, [illegible] તેમ કર્યા છતાં પણ વાસુદેવ ભગવાન આપણને ઉખેડી નાખ્યાં વગર રહેનાર નથી [illegible] [illegible] વાસ્તે અનંત દુઃખને પામેલા પ્રજ્ઞારૂપ ચક્ષુવાળા મારા પિતાનો હું શોક કરું છું. આપણને માર્યા પછી વાસુદેવ ભગવાન જંપશે નહિ ને તેની સાથે મહારથિ પાંડવો પણ વૈર વાળશે. હે પિતા! એ પ્રમાણે મેં તેમને કહ્યું, કારણ મારા ભાઇઓએ પાંડવો [illegible] [illegible] સારૂ પાંડવોને પૂર્વે દુઃખ આપેલાં છે, જે તમો પણ જાણો છો. તે યાદ કરી પાંડવો તેમને જરૂર મારશે. પછી તે સમયે મને ચિંતાગ્રસ્ત થયેલો તથા વ્યથા પામી રહેલો [illegible] [illegible] જાણી, દ્રોણ, ભીષ્મ, કૃપાચાર્ય તથા અશ્વત્થામા ઇત્યાદિએ કહ્યું કે, યદ્યપિ આપણે તેમનો દ્રોહ કર્યો છે, તોપણ તારે બ્હીવું નહીં. કારણ યુદ્ધમાં સજ્જ થઇ ઉભેલા શત્રુઓ અમને જીતવાને સમર્થ નથી, ને અમે એક એક સર્વ રાજાઓને જીતવાને સમર્થ છીએ, માટે શત્રુઓ આવશે તો તીક્ષ્ણ બાણોએ કરી અમે તેમનો ગર્વ ઉતારીશું. વળી તે બોલ્યા કે, આ ભીષ્મના *પિતા શંતનુ મરણ પામ્યા પછી, એમણે અતિ ક્રોધ કરી [illegible] [illegible] કરી સર્વ રાજાઓને જીતી નાશ પમાડવા માંડ્યા, ત્યારે બીનેલા રાજાઓ એમનેજ શરણે આવ્યા હતા. ભીષ્મ આપણ સહિત સંગ્રામમાં શત્રુઓને જીતવાને સમર્થ છે, માટે ભય રાખવો નહિ. હે પિતા! એ રીતે તેમણે મને કહ્યું. તે વખતે મહા તેજસ્વિઓનો એવો નિશ્ચય હતો પણ ત્યારે તો સમગ્ર પૃથ્વી શત્રુઓને વશ હતી, જે હાલ નથી. માટે હવે સંગ્રામમાં પક્ષ જેના ભાગી ગયા છે એવા તથા વીર્યહીન થઇ ગયેલા પાંડવો આપણને જીતવાને સમર્થ નથી, અને હે ભરતર્ષભ! હાલ પૃથ્વી પણ બધી આપણા તાબામાં છે, તેમ મેં આણેલા આ બધા રાજાઓ મારે વાસ્તે અગ્નિમાં પ્રવેશ કરે વા સમુદ્રમાં પડે એ રીતે તેઓ આપણા સુખ દુઃખમાં ભાગ લેનારા છે, એમ તમે જાણો. તેઓ તમોને પારકા ગુણ સાંભળતાંજ ઉન્મત્તની પેઠે ઘણુંક બોલતા દુઃખી થતા તથા બીનેલા જોઇને હસે છે. અત્રે આવેલા સર્વ રાજાઓમાં એક એક જણ સમગ્ર પાંડવો સાથે લડવામાં પોતાને સમર્થ માને છે, વાસ્તે તમે કંઇપણ ભય રાખો માં. હાલ મારી સેનાને બ્રહ્મા પણ હણી શકે નહીં, તેમ સાક્ષાત ઇંદ્ર પણ જીતવાને સમર્થ થાય તેમ નથી. હે સમર્થ પિતા! યુધિષ્ઠિર રાજા હસ્તિનાપુર સરખા શહેરને મૂકી પાંચ ગામડાંની યાચના કરે છે, તે પણ મારા પ્રભાવ તથા સૈન્યથી બીહિનેજ, એમ તમારે જાણવું.

હે ભારત! કદી તમે કુંતિપુત્ર ભીમસેનને મારાથી સમર્થ માનતા હો તો તે જૂઠું છે, કારણ મારા સમગ્ર પ્રભાવને હજી તમે જાણતા નથી. ગદાયુદ્ધમાં તો સમગ્ર પૃથ્વીમાં મારા સરખો કોઇ બીજો છેજ નહીં, તેમ કોઇ પણ થયો નથી, અને થશે પણ નહીં. વળી [illegible] [illegible] હું ઘણો વખત રહ્યો છું; તેથી ધનુષ્ક વિદ્યામાં કુશળ છું. ભીમ [illegible] [illegible] [illegible] [illegible] પણ મને ભય નથી. "ગદા યુદ્ધમાં દુર્યોધન સમાન કોઇ છેજ નહીં," [illegible] [illegible] [illegible] હું શીખેલો છું, તે બળદેવજીને પણ નિશ્ચય છે. હે નૃપ! હું યુદ્ધમાં [illegible] [illegible] તથા બળે કરીને પૃથ્વીમાં સર્વથી અધિક છું, માટે મારા ગદાના પ્રહારથી [illegible] [illegible] કરી શકશે નહીં. જો હું ક્રોધ પામી ભીમસેનની ઉપર ગદાનો પ્રહાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થઇ જશે. હે રાજન! [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સર્વ દેવતાઓએ આવીને વરૂણને આવી રીતે કહ્યું કે, જેમ દેવતાઓનો રાજા ઇન્દ્ર, ભયથી અમારી રક્ષા કરે છે તેમજ તમે પણ સર્વ નદીઓના પતિ થાઓ અને હે દેવ! તમારો નિવાસ પણ મકરાલય એવા સાગરમાં સદા થાઓ; નદીપતિ સમુદ્ર તમારે વશ થશે, ને ચંદ્રની સાથે તમારી ક્ષય તથા વૃદ્ધિ થશે. દેવતાઓનાં વચન સાંભળી વરૂણે 'ઠીક એમ થાઓ' એ રીતે દેવતાઓને કહ્યું, ત્યાર પછી સર્વ દેવતાઓએ ત્યાં આવી સમુદ્રમાં છે ઘર જેનું એવા વરૂણને વિધિદષ્ટ કર્મે કરી જળના અધિપતિ બનાવ્યા. એ રીતે જળજંતુના પતિ વરૂણને અભિષેક કરી જળના પતિ એવા તેની પૂજા કરી, દેવતાઓ પાછા પોતપોતાના સ્થાનક પ્રત્યે ગયા. ત્યાર પછી દેવતાઓએ અભિષેક કરેલા મોટા યશવાળા વરૂણ પણ નદીઓ, સમુદ્ર, નદ, તથા તળાવોને વિધિએ કરી ઇન્દ્ર જેમ દેવતાઓને પાળે તેમ પાળવા લાગ્યા. તીર્થ વિષે સ્નાન કરી બ્રાહ્મણોને વિવિધ પ્રકારનું ધન આપી મહાપ્રાજ્ઞ એવા પ્રલંબાસુરને હણનાર બલરામ, ત્યાંથી અગ્નિતીર્થ પ્રત્યે ગયા. જ્યાં શમીગર્ભ વિષે નાશ થએલો અગ્નિ દેખાતો ન હતો. હે અનઘ! લોકાલોકનો વિનાશ થવા લાગ્યો. તેને જોઇ દેવતાઓએ સર્વ લોકના પિતામહ એવા બ્રહ્માનું ઉપસ્થાન કરી તેમને કહ્યું કે, ભગવાન તથા સર્વ ભૂતવિષે છે નિવાસ જેનો એવો પ્રકાશમાન અગ્નિ પ્રનષ્ટ થયો તેનું કારણ અમે જાણતા નથી વાસ્તે હે વિભો! તમે અગ્નિ સંપાદન કરો. દેવતાઓનાં વચન સાંભળી બ્રહ્માએ તેમને કહ્યું કે, જાઓ તમે તેને શોધો, એટલે તે પ્રકટ થશે. જનમેજય પૂછે છે— હે બ્રહ્મન્! લોકનું પાલન કરનાર ભગવાન અગ્નિ શું કરવા પ્રનષ્ટ થયો અને દેવતાએ કેમ તેને જાણ્યો એ બધું તત્વથી મને કહો.

વૈશંપાયન કહે છે—હે રાજન્! ભૃગુના શાપથી અત્યંત બ્હીનેલો પ્રતાપવાન અગ્નિ શમીગર્ભને પ્રાપ્ત થઇ ત્યાંથી નાશ થયો. અગ્નિ પ્રનષ્ટ થયો તેથી અત્યંત દુઃખિત એવા ઇન્દ્ર સહિત સર્વ દેવતાઓ નષ્ટ થએલા અગ્નિને ખોળવા લાગ્યા. ખોળતાં ખોળતાં અગ્નિતીર્થ પ્રત્યે જઇ શમીગર્ભ પ્રત્યે યથાવિધિ રહેલા પ્રજ્વલિત અગ્નિને જોઇ હે નરવ્યાઘ્ર! બૃહસ્પતિ છે મુખ્ય જેમાં એવા સર્વ દેવતાઓ જ્વલનને પ્રાપ્ત થઇ પ્રસન્ન થએલા ઇન્દ્ર સહિત જે રીતે આવ્યા હતા તે રીતે પાછા ગયા. હે મહાભાગ! ભૃગુના શાપથી અગ્નિ પણ સર્વ ભક્ષી થયો કેમકે બ્રહ્મવાદિ એવા તેણે તેમ કહ્યું હતું. સ્નાન કરી મતિમાન બલરામ, બ્રહ્મયોનિ તીર્થ પ્રત્યે ગયા, જ્યાં પૂર્વે સર્વ લોકના પિતામહ ભગવાન બ્રહ્માએ દેવતાઓ સહિત સ્નાન કરી યથાવિધિ દેવતાઓનાં તીર્થ સર્જ્યાં હતાં, ત્યાં સ્નાન કરી વિવિધ પ્રકારના ધનનું દાન કરી બલરામ, ત્યાંથી કૌબેરતીર્થ તરફ ગયા. જ્યાં હે રાજન્! સમર્થ એવા કુબેર, મોટું તપ કરી ધનાધિપત્યને પ્રાપ્ત થયા હતા. હે રાજન્! ત્યાં રહેલા કુબેરને ધન તથા નિધિઓ પ્રાપ્ત થયા હતા, તે તીર્થ પ્રત્યે લાંગલી એવા બલરામે જઇ વિધિપુરઃસર બ્રાહ્મણોને દાન આપી વળી ભૂયસિ દક્ષિણા આપી કૌબેર વન વિષે રહેલું તે સ્થાન જોયું. પૂર્વે જ્યાં યક્ષના રાજા મહાત્મા કુબેર મોટું તપ કરી વર પામ્યા હતા. તેમજ જ્યાં રહી ધનાધિપતિ કુબેર, ધનાધિપત્ય, રૂદ્ર સાથે મિત્રતા, લોકપાલત્વ તથા દેવપણું અને પુત્રને પ્રાપ્ત થયા હતા. દેવગણોએ ત્યાં આવી અભિષેક કર્યો હતો, તથા હંસયુક્ત એવા પુષ્પક નામના વિમાન[illegible]નને યક્ષનું ઐશ્વર્ય દીધું હતું. હે રાજન્! તે તીર્થમાં બલરામ સ્નાન કરી ધણું દાન આપી શ્વેત ચંદનનું છે તિલક જેને એવા તે, ત્યાંથી સર્વ પ્રાણીઓએ સેવન કરેલા [illegible]

વને કરી યુક્ત સદા પુષ્પ તથા ફળ જેમાં છે એવાં બદરપાચન નામના શુભ ને પુણ્યવાળાં તીર્થ પ્રત્યે ગયા.

निषेवितं सर्वसत्वैर्नाम्ना बदरपाचनं ।
नानर्तुकवनोपेतं सदा पुष्पफलं शुभं ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गे गदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायां सप्तचत्वारिंशोऽध्यायः ॥ ४७ ॥

અધ્યાય ૪૮ મો. બદરપાચન તીર્થ.

वैशंपायन उवाच—ततस्तीर्थवरं रामो ययौ बदरपाचनं ।
तपस्विसिद्धचरितं यत्र कन्याधृतव्रता ॥१॥

વૈશંપાયન કહે છે—હે રાજન્! ત્યાંથી રામ, જ્યાં ધારણ કર્યું છે વ્રત જેણે એવી કન્યા હતી એવાં તપસ્વી તથા સિદ્ધે સેવેલા બદરપાચન નામના શ્રેષ્ઠ તીર્થ પ્રત્યે ગયા. ભારદ્વાજની દીકરી રૂપે પૃથ્વી વિષે જેની ઉપમા બીજાને અપાય નહિ, બ્રહ્મચર્ય પાળનારી, શ્રુતાવતી છે નામ જેનું એવી કુમારી ઘણાક નિયમ પાળનારી ભામિની 'દેવરાજ મારો સ્વામિ થાઓ' એવો નિશ્ચય કરી ઉગ્ર તપ કરતી હતી. હે કુરુકુલોદ્વહ! સ્ત્રીઓને સુદુશ્વર એવા તીવ્ર નિયમ પાળતી તેને તપ કરતાં કેટલાંક વર્ષ વીતી ગયાં. હે વિશાંપતે! તેના વ્રત, તપ તથા પરમ ભક્તિએ કરી પ્રસન્ન થએલા દેવતાઓના પતિ ભગવાન ઇન્દ્ર, વિપ્રર્ષિ મહાત્મા વસિષ્ઠનું રૂપ ધારણ કરી તેના આશ્રમ પ્રત્યે આવ્યા. ઉગ્ર છે તપ જેનું, તપ કરનારાઓમાં શ્રેષ્ઠ મુનિ સરખા આચારવાળા તેમને જોઇ પૂજા કરી, નિયમ જાણનાર, પ્રિય બોલનારી કલ્યાણી, એવી તેણે કહ્યું કે હે ભગવન્! હે મુનિશાર્દૂલ! હે પ્રભો! શી આજ્ઞા છે? હે સુવ્રત! યથાશક્તિ આજ હું તમને સર્વ આપું પણ ઇન્દ્રની ભક્તિએ કરી મારો પાણિ તમને નહિ આપું; કારણ કે હે તપોધન! વ્રત, નિયમ, તથા તપેકરી ત્રિભુવનનો ઇશ્વર એવો ઇન્દ્ર મારે પ્રસન્ન કરવો છે. તેનાં વચન સાંભળી ભગવાન ઇન્દ્ર, હસતા હોય નહીં તેમ તેની સામે જોઇ તેનો નિયમ જાણી સાંત્વના કરતા હોય તેમ કહેવા લાગ્યા કે, હે સુવ્રતે! હે વરાનને! તું ઉગ્ર તપ કરે છે એવી મેં તને જાણી, માટે હે કલ્યાણિ! જે કાર્ય હૃદયમાં ધારી તેં તપનો આરંભ કર્યો હોય તે બધી તારી ધારણા મને કહે, તપેકરી સર્વ સિદ્ધ થશે. હે શુભાનને! દેવતાઓનાં દિવ્ય સ્થાન છે તે પણ તપેકરી પ્રાપ્ત થાય છે. કેમકે મોટું સુખ તપોમૂલક છે, એમ જાણી ઘોર એવું તપ કરી મનુષ્યો દેહનો ત્યાગ કરી દેવપણાને પ્રાપ્ત થાય છે. હે કલ્યાણિ! હું કહું તે સાંભળ. હે શુભવ્રતે! હે સુભગે! આ પાંચ બોરડીનાં ફળ છે તેને તું પાચન કર, એમ તેને કહી ભગવાન બલસૂદન ઇન્દ્ર તે કલ્યાણિની આજ્ઞા લઇ તે આશ્રમથી થોડે દૂર જઇ પોતે જપ કરવા લાગ્યા. હે માનદ! તે ત્રણ લોકમાં વિખ્યાત ઇન્દ્ર તીર્થ નામે ઉત્તમ તીર્થ થયું. એ રીતે ત્યાં જપ કરતા દેવતાઓના અધિપતિ ભગવાન પાકશાસન ઇન્દ્રે તેના મનના ભાવની પરીક્ષા જોવા સારૂ બદરી ફળ પાચન થાય નહિ તે રીતે કર્યું. શાંતપણાથી મૌન રહિત વાણી છે નિયમમાં જેને એવી, કામ કરવામાં તત્પર, પવિત્ર વસ્ત્ર આદિ મેળવનારી

વાળી તે અગ્નિ વિષે બોરને રાખી રાંધતી હતી. હે પુરૂષર્ષભ ! તે બોરને ચઢતાં તેને ઘણો વખત જતો રહ્યો, દિવસ ક્ષયને પણ પ્રાપ્ત થયો, તોપણ બોર જરાએ સીઝયાં નહીં. તેના આશ્રમ વિષે રહેલો કાષ્ઠનો ભારો અગ્નિએ કરી બળી ગયો. કાષ્ઠ વિનાનો અગ્નિ જોઇ તેણે પોતાનું શરીર બાળ્યું. સુંદર છે દર્શન જેનું એવી તેણે પ્રથમ અગ્નિ વિષે પોતાના પગ ઘાલ્યા. હે અનઘ ! તે જેમ પગ આગળથી સળગતા ગયા તેમ તેમ અંદર ઘાલતી ગઇ. મહર્ષિના પ્રિયની કામનાથી દુષ્કર કર્મ કરતી અનિંદિત એવી તે અગ્નિ વિષે બળેલા પગની ચિંતા પણ કરતી ન હતી. તેને તે નિમિત્ત વૈમનસ્ય કે મુખભેદ પણ થયો ન હતો. અગ્નિએ કરી ચરણ બાળ્યા તોપણ જળના મધ્યમાં રહી હોય તેમ હર્ષિત રહી. હે ભારત ! એના હૃદયમાં નિરંતર વિપ્રર્ષિનું તેજ વચન હતું કે આપણે સર્વથા બદર ફળ રાંધવાં છે. તેથી તે કન્યા બોર પકાવતી હતી પણ તે પાકતાં ન હતાં. એ રીતે બોર પકાવતાં ભગવાન એવા અગ્નિએ તેના ચરણ બાળી નાંખ્યા પણ તેના મનને સ્વલ્પ પણ દુઃખ થયું નહિ. એનાં કર્મ જોઇ પ્રસન્ન થએલા ત્રિભુવનના ઇશ્વર ઇન્દ્ર, તે કન્યાને પોતાનું રૂપ દેખાડી અત્યંત દૃઢવ્રતવાળી તે કન્યા પ્રત્યે સુરશ્રેષ્ઠ એવા તે કહેવા લાગ્યા કે હે શુભે ! તારી ભક્તિ તપ તથા નિયમે કરી તારી ઉપર હું પ્રસન્ન થયો છું, માટે હે શુભે ! તારો અભિમત એવો કામ તને પ્રાપ્ત થશે અને હે મહાભાગે ! દેહનો ત્યાગ કરી સ્વર્ગવિષે મારી સાથે તું વિહાર કરીશ. હે શુભે ! 'બદરપાચન' જેવું નામ છે એવું સર્વ પાપને ટાળનાર આ તારૂં શ્રેષ્ઠ તીર્થ પણ લોકમાં સ્થિર થશે. હે અનઘે ! શુભ એવા તીર્થવિષે અરૂંધતીને છોડી દઇ સપ્તર્ષિઓ હિમવાન પર્વત પ્રત્યે ગયા. ત્યાંથી મોટા ભાગ્યવાળા તે જીવિકા વાસ્તે ફળ તથા મૂળ લેવા ગયા, એ રીતે જીવિકાને ઇચ્છતા એવા તે હિમવાન પર્વતના વનવિષે વસતા હતા તેટલામાં બાર વર્ષની અનાવૃષ્ટિ થઇ ને તપસ્વિઓ પણ ત્યાં આશ્રમ કરી નિવાસ કરી રહ્યા. કલ્યાણી એવી અરૂંધતીએ ત્યાં નિરંતર તપશ્ચર્યા કરવા માંડી. એ રીતે તીવ્ર નિયમ પ્રત્યે રહેલી અરૂંધતીને જોઇ પ્રસન્ન થએલા મોટા યશવાળા વર દેનાર ત્રિનયન મહાદેવે, બ્રાહ્મણનું રૂપ લઇ અરૂંધતી પાસે આવી કહ્યું કે, હે શુભે ! હું ભિક્ષાને ઇચ્છું છું. મહાદેવરૂપ બ્રાહ્મણનાં વચન સાંભળી સુંદર છે દર્શન જેનું એવી અરૂંધતી નામની કન્યાએ કહ્યું કે, હે વિપ્ર ! અન્નનો સંચય હાલ ક્ષીણ થયો છે માટે આ બદરીફળ છે તે લ્યો. એવાં તેનાં વચન સાંભળી મહાદેવે કહ્યું કે, હે સુવ્રતે ! એ ફળ તું રાંધી આપ. મહાદેવનાં વચન સાંભળી બ્રાહ્મણના પ્રિયની કામના સારૂ યશસ્વિની એવી તે કન્યા વૃદ્ધિ પામેલા અગ્નિવિષે બદરફળ રાખી પકાવવા લાગી. તેટલામાં દિવ્ય મનોરમ એવી પવિત્ર કથા પણ તે સાંભળતી હતી. તેટલામાં ઘોર એવી બાર વર્ષની અનાવૃષ્ટિ વીતી ગઇ. એ રીતે ન જમતી, બોરનું રાંધન કરતી તથા સુંદર કથા શ્રવણ કરતી એવી તેને અતિ દારૂણ તે કાળ એક દિવસ જાય તેમ વીતી ગયો. મુનિયો પણ, ફળ ગ્રહણ કરી પર્વત ઉપરથી આવ્યા. તે વખતે પ્રસન્ન થએલા ભગવાન મહાદેવજીએ અરૂંધતીને કહ્યું કે, હે ધર્મજ્ઞ ! પૂર્વની પેઠે પાછી આ ઋષિઓ પાસે જા. હે ધર્મજ્ઞે ! તારા તપ તથા નિયમે કરી હું પ્રસન્ન થયો છું. એમ તેને કહી ભગવાન મહાદેવજી પોતાના સ્વરૂપનું દર્શન કરાવી તે ઋષિયો પ્રત્યે અરૂંધતીનું મોટું ચરિત્ર કહેવા લાગ્યા કે— હે બ્રાહ્મણો ! તમે હિમવાન પર્વત ઉપર જે તપ સંપાદન કર્યું તે અને આનું જે તપ તે સરખું નહિ, એમ હું માનું છું. તપસ્વિની એવી અરૂંધતીએ અત્યંત દુષ્કર એવું તપ કર્યું: કારણ કે બોર પકવતી અને ન જમતી તેણે બાર વર્ષ દુઃખથી ગુજાર્યાં. ઋષિઓને આમ કહી

ભગવાન મહાદેવે વળી અરૂંધતીને કહ્યું કે, હે કલ્યાણિ ! તારા હૃદયમાં જે અભિલાષ હોય તે વર માગ. મહાદેવનાં વચન સાંભળી વિસ્તીર્ણ તથા તામ્ર સરખાં છે નેત્ર જેનાં એવી અરૂંધતીએ સપ્તર્ષિની સભાવિષે મહાદેવને કહ્યુ કે તમો જો મારી ઉપર પ્રસન્ન થયા હો તો સિદ્ધ તથા દેવર્ષિને પ્રિય એવું બદરપાચન નામે આ તીર્થ આશ્ચર્યરૂપ થાઓ, અને, હે દેવદેવેશ ! આ તીર્થવિષે પવિત્ર થઇ જે ત્રણ રાત્રિ ઉપવાસ કરે તે બાર વર્ષના ઉપવાસના ફળને પ્રાપ્ત થાય એમ થાઓ. એ રીતે તપસ્વિનીને કહી સપ્તર્ષિઓએ સ્તુતિ કરેલા દેવ, પોતાના લોક પ્રત્યે પધાર્યા. ઋષિઓ પણ થાકેલી નહિ અને ક્ષુધા તથા તૃષારહિત એવી અરૂંધતીને જોઇ વિસ્મયને પ્રાપ્ત થયા. હે મહાભાગે ! હે તીક્ષ્ણ વ્રત કરનારી, જેમ તેં મારે વરને તપશ્ચર્યા કરી તેમ વિશુદ્ધ એવી અરૂંધતીને પણ અહિ તપેકરી સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી. તેમાં પણ હે ભદ્રે ! આ વ્રત વિષે તેં વિશેષતા કરી અગ્નિમાં દેહ સમર્પણ કર્યો. તારા નિયમે કરી પ્રસન્ન થએલો હું હે કલ્યાણિ ! આ વ્રતને મહત્વ આપું છું. હે કલ્યાણિ ! અરૂંધતી ને જે વર મહાત્મા મહાદેવે આપ્યો હતો તેના પ્રભાવથી તથા તારા તેજે કરી વળી હું ફરીથી તને વર આપું છું કે, સાવધાન થએલો જે કોઇ આ તીર્થવિષે એક રાત્રિ નિવાસ કરશે વા સ્નાન કરશે તે, દેહત્યાગ કરી અત્યંત દુર્લભ એવા લોકને પ્રાપ્ત થશે. પવિત્ર એવી તે શ્રુતાવતીને કહી ભગવાન સહસ્રાક્ષ ઇન્દ્ર, પાછો સ્વર્ગપ્રત્યે ગયો. હે રાજન્ ! વજ્રધર ઇન્દ્ર સ્વર્ગમાં ગયા પછી પવિત્ર છે ગંધ જેની એવાં દિવ્ય પુષ્પની વૃષ્ટિ થવા લાગી, મોટા શબ્દવાળાં દેવ દુંદુભી વાગવા લાગ્યાં. પવિત્ર છે ગંધ જેની એવો વાયુ વાવા લાગ્યો. ત્યાર પછી શુભ એવી દેહનો ત્યાગ કરી ઇન્દ્રની ભાર્યા થઇ. એ રીતે ઉગ્ર તપેકરી' તે કન્યા, ઇન્દ્રને પ્રાપ્ત થઇ તેની સાથે રમતી હતી. જનમેજય પૂછે છે—હે વિપ્ર ! હે ભગવાન ! તેની માતા કોણ ? શોભિતી એવી તે ક્યાં વૃદ્ધિ પામી ? એ બધું હું સાંભળવાને ઇચ્છું છું. વૈશંપાયન કહે છે—હે રાજન્ ! વિસ્તીર્ણ છે લોચન જેનાં એવી આવતી ધૃતાચી અપ્સરાને જોઇ વિપ્રર્ષિ ભરદ્વાજનું વીર્ય સ્ખલિત થયું, તે વીર્ય તપસ્વિમાં શ્રેષ્ઠ એવા તેણે હાથમાં ગ્રહણ કર્યું, પણ હાથમાંથી પાંદડાના પુટવિષે તે પડી ગયું, તેમાંથી તે કન્યા ઉત્પન્ન થઇ. પછી તપોધન એવા ધર્માત્મા મહામુનિ ભરદ્વાજ એનું જાતકર્માદિ સર્વ કર્મ કરી દેવર્ષિ ગણની સભામાં શ્રુતાવતી એવું તેનું નામ પાડી પોતાના આશ્રમમાં મૂકી હિમવાનના વનપ્રત્યે ગયા. ત્યાં પણ મોટા પ્રભાવવાળા સાવધાન છે આત્મા જેનો એવા વૃષ્ણિકુળમાં અત્યંત શ્રેષ્ઠ બલરામ, સ્નાન કરી બ્રાહ્મણોને ધન આપી ત્યાંથી ઈન્દ્રતીર્થ પ્રત્યે ગયા.

तत्राप्युपस्पृश्य महानुभावो वसूनि दत्वा च महाद्विजेभ्यः ।
जगाम तीर्थं सुसमाहितात्मा शक्रस्य वृष्णिप्रवरस्तदानीम् ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने बदरपाचन तीर्थकथने गुर्जरभाषायामष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥

અધ્યાય ૪૯ મો. બળરામનું તીર્થાટન.

वैशंपायन उवाच—इंद्रतीर्थं ततो गत्वा यदूनां प्रवरो बलः ।
विप्रेभ्यो धनरत्नानि ददौ स्नात्वा यथाविधिः ॥१॥

વૈશંપાયન કહે છે—હે રાજન્! ત્યાંથી યાદવોમાં અત્યંત શ્રેષ્ઠ એવા બલરામે ઇન્દ્રતીર્થ પ્રત્યે જઇ યથાવિધિ સ્નાન કરી બ્રાહ્મણોને ધન તથા રત્ન આપ્યાં. ત્યાં દેવેશ એવા અમરરાજ ઇન્દ્રે સો યજ્ઞથી યજન કરી બૃહસ્પતિને ઘણું ધન આપ્યું હતું. વળી હે ભરતશ્રેષ્ઠ! ઇન્દ્રે બંધી રહિત મોટા, વિવિધ પ્રકારની દક્ષિણાવાળા વેદના પાર પામેલા બ્રાહ્મણોએ જે રીતે કહ્યું તે રીતે યજ્ઞ કર્યા. કાંતિવાળા ઇન્દ્રે સો વખત વિધિએ કરી પરિપૂર્ણ યજ્ઞ કર્યા ત્યારથી તે શતક્રતુ કહેવાયો. સર્વ પાપને ટાળનાર સનાતન તથા પવિત્ર એવું તે તીર્થ પણ. તેના નામે કરી ઇન્દ્રતીર્થ કહેવાયું. એ તીર્થમાં મુસલાયુધ બલરામ, વિધિપુરઃસર સ્નાન કરી ઉત્તમ વસ્ત્ર આપી તથા બ્રાહ્મણોને ભોજન કરાવી પૂજન કરી રામતીર્થ પ્રત્યે ગયા. જ્યાં મહા તપસ્વી ભાર્ગવ મોટા ભાગ્યવાળા રામે, હણ્યા છે શ્રેષ્ઠ ક્ષત્રિયો જેમાંથી એવી પૃથ્વીને વારંવાર જીતી, મુનિમાં શ્રેષ્ઠ કશ્યપને મુખ્ય ઉપાધ્યાય કરી વાજપેય તથા સો અશ્વમેધથી યજન કરી સાગર સહિત પૃથ્વીરૂપી દક્ષિણા આપી, વિવિધ પ્રકારનાં રત્ન સંયુક્ત ગાય, હસ્તિ, દાસી, અજા તથા ઘેટાં સહિત નાના પ્રકારનું દાન દઇ વનમાં ગયા. બ્રહ્મર્ષિએ સેવિત તે પવિત્ર તીર્થમાં મુનિઓને પ્રણામ કરી યમુના તીર્થ આવ્યા. હે મહીપતે! જ્યાં સિત છે પ્રભા જેની એવા મોટા ભાગ્યવાળા અદિતિ પુત્ર વરૂણે રાજસૂય કરવા સારૂ મુનિઓને આણ્યા હતા. સંગ્રામમાં માનુષ તથા દેવતાઓને જીતી શૂરવીરને હણનાર વરૂણે શ્રેષ્ઠ યજ્ઞ કર્યો હતો. શ્રેષ્ઠ યજ્ઞ નિવૃત્ત થયો તે વખતે દેવ તથા દાનવોનો ત્રૈલોકયને ભય આપે એવો સંગ્રામ થયો. હે જનમેજય! યજ્ઞ શ્રેષ્ઠ એવો રાજસૂય નિવૃત્ત થાય તે સમયે અત્યંત ઘોર એવો ક્ષત્રિયોનો સંગ્રામ થાય છે, એવી રીતિ છે. ત્યાં પણ અર્થિની કામના પૂરી કરનાર સમર્થ એવા. લાંગલી બલરામ, ઋષિઓની પૂજા કરી બીજાઓને દાન દઇ પ્રસન્ન થએલા મહર્ષિઓએ જેની સ્તુતિ કરી છે એવા કમળ સરખાં નેત્રવાળા વનમાળી ત્યાંથી આદિત્ય તીર્થપ્રત્યે ગયા. હે રાજસત્તમ! ભગવાન જ્યોતિરૂપ ભાસ્કર યજન કરી જ્યોતિઓના આધિપત્યને તથા પ્રભાવને પ્રાપ્ત થયા. તે નદીના તીરવિષે ઇન્દ્ર સહિત સર્વ દેવ, મરૂત સહિત વિશ્વેદેવ, ગંધર્વ અપ્સરાઓ, દ્વૈપાયન, શુક, મધુસૂદન કૃષ્ણ, યક્ષ, રાક્ષસ, પિશાચ, એટલા અને બીજા પણ ઘણાક હજારો યોગેકરી સિદ્ધ થયા હતા. હે પરંતપ! સરસ્વતીના કલ્યાણરૂપ પવિત્ર તીર્થ વિષે સ્નાન કરી મધુકૈટભ નામના અસુરને હણનાર વિષ્ણુ તથા ધર્માત્મા દ્વૈપાયન વ્યાસ પણ તે તીર્થમાં સ્નાન કરી પરમ યોગને પામી અત્યંત સિદ્ધિને પ્રાપ્ત થયા હતા. તેમજ તે તીર્થને વિષે અસિત દેવળઋષિ પણ પરમ યોગને આચરી યોગને પ્રાપ્ત થયા હતા.

असितो देवलश्चैव तस्मिन्नेव महातपाः ।
परमं योगमास्थाय ऋषिर्योगमवाप्तवान् ॥

इति श्री महाभारते शल्यपर्वणि गदापर्वान्तर्गतबलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायामेकोनपंचाशत्तमोऽध्यायः ॥ ४९ ॥

અધ્યાય ૫૦ મો. જૈગિષવ્ય પ્રભાવ.

वैशंपायन उवाच—तस्मिन्नेव तु धर्मात्मा वसतिस्म तपोधनः ।
गार्हस्थ्यं धर्ममास्थाय ह्यसितो देवलः पुरा ॥१॥

વૈશંપાયનં કહે છે—હે જનમેજય! તેજ તીર્થ વિષે પૂર્વે તપરૂપી છે ધન જેને એવા ધર્માત્મા અસિતદેવળ, ગાર્હસ્થ્ય ધર્મનો આશ્રય કરી વસતા હતા. નિરંતર ધર્મ પાળનાર, પવિત્ર, ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર, મોટા તપવાળા, મન, વાણી તથા કર્મે કરી કોઇને દુઃખ નહિ દેનાર, સર્વ જંતુવિષે સમાન, ક્રોધરહિત, તુલ્ય છે નિંદા તથા સ્તુતિ જેને, પ્રિય તથા અપ્રિય વિષે તુલ્ય વૃત્તિવાળા, યમની પેઠે સમાનદર્શી, કાંચન તથા માટી વિષે સમાન દૃષ્ટિવાળા, મોટું છે તપ જેનું, નિરંતર ઋતુ વિષે એકવાર ગમન કરનાર, બ્રહ્મચર્યમાં તત્પર, સદા ધર્મપરાયણ, એવા અસિતદેવળ, ત્યાં રહી નિરંતર બ્રાહ્મણો સહિત દેવ તથા અતિથિનું પૂજન કરતા હતા. તે પછી હે મહાભાગ! તે તીર્થ વિષે દેવળના આશ્રમમાં આવી મોટી કાંતિવાળો નિરંતર યોગાભ્યાસ કરનાર, બુદ્ધિમાન્, સિદ્ધિને પ્રાપ્ત થયેલો, મહા તપસ્વી મુનિ જૈગિષવ્ય નામનો ભિક્ષુક, નિવાસ કરી રહ્યો. પોતાના આશ્રમમાં રહેલા મહામુનિ જૈગિષવ્યને દરરોજ દેવલઋષિ દેખતા તો પણ ધર્મ જાણી કંઇ તેને પૂછતા ન હતા. એવીજ રીતે હે મહારાજ! તે બેઉને ઘણો વખત વીતી ગયો. પછી એક દિવસ દેવળઋષિએ મુનીશ્વર એવા જૈગિષવ્યને જોયો નહિ એટલામાં વળી ભિક્ષા વખતે ધર્મજ્ઞ એવો દંડીરૂપ મતિમાન તે, દેવળ પાસે આવી ઉભો રહ્યો. ભિક્ષુકરૂપે કરી પ્રાપ્ત થએલા તે મહામુનિને જોઇ, ઘણી પ્રીતિ તથા પરમ ગૌરવથી દેવલે સાવધાન થઇ યથાશક્તિ તેની પૂજા કરી. એમ કરતાં ઘણાં વર્ષ નિકળી ગયાં. પછી હે નૃપતે! એક વખત મોટી કાંતિવાળા તે મુનિને જોઇ અત્યંત મોટી ચિંતા ઉત્પન્ન થઈ કે, આની પૂજા કરતાં મને ઘણાં વર્ષ વીતી ગયાં તોપણ આળસુ એવો આ ભિક્ષુક કંઇ પણ બોલતો નથી. એમ વિચાર કરી અંતરિક્ષમાં વિચરનાર ધર્માત્મા શ્રીમાન્ દેવળ, કળશ ગ્રહણ કરી નદીના પતિ સમુદ્ર પ્રત્યે ગયા. અંતરિક્ષ માર્ગથી ત્યાં જઇ જુવે તો પોતાની પૂર્વેજ ત્યાં જઇ બેઠેલા જૈગિષવ્યને જોયો, તેથી અજિત પ્રભાવવાળો સવિસ્મય થએલો દેવળ, ચિંતાને પ્રાપ્ત થયો. ત્યાં આશ્રમમાં બેઠેલો આ ભિક્ષુક સમુદ્ર વિષે મારી અગાઉ નાહીને બેઠેલો ક્યાંથી! મહર્ષિ એવા અસિત આમ ચિંતા કરતા હતા. પછી વિધિપુરઃસર સમુદ્રમાં સ્નાન કરી પવિત્ર જપવા લાયકનો જપ કરી, કર્યું છે જાપ્યઆન્હિક જેણે એવા તે જળેકરી પૂર્ણ કળશને ગ્રહણ કરી પોતાના આશ્રમે ગયા. દેવળ આશ્રમસ્થાન પ્રત્યે આવ્યા તો ત્યાં પણ પ્રવેશ કરતાંજ આશ્રમમાં બેઠેલા જૈગિષવ્યને જોયો, મહા તપસ્વી કાષ્ઠ સરખો તે જૈગિષવ્ય, આશ્રમમાં વસતો હતો પણ દેવળને બોલાવતો ન હતો. એ રીતે સમુદ્ર વિષે સ્નાન કરી બેઠેલા મુનિ સરખા તેને જોઇ આશ્રમમાં અગાઉથી બેઠેલો જોઇ હે રાજન્! બુદ્ધિમાન અસિતદેવલે જૈગિષવ્યના તપનો યોગ પ્રભાવ જોઈ, વિચાર કર્યો કે, સમુદ્ર વિષે મેં જોયેલો આ પાછો આશ્રમમાં કેમ આવ્યો? આમ વિચાર કરી મંત્ર પારંગત દેવલમુનિ, હે વિશાંપતે! ભિક્ષુક જૈગિષવ્યના પ્રભાવને જાણવાની ઇચ્છા સારૂ આશ્રમમાંથી અંતરિક્ષમાં ઉડ્યા. ત્યાં જઇ અંતરિક્ષમાં રહેનાર સાવધાન એવા સિદ્ધને જ્યાં જોયા ત્યાં તે સિદ્ધોએ પૂજન કરેલા જૈગિષવ્યને જોયો. અત્યંત આકુળ થએલા દૃઢ વ્રતવાળા, વ્યવસાયી દેવળ ત્યાંથી આગળ ગયા, ત્યાં પણ પોતાની આગળ જતા જૈગિષવ્યને જોયો.

ત્યાંથી પોતે પિતૃલોક પ્રત્યે ગયા તો ત્યાં પણ પોતાની આગળ જતાં જૈગિષવ્યને જોયો. ત્યાંથી યમલોક પ્રત્યે અને ત્યાંથી સોમલોક પ્રત્યે જતાં જૈગિષવ્યને જોયો. ત્યાંથી એકાંતયાજિના શુભલોક પ્રત્યે જતાં અને ત્યાંથી અગ્નિહોત્રિઓના લોકપ્રત્યે જતાં ત્યાંએ તેને જોયો. ત્યાંથી પોતે ઉપર ગયા ત્યાં દર્શ તથા પૌર્ણમાસ યજ્ઞે કરી યજન કરનાર તથા પશુબદ્ધ યજ્ઞે કરી યજન કરનારના શુભલોક પ્રત્યે જતાં જૈગિષવ્યને જોયો. તેમજ બહુ પ્રકારના ચાતુર્માસ્યે કરી યજન કરનાર, અગ્નિષ્ટોમથી યજન કરનાર તથા પૂર્વે યજન કરનારના લોક પ્રત્યે જતાં જૈગિષવ્યને જોયો. તેજ રીતે ઉપર ગયેલા બુદ્ધિમાન્ દેવલે ઘણું જેમાં સુવર્ણ છે એવો વાજપેય યજ્ઞ કરનાર, રાજસૂયે કરી યજન કરનાર તથા પુંડરીક નામનો યજ્ઞ કરનારના લોક પ્રત્યે પણ જૈગિષવ્યને જોયો. અશ્વમેધ, નરમેધ, દુષ્પ્રાય એવો સર્વમેધ, તથા સૌત્રામણિ યજ્ઞ કરનારના લોક પ્રત્યે પણ જૈગિષવ્યને જોયો. તેવીજ રીતે વિવિધ પ્રકારના દ્વાદશાહસત્રે કરી યજન કરનારના લોક પ્રત્યે, મિત્રાવરૂણના લોક પ્રત્યે તથા આદિત્યોના લોક પ્રત્યે સલોકતાને પ્રાપ્ત થયેલા, રૂદ્ર, વસુ તથા બૃહસ્પતિના લોકને પણ અતિક્રમણ કરી ગએલા જૈગિષવ્યને જોયો. ત્યાંથી ગોલોક પ્રત્યે જઇ ત્યાંથી જ્ઞાનિઓના લોકપ્રત્યે જતાં જૈગિષવ્યને જોયો, પછી ત્યાંથી પોતાના તેજે કરી જનલોકાદિક ત્રણલોક પ્રત્યે જતાં ત્યાં તેને જોયો. ત્યાંથી પતિવ્રતાના લોક પ્રત્યે જતાં જોયો. હે અરિંદમ ! એ રીતે સર્વ લોકમાં રહેલા મુનિવર જૈગિષવ્ય છેલ્લે અંતર્ધાન થઈ ગયા, તેથી અસિત મુનિએ તેમને જોયા નહિ ત્યારે મોટા વ્રતવાળા દેવલે જૈગિષવ્યની અતુલ એવી યોગસિદ્ધિ, સુવ્રતપણું તથા ' આ બધો યોગ પ્રભાવ છે ' એમ વિચારી બુદ્ધિમાન્ દેવલે બે હાથ જોડી સાવધાન થઇ બ્રહ્મક્ષત્રિ તે તે લોક વિષે રહેલા અતિશ્રેષ્ઠ સિદ્ધોને પૂછ્યું કે, હે સિદ્ધો ! મહા પરાક્રમી એવા જૈગિષવ્યને હું જોતો નથી વાસ્તે બતાવો એ ક્યાં ગયા ? હું તે સાંભળવા ઇચ્છું છું, કેમકે એ વાત જાણવાનો મને ઉત્સાહ છે. દેવલનાં વચન સાંભળી સિદ્ધોએ કહ્યું કે, હે દેવલ ! હે દૃઢવ્રતવાળા ! અમે કહીએ તે તું સાંભળ, જૈગિષવ્ય, શાશ્વત બ્રહ્મના લોકપ્રત્યે ગયો છે.

વૈશંપાયન કહે છે—હે રાજન્ ! સિદ્ધ બ્રહ્મક્ષત્રિયોનાં વચન સાંભળી અસિત દેવલ ઉંચો જતાંજ પાછો પડવા લાગ્યો, ત્યારે સિદ્ધોએ વળી દેવલને કહ્યું કે, હે વિપ્ર ! હે દેવલ ! બ્રહ્મસદનને જૈગિષવ્ય પ્રાપ્ત થયો છે ત્યાં જવાની તમારી ગતિ નથી. હે રાજન્ ! સિદ્ધોનાં આ વચન સાંભળી દેવલ ક્રમે કરી સર્વ લોકથી નીચે ઉતરવા લાગ્યો. પક્ષિની પેઠે પછી પાછો પોતાના આશ્રમે આવ્યો. આશ્રમમાં આવતાં દેવલે ત્યાં બેઠેલા જૈગિષવ્યને જોયા. તે વખતે જૈગિષવ્યના યોગ તથા તપના પ્રભાવને જોઇ ધર્મયુક્ત બુદ્ધિથી વિચાર કરી દેવલે વિનયથી નમ્ર થઇ મહામુનિ એવા તે મહાત્મા જૈગિષવ્યની પાસે જઇ કહ્યું કે, હે ભગવન્ ! હું મોક્ષ ધર્મ પાળવા ઇચ્છું છું, વચન સાંભળી મહા તપસ્વી જૈગિષવ્યે તેને ઉપદેશ કરી શાસ્ત્ર પ્રમાણે કાર્યાકાર્ય એવા યોગનો વિધિ બતાવી સંન્યાસવિષે તેની બુદ્ધિ જોઇ વિધિદૃષ્ટ એવા કર્મથી એને સર્વ ક્રિયા કરાવી. સંન્યાસવિષે કરી છે બુદ્ધિ જેણે એવા તેને જોઇ પિતૃઓ સહિત પ્રાણિઓ, હવે અમને વિભાગ કરી કોણ અન્ન આપશે, એમ કહી રોવા લાગ્યા. તે સમયે દશેય દિશાઓમાંથી પોકાર કરતાં પ્રાણિઓનાં કરૂણ વચન સાંભળી દેવલે મોક્ષ ત્યાગ કરવાનું મન કર્યું એટલામાં પવિત્ર ફળ, મૂળ હજારો ઓ:ષધિઓ, અરે દુર્મતિવાળો ક્ષુદ્ર દેવલ વળી અમને છેદશે, કેમકે તે સર્વ ભૂતને અભય આપી જાણતો નથી, એમ કહી રોવા લાગ્યાં. તે સાંભળી

મુનિમાં સત્તમ તેણે વળી બુદ્ધિએ કરી વિચાર્યું કે, મોક્ષ તથા ગાર્હસ્થ્ય ધર્મ વિષે શ્રેષ્ઠ શું છે! એમ મનથી નિશ્ચય કરી, હે રાજસત્તમ! દેવલ, ગાર્હસ્થ્ય ધર્મનો ત્યાગ કરી મોક્ષ ધર્મવિષે રૂચિ કરી પરમ યોગ તથા અત્યંત સિદ્ધિને પ્રાપ્ત થયો. તે વખતે બૃહસ્પતિ એ મુખ્ય જેમાં એવા દેવતાઓ ત્યાં આવી જૈગિષવ્યની તથા તપસ્વી એવા જૈગિષવ્યના તપની પ્રશંસા કરવા લાગ્યા. તે વેળાએ ઋષિમાં શ્રેષ્ઠ નારદે દેવતાઓને કહ્યું કે, અસિત દેવલને જૈગિષવ્ય વિસ્મય પમાડે છે વાસ્તે જૈગિષવ્ય વિષે તપ નથી. એ રીતે બોલતા ધીર એવા નારદ પ્રત્યે જૈગિષવ્ય મહામુનિની પ્રશંસા કરતા દેવતાઓએ કહ્યું કે તમારું કહેવું ખરું નથી. આ મહાત્મા જૈગિષવ્યના યોગ તપ તથા પ્રભાવના સરખું બીજું કંઇ નથી. ધર્માત્મા જૈગિષવ્ય તથા અસિત બેઉ હતા અને તે મહાત્માઓનું સ્થાનક પણ શ્રેષ્ઠ એવું તીર્થ હતું તે તીર્થ વિષે પણ પરમાર્થ છે કર્મ જેનાં એવા મહાત્મા બળરામ સ્નાન કરી બ્રાહ્મણોને ધન આપી ધર્મને પ્રાપ્ત થઇ ત્યાંથી પવિત્ર સોમતીર્થ પ્રત્યે ગયા.

तत्राप्युपस्पृश्य ततो महात्मा दत्वा च वित्तं हलभृद्विजेभ्यः
अवाप्य धर्मं परमार्थकर्मा जगाम सोमस्य महत्सुतीर्थं ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि बलदेवयात्रायां गुर्जरभाषायां पंचाशत्तमोऽध्यायः ॥ ૫૦ ॥

અધ્યાય ૫૧ મો. મોટી અનાવૃષ્ટિ.

वैशंपायन उवाच—यत्रेजिवानुडुपतिराजसूयेन भारत।
तस्मिंस्तीर्थे महानासीत्संग्रामस्तारकामयः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે રાજન્! હે ભારત! જ્યાં ઉડુપતિ ચન્દ્રે રાજસૂયે કરી યજન કર્યું હતું, અને તારકામય મોટો સંગ્રામ થયો હતો તે તીર્થ વિષે પણ આત્મવાન્ બળરામ સ્નાન કરી દાન આપી ત્યાંથી ધર્માત્મા તે, સારસ્વત મુનિના તીર્થ પ્રત્યે ગયા. ત્યાં પૂર્વે બાર વર્ષની અનાવૃષ્ટિ થઇ હતી. સારસ્વત મુનિએ ઉત્તમ બ્રાહ્મણોને વેદ ભણાવ્યા હતા. જનમેજય પૂછે છે–હે બ્રહ્મન્! પૂર્વે બાર વર્ષની અનાવૃષ્ટિ થઇ ત્યારે સારસ્વત મુનિએ બ્રાહ્મણોને કેમ ભણાવ્યા હતા? વૈશંપાયન કહે છે–હે મહારાજ! પૂર્વે મહા તપસ્વી, બ્રહ્મચારી, જિતેંદ્રિય, બુદ્ધિમાન્ મુનિ દધીચ નામે બહુ વિખ્યાત બ્રાહ્મણ હતા. હે વિપ્રો! તેમના અતિ તપથી ઇન્દ્ર નિરંતર બ્હીતો હતો, તેમ નાના પ્રકારનાં ફળ દેખાડવાથી તેમને લોભ પમાડવા પણ પોતે સમર્થ થતો ન હતો. પછી ઇન્દ્રે તેમને લોભાવવા સારૂ પવિત્ર, દિવ્ય, સુંદર દેખાવવાળી અલંબુષા નામની અપ્સરા મોકલી. હે મહારાજ! તે સરસ્વતી વિષે દેવતાઓનું તર્પણ કરતા મહાત્માની પાસે જઇ ઉભી રહી. દિવ્ય છે શરીર જેનું એવી તે અપ્સરાને જોઈ વશ છે આત્મા જેનો એવા ઋષિનું વીર્ય, સરસ્વતી વિષે પડી ગયું. હે પુરૂષર્ષભ! તેને મહા નદી સરસ્વતીએ પ્રસન્ન થઇ કુક્ષિ વિષે ગ્રહણ કરી પુત્ર વાસ્તે ગર્ભ ધારણ કર્યો. વખત થયે નદીમાં શ્રેષ્ઠ એવી તેણે પુત્ર ઉત્પન્ન કર્યો. હે પ્રભો! તે પુત્રને ગ્રહણ કરી ઋષિ પ્રત્યે જઇ ઋષિની સભામાં બેઠેલા શ્રેષ્ઠ મુનિને જોઇ હે રાજેંદ્ર! એના પુત્રને આપતી

[illegible] હે, તમારી ભક્તિથી મેં ધારણ કરેલો આ તમારો પુત્ર, હે મહાનદી! પૂર્વે [illegible] અપ્સરાને જોઇ તમારૂં વીર્ય પડી ગયું તેજ વિનાશને પ્રાપ્ત ન થયું. [illegible] તમારી ભક્તિએ કરી મેં ધારણ કર્યું હતું: માટે મેં આપેલા અનિંદિત એવા આ પુત્રને ગ્રહણ કરો. સરસ્વતીનાં વચન સાંભળી ઘણાક હર્ષથી પુત્રને ગ્રહણ કરી, પ્રેમેકરી પુત્રનું મસ્તક સુંઘી ઘણા વખત સુધી તેને મળી હે ભરતસત્તમ! મહા મુનિ શ્રેષ્ઠ [illegible] પ્રસન્ન થઇ સરસ્વતીને આવી રીતનો વર આપ્યો કે, હે સુભગે! તારા જળથી તર્પણ કરેલા વિશ્વેદેવ, પિતૃઓ, ગાંધર્વ તથા અપ્સરાઓના ગણ તૃપ્તિને પ્રાપ્ત થશે. એમ કહી અત્યંત પ્રસન્ન છે આત્મા જેનો એવા પ્રસન્ન થએલા તેમણે વાણીએ કરી મહા નદીની સ્તુતિ કરી તે હું તમને કહું છું. હે મહાભાગે! પૂર્વે તું બ્રહ્મારૂપી તળાવમાંથી નીકળી છે. હે સરિચ્છ્રેષ્ઠે! તીક્ષ્ણ વ્રતવાળા મુનિઓ તને જાણે છે, હે પ્રિયદર્શને! તું મારૂં પ્રિય કરનારી છે, માટે હે વરવર્ણિનિ! તારાજ નામે કરી વિખ્યાત સારસ્વત લોકને પાળનાર મહા તપસ્વી આ તારો પુત્ર થશે. સારસ્વત નામે તારો પુત્ર બાર વર્ષની અનાવૃષ્ટિ થશે ત્યારે હે મહાભાગે! બ્રાહ્મણોને વેદ ભણાવશે. હે સરસ્વતિ! પુણ્ય નદીઓમાં મારા પ્રસાદથી તું અતિ પુણ્યરૂપ થઇશ. ઋષિએ સ્તુતિ કરેલી મહા નદી આવું વરદાન પામી, હે ભરતર્ષભ! હર્ષિત થએલી તે પુત્રને લઇ પાછી ગઇ. દેવદાનવોનો વિરોધ થવાથી દૈત્યોના વધને યોગ્ય એવા આયુધ વાસ્તે ભગવાન ઇન્દ્ર ત્રણ લોકમાં ફર્યો, પણ તેવું આયુધ તેને પ્રાપ્ત થયું નહિ. ઇન્દ્રે દેવતાઓને કહ્યું કે, દધિચીનાં અસ્થિ વગર મહાસૂર એવા દૈત્યોને હણવા હું સમર્થ થઇ શકું તેમ નથી. માટે હે સુરસત્તમો! ઋષિશ્રેષ્ઠ પાસે જઇ "તમારાં અસ્થિ આપો," એ રીતે યાચના કરો. તે અસ્થિએકરી આપણે શત્રુઓને હણીએ. ઇંદ્રનાં વચન સાંભળી દેવતાઓએ અસ્થિની જેની પાસે યાચના કરી હતી એવા તે શ્રેષ્ઠ ઋષિ, દેવતાઓનું પ્રિય કરવા સારૂ વિચાર ન કરતાં પોતાના પ્રાણનો ત્યાગ કરી અક્ષય એવા લોકને પ્રાપ્ત થયા. તે પછી અસ્થિએ કરી અત્યંત પ્રસન્ન મનવાળા ઇન્દ્રે, ગદા, વજ્ર, ચક્ર, ઘણાક મોટા દંડ ઇત્યાદિ દિવ્ય નાના પ્રકારનાં શસ્ત્ર કરાવ્યાં, કેમકે તે દેહ પરમર્ષિ એવા દધિચિએ તીવ્ર એવા તપેકરી ધારણ કર્યો હતો; અને પ્રજાપતિના પુત્ર એવા ભૃગુએ લોકભાવન, અતિ કાયવાળો લોકમાં સારભૂત એવો તેજસ્વી નિર્માણ કર્યો હતો. પર્વત સરખો મોટો તથા લાંબો મહિમાએકરી વિખ્યાત તથા સમર્થ હતો. તેને લીધે એના તેજથી નિરંતર ઇંદ્ર પણ ઉદ્વિગ્ન થતો હતો. હે ભારત! બ્રાહ્મણના તેજથી ઉત્પન્ન થએલા અત્યંત ક્રોધથી મૂકેલા મંત્રયુક્ત વજ્રેકરી ભગવાન ઇંદ્રે, શૂરવીર આઠસો દશ સંખ્યાંક દૈત્ય દાનવોને હણ્યા. હે રાજન્! તે પછી અતિ ભયંકર એવો મોટો કાળ અતિક્રમણ થયો, બાર વર્ષની અનાવૃષ્ટિ વિષે ક્ષુધાએકરી પીડિત થએલા મહર્ષિઓ, હે રાજન્! જીવિકા વાસ્તે સર્વ દિશાઓ પ્રત્યે દોડતા હતા. દિશાઓમાંથી દોડયા જતા તેમને જોઇ સારસ્વત મુનિએ ત્યાંથી જવાની મતિ કરી, તે સમયે સરસ્વતીએ કહ્યું કે, હે પુત્ર! અહિંથી તારે જવું નહિ હું તને શ્રેષ્ઠ મત્સ્યરૂપી આહાર આપીશ, માટે તું અહિંજ રહે. એ રીતે સરસ્વતીએ કહ્યું તેથી સારસ્વત મુનિએ પિતૃ તથા દેવતાઓને તૃપ્ત કરી નિરંતર તે આહાર કરતાં પ્રાણ તથા વેદને ધારણ કરી રાખ્યા, પછી અનાવૃષ્ટિ વ્યતીત થઇ ત્યારે મહર્ષિઓ, વળી સ્વાધ્યાય વાસ્તે પરસ્પર પૂછતા થયા, કેમકે ક્ષુધાએકરી બાપ ઓતરફ દોડતા સર્વના વેદ નષ્ટ થઇ ગયા હતા. તેમાં કોઇને [illegible] ભાન રહ્યું ન હતું. તેઓમાંથી કોઇએક ઋષિ અત્યંત તીક્ષ્ણ બુદ્ધિવાળા, ઋષિમાં [illegible]

સ્વાધ્યાય કરતા સારસ્વત મુનિ પાસે ગયા. સુંદર કાન્તિવાળા, દેવ સરખા, માણસની વસતી વિનાના વનવિષે સ્વાધ્યાય કરતા સારસ્વત મુનિ તેમણે જોયા. હે રાજન્! સર્વ મહર્ષિઓમાં આવી મુનિમાં શ્રેષ્ઠ સારસ્વતને કહ્યું કે, 'અમને અધ્યાપન કરાવો.' તેમનાં વચન સાંભળી સારસ્વત મુનિએ કહ્યું કે, વિધિપુરઃસર મારા શિષ્યપણાને પ્રાપ્ત થાઓ, એટલે હું અધ્યાપન કરાવું. મુનિગણોએ કહ્યું કે, હે પુત્રિક! તું બાળક છે માટે અમે તારા શિષ્યપણાને કેમ પ્રાપ્ત થઇએ? સારસ્વત મુનિએ કહ્યું કે, મારો ધર્મ નાશ થાય નહિ તેમ થવું જોઇએ, કારણ અધર્મથી જે કહે અને અધર્મથી જે ગ્રહણ કરે તે બેઉ પરસ્પર વૈરી થાય છે. ઋષિઓએ પણ એજ રીતે કહેલું છે કે જે વેદ ભણાવનાર તેજ આપણામાં મોટો, પણ વર્ષે કરી અથવા પળીયાં આવ્યાથી, ધનથી, કે ઘણા કુટુંબથી મોટો કહેવાય નહિ. સારસ્વત મુનિનાં વચન સાંભળી મુનિઓ વિધાને કરી વેદને પ્રાપ્ત થઇ પાછા ધર્મ આચરવા લાગ્યા. એ રીતે સાઠ હજાર મુનિ, સારસ્વત મુનિના શિષ્યપણાને પ્રાપ્ત થયા. વિપ્રર્ષિ સારસ્વત મુનિથી વેદના સ્વાધ્યાયને લીધે બાળક એવા વિપ્રર્ષિને વશ રહેલા સર્વ મુનિઓ, તેના આસનવાસ્તે મુષ્ટિ મુષ્ટિ દર્ભ લઇ આવતા હતા. ત્યાંથી પછી કેશવના પૂર્વજ મહા બળવાન રોહિણી પુત્ર બળરામ ધનનું દાન દઇ હર્ષિત થએલા ક્રમેકરી વિખ્યાત વૃદ્ધ કન્યાએ જ્યાં તપ કર્યું હતું તે તીર્થપ્રત્યે ગયા.

तत्रापि दत्वा वसु रौहिणेयो महाबलः केशवपूर्वजोथ ।
जगाम तीर्थमुदितः क्रमेण ख्यातं महद्वृद्धकन्यास्म यत्र ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि बलदेवयात्रायां गुर्जरभाषायामेकपंचाशत्तमोऽध्यायः ॥५१॥

અધ્યાય ૫૨ મો. કુમારિકાક્ષેત્ર.

जनमेजय उवाच—कथं कुमारीभगवन् तपो युक्ताभूत्पुरा ।
किमर्थं च तपस्तेपे को वास्या नियमो भवेत् ॥१॥

જનમેજય પૂછે છે—હે ભગવન્! પૂર્વે કુમારીએ કેવી રીતે તપ કર્યું અને શું કરવા તપશ્ચર્યા કરી, એનો નિયમ શું હતો તે હે બ્રહ્મન્! અતિ ઉત્તમ એવું આ વૃત્ત મેં તુમારાથી જે સાંભળ્યું તે યથાર્થ મને કહો. વૈશંપાયન કહે છે—હે રાજન્! મોટા યશવાળા મહા પરાક્રમી ગર્ગના ગોત્રમાં ઉત્પન્ન થએલા કુણિ નામે ઋષિ હતા. તપસ્વીમાં શ્રેષ્ઠ, સમર્થ, વિપુલ તપ કરી મનથી સુંદર છે ભ્રકુટિ જેની એવી કન્યા તેમણે ઉત્પન્ન કરી. પછી મોટા યશવાળા કુણિ ઋષિ, તે કન્યાને જોઇ પ્રસન્ન થઇ આ લોકમાંથી કલેવરનો ત્યાગ કરી પોતે સ્વર્ગ પ્રત્યે ગયા. સુંદર ભ્રકુટિ તથા કમળ સરખાં નેત્રવાળી અનિંદિત એવી કલ્યાણી તે, ઘણા કરી ઉગ્ર મોટું તપ તથા ઉપવાસે કરી વિજન વનમાં પિતૃ તથા દેવતાઓનું પૂજન કરતી હતી. હે નૃપ! એ રીતે ઉગ્ર તપ કરતાં ઘણો કાળ વીતી ગયો. પણ અનિંદિત એવી તેણે પરણવાની ઇચ્છા કરી નહિ: પોતા સરખો ભર્તા તેણે જોયો નહિ, તેથી ઉગ્ર તપથી પોતાના

એજ મનોરથ છે, કે હું ગદા જેના હાથમાં છે એવા ભીમસેનને ક્યારે દેખીશ, માટે જ્યારે જોશ ત્યારેજ મેં ગદાથી હણેલો તથા વિખરાઈ ગયાં છે શરીર જેનાં, એવો ભીમસેન પ્રાણ રહિત થઇ, ગદાથી હણાયલા હિમવાન પર્વતની પેઠે પૃથ્વી ઉપર પડશે. એકવાર ગદાનો પ્રહાર કરી હું પર્વતના સેંકડો કકડા કરી નાખું એ વાત ભીમસેન જાણે છે, તેમ વાસુદેવ ભગવાન તથા અર્જુન પણ જાણે છે, માટે હે રાજન્! સંગ્રામ વિષે ભીમસેનનો તમોને ભય છે, તે ટળી જાઓ, કારણ હું તેને મારીશ માટે તે નિમિત્ત ખેદ મનમાંથી મૂકી દ્યો. હે ભરતર્ષભ! ભીમસેનને હું મારીશ કે તુરત સરખા રૂપવાળા અત્યંત બળવાન ઘણાક રથિયો અર્જુનને હણવા માંડશે. વળી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, પ્રાગ્જ્યોતિષનો અધિપતિ, શલ્ય તથા સિંધુ દેશનો રાજા જયદ્રથ, એઓમાંથી એક એક વીર સમગ્ર પાંડવોને હણવાને સમર્થ થાય એમ છે, ત્યારે એટલા બધા એકઠા થાય તો તો ક્ષણ માત્રમાં તેમને યમપુરી પ્રત્યે મોકલી દે. એ સમગ્ર રાજાની સેના એક અર્જુનને જીતવાને શું સમર્થ થશે નહિ? ન થવા વિષે કંઇ કારણ નથી. ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા તથા કૃપાચાર્યે બાણના સમુદાયથી આચ્છાદન કરેલો અર્જુન પરવશ થઇ યમપુરી પ્રત્યે જશે; કારણ હે ભારત! પિતામહ ભીષ્મ શંતનુથી અધિક તથા દેવતાઓ પણ જેને સહન કરી શકે નહીં એવા બ્રહ્મર્ષિ સરખા, ગંગાને વિષે ઉત્પન્ન થયા છે, તેને મારનાર તો કોઇ છેજ નહી, અને પ્રસન્ન થયેલા પિતા શંતનુએ પણ તેમને કહેલું છે કે, "તું જ્યારે ઇચ્છા કરીશ ત્યારેજ તારૂં મરણ થશે." હે મહારાજ! દ્રોણાચાર્ય પણ મહર્ષિ ભરદ્વાજ થકી દ્રોણી નામના યજ્ઞપાત્ર વિષે ઉત્પન્ન થયા છે ને તેમનાથી પરમાસ્ત્ર જાણનાર અશ્વત્થામા તથા આચાર્યમાં મુખ્ય કૃપાચાર્ય પણ દ્રોણને આપેલી પોતાની બેહેન સહિત મહર્ષિ ગૌતમ થકી ખડના થુંબડામાંથી ઉત્પન્ન થયા છે તેથી એ ત્રણેને કોઇ મારી શકે એમ છે જ નહિ, એવી મારી મતિ છે. એ રીતે જેના પિતા, માતા તથા મામો, એ ત્રણેય યોનિ થકી ઉત્પન્ન થયેલા નથી, તે શૂરવીર અશ્વત્થામા પણ મારી તરફ રહેલા છે. હે મહારાજ! એ સર્વ દેવ સરખા મહારથિઓ સંગ્રામમાં ઇંદ્રને પણ વ્યથા કરે એવા છે, માટે એઓમાંથી એક એકની સામે પણ જવા અર્જુન સમર્થ નથી, ત્યારે પુરૂષમાં સિંહરૂપ એ સર્વ એકઠા થાય તો તો અર્જુનને નાશ પમાડેજ. વળી હું કર્ણને તો ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્ય, એ ત્રણે સરખો માનું છું, કારણ જેને પરશુરામે કહ્યું હતું કે, "તું મારા સરખોજ છે." તેમ જેના કાનમાં જન્મથીજ સહજ કુંડળ હતાં, જેની ઇંદ્રે પોતાની શચી વાસ્તે યાચના કરી તો જેણે તે કુંડળ ઇંદ્રને, તેની પાસેથી અમોઘ તથા ભયંકર શક્તિ નામનું આયુધ લઇ આપી દીધાં, તે શક્તિ યુક્ત કર્ણ આગળ અર્જુન કેમ જીવે? હે રાજન્! હાથમાં રાખેલા ફળની પેઠે વિજય તો નિશ્ચય આપણોજ છે, અને શત્રુઓનો પરાજય પૃથ્વીમાં ખુલ્લો દેખાય છે. હે ભારત! આ ભીષ્મ એક દિવસમાં દશ હજાર યોદ્ધાઓને હણશે, તેમજ દ્રોણ, અશ્વત્થામા તથા કૃપાચાર્ય પણ તેમના જેવાજ જાણવા. વળી હે શત્રુને તપાવનાર! સંશપ્તક નામના ક્ષત્રિયોના ગણ પણ આપણી તરફ છે. જેમ આપણને પૂરો પડવાને બધા અર્જુનને સમર્થ માને છે, તેમ તેને મારવા વાસ્તે પણ તૈયાર થઇ રાજાઓ બેઠેલા છે, માટે આપણે તેને મારીશું કે તે આપણને મારશે, એ વિષે કંઇ હજી નિશ્ચય નથી, તેની આગળ પાંડવોથી તમે કેમ બ્યથા પામો છો? હે ભારત! હે શત્રુને તપાવનાર! ભીમસેન માર્યા પછી શત્રુઓમાંથી બીજો કોણ યુદ્ધ કરે. એમ છે તો જો તમે જાણતા હો તો કહો!

શરીરને પીડિત કરી, નથી મનુષ્ય જેમાં એવા વનમાં પિતૃ તથા દેવતાઓના પૂજન વિષે તત્પર રહી. વૃદ્ધપણાથી તથા તપકરી કર્ષિત શ્રમયુક્ત તેણે પોતાના આત્માને કૃતકૃત્ય માની એક પગલાથી બીજું પગલું જવા સમર્થ રહી નહીં ત્યારે પરલોક પ્રત્યે જવાની બુદ્ધિ કરી. એ રીતે શરીર મૂકવાની છે કામના જેને એવી તેને જોઇ નારદે કહ્યું કે, હે અનઘે ! કુમારી એવી તને પરલોક ક્યાંથી મળશે ? હે મહાવ્રતે ! દેવ લોકમાં અમે સાંભળ્યુ છે કે તેં . પરમ તપ કર્યું છે પણ લોકને જીત્યા નથી. નારદનાં વચન સાંભળી તેણે ઋષિની સભામાં કહ્યું કે, જે મારૂં પાણિગ્રહણ કરે તેને મારા તપનું અર્ધ હું આપું. તેનું કહેતું સાંભળી ગાલવના પુત્ર શૃંગવાન્ ઋષિએ તેની સાથે બોલી કરી પાણિગ્રહણ કર્યો. હે શોભને ! એક રાત્રિ મારે તારી સાથે વસવું, એ કરાર તારે કબૂલ હોય તો હું તારો પાણિગ્રહણ કરૂં. 'ઠીક ઘણું સારૂં' એમ કહી તે કન્યાએ શૃંગવાનને પોતાનો પાણિ આપ્યો, ગાલવ પુત્રે પણ યથાદૃષ્ટ વિધિએ કરી વિધાનથી અગ્નિમાં હોમ કરી તેનો પાણિગ્રહણ કરી વિવાહ કર્યો. હે રાજન્ ! વરવર્ણિની એવી તે કન્યા એક રાત્રિ દિવ્ય છે આભરણ તથા વસ્ત્ર જેનાં અને દિવ્ય ગંધનું છે અનુલેપન જેને એવી તરૂણી થઇ રહી. શોભાએ કરી જાણે પ્રકાશ કરતી હોય નહિ એવી તે કન્યાને જોઇ પ્રસન્ન થએલો ગાલવ પુત્ર એક રાત્રિ તેની સાથે રહ્યો. પ્રભાત વિષે તે કન્યાએ તેને કહ્યું કે, હે વિપ્ર ! હે તપતાંવર ! તેં એક રાત્રિનો કરાર કર્યો હતો, તે રાત્રિ વિષે તમારી સાથે હું રહી. હવે તમારૂં કલ્યાણ થાઓ અને હું જાઉં છું. જવા વખતે તે કન્યાએ કહ્યું કે, સાવધાન એવો જે, આ તીર્થ વિષે દેવતાઓનું તર્પણ કરી એક રાત્રિ નિવાસ કરશે તેને અઠ્ઠાવન વર્ષ બ્રહ્મચર્ય પાળવાથી જે ફળ થાય તેટલું ફળ થશે. એ રીતે કહી તે સાધ્વી દેહનો ત્યાગ કરી સ્વર્ગ પ્રત્યે ગઇ. ગાલવપુત્ર તેના રૂપનું ચિંતન કરતો દીન થયો, પણ તેની સાથે કરાર કરેલો માટે કષ્ટથી તેના અર્ધા તપને ગ્રહણ કર્યું. પછી પોતાના આત્માને સાધી તેના રૂપબળે દુઃખિત કરેલો તે, તે કન્યાની રતિને પ્રાપ્ત થયો. આ વૃદ્ધ કન્યાનું મોટું ચરિત, તેનું બ્રહ્મચર્ય તથા શુભ એવી તેની સ્વર્ગગતિ કહી. અહિં હલાયુધ બલરામે શલ્ય હણાયો એમ સાંભળ્યું. પછી શત્રુને તપાવનાર બલરામ, બ્રાહ્મણોને દાન આપી સમંતપંચકદ્વારથી નીકળી ઋષિગણોને કુરૂક્ષેત્રનું ફળ પૂછ્યું. હે વિભો ! યદુસિંહે પૂછ્યું છે કુરૂક્ષેત્રનું ફળ જેમને એવા તે મહાત્મા ઋષિઓએ બલરામે પૂછેલું તે પ્રમાણે સર્વ કહ્યું.

ते पृष्टा यदुसिंहेन कुरुक्षेत्रफलं विभो ।
समाचख्युर्महात्मानस्तस्मैसर्वं यथातथम् ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि बलदेवतीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायां द्विपंचाशत्तमोऽध्यायः ॥ ५२ ॥

અધ્યાય ૫૩ મો. સમંતપંચકની યાત્રા.

ऋषय ऊचुः—प्रजापते रुत्तरवेदिरुच्यते सनातनं रामसमंतपंचकम् ।
समीजिरे यत्र पुरादिवौकसो वरेण सत्रेण महावरप्रदाः ॥१॥

ઋષિઓ કહે છે—હે રામ ! જ્યાં પૂર્વે મહા વરદાન આપનાર દેવતાઓએ શ્રેષ્ઠ મોટે

કરી યજન કર્યું હતું, એવું સમંતપંચક, પ્રજાપતિની ઉત્તર વેદિ કહેવાય છે. પૂર્વે રાજર્ષિમાં શ્રેષ્ઠ, બુદ્ધિમાન્, અમિત તેજવાળા મહાત્મા કુરૂએ ઘણાંક વર્ષ સુધી આ ક્ષેત્ર ખેડયું હતું, તેથી કુરૂક્ષેત્ર એ રીતે લોકમાં વિખ્યાત થયું હતું. ઋષિઓનાં વચન સાંભળી બલરામે પૂછયું કે, હે તપરૂપી ધનવાળા ઋષિઓ! મહાત્મા કુરૂએ શું કરવા આ ક્ષેત્ર ખેડયું એ વૃત્તાંત તમારા મુખથકી હું સાંભળવા ઇચ્છું છું બલરામનાં વચન સાંભળી ઋષિઓએ કહ્યું કે, હે રામ! પૂર્વે આ ક્ષેત્રને ખેડતા કુરૂને જોઇ સ્વર્ગમાંથી તેની પાસે આવી ઇન્દ્રે પૂછયું કે, હે રાજર્ષે! પરમ યત્ને કરી શા માટે પૃથ્વી ખેડો છો તે મને કહો. ઇન્દ્રનાં વચન સાંભળી કુરૂએ કહ્યું કે, હે શતક્રતો! આ પૃથ્વી ખેડવાનું કારણ એ છે કે જે પુરૂષો મરશે તે, પાપ રહિત એવા પુણ્યલોક પ્રત્યે જશે. કુરૂનાં વચન સાંભળી તેનો અવહાસ કરી ઇન્દ્ર પાછો સ્વર્ગ પ્રત્યે ગયો. પ્રયત્નવાન રાજર્ષિ કુરૂ પૃથ્વીને ખેડતો હતો, ત્યારે વળી વારંવાર શતક્રતુ ઇન્દ્ર એની પાસે આવી કાર્ય વિષે પ્રયત્નવાન કુરૂને પૂછી પછી તેનો હાસ કરી પાછો સ્વર્ગ પ્રત્યે જતો હતો એ રીતે જ્યારે કુરૂરાજાએ ઉગ્ર તપે કરી પૃથ્વી ખેડી ત્યારે ઇન્દ્રે દેવતાઓ પ્રત્યે રાજર્ષિ કુરૂનું ચિકીર્ષિત કહ્યું. એ વાત સાંભળી દેવતાઓએ ઇન્દ્રને કહ્યું કે, હે ઇન્દ્ર! તારાથી બની શકે તો વરદાન આપી રાજર્ષિ કુરૂને તે કાર્ય કરવાથી નિવૃત્ત કર, કારણ યજ્ઞે કરી આપણું યજન કર્યા વગર અહિ મરવાથી જ્યારે મનુષ્ય સ્વર્ગે જશે ત્યારે યજ્ઞ બંધ થવાથી આપણને ભાગ મળશે નહિ. દેવતાઓનાં વચન સાભળી ઇન્દ્રે રાજર્ષિ કુરૂને કહ્યું કે, તમને ખેદ ઘણો થયો, હવે આ પ્રયત્ન છોડી દ્યો અને મારાં વચન પ્રમાણે કરો. હે નૃપ! આ સ્થાનકે નિરાહાર થઇ સાવધાનપણાથી જે પોતનો દેહ ત્યાગ કરશે તે પશુ યોનિને પ્રાપ્ત થયા હશે તોપણ સ્વર્ગ પ્રત્યે જશે, 'ઠીક તેમ હો.' એ રીતે કુરૂ રાજાએ કહ્યું. તે પછી પ્રહૃષ્ટ છે અંતરાત્મા જેનો એવો બલારાતિ ઇન્દ્ર પણ, તે રાજાની આજ્ઞા લઇ ત્યાંથી સ્વર્ગ પ્રત્યે ગયો. એ રીતે હે યદુશ્રેષ્ઠ! એ ક્ષેત્ર પૂર્વે રાજર્ષિએ ખેડેલું છે ને ઇન્દ્ર તથા બ્રહ્માદિક દેવતાઓએ તે રીતે કહેલું છે માટે આ ભૂમિથી એકે અતિ શ્રેષ્ઠ ને પવિત્ર સ્થાન બીજું છે નહિ જે માણસો, અહિં પરમ તપ કરશે તે સર્વ, દેહ ત્યાગ કર્યા પછી બ્રહ્માના લોકને પ્રાપ્ત થશે. પવિત્ર માણસોને દાન આપશે તેમને પણ થોડા વખતમાં સહસ્ત્ર ગણું ફળ મળશે. શુભને ઇચ્છનારા જે મનુષ્ય, નિરંતર આ સ્થાનકે નિવાસ કરશે ને પણ યમના નિવાસને જોશે નહિ તેમજ જે રાજાઓ, મોટા યજ્ઞોએ કરી આ સ્થાનકે યજન કરશે તેમનો પણ જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી સ્વર્ગમાં વાસ થશે. હે હલાયુધ! સુરાધિપ ઇન્દ્રે આ કુરૂક્ષેત્ર સંબંધી જે ગાથા ગાઇ છે તે સાંભળી વાયુએ ઉડાડેલી કુરૂક્ષેત્રની રજ પણ દુષ્કૃતકર્માને પરમ ગતિ પમાડશે. હે મનુષ્યમાં સિંહરૂપ! શ્રેષ્ઠ દેવતાઓ, અત્યંત શ્રેષ્ઠ બ્રાહ્મણ, તથા રાજાઓમાં મુખ્ય નૃગાદિક રાજાઓ, આ સ્થાને મહા અમૂલ્ય યજ્ઞથી યજન કરી દેહત્યાગ કર્યા પછી ઉત્તમ ગતિને પ્રાપ્ત થયા છે. તરંતુક, અરંતુક, રામહ્રદ અને યમચક્રનું મધ્ય સ્થળ આ કુરૂક્ષેત્ર સમંતપંચક, પ્રજાપતિની ઉત્તર વેદિ કહેવાય છે. આ સ્થાન, કલ્યાણરૂપ, મહા પવિત્ર દેવતાઓને અત્યંત સંમત તથા સર્વગુણે કરી સમન્વિત છે માટે સંગ્રામમાં અહિં હણાયલા સર્વ રાજાઓ, પુણ્ય તથા અક્ષય ગતિને પ્રાપ્ત થશે. એ રીતે બ્રહ્માદિક સહિત ઇન્દ્રે પોતે કહ્યું છે ને તે સર્વ, બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વરે અનુમોદન કરેલું છે.

इत्युवाच स्वयं शक्रः सहब्रह्मादिभिस्तदा ।
तच्चानुमोदितं सर्वब्रह्मविष्णुमहेश्वरैः ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि बलदेव तीर्थयात्रायां सारस्वतोपाख्याने गुर्जरभाषायां त्रिपंचाशत्तमोऽध्यायः ॥ ५३ ॥

અધ્યાય ૫૪ મો. બળરામનું પાછા ફરવું.

वैशंपायन उवाच—कुरुक्षेत्रं ततो दृष्ट्वा दत्त्वादायांश्च सात्वतः ।
आश्रमं सुमहद्दिव्यमगमज्जनमेजय ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે સાત્વત બલરામ, કુરૂક્ષેત્રને જોઈ દાન આપી ત્યાંથી અત્યંત મોટા દિવ્ય આશ્રમ પ્રત્યે ગયા. મધુક તથા આમ્રવને કરી યુક્ત, પ્લક્ષ અને ન્યગ્રોધથી સંકુલ ઘણાંક બિલ્વવૃક્ષ યુક્ત ફનસ તથા અર્જુનવૃક્ષે કરી સંકુલ એવા પવિત્ર લક્ષણવાળા શ્રેષ્ઠ આશ્રમ જોઇ યાદવમાં શ્રેષ્ઠ બલરામે સર્વ ઋષિઓને પૂછ્યું કે આ શ્રેષ્ઠ આશ્રમ કોનો છે? બલરામનાં વચન સાંભળી હે રાજન્! સર્વ ઋષિઓએ મહાત્મા હલાયુદ્ધ બલરામને કહ્યું કે હે રામ! પૂર્વે જેનો આ આશ્રમ છે તે વિસ્તારથી અમે કહીએ છીએ. આ સ્થાનકે પૂર્વે પ્રકાશમાન વિષ્ણુએ ઉત્તમ તપ કર્યું હતું. આ સ્થાનકે જેના સનાતન એવા સર્વ યજ્ઞ વિધિપુરઃસર નિવૃત્ત થયા હતા. આજ સ્થાનકે કુમાર અવસ્થાથી બ્રહ્મચર્ય પાળનારી, સિદ્ધ, યોગયુક્ત તપે કરી સિદ્ધ, તપસ્વિની, મહાત્મા શાંડિલ્યની પુત્રી, ધારણ કર્યું છે વ્રત જેણે, નિયમયુક્ત બ્રહ્મચર્ય પાળનારી, દેવ તથા બ્રહ્મણોએ પૂજન કરેલી, મોટા ભાગ્યવાળી, સાધ્વી શ્રીમતી નામની બ્રહ્મણી, બીજાને દુશ્ચર એવું ઘોર તપ કરી, સ્વર્ગે ગઈ હતી. ઋષિઓનાં વચન સાંભળી આશ્રમ પ્રત્યે જઇ ઋષિઓને અભિવાદન કરી હિમવાનના પાર્શ્વ દેશવિષે સર્વ સંધ્યા કાર્ય આટોપી બલરામ, હિમાલયના પાદ પર્વત પ્રત્યે ચઢી ત્યાંથી કંઇક દૂર જઇ, પ્લક્ષ પ્રસ્રવણ નામના પવિત્ર શ્રેષ્ઠ તીર્થને તથા સરસ્વતીના પ્રભાવને જોઇ પરમ વિસ્મયને પ્રાપ્ત થયા. બલરામ, કારપવન નામના ઉત્તમ શ્રેષ્ઠ તીર્થ પ્રત્યે જઇ અત્યંત નિર્મળ તેના શિતળ જળવિષે સ્નાન કરી, બ્રાહ્મણોને દાન આપી પિતૃઓ, તથા દેવતાઓનું તર્પણ કરી, સંન્યાસી તથા બ્રહ્મચારી સહિત એક રાત્રિ રહી, કારપવનથી રણદુર્મદ અચ્યુત બળરામ, જ્યાં પૂર્વે, ઇન્દ્ર, અગ્નિ તથા અર્યમા પ્રીતિને પ્રાપ્ત થયાં હતાં, એવા મિત્રાવરૂણના પવિત્ર આશ્રમ ઉપર ગયા. ત્યાં સ્નાન કરી ધર્માત્મા મહા બલવાન યદુપુંગવ બલરામ, પરમ પ્રીતિને પ્રાપ્ત થઇ ઋષિ તથા સિદ્ધ સહિત ત્યાં બેસી સુંદર કથા શ્રવણ કરતા હતા. એવી રીતે ત્યાં તે સર્વ વિરાજમાન હતા એટલામાં જટામંડલે કરી સંયુક્ત સુવર્ણ સરખાં વસ્ત્ર પહેરેલાં, મહા તપસ્વી, હેમનો દંડ તથા કમંડળ ધરનાર, સુખરૂપ શબ્દવાળી, કચ્છપી નામની મનોહર વીણા ગ્રહણ કરેલા, નૃત્ય તથા ગીતમાં કુશળ, દેવ અને બ્રાહ્મણોએ પૂજન કરેલા, કલહ કરાવનાર, નિરંતર કલહ છે પ્રિય જેને એવા ભગવાન નારદજી શ્રીમાન બલરામ જે દેશમાં વિરાજતા હતા ત્યાં આવ્યા ઉભા થઇ નિયમમાં છે વ્રત જેને એવા દેવર્ષિની સારી રીતે પૂજા કરી બલરામે કૌરવનું વૃત્તાંત પૂછ્યું. હે રાજન્! સર્વ ધર્મને જાણનાર નારદે કૌરવના અત્યંત ક્ષયરૂપી સર્વ વૃત્તાંત યથાર્થ કહ્યું. તે સાંભળી દીન વાણીથી રોહિણીપુત્ર બલરામે નારદજીને પૂછ્યું કે, જ્યાં તે રાજાઓ હતાં તે ક્ષેત્રની શી અવસ્થા છે? હે તપોધન! એ સર્વ પૂર્વે મેં સાંભળ્યું છે તોપણ વિસ્તારથી સાંભળવાનો મને ઉત્સાહ થયો છે વાસ્તે કહો.

બળરામનાં વચન સાંભળી નારદે કહ્યું કે પૂર્વે ભીષ્મ હણાયા ત્યાર પછી દ્રોણ, સિંધુપતિ, વૈકર્તન કર્ણ, તેમજ એના સર્વ પુત્ર, ભૂરિશ્રવા તથા પરાક્રમી મદ્રરાજ પણ હણાયો, અને બીજા પણ મહા બલવાન સંગ્રામથી પાછા ન ફરનાર ઘણાક રાજાઓ તથા રાજપુત્રો કૌરવનો જય વાસ્તે પ્રિય પ્રાણનો ત્યાગ કરી હણાયા હે માધવ ! હે મહાબાહો ! દુર્યોધનના સૈન્યમાં કોણ કોણ ન હણાયા તે કહું તે સાંભળો. સંગ્રામને મર્દન કરનાર કૃપ, કૃતવર્મા, તથા પરાક્રમી દ્રોણ પુત્ર એ ત્રણ બાકી અવશેષ રહ્યા છે, તે પણ હે રામ ! ભયથી દશ દિશાઓ પ્રત્યે નાસી ગયા. તે વખતે અત્યંત દુઃખિત દુર્યોધન રાજા, દ્વૈપાયન નામના હૃદપ્રત્યે પ્રવિષ્ટ થયો. એ રીતે સ્તંભન કરેલા જળવિષે સુતેલા દુર્યોધનને કૃષ્ણ સહિત પાંડવો ઉગ્રવાણીએ કરી પીડવા લાગ્યા. હે રામ ! ચોતરફથી તેમની ઉગ્રવાણીએ કરી પીડિત થએલો શૂરવીર મોટી ગદા ગ્રહણ કરી ઉભો થઇ, આ સમયે ભીમસેન સાથે યુદ્ધ કરવા તત્પર થયો છે; વાસ્તે હે રામ ! બંનેનું અતિ દારૂણ એવું યુદ્ધ આજ થશે, માટે હે માધવ ! તમારે જોવાનું કૌતુક હોય તો ત્યાં જાઓ, અને ઇચ્છા હોય તો શિષ્યોનું મહા ઘોર એવું યુદ્ધ જુઓ.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! નારદનાં વચન સાંભળી દ્વિજર્ષભોનું પૂજન કરી સાથે આવ્યા હતા તે સર્વને રજા આપી અનુયાયિ વર્ગને 'તમે દ્વારકાં જાઓ' એમ આજ્ઞા આપી પ્લક્ષ પ્રસ્રવણ તીર્થ જેમાં છે એવા શ્રેષ્ઠ પર્વતથી નીચે ઉતરી તીર્થનું મોટું ફળ સાંભળી પ્રસન્ન છે મન જેનું એવા અચ્યુત બળરામે બ્રાહ્મણોની સમીપ આ શ્લોક ગાયો કે સરસ્વતી વિષે નિવાસ કર્યા જેવી પ્રીતિ ક્યાંથી ? સરસ્વતી વિષે નિવાસ કરવા સરખા ગુણ ક્યાંથી અને સરસ્વતીને પ્રાપ્ત થઇ મનુષ્યો સ્વર્ગ પ્રત્યે ગયા, માટે સરસ્વતી નદીને મનુષ્ય સદાય સ્મરણ કરશે. સરસ્વતી, નદીઓ વિષે પવિત્ર છે, સરસ્વતી સદાય લોકનું શુભ કરનારી છે, ખોટાં કર્મ કરનાર મનુષ્યો પણ સરસ્વતીને પ્રાપ્ત થઇ, આ લોક તથા પરલોક વિષે શોચ નહીં કરે. એવી રીતે ગાઢ પ્રીતિએ કરી વારંવાર સરસ્વતી પ્રત્યે જોતા શત્રુને તપાવનાર બલરામ, અશ્વે કરી યુક્ત એવા શુભ રથ પ્રત્યે વિરાજમાન થયા. ઉપસ્થિત એસ શિષ્યના યુદ્ધને જોવાની જેને ઇચ્છા છે એવા યદુપુંગવ બળરામ પછી કુરૂક્ષેત્રમાં આવ્યા.

स शीघ्रगामिना तेनरथेन यदुपुंगवः ।
विहश्लुरभिसंप्राप्तः शिष्ययुद्धमुपस्थितम् ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि बलदेवतीर्थयात्रायां कुरुक्षेत्रमतिगमने गुर्जरभाषायां चतुर्पंचाशत्तमोऽध्यायः ॥ ५४ ॥

અધ્યાય ૫૫ મો. ભીમ દુર્યોધનનું ગદાયુદ્ધ.

वैशंपायन उवाच—एवं तदभवद्युद्धं तुमुलं जनमेजय ।
यत्र दुःखान्वितो राजाधृतराष्ट्रोऽब्रवीदिदं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે ભયંકર એવું તે યુદ્ધ થયું. જે યુદ્ધ થવાથી દુઃખાન્વિત ધૃતરાષ્ટ્ર રાજાએ સંજયને પૂછ્યું કે, હે સંજય ! ઉપસ્થિત ગદાયુદ્ધ વિષે સઘળે

જોઇ આશાપુત્રે ભીમસેન સાથે કેવી રીતે યુદ્ધ કર્યું તે કહે? સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર! રામના સાન્નિધ્યને પામી યુદ્ધની જેને કામના છે એવો મહાબાહુ તમારો પુત્ર દુર્યોધન પ્રસન્ન થયો. અને હે ભારત! બળરામને જોઇ પરમ હર્ષયુક્ત યુધિષ્ઠિર રાજાએ ઉભા થઇ યથાવિધિ પૂજન કરી આસન આપી કુશળ પૂછ્યું. તે પછી રામે યુધિષ્ઠિર પ્રત્યે ધર્મયુક્ત શૂરવીરોના હિતરૂપ આવી રીતે કહ્યું કે, હે રાજસત્તમ! ઋષિઓના મુખથકી મેં સાંભળ્યું છે કે દેવ, ઋષિઓ તથા મહાત્મા બ્રાહ્મણોએ સેવન કરેલું કુરુક્ષેત્ર, અત્યંત પાવન તથા સ્વર્ગને આપનારૂં છે, ને ત્યાં યુદ્ધ કરીને પોતાનું શરીર ત્યાગ કરશે તેમનો જરૂર ઇન્દ્ર સાથે સ્વર્ગમાં નિવાસ થશે. હે નૃપ! અહિંથી આપણે સમંતપંચક પ્રત્યે જઇએ, કારણ દેવલોક વિષે પ્રજાપતિની તે ઉત્તર વેદી કહેવાય છે. ત્રૈલોક્યમાં અત્યંત પવિત્ર તથા સનાતન એવા તે સ્થાન વિષે સંગ્રામમાં મરણ પામનાર, અવશ્ય સ્વર્ગમાં જાય છે. 'ઠીક બહુ સારૂં' એમ બલરામને કહી હે મહારાજ! શૂરવીર તથા સમર્થ કુંતિપુત્ર યુધિષ્ઠિર પોતાની સન્મુખ રહેલા સમંતપંચક પ્રત્યે ગયા. તેમજ અસહનશીલ એવો કીર્તિમાન દુર્યોધન રાજા પણ મોટી ગદા ગ્રહણ કરી પગથી ચાલી પાંડવ સહિત ત્યાં ગયો. તે રીતે આવતા, હાથમાં છે ગદા જેને એવા કવચ પહેરેલા દુર્યોધનને જોઇ અંતરિક્ષમાં રહેનાર દેવતાઓ 'સાધુ સાધુ' એ રીતે વખાણ કરવા લાગ્યા. આકાશચારી ચારણ દેવતાઓ તેને જોઇ હર્ષિત થયા. પાંડવોએ વીંટાયલો કુરુરાજ તમારો પુત્ર, મત્ત ગજેન્દ્રના સરખી ગતિનો આશ્રય કરી ત્યાં ગયો. પછી શંખના શબ્દ, ભેરીના મોટા શબ્દ તથા શૂરવીરોના સિંહનાદોએ કરી સર્વ દિશાઓ પૂરાઇ ગઇ. ઉત્તમ એવી સરસ્વતીની દક્ષિણ બાજુએ થઇ સારી ગતિને આપનાર એવા તે ઉત્તમ તીર્થ પ્રત્યે પશ્ચિમ દિશાની સન્મુખ બલરામના કહેવા પ્રમાણે તમારા પુત્ર સહિત સૌ ગયા. પછી ખાર વિનાની ભૂમિ છે એવા દેશ પ્રત્યે તેઓને પરસ્પર યુદ્ધ કરવાની રુચી થઇ. હે રાજન્! કવચ ધારણ કરેલો ભીમસેન, મોટી છે કોટી જેની એવી ગદા ગ્રહણ કરી ગરૂડના સરખું રૂપ ધારણ કરેલું હોય નહિ તેવો દેખાતો હતો: તેમજ મસ્તક વિષે અવબદ્ધ શિરસ્રાણ છે જેને એવો સુવર્ણનું કવચ પહેરેલો તમારો પુત્ર હે રાજન્! સુવર્ણનો મોટો પર્વત શોભે તેમ શોભતો હતો. કવચ પહેરેલા શૂરવીર સંગ્રામભૂમિ વિષે ઉભેલા ભીમ તથા દુર્યોધન પરસ્પર ક્રોધાયમાન થયેલા બે હસ્તિઓ શોભે તેમ હે મહારાજ! રણમંડળના મધ્યમાં ઉભેલા પુરૂષમાં શ્રેષ્ઠ એવા તે બેઉ ચંદ્ર તથા સૂર્ય શોભે તેમ શોભતા હતા. ક્રોધાયમાન થએલા મોટા હસ્તિની પેઠે પરસ્પર જોતા પરસ્પરના વધને ઇચ્છતા એક બીજાને નેત્રે કરી જાણે બાળતા હોય નહીં તેની પેઠે એક બીજાની સામું જોતા હે રાજન્! કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા, અત્યંત પ્રસન્ન મનવાળા, ક્રોધથી લાલ છે નેત્ર જેનાં એવા તેઓ હાથમાં ગદા લઇ શ્વાસોચ્છ્વાસ કરવા લાગ્યા. પરાક્રમી દુર્યોધન મોટી ગદા લઇ હાથી જેમ હાથી સામે દોડે તેમ ભીમસેન સામે જોઇ તેને બોલાવવા લાગ્યો. પરાક્રમી ભીમસેન લોહમયી ગદા ગ્રહણ કરી વનમાં સિંહ જેમ સિંહને બોલાવે તેમ દુર્યોધન રાજાને બોલાવવા લાગ્યો. એ રીતે ઉગામી છે ગદા જેમણે એવા દુર્યોધન તથા ભીમસેન સંગ્રામ વિષે શિખર સહિત બે પર્વત શોભે તેમ શોભતા હતા. અત્યંત ક્રોધાયમાન થએલા, ભયંકર પરાક્રમવાળા, ગદાયુદ્ધમાં કુશળ, રોહિણેય બળરામના શિષ્ય મયદાનવ તથા ઇન્દ્રની પેઠે સમાન કર્મવાળા, વરૂણ સરખું છે કર્મ જેમનું, મહા બલવાન વાસુદેવ, રામ તથા કુબેર સરખા, યુદ્ધ વિષે મધુકૈટભ સરખા, સુંદ તથા ઉપસુંદ જેવાં કર્મવાળા રામ, રાવણ તથા વાલિ સુગ્રીવ સરખા, કાળ તથા મૃત્યુ સમાન, શત્રુને તપાવનાર, ક્રૂર

ઋતુમાં એક હસ્તિનીના સંગમ વાસ્તે પરસ્પર દોડતા મદોત્કટ મોટા હસ્તિઓ સરખા, સર્પની પેઠે પ્રદીપ્ત ક્રોધરૂપી વિષને વમન કરતા, પરસ્પર ક્રોધાયમાન થયેલા, પરસ્પર નિરીક્ષણ કરતા, શત્રુને દમન કરનાર, ભરતકુળમાં સિંહરૂપ, પરાક્રમ સંયુક્ત, સિંહની પેઠે દુરાવર્ષ, ગદા યુદ્ધમાં વિશારદ, નખ તથા દંષ્ટ્રારૂપી છે આયુધ જેમને એવા વ્યાઘ્ર સરખા, દુરૂસહ, શૂરવીર, પ્રજા સંહાર કરવા સારૂ ક્ષોભ પામેલા સમુદ્ર સરખા દુરતર, બે મંગળના તારા હોય નહિ જાણે એવા પ્રકર્ષે કરી તપતા ક્રોધાયમાન થએલા મહારથિઓ, વર્ષાઋતુમાં પૂર્વ પશ્ચિમથી ઉત્પન્ન થએલા બે મેઘની પેઠે ગર્જના કરતા તથા વિષમ ભાષણરૂપી જળને વરસાવતા પરસ્પરની સામું જોતા, શત્રુને દમન કરનાર, મહાત્મા મહા બળવાન તે બેઉ, કિરણ યુક્ત તથા દીપ્તિમાન ઉદય થએલા કાળ વખતના બે સૂર્ય દેખાય તેવા દેખાતા હતા. બે વ્યાઘ્રની પેઠે પરસ્પર અત્યંત સંક્રુદ્ધ થએલા, મેઘની પેઠે ગર્જના કરતા, સિંહ તથા કેસરી જેવા તે બેઉ હર્ષને પ્રાપ્ત થતા હતા. બે હસ્તિઓની પેઠે અત્યંત સંક્રુદ્ધ થએલા, પ્રજ્વલિત અગ્નિ સરખા તે બેઉ, શિખરવાળા બે પર્વત હોય તેવા દેખાતા હતા, રોષથી સ્ફુરાયમાન છે ઓષ્ઠ જેમના પરસ્પર નિરીક્ષણ કરતા સામસામે ઉભેલા, હાથમાં ગદાવાળા પુરૂષમાં ઉત્તમ, મહાત્મા પરમ સંક્રૃષ્ટ તથા પરમ સંમત, બે અશ્વની પેઠે તથા બે હસ્તિની પેઠે પરસ્પર શબ્દ કરતા, બે વૃષભની પેઠે પરસ્પર ગર્જના કરતા, દૈત્યની પેઠે બળે કરી ઉન્મત્ત એવા નરમાં ઉત્તમ દુર્યોધન તથા ભીમ-સેન રણભૂમિ વિષે શોભતા હતા. હે રાજન્! દુર્યોધને ભાઇઓને, મહાત્મા કૃષ્ણ, અતિ પરાક્રમવાળા રામ, કેકય, સૃંજય તથા મહાત્મા પંચાલ સહિત ઉભેલા યુધિષ્ઠિર રાજાને આવી રીતનું ગર્વયુક્તવાકય કહ્યું કે, મારૂં તથા ભીમસેનનું આ યુદ્ધ નિશ્ચય થએલું છે માટે તમે શ્રેષ્ઠ રાજાઓ સહિત પાસે બેસીને જુઓ. દુર્યોધનનાં વચન સાંભળી તેઓએ તે પ્રમાણે કર્યું. બેસી ગએલું અતિ મોટું રાજમંડળ આકાશમાં રહેલા આદિત્યમંડળ સરખું દેખાતું હતું. તે સર્વ રાજાઓના મધ્યમાં હે મહારાજ! બેઠેલા નીલ વસ્ત્રવાળા શ્વેત કાંતિયુક્ત, શ્રીમાન્ મહા-બાહુ કેશવ ભગવાનના મોટા ભાઇ બળરામ, રાત્રિ વિષે નક્ષત્ર કરી વીંટાયલો પૂર્ણ નિશાકર શોભે તેમ શોભતા હતા. હે મહારાજ! ગદા છે હાથમાં જેમના, એવા અત્યંત દુઃસહ, અન્યોન્ય ઉગ્રવાણીએ કરી એક બીજાને વ્યથા કરતા કુરૂકુળમાં અત્યંત શ્રેષ્ઠ એવા તે બેઉ અન્યોન્ય અપ્રિય વચન બોલી, પરસ્પર જોતા સંગ્રામના મધ્યમાં વૃત્રાસુર તથા ઇન્દ્રની પેઠે ઉભા હતા.

अप्रियाणि ततोन्योन्यमुक्त्वा तौ कुरुसत्तमौ ।
उदीक्षंतौ स्थितौ तत्र वृत्रशक्रौ यथाहवे ॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि गुर्जरभाषायां पंचपंचाशत्तमो ऽध्यायः ॥ ५५ ॥

અધ્યાય ૫૬ મો. ગદાયુદ્ધનો આરંભ.

वैशंपायन उवाच—ततो वाग्युद्धमभवत्तुमुलं जनमेजय ।
यत्र दुःखान्वितो राजा धृतराष्ट्रोब्रवीदिदं ॥१॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ત્યાર પછી ભયંકર એવું વાગ્યુદ્ધ થયું જે સમયે

દુઃખાક્રાન્ત ધૃતરાષ્ટ્ર રાજાએ કહ્યું કે, જેની આવી નિષ્ઠા છે એવા મનુષ્યપણાને ધિક્કાર છે. હે સંજય ! અગિયાર અક્ષૌહિણીનો ભર્તા એવો મારો પુત્ર, સર્વ રાજાઓને આજ્ઞા કરી પૃથ્વીને ભોગવી, તેજ જગતનો નાથ એવો મારો પુત્ર, અનાથની પેઠે વેગથી હાથમાં ગદા લઇ પગે ફરી સંગ્રામ વાસ્તે આવ્યો, તેનું કારણ ભાગ્ય વિના બીજું શું ? આપણાં ભાગ્યજ એવાં. હે સંજય ! મારા પુત્રને મોટું દુઃખ પ્રાપ્ત થયું, એમ કહી દુઃખાર્ત ધૃતરાષ્ટ્ર રાજા, બોલતો રહી ગયો. સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર ! પછી મેઘ સરખા શબ્દવાળા પરાક્રમી એવા તમારા પુત્રે બળદની પેઠે હર્ષથી શબ્દ કરી સંગ્રામમાં યુદ્ધ વાસ્તે પાર્થ એવા ભીમસેનને બોલાવ્યો. કુરુરાજ મહાત્મા દુર્યોધને ભીમસેનને બોલાવ્યો તે વખતે અત્યંત ઘોર એવાં વિવિધ પ્રકારનાં રૂપ દેખાવા લાગ્યાં. ભયંકર શબ્દ સહિત વાયુ વાવા લાગ્યે, રજનો વપાદ શરૂ થયો, સર્વ દિશાઓ અંધકારથી ઢંકાઇ ગઇ, નભસ્તલને જાણે ફોડતા હોય નહિ એવાં સેંકડો ઉલ્કા- ડિઓ પડવા લાગ્યાં. હે વિશાંપતે ! પર્વ વિના રાહુએ આદિત્યને ગ્રસ્યો, વન તથા વૃક્ષ સહિત પૃથ્વી કંપવા લાગી, કાંકરા વરસાવના એવા ઉષ્ણ વાયુ વાવા લાગ્યા, પર્વતોનાં શિખર પૃથ્વી વિષે પડવા લાગ્યાં, બહુ પ્રકારના જેમના આકાર છે એવા મૃગ દશમે દિશાઓમાં દોડતા હતા. અત્યંત દારૂણ ઘોર રૂપ એવી શિયાળો શબ્દ કરતી હતી રૂવાં ઉભા કરનાર મહા ઘોર એવા કડાકા થતા હતા. હે રાજન્ ! બળતી દિશા વિષે મૃગ વગેરે અશુભ સૂચના કરતાં હતાં. જળાશયમાં રહેલા જળચરો ચોતરફથી વૃદ્ધિ પામતા હતા. તેમજ હે નૃપ ! ખાલી આકાશમાંથી મોટા શબ્દ, સંભળાતા હતા. નિમિત્તને જોઇ ભીમસેન, ધર્મરાજ યુધિષ્ઠિર પ્રત્યે કહેવા લાગ્યા કે મંદબુદ્ધિવાળો દુર્યોધન, સંગ્રામ વિષે મને જીતવા સમર્થ નથી. આજ કૌરવેન્દ્ર દુર્યોધન વિષે ખાંડવ વિષે જેમ અગ્નિ મૂક્યો હતો તેમ હૃદય વિષે ઘણાક કાળથી રહેલો છાનો એવો ક્રોધ મુકીશ. હે પાંડવ ! આજ તમારા હૃદયમાં રહેલા શલ્યનો હું ઉદ્ધાર કરીશ. આજ ગદાએ કરી કુરૂકુળમાં અધમ એવા આ પાપરૂપને હણી કીર્ત્તિમય માળા તમને હું પહેરાવીશ. રણ- મસ્તકવિષે ગદાએ કરી પાપ કર્મવાળા આને હણી ગદાએ કરી આજ આના દેહને સેંકડો પ્રકારથી ભેદીશ. દુર્યોધન, હવે ફરીથી હસ્તિનાપુરમાં પ્રવેશ કરશે નહીં. આજ શય્યામાં સર્પ નાંખેલો હતો તેનું, ભોજન વિષે વિષદાનનું, પ્રમાણ કોટિમાં પાડવાનું, લાખના ઘર વિષે દાહ કરવાનું, સભા વિષે કરેલા ઉપહાસનું, સર્વસ્વ હરણનું, વર્ષ પર્યંત કરાવેલા અજ્ઞાતવાસનું તથા વિવાસનનું ફળ આજ આને પ્રાપ્ત થશે અને આજ એ સર્વ દુઃખના અંતને હું પ્રાપ્ત થઇશ. એક દિવસમાં આજ આને હણી મારા આત્માનો હું અનૃણી થઇશ. હે ભરતશ્રેષ્ઠ ! આજ દુર્બુદ્ધિવાળા દુર્યોધનનું આયુષ્ય સમાપ્ત થયું. તેમજ માતાપિતાનું દર્શન પણ સમાપ્ત થયું. હે રાજેન્દ્ર ! આજ દુર્મતિવાળા કુરૂરાજ દુર્યોધનનું સૌખ્ય સમાપ્ત થયું; તેમ ફરીથી હવે સ્ત્રીઓનું દર્શન પણ સમાપ્ત થયું. આજ કુરૂરાજ રાજા શાંતનુના કુળમાં કલંકરૂપ એવો પ્રાણ, રાજ્ય તથા લક્ષ્મીનો ત્યાગ કરી પૃથ્વીતળ વિષે શયન કરશે ધૃતરાષ્ટ્ર રાજા, ગદાએ કરી મેં પાડેલા પુત્રને સાંભળી શકુનિની બુદ્ધિથી કરેલા પોતાના અશુભ કર્મને યાદ કરશે. હે રાજ- શાર્દૂલ ! પરાક્રમી ભીમસેન, ઇન્દ્ર જેમ વૃત્રાસુરને બોલાવી ઉભો રહે, તેમ યુદ્ધ કરવા સામે ઉભો રહ્યો, તે સમે શૃંગવાન્ કૈલાસપર્વત જાણે હોય નહિ એવા ગદા ઉગામી સામે ઉભેલા દુર્યોધનને જોઇ ક્રોધાયમાન થએલો ભીમસેન બોલ્યો કે ધૃતરાષ્ટ્ર રાજાના તથા તારા પોતાના વારણાવત વિષે કરેલા દુષ્ટ કર્મને તું યાદ કર. સભાના મધ્યમાં રજસ્વલા દ્રૌપદીને જે ક્લેશ

આપ્યો હતો, દ્યૂત વિષે તેં તથા સુબલ પુત્ર શકુનિએ ધર્મરાજાને છેતર્યા હતા, વન વિષે તારૂં કરેલું જે દુઃખ અમને પ્રાપ્ત થયું હતું તે સૌ વાળીશું અમે જે જે દુઃખને પ્રાપ્ત થયા છીએ તે આજ હું ખતમ કરીશ. હે દુર્મતે! તને મેં જોયો તે ઘણું સારૂં થયું. રણમાં શિખંડિએ હણેલા પ્રતાપવાન એવા ગંગાપુત્ર બાણ શય્યામાં સુતેલા છે. તેમજ દ્રોણ, કર્ણ તથા પ્રતાપવાન શલ્ય પણ હણાયો, વૈરાગ્નિનો આદિકર્તા સુબલપુત્ર શકુનિ હણાયો, આડું ચાલનાર દ્રૌપદીના કેશ ખેંચનાર પાપરૂપ દુઃશાસન પણ હણાયો, પરાક્રમથી યુદ્ધ કરનાર શૂરવીર બીજા તારા સર્વ ભાઇઓ હણાયા, અને બીજા પણ ઘણાક રાજાઓ, તારે વાસ્તે હણાયા. તને પણ આજ ગદાએ કરી હણીશ, એમાં સંશય નહિ. હે રાજેન્દ્ર! ઉંચે સ્વરે ભાષણ કરતા ભીમસેનને ગયો છે ભય જેનો એવા સત્ય પરાક્રમવાળા તમારા પુત્રે કહ્યું કે, હે વૃકોદર! ઘણું બોલવાથી શું? યુદ્ધ કર. હે કુલાધમ! આજ હું તારી યુદ્ધ શ્રદ્ધાનો નાશ કરીશ. હે ક્ષુદ્ર! બીજા પ્રાકૃત નરની પેઠે દુર્યોધનને કોઇ તારા જેવાની વાણીએ કરી ત્રાસ પમાડવા સમર્થ થઇ શકાય તેમ નથી. ઘણા દિવસથી તારી સાથે ગદાયુદ્ધ કરવું એમ મારા હૃદયમાં ઇચ્છા હતી તે દેવતાઓએ આજ પૂરી પાડી એ ઘણું સારૂં થયું. હે દુર્મતે! વાણીએ કરી ઘણું બોલવું તથા બડબડાટ કરવો, તેણે કરી શું? કહેવા પ્રમાણે કર્મ કરી દેખાડ, વિલંબ ન કર. દુર્યોધનનાં વચન સાંભળી રાજાઓ, સોમક તથા જે જે ત્યાં આવ્યા હતા તે સર્વ તેનાં વખાણ કરવા લાગ્યા. બધાએ વખાણ કરેલો ઉભાં થયાં છે રૂંવાં જેનાં એવા કુરૂનંદન દુર્યોધને યુદ્ધ વાસ્તે ધીર મતિ કરી, ઉન્મત્ત હસ્તિની પેઠે સહનશીલ દુર્યોધનને તાલીના શબ્દે કરી હર્ષયુક્ત કર્યો. તે વખતે હર્ષયુક્ત એવા તે મહાત્માને જોઇ મહાત્મા પાંડુપુત્ર વૃકોદર, ગદા ઉગામી વેગેકરી તેની સામે દોડ્યો, જયને ઇચ્છતા પાંડવોના કુંજર તથા અશ્વ, વારંવાર શબ્દ કરતા હતા ને શસ્ત્રો દીપતાં હતાં.

बृंहंति कुंजरास्तत्र हयान्हेषंति चासकृत्।
शस्त्राणि चाप्यदीप्यंत पांडवानां जयैषिणां ॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वाणि गदायुद्धारंभे गुर्जरभाषायां षट्पंचाशत्तमोऽध्यायः ॥ ५६ ॥

અધ્યાય ૫૭ મો. ગદાયુદ્ધ ચાલુ.

संजय उवाच—ततो दुर्योधनो, दृष्ट्वा भीमसेनं तथागतं ।
प्रत्युद्ययावदीनात्मा वेगेन महतानदन् ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે રીતે આવેલા ભીમસેનને જોઇ અદીન છે આત્મા જેનો એવો દુર્યોધન રાજા, મોટા વેગથી તેની સામે ધસ્યો. જે રીતે શીંગડાવાળા બે વૃષભ એકબીજાની સામા આવે તેમ બેઉ પરસ્પર સામા આવ્યા. તે સમયે પ્રહારોના મોટા કડાકા જેવો શબ્દ થતો હતો. પરસ્પર જીતવા ઇચ્છતા ઇન્દ્ર તથા પ્રલ્હાદનું જેવું યુદ્ધ થાય તેવું રૂંવાં ઉભાં કરનાર ભયંકર તે બેઉનું યુદ્ધ થયું. રૂધિરે કરી વ્યાપ્ત છે સર્વાંગ જેમનાં, હાથમાં ગદા

ધરેલા, મનસ્વી એવા મહાત્મા તે બેઉ, પુષ્પિત એવા ખાખરાનાં બે વૃક્ષ સરખા દેખાતા હતા. એ રીતે અતિ દારૂણ એવું તે મહાયુદ્ધ પ્રવર્તમાન થયું. તે વખતે પતંગ નામના જંતુ સમુદાયે કરી દર્શનીય આકાશ શોભે તેમ શોભતું હતું, એ રીતે અત્યંત ભયંકર એવા પ્રવર્તમાન થએલા તે સંકુલ યુદ્ધમાં યુદ્ધ કરતાં થાકી ગએલા શત્રુને દમન કરનાર તે બેઉ, બે ઘડી વિસામો ખાઇ વળી પાછી સુંદર ગદા ગ્રહણ કરી શત્રુને તપાવનાર એવા તે એક બીજાને પ્રહાર કરવા લાગ્યા. મોટા પરાક્રમવાળા, નરમાં શ્રેષ્ઠ, બલવાન, હાથણી વાસ્તે યુદ્ધમદોત્કટ એવા બે હસ્તિ સરખા, સમાન છે વીર્ય જેમનું, ગદા ગ્રહણ કરેલા તે બેઉને જોઈ દેવ, ગંધર્વ તથા મનુષ્ય, પરમ વિસ્મયને પ્રાપ્ત થતાં હતાં. ગ્રહણ કરી છે ગદા જેમણે એવા દુર્યોધન તથા વૃકોદરને જોઇ સર્વ પ્રાણીને વિજયવિષે સંશય થતો હતો. વળી બલવાનમાં શ્રેષ્ઠ, એક બીજાનાં છિદ્ર જોતા એવા તે બેઉ ભાઇઓ, ગતિ વિશેષ કરતા હતા. તે વખતે હે રાજન્! જોનાર લોક, યમદંડ સરખી ઇન્દ્રના વજ્રની પેઠે ઉદ્યુક્ત થએલી, નાશ કરનારી ભયંકર એવી તેમની મોટી ગદાને જોતા હતા. પછી સંગ્રામમા ભીમસેને પોતાની ગદાએ કરી તેની ગદાને ભાગી તેનો અતિ ભયંકર એવો ઘોર શબ્દ બે ઘડી પર્યંત સંભળાયો. એવી રીતે અતુલ વેગવાળી ગદાને તથા વેગ કરતા શત્રુને જોઇ દુર્યોધન પણ વિસ્મિત થયો હે ભારત! વળી શત્રુને ચોતરફ ભ્રમણ કરતો તથા વિવિધ પ્રકારના માર્ગ પ્રત્યે વિચરતો શૂરવીર ભીમસેન શોભતો હતો. પોતપોતાના રક્ષણમાં સાવધાન એવા તે બેઉ, પરસ્પર પ્રાપ્ત થઇ ભક્ષ માટે બે બિલાડા જેમ પરસ્પર એક બીજાને હણે તેમ વારંવાર હણતા હતા ભીમસેન, શત્રુની સન્મુખ જવું, પાછું આવવું રહેવું ઇત્યાદિ વિચિત્ર પ્રકારનાં મંડળ કરતો બહુ પ્રકારના માર્ગ પ્રત્યે વિચરતો હતો. શત્રુને મર્મસ્થાનમાં ઘા કરી ઉંચો ઉછાળવો તથા હેઠે પાડવો વગેરે વિવિધ પ્રકારની રીતિ, પરિમોક્ષ, પ્રહારનું વર્જન વગેરે કરી સવ્ય તથા અપસવ્ય કરવું, વેગથી સામું જવું, પારકા યત્નને પાડવાનું કારણ સંપાદન કરવું, અચંચલપણું, શત્રુ ઉઠે ત્યારે પાછું તેની સાથે યુદ્ધ કરવું, શત્રુને પ્રહાર કરવા સારૂ ચોતરફ ગતિ કરવી, શત્રુના આગમનનો અવરોધ કરવો, પ્રહારથી બચાવ થવા સારૂ નમ્ર થઇ નિકળી જવું, વા આડા થઇ નિકળી જવું, પાસે આવી આયુદ્ધ નાંખવું, પાછા વળી પાછળ કરેલા હાથે શત્રુને તાડન કરવું, ઇત્યાદિ યુદ્ધમાર્ગ પ્રત્યે વિચરતા ગદા યુદ્ધમાં વિશારદ એવા તે બેઉ, પરસ્પર એક બીજાને પ્રહાર કરતા હતા. કુરુકુળમાં શ્રેષ્ઠ તે એક બીજાને છેતરતા ક્રીડા કરતા હોય નહિ તેની પેઠે નાના પ્રકારનાં મંડળ થાય તે રીતે વિચરતા હતા. સંગ્રામવિષે ચોતરફથી યુદ્ધ ક્રીડા દેખાડતા એવા શત્રુને દમન કરનાર તે બેઉ ગદાએ કરી તત્કાલ એક બીજાને હણતા હતા હે મહારાજ! પરસ્પર એક બીજાને પ્રાપ્ત થઇ રૂધિરેકરી વ્યાપ્ત તે બેઉ દાંતેકરી બે હસ્તિઓ શોભે તેમ શોભતા હતા. એ રીતે હે પરંતપ! નમતા છે સૂર્ય જેમાં એવે પાછલે પહોરે વૃત્ર તથા ઇન્દ્રના સરખું ક્રૂર ઘોરરૂપ યુદ્ધ પ્રવર્તમાન થયું. હે રાજન્! હાથમાં ગદાવાળા બલવાન તે બેઉ જૂદાં જૂદાં મંડળ કરી ઉભા હતા. એટલામાં દુર્યોધન, દક્ષિણ તરફ મંડળ થાય તે રીતે સામે આવ્યો. ભીમસેન સવ્ય તરફ મંડળ થાય તે રીતે સામે ગયો, તે રીતે સંગ્રામના અગ્રમાં વિચરતા ભીમસેનને હે મહારાજ! દુર્યોધને પાર્શ્વ દેશવિષે તાડન કર્યો. હે ભારત! તમારા પુત્રે તાડન કરેલા ભીમસેનને તે પ્રહારને ન ચિંતવતાં યમદંડ તથા ઇન્દ્રના વજ્રસરખી મોટી ગદા નાંખી ભીમસેનની ગદાને સર્વ પ્રેક્ષક લોક જોતા હતાં. એ રીતે ગદા નાંખતા ભીમસેનને જોઇ શત્રુને તપાવનાર તમારા પુત્રે ઘોર ગદા ઉગામી તેની ઉપર નાંખી. હે ભારત! તમારા પુત્રની ગદા

જન્ય વાયુના વેગેકરી મોટો ભયંકર શબ્દ થયો, તથા તે ગદા પરસ્પર અથડાવાથી તેમાંથી તેજ પણ ઉત્પન્ન થયું. એ રીતે વિભાગથી મંડલાકાર થાય તે રીતે વિવિધ પ્રકારના માર્ગ- પ્રત્યે વિચરતો તેજસ્વી, તમારો પુત્ર ભીમથી અધિક શોભતો હતો. તે સમયે ભીમે વેગવાળી ઉગ્ર મોટા શબ્દવાળી ગદામાંથી ધુમ્ર તથા જ્વાળાસહિત અગ્નિ ઉત્પન્ન થયો. ભીમે નાંખેલી ગદાને જોઇ લોહમયી મોટી ગદાને નાંખતો દુર્યોધન અત્યંત શોભતો હતો. તે મહાત્માની ગદા વાયુના વેગને જોઈ સોમક સર્વ પાંડવોને ભય પ્રાપ્ત થયો. સંગ્રામમાં ચોતરફથી યુદ્ધ ક્રીડા દેખાડતા શત્રુને દમન કરનાર તે બેઉ, ગદાએ કરી એક બીજાને હણુતા હતા. હે મહા- રાજ! દાંતે કરી બે હસ્તિ જેમ પરસ્પરને તોડે તેમ પરસ્પરને ગદાએ પ્રહાર કરતા રૂધિરે કરી વ્યાપ્ત અંગવાળા તે બેઉ, સંગ્રામના મધ્યમાં શોભતા હતા. આવરણ રહિત વૃત્ર તથા ઇન્દ્રના જેવું ઘોરરૂપ એવું તે યુદ્ધ નમતો છે સૂર્ય જેમાં એવે પાછલે પહોરે થયું. જેમાં પાસે ઉભેલા ભીમસેનને જોઇ અત્યંત વિચિત્ર પ્રકારના માર્ગથી વિચરતો તમારો પુત્ર, કુંતિપુત્ર ભીમસેન સામે દોડયો. તે સમયે અતિ ક્રોધાયમાન થએલા તેની સુવર્ણથી શોભિતી મોટા વેગવાળી ગદાને ક્રુદ્ધ થએલા ભીમસેને અફાળી તે વખતે બેઉની ગદાના અભિઘાતજન્ય, બે વજ્રના જેવા શબ્દ થાય તેવો મોટો શબ્દ થયો. હે મહારાજ! ભીમસેને નાંખેલી વેગવાન પડતી એવી તે ગદાએકરી કંપાયમાન થઇ સંગ્રામમાં ભીમસેને હણેલી ગદાને ન સહન કરી શકતા મદોન્મત્ત હસ્તિને સામે જોઇ મદોન્મત્ત હસ્તિને ક્રોધ થાય તેની પેઠે ક્રોધાયમાન થએલા નિશ્ચય કરેલા કૌરવ્ય દુર્યોધને સવ્ય મંડળ થાય તે રીતે ગદા ફેરવી ભયંકર વેગવાળી કુંતિપુત્ર ભીમ- સેનના મસ્તકવિષે નાંખી. એ રીતે તમારા પુત્રે ગદાએકરી હણેલા પાંડુપુત્ર ભીમસેન કંપાયમાન થયો નહિ. તે જોઇ હે રાજન્! સર્વ સૈન્ય ભીમસેનનાં વખાણ કરવા લાગ્યું. ગદાથી હણાયો તોપણ એક પગલું ચલાયમાન થયો નહિ. ત્યારપછી ભયંકર પરાક્રમવાળા ભીમસેને સુવર્ણથી શોભિતી અત્યંત મોટી પ્રદીપ્ત એવી ગદા દુર્યોધન ઉપર નાંખી. અસંભ્રાંત મહા બળવાન દુર્યોધને લાઘવથી તે ભીમસેનના પ્રહારને નિવારણ કર્યો. તે જોઇ સર્વને મોટું વિસ્મય થયું. હે રાજન્! ભીમે નાંખેલી મોટા શબ્દવાળી પૃથ્વીવિષે પડતી ઘોર એવી તે ગદાએ કરી પૃથ્વી ચલાયમાન થઈ. પછી ગદાનો તથા નિપાતે ભીમસેન છેતરાયો એમ જાણી ઉન્મત્તની પેઠે વારંવાર કૂદતા બળવાન કુરૂસત્તમ દુર્યોધને તેને છેતરી અત્યંત ક્રોધથી વક્ષસ્થળમાં તેને તાડન કર્યો. એ રીતે મહાસંગ્રામમાં તમારા પુત્રે ગદાએ કરી હણેલો ભીમસેન મુંઝાઇ જવાથી કર્તવ્ય શૂન્ય થઇ ગયો. હે રાજન્! એ રીતે વર્તતા તે યુદ્ધને જોઇ અત્યંત હણાયો છે સંકલ્પ જેમનો એવા સોમક તથા પાંડવ, ખેદયુક્ત છે મન જેમનું એવા થયા, તે વખતે પ્રહારે હસ્તિની પેઠે ક્રોધાયમાન થએલા ભીમસેને, હસ્તિ સામે જેમ હસ્તિ દોડે અને વનગજ સામે જેમ સિંહ દોડે તેમ તમારા પુત્ર સામે દોડી તેના પાર્શ્વદેશમાં ગદા મારી, તે પ્રહાર કરી વિહ્વળ એવો તમારો પુત્ર પૃથ્વી ઉપર પડી ગયો એ રીતે કુરૂકુળમાં શ્રેષ્ઠ એવો દુર્યોધન ઘુંટણભેર થઇ પૃથ્વી ઉપર બેસી ગયો. હે જગત્પતે! સૃંજયોનો મોટો શબ્દ ઉત્પન્ન થયો. સૃંજયોના શબ્દને સાંભળી હે ભરતશ્રેષ્ઠ! કોપાયમાન થએલો મહાબાહુ તમારો પુત્ર મોટા સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરી, જાણે ભીમસેનને બાળતો હોય નહિ તેમ તેની સામું જોઇ સંગ્રામમાં જાણે તેનું મસ્તક કાપી લેશે એવો ડોળ કરી ભરતકુળમાં શ્રેષ્ઠ, ગદા ગ્રહણ કરેલા, ભયંકર પરાક્રમવાળા, મહાત્મા તમારા પુત્રે, ભીમસેન સામે દોડી તેના કપોળ ભાગમાં ગદા મારી. એ રીતે ગદાએ કરી તાડન કરેલો મદ ઝરતા હસ્તિની પેઠે લલાટ પ્રાંતમાંથી અને બે

હુંતો એમ જાણું છું કે, એ પાંચ ભાઈઓ ધૃષ્ટદ્યુમ્ન તથા સાત્યકિ, એ સાતજ યોદ્ધાઓ પાંડવોની સેનામાં ઉત્તમ બળરૂપ છે. આપણામાં તો ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિકર્ણ, કર્ણ, સોમદત્ત, બાહ્લીક, પ્રાગજ્યોતિષનો અધિપતિ, શલ્ય, અવંતિના વિંદ તથા અનુવિંદ બે ભાઈઓ, જયદ્રથ, દુઃશાસન, દુર્મુખ, દુઃસહ, શ્રુતાયુ, ચિત્રસેન, પુરૂમિત્ર, વિવિંશતિ, શલ, ભૂરિશ્રવા તથા વિકર્ણ ઇત્યાદિ શ્રેષ્ઠ યોદ્ધાઓ છે. વળી મેં અક્ષૌહિણી પણ અગિયાર ભેગી કરી છે, ને પાંડવોની પાસે તો સાતજ અક્ષૌહિણી છે. તો શા કારણથી મારો પરાજય થાય ? શત્રુનું સૈન્ય પોતાથી ત્રણ ગણું ઓછું હોય તે જ યુદ્ધ કરવું યોગ્ય છે, એમ બૃહસ્પતિએ કહ્યું છે. હે રાજન્! તેજ પ્રમાણે શત્રુઓથી મારી સેના બળમાં ત્રણ ગણી છે, કારણ હું શત્રુઓનું સૈન્ય મોટા યોદ્ધાઓ વિનાનું તથા ગુણ રહિત તુચ્છ દેખું છું, મારૂં સૈન્ય તો મોટા યોદ્ધાવાળું તથા મહા ગુણ યુક્ત છે. હે ભારત ! મારા સૈન્યનું સર્વ રીતે બળિષ્ઠપણું તથા પાંડવોની ન્યૂનતા જાણી તમારે મોહ પામવો યોગ્ય નથી. વૈશંપાયન કહેછે—હે જનમેજય ! એ રીતે ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહીને, પારકા શહેરને જીતનાર દુર્યોધન તે વખતનાં યુધિષ્ઠિરનાં કર્મ જાણવાને ઇચ્છતો ફરીથી સંજયને આ પ્રમાણે પૂછવા લાગ્યો.

इत्युक्त्वा संजयं भूयः पर्यपृच्छत भारत ।
विवित्सुः प्राप्तकालानि ज्ञात्वा परपुरंजयः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि दुर्योधनवाक्ये गुर्जरभाषायां पंचपंचाशत्तमोऽध्यायः ॥ ५५ ॥

અધ્યાય ૫૬ મો. સંજય કથિત પાંડવ બળ.

दुर्योधन उवाच—अक्षौहिणीः सप्तलब्ध्वा राजभिः सहसंजय ।
किंस्विदिच्छति कौंतेयो युद्धप्रेप्सुर्युधिष्ठिरः ॥ १ ॥

દુર્યોધન પૂછે છે—હે સંજય ! યુદ્ધ કરવાને ઇચ્છતા કુંતિના પુત્ર યુધિષ્ઠિર, સાત અક્ષૌહિણી સેના મેળવી, રાજાઓ સહિત હાલ શું કરવા ઇચ્છે છે ? દુર્યોધનનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, હે રાજન્! યુદ્ધને ઇચ્છતા યુધિષ્ઠિર અત્યંત ખુશીથી વર્તે છે, તેમજ ભીમસેન, અર્જુન, નકુળ તથા સહદેવ પણ જરાએ બીહિતા નથી પણ ઉલટા ખુશીમાં છે. ત્યાં સર્વ દિશાઓને શોભાવતા કુંતિના પુત્ર અર્જુને તો, અસ્ત્ર મૂકવાના મંત્રની પરીક્ષા કરવાની ઇચ્છાથી પોતાનો દિવ્ય રથ જોડી જોયો. તે વિજળીયુક્ત મેઘની પેઠે શબ્દ કરતા રથને અમે સૌએ જોયો. ત્યારે ચોતરફથી જોઇ વિચાર કરીને, પ્રસન્ન થઇ અર્જુને મને કહ્યું કે, હે સંજય ! આ યુદ્ધનું પૂર્વરૂપ જો, આપણે જરૂર જીતીશું. હે દુર્યોધન ! મારા જાણવામાં પણ તેમજ આવ્યું. સંજયનાં વચન સાંભળી વળી દુર્યોધને પૂછ્યું કે, હે સંજય ! તું તો દ્યૂત વિષે પરાજય પામેલા પાંડવોને ફુલાવતો તેમનીજ પ્રશંસા કરે છે, માટે અર્જુનના રથના ઘોડા તથા ધ્વજા કેવી રીતનાં છે તે કહે. તે સાંભળી સંજયે કહ્યું કે હે રાજન્! હે મેં નાના પ્રકારનાં રૂપ બનાવનાર સૂર્ય, ઇંદ્ર તથા પ્રજાપતિયે તો અર્જુનની ધ્વજ વિષે પોતાની દિવ્ય માયાએ કરી, અમૂલ્ય, દિવ્ય, મોટાં તથા નાનાં અનેક ચીજોનાં રૂપ ચિતર્યાં કર્યાં છે. વળી તેમાં વાયુના પુત્ર હનુમાને ભીમસેનને પ્રિય લાગવા સારૂ પોતાની

રૂધિર જેને એવો અચલ સરખો ભીમસેન ચલાયમાન ન થતાં ઉલટો ક્રોધે ભરાયો. તે પછી અર્જુનના મોટા ભાઇ શત્રુને નાશ કરનાર ભીમસેને, વજ્ર સરખો છે શબ્દ જેનો એવી, શૂરવીરને હણનારી, લોહમયી ગદા ગ્રહણ કરી પરાક્રમથી શત્રુ એવા દુર્યોધનને મારી. ભીમસેને હણેલો તેથી સારી રીતે કંપાયમાન થયા છે દેહના બંધન જેના એવો તમારો પુત્ર, વનમાં વાયુના વેગે તાડન કરેલો, ચોતરફથી ઘેરાયલો, સુપુષ્પિત સાગનું વૃક્ષ જેમ પડે તેમ તેની પડ્યો. એ રીતે પૃથ્વીવિષે પડેલા તમારા પુત્રને જોઇ પાંડવો પ્રસન્નતાપૂર્વક શબ્દ કરવા લાગ્યા. તમારા પુત્ર દુર્યોધને, ચેતનાને પામી હ્રદમથી જેમ હસ્તિ ઉઠે તેમ ઉભા થઇ જે રીતે પોતે શીખેલો હતો તે પ્રમાણે પરિભ્રમણ કરી નિરંતર અસહનશીલ એવા મહારથિ તમારા પુત્રે પોતાની આગળ ઉભેલા પાંડુપુત્ર ભીમસેનને તાડન કર્યો; વિઘૂર્ણ છે અંગ જેનું એવો તે પૃથ્વી વિષે પડ્યો. એ રીતે યુદ્ધમાં પરાક્રમી ભીમસેનને પૃથ્વી ઉપર પાડી, સિંહનાદ કરી, કૌરવ એવા તેણે ગદાનિપાતે કરી, પરાક્રમથી વજ્ર સરખું તેનું કવચ ભેદ્યું, તે વખતે અંતરીક્ષમાં દેવતાઓ તથા અપ્સરાઓએ મોટો શબ્દ કર્યો અને ઉત્તમ એવી વિચિત્ર પ્રકારના પુષ્પની વૃષ્ટિ થઇ. પૃથ્વી વિષે પડેલા બળે કરી હીન થએલા નહિ એવા કુરૂકુળમાં ઉત્પન્ન થએલા તે ઉત્તમ નરને તથા અત્યંત દૃઢ એવા તેના કવચના ભેદને જોઇ મોટો ભય પ્રાપ્ત થયો. ત્યારપછી બે ઘડીએ ચેતનાને પ્રાપ્ત થઇ, રૂધિરાક્ત એવા પોતાના મુખને લુછી, ધૈર્ય રાખી, નેત્ર ફાડી બળથી સ્તંભન કરી ભીમસેન ઉભો રહ્યો.

ततो मुहूर्तादुपलभ्य चेतनां प्रमृज्य वक्त्रं रुधिराक्तमात्मनः
धृतिं समालभ्य विवृत्यलोचने बलेन संस्तभ्यवृकोदरः स्थितः ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि गदायुद्धे गुर्जरभाषायां सप्तपंचाशत्तमोऽध्यायः ॥ ५७ ॥

અધ્યાય ૫૮ મો. દુર્યોધનનું પડવું.

संजय उवाच—समुदीर्णं ततो दृष्ट्वा संग्रामं कुरुमुख्ययोः ।
अथाब्रवीदर्जुनस्तु वासुदेवं यशस्विनं ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તે પછી કુરૂકુળમાં મુખ્ય એવા તે બેઉના તીવ્ર સંગ્રામને જોઇ અર્જુને યશસ્વી એવા વાસુદેવ ભગવાનને પૂછ્યું કે હે જનાર્દન! આ બેઉ વીરમાંથી યુદ્ધવિષે તમે કોને શ્રેષ્ઠ માનો છો અને કોનો કયો ગુણ અધિક છે, તે તમે મને કહો. એવાં અર્જુનનાં વચન સાંભળી વાસુદેવ ભગવાન કહેવા લાગ્યા કે, આ બેઉને ઉપદેશ સરખો છે, પણ વિશેષ બળવાન ભીમસેન છે અને કુશળ તથા યત્ન કરવામાં તત્પર દુર્યોધન ભીમથી અધિક છે, માટે જો ધર્મથી યુદ્ધ કરશે તો ભીમસેન જીતશે નહિ. જો અન્યાયથી યુદ્ધ કરશે તો દુર્યોધનને હણશે. વળી દેવતાઓએ અસુરોને પણ માયાએકરી જીત્યા છે એમ પુરાણેતિહાસ કહે છે તેમજ ઇન્દ્રે વિરોચન તથા વૃત્રાસુરને માયાથીજ હણ્યો હતો, માટે ભીમસેન પણ માયામય એવા પરાક્રમનો આશ્રય કરશે તો જીતશે. હે અર્જુન! દ્યૂતકાલે ભીમસેને દુર્યોધન સાથે પ્રતિજ્ઞા પણ કરેલી છે કે સંગ્રામ વિષે હું ગદાએ કરી તારા સાથળ ભેદીશ; માટે

અરિકર્ષણ એવો ભીમસેન, પોતે તે પ્રતિજ્ઞાનું પરિપાલન કરો. માયાવી એવા શત્રુને માયાએ કરી નિકૃંતન કરો. જો ભીમસેન બળનો આશ્રય કરી ન્યાયેકરી પ્રહાર કરશે તો યુધિષ્ઠિર રાજા પાછા સંકટને પ્રાપ્ત થશે. હે પાંડવેય! વળી હું તને કહું તે સાંભળ. ધર્મરાજાના અપરાધેકરી આપણને ભય પ્રાપ્ત થયો, કારણ કે જો કે ભીષ્મ છે મુખ્ય જેમાં એવા કૌરવોને હણી અત્યંત મોટું કર્મ કરી જય પ્રાપ્ત કર્યો તથા મોટો યશ પ્રાપ્ત થયો અને વૈર પણ લીધું. હે પાંડવ! એ રીતે પ્રાપ્ત થએલો વિજય પાછો તેમણે સંશય યુક્ત કર્યો, ધર્મરાજની આ અબુદ્ધિ છે કે આવા ઘોર યુદ્ધમાં એકને વિજય કરવાનું પણ કરવું ને દુર્યોધન, એક તો શૂરવીર, કુશળ તથા એકાયનગત એટલે એકજ રસ્તે ચાલનાર છે, આ ઠેકાણે શુક્રાચાર્યે ગાએલો તત્વાર્થ સહિત પુરાતન એવો એક શ્લોક છે તે હું કહું તે સાંભળ. હે ધનંજય! જીવિતને ઇચ્છતા તેથી ભાગેલા, વળી તેજ પાછા આવેલા, મરતાં બાકી રહેલા શત્રુએથી બ્હીતા રહેવું; કાં કે તે એકાયનગત એટલે કે એકજ રસ્તે જનાર છે, કે મરવું કાં મારવું, માટે ઉતાવળથી પાછા આવેલા જીવિત વિષે નિરાશ એવા શત્રુઓની આગળ ઉભા રહેવું નહિ. હે અર્જુન! ઇન્દ્ર પણ આમાં સમર્થ થઇ શકે નહિ, તેમજ હણાયું છે સૈન્ય જેનું એવા ભાગીને હ્રદમાં પેઠેલા, પરાજય પામેલા, વનને ઇચ્છતા, રાજ્ય પામવામાં નિરાશ થયેલા દુર્યોધનને દ્વંદ્વ યુદ્ધ કરવા પ્રાજ્ઞ પુરૂષ બોલાવે નહિ. તેમ આપણું જીતેલું રાજ્ય કાંઇ દુર્યોધન હરણ કરી શકે તેમ પણ હતું નહિ. દુર્યોધને તેર વર્ષ સુધી ગદાયુદ્ધ શીખવાનો શ્રમ કરેલો છે તે આ વખતે ભીમસેનને મારવાની ઇચ્છાથી ઉંચો તથા આડો વિચરે છે. વાસ્તે આને મહાબાહુ ભીમસેન જો અન્યાયે કરી હણશે નહિ તો કુરૂકુળમાં ઉત્પન્ન થએલો આ દુર્યોધન આજ તમારો રાજા થશે. કેશવ ભગવાનનાં વચન સાંભળી અર્જુને ભીમસેન જોતાં પોતાનો ડાબો સાથળ તાડન કર્યો. સંજ્ઞા ગ્રહણ કરી ભીમસેન, બે બે ત્રણ ત્રણ વિચિત્ર પ્રકારનાં મંડળ થાય તે રીતે હાથમાં ગદા લઇ સંગ્રામમાં વિચરતો હતો. એ રીતે પાંડુપુત્ર ભીમસેન હે રાજન્! શત્રુને જાણે સંમોહ પમાડતો હોય નહિ તેની પેઠે દક્ષિણ, સવ્ય તથા ગોમુત્રાકાર મંડળ થાય તે રીતે સંગ્રામમા વિચરતો હતો. ગદામાર્ગમાં વિશારદ એવો તમારો પુત્ર ભીમસેનને હણવાની ઇચ્છાથી, લઘુતાથી વિચિત્ર પ્રકારનું મંડળ થાય તે રીતે સંગ્રામ વિષે વિચરતો હતો. ચંદન તથા અગરચંદનનું લેપન કરેલા, ગદાને ફેરવતા, વૈરના અંતને ઇચ્છતા, ક્રોધાયમાન થએલા કાળની પેઠે પરસ્પર હણવા ઇચ્છતા, અત્યંત શૂરવીર, પુરૂષમાં શ્રેષ્ઠ એવા તે બેઉ, સર્પના માંસને ઇચ્છતા બે ગરૂડ જેમ પરસ્પર યુદ્ધ કરે તેમ યુદ્ધ કરતા હતા. વિચિત્ર પ્રકારનાં મંડલ થાય તે રીતે વિચરતા દુર્યોધન તથા ભીમસેનના ગદાસંપાતથી અગ્નિની જ્વાળાઓ ઉત્પન્ન થતી હતી. શૂરવીર, બળવાન સમાન પ્રહાર કરતા, વાયુએ ક્ષોભ પમાડેલા બે સમુદ્ર સરખા, મદોન્મત્ત હસ્તિની પેઠે પરસ્પર પ્રહાર કરતા તે બેઉના ગદા પ્રહારથી મોટો વજ્રપાત સરખો શબ્દ ઉત્પન્ન થતો હતો. અત્યંત સંક્રુદ્ધ એવા તે દારૂણ સંપ્રહારવાળા, સંગ્રામ વિષે થાકી ગયેલા, શત્રુને દમન કરનાર યુદ્ધ કરતા તે બેઉ, બે ઘડી વિસામો ખાઇ, વળી પાછા મોટી ગદા ગ્રહણ કરી ક્રોધથી યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે પરસ્પર હણતા એવા તે બેઉનું હે રાજેંદ્ર! ગદાનિપાતે કરી આવરણ રહિત એવું ઘોરરૂપ યુદ્ધ થયું. તેમાં પરસ્પર દોડતા વૃષભ સરખાં નેત્રવાળા, વેગવાન, કાદવમાં રહેલા બે મહિષની પેઠે પરસ્પર હણતા, શૂરવીર જર્જરીકૃત્ છે સર્વ અંગ જેમનાં તથા રૂધિરે કરી સંયુક્ત એવા તે બેઉ, હિમવાન પર્વત વિષે રહેલાં બે ખાખરાનાં વૃક્ષ

હોય નહિ તેમ દેખાતા હતા. ભીમસેને દેખાડેલા છિદ્ર સામે કંઇક જોતો એવો દુર્યોધન, તત્કાલ તેની સામે આવ્યો. તે વખતે બલવાન ભીમસેને પાસે આવેલા તેને જોઇ મોટા વેગે-કરી તેની ઉપર ગદા નાંખી. ગદા નાંખતા તેને જોઇ હે વિશાંપતે! તમારો પુત્ર, તે સ્થાનકથી દૂર જતો રહ્યો, તેથી ફોગટ ગએલી ગદા પૃથ્વી ઉપર પડી. હે કુરૂસત્તમ! તમારા પુત્રે એ રીતે તે પ્રહારથી પોતાના આત્માને બચાવી સંભ્રમથી ભીમસેન ઉપર ગદાનો પ્રહાર કર્યો. તે પ્રહારના મોટા પાતથી સ્રવતા રૂધિરે કરી ઘણા પરાક્રમવાળા તેને મૂર્ચ્છા આવી ગઇ. પણ સંગ્રામમાં પાંડવ પીડિત થએલો છે એ, દુર્યોધનના જાણવામાં આવ્યું નહિ. એ રીતે ભીમ-સેને પણ અતિ પીડિત એવું પોતાનું શરીર ધારણ કરી રાખ્યું. સંગ્રામમાં સામે પ્રહાર કરવા ઉભેલો છે એમ એને માની તમારા પુત્રે ફરીથી તેની ઉપર પ્રહાર ન કર્યો. ત્યાર પછી બે ઘડી વિસામો ખાઇ પ્રતાપવાન ભીમસેન, વેગેકરી પાસે ઉભેલા દુર્યોધન સામે દોડ્યો. ક્રોધથી સામે આવતા ઘણા પરાક્રમવાળા તેને જોઇ એના પ્રહારને ફોગટ કરવા ઇચ્છતા ઉદાર મનવાળા તમારા પુત્રે તેજ સ્થાનકે ઉભા રહેવાની મતિ કરી. ભીમસેનને છળવા સારૂ ઉંચા કૂદવાની ઇચ્છા કરી. તેનો અભિપ્રાય જાણી ભીમસેને સામે દોડી સિંહની પેઠે શબ્દ કરી, યુદ્ધ માર્ગે કરી છેતરતાં વળી ઉંચા કૂદતા તે રાજાના બે સાથળ ઉપર વેગેકરી ગદા નાંખી. એ રીતે ભયંકર છે કર્મ જેનું એવા ભીમસેને નાંખેલી વજ્ર સરખી ગદાએ પ્રિય છે દર્શન જેમનું એવા દુર્યોધનના બે સાથળ ભાગી ગયા. હે મહીપતે! ભીમસેને ભાગ્યા છે સાથળ જેના એવો પુરૂષમાં વ્યાઘ્રરૂપ તમારો પુત્ર પૃથ્વીને શબ્દાયમાન કરતો નીચે પડ્યો. તે વખતે મોટા કડાકા સહિત વાયુ વાવા લાગ્યો. રજનો વર્ષાદ થયો. વૃક્ષ, ક્ષુદ્રવૃક્ષ તથા પર્વત સહિત પૃથ્વી ચલાયમાન થઇ. સર્વ રાજાઓનો પતિ શૂરવીર દુર્યોધન પડ્યો તે વખતે પ્રદીપ્ત, મોટા શબ્દવાળું, ભયંકર મોટું ઉંબાડિયું પડ્યું. તેમજ રૂધિર તથા રજનો વર્ષાદ થયો. હે ભરતર્ષભ! તમારા પુત્રને પાડ્યો ત્યારે અંતરિક્ષમાં યક્ષ, રાક્ષસ તથા પિશાચોનો મોટો શબ્દ સંભળાયો. તેમજ ચોતરફથી ઘણાક મૃગ તથા પક્ષિઓનો અતિ ઘોર એવો શબ્દ થયો. તમારા પુત્રને પાડ્યો તે વખતે હણાતાં બાકી રહેલા જે ત્યાં ઘોડા તથા હસ્તિઓ હતા, તે પણ મનુષ્ય સહિત મોટા શબ્દ કરવા લાગ્યા. ભેરી, શંખ તથા મૃદંગોનો મોટો શબ્દ થયો. પૃથ્વીની અંદર શબ્દ થતો હતો, અને ઘણા પગ તથા ઘણા હાથવાળાં ભયંકર છે દર્શન જેમનાં એવાં નૃત્ય કરતાં ધડેકરી દિશાઓ વ્યાપ્ત થઇ ગઇ. ધ્વજ, અસ્ત્ર તથા શસ્ત્રવાળા યોદ્ધાઓ કંપવા લાગ્યા. હ્રદ તથા કૂપ, રૂધિરને ઉભરાવા લાગ્યા. મોટા વેગવાળી નદીઓ ઉલટી વહેવા લાગી. સ્ત્રિઓ પુરૂષ સરખી અને પુરૂષ સ્ત્રી સરખા નિર્બલ થઇ ગયા. એ રીતે અદ્‌ભુત એવા ઉત્પાતને જોઇ પાંડવ સહિત સર્વ પંચાલ, ઉદ્વિગ્ન છે મન જેમનું એવા થયા. દેવ, ગંધર્વ તથા અપ્સરાઓ, તમારા પુત્રોનાં અદ્‌ભુત યુદ્ધનાં વખાણ કરતા ઇચ્છા પ્રમાણે બોલવા લાગ્યા. તેમજ હે રાજેંદ્ર! સિદ્ધ, વાયુ સહિત છે ગતિ જેમની એવા ચારણ, પુરૂષમાં સિંહરૂપ તે બેઉની પ્રશંસા કરતા જે રીતે આવ્યા હતા તેમ પાછા ગયા.

तथैव सिद्धा राजेंद्र तथा वातिकचारणाः ।
नरसिंहौ प्रशंसंतो विप्रजग्मुर्यथागतं ॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि दुर्योधननिपाते गुर्जरभाषायां-अष्टपंचाशत्तमोध्यायः ॥ ५८ ॥

અધ્યાય ૫૯ મો. ભીમનો ક્રોધ ને ધર્મનો વિલાપ.

संजय उवाच—तं पातितं ततो दृष्ट्वा महाशालमिवोद्गतं ।
प्रहृष्टमनसः सर्वे बभूवुस्तत्र पांडवाः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ઉખેડી ગએલુ મોટું સાગ વૃક્ષ હોય નહિ તેની પેઠે પાડેલા તેને જોઇ પ્રહૃષ્ટ છે મન જેમનુ એવા સર્વે પાંડવો ત્યાં પડેલો તેને જોતા હતા. એ રીતે સિંહે પાડેલા ઉન્મત્ત હસ્તિની પેઠે પડેલા તેને જોઇ સર્વ પાંડવ તથા સોમકોનાં રૂવાં ઉભાં થયાં. પ્રતાપવાન ભીમસેને, દુર્યોધનને હણી પાડેલા કૌરવેંદ્ર પાસે જઇ આવી રીતે કહ્યું કે, હે દુર્મતે! સભાના મધ્યમાં હાસ્ય કરતાં એક વસ્ત્ર પહેરેલી દ્રૌપદીને તથા અમને 'આ ગાય જેવા છે આ બિચારા ગાય જેવા છે' એમ કહેતો હતો, તે ઉપહાસના ફળને આજ પ્રાપ્ત થા. ભીમસેને ડાબા પગથી તેના મુગટને સ્પર્શ કરી, પગથી રાજસિંહ એવા તેનું મસ્તક કચર્યું. ક્રોધથી લાલ નેત્રવાળા, શત્રુ સૈન્યને પીડનાર ભીમસેને વળી જે વાક્ય કહ્યાં, તે હું, હે નરાધિપ! તમને કહું તે સાંભળો. મૂઢ બુદ્ધિવાળા જેઓ, પૂર્વે 'આ ગાયો જેવા છે એમ કહી, અમારી પાસે નૃત્ય કરતા હતા, તેમની પાસે પાછા આ સમે અમે 'આ ગાય જેવા છે આ ગાય જેવા છે' એમ કહી નૃત્ય કરીએ છીએ. તેમાં નથી ઠગ બીજી કરતા, નથી અગ્નિ મૂકતા, નથી કપટ દ્યૂત રમતા તથા નથી છેતરપંડી કરતા; કેવળ પોતાના બાહુબળનો આશ્રય કરી શત્રુઓને બાધ કરીએ છીએ, એમ કહી પરમ વૈરના પારને પામ થએલા ભીમસેને ધીરેથી હાસ્ય કરી, યુધિષ્ઠિર, કેશવ ભગવાન, સૃંજય, અર્જુન તથા નકુલ સહદેવને કહ્યું કે-જેમણે રજસ્વલા દ્રૌપદીને સભામાં લઈ આવી વસ્ત્ર ખેંચ્યાં હતાં તે દ્રૌપદીના તપોબળથી સંગ્રામમાં પાંડવોએ હણેલા ધૃતરાષ્ટ્ર પુત્રોને તમે જૂવો. ધૃતરાષ્ટ્ર રાજાના પુત્રો, આપણને પૂર્વે 'આ ષંડતિલ છે' એમ કહેતા હતા તેમને ગણ તથા પરિવાર સહિત આપણે હણ્યા. હવે આપણે જોઇયે તો સ્વર્ગમાં જઇએ કે નરકમાં પડીએ. એમ કહી ખભે ગદા હતી તેને હાથમાં લઇ પૃથ્વીવિષે પડેલા દુર્યોધન રાજાનું મસ્તક વામ પાદથી મર્દન કરી, 'તું ઠગારો છે એમ તેને કહ્યું.' હે રાજન્! એ રીતે ક્ષુદ્રાત્મા હૃષ્ટ થએલા ભીમસેને કુરૂસત્તમ દુર્યોધનના મસ્તકવિષે મૂકેલા પગને જોઇ, સોમકોમાં શ્રેષ્ઠ જે ધર્માત્મા હતા તેમને સારૂં લાગ્યું નહીં. તમારા પુત્રને હણી ઘણું બોલતા તથા નૃત્ય કરતા ભીમસેનને ધર્મરાજ, આવી રીતે કહેવા લાગ્યા કે વૈરના અનૃણીપણાને તું પ્રાપ્ત થયો. શુભ વા અશુભ કર્મે કરી તારી પ્રતિજ્ઞા તેં પૂરી કરી, માટે હવે વિરામ પામ. હે અનઘ! આના મસ્તકને પગે કરી મર્દન કર માં; કેમકે તેમ કરવાથી તારો ધર્મ જાય છે. રાજા તથા જ્ઞાતીય એવા આને તેં પગે કરી હણ્યો એ કંઇ તને ઘટિત નહિ. હે ભીમ! રાજા, જ્ઞાતીય, અગીયાર અક્ષૌહિણીના તથા કૌરવોના અધિપતિ એવા આને તું પગે કરી સ્પર્શ કર માં. હણાયા છે બંધુ, ચાકર તથા સર્વાકારે કરી શોચ કરવા લાયક આ છે હાસ્ય કરવા લાયક નથી. હણાયા છે ચાકર, ભાઇઓ તથા પ્રજા જેની, તથા નથી કોઇ પિંડ આપનાર ભ્રાતા જેને તથા વિધ્વંસ્ત થએલા આને તેં પગે કરી હણ્યો એ ઠીક નહિ. પૂર્વે મનુષ્યો 'ભીમસેન ધાર્મિક છે' એમ તને કહેતા હતા, તે તું હે ભીમસેન! શું કરવા રાજાના મસ્તકવિષે પગ મૂકે છે,. ભીમસેનને આમ કહી નેત્રમાં આવ્યાં છે અશ્રુ જેને એવા દીન યુધિષ્ઠિર, શત્રુને દમન કરનાર દુર્યોધન પાસે જઈ કહેવા લાગ્યા કે,

હે તાત ! તારે ક્રોધ કરવો નહિ, તેમ તારા આત્માનો શોચ પણ કરવો નહિ, કારણ જંતુ કરીને પોતાનાં પૂર્વે કરેલાં અતિ ઘોર એવાં કર્મ પોતાને અનુભવ કરવાં પડે છે. હે કુરુસત્તમ ! તું અમને હણવા ઇચ્છે છે ને અમે તને હણવા ઇચ્છિએ છીએ એવું વિષમ ફળ વિધાતાએ નિર્માણ કર્યું છે, માટે આમાં કોને દોષ દઇયે ? હે ભારત ! લોભ, મદ, તથા બાળકપણાથી પોતાના અપરાધે કરીને તું આવાં મોટાં દુઃખને પ્રાપ્ત થયો. વયસ્ય, ભાઇઓ, પિતૃઓ, પુત્ર, પૌત્ર, તથા બીજાઓને મરાવી તે પછી તું પણ નિધનને પ્રાપ્ત થયો. તારા અપરાધથી અમે તારા ભાઇઓ તથા જાતિલાઓને પણ હણ્યા; કેમકે દૈવને હું દુરત્યય માનું છું. હે અનઘ ! તારે આત્માનો શોચ કરવો નહિ કેમકે તારૂં મૃત્યુ વખાણવા લાયક છે, હવે તો હે કૌરવ ! સર્વ અવસ્થાને વિષે અમેજ શોચ કરવા લાયક છીએ કેમકે પ્રિય એવા બંધુએ કરી હીન એવા અમે કૃપણની પેઠે વરતીશું. ભાઇઓ તથા પુત્રોના શોકે કરી વિહ્વલ તથા શોકમાં પરિપ્લુત એવી વિધવા વધૂઓને જોઇશું. આ સમે તો હે રાજન્! તું એકલો સુસ્થિત છે, કેમકે જરૂર તારો સ્વર્ગમાં નિવાસ છે. અમે દારૂણ એવા નરક સંજ્ઞક દુઃખને પ્રાપ્ત થઇશું. શોકે કરી દુઃખિત તથા વિહ્વલ એવી વિધવા થએલી ધૃતરાષ્ટ્રના પુત્રની સ્ત્રિયો જરૂર અમને નિંદશે. સંજય કહે છે કે, હે ધૃતરાષ્ટ્ર ! એમ કહી અત્યંત દુઃખે કરી પીડિત એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા વારંવાર વિલાપ કરવા લાગ્યા.

एवमुक्त्वा सुदुःखार्तो निशश्वास स पार्थिवः ।
विललाप चिरं चापि धर्मपुत्रो युधिष्ठिरः ॥

इतिश्री महाभारते शल्यपर्वांतर्गतगदापर्वणि युधिष्ठिर विलापे गुर्जर-भाषायामेकोनषष्टितमोऽध्यायः ॥ ५९ ॥

અધ્યાય ૬૦ મો. બળરામને ચઢેલો ગુસ્સો.

धृतराष्ट्र उवाच—अधर्मेण हतं दृष्ट्वा राजानं माधवोत्तम ।
किमब्रवीत्तदा सूत बलदेवो महाबलः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સૂત ! અધર્મે કરી હણેલા રાજાને જોઇ, મધુકુળમાં ઉત્તમ મહા બળવાન્ બળદેવે શું કહ્યું ? હે સંજય ! તે વખતે ગદા યુદ્ધના વિશેષને જાણનાર, ગદા યુદ્ધમાં વિશારદ રોહિણી પુત્ર બલરામે જે કર્યું હોય તે મને કહે. સંજય કહે છે, હે ધૃતરાષ્ટ્ર ! ભીમસેને પગે કરી મસ્તક વિષે હણેલા તમારા પુત્રને જોઇ, પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ બળવાન હલાયુદ્ધ રામ, રાજાઓના મધ્યમાં ઉંચો હાથ કરી ઘોર એવો પીડિત સ્વર કરી, અરે ! હે ભીમ ! તને ધિક્કાર છે, તને ધિક્કાર છે, એમ કહી ગુસ્સે થયા. અરે ! આને ધિક્કાર છે, કેમકે આ ધર્મ વિગ્રહમાં નાભિથી નીચે આણે પ્રહાર કર્યો માટે જે ભીમસેને કર્યું તે ક્યાંય ગદા-યુદ્ધમાં જોયું નથી, તેમ શાસ્ત્રનો એવો નિશ્ચય છે કે ગદાયુદ્ધમાં નાભિથી હેઠલા ભાગમાં મારવું નહિ. તેમ છતાં શાસ્ત્ર ન જાણનાર મૂઢ એવો આ તો પોતાની ઇચ્છા પ્રમાણે વરતે છે. બલરામને મોટા ક્રોધ ઉત્પન્ન થયો, તે વખતે ક્રોધથી છે લાલ નેત્ર જેનાં એવા બળદેવ, મહા

સામે જોઇ, હે મહારાજ ! આવી રીતે વચન કહેવા લાગ્યા કે, હે કૃષ્ણ ! આ સમ કંઈ પ્રતિત નથી. કેવળ મારા સરખો અને અસમ છે, એટલે નથી કોઇ જે સરખો એવો છે, તેમજ આશ્રિતના દુર્બળપણાથી આશ્રય પણ નિંદાય. આ એમ કહી હળ ઉચાકી બળવાન એવા તે, ભીમસેન સામે દોડ્યા. ઉચો છે હાથ જેનો એવા તે મહાત્માનું રૂપ, અનેક ધાતુઓ કરી વિચિત્ર પ્રકારના મોટા શ્વેત પર્વત સરખું થયું. એ રીતે દોડતા તેમને વિનયયુક્ત બળવાન કેશવ ભગવાને સ્થૂળ તથા વૃત્તાકાર બાહુએ કરી ગ્રહણ કર્યા. તે વેળાએ શ્વેત તથા કૃષ્ણ એવા યદુવીર તે બેઉ, અમાવાસ્યાને દિવસે આકાશમાં રહેલા ચંદ્ર તથા સૂર્ય શોભે તેમ શોભતા હતા. અત્યંત ક્રોધાયમાન થએલા બળરામનો જાણે ક્રોધ સમાવતા હોય નહિ તેમ કેશવ ભગવાન બોલ્યા કે, પોતાની વૃદ્ધિ, મિત્રની વૃદ્ધિ, મિત્રના મિત્રનો ઉદય, શત્રુનો ક્ષય, શત્રુના મિત્રનો ક્ષય, તથા શત્રુના મિત્રના મિત્રનો ક્ષય, એ છ પ્રકાર પોતાની વૃદ્ધિના જાણવા. પોતાવિષે તથા મિત્રવિષે જ્યારે વિપરીત થાય ત્યારે મનને ગ્લાનિ ઉપજે પણ તત્કાળ તેની શાંતિ કરવી, પણ પ્રકૃતિમાં તો શુદ્ધ પૌરૂષવાળા પાંડવ આપણા સહજ મિત્ર છે; કેમકે આપણી ફોઇના પુત્ર છે. તેમને પારકાઓએ અત્યંત છેતર્યા ત્યારે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવું, એ ક્ષાત્રયનો ધર્મ છે, ભીમસેને સભાતળ વિષે પૂર્વે પ્રતિજ્ઞા કરી હતી કે મહા સંગ્રામમાં દુર્યોધનના સાથળ ગદાએ કરી હું ભાગીશ. તેમજ મહર્ષિ એવા મૈત્રેયે પણ પૂર્વે તેને શાપ દીધો હતો કે ભીમસેન, ગદાએ કરી તારા સાથળ ભાગી નાંખશે, માટે હે પ્રલંબાસુરને મારનાર ! તેનો દોષ હું દેખતો નથી અને તમે પણ ક્રોધ કરો માં; કેમકે પોતાના એવા સુખને આપનારા હાર્દવાળા પાંડવ સાથે આપણે યૌવન સંબંધ છે તેથી હે પુરૂષર્ષભ ! તેમની વૃદ્ધિએ કરીનેજ આપણી વૃદ્ધિ છે વાસ્તે તમે ક્રોધ કરો માં. વાસુદેવનાં વચન સાંભળી ધર્મજ્ઞ બળરામે કહ્યું કે, સત્પુરૂષોએ સારી રીતે આચરણ કરેલા ધર્મ, અર્થ તથા કામે કરી સંકોચને પ્રાપ્ત થવાય છે. અત્યંત અર્થમાં લુબ્ધ એવા પુરૂષનો અર્થ સંકોચને પ્રાપ્ત થાય છે. કામનું સેવન કરતાં ધર્મ તથા અર્થને પીડિત ન કરે, અર્થ સેવન કરતાં ધર્મ તથા કામને પીડિત ન કરે અને ધર્મ સેવતાં કામ તથા અર્થને પીડિત ન કરે, એ રીતે જે ધર્મ, અર્થ તથા કામને સેવે તેને અત્યંત સુખ પ્રાપ્ત થાય છે. હે ગોવિંદ ! ભીમસેને ધર્મને પીડવાથી આ સર્વ વ્યાકુળ થયું છે. તું પણ ઇચ્છા પ્રમાણે મારા પ્રત્યે કહે છે, કંઇ ધર્મ નથી જોવાતો. અર્થમાં લુબ્ધ એવા ભીમસેને પૂર્વે કહેલા માર્ગને ઉલ્લંઘન કર્યો છે. બલરામનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે, ધર્મવત્સલ તથા ધર્માત્મા એવા તમે નિરંતર અક્રોધપણું તરીકે લોકમાં વિખ્યાત છો વાસ્તે શાંતિને પ્રાપ્ત થાઓ અને ક્રોધ કરો માં, કેમકે હાલ કલિયુગ પ્રાપ્ત થયો છે; તેમ પાંડવની તેવી પ્રતિજ્ઞા પણ હતી એમ જાણો, એટલે કે કલિયુગના આરંભમાં એટલું પાપ ખેદ કરનાર થવું જોઇએ નહિ. પાંડુપુત્ર ભીમસેને કરેલી પ્રતિજ્ઞા તથા વૈરના અનૃણીપણાને તે પ્રાપ્ત થાઓ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે વિશાંપતે ! એ રીતે કેશવ ભગવાનથી પણ ધર્મ સંબંધી છળને સાંભળી, નથી પ્રસન્ન મન જેનું એવા બલરામ, સભાના મધ્યમાં ભાષી બોલવા લાગ્યા કે, ધર્માત્મા એવા દુર્યોધન રાજાને અધર્મથી હણી પાંડુપુત્ર ભીમસેન આ લોકમાં કપટયોધી એવી ખ્યાતિ પામશે. સરલતાથી યુદ્ધ કરનાર હણાયલો ધૃતરાષ્ટ્ર પુત્ર ધર્માત્મા દુર્યોધન રાજા સંગ્રામ દીક્ષા વિષે પ્રવિષ્ટ થઇ મોટા રણયજ્ઞને વિસ્તારી, શત્રુ રૂપી અગ્નિ વિષે

પોતાના આત્માને હોમી, યજ્ઞરૂપ અવભૃથને પ્રાપ્ત થયો, માટે તે તો ઉત્તમ ગતિને પ્રાપ્ત થશે. આમ કહી રથમાં બેસી શ્વેત વાદળના શિખર સરખો છે આકાર જેનો એવા પ્રતાપવાન રોહિણીપુત્ર બળરામ, હે વિશાંપતે ! દ્વારકાં તરફ ગયા. અને શ્રીકૃષ્ણ સહિત પાંડવ તથા પંચાલ, નથી અત્યંત પ્રસન્ન મન જેમનું એવા ચિંતામાં તત્પર નીચું જોઇ રહેલા શોક કરી હણાયો છે સંકલ્પ જેનો એવા થઇ રહ્યા. પછી દીન થયેલા યુધિષ્ઠિર પ્રત્યે વાસુદેવ ભગવાને કહ્યું કે, હે ધર્મરાજ ! હે નરાધિપ ! તમે આ અધર્મ થાય છે, એમ શું કરવા માનો છો ? ધર્મજ્ઞ એવા તમે, હણાયા છે બંધુ જેના અને પડેલા બેભાન સરખા દુર્યોધનના મસ્તકને ભીમસેન પગે કરી મર્દન કરે છે તેની કેમ ઉપેક્ષા કરો છો. વાસુદેવનાં વચન સાંભળી યુધિષ્ઠિર કહેવા લાગ્યા કે, હે કૃષ્ણ ! ભીમસેન ક્રોધથી પગે કરી દુર્યોધન રાજાના મસ્તકને સ્પર્શ કરે છે એ મને પ્રિય નથી, તેમ કુળનો ક્ષય થવાથી હું પ્રસન્ન પણ થતો નથી, તથાપિ ધૃતરાષ્ટ્રના પુત્રોએ ઠગાઇ કરી નિરંતર અમને છેતર્યા, તેમ ઘણાંક કઠોર વચન કહી અમને વન પ્રત્યે મોકલ્યા, તે ભીમસેનના હૃદયમાં સાલે છે, એમ વિચારી હે વાર્ષ્ણેય ! એની મેં ઉપેક્ષા કરી, માટે કામવશ થએલા દુષ્ટબુદ્ધિવાળા લુબ્ધ દુર્યોધનને હણી ધર્મ વા અધર્મ કરી ભીમસેન કામનાને પ્રાપ્ત થયો છે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે ધર્મરાજાએ કહ્યું તે સાંભળી વાસુદેવ ભગવાને આવી રીતે કહ્યું કે, એની ઇચ્છા પ્રમાણે હો. એ રીતે ભીમનું પ્રિય તથા હિત ઇચ્છનાર વાસુદેવે યુધિષ્ઠિરને કહ્યું એટલે યુધિષ્ઠિરે ભીમસેને યુદ્ધવિષે જે કર્યું હતું તે સર્વ સ્વીકારી લીધું. અસહનશીલ એવો ભીમસેન પણ સંગ્રામ વિષે તમારા પુત્રને હણી પ્રસન્ન થએલો હર્ષથી પ્રફુલ્લિત છે નેત્ર જેનાં એવો જયશીલ મોટા તેજવાળો ધર્મરાજ એવા યુધિષ્ઠિરને પ્રણામ કરી હાથ જોડી કહેવા લાગ્યો કે, હે મહારાજ ! હણાયા છે કંટક જેમાંથી એવી કલ્યાણરૂપ સર્વ પૃથ્વી આજ હવે તમારી થઇ છે તેની રક્ષા કરો અને સ્વધર્મનું પાલન કરો. હે પૃથ્વીપતે ! છળ છે પ્રિય જેને એવા ઠગાઇથી આ વૈરનો કર્તા હતો તે હણાયો. તેમજ દુઃશાસનાદિક ઉગ્ર બોલનારા સર્વ શત્રુ, રાધાપુત્ર કર્ણ તથા શકુનિ એ સર્વે હણાયા, હે મહારાજ ! રત્નોકરી સમાકીર્ણ વન તથા પર્વત સહિત આ પૃથ્વી. હણાયા છે દ્વેષી જેના એવા તમને આજ પાછી પ્રાપ્ત થઇ છે. ભીમસેનનાં વચન સાંભળી યુધિષ્ઠિર બોલ્યા કે, દુર્યોધન રાજા હણાયો વૈરના અંતને તું પ્રાપ્ત થયો ને શ્રીકૃષ્ણના મતનો આશ્રય કરી આ પૃથ્વી આપણે જીતી, ને માતા તથા ક્રોધ એ બેઉના અનૃણીપણાને પ્રાપ્ત થયા એ ઘણું સારૂં થયું, અને હે દુર્ધર્ષ ! તું જય પામે છે, તથા તેં શત્રુને પાડયો. એ પણ ઘણું સારૂં થયું છે.

दिष्ट्या गतस्त्वमानृण्यं मातुः कोपस्य चोभयोः ।
दिष्ट्या जयसि दुर्धर्ष दिष्ट्या शत्रुर्निपातितः ॥

इति श्री महाभारते शल्यपर्वान्तर्गत गदापर्वणि बलदेवसांत्वने गुर्जरभाषायां षष्टितमोऽध्यायः ॥ ६० ॥

અધ્યાય ૬૧ મો. કૃષ્ણ અને દુર્યોધનનો સંવાદ.

धृतराष्ट्र उवाच—हतं दुर्योधनं दृष्ट्वा भीमसेनेन संयुगे।
पांडवाः सृंजयाश्चैव किमकुर्वत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે સંજય! સંગ્રામમાં ભીમસેને હણેલા દુર્યોધનને જોઈ પાંડવ તથા સૃંજય શું કરતા હતા? સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! હે મહારાજ! સિંહ જેમ વનગજને મારે તેમ સંગ્રામમાં ભીમસેને હણેલા દુર્યોધનને જોઈ પ્રહૃષ્ટ છે મન જેમનું એવા કૃષ્ણ સહિત પાંડવ, પંચાલ તથા સૃંજય, પોતાનાં ઉત્તરીય વસ્ત્ર હલાવતા જયનાદ કરવા લાગ્યા. એ વખતે હર્ષયુક્ત એવા એમને આ પૃથ્વી પણ સહન કરી શકતી ન હતી. કેટલાક તો ધનુષ ખેંચતા હતા, કેટલાક પ્રત્યંચાનો શબ્દ કરતા હતા, બીજા કેટલાક મોટા શંખ વગાડતા હતા, કેટલાક દુંદુભિ નામનાં વાદ્ય વગાડતા હતા, કેટલાક ક્રીડા કરતા હતા અને કેટલાક તમારા શત્રુઓ હાસ્ય પણ કરતા હતા શૂરવીર ભીમસેનને વારંવાર આવી રીતે વચન કહેતા હતા કે, અતિશય કર્યો છે શ્રમ જેણે એવા કૌરવેંદ્ર દુર્યોધનને સંગ્રામ વિષે ગદાથી હણી આજ સંગ્રામમાં અતિ મોટું દુષ્કર એવું કર્મ તેં કર્યું. આ પરમ સંગ્રામમાં ઇંદ્ર જેમ વૃત્રાસુરનો વધ કર્યો હતો તેમ તે આ શત્રુનો વધ કર્યો, એમ મનુષ્યો હવે માનશે. વિવિધ પ્રકારના રસ્તાથી ચોતરફ મંડલાકાર થાય તે રીતે વિચરતા શૂરવીર દુર્યોધનને ભીમસેન વિના બીજો કોણ હણે? હે વીર! બીજાઓએ અત્યંત દુર્ગમ એવા વૈરના પારને તું પ્રાપ્ત થયો છે. આ કાર્ય તારા વગર બીજો કોઈ કરવા સમર્થ થાત નહિ. હે વીર! સંગ્રામ વચ્ચે મદોન્મત્ત હસ્તિની પેઠે તેં પગે કરી દુર્યોધનના મસ્તકને મર્દન કર્યું એ પણ ઘણું સારું થયું. હે અનઘ! ઉત્તમ સંગ્રામ કરી સિંહ જેમ મહિષના રૂધિરનું પાન કરે તેમ દુઃશાસનનું રૂધિર તેં પીધું તે પણ ઘણું સારું થયું. જેઓ ધર્માત્મા યુધિષ્ઠિર રાજાનો તિરસ્કાર કરતા હતા તેમના મસ્તક વિષે તેં પગ મૂક્યો એ પણ ઘણું સારું થયું. હે ભીમ! શત્રુઓને માથે પગ મૂકવાથી તથા દુર્યોધનનો વધ કરવાથી તારો અત્યંત મોટો યશ પૃથ્વી વિષે વિખ્યાત થયો છે. હે ભારત! વૃત્રાસુરને હણવાથી ઇન્દ્રને જેમ બંદિજન વખાણે છે તેમ હણ્યા છે શત્રુ જેણે એવા તને અમે વખાણીએ છીએ. હે ભારત! દુર્યોધનનો વધ થયો તે વખતે અમારાં રૂવાં ઉભાં થયાં હતાં તે હજી શમતાં નથી, એમ તું જાણ. એ રીતે ભીમસેન પ્રત્યે કહેતા એવા ત્યાં એકઠા મળેલા ચારણ તથા અયોગ્ય બોલતા એવા પુરૂષમાં સિંહરૂપ પ્રસન્ન થએલા પાંડવ સહિત પંચાલો પ્રત્યે મધુસૂદન ભગવાન આવી રીતે કહેવા લાગ્યા.

શ્રીકૃષ્ણ—હે રાજાઓ! હણાયલા શત્રુને ફરીથી ઉગ્ર વાણીએ કરી વારંવાર હણવો એ કંઇ ન્યાય નથી. મંદબુદ્ધિવાળો લજ્જા વગરનો લોભી, પાપીઓ છે સહાય જેને એવો આ દુષ્ટ, જ્યારે વિદુર, દ્રોણ, કૃપ, ગાંગેય તથા સૃંજયોએ, પાંડવ વાસ્તે તેમના પિતાના ભાગની માગણી કરી તે ન આપતાં સંબંધિની આજ્ઞા ઉલંઘન કરી હાલ કર્મે કરીને હણાયો છે. પુરૂષમાં અધમ એવા આને જોઇયે તો શત્રુ હોય ને જોઇયે તો મિત્ર હોય, પણ હવે વાણીએ કરી તિરસ્કાર કરવો યોગ્ય નથી. કાષ્ઠ જેવા જડને અતિ નમાવવાથી શું? માટે હે રાજાઓ! જલદી રથ વિષે બેસો એટલે આપણે તંબુપર જઇએ. ચાકર, જ્ઞાતિ તથા બાંધવ સહિત પાપાત્મા એવો આ હણાયો એ ઘણું સારું થયું.

શ્રીકૃષ્ણથી એવો તિરસ્કાર સાંભળી ક્રોધવશ થએલો દુર્યોધન રાજા, સાથળના ઉપલા ભાગથી બેઠો થઇ બે હાથથી પૃથ્વીનો આશ્રય કરી, કપાઇ ગયુ છે પુચ્છ જેનું એવા, અર્ધ ઉંચકેલા શરીરવાળા ક્રોધાયમાન થએલા સર્પ સરખું થયું છે રૂપ જેનું એવો દુર્યોધન, વાંકી છે ભ્રકુટિ જેની એવી દૃષ્ટિથી વાસુદેવ સામે જોઇ પ્રાણાંત કરનારી તે ઘોર વેદનાને ન ચિંતવતાં ઉગ્ર વાણીથી તેમને પીડતાં કહેવા લાગ્યો કે, હે કંસના દાસના પુત્ર! હજી એટલું કર્યું તોય તને લાજ નથી. ગદાયુદ્ધમાં અધર્મે કરી ભીમસેનને 'અના સાથળ ભેદ' એમ મિથ્યા સ્મૃતિ આપી મને પાડ્યો તે વાત તેં અર્જુનને કહી તે શું મેં નહોતું જાણ્યું? તેમજ સરલતાથી યુદ્ધ કરનાર હજારો રાજાઓને ઘણાક કપટ ભરેલા ઉપાયે કરી તેં મરાવ્યા તોપણ હજી તને લાજ આવતી નથી, તેમ દયા પણ નથી? એ રીતે કપટથીજ દિવસે દિવસ શૂરવીરોનો મોટો નાશ તું કરે છે. શિખંડિને આગળ કરી તેં પિતામહ ભીષ્મને મરાવ્યા, તેમજ હે સુદુર્મતે! અશ્વત્થામા છે નામ જેનું એવા હસ્તિને મારી જુઠું બોલી આચાર્ય પાસેથી શસ્ત્ર મુકાવ્યાં તે વખતે, ક્રૂર એવા ધૃષ્ટદ્યુમ્ને તારા જોતાં તેમને પાડ્યા તોય એને તેં વાર્યો નહિ એ શું હું જાણતો ન હતો? પાંડુ પુત્રના વધ વાસ્તે યાચના કરેલી શક્તિ તેં ઘટોત્કચ ઉપર નંખાવી માટે તારાથી બીજો વધારે પાપી કોણ? વળી કપાયો છે હાથ જેનો એવા બળવાન ભૂરિશ્રવાને તેં પ્રેરણા કરેલા મહાત્મા સાત્યકિએ હણ્યો. અર્જુનને જીતવાની ઇચ્છાથી ઉત્તમ કર્મ કરતા કર્ણને અશ્વસેન નામના સર્પને ચુકાવી જ્યારે એનું ચક્ર ગળ્યું અને તે વ્યસનથી પીડાયો ત્યારે તેને પણ તેં પડાવ્યો; જો મારી સાથે, કર્ણની સાથે તથા એકઠા મળેલા ભીષ્મ તથા દ્રોણની સાથે સરળતાથી યુદ્ધ કરાવ્યું હોત તો જરૂર તારો જય થાત નહિ. પણ શું કરીએ, અનાર્ય એવા તેં કપટ માર્ગે કરી સ્વધર્મથી ચાલનાર એવા અમને તથા બીજાઓને કપટે મરાવ્યા છે; એવાં દુર્યોધનનાં વચન સાંભળી વાસુદેવ ભગવાન બોલ્યા કે, હે ગાંધારે! તેં પાપ માર્ગનો આશ્રય કર્યો તેથી ભાઇ, સુત, બાંધવ, ગણ તથા સુહૃદ સહિત તું હણાયો છે. શૂરવીર એવા ભીષ્મ તથા દ્રોણ પણ તારા દુષ્કૃતથી હણાયા. તેમજ કર્ણ પણ તારા અશીલને અનુસરવાથી સંગ્રામમાં હણાયો. હે મૂઢ! મેં પાંડવ વાસ્તે તારી પાસે તેમના ભાગ સારૂ યાચના કરી પણ તું લોભથી તથા શકુનિના નિશ્ચયથી તે આપવા ઇચ્છતો ન હતો. તેં ભીમસેનને વિષ દીધું હતું, તેમજ હે સુદુર્મતે! માતા સહિત સર્વ પાંડવોને લાખના ઘરમાં તું બાળી દેતો હતો, દ્યૂત વખતે રજસ્વલા એવી દ્રૌપદીને સભામાં ખેંચી હતી, હે નિર્લજ્જ! હે દુષ્ટાત્મન્! ત્યારેજ તું તો વધ્ય હતો. વળી પાસાની વિદ્યા ન જાણનાર ધર્મજ્ઞ યુધિષ્ઠિરને કપટે રમનાર શકુનિ પાસે છેતરપીંડીથી પરાજય અપાવ્યો હતો તેથી સંગ્રામમાં તું હણાયો છે. તૃણબિંદુના આશ્રમ પ્રત્યે પાંડવો મૃગયા કરવા ગયા તે વખતે પાપી જયદ્રથે વનમાં દ્રૌપદીને ક્લેશ આપ્યો હતો ને એકલા અભિમન્યુને ઘણાકે માર્યો, ઇત્યાદિ તારા દોષથી હે પાપિ! તું હણાયો છે. જેટલાં જેટલાં અકાર્ય અમારાં તું કહે છે તે બધાં તારા અતિ વૈગુણ્યથી અમારે કરવાં પડ્યાં છે. બૃહસ્પતિનો કે શુક્રનો ઉપદેશ તેં સાંભળ્યો નથી; વૃદ્ધની ઉપાસના તેં કરી નથી તથા તેમનાં હિતરૂપ વચન તેં સાંભળ્યાં નથી. અતિ બળવાન એવા લોભ તથા તૃષ્ણાએ તને વશ કર્યો તેથી અકાર્ય એવાં કર્મ તેં કર્યા, માટે તેના વિપાકને તું ભોગવ. વાસુદેવ ભગવાનનાં વચન સાંભળી વળી દુર્યોધન કહેવા લાગ્યો કે, મેં તો વિધિપુરઃસર અધ્યયન કર્યું છે, દાન આપ્યાં, છે સમુદ્ર પર્યંત પૃથ્વીનું પાલન કર્યું છે શત્રુઓનાં મસ્તક ઉપર પગ મૂક્યો છે એટલે મારા જેવો સારો નિશ્ચય બીજા કોનો

છે ? તેમ સ્વધર્મથી ચાલનાર ક્ષત્રિય બંધુનું ઇષ્ટ એવું જે મરણ તે મને પ્રાપ્ત થયું છે માટે મારા જેવો સારો નિશ્ચય બીજા કોનો છે ? રાજાઓને દુર્લભ અને દેવને યોગ્ય એવા મનુષ્ય ભોગ મેં ભોગવ્યા ને ઉત્તમ એવા ઐશ્વર્યને પણ હું પ્રાપ્ત થયો, માટે મારા જેવો સારો નિશ્ચય બીજા કોનો છે ? હે અચ્યુત ! સુહૃદ તથા અનુગતસહિત હું સ્વર્ગ પ્રત્યે જાઉંછું, ને હણાયો છે સંકલ્પ જેનો એવા તમો શોચ કરતા રહેશો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! બુદ્ધિમાન કુરૂરાજનાં એ વાક્ય સમાપ્ત થયાં તે વખતે સુંદર ગંધવાળા પુષ્પનો મોટો વર્ષાદ થયો. ગંધર્વ, અત્યંત મનોહર વાદિત્ર વગાડવા લાગ્યા. અપ્સરાઓ, રાજાના યશનું ગાન કરવા લાગી, અને હે પાર્થિવ ! સિદ્ધપુરૂષો 'સાધુ સાધુ' એ રીતે ધન્ય વાણી બોલ્યા. પવિત્ર છે ગંધ જેની એવો કોમળ સુખરૂપ સુગંધિ વાયુ વાતો હતો, સર્વ દિશાએ. શોભતી હતી, ને આકાશ વૈદુર્યમણિ સરખું સ્વચ્છ થયું હતું. વાસુદેવ એ મુખ્ય જેમાં એવા તે સર્વ અતિ આશ્ચર્યરૂપ ચિન્હને જોઇ દુર્યોધનને થએલો સત્કાર જોઇ લજ્જા પામ્યા અધર્મથી હણાયલા તેમને સાંભળી શોકથી પીડિત એવાં ભીષ્મ, દ્રોણ, કર્ણ તથા ભૂરિશ્રવાનો શોચ કરવા લાગ્યા. એ રીતે ચિંતામાં તત્પર એવા દીન ચિત્તવાળા પાંડવોને જોઇ મેઘ તથા દુંદુભિના જેવો ગંભીર છે શબ્દ જેનો એવા શ્રીકૃષ્ણ, આવી રીતે કહેવા લાગ્યા કે, અતિ શીઘ્રાસ્ત્ર એવા આ દુર્યોધનને તથા પરાક્રમી તે સર્વ મહારથિઓને સરલ યુદ્ધે કરી તમે સંગ્રામમાં હણવા સમર્થ થઇ શકત નહિ. એ રીતે મોટાં ધનુષવાળો મહારથિ એવા તે સર્વ ધર્મે કરી ક્યારે પણ હણાત નહિ માટે તમારા હિતને ઇચ્છતા મેં માયાના યોગે કરી વારંવાર અનેક ઉપાયથી સર્વને સંગ્રામમાં હણ્યા. એ રીતે સંગ્રામમાં ક્યારે પણ જો હું કપટ ન કરૂં તો વિજય, પાછું રાજ્ય તથા ધન પણ પ્રાપ્ત થાય નહિ. પૃથ્વી વિષે રહેલા મહાત્મા ચાર અતિરથને ધર્મથી હણવા પોતે લોકપાલ દેવતાઓ પણ સમર્થ થઇ શકે નહિ. તેમજ હાથમાં ગદા લઇ ઉભેલા ખેદરહિત ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને પણ હાથમાં દંડ લઇ સાક્ષાત્ કાળ આવે તોપણ ધર્મથી રણમાં હણવા સમર્થ થાય નહિ, માટે બળે કરી પોતાથી અધિક તથા ઘણાક શત્રુઓ તો એવી રીતે મિથ્યા ઉપાયે કરીને વધ્ય છે વાસ્તે તેમને એવી રીતે હણ્યા તે નિમિત્ત તમારે કંઇ પણ હૃદયમાં વિચાર કરવા જેવું નથી: કેમકે પૂર્વે અસુરને હણનાર એવા દેવતાઓથી તે માર્ગ અનુગત છે, વાસ્તે સત્પુરૂષોએ અનુગત એવો માર્ગ સર્વેએ અનુગમન કરવો, એ રીતિ છે. હવે હે રાજાઓ ! કર્યું છે કૃત્ય જેમણે એવા આપણે સર્વ સાયંકાળ થવા આવ્યો, વાસ્તે અશ્વ, હસ્તિ તથા રથ સહિત નિવાસ પ્રત્યે જઇ વિસામો લઇએ. વાસુદેવ ભગવાનનાં વચન સાંભળી અત્યંત રાજી થએલા પાંડવ સહિત પંચાલ, સિંહના ટોળાની પેઠે જય શબ્દ કરવા લાગ્યા. ત્યાર પછી હે પુરૂષર્ષભ ! હણાયલા દુર્યોધનને જોઇ પ્રસન્ન થયેલા તે, શંખ વગાડવા લાગ્યા, તેમજ માધવ એવા ભગવાન પણ પોતાનો પાંચજન્ય નામનો શંખ વગાડવા લાગ્યા.

ततः प्राध्मापयन् शंखान् पांचजन्यं च माधवः ।
हृष्टा दुर्योधनं तत्र निहतं पुरुषर्षभ ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि कृष्णपांडवदुर्योधनसंवादे गुर्जर भाषायामेकषष्टितमोऽध्यायः ॥ ६१ ॥

[illegible] આરોપણ કરી છે, ને હંમેશ અત્યંત આશ્ચર્યરૂપ બીજ બનાવનાર વિશ્વકર્માએ પોતી તે પોતાની આશ્ચર્યરૂપ દિવ્ય માયા વાપરી છે કે, તે ધ્વજ પોતાના વેગે કરી સર્વ દિશાઓ એક યોજન પર્યંત દેખાને અને ઊંચી તથા આડી બાજુ ચોતરફ ફરે છે, રસ્તામાં [illegible] વૃક્ષાદિ વિંઢાઈ તેમાં વળગી રહેતો નથી. વળી તેમાં બીજી પણ વિશ્વકર્માએ રચના કરી છે કે, આકાશમાં જેમ અનેક વર્ણથી શોભિતું ઇંદ્રધનુષ પ્રકાશે પણ "આ શું છે?" એમ કળાતું નથી તેમ તે ધ્વજાના આકાર પણ અનેક જોવામાં આવે છે, તેથી "આ શું છે" એમ જોનાર જાણી શકતો નથી. વળી જેમ અગ્નિમાંથી ધુમાડો, વિચિત્ર પ્રકારના રૂપવાળા તેજ સંબંધી વર્ણોને ધારણ કરતો સૌનાં નેત્રાદિક રૂંધી આકાશમાં જાય છે, તેમ નાના પ્રકારના વર્ણોને ધારણ કરનાર ધ્વજ પણ સૌનાં નેત્રને રૂંધી આકાશમાં જાય છે. તેના રથ વિષે ભાર પણ થતો નથી, તેમ તે ક્યાંય દ્વારમાં રૂંધાઈ પણ રહેતો નથી, તેના રસ્તામાં, આકાશ, સ્વર્ગ તથા પૃથ્વીમાં પણ ક્યાંય જેની ગતિ રૂંધાતી નથી એવા, પવન સરખા વેગવાળા તથા ચિત્રરથના આપેલા દિવ્ય ઘોડા જોડેલા છે. જો તેના સો ઘોડાઓમાંથી [illegible], તોપણ પૂર્વે મળેલા વરદાનના પ્રભાવથી પાછા સો પૂરા થઈ રહે છે. વળી તે સરખાજ પરાક્રમી, શ્વેત વર્ણવાળા, મોટા, સમર્થ સમાન તેજવાળા તથા વેગે કરી વાયુ સરખા, ભીમસેનના રથમાં જોડેલા ઘોડા પણ ત્યાં શોભતા હતા. પ્રસન્ન થઈ અર્જુને આપેલા, પોતાના ઘોડા જેવા, કાબરા અંગવાળા, તેતર સરખાં ચિત્ર છે પૃષ્ટ ભાગમાં જેમને એવા હર્ષ યુક્ત ઘોડા શૂરવીર સહદેવને વેહે છે. વાયુ સરખા વેગવાળા, બળવાન તથા ઇંદ્રના આપેલા ઉત્તમ ઘોડા જેમ વૃત્રાસુરના શત્રુ ઇંદ્રને વેહે, તેમ માદ્રીપુત્ર [illegible] નકુળને વેહે છે. વળી અવસ્થા તથા પરાક્રમે કરી તેના સરખાજ, મોટા વેગવાળા, વિચિત્ર પ્રકારનાં રૂપ સંપન્ન તથા ચિત્રરથના આપેલા મોટા ઘોડા સુભદ્રાના પુત્ર અભિમન્યુ આદિ દ્રૌપદીના પુત્રોને લઈ વેહે છે.

तुल्याश्चैर्निर्वयसाविक्रमेण महाजवाश्चित्ररूपाः सदश्वाः ।
सौभद्रादीन् द्रौपदेयान् कुमारान् वहंत्यश्वादेवदत्ता बृहंतः ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजयवाक्ये [illegible]रभाषायां षट्पंचाशत्तमोऽध्यायः ॥ ५६ ॥

અધ્યાય ૫૭ મો. પાંડવોની મદદે આવેલા રાજાઓ.

धृतराष्ट्र उवाच—कांस्तत्र संजयापश्यः प्रीत्यर्थेन समागतान् ।
ये योत्स्यते पांडवार्थे पुत्रस्य मम वाहिनीं ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—હે સંજય! ત્યાં પાંડવોની પ્રીતિ વાસ્તે મારા પુત્રની સેના સાથે યુદ્ધ કરવા આવેલા ક્યા રાજાઓને તેં જોયા તે કહે? ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજય કહે છે કે, મેં ત્યાં અંધક તથા વૃષ્ણિકુળમાં મુખ્ય શ્રીકૃષ્ણને આવેલા જોયા. તેમજ [illegible] મહારથિ ચેકિતાન તથા સાત્યકિ એ બેઉ જણ એક એક અક્ષૌહિણી સહિત પાંડવોની મદદે આવેલા છે. શિખંડિયે રક્ષા કરેલો પંચાળ દેશનો દ્રુપદ રાજા અક્ષૌહિણી સેના સાથે [illegible] આદિ [illegible] પુત્ર તથા સત્યજિત એ મુખ્ય જેમાં એવો અક્ષૌહિણી સહિત [illegible]

અધ્યાય ૬૨ મો. પાંડવોનું છાવણીમાં આવવું.

સંજય ઉવાચ—તતસ્તેપ્રયયુ: સર્વે નિવાસાય મહીક્ષિત: ।
શંખાન્ પ્રધ્માપયંતો વૈ હૃષ્ટા: પરિઘબાહવ: ॥૧॥

સંજય કહે છે—પછી ભોગળ સરખા છે બાહુ જેમના એવા પ્રસન્ન થએલા સર્વે રાજાઓ, શંખ વગાડતા નિવાસ પ્રત્યે ગયા. હે વિશાંપતે! આપણા તંબુ પ્રત્યે જતા પાંડવોની પાછળ મોટા ધનુષવાળો યુયુત્સુ તથા સાત્યકિ પણ ગયો. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ, દ્રૌપદીના પુત્ર તથા મોટાં ધનુષવાળા બીજાઓ પણ પોતપોતાના તંબુ પ્રત્યે ગયા. પછી પાંડવ, હણાઇ છે કાંતિ તથા પતિ જેના, જતાં રહ્યાં છે માણસ જેમાંથી એવા રંગમંડપ સરખા, ઉત્સવ રહિત શહેર તથા હરણ કર્યો છે સર્પ જેમાંથી એવા હ્રદ સરખા અને સ્ત્રિયોએ, નપુંસકોએ તથા વૃદ્ધ ચાકરોએ આશ્રય કરેલા દુર્યોધનના તંબુ પ્રત્યે પ્રવિષ્ટ થયા. તે વખતે હે રાજન્! ભગવાં તથા મલિન છે વસ્ત્ર જેમનાં એવા દુર્યોધનના ચાકરો, હાથ જોડી તેમની પાસે આવી ઉભા રહ્યા. એ રીતે હે મહારાજ! કુરૂરાજના શિબિર પ્રત્યે પ્રાપ્ત થઇ રથિમાં અનંત શ્રેષ્ઠ એવા પાંડવ, રથ ઉપરથી નીચે ઉતરવા લાગ્યા. તે વખતે નિરંતર અર્જુનના પ્રિય તથા હિત વિષે રહેલા કેશવ ભગવાને, ગાંડીવ ધનુષ ધરનાર અર્જુન પ્રત્યે કહ્યું કે, હે ભરતસત્તમ! હે અનઘ! પ્રથમ અક્ષય એવા તારા બે મોટા ભાથા તથા ગાંડીવને નીચે ઉતારી તું પણ મારી પેઠે આજ નીચે ઉતરી પડ, ને હું પાછળથી ઉતરીશ, એમ કરવાથી તારૂં શ્રેય છે. ભગવાનનાં વચન સાંભળી શૂરવીર પાંડુપુત્ર અર્જુને તેજ પ્રમાણે કર્યું. ત્યાર પછી મેધાવી એવા કૃષ્ણ ભગવાન ઘોડાઓની રાશોને છોડી દઈ અર્જુનના રથ ઉપરથી નીચે ઉતરી પડ્યા, એ રીતે સર્વભૂતના ઇશ્વર એવા મહાત્મા ભગવાન રથ ઉપરથી નીચે ઉતર્યા તેટલામાં ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનનો ધ્વજરૂપ જે દિવ્ય વાનર હતો તે અંતર્ધ્યાન થઇ ગયો. દ્રોણ તથા કર્ણે દિવ્ય અસ્ત્રે કરી બાળેલો અર્જુનનો મોટો રથ પણ કોઇ પ્રદીપ્ત દાન કરેલા અગ્નિએ કરી પ્રજ્વલિત થઈ ભાથા, રાશ, અશ્વ તથા જોતર સહિત ભસ્મીભૂત થઇ ગયો. હે પ્રભો! હે રાજન્! એ રીતે ભસ્મીભૂત થએલા રથને જોઇ પાંડવો વિસ્મિત થયા. અર્જુને પણ હાથ જોડી વિનયથી ભગવાનને પ્રણામ કરી આવી રીતે પૂછ્યું કે, હે ભગવાન્! હે ગોવિંદ! આ રથ અગ્નિએ કરી કેમ બળી ગયો? હે યદુનંદન! હે મહાબાહો! આતે શું મોટું આશ્ચર્ય થયું તે મારે સાંભળવા યોગ્ય હોય તો મને કહો. અર્જુનનાં વચન સાંભળી વાસુદેવ ભગવાને કહ્યું કે—હે અર્જુન! હે પરંતપ! આ રથ પૂર્વેજ બહુ પ્રકારના અસ્ત્રે કરી બળેલો હતો પણ મારાથી અધિષ્ઠિત હતો તેથી વિખરાયો નહિ ને હવે આજ તારૂં કાર્ય થઇ રહ્યું માટે હે કૌંતેય! મેં મૂકેલો આ રથ, બ્રહ્માસ્ત્રના તેજે કરી બળી ગયો. એ રીતે અર્જુનને કહી કંઇક હાસ્ય કરતા શત્રુને હણનાર કેશવ ભગવાન, યુધિષ્ઠિર રાજાને વળી કહેવા લાગ્યા કે, હે કૌંતેય! તમે જયને પ્રાપ્ત થયા. એ ઘણું સારૂં થયું, ને તમે શત્રુઓને જીત્યા એ પણ ઘણું સારૂં થયું. હે રાજન્! ગાંડિવ ધનુષ્ય ધરનાર અર્જુન, પાંડુપુત્ર ભીમસેન, તમે તથા માદ્રીપુત્ર નકુળ સહદેવ પણ કુશળ છો એ ઘણું સારૂં થયું. કેમ કે હણાયા છે દ્વેષિઓ જેમાંથી એવા શૂરવીરના ક્ષયવાળા આ સંગ્રામથી તમો મુક્ત થયા માટે હવે હે ભારત! ઉત્તર કાલીન જે કાર્ય હોય તે કરો.' જે વખતે ગાંડીવ ધનુષ ધરનાર અર્જુન સહિત હું ઉપપ્લવ્ય આવ્યો તે વખતે પૂર્વે મારી પૂજા વાસ્તે મધુપર્ક આણી તમે મને કહ્યું હતું

કે હે કૃષ્ણ ! આ અર્જુન તમારો સખા તથા ભાઇ છે માટે હે મહાબાહો ! હે પ્રભો ! સર્વ આપદ્ વિષે તમારે એની રક્ષા કરવી, એ રીતે તમારૂં કહેવું સાંભળી 'ઠીક તેમ કરીશ,' એમ મેં તમને કહ્યું હતું. વિજયી સત્ય પરાક્રમવાળા શૂરવીર અર્જુનની ભાઇઓ સહિત તેં રક્ષા કરી એ રીતે વીરનો જેમાં ક્ષય છે એવા, રૂંવાં ઉભા કરનાર આ સંગ્રામથી તે બચ્યો. શ્રીકૃષ્ણે જેને આમ કહ્યું હતું એવા હર્ષથી રૂંવાં ઉભાં થએલા ધર્મરાજ યુધિષ્ઠિર જનાર્દન ભગવાન પ્રત્યે પાછા આવી રીતે કહેવા લાગ્યા કે, હે અરિમર્દન ! દ્રોણ તથા કર્ણે મૂકેલા એવા બ્રહ્માસ્ત્રને કદી વજ્ર ધરનાર સાક્ષાત્ ઇન્દ્ર હોય તોપણ તમવિના બીજો કોણ સહન કરે ? સંશપ્તકગણને પણ તમારા પ્રસાદથી અમે જીત્યા. મહા સંગ્રામમાં ગએલો પાર્થ જે વિમુખ ન થયો તે પણ તમારા પ્રસાદથીજ, તેમજ હે મહાબાહો ! ઘણીક રીતે તમારા કર્મનો વિસ્તાર તથા તમારી શુભ એવી ગતિ મેં જોઇ. ઉપપ્લવ્યમાં કૃષ્ણ એવા દ્વૈપાયન વ્યાસજીએ પણ મને કહ્યું હતું કે 'જ્યાં ધર્મ ત્યાં કૃષ્ણ, ને જ્યાં કૃષ્ણ ત્યાં જય,' શૂરવીરો તમારા તંબુ પ્રત્યે પ્રવેશ કરી હે ભારત ! કોશ, રત્ન, સમૃદ્ધિના સંચય, રૂપું, સુવર્ણ મણિ, મૌક્તિક, મુખ્ય એવાં ભૂષણ કંબલ, મૃગચર્મ, અસંખ્ય દાસી તથા દાસ, રાજ્યના ઉપકરણ, અક્ષય એવા તમારા આશ્રયને પ્રાપ્ત થઇ જીત્યા છે, શત્રુઓ જેમણે એવા મોટા ભાગ્યવાળા થયા. હે નરેન્દ્ર ! શબ્દ કરતા તેઓ પછી વાહનને છોડી ઉતારો કરી સર્વ પાંડવો તથા સાત્યકિ ત્યાં બેઠા. હે મહારાજ ! મોટા યશવાળા વાસુદેવ ભગવાને કહ્યું કે, આપણે આજ કલ્યાણ વાસ્તે તંબુ બહાર વસવું. 'બહુ સારૂં' એમ કહી વાસુદેવ સહિત પાંડવ તથા સાત્યકિ મંગલ વાસ્તે તંબુમાંથી પાછા બહાર ગયા. હે નૃપ ! હણાયા છે શત્રુ જેમના એવા પાંડવ, પવિત્ર એવી ઓઘવતી નદીના તટ પ્રત્યે જઇ તે રાત્રિ ત્યાં નિવાસ કરી રહ્યા. પછી યુધિષ્ઠિર રાજાએ આ વખતે આમ કરવું જોઇએ, એવો મનમાં વિચાર કરી વાસુદેવ ભગવાનને કહ્યું કે, હે માધવ ! હે અરિંદમ ! ક્રોધેકરી દીપ્ત એવી ગાંધારીને શાંત કરવા સારૂ આ વખતે ત્યાં તમારૂં ગમન મને રૂચે છે. વાસ્તે ત્યાં જઇ હેતુકારણ યુક્ત વખતને અનુસરતાં વાક્યે કરી હે મહાભાગ ! ગાંધારીને શાંત કરો. પિતામહ એવા ભગવાન વ્યાસ પણ હાલ ત્યાં હશે. એમ કહી પાંડવોએ યાદવ એવા ભગવાનને હસ્તિનાપુર મોકલ્યા. તે વખતે પ્રતાપવાન એવા વાસુદેવ ભગવાન પણ દારૂક છે સારથિ જેનો એવા રથમાં બેસી વેગે કરી જલદી જ્યાં અંબિકા પુત્ર ધૃતરાષ્ટ્ર રાજા હતા ત્યાં જવા લાગ્યા. શૈબ્ય તથા સુગ્રીવ છે વાહન જેના એવા હસ્તિનાપુર પ્રત્યે જતા ભગવાનને પાંડવોએ કહ્યું કે, હણાયા છે પુત્ર જેના એવી યશસ્વિની ગાંધારીને ત્યાં જઈ આશ્વાસના કરો, એવી રીતે પાંડવોએ જે કહ્યું છે એવા યાદવોમાં શ્રેષ્ઠ ભગવાન, હસ્તિનાપુર પ્રત્યે જઇ હણાયા છે પુત્ર જેના એવી ગાંધારીને મળ્યા.

स प्रायात्पांडवेयकस्तत्पुरं सात्वतांवरः ।
आससाद ततः क्षिप्रं गांधारीं निहतात्मजां ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि वासुदेववाक्ये गुर्जरभाषायां द्विषष्ठितमोऽध्यायः ॥ ६२ ॥

અધ્યાય ૬૩ મો. ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને આશ્વાસન.

जनमेजय उवाच—किमर्थं द्विजशार्दूल धर्मराजो युधिष्ठिरः ।
गांधार्याः प्रेषयामास वासुदेवं परंतपं ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન ! હે દ્વિજશાર્દૂલ ! ધર્મરાજ યુધિષ્ઠિરે શત્રુને તપાવનાર વાસુદેવ ભગવાનને ગાંધારી પાસે શું કરવા મોકલ્યા? પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાન શાંતિ માટે કૌરવો પાસે ગયા હતા પણ તેમ ન થવાથી આ યુદ્ધ થયું. હવે તો યોદ્ધાઓ સહિત દુર્યોધન હણાયો, નથી કોઈ શત્રુ જેમાં એવી પૃથ્વી પાંડવોને પ્રાપ્ત થઇ, ઉત્તમ એવો યશ મળ્યો. અને કૌરવોના તંબુ શૂન્ય થયા, તોપણ હે બ્રહ્મન્! વળી શ્રીકૃષ્ણ ત્યાં ગયા તેનું શું કારણ તે મને કહો? હે બ્રહ્મન્! જે કાર્ય માટે અમેય આત્મા જનાર્દન ભગવાન પોતે ગયા તે કામનું કારણ કંઈ સ્વલ્પ નહિ હોય, એમ મને ભાસે છે; માટે હે અધ્વર્યુસત્તમ! એ બધું કારણ મને કહો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! હે પાર્થિવ! હે ભરતર્ષભ! તેં જે મને પૂછ્યું તે તારો પ્રશ્ન યુક્ત છે માટે તેનો ઉત્તર હું તને કહું, તે સાંભળ. હે રાજન્! ગદાયુદ્ધની રીતિને છોડી દઇ સંગ્રામમાં ભીમસેને અન્યાયે કરી હણેલા મહા બળવાન દુર્યોધનને જોઇ યુધિષ્ઠિરને ભય પ્રાપ્ત થયો. ઘોર તપે કરી યુક્ત મોટા ભાગ્યવાળી તપસ્વિની ગાંધારી જો ક્રોધ કરે તો ત્રૈલોક્યને બાળી મુકે એવાં છે, માટે આપણે આ રીતે કરેલા તેના પુત્રવધને સાંભળી તે જો ક્રોધ કરશે તો માનસાગ્નિએ કરી આપણને ભસ્મ કરી નાંખશે; કેમકે આ તીવ્ર એવાં દુઃખને તે કેમ સહન કરી શકશે? ક્રોધેકરી દીપ્ત ગાંધારીનું પૂર્વેજ શમન થવું જોઇએ, એવો વિચાર કરી ભય તથા શોકયુક્ત યુધિષ્ઠિર રાજા, વાસુદેવ ભગવાન પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યા કે, હે ગોવિંદ! હે અચ્યુત! મને ફરીને પણ ન પ્રાપ્ય એવું આ કંટકરહિત રાજ્ય, તમારા પ્રસાદથી અમને પ્રાપ્ત થયું; તેમ હે મહાબાહો! હે યાદવનંદન! રૂવાં ઉભાં કરનાર સંગ્રામ વિષે મારી સમક્ષ અત્યંત મોટા વિમર્દને તમે પ્રાપ્ત થયા. પૂર્વે દેવાસુર યુદ્ધમાં દૈત્યોના વધ વાસ્તે તમે જેમ દેવતાઓની સહાયતા કરી હતી અને દૈત્યોને હણ્યા હતા, તેમ હે અચ્યુત! હે મહાબાહો! હે વાર્ષ્ણેય! તમે અમારી સહાયતા કરી સારથિપણાથી અમારૂં રક્ષણ કર્યું છે. મહા સંગ્રામમાં અર્જુનના તમે નાથ ન હોત તો સંગ્રામમાં આ સૈન્યરૂપી સમુદ્રને તરવા સમર્થ થવાત નહિ, તેમ ધનુષ્ક ગદાના પ્રહાર, ભાલા, શક્તિ, ગુરંજ, ફરશી તથા વજ્રના સ્પર્શની જેમને ઉપમા અપાય એવા બીજા શસ્ત્રોના પ્રહાર તમે સહન કર્યા, તેમજ અત્યંત પરૂષ એવી વાણી પણ સાંભળી, પણ હે અચ્યુત! દુર્યોધન હણાવાથી તે બધાં તમારાં દુઃખ સફળ થયાં. હે કૃષ્ણ! તે બધું જે રીતે પાછું નાશ ન થાય તેમ કરો. હે કૃષ્ણ! હે માધવ! હે મહાબાહો! આપણો જય તો થયો. પણ ગાંધારી ક્રોધ કરશે તો, આપણે તથા આપણું રાજ્ય રહેશે કે નહીં રહે, એવી રીતના સંદેહરૂપી હિંદોળે મારૂં ચિત્ત ચઢ્યું છે, કારણ મોટાં ભાગ્યવાળી, નિરંતર ઉગ્ર તપે કરી કર્ષિત એવી તે, પુત્ર તથા પૌત્રનો વધ સાંભળી, જરૂર આપણને બાળી નાખશે. હે વીર! આ વખતે તેને પ્રસન્ન કરવી જોઇએ. હે પુરૂષોત્તમ! પુત્રના દુઃખથી પીડિત, ક્રોધથી તામ્ર કરેલાં લોચનવાળી તેને જોવા તમારા વિના બીજો કોણ સમર્થ થાય? હે માધવ! હે અરિંદમ! ક્રોધે કરી પ્રદીપ્ત ગાંધારીને શાંત કરવા વાસ્તે તમે ત્યાં જાઓ. હે મહાબાહો! લોકના કર્તા

વિકર્તા તથા ઉત્પત્તિ, નાશ કરનાર તમો ત્યાં જઇ અમથી થયેલા અપરાધ તથા અવશ્ય ભાવ કારણયુક્ત વખતને અનુસરતા વાક્યે કરી ગાંધારીને શાંત પાડો. તેમ ભગવાન પિતામહ વ્યાસજી પણ ત્યાં હશે, વાસ્તે હે મહાબાહો! હે યાદવોમાં શ્રેષ્ઠ! પાંડવોના હિતાર્થી એવા તમારે ગાંધારીના ક્રોધનું શમન કરવું. ધર્મરાજનાં વચન સાંભળી યાદવકુળમાં ઉત્પન્ન થએલા શ્રીકૃષ્ણે, તેમની રજા લઇ પોતાના દારૂક સારથિને કહ્યું કે, રથને તૈયાર કર. કેશવ ભગવાનનાં વચન સાંભળી ઉતાવળા થએલા દારૂક સારથિએ તૈયાર કરેલો રથ, મહાત્મા કેશવ ભગવાન આગળ લઇ આવી નિવેદન કર્યો. રથમાં બેસી શત્રુને તપાવનાર, યાદવ કુળમાં શ્રેષ્ઠ, સમર્થ એવા કેશવ ભગવાન, હસ્તિનાપુર જવા લાગ્યા. એ રીતે હે મહારાજ! પરાક્રમી એવા મહા શૂરવીર માધવ ભગવાન. હસ્તિનાપુરમાં પ્રવેશ કરી રથના શબ્દે કરી, નગરને શબ્દાયમાન કરતા, અદીનાત્મા ધૃતરાષ્ટ્રને સૌ વિદિત કરી, ઉત્તમ રથમાંથી નીચે ઉતરી, ધૃતરાષ્ટ્રના ઘર પ્રત્યે જઇ, ત્યાં પૂર્વે આવેલા ઋષિસત્તમ એવા વ્યાસજીને જોઇ, તેના તથા ધૃતરાષ્ટ્ર રાજાના ચરણમાં પ્રણામ કરી, અવ્યગ્ર એવા યાદવશ્રેષ્ઠ જનાર્દન અધોક્ષજ કેશવ ભગવાન, મુખથી ગાંધારીને પણ પ્રણામ કરી, હે રાજેંદ્ર! ધૃતરાષ્ટ્રનો હાથ ઝાલી સુસ્વર થાય તે રીતે અત્યંત રૂદન કરી થોડા વખત સુધી શોકથી ઉત્પન્ન થએલાં અશ્રુ મૂકી પછી જળથી નેત્રને ધોઇ યથાવિધિ આચમન કરી, શત્રુને દમન કરનાર, ધૃતરાષ્ટ્ર પ્રત્યે આવી રીતે પ્રસંગ યોગ્ય વાક્ય કહેવા લાગ્યા. હે ભારત! હે પ્રભો! કાળેકરી જે વૃત્તાંત બન્યું તે બધું સારી રીતે તમારા જાણવામાં આવ્યું હશે, કેમકે વૃદ્ધ એવા તમને કાંઇ પણ અવિદિત નથી, તેમ તમારા ચિત્તને અનુસરતા સર્વ પાંડવોએ કુળનો તથા ક્ષત્રિયોનો ક્ષય કોઇ રીતે ન થાય તો સારૂં, એમ જાણી જે રીતે આ બધું કર્યું તે પણ તમારા જાણવામાં હશે. ધર્મવત્સલ યુધિષ્ઠિર ભાઇઓ સહિત શપથ લઇ તમારા અપરાધ સહન કરી ગયા તેમ દ્યૂતમાં છળે કરી જીતેલા શુદ્ધ તેમણે વનમાં નિવાસ કર્યો, નાના પ્રકારના વેષ લઇ અજ્ઞાતવાસ કર્યો. તેમજ અશક્ત હોય તેની પેઠે બીજા પણ ઘણાક ક્લેશ તેમણે સર્વદા સહન કર્યા. વળી યુદ્ધકાળે મેં પોતે ત્યાં આવી સર્વ લોકની સમક્ષ પાંચ ગામની તમારી પાસે યાચના કરી પણ કાળે પ્રેરેલા તમે લોભથી પાંચ ગામ પણ આપ્યાં નહિ, માટે હે નૃપતે! તમારા અપરાધથી સર્વ ક્ષત્રિયોનો ક્ષય થયો તેમ પૂર્વે ભીષ્મ, સોમદત્ત, બાહ્લિક, કૃપાચાર્ય, પુત્ર સહિત દ્રોણાચાર્ય તથા બુદ્ધિમાન વિદુરે પણ શાંતિ થવા સારૂ નિરંતર તમારી યાચના કરી પણ તે પ્રમાણે તમે કર્યું નહિ. એમાં તમે શું કરો? કારણ પૂર્વે ઉદ્ધત એવા આ અર્થ વિષે જેમ તમે મોહ પામી ગયા તેમજ કાળે કરી હણાયું છે ચિત્ત જેમનું એવા સર્વ મોહ પામેજ છે, માટે કાળયોગ બળવાન છે એમ જાણી આ સમે દૈવનોજ આશ્રય કરવો. હે મહાપ્રાજ્ઞ! પાંડવો વિષે તમારે દોષ મૂકવો નહિ, કેમકે મહાત્મા એવા પાંડવોને અલ્પ પણ અતિક્રમ છે નહિ. હે પરંતપ! ધર્મથી, ન્યાયથી તથા સ્નેહથી આ બધું પોતાના દોષકૃત ફળ છે, એમ જાણી પાંડુપુત્ર વિષે કંઇ પણ ક્રોધ કરવા તમે યોગ્ય નથી. તેમ હે નાથ! કુળનો વંશ, પિંડ, તથા પુત્રકૃત જે ફળ તે પણ તમારે તથા ગાંધારીને હવે પાંડવો વિષેજ રહ્યું છે. હે કુરુશાર્દૂલ! તમેં તથા યશસ્વિની ગાંધારી પાંડવો પ્રત્યે દોષ મૂકી શોચ કરો માં, અને એ બધો પોતાનો અતિક્રમ વિચારી હે ભરતર્ષભ! કલ્યાણે કરી પાંડવોની રક્ષા કરો. હું તમને નમસ્કાર કરૂં છું. હે ભરતશાર્દૂલ! હે મહાબાહો! ધર્મરાજની તમારા વિષે જે ભક્તિ છે તથા સ્વભાવથીજ જે સ્નેહ છે, તે તમે જાણો છો. ધર્મરાજ, અપકારી એવા શત્રુઓનો નાશ કરીને;

પણ દિવસ રાત્રિ મનમાં સંતાપ કર્યા કરે છે પણ સુખ પામતા નથી. તેમજ હે નરશાર્દૂલ! તમને તથા યશસ્વિની ગાંધારીને શોચ કરનો પુરૂષમાં સિંહરૂપ તે, શાંતિને પ્રાપ્ત થતો નથી. અત્યંત લજ્જાવિષ્ટ એવો તે. પુત્રના શોકે કરી અભિસંતપ્ત તથા વ્યાકુલિત છે ઇંદ્રિયો જેની એવા તમારી પાસે આવતો નથી. હે મહારાજ! યદૂત્તમ ભગવાન આમ ધૃતરાષ્ટ્રને કહી શોકે કરી પીડિત ગાંધારી પ્રત્યે પરમ વાક્ય કહેવા લાગ્યા કે–હે સૌબલેયે! હું કહું તે સાંભળીને તું શાંત થા. હે શુભે! આ લોકમાં હાલ તારા સરખી સૌભાગ્યવતી સ્ત્રી કોઇ છે નહિ અને હે રાજ્ઞિ! હે કલ્યાણિ! તે તું જાણે છે કે સભામાં મારી સમક્ષ ધર્માર્થ સહિત બેઉ પક્ષના હિતરૂપ વાક્ય તેં કહ્યાં હતાં, પણ તારા પુત્રે તે પ્રમાણે કર્યું નહિ. વળી તમે જયાર્થિ એવા દુર્યોધનને કઠોર વચન કહ્યું હતું કે, હે મૂઢ! મારૂં વચન સાંભળ અને જ્યાં 'ધર્મ ત્યાં જય છે.' હે નૃપાત્મજે! એ તમારૂં વાક્યજ પ્રાપ્ત થયું. હે કલ્યાણિ! એમ જાણી શોક માં કરો. હે મહાભાગે! તપોબળથી તમો ક્રોધદીપ્ત ચક્ષુએ કરી સચરાચર એવી પૃથ્વીને બાળવા સમર્થ છો, તથાપિ પાંડવોના વિનાશ વાસ્તે તમારી બુદ્ધિ કદાપિ પણ ન હો. વાસુદેવનાં વચન સાંભળી ગાંધારી આવી રીતે ભગવાન પ્રત્યે બોલ્યાં કે–હે મહાબાહો! હે કેશવ! જે રીતે તમે કહો છો તેજ રીતે આધિએ કરી દહ્યમાન એવી હું તેની મતિ પાંડવ વિષે ચલાયમાન થઈ હતી પણ હે જનાર્દન! તમારાં વાક્ય સાંભળી મારી મતિ પાછી સ્થિર થઇ છે. હવે હે દ્વિપદાંવર! હે કેશવ! હણાયા છે પુત્ર જેના એવા અંધ તથા વૃદ્ધ રાજાની શૂરવીર એવા પાંડવ સહિત તમે ગતિ છો, એટલું કહી વસ્ત્રથી મુખ ઢાંકી પુત્રના શોકે કરી અભિસંતપ્ત ગાંધારી, અત્યંત રૂદન કરવા લાગી. તે વખતે મહાબાહુ કેશવ ભગવાન શોકે કરી પીડિત ગાંધારીને તથા ધૃતરાષ્ટ્રને હેતુસર વાક્યથી આશ્વાસના કરી સમર્થ એવા માધવ ભગવાન અશ્વત્થામાના સંકલ્પિત ભાવને જાણી ત્યાંથી ઉભા થઇ વ્યાસજીના ચરણ વિષે મસ્તકથી પ્રણામ કરી. હે રાજેંદ્ર! કૌરવ ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહેવા લાગ્યા કે, હે કુરૂશ્રેષ્ઠ! તમે શોક કરો માં, હું જવાની રજા માગું છું. દ્રોણિનો પાપરૂપ અભિપ્રાય છે વાસ્તે હું જલદી ત્યાં જાઉં છું. તેણે રાત્રિએ પાંડવોના વધ વિષે બુદ્ધિ દેખાડી છે. ભગવાનનાં વચન સાંભળી, ગાંધારી સહિત મહાબાહુ ધૃતરાષ્ટ્રે, કેશિ દૈત્યને મારનાર કેશવ ભગવાન પ્રત્યે કહ્યું કે, હે મહાબાહો! જલદી જાઓ; અને પાંડવોનું પરિપાલન કરો. વળી ફરીથી હે જનાર્દન! તમારી સાથે હું મળીશ, એવી રીતે ધૃતરાષ્ટ્રે જેને કહ્યું છે એવા અચ્યુત ભગવાન દારૂક સહિત ત્યાંથી ઉપડયા હે રાજન્! વાસુદેવ ભગવાન ત્યાંથી ગયા પછી અમેય છે આત્મા જેનો એવા લોક નમસ્કૃત વ્યાસજી, ધૃતરાષ્ટ્ર રાજાને આશ્વાસના આપવા લાગ્યા. કર્યું છે કૃત્ય જેણે એવા ધર્માત્મા વાસુદેવ ભગવાન પણ હે નૃપ! પાંડવોને જોવાની ઇચ્છાથી હસ્તિનાપુરથી તત્રુ પ્રત્યે ગયા. ભગવાન્, રાત્રિએ તંબુ પ્રત્યે આવી પાંડવો પાસે જઇ બનેલું વૃત્તાંત તેમને કહી યુધિષ્ઠિરના મનનું સમાધાન કર્યું.

आगम्य शिबिरं रात्रौ सोऽभ्यगच्छत पांडवान् ।
तच्चतेभ्यः समाख्याय सहितस्तैः समाहितः ॥

इति श्री महाभारते शल्यपर्वांतर्गत गदापर्वणि धृतराष्ट्रगांधारीसमाश्वासने गुर्जरभाषायां त्रिषष्टितमोऽध्यायः ॥ ६३ ॥

અધ્યાય ૬૪ મો. દુર્યોધનનાં અંતિમ વચન.

धृतराष्ट्र उवाच—अधिष्ठितः पदा मूर्ध्नि भग्नसक्थो महीतले ।
शौटीर्यमानी पुत्रो मे किमभाषत संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! ભીમસેને મસ્તક વિષે પગ મૂક્યા, ભાગી ગએલાં સાથળવાળા, પૃથ્વી વિષે પડેલા તથા શૂરવીરનું જેને માન છે એવા મારા પુત્રે પછી શું કહ્યું ? હે સંજય ! પાંડવ વિષે થયું છે વૈર જેને એવા પરમ દુઃખ અને અત્યંત ક્રોધને પ્રાપ્ત થએલા રાજાએ પરમ સંગ્રામ વિષે શું કહ્યું તે તું મને કહે. સંજય કહે છે–હે રાજન્ ! હે નરપ્રિય ! સાથળ ભાગેલા રાજાએ તે વ્યસન પ્રાપ્ત થયું તે વખતે જે કહ્યું તે વૃત્તાંત હું કહું તે સાંભળો. હે રાજન્ ! ભાગી ગયા છે સાથળ જેના એવો શરીરમાં ધૂળ ભરાઇ ગએલો રાજા, પોતાના કેશ સમા કરી, દશે દિશાઓમાં જોઇ યત્નથી વળી ફરી કેશ સમા કરી સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતો ક્રોધાશ્રુએ કરી વ્યાપ્ત નેત્રથી મને જોઇ બે હાથ પૃથ્વી ઉપર પીશી અત્યંત મદોન્મત્ત હસ્તિની પેઠે પ્રકીર્ણ એવા કેશને હલાવી દાંતે કરી દાંતનો સ્પર્શ કરી નિઃશ્વાસ મૂકી મોટા પાંડુપુત્ર યુધિષ્ઠિરને નિંદતો આવી રીતે કહેવા લાગ્યો કે, શંતનુ પુત્ર ભીષ્મ, શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ કર્ણ, ગૌતમ, શકુનિ, શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણ, અશ્વત્થામા, શલ્ય તથા શૂરવીર કૃતવર્મા એટલા નાથ છતે હું આ અવસ્થાને પ્રાપ્ત થયો માટે કાળ જરૂર દુરતિક્રમ છે: એમ કહી વળી હે મહાબાહો ! મને કહ્યું કે, અગિયાર અક્ષૌહિણીનો પતિ એવો હું આ દશાને પ્રાપ્ત થયો, વાસ્તે કાળને પ્રાપ્ત થઇ તેને કોઇ અતિક્રમણ કરી શકે તેમ છે નહિ, પણ ભીમસેને જે રીતે ગદાયુદ્ધની રીતિ છોડી દઇ અધર્મથી મને હણ્યો, એ બધું તારે સંગ્રામ વિષે મારી તરફના જે જીવતા હોય તેમને કહેવું. તેમજ ભૂરિશ્રવા, કર્ણ, ભીષ્મ તથા શ્રીમાન દ્રોણ વિષે પાંડવોએ ઘણાં અત્યંત ક્રૂર કર્મ કર્યાં છે, તે પણ તારે બધાની આગળ કહેવાં, જે આવાં અપકીર્ત્તિ કરનારાં ક્રૂર કર્મ પાંડવોએ કર્યાં, જે કહેવાથી તે સાંભળનાર અસત્ એવા પાંડવો વિષે પ્રેમરહિત થઇ જશે, એવી મારી મતિ છે. ઉપાધિકૃત જયને લીધે સત્યયુક્ત પુરૂષને શું પ્રીતિ થાય ? ગદાયુદ્ધની રીતિથી ઉલટું આચરનારને બુધ પુરૂષ કોણ સારૂં કર્યું એમ કહે ? અધર્મથી જયને પામી પાપરૂપ પાંડુપુત્ર ભીમસેન જેમ પ્રસન્ન થાય છે તેમ કોણ પ્રસન્ન થાય ? ભાગ્યા છે સાથળ જેના એવા મારૂં મસ્તક કોપાયમાન થએલા ભીમસેને મર્દન કર્યું તેમાં શું આશ્ચર્ય ? પણ હે સંજય ! અત્યંત તપવા લાગેલી લક્ષ્મીએ સેવન કરેલા બંધુઓના મધ્યમાં ઉભેલા જે નર એ રીતે કરે તે સારૂં કહેવાય નહિ. હે સંજય ! મારી માતા તથા પિતા એ બેઉ યુદ્ધધર્મને જાણનારાં છે માટે મારાં વચન, દુઃખથી પીડાયલાં એવાં તેમની આગળ તું કહેજે, અને આ વૃત્તાંત પણ તેમને નિવેદન કરજે. હે સંજય ! મેં તો યજ્ઞયાગાદિક કર્યા, સારી રીતે દાસવર્ગનું પોષણ કર્યું, સમુદ્રપર્યંત પૃથ્વી પાલન કરી, જીવતાં શત્રુઓનાં મસ્તક વિષે સ્થિતિ કરી, યથાશક્તિ દાન આપ્યાં, મિત્રોનું પ્રિય કર્યું, સર્વ શત્રુઓને બાધ કર્યા, માટે મારા જેવો સારા ભાગ્યવાળો બીજો કોણ છે ? સર્વ બાંધવોને માન આપ્યું, વશ એવા માણસોનો સારી રીતે સત્કાર કર્યો તથા ધર્મ, અર્થ અને કામ પણ સેવન કર્યા વાસ્તે મારા જેવો સારા નિશ્ચયવાળો બીજો કોણ છે ? મુખ્ય રાજાઓ ઉપર મેં હુકમ કર્યો, અત્યંત દુર્લભ એવું માન મને પ્રાપ્ત થયું, તેમ કુલીન ઘોડા આદિ ઉપર બેસી મેં ગમન કર્યું માટે મારા જેવો સારા ભાગ્યવાળો બીજો કોણ ? શત્રુઓના દેશ પ્રત્યે હું

ગયો, દાસની પેઠે બાન્ધવોને નમસ્કાર, આશ્રયોનું રક્ષણ કર્યું માટે મારા જેવો સારા ભાગ્યવાળો બીજો કોણ છે? અધ્યયન કર્યું, વિધિપુરઃસર દાન આપ્યાં, નિરામય આટલું આયુષ્ય ભોગવ્યું, સ્વધર્મથી લોકને જીત્યા, વાસ્તે સારા મારા જેવા નિશ્ચયવાળો બીજો કોણ છે? સંગ્રામ વિષે શત્રુઓએ મને જીત્યો નહિ એ સારૂં થયું, પારકાઓની પાસે ચાકરની પેઠે આશ્રિત થઇ હું ન રહ્યો એ પણ ઘણું સારૂં થયું. તેમ હે વિભો! મારી વિપુલ એવી લક્ષ્મી પણ મુવા પછી બીજાઓ પાસે ગઇ એ પણ ઘણું સારૂં થયું. સ્વધર્મથી ચાલતા ક્ષત્રિયોને ઇષ્ટ એવું મરણ મને પ્રાપ્ત થયું, માટે મારા જેવો સારા નિશ્ચયવાળો બીજો કોણ છે? વૈરથી પ્રાકૃતની પેઠે જીતાયલો હું સંગ્રામમાંથી પાછો વળ્યો નહિ એ પણ ઘણું સારૂં થયું. તેમ કોઇ વિમતિને સેવી પરાજયને પણ પ્રાપ્ત ન થયો એ પણ સારૂં થયું. સુતેલાને, પ્રમત્તને, મદ્ય વિષે કરીને જેમ હણે તેમ ગદાયુદ્ધની રીતને છોડી દઇ અધર્મથી મને હણ્યો માટે એવાં મારાં વચન તારે મોટા ભાગ્યવાળા અશ્વત્થામા, સાત્વત કૃતવર્મા તથા શારદ્વત એવા કૃપાચાર્યને કહેવાં, જે અધર્મથી પ્રવર્તતા, ગદાયુદ્ધની રીતથી ઉલટા ચાલનાર પાંડવો વિશ્વાસ કરવા લાયક નથી, એમ મને કહી જાસુસ પુરૂષોને પણ સત્ય પરાક્રમવાળો રાજા એવો તમારો પુત્ર, કહેવા લાગ્યો કે, સંગ્રામમાં અધર્મે કરી ભીમસેને હણેલો હું સ્વર્ગમાં ગએલા દ્રોણ, કર્ણ, શલ્ય, મહા પરાક્રમી વૃષસેન, સુબલપુત્ર શકુનિ, મહા પરાક્રમી જલસંધ, રાજા ભગદત્ત, મોટા ધનુષ્યવાળો, સોમદત્ત, સૈંધવ જયદ્રથ, અને મારા સરખા દુઃશાસન છે મુખ્ય જેમાં એવા ભાઇઓ, વિક્રાંત એવો દૌશાસની, લક્ષ્મણ એ બે પુત્ર, એટલા એ અને બીજા પણ ઘણાક મારા યોદ્ધાઓની પાછળ હું સથવારાથી જૂદો પડી ગએલો વટેમાર્ગુ જેમ તે સથવારા પાછળ જાય તેમ જઇશ. વળી તે કહેવા લાગ્યો કે, તે તો ઠીક પણ હણાયલા ભાઇઓ તથા સ્વામિને સાંભળી અત્યંત રૂદન કરતી દુઃખથી પીડાયલી દુઃશલા મારી બેન, કેવી રીતે રહેશે? તેમ પુત્રની સ્ત્રિયો તથા પૌત્રની સ્ત્રિયો સહિત મારાં માતા ગાંધારી અને વૃદ્ધ પિતા કયી ગતિને પ્રાપ્ત થશે! હણાયો છે પુત્ર તથા સ્વામિ જેનો એવી વિસ્તીર્ણ નેત્રવાળી કલ્યાણી માતા તો જરૂર વિનાશને પ્રાપ્ત થશે, તેમ જો આ વાતાં, વાણીમાં વિશારદ એવો મોટા ભાગ્યવાળો બ્રાહ્મણનો વેષ ધરનાર રાક્ષસ ચાર્વાક જાણે તો જરૂર મારી સેવા કરે. હું તો ત્રણ લોકમાં વિખ્યાત પવિત્ર સમંતપંચક વિષે મરણ પામી શાશ્વત એવા લોકને પ્રાપ્ત થઇશ. હે મારીષ! રાજાનો પ્રલાપ સાંભળી આંસુએ કરી પૂર્ણ છે નેત્ર જેનાં એવા હજારો માણસ, દશે દિશાઓ પ્રત્યે દોડી જતા હતા, ચરાચર પ્રાણી સહિત સાગર તથા વનયુક્ત પૃથ્વી અને થાય છે કડાકા જેમાં એવી ચાર દિશાઓ પણ ચલાયમાન થતી હતી, અને તેજસ્વિતા ઝાંખી પડી હતી. તે વખતે જાસુસોએ દ્રોણપુત્રને પ્રાપ્ત થઇ બનેલું વૃત્તાંત તેની આગળ નિવેદન કરી દેખાડયું. જાસુસો તે સર્વ, ગદાયુદ્ધ વિષે થએલો અવ્યવહાર યુદ્ધવિષે રાજાનું પડવું, દ્રોણપુત્ર પાસે કહી ઘણાક વખત સુધી મનમાં વિચાર કરી પીડિત એવા તે જે રીતે આવ્યા હતા તે રીતે પાછા ગયા.

जगामाथ ततः सर्वे द्रोणपुत्रस्य भारत।
ध्यात्वा च सुचिरं कालं जग्मुरार्ता यथागतं॥

इति श्री महाभारते शल्यपर्वान्तर्गतगदापर्वणि दुर्योधनविलापे कुरुरंभाषणे चतुःषष्टितमोऽध्यायः॥६४॥

અધ્યાય ૬૫ મો. દુર્યોધનને છેલ્લું આશ્વાસન.

संजय उवाच—वार्तिकाणां सकाशात्तु श्रुत्वा दुर्योधनं हतं ।
हतशिष्टास्ततो राजन् कौरवाणां महारथाः ॥१॥

સંજય કેહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! જાસુસોથી દુર્યોધન હણાયો એ વાત સાંભળી હણતાં બાકી રહેલા કૌરવોના મહારથિઓના, તીક્ષ્ણ બાણ, ગદા, ભાલા, તથા શક્તિઓએ કરી ભેદાયાં છે અંગ જેમનાં એવા અશ્વત્થામા, કૃપાચાર્ય તથા સાત્વત કૃતવર્મા, એ ત્રણ યોદ્ધાઓ, વેગવાન અશ્વેકરી સંગ્રામમાં ભૂમિપ્રત્યે આવ્યા. ત્યાં વનમાં વાયુએ પાડેલું મોટું સાગનું વૃક્ષ હોય તેની પેઠે ભીમસેને પાડેલા, પૃથ્વી વિષે ચેષ્ટા કરતા, રૂધિરેકરી વ્યાપ્ત, અરણ્યમાં પારાધિએ પાડેલા, મોટા હસ્તિ સરખા, વારવાર આળોટતા, રૂધિરના ઓઘે કરી વ્યાપ્ત, યદચ્છાથી પડેલું જાણે સૂર્યમંડળ હોય નહિ, મોટા વાયુથી સુકાઇ ગએલા સાગર સરખા ઝાકળથી વીંટાયેલું છે મંડળ જેનું એવા પૂર્ણચંદ્ર સમાન, રજેકરી વ્યાપ્ત દીર્ઘ છે ભુજ જેના, પરાક્રમવિષે હસ્તિ સરખા, ધનને ઇચ્છતા દાસગણેકરી જેમ કોઇ અતિ શ્રેષ્ઠ રાજા વીંટાયલો હોય તેમ ઘોર એવા ભૂતગણ તથા માંસ ખાનાર પ્રાણીથી વીંટાયલા, ભ્રકુટિ ચડાવેલા, ક્રોધથી ફાડયાં છે નેત્ર જેણે એવા વ્યાઘ્ર જેમ પડયો હોય તેમ ભૂતલવિષે પડેલા મોટા ધનુષવાળા મહાત્મા દુર્યોધનને જોઇ, કૃપ છે મુખ્ય જેમાં એવા તે સર્વ રથિઓ, મોહને પ્રાપ્ત થયા. પછી રથ ઉપરથી નીચે ઉતરી રાજાની પાસે જઇ સારી રીતે જોઇ તેઓ પૃથ્વી પર બેસી ગયા. હે મહારાજ! અશ્રુએ પૂર્ણ છે નેત્ર જેનાં એવો અશ્વત્થામા, શ્વાસોચ્છ્વાસ કરી સર્વ લોકના ઇશ્વરના પણ ઇશ્વર એવા ભરતશ્રેષ્ઠ દુર્યોધન પ્રત્યે કહેવા લાગ્યો કે, જરૂર મનુષ્યવિષે કંઇ પણ સત્યતા છે નહિ, જો તેમ હોય તો હે પુરૂષવ્યાઘ્ર ! ધૂળેકરી વ્યાપ્ત એવો તું આ વખતે પૃથ્વીવિષે કેમ શયન કરે ? હે રાજેંદ્ર ! પૂર્વે રાજા થઇ સમગ્ર પૃથ્વીને હુકમ કરી નિર્જન વનમાં તું એકલો પડયો છે. હે ભરતર્ષભ ! દુઃશાસન, મહારથિ કર્ણને તથા તે સર્વ સંબંધિઓને પણ હું જોતો નથી, માટે આ તે શું ! કેમકે કાળની તથા લોકની ગતિ કોઇ રીતે દુઃખેકરી પણ જણાતી નથી. રાજા એવો તું આ વખતે ધૂળેકરી વ્યાપ્ત પૃથ્વીપર પડયો છે. શત્રુને તપાવનાર દુર્યોધન, મૂર્ધાભિષિક્ત રાજાઓમાં અગ્રેસર થઇ આ સમે તૃણ સહિત ધૂળને ગળે છે, અરે કાળનો વિપર્યય તો જૂવો. હે પાર્થિવ ! હે પાર્થિવોત્તમ ! નિર્મળ એવું તે તારૂં છત્ર ક્યાં, તારા વ્યજન ક્યાં, અને મોટી એવી તારી સેના ક્યાં ગઇ ? અવશ્ય દૈવની ગતિ દુર્વિજ્ઞેય છે, દુઃખે કરીને કોઇના જાણવામાં આવતી નથી, જેથી લોકનો ગુરૂ એવો તું આ વખતે આ દશાને પ્રાપ્ત થયો છે. ઇંદ્રની સાથે પણ અત્યંત સ્પર્ધા કરનાર એવા તારૂં દુઃખ જોઇ સર્વ મનુષ્યવિષે લક્ષ્મી અસ્થિરજ છે એવી ખાતરી થાય છે. વિશેષ કરી દુઃખિત એવા તેનાં વચન સાંભળી હે રાજન્ ! રાજા એવો તમારો પુત્ર, શોકથી ઉત્પન્ન થએલાં અશ્રુનો ત્યાગ કરી બે હાથથી નેત્ર લુછી કૃપાદિક શૂરવીર પ્રત્યે વખતને અનુસરતું આવી રીતનું વચન કહેવા લાગ્યો કે, વિધાતાએ નિર્દિષ્ટ એવો આ લોકધર્મ આવો કહેલો છે. કાળના ફેરફારથી સર્વ ભૂતનો વિનાશ થાયછે, તે આ તમારી સમક્ષ મને પ્રાપ્ત થયો જે હું પૃથ્વીને પાળી આ દશાને પ્રાપ્ત થયો તોપણ યુદ્ધમાં કોઇ પણ આપદ વિષે પાછો હઠયો નહિ એ ઘણું સારૂં થયું. પાપરૂપ એવા પાંડવોએ વિશેષ છળે કરીને મને હણ્યો એ પણ સારૂં થયું. નિરંતર યુદ્ધ કરવા પ્રત્યે મેં ઉત્સાહ કર્યો એ પણ ઘણું સારૂં થયું. હણાયા છે જ્ઞાતિ તથા બાંધવ જેના એવો હું આ

યુદ્ધમાં હણાયો એ પણ ઠીક થયું. વળી મનુષ્યનો છે ક્ષય જેમાં એવા આ સંગ્રામથી મુક્ત થએલા કલ્યાણ યુક્ત તથા નિરામય એવા તમને હું જોઉં છું એ પણ ઘણું સારૂં થયું. અનુત્તમ એવું એ મારૂં પ્રિય થયું. તમો સૌહૃદને લીધે મારા મરણથી તપાયમાન થાઓ માં, કેમકે તમે વેદને જો પ્રમાણભૂત માનતા હો તો અક્ષય એવા લોક મેં જીત્યા છે, તે વિષે અમિત તેજવાળા કૃષ્ણના પ્રભાવને હું માનું છું, તેણે સારી રીતે આચરેલા ક્ષાત્રધર્મથી મને ભ્રષ્ટ થવા દીધો નહિં, તેથી તે ક્ષાત્રધર્મને હું પ્રાપ્ત થયો છું, માટે કોઇ રીતે પણ હું તમારે શોચ કરવા યોગ્ય નથી. તમે પણ પોતાથી બને તે રીતે જયવિષે યત્ન કર્યો પણ દૈવ દુરતિક્રમ છે. એટલાં વચન કહી અશ્રુએ કરી વ્યાકુળ છે નેત્ર જેનાં એવો અત્યંત વેદનાથી વિહ્વળ રાજા, તૂષ્ણિભાવને પામ્યો. એ રીતે અશ્રુ તથા શોક સમન્વિત રાજાને જોઇ દ્રોણપુત્ર અશ્વત્થામા જગતના ક્ષય વખતે જેમ અગ્નિ પ્રજ્વલિત થાય તેમ ક્રોધેકરી પ્રજ્વલિત થયા. એ રીતે ક્રોધેકરી સમાવિષ્ટ એવો તે, હાથવિષે હાથને પીશી અશ્રુએ કરી વિહ્વળ એવી વાણીથી રાજા પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યો કે, હે રાજન્! મારા પિતાને ક્ષુદ્ર એવા પાંડવોએ અત્યંત ક્રૂર કર્મેકરી હણ્યા તથાપિ આજ તમારી અવસ્થા જોઇ હું જેવો તપું છું તેવો તેથી તપતો નથી. માટે હે પ્રભો! સત્યથી આ વચન હું કહું તે સાંભળો. ઇષ્ટાપૂર્ત્ત, દાન. ધર્મ તથા સુકૃતે કરી આજ વાસુદેવ જોતાં હું સર્વ ઉપાયેકરી સર્વ પંચાલોને યમના ઘરપ્રત્યે મોકલીશ, માટે હે મહારાજ! તમે મને આજ્ઞા આપવા યોગ્ય છો. મનને પ્રીતિ કરનારાં દ્રોણપુત્રનાં વચન સાંભળી કૌરવ દુર્યોધન, કૃપાચાર્ય પ્રત્યે આવી રીતે કહેવા લાગ્યો કે, હે આચાર્ય! જળેકરી પૂર્ણ એવો કળશ આણો. રાજાનાં વચન સાંભળી બ્રાહ્મણમાં અત્યંત શ્રેષ્ઠ એવા તે પૂર્ણ કળશ લઇ રાજાની સમીપ આવ્યા. તે સમે હે મહારાજ! હે વિશાંપતે! કૃપાચાર્યને તમારા પુત્રે કહ્યું કે, હે દ્વિજશ્રેષ્ઠ! મારી આજ્ઞાએ કરી મારૂં પ્રિય ઇચ્છતા હો તો દ્રોણ પુત્રને સેનાપતિપણાનો અભિષેક કરો. તમારૂં કલ્યાણ થાઓ, તેમ રાજાની આજ્ઞાથી ક્ષાત્રધર્મે કરી વર્તતા બ્રાહ્મણોએ વિશેષ કરી યુદ્ધ કરવું એમ ધર્મજ્ઞ પુરૂષોએ કહેલું છે. એવાં રાજાનાં વચન સાંભળી તેની આજ્ઞાથી શારદ્વત એવા કૃપાચાર્યે અશ્વત્થામાને સેનાપતિપણાનો અભિષેક કર્યો, અભિષેક કરેલો તે હે મહારાજ! રાજાને મળી સિંહનાદે કરી સર્વ દિશાઓને શબ્દાયમાન કરતો ત્યાંથી ઉઠ્યો. રૂધિરેકરી વ્યાપ્ત એવો દુર્યોધન પણ હે રાજેંદ્ર! સર્વ ભૂતને ભય આપનારી તે રાત્રિને પ્રાપ્ત થયો. એ રીતે શોકેકરી ઉદ્વિગ્ન છે મન જેમનું એવા, હે નૃપ! તે સંગ્રામથી અપક્રમણ કરી ચિંતા તથા ધ્યાનમાં તત્પર થઇ ત્યાંથી ગયા.

अपक्रम्य तु ते तूर्णं तस्मादायोधनान्नृप ।
शोकसंविग्न मनसाश्चिताध्यानपराभवन् ॥

इति श्री महाभारते शतसाहस्र्यां संहितायां वैयासिक्यां शल्यपर्वांतर्गतगदापर्वणि अश्वत्थामा सेनापत्याभिषेके गुर्जरभाषायां पंचषष्ठितमोऽध्यायः ॥ ॥ ६५ ॥

॥ शल्य पर्व समाप्तम्. ॥

પોતું માન વધારેલા સૈન્યો સામે આવ્યો છે. જરાસંધનો દીકરો મગધ દેશનો રાજા સહદેવ, અને ચેદિ દેશનો રાજા ધૃષ્ટકેતુ પણ જુદી જુદી અક્ષૌહિણી સેના લઇને આવેલા છે. સાતી ધ્વજાઓવાળા પાંચ ભાઇઓ કેકય એક અક્ષૌહિણી સેના સહિત પાંડવોની મદદે આવ્યા છે. એ રીતે પાંડવો વાસ્તે દુર્યોધનની સેના સહિત ત્યાં આવેલા રાજાઓ છે. તેમાં માનુષ, દેવ, ગંધર્વ તથા અસુર વ્યૂહને પણ જાણનાર મહારથિ ધૃષ્ટદ્યુમ્ન તો તે સેનાના અગ્રભાગે નિમાયેલો છે. શંતનુના પુત્ર ભીષ્મની સામે શિખંડિને ઠરાવેલો છે, ને તેનો પાછળથી બચાવ કરનાર મત્સ્ય દેશના યોદ્ધાઓ સહિત વિરાટ રાજા રહેશે. પાંડુપુત્ર યુધિષ્ઠિરને મદ્ર દેશના અધિપતિ બળવાન શલ્ય રાજાની સામે ઠરાવેલો છે. ત્યાં કેટલાક એમ પણ કહે છે કે, શિખંડિ તથા યુધિષ્ઠિરને ભીષ્મ તથા શલ્યની સામે યોજ્યા છે એ કંઇ અમને બરોબર લાગતું નથી. વળી પુત્ર તથા સો ભાઇયો સહિત દુર્યોધનની અને પૂર્વ તથા દક્ષિણ દિશાના સર્વ રાજાઓની સામે ભીમસેનને યોજેલો છે. સૂર્યનો પુત્ર કર્ણ, અશ્વત્થામા, વિકર્ણ, સિંધુ દેશનો રાજા જયદ્રથ તથા " પૃથ્વી વિષે અમે શૂરવીર છીયે. " એમ માનનારા જે કોઈ રાજાઓ હશે, તે સર્વની સામે અર્જુનને કલ્પેલો છે. કેકય, માળવ, શાલ્વક તથા ત્રિગર્તોમાં મુખ્ય સંશપ્તક નામે રાજાઓ છે. એ સર્વની સામે મોટા ધનુષવાળા કેકય નામના રાજપુત્ર પાંચ ભાઇયોને કલ્પેલા છે. દુર્યોધન તથા દુઃશાસન સર્વ પુત્રો બૃહદ્બલ રાજા, એ બધાની સામે અભિમન્યુને ઠરાવેલો છે. હે ભારત ! જેની સુવર્ણથી શોભાયમાન ધ્વજા છે એવા મોટા ધનુષવાળા ધૃષ્ટદ્યુમ્ન આદિ લઈ દ્રુપદ રાજાના પુત્રો દ્રોણ સામા જશે, અને ચેકિતાન રાજા રથમાં બેસી સોમદત્ત સાથે લડશે; તથા સાત્યકિ યાદવ, ભોજકુળમાં ઉત્પન્ન થયેલા કૃતવર્મા સાથે યુદ્ધ કરશે. યુદ્ધમાં ઇંદ્ર સરખો શૂરવીર માદ્રીનો પુત્ર સહદેવ તમારા સાળા સુબળના પુત્ર શકુનિ સાથે યુદ્ધ કરશે, અને કપટ કરનાર ઉલૂક રાજા તથા સરસ્વતીના તટ ઉપર રહેનાર રાજાઓના ગણોની સામે માદ્રી પુત્ર નકુળને કલ્પેલો છે. હે રાજન્ ! બીજા પણ જે જે રાજાઓ સંગ્રામમાં આવનાર છે, તે સર્વની તેમનું નામ લઇ પાંડવોએ યોગ્ય કામમાં યોજના કરી મૂકેલી છે. હે રાજન્ ! એ રીતે પાંડવોના સૈન્યના જુદા જુદા વિભાગ કરેલા છે, માટે તમારે જે કરવું હોય, તે પણ પુત્ર સહિત તમે જલદી કરી લ્યો.

સંજયનાં વચન સાંભળી વળી ધૃતરાષ્ટ્ર બોલ્યા કે, જુગાર રમનાર મૂઢ બુદ્ધિવાળા મારા પુત્ર છેજ નહીં, એમ હું માનું છું, કારણ જેમનું યુદ્ધ રણસંગ્રામના મોખરામાં બળવાન ભીમસેન સાથે થવાનું છે. વળી આવેલા સર્વ રાજાઓને પણ, જેમ યજ્ઞમાં હોમવાના પશુને યજમાન પ્રોક્ષણ કરે, તેમ કાળે પ્રોક્ષણ કરી મૂકેલા છે, માટે અગ્નિમાં જેમ પતંગિયાં પડે, તેમ તેઓ પણ યુદ્ધ વખતે ગાંડિવરૂપી અગ્નિમાં પ્રવેશ કરશે. કર્યું છે વેર જેની સાથે એવા મહાત્મા પાંડવો, જ્યારે મારા પુત્રોની સેનાને યુદ્ધ વિષે નાશ પમાડી ચોતરફ નસાડશે, ત્યારે તેની પાછળ કોઇ નહીં જાય એમ હું માનું છું. પાંડવોના સૈન્યમાં શૂરવીર, કીર્તિમાન, પ્રતાપી, અગ્નિ તથા સૂર્ય સરખા તેજવાળા, સંગ્રામને જીતનાર તથા અતિરથિ એવા નકુળ, સહદેવ, પૃષત્ગોત્રમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, દ્રુપદ, તેના ભાઇ સહિત ધૃતિમાન્, ઉત્તમ પરાક્રમવાળો પંચાળ દેશનો યુધામન્યુ, દુર્જય, શિખંડિ ક્ષત્રદેવ, વિરાટનો પુત્ર ઉત્તર, કાશી પ્રાંતના યોદ્ધા, ચેદિ દેશના યોદ્ધાઓ, મત્સ્ય, સર્વ સૃંજય, વિરાટનો પુત્ર બભ્રુ, પંચાળ દેશના રાજાઓ તથા પ્રભદ્રક ઇત્યાદિ યોદ્ધાઓ છે, જેઓએ

ॐ

श्रीमन्महाभारत.

सौप्तिक पर्व.

અધ્યાય ૧ લો. સુતેલાને હણવાનો વિચાર.

संजय उवाच—ततस्ते सहिता वीराः प्रयाता दक्षिणामुखाः ।
उपास्तमनवेलायां शिबिराभ्याशमागताः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! ત્યાર પછી દક્ષિણ તરફ પ્રયાણ કરતા કરતા એકઠા થએલા તે ત્રણવીરો સૂર્યાસ્ત સમયે પોતાના તંબુ પાસે આવ્યા. પછી તીક્ષ્ણ બાણેકરી ચોતરફ ક્ષત વિક્ષત થએલા તથા ભયભીત એવા તેઓ ઉતાવળથી વાહનને છોડી વૃક્ષાદિકે કરી ગહન એવા દેશને પ્રાપ્ત થઇ કોઇ ન જાણે તે રીતે સેનાનિવેશ સ્થાનથી થોડે દૂર જઇ બેઠા. પાછા ત્યાં બેઠા નિ:શ્વાસ મૂકી પાંડવોનુંજ ચિંતન કરતા તેઓ જયને ઇચ્છતા પાંડવોનો ભયંકર શબ્દ સાંભળી, તે પાછળ આવશે, એવા ભયથી વળી પૂર્વ તરફ ચાલ્યા. એ રીતે થાકી ગએલાં છે વાહન જેઓનાં એવા, તરસ્યા થએલા, રાજાના વધેકરી સંતપ્ત, ક્રોધ તથા અમર્ષ વશ થએલા મોટાં બાણવાળા તૃષાને પણ ન ગણકારતાં ત્યાં જઇ બે ઘડીવાર ઉભા રહ્યા. ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! ભીમસેને દશ હજાર હસ્તિના સરખા બળવાળા મારા પુત્રને પાડયો, એ તેણે અશક્ય એવું કર્મ કર્યું. હે સંજય! સર્વ, ભૂતને અવધ્ય, વજ્ર સરખા દૃઢ, જુવાન એવા મારા પુત્રને પાંડવોએ સંગ્રામ વિષે હણ્યો, પણ હે ગાવલ્ગણે! શું કરીયે, મનુષ્યોએ ભાવ્યને અતિક્રમણ કરવા સમર્થ થવાતું નથી. હે સંજય! સો પુત્ર હણાયા એમ સાંભળી સહસ્ર પ્રકારથી મ્હારૂં હૃદય વિદીર્ણ ન થયું, માટે તે પણ ખરેખર પાષાણ સરખું કઠણ છે. હણાયા છે પુત્ર જેમના એવાં અમે કેવી રીતે રહીશું? તેમ હવે હુ પાંડવના દેશમાં રહેવાનો ઉત્સાહ પણ કરતો નથી. હે સંજય! રાજાનો પિતા તથા પોતે પણ રાજા હોઇ હવે શત્રુરીજ એવા પાંડવોની આજ્ઞામાં દાસની પેઠે કેમ રહેવાય? તેમજ સર્વ પૃથ્વીને આજ્ઞા કરી, બધા રાજાઓના મસ્તક ઉપર રહેલો હું હવે પાંડવોને શરણે શા માટે રહું? જેણે એકલે મારા સો પુત્રને હણી મહાત્મા વિદુરનાં વચન સત્ય કર્યાં, તે ભીમનો દાસ થઇ હું કેમ રહી શકું અને હે સંજય! એનાં વચન પણ હું કેમ સાંભળી શકું? હે તાત! હે સંજય! એ રીતે ભીમસેને અધર્મે કરી મારા પુત્ર દુર્યોધનને હણ્યો તે પછી કૃતવર્મા, કૃપાચાર્ય ને અશ્વત્થામાએ શું કર્યું તે મને કહે?

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર! હે રાજન્! તમારી તરફના ત્રણ યોદ્ધાઓ તો સેનાના નિવેશ સ્થાનથી થોડે દૂર બે ઘડી વિસામો લઇ પ્રાપ્ત થયું છે જય જેમને એવા અશ્વેકરી સૂર્યાસ્ત સમયે નાના પ્રકારનાં વૃક્ષ તથા લતાએ કરી સંકુલ એવા મોટા ઘોર વનમાં ગયા. નાના મૃગગણે સેવન કરેલા, નાના પક્ષિગણથી વીંટાયલા, નાના પ્રકારનાં દ્રુમ તથા લતાથી ઢંકાઇ ગએલા, નાના પ્રકારના સર્પોએ સેવેલા, થોડા જળેકરી સમાકીર્ણ, નાના પુષ્પેકરી ઉપશોભિત, સેંકડો કમલિનીથી ઢંકાઇ ગએલા નીલકમળયુક્ત, ઘોર વનમાં પ્રવેશ કરી ચોતરફ નિરીક્ષણ કરતા તે, હજારો શાખાઓથી ઢંકાઇ ગએલા એવા શ્રેષ્ઠ વનસ્પતિરૂપ એક વટવૃક્ષને જોઇ મનુષ્યમાં શ્રેષ્ઠ મહારથિ એવા તે, તે વનસ્પતિરાજ પાસે જઇ રથમાંથી નીચે ઉતરી, ઘોડાઓને છોડી ઘટની રીતે આચમન કરી સંધ્યાની ઉપાસના કરતા હતા. એટલામાં સૂર્ય શ્રેષ્ઠ પર્વત એવા અસ્તાચળ ઉપર ગયા ને રાત પડી. તે વખતે ચોતરફ રહેલા સંપૂર્ણ એવા ગ્રહ નક્ષત્ર તથા તારાવડે આકાશ રજતબિંદુથી ચિત્રેલું જેવું વસ્ત્ર શોભે તેવું શોભતું હતું, રાત્રિ વિષે વિચરનારાં પ્રાણિયો પોતાની ઇચ્છા પ્રમાણે આમતેમ ફરતાં હતાં, દિવસે વિચરનારાં પ્રાણિઓ નિદ્રાવશ થયાં, તેમ ઘોર એવાં રાત્રિચર પ્રાણિઓનો અત્યંત દારૂણ એવો શબ્દ સંભળાવા લાગ્યો. એ રીતે માંસ ખાનારાં પ્રાણિઓ જેમાં અત્યંત હર્ષિત થયાં છે, એવી ઘોર રાત્રિ પડી. પછી ઘોર રાત્રિમુખ વિષે દુઃખ તથા શોકેકરી સમન્વિત થઇ ગએલા કૌરવ પાંડવના ક્ષયને શોચતા નિદ્રાએકરી ઘેરાયાં છે નેત્ર જેમનાં એવા અત્યંત શ્રમયુક્ત, વિવિધ પ્રકારનાં બાણથી ક્ષત થએલા, વટવૃક્ષની પાસે ઉભેલા કૃપ, કૃતવર્મા તથા દ્રૌણિ, એ ત્રણે જણ, પાસે પાસે ધરણીતલ ઉપર બેઠા, એટલામાં હે મહારાજ! શ્રમ તથા શોકેકરી સમન્વિત, અમૂલ્ય શય્યાવિષે શયન કરવા યોગ્ય, સુખને ઉચિત, દુઃખને યોગ્ય નહિ એવા મહારથિ કૃપ તથા ભોજ અનાથની પેઠે પૃથ્વી પર શયન કરી નિદ્રાવશ થયા. હે ભારત! ક્રોધ તથા અમર્ષ વશ થયેલો, ક્રોધથી બળતો, સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ કરતો, મહાબાહુ દ્રોણપુત્ર તો, નિદ્રાને પ્રાપ્ત ન થતાં નાના પ્રકારના પ્રાણિઓએ સેવેલા ઘોર દર્શનવાળા વનપ્રાંતને ચોતરફ જોતો હતો. હજારો કાગડા જેનો આશ્રય કરી રાત્રિ નિર્ગમન કરે છે તે વટ ઉપર જોયું. તે વૃક્ષ ઉપર જ્યારે કાગડાઓ આવી જુદા જુદા આશ્રય કરી વિશ્વાસથી ચોતરફ સુખેકરી બેઠા ત્યારે ઘોર જેનું દર્શન તથા મોટો શબ્દ છે તથા મોટી કાયાવાળું, નીલમણિ સરખાં છે નેત્ર જેનાં, પીંગળ વર્ણવાળું, અત્યંત મોટી નાસિકા તથા તીક્ષ્ણ નખવાળું, ગરૂડના સરખો છે વેગ જેનો એવું ઘુડપક્ષી ઘોર શબ્દ કરી ત્યાં આવી જાણે છુપી જતું હોય નહિ તેમ વડની એક શાખા ઉપર બેસી ગયું, તે પણ તેણે જોયું. તે ઘુડપક્ષી વડની શાખા ઉપર બેસી કાગડાઓને મારવા લાગ્યું. તે કેવી રીતે કે કેટલાકની પાંખો તોડી નાખી, કેટલાકનાં મસ્તક મરડી નાખ્યાં, તથા કેટલાકના પગ ભાગી નાખ્યા. એ રીતે જે જે પોતાની દૃષ્ટિએ પડ્યા તેમને માર્યા, તેમનાં શરીર તથા શરીરના અવયવે કરી હે વિશાંપતે! વટવૃક્ષ નીચેનું સર્વ મંડળ ચોતરફથી ઢંકાઇ ગયું. એ રીતે શત્રુ એવા કાગડાઓને મારી શત્રુનો નાશ કરનાર ઘુડપક્ષી અતિ સંતુષ્ટ થયું. રાતને પ્રસંગે તે ઘુડે કરેલા કપટ સહિત કર્મને જોઇ કપટભાવ કરવા વિષે કર્યો છે સંકલ્પ જેણે એવા જાગતા એકલા અશ્વત્થામાએ મનમાં વિચાર કર્યો કે આ પક્ષિએ મને ઉપદેશ કર્યો, માટે મારે પણ તેમ કરવું. શત્રુને મારવાનો મને પણ વખત પ્રાપ્ત થયો છે માટે મારે પણ આ પક્ષિની પેઠે વિશ્વાસથી સુતેલા તેઓને રાત્રિ વિષે મારવા. તેમને મારવાની રાજા પાસે મેં પ્રતિજ્ઞા કરેલી છે,

પણ કર્યો છે નિશ્ચય જેમણે, પ્રહાર કરનાર, જયશીલ એવા બળવાન પાંડવોને આપણે જઇ મારવા સમર્થ થઇ શકાય તેમ નથી, ને કદી પોતાનો નાશ કરનારી પતંગ નામના જંતુ તથા અગ્નિ સરખી વૃત્તિનો આશ્રય કરી ન્યાયથી યુદ્ધ કરૂં તો પ્રાણનો ત્યાગ થાય એમાં સંશય નહિ, માટે કપટ કરવાથીજ કાર્યસિદ્ધિ તથા શત્રુનો મોટો ક્ષય થશે. તેમ સંશયિત અર્થથી જે નિઃસંશય અર્થ હોય તેને શાસ્ત્ર વિશારદ પુરૂષ, યોગ્ય માને છે, ને તે વિષે લોક નિંદિત એવું ગર્હિત વાક્ય કદી હોય તોપણ ક્ષાત્ર ધર્મથી વર્તતા મનુષ્યે તે કામ કરવું. કેમકે અકૃતાત્મા એવા પાંડવોએ ક્ષણે ક્ષણ કુત્સિત તથા નિંદિત એવાં બધાં કામ કપટથીજ કર્યાં છે. તે વિષે પૂર્વે ન્યાય જોનાર તત્વદર્શિ એવા ધર્મચિંતક પુરૂષોએ ગાયેલા તત્વાર્થરૂપ શ્લોક સંભળાય છે, કે થાકી ગએલ, તથા વિદીર્ણ એવા શત્રુના સૈન્યને ભોજન વખતે, પ્રસ્થાન કરતાં તથા પ્રવેશ વખતે શત્રુઓએ હણવું, તેમજ અર્ધ રાત્રે નિદ્રાર્ત્ત થઇ પડેલું હોય, નાશ થયા છે નાયક જેના એવું, ભેદાયલ યોદ્ધાવાળું તથા બે પ્રકારથી જુદું પડેલું શત્રુનું સૈન્ય પણ શત્રુઓએ હણવું. એ રીતે મનમાં વિચાર કરી સૂતેલા પાંચાળ સહિત પાંડવોને રાત્રિમાંજ મારવાનો નિશ્ચય કરી ક્રૂર મતિને આચરી પ્રતાપવાન દ્રોણપુત્રે વારંવાર નિશ્ચય કરી, સુતેલા પોતાના માતુલ કૃપાચાર્ય તથા ભોજ કૃતવર્માને જાગ્રત કરી પોતાનો મનસુબો કહ્યો. એ રીતે તેણે જાગ્રત કરી પૂછેલા મહા બળવાન તથા મહાત્મા એવા તે તેનાં વચન સાંભળી લજ્જાયુક્ત થયા. ભોજ તથા કૃપે તેને પ્રથમ તો કંઇ ઉત્તર આપ્યો નહિ ત્યારે અશ્રુએકરી વિહ્વળ એવા તે, થોડા વખત સુધી ધ્યાન કરી આવી રીતે તેમને કહેવા લાગ્યો કે, જેને વાસ્તે આપણે પાંડવ સાથે વૈર કર્યું, એકવીર એવો મહા બળવાન દુર્યોધન રાજા હણાયો. શુદ્ધ પરાક્રમવાળા અગિયાર અક્ષૌહિણીના પતિ એવા તે એકલા રાજાને ક્ષુદ્ર એવા ઘણાકની સહાયતાથી ભીમસેને માર્યો ત્યાર પછી પણ મૂર્ધાભિષિક્ત એવા તે રાજાનું મસ્તક ક્ષુદ્ર એવા ભીમસેને મર્દન કર્યું એ અતિ ક્રૂર કર્મ કહેવાય. હવે પ્રસન્ન થએલા પાંચાળ ગર્જના કરે છે, ક્રીડા કરે છે, હસે છે અને સેંકડો શંખ દુંદુભિના શબ્દ કરે છે. હમણાં થોડા વખત પહેલાં શંખના શબ્દ સાથે મળેલો, વાયુએ પ્રેરેલો તેમના વાદિત્રનો ઘોર શબ્દ દિશાઓને શબ્દાયમાન કરતો હોય નહિ તેમ સુસવાટ સંભળાતો હતો. શબ્દ કરતા અશ્વ તથા હસ્તિઓનો શૂરવીરના સિંહનાદ સાથે મળેલો મોટો શબ્દ સંભળાતો હતો. પૂર્વ દિશાનો આશ્રય કરી જતા અત્યંત હૃષ્ટ એવા રૂંવાં ઉભાં કરનાર રથના પાટાના શબ્દ પણ સંભળાતા હતા. એ રીતે થના મોટા સંગ્રામમાં પાંડવોએ દુર્યોધન તરફના સર્વ યોદ્ધાઓનો નાશ કર્યો; તેમાં આપણે ત્રણ બાકી અવશિષ્ટ રહ્યા છીએ. કેટલાક તો સેંકડો હસ્તિસરખા બળવાળા તથા કેટલાક સર્વાસ્ત્ર જાણનાર એવા આપણી તરફના યોદ્ધાઓને પાંડવોએ હણ્યા માટે આપણો કાળ ઉલટો છે એમ હું માનું છું. તત્વથી વિચાર કરીએ છીએ તો આ કાર્ય એ રીતે જરૂર બનવાનુંજ, એમાં સંશય નહીં. નહિ તો દુષ્કર એવું કામ કર્યાં છતાં પણ પરાજય કેમ થાય? તમારી બુદ્ધિ જો મોહથી મુંઝાતી ન હોય તો આ મોટો અર્થ નાશ થઇ ગયો છે તથાપિ હવે આપણે માટે જે શ્રેય હોય તે કહો.

मतोऽस्तु यदि प्रज्ञानमोहादपनीयते ।
[illegible]महत्यर्थे यन्नः श्रेयस्तदुच्यताम् ॥

इतिश्री महाभारते सौप्तिकपर्वणि द्रौणिमंत्रणायां गुर्जरभाषायां प्रथमो ऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો. દૈવ ને પુરુષાર્થ.

कृप उवाच— श्रुतं ते वचनं सर्वं यद्युक्तं च त्वया विभो ।
ममापि तु वचः किंचिच्छृणुष्वाद्य महाभुज ॥ १ ॥

કૃપાચાર્ય કહે છે—હે વિભો! જે જે તેં વચન કહ્યાં તે સર્વ મેં સાંભળ્યાં પણ હવે હે મહારાજ! મારાં પણ કંઇક વચન સાંભળ. સર્વ મનુષ્ય, દૈવ, તથા પુરૂષકાર, એ બે કર્મવિષે આબદ્ધ તથા નિબદ્ધ છે. મનુષ્ય દૈવવિષે ચેતરફથી બધાયલાં છે અને પુરૂષકાર વિષે વિહીનપણાએ કરી બંધાયલાં છે તે બેઉથી પર બીજું કંઈ છે નહિ. તેમાં હે સત્તમ! એકલા દૈવે કરીને પણ કાર્ય સિદ્ધ થાય નહિ, તેમ એકલા પુરૂષકારે કરીને પણ કાર્ય સિદ્ધિ થાય નહિ. તે બેઉના યોગથી સિદ્ધિ થાય છે. તે બેઉવડે કરી નિબદ્ધ એવા પ્રવૃત્ત તથા નિવૃત્ત અધમોત્તમ સર્વ અર્થ, ચોતરફથી દેખાય છે. પર્વત વિષે વરસતો મેઘ શું ફળ નથી આપતો? આપે છે, કેમકે વનમાં રહેનારા કેવળ વરસાદે કરી જીવે છે, પણ ખેડૂતલોક કેવળ કૃષિએ કરી જીવતા નથી; તેથી મેઘ પડે તો ન કરેલી કૃષિ પણ ફળ આપે. એ રીતે પુરૂષકાર દૈવની પાસે અપેક્ષા રખે છે, પણ દૈવ પુરૂષકારની અત્યંત અપેક્ષા નથી રાખતું. દૈવ વિનાનો પુરૂષકાર તથા પુરૂષકાર વિનાનું દૈવ વ્યર્થ થાય છે, એ બેઉ પક્ષ સર્વત્ર રહ્યા છે. તેમાં પણ પૂર્વે કહેલો પક્ષ શ્રેષ્ઠ છે તેમાં વળી બેઉની અનુકૂળતા અતિ શ્રેષ્ઠ છે. જેમ મેઘ સારી રીતે વર્ષે ને ક્ષેત્ર પણ સારી રીતે ખેડેલું હોય તો વાવેલું બીજ મહાગુણયુક્ત થાય, તેમજ મનુષ્ય માટે પણ જાણવું માટે પુરૂષકારથી દૈવ બળવાન છે કેમકે કોઇ વખતે પુરૂષકાર વિના પણ દૈવ, ફળ દેવા પોતે પ્રવર્તમાન થાય છે. આનું કારણ શું, એમ તું કહીશ, તો ત્યાં હું કહું છું કે, પ્રાજ્ઞ એવા પુરૂષ, પોતાનો અપરાધ નિવૃત્ત થવા સારૂ પુરૂષકાર વિષે પ્રવર્તમાન થાય છે. હે નરર્ષભ! મનુષ્યોના પ્રવૃત્ત તથા નિવૃત્ત એવા સર્વ કાર્યો, તે બેઉવડે કરીનેજ જોવામાં આવે છે. પુરૂષકાર પણ દૈવે કરી સિદ્ધ થાય છે, અને તે કર્મ કરનારને દૈવ પ્રમાણેજ ફળ મળે છે. દક્ષ એવો મનુષ્યોનો દૈવવર્જિત સારી રીતે સંપાદન કરેલો પુરૂષકાર પણ અફળ જાય છે. તેથી મનુષ્યોમાં ઉત્સાહ વગરના આળસુ એવા જે પુરૂષો હોય તે, પુરૂષકારને નિંદે છે તે વાત પ્રાજ્ઞ પુરૂષોને રૂચતી નથી; કેમકે બહુધાકરી પૃથ્વી વિષે કરેલું કર્મ અફળ દેખાતું નથી, કર્મ કર્યા વગર દુઃખરૂપ મોટાં ફળને કદી પમાય એમ પણ બહુધાકરી દેખાય છે. કંઇ પણ ચેષ્ટા ન કરનાર પુરૂષ, યદૃચ્છાએ કરી કંઇ ફળને પ્રાપ્ત થાય ને કર્મ કરી જે ફળને ન પ્રાપ્ત થાય એવા તો કોઇ દુર્લભ હોય છે. દક્ષ હોય છે તે સારી રીતે જીવવા સમર્થ થાય છે. આળસુ સુખને નથી પામતો, એ રીતે આ જીવલોકમાં દેખાય છે, કેમકે દક્ષજનો બહુધાકરી પોતાનું હિત કરનારા હોય છે. દક્ષ પુરૂષ, આરંભ કરેલા કર્મથી કદી ફળને પ્રાપ્ત ન થાય તોપણ એને કંઇ કહેવું ન પડે એટલે લોકમાં તે નિંદાય નહિ. જે કંઇ મળે એવું હોય તેને તે પ્રાપ્ત થાય છે. લોકવિષે જે કર્મ કર્યા વગર મોટા ફળ ભોગવે તે લોકમાં વક્તવ્યતાને પામે, અને દ્વેષ્ય થાય; ત્યારે આ તો પારકાઓનું

[illegible] એક ઉદ્યોગજન્ય સમર્થ છે, પણ સંપાદન કરવામાં સમર્થ નથી એમ લોકમાં નિશ્ચય; માટે જે દૈવ તથા પુરૂષકારના સાહિત્યનો અનાદર કરી બેઉમાંથી એકના આશ્રયેકરી વર્તે છે તે અનર્થ કરે છે, એવો બુદ્ધિમાન પુરૂષોનો ન્યાય છે. પુરૂષકાર વગરનું દૈવ જેમ અફળ છે તેમ દૈવ વિનાનો પુરૂષકાર પણ અફળ છે, વાસ્તે બેઉએ કરી વર્તવું ને પુરૂષકારે કરી હીન એવું દૈવપણું સિદ્ધ થાય નહિં માટે દૈવને નમસ્કાર કરી દાક્ષિણ્ય સંપન્ન એવો જે દક્ષ, અર્થને ઇચ્છે તેનાં કર્મ ફોગટ જાય નહિ. ઉપસેવન કરેલું શ્રેય શું તે વૃદ્ધને પૂછે ને હિતરૂપ એવાં તેમનાં વચન પ્રમાણે કરે એ સારી ચેષ્ટા કહેવાય, માટે નિરંતર વૃદ્ધને સમ્મત હોય તેમ કરવું, કેમકે, અલભ્ય લાભ વિષે તે પરમ શ્રેય છે, ને તન્મૂલક સિદ્ધિ છે. વૃદ્ધોનાં વચન સાંભળી જે અભ્યુત્થાન કરે તે થોડા વખતમાં અભ્યુત્થાનના ફળને સારી રીતે પ્રાપ્ત થાય. રાગથી, ક્રોધથી, ભયથી તથા લોભથી નથી જીત્યું ચિત્ત જેણે, પારકાનું અપમાન કરનાર જે માણસ અર્થને ઇચ્છે તે તત્કાળ લક્ષ્મીથી ભ્રષ્ટ થાય છે, તેમજ નથી દીર્ઘ દૃષ્ટિ જેની એવા લોભી દુર્યોધને મૂઢપણાથી ચિંતન કરેલો નહિ એવો તેમ આ અસમર્થ એવો અર્થ આરંભ્યો ને હિતબુદ્ધિ એવા વિદુરાદિકનો અનાદર કરી દુષ્ટ એવા દુઃશાસનાદિક સાથે મનસુબો કરી સંબંધિઓએ વાર્યો તોપણ ગુણવત્તર પાંડવ સાથે વૈર કર્યું. તેમ અતિ દુઃશીલ એવો તે પૂર્વે પણ ધૈર્ય રાખી શક્યા નહિ ને હવે ભીમસેને જ્યારે સાથળ ભાંગ્યા ત્યારે 'અરે મેં મિત્રોનાં વચન માન્યાં નહિ' એમ સંતાપ કરે છે. પાપીરૂપ એવા તેને આપણે અનુસર્યા તેથી આપણને પણ અતિદારૂણ એવો આ મોટો અન્યાય પ્રાપ્ત થયો. આ દુઃખેકરી તપ્ત થયેલી મારી બુદ્ધિ આજસુધી વિચાર કરે છે, પણ કંઇ પોતાનું શ્રેય જોતી નથી માટે મુંઝાયલા માણસે સંબંધી જનને પૂછવું તેથી એને બુદ્ધિ, વિનય તથા શ્રેય પ્રાપ્ત થાય, વાસ્તે કાર્યાકાર્ય પૂછેલા બુધ પુરૂષ પોતાની બુદ્ધિથી નિશ્ચય કરી જે રીતે કહે તે પ્રમાણે કરવું જોઇએ. આપણે ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા મહામતિ વિદુર પાસે જઇ તેમને પૂછીએ અને તેઓ કહે કે 'આમ કરવાથી તમારૂં શ્રેય છે' તે આપણે કરીએ. મારી મતિની એવી નિષ્ઠા છે, તેમ તું કહે છે તે પણ ખરૂં છે; કાર્યોના આરંભ વિના અર્થ પ્રાપ્ત થાય નહિ ને પુરૂષકાર કર્યા પછી પણ જેમનું કાર્ય સિદ્ધ થાય નહિ તેમને દૈવે ઉપહત જાણવા એમાં પછી કંઇ વિચાર કરવા જેવું નથી.

> कृते पुरुषकारे तु येषां कार्यं न सिद्ध्यति ।
> दैवेनोपहतास्ते तु नात्र कार्या विचारणा ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि द्रौणिकृपसंवादे गुर्जरभाषायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો. વેર લેવાનો નિશ્ચય.

संजय उवाच—कृपस्य वचनं श्रुत्वा धर्मार्थसहितं शुभं ।
अश्वत्थामा महाराज दुःखशोकसमन्वितः ॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! હે મહારાજ ! કૃપાચાર્યનાં ધર્માર્થવાળાં શુભ વચન સાં

બળી દુઃખ તથા શોકકરી સંયુક્ત અશ્વત્થામા, પ્રદીપ્ત અગ્નિએ કરી બળે તેમ શોકકરી બળતો ક્રૂર મન કરી બોલ્યો કે, પુરૂષ પુરૂષ વિષે જે જે સારી બુદ્ધિ હોય તે પોતપોતાની બુદ્ધિએ કરી તે સર્વ જુદી જુદી રીતે સંતુષ્ટ થાય. સર્વ લોક, પોતાને અત્યંત બુદ્ધિમાન માને છે કેમકે સર્વને પોતાનો મત બહું સંમત હોય તેથી સર્વ પોતાના આત્માની પ્રશંસા કરે છે. સર્વને પોતાની પ્રજ્ઞા સાધુવાદ વિષે રહેલી છે એમ માનવામાં આવે છે તેથી સર્વ પારકી બુદ્ધિને નિંદે અને વારંવાર પોતાની બુદ્ધિની પ્રશંસા કરે; પણ બીજા કારણના યોગે કર્મ જો કોઇ પ્રકારે સફળ થાય, તે એક બીજાથી સંતુષ્ટ થાય અને વારંવાર એક બીજાને બહુ માને; ને તેજ માણસની તે તે બુદ્ધિ, ત્યારે ત્યારે વિપર્યાસને પામી અન્યોન્યને પ્રાપ્ત થાય. વિશેષે કરી મનુષ્યોના ચિત્તનું વિચિત્રપણું છે તેથી ચિત્ત વૈક્લવ્યને પ્રાપ્ત થઇ તે તે બુદ્ધિ થાય છે; જેમ કુશળ એવો વૈદ્ય વ્યાધિને જાણી તેની શાંતિ વાસ્તે યથાવિધિ ઔષધ કરે છે, તેમજ પોતાની બુદ્ધિયુક્ત એવાં માણસ કાર્યના યોગવાસ્તે તેવી તેવી બુદ્ધિ કરે, તેને બીજા માણસો નિંદે છે. મનુષ્યની યૌવન વિષે મોહથી બીજીજ બુદ્ધિ થાય છે, મધ્યમાં વળી જુદી થાય છે, ને જરાને વિષે વળી અન્યજ મતિ રૂચે છે. હે ભોજ! માણસ ઘોર એવું દુઃખ વા તેવી સમૃદ્ધિને પ્રાપ્ત થઇ બુદ્ધિમા વિકાર કરે છે, એમ એક પુરૂષ વિષે તે ને બુદ્ધિ થાય છે પણ તે અવસરને રૂંધની હોય તો બીજાને રૂચે નહિ, તેમ મને તે શાંતિ બુદ્ધિ રૂચતી નથી, માણસ પોતાની બુદ્ધિ પ્રમાણે નિશ્ચય કરી જે મતિને સારી જુવે અને તેથી જો કામ કરે તો તે તેને ઉદ્યોગ કરનારી થાય. હે ભોજ! સર્વ પુરૂષ મરણાદિ કર્મ વિષે પણ 'આ હું મારૂં કરૂં છું,' એવા નિશ્ચયથી પ્રીતિપૂર્વક કાર્ય કરવાનો આરંભ કરે છે, સર્વ માણસ, 'આ મારો સારો વિચાર છે' એમ જાણી વિવિધ પ્રકારની ચેષ્ટા કરે છે અને 'આ હું મારૂં હિતજ કરૂં છું' એમ જાણે છે, તેમજ દુઃખને લીધે આ મારી મતિ આ વખતે જે મારા શોકને ટાળનારી છે તે હું તમને કહું છું. પ્રજાપતિએ પ્રજાને ઉત્પન્ન કરી તેમને વિષે કર્મ રાખી વર્ણ વર્ણ વિષે ગુણભાગ એવો એક એક ગુણ મૂક્યો. તેમાં બ્રાહ્મણ વિષે આમ એવો વેદ, ક્ષત્રિય વિષે ઉત્તમ તેજ, વૈસ્ય વિષે દક્ષતા, ને શૂદ્ર વિષે સર્વ વર્ણને અનુકૂળતા રાખી માટે અદાંત એવો બ્રાહ્મણ અસાધુ, નિસ્તેજ ક્ષત્રિય અધમ, અદક્ષ વૈશ્યનિંદ્ય, ને સર્વ વર્ણને પ્રતિકૂળ શૂદ્રનિંદ્ય, માટે હું અત્યંત પૂજિત એવા શ્રેષ્ઠ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયો છું પણ મંદભાગ્યપણાને લીધે આ ક્ષાત્રધર્મને અનુષ્ઠિત છું વાસ્તે ક્ષાત્રધર્મનો આશ્રય કરી હવે જો બ્રાહ્મણ્યનો આશ્રય કરી શમદમાદિરૂપ અત્યંત મોટું કર્મ કરૂં તો સાધુ સંમત કહેવાય નહિ. અવલંબિત એવા ક્ષાત્રધર્મનો અવસ્ય નિર્વાહ કરવો જોઇએ માટે સંગ્રામમાં દિવ્ય ધનુષ તથા દિવ્ય અસ્ત્ર ધારણ કરનાર હું, હણાયલા પિતાને જોઈ લોક સભા વિષે જઇ શું કહું? હું આજ ઇચ્છા પ્રમાણે ક્ષાત્રધર્મનો આશ્રય કરી, મહાત્મા પિતાની પદવીને પ્રાપ્ત થઇશ. આજ જયશીલ, વિમુક્ત છે વાહન તથા કવચ જેમણે, પોતાનો જય માની હર્ષે સમન્વિત, મહેનતથી થાકી ગએલા દુર્બળ એવા વિશ્વસ્ત પાંચાલ, શયન કરશે, માટે પોતાના તંબુમાં રાત્રિ વિષે સુતેલા તેમના તંબુઓને ચોરી પ્રેતની પેઠે બેભાન થશે. તે વખતે તેમને ઇન્દ્ર જેમ દાનવોને હણે તેમ હું પરાક્રમ કરી હણીશ. આજ ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવા એકઠા મળેલા સર્વને પ્રદીપ્ત અગ્નિ જેમ સુકા તૃણને બાળે તેમ હું નાશ કરીશ હે સંજય! પાંચાલોને હણી હું શાંતિને પ્રાપ્ત થઇશ, પિનાક છે હાથમાં જેના એવા રૂદ્ર પોતે જેમ પશુને હણે તેમ આજ હું સર્વ પંચાલોને હણીશ. આજ હું સર્વ પંચાલોને હણી બાળી સંકટ

હું પાંડુપુત્રને પીડિત કરીશ. આજ હું સર્વ પંચાલોએ કરી પૃથ્વીને બાણમય કરી, તેઓમાંથી એક એકને પ્રહાર કરી પિતાના ઋણથી મુક્ત થઇશ. આજ દુર્યોધન, કર્ણ, ભીષ્મ તથા સૈંધવની દુર્ગમ એવી પદવી પ્રત્યે પંચાલોને હું મોકલીશ. આજ રાત્રિવિષે પંચાલરાજ ધૃષ્ટદ્યુમ્નના મસ્તકને બળેકરી પશુની પેઠે કાપી નાંખીશ. હે ગૌતમ! આજ રાત્રિવિષે પાંચાલ તથા પાંડવોના સુતેલા પુત્રોને તીક્ષ્ણ ખડ્ગેકરી કાપી નાંખીશ. હે મહામતે! આજ રાત્રે સુતેલી પાંચાળ સેનાને હણી કર્યું છે કૃત્ય જેણે એવો હું સુખી થઇશ.

अद्य पांचालसेनां तां निहत्य निशि सौप्तिके ।
कृतकृत्यः सुखीचैव भविष्यामि महामते ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि द्रौणिमंत्रणायां गुर्जरभाषायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો. અશ્વત્થામાનો નિશ્ચય.

कृप उवाच—दिष्ट्या ते प्रतिकर्तव्ये मतिर्जातेयमच्युत ।
न त्वां वारयितुं शक्तो वज्रपाणिरपि स्वयं ॥ १ ॥

કૃપ કહે છે—હે વત્સ! પ્રતિ કર્તવ્યવિષે આ તારી મતિ થઇ એ ઘણું સારૂં થયું. તેમ વજ્રપાણિ પોતે ઇન્દ્ર આવે તો પણ તને વારવા સમર્થ થઇ શકે નહિ, વાસ્તે પ્રભાતે અમે બેઉ એકઠા થઇ તારી પાછળ આવીશું. આજ રાત્રિવિષે વિમુક્ત છે કવચ તથા ધ્વજ એવો તું વિસામો લે. શત્રુઓને સન્મુખ જતાં તારી પાછળ હું તથા સાત્વત કૃતવર્મા કવચ પહેરી રથમાં બેસી આવીશું. હે રથિઓમાં શ્રેષ્ઠ! આવતી કાલે સંગ્રામવિષે અમ સહિત તું પરાક્રમ કરી, પાછળ ચાલનાર સહિત શત્રુ એવા પાંચાલને હણીશ. હે તાત! પરાક્રમ કરી તેમને હણવા તું સમર્થ છે, તથાપિ આ રાત્રિ વિસામો લઇ લે. કેમકે તને જાગતાં ઘણો વખત થયો છે. આ રાત્રિ શયન કરી જા. કારણ કે હે માનદ! વિસામો પામેલ, વિનિદ્ર તથા સ્વસ્થ ચિત્તવાળો તું સંગ્રામમાં જઇ શત્રુઓને હણીશ, એમાં સંશય નથી, તેમ ગ્રહણ કર્યું છે શ્રેષ્ઠ આયુધ જેણે એવા રથિઓમાં શ્રેષ્ઠ તને જીતવાનો દેવેશ ઇંદ્ર પણ ઉત્સાહ ન કરે ત્યારે યુદ્ધમાં કૃપ સહિત કૃતવર્માએ રક્ષણ કરેલા અત્યંત ક્રોધાયમાન એવા અશ્વત્થામા સાથે ઇંદ્ર સરખો પણ યુદ્ધ કરવા સમર્થ કેમ થાય? રાત્રિવિષે વિસામો લઇ વિગત જ્વર આપણે, રાત્રિ ગયા પછી સવારના પ્હોરમાં શત્રુઓને હણીશું, અને તારાં તથા મ્હારાં અસ્ત્ર દિવ્ય છે, એમાં સંશય નથી. મોટાં ધનુષવાળો સાત્વત કૃતવર્મા પણ યુદ્ધ કોવિદ છે, માટે હે તાત! આપણે ત્રણેય એકઠા મળી સંગ્રામમાં સામા આવેલા સર્વ શત્રુઓને હઠાત્કારથી હણી જય મેળવીશું. એમ એવો તું વિસામો લે ને આ રાત્રિ સુખે કરી શયન કર. પ્રભાતે ધનુષ ધરેલા શત્રુને તપાવનાર કવચધારી અમે બેઉ, રથમાં બેસી શત્રુ સામેં જતાં તારી સાથે આવીશું. તે વખતે તું તેમના ગણમાં જઈ પોતાનું નામ સંભળાવી સંગ્રામવિષે યુદ્ધ કરતા શત્રુઓનો નાશ કરજે. પ્રભાતે દિવસે શત્રુઓનો નાશ કરી ઇંદ્ર જેમ અસુરોનો નાશ કરી વિહાર કરે તેમ રણ વિહાર કરજે.

જેમ સર્વ દાનવનો નાશ કરનાર ક્રોધાયમાન થએલો ઇન્દ્ર દૈત્ય સેનાને જીતવા સમર્થ છે તેમ તું પણ સંગ્રામમાં પંચાળોની સેનાને જીતવા સમર્થ છે. કૃતવર્માએ રક્ષણ કરેલો હું આજે સંગ્રામવિષે ઉભેલા તને વજ્રપાણિ ઇન્દ્ર પણ સહન કરી શકશે નહિ. હે તાત ! હું તથા કૃતવર્મા સંગ્રામમાં પાંડવોને જીત્યા વગર પાછા નહિ ફરીએ. સંગ્રામવિષે ક્રોધાયમાન થએલા પાંડવ સહિત પાંચાળોને હણી આપણે સર્વ પાછા વળીશું વા તેમણે હણેલા આપણે સ્વર્ગમાં જઇશું. હે મહાબાહો ! હે અનઘ ! સંગ્રામમાં સર્વ ઉપાયે કરી અમે તને સહાય થઇશું એ હું તને સત્ય કહું છું.

આ પ્રમાણે મામાએ હિતરૂપ વચન કહ્યા એટલે ક્રોધથી અત્યંત લાલ નેત્રવાળો અશ્વત્થામા, કહેવા લાગ્યો કે, આતુરને, ક્રોધયુક્તને, અર્થને ચિંતન કરનારને તથા કામના કરનારને નિંદ્રા ક્યાંથી ? તે ચારેય આજે મને પ્રાપ્ત થયાં છે. ચોથો ભાગ જે અમર્ષ છે તે તો ઝટ મારી નિંદ્રાનો નાશ કરે છે. પિતાના વધને યાદ કરૂં છું ત્યાં મારા હૃદયને બાળતો ક્રોધ, જરાએ શાંત થતો નથી, એથી અધિક આલોકમાં બીજું દુઃખ શું ? તમારી સમક્ષ તે સર્વ મારાં મર્મસ્થાનને બોતરી ખાય છે, માટે આ સમય મારા સરખો લોકવિષે મુહૂર્ત માત્ર પણ કેમ જીવે ? દ્રોણ હણાયા એવાં પાંચાળોનાં વચન હું સાંભળું છું માટે ધૃષ્ટદ્યુમ્નને માર્યા વગર હું જીવવાનો ઉત્સાહ રાખતો નથી. મારા પિતાના વધથી તે વધ્ય છે, તેમજ બીજા એકઠા મળેલા પાંચાળો પણ વધ્ય છે. ભાગ્યા છે સાથળ જેના એવા રાજાનો જે વિલાપ મેં સાંભળ્યો તે ક્રૂરના હૃદયને પણ કંપાવે ને નિર્દયના નેત્રમાંથી પણ અશ્રુ પડાવે, માટે ભાગેલ છે સાથળ જેના એવા રાજાનાં વચન સાંભરી હું જીવતાં જીતાયલો છું. આ મારા મિત્રનો પણ, જળનો વેગ જેમ સમુદ્રને વધારે તેમ મારા શોકને વધારે છે. એકાગ્ર છે મન જેનું એવા મને આજ નિંદ્રા તથા સુખ નથી. હે સત્તમ ! વાસુદેવ તથા અર્જુને પરિરક્ષણ કરેલા તેમને મહેંદ્રથી પણ અતિશય સહન થઇ શકે નહિ એવા હું માનું છું. આ કોપને નિયમમાં આણવા હું સમર્થ નથી. લોક વિષે મને કોપથી નિવૃત્ત કરે એવા કોઇને હું જોતો નથી. મેં તો નિશ્ચિત બુદ્ધિ કરી છે ને તેમ કરવું ઠીક છે, એમ માન્યું છે. જાસુસ જનોએ કહ્યો એવો મારા મિત્રોનો પરાભવ અને પાંડવોનો વિજય, મારા હૃદયને બાળતો હોય નહિ તેમ ધખધખે છે, વાસ્તે હું તો આજ સુતેલા શત્રુઓનો નાશ કરીશ, ત્યાર પછી સંતાપ રહિત થઇ વિસામો લઇશ અને શયન પણ કરીશ.

> अहं तु कदनं कृत्वा शत्रूणामद्य सौप्तिके ।
> ततो विश्रमिताचैव स्वप्ता च विगतज्वरः ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि द्रौणिमंत्रणायां गुर्जरभाषायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો. સુતેલા શત્રુપર હલ્લો.

कृप उवाच—शुश्रूषुरपि दुर्मेधाः पुरुषो नियतेन्द्रियः ।
नालं वेदयितुं कृत्स्नौ धर्मार्थाविति मे मतिः ॥ १ ॥

કૃપાચાર્ય કહે છે—પુરૂષ સાંભળવાની ઇચ્છાવાળો હોય, તથાપિ દુર્બુદ્ધિમાન, તથા નથી જીતી ઇન્દ્રિયો જેણે એવો હોય, તેથી સમગ્ર ધર્માર્થ જાણી શકાય નહિ એમ મારૂં માનવું છે. પુરૂષ મેધાવી હોય પણ વિનયવાન હોય નહિ, તે પણ ધર્માર્થના નિશ્ચયને જાણે નહીં. ને જે પુરૂષ શૂરવીર હોય પણ જડ હોય તે, ઘણા વખત સુધી પંડિતને સેવતાંએ, કડછી જેમ કઢી દાળ ઇત્યાદિના રસને જાણે નહીં, તેમ ધર્મને જાણે નહીં. અજ્ઞાન પુરૂષ, બે ઘડી માત્ર પણ પંડિતને સેવી જિવ્હા, દાળ, કઢી ઇત્યાદિના રસને જાણે નહિ તેમ ધર્મને ન જાણે. શ્રવણની ઇચ્છાવાળો નિયમમાં છે ઇન્દ્રિયો જેને એવો મેધાવી પુરૂષ સર્વ શાસ્ત્રને જાણે, અને તેમાંથી જે ગ્રાહ્ય હોય તે ગ્રહણ કરે. પારકાનું અપમાન કરનાર સન્માર્ગ જોવાને અશક્ય એવો દુર્બુદ્ધિ પાપીરૂપ ઉપદિષ્ટ એવાં કલ્યાણરૂપ કાર્યને છોડી બહુ પાપરૂપ કાર્યને કરે છે. જેને માથે વડિલ બેઠા હોય એવા પુરૂષને સંબંધિઓ પાપ કર્મથી વારે તથાપિ તે પુણ્યવાન હોય તો પાતકથી નિવૃત્ત થાય અને અપુણ્યવાન હોય તે ન થાય. નથી સાવધાન ચિત્ત જેનું એવા પુરૂષને, સ્નેહિઓ નાના પ્રકારના વાક્યથી નિયમમાં રાખે પણ અશ્રદ્ધને રાખી શકે નહીં, અને તે ખેદને પ્રાપ્ત થાય. તેમજ પાપ કર્મ કરતાં પ્રાજ્ઞ સ્નેહીને ડાહ્યા પુરૂષો યથાશક્તિ વારંવાર પ્રતિષેધ કરે, માટે તું પણ કલ્યાણવિષે મન કરી બુદ્ધિએ કરી આત્માને નિયમમાં રાખી જે કરવાથી તને પશ્ચાત્તાપ થાય નહીં એવાં મારાં વચન પ્રમાણે કર. સુતેલાઓનો, શસ્ત્ર મૂકેલાઓનો તથા વિમુક્ત છે રથના અશ્વ જેમના એવાઓનો વધ ધર્મથી વિચારતાં યોગ્ય નથી. તેમજ 'હું તમારો છું' એમ જે કહે, જે શરણાગત હોય, છુટા કેશ મૂકેલા તથા હણાયાં છે વાહન જેમનાં એવા જે હોય તેમનો વધ યોગ્ય નથી. હે વિભો! આજ છોડયાં છે કવચ જેમણે એવા, વિશ્વાસથી રાત્રિવિષે શયન કરી ગયેલા, પ્રેતની પેઠે બેભાન થએલા, પાંચાલોનો દ્રોહ કરવો ઠીક નથી. સર્વાસ્ત્ર જાણનારાઓના મધ્યમાં શ્રેષ્ઠ એ રીતે તું વિખ્યાત છે ને આ લોકમાં તારેવિષે કાંઇ થોડું પણ પાપ છે નહી, માટે કાલ પ્રભાતમાં સૂર્યનો ઉદય થાય તે વખતે સર્વ પ્રાણિયો દેખતા પછી યુદ્ધમા શત્રુઓને મારજે. વાસ્ત ધોળાં વસ્ત્રવિષે જેમ ડાઘ કરવો, તેમ શુદ્ધ એવા તારેવિષે પણ નિંદિત કર્મ કરવું સંભવતું નથી, એવી મારી મતિ છે. કૃપનાં વચન સાંભળી અશ્વત્થામા કહેવા લાગ્યા કે, હે માતુલ! જે રીતે તમે કહો છો તે એમજ છે, એમાં સંશય નહીં પણ તેમણેજ પૂર્વે આ મર્યાદા સૌ પ્રકારે તોડી છે તે કહું તે સાંભળો. બીજા રાજાઓ તથા તમારા સન્નિધાન વિષે પ્રત્યક્ષ ત્યાગ કર્યું છે શસ્ત્ર જેણે એવા મારા પિતાને ધૃષ્ટદ્યુમ્ને માર્યા. તેમજ રથચક્ર પણ તેથી ઘણા દુઃખમાં મગ્ન થએલા, રથિમાં શ્રેષ્ઠ, કર્ણને ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને હણ્યો. તેજ રીતે ત્યાગ કર્યું છે શસ્ત્ર જેણે એવા નિરાયુદ્ધ શંતનુ પુત્ર ભીષ્મને પણ શિખંડિને આગળ કરી અર્જુને હણ્યા. તેવીજ રીતે સંગ્રામના મધ્યમાં ઉભેલા મોટા ધનુષવાળા ભૂરિશ્રવાને પણ રાજાઓ પોકારતાં સાત્યકિએ અધર્મથી પાડયો. સંગ્રામમાં સામે આવી ભીમસેને સર્વ રાજાઓ જોતાં નાભિથી નીચે પ્રહાર કરી દુર્યોધનને માર્યો. એ રીતે ઘણાક મહારથીઓએ પુરૂષમાં સિંહરૂપ એવા એકલા દુર્યોધનને વીંટી લઇ અધર્મથી પાડયો. તે વખતે ભાગ્યા છે સાથળ જેના એવા ધૃતરાષ્ટ્રનો જાયુસ પુ-

પોના મુખથકી સાંભળેલો સંતાપ મારા મર્મસ્થાનને કંપાવે છે. એ રીતે અધાર્મિક, ભેદી છે મર્યાદા જેમણે એવા મર્યાદા ભેદનાર પાપરૂપ પાંચાલોને તમે કેમ નિંદતા નથી? હું પણ રાત્રિ વિષે સુતેલા પિતાને હણનાર પાંચાલોને હણી, પછી જન્મ લઇ ત્યાં ભલે કીટક કે પતંગ થાઉં, આજ એ મારૂં ચિકીર્ષિત છે તેથી હું ઉતાવળો થાઉં છું, માટે ઉતાવળ કરતા મને નિંદા તથા સુખ કયાંથી? તેમના વધ વિષે કરેલી મારી મતિને જે ફેરવે તેવો કોઇ પુરૂષ, લોક વિષે ઉત્પન્ન થયો નથી ને થશે પણ નહિ.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! એમ કહી પ્રતાપવાન દ્રોણપુત્ર, એકાંત વિષે ઘોડાઓ જોડી શત્રુઓની સન્મુખ જવા લાગ્યો. તે વખતે મહાત્મા ભોજ તથા કૃપાચાર્ય બેઉ, તેને કહેવા લાગ્યા કે, શું કરવા રથ જોડયો, ને શું કરવાની તારી ઇચ્છા છે? હે નરર્ષભ! તારી સાથે એકઠા મળી અમે પ્રયત્ન કરીશું તેમ સમાન છે દુઃખ તથા સુખ જેમને એવા અમ પ્રત્યે તું શંકા કરવા યોગ્ય નથી. સંક્રુદ્ધ થએલો અશ્વત્થામા પિતાનો વધ યાદ કરી પોતાનું ચિકીર્ષિત ખરેખરૂં તેમની આગળ કહેવા લાગ્યો કે, સેંકડો તથા હજારો યોદ્ધાઓને તીક્ષ્ણ બાણથી હણી ત્યાગ કર્યાં છે શસ્ત્ર જેણે એવા મારા પિતાને ધૃષ્ટદ્યુમ્ને માર્યા માટે હું પણ ત્યાગ કર્યો છે ધર્મ જેણે એવા પાપરૂપ પંચાલરાજના પુત્રને પાપ કર્મેકરી તેજ રીતે આજ રાતે હણીશ. કોઇ રીતે પશુની પેઠે મેં હણેલો પાપરૂપ પંચાલ્ય શસ્ત્રે કરી વિજિત એવા લોકને નહીં પામે એ નિશ્ચય છે. સન્નદ્ધ છે કવચ એવા, ખડ્ગ તથા ધનુષ ગ્રહણ કરેલા શત્રુને તપાવનાર તમો પણ શ્રેષ્ઠ રથમાં બેસી ચાલો અને મારી પાછળ આવો. એ રીતે તેમને કહી રથમાં બેસી તે શત્રુઓની સન્મુખ જવા લાગ્યો. તેની પાછળ કૃપ તથા સાત્વત કૃતવર્મા બેઉ જવા લાગ્યા. શત્રુઓની સન્મુખ જતા તે ત્રણેય યોદ્ધાઓ, યજ્ઞ વિષે હોમવા માંડેલા સમિધ અગ્નિઓ શોભે, તેમ શોભતા હતા. હે વિભો! એવી રીતે તે ત્રણેય, સારી રીતે સુઇ ગયાં છે મનુષ્ય જેમાં એવા તંબુ પ્રત્યે ગયા. મહારથિ દ્રોણપુત્ર અશ્વત્થામા, તંબુના બારણા આગળ જઇ ઉભો રહ્યો.

> यथुश्च शिबिरं तेषां सम्प्रसुप्तजनं विभो।
> द्वारदेशं तु संप्राप्य द्रौणिस्तस्थौ महारथः ॥

इतिश्री महाभारते सौप्तिकपर्वणि द्रौणिगमने गुर्जरभाषायां पंचमो ऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠો. ભૂત સામે અશ્વત્થામા.

धृतराष्ट्र उवाच—द्वार गे ततो द्रौणिमवस्थितमवेक्ष्यतौ ।
अकुर्वतां भोजकृपौ किं संजय वदस्व मे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય! દ્વારદેશ વિષે ઉભેલા દ્રોણપુત્ર અશ્વત્થામાને જોઇ ભોજ તથા કૃપ બેઉએ શું કર્યું, તે તું મને કહે. સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! કૃતવર્મા તથા કૃપની સાથે ગયેલા ક્રોધેકરી વ્યાપ્ત છે આત્મા જેનો એવા મહારથિ દ્રોણપુત્ર તંબુના બારણામાં આ-

[illegible] રાખનાર યુધિષ્ઠિર તથા રક્ષણ કરનાર સાક્ષાત્ મધુસૂદન શ્રીકૃષ્ણ છે જેની સેનામાં [illegible] બલવીર મુખ્ય યોદ્ધા અર્જુન તથા ભીમસેન છે, યુદ્ધસંગ્રામમાં ધીર તથા બલવીર પાંડવોની પૃથ્વીને તેમની ઇચ્છા વગર ઇંદ્ર પણ હરણ કરી શકે નહીં, જે ક્રોધ કરે તે પર્વતોને પણ ચૂર્ણ કરે તે દેવ સરખા પ્રતાપવાળા તથા સર્વ ગુણ સંપન્ન પાંડવો વાસ્તે હું બીકાઇ છું, તોપણ મારો દુષ્ટ પુત્ર યુદ્ધ કરવાને ઇચ્છે છે. તે સાંભળી દુર્યોધને કહ્યું કે, અમે તથા પાંડવો [illegible] કુળના છીએ, તેમ બેઉ પૃથ્વી ઉપર રહેનારા છીએ, તથાપિ તમે પાંડવોનોજ જય [illegible] છો. હે તાત! પિતામહ ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, દુઃખથી જીતાય નહીં એવો કર્ણ, જયદ્રથ, સોમદત્ત તથા અશ્વત્થામા, ઇત્યાદિ આપણી તરફ રહેલા મોટા ધનુષવાળા તથા અત્યંત તેજસ્વી યોદ્ધાઓને દેવતાઓ સહિત ઇંદ્ર પણ જીતવાને સમર્થ નથી, ત્યારે પાંડવો તો કયાંથીજ સમર્થ થાય? હે તાત! તેમ આપણા પક્ષમાં આવેલા, [illegible] [illegible] [illegible] તથા બલવીર સર્વ આર્ય રાજાઓ પણ મારે વાસ્તે પાંડવોને [illegible] કરવાને સમર્થ છે, પણ તેમની સામે જોવા પાંડવો સમર્થ નથી. હે ભારત! હું પણ સંગ્રામ વિષે પુત્ર સહિત પાંડવો સાથે યુદ્ધ કરવા સમર્થ છું. જે રાજાઓ મારૂં પ્રિય કરવાને ઇચ્છે છે, તે [illegible] [illegible] પાશવડે કરી હરણનાં બચ્ચાંને મારે તેમ પાંડવોને મારશે અને મારા [illegible] તથા મોટા રથના સમુદાયે કરી, પાંડવો સહિત પાંચાળ રાજાઓ ભાગી જશે.

ધૃતરાષ્ટ્ર બોલ્યા કે, હે સંજય! આ મારો પુત્ર દુર્યોધન સંગ્રામ વિષે ધર્મરાજ યુધિષ્ઠિરને જીતવાને સમર્થ નથી, તોપણ ઉન્મત્તની પેઠે વૃથા બોલ્યા કરે છે, પણ તે ધર્મજ્ઞ, [illegible] તથા મહાત્મા પાંડવોના યથાર્થ બળને તો ભીષ્મપિતાજ જાણે છે, જે તેમની સાથે યુદ્ધ કરવાને ઇચ્છતા નથી. હે સંજય! ફરીથી પાંડવોનું વૃત્તાંત મને કહે. તે મોટા ધનુષવાળા તથા યોદ્ધાઓને, ઘૃતવડેથી અગ્નિને અધિક પ્રદીપ્ત કરવાની પેઠે કોણ ચઢાવે છે? ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, હે ભારત! તેમને ધૃષ્ટદ્યુમ્ન હંમેશ આવી રીતે ચઢાવે છે કે, હે ભરતકુળમાં શ્રેષ્ઠ! હે પાંડવો! તમે યુદ્ધ કરો, યુદ્ધથી ડરો માં: કારણ દુર્યોધન આદિ જે કોઇ રાજાઓ, શસ્ત્રથી ભયંકર સંગ્રામમાં આપણી સામા આવશે, તે બધાઓને પરિવાર સહિત હું એકલો, મગર જેમ પાણીમાંથી માછલાંને ગ્રહણ કરે તેમ ગ્રહણ કરીશ. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, શલ્ય તથા દુર્યોધનને પણ, સમુદ્રને જેમ કિનારો રોકી રાખે, તેમ રોકી રાખીશ. એ રીતે બોલતા ધૃષ્ટદ્યુમ્ન પ્રત્યે તે વખતે ધર્માત્મા યુધિષ્ઠિર રાજાએ કહ્યું કે, હે ધૃષ્ટદ્યુમ્ન! તારા ધૈર્ય તથા પરાક્રમને પાંચાળ સહિત અમે પાંડવો [illegible] [illegible] [illegible], માટે સંગ્રામ થકી અમારો ઉદ્ધાર કરજે. હે શત્રુને તપાવનાર! હે [illegible]! યથાર્થ ક્ષત્રિય ધર્મને પાળનાર તું સઘળા કૌરવોને જીતવા એકલો સમર્થ છે, [illegible] હું જાણું છું; માટે સામા આવેલા તથા યુદ્ધ કરવાને ઇચ્છતા કૌરવો પ્રત્યે તારે જે [illegible] હોય તે જ અમારૂં શ્રેય માનજે. વળી નીતિમાન પુરુષોનો એવો મત છે કે, જે વખતે સંગ્રામ વિષે ભંગાણ પડે, કેટલાક સૈનિક સંગ્રામમાંથી બહાર [illegible] [illegible] તથા કેટલાક શત્રુને શરણે જતા થાય તે વખતે જે શરવીર પુરુષ હોય, તે [illegible] [illegible] [illegible] ધૈર્યથી યોધ્ધા [illegible] [illegible] રહે, પણ પાછો નહીં જાય, [illegible] [illegible] [illegible] પુરુષો આપી તેના બદલામાં વેચાતો લેવો. હે મહાત્માઓમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્ન! હે [illegible] [illegible] તથા પરાક્રમી અને સંગ્રામ વિષે [illegible] [illegible] [illegible] છે... [illegible] [illegible]

જોઈ. ત્યાં મોટી કાયાવાળું, ચંદ્ર તથા સૂર્ય સરખી છે કાંતિ જેની એવું દ્વાર દેશનો આશ્રય કરી ઉભેલું, રૂવાં ઉભાં કરનાર, સ્રવે છે રૂધિર જેમાંથી એવું વ્યાઘ્રનું ચર્મ પહેરેલું, કાળિયાર મૃગનું ચર્મ છે ઉત્તરીય વસ્ત્ર જેનું, સર્પનું યજ્ઞોપવિત ધરેલું, નાના પ્રકારનાં ઉગામેલાં આયુધ સહિત, સ્થૂલ અને લાંબા બાહુયુક્ત, મોટા સર્પના બાજુબંધ પહેરેલું, અગ્નિની જ્વાળા માળાઓકરી આકુળ છે મુખ જેનું, દાઢેકરી વિકરાળ મુખવાળું, ફાડ્યું છે મુખ જેણે, ભયંકર, વિચિત્ર પ્રકારનાં હજારો નેત્રેકરી શોભતું, જોઈ શકાય નહિ એવો છે વેષ તથા રૂપ જેનું, જે જોઈ પર્વતો પણ સર્વથા ફાટી જાય, તેના મુખ, નાસિકા, શ્રવણ તથા હજારો નેત્રમાંથી, મોટી જ્વાળાઓ નિકળતી હતી, તેમજ તેજરૂપી કિરણોમાંથી શંખ, ચક્ર તથા ગદા ધરનાર સેંકડો તથા હજારો વિષ્ણુ પ્રગટ થયા. એવા અતિ અદ્‌ભુત રૂપવાળાં ભયંકર ભૂતને જોઈ વ્યથિત ન થયેલો દ્રોણપુત્ર અશ્વત્થામા તેની ઉપર દિવ્ય અસ્ત્રનો વર્ષાદ કરવા લાગ્યો. એ રીતે અશ્વત્થામાએ મૂકેલાં બાણોને સમુદ્ર જળના ઓઘને જેમ વડવાનળ અગ્નિ ગળે તેમ તે મોટું ભૂત ગળી ગયું. એ રીતે નિરર્થક થએલા બાણના ઓઘને જોઈ અશ્વત્થામાએ પ્રદીપ્ત એવી અગ્નિ શિખા સરખી શક્તિ મૂકી દીપ્ત છે અગ્રભાગ જેનો એવી તે તેને અફળાઈ પ્રલય સમયે આકાશમાંથી પડેલું મોટું ઉંમાડીયું સૂર્યને અથડાઈ જેમ વિદીર્ણ થઈ જાય તેમ વિદીર્ણ થઈ ગઈ. તે પછી સુવર્ણની મૂઠવાળું દિવ્યાકાશ સરખી કાન્તિવાળું ખડ્‌ગ, છિદ્રમાંથી સર્પ નિકળે તેમ મ્યાનમાંથી તત્કાલ કહાડી બુદ્ધિમાન અશ્વત્થામાએ ભૂત ઉપર નાખ્યું. તે ખડ્‌ગ ભૂતને પ્રાપ્ત થઈ નોળિયો જેમ છિદ્ર પ્રત્યે જાય તેમ ભૂતને વાગ્યું તેથી કુપિત થએલા દ્રોણપુત્ર અશ્વત્થામાએ ઇન્દ્રધ્વજ સરખી પ્રજ્વલિત ગદા ગ્રહણ કરી ભૂત પર નાખી, તેને પણ તે ગળી ગયું. એ રીતે સર્વ આયુધનો અભાવ થયો ત્યારે તે તે ઠેકાણે જોતા અશ્વત્થામાએ નિરવકાશ આકાશ જોયું. અતિ આશ્ચર્યરૂપ એવું તે મહાભૂત જોઈ નિરાયુધ એવો દ્રોણપુત્ર, અતિ સંતપ્ત થઈ કૃપાચાર્યનાં વાક્ય યાદ કરી કહેવા લાગ્યો કે, અપ્રિય તથા હિતરૂપ એવું વાક્ય જે ન સાંભળે, તે, તે બેઉને અતિક્રમણ કરી આપદને પ્રાપ્ત થાય. હું જેમ શોચ કરૂં છું તેમ આપદને પ્રાપ્ત થઈ શોચ કરે, અવિદ્વાન્ એવો જે, શાસ્ત્રને ઉલ્લંઘન કરી શાસ્ત્રે અવધ્યપણાથી કહેલાઓને મારવા ઇચ્છે, ધર્મમાર્ગથી ભ્રષ્ટ થએલો તે, કુપથ્યને પ્રાપ્ત થઈ હણાય. ગાય, બ્રાહ્મણ, રાજા, સ્ત્રી, સખા, માતા, ગુરૂ, હીનપ્રાણ, જડ, અંધ, સુતેલા, ગાફલ, ઘેલછાવાળા, તથા મદિરાદિકથી પ્રમત્ત થએલ, એટલાઓ વિષે શસ્ત્રનો પ્રહાર કરવો નહિ. ગુરૂજનોએ પૂર્વેજ મનુષ્યોને સદા ઉપદેશ કરેલો છે તે હું શાસ્ત્રદૃષ્ટ એવા સનાતન માર્ગને અતિક્રમણ કરી કુમાર્ગે જઈ નરતાં કામનો આરંભ કરી ઘોર એવી આપદને પ્રાપ્ત થયો. શક્તિ તથા બળથી મોટાં કૃત્યનો આરંભ કરી પછી અશક્ત થઈ ભયને લીધે ક્રમથી નિવૃત્ત થવું તે ઘોર એવી આપદ કહેવાય, એમ બુદ્ધિમાન પુરૂષો કહે છે. માનુષકર્મ દૈવથી શ્રેષ્ઠ કહેવાતું નથી; કેમકે મનુષ્યકર્મ કરનારને કદી દૈવથી તે કર્મ સિદ્ધ ન થાય તો, ધર્મમાર્ગથી ભ્રષ્ટ થએલો તે, વિપત્તિને પામે, માટે આવી રીતની જે પ્રતિજ્ઞા કરવી એ મોટી ભૂલ છે. કોઈ પણ ક્રિયાનો સમારંભ કરી પછી ભયથી નિવૃત્ત થવું પડે, એટલે કરેલી પ્રતિજ્ઞાની પૂર્તિ ક્યાંથી થાય? મને પણ તેમ કરવાથી આ ભય પ્રાપ્ત થયું. દ્રોણપુત્ર સંગ્રામ વિષે પાછો હઠે નહિ ને મોટું એવું ભૂત પણ દૈવના દંડની પેઠે ઉદ્યુક્ત થઈ ઉભું છે; તેમ હું વિચાર કરૂં છું તોપણ આ શું છે, એમ સર્વથા જાણતો નથી, જે મારી પાપરૂપ મતિ, અધર્મમાર્ગે પ્રવર્તમાન થઈ તેનું ઘોરરૂપ એવું આ ફળ, મારો વધ

કરવા ઇચ્છાય છે. મારૂં સંગ્રામમાંથી પાછું વળવું પણ દૈવવિહિતજ, તે વગર બીજું શું? તે વિના આ ભૂત કોઇ રીતે પણ કેમ હઠે નહિ તે હું આજ સમર્થ એવા મહાદેવના શરણે જાઉં: તે ભગવાન, મારા આ ઘોર એવા દંડને નાશ કરશે. જટાજુટ ધરેલા, દેવના દેવ, ઉમાપતિ, રોગરહિત, કપાલની છે માળા જેને, રૂદ્રરૂપ, ભગનાં નેત્ર હણનાર, હર એવા તે દેવ, તપ તથા પરાક્રમે કરી સર્વ દેવતાઓને ઓળંગી ગયા છે માટે શૂલપાણિ એવા ગિરીશને હું શરણે જાઉં છું.

स हि देवोत्यगाद्देवांस्तपसा विक्रमेण च।
तस्माच्छरणभ्येमिगिरीशं शूलपाणिनं॥

इतिश्री महाभारते सौप्तिकपर्वणि द्रौणिचिंतायां गुर्जरभाषायां षष्ठोऽध्यायः॥६॥

અધ્યાય ૭ મો. ભૂતપતિની સ્તુતિ.

संजय उवाच—एवं संचिंतयित्वा तु द्रोणपुत्रो विशांपते।
अवतीर्य रथोपस्थाद्देवेशं प्रणतः स्थितः॥१॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે વિશાંપતે! એ રીને વિચાર કરી દ્રોણપુત્ર, રથમાં બેસવાના સ્થાનકથી નીચે ઉતરી દેવેશ એવા મહાદેવને પ્રણામ કરી ઉભો રહ્યો અને કહેવા લાગ્યો કે, ઉગ્ર, સ્થાણુ, શિવ, રૂદ્ર, શર્વ, ઇશાન, ઈશ્વર ગિરીશ, વર દેનાર, દેવ, ભવભાવન, ઇશ્વર, શિતિકંઠ, અજ, શુક્ર, દક્ષના યજ્ઞનો નાશ કરનાર, હર, વિશ્વરૂપ, વિરૂપાક્ષ, બહુરૂપ, ઉમાપતિ શ્મશાનવાસી, ગર્વિષ્ઠ, મહા ગણનાપતિ, વિભુ, ખટ્વાંગ ધરનાર, રૂદ્ર, જટિલ, બ્રહ્મચારિ, ત્રિપુરઘાત મહાદેવને તે હું મારા આત્માનું બલિદાન આપી યજન કરૂંછું. સ્તુતિ કરેલા, સ્તુતિ કરવા યોગ્ય, સ્તુતિ કરવા માંડેલા, અમોઘ, હસ્તિચર્મના વસ્ત્રવાળા વિલોહિત, નીલકંઠ, અસહ્ય, દુર્નિવારણ, શક્ર, બ્રહ્માને સરજનાર, બ્રહ્મરૂપ બ્રહ્મચારી, વ્રતવાન, તપોનિષ્ઠ, અનંત, તપ કરનારની ગતિરૂપ, બહુરૂપ, ગણાધ્યક્ષ, ત્રણ નેત્રવાળા પાર્ષદ છે પ્રિય જેને, ધનાધ્યક્ષ, ક્ષિતિમુખ, ગૌરીવલ્લભ, કુમારના પિતા, પિંગ, ગોવૃષરૂપ ઉત્તમ છે વાહન જેનું, ધર્મરૂપી વસ્ત્ર ધરેલા, અત્યુગ્ર, શોભાવવામાં તત્પર, પર થકી પણ પર, પરમ, જે થકી પર બીજું કંઇ છે નહિ, બાણ તથા અસ્ત્રના ઉત્તમ ભર્તા, દિગંત, દેશનું રક્ષણ કરનાર, સુવર્ણમય છે કવચ જેનું એવા ચંદ્રમૌલિવિભૂષણ દેવને, પરમ સમાધિ તથા શુદ્ધ મનેકરી હું શરણે છું. આજ અતિદુષ્કર એવી આ ઘોર આપદને જો હું તરૂં તો પવિત્ર એવા મહાદેવનું સર્વ ભૂતના ઉપહારે કરી યજન કરૂં. તેનો નિશ્ચય જાણી સુકર્મના યોગથી તે મહાત્માની આગળ સુવર્ણમય વેદી ઉત્પન્ન થઇ. તે વખતે હે રાજન્! તે વેદિ વિષે જ્વાલાઓએ કરી દિશા, વિદિશા, તથા આકાશને પૂરી દેતો હોય નહિ જાણે એવો અગ્નિ ઉત્પન્ન થયો. પ્રદીપ્ત છે મુખ તથા નેત્ર જેનાં, અનેક પાદ, મસ્તક તથા ભુજયુક્ત રત્નજડિત વિચિત્ર પ્રકારના બાજુબંધવાળા, ઉગામેલા છે કર જેમણે, દ્વીપ તથા પર્વત સરખા મોટા ગણ પ્રગટ થયા. તેમાં કેટલાક

શ્વાન, વરાહ તથા ઉંટ સરખા રૂપવાળા, કેટલાક અશ્વ, શિયાળ તથા ગાય સરખા મુખવાળા, રીંછ, મંજાર, વ્યાઘ્ર, તથા હસ્તિસરખા મુખવાળા, કેટલાક કાક, મંડુક તથા પોપટ સરખાં મુખવાળા, મોટા અજગર સરખા મુખવાળા, હંસ સરખા મોઢવાળા તીક્ષ્ણ છે કાંતિ જેમની એવા હે ભારત! દાર્વાઘાટ નામના પક્ષિ સરખાં મુખવાળા તથા ચાંસના જેવાં મુખવાળા કેટલીક હતા. કૂર્મ, નક્ર તથા શિશુમારના જેવા મુખવાળા, કેટલાક મોટા મગરમચ્છ સરખાં મુખવાળા, તિમિ નામના મત્સ્ય જેવા, સિંહ, ક્રૌંચ, કપોત, તથા હસ્તિ સરખાં મુખવાળા, પારાવત તથા મદ્દગુ નામના સર્પ સરખા, હાથ સરખા કાનવાળા, હજારો છે નેત્ર જેમને, મોટાં ઉદરયુક્ત, માંસ વગરના, કાક સરખાં મોંઢાવાળા, બાજપક્ષિ સરખાં છે તુંડવાળા, મસ્તક વગરના, રીંછ સરખાં મુખવાળા. પ્રદીપ્ત છે નેત્ર તથા જિવ્હા જેમની, જ્વાળા સરખા વર્ણવાળા, જ્વાળાયુક્ત છે કેશવાળા, પ્રજ્વલિત રોમ સહિત ચાર છે ભુજ જેમને એવા, બકરાં તથા ઘેટાં સરખાં મુખવાળા, શંખ સરખાં છે મુખ તથા વર્ણ જેમને એવા, શંખની માળા-રૂપી છે પરિવાર જેમને, શંખના શબ્દ સરખા છે શબ્દ જેમના, જટા ધરેલા, પાંચ શિખા સહિત, માથે છે મુંડા જેમને, કૃશ ઉદરવાળા, ચાર છે જિવ્હા તથા દાઢ જેમને, શંકુ સરખા કાનવાળા, મુગુટ ધરેલા, મૌંજી ધારણ કરનાર, ખીટલીઆળા છે કેશ જેમના, પાઘડી બાંધેલા, મુગટ ધરેલા. સુંદર મુખવાળા તથા સારી રીતે શણગારેલા, કૈરવ તથા શતપત્ર નામનાં કમળ છે શિરોભૂષણવિષે જેમને, માહાત્મ્ય યુક્ત, એવા સેંકડો તથા હજારો ગણ પ્રગટ થયા. શતઘ્ની વજ્ર તથા મુસળ છે હાથમાં જેમના, ભુશુંડિ, પાશ, તથા દંડ છે હાથમાં જેમના, પૃષ્ટ ભાગ-વિષે બાંધ્યા છે ભાથા જેમણે, વિચિત્ર પ્રકારના બાણોકરી ઉત્કટ, ધ્વજા, પતાકા, ઘંટા, તથા ફરશી સહિત, કેટલાક ઉગામેલી લાકડી યુક્ત હાથવાળા, લોઢાની લાકડી તથા ખડ્ગ છે હાથમાં જેમના, સર્પયુક્ત ઉંચા મુગટવાળા, મોટા સર્પના બાજુબંધ ધરેલા, વિચિત્ર પ્રકારનાં આભ-રણ ધરનાર, રજયુક્ત છે ધ્વજ જેમના, ગારાથી લીંપાયલા સર્વ, ધોળાં વસ્ત્ર તથા માળા ધરેલા, કેટલાક નીલ અંગવાળા, કેટલાક પિંગલ અંગયુક્ત, મુંડયુક્ત છે મુખ જેમના એવા પ્રહૃષ્ટ થએલા સુવર્ણસરખી કાંતિવાળા પારિષદ્ ગણ, ભેરી, શંખ, મૃદંગ, ઝાંઝર, આનક તથા ગોમુખ નામના વાદ્યને વગાડતા બીજા કેટલાક ગાતા કેટલાક નૃત્ય કરતા મહારથિ કેટ-લાક પારિષદ્, થેકતા કૂદતા તથા વેગથી કેટલાક દોડતા હતા. પવને ઉડાડયા છે કેશ જેમના એવા માથે મુંડાવાળા મદોન્મત્ત, મોટા હસ્તિઓની પેઠે વારંવાર શબ્દ કરતા અત્યંત ભયં-કર રૂપવાળા ત્રિશૂળ તથા પટ્ટા છે હાથમાં જેમના, નાના પ્રકારનાં રંગવાળાં વસ્ત્ર પહેરેલા, વિચિત્ર પ્રકારની પુષ્પની માળા તથા ચંદનવાળા, રત્નજડિત વિચિત્ર પ્રકારના, બાજુબંધ ધરેલા, ઉગામ્યા છે હાથ જેમણે, દ્વેષિઓને હઠાત્કારથી હણનારા, શૂરવીર અસહ્ય છે પરાક્રમ જેમનું, રૂધિર તથા વસાના ઓઘને પીનાર, માંસ તથા અંત્રનાં કર્યાં છે ભોજન જેમણે એવા મુગુટવાળા કમળકોશ સરખા અતિ પ્રસન્ન થએલા, થાળી સરખા પેટવાળા, અતિ નાના. અતિ મોટા, અત્યંત લાંબા, અતિ ભયંકર, વિકરાળ, કાળ સરખા લાંબા ઓઠવાળા, મોટા છે ઘુંટણના ઉપલા તથા હેઠલા ભાગ જેમના, કેટલાક માથે મુંડાવાળા, કેટલાક જટાવાળા, અર્ક, ચંદ્ર, ગ્રહ તથા નક્ષત્ર સહિત આકાશને પૃથ્વીતલ કરે એવા, તેમજ ચતુર્વિધભૂતના ગ્રામને હણવાને ઉત્સાહવાળા, નિરંતર ભયરહિત, હર એવા મહાદેવની ભ્રકુટિને સહન કરનાર, કામ કરનાર ત્રૈલોક્યના ઇશ્વરના પણ ઈશ્વર, નિરંતર આનંદેકરી અત્યંત હર્ષિત, વાણીના ધણી, ગયો છે મત્સર જેમને, તેઓ આઠ ગુણ ઐશ્વર્યને પ્રાપ્ત થઈ જે વિસ્મયને પ્રાપ્ત થાય નહિ,

ભગવાન એવા હર પણ જેમના કર્મેકરી નિરંતર વિસ્મય પામે છે એવા જેમણે મોટાં મન, વાણી તથા કર્મથી આરાધન કરેલા હર, મન, વાણી તથા કર્મેકરી ઔરસ પુત્રને પેઠે તેમ પાળનાર, બ્રાહ્મણના દ્વેષિઓનાં રૂધિર તથા વસાનું પાન કરનાર, ક્રોધાયમાન થએલા, બીજા કેટલાક સર્વદા ચાર પ્રકારના સોમનું પાન કરનાર, શ્રુત, બ્રહ્મચર્ય, તપ તથા દમેકરી થાકેલા એવા મહાદેવનુ આરાધન કરી શૈવસાયુજ્યને પ્રાપ્ત થએલા, પોતાથી ઉત્પન્ન થએલા જે ગણ તથા પાર્વતી સહિત ભૂત, ભવિષ્ય તથા વર્તમાનના પ્રભુ એવા મહેશ્વર, મહાભૂતના ગુણેકરી ભોગ લેનાર નાના વાદિત્ર સહિત, ક્રીડા, પોકાર તથા ગર્જિતેકરી વિશ્વને ત્રાસ પમાડતા અશ્વત્થામા સામે આવ્યા. મહાદેવની સ્તુતિ કરતા સુંદર કાંતિ પ્રકાશ કરતા, મહાત્મા અશ્વત્થામાના મહિમાને વધારવા ઇચ્છતા, તેના તેજને જાણવા ઇચ્છતા તથા સૌપ્તિક જનને જોવા ઇચ્છતા, ભયંકર તથા ઉગ્ર એવાં ભાલાં, ઊંબાડિઆં, ત્રિશૂળ તથા પટ્ટા છે હાથમાં જેમના એવા ઘોરરૂપ ભૂતના સંઘ, ચોતરફથી આવ્યા. જેમને જોઇ ત્રૈલોક્ય પણ ભયને પ્રાપ્ત થાય એવા તે ભૂતગણને જોઇને વ્યથા ન પામનાર મહાબળવાન, હાથમાં જેના ધનુષ છે, ઘોના ચામડાના મોજા પહેરેલા અશ્વત્થામાએ પોતે પોતાના આત્માનું બલિદાન કર્યું. હે ભારત! તે કર્મમાં ધનુષરૂપી સમિધ તીક્ષ્ણ બાણરૂપ મજ તૃણ, આત્મવાન એવો તેનો આત્મા હવિષ્યરી પ્રતાપવાન એવો મહા ક્રોધી દ્રોણ પુત્ર, સોમદૈવત્ય મંત્રેકરી પોતાના આત્માનું બલિ સમર્પણ કરી રૌદ્ર છે કર્મ જેનાં એવા મહાત્મા રૂદ્રની રૌદ્રકર્મથી સ્તુતિ કરી હાથ જોડી આવી રીતે કહેવા લાગ્યો કે, હે ભગવન્! આજ આંગિરસકુળવિષે ઉત્પન્ન થએલા આ આત્માને અગ્નિવિષે હું હોમ કરૂં છું માટે બલિરૂપ મને ગ્રહણ કરો. હે મહાદેવ! હે વિશ્વાત્મન્! તમારી ભક્તિએ કરી પરમ સમાધિથી આ આપદ્ વિષે તમારી આગળ હું આ હોમ કરૂં છું. સર્વ ભૂત, તમારેવિષે રહ્યાં છે, અને સર્વ ભૂતવિષે તમે રહ્યા છો. પ્રધાન એવા ગુણની એકતા તમારે વિષે રહે છે. હે સર્વ ભૂતાશ્રય! હે વિભો! હે દેવ! જો પારકાઓને હણવા હું સમર્થ ન થાઉં તો હવિભૂત એવા મને ગ્રહણ કરો. એમ કહી અશ્વત્થામા, પ્રદીપ્ત છે અગ્નિ જેમાં એવી તે વેદી પ્રત્યે ઉભો રહી આત્માનો ત્યાગ કરી વેદી ઉપર ચઢી અગ્નિવિષે પ્રવિષ્ટ થયો. હવિષરૂપ પ્રાપ્ત થએલા છે બાહુ જેના એવા ચેષ્ટા રહિત તેને જોઇ ભગવાન મહાદેવ, હસતા હોય નહિ તેની પેઠે તેને કહેવા લાગ્યા કે, સત્ય, શૌચ, આર્જવ, ત્યાગ, તપ, નિયમ, ક્ષાંતિ, ભક્તિ, ધૃતિ, બુદ્ધિ તથા વચનેકરી અક્લિષ્ટ કર્મથી કૃષ્ણે મારૂં યથાર્થ આરાધન કરેલુ છે માટે કૃષ્ણથી અધિક કોઇ પણ મને ઇષ્ટ નથી. માટે હે તાત! કૃષ્ણને સંમાન કરતા તથા તને જાણવા ઇચ્છતા મેં હાલ પાંચાળોની રક્ષા કરી અને તને ઘણી માયા દેખાડી. પાંચાળોને રક્ષણ કરતા તે શ્રીકૃષ્ણનુંજ સંમાન કર્યું છે પણ કાળે કરી તે અભિભૂત થએલા છે, આજ એમનું જીવિત છે નહિ એમ કહી પોતાના શરીરરૂપ એવા મહાત્મા અશ્વત્થામા પ્રત્યે ભગવાન મહાદેવ પોતે પ્રવિષ્ટ થઇ એમ નિર્મલ એવું ઉત્તમ ખડ્ગ આપ્યું. એ રીતે ભગવાન મહાદેવે આવિષ્ટ અધિક તેજથી તે પ્રજ્વલિત થયો તથા દેવસૃષ્ટ તેજે કરી યુદ્ધમાં તે વેગવાન થયો, પછી શત્રુના તંબુપ્રત્યે જતા સાક્ષાત્ ઇશ્વર હોય નહિ એવા તેની પાછળ ચોતરફથી અદૃશ્ય એવાં ભૂત તથા રાક્ષસ દોડવા લાગ્યા.

[illegible] भूतानि [illegible] च [illegible] ।
[illegible] ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि द्रौणिकृत शिवार्चने दुर्योधनस्वर्गगमनं सप्तमोऽध्यायः ॥ ७ ॥

અધ્યાય ૮ મો. અશ્વત્થામાએ કરેલો ભયંકર નાશ.

धृतराष्ट्र उवाच—तथा प्रयाते शिबिरं द्रोणपुत्रे महारथे ।
कच्चित्कृपश्च भोजश्च भयार्तौ न व्यवर्तताम् ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે સંજય ! તે રીતે મહારથ દ્રોણપુત્ર તંબુપ્રત્યે ગયો, તે પછી ભયે કરી પીડિત એવા ભોજ તથા કૃપ પાછા ન વળ્યા, ને ક્ષુદ્ર એવા રક્ષકોએ તેમને વાર્યા નહિ વા જોયા પણ નહિ, વા અસહ્ય છે એવું માની તે બેઉ મહારથિઓ, નિવૃત્ત ન થયા, અથવા તંબુને વિચ્છિન્ન કરી સોમક તથા પાંડવોને હણી સંગ્રામમાં પરમ એવી દુર્યોધનની પદવીને પ્રાપ્ત થયા. પૂર્વે પાંચાલોએ હણેલા શૂરવીરોએ પૃથ્વીવિષે સૂતેલા પાંચાલોના વધરૂપ કર્મ કર્યું ! હે સંજય ! તે સર્વ વૃત્તાંત મને કહે.

સંજય કહે છે—મહાત્મા દ્રોણ પુત્ર તંબુ પ્રત્યે ગયો તે વખતે, કૃપ તથા કૃતવર્મા તંબુના દ્વાર પર ઉભા રહ્યા. અશ્વત્થામા તો યત્નવાન એવા તે બેઉ મહારથિને જોઈ અત્યંત હૃષ્ટ થઈ હે રાજન્ ! ધીરેથી તેમને આવી રીતે કહેવા લાગ્યો. સાવધાન થએલા તમો સર્વ ક્ષત્રિયોનો નાશ કરવા સમર્થ છો, ત્યારે સારી રીતે સુતેલા શેષ રહેલા યોદ્ધાઓનો નાશ કરવામાં તમો સમર્થ હો તેમાં શું કહેવું. હું તંબુમાં પ્રવેશ કરી કાળની પેઠે વિચરીશ, અને તમારે કોઈ પણ માણસ જીવે નહિ તેમ કરવું. ને બેઉને આમ કહી દ્રોણપુત્ર અશ્વત્થામા, પાંડવોના તંબુમાં પ્રવિષ્ટ થયો. આડે રસ્તે તંબુને ચીરી ધૃષ્ટદ્યુમ્નના ઠેકાણાને જાણનાર મહાબાહુ અંદર પ્રવેશ કરી પોતાનો ભય છોડી ધીરેથી ધૃષ્ટદ્યુમ્નના સ્થાન પ્રત્યે ગયો. મોતરુ દોડવાથી થાકેલા, બાણથી ક્ષત થયેલા અંગવાળા બલવાન એવા પાંચાલો તો મોટું કર્મ કરી વિશ્વાસથી સારી રીતે સુતેલા હતા. તે સ્થાનકે હે ભારત ! ધૃષ્ટદ્યુમ્નના ઘર પ્રત્યે પ્રવેશ કરી અશ્વત્થામાએ શયન વિષે સુતેલા પાંચાલ ધૃષ્ટદ્યુમ્નને જોયો. હે મહીપતે ! રેશમી, અમૂલ્ય આસ્તરણથી, વીંટાયલા અત્યંત શ્રેષ્ઠ માલ્યાદિક પુષ્પ સંયુક્ત સુગંધી ધૂપ તથા ગંધે કરી વાસિત બિછાનાંમાં સુતેલા વિશ્વાસયુક્ત, નિર્ભય ઉંઘતા મહાત્માને, અશ્વત્થામાએ પાટુ મારી જગાડ્યો. એ રીતે અશ્વત્થામાના પગના સ્પર્શથી અમેય છે આત્મા જેનો એવો રણદુર્મદ તે જાગી મહાત્મા દ્રોણપુત્રને ઓળખી શય્યામાંથી ઉઠવા મંડ્યો તેટલામાં તો મહાબળવાન અશ્વત્થામાએ બે હાથથી તેના કેશ પકડી તેને પૃથ્વીપર પછાડ્યો. એ રીતે બળથી તેણે પછાડેલા પાંચાલ્ય, ભય તથા નિંદ્રાને લીધે કંઈ કરી શક્યો નહિ. તેટલામાં તો વળી હે રાજન્ ! અશ્વત્થામા કંઠ તથા વક્ષસ્થલ વિષે પગથી આક્રમણ કરી શબ્દ કરતા તથા સ્ફુરાયમાન થતા તેને પશુને મારે તેમ મારવા લાગ્યો. તે વખતે નખે કરી અશ્વત્થામાને ખણતા એવા ધૃષ્ટદ્યુમ્ને અસ્પષ્ટ વાણીથી તેને કહ્યું કે, હે આચાર્યપુત્ર ! શસ્ત્રથી મને માર, ઢીલ લગાડ માં. એટલે હે દ્વીપાંતર ! તારા મારવાથી હું સુકૃત એવા લોકને પ્રાપ્ત થાઉં; એવું કહી શત્રુને તપાવનાર બલવાન એવો તે અત્યંત પીડેલો, પાંચાલરાજનો પુત્ર

ધૃષ્ટદ્યુમ્ન, વિરામને પ્રાપ્ત થયો. તે સમયે અવ્યક્ત એવી તેની વાણી સાંભળી અશ્વત્થામા કહેવા લાગ્યો કે, હે કુલપાંસન ! આચાર્ય હણનારને સુકૃત લોક પ્રાપ્ત થતા જોઇએ નહિ માટે હે દુર્મતે ! તું શસ્ત્રથી મરણ પામવા યોગ્ય નથી. એમ તે શૂરવીરને કહી ક્રુદ્ધ થએલા અશ્વત્થામાએ સિંહ જેમ મદોન્મત્ત હસ્તિને હણે તેમ અત્યંત દારૂણ એવા પેનીના પ્રહારથી મર્મસ્થાન વિષે તેને હણ્યો. એ રીતે ઘર વિષે મારવા માંડેલા તે શૂરવીરના શબ્દે કરી હે મહારાજ ! જાગ્રત થએલા એના રક્ષક તથા સ્ત્રિયો પણ, અતિમાનુષ છે પરાક્રમ જેનું એવા ધર્ષણ કરતા તેને જોઇ આ ભૂતજ છે એમ નિશ્ચય કરી ભયને લીધે કંઇ બોલ્યાં નહિં. તેજસ્વી અશ્વત્થામા તો, તેને યમલોક પ્રત્યે મોકલી પાછો સુંદર એવા પોતાના રથમાં જઇ બેઠો, તે પછી વળી હે રાજન્ ! તેના ઘરથી નીકળી હણવાને ઇચ્છનો બળવાન અશ્વત્થામા, રથે કરી દિશાઓને શબ્દાયમાન કરતો બીજા દૈવિઓના તંબુ તરફ ગયો. એ રીતે ધૃષ્ટદ્યુમ્નને મારી મહારથ દ્રોણપુત્ર ગયો તે સમયે સર્વ રક્ષક સહિત સ્ત્રિયો રોવા લાગી. હણાયલા રાજાને જોઇ અત્યંત શોકમાં તત્પર એવા ધૃષ્ટદ્યુમ્ન તરફના સર્વ ક્ષત્રિયો આક્રોશ કરવા લાગ્યા. સ્ત્રિયોનો શબ્દ સાંભળી સમીપ રહેનારા શ્રેષ્ઠ ક્ષત્રિયો, અરે ! આ તે શું છે એમ કહેતા સંનદ્ધ થયા. હે રાજન્ ! ત્રાસ પામેલી સ્ત્રિયો તો અશ્વત્થામાને જોઇ દીન કંઠથી કહેવા લાગી કે, અરે જલદી દોડો, આ રાક્ષસ વા મનુષ્ય કોણ છે તે અમે જાણતાં નથી. હમણાં પાંચાલરાજાને હણી રથમાં ચઢી ચાલ્યો ગયો. સ્ત્રિયોનાં વચન સાંભળી મુખ્ય યોદ્ધાઓએ તત્કાળ ચોતરફથી તેને ઘેરી લીધો. અશ્વત્થામાએ પોતા સામે આવતા સર્વને રૂદ્રાસ્ત્રેકરી હણ્યા. એ રીતે ધૃષ્ટદ્યુમ્નને તથા એની પાછળ ચાલનારા યોદ્ધાઓને હણી બીજા તંબુમાં સુતેલા ઉત્તમૌજાને જોઇ તેને પણ તેજે કરી પગથી કંઠ તથા વક્ષસ્થળમાં અ.ઘાત કર્યો, શત્રુને દમન કરનાર ઉત્તમૌજાને પણ તેજ રીતે મારી નાંખ્યો. તે વેળાએ યુધામન્યુએ, તેને રાક્ષસે હણ્યો એમ માની તેની પાસે આવી ગદા ઉગામી વેગથી અશ્વત્થામાને હૃદયપર ઘા કર્યો. તેની સામે દોડી તેને પકડી પૃથ્વી વિષે પાડી સ્ફુરાયમાન થતા એને પણ પશુને મારે તેમ મારી નાખ્યો. એ રીતે શૂરવીર અશ્વત્થામા, તેને મારી બીજાઓ તરફ દોડી જઇ હે રાજેન્દ્ર ! તે તે સ્થાનકે સારી રીતે સુતેલા તેથી સ્ફુરાયમાન તથા કંપાયમાન થતા મહારથિઓને યજ્ઞ વિષે શમિતા, જેમ પશુઓને મારે તેમ મારતો હતો. ત્યારપછી વળી વિભાગથી જુદા જુદા માર્ગ પ્રત્યે વિચરતો ખડ્ગ યુદ્ધમાં વિશારદ હાથમાં ખડગ લઇ જુદે જુદે સ્થાનકે બીજાઓને હણતો હતો. તેજ રીતે પોતપોતાના ગુલ્મ વિષે સુતેલા મધ્ય ગુલ્મમાં રહેલા, થાકી ગએલ, ત્યાગ કર્યાં છે આયુધ જેમણે એવા તે સર્વને ક્ષણમાત્રમાં નાશ કરતો હતો રૂધિરે કરી વ્યાપ્ત છે અંગ જેનું એવો તે કાળે સરજેલો જાણે અંતકજ હોય નહિ તેની પેઠે યોદ્ધાઓ, અશ્વ તથા હસ્તિઓને ખડ્ગથી હણતો હતો, અશ્વત્થામા શત્રુઓના શરીરમાંથી ઉછળતા રક્તબિંદુએ કરી ખડ્ગના ઉદ્યમથી તથા ખડ્ગના મારથી ત્રણ પ્રકારે રૂધિરથી વ્યાપ્ત થતો હતો રૂધિરે કરી પ્રદીપ્ત છે ખડ્ગ જેનું એવા યુદ્ધ કરતા અશ્વત્થામા અમાનુષ સરખો અતિ ભયંકર લાગતો હતો. હે કૌરવ્ય ! જે જાગતા હતા તે પણ શબ્દે કરી મોહિત થઇ એકબીજા સામું જોઇ ભયયુક્ત થયા. અશ્વત્થામાનું તે રૂપ જોઇ શત્રુને કર્ષણ કરનાર ક્ષત્રિયો તેને રાક્ષસ માની નેત્ર મીંચી ગયા. તંબુ વિષે કાળની પેઠે વિચરતા ઘોરરૂપવાળા દ્રૌપદીના પુત્ર તથા બાકી રહેલા યોદ્ધાને જોઇ, હે વિશાંપતે ! દ્રોણપુત્ર તેમના સામે ગયો. તે શબ્દે કરી ત્રાસ પામેલા મહારથી દ્રૌપદીના પુત્ર ધૃષ્ટદ્યુમ્ન હણાયો એવું સાંભળી હાથમાં ધનુષ લઇ નિર્ભયની પેઠે ભાર-

[illegible] ઉપર [illegible] બાણુ નાખવા લાગ્યા. તેમજ [illegible] કરી [illegible] થએલા પ્રભદ્રક [illegible] શિખંડિ પણ બાણુકરી દ્રોણપુત્રને પીડિત કરવા લાગ્યા. એ રીતે બાણુનો વર્ષાદ વરસાવતા [illegible] [illegible] ગળથી મોટો સિંહનાદ કરી મહારથિઓને હણવા ઇચ્છતો, પરમ સંક્રુદ્ધ થએલો, [illegible] [illegible], પિતાના વધને યાદ કરી, રથમાંથી નીચે ઉતરી ત્વરાથી તેમની સામે દોડી [illegible] ચંદ્રકીર્તિનાં ચિન્હ જેમાં છે એવી ઢાલ તથા સુવર્ણથી શોભિતું નિર્મળ એવું દિવ્ય [illegible] ગ્રહણ કરી તેમને મારવા લાગ્યો. હે રાજન્! પુરુષમાં સિંહરૂપ તેણે તે મહા સંગ્રામમાં [illegible] [illegible] [illegible] પ્રતિવિંધ્ય, તત્કાળ પૃથ્વીપર પડ્યો. પ્રતાપવાન સુતસોમ, સાંગથી દ્રોણપુત્ર સામે દોડ્યો. હે નરર્ષભ! અશ્વત્થામાએ સુતસોમનો ખડ્ગ સહિત તે બાહુ કાપી વળી તેને [illegible] ઘા કર્યો. ભેદાયું છે હૃદય જેનું એવો તે નીચે પડ્યો. પરાક્રમી નકુલપુત્ર શતાનીક, [illegible] ગ્રહણ કરી બે હાથથી ઉંચુ કેરવી વેગેકરી વક્ષ:સ્થળમાં એને તાડન કર્યો. અશ્વત્થામાએ પણ [illegible] છે [illegible] જેણે એવા શતાનીકને તાડન કર્યો, તેથી વિહ્વળ એવો તે, પૃથ્વી ઉપર પડ્યો; તે વખતે અશ્વત્થામાએ તેનું મસ્તક કાપી નાખ્યું. શ્રુતકર્માએ તો ભાલો ગ્રહણ કરી અશ્વત્થામા સામે દોડી સવ્ય ફલક વિષે તેને તાડન કર્યો, તેમણે પણ ખડ્ગેકરી મુખ વિષે તાડન કરેલો શ્રુતકર્મા વિકૃત છે મુખ જેનું એવો વિમૂઢ થઇ પૃથ્વીપર પડ્યો. તેના શબ્દથી [illegible] [illegible] મહારથિ શૂરવીર શ્રુતકીર્તિએ અશ્વત્થામા સામે જઇ તેની ઉપર બાણુનો વર્ષાદ કર્યો. સામે આવતા તેના બાણુના વર્ષાદને ઢાલથી વારી રાખી અશ્વત્થામાએ, કુંડલ સહિત શોભતું તેનું પણ મસ્તક કાયા ઉપરથી નીચે પાડી નાખ્યું. પછી બળવાન અશ્વત્થામાએ નાના પ્રકારનાં શસ્ત્રો કરી ભીષ્મને હણનાર શિખંડિને સર્વ પ્રભદ્રક સહિત ચોતરફથી હણ્યો. ક્રોધયુક્ત મહા બલવાન દ્રોણપુત્રે બીજું બાણુ તેના ભ્રકુટીના મધ્યમાં મારી તેની પાસે જઇ ખડ્ગથી બે પ્રકારે તેને [illegible]. શિખંડિને હણી શત્રુને તપાવનાર ક્રોધાવિષ્ટ અશ્વત્થામાએ વેગથી સર્વ પ્રભદ્રકગણુ સામે [illegible] વિરાટના બાકી રહેલા સૈન્ય સામે જઇ દ્રુપદના પુત્ર, પૌત્ર તથા સબંધિઓનો પણ [illegible] [illegible]. બીજા પુરુષો પ્રત્યે પણ સામે જઇ જઇને અસિમાર્ગમાં વિશારદ અશ્વત્થામાએ ખડ્ગથી તેમને કાપ્યા. એટલામાં તે યોદ્ધાઓએ રક્ત છે મુખ તથા નેત્ર જેના એવા રક્ત પુષ્પ તથા અનુલેપન યુક્ત, રક્ત વસ્ત્ર ધરનાર, એકાકિની, પાશ છે હાથમાં જેના, કુટુંબિની, [illegible] કરતી, નર, અશ્વ તથા કુંજરને ઘોર પાશથી બાંધી ઉભેલી, પાશથી બાંધેલ મસ્તક [illegible] વિવિધ પ્રકારનાં પ્રેતને વહન કરતી એવી કાલરાત્રિરૂપ કાલીને જોઇ. હે રાજન્! તે મુખ્ય યોદ્ધાઓ, બીજી રાત્રિઓવિષે પણ સ્વપ્નમાં લાગ કર્યો છે [illegible] જેમણે એવા સુતેલા [illegible] રથિઓને લઇ જતી કાલીને તથા તેમને હણુતા દ્રોણપુત્ર અશ્વત્થામાને પ્રત્યક્ષ દેખતા [illegible], એ રીતે મુખ્ય યોદ્ધાઓ, જ્યારથી કૌરવ પાંડવની સેનાઓના સગ્રામનો સમારંભ [illegible] ત્યારથી તે કાલીને તથા અશ્વત્થામાને જોતા હતા, માટે તેમને પૂર્વે દૈવે હણ્યા [illegible] ને પછી સર્વ ભૂતને ત્રાસ પમાડતા, ભયંકર શબ્દ કરતા અશ્વત્થામાએ હણ્યા. [illegible] રીતે પૂર્વે [illegible] સ્વપ્નદર્શન સંભારી દૈવે પીડિત કરેલા શૂરવીરો, સ્વપ્નમાં જે દેખાયું [illegible] તે [illegible] [illegible] રીતે માનતા હતા. મોટા શબ્દે કરી [illegible] તંબુ વિષે રહેલા સેંકડો તથા હજારો ધનુષ ધરનાર યોદ્ધાઓ જાગ્રત થયા. તે વખતે કાળે સર્જેલા અનકની [illegible] અશ્વત્થામાએ કોઇના પગ, કોઇની જંઘા, તથા કેટલાકના પડખાં છેદ્યાં. હે પ્રભો! [illegible] [illegible] અશ્વત્થામાએ પીડેલા, શબ્દ કરતા, આતે ઉન્મત્ત ગજ તથા અશ્વે મંથન કરેલા. ' [illegible] શું છે! [illegible] [illegible]! શું છે? શું કર્યું '? એ રીતે પોકારતા યોદ્ધાઓએ કરી [illegible] [illegible] [illegible]'

અને. પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ અશ્વત્થામાએ ત્યાગ કર્યા છે શસ્ત્ર તથા કવચ જેમણે, એવા થયેલા પાંડવ તથા સંજયોને મૃત્યુલોક પ્રત્યે મોકલી દીધા. તેના શસ્ત્રથી ત્રાસ પામેલા ક્રૂરતાએકરી આતુર, નિદ્રાંધ માટેજ સંજ્ઞા વિનાના કેટલાક, તે તે ઠેકાણે સંતાતા હતા. વાયુ વેગે ગ્રહણ કરેલા, મોહથી હણાયું છે પરાક્રમ જેમનું એવા, અત્યંત ત્રાસ પામેલા શબ્દ કરતા યોદ્ધાઓ, એક બીજા સામે પરસ્પર અથડાતા હતા. વળી હાથમાં છે ધનુષ જેના એવા અશ્વત્થામાએ ભયંકર શબ્દવાળા રથમાં બેસી બાણેકરી બીજા કેટલાક યોદ્ધાઓને યમલોક પ્રત્યે મોકલી દીધા. કેટલાક ઉઠી પાછા સામે આવતા તથા પડતા શૂરવીર ઉત્તમ યોદ્ધાઓને અશ્વત્થામાએ દૂરથી કાલરાત્રિને નિવેદન કર્યા. તેમજ પાસે રહેલાઓને રથના અગ્રભાગથી મર્દન કરી બીજા દૂર રહેલાઓની ઉપર વિવિધ પ્રકારનાં બાણનો વર્ષાદ કર્યો. તેજ રીતે વળી અશ્વત્થામા, સેંકડો ચંદ્રાકૃતિ યુક્ત વિચિત્ર પ્રકારની ઢાલ, તથા આકાશ સરખા વર્ણવાળા ખડ્ગે કરી વિચરતો હતો. હે રાજેંદ્ર ! એ રીતે સંગ્રામમાં અશ્વત્થામા, તેમના તંબુને, હસ્તિ જેમ મોટા તળાવને ક્ષોભ પમાડે તેમ ક્ષોભ પમાડતો હતો. હે રાજન્ ! મોટા શબ્દે કરી ભયાર્ત તથા નિદ્રાર્ત બેભાન થએલા યોદ્ધાઓ, કૂદતા હતા તથા તે તે ઠેકાણે દોડતા હતા. કેટલાક વિસ્વર થાય તે રીતે ચીસ પાડતા હતા. કેટલાક ઘણું અસંબદ્ધ બોલતા હતા. નિદ્રાને લીધે વસ્ત્ર તથા શસ્ત્રને પ્રાપ્ત થતા ન હતા. બીજા છુટા કેશવાળા, કેટલાક પરસ્પર એકબીજાને ઓળખતા ન હતા. થાકી ગએલા કેટલાક કૂદતા હતા, કેટલાક પડતા હતા તથા કેટલાક ભમતા હતા, કેટલાક વિષ્ટા તથા મુત્ર કરી જતા હતા. હે રાજેંદ્ર ! અશ્વ તથા હસ્તિઓ બંધન કાપી એકદમ ભાગતા હતા. બધું આકુલ થઇ જતુ હતું. તે વખતે બીનેલા કેટલાક પુરૂષ પૃથ્વીતળવિષે છુપાઇ જતા હતા. તે રીતે પૃથ્વીપર પડેલા તેમને હસ્તિ તથા અશ્વ પીસતા હતા. હે પુરૂષર્ષભ ! હે ભરતસત્તમ ! તે વર્તતા ભયંકર સંગ્રામમાં પ્રસન્ન થએલા રાક્ષસો, હર્ષથી ઉંચો શબ્દ કરતા હતા. હે રાજન્ ! હર્ષયુક્ત ભૂત સમુદાયે પૂરેલો તે મોટો શબ્દ, સર્વ દિશાઓને પૂરી સ્વર્ગને પણ અતિક્રમણ કરી જતો હતો. તેમનો આર્ત શબ્દ સાંભળી ત્રાસ પામેલા હસ્તિ તથા અશ્વ, બંધનથી મુક્ત થઇ તંબુ તરફ મનુષ્યોને મર્દન કરતા ચોતરફ દોડતા હતા. રાત્રિવિષે દોડતા એવા તે અશ્વાદિકથી ઉડતી ચરણ રજે કરી તંબુઓમાં દ્વિગુણિત અંધકાર થઇ ગયો. અંધકાર થવાથી ચોતરફથી મૂઢ થઇ ગએલા તે જન, પિતાઓ, પુત્રને તથા ભાઇઓ, ભાઇઓને ઓળખતા ન હતા. હે ભારત ! એ રીતે હસ્તિ હસ્તિઓને તથા નિર્મનુષ્ય એવા અશ્વ અશ્વોને અતિક્રમણ કરી કેટલાકને ભાંગતા તથા મર્દન કરતા હતા. એ રીતે હસ્ત્યાદિકે હણેલા તે, પરસ્પર એક બીજાને પણ હણતા જણાતા હતા. દોડતા એવા હસ્તિઆદિ કેટલાકને પાડી તેમને પીસતા એ રીતે તંબુમાં રહેલા નર નિદ્રા તથા અંધકારથી બેભાન થઇ ગયા. અંધકારને લીધે કાળે પ્રેરેલા યોદ્ધાઓ, પોતાઓને હણતા હતા. દ્વારપાળ દ્વારને તથા ગુલ્મનું રક્ષણ કરનાર ગુલ્મને છોડી દઇ 'આ કઇ દિશા છે' એની ખબર જેમને છે નહિ એવા બેભાન થએલા જેવા શક્તિ પ્રમાણે નાસી જતા હતા. હે વિભો ! પ્રનષ્ટ થએલા તે, એકબીજાને પીછાણતા ન હતા તેથી દૈવે હણ્યું છે ચિત્ત જેમનું એવા તે, 'હે તાત ! હે પુત્ર ! એ રીતે આક્રોશ કરતા હતા. પોતાના બાંધવોને પણ છોડી દશ દિશાઓ પ્રત્યે પલાયન કરતા તેઓના મધ્યમાં મનુષ્યો, ગોત્ર નામ લઇ નામે કરી એક બીજાને બોલાવતા હતા. કેટલાક હાહાકાર કરતા પૃથ્વીપર પડતા હતા. કેટલાક રણસંગ્રામમાંથી ભાગનારાને ક્રોધપૂર્વક મારી નાખ્યા. એ રીતે ફરી અશ્વત્થામાએ વારંવાર મારવા

ગયેલા, બેભાન થએલા, ભય પીડિત કેટલાક, તંબુમાંથી બહાર નિકળવા લાગ્યા. જીવવાની ઇચ્છાવાળા તંબુમાંથી બહાર નિકળેલા ત્રાસયુક્ત થએલાઓને દ્વારવિષે ઉભેલા કૃતવર્મા તથા કૃપાચાર્ય હણતા હતા. પછી ગયાં છે શસ્ત્ર તથા કવચ જેમનાં એવા છુટા કેશવાળા, જોડ્યા છે હાથ જેમણે, કંપતા એવા તથા બીનેલા એવા તે કોઇને પણ તેમણે મૂક્યા નહીં. એ રીતે તંબુમાંથી બહાર નિકળેલો કોઇપણ યોદ્ધો તે બેઉથી છુટ્યો નહીં. હે મહારાજ! કૃપ તથા દુર્મતિ હાર્દિક્યે, દ્રોણપુત્રનું પ્રિય કરવા દ્વાર દેશમાંથી નિકળેલાઓને મારી તંબુના ત્રણ દેશપ્રત્યે અગ્નિ મૂક્યો તેથી તંબુમાં પ્રકાશ થયો, તેને જોઇ પિતાને આનંદ આપનાર અશ્વત્થામા હે મહારાજ! ખડ્ગે હણતો ને બાણ છોડવામાં કુશલની પેઠે વિચરતો હતો. ઉત્તમ એવો તે પોતા સામે આવતા કેટલાક શૂરવીરોને તથા દોડ્યા જતા બીજા શત્રુઓને ખડ્ગ વડે જીવન મુક્ત કરતો હતો. પરાક્રમી અત્યંત ક્રોધાયમાન થએલો દ્રોણપુત્ર, કેટલાક યોદ્ધાઓને તિલના છોડની પેઠે ખડગથી મધ્ય દેશથી કાપી નાખતો હતો. હે ભરતર્ષભ! આક્રંદ કરતા નીચે પડેલા નર, અશ્વ, તથા હસ્તિએકરી પૃથ્વી સંકીર્ણ થઈ ગઇ હતી. અશ્વત્થામાએ હણેલા હજારો માણસમાંથી કેટલાંક માથા વગરનાં ધડ, ઉભાં થઇ પાછાં પડી જતાં હતાં. હે ભારત! ક્રોધાયમાન થએલો અશ્વત્થામા, કેટલાકના આયુધ તથા બાજુબંધ સહિત બાહુ કેટલાકનાં મસ્તક તથા કેટલાકના હાથીની સુંઢ સરખા સાથળ, હાથ તથા પગને કાપતો હતો. મહાત્મા એવા અશ્વત્થામા કેટલાકને કપાએલ પૃષ્ટવાળા, કેટલાકને કપાયું છે મસ્તક જેમનું એવા તથા કેટલાકને વિમુખ કરતો હતો. કેટલાકને મધ્ય દેશ વિષે, કેટલાકને કર્ણ પ્રાંત વિષે તથા બીજા કેટલાકને અસદેશ વિષે હણી કેટલાકની કાયામાંજ તેનું મસ્તક પેસાડી દેતો હતો. એ રીતે ઘણાક મનુષ્યને હણતો એવો તે અંધકારથી ઘોર છે દર્શન જેનું એવી દારૂણ દેખાવવાળી રાત્રિમાં સંહાર કરતો હતો. કંઇક જેમાં પ્રાણ છે એવા હણાયલા પુરૂષ. હજારો બીજા તથા ઘણાક પડેલા ગજ તથા અશ્વેકરી રણભૂમિ ભયંકર છે દેખાવ જેનો એવી થઇ ગઇ. યક્ષ તથા રાક્ષસોએ કરી સંકીર્ણ, રથ, અશ્વ ને હસ્તિએકરી દારૂણ એવા તે સંગ્રામમાં ક્રુદ્ધ થયેલા દ્રોણપુત્રે ખડ્ગથી હણેલા યોદ્ધાઓ, પૃથ્વીપર પડતા હતા. તે વખતે કેટલાક ભાઇઓને, બીજા પિતાઓને તથા બીજા કેટલાક પુત્રોને પોકારતા હતા. કેટલાક આવી રીતે કહેતા હતા કે સારી રીતે સુતેલાઓનું ક્રૂરકર્મવાળા રાક્ષસોએ જે કર્યું. તે ક્રુદ્ધ થયેલા ધૃતરાષ્ટ્રના પુત્રોએ પણ કર્યું ન હતું. કતલ ચલાવી પણ પાંડવોનું સાંનિધ્ય નહિ તેથી કેમકે જનાર્દન જેના રક્ષક છે એવા કુંતિપુત્ર અર્જુનને જીતવા અસુર, ગંધર્વ, યક્ષ તથા રાક્ષસ પણ સમર્થ થઇ શકે નહીં, તેમ બ્રહ્મણ્ય, સત્ય વાણીવાળો, ઇન્દ્રિયો છે નિયમમાં જેને, સર્વ ભૂત વિષે દયા કરનાર ધનંજય અર્જુન, સુતેલાને, પ્રમત્તને, શસ્ત્ર રહિતને, હાથ જોડી ઉભેલાને, દોડતાને તથા છુટા કેશવાળાને હણે નહિ. આ કર્મ રાક્ષસોએ કર્યું એમ કહેતા ઘણાક જન પૃથ્વી ઉપર પડેલા હતા. એવી રીતે બોલતાં તથા ગર્જના કરતાં મનુષ્યનો તે ભયંકર મોટો શબ્દ, મુહૂર્ત માત્રે શાંત થઇ ગયો, અને રૂધિરે કરી વ્યાપ્ત એવી પૃથ્વી ઉપર ઉડતી રજ પણ ક્ષણમાત્રમાં અંતર્ધાન થઇ ગઇ. ક્રુદ્ધ થએલા અશ્વત્થામાએ ચેષ્ટા કરતાં, ઉદ્વિગ્ન તથા ઉત્સાહ વગરનાં હજારો મનુષ્યોને પશુપતિ જેમ પશુને હણે તેમ ભૂમિપર પાડ્યાં. એક બીજાને બથ ભરતાં, સુતેલાં, નાસતાં, સંતાએલાં તથા યુદ્ધ કરતાં એ સર્વને અશ્વત્થામાએ હણ્યાં. અગ્નિથી બળતા અને તથા હણ્યા માંડેલા યોદ્ધાઓ, પરસ્પર એકબીજાને યમલોકપ્રત્યે મોકલતા હતા. હે રાજેંદ્ર! એ રીતે દ્રોણપુત્ર અશ્વત્થામાએ તે રાત્રિમાં પાંડવોના મોટા સૈન્યને યમ-

[illegible]ને મોકલી દીધું. નર, ગજ તથા અશ્વનો ક્ષય કરનારી ભયંકર રાત્રિ "નિશાચર" [illegible] એને હર્ષ વધારનારી થઇ, નરમાંસને ખાતા તથા રૂધિરનું પાન કરતા, વિકરાળ, પર્વત સરખા દાંતવાળા, રજોયુક્ત, માથે છે જટા જેમને, મોટા કપોલવાળા, પાંચ પગ તથા મોટા [illegible]વાળા અનેક તરેહના રાક્ષસ તથા પિશાચ ત્યાં ફરતા દેખાતા હતા. કેટલાક [illegible] આંખળીવાળા, રૂક્ષ, વિરૂપ, ભયંકર શબ્દવાળા, પટાબાજી બાંધેલા, નીલ છે કંઠ જેમનો એવા ભયંકર, પુત્ર, દારસહિત અત્યંત ક્રૂર, દુઃખે કરી દેખી શકાય નહિ એવા, અત્યંત નિર્દય રાક્ષસોનાં વિવિધ પ્રકારનાં રૂપ દેખાતા હતાં. બીજા કેટલાક ગણ, 'આ પરમ [illegible] છે, આ સ્વાદિષ્ટ છે,' એમ કહી રૂધિરનું પાન કરી પ્રસન્ન થઇ નૃત્ય કરતા હતા. મેદ, [illegible], અસ્થિ, રક્ત તથા વસાનું ભક્ષણ કરનાર, પારકા માંસને ખાનાર, માંસથી જીવનાર, કેટલાક મોટા પેટવાળા રાક્ષસો, વસાનું પાન કરી દોડતા હતા. નાના પ્રકારના મુખવાળા, રૌદ્ર, માંસ ખાનાર અયુત, પ્રયુત, તથા અર્બુદ છે સંખ્યા જેમની એવા રાક્ષસ ત્યાં ફરતા દેખાતા હતા. એ રીતે ઘોર છે રૂપ જેમનાં એવાં ક્રૂર કર્મવાળા, હર્ષિત, તૃપ્ત થએલા રાક્ષસોના અસંખ્ય ગણ દેખાતા હતા. તેમજ મોટા સંગ્રામમાં હે જનાધિપ! એકઠાં મળેલાં ઘણાંક ભૂત પણ ત્યાં હતાં, પછી પ્રત્યૂષ કાળ થયો તે વખતે તેને ત્યાંથી પાછું જવાની ઇચ્છા થઈ. હે પ્રભો! અશ્વત્થામાને મનુષ્યના રૂધિરે સિંચન કરેલી હાથ સાથે ચોંટી ગએલી તરવારની મૂઠ જાણે હાથ સાથે એકીભૂત થઇ ગઇ હોય નહિ તેવી લાગતી હતી. એ રીતે અશ્વત્થામા, મનુષ્યનો ક્ષય કરી દુર્ગમ એવી પદવીને પ્રાપ્ત થઇ યુગાંત વિષે સર્વ ભૂતને ભસ્મ કરી અગ્નિ શોભે તેમ શોભતો હતો. હે પ્રભો! એવી રીતે દ્રોણપુત્ર અશ્વત્થામા, પ્રતિજ્ઞા કર્યા પ્રમાણે કર્મ કરી દુર્ગમ પદવીને પ્રાપ્ત થઇ પિતા સંબંધી ગયો છે સંતાપ જેનો એવો થયો. પછી જે રીતે સુઇ ગયાં છે મનુષ્ય જેમાં એવા તંબુમાં પ્રવિષ્ટ થયો તે જ રીતે મનુષ્યમાં શ્રેષ્ઠ એવો તે, મરણથી બધું નિઃશબ્દ થયા પછી ત્યાંથી નિકળ્યો. પરાક્રમી એવા તેણે તંબુમાંથી નિકળી બેઉ સાથે મળી હે વિભો! હર્ષથી પોતાનું કરેલું કર્મ તેમને કહી બતાવ્યું. તેનું પ્રિય કરનાર એવા તે બેઉને હજારો પંચાલ તથા સૃંજયોના હનનરૂપ પોતાનું પ્રિય કર્મ કહી બતાવ્યું. એ રીતે પરસ્પર એક બીજાનું કર્મ સાંભળી હર્ષયુક્ત થઇ પોકારતા તેઓ તાળિયો પાડવા લાગ્યા. મનુષ્યનો ક્ષય જેમાં છે એવી તે રાત્રિ સારી રીતે સુતેલા આકુલ સોમકોને અત્યંત દારૂણ થઈ. હે રાજન્! કાળનો પર્યાય દુરતિક્રમ છે, એમાં સંશય નહિ. કારણ કે કાળના પર્યાયથી યોદ્ધાઓ આપણી તરફના મનુષ્યનો ક્ષય કરી છેવટ પોતે હણાયા. ધૃતરાષ્ટ્ર પૂછે છે કે, મારા પુત્રના જયને ઇચ્છતા મહારથિ અશ્વત્થામાએ આવું અત્યંત મોટું કર્મ પૂર્વેજ કેમ નૂ કર્યું? મારો પુત્ર હણાયા પછી મહાત્મા દ્રોણપુત્રે આ ક્ષુદ્ર કામ કેમ કર્યું? તે તું મને કહે. સંજય કહે છે—હે કુરુનંદન! પાંડવ બુદ્ધિમાન કેશવ ભગવાન, તથા સાત્યકિના અસાન્નિધ્યથી દ્રોણપુત્રે હાલ આ કર્મ સાધ્યું અને પૂર્વે તેમના ભયથી એણે તે કામ ન કર્યું. કેમકે તેમની સમક્ષ ઇંદ્ર સરખો હોય તોપણ આમ કરી શકે નહિ. હે રાજન્! આ ભયંકર [illegible] [illegible]. એ રીતે પાંડવોનો જેમાં નાશ છે એવો જનક્ષય કરી અન્યોન્ય મળી 'સારું થયું, [illegible], ઘણું સારું થયું' એ રીતે મહારથિઓ કહેવા લાગ્યા, પછી તે બેઉએ પ્રશંસા [illegible] [illegible] અશ્વત્થામા તે બેઉને મળી હર્ષથી આવી રીતે ઉત્તમ એવું વાક્ય બોલ્યા [illegible] કે, સર્વ પાંચાળ તથા દ્રૌપદીના પુત્ર મેં હણ્યા. તેમજ સોમક [illegible] [illegible] [illegible]

[illegible] દુર્નિવાર્ય પુત્ર ધર્માત્મા યુધિષ્ઠિરે પુરુષોત્તમનાં વખાણ કર્યાં, ત્યારે તેણે-અને [illegible] સર્વ લોકના મનુષ્યો, દુર્યોધનના સર્વ યોદ્ધા, બાહ્લિક તથા [illegible] [illegible] કહ્યું છે એવા સર્વ કૌરવો, કર્ણ, પુત્ર સહિત દ્રોણ, જયદ્રથ, દુઃશાસન, [illegible] દુર્યોધન તથા ભીષ્મ વગેરે સર્વને જલદી જઈને કહે કે, ત્યારે યુધિષ્ઠિર પાસે [illegible] આવવું, પણ કપટ કરવું નહિ. કારણ કેમ કરશો તો દૈવે જેનું રક્ષણ કર્યું છે એવો અર્જુન [illegible] નહીં ચારે. લોકમાં શૂરવીર ધર્મરાજ યુધિષ્ઠિરને રાજ્ય આપી દ્યો, પછી તેની પાસેથી જે જોઈતું હોય તે માગી લ્યો. આ પૃથ્વીમાં સત્ય પરાક્રમવાળો પાંડુપુત્ર અર્જુન જેવો યોદ્ધો છે, તેવો બીજો કોઈ પણ નથી, ગાંડિવ ધનુષ ધારણ કરનાર અર્જુનનો [illegible] દેવતાઓએ બનાવેલો છે, તેથી કોઈ મનુષ્ય તેને જીતી શકે નહીં, માટે યુદ્ધ વિષે મન કરો નહીં.

देवैर्हि संभृतो दिव्यो रथो गांडीवधन्वनः ।
न शक्यो मनुष्येण मा कृत कल्यं मनो युधि ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजययानपर्वणि गूर्जरभाषायां सप्तपंचाशत्तमोऽध्यायः ॥ ५७ ॥

અધ્યાય ૫૮ મો. ધૃતરાષ્ટ્રે દુર્યોધનને યુદ્ધ નહિ કરવા આપેલી શીખ.

धृतराष्ट्र उवाच—क्षत्रतेजा ब्रह्मचारी कौमारादपि पांडवः ।
तेन संयुगमेष्यंति मंदा विलपतो मम ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે-પાંડુપુત્ર અર્જુન ક્ષાત્ર તેજયુક્ત તથા બાળપણથી બ્રહ્મચર્ય પાળનાર છે, તેની સાથે, હું વિલાપ કરું છું તોપણ મંદબુદ્ધિવાળા મારા પુત્રો યુદ્ધ કરવાને ઇચ્છે છે. હે ભારતસત્તમ ! હે દુર્યોધન ! હે શત્રુને મર્દન કરનાર ! યુદ્ધ થકી તમે નિવૃત્ત થાઓ કારણ હંમેશ યુદ્ધ કરવું સારું નથી, એમ વિદ્વાન પુરૂષો કહે છે. હે શત્રુને દમન કરનાર ! તને અમાત્ય સહિત જીવવા વાસ્તે અરધી પૃથ્વી ઘણી છે, જે રીતે ઘટે તે રીતે અર્ધો ભાગ પાંડવોને આપ, કારણ તારે તો સર્વ કૌરવો સહિત મહાત્મા પાંડવો સાથે શાંતિ રાખવી એજ ધર્મયુક્ત છે. હે પુત્ર ! તું આ તારી સેનાને તો જો. યોદ્ધાઓને ઉપદ્રવ થવા માંડ્યો છે, માટે તારો નાશ નજીક આવ્યો છે, પણ તું મોહથી જાણતો નથી ! જેમ હું યુદ્ધને ઇચ્છતો નથી, તેમ બાહ્લિક, ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા, સંજય, સોમદત્ત, શલ્ય, કૃપાચાર્ય, સત્યવ્રત, પુરૂમિત્ર, જય તથા ભૂરિશ્રવા, ઇત્યાદિ પણ કોઈ યુદ્ધને ઇચ્છતા નથી. હે [illegible] ! શત્રુઓથી પીડાયેલા કૌરવો જેમનો આશ્રય કરી પ્રતિષ્ઠાને પામે, એઓ યુદ્ધ કરવું ઠીક માનતા નથી, વાસ્તે તને પણ તેવી રૂચિ થાઓ. “ તારી ઇચ્છાથી યુદ્ધ કરતો નથી, તને તો કર્ણ, દુઃશાસન તથા પાપ બુદ્ધિવાળો સુબલ રાજાનો પુત્ર શકુનિ, એ ત્રણ મળીને યુદ્ધ કરવા ચઢાવે છે.

ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી દુર્યોધન બોલ્યો કે, હું કંઈ તમારા ઉપર તેમ દ્રોણ, અશ્વત્થામા, સંજય, ભીષ્મ, કાંબોજ, કૃપાચાર્ય, બાહ્લિક, સત્યવ્રત, પુરૂમિત્ર તથા ભૂરિશ્રવા, ઇત્યાદિ [illegible] ઉપર ભાર મૂકી પાંડવોને યુદ્ધ વિષે બોલાવતો નથી. [illegible] [illegible] યુધિષ્ઠિરને વશ કરી [illegible] [illegible]

[illegible] મેં [illegible]. આપણે હવે કૃતકૃત્ય થયા, માટે આપણો રાજા જીવતો હોય તો, આપણે પાછલું વૃત્તાંત તેને કહીએ માટે જલદી ચાલો.

इदानीं कृतकृत्याः स्म याम तत्रैव माचिरं ।
यदि जीवति नो राजा तस्मै शंसामहे वयं ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि रात्रियुद्धे पांचालादिवधे गुर्जरभाषायां [illegible]ऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો. વેર લીધાનું દુર્યોધનને નિવેદન.

संजय उवाच—ते हत्वा सर्वपांचालान् द्रौपदेयांश्च सर्वशः ।
आगच्छन् सहितास्तत्र यत्र दुर्योधनो हतः ॥ १ ॥

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! તેઓ સર્વ પાંચાળ તથા દ્રૌપદીના પુત્રોને ચોતરફથી હણી એકઠા મળેલા તે જ્યાં દુર્યોધન પડેલો હતો ત્યાં આવ્યા. ત્યાં જઈ કંઈક પ્રાણવાળા રાજાને જોઈ રથમાંથી નીચે ઉતરી તમારા પુત્ર પાસે બેઠા. હે રાજેન્દ્ર! ભાગ્યા છે સાથળ જેના, કષ્ટયુક્ત પ્રાણવાળા, બેભાન સરખા, મુખથી રૂધિરનું વમન કરતા, ઘોર છે દર્શન જેનું એવા, ઘણુંક ભક્ષણ કરનાર શિયાળ, વૃક ઇત્યાદિ શિકારી પશુવડે વીંટાયલા, ખાવાને [illegible] શ્વાપદોને કષ્ટથી નિવારણ કરતા, પૃથ્વી વિષે ચેષ્ટા કરતા, અત્યંત છે વેદના જેને, [illegible] રૂધિરે કરી વ્યાપ્ત પૃથ્વી વિષે સુતેલા તેને જોઈ હણાતાં બાકી રહેલા શોકાર્ત એવા તે [illegible] શરવીરોએ તેની પાસે જઈ આમ કહ્યું. અશ્વત્થામા, કૃપાચાર્ય તથા સાત્વત કૃતવર્મા, તે [illegible] મહારથિઓએ કરી વીંટાયલો રૂધિરે કરી લીંપાયલો, શ્વાસોશ્વાસ કરતો રાજા, ત્રણ અગ્નિએ કરી વેદી શોભે તેમ શોભતો હતો. તે અવસ્થાને યોગ્ય નહિ એવા સુતેલા રાજાને જોઈ અતિશય દુઃખે કરી તે ત્રણે જણ રોવા લાગ્યા. પછી હાથે કરી રણમાં સુતેલા રાજાના મુખ ઉપરથી રૂધિરને લોહી, દયાથી બોલવા લાગ્યા. પ્રથમ કૃપાચાર્ય બોલ્યા કે, અગિયાર અક્ષૌહિણીનો પતિ એવો હણાયલો રૂધિરે કરી વ્યાપ્ત દુર્યોધન, રણભૂમિમાં સુતો છે એ કંઈ દૈવને અતિભાર નથી. ગદા છે પ્રિય જેને એવા સુવર્ણ સરખી કાંતિવાળા દુર્યોધનની [illegible] પૃથ્વી વિષે પડેલી આ ગદાને જુઓ. શૂર એવા એને સંગ્રામ વિષે છોડતી નહિ એવી આ ગદા, આ સમયે સ્વર્ગ પ્રત્યે જતા યશસ્વી રાજાને પણ છોડતી નથી, ઘર વિષે રહેલા [illegible] સુતેલી, પ્રીતિમતિ ભાર્યાજ જાણે હોય નહિ જેવી શૂરવીર રાજા સંગાથે રહેલી [illegible] શોભિતી આ ગદાને જુઓ. શત્રુને તપાવનાર એવો આ રાજા, મૂર્ધાભિષિક્ત રાજાઓમાં [illegible] [illegible] ભીમસેને હણેલો તે, આ વખતે રજમાં લોટે છે માટે કાળના વિપર્યાયને જુઓ. [illegible] સંગ્રામના મધ્યમાં હણેલા દૈત્યો પૃથ્વીપર સુતા હતા, પારકાઓએ હણેલો તે આ [illegible] અત્યારે પૃથ્વીપર સુતેલો છે. જેને સેંકડો રાજાઓ, ભયથી નમતા હતા તે માંસ ખાનાર [illegible] પ્રાણીએ વીંટાયલો આ વીરશય્યામાં સુતો છે પૂર્વે બ્રાહ્મણો, ધનવાસ્તે ઇશ્વર એવા જેને [illegible] [illegible] રાજાને માંસાર્થિ પ્રાણીઓ અત્યારે સેવે છે.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર! હે ભરતસત્તમ! પછી અશ્વત્થામા, જુલેલા કુળીઓને જોતાં દયા આવે તેમ આવી રીતે કહેવા લાગ્યા, કે—હે રાજશાર્દૂલ! હે અનઘ! સંકર્ષણના શિષ્ય; બળવાન, ક્રિયાકુશળ એવા તને યુદ્ધમાં કુબેરની જેને ઉપમા અપાય એવો તથા સર્વ ધનુષ્માનમાં મુખ્ય કહે છે. તેમ છતાં નિરંતર પાપાત્મવાન્ ભીમસેને તારૂં છિદ્ર કેમ જોયું? હે મહારાજ! સંગ્રામમાં ભીમસેને હણેલા તને અમે જોઇએ છીએ માટે આ લોકવિષે જરૂર કાળ બળવત્તર છે એમાં સંશય નહિ. સર્વ ધર્મ જાણનાર એવા તને મંદ તથા ક્ષુદ્ર એવા પાપરૂપ ભીમસેને છળે કરી કેમ હણ્યો? કાળ દુરત્યય છે એમાં સંશય નહિ. ધર્મયુદ્ધમાં સંગ્રામ વારતે પરાક્રમથી તને બોલાવી ભીમસેને અધર્મથી ગદાએ કરી સાથળે હણ્યો છે. અધર્મે કરી સંગ્રામ વિષે હણેલા તારૂં મસ્તક ભીમસેને પગેકરી મર્દન કર્યું તેની પણ ઉપેક્ષા કરનાર કૃષ્ણ તથા યુધિષ્ઠિરને ધિક્કાર છે. તને છળે કરી ભીમસેને પાડ્યો છે માટે જ્યાં સુધી પ્રાણિઓ રહેશે ત્યાં સુધી યોદ્ધાઓ યુદ્ધ વિષે હંમેશ ભીમસેનનો અપવાદ કરશે, એમાં સંશય નહિ. હે રાજન્! યદુનંદન એવા રામ પણ ગદાયુદ્ધ વિષે દુર્યોધન સમાન બીજો કોઇ નથી એ રીતે તારી પ્રશંસા કરતા હતા. હે પ્રભો! હે ભારત! હે રાજન્! વાર્ષ્ણેય બળરામ સભા વિષે પણ તારી શ્લાઘા કરતા હતા કે ગદા યુદ્ધમાં તો મારો કૌરવ્ય એવો તે જ એક શિષ્ય છે ને પરમ ઋષિઓ સંગ્રામમાં સન્મુખ હણાયલા ક્ષત્રિયોને પ્રશસ્ત એવી જે ગતિ કહે છે તેં ગતિને તું પ્રાપ્ત થયો છું. હે પુરૂષર્ષભ! હે દુર્યોધન! હું તારો શોચ નથી કરતો પણ હણાયા છે પુત્ર જેમના એવા તારા પિતા ધૃતરાષ્ટ્ર તથા તારી માતા ગાંધારીનો શોચ કરૂં છું. શોચ કરતાં તે બેઉ ભિક્ષુક જેવાં થઈ આ પૃથ્વી પ્રત્યે વિચરશે. ધર્મજ્ઞનું છે માન જેમને એવા વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થએલા કૃષ્ણ તથા દુર્મતિ અર્જુનને ધિક્કાર છે, કેમકે જેમણે, ભીમસેને મારવા માડેલા તારી ઉપેક્ષા કરી. હે નરાધિપ! નિર્લજ્જ એવા તે સર્વ પાંડવો પણ કેવી રીતે અમે દુર્યોધનને માર્યો એમ કહેશે. હે ગાંધારીના પુત્ર! તું તો હે પુરૂષર્ષભ! ધર્મે કરી શત્રુની સન્મુખ સંગ્રામમાં હણાયો માટે તને ધન્ય છે, પણ હણાયા છે પુત્ર, જ્ઞાતિ તથા બાંધવ જેના એવી ગાંધારી તથા દુર્ધર્ષ એવો પ્રજ્ઞાચક્ષુ તારો પિતા ધૃતરાષ્ટ્ર; એ બેઉ કયી ગતિને પ્રાપ્ત થશે? અમે રાજા એવા તને આગળ કરી સ્વર્ગ પ્રત્યે ગયા નહીં માટે કૃતવર્માને, મને તથા મહારથિ કૃપને પણ ધિક્કાર છે. સર્વ કામનો દાતા પ્રજાનું હિત તથા તેની રક્ષા કરનાર અમે તારી પાછળ આવતા માટે મનુષ્યમાં અધમ એવા અમને પણ ધિક્કાર છે. હે નરવ્યાઘ્ર! કૃપનાં, મારાં તથા મારા પિતાનાં ઘર તારાં પરાક્રમથી રત્નવાન છે તેવાંજ અમારા સેવકોનાં ઘર પણ છે, તેમ તારા પ્રસાદથી મિત્ર તથા બાંધવ સહિત અમે ઘણીક જેમાં દક્ષિણા છે એવા મુખ્ય યજ્ઞ કર્યા. હવે પાપી એવા અમે કેમ જીવીશું?? હે રાજન્! જેવો સૈન્યથી સર્વ રાજાઓને આગળ કરી તું ગયો હતો, તે સહિત પરમ ગતિને પ્રાપ્ત થતા અમે ત્રણેજ તારી પછિળ આવતા નથી તેથી અમે બળીએ છીએ. હીન છે પુરૂષાર્થ જેનાં એવા તારાં સુકૃતને યાદ કરતાં અમારૂં કોઇ એવું કર્મ છે કે જેથી અમે તારી પાછળ આવતા નથી. હે કુરૂશ્રેષ્ઠ! દુઃખ થાય તે રીતે અમે આ પૃથ્વીમાં જીવીશું પણ હે રાજન્! તારા વગર અમને શાંતિ તથા સુખ નહિ મળે. હે મહારાજ! તમે સ્વર્ગમાં જઇ મહારથિઓ પાસે જઇ મોટા તથા શ્રેષ્ઠ ઘટતી રીતે મારાં વચનથી તેમનો સત્કાર કરજો. અને સર્વ ધનુષ્માનમાં ધ્વજરૂપ આચાર્યની પૂજા કરી હે નરાધિપ! આજ મેં ધૃષ્ટદ્યુમ્નને હણ્યો, એ વૃત્તાંત તેમની આગળ કહેજો. તેમજ મહારથિ એવા બાહ્લિક રાજાને, સૈંધવ એવા,

જયદ્રથને, સોમદત્તને, ભૂરિશ્રવાને તથા પૂર્વે સ્વર્ગમાં ગએલા બીજા એક સર્વ યોદ્ધાઓને મળજો અને અમારાં વાક્યથી અમારી વતી તેમને કુશળ પૂછજો.

સંજય કહે છે—હે ધૃતરાષ્ટ્ર ! એ રીતે ભાગ્યા છે સાથળ જેના એવા અચેતન થએલા રાજાને કહી, અશ્વત્થામા, વળી તેની સામે જોઈ આવી રીતે વચન કહેવા લાગ્યો કે, હે દુર્યોધન ! તું જીવે છે માટે શ્રોત્રને સુખદાયક એવું મારૂં વાક્ય સાંભળ. તે પાંચ ભાઈ પાંડવ, વાસુદેવ તથા સાત્યકિ એ સાત પાંડવ તરફના શેષ રહ્યા, ને હું, કૃતવર્મા તથા શરદ્વાન પુત્ર કૃપાચાર્ય, એ ત્રણ અમે તારી તરફના બાકી રહ્યા. સર્વ દ્રૌપદીના પુત્ર, ધૃષ્ટદ્યુમ્નના પુત્ર, સર્વ પાંચાળ, તથા હણાતાં બાકી રહેલા મત્સ્યને પણ અમે હણ્યા. એમના કર્યા પ્રમાણે આપણે સામું કરી બતાવ્યું અને હણાયા છે પુત્ર જેમના એવા પાંડવ નિર્વંશ થયા. વળી સુતેલા હતા તે વખતે નર તથા વાહન સહિત તેમનો શિબિર બાળી નાંખ્યો. હે મહીપતે ! મેં તંબુમાં પ્રવેશ કરી રાત્રિ વિષે પાપકર્મવાળા ધૃષ્ટદ્યુમ્નને પશુની માફક મારી નાખ્યો.

દુર્યોધન રાજા તો મનને પ્રિય એવી તે વાણી સાંભળી પાછો ચેતના પામી આવી રીતે કહેવા લાગ્યો કે, જે મારૂં કાર્ય આજ કૃપ તથા ભોજ સહિત તેં કર્યું તે કાર્ય, ગંગા પુત્ર ભીષ્મે, કર્ણે તથા તારા પિતાએ પણ કર્યું ન હતું. ક્ષુદ્ર એવા તે સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નને શિખંડિ સહિત તેં હણ્યો તેથી આ સમે મારા આત્માને હું ઇન્દ્ર સરખો માનું છું. કલ્યાણને તમે પામો, તમારૂં કલ્યાણ થાઓ, આપણો સમાગમ હવે સ્વર્ગમાં થશે; એટલું કહી તૂષ્ણીભાવને પ્રાપ્ત થએલો ઉદાર મનવાળો શૂરવીર કુરૂરાજ, સંબંધિઓ સંબંધી દુઃખને છોડી દઇ પોતાના પ્રાણનો ત્યાગ કરી પવિત્ર એવા સ્વર્ગપ્રત્યે ગયો. શરીર, પૃથ્વીપર પડી રહ્યું. હે નૃપ ! એ રીતે તમારો પુત્ર દુર્યોધન, નિધનને પ્રાપ્ત થયો. સંગ્રામ વિષે અગ્રેસર એવો તે આગળ થયો અને પછી શત્રુઓએ તેને હણ્યો. આ રીતે રાજાને મળી વારંવાર તેને જોતા તેઓ પછી પોતપોતાના રથમા બેઠા. કરૂણા આવે એવી તમારા પુત્રની વાણી સાંભળી પ્રત્યુષકાળ થયો તે વખતે શોકાર્ત એવા તે, નગર તરફ ગયા. હે રાજન્ ! એ રીતે તમારા ખરાબ વિચારથી ઘોર તથા ભયંકર એવો કૌરવ પાંડવોની સેનાનો ક્ષય થયો. હે અનઘ ! તમારો પુત્ર સ્વર્ગમાં ગયા પછી શોકથી પીડિત મારૂં ઋષિદત્ત દિવ્યદર્શિત્વ હતું તે આજ નષ્ટ થઇ ગયું. વૈશંપાયન કહે છે, હે જનમેજય ! એ રીતે ધૃતરાષ્ટ્ર રાજા પુત્રનું નિધન સાંભળી ઉંડા નિશ્વાસો મૂકી ચિંતામાં પડયા.

इति श्रुत्वा स नृपतिः पुत्रस्य निधनं तदा ।

निःश्वस्य दीर्घमुष्णं च ततश्चिंता परो भवेत् ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि दुर्योधनप्राणत्यागे गुर्जरभाषायां नवमोऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦ મો. યુધિષ્ઠિરને લાગેલું પુત્ર મરણનું દુઃખ.

ઐષીકપર્વ.

वैशंपायन उवाच—तस्यां रात्र्यां व्यतीतायां धृष्टद्युम्नस्य सारथिः।
शशंस धर्मराजाय सौप्तिके कदनं कृतं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! તે રાત્રિ વ્યતીત થયા પછી ધૃષ્ટદ્યુમ્નનો સારથિ રાતે સંગ્રામમાંથી નાસી ધર્મરાજા આગળ જઇ તેમને કહેવા લાગ્યો કે, પોતાના તંબુમાં વિશ્વાસથી સુતેલા પણ ગાફલ એવા દ્રુપદના પુત્રો સહિત દ્રૌપદીના પુત્રોને રાત્રિવિષે અશ્વત્થામાએ હણ્યા. ક્રૂર એવો કૃતવર્મા, ગૌતમ એવો કૃપ તથા પાપરૂપ અશ્વત્થામાએ રાત્રિએ તમારો શિબિર બાળ્યો. ભાલાં, શક્તિ તથા પરશુએકરી હજારો નર, ગજ તથા અશ્વોને કાપતા એઓએ તમારૂં સૈન્ય, નિઃશેષ કર્યું. હે ભારત! તે વખતે પરશુઓએ કરી કાપવા માંડેલા મોટા વનના સરખો તમારા સૈન્યનો અત્યંત મોટો શબ્દ સંભળાતો હતો. હે મહામતે! હે મહાત્મન્! તે સૈન્યમાંથી વ્યગ્ર એવા કૃતવર્માથી કોઇ રીતે મુક્ત થએલો હું એકલોજ અવશેષ રહ્યો છું. સારથિનાં અમંગલ વાક્ય સાંભળી પુત્રના શોકયુક્ત, દુર્ધર્ષ એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર, પૃથ્વીપર પડી ગયા. એ રીતે ધૈર્ય મર્યાદા છોડી દઇ ભૂમિપર પડતા રાજાને, સાત્યકિ, ભીમસેન, અર્જુન તથા માદ્રીપુત્ર નકુલ સહદેવે પકડી રાખ્યા. પછી લબ્ધ થઇ છે સંજ્ઞા જેને એવા, પૂર્વે શત્રુઓને જીતી પછી જીતાએલા કુંતિપુત્ર યુધિષ્ઠિર, શોકથી વિહ્વળ એવી વાણીએ કરી પીડિતની પેઠે આવી રીતે વિલાપ કરવા લાગ્યા. દિવ્ય ચક્ષુવાળાઓને પણ અર્થોની ગતિ દુર્વિદ છે એમાં સંશય નહિ, કેમકે જીતેલા બીજા શત્રુઓ જીને છે ને જય પામેલા આપણે જીતાયા. શત્રુઓના ભાઇઓ, વયસ્ય, પિતૃઓ, પુત્ર, સુહૃદ્ગણ, બંધુ, અમાત્ય તથા પૌત્રોને હણી સર્વને જીતી પાછળથી આપણે જીતાયા. કોઇ વખતે અનર્થ અર્થ સરખો લાગે છે ને કોઇ વખતે અર્થ દેખાતો હોય પણ તે અનર્થરૂપ થાય છે, તેમ આપણો જય આથી અજયાકાર થયો, કારણ કે જયથીજ પાછો પરાજય થયો. જે વસ્તુ જીતી આપત્તિને પ્રાપ્ત થએલાની પેઠે દુર્મતિ જન પશ્ચાત્તાપ કરે, પારકાઓએ જીતેલો તે, તેથી પોતાનો જય કેમ માને, જે આપણને સંબંધિઓના વધેકરી વિજયને ઠેકાણે પાપજ પ્રાપ્ત થયું. જીતેલા સાવધાન એવા તેમણે જયશીલ એવા આપણને હરાવ્યા. કર્ણિ તથા નાલીક નામના બાણરૂપી છે દંષ્ટ્રા જેની, ખડ્ગરૂપી જિહ્વાવાળા, ધનુષરૂપી બગાસાં યુક્ત, ભયંકર પ્રત્યંચા તથા તલાંના શબ્દરૂપી નાદવાળા, ક્રુદ્ધ થએલા; યુદ્ધમાં સિંહરૂપ, સંગ્રામમાં પલાયન ન કરનાર, કર્ણના પ્રમાદથી છુટેલા તે આજ હણાયા. રથરૂપી છે હ્રદ જેમાં, બાણની વૃષ્ટિરૂપ ઉર્મિમાન, રત્નયુક્ત, વાહનરૂપી વાજિ સહિત, શક્તિ તથા ખડ્ગરૂપી મીન, અને ધ્વજ તથા હસ્તિરૂપ છે નક્ર જેમાં, ધનુષરૂપ આવર્ત તથા મોટા બાણરૂપી છે ફીણ જેમાં એવા સંગ્રામરૂપી ચંદ્રોદયના વેગથી છે ભરતી જેમાં, પ્રત્યંચા, તલાં તથા નેમિના શબ્દરૂપી છે શબ્દ જેમાં એવા દ્રોણરૂપી નૌકાએકરી જેઓ ઉતર્યાં હતા તે રાજપુત્રો પ્રમાદથી આજ હણાયા. આ જીવલોકમાં પ્રમાદથી અધિક મનુષ્યનો બીજો કોઇ શત્રુ નથી, કેમકે પ્રમત્ત એવા નરને અર્થો ચોતરફથી ત્યાગ કરે છે અને અનર્થો ઘેરી લે છે. ધ્વજના ઉત્તમ અગ્રભાગરૂપી ઉંચા ધુમરૂપી ધ્વજ જેના, બાણરૂપી જ્વાળાવાળા, ક્રોધરૂપી છે મોટો વાયુ જેમાં એવા કવચ તથા નાના પ્રકારનાં શસ્ત્રોના

હોમવાળા, મોટી સેનારૂપ શુષ્ક તૃણસમૂહના દાવાનલે અગ્નિગ્રસ્ત, મોટા સંગ્રામમાં મહણ કરેલા, આયુધરૂપી છે તીક્ષ્ણ વેગ જેનો એવા ભીષ્મમય અગ્નિદાહને જે સહન કરી ગયો તે રાજપુત્ર પ્રમાદથી આજે હણાયો. પ્રમત્ત એવો પુરૂષ, વિદ્યા, તપ, શ્રી તથા યશને પ્રાપ્ત થવા શક્ત થતો નથી. એ પ્રમાદેકરી સર્વ શત્રુઓને હણી સુખેથી વૃદ્ધિ પામતા *મહેંદ્રને જો. સમુદ્રને તરી જઇ કુનદીમાં ખૂડેલા સંમૃદ્ધિવાળા વ્યાપારીની પેઠે સર્વ સૈન્યસમુદ્રને તરી જઇ પ્રમાદથી હણાયેલા ઈંદ્રની જેમને ઉપમા અપાય એવા રાજાઓના પુત્ર તથા પૌત્રોને જો. અસહનશીલ એવા શત્રુઓએ ઘણા લોહીમાં હણેલા તેઓ તો સ્વર્ગને પ્રાપ્ત થયા, એમાં સંશય નહિ, પણ હું તો દ્રૌપદીને શોચું છું કે જે નિર્ભય એવી સાધ્વી છે તે, આજ શોકાર્ણવમાં બુડી જશે. ભાઇઓ, પુત્ર તથા વૃદ્ધ પિતા પાંચાલરાજ હણાયો, એવું સાંભળી શોકેકરી કૃશ થયું છે અંગ જેનું એવી તે સંજ્ઞારહિત થઇ પૃથ્વી ઉપર પડી જશે. શોકથી ઉત્પન્ન થએલા દુઃખના પારને ન પામતી, સુખને ઉચિત, પુત્રનો ક્ષય અને ભાઇઓના વધથી થએલા સંતાપે કરી બળેલી એવી તે કેમ જીવશે ? એ રીતે વિલાપ કરતા પીડિત થયેલા કૌરવોના રાજાએ નકુલને કહ્યું કે, તું જા, તે માતૃપક્ષ સહિત મંદ ભાગ્યવાળી રાજપુત્રીને અહિં બોલાવી લાવ. માદ્રીપુત્ર નકુળ ધર્મેકરી ધર્મરાજની જેને ઉપમા અપાય એવા રાજાના વાક્યનો સ્વીકાર કરી તત્કાળ રથેકરી પાંચાળ રાજાની સ્ત્રિયો જ્યાં હતી એવાં દેવી દ્રૌપદીના ઘરપ્રત્યે ગયો. એ રીતે માદ્રીપુત્ર નકુળને પ્રસ્થાન કરાવી રૂદન કરતા અજમીઢવંશમાં ઉત્પન્ન થએલા શોકાર્દિત યુધિષ્ઠિર રાજા, સંબંધિઓ સહિત, ભૂતગણેકરી સંકીર્ણ એવા સંગ્રામ સ્થાન પ્રત્યે ગયા. ત્યાં જઇ ઉગ્ર છે રૂપ જેનું એવા અમંગળરૂપ તે સ્થાનપ્રત્યે પ્રવેશ કરી, પૃથ્વીપર સુતેલા રૂધિરે કરી આર્દ્ર છે શરીર જેમનાં એવા ભેદાએલ દેહવાળા, હણાયા છે મસ્તક જેમના એવા પુત્ર, સુહૃદ તથા મિત્રોને જોઇ અત્યંત પીડિત છે રૂપ જેમનું એવા ધર્મ ધરનારાઓમાં શ્રેષ્ઠ, કૌરવોમાં મુખ્ય યુધિષ્ઠિર રાજા, ઉંચા સ્વરથી બૂમ પાડી બેભાન થઇ ગણસહિત પૃથ્વી ઉપર પડી ગયા.

सतांस्तु दृष्ट्वा भृशमार्तरूपो युधिष्ठिरो धर्मभृतां वरिष्ठः ।
उच्चैः प्रचुक्रोश च कौरवाग्रः पपात चोर्व्यां सगणो विसंज्ञः ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि युधिष्ठिरशिबिरप्रवेशे गुर्जरभाषायां दशमोऽध्यायः॥ १० ॥

અધ્યાય ૧૧ મો. અશ્વત્થામા પુંઠે ભીમ.

वैशंपायन उवाच—स दृष्ट्वा निहतान् संख्ये पुत्रान् पौत्रान् सखींस्तथा ।
महादुःखपरितात्मा बभूव जनमेजय ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! સંગ્રામમા હણાયલા પુત્ર, પૌત્ર તથા મિત્રોને જોઇ રાજા મહા દુઃખે કરી વ્યાપ્ત છે આત્મા જેનો એવા થયા. પુત્ર, પોત્ર, ભાઇઓ તથા સ્વજનને યાદ કરતા તે મહાત્માને મોટો શોક ઉત્પન્ન થયો. તેથી અશ્રુએ કરી પરિપૂર્ણ છે નેત્ર જેનાં એવા, કંપાયમાન શરીરવાળા બેભાન સરખા તેમને અત્યંત ઉદ્વિગ્ન થએલા સુહૃદ

ખ્રિઓ, સાંત્વના કરતા હતા, એટલામાં સમર્થ નકુળ પરમ પીડિત એવી દ્રોપદી સહિત, સૂર્ય સરખી કાંતિવાળા રથેકરી ત્યાં આવ્યો. ઉપપ્લવ્ય ગએલી સર્વ, પુત્રના વિનાશરૂપ અત્યંત અપ્રિય એવું વૃત્તાંત સાંભળી વાયુએ ચોતરફથી નમાવેલી કંપતી એવી કેળ હોય નહિ જાણે તેવી વ્યથિત થએલી શોકાર્ત દ્રોપદી, રાજાને મળતાંજ પૃથ્વીપર પડી ગઇ. તે વખતે પ્રફુલ્લિત કમળના પત્ર સરખાં નેત્રવાળી તેનું મુખ, તત્કાળ રાહુએ ગ્રસેલા ચંદ્રમા સરખું થઇ ગયું. તે રીતે પડી ગએલી તેને જોઈ ક્રોધી એવા સત્ય પરાક્રમવાળા ભીમસેને પાસે જઇ બે હાથથી તેને ઝીલી લીધી. એ રીતે ભીમસેને આશ્વાસના કરેલી રૂદન કરતી કંપાયમાન થએલી દ્રોપદી, ભરતકુળમાં ઉત્પન્ન થએલા પાંડવ યુધિષ્ઠિરને કહેવા લાગી કે, હે રાજન્! ક્ષાત્રધર્મે કરી પુત્રોને યમરાજાને ત્યાં વળાવી સમગ્ર પૃથ્વીને પ્રાપ્ત થઇ હવે તેને ભોગવશો એ ઘણું સારૂં થયું. હે પાર્થ! સમગ્ર પૃથ્વીને પ્રાપ્ત થઇ, કુશળ એવા તમે મદોન્મત્ત હસ્તિ સરખી ગતિવાળા સુભદ્રા પુત્ર અભિમન્યુને યાદ નહિ કરો, એ પણ ઘણું સારૂં થયું, ક્ષાત્રધર્મે કરી હણાયલા શૂરવીર પુત્રોને ઉપપ્લવ્ય વિષે હું સહિત તમે યાદ નહિ કરો, એ પણ ઘણું સારૂં. હે પાર્થ! પાપ કર્મવાળા અશ્વત્થામાએ સુતેલાઓનો કરેલો વધ સાંભળી ઉત્પન્ન થએલો શોક, અગ્નિ જેમ પોતાના આશ્રયને બાળે તેમ મને બાળે છે, માટે આજ યુદ્ધમાં પરાક્રમ કરી પાપ કરનાર એવા પરિવાર સહિત અશ્વત્થામાનું જીવિત જો તમે હરણ નહિ કરો તો હે પાંડવો! અહીંજ હું અન્ન જલનો ત્યાગ કરી દઇશ, એમ તમે જાણો. દ્રોણપુત્ર પાપ કર્મના ફળને જો નહિ પ્રાપ્ત થાય તો તેમ કરીશ, એમ કહી યશસ્વિની દ્રોપદી ધર્મરાજ પાંડુપુત્ર યુધિષ્ઠિર પાસે જઇ બેઠી. પોતાની પાસે બેઠેલી પોતાની પ્રિયા એવી મહિષીને જોઈ પાંડુપુત્ર રાજર્ષિ ધર્માત્મા યુધિષ્ઠિરે સુંદર છે દર્શન જેનું એવી દ્રોપદીને કહ્યું કે, હે શુભે! હે ધર્મજ્ઞે! તારા પુત્ર તથા ભાઇઓ તો ધર્મયુદ્ધ કરી ધર્મરૂપ મરણને પ્રાપ્ત થયા, માટે તેમનો શોક કરવા તું યોગ્ય નથી. હે કલ્યાણી! દ્રોણપુત્ર અશ્વત્થામા અહિંથી દૂર દુર્ગ એવા વન તરફ નાસી ગયો છે, વાસ્તે હે શોભને! સંગ્રામમાં તેનું પડવું તારા જાણવામાં કેમ આવશે? યુધિષ્ઠિરનાં વચન સાંભળી દ્રોપદી બોલ્યાં કે, દ્રોણપુત્રના મસ્તક વિષે રહેલો સહજમણિ મેં જોયો છે માટે સંગ્રામમાં તે પાપીને હણી અહિં આણેલા મણિને હું જોઉં એટલે મને ખાતરી થશે. હે રાજન્! એ મણિ મારા મસ્તક વિષે રાખી હું જીવું એવી મારી મતિ છે. સુંદર દેખાવવાળી દ્રોપદી પાંડુપુત્ર યુધિષ્ઠિરને આમ કહી પછી ભીમસેન પાસે જઇ બોલી કે, હે ભીમ! ક્ષાત્રધર્મને યાદ કરી તું મારી રક્ષા કરવા યોગ્ય છે. પાપકર્મવાળા અશ્વત્થામાને ઇંદ્રે જેમ શંબરાસુરને હણ્યો હતો તેમ તું હણ. પરાક્રમ વિષે તારા સરખો બીજો કોઇ પણ પુરૂષ જ નહિ, તે વાત સર્વ લોકમાં વિખ્યાત છે. પરમ એવું દુઃખ પ્રાપ્ત થયું ત્યારે વારણાવત નગરમાં પણ પાંડવોને દ્વીપરૂપ તમે થયા હતા. તેમજ હેડંબના દર્શન વખતે પણ તમેજ ગતિરૂપ થયા હતા. વિરાટ નગરમાં કીચકે અત્યંત પીડિત કરેલી મને તમેજ કષ્ટથી ઇંદ્ર પૌલોમીનો ઉદ્ધાર કરે તેમ ઉદ્ધારી હતી હે પાર્થ! જેમ પૂર્વે એટલાં મોટાં કામ કર્યાં તેમ હે અમિત્રઘ્ન! દ્રોણપુત્ર અશ્વત્થામાને પણ હણી સુખી થાઓ. દ્રોપદીનાં અનેક પ્રકારનાં દુઃખયુક્ત વચન સાંભળી મહા બળવાન એવો કુંતીપુત્ર ભીમસેન, તે સહન કરી શક્યો નહીં. સુંદર એવું વિચિત્ર પ્રકારનું ધનુષ તથા બાણ ગ્રહણ કરી સુવર્ણથી વિચિત્ર પ્રકારના મોટા રથમાં બેસી, નકુલને સારથિ કરી દ્રોણપુત્રનો વધ કરવા તૈયાર થયો. બાણ સહિત ધનુષ સજ્જ કરી અશ્વને ચલાવ્યા. પ્રરૂપમાં સિંહરૂપ નકુલે પ્રેરેલા વાયુ સરખા વેગ-

વાયુ જેવા જલદી ચાલનારા અશ્વ, વેગથી જવા લાગ્યા. એ રીતે પોતાના તંબુથી રથને જવાના માર્ગનું ચિન્હ જોઇ બળવાન ભીમસેન દ્રોણપુત્ર પાછળ લાગ્યા.

वेगेन त्वरिता जग्मुर्हरयःशीघ्रगामिनः ।
शिबिरात् स्वात् गृहीत्वा स रथस्य पदमच्युतः ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि द्रौणिवधार्थे भीमसेनगमने गुर्जरभाषायामेकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો. શ્રીકૃષ્ણે ભીમ માટે બતાવેલો ભય.

वैशंपायन उवाच—तस्मिन्प्रयाते दुर्धर्षे यदूनामृषभस्ततः ।
अब्रवीत् पुंडरीकाक्षः कुंतीपुत्रं युधिष्ठिरं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! દુર્ધર્ષ એવો ભીમસેન ગયો તે વખતે, યાદવોમાં શ્રેષ્ઠ કમળ સરખાં નેત્રવાળા ભગવાન, કુંતિપુત્ર યુધિષ્ઠિરને કહેવા લાગ્યા કે, હે પાંડવ! પુત્રના શોકમાં પરાયણ એવો આ તમારો ભાઇ, અશ્વત્થામાને મારવાની ઇચ્છાથી એકલો તેની પાછળ દોડે છે. હે ભરતર્ષભ! સર્વ ભાઇઓથી ભીમ તમને પ્રિય છે, માટે આજ કષ્ટને પ્રાપ્ત થએલા તેને શું કરવા નથી બોલાવી લેતા? શત્રુના શહેરને જીતનાર દ્રોણે પોતાના પુત્ર અશ્વત્થામાને જે બ્રહ્માસ્ત્ર આપ્યું છે તે આખી પૃથ્વીને પણ બાળી નાખે એવું છે. સર્વ ધનુષ્યમાનમાં ધ્વજરૂપ મોટા ભાગ્યવાળા મહાત્મા આચાર્યે પ્રસન્નતાથી તે બ્રહ્માસ્ત્ર અર્જુનને બતાવ્યું, તે સહન ન કરી શકત. તેના એકજ પુત્ર અશ્વત્થામાએ પણ તે બ્રહ્માસ્ત્રની તેની પાસે યાચના કરી, ત્યારે નથી અતિ પ્રસન્ન મન જેનું એવા તેણે પુત્રને પણ તે બતાવ્યું. દુરાત્મા એવા તે પુત્રની ચપળતાને જાણતા હતા તેથી સર્વ ધર્મને જાણનાર આચાર્યે પોતાના પુત્રને કહ્યું કે, હે તાત! સંગ્રામમાં પરમ આપદ્‌ને પ્રાપ્ત થાય તોપણ મનુષ્યને વિષે તો આ અસ્ત્રનો તારે પ્રયોગ કરવો નહિ. એમ પુત્રને કહી વળી પાછળથી દ્રોણે તેને કહ્યું કે, હે પુરૂષર્ષભ! તું સત્પુરૂષના માર્ગ વિષે રહીશ નહિ. પિતાનાં એવાં અપ્રિય વચન સાંભળી સર્વ કલ્યાણથી નિરાશ થએલો દુષ્ટ બુદ્ધિવાળો તે શોકને લીધે પૃથ્વીપર વિચરતો હતો. હે ભારત! હે કુરૂશ્રેષ્ઠ! તમે વનમાં હતા તે વખતે પૃથ્વીમાં વિચરતો એવો તે ફરતો ફરતો દ્વારકામાં આવ્યો હતો. પછી યાદવોએ સત્કાર કરેલો તે ત્યાં વસતો હતો. એ રીતે દ્વારકામાં વસતો તે કોઈ વખતે સમુદ્રને કિનારે એકલો મને એકલાને મળી હસતો હોય નહિ તેમ મને કહેવા લાગ્યો કે, હે કૃષ્ણ! સત્ય પરાક્રમવાળા ભારતોના આચાર્ય એવા મારા પિતા, ઉગ્ર તપ કરી અગસ્ત્ય પાસેથી દેવ તથા ગંધર્વે પૂજિત બ્રહ્માસ્ત્ર પ્રાપ્ત કરી લાવ્યા છે, તે બ્રહ્માસ્ત્ર હે દાશાર્હ! જેવું મારા પિતા પાસે હતું તેવું આ સમે મારી પાસે રહ્યું છે, માટે હે યદૂત્તમ! આ મારી પાસેથી તે દિવ્ય અસ્ત્ર લઇ સંગ્રામમાં શત્રુને હણે એવું તમારૂં ચક્રરૂપી અસ્ત્ર તમે મને આપો. તેનાં વચન સાંભળી હે રાજન્! હે ભરતર્ષભ! મારી પાસેથી પ્રયત્ને કરી અસ્ત્રની યાચના કરનાર હાથ જોડી ઉભેલા તેને પ્રસન્ન થઇ મેં કહ્યું કે, દેવ, દાનવ, ગંધર્વ, મનુષ્ય, પક્ષી

તથા ઉગ્ર એટલા બધા એકઠા મળે તોપણ મારા પરાક્રમના શતાંશ તુલ્ય પણ થાય નહિ. આ મારૂં ધનુષ, આ શક્તિ, આ ચક્ર, અને આ ગદા, એમાંથી જે જે અસ્ત્ર મારાથી તું ઇચ્છતો હોય તે તે હું તને અર્પું. આમાંથી જે અસ્ત્ર તું ઉપાડવા તથા સંગ્રામમાં પ્રયોગ કરવા સમર્થ થાય તે અસ્ત્ર, મને તું જે અસ્ત્ર આપવા ઇચ્છે છે તે આપવા વગરજ ગ્રહણ કર. એવાં મારાં વચન સાંભળી સહસ્ર જેને આગ છે એવું વજ્ર સરખી નાભિવાળું લોહમય ચક્ર મારી સાથે સ્પર્ધા કરતા મોટા ભાગ્યવાળા તેણે માગ્યું. ત્યારે મેં કહ્યું ઠીક, ચક્ર ગ્રહણ કર, તે સાંભળી તેણે પાસે આવી તત્કાળ ડાબે હાથે કરી ચક્ર ગ્રહણ કર્યું, પણ તે સ્થાનકેથી ચલાયમાન કરવા સમર્થ થયો નહિ. ત્યાર જમણા હાથે કરીને ગ્રહણ કરવા લાગ્યો. એ રીતે સર્વ યત્ન તથા બળેકરી બે હાથે ગ્રહણ કરવા લાગ્યો, તોપણ ચક્રને ઉપાડવા તથા ચલાયમાન કરવા સમર્થ થયો નહિ, ત્યારે યત્ન કરી થાકી ગએલો તે ખેદયુક્ત મનવાળો થઇ નિવૃત્ત થયો. એ રીતે કાર્યથી નિવૃત્ત થયુ છે મન અને અભિપ્રાય જેનો એ઼ફોગટ ગયો હતો યત્ન તેથી ઉદ્વિગ્ન થએલા અશ્વત્થામાને મંબોધનવી બોલાવી મેં કહ્યું કે, જે મનુષ્યો વિષે સદા પરમ પ્રમાણને પ્રાપ્ત થયો છે, ગાડીવ ધનુષ ધરનાર શ્વેત અશ્વવાળો હનુમાન છે ધ્વજા વિષે જેને, વળી જેણે દ્વંદ્વ યુદ્ધમાં દેવ દાનવના ઈશ, શિતિકંઠ ઉમાપતિ સાક્ષાત્ શંકરને સંતુષ્ટ કર્યા હતા; તેમ પૃથ્વી વિષે મને જેવો અધિક પ્રિય બીજો પુરુષ નથી, તેમજ સ્ત્રી પુત્ર સુદ્ધાં કંઇપણ જેને ન દેવાય તેવું નથી. અક્લિષ્ટ કર્મવાળા સુહૃદ એવા પાર્થે પણ હે બ્રહ્મન્! જે તેં મને કહ્યું એ વાક્ય પૂર્વ કહ્યું નથી. હિમવાનના પાર્શ્વભાગનો આશ્રય કરી બાર વર્ષ સુધી મહા ઘોર એવું બ્રહ્મચર્ય પાળી જેને તપેકરી મેં સંપાદન કર્યો છે ને મારા સરખાંજ વ્રત કરનારી રૂકમણી વિષે ઉત્પન્ન થયો છે, સનત્કુમારરૂપ તેજસ્વી એવા પ્રદ્યુમ્ન નામે મારો પુત્ર છે તેણે પણ હે મૂઢ! સંગ્રામમાં બીજાને જેની ઉપમા અપાય નહિ એવા તે મારા મોટા ચક્રની તેં પ્રાર્થના કરી, તેમજ અતિ બળવાન રામે પણ પૂર્વે એ રીતે કહ્યું નથી, તેં જે પ્રાર્થના કરી તે ગદ તથા સાંબ નામના મારા પુત્રે પણ કરી નથી, ને દ્વારકાંવાસી એવા બીજા વૃષ્ણિ તથા અંધક કુળના મહારથિઓએ પણ પૂર્વે એ રીતે કહ્યું નથી તે તો ઠીકજ છે પણ હે રથિઓમાં શ્રેષ્ઠ! હે તાત! સર્વ યાદવોએ માનેલા ભારતાચાર્યનો પુત્ર એવો તું ચક્રેકરી કોની સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે. એ રીતે મેં અશ્વત્થામાને કહ્યું ત્યારે તેણે મને કહ્યું કે હે કૃષ્ણ! તમારી પૂજા કરી પછી તમારી સાથે યુદ્ધ કરીશ તથા હું અજય થાઉં એમ જાણી દેવ દાનવે પુજિત એવા તમારા ચક્રની મેં પ્રાર્થના કરી, હે વિભો! એ હું તમને સત્ય કહું છું પણ હે કેશવ! હે ગોવિંદ! તમારાથી તે દુર્લભ એવી કામનાને પ્રાપ્ત થયા વગર હું પાછો જઇશ નહીં માટે મારૂં કલ્યાણ થાય તેવું તમે કહો. શરીરોમાં શ્રેષ્ઠ એવા તમે અત્યંત ભયંકર એવું ચક્ર ધારણ કર્યું છે ને તમારી સામે બીજો કોઇ ચક્રધારી છે નહીં. એટલાં વચન દ્રોણપુત્ર અશ્વત્થામા, મને કહી જોડવા લાયક અશ્વ, ધન તથા વિવિધ પ્રકારનાં રત્ન લઇ કાળેકરી ત્યાંથી ગયો; ક્રોધી એવો દુરાત્મા તે ચપળ તથા ક્રૂર છે અને બ્રહ્માસ્ત્ર જાણે છે માટે એથી વૃકોદરની રક્ષા કરો.

स संरंभी दुरात्मा च चपलः क्रूर एव च ।
वेदचास्त्रं ब्रह्मशिरस्तस्माद्रक्ष्यो वृकोदरः ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि युधिष्ठिरकृष्णसंवादे गुर्जरभाषायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો. ભીમની મદદે માધવ.

वैशंपायन उवाच—एवमुक्त्वा युधिश्रेष्ठः सर्वयादवनंदनः ।
सर्वायुधवरोपेतमारुरोह रथोत्तमं ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એમ કહી યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ સર્વ યાદવને આનંદ આપનાર શ્રીકૃષ્ણ, સર્વ ઉત્તમ આયુધયુક્ત સુવર્ણની માળા પહેરેલા કાંબોજ દેશના અશ્વ જોડેલા ઉત્તમ રથમાં વિરાજમાન થયા. સૂર્યના ઉદય સરખા વર્ણવાળા શ્રેષ્ઠ રથની દક્ષિણ બાજુની ધોંસરીને શૈબ્ય નામનો અશ્વ વહન કરતો હતો. ડાબી તરફની ધોંસરીને સુગ્રીવ નામનો અશ્વ વહેતો હતો. મેઘપુષ્પ તથા બલાહક નામના બે અશ્વ તે રથના પાર્શ્વ ભાગને વહેતા હતા. તે રથ વિષે રહેલી, રત્ન તથા ધાતુથી શોભિતી ઉંચી ધ્વજાની લાકડી વિશ્વકર્માની કરેલી જાણે માયા હોય નહિ એવી દેખાતી હતી, તે લાકડીવિષે રહેલા વિનતાનો પુત્ર કાંતિમંડળની કિરણોવાળો ધ્વજરૂપ ગરૂડ દેખાતો હતો, તે રથ વિષે સર્વ ધનુષ્માનમાં ધ્વજરૂપ હૃષીકેશ ભગવાન ચઢી બેઠા, તેમજ સત્ય છે કર્મ જેનાં એવા અર્જુન તથા કુરુરાજ યુધિષ્ઠિર ચઢી બેઠા. તે વખતે રથમાં બેઠેલા શાર્ઙ્ગધનુષ્ય ધરનાર દાશાર્હ ભગવાનની બેઉ બાજુએ બેઠેલા બેઉ ભાઇઓ ઇન્દ્રની બે બાજુએ બેઠેલા બે અશ્વિનીકુમાર શોભે તેમ શોભતા હતા. એ રીતે દાશાર્હ ભગવાન તે બેઉને લોકપૂજિત એવા રથમાં પાસે બેસાડી વેગયુક્ત ઉત્તમ અશ્વને રાશો લઇ હાંકવા લાગ્યા. ભગવાને હાંકવા માંડેલા તે અશ્વ, તે [illegible] બે પાંડવ તથા યાદવ કુળમાં શ્રેષ્ઠ એવા ભગવાન જેમાં વિરાજે છે એવા ઉત્તમ રથને ગ્રહણ કરી એકદમ ચાલવા લાગ્યા. તે વખતે શાર્ઙ્ગધન્વા ભગવાનને વહન કરતા જલદી ચાલનાર અશ્વોનો ઉડતાં પક્ષિઓના શબ્દ સરખો મોટો શબ્દ થતો હતો. હે ભરતર્ષભ પુરુષમાં સિંહરૂપ તે પાછળ દોડી ક્ષણમાત્રમાં મોટા ધનુષ્યવાળા ભીમસેનને પહોંચી વળ્યા. ક્રોધેકરી દીપ્ત, દ્વેષિવારનો ઉદ્યુક્ત થએલ એવા કુંતિપુત્ર ભીમસેનને મળી તેને વારવા સમર્થ થયા નહિ. ભીમસેન તો દૃઢ ધનુષ્યવાળા શ્રીમાન્ એવા તે જુવે છે તે રીતે જ્યાં ભાગીરથીના તીર ઉપર પુત્રોનો હણનાર અશ્વત્થામા સંભળાતો હતો ત્યાં અત્યંત વેગવાન અશ્વેકરી ગયો. ત્યાં જઇ જળની સમીપ ઋષિઓ સહિત બેઠેલા, યશસ્વી મહાત્મા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસને તથા દૂરકર્મ કરનાર, ઘી ચોપડેલા કુશ તથા ચીરવસ્ત્ર પહેરેલા રજેકરી વ્યાપ્ત દ્રોણપુત્ર અશ્વત્થામાને જોઇ બાણસહિત ધનુષ ગ્રહણ કરી તેની સામે દોડી મહાબાહુ ભીમસેને 'અરે ઉભો રહે ઉભો રહે' એમ તેને કહ્યું. અશ્વત્થામા પણ ગ્રહણ કર્યું છે ધનુષ જેણે એવા ભયંકર ધનુષવાળા ભીમસેનને જોઇ તેમજ એની પાછળ જનાર્દન ભગવાનના રથમાં બેઠેલા અર્જુન તથા યુધિષ્ઠિર એ બે ભાઇઓને જોઇ વ્યાકુળ છે આત્મા જેનો એવો અશ્વત્થામા સંક્ષુબ્ધ થયો. નથી દીન આત્મા જેનો એવો, અશ્વત્થામા દિવ્ય એવાં તે પરમાસ્ત્રનું ચિંતન કરી ડાબા હાથથી [illegible] [illegible] [illegible], [illegible], આપદને પ્રાપ્ત થએલા દિવ્ય આયુધ લઇ ઉભેલા શરવીરોને, ન સહન [illegible]

ત્યારે તેણે ક્રોધથી પાંડવના અભાવ વાસ્તે 'આ કરૂં છું' એમ દારુણ વાણી બોલી તે દિવ્ય અસ્ત્રનો પ્રયોગ કરી પ્રતાપવાન દ્રોણપુત્રે સર્વ લોકને પ્રમોહ કરવા સારૂ તરત મૂક્યું તેજ વખતે તે તૃણની શલાકા વિષે ત્રણ લોકને જાણે બાળી નાખશે કે શું એવો કાળ અંતક તથા યમ સરખો અગ્નિ ઉત્પન થયો.

> तमस्तस्यामिषीकायां पावकः समजायत ।
> प्रधक्ष्यन्निव लोकांस्त्रीन् कालांतकयमोपमः ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि ब्रह्मशिरोस्त्रत्यागे गुर्जरभाषायां त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો. બ્રહ્માસ્ત્રનો પ્રયોગ.

> वैशंपायन उवाच—इंगितेनैव दाशार्हस्तमभिप्रायमादितः ।
> द्रौणेर्बुद्ध्वा महाबाहुरर्जुनं प्रत्यभाषत ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પ્રથમથીજ એની ચેષ્ટા જોઇ દાશાર્હ એવા મહાબાહુ ભગવાન દ્રૌણિનો અભિપ્રાય જાણી અર્જુન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પાંડવ! હે અર્જુન! દ્રોણે ઉપદેશ કરેલું દિવ્ય એવું અસ્ત્ર તારા હૃદયમાં રહ્યું છે તે નાખવાનો આ વખત છે. હે ભારત! ભાઇઓના તથા આત્માના રક્ષણ વાસ્તે તું પણ તે અસ્ત્રને નિવારણ કરનારૂં એવું એ અસ્ત્ર નાંખ. કેશવ ભગવાને એ રીતે જેને કહ્યું હતું એવા પરમ શત્રુવીરને હણનાર પાંડુપુત્ર અર્જુને, તત્કાળ બાણ સહિત ધનુષ ગ્રહણ કરી રથમાંથી નીચે ઉતરી શત્રુને તપાવનાર તેણે પ્રથમ આચાર્યપુત્ર વાસ્તે, તે પછી પોતા વાસ્તે તથા સર્વ ભાઇઓ વાસ્તે 'સ્વસ્તિ' એ રીતે કહી દેવતાઓ તથ ગુરૂજનોને ચોતરફથી નમસ્કાર કરી શિવજીનું ધ્યાન ધરી "અસ્ત્રેકરી અસ્ત્ર શાંત થાઓ" એમ કહી બાણ સાંધ્યું એ રીતે ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને સાંધેલું પ્રલય સમયના અગ્નિ સરખું અસ્ત્ર, તત્કાળ મોટી જ્વાળાઓ થાય તે રીતે પ્રજ્વલિત થયું. તેમજ તીક્ષ્ણ તેજવાળા દ્રોણપુત્રનું મોટી જ્વાળાવાળું તેજોમંડળથી વીંટાયેલું તે અસ્ત્ર પ્રજ્વલિત થયું. તે વખતે ઘણાક કડાકા સાથે હજારો ઉલ્કાઓ પડવા લાગ્યાં. એ વખતે સર્વ પ્રાણિઓને મોટો ભય ઉત્પન્ન થયો. અત્યંત જ્વાળાની માળાઓકરી આકુળ એવું આકાશ પણ ક્ષોભાયમાન થયું. પર્વત વન તથા દ્રુમ સહિત સમગ્ર પૃથ્વી ચળાયમાન થઈ. એ રીતે લોકને તપાવતા એવા બે અસ્ત્રના તેજને, મહર્ષિઓ સહિત નારદ તથા સર્વ ભૂતના આત્મા એવા ભરતોના પિતામહ વ્યાસજીએ જોયાં. પછી ગંભીર એવા અશ્વત્થામા તથા અર્જુન એ બેઉને શાંત કરવા સારૂ, સર્વ ધર્મને જાણનાર, સર્વ ભૂતના હિતેચ્છક, પ્રદીપ્ત એવા અસ્ત્રના મધ્યમાં રહેલા, પરમ તેજસ્વી, કોઇથી સહન થાય નહિ એવા, યશસ્વી, પ્રજ્વલિત અગ્નિ સરખા દેવ તથા દાનવે સંમત એવા તે બેઉ મુનિ ઋષિઓએ, અસ્ત્રોનું તેજ શમાવવા સારૂ અને લોકના કલ્યાણ વાસ્તે, તે બેઉની વચ્ચે ઉભા રહી કહ્યું કે, પૂર્વે નાના પ્રકારનાં શસ્ત્ર જાણનાર મહારથિઓ થઇ ગયા પણ તેઓએ આ અસ્ત્ર, મનુષ્યો

સ્તવરૂપી વેદી, અહંરૂપી ગર્વો, ગદારૂપી શુચ, કવચરૂપી સભા, મારા ચાર ઘોડારૂપી ચાતુર્હોત્ર કર્મ, બાણરૂપી દર્ભ તથા યશરૂપી હુતદ્રવ્ય છે. હે નૃપ ! એ યજ્ઞમાં યમરાજાનું યજન કરી જય પામી, હણાયા છે શત્રુ જેના એવા અમો કીર્તિ મેળવીને આવીશું. હે તાત ! હું, કર્ણ તથા મારો ભાઇ દુઃશાસન, એ ત્રણે જણા સંગ્રામ વિષે પાંડવોને હણીશું. હું પાંડવોને મારી આ પૃથ્વીને ભોગવીશ, વા મને મારી તેઓ ભોગવશે. હે પૃથ્વીપતિ ! મેં તો જીવિત, રાજ્ય તથા ધન ઇત્યાદિ સર્વ ત્યાગ કર્યું છે, માટે તે બધું જાય તો ભલે, પણ હું પાંડવો સાથે સંપીને રહેનાર નથી. હે તાત ! તીક્ષ્ણ સોયના અગ્ર ભાગે કરી જેટલો ભાગ વિંધાય, તેટલો પણ પૃથ્વીનો ભાગ પાંડવોને હું આપનાર નથી. દુર્યોધનનાં વચન સાંભળી સભાના મધ્યમાં ધૃતરાષ્ટ્રે કહ્યું કે, હે રાજાઓ ! દુર્યોધનને તો મેં ત્યાગ કર્યો, પણ હવે તમારા બધાનો હું શોચ કરું છું કારણ તે યમપુરી પ્રત્યે જતા મંદબુદ્ધિવાળાની પાછળ તમે પણ જવા તૈયાર થયા છો. પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ એકઠા મળેલા પાંડવો, વ્યાઘ્ર જેમ ટોળા-માંથી સારાં સારાં બકરાંને હણે, તેમ સૈન્યમાંથી ઉત્તમ ઉત્તમ યોદ્ધાઓને હણશે. મોટા હાથવાળો સાત્યકિ, કૌરવની સેનારૂપી સ્ત્રીને મર્દન કરી નાશ પમાડતો નથી. અર્જુનના બળમાં સંપૂર્ણ પૂરણી કરવા સારૂ બીજની પેઠે બાણોને વરસાવતો સંગ્રામ વિષે ધૈર્યથી ઉભો રહેશે અને સેનાના અગ્રભાગમાં ભીમસેન ઉભો રહેશે, એટલે બીજા સર્વ યોદ્ધાઓ કિલ્લાની પેઠે તેનો આશ્રય કરી નિર્ભય રહેશે, માટે હે દુર્યોધન ! તું પણ જ્યારે ભીમસેને પાડવાથી વિખરાઇ ગયા છે દાંત જેમના, પર્વત સરખાં, ભેદાયાં છે કુંભસ્થળ જેમનાં તથા રૂધિરયુક્ત હસ્તિયોને જોઇશ, ત્યારે ભીમના સ્પર્શથી બીહીને મારાં વચન યાદ કરીશ. તેમજ જ્યારે રથ, ઘોડા તથા હાથી, ઇત્યાદિથી સૈન્યને બાળનાર ભીમસેનની અગ્નિ સરખી ગતિને જોઇશ, ત્યારે પણ મારાં વચન યાદ કરીશ ! તમે બધા પાંડવો સાથે શાંતિ નહીં રાખો તો તમોને મોટો ભય પ્રાપ્ત થશે, ને ભીમસેનની ગદાથી નાશ પામી શાંતિ પામશો. હે પુત્ર ! જ્યારે ભીમસેને મોટા વનની પેઠે છેદન કરી પાડેલા કૌરવોના સૈન્યને તું જોઇશ, ત્યારે મારાં વચન યાદ કરીશ. વૈશંપાયન કહે છે–હે મહારાજ ! એ રીતે સર્વ રાજાઓને કહી, ધૃતરાષ્ટ્ર રાજા ફરીથી સંજયને આ પ્રમાણે પૂછવા લાગ્યા.

एतावदुक्त्वा राजा तु सर्वांस्तान्पृथिवीपतीन् ।
अनुभाष्य महाराज पुनःपप्रच्छ संजयं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि धृतराष्ट्रवाक्ये गुर्जरभाषायामष्टपंचाशत्तमोऽध्यायः ॥ ५८ ॥

અધ્યાય ૫૯ મો. સંજયને અર્જુનની મુલાકાત.

धृतराष्ट्र उवाच—यदूचतुर्महात्मानौ वासुदेवधनंजयौ ।
तन्मे ब्रूहि महाप्राज्ञ शुश्रूषे वचनं तव ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે–હે મહાપ્રાજ્ઞ ! હે સંજય ! મને તારાં વચન સાંભળવાની ઇચ્છા છે, વાસ્તે મહાત્મા વાસુદેવ તથા અર્જુને જે કહ્યું હોય તે બધું મને ફરીને કહે. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સંજયે કહ્યું કે, હે રાજન્ ! જેવી રીતે મેં નરવીર શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોયા

ઉપર નાખ્યું ન હતું અને શૂરવીર એવા તમોએ લોકનો મોટો નાશ થાય તે રીતે આ શું સાહસ કર્યું ?

नानाशास्त्रविदः पूर्वेष्वतीता महारथाः ।
नैतदस्त्रं मनुष्येषु तैः प्रयुक्तं कथंचन ।
किमिदं साहसं वरोकृतवंता महात्ययं ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि अर्जुनास्त्रप्रयोगे गुर्जरभाषायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો. વ્યાસે આપેલી શિક્ષા.

वैशंपायन उवाच—दृष्ट्वैव नरशार्दूल तावग्निसमतेजसौ ।
संजहार शरं दिव्यं त्वरमाणो धनंजयः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે નરશાર્દૂલ ! અગ્નિ સરખા તેજવાળા તે બેઉને જોઈને અર્જુને ઉતાવળથી દિવ્ય શરનો સંહાર કરી લીધો. હાથ જોડી હે ભરતશ્રેષ્ઠ ! તે બેઉ ઋષિઓને કહ્યું કે, અસ્ત્રેકરી અસ્ત્ર શાંત થાઓ એમ જાણી મેં અસ્ત્ર મૂક્યું છે. આ પરમાસ્ત્રને હું સંહાર કરીશ તો પાપ કર્મવાળો અશ્વત્થામા અમને સર્વને અસ્ત્રના તેજેકરી જરૂર બાળી દેશે, માટે જે રીતે અમારું તથા લોકનું હિત થાય તે રીતે દેવ સરખા તમો સંમતિ આપવા યોગ્ય છો; એમ કહી વળી અર્જુને અસ્ત્રનો ઉપસંહાર કર્યો. સંગ્રામમાં બ્રહ્માસ્ત્રનો ઉપસંહાર કરવો દેવતાઓને પણ દુષ્કર છે. સંગ્રામમાં મૂકેલા તે પરમાસ્ત્રનો ઉપસંહાર કરવામાં પાંડવ વિના બીજો સાક્ષાત્ ઇન્દ્ર પણ સમર્થ થાય નહિ, ઉપસંહાર જાણ્યા વગર મૂકેલું તેને બ્રહ્મ તેજથી છે ઉદ્ભવ જેનો એવું જાણો, માટે બ્રહ્મચર્યવ્રત પાળેલા વગર એનો ઉપસંહાર કરવા સમર્થ થવાય નહિ. નથી પાલન કર્યું બ્રહ્મચર્ય જેણે એવો બ્રહ્માસ્ત્ર સજી પાછો તેનો ઉપસંહાર કરે તો તે અસ્ત્ર, પરિવાર સહિત તેના મસ્તકને કાપી નાંખે. બ્રહ્મચર્ય પાળનાર તથા વ્રત કરનાર દુર્વાર્ય એવા બ્રહ્માસ્ત્રને પ્રાપ્ત થએલા અર્જુને પરમ દુઃખથી પીડિત થયો તોપણ બ્રહ્માસ્ત્ર મૂક્યું નહીં. સત્ય વ્રત ધરનાર, શૂરવીર બ્રહ્મચારી તથા ગુરુની સેવા કરનાર એવો અર્જુન હતો તેથી તેણે પાછો બ્રહ્માસ્ત્રનો ઉપસંહાર કર્યો. અશ્વત્થામા પણ આગળ ઉભેલા તે બેઉ ઋષિઓને જોઈ ઘોર એવા તે અસ્ત્રનો પરાક્રમથી પાછો ઉપસંહાર કરવા સમર્થ થયો નહિ. હે રાજન્ ! સંગ્રામમાં પરમાસ્ત્રનો ઉપસંહાર કરવામાં અસમર્થ એવો દીન મનવાળો અશ્વત્થામા, દ્વૈપાયન વ્યાસજી પ્રત્યે કહેવા લાગ્યો કે, હે મુને ! ઘણા દુઃખથી પીડિત થએલા પ્રાણના રક્ષણને ઇચ્છતા મેં ભીમસેનના ભયથી આ અસ્ત્ર મૂક્યું છે. તેમ હે ભગવન્ ! દુર્યોધનને હણવા ઇચ્છતા મિથ્યા આચારવાળા આ ભીમસેને, સંગ્રામમાં અધર્મ કર્યો. તેથી હે બ્રહ્મન્ ! અકૃતાત્મા એવા મેં આ બ્રહ્માસ્ત્ર નાંખ્યું, તેનો પાછો હું ઉપસંહાર કરવનો ઉત્સાહ રાખતો નથી. હે મુને ! અગ્નિના તેજનું અભિમંત્રણ કરી પાંડવ વિનાની પૃથ્વી થાઓ એમ કહી આ દુઃસહ એવું દિવ્ય અસ્ત્ર મેં મૂક્યું છે, માટે પાંડવના અંત વાસ્તે મેં મૂકેલું તે આજ સર્વ પાંડુસુતને જીવિતથી ભ્રષ્ટ કરશે. હે બ્રહ્મન્ ! પાંડવોના વધને ઇચ્છેલી સંગ્રામમાં

અસ્ત્રને મૂકતાં મેં, રોષાવિષ્ટ ચિત્તે કરી આ પાપ કર્મ કર્યું. અશ્વત્થામાનાં વચન સાંભળી વ્યાસજી કહેવા લાગ્યા કે, હે તાત ! બ્રહ્માસ્ત્રને જાણનાર અર્જુને સંગ્રામમાં રોષેકરી તારા નાશ વાસ્તે બ્રહ્માસ્ત્ર સાંધ્યું હતું, તારા અસ્ત્રને શાંત કરવા માટે અર્જુને અસ્ત્ર મોકલ્યું હતું તે પાછું ઉપસંહાર કરી લીધું, ને તારા પિતાના ઉપદેશથી બ્રહ્માસ્ત્રને પ્રાપ્ત થઇને મહાબાહુ અર્જુન, ક્ષાત્રધર્મથી ચલાયમાન થયો નહિ. એ રીતે ધૃતિમાન, સાધુ સર્વાસ્ત્ર જાણનાર અર્જુનનો ભાઇઓ તથા બંધુસહિત વધ કરવો તું શું કરવા ઇચ્છે છે ? જ્યાં પરમાસ્ત્રે કરી બ્રહ્માસ્ત્રનો વધ થાય તે દેશમાં બાર વર્ષસુધી વર્ષાદ વરસે નહિ, મહાબાહુ પાંડુપુત્ર અર્જુને પોતે શક્તિમાન છતાં પણ, પ્રજાનું હિત કરવાની ઇચ્છાથી બ્રહ્માસ્ત્રનો ઉપસંહાર કર્યો માટે તારે પણ પાંડવની,તારી તથા દેશની સદા રક્ષા કરવી યોગ્ય છે માટે હે મહાભુજ ! આ દિવ્ય અસ્ત્રનો તું ઉપસંહાર કર. તું રોષ રહિત થા અને પાંડવ પણ સુખી થાઓ. રાજર્ષિ એવા પાંડુપુત્ર યુધિષ્ઠિર, અધર્મેકરી જીતવા ઇચ્છતા નથી. તારા મસ્તકવિષે જે આ મણિ રહ્યો છે તે તું એને આપ એટલે એ મણિ ગ્રહણ કરી પાંડવો તારો બચાવ કરશે. વ્યાસજીનાં વચન સાંભળી અશ્વત્થામા કહેવા લાગ્યો કે, પાંડવોને જે રત્ન પ્રાપ્ત થયાં છે તથા કૌરવોને જે ધન મળ્યું છે તેથી પણ મારો મણિ વિશેષ છે જે મણિ બાંધ્યે શસ્ત્ર, વ્યાધિ તથા ક્ષુધા સંબંધી ભય થાય નહીં, તેમજ દેવ, દાનવ, નાગ, રક્ષોગણ તથા તસ્કર સંબંધી પણ ભય થાય નહિ, એવો પરાક્રમી આ મારો મણિ છે; માટે કોઇ રીતે પણ મારો ત્યાગ કરવા યોગ્ય નથી, તેમ છતાં પણ ભગવાન એવા તમે મને કહો છો તેથી મારે તેમ કરવું પડે છે. આ મણિ અને મેં અભિમંત્રણ કરેલી શલાકા તો પડશે. હે ભગવન ! ઉગ્ર એવાં અસ્ત્રો પાછાં ઉપસંહાર કરવા હું સમર્થ છું નહિ માટે મૂકેલું એવું આ ઉત્તમ અસ્ત્ર પાંડવોના ગર્ભવિષે પ્રવૃત્ત થશે. હે મુને ! ભગવન્ એવા તમારું વાક્ય હું ન માનું એમ થાય નહિ, પણ હું પાછું ખેંચવા સમર્થ નથી, વાસ્તે તમારા કહેવાથી પાંડવોને છોડી દઇ એમના ગર્ભવિષે નાખું છું. અશ્વત્થામાનાં વાક્ય સાંભળી વ્યાસજીએ તેને કહ્યું કે, હે અનઘ ! એ રીતે કર, હવે તારે બીજી બુદ્ધિ કરવી નહીં. પાંડવોના ગર્ભવિષે એ અસ્ત્ર નાખી વિરામને પ્રાપ્ત થા. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! વ્યાસજીનાં વચન સાંભળ્યા પછી દ્રોણપુત્ર અશ્વત્થામાએ સંગ્રામવિષે ઉદ્યુત એવું પરમાસ્ત્ર ગર્ભ ઉપર છોડી મૂક્યું.

તતः परममस्त्रं तु द्रौणिरुद्यतमाहवे ।
द्वैपायनवचः श्रुत्वा गर्भेषु प्रमुमोचह ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि ब्रह्मशिरोस्त्रस्य पांडवेय गर्भप्रवेशने गुर्जरभाषायां पंचदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો. ઉત્તરાના ગર્ભ ઉપર ઘાત.

वैशंपायन उवाच—तदाज्ञाय हृषीकेशो विसृष्टं पापकर्मणा ।
हृष्यमाण इदं वाक्यं द्रौणिं प्रत्यब्रवीत्तदा ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પાપ કર્મવાળા તેણે ગર્ભ ઉપર નાખેલા તે અસ્ત્રને

આથી પ્રસન્ન થએલા ઋષીકેશ ભગવાન, અશ્વત્થામા પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યા કે, પૂર્વે ઉપપ્લવ્ય તરફ ગએલી અર્જુનની પુત્રવધૂ વિરાટની પુત્રીને જોઇ કોઇ વ્રતવાન બ્રાહ્મણે તેને કહ્યું હતું કે કૌરવો પરિક્ષીણ થયા પછી તને પુત્ર થશે અને ગર્ભમાં રહેલા તેને એ પરિક્ષિતપણું આવશે. તે સાધુનાં વચન સત્ય થશે. એમના વંશને વધારનારો પાછો પરિક્ષિત નામે પુત્ર થશે. એ રીતે કહેતા યાદવોમાં અત્યંત શ્રેષ્ઠ એવા ગોવિંદ ભગવાન પ્રત્યે અત્યંત ક્રોધાયમાન થયેલો અશ્વત્થામા, આવી રીતે ઉત્તર આપવા લાગ્યો કે, હે પુંડરીકાક્ષ! હે કેશવ! તમે જે રીતે કહો છો તે એમ નથી, તમે પક્ષપાતથી એવાં વચન કહો છો પણ મારાં વાક્ય અન્યથા થવાનાં નથી. હે કૃષ્ણ! મેં નાખેલું અસ્ત્ર, જેને તમે રક્ષણ કરવા ઇચ્છો છો, તે વિરાટની પુત્રીના ગર્ભમાં પડશે. અશ્વત્થામાનાં વાક્ય સાંભળી શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા કે, પરમાસ્ત્રનું પડવું સફળ થશે, પણ મૃત સરખો થએલો ગર્ભ પાછો જીવતો થઈ આયુષ્યને પ્રાપ્ત થશે. તું તો નિરંતર પાપકર્મ કરનાર બાળકના જીવિતનો ઘાતક માટે પાપરૂપ કુત્સિત પુરૂષ છે, એ રીતે સર્વ બુદ્ધિમાન પુરૂષો કહેશે. તું તારા આ પાપ કર્મના ફળને પ્રાપ્ત થા. ત્રણ હજાર વર્ષ સુધી તું આ પૃથ્વી પર વિચરીશ. તે કેવી રીતે કે કોઈ સાથે પણ કંઇ પરસ્પર ભાષણ ન કરતા, નથી કંઇ સહાય જેને એવો તું નિર્જન એવા દેશો પ્રત્યે ફર્યા કરીશ. હે ક્ષુદ્ર! મનુષ્યના મધ્યમાં તો તારી સ્થિતિ થશેજ નહિ ને પરૂ તથા રૂધિરની ગંધ જેના શરીરમાં છે એવો સર્વ વ્યાધિ સમન્વિત પાપાત્મા તું દુર્ગ વનમાં ફરીશ. અવસ્થાને પ્રાપ્ત થઇ પરિક્ષિત રાજા શારદ્વત્ કૃપાચાર્યથી વેદવ્રતને પ્રાપ્ત થઇ સર્વ અસ્ત્રને પ્રાપ્ત થશે. પરમાસ્ત્રને જાણી ક્ષાત્રધર્મના વ્રતમાં રહેલા ધર્માત્મા તે સાઠ વર્ષ સુધી પૃથ્વીને પાળશે. હે સુદુર્મતે! યુધિષ્ઠિરના રાજ્ય પછી મહાબાહુ કુરૂરાજ પરિક્ષિત તારા દેખતાં રાજા થશે. અસ્ત્રાગ્નિથી તેજ કરી દગ્ધ થએલા તેને હું જીવાડીશ હે નરાધમ! મારા તપનું તથા સત્યનું પરાક્રમ તું જો. એમ ભગવાને તેને કહ્યું તેટલામાં વ્યાસજી તેને કહેવા લાગ્યા કે, જે કારણ માટે અમારો અનાદર કરી તેં દારૂણ કર્મ કર્યું, એ રીતે બ્રાહ્મણ છતાં તારૂં એવું વૃત્ત છે માટે દેવકી પુત્રે જે ઉત્તમ વચન તને કહ્યું તે જરૂર તને ફળશે, એમાં સંશય નથી. ક્ષાત્રધર્મનો તેં આશ્રય કર્યો છે. વ્યાસજીનાં વચન સાંભળી અશ્વત્થામાએ કહ્યું કે, હે બ્રહ્મન્! તમારી સાથે તમારા પુરૂષો વિષે હું રહીશ ને ભલે આ પુરૂષોત્તમ ભગવાન સત્યવાણીવાળા થાઓ.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! દ્રોણપુત્ર અશ્વત્થામા, મહાત્મા પાંડવોને મણિ આપી ખેદયુક્ત છે મન જેનું એવો તે સર્વ જુવે તેમ વનમાં ગયો. હણાયા છે દ્વેષિયો જેમના એવા પાંડવો ગોવિંદ ભગવાનને, કૃષ્ણદ્વૈપાયનને તથા મહામુનિ નારદને આગળ કરી દ્રોણપુત્રના સહજ મણિને લઈ ઉતાવળથી અન્ન જળનો ત્યાગ કરી બેઠેલી મનસ્વિની દ્રૌપદી પાસે જવા લાગ્યા. વૈશંપાયન કહે છે, હે જનમેજય! પુરુષમાં સિંહરૂપ શ્રીકૃષ્ણ સહિત વાયુની જેમને ઉપમા અપાય એવા શ્રેષ્ઠ અશ્વોકરી પાછા તેઓ તંબુમાં ગયા. ત્યાં જઇ અત્યંત પીડિત કેશવ સહિત મહારથિ તેઓ રથમાંથી નીચે ઉતરી અશ્વત્થામાના પરાભવે કરી શ્રેષ્ઠ અને પુત્રાદિકના શોકથી આર્ત, નિરાનંદ દુઃખ તથા શોકસમન્વિત એવી દ્રૌપદીને જોઇ તેની પાસે જઇ તેને વીંટી સર્વ ઉભા રહ્યા. ત્યાર પછી રાજાએ આજ્ઞા કરેલા મહા બળવાન ભીમસેન, દિવ્ય એવો તે મણિ દ્રૌપદીને આપી આવી રીતે વચન કહેવા લાગ્યા કે, હે ભદ્રે! આ તારા પુત્રને હણનારનો જીતેલો મણિ: માટે હવે ઉઠી જા અને શોકને છોડી દઇ ક્ષાત્રધર્મને યાદ કર. હે

અખિલ લોકને ! વાસુદેવ ભગવાન જે વખતે શાંતિ કરવા સારૂ હસ્તિનાપુર ગયા તે વખતે હે ભીરૂ ! મધુદૈત્યને મારનાર ભગવાનને તેં વાક્ય કહ્યાં છે કે મારા પતિઓ પણ નથી, પુત્ર પણ નથી, ભાઇઓ પણ નથી અને હે ગોવિંદ ! તમે પણ મારા નથી, એ રીતે શાન્તિ ઇચ્છતા તે વખતે તીવ્ર એવાં વાક્ય તેં પુરુષોત્તમ ભગવાનને કહ્યાં હતાં. ક્ષાત્રધર્મને યોગ્ય એવાં વાક્ય તું યાદ કરવા યોગ્ય છે. અમે પણ તારૂં પ્રિય કરવા સારૂ રાજ્યના પરિપંથી એવા પાપરૂપ દુર્યોધનને હણ્યો, સ્ફુરાયમાન એવા દુઃશાસનનું રૂધિર પીધું. એ રીતે વેરના અનૃણી-પણાને અમે પ્રાપ્ત થયા, અમે કોઇને નિંદવા લાયક રહ્યા નથી. દ્રોણપુત્રને જીતી બ્રાહ્મણ તથા ગુરૂપણાથી ભ્રષ્ટ કર્યો. હે દેવિ ! એનો પણ યશ તો જતો રહ્યો, કેવળ શરીર માત્ર અવશેષ રહ્યું. મણિએકરી વિયુક્ત તથા આયુધથી ભ્રષ્ટ કર્યો. ભીમસેનનાં વચન સાંભળી દ્રૌપદીએ કહ્યું કે, ગુરૂનો પુત્ર તો મારો ગુરૂ છે પણ મણિથી કેવળ હું અનૃણીપણાને પ્રાપ્ત થઇ છું, પણ હવે હે ભારત ! આ મણિને મસ્તક વિષે બાંધો. દ્રૌપદીનાં વચનથી ગુરૂનું આ ઉચ્છિષ્ટ છે એમ જાણીને મણિ લઇ યુધિષ્ઠિર રાજાએ પોતાના મસ્તકવિષે રાખ્યો. એ રીતે દિવ્ય એવા તે શ્રેષ્ઠ મણિને મસ્તકવિષે ધરતા યુધિષ્ઠિર રાજા, ચંદ્ર સહિત પર્વત શોભે તેમ શોભવા લાગ્યા. ત્યાર પછી પુત્રના શોકેકરી આર્ત એવી મનસ્વિની દ્રૌપદી ઉભી થઇ ને મહાબાહુ ધર્મરાજા, શ્રીકૃષ્ણને પૂછવા લાગ્યા.

उत्तस्थौ पुत्रशोकार्ता ततः कृष्णामनस्विनी ।
कृष्णंचापि महाबाहुः परिपप्रच्छ धर्मराट् ॥

इतिश्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि द्रौपदीसांत्वनायां गुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદ.

वैशंपायन उवाच—हतेषु सर्वसैन्येषु सौप्तिके तैरथैस्त्रिभिः ।
शोचन् युधिष्ठिरो राजा दाशार्हमिदमब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! સૌપ્તિકવિષે તે ત્રણ રથિઓએ સર્વ સૈન્યને હણ્યા પછી શોચ કરતા યુધિષ્ઠિર રાજા, દાશાર્હ એવા ભગવાન પ્રત્યે આવી રીતે પૂછવા લાગ્યા કે—હે કૃષ્ણ ! ખરાબ કર્મ કરનાર પાપરૂપ ક્ષુદ્ર એવા અશ્વત્થામાએ મહારથિ મારા સર્વ પુત્રને કેમ હણ્યા ? તેમ અસ્ત્ર શીખેલા પરાક્રમી હજારો તથા સેંકડો સાથે યુદ્ધ કરનાર દ્રુપદના પુત્રોને પણ દ્રોણપુત્રે પાડ્યા. જેને સંગ્રામમાં મોટા ધનુષવાળા દ્રોણ મુખ આપતા ન હતા, રથિઓમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્નને અશ્વત્થામાએ કેમ હણ્યા ? હે નરર્ષભ ! એકલા ગુરૂપુત્રે આપણી તરફના સર્વને સંગ્રામમાં હણ્યા એવું સુકૃત કર્મ તેણે શું કર્યું હતું ? યુધિષ્ઠિરનાં વચન સાંભળી શ્રીકૃષ્ણ ભગવાન કહેવા લાગ્યા કે અશ્વત્થામા જરૂર દેવના દેવ ઇશ્વરના પણ ઇશ્વર એવા અવિનાશી શિવને શરણે ગયો તેથી તેણે એકલે ઘણાકને માર્યા. પ્રસન્ન થએલા મહાદેવ અમરતાને પણ આપે ને ગિરીશ એવા તે જેથી ઇન્દ્રને મારે એવું વીર્ય પણ આપે. હે ભરતર્ષભ ! હું મહાદેવને તત્વેકરી જાણું છું અને એમનાં પુરાણ એવાં વિવિધ પ્રકારનાં જે કર્મ છે તેને પણ હું જાણું છું. હે ભારત ! જેમ કનક કુંડલાદિકનું આદિ મધ્ય તથા અંત સુવર્ણ છે તેમ એ રૂદ્ર જગતના આદિ, મધ્ય તથા અંત છે ને એમના કર્મેકરી સર્વ જગત ચેષ્ટા

કરે છે. બ્રહ્માદિક દેવતાઓ પણ એમના કર્મથી ચેષ્ટા કરે છે, તે ઉપર એક કથા કહું તે સાંભળો. પ્રાણિઓને સૃજવાની જેને ઈચ્છા છે એવા વિરાટ ભગવાને પ્રથમ રૂદ્રને જોઈ કહ્યું કે, તમે પ્રાણિઓને ઉત્પન્ન કરો. વિરાટ પુરૂષનાં વચન સાંભળી ‘ ઠીક તેમ કરીશ ’ એમ કહી સૃષ્ટિમાં દોષદર્શિ મહા તપસ્વી રૂદ્ર જળમાં મગ્ન થઇ ઘણાક કાળસુધી તપ કરવા લાગ્યા. એની ઘણાક કાળસુધી વાટ જોઇ વિરાટ પુરૂષે મનેકરી સર્વ ભૂતના સૃષ્ટા બીજા રજોગુણરૂપ ચતુર્મુખને ઉત્પન્ન કર્યા. તેણે જળમાં પોઢેલા ગિરીશ રૂદ્રને જોઇ પિતાને કહ્યું કે, જો મારો બીજો અગ્રજ ન હોય તો હું પ્રજાને સૃજું. તેને પિતાએ કહ્યું કે તારાથી બીજો અગ્રજ પુરૂષ નથી. સ્થાણુ એવો તે આ જળમા બૂડેલો છે માટે વિશ્વાસ રાખી તું વિશ્વરૂપ પ્રજા કર. વિરાટ પુરૂષનાં વચન સાંભળી ચતુર્મુખે સાત પ્રકારનાં પ્રાણિઓ તથા દક્ષાદિક પ્રજાપતિને ઉત્પન્ન કર્યા. તેઓવડે ચાર પ્રકારનાં પ્રાણિઓનો વિસ્તાર થયો. ક્ષુધિત એવી તે સર્વ પ્રજા હે રાજન્! પ્રજાપતિ એવા બ્રહ્માને ભક્ષણ કરવા સારૂ દોડી. પ્રજાએ ભક્ષણ કરવા માંડેલા રક્ષણાર્થે તે ચતુર્મુખ વિરાટ ભગવાન પાસે દોડી જઇ કહેવા લાગ્યા કે, આ પ્રજાથી ભગવાન એવા તમે મારૂં રક્ષણ કરવા સારૂ આમની જીવિકા કરો. પ્રજાપતિનાં વચન સાંભળી વિરાટ ભગવાને પ્રજાને ઔષધ સ્થાવર તથા બળવાન વાસ્તે દુર્બળ એવાં જંગમ પ્રાણિરૂપ અન્ન આપ્યું. ત્યારે પ્રાપ્ત થયું છે અન્ન જેમને એવી તે પ્રજા જે રીતે આવી હતી તેમ પાછી ગઇ. પછી હે રાજન્! હર્ષયુક્ત તે પ્રજા પોત પોતાની જાતિ વિષે વૃદ્ધિ પામવા લાગી. એ રીતે ભૂતગ્રામ વૃદ્ધિને પ્રાપ્ત થયો ને લોકગુરૂ પરમ સંતુષ્ટ થયા. જળમાંથી ઉભા થયેલા જ્યેષ્ઠ રૂદ્રે ચતુર્મુખે સૃજેલી પોતાના તેજથી વૃદ્ધિગત થયેલી બહુરૂપ પ્રજાને જોઇ, ભગવાને ક્રોધથી પોતાનું પ્રસવ કરવાનું સામર્થ્ય લિંગરૂપે કરી પૃથ્વી વિષે પાડયું. પૂજન કરનારને સર્વ સિદ્ધિ આપનાર તે લિંગ પૃથ્વીવિષે જઇ રહ્યું. તે વખતે અવ્યય એવા બ્રહ્માએ વાણીથી તેને શાંત કરતા હોય તેમ કહ્યું કે, હે શર્વ! જળવિષે ઘણા કાળસુધી રહેલા તમે શું કર્યું અને આ લિંગ શું કરવા પૃથ્વીમાં પ્રવેશિત કર્યું? બ્રહ્માનાં વચન સાંભળી થયો છે ક્રોધ જેને એવા લોકગુરૂ રૂદ્રે ગુરૂ એવા પ્રજાપતિને કહ્યુ કે, બીજાવડે તમે આ પ્રજા સૃજી માટે આણેકરી હવે શું કરૂં એમ જાણી મેં તે પૃથ્વીમા પ્રવેશિત કર્યું. હે પિતામહ! મારા જળવાસરૂપ તપેકરી પ્રજાવાસ્તે અન્ન ઉત્પન્ન થયુ માટે ઔષધિઓ જેમ બીજાં અંકુર સંબંધી સંતાનના ક્રમેકરી પરિવર્તન કરે છે, તેમજ પ્રજા પણ નિરંતર અન્નદ્વારા પરિવર્તન કરશે. એમ કહી સંક્રુદ્ધ એવા ખેદયુક્ત મનવાળા મોટા તપવાળા ભવ મુંજવાન પર્વતની પાસે રહેલી નાની ટેકરી ઉપર, તપ કરવા ગયા.

एवमुक्त्वा स क्रोधो जगाम विमनाभवः।
गिरेर्मुंजवतः पादं तपस्तप्तुं महातपाः॥

• इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि युधिष्ठिरकृष्णसंवादे गुर्जरभाषायां सप्तदशोऽध्यायः॥ १७॥

અધ્યાય ૧૮ મો. શાંકરી સૃષ્ટિ.

श्री भगवानुवाच—ततो देवयुगे ऽतीते देवा वै समकल्पयन्।
यज्ञं वेदप्रमाणेन विधिवद्यष्टुमीप्सवः॥ १॥

શ્રી ભગવાન કહે છે—સત્યયુગ થયા પછી વિધિપુરઃસર યજન કરવા ઇચ્છતા દેવતાઓ વેદના પ્રમાણે યજ્ઞ કરતા હતા. યજ્ઞ કરનાર દેવતાઓએ યજ્ઞનાં સાધન, હવિષ, આગાઉ દેવતાઓ તથા યજ્ઞસંબંધી દ્રવ્ય તૈયાર કર્યા પણ યથાર્થપણાએકરી રૂદ્રને જાણતા ન હતા. દેવ-

તાઓએ હે નરાધિપ! દેવ એવા રૂદ્રનો ભાગ કલ્પ્યો નહિ. એ રીતે યજ્ઞમાં દેવતાઓએ પોતાનો ભાગ કલ્પ્યો નહિ તેથી યજ્ઞનો નાશ કરે એવાં સાધનને ઇચ્છતા રૂદ્રે પ્રથમ ધનુષ ઉત્પન્ન કર્યું. યજ્ઞોએકરી સર્વ જગત્ ઉત્પન્ન થયું છે એવા લોકયજ્ઞ, ક્રિયાયજ્ઞ, સનાતન ગૃહયજ્ઞ, તથા પંચમહાભૂત નૃયજ્ઞમાંના લોકયજ્ઞ તથા નૃયજ્ઞ નામના બે યજ્ઞોકરી કપર્દી રૂદ્રે ધનુષ ઉત્પન્ન કર્યું, તે ધનુષ, પાંચ હસ્તનું છે પ્રમાણ જેનું એવું થયું. હે ભારત! વષટ્કાર, તે ધનુષ્યની પ્રત્યંચા થયો અને ચાર યજ્ઞનાં અંગ તે ધનુષને દૃઢ કરનાર થયાં ત્યાર પછી ક્રુદ્ધ થએલા મહાદેવ તે ધનુષ ગ્રહણ કરી જ્યાં દેવતાઓ યજન કરતા હતા ત્યાં આવ્યા. તે વખતે ધનુષ ગ્રહણ કરેલા અવ્યય એવા તે બ્રહ્મચારિને જોઇ દેવી પૃથ્વી, વ્યથા પામવા લાગી અને પર્વતો કંપવા લાગ્યા. પવન વાતો ન હતો, વૃદ્ધિ પામેલો અગ્નિ, પ્રજ્વલિત થતો ન હતો. સંવિગ્ન થએલું નક્ષત્રમંડળ આકાશમાં ભમતું ન હતું. સૂર્ય શોભતો ન હતો. ચંદ્ર પણ શોભા રહિત છે મંડળ જેનું એવો થયો અંધકારે કરી વીંટાયલું સર્વ આકાશ આકુળ થયું હતું. પરાભવ પામેલા દેવતાઓ પોતપોતાના વિષયને જાણતા ન હતા, યજ્ઞ શોભતો ન હતો. તેમજ દેવતાઓ ત્રાસ પામતા હતા. રૂદ્રે ભયંકર બાણેકરી યજ્ઞને હૃદયમાં વિંધ્યો તે વખતે અગ્નિ સહિત યજ્ઞ, મૃગ થઇ ત્યાંથી ભાગ્યો. યજ્ઞ તો તેજ રૂપેકરી સ્વર્ગને પામી શોભતો હતો. હે યુધિષ્ઠિર! નભસ્તલ વિષે રૂદ્રે ખોળવા માંડેલો તે, ત્યાંથી પણ ભાગ્યો. એ રીતે યજ્ઞ ભાગ્યો તેથી દેવતાઓને સંજ્ઞા રહી નહીં. સંજ્ઞારહિત દેવતાઓ થયા ત્યારે કંઇપણ જણાતું ન હતું તે વખતે ક્રુદ્ધ થએલા ત્ર્યંબક એવા રૂદ્રે ધનુષની કોટિએકરી સવિતાના બાહુ કાપી નાંખ્યા. ભગનાં નેત્ર કાઢી લીધાં અને પૂષાના દાંત પાડી નાખ્યા. ત્યાંથી દેવતાઓ તથા યજ્ઞનાં અંગ ભાગવા લાગ્યાં ને ત્યાંજ કેટલાક પ્રાણ રહિત હોય નહિ તેવા થઇ ગયા. એ રીતે તે સર્વને નસાડી શિતિકંઠ મહાદેવ, હાસ્ય કરી ધનુષની કોટિને સ્તંભક કરી દેવતાઓને રૂંધવા લાગ્યા. દેવતાઓએ કહેલી વાણીએ તે ધનુષની પ્રત્યંચા કાપી નાખી. હે રાજન્! તત્કાળ સ્ફુરાયમાન એવું તે ધનુષ પ્રત્યંચા વગરનું થઇ રહ્યું. તે વખતે યજ્ઞસહિત દેવતાઓ, વિભુષ દેવ શ્રેષ્ઠને શરણે ગયા. સમર્થ મહાદેવ તેમની ઉપર પ્રસન્ન થયા. એ રીતે પ્રસન્ન થએલા ભગવાન મહાદેવ, ઉત્પન્ન થએલા કોપને જળાશયમાં સ્થાપન કરી હે પ્રભો! અગ્નિરૂપ થઇ નિરંતર જળનું શોષણ કરે છે હે પાંડવ! પ્રસન્ન થએલા મહાદેવે ભગનાં નેત્ર, સવિતાના બાહુ, તથા પૂષા દેવતાનાં દાંત પણ પાછા આપ્યા અને યજ્ઞનું સંધાન કર્યું એ રીતે મહાદેવ પ્રસન્ન થવાથી પાછું સર્વ સુસ્થ થયું. સંધાયલા યજ્ઞમાં દેવતાઓએ મહાદેવના સર્વ હવિષરૂપી ભાગ કલ્પ્યો. હે વિભો! મહાદેવ ક્રુદ્ધ થયા ત્યારે સર્વ જગત્ અસુસ્થ થયું હતું. ને પાછા તે પ્રસન્ન થયા ત્યારે પાછું સુસ્વસ્થ થયું પરાક્રમી મહાદેવ, એને પ્રસન્ન થયા તેથી મહારથિ તમારા સર્વ પુત્રો તથા પાંચાળની પછાડી ચાલનાર બીજા પણ ઘણા શૂરવીરોને તેણે હણ્યા આ વાત મનમાં ન લાવવી કેમકે તે કાંઇ અશ્વત્થામાએ કર્યું નથી. તેને મહાદેવ પ્રસન્ન થયા તેથી થયું છે. માટે તે ઇશ્વરને તો સર્વ જગત્ વશ છે એમ જાણી શોક ન કરતાં હવે જે કાર્ય કરવું યોગ્ય હોય તે કરો.

न तन्मनसि कर्तव्यं न च तत्र द्रौणिना कृतं ।
महादेवप्रसादेन कुरु कार्यमनन्तरं ॥

इति श्री महाभारते शतसाहस्र्यां संहितायां वैयासिक्यां सौप्तिके ऐषीक-
पर्वणि युधिष्ठिरसान्त्वनायामष्टादशोऽध्यायः ॥ १८ ॥

॥ सौप्तिक पर्व समाप्त. ॥

ॐ

श्रीमन्महाभारत.

स्त्रीपर्व.

અધ્યાય ૧ લો. ધૃતરાષ્ટ્રને થયેલો શોક ને પશ્ચાત્તાપ.

जनमेजय उवाच—हते दुर्योधने चैव हते सैन्ये च सर्वशः ।
धृतराष्ट्रो महाराज श्रुत्वा किमकरोन्मुने ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે મુને! દુર્યોધન હણાયો તથા સઘળું સૈન્ય પણ હણાયું તે વાત સાંભળી મહારાજ ધૃતરાષ્ટ્રે શું કર્યું? તેમજ ઉદાર મનવાળા કુરૂકુળમાં ઉત્પન્ન થએલા ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાએ શું કર્યું અને કૃપાચાર્ય આદિ કૌરવ સૈન્યમાંથી બાકી રહેલા ત્રણ જણાંએ શું કર્યું તથા પરસ્પર શાપ થયા હતા એવું અશ્વત્થામાનું કર્મ મેં સાંભળ્યું પણ તે પછીનું વૃત્તાંત સંજયે જે ધૃતરાષ્ટ્રને કહ્યું હોય તે હવે તમે મને કહો? વૈશંપાયન કહે છે—હે જનમેજય! હે મહારાજ! સો પુત્ર હણાયા તેથી કપાઇ ગઇ છે શાખાઓ જેની એવા વૃક્ષની પેઠે દીન થએલા પુત્રના શોકેકરી અત્યંત તપ્ત, ધ્યાનેકરી મૂકપણાને પ્રાપ્ત થએલા, ચિંતાએકરી વ્યાપ્ત ધૃતરાષ્ટ્ર રાજા પાસે જઈ સંજય બોલ્યો કે, હે મહારાજ! શું શોચ કરો છો? શોક વિષે કોઇ સહાયતા કરનાર છે નહિ, કેમકે, હે વિશાંપતે! અઢાર અક્ષૌહિણી સેના હણાઇ એટલે વિરામ પામ્યો છે ઉત્સવ જેમાંથી એવી રાજાઓએ કરી હીન આ પૃથ્વી નિર્મનુષ્ય થઇ ગઇ છે. સર્વ દિશાઓમાંથી આવી નાના દેશમાં રહેનાર રાજાઓ તમારા પુત્ર સહિત નાશ પામ્યા. વાસ્તે હવે પિતૃઓ, પુત્ર, પૌત્ર, જ્ઞાતિઓ, સંબંધિઓ તથા ગુરૂઓનાં ક્રમેકરી પ્રેતકાર્ય કરાવો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! દયા આવે એવાં તે વાક્ય સાંભળી પુત્ર તથા પૌત્રના વધથી પીડિત થએલા બળવાન તે રાજા, વાયુએ હણેલા વૃક્ષની પેઠે પૃથ્વીપર પડી ગયા. પછી ધીરેથી બેઠા થઇ કહેવા લાગ્યા કે, હણાયા છે પુત્ર, ચાકર તથા સર્વ સુહૃજ્જન જેના એવો પૃથ્વીમાં વિચરતો હું દુઃખને પ્રાપ્ત થઇશ. કપાઇ ગઇ છે પાંખ જેની એવા પક્ષિની પેઠે બંધુહીન તથા જરાએ કરી જીર્ણ એવા મને હવે જીવિત કંઇ કામનું નથી. હે મહાપ્રાજ્ઞ! હરણ થયું છે રાજ્ય જેનું એવો બંધુહીન તથા ચક્ષુ વગરનો હું ક્ષીણ થયાં છે કિરણો જેનાં એવા સૂર્યની પેઠે હવે શોભીશ નહિ. પ્રથમ સંબંધીઓનું વાક્ય મેં માન્યું નહિ, તેમજ પરશુરામનું, દેવર્ષિ નારદનું, કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીનું પણ કહેલું મેં માન્યું નહિ, સભા વચ્ચે શ્રીકૃષ્ણે મારાં હિતનાં વાક્ય કહ્યાં કે, હે રાજન્! વૈર કરવાથી શું થવાનું છે? પુત્રને નિયમમાં રાખ. શ્રીકૃષ્ણનાં તે વાક્ય પણ મેં માન્યાં નહિ તેથી દુર્મતિવાળો એવો હું

હવે અત્યંત તપું છું, તેમજ ધર્મયુક્ત ભીષ્મનું પ્રભાષિત પણ મેં શ્રવણ કર્યું નહિ પણ હવે આ વખતે શબ્દ કરતા દુર્યોધનનો, કર્ણનો તથા દુઃશાસનનો વધ અને દ્રોણરૂપી સૂર્યનું અસ્તમન સાંભળી મારૂં હૃદય વિદીર્ણ થાય છે, તેમ હે સંજય! જે કર્મનું આ ફળ મૂઢ એવો હું ભોગવું છું, એવું પૂર્વે આ જન્મમાં મેં કંઇ દુષ્કૃત્ય કરેલું મને સાંભળતું નથી; પણ આ જન્મમાં નહિ તો પૂર્વ જન્મમાં કંઈ મોટું પાપ મેં કર્યું હશે એમાં સંશય નહિ, તે વિના દુઃખ છે પરિણામે જેમાંથી એવાં કર્મમાં વિધાતા મને કેમ નાંખે? એક તો અવસ્થાનો પરિણામ, સર્વ બંધુનો ક્ષય અને સુહૃદ તથા મિત્રનો વિનાશ, એ બધું દૈવયોગથી એકદમ મને પ્રાપ્ત થયું, માટે આ સમયે પૃથ્વીપર મારાથી અધિક દુઃખવાળો બીજો કોણ છે? કોઇજ નહિ. આજેજ તીક્ષ્ણ વ્રતવાળા પાંડવો, આવરણ રહિત બ્રહ્મલોકના માર્ગ પ્રત્યે જતો મને જુવો, એટલે કે આજ હું પ્રાણ ત્યાગ કરીશ.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે વિલાપ કરતા ઘણોક શોક કરતા રાજાને, સંજય, શોક શમે એવું આશ્વાસન આપવા લાગ્યો કે, હે રાજન્! હે નૃપસત્તમ! વેદાંત તથા વિવિધ પ્રકારનાં શાસ્ત્રો વૃદ્ધો પાસેથી તમે સાંભળેલાં છે માટે શોક કરવો છોડી દો. હે નૃપ! તમે પુત્રના શોકથી પીડિત સંજયને પૂર્વે મુનિઓએ જે કહ્યું હતું તે પણ તમે સાંભળ્યું છે, યૌવનથી થયો છે ગર્વ જેને એવા તમારા પુત્રને જે રીતે કહ્યું હતું તે પણ તમે સાંભળ્યું છે. સંબંધિઓનું વાક્ય તમે કાને ધર્યું નહિ; ફળને ઇચ્છનાર લુબ્ધ એવા તમે કોઇ સ્વાર્થ પણ કર્યો નહિ. એક ધારવાળી તરવારની પેઠે પોતાની બુદ્ધિથીજ વિચાર કર્યો અને બહુધા વૃત્તરહિત ખરાબ માણસોની સોબત કરી. હે મહારાજ! તમારા પુત્રના દુઃશાસન, દુરાત્માવાન રાધાપુત્ર કર્ણ, દુષ્ટાત્મા શકુનિ, દુર્મતિ એવો ચિત્રસેન, તથા જેણે સર્વ જગત્ શલ્યભૂત કર્યું એવો શલ્ય, એ સર્વ મંત્રિઓ, તેમ તમારા પુત્રે કુરૂકુળમાં વૃદ્ધ એવા ભીષ્મ, ગાંધારી, વિદુર, દ્રોણ, કૃપ, શ્રીકૃષ્ણ, બુદ્ધિમાન નારદ, અમિત તેજવાળા વ્યાસ તથા બીજા ઋષિઓનાં વચન પણ માન્ય કર્યાં નહિ, ને નિરંતર જય ઇચ્છતા તેણે કોઇ ધર્મનો પણ સંસ્કાર કર્યો નહિ. વળી અલ્પ બુદ્ધિવાળો અહંકારી તે નિરંતર યુદ્ધ કરવું, એમજ કહેતો હતો. તે કોઈથી સહન થાય નહિ એવો ક્રૂર તથા અસંતુષ્ટ હતો. તમે નિરંતર સત્યવાન મેધાવી તથા શાસ્ત્રના જાણ છો માટે શાસ્ત્રજ્ઞ એવા તમારા સરખા બુદ્ધિમાન મોહ પામે નહિ. હે પારિષ! તમારા પુત્રે કોઇ પણ ધર્મનો સત્કાર કર્યો નહિ, તેથી એણે સર્વ ક્ષત્રિયોનો ક્ષય કરાવ્યો, અને શત્રુઓનો યશ વધાર્યો. તમે પણ મધ્યસ્થ હતા પણ યોગ્ય રીતે તેને કંઇ કહ્યું નહિ. દુર્ધર્ષ એવા તમે રાજ્યકારભાર ધારણ કર્યો પણ તે ન્યાયથી સમાન રીતે ધારણ કર્યો નહિ, મનુષ્યોએ પ્રથમજ યોગ્ય હોય તેમ વર્તવું, કાર્ય કર્યા પછી પશ્ચાત્તાપ થાય તેમ કરવું નહિ. હે રાજન્! પુત્રના કલ્યાણને ઇચ્છતા, તમે તેને ગમતું બધું કર્યું તેથી હવે આ પશ્ચાત્તાપને પ્રાપ્ત થયા છો, માટે શોક કરવા યોગ્ય નથી. જે પુરૂષ પર્વતના અગ્રભાગ ઉપર રહેલા મધને જોઇ ત્યાંથી પડીશું તો, એવો વિચાર કરતો નથી તે મધના લોભેકરી ત્યાંથી પડેલો પાછળથી શોક કરે તેમ તમે શોચ કરો છો. શોચ કરનાર મનુષ્ય અર્થને પામતો નથી. શોચ કરતો જન ફળને પ્રાપ્ત થાય નહિ, શોચ કરતો નર, લક્ષ્મીને પ્રાપ્ત કરે નહિ તથા શોચ કરતો મનુષ્ય પરમ પદને પણ પામે નહિ, માટે પોતેજ વસ્ત્રમાં અગ્નિ ઉત્પન્ન કરી તે કંઇ દેવાવિષે વીંટી પછી બળવા માંડે એટલે સંતાપને પામે તે પંડિત કહેવાય નહિ. પુત્ર સહિત તમે વાયરૂપી માણસો પ્રેરેલો

લોભરૂપ આજ્યથી સારી રીતે સિંચન કરેલો પાર્થરૂપ અગ્નિ, પ્રજ્વલિત થયો. પાર્થરૂપ આવી રીતે વૃદ્ધિ પામેલા અગ્નિ વિષે તીડ નામના જંતુઓની પેઠે તમારા પુત્રો પડ્યા, વાસ્તે બાણરૂપી અગ્નિઓકરી બળેલા તેમનો તમારે શોક કરવો યોગ્ય નથી. હે નૃપ! અશ્રુપાતે કરી વ્યાપ્ત એવું તમારું મુખ દેખાય છે પણ શાસ્ત્ર વિહિત નહિ એવાં કર્મને પંડિતો વખાણતા નથી, શોક, તણખાની પેઠે મનુષ્યને બાળે છે, વાસ્તે દીનતાને છોડી દઇ બુદ્ધિએકરી ધૈર્ય રાખો, પ્રાણનો ત્યાગ ન કરો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે મહાત્મા સંજયે આશ્વાસના કરી એટલામાં શત્રુને તપાવનાર વિદુર ત્યાં આવી ફરીથી બુદ્ધિપૂર્વક તેમને આવી રીતે કહેવા લાગ્યા.

एवमाश्वासितस्तेन संजयेन महात्मना ।
विदुरो भूय एवाह बुद्धिपूर्वं परंतपः ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि विशोककरणे गुर्जर-भाषायां प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો. ધૃતરાષ્ટ્રના શોકનું પ્રમાર્જન.

वैशंपायन उवाच—ततोऽमृतसमैर्वाक्यैर्ह्लादयन् पुरुषर्षभम् ।
वैचित्रवीर्यं विदुरो यदुवाच निबोध तत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી અમૃત સરખાં વાક્યોકરી પુરુષમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્રને આનંદ આપતા વિદુરે જે કહ્યું તે તું સાંભળ. વિદુર કહે છે, હે રાજન્! હે લોકેશ્વર! શું સુતા છો? બેઠા થાવ અને બુદ્ધિવડે ધૈર્ય ધરો, કેમકે આવી ગતિ તો સર્વ પ્રાણિઓને એકવાર પ્રાપ્ત થાય છે. જેટલા આરંભો છે તે બધા ક્ષયાંત છે એટલે કે સંગ્રહ કરેલું કોઇ દિવસે પણ ક્ષય પામે છે ને જેટલા ઉદય છે તે પતનાંત છે, એટલે જે ચડે તે કોઇ દિવસે પણ પડે તોજ છેજ. જે સંયોગ છે તે વિયોગાંત છે, જે ભેગાં થયાં તે કોઇ દિવસે પણ જૂદાં પડે છે, તથા જીવિત મરણાંત છે, જીવનને અંતે એક દિવસ મરણ તો અવશ્ય છે. હે ભારત! હે ક્ષત્રિયર્ષભ! જ્યારે શૂર અને બીરૂ બેઉને યમ ખેંચી જાય છે ત્યારે ક્ષત્રિયો યુદ્ધ શું કરવા ન કરે? બીરૂને જો યમરાજા ન લે તો તે શૂરવીર પણ બીરૂ થઇ બેસી રહેત હે મહારાજ! યુદ્ધ ન કરનાર મરે અને યુદ્ધ કરનાર કેટલાંક વર્ષ જીવતો રહે માટે જે વખતે કાળ આવે તે વખતે તેને કોઇ પણ અતિક્રમણ કરી શકે નહિ. હે ભારત! વળી છે આદિરૂપ જેનું ને નામ રૂપાત્મક છે મધ્ય જેમનું તથા પાછું અભાવમાં છે નિધન જેમનું એવાં પ્રાણિઓ ક્ષયવાળાં છે એમાં શોચ કરવો નકામો છે. શોચ કરનાર મરેલાની પાછળ જતો નથી ને શોચ કરવાથી મરણ પણ ટળતું નથી. સ્વભાવથીજ સિદ્ધ એવો આ લોક છે, વાસ્તે તમે શોચ કરવા યોગ્ય નથી. કાળ, સર્વ ભૂતને આકર્ષણ કરે છે. હે કુરુસત્તમ! કાળને કોઇ પ્રિય નથી, તેમ દ્વેષ પણ નથી. હે ભરતર્ષભ! જેમ વાયુ તૃણના અગ્રભાગને હિલે છે, તેમ સર્વ ભૂત પણ કાળથી વિંટાયા છે. એટલું તારતમ્ય છે કે એક

સઘળારે જતા પરલોક પ્રત્યે ગમનશીલ એવાં સર્વ પ્રાણિઓમાંથી જેનો કાળ ઢુંકડો આવે તે આગળ જાય, એમાં શોચ શો ? હે રાજન્ ! યુદ્ધમાં હણાયલા એમનો તમે શોક કરવા યોગ્ય નથી, કેમકે શાસ્ત્ર જો પ્રમાણ છે તો, તે પરમ ગતિને પ્રાપ્ત થયા. વેદાનુસાર આચરણ કર્યાં છે વ્રત જેમણે એવા તે સૌ હતા અને સંગ્રામમાં સન્મુખ જઈ મુઆ માટે શોક શો કરવો ? અવિદ્યાથી ઉત્પન્ન થયા અને પાછા અવિદ્યામાં ગયા, તેમ એ તમારા નહિ, અને તમે તેમના નહિ, માટે તેમના જવાથી શો શોચ કરવો ? યુદ્ધમાં હણાયલો સ્વર્ગને પામે ને પારકાઓને હણી જય કરે તે ક્ષત્રિય યશ પામે, એ રીતે આપણે ક્ષત્રિયને યુદ્ધ વિષે બે પ્રકારે ગુણ છે માટે સંગ્રામ નિષ્ફલ જતો નથી. તેમને વાસ્તે ઇન્દ્ર, કામ ધ એવા લોકની કલ્પના કરશે, માટે હે ભરતર્ષભ ! આ યોદ્ધાઓ ઇન્દ્રના અતિથિ થાય છે. શૂરવીર પુરૂષો જેવી રીતે સંગ્રામમાં સામે જઇ મરવાથી સ્વર્ગમાં જાય છે તેવી રીતે દક્ષિણાવાળા યજ્ઞથી, તપથી તથા વિદ્યાથી પણ જતા નથી. શૂરવીરોના શરીરાગ્નિ વિષે બાણરૂપ આહુતિનો હોમ કર્યો ને તેજસ્વી એવા તેમણે પોતાવિષે હોમાયલા બાણને પરસ્પર સહન કર્યાં. હે રાજન્ ! સ્વર્ગનો ઉત્તમ એવો માર્ગ હું કહું ને તમે સાંભળો. ક્ષત્રિયને યુદ્ધથી અધિક બીજો કોઇ સ્વર્ગનો માર્ગ નથી. સંગ્રામમાં શોભિતા મહાત્મા એવા શૂરવીર ક્ષત્રિયો ઉત્તમ લોકને પ્રાપ્ત થયા છે એટલે તમારે તેમનો શોચ કરવો નહિ. હે પુરૂષર્ષભ ! આત્માવડે આત્માને આશ્વાસના કરી શોક કરો માં. આજ શોકેકરી અભિભૂત એવા તમે પ્રાણ ત્યાગ કરવા યોગ્ય નથી. માતા, પિતા, તથા પુત્ર, દારાનો સંસારમાં અનુભવ કર્યો તેમાં કોનાં તે અને કોના આપણે, દિવસે દિવસ હજારો શોકનાં સ્થાન અને સેકડો ભયનાં સ્થાન, અજ્ઞાનીને ચિન્તા કરાવે છે. પંડિતને કરાવતાં નથી. હે કુરૂસત્તમ ! કાળને કોઇ પ્રિય નથી તેમ દ્વેષ્ય પણ નથી, કાળ કોઇ વખતે ઉદાસીન પણ રહેતો નથી, કાળ સર્વને લઇ જાય છે. કાળ પ્રાણિઓને ખાય છે, કાળ પ્રજાનો સંહાર કરે છે, કાળ, પ્રજા સુતી વખતે પણ જાગે છે, માટે કાળને કોઇ દુઃખે કરીને પણ અતિક્રમણ કરી શકતું નથી. યૌવન, રૂપ, જીવિત, દ્રવ્યસંચય, આરોગ્ય, તથા પ્રિય સાથે સહવાસ પણ નિત્ય નથી; વાસ્તે એમના ઉપર પંડિત લાલચ, મમતા, રાખતા નથી. તેમજ આખા દેશને દુઃખ છે તો તમે એકલા શોચ કરવા યોગ્ય નથી, કેમકે મૃત્યુ સાથે પણ એ દુઃખ નિવૃત્ત થતું નથી. પોતામાં પરાક્રમ હોય તો શોચ ન કરતાં પ્રતિકાર કરવો એ દુઃખનું ઓષધ, વા એનું ચિંતન ન કરવું એ દુઃખનું ઓષધ છે; કેમકે ચિંતન કરેલું દુઃખ નવું થઈ પાછું વૃદ્ધિ પામે છે ને અનિષ્ટના સંયોગથી તથા પ્રિયના વિયોગથી અલ્પબુદ્ધિવાળા મનુષ્ય, માનસ દુઃખેકરી હંમેશ બળે છે. તમે પણ આ શોચ કરો છો તેથી ધર્મ, અર્થ તથા સુખ કાંઇ પણ પ્રાપ્ત થવાનું નથી. તેમ શોક કરનાર કામાર્થ ત્રિવર્ગથી પણ હીન થાય છે. વળી ધનાવસ્થાને પ્રાપ્ત થઇને પણ અસંતુષ્ટ પુરૂષો મોહ પામે છે અને પંડિતો સંતોષને પ્રાપ્ત થાય છે. પંડિત પુરૂષોએ બુદ્ધિએ કરી માનસ દુઃખ ટાળવું અને ઓષધેકરી શરીરનું દુઃખ ટાળવુ. આ વિજ્ઞાનનું સામર્થ્ય બાળકની સાથે સમતાને પ્રાપ્ત થાય નહિ. પૂર્વનું કરેલું કર્મ, સુતેલાની પાછળ સુવે છે, બેઠેલાની પાછળ બેસે છે તથા દોડતાની પાછળ દોડે છે. જે જે અવસ્થામાં શુભ વા અશુભ કર્મ માણસ કરે છે તે તે અવસ્થા વિષે તે શુભાશુભ કર્મના ફળને ભોગવે છે. તેમજ જે પુરૂષ, જે જે શરીરે કરી જે જે કર્મ કરે છે તે તે કર્મના ફળને અવશ્ય ભોગવે છે. આત્માજ આત્માનો બંધુ તથા આત્માનો શત્રુ ને આત્માનો તથા પોતે કરેલાં સારાં નરસાંનો સાક્ષી પણ આત્માજ છે. શુભકર્મે કરી સુખ થાય

ત્યાં તેમણે જે વચન કહ્યાં તે હું તમોને કહું છું. હે રાજન્! જ્યાં અભિમન્યુ, નકુળ તથા સહદેવ જતા નથી ત્યાં અંતઃપુરમાં મદિરાપાન કરી મત્ત થયેલું, ચંદને કરી ચર્ચેલાં છે અંગ જેમનાં, દિવ્ય વસ્ત્ર તથા આભરણથી શોભિતા, માળા પહેરેલા તથા શત્રુને દમન કરનાર શ્રીકૃષ્ણ અને અર્જુન, એઉ જણા અનેક રત્નજડિત વિવિધ પ્રકારના બિછાના યુક્ત એવા સુવર્ણના આસન ઉપર બેઠેલા હતા, દ્રૌપદી તથા સત્યભામા તેમની પાસેજ બેઠાં હતાં. ત્યાં હું તેમના હુકમથી, તમારૂં વૃત્તાંત કહેવા સારૂ સાવધાન થઇ હાથ જોડી, પગની આંગળીયો સામે નીચે નજર રાખી ગયો, ને જોયું તો, અર્જુનના ખોળામાં શ્રીકૃષ્ણના ચરણ હતા, ને મહાત્મા અર્જુનના દ્રૌપદી તથા સત્યભામાની સમીપે પીઠ ઉપર શોભતા હતા. તે વખતે અર્જુને મને તે પાદપીઠ ઉપર બેસવાનો હુકમ કર્યો, એટલે તે હુકમ માનવા સારૂ હું પાદપીઠ ઉપર હાથ મૂકી નીચે જમીન ઉપર બેઠો. અર્જુને પાદપીઠ ઉપરથી પોતાના ચરણ ઉપાડયા. તો મેં તેના એઉ પગનાં તળાંમાં ઉર્ધ્વ રેખારૂપ શુભ ચિન્હ દીઠાં. એ રીતે મનુષ્યમાં દેવ સરખા, મોટા, તરૂણ અવસ્થાવાળા, સાગના સોટા સરખા ઉંચા તથા એકાસન ઉપર બેઠેલા તે એઉને જોઇ હું મનમાં બીન્યો, ને મારા મનમાં એમ થયું કે, ઇંદ્ર તથા વિષ્ણુ સરખા આ એઉને દ્રોણ તથા ભીષ્મના આશ્રયથી અને કર્ણના બકવાદથી મંદ બુદ્ધિવાળો દુર્યોધન ઓળખતો નથી. વળી મને એવો પણ નિશ્ચય થયો કે, આ એઉજણા જેની આજ્ઞા પ્રમાણે વર્તનાર છે, તે ધર્મરાજ યુધિષ્ઠિરના મનનો સંકલ્પ સિદ્ધ થશે. પછી તેમણે અન્નપાનાદિકે કરી મારો સારી રીતે સત્કાર કર્યો. તે પછી ધીરેથી એઉ હાથ જોડી મેં તેમને સંદેશો કહી દેખાડયો, જે સાંભળી અર્જુને ધનુષની પ્રત્યંચાના ઘસરૂપી છે ચિન્હ જેમાં એવા સુંદર હાથે કરી, શુભ લક્ષણયુક્ત કેશવ ભગવાનનો પગ દાબી તેમને સૂચના કરી કે તેજ વખતે સર્વ આભરણથી શોભિતા, ઇંદ્ર સરખા પરાક્રમવાળા તથા બોલનારાઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણે, મને ઇંદ્રધ્વજની પેઠે ઉઠી સામે બેસી યોગ્ય વચનવાળી, આનંદ કરનારી, ધૃતરાષ્ટ્રના પુત્રોને ત્રાસ દેનારી, પ્રથમ મૃદુ લાગે પણ છેવટ અત્યંત દારૂણ, શિક્ષારૂપ અક્ષર યુક્ત, પ્રિય અર્થવાળી, તથા હૃદયને હરનારી મનોહર વાણીએ આમ કહ્યું.

હે સંજય! અમારાં વચનથી મોટાઓને પ્રણામ અને કનિષ્ઠોને કુશળરૂપ આશિષ કહી. પછી કુરૂકુળમાં મુખ્ય ભીષ્મ તથા દ્રોણ જે રીતે સાંભળે, તે રીતે બુદ્ધિમાન ધૃતરાષ્ટ્રને કહેજે કે, વિવિધ પ્રકારના યજ્ઞોએ કરી યજન કરી લ્યો, બ્રાહ્મણોને દક્ષિણાઓ આપો, પુત્ર તથા સ્ત્રિયો સહિત આનંદ માણી લ્યો, પાત્રોને ધન આપો, કામજ પુત્ર ઉત્પન્ન કરો તથા સ્નેહીઓનું પ્રિય કરી લ્યો, કારણ તમોને થોડા વખતમાં ભય નજીક આવનાર છે. યુધિષ્ઠિર રાજા જય માટે ઉતાવળા થયા છે. વળી દુઃશાસને વસ્ત્ર હરણ કર્યાં તે વખતે દ્રૌપદીએ પીડિત સ્વરે કરી, દૂર રહેલા મને "હે ગોવિંદ! મારી રક્ષા કરો," એમ કહ્યું છે, એ તેનું ઋણ મારી ઉપર ઘણું વધી ગયું છે. જે વસ્ત્ર પૂરવા માત્રે ભરાયું નથી, માટે કૌરવોનો નાશ થશે ત્યારેજ પૂરૂં ભરાશે, હૃદયમાંથી તે વિષેની ચિંતા પણ મટશે. દુઃખે કરીને પણ કોઇથી સહન થાય નહીં એવું તેજોમય ગાંડીવ જેનું ધનુષ છે, તથા હું જેની સાથે છું એવા અર્જુન સાથે તમે વૈર બાંધેલું છે, ને તેની સાથે યુદ્ધ કરવાને ઇચ્છો છો, તેથી જરૂર તમારો કાળ નજીક આવ્યો છે. કારણ તેમ ન હોય તો, યુદ્ધમાં મારા સહિત અર્જુનને, સાક્ષાત્ ઇંદ્ર સરખો હોય તોપણ કોઇ બોલાવે નહીં, ને તમે કેમ બોલાવો. જે બે હાથે [illegible]

અને પાપકર્મે કરી દુઃખ થાય છે. સર્વત્ર કરેલા કર્મનું ફળ મળે છે, પણ કર્મ કર્યા વગર ફળ મળતું નથી, માટે જ્ઞાનથી વિરૂદ્ધ; ઘણો છે નાશ જેમાં એવા શરીરનો આપઘાત કરવા રૂપ કર્મ વિષે, તમારા સરખા બુદ્ધિમાન પુરૂષો મત કરતા નથી.

तादृशे ज्ञानविरुद्धेषु बहुपायेषु कर्मसु ।
मूलघातिषु सज्जंते बुद्धिमंता भवद्विधाः ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि धृतराष्ट्रविशोककिरणे गुर्जरभाषायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો. ધૃતરાષ્ટ્રને જ્ઞાનાશ્વાસન.

धृतराष्ट्र उवाच—सुभाषितैर्महाप्राज्ञ शोकोय विगतो मम ।
भूय एव तु वाक्यानि श्रोतुमिच्छामि तत्वतः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે મહાપ્રાજ્ઞ! તમારાં સુભાષિતવડે મારો શોક ટળી ગયો, માટે ફરીથી પણ તમારાં વાક્ય તત્વથી હું શ્રવણ કરવા ઇચ્છું છું. અનિષ્ટ પદાર્થના સંસર્ગથી ને ઇષ્ટ વસ્તુના ત્યાગથી ઉત્પન્ન થએલાં માનસ દુઃખેકરી પંડિતો કેમ મુક્ત થાય, તે મને કહો? વિદુર કહે છે, જે જે દુઃખથી કે સુખથી મન મુક્ત થાય ત્યારે તે તે દુઃખ સુખથી મનને નિયમમાં રાખી બુધ પુરૂષ, શાંતિને પ્રાપ્ત થાય છે. હે નરર્ષભ! વિચારીએ તો આ સર્વ અશાશ્વત છે. લોક, કેળના સ્તંભ સરખો છે એટલે તેમાં જેમ કંઇ સાર છે નહિ, તેમ લોકમાંથી પણ કંઇ સાર નિકળતો નથી. જ્યારે પ્રાજ્ઞ તથા મૂઢ અને ધનવાન તથા નિર્ધન, એ સર્વ, મૃત્યુને પ્રાપ્ત થઇ સુખથી શયન કરે છે, ત્યારે નિર્માસ, ઘણાંક અસ્થિવાળાં નાડિઓથી બંધાએલ સર્વનાં શરીર જોઈ જ્ઞાની માણસો એમાં કંઇ વિશેષ જોતાં નથી, એટલે કે બધાં સમાન જોવામાં આવે છે. જે અદૃષ્ટ રૂપ હેતુએ કરી કુલ તથા રૂપને પ્રાપ્ત થાય છે તે અદૃષ્ટ રૂપ હેતુ સર્વ કાર્યમા રહેલો છે, માટે પૂર્વ કર્માધીન એવા પુત્રાદિના સંયોગ વિયોગ વિષે શોકાદિક કરવો, એ યોગ્ય નથી. મનુષ્યના દેહ ગૃહ સરખા છે એમ પંડિતો કહે છે, તેથી કાળેકરી તે નાશ પામે છે ને લિંગશરીર શાશ્વત છે. જેમ પુરૂષ જીર્ણ વા અજીર્ણ એવાં વસ્ત્રનો ત્યાગ કરી બીજું વસ્ત્ર ધારણ કરે છે તેમજ જીવ પણ જીર્ણ વા અજીર્ણ શરીરનો ત્યાગ કરી બીજા શરીરને ધારણ કરે છે. હે વૈચિત્રવીર્ય! દુઃખ વા સુખ એક સાથે છે, કેમકે મનુષ્યો પોતાના કર્મે કરીનેજ તેને પ્રાપ્ત થાય છે. હે ભારત! સ્વર્ગ, સુખ તથા દુઃખ એ બધું કર્મે કરીનેજ પ્રાપ્ત થાય છે: ત્યારે તે ફળરૂપ ભારને મનુષ્ય, પોતાને વશ તથા પરતંત્ર થઇ વહન કરે છે. જેમ મૃતિકાનું પાત્ર કાં તો ચક્ર ઉપર ચડે ત્યાંજ ભાગી પડે, વા કંઇક થએલું ભાગી પડે, અથવા પુરૂં થયા પછી ભાગી જાય, વા સુકાતાં સુકાતાં ભાગે, તૈયાર થએલું હોય ત્યાં ભાગે વા ઉતારવા માંડેલું ભાગે, એ રીતે કોઇ પણ વખતે ભાગે, કોઇ વખતે સુકાયેલું તથા કોઇ સમયે પકવવા માંડેલું વા પાકેલા પાત્ર કુંભમાંથી ઉતારવી વખતે વા હાથમાં લીધા પછી વા ચુલે ચડતાં ભાગી જાય છે, એજ રીતે

મનુષ્યનાં શરીરો પણ કાં તો ગર્ભમાજ ને કાં તો જન્મતાં વા એક દિવસનાં થઇ વા અર્ધા માસનાં અથવા વર્ષ દિવસનાં થયા પછી, બે વર્ષનાં વા યૌવનસ્થ, મધ્યસ્થ વા વૃદ્ધ થઇને નાશ પામે છે. પૂર્વનાં કર્મે કરી પ્રાણિઓ ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે, એવી રીતના સ્વભાવ સિદ્ધ એવા લોકવિષે તમે શું કરવા તપાયમાન થાવ છો? હે નરાધિપ! હે રાજન્! જેમ જળમાં ક્રીડા વાસ્તે તરતો પ્રાણી અંદર બૂડે ને વળી પાછો તેમાંથી નિકળે, એ રીતે સંસારરૂપ ગુહાવિષે માણુસનું બૂડવું તથા નિકળવું થાય છે. સંસારમાં અલ્પબુદ્ધિવાળા પુરૂષ કર્મના ભોગથી બંધાય છે તથા ક્લેશ પામે છે. આ સંસારમાં સર્વના હિતેચ્છુ સત્વ વિષે રહેલા પ્રાણિઓનો સમાગમ કેવી રીતનો છે એમ જાણનારા જે પ્રાજ્ઞ પુરૂષો છે તે, પરમ ગતિને પ્રાપ્ત થાય છે.

ये तु प्राज्ञाः स्थिताः सत्वे संसारेस्मिन् हितैषिणः ।
समागमज्ञा भूतानां ते यांति परमां गतिं ॥

इति श्री महाभारते स्त्रीपर्वाणि जलप्रदानिकपर्वणि विशोकीकरणे गुर्जर-भाषायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો. સંસારની દુઃખરૂપતા.

धृतराष्ट्र उवाच—कथं संसारगहनां विज्ञेयं वदतांवर ।
एतदिच्छाम्यहं श्रोतुं तत्त्वमाख्याहि पृच्छतः ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે વદતાંવર! સંસારરૂપી ગહન વન કેમ જાણવું એ વાત હું સાંભળવા ઇચ્છું છું વાસ્તે પૂછતા એવા મને તમે યથાર્થ કહો. વિદુર કહે છે-શુક્ર શોણિતના સંયોગથી આરંભી પ્રાણિઓની ગર્ભવૃદ્ધિ રૂપ સર્વ ક્રિયા ઉપલક્ષ થાય છે, તેમાં કેટલોક વખત જીવ કલીલમાં એટલે શુક્ર શોણિતના યોગમાં વસે છે. તે પછી ગર્ભ રહ્યા પછી એક રાત્રિ જાય ત્યારે તે કબિલ કહેવાય અને પાંચ રાત્રિ થાય ત્યારે બુદબુદ કહેવાય, એ રીતે ક્રમેકરી પાંચ માસ થયા પછી, અવયવની વૃદ્ધિ જેમાં છે એવા પિંડ વિષે ચૈતન્યનો આવિર્ભાવ થાય છે, તે પછી દશ માસના અભ્યંતર વિષે તે ગર્ભ સર્વાંગે કરી પૂર્ણ થાય છે. એ રીતે તે ગર્ભ માંસ તથા શોણિતનું છે લેપન જેમાં એવા અપવિત્ર સ્થાનના મધ્યમાં વસે છે. તે પછી વાયુના વેગેકરી ઉંચા પગ ને નીચે છે મસ્તક જેનું એવો તે, ઘણાક ક્લેશને પ્રાપ્ત થાય છે, એવી રીતે જનન પીડાને પ્રાપ્ત, પૂર્વ કર્મે કરી યુક્ત એવો તે, જન્મી બીજા ઉપદ્રવને પામે છે. તે વખતે તેની પાસે શ્વાનો જેમ માંસને જોઇ તેની પાસે જાય તેમ પુતનાદિ બાલગ્રહો તેની પાસે જાય છે. પછી ઉત્તર કાળ વિષે પણ પોતાના કર્મથી બંધાયલા, જીવન દરમિયાન વ્યાધિઓ ઘેરી લે છે. હે નરાધિપ! વિષયસંગ છે સ્વાદુ જેને એવાં ઇન્દ્રિયરૂપ પાશેકરી બંધાયલા તેને વિવિધ પ્રકારનાં વ્યસન વળગે છે. તે તે વ્યસને કરી બંધાયલો તે, વારંવાર વિષય સુખ ભોગવે છે તોપણ તૃપ્તિને પામતો નથી. કર્મ કરતો એવો તે શું સારૂં અને શું નરસું તે પણ જાણતો નથી, ને ધ્યાનમાં પરિનિષ્ઠિત એવા પુરૂષો તેના આત્માની રક્ષા કરે છે. ન-

સ્ત્રી એમ તે નજીક આવેલા યમલોકને પણ જાણતો નથી. પછી યમના દૂતોએ આકર્ષણ કરેલો તે કાળેકરી મૃત્યુને પ્રાપ્ત થાય છે. એ રીતે યમના દૂતોએ લઇ જવા માંડેલા વાણીએ કરી હીન એવા તેના મુખથીજ તેનું જે કંઇ પુણ્ય પાપ હોય ને જણાય છે. પાછો ફરીથી પણ કર્મે બાંધેલા પોતાના આત્માની ઉપેક્ષા કરે છે, માટે લોભે વશ કરેલો જરૂર છેતરાય તેમાં સંશય નહિ, કેમકે લોભ, ક્રોધ તથા ભયેકરી ઉન્મત્ત પુરૂષો પોતાના આત્માને ઓળખતા નથી. 'અમે કુલીન છીએ' એમ માની નીચા કુલવાળાઓને તેઓ નિંદે છે, ધનના ગર્વેકરી મદોન્મત્ત એવા દરિદ્રોની નિંદા કરે, પારકાઓને 'આ મૂર્ખો છે' એમ કહે છે પણ પોતાનો વિચાર કરતા નથી. તેમજ બીજાઓના દોષ જુએ પણ પોતાના આત્માને શિક્ષા કરવા ઇચ્છતા નથી. જ્યારે પ્રાજ્ઞ, મૂર્ખ, ધનવાન, નિર્ધન, કુલીન, અકુલીન, માની તથા અમાની આચ્છાદન હીન એવા સર્વ મૃત્યુને પ્રાપ્ત થઇ શયન કરે છે, ત્યારે નિર્માંસ, ઘણાક અસ્થિવાળાં નાડિઓનાં છે બંધન જેમાં એવાં તેમનાં શરીર જોઇ, બીજાં માણસો તેમાં કંઇ પણ વિશેષ જોતા નથી, જે અદષ્ટરૂપમાં હેતુથી કુળ તથા રૂપનું યથાર્થ જ્ઞાન થાય છે તે ધરણીતલ વિષે જ્યારે સંગાથે શયન કરે છે ત્યારે દુર્બુદ્ધિવાળા અન્યોન્ય એક બીજાને છેતરવા ઇચ્છે છે. પ્રત્યક્ષ તથા પરોક્ષ એવી આ શ્રુતિને સાંભળી અધ્રુવ એવા આ જીવલોક વિષે ધર્મનું પાલન કરે અને જન્મથી આદિ લઇ પરમાર્થ સાધનનો વ્યાપાર કરે તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. એ રીતે સર્વ જાણી જે તત્વને અનુસરે, તે હે મનુજેશ્વર! સર્વ માર્ગથી આત્માને મુકાવે અને બ્રહ્મલોકના માર્ગ પ્રત્યે જાય.

एवं सर्वं विदित्वा वै यस्तत्वमनुवर्तते ।
स प्रमोक्षयते सर्वान् पंथानो मुनजेश्वर ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि विशोकीकरणे गुर्जर भाषायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો. સંસારનો માયામોહ.

धृतराष्ट्र उवाच—यदिदं धर्मगहनं बुद्धया समनुगम्यते ।
तद्विविस्तरतः सर्वं बुद्धिमार्गं प्रशंस मे ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—જે આ ધર્મની ગહનતા બુદ્ધિએકરી જણાય છે તે બુદ્ધિનો સર્વ માર્ગ વિસ્તારથી મને કહો. વિદુર કહે છે કે, આ પ્રસંગે સ્વયંભુને નમસ્કાર કરી જેવી રીતે પરમર્ષિઓ સંસારરૂપ દુર્ગમ સ્થાન કહેલું છે તે પ્રમાણે હું વર્ણન કરી બતાવું તે સાંભળો. મોટા વનમાં વિચરનાર કોઈ બ્રાહ્મણ મોટા શબ્દવાળા સિંહ, વ્યાઘ્ર, ગજ તથા રીંછના સમુદાયેકરી ભયંકર મહા ઉગ્ર આકૃતિવાળા ભયંકર રાક્ષસોએકરી ચોતરફથી વીંટાએલ અને જેને જોઇ યમરાજ પણ ત્રાસ પામે એવા મોટા દુર્ગમ વન પ્રત્યે ગયો, જેને જોઇ બ્રાહ્મણનું હૃદય પરમ ઉદ્વેગને પ્રાપ્ત થયું, શરીરપર રૂંવાં ઉભાં થયાં ને બીજી પણ વિક્રિયા થવા લાગી, તેથી વનમાં રહેલો તે અહીં ત્યાં ચોફેર દોડવા લાગ્યો. શરણ ક્યાં પ્રાપ્ત થશે. એમ જાણી સર્વ દિશાઓ પ્રત્યે જોવા લાગ્યો. પછી સિંહાદિકના ઉપાય ઇચ્છતો ભય પીડિત તે ભાગવા લાગ્યો

પણ તેમાંથી બહાર દૂર જઇ શક્યો નહિ, તેમ તે સિંહાદિક તેને મૂકતાં પણ ન હતાં, તેટલામાં વળી તેણે ભયથી વીંટાયલું અને પરમ ઘોર એવી સ્રીએ બે હાથથી ધારણ કરેલું તેમજ પાંચ મસ્તક ધરનાર નાગ તથા શૈલ સરખા ઉંચા આકાશને અડે એવા મોટા વૃક્ષોકરી વ્યાપ્ત વન જોયું. તે વનમાં તૃણથી ઢંકાએલ એવી દઢ લતાઓએ કરી વીંટાએલો એક કૂપ હતો. લતાદિકથી ઢંકાયલા કૂપમાં તે બ્રાહ્મણ પડી ગયો ત્યારે લતાના સંતાનથી સંકુલ કૂપમાં બ્રાહ્મણ, ડીંટાથી બંધાયેલું ફનસનું મોટું ફળ જેમ ટીંગાઇ રહે તેમ ઉંચા પગ અને નીચે મસ્તક એ રીતે ઉંધો ટીંગાઇ રહ્યો. વળી ત્યાં એને બીજો પણ ઉપદ્રવ થયો, તે એ કે કૂપના મધ્યમાં મહા બલવાન એવો સર્પ અને કૂવાના કાંઠા ઉપર છ મુખવાળો કાળો તથા ધોળો, બાર પગથી ચાલનાર, ક્રમથી ગતિ કરનાર, વલી તથા વૃક્ષથી વીંટાએલ મોટો હસ્તિ તેણે જોયો. તે હસ્તિની પ્રશાખાઓ વિષે વૃક્ષ શાખાઓનો અવલંબ કરનાર, નાના પ્રકારના રૂપવાળા, ઘોરરૂપ, ભયાવહ ભમરો હતા. ઘરમાંથી ઉત્પન્ન થએલા તે મધુને ગ્રહણ કરી પૂર્વેજ રહ્યા હતા. હે ભરતર્ષભ ! તે ભ્રમર વારંવાર પ્રાણિઓને સ્વાદ લગાડનાર એવા મધુને ઇચ્છતા હતા. બાલબુદ્ધિવાળાઓને આકર્ષણ કરનાર મધુની અનેક તરેહની ધારાઓ સ્રવતી હતી. હે ભરતર્ષભ ! ઉંધે માથે ટીંગળાએલો તે બ્રાહ્મણ સર્વદા તે મધુધારાનું પાન કરતો હતો. એ રીતે સંકટમાં પડેલા પાન કરનાર એની તૃષ્ણા વિરામ પામતી ન હતી અને તૃપ્તિને ન પ્રાપ્ત થએલો તે વારંવાર મધુધારાને ઇચ્છતો હતો, પણ હે રાજન્ ! એને જીવિત વિષે વૈરાગ્ય થતો નહિ; કેમકે કામ સુખ વાસ્તે જે મનુષ્યને જીવિતાશા રહી છે તે વૃક્ષને કાળી તથા સફેદ ઉંદરડીઓ કાપવા માંડે છે, દુર્ગ એવા વન વિષે વ્યાલનો ભય, બીજું પરમ ઉગ્ર એવી સ્રીનો ભય, કૂપની નીચે સર્પનો ભય, કૂવાના મુખ ઉપર હસ્તિનો ભય, પાંચમું વૃક્ષ પડવાથી ઉંદરડીઓનો ભય ને મધુના લોભથી મધુકરથી થએલો છઠ્ઠો મોટો ભય છે, એ રીતે સંસારસાગરમાં પડેલો તે ત્યાં વસે છે, પણ જીવિતાશા તજી વૈરાગ્યને પ્રાપ્ત થતો નથી.

एवं स वसते तत्र क्षिप्तः संसारसागरे ।
न चैव जीविताशायां निर्वेदमुपगच्छति ॥

इतिश्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि धृतराष्ट्रविशोकीकरणे गुर्जरभाषायां पंचमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો. સંસારની મહાજાળ.

धृतराष्ट्र उवाच—अहो खलु महद्दुःखं कृच्छ्रवासश्च तस्य ह ।
कथं तस्य रतिस्तत्र तुष्टिर्वा वदतांवर ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે—અહો, મોટું દુઃખ ! તે બ્રાહ્મણનો ત્યાં કષ્ટરૂપ નિવાસ હોવાથી હે વક્તાંવર ! તેને ત્યાં પ્રીતિ કેમ થઇ અને ધર્મસંકટ વિષે જ્યાં એ બ્રાહ્મણ વસે છે, તે દેશ ક્યાં છે, અને મહા ભયથી તે નર મુક્ત કેમ થાય, એ સર્વ વૃત્તાંત મને કહો. જેથી અમે સારી રીતે ચેષ્ટા કરીએ ને તેના ઉદ્ધારની વાત કરવાથી તમે મારી ઉપર મોટી કૃપા કરી

એમ હું માનીશ. વિદુર કહે છે—હે રાજન્! મોક્ષ જાણનારા પુરૂષોએ જેણેકરી મનુષ્ય પરલોક વિષે કલ્યાણને પામે એવું આ દૃષ્ટાંત કહ્યું છે, તેનો ખુલાસો હું કહું તે સાંભળો. ગહન એવું વન જે કહ્યું તે મહા સંસાર, અને દુર્ગ એવું વન કહ્યું એ સંસાર ગહન, અને જે શ્વાપદ કહ્યાં તે વ્યાધિઓ, મોટી કાયાવાળી ત્યાં ઉભેલી સ્ત્રી જે કહી તે રૂપ તથા વર્ણને વિનાશ કરનારી જરા, એમ પ્રાજ્ઞ પુરૂષો કહે છે. હે નૃપતે! જે કૂપ કહ્યો તે પ્રાણિઓનો દેહ, તે કૂપની નીચે મોટો સર્પ જે કહ્યો તે પ્રાણિઓનો સર્વને હરનાર સર્વ ભૂતનો અંતકાલ અને જેના તંતુને વળગી તે લટકી રહ્યો હતો એવી જે કૂપના મધ્યમાં લતા કહી તે પ્રાણિઓની જીવિતાશા. હે રાજન્! કુવાના મોઢા ઉપર છ મુખવાળો હસ્તિ કહ્યો તે સંવત્સર એમ મોટા પુરૂષો કહે છે. હસ્તિનાં છ મુખ કહ્યાં તે છ ઋતુઓ, ને બાર પગ કહ્યા તે બાર માસ, તેમજ વૃક્ષને કાપનારી કૃષ્ણ તથા શ્વેત જે ઉંદરડીઓ કહી તે પ્રાણિઓના વખતને ખણનાર એવાં રાત્રિ દિવસ જાણવાં. પ્રશાખાઓ વિષે રહેલા જે મધુકર કહ્યા તે કામનાઓ, ને મધુની ધારાઓ સ્રવે છે એમ કહ્યું તે જેને વિષે મનુષ્યો ડૂબે છે એવા કામરસ જાણવા, એવી રીતે સંસારચક્રનું ફરવું છે, એમ બુધ પુરૂષો જ્ઞાની જાણે છે, માટે વૈરાગ્યે કરી સંસારચક્રના પાશને જે કાપે તેજ ડાહ્યા પુરુષ જાણવા.

एवं संसारचक्रस्य परिवृत्तिं विदुर्बुधाः ।
येन संसारचक्रस्य पाशांश्छिंदंति वै बुधाः ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि धृतराष्ट्र विशोकीकरणे गुर्जरभाषायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો. સંસારમાંથી વૈરાગ્ય લેવો.

धृतराष्ट्र उवाच—अहोभिहितमाख्यातं भवता तत्वदर्शिना ।
भूय एव तु मे हर्षः श्रुत्वा वागमृतं तव ॥ १ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે-તત્વદર્શિ એવા તમે આશ્ચર્યરૂપ આખ્યાન મને કહ્યું તે તમારી વાણીરૂપી અમૃતને સાંભળી વળી ફરીથી મને હર્ષ થાય છે. વિદુર કહે છે—જે સાંભળી વિચક્ષણ પુરૂષો સંસારથકી વિમુક્ત થાય એવો એ માર્ગ વિસ્તારથી હું કહું તે ફરીથી સાંભળો. હે રાજન્! જેમ મોટે માર્ગે નિકળેલો પુરુષ શ્રમથી થાકી જાય ત્યારે કોઇ કોઇ સ્થાનકે નિવાસ પણ કરે, એજ રીતે સંસારના અનુક્રમમાં રહેલા દુર્બુદ્ધિવાળા ગર્ભવાસ વિષે નિવાસ કરે છે, અને પંડિતો તેથી મુક્ત થાય છે. શાસ્ત્રવેત્તા પુરૂષો, સંસારનો માર્ગ વિષમ કહે છે. તેમજ બુદ્ધિમાન પુરૂષો, સંસાર ગહન એટલે વન એ રીતે કહે છે. હે ભરતર્ષભ! મનુષ્યોનો આલોક સચાવર્ત જાણવો, એજ રીતે સ્થાવર તથા જંગમ પ્રાણિઓનું આ લોકમાં આવર્તન થાય છે, તે પર પંડિત ઇચ્છા કરતો નથી. મનુષ્યોના પ્રત્યક્ષ તથા પરોક્ષ એવા શારીર તથા માનસ વ્યાધિઓ છે, તેમને બુધ પુરૂષો વ્યાલ કહે છે. હે ભારત! તેણેકરી, નિરંતર, ક્લેશ પામતા તથા વારેલા અલ્પ બુદ્ધિવાળા પુરૂષ પોતાના કર્મ ફલરૂપ મોટા વ્યાલે કરીને પણ

ઉદ્વેગ પામતા નથી. કોઇ વખતે હે નૃપ! વ્યાધિઓ થકી પુરૂષ મુક્ત થાય છે તો પાછળથી તેને રૂપનો વિનાશ કરનારી જરા આવે છે. શબ્દ, રૂપ, રસ, ગંધને સ્પર્શ તથા વિવિધ પ્રકારના પ્રલોભને મોહિત થયેલા તે, નથી કોઇ આશ્રય જેમાં એવા મજ્જા તથા માંસરૂપ મોટા કાદવમાં કળતો ખૂદતો રહે છે; સંવત્સર, માસ, પક્ષ, દિવસ, રાત્રિ તથા તેની સંધિઓ એ સર્વ એનાં રૂપ તથા આયુષનો ઉપયોગ કરે છે. દિવસાદિક સર્વ કાળના કર્તવ્યાર્થને સાધનારી છે, પણ દુર્બુદ્ધિવાળા પુરૂષો તે જાણતા નથી. સર્વ ભૂતને વિધાતાએ કર્મેકરી નિર્બદ્ધ કર્યા છે એમ તાત્વિકો કહે છે. પ્રાણિઓનું શરીર રથ છે, બુદ્ધિ તે રથનો સારથિ છે, ઇન્દ્રિયો તે શરીરરૂપી રથના અશ્વ છે, અને મન, તે અશ્વની રાશ છે; દોડતા તે અશ્વોના વેગની પાછળ જે દોડે તે આ સંસારચક્રમાં ચક્રની પેઠે ભ્રમણ કરે છે. ભ્રમણ કરનાર જો મોહ પામે નહિ તો સંસારમાં ભમે નહિ. હે રાજન્! સંસારમાં ભ્રમણ કરનારાઓને પૂર્વે કહેલાં દુઃખ થાય છે વાસ્તે દુઃખની નિવૃત્તિ થવા સારૂ બુદ્ધ પુરૂષે હંમેશ યત્ન કર્યા કરવો. એ કરવાની ઉપેક્ષા કરવી નહિ, કારણ સેંકડો શાખાવાળો, સંસારરૂપી વૃક્ષ વૃદ્ધિ પામી જાય છે. હે રાજન્! નિરાકરણ કર્યાં છે ક્રોધ તથા લોભ બેઉ જેણે એવો, સંતુષ્ટ, સત્યવાદી, ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર હોય તે શાંતિને પ્રાપ્ત થાય છે. જેણેકરી દુર્બુદ્ધિવાળા મોહ પામે છે, એ યમલોકને પમાડનાર રથ છે એમ બુધ પુરૂષો કહે છે. હે નરાધિપ! જે દુઃખને તમે પ્રાપ્ત થયા એ દુઃખને તે મોહાવિષ્ટ પણ પ્રાપ્ત થાય છે. હે ભારત! હે મારિષ! તૃષ્ણાશીલને રાજ્ય, સુહૃદ તથા પુત્રના નાશરૂપ દુઃખ થાય છે, સાધુપુરૂષ એવાં દુઃખનું ઔષધ કરે છે. નિયમમાં છે મન જેનું એવો તે સાધુ જ્ઞાનરૂપી મહા ઔષધને પ્રાપ્ત થઇ દુઃખરૂપી મોટા વ્યાધિનું છેદન કરે છે. જેવી રીતે સ્થિર તથા નિયમમાં રાખેલું મન માણસને દુઃખથી છોડાવે છે, તેવી રીતે પરાક્રમ, અર્થ, મિત્ર તથા સુહૃજ્જન પણ છોડાવતા નથી, માટે હે ભારત! સર્વત્ર મૈત્રિ રાખી દમ, ત્યાગ, તથા અપ્રમાદ એ ત્રણ બ્રહ્મલોક જવાના અશ્વ અને શીલરૂપી રાશયુક્ત મનરૂપી માનસરથમાં જે બેસે તે મૃત્યુભયપર જય કરી બ્રહ્મલોક પ્રત્યે જાય. હે મહીપતે! સર્વ ભૂતને જે અભયદાન આપે તે પણ અનામય એવા વિષ્ણુના પરમ પદને પામે છે. અભયના દાનેકરી મનુષ્ય જે ફલને પ્રાપ્ત થાય તે ફલ હજારો યજ્ઞથી તથા નિરંતર કરેલા ઉપવાસથી પણ પ્રાપ્ત થતું નથી. આત્માને અતિશય પ્રિય એવું કંઇ પણ નિશ્ચયતાથી રહેવાનું છેજ નહીં ને સર્વ ભૂતને અનિષ્ટ એવું મરણ તો નિશ્ચય છે, માટે વિદ્વાન પુરૂષે સર્વ પ્રાણી ઉપર દયા રાખવી, કેમકે નાના પ્રકારનાં મોહયુક્ત બુદ્ધિજાળેકરી વીંટાયલી નથી સૂક્ષ્મ દૃષ્ટિ જેમની એવા મંદ પુરૂષો તે તે યોનિ વિષે ભમે છે અને હે રાજન્! અત્યંત સૂક્ષ્મદૃષ્ટિવાળા શાશ્વત એવા બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે.

असूक्ष्मदृष्टयो मंदा भ्राम्यंते तत्र तत्र ह।
सुसूक्ष्मदृष्टयो राजन् व्रजंति ब्रह्मशाश्वतं ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि धृतराष्ट्र विशोकीकरणे गुर्जरभाषायां सप्तमोऽध्यायः ॥ ७॥

અધ્યાય ૮ મો. વ્યાસે આપેલું આશ્વાસન.

वैशंपायन उवाच—विदुरस्य तु तद्वाक्यं निशम्य कुरुसत्तमः ।
पुत्रशोकाभिसंतप्तः पपात भुवि मूर्छितः ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! વિદુરનાં વાક્ય સાંભળી પુત્રના શોકેકરી તપેલા કુરૂકુળમાં અત્યંત શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર રાજા, મૂર્છિત થઇ પૃથ્વીપર પડી ગયા. પૃથ્વીપર પડેલા સંજ્ઞારહિત તેમને જોઇ બાંધવ, કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી, ક્ષત્તા એવા વિદુર, સંજય, બીજા સંબંધિઓ તથા સંમત એવા જે એમના દ્વારપાલ હતા તે સર્વ શીતળ જળ તથા તાડના પંખાથી તેમને વા નાંખતા હાથથી હલાવવા લાગ્યા. મૂર્છામાં પડેલા ધૃતરાષ્ટ્રને ઘણા વખત સુધી આશ્વાસના કરવામાં તત્પર થયા. એ રીતે યત્નથી વાસર કરેલા પુત્રની આધિથી દુઃખિત એવા તે રાજા ઘણા વખતે સંજ્ઞાને પ્રાપ્ત થઇ આવી રીતે વિલાપ કરવા લાગ્યા. મનુષ્યપણાને ધિક્કાર છે; કેમકે જે મનુષ્યપણામાં પરિવારને લીધે તન્મૂલક વારંવાર દુઃખ થાય છે. પુત્ર અર્થ, જ્ઞાતિ તથા સંબંધિઓનો નાશ થવાથી વિષ તથા અગ્નિ સરખું મોટું દુઃખ પ્રાપ્ત થાય છે. એ દુઃખથી શરીર બળે, બુદ્ધિનો નાશ થાય, ને એ દુઃખથી પરાભવ પામેલો પુરૂષ મરણને ઉત્તમ માને, નિર્બળ ભાગ્ય હોવાથી આ દુઃખને હું પ્રાપ્ત થયો છું. જેના અંતને પ્રાણનો ત્યાગ કર્યા વગર પ્રાપ્ત થઇશ નહીં, હે દ્વિજસત્તમ ! તે રીતે આજ હું કરીશ. બ્રહ્મવેત્તાઓમાં અત્યંત શ્રેષ્ઠ મહાત્મા વ્યાસજીને આમ કહી પરમ શોકને પ્રાપ્ત થએલો વિચાર કરતો રાજા હે મહીપતે ! મૂઢ થઇ તૂષ્ણીભાવને પ્રાપ્ત થયો. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સમર્થ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ પુત્રના શોકેકરી સંતપ્ત થઈ ધૃતરાષ્ટ્ર પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યા કે, હે ધૃતરાષ્ટ્ર ! હે મહાબાહો ! જે હું તને કહું તે સાંભળ. હે પ્રભો ! મેધાવી એવો તું શાસ્ત્ર જાણે છે, તેમ ધર્માર્થમાં કુશળ છે, માટે હે પરંતપ ! તને કંઇપણ અવિદિત નથી તથા કંઇ બાકી વેદિતવ્ય પણ રહ્યું નથી. મનુષ્યોની અનિત્યતાને તું જાણે છે એમાં સંશય નથી. હે ભારત ! જીવલોક અધ્રુવ છે, સ્થાન પણ અશાશ્વત છે અને જીવિત મરણાંત છે એમ તું જાણે છે ત્યારે શું કરવા શોચ કરે છે ? હે રાજેંદ્ર ! તારી સમક્ષ આ વૈરનો સમુદ્ભવ થયો તે તારા પુત્રને સારૂ કાળયોગે કરાવ્યો. માટે હે નૃપ ! આ કૌરવનો ક્ષય અવશ્ય ભવિતવ્ય હતો, એમ જાણવા છતાં પરમ ગતિને પ્રાપ્ત થએલા શૂરવીરોનો તું શું કરવા શોચ કરે છે ? હે મહાબાહો ! હે જનેશ્વર ! ભવિતવ્ય જાણતા મહાત્મા વિદુરે શાંતિ થવા સારૂ અનેક રીતે યત્ન કર્યો, પણ દૈવે કરેલા માર્ગને ઘણા વખત સુધી યત્ન કરે તોપણ કોઇ ટાળવા સમર્થ થતું નથી; તેમજ દેવતાઓનું જે કાર્ય તે પણ પ્રત્યક્ષ મેં સાંભળ્યું છે. તે પણ તને જે રીતે સ્થિરતા થાય તે રીતે કહું તે સાંભળ. ગ્લાનિ રહિત એવો હું પૂર્વે ઉતાવળો થઇ ઇન્દ્રની સભામાં ગયો હતો; ત્યાં એકઠા મળેલા દેવતાઓને મેં જોયા, ને નારદ છે મુખ્ય જેમાં એવા સર્વ દેવર્ષિયોને પણ ત્યાં જોયા. હે પૃથ્વીપતે ! ત્યાં દેવતાઓ પાસે પોતાના કાર્ય વાસ્તે આવેલી પૃથ્વીને પણ મેં જોઇ. દેવતાઓ પાસે આવી પૃથ્વીએ કહ્યું કે, હે મોટાં ભાગ્યવાળા દેવતાઓ ! મારૂં જે કાર્ય કરવાની તમે બ્રહ્માના સદન વિષે પ્રતિજ્ઞા કરેલ છે તે જલદી સફળ કરો; પૃથ્વીનાં વચન સાંભળી લોકોએ નમસ્કાર કરેલા વિષ્ણુ હાસ્ય કરી દેવતાઓની સભામાં પૃથ્વીને કહેવા લાગ્યા કે—ધૃતરાષ્ટ્રના સો પુત્રમાં મોટો દુર્યોધન નામે થશે તે તારૂં કાર્ય કરશે. તે રાજાને પ્રાપ્ત થઇ તું કૃતકૃત્ય થઇશ. તે રાજા વાસ્તે પૃથ્વીના બધા રાજાઓ

કુરુક્ષેત્રમાં આવી દૃઢ શસ્ત્રોકરી એક બીજાઓને હણશે, ત્યારે, હે દેવિ! તારો ભાર ઉતરશે. માટે હે શોભને! જલદી તારા સ્થાન પ્રત્યે જઇ તું લોકોને ધારણ કર. હે રાજન્! હે નૃપ! આ તારો દુર્યોધન પુત્ર હતો તે લોકનો સંહાર કરવા વાસ્તે કલિયુગનો અંશ ગાંધારીના ઉદરમાંથી ઉત્પન્ન થયેલ હતો, તેથી અસહનશીલ, ચપલ, ક્રોધી તથા દુઃખેકરીને કોઇથી શાંત થાય નહિ એવો હતો. તેમજ દૈવયોગથી એના ભાઇઓ પણ તેવાજ થયા. તેવીજ રીતે તેનો માતુલ શકુનિ, પરમ મિત્ર કર્ણ તથા પોતાના નાશ વાસ્તે પૃથ્વીના રાજાઓ પણ એમા ભેળા હતા. જેવો રાજા થાય તેવા એના જન પણ થાય. સ્વામિ જો ધાર્મિક હોય તો અધાર્મિક પણ ધાર્મિકતાને પામે. સ્વામિના ગુણ દોષેકરી સેવકો તેવા થાય એમા સંશય નથી. હે નૃપ! દુષ્ટ એવા એ રાજાને પ્રાપ્ત થઇ તારા પુત્ર ગયા. હે મહાબાહો! તત્વવેત્તા નારદ આ વાત જાણે છે. હે પૃથ્વિપતે! તમારા પુત્ર, પોતાના અપરાધથી નષ્ટ થયા માટે હે રાજેંદ્ર! તેઓનો શોક ન કરો. શોક કરવાનું કંઈ કારણ નથી. હે ભારત! પાંડવોનો સ્વલ્પ માત્ર અપરાધ છે નહિ. જેમણે આખી પૃથ્વી નાશ કરી એવા તારા પુત્ર દુરાત્મા હતા. તારે ઘેર થયેલા આ રાજસૂય યજ્ઞમાં યુધિષ્ઠિરની સભા વિષે નારદે તો પૂર્વેજ કહ્યું હતું કે હે કૌંતેય! પાંડવ તથા કૌરવ સર્વ પરસ્પર પ્રાપ્ત થઇ નાશ પામશે માટે તે વિષે તારે જે કૃત્ય હોય તે કર. નારદનાં વચન સાંભળી તે વખતે પાંડવો શોચ કરતા હતા. આ વિધિ દૈવકૃત છે એમ જાણી કેવી રીતે તારો શોક ટળે, પ્રાણ વિષે તને દયા થાય તથા પાંડુપુત્ર વિષે સ્નેહ થાય એવો વિચાર કરી દેવ ગુહ્ય એવું સનાતન સર્વ આખ્યાન મેં તને કહ્યું. હે મહાબાહો! આ આદિ પૂર્વેજ મેં સાંભળ્યું ત્યારે ઉત્તમ એવા રાજસૂય યજ્ઞમાં ધર્મરાજને મેં કહ્યું હતું. ગુહ્ય એવું વૃત્તાંત મેં તેને નિવેદન કર્યું તે સાંભળી ધર્મપુત્રે કૌરવોનો વિગ્રહ ન થવા વિષે યત્ન કર્યો તથાપિ દૈવ બળવત્તર છે. હે રાજન્! વિધિને સ્થાવર, જંગમ કોઈ પણ પ્રાણી અતિક્રમણ કરી શકે તેમ નથી. હે ભારત! તુ ધર્મમાં તત્પર તથા બુદ્ધિએ કરી શ્રેષ્ઠ છે, તેમ પ્રાણિની ગતિ તથા અગતિને જાણીને પણ તું મોહ પામ્યો છે માટે શોકેકરી સંતપ્ત વારંવાર મોહ પામતા તને જાણી યુધિષ્ઠિર રાજા પ્રાણનો પરિત્યાગ કરશે. શૂરવીર એવો જે નિરંતર પશુની યોનિવિષે ગએલા પ્રાણિઓ ઉપર કૃપાળુ રહે છે તે હે રાજેંદ્ર! તમારે વિષે કૃપા કેમ નહિ કરે? હે ભારત! દૈવ અનિવાર્ય છે એમ જાણી મારી આજ્ઞાથી અને પાંડવો ઉપર કરુણા રાખી પ્રાણને ધારણ કર; એમ કરવાથી લોકવિષે તમારી કીર્તિ થશે અને હે તાત! અત્યંત મોટો એવો ધર્માર્થ પ્રાપ્ત થશે ને ઘણાક કાળ સૂધી કરેલું તપ સફળ થશે. એમ અગ્નિ પ્રજ્વલિત થાય તેમ ઉત્પન્ન થએલા પુત્ર સબંધી શોકને હે મહાભાગ! સત્પુરૂષ વિષે રહેનાર એવા પ્રજ્ઞારૂપ જળેકરી શાંત કર. વૈશંપાયન કહે છે, હે જનમેજય! અમિત તેજવાળા વ્યાસનાં વચન સાંભળી મુહૂર્ત પર્યંત ધ્યાન કરી ધૃતરાષ્ટ્ર રાજા બોલ્યા કે હે દ્વિજોત્તમ! તમારા વચનથી હું મોટા શોકથી રહિત થયો છું, પણ વારંવાર મોહ પામું છું તેથી આત્માને ધારણ કરી શકતો નથી. હે દેવ! તમારી આજ્ઞારૂપ તમારૂં વચન સાંભળી હું પ્રાણ ધારણ કરીશ અને શોક નહિ કરૂં. હે રાજેંદ્ર! ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી સત્યવતી પુત્ર વ્યાસ ત્યાંજ અંતર્ધાન થઇ ગયા.

एतच्छ्रुत्वा तु वचनं व्यासः सत्यवतीसुतः ॥

धृतराष्ट्रं राजेंद्र तत्रैवांतरधीयत ॥

इति श्री महाभारते सौप्तिकपर्वणि ऐषीकपर्वणि दुर्योधनप्राणत्यागे अष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો. ક્રિયા કરવાનો ઉપદેશ.

जनमेजय उवाच—गते भगवति व्यासे धृतराष्ट्रो महीपतिः ।
किमचेष्टत विप्रर्षे तन्मे व्याख्यातुमर्हसि ॥ १ ॥

જનમેજય પૂછે છે—હે વિપ્રર્ષે ! ભગવાન વ્યાસ ગયા પછી ધૃતરાષ્ટ્ર રાજાએ શું કર્યું તે તમે મને કહો. કુરૂકુળમાં ઉત્પન્ન થએલા, ઉદાર મનવાળા ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજાએ શું કર્યું, તથા કૃપાચાર્ય આદિ કૌરવ તરફના બાકી રહેલા પેલા ત્રણ જણે પણ શું કર્યું. તે તમે મને કહો. પરસ્પર શાપ જેમાં થયો છે એવું અશ્વત્થામાનું કર્મ તો મેં સાંભળ્યું, ત્યારપછીનું વૃત્તાંત સંજયે કહ્યું હોયતો, તમે મને કહો. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! દુર્યોધન સહિત તમામ સૈન્ય હણાયા પછી ગયું છે વ્યાસદત્ત દિવ્ય જ્ઞાન જેને એવો સંજય ધૃતરાષ્ટ્ર પાસે જઇ કહેવા લાગ્યો કે—હે ધૃતરાષ્ટ્ર ! હે રાજન્ ! નાના પ્રકારના દેશમાંથી આવેલા અનેક રાજાઓ તમારા પુત્ર સહિત લડીને પિતૃલોક પ્રત્યે ગયા. હે ભારત ! યુદ્ધની માગણી કરતાં વૈરનો અંત કરવા ઇચ્છતા તમારા પુત્રે સર્વ પૃથ્વીનો નાશ કરાવ્યો. હે મહીપતે ! પુત્ર, પૌત્ર તથા સર્વ પિતૃઓનાં હવે ક્રમે કરી કાર્ય કરાવો. વૈશંપાયન કહે છે—હે પૃથ્વીપતે ! સંજયનાં ઘોર વચન સાંભળી ધૃતરાષ્ટ્ર રાજા પાસે આવી સર્વ ધર્મ જાણનાર વિદુર કહેવા લાગ્યા કે —હે રાજન્ ! હે ભરતર્ષભ ! ઉભા થાઓ, શું પડ્યા છો ? શોચ કરો માં, હે લોકેશ્વર ! સર્વ પ્રાણિઓની પરમ એવી એજ ગતિ છે. હે ભારત ! અભાવ છે આદિ ને ભાવ છે મધ્યમાં જેના એવાં પ્રાણિઓ અભાવમાંજ નિધન થાય, તેમાં શોચ શું કરવો ? શોચ કરવાથી મરેલાની પાછા ન અવાય, ને શોચ કરવાથી મરાય પણ નહિ, માટે એમ થવાનો સ્વભાવજ એનો છે. લોકો આ ઠીક છે એવું જાણી શું કરવા શોચ કરો છો ? યુદ્ધ ન કરનાર મરણ પામે છે ને યુદ્ધ કરનાર જીવતો રહે છે એવું નથી. હે મહારાજ ! કાળને પ્રાપ્ત થઇ કોઇ પણ તેને અતિક્રમણ કરી શકતું નથી. કાળ, વિવિધ પ્રકારનાં સર્વભૂતને આકર્ષણ કરે છે હે કુરૂસત્તમ ! કાળને કોઇ પ્રિય પણ નથી અને કોઇ દ્વેષ્ય નથી. જેમ વાયુ, ચોતરફથી તૃણના અગ્રભાગને હલાવે છે તેમ કાળ પ્રાણિઓને વશ કરે છે. એક સથવારે જનાર એક ઠેકાણે જનાર સર્વમાંથી જેને આગળથી કાળ આવે તે આગળ જાય તેમાં શોચ શું કરવો ? હે રાજન્ ! યુદ્ધ વિષે હણાએલા, જેઓનો તું શોચ કરે છે તે મહાત્મા એવા શોક કરવા યોગ્ય નથી કેમકે તે, સ્વર્ગ પ્રત્યે ગયા છે. સંગ્રામમાં શરીર ત્યાગ કરનાર શૂરવીર જે રીતે સ્વર્ગ પ્રત્યે જાય તે રીતે દક્ષિણાવાળા યજ્ઞ, તપ તથા વિદ્યાએ કરીને પણ સ્વર્ગને પ્રાપ્ત થવાના નથી. સર્વ વેદ જાણનારે, શૂરવીર, સારી રીતે વ્રત કરનાર સન્મુખ જઇ રણમાં મરણ પામ્યા તેનો શોક શું કરવો ! યુદ્ધમાં ઉત્તમ એવા તે શૂરવીરોના શરીરરૂપી અગ્નિ વિષે બાણ રૂપી આહુતિ હોમી હોમનાર બાણને સહન કરતા હતા. હે રાજન્ ! ઉત્તમ એવો સ્વર્ગનો માર્ગ મેં તને કહ્યો. ક્ષત્રિયને સ્વર્ગ આપનાર યુદ્ધથી અધિક બીજું કોઇ છે નહિ. સંગ્રામમાં ક્ષત્રિય ...

વીર મહાત્મા એવા તે ક્ષત્રિયો, પરંતુ અજ્ઞાનીઓને આસ થયા માટે તેઓ શોક કરવા યોગ્ય નથી. હે પુરૂષર્ષભ! આત્માવડે આત્માને આશ્વાસના કરી શોક કર માં ને શોકે પરાભવ પમાડેલો તું અવશ્ય કર્તવ્ય એવાં કાર્યનો ત્યાગ કર નહિ.

आत्मनात्मानमाश्वास्य मा शुचः पुरुषर्षभ ।
नाद्य शोकाभिभूतस्त्वं कार्यमुत्स्रष्टुमर्हसि ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि विदुरवाक्ये गुर्जर-भाषायां नवमोऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦ મો. વિધવાઓનું વિલાપન.

वैशंपायन उवाच—विदुरस्य तु तद्वाक्यं श्रुत्वा तु पुरुषर्षभः ।
युज्यतां यानमित्युक्त्वा पुनर्वचनमब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! વિદુરનાં વચન સાંભળી પુરૂષમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્રે, 'વાહન જોડો' એમ કહી વળી આવી રીતે કહ્યું કે ગાંધારીને, સર્વ ભરતની સ્ત્રિયોને, વહૂ એવી કુંતિને તથા બીજી સ્ત્રિયોને અહિ તેડી લાવો. એ રીતે વર્ણવેલા વિદુરને કહી શોકથી હણાયું છે જ્ઞાન જેનું એવા ધર્માત્મા ધૃતરાષ્ટ્ર, વાહને ચઢ્યા. સ્વામિનાં વચને પ્રેરણા કરેલી કુંતિ તથા બીજી સ્ત્રિયોસહિત ગાંધારી પણ ત્યાં આવી. અત્યંત શોકયુક્ત એવી તે સ્ત્રિયો, રાજાને મળી પછી એક બીજા સાથે ઉંચા સ્વરથી રોવા લાગી. અશ્રુ છે આંખમાં જેમને એવી તે સ્ત્રિયોને તેઓથી અત્યંત પીડિત એવા પોતે આશ્વાસના આપી વાહનમાં બેસાડી શહેરમાંથી બહાર નિકળ્યા. તે વખતે સર્વ કૌરવોના ઘરમાં મોટો હાહાકાર થયો. કુમાર પર્યંત સર્વ નગર શોકેકરી ક્લેશિત થયું. પૂર્વે દેવગણોએ પણ જે સ્ત્રિઓને જોઇ ન હતી તે હણાયા છે સ્વામિ જેમના એવી સર્વ આ વખતે નહાવા ઉતરી. સુંદર કેશને જેમ તેમ છુટા મૂકી આભૂષણ તોડી એક વસ્ત્ર ધરેલી તે સ્ત્રિયો અનાથની પેઠે રડતી હતી. હણાયા છે પુત્ર પતિ જેમના એવી ચિત્રહરિણીઓ, જેમ ગુફામાથી બાહાર નીકળે તેમ તે સ્ત્રિયો શ્વેતપર્વત સરખાં ઘરમાંથી બહાર નિકળી. હે રાજન્! તે નારીઓના શોકાર્ત અનેક વૃંદ, વ્યાયામશાળામાં ફરતાં જેમ વછેરીઓ દોડે તેમ દોડતાં હતાં. બાહુને ગ્રહણ કરી પુત્ર, ભાઇઓ તથા પિતાઓનાં નામ લઇ આક્રોશ કરતી તેઓ યુગાંત વિષે લોકનો ક્ષય થતો દેખાડતી હોય નહિ એમ વિલાપ કરતી રૂદન કરતી તે તે ઠેકાણે દોડી શોકેકરી હણાયું છે જ્ઞાન જેનું એવી તે સ્ત્રિયો, કંઇ પણ કર્તવ્યને જાણતી ન હતી, જે સ્ત્રિયો પૂર્વે સખીઓની આગળ પણ લાજતી હતી, તે સ્ત્રિયો આ વખતે એક વસ્ત્રથી લજ્જા મૂકી સાસુની આગળ જાય છે, હે રાજન્! શોકેકરી વિહ્વળ એવી તે સ્ત્રિયો, શોક ભાર ઓછો કરવા સારૂ એક બીજા સાથે જોઇ સાંત્વના કરતી હતી. રૂદન કરતી સ્ત્રિયોથી વીંટાએલો દીન એવો રાજા કુરૂક્ષેત્ર ભૂમિ-પ્રતે જવા સારૂ જલદી ઘરમાંથી નિકળ્યો, તે વખતે કારિગર લોકો, વ્યાપાર કરનાર વૈશ્ય, કર્મેકરી ઉપજીવન કરનાર આદિ બીજાઓ રાજાને આગળ કરી નગરમાંથી બહાર નિકળ્યા.

[illegible]ને ઉખાડે, ક્રોધ કરે તો બધી પ્રજાને બાળે તથા સ્વર્ગમાંથી દેવતાઓને પાડે [illegible] છે, તે જ સંગ્રામ વિષે અર્જુનને છતી શકે. પણ હું તો રણસંગ્રામમાં અર્જુનની સામે યુદ્ધ કરવા જાય, એવા યોદ્ધાને દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગંધર્વ તથા સર્પોમાં કંઈ જોતો નથી, તેની નિશાની એ કે, વિરાટના શહેરમાં એકલા અર્જુને પણ કૌરવો સાથે યુદ્ધ કર્યું હતું, એ એવું આશ્ચર્યરૂપ કર્મ છે. તે યુદ્ધમાં કૌરવો ચોતરફથી દિશાઓ પ્રત્યે નાસી ગયા હતા, એ પણ સૌએ સાંભળ્યું છે. શરીરબળ, મનનો ઉત્સાહ, શસ્ત્રીરપણું, જલદી [illegible] [illegible] સમજી જવું, વેગથી બાણ ફેંકવાપણું, ખેદ રહિતપણું તથા ધૈર્ય, એ બધા ગુણ અર્જુન વિના બીજા કોઈમાં છેજ નહીં. એ રીતે વખતસર વર્ષનાર મેઘના જેવા [illegible] ના સરખી વાણીથી આશ્ચિત્ત અરજવાને, અર્જુનને હર્ષ થાય તેમ કહ્યું. પછી કેશવ ભગવાનનું વચન સાંભળી શ્વેત છે ઘોડા જેના તથા મુકુટ ધારણ કરનાર અર્જુને રૂવાં ઊભાં થાય એવાં વચન મને સંભળાવ્યાં.

> केशवस्य वचः श्रुत्वा किरीटीश्वेतवाहनः ।
> अर्जुनस्तन्महद्वाक्यमब्रवीद्रोमहर्षणं ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि संजयेनश्रीकृष्णवाक्ये गुर्जरभाषायामेकोनषष्ठितमोऽध्यायः ॥ ५९ ॥

અધ્યાય ૬૦ મો. કૃષ્ણનુવાક્ય પર વિવેચન.

> वैशंपायन उवाच—संजयस्य वचः श्रुत्वा प्रज्ञाचक्षुर्जनेश्वरः ।
> ततः संख्यातुमारेभे तद्वचो गुणदोषतः ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! સંજયનાં વચન સાંભળી વિચક્ષણ તથા બુદ્ધિમાન પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર રાજા, શ્રીકૃષ્ણના વચનમાં કેટલા ગુણ અને કેટલા દોષ છે, તે વિષે સારા દૃષ્ટિથી વિચાર કરી, યથાર્થ બલાબળનો નિશ્ચય કરી, તથા પાંડવો વિષે દેવ અને મનુષ્ય બેઉની શક્તિ છે, ને કૌરવો વિષે માત્ર મનુષ્યનીજ શક્તિ છે, એમ પણ યથામતિ જાણી દુર્યોધનને કહેવા લાગ્યા કે, હે દુર્યોધન ! મારી ચિંતા શાંત થતી નથી, આજે હું કહું છું તે પણ પ્રત્યક્ષ દેખું છું તે સત્ય કહું છું, અનુમાનથી કહેતો નથી. સર્વ પ્રાણિયો [illegible] પોતાના પુત્રનું પ્રિય તથા હિત ઇચ્છે તેમજ પોતાને ઉપકાર કરવાનું પણ ઘણું કરીને કરે તેમાં પણ સત્પુરૂષો તો પોતાને ઉપકાર કરનારાને તેના કરેલા ઉપકારથી અધિક પ્રત્યુપકાર કરવાને ઇચ્છે એવો જગતમાં પ્રચાર છે, માટે કૌરવ તથા પાંડવના આ ભયંકર સંગ્રામમાં, ખાંડવ વન વિષે કરેલા અર્જુનના ઉપકારને યાદ કરી અગ્નિ પણ પાંડવોની સહાયતા કરશે. ધર્મ તથા ઇંદ્ર ઇત્યાદિ દેવો પોતાથી પાંડવોનો જન્મ થયો છે તે પ્રમાણે લીધે પાંડવોને બોલાવશે, તો તેમની પાસે આવી ભીષ્મ, દ્રોણ તથા કૃપાદિકના ભયથી તેમની રક્ષા કરવા માટે વજ્ર સરખા આયુધને વાપરશે. દેવતાઓ સહિત અગ્નિવિદ્યાને પાર પામેલા તથા પુરૂષોમાં સિંહરૂપ પરાક્રમી પાંડવોની સામે કોણ જોઈ શકશે ? જેનું સર્વથી ઉત્તમ તથા [illegible] [illegible] [illegible] વળી એવું દિવ્ય ગાંડીવ ધનુષ છે, જેના બાણથી ભરેલા ભયંકર તથા દિવ્ય, [illegible] [illegible] છે, જેની ખાળમાં ખૂબાવ સરખી ગતિવાળો તથા કદી [illegible] [illegible] [illegible] [illegible]

તે સમયને કુરુઓનો સંક્ષય થવાથી આક્રોશ કરતી પીડિત એવી તે સ્ત્રિયોનો પ્રશાંત પ્રલય
કાળે સર્વ નાશ પામતા પ્રાણિઓના જેવો શોકાર્ત શબ્દ થયો તેવો ભુવનોને વ્યાપી કરીને
રહેલો શબ્દ થતો હતો. જે સાંભળી 'આ શું ક્ષય પ્રાપ્ત થયો ! ' એમ પ્રાણિઓ માનતા હતા.
કૌરવોનો સંક્ષય થવાથી અત્યંત ઉદ્વિગ્ન છે મન જેમનું એવા રાજા પ્રિત્યે અત્યંત પ્રીતિભાવ
રાખનારાં માણસો, આક્રોશ કરતાં હતાં.

भृशमुद्विग्नमनसस्ते पौराः कुरुसंक्षये ।
प्राक्रोशंत महाराज स्वनुरक्तास्तदा भृशं ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि धृतराष्ट्रनिर्गमने
गुर्जरभाषायां दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧ મો. સ્ત્રીઓને કૃપે આપેલું આશ્વાસન.

वैशंपायन उवाच—क्रोशमात्रं ततो गत्वा ददृशुस्तान्महारथान् ।
शारद्वतं कृपं द्रौणिं कृतवर्माणमेव च ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ત્યાંથી કોશમાત્ર જઇ શારદ્વત એવા કૃપાચાર્ય, દ્રોણ-પુત્ર અશ્વત્થામા તથા કૃતવર્મા એ ત્રણ મહારથિઓને તેઓએ જોયા. તેઓ પણ પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર રાજાને જોઇ અશ્રુ છે આંખમાં જેમને એવા નિશ્વાસ મૂકી રૂદન કરતા રાજા પ્રત્યે કહેવા લાગ્યા કે, હે મહારાજ ! હે રાજન્ ! હે મહીપતે ! તમારો પુત્ર અત્યંત દુષ્કર એવું કર્મ કરી અનુચર સહિત ઇંદ્રલોક પ્રત્યે ગયો. હે ભરતર્ષભ ! દુર્યોધનના સૈન્યથી કેવળ એકલા અમે ત્રણ બચ્યા, બાકીનું તમારૂં સૈન્ય પરિક્ષીણ થયું. રાજાને આમ કહી શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય પુત્રના શોકેકરી પીડિત ગાંધારી પાસે આવી કહેવા લાગ્યા કે, ઘણાક શત્રુગણને હણતા નિર્ભયપણાથી યુદ્ધ કરતા તમારા પુત્ર શૂરવીરોએ કરવા યોગ્ય એવાં મોટાં કર્મ કરી નિધનને પામેલા થયા, તે તમારા પુત્ર અવશ્ય શસ્ત્રેકરી નિર્જિત એવા નિર્મળ લોકને પામી ભાસ્વર દેહને પ્રાપ્ત થએલા દેવતાઓની પેઠે સ્વર્ગમાં વિહાર કરે છે. તેઓમાંથી શૂરવીરોના અગ્રણી યુદ્ધ કરતો કોઇ પણ વિમુખ થયો હતો નહિ. તેમ કોઇએ શત્રુને હાથ પણ જોડ્યા હતા નહિ. કેમકે શસ્ત્રે કરી સંગ્રામમાં શત્રુ સન્મુખ જઇ નિધન પામવું, એજ ક્ષત્રિયોને પરમ ગતિરૂપ છે, એમ પ્રાચીન પુરૂષો કહે છે, વાસ્તે તેમનો તમે શોચ કરવા યોગ્ય નથી. હે રાજ્ઞિ ! તેમના શત્રુ એવા પાંડવ પણ વૃદ્ધિને પ્રાપ્ત થયા નથી. અશ્વત્થામા છે મુખ્ય જેમાં એવા અમોએ જે કર્યું તે સાંભળો. અધર્મેકરી ભીમસેને તમારા પુત્રને હણ્યો એ વાત સાંભળી સુતેલા પાંડવના તંબુમાં જઇ પાંડવ તરફનાઓનું કદન કર્યું. ધૃષ્ટદ્યુમ્ન છે મુખ્ય જેમાં એવા સર્વ પાંચાલોને હણ્યા, દ્રુપદના પુત્રોને હણ્યા, તેમજ દ્રૌપદીના પુત્રોને પણ હણ્યા. તમારા પુત્રના શત્રુગણનો નાશ કરી અમો ત્યાંથી નાઠા. અમોજ બાકી રહેલા અમે તેમની સાથે રહી શકીએ તેમ નહોતા. પુત્ર હણાયા એવું સાંભળી ક્રોધવશ થએલા મોટાં ધનુષવાળા શૂરવીર પાંડવો વેરનો બદલો લેવા સારૂ જલદી આવશે. હે યશસ્વિની ! પુત્રનાં વધ, શૂરવીર તેઓ સાંભળીને

પળમાં મોત આવશે તેથી હવે અહિં ઉભા રહેવાનો અમે ઉત્સાહ રાખતા નથી; માટે હે રાજન્! અમને આજ્ઞા આપો ને શોચ વિષે મન કરો માં. હે રાજન્! તમે પણ ઉત્તમ એવા ધૈર્યનો આશ્રય કરી અમને આજ્ઞા આપો ને સંગ્રામમાં મરવું, એજ ક્ષાત્રધર્મ છે, એમ જાણી શોચ કરો માં. રાજાને એ.મ કહી પ્રદક્ષિણા કરી હે ભારત! કૃપાચાર્ય, કૃતવર્મા તથા દ્રોણ પુત્ર અશ્વત્થામા, બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર રાજા સામે જોતા જોતા હે મહારાજ! ગંગાતટ તરફ ઘોડાઓને હાંકવા લાગ્યા હે રાજન્! તે સર્વ મહારથિઓ એ રીતે અપક્રમણ કરી ઉદ્વિગ્ન એવા તે એક બીજાની આજ્ઞા લઇ ત્રણ જુદે જુદે માર્ગે ગયા. શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય હસ્તિનાપુર ગયા. હાર્દિક્ય કૃતવર્મા, પોતાના દેશ તરફ અને દ્રોણપુત્ર અશ્વત્થામા, વ્યાસના આશ્રમે ગયો. પરસ્પર જોતા ભયથી પીડિત શૂરવીર તે મહાત્મા પાંડવોનો અપરાધ કરી જતાં રહ્યા તે પછી સૂર્યનો ઉદય થયો ન હતો તેટલામાં બીજા શૂરવીરો પણ રાજા પાસે આવી શત્રુને દમન કરનાર તેમની રજા પોતપોતાની ઇચ્છા પ્રમાણે ગયા. હે રાજન્! મહાત્મા પાંડુપુત્રોએ સંગ્રામમાં દ્રોણપુત્ર અશ્વત્થામાને પકડી પરાક્રમ કરી તેને જીત્યો.

समासाद्याथ वै द्रौणिं पांडुपुत्र महारथाः ।
व्यजयंस्तं रणे राजन् विक्रम्य तदनंतरं ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि कृष्णद्रौणिभोजदर्शने गुर्जरभाषायामेकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો. લોઢાના ભીમને ધૃતરાષ્ટ્રે કચર્યો.

वैशंपायन उवाच—हतेषु सर्वसैन्येषु धर्मराजो युधिष्ठिरः ।
शुश्रुवे पितरं वृद्धं निर्यातंगजसाव्हयात् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! સર્વ સૈન્ય હણાયા પછી વૃદ્ધ એવા પિતા ધર્મરાજ યુધિષ્ઠિર હસ્તિનાપુરથી નિકળ્યા, એમ સાંભળ્યું ને વખતે પુત્રના શોકેકરી પીડિત ધર્મરાજ પોતાના ભાઇઓ શૂરવીર મહાત્મા દાશાર્હ, સાત્યકિ અને યુયુત્સુ સહિત પુત્રના શોકેકરી વ્યાપ્ત પિતા પાસે આવ્યા તેમની પાછળ અત્યંત દુઃખથી પીડિત શોકેકરી કર્ષિત એવી દ્રૌપદી પણ પંચાલની સ્ત્રિયો સહિત આવી. એ રીતે ધૃતરાષ્ટ્ર પાસે જતા યુધિષ્ઠિરે હે ભરતસત્તમ! ટીટોડીઓની પેઠે આક્રોશ કરતી પીડિત એવી સ્ત્રિયોનાં વૃંદને ગંગાતટ વિષે જોયાં. તે સમયે મરણ પામેલા દુર્યોધનાદિક તથા અભિમન્યુ આદિકને સંભારી આક્રોશ કરતી, ઉંચા છે બાહુ જેમના, પીડિત અને 'અરે રાજાની ધર્મતા ક્યાં ગઇ? અરે આ વખતે તેને ક્રૂરતા કેમ થઇ, કે પિતા, ભાઇયો, પુત્ર તથા મિત્રોને પણ મરાવી નાંખ્યા. અરે હે મહાબાહુ! ગુરૂ એવા દ્રોણ તથા પિતામહ ભીષ્મને મરાવી જયદ્રથને હણાવી—પિતા, ભાઇઓ, દુર્ધર્ષ એવા અભિમન્યુ તથા દ્રૌપદીના પુત્રને ન જોતાં હવે રાજ્યનું શું પ્રયોજન છે! અરે આતે તારૂં મન કેવું થયું! એ રીતે રૂદન કરતી હજારો સ્ત્રિયોએ વીંટાયેલા મહાબાહુ રાજાએ ટીટોડીયોની પેઠે આક્રોશ કરતી તેમને અતિક્રમણ કરી જ્યેષ્ઠ પિતા ધૃતરાષ્ટ્રને પ્રણામ કર્યા.

પછી શત્રુને આકર્ષણ કરનારા સર્વ પાંડવોએ ધરતી રીતે ચોતરફથી પિતાને પ્રણામ કરી પોતાનાં નામ નિવેદન કર્યાં. તે વેળાએ પુત્રના વધે કરી પીડિત, શોકાર્ત, અપ્રસન્ન છે મન જેનું એવા પિતા પોતાના પુત્રનો નાશ કરનાર પંડુપુત્ર યુધિષ્ઠિરને મળ્યા. હે ભારત! એ રીતે ધર્મરાજને મળી તેની સાંત્વના કર્યા પછી દુષ્ટ છે આત્મા જેનો અને અગ્નિની પેઠે બાળવાને ઇચ્છતો ભીમસેનને મળવાની ઇચ્છા કરી. તે વખતે શોકરૂપી વાયુએ પ્રેરણા કરેલો તેનો તે શોકરૂપી અગ્નિ, ભીમસેનમય વનને બાળવા ઇચ્છતો હોય નહિ જાણે તેવો દેખાતો હતો. ભીમસેન પ્રત્યે થએલો તેનો અશુભ સંકલ્પ જાણી ભીમને બે હાથથી ખેંચી લઇ લોહમય ભીમ તેમને આપ્યો. પૂર્વેજ મહા બુદ્ધિમાન જનાર્દન ભગવાને તેનો અભિપ્રાય જાણી આવી રીતે સંવિધાન કરી રાખ્યું હતું. લોહમય ભીમસેનને બે હાથથી ગ્રહણ કરી બળવાન ધૃતરાષ્ટ્ર રાજાએ તેને ભીમસેન માની ભાગી નાંખ્યો. દશ હજાર હાથી સરખું છે બળ તથા પ્રાણ જેના એવા રાજાએ લોહમય ભીમને ભાગી મર્દન થઇ છે છાતી જેની એવા તેણે મુખમાંથી રૂધિરનું વમન કર્યું. રૂધિરેકરી વ્યાપ્ત તે, પ્રપુષ્પિત છે અગ્ર ભાગ જેનો એવો પારિજાતકનો વૃક્ષ પડે તેમ પૃથ્વીપર પડ્યો. તે વખતે ગાલ્વના પુત્ર વિદ્વાન સંજયે તેમને ગ્રહણ કરી સાંત્વનાપૂર્વક કહ્યું કે, આમ કરો માં. ઉદાર મનવાળો ક્રોધ રહિત થએલો ધૃતરાષ્ટ્ર તો શોકેકરી 'હા ભીમ હા ભીમ' એ રીતે આક્રોશ કરવા લાગ્યો. ભીમસેનના વધથી પીડિત અને ગયો છે ક્રોધ જેનો એવા તેને જાણી પુરૂષમાં શ્રેષ્ઠ વાસુદેવ, બોલ્યા કે—હે ધૃતરાષ્ટ્ર! તમો શોચ ન કરો. તમે જેને હણ્યો તે ભીમ નથી. હે વિભો! આ લોહની પ્રતિમા તમે હણી. હે ભરતર્ષભ! ક્રોધવશ થએલા તમને જાણી મૃત્યુની દાઢની વચમાં આવેલા કુંતિપુત્ર ભીમસેનને મેં ખેંચી લીધો. હે રાજશાર્દૂલ! બળેકરી તમારા સરખો કોઇ નથી. હે મહાબાહો! તમારા બાહુના ગ્રહણને કોઇ સહન કરી શકે નહિ. જેમ કાળને પ્રાપ્ત થયા પછી કોઇ પણ જીવતો મુકાય નહિ તેમ તમારા બાહુની વચમાં આવેલો કોઇ જીવે નહિ. વાસ્તે તમારા પુત્રે ભીમસેનની લોહમયી પ્રતિમા કરાવેલી હતી તે હે કૌરવ્ય! તમારીજ મેં અહિં આણી. હે રાજેંદ્ર! પુત્રના શોકે કરી અતિસંતપ્ત ભીમસેનને મારવારૂપ અધર્મમાં મન ગયું હતું તેથી તમે ભીમસેનને મારવા ઇચ્છતા હતા, પણ હે રાજન્! ભીમસેનને તમે હણ્યો છો એ કંઇ તમને યોગ્ય નહિ, કેમકે હે મહારાજ! ભીમસેનને માર્યો હોત તોપણ તમારા પુત્ર કોઇ રીતે જીવતા થાત નહિ; કારણ ગતાયુષ એવા તે કોઇ બીજા નિમિત્તથી મરણ પામ્યા છે, વાસ્તે શાંતિ કરવા ઇચ્છતા અમે જે કર્યું તે સર્વ સારૂંજ કર્યું છે માટે શોક વિષે મન કરો માં.

तस्माद्यत्कृतमस्माभिर्मन्यमानैः शमंप्रति ।
अनुमन्य स्वतत्सर्वं मा च शोके मनःकृथाः ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि आयसभीमभंगे गुर्जरभाषायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો. ધૃતરાષ્ટ્રનું શાંત થવું.

**वैशंपायन उवाच—तत एनमुपातिष्ठन् शौचार्थमुपचारकाः ।
कृतशौचं पुनश्चैनं प्रोवाच मधुसूदनः ॥ १ ॥**

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી પરિચારક જનોએ તેમને નદીમાં સ્નાન કરાવ્યું. કર્યું છે શૌચ જેણે એવા તેમને મધુસૂદન ભગવાન કહેવા લાગ્યા કે, હે રાજન્! તમે વેદ તથા વિવિધ પ્રકારનાં શાસ્ત્ર અધ્યયન કર્યાં છે, તેમજ કેવળ રાજધર્મ શ્રવણ કર્યો છે. એ રીતે મહાપ્રાજ્ઞ બલાબલ જાણનાર સમર્થ એવા તમે પોતાના અપરાધથી શું કરવા આવો કોપ કરો છો હે રાજન્! મેં, ભીષ્મે, દ્રોણે, વિદુરે તથા સંજયે તમને તે વખતેજ કહ્યું હતુ પણ તે પ્રમાણે તમે કર્યું નહિ. હે કૌરવ! અમે તમને વાર્યા તેમ બળ તથા શૌર્ય વિષે પાંડવો અધિક છે એમ તમે જાણતા હતા તોપણ અમારાં વચન પ્રમાણે કર્યું નહિ. સ્થિર બુદ્ધિવાળો રાજા, પોતાના દોષ જૂવે ને દેશકાળના વિભાગને પણ જાણે તે પરમ શ્રેયને પામે. જે કહ્યા પછી પણ હિતાહિત તથા પોતાના શ્રેયને ન જાણે, અન્યાય વિષે રહેલો તે આપદ્‌ને પ્રાપ્ત થઇ શોચ કરે. હે રાજન્! નથી સ્વાધિન આત્મા જેનો એવો તું દુર્યોધનને વશ થયો માટે પોતાના અપરાધથી આપદ્‌ને પ્રાપ્ત થએલો છે તે શું કરવા ભીમસેનને હણવા ઇચ્છે છે? વરતે કોપને નિયમમાં રાખી તારા દુષ્કૃતને યાદ કર. ક્ષુદ્ર એવા જેણે સ્પર્ધાએ કરી દ્રૌપદીને સભામાં આણી હતી તેને પાછુ વેર લેવા સારૂ ભીમસેને હણ્યો. અપરાધ વિના રાજ્ય ન આપવાથી તમે પાંડવોનો તિરસ્કાર કર્યો એ તમારો તથા દુરાત્મા તમારા પુત્રનો અતિક્રમ હતો. વૈશંપાયન કહે છે—હે જનાધિપ! એ રીતે શ્રીકૃષ્ણે સર્વ સત્ય જેને કહ્યું એવો ધૃતરાષ્ટ્ર રાજા, દેવકીપુત્ર ભગવાન પ્રત્યે કહેવા લાગ્યો કે, હે મહાબાહો! હે માધવ! જે રીતે તમે કહો છો, તે તેમજ છે. બળવાન એવા પુત્રસ્નેહે ધૈર્યથી મને ચલિત કર્યો. હે કૃષ્ણ! પુરૂષમાં સિંહરૂપ, સત્ય પરાક્રમવાળો બળવાન તમે રક્ષણ કરેલો ભીમસેન મારા બાહુના મધ્યમાં ન આવ્યો એ ધાર્યું સારૂં થયું. હે માધવ! હવે આ સમયે અવ્યગ્ર, ગયો છે ક્રોધ જેને તાપ રહિત એવો હું, શૂરવીર ભીમસેન સહિત સર્વને મળવા ઇચ્છું છું. કેટલાક મોટા રાજાઓ હણાયા, તેમ પુત્રો પણ હણાયા માટે હવે પાંડુપુત્ર વિષે મને દ્વેષ રહ્યો નથી. ને પ્રીતિ પણ થઇ છે. એમ કહી તે પછી પ્રકર્ષેકરી રૂદન કરતા ધૃતરાષ્ટ્ર ભીમને, અર્જુનને, પુરૂષમાં અત્યંત શૂરવીર એવા માદ્રીપુત્ર નકુલ સહદેવને સુંદર ગાત્રવાળા શરીરથી સ્પર્શ કરી તેમની આશ્વાસના કરી તમારૂં કલ્યાણ થાઓ એમ કહેવા લાગ્યા.

**ततः सभीमं च धनंजयं च माद्र्याश्च पुत्रौ पुरुषप्रवीरौ ।
पस्पर्शगात्रैः प्ररुदन् सुगात्रानाश्वास्य कल्याणमुवाच चैनान् ॥**

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि धृतराष्ट्रक्रोधविमोचने गुर्जरभाषायां पांडवपरिष्वंगोनाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો. વ્યાસે કરેલું ગાંધારી સાંત્વન.

**वैशंपायन उवाच—धृतराष्ट्राभ्यनुज्ञातास्ततस्ते कुरुपांडवाः ।
अभ्ययुर्भ्रातरः सर्वे गांधारीं सहकेशवाः ॥**

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ધૃતરાષ્ટ્રે આજ્ઞા આપેલા કુરુવંશીય સર્વ ભાઇઓ પાંડવ, કેશવ ભગવાન સહિત ગાંધારી પાસે ગયા, તે સમયે હણાયા છે શત્રુ જેના એવા પાસે આવેલા યુધિષ્ઠિરને જાણી પુત્રના શોકથી પીડિત થયેલી અનિંદિત ગાંધારીએ શાપ દેવાની ઇચ્છા કરી. તે વેળાએ પાંડવ પ્રત્યે તેનો પાપરૂપ અભિપ્રાય જાણી પૂર્વેજ તે વાતનું જેને જ્ઞાન થયું છે એવા સત્યવતી પુત્ર મહર્ષિ વ્યાસ, શાપ વખતને દૂર કરી શમ વખતની સૂચના કરતાં સત્યવાદી પોતાની સ્નુષા ગાંધારીને વખતને ઉચિત આવી રીતનું વાક્ય કહેવા લાગ્યા કે, હે ગાંધારી! પાંડવપર તારે કોપ કરવો નહિ ને તું શાંતિને પ્રાપ્ત થા. પાંડવને શાપ દેવા ઉત્સુક થયેલા વાક્યને નિગ્રહ કરી આ હું કહું તે સાંભળ. જયને ઇચ્છતા તારા પુત્રે અઢાર દિવસ સુધી તને કહ્યું કે, હે માત! શત્રુ સાથે યુદ્ધ કરતા એવા મારું કલ્યાણ કર. એ રીતે અઢાર દિવસ સુધી વખતો વખત જયને ઇચ્છતા તેણે યાચના કરેલી તું હે ગાંધારી! તેને આવી રીતે કહેતી હતી કે જ્યાં ધર્મ ત્યાં જય, હે ગાંધારી! તે તારી વાણીને હું મિથ્યા માનતો નથી ને પ્રસન્ન થઇ જે રીતે તેં તેને કહ્યું હતું તેજ પ્રમાણે થયું; કેમકે પાંડવોમાં ધર્મ અધિક હતો તેથી રાજાઓના મોટા વિગ્રહના પારને પામી તેઓ જયને પ્રાપ્ત થયા. પૂર્વે તું ક્ષમાશીલ થઇ આ વખતે કેમ ક્ષમા કરતી નથી? હે ધર્મજ્ઞે! અધર્મને છોડી દે, જ્યાં ધર્મ ત્યાંજ જય છે. હે મનસ્વિનિ! પોતાના ધર્મને તથા કહેલી વાણીને યાદ કરી હે ગાંધારિ! હે સત્યવાદિનિ! કોપનું નિયમન કર, આવી થા માં. વ્યાસનાં વચન સાંભળી ગાંધારી બોલી કે, હે ભગવન્! એમને હું શાપ દેવા ઇચ્છતી નથી પણ પુત્રના શોકકરી બળાત્કારથી મારું મન જાણે વિહ્વળ થતું હોય નહિ તેવું થાય છે, જે રીતે કુંતિએ પાંડવો રક્ષિતવ્ય છે તેજ રીતે મારે તથા ધૃતરાષ્ટ્રને પણ રક્ષિતવ્ય છે દુર્યોધનના તથા સુબલ પુત્ર શકુનિના અપરાધે કરી કર્ણ તથા દુઃશાસને કૌરવનો સંક્ષય કર્યો. અર્જુનનો, વૃકોદરનો, નકુલનો, સહદેવનો તથા યુધિષ્ઠિરનો અપરાધ નથી. કર્યો છે અહંકાર જેમણે એવા પરસ્પર યુદ્ધ કરતા કૌરવ્ય એકઠા મળી બીજા વડે હણાયા એ મને અપ્રિય નથી પણ વાસુદેવ જોતાં ભીમસેને ગદા યુદ્ધમાં દુર્યોધનને બોલાવી બહુ પ્રકારે સંગ્રામમાં વિચરતા તેને એ મારાથી અધિક છે એમ જાણી નાભિની નીચે તેને પ્રહાર કર્યો, ભીમસેનનું એ કર્મ મારા કોપને વધારે છે. મહાત્મા એવા ધર્મજ્ઞોએ કહેલા ધર્મને શૂરવીર પુરુષો પોતાના પ્રાણ વાસ્તે પણ કોઇ રીતે કેમ ત્યાગ કરતા નથી.

**कथन्तुधर्मं धर्मज्ञैः समुद्दिष्टं महात्मभिः ।
त्यजेयुराहवे शूराः प्राणहेतोः कथंचन ॥**

इतिश्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि गांधारीसांत्वनायां गुर्जरभाषायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો. પાંડવોને ગાંધારીએ આપેલી માફી.

वैशंपायन उवाच—तच्छ्रुत्वा वचनं तस्याभीमसेनोथ भीतवत् ।
गांधारीं प्रत्युवाचेदं वचः सानुनयं तदा ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! તેનાં વચન સાંભળી ભીમસેને બીન્યો હોય નહિ તેની પેરે ગાંધારી પ્રત્યે વિનયપુરઃસર આવી રીતે વચન કહ્યું કે, અધર્મ વા ધર્મ પોતાના રક્ષણની છે કામના જેને એવા મેં ત્રાસને લીવે કર્યો, તે તમે ક્ષમા કરવા યોગ્ય છો, ધર્મ-યુધ્ધે કરીને તો મહા બળવાન એવા તમારા પુત્રને કોઇ પણ હણવા સમર્થ થાય નહિ, માટે મેં વિષમ આચરણ કર્યું. પૂર્વે તેણે પણ અધર્મકરી યુધિષ્ઠિરને જીત્યા હતા. તેમ અમને સદા છેતર્યા હતા તેથી મેં વિષમ આચરણ કર્યું, સૈન્યમાં બાકી રહેલો પરાક્રમી એક આ મહા યુદ્ધથી મને હણી રાજ્ય ન હરે એમ જાણી મેં તે રીતે કર્યું. એક વસ્ત્ર ધરેલી રજસ્વલા રાજપુત્રી પાંચાલીને તમારા પુત્રે જે કહ્યું હતું, તે સર્વ તમારા જાણવામાં છે. દુર્યોધનને માર્યા વગર સાગર પર્યંત પૃથ્વીને ભોગવવા અમે સમર્થ થઇએ નહિ માટે મેં એ રીતે કર્યું. તેજ રીતે તમારા પુત્રે અમારૂં અપ્રિય કર્યું હતુ. સભાના મધ્યમાં દ્રૌપદીને પોતાનો ડાબો સાથળ દેખાડયો હતો તે વખતેજ દુરાચરણવાળો તમારો પુત્ર અમારે વધ્ય હતો, પણ ધર્મ-રાજાની આજ્ઞાથી સમયની વાટ જોઇ અમે બેસી રહ્યા. હે રાજ્ઞિ! તમારા પુત્રે મોટું વેર ઉદિપન કર્યું, વનમાં પણ અમને નિરંતર કલેશયુક્ત કર્યા, તેથી એ રીતે મેં કર્યું. સંગ્રામમાં દુર્યોધનને હણી વૈરના પારને અમે પ્રાપ્ત થયા, યુધિષ્ઠિર રાજ્યને પ્રાપ્ત થયા અને અમે ગયો છે ક્રોધ જેમનો એવા થયા.

ભીમસેનનાં વચન સાંભળી ગાંધારી બોલ્યાં કે, મારા પુત્રની તું પ્રશંસા કરે છે માટે તેનો એ વધજ ન કહેવાય, અને જે તું મારી આગળ કહે છે તે સર્વ તેણે કર્યું છે. હે ભારત! જે વખતે વૃષસેને નકુલના અશ્વને હણ્યા તે વખતે તેં સંગ્રામના મધ્યમાં દુઃશાસનનું રૂધિર પાન કર્યું. સત્પુરૂષોએ નિંદિત અનાર્યજનોએ સેવિત એવું એ ઘોર કર્મ કર્યું. તેં હે વૃકોદર! એ તેં અયોગ્ય કર્મ કર્યું. ગાંધારીનાં વચન સાંભળી ભીમસેન કહેવા લાગ્યો કે, કોઇ બીજાનું પણ રૂધિર પીવું નહિ ત્યારે પોતાનાનું તો કેમજ પીવું ઘટે? જેવો પોતાનો આત્મા તેવોજ સામાનો, એમાં કંઇપણ વિશેષ છે નહિ. હે માતા! તું શોચ કર માં, એ રૂધિર મારા અધરોષ્ઠની અંદર ગયું નથી, તે તો યમરાજ જાણે છે, કેવળ મારા હાથ રૂધિરેકરી ખરડ્યા. તે પણ શું કરવા કરવું પડ્યું તે કહું તે સાંભળો. સંગ્રામના મધ્યમાં વૃષસેન નામના કર્ણ પુત્રે હણ્યા છે અશ્વ જેના એવા નકુલને જોઇ અત્યંત પ્રહૃષ્ટ થએલા ભાઇઓને મેં ત્રાસ ઉત્પન્ન કર્યો. દ્યૂતકાળે દ્રૌપદીના કેશગ્રહણ વિષે ક્રોધથી જે મેં કહ્યું હતું તે મારા હૃદયમાં છે. હે રાજ્ઞિ! કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે જો હું ન કરૂં તો ક્ષત્રિય ધર્મથી ભ્રષ્ટ થએલો હું ઘણાંક વર્ષ સુધી તેનાં ફળ ભોગવું, માટે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે મેં કર્યું. હે ગાંધારિ! મારી ઉપર દોષેકરી તમે શંકા કરવા યોગ્ય નથી. પૂર્વે પાછો અપકાર ન કરનાર એવા અમે છીએ. પુત્રોને પહેલાં વાર્યા નહિ ને હવે શા માટે અમારી ઉપર શંકા કરો છો?

ભીમસેનનાં વચન સાંભળી ગાંધારી બોલ્યાં કે પરાજય પામેલા નહિ એવા આ વૃદ્ધના સો પુત્ર હણાયા તેમાંથી બાકી એક પણ શું કરવા રાખ્યો નહિ જેથી તારો અપરાધ થોડો

કહેવાત, માટે હરણ થયું છે રાજ્ય જેમનું એવા વૃદ્ધ તથા અંધ એવાં અમારા સંતાનરૂપ એક લાકડી પણ કેમ બાકી રાખી નહિ? હે તાત! પુત્રોના અંતકરૂપ એવા તારાથી બાકી એક રહ્યો હોત તોપણ હું જાણુત કે તેં ધર્માચરણ કર્યું અને મને આટલું દુઃખ પણ થાત નહિ. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે ભીમસેનને કહી પુત્ર પૌત્રની વધથી પીડિત સંક્રુદ્ધ ગાંધારીએ 'રાજા ક્યાં છે' એમ યુધિષ્ઠિરની પૃચ્છા કરી. તે વખતે જોડ્યા છે હાથ જેણે એવા કંપાયમાન થતા યુધિષ્ઠિર રાજા તેની પાસે આવી, આવી રીતે મધુર વાક્ય કહેવા લાગ્યા કે, હે માતા! તમારા પુત્રને હણનાર ક્રૂર શાપને યોગ્ય પૃથ્વીના નાશ વિષે હેતુભૂત એવો હું યુધિષ્ઠિર આ રહ્યો મને શાપ આપો. સંબંધિઓને હણી મૂઢ તથા સંબંધિના દ્રોહી એવા આ મને જીવિતનું, રાજ્યનું તથા ધનનું કંઇ પ્રયોજન નથી. એ રીતે બોલતા, ભય પામેલા, પાસે આવેલા તેમને જાણી અત્યંત નિઃશ્વાસ મૂકતાં ગાંધારી કંઇ પણ બોલ્યાં નહિ. એ રીતે અવનત છે દેહ જેનો, પગમાં પડેલા યુધિષ્ઠિર રાજાના અંગુલીના અગ્રભાગ દીર્ઘદર્શીની ધર્મજ્ઞ દેવી ગાંધારીએ આંખે બાંધેલા પાટામાંથી જોયા, તેથી દર્શનીય છે નખ જેના એવો તે રાજા કુનખી થયો. તેને જોઇ વાસુદેવની પાછળ અર્જુન પણ ત્યાં ગયો. હે ભારત! એ રીતે અહીં ત્યાં ચેષ્ટા કરતાં તેમની ગયો છે ક્રોધ જેનો એવી ગાંધારીએ માની પેઠે સાંત્વના કરી. ત્યાર પછી ગાંધારીએ આજ્ઞા આપેલા વિશાલ વક્ષઃસ્થળવાળા પાંડવ એકઠા મળી શૂરવીરને જણનારી પોતાની માતા પૃથા પાસે ગયા. પુત્રની આધિએ કરી વ્યાપ્ત તે ઘણે વખતે પુત્રોને જોઇ વસ્ત્રેકરી મુખ વીંટી લઇ અશ્રુ પાડવા લાગી. એ રીતે પુત્ર સહિત તે, અશ્રુ મુકી શસ્ત્રના ઓઘથી બહુ પ્રકારે ક્ષત વિક્ષત થએલા તેમને જોઇ એક પુત્રને વારંવાર સ્પર્શ કરી શોચ કરવા લાગી, તેટલામાં દુઃખથી પીડિત એવી તેણે હણાયા છે પુત્ર જેના એવી રૂદન કરતી પૃથ્વી વિષે પડેલી પાંચાલીને જોઇ. તે વખતે પાંચાલીએ તેમને કહ્યું કે—હે આર્યે! અભિમન્યુ સહિત તમારા સર્વ પુત્ર ક્યાં ગયા? તપસ્વિની એવી તમને જોઇ ઘણો વખત થયો તોપણ તમારી પાસે હજી કેમ આવતા નથી? પુત્રે કરી વિહીન એવી મને રાજ્યનું હવે શું પ્રયોજન છે. વિલાપ કરતી દ્રૌપદીને વિસ્તૃત છે નેત્ર જેનાં એવી કુંતિ, આશ્વાસના કરી શોકકર્શિત રૂદન કરતી યાજ્ઞસેનીને ઉભી કરી. પુત્રે અનુગત એવી અત્યંત શોકખિન્ન તે, પીડિત ગાંધારી પાસે ગઇ. વૈશંપાયન કહે છે—હે જનમેજય! વધૂ સહિત યશસ્વિની એવી કુંતિ પ્રત્યે આવી રીતે શોકાર્ત એવી ગાંધારી કહેવા લાગી કે. હે પુત્રિ! એમ શોક કર માં, દુઃખિત એવી મને પણ જો કાલવિપર્યયે પ્રેરેલા આ લોકનો વિનાશજ થયો એમ હું માનું છું. અવશ્ય ભાવીરૂપ આવો સંગ્રામ ઉભો કરનાર પોતાની મેળે આવી સ્થિતિને પ્રાપ્ત થયો. શ્રીકૃષ્ણનું કહ્યું માનવામાં આવ્યું નહિ તે વખતે મહામતિ વિદુરે જે મોટું વાક્ય કહ્યું હતું તે આખરે પ્રાપ્ત થયું, અપરિહાર્ય અર્થ થઇ ગયો માટે હવે શોચ કરો માં; કેમકે સંગ્રામમાં નિધનને પ્રાપ્ત થએલા તેઓ શોચ કરવા યોગ્ય નથી. જેવી હું તેવીજ તું, માટે કોણ આશ્વાસના આપે? મારાજ અપરાધે કરી શ્રેષ્ઠ એવું કુળ નાશ પામ્યું.

यथैवाहं तथैवत्वं को वामाश्वासयिष्यति ।
ममैवह्यपराधेन कुलमग्र्यं विनाशितं ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि पृथापुत्रदर्शने गुर्जर-भाषायां पंचदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો. સ્ત્રીઓનું રણક્ષેત્રમાં જવું ને રોવું.

વૈશંપાયન ઉવાચ—એવમુક્ત્વા તુ ગાંધારી કુરૂણામવકર્તનં ।
અપશ્યત્તત્ર તિષ્ઠંતી સર્વંદિવ્યેન ચક્ષુષા ॥ ૧ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એમ કહી ત્યાં ઉભેલી ગાંધારીએ કૌરવોના સર્વ યુદ્ધસ્થાનને દિવ્યચક્ષુએ કરી જોયું. પતિવ્રતા, મોટાં ભાગ્યવાળી, સમાનવ્રત કરનારી ઉગ્ર તપેકરી યુક્ત, નિરંતર સત્ય બોલનારી, પુણ્યકર્મવાળા મહર્ષિ કૃષ્ણના વરદાનેકરી દિવ્ય જ્ઞાન તથા બળે કરી યુક્ત એવી તે, વિવિધ પ્રકારનો વિલાપ કરતી હતી. પછી બુદ્ધિમતિ એવી તેણે પાસેથી દેખે તેમ દૂરથી અદ્‌ભુત, રૂંવાં ઉભાં કરનાર, અસ્થિ, કેશ તથા વસાએકરી સંકીર્ણ, રૂધિરના ઓધેકરી વ્યાપ્ત, ચોતરફ પડેલા અનેક હજાર શરીરેકરી યુક્ત, ગજ, અશ્વ તથા રથના યોદ્ધાઓના રૂધિરેકરી વીંટાયેલ, તેમજ માથાં વગરનાં શરીર તથા દેહ વગરનાં મસ્તક વગેરે અવયવ યુક્ત, ગજ, અશ્વ, નર તથા નારીઓના શબ્દેકરી ચોતરફથી વીંટાયલું, શૃગાલ, બક, આરણ્ય વરાહ, ગૃધ્ર તથા કાકોએ સેવિત, પુરૂષને ખાનાર રાક્ષસોને આનંદ આપનાર, કુરર નામના પક્ષિથી સંકુલ, અમંગળ એવી શિયાળિઓએ નિંદિત, ગૃધ્રોએ સેવન કરેલું શૂરવીર પુરૂષોનું રણાંગણ જોયું. તે પછી વ્યાસે આજ્ઞા આપેલા ધૃતરાષ્ટ્ર રાજા, અને યુધિષ્ઠિર છે મુખ્ય જેમાં એવા તે સર્વ પાંડુપુત્ર, વાસુદેવને તથા હણાયા છે બંધુ જેના એવા રાજાને આગળ કરી કૌરવની સ્ત્રિયોને લઇ સંગ્રામ ભૂમિ પ્રત્યે ગયા. હણાયા છે સ્વામિ જેમના એવી સ્ત્રિયો કુરૂક્ષેત્રમાં હણાયેલા પુત્ર, ભાઇઓ, પિતૃઓ તથા પોતાના સ્વામિઓને જોતી હતી. માંસ ખાનાર શિયાળ, વાયસ, ભૂત, પિશાચ, રાક્ષસ તથા વિવિધ પ્રકારના નિશાચરે ભક્ષણ કરવા માંડેલા તેમને તથા રૂદ્રક્રીડાસ્થાન સરખા કુરૂક્ષેત્રને જોઇ આક્રોશ કરતી સ્ત્રિયો, અમૂલ્ય એવા વાહન ઉપરથી નીચે ઉતરી પડી. પૂર્વે જોએલા નહિ એવા તે ભયંકર સ્થાનને જોઇ દુઃખથી પીડિત થએલી ભરતકુલની સ્ત્રિયો, તેમના શરીર ઉપર પડતી હતી. બીજી કેટલીએક પૃથ્વીપર પડતી હતી. થાકી ગએલી અનાથ પાંચાળ તથા કૌરવોની સ્ત્રિયોને કંઇ પણ ચેતના રહેતી ન હતી. દુઃખેકરી ઉપહત છે ચિત્ત જેમનાં એવી સ્ત્રિયોએ ચોતરફથી શબ્દાયમાન કરેલા અતિ ઉગ્ર સંગ્રામસ્થાનને જોઇ ધર્મજ્ઞ સુબલ રાજાની પુત્રી ગાંધારી કૌરવોનો નાશ જોઇ કમળ સરખાં નેત્રવાળા પુરૂષોત્તમને આમંત્રણ કરી આવી રીતે કહેવા લાગી કે, "હે પુંડરીકાક્ષ! હે માધવ! હણાયા છે સ્વામિ જેમના તેથી વિખરાએલ કેશવાળી, ટિટોડીની પેઠે આક્રોશ કરતી એવી આ મારી પુત્રવધૂઓને જુઓ. આ સ્ત્રિયો, પાસે આવી સ્વામિના ગુણને યાદ કરી પુત્ર, ભાઇઓ, પિતૃઓ તથા પતિ પ્રત્યે જૂદી જૂદી રીતે રડે છે. હે મહાભાગ! હણાયા છે પુત્ર જેમના એવી પુત્રવતી સ્ત્રિયોએ વીંટાયલા કોઇ સ્થાનકે હણાયા છે વીર જેમના એવી બહેનો અને વીરપત્નીઓએ વીંટાયલા પુરૂષમાં સિંહરૂપ એવા કર્ણ, ભીષ્મ તથા અભિમન્યુવડે શોભિતા પ્રજ્વલિત અગ્નિ સરખા દ્રોણ, દ્રુપદ તથા શલ્યેકરી મંડિત, મહાત્મા પુરૂષોના સુવર્ણમય કવચ, કંઠના આભરણ, મણિઓ, બાજુબંધ તથા માળાઓએ કરી અલંકૃત, તેમજ વીરપુરૂષોના બાહુથી મુકાયલી શક્તિઓ, ભાલાં, તીક્ષ્ણ એવાં વિવિધ પ્રકારનાં ખડ્ગ તથા બાણ સહિત ધનુષ્યેકરી સંકુલ, કોઇ ઠેકાણે હર્ષિત એવા માંસ ખાનારા પ્રાણીઓ એકઠા મળી ઉભેલા છે, કોઇ ઠેકાણે તેઓ ક્રીડા કરે છે, કોઇ સ્થાનકે સૂતેલા છે, એવી રીતના

ભયંકર સંગ્રામસ્થાનને હે વીર! હે વિભો! તમે જુઓ. હે જનાર્દન! આ સ્થાનને જોતી એવી હું શોકકરી બળું છું. હે મધુસૂદન! પંચાલ તથા કૌરવોનો નાશ થવાથી પંચમહતત્વાત્મક સર્વ જગતનો વધ થયો એમ હું ચિંતન કરૂં છું. સંગ્રામ ભૂમિપર પડેલા તેમને રૂધિરે વ્યાપ્ત એવા સુપર્ણ તથા ગૃધ્ર પક્ષિઓ ખેંચે છે, હજારો ગૃધ્ર તો ચરણથી ગ્રહણ કરી તેમનું ભક્ષણ કરે છે, જયદ્રથ, કર્ણ, તેમજ દ્રોણ, ભીષ્મ તથા અભિમન્યુના વિનાશને ચિંતન કરવા કોણ યોગ્ય થાય? અવધ્ય સરખા, હણાયલા, ગયા છે પ્રાણ જેમના, ચેતના રહિત, ગૃધ્ર, કંક, વટ, શ્યેન, શ્વાન તથા શૃંગાલાદિકે ભક્ષણ કરેલા, ક્રોધવશ થએલા દુર્યોધનને વશ, પુરૂષમાં સિંહરૂપ પ્રશાંત અગ્નિ જેવા અહિં પડેલા શૂરવીરોને જુઓ પૂર્વે જેઓ, મૃદુ એવાં શયન બીછાવી સૂતા હતા તે આ વખતે મરણ પામેલા આવરણ રહિત થઈ પૃથ્વીપર સુતા છે. પૂર્વે જેઓ નિરંતર વખતસર બંદિજનોની સ્તુતિ સાંભળી આનંદ પામતા હતા તે મરણ પામેલા આ વખતે અમંગલ એવી વિવિધ પ્રકારની શિયાળીઓની વાણીને સાંભળે છે પૂર્વે ચંદન તથા અગરેકરી દિગ્ધ છે અંગ જેમનાં યશસ્વી જે શરવીર, શયન વિષે સુતા હતા તેઓ આ સમયે રજવિષે સુતા છે. આ ગૃધ્ર, શિયાળ તથા વાયસ, તેમના આભરણ ખેંચે છે, શિયાળીઓ વારંવાર શબ્દ કરે છે. યુદ્ધાભિમાની એવા કેટલાક બાણ, પાએલાં અત્યંત તીક્ષ્ણ એવાં ખડ્ગ, તથા નિર્મલ ગદાઓને જીવતાની પેઠે ધારણ કરી રહ્યા છે. અત્યંત સુંદર છે રૂપ તથા વર્ણ જેમના, માંસ ખાનાર પ્રાણિઓએ ભક્ષણ કરવા માંડેલા વૃષભ સરખા લીલીમાળા પહેરેલા કેટલાક યોદ્ધાઓ સૂતા છે. ભોગળ સરખા બાહુવાળા કેટલાક શૂરવીર, દયિત એવી સ્ત્રિયોની પેઠે ગદાઓને આલિંગન કરી સુતેલા દેખાય છે હે જનાર્દન! કેટલાક નિર્મલ એવાં આયુધ તથા કવચ ધારણ કરેલા પડ્યા છે તેમને 'આ જીવે છે' એમ જાણી માંસ ખાનાર પ્રાણિઓ પાસે જતાં નથી. વળી માંસ ખાનાર પ્રાણિઓએ ખેંચેલી બીજા કેટલાક મહાત્માઓની વિચિત્ર પ્રકારની સુવર્ણની માળાઓ, ચોતરફ વિખરાયલી દેખાતી હતી. ભયંકર એવાં હજારો શિયાળિયાંઓ, સંગ્રામમાં હણાયલા યશસ્વી એવા શૂરવીરોના કંઠમાં રહેલા હારોને ખેંચે છે. જેમને અપર રાત્રવિષે બંદિજનો અનુત્તમ એવી સ્તુતિએ કરી આનંદ આપતા હતા તેમને હે વૃષ્ણિશાર્દૂલ! દુઃખ તથા શોકેકરી અત્યંત પીડિત દુઃખાર્ત પરમાંગનાઓ, દીનની પેઠે શોચ કરે છે. હે કેશવ! પરમ એવી સ્ત્રિયોનાં સુકાઇ ગએલાં સુંદર મુખ, રક્ત કમળવાં જાણે વન હોય નહિ તેવાં દેખાતાં હતાં. રડવાથી વિરામ પામેલી પરિવાર સહિત દુઃખિત કૌરવ સ્ત્રિયો તેની સામે જાય છે. સૂર્ય સરખા વર્ણવાળાં રોષથી તામ્ર કૌરવસ્ત્રિયોનાં મુખ જૂઓ. હે કેશવ! એક વસ્ત્ર પહેરેલી શ્યામા તથા મારી દુર્યોધનની એ સ્ત્રિયોનાં વૃંદને જૂવો. એક બીજાના રવાથી પરસ્પરના વિલાપને પરિપૂર્ણ ન સાંભળતી સ્ત્રિયો બેભાન જેવી લાગે છે. કેટલાક શરવીરો મોટા નિઃશ્વાસ મૂકી આક્રોશપૂર્વક વિલાપ કરી દુઃખથી શોચ કરતી સ્ત્રિયોને જોઇ પોતાનું જીવિત દુઃખી માને છે. કેટલીક સ્ત્રિયો, સ્વામિનાં શરીર જોઇ આક્રોશપૂર્વક વિલાપ કરે છે. કોમળ હાથવાળી કેટલીએક સ્ત્રિયો હાથથી પોતાનું માથું કુટે છે. પડેલાં મસ્તક, હાથ તથા એક બીજામાં મળેલાં સર્વ અંગેકરી સંકીર્ણ રણભૂમિ ભયંકર લાગે છે. મસ્તક વગરની કાયાઓ તથા દેહ વગરનાં મસ્તક અનિંદિત એવાં એ સર્વને જોઇ મોહ પામતી સ્ત્રિયો મસ્તક લઇ કાયા સાથે સાંધી જોતી અરે આ મસ્તક આનું નહિ એમ કહીં દુઃખિત એવા બાણથી કપાઇ ગએલા બાહુ, સાથળ તથા ચરણને સાંધતી દુઃખાવિષ્ટ વારંવાર મૂર્ચ્છા પામે છે. કેટલીક ભરતકુળની સ્ત્રિયો, મૃગ તથા પક્ષિઓએ

ભક્ષણ કરેલા, કપાઇ ગએલા મસ્તકવાળા બીજાઓને જોઇ પોતાના સ્વામિઓને જાણતી ન હતી. હે મધુસૂદન ! કેટલીક સ્ત્રિયો પારકાઓએ હણેલા પોતાના ભાઇઓ, પિતૃઓ, પુત્ર તથા પતિઓને જોઇ હાથથી મસ્તક કુટે છે ખડ્ગ સહિત બાહુ તથા કુંડલ સહિત મસ્તક તથા ગયું છે જીવિત જેમનું એવા પ્રાણિઓએકરી માંસ શોણિતના ગારાવાળી રણભૂમિ અગમ્ય દેખાય છે. હે જનાર્દન ! દુઃખને યોગ્ય નહિ એવી અનિંદિત સ્ત્રિયો, દુઃખને વહન કરે છે, કેમકે હે જનાર્દન ! ઘોડાઓની વછેરીઓનાં જાણે યૂથ હોય નહિ એવા સુંદર કેશવાળી ધૃતરાષ્ટ્રની પુત્રવધૂના અનેક વૃંદને જુઓ. હે કેશવ ! આથી અધિક બીજું મને શું ભાસે ? આ સર્વ સ્ત્રિયો, વિચિત્ર પ્રકારનું રૂપ કરે છે. જરૂર પૂર્વજન્મ વિષે મેં પાપ કરેલું છે કેમકે હું હે માધવ ! હણાયલા પુત્ર, પૌત્ર તથા ભાઇઓને જોઉં છું. એ રીતે વિલાપ કરતી પુત્ર શોકાર્ત ગાંધારીએ જનાર્દન ભગવાનને કહી હણાયલા પુત્રને જોયા.

एवमार्ता विलपती समाभाष्य जनार्दनं ।
गांधारीपुत्रशोकार्ता ददर्श निहतं सुतं ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि जलप्रदानिकपर्वणि आयोधनदर्शने गुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો. દુર્યોધન આગળ ગાંધારીનો વિલાપ.

वैशंपायन उवाच—दुर्योधनं हतं दृष्ट्वा गांधारीशोककर्शिता ।
सहसा न्यपतद्भूमौ छिन्नेव कदली वने ॥ १ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હણાયલા દુર્યોધનને જોઇ શોકેકરી કર્શિત એવી ગાંધારી, વન વિષે કાપેલી કેળ જેમ પડે તેમ તે તત્કાલ પૃથ્વી ઉપર પડી ગઈ. પછી સંજ્ઞા પામી આક્રોશપૂર્વક વિલાપ કરી રૂધિરકરી વ્યાપ્ત દુર્યોધનને જોઇ તેને મળી શોકથી પીડિત, આકુલ છે ઇન્દ્રિયો જેની, શોકથી તપેલી અને અત્યંત ગૂઢ કંઠવિષે ઘણા હાર તથા નિષ્ક નામનાં આભરણથી શોભિત એવા તેના વક્ષઃસ્થલને નેત્રથી ઉત્પન્ન થયેલા જળેકરી ‘ હા પુત્ર હા પુત્ર ’ એ રીતે કૃપણની પેઠે વિલાપ કરી, પાસે ઉભેલા ઋષિકેશ ભગવાનને આમ કહેવા લાગી કે, હે વિભો ! જ્ઞાતિનો છે સંક્ષય જેમાં એવો આ સંગ્રામ ઉપસ્થિત થયો તે વખતે હે વાર્ષ્ણેય ! રાજામાં અત્યંત શ્રેષ્ઠ દુર્યોધને હાથ જોડી મને કહ્યું કે, આ જ્ઞાતિના યુદ્ધ વિષે અંબા ! મારો જય કહો, એમ તેણે કહ્યું તોપણ સર્વ વ્યસનના આગમનને જાણતી એવી મેં હે પુરૂષવ્યાઘ્ર ! કહ્યું કે જ્યાં ‘ ધર્મ ત્યાં જય. ’ અને વળી કહ્યું કે ‘ હે પુત્રક ! ’ હે પ્રભો ! યથાર્થ યુદ્ધ કરતો તું મોહ નહિ પામે અને જરૂર દેવની પેઠે શસ્ત્રથી જીતેલા લોકને પ્રાપ્ત થઇશ. ’ હે પ્રભો ! એ રીતે પૂર્વે મેં કહ્યું હતું તેથી આને હું શોચતી નથી પણ હણાયા છે બાંધવ જેના એવા કૃપણ ધૃતરાષ્ટ્રને શોચું છું. હે માધવ ! અસહનશીલ, યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ, અસ્ત્ર શીખેલા, યુદ્ધમાં દુર્મદ, વીરશયનમાં સુતેલા મારા પુત્રને હે માધવ ! તમે જુઓ, શત્રુને તપાવનાર એવો આ મારો પુત્ર, મસ્તકપર અભિષેક કરેલા રાજાઓની આગળ

[illegible]ન છે, અને સમુદ્ર પર્યંત પૃથ્વીમાં પણ જેના રથ સરખો બીજો રથ નથી; [illegible] [illegible] શબ્દ મનુષ્યોને મોટા મેઘના શબ્દ સરખો અને શત્રુઓને વજ્ર સરખો [illegible] [illegible] છે, તે અર્જુન પરાક્રમ વિષે મનુષ્યને અતિક્રમણ કરનારો તથા સંગ્રામમાં દેવતાઓને પણ [illegible] છે, એમ સર્વ રાજાઓ કહે છે. નિમિષ માત્રમાં પાંચસો બાણ [illegible] [illegible] દે છે, પણ તેની ફેંકવાની ઝડપમાં ક્યારે બાણ લીધાં અને ક્યારે નાંખ્યાં, એ કોઈના [illegible] આવતું નથી તેમ ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, મદ્રદેશનો રાજા શલ્ય તથા [illegible] મધ્યસ્થ મનુષ્યો પણ શત્રુને દમન કરનાર તથા મનુષ્યમાં સિંહરૂપ, યુદ્ધમાં [illegible] અર્જુનને, અત્યંત પરાક્રમી રાજાઓ પરાજય પમાડવા સમર્થ થશે નહિ એમ કહે છે. [illegible] [illegible] સપાટે પાંચસો બાણ ફેંકનાર, બાહુબળે કરી સહસ્રાર્જુન સરખા મોટા ધનુષવાળા અને ઇંદ્ર તથા ઉપેંદ્ર સરખા અતુલ પરાક્રમવાળા અર્જુનને મહા સંગ્રામમાં કૌરવોએ [illegible] [illegible] હોય નહીં એવો હું દેખું છું. કૌરવ પાંડવોને પરસ્પર શાંતિ થાય તો ઠીક, એ ચિંતાથી [illegible] રાત્રિ દિવસ નિદ્રા પણ નથી આવતી, ને સુખ પણ નથી થતું. કારણ શાંતિ વિના [illegible] [illegible] ટળવાનો ઉપાય નથી, માટે તેમ નહીં થાય તો કૌરવોનો અત્યંત [illegible] [illegible] માટે હે તાત! પાંડવો સાથે શાંતિ રાખવી મને રૂચે છે, કલહ કરવો એ રૂચતું નથી; કારણ હું હંમેશ કૌરવો થકી પાંડવોને વધારે બળવાન માનું છું.

शमो मे रोचते नित्यं पार्थैस्तात न विग्रहः ।
कुरुभ्यो हि सदा मन्ये पांडवान् शक्तिमत्तरान् ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि धृतराष्ट्रविवेचने दुर्योधनापाकर्णे षष्टितमोऽध्यायः ॥ ६० ॥

અધ્યાય ૬૧ મો. દુર્યોધનનાં હઠી વચન.

वैशंपायन उवाच—पितुरेतद्वचः श्रुत्वा धार्तराष्ट्रोऽत्यमर्षणः ।
आधाय विपुलं क्रोधं पुनरेवेदमब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે—પિતાનાં વચન સાંભળી ક્રોધી દુર્યોધન ઘણો ક્રોધ કરી [illegible] [illegible] [illegible] બોલવા લાગ્યો કે, હે રાજસત્તમ! દેવતાઓ પાંડવોની સહાયતા કરશે, એમ ધારી [illegible] [illegible] શંકા છો તે રાખશો માં. હે ભારત! કામ તથા દ્વેષને છોડી દેવાથી અને [illegible] [illegible] [illegible] [illegible] કામનાઓનો ત્યાગ કરવાથીજ દેવતાઓ દેવપણાને પામ્યા છે એમ દ્વૈપાયન વ્યાસ, મહા તપસ્વી નારદ તથા જમદગ્નિના પુત્ર પરશુરામે મને પૂર્વે કહ્યું છે. હે [illegible]! દેવતાઓ મનુષ્યની પેઠે કામ, ક્રોધ, લોભ તથા દ્વેષથી પ્રવર્તે નહીં. અગ્નિ, વાયુ, ધર્મ, ઇંદ્ર તથા અશ્વિનીકુમાર, ઇત્યાદિ દેવતાઓ કામનાથી પ્રવર્તતા હોત તો, પાંડવ વન-વાસનું દુઃખ ન પામત, માટે એ વિષે તમારે કંઈ પણ ચિંતા કરવી નહીં. હે ભારત! દેવતાઓ [illegible] દૈવી [illegible] [illegible] છે, કારણ [illegible] આસુર ભાવની [illegible] [illegible] કદાચિત્, દેવતાઓને [illegible] [illegible] દ્વેષ તથા લોભ થશે તો, [illegible] [illegible] [illegible] તેમનાથી આપણો પરાભવ થશે નહી, એટલે [illegible] [illegible] [illegible] છે કે, [illegible] [illegible] [illegible] કરેલું પરાક્રમ હોમવા [illegible] છે. મારી પાસે પણ દૈવ બળ છે, જે હું [illegible]

જતો હતો તે આજ રજવિષે સુતો છે, કાળના વિપર્યયને જૂવો. વીરસેવિત શયનમાં શૂરવીર દુર્યોધન સન્મુખ થઇ સુતો છે માટે કંઇ સુલભ એવી ગતિને પ્રાપ્ત થયો નથી, દુર્લભ એવી ગતિને પ્રાપ્ત થયો. પૂર્વે જેની પાસે રહી શ્રેષ્ઠ સ્ત્રિયો રમાડતી હતી, વીરશયનમાં સુતેલા તેને આજ અમંગલ એવી શિયાળિઓ રમાડે છે. જેને પૂર્વે પાસે રહી બીજા રાજાઓ રમાડતા હતા તે હણાઇ પૃથ્વીતલપર પડેલા તેને આજ ગૃધ્રપક્ષિઓ રમાડે છે. પૂર્વે જેને સ્ત્રિયો, રમ્ય એવા પંખાથી પવન કરતી હતી, તેને આજ પક્ષિઓ પોતાના પક્ષરૂપ વિંજણાથી પવન કરે છે. સિંહ જેમ હસ્તિને હણે તેમ સંગ્રામમાં ભીમસેને પાડેલો, સત્ય પરાક્રમવાળો, બલવાન, મહાબાહુ, આ રણભૂમિમાં સુતો છે હે કૃષ્ણ ! ભીમસેને હણેલા, ગદા પાસે લઇ રણશય્યામાં સુતેલા, રૂધિરેકરી વ્યાપ્ત દુર્યોધનને જુઓ. હે કેશવ ! પૂર્વે જેણે સંગ્રામ વિષે અક્ષૌહિણી સેના આણી તે દુર્યોધન, અન્યાયથી નિધનને પ્રાપ્ત થયો. સિંહે પાડેલો સિંહજ જાણે હોય નહિ તેમ ભીમસેને પાડેલો મોટા ધનુષવાળો મહા બળવાન દુર્યોધન, રણશય્યામાં સુતો છે. બાળક એવા મંદભાગ્યવાળા આણે વિદુર તથા પિતાનું અપમાન કર્યું તેથી આ મૃત્યુને પ્રાપ્ત થયો. જેની આગળનું તેર વર્ષ સુધી શત્રુની પૃથ્વી રહી આ સમયે હણાયલો એવો તે મારો પૃથ્વીપતિ પુત્ર પૃથ્વી વિષે સુતો છે. હે કૃષ્ણ ! હે વાર્ષ્ણેય ! હસ્તિ, ગાયો તથા અશ્વે કરી પરિપૂર્ણ દુર્યોધને શિક્ષા કરેલી પૃથ્વિને હું જોતી હતી તેમ ઘણા કાળ રહ્યું નહિ; હે મહાબાહો ! હે માધવ ! હસ્તિ, ગાયો તથા અશ્વેકરી હીન એવી તેજ પૃથ્વી બીજાઓએ અનુશાસન કરેલી હું જોઉં છું, માટે શું જીવું ? પુત્રના વધથી મારૂં અત્યંત કષ્ટ જૂવો, આ સ્ત્રિયો, સંગ્રામમાં હણાયલા શૂરવીરને ચોતરફથી ઉપસેવન કરે છે. હે કૃષ્ણ ! વિખરાઇ ગએલા કેશવાળી, સુંદર કટિપશ્ચાદ્ ભાગવાળી, સુવર્ણની વેદી સરખી, લક્ષ્મણની માતા દુર્યોધનની શુભ અંગનાને જૂવો. પૂર્વે રાજા વિદ્યમાન છતે બાળક એવી મનસ્વિની આ સુંદર ભુજવાળા સ્વામિના ભુજનો આશ્રય કરી રમતી હતી, તે મારો પુત્ર પોતાના પુત્ર સહિત હણાયો તેને જોઇ મારૂં હૃદય સો પ્રકારે કેમ વિદીર્ણ થાય નહિ ? અનિંદિત એવી આ રૂધિરેકરી સંસિક્ત પુત્રને સુંઘે છે, અને દુર્યોધનને હાથથી પરિમાર્જન કરે છે. મનસ્વિની એવી આ, ભર્તા તથા પુત્રનો શોચ કરે છે. પુત્રને જોઇ શોચ કરતી ઉભી હોય તેવી લાગે છે. હે માધવ ! વિસ્તીર્ણ નેત્રવાળી પાંચ આંગળીવાળા બે હાથથી પોતાના મસ્તકને હણી શૂરવીર કુરૂરાજના વક્ષ:સ્થળ પર પડે છે. કમળકોશ સરખી કાંતિ અને પુંડરીક સરખાં નેત્રવાળી પુત્ર તથા ભર્તાના મુખનું માર્જન કરે છે. જો શાસ્ત્ર તથા વેદ સત્ય હોય તો જરૂર આ રાજા બાહુબળે કરી સંપાદન કરેલા લોકને પ્રાપ્ત થાઓ.

यदि सत्यगमाः संति यदि वै श्रुतयस्तथा ।
ध्रुवलोकानवाप्तोयं नृपो बाहुबलार्जितान् ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि दुर्योधनदर्शने गुर्जरभाषायां सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮ મો. ગાંધારીના શોકોદ્ગાર.

ગાંધાર્યુવાચ—पश्य माधव पुत्रान्मे शतसंख्यान् जितक्लमान् ।
गदया भीमसेनेन भूयिष्ठं निहतान् रणे ॥ १ ॥

. ગાંધારી કહે છે—હે માધવ ! ભીમસેને ગદાએકરી સંગ્રામમાં હણેલા, જીત્યો છે ખેદ જેમણે એવા શત સંખ્યાંક મારા પુત્રોને જૂવો. છુટા મૂક્યા છે કેશ જેમણે, હણાયા છે પુત્ર જેમના એવી બાળક મારી પુત્રવધૂઓ સંગ્રામમાં રડે છે, તે જોઇ મને અતિશય દુઃખ થાય છે. જે સ્ત્રિયો ભૂષણયુક્ત ચરણેકરી પ્રાસાદતળમાં વિચરતી હતી, તે આપદને પ્રાપ્ત થએલી સ્ત્રિયો આ વખતે રૂધિરેકરી આર્દ્ર એવી આ પૃથ્વીનો સ્પર્શ કરે છે. દુઃખથી પીડિત ઘોરતી એવી સ્ત્રિયો, કષ્ટેકરી ગૃધ્ર, શિયાળિયાંઓ તથા વાયસોંને દૂર કરે છે, રણભૂમિમાં મત્તની પેઠે વિચરે છે. મુષ્ટિ પ્રમિત છે મધ્ય ભાગ જેનો એવી સુંદર અંગવાળી આ વધૂઓ ઘોર એવા રણસ્થાનને જોઇ અતિ દુઃખિત થઇ આમતેમ પડે છે. હે મહાબાહો ! લક્ષ્મણની માતા એવી આ રાજપુત્રીને રણમાં ફરતી જોઈ મારૂં મન શાંતિ પામતું નથી. કેટલીક ભાઇઓને, કેટલીક પિતૃઓને તથા કેટલીક હણાયેલા પુત્રોને જોઇ સુંદર એવા તેમના મોટા ભુજને ગ્રહણ કરી રણભૂમિમાં રડે છે. હે અપરાજિત ! હણાયા છે બંધુ જેમના એવી મધ્યમા તથા વૃદ્ધ સ્ત્રિયોના સંગ્રામભૂમિ વિષે તથા ખેદદાયક એવા દુઃખિત શબ્દને સાંભળો. હે મહાભુજ ! રથના નીડ અને હણાયલા ગજ તથા વાજિના દેહનો આશ્રય કરી ઉભેલી શ્રમ તથા મોહેકરી આર્ત એવી સ્ત્રિયોને જૂઓ. હે કૃષ્ણ ! કાયા ઉપરથી પડી ગએલી, સુંદર કુંડલયુક્ત ઉંચી છે નાસિકા જેની એવી પોતાના બંધુના મસ્તકને ગ્રહણકરી ઉભેલી જૂઓ. હે અનઘ ! પૂર્વજન્મ વિષે અનિંદિત એવી આ સ્ત્રિયોએ તથા અલ્પમેધવાળી મેં પણ ઘણું પાપ કર્યું હશે એમ હું માનું છું, નહિ તો હે જનાર્દન ! ધર્મરાજથી અમને આ દુઃખ કેમ થાય ? હે વાર્ષ્ણેય ! આ દેહ શુભ તથા પાપ કર્મનાં ફળ ભોગવ્યા વગર નાશ થતો નથી. હે માધવ ! નવી અવસ્થાવાળી, દર્શનીય છે મૂખ તથા કુચ જેમના, ઉત્તમ કુળ વિષે ઉત્પન્ન થએલી, લજ્જાવાળી, શ્યામ છે પક્ષ્મ, અક્ષિ તથા કેશ જેમના, હંસના સરખું ગદ્ગદ ભાષણ કરનારીઓ, દુઃખ તથા શોકે કરી પ્રમોહિત, સારસ પક્ષિની સ્ત્રિઓની પેઠે શબ્દ કરતી રણભૂમિમાં પડેલી આ સ્ત્રિયોને જુઓ. કિરણયુક્ત સૂર્ય, પ્રફુલ્લિત કમળ સરખા પ્રકાશવાળાં કમળ સરખાં નેત્રવાળી સ્ત્રિયોના સુંદર એવાં મુખને તપાવે છે. હે વાસુદેવ ! મદોન્મત્ત હસ્તિ સરખો છે ગર્વ જેમને એવા ઇર્ષ્યાવાન મારા પુત્રોનાં અંતઃપુરને આજ હલકાં માણસો જૂવે છે. હે ગોવિંદ ! સારી રીતે હોમેલી અગ્નિ સરખી મારા પુત્રોની પૃથ્વીતલ વિષે પડેલી સેંકડો ચંદ્રાકૃતિ ચિન્હવાળી ઢાલો, સૂર્યસરખી કાંતિવાળી ધ્વજાઓ, સુવર્ણના કવચ, સુવર્ણના નિષ્ક નામના કંઠાભરણ તથા લડાઇ વિષે મુસ્તક ઉપર રાખવાની પ્રદીપ્ત ટોપીઓ જૂવો. શત્રુને ઘાત કરનાર શરવીર ભીમસેને પીધું છે સર્વ અંગમાંથી રૂધિર જેનું એવો દુઃશાસન અહિં સૂતો છે. દ્યૂત સંબંધી ક્લેશને યાદ કરી દ્રૌપદીએ પ્રેરણા કરેલા, ગદાએકરી હણેલા મારા પુત્રને હે માધવ ! તમે જુઓ. હે જનાર્દન ! ભાઇનું તથા કર્ણનું પ્રિય કરવા ઇચ્છતા આણે દ્યૂતથી જીતેલી પાંચાલીને સભા વિષે કહ્યું હતું કે 'સહદેવ, નકુલ તથા અર્જુન સહિત તું અમારી દાસી થઇ છે, માટે જલદી અમારા ઘરમાં પ્રવેશ કર,' તે વખતે હે કૃષ્ણ ! દુર્યોધન રાજાને મેં કહ્યું હતું કે 'હે પુત્ર ! મૃત્યુપાશથી બંધાયલા શકુનિને છોડી દે અને સમજ. અત્યંત

દુર્બુદ્ધિવાળા, કલહ છે પ્રિય જેને એવા માતુલને જલદી છોડી દઇ પાંડવ સાથે તું સંધિ કર, કારણકે હે દુર્બુદ્ધિવાળા ! અસહનશીલ એવા ભીમસેનને તું જાણતો નથી ને ઉત્પાડીઆંએ કરી જેમ હસ્તિને વ્યથા કરે તેમ તું તીક્ષ્ણ એવા વાણીરૂપી બાણેકરી તેને વ્યથા પમાડે છે, એ રીતે મેં કહ્યું હતું પણ તેણે મારૂં વચન માન્ય કર્યું નહીં તેથી અંદરથી ક્રુદ્ધ થએલા, તેમના વાણીરૂપ શલ્યને ધારણ કરતા ભીમસેને, સર્પ જેમ ગોવૃષભ વિષે વિષ મૂકે તેમ તેમને વિષે ઘણા દિવસથી એકઠું કરેલું ક્રોધરૂપ વિષ મૂકયું. સિંહ જેમ મોટા હસ્તિને હણે તેમ ભીમસેને હણેલો દુઃશાસન, મોટા એવા ભુજને વિસ્તારી પૃથ્વી વિષે સુતો છે. અત્યંત અસહનશીલ એવા ક્રુદ્ધ થએલા ભીમસેને સંગ્રામના મધ્યમાં દુઃશાસનના રૂધિરનું પાન કર્યું એ અત્યંત ભયંકર કર્મ કર્યું.

अत्यंतमकरोद्रौद्रं भीमसेनोत्यमर्षण: ।
दु:शासनस्य यत्क्रुद्धो पिबच्छोणितमाहवे ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि गांधारीवाक्ये गुर्जरभाषायामष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો. ગાંધારીનો વિલાપ [ચાલુ]

गांधार्युवाच—एवमाधव पुत्रो मे विकर्ण: प्राज्ञसंमत: ।
भूमौ विनिहत: शेते भीमेन शतधा कृतः ॥ १ ॥

ગાંધારી કહે છે—હે માધવ ! પ્રાજ્ઞ સંમત એવો આ મારો પુત્ર વિકર્ણ, ભીમે હણી સો પ્રકારે વિદીર્ણ કરેલો પૃથ્વીપર સુતો છે. હે મધુસૂદન ! શરદૃઋતુમાં નીલ મેઘના મધ્યમાં રહેલો ચંદ્ર હોય નહિ તેમ હણાયલો તે વિકર્ણ હસ્તિઓના મધ્યમાં સુતો છે. ધનુષ ગ્રહણ કરવાથી થયો છે લીસોટો જેમાં એવો મોજાયુક્ત આનો મોટો હાથ, ભક્ષણ કરવાની કામનાવાળા ગૃધ્રોએ કંઇક છેદેલો દેખાય છે. હે માધવ ! તપસ્વિની બાલક એવી આની સ્ત્રી માંસને ઇચ્છતા ગૃધ્ર તથા કાગડાઓને વારે છે પણ વારવા સમર્થ થતી નથી. હે પુરૂષર્ષભ ! યુવાવસ્થાવાળો, દેવસરખો, શૂરવીર, સુખથી રહેલો, સુખને યોગ્ય વિકર્ણ, હે માધવ ! આ વખતે રજ વિષે સુતો છે. સંગ્રામવિષે કર્ણિ, નાલીક, તથા નારાચ નામનાં બાણેકરી ભેદાયાં છે મર્મસ્થાન જેનાં એવા ભરતકુળમાં અત્યંત શ્રેષ્ઠ વિકર્ણને હજી સુધી લક્ષ્મી છોડતી નથી. સંગ્રામમાં શૂરવીર પોતાની પ્રતિજ્ઞા પાલન કરનાર ભીમસેને સંગ્રામમાં હણેલો શત્રુગણને હણનાર આ દુર્મુખ પડયો છે. હે કૃષ્ણ ! હે તાત ! શિકારી પશુઓએ અરધું ભક્ષણ કરેલું તેનું આ મુખ સપ્તમીના ચંદ્રમાની પેઠે અધિક શોભે છે. હે કૃષ્ણ ! શૂરવીર એવા એનું આવું મુખ તો જુવો. શત્રુઓએ કેમ રીતે હણેલો મારો પુત્ર રજને ગળે છે. હે સૌમ્ય ! સંગ્રામ વિષે જેની સન્મુખ ઉભા રહેવા કોઇ સમર્થ થાય નહિ, દેવલોકને જીતનાર તે દુર્મુખને શત્રુએ કેમ હણ્યો ? હે મધુસૂદન ! ધનુષ્માનની પ્રતિમારૂપ હણાયલા, પૃથ્વીવિષે સુતેલા આ મારા પુત્ર ચિત્રસેનને જૂવો. વિચિત્ર પ્રકારની માલતીના પુષ્પની માળા તથા આભરણ

વાળી તેને રૂદન કરતી શોકેકરી કર્શિત એવી યુવતી સ્ત્રિયો માંસ ખાનાર પ્રાણિગણ-સહિત સેવે છે. હે કૃષ્ણ! સ્ત્રિયોના રૂદિતનો શબ્દ અને શિકારી પ્રાણિઓની ગર્જનાઓ અને વિવિધ પ્રકારનું ભાસે છે. હે માધવ! યુવા, દેવસરખો, નિરંતર અવર સ્ત્રિયોએ સેવિત હણાયેલો આ વિવિંશતિ રજ વિષે સુતો છે. હે કૃષ્ણ! બાણથી કપાયું છે કવચ જેનું એવો યુદ્ધ વિષે હણાયલા શૂરવીર વિવિંશતિને ગૃધ્ર પક્ષિઓ ચોતરફથી વીંટીને બેઠાં છે તેને તમે જુઓ. શૂરવીર એવો સંગ્રામમાં પાંડવોની સેના પ્રત્યે પ્રવેશ કરી તેમનો શત્રુ એવો તે, સત્પુરુષને ઉચિત એવી વીરશય્યામાં સુતો છે. હે કૃષ્ણ! હાસ્યયુક્ત, સુંદર નાસિકા તથા સુંદર ભ્રકુટી વા ચંદ્રની જેને ઉપમા અપાય એવા વિવિંશતિના અત્યંત શુભ વદનને જુવો. ક્રીડા કરતા ગંધર્વને જેમ હજારો દેવકન્યાઓ ચોતરફથી સેવન કરે તેમ આને શ્રેષ્ઠ સ્ત્રિયો સેવે છે. પારકા સૈન્યને હણનાર, શૂરવીર, સંગ્રામમાં શોભિતા, શત્રુઓને નાશ કરનાર, દુઃખેકરી સહન થાય નહિ એવા આને કોણ સહન કરી શકે? પોતાવિષે રહેલા પ્રફુલ્લિત એવા કર્ણિકારના વૃક્ષેકરી યુક્ત પર્વતની પેઠે બાણેકરી વીંટાઇ ગએલું દુઃસહ આનું શરીર દીસે છે. અગ્નિએકરી શ્વેત પર્વત શોભે તેવો સુવર્ણની માળા તથા પ્રકાશવાન કવચેકરી પ્રાણ રહિત દુઃસહ ભાસતો પણ તે શોભે છે.

शातकौम्भ्यास्रजाभाति कवचेन च भास्वता ।
अग्निनेवगिरिः श्वेतो गतासुरपिदुःसहः ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि गांधारीवाक्ये गुर्जर भाषायामेकोनविंशोऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો. ઉત્તરાના શોકનું વર્ણન.

गांधार्युवाच—अध्यर्धगुणमाहुर्यंबले शौर्ये च केशव ।
पित्रात्वया च दाशार्ह दृप्तंसिंहमिवोत्कटं ॥ १ ॥

ગાંધારી કહે છે—હે કેશવ! હે દાશાર્હ! મદોન્મત્ત સિંહની પેઠે ઉત્કટ એવા જેને બળ તથા શૌર્ય વિષે પિતા તથા તમારાથી દોઢ ઘણો કહે છે અને જેણે એકલે, દુઃખેકરી કોઇથી ભેદી શકાય નહિ એવી મારા પુત્રની સેનાને ભેદી તે અભિમન્યુ, બીજાઓનો મૃત્યુ થઇ પોતે પણ છેવટ મૃત્યુવશ થયો. હે કૃષ્ણ! અમિત તેજવાળા અર્જુનના પુત્ર અભિમન્યુની હણાયો છે તોપણ કાંતિ ઝાંખી થતી નથી. આ પીડિત તથા અનિંદિત એવી દુહિતાને ગાંડીવ ધનુષ ધરનાર અર્જુનની પુત્રવધૂ ઉત્તરા, બાળક એવા શૂરવીર પતિને જોઇ શોચ કરે છે, હે કૃષ્ણ! ભાર્યા એવી આ વિરાટ રાજાની દુહિતા સ્વામિની પાસે જઇ હાથથી તેનું પરિમાર્જન કરે છે. અભિમન્યુની સુંદર રૂપવાળી મનસ્વિની એવી આ ભામિની, પ્રફુલ્લિત કમળ સરખાં નેત્ર, કંબુસરખો કંઠ તથા વૃત્તાકાર મસ્તકવાળા તેના મુખને સુંઘી દ્રાક્ષાજન્ય મદેકરી મૂર્છિત એવી લજ્જાયુક્ત થઇને તેને મળતી હતી. તે આ સમયે હે, કૃષ્ણ! સુવર્ણથી શોભિત, રૂધિરેકરી સંક્લિષ્ટ એવા તેના કવચને છોડી શરીરને જુવે છે હે કૃષ્ણ! તેને જોતી બાળા એવી તે

તમને કહે છે કે, હે સુંદરીકાક્ષ ! હે અનઘ ! તમારા સરખાં નેત્રવાળા, બળ, પરાક્રમ તથા તેજેકરીને તમારા સરખો, શત્રુઓએ પાડેલો આ પૃથ્વીપર સુનો છે. અરે હે સ્વામિન્ ! અત્યંત સુકુમાર, રંકુમૃગના ચર્મમાં સુવાવાળા તમારું શરીર આ પૃથ્વીપર કેમ તપાયમાન થતું નથી ? હાથીની સુંઢ સરખા, પ્રત્યંચાના લાગવાથી કઠિન ત્વચાવાળા, સુવર્ણના બાજુબંધવાળા, વિપુલ બાહુને વિસ્તારી ઘણી મહેનત કરી શ્રમથી સુખેકરી સુતા હોય નહીં જાણે તેની પેઠે કેમ સુતા છો ? આ રીતે વિલાપ કરતી પીડિત એવી તે રુવે છે. "મારી સાથે કેમ બોલતા નથી ? તમારો અપરાધ હું યાદ કરતી નથી તોપણ મારી સાથે કેમ બોલતા નથી ? અરેરે ! તમે પૂર્વે મને દૂરથી જોઇનેજ મારી સાથે બોલતા હતા તે તમે મારો કયો અપરાધ યાદ કરી આ વખતે મારી સાથે બોલતા નથી ? હે આર્ય પુત્ર ! આર્ત એવા સુભદ્રાને, દેવતાઓની જેમને ઉપમા અપાય એવા પિતૃઓને તથા દુઃખથી પીડિત એવી મને પણ છોડી દઇ તમે ક્યાં જતા રહ્યા ?" એમ વિલાપ કરી પછી રૂધિરેકરી સ્નિગ્ધ એવા તેના કેશને હાથથી સમા કરી, ખોળામાં તેનું મસ્તક રાખી, વાસુદેવના ભાણેજ અને ગાંડિવ ધનુષ ધરનાર અર્જુનના પુત્ર તેને જાણે જીવતો હોય નહિ તેની પેઠે પૂછે છે કે, "રણના મધ્યમાં રહેલા તમોને એ મહારથિઓએ કેમ હણ્યા ? ક્રૂર કર્મ કરનાર એવા તે કૃપ, કર્ણ તથા જયદ્રથને ધિક્કાર પડો. તેમજ દ્રોણ તથા અશ્વત્થામાને પણ ધિક્કાર છે, કેમકે જેમણે મળી મને વિધવા કરી. બાલક એવા એકલા તમને વીંટી લઇ મને દુઃખ થવા વાસ્તે હણતા એવા રથિઓમાં શ્રેષ્ઠ તે સર્વનું મન કેવું નિષ્ઠુર હશે ? હે વીર ! પાંડવ તથા પંચાલ જોતાં નાથવાન એવા તમે અનાથની પેઠે નિધનને પ્રાપ્ત થયા ! સંગ્રામ વિષે ઘણાકે મળી હણેલા તમને જોઇ પુરૂષમાં સિંહરૂપ શૂરવીર તમારા પિતા પાંડુપુત્ર અર્જુન કેમ જીવતા રહ્યા ? હે પુષ્કરેક્ષણ ! વિપુલ એવો રાજ્ય લાભ તથા શત્રુઓનો પરાભવ પણ તમારા વગર પાંડવોને પ્રીતિ આપશે નહિ હે આર્ય પુત્ર ! તમે શસ્ત્રથી જીતેલા લોક પ્રત્યે ધર્મ તથા દમેકરી જલદી હું પાછળ આવીશ; એટલે ત્યાં મારૂં પાલન કરજો. કેમકે સંગ્રામમાં હણાયલા તમને જોઇ દુર્ભાગ્ય એવી હું જે જીવું તેથી કાળ પ્રાપ્ત થયા વગર પણ કોઇ કારણથી દુર્મરણ પામી તમારી પાછળ આવુંને સારૂં. હે નરવ્યાઘ્ર ! પિતૃલોકમાં જઇ હાસ્યયુક્ત મનોહર વાણીએકરી મારી પેઠે બીજી કોને આમંત્રણ કરશો ? જરૂર સ્વર્ગમાં અપ્સરાઓના મનને મંથન કરશો. પુણ્યકૃત લોકને પ્રાપ્ત થઇ પરમ રૂપથી અને હાસ્યપૂર્વક વાણીએકરી અપ્સરાઓ સાથે રમશો. હે સૌભદ્ર ! એ રીતે સ્વર્ગમાં વિહાર કરતા તમો મારાં સુકૃતને વખતે યાદ કરજો. મારી સાથે તો તમે ષણ્માસ પર્યંત જેટલોજ સહવાસ કર્યો. હે વીર ! સાતમા માસ વિષે તમે નિધનને પ્રાપ્ત થયા." એ રીતે કહ્યાં છે વચન જેણે એવી દુઃખિત, ફોગટ છે સંકલ્પ જેનો એવી ઉત્તરાને મત્સ્યરાજાની કુલસ્ત્રિયો પોતાના તરફ બોલાવે છે. અત્યંત પીડિત એવી મત્સ્યરાજની સ્ત્રિયો, પીડિત ઉત્તરાને આકર્ષણ કરી હણાયલા વિરાટને જોઇ આક્રોશ તથા વિલાપ કરે છે. દ્રોણનાં અસ્ત્ર તથા બાણેકરી કપાયલા, રણભૂમિ વિષે સુતેલા, રૂધિરે વ્યાપ્ત એવા વિરાટને આ ગૃધ્ર શિયાળિયાં તથા વાયસ ભક્ષણ કરવા આવે છે. એ રીતે પક્ષિઓએ ભક્ષણ કરવા માંડેલા વિરાટને જોઇ આતુર એવી અસિતનેત્રવાળી તે સ્ત્રિયો, પક્ષિઓને વારવા સમર્થ થતી નથી. તડકા તથા આયાસથી તપેલ એવાં આ સ્ત્રિયોનાં શ્રમેકરી વિવર્ણ થએલાં વક્ત્રોની આકૃતિ વિવર્ણ થઇ ગઇ છે. ઉત્તર, અભિમન્યુ, કાંબોજ દેશનો સુદક્ષિણ વગેરે હણાયલા આ શિશુઓને જુઓ. તેમજ હે માધવ ! સંગ્રામને મોખરે સુતેલા સુંદર દેખાવવાળા લક્ષ્મણને જુવો.

> શિશુમેતાન્ હતાન્ પશ્ય લક્ષ્મણં ચ સુદર્શને ।
> આયોધનશિરોમધ્યે શયાનં પશ્ય માધવ ॥

ઇતિ શ્રી મહાભારતે સ્ત્રીપર્વણિ સ્ત્રીવિલાપપર્વણિ ગાંધારીવાક્યે ગુર્જરભાષાયાં વિંશતિતમોઽધ્યાયઃ ॥ ૨૦ ॥

અધ્યાય ૨૧ મો. કર્ણને સંભારીને ગાંધારીનું રૂદન.

ગાંધાર્યુવાચ—એષ વૈકર્તનઃ શેતે મહેષ્વાસો મહારથઃ ।
જ્વલિતાનલવત્સંખ્યે સંશાંતઃ પાર્થતેજસા ॥ ૧ ॥

ગાંધારી કહે છે—પાર્થના તેજથી સંશાન્ત થએલા પ્રજ્વલિત અગ્નિ સરખો, મોટા ધનુષવાળો, મહારથિ આ કર્ણ સૂતો છે. ઘણાક અતિરથિઓને હણી પૃથ્વી વિષે પડેલા રુધિરના ઓઘેકરી વ્યાપ્ત છે અંગ જેનું એવા સૂર્યપુત્ર કર્ણને જુવો. અસહનશીલ, ઘણા ક્રોધવાળો છે રોષ જેને એવા મોટા ધનુષવાળો, ગાંડિવ ધનુષ ધરનાર, અર્જુને હણેલો, શૂરવીર, મહા બળવાન કર્ણ, રણ વિષે સૂતો છે. મહારથિ એવા મારા પુત્રોએ પાંડવના ત્રાસથી હસ્તિઓ જેમ યૂથપતિને આગળ કરે તેમ કર્ણને આગળ કરી પાંડવ સાથે યુદ્ધ કર્યું. મદોન્મત્ત હસ્તિ જેમ હસ્તિને પાડે અને સિંહ જેમ શાર્દૂલને પાડે તેમ સંગ્રામમાં અર્જુને પાડેલા શૂરવીર કર્ણને, હે પુરૂષવ્યાઘ્ર! વિખરાયા છે કેશ જેમના એવી રૂદન કરતી સ્ત્રિયો સેવન કરે છે, જેનાથી નિરંતર ઉદ્વિગ્ન ધર્મરાજ યુધિષ્ઠિર, તેર વર્ષ સુધી જે સંબંધી વિચાર કરતાં નિદ્રાને પ્રાપ્ત થતા ન હતા. યુદ્ધ વિષે શત્રુઓએ ઇંદ્રની પેઠે અનાધૃષ્ય, પ્રલય સમયના અગ્નિ સરખો તેજસ્વી, હિમવાન સરખો નિશ્ચલ, હે માધવ! શૂરવીર એવા દુર્યોધનનું શરણ ધર્મવાળાને કરી ભગ્ન થએલા વૃક્ષની પેઠે હણાયલો તે, પૃથ્વી પર સૂતો છે. વૃષસેનની માતા દયા આવે તે રીતે વિલાપ કરતી, રૂદન કરતી, પૃથ્વી પર પડેલી કર્ણની પત્નીને જુવો. તે કેવી રીતે રૂદન કરે છે. 'અરે હે સ્વામિન્! આચાર્યનો શાપ તમને જરૂર લાગ્યો, કેમકે આ ચક્રને પૃથ્વીએ ગળ્યું, એટલે સંગ્રામમાં શોભિતા અર્જુને બાણેકરી તમારૂં મસ્તક કાપી નાંખ્યું, અને આ જીવિતને હવે ધિક્કાર છે. એમ કહી સુવર્ણની બાંધી છે કમરેપટ્ટા સરખી દોરી જેણે એવા ઘણા બળવાળા કર્ણને જોઇ અત્યંત પીડિત થએલી, "રૂદન કરતી, સુષેણની માતા સંજ્ઞા રહિત થઇ પડી છે ને શરીરને ભક્ષણ કરનાર એવાં ચોતરફથી ભક્ષણ કરતાં પ્રાણિઓએ કર્યો છે બાકી અવશેષ જેને એવો મહાત્મા આ, કૃષ્ણપક્ષના ચાદમા દિવસના ચંદ્રની પેઠે જોવાથી આપણને હર્ષ કરનાર થતો નથી. પુત્રના વધેકરી સંતપ્ત દીન તે પૃથ્વી પર પડેલી વળી પાછી ઉઠી કર્ણના મુખને સુંઘી રૂદન કરે છે.

> સા વર્તમાના પતિતા પૃથિવ્યામુત્થાય દીના પુનરેવ ચૈષા ।
> કર્ણસ્ય વક્ત્રં પરિજિઘ્રમાણા રોરૂયતે પુત્રવધાભિતપ્તા ॥

ઇતિ શ્રી મહાભારતે સ્ત્રીપર્વણિ સ્ત્રીવિલાપપર્વણિ ગુર્જરભાષાયાં કર્ણદર્શનો નામૈકવિંશતિતમોઽધ્યાયઃ ॥ ૨૧ ॥

અધ્યાય ૨૨ મો. સુતેલા રાજાઓ માટે વિલાપ.

गांधार्युवाच—आवंत्यं भीमसेनेन भक्षयंति निपातितं ।
गृध्रगोमायवः शूरं बहुबंधुमबंधुवत् ॥ १ ॥

ગાંધારી કહે છે—ભીમસેને પાડેલા, શૂરવીર બંધુવાળા આવંત્યને બંધુ વગરનાની પેઠે ગૃધ્ર તથા શિયાળિયાં ભક્ષણ કરે છે. હે મધુસૂદન ! શૂરવીરોનો નાશ કરી વીરશયનમાં સુતેલા રૂધિરેકરી વ્યાપ્ત એવા, તેને તમે જુવો. તેને શૃગાલ, કંક, તથા માંસ ખાનાર બીજાં અનેક પ્રાણિઓ, તે માર્ગે ખેંચે છે. કાળનો વિપર્યય તો જુવો. વીરશયનમાં સુતેલા, શૂરવીર, આક્રંદ કરનાર આવંત્ય રાજાને રૂદન કરતી સ્ત્રિયો ચોતરફથી સેવે છે. હે કૃષ્ણ ! ભલ્લ નામના બાણથી હણેલા, મોટા ધનુષવાળા, પ્રતીપના પુત્ર સારી રીતે સુતેલા સિંહ સરખા મનસ્વી એવા બાલ્હીકને જુવો. હણાયલો છે તોપણ આના મુખનો વર્ણ, પૂર્ણિમાના ઉદય પામેલા પરિપૂર્ણ ચંદ્ર સરખો અત્યંત શોભે છે. પુત્રના શોકથી અભિસંતપ્ત પોતાની પતિજ્ઞાને અભિરક્ષણ કરતા અર્જુને સંગ્રામ વિષે જયદ્રથને પાડ્યો. અગિયાર અક્ષૌહિણી સેનાને ભેદી, પોતાની પ્રતિજ્ઞા સત્ય કરવા ઈચ્છતા, મહાત્મા અર્જુને હણેલા, ચોતરફથી રક્ષણ કરેલા, આ જયદ્રથને જુવો. સિંધુ સૌવીરનો ભર્તા, ગર્વેકરી પૂર્ણ મનસ્વી એવા જયદ્રથને હે જનાર્દન ! શિયાળ તથા ગૃધ્રો ભક્ષણ કરે છે. હે અચ્યુત ! અનુરક્ત એવી સ્ત્રિયોએ સારી રીતે રક્ષણ કરેલા તેને ભય આપતી એવી શિયાળો પાસે રહેલાં નીચ એવાં વન પ્રત્યે ખેંચે છે. સિંધુ સૌવીરના પતિ, ચોતરફથી રક્ષણ કરેલા, મહાબાહુને કાંબોજ તથા યવનની સ્ત્રિયો સેવે છે. જયદ્રથ જ્યારે દ્રૌપદીને લઈ કેકયસહિત નાઠો હતો, ત્યારે હે જનાર્દન ! પાંડવોને વધ્ય હતો પણ દુઃશલાને માન આપી છોડી દીધો. હે કૃષ્ણ ! તેની પેઠે હાલ પણ તે પાંડવોએ ફરીથી માન શું કરવા ન આપ્યું ? આ દુઃખિત તથા વિલાપ કરતી મારી બાલક પુત્રી પોતે પોતાને હણે છે અને પાંડવોને આક્રોશ કરે છે, હે કૃષ્ણ ! એથી મને અધિક દુઃખ શું હોય ? આ મારી પુત્રી વિધવા અને હણાયા છે ઈશ્વર જેના એવી પુત્રવધૂઓને જોઉં છું તે મને અધિક દુઃખ છે, શોક તથા ભયસહિત જાણે હોય નહિ એવી દુઃશલાને જુવો. સ્વામિના મસ્તકને ન દેખવાથી અહિં ત્યાં દોડે છે. જેણે પુત્રના રક્ષણને ઈચ્છનાર સર્વ પાંડવોને વારી રાખ્યા હતા તે ઘણીક સેનાઓને હણી પોતે મૃત્યુવશ થયો. મદોન્મત્ત હસ્તિ સરખા, પરમ દુર્જય એવા શૂરવીરને વીંટી લઈ ચંદ્ર સરખાં મુખવાળી આ સ્ત્રિયો રૂદન કરે છે.

तं मत्तमिव मातंगे वीरं परमदुर्जयं ।
परिवार्य रुदंत्येताः स्त्रियश्चंद्रोपमाननाः ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि गांधारीवाक्ये कृष्णदर्शनायां द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

અધ્યાય ૨૩ મો. શલ્યાદિક માટે શોક.

गांधार्युवाच—एष शल्यो हत: शेते साक्षान्नकुलमातुल: ।
धर्मज्ञेन हतस्तात धर्मराजेन संयुगे ॥ १ ॥

ગાંધારી કહે છે—હે તાત ! સંગ્રામમાં ધર્મજ્ઞ ધર્મરાજાએ હણેલો નકુલનો માતુલ આ સાક્ષાત્ શલ્ય સૂતો છે, હે પુરૂષર્ષભ ! જે હમેશ તમારી સાથે સ્પર્ધા કરતો હતો, પણ હણાયલો તે આજે રણમાં સૂતો છે. હે તાત ! યુદ્ધમાં કર્ણના રથને ચલાવતાં જેણે પાંડવોના જય વાસ્તે કર્ણનો તેજોવધ કર્યો હતો તેને ધિક્કાર છે. હે કૃષ્ણ ! કમળપત્ર સરખાં છે નેત્ર જેનાં, કાગડાઓએ ચોતરફથી કોતરેલા, વ્રણ રહિત. શલ્યના પૂર્ણ ચંદ્ર સરખા મુખને જુવો. સુવર્ણ સરખી કાંતિવાળાઓની તપાવેલ સુવર્ણ સરખી કાંતિવાળી જિહ્વા મુખમાંથી બહાર નિકળી પડી છે, તેને પક્ષિઓ ભક્ષણ કરે છે. યુધિષ્ઠિરે હણેલા, સંગ્રામમાં શોભિતા, મદ્રરાજને રૂદન કરતી કુલાંગનાઓ સેવે છે. અત્યંત સૂક્ષ્મ વસ્ત્રવાળી આક્રોશ કરતી આ ક્ષત્રિયાણીઓ ક્ષત્રિયમાં શ્રેષ્ઠ એવા મદ્રરાજને પ્રાપ્ત થઈ એકવાર પ્રસૂત થયેલી હસ્તિનીઓ જેમ પંકજમાં ડૂબેલા હસ્તિને વીંટી લે તેમ ચોતરફથી વીંટી લઇ બેઠી છે. હે વિષ્ણુનંદન ! વીરશયનમાં સુતેલા બાણથી હણાયલા શરણ આપનાર, શૂરવીર શલ્યને જુવો. હાથમાં અંકુશ ધરેલો, શ્રીમાન પૃથ્વી-પર પડેલો પર્વતમાં રહેનાર, પ્રતાપવાન આ ભગદત્તરાજા સૂતો છે. શિકારી પશુઓએ ભક્ષણ કરવા માંડેલા જેના કેશને જાણે શોભાવતી હોય નહિ એવી સુવર્ણમયી આ માળા તેના મસ્તકપર શોભે છે. આની સાથે અર્જુનનું ઇન્દ્ર તથા વૃત્રાસુરના જેવું રૂંવાં ઉભા કરનાર અતિ ઉગ્ર: દારૂણ યુદ્ધ થયું હતું, મહાબાહુ આ, ધનંજય—અર્જુન સાથે યુદ્ધ કરી એને સંશયમાં નાખી કુંતિપુત્રે પાડયો. જેના સરખો શૌર્ય તથા પરાક્રમવિષે લોકમાં કોઇ છે નહિ. સંગ્રામમાં ભયં-કર કર્મ કરનાર હણાયલા ભીષ્મ પણ સૂતા છે. હે કૃષ્ણ ! યુગાંત વિષે કાળેકરી આકાશ-[illegible]ી પડેલા જાણે સૂર્ય હોય નહિ એમ સૂતેલા, સૂર્યસરખી કાંતિવાળા, શંતનુ પુત્ર ભીષ્મને જુવે[illegible]. હે કેશવ ! પરાક્રમી, શસ્ત્રના તાપથી સંગ્રામમાં શત્રુઓને તપાવી નરરૂપી સૂર્ય, સૂર્ય જેમ અસ્ત થાય તેમ અસ્તને પામે છે. શૂરપુરૂષોએ સેવેલા, વીરશયનમાં સૂતેલા, ઉર્ધ્વ છે વીર્ય જેનું એવા બાણશય્યામાં રહેલા અચ્યુત ભીષ્મને જૂવો. કર્ણિ, નાલિક, તથા નારાચ નામના બાણેકરી ઉત્તમ શયન રચી તેમાં બેસી કાર્તિકસ્વામિ જેમ શર નામના તૃણવનમાં શયન કરે તેમાં સૂતા છે. ગંગાપુત્ર ભીષ્મ, ગાંડીવ ધનુષ ધરનાર અર્જુને આપેલાં ત્રણ બાણેકરી [illegible]રૂ વગરનું શ્રેષ્ઠ ઓશિકું મૂકી પિતાની આજ્ઞા પાળતા ઉંચું છે વીર્ય જેનું, એવા મોટા યશ-[illegible]ળા, યુદ્ધવિષે બીજાને જેની ઉપમા અપાય નહિ એવા હે માધવ ! આ શંતનુ પુત્ર ભીષ્મ સૂતા છે. હે તાત ! ધર્માત્મા, સર્વજ્ઞ પોતે મર્ત્ય છતાં અમર્ત્યની પેઠે તત્વજ્ઞાનના બળથી પ્રાણને ધારણ કરી રાખ્યા; યુદ્ધ વિષે જેની આગળ કોઇ કુશલ વિદ્વાન તથા પરાક્રમી ન હતાં બાણેકરી હણાયલા શંતનુ પુત્ર ભીષ્મ આજ રણભૂમિમાં સૂતા છે. પાંડવોએ જેને પૂછ્યું એવા સત્યવાદી તથા ધર્મજ્ઞ આ શૂરવીરે પોતાનું મૃત્યુ પાંડવોને કહ્યું. જેણે નાશ પામેલા કુરૂના વંશને પાછો ઉદ્ધાર કર્યો હતો, મહા બુદ્ધિવાળા કૌરવો સહિત પરાભવને પ્રાપ્ત થયા. હવે હે માધવ ! દેવ સરખા પુરૂષમાં શ્રેષ્ઠ એવા દેવવ્રત ભીષ્મ સ્વર્ગમાં ગયા માટે અહેરમાં ધર્મની બાબતમાં કૌરવો કોને પૂછશે ? અર્જુનને નિયમમાં રાખનાર, સાત્યકિના આચાર્ય, કૌરવોના ગુરૂ રણભૂમિમાં પડેલા ઉત્તમ દ્રોણને જુવો. હે માધવ ! ચાર પ્રકારનાં

અસ્ત્રને જેવી રીતે ઇન્દ્ર તથા મહા પરાક્રમી પરશુરામ જાણે તેજ રીતે દ્રોણ જાણતા હતા. જેના પ્રસાદથી પાંડુપુત્ર અર્જુને દુષ્કર એવું કર્મ કર્યું, સંગ્રામવિષે હણાયલા એમને અસ્ત્રોએ પણ પાલન કર્યા નહિ. જેને આગળ કરી કૌરવોએ સંગ્રામવિષે પાંડવોને બોલાવ્યા, શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા આ દ્રોણ શસ્ત્રેકરી હણાયા. સેનાને દહન કરતા જેની ગતિ અગ્નિના સરખી થતી એવા હણાયલા તે, શાંત છે જ્વાલા જેની એવો અગ્નિ હોય નહીં તેની પેઠે પૃથ્વીપર સૂતા છે. હે માધવ! દ્રોણ હણાયા છે તોપણ વિખરાય નહિ એવી ધનુષની મુષ્ટિ તથા હાથના મોજા, જાણે જીવતા ન હોય તેવા દેખાય છે. રણવીર દ્રોણ થકી હે કેશવ! ચારવેદ તથા અસ્ત્ર, પૂર્વે જેમ પ્રજાપતિથકી દૂર થયાં ન હતાં એમ દ્રોણના વંદન યોગ્ય, બંદિજનોએ વંદન કરેલા સેંકડો શિષ્યોએ પૂજિત શુભાચરણને શિયાળિયાં ખેંચે છે. હે મધુસૂદન! દ્રુપદપુત્રે હણેલા દ્રોણને દુઃખેકરી હણાઇ છે ચેતના જેની એવી કૃપી, કૃપણની પેઠે રુવે છે. રૂદન કરતી પીડિત એવી છુટા કેશવાળી તે હે કેશવ! શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્ને બાણેકરી ભેદ્યું છે કવચ જેનું એવા હણાયલા દ્રોણપતિની ઉપાસના કરતી એવી કૃપીને જુવો. જટિલા, બ્રહ્મચારિણી, આતુર એવી સુકુમારી, યશસ્વિની, પ્રેતકૃત્યમાં યત્ન કરતી કૃપી વિધિવત્ અગ્નિનું આરાધન કરી ચોતરફ ચિતાને પ્રજ્વલિત કરી દ્રોણને, અંદર રાખી, સામ ગાનારા બ્રાહ્મણો, ત્રણ સામ ગાય છે, અને એ જટિલ એવા બ્રહ્મચારિઓ, હે માધવ! ધનુષ. શક્તિઓ, રથના નીડ તથા બીજાં વિવિધ પ્રકારનાં બાણેકરી ચિતા રચી કરી ઘણા તેજવાળા દ્રોણને બાળી તેઓ, દ્રોણની પ્રશંસા સાથે રૂદન કરે છે. બીજા કેટલાક, અગ્નિવિષે અગ્નિનું આરાધન કરી હુતાશનવિષે દ્રોણને હોમી અંતસ્થ એવા ત્રણ સામેકરી અનુશંસન કરે છે, પછી દ્રોણના શિષ્ય એવા બ્રાહ્મણ, ચિતાને અપસવ્ય કરી કૃપીને આગળ કરી ગંગાની સન્મુખ ગયા.

> गच्छंत्यभिमुखा गंगां द्रोणशिष्या द्विजातयः ।
> अपसव्यां चितिं कृत्वा पुरःस्कृत्य कृपीं च ते ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि गांधारीवचने गुर्जरभाषायां त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥

અધ્યાય ૨૪ મો. રાજાઓ માટે શોક.

> गांधार्युवाच—सोमदत्तसुतं पश्य युयुधानेन पातितं ।
> वितुद्यमानं विहगैर्बहुभिर्माधवांतिके ॥ १ ॥

ગાંધારી કહે છે—હે માધવ! યુયુધાને પાડેલા, પાસે રહેલા ઘણાક પક્ષિઓએ ચાંચો મારેલા સોમદત્તના પુત્રને જુવો. હે જનાર્દન! પુત્રના શોકેકરી અભિસંતપ્ત એવો સોમદત્ત મોટા ધનુષવાળા યુયુધાનને નિંદતો હોય નહિ એવો દેખાય છે. શોકેકરી વ્યાપ્ત અનિંદિત એવી આ ભૂરિશ્રવાની માતા, પોતાના ભર્તા સોમદત્તને આશ્વાસના કરે છે. હે માધવ! હણાયલો એવો આ ભરતનો સુત. તથા પ્રલય સરખું ઘોર એવું કૌરવોનું આક્રંદ જોઈ ન

જોયું એ ઘણું સારૂં થયું. તેમજ યૂપ છે ધ્વજવિષે જેને એવા ઘણાક, શુભ દેનાર અનેક યજ્ઞોથી યજન કરનાર, હણાયલા, શૂરવીર પુત્રને તમે ન જોયો એ પણ ઘણું સારૂં થયું. હે મહારાજ! સમુદ્રમાં સારસ પક્ષિની સ્ત્રિયો જેમ વિલાપ કરે તેમ આક્રંદ કરતી પુત્રવધૂઓનો ઘોર એવો અનેક વિલાપ નથી સાંભળતા, એ પણ સારૂં થયું. એક વસ્ત્રમાંથી અર્ધાએકરી [illegible] ઢાંકેલીઓ, છૂટા કેશવાળી અને હણાયા છે પુત્ર તથા પતિ જેમના એવી તમારી પુત્રવધૂઓ પાછળ હિંસક પ્રાણીઓ ચોતરફ દોડે છે. પશુઓએ ભક્ષણ કરવા માંડેલા, કપાઈ ગયો છે બાહુ જેનો, પુરૂષમાં સિંહરૂપ અર્જુને પાડેલા પુત્રને તમે નથી જોતા એ સારૂં થયું. સંગ્રામમાં હણાયેલા ભૂરિશ્રવાને તથા દુઃખિત એવી સર્વ વિવિધ પ્રકારની પુત્રવધૂઓને તમે નથી જોતા એ પણ શલ્યને સારૂં થયું. તેમજ યૂપ છે ધ્વજ વિષે જેને એવા મહાત્મા ભૂરિશ્રવાનું રથમાં બેસવાને ઠેકાણે પડેલા સુવર્ણના છત્રને પણ તમે જોયું નહિ એ ઠીક થયું. અસિત નેત્રવાળી આ ભૂરિશ્રવાની સ્ત્રિયો, સાત્યકિએ હણેલા સ્વામિને વીંટી લઇ શોચ કરે છે. હે કેશવ! ભર્તાના શોકકરી કર્શિત એવી આ સ્ત્રિયો, દયા આવે તે રીતે વિલાપ કરી કૃપણની પેઠે પૃથ્વીપર પડે છે. અતિ નિર્મળ કર્મવાળા અર્જુને અતિ બીભત્સ એવું એ કર્મ કેમ કર્યું? જે યજન કરનાર શૂરવીર ભૂરિશ્રવાનો બાહુ કાપી નાખ્યો, સાત્યકિએ વળી તેથી પણ અત્યંત પાપ કર્મ કર્યું, કે અન્ન જળનો ત્યાગ કરી બેઠેલા તીક્ષ્ણ બુદ્ધિવાળા તેને માર્યો. હે ધાર્મિક! અધર્મ કરી બેજણે મળી હણેલા એકલા તમે સૂતા છો પણ સત્પુરૂષોની ગોષ્ટીવિષે કે સભાવિષે અપુણ્ય તથા અપકીર્ત્તિને આપનારૂં એવું આ કર્મ કરનાર સાત્યકિ શું કહેશે? હે માધવ! એ રીતે યૂપધ્વજની આ સ્ત્રિયો આક્રોશ કરે છે. કર સંમતિ છે મધ્ય ભાગ જેનો એવી યૂપધ્વજની આ સ્ત્રી સ્વામિના ભુજને ખોળામાં લઇ કૃપણની પેઠે આવી રીતે વિલાપ કરે છે કે, શૂરવીરોને હણનાર, મિત્રોને અભય દેનાર, હજારો ગાયો આપનાર ક્ષત્રિયોનો નાશ કરનાર, નીવી ખેંચનાર, પીનસ્તનને મર્દન કરવાવાળો, નાભિ, ઉર તથા જઘનનો સ્પર્શ કરનાર વાસુદેવના સાનિધ્ય સંગ્રામ વિષે અન્ય સાથે યુદ્ધ કરતાં ગાફલ એવા યૂપધ્વજનો હાથ, અક્લિષ્ટ છે કર્મ જેનું એવા અર્જુને કાપી નાંખ્યો. એ કર્મ કરનાર અર્જુનની સભા વિષે શું વાર્તા કરશે અને અર્જુન પોતે પણ શું કહેશે એ રીતે એ એક સ્ત્રી નિંદા કરી, હે જનાર્દન! બોલતી રહી ગઇ, તે આ સ્ત્રી ને તેની સપત્નીઓ પોતાની પુત્રવધૂની પેઠે શોક કરે છે. [illegible] એવા સહદેવે હણેલો, સત્ય પરાક્રમવાળો, બળવાન, ગાંધારરાજ માતુલ શકુનિ સૂતો છે. પૂર્વે [illegible]ના દાંડાવાળા પંખાથી જેને પવન થતો હતો, સંગ્રામમાં સુતેલા તેને આ વખતે પક્ષિઓ પાંખથી પવન નાંખે છે. પોતાનાં સેંકડો તથા હજારો રૂપ ધરનાર તેની માયા પાંડવના તેજથી બળી ગઈ. છળ કરી જાણનાર એવા તેણે માયાવડે યુધિષ્ઠિરને જીતી સભાવિષે તેનું વિપુલ એવું રાજ્ય પણ જીતી લીધું હતું. આ વખતે પાંડવોએ તે ગાંધારરાજનું જીવિત જીતી લીધું. હે કૃષ્ણ! શકુનિને જુવો. પક્ષિઓ ચોતરફથી સેવે છે. [illegible] નાશ [illegible] [illegible] પુત્રોને કપટ શિખવ્યું તેથી પાંડવો સાથે આ મોટું વેર ઉભું થયું. [illegible] [illegible] એનો પોતાનો તથા મારા પુત્રોનો નાશ થયો. હે [illegible]! જે રીતે મારા પુત્રોને [illegible] એવા લોક પ્રાપ્ત થયા, તેમજ દુર્બુદ્ધિવાળા એને પણ [illegible] [illegible] [illegible] [illegible] હે મધુસૂદન! [illegible] આ સરલ બુદ્ધિવાળા મારા પુત્રોને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કરું છું. કોઇ સ્થાનકે સમગ્ર લોકને બાળી નાખવા ઇચ્છતો અગ્નિ ચોતરફથી વધેલો હોય, તેને હું જો અભિમંત્રણ કરૂં તો તે શાંતિ પામે. હે ભારત ! જેમ દેવતાઓ પરમ તેજસ્વી છે, તેમ મારે વિષે પણ બીજાને જેની ઉપમા અપાય નહી એવું દેવતાઓથી અધિક તેજ છે, એમ તમે જાણો. હે રાજન્ ! પૃથ્વી ફાટી જતી હોય તથા પર્વતનાં શિખરો તુટી પડી જતાં હોય, તો હું અભિમંત્રણ કરી સૌ લોક દેખે એ રીતે સમાં કરી આપું. આ ચેતન તથા અચેતનરૂપ સ્થાવર જંગમાત્મક સમગ્ર જગતના ક્ષય વાસ્તે પ્રવૃત્ત થએલા ભયંકર શબ્દ તથા બરફના વર્ષાદયુક્ત મોટા વાયુને પણ સૌ જગત દેખે તે રીતે હું પ્રાણિયોની દયાથી શમાવી દઉં. તેમ જળને પણ હું એવી રીતે સ્તંભન કરૂં છું કે, જેની ઉપરથી રથ તથા પાયદળો ચાલ્યાં જાય, માટે હે રાજન્ ! દેવ તથા આસુર ભાવોની પ્રવૃત્તિ કરનાર હું એકજ છું, ને અક્ષૌહિણી સેના સહિત જે દેશ પ્રત્યે કોઇ કાર્યને પ્રસંગે જાઉં, તો તે દેશ વિકટ હોય તોપણ મારા ઘોડા ત્યાં પ્રવર્તે. મારા દેશમાં સર્પાદિક ભયંકર જનાવરો રહી શકે નહી, ને કદાચ રહે તો મેં મંત્રથી રક્ષણ કરેલા પ્રાણિયોની તે હિંસા કરી શકે નહી. હે રાજન્ ! મારા દેશમાં પ્રજાને જેટલી ઇચ્છા હોય તેટલોજ વર્ષાદ વર્ષે, ને પ્રજા ધર્મિષ્ઠ રહે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર; તીડ, પોપટ અને પોતાનાં તથા પારકાં સૈન્ય સંબંધી ઉપદ્રવ એ સાત પ્રકારની પીડા થાય નહી. હે રાજન્ ! અશ્વિનીકુમાર વાયુ, અગ્નિ, ઓગણ પચાસ વાયુ સહિત ઇંદ્ર તથા ધર્મ પણ પાંડવોનું રક્ષણ કરવા સમર્થ થવાના નથી, કારણ જો થતા હોત તો તેઓ તેર વર્ષ સુધી શું કરવા દુઃખ ભોગવત. હે રાજન્ ! મેં જેની ઉપર દ્વેષ કર્યો, તેને દેવ, ગંધર્વ, અસુર તથા રાક્ષસો પણ રક્ષણ કરવાને સમર્થ નથી, એ હું તમોને સત્ય કહું છું. મિત્ર વા શત્રુ વિષે સારૂં વા નરતું જે હું કરવા ઇચ્છું તે જ થાય. આજ દિવસ સુધી તો મારી ઇચ્છાથી કંઈ ઉલટું થયું નથી. તેમ " અમુક કામ આ રીતે થશે. " એમ જે કામ વિષે હું કહું, તે કદી પણ અન્યથા થતું નથી; તેથી બધા મને સત્ય વાણીવાળો કહે છે. આ મારૂં માહાત્મ્ય સર્વ લોક જાણે તે રીતે દિશાઓમાં વિખ્યાત છે, કંઇ તમારી આશ્વાસના કરવા વાસ્તે હું ફોકટ મારાં વખાણ કરતો નથી. હે રાજન્ ! પૂર્વે મારાં વખાણ મેં કદી કર્યાં નથી, ને કરૂં પણ નહીં: કારણ પોતાના આત્માની પોતે પ્રશંસા કરવી, એ તો હલકા મનુષ્યની રીત છે. હે ભારત ! પાંડવ, મત્સ્ય, કેકય સહિત પાંચાળ, સાત્યકિ તથા વાસુદેવ ભગવાનને પણ હું જીત્યો, એમ તમે સાંભળશો. જેમ નદિઓ ચોતરફથી સમુદ્રમાં મળી જાય તેમ પાંડવો મને પામી વંશ સહિત નાશ પામશે. મારામાં બુદ્ધિ, તેજ, પરાક્રમ, વિદ્યા તથા યોગ, એ બધા તેમનાથી અધિક ગુણ છે. પિતામહ ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, શલ્ય તથા શલ એ બધા મળી અસ્ત્રવિદ્યા વિષે જેટલું જાણે છે, તે બધું એક મારે વિષે છે. હે જનમેજય ! એ રીતે દુર્યોધને કહ્યું તે સાંભળીને, તેને શત્રુને દમન કરનાર ધૃતરાષ્ટ્ર રાજા, યુદ્ધ કરવા ઇચ્છતા દુર્યોધનનું કૃત્ય જાણી, અર્જુનનું માહાત્મ્ય પૂછવા લાગ્યા.

इत्युक्त्वा संजयं भूयः पर्यपृच्छत भारत ।
ज्ञात्वा युयुत्सोः कार्याणि प्राप्तकालमरिंदम ॥

इतिश्री महाभारते उद्योगपर्वणि यानसंधिपर्वणि दुर्योधनवाक्ये गुर्जरभाषायामेकषष्टितमोऽध्यायः ॥ ६१ ॥

कर्णं च मायं तथापि पुत्रान् मे प्रातृभिः सह ।
विरीयवेदत्तुभर्तानतुञ्चुनेतुनुदेन ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि गांधारीवाक्ये कृष्णवाक्यं चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥

અધ્યાય ૨૪ મો. ગાંધારી વિલાપન [ચાલુ].

गांधार्युवाच—कांबोजं पश्य दुर्धर्षं कांबोजास्तरणोचितं ।
शयानमृषभस्कंधं हतं पांसुषु माधव ॥

ગાંધારી કહે છે—હે માધવ ! કાંબોજ દેશના આસ્તરણને યોગ્ય, વૃષભ સરખા સ્કંધવાળા, હણાયલા, રજવિષે સુતેલા, દુર્ધર્ષ કાંબોજને જુવો. જેના રૂધિરે કરી સહિત અને ચંદનેકરી ભૂષિત બાહુ જોઈ અતિ દુઃખિત એવી તેની સ્ત્રી દયા આવે તે રીતે વિલાપ કરે છે. હે જલેશ્વર ! પૂર્વે સુંદર આંગળીવાળા ભોગળ સરખા તમારા બાહુના મધ્યને પ્રાપ્ત થએલી મને રતિ ત્યાગ કરતી ન હતી, તમવડે કરી હીન, હણાયા છે બંધુ જેના, અનાથ, કંપતી મધુરસ્વરવાળી એવી હું કયી ગતિને પ્રાપ્ત થઇશ ? તડકાવિષે કરમાતી એવી વિવિધ પ્રકારની પુષ્પની માળાઓના પેઠે, ગ્લાનિયુક્ત નારિઓના શરીરને લક્ષ્મી છોડતી નથી, હે મધુસૂદન ! ચોતરફથી સુતેલા પ્રદીપ્ત બાજુબંધથી બાંધેલા છે મોટા ભુજ જેના એવું શૂરવીર કાલિંગને જુવો. તેમજ હે જનાર્દન ! ચોતરફથી જેને વીંટી અત્યંત વિહ્વળ સ્ત્રિયો રૂદન કરે છે એવા માગધના અધિપતિ જયત્સેનને જુવો. હે જનાર્દન ! વિસ્તૃત નેત્રવાળી સુંદર છે સ્વર જેમનો એવી આ સ્ત્રિયોનો મન તથા શ્રવણને હરે એવો શબ્દ, મારા મનને અત્યંત મોહ કરતો હોય નહિ તેમ કરે છે. વિખરાયાં છે વસ્ત્ર તથા આભરણ જેમનાં, રૂદન કરતી, શોકેકરી કર્ષિત, સુંદર, આસ્તીર્ણ યુક્ત શયનને ઉચિત માગધ દેશની સ્ત્રિયો, પૃથ્વી પર સુતી છે. કોશલોના અધિપતિ પોતાના ભર્તા રાજપુત્ર બૃહદ્બળને વીંટી લઇ રૂદન કરતી આ સ્ત્રિયો, અભિમન્યુના બાહુબળે અર્પિત શરીરમાં પેઠેલા બાણને કાઢે છે અને દુઃખાર્દિત એવી તેઓ, વારંવાર મૂર્છા પામે છે. હે માધવ ! અવધ્ય છે સર્વ અંગ જેમનાં એવી આ સ્ત્રિયોનાં મુખ તડકા તથા પરિશ્રમને લીધે કરમાઇ ગએલાં કમળ સરખાં [illegible]. સુંદર બાજુબંધ બાંધેલા, સુવર્ણની માળા ધરેલા, દ્રોણે હણેલા, શૂરવીર બ્રહ્મ ધૃષ્ટદ્યુમ્નના સર્વ પુત્ર સુતા છે. રથરૂપી છે અગ્ન્યાગાર જેનું, ધનુષ્યરૂપી જ્વાળાવાળા, બાણ, શક્તિ તથા ગદારૂપી છે ઇંધન જેમાં એવા દ્રોણરૂપી પાવકને, પ્રાપ્ત થઈ તીડ નામના જંતુઓની પેઠે, તે સર્વ દગ્ધ થયા. દ્રોણે હણેલા, સુંદર બાજુબંધવાળા, શૂરવીર પાંચ ભાઇ કેકય અહિં સુતા છે. તપાવેલ સુવર્ણના કવચવાળા, તાડ છે ધ્વજ જેની એવા રથ સમુદાયવાળા, પ્રજ્વલિત અગ્નિ સરખા તેઓની કાંતિએકરી પૃથ્વીને પ્રકાશમાન કરે છે. હે માધવ ! સંગ્રામવિષે, [illegible] [illegible] [illegible] હોય નહિ, તેની પેઠે દ્રોણે પાડેલા દ્રુપદને જુવો. હે પં-

છે. દ્રોણે હણેલા, શૂરવીર ચેદિ શ્રેષ્ઠ મહાત્મા ધૃષ્ટકેતુને, તેમાં ગયાં છે ચિત્ત જેમનાં એવી તેની સ્ત્રિયો હરણ કર છે. હે મધુસૂદન! સંગ્રામવિષે દ્રોણનાં અસ્ત્રને હણી મેલ્યું પરાક્રમવાળો મહારથિ ચેદિપતિ આ ધૃષ્ટકેતુ હજારો શત્રુઓને હણી નદીએ હણેલા વૃક્ષની પેઠે હણાયો. હે ઋષિકેશ! પક્ષિઓએ ભક્ષણ કરવા માંડેલા બળ તથા બાંધવ સહિત તેને સ્ત્રિયો સેવે છે, દાશાર્હપુત્રી વિષે ઉત્પન્ન થએલા, સત્ય પરાક્રમવાળા, શૂરવીર, સુતેલા તેને ખોળામાં રાખી આ ચેદિરાજની શ્રેષ્ઠ અંગનાઓ રૂદન કરે છે. હે ઋષિકેશ! સુંદર મુખવાળા શોભિતાં છે કુંડળ જેને એવા સંગ્રામમાં દ્રોણે બાણથી બહુ પ્રકારે હણેલા એના પુત્રને જુવો. હે મધુસૂદન! એ રીતે સંગ્રામમાં રહેલા પારકાઓ સાથે યુદ્ધ કરતા શૂરવીર પિતાને આજસુધી પુત્ર છોડતો નથી. એજ રીતે પારકા શૂરવીરને હણનાર, મારા પુત્રને પુત્ર લક્ષ્મણ પણ દુર્યોધનની પાછળ ગયો. હે માધવ! હેમંતવિષે વાયુએ પાડેલા પુષ્પિત બે શાલ વૃક્ષ હોય નહિ તેમની પેઠે પડેલા સુવર્ણના બાજુબંધ તથા કવચ પહેરેલા બાણ, ખડ્ગ તથા ધનુષ ધરનાર, વૃષભના સરખાં નેત્રવાળા, નિર્મળ માળા પહેરેલા, રણભૂમિમાં સુતેલા અવંતિપુરના વિંદ તથા અનુવિંદને જુવો. હે કૃષ્ણ! તમ સહિત સર્વ પાંડવ, અવધ્યજ છો; કેમકે જે તમો દ્રોણ, ભીષ્મ, કર્ણ, કૃપાચાર્ય, દુર્યોધન, અશ્વત્થામા, સિંધુ દેશનો જયદ્રથ, સોમદત્ત, વિકર્ણ તથા શૂરવીર એવા કૃતવર્માથી પણ મૂક્ત રહ્યા. પુરૂષમાં શ્રેષ્ઠ એવા જેઓ, શસ્ત્રના વેગેકરી દેવતાઓને પણ હણે તે આ, સંગ્રામમા હણાયા, કાળનો વિપર્યય તો જુવો. હે માધવ! ક્ષત્રિયોવડે ક્ષત્રિયમાં શ્રેષ્ઠ એવા આ શૂરવીર હણાયા એમાં કંઈ દૈવને જરૂર કરી અતિ ભાર નથી. હે કૃષ્ણ! જ્યારે વિષ્ટિ કરવા આવેલા તમો કામ કર્યા વગર પાછા ઉપપ્લવ્ય ગયા ત્યારે વેગવાન મારા પુત્રો હણાયા હતા, કેમકે તે વખતે શંતનુ પુત્ર ભીષ્મ તથા પ્રાજ્ઞ વિદુરે મને કહ્યું હતું કે પુત્રોવિષે તું સ્નેહ કર માં. એવાં તે બેઉનાં વચન સાંભળી મેં વિચાર કર્યો કે તે બેઉનું કહેવું મિથ્યા થવા યોગ્ય નથી ને તેમજ થશે, માટે તેજ પ્રમાણે હે જનાર્દન! મારા પુત્ર ભસ્મીભૂત થયા.

વૈશંપાયન કહે છે—હે જનમેજય! હે ભારત! એટલાં વચન કહી દુઃખેકરી ઉપહત છે વિજ્ઞાન જેનું એવી શોકેકરી મૂર્છિત ગાંધારી ધૈર્યને છોડી દઇ પૃથ્વીપર પડી ગઇ. પછી કોપેકરી આપ્ત છે અંગ જેનું, એવી પુત્રના શોકેકરી પરિપ્લુત, વ્યથિત છે ઇન્દ્રિયો જેની એવી ગાંધારી શ્રીકૃષ્ણ ઉપર દોષબુદ્ધિ કરી કહેવા લાગી કે, હે કૃષ્ણ! હે જનાર્દન! પાંડવ તથા ધૃતરાષ્ટ્રના પુત્ર પરસ્પર યુદ્ધ કરી નાશ પામ્યા. આ રીતે નાશ પામતા તેમની તમે કેમ ઉપેક્ષા કરી? સમર્થ, ઘણા ચાકરવાળા, ઘણા બળવાળા, બેઉ સ્થાનકે છે સામર્થ્ય જેનું એવાં સાંભળ્યાં છે વાક્ય જેણે એવા તમે હે મધુસૂદન! કૌરવના નાશની કેમ ઉપેક્ષા કરી? હે મહાબાહો! તમે ઉપેક્ષા કરી માટે તમે તેના ફળને પ્રાપ્ત થાઓ. પતિની સેવાએકરી મેં જે કંઇ તપ ઉપાર્જન કર્યું છે, દુરવાપ એવાં તે તપેકરી ચક્ર તથા ગદા ધરનાર એવા તમને હું શાપ દઉં છું હે ગોવિંદ! જે માટે પરસ્પર હણતા જ્ઞાતિય એવા કૌરવ પાંડવની તમે ઉપેક્ષા કરી તે માટે તમે જ્ઞાતિનો વધ કરશો ને હે મધુસૂદન! તમે પણ આજથી છત્રીશમું વર્ષ ઉપસ્થિત થશે ... હણાયા છે જ્ઞાતીય, ચાકર તથા પુત્ર જેના એવા વનમાં વિચરનાર અનાથની પેઠે ... [illegible] ... કુત્સિત એવા ઉપાયે નિધનને પામશો ... તમારા

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ગાંધારીનાં એવાં ઘોર વચન સાંભળી મોટા મનવાળા વાસુદેવ ભગવાન કંઈક ધ્વંસ કરતા હોય નહિ, તેની પેઠે, દેવી એવી ગાંધારી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ક્ષત્રિયાણિ! હું પણ સર્વે જાણું છું ને મારૂં જે કહેલું છે તે જ તું કહે છે, યાદવો દૈવથી નાશ થશે, એમાં સંશય નહિ. હે શુભે! વૃષ્ણિચક્રને મારા વિના બીજો કોઈ સંહાર કરનાર છે નહિ, કેમકે તેઓ બીજા પુરૂષોએ તથા દેવ દાનવોએ કરીને પણ અવધ્ય છે, વાસ્તે યાદવો, પરસ્પર કરેલા નાશને પ્રાપ્ત થશે એ રીતે દાશાર્હ એવા શ્રીકૃષ્ણે કહ્યું તે સાંભળી, ભયભીત છે ચિત્ત જેમનું એવા પાંડવ, અત્યંત ઉદ્વિગ્ન તથા જીવિત વિષે પણ નિરાશ થઈ ગયા।

> इत्युक्तवति दाशार्हे पांडवास्त्रस्तचेतसः ।
> बभूवुर्भृशसंविग्ना निराशाश्चापि जीविते ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि गांधारीशापदाने दुर्जनभाषायां पंचविंशोऽध्यायः ॥ २५ ॥

અધ્યાય ૨૬ મો. ઔર્ધ્વદૈહિક ક્રિયા વિચાર.

श्रीभगवानुवाच—उत्तिष्ठोत्तिष्ठ गांधारि मा च शोके मनःकृथाः ॥
तवैव ह्यपराधेन कुरवो निधनं गताः ॥ १ ॥

શ્રી ભગવાન કહે છે—હે ગાંધારી! ઉભી થા ઉભી થા, શોક વિષે મન કર માં, કેમકે તારાજ અપરાધે કરી કૌરવો નિધનને પ્રાપ્ત થયા છે. તું દુરાત્મા, અસહનશીલ, અત્યંત માની, દુષ્કર્મ કરનાર, નિષ્ઠુર, વૈરી પુરૂષ, વૃદ્ધની આજ્ઞાને ઉલ્લંઘન કરનાર દુર્યોધનને આગળ કરી તેના દુષ્કૃતને સાધુ માનતી હતી, માટે તારો પોતાનો કરેલો દોષ મારે વિષે મૂકવા ઇચ્છે છે? જે માણસ, મરણ પામેલાનો વા નષ્ટ થએલાનો શોચ કરે તે પૂર્વાપર દુઃખે જ અનર્થને પામે છે. બ્રાહ્મણની સ્ત્રી તપોર્થી એવા ગર્ભને ધારણ કરે, ગાય વહન કરનાર બળદના ગર્ભને ધારણ કરે, શૂદ્રની સ્ત્રી દાસપણામાં કુશલ એવા ગર્ભને ધારણ કરે, વૈશ્યની સ્ત્રી પશુ પાલનાર ગર્ભને ધારણ કરે ને તારા સરખી રાજપુત્રી ક્ષત્રિયા વધાર્થીય એવા ગર્ભને ધારણ કરે, એટલે કે, ક્ષત્રિયાણિઓ તો રણશૂર ગર્ભને જ ધારણ કરે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! વાસુદેવનાં ફરીથી કહેલાં અપ્રિય એવાં તે વચન સાંભળી, શોકકરી વ્યાકુળ છે નેત્ર જેનાં એવી ગાંધારી તૂષ્ણીભાવને પ્રાપ્ત થઇ. રાજર્ષિ એવા ધર્મજ્ઞ ધૃતરાષ્ટ્રે દુર્બુદ્ધિ થકી ઉત્પન્ન થએલા અજ્ઞાનનો નિગ્રહ કરી ધર્મરાજ એવા યુધિષ્ઠિરને આવી રીતે પૂછ્યું કે, હે પાંડવ! જીવતાં સૈન્યના પરિમાણને તમે જાણતા હતા માટે હણાયલાના પરિમાણને પણ જો જાણતા હો તો મને કહો. યુધિષ્ઠિરે કહ્યું કે, હે રાજન્! દશકરોડ, વીશહજાર તથા બીજા છાસઠ કરોડ એટલા ક્ષત્રિય આ સંગ્રામમાં હણાયા. હે સર્વજ્ઞ! ચોવીશ હજાર એકસો ને પાંસઠ શૂરવીર તો કોઇના જાણવામાંજ આવ્યા નહિ, એ પ્રમાણે સાંભળી વળી ધૃતરાષ્ટ્ર પૂછે છે—હે યુધિષ્ઠિર! હે પુરૂષોત્તમ! હે મહાબાહો! તે સર્વ કઈ ગતિને

પ્રાપ્ત થયા તે તમે કહો, કેમકે તમે સર્વજ્ઞ છો એમ હું માનું છું. ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળી યુધિષ્ઠિર કહે છે કે, જેમણે હૃષ્ટ થઇ પરમ સંયુગવિષે પોતાનાં શરીર હોમ્યાં, સત્ય પરાક્રમવાળા તે તો ઇન્દ્રના સરખા લોક પ્રત્યે ગયા. હે ભારત ! જેઓ અવશ્ય મનેકરી હવે તો મરવુંજ એમ જાણી સંગ્રામમાં હણાયા તે ગન્ધર્વના લોકમાં ગયા. સંગ્રામ ભૂમિવિષે ઊભેલા, યાચના કરતા, વિમુખ થયેલા, શસ્ત્રથી જે હણાયા તેઓ, ગુહ્યકના લોકપ્રત્યે ગયા. શત્રુઓએ પાડેલા ખાંડેલા, આયુધ વગરના, લજ્જાયુક્ત એવા ક્ષાત્રધર્મમાં તત્પર જે મહાત્માઓ, તીક્ષ્ણ શસ્ત્રે કરી શત્રુની સન્મુખ હણાયા તે બ્રહ્મલોક પ્રત્યે ગયા, એમાં કંઇ પણ સંશય નથી; અને જેઓ સંગ્રામ ભૂમિની બહાર કોઈ રીતે પણ હણાયા તે ઉત્તર કુરૂ પ્રત્યે ગયા. ધૃતરાષ્ટ્ર પૂછે છે, હે પુત્ર ! હે યુધિષ્ઠિર ! હે મહાબાહો ! ક્યા જ્ઞાનબળે કરી તું સિદ્ધની પેઠે દેખે છે તે મને કહેવા યોગ્ય હોય તો કહે યુધિષ્ઠિર કહે છે—પૂર્વે તમારી આજ્ઞાથી વન વિષે વિચરતાં મને તીર્થયાત્રાના પ્રસંગેકરી આ અનુગ્રહ પ્રાપ્ત થયો. વનમાં વિચરતા મેં દેવર્ષિ એવા લોમશ ઋષિને જોયા. તે થકી પૂર્વે હું જ્ઞાનયોગે કરી અનુસ્મૃતિને તથા દિવ્ય ચક્ષુને પણ પ્રાપ્ત થયો છું. ધૃતરાષ્ટ્ર પૂછે છે--હે ભારત ! આ સંગ્રામમાં હણાયલા અનાથ તથા સનાથ એવા મનુષ્યોનાં શરીરને તમે વિધિપૂર્વક દાહ કરશો. તેમજ જેમને કોઇ અગ્નિસંસ્કાર કરનાર નથી તથા જે આહિતાગ્નિ નથી, તેમને પણ તમે વિધિપૂર્વક દાહ કરાવશો. હે તાત ! કર્મ ઘણાં હોવાથી અમે કોનાં કર્મ કરીએ; અને જેમને સુપર્ણ તથા ગૃધ્ર, જ્યાં ત્યાંથી ખેંચે છે તેમને હે યુધિષ્ઠિર ! કર્મેકરી ક્યો લોક પ્રાપ્ત થશે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હે મહારાજ ! એ રીતે ધૃતરાષ્ટ્રે જેને પૂછ્યું હતું એવા કુંતિપુત્ર યુધિષ્ઠિરે, સુધર્મા, ધૌમ્ય. સૂત એવો સંજય, મહા બુદ્ધિમાન વિદુર, કુરૂકુળમાં ઉત્પન્ન થએલો યુયુત્સુ, ઇન્દ્રસેન છે મુખ્ય જેમાં એવા સેવક તથા સારથિઓને આજ્ઞા કરી કે તમે જે રીતે અનાથની પેઠે કોઇપણ શરીર નાશ ન પામે તે રીતે આ સર્વનાં પ્રેત કાર્ય કરાવો. ધર્મરાજાની આજ્ઞાથી વિદુર, સૂત એવો સંજય, ધૌમ્ય સહિત સુધર્મા નામનો દુર્યોધનનો પુરોહિત તથા ઇન્દ્રસેનાદિક ભૃત્ય, એ સર્વે મળી ચંદન તથા અગરૂકાષ્ઠ, કૃષ્ણાગુરૂ, ઘૃત, તૈલ, ગંધ, અમૂલ્ય એવાં રેશમી તથા બીજાં ઘણાંક કાષ્ઠ લઇ આવી તેમજ ભાગેલા રથ, નાના પ્રકારનાં આયુધવડે પ્રયત્નથી ચિતાઓ કરી અવ્યગ્ર એવા તેમણે યથાદૃષ્ટ કર્મેકરી સર્વને દાહ કર્યો. તેમજ રાજા દુર્યોધન, દુઃશાસનાદિક એવા એમના ભાઇઓ, શલ્ય, શલ, રાજા ભૂરિશ્રવા, જયદ્રથ રાજા, અભિમન્યુ, દુઃશાસન, પુત્ર લક્ષ્મણ, રાજા ધૃષ્ટકેતુ, બૃહંત, સોમદત્ત, શતાધિક એવા સૃંજય, રાજા ક્ષેમધન્વા, વિરાટ, દ્રુપદ, શિખંડિ, પાંચાલ્ય એવો પૃષત્ ગોત્રમાં ઉત્પન્ન થએલો ધૃષ્ટદ્યુમ્ન, વિક્રાંત એવો યુધામન્યુ, ઉત્તમૌજા, કોશલ રાજા, દ્રૌપદીના પુત્ર, સુબલ પુત્ર શકુનિ, અચલ એવો વૃષક, ભગદત્ત રાજા, અસહનશીલ એવો પુત્ર સહિત સૂર્યપુત્ર કર્ણ, મોટા ધનુષવાળા કેકય, મહારથિ ત્રિગર્ત, બકનો ભાઇ રાક્ષસેંદ્ર ઘટોત્કચ, રાક્ષસેંદ્ર અલંબુષ, જલાસંધ રાજા, એટલા એ અને બીજા પણ હજારો રાજાઓને, હોમી, ઘૃતધારાવાળા પ્રદીપ્ત અગ્નિવડે દાહ કર્યો. તે વખતે કેટલાક મહાત્માઓના પિતૃમેધ થતા હતા, કેટલાક સામગાન કરતા હતા, અને કેટલાક શોક કરતા હતા, તે રાત્રિ વિષે સામ તથા ઋચાઓના શબ્દથી અને સ્ત્રિઓના રૂદિત શબ્દોથી સર્વ પ્રાણિઓ મૂર્છિત તુલ્ય થઇ ગયાં, અને ધૂમ રહિત દીપ્યમાન એવો અગ્નિ પ્રકાશ, આકાશવિષે નાનાં વાદળાંથી વીંટાયલા ગ્રહ દેખાય તેવો દેખાવા લાગ્યો. નાના દેશાંતરોથી આવેલા અનાથ એવા જે ત્યાં સંગ્રામમાં મરણ પામ્યા હતા તે સર્વને એક ઠેકાણે

આપ્યું. હજારો સુતધારીઓનો હમલો કરી સ્નેહયુક્ત એ વિદુરે તે સર્વનો દાહ કર્યો. એ રીતે કુરુરાજ એવા યુધિ ષ્ઠિર આગળ કરી ગંગા ઉપર ગયા.

कारयित्वा क्रियास्तेषां कुरुराजो युधिष्ठिरः ।
धृतराष्ट्रं पुरस्कृत्य गंगामभिमुखोगमत् ॥

इति श्री महाभारते स्त्रीपर्वणि स्त्रीविलापपर्वणि श्राद्धपर्वणि और्ध्वदेहिके गुर्जरभाषाया षड्विंशोऽध्यायः ॥ २६ ॥

અધ્યાય ૨૭ મો. છેલ્લી જલાંજલી.

वैशंपायन उवाच—ते समासाद्य गंगां तु शिवापुण्यजलोचितं ।
ह्रदिनीं च प्रसन्नां च महारूपां महाजर ॥ १ ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય! તેઓ પવિત્ર જલયુક્ત, પ્રસન્ન, બળવાળી કલ્યાણરૂપ એવી ગંગાને પ્રાપ્ત થઇ ભૂષણ ઉતારી પાઘડી ન નીચે મૂકી પિતૃઓ, ભાઇઓ, પૌત્ર, સ્વજન, પુત્ર તથા આર્ય એવા પતિઓને દુઃખે રૂદન કરતી એવી કૌરવની સ્ત્રિયો, જલાંજલિપ્રદાન કરવા લાગી. સ્ત્રિયોએ બીજા સંબંધિઓને પણ જલાંજલી આપી. એ રીતે વીરપત્નીઓએ દાન આપવાથી, સુંદર છે જલમાં ઉતરવાનો માર્ગ જેમાં એવી ગંગા છાતી સ તે માર્ગે ચાલવા લાગી. તે સમયે મહોદધિ સરખું, આનંદ રહિત, ઉત્સવ વગર ઓએ કરી સંકીર્ણ ગંગાતીર શોભતું હતું. તે વખતે હે મહારાજ! શોકેકરી રુ કરતી કુંતિએ તત્કાળ મંદ વાણીએકરી પોતાના પુત્રો પ્રત્યે આવી રીતે વચન કહ્યું ધનુષવાળા રથના યૂથને પાળનારાના યૂથને પણ પાળનાર એવા વીર લક્ષણેકરી લક્ષિત શૂરવીરને સંગ્રામ વિષે અર્જુને જીત્યો, અને જેને રાધાના ગર્ભથી ઉત્પન્ન થએલ એ રીતે તમે માનો છો, ને સેનાના મધ્યમાં સમર્થ સૂર્ય સરખો, જે શોભનો હતો, વળી ચાલનારાઓ સહિત તમારી સર્વની સામે યુદ્ધ કરતાં દુર્યોધનના સર્વ સૈન્યને આકર્ષણ શોભતો હતો, પૃથ્વી વિષે જેના સરખો પરાક્રમી બીજો કોઇ પણ રાજા નથી એવો શૂરવીર જ પ્રાણ કરીને પણ સદા પૃથ્વી વિષે યશનેજ માગતો હતો, સંગ્રામમાં પલાયન ન કરનાર, સત્ય પ્રતિજ્ઞાવાન, અક્લિષ્ટ કર્મવાળા તે ભાઇ એવા કર્ણને જલાંજલિ આપો; કેમકે શૂરવીર એવો સૂર્ય સરખી કાંતિવાળો તે, સૂર્યથકી કુંડલ તથા કવચ સહિત મારે વિષે ઉત્પન્ન થયો હતો, તેથી તમારો તે મોટો ભાઇ થતો હતો. માતાનાં એવાં અપ્રિય વચન સાંભળી સર્વ પાંડવ અર્જુનેજ શોચ કરતા અત્યંત ખેદયુક્ત થયા. ત્યાર પછી હે પુરૂષવ્યાઘ્ર! શૂરવીર એવા કુંતિપુત્ર યુધિષ્ઠિર સર્પની પેઠે શ્વાસોશ્વાસ કરી માતા પ્રત્યે આવી રીતે વચન કહેવા લાગ્યા કે—બાણરૂપી લહેરવાળા, ધ્વજારૂપી છે આવર્ત જેમાં, મોટા ભુજરૂપી તેમજ ગ્રાહયુક્ત તાળી શબ્દરૂપી છે શબ્દ જેનો એવો મહારથિરૂપી મોટા દ્રહના ઝંપાપાતને પ્રાપ્ત થઇ અર્જુન સિવાય

ર્ભ એવો તે કર્ણ પૂર્વે તારો પુત્ર કેમ થયો હતો ? જેના ... કર્યાં એવા તેને વસ્રેકરી જેમ અગ્નિને આચ્છાદન કરે ...ખ્યો ? જેના બાહુબળનો અમે જેમ ગાંડીવ ધનુષ ધરનારા અર્જુનના ...ય કર્યો હતો તેમ ધૃતરાષ્ટ્રના પુત્રોએ આશ્રય કર્યો હતો, બળવાનમાં શ્રેષ્ઠ ... કુંતિપુત્ર કર્ણ વિના બીજો કોઈપણ રથિ એવા સર્વ રાજાઓના બળને યોદ્ધો હતો નહિ સર્વ શસ્ત્ર ધરનારાઓમાં શ્રેષ્ઠ અદ્ભુત પરાક્રમવાળા અમારા તેં કેમ ઉત્પન્ન કર્યો હતો ? અહો એ વાર્તા તેં ગુપ્ત રાખી તેથી . અમે ન થવાથી બાંધવસહિત અમે પીડાયા. અભિમાન્યુના વિનાશથી, દ્રૌપદી પંચાળીના વિનાશથી તથા કૌરવોના પડવાથી પણ સો ઘણું દુઃખ અમને થાય છે. અગ્નિમાં નાખેલાની પેઠે શોચ કરૂં છું. પ્રથમ કર્ણ અમારા ભાઈ છે, એમ તો સ્વર્ગમા રહેલી કોઈ વસ્તુ પણ અમને દુર્લભ થાત નહિ. ઘોર એવો કૌરવનો ઘાત નહિ. એ રીતે ઘણોક વિલાપ કરી સમર્થ ધર્મરાજ યુધિષ્ઠિરે ધીરેથી રૂદન કરી ... ઉદકપ્રદાન કર્યું. તે સમયે ઉદક કર્મ વિષે ચોતરફ જે સ્રિયો બેઠી હતી તેઓ ચોતરફથી ...ન સ્વર કરવા લાગી. ત્યાર પછી બુદ્ધિમાન યુધિષ્ઠિરે ભાઈના પ્રેમે કરી ...હિત ... સ્રિયોને બોલાવી લઈ તેઓ સહિત વિધિએકરી એનું પ્રેતકૃત્ય કર્યું. ત્યાર ..., પાપરૂપ એવા મેં શ્રેષ્ઠ એવા ભાઈને પાડયો માટે આજથી હવે સ્રિયોના ...કેશે નહિ. એ રીતે કહી આકુળ છે ઇન્દ્રિયો જેની એવા તે, ગંગા ઉતરી ...મા તીર ઉપર ગયા.

इत्युक्त्वा स तु गंगाया उत्ततारा कुलेंद्रियः ।
भ्रातृभिः सहितः सर्वैर्गंगातीरमुपेयिवान् ॥

श्रीमन् महाभारते शतसाहस्र्यांसंहितायां वैयासिक्यां स्त्रीपर्वे ...णां कर्णगूढजत्वकथने सप्तविंशोऽध्यायः ॥ २७ ॥

स्त्री पर्व समाप्त.